ॐ

ગીતાદોહન

યા

તત્ત્વાર્થદીપિકા

સુવર્ણ જયંતિ પ્રકાશન

મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાત્મજજી મહારાજ

ગીતાદોહન
યા
તત્વાર્થદીપિકા

ॐ तत्सत्

ॐ श्रीसच्चिदानन्द ब्रह्मनिष्ठ सद्गुरु योगीराज महात्मा महर्षिवर्य
श्रीकृष्णात्मजजी महाराज प्रणीत श्रीकृष्णात्मजवाक्सुधा या
स्वयम्प्रकाश ज्ञानदीपक ग्रन्थमाला प्रकाशन ६

ગીતાદોહન

વા.

તત્ત્વાર્થદીપિકા

શ્રીકૃષ્ણાત્મજજી મહારાજ

—અપૂર્વ અને વિસ્તૃત ટીકા, ઉદાત્તાનુદાત્તાદિ સ્વરોયુક્ત મંત્રપધ્ધતિ સહિત, આત્મોન્નતિ ઇચ્છનાર જિજ્ઞાસુઓને માટે પ્રતિજ્ઞાપૂર્વક આત્મસાક્ષાત્કારની ખાતરી આપનારૂં તથા વેદવેદાંગાદિ ચૌદે પ્રસ્થાનોનું ગુપ્ત અને અતિ સૂક્ષ્મ રહસ્ય સ્પષ્ટ રીતે અનેક યુક્તિપ્રયુક્તિ તેમ જ સરળતાથી સમજાવનારૂં, સાંખ્ય, જ્ઞાન, યોગ, કર્મ, ભક્તિ વગેરે સંશયોનું નિવારણ કરી સર્વ યોગોની એકવાક્યતા સિદ્ધ કરનારૂં એકમેવ અદ્વિતીય પુસ્તક.

પ્રકાશક

અવધૂત શ્રી ચરણગીરી સ્મૃતિ ટ્રસ્ટ

C/o. ગૌરાંગ મર્ચન્ટ એન્ડ કું.
૧૫/૧૯, મેકર ચેમ્બર્સ -૫,
૨૨૧ નરીમાન પોઈન્ટ,
મુંબઈ - ૪૦૦ ૦૨૧. ટે. નં. ૨૪૩૨૪૧

પ્રથમ આવૃત્તિ	:	વિક્રમ સંવત	૨૦૦૨
દ્વિતીય આવૃત્તિ	:	,, ,,	૨૦૦૫
તૃતિય આવૃત્તિ	:	,, ,,	૨૦૦૮
ચતુર્થ આવૃત્તિ	:	,, ,,	૨૦૪૧
પંચમ્ આવૃત્તિ	:	,, ,,	૨૦૪૯

(સુવર્ણ જયંતિ પ્રકાશન)

મૂલ્ય : રૂા. ૧૦૦.૦૦

* મુખ્ય વિક્રેતા *

આર.આર. શેઠની કંપની

પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઈ - ૪૦૦ ૦૦૨, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ટે. નં. મુંબઈ - ૨૦૧૩૩૪૧ / અમદાવાદ ૩૫૬૫૭૩

*

મુદ્રક

આર્ટ હોમ પ્રીન્ટર્સ

૭૧૪/બી, હેઈન્સ રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૧૧
ટે. નં. ૩૦૮ ૧૬ ૬૯

ॐ श्रीसद्गुरुभ्यो नमो नमः ॥

ॐ तत्सत्



ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

॥ श्रीगणेशाय नमः ॥

अथ 'अथर्ववेदीया'

माण्डूक्योपनिषद्

शान्ति–पाठ

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाꣳ सस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥
स्वस्ति न इन्द्रो वृध्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्तिनस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः ! शान्तिः ! शान्तिः !!!

ओमित्येतदक्षरमिदꣳसर्वं तस्योपव्याख्यानं भूतं
भवद्भविष्यदिति सर्वमोङ्कार एव ।
यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव ॥१॥
सर्वꣳह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥२॥
जागरितस्थानो बहिष्प्रज्ञः सप्ताङ्ग एकोनविꣳशतिमुखः
स्थूलभुग्वैश्वानरः प्रथमः पादः ॥३॥
स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्ताङ्ग एकोनविꣳशतिमुखः
प्रविविक्तभुक्तैजसो द्वितीयः पादः ॥४॥
यत्र सुप्तो न कञ्चन कामं कामयते न
कञ्चन स्वप्नं पश्यति तत्सुषुप्तम् ।

(जुओ अनुसंधान टाईटल ३ जुं)

सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानन्दमयो
ह्यानन्दभुक्चेतोमुखः प्राज्ञस्तृतीयः पादः ॥५॥
एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः
सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ॥६॥
नान्तः प्रज्ञं न बहिः प्रज्ञं नोभयतः प्रज्ञं
न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञम् ।
अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्म-
प्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं
मन्यते स आत्मा स विज्ञेयः ॥७॥
सोऽयमात्माध्यक्षरमोङ्कारोऽधिमात्रं पादा मात्रा
मात्राश्चपादा अकार उकारो मकार इति ॥८॥
जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा मात्राऽऽप्तेरादिमत्त्वाद्-
वाऽऽप्नोति ह वै सर्वान्कामानादिश्च भवति य एवं वेद ॥९॥
स्वप्नस्थानस्तैजस उकारो द्वितीया मात्रोत्कर्षादुभयत्वा-
द्वोत्कर्षति ह वै ज्ञानसन्ततिं समानश्च भवति
नास्याब्रह्मवित्कुले भवति य एवं वेद ॥१०॥
सुषुप्त स्थानः प्राज्ञो मकारस्तृतीया मात्रा मितेरपीतेर्वा
मिनोति ह वा इदꣳ सर्वमपीतिश्च भवति य एवं वेद ॥११॥
अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैत एवमोङ्कार
आत्मैव सꣳविशत्यात्मनात्मानं य एवं वेद य एवं वेद ॥१२॥

श्रीगणेशाय नमः ॥

निर्वाणषट्कम् स्तोत्रम्

मनोबुद्ध्यहङ्कारचित्तानि नाहं
न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे ।
न च व्योमभूमिर्न तेजो न वायुः
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ १ ॥
न च प्राणवर्गो न पञ्चानिला मे
न वा सप्तधातुर्न वा पञ्चकोशः
न वाक्पाणिपादं न चोपस्थपायुश्चिदानन्द० ॥ २ ॥
न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्षश्चिदानन्द० ॥ ३ ॥
न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मन्त्रो न तीर्थं न वेदो न यज्ञः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता चिदानन्द० ॥ ४ ॥
न मे मृत्युशङ्का न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यश्चिदानन्द० ॥ ५ ॥
अहं निर्विकल्पो निराकाररूपो
विभुर्व्याप्य सर्वत्रसर्वेन्द्रियाणि ।
सदा मे समत्वं न मुक्तिर्न बन्धश्चिदानन्द० ॥ ६ ॥

चर्पटपञ्जरिका स्तोत्रम्

दिनमपि रजनी सायं प्रातः शिशिरवसन्तौ पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायुस्तदपि न मुञ्चत्याशावायुः ॥
भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते ।
प्राप्ते सन्निहिते मरणे न हि न हि रक्षति डुकृञ् करणे ॥१॥ (ध्रुवपदम्)

अग्रे वह्निः पृष्ठे भानू रात्रौ चुबुकसमर्पितजानुः ।
करतलभिक्षा तरुतलवासस्तदपि न मुञ्चत्याशापाशः ॥ भज गो० ॥२॥

यावद्वित्तोपार्जनशक्तस्तावन्निजपरिवारो रक्तः ।
पश्चाज्जीवति जर्जरदेहे वार्तां पृच्छति कोपि न गेहे ॥ भज गो० ॥३॥

जटिलो मुण्डी लुञ्चितकेशः काषायाम्बरबहुकृतवेषः ।
पश्यन्नपि च न पश्यति मूढः उदरनिमित्तं बहुकृतवेषः ॥ भज गो० ॥४॥

भगवद्गीता किञ्चिदधीता गङ्गाजललवकणिका पीता ।
सकृदपि यस्य मुरारिसमर्चा तस्य यमः किं कुरुते चर्चाम् ॥ भज गो० ॥५॥

अङ्गं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ॥ भज गो० ॥६॥

बालस्तावत्क्रीडासक्तस्तरुणस्तावत्तरुणीरक्तः ।
वृद्धस्तावच्चिन्तामग्नः परे ब्रह्मणि कोऽपि न लग्नः ॥ भज गो० ॥७॥

पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे खलु दुस्तारे कृपयाऽपारे पाहि मुरारे ॥ भज गो० ॥८॥

पुनरपि रजनी पुनरपि दिवसः पुनरपि पक्षः पुनरपि मासः ।
पुनरप्ययनं पुनरपि वर्षं तदपि न मुञ्चत्याशामर्षम् ॥ भज गो० ॥९॥

वयसि गते कः कामविकारः शुष्के नीरे कः कासारः ।
नष्टे द्रव्ये कः परिवारो ज्ञाते तत्त्वे कः संसारः ॥ भज गो० ॥१०॥

नारीस्तनभरनाभिनिवेशं मिथ्यामायामोहावेशम् ।
एतन्मांसवसादिविकारं मनसि विचारय वारंवारम् ॥ भज गो० ॥११॥

कस्त्वं कोऽहं कुत आयातः का मे जननी को मे तातः ।
इति परिभावय सर्वमसारं विश्वं त्यक्त्वा स्वप्नविचारम् ॥ भज गो० ॥१२॥

गेयं गीतानामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसङ्गे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥ भज गो० ॥१३॥

यावज्जीवो निवसति देहे कुशलं तावत्पृच्छति गेहे ।
गतवति वायौ देहापाये भार्या बिभ्यति तस्मिन्काये ॥ भज गो० ॥१४॥

सुखतः क्रियते रामाभोगः पश्चाद्धन्त शरीरे रोगः ।
यद्यपि लोके मरणं शरणं तदपि न मुञ्चति पापाचरणम् ॥ भज गो० ॥१५॥

रथ्याचर्पटविरचितकन्थः पुण्यापुण्यविवर्जितपन्थः ।
नाहं न त्वं नायं लोकस्तदपि किमर्थं क्रियते शोकः ॥ भज गो० ॥१६॥

कुरुते गङ्गासागरगमनं व्रतपरिपालनमथवा दानम् ।
ज्ञानविहीनः सर्वमनेन मुक्तिं न भवति जन्मशतेन ॥ भज गो० ॥१७॥

इति श्रीमच्छङ्कराचार्यविरचितं चर्पटपञ्जरिकास्तोत्रं सम्पूर्णम् ॥

कृष्णं वन्दे जगद्गुरुम्

कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणतक्लेशनाशाय गोविन्दाय नमो नमः ॥

ૐ તત્સત્

પરમાત્માની પ્રાર્થના

ૐ મા વઃ સ્તેન ઈશત ।

ૐ રૂપેને દ્વૈતરૂપ ચોર તારા ઉપર ભૂલથી પણ આત્મા સિવાય અન્યભાવનો અધિકાર જમાવી દે.

ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ૐ શાન્તિઃ પૃથિવી શાન્તિરાપઃ
શાન્તિરોષધયઃ શાન્તિઃ । સર્વ ૐ શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ
સા મા શાન્તિરેધિ । ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિર્ભૂમ શાન્તિઃ ॥

હે ૐરૂપ પ્રભો ! આ આકાશ બ્રહ્મરૂપ એવી અનિર્વચનીય શાંતિને પ્રાપ્ત થાઓ, તેમ જ અંતરિક્ષ પણ બ્રહ્મમય શાંતિરૂપ થાઓ, પૃથ્વી પણ બ્રહ્મરૂપ શાંતિને જ મેળવો, સર્વ ઔષધિઓ પણ બ્રહ્મમય શાંતિને પ્રાપ્ત થાઓ, આ સિવાયનું સઘળું એટલે આ તમામ દૃશ્યમાળ પણ બ્રહ્મરૂપ એવી શાંતિને અનુભવો. તમામ બ્રહ્મસ્વરૂપે જ શાંત થાઓ, બ્રહ્મમય શાંતિને પ્રાપ્ત થાઓ. હે ૐ સ્વરૂપ પરમાત્મન્ ! આ બધું નિર્મળ, પવિત્ર, શુદ્ધ અને અનિર્વચનીય એવી બ્રહ્મરૂપ શાંતિને પ્રાપ્ત થાઓ. બ્રહ્મ શાંતિને પ્રાપ્ત થાઓ. બ્રહ્મ શાંતિને પ્રાપ્ત થાઓ; આ રીતે સર્વ જ બ્રહ્મમય શાંતિને પ્રાપ્ત થાઓ. હે બ્રહ્મ ! આ જે સર્વ તત્સમ એવું બ્રહ્મરૂપ શાંત છે તેવા તારા મૂળ સ્વરૂપની શાંતિને પ્રાપ્ત થાઓ.

આ બ્રહ્મન્બ્રાહ્મણો બ્રહ્મવર્ચસી જાયતામ્, આ રાષ્ટ્રે રાજન્યઃ શૂરઇષવ્યોઽતિવ્યાધિ મહારથો જાયતામ્, દોગ્ધ્રોધેનુર્વોઢા નડ્વા નાશુઃસપ્તિઃ પુરન્ધિર્યોષા, જિષ્ણૂ રથેષ્ઠાઃ સભેયો યુવાસ્ય યજમાનસ્ય વીરો જાયતામ્ । નિકામે નિકામે નઃ પજન્યો વર્ષતુ, ફલવત્યો ન ઔષધયઃ પચ્યન્તામ્, યોગક્ષેમો નઃ કલ્પતામ્ ॥

હે ૐ સ્વરૂપ ભગવન્ ! અહીં સર્વત્ર બ્રહ્મસાક્ષાત્કાર કરેલા બ્રહ્મવર્ચસી એટલે બ્રહ્મરૂપ બનેલા બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મતેજયુક્ત બ્રહ્મવેત્તા બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ; આ રાષ્ટ્રમાં શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં નિપુણ, જેનું નામ સાંભળતાં જ દુષ્ટો થરથર કંપી ઊઠે એવા, શત્રુઓને વ્યાધિ ઉત્પન્ન કરાવનારા, ક્ષાત્રતેજસંપન્ન નિર્ભય તેમ જ મહાબલશાળી સુશીલ ક્ષત્રીયો જન્મો; પોષણ આપનારી ભરપૂર દૂધવાળી ગાયો, કૃષિકર્મ એટલે ખેતીના કામને માટે ઘણો ભાર વહેનારા પ્રભાવશાળી બળદો, અતિશય જલદ ગતિ કરનારા ઘોડાઓ, વ્યવહારકુશળ, નીતિમાન, બુદ્ધિમાન, પાતિવ્રતગુણયુક્ત તેમ જ

ચારિત્ર્યસંપન્ન સુશીલ સ્ત્રીઓની જ દેશમાં અભિવૃદ્ધિ થાઓ. શત્રુઓનું મર્દન કરનારા મહારથી સમા વિજયી પુરુષોની જ ભરતી થાઓ; યજમાનોના એટલે ગૃહસ્થાશ્રમીઓનાં ઘરો વીર અને સદાચારસંપન્ન ધર્માચરણી યુવકોથી તેમ જ ધનધાન્યાદિથી ભરપૂર રહો; આવશ્યકતા મુજબ પર્જન્યવૃષ્ટિ થાઓ; શ્રેષ્ઠ પ્રકારનાં સુંદર, સારાં અને પુષ્કળ ફળો આપનારાં વૃક્ષો, લતાપત્રાદિ ઔષધિઓ તથા વનસ્પતિઓની અભિવૃદ્ધિ થાઓ; તેમ જ સર્વ જગતનું યોગક્ષેમ સારી રીતે ચાલે, બધા પોતપોતાનું જીવન આનંદ અને સુખમાં વિતાવે; એટલા માટે અપ્રાપ્ય એવા બ્રહ્મ સ્વરૂપની પ્રાપ્તિ કરી તેમાં જ સર્વ સ્થિર થાય એવી આત્મોન્નતિરૂપ ઉચ્ચત્તર ધ્યેયની પ્રાપ્તિ અર્થે સર્વે તારું જ્ઞાન પામ્યા કરી શકે એવી સદ્બુદ્ધિ તેઓને આપો.

उलूकयातुं शुशुलूकयातुं जहि श्वयातुमुत कोकयातुम् ।
सुपर्णयातुमुत गृध्रयातुं दृषदेव प्र मृण रक्ष इन्द्र ॥

ઘુવડના જેવા આચરણવાળા મોહને, વરુના જેવા સ્વભાવવાળા ક્રોધને, કુતરાના જેવા વ્યવહારવાળા મત્સરને અને કોકપક્ષી જેવી વૃત્તિવાળા કામને, બાજ એટલે ગરુડ જેવા સ્વભાવવાળા મદને તેમ જ ગીધ પક્ષીના જેવા આચરણવાળા લોભને; એ રીતે આ છએને હે ઇન્દ્ર! તું તારા વજ્રરૂપી દારુણ શક્તિ વડે જેમ પથરની શીલા માટીના ઢેફાના ચુરેચુરા કરી નાંખે છે તેમ પિશાચસમાં આ છએનો સમૂળગો વિનાશ કરી નાખ.

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेवाप्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम् ।

હે કમલનેત્રવાળા પરમાત્મન્! જેમ પાંખો નહિ ફુટેલાં પક્ષીઓનાં બચ્ચાંઓ ઊડીને માતાને જોઈ આવવાને ઇચ્છે છે, અતિશય ભૂખથી વ્યાકુળ બનેલાં ક્ષુધાર્ત વત્સો (વાછરડાઓ) પોતાની માતાના આંચળોમાંનું દૂધ પિવાને તલસી રહ્યા હોય છે અને જેમ પ્રિયા પોતાનો પરદેશ ગયેલો પ્રિયતમ જલદી આવે એમ ઇચ્છે છે; તેવી જ આતુરતાથી મારું મન આપના ચરણારવિંદને માટે અહોનિશ તલસે એવી આપ કૃપા કરો.

कृतं मे दक्षिणे हस्ते जयो मे सव्य आहितः

પુરુષાર્થીઓને માટે તો જમણા હાથમાં કર્મ અને ડાબા હાથમાં જય તો નિશ્ચિત રાખી મૂકેલો જ છે, એમ સમજો.



પરમહંસ શ્રી ચરણગીરીજી કૃષ્ણાત્મજજી મહારાજ
બ્રહ્મલીન - વિક્રમ સંવત ૨૦૩૨ પોષ વદ-એકમ ઈ.સ. ૧૮ જાન્યુઆરી ૧૯૭૬

પ્રાતઃ સ્મરણીય પરમહંસ સદ્‌ગુરુ શ્રી ચરણગીરીજી મહારાજ

ભારતીય સંસ્કૃતિમાં સંતજીવનની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. જીવનને પરમ કલ્યાણકારી બનાવવાનું સહજ લક્ષ્ય રાખીને ગંગાની માફક નિર્મળ જીવન જીવનારા અસંખ્ય સંતો આ પવિત્ર ભારતભૂમી પર વિચરતા રહ્યાં છે. શાસ્ત્રોએ આવા પુનિત સંતોને જંગમ તીર્થ માન્યા છે. તેઓના જીવન ચરિત્ર વિશે લખવું એ બહુજ કઠીન કાર્ય છે. સ્વાનુભવે નિર્માણ થયેલાં અને સ્વાનુભવે દૃઢ થયેલી શ્રધ્ધા વડે જ સંતોના જીવન લખી શકાય છે. પરમહંસ, પરમકૃપાળુ, સિધ્ધ પુરૂષ સ્વામી શ્રી ચરણગીરીજી મહારાજની પરમકૃપાથી તેમના જીવન દર્શનની ઝાંખી તથા તેમના સંદેશાને રજુ કરીએ છીએ.

સદ્‌ગુરુ સ્વામી શ્રી ચરણગીરીજી મહારાજનો જન્મ સિધ્ધપુર તાલુકાના ઉનાવા ગામે એક ગોપાલક કુટુંબમાં થયો હતો. શિશુકાળમાં તેઓ શ્રી વેલજી વિશરામ દેસાઇના નામે ઓળખાતા હતાં. આખા કુટુંબનું વાતાવરણ ધર્મપરાયણ સંસ્કારીક અને ભક્તિમય હોવાથી તેઓશ્રીને બાલ્યાવયમાં જ સત્સંગ તેમજ ભક્તિમાં ખૂબ જ રસ હતો. પ. પૂ ડુંગરગીરીજી મહારજે તો તેઓશ્રીની પગની પાની જોઇને જ ભવિષ્ય ભાખેલું કે આ બાળક એક મહાન સન્યાસી થશે.

ગોપાલક કુટુંબના રીવાજ મુજબ નાની વયે તેઓશ્રીના લગ્ન ધર્મપરાયણ જેઠીબેન સાથે થયા હતાં. ગામમાં તેઓશ્રીએ એક ભજન મંડળી પણ બનાવી હતી. રોજ રાત્રે ભજનોનો નિત્યક્રમ રાખેલ આથી તેઓશ્રી વેલા ભગતના નામે ખ્યાતનામ થયેલાં.

શ્રી વાળીનાથ ભગવાન પ્રત્યે તેમ જ શ્રી વાળીનાથના અખાડા પ્રત્યે તેમનો આદરભાવ અને ભક્તિભાવ અનન્ય હતો. કામકાજ અર્થે શ્રી વેલા ભગત મુંબઇ આવ્યા. સૌ પ્રથમ એક સુપ્રસિધ્ધ જૈન કુના વેપારીને ત્યાં નોકરીએ રહ્યાં. અહીં પણ ધર્મ ધ્યાન પર તેઓ શ્રી ખૂબ જ ભાર આપતાં.

સમય સમયનું કામ કરે છે. ૨૮ મે વર્ષે પરમયોગી મહાત્મા શ્રી કૃષ્ણાત્મજજી મહારાજના પરિચયમાં આવતાં જ, પ્રથમ મિલનમાં, પરભવની ઓળખાણે વેલા ભગતને પૂ. શ્રી કૃષ્ણાત્મજજી મહારાજ "ભગત"નું સંબોધન કરે છે, ત્યાર પછી તો સંસારીક ફરજોની સાથે સાથે મહારાજશ્રીની સેવામાં તેઓ તલ્લીન રહેતા. પાંચ વર્ષ સુધી સંસારી રહેવાનો મહારાજશ્રીએ આદેશ આપેલ, અને તે સમય દરમ્યાન તેઓશ્રીની આકરી કસોટીઓ પણ કરી હતી. અનેક કસોટીઓમાંથી પસાર કરાવી ૧૬ પદના કાવ્યમાં "ભગત"ની જન્મકુંડળી બનાવી દરેક ચાર પદની છેલ્લી પંક્તિમાં "ભગત" માટે અવધુતાય નમો નમઃ લખ્યું. આ પછી ૧૯૪૮ માં રાજકોટમાં મહારાજશ્રીએ વેલા ભગતને તેઓશ્રીના ધર્મપત્ની જેઠીબેનની રાજીખુશીથી સંમતિ લેવડાવી અને પરમહંસની ગતિ પમાડી આખા પરિવારનું કલ્યાણ કર્યું. શ્રી વેલાભગતને હવે નવું નામ શ્રી ચરણગીરીજી મહારાજ આપ્યું. ત્યારે શ્રી કૃષ્ણાત્મજજી મહારાજે કહ્યું કે અહીં મારું કાર્ય પુરું થાય છે. અને આઠ દિવસ પછી હું સ્વધામમાં જઈશ. આ વાત ચોક્કસ પણે નિર્દેશ કરે છે કે સ્વામી શ્રી ચરણગીરીજીને સિધ્ધપુરુષ બનાવવા માટે પરમયોગી શ્રી કૃષ્ણાત્મજજી મહારાજે પરકાયા પ્રવેશ કર્યો હતો.

પૂ. શ્રી કૃષ્ણાત્મજજી મહારાજને બ્રહ્મલીન થવાનો સમય નજીક જણાતાં તેઓશ્રીને ગીરનાર તેમના શિષ્યો પાસે જવાનો આદેશ આપ્યો અને કહ્યું કે આ શિષ્યો યોગ ભક્તિ દ્વારા તેઓશ્રીને જીવન મુક્તિનો માર્ગ બતાવશે. છેલ્લે મહારાજશ્રીએ યાદગીરીરુપે સૂર્યનારાયણે આપેલી ભસ્મ અને બે લંગોટી આપી આદેશ આપ્યો કે તારી પાછળ કોઇને શિષ્ય બનાવીશ નહિ. ત્યાર બાદ મહારાજ શ્રી અને ભગત રાજકોટથી છૂટા પડ્યા અને મુંબઇ આવી પાર્લામાં મહારાજશ્રીએ સમાધિ લીધી.

પૂ. શ્રી ચરણગીરીજી મહારાજે ગીરનારમાં સાત વર્ષ યોગ ભક્તિ શીખ્યા તથા આબુ–હિમાલયમાં તપ કરતાં એકાંત જીવન વ્યતીત કરતાં અનેક સંત મહાત્માઓના સંપર્ક અને સહવાસમાં તેઓશ્રી

આવતા થયાં હરદ્વારમાં કુંભમેળા વખતે તપસ્વી ગુરુભાઇઓએ વીરજી હોમ કરાવી પરમહંસ સન્યાસીની દીક્ષા આપી. ભક્તિમાર્ગમાં સંપૂર્ણ થઈ અખંડ વ્રત લઈ તેઓશ્રી ભારતની પગપાળા યાત્રાએ નીકળ્યા. અનેક તીર્થો ચાર ધામ, કૈલાસ, માનસરોવરની યાત્રા કરી, નર્મદાની પરિક્રમા કરી. અનેક મહાત્માઓ, સંતો જેવા કે મહારાષ્ટ્રમાં શ્રી ટેમ્બે મહારાજ (શ્રી વાસુદેવાનંદ સરસ્વતી), દક્ષિણ ભારતના મહાન સંત શ્રી નિત્યાનંદજી મહારાજ, ઉત્તર પ્રદેશના ખ્યાતનામ સંત શીરોમણી શ્રી ડેવરીયા બાબા, ગુજરાતનાં અઘોરી પંથના ભગવતી ઉપાસક શ્રી બાળનાથ, આબુના શ્રી નાથજી બાબા તેમ જ રાજસ્થાનમાં શ્રી હેમપુરીજી મહારાજ સાથે સારો એવો સત્સંગ કર્યો અને તેઓએ સ્વામી શ્રી ચરણુગીરીજીને યોગ્ય સ્થાન અને માન આપ્યાં. પૂ. શ્રી કૃષ્ણાત્મજજી મહારાજે પોતાના ૮૪ રજવાડાના ગુરુપદનો વહીવટ આપ્યો હોવા છતાં, આબુ – ગીરનારમાં રહેવા માટે સરસ સ્થાનો હોવા છતાં શ્રી વાળીનાથ અખાડા પ્રત્યેની નાનપણની અનન્ય શ્રધ્ધા હોવાથી અહીં વર્ષમાં બે મહીના રહેવાનું રાખ્યું હતું, સતત ૩૦ વર્ષ સુધી તેઓશ્રીએ શ્રી વાળીનાથ અખાડાનાં મહંત શ્રી બળદેવગીરીજીને સહકાર આપી (શ્રી વાળીનાથ અખાડાની) સેવા કરી.

પાતળી ગૌર વર્ણ, સહેજ ઉંચી કાયા, પાણીદાર આંખો, સફેદ આછી દાઢી, નિર્મળ ચહેરો, ચાલમાં સ્ફૂર્તિ, તત્કાલ નિર્ણય, નિર્ણયને ક્રિયામાં ઢાળવાની દ્રઢતા, ચોખ્ખું હૃદય, સ્પષ્ટ વાણી આવી વ્યક્તિત્વ ધરાવતા સ્વામી શ્રી ચરણુગીરીજીને બધાં "અવધૂતજી" કહીને બોલાવતા હતા. અવધૂતજી એટલે દ્રઢ નિષ્ઠાનું મૂર્તિમંત સ્વરૂપ પોતાના ઇષ્ટ દેવને બીલીપત્ર, દુર્વા, દૂધ, મધ વિગેરે ચઢાવવાનું હોય એટલે ઠગલાબંધ બીલીપત્રો, દુર્વા વગેરે મંગાવી, અત્યંત ભાવથી એક એક બીલી તથા દુર્વા ચઢાવતા હોય ત્યારે તેમના રોમરોમથી ઈષ્ટદેવ પ્રત્યેની અનન્ય નિષ્ઠા ઝળહળતી દેખાતી–કીડીઓના નગરાં પુરવાના હોય ત્યારે પાંચ–પાંચ દસ–દસ મણ લોટ, તેટલી ખાંડ તથા ઘી લોળવીને ખેતરોની વાડે વાડે ફરીને મુઠ્ઠીએ મુઠ્ઠીએ કીડીઓનો નગરાં પુરતા. કોને ટાઈમ છે આજે? નવરાત્રમાં દીવાઓ કરવાનાં હોય તો અવધૂતજી ચોખ્ખા ઘીના ડબ્બાઓના ડબ્બા ખરીદે. દીવાઓની દીપમાળાઓ કરે. દેરીએ દેરીએ, સમાધિએ સમાધિએ જાતે જઈને દીવાઓ કરે અને પછી કહે કે "આપણે દીવાઓ કરવા જન્મ્યા છીએ દીવાઓ ઓલવવા નથી જન્મ્યા. દીવો કરશે એનો દીવો રહેશે અને જે દીવા ઓલવશે તેમના દીવા ઓલાવશે." તેમની સરલ સહજ વાણી હૃદયની સોંસરી નીકળી જાય. કેટલું સત્ય! ધ્રુવસત્ય! તેમના જીવનમાં ડગલેને પગલે પ્રભુનિષ્ઠા, ધર્મનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠાના દર્શન થયા કરતાં.

૧૯૭૩ માં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડયો ત્યારે સૂઈગામ વિસ્તારમાં કંતાલીના પરમ પૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજની પડખે ઊભા રહી દુષ્કાળ પીડિતોને અન્નક્ષેત્ર દ્વારા અન્ન પૂરું પાડવામાં, દવાખાના મારફત દવાઓ પહોંચાડવાની અનન્ય સેવાઓ બજાવી હતી. આટલું બધું કર્યા પછી પણ પ્રસિધ્ધિનો જરાય મોહ નહિ. બધું શ્રી કૃષ્ણાર્પણ છે! કામ કરીને ભૂલી જવાનું. આવું હતું તેઓશ્રીનું અનાસક્તિનું પ્રત્યક્ષ સ્વરૂપ વિદ્યાદાન–અન્નદાન કરવા તેઓશ્રી સતત તત્પર રહેતા અને સર્વેને એજ માર્ગે જનતા દરીદ્રનારાયણની સેવા કરવાનો સદ–ઉપદેશ આપતા.

સ્વામી શ્રી ચરણુગીરીજીના જીવનકાળ દરમિયાન જે જે સેવકગણ તેમના પરિચયમાં આવ્યાં તેમણે ધન્યતા અનુભવી છે. તેઓશ્રી સ્વભાવે નમ્ર, પ્રેમાળ, નિરાભિમાની, કોમળ હૃદયવાળાં, કર્મયોગી, ધર્મને જાણવાવાળા દિવ્ય વિભૂતી હતા. અને સર્વેને આત્મ કલ્યાણનો માર્ગ દેખાડી ગયા. વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રગટ કરી ગયા. સેવકના કલ્યાણ સિવાય તેમને કોઈ સ્વાર્થ ન હતો. હંમેશા સાચુ માર્ગદર્શન આપતા રહ્યા અને સેવકોને શ્રદ્ધાવાન બનાવ્યા. એમના જીવનમાં નાના–મોટા અનેક સેવકો સંપર્કમાં આવ્યા હશે. દરેકને સમદ્રષ્ટિથી પ્રેમ આપી દિવ્ય જીવન જીવવાનો રસ્તો દેખાડયો છે. તેઓશ્રી અનેક વિધિઓ અને શાસ્ત્રો જાણતા હતા, તે આધારે સેવકગણને ત્યાં શાસ્ત્રોક્ત યજ્ઞો કરાવ્યા અને તેનું રહસ્ય સમજાવ્યું. તેઓશ્રીનું મોટામાં મોટું કાર્ય સેવકગણો માટે એ હતું કે સેવકોના હૃદયમાં આપણા ધર્મ માટે શ્રધ્ધાનો અખંડ દીપ પ્રગટાવ્યો. ચિત્તશુધ્ધિની આવશ્યકતા સમજાવી અને

તે માટેનો રસ્તો દેખાડ્યો. જપ ઉપર તેમનો વિશેષ ભાર હતો કારણકે સંસારમાં રહીને ભગવત્ પરાયણ જીવન જીવવું એ સંસારી માટે મુશ્કેલ છે. તેથી જ તેમના દરેક સેવકગણોને જપ કરવાની ટેવ પડાવી શ્રધ્ધાનો પાયો નાખ્યો. અને જીવનની મુશ્કેલીઓનો સામનો કરવાનો આધાર બનાવી આપ્યો. સેવકો તરફ તેઓશ્રીની અસીમ કૃપા રહી. સંસારમાં રહીને સંસારની જવાબદારી પાર પાડવા માટે દિશાસૂચન કર્યું આ કારણે જ તેમનો કોઈપણ સેવક આજે શ્રી ચરણગીરીજી મહારાજને ભૂલી શકતો નથી.

આવા પ્રાતઃ સ્મરણીય, પરમહંસ પરમપૂજ્ય સ્વામી શ્રી ચરણગીરીજી મહારાજ તા. ૧૮–૧–૧૯૭૬ રવિવારે અમદાવાદ ખાતે બ્રહ્મલીન થઇ, ભગવાન શ્રી વાળીનાથજીના અખાડે .. ગામ તરજ તા. વીસનગર, જી. મહેસાણા ખાતે સમાધિસ્થ થયા.

વર્ષો પૂર્વે તેમણે શ્રી કૃષ્ણાત્મજજી મહારાજ લીખીત "ગીતા દોહન" જેવા મહાન પુસ્તકની આવૃત્તિ અલભ્ય હોવાથી, ફરી છપાય તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમની પ્રેરણાથી જ આજે "ગીતા દોહન" ની ચોથી આવૃત્તિ બહાર પડી રહી છે. તે સમયે જીવનના સાચા રસ્તે ચાલવાની દરેકને પ્રેરણા આપનાર એવા પ્રાતઃ સ્મરણીય, સિધ્ધપુરુષ પરમહંસ. સદ્‌ગુરુ શ્રી ચરણગીરીજી મહારાજને કોટી કોટી વંદન કરીએ છીએ. સાથે સાથે તેમના આશીર્વાદ અને પ્રેરણાથી જ આ કાર્ય પુરું કરી શકયાનો આનંદ થાય છે.

ટ્રસ્ટીઓ

શ્રી ચરણગીરી બાપુ સ્મૃતિ ટ્રસ્ટ

શ્રી સદ્‌ગુરૂ કૃષ્ણાત્મજાય નમઃ

જય જય સદ્‌ગુરૂ દીનદયાળ, દરસસે હર્ષ ભયો
લાખો જન્મ કરે પુનઃ જાકે તબ પાયો મહારાજ
દરસસે હર્ષ ભયો....
ધન્ય ભયે તુમ આજ મિલે હમ, સિધ્ધ ભયે સબકામ,
દરસસે હર્ષ ભયો....
તુટ ગયો અજ્ઞાન અંધેરો છાયો બોધ પ્રકાશ
દરસસે હર્ષ ભયો....
રૂપ તુમ્હારા નજરમેં ભાયો પાપ ભયો સબનાશ
દરસસે હર્ષ ભયો....
કીસ બીધ મહીમા ગાઉં તુમ્હારી જ્ઞાનીન પહોંચ્યા જાય
દરસસે હર્ષ ભયો....
તન મન ધનસે કરૂં હું આરતી, હૃદયે બીચ બસાય
દરસસે હર્ષ ભયો....
ચૌદા ભુવન પ્રકાશ તુમ્હારો ધજા ખડી ચોધામ
દરસસે હર્ષ ભયો....
સ્વર્ગ મૃત્યુ પાતાલ તિન્હોસે, તુમ્હી હો ઉપરામ
દરસસે હર્ષ ભયો....
મોં તન ભાર નયનકી ઝાંખી તાલ બજે ઉજ્જૈન
દરસસે હર્ષ ભયો....
છાયા વૃક્ષ તલે નિવાસ કરે, શ્રી દત્તગુરૂ, દત્તગુરૂ
દરસસે હર્ષ ભયો....
જય જય સદ્‌ગુરૂ દીન દયાળ દરસસે હર્ષ ભયો...

બીજી આવૃત્તિનું નિવેદન

પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રીકૃષ્ણાત્મજજી મહારાજ પ્રણીત ગ્રંથોએ આધ્યાત્મિક વલણ ધરાવતાં ગુજરાતના લોકોનાં હૃદયમાં કાયમનું સ્થાન લીધું છે. તે જનતાને એટલાં બધાં પ્રિય થઇ પડ્યાં છે કે તેની માગને પહોંચી વળવું મુશ્કેલ થઈ પડ્યું છે. 'ગીતાદોહન'ની પ્રથમ આવૃત્તિ ચાર માસમાં જ ખલાસ થઈ ગઈ તે જ ગ્રંથની મહત્તાને સિદ્ધ કરે છે. બીજી આવૃત્તિ રજૂ કરતાં આજે અમને આનંદ થાય છે. થોડો વિલંબ થયો છે તેને માટે અમે જનતાની ક્ષમા માગીએ છીએ. બીજી આવૃત્તિ છપાવવાની શરૂઆત થઈ કે તરત જ પૂજ્યપાદ મહર્ષિવર્ય વિદેહમુક્ત થયા. તેમની ગેરહાજરીમાં જ એમના કૃપાથી આ ગ્રંથ આજે બહાર પડી શકે છે. તે માટે અમે પ્રભુનો પાડ માનીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે આ બીજી આવૃત્તિને પણ જનતાનો સંપૂર્ણ આવકાર તથા સહકાર મળશે. આ આવૃત્તિમાં પૂ. મહારાજશ્રીએ ઘણા મહત્વના સુધારા વધારા કર્યા છે. તદુપરાંત તેમના વિદેહમુક્ત થયા પછી તેમના સંપ્રદાયમાંથી મળી આવેલ મહર્ષિવર્યના પ્રાકટ્ય ઉપર પ્રકાશ ફેંકતો એક અદ્‌ભુત પ્રસંગ પણ મૂકવામાં આવ્યો છે. આ પ્રકાશનનું સદ્‌ભાગ્ય સંદેશ લિમિટેડના મેનેજીંગ ડીરેક્ટર શ્રી. નંદલાલ ચુનીલાલ બોડીવાળાને સાંપડે છે. એ પણ એક શુભ દૈવયોગને આભારી છે; જે તેમનો પૂ. શ્રી પ્રત્યેનો સદ્‌ભાવ, ધર્મપ્રેમ, લોકોને સન્માર્ગે વાળવાની તથા સાચું જ્ઞાન આપવાની પિપાસા તેમ જ જનતાને શાંતિનો સાચો રાહ બતાવવાની ઉત્કંઠાને આભારી છે. તેઓ મહર્ષિવર્યના કૃપાપાત્ર હતા એથી અધિક શું લખું?

આ પુસ્તકની બીજી આવૃત્તિમાં પ્રૂફો વગેરે તપાસવામાં શ્રી પુરુષોત્તમ જીવરામ જોષી (ગોંડલ) તથા શ્રી વિષ્ણુપ્રસાદ નંદલાલ પાઠકની ભક્તિપૂર્ણ સેવા ઉપરાંત યોગાશ્રમ તથા હરિજન આશ્રમના ભક્તોની સેવા પ્રશંસનીય છે. પૂ. પાદ મહર્ષિવર્યના આશીર્વાદથી તેઓ સર્વ આત્મલાભ મેળવી કૃતાર્થ થાઓ એવી શુભેચ્છા.

પૂજ્ય મહર્ષિવર્યની આર્ષવાણી એટલે ધ્રુવીય દિવ્ય સંદેશ છે. એ વાત હવે છૂપી રહી શકે તેમ નથી. તેમના ચિત્રમયકારોના અનુભવો તો દરેકને માટે વિદ્યુતવત્ બની ગયા છે. છેવટે આવા સદ્‌ગ્રંથોના પરિશીલનથી જગતમાં શાંતિ સ્થપાય એવી અમારી પ્રભુ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

જન્માષ્ટમી,
સંવત ૨૦૦૫ શ્રાવણ વદ આઠમ
શુક્રવાર (ઈ. સ. ૧૭-૮-૪૯)

મહર્ષિવર્યની શુભાશિષ ઇચ્છતો :—
નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ
સંચાલક :
શ્રી કૃષ્ણાત્મજ વાઙ્‌મુધા
પ્રકા૦ તથા સલા૦ સમિતિ.

સુચના :—

પૂજ્યપાદ મહર્ષિવર્ય બ્રહ્મીભૂત થએલા હોવાથી શ્રીકૃષ્ણાત્મજ વાઙ્‌મુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રન્થમાળાના સર્વ પ્રકાશનો પ્રકટ કરવાના સર્વ હક્કો નીચેના શરતે સર્વાધીન છે.

"શ્રી કૃષ્ણાત્મજ વાઙ્‌મુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાલાના સર્વ પ્રકાશનો સમિતિની પરવાનગી લઈ કોઇપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના અક્ષરશઃ છાપવાની શરતે સર્વ હક્કો સર્વાધીન છે, પરંતુ જેમને છાપવા,છપાવવા ભાષાંતર કરવાની ઇચ્છા હોય તેમણે તેમ કરતાં અગાઉ સમિતિને જણાવી તેની મંજૂરી મેળવી મ કર્યાનો ઉલ્લેખ પુસ્તકમાં કરવો જરૂરી છે. જે પરવાનગી સમિતિ પાસેથી કેવળ પ્રકાશનના લોક-કલ્યાણ શુદ્ધ હેતુનો વિચાર કરીને કોઈ પણ જાતના સિવાય મેળવી શકાશે."

કોઈને કાંઈ પૂછપરછ કરવાની હોય તો તેમણે નીચેના સરનામે કરવી. પત્રવ્યવહાર જવાબ માટે ટિકિટો મોકલીને કરવો.

પ્રકાશકનું નિવેદન

—બીજી આવૃત્તિ—

બ્રહ્મીભૂત પરમપૂજ્ય મહર્ષિવર્ય મહાત્માશ્રી કૃષ્ણાત્મજજી મહારાજશ્રીએ "ગીતાદોહન યા તત્ત્વાર્થદીપિકા" નામક આ પવિત્ર ગ્રંથ લખી જનતને પરમ કલ્યાણકારી સંદેશો આપ્યો છે.

"ગીતાદોહન" ની આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં મ્હને ખૂબ જ આનંદ થાય છે.

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી તેમજ **પરમપૂજ્ય મહર્ષિવર્ય મહાત્મા શ્રીકૃષ્ણાત્મજજી મહારાજની** કૃપાથી 'સંદેશ લિમિટેડ' આ મહાન વિશ્વવંદનીય, ધાર્મિક બૃહદ્ ધર્મ ગ્રંથનુ દ્વિતીય સંસ્કરણ જનતા જનાર્દન સમક્ષ રજૂ કરી શકે છે. આ માટે પરમકૃપાળુ પરમાત્માનો અને **બ્રહ્મીભૂત પૂજ્ય સ્વામીશ્રી કૃષ્ણાત્મજજી**નો હું અનંત આભારી છું.

"ગીતાદોહન" નો પ્રથમ આવૃત્તિ પ્રગટ થતાં જ માત્ર ચાર માસમાં એની તમામ નકલો ખપી ગઈ હતી, અને જનતા તરફથી આ પરમ પવિત્ર ધર્મગ્રંથ માટેની સતત માગણીઓ ચાલુ રહ્યા જ કરી. આ હકીકત પરમપૂજ્ય સ્વામીશ્રીને જણાવતાં તેઓશ્રીએ ખૂબ જ શ્રમ લઈ પ્રથમ આવૃત્તિમાં યોગ્ય સુધારા વધારા કરી અમને "ગીતાદોહન"ની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની શુભાશીષસહ સપ્રેમ રજા આપી.

આ ગ્રંથની બીજી આવૃત્તિનું કાર્ય શરૂ થયેલું જોયા પછી પરમપૂજ્ય સ્વામીશ્રી બ્રહ્મીભૂત થયા. પૂજ્ય સ્વામીશ્રીના દેહવિલયથી અમને તેમજ તેમના વિશાળ ભક્તમંડળમાં ખૂબજ શોકની લાગણી ફેલાઈ ગઈ અને કાર્ય બેહદ વિલંબમાં પડ્યું.

"ગીતાદોહન" એટલે વેદનું હૃદય. આપણા સમગ્ર ધર્મગ્રંથોનું દોહન. આ ગ્રંથની ઉપયોગિતા કેટલી બધી છે, એ તો એની પ્રથમ આવૃત્તિ પ્રગટ થયા પછી જ ધર્મપ્રેમી જનતાની સતત માગણી પરથી સમજી શકાય તેમ છે.

જીજ્ઞાસુઓ જે ધર્મગ્રંથ માટે ખૂબ જ આતુર હતા, એ ગ્રંથ પરમાત્માની કૃપાથી આજે ફરી જનતાજનાર્દનના કરકમળમાં રજૂ કરી શકું છું એથી મ્હને અત્યંત આનંદ થાય છે.

આ ગ્રંથ તૈયાર કરવામાં મહર્ષિવર્યના શિષ્યો અને મ્હારા સ્નેહી શુભેચ્છકોએ ખૂબ જ શ્રમ ઉઠાવ્યો છે, એ માટે હું સર્વનો આભારી છું.

અમદાવાદ યોગાશ્રમના સંચાલક **શ્રી મનુવર્યજી**એ આ બીજી આવૃત્તિનાં પ્રૂફો વગેરે તપાસવામાં પ્રેમપૂર્વક જવાબદારી ઉપાડી લઈ ભક્તિભાવથી જે સેવા આપી છે તે માટે તેમનો હું આભારી છું. આ ઉપરાંત પ્રૂફો વગેરે તપાસવામાં શ્રા. પુરુષોત્તમ જીવરામ જોષી, (ગોંડલ) શ્રો. વિષ્ણુપ્રસાદ નંદલાલ પાઠક, શ્રો. પ્રતાપરાય ઉપાધ્યાય, શ્રો. ગણપતરાવ શંકરરાવ હેમલે અને યોગાશ્રમ તથા હરિજન આશ્રમના ભક્તોની સેવા અમૂલ્ય છે. ઉપરાંત શબ્દાનુક્રમણિકાના કામમાં હરિજન આશ્રમના અધ્યાપક વર્ગે ઘણી મદદ કરી છે, આ માટે હું સર્વેનો આભારી છું.

"શ્રી કૃષ્ણાત્મજ વાઙ્મયસુધા યા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળા અને સલ્લાહકાર સમિતિ"ના મુખ્ય સંચાલક અને મ્હારા મિત્ર શ્રી. નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ એડવોકેટ, તેમજ સમિતિનો તેમના સહકાર માટે ખાસ આભારી છું.

ટૂંકમાં આ ગ્રંથના પ્રકાશનમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જે જે બંધુઓએ સહકાર આપ્યો તે સર્વનો હું અંતઃકરણથી આભાર માનું છું.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળ "ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ" ('સંદેશ લિમિટેડ')ના કામદાર ભાઈઓએ પણ પ્રેમ અને ઉત્સાહથી કામ આપ્યું છે તેની હું કદર કરું છું.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળ શક્ય એટલી ખૂબ જ કાળજી લેવામાં આવી છે તેમ છતાં એમાં કાંઈપણ ક્ષતિઓ રહી જવા પામી હોય તો વાચક બંધુઓ ક્ષમ્ય દૃષ્ટિએ જોશે એવી હું આશા રાખું છું. છાપકામની રહી ગયેલી ત્રુટિઓ તરફ મ્હારું ધ્યાન ખેંચવામાં આવશે તો ત્રીજી આવૃત્તિના પ્રકાશન સમયે એ માટે યોગ્ય થશે.

સમસ્ત જનસમાજના કલ્યાણાર્થે પ્રગટ થતો આ બહુમૂલ્ય ધાર્મિક ગ્રંથ, પરમપૂજ્ય મહર્ષિવર્યના એક જ્ઞાનાનધિસમો હોઈ એમની આ કૃપા પ્રસાદી જનતાને સત્ય માર્ગનું દર્શન કરાવી માનવીને સાચા કર્તવ્યનું જ્ઞાન આપશે એમ હું ચોક્કસ માનું છું.

પરમપૂજ્ય સ્વામીશ્રીની આ કલ્યાણકારી કૃપાપ્રસાદી સાદર કરતાં મ્હને આનંદ થાય છે. ભાવિક જનતા આ ધર્મગ્રંથને પ્રેમથી સત્કારશે એવી આશાસહ પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણકમળમાં નમ્ર ભાવે નમન કરી વિરમીશ.

સંવત ૨૦૦૫
વિજયાદશમી
તા. ૧—૧૦—૪૯

લિ. નમ્રસેવક
નંદલાલ ચુનીલાલ ખોડીવાળા
ના જયશ્રીકૃષ્ણ
મેનેજિંગ ડીરેક્ટર,
'શ્રી સંદેશ લિમિટેડ'

ॐ તત્સત્
ॐ શ્રી કૃષ્ણાત્મજાય નમઃ ॥

ત્રીજી આવૃત્તિનું નિવેદન

પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાત્મજજી :મહારાજ પ્રણીત 'ગીતા દોહન' ની પ્રથમ આવૃત્તિ ચાર માસમાં જ ખલાસ થઈ હતી. એ સૌને વીદિત છે. ભાવિક જનોની એ પુસ્તકની માંગને સંતોષવા અનેક પ્રકારની મુશ્કેલી હોવા છતાં મારા મિત્ર શ્રી નંદલાલ ચુનીલાલ બોડીવાલાએ અથાગ પરિશ્રમ લઈ બીજી આવૃત્તિ સને ૧૯૪૬ ના ઑગસ્ટ માસમાં પ્રકટ કરી શકયા હતા. એ બીજી આવૃત્તિ પણ ટૂંક સમયમાં ખપી ગઈ છે અને લોકોની માંગ ચાલુ જ રહી, એ એક આનંદની વાત છે. એટલે શ્રી નંદલાલભાઈએ એ માંગને પહોંચી વળવા માટે તથા "ગીતા" વિશેના સાચા જ્ઞાનનો બહોળો ફેલાવો થાય એ ઉદ્દેશથી મારી પાસે ત્રીજી આવૃત્તિ છપાવવાની માગણી કરી. એમનો નિર્મળ અને સાચો ઉદ્દેશ જોઈ તથા કોઈ પણ જાતનો નહિ મેળવવાનો હેતુ હોવાથી મેં એમને સહર્ષ તે પરવાનગી આપી. આજે શ્રી નંદલાલભાઈ એ ગીતા દોહનની ત્રીજી આવૃત્તિ જનતા સમક્ષ મૂકી પોતાનો પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાત્મજ તરફનો પ્રેમ દર્શાવે છે એટલું જ નહિ પણ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ભાવિક તથા જ્ઞાન પીપાસુઓની સાચી સેવા કરી રહ્યા છે.

દરેક ભાવિકજન ખરીદી શકે એ હેતુથી મારા મિત્ર શ્રી નંદલાલભાઈએ મારી સુચનાને માન આપી આ આવૃત્તિની એક નકલની કિંમત ફકત રા. ૯ (નવ) રાખી છે તે માટે હું તેમનો આભારી છું.

છેવટે આ ગ્રંથના અધિક વાંચનના ફેલાવાથી જગતમાં શાંતિ સ્થપાય એવી મારી પ્રભુ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

મહર્ષિવર્યના શુભાશિષ ઇચ્છતો
નાનુભાઇ ખંડુભાઈ દેસાઈ
સંચાલક અને પ્રમુખ.
શ્રી કૃષ્ણાત્મજ વાક્‌સુધા
પ્રકા. ત્યા સ. સમિતિ.

વસંતપંચમી
સંવત ૨૦૦૮

સુચના :—

પૂજ્યપાદ મહર્ષિવર્ય બ્રહ્મીભૂત થએલા હોવાથી શ્રીકૃષ્ણાત્મજ વાક્‌સુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રન્થમાળાના સર્વ પ્રકાશનો પ્રકટ કરવાના સર્વ હક્કો નીચેની શરતે સર્વાધીન છે.

"શ્રી કૃષ્ણાત્મજ વાક્‌સુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાલાના સર્વ પ્રકાશનો સમિતિની પરવાનગી લઈ કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના અક્ષરશઃ છાપવાની શરતે સર્વ હક્કો સર્વાધીન છે, પરંતુ જેમને છાપવા છપાવવા ભાષાંતર કરવાની ઇચ્છા હોય તેમણે તેમ કરતાં અગાઉ સમિતિને જણાવી તેની મંજૂરી મેળવી તેમ કર્યાનો ઉલ્લેખ પુસ્તકમાં કરવો જરૂરી છે. જે પરવાનગી સમિતિ પાસેથી કેવળ પ્રકાશના લોક-કલ્યાણના શુદ્ધ હેતુનો વિચાર કરીને કોઈ પણ જાતના બદલા સિવાય મેળવી શકાશે."

કોઇને કાંઈ પૂછપરછ કરવાની હોય તો તેમણે નીચેના સરનામે કરવી. પત્રવ્યવહાર જવાબ માટે ટિકિટો મોકલીને કરવો.

—: સંચાલક :—
શ્રી. નાનુભાઇ ખંડુભાઇ દેસાઇ
બી. એ. એલ એલ. બી. (એડવોકેટ ઍન્ડ એસ.)
હાઈ કોર્ટ લાઈબ્રેરી મુંબઇ
કિંવા: ૫/બી, ૪૦ સોનાવાલબિલ્ડીંગ
તારદેવ. મુંબઇ

પ્રકાશકનું નિવેદન

—ત્રીજી આવૃત્તિ—

બ્રહ્મીભૂત પરમપૂજ્ય મહર્ષિવર્ય મહાત્મા શ્રીકૃષ્ણાત્મજજી મહારાજશ્રીએ "ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા" નામક આ પવિત્ર ગ્રંથ લખી જગતને પરમ કલ્યાણકારી સંદેશો આપ્યો છે.

"ગીતાદોહન" ની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં મ્હને ખૂબ જ આનંદ થાય છે.

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી તેમજ **પરમપૂજ્ય મહર્ષિવર્ય મહાત્મા શ્રીકૃષ્ણાત્મજજી મહારાજની** કૃપાથી **'સંદેશ લિમિટેડ'** આ મહાન વિશ્વવંદનીય, ધાર્મિક બૃહદ્ ધર્મગ્રંથનું તૃતીય સંસ્કરણ જનતા જનાર્દન સમક્ષ રજૂ કરી શકે છે. આ માટે પરમકૃપાળુ પરમાત્માનો અને **બ્રહ્મીભૂત પૂજ્ય સ્વામીશ્રી શ્રીકૃષ્ણાત્મજજી**નો હું અનંત આભારી છું.

"ગીતાદોહન" ની પ્રથમ આવૃત્તિ પ્રગટ થતાં જ માત્ર ચાર માસમાં એની તમામ નકલો ખપી ગઈ હતી, અને જનતા તરફથી આ પરમ પવિત્ર ધર્મગ્રંથ માટેની સતત માગણીઓ ચાલુ રહ્યા જ કરી. આ હકીકત પરમપૂજ્ય સ્વામીશ્રીને જણાવતાં તેઓશ્રીએ જાતે ખૂબ જ શ્રમ લઈ પ્રથમ આવૃત્તિમાં યોગ્ય સુધારા વધારા કરી અમને "ગીતાદોહન" ની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની શુભાશીષસહ સપ્રેમ રજા આપી હતી. બીજી આવૃત્તિ પણ ટૂંક સમયમાં ખપી ગઈ. એટલે આ જીજ્ઞાસુઓની પ્રેમભરી માગણીને લઈ આ ત્રીજી આવૃત્તિ પ્રકટ કરવાનો સુયોગ પરમકૃપાળુ પરમાત્માએ આપ્યો છે.

આ ગ્રંથ તૈયાર કરવામાં મહર્ષિવર્યના શિષ્યો અને મ્હારા સ્નેહી શુભેચ્છકોએ ખૂબ જ શ્રમ ઉઠાવ્યો છે, એ માટે હું સર્વનો આભારી છું.

અમદાવાદ યોગાશ્રમના સંચાલક **શ્રી મનુવર્યજી**એ આ ત્રીજી આવૃત્તિનાં પ્રૂફો વગેરે તપાસવામાં પ્રેમપૂર્વક જવાબદારી ઉપાડી લઈ ભક્તિભાવથી જે સેવા આપી છે તે માટે તેમનો હું આભારી છું. આ ઉપરાંત જે જે ભાઈઓએ સહકાર આપ્યો છે તે સર્વનો હું આભારી છું.

"શ્રી કૃષ્ણાત્મજ વાઙ્મયસુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળા અને સલાહકાર સમિતિ"ના મુખ્ય સંચાલક અને મ્હારા મિત્ર **શ્રી નાનુભાઇ ખંડુભાઇ દેસાઈ** એડવોકેટ, તેમજ સમિતિનો તેમના સહકાર માટે ખાસ આભારી છું.

ટૂંકમાં આ ગ્રંથના પ્રકાશનમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જે જે બંધુઓએ સહકાર આપ્યો તે સર્વનો હું અંતઃકરણથી આભાર માનું છું.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળ **"ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ" (સંદેશ લિમિટેડ) ના કામદાર ભાઈઓ**એ પણ પ્રેમ અને ઉત્સાહથી કાર્ય આપ્યું છે તેની હું કદર કરું છું.

આ ગ્રંથ તૈયાર કરવા પાછળ શક્ય એટલી ખૂબ જ કાળજી લેવામાં આવી છે તેમ છતાં એમાં કાંઈપણ ક્ષતિઓ રહી જવા પામી હોય તો વાચક બંધુઓ ક્ષમ્ય દૃષ્ટિએ જોશે એવી હું આશા રાખું છું. છાપકામની રહી ગયેલી ત્રુટિઓ તરફ મ્હારું ધ્યાન ખેંચવામાં આવશે તો ત્રીજી આવૃત્તિના પ્રકાશન સમયે એ માટે યોગ્ય થશે.

સમસ્ત જનસમાજના કલ્યાણાર્થે પ્રગટ થતો આ બહુમૂલ્ય ધાર્મિક ગ્રંથ, પરમપૂજ્ય મહર્ષિવર્યના એક જ્ઞાનનિધિનો હોઈ એમની આ કૃપા પ્રસાદી જનતાને સત્ય માર્ગનું દર્શન કરાવી માનવીને સાચા કર્તવ્યનું જ્ઞાન આપશે એમ હું ચોક્કસ માનું છું.

"ગીતાદોહન" ની પ્રથમ આવૃત્તિની કિંમત રૂા. ૧૫) પંદર રાખવામાં આવી હતી. 'ગીતાદોહન' ની બીજી આવૃત્તિની કિંમત રૂા. ૧૨।) સાડાબાર રાખવામાં આવી હતી. આ પછી આ ત્રીજી આવૃત્તિ માત્ર રૂા. ૯) નવની કિંમતમાં જ જનતાને આપવા ભાગ્યશાળી થયો છું. આવા ગ્રંથો ખૂબ જ સસ્તી કિંમતે અપાય એમ હું માનું છું અને આથી જ ત્રીજી આવૃત્તિની કિંમત શક્ય તેટલી ઓછી રાખી છે. માત્ર કાગળોમાં રહેજ ફેરફાર કર્યો છે, પરંતુ આજની મોંઘવારીમાં એ ફેરફાર અનિવાર્ય હતો. જનતા આવો અલભ્ય ગ્રંથ વસાવી લેવાનું હવે નહીં જ ચૂકે એવી શ્રદ્ધા છે.

પરમપૂજ્ય સ્વામીશ્રીની આ કલ્યાણકારી કૃપાપ્રસાદી સાદર કરતાં મ્હને આનંદ થાય છે. ભાવિક જનતા આ ધર્મગ્રંથને પ્રેમથી સત્કારશે એવી આશાસહ **પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્માના** ચરણકમળમાં નમ્ર ભાવે નમન કરી વિરમીશ.

વસંત પંચમી

સંવત ૨૦૦૮

લિ. નમ્રસેવક
નંદલાલ ચુનીલાલ ઓડીવાળા
ના જયશ્રીકૃષ્ણ
મેનેજિંગ ડીરેક્ટર,
'ધી સંદેશ લિમિટેડ.'

pandurangshastri athavale

TATWAJNANA VIDYAPEETH
6/8 Dr. WILSON STREET,
VIMAL JYOTI, 2ND FLOOR,
V. P. ROAD, BOMBAY-400004.

૨૬.૧૨.૮૩

માનવી જીવન ઉન્નત કરવાને માટે કોઈ
પણ તત્ત્વજ્ઞાનનો જન્મ થયો હશે તો તે ગીતા
છે. ગીતા માણસને હિંમત આપે છે, નિર્ણયક્ષમતા આપે
છે અને જીવનનો સાચો અર્થ સમજાવે છે.

આવા મહાન ગ્રંથનું ઊંડું જ્ઞાન સામાન્યો સુધી
પહોંચે એવા માટે 'ગીતા દોહન' પુસ્તક સ્વાધ્યાયી
કૃષ્ણાત્મજ એ લખ્યું છે. આ પુસ્તક ઉપર લખવાની
તાકાત અધિકારી વ્યક્તિની જ હોય છે. સ્વાધ્યાયી
જેવા સિદ્ધહસ્ત અને સિદ્ધવૃત્તિના પુરુષ તેના લેખક
છે એ એક અભિનંદનયોગ્ય છે.

આજના ત્રસ્તચિત્ત માનવને આવા ગ્રંથોની
નિતાંત આવશ્યકતા છે. તે ગ્રંથની તૃતીય આવૃત્તિ
બહાર પડે તે એના કરતાં આનંદની વાત છે. આજના
કુરાળ કાળમાં આવા પુસ્તકનું પુનર્મુદ્રણ થવું એ મહા
એક જાતની વર્ણનાતીત વાત છે.

આ પુસ્તકથી ઘણા લોકોનું જીવન બદલે અને
સુધરે એવું ઈચ્છતો.

પાંડુરંગ શાસ્ત્રી

ચોથી આવૃત્તિનું નિવેદન

પરમ પૂજ્ય શ્રી ચરણુગીરીજી બાપુના શુભ આશિષથી અને પ્રેરણાથી પૂજ્ય પાદ, બ્રહ્મનિષ્ઠ, મહર્ષિવર્ય સદ્‌ગુરૂ શ્રી કૃષ્ણાત્મજજી મહારાજ રચીત "ગીતા દોહન" વા "તત્વાર્થ દીપિકા" ની ચોથી આવૃત્તિ ભાવિક તથા વિશાળ અનુયાયી સમુદાય સમક્ષ રજુ કરતાં અમોને ઘણોજ આનંદ થાય છે.

પહેલી આવૃત્તિ સંવત ૨૦૦૨ માં અને બીજી આવૃત્તિ સંવત ૨૦૦૫ માં અને ત્રીજી આવૃત્તિ સંવત ૨૦૦૮ માં બહાર પડી હતી. ત્યાર બાદ છેલ્લા ૩૨ વર્ષથી આ અમુલ્ય અને અદ્‌ભૂત ગ્રંથ અપ્રાપ્ય હતો. તેથી ધર્મપ્રેમી ભાવિકો તરફથી તેની સતત માંગ રહેતી હતી. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી અને સદ્‌ગુરુદેવના શુભાશિષથી આ માંગને પહોંચી વળવા આ ચોથી આવૃત્તિના પ્રકાશનના અમો નિમિત્ત બન્યા તેથી અમે સૌ કૃત્યકૃત્યતા અનુભવીએ છીએ.

ગીતાનો સંદેશો ગામડે ગામડે પહોંચાડનાર અને આપણી ભવ્ય સંસ્કૃતિનું પુનઃઉત્થાન કરનાર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આથવેલજીએ આ ચોથી આવૃત્તિ માટે ઘણા પ્રેમથી પ્રસ્તાવના રૂપે આશીર્વચન લખી આપ્યા છે. તે માટે અમો તેમના ઋણી છીએ.

પૂજ્યપાદ મહર્ષિવર્ય પ્રણીત ગ્રંથોના પ્રકાશનના સર્વે હક્ક શ્રી કૃષ્ણાત્મજ વાકસુધા પ્રકાશન સમિતિને સ્વાધીન છે. તે સમિતિના સભ્યોમાંથી હાલ વિદ્યમાન શ્રી ધીરજલાલ પ્રાણજીવનદાસ પરીખે ખૂબ જ પ્રેમથી અને સહૃદયતાથી આ ગ્રંથ છપાવવાની પરવાનગી અમોને આપી છે. તેથી તેમના અમે આભારી છીએ. સ્વામિશ્રી સચ્ચિદાનંદ મહારાજ (દંતાલી આશ્રમ, પેટલાદ) ના 'ગીતા દોહન' છાપવા માટે અમૂલ્ય માર્ગદર્શન તેમણે આપ્યું તે માટે અમો તેમના આભારી છીએ.

આ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરવા માટે અમોને આશરે રૂા. ૧ લાખ પચાસ હજારના ભંડોળની જરૂર હતી તે માટે શ્રી એમ. એસ. પારખે ધી સેન્ટ્રલ પલ્પ એન્ડ પેપર મીલ્સના માલીક જેમણે ઉદાર ભાવે ગીતા દોહનની ૨૦૦૦ પ્રત છપાવવા માટે જરૂરી કાગળ ભેટ આપેલ છે. તે માટે તેમના પણ અમો ઘણા ઋણી છીએ. આ કાર્યમાં સક્રિય સાથ સહકાર અને પ્રોત્સાહન આપવા માટે શ્રી જશવંતભાઈ મહેતા (માજી નાણા અને ઉદ્યોગ પ્રધાન ગુજરાત રાજ્ય) નો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તે પ્રમાણે અમારા દરેક ગુરુ બંધુઓ, તેમના સ્નેહીઓ અને મિત્રોએ પણ આ સત્‌કાર્યમાં ઉદાર હાથે ફાળો આપી અમોને કૃત્યકૃત્ય કર્યા છે. તેમજ શ્રી કોનમ પ્રીન્ટર્સવાળા શ્રી રામભાઇ કોઠારીનો આ ગ્રંથને ખૂબ જ ચીવટથી અને ઝડપથી પાર પાડવા માટે, તેઓનો તથા તેમના સહકાર્યકર ભાઇઓનો પણ આભાર માનીએ છીએ.

અંતે આ શુભ કાર્યમાં ઘણા નામી, અનામી, ભાઈ બહેનોએ સાથ સહકાર આપ્યો છે તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

છેલ્લે અમારા પૂજ્ય ગુરુદેવ પરમહંસ શ્રી ચરણુગીરીજી મહારાજ, જેમની પ્રેરણા અને આશીર્વાદથી જ આ અમુલ્ય ધાર્મિક ગ્રંથ જનતા સમક્ષ અમે મૂકી શકયા છીએ તે માટે અમો સર્વે તેમના ઋણી છીએ.

લી. નમ્ર સેવકો અને ટ્રસ્ટીઓ
શ્રી ચરણુગીરી બાપુ સ્મૃતિ ટ્રસ્ટ

૧૮. જાન્યુઆરી, ૧૯૮૫

પ્રમુખ :- પુ. રતીગીરીજી મહારાજ – મુંબઇ

સભ્યો :-

શ્રી ભાનુશંકર પંડ્યા	રાજકોટ	શ્રી શાંતીભાઈ મહેતા	મુંબઈ
શ્રી ધીરૂભાઈ દેસાઈ	મુંબઇ	શ્રી ગૌરાંગ મર્ચન્ટ	મુંબઈ
શ્રી કુલીનકાંત ગુરુજી	મુંબઈ	શ્રી કીશોર ગુરુજી	મુંબઈ

।। ૐ તત્સત્ ।।

।। ૐ શ્રી કૃષ્ણાત્મજાય નમ : ।।

ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા

સુવર્ણ-જયંતિ પ્રકાશન- સવંત ૧૯૯૯ - ૨૦૪૯

પાંચમી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે નિવેદન

પરમ પૂજ્ય અવધૂતશ્રી ચરણગીરીજી મહારાજના શુભાશિષ અને પ્રેરણાથી પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ, મહર્ષિવર્ય સદગુરુ શ્રી કૃષ્ણાત્મજજી રચિત 'ગીતાદોહન વા તત્વાર્થ દિપિકા' ગ્રંથની ચોથી આવૃત્તિની ૨૦૦૦ પ્રત વિક્રમ સંવત ૨૦૪૧, ઈ.સ. ૧૯૮૫ની ૧૮ જાન્યુઆરીના રોજ બહાર પાડયા બાદ, સાત વર્ષના ટૂંકા ગાળામાં આ બધી જ પ્રત ખપી જતાં તેમજ ભાવિક જનોની સતત માંગને ધ્યાનમાં લેતા આ અદ્વિતીય અને પરમ પવિત્ર તથા પૂજનીય ગ્રંથની પાંચમી આવૃત્તિ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય સાંપડવા બદલ પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાના અમે ઓશિંગણ છીએ.

પૂજ્યપાદ મહર્ષિવર્ય કૃષ્ણાત્મજજી મહારાજશ્રીએ "સંવત ૧૯૯૯ ચૈત્ર સુદ નોમ, શ્રી રામજયંતિ, પુષ્યનક્ષત્રે, બુધવારના શુભ દિવસે આ પવિત્ર ગ્રંથ લખવાની શરૂઆત કરી અને તે વર્ષના ભાદ્રપદની વદી અગિયારસે, શનિવારના રોજ લેખનકાર્ય સંપૂર્ણ કર્યું હતું. ("ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા - ઉપાસના કાણ્ડ - કિરણાંશ" પૃષ્ઠ સંખ્યા ૨૦). આ વર્ષે એટલે કે સંવત ૨૦૪૯ના ચૈત્ર સુદી નોમ ને રામનવમીના પુણ્યનક્ષત્રે, ગુરુવારના શુભ દિવસે આ મહાન ગ્રંથ લખવાની શરૂઆત કર્યાને પચાસ વર્ષ પૂરા થયા. તેથી આ પાંચમી આવૃત્તિ "સુવર્ણ જયંતિ પ્રકાશન" તરીકે પ્રકાશિત થઈ રહી છે જે અમારા માટે અત્યંત ગૌરવ અને આનંદની અનુભૂતિ સમાન છે. આ અમૂલ્ય અને પવિત્ર ગ્રંથની મુમુક્ષો તરફથી સતત માંગ રહેવાથી અપ્રાપ્ય એવા આ દુર્લભ ગ્રંથના પ્રકાશન કાર્યમાં ઈશ્વરની અનંત કૃપા અને પરમપૂજ્ય સદ્‌ગુરુ મહારાજશ્રીના શુભાશિષ નિમિત્ત બનવા બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ.

વીતેલા ૫૦ વર્ષોમાં "ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા" ગ્રંથનો પ્રચાર અને માંગ એક નવી ટોચ ઉપર પહોંચ્યા છે. પૂજ્યપાદ મહર્ષિવર્યના કુલ અગિયાર પ્રકાશનોમાં "ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા" ગ્રંથને (સૌથી વધુ આવૃત્તિ) પાંચ આવૃત્તિ પ્રકાશિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જેમાં આ મહાન અને અદ્વિતીય ગ્રંથમાં તેના રચયિતા પૂજ્યપાદ મહર્ષિવર્ય કૃષ્ણાત્મજજી મહારાજની મહાનતાનાં દર્શન થાય છે.

આજની મોંઘવારીના સમયમાં કાગળ, છપાઈ, મજૂરી વગેરેના ભાવો અત્યંત ઊંચા ગયા હોવાથી સ્વાભાવિક છે કે આ દળદાર ગ્રંથની વેચાણ કિંમત વધુ થાય પરંતુ, આ મહાન વિશ્વવંદનીય ધર્મગ્રંથનો, બૃહદ ગુજરાતની ધાર્મિક જનતા છૂટથી લાભ લઈ શકે તે હેતુથી આ અમૂલ્ય જ્ઞાનગ્રંથની કિંમત ઓછામાં ઓછી રાખવા શક્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ શુભ કાર્યમાં પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાત્મજજી મહારાજની અનન્ય કૃપાદૃષ્ટિ અને પરમપૂજ્ય સદ્‌ગુરુ અવધૂત શ્રી ચરણગીરી મહારાજના આશિર્વાદથી, આ પાંચમી આવૃત્તિ "સુવર્ણ જયંતિ પ્રકાશન" પાંચ વર્ષ પહેલાની કિંમત કરતાં પણ ઓછી કિંમતે વેચવાની અનુકુળતા પ્રાપ્ત થઈ છે. આ સુવર્ણ જયંતિ પ્રકાશન કાર્યમાં અમૂલ્ય સહકાર તથા માર્ગદર્શન આપવા બદલ અમો સર્વે શ્રી ભૂપેન્દ્ર ભાઈ રીખવદાસ શાહ શ્રી પરાગ જૈન મંડળ, પ્રેમચંદ લલ્લુભાઈ એન્ડ કું. કાગળના વેપારી શ્રી બચુભાઈ શાહ, અને "આર્ટ હોમ પ્રીન્ટર્સવાળા શ્રી કૃષ્ણભાઈનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

"ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા" ગ્રંથની ચતુર્થ આવૃત્તિની વિમોચન વિધિનો કાર્યક્રમ મુંબઈ મુકામે (પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦) તારીખ ૭ એપ્રિલ ૧૯૮૫ના શુભ દિવસે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીએ વિમોચન વિધિ કરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. "જન્મભૂમિ" અને "પ્રવાસી" દૈનિકના તંત્રી શ્રી હરીન્દ્રભાઈ દવેએ આ ગ્રંથનો ટૂંકો પરિચય કરાવ્યો હતો. પરમપૂજ્ય વેદાંતાચાર્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજે (દંતાલી પેટલાદ-ગુજરાત રાજ્ય) આશીર્વચન આપ્યા હતા. આ સર્વે મહાનુભાવોનો અમે આ તકે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. વિમોચન વિધિ પ્રસંગે બોલતાં પરમ પૂજ્ય દાદાશ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીએ જણાવ્યું હતું કે "ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા" જીવનસ્પર્શી તથા માનવસ્પર્શી મહાન આધ્યાત્મિક સાંસ્કૃતિક ગ્રંથ છે. આજે જ્યારે માનવજીવન ધર્મક્ષેત્રે, રણક્ષેત્રે, કુરુક્ષેત્રે તથા ક્રીડાક્ષેત્રે એવા આ ચાર ક્ષેત્રોમાં વહેંચાઈ ગયું છે ત્યારે આ ગ્રંથ સાચો માર્ગદર્શક સાબિત થશે.

મુરબ્બી શ્રી હરીન્દ્રભાઈ દવેએ ગ્રંથનો મહિમા સમજાવતાં કહ્યું કે "આ પુસ્તકમાં પૂજ્યપાદ શ્રી કૃષ્ણાનંદજી મહારાજશ્રીએ ઈશ્વર-સ્મરણનો મહિમા ગાયો છે." પરમપૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજે જણાવ્યું કે સામાન્ય વ્યક્તિથી લઈને કોઈપણ ક્ષેત્રની મહત્તમ કક્ષાની વ્યક્તિ સુધીના પ્રત્યેકના જીવનને સ્પર્શનારું અને તેને આધ્યાત્મિક વિકાસને માર્ગે લઈ જનારું આ પુસ્તક છે.

વિક્રમ સંવત ૨૦૦૨માં જ્યારે "ગીતાદોહન વા તત્વાર્થ દીપિકા" ગ્રંથની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ ત્યારે પ્રકાશક શ્રી નંદલાલ ચુનીલાલ બોડીવાળા (મેનેજિંગ ડીરેક્ટર, દૈનિક સંદેશ લિમિટેડ, અમદાવાદ) એ પ્રથમ આવૃત્તિના નિવેદનમાં જણાવેલ છે કે, " પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાનંદજી મહારાજે અમોને ઉપકારના બોજા તળે મૂક્યા છે. ખાસ કરીને ગુજરાતને માટે એ ગૌરવરૂપ છે કેમ કે, ગીતાદોહન દ્વારા જગતમાં ચાલતા શ્રી ભગવતગીતાના વાદો નષ્ટ કરવાનું સદ્‌ભાગ્ય તેઓને સાંપડયું છે."

પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રી કૃષ્ણાનંદજી મહારાજે ગીતાદોહનમાં જે કાંઈ કહેવાનું હતું તે સર્વ કહ્યું છે, છતાં લોકોની તીવ્ર ઈચ્છા જોઈ સાંપ્રતકાળમાં પણ ગીતારૂપી જડીબુટ્ટી વડે જગત પર આવેલી આપત્તિ દૂર થઈ શકે તેમ છે.

આ પ્રસંગે શ્રી કૃષ્ણાનંદજી વાકસુધા પ્રકાશન સમિતિના અધ્યક્ષ શ્રી હીરજલાલ પ્રાણજીવનદાસ પરીખના આ પાંચમી આવૃત્તિ પ્રગટ કરવાની ઉદાર પરવાનગી આપવા માટે અમે અત્યંત આભારી છીએ.

અમારા પૂજ્ય ગુરુદેવ પરમહંસ શ્રી ચરણગીરીજી મહારાજ, જેમની પ્રેરણા અને આશિર્વાદથી જ આવો અનુપમ તથા અત્યંત પવિત્ર, ધાર્મિક, મહામૂલ્ય, અનન્ય ગ્રંથ મુમુક્ષો સમક્ષ મૂકી શક્યા છીએ તે માટે અમો ધન્યતા અનુભવીએ છીએ.

આ ધર્મગ્રંથના અધિક વાંચનના ફેલાવવાથી જગતમાં શાંતિ સ્થપાય એવી અમારી પ્રભુ પ્રત્યે નમ્ર પ્રાર્થના સાથે પરમકૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણકમળમાં વિનમ્ર ભાવે નમન કરીએ છીએ.

લી.

નમ્ર સેવકો અને ટ્રસ્ટીઓ

અવધૂત શ્રી ચરણગીરી સ્મૃતિ ટ્રસ્ટ

શ્રી રામનવમી ચૈત્ર સુદ નોમ

વિ. સંવત. ૨૦૪૯,

ઈ.સ. ૧ એપ્રિલ, ૧૯૯૩

મુંબઈ.

महर्षिओने स्मरणाञ्जलि

———卐———

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

જે પરમાત્માએ પોતે જ બ્રહ્માંડ ઉત્પત્તિ પૂર્વે હજારો દિવ્ય વર્ષો સુધી જગત્ લીલાને માટે જલમાં રહી તપ કર્યું છે જેથી તેમને નારાયણ (નાર+અયન; પાણી એ જેનું ઘર છે તે) એવું નામ પ્રાપ્ત થયેલું છે એવા પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપ નારાયણને, નરોમાં શ્રેષ્ઠ એવા નરને તથા વિદ્યાનિધિ શ્રીદેવી સરસ્વતી માતાને સાષ્ટાંગ પ્રણામ કરીને આ જય એટલે જે થકી મિથ્યા મોહ વડે થયેલો અજ્ઞાનનો નાશ થઈ તમામ દુઃખો ઉપર વિજય મેળવી શકાય છે એવી પરમાત્મપ્રાપ્તિ કરનારા સંહિતા(ગ્રંથ)નો આરંભ કરું છું.

लौकिकानां हि साधुनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

લૌકિક પંડિતો અને વિદ્વાનો ગમે તેવા સત્ત્વગુણસંપન્ન અને સાધુસ્વભાવી હોય; તેમની વાણી ગમે તેટલી આકર્ષક, છટાવાળી કે મધુર લાગતી હોય; તો પણ તે લૌકિક ઇચ્છાથી પરની સ્થિતિના અનુભવથી વંચિત હોવાથી તેઓ નિર્વાસન થયેલા હોતા નથી જેથી તેઓની વાણી લૌકિક એવા વૈષયિક પદાર્થો જ ઇચ્છે વા અનુસરે છે ત્યારે એથી ઊલટું આત્મદર્શી જીવન્મુક્ત મહર્ષિઓની વાણીને લૌકિક એવા વૈષયિક પદાર્થો જ ઇચ્છે વા અનુભવે છે; કારણ કે તેમની વાણી થકી તે લૌકિક પદાર્થો અવિષય રૂપ બની આત્મોન્નતિરૂપ ધ્યેયને સાધ્ય કરી અખંડ સુખશાંતિને પ્રાપ્ત કરી શકે છે; જ્યારે વિષયેચ્છુ પદાર્થવાળી વાણી થકી વિષયેચ્છાનો પ્રાદુર્ભાવ ઉત્તરોત્તર વધતો જઈ તે છેવટે અધઃપતનમાં જ પરિણમે છે. આ રીતે એ બંનેની વાણીમાં જમીન અને આકાશ જેટલું અંતર છે; આથી જ જીવન્મુક્તોની વાણી પ્રાસાદિક કહેવાય છે.

तमृषिं मनुष्यलोकप्रवेशविश्रामशाखिनं वाचाम् ।
सुरलोकादवतारप्रान्तरखेदच्छिदं वन्दे ॥

વાક્સુધા શ્રીસરસ્વતી, શારદા, વિદ્યા વા વાગ્દેવીને દેવલોકમાંથી માનવલોકમાં અવતીર્ણ થતાં થયેલા ખેદને શાંત કરનારા અને શ્રીશારદાદેવી મનુષ્યલોકમાં અવતીર્ણ થયા પછી આ જગતમાં તેને વિશ્રાંતિ માટે શીતલ છાયા આપનારા વૃક્ષરૂપ બનેલા તે સર્વે મહર્ષિઓને શતશઃ પ્રણામ હો.

ॐ तत्सत्

॥ श्रीकृष्णार्पणम् ॥

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्महृदाय आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथाविनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै-
र्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥२॥

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटियुगधारिणे नमः ॥३॥

प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥४॥

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥५॥

सत्यव्रतं सत्यपरं त्रिसत्य सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यमृतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपद्ये ॥६॥

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥७॥

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥८॥

यत्कृतं यत्करिष्यामि तत्सर्वं न मया कृतम् ।
त्वया कृतं तु फलभुक्त्वमेव मधुसूदन ॥९॥

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥१०॥

॥ ॐ श्रीकृष्णार्पणमस्तु ॥

ધર્મપાલનની મહત્તા

શ્રી વ્યાસ ઉવાચ—

सत्यं सत्यं पुनः सत्यं भुजमुत्थाप्य चोच्यते ।
न वेदाच्च परं शास्त्रं न देवो केशवात्परः ॥
ऊर्ध्वं बाहुर्विरौम्येष नैत्र कश्चिच्छृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥

न जातु कामान्न भयान्न लोभाद्धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्यत्वनित्यः ॥

મહર્ષિ વ્યાસાચાર્યજી હાથ ઊંચા કરી પોકારી પોકારીને કહે છે કે, વેદ કરતાં પર એટલે વેદની પહેલાંનું બીજું કોઈ પણ શાસ્ત્ર છે જ નહિ, તેથી તે જ સર્વ કરતાં શ્રેષ્ઠ અને પ્રમાણભૂત છે અને કેશવ એટલે અનિર્વચનીય એવા બ્રહ્મથી પણ કોઈ પર એટલે પૂર્વનો, મોટો વા શ્રેષ્ઠ દેવ નથી. આ હું તમને જે કહી રહ્યો છું તે તદ્દન સત્ય છે, સત્ય છે, સત્ય છે, ત્રિવાર સત્ય છે. મારા બંને હાથ ઊંચા કરીને હું પોકારી પોકારીને કહું છું કે તમો જે ભોગાદિને ઇચ્છો છો તેની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. ધર્મ થકી જ અર્થ અને કામની પ્રાપ્તિ પણ અનાયાસે થઈ શકે છે. તો પછી તમો શામાટે ધર્મનું સેવન કરતા નથી ? પણ અરેરે ! દુર્ભાગ્યની વાત છે કે મારું આ હિતકારક કથન કોઈ સાંભળતા જ નથી. અરે ! કામ, ભય, લોભ અથવા જીવવાને અર્થે પણ તમારે ધર્મનો ત્યાગ નહિ કરતાં તેનું પાલન કરવું જ આવશ્યક છે, કેમ કે તે થકી આવતાં સંકટોમાંથી તમોને એક ધર્મ જ બચાવી શકશે. એક ધર્મ જ નિત્ય છે, સુખદુઃખાદિ તો અનિત્ય છે; કિંવા જો તમો જીવને શુદ્ધ આત્મસ્વરૂપ સમજીને નિત્ય માનતા હો તો પણ તેને ધર્મપાલનની આવશ્યકતા રહે છે. બાકી જીવના હેતુરૂપ વિષયવાસનાવશાત્ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ શરીરાદિ વડે થતાં કાયિક, વાચિક અને માનસિક કૃત્યાદિ તમામ કર્મ તો અનિત્ય છે.

ॐ तत्सत्

પુરોવચન

સાંપ્રતકાળ અને ભગવદ્ગીતા

सुपर्णं विप्राः कवयो वचोभिरेकं सन्तं बहुधा कल्पयन्ति ।

(ઋ૦ ૧૦-૧૧૪-૫)

બુદ્ધિમાન અને મહાનુભાવ તત્ત્વજ્ઞ પુરુષોએ એક જ પરમાત્માને કેટકાંકે અનેકત્વનો ભાવ કલ્પેલો છે.

આમુખ લખવાનું કારણ

શ્રીમદ્ભગવદ્ગીતાના સંબંધમાં મારે જે કાંઈ કહેવાનું હતું તે બધું મેં સંક્ષેપમાં આ ગીતારહસ્યમાં કહ્યું છે, છતાં લોકોની ઇચ્છાને માન આપી સાંપ્રતકાળમાં શ્રીભગવદ્ગીતાનો ઉપયોગ કઈ રીતે કરવો, એ સંબંધમાં આમુખરૂપે આ બે શબ્દો લખી આપવાનો પ્રયત્ન કર્યો છે.

લેખનનો હેતુ

લેખક યા વક્તાનો આશય, ઉદ્દેશ યા ભાવ વાચકવૃંદ કિંવા શ્રોતાવર્ગ સારી રીતે સમજી શકે એ જ લેખન વા વક્તૃત્વનો મુખ્ય હેતુ છે. શબ્દપ્રયોગનું મુખ્ય ફળ પણ એ જ છે કે પોતાનું કહેલું કથન સામાઓ યથાર્થ રીતે સમજી શકે. જો વક્તાનો ભાવાર્થ શ્રોતા સમજી નહિ શકે કિંવા લેખકનો અભીષ્ટ અર્થ વાચકવૃંદ સમજી નહિ શકે તો તેઓની સંશયનિવૃત્તિ નહિ થતાં ઉલટ ભ્રમમાં અભિવૃદ્ધિ થવા પામે છે અને લેખક યા વક્તાનો શ્રમ નિષ્ફળ નીવડે છે. વળી લેખક યા વક્તાના કથનનો માત્ર શબ્દાર્થ સમજવાથી પણ કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી, પરંતુ તેમના કહેવાના સાચા તત્ત્વાર્થનો ભાવ સમજવો અત્યાવશ્યક છે. આ સંબંધમાં શાસ્ત્રમાન્ય એવું એક દૃષ્ટાંત છે.

અનુમાન કરવાની પદ્ધતિ

જેમ નોકરને 'સૈંધવ લાવો' એમ કહેવામાં આવે; સૈંધવના (૧) મીઠું અને (૨) ઘોડો, એવા મુખ્યત્વે બે અર્થો વ્યવહારમાં પ્રચલિત છે. તે બે પૈકી માગનારને શાની જરૂર છે તેનો પ્રથમ નિશ્ચય કરવો જોઈએ. તે સારી રીતે જાણવાને માટે ન્યાયશાસ્ત્રોમાં સંયોગાદિ સાધનો બતાવવામાં આવ્યાં છે. તે પૈકી એક અન્યતમ નામનું છે. તેને લક્ષમાં લઈ તે ચોરણે સ્વામીની ઇચ્છા યા ઉદ્દેશનું અનુમાન કરવું જોઈએ. જો ભોજનનો સમય હોય તો સૈંધવ એટલે મીઠું, અને કપડાં વગેરે પહેરીને બહાર જવાનો અવસર હોય તો સૈંધવ એટલે ઘોડાની જરૂર છે, એમ સમજવું. આ રીતનાં અનુમાન વડે જ સ્વામીની આજ્ઞા યા વ્યાખ્યાતાનો ઉદ્દેશ કળી શકાય છે, અન્યથા નહિ; પરંતુ આ રીતિ તો કોઈ એકાદ વસ્તુનું તાત્પર્ય સમજવાને માટે કદાચ ઉપયોગી નીવડે પણ ગ્રંથો તો અનેક વાક્યોના સમૂહરૂપ હોઈ પ્રત્યેક વાક્યના પ્રચલિત અર્થો પણ અનેક છે તે પૈકી કયે વખતે કયો અર્થ લેવો એ ઠેરવવું ઘણું કઠણ થઈ પડે છે. સિવાય કોઈ પુરુષના વચનનું તાત્પર્ય શોધવાનું હોય તો કદાચ મહાપ્રયત્ન વડે પણ તે શક્ય બની શકે, પરંતુ અપૌરુષેય એવા વેદનું તાત્પર્ય ધારવું એ બુદ્ધિમાનોને માટે પણ કઠણ છે તો પછી સર્વસામાન્ય લોકોને માટે તે અતિશય દુર્લભ હોય એમાં તો શંકા જ નથી. વળી જ્યાં સુધી વેદનું સાચું રહસ્ય જાણવામાં આવતું નથી ત્યાં સુધી મનુષ્યનો મોહભ્રમ નષ્ટ થઈ તેને ખરું સુખ અને કાયમી શાંતિ કદી પણ પ્રાપ્ત થતાં નથી. આથી એ નિર્વાણપદની સિદ્ધિ અર્થે વક્તૃત્વ અથવા લેખનદ્વારા તે અગમ્ય અને અનિર્વચનીય તત્ત્વનું પરોક્ષ રીતે પ્રતિપાદન કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. માટે અપૌરુષેય એવા આ ગૂઢ શાસ્ત્રોનો ઉદ્દેશ વા રહસ્ય શું છે તે

દર્શાવવાને માટે શાસ્ત્રકારોએ મુખ્યત્વે નીચે પ્રમાણેની ૭ બાબતો કહેલી છે. એટલે એ ગૂઢ રહસ્ય સમજવાને માટે લેખકે: उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फले। अर्थवादोपपत्तिश्च लिङ्गं तात्पर्यनिर्णये ॥ (૧) ઉપક્રમ અને ઉપસંહાર, (૨) અભ્યાસ, (૩) અપૂર્વતા, (૪) ફળ, (૫) અર્થવાદ અને (૬) ઉપપત્તિ; આ ૭ બાબતોનો આશ્રય લેવાની જરૂર હોય છે.

શાસ્ત્રરહસ્ય સમજવાની પદ્ધતિ

(૧) ઉપક્રમ અને ઉપસંહાર એટલે આરંભ અને સમાપ્તિ; એ બંને ગ્રંથનું તાત્પર્ય સમજવાને માટે સદાયતારૂપ છે, (૨) અભ્યાસ એટલે પ્રધાન લક્ષ્યને વારંવાર કહેવું તે; ધ્યેયપ્રાપ્તિને માટે તે અત્યંત ઉપયોગી છે, (૩) અપૂર્વતા એટલે ગ્રંથમાં નવીનતા કિંવા વિશેષતા શું છે અને તે બતાવવું અથવા જણાવવું તે, (૪) ફળ એટલે આ ગ્રંથનું પ્રયોજન શું છે અને તેનાથી શી પ્રાપ્તિ થશે તે, (૫) અર્થવાદ એટલે જિજ્ઞાસુ શ્રોતા યા વાચકવૃન્દોને સન્માર્ગે પ્રવૃત્ત કરવાને માટે કરવામાં આવતી સ્તુતિ અને તેઓને અસન્-માર્ગથી નિવૃત્ત કરવાના ઉદ્દેશે કરવામાં આવતી નિંદા તથા (૬) ઉપપત્તિ એટલે ગ્રંથમાં કહેવામાં આવેલા વિષયની સિદ્ધિ માટે આપવામાં આવતાં પ્રમાણો. આ ૭ જે વિષયની સિદ્ધતા અર્થે કહેવામાં આવ્યાં હોય તે જ તે ગ્રંથનું તાત્પર્ય છે એમ સમજવું. આ છતાં મિલનથી જ ગ્રંથનું રહસ્ય અથવા શાસ્ત્રનું તાત્પર્ય શું છે, તે સિદ્ધ થઈ શકે છે.

દુરાગ્રહથી પોતાને કૃતાર્થ માની બેસવું

આ મુજબની યોજના શાસ્ત્રકારોએ વક્તા યા લેખકનું પ્રતિપાદિત શાસ્ત્રીય તાત્પર્ય યથાર્થ રીતે સમજવામાં આવે એટલા માટે કરી છે, પરંતુ આકાશની અનંતતા અને વિશાળતાને લીધે તેનો અંત લાગતો નથી છતાં પક્ષીઓ પોતપોતાની શક્તિ અનુસાર તેમાં ઊડી પોતાને કૃતાર્થ માને છે અથવા મીઠા પાણીનું સરોવર ભરાયેલું હોવા છતાં પક્ષીઓ પોતપોતાની ચાંચમાં તેમાંથી લેવાય તેટલું લઈ પોતે તૃપ્તિ માને છે તેમ પ્રમાણોથી રહિત, અનંત, અગમ્ય, અકથ્ય, અગોચર અથવા અનિર્વચનીય એવા સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપ સંબંધમાં મનસ્વી તર્કો કરી લઈ આનંદ અને શાંતિ મેળવવાના ઉદ્દેશથી પ્રત્યેક જીવ અહોનિશ સતત પ્રયત્ન કર્યે જાય છે; તથા પોતપોતાની બુદ્ધિ, ભાવના અને શક્તિ અનુસાર તેમાંનું ગ્રહણ કરી દુરાગ્રહ વડે પોતાને કૃતાર્થ થયેલો માની બેસે છે. પોતાને મોટા મોટા બુદ્ધિશાળી માનનારાઓ પણ પોતપોતાની મનસ્વી માન્યતાઓમાં જ અટવાઈ પરમાત્મસ્વરૂપના પારને પામી શકતા નથી.

લોકોને સાચું નહિ પણ સારું જોઈએ

વસ્તુતઃ સચ્ચિદાનંદઘન પરમાત્માનું સ્વરૂપ ઉપર કહી ગયા તેમ અકથ્ય, અવર્ણનીય, અગોચર અને અનિર્વચનીય છે અને તેનું તાત્પર્ય અપૌરુષેય એવા વેદોદ્વારા સમજવાનું હોય છે. આ કાર્ય અતિશય દુર્ગમ હોવાથી પ્રથમતઃ તો તેનો યથાર્થ વક્તા મળવો એ અતિ દુર્લભ છે; તેમાં પણ આત્મસાક્ષાત્કાર કરેલો અપરોક્ષાનુભવી બ્રહ્મનિષ્ઠ તત્ત્વવિદ્ તો ક્વચિત્ જ કોઈ મળે છે અને તેમાં પણ ભગવાન શ્રીકૃષ્ણ જેવો અવતારક અને બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય મહાશ્રુત વક્તા તો અતિશય દુર્લભ હોઈ તેમણે કહેલા કથનનું યથાર્થ તાત્પર્ય જાણવું. એ ખરેખર કેટલું બધું કઠણ છે તેનો વિચાર બુદ્ધિશાળી વાચકો જ કરે. તેમાં વળી તેમના કથન ઉપર અપરોક્ષાનુભવ વગરના લૂખા તર્કવાદીઓની મિથ્યા અહંભાવ વડે થયેલી અસંખ્ય ટીકાઓ જોતાં તો તેઓએ દૂધનું દહીં કરવાને બદલે દહીંનું દૂધ કરવાના પ્રયત્નની જેમ એ ભગવદુક્તિ સમજવામાં સરળતા કરવાને બદલે અનેક વિતંડાવાદો ઊભા કરી ઊલટા લોકોને વધુ સંભ્રમમાં નાંખ્યા છે. આવી પરિસ્થિતિમાં સૌથી પ્રથમ લોકોનો એ સંભ્રમ નષ્ટ થઈ તેઓને સરળતાથી સાચો અર્થ સમજવાની જરૂર છે. આ કાર્યમાં કાંઈક અંશે મદદરૂપ નીવડે એવા ઉદ્દેશથી લોકોની તીવ્રતર જિજ્ઞાસા જોતાં શ્રી ભગવત્પ્રેરણાનુસાર આ ગીતાદોહન ગ્રંથ લખાયેલો છે. આજકાલ લોકોને સાચું નહિ પણ સારું લાગે

એવું જોઈએ છે. ખુશામત જ પ્રિય હોવાથી તેઓ પોતપોતાની દુરાગ્રહી માન્યતા સત્ય ઠેરવવાના ઉદ્દેશથી પોતપોતાને અનુકૂળ એવો દરેક મંત્રનો અર્થ કલ્પી લે છે અને કહેનારના કથનનો સાચો ઉદ્દેશ સમજવાનો પ્રયત્ન કરતા નથી અને કરશે પણ નહિ, એ દેખીતું છે. તેવા ખુશામતપ્રિય, મિથ્યાભિમાની અને દુરાગ્રહીઓને બાદ કરતાં જેમને સાચું જાણવાની ઉત્કંઠા છે તેઓ જ આનો ભાવાર્થ સારી રીતે સમજી શકશે. 'सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम्' એવું શાસ્ત્રમાં જે કહેલું છે તેનો અર્થ આ ખુશામતીયા દુરાગ્રહીઓ "સાચું અને લોકોને સારું લાગે એવું કહેવું" એવો કરી પોતાને અને લોકોને છેતરે છે. વસ્તુતઃ "જે વડી લોકોનું અપ્રિય ન થાય અને જે સત્ય હોય તેવું જ કહેવું જોઈએ," એવો આ શાસ્ત્રના કથનનો ઉદ્દેશ છે. મહાભારતમાં કહ્યું છે કે 'સત્ય એ અમૃતની જેમ કડુ હોવાથી તે લોકોને ગળે ઉતરતું નથી અને તેવું કહેનારા હિતેચ્છુઓ પણ કોઈ વિરલ જ મળી આવે છે. મીઠું મીઠું બોલનારા ખુશામતીયા પુરુષો તો સદાએ જ્યાં ત્યાં સહેજમાં મળી આવે છે પણ કડવું છતાં સત્ય અને હિતકારી કહેનાર તો દુર્લભ જ હોય છે." દેવગુરુ બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્રના અધ્યયન વિના તેમ જ સાચું અને હિતકારક કહેનારા બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુની સેવા કર્યા વિના જ્ઞાન થતું નથી, એ ધ્યાનમાં રાખવું. આ સંબંધે મંથારંભમાં ઉપાસનાકાણ્ડમાં પણ વિસ્તૃત વિવેચન છે. જોકે ગીતાનું સાચું રહસ્ય સમજાવવાનું કાર્ય મારા જેવા પામરને માટે અશક્ય હોવા છતાં જ્યાં ઈશ્વરની જ કૃપા હોય ત્યાં અશક્ય શું છે?

પોતાની માન્યતા બીજા ઉપર લાદવાની યુક્તિ

કાળપરિવર્તનાનુસાર શાસ્ત્રાભ્યાસના અભાવને લીધે શાસ્ત્રગ્રંથનો સાચો ઉદ્દેશ સમજવાને માટે ઉપયોગી એવી ઉપર બતાવેલી શાસ્ત્રીય પદ્ધતિનો ધીરે ધીરે લોપ થવા પામ્યો અને તેથી લોકોની મનોવૃત્તિ વક્તા યા લેખકનું પ્રયોજન સમજવાને અશક્ત બની. સિવાય વક્તાઓ (લેખકો) પણ મિથ્યાભિમાની, દુરાગ્રહી, અનુભવથી રહિત, સ્વચ્છંદી, પ્રમાદી, શાસ્ત્રાભ્યાસહીન, સત્યતત્ત્વ સમજ્યા વગરના લુખા તર્કવાદી અને મિથ્યા વિતંડાવાદી તથા ખુશામતીયા બનતા ગયા. આથી જગતમાં દિનપ્રતિદિન સત્ય જ્ઞાનનો લોપ થવા પામ્યો અને લોકોની મનોવૃત્તિ આપસઆપસમાં ફાટફૂટ પડાવી પોતપોતાનો મત વા માન્યતા પરસ્પર એક બીજા ઉપર લાદી તેઓને પોતાના પક્ષમાં ખેંચી પોતાના રોહ તળે દબાવવા તેમ જ પોતપોતાના સાંપ્રદાયોનો પ્રચાર કરી બહુમતિ મેળવવી અને એ રીતની યુક્તિથી પોતાનો સ્વાર્થ સાધી લેવો; આજકાલ એ ઉદ્દેશ સફળ કરવાનો ક્રમ કળ, બળ અને યુક્તિ પ્રયુક્તિ દ્વારા એક સરખો ચાલુ છે. સાંપ્રતકાળમાં બહારથી મીઠું મીઠું અને સારું લાગે એવું બોલી અંદરખાનેથી તેને છેતરી પોતાનો સ્વાર્થ સાધી લેવો તથા તેનો વિનાશ કરવો એ પ્રથાનું નામ જ બુદ્ધિ છે અને તેવું કરનારો જ બુદ્ધિશાળી ગણાય છે.

સત્ય સમજવાની અશક્તિ

આ રીતે જગતમાં સત્યજ્ઞાનનો લોપ થવાથી સત્ય, અહિંસા, શમ, દમ, સંયમ આદિ સદ્ગુણોનો લોપ થઈ તેમનું સ્થાન અસત્યતા, હિંસા, વિષયલંપટતા, શઠતા, કાપટ્ય, લોભ, ઈર્ષ્યા, પરસ્પર દ્વેષ, એક બીજાને ફસાવવું ઇત્યાદિ દુર્ગુણોએ લીધું અને આજકાલ તો તેનું સામ્રાજ્ય સર્વત્ર એટલું બધું વિસ્તરેલું છે કે સત્ય, અહિંસા આદિ સદ્ગુણોની શાસ્ત્રમાં આવતી વ્યાખ્યાઓ તો કેવળ કપોળકલ્પિત જ છે, એવી માન્યતા જ બધે દૃઢ થયેલી જોવામાં આવે છે. આ રીતે સત્યજ્ઞાન સમજવાને લોકો અશક્ત બન્યાં. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે "જ્યારે વિનાશ થવાનો હોય ત્યારે કલુષિત થયેલી બુદ્ધિમાં અન્યાય જ ન્યાય જેવો ભાસે છે અને કોઈ પણ ઉપાયે તે બુદ્ધિમાંથી હઠતો નથી." આ કથન પ્રસ્તુત સમયને માટે અક્ષરશઃ લાગુ પડે છે.

દૃઢ થયેલી પ્રચારાત્મક પદ્ધતિ

ઉપર મુજબ સાંપ્રદાયિક પ્રચારને લીધે પ્રાચીન પદ્ધતિનું જ્ઞાન લુપ્ત થવાથી શાસ્ત્રમાં આવેલી સત્યાદિની વ્યાખ્યાઓ પોતપોતાના સાંપ્રદાયોને ઉપયોગી નીવડે એવી કરી તેને અનુસરીને શાસ્ત્રોના અર્થો કરવામાં

આવે છે અને ચાલુ યુગની સાથે સરખાવવાના ઉદ્દેશથી તેને અનુકૂળ તેમ જ બંધબેસતા કરી બતાવવા એને જ ધર્મકર્તવ્યતા સમજવામાં આવે છે. આ મુજબનો પ્રચાર હવે એટલો બધો ઓતપ્રોત બની ગયો છે કે આ કરતાં વિશેષ કાંઈક હશે એવો વિચાર કરવાની બુદ્ધિ પણ લોકો પાસે સિલક રહેવા પામી નથી. આજકાલ રૂઢ થયેલી આ પ્રચારાત્મક પદ્ધતિમાંથી જગતમાં ચાલી રહેલો કાયિક, વાચિક, માનસિક કે બૌદ્ધિક કોઈ પણ પ્રકારનો વ્યવહાર છૂટી શકતો નથી. છેલ્લાં બે અઢી હજાર વર્ષોથી આ પદ્ધતિ ધીરે ધીરે વૃદ્ધિંગત થતી રહી અને આજકાલ તો તેણે જગતમાં ઠેર ઠેર પોતાનું સામ્રાજ્ય વિસ્તારેલું છે.

કર્તવ્યના ઓથા નીચે ચાલતો વ્યવહાર

દૈવયોગે અમારા નશીબે પ્રસ્તુત સમયે કેવળ પારકાઓનું આંધળું અનુકરણ કરવાનું આવ્યું છે. દેશમાં ચાલી રહેલી અમારી દરેક પ્રવૃત્તિ પછી તે વ્યાવહારિક, કૌટુંબિક, સામાજિક, રાજકીય, નૈતિક યા ધાર્મિક સ્વરૂપની હોય; તેમાં સત્યતા, અહિંસા, એકતા, શાંતતા યા કલ્યાણાદિના બહાને પક્ષાપક્ષી કિંવા વાડાવાડી વધારી પોતાના સાંપ્રદાયોના પ્રચારને અર્થે જુદા જુદા ચોકાઓ જમાવી પોતાના અડ્ડાઓની મજબૂતાઈ કરવી અને આ રીતે વગર સમજે યા ઊલટી સમજને લીધે પાશ્ચાત્યોનો કાર્યભાગ સાધવામાં પરોક્ષ યા અપરોક્ષ મદદરૂપ બનવું અને આ બધું જે ચાલે છે તે કેવળ કર્તવ્યના ઓથા નીચે કિંવા સાત્ત્વિકતાને બહાને આજકાલ લોકકલ્યાણ, જગકલ્યાણ વા સેવાભાવ ઇત્યાદિનામે જગતનો જેટલો વિનાશ થઈ રહ્યો છે એટલો પ્રત્યક્ષ નાશ કરવાપી પણ ન થઈ શકત. કર્તવ્યની સાચી વ્યાખ્યા જાણવાથી અમો આજે આને જ કર્તવ્ય માની બેઠા છીએ. ઇન્દ્રિયોની અવશતાને લીધે અશુભને શુભ માની ઇન્દ્રિયોની તૃપ્તિને અર્થે મીઠું મીઠું બોલી કોઈ પણ રીતે લોકો પાસેથી સ્વાર્થ સાધી લેવો, એને જ લોકસેવા કિંવા કર્તવ્ય સમજવામાં આવે છે. આનું પરિણામ એ આવે છે કે ધીમે ધીમે સંઘબળ યા સંગઠન તૂટતું જઈ ધીરે ધીરે સર્વત્ર નિર્નાયક જેવી સ્થિતિ વ્યાપી જાય છે અને જગતનું તંત્ર થોડાક ગુંડાઓ કે જેઓને બુદ્ધિશાળી કહેવાની ફરજ પડે છે તેવાઓના હાથમાં જઈ પડે છે. સૈકાઓનો પાછલો ઇતિહાસ તપાસતાં અને જગતમાંની ચાલુ અશાંત સ્થિતિનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરતાં આજે અમારી અવનતિ થવાનું મુખ્ય કારણ એ જ હોવાનું જણાઈ આવશે.

ચોતરફ ફેલાયેલું ગુંડાગીરી રાજ

જગતમાં આજે કૌટુંબિક યા સામાજિક પ્રવૃત્તિથી માંડીને તે ઠેઠ રાજકીય યા ધાર્મિક પ્રવૃત્તિમાં પણ જ્યાં ત્યાં ગુંડાઓનું જ જોર ચાલે છે. આથી આજે જગતમાં બધે નિર્નાયક જેવી પરિસ્થિતિ પ્રસરેલી જોવામાં આવે છે. સાચા કર્તવ્યને ભૂલી જઈ ખોટાને જ કર્તવ્ય માની તેને સાચું ઠેરવવાને માટે જ્યાં ત્યાં મિથ્યા વિતંડાવાદો થઈ રહ્યા છે. કર્તવ્ય કરી બતાવવાને બદલે કાંઈ પણ નહિ કરતાં મેં અમુક કર્યું છે, હું અમુક કરીશ, હું જગતનું કલ્યાણ કરું છું ઇત્યાદિ પ્રકારે મોઢેથી મિથ્યા બોલી જાણવું એને જ ખરું કર્તવ્ય માનવામાં આવે છે અને સ્વાર્થત્યાગને નામે કોઈ પણ પ્રકારે સ્વાર્થ સાધી લેવો એને જ જગકલ્યાણ સમજવામાં આવે છે. આમ લોક તથા જગતકલ્યાણને નામે પારકાના ભાંજગડમાં પડી પોતાનો સ્વાર્થ સાધનારા મૂર્ખાઓ જ કહેવાય; તેઓ જ જગતને અનર્થ કરનારા નીવડે છે, એમ નીતિશાસ્ત્રકારો પણ કહે છે.

અમારી અવળી ક્રિયાઓ

આ રીતે પાશ્ચાત્ય વિદ્વાના સંસર્ગ અને સહચારને લીધે અમારામાં ઓતપ્રોત તેમના જ સંસ્કારો ઘૂસી જવા પામ્યા. અમારો દૈનંદિન ચાલતે નિત્યનૈમિત્તિક તમામ વ્યવહાર તેઓની પદ્ધતિ અનુસાર જ ચાલી રહ્યો છે. અમારામાંથી ધર્મનું જ્ઞાન ઓસરતું ગયું અને આજે અમો વેદિયા ઢોર જેવી સ્થિતિમાં મૂકાઈ ગયા છીએ. અમોએ અમારું સ્વાભિમાન ગુમાવી દીધું, એટલું જ નહિ પણ અમો પાશ્ચાત્યોના

હાયારૂપ બની તેમના જ પ્રચારકો બની ગયા. જેમ રોગના નિદાન વગરના અને અપથ્યકારક ઔષધથી રોગ નષ્ટ થવાને બદલે વધે છે તેમ અમારી આજે તેમની સાથે વિરુદ્ધતાને નામે થતી ક્રિયાઓ પણ અંદરખાને તેમને જ પોષણરૂપ નીવડે છે. ઝાડોની શાખાઓ કાપી નાખ્યા પછી વરસાદ આવ્યેથી તે જેમ વધારે ફેલાય છે તેમ અમારી પાશ્ચાત્યોના સંસર્ગથી મુક્ત થવાને નામે થતી ક્રિયાઓ પણ તેમને જ વધુ ઉત્તેજક અને જાગૃતિકારક નીવડે છે અને એ વાતનું અમોને ભાન પણ રહ્યું નથી. અમો તો ઊલટા માનીએ છીએ કે અમો જે આ કરી રહ્યા છીએ તે તદ્દન સત્ય જ છે. ખોટો દુરાગ્રહ ઘૂસી જવાને લીધે અમો અવળા માર્ગે જઈ રહ્યા છીએ, એનું પણ અમોને ભાન નથી. આજે અમો સવળાને અવળું અને અવળાને સવળું માની બેઠા છીએ. એ વસ્તુસ્થિતિ ખરેખર કરુણાજનક હોઈ અમારો વિનાશ સૂચવે છે. જડમૂળનો નાશ થયા સિવાય ઝાડનો નાશ કદી થતો નથી તેમ જ શાખાઓ છાંટવાથી કે એકાદ ડાળ કાપવાથી જેમ ઝાડનો ફેલાવો અટકતો નથી તેમ અમે જ્યાં સુધી જગતમાં અવતીર્ણ થયેલી આ ચાલુ પરિસ્થિતિનું પરીક્ષણ જડમૂળમાંથી જ નહિ કરીશું ત્યાં સુધી અમારા ઉપર ઉતરેલી આ આપત્તિમાંથા અમો કદી પણ ઉગરવાના નથા. નિદાન વગર રોગ કદી મટતો નથી તેમ અમો અમારું સાચું કર્તવ્ય કયું તેનું જ્યાં સુધી નિદાન કરીશું નહિ ત્યાં સુધી આ દુઃખપરંપરામાંથી કદી પણ છૂટીશું નહિ. અમારા આ અંધાનુકરણનું પરિણામ એ આવ્યું કે અમારામાંથી સ્વાભિમાન, ઓજસ, તેજ, બળ, સંયમ, પાણીદારપણું, સ્વતંત્રપણું, ઇત્યાદિ સદ્‌ગુણો હણાઈ ગયા તેમ જ ઈર્ષ્યા, દ્વેષ, કુસંપ, પરસ્પર એક બીજાની છેતરપિંડી કરી સ્વાર્થ સાધી લેવો, ઇન્દ્રિયલોલુપતા વગેરે દુર્ગુણો વધ્યા અને તે પણ કર્તવ્ય અને સાત્ત્વિકતાને નામે પારકાની ગુલામગીરી (નોકરી) કરવી એને જ અમો સ્વાવલંબન માનવા લાગ્યા. સ્વૈરવૃત્તિ કિંવા સ્વચ્છંદીપણું એનું નામ જ સ્વતંત્રતા, પારકે પૈસે મોજશોખ કરવા એનું નામ જ લોકસેવા, ગુંડાગીરી કરવી એનું નામ જ અગ્રેસરપણું, તેમ જ મોટા મોટા આદર્શો બતાવી તેમાં લોકોને લલચાવી પોતાનો સ્વાર્થ સધાય તેટલો સાધવો, એનું નામ જ આજકાલ કર્તવ્ય યા જગકલ્યાણ સમજવામાં આવે છે.

બગડેલું કાર્ય સુધારવા રૂપ વ્રત

આ રીતે આજે અમો કર્તવ્યને નામે કર્તવ્યથી વિમુખ બની અંધકૂપમાં પડ્યા છીએ; ક્ષયરૂપ મહારોગમાં સપડાઈ રહ્યા છીએ. અમોને એક ટંક પૂરું ખાવાનું પણ મળતું નથી. અન્નવસ્ત્રવિહીન અવસ્થાને લીધે અમો દિન પ્રતિદિન વિનાશને માર્ગે જ જઈ રહ્યા છીએ. જો અમો આમાંથી ઉગરવાનો ઉપાય કિંવા માર્ગ તત્કાળ નહિ શોધીએ તો ટૂંક સમયમાં જ અમારો વિનાશ નિશ્ચિત થશે. એ માટે મિથ્યાભિમાન છોડી દઈ તેમાંથી બચવાને અર્થે સવેળા કોઈ એવો જડીબુટ્ટી શોધી કાઢવાની જરૂર છે કે જેનું સેવન કરતાંની સાથે જ અમો એકદમ સચેતન થઈએ અને ભાન ભૂલેલાં તથા અવળા માર્ગે ચઢેલાં અમો તત્કાળ સાવધ બની સાચા કર્તવ્યના પંથે આગળ વધીએ. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે સ્વેચ્છાચાર અને સ્વચ્છંદતાથી વર્તવું એ અધર્મરૂપ છે; માટે જે કોઈ કાર્ય અન્યાય કે અધર્મને લીધે યા તો ગેરસમજને લીધે બગડ્યું હોય તેને માટે નિરાશ નહિ બનતાં દૃઢ નિશ્ચયપૂર્વક ન્યાય, ધર્મ અને સમજપૂર્વક ફરી પાછું તેને પૂર્વ સ્થિતિમાં લાવવું એ જ બુદ્ધિમાન પુરુષોનું ઉત્તમ વ્રત છે.

આજે જેની જરૂર છે તે જડીબુટ્ટી

વડવાઓએ અમોને અમૂલ્ય ખજાનો સુપ્રત કર્યો છે, તેમાં એવાં ઘણાં ઉદાહરણો મળી આવે છે કે કર્તવ્યવિમુખ બનેલાઓને બેઠેલા બળદને જેમ પૂંછ મરડીને ખડો કરો દે તેમ બાયલાપણું છોડાવી ખરા મર્દ બનાવેલા છે, જેમાં પરશુરામ, કૃષ્ણ, અર્જુન, રામ, વિશ્વામિત્ર, વસિષ્ઠ, દત્તાત્રેય, મદાલસા, સીતા, દ્રૌપદી, ઇત્યાદિનો સમાવેશ થાય છે, આધુનિક યુગમાં પણ શ્રી સમર્થ રામદાસ સ્વામીએ છત્રપતિ શ્રી શિવાજી મહારાજને સન્માર્ગે ચઢાવી સ્વરાજ્ય ને સુરાજ્ય સ્થાપન કર્યું, તે દૃષ્ટાંત તો તાજું જ છે.

આમ આપણા પાછલા ઇતિહાસ ઉપર નજર કરો એટલે તેમાંથી તમોને જેની આજે જરૂર છે એવી જડીબુટ્ટી અવશ્ય મળી રહેશે.

ભગવદ્ગીતાનું સાચું રહસ્ય જાણવાની જરૂર

આવી જડીબુટ્ટીની શોધ કરતાં સુપ્રસિદ્ધ અને જગમાન્ય એવું અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાનનું ઉદાહરણ યાદ આવે છે. મહાભારત યુદ્ધમાં પોતાના સ્વજનોને જોઈ કર્તવ્યવિમુખ બનેલા અર્જુનને સાચું કર્તવ્ય કયું તે બતાવી કર્તવ્યતત્પર બનાવનારા શ્રીકૃષ્ણ ભગવાનના ઉપદેશામૃતરૂપી જડીબુટ્ટીથી આપણે પણ નિરાશ નહિ થતાં મિથ્યાભિમાન છોડી સવેળા સચેતન થઈ શકીશું, પરંતુ તેમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી છે કે ભગવાનનો કહેવાનો સાચો ભાવાર્થ જ્યાં સુધી આપણે જાણી નહિ શકીએ ત્યાં સુધી એ માત્રા આપણને લાગુ નહિ પડે, તે આપત્તિમાંથી બચવાને. અર્થે પ્રથમતઃ તો શ્રીમદ્ભગવદ્ગીતાના અર્થ સંબંધમાં આજકાલ થયેલા સંભ્રમમાંથી અમારો છૂટકારો થવો અત્યંત જરૂરી છે. આ રીતે જ્યારે અમો સાંપ્રદાયિક પ્રચારની મોહજાળમાંથી મુક્ત થઈશું ત્યારે જ ભગવદ્ગીતાનું સાચું રહસ્ય સમજવાને અવશ્ય શક્તિમાન બનીશું અને આમ થતાં સમાજ પોતાની જાતે જ સન્માર્ગ કયો તે અનાયાસે જ જાણી શકશે તથા સન્માર્ગ જડતાંની સાથે જ તેઓ સાચું કર્તવ્ય કયું તે સારી રીતે સમજી શકશે. આ કાર્યમાં મદદરૂપ થઈ શકે એટલા માટે કાંટા વડે જેમ કાંટો કાઢી શકાય તેમ ભગવદ્ગીતાની ટીકામાં વધારો કરવાનો પ્રયત્ન કર્યો છે.

ગીતાનો સિદ્ધાંત અને મારી પ્રતિજ્ઞા

આ ગીતાદોહનમાં કહેલો સિદ્ધાંત પોતપોતાનો મત એકબીજા પર લાદવાની માનવીઓની જે આધુનિક ચાલાકી વા કળા અસ્તિત્વ ધરાવે છે તેવા પ્રકારનો નથી, પરંતુ તેમાં કહેવામાં આવેલો એ સિદ્ધાંત નિશ્ચયથી અને ખાતરીપૂર્વક પ્રતિજ્ઞાથી હું કહી રહ્યો છું. આ સિદ્ધાન્ત મેં સંપૂર્ણતઃ અનુભવ્યો છે અને તમો પણ તે અનુભવો. આમ અનુભવ લીધા પછી પણ જો કોઈને સાચું કર્તવ્ય અને સાચો રાહ નહિ જડે તો તેવા પુરુષની હું અવશ્ય ગુલામગીરી સ્વીકારીશ; એ હું નિશ્ચયપૂર્વક અને પ્રતિજ્ઞાથી કહી રહ્યો છું. પણ સાથે સાથે મને સંપૂર્ણ રીતે ખાતરી છે કે ગીતાના સિદ્ધાંતનો ગીતાદોહનમાં બતાવેલી પદ્ધતિ અનુસાર અનુભવ મેળવનારો મારા આ મતને જરૂર પુષ્ટિ આપશે કે 'એક આત્મા જ સત્ય હોઈ, નહીં જેમ અંતે સમુદ્રમાં જ જઈને મળે છે તેમ જગતમાંના તમામ જીવોને મોડા યા વહેલા આ ધ્યેયની પ્રાપ્તિ કર્યા સિવાય સાચી સુખશાંતિ મળવી કદાપિ શક્ય જ નથી. જીવન્મુક્તિ પ્રાપ્ત કરનારો આત્મસાક્ષાત્કારી પુરુષ જ સાચા કર્મયોગનું આચરણ કરી શકે છે અને જગતને સાચો રાહ બતાવી શકે છે; બાકી બીજાઓ તો જગતને અને પોતાને પણ છેતરે છે. આ વાત મેં પ્રતિજ્ઞાથી કહી છે અને પુનઃ પુનઃ કહું છું. આ સિદ્ધાન્ત હું કોઈને બળજબરીથી યા તો યુક્તિપ્રયુક્તિ અગર યાચના દ્વારા સ્વીકારવા કહેતો નથી કે કોઈ ઉપર લાદવા ચાહતો નથી પરંતુ નિશ્ચયપૂર્વક અનુભવથી કહી રહ્યો છું.

ગીતામાં શું નથી?

ઘણા લોકો તરફથી મને પૂછવામાં આવે છે કે શ્રીમદ્ભગવદ્ગીતામાં શું છે? આના ઉત્તરમાં મારે જે કાંઈ કહેવાનું હતું તે કહી શકાય એટલું સંક્ષેપમાં મેં આ ગીતાદોહનમાં કહ્યું છે, છતાં આ પ્રશ્ન કરનારાઓને જ સામે પૂછવાનું મન થાય છે કે ગીતામાં શું નથી? કેમ કે તમારા પ્રશ્નનો નિર્ણય આ રીતની વિચારસરણીથી કરવો જ સુગમ થશે. આ સંબંધમાં એક વ્યાવહારિક વાત યાદ આવે છે. એક ગૃહસ્થ ઘઉંમાંથી કાંકરા વીણતો હતો, તેણે સૂપડા વડે ઘોળતાં ઘોળતાં ઉપર ઉપરના ઘઉં કાઢી લીધા અને છેવટે જ્યારે નીચે કાંકરા વધ્યા અને ઘઉં ઓછા રહ્યા ત્યારે તે ઘઉંમાંથી કાંકરા વીણવાને બદલે કાંકરામાંથી ઘઉં વીણી વીણીને જુદા કરવા લાગ્યો, આમ તેને છેવટે કાંકરાને બદલે ઘઉં જ વીણવા સહેલ થઈ પડ્યા; તેમ અનિર્વચનીય એવું પરમાત્મસ્વરૂપ સમજાવવાને માટે વેદ, વેદાંગ, ઉપનિષદો, પુરાણોપપુરાણો,

મીમાંસા, ન્યાય, તર્ક, પંચરાત્રતંત્ર વગેરે શાસ્ત્રોઓએ ઘણો ઉહાપોહ કર્યો અને સદ્વસ્તુનો નિર્ણય કર્યો. તે સર્વનો પણ સાર એ ભગવદ્ગીતા અને તેના દોગ્ધા શ્રીકૃષ્ણભગવાન છે. એ વાતને શ્રીમદ્ વેદવ્યાસાચાર્યજીએ જ ગીતામાહાત્મ્યમાં મુક્તકંઠે વર્ણવેલી છે. सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः(આગળ ગીતામાહાત્મ્ય જુઓ). તે દોહનનું પણ ભગવત્ પ્રેરણાવશાત્ થયેલું આ દોહન છે. એટલે વેળાતાં વેળાતાં કાંકરાને બદલે જેમ ઘઉં વીણાય કિંવા દૂધમાંથી કમે દહીં અને માખણ નીકળી અન્તે તેનું ઘી થાય; ઘી જેમ દૂધનું અંતિમ રૂપાન્તર છે તેમ ભગવદ્ગીતા એ સર્વ ઉપનિષદોનો સાર હોઈ તેનું પણ દોહન એ આ ગીતાદોહન છે. એટલે ગીતામાં શું છે? એવા પ્રશ્ન કરતાં ગીતામાં શું નથી? એ પ્રશ્નનો ઉત્તર આપવો જ વધુ સરળ થશે. "જે શ્રીમદ્ભગવદ્ગીતામાં નથી તે આ જગતમાં, ત્રૈલોક્યમાં કે સમસ્ત બ્રહ્માંડમાં નથી છતાં ભગવદ્ગીતામાં જે નથી તે જો કયાંક નીકળે તો નિઃસંશયથી માનશો કે તે મિથ્યાભ્રમ હોઈ તેવું જાણનારો અને તે જગત્ ત્રૈલોક્ય કે બ્રહ્માંડનું અસ્તિત્વ હોવું પણ શક્ય નથી."

ગીતાનો સંદેશ

"પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરેલો અપરોક્ષાનુભવી જીવન્મુક્ત જ જગતમાં જીવી અને જીવાડી જાણે છે. તે જ ખરો નર વા પુરુષ હોઈ મનુષ્ય સંજ્ઞાને પાત્ર છે. બાકીના બધા તો ઢોંગલા કિંવા રમકડાંઓ જ છે" આથી ભગવાને પણ તે બંધાને "પ્રકૃતિ, માયા, ઢોંગલા કિંવા બાયલાઓ કહી સંબોધેલા છે."

શ્રીમદ્ભગવદ્ગીતા દ્વારા ભગવાને કહેલો આ દિવ્ય સંદેશ અપનાવતાં જગત શીખે અને પરમકૃપાળુ પરમાત્મા તે સર્વેને સદ્બુદ્ધિ આપે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.*

કૃષ્ણાત્મજ

ॐ तत्सत्

ॐ श्री कृष्णात्मजाय नमः

પ્રથમાવૃત્તિનું નિવેદન

श्रेयांसि बहुविघ्नानि

શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળાનું ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા નામનું છઠ્ઠું ગુજરાતી પ્રકાશન શ્રી સંદેશ લીમીટેડ અમદાવાદ તરફથી આજે પ્રકાશિત થઈ રહ્યું છે. આ ગીતાદોહન નામનો અપૂર્વ ગ્રંથ આજે જનસમાજની સેવામાં સાદર રજૂ કરતાં અમોને ઘણો આનંદ થાય છે અને આ મહાભારતગ્રંથ પ્રકટ થયો છે જાણી જનતાને પણ જરૂર હર્ષ થશે. આ રીતે ઘણા દિવસના જિજ્ઞાસુઓ જેની ઝંખના સેવી રહ્યા હતા તે આજે પૂરી થઈ છે.

ગીતાદોહન ઉપર નિવેદન લખવું એટલે તો મશાલ લઈને સૂર્યને જોવા સમાન જ બનશે; એથી અમારી આ અલ્પમતિના ગ્રંથમાંના વિષયોની ચર્ચા સંબંધમાં નથી, પરંતુ સમગ્ર ગ્રંથ લખવાને શુભારે

---

* મહર્ષિવર્ય શ્રીકૃષ્ણાત્મજજી મહારાજે ગીતાદોહન દ્વારા અમૂલ્ય જ્ઞાન આપી સાંપ્રતકાળના લોકોને ઉપકારના ભાર તળે મૂક્યા છે, બાકી કરીને ગુજરાતને માટે એ ગૌરવરૂપ છે કેમ કે ગીતાદોહન દ્વારા જગતમાં ચાલતા શ્રી ભગવદ્ગીતાના વાદોને નષ્ટ કરવાનું સદ્ભાગ્ય તેઓને સાંપડયું છે. મહર્ષિવર્યે ગીતાદોહનમાં જે કાંઈ કહેવાનું તે સર્વ કહ્યું છે છતાં લોકોની તીવ્ર ઇચ્છા જોઈ સાંપ્રતકાળમાં પણ ગીતારૂપ જડીબુટ્ટી વડે જગત પર આવેલી આપત્તિ દૂર થઈ શકે તેમ છે, એ સંબંધમાં આ બે શબ્દો લખી આપવાની કૃપા કરી છે.

નટલાલ ચુનીલાલ જોડીવાળા.
પ્રકાશક.

સાડાત્રણ વર્ષો જેટલો સમય વ્યતીત થવા છતાં જનતા જનાર્દનની સેવામાં જેટલો જલદી મૂકવાનો ઇરાદો હતો તેટલો વહેલો તે મૂકાઈ શકાયો નથી અને એ રીતે જનતા જનાર્દનની સેવામાં જે વિલંબ થયો તે માટે અમો તેમની હાર્દિક માફી ઇચ્છીએ છીએ.

"श्रेयांसि बहुविघ्नानि" "સારાં કાર્યોમાં વિઘ્નો ઘણાં" એ કહેવત સુપ્રસિદ્ધ જ છે. તે નિયમ આ ગ્રંથને પણ લાગુ પડે છે એ ભૂલવું ન જોઈએ. અર્થ ગૂજરી ગયો જાણીએ, એ કહેવતાનુસાર એ વિઘ્નોની સમસ્યામાં ઉતરવાની જરૂર નથી. વિઘ્નો એ શુભ કાર્યોની કસોટીરૂપ છે. વિઘ્ન વગરનું કાર્ય નિરર્થક મનાય. એ ન્યાયે જેને અમો વિઘ્નો માનતા હતા તે વિઘ્નો નહિ પરંતુ દૈવી સંકેત હતો, એમ પાછળથી અમારા અનુભવમાં આવ્યું. પ્રથમ અમોને લાગ્યું હતું કે ગીતાદોહન એ તમામ વિઘ્નોનો નાશ કરનારું અને સર્વ દેવતાઓની આશિષરૂપ હોવાથી આમ વિલંબ કેમ થવા પામે? પણ પાછળથી જણાયું કે, જેમ તેના મૂળમાં દૈવી પ્રેરણા છે તેમ દૈવી સંકેતાનુસાર અમદાવાદ સંદેશ કાર્યાલય તરફથી તે પ્રકટ થવાનો સુયોગ નિર્મિત હતો અને એ નિયમાનુસાર આજે અમો તેને જનતાજનાર્દનની સેવામાં સાદર રજૂ કરીએ છીએ.

આ દૈવી સંકેત એટલે કે જેમ જનક રાજા એક જ વખતના ઉપદેશથી આત્મસાક્ષાત્કાર કરી શકયા તેમ શ્રીજીના એક પૂર્ણશ્રદ્ધાન્વિત અને જિજ્ઞાસુ ભક્ત ગીતાદોહનના એક જ મંત્રના વિવેચન દ્વારા ફક્ત સાત આઠ મિનિટમાં જ નિર્વિકલ્પ બની અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરી શકયા; ગીતાદોહનમાં રહેલું એ અદ્‌ભુત સામર્થ્ય તે અમદાવાદ સિવાય અન્યત્ર છપાત તો જાણવું અશકય હતું.

ગીતાદોહનની પ્રતિજ્ઞા

જગત મધ્યે કીટથી માંડીને મનુષ્ય પર્યંત દરેક પ્રાણીમાત્રની અહોનિશ ચાલી રહેલી આ બધી પ્રવૃત્તિનો ઉદ્દેશ શો? એ પ્રશ્નનો ઉત્તર "સુખ અને શાંતિ" એટલો જ એક મળી શકે તેમ છે. ગીતાદોહન સત્ય કર્તવ્યના ભાન સહિત સદ્‌વસ્તુની પ્રાપ્તિ કરાવી આપી લોકોને વ્યવહારમાં રહ્યા છતાં ગમે તેવી પરિસ્થિતિમાં નિર્બાધિત એવી અખંડિત સુખશાંતિ જે માર્ગે મળી શકે તેવો સચોટ માર્ગ બતાવવા પ્રતિજ્ઞાથી બંધાયેલ છે.

ગીતાદોહનનો જન્મ જગતને સત્ય વસ્તુ શી છે? માનવીઓનું સાચું કર્તવ્ય કયું? તેનું અનુભવયુક્ત અને નિઃશંક જ્ઞાન આપવાને માટે થયેલો છે.

ગ્રંથનો કાળ અને સ્થળમહિમા

કોઈ કોઈ ગ્રંથનો કાળમહિમા હોય છે, તો કોઈનો સ્થળમહિમા હોય છે તથા કોઈ કોઈનો તો કાળ અને સ્થળ એમ બંને પ્રકારનો મહિમા હોય છે. ગીતાદોહન ગુજરાતના મશહૂર અને પુણ્યક્ષેત્ર સમા પ્રાચીન શહેર સુરતમાં અને બીજા વિશ્વયુદ્ધના મધ્યકાળમાં લખાયેલું છે, તેથી તે કાળ અને સ્થળ બંને મહિમાને ધરાવે છે.

આ ગ્રંથ લખવાનો હેતુ શો? તેનો આરંભ કેવી રીતે થયો? કયાં થયો?. વગેરેનો ઉલ્લેખ મહાત્માશ્રીએ ગીતાદોહનના આરંભના ઉપાસનાકાંડમાં સવિસ્તર કરેલો છે (કિરણાંક ૭ પૃષ્ઠ ૧૬ અને કિરણાંક ૨૯ પૃષ્ઠ ૭૫–૭૬ જુઓ), એટલે તે અહીં ફરીથી જણાવવાની જરૂર જણાતી નથી.

પ્રવૃત્તિના પ્રકારો

પ્રવૃત્તિ મુખ્યતઃ બે પ્રકારની છે: (૧) શાસ્ત્રકૃત, (૨) રાગકૃત. શાસ્ત્રકૃત પ્રવૃત્તિ, ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા એમ ત્રણ પ્રકારની છે. કેવળ પદાર્થોના નામ માત્ર કથનને ઉદ્દેશ કહેવામાં આવે છે, નામ માત્ર કહેવામાં

* આ પ્રસંગ ગીતાદોહન અધ્યાય ૪ મંત્ર ૧૯ ના છાપકામની રન્નૂંઆત વખતે આવણ સુદ ૨ શુક્રવાર સંવત ૨૦૦૧ ના રોજ બનવા પામ્યો હતો.

આવેલા પદાર્થોના કથનનું અયથાર્થ અર્થાત્ વિપરીતપણું યા અસત્યપણું જે બોધ દ્વારા નિવારણ થઈ શકે છે તે ધર્મશાસ્ત્રપ્રવૃત્તિને લક્ષણ કહે છે અને ઉદ્દિષ્ટ પદાર્થોનું જે લક્ષણ કહેવામાં આવેલું હોય તે ઠીક છે યા નહિ તેનો પ્રમાણ દ્વારા નિશ્ચય કરી, યોગ્ય અને યથાર્થ તત્ત્વને ધારણ કરવું તેને પરીક્ષા કહે છે. પ્રમાણ સંબંધે એ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ કે કોઈમાં પ્રમાણ પ્રથમ હોય છે, તો કેટલાકમાં પછી અને કેટલાકમાં તો તે કાર્યની સાથે જ સંલગ્ન હોય છે.

શાસ્ત્રકૃત તથા રાગકૃત પ્રવૃત્તિનાં લક્ષણો

શાસ્ત્રકૃત પ્રવૃત્તિનું લક્ષણ એ કે તેથી સંયમ, શીલવર્ધન, સત્ય, અહિંસા વગેરે સદ્ગુણોની વૃદ્ધિ થઈ અંતે સત્યતત્ત્વના જ્ઞાન દ્વારા આત્મોન્નતિરૂપ ધ્યેયને પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. રાગકૃત પ્રવૃત્તિ થકી પરસ્પર એક બીજા પ્રત્યે દ્વેષ, વૈમનસ્ય, કુસંપ, ઈર્ષાવૃત્તિ ઇત્યાદિ દુર્ગુણોની વૃદ્ધિ જાણે યા અજાણે થતી રહે છે. ગીતાદોહનમાં આ પ્રવૃત્તિનો ક્રમે ધ્યેયાત્મક અને વ્યસનાત્મક એવાં નામો વડે સંબોધેલી છે.

જિજ્ઞાસા કોને કહે છે ?

સત્ય અને અજ્ઞાત વસ્તુ જાણવાની જે ઇચ્છા તેને જિજ્ઞાસા કહે છે. તેની આવશ્યકતા એટલા માટે છે કે અજ્ઞાત વસ્તુનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થવાથી સત્ય શું, અસત્ય એટલે શું, તે સારી રીતે સમજી શકાય છે. આથી તે છોડવી, ગ્રહણ કરવી કે ત્યાગ અને ગ્રહણ એ બંને પ્રત્યે ઉદાસીનતાની ભાવના રાખવી અથવા તેની ભાવનાઓનો પણ ત્યાગ કરી તદ્દન નિષ્પ્રયોજન રહેવું, વગેરે સમજવું ઠીક પડે; કેમ કે જિજ્ઞાસાનો ઉદય અનેક માનસિક સંશયોના નિવારણને અર્થે જ થતા પામેલો હોય છે અને તેનું નિવારણ ન્યાયી અને યોગ્ય એવા પ્રશ્નો થકી જ થઈ શકે છે.

તર્કનો ઉદ્દેશ

અવિજ્ઞાત અને સત્ય તત્ત્વ સમજવામાં હેતુરૂપ એવા ઉત્પત્તિથી માંડી તત્ત્વજ્ઞાન થતાં સુધીને માટે જે વિવેકયુક્ત વિચાર કરવામાં આવે તેને તર્ક કહે છે; અર્થાત્ તર્કનો ઉદ્દેશ યોગ્ય પ્રમાણો દ્વારા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થઈ આત્મસાક્ષાત્કાર થવો એ જ એક હોઈ, તે ઉદ્દેશ શાસ્ત્રપ્રવૃત્તિ દ્વારા જ સાધ્ય થવો શક્ય છે. રાગકૃત પ્રવૃત્તિ થકી તો અધઃપતન જ થાય છે.

આપ્તો અને આપ્તવાક્ય

કેવળ ગમે તેવા મનસ્વી શબ્દો દ્વારા શાસ્ત્રીય પ્રવૃત્તિ કદાપિ સાધ્ય નથી, કેમ કે એવા શબ્દો એ પ્રત્યક્ષ પ્રમાણ નથી પણ અનુમાન છે; તેથી આવા પ્રકારની મનસ્વી શબ્દપ્રવૃત્તિ એ રાગકૃત પ્રવૃત્તિ છે. વાચાળતા એ તેનું જ બીજું નામ છે, પરંતુ મનસ્વી અને નિષ્ક્રિય એટલે ક્રિયા વગરની એ વાચાળતા વ્યસનરૂપ હોઈ તે કાયિક, વાચિક અને માનસિક ઉપશાંત આધ્યાત્મિક અધઃપતન કરાવે છે; કારણ કે વ્યવહારમાં શબ્દોનો જે અર્થ લોકો કરે છે તે ફક્ત અનુમાનથી જ કરવામાં આવે છે. આમ વ્યવહારમાં શબ્દો થકી અર્થનું જ્ઞાન થવું એ અનુમાનિક હોવાથી તે સ્વાભાવિક નહિ પણ સામાયિક છે. જો તેમ ન હોય તો વ્યવહારમાં શબ્દનો અર્થ દરેકને એક જ પ્રતીતિમાં આવત. આથી આવા શબ્દોનો સમાવેશ રાગકૃત પ્રવૃત્તિમાં થાય છે, પરંતુ શાસ્ત્રકૃત પ્રવૃત્તિમાં શબ્દ એ અનુમાન નહિ પણ પ્રત્યક્ષ આપ્તપ્રમાણ ગણાય છે, કેમ કે તે શબ્દ આપ્તોપદેશરૂપ હોઈ બોધને માટે કારણભૂત થતો હોવાથી આપ્તવાક્ય કહેવાય છે (જુઓ ન્યાયદર્શન અ૦ ૨/૧/૪૯ થી ૫૨). અર્થના સાક્ષાત્કારનું નામ આપ્તિ છે અને આવાં આપ્તોનાં વાક્યોને "શબ્દપ્રમાણ" કહે છે. દૃષ્ટિમાં આત્મસાક્ષાત્કારીઓ જ સાચા આપ્ત હોઈ તેમનાં વાક્યો શબ્દપ્રમાણ કહેવાય. અહીં કહેવાયેલો શબ્દ એ દ્રવ્ય, ગુણ અને કર્મોનો વાચક છે (વૈશે૦ દર્શન અ૦ ૯ આ૦ ૨ સૂ૦ ૩). આપ્તવાક્યનો અંત તો વેદમાં વિધિવાક્યોમાં જ થાય છે અને વિધિવાક્યોનો અંત બ્રહ્મસાક્ષાત્કારરૂપ છે. જે વસ્તુ વાસ્તવમાં જેવી છે તેવી જ તેને પોતાના મૂળ અસલ સ્વરૂપે જાણવી તેને

તત્ત્વજ્ઞાન કહે છે. તત્ત્વજ્ઞાન એટલે આત્માનો અપરોક્ષ અનુભવ વા બ્રહ્મસાક્ષાત્કાર. અનુભવમાં અનુ+ભવ એવા બે શબ્દો છે. અનુ એટલે જેવું વા જેવા, તથા ભવ એટલે થા કિંવા હોવું; અર્થાત્ જેવું છે તેવા રૂપે બનવું, અભિન્નપણે પોતામાં જ રહેવું ઇત્યાદિ અનુભવમાં અર્થો વિવક્ષિત છે. સારાંશ પોતે પોતાના સ્વરૂપમાં જ સ્થિર થવું એનું નામ જ સાક્ષાત્કાર છે. તત્ત્વજ્ઞાનથી ભ્રાંતિમાત્ર મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે. તત્ત્વજ્ઞાનવિરોધી જ્ઞાનનું નામ જ મિથ્યા જ્ઞાન છે. તે કેવળ વંધ્યાપુત્રવત્ કિંવા મૃગજળવત્ ભ્રાંતિમૂલક છે. તેનો નાશ તત્ત્વજ્ઞાન વડે જ થઈ શકે છે.

વિધિ, અર્થ અને અનુવાદવાક્યો

તત્ત્વજ્ઞાન થવાને માટે આપ્તોનાં વાક્યોરૂપ અપૌરુષેય એવા વેદો જ કારણભૂત છે. ન્યાયશાસ્ત્રકારોના મતે વેદમાં ત્રણ પ્રકારનાં વાક્યો છે; (૧) વિધિવાક્ય, (૨) અર્થવાક્ય અને (૩) અનુવાદવાક્ય. વિધિવાક્યો એ આજ્ઞારૂપવાક્યો છે. વિધિવાક્યોમાં અનુવચન અને અનુવાદ એવા બે ભાગો પડે છે, તેથી અનુવાદવાક્યનો સમાવેશ વિધિવાક્યમાં જ થઈ જાય છે. સ્તુતિ, નિંદા, પરકૃતિ, અને પુરાકલ્પવાળો વેદમાં આવેલો ભાગ તે અર્થવાક્યરૂપ છે. આને નિયમવાક્યો પણ કહે છે. તેમાં અમુક કરવું, અમુક નહિ કરવું ઇત્યાદિ વિધિ નિષેધ તથા અમુક ત્યાજ્ય છે, અમુક ગ્રાહ્ય છે ઇત્યાદિ, સ્તુતિનિંદાનો સમાવેશ થાય છે. એ રીતે અન્ય શાસ્ત્રકારો વેદને વિધિ અને નિયમ એવાં બે વાક્યોમાં વહેંચી નાખે છે.

વેદમાં આવેલાં નિયમવાક્યો બાળકને દવા પીવરાવવી હોય ત્યારે પ્રથમ જેમ સાકરની લાલચ આપવામાં આવે છે એ રીતનાં છે. તે મુખ્ય નથી. તેનો ઉદ્દેશ છેવટે વિધિવાક્ય તરફ લઈ જવાનો હોઈ તે જ મુખ્ય હોય છે અને તેથી જ વેદના નિયમવાક્યાનુસાર જે વિધિઓ અને નિષેધાદિ કરવાનું કહેવામાં આવ્યું છે તેની વિધિ (આજ્ઞા) વાક્યમાં નિંદા કરેલી છે; એ કાંઈ વ્યાઘાતદોષ નથી પણ સત્યતત્ત્વના કથનરૂપ છે, તેથી અનેકવિધ પક્ષાપક્ષીરૂપ આવેલાં નિયમવાક્યોને છોડી અંતે વિધિવાક્યનો જ સ્વીકાર કરવો એ જ એક વેદનો હેતુ છે. આ મુજબ વેદના વિધિવાક્યોનો સ્વીકાર કર્યા બાદ જે સિદ્ધાંતનો કદી પણ ત્યાગ થઈ શકતો નથી એવું જે શ્રેય પ્રાપ્ત કરાવનારું અંતિમ તત્ત્વ અથવા પરમતત્ત્વ છે, તેની પ્રાપ્તિ તત્ત્વજ્ઞાન વડે જ થઈ શકે છે અને તેથી જ તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતા સૌ કરતાં વિશેષ છે.

શ્રીભગવદ્ગીતા એ અદ્વિતીય ગ્રંથ છે

ખરેખર પાછલાં હજારો વર્ષોનો ઇતિહાસ તપાસતાં ગીતા એ એક મહાન અને અપૂર્વ ગ્રંથ છે. શ્રીમદ્ભગવદ્ગીતા જેવો જગતને ઈશ્વરીય આદેશ પહોંચાડનારો દિવ્ય અને અદ્ભુત ગ્રંથ પ્રસ્તુત યુગમાં આજ સુધી બીજો એક પણ રચાયો નથી. આ ગીતા સંબંધમાં માનવજાતિએ એટલી બધી આલોચના અને પ્રત્યાલોચના કરી છે કે તેટલી આજસુધી બીજા કોઈ પણ ગ્રંથની થઈ નથી. ભગવદ્ગીતાના કેવળ અંતરંગ ઉપર જ એટલું બધું લખાયેલું છે કે જો તે બધાનો સંગ્રહ કરાય તો રામાયણ અને મહાભારત જેવડા કેટલાયે ગ્રંથો ભરાઈ જાય. સમુદ્રમાં જેમ અનેકવિધ રત્નો ભરી આવે છે તેમ ગીતામાં જેને જે ઇચ્છા હોય તે બધું મળી આવે છે. કવિઓ ગીતામાં કાવ્યમાધુર્ય જુએ છે, જ્યારે નીતિજ્ઞ તેમાંની સાર્વભૌમ નીતિશાસ્ત્રની ચર્ચાથી ગળગળો બની જાય છે. ગીતાના નિષ્કામ કર્મયોગ અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ઉપર કર્મયોગી મુગ્ધ થાય છે તથા ગીતાની વીર વાણી ઉપર દૃઢપ્રતિજ્ઞ માનવી આસક્ત બને છે. આ ગીતાને કોઈ જ્ઞાનનો મહાસાગર, તો કોઈ તેને ઉપનિષદોનું હૃદય કહે છે. કોઈ તેને કર્મયોગશાસ્ત્ર, તો કોઈ તેને ભક્તિસૂત્ર કહે છે. આ રીતે પક્ષીઓ જેમ ધાન્યના ભરેલાં ભંડારમાંથી પોતાની ચાંચમાં આવે તેટલું લઈ શકે છે તેમ ગીતામાંથી દરેક પોતપોતાની બુદ્ધિ અનુસાર લેવાય તેટલું લઈ સંતોષ માને છે. વાસ્તવમાં ગીતા એ ચિંતામણિ છે. શ્રીકૃષ્ણ ભગવાને સર્જેલું અલૌકિક અને ચિરંતન રહેનાર કલ્પવૃક્ષ છે. તેની પાસેથી માનવી પોતાને જે કાંઈ જોઈએ તે તમામ મેળવી શકે છે.

હિન્દુ જાતિ કેમ નષ્ટ ન થઈ ?

સૈકાઓના આધુનિક ઇતિહાસ ઉપર નજર નાખો તો જણાશે કે એક વખત એવો હતો કે રોમન જાતિનું નામ સાંભળતાં જ યુરોપની સમગ્ર પ્રજા થરથરતી હતી અને બેબીલોનીયનોના ડરથી ધ્રૂજતી હતી; એવો પણ એક જમાનો હતો કે તેમાં મજીપ્શિયનોનો જ દમામ ચાલતો હતો અને એક કાળમાં ગ્રીકોની ધાક સમસ્ત યુરોપમાં ફેલાયેલી હતી જર્મનોની વાત તો તાજી જ છે. આવી કેટલીક જોરાવર ગણાતી જાતિઓ કાળરૂપી ખરપરમાં ક્યાંયે હોમાઈ ને ખાખ થઈ ગઈ તેનો આજે પત્તો પણ નથી. જ્યારે હિંદુ જાતિ કે જે આ બધી જોરાવર ગણાતી જાતિઓ તેમજ કારિપયન, ગ્રીક, બદ્રક, હિરાત અને તિબેટમાંની આગલી જાતિઓથી હજારો વર્ષો પૂર્વે ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં શ્રુતિમંત્રોની લહરિમાં અવગાહન કરતી હતી, તે અદ્યાપિ સુધી જેવી ને તેવી જ ટકી રહી છે; તે હજારો વર્ષોથી પરદેશીઓનાં એકસરખાં આક્રમણો ચાલુ હોવા છતાં પણ હજી જીવે છે, તેનું કારણ શું ? તેની જો તપાસ કરવામાં આવે તો આનું મુખ્ય કારણ નિર્દોષ એવું તેનું ધર્મ સાહિત્ય, તેનો પ્રચાર તથા ધર્મપાલન અને શીલવર્ધન છે. એ વેદવેદાંત અને શ્રુતિસ્મૃત્યાદિ સમગ્ર મહાન ધર્મશાસ્ત્રસાહિત્યનું મંથન કરી તેનું હૃદય ગીતામાં પરમયોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રે એવી અજબ શૈલીએ એટલું બધું સુંદર રીતે ગોઠવી દીધું છે કે એના જેવો હિંદુધર્મ, હિંદુજાતિને ઉગારી હિંદ દેશની પ્રતિષ્ઠા તેમ જ મહત્તા વધારનારો, જગમાન્ય થવા પામેલો બીજો એક પણ ગ્રંથ આજે જગતમાં નથી.

ગીતા છતાં અમારી ગુલામી !

આમ હોવા છતાં પણ આજે અમારી સ્થિતિ કેવી છે ? આજે હિંદુ જાતિ ગુલામ છે, દરિદ્ર છે, છિન્નભિન્ન છે, અને પાશ્ચાત્ય ધૂર્ત જાતિઓની દૃષ્ટિએ તો તે લૂલી, લંગડી, અને આંધળી, પાંગળી ગરીબડી ગાય જેવી છે. સાંપ્રત અમારી આવી લાચાર સ્થિતિ બનવાનું મુખ્ય કારણ " અમારું જ્ઞાન પુસ્તકોમાં જ રહ્યું છે, પાલનમાં કે વર્તનમાં નથી. " અમોએ ચારિત્ર્ય વા શીલ ગુમાવી દીધું છે, એ ખરેખર શરમની વાત છે. આજે જ્યારે સમસ્ત જગત, ગજકેશરીની ગર્જના સમી એ ગીતા તરફ મીટ માંડી રહ્યું છે અને તેમાંનો દિવ્ય સંદેશ અપનાવવાને માટે પ્રયત્નશીલ છે ત્યારે અમો તેનો ઉપયોગ વિતંડાવાદ વધારવા અને કર્તવ્યહીન બનવા તરફ જ કરી રહ્યા છીએ. આ ગરવી ગીતાનો અનુવાદ ફ્રેંચમાં અબુસુકેરે અરબીમાં, રસેગને લેટીનમાં, ડિમિટ્રીયશે ગ્રીકમાં, બર્નુફે ફ્રેન્ચમાં, લોરિંજરે જર્મનમાં સ્તાનિસલ્સજેરીએ ઈટાલીઅનમાં, તથા ટોમ્સન, આર્નોલ્ડ, ડેવીસ, બીસેન્ટ, તથા ચાર્લ્સ વિલ્કિન્સને અંગ્રેજી ભાષામાં કર્યો છે. અને ઘણી ખરી નીતિશૂન્ય જાતિઓમાં આ સદાચારશાસ્ત્રનો પ્રકાશ ફેલાવવા પ્રયત્ન કર્યો છે. આમ જ્યારે આ ગ્રંથને જુએ છે ત્યારે તે બધી પ્રજાઓ શરમિંદી બની જઈ હિંદુ જાતિને આંતરિક મરતક નમાવે છે, પણ સાથે સાથે તેમની આવી દયાજનક પરિસ્થિતિ જોઈ ઉપરથી હસે છે. ચાર્લ્સ વિલ્કિન્સનના ગીતાના અનુવાદની ભૂમિકા તે સમયમાં હિંદના વાઈસરોય વૉર્ન હેસ્ટિંગ્સે લખી છે તેમાં તે મુક્તકંઠે લખે છે કે " કોઈ પણ જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે." અમેરિકાનો સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર એમર્સન તો ગીતાના પુસ્તકને હંમેશ પોતાની દૃષ્ટિ સામે જ રાખતો.*

ગીતાનાં પારકાઓ કરેલાં ગુણગાનનો મોહ

આ રીતે જ્યારે પાશ્ચાત્યાદિ અન્ય જાતિઓ ગીતાના ઉપદેશ પ્રમાણે પોતાના નવયુગનો રચના કરવા પ્રયત્નશીલ છે ત્યારે અમો ફક્ત ગીતા ઉપરનાં આ બધાં ગુણગાન વડે સંતોષ માની બાપદાદાના અડેન્ડવ ઉપર જ નિર્ભર થઈ કર્તવ્યહીનતામાંજ મગરૂરી માની બેઠા છીએ અને સાચો માર્ગ શોધતા નથી. આ સ્થિતિ ઘરમાં અખૂટ ધન દાટેલું હોવા છતાં ભીખ માગવા જેવી નહિ તો બીજું શું કહેવાય ? માટે જો

* " ગીતાના કેટલાંક ગુણગાન " એ શીર્ષક નીચે ગીતાદોહનની સમાપ્તિ થયા પછી છેવટે કેટલાક અભિપ્રાયો આપેલા છે. તે જિજ્ઞાસુએ ત્યાં જોવા.

આપણે ઉન્નતિને ચાહતા હઈશું તો ગીતાનાં આરકાઓએ કરેતાં ગુણગાન ઉપર જ મુગ્ધ બની કર્તવ્યહીન નહિ થતાં તેનો સાચો અને ગૂઢ ઉદ્દેશ સમજી લઈ તેને કેવળ વાંણીમાં નહિ પણ વર્તનમાં લાવવાની જરૂર છે. કેવળ વાણીના પ્રલાપથી વ્યર્થ ચેરી વાચાળતા નહિ પણ આચાર જ મુખ્ય ધર્મ છે. આ કાર્ય પક્ષાપક્ષી કિંવા મતમતાંતરોના પ્રચારાર્થે થયેલી ગીતાના અનુવાદો ઉપરથી નહિ પરંતુ સ્વાનુભવ લઈ નિષ્પક્ષપાત દૃષ્ટિએ લખાયેલાં પ્રાસાદિક ગીતાભાષ્યો ઉપરથી જ થઈ શકે તેમ છે અને એ બોધ ગીતાદોહન પૂરી પાડે છે.

ગીતા અને સ્વાર્થ

આજકાલ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપરનો લોકપ્રેમ જોઈ તે દ્વારા સાધી શકાય એટલો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન થતો રહ્યો છે. કોઈએ રાજકારણ સાધવાને, તો કોઈએ સમાજસુધારણાને નામે, કોઈએ સ્વતંત્રતાને માટે, કોઈએ સમાનતાને બહાને, કોઈએ હિંદુ સંખ્યાબળ વધે એટલા માટે, તો કોઈએ ધર્મપ્રચારનો ઉદ્દેશ બતાવી; આ રીતે જગત પરિસ્થિતિ અનુસાર લોકોએ અનેકવિધ આદર્શો વા ઉદ્દેશો બતાવી તેનો ઉપયોગ સ્વાર્થ સાધવા અર્થે કર્યો છે. આમ ગીતાના પોતપોતાને ફાવે તેવા મનસ્વી અર્થો કરી તે દ્વારા લોકોને અવળે માર્ગે દોરવામાં જ આજકાલ પુરુષાર્થ સમજવામાં આવે છે અને તે બધું શ્રીકૃષ્ણ ભગવાનને અને ધર્મશાસ્ત્રોને નામે! કેટલાકો અનાસક્તિને માને છે તો વર્ણાશ્રમપ્રથા તેમ જ કુલધર્મ કુલાચારાદિને ઉચ્છેદે છે: તો કોઈ કર્મયોગને બહાને શાસ્ત્રવિહીન કર્મ કરવાને પ્રોત્સાહન આપે છે અને તે પણ ભગવદ્‌ગીતાનો આધાર બતાવી તેના ઓથા નીચે! આ વસ્તુસ્થિતિ કેટલી બધી શોચનીય છે, તેનો વિચાર વાચકો જ કરે.

વર્ણાશ્રમાદિ અને સાધુ સંતો

આ રીતે વગર સમજ્યે લોકોને ભૂલભૂલામણીમાં નાખવાની જે આધુનિક પદ્ધતિ છે તેનો નિષેધ થવો જરૂરી છે. કેમ કે શ્રીકૃષ્ણ ભગવાને પોતે અને અન્ય શાસ્ત્રકારોએ તેમ જ તમામ સાધુસંતોએ વર્ણાશ્રમાદિ સંસ્થાઓ, જાતિનિર્ણયો, કુલધર્મ અને કુલાચાર વગેરે સર્વની વ્યવહારની સરળતાને અર્થે ખાસ જરૂર જણાવેલી હોઈ તે બધાને સાચવી રાખીને જ તેઓ વ્યવહારમાં રાજકીય, સામાજિક, કૌટુંબિક યા તો અન્ય કોઈ પ્રવૃત્તિ કરવાનું આજ સુધી જણાવતા આવ્યા છે. જ્ઞાન, તપ, સંયમ, ઇન્દ્રિયનિગ્રહ વિના તેમ જ સ્વાર્થમયી પ્રવૃત્તિ કિંવા લોભવૃત્તિને છોડી દઈ સ્વાર્થત્યાગ કર્યા વિના શાંતિ પ્રાપ્ત થવી કદાપિ શક્ય જ નથી, એ તેમનું કથન ભૂલવું નહિ જોઈએ.

સાંપ્રદાયિક કે સામુદાયિક?

અમુક મત યા સાંપ્રદાયનો મનમાં પ્રથમ નિશ્ચય કરી તે ધોરણે ગીતાના શ્લોકોનું પૃથક્કરણ કરી સમજૂતી આપવાનો મહાત્માશ્રીનો આશય નથી, પરંતુ સત્ય પરિસ્થિતિનો સ્વાનુભવ લઈ ખાતરી કરી લીધા બાદ તેને સમગ્ર શાસ્ત્રોના આધાર સહિત વિશદ કરવામાં તે રહેલો છે; જે મહર્ષિવર્યના પુરોવચનથી જાણી શકાશે (લોકાગ્રહને લીધે મહર્ષિએ કૃપા કરી જમી આપેલું પુરોવચન સૌથી પ્રથમ આપવામાં આવ્યું છે તે જોવું). ગુરુપ્રતીતિ, શાસ્ત્રપ્રતીતિ અને આત્મપ્રતીતિ, એ પ્રમાણેનો જે શાસ્ત્રક્રમ છે તે નિયમનું આ ગ્રંથમાં યથાર્થ રીતે [illegible] છે, તેથી ગીતાદોહન એ સાંપ્રદાયિક કે સામુદાયિક નહિ પણ આપ્તવાક્યરૂપ છે, જે [illegible] રીતે સમજી શકશે.

ગ્રંથની પ્રાસાદિકતા

કોઈ પણ મત ઠેરવવો એ ઉપનિષદના અંતિમ ધ્યેયને લક્ષમાં લઈ તેનો સ્વાનુભવ લીધા પછી જ ઠેરવી શકાય. ભગવદ્‌ગીતા એ સર્વ ઉપનિષદોનો સાર છે અને આ ગ્રંથ તેનું પણ દોહન છે એટલે આ ગ્રંથ સારનો પણ સાર છે. વળી એ કોઈ કેવળ વિદ્વત્તાની દૃષ્ટિએ અથવા શુષ્ક તર્કવાદથી યા પંડિતાઈનું પ્રદર્શન કરવાના ઉદ્દેશથી લખાયેલો નથી, જેથી દૃષ્ટિએ [illegible] કંઈકનાં સત્ય વસ્તુસ્થિતિ દર્શાવી શકે એમ

કહી શકાય નહિ, પણ અનુભવથી લખાયેલો સાચો ઉપદેશ જ અતિ ગૂઢ એવું પરમ સત્યતત્ત્વ બતાવી શકે છે; એ દૃષ્ટિએ આ ગ્રંથ પ્રાસાદિક હોઈ મહાન કહેવાય, એમાં તો શંકા જ નથી.

ગ્રંથકાર પોતે જ "હું વિદ્વાન નથી" એમ પ્રાસ્તાવિક વિવેચનમાં લખે છે; એ તેમના સૌજન્ય અને વિનયને માટે પૂરતું છે; પરંતુ કેવળ અભ્યાસ વા પાંડિત્ય કરતાં સ્વાનુભવનું બળ શ્રેષ્ઠ છે. આ ગ્રંથમાં તો આ બંને બાબતોની ઝાંખી થાય છે, જે વાચકો જોઈ શકશે.

મતમતાંતરો થકી છૂટકારો

આજ સુધી ઘણા ભાષ્યકારોએ પોતપોતાની માન્યતા અથવા પોતપોતાનો મત યા સાંપ્રદાયોના સિદ્ધાંતોનો પ્રચાર કરવાના સમર્થનને માટે જ ગીતાના વિવક્ષિત અર્થો કરેલા જોવામાં આવે છે અને તેથી જ ગીતાના અંગે આજે ભિન્ન ભિન્ન પુષ્કળ મતમતાંતરો અસ્તિત્વ ધરાવે છે. કોઈ કેવળ કર્મયોગ ઉપર, તો કોઈ જ્ઞાનયોગ ઉપર, તો કોઈ ભક્તિયોગ ઉપર, તો કોઈ હઠયોગ ઉપર ભાર મૂકે છે, જ્યારે ગીતાદોહનમાં સ્વાનુભવબળ હોવાથી સઘળા મતમતાંતરોનું નિરાકરણ થઈ તે સર્વની એકવાક્યતા હોવાનું અનાયાસે જ સિદ્ધ થઈ જાય છે; એટલે આ મતમતાંતરોના ઝઘડાઓને લીધે વિનાસણમાં આવી પડેલો જનસમાજ અવશ્ય છૂટકારાનો દમ ખેંચશે અને નિઃશંક બની હવે તે જાતે જ ગીતાનું ધ્યેય નક્કી કરી શકશે.

ગીતા અને આધુનિક લોકસંગ્રહ

છેલ્લા બે ત્રણ દાયકાથી વ્યાવહારિક કે રાજનૈતિક કારણોને અંગે પણ "कर्मण्येवाधिकारस्ते" "योगः कर्मसु कौशलम्" વગેરે ગીતામંત્રોનો જ સ્વેચ્છાપૂર્વક અર્થ અને ઉપયોગ થતો જોવામાં આવે છે. રાજસી વૃત્તિથી પ્રેરાયેલાં કર્મોને જ આજકાલ લોકસંગ્રહ કહેવામાં આવે છે. આ બધાના સાચા જવાબો ગીતાદોહનમાં છે. ગીતા આધ્યાત્મિક શ્રુતિ હોવા ઉપરાંત નૈતિકબળસંપન્ન ગ્રંથ છે. તેમાં આજ્ઞા અને પ્રતિજ્ઞાઓ છે. અભિમાનનો સર્વથા ત્યાગ કર્યા વિના કરેલું કાર્ય લોકસંગ્રહ ન કહેવાય. કર્તાપણાનું અભિમાન જાય નહિ ત્યાં સુધી કર્મફળમાં અનાસક્તિ આવવી કદી પણ શક્ય નથી, એ સ્થિતિ તો જીવન્મુક્તિ થકી જ સાધ્ય થઈ શકે છે. એટલે વસ્તુતઃ તો લોકોમાં પ્રચલિત 'આજનો અનાસક્તિયોગ એ મિથ્યાચારયોગ જ ગણી શકાય. ટૂંકમાં આજકાલ લોકોમાં માનવામાં આવતો અનાસક્તિયોગ વા કર્મયોગ ગમે તે હો પણ તેને ગીતાનો આધાર નથી, એટલું તો ગીતાદોહન અવશ્ય સિદ્ધ કરે છે.

હિંસા અહિંસાનો નિર્ણય

આત્માનુભવથી વંચિત, લોકવાસનાથી પ્રેરાયેલો, સ્વાર્થી અને વિષયલોલુપ મનુષ્ય ધનના બળે ભૂખે મરતાં મનુષ્યોને હું બચાવું છું એમ લોકોમાં બતાવી મનમાં દાનવીરપણાનું વા સેવાભાવનું મિથ્યા અભિમાન રાખે છે; પરંતુ તેણે પ્રથમ અન્યાય વડે લાખો રૂપિયા મેળવીને અસંખ્ય લોકોને ભૂખે મરતાં કર્યાં છે; એનું તેને ભાન પણ હોતું નથી એટલે હજારો રૂપિયાની ચોરી કરેલો મનુષ્ય પોતાની ચોરી પચી જવાને માટે જેમ દેવતાને સવા પૈસાની ખડીસાકર ધરાવવાની બાધા રાખી તેને છેતરવાનો પ્રયત્ન કરે છે, તેમ આવા લોકો પ્રથમતઃ અન્યાય વડે લાખો રૂપિયા કમાઈ અસંખ્ય માનવીઓને ભૂખે મરતાં કરે છે અને તેમાંથી હજાર પાંચસો રૂપિયા વેરી દાનવીરતાનો કે લોકસેવાના નામે લોકૈષણારૂપ પ્રતિષ્ઠાનો લહાવો મેળવે છે અને એ રીતે જગતને તેમ જ પોતાની જાતને પણ છેતરે છે. આવા દાંભિકોના જીવવા અને જીવાડવા કરતાં જીવન્મુક્ત અર્જુન ધર્મયુદ્ધમાં તેવા અસંખ્ય અધર્મી સગાવહાલાંઓને મારે તો પણ શ્રેષ્ઠ છે, કેમ કે તેવા મનુષ્યો ભૂમિને ભારરૂપ હોય છે, એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે. આને માટે મહાભારત શાંતિપર્વ અધ્યાય ૨૦૯ માં ધ્રુવગીતનું એક દૃષ્ટાંત છે, તે યોગ્ય હોવાથી અત્રે આપવામાં આવે છે.

હિંસાથી પુણ્ય થાય?

ગંગાના તીર ઉપર એક ધુરંધર રહેતું હતું. એક સમયે તે પ્રદેશ ઉપર ઝેરી સર્પનાં હજારો ઈંડાં તેના જોવામાં આવ્યાં. પછી તેણે મનમાં વિચાર કર્યો કે, આ ઈંડાઓમાંથી ઉત્પન્ન થનારા હજારો સર્પો જગતનો નાશ કરી નાખશે, માટે તે સર્પોની ઉત્પત્તિ થયા પહેલાં જ હું આ ઈંડાઓને ફોડી નાખું આવો વિચાર કરીને તેણે પોતાની ચાંચ વતી તે સઘળાં ઈંડાઓને ફોડી નાખ્યાં અને તે કર્મથી મહાન પુણ્ય સંપાદન કર્યું. આ પ્રમાણે એ ધુરંધરે લોકકલ્યાણાર્થે કિંવા નિયતિનિયમાનુસાર સર્વ ઈંડાઓને ફોડી નાખવાની હિંસા તો કરી, પરંતુ આ કાર્ય સ્વાર્થવૃત્તિએ નહિ પણ ફક્ત જગકલ્યાણનો સાચો ઉદ્દેશ રાખીને જ કરાયેલું હોવાથી તેને તે કર્મ થકી પણ પુણ્ય જ પ્રાપ્ત થયું. તેવી જ રીતે લોકકલ્યાણને માટે આત્માનુભવ વગરના જગતને ઉપદ્રવરૂપ થનારાઓની હિંસા કરવી એ પુણ્યની પ્રાપ્તિ કરનારું છે; ગીતાદોહન કર્મયોગનું સાચું રહસ્ય સમજાવે છે અને તે હિંસા અહિંસાના પ્રશ્નનો સાચો નિકાલ પણ આણી દે છે. જીવન્મુક્તિ એ કલ્પના નથી પણ સ્વાનુભવગમ્ય છે.

ગીતાદોહનમાં દેખવામાં આવતા વાંધાઓ

કેવળ પાંડિત્ય કરનારા વિદ્વાનોને ગીતાદોહનમાં કદાચ વાંધાઓ દેખાશે; સાહિત્યકારોને પુનરુક્તિ દોષ દેખાવાથી રસ નહિ પડે; વૈયાકરણીઓને "હું છું" તે બદલે "હું છે" એવા પ્રયોગો વાંચી વ્યાકરણની અશુદ્ધિ લાગશે; પરંતુ તેઓ ધ્યાનમાં રાખે કે તે પ્રયોગ સમજપૂર્વક રાખવામાં આવ્યો હોઈ તેમાં ઘણું અર્થગાંભીર્ય છે. ફલેચ્છતા કર્મયોગીઓને પોતાનાં રાજસી કર્મોને માટે ગીતાનો આધાર સરી જતો હોવાનું જણાવાથી ક્રોધ ઉપજશે; સાંપ્રદાયિકોને પણ વસમું લાગશે; પરંતુ જીવનનું ધ્યેય શું? જીવનની સાર્થકતા શી રીતે થશે? જીવનનું સાચું રહસ્ય કયું? ઇત્યાદિ જીવનના કૂટ પ્રશ્નોનો નિકાલ કરી, સાચા જ્ઞાનદર્શનને માટે જેઓ તલપાપડ થઈ રહ્યા છે તેઓને માટે તો ગીતાદોહન એક આશીર્વાદરૂપ નીવડશે.

અધ્યયનનો હેતુ શીલવર્ધન

મનસ્વી તર્કો કરી પરસ્પર એકબીજાને દોષો દેવા એ એક મનુષ્યસ્વભાવ જ બની ગયો છે. આથી જેઓ કાર્ય કરવાની ધગશ ધરાવતા હોય અને સાચા ધ્યેયને માર્ગે જવા ઇચ્છતા હોય, તેમણે લોકોને બદલે આવા આધારભૂત શાસ્ત્રને જ પ્રમાણભૂત માનતા શિખવું જોઈએ.

ગ્રંથની વિશેષતા

આ ગ્રંથની વિશેષતા બે પ્રકારની છે, એક તો એ કે આ ગીતાના શ્લોકો મંત્રપદ્ધતિથી લખાયેલા છે, જે આખા જગત માટે અપૂર્વ છે; અને બીજું ઉપર સમજાવ્યું તેમ એ આપ્તવાક્ય છે. વળી આમાં કોઈ પણ સાંપ્રદાય યા મત વિષે પ્રથમ નિશ્ચય ઠેરવી તેના સમર્થને અર્થે તાણી તોડીને ગીતાના શ્લોકોનો ગમે તેમ અર્થ કરવામાં આવ્યો નથી, પરંતુ અપૌરુષેય વેદશ્રુતિમાન્ય અને અનુભવથી સિદ્ધ, એની વૃક્ષો સાહજ સાધાર અને વિસ્તૃત સમજણ આપવામાં આવેલી છે. નિરહંકાર બુદ્ધિથી અને ગૌરવપૂર્વક કહેવામાં આવે તો ગુજરાતી ભાષામાં આવું ભાષ્ય બીજું એકે નથી. તેથી તે અપૂર્વ છે અને અન્ય ભાષાઓમાં પણ ઘણેભાગે આવું ગદ્યાત્મક ભાષ્ય ક્વચિત જ હશે. ગીતાદોહન એટલે અપૂર્વ અને વિસ્તૃત ટીકાવાળો, ઉદાત્તાનુદાત્તાદિ સ્વરોસહિત મંત્રપદ્ધતિથી લખાયેલો, આત્મોન્નતિ ઇચ્છનારા જિજ્ઞાસુઓને માટે પ્રતિજ્ઞાપૂર્વક સાક્ષાત્કારની ખાતરી આપનારો; જગશાંતિનો સાચો રાહ બતાવનારો, વેદવેદાંગાદિ ચૌદે પ્રસ્થાનોનું અતિ ગુપ્ત અને સૂક્ષ્મ રહસ્ય સ્પષ્ટ રીતે અને સરળતાથી સમજાવનારો, સાંખ્ય(જ્ઞાન), યોગ (કર્મ), ભક્તિ વગેરે પરત્વે સંશયોનું નિવારણ તેમ જ તે સર્વની એકવાક્યતા સિદ્ધ કરનારો, ટૂંકમાં સર્વશાસ્ત્રો, વ્યવહારપ્રપંચ તેમ જ નીતિશાસ્ત્રાદિનું સ્પષ્ટીકરણ આપનારો એકમેવ અદ્વિતીય ગ્રંથ છે, ગીતાદોહન એ સ્વર્ગીય સંદેશ છે.

શાસ્ત્રના જ્ઞાતા અને ગીતાના પ્રખર અભ્યાસક એવા એક વિદ્વાન ગૃહસ્થે ગીતાદોહન સાંભળીને કહ્યું કે, " જો કે અલ્પાક્ષર છે, છતાં મારો કે વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો ગણાતાં વેદવેદાંગ, ઉપનિષદો, પુરાણો, ઉપપુરાણો, વગેરે જગતમાંથી ભૂંસાઈ જવા પામે, પરંતુ જો એકલું ગીતાદોહન રહે તો પણ બસ છે. એમ કહેવું મને વધુ પડતું લાગતું નથી; કેમ કે આ ગીતાદોહનમાં તે સર્વનો સમન્વય છે. " આટલું વિવેચન એને માટે બસ છે.

ગીતાપઠનની પ્રાચીન મંત્રપદ્ધતિ

પ્રોફેસર શ્રી. વી. બ. આઠવલે (એમ. એલ. સી. નાશિક) એમણે "પુરુષાર્થ" માસિક (સને ૧૯૪૪ના ઑગસ્ટ મહિનાના અંક ૧ વર્ષ ૨૧)માં એવું પ્રસિદ્ધ કરેલું છે કે, પ્રાચીનકાળમાં ગીતાનું પઠનપાઠન મંત્રપદ્ધતિથી કરવામાં આવતું હતું પરંતુ તે પદ્ધતિ કૈકાઓથી નષ્ટ થવા પામી છે. તેથી અત્યાર સુધી લખાયેલી તમામ ગીતામાં આ પદ્ધતિ ક્યાંયે જોવામાં આવતી નથી; પણ આ ગ્રંથ એ મંત્રપદ્ધતિથી લખાયો છે એ જાણી તેઓ નાશિકથી ખાસ મહાત્માશ્રીના દર્શને આવ્યા અને તેમણે આ ગીતા, મંત્રપદ્ધતિ સહ લખાયેલી જાણી અતિશય સંતોષ વ્યક્ત કર્યો. આ પ્રમાણે કૈકાઓથી લુપ્ત થયેલી એ મંત્રપદ્ધતિ મહર્ષિવર્યના હાથથી પુનઃ સજીવન થવા પામી છે તે જોઈ તેમને ઘણો જ આનંદ થયો.

આ સંબંધે શાસ્ત્રમાં પણ પઠનપાઠન કરવા માટે બીજ, ન્યાસ, છંદ, ઋષિ વગેરે બતાવવામાં આવે છે; તેમ જ લોકમાન્ય ટિળકે પણ જણાવ્યું છે કે દેવતા, છંદ, વગેરે વિનાનું પઠનપાઠન નિરર્થક છે. આ બીજ, ન્યાસ, છંદ વગેરે અન્ય સ્થળે અક્ષરશ પાડવામાં આવ્યાં છે. તે જિજ્ઞાસુઓએ જોવાં. ગીતા મંત્રમય છે અને તેનું પઠનપાઠન ઉપર જણાવ્યા પ્રમાણે ઋષિ, છંદ, ન્યાસ, બીજ ઇત્યાદિ મંત્રપદ્ધતિએ જ થવું જોઈએ, અને જો તે પ્રમાણે એનું પઠનપાઠન ન થતું હોય તો તેમ કરનારનું અધઃપતન થાય છે, તથા આત્મોન્નતિના કાર્યમાં તેને સફળતા મળતી નથી. એ બાબતમાં હિંદી માસિક " કલ્યાણ "ના (ઈ. સ. ૧૯૩૯ના) ગીતાતત્ત્વાંકમાં પણ જણાવવામાં આવેલું છે માટે ગીતાનું પઠનપાઠન મંત્રપદ્ધતિએ જ થવું જોઈએ. આ સંબંધમાં મહર્ષિવર્યે અધ્યાય ૮માં વિવેચન કરેલું છે તે જુઓ (મંત્રના સામર્થ્યને માટે મહાકાળ પુરુષ વર્ણન કિરણાંક ૩૪ પૃષ્ઠ ૨૪૭, ૨૪૮ જુઓ).

પુનરુક્તિદોષનું કારણ

ગીતા સર્વ ઉપનિષદોનું દોહન છે એમ સ્વયં વેદવ્યાસજી કહે છે, જે ઉપર કહેવામાં આવ્યું છે; એટલે ગીતાનું રહસ્ય ઉપનિષદોનાં તાત્પર્યને દર્શાવનારું હોય એ પણ નિશ્ચિત છે. અપૌરુષેય એવા વેદ અને ઉપનિષદાદિ શ્રુતિશાસ્ત્રો સમજવા અત્યંત કઠિન છે; જે સંબંધમાં મહર્ષિવર્યે લખેલા પુરોવચનમાં પણ ઉલ્લેખ છે, તેથી તે સમજવાને માટે પુનરુક્તિ કરવી પડે છે. તો જ એ અતિસૂક્ષ્મ રહસ્ય સામાન્ય લોકોની સમજમાં આવી શકે; માટે એ દૃષ્ટિએ અહીં પુનરુક્તિ અનિવાર્ય હોઈ તે ધરાદાપૂર્વક રાખવામાં આવેલી છે, કે જેથી જિજ્ઞાસુઓના મનમાં સત્ય વસ્તુ સારી રીતે ઠસી જાય અને તે નિઃસંશય બને. આ દોષમાંથી આ ગ્રંથ મુક્ત થઈ શકતો નથી પરંતુ વિષય ગહન હોઈ તેને સહેલાઈથી સામાન્ય જનતા પણ સમજી શકે અને ગ્રંથપઠનની સાથે સાથે શ્લોકોનો અભ્યાસ પણ દૃઢ થાય એ દૃષ્ટિએ અહીં જોવામાં આવતી દ્વિરુક્તિ દોષરૂપ નહિ પણ ન્યાયશાસ્ત્રના નિયમ પ્રમાણે અભ્યાસરૂપ ગણાશે. મહર્ષિવર્યજીને આ સંબંધમાં એક સદ્ગૃહસ્થે પ્રશ્ન કર્યો હતો ત્યારે તેમણે શાંતિથી કહ્યું કે, " આમાં દ્વિરુક્તિ નહિ પણ સહસોક્તિ છે. કોઈ એકાદ પણ આત્માનુભવ કરે તો સારું, એટલા માટે એક જ વાત આમાં વખતોવખત વિસ્તારથી સમજાવેલી છે. જો કોઈ આત્માનુભવી થશે તો એ દોષોનું પણ સાર્થક થયું ગણાશે. વિષય ગહન હોવાથી સર્વસામાન્ય જિજ્ઞાસુઓ સરળતાથી સમજી શકે અને સાથે સાથે અભ્યાસ પણ દૃઢ થાય એટલા માટે તે દોષ ધરાદાપૂર્વક રાખવામાં આવ્યો છે." બીજું કારણ આજકાલ ભૌતિકવાદને લીધે લોકોના

બુદ્ધિમાં જડત્વનો અંશ વધુ પ્રમાણમાં હોવાથી તદ્દન સરળ અને સાદી વાત પણ તેઓને ગળે ઉતરતી નથી. આથી તેમના મનમાં સારી રીતે ઠસાવવાના ઉદ્દેશથી એકને એક વાત બહુવિધ યુક્તિપ્રયુક્તિદ્વારા અનેક રીતે સમજાવવાનો જે શાસ્ત્રક્રમ છે તેનું જ આ ગ્રંથમાં પણ અવલંબન કરેલું છે. વેદાંતના અધિકારી દેવતા અને મનુષ્યો એ બે કોટિના જીવો છે, તેમાં દેવતાઓને એકાદ વખતથી કદાચ આત્મજ્ઞાન થાય પણ મનુષ્યોને અનેક વખત સમજાવ્યાં છતાં પણ તેમને ગળે ઉતરતું નથી. કેવળ એક વખતે વાંચતાની સાથે જ ગીતાનું તાત્પર્ય સમજી શકે એવી માન્યતાવાળો વર્ગ દેશમાં કદાચ જૂજ જ હશે. બાકી તો સહસ્રોક્તિ કરવા છતાં પણ સમજે તો ઠીક; જો એમ ન હોત તો ગીતાના એક પણ ભાષ્યની લોકોને જરૂર પડી ન હોત, પરંતુ આજે જે અર્થે હજારો ભાષ્યો મળી આવે છે તે જગતમાં આવા લોકોના ભરતીને જ આભારી છે એમ નિઃશંક સિદ્ધ થાય છે. એટલે પુનરુક્તિ થવાનું કારણ પુરુષકનાં વાચન સાથે તેમાંનો સિદ્ધાંત લોકોના મનમાં સારી રીતે ઠસાવવો અને તેઓના અભ્યાસની દૃઢતા થવી એ જ એક છે. શાસ્ત્ર ઉદ્દેશ સમજવાને માટે ઉપક્રમોપસંહાર, અભ્યાસ વગેરે છ સાધનો ન્યાયશાસ્ત્રકારો બતાવે છે, તેમાં અભ્યાસનો સમાવેશ થાય છે અને તેનો અર્થ પ્રધાન લક્ષ્યને વારંવાર કહેવું એવો થાય છે; આ ન્યાયાનુસાર આ પુનરુક્તિનો અર્થ અભ્યાસ છે, એમ સમજો (આ સંબંધે વધુ વિવેચન માટે પુરોવચન જુઓ).

લોકોનો સ્વભાવ છે કે, પોતે કાર્ય નહિ કરતાં કાર્ય કરનારાઓની પૂંઠ પકડી અટકાયત કરી તેમને પાછળ પાડવાનો પ્રયત્ન કરવો; એટલા માટે જેમને ખરેખર લોકોને સત્ય માર્ગે દોરવવાનું કાર્ય કરવાનું હોય છે તેમણે આવા ગ્રામકંટક લોકો તરફ લક્ષ્ય આપવું ઉચિત નથી. દરેક વસ્તુ કાળને અનુસાર બનતી જાય છે. અમુક કરવું યા ન કરવું એ કાળને આધીન છે, માટે સત્યવ્રતીઓએ તો નિંદા યા સ્તુતિની દરકાર કરવી નહિ અને લોકોને કુમાર્ગથી નિવારી સન્માર્ગે સ્થાપવા; તેને શાસ્ત્રકાર લોકસંગ્રહ કહે છે. પણ આ કાર્ય કરવા માટે પોતે જીવન્મુક્ત બનવું જોઈએ.

ગીતાદોહનના સૂક્ષ્મ હેતુઓ

ગીતાદોહનના સૂક્ષ્મ હેતુ અનુભવસિદ્ધ અને પરમ સત્ય એવું જ્ઞાન લોકો મેળવે એ છે, જેથી સ્વાનુભવ વગરના જ્ઞાનના ખોટા પ્રચારકો લોકોમાં અતિમાન્ય થયેલા ગીતા, ભાગવતાદિ જેવા પુરાણગ્રંથો તેમ જ યોગવાસિષ્ઠ અને ઉપનિષદાદિ જેવા આનુભવિક તત્ત્વગ્રંથોના મનસ્વી અર્થો કરી તે આધારે ભક્તિ, જ્ઞાન (સાંખ્ય), યોગ, (કર્મ) વગેરે જેવા ભેદાભેદો બતાવીને લોકોના માનસને ગોટાળામાં નાખી તેમાં ફાટફૂટ પડાવે છે અને તેમની શાસ્ત્રાભ્યાસની અજ્ઞાનતાનો લાભ લઈ પોતાની વાક્ચાતુર્યે વડે આજીવિકારૂપ પોતાનો સ્વાર્થ સાધી લે છે. તેઓના આવા માનસ તરફ કાંઈક અંશે પ્રતિબંધ થાય અને લોકો બધા માર્ગોની અભિજ્ઞતા જાણી એ ઝઘડાઓ થકી મુક્ત થઈ સત્યને પંથે દોરાય, એ ધ્યેયતમ છે.

લોકોને સાચું જ્ઞાન થવાથી બે વાતો સાધ્ય થઈ શકે: (૧) પ્રચારકો ખોટા અર્થ કરતા કાંઈક અંશે અટકે, અને (૨) તેઓ ઇચ્છે તો સાચો અર્થ જાણી શકે, શ્રીભગવદ્ગીતા એ શાસ્ત્રનો સાર છે. તે સર્વ ઉપનિષદોનું દોહન હોવાથી તેમાં પુરાણોપપુરાણો, વેદવેદાંગો, ઉપાંગો, શ્રુતિ, સ્મૃતિ ઇત્યાદિ સર્વેનો સાર આવેલો છે; એટલું જ નહિ પરંતુ તેમાં તે બધાની એકવાક્યતા કેવી રીતે છે તેનો સમન્વય કરેલો હોવાથી ગીતામાંથી ઐક્યનો બોધ મેળવી લોકો અનર્થરૂપ ખોટા ઝઘડાઓથી બચે.

આજકાલ લોકોને જેઓ જ્ઞાન આપવાનો ધંધો લઈ બેઠા છે તેઓને જ પ્રથમ શિખવવાની જરૂર છે. જેથી પ્રથમ તેઓ તૈયાર શી રીતે થઈ શકશે, એનો વિચાર કરતાં તે કામ નિરાળા મારફતે થવું શક્ય નથી, આથી જો પ્રથમ લોકોને સાચું જ્ઞાન મળે તો તેઓ જ તેમને બોધ આપનારાઓના જ્ઞાન ઠેકાણે લાવી શકે. એ રીતે ખોટો પ્રચાર થતો અટકાવવો, લોકોને સત્યતાનું ભાન કરાવવું, અભ્યાસીઓને અભ્યાસ માટે મદદરૂપ થવું, મુગ્ધમાનોને ન્યાય, તર્ક ઇત્યાદિ સયુક્તિક યુક્તિઓ વડે સત્ય સમજાવવું વગેરેનો વિચાર કરાને જ અનુભવસિદ્ધ એવી નાશ્રુત આપ્તતા ગીતાદોહનદ્વારા લોકો આગળ મૂકવામાં આવી છે.

ભગવદ્ગીતામાં કયો વિષય ભગવાને ચર્ચ્યો છે? આનો સંક્ષેપમાં ઉત્તર આપવા માટે સામો પ્રશ્ન કરી શકાય કે ગીતામાં કયો વિષય નથી ચર્ચાયો? આ પ્રશ્ન સંબંધમાં મહર્ષિવર્યે પુરોવચનમાં સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે.

ગીતામાં કયો યોગ ?

ભગવદ્ગીતામાં કયો યોગ છે ? ઉત્તરઃ જગતને સત્ય શું છે તેની ઓળખ કરી ખોટા ઝઘડાઓથી બચાવી સત્પંથે લઈ જનારો યોગ. આ બાબતમાં તેમ જ અન્ય શંકાઓ સંબંધમાં ગીતાદોહનમાં સ્થળે સ્થળે વિસ્તૃત વિવેચન છે; તેથી જો કોઈ આક્ષેપો સિલક હશે તો તેનો ઉત્તર તેમાંથી મળી શકશે. ટૂંકમાં એટલું જ કે "સત્યપ્રાપ્તિ અર્થે આત્માનુભવને નજર સામે રાખી તમો ધ્યેયપ્રાપ્તિને માટે પુરુષાર્થ કરો. તે કરતાં ઊંચું ધ્યેય કોઈ પણ નથી. જ્યારે તમો આત્મોન્નતિના ઉચ્ચ શૃંગ પર પહોંચશો ત્યારે જેમ પહાડના શિખર ઉપર ચઢેલાને નીચેની દૂરદૂરની અને નજીકની નાના મોટી તમામ વસ્તુઓ ફક્ત એક તરણા જેવી દેખાય છે તેમ મોટું સામ્રાજ્યપદ પણ તણખલા જેવું તુચ્છ દેખાશે, એટલું જ નહિ પરંતુ ધ્યેયપ્રાપ્તિ થયા પછી તમો જ્યાં ધારશો ત્યાં વગર કષ્ટે સારી રીતે વિચરી શકશો, જેની ઇચ્છા કરશો તે મેળવી શકશો, સમસ્ત વિશ્વ તમારું થશે અને તમો સમસ્ત વિશ્વના થશો." આ મહર્ષિવર્યનો સંદેશો ધ્યાનમાં રાખવા જેવો છે.

નીતિશાસ્ત્રકારો કહે છે કે "લોકો પારકાના દોષો જોવાને માટે જેવી ઇચ્છા રાખે છે તેવી તેઓના ઉત્તમ ગુણો તરફ રાખતા નથી. દોષો તો આપણામાં ભરપુર છે, માટે પારકાના દોષો શોધવાની તસ્દી નહિ લેતાં પારકાના ગુણો ગ્રહણ કરવાનો પ્રયત્ન કરનારો જ ખરો બુદ્ધિશાળી છે;" મહર્ષિવર્યનું કથન પણ એવું જ છે. બાળકનું બોબડું તોતડું અને સદોષ વાક્ય પણ જો યુક્તિવાળું એટલે સત્ય અને અનુભવ કરાવી આપનારું હોય તો તેને તુરત ગ્રહણ કરવું; પરંતુ ગમે તેવા મહાન પુરુષનું વાક્ય પણ જો સત્ય અનુભવ કરાવી આપનારું ન હોય તો તેનો તત્કાળ ત્યાગ કરવો જોઈએ. હિતેચ્છુઓએ તો જે થકી અખંડ સુખશાંતિ પ્રાપ્ત થઈ શકે એવા એક ઉચ્ચતમ ધ્યેયને જ લક્ષ્યમાં રાખવું જોઈએ. આ ન્યાયાનુસાર આ ગીતાદોહન અનુભવના દૃષ્ટિકોણથી લખાયેલું હોવાથી એક વખતે આદિથી અંત સુધી વાંચીને "बालादपि सुभाषितम्" એ ઉક્તયનુસાર બુદ્ધિમાનો તેનો તત્ત્વાર્થ ગ્રહણ કરી અનુભવ મેળવી કૃતાર્થ બને એવી અમારી વિજ્ઞપ્તિ છે.

ગીતાનું ખરું જ્ઞાન કેમ મળતું નથી ?

ગીતાનું સાચું જ્ઞાન કેમ મળતું નથી ? આનો એક ઉત્તર તો એ છે કે ગીતાનું જ્ઞાન આપનારા કેવા છે ? શાળામાં શીખી, દ્રવ્યનો લોભ રાખી ગીતાનું સાચું જ્ઞાન આપી શકાતું નથી, એ વાત સૌએ લક્ષમાં રાખવી જોઈએ. ઉપર જણાવ્યું તેમ ગીતાનું કોઈ પણ કાર્ય ઉપનિષદના આધાર વડે જ સમજવાનું છે અને ગીતાનો ખરો અર્થ આત્મસાક્ષાત્કાર થયા વિના સમજવો મુશ્કેલ છે. તેથી "We want to educate the educants" એ ન્યાયે આ ગ્રંથનું એક પ્રયોજન એ કહી શકાય કે ગીતાના શીખવનારા જો આત્માનુભવયુક્ત જ્ઞાન પ્રાપ્ત કરી શકે તો જ તેઓ અત્યારના દ્રવ્યલોભી મટી નિઃસ્પૃહ બની લોકોને સાચું જ્ઞાન આપી શકશે. સાચું જ્ઞાન આધુનિક ઢબની ચાલતી શાળાઓમાં શીખીને, શીખવીને વા નોકરી કરીને આપી શકાશે નહિ; તેથી જ લોકમાન્ય ટિળકે પણ એક જગ્યાએ જણાવ્યું છે કે "નવા સુધારાની રુએ જો હું કાઉન્સિલમાં જાઉં અને ત્યાં જો કેળવણીનો પોર્ટફોલીઓ મને આપવામાં આવે, તો પહેલામાં પહેલું કાર્ય તો હું એ કરીશ કે આપણી પ્રાચીન સંસ્કૃતિનું પુરાણ, પ્રવચન, કીર્તનકારોની જૂની સંસ્થાઓને ઉન્નત અવસ્થામાં મૂકી અથવા ઉન્નત બનાવી પ્રવચન, કીર્તન ઇત્યાદિ દ્વારા ધર્મનો મોટો ફેલાવો કરનારી જૂની સંસ્થાઓ કબજે કરીશ; તેમ જ હું સુશિક્ષિત, સુસંસ્કૃત અને સ્વાર્થત્યાગી યુવાનોને પૌરાણિક, પ્રવચનકાર અને કીર્તનકારની પદવીઓ આપી દેશનાં નાનાં મોટાં ગામડાંઓમાં ધર્મઉપદેશક વા પ્રચારક તરિકે મોકલીશ અને સાથે સાથે ચાલુ સ્થિતિનું પણ ભાન થાય એવી રીતે લોકજાગૃતિનું કામ પણ કરીશ."*

આ ગીતાદોહનના કામમાં ઘણાએ નિષ્કામ સેવાભાવથી મદદ કરી છે તે સર્વેનો આભાર માનવો આવશ્યક છે. તેમાં પણ સર ચુનીલાલ વી. મહેતા, શ્રી રજનીકાંત મોટી તથા શ્રી શંકરલાલ બેંકર એમણે પુસ્તકને વાંચીને યોગ્ય સુધારા વધારા સૂચવ્યા તથા શ્રી અંબાલાલ સારાભાઈ, શ્રી અનસૂયા બહેન સારાભાઈ,

* લોકમાન્યની આખ્યાયિકા ખંડ ૨ પૃષ્ઠ ૮૩.

શ્રી રતિલાલ મનસુખરામ પટેલ (અમદાવાદ), શ્રી જયશંકર પંજા (જૂનાગઢ). ડૉ. રણજીતરામ ભટ્ટ (સુરત), શ્રી નરભેરામ ઝવેરી (તલાજા), અને ડૉ. કૃષ્ણશંકર ઉપાધ્યાય, ગોંડલ વિદ્યાધિકારી શ્રી ચંદુલાલ બહેચરલાલ પટેલ, શ્રી દિવાન જેવા વગેરેએ યોગ્ય સહાનુભૂતિ અને પ્રોત્સાહન આપ્યું છે.

સિવાય છાપવા લાયક નકલમાંથી માંડી પ્રૂફો તપાસવાનું કામ તેમજ શ્રીજીએ તૈયાર કરેલાં ઉપનિષદ્નાં વાક્યોને ટૂંકાં કરવાં, પ્રસ્તાવના માટે યોગ્ય સલાહ તથા સાંકળિયું, અનુક્રમણિકા તૈયાર કરવાં વગેરે સર્વ કામ કેવળ નિષ્કામ સેવાથી અમદાવાદ યોગાશ્રમવાળા શ્રીજીના પરમભક્ત શ્રીમનુવર્યજી તથા હરિજન આશ્રમ સાબરમતીવાળા શ્રી પ્રતાપરાય ઉપાધ્યાયનો ફાળો અમૂલ્ય જ છે; શ્રી ચીનુભાઈ મુન્સફ તથા યોગાશ્રમના અન્યભક્તોએ પણ આમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ મદદ કરી છે, તેમ જ હરિજન આશ્રમવાળા શ્રી ઉપાધ્યાય તથા અન્ય સેવાભાવીઓની સેવા પણ પ્રસંશનીય છે, તે સર્વ લૌકિક આભારને પાત્ર થવા ઉપરાંત મહારાજશ્રીના આશીર્વાદથી આત્મોન્નતિના માર્ગે ઘણા આગળ વધ્યા છે; એટલે તેમની આ નિષ્કામસેવા પણ ગુરુભાક્તદર્શક હોઈ કેવળ લોકકલ્યાણને માટે છે એટલું કહેવું બસ છે.

ગીતાદોહનમાં આવેલાં ચિત્રો ખાસ કરીને અમદાવાદના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી. કાન્તે મહર્ષિવર્યની દોરવણી પ્રમાણે તેમની સાન્નિધ્યમાં બેસીને તેઓશ્રીની સૂચનાનુસાર તૈયાર કરી આપ્યાં છે. તેઓ મહાત્માશ્રીના પરમભક્ત છે. ગીતાદોહનની જેમ તેમાંનાં ચિત્રો પણ શાસ્ત્રાંપદ્ધત્યનુસાર નવીનતાદર્શક અને અપૂર્વ છે.

સંદેશ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી. નંદલાલ ચુનીલાલ ખોડીવાળા એમણે આ વિરાટ કાર્ય હાલની લડાઈની કટોકટીના સમયે અત્યંત ભાવનાપૂર્વક ખંતથી જેટલું અને તેટલું સુંદર રીતે અને જલ્દી લોકસેવામાં રજૂ કર્યું છે તે તેમની ધર્મ તથા શ્રીજી પ્રત્યેની ઊંડી ભાવનાનું દ્યોતક હોઈ તેઓએ ગુજરાતી ભાષામાં મૌક્તિકતુલ્ય આવો અજોડ અને અપૂર્વ અદ્ભુત ગ્રંથ ગુજરાતી જનતાની સેવામાં સમર્પણ કરી મહાન પુણ્ય સંપાદન કર્યું છે તથા મરવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તે તેમની લોકોને સાચું જ્ઞાન આપવાની ઇચ્છાનું દ્યોતક સમજી તેઓની એ લોકસેવાની ધગશ માટે શબ્દોથી આભાર માનવો એ ધૃષ્ટતા ગણાશે; જેથી અમો શ્રીજીની આશિષથી તેઓ ઉત્તરોત્તર આવાં ઉત્તમોત્તમ પ્રકાશનો જ જનતાજનાર્દનની સેવામાં રજૂ કરે; તે માટે ઈશ્વર તેમને બળ તથા સદ્બુદ્ધિ આપો એવું ઇચ્છીશું.

પ્રેસમાં કંપોઝીટરથી માંડીને સર્વેએ આ અતિશય અઘરું કાર્ય ઘણા જ ઉત્સાહથી કર્યું છે તેની નોંધ લેવી જરૂરી છે. તેઓનું મહાત્માશ્રીની આશીષથી કલ્યાણ થાય એમ ઇચ્છીશું.

આ સિવાય પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે જેમણે જેમણે મદદ કરી હોય તે બધાની નિષ્કામ સેવાની વ્યક્તિશઃ નોંધ લેવી શક્ય નથી, પરંતુ તેઓ શ્રીજીની કૃપાને અવશ્ય પાત્ર છે.

અંતમાં મહર્ષિવર્ય ઉત્તરોત્તર પોતાના સ્વાનુભવયુક્ત જ્ઞાનનો લાભ જનતાને આપે એવી નમ્ર વિનંતિ સહિત અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે.

અમારે જનતાને એક વિજ્ઞપ્તિ સાદર કરવાની કે ગીતાદોહન લખનાર આ અવતારી એવી દિવ્ય વિભૂતિ કોણ? તેમનો જન્મવૃત્તાંત જાણવાને લોકો આતુર છે પરંતુ તે કાર્ય ઘણું જ દુર્ભિળ છે. જે થોડું ઘણું અમો જાણી શક્યા તે વિશ્વશાંતિ નામના સાતમા પ્રકાશનમાં અમોએ આપેલું છે. છતાં ગીતાદોહનમાં પણ સંક્ષેપમાં આવે એવી લોકોની તીવ્ર ઇચ્છા જણાયાથી તેમનો પરિચય સ્વતંત્ર રીતે અન્યત્ર સંક્ષેપમાં આપવાનો પ્રયત્ન કર્યો છે, તે જોવો. છેવટે અમુલ્યમંથરૂપી રત્ન જનતાજનાર્દનની સેવામાં મૂકાય છે, તે જોઈ અમો ફરી ફરી સહર્ષ આનંદ પ્રદર્શિત કરી મહાત્માશ્રીની શુભાશિષ ઇચ્છી પ્રણામ સહિત વિરમીએ છીએ.

ગીતાદોહનગ્રંથપ્રાકટ્યદિનઃ શ્રીમન્નૃપશાલિવાહનશકે ૧૮૬૮ વ્યયનામસંવત્સરે, વિક્રમાર્ક સંવત્સરે ૨૦૦૨. વૈશાખ શુક્લ ૩ (અક્ષય્ય તૃતીયા), વીજયશકે ૫૦૮૨, મંદ (શનિ.)વાસરઃ સ્થળઃ પંચવટી આશ્રમપક્ષો.	મહર્ષિવર્યની શુભાશિષ ઇચ્છતાઃ— **નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ** **જયંતિલાલ કલ્યાણરાય ઠાકાર** **એ. સી. અમીન** **ધીરજલાલ પ્રાણજીવનદાસ પારેખ**

* મંત્રાલયો તથા કાર્યવાહકો, શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકાશન તથા સલાહકાર સમિતિ, મુંબઈ.

* (૧) શ્રીના. ખં. દેસાઈ. બી. એ. એલ. એલ. બી. પ્રોફેસર ઓફ લૉ; પ્રોફેસર પોદ્દાર કોલેજ ઓફ કોમર્સ,

સૂચના

શ્રીકૃષ્ણાત્મજ વાઙ્મુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળા પ્રકાશન અને સલાહકાર સમિતિ તરફથી સમિતિને હક્ક સંબંધમાં આ સૂચના પ્રકટ કરવાની ફરજ પડે છે કે શ્રીકૃષ્ણાત્મજ વાઙ્મુધાના અત્યાર સુધી પ્રકટ થયેલા કોઈ પણ પ્રકાશનના સમગ્ર હક્કો અન્ય કોઈને પણ આપવામાં આવેલા નથી, તેમ આપવાની ઇચ્છા પણ નથી. દત્ત પરશુરામની બીજી આવૃત્તિમાં સર્વ હક્ક પ્રકાશન સંસ્થાને સ્વાધિન છે, એમ છાપ્યું છે પરંતુ તે ભૂલ પુસ્તકો છપાઈ ગયા પછી માલૂમ પડી તેથી ત્રીજી આવૃત્તિ વખતે તે સુધારી લેવામાં આવશે. સર્વ હક્કો ગ્રંથકર્તાને સ્વાધિન રાખવાની અને તેવી સ્પષ્ટતા કરવી જોઈએ એ વાત અનુભવને અંતે સમિતિને જણાઈ છે, અને તે પ્રમાણે જ રાખવા સમિતિએ નિર્ણય કર્યો છે. આજ સુધી કોઈને પણ હક્કો આપેલા નથી. આ ગીતાદોહનનું પુસ્તક પહેલી અને બીજી એમ બે આવૃત્તિઓ છાપવા માટે પ્રકાશક સંસ્થા સંદેશ લિમિટેડને સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નંદલાલ ચુનીલાલ ખોડીવાળાનો શુભ આશય જોઈ પરવાનગી આપવામાં આવેલી છે. જો તેઓ કોઈ કારણથી બીજી આવૃત્તિ નહિ છાપી શકે તો તે સમિતિએ ઠરાવેલા નિયમ પ્રમાણે ગમે તેને આપી શકાશે, દત્ત પરશુરામ પ્રકાશન પાંચની ત્રીજી આવૃત્તિ પણ આ પ્રકાશક સમિતિ સંદેશ લિમિટેડ તરફથી જ બધે ભાગે આવતા જાનેવારી ૧૯૪૭ પછીના અરસામાં પ્રકાશિત થવાનો સંભવ છે, જેથી પ્રકાશન પાંચ અને છ સિવાયના અત્યાર સુધી પ્રકટ થયેલા પ્રકાશનો પ્રકટ કરવાના સર્વ હક્કો નીચેની શરતે સર્વાધીન છે.

"કર્તાની કે સમિતિની પરવાનગી સિવાય કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વિના અક્ષરશઃ છાપવાની શરતે સર્વ હક્કો સર્વાધીન છે. પરંતુ જેમની છાપવાની ઇચ્છા હોય તેમણે તેમ કરતાં અગાઉ સમિતિને જણાવી તેની મંજૂરી મેળવી તેમ કર્યાનો ઉલ્લેખ પુસ્તકમાં કરવો જરૂરી છે. જો પરવાનગી સમિતિ પાસેથી કેવળ પ્રકાશનના લોકકલ્યાણના શુદ્ધ હેતુનો વિચાર કરીને કોઈ પણ ન્હોં બદલા સિવાય મેળવી શકાશે."

કોઈને કાંઈ પૃચ્છપરછ કરવી હોય તો તેમણે નીચેના સરનામે કરવી. પત્રવ્યવહાર જવાબ માટે ટિકિટો મોકલીને કરવો.

સરનામું:
શ્રી ના. ખં. દેસાઈ
બી. એ. એલ. એલ. બી. (એડવોકેટ. ઓ. એસ.)
હાઈકોર્ટ લાયબ્રેરી, મુંબઈ ૧.
ઠેકા : ૫ બી. ૪૦ સોનાવાલા બિલ્ડિંગ,
તારદેવ, મુંબઈ ૭

સંચાલક:
શ્રી નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ
શ્રી કૃષ્ણાત્મજ વાઙ્મુધા પ્રકાશન
અને સલાહકાર સમિતિ, મુંબઈ.

માટુંગા (મુંબઈ); એડવોકેટ (ઓ. એસ.) મુંબઈ હાઈકોર્ટ તથા ફેડરલ કોર્ટ ઓફ ન્યુદિલ્હીના પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી દોઈ આ સમિતિના સંચાલક છે. (૨) શ્રી. જયંતિલાલ કલ્યાણરાય ઠાકોર બી. એ. એલ. એલ. બી. મુંબઈ પ્રોવિન્શીઅલ ઇકરટાઇલ કંટ્રોલરનો હોદ્દો ધરાવતા મોટા અધિકારી છે. (૩) શ્રી એ. સી. અમીન બી. એ. એલ. એલ. બી. એડવોકેટ (ઓ. એસ.) હાઈકોર્ટ મુંબઈ તેમજ મુંબઈ સ્મૉલ કૉઝ કોર્ટના કામચલાઉ જજ અને ડિરેક્ટર ઓફ એસેન્શિઅલ વડોદરા તથા (૪) શ્રી. ધીરજલાલ માણેકચનદાસ પરિખ એમ. એ, પ્રોફેસર ઓફ ગુજરાતી, રામનારાયણ કૉમર્સ કૉલેજ અને પોદ્દાર કૉલેજ ઓફ કૉમર્સ માટુંગા (મુંબઈ)માં પ્રોફેસરનો હોદ્દો ધરાવતા યુનિવર્સિટિના માનનીય પ્રબંધક છે, એઓ સમિતિના મહદ્ દીશા કાર્યવાહકો અને સલાહકારો છે. આ નિવેદન તેમ જ મહાત્માશ્રીના આદર્શ વૃત્તનો ખરડો શ્રી. ના. ખં. દેસાઈએ સમિતિ તરફથી તૈયાર કરી સમિતિના અન્ય કાર્યવાહકોની સંમતિથી તેમાં યોગ્ય ફેરફારો સહિત પ્રકાશન અર્થે આપ્યો છે, જેથી પ્રકાશક સંસ્થા તેમનો આભાર માને છે.

ॐ तत्सत्

कृष्णं वन्दे जगद्गुरुम्

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

મહર્ષિવર્યનું આદર્શવૃત્ત

પ્રયોજન

ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા નામનો આ અપૂર્વ ગ્રંથ કે જે શબ્દેશબ્દ કિંવા અક્ષરેઅક્ષર અમૂલ્ય એવા જ્ઞાનમૌક્તિકથી ભરેલો છે તેમાંના જ્ઞાન સંબંધે ચર્ચા કરવાનો અમારો અધિકાર નથી તેમ જ તે માટે વધુ વિશેષણો લગાડીને સૂર્યની સામે મશાલ ધરી તેને તેજસ્વી બનાવવાનો દાવો કરવાનો પણ અમારો પ્રયત્ન નથી, પરંતુ જેમ સૂર્ય સ્વયંપ્રકાશ હોય છે, તેને પ્રકાશવાને બીજા કોઈ સાધનની જરૂર હોતી નથી તેમ આ ગ્રંથમાં આવેલા જ્ઞાનભંડારની ખાતરી તો જિજ્ઞાસુ વાચકોએ વાચનદ્વારા કરી લેવી ઇષ્ટ ગણાશે. અમારો આ પ્રયત્ન તો નિવેદનમાં જણાવ્યા મુજબ લોકોના આગ્રહને લીધે પરમ અવતારીય મહર્ષિવર્ય શ્રીકૃષ્ણાત્મજજી મહારાજનો સંક્ષેપમાં પરિચય આપવા પૂરતો હતો.

ગીતાદોહન જેવા અપૂર્વ ગ્રંથના કર્તા કોણ છે? કેવા છે? એમનું ધ્યેય શું? એ મહાન વ્યક્તિ કોણ છે? વગેરે પ્રશ્નો લોકો પૂછી રહ્યા છે. એનો ઉત્તર અમો ફક્ત એટલો જ આપીશું કે જેવી તમો ગ્રંથમાં અપૂર્વતા જોશો તેવી જ ગ્રંથકર્તામાં પણ હોય એ સ્વાભાવિક છે. એટલે જો ગ્રંથ અવર્ણનીય હોય તો ગ્રંથકર્તા માટે પણ એ જ ન્યાય લાગુ પડે છે. અમોએ વિશ્વશાંતિ નામના નાનકડા સાતમા પ્રકાશનમાં મહર્ષિવર્યનો પરિચય ટૂંકમાં આપવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે તેમ જ આ ગીતાદોહનના અધ્યાય અઢારના છેવટના ઉપસંહારના ભાગમાં ખુદ ભગવાન તેમ જ મહર્ષિ વસિષ્ઠજી વગેરેનું મંતવ્ય (પૃષ્ઠ ૮૯૦-૮૯૧) છે તે જોવાથી જિજ્ઞાસુઓને કાંઈક ઝાંખી વા ઓઝરતી કલ્પના એટલે કાંઈક અંશે ખ્યાલ આવશે. વૈકુંઠમાં ભગવાનની સભામાં પ્રત્યક્ષ શ્રીસિદ્ધિવિનાયક ગણેશજીએ પણ તેમને મહર્ષિ કહી સંબોધેલા છે એટલે અમોએ પણ તેમને માટે મહર્ષિવર્ય એવું યથાર્થ સંબોધન અહીં વાપરેલું છે.

અવતારીય કહેવાનું કારણ

જગતમાં કોઈ પણ વ્યક્તિ એવી નહિ હોય કે જેણે પ્રાચીન સમયમાં થઈ ગયેલા સમર્થ એવા વસિષ્ઠ, વિશ્વામિત્રાદિ મહર્ષિઓનું નામ સાંભળ્યું નહિ હોય. તેઓનું અગાધ જ્ઞાન, તેઓની મહાન શક્તિ અને તેઓનો ત્યાગ ઇત્યાદિ સંબંધમાં શાસ્ત્રમાં આવતાં વર્ણનો સાંભળીને જગત અદ્યાપિ પણ આશ્ચર્યચકિત બની જાય છે. મહર્ષિઓ કેવળ વાયુભક્ષણ કરીને રહેતા, ઝાડના લીલાં કે સુકાં પાંદડાંઓ કિંવા ફળફૂલ વગેરે ખાઈને પોતાનું જીવન વ્યતીત કરતા; જંગલોમાં પહાડોની ગુફાઓ તથા બીલોમાં પણ રહેતા; કોઈ કોઈ દિગંબર અવસ્થામાં, કોઈ કોઈ એકાદ લંગોટી લગાડીને અને કોઈ કોઈ તો કેવળ વલ્કલ (ઝાડની છાલ) ઓઢીને જ પણ રહેતા; આવાં આવાં શાસ્ત્રમાં આવતાં અનેક વર્ણનો આધુનિક ભૌતિક યુગને માટે તો કેવળ કલ્પના પૂરતાં જ ઉપયોગી નીવડે છે. શાસ્ત્રમાં આવતાં આવાં વર્ણનો વાંચી અર્વાચીન સમયમાં જો કે તે પ્રત્યે કોઈ અનાદર્યા બતાવી શકતાં નથી, છતાં એમ કહેવામાં આવે છે કે તે વર્ણનો તો પ્રાચીન યુગને માટે હશે, અર્વાચીન યુગમાં આપણે માટે તો તેની કલ્પના કરવી એટલું બસ છે. આ રીતે જે વાતને માટે અમો શંકા સેવીએ છીએ, જે વાત આજે અમોને અશક્ય હોય એમ લાગે છે તેની પ્રત્યક્ષ ખાતરી કરાવી આપવાને અર્થે સાક્ષાત્ ભગવાને ભૂતળમાં મહર્ષિ વસિષ્ઠના કુળમાં બ્રાહ્મણગૃહે આ સ્વરૂપે અવતાર ધારણ કર્યો છે, જે સાક્ષાત્ ભગવાન તથા મહર્ષિ વસિષ્ઠજીના કથન ઉપરથી જાણી શકાય

તેમ છે (જુઓ અધ્યાય ૧૮ ઉપસંહાર પૃષ્ઠ ૮૬૦-૮૬૧). પત્થરમાં રત્નો પાકે, કોલસામાં હીરો નીપજે, શુદ્ધ બીજ હોય તો તેમાંથી રસથી ભરપૂર અને ઉત્તમ સ્વાદવાળાં ફળો પાકે છે તેમ સદાચારસંપન્ન થઈ શાસ્ત્રશુદ્ધ, વર્ણાશ્રમધર્માનુસાર કરવામાં આવતા શુદ્ધ ગૃહસ્થાશ્રમના પાલન થકી જગતમાં શુદ્ધ, પ્રભાવશાળી અને ઈશ્વરના અંશરૂપ સંતતિ પેદા થાય છે. ઈશ્વર પોતે અવતાર, અંશાવતાર અને પ્રતિઅંશાવતાર ઇત્યાદિ અનેકરૂપે જગતમાં અજ્ઞાની અને અવિવેકી લોકોના દુઃખનો નાશ કરવાના ઇરાદે જન્મ ધારણ કરવા ઇચ્છે છે, પરંતુ ઈશ્વરને તેવા અવતારો ધારણ કરવાને માટે જગત મધ્યે ભૂમિ પણ શુદ્ધ જ હોવી જોઈએ. આથી જ નીતિ, ન્યાય, સંયમાદિ નિયમોનું પાલન તથા તપશ્ચર્યાદિ કરવા શાસ્ત્રકારો પોકારી રહ્યા છે. જ્યાં ગૃહસ્થધર્મનું સદાચાર, શાસ્ત્રશુદ્ધ, નીતિ, ન્યાય અને વર્ણાશ્રમોચિત રીતે યથાર્થ પાલન કરવામાં આવતું હોય ત્યાં ઈશ્વરાંશયુક્ત એવી શુદ્ધ સંતતિ જ નિર્માણ થાય છે. એવો નિયમ છે કે શાસ્ત્રમાન્ય એવા વર્ણાશ્રમધર્મનું સદાચારયુક્ત યથાર્થ પાલન કરનારા કુટુંબમાં દર ત્રીજી પેઢીએ યશ, શ્રી, લક્ષ્મી, ઐશ્વર્ય વગેરે ઐહિક સંપત્તિ ઉપરાંત તપ, ગુણયુક્ત ઈશ્વરનો અંશ, પ્રતિઅંશ જન્મ લે છે.

નદીનું મૂળ અને ઋષિનું કુળ

મહાત્માઓનું ચરિત્ર અદ્ભુત હોય છે એમ કહેવામાં આવે છે એ કાંઈ ખોટું નથી. ધન્ય છે એ પવિત્ર કુળને અને જેની કુખમાં સાક્ષાત્ ભગવાને અવતાર ધર્યો તે ભગવત્ સ્વરૂપ માતાને ! અમોએ આ અવતારી મહાત્માશ્રીનો સંક્ષેપમાં પરિચય આપવાનું દુર્ઘટ કાર્ય માથે લીધું છે કેમ કે તેમનું ચરિત્ર તો તેઓ પોતે પ્રગટ કરે તો જ બની શકે તેમ છે. તેમને વિનતિ કરતાં તેઓ કહે છે કે, "નદીનું મૂળ નહિ અને ઋષિનું કુળ નહિ" જેમનું જીવન પૂર્ણ થયું છે એટલે જીવભાવનો પૂર્ણપણે વિલય થયો હોય તે જ જીવાત્મા મટી મહાત્મા બને છે. આ ન્યાયે મહાત્માઓનું જીવન ક્યાંથી સિલકમાં હોય ? તેમના જીવન સંબંધમાં કોઈ વાઙ્મય પ્રસિદ્ધ નથી. સિવાય કેટલાકો તરફથી તેમનાં વૃત્તાંતોના ચિત્રવિચિત્ર પ્રસંગો મળે છે. તે ઉપરથી જડભરત અને રહુગણ રાજાનું ભાગવતમાં આવેલું દૃષ્ટાંત યાદ આવે છે. ' આપ કોણ છો? બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા આપ ગુપ્ત રીતે વિચરનારા કોણ છો ? આપ અહીં કયા કારણે ગુપ્તપણે વિચરી રહ્યા છો ? મને લાગે છે કે જગકલ્યાણ કરવાના ઇરાદા વડે પધારેલા આપ સાક્ષાત્ વૈકુંઠાધિપતિ તો નથી ને ? મને મહાત્મા પુરુષનું અપમાન કરવાથી જેવો ભય લાગે છે તેવો ઇન્દ્રના વજ્રનો, મહાદેવના ત્રિશૂળનો, યમદેવના દંડનો કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ તથા કુબેરના અસ્ત્રનો પણ લાગતો નથી; માટે હે મહાત્મન્! આપ મને આપનું સાચું સ્વરૂપ કહો. આપ સંગરહિત જીવન્મુક્ત છતાં જડની પેઠે વિચરો છો. આપનો વિજ્ઞાનરૂપી પ્રભાવ જો કે ગુપ્ત છે છતાં આપ જ્ઞાનના સાગર છો. આપનો મહિમા અનંત છે. આપનો મહિમા જાણવા કોણ સમર્થ છે ? જગતનું કલ્યાણ કરવા માટે આપ આમ ગુપ્ત રીતે વિચરી રહ્યા છો ? વગેરે (જુઓ ભા૦ સ્કં૦ ૫, અધ્યાય ૧૦ થી ૧૬).' આ મુજબ અવધૂત સ્વરૂપ આ મહર્ષિવર્યના જીવન સંબંધમાં અમોને જે જે પ્રસંગો ઉપલબ્ધ થતા જાય છે તે ઉપરથી તેઓ અવશ્ય જગતમાં ગુપ્ત રીતે વિચરનારા કોઈ અવધૂત છે, એવું અનુમાન દૃઢ થતું જાય છે. તે પૈકી કેટલાક પ્રસંગો અમે આપીએ છીએ.

સ્થળે સ્થળે એમનાં અનેક નામો જણાય છે, પૂર્વાશ્રમ સંબંધી પોતે કોઈને કાંઈ ખાસ કહેતા નથી એટલે લોકો પોતપોતાની મનસ્વી રીતે તેઓની જુદી જુદી સંજ્ઞાઓ રાખે છે. કોઈ જુવા, કોઈ મૌની, કોઈ સાંકળીવાળા, કોઈ પલાળવાળા, કોઈ ફરાળી બાવા, કોઈ વનવિહારી, કોઈ પંડતવાળા, કોઈ મહાત્મા દાણી, કોઈ મહારાજ, કોઈ મહાત્મા, કોઈ દુર્વાસા ઇત્યાદિ તેમનાં નામોની અનેક સંજ્ઞાઓ હોવાનું મળી આવે છે. આશ્ચર્યની વાત તો એ કે ત્રણ જણાઓ તરફથી તેમનો જન્મ પોતાના કુટુંબમાં થયો હોવાનો દાવો કરવામાં આવે છે! કેટલાકો કહે છે કે તેઓ મોટા તપસ્વી ને યોગી હોવાથી શરીરમાં ફેરફારો કર્યા કરે છે. વગેરે આવી પરિસ્થિતિમાં તેમનું જીવનવૃત્ત આપવાનું કાર્ય અત્યંત કઠિન છે, છતાં અમો

જે કેટલાક પ્રસંગો અત્રે લોકો સમક્ષ મૂકવા માગીએ છીએ તે પૈકી કેટલાક પ્રસંગવશાત્ મહર્ષિવર્યના મુખમાંથી લહેરમાં અકસ્માત્ નીકળેલા હોઈ તે વિષે વિશ્વસનીય ખાત્રા કરીને જ લખેલા છે. અમારો આ પ્રયત્ન મહર્ષિવર્યની ઘેલી ભક્તિમાં યા ભાવાવેશને લીધે મોટું સ્વરૂપ અતાવવાનો નથી, પરંતુ સામાન્યતઃ લખી શકાય તેવી દૃષ્ટિનું અવલંબન કરીને લખવામાં આવ્યું છે. અલબત તેમાં થોડું ક લંબાણ થયું છે, છતાં પ્રસંગો વિલક્ષણ હોવાથી અમોએ એ અતિશયોક્તિ દોષારોપને પણ સ્વીકાર્ય માન્યો છે.*

* એક વખતે બ્રહ્મલોકની સભામાં શ્રીમહર્ષિ વસિષ્ઠજી સર્વ દુઃખોનું નિવારણ કરનારા તત્ત્વજ્ઞાનનો ઉત્તમ બોધ આપી રહ્યા હતા, તે સાંભળીને સર્વ સભાસદો એટલા બધા તન્મય બની ગયા હતા, કે તે સભામાં નારદાદિપાર્ષદો સાથે વૈકુંઠાધિપતિ ભગવાન આવીને ઉભા રહ્યાં છતાં, સર્વ સભા પથ્થરની જેમ નિશ્ચેષ્ટ, એટલે રમકડાંનો માફક તદ્દન નિશ્ચલ જ હતી, તેઓ સર્વેની પોતાના પર સ્વરૂપની સાથે તદાકારતા પ્રાપ્ત થયેલી જોઈ, ભગવાન ઘણા જ હર્ષિત થયા. કેટલાક સમય બાદ બ્રહ્મદેવાદિ સહ સભાસદો સમાધિમાંથી જાગ્રત થવા લાગ્યા. તેમણે સાક્ષાત્ વૈકુંઠાધિપતિ ભગવાનને જોયાં, તેમની ક્ષમા માગી અને પાર્ષદાદિનું પૂજન વગેરે કરી યોગ્ય સત્કાર કર્યો. ભગવાન અતિ પ્રસન્ન થયા હતા અને મહર્ષિ વસિષ્ઠજી પ્રત્યે બોલ્યાઃ —

હે મત્સ્વરૂપ વસિષ્ઠ મહર્ષિ ! તમારા બ્રહ્મલોકની સભામાં કહેલા આ બોધ વડે કૃતકૃત્ય થઈ આ બધા મારા પરસ્વરૂપની સાથે તદાકાર બની ગયા. ખરેખર આ એક અતિ અદ્ભુત પ્રસંગ છે. મારી સૃષ્ટિ રચનાનું સાર્થક થયું એમ હું માનું છું. જ્યાં તમારા જેવા સુપૂતો પાકે છે. ત્યાં દુઃખ કયાંથી હોઈ શકે ? પણ તમોને ખબર છે ને ? મારા અપરસ્વરૂપનાં કેટલાક બ્રહ્માંડોમાં ઘોર કલિયુગની શરૂઆત થઈ ચૂકી છે. તેમાં આ જ્ઞાન અવતીર્ણ થવાની ખાસ જરૂર છે, કેમ કે તેઓ એટલા બધા અવિવેકી, અવિચારી અને મૂઢ બની ગયા છે, કે સ્વસ્વરૂપની કલ્પનાથી પણ અજ્ઞાત છે અને એટલા માટે જ તેઓ ભયંકર દુઃખો ભોગવે છે જો કે એ બધું મારી આજ્ઞાથી અપરસ્વરૂપના નિયંતા ઈશ્વર સ્વરૂપે મેં જ નિયત કર્યું છે, છતાં હે મહર્ષિ ! જેઓ મારી પ્રાપ્તિની ઇચ્છા કરી રહ્યા છે, તેવા મારા ભક્તોના ઉદ્ધારને અર્થે તમારા ગોત્રમાં શુદ્ધ અને પવિત્ર કુળમાં કળિયુગના સુમારે ૫૦૦૦ પાંચ હજાર વર્ષો સંપૂર્ણ થયા પછી હું પોતે જ અવતીર્ણ થઈશ અને ત્રણ દેહો દ્વારા મારા ભક્તોનો ઉદ્ધાર કરી છેવટના દેહ વડે તમોએ કહેલું આ જ્ઞાન હું ત્યાં અવતીર્ણ કરીશ અને તેઓને દુઃખમાંથી છોડાવીશ. હે સભાસદો અને મહર્ષિગણો ! તમારે પણ તે સમયે મારા અંશાવતાર પ્રતિ અંશાવતાર રૂપે અવતીર્ણ થવાનું છે અને બધી સંપૂર્ણ વ્યવસ્થા થઈ રહ્યા પછી મને તે વખતના મારા માનેલા દેહ અને માતાપિતા તેમ જ સંબંધીઓમાંથી છૂટી જગત કાર્ય માટે પ્રસ્થાન કરવા જણાવવાનું છે. હે તાત દત્તાત્રેય ! આ કાર્ય તમારી દેખરેખ નીચે કરવાનું છે, કેમ કે કાલદેશાનુસાર હું તમારી અવધૂત પરંપરાથી જગતમાં વિચરવા માગું છું એ પ્રમાણે કહી ભગવાન એકાએક અંતર્ધાન થયા.

વર્ષો પૂર્વે ખેતીમાં ભાગ બટાઈ કિંવા હોળની પદ્ધતિ હતી. સરકાર દ્રવ્યરૂપમાં દાણ (મહેસુલ) લેતા ન હતા, પરંતુ પાકે તેમાંથી ઠરાવેલો હિસ્સો કિંવા હળની સંખ્યાના પ્રમાણ ઉપર દાણ (મહેસુલ) લેવામાં આવતું હતું. તેનો ઈન્સ્પેક્શન આપવામાં આવતો હતો તે પૈકી ગામ દેવગ્રાળ, જીલ્લા અહમદનગરના રહીશ, એક અત્યંત પવિત્ર, સદાચરણી, ધર્મપરાયણ વસિષ્ઠ ગોત્રોત્પન્ન બ્રહ્મકુલમાં ઉત્પન્ન થયેલા સુશીલ સદ્ગૃહસ્થ હતા તેઓ પછી રાજકૃપાને પાત્ર થઈ રાજાના મુખ્ય સલાહકાર ને મંત્રી બન્યા હતા. તેમનાં પત્ની પણ પરમ દેવભક્ત દાની અને વાકસિદ્ધિવાળાં હતાં. તેઓને સંતાન ન હતું અને લગભગ આશા પણ મૂકાઈ હતી. પુત્ર પ્રાપ્તિ માટે ઘણાં વ્રત, તપ, યજ્ઞ, યાગ, દાન વગેરે કર્યાં. છેવટે વાનપ્રસ્થ લેવાના હેતુથી તેઓએ એક વખતે તીર્થ યાત્રામાં જઈ આવવાનું ઠરાવ્યું અને ત્યાંથી આવ્યા બાદ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાનો વિચાર કર્યો તે વખતે હાલના જેવા પ્રવાસનાં સાધનો ન હતાં, પણ બીજાં ઘણાં સાધનો હતાં.

સુમારે બેથી બ્રહ્મી વર્ષ પર્યંત તેમણે તીર્થાટન વગેરે કરી, ચારે ધામોની યાત્રા પરિપૂર્ણ કરી પોતાને સ્વસ્થાને આવ્યા અને શ્રી ગણેશજીના સંકષ્ટ ચોથના વ્રતનો આરંભ કર્યો અને તે પણ સૂર્યોદયથી રાતે ચંદ્ર ઊગે ત્યાં સુધી આખો દિવસ ઉભા રહેવાનું અને પછી સ્નાન કરી ગણેશજીનું ષોડશોપચાર પૂજન કરી તેમને જે સવારે ૨૧ દુર્વા ચઢાવ્યાં હોય તેટલા બારોને પારણું કરવાનું. એવું વ્રત દંપતિએ શરૂ કર્યું. વિઘ્નહર્તા ગણેશજી પ્રસન્ન થયા; અને લગભગ ૬૦-૬૫ વર્ષની વૃદ્ધાને એકાએક પુનઃ યુવા ધર્મ પ્રાપ્ત થયો અને ગર્ભ ધારણ થઈ. આ વાત જેમના જાણવામાં આવી તેઓ આશ્ચર્યચકિત બન્યા પણ ઈશ્વરીય લીલા અગાધ છે. દિનપ્રતિદિન ગર્ભ વૃદ્ધિ થઈ રહી તેમાં

મહર્ષિવર્ય જી ઘણી નાના ઉમરમાં એટલે શુમારે ૪-૫ વર્ષના હશે ત્યારે કુવામાંથી નાના ઘડા વતી પાણી કાઢીને સ્નાન કરતા હતા. બાળચેષ્ટાનુસાર તેમનો એ સ્નાનવિધિ ચાલુ હતો એટલામાં તેમને એકાએક એવો સુવિચાર આવ્યો કે પુત્રને નાનપણમાં ભગવાન મળ્યા તો આપણને કેમ ન મળે ? પણ પુત્ર તો જંગલમાં ગયા એટલે તેમને ભગવાન મળ્યા અને મારે તો અહીં બેઠા બેઠા મેળવવા છે. એવો વિચાર કરે છે એટલામાં તત્કાળ ત્યાંને ત્યાં જ તદ્દન સ્થિર થઈ ગયા. સામે એક શાંત, ગંભીર અને દિવ્ય તેજનો સૂર્યસમો પૂંજ તેમના જોવામાં આવ્યો અને તે તેજનો પૂંજ પૂંછડીયો તારો જેમ લાંબો થાય તેમ મહર્ષિવર્યના મસ્તકની આજુબાજુ ગોળ કુંડાળાના આકારે ફરી વળ્યો. અને ધીરેધીરે મહર્ષિવર્યની બંને

પણ દેવાંશ તો હોય જ ને ! દશમે માસે પુત્રરત્ન પ્રગટ થયું. વૃદ્ધ માતા પિતાના હરખનો તો પાર નહિ રહ્યો. દૈવયોગે સંપત્તિ સારી હતી. કરી મણા ન હતી. પુત્ર દિને દિને વૃદ્ધિંગત થવા લાગ્યો. માતા પિતાના આનંદનું તો શું પૂછવું ! સાથે સાથે વૃદ્ધાવસ્થાની ચિંતા, છોકરા માટે શું કરવું, બધાં કુટુંબી અને આશ્રિતોને એકઠા કર્યા (પૂર્વે મોટા લોકો શક્તિ અનુસાર આશ્રિતોને પોતાની પાસે રાખતા હતા). સર્વેની સંમતિથી એક વાડો (મોટું ઘર, જેમ રાજાના મોટા ઘરને રાજવાડો કહે છે, તેમ મોટા ઘરને વાડો કહેવામાં આવતું) બાંધવાનો વિચાર કર્યો. શુભ મુહૂર્ત જોઈ પાયો નંખાયો. ખૂંટી રોપનારને માથામાં વાગી અને નાગ હલ્યો. રાત્રે સ્વપ્નું આવ્યું કે તેં મારો મોટો અપરાધ કર્યો છે, આ જગા મારાથી રક્ષિત છે માટે તારા ઐશ્વર્યનો યા તો વંશનો નાશ કરું ! નાગનું આ કથન સાંભળીને એ ગભરાટની અવસ્થામાં સમયસૂચકતા વાપરી ઐશ્વર્યનો નાશ ભલે કરો એમ કહ્યું. સવારે આ સ્વપ્નની વાત પત્નીને કરી. આશ્રિતોને પણ કહી. છેવટે ભાઈએ ગણેશજીની ઉપાસના કરી હતી, તેથી ભાઈની સંમતિથી ત્યાં વાડાને બદલે શ્રી ગણેશજીનું મંદિર બાંધવા ઠરાવ્યું. આ પાયો નંખાયો રાત્રે ફરી સ્વપ્નું આવ્યું. આજે ભાઈને તો સાક્ષાત ગણેશજીએ આવીને કહ્યું કે ઘણું સારું કર્યું. આ તપોભૂમિ બનશે. આ તારા પુત્રને ઘેર ભગવાન પોતે ત્રીજું શરીર ધારણ કરશે તે જ્યારે " **वसुधैव कुटुंबकम्** " થશે ત્યારે કેટલોક વખત અહીં તપશ્ચર્યા કરશે. તેમના વિહારથી આ બધી ભૂમિ પરમ પાવન થશે. એ અવધૂત યોગેશ્વર, મહાન સમર્થ થશે, પણ અવધૂત દશાનો તેમનો નિર્ધાર હોવાથી તેઓ સંપત્તિને ઇચ્છતા નહોતા. આથી આ શાપ થયો છે. માટે ચિંતા ન કરશો. આ રોપ નાગ જ અહીં એ ભગવાનની નિત્ય સંભાળ લેવાને માટે વાસ કરીને રહ્યા છે. આમ તમારા કુટુંબના મહિમાની વૃદ્ધિ થશે. માતાજી એ સાંભળીને દિગ્મૂઢ બની ગયાં હતાં. તેમને કંઈક પૂછવાની ઇચ્છા થઈ. એટલામાં શ્રી ગણેશજી અદૃશ્ય થઈ ગયા. માતાએ આખી રાત ઊંઘ નહિ લીધી અને ભગવાનનું રટણ કર્યા કર્યું. ભગવાન ભક્તનું બધુ હરણ કરી લે છે એમ જે કહેવાય છે તે ખરું, પણ એ હરણ કરનારો ભગવાન મારે ત્યાં ત્રીજે દેહ ધરશે એટલે શું તે સમજી ન શકાયું. અવતરશે કે ત્રીજે દેહ ધારણ કરશે ? આમ વિચાર કરે છે, એટલામાં આકાશવાણી થઈ કે 'ભગવાન અજન્મા હોય છે. તેઓ ગર્ભવાસમાં શા માટે આવે ? તમારે ત્યાં તમારા પુત્રના ગર્ભમાં એક અતિશય તપસ્વી જીવ જન્મ લેનાર છે. તેનું આયુષ્ય ફક્ત અઢી વર્ષનું જ છે. તેમના શુદ્ધ શરીરમાં ભગવાન હાલમાં પોતાના બીજા દેહ વડે જે અવતાર કાર્ય કરી રહ્યા છે, તેનો ત્યાગ કરી આ દેહમાં આવશે અને તમારો આ પુત્ર જે ભગવાનના અંશ સમા એ પુત્રના પિતા ગણાશે. તે દેહમાંનો જીવ ભગવાનના અંશમાં ભળી જતાં લોકો બધા તેને મૃતતુલ્ય માનશે, પણ પાછળથી તેમાંથી દિવ્ય જ્યોત પ્રગટીને તે સજીવન થશે, આ રીતે ભગવાન બે રૂપે ઘેડો સમય અહીં નિવાસ કરશે અને પાંચ વર્ષનો થયા પછી દેવતાઓના આગ્રહથી 'वसुधैव कुटुंबकम्' ની ભાવનાવાળા બનશે. તમારા પુત્રવધુ તરીકે કાશ્યપ ગોત્રમાં એક મહામાયા અવતાર લેશે. તેના મુખ અને પીઠ ઉપર જન્મતાં જ લાલ અને લાલ ચાઠાની નિશાની હશે બાર પુત્રના વિયોગને લીધે તમારો આ પુત્ર ઘેડા જ સમયમાં સ્વધામ જશે. તેથી માતાને વચન આપ્યા પ્રમાણે એ અવધૂત વચ્ચે ઘેડો વખત તેમની પાસે રહેશે. એ સર્વ વિદ્યાસંપન્ન હોવા છતાં કશું પણ નહિ જાણનારો થશે. ગુણોના નિધિ સમા એ અવધૂતનો વિહાર સર્વત્ર થશે અને તે જગતને પાવન કરશે.' આ રીતની આકાશવાણી સાંભળી બધી વાત પતિને કહી અને ઘણાં આનંદિત થયાં. શ્રી. ગણેશ મંદિર બનાવ્યું. પુત્ર બાર વર્ષના વયનો થતાં ઉપર્યુક્ત નિશાનીયુક્ત કાશ્યપ કુલોત્પન્ન સુશીલ શામા સાથે તેમનો વિવાહ થયો અને પછી બન્ને ઈશ્વર શરણમાં શ્રી. ગણેશજીના મંદિરમાં વાનપ્રસ્થ રહી ઈશ્વર સ્વરૂપને પામ્યા બાદ આકાશવાણી પ્રમાણે સર્વ ભવિષ્ય બન્યું. માતા, પિતાને ઘણા અનુભવ થયા હતા. આ મુજબ આ મહાપુરુષનો અવતાર આ ભૂતળમાં થયેલો છે. (પૂજ્યપાદ મહર્ષિવર્યના બ્રહ્મભૂત થયા પછી સંગ્રહમાંથી મળેલું.)

આંખોના વચલા ભ્રમધ્યમાં સ્થિર થઈ તેને ચીરીને અંદર પેસી ગયો. સ્નાનનો લોટો હાથમાં અને મહર્ષિવર્ય તો આ દૃશ્ય એકી ટશે જોઈ રહ્યા હતા. આ દૃશ્યનો વિલય થયા પછી આજુબાજુએ બધે દિગ્મૂઢતા વડે જોવા લાગ્યા કે આ શું હશે અને તે બધું ક્યાં ગયું? ભ્રમધ્યને તપાસ્યું, પણ ત્યાં શું હોય? તદુપરાંત ઘણો પ્રયત્ન કર્યો પણ કાંઈ પત્તો ન લાગ્યો. બાળક સ્વભાવાનુસાર આમતેમ જોઈ આવ્યા તો બધે જેમનું તેમ જ હતું. પોતે આ શું હશે એવા વિચારમાં જ તન્મય બન્યા. એટલામાં તેમને ભ્રમધ્યમાં શ્રીમજ્જ્યોતિ ॐ આકારમાં બેઠેલા જણાયા, તેમાંથી તેઓ ધીરે ધીરે બહાર નીકળી સામે આવીને ઊભા. તેમણે મહાત્માશ્રીના મસ્તક ઉપર હાથ મૂક્યો, અને ॐ શ્રી સિદ્ધિવિનાયકાય નમઃ ॥ એ મંત્રના દિવ્ય પ્રકાશ યુક્ત અક્ષરોને તેમના હૃદય ઉપર પ્રેરતાં, તે અક્ષરો ક્રમે ॐ રૂપ બની જઈ ચૈતન્યયુક્ત દિવ્ય તેજના મહાસાગરમાં લીન થઈ ગયા અને મહર્ષિવર્ય નિર્વિકલ્પતામાં બેસી ગયા. વચ્ચે વચ્ચે જાગૃત થતા ત્યારે તેમને હૃદયમાં મહા ચૈતન્યનો પ્રકાશ જણાતો અને તેમાંથી પ્રથમ ॐની ઉત્પત્તિ થઈ પછી ક્રમે ॐ હ્રું, ગં, વં, ક્રં, દં, ધં, તું હ્રૌં, ॐ ગં ગણપતયે નમઃ તથા ॐ ઐં હ્રૂં, હ્રૌં ઇત્યાદિ અનેક બીજમંત્રોના અક્ષરો સમુદ્રમાંથી જેમ તરંગો સ્ફુરે તેમ સ્ફુરતા અને વળી પાછા ॐરૂપ બની ચૈતન્યરૂપ મહાસાગરમાં વિલીન થઈ જતા જણાતા અને પોતે પણ દેહભાન ભૂલી જઈ તદાકાર બની જતા. આ બધું શું છે એ કાંઈ તેઓને સમજાયું નહિ. જ્યારે વચ્ચે વચ્ચે દેહભાન ઉપર આવતા ત્યારે બાળક સ્વભાવાનુસાર ઘણું મોડું થયું માટે ઘેર બધાં વઢશે એવી ભીતિથી સ્નાનવિધિ ચાલતો. આમ થતાં થતાં તેઓ દોરડા વડે કુવામાંથી પાણી ખેંચતા હતા એટલામાં તેમને બે દાઢીવાળા (મહર્ષિઓ) સામે ઊભેલા દેખાયા (આ ક્રમે વસિષ્ઠ અને વામદેવ અવધૂત હતા એમ ઘણા કાળ પછી ધારણાભ્યાસ સમયે જણાયું) તેમની પાછળ ઘણા દેવતાઓ અને મહર્ષિઓનાં ટોળેટોળાં હતાં. કોઈ પુષ્પવૃષ્ટિ કરે છે, કોઈ સ્વસ્તિ સ્વસ્તિ કરે છે, કોઈ જયજયકાર કરે છે ઇત્યાદિ બધો પ્રકાર જોઈ બાળક મહર્ષિ દિગ્મૂઢ બન્યા. આ બાજુ હાથમાંનો દોર હાથમાં અને કુવામાંથી ખેંચવામાં આવતો હતો તે ભરેલો નાનો ઘડો કુવાની અંદર અધવચ્ચ એમને એમ જ! એ રીતની હાલતમાં પોતે આ બધું દૃશ્ય જોતાં જ સ્તબ્ધ બની ગયા. થોડી વારમાં દંડ, કમંડલુ માલા વગેરે ધારણ કરેલા અવધૂતશિરોમણી શ્રીદત્તાત્રેય ભગવાન સામે આવ્યા અને મહર્ષિવર્યને માથે હાથ મૂકયો તથા શરીરને પંપાળતા બોલ્યા કે આ બધા તમારા દર્શનાર્થે અને તમોને યાદ દેવડાવવાને માટે અહીં આવ્યા છે, કેમ કે તમો પોતે સ્વયં ભગવાનના અવતાર છો. તમો જે કાર્ય માટે અવતીર્ણ થયા છો તે કાર્ય જલદી પતાવો. આ મુજબ દત્તાત્રેય ભગવાન કહી રહ્યા છે, મહર્ષિગણો સ્વાસ્તિ અને જયનાદો કરે છે, ત્યાં તો બાળમહર્ષિજીની આંખો મીંચાઈ ગઈ, અને તત્કાળ ઊભા ઊભા તે જ અવસ્થામાં નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ.

ઘરનાં લોકો ઘણો વખત થવાથી કુવા પર દોડી આવ્યાં. પાણીથી ભરેલો નાનો ઘડો કુવામાં અધવચ્ચ છે, દોર હાથમાં છે, પગ ને શરીર જેમનું તેમ સ્થિર છે, આંખો મિંચાયેલી છે; આવી સ્થિતિ જોઈ વિચારાં ગભરાઈ ગયાં. છોકરાને કોકની ઝાપટ લાગી એમ તેઓએ માની લીધું તથા બધા ઊંચકી પાસે આવેલા શ્રીગણપતિના મંદિરમાં લઈ ગયા. અને ત્યાં પથારી ઉપર સુવાડયા. જાગૃત કરવાના ઘણા ઉપાયો કર્યા પણ બધા વ્યર્થ. શ્વાસ ઊભો, કોઈ કોઈ વખતે અત્યંત મંદમંદ, તો કોઈ કોઈ સમયે બિલકુલ બંધ; વૈદ્ય ઉપચારો કર્યા છતાં ચુમારે ત્રણ દિવસ સુધી આ સ્થિતિ રહી. તે દરમિયાન એક ફણીધર તેમની આજુબાજુ ત્રણ દિવસથી બેફકરપણે ફરતો હતો. લોકો બાળયોગીને છોડી જરા બાજુએ જાય કે તુરત એ ફણીધર મહર્ષિવર્ય ઉપર પોતાની ફણાને પ્રસારીને બેસતો હતો. ઘરનાં લોકોએ પોતપોતાની બુદ્ધિ અનુસાર પુષ્કળ ઉપચારો કર્યા; પરંતુ તેઓ બિચારા શું સમજે કે આ શું સ્થિતિ છે? આમ ત્રણ અહોરાત્ર પછી સમાધિ ઉતરી મહર્ષિવર્ય જાગૃતિમાં આવ્યાબાદ ફણાધર શ્રીમજ્જ્યોતિજીની મૂર્તિની ડાબી બાજુના એક નાના સરખા છિદ્રમાં બધાની સમક્ષ પેસી ગયો. આ દૃશ્ય જોઈ બધા ઘણું આશ્ચર્ય પામ્યા કે આવડો મોટો ફણીધર આમ નાનાસરખી બખળ

જેવો શી રીતે બન્યો ? સમાધિમાંથી ઊઠ્યા પછી તેમણે બધાને સાંત્વન આપ્યું અને કહ્યું કે તમારો મારો વ્યાવહારિક સંબંધ પૂર્ણ થાય છે. મને તો ભગવાન તેડવા આવ્યા હતા અને મારે જવું પડશે. તમોએ મારું દાન જગતને આપી દીધું છે (માતાએ આ સ્થિતિ જોઈ શ્રીગણેશજીની બાધા રાખી હતી કે જો આ બાળકને સારું થશે તો હું તેને આપને અર્પણ કરીશ તથા તે પૂર્વે મહર્ષિવર્યનો જ્યારે અઢી વર્ષની ઉંમરે મૃતતુલ્ય અવસ્થા થઈ હતી અને પુનર્જન્મ થવા પામ્યો હતો ત્યારે પણ આવી જ બાધા રાખી હતી). બાળકનાં આવા વેણ સાંભળીને ઘરના લોકો સમજ્યા કે આ તો આને મૂર્છા આવી હતી તેના ઘેનમાં કાંઈક બોલે છે. પણ પાછળથી ધીરેધીરે થોડા વખતમાં જ તેમની ચેષ્ટાઓ જોતાં જણાયું કે આ કાંઈ જૂદું જ છે, પછી તો નિત્ય શ્રીગણેશજીના મંદિરમાં ધ્યાનસ્થ બેસી રહે. ઊંઘ નહિ. ભૂખ નહિ. કોઈ કોઈ વખતે એવાં વેણો કહે કે જેથી ઘરના લોકો વિચારમાં પડી જાય, આમ ચાર મહિના ગયા પછી ઘરનાં લોકોને પણ ઘણા અનુભવો થવા લાગ્યા. એક રાત્રે તેઓએ માતાને સ્વપ્નમાં કહ્યું કે, "હું કાલે મારા કાર્યને માટે ઘર છોડીને બહાર જવાનો છું માટે મને બે લંગોટ સીવડાવી આપજે. બીજું મારે કાંઈ નહિ જોઈએ." થોડીવાર પછી માતાને બીજું સ્વપ્ન આવ્યું. તેમાં શ્રીગણેશજી દેખાયા અને તેમણે કહ્યું કે "આ તમારા કુળમાં દીપક છે; તે તમારો નથી પણ તમોએ મને અર્પણ કર્યો છે. વળી તે અવતારીય કોઈ જગતકાર્યને માટે આવ્યો છે માટે તેણે તમને કહ્યા પ્રમાણે વ્યવસ્થા કરજો, રાજીખુશીથી પરવાનગી આપશો. તેની ચિંતા તમો સહેજ પણ ન કરશો." સવાર થઈ, બાળક મહર્ષિ સમાધિસ્થના જેમ શાંત પડ્યા હતા. તેમની પાસે ઊઠતાંની વેંત જ માતા ગયાં અને તેમના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યાં. રાત્રીનું સ્વપ્નું યાદ આવ્યું. ગમે તેમ પણ માતૃહૃદય જ ને ! "બેટા તું ખરેખર અમોને છોડીને જઈશ ?" આંખમાંથી આંસુઓ વેરાઈ ગયાં ! થોડીવારમાં જ બાળક મહર્ષિ જાગ્યા. શૌચ, મુખમાર્જન અને સ્નાનાદિ થયા બાદ દૂધ વગેરે પીધું અને કહ્યું, "માતા આજે હવે મારે બહાર જવાનું છે. મને ભગવાન બોલાવે છે, મને બે લંગોટ સીવી આપ. મેં અને ગણેશજીએ તને રાત્રે કહ્યું હતું ને ?" બાળકના વેણ સાંભળી માતૃહૃદય દ્રવ્યું, આ સ્વપ્ન કે સાચું ? તેમની આંખમાંથી ચોધાર આંસુધારા વહી રહી, તેઓ બાળકને બાઝી પડ્યાં, ગોદમાં લઈ બોલ્યાં, "બેટા, તું હજી નાનકડો છે, તારા મ્હોમાંથી દૂધનો વાસ પણ ગઈ નથી, એવી સ્થિતિમાં તું ક્યાં જઈશ ?" વગેરે કહી પંપાળવા લાગ્યાં. કૃષ્ણીધર પ્રથમ શાંત જોવામાં આવ્યો હતો, તેણે આવી જાણે બાળમહર્ષિનો કબજો લીધો. ઘણી આનાકાની પછી અને સમજૂતિ પછી માગણી પ્રમાણે બે લંગોટ સીવડાવી લઈ બાળમહર્ષિએ અનેક પ્રકારનો ઉપદેશ ઘરનાં લોકોને આપ્યો અને સઘળો પૂર્વવૃત્તાંત પણ કહ્યો તથા માતાને પોતાનું સાચું સ્વરૂપ બતાવ્યું. ફરીથી તમોને મળીશ એવું આશ્વાસન આપી સર્વેની વિદાય લઈ ગૃહવાસ છોડ્યો અને વાદળું જેમ વાયુમાં અદૃશ્ય થઈ જાય તેમ આ બાળમહર્ષિ દોડતાં દોડતાં, આનંદમાં ને આનંદમાં દૂર નાકળી જઈ એકાએક અદૃશ્ય થઈ ગયા ! આ વખતે માતાની મનઃસ્થિતિ કેવી થઈ હશે તેનો ખ્યાલ વાચકો જ કરે. પણ આવશ્યક નહિ હોવા છતાં કુટુંબીઓને બંધનમાંથી છોડાવવાના ઉદ્દેશથી, માતાને પુત્રનો મોહ ન રહે તે માટે અને જગતકલ્યાણને અર્થે મહર્ષિવર્યને આ (ગૃહત્યાગ) સંન્યાસમાર્ગની જરૂર જણાઈ. આમ ન થાય ત્યાં સુધી वसुधैव कुटुम्बकम्ની ભાવના બોલવા પૂરતી વાણીમાં જ રહે, વર્તનમાં નહિ.

આ મુજબ સનત્કુમાર અને મુકુંદરાજની જેમ આ બાળયોગી પગે પર્યટન કરતાં, એક ગામથી બીજે ગામ જતા; આ રીતે દિવસો, મહિનાઓ અને વર્ષોનો વચલો લાંબો ગાળો ક્યાં ગયો ? તેમણે શું કર્યું ? વગેરે માહિતી મેળવવા પ્રયત્ન કરતાં જે તૂટક તૂટક માહિતી મળી શકે છે, તે ઉપરથી લાગે છે કે આ બાળયોગીએ અવધૂત દશામાં સિલોનથી કાશ્મિર અને દ્વારકાથી બ્રહ્મદેશ, તિબેટ, ચીન, બલુચિસ્તાન, કાબુલ, વગેરે સર્વત્ર તેમ જ આખા હિંદુસ્તાનમાં પર્યટન કરી અનેક લોકોને પાવન કર્યા છે. તેઓએ ઘણો વખતે હિમાલય કૈલાસ, માનસરોવર, દ્રોણાચલ, ગંધમાદન, સહ્યાદ્રિ, સાતપુડા, અમરકંટક, મહેન્દ્ર, ગિરનાર

વગેરે મોટા મોટા પહાડો અને નિર્જન અરણ્યોમાં પર્યટન કર્યું છે તથા પ્રસંગવશાત્ નિવાસ પણ કર્યો છે. સિવાય, પંજાબ, સિંધ, કાશ્મીર, આસામ, ટેહરી, નેપાળ, ભૂતાન, બંગાળ, મધ્યપ્રાંત, વરાડ, દક્ષિણ હૈદ્રાબાદ, ગોવા, મ્હૈસૂર, બેંગ્લોર, કર્ણાટક, મદ્રાસ, રામેશ્વર, ધનુષ્કોડી, કન્યાકુમારી છ્યાદિ સ્થળોએ તીર્થયાત્રા કરી બાર જ્યોતિર્લિંગ, આઠ વિનાયક, ચાર ધામો વગેરે યાત્રાઓ પણ અનેક વખતે કરી છે અને શુમારે બે ત્રણ વખતે સમગ્રદેશમાં પગે પર્યટન કર્યું છે. તેમને દેશનું બહોળું જ્ઞાન હોવાનું પ્રસંગવશાત્ જ્યારે કોઈ કોઈ વખત વિવેચન નીકળે છે તે ઉપરથી સમજી શકાય છે. તે પૈકી કેટલાક પ્રસંગો અમારા શ્રવણમાં આવ્યા છે, તે ઉપરથી તેમની આ બધી લોકકલ્યાણની પ્રવૃત્તિ જોતાં અને અવધૂત દશાની મસ્તી જોતાં આશ્ચર્ય ઉપજે છે. વળી તેમણે વાયુભક્ષણ ઉપર કે જળપાન કરી, અગર ઝાડનાં સૂકાં લીલાં પાન વગેરે ખાઈ ને ઘણો વખત તપશ્ચર્યાઓ કરેલી હોવાના પ્રસંગો પણ મળી આવે છે. એ સિવાય સૂર્યધારણા, યોગધારણાદિ, જેવા પ્રસંગો તો હાલમાં પણ ઘણાને પરિચિત છે. વળી કેટલાકોને કૃષ્ણરૂપે, કેટલાકોને રામરૂપે, કેટલાકોને દત્તરૂપે, કેટલાકોને શિવરૂપે, કેટલાકોને ગણેશરૂપે, કેટલાકોને દેવીરૂપે, ભાવનાવશાત્ ભિન્નભિન્નરૂપે દર્શનના અનુભવો આવેલા છે. તેથી તેઓ તેમને તે તે રૂપે ભજે છે. કેટલાકોએ તેમની બાલ, ઉન્મત્ત અને પૈશાચ્યાદિ અવસ્થાઓ જોઈ છે. કેટલાકોએ તેમને અમલદારોના વેશમાં જોયા છે, તો કેટલાકોએ એમને કારકુની, તો કેટલાકે તલાટીગીરીની, તો કેટલાકે તેમને પટાગીરીની નોકરી કરતા પણ જોયા છે. કેટલાકો એમને ઉત્તમ જ્યોતિષી તરીકે, તો કેટલાકો એમને ગુપ્તચર તરીકે, તો કેટલાકો એમને પાગલ તરીકે પિછાને છે. કેટલાકો એમને સારામાં સારા કીર્તનકાર તરીકે, કેટલાકો એમને ભજનકાર તરીકે તથા કેટલાકો સુંદર ગાયક તરીકે વર્ણવે છે. કેટલાકો એમને સારા વકીલ અને કેટલાકો સારામાં સારા વૈદ્ય તરીકે, તો કેટલાકો એમને પ્રથમ " આ તો વેશ બદલનારો કોઈચોર કાર તો ન હશે?" એવી શંકાદૃષ્ટિ વડે પણ જોયા હતા પરંતુ પાછળથી મહાપુરુષ તરિકે પિછાણ્યા હતા. વળી કેટલાકોએ એમને પૂજારી તરીકે જોયા છે તથા કેટલાકોએ એમને રામાની નોકરી કરતાં પણ દીઠ છે. કેટલાકોએ એમને સ્મશાનમાં પડી રહેતા, તો વળી કેટલાકે એમને ઘોર અરણ્યમાં જડભરતની જેમ પડી રહેતા પણ જોયા છે. વળી કેટલાકોએ એમને મૌનિ મહાત્મા તરીકે અને કેટલાકોએ એમને વૃક્ષ ઉપર બેસી તપશ્ચર્યા કરનારા તપસ્વી તરીકે પણ જોયા છે. કેટલાકે તેમને શ્વાનવૃત્તિમાં (શ્વાનવૃત્તિ એ એક મહાત્માની ગુપ્ત રહેવાની વૃત્તિ છે) અને કેટલાકોએ વિધવિધ મહાત્માઓના સહવાસમાં રહ્યા હોવાનું જોયું છે. કેટલાકે તેમને અહોનિશ સૂર્ય સામે ઉભા રહીને સૂર્યધારણા કરતા પણ જોયા છે, તેઓશ્રી તે તે સમયે પ્રખ્યાત ગણાતા સત્તરસોથી અઢારસો મહાત્માઓના પરિચયમાં આવ્યા છે. પ્રસંગવશાત્ તેઓના આગ્રહથી ત્યાં રહ્યા હતા એવા પણ પુરાવાઓ મળે છે. આ રીતે જે તૂટક તૂટક માહિતી ઉપલબ્ધ થાય છે તે બધી એવા પ્રકારની છે કે જગતમાં ગુપ્તરૂપે વિચરી લોકોનું કલ્યાણ કરનારા આ અવધૂતશિરોમણિ કોણ છે તે કેરવવું ઘણું જ કઠણ થઈ પડ્યું છે. આથી આ બધી પરિસ્થિતિ વાંચકો સમક્ષ રજૂ કરી છે, તે ઉપરથી તેઓ જ ખ્યાલ કરી લે.

મહર્ષિવર્ય અને નોકરી

આ મહર્ષિવર્યની નોકરીનો એક વિચિત્ર અને અદ્‌ભુત પ્રસંગ છે. કેટલાક વર્ષો પૂર્વે દેશમાં કોંગ્રેસની ચળવળે અતિ જોર પકડ્યું હતું. તે સમયે મહર્ષિવર્ય દેશમાં પગે પર્યટન કરી રહ્યા હતા. સમરૂંગી દેવી, નાસિક, ત્ર્યંબકેશ્વર વગેરે સ્થળોની યાત્રાઓ કરી આ અવધૂતયોગી ભીમાશંકર થઈ આળંદી પૂના તરફ જઈ રહ્યા હતા. ગામમાં કવચિત જ જવામાં આવતું. ઘણે ભાગે મુકામ ગામની બહાર જ રહેતો. રાત્રે ચાલીને સવારે ૪-૫ વાગે એક ગામના પાદરે ભીમા નદીના તટ ઉપર એક શિલા ઉપર મુકામ કર્યો. ઉપર આભ અને નીચે ધરતી એ જ તેમનું નિવાસસ્થળ છે એવા દિગમ્બર મૂર્તિ અવધૂત યોગેશ્વર સ્નાન વગેરે થયા બાદ શિલા ઉપર આનંદમાં તદ્દન નિર્ભય થઈને બિરાજેલા હતા. સૂર્યદેવતા પોતાના કિરણોથી જગતમાં

ચોતરફ પ્રકાશ ફેંકવાની તૈયારી કરી રહ્યા હતા. સવાર થતાં જ લોકોની પ્રવૃત્તિ શરૂ થઈ. કોઈ શૌચ કે મુખમાર્જનને માટે, તો કોઈ સ્નાનસંધ્યાદિને માટે નદીનો આશરો લેતા હતા. તે પૈકી એક આધેડ વયના, માથા ઉપર પુઠ્ઠેરી પાઘડી અને પગમાં પુઠ્ઠેરી જોડા તથા અંગ ઉપર ઉપરણું નાખેલા સદ્‌ગૃહસ્થ મીજીની પાસે આવ્યા, અને તેમને પૂછ્યું, "કેમ સાધુ બાવા, કયાંથી આવો છો? આમ જમતને શા માટે ભારરૂપ બનો છો?" વગેરે કહેવા લાગ્યા. મહર્ષિવર્યે નિશ્ચય કર્યો કે આજે આપણે "सप्तसे भली चूप" वा मौनं सर्वार्थसाधनम्" એ કહેવતનું અવલંબન કરીશું. તેઓશ્રીએ કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ. આથી પેલા સદ્‌ગૃહસ્થનો મિજાજ વધુ તપી ગયો. તેઓએ જોરજોરથી પોતાનું વક્તૃત્વ શરૂ કરી દીધું. "જુઓ તો ખરા, મારો બેટો ભિખારી અને વળી મિજાજ કેટલો! કેમ કાંઈ મોટું બોટું સીવેલું છે? મારા બેટા સાધુને નામે ગમે તેવો ઢોંગ કરી બેઠા છે! કોણ જાણે કોણ હશે?" વગેરે. મહર્ષિવર્યે તો મોટું ફેરવ્યું એટલે તેઓ વધુ સામે આવ્યા અને પુનઃ ઉપર પ્રમાણે સુભાષિતો વેરવા લાગ્યા. તમાશાને તેડાની જરૂર હોતી નથી. તે ન્યાયાનુસાર લોકોનો જમાવ સારા પ્રમાણમાં એકઠો થયો. આમ શુમારે સવારે નવ વાગ્યા. લોકોમાં અનેક વાતો ચાલી રહી હતી. મહર્ષિવર્યજી તો મૌન બેઠા બેઠા બધું સાંભળતા હતા. એટલામાં તે ગામની શાળાના એક મુખ્ય શિક્ષક આવ્યા. તેઓ સાથે સાથે ટપાલનું કામ કરતા હતા. પોતે ભાવિક હોઈ સત્સંગી પણ હતા. નિત્યનૈમિત્તિક કર્મો કરનારા હોવાથી સંધ્યાવંદનાદિ કરી ઘેર જતાં આ બધા લોકોનો જમાવ જોઈ તેઓ અહીં આવ્યા. તપાસને અંતે બધી પરિસ્થિતિ તેમના જાણવામાં આવી. તેમણે પેલા સદ્‌ગૃહસ્થને કે જેઓ વકીલ હતા તેમને કહ્યું કે "તમો આમ સાધુને શા માટે હેરાન કરો છો? એ બિચારા અહીં ચૂપચાપ બેઠા છે તેમાં તમારું શું જાય છે?" તેમનું એ બોલવું સાંભળતાં જ વકીલ બોલ્યા, "તમો આમ જ બાવા લોકોને ઉત્તેજન આપી દેશનો નાશ કરવામાં મદદ કરો છો. આવા મગજર લોકોને પ્રોત્સાહન આપનારા તમારા જેવા દેશમાં નીકળે છે તે ખરેખર દેશનું દુર્ભાગ્ય જ ગણાય" વગેરે. તેમનું આ વચન સાંભળીને શિક્ષક બોલ્યા, "તમોએ કોંગ્રેસને નામે લાખો રૂપિયા ખાઈને લોકોને બનાવ્યા છે અને દેશના ભલાની વાતો કરો છો. તમારી વકીલાત ચાલતી ન હતી એટલે આ દેશસેવાનો ધંધો લઈને બેઠા છો; એટલે જ તો બંગલો ને વાડી બંધાઈ, નહિ તો ખાવાનાયે સાંસા હતા. પારકે પૈસે મોજશોખ કરવાના અને તેને રવદેશી કહેવરાવનારા તમારા જેવા ધર્મભ્રષ્ટોએ જ દેશનો સત્યાનાશ વાળ્યો છે" વગેરે. આ પ્રકારે બંનેમાં ઝપાઝપી શરૂ થઈ. મહર્ષિવર્ય આ તમાસો જોઈ રહ્યા. લોકો થોડા થોડા વિખરાવા લાગ્યા. થોડી વારે શિક્ષકે શ્રીજીને પૂછ્યું, "બાબા! આપ કહાંસે પધારે?" માહાત્માજીનો મૌનનો નિશ્ચય હતો એટલે તેમણે તો કંઈ ઉત્તર નહિ આપ્યો. તે જોઈ વકીલ બોલ્યા: "કેમ લાડવો ખાધો?" શિક્ષકે કહ્યું, "તમો લાડવા ખાજો એટલે બસ, બીજા બધા ભલે મરી જતા." "મારું શું જાય તમો આવા લોકોને પ્રોત્સાહન આપો છો, તેથી કોઈ દેશનું કલ્યાણ થવાનું નથી" ઇત્યાદિ કહી વકીલ ચાલી ગયા. અન્ય લોકો પણ વિખરાઈ ગયા. માત્ર પેલા શિક્ષક મહર્ષિજીની પાસેનો શિલા ઉપર બેસી રહ્યા. શુમારે બાર વાગ્યાનો સમય થવા આવ્યો હશે. શ્રીજીએ આ બધો તમાશો જોયો ને સાંભળ્યો હતો. હવે એ પ્રસંગ પૂરો થયો માની મૌન છોડી પાસે બેઠેલા શિક્ષકને પૂછ્યું, "આ ગામનું નામ શું?" તેમણે નમ્રતાથી કહ્યું: "બાબા! (ત્યાં મહારાજને બાબા કહેવાની પદ્ધતિ છે) ચાકણ." મહાત્માશ્રી બોલ્યા, "એમ! હું સવારથી એ જ વિચાર કરતો હતો કે આ ગામનું નામ શું હશે! ગુઓ ચાના બે અર્થો છે. (૧) બધા લોકો પીએ છે તે આ ચા અને (૨) ચા એટલે ભાવના કિંવા પ્રેમ, એ અર્થે પણ તે વપરાય છે. તમારા ગામમાં એવા પ્રકારની ચાનો કણ એટલે અંશ નીકળ્યો ખરો. એટલે તેમાં નામ પ્રમાણે ગુણો છે એમ મને લાગે છે." આ સાંભળી શિક્ષક બહુ રાજી થઈ ગયા અને પોતાને ઘેર આવવા વિનવવા લાગ્યા. તેમના અતિ આગ્રહથી શ્રીજી તેમને ઘેર ગયા વકીલને ઉદ્દેશી "આ લોકો માણસને ઓળખતા નથી." વગેરે કહેવા લાગ્યા. આખો દિવસ જ્ઞાનચર્ચા કરી તેઓ જ્ઞાનેશ્વરી ગીતાના સારા અભ્યાસક હોવાથી તેના કેટલાક શ્લોકો ઉપર ઠીક ઠીક વિવેચન

થયું. એમ કરતાં કરતાં રાતના અગિયાર થવા આવ્યા. મહર્ષિધર્મનું અગાધ જ્ઞાન જોઈ શિક્ષક અતિશય આનંદિત બન્યા. બાદ શ્રીજીએ જવાની પરવાનગી માગી કેમ કે આખી રાત તેઓ વગડામાં જ ફરતા હતા. શિક્ષકે પૂછ્યું કે "રાત્રે આપ ક્યાં જશો ? મહાત્માશ્રીએ એ તો પોતાનો નિત્યક્રમ છે એમ જણાવ્યાથી છેવટે ફરીથી આવવાની વિનંતિ સહિત શિક્ષકે પરવાનગી આપી. ત્યાંથી મહાત્મા નીકળ્યા. તે બીજે દિવસે સવારે એક નદીના તટે પહોંચ્યા. ત્યાં સ્નાનાદિ નિત્યકર્મ આટોપી થોડું અંધારું હતું એવામાં જ એક ગામના પાદરે રસ્તા ઉપર સડક બાંધવા માટે કપચી (પત્થરોના ટુકડા)ઓનો ઢગલો કર્યો હતો તે ઉપર થોડો સમય વિશ્રાંતિ માટે બેઠા. ત્યાં તેઓશ્રીને ઝોકું આવી ગયું અને જાગૃત થઈ જુએ છે તો સૂર્યોદય થઈ રહ્યો હતો. પાસે એક નાનો સરખો બેઠા ઘાટનો બંગલો અને બહાર નાનો સરખો બગીચો હતો અને તેમાં એક હિંચકો હતો. તે ઉપર એક ગૃહસ્થ બેઠા હતા. દૈવયોગવશાત્ એ ગૃહસ્થ એ જ ગઈ કાલના વકીલ ગૃહસ્થ. સામે નજરોનજર થતાં તેઓએ કહ્યું. "કેમ બાપા, આજે આ ગામમાં પધાર્યા છો ? તમારે લોકોને સારું છે. કોઈ વાતની કશી પંચાત કે ચિંતા નહિ." શ્રીજીએ હિમત કરી ઉતર આપ્યો, "હા, આજે આ ગામનો યોગ આવ્યો છે." વકીલ બોલ્યા, "ગઈ કાલે તો તમારું મોઢું સીવેલું હતું અને આજે ક્યાંથી ખુલ્યું ?" એમ તો તેઓ ભલા હતા. તેમણે શ્રીજીને "ત્યાં પત્થર ઉપર કેમ બેઠા ? અહીં આવો," એમ કહી બગીચામાં બોલાવ્યા. મહાત્માજી અંદર ગયા અને બગીચામાં એક રથને બેઠા. વકીલ બોલ્યા, " કાલે તો મોં સીવેલું હતું અને આજે ખુલ્લું કેમ ! કાંઈ કામબંધો કરો. લોકોને કેમ ભારરૂપ થાઓ છો ?" મહાત્માશ્રીએ કહ્યું કે, "ગઈ કાલે તમો જે કહી રહ્યા હતા તે બધું હું સાંભળતો હતો અને પછી પેલા શિક્ષકે કહ્યું તે પણ સાંભળ્યું. પણ મને વિચાર કરતાં લાગ્યું કે તમારું કહેવું ઠીક છે, આપણે લોકોને ભારરૂપ શા માટે થવું ? આથી મેં નોકરી કરવાનો વિચાર કર્યો અને પછી વિચાર્યું કે ઉપદેશ કરનાર પેલા વકીલ જ આ વાત પૂરતા આપણા ગુરુ, એટલે બીજે કશે જવા કરતાં નોકરીને માટે તેમની પાસે જ જઈએ. આથી હું અહીં આવ્યો." બિચારા એ તો બહુ ભલા લાગ્યા. તેમણે પૂછ્યું, "એમ ! મારા ભાષણથી તમારા મનનો એકદમ પલટો થઈ ગયો ?" શ્રીજી બોલ્યા, "હા." તેઓ તો જાણે હર્ષમાં આવી ગયા અને પોતાની સ્ત્રીને બોલાવી કહ્યું. "જો તું કહેતી હતી કે તમો ખાલી ભાષણો કર્યા કરો છો. જુઓ મારા કહેવાથી આ સાધુબાવાના દિલમાં કેવો પલટો થયો !" બાઈએ ખાસ લક્ષ ન આપ્યું. તેઓ અંદર ચાલી ગયાં. આ બાજુ વકીલ વિચારમાં પડ્યા. તેમણે પુછ્યું, "સાધુજી કાંઈ ભણ્યા ગણ્યા છો અથવા કાંઈ હુન્નર જાણો છો ?" મહાત્માશ્રીએ કહ્યું, "ના, હું તો સાવ અક્ષરશત્રુ અને મૂઢ છું." વકીલ મનમાં વિચાર કરે છે કે આ કોઈ લાગે છે તો હુશિયાર જેવા પણ ભણેલા નથી, માટે એને શાની નોકરી આપવી ? એમને વિચારમાં પડેલા જોઈ શ્રીજી બોલ્યા કે તમો વિચાર કરતા હશો કે મને શી નોકરી આપવી. પણ સામાન્ય નિયમ છે કે ભણેલાઓને કારકુની, ગુમાસ્તાગારી કે એવી કોઈ નોકરીમાં રાખી શકાય અને મારા જેવા અભણને તો વાસણો માંજવાં, વાસિદું વાળવું, કપડાં ધોવા, વગેરે પ્રકારની નોકરીમાં રાખી શકાય. તેઓ વિચારમાં પડ્યા. તેમને લાગ્યું કે આ વાતો તો ડાહી ડાહી કરે છે, પણ ભણેલા નથી એટલે શું થાય ? વકીલ બોલ્યા, "સાધુબાબા, તમારું નામ શું ?" મહાત્માજી બોલ્યા, "મને યાદ નથી." "તમો નાનપણથી સાધુ થયા હશો. હું તમોને રામ કહીશ, સમજ્યા ને ?" એમ કહી વકીલે પૂછ્યું, "રામ તું પગાર શું લઈશ ?" મહર્ષિજી બોલ્યા, "પ્રથમ મને કામ આવડે છે કે નહી તે જાણ્યા સિવાય પગારની નિશ્ચિતતા શી રીતે થાય ? પગારની ઉતાવળ નથી. હું પ્રથમ ઉમેદવારી કરીશ." વકીલ ખુશ થયા અને કહ્યું, "ભલે પ્રથમ કામ શીખો. પછી દિવાળી ઉપર જોવાશે." ત્યારબાદ બાઈને બહાર બોલાવી કહ્યું, "આ સાધુને આપણે ત્યાં જ રાખીએ. કામમાં સારી રીતે ટેવાશે એટલે પછી બીજે મૂકીશું. એને ટેવ નથી. માટે પ્રથમ એમને સાદું કામ આપજે. ધીરે ધીરે એને સ્વાવલંબી બનાવવો પડશે." તેમના ધર્મપત્ની બોલ્યાં. "તમો વગર ઓળખ્યે ગમે તેને પકડી લાવો છો. મને તો લાગે છે કે આ કોઈ સારા સાધુ છે. તેમની અને તમારી અત્યાર સુધી થયેલી બધી વાતચિત મેં સાંભળી

છે. તે ઉપરથી આ વ્યક્તિ કોઈ જુદી હોય એમ મને લાગે છે, માટે તેઓ ભલે રહે, પણ હું એમને કોઈ હલકું કે ભારે કામ આપીશ નહિ" છેવટે બંનેમાં નિશ્ચય થયો કે તેમની પાસે ફક્ત સવારે અને સાંજે બે વખત ઘડો ભરીને નદીનું મીઠું પાણી પીવા માટે મંગાવવું. તેમણે શ્રીજીને આ પ્રમાણે કહ્યું. શ્રીજીએ ઠીક છે કહી રોજ સવારસાંજ સ્નાન માટે નદી ઉપર જતી વખતે એક એક પાણીનો ઘડો ઊંચકી લાવવાનો ક્રમ શરૂ કર્યો. બાઈ ભલાં હતાં નિત્ય દેવસેવા વગેરે પણ કરતાં હતાં સંતાન વગેરે કશું હતું નહિ, તેમ આશા અને ઇચ્છા બંને રહ્યાં ન હતાં. વકીલ એમ પોતાને નાસ્તિક કહેવરાવતા પણ હૃદયના સારા હતા. જમતી વખતે મહાત્માશ્રીને બોલાવ્યા. શ્રીજીએ કહ્યું. "પ્રકૃતિને લીધે વૈદ્યકીય સલાહ અનુસાર હું અન્ન ખાતો નથી, ઉકાળો વગેરે પીઉં છું." આથી બાઈનો ભાવ વધ્યો. તેમણે શ્રીજીને કોઈ અજ્ઞાત રીતે વિચરનારા મહાત્મા છે, એમ, માનીને પતિને કહ્યું કે "મને લાગે છે કે તમો આ વ્યક્તિને ઓળખી શક્યા નથી. કેમ કે બે દિવસના પરિચયથી મને લાગે છે કે આ કોઈ ગુપ્ત મહાન વિભૂતિ છે." વકીલ બોલ્યા, "ભાવિક લોકો એવા જ ભોળા હોય છે, તું હજી એવીને એવી જ રહી. જુઓ એનો કેવો પલટો થયો ?" પણ બાઈના આગ્રહથી છેવટે શ્રીજી પાસે પાણી લાવવાનું કામ પણ બંધ કરવાનું ઠરાવ્યું. શ્રીજી સ્નાન કરીને સાંજે પાણી લઈ આવ્યા અને ઘડો નીચે મૂક્યો કે તુરત બાઈએ આવી સાષ્ટાંગ પ્રણામ કર્યા ને કહ્યું કે આપ આવતી કાલથી કોઈ પણ કામ કૃપા કરીને કરશો નહિ. અમો આપને ઓળખી શકતાં નથી. વકીલ તો આ માર્ગ સમજતા નથી. શ્રીજીએ હસીને કહ્યું, "ભૈયા, એવું કાંઈ નથી." પછી વકીલે શ્રીજીને કહ્યું કે, "આવતી કાલથી તારે પાણી નહિ લાવવું, પણ મારા ઓરડામાં બેસી રહેવું અને મારા સિવાય ગમે તે કોઈ આવે તો પણ બારણું ઉઘાડવું નહિ. તને કામની બરાબર ખબર નથી એટલે આ બધું સમજાવીને કહેવું પડે છે." શ્રીજીને એક આરામ ખુરશી બતાવી તે ઉપર બેસી રહેવા જણાવ્યું. શ્રીજીએ પૂછ્યું, "પાણીનું કામ મારી પાસેથી છીનવી લેવામાં આવ્યું તેથી મારે શું સમજવું ? હું એ કામ માટે લાયક ગણાયો કે નાલાયક ?" વકીલે વધુ લક્ષ નહિ આપતા કહ્યું, " તારો દરજ્જો વધ્યો એટલે તને આ શ્રેષ્ઠ કામ આપ્યું છે." મહાત્માશ્રી બોલ્યા, "તો ઠીક." ત્રીજે દિવસે બપોરે વકીલ કચેરીમાં ગયા, પછી શ્રીજી આરામ ખુરશી ઉપર અંદરથી બારણું બંધ કરીને બેઠા હતા. એટલામાં બહારથી એક ગૃહસ્થે બારણું ઠોક્યું. શ્રીજીએ પૂછ્યું, "કોણ ?" ઉત્તર, "બારણું ઉઘાડો" શ્રીજી બોલ્યા, "વકીલ કચેરીમાં ગયા છે; આવે એટલે આવજો. તેમની મને સખત આજ્ઞા છે કે ગમે તે આવે તો પણ તારે બારણું ખોલવું નહિ." સદર ગૃહસ્થનો મિજાજ તપી ગયો. તેઓ ગમે તેવું બોલવા લાગ્યા, અને છેવટે કહ્યું ' બોલે છે કે નહિ, તું શું સમજે છે? હું વકીલના કાકાનો દીકરો થાઉં છું." શ્રીજીએ કહ્યું. "તમો વ્યાવહારિક લોકોએ વિવેકનો ત્યાગ નાહ કરવો જોઈએ. વળી તમો કુળવાન અને સજ્જન છો, તેથી એ તમારે માટે ઉચિત પણ નથી." આ સાંભળીને તેઓ વધારે ચિઢાયા અને "અમોને મોટો ઉપદેશ આપે છે, હું વકીલનો કાકાનો છોકરો છું." વગેરે બોલી બારણાંઓ ઠોકવા લાગ્યા. મહાત્માશ્રીએ શાંતિથી કહ્યું કે, "તમો વકીલના કાકાના દીકરા છો કે વકીલના બાપના તે હું જાણવા માગતો નથી. પરંતુ હું એમ કહેવા માગું છું કે હું વકીલની નોકરી કરું છું અને તેમની મને આજ્ઞા છે કે ગમે તે આવે તો પણ તમારે હું ન હોઉં ત્યાં સુધી બારણું ઉઘાડવું નહિ, એમ છતાં જો તમો બારણું ભાંગીને આવવા માગતા હો તો ભલે; પણ હું કોઈ પણ સંજોગોમાં ઉઘાડીશ નહિ." આ દૃઢ નીતિને સાંભળીને તેઓ ગમે તેમ બોલતા બોલતા વકીલ પાસે ગયા. બાઈ તો પાસેની ઓરડીમાં સેવાપૂજનમાં જ ઘણે ભાગે રહેતાં અને સાંજે એક વખત જમતાં; એટલે તેઓને તો આ બધા ક્રમની ખબર પણ ન પડી. પેલા સદ્‌ગૃહસ્થ તો ત્યાંથી સીધા કોર્ટમાં વકીલ પાસે ગયા અને તેમને પોતાનું અપમાન થયું છે, આવા નોકરને ક્યાંથી શોધીને લાવ્યા ? વગેરે કહ્યું. વકીલે સમજાવ્યા કે, "ભાઈ, તે તો સાધુ હતા પણ મારો ઉપદેશ તેમને ઠીક લાગવાથી ત્રણ ચાર દિવસથી આ માર્ગે વળ્યા છે. એટલે તેમને નોકરીની પદ્ધતિની બરાબર ખબર ન હોય." તેઓ બન્ને આવ્યા. વકીલે બારણું બોલાવ્યું, બંને અંદર બેઠા. બાઈ પણ બારણું બોલી ચા નાસ્તો વગેરે

લાવ્યાં. તેઓ આ બધી વાતથી વાકેફ થયાં. વકીલે શ્રીજીને પૂછ્યું, "તમોએ આ ગૃહસ્થને તમો વકીલના કાકાના કે બાપાના છોકરા છો એ જાણવાની મારે જરૂર નથી એમ કહ્યું હતું?" શ્રીજી બોલ્યા, 'હાં' વકીલ બોલ્યા," આપણે મોટા માણસો સાથે એમ ન વર્તીએ" શ્રીજી બોલ્યા, "મેં તેમને ધર્મ અને સુશીલતાના ન્યાયે સમાનતા નહિ ગુમાવવા જણાવ્યું હતું પરંતુ તેઓ તે રાખી નહિ શકયા, આથી મેં પણ મક્કમ નીતિનો આશ્રય કર્યો. બાઈએ મહાત્માશ્રીનો પક્ષ લીધોઃ "આમણે ઘણું સારું કર્યું; તમારા ભાઈ એવા જ તિસમારખાં છે." વગેરે. આમ ચાર દિવસ પૂર્ણ થયાં. પાંચમે દિવસે સવારે મહર્ષિ સ્નાન માટે નદીએ ગયા હતા. એટલામાં નદીના પૂલની પાસે એક મોટર ઊભી રહી. તેમાંથી મોટર હાંકનારો પાણી લેવા નદી ઉપર આવ્યો. તેણે મહર્ષિવર્યને દૂરથી દીઠા અને મોટરમાં બેઠેલા પોતાના માલિકને કહ્યું. તેઓ પણ સારા વકીલ હતા અને તેમની સાથે એક નાશિકના સુપ્રસિદ્ધ વૈદ્ય અને વારકરી સંપ્રદાયના એક કીર્તનકાર જુવા હતા. તેઓ સર્વે શ્રીજીના ભક્ત કોઈ મહર્ષિવર્યને અવધૂત યોગી તરીકે પિછાણતા હતા. તેઓએ ડ્રાઈવરનું કહ્યું સાંભળતાની સાથે જ મહર્ષિવર્યની પાસે આવી સાષ્ટાંગ દંડવત્ કર્યા અને "હાલમાં અહીંયા વિહાર છે?" એમ પૂછ્યું. શ્રીજીએ ત્રણેને કુશળવૃત્ત પૂછ્યા બાદ સહેજ રમુજભાવે રિમત કરીને કહ્યું કે, "હું અહીંયા સાધુ મહાત્મા તરીકે નહિ પણ નોકર તરીકે છું." એ વાત સાંભળી આશ્ચર્યની સાથે શ્રીજીની લીલાથી તેઓ બધા કૌતુક કરવા લાગ્યા અને પૂછ્યું, "કયાં ભાગ્યશાળીને ત્યાં?" શ્રીજીએ કહ્યું, "તમારા જેવા એક અહીં વકીલ છે, તેમને ત્યાં" બાદ થોડો સત્સંગ કર્યા પછી તેઓએ વિદાય લીધી કેમ કે તેમને કોઈ કેસને માટે પુના કોર્ટમાં જવાનું હતું આગળ ગયા પછી તેઓએ શ્રીજીને ખબર નહિ પડે એવી રીતે ફરીથી ગામમાં મોટર હંકારી અને ચાર પાંચ દિવસથી નવો નોકર કોણે રાખ્યો છે તેની વકીલ મંડળીમાં તપાસ કરતાં તે આ વકીલને ઘેર ગયા. આ ત્રણેની વકીલે સારી રીતે આગતાસ્વાગતા કર્યા પછી મહેમાનોએ પૂછ્યું. આપને ત્યાં કોઈ નવો નોકર ચાર પાંચ દિવસથી રહ્યો છે?" વકીલ બોલ્યા, "કેમ? કાંઈ ગુન્હાની શોધમાં છો?" મહેમાનો પૈકી એક વકીલ જ હતા, તેમણે કહ્યું "ચોરના મનમાં ચાંદરણું જ હોય ને? આપણે વકીલ એટલે બરોબર કલ્પના કરીએ. તમો એમને ઓળખો છો? એમનો મેળ તમોને શી રીતે થયો? એ કયાંથી આવ્યા." વગેરે બધું પૂછ્યું. વકીલે બનેલી સર્વ હકીકત કહી અને મારા ભાષણથી તેનામાં આવો પલટો થયો એમ ભૂષણયુક્ત જણાવ્યું. પેલા ત્રણે જણા કાંઈ પણ બોલ્યા સિવાય એક બીજા સામું જોવા લાગ્યા; આથી વકીલને વધુ સંશય આવ્યો. તેમણે પૂછ્યું, "કેમ કાંઈ ગુન્હો કરીને આવ્યા છો કે શું!" આ બાજુએ મહાત્માશ્રીએ વિચાર કર્યો કે આ લોકો ગામમાં જઈ મારી તપાસ કરશે. માટે હવે આપણે અહીંથી જ નોકરીને રામરામ કરવા પરંતુ તેઓથી પાસે એ વકીલનો એક લેટો હતો તે પહોંચાડવો જોઈએ. એવો વિચાર કરે છે એટલામાં ત્યાંથી એક સદ્ગૃહસ્થ ગામ તરફ જતા હતા તેમને હાંક મારી શ્રીજીએ બોલાવીને કહ્યું કે આપને તસ્દી આપવી છે તેથી માફ કરજો. "આપ કયાં રહો છો?" તેઓ બોલ્યાઃ "આ જ ગામમાં." પ્રશ્નઃ "આપનું નામ?" ઉત્તરઃ "નારાયણલાલ" પ્રશ્નઃ "આપ શું કરો છો?" ઉત્તર : "આપની દયાથી હાટનો વહેપાર" પ્રશ્નઃ "આપને એક તસ્દી આપવાની છે." શેઠ નમ્રતાથી બોલ્યાઃ "આજ્ઞા! ખુશીથી, શી આજ્ઞા છે?" મહર્ષિજી બોલ્યાઃ "જુઓ કે આ જે લોટો છે તે અહીંના ગામ બહાર રહેતા બંગલાવાળા વકીલનો છે; તો તે તેમને પહોંચાડશો?" શેઠ બોલ્યાઃ "જરૂર; પેલા શ્રી જોશી વકીલને? એ તો મારા મિત્ર છે, જેમને ત્યાં કોઈ નવો નોકર માનસપલટો થવાથી ચાર પાંચ દિવસ થયા આવ્યો છે એમ સાંભળ્યું છે તે જ વકીલને?" શ્રીજીએ હા કહી. આ રીતે લોટો પહોંચાડી પોતે એમને એમ જ પ્રસ્થાન કર્યું. અવધૂત યોગેશ્વરને શી ચિંતા? આખું જગત એ સઘળું જેમને ઘર તેમને માટે શું કહેવું? ત્યાગ ને ગ્રહણ બધું જ સરખું. કોઈ પણ વસ્તુ પાસે નહિ. આવી સ્થિતિમાં પ્રસ્થાન કરનારા પુરુષની કેટલી બધી સમતા હશે તેનો વિચાર વાચકવૃંદો જ કરે.

આ બાજુ વકીલને સંશય આવ્યો હતો. તેમણે માની લીધું કે આ કોઈ ગુન્હેગાર હશે, એટલામાં ન્હાવ પાણી આવ્યાં તે બધા પિવાની શરૂઆત કરે છે ત્યાં પેલા શેઠ લોટો લઈને આવ્યા, વકીલે યોગ્ય

સત્કારથી તેમને અંદર બોલાવ્યા. તેમણે કહ્યું, "તમારો આ લોટો નદી ઉપર રહી ગયો હશે તે કોઈ બાળાના જોવામાં આવ્યો, તે તમોને પહોંચાડવા મને જણાવ્યું, તેથી હું તે લઈને આવ્યો છું. લોટા ઉપર તમારું જ નામ છે." આ સાંભળતાં જ મહેમાનો સમજી ગયા, તેમણે કહ્યું: "જોશી સાહેબ, તમોને મનુષ્યપરીક્ષા આવડતી જણાતી નથી. આ તો કોઈ ગુપ્ત વિભૂતિ છે અને તમારા ભાગ્યવશાત્ અહીં આવી ચઢી છે; એટલામાં બધું સમજી જાઓ; એ તો હવે ગયા." આ બાજુ વકીલ તો બાઈને હમણાં જ કહી આવ્યા હતા કે તું મોટો સાધુ કહેતી હતી પણ આ લોઢા જુઓ તપાસ કરવા આવ્યા લાગે છે. આપણા ઉપર કોઈ ફોજદારનું લશ્કર ન આવે તો ઠીક. એટલામાં તેમણે આ બધો પ્રકાર સાંભળ્યો. બાઈ બિચારાં ભલાં હતાં; તેમણે વકીલને ઘણું કહ્યું અને બધા મહેમાનોને ઉદ્દેશીને બોલ્યાઃ "આ જુઓ આમનો સ્વભાવ એવો છે. મને તો પ્રથમથી જ વહેમ હતો કે આ તો કોઈ ગુપ્ત અવસ્થામાં વિચરનારા મહાપુરુષ લાગે છે. પણ આ તમારા ભાઈ તો માને જ શાના? ઊલટું મને હસી કાઢે. હવે અમે તે રસ્તે તમો બધા કૃપા કરી તેમને અહીં નહિ તેડી લાવો ત્યાં સુધી હું અન્ન લઈશ નહિ." બાઈનો નિશ્ચય સાંભળીને વાર નહિ કરતાં તત્કાળ મોટર લઈ બધા મહાત્માશ્રીની ભાળ કાઢતાં કાઢતાં આગળ વધ્યા. જે રસ્તે મહર્ષિવર્ય જઈ રહ્યા, તે રસ્તેથી એક ટપાલી (પોસ્ટમેન) આવતો હતો. તેણે તેમની ભાળ આપી, તેથી તેઓએ તે રસ્તે મોટર હંકારી તો થોડે દૂર પર મહાત્માશ્રી તેઓના જોવામાં આવ્યા. શ્રીજીએ પણ વિચાર કર્યો હતો કે આ લોઢા હવે આપણો પિછો નહિ છોડે. માટે તેઓશ્રી એક રથળે ઝાડની નીચે બેઠા. મોટર થોડે દૂર ઉભી રહી. પેલા શેઠ, વકીલ, ત્રણ મહેમાનો, બધા સાષ્ટાંગ પગે લાગ્યા; થોડો સમય સર્વ સ્તબ્ધ જ રહ્યા. મહાપુરુષોની કેવી અદ્‌ભુત લીલા! પછી મહર્ષિએ પૂછ્યું, "કેમ વકીલ સાહેબ, તમારો લોટો મળી ગયો?" વકીલે પ્રણામ કરીને નમ્રતાથી કહ્યું: "આપે તો અમારા પ્રત્યે દયા કરી પણ અમો તો અજ્ઞાની એટલે આપને નહિ ઓળખી શક્યા. બાઈએ અનશન વ્રત લીધું છે, માટે આપે કૃપા કરીને અમારું ઘર પાવન કરવું જોઈએ." મહાત્માશ્રી બોલ્યાઃ 'હું તો તમારે ત્યાં પાંચ દિવસ રહ્યો અને હજી પણ રહેવાનો હતો; પણ આ લોઢાએ આવીને મારી નોકરી ગુમાવી દીધી, એટલે હવે શું થાય?" તેમણે ઘણી ઘણી વિનતિ કરી, મહેમાનો તથા પેલા શેઠે પણ ઘણી વિનતિ કરી એટલે મહાત્માશ્રી મોટરમાં બેસી ફરીથી વકીલને ત્યાં આવ્યા. મહેમાનોને મોહું થવાથી તેઓ ઝડપથી પુના જવા સાંજે ફરી પાછા આવ્યા. ગામમાં બધે આ વાત ફેલાઈ. રાત્રે ભજન, પૂજન, કીર્તન વગેરે થયું. બાઈ તો સત્સંગી હતાં, તેમણે ઘણી ઘણી માફી માગી. આ બનાવ પછી વકીલના ચરિત્રમાં પણ એકાએક અણધાર્યો પલટો આવ્યો. તેઓ દરરોજ સવાલાખ રામનામ લખતા અને શ્રીજીએ બતાવ્યા મુજબ ધ્યાનધારણાદિ તથા સત્સંગ કરતા. આ રીતે મહર્ષિવર્યે ગુપ્ત અવસ્થામાં વિચરી અનેક રીતે લોકોપકારના કાર્યો કર્યાં છે. આવા તો કેટલાયે પ્રસંગો છે, પરંતુ વિસ્તારભયના લીધે કેવળ દિગ્દર્શનાર્થે એકાદ બે પ્રસંગો જ અત્રે વર્ણવ્યા છે, એક બીજો રમુજી પ્રસંગ લખવાની ઇચ્છા થાય છે.

પુનઃ માતૃમિલન

ઉપર જણાવ્યું છે કે મહર્ષિવર્ય પોતાનાં માતુશ્રી વજેરને હું ફરીથી મળીશ એવું આશ્વાસન આપ્યું હતું તે પૂરું કરવાને માટે વર્ષો પછી તેઓ ફરીથી ઘેર આવ્યા. ક્યાં બાલમહર્ષિ અને ક્યાં યુવાન દેખાતા મહર્ષિ! ત્યાં તેમને કોણ ઓળખે! શ્રીજી ગણેશજીના મંદિરમાં જઈને બેઠા. સર્વેએ માની લીધું કે કોઈ દર્શન અર્થે આવ્યા છે અને વિશ્રાંતિ માટે બેઠા છે. માતા વૃદ્ધ થયાં હતાં. તેમણે શ્રીજીને પૂછ્યું, "તમારે જમવું છે?" શ્રીજીએ પ્રણામ કરી વિનયપૂર્વક કહ્યું, "ના! હજી હું જમતો નથી. કણુલ કર્યા મુજબ તમોને બધાને હું મળવા આવ્યો છું." વાતાવરણ બધું બદલાઈ ગયું હતું. બાળપણની બધી યાદ આવી. માતૃહૃદયઃ "બેટા તું જ એ?" "બેટા, આમ નાનપણથી તું અમોને છોડી ચાલ્યો ગયો તેથી અમોને કેટલું બધું દુઃખ થયું હશે? માટે હવે અમે તેમ કરીને થોડા દિવસ મારી પાસે રહે" એમ જણાવ્યું.

માતાએ પ્રેમપૂર્વક તિલક ઉપર હાથ ફેરવ્યો. તેમની ઇચ્છાને માન આપી શ્રીજીએ તે કબૂલ્યું. બીજા બધાંને એ ખાસ ન ગમ્યું. કોણ જાણે કોણ? વળી નાનપણમાં ગયેલો એટલે શી ખબર જીવતો છે કે જાગતો? આમ કેટલોક વખત તો વીતી ગયો. એક બાજુ માતાનો પ્રેમ એટલે ઘરમાં અન્ય લોકો ના પણ ન કહી શકે. " આ બધા ઇચ્છે છે કે તું આમ બેહાં બેહાં ખાય તે ઠીક નહિ, જેથી તારે માટે એ લોકોએ પ્રયત્ન કરીને નોકરી શોધી છે તે તું કર." એમ માતાજીએ કહ્યું. મહર્ષિજી બોલ્યા કે: " જો તારી આજ્ઞા હોય તો હું મારા કાર્ય માટે જાઉં. મને નોકરી કરતાં કયાં આવડે છે? વળી હું કાંઈ ભણેલો ગણેલો પણ નથી. " માતાજીએ પોતાની પાસે થોડો વખત રહેવાનો અતિ આગ્રહ કર્યો અને " તારે તો ખાલી નામનો જ નોકરી કરવી. આ બધાં તને સંભાળી લેશે " એમ કહ્યું. એટલે શ્રીજીએ આ પણ એક ગમ્મત કહી નોકરી સ્વીકારી. કામ કરે નહિ અને મંદિરમાં બેસી રહે. સંબંધીઓ જ બધું કામ કરે અને અમલદારની પેઠે સહીઓ મહાત્માજી પાસે લઈ જાય. એમ ચાર છ મહિના સુધી ચાલ્યું. પછી તો, " આ અક્ષરશત્રુ ભગવાનને મેળવવા ગયા હતા ખૂબ બનવાના હતા, વાતો કરવી સહેલી છે, બેઠા બેઠા ખાવું છે, ભીખ પણ કોણ આપે?" વગેરે વગેરે સુભાષિતો શ્રીજી પ્રત્યે અન્ય લોકો અને કુટુંબીજનો તરફથી નીકળવા લાગ્યા. શ્રીજીએ મૂંગે મોઢે બધું સાંભળી લીધું. પછી બધાને એક દિવસે કહ્યું કે હવે " કાલથી હું મારી જાતે જ નોકરી કરી શકીશ. હું હવે શીખી ગયો છું. એટલે કોઈની મદદની જરૂર નથી, " એમ કહી કામ કરવા માંડ્યું. તેમણે કારકુનીથી માંડી અમલદારી સુધી એવું કુશળતાપૂર્વક કાર્ય કરી બતાવ્યું કે બધાં આશ્ચર્યચકિત જ બની ગયાં. અરે! આ તદ્દન અભણ છતાં આટલી બધી ભાષાઓ અને આટલું બધું કામ કયાંથી જાણે છે? ચોખ્ખાઈ, ચોકસાઈ, સ્વમાનતા સ્વતંત્રતા, નિઃસ્પૃહતા, નિડરતા ઇત્યાદિ ગુણો જોઈ બધાં તેમને અસાધારણ વ્યક્તિ માનવા લાગ્યા. કડકાઈ અને મૃદુતા વગેરે જ્યાં જે ગુણોની જરૂર હોય તે ઘોરણે ત્યાં સામ, દામ, દંડ, ભેદ ઇત્યાદિ નીતિ અનુસાર વર્તતા. આથી થોડા સમયમાં જ સર્વેને બધા જ પ્રિય થયા. સર્વ લોકો તેમને ઉત્તમ સલાહકાર અને અતિશય બુદ્ધિશાળી માનવા લાગ્યા. પગારને પોતે કદી પણ અડકતા નહિ, સહી કરી આપે ને સંબંધીઓ લઈ માતાને આપે. આમ ટૂંક સમયમાં જ સર્વે લોકોને અતિપ્રિય બન્યા. ભજનમાં ભજનાનંદી બની તન્મય, ધ્યાનમાં ધ્યાનમગ્ન, પૂજનમાં તેમ બ્રાહ્મણકર્મમાં પણ પારંગત, દેશનો ઇતિહાસ મુખપાઠ, જ્યોતિષવિદ્યામાં પણ નિપુણતા વગેરે વગેરે સદ્‌ગુણો ચમકવા લાગ્યા. વળી નિઃસ્પૃહતા, નિડરતા, સ્પષ્ટવકતૃત્વ વગેરે ગુણોથી લોકો પ્રીતિ અને ભીતિ બંનેની દૃષ્ટિએ તેમને જોતાં. આમ શુમારે ચાર વર્ષો વીતી ગયાં. ગુજરાતી ભાષાનું મંડાણ આ અરસામાં જ થયું, બાદ એક દિવસ ઘરનાં સઘળાં માણસોને એકઠાં કર્યાં. માતાજીની સામે બેસી મહર્ષિએ સર્વેને નમ્રતાપૂર્વક જણાવ્યું કે " જુઓ, માતાજીના ઉદરપોષણને માટે મારી જરૂર નથી. વ્યાવહારિક દૃષ્ટિએ તેમની જરૂરીઆત પૂરી કરવા માટે તમો બધાં છો, ઈશ્વરે તેમના પૂરતું આપ્યું છે. એટલે મારે તો તમારાં બધાંને અને માતાજીને માટે પરલોકની વ્યવસ્થા સાચવવી જરૂરની છે. હવે શ્રી માતાજીનો અંતકાળ નજીક છે. હું તે સમયે આ રૂપે નહિ પણ સૂક્ષ્મરૂપે હાજર રહીશ. મારું વાસ્તવિક સામ્રાજ્ય ઘણું મોટું છે. મેં મારાથી બન્યું તે પાંચ વર્ષો માતાની ઇચ્છાની ખાતર અત્રે કર્યું. હવે મારું અહીંનું કાર્ય સંપૂર્ણ થયું છે. મારે જગતમાં વિચરીને જ કાર્ય કરવાનું છે તે હું કરીશ. તમારું બધાનું કલ્યાણ થાઓ. બધાં ઈશ્વરને સ્મરતાં રહેજો. હવે તમોને મારા છેલ્લા પ્રણામ છે. મને લાગે છે કે તમે મને રાજીખુશીથી પરવાનગી આપશો. જગતમાં મોહ નહિ રાખવો જોઈએ. જીવનો તો વાસનાવશાત્ વારંવાર જન્મ થાય છે, તે દરેક જન્મમાં તેને માતા, પિતા, ભાઈ, ભાંડુ, સ્ત્રી પુત્રાદિકો હોય છે અને તેમને માટે કર્તવ્યના નામે આખો જન્મારો ભાર વેઠી બિચારો જીવ બધું છોડીને એક દિવસ ઇચ્છા હો યા ન હો પણ મરણશરણ થાય છે. સાથે કોઈ આવતું નથી. આખો જન્મારો કરેલી સર્વ મહેનત ક્ષણવારમાં જ વ્યર્થ જાય છે. માટે મોહ છોડી સાચું કર્તવ્ય જાણી તમો આનંદમાં રજા આપશો; એમ હું ઇચ્છું છું." આ વખતે મહાત્માશ્રી વ્યવહારકુશળ ચોરણી, મુત્સદ્દી અને ઉત્તમ સલાહકાર તરીકે બધાને એટલા બધા પ્રિય થતા હતા કે તેઓ બધાને

મહર્ષિવર્યની ત્યાગની આ વાત સાંભળતાં જ મોટો આઘાત થયો. પણ મહાત્માશ્રીના દૃઢ નિશ્ચય આગળ કોઈ કાંઈ બોલી શક્યા નહિ. આ વાત બધે ગામમાં પ્રસરી. મહાત્માશ્રીના હાથ નીચેના નોકરો તેમ જ ઉપરી તરીકે ગણાતા અમલદારોને તેની જાણ થઈ. તેઓ બધા પણ તત્કાળ ત્યાં આવી પહોંચ્યા અને શ્રીજીને અનેક રીતે સમજાવવા લાગ્યા. પણ મહાત્માશ્રીની એ ભીષ્મપ્રતિજ્ઞા કોણ છોડાવી શકે? બધાનો જ્યારે નાઇલાજ થયો ત્યારે બિચારા એક અમલદારે કહ્યું કે, " તમારું રાજીનામું મંજૂર કરવાનું તો અમારા હાથમાં છે ને " શ્રીજીએ કહ્યું કે: " રાજીનામું રજા, ગેરહાજરી કે ગમે તે ગણો; રાજીનામું મંજૂર કરવું કે રજા આપવી યા નહિ તે તમારે જોવાનું છે. મારે તો જવાનું છે; એટલે એક જ નિશ્ચય અને તેમાં મને ત્રૈલોક્યમાં કોઈ પણ રોકી શકે તેમ નથી. " આ રીતે સર્વેને તિલાંજલિ આપી આ અવધૂત યોગી પુનઃ એક ધોતિ, એક પહેરણ, એક ઓઢવાનું ઉપરણું બસ એટલાં વસ્તુઓ લઈ સર્વેને યોગ્ય આશ્વાસન આપી આનંદથી હસતાં હસતા ઘરની બહાર નીકળી પડ્યા.

જ્ઞાનીને ત્યાગ અને ગ્રહણ એ બંને સરખું જ છે. આત્મોન્નતિ થયેલાઓને માટે આ બેમાં શું ભેદ છે? એમાં મોં વડે બકાર બધા બ્રહ્મજ્ઞાનીની પેઠે બોલે છે ખરા, પરંતુ ભોગભોગે ઘરનો મોહ છોડવાનો પ્રસંગ આવે તો અંદરથી આકુળવ્યાકુળ થતી જાય છે, એટલે ઘરનો મોહ નહિ છોડી શકતા હોવા છતાં બહાર મને ઘરનો મોહ બિલકુલ નથી, હું જીવન્મુક્ત છું, અનાસક્ત છું એવું કહી પોતાની જાતને અને લોકોને છેતરે છે. પરંતુ તેવાઓને મહર્ષિવર્યની ભાષામાં એમ પૂછી શકાશે કે તમોને ઘરનો મોહ નથી એ જો ખરેખર સાચું જ હશે તો તમોએ આજ સુધી ઘરમાં મોહરહિત નિવાસ કર્યો એમ સમજો અને હવે તેની બીજી બાજુ પણ જગતને પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવો કે અમો આ બધું છોડીને જંગલમાં પણ વગર સંકોચે જઈ શકાએ છીએ. અને આમ થતાં જ જગતને ખાતરી થશે કે તમારું કથન કેવળ વાણીમાં નહિ પરંતુ વર્તનમાં છે. પણ શુષ્કજ્ઞાનીઓ અમોને મોહ નથી, અમો જીવન્મુક્ત છીએ એમ ખાલી મોં વડે બોલીને જગતને છેતરે છે. ખૂલતી પોતાના એકના એક છોકરાને પણ ઘરની ચાવી સુપ્રત કરવાને તૈયાર હોતા નથી. એટલું જ નહિ પરંતુ થોડી પણ બેગરજ સહી શકતા નથી. આ રીતે અંદરખાને અત્યંત આસક્ત અને વિષયેચ્છુઓ મનસ્વીપણે પોતાને મોહ રહિત હોવાનું માની લઈ પોતાની જાતને છેતરે છે અને જગતને પણ મૂર્ખ બનાવે છે.

ઘરત્યાગ પછી મહર્ષિવર્યે દેશાટનમાં બંને પત્રે પર્યટન કર્યું. આ મુજબ ગુપ્તસંચાર કરનારા આ અવધૂત મહાયોગીના કેટલાક પ્રસંગો જે મળી આવે છે તે ઉપરથી તેમનું અથથી ઇતિ સુધીનું અદ્ભુત જીવનવૃત્તાંત તો તેઓ પોતે જ પ્રકટ કરી શકે અને એવી આપણે વિનંતિ કરી શકીએ. બાકી અમો તો અત્રે આ બે ત્રણ પ્રસંગો આપી સમાજને ફક્ત એટલું જણાવવાની રજા લઈશું કે ખરેખર આ મહાન વ્યક્તિનું જીવનચરિત્ર અતિ અદ્ભુત છે અને તેની ઝાંખી ગીતાદોહનના અધ્યાય ૧૮ ના છેલ્લા ઉપસંહાર ભાગમાં સાક્ષાત ભગવાન અને મહર્ષિવર્યો તેમ જ ગણેશાદિ દેવતાઓનાં વચન ઉપરથી થઈ શકે તેમ છે (આ પ્રસંગમાં ગામનું નામ અને કુટુંબનું નામ ઘણો પ્રયત્ન કરવા છતાં હજી મળી શક્યું નથી. બે ત્રણ સ્થળે મહાત્માશ્રીએ આ મારાં માતાપિતા છે એવા ઉલ્લેખ કર્યો હતા. પણ એ માનેલા છે કે જનક છે તે સમજી શકાતું નથી).

ગિરનારનું ગિરિશૃંગ

મહર્ષિવર્યના જીવનના કેટલાક પ્રસંગો પ્રસંગવશાત્ ગીતાદોહન અને દત્ત પરશુરામમાં પણ આવેલા છે. અત્રે એક વધુ પ્રસંગ કે જેને લીધે દત્ત પરશુરામ જેવા પુસ્તકની ઉપરિસ્થિતિ થઈ તે અતિશય મહત્ત્વનો હોવાથી સંક્ષેપમાં આપવામાં આવે છે. આ પ્રસંગ દત્ત પરશુરામનો પ્રથમ આવૃત્તિમાં અમુક અંશે આપવાની ધારણા હતી, પરંતુ વિસ્તારભયે તે ભાગ પાછળથી કાઢી નાંખવામાં આવ્યો.

મહર્ષિવર્ય પગે પર્યટન કરતાં કરતાં કાઠિયાવાડ, ઝાલાવાડ, ગોહિલવાડ, દ્વારકા, સુદામાપુરી વગેરે સ્થળે ની યાત્રાઓ કરતા કરતા સૌરાષ્ટ્ર દેશમાં પહોંચ્યાં ત્યાં તેઓ સોમનાથ, પ્રભાસપાટણ પ્રાચી વગેરે સ્થળે ફરી મોજમાં આવે ત્યાં વિહાર કરતા કરતા ગીરના ગાઢ જંગલોમાં થોડો સમય નિવાસ કરી ગિરનાર ઉપર ગયા. એક દિવસે સાંજે ૪-૫ વાગ્યાનો શુમાર હતો. ઠંડીના દિવસો હતા. એકાએક વિચાર આવતાં જ સીધા ઉત્તર તરફથી પહાડ ઉતરવાની શરૂઆત કરી શેષાવન, ભરતવન, હનુમાન ધારા વગેરે ગીચ જંગલોમાં થઈ વિહાર કરતા હતા. ત્યાંથી સીધા અનસૂયા પહાડ તરફ જવા નીકળ્યા, જે પહાડ નજીક પાંડવગુફા અને કાલિકાની ગુફાની ટેકરી પણ છે તે પહાડની નજીકના ગીચ ઝાડીવાળા અને કાંટાવાળા ઝાડોથી ભરપૂર પહાડ તરફ જતા હતા, એટલામાં સૂર્યાસ્ત થયો. રસ્તાનું તો ઠેકાણું જ નહોતું. શુદી પક્ષના આરંભનો સમય હોવાથી થોડો વખત શ્રીચંદ્રમાએ દેખા દઈ રજા લીધી. ઘનઘોર અંધકાર અને તેમાં પાછું ગીચ જંગલ. કાંટાઓ શરીરને વાગી આખા શરીરે ઉઝરડા થયા હતા. સ્થળે સ્થળેથી લોહી નીકળતું હતું. રસ્તામાં તો પગ મૂકવાની પણ જગ્યા નહિ. હાથમાં એક લાકડી, એક ધોતી ઓઢેલી, બસ એટલો જ સામાન. એક ભયંકર ખાઈ આવી. ત્યાં ઢળી જવાયું અને લાકડી તથા ધોતી અંદર સરી પડ્યાં. ૪-૫ હાથ જેટલી બેસવાને કે પગ લાંબા કરવાને જગા મળે તો ત્યાં રાત કાઢવી એવો વિચાર કરી શ્રીજી આગળ ચાલ્યા. ત્યાં તો થોડે દૂર ઉપર કેટલાંક જંગલી જનાવરોનો અવાજ સંભળાયો. તેઓ ખીણમાંથી ઉપર આવતા હતા. બંનેની સામાસામી નજરોનજર થઈ. શ્રીજી તો એકી ટશે તેઓની સામે નિર્ભયતાથી જોઈ રહ્યા. નિર્ભયતા કાંઈ મોઢે બોલવાથી થોડી આવે છે ? થોડા સમય બાદ વનરાજ વળાંક લઈ પોતાને રસ્તે સીધાવ્યા. આ બાજુ શ્રીજી ચાંપતાં ચાંપતાં સંભાળપૂર્વક બેસવા જેવા રથાનની શોધ કરે છે, એટલામાં દૈવયોગે સૂકાયેલા પાતરા ઉપર કોઈ ચાલનું હોવાનું થોડે દૂર પર સંભળાયું, પ્રથમ તો મહર્ષિવર્યને લાગ્યું કે વનરાજ હશે પરંતુ ચાલતાં શ્રીજીના પગ નીચે પણ સૂકા પાતરાનો અવાજ થતાં તે સાંભળતાં સામેથી કોણ છે? એમ કહો કોઈએ મોટેથી બૂમ મારી. મહર્ષિવર્ય વિચાર કરે છે કે આવા અરણ્યમાં અને લગભગ મધરાતના વખતે અહીં કોણ ? તેમણે પૂછ્યું : આપ કૌન હો ? તેણે પોતાના ગુરુને મોટેથી સાદ પાડ્યો. તેઓ મશાલ લઈને આવ્યા. શ્રીજી તેમની મુદ્રા ઉપર ચઢી ગયા. આઈએ આઈએ મહાત્મન્ ! આપને તો મારી કી, આપ કોઈ ગુપ્ત દેવતા તો નહીં હો ? શ્રીજી તેમની નાની સરખી ગુફામાં જઈને ધૂણી નજીક બેઠા. તેમણે પ્રસાદનો ઘણો આગ્રહ કર્યો, મહર્ષિવર્યે ઘણી આનાકાની કરી પરંતુ તેમનો અતિશય પ્રેમપૂર્વક આગ્રહ જોઈ ફલાહાર લેવાનું કબૂલ્યું. શરીર બધું લોહીવાળું થયું હતું તે લૂછ્યું. હાથ પગ ધોયા. પેલો શિષ્ય જ્યાં મળ્યો તે જગાએ પાણીનું ઝરણું હતું, એક નાનકડો ખાડો હતો; તે સ્થળે જઈ હાથ પગ વગેરે સાફ કર્યા અને એક લોટો તથા એક તપેલું ભરી પાણી લઈ આવ્યા. પેલા મહાત્મા પ્રસાદનો આગ્રહ કરતા હતા પણ ત્યાં તો કશું હતું નહિ, એટલે શ્રીજી વિચાર કરવા લાગ્યા કે આ વિવેક કરે છે, એટલામાં તેણે ધૂણીમાં નાખેલો એક રતાળુ જેવડો પણ વચ્ચે ગાંઠવાળો કંદ કાઢ્યો. તેને છોલી તેના છોતરાને એક જગાએ ઢગલો કર્યો હતો ત્યાં નાંખવા કહ્યું. તે પ્રમાણે કર્યા બાદ શુમારે ચાર શેરના તપેલામાં ઉકળતા પાણીમાં વચ્ચેથી તે કંદને તોડતાં તેમાંથી કાળા રંગના, સામા કરતાં પણ ઘણા ઝીણા ખસખસ જેવડા થોડા દાણાઓ નીકળ્યા, તે તપેલામાં પડતાં જ ફુલવા લાગ્યા. અધોળ જેટલા દાણાએ તો કુલાને શુમારે ચાર શેરનું તપેલું ભરી નાખ્યું ! એટલે તેના ઉપર પેલા વનવાસી મહાત્માના કહેવા ઉપરથી તત્કાળ પાતરાઓ ઢાંકી દીધા. મહર્ષિવર્યે વિચાર્યું કે આટલું બધું કોણ ખાશે ? એક બુંદેલખંડના બ્રાહ્મણ થેરથી કંટાળીને નીકળ્યા હતા તે પણ ભૂલેચૂકે અહીં આવી ચઢ્યા હતા. તેમને સાથે બેસાડીને શ્રીજીએ કૌતુકને માટે તે આરોગ્યા. પણ બીજા એટલા હોત તો પણ બાકી શટાત એમ તેઓને લાગ્યું, એમાં બીજું કંઈ ઘી, બાંડ, મીઠું. મરચું વગેરે ન હોવા છતાં પણ તે સ્વાદમાં અતિશય મધુર હતા. આમ પ્રસાદવિધિ પૂરો થયો, બાદ બુંદેલખંડના બ્રાહ્મણે પોતાની પરિસ્થિતિનો બ્યાલ આપ્યો. તે સાંભળી તેઓને મહર્ષિવર્યે ઘણું સમજાવ્યું. આ વૈરાગ્ય સાચો નથી

એમ કહી થોડા પાછા વળવાનો ઉપદેશ કર્યો. ત્યારપછી તેઓ અને શિષ્ય બંને ઉંધી ગયા, બાદ પેલા મહાત્મા *શ્રીજી પ્રત્યે બોલ્યાઃ "મહાત્મન્! આપને બોદું તો નહિ લાગે ને? આપ સારા જ્ઞાની જણાઓ છો તો આમ શા માટે રખડ્યા કરો છો અને નાહકનું દુઃખ વેઠો છો?" અહીં સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે કે સદરહુ વનવાસી મહાત્મા ઉત્તમ યોગાભ્યાસી અને વનસ્પતિશાસ્ત્રમાં પણ નિષ્ણાત હતા. ૭ ૭ મહિના સુધી ખાવાનો જરૂર ન પડે એવી વનસ્પતિ તથા કંદમૂળની તેમને માહિતી હતી. લગભગ દરરોજ શુમારે અઢાર કલાક નિર્વિકલ્પ સમાધિમાં જ બેસી રહેતા હતા. તેમનું ઉપર પ્રમાણેનું વચન સાંભળીને મહર્ષિવર્યે ઉપહાસથી કહ્યું કે, "મને લાગે છે કે આપને હજી ધ્યેયપ્રાપ્તિને માટે આકાશ પાતાળ જેટલું અંતર કાપવાનું બાકી છે" વગેરે. આ સંબંધમાં સવિસ્તર વિવેચન દત્ત પરશુરામ પુસ્તકના ઉપાસનાકાણ્ડમાં આવેલું હોવાથી અહીં તેનો વિસ્તાર વધાર્યો નથી, જિજ્ઞાસુઓએ ત્યાં જોઈ લેવું.

આ વનવાસી મહાત્માને જે બોધ મહર્ષિવર્યે આપ્યો હતો તે જ આ વેદાંતશિરોમણિ એવું દત્ત પરશુરામ છે. મહર્ષિવર્યના ઉપદેશથી કૃતાર્થ થયા બાદ તેઓએ ઘણા આનંદથી મહર્ષિવર્યને દાક્ષણ્યમાં શું આપું એમ પૂછ્યું અને કંદમૂળની માહિતી આપવાનો પોતાનો ઇરાદો વ્યક્ત કર્યો. પરંતુ પાછળથી તેમને મહર્ષિવર્ય કોઈ અવધૂત યોગેશ્વર હોવાની ખાતરી થતાં ક્ષમા માગી અને થોડા દિવસ સેવામાં સાથે રાખવા વિનંતિ કરી. શ્રીજીના કૃપાથી તેઓ ધારણાભ્યાસ શીખ્યા. દરમિયાન ગિરનારમાં ગુપ્તપણે રહેનારા તુંબરુ મહર્ષિ જેવા એક થોડામુખી તપસ્વી મહર્ષિ દરેક સિંહસ્થને બીજે વર્ષે તુલા સંક્રમણમાં નિર્વિકલ્પ સમાધિમાંથી ઉઠીને જમત થાય છે, તેમનો ઉત્થાનનો સમય થયેલો છે એવી જાણ થતાં તે થોડામુખી અને રુદ્રિકકાષી તપસ્વી મહર્ષિનાં દર્શન થતાં સુધી ૐ ની તેમ જ સૂર્યનો ધારણા કરતાં ત્યાં જ સ્થિતિ કરી.

મહર્ષિવર્ય અને તુંબરુ ઋષિ ×

એક વખત તેઓ સાયંકાળે નજીકના અનસૂયાના પડાડનો ટૂંક ઉપર બેઠા હતા. ચોતરફ સૃષ્ટિસૌંદર્યની રમણીય શોભા નિહાળી રહ્યા હતા. તત્ત્વનો જ વાતો બ્રહ્મમાનસ મહાત્માનો સત્તાસામાન્યસ્થિતિ એટલે શું એ સંબંધમાં વિવેચન ચાલુ હતું. વનવાસી મહાત્મા મહર્ષિવર્યજીની શિલાની બેઠકની નજીક પગ પાસે બેઠા હતા અને અનુચર સામે હાથ જોડી ઉભો હતો. એટલામાં વનવાસી મહાત્માએ આકાશ તરફ જોઈ નમ્રતાથી પૂછ્યું, ભગવન્! પૂર્વ યુગનો જેમ આકાશમાર્ગે વિહાર કરનારા સિદ્ધો, ગંધર્વો, દેવદેવીઓના સમૂહો, ઇત્યાદિ હવે કેમ જણાતા નથી? તત્ત્વજ્ઞાનના અધિકારી તેઓ અને મનુષ્યો બે જ યોનિઓ વર્તી છે. જ્યાં તત્ત્વજ્ઞાનની ચર્ચા ચાલતી હોય ત્યાં તે સમૂહો આકાશમાં હાજર હોય, છતાં કેમ જણાતા નથી? તેમનો આ અધિકાર અને જિજ્ઞાસાયુક્ત નમ્રતાથી કરેલો પ્રશ્ન સાંભળી મહર્ષિવર્ય બોલ્યાઃ

હે તાત! કૃત, ત્રેતા, અને દ્વાપર યુગના અંત સુધી તો આ દેવદેવતાઓ, સિદ્ધગણો, ગંધર્વો વગેરે આકાશચારી સમૂહો, આવી તત્ત્વરૂપ ચર્ચા ચાલુ હોય તે સભામાં પ્રગટ રીતે પણ ભાગ લઈ શકતા હતા, પરંતુ કલિયુગના આરંભમાં નૈમિષારણ્યના સો વર્ષો સુધી યજ્ઞસત્ર થયા પછી તેઓ અંતરિક્ષમાં પોતપોતાના દિવ્યરૂપે જ સ્થિત હોય છે, જેથી ધારણા વગર જોઈ શકાતા નથી. તમો જોવાને ઇચ્છતા હો તો તમારી સૂર્યધારણા ભ્રૂમધ્ય-ભ્રકુટિમાં આવેલા આજ્ઞાચક્રમાં કરી સૂર્યરૂપ બની જાઓ, તેમાંથી અનાયાસે જ ફરી પાછું ઉત્થાન થવા પામશે એટલે નેત્રમાં રહેલા કોટી સૂર્ય સમા પ્રકાશમાન પૂંજનો દ્રષ્ટાભાવથી અનુભવ આવશે. અને પછી આકાશચારી સિદ્ધોનાં દર્શન અને વાર્તાલાપ વગેરેનો પણ પ્રત્યક્ષ અનુભવ લઈ શકાશે. તેઓએ તત્કાળ આસન કરી, ગુદાદ્વાર પગની પાની વડે બંધ કરી મેરુદંડ ટટ્ટાર કર્યો અને પ્રાણનો અપાનની સાથે સંયોગ કરી તેને ક્રમે ક્રમે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર અને અનાહતચક્રમાં લાવી

*મહર્ષિવર્ય અને વનવાસી મહાત્માનો સંવાદ હિંદીમાં થયો હતો.

×દત્તપરશુરામ દ્વિતીયાવૃત્તિ પૃષ્ઠ ૨-૬૬ જુઓ.

લાંથી સાતે દ્વારોના છિદ્રોને સારી રીતે રોકી એમના તાળવાના મૂળમાં લાવી ત્યાંથી યુક્તિથી આજ્ઞાચક્રમાં ચઢાવ્યો. મનમાં કેવળ એક સૂર્યની જ ભાવના હોવાથી બીજું બધું દેખાતું તદ્દન બંધ થયું હતું. ત્યાં કોટી સૂર્યના તેજપુંજ રૂપ બની એ ભાવને પણ છોડી બ્રહ્મરંધ્રમાં જઈ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈ ગયા. થુમારે અરધા મુહૂર્ત પછી એ સમાધિમાંથી અનાયાસે ઉત્થાન થતાં પુનઃ કોટી સૂર્યસમો તેજપુંજ જોવામાં આવ્યો અને તેમાંથી પૂર્વના દઢ સંકલ્પને લીધે જ અસંખ્ય જગતો પરમાણુની જેમ ઉત્પન્ન થતાં જોવામાં આવ્યા. ત્યાંના એક પરમાણુ જેટલા ભાગમાં આ ચૌદલોકવાળા બ્રહ્માંડનું ભૂતાકાશ અને તેમાં સંચાર કરી રહેલા સિદ્ધગણો, ગંધર્વો, અપ્સરાઓ, દેવદેવીઓ, વગેરેના અસંખ્ય સમૂહો તેમના જોવામાં આવ્યા. તે પૈકી દેવર્ષિ નારદ, તુંબરુ અને તુંબરુ જાતિના અસંખ્ય સિદ્ધોના સમૂહો પણ આ વાદ સાંભળી રહ્યા હતા, એ તેમના જોવામાં આવ્યું.

તેઓ તેમની પાસે ગયા અને પ્રણામ કરી નમ્રતાથી પૂછ્યું કે આપણે બધા આ જગતમાંના આ લોકોને જોઈ શકીએ છીએ તેમ તેઓ આપણને કેમ નથી જોઈ શકતા?

નારદજી બોલ્યાઃ આ બધા અજ્ઞાની છે. જગતનું સાચું સ્વરૂપ સમજી શકતા નથી તેથી પરંપરાગત માનવામાં આવેલા મિથ્યા આરોપથી જગત જડ હોવાનું માની બેઠા છે. અને તે ઉપર અનેક નામરૂપોની કલ્પના કરી બેસે છે. તથા તે જાણે સત્ય જ હોય એમ અનુભવે છે. જે આ જગતનું સાચું સ્વરૂપ સમજે અને પોતે કોણ છે એ અનુભવે તે જ મિથ્યા મોહભ્રમથી છૂટી શકે છે. તમો પોતે પણ અત્યાર સુધી અમોને જોઈ શકતા ન હતા. આ બધા સિદ્ધો દેવી અને દેવીઓના સમૂહો તમારો તત્ત્વજ્ઞાનનો અપૂર્વ સંવાદ સાંભળવા અહીં એટલે કે જેને તમો અંતરિક્ષ કહો ત્યાં એકઠા થયા હતા. જુઓ! આ ગિરનાર કે જે ગુરુદત્તાત્રેય, દેવર્ષિ તુંબરુ, અસિતદેવમા, બ્રહ્મદાલ્ભ્ય વગેરે સિદ્ધોનું સ્થાનક કહેવાય છે. ત્યાં તમારું જ એક શરીર ભૂમંડળના લોકો જેને નિર્વિકલ્પ સમાધિ કહે છે, તે સ્થિતિમાં સ્થિત થઈ બેઠું છે. સામે બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ બેઠા છે. તેમનું સાચું સ્વરૂપ તમો પિછાણો છો? અમારી સાથેના દેવર્ષિ તુંબરુ કે જેઓ અહીં જોવામાં આવે છે તેઓ એક શરીરવડે આ ગિરનારના પહાડમાં સ્ફટિક જેવી કાયાવડે નિર્વિકલ્પ સમાધિમાં જ સ્થિત રહે છે. પૃથ્વીમાંના ભૌમમાન પ્રમાણે દર બાર વરસે જ્યારે ગુરુ કન્યાનો અને સૂર્ય તુલા રાશિમાં સંક્રમણ કરતો હોય તે દરમિયાન એક દિવસ તેઓનું નિર્વિકલ્પ સમાધિમાંથી ઉત્થાન થાય છે તે દિવસે તેઓ બધા પહાડની પ્રદક્ષિણા કરી દરેક શિખરો ઉપર થઈ પુનઃ સ્વસ્થાને જઈ ફરી પાછા સમાધિમાં બેસે છે. તેમનું સ્થાનક પૃથ્વીના લોકોથી જાણી શકાય તેવું નથી. તેઓનું હવે થોડા સમયમાં જ ઉત્થાન થશે. તે વખતે તમો તેમના દર્શનનો લાભ ત્યાં લેશો. હવે અમારો જવાનો વખત થયો છે.

આ-બાબતમાં તમો તમારા બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુશ્રીને પૂછશો કે, જેથી તમે દેવર્ષિ અને વિષ્ણુના પાર્ષદ એવા એ સ્ફટિકકાયી અને ઘોડામુખી તુંબરુ મહર્ષિનાં દર્શન કરી શકશો. આટલું કહી તેઓ બધા એકાએક અંતર્ધાન થઈ ગયા, આ બાજુ વનવાસી મહાત્મા નિર્વિકલ્પ સમાધિમાંથી જાગૃત થયા. તેમણે પૂજ્ય મહર્ષિવર્યને સાષ્ટાંગ પ્રણામ કરી બનેલો સર્વ પ્રકાર નિવેદિત કર્યો. તે સાંભળી પૂજ્યશ્રીએ નીચે મુજબ કહ્યું:

ચૈતન્ય સ્વરૂપમાં એવા તો અનંત ચમત્કારો છે. દ્વૈત અને ત્રણ ગુણોવાળાઓને જે રીતે જોડભાવની કલ્પના હોય છે તેવો મોહભ્રમ પોતા સહિત અખિલ વિશ્વનું-સાચું સ્વરૂપ જાણનારાઓને કદી પણ હોતો નથી, તેથી તેઓને આવી બાબતમાં કદી મોહભ્રમ કે આશ્ચર્ય થતું નથી. તમો ધારણા જલદી સાધ્ય કરી શક્યા જેથી મને ઘણો આનંદ થયો છે. યોગમાર્ગ નહિ જાણનારાઓ કેવળ સંકલ્પથી પણ ધારણા સિદ્ધ કરી શકે છે. હાલમાં સૂર્ય અને ગુરુ બન્ને બ્રહ્મ કન્યા રાશીમાં છે. હવે પાંચ રાત્રી પછી સૂર્યનું તુલા રાશિમાં સંક્રમણ થશે, તેના સત્તાવીશ અંશ સુધી આપણે દેવર્ષિ તુંબરુના દર્શન માટે અહીં રાહ જોવી પડશે, તેઓનાં દત્તશિખરથી આંઠીને કાલિકા માતાની ટૂંક સુધીમાં આપણને જરૂર દર્શન થશે. માટે આપણે હવે દરરોજ સાંજકાળ પછી રાત્રે એટલા ભાગમાં જ તેમનો રાહ જોતાં વિહાર કરીશું. એ રીતે અઢાળર પચીસ દિવસ વિત્યા. સૂર્યનો મેષ નવમાંશમાં પ્રવેશ થયો તે દિવસે મધ્યરાત્રિ પછી બ્રાહ્મમુહૂર્ત કાળમાં આ ઘોડામુખી (ઘોડા જેવું જેનું મોઢું) તથા સ્ફટીકકાય (જેમનું શરીર સ્ફટીક મણિની જેમ પારદર્શક-આરપાર દેખાય છે) તે અત્યંત મનોહર અને સુંદર દેહધારી દેવર્ષિ તુંબરુ ઘણી જ ઝડપથી વિહાર કરી રહ્યા હતા. તેમનાં દર્શન થયાં. તેમના દર્શનાર્થે ઝાડોની જેમ જંગલના પશુપક્ષીઓ પણ બંને બાજુઓથી પહાડ ઉપર ચઢી

આવતાં દેખાયા. મહર્ષિવર્યે ॐ ધ્વનિ સહિત વંદન કર્યો. તેમણે સામા સોઽહમ્ કહી વંદન કર્યાં. બંનેની સામસામી એક દૃષ્ટિ થઈ. બસ ભેટો પૂર્ણ થયો. મહર્ષિવર્યજી નીચે ઉતરવા લાગ્યા. દરમ્યાન અનુચરસહિત વનવાસી મહાત્માએ પણ દેવર્ષિના ચરણકમળમાં માથું મુકયું. ॐ અને સોઽહમ્ ધ્વનિયુક્ત શુભાશિષ લઈ પોતે મહર્ષિજીની પાછળ ગયા. શેષ રાત્રિ આનંદમાં વિતાવી, બીજે દિવસે પ્રાતઃકાળે મહર્ષિજીએ કહ્યું કે હે વત્સ! તમો હવે ખરેખર કૃતકૃત્ય થયા છો. સૂક્ષ્મદર્શી થયા છો, જીવન્મુક્ત બન્યા છો, માટે હવે અમો સ્વસ્થાને જઈશું. વળી દેવર્ષિ તુંબરુનો પણ આદેશ એવો જ છે. તમો હવે ગમે ત્યાં સંચાર કરી શકો છો. તમારું આ દેહનું આયુ અલ્પ હોવાથી સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ તમો વિંધ્યા યા સાતપુડા કિંવા અમરકંટકમાં કોઈ રથળે જઈ નિવાસ કરી ત્યાં વિદેહ સ્થિતિ પ્રાપ્ત કરો. હું નિત્ય તમારી પાસે જ છું. અંત સમયે સ્મરણ કરતાં હાજર થઈશ; એમ નિશ્ચિત માનશો. ખેદ નહિ કરતાં આનંદથી જીવન્મુક્ત દશા ભોગવો અને ધારણાધ્યાસમાં વૃદ્ધિ કરો. અદ્દમાનસ મહાત્માની પેઠે સત્તામાત્રમાન્ય સ્થિતિમાં રહેવાનો પ્રયત્ન કરો. જે સ્થિતિમાં વસિષ્ઠ, વિશ્વમિત્રાદિ મહર્ષિ, જનકાદિ રાજર્ષિ અને રામકૃષ્ણાદિ અવતારો સ્થિતિ કરી રહ્યા હતા. એ રીતે પોતે પોતામાં પોતા વડે જ રમણ કરો. એમ કહી ગળગળા કંઠે તેઓની વિદાય લીધી અને હિમાલય ભણી પ્રસ્થાન કર્યું.

આ રીતે આ કોઈ ગુપ્તપણે વિચરનાર મહાન વિભૂતિ અવધૂતશિરોમણિ મહર્ષિ હો, અવતારિક હો યા તો મહાત્મા હો કે સાક્ષાત્ ભગવાન પોતે હો, ગમે તે હો, પરંતુ તેમણે છેલ્લા દાયકામાં ગુજરાતમાં દેખા દીધી છે અને જ્ઞાનના મહાસાગરસમા મહાકાળપુરુષવર્ણન, દત્ત પરશુરામ અને ગીતાદોહન જેવાં અમુલ્ય અને અપૂર્વ ગ્રંથરત્નોને ગુજરાતી ભાષામાં પ્રકટ કરીને ગુજરાતી જનતાને ઉપકારના બોજા તળે મૂકી દીધી છે. ગુજરાત એમના એ ઋણમાંથી કદી પણ છૂટી શકશે નહિ. આપણે ૮૮છીએ કે મહર્ષિવર્ય ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પોતાના જ્ઞાનવિજ્ઞાનનો અમુલ્ય લાભ આપણને આપતા રહેશે. જેમ પાણીના સિંચન થકી ઝાડ વધે તેમ તેઓશ્રીએ રોપેલા અધ્યાત્મબીજને ઉત્તરોત્તર સિંચન કરી પોષણ મળતું રહેશે તો ગુજરાતી જનતા અવશ્ય જાગ્રત રહેશે.

મહાનુભવો! આપે ભગવદ્ગીતાના ઘણા તરજુમાઓ વાંચ્યા અને વિચાર્યા હશે; ગીતાદોહન પણ તમારી સેવામાં ઉપસ્થિત થાય છે તેનું પણ આપ એક વખત સારી રીતે અવલોકન કરશો; એટલે પછી તેમાંના જ્ઞાન સંબંધે તમો તમારી મેળે જ ખ્યાલ કરી શકશો. સૂર્યને પ્રકાશવા બીજા કોઈ સાધનની જરૂર હોતી નથી, તે પોતે સ્વયંપ્રકાશ છે, તેમ ગીતાદોહનમાં આવેલા સ્વતઃસિદ્ધ જ્ઞાનની કલ્પના માટે બીજા કોઈનાં પ્રમાણપત્રો કે શિફારસપત્રોની જરૂર નથી એ વાતની સત્યતા તમો જાતે જ પિછાની શકશો.

મહર્ષિવર્યનો ખોરાક શું? તેમનો નિવાસ કયાં હોય છે? તેઓ શું કાર્ય કરે છે? તેમના કાર્યની પદ્ધતિ કેવા પ્રકારની છે? તેમનો વિદ્યાભ્યાસ, સ્વભાવ, તેમની પાસે સંગ્રહમાં શું છે? તેમના થકી લોકોને વ્યાવહારિક, આર્થિક તેમજ આધ્યાત્મિક લાભ, આત્મલોકોને થયેલા અનેકવિધ અનુભવો, મહર્ષિવર્યની કામ કરી રહેલી ગુપ્ત શક્તિ વગેરે સંબંધમાં વિશ્વશાંતિ નામના સાતમા પ્રકાશનમાં સંક્ષેપમાં વિવેચન આપેલું છે તે ઉપરથી કાંઈક અંશે કલ્પના આવશે. અમારે સ્પષ્ટ જણાવવું જોઈએ કે અમારી પાસે લોકોના અનુભવના અનેક પત્રો અને પ્રસંગો છે, પરંતુ તે પ્રસિદ્ધ કરવા મહાત્માશ્રી બિલકુલ પરવાનગી આપતા નથી. તેઓશ્રી તો કહે છે આવું વાડ્મય પ્રસિદ્ધ કરવાથી મહાત્માઓનું મહત્વ વધે છે એમ માનવું અગર લોકસંગ્રહને નામે લોકોનો સમુદાય વધારે પ્રમાણમાં એકઠો કરવામાં આવે તે ખરેખર ઈચ્છનીય નથી, તે તો લોકોને છેતરવા સમાન છે. વ્યવહારમાં ધાન્યનો સંગ્રહ એટલે ધાન્યને કોઠીમાં ભરી રાખવું એવો અર્થ થાય છે તેમ લોકસંગ્રહ એટલે લોકોને વધુ એકઠા કરવા અથવા શિષ્યાદિ અગર સેવાદિને નામે ગોંધી રાખવા એવો અર્થ નથી, પરંતુ લોકોને કુમાર્ગથી નિવારી સન્માર્ગે સ્થાપવા તેનું નામ જ ખરો લોકસંગ્રહ કહેવાય. "સેવાનો ઉદ્દેશ બુદ્ધિ વેચવાનો નહિ, પરંતુ સૌજન્યસહિત બુદ્ધિ પ્રગટ કરવાનો જ હોવો જોઈએ," એવો શાસ્ત્રનો પણ સિદ્ધાંત છે.

આજકાલ લોકોની માન્યતા એવી છે કે ત્યાગીઓ વ્યાવહારિક અને સામાજિક વ્યવહાર જાણી નહિ શકતા હોય, પરંતુ તેમને અમારી ભલામણ છે કે વ્યવસ્થા, સ્વચ્છતા, નિયમિતતા, ચોકસાઈ અને ચોખ્ખાઈનું જ્ઞાન મેળવવાને માટે તમારે મહાત્માશ્રીનો સહવાસ અવશ્ય કરવો જોઈએ. તેમની કાર્યકુશળતા

અને દુરંદેશીપણું તેમ જ નિઃસ્પૃહતા તો સહજ પ્રસંગે પણ તરી આવે છે. આ વાત તો જેમને તેમના સાન્નિધ્યમાં રહેવાનો સુયોગ પ્રાપ્ત થયો હશે અગર તેઓની સાથે પ્રવાસપ્રસંગ આવ્યો હશે તેઓ જ સારી રીતે જાણી શકશે. તેઓશ્રી અનાયાસે જે વ્યવહાર આવી પડે, પછી તે નાનો-ક્ષુદ્ર હોય કે મહત્ત્વનો-મોટો હોય પરંતુ નિઃસ્પૃહતા, સરળતા અને દક્ષતાથી એટલો બધો સચોટ રીતે કરે છે કે, વ્યવહારમાં રાજા, મહારાજા, લક્ષાધિપતિ યા કરોડાધિપતિ વગેરે ગમે તે હોય તો પણ અત્યંત નિડરપણે અને વગર સંકોચે તેમની ભૂલો તેમના મોઢા ઉપર તત્કાળ કહી દે છે; આથી કેટલાકો એમને દુર્વાસા કિંવા જમદગ્નિ કહે છે. કડકાઈ અને સિદ્ધાંતપ્રિય હોવા છતાં હૃદયના નખાલસ અને મહાદેવની જેમ શીઘ્ર પ્રસન્ન થનારા ભોળા શંભુ સમા છે.

રાજા તેમ જ સમાજને સત્યતત્ત્વ કહેવાની કામગીરી જીવન્મુક્ત મહર્ષિઓની હોય છે, એવો ઇતિહાસ અનાદિકાળથી મશહૂર છે. પૂર્વે રાજાઓ મહર્ષિઓની સલાહ અનુસાર જ વર્તતા. ન્યાય દેનારો તદ્દન નિષ્પક્ષપાતી હોય તો જ પ્રજાને યોગ્ય ન્યાયદાન મળી શકે, સમાજનું હિત શામાં છે, કાર્ય અને અકાર્ય એટલે શું, ઇત્યાદિ વ્યાવહારિક બાબતો પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણામાં ફસાયેલા વિષયી લોકો સમજી શકે નહિ; પરંતુ તદ્દન અસંગ અને નિઃસ્પૃહ એવા નિષ્કામ અનોખા બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત મહાત્માઓ જ તે વાત સારી રીતે સમજીને લોકોને યોગ્ય માર્ગદર્શન કરી શકે છે. મહર્ષિવર્યશ્રીનો વ્યવહાર એટલો બધો સ્પષ્ટ, નિઃસ્પૃહ, સરળ અને સત્યથી ભરપૂર છે કે ગમે તેવો વ્યવહારનિપુણ મનુષ્ય પણ તેઓશ્રીની વ્યવહારદક્ષતાથી ચકિત બને છે. તર્ક અને નિતિશાસ્ત્ર સંબંધમાં તેઓશ્રીના વિચક્ષણતા, બુદ્ધિમત્તા, દુરંદેશીપણું અને કાર્ય ઉકેલની સૂચના, ગમે તેવી ગૂંચનો તત્કાળ નીવેડો લાવી દેવાની અજબ શક્તિ ભૂગોળ, ખગોળ, બ્રહ્માંડરચના, કાર્યોત્પત્તિ વગેરે જેવા જ્ઞાન વિજ્ઞાનના વા ગમે તેવા શાસ્ત્રના ગૂંચવણભર્યા પ્રશ્નોના નિકાલ સહેજમાં તત્કાળ કરી નાખવાની તેમની પદ્ધતિ અજોડ છે. એ વાત માટે તેમના વિદ્વાનદર્શક "મહાકાળ પુરુષવર્ણન" તથા તત્ત્વજ્ઞાન સંબંધમાં 'દત્ત પરશુરામ' જેવા ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલા અપ્રતિમ ગ્રંથો એ ગુજરાતની જનતાને પ્રત્યક્ષ પુરાવારૂપ છે અને સર્વોત્તમ એવું આ "ગીતાદોહન" પણ વાચકો સમક્ષ આજે ઉપસ્થિત છે. આ સંબંધમાં વધુ વિવેચનની જરૂર નથી.

આ રીતે વ્યાવહારિક દૃષ્ટિએ તદ્દન અભણ ગણાતા પરંતુ સર્વજ્ઞાનના ભંડારસમા એ મહાપુરુષો પરિચય આપવાનું દુર્ઘટ કાર્ય કાંઈક અંશે આટોપી અમો સંતોષ માની છીએ, કેમ કે મોટા પાણીનું સ્વચ્છ અને સુંદર સરોવર ભરાયેલું હોવા છતાં પક્ષીઓ તેમાંથી પોતપોતાની શક્તિ અનુસાર પોતાની ચાંચમાં આવે તેટલું જ લઈ શકે છે અથવા ગમે તેવો કીમતી હીરો હોય છતાં જેને તેની પારખ નહિ હોય તેનો દૃષ્ટિએ તો તે કાચ જ કહેવાશે; તેમ આ ગ્રંથ અને ગ્રંથકાર ગમે તેવો મહાન હોય પરંતુ અર્થ કરનારની બુદ્ધિ ઉપર જ તેનું સાચું સ્વરૂપ જાણવાનું આધારિત છે, કહેવત છે કે કમળો થયો હોય તે બધે પીળું જ દેખે અને કાગડાની દૃષ્ટિ વિષ્ટા ઉપર જ, તેમ અનેક પ્રકારની લોકવાયકાઓ આપણે જેમ અન્યોના બાબતમાં સાંભળીએ છીએ તે મુજબ આ ગ્રંથ અને ગ્રંથકર્તા પણ તેમાંથી બાકાત રહેશે એમ કહેવું એ વ્યાવહારિક દૃષ્ટિએ અનુચિત ગણાશે; એટલે દરેક પોતપોતાની બુદ્ધિ અનુસાર જ તેમાંથી મર્મ ગ્રહણ કરશે અને મહર્ષિવર્યનો લાભ ઉઠાવી શકશે; પરંતુ પરીક્ષકોને માટે તો તે એક અમૂલ્ય રત્નનો ખાણરૂપ નીવડશે એમ કહેવું એ બિલકુલ અતિશયોક્તિ ભર્યું નથી.

"હિંદુસ્તાન દેશની વિશિષ્ટતા એ છે કે જગતમાં સારા સારા વિદ્વાન ગણાતા પાશ્ચાત્ય વિદ્યાચાર સંપન્ન અને ધુરંધર વિદ્વાન, વિદ્યાધરો અને પંડિતો વગેરે રામકૃષ્ણ પરમહંસાદિ જેવા એક અભણ આદમીની પાસે જઈને જ સાચી શાંતિ મેળવી શકે છે. પ્રસ્તુત સમયને માટે શ્રી કૃષ્ણોત્તમજ મહાત્મા એ તેનો પુરાવો છે." આ વાક્ય મહર્ષિવર્યના દર્શને આવેલા એક સુપ્રસિદ્ધ અંગ્રેજ વિદ્વાને ઉચ્ચારેલું છે, તે કેટલું યથાર્થ છે તેનો ખ્યાલ મહાત્માશ્રીના સમાગમમાં આવી તેમને જાણી શકનારાઓ જ કરી શકશે.

કેટલાંક વર્ષો પૂર્વે એક સુપ્રસિદ્ધ નેતા અને અધ્યાત્મ વિષયમાં પ્રખર રસ લેનારા, લોકમાન્ય તિલકના ખાસ કૃપાપાત્ર અનુયાયી પોતાના એક મિત્રને સાથે લઈને એક દિવસ મહર્ષિવર્યના દર્શને આવ્યા હતા. તેઓના સાથે આવેલા મિત્ર તદ્દન નાસ્તિક હતા. મહર્ષિવર્યને પ્રણામ કરી સાથેના મિત્રને ઉદ્દેશીને તે બોલ્યા

કે તમોને અહીં લાવવાનું પ્રયોજન ફક્ત એટલું જ છે કે જો ભવિષ્યમાં તમોને કદાચ આ માર્ગ તરફ વળવાની ઇચ્છા થાય તો તમો આ માર્ગે પ્રયત્ન કરીને જ્યારે હતાશ થાઓ, અથવા આ નાસ્તિકતાના આગ્રહને છોડી પરમાર્થમાં પડી કોઈકે વ્યક્તિ વા સાંપ્રદાયનો દુરાગ્રહ પકડીને સન્માર્ગ થકી ફરી ભ્રષ્ટ થઈ વિનાસણમાં પડો, તમોને ત્યાં આત્મશાંતિ ન મળે તો નિરાશ નહિ થતાં દુરાગ્રહ છોડીને તમો આ મહાત્માને અવશ્ય મળજો એટલા માટે જ આ મહર્ષિવર્યની મેં તમને ઓળખાણ કરી આપી છે. જ્યારે તમો ખરેખર મુંઝવણમાં પડ્યા હશો ત્યારે કોઈ પણ દુરાગ્રહને ગ્રહણ કરવા પૂર્વે આ મહાપુરુષ હિંદુસ્તાનમાં જ્યે ત્યાં હોય તો તેમની ખાળ કાઢી તેમને અવશ્ય મળજો એટલે તમારી ગમે તેવી ગૂંચ તત્કાળ નીકળી (ઉકલી) જશે. એવા ઉદ્દેશથી જ હું તમોને અહીં લાવ્યો છું; આ મારો જાત અનુભવ હું કહી રહ્યો છું, પરંતુ સાથે સાથે કહું છું કે એમની એવી તો કડકાઈ છે કે એમના પાસે તમારી સાચી જિજ્ઞાસાનું પ્રદર્શન તત્કાળ થઈ જશે. કેમ કે તેમની અગ્નિપરીક્ષામાંથી પાસ થવું અતિશય કઠણ છે. જેમને આત્મપ્રાપ્તિની અતિ-તીવ્ર જિજ્ઞાસા હોય તેઓ જેમ લોખંડ પારસને અડતા તત્કાળ સુવર્ણરૂપ બને છે તેમ તેમના સહવાસથી તત્કાળ આત્મપ્રાપ્તિ કરી શકે છે; બાકી ઇતરોને માટે તો તેઓને ઓળખવા તથા તેમનો તાપ જીરવવાનું કામ અતિશય મુશ્કેલ છે, પણ જે ટક્યો એ તો તદ્દન નિઃશંક જ બન્યો. તુકારામ મહારાજે કહ્યું હતું તેમ "આ માર્ગે તો ખરા બહાદુરો—જાતવાનોનું કામ છે, કાચા પોચા કિંવા ઢીલા એટલે જેમને તીવ્ર જિજ્ઞાસા નથી તેવા બાયલાઓનું અહીં કામ નથી." એ ઉક્તિનો અમલ અહીં તમો જોઈ શકશો.

શ્રીમહર્ષિવર્યજી એક વખતે ઉન્મત્ત અવસ્થામાં હતા. તે સમયે એક અતિભાવિક ભક્તે નમ્રતાથી કહ્યું કે, "મહાત્મન્! આપ આમ જ્યારે જ્યારે સ્વરૂપ ધારણ કરો છો તેથી લોકો મહાત્મા સંબંધમાં કાંઈ કાંઈ અફવાઓ ઉડાવે છે, તેઓ બધા આપને શું કહેશે? કેમ કે તેઓ તો બધા અજ્ઞાની છે, આપને શી રીતે ઓળખી શકે?" મહર્ષિવર્યે હસીને શાંતિથી તત્કાળ ઉત્તર આપ્યોઃ "જો કદાચ જગતમાં વિભાગો પાડી શકાય તો બે જ. (૧) અજ્ઞાની અને (૨) જ્ઞાની. જેઓએ આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય તેવા અપરોક્ષાનુભવી જીવન્મુક્ત મહાપુરુષોનો સમાવેશ જ ફક્ત જ્ઞાનીની કોટીમાં થઈ શકે છે, તે સિવાયના બીજા બધા અજ્ઞાનીઓ છે; એવો શાસ્ત્રનો નિશ્ચિત સિદ્ધાંત છે, આ અજ્ઞાનીઓ સ્વસ્વરૂપને નહિ ઓળખવાને લીધે પહાડ, પત્થરાદિ સ્થાવર, વૃક્ષ લતાપત્રાદિ જંગમ તેમ જ કીડી, પતંગ, પશુ, પક્ષીથી માંડી મનુષ્ય સુધીની ચેતન, એમ અનેક જડચેતન યોનિઓમાં રખડી અનેક પ્રકારનાં દુઃખો ભોગવી રહ્યા છે અને વિશેષમાં પોતાને બધા જ્ઞાની સમજી લે છે. જેમ નાપાસ થયેલા મિથ્યાભિમાન વડે એઓ પૈકી પાંચ ગુણને લીધે નાપાસ થયો હોય તે પોતાને દશગુણથી નાપાસ થયેલાઓ કરતાં વધારે બુદ્ધિશાળી માને અને દશવાળો પંદરગુણથી નાપાસ થયેલા કરતાં પોતાને વધારે બુદ્ધિશાળી માને છતાં તેઓને પાસ થતાં સુધી અભ્યાસ કરવો જ પડે છે. આમ નાપાસમાં શ્રેષ્ઠકનિષ્ઠવર્ગની માન્યતા નકામી છે, પાસ થયા તે છૂટયા અને નાપાસ થયા એ બળદની જેમ ઘુંસરીમાં જોડાયા, તેમ આ બધા અજ્ઞાની લોકો મિથ્યા અહંકાર વડે પોતપોતાને શ્રેષ્ઠ માની બેસે તેનો શો અર્થ?

આ પોરસે તમારા કહેવા મુજબ જો અજ્ઞાની લોકો શું કહેશે એવો વિચાર કરીએ તો તેમની જ કોટીના અને આ બધા તેમના જ ભાઈબંધો સમા પહાડો, પત્થરો, ઝાડો, કીડીઓ, મંકોડાઓ, ઇયળો, ઉધઈઓ, પશુ, પક્ષી, કીટ, પતંગીયાઓ, જૂંડો, કૂતરાંઓ, બિલાડાઓ, ઘોડાઓ, કાગડાઓ, ઘુવડો, ગધેડાઓ, વગેરે શું કહેતાં હશે અગર કહેશે એનો વિચાર કેમ ન કરવો? કારણ કે અજ્ઞાનદૃષ્ટિએ તો આ બધાં માણસો અને પહાડો, પત્થરથી માંડીને સ્થાવર, જંગમ, જડચેતન, તમામ યોનિઓ એક જ કોટીમાં છે. માણસોની યોનિમાં જેમ કેટલાક પોતાને બુદ્ધિશાળા, પંચાયતી પટેલીયા કિંવા અગ્રણી માને છે તેમ આ કાગડાકૂતરાંઓમાં પણ એવા વર્ગો હોય છે. ઝાડપાનાદિમાં તથા પત્થરો અને પહાડાદિમાં પણ હોય છે. આનો અર્થ નાપાસ થયેલાઓએ જેમ પોતાની બુદ્ધિનો ઝંડો રાખવો નકામો છે તેમ આત્મસાક્ષાત્કાર વગરના અજ્ઞાનીઓનો મિથ્યા અહંકાર પણ તદ્દન વ્યર્થ છે.

આ અજ્ઞાનીઓ સાત્ત્વિકતાદિની મોટમોટેથી બૂમો પાડીને વાતો કરે છે તે તો ફક્ત પોતાની માન્યતા બીજા ઉપર લાદી પોતાનો સ્વાર્થ સાધવા પૂરતી જ હોય છે. તેમનો અંદરખાનેનો આશય શુદ્ધ હોતો નથી. તેઓ તો ફક્ત ખુશામતપ્રિય હોય છે. તેમની દૃષ્ટિએ પોતાની હાજી હા અને ખુશામત કરે તે સાત્ત્વિકનો સિરપાવ મેળવે અને જે સામું કહે તેને તામસનો. પણ આ મૂઢો સમજતા નથી કે જેમ ઘડામાંથી છિદ્ર વાટે પાણી બહાર નીકળી જાય એટલે તેમાં આકાશ વગર બોલાવ્યે જ આવે છે તેમ જેમાં સાત્ત્વિકતાનો ઉદય થાય તેને આત્મપ્રાપ્તિ સિવાય બીજું કોઈ ધ્યેય સૂઝે જ નહિ. તમો પોતે સાત્ત્વિકતાની વાતો કરો છો અને આ મારું અને આ તારું ઇત્યાદિ રાજસ, તામસ વ્યવહારને જરા પણ અળગા થવા દેતા નથી અને વળી આ મારે માટે નથી કરતા એમ કહીને જાણે બધું જગતને જ અર્પણ કરી દેવાના ન હોય. એવો દંભ કરો છો; આ તે કેવી સાત્ત્વિકતા? માટે નિશ્ચિત માનશો કે જ્યાં રાજસ, તામસ ગુણો સહેજ પણ ન હોય ત્યાં જ સાત્ત્વિકતા રહી શકે છે અને જ્યાં સાત્ત્વિકતા હોય ત્યાં રાજસ, તામસ ન રહી શકે. આ રીતે આત્મપ્રાપ્તિ થવી એ જ સાચી સાત્ત્વિકતા છે. બાકી તો સાત્ત્વિકતાને બહાને પોતાને અને લોકોને છેતરવા સમાન છે. માટે તામસ વડે જ જેની ઉત્પત્તિ છે, રાજસપ્રવૃત્તિ એ જ જેના જીવનરૂપ છે એવા આ બધા કહેવાતા લોકો પરંતુ વાસ્તવિક આત્મસાક્ષાત્કાર વગરના અજ્ઞાની પથરાઓ શું રહેશે વા કહેતા હશે એવી ચિંતા રાખવાનું કોઈ પ્રયોજન નથી. વિચાર કરીને જુઓ તો તમોને જગતમાં બધા સારા જ કહે છે! એવો એક પણ મનુષ્ય બતાવો કે જગતમાંનાં સઘળાં લોકો તેને સારો જ કહે. જગત દ્વંદ્વમય છે; એટલે કેટલાક સારા કહે અને કેટલાક નરસા કહે. ભેદ ફક્ત એટલા જ કે તેમાં વત્તુંઓછું પ્રમાણ હોય છે. મારે કોઈ એ ચિંતા નથી. કેમ તમો આ બધા લોકોનું પ્રમાણપત્ર મેળવીને લાવ્યા છો? નહિ તો તમોને સાધુગીરીનું પ્રમાણપત્ર નહિ આપવામાં આવે, એમ જે કોઈ મૂર્ખ કહે તેની મારે શી પડી છે? મારી આત્મપ્રાપ્તિ આવા અજ્ઞાની, મૂઢો કિંવા અવિવેકી મૂર્ખાઓના પ્રમાણપત્રો ઉપર અવલંબિત નથી. હું તો જે છું એ છું જ; કોઈ વંદે યા નિંદે એની સાથે મારે શી લેવા દેવા!"

મહર્ષિવર્યનું નિઃસ્પૃહત્વ અને સ્પષ્ટ તથા સત્ય વક્તૃત્વ ઉપરના કથન ઉપરથી સારી રીતે સમજી શકાશે. આ મુજબ મહર્ષિવર્યનું પ્રાચીન અને અર્વાચીન મહાપુરુષોના મંડળમાં અનેક બાજુએથી અત્યંત મહત્ત્વ છે. સમર્થ તત્ત્વજ્ઞાની, ભક્તિમાર્ગની દૃષ્ટિએ પરમ ઈશ્વરભક્ત, અલૌકિક યોગી, સમર્થ ધારણાભ્યાસી, સામાજિક દૃષ્ટિએ લોકોના સન્માર્ગપ્રવર્તક, યોગ દિશાદર્શક મોવડી, સાચા-લોકસેવક, ધર્મસંરક્ષક, આત્મસાક્ષાત્કાર યાને અપરોક્ષ અનુભવથી સિદ્ધ અને અમોલ એવા પ્રાસાદિક ગ્રંથકાર, ચારિત્ર્યવાન, બહોળા અનુભવી, ભક્તોને માટે અત્યંત પ્રેમાળ અને માયાળુ, શિસ્તપાલનને માટે અત્યંત કડક, વિરક્ત, નિઃસ્પૃહી, સ્પષ્ટવક્તા ઇત્યાદિ અનેક સદ્‌ગુણોનો તેઓશ્રી ભંડાર છે. ભૌતિકજ્ઞાન-વિજ્ઞાનમાં પણ અતિકુશળ હોવાને લીધે ગમે તેવી ગૂંચનો તાગડોતાગ નિકાલ કરવાની તેમની અજબ શૈલી તો દરેકને દિગ્મૂઢ બનાવી મૂકે છે. સિવાય તેઓ ત્યાગ, સંયમ, તિતિક્ષા, પ્રખર વૈરાગ્ય આદિ ગુણોની તો જવલંત પ્રતિમા જ છે; જેથી સંતશિરોમણિ માળામાં પણ તેઓ હંમેશ મોખરે જ રહ્યા છે અને રહેશે. આ અદ્વિતીય અને અલૌકિ મહાપુરુષનો ટૂંક પરિચય લોકોના અત્યાગ્રહને લીધે આપવાનો યથામતિ પ્રયત્ન કરી અમો તેમને વંદન કરી પોતાને કૃતાર્થ સમજીએ છીએ.

નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ
જયંતિલાલ કલ્યાણરાય ઠાકોર
એ. સી. અમીન
ધીરજલાલ પી. પરીખ
શ્રીકૃષ્ણઆત્મજ્ઞાનસુધા પ્રકાશક
તથા
પ્રકાશક સમિતિના સંચાલકો.

પ્રકાશકનું નિવેદન

(પ્રથમાવૃત્તિ)

શ્રીમદ્ભગવદ્ગીતા એ આપણો પરમપવિત્ર અને વિશ્વવંદનીય ધાર્મિક ગ્રંથ છે. ગીતાનું તત્ત્વજ્ઞાન-અમર આદેશ જનતા સરળતાથી સમજી સાચા માર્ગે જઈ શકે એ હેતુથી જ પરમ પૂજ્ય મહર્ષિવર્ય મહાત્માશ્રી કૃષ્ણાત્મજ મહારાજશ્રીએ ખૂબ જ શ્રમ લઈ 'ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા' નામક આ પવિત્ર ગ્રંથ લખ્યો છે. આ બૃહદ્ ધર્મગ્રંથ જનતા જનાર્દનના કરકમળમાં રજૂ કરતાં મને પરમ આનંદ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ ઓચેલી ગીતાનું રોજ-બ-રોજ આપણા હિંદુ ઘરોમાં પઠન-પાઠન થાય છે, પરંતુ માત્ર શ્લોકોના વાચનથી જ આ મહાન ગ્રંથનું સાચું રહસ્ય સમજી શકાતું નથી. ગીતાનું જ્ઞાન સાદી અને સરળ હૃદયસ્પર્શી ભાષામાં આપવામાં આવે તો જનસમાજ તેના મૂળ રહસ્યને સરળતાથી સમજી શકે અને સ્વકલ્યાણ પણ સાધી શકે. આ દૃષ્ટિથી જ પૂ. મહર્ષિવર્યે 'ગીતાદોહન'માં વિસ્તારપૂર્વક પોતાનો કિંમતી રત્નસમો જ્ઞાનભંડાર ખાલી કર્યો છે. આ ગ્રંથમાં પૂ. મહર્ષિવર્યે ગીતા ઉપરના તમામ મતમતાંતરો દૂર થાય એ રીતે પોતાની આર્ષદૃષ્ટિ અને સ્વાનુભવબળથી ગીતાના મીમાંસા કરેલી છે અને સમાજને ઉપકૃત કર્યો છે.

શ્રીમદ્ભગવદ્ગીતા ઉપર અત્યાર સુધીમાં જુદા જુદા મહાન ધર્માચાર્યોએ, પંડિતોએ ઘણી ટીકાઓ તેમ જ ભાષ્યો લખેલાં છે. "સ્વરાજ એ હમારો જન્મસિદ્ધ હક્ક છે" એ મહાન સૂત્રના યોજક સ્વ. લોકમાન્ય બાળગંગાધર તિલકે પણ ગીતા ઉપર ખૂબ જ મનનીય ટીકા લખેલી છે પરંતુ શ્રીમદ્ભગવદ્ગીતા ઉપરની બધી ટીકાઓ, ટીપ્પણો અને ભાષ્યો કરતાં પણ વિશેષ અભ્યસનીય દૃષ્ટિએ, આધુનિક સમયને અનુરૂપ તેમ જ જુદા જુદા ધર્મોનો સમન્વય કરીને ગીતામાંથી પૂ સ્વામીશ્રી કૃષ્ણાત્મજજીએ જેમ શ્રીભગવાને સમુદ્રમંથન કરી અમૃતદોહન કર્યું હતું તેવી જ રીતે બધાં શાસ્ત્રોનું દોહન કરી સમાજને ખૂબ જ ઉપયોગી બોધપ્રદ અને માર્ગદર્શક એવો આ " ગીતાદોહન " ગ્રંથ અર્પણ કર્યો છે. પરમ પૂજ્ય મહર્ષિવર્યે આ પુસ્તક તૈયાર કરવા પાછળ રાખેલી સતત કામની ચિવટ અત્યંત આદરણીય છે. આ પુસ્તક તૈયાર કરવાનું મેં માથે લીધા પછી પૂ. સ્વામીજીના અત્યંત નિકટના પરિચયમાં હું આવ્યો છું. મને શ્રીજીની પાસેથી વ્યાવહારિક બાબતોમાં પણ એક વ્યાવહારિક ગૃહસ્થે કેવા કેવા ગુણો ને આદર્શનું પાલન કરવું જોઈએ એ વિષે ખૂબ જ જાણવાનું મળ્યું છે. સંસારના દરેક કાર્યમાં પછી તે ધાર્મિક, સામાજિક કે રાજકીય ગમે તે ક્ષેત્ર હોય પણ તે દરેક ક્ષેત્રમાં એક નોકરથી માંડી એક મિલમાલિક પાસેથી નિયમિતતા, ચોકસાઈ, ચિવટ અને વચનપાલન માટે પૂજ્ય મહર્ષિવર્ય એકનિષ્ઠ માલૂમ પડયા છે.

હું મારા વ્યવસાયી જીવન અંગે શ્રીજીને પૂરપૂરો સંતોષ આપી શકયો નહિ હોઉં અને તે માટે મને કોઈકવાર મીઠો ઠપકો પણ મળેલો. મેં પૂજ્ય સ્વામીજીના એક મહાન ગુણનું નિરીક્ષણ કરેલું છે અને તે એ છે કે, તેઓશ્રી ખૂબ જ નિઃસ્પૃહી-નિરાળા અને સ્વતંત્ર વિચારના છે. તેમનો અનુરાગ બધા પ્રત્યે સરખો છે. એક રાજવી, મિલમાલિક કે એક સાધારણ મધ્યમ વર્ગનો માણસ હોય અને એણે જે કર્તવ્ય કરવાનું હોય તે કર્તવ્યપાલનમાં જો શિથિલતા દાખવે કે પોતે આપેલા વચનમાં નિષ્ફળ જતો હોય તો તેઓ તેની કડક ભાષામાં ખબર લેવાનું ચૂકે તેમ નથી.

'ગીતાદોહન'નું કાર્ય ખૂબ જ વિકટ હતું. આજના અત્યંત કઠિન સમયમાં જ્યાં એક એક વસ્તુ, છાપવાના એક એક સાધનો માટે વખતો વખત ખૂબ જ મુશ્કેલીઓ અનુભવવી પડે, જ્યાં કાગળ કવોટા માટે અનેક જનતા કષ્ટ સહન કરતાનાં હોય તેવા સમયમાં પણ આજે 'ગીતાદોહન' પુસ્તક તૈયાર થાય છે એ પરમકૃપાળુ પરમાત્માની કૃપાનું જ ફળ છે એમ હું માનું છું.

પરમપૂજ્ય મહર્ષિવર્યની આ મહાન ગ્રંથ તૈયાર કરવા પાછળની ધગશ, ઉત્સાહ, અવિરત મહેનત, ચિવટ અને અહર્નિશ ચિંતનના પરિણામે જ આજે સમાજને એક ઉત્તમ અલૌકિક ગ્રંથ પ્રાપ્ત થાય છે. આ માટે પરમપૂજ્ય મહર્ષિવર્ય મહાત્માશ્રી કૃષ્ણાત્મજ મહારાજશ્રીનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

આ ગ્રંથનાં પ્રૂફો સુધારવાનું કાર્ય અત્યંત કઠિન હતું, પરંતુ પૂજ્ય મહર્ષિવર્યે મારી વિનંતિ સ્વીકારી છેલ્લા છેલ્લા બે માસ સુધી અમદાવાદમાં રહી એ જ કાર્ય પાછળ પોતાના ખૂબ જ કિમતી સમયનો ભોગ આપ્યો અને આ ગ્રંથ જેમ બને તેમ જલ્દી પ્રકટ કરવાની મારી ઇચ્છાને સફળ કરી મને ખૂબ જ ઋણી કર્યો છે. આવો મહાન ગ્રંથ 'સંદેશ લિમિટેડ'ને પ્રકટ કરવાનો યશ મળે છે એ સંસ્થાનું પરમ સદ્‌ભાગ્ય માનું છું.

મારે કહેવું જોઈએ કે, 'ગીતાદોહન' એક અભૂતપૂર્વ ધાર્મિક ગ્રંથ બન્યો છે એટલું જ નહિ; પરંતુ આ મહાગ્રંથમાં પૂજ્યશ્રીએ ગીતાની અપૂર્વ અને વિસ્તૃત ટીકા આપી ઉદાત્તાનુદાત્તાદિ સ્વરયુક્ત વૈદિક મંત્રપદ્ધતિ સહિત આત્મોન્નતિ ઇચ્છનાર જિજ્ઞાસુઓને માટે આત્મસાક્ષાત્કારની ખાત્રી આપનારું તથા વેદવેદાંગાદિ ચૌદ પ્રસ્થાનોનું ગુપ્ત અને અતિ સૂક્ષ્મ રહસ્ય સ્પષ્ટ રીતે સરળતાથી સમજાવ્યું છે. સાંખ્ય, યોગ, કર્મ, ભક્તિ વગેરે સંશયોનું નિવારણ કરી સર્વ યોગોની એકવાક્યતા આ અદ્વિતીય ધર્મગ્રંથમાં દર્શાવવામાં આવી છે.

આ ગીતાદોહનની અંદર ગીતાજીના શ્લોકો વૈદિક મંત્રપદ્ધતિથી ઓછી શકાય તેવી રીતે સ્વરયુક્ત છાપવામાં આવ્યા છે. જે આજ સુધી છપાયેલી ગીતાઓમાં જોવામાં આવેલ નથી. એટલે શ્રી 'ગીતાદોહન'ની એ એક ખાસ વિશિષ્ટતા લેખાશે.

આ ગ્રંથ તૈયાર કરવામાં મહર્ષિવર્યના શિષ્યો અને મ્હારા બધા સ્નેહી શુભેચ્છકોએ ખૂબ જ શ્રમ ઉઠાવ્યો છે અને એ માટે હું સર્વનો આભારી છું. અમદાવાદ યોગાશ્રમના સંચાલક **શ્રીમનુવર્યજી**એ આ પુસ્તક પ્રકટ કરવા પાછળ તેનાં પ્રૂફથી માંડી છાપવાલાયક નકલ સુધીની જવાબદારી નિષ્કામભાવે ઉઠાવી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક જે સેવા આપી છે તે માટે હું તેમનો આભારી છું. આ ગ્રંથનાં ઉત્તમ કક્ષાનાં ચિત્રો દોરી આપવા માટે ભગવત્‌પ્રેમી ચિત્રકાર **શ્રી કાન્તિલાલ સોની 'કાન્ત'**નો આભારી છું. તેમ જ **શ્રીકૃષ્ણાત્મજ વાઙ્મયસુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળા પ્રકાશન અને સલાહકાર સમિતિ**નો પણ તેમના સહકાર માટે આભારી છું. હરિજન આશ્રમવાળા **શ્રી પ્રતાપરાય ઉપાધ્યાય**, તેમ જ **પૂ. મહર્ષિવર્ય** સાથેનો મારો પ્રથમ અંગત પરિચય કરાવી આપનાર **ભાઈશ્રી રતિલાલ મનસુખરામ પટેલ**નો ખાસ આભારી છું; તેમ જ જેમણે પ્રત્યક્ષ અપ્રત્યક્ષ સેવાભાવનાથી સહકાર આપ્યો છે એ સર્વ બંધુઓનો અંતઃકરણથી આભાર માનું છું

આ ગ્રંથને સમયસર પ્રકટ કરવા પાછળ **ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસના કામદાર ભાઈ**ઓએ પણ પ્રેમ અને ઉત્સાહથી સમયની દરકાર કર્યા સિવાય કાર્ય કર્યું છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

'ગીતાદોહન'નું કાર્ય કપરા યુદ્ધકાળના કટોકટીભર્યા સંજોગોમાં શરૂ કર્યું હતું અને તે પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી અને પરમપૂજ્ય મહર્ષિવર્યના આશીર્વાદથી સંપૂર્ણ થઈ શકયું છે. આ ગ્રંથમાં જે કંઈ ત્રુટીઓ રહી ગઈ હોય તે તરફ પૂ. મહર્ષિવર્ય અને વાચકમિત્રો ક્ષમ્ય દૃષ્ટિએ જોશે એવી હું આશા રાખું છું.

આજના કપરા-કઠિન કલિ-કાળમાં આ પવિત્ર ગ્રંથ 'ગીતાદોહન'નું પઠન ઘેર ઘેર વિસ્તરે અને તેનું ભાવપૂર્વક અધ્યયન થાય અને જનતા તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી ધન્ય બને એવી હું આશા રાખું છું.

સમસ્ત જનસમાજના કલ્યાણાર્થે પ્રગટ થતાં આ અમૂલ્ય ગ્રંથરત્નનો ભાવિક જનતા સારા પ્રમાણમાં લાભ લેશે એવી આશા સહ **પરમકૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્માના** ચરણકમળમાં નમ્રભાવે શીશ ઝુકાવી અત્રે વિરમું છું.

ચૈત્ર વદ ૧૧ રવિવાર
સંવત્ ૨૦૦૨
તા. ૨૮ એપ્રીલ ૧૯૪૬.

લી. દાસાનુદાસ
નંદલાલ ચુનીલાલ ઓઝીવાળા
ના જયશ્રીકૃષ્ણ
મેનેજિંગ ડિરેક્ટર, 'ધી સંદેશ લિમિટેડ.'

ॐ तत्सत्

श्रीसद्गुरुभ्यो नमो नमः ।

ग्रन्थप्रशस्ति ।

त्रिषु लोकेषु तन्नास्ति गीतायां वर्तते न यत् ।
अगीताख्यं च यत्किञ्चित् असत्तत्र न सश्शयः ॥१॥

अयमात्मा हि गोविन्दो जीवोऽयं हि धनञ्जयः ।
धर्मक्षेत्रं ह्ययं देहः कृष्णगीतं सनातनम् ॥२॥

अर्जुनान्न परः शिष्यो गोविन्दात्परमो गुरुः ।
गीतायाः परमं ज्ञानं भूतं वा न भविष्यति ॥३॥

श्रुतं गानमिदं दिव्यं मङ्गलममृतोऽपमम् ।
पाण्डुपुत्रेण गोपीभिश्चोद्धवेन च योगिभिः ॥४॥

कलौ श्रीशङ्कराचार्यैः श्रुतं ज्ञानेश्वरेण च ।
श्रीमत्कृष्णात्मजैश्चैव श्रुतं गीतं ह्यलौकिकम् ॥५॥

नद्यौ द्वे वहतः पुण्ये गङ्गा गीता च भारते ।
पुनात्याद्या शरीरं च मनोबुद्धिं च ह्यन्तिमा ॥६॥

प्रकाशेते पृथिव्यां द्वौ भास्करौ च तमोहरौ ।
तेजःपुञ्जश्च चण्डाश्शुर्गीताज्ञानार्क उज्ज्वलः ॥७॥

तयोरादिस्तमो हृत्वा विभातीह चराचरम् ।
स्थापयत्यात्मचैतन्ये मनो हृत्वा तु ह्यन्तिमः ॥८॥

ध्यायन्ते ज्ञानिनो भक्ता योगिनश्चैव कर्मिणः ।
गीताज्ञानसरस्तीरे वासुदेवं नमन्ति ते ॥९॥

ॐ तत्सत्

सद्ग्रन्थसेवननो महिमा

यस्यास्ति सद्ग्रन्थविमर्शमार्यं । किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

જેને સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હોય, તેને ચપળાના (ધનનો ગર્વ તથા સ્ત્રી પુત્રો અને સંબંધીજનોના) શુષ્ક વિનોદો શી ગણતરીમાં છે?

સદ્ગ્રંથવાચન એ સાધન તરીકે અતિ ઉત્તમ છે એ ખરું, પરંતુ વ્યસનરૂપમાં તે તદ્દન નિરર્થક છે. પણ ધ્યેયપ્રાપ્તિને અર્થે જો તેનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તો આના જેવું શાંતિને માટે બીજું એક પણ સાધન વ્યવહારમાં ઉપલબ્ધ નથી. ધ્યેયની દૃષ્ટિએ કરવામાં આવતું વાચન માનવીને અમે તેવા મહાન દુઃખમાં સહારો આપનારો સાચો સ્નેહી છે.

જે ગ્રંથો થકી આત્મોન્નતિ સાધ્ય થાય છે: જે ગ્રંથો વિષયવાસનાઓમાં આસક્તિ ઓછી કરાવી તેમાં સંયમ કરાવે છે. જે વડે સમતા પ્રાપ્ત થઈ શકે છે જે થકી સત્ય અહિંસા, અસ્તેય વગેરે સદ્ગુણો દૃઢને પામે છે, દિન પ્રતિદિન આંતરિક શાંતિ વધતી જાય છે; રાગદ્વેષાદિ દોષોનો વિલય થાય છે; પરોપકાર વૃત્તિ વધે છે; ત્યાગ, સંયમ, સહનશીલતા, અંદર એક અને બહાર જુદું એવા પ્રકારનું વર્તન નહિ રાખવાની ટેવ, અંતર્બાહ્ય પવિત્રતા અને સર્વત્ર એક પરમાત્મા જ વ્યાપેલો છે એવી સમાનભાવના જાગૃત થાય છે; મનસ્વી રીતે નહિ પણ મહર્ષિઓએ કહેલા શાસ્ત્રવચનને જ પ્રવર્તાવવાની ઇચ્છા વધે છે; તે સદ્ગ્રંથો સમજવા. આવા ગ્રંથોનું સેવન એ ડૂબનારની નૌકા છે.

—મહર્ષિ શ્રીકૃષ્ણાત્મજજી

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહિ. એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × એક પછી બીજું એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે આંતર્વિચાર પણ કરી શકશો."

—મહાત્મા ગાંધીજી

મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો "+++" માતૃભાષામાં વિવિધજ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઈ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીયભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી. "×××"

"બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિ જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઈ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિ ન હોય "×××" સાહિત્ય ઉદ્યાનના ચતુર માળી થવાનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદ્વૈવ સાહિત્ય સરોવરના કમલોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ જ લાગે છે."

—બંકિમચન્દ્ર

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ જુલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ બધું કરીને બીજી કોઈ ચીજમાં નથી."

—માર્ડન

જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો એ સમુદ્રનો લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા

ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કીમતી મોટર છે. અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન તે અગ્નિ છે અને પુસ્તકો તે અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે.

(સ્વર્ગનાં રત્નો)

"સદ્ગ્રંથો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાંચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોના વાચનથી પ્રાપ્ત થશે."

એક વિદ્વાન ઠીક જ કહે છે કે, "વાંચવાની અને વિચારવાની ટેવનો છોડી દેવાના બદલામાં કોઈ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તો પણ હું તે સંપત્તિને કદી ગ્રહણ કરું નહિ."

"સારાં પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન ઉપરાંત મનોનિગ્રહ કરાવે છે અને ઉદાસીન વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

"સદ્ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો પણ એ ગ્રંથો જ માનસવાણીથી તમને કહેશે કે, "અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે, તે લો, એને વિચારો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે" "શું આ માનસવાણી ઓછી કીમતી છે?"

ઉત્તમ ગ્રંથો તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય, તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરીભાવોનો જડ નાશ પામતી જાય છે."

"સુખ વિદ્યા, અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર સારાં સારાં પુસ્તકોનો શોખ રાખવો."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શો તફાવત?"

—સ્વામી વિવેકાનંદ

શ્રીમદ્ભગવદ્ગીતાના મંત્રો અને છંદો

શ્રીગીતાદોહનમાં આવેલા મંત્રો તેમ જ છંદોનું વર્ગીકરણ * મંત્રોનું વ્યક્તિશઃ પૃથક્કરણઃ શ્રીમદ્ભગવદ્ગીતાના ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકામાં સાતસો એક મંત્રો છે. તે પૈકી શ્રીકૃષ્ણભગવાને કહેલા ૫૭૪, અર્જુનના ૮૫, સંજયના ૪૧ અને ધૃતરાષ્ટ્રનો ૧ મળી કુલ ૭૦૧ સાતસો એક થાય છે.

મંત્રોનું છંદવાર વર્ગીકરણઃ શ્રીમદ્ભગવદ્ગીતામાં અનુષ્ટુપ્ છંદના મંત્રો ૬૪૬; ઉપજાતિ છંદના મંત્રો ૩૭; ઇન્દ્રવજ્રા છંદના મંત્રો ૧૦; ઉપેન્દ્રવજ્રા છંદના મંત્રો ૪ અને વિપરીતપૂર્વા એટલે જેમાંથી સ્પષ્ટ રીતે છંદભેદ થતો નથી એવા મંત્રો ૪ મળી કુલ મંત્રસંખ્યા ૭૦૧ સાતસો ને એક છે.

---

* ગીતાદોહનમાં આવેલા મંત્રોનું 'વ્યક્તિશઃ અને છંદશઃ અધ્યાયવાર વર્ગીકરણ શ્રીગીતાદોહન પૂજનવિધિના અંતે આપવામાં આવેલું છે તે જોવું.

દ્વારકામાં ઉજવાયેલ ગીતાદોહન સપ્તાહ

પૂજ્યપાદ મહર્ષિવર્ય શ્રીકૃષ્ણાત્મજજી મહારાજ પ્રણીત 'ગીતાદોહન' જેવા ધાર્મિક અને અપૂર્વ ગ્રંથ અંગે તેઓશ્રીની પ્રેરણાથી તેમના ભક્તો તરફથી એક સમિતિ નિમવામાં આવી હતી. અને સમિતિ તરફથી પૂજ્ય શ્રીકૃષ્ણાત્મજજી મહારાજની સાન્નિધ્યમાં ગીતા સપ્તાહ સમારંભનો ભવ્ય કાર્યક્રમ જેઠ સુદ ૭ તા. ૬-૬-૪૬ ને ગુરુવારના રોજથી જેઠ સુદ ૧૫ ને શુક્રવાર તા. ૧૪-૬-૪૬ સુધીમાં દ્વારકામાં ઋણપુરીમાં ભવ્ય અને શાસ્ત્રોક્ત રીતે ઉજવવામાં આવ્યો હતો. જે પ્રસંગે સ્થાનિક ભાઈ બહેનો ઉપરાંત બહારગામથી આ શુભ પ્રસંગનો અલભ્ય લાભ લેવાને માટે મુંબઈ, સુરત, અમદાવાદ, જામનગર, રાજકોટ, ગોંડલ અને ઓખા વગેરે ગુજરાત કાઠિયાવાડમાંથી પ્રતિષ્ઠિત ભાઈ બહેનો આવ્યાં હતાં.

સપ્તાહના પ્રથમ દિવસે સવારમાં આચાર્ય દ્વારા વિધિવત્ પૂજન વગેરે કરવામાં આવ્યાં હતાં, તેમ જ રાતના લગભગ ૧૫૦૦ જેટલી ઘૃત દીપકાઓ પ્રગટાવવામાં આવી હતી. આચાર્યપીઠ અને વ્યાસપીઠને સુંદર રીતે શણગારવામાં આવી હતી; તેમ જ આગળ શ્રોતાઓ અને સપ્તાહમાં બેસનાર સ્ત્રી પુરુષો માટે અલાયદી જગ્યાની ગોઠવણ કરવામાં આવી હતી. સવારના ૭ થી ૧૨ અને સાંજના ૩ થી ૬॥ સુધી ગીતાદોહનનું વાચન થતું હતું. આ વાચન મુખ્યત્વે સ્વામીશ્રી પોતે પ્રસંગોપાત સમજાવીને કરતા હતા અને વચમાં વચમાં વ્યાસજી તેમને મદદરૂપ થતા હતા. ગીતાદોહનનું વાચન સમાપ્ત થયા પછી સંગીત અને ભજનની ધૂન લાગતી હતી અને રાત્રે દસ વાગે બધા વિખરાતા હતા.

તા. ૧૪ મી ને શુક્રવારે આ સપ્તાહની ભવ્ય પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે આખા હોલને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. તેમ જ આજુમાં આખા દિવસ માટે ૐકાર સત્ર, મંત્રજાપ તેમ જ ગીતા પારાયણની વ્યવસ્થા રાખવામાં આવી હતી; જેમાં બહારગામથી આવેલા ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાંજે સાડાચાર વાગે પુર્ણાહુતિ પ્રસંગે એક વરઘોડો નીકળ્યો હતો અને તેમાં સ્વામીશ્રીએ પોતે આખા રસ્તે છુટથી પૈસા ઉછાળ્યા હતા. વરઘોડો, કીર્તન, ભજન કરતો ગામના જુદા જુદા ભાગોમાં ફરી શ્રીરણછોડજીના મંદિર આગળ થઈ પાછો ઋણપુરીમાં આવ્યો હતો. ઋણપુરીમાં આવ્યા પછી જુદા જુદા વક્તાઓએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં.

મુખ્ય વક્તા તરીકે સ્વામીશ્રી કૃષ્ણાત્મજજીએ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે; શ્રીકૃષ્ણ અવતારી હતા. ગીતા કર્મયોગ, ભક્તિયોગ અને સાંખ્યયોગ એમ અનેક યોગોનું પ્રતિપાદન કરે છે. શ્રીકૃષ્ણે દેશકાળ પરિસ્થિતિ અનુસાર ગીતામાં વેદશાસ્ત્રાદિનો બોધ કરેલો છે. વેદશાસ્ત્રાદિનું દોહન કરી સાર કહ્યો છે અને ગીતાદોહનમાં સારના સારનું દોહન છે. ગીતાદોહન સાચું શું છે તે બતાવે છે. આજે જડવાદને લીધે આપણે આપણું સત્ત્વ ગુમાવ્યું છે. અને આચાર વિચાર છોડી દીધા છે જે દુઃખદ છે. આજે આપણને ખાવાને અન્ન નથી, પહેરવાને પુરતા કપડાં નથી એમ કેમ બન્યું! તે ખાસ વિચારવા જેવું છે. ગીતાદોહન એ કાદંબરી કે નવલકથા નથી. તેમાં પ્રતિજ્ઞાથી શ્રીકૃષ્ણના કહેવાયેલાં વચનો છે. કલ્પનાથી નહિ અનુભવથી લખાયેલ છે, અને ગીતાદોહન ઈશ્વરી પ્રેરણાનુસાર લખાયેલ છે. તેમાં સંદેશ આપ્યો છે અને પ્રકટ કરનાર પણ 'સંદેશ લીમીટેડ' છે. અહીંથી ગીતાદોહનનો સંદેશ આખા દેશમાં પહોંચશે. હિંસા અહિંસાનો વિવેક ગીતામાં બતાવ્યો છે, આવશ્યક હિંસા કરવા શાસ્ત્રકારોએ છૂટ આપી છે, તે હિંસા નહિ અહિંસા છે. ભગવાને દુષ્કૃત્ય કરનારને મારવાને અને સાધુ પુરુષોની રક્ષા કરવાનું અવતરવાને કર્યું છે. તેમાં હિંસા હોય તો ભગવાન કરે નહિ. પહેલાના સમયમાં રાજાઓ પોતાના રાજ્યના વિદ્વાનોનો સત્કાર કરતા હતા, આવા ઉત્સવનો ઉદ્દેશ આડંબરનો નહિ પણ પ્રચારનો હોય છે. આઠ દિવસમાં સાંભળેલો ગીતાદોહનનો ઉપદેશ આચરણમાં લાવશો તો ફાયદો થશે.

શ્રી રતીલાલ મનસુખરામ પટેલે જણાવ્યું હતું કે, શ્રીદ્વારકા એ શ્રીકૃષ્ણ ભગવાનની અને ભગવાન શ્રીશંકરાચાર્યે સ્થાપેલી શારદાપીઠની પવિત્ર અને ગૌરવશાળી ભૂમિ છે. અને અહીંથી જ શ્રીકૃષ્ણે રચેલી ગીતાનો પ્રવાહ પુનઃ શરૂ થાય છે—એ ઇચ્છવા યોગ્ય છે.

આગળ ચાલતાં તેમને ગીતાદોહનના વિદ્વાન લેખક મહારાજશ્રીના જીવનનો શ્રોતાઓને આછો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે, તેઓશ્રી ૪ થી ૫ વર્ષની નાની ઉમ્મરે પોતાનું કુટુંબ લોકકલ્યાણાર્થે ત્યજી સિંધ, પંજાબ, કાશ્મીર, નેપાલ અને દક્ષિણનાં સ્થળોએ ફર્યા છે. હિમાલય, કૈલાસ, માનસરોવર, આબુ, ગીરનાર, ગંધમાદન અને અમરકંટકના પહાડોમાં વિચર્યા છે. બાર જ્યોતિર્લિંગ, દ્વારકાદિ ચાર ધામોની યાત્રા કરી છે. તેઓનું જીવન એક યોગી અને મહર્ષિને ઉચિત છે. તેમની રહેણીકરણી એક ઋષિ જેવી છે. કેટલાયે વર્ષ તેઓએ તુલસીપાન, મુલાયમની પાંખડી, બાલ્બોનો પાલો અગર વનની પત્તિ ખાઈને તો કેટલીકવાર કેવળ જળપાન અને વાયુભક્ષણ ઉપર દિવસો કાઢવા છે. તેઓશ્રીનું કોઈ સ્થાયી નિવાસસ્થાન નથી. પણ કેટલોક વખત કોઈ ગૃહસ્થને ત્યાં રહે છે તો ત્યાં આત્મજ્ઞાન સંબંધી ચર્ચા અને સ્વાધ્યાયાદિ કરાવે છે.

તેઓશ્રીએ શાળામાં શિક્ષા લીધી નથી, છતાં ગુજરાતી, મરાઠી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજી જેવી અનેક ભાષા જાણે છે. તેઓ યોગમાર્ગના દર્શક પણ છે. યોગીના જેવી સ્થિતિમાં પણ રહે છે. તેઓશ્રીએ ખાસ કરીને ગુજરાતી ભાષામાં ઉચ્ચ કોટીનું આધ્યાત્મિક સાહિત્ય લખી ગુજરાતી આધ્યાત્મિક સાહિત્યમાં વધારો કર્યો છે.

મી. જયંતીલાલ કલ્યાણરાય ઠાકોરે જણાવ્યું હતું કે, જે ગીતાજીનો મહાભારત યુદ્ધ સમયે ઉપદેશ અપાયો અને શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથ લખાયો અને ઈશ્વર સંકેતાનુસાર છેલ્લા યુદ્ધ દરમ્યાન પૂજ્ય શ્રી. કૃષ્ણાત્મજજી મહારાજે "ગીતાદોહન" લખ્યું, અને વિશ્વયુદ્ધ પુરું થયા પછી પ્રસિદ્ધ થયું, એ એક ઈશ્વરી સંકેત છે એમ હું માનું છું.

શ્રાયુત નંદલાલ બોડીવાલાએ બોલતાં જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા શ્રીકૃષ્ણાત્મજજી સાત સાત દિવસથી ગીતાદોહનમાંથી અમૂલ્ય ઉપદેશ આપી રહ્યા છે. આપ જાણો છો કે ગીતા એ ભગવાનની અમૃતવાણી છે. વેદ અને સર્વ શાસ્ત્રોનો સાર છે. ગુરુવર્યે ૧૨૭૮ પાનાનો મહાન ગ્રંથ લખી તે પ્રસિદ્ધ કરવાની મને જે તક આપી તે માટે હું ઋણી છું.

મી. જયશંકર એમ. પંડ્યાએ જણાવ્યું કે આપણે દેહાધ્યાસ છોડવાને કહીએ છીએ પણ દેહાધ્યાસ છોડવો સહેલ નથી. કોઈને દુઃખ થાય તેવું વર્તન આપણે કરવું જોઈએ નહિ. આપણે જે ક્રિયા કરીએ તેમાંથી કર્તાભાવ છોડી દ્રષ્ટાભાવથી રહેવું જોઈએ. અંતરમાં સર્વાત્મભાવ રાખવો જોઈએ. આપણે કાયિક, વાચિક, માનસિક રીતે સમભાવ રાખવા મનને કેળવવું જોઈએ. આપણને ઈશ્વરની અને ગુરુમહારાજની કૃપાની જરૂર છે. એ મહારાજશ્રીના ઉપદેશનું સંક્ષેપમાં તત્ત્વ છે.

ત્યારબાદ સમિતિના સેક્રેટરી શ્રી. નાનુભાઈ ખંડુભાઈ દેસાઈએ તેમના આમંત્રણને માન આપીને આવેલા બધાઓનો આભાર માન્યો હતો, અને ફોન્ટ્રાક્ટર શ્રી. કાનજીભાઈએ આ પ્રસંગે લીધેલા શ્રમ માટે તેમનો આભાર માન્યો હતો. ત્યારબાદ સુરતવાળા સંગીતશાસ્ત્રી શ્રીજગન્નાથે સુંદર ભજનો ગાયાં હતાં. રાતના નવ વાગે ૧૫૦૦ ઘૃત દીપિકાઓ પ્રગટાવવામાં આવી હતી તેમ જ મહાપ્રભુ બેઠાથી મોડે સુધી ભજન કીર્તન રાખવામાં આવ્યાં હતાં. જેનો લાભ દ્વારકાના પ્રજાએ ખૂબ મોટા પ્રમાણમાં લીધો હતો. રાત્રે બારી વાગે દ્વારકાની પવિત્ર ગોમતીમાં અવભૃથ સ્નાન કરવામાં આવ્યું હતું. અને બીજે દિવસે સહુ પોતપોતાના સ્થાને જવા ઉપડી ગયા હતા. (સંદેશ, ૨૬ જૂન ૧૯૪૬)

॥ ॐ तस्तत् ॥

श्रीगीतादोहन वा तत्त्वार्थदीपिका



द्वारका मुकामे परमपूज्य ब्रह्मनिष्ठ महर्षिवर्य श्रीकृष्णात्मजजी महाराजश्रीना सान्निध्यमां उजवायेल श्रीगीतादाहन सप्ताह
(वि. सं. २००२ ना जेठ सुद सातमने गुरुवारना रोजथी जेठ सुद पुनम ने शुक्रवारना रोज सुधी) नुं एक अपूर्व द्रष्य

ॐ तत्सत्

श्रीगीतामाहात्म्य

(भावार्थ सहित)

ॐ श्रीगणेशाय नमः । श्रीसच्चिदानन्द सद्गुरवे नमः ॥

श्रीधरोवाच-

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ।

प्रारब्धं भुज्यमानस्य कथं भवति हे प्रभो ॥१॥

પૃથ્વી બોલી : હે ભગવન્! હે પરમઈશાન! હે પ્રભો! પ્રારબ્ધ ભોગ ભોગવનારા અજ્ઞાનીઓને ખંડ પજ્ઞા સિવાયની એકધારી ભક્તિ કયા ઉપાય વડે પ્રાપ્ત થાય?

श्रीविष्णुरुवाच-

प्रारब्धं भुज्यमानो हि गीताभ्यासरतः सदा ।

स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ॥२॥

વિષ્ણુ બોલ્યા : જે પ્રારબ્ધ ભોગવનારાઓ હંમેશાં ગીતાના અભ્યાસમાં જ રત બનેલા છે, તે આ લોકમાં જ સુખી થઈ તમામ દુઃખોથી મુક્ત થાય છે. જીવન્મુક્ત થવાથી તે કર્મ વડે કદી લેપાતો નથી.

महापापादिपापानि गीताध्यानं करोति चेत् ।

क्वचित्स्पर्शं न कुर्वन्ति नलिनीदलमम्बुवत् ॥३॥

જો તેઓ ફક્ત ગીતાનું ધ્યાન કરે તો પણ જેમ કમળપત્રને જળ સ્પર્શ કરતું નથી, તેમ મહાપાપાદિ પાપોનો તેઓને કદી પણ સ્પર્શ થતો નથી.

गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्तते ।

तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥४॥

જ્યાં ગીતાનું પુસ્તક હોય, જ્યાં તેનો શ્રદ્ધાયુક્ત પાઠ ચાલે છે ત્યાં જ પ્રયાગાદિ તમામ તીર્થો છે.

सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ।

गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ॥

सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्तते ॥५॥

જ્યાં હંમેશ ગીતા જ પ્રવર્તી રહી છે, ત્યાં જ નારદ, ઉદ્ધવાદિ પાર્ષદો છે. તે સહ સઘળા દેવો, ઋષિઓ યોગીઓ, સર્પો, ગોવાળો તથા ગોપીઓ ઇત્યાદિ ઈશ્વરના પરમભક્તો પણ તુરત સહાય કરનારા થાય છે.

यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ।

तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥६॥

જ્યાં હંમેશ ગીતાનો જ વિચાર, અધ્યયન, ભણાવવું અને શ્રવણાદિ ચાલુ છે, ત્યાં હે પૃથ્વી! હું નિઃસંશય હંમેશને માટે નિવાસ કરું છું, એ તદ્દન નિશ્ચિત છે.

गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ।

गीताज्ञानमुपाश्रित्य त्रीँल्लोकान्पालयाम्यहम् ॥७॥

હું ગીતાના આશ્રયે જ રહું છું અને ગીતા એ મારું ઉત્તમ ઘર છે. આ ગીતાના જ્ઞાનનો આશ્રય કરીને જ હું ત્રણે લોકોનું પાલન કરી રહ્યો છું.

गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।

अर्धमात्राक्षरा नित्या स्वानिर्वाच्यपदात्मिका ॥८॥

અર્ધમાત્રારૂપ, અક્ષરરૂપ, નિત્ય અને અત્યંત અનિર્વાચ્યપદરૂપ એવી આ ગીતા એ મારી નિઃસંદેહ પરમ વિદ્યા છે.

चिदानन्देन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानन्दा तत्त्वार्थज्ञानसंयुता ॥૯॥

ચૈતન્યરૂપ આનંદને આપનારી તે શ્રીકૃષ્ણે પોતાના મુખે જ અર્જુન પ્રતિ કહેલી, ત્રણ વેદ સમો, પરમાનંદને આપનારી વાસ્તવિક એવા તત્ત્વજ્ઞાન વડે જ ઓતપ્રોત છે.

योऽष्टादश जपेन्नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम् ॥૧૦॥

જે નિશ્ચલ મનવાળો નિત્યપ્રતિ આ ગીતાના અઢાર અધ્યાયનો પાઠ કરે છે, તે જ્ઞાનસિદ્ધિને પ્રાપ્ત કરી પરમપદને પામે છે.

पाठेऽसमर्थः सम्पूर्णे ततोऽर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥૧૧॥

જે સંપૂર્ણ પાઠ કરવામાં અસમર્થ હોય, તે અર્ધો પાઠ કરે તો પણ ગોદાન કરવાથી ઉત્પન્ન થતા પુણ્યને પામે છે, એમાં સંશય નથી.

त्रिभागं पठमानस्तु गङ्गास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥૧૨॥

ત્રીજા ભાગનો પાઠ કરનારો ગંગાજીના સ્નાનનું ફળ પામે છે અને છઠ્ઠા ભાગનો પાઠ કરનારો સોમયાગનું ફળ પ્રાપ્ત કરે છે.

एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥૧૩॥

વળી જે પુરુષ અત્યંત ભક્તિ વડે નિત્ય એક અધ્યાયનો પણ પાઠ કરે તો તે રુદ્ર લોકોને પામે છે. ત્યાં ગણ તરીકે ચિરકાળ રહે છે.

अध्यायं श्लोकपादं वा नित्यं यः पठते नरः ।
स याति नरतां यावन् मन्वन्तरं वसुन्धरे ॥૧૪॥

હે પૃથ્વી! જે નર નિત્ય અધ્યાયમાં આવેલા શ્લોકના એક પાદનો એટલે પા અધ્યાયનો પાઠ કરે છે, તે મન્વન્તર સુધી નરપણાને પામે છે.

गीतायाः श्लोकदशकं सप्त पञ्च चतुष्टयम् ।
द्वौ त्रीनेकं तदर्धं वा श्लोकानां यः पठेन्नरः ॥૧૫॥
चन्द्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ।
गीतापाठसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥૧૬॥
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ॥૧૭॥

જે પુરુષ ગીતાના દશ શ્લોકો અથવા સાત, પાંચ, ચાર, ત્રણ, બે, એક કે છેવટે અર્ધા શ્લોકનો પણ નિત્યપ્રતિ શ્રદ્ધાયુક્ત પાઠ કરે, તે નિશ્ચય દશ હજાર વર્ષો સુધી ચંદ્રલોકને પામે છે. તેમ જ ગીતાનો પાઠ કરવામાં સારી રીતે જોડાયેલો મરણ પછી અન્ય યોનિઓમાં નહિ જતાં પુનઃ મનુષ્યપણાને જ પામે છે અને ત્યાં પુનઃ ગીતાનો સારી રીતે અભ્યાસ કરી ઉત્તમ મુક્તિને પામે છે. ફક્ત ગીતા એવા ઉચ્ચારણથી યુક્ત થઈ મરનારો પણ એ જ ગતિને પામે છે.

गीतार्थश्रवणासक्तो महापापयुतोऽपि वा ।
वैकुण्ठं समवाप्नोति विष्णुना सह मोदते ॥૧૮॥

કેવળ ગીતાનો અર્થ સાંભળવામાં પ્રીતિવાળો મહાપાપયુક્ત હોય તો પણ વૈકુંઠને પામે છે અને વિષ્ણુની સાથે આનંદ ભોગવે છે.

गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो देहान्ते परमं पदम् ॥१९॥

જે નિત્ય ગીતાના અર્થનું ધ્યાન (અનુસંધાન) કરી અનેક કર્મો કરે તેને જીવન્મુક્ત જાણવો. તે શરીરના વિલય પછી પરમપદમાં સ્થિત કરે છે.

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गीता यातः परं पदम् ॥२०॥

ગીતાનો આશ્રય કરીને પાપથી રહિત બનેલા જનકાદિ ઘણા રાજાઓ આ લોકમાં ગવાઈ એટલે પ્રસિદ્ધિને પામી અંતે પરમપદમાં સ્થિત થયા છે.

गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ॥२१॥

જેઓ ગીતાનો પાઠ કરીને માહાત્મ્યનો પાઠ કરતા નથી, તેમનો પાઠ વૃથા થાય છે. તેથી તેને મિથ્યાશ્રમરૂપ જ કહ્યો છે.

एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमाप्नुयात् ॥२२॥

જેઓ આ માહાત્મ્ય સહિત ગીતાનો અભ્યાસ કરે છે તે તેના દુર્લભ એવી સદ્ગતિરૂપ ફળને પામે છે.

सूत उवाच—

माहात्म्यमेतद्गीताया मया प्रोक्तं सनातनम् ।
गीतान्ते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥२३॥

સૂત બોલ્યા: હે શૌનકો! ગીતાનું આ સનાતન એવું માહાત્મ્ય મેં તમોને કહ્યું, જે પુરુષ ગીતાના પાઠના અંતમાં આ (માહાત્મ્ય)નો પાઠ કરે છે, તે પુરુષ ઉપર કહેલાં તમામ ફળોને પામે છે.

इति श्रीवाराहपुराणे श्रीगीतामाहात्म्यं सम्पूर्णम् ॥

આ પ્રમાણે શ્રીવારાહપુરાણમાં કહેવાયેલું શ્રીગીતાનું માહાત્મ્ય સંપૂર્ણ થયું.

શ્રીગીતાદોહન—અનુષ્ઠાન

સપ્તાહ પારાયણ વિધિ

દિવસ	અધ્યાયસંખ્યા.	પૃષ્ઠ સંખ્યા.
૧	ઉપાસના કાંડ	૧ થી ૧૨૦
૨	અધ્યાય ૧, ૨, ૩.	૧૨૧ થી ૨૩૯
૩	અધ્યાય ૪, ૫	૨૩૯ થી ૩૨૦
૪	અધ્યાય ૬, ૭, ૮	૩૨૦ થી ૪૭૩
૫	અધ્યાય ૯, ૧૦	૪૭૪ થી ૫૪૯
૬	અધ્યાય ૧૧, ૧૨, ૧૩, ૧૪	૫૫૦ થી ૬૭૬
૭	અધ્યાય ૧૫, ૧૬, ૧૭	૬૭૬ થી ૭૯૯
૮	અધ્યાય ૧૮	૮૦૦ થી ૯૦૮

ॐ तत्सत्

શ્રીગીતામન્ત્રના ન્યાસ, ધ્યાન ઇત્યાદિ

બીજ, મંત્ર, ન્યાસ અને ધ્યાન

શ્રીમદ્ ભગવદ્ગીતા, એ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણની વાણીરૂપ પૌરુષેય ઉપનિષદ હોવાથી તે મંત્રરૂપ છે. મંત્રના ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ અને કીલક આ છ (અંગો) વાનાં હોય છે, તે નીચે પ્રમાણે છે.

ॐ अस्य श्रीमद्भगवद्गीतामालामन्त्रस्य भगवान्वेदव्यास ऋषिः ॥ अनुष्टुप् छन्दः ॥ श्रीकृष्णः परमात्मा देवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषस इति बीजम् ॥ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेति शक्तिः ॥ अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥

ઋષિ, બીજ, શક્તિ, કીલક

આ શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી માળામાં આવેલાં ભગવદ્વચનોરૂપી મંત્રોના દ્રષ્ટા, ભગવાન વેદવ્યાસ મહર્ષિ છે; છંદ અનુષ્ટુપ્ (છંદવિવરણ માટે "શ્રીમદ્ભગવદ્ગીતાના મંત્રો અને છંદો" એ મથાળું પૃષ્ઠ અ ૬૮ જુઓ) છે. અને દેવતા શ્રીકૃષ્ણપરમાત્મા છે.

"જેનો શોક કરવો યોગ્ય નથી તેના તું શોક કરે છે અને પંડિતના જેવા શબ્દો બોલે છે" એ વચન ગીતામંત્રનું બીજ છે.

"સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એક મારે જ શરણે આવ." આ વચન ગીતા મંત્રની શક્તિ છે અને "હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, તું શોક ન કર." એ આ ગીતામંત્રની કીલક એટલે ખીલી, ખિલ્લી, ચાવી વા કૂંચી છે.

ન્યાસ વિષે સમજણ

મંત્રનું પઠન, પૂજન કે જપ ઇત્યાદિ કરવા પહેલાં શરીરની શુદ્ધિ ઉપરાંત સર્વ અંગોમાં મંત્રોનું આરોપણ કરીને તેને ન્યાસ વડે દેવતાઓના રક્ષણરૂપ બનાવવું જોઈએ તે ન્યાસના બે વિભાગો છે. (૧) 'કરન્યાસ' અને (૨) 'અંગન્યાસ.' અંગન્યાસમાં પણ ષડંગ અને ષોડશાંગ એવા બે ભેદો છે. અહીં ષડંગન્યાસ આપવામાં આવેલો છે. ગીતાનો પાઠ કરનારે પ્રથમ ગીતામંત્રના ઋષિ, છંદ દેવતા, ઇત્યાદિનું ઉપર પ્રમાણે સ્મરણ કર્યા પછી નીચેના વિધિ અને ક્રમ પ્રમાણે ન્યાસ કરવા.

કરન્યાસનો વિધિ

" नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः "

"આ (આત્મા)ને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથી." આ મંત્ર ભણી, બંને હાથના અંગુઠા ઉપર તર્જનીને ફેરવવી અને "अंगुष्ठाभ्यां नमः" એમ બોલીને તેને આત્મારૂપે નમસ્કાર કરવા.

" न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः "

"આ (આત્મા)ને પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી" આ મંત્ર ભણીને બંને હાથની તર્જનીઓને (અંગુઠા પાસેની આંગળીઓને) અંગુઠો અડાડીને "तर्जनीभ्यां नमः" એમ બોલી તેને આત્મભાવે નમસ્કાર કરવા.

" अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च "

"આ (આત્મા ન છેદી શકાય, ન બાળી શકાય, ન ભીંજવી શકાય અને ન સૂકવી શકાય તેવો છે" આ મંત્ર ભણીને બંને હાથની વચલી આંગળીઓને અંગુઠો અડાડીને "मध्यमाभ्यां नमः" એમ બોલી તેને આત્મભાવે નમસ્કાર કરવા.

" नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः "

" આ(આત્મા) નિત્ય સર્વવ્યાપક, સ્થિર, અચળ અને સનાતન છે " આ મંત્ર ભણીને બંને હાથની અનામિકાઓ (ટચલી આંગળી પાસેની આંગળીઓ) ઉપરથી અંગુઠો ફેરવીને " अनामिकाभ्यां नमः " એમ બોલીને તેને પરમાત્મભાવે નમન કરવું.

" पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः "

" હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો રૂપોને તું જો " આ મંત્ર ભણીને બંને હાથની ટચલી આંગળીઓ ઉપર અંગુઠાને ફેરવીને " कनिष्ठिकाभ्यां नमः " એમ બોલીને તેને નમસ્કાર કરવા.

" नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च "

" મારાં રૂપો અનેક પ્રકારનાં, દિવ્ય તથા અનેક વર્ણ અને આકારનાં છે " આ મંત્ર ભણી બન્ને હાથની હથેલીઓને તથા તે વડે હાથના પાછલા ભાગોને સ્પર્શ કરીને " करतलकरपृष्ठाभ्यां नमः " એમ બોલીને તેને નમસ્કાર કરવા. આમ કરન્યાસ કરીને પછી હૃદયાદિ અંગન્યાસ કરવો.

હૃદયાદિ ષડંગન્યાસનો વિધિ

" नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः "

" આ(આત્મા)ને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથી. " એમ મંત્ર ભણીને " हृदयाय नमः " એમ બોલીને જમણો હાથ હૃદય ઉપર મૂકી પછી નમસ્કાર કરવા.

" न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः "

" એ (આત્મા)ને પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી. " આ મંત્ર ભણીને " शिरसे स्वाहा " એમ બોલીને જમણો હાથ મસ્તક ઉપર મૂકવો અને પછી તેને પ્રણામ કરવા.

" अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च "

" આ(આત્મા) ન તો છેદી શકાય, ન તો બાળી શકાય, ન તો ભીંજવી શકાય, અને ન તો સૂકવી શકાય તેવો છે. " આ મંત્ર ભણીને " शिखायै वषट् " એમ બોલીને જમણા હાથના અગ્ર ભાગ(આંગળીઓના છેડા) વડે ચોટલી ઊગે છે તે સ્થાનને સ્પર્શ કરવો.

" नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः "

" આ(આત્મા) નિત્ય, સર્વવ્યાપક, સ્થિર, અચળ અને સનાતન છે " આ મંત્ર ભણીને " कवचाय हुम् " એમ બોલીને બંને હથેળીઓ બંને ખભાને અડાડી અદલ વાળીએ તેમ કરવું અને સમગ્ર અંગમાં કવચ પહેર્યાની ભાવના કરવી.

" पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः "

" હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો રૂપોને જો " આ મંત્ર ભણીને " नेत्रत्रयाय वौषट् " એમ બોલીને જમણા હાથની તર્જની અને કનિષ્ઠિકા એ બે આંગળીઓ વડે બંને ચક્ષુઓને અને પછી બંને ભમરો વચ્ચેના ત્રીજા ગુપ્ત જ્ઞાનચક્ષુને પણ સ્પર્શ કરવો.

" नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च "

" મારાં રૂપ અનેક પ્રકારનાં દિવ્ય તથા અનેક વર્ણનાં છે. આ મંત્ર ભણીને " अस्त्राय फट् " એમ બોલીને જમણા હાથને માથા પરથી ફેરવી તેના વડે ડાબી હથેળીમાં તાળી વગાડવી.

ધ્યાનનો વિધિ

આ પ્રમાણે અંગન્યાસ કર્યો પછી ગીતાના ઋષિ વ્યાસ ભગવાનનું તથા દેવતા શ્રીકૃષ્ણ પરમાત્માનું નીચે કહેલી ભાવનાઓ અને નમસ્કાર સહિત ધ્યાન કરવું.

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये महाभारतम् ।

अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनीम्
अम्ब त्वामनुसन्दधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥१॥

ॐ સ્વરૂપ ભગવાન નારાયણે પોતે અર્જુનને ઉપદેશેલી પ્રાચીન મહામુનિ શ્રીવેદવ્યાસજીએ મહાભારતમાં ગુંથેલી, અદ્વૈતજ્ઞાનામૃતને વર્ષાવનારી, ભગવતી એટલે ઐશ્વર્ય, શક્તિ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના કારણરૂપ અઢાર અધ્યાયવાળી અને (જન્મ મરણને તથા અહંતા–મમતારૂપ) સંસારને ટાળનારી, હે માત ! હે ભગવદ્ ગીતા ! હું તારું ધ્યાન કરું છું.

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविन्दायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥२॥

વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં સુંદર નેત્રવાળા હે વ્યાસ ભગવાન ! આપને નમસ્કાર હો. આપે જ મહાભારતરૂપી તેલ પૂરીને આ ગીતાજ્ઞાનરૂપી દીપકને પ્રગટાવ્યો છે.

प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥३

શરણે થનારને કલ્પવૃક્ષની જેમ ઇચ્છિત ફળ આપનારા, હાથમાં ચાબુક ધારણ કરનારા, જ્ઞાનમુદ્રાયુક્ત અને ગીતારૂપી અમૃતનું દોહન કરનારા હે શ્રીકૃષ્ણ ! આપને નમસ્કાર હો.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥४॥

સર્વ ઉપનિષદો ગાયોરૂપ છે તેના દોહનારા ગોપાલનંદન શ્રીકૃષ્ણ ભગવાન છે: અર્જુનરૂપ વત્સ(વાછરડો) છે; બુદ્ધિશાળી પુરુષો તે દૂધના ભોક્તા(પીનારા) છે અને ગીતા એ મહાન અમૃતરૂપી દૂધ છે

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥५॥

વસુદેવના પુત્ર, દિવ્ય રૂપવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા અને દેવકીને પરમ આનંદ આપનારા એવા જગદ્ગુરુ આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું.

भीष्मद्रोणतटा जयद्रथजला गान्धारनीलोपला
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ।
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी
सोत्तीर्णा खलु पाण्डवै रणनदी कैवर्तकः केशवः ॥६॥

ભીષ્મ અને દ્રોણરૂપી કિનારાઓવાળી જયદ્રથરૂપી જળવાળી, શકુનીરૂપી નીલ પત્થરવાળી, શલ્યરૂપી ગ્રાહવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયાનક મગરમચ્છવાળી અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી એવી યુદ્ધરૂપી નદીને શ્રીકૃષ્ણરૂપી સુકાની વડે જ પાંડવો તરી ગયા;

पाराशर्यवचः सरोजममलं गीतार्थगन्धोत्कटं ।
नानाख्यानककेसरं हरिकथासम्बोधनाबोधितम् ॥
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा ।
भूयाद्भारतपङ्कजं कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥७॥

ગીતાના અર્થરૂપ ઉત્કટ સુગંધવાળું, નાના પ્રકારનાં આખ્યાનોરૂપી કેસરવાળું, હરીકથાના ઉપદેશ વડે પ્રફુલ્લ થયેલું, જગતમાંના સજ્જનરૂપી ભમરાઓ નિરંતર આનંદપૂર્વક જેના રસનું પાન કરે છે એવું, કલિકાળના પાપનો વિનાશ કરનારું અને પરાશરના પુત્ર શ્રીવ્યાસ મુનિના વાણીરૂપી સરોવરમાં ઊગેલું મહાભારતરૂપી કમળ અમારું સર્વેનું કલ્યાણ કરનારું થાઓ.

मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥८॥

જેમની કૃપા મુઆ માણસને વાચાળ કરે છે અને પાંગળાને પર્વત ઓળંગાવે છે; તે પરમાનંદ સ્વરૂપ માધવને હું વંદન કરું છું.

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यै स्तवै-
र्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥९॥

બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને મરુત વગેરે દેવતાઓ દિવ્ય સ્તોત્રો વડે જેમની સ્તુતિ કરે છે, સામવેદનું માન કરનારા મુનિઓ અંગ, પદ, ક્રમ અને ઉપનિષદ સહિત વેદો વડે જેમના સ્તુતિ ગાય છે, ધ્યાનમાં સ્થિર થયેલા મુનિઓ તેમાં રહેલા મન વડે જેમનાં દર્શન કરે છે; અને દેવો તેમ જ અસુરો જેમના પારને જાણી શકતા નથી, એવા ચૈતન્યરૂપ પરમાત્મસ્વરૂપ દેવને વારંવાર નમસ્કાર હો.

इति श्रीमद्भगवद्गीताध्यानम् ॥
ॐ तत्सत्

શ્રીમદ્ ગીતાદોહનનો પૂજનવિધિ

श्रीकृष्णाय नमः ॥ आचम्य प्राणायामं कुर्यात् ॥ ॐ भद्रं कर्णेभिरिति शांतिपाठं पठेत् ॥ ततः सैकल्पः ॥ ॐ विष्णुर्विष्णुर्विष्णुः ॥ अद्येत्यादि पूर्वोच्चरित एवं गुणविशेषेणविशिष्टायां शुभपुण्यतिथौ मम सकुटुंबस्य सपरिवारस्य श्रीगोवर्धनधरणचरणारविंदप्रसादात् सर्वसमृद्धिप्राप्त्यर्थं वा आत्मसिद्धिप्राप्त्यर्थं प्रारब्धानुसारादनुग्रहपूर्वकं श्रीभगवन्नामात्मकस्वरूपश्रीगीतायाः पाठसांगतासिद्ध्यर्थं श्रीगीतायाः प्रतिष्ठां पूजनं चाहं करिष्ये ॥ तदस्तु मित्रावरुणेति प्रतिष्ठां कुर्यात् ॥ ततः पुरुषसूक्तेन आवाहनादिषोडशोपचारैः पूजयेत् ॥

અર્થઃ—પ્રથમ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને આચમન કર્યા પછી પ્રાણાયામ કરવા. પછી **'भद्रं कर्णेभिः'** ઇ. શાંતિપાઠ ભણવો. ત્યાર પછી સંકલ્પમાં શ્રીવિષ્ણુ ભગવાનનું ત્રણવાર સ્મરણ કરીને, આજે અમુક માસ અને અમુક તિથિના દિવસે, શ્રી ગીતાજીની પૂજા માટે મારા કુટુંબ અને પરિવાર સહિત, ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની કૃપાથી સર્વ સમૃદ્ધિની પ્રાપ્તિને માટે અથવા આત્મસિદ્ધિની પ્રાપ્તિને માટે, પ્રારબ્ધાનુસાર શ્રીહરિના અનુગ્રહપૂર્વક શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતાના પાઠની સંપૂર્ણ સિદ્ધિને માટે, શ્રીમદ્ ભગવદ્ ગીતાની પ્રતિષ્ઠા અને પૂજા હું કરીશ; એ પ્રમાણે બોલીને સંકલ્પ કરવો. ત્યાર પછી **'मित्रावरुण'** ઇત્યાદિ મંત્રથી પ્રતિષ્ઠા કરવી અને પુરુષસૂક્ત વડે આવાહનાદિ **ષોડશોપચારે** પૂજન કરવું.

ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिं विश्वतो वृत्वा अत्यतिष्ठद्दशांगुलम् ॥१॥
श्री भगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ आवाहनम् ॥

અર્થઃ—સહસ્ર મસ્તકોવાળા, સહસ્ર નેત્રોવાળા ને સહસ્ર ચરણોવાળા એવા વિરાટરૂપ પરમપુરુષ સર્વ તરફથી ભૂમિને વ્યાપીને તેનાથી દશ આંગળ બહાર રહેલા છે. (૧) આ મંત્રથી શ્રી ભગવાનના નામસ્વરૂપ શ્રીગીતાજીને નમસ્કાર કરીને આવાહન કરવું.

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येशानः । यदन्नेनातिरोहति ॥२॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ आसनम् ॥

અર્થ:—આ સંસારમાં ભૂતકાળમાં જે કાંઈ થયું અને ભવિષ્યમાં જે કંઈ થવાનું, તે સર્વના નિયંતા આ પરમ પુરુષ જ છે. વળી આ અમૃતપણાના તથા જે અન્ન વડે દેહાદિ ઊપજે છે, તથા ટકે છે, તેના પણ એ જ નિયામક છે. (૨) આ મંત્રથી શ્રી ભગવાનના નામસ્વરૂપ શ્રીગીતાજીને નમસ્કાર કરીને આસન આપવું.

एतावानस्य महिमा । अतोज्यायांश्च पूरुषः । पादोऽस्य विश्वा भूतानि । त्रिपादस्यामृतं दिवि ॥३॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ पाद्यम् ॥

અર્થ:—જે ભગવાનનો આટલો મહિમા કહ્યો, તે કરતાં પણ એ પરમપુરુષ બહુ જ વધારે મહાન છે, કેમ કે તેમના માત્ર એક જ પાદમાં સર્વભૂતો રહેલાં છે અને બાકીના ત્રણ પાદો તો નાશરહિત તથા સ્વપ્રકાશરૂપે સ્થિત છે. (૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને પાદ્ય કરવું.

त्रिपादूर्ध्व उदैत्पुरुषः । पादोऽस्येहा भवत् पुनः । ततो विष्वङ् व्यक्रामद् । साशनानशने अभि ॥४॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ अर्घ्यम् ॥

અર્થ:—એ પરમપુરુષના ત્રણ પાદ તો ઉપર અદૃશ્યરૂપે રહેલા છે અને એમનો એક જ પાદ પુનઃ અહીં આ સંસારરૂપે થયો છે; તથા પછી ખાનારાં ને નહિ ખાનારાં સર્વ પ્રાણી અને પદાર્થોમાં અનેક રૂપે વ્યાપીને એ પરમપુરુષ રહેલા છે. (૪) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ગીતાજીને નમસ્કાર કરીને અર્ઘ્ય આપવા.

तस्माद्विराडजायत । विराजो अधि पूरुषः । स जातो अत्यरिच्यत । पश्चाद्भूमिमथो पुरः ॥५॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ आचमनीयम् ॥

અર્થ:—તે વિરાટપુરુષથી બ્રહ્માંડ થયું, તેના ઉપર તે વિરાટ પુરુષરૂપે અધિષ્ઠાતા થઈ, ઊપજેલા પદાર્થમાં વ્યાપી રહેવા ઉપરાંત તેનાથી ભિન્નરૂપે પણ થયા અને પછી તેમણે ભૂમિને તથા શરીર ઇત્યાદિને રચ્યાં. (૫) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને આચમન આપવું.

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । वसंतोऽस्यासीदाज्यम् । ग्रीष्म इध्मः शरद्धविः ॥६॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ स्नानम् ॥

અર્થ:—જ્યારે એ પુરુષરૂપ હવિષ વડે દેવો યજ્ઞ કરતા હતા, ત્યારે વસંતઋતુ એમાં ઘીરૂપ થઈ, ગ્રીષ્મઋતુ ઇંધનરૂપ થઈ અને શરદ્ઋતુ હવિષ્રૂપ થઈ. (૬) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને સ્નાન કરાવવું.

तं यज्ञं बर्हिषि प्रौक्षन् । पुरुषं जातमग्रतः । तेन देवा अयजंत । साध्या ऋषयश्च ये ॥७॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ वस्त्रम् ॥

અર્થ:—યજ્ઞના સાધનરૂપે પ્રથમ ઊપજેલા તે પરમપુરુષને માનસયજ્ઞમાં પ્રોક્ષણ કરતા હતા, તે વડે તે સાધ્ય દેવો અને ઋષિઓ માનસયજ્ઞ કરવા લાગ્યા. (૭) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ગીતાજીને નમસ્કાર કરીને વસ્ત્ર અર્પણ કરવું.

तस्माद्यज्ञात्सर्वहुतः । संभृतं पृषदाज्यम् । पशूंस्तांश्चक्रे वायव्यान् । आरण्यान्ग्राम्याश्च ये ॥८॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ यज्ञोपवीतम् ॥

અર્થ :—સર્વ જેમાં હોમાય છે, એવા પરમપુરુષ તે યજ્ઞ વડે દહીં ને ઘી પ્રાપ્ત કરતા હતા; તથા વાયુદેવતાવાળાં જે અરણ્યનાં ને ગામના પશુઓ છે, તેમને ઉત્પન્ન કરતા હતા. (૮) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને યજ્ઞોપવીત આપવું.

तस्माद्यज्ञात्सर्वहुतः । ऋचः सामानि जज्ञिरे । छन्दांसि जज्ञिरे तस्मात् यजुस्तस्मादजायत ॥९॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ चंदनम् ॥

અર્થ :—સર્વ હુતયજ્ઞથી તે ઋચાઓને તથા સામોને ઉત્પન્ન કરતા હતા, તેથી છંદોને ઉત્પન્ન કરતા હતા અને તેથી યજુર્વેદ ઉત્પન્ન થતો હતો. (૯) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને ચંદન કરવું.

तस्मादश्वा अजायंत । ये के चोभयादतः । गावो ह जज्ञिरे तस्मात् । तस्माज्जाता अजावयः ॥१०॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ पुष्पम् ॥

અર્થ :—તેથી અશ્વો તથા જે કોઈ ઉપર નીચે બન્ને બાજુ દાંતવાળા પશુ છે તે ઉત્પન્ન થયા, તેથી પ્રસિદ્ધ ગાયો ઉપજી અને તેથી બકરાંઓ અને ઘેટાંઓ ઉપજ્યાં. (૧૦) આ મંત્રથી શ્રી ભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ગીતાજીને નમસ્કાર કરીને પુષ્પો ચઢાવવાં.

यत्पुरुषं व्यदधुः । कतिधा व्यकल्पयन् । मुखं किमस्य कौ बाहू । कावूरू पादावुच्येते ॥११॥
श्रीभगवान्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ धूपम् ॥

અર્થ :—જ્યારે વિરાટ પુરુષને ઉત્પન્ન કર્યો ત્યારે એનાં અંગોની કલ્પના કેટલે પ્રકારે કરતા હતા ? એનું મુખ કોણ ? સાથળ કોણ ? ને પગ કોણ કહેવાય છે ? (૧૧) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ગીતાજીને નમસ્કાર કરીને ધૂપ અર્પણ કરવો.

ब्राह्मणोऽस्य मुखमासीत् । बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः । पद्भ्यां शूद्रो अजायत ॥१२॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ दीपम् ॥

અર્થ :—એ વિરાટ પુરુષનું મુખ બ્રાહ્મણ હતા, ક્ષત્રિયને બે હાથરૂપ કર્યા; જે વૈશ્ય તે એના બે સાથળરૂપે ઉપન્યા અને બે પગરૂપે શૂદ્ર ઉપન્યા. (૧૨) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને દીપ અર્પણ કરવો.

चन्द्रमा मनसो जातः । चक्षोः सूर्यो अजायत । मुखादिंद्रश्चाग्निश्च । प्राणाद्वायुरजायत ॥१३॥
श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ नैवेद्यम् ॥

અર્થ :—ચંદ્રમા મનથી ઉત્પન્ન થયો, સૂર્ય નેત્રથી ઉત્પન્ન થયો તથા ઇન્દ્ર ને અગ્નિ મુખથી અને વાયુ પ્રાણથી ઉત્પન્ન થયા. (૧૩) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને નૈવેદ્ય અર્પણ કરવું.

नाभ्या आसीदंतरिक्षम् । शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात् ॥ तथा लोकान् अकल्पयन् ॥१४॥ श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ पूगीफलतांबूलम् ॥

અર્થ :—નાભિથી અંતરિક્ષ ઉત્પન્ન થયું; મસ્તકથી સ્વર્ગ ઉત્પન્ન થયું અને ચરણોથી ભૂમિ અને શ્રોત્રથી દિશાઓ ઊપજી. એવી રીતે લોકોને કલ્પતા હતા. (૧૪) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને પૂગીફલ તથા તાંબૂલ આપવાં.

सप्तास्यासन् परिधयः । त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना । अबध्नन् पुरुषं पशुम् ॥१५॥ श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ दक्षिणाम् ॥

અર્થ :—જ્યારે દેવો યજ્ઞ કરવા લાગ્યા ત્યારે પુરુષરૂપ યજ્ઞ સાધનને બાંધતા હતા. સાત એના પરિધિઓ હતા અને ત્રણ સાતને સમિધો કરી. (૧૫) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને દક્ષિણા અર્પણ કરવી.

वेदाहमेतं पुरुषं महांतम् । आदित्यवर्णं तमसस्तु पारे । सर्वाणि रूपाणि विचित्य धीरः । नामानि कृत्वाभिवदन् यदास्ते ॥ १६ ॥ श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ नमस्कारम् ॥

અર્થ :—ધીરજવાન મનુષ્ય જ્યારે એ પ્રમાણે પરમાત્માનાં સમગ્ર રૂપોને વિચારીને તેને અનુસરતાં નામોને અભિવ્યક્ત તથા અભિવંદન કરતો રહે છે, ત્યારે જ તેને એમ લાગે છે કે એ આદિત્ય સમાન તેજસ્વરૂપ અને અત્યંત મહાન એવા પરમ પુરુષને તો હું હજી (જરાતરાજ) જાણું છું. (૧૬) આ મંત્રથી શ્રીભગવાનની નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને પુનઃ નમસ્કાર કરવા.

धाता पुरस्ताद्यमुदाजहार शक्रः प्रविद्वान् प्रदिशश्चतस्रः । तमेवं विद्वानमृत इह भवति नान्यः पंथा अयनाय विद्यते ॥ १७ ॥ श्री भगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ प्रदक्षिणाम् ॥

અર્થ :—પૂર્વે બ્રહ્માએ જેને પોતાના આદ્યપિતા જાણ્યા હતા અને ઇંદ્રે જેને ચારે દિશામાં જાણ્યા હતા, એવા પરમાત્માનું જ્ઞાન થયું હોય તે જ આ જગતમાં અમૃતપણાને પામે છે; એને પ્રાપ્ત કરવાનો આ વિના બીજો કોઈ પણ માર્ગ નથી. (૧૭) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને પ્રદક્ષિણા કરવી.

यज्ञेन यज्ञमयजंत देवाः । तानि धर्माणि प्रथमान्यासन् । ते ह नाकं महिमानः सचंत । यत्र पूर्वे साध्याः संति देवाः ॥१८॥ श्रीभगवन्नामात्मकस्वरूपिण्यै श्रीगीतायै नमः ॥ मंत्रपुष्पम् ॥

અર્થ :—દેવો યજ્ઞ વડે જ યજ્ઞનું યજન કરતા હતા. એ યજ્ઞ ધર્મને પ્રથમ ધારણ કરનાર મુખ્ય મનુષ્યો હતા. જે સ્વર્ગમાં પ્રાચીન સાધ્ય દેવો રહે છે, તે સ્વર્ગને એ યજ્ઞધર્મનું પાલન કરનારા મહાત્માઓ પામે છે. (૧૮) આ મંત્રથી શ્રીભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ગીતાજીને નમસ્કાર કરીને મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરવી.

તે પરમાત્માની પ્રાર્થના

कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणतक्लेशनाशाय गोविन्दाय नमो नमः ॥

જે પરબ્રહ્મ પરમાત્માનાં કૃષ્ણ, વાસુદેવ, શ્રીહરિ, ગોવિંદ એવાં નામો છે અને જે ભક્તજનોનું દુઃખ સંહારે છે એવા પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ ભગવાનને વારંવાર સાષ્ટાંગ નમસ્કાર.

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च ।
हृषीकेश ! नमस्तुभ्यं, प्रपन्नं पाहि मां प्रभो ॥

શ્રીમદ્ ભા. ૧૦/૪૦/૩૦ અક્રૂર સ્તુતિ.

આપ વાસુદેવને હું નમસ્કાર કરું છું, સર્વ પ્રાણીઓના આશ્રય આપને હું નમસ્કાર કરું છું, અને ઇંદ્રિયોના નિયંતા હે હૃષીકેશ ! આપને હું નમસ્કાર કરું છું. હે પ્રભો ! શરણે આવેલા મારું આપ રક્ષણ કરો.

नमोऽस्तु ते महायोगिन् ! प्रपन्नमनुशाधि माम् ।
यथा त्वच्चरणाम्भोजे रतिः स्यादनपायिनी ॥

શ્રીમદ્ ભા. ૧૧/૨૯/૪૦ ઉદ્ધવજીની ભગવત્પ્રાર્થના.

હે મહાયોગી ! હું આપને નમસ્કાર કરું છું. મને મુક્તદશા પ્રાપ્ત થાય, તો પણ નાશ ન પામે એવી આપના ચરણકમળ ઉપરની પ્રીતિ જે રીતે સ્થિર થાય, તે રીતે આપ મને શરણાગતને ઉપદેશ આપો.

नमः कृष्णपदाब्जाय भक्ताभीष्टप्रदायिने ।
आरक्तं रोचयेच्छश्वन्मामके हृदयांबुजे ॥

ભક્તજનોને ઇષ્ટ વસ્તુ આપનાર એવા શ્રીકૃષ્ણના ચરણકમળને અમારા નમસ્કાર હો. એ આરક્ત ચરણકમળ મારા હૃદયકમળમાં વારંવાર રુચિ ઉત્પન્ન કરો.

श्रीगीतारूपमेवै तत् पूजयेद्भक्तिपूर्वकम् ।
अर्चकायाखिलान् कामान् प्रयच्छति न संशयः ॥

શ્રીગીતાજીને ભગવાનનું સ્વરૂપ સમજીને આ પ્રમાણે જે ભક્તિપૂર્વક પૂજે છે, તેના સર્વ મનોરથ સિદ્ધ છે; એમાં સંશય નથી.

इति श्रीगीतापुस्तकषोडशोपचारपूजनविधिः समाप्तः ॥

॥ श्रीकृष्णार्पणमस्तुः ॥

છંદોનું વર્ગીકરણ

શ્રીમદ્ ભગવદ્ ગીતામાંના છંદોનું અધ્યાયવાર વર્ગીકરણ

શ્રીભગવદ્ગીતાના મંત્રોમાં કયા કયા છંદો આવેલા છે તેનું અધ્યાયવાર સ્પષ્ટીકરણ.

	છંદોનું નામ	કુલ મંત્ર સંખ્યા	અધ્યાય	મંત્રાંક	અધ્યાયવાર સંખ્યા.
(૧)	ઉપજાતિ	૩૭	૨	૫, ૬, ૮, ૨૦, ૭૦	= ૬
			૮	૯, ૧૦, ૧૧,	= ૩
			૯	૨૧,	= ૧
			૧૧	૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦.	= ૨૪
			૧૫	૨, ૩, ૪.	= ૩
(૨)	ઇન્દ્રવજ્રા	૧૦	૨	૭, ૨૩.	= ૨
			૮	૨૮.	= ૧
			૯	૨૦.	= ૧
			૧૧	૨૦, ૨૨, ૨૭, ૩૦.	= ૪
			૧૫	૫, ૧૫.	= ૨
(૩)	ઉપેન્દ્રવજ્રા	૪	૧૧	૧૮, ૨૮, ૨૯, ૪૫.	= ૪
(૪)	વિપરીતપૂર્વી (એટલે જેનો છંદ સમજી નહિ શકાય તેવો)	૪	૧૧	૩૫, ૩૭, ૩૯, ૪૪.	= ૪
(૫)	અનુષ્ટુપ્	૬૪૬	ઉપરના અધ્યાયોમાં બતાવવામાં આવેલા ૫૫ છંદો છોડીને બાકીના બધા અનુષ્ટુપ્ છે.		૬૪૬
		કુલ ૭૦૧			૭૦૧

ॐ तत्सत्

ગીતાદોહન

મંત્રોનું વ્યક્તિશઃ અધ્યાયવાર વર્ગીકરણ

(શ્રીમદ્ ભગવદ્ગીતામાં કોના કેટલા મંત્રો આવે છે તેનું નામ સહિત વર્ગીકરણ)

અ.	ધૃ.[1]	સં.[2]	શ્રી અ.[3]	શ્રી ભ.[4]	કુલ	અ.	ધૃ.	સં.	શ્રી અ.	શ્રી ભ.	કુલ
૧	૧	૨૫	૨૧	૦	૪૭	૧૧	૦	૮	૩૩	૧૪	૫૫
૨	૦	૩	૬	૬૩	૭૨	૧૨	૦	૦	૧	૧૯	૨૦
૩	૦	૦	૩	૪૦	૪૩	૧૩	૦	૦	૧*	૩૪	૩૫
૪	૦	૦	૧	૪૧	૪૨	૧૪	૦	૦	૧	૨૬	૨૭
૫	૦	૦	૧	૨૮	૨૯	૧૫	૦	૦	૦	૨૦	૨૦
૬	૦	૦	૫	૪૨	૪૭	૧૬	૦	૦	૦	૨૪	૨૪
૭	૦	૦	૦	૩૦	૩૦	૧૭	૦	૦	૧	૨૭	૨૮
૮	૦	૦	૨	૨૬	૨૮	૧૮	૦	૫	૨	૭૧	૭૮
૯	૦	૦	૦	૩૪	૩૪		૧	૪૧	૮૫	૫૭૪	૭૦૧
૧૦	૦	૦	૭	૩૫	૪૨						

* ગીતાદોહન અધ્યાય ૧૩, શ્લોક ૧, પૃષ્ઠ ૬૨૦ નીચેની ટિપ્પણી જુઓ.

૧ ધૃ. = ધૃતરાષ્ટ્ર, ૨ સં. = સંજય, ૩. શ્રી અ. = શ્રી અર્જુન, ૪ શ્રી ભ. = શ્રી ભગવાન.

ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા

વિષયાનુક્રમણિકા

ઉપાસનાકાણ્ડ

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	મુખપૃષ્ઠ	૩
	પૂ. પાંડુરંગ આઠવલેજીનો સંદેશ	૫
	ચોથી આવૃત્તિનું નિવેદન (સમિતિનું)	૬
	ત્રીજી આવૃત્તિનું નિવેદન (સમિતિનું)	૭
	બીજી આવૃત્તિનું નિવેદન (સમિતિનું)	૮
	ત્રીજી આવૃત્તિનું નિવેદન (પ્રકાશકનું)	૯
	બીજી આવૃત્તિનું નિવેદન (પ્રકાશકનું)	૧૦
	નિર્વાણષટકમ સ્તોત્રમ	૧૧
	ચર્પટપઞ્જરિકા સ્તોત્રમ	૧૨
	પરમાત્માની પ્રાર્થના	૧૩
	મહર્ષિઓને સ્મરણાંજલિ	૧૫
	શ્રી કૃષ્ણાર્પણ	૧૬
	પ્રાતઃસ્મરણીય પરમહંસ સદ્ગુરુ શ્રી ચરણગિરી મહારાજ	૧૭
ધર્મપાલનની મહત્તા		૨૧
પુરોવચન		૨૨
સાંપ્રતકાળ અને ભગવદ્ગીતા		૨૨
આમુખ લખવાનું કારણ		૨૨
લેખનનો હેતુ		૨૨
અનુમાન કરવાની પદ્ધતિ		૨૨
શાસ્ત્રરહસ્ય સમજવાની પદ્ધતિ		૨૩
દુરાગ્રહથી પોતાને કૃતાર્થ માની બેસવું		૨૩
લોકોને સાચું નહિ પણ સારું જોઈએ		૨૩
પોતાની માન્યતા બીજા ઉપર લાદવાની યુક્તિ		૨૪
સત્ય સમજવાની અશક્તિ		૨૪
રૂઢ થયેલી પ્રચારાત્મક પદ્ધતિ		૨૪
કર્તવ્યના ઓથા નીચે ચાલતો વ્યવહાર		૨૫
ચોતરફ ફેલાયેલું ગુંડાગીરી રાજ		૨૫
અમારી અવળી ક્રિયાઓ		૨૫
બગડેલું કાર્ય સુધારવારૂપ વ્રત		૨૬
આજે જેની જરૂર છે તે જડીબુટ્ટી		૨૭
ભગવદ્ગીતાનું સાચું રહસ્ય જાણવાની જરૂર		૨૭
ગીતાનો સિદ્ધાન્ત એ મારી પ્રતિજ્ઞા		૨૭
ગીતામાં શું નથી ?		૨૮
ગીતાનો સંદેશ		૨૮
પ્રથમાવૃત્તિનું નિવેદન		૨૮
શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ		૨૯
ગીતાદોહનની પ્રતિજ્ઞા		૨૯
ગ્રંથનો કાળ અને સ્થળમહિમા		૨૯
પ્રવૃત્તિના પ્રકારો		૨૯
શાસ્ત્રકૃત અને રાગકૃત પ્રવૃત્તિનાં લક્ષણો		૩૦
જિજ્ઞાસા કોને કહે છે ?		૩૦
તર્કને ઉદ્દેશ		૩૦
આપ્તો અને આપ્તવાક્ય		૩૦
વિધિ, અર્થ અને અનુવાદ વાક્યો		૩૧
શ્રીભગવદ્ગીતા એ અદ્વિતીય ગ્રંથ છે		૩૧
હિંદુન્નતિ કેમ નષ્ટ ન થઈ ?		૩૨
ગીતા છતાં અમારી ગુલામી		૩૨
ગીતાનાં પારકાએ કરેલા ગુણગાનનો મોહ		૩૨
ગીતા અને સ્વાર્થ		૩૩
વર્ણાશ્રમાદિ અને સાધુ સંતો		૩૩
સાંપ્રદાયિક કે સાધુદાયિક ?		૩૩
ગ્રંથની પ્રાસાદિકતા		૩૩
મતમતાંતરો થકી છૂટકારો		૩૪
ગીતા અને આધુનિક લોકસંગ્રહ		૩૪
હિંસા અહિંસાનો નિર્ણય		૩૪
હિંસાથી પુણ્ય થાય ?		૩૫
ગીતાદોહનમાં દેખવામાં આવતા વાંધાઓ		૩૫
અધ્યયનનો હેતુ શીલવર્ધન		૩૫
ગ્રંથની વિશેષતા		૩૫
ગીતા પઠનની પ્રાચિન મંત્રપદ્ધતિ		૩૬
પુનરુક્તિ દોષોનું કારણ		૩૬
ગીતાદોહનના સૂક્ષ્મ હેતુઓ		૩૭
ગીતામાં કયો યોગ ?		૩૮
ગીતાનું ખરું જ્ઞાન કેમ મળતું નથી ?		૩૮
સૂચના		૪૦
મહર્ષિવર્યનુંઆદર્શવૃત્ત		૪૧
પ્રયોજન		૪૧
અવતારીય કહેવાનું કારણ		૪૧
નદીનું મૂળ અને ઋષિનું કુળ		૪૨
મહર્ષિવર્ય અને નોકરી		૪૭
પુનઃ માતૃમિલન		૨

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	ગિરનારનું ગિરિશૃંગ	૫૪
	મહર્ષિવર્ય ને તુંબરુ ઋષિ	૬૬
	પ્રકાશકનું નિવેદન (મધ્યમવૃત્તિ)	૬૨
	ગ્રન્થપ્રશસ્તિ	૬૪
	સદ્ગ્રન્થસેવનનો મહિમા	૬૫
	શ્રીમદ્ ભગવદ્ગીતાના મંત્રો અને છંદો	૬૬
	દ્વારકામાં ઉજવાયેલ ગીતાદોહન સપ્તાહ	૬૭
	શ્રીગીતામાહાત્મ્ય (ભાવાર્થ સહિત)	૬૯
	શ્રીગીતાદોહન-અનુષ્ઠાનવિધિ	૭૧
	શ્રીગીતામન્ત્રના ન્યાસ, ધ્યાન ઇત્યાદિ	૭૨
	શ્રીમદ્ ગીતાદોહનનોપૂજનવિધિ	૭૫
	છંદોનું વર્ગીકરણ	૮૦
	વિષયાનુક્રમણિકા	૮૧
	શ્રીગીતાદોહન પ્રસિદ્ધીકરણનો સમારંભ	૧૦૧
	परमात्मस्वरूपचिन्तनम्	૧
	ઉપાસનાકાણ્ડ	
૧	**કિરણાંશ ૧** (૪-૫)	
	પુસ્તકોનું વાચન કે નશો ?	૪
	નશાને લીધે જગતની થતી અવનતિ	૫
	લખેલું વાંચનારો અધમ કેમ ?	૫
૨	**કિરણાંશ ૨** (૬-૮)	
	વાણીના વ્યાપારના બે પ્રકારો	૬
	સકામ નિષ્કામ	૬
	શુદ્ધ અને મલિન વાસનાઓ	૬
	શુદ્ધ વાસના અને તેનું ફળ	૬
	અનેક મલિન વાસનાઓને નષ્ટ શી રીતે કરવી ?	૬
	અશુભ વાસનાઓ નષ્ટ કેવી રીતે થાય ?	૭
	વિવેક કરવાની પદ્ધતિ	૭
	વિવેક ઉત્પન્ન થતાં મલિન વાસનાનો નાશ થાય છે	૮
	મલિન વાસનામાં પડતા ત્રણ ભેદો	૮
૩	**કિરણાંશ ૩** (૮-૧૦)	
	લોકવાસનાની વ્યાખ્યા	૮
	અવિવેકીને સુધારવાનો તો એકે ઉપાય નથી	૮
	ખલપુરુષને સન્માર્ગે લઈ જવો અશક્ય છે	૮
	પરદ્રવ્ય દોષો જોવાની મનુષ્ય સ્વભાવની પરંપરા	૯
	જગતમાં તમામ લોકોને સંતોષ નહિ આપી શકાય	૯
	સ્તુતિ અને નિંદા વખતે કેવી ભાવના રાખવી ?	૧૦
૪	**કિરણાંશ ૪** (૧૦-૧૨)	
	શાસ્ત્રવાસનાના ત્રણ પ્રકારો	૧૦
	ભરદ્વાજનું પાઠ્યવ્યસન	૧૦
	પાઠ્યવ્યસનની નિરુપયોગીતા	૧૧
	પ્રચારાત્મક વાઙ્મયનું વ્યસન	૧૧
	દુર્વાસા મુનિનું શાસ્ત્રવ્યસન	૧૧
	બહુશાસ્ત્રવ્યસન પણ નિંદ્ય છે	૧૧
	શાસ્ત્રવ્યસન નિંદ્ય કેમ ?	૧૨
	અનુષ્ઠાનવ્યસન પણ ત્યાજ્ય છે	૧૨
	અનુષ્ઠાનવ્યસન કર્મવાસનાનું દ્યોતક છે	૧૨
૫	**કિરણાંશ ૫** (૧૩-૧૭)	
	દેહવાસના, તેના ત્રણ ભેદો તથા આત્મત્વભ્રાંતિ	૧૩
	લોકાયાતકો શાસ્ત્રોના અનર્થો કરે છે	૧૩
	ગુણાધાનભ્રાંતિમાં પડતા બે પ્રકારો	૧૪
	દોષાપનયનભ્રાંતિ	૧૪
	દેહને આત્મા માનશો એ પ્રમાણશૂન્ય છે ?	૧૪
	ગુણાધાન પરિણામે નિરર્થક જ છે	૧૫
	દેહને આત્મ કહેનારો નર પશુ છે ?	૧૫
	ગુણધાન ત્યાજ્ય કેમ ?	૧૫
	શું દેહ અત્યંત મલિન છે ?	૧૬
	અહંભાવનો ઓળો પણ ન લેવો	૧૬
	લોક, શાસ્ત્ર અને દેહવાસના ત્યાગવા યોગ્ય છે	૧૬
૬	**કિરણાંશ ૬** (૧૭-૧૯)	
	ગ્રંથ લખવાનો ઉદ્દેશ	૧૭
	सत्यं वद	૧૭
	ગ્રંથનો હેતુ	૧૮
	ગ્રંથનું પ્રયોજન અને વિષય	૧૮
૭	**કિરણાંશ ૭** (૧૯-૨૩)	
	मूकं करोति वाचालम्	૧૯
	સ્થૂલ ઉંકારની પ્રથમોત્પત્તિ	૨૦
	ઉંકાર સર્વ ત્રૈલોક્યનું રહસ્ય છે.	૨૧
	ઉંકારમાંથી પ્રગટેલો અક્ષર સમુચ્ચય	૨૧
	સાક્ષાત્કાર કરવાની પદ્ધતિથી ગ્રંથનો અભ્યાસ કરવાની રીતિ	૨૨
	ઉંની ઉત્પત્તિ અને પ્રાકટ્ય	૨૨
	આત્મસાક્ષાત્કારનાં સ્થાનકો	૨૩
૮	**કિરણાંશ ૮** (૨૩-૨૬)	
	મારે ઈશ્વર દર્શન કરવાં છે	૨૩
	નિઃસીમ ગુરુસેવાનો પ્રતાપ	૨૪
	લોખંડનું સોનું થાય	૨૫
૯	**કિરણાંશ ૯** (૨૬-૨૮)	
	આથી પરમેશ્વર પ્રાપ્તિ શી રીતે થાય ?	૨૬
	પરમાત્માનું દર્શન અવશ્ય થઈ શકત	૨૬
	જગતમાં તમામ વ્યવહાર સુખને માટે જ ચાલુ છે	૨૭
	સંગ્રહવૃત્તિ એ જ દુઃખનું મૂળ છે	૨૭
૧૦	**કિરણાંશ ૧૦** (૨૮-૩૦)	
	જગતમાં ઊતરેલી આપત્તિનું મૂળ	૨૮

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
૧૧	**કિરણાંશ ૧૧ (૩૦-૩૨)**	
	અધર્મનો અંત આવશે તોજ સુખની પ્રાપ્તિ થશે	૩૦
	હિતેચ્છુઓએ અન્યથા શ્રદ્ધા નહિ રાખવી	૩૦
	આપ્ત અને સજ્જન કોણ ?	૩૦
	આજકાલ માનવામાં આવતું કર્તવ્ય	૩૧
	બાબડું બિલાડું માતાપિતા સમજે છે	૩૧
૧૨	**કિરણાંશ ૧૨ (૩૨-૩૫)**	
	મને શ્રદ્ધા છે અને નથી	૩૨
	હું નાસ્તિક છું તે કયા સાધન વડે જાણવામાં આવે છે ?	૩૨
	આ સર્વ પ્રવૃત્તિ શ્રદ્ધા ઉપર કે ફળ ઉપર ચાલી રહી છે ?	૩૩
	જગતમાંનો સઘળો વ્યવહાર શ્રદ્ધા વડેજ ચાલી રહ્યો છે	૩૪
	ખરા નાસ્તિકો કયાં છે ?	૩૪
૧૩	**કિરણાંશ ૧૩ (૩૫-૩૭)**	
	શંકાઓ શા માટે પૂછવી જોઈએ ?	૩૫
	દરેક ક્ષણે ભગવાનનું સ્મરણ કેમ કરવું ?	૩૫
	મારો અંતકાળ કયારે છે ?	૩૬
	એક ક્ષણ પણ કેમ વ્યર્થ ગુમાવવી નહિ ?	૩૬
	નામસ્મરણથી થતું પ્રાયશ્ચિત	૩૭
૧૪	**કિરણાંશ ૧૪ (૩૭-૪૨)**	
	શ્રદ્ધાથી જ ધ્યેય પ્રાપ્ત થાય છે	૩૭
	ભગવાનનાં સાક્ષાત્ દર્શન	૩૮
	દેવતા એક છે કે અનેક છે ?	૩૯
	એક દેવ કયો ?	૩૯
	"ભગવાનનાં દર્શન"	૩૯
	નાના મોટા દેવતાઓના ઝઘડાઓ કયાં છે ?	૪૦
	ધર્મને નામે ચાલતા ઝઘડાઓ	૪૧
	જુદા જુદા દેવતાઓનાં વર્ણનોનું કારણ	૪૧
	ભક્તિમાર્ગની યુક્તિ	૪૨
૧૫	**કિરણાંશ ૧૫ (૪૨-૪૪)**	
	પરમાત્મપ્રાપ્તિ માટે વર્ણાશ્રમની જરૂર છે ?	૪૨
૧૬	**કિરણાંશ ૧૬ (૪૪-૪૬)**	
	સંન્યાસીનો મેળાપ	૪૪
	પરમાત્માની જડીબુટ્ટી	૪૪
	થઈ ગયેલા પાછા કેમ નથી જણાતા ?	૪૫
	અમે ગૃહસ્થ છીએ તે શા આધારે કહી શકાય ?	૪૫
૧૭	**કિરણાંશ ૧૭ (૪૬-૪૮)**	
	સંન્યાસાશ્રમ શા માટે છે ?	૪૬
	આશ્રમો નહિ કાઢવા ?	૪૭
	વિષયોમાં સંયમ કરવો કેટલો કઠણ છે ?	૪૭
	સાધુસંન્યાસીથી લોકો કેમ ડરે છે ?	૪૮

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
૧૮	**કિરણાંશ ૧૮ (૪૯)**	
	આત્મપ્રાપ્તિને માટે નાલાયક કોણ ?	૪૯
	ધ્યેય પ્રાપ્તિનો અવસર તમોને કયારે આવશે ?	૪૯
૧૯	**કિરણાંશ ૧૯ (૫૦-૫૨)**	
	આત્મપ્રાપ્તિને માટે કેવી ઉપાસનાની જરૂર છે ?	૫૦
	પરમાત્માની બાહ્યોપાસનાની પદ્ધતિ	૫૦
	પરમાત્માની આંતરિક ઉપાસનાની પદ્ધતિ	૫૦
	જગતના ઝઘડાઓ કયારે મટે ?	૫૧
	આ બધું એકજ છે	૫૧
	જગતમાં ઝઘડાઓને સ્થાન કયાં છે ?	૫૨
૨૦	**કિરણાંશ ૨૦ (૫૩-૫૪)**	
	બધાને જ ભ્રમ	૫૩
	મનુષ્યોની વ્યવહારરચના નિરર્થક કેમ ?	૫૩
	જગવ્યવહારનું મિથ્યાત્વ કેવી રીતે સિદ્ધ થાય ?	૫૪
૨૧	**કિરણાંશ ૨૧ (૫૪-૫૬)**	
	જીવ, ઈશ્વર કિંવા આત્મા એટલે શું ?	૫૪
	જીવ અને ઈશ્વર એટલે શું ?	૫૫
	સર્વાત્મભાવ શી રીતે સિદ્ધ થાય ?	૫૫
	જગશાંતિનો ખાતરીલાયક એકમેવ માર્ગ	૫૬
૨૨	**કિરણાંશ ૨૨ (૫૭-૫૯)**	
	આત્મપ્રાપ્તિનો અભ્યાસક્રમ	૫૭
	આત્મસાક્ષાત્કાર કેવી રીતે થાય ?	૫૭
	આત્મપ્રાપ્તિ માટે અભ્યાસની જરૂર છે ?	૫૭
	નિઃશેષભાવનો અભ્યાસક્રમ	૫૮
	સર્વાત્મભાવનો અભ્યાસક્રમ	૫૮
	નિઃશેષ અને સર્વાત્મભાવનો સમન્વય	૫૮
	સાક્ષીભાવનો અભ્યાસક્રમ	૫૯
૨૩	**કિરણાંશ ૨૩ (૫૯-૬૧)**	
	ઉપાસના સિદ્ધ કેમ થતી નથી ?	૫૯
	શ્રદ્ધામાં ક્રમીપણું	૫૯
	નિષ્કામ પુરુષો જ જગતને સાચો રાહ બતાવી શકે	૬૦
	નશાબાજ બીજાને કેવી રીતે બચાવે ?	૬૧
૨૪	**કિરણાંશ ૨૪ (૬૧-૬૩)**	
	મહાત્માઓના સેવનની શી જરૂર છે ?	૬૧
	અનેક શાસ્ત્રો શા માટે ?	૬૨
૨૫	**કિરણાંશ ૨૫ (૬૩-૬૫)**	
	સાચી ઉપાસના	૬૩
	રામકૃષ્ણાદિની ઉપાસના શા માટે કરવી ?	૬૪
	એકત્વભાવના એ જ ઉપાસનાનું સાચું લક્ષણ છે	૬૪
૨૬	**કિરણાંશ ૨૬ (૬૬-૭૦)**	
	અજ્ઞાનીઓનો વિતંડાવાદ	૬૬
	મારું વૈકુંઠગમન	૬૬

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	હું અને ભગવાન	૬૭
	દુઃખમાંથી છૂટવાને બદલે તેમાં જકડાવું	૬૯
	દુઃખને છોડવાને બહાને વધુ પકડે છે	૭૦
૨૭	**ક્રિશ્ચ્યાંશ ૨૭** (૭૦-૭૩)	
	જગમાન્ય ગ્રંથમાના વિષયો	૭૦
	સમતાને બદલે વિષમતા	૭૦
	સમતા તે આનું નામ	૭૧
	રાષ્ટ્ર નષ્ટ થવાના કારણો	૭૨
	સમતાની પ્રાપ્તિ થવી એ જ ધર્મનો ઉદ્દેશ છે	૭૩
૨૮	**ક્રિશ્ચ્યાંશ ૨૮** (૭૪-૭૫)	
	કુતરાની ઉપાસના	૭૪
	શાસ્ત્રનો ખરો ભાવાર્થ સમજ્યાનું ચિહ્ન	૭૪
૨૯	**ક્રિશ્ચ્યાંશ ૨૯** (૭૫-૮૨)	
	લોકોની જિજ્ઞાસા	૭૫
	આમાં મારે શું છે?	૭૬
	જ્ઞાનનો અધિકારી કોણ?	૭૬
	અધિકાર અને અનધિકારના ઝગડાઓ	૭૭
	મનુષ્યોએ સર્વોચ્ચ ભાવના રાખવી.	૭૭
	દરેક મનુષ્ય શાસ્ત્રને માટે અધિકારી છે	૭૮
	સર્વોચ્ચ ભાવનાની જાગૃતિ	૭૯
	ઉચ્ચ સ્થાન પર રહેવાનું કારણ	૭૯
	ચાતુર્વર્ણ્ય આત્મરૂપ જ છે	૮૦
	અધિકાર અને અનધિકારનાં વર્ણનો શાસ્ત્રોમાં કેમ?	૮૦
	વિધિ અને નિયમવાક્યની સમજ	૮૧
	પોતે પોતાને અધમ કોણ માને?	૮૧
૩૦	**ક્રિશ્ચ્યાંશ ૩૦** (૮૨-૮૫)	
	પૂર્વપીઠિકા	૮૨
	અપૌરુષેય ઉપનિષદો	૮૩
	આત્મામાંથી થયેલો વિસ્તાર	૮૩
	અધિષ્ઠાન, કર્તા, દેવ, કરણ અને વિવિધ ચેષ્ટાની ઉત્પત્તિ	૮૪
૩૧	**ક્રિશ્ચ્યાંશ ૩૧** (૮૫-૮૭)	
	અપૌરુષેય ઉપનિષદોને શ્રુતિ કહેવાનું કારણ	૮૫
	તેને અપૌરુષેય કેમ કહેવાય છે	૮૫
	સત્ અસત્ શાસ્ત્રોની સમસ્યા	૮૬
૩૨	**ક્રિશ્ચ્યાંશ ૩૨** (૮૭-૮૮)	
	પુરાણો તથા રામાયણ ઇતિહાસ નથી	૮૭
	ઇતિહાસ એટલે શું?	૮૮
	પૌરુષેય ઉપનિષદો	૮૮
૩૩	**ક્રિશ્ચ્યાંશ ૩૩** (૮૯-૯૧)	
	ગીતા નામનું કારણ	૮૯
	ભગવદ્વાક્ય અથવા વાક્સુધા	૮૯
	ગીતા સંબંધી નિરર્થક ભ્રમપરંપરા	૯૦
	યુદ્ધ પૂર્વે અને પછીની ગીતા	૯૦
	મહાભારતનું યુદ્ધ થયું હશે કે?	૯૦
	શું ગીતા એ નવલકથા છે કે રૂપક છે?	૯૧
	ટીકાઓથી અભ્યાસકોમાં થયેલો ગભરાટ	૯૧
૩૪	**ક્રિશ્ચ્યાંશ ૩૪** (૯૧-૯૩)	
	નિવૃત્તિ કે પ્રવૃત્તિ માર્ગ?	૯૧
	યુદ્ધનીતિ માટે આત્મજ્ઞાન કેમ?	૯૨
	ગીતામાં કર્મયોગ કે પ્રારબ્ધવાદ?	૯૩
૩૫	**ક્રિશ્ચ્યાંશ ૩૫** (૯૩-૯૬)	
	આત્મજ્ઞાનપ્રાપ્તિનો અનુકૂળ પ્રસંગ	૯૩
	વ્યવહારમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિના સ્વાભાવિક પ્રસંગો	૯૪
	સુખ દુઃખ અને મોહરૂપ કર્મફળ	૯૫
	શ્રીમદ્ભગવદ્ગીતાની પરંપરા	૯૫
	વૃક્ષ આપવાનું પ્રયોજન	૯૬
૩૬	**ક્રિશ્ચ્યાંશ ૩૬** (૯૭-૧૦૪)	
	વૃક્ષ **ૐ**	૯૭
	પર્યાય સંજ્ઞાઓ	૧૦૧
	બ્રહ્માંડ	૧૦૨
	વૃક્ષ ૐનું સ્પષ્ટીકરણ	૧૦૩
૩૭	**ક્રિશ્ચ્યાંશ ૩૮** (૧૦૪-૧૦૭)	
	વૃક્ષનો હેતુ	૧૦૪
	જગતમાં ધર્મ સંબંધી ચાલતા ઝગડાઓનું મૂળ	૧૦૫
	મૃગજળને માટે ચાલતી લડાઈ	૧૦૫
	સત્યાગ્રહી અને દુરાગ્રહી	૧૦૬
	બધાનું જ કહેવું સત્ય કેમ?	૧૦૬
	સાચું સુખ અને અખંડ શાંતિનું સ્થાન	૧૦૬
૩૮	**ક્રિશ્ચ્યાંશ ૩૮** (૧૦૭-૧૦૯)	
	વૃક્ષ ૐની સમજૂતિ અને પર્યાય સંજ્ઞાઓ	૧૦૭
	હું ભાવની ઉત્પત્તિ	૧૦૮
	સાક્ષી વા દ્રષ્ટાભાવ	૧૦૯
૩૯	**ક્રિશ્ચ્યાંશ ૩૯** (૧૦૯-૧૧૩)	
	'હું' ની ઉત્પત્તિ 'હું' માંથી જ થાય છે	૧૦૯
	વૃક્ષને માટે શાસ્ત્રમાં આધાર છે કે?	૧૧૦
	'હું' અને સાક્ષીભાવોની પરસ્પર સાપેક્ષતા	૧૧૧
	માયા કોને કહે છે?	૧૧૨
૪૦	**ક્રિશ્ચ્યાંશ ૪૦** (૧૧૩-૧૧૫)	
	અવ્યક્ત ભાવની ઉત્પત્તિ	૧૧૩
	અવ્યક્ત કિંવા નાહમ્	૧૧૪
	અર્ધનારીનટેશ્વરની ઉત્પત્તિ	૧૧૫

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
૪૧	**ક્રિયાંશ ૪૧ (૧૧૬-૧૨૦)**	
	મહાપ્રાણ કિંવા સૂત્રાત્માની ઉત્પત્તિ	૧૧૬
	મહત્તત્વની ઉત્પત્તિ	૧૧૬
	અહંકારની ઉત્પત્તિ	૧૧૬
	વૈકારિક, તૈજસ અને તામસ અહંકારો	૧૧૭
	ભગવાનનાં ચિત્ત, બુદ્ધિ અને મનની ઉત્પત્તિ	૧૧૭
	ઇન્દ્રિયોની સ્થાનકોની માગણી	૧૧૮
	હિરણ્યગર્ભ	૧૧૮
	કામ, કર્મ વા વિસર્ગસૃષ્ટિની ઉત્પત્તિ	૧૧૯
	સમષ્ટિ બ્રહ્માંડની ઉત્પત્તિ	૧૧૯
	બ્રહ્માંડ રચનાની કલ્પના	૧૨૦
	સિદ્ધાન્તકાણ્ડ	
૪૨	માર્ગના	૧૨૧
૪૩	**અધ્યાય ૧ લો** (૧૨૨-૧૩૦)	
	રણભૂમિ પર પાંડવો અને કૌરવોએ શું કર્યું ?	૧૨૨
	પાંડવ સેનાના અગ્રેસર યોદ્ધાઓનું વર્ણન	૧૨૩
	કૌરવ સેનાના અગ્રેસરોનું વર્ણન	૧૨૩
	કૌરવ સેનાની યુદ્ધની તૈયારી	૧૨૪
	પાંડવ સેનાનો યુદ્ધની તૈયારીનો પ્રત્યુત્તર	૧૨૬
	અર્જુનનું સૈન્યનિરીક્ષણ	૧૨૭
	અર્જુનવિષાદ	૧૨૮
૪૪	**અધ્યાય ૨ જો** (૧૩૦-૧૬૪)	
	અર્જુનની કરુણ સ્થિતિ	૧૩૦
	આર્યોએ ધિક્કારેલું એવું આ તને શોભતું નથી	૧૩૧
	અનાર્ય માટે કલ્યાણકારી શું છે ?	૧૩૧
	હું યુદ્ધ નહિ કરું	૧૩૨
	મોહ નિવૃત્તિનો ઉપાય	૧૩૩
	ખરો પંડિત કોણ ?	૧૩૪
	મરવું ને જન્મવું એ જીવનો સ્વભાવ છે.	૧૩૫
	ખરો ધીર કોણ ?	૧૩૫
	સત્ અસત્ની વ્યાખ્યા	૧૩૬
	સત્ અસત્નો નિર્ણય સમજીને યુદ્ધ કર	૧૩૭
	શાસ્ત્રીય પદ્ધતિથી સમજવેલું આત્મસ્વરૂપ	૧૩૭
	આત્મસ્વરૂપનો નિર્ણય	૧૩૮
	આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે તે જ જ્ઞાની	૧૩૮
	આત્મા કેવો છે ?	૧૩૯
	અયોગ્ય એવો શોક કરવાનો છોડી દે	૧૩૯
	આત્મા અનિત્ય હશે તો ?	૧૪૦
	અદૃશ્યમાંથી દૃશ્ય અને પાછા અદૃશ્ય	૧૪૦
	અહાહા ! આત્મા કેવો ?	૧૪૧
	ડાહ્યા શોક કોનો કરે છે ?	૧૪૧
	તું આજ સુધી કેમ શોક કરતો ન હતો ?	૧૪૧
	માબાપની વિજ્ઞાના ફોડાઓ પણ સંબંધી ખરા ને ?	૧૪૧
	દેહના સર્વાંશનો નાશ કદી પણ થતો નથી	૧૪૨
	તું દેહ કે દેહી ?	૧૪૨
	વ્યવહારદૃષ્ટિએ પણ યુદ્ધ કરવું યોગ્ય છે ?	૧૪૩
	જ્યાં ત્યાં તારી અપકીર્તિ જ થશે	૧૪૩
	વ્યવહારદૃષ્ટિએ ઉચિત શું ?	૧૪૪
	આ યુદ્ધ રાજલોભને માટે હતું ?	૧૪૪
	યુદ્ધ રમવાનું કારણ	૧૪૫
	આ ધર્મયુદ્ધ કેમ ?	૧૪૬
	અધર્મયુદ્ધમાં મરનારની ગતિ	૧૪૬
	ધર્મયુદ્ધમાં મરનારની ગતિ	૧૪૭
	સાંખ્ય અને સાંખ્ય એટલે શું ?	૧૪૭
	સાંખ્ય અને વેદાન્ત	૧૪૮
	સાંખ્ય અને વેદાન્તની એકતા શી રીતે ?	૧૪૮
	સાંખ્યાચાર્યો ને વેદાન્તીઓ	૧૪૯
	મહર્ષિ કપિલ અને સાંખ્ય	૧૫૦
	કપિલનો સાંખ્ય સિદ્ધાંત	૧૫૦
	શ્રી શ્રદ્ધાદિ સમજી શકે એવું આત્મજ્ઞાન કહો	૧૫૧
	જ્ઞાનનિષ્ઠાનો ઉદ્દેશ	૧૫૨
	આપણો જે આત્મા તે જ પુરુષ છે	૧૫૨
	આત્મામાં સંસાર છે જ નહિ	૧૫૨
	કપિલ અને ભક્તિમાર્ગ	૧૫૨
	ભક્તિયોગનું ખરું લક્ષણ	૧૫૩
	અચેતનથી અચેતન અને તેમાં પણ શ્રેષ્ઠ કોણ ?	૧૫૩
	સાંખ્ય અને સાંખ્યાચાર્યો	૧૫૩
	વેદાન્ત સમજાવવાની યુક્તિઓ	૧૫૪
	મૃગજળના પૂરથી થયેલ હોનારત	૧૫૪
	વેદનું તાત્પર્ય	૧૫૫
	શું વેદ નિવૃત્તિપ્રધાન છે ?	૧૫૫
	માયાનો અંગીકાર કરી થતાં વર્ણનોની સ્થિતિ	૧૫૫
	જડ તત્ત્વોની સંખ્યાના ભેદનું કારણ	૧૫૬
	પ્રકૃતિનાં તત્ત્વોની ભિન્ન ભિન્ન સંખ્યા	૧૫૬
	તત્ત્વની યુક્તિ એ પ્રકૃતિ અને પુરુષની ભિન્નતા સમજાવવા પુરતી જ છે.	૧૫૭
	સાંખ્ય અનુસાર બ્રહ્મનો વૈયક્તિક વિકાસક્રમ	૧૫૮
	સત્ય તો એક આત્મા જ છે	૧૫૯
	સર્વના અધિષ્ઠાનરૂપ એક આત્મા જ છે	૧૫૯
	સાંખ્યશાસ્ત્રનો ખરો ઉદ્દેશ શું ?	૧૬૦
	સયુક્તિક અને અયુક્તિક શાસ્ત્રોની રચના	૧૬૧
	કયાં શાસ્ત્રોને પ્રમાણ સમજવાં ?	૧૬૨
	યુક્તિવાદનો ઉદ્દેશ	૧૬૨

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	અવિદ્યા છે જ નહિ	૧૬૩
	મૂઢ તથા અમૂઢને સમજાવવાની યુક્તિઓ	૧૬૩
	આ સર્વ આત્મરૂપ જ છે	૧૬૩
	સાંખ્યશાસ્ત્ર વડે આત્માનું થતું પરોક્ષજ્ઞાન	૧૬૪
	પ્રથમ પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરવું	૧૬૫
	યોગ	૧૬૫
	યોગ એટલે શું ?	૧૬૫
	સંસારવાસનામાંથી છૂટવાની યુક્તિ તે યોગ	૧૬૬
	યોગ શબ્દ અજ્ઞાનયોગમાં વધુ દૃઢ છે	૧૬૬
	આ યોગ એટલે જ બુદ્ધિયોગ અથવા જ્ઞાનયોગ છે	૧૬૭
	વિવર્ત અને અનંત	૧૬૭
	આત્મપદમાં વિશ્રાંતિનો અભ્યાસક્રમ એજ યોગ	૧૬૭
	અભ્યાસક્રમમાં પહેલો ત્રીજો અને ચોથો ભેદ	૧૬૯
	પરમતત્ત્વની પ્રાપ્તિ કિંવા સાક્ષાત્કાર	૧૬૯
	શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ અધિકારી	૧૭૦
	મહાન ભયમાંથી મુક્તતા	૧૭૧
	શું યુદ્ધ નહિ કરવાથી પણ ચાલશે ?	૧૭૧
	સિદ્ધાંત અને મતની ભિન્નતા	૧૭૨
	અર્જુનને આત્મ ધર્મ ઉપરાંત વ્યાવહારિક ધર્મો કેમ સમજાવ્યા ?	૧૭૩
	બુદ્ધિયોગના આશ્રયનું પ્રયોજન	૧૭૪
	વ્યવસાયાત્મિક બુદ્ધિ એટલે શું ?	૧૭૪
	હું હણનારો છું એવું અભિમાન છોડી દે	૧૭૫
	ઇન્દ્રિયોના સંઘાત પૈકી હું કોઈ નથી	૧૭૫
	જિજ્ઞાસુઓને ઊંચે રસ્તે દોરનારો વાયનો અધિકારી છે	૧૭૬
	બહુશાખા અનંતાશ્ચ	૧૭૬
	વેદનું રહસ્ય નહિ સમજનારા સકામીઓ	૧૭૬
	બુદ્ધિમાં વાસના.વશાત્ અનેક ભેદો પડે છે.	૧૭૭
	જુદા જુદા મતમતાંતરો	૧૭૭
	વેદમા કામ્ય કર્મો અને આત્મજ્ઞાન	૧૭૮
	જ્ઞાન તો પોતે સ્વતઃસિદ્ધ જ છે	૧૭૮
	વેદનો ખરો અર્થ કેમ સમજતો નથી ?	૧૭૯
	તું ત્રણ ગુણોથી રહિત થા	૧૭૯
	ગીતાને પણ વેદનો જ આધાર છે.	૧૮૦
	વ્યવહારમા કર્યું કર્મ ફળની ઇચ્છા વગર થાય છે ?	૧૮૧
	કર્મ કરવાનો, ફળનો તથા તેના હેતુનો અધિકાર કોનો ?	૧૮૩
	કર્મનો અધિકારી જીવાત્મા છે	૧૮૪
	જીવ, માયા અને ઇશ્વરનાં કાર્યો	૧૮૪
	કર્મ કરવાં અથવા નહિ કરવાં એ તારામાં નથી	૧૮૫
	સમત્વયોગ તે આ જ	૧૮૬

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	અસંગ આત્મનિષ્ઠાવાળો થા	૧૮૬
	ખરી કર્મકુશળતા	૧૮૬
	કર્મફળની સાથે આત્મજ્ઞાનો સંબંધ નથી	૧૮૭
	સાંભળેલું અને સાંભળશે તે બંનેનો તને કંટાળો આવશે.	૧૮૭
	સ્થિતપ્રજ્ઞ, જીવન્મુક્તનું લક્ષણ શું ?	૧૮૮
	સ્થિતપ્રજ્ઞ, જીવન્મુક્તનાં લક્ષણો	૧૮૮
	જીવન્મુક્તો અને મૂઢોમાં ભેદ	૧૮૯
	ઇંદ્રિયોની પ્રબળતા અને તેને વશ રાખવાની યુક્તિ	૧૯૦
	બુદ્ધિભ્રમને લીધે થતો નાશ	૧૯૧
	વિષયોમાં આસક્ત મનુષ્યોનો થતો ઘાત	૧૯૧
	બુદ્ધિ સ્થિર કરવાનો ઉપાય	૧૯૧
	અસ્થિર અને સ્થિર બુદ્ધિ	૧૯૨
	સંયમી મુનિની નિંદા અને અમતિ	૧૯૩
	શાંતિને કોણ પામી શકે ?	૧૯૩
	બ્રાહ્મી સ્થિતિ	૧૯૩
૬૫	અધ્યાય ૩ જો (૧૯૪–૨૩–૬)	
	ગમે તે એક કહો	૧૯૪
	આ લોકોમાં બે પ્રકારની નિષ્ઠા છે	૧૯૪
	મોહવશ થયેલા બે પ્રકારના દુરાગ્રહીઓ	૧૯૫
	સાચી નિષ્કામતા પ્રાપ્ત થવાની યુક્તિ	૧૯૬
	સાચી સિદ્ધિ પ્રાપ્ત થવાની યુક્તિ	૧૯૭
	તમામ જીવોનાં કર્મો પ્રકૃતિએ જ નિર્મિત કરેલાં હોય છે	૧૯૭
	પ્રકૃતિના નિયત કાર્યોમાં કદી ફેરફાર થતો નથી	૧૯૮
	નિયતિની સ્પષ્ટતાને માટે સુવર્ણનું દૃષ્ટાંત	૧૯૮
	સુવર્ણ તથા અલંકારો સાથે ઈશ્વરો માયાની સરખામણી	૧૯૯
	દરેકમાં પુરુષ અને પ્રકૃતિ એ બંને અંશોનું મિશ્રણ હોય છે	૨૦૦
	સાધન વગર કેવળ સંકલ્પથી જ બ્રહ્માંડ શી રીતે નિર્માણ થાય ?	૨૦૧
	કેવળ કર્મેન્દ્રિયોનો નિગ્રહ એ સાચો ત્યાગ નથી	૨૦૨
	દેહ હોય ત્યાં સુધી જ્ઞાનીઓ પણ પ્રારબ્ધ ભોગવે છે	૨૦૨
	પ્રારબ્ધને ઓળંગી શકાય કે ?	૨૦૩
	આ સર્વે પ્રકૃતિઅર્થ કે પુરુષાર્થ ?	૨૦૩
	મિથ્યાચારી અને સત્યાચારીમા ભેદ	૨૦૪
	નિયત થયેલું કર્મ શા માટે કરવું ?	૨૦૫
	યજ્ઞ સિવાય ઇતર કર્મો વડે જ લોકો બંધનને પામે છે	૨૦૫
	શાસ્ત્રવિધિ અનુસાર થતાં કર્મોથી પણ શ્રેય થાય છે	૨૦૫

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	પદાર્થોના ગ્રાહ્યત્વાગ્રાહ્યત્વનો નિયમ	૨૦૫
	ગ્રાહ્યાગ્રાહ્ય પદાર્થો તથા ઐહિક વિજ્ઞાન	૨૦૬
	આ બધું યજ્ઞ રૂપે કેમ ?	૨૦૬
	દૈહાદિક નાશ પામનારાં છે	૨૦૬
	૭ પ્રાકૃત સૃષ્ટિઓ	૨૦૭
	અહંકારની વૈકૃત શાખાઓ	૨૦૭
	વૈકૃત સૃષ્ટિઓ	૨૦૮
	દશમી સૃષ્ટિઓ	૨૦૮
	દેવતાઓની ઉત્પત્તિ તથા શરીરની માત્રણી	૨૦૮
	વિરાટના સ્થૂલ એવા સમષ્ટિ શરીરની ઉત્પત્તિ	૨૧૦
	યજ્ઞાદિદ્વારા દેવતાઓને કેમ સંતુષ્ટ કરવા ?	૨૧૦
	ઈશ્વરાર્પણ બુદ્ધિથી થનારા યજ્ઞોવડે થતી શ્રેયપ્રાપ્તિ	૨૧૧
	આ સર્વ બ્રહ્મ જ કેમ ?	૨૧૨
	બ્રહ્મોદ્ભવ કેમ ?	૨૧૨
	દેવતાઓને અર્પણ નહિ કરનારનું જીવન વ્યર્થ છે	૨૧૨
	આત્મામાં સંતુષ્ટ પુરુષ પરમગતિને પામે છે	૨૧૩
	પ્રાપ્ત વ્યવહાર કરવા છતાં પણ અલિપ્ત રહેવાની યુક્તિ	૨૧૪
	વિવેકીને શાસ્ત્રો જોતાં શકતાં નથી	૨૧૪
	માર્ગદર્શકો કેવા હોવા જોઈએ ?	૨૧૫
	માર્ગદર્શકોની જવાબદારી	૨૧૫
	સાચા અને ઢંગી માર્ગદર્શકો વચ્ચે ભેદ	૨૧૬
	પંથાભિમાન વડે થતી ટીકાઓ	૨૧૭
	શ્રેષ્ઠ પુરુષના માર્ગને જ લોકો અનુસરે છે	૨૧૭
	આ ત્રિલોકમમાં મને કાંઈ કર્તવ્ય નથી	૨૧૮
	અજ્ઞાનીઓની બુદ્ધિનો ભેદ નહિ કરવો	૨૧૮
	મૂઢ ચિત્તવાળો 'હું કર્તા છું' એવું અભિમાન રાખે છે	૨૧૯
	સર્વ કાર્ય તો પ્રકૃતિના ગુણોવશાત્ થવા પામે છે	૨૨૦
	અધ્યાત્મદષ્ટિ રાખીને સર્વ કર્મો ઈષ્ટદેવને અર્પણ કરવાં	૨૨૧
	કર્મોથી મુક્ત થવાની યુક્તિ	૨૨૧
	આ મતનો અંગીકાર નહિ કરનારની ગતિ	૨૨૨
	કર્મ કરવા છતાં પણ તેથી અલિપ્ત રહેવું	૨૨૨
	નિયતિક્રમ અને બાહ્ય નિગ્રહ	૨૨૨
	ઈન્દ્રિયો અને તેના વિષયોનો વ્યવસ્થિત ક્રમ	૨૨૩
	સ્વધર્મનો ત્યાગ કદી પણ નહિ કરવો	૨૨૪
	વેદ તથા યજ્ઞાદિની ઉત્પત્તિ	૨૨૪
	ધર્મના ચાર ભાદો તથા આશ્રમોની ઉત્પત્તિ	૨૨૫
	ચાર પ્રકારનું બ્રહ્મચર્ય વ્રત	૨૨૫
	ઉપજીવિકાઓની ઉત્પત્તિ અને પ્રકાર	૨૨૫
	વિદ્યાની ઉત્પત્તિ	૨૨૫
	વ્યાહૃતિ તથા છંદોની ઉત્પત્તિ	૨૨૬
	પ્રણવસ્વરૂપથી પરમેશ્વરની સર્વત્રવ્યાપ્તિ	૨૨૬
	ભિન્ન ભિન્ન મતો	૨૨૬
	આ જગત કારણ વગર જ ઉત્પન્ન થયું હશે ?	૨૨૭
	અવ્યક્તમાંથી વ્યક્તની ઉત્પત્તિ થઈ રહે ?	૨૨૭
	અદષ્ટ વિષયના નિર્ણયમાં પ્રમાણ કયું ?	૨૨૮
	જગત ઉત્પન્ન કરનાર કોણ ?	૨૨૮
	વેદનું પ્રમાણ શા માટે માન્ય કરવું જોઈએ ?	૨૨૯
	વેદમાં જગતોત્પત્તિનો કહેલો ક્રમ	૨૨૯
	શાસ્ત્ર અને શાસ્ત્રોનો ભેદ	૨૨૯
	કર્મો કે યજ્ઞકર્મો	૨૩૦
	કર્મ અને શાસ્ત્રનો પરસ્પર સંબંધ	૨૩૦
	વેદનો મૂળ ઉદ્દેશ	૨૩૧
	સ્વધર્મ	૨૩૧
	ધર્મસંપ્રદાય એટલે શું ?	૨૩૨
	વર્ણ અને આશ્રમની ઉત્પત્તિ	૨૩૨
	ચાર વર્ણના તથા આશ્રમોના ધર્મ	૨૩૩
	આશ્રમધર્મ	૨૩૩
	"પરધર્મો ભયાવહ:" કેમ ?	૨૩૪
	અધર્મના મુખ્ય પ્રકારો	૨૩૪
	પરધર્મના અંગીકારથી થતી ત્રિશંકુ જેવી સ્થિતિ	૨૩૪
	સ્વધર્મથી જ જન્મમુક્ત થવાય છે	૨૩૫
	ઇચ્છા ન હોવા છતાં પણ પુરુષ પાપ કેમ કરે છે ?	૨૩૫
	કામ અને ક્રોધ એ જ મહાપાપીઓ છે	૨૩૬
	આત્મપ્રાપ્તિ પ્રકૃતિને આધીન નથી.	૨૩૬
	જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનાર કામરૂપ શત્રુને હણવો જોઈએ.	૨૩૭
	જ્ઞાન અને વિજ્ઞાનની વ્યાખ્યા	૨૩૮
	કામને હણવામાં પુરુષાર્થની જ આવશ્યકતા છે	૨૩૮
૪૧	અધ્યાય ૪ થો (૨૩૯—૨૯૦)	
	આ યોગ અનાદિ કેવી રીતે ?	૨૪૦
	પરંપરા બતાવવાનો હેતુ	૨૪૦
	આ યોગ તમોએ સૂર્યને શી રીતે કહ્યો ?	૨૪૧
	હું અજન્મા છતાં જન્મ્યો છું	૨૪૧
	સંભવામિ યુગે યુગે	૨૪૨
	સાધુનું રક્ષણ	૨૪૩
	યુગ અને યોગ	૨૪૪
	ભક્તવાનને પણ સાધુ અસાધુ હોય ખરા કે ?	૨૪૪
	સદ્ભૂત્યો અને દુર્ભૂત્યો	૨૪૪
	નિયતિનું તંત્ર તથા રાજતંત્ર	૨૪૫
	ઈશ્વરીય વિભૂતિ એવો કાળ	૨૪૬
	દરેક યુગોમાં થતા મન્વાદિ અવતારો અને તેનાં કાર્યો	૨૪૭

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	અવતારો અયોનિજ કેમ ?	૨૪૮
	પૂર્ણાવતાર અને અંશાવતાર વચ્ચેનો ભેદ	૨૪૯
	નિયતિ	૨૪૯
	જ્ઞાનીને દેહ પ્રારબ્ધ હોય છે કે ?	૨૫૦
	નિયતિ કદી અન્યથા થઈ શકે નહિ	૨૫૦
	પૌરુષ અને દૈવ પરસ્પર સંલગ્ન છે	૨૫૦
	બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ નિયતિનું ઉલ્લંઘન કરી શકતા નથી	૨૫૦
	મોક્ષરૂપી ફળને માટે પુરુષાર્થ કરવો જોઈએ	૨૫૧
	બ્રહ્મસત્તાની પ્રતીતિ નિયતિ વડે જ થાય છે	૨૫૧
	અજન્મા ભગવાનના સૂક્ષ્મ અવતારો	૨૫૨
	ભગવાનના સ્થૂલ ચોવીસ અવતારો	૨૫૨
	ભગવાનનું સાચું સ્વરૂપ કયું ?	૨૫૪
	નિયતિ પ્રલયના નિયમો પણ નિશ્ચિત છે	૨૫૪
	નૈમિત્તિક પ્રલય	૨૫૪
	પ્રાકૃતિક પ્રલય	૨૫૫
	આત્યંતિક પ્રલય	૨૫૬
	દર્શન એટલે શું ?	૨૫૭
	દૃશ્યને દર્શન કેમ કહેવાય ?	૨૫૭
	દ્રષ્ટા અને દૃશ્યની એકતા	૨૫૭
	દેવતાને માટે દર્શન શબ્દ કેમ ?	૨૫૮
	દર્શનભાવ કરનારને થતી પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ	૨૫૯
	બ્રહ્મ અને જીવમાં ભેદ નથી	૨૫૯
	મોક્ષ એ જ આત્યંતિક પ્રલય છે	૨૫૯
	નિત્ય પ્રલય	૨૬૦
	નિયતિ નિશ્ચિત હશે તો મોક્ષની સિદ્ધિ કઈ રીતે થશે ?	૨૬૧
	મારા જન્મ તથા કર્મ દિવ્ય કેમ ?	૨૬૧
	મારામાં નિષ્ઠા રાખનારા અંતે મારામાં જે મને જે રીતે ભજે છે તે રીતે હું તેને પ્રતીત થાઉં છું.	૨૬૨
	દેવતાની ઉપાસનાથી પણ અંતે આત્માની જ ઉપાસના થાય છે	૨૬૩
	હું સર્વનો કર્તા છું પણ ખરો અને નથી પણ ખરો	૨૬૪
	શ્રીકૃષ્ણ એટલે શરીર નહિ પણ આત્મા છે	૨૬૫
	ભાગવત ધર્મ	૨૬૬
	આ દ્વૈત પ્રપંચ બિલકુલ વિદ્યમાન જ નથી.	૨૬૬
	ભગવાનમાં તન્મયતા કેવી હોવી જોઈએ ?	૨૬૭
	નિત્યમુક્ત ભાગવદ્ભજનમાં જ તન્મય થવું જોઈએ	૨૬૭
	નારાયણ એટલે કોણ ?	૨૬૭
	નારાયણ, આત્મા વા બ્રહ્મ એ એક જ છે	૨૬૮
	તને કર્મ કરવાનું કેમ કહી રહ્યો છું ?	૨૬૯
	કર્મ, અકર્મ અને વિકર્મ એટલે શું ?	૨૭૦
	પરોક્ષવાદ એટલે શું ?	૨૭૦
	વેદ અને નિષ્કામ કર્મ	૨૭૧
	કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ	૨૭૧
	જ્ઞાનાગ્નિથી સર્વ કર્મો ભસ્મીભૂત થાય છે	૨૭૨
	નિરાશ્રય એટલે શું ?	૨૭૩
	અસંગ અને તેના પ્રકારો	૨૭૩
	સામાન્ય અસંગ એટલે શું ?	૨૭૩
	શ્રેષ્ઠ અસંગપણું	૨૭૪
	ઇચ્છાની ઉત્પત્તિ જ થવા ન પામે તેનો ઉપાય	૨૭૪
	સંકલ્પ અને સ્મરણમાં પડતો ભેદ	૨૭૫
	કર્મ કરવા છતાં પણ અલિપ્ત	૨૭૫
	કર્મ કરવા છતાં પણ નિર્બંધ	૨૭૬
	સર્વ બ્રહ્મ જ છે એની દૃષ્ટિથી અંતે બ્રહ્મપ્રાપ્તિ થાય છે	૨૭૭
	વિવિધ પ્રકારના યજ્ઞો	૨૭૮
	અનેકવિધ પ્રકારના યતા યજ્ઞો	૨૭૯
	આ સર્વે યજ્ઞો જ છે	૨૮૦
	આત્મયજ્ઞની યોગ્યતા	૨૮૦
	યજ્ઞનો વિસ્તાર વેદમાંથી જ થવા પામેલો છે	૨૮૧
	સર્વ યજ્ઞનો અંત જ્ઞાન યજ્ઞમાં જ થાય છે	૨૮૧
	જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી સત્કર્મ શ્રેષ્ઠ છે	૨૮૨
	સત્પુરુષની સેવા કેમ કરતા નથી ?	૨૮૨
	આત્મજ્ઞાન સત્પુરુષ પાસેથી પ્રાપ્ત કરી લેવું જોઈએ	૨૮૩
	સત્સંગની વ્યાખ્યા અને મહિમા	૨૮૩
	દુઃખનિવૃત્તિનું આદિ કારણ કયું ?	૨૮૪
	સત્સંગ વડે જ ખરું કલ્યાણ થઈ શકે છે	૨૮૪
	મોહ નિવૃત્તિના ઉપાયો	૨૮૪
	સર્વ ભૂતોને પોતાનામાં અને પોતાને મારામાં જોઈશ	૨૮૫
	જ્ઞાનરૂપ વહાણથી મહાન પાપી પણ તરે છે	૨૮૬
	જ્ઞાનાગ્નિથી તમામ કર્મો ભસ્મીભૂત થાય છે	૨૮૬
	જ્ઞાનના જેવું પવિત્ર બીજું કાંઈ નથી	૨૮૬
	બ્રહ્મભાવનને જ જ્ઞાન તથા શાંતિ પ્રાપ્ત થાય છે	૨૮૭
	આત્મપ્રાપ્તિ એ જ એક ધ્યેય છે	૨૮૮
	સંશયાત્મા વિનાશને પામે છે	૨૮૮
	અહંકારરહિત પુરુષને કરેલો ઉપદેશ નકામો છે	૨૮૯
	અવળો રાહ બતાવનારનો થતો નાશ	૨૮૯
	આત્મામાં રત થયેલા પુરુષને કર્મો બંધનકર્તા નથી	૨૮૯
	સંશયો છોડી દઈ યુદ્ધ માટે ઊઠ	૨૯૦

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
૪૭ અધ્યાય ૫ મો. (૨૯૦-૩૨૦)		
	કર્મ છોડવાં કે કરવાં તે પેક્ષા ગમે તે એક કહો.	૨૯૦
	સંન્યાસ કોને કહેવો ?	૨૯૧
	સંન્યાસાશ્રમ કેમ કહ્યો ?	૨૯૧
	કર્મ સંન્યાસ એટલે શું ?	૨૯૨
	કર્મસંન્યાસ અને કર્મયોગમાં ભિન્નતા છે ?	૨૯૩
	કર્મયોગની શ્રેષ્ઠતા વિશેષ કેમ ?	૨૯૪
	જ્ઞાની તો નિત્યસંન્યાસી જ છે	૨૯૪
	સાંખ્ય અને યોગ જુદા જુદા છે એમ અજ્ઞાનીઓ સમજે છે	૨૯૪
	સાંખ્ય અને યોગ એક જ છે	૨૯૫
	સાંખ્યયોગી અને યોગયોગી	૨૯૫
	કર્મયોગ વગર સંન્યાસ કેવી રીતે સિદ્ધ થાય ?	૨૯૫
	આત્મરૂપ થયેલો કર્મમાં લેપાતો નથી	૨૯૬
	રાજા જનકની આત્મપ્રાપ્તિ	૨૯૭
	અંતર્મુખ થવાની તૈયારી	૨૯૮
	રાજા જનક તથા કર્મયોગ	૨૯૮
	અખંડ અનુસંધાનની પ્રાપ્તિ	૨૯૯
	તમારા ભોગ છે કે તમો અન્ન ખાતા નથી	૨૯૯
	બ્રાહ્મણ શરીરથી બનેલા મહાત્માઓની સ્થિતિ	૩૦૦
	શુભાશુભ જ્ઞાનબંધુતા	૩૦૦
	આત્મજ્ઞાન વગરનું બાકીનું સર્વજ્ઞાન નિરર્થક છે	૩૦૧
	જિજ્ઞાસુએ ત્રિશંકુવત્ વચ્ચે નહિ રહેવું જોઈએ	૩૦૧
	યોગ્ય વ્યવહાર કરવા છતાં પણ અલિપ્ત કોણ ?	૩૦૨
	ખરું કલ્યાણ ઇચ્છનારે દંભનો ત્યાગ કરવો	૩૦૨
	અસંગ પુરુષ કર્મના ફળથી જરા પણ લેપાતો નથી	૩૦૩
	આસક્તિ છોડી યોગી કર્મ કરે છે	૩૦૩
	યુક્ત અને અયુક્ત કર્મો	૩૦૪
	આત્મા કાંઈ કરતો નથી અને કરાવતો પણ નથી	૩૦૪
	આત્મા કાંઈ કરતો નથી એ શી રીતે જાણી શકાય ?	૩૦૫
	આ બધું નિયમિત કેવી રીતે છે ?	૩૦૫
	નિયતિ એટલે શું ?	૩૦૬
	આત્મા જ સર્વત્ર પોતાના મહિમા વડે સ્વભાવરૂપે ભાસે છે	૩૦૬
	જ્યોતિશ્ચક્રની રચના તથા દિવસ નાના મોટા થવાનું કારણ	૩૦૭
	આ સર્વનું તાત્ત્વિક સ્વરૂપ તો બ્રહ્મ જ છે	૩૦૮
	ચિત્ત અને જીવભાવની ઉત્પત્તિ	૩૦૮
	ચૈતન્ય જ સર્વરૂપ બને છે	૩૦૯
	તન્માત્રાની ઉત્પત્તિ	૩૦૯
	સ્થૂળ ઇંદ્રિયો પણ આત્મરૂપ જ છે	૩૧૦
	જીવના સ્વરૂપનું વર્ણન	૩૧૦
	બ્રહ્મા, નારાયણ, પ્રજાપતિ ઇત્યાદિરૂપે ચિદાકાશ જ બનેલું છે.	૩૧૧
	જીવનો વિસ્તાર કેવી રીતે બન્યો ?	૩૧૧
	સ્વભાવથી જ સર્વ વર્તે છે, આત્મા તો અલિપ્ત છે	૩૧૨
	કર્મ, કર્તા તથા ફળ તેમ જ પાપ પુણ્યનો આત્મામાં સ્પર્શ નથી	૩૧૨
	જે થકી મોક્ષ થાય તે સુકૃત	૩૧૩
	શબ્દો દ્વારા સ્વાર્થ સાધવાની કળા	૩૧૩
	દ્વૈત ભાસવાનું કારણ	૩૧૩
	અજ્ઞાન વડે જ્ઞાન કેવી રીતે આવૃત્ત થાય ?	૩૧૪
	આત્મજ્ઞાનરૂપ સૂર્ય અજ્ઞાનનો નાશ કરે છે	૩૧૪
	આત્મરત પુરુષની સમતા	૩૧૪
	આત્મા, બ્રહ્મ અને પોતામાં અભિન્નતા જોવી	૩૧૫
	જીવન્મુક્ત અંતરમાં શાંત હોય છે	૩૧૫
	સમદર્શી પુરુષની ક્ષમતા	૩૧૬
	મોક્ષની તત્કાળ પ્રતીતિ	૩૧૬
	પ્રિયાપ્રિય દ્વંદ્વોથી પર થયેલા બ્રહ્મમાં સ્થિત છે	૩૧૭
	અક્ષયસુખ કોણ મેળવે ?	૩૧૭
	આત્મયુક્ત જ ખરો સુખી છે	૩૧૮
	બ્રહ્મનિર્વાણ કોણ પામી શકે ?	૩૧૮
	પ્રાણોપાસનાથી પણ મોક્ષ મળી શકે	૩૧૯
	બહારના વિષયોને બહાર રાખવા	૩૧૯
૪૮ અધ્યાય ૬ ઠ્ઠો (૩૨૦-૩૬૬)		
	ખરો સન્યાસી અને યોગી	૩૨૦
	જ્ઞાન, યોગ બ્રહ્માર્પણ અને સંન્યાસનું સ્વરૂપ	૩૨૧
	સાકાર અને નિરાકાર એટલે ?	૩૨૧
	ખરો સંન્યાસી તે જ છે	૩૨૨
	ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિનાં સ્વરૂપો	૩૨૨
	ઉદ્ધવના પ્રશ્નો	૩૨૨
	યમનિયમાદિના પ્રકારો	૩૨૨
	શમ, દમ, તિતિક્ષા, ધૃતિ, દાન, તપ અને શૌર્ય એટલે ?	૩૨૩
	સત્ય, ઋત, શૌચ, સંન્યાસ, ધન, યજ્ઞ અને દક્ષિણાની વ્યાખ્યા	૩૨૩
	બળ, ભગ, લાભ વિદ્યા, લજ્જા ને ભૂષણ કોને કહે છે ?	૩૨૩
	સુખ, દુઃખ, પંડિત, મૂર્ખ, સુમાર્ગ અને કુમાર્ગ	૩૨૩
	સ્વર્ગ, નરક, બંધુ, ઘર, ધનવાન, દરિદ્રી, કંગાલ અને સ્વતંત્રની વ્યાખ્યા	૩૨૪
	ગુણ અને દોષો જોવા એ જ મહાન દોષ છે	૩૨૪
	સંન્યાસ એટલે યોગ	૩૨૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	અજ્ઞાનીઓ સાધનને જ સાધ્ય સમજીને પકડી રહે છે	૩૨૫
	આ બધું મોક્ષજ્ઞાન હું તને આપી રહ્યો છું	૩૨૫
	યોગની પ્રાપ્તિ થવાને માટે કર્મ એ કારણ છે	૩૨૫
	યોગારૂઢ કોણ ?	૩૨૬
	આત્મા વડે જ આત્માનો ઉદ્ધાર અને પતન	૩૨૭
	આત્મા જ આત્માનો શત્રુ અને મિત્ર કેમ ?	૩૨૭
	આત્મામાં એકાકાર થવારૂપ અભ્યાસક્રમ	૩૨૮
	ખરો કર્મયોગી કોણ ?	૩૨૮
	જિતાત્મા થવાનો અભ્યાસક્રમ	૩૨૯
	અસ્તિ, ભાતિ, પ્રિય, નામ તથા રૂપ આત્મરૂપ છે	૩૨૯
	જિતાત્મા કોણ ?	૩૨૯
	જીવન્મુક્તયોગીનાં લક્ષણો	૩૩૦
	જ્ઞાનવિજ્ઞાનની સમજ	૩૩૦
	સર્વત્ર સમાનદૃષ્ટિ	૩૩૧
	જગતનો સર્વ વ્યવહાર સુખ અને શાંતિને માટે જ ચાલુ છે	૩૩૧
	મનોપાસના અને પ્રાણોપાસનાથી થતું જ્ઞાન	૩૩૨
	યોગમાર્ગ શા માટે કહ્યો ?	૩૩૩
	પ્રાણોપાસનાથી પણ સાક્ષાત્કાર થાય છે.	૩૩૩
	સાધકે કરવાની અભ્યાસની રીતિ	૩૩૪
	પ્રાણાયામમાં પડતા છ પ્રકારો	૩૩૪
	પ્રાણાયામનો અભ્યાસ કેવી રીતે કરવો ?	૩૩૫
	પ્રાણોપાસકે પણ સતત આત્માનુસંધાન તો રાખવું જ જોઈએ	૩૩૫
	પ્રાણોપાસનાના નિયમો	૩૩૫
	યોગાભ્યાસ કરવાનું સ્થાનક	૩૩૬
	આસનોનાં નામો	૩૩૬
	યોગાભ્યાસમાં શરીર સ્થિર રાખવું	૩૩૭
	પ્રાણોપાસકે પણ સર્વત્ર આત્મજ્ઞાનનો જ નિશ્ચય રાખવો	૩૩૭
	યોગ શબ્દની સિદ્ધતા	૩૩૮
	યોગશાસ્ત્રમાં કહેલી ચિત્તની પાંચ ભૂમિકાઓ	૩૩૮
	યોગમાર્ગમાં આવશ્યક બાબતો	૩૩૯
	આસનસ્થિરતાનું લક્ષણ	૩૩૯
	રેચક અને પૂરકની સમજ	૩૪૦
	લોમ અને વિલોમ કુંભકની સમજ	૩૪૦
	શ્વાસોચ્છ્વાસ	૩૪૦
	યોગાભ્યાસને માટે સ્થાન કેવું હોવું જોઈએ ?	૩૪૧
	આસનના પ્રકાર	૩૪૨
	યોગાસન તથા મુદ્રાઓનું વર્ણન	૩૪૨
	કુંડલિનીનું ઉત્થાન થવા પૂર્વની સ્થિતિ	૩૪૩
	કુંડલિનીના ઉત્થાનની શરૂઆત	૩૪૩
	કુંડલિની દૂષિત જાગને સાફ કરે છે	૩૪૪
	કુંડલિનીનું ઉત્થાન થયું	૩૪૪
	કુંડલિનીશક્તિ તથા સુષુમ્ણાનું વધુ વર્ણન	૩૪૫
	સુષુમ્ણા અને તેમાંથી નીકળનારી સો નાડીનો વિસ્તાર	૩૪૫
	કુંડલિની શક્તિ	૩૪૫
	આ કુંડલિની જ બધાં શરીરોમાં સર્વત્ર વ્યાપેલી છે	૩૪૬
	વિપરીત કરણીથી થતું મરણ તથા રોગોની ઉત્પત્તિ	૩૪૬
	સાચી સિદ્ધિ કઈ ?	૩૪૭
	કુંડલિની તથા સિદ્ધિઓ	૩૪૭
	પરાર્થ સિદ્ધિઓ	૩૪૮
	સ્વાર્થ તથા પરાર્થ સર્વસિદ્ધિઓ અંતે નિષ્ફળ જ છે	૩૪૮
	કર્મરૂપ ઐશ્વર્યની સિદ્ધિઓ	૩૪૯
	સિદ્ધિઓનો આત્મપ્રાપ્તિમાં સહેજે ઉપયોગ નથી	૩૫૦
	દેહમાં નાડીઓ દ્વારા થતી શ્વાસોચ્છ્વાસની ગતિ	૩૫૦
	હૃદયની વ્યાખ્યા તથા પ્રાણાપાનનો શરીરમાં પ્રવેશ	૩૫૦
	મહાપ્રાણ જ સર્વ ક્રિયાઓ કરે છે	૩૫૧
	પ્રાણવાયુની શક્તિ તથા શ્રેષ્ઠ પ્રાણોપાસના	૩૫૧
	કેવળ કુંભક એટલે શું ?	૩૫૨
	ષટ્ચક્રોના ભેદનની વિધિ	૩૫૨
	સ્વાધિષ્ઠાન ચક્રનું ભેદન	૩૫૩
	મણિપૂર ચક્રનું ઉત્થાન	૩૫૩
	મનોપાસના કિંવા પ્રાણોપાસના બંને વડે કુંડલિની જાગ્રત થાય છે	૩૫૪
	કુંડલિની જાગ્રત થતાં દુઃખ થવાનું કારણ	૩૫૪
	અનાહતચક્રનું ભેદન	૩૫૫
	વિશુદ્ધિચક્રનું ભેદન	૩૫૫
	આજ્ઞાચક્રનું ભેદન	૩૫૬
	પ્રાણોપાસનાનું ધ્યેય	૩૫૭
	સ્વાભાવિક સ્થિતિની પ્રાપ્તિ માટે કરવામાં આવતો પ્રત્યાહાર	૩૫૭
	જ્ઞાનની પરિપક્વતામાં ભેદ કેમ ?	૩૫૮
	જ્ઞાન એ કદી સાધ્ય હોય ખરું કે ?	૩૫૮
	વાસનાના મુખ્ય પ્રકાર	૩૫૮
	વાસનાની નિવૃત્તિના ઉપાયો	૩૫૯
	મુમુક્ષુતા તીવ્ર હોવી જોઈએ	૩૫૯
	પુનઃ સંશયો	૩૬૦
	મોક્ષનું મુખ્ય સાધન	૩૬૦
	જ્ઞાનીઓની જુદી જુદી સ્થિતિનાં કારણો	૩૬૦

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	વિચિત્ર જ્ઞાનીઓ	૩૬૧
	બહુમાનસ	૩૬૧
	નષ્ટમાનસ તથા સમનસ્ક	૩૬૧
	મંદ જ્ઞાનીનો વ્યવહાર	૩૬૨
	નષ્ટમાનસનો વ્યવહાર	૩૬૨
	બહુમાનસ જીવન્મુક્તોનો વ્યવહાર	૩૬૨
	તત્ત્વ જાણ્યા પહેલાં અને પછીનો વ્યવહાર	૩૬૩
	પ્રત્યાહાર	૩૬૩
	ધારણા	૩૬૪
	ધ્યાન અને સમાધિ	૩૬૪
	સહજસમાધિ	૩૬૪
	ચિરંજીવીઓની જરૂર શા માટે છે ?	૩૬૫
	પ્રાણાપાન વાયુની ગતિ	૩૬૬
	સ્વાભાવિક રીતે થતા પ્રાણાયામના દશ પ્રકારો	૩૬૬
	પ્રાણાયામમાં દશ ભેદો પડવાનું કારણ	૩૬૭
	પ્રાણચિંતનનો અભ્યાસ કરવાથી થતું ફળ	૩૬૭
	પ્રાણ અપાન એક જ વાયુના ધર્મો છે	૩૬૮
	પ્રાણ અપાનના અધિષ્ઠાનભૂત આત્માને જ જાણવો જોઈએ.	૩૬૮
	સૂર્ય તથા ચંદ્રના ઊદયાસ્તનું અવલોકન કરવું જોઈએ	૩૬૯
	સહજ કુંભક એ જ બ્રહ્મ	૩૬૯
	મારી ઉપાસના	૩૬૯
	મારી પ્રાણચિંતનની ઉપાસના કરવાની વિધિ	૩૭૦
	હું અમર કેવી રીતે થયો ?	૩૭૦
	હું વિઘ્નરહિત શી રીતે જીવું છું ?	૩૭૦
	આત્મદૃષ્ટિનો યોગાભ્યાસી અંતે આત્મસ્વરૂપને જ પામે છે	૩૭૧
	યમનિયમાદિમાં ભેદ કેમ ?	૩૭૨
	અનિયમિત રહેનારને આ યોગ કદાપિ સાધ્ય થતો નથી	૩૭૨
	નિયમિત રહેનારને આ યોગ પ્રાપ્ત થાય છે.	૩૭૩
	યુક્તચિત્તની વ્યાખ્યા	૩૭૩
	આત્મામાં સ્થિર થયેલાને ઉપમા કોની ?	૩૭૩
	યોગસેવન વડે ચિત્તની ઉપશમતા	૩૭૩
	આત્યંતિક સુખ કોને કહેવું ?	૩૭૪
	અંતર્દૃષ્ટિ કોને કહેવી ?	૩૭૪
	સ્વત સિદ્ધ એવા પરમપદમાં સ્થિતિ	૩૭૫
	અધિક અધિક લાભ	૩૭૫
	જ્યાં દુઃખનો લેશ પણ નથી તે જ યોગ	૩૭૫
	નાહમ્ અને સોહમ્	૩૭૬
	સગુણ નિર્ગુણ તથા સાકાર નિરાકાર એટલે શું ?	૩૭૬
	ચિત્તશ્રીને પ્રાપ્ત થતાં દ્વૈતાદ્વૈતની બુદ્ધિ નષ્ટ થાય છે	૩૭૭

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	સર્વાત્મભાવનો અભ્યાસ	૩૭૮
	ઇન્દ્રિયો કેવી રીતે જીતાય ?	૩૭૮
	ઇન્દ્રિય જીતવાનો ઉપાય	૩૭૮
	સત્ય અવલોકનથી સંસારભ્રાન્તિ શાંત થાય છે	૩૭૯
	સ્વપ્ન તથા જાગ્રત એક સરખું જ છે.	૩૭૯
	અભ્યાસની આવશ્યકતા	૩૮૦
	ઉત્તમ સુખની પ્રાપ્તિ	૩૮૧
	વગર કષ્ટે અત્યંત સુખની પ્રાપ્તિ કોણ કરી શકે ?	૩૮૧
	સમદર્શી આત્મવિદ્‌ની સ્થિતિ	૩૮૧
	સર્વને મારામાં અને મને સર્વમાં જો	૩૮૨
	હું કોણ તેનો વિચાર	૩૮૨
	હું એટલે આત્મા અને આત્મા એટલે હું	૩૮૩
	મારાથી તે ભિન્ન નથી	૩૮૩
	જીવતાં જ મુક્ત	૩૮૪
	જે ઉપમા આત્માને તે જ પોતાને	૩૮૪
	ચંચળ મનનો નિરોધ કરવો શું શક્ય છે ?	૩૮૫
	બુદ્ધિયોગનો અધિકારી કોણ ?	૩૮૬
	મુમુક્ષુની સ્થિતિ	૩૮૬
	અભ્યાસ અને વૈરાગ્ય વડે મનનો નિરોધ થઈ શકે છે	૩૮૬
	આ યોગમાં નાલાયક કોણ ?	૩૮૭
	યોગમાં લાયક કોણ !	૩૮૭
	આ યોગ કોણ સાધ્ય કરી શકે ?	૩૮૭
	અમતિની ગતિ શું થાય ?	૩૮૮
	ઇહપરલોકમાં તેનું કલ્યાણ જ થાય છે	૩૮૮
	પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા અગાઉ મૃત્યુ થાય તો ?	૩૮૯
	અપૂર્ણાવસ્થામાં મરનાર પાછો યોગી થાય છે	૩૮૯
	ફક્ત આ યોગ જાણનારની ઇહપરલોકમાં થતી ગતિ	૩૯૦
	આ યોગના અભ્યાસીની થતી ઇહપરલોકમાં ગતિ	૩૯૦
	વ્યવહારમાં દુર્લભ જન્મો	૩૯૦
	ખાનારો જુદો અને પેટ બીજાનું ભરાય ?	૩૯૧
	કર્મોનું સાચું બીજ	૩૯૧
	પ્રાચીન બર્હિષ રાજાનો ભ્રમ	૩૯૧
	સ્થૂળ દેહનો કર્મ સાથે કશો સંબંધ નથી	૩૯૧
	પુનર્જન્મનું કારણ	૩૯૨
	પ્રવૃત્તિ કોને કહેવી ?	૩૯૩
	નિવૃત્તિ એટલે શું ?	૩૯૩
	જ્ઞાનની સાત ભૂમિકાનાં સ્વરૂપો	૩૯૩
	સમબુદ્ધિયોગ વડે એકદમ અંતિમ ભૂમિકા સાધી શકાય છે	૩૯૫
	યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મથી અતીત થાય છે	૩૯૫

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	યોગી ક્રમે ક્રમે કૈવલ્ય ગતિ પામે છે.	૩૯૬
	બુદ્ધિની સમતારૂપ યોગ જ સર્વથી શ્રેષ્ઠ કેમ ?	૩૯૬
૬૬ અધ્યાય ૭ મો	(૩૯૭-૪૨૦)	
	મારું નિઃશંક જ્ઞાન થાય તે પ્રકાર કહું છું	૩૯૭
	જે જાણ્યાબાદ બીજું કાંઈ જાણવાનું રહેતો નહિ	૩૯૭
	જ્ઞાનવિજ્ઞાનની વ્યાખ્યા	૩૯૭
	મને તત્ત્વતઃ જાણનારો તો ભાગ્યે જ કોઈ નીકળે છે.	૩૯૮
	સિદ્ધિ એટલે શું ?	૩૯૮
	મહર્ષિ સાંખ્યાયન તથા સિદ્ધ કપિલમુનિ	૩૯૯
	તત્ત્વોની ભિન્નતા સંબંધમાં વિરોધાભાસ નથી.	૩૯૯
	આઠ પ્રકારના ભેદવાળી પ્રકૃતિ	૪૦૦
	અપરાપ્રકૃતિનો વિસ્તાર	૪૦૦
	કારણ તથા કાર્યરૂપ વિરાટ	૪૦૨
	જીવભૂત પ્રકૃતિ કોને કહેવી ?	૪૦૨
	મારી અપરાપ્રકૃતિ	૪૦૩
	મારી પરાપ્રકૃતિ	૪૦૩
	પર અને અપર બંને પ્રકૃતિ માયિક છે	૪૦૪
	કાર્યપ્રકૃતિની રચના	૪૦૪
	શાસ્ત્રોમાં પરમાત્મા કર્તાદિ છે એવાં વર્ણનોનું પ્રયોજન	૪૦૪
	પર અપર જીવભૂત પ્રકૃતિ	૪૦૫
	મારું પરરૂપ	૪૦૬
	મારું અપરરૂપ	૪૦૬
	એ પ્રકૃતિ વડે જ ભૂતમાત્રનું મારણ થયેલું છે	૪૦૬
	પરનો અવધિ સંપૂર્ણ થયો	૪૦૭
	મને આત્મસ્વરૂપે જાણવું એ જ ભક્તિ યોગનું લક્ષણ	૪૦૮
	બધા મારામાં, મારે આશ્રયે અને મારા વડે જ છે	૪૦૯
	આ સર્વભાવોમાં હું નથી	૪૦૯
	વિષયોમાં સંયમ કરનારાઓ શ્રેષ્ઠ કેમ ?	૪૧૦
	આ તમામ માયા વડે મોહવશ થયેલા છે	૪૧૦
	મમ માયા દુરત્યયા	૪૧૧
	નરાધમો મારે શરણે આવતા નથી	૪૧૧
	ચાર પ્રકારના ભજનારાઓ	૪૧૨
	જ્ઞાની મને અત્યંત પ્રિય છે	૪૧૨
	મારામાં અને જ્ઞાનીમાં બિલકુલ ભેદ નથી	૪૧૨
	આ સર્વ વાસુદેવરૂપ છે	૪૧૩
	વાસુદેવ જ સર્વરૂપ છે	૪૧૩
	ભક્તિમાર્ગ તે આ જ	૪૧૪
	અન્ય દેવતાઓના ભજનથી શો લાભ !	૪૧૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	મૈં જ નિર્માણ કરેલા કર્મફળને પામે છે	૪૧૫
	દેવતાઓનું યજન કરનારા દેવતાઓને પામે છે	૪૧૫
	મૂઢો મને અવ્યક્તમાંથી વ્યક્ત બનેલા માને છે	૪૧૫
	યોગમાયા સમાવૃતઃ	૪૧૬
	અવ્યક્ત અને અક્ષય તત્ત્વની સમજ	૪૧૬
	આવૃત અને આવરણની વ્યાખ્યા	૪૧૭
	માં તું વેદ ન કશ્ચન	૪૧૮
	સર્વ ભૂતો દ્વંદ્વોથી જ સંમોહમાં પડેલાં છે	૪૧૮
	પુણ્યકર્મ કરનારાઓ જ દૃઢ વ્રતથી મને ભજે છે.	૪૧૯
	મારું સાચું સ્વરૂપ	૪૧૯
	અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞને એકરૂપે જાણવું એ જ સાચું જ્ઞાન	૪૧૯
૫૦ અધ્યાય ૮ મો	(૪૨૦ થી ૪૭૩)	
	ભક્તિમાર્ગનું સાચું રહસ્ય	૪૨૦
	યોગ્ય પ્રશ્નો પૂછીને મનનું સમાધાન કરી લેવું	૪૨૧
	પાંચ પ્રકારના ક્લેશો	૪૨૧
	શાસ્ત્રમાં ત્રણ પ્રકારના દૃષ્ટિભેદો	૪૨૨
	જુદા જુદા મતમતાંતરોની એકવાક્યતા	૪૨૨
	સર્વવાદીઓ પોતપોતાની ભાવના અનુસાર દેખે છે.	૪૨૩
	આત્માનુભવી ઉત્તમ સિદ્ધનો આશ્રય લેવો	૪૨૪
	શ્રેયનો આશ્રય જ ગ્રહણ કરવો	૪૨૪
	સર્વવાદીઓમાં શ્રેષ્ઠ કોણ ?	૪૨૪
	અર્જુનના સાત પ્રશ્નો	૪૨૫
	બ્રહ્મની વ્યાખ્યા	૪૨૫
	અધ્યાત્મની વ્યાખ્યા	૪૨૫
	અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત	૪૨૬
	કર્મ એટલે શું ?	૪૨૬
	વિસર્ગ સૃષ્ટિ	૪૨૬
	અધિભૂત એટલે શું ?	૪૨૭
	અધિદૈવ કોણ ?	૪૨૭
	અધિભૂત, અધ્યાત્મ તથા અધિદૈવ પરસ્પર એક બીજાથી સિદ્ધ છે	૪૨૮
	વિસર્ગસૃષ્ટિની પૂર્વે બ્રહ્મદેવ ઈશ્વરસ્વરૂપમાં લીન હતા	૪૨૮
	વૃક્ષ ૐ ના મિશ્રણક્રમની સમજૂતી	૪૨૯
	સત્ત્વ, રજ, તમ, એ જ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત છે	૪૨૯
	વિરાટ પુરુષમાંથી થયેલો સ્થૂળ વિકાસક્રમ	૪૩૦
	જેમ શરીરમાં જીવો છે તેમ બ્રહ્માંડમાં આ શરીરો છે	૪૩૦
	અધિદૈવનું મૂળ મૂળમાયા છે.	૪૩૧

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	અહંકાર વિકાર જ અધિદૈવાદિ રૂપે બનેલો છે	૪૩૧
	અધિયજ્ઞ કોણ ?	૪૩૨
	ઈશ્વર એ જ અધિયજ્ઞ છે	૪૩૨
	આ દેહમાં એવા, તમે કોણ છો ?	૪૩૨
	મારું સ્મરણ કરતો અંતે મને જ પામે છે.	૪૩૩
	જે જેનું સ્મરણ કરે તે તેવા ભાવને પામે છે	૪૩૩
	અંતે આત્મસ્વરૂપ એવા મને જ પામીશ	૪૩૪
	દિવ્ય એવા પરમ પુરુષની પ્રાપ્તિ	૪૩૪
	વારંવાર આત્મસ્વરૂપનું સ્મરણ કરનારો દિવ્ય પુરુષને પામે છે	૪૩૫
	પરમ દિવ્ય પુરુષને તે જ પામે છે	૪૩૫
	યોગીએ દેહ ત્યાગ શી રીતે કરવો ?	૪૩૫
	યોગીનું ષટ્‌ચક્ર તથા બ્રહ્માંડભેદન	૪૩૬
	વેદવેત્તાઓ જેને અક્ષર કહે છે	૪૩૭
	પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીની ઉત્પત્તિનાં સ્થાનકો	૪૩૭
	ૐપર પરા	૪૩૮
	વૈખરી વાણીરૂપ ચોસઠ વર્ણો	૪૩૮
	વર્ણશાસ્ત્રની ઉત્પત્તિ	૪૩૮
	अच ના અઢાર ભેદો	૪૩૮
	ए, ऐ, ओ औ ના બાર ભેદો	૪૩૯
	अ, इ, उ ऋ ના બાર ભેદો	૪૩૯
	ह्रના બે ભેદો	૪૩૯
	વર્ણની સંજ્ઞા વા સંકેતો	૪૩૯
	ઉદાત્તાનુદાત્ત સ્વર પ્રમાણ	૪૩૯
	ઉદાત્તાનુદાત્ત સ્વરો	૪૪૦
	ગીતા, મંત્ર અને સ્વરો	૪૪૦
	ઋષિ, છંદાદિ જાણીને જ મંત્ર જપ કરવો	૪૪૦
	શબ્દ કેવી રીતે ઉત્પન્ન થાય છે	૪૪૦
	પાણિનીય શિક્ષા	૪૪૧
	ત્રેસઠ વા ચોસઠ વર્ણો	૪૪૧
	વર્ણોની ઉત્પત્તિ શી રીતે થઈ ?	૪૪૧
	વર્ણોના પાંચ વિભાગો	૪૪૧
	સ્વરો અને તેને ઉચ્ચારવાનાં સ્થાનકો	૪૪૨
	કંઠ્ય, તાલવ્યાદિ સ્થાનો	૪૪૨
	વર્ણોચ્ચાર કેવી રીતે કરવા ?	૪૪૨
	કંપનો ઉચ્ચાર શી રીતે થાય છે ?	૪૪૩
	પાઠકોના છ ગુણ	૪૪૩
	બોલનારમાં વાણીના દોષો	૪૪૩
	સ્થાન, કાળ અને સ્વરોનો પરસ્પર સંબંધ	૪૪૪
	પ્રયત્ન અને અનુપ્રદાન	૪૪૪
	પ્રયત્ન વડે વર્ણોમાં પડતા વિભાગો	૪૪૪
	અનુપ્રદાન વડે વર્ણોમાં થતા વિભાગો	૪૪૪
	અલ્પપ્રાણ અને મહાપ્રાણથી ઉચ્ચારાતા વર્ણો	૪૪૫
	આભ્યન્તર અને બાહ્ય પ્રયત્નના જ્ઞાનાર્થે કોઠો	૪૪૫
	શિક્ષાદિ છ વેદનાં અંગો છે	૪૪૬
	અંગુલીનિર્દેશ તથા ઉદાત્તાદિ સ્વરો	૪૪૧
	વર્ણોની નવ શય્યા	૪૪૬
	ઉદાત્તાદિ સ્વરોનાં સ્થાનકો	૪૪૬
	સ્વરોની માત્રાનું જ્ઞાન	૪૪૭
	અશુદ્ધોચ્ચારથી થતી હાનિ	૪૪૭
	ૐપરમાત્મા વાચક કેમ ?	૪૪૮
	પરમાત્મા સર્વરૂપ શી રીતે છે ?	૪૪૮
	શબ્દબ્રહ્મ એ વેદનું સ્વરૂપ છે	૪૪૯
	ૐ એ જ અક્ષર છે	૪૪૯
	ૐ એ બ્રહ્મનો વાચક છે	૪૪૯
	स याति परमांगतिम्	૪૫૦
	ૐનું ધ્યાન કરવાની રીતિ	૪૫૦
	ૐકાર પરબ્રહ્મ સ્વરૂપ છે	૪૫૦
	ૐની પ્રથમ માત્રારૂપ ધારણા	૪૫૧
	ૐકારના પ્રથમ ભાગનું ઉચ્ચારણ	૪૫૧
	ૐકારની બીજી માત્રારૂપ ધારણા	૪૫૧
	ૐની ત્રીજી માત્રારૂપ ધારણા વડે થયેલી દિવ્યકાંતિ	૪૫૨
	ઉદ્‌ગાતાને થયેલા અનેક અનુભવો અને અંતે નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ	૪૫૨
	ઉદ્‌ગાતાને પરમ સ્વરૂપની પ્રાપ્તિ	૪૫૩
	બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ પણ સત્તાસામાન્યમાં જ રહે છે.	૪૫૩
	ઉદ્‌ગાતાની વૈદેહાવસ્થા	૪૫૪
	સાંખ્ય, ભક્તિ અને યોગ દ્વારા દેહત્યાગ કરવાથી મળનારી પરમગતિ	૪૫૪
	પરમપદપ્રાપ્તિનો સુલભ ઉપાય	૪૫૪
	પરમ સંસિદ્ધિને પામેલો મહાત્મા	૪૫૫
	એકલી બુદ્ધિ જ અવિચળ પદમાં પહોંચાડે છે	૪૫૫
	બ્રહ્મલોક સુધીના સર્વે પુનરાવર્તનને પામે છે	૪૫૫
	બ્રહ્મલોકમાં જનારાઓ પુનરાવર્તનને કેમ પામે છે ?	૪૫૫
	દિવસ રાત્રિનું સાચું રહસ્ય	૪૫૬
	બ્રહ્માંડમાં ચાલતાં નવ પ્રકારના કાળમાનો	૪૫૬
	વારની ઉત્પત્તિ	૪૫૭
	વ્યવહારોપયોગી માનચતુષ્ટય	૪૫૮
	માનવી અને દિવ્ય વર્ષોમાં ત્રણસોને સાઠ ગણું અંતર છે.	૪૫૯

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	મહાયુગ તથા તેનાં વર્ષો	૪૫૯
	કલ્પ તથા મહાકલ્પ એટલે શું ?	૪૫૯
	અવ્યક્તમાંથી વ્યક્ત તથા વ્યક્તથી અવ્યક્ત	૪૬૦
	અવશ એવો પ્રાણી માત્રનો ભૂતસમુદાય	૪૬૦
	સનાતન અવ્યક્ત કોણ ?	૪૬૦
	તત્ એજ મારું પરમ ધામ છે	૪૬૧
	પરમ પુરુષની પ્રાપ્તિ અનન્ય ભક્તિ વડે થાય છે	૪૬૧
	યોગીઓનો ઉત્તરાયણ માર્ગ	૪૬૧
	યોગીઓનો ઉત્તરાયણ યા દેવયાન પથ	૪૬૨
	યોગીઓનો દક્ષિણાયન યા પિતૃયાણ માર્ગ	૪૬૨
	પ્રવૃત્ત કર્મ કયું ?	૪૬૨
	જગતની શુક્લ અને કૃષ્ણ ગતિનું સ્પષ્ટતાદર્શક વૃક્ષ આ	૪૬૨-અ
	દેવયાન પથ વૃક્ષ આ	૪૬૨ આ
	દક્ષિણ કિંવા પિતૃયાણ માર્ગ	૪૬૩
	નિવૃત્ત કર્મ તથા દેવયાન માર્ગ	૪૬૩
	દેવયાન અને પિતૃયાણ માર્ગને જાણનારો મોહને પામતો નથી	૪૬૩
	પ્રેતને અગ્નિદાહ કેમ કરવો ?	૪૬૪
	ધૂમાદિ કિંવા પિતૃયાણ માર્ગ	૪૬૫
	મરણ પછી જીવની થતી સ્થિતિ	૪૬૫
	પ્રેતમાં મુખ્ય છ જોઈએ છે	૪૬૬
	મહાપાપીની ગતિ	૪૬૬
	મધ્યમ પાપીની ગતિ	૪૬૬
	સામાન્ય પાપીની ગતિ	૪૬૬
	ક્રુદ્ધ યાને ઉત્તમ ધર્મ કરનારની ગતિ	૪૬૭
	સામાન્ય તથા મધ્યમ ધર્મ કરનારની સ્થિતિ	૪૬૭
	મરણ પછી સામાન્ય સ્થિતિ	૪૬૭
	સ્વસંકલ્પથી જ જીવ વાસનાવશાત્ અનુભવ લે છે	૪૬૭
	જેઓ પિંડદાન કરતા નથી તેઓનું શું ?	૪૬૮
	પૃથ્વી અને ભૂગોળ એટલે શું ?	૪૬૮
	જંબૂદ્વીપ સિવાય બીજા દ્વીપ કેમ જાણી શકાતા નથી ?	૪૬૯
	શાસ્ત્રોમાંના વર્ણનો ન સમજવાનું કારણ	૪૬૯
	દૂધ દહીંના સમુદ્રનું રહસ્ય	૪૬૯
	દૂધ દહીંના સમુદ્રો ક્યાં છે ?	૪૭૦
	शास्त्रकारोंकी पृथ्वी और भूगोलकी मर्यादा दर्शक व्याख्याकी समजुति अर्थे वृक्ष इ	૪૭૦ અ
	પ્લક્ષ શાલ્મલાદિ દ્વીપોમાં ચાલતો વ્યવહાર	૪૭૦
	આ બધા જીવો ઘણી વખતે પશુપક્ષી બનીને મનુષ્યો બનેલા છે	૪૭૧
	મહાકલ્પ, કલ્પ અને આ ચાલુ પૃથ્વીની ઉત્પત્તિ થવાનો કાળ	૪૭૧
	શ્રુતિમાં કહેવાયેલા દેવ તથા પિતૃયાણ માર્ગો	૪૭૨
	બે માર્ગનું રહસ્ય જાણનારો મોહ પામતો નથી	૪૭૩

૧૨ અધ્યાય ૯ મો. (૪૭૪ થી ૫૨૨)

	અશુભથી મુક્ત થઈશ	૪૭૪
	રાજવિદ્યા રાજગુહ્ય	૪૭૪
	પૃથ્વીમાં થયેલો કર્મકાંડ તથા યજ્ઞોનો વિસ્તાર	૪૭૫
	આને રાજવિદ્યા રાજગુહ્ય કેમ કહે છે ?	૪૭૫
	જાણ્યા પછી આચારણમાં આવે તે જ ખરું જ્ઞાન	૪૭૬
	વારંવાર બોધ કેમ કરવો પડે છે ?	૪૭૬
	અશ્રદ્ધાળુઓ મૃત્યુવાળા સંસારના માર્ગમાં જ ભટકે છે	૪૭૭
	મારામાં સર્વ ભૂતો છે પરંતુ તેઓમાં હું નથી	૪૭૭
	મારું અવ્યક્ત શરીર કયું ?	૪૭૭
	દાગીનામાંથી સુવર્ણ કાઢી લેવામાં આવે તો શું રહે ?	૪૭૮
	મારામાં ભૂતો છે અને નથી એમ વિરોધીવિધાનો કેમ સંભવે ?	૪૭૮
	મારામાં ભૂતો છે એમ કહેવાનું કારણ	૪૭૯
	આત્માને મારામાં કંઈ છે એવી કલ્પના પણ નથી	૪૭૯
	અંધપરંપરા ન્યાય એટલે શું ?	૪૭૯
	મારામા ભૂતો નથી એમ કહેવાનું કારણ	૪૮૦
	ભક્તિમાર્ગ કોને કહે છે ?	૪૮૦
	ભક્તિમાર્ગની અભ્યાસરીતિ	૪૮૧
	ભક્તિમાર્ગ વેદના સિદ્ધાંતોથી યત્કિંચિત્ પણ ભિન્ન નથી.	૪૮૨
	જ્ઞાનમાર્ગની સિદ્ધતાનાં લક્ષણો	૪૮૨
	ભક્તિમાર્ગની સિદ્ધતાનાં લક્ષણો	૪૮૨
	સગુણ સાક્ષાત્કારની પદ્ધતિ	૪૮૩
	સર્વાત્મભાવ વડે સાક્ષાત્કાર	૪૮૩
	નિઃશેષ કિંવા નિર્ગુણભાવ વડે સાક્ષાત્કાર	૪૮૪
	જ્ઞાન વિનાની સમાધિ પણ નિરર્થક છે	૪૮૪
	એક જ આત્મતત્ત્વ અનંતરૂપે શી રીતે થવા પામે ?	૪૮૫
	યજ્ઞ, જપ, તપાદિ ચિત્તશુદ્ધિના ઉપાયો છે	૪૮૫
	હું કાંઈ શરીરો નહિ પરંતુ આત્મનિશ્ચયવાળો છું	૪૮૫
	મારામાં ભૂતો છે અને નથી તેનું કારણ	૪૮૬
	મારામાં ભૂતોનું ધારણ કેવી રીતે થયેલું છે ?	૪૮૬
	આ સર્વ ભૂતસમુદાય કલ્પને અંતે પ્રકૃતિમાં જ વિલય પામે છે	૪૮૧
	કલ્પના આરંભમાં ફરીથી હું આ ભૂતસમુદાયને સર્જું છું	૪૮૭

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	પ્રકૃતિના પાશમાં પરતંત્ર બનેલો ભૂતસમુદાય	૪૮૮
	પ્રકૃતિ તમારે આશ્રયે છે કે તમારામાં નથી ?	૪૮૮
	અહેતુક કિંવા અનાસક્ત કર્મો એ અકર્મો છે	૪૮૮
	આત્મસ્વરૂપ એવો હું તદ્દન અસંગ છું.	૪૮૯
	આત્મા, મન, વાણી કે બુદ્ધિનો વિષય નથી.	૪૯૦
	અજ્ઞાની તથા જ્ઞાનીને ઉત્તર આપવાની પદ્ધતિ	૪૯૦
	વાણી વડે કરવામાં આવતા ઉપદેશોનો હેતુ શો ?	૪૯૦
	તે કર્મો મને બંધનકારક નથી	૪૯૧
	મને કર્મબંધન કેમ નથી ?	૪૯૨
	જીવન્મુક્તોના ચિત્તને સત્ત્વ અને કર્મને સત્ કહે છે	૪૯૨
	આ જગત મારી અધ્યક્ષતા નીચે છે	૪૯૩
	રાક્ષસી તથા આસુરી પ્રકૃતિવાળા મૂઢો કોણ?	૪૯૪
	રાક્ષસી અને આસુરી (સંપત્તિવાળાની) આશા અને કર્મો વ્યર્થ છે	૪૯૪
	દૈવી પ્રકૃતિવાળા મહાત્મા કોણ ?	૪૯૫
	સતત કીર્તન કોનું કરવું	૪૯૫
	એકત્વની ભાવનાથી થતાં કર્મોની સ્થિતિ	૪૯૬
	મારી એકરૂપે જુદા જુદા રૂપે કિંવા અનેક રૂપે થતી ઉપાસના	૪૯૬
	કોઈનો "હું" કાળો કિંવા ધોળો છે ખરો કે ?	૪૯૬
	અજ્ઞાનોપાસના અથવા જ્ઞાનોપાસના	૪૯૭
	કોઈપણ ઉપાસના પર્યાયે તો આત્માની જ ઉપાસના છે.	૪૯૭
	ક્રતુ તથા યજ્ઞાદિ પણ હું જ છું.	૪૯૭
	શ્રૌત અને સ્માર્ત યજ્ઞો	૪૯૮
	યજ્ઞપુરુષ વિષ્ણુ તથા ઋત્વિજ બ્રહ્મદેવ	૪૯૮
	યજ્ઞપુરુષની માતા કોણ ?	૪૯૯
	ભરતરાજાનો યજ્ઞ તથા કૃષ્ણાર્પણ	૫૦૦
	યજ્ઞપુરુષ આત્મરૂપ જ છે	૫૦૧
	પિતા માતાદિ પણ હું જ છું	૫૦૨
	ગતિ, ભર્તા વગેરે પણ હું જ છું	૫૦૨
	સકામીઓની ગતિ	૫૦૩
	શાસ્ત્રોમાં આવતું ગુણદોષોનું નિરૂપણ	૫૦૪
	સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ સંબંધે વેદનું લક્ષ્યબિંદુ	૫૦૪
	વેદનો સાચો અર્થ ઘણો ગૂઢ છે	૫૦૪
	કેવળ કર્મ કરનારાઓ	૫૦૫
	વેદના તાત્પર્યરૂપ ગંભીર અર્થ વા પરિસંખ્યા	૫૦૫
	વેદો પ્રવૃત્તિપરાયણ નથી ?	૫૦૫
	વર્ણો આશ્રમધર્મો તથા ગુણોની ઉત્પત્તિ	૫૦૬
	મૂઢો પરમેશ્વરના સ્વરૂપને ઓળખતા નથી	૫૦૬

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	વિધિ અને નિયમવાક્ય	૫૦૭
	પરિસંખ્યા વાક્યનો અર્થ	૫૦૭
	સ્વાર્થત્યાગ, પરાર્થકલ્પના અને પ્રાપ્તબાધ એટલે શું ?	૫૦૮
	વેદોમાં શું માંસાદિકની છૂટ છે ?	૫૦૮
	ધર્મને માટે જ ધનની જરૂર હોય છે	૫૦૯
	વેદમા હિંસાની છૂટ નથી	૫૦૯
	અર્ધદગ્ધોની સ્થિતિ	૫૦૯
	સકામીઓ ગમનાગમનને પામતા રહે છે	૫૦૯
	અનન્યભક્તોનું યોગક્ષેમ હું જ ચલાવું છું	૫૧૦
	યોગક્ષેમ એટલે શું ?	૫૧૦
	વહામ્યહમ્	૫૧૧
	યોગક્ષેમનો વ્યવહારમાં થતો અર્થ	૫૧૧
	મારી વિધિસરની ઉપાસના	૫૧૨
	મારી અવિધિથી થતી ઉપાસના	૫૧૩
	મને તત્ત્વતઃ નહિ જાણનારા પતિત થાય છે	૫૧૩
	જે જેને પૂજે તે તેને પામે	૫૧૪
	મારા પૂજકો મને જ પામે છે	૫૧૪
	પત્રં પુષ્પં ફલં તોયં	૫૧૫
	મારા ભક્તે અર્પણ કરેલું ભાવથી હું ગ્રહણ કરું છું	૫૧૫
	આડ બર રહિત પૂજન જ મને પ્રિય છે	૫૧૫
	તું જે જે કરે છે તે મને અર્પણ કર	૫૧૬
	ભાગવત ધર્મનો મુખ્ય સિદ્ધાંત	૫૧૬
	આ દ્વૈત પ્રપંચ વસ્તુતઃ અવિદ્યમાન છે.	૫૧૭
	અવિચ્છિન્ન ભગવાનની જ ભક્તિ કરવી	૫૧૭
	કર્મબંધનમાંથી છૂટી મોક્ષને પામીશ	૫૧૭
	મને કોઈ દ્વેષ્ય કિંવા પ્રિય નથી	૫૧૮
	પરસ્પર એકબીજાની ઓળખનું દૃષ્ટાંત	૫૧૮
	આ હું એટલે શરીર જ !	૫૧૮
	"હું"માં "તે" અને "તે"માં "હું"	૫૧૯
	દુરાચારી કે સાધુ	૫૧૯
	મારો ભક્ત કદી પણ વિનાશને પામતો નથી	૫૨૦
	મારી ભક્તિ કરવા માટે જ્ઞાતિવર્ણોદિની અડચણો નથી	૫૨૦
	મને ભજવામાં કોઈને પણ પ્રતિબંધ નથી	૫૨૦
	આત્મસ્વરૂપ ભગવાનના નામનો મહિમા	૫૨૧
	ઇંદ્રિયોને વિષયોમાંથી પરાવૃત્ત કરી ઈશ્વર પરાયણ કરવી	૫૨૨
	મારા વડે યુક્ત થએલો અંતે તું મને જ પામીશ	૫૨૨
૫૨	અધ્યાય ૧૦ મો. (૫૨૩-૫૪૯)	
	પરમ અને હિતકારી વચન સાંભળ	૫૨૩

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	દેવતા અને મહર્ષિઓ પણ મારા મૂળને જાણતા નથી	૫૨૩
	મારા સાચા સ્વરૂપની ઓળખ	૫૨૪
	તમામ જીવો મારાથી જ થયા છે	૫૨૪
	महर्षयः सप्तपूर्वे	૫૨૫
	મારી વિભૂતિને આત્મરૂપે જાણનારો જ ખરો જ્ઞાની છે	૫૨૬
	આ સર્વનું પ્રભવ સ્થાન હું જ છું	૫૨૭
	મારામાં ચિત્ત પરોવી સંતુષ્ટ રહેલા ભક્તો	૫૨૭
	હું બુદ્ધિયોગ આપું છું	૫૨૭
	પ્રીતિપૂર્વક ભજનારાઓ અંતે મને જ પામે છે	૫૨૮
	ઇંદ્રિયોનું ઈશ્વરાર્પણ કેવી રીતે કરવું	૫૨૮
	દ્વૈત અદ્વૈતવાદ અજ્ઞાનીઓને માટે છે	૫૨૯
	બુદ્ધિયોગ વડે અવિનાશી પદની પ્રાપ્તિ	૫૨૯
	હું નિત્ય આત્મભાવમાં સ્થિત એવો છે	૫૨૯
	આપના સ્વરૂપને દેવ કે દાનવ જાણી શકતા નથી	૫૩૦
	આપની દિવ્ય વિભૂતિઓ કહો	૫૩૧
	યોગ તથા વિભૂતિઓ વિસ્તારપૂર્વક કહો	૫૩૧
	મારા વિસ્તારનો તો અંત નથી	૫૩૨
	વિરાટ પુરુષનો મહિમા	૫૩૨
	બ્રહ્મદેવે બ્રહ્માંડ કેવી રીતે સર્જ્યું ?	૫૩૩
	હું આત્મા છે	૫૩૪
	ઓગણપચાસ મરુતોની ઉત્પત્તિ	૫૩૫
	ચંદ્ર હું જ છે	૫૩૫
	દેવતાઓનો ઈન્દ્ર હું જ છે	૫૩૬
	રુદ્ર કુબેર પણ હું જ	૫૩૬
	સાગર પણ હું જ છે	૫૩૬
	સર્વયજ્ઞોમાં જપયજ્ઞ હું જ છે	૫૩૭
	સિદ્ધોમાં કપિલમુનિ હું જ છે	૫૩૭
	દૈત્યોમાં પરમભક્ત પ્રહલાદ હું જ છે	૫૩૮
	શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવો 'રામ' પણ હું જ છે	૫૩૮
	વિદ્યાઓનો રાજા એવી અધ્યાત્મ વિદ્યા હું જ છે	૫૩૮
	જલ્પ, વિતંડા અને વાદોમાં વાદ હું જ છે	૫૩૯
	દ્વંદ્વ સમાસ હું જ છે	૫૩૯
	અક્ષયકાળ પણ હું જ છે	૫૪૦
	धाताऽहं विश्वतोमुखः	૫૪૦
	જે છે તે, તેનો નાશ તથા ભવિષ્યમાં થશે તે સર્વ હું જ છે	૫૪૧
	બૃહત્સામ હું કેમ ?	૫૪૧
	બૃહત્સામ એટલે શું ?	૫૪૨
	ગાયત્રી છંદ હું જ છે	૫૪૨
	માર્ગશીર્ષ	૫૪૨
	પૂર્ણિમાંત અને અમાંત	૫૪૨
	ઋત એટલે શું ?	૫૪૩
	જગતમાં સત્ત્વવાળું સર્વ હું જ છે	૫૪૩
	પાંડવોમાં ધનંજય પણ હું જ છે	૫૪૪
	મારા વિના બીજું કાંઈ છે જ નહિ	૫૪૪
	મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી	૫૪૪
	આ બધું મારા તેજથી જ પ્રકટેલું છે	૫૪૫
	આ બધું મારા અંશમાં જ સ્થિત છે	૫૪૫
	આપની વિશેષ શક્તિવાળી વિભૂતિઓ કહો	૫૪૬
	આ જ પ્રશ્ન રણભૂમિ ઉપર મને અર્જુને કર્યો હતો	૫૪૬
	રાજર્ષિઓમાં મનુ હું છું	૫૪૬
	મનુષ્યોમાં ધર્મરાજા હું છું	૫૪૬
	પાંચ પ્રકારની જ્ઞાતિઓ	૫૪૭
	સર્વ જ્ઞાતિઓ આત્મસ્વરૂપ જ છે	૫૪૮
	સર્વ ઇંદ્રિયોની તે તે વિષય ગ્રહણ કરવાની શક્તિ હું જ છે	૫૪૮
	સર્વશ્રેષ્ઠ બ્રહ્મ પણ હું છે	૫૪૯
	મારી મુખ્ય વિભૂતિઓ તને સંક્ષેપમાં કહી	૫૪૯
૫૩	**અધ્યાય ૧૧ મો** (૫૫૦ થી ૫૮૦)	
	ભક્તિમાર્ગ અને ચિત્તશુદ્ધિ	૫૫૦
	દિવ્ય દૃષ્ટિ વા ચૈતન્ય	૫૫૦
	ભગવાનનું વિરાટ સ્વરૂપ ભયંકર કેમ ?	૫૫૧
	ભક્તિ અને જ્ઞાનમાર્ગમાં ભેદ નથી	૫૫૧
	આપના વિરાટ સ્વરૂપનું દર્શન કરવાની મારી ઈચ્છા છે	૫૫૩
	વિરાટ સ્વરૂપ જોવાને અધિકારી કોણ ?	૫૫૪
	આ મારું વિરાટ સ્વરૂપ જો	૫૫૪
	દિવ્યદૃષ્ટિ સંબંધે લોકોમાં પ્રચલિત માન્યતા	૫૫૪
	દિવ્યદૃષ્ટિ કોને કહેવી	૫૫૫
	ભગવાનનું વિરાટ સ્વરૂપ ગુપ્ત છે ?	૫૫૬
	વિરાટ સ્વરૂપ	૫૫૬
	વિરાટ સ્વરૂપની અંદર અનંત બ્રહ્માંડોના વિચિત્ર સમૂહો	૫૫૭
	મહાત્માનો ભીંતમાં પ્રવેશ	૫૫૮
	વિરાટમાં અનંત બ્રહ્માંડોનો થતો વિસ્તાર	૫૫૯
	વિરાટ સ્વરૂપ જોઈ વિસ્મય પામ્યો	૫૫૯
	આપના વિશ્વરૂપ પ્રકાશની પ્રભા જ સર્વત્ર પ્રસરેલી છે	૫૬૦
	આપ આંખો વડે જોવાને પણ શક્ય નથી	૫૬૧
	જાણવાનું સૌથી પરમ સ્થાન તમે જ છો	૫૬૧
	તમો સૂર્યચંદ્રરૂપ અનંત નેત્રોવાળા છો	૫૬૧
	આપનું આ ઉગ્ર સ્વરૂપ જોઈને સર્વલોક ભયભીત બન્યા છે.	૫૬૨

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	દેવતાઓના સમૂહો આપમાં જ પેસે છે	૫૬૨
	બધા દેવતા અસુરો વિસ્મય પામીને આપને જ જુએ છે	૫૬૨
	હું તથા મારું એવી ભાવના વડે જોનારને દુઃખ પ્રાપ્ત થાય છે	૫૬૩
	આ બધા શસ્ત્રવીરો આપના મુખમાં પ્રવેશે છે	૫૬૪
	ઉગ્ર રૂપવાળા આપ કોણ છો ?	૫૬૫
	તારી સામે ઉભેલો હું કોણ ?	૫૬૫
	કાળ હંમેશાં બધાનું ભક્ષણ કર્યા કરે છે	૫૬૬
	કાળને શરણ ન થાય એવી કોઈ વસ્તુ નથી	૫૬૬
	કાળ કદી પણ કાયર થતો નથી	૫૬૭
	કાળ પરમાત્મારૂપ રાજાનો પુત્ર છે.	૫૬૭
	ક્રિયાકાળ તથા ફળકાળનું વર્ણન	૫૬૭
	દેવરૂપ કાળ અને નિયતિનું વર્ણન	૫૬૮
	કાળરૂપ કાપાલિકનું નૃત્ય	૫૬૮
	સર્વને નિયમનમાં રાખનારો એવો હું કાળ પુરુષ છું	૫૬૯
	હે અર્જુન ! તું કેવળ નિમિત્તરૂપ થા	૫૭૦
	તું યુદ્ધમાં શત્રુઓને જીતીશ	૫૭૦
	અર્જુન તથા વિરાટ સ્વરૂપનાં દર્શન	૫૭૦
	ભગવાને અર્જુનને કાળસ્વરૂપે દર્શન કેમ આપ્યાં ?	૫૭૧
	પર સ્વરૂપનો સાક્ષાત્કાર	૫૭૨
	ગદ્‌ગદ કંઠે અર્જુન પુનઃ બોલ્યો	૫૭૨
	પરમાત્માના પર સ્વરૂપની સ્તુતિ	૫૭૩
	આપ જ અક્ષરપુરુષ છો	૫૭૩
	તમામ જગત તમારું રૂપ છે	૫૭૩
	વિરાટ ભગવાનના અપરસ્વરૂપની સ્તુતિ	૫૭૪
	આપને સર્વ બાજુએથી નમસ્કાર હો	૫૭૪
	વિરાટ સ્વરૂપ પ્રત્યે અર્જુનની ક્ષમાયાચના	૫૭૫
	મારા સર્વ અપરાધોની ક્ષમા કરો	૫૭૫
	મને આપનું સાચું આત્મસ્વરૂપ બતાવો.	૫૭૬
	પુનઃ પૂર્વવત્ થવાને માટે વિરાટ સ્વરૂપની પ્રાર્થના	૫૭૬
	મારું આ સ્વરૂપ જોવાને બીજો કોઈ શક્તિમાન નથી	૫૭૭
	મારું પૂર્વનું સ્વરૂપ જો	૫૭૭
	ભગવાનનું પ્રથમનું સ્વરૂપ	૫૭૮
	આપનું માનવરૂપ જોઈને પૂર્વવત્ સાવધ થયો છું	૫૭૮
	આ આપનાં દર્શન તો દેવતાઓને પણ દુર્લભ છે	૫૭૮
	ભગવાનના વિરાટ સ્વરૂપના દર્શનની પદ્ધતિ	૫૭૮
	પોતાના દર્શનનો ભગવાને બતાવેલો ઉપાય	૫૭૯
	સગુણ સાક્ષાત્કાર ક્યારે થાય ?	૫૭૯
	તને હવે બાર સાચા સ્વરૂપની ખાતરી થઈ કે ?	૫૮૦
	ભગવાનનું શ્રુતિમાન્ય વિરાટ સ્વરૂપ	૫૮૦
૫૪	અધ્યાય ૧૨ મો. (૫૮૧-૬૧૪)	
	જ્ઞાન અને યોગમાર્ગનું રહસ્ય	૫૮૧
	સુલભ ભક્તિમાર્ગ	૫૮૨
	ભક્તિમાર્ગ કોને કહેવો ?	૫૮૨
	ભક્તિમાર્ગ સુલભ કેમ ?	૫૮૩
	જ્ઞાની અને અજ્ઞાની એવા ભેદો કેમ ?	૫૮૩
	સાચા ભક્તિમાર્ગનું રહસ્ય	૫૮૪
	ધણીનું ધાર્યું જ થાય	૫૮૪
	વગર કષ્ટે પરમાત્મપ્રાપ્તિનો માર્ગ	૫૮૫
	તમારી ઓથે નિર્ભય રહી શકાય છે	૫૮૫
	શ્રેષ્ઠ ઉપાસક કોણ ગણાય ?	૫૮૬
	અવ્યક્ત ઉપાસના શ્રેષ્ઠ કે વ્યક્ત ?	૫૮૭
	જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગની ઉપાસનાનો ભેદ	૫૮૭
	સગુણ અને સર્વાત્મભાવની ઉપાસના એક જ છે	૫૮૮
	સગુણ ઉપાસના શ્રેષ્ઠ કેમ ?	૫૮૮
	નિર્ગુણ તથા સગુણ ઉપાસકોને એક જ સ્થાનની પ્રાપ્તિ થાય છે	૫૮૯
	જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગના ઉપાસકોની યોગ્યતા	૫૮૯
	સગુણોપાસનાની શ્રેષ્ઠતા કેમ ?	૫૯૦
	જ્ઞાનમાર્ગીઓને આકાશના સ્વરૂપના જ્ઞાનનું દૃષ્ટાંત	૫૯૦
	ભક્તિમાર્ગવાળાઓને આકાશના સ્વરૂપના જ્ઞાનનું દૃષ્ટાંત	૫૯૬
	અવ્યક્ત ઉપાસના કષ્ટસાધ્ય કેમ ?	૫૯૧
	સગુણ ઉપાસનાની પદ્ધતિ	૫૯૨
	જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ એક જ છે	૫૯૩
	એક જ ભગવાન સગુણ અને નિર્ગુણરૂપે જાણવામાં આવે છે.	૫૯૩
	કાર્યકારણરૂપે સર્વત્ર એક જ પરમાત્મા જાણેલો છે	૫૯૩
	મચ્ચિત્ત થયેલાનો ઉદ્ધાર હું જ કરું છું	૫૯૪
	મનબુદ્ધિને મારામાં જ પરોવ	૫૯૫
	સાકાર પૂજન વડે થતી ચિત્તશુદ્ધિ	૫૯૫
	મારામાં જ બુદ્ધિને સ્થિર કરવી જોઈએ	૫૯૬
	સર્વ શાસ્ત્રનો ઉદ્દેશ મારામાં એકરૂપ થવું એવો છે	૫૯૬
	મારામાં ચિત્તને સ્થિર કરવા શક્તિમાન ન હો તો ?	૫૯૬
	અભ્યાસ કરનારને માટે શું અશક્ય છે ?	૫૯૭
	અભ્યાસ વિના સુખશાંતિમય નિર્વાણપદની પ્રાપ્તિ થતી નથી	૫૯૮

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	ધર્મો કરતાં પહેલાં તે ભગવાનનાં છે એમ સમજીને કર	૫૯૮
	ભક્તિમાર્ગ તથા તેમાં સગુણ નિર્ગુણ ઉપાસના કરવાના પ્રકારો	૫૯૯
	શ્રેષ્ઠ અને મંદ અધિકારીઓ માટેનો અભ્યાસક્રમ	૬૦૦
	અંતરહિત એવી શાંતિ પ્રાપ્ત થાય છે	૬૦૧
	અભ્યાસથી જ્ઞાન તથા ધ્યાન શ્રેષ્ઠ કેમ ?	૬૦૧
	જ્ઞાનમાં એકરસ થઈ જવું તે જ ધ્યાન કહેવાય	૬૦૨
	ત્યાગથી અનંતરશાંતિ પ્રાપ્ત થાય છે	૬૦૩
	જીવન્મુક્ત ભક્ત જ મને પ્રિય છે	૬૦૩
	અભિન્ન ભાવવાળો ભક્તયોગી જ મને પ્રિય છે	૬૦૪
	લોકો જે વડે દ્વેષ પામતા નથી તે ભક્ત મને પ્રિય છે.	૬૦૪
	સર્વ આરંભનો પરિત્યાગ કરનારો મને પ્રિય છે.	૬૦૫
	શુભાશુભ પરિત્યાગી ભક્ત	૬૦૫
	સાચો ભક્તિમાન કોને કહેવો ?	૬૦૬
	મારાથી અભિન્ન ભક્તો જ મને પ્રિય છે	૬૦૬
	સુખદુઃખ છે જ નહિ	૬૦૬
	સુખદુઃખાદિ તો આત્મરૂપ જ છે	૬૦૭
	સુખદુઃખાદિ દ્વંદ્વોનો નાશ	૬૦૭
	આસક્તિ વગરનો પુરુષ જ શાંતિને પામે છે	૬૦૮
	દેહની ચેષ્ટાઓનો ત્યાગ એ કાંઈ જીવન્મુક્તિ નથી	૬૦૮
	બદ્ધ અને મુક્તની ક્રિયાઓમાં ભેદ છે	૬૦૯
	જ્ઞાની પુરુષ ઇંદ્રિયો વડે ચેષ્ટાઓ કરવા છતાં મુક્ત કેમ ?	૬૦૯
	આત્માની સાચી તાદાત્મ્ય અનેરો જ ભરો ભક્ત છે	૬૦૯
	મહાત્મા કિંવા મૂર્તિની ઉપાસના કરવાની રીત	૬૦૯
	ભગવાનના પૂજનના અધિકાર સ્થાનકો	૬૧૦
	સત્સંગ દ્વારા પ્રાપ્ત થતી ભક્તિ વડે જ ઉદ્ધાર થાય છે.	૬૧૦
	વ્યાપક એવા મારા આત્મસ્વરૂપમાં જ એક નિષ્ઠા રાખો	૬૧૧
	ભક્તિમાર્ગની ઉપાસનાનો આરંભથી અંત સુધીનો સંક્ષેપક્રમ	૬૧૧
	પરમેશ્વરતે જ આત્મા છે	૬૧૨
	ઉત્તમદેવાર્ચન	૬૧૩
	મૂર્તિમાં દેવાર્ચન કરવાનું પ્રયોજન	૬૧૩
	આત્મા જ પૂર્ણ છે	૬૧૩
	તે જ હું છે	૬૧૪
	દ્વૈત ક્યાં છે ?	૬૧૪
	પરમાત્મામાં ભિન્નપણું છે જ નહિ	૬૧૪
	૫૫ અધ્યાય ૧૩ મો (૬૧૪ થી ૬૪૬)	
	શાસ્ત્રોનો ઉદ્દેશ શો ?	૬૧૪
	શાસ્ત્રોનો હેતુ	૬૧૫
	જગતમાં શાસ્ત્રનો વિસ્તાર કેમ થયો ?	૬૧૫
	અનેક સાંપ્રદાયો નીકળવાનું કારણ કેવળ અજ્ઞાન જ છે	૬૧૬
	આચાર્ય બનવાનો મોહ	૬૧૬
	ભગવાન ક્યાં અને આપણે ક્યાં ?	૬૧૭
	જે જેવું દેખાય તે તેવું હોય તો પછી ભ્રાંતિની શી જરૂર છે ?	૬૧૯
	શું સર્વે શાસ્ત્રોનો હેતુ અદ્વૈત તત્ત્વ સમજાવવાનો છે ?	૬૨૦
	પ્રકૃતિપુરુષ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ તથા જ્ઞાનજ્ઞેય કહો	૬૨૦
	ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ	૬૨૧
	ઈશ્વર ક્ષેત્રજ્ઞ અને માયા ક્ષેત્ર કેમ ?	૬૨૨
	ક્ષેત્રજ્ઞ જ સંકલ્પવશાત્ વિકારરૂપ એવા આ ક્ષેત્રરૂપે બનેલો છે	૬૨૨
	ક્ષેત્રક્ષેત્રજ્ઞ આત્મરૂપ છે એવું યથાર્થ રીતે જાણવું તે જ જ્ઞાન	૬૨૩
	ક્ષેત્રક્ષેત્રજ્ઞનું સ્વરૂપ કહું છું	૬૨૪
	ઋષિઓએ જુદે જુદે રૂપે અનેક પ્રકારે વર્ણવેલું આત્મતત્ત્વ	૬૨૪
	વિકારવાળા ક્ષેત્રનું સ્વરૂપ	૬૨૪
	અખંડ બ્રહ્મમાં વિકારની કલ્પના શી રીતે સંભવે ?	૬૨૫
	પરમાત્મામાં વિકાર ક્યાંથી સંભવે ?	૬૨૫
	કાર્ય કારણનો પરંપરા કેવળ અજ્ઞાનીઓને સમજાવવા પૂરતી જ છે	૬૨૫
	જીવ, ઈશ્વર, માયા ઇત્યાદિ તમામ બ્રહ્મ છે	૬૨૬
	સ્વરૂપનો નિશ્ચય થાય ત્યાં સુધી જ દ્વૈત યુક્તિઓની જરૂર છે	૬૨૭
	બોધનો ઉદય થતાં સુધી મિથ્યા માયાનો અંગીકાર કરવો પડે છે.	૬૨૭
	પ્રક્રિયારૂપ મિથ્યા યુક્તિની જરૂર	૬૨૭
	જે કાંઈ નહિ તેનું નામ શું ?	૬૨૮
	શાસ્ત્રોની શી આવશ્યકતા ?	૬૨૯
	બોધ થતાં સુધી આત્મતત્ત્વ સમજાવવાની યુક્તિ	૬૨૯
	જ્ઞાનના ઉપાયો	૬૩૦

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	આનું નામ જ્ઞાન અને આનાથી ઊલટું તે અજ્ઞાન	૬૩૧
	જ્ઞેય એટલે જ તત્ છે	૬૩૨
	જ્ઞેય પદ સત્ કિંવા અસત્ કેમ કહેવાતું નથી ?	૬૩૩
	ચાર પ્રકારનું મૌન	૬૩૩
	ગ્રાહ્ય અને ત્યાજ્ય મૌન	૬૩૪
	મુમુક્ષ મૌનનું વૈશિષ્ટ્ય	૬૩૪
	બ્રહ્મ સર્વત્ર હાથ, પગ, નેત્ર ઇત્યાદિવાળું છે ?	૬૩૫
	પરમપદ અનિર્વચનીય કેમ ?	૬૩૭
	જ્ઞેય અને ધ્યેય વાસનાત્યાગ	૬૩૭
	જીવન્મુક્તોનો વિહાર	૬૩૮
	શું જે આ તમામ દ્વંદ્વોનું ભાસે છે તે પણ આત્મા છે ?	૬૩૮
	આ જ્ઞેય અને અવિજ્ઞેય કેમ ?	૬૩૮
	અંતર્મુખ દૃષ્ટિ કોને કહેવી ?	૬૩૯
	તે પદ જ્ઞેય કે અજ્ઞેય છે ?	૬૩૯
	જ્ઞાનફળાનું મૂળ રહ્યાન	૬૪૦
	તમામ નામરૂપાદિનો નિઃશેષ થયા બાદ શું રહે છે તેની શોધ	૬૪૦
	અવિભક્ત અને વિભક્ત પણ આત્મા જ છે	૬૪૧
	આ સર્વ દ્વંદ્વ પણ આત્માથી અભિન્ન છે	૬૪૧
	ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને જાણનારની સ્થિતિ	૬૪૨
	પ્રકૃતિ પુરુષ બંને બે જુદાં નથી પણ એક આત્મરૂપ જ છે	૬૪૨
	આદિ શબ્દ કયાંથી શરૂ થયો ?	૬૪૨
	આ કારણ છે અને આ કાર્ય છે એવું જાણનારા કોણ ?	૬૪૩
	અનાદિ એટલે આત્મા કેમ ?	૬૪૪
	કર્તાપણાનો હેતુ પ્રકૃતિનો તથા ભોક્તાપણાનો હેતુ પુરુષનો છે	૬૪૫
	ગુણોના સંગથી પુરુષ બંધનને પામે છે	૬૪૫
	આ દેહમાં રહેલો પુરુષ પરમાત્મા જ છે	૬૪૬
	પુરુષ અને ગુણો સહિત પ્રકૃતિને જાણનારો શ્રેષ્ઠ છે	૬૪૬
	આત્મપ્રાપ્તિના અભ્યાસકોના ભેદ	૬૪૭
	બીજાઓનું સાભળીને આત્મપ્રાપ્તિના અભ્યાસીઓ	૬૪૭
	વિષયો તો કૂતરાં અને ભૂંડને પણ મળતા નથી કે ?	૬૪૭
	જડપણાની ભાવના નિવૃત્ત થતાં જ સુખ પ્રાપ્ત થાય છે	૬૪૮
	અહંકારત્યાગનાં સાધનો	૬૪૮
	પિતા, ગુરુ અને રાજાએ આત્મતત્ત્વનો જ ઉપદેશ કરવો	૬૪૯
	મનુષ્યે પોતાનું હિત શામાં છે તે જાણી શકતો નથી	૬૪૯
	ગુરુ, પિતા, માતા અને પતિ બધાને માટે નાલાયક કોણ ?	૬૪૯
	સદ્‌ગુરુના ઉપદેશથી પણ મૃત્યુ ઓળંગી શકાય છે	૬૫૦
	ક્ષેત્રક્ષેત્રજ્ઞથી ઊપજેલું આત્મસ્વરૂપ છે	૬૫૦
	વિનાશી તથા અવિનાશી એ બંને પરમેશ્વર રૂપ જ છે	૬૫૦
	તે પરમશાંતિને પામે છે	૬૫૧
	આત્માને જ બંધ મોક્ષ કેમ રહે ?	૬૫૧
	આત્મા તો અકર્તા છે	૬૫૨
	જુદા જુદા ભાવોને એકરૂપે જોનારો જ બ્રહ્મભાવને પામે છે	૬૫૨
	પરમાત્મા અવ્યક્ત કેમ ?	૬૫૩
	આકાશના દૃષ્ટાંત વડે સમજાવેલું આત્માનું સ્વરૂપ	૬૫૩
	સૂર્યના દૃષ્ટાંત વડે આત્મસ્વરૂપનો નિર્ણય	૬૫૫
	ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ જાણનારો પરમપદને પામે છે	૬૫૫
૫૬	અધ્યાય ૧૪ મો. (૬૫૬ થી ૬૭૬)	
	પરમોત્તમજ્ઞાન ફરીથી કહું છું	૬૫૬
	ઉત્પત્તિ તથા લયને કોણ પામતા નથી ?	૬૫૬
	મહદ્‌બ્રહ્મ એ મારી યોનિ કેમ ?	૬૫૭
	મહદ્‌બ્રહ્મ એ જ વિરાટ કિંવા અપર સ્વરૂપ છે	૬૫૮
	પ્રકૃતિનો બીજપદ પિતા હું છું	૬૫૯
	દેહીને પ્રકૃતિ વડે થતું બંધન	૬૬૦
	સત્ત્વગુણ વડે દેહીને કેવી રીતે બંધન થાય છે ?	૬૬૦
	રજોગુણ વડે કર્મ સંગથી દેહીને થતું બંધન	૬૬૦
	દેહીને તમ વડે ઉત્પન્ન થતું બંધન	૬૬૧
	દેહીનું સત્ત્વ, રજ અને તમ વડે બંધાવું	૬૬૧
	શુદ્ધ, સત્ત્વ, રજ અને તમોગુણ કોને કહે છે ?	૬૬૧
	સત્ત્વગુણના ઉદયનાં લક્ષણો	૬૬૨
	રજોગુણની વૃદ્ધિનાં લક્ષણો	૬૬૨
	તમોગુણ વૃદ્ધિનાં લક્ષણો	૬૬૩
	ધર્મની વૃદ્ધિ તથા અધર્મનો નાશ શી રીતે થાય ?	૬૬૩
	ગુણો વડે જ ગુણોનો નાશ કરવો	૬૬૩
	મનનો નિરોધ કરી તેને આત્મામાં જ જોડવું	૬૬૪
	તમામ વૃત્તિઓને એક આત્મામાં સ્થાપવી તે જ યોગ	૬૬૪
	સત્ત્વગુણની વૃદ્ધિવાળાની ગતિ	૬૬૫
	રજોગુણ તથા તમોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામ્યાની ગતિ	૬૬૫
	સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોનાં ફળો	૬૬૫
	સત્ત્વથી જ્ઞાન, રજથી લોભ અને તમથી અજ્ઞાન	૬૬૫
	સત્ત્વસ્થ ઉપર, રાજસ મધ્યમાં અને તામસ નીચે પડે છે	૬૬૬

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	ગુણોના નિરૂપણનું પ્રયોજન	૬૬૬
	સત્ત્વ, રજ અને તમોગુણની વૃત્તિઓ	૬૬૬
	ત્રણે ગુણોનું મિશ્રણ કિંવા સન્નિપાત	૬૬૭
	સત્ત્વ, રજ, તમોગુણવાળા કેવી રીતે ઓળખવા ?	૬૬૭
	સત્ત્વ, રજ, તમવાળાનો સ્વભાવ	૬૬૭
	ત્રણ ગુણોથી પર કોણ ?	૬૬૭
	બીજા બે ગુણોને દબાવી એક ગુણ વધે તેનાં લક્ષણો	૬૬૮
	કયો ગુણ વધ્યો તે જાણવાનાં લક્ષણો	૬૬૮
	ત્રણે ગુણોમાં કૈવાદિક બળ	૬૬૮
	ત્રણ ગુણો તથા જાગ્રદાદિ અવસ્થાઓ	૬૬૮
	ત્રણ ગુણોથી થતા ઉચ્ચ નીચ જન્મો	૬૬૮
	સત્ત્વાદિ ગુણોવાળાની મરણ પછીની ગતિ	૬૬૮
	સત્ત્વાદિ કર્મો	૬૬૮
	સત્ત્વાદિ જ્ઞાનો	૬૬૮
	સત્ત્વાદિનાં વાસ્તવ્ય સ્થાનકો	૬૬૯
	સત્ત્વાદિ ગુણોનું કર્તવ્યપણું	૬૬૯
	સત્ત્વાદિ શ્રદ્ધાઓ	૬૬૯
	સત્ત્વાદી આહાર	૬૬૯
	સત્ત્વાદિ સુખો	૬૬૯
	તમામ દૃશ્ય સત્ત્વાદિ ગુણો વડે જ ભાસે છે	૬૬૯
	ગુણો કર્તા છે તથા આત્મા અકર્તા છે	૬૭૦
	પ્રકૃતિથી પર આત્મા	૬૭૦
	ગુણાતીતનાં લક્ષણો, આચાર તથા સાધન કહો	૬૭૧
	ગુણાતીતનાં લક્ષણો	૬૭૧
	ગુણાતીતનો આચાર	૬૭૨
	જેને નિંદા, સ્તુતિ તુલ્ય છે તે ગુણાતીત છે	૬૭૨
	સર્વારંભપરિત્યાગી	૬૭૨
	ગુણાતીતનાં સાધન	૬૭૩
	ત્રણ ગુણો ઓળંગવાનો પ્રકાર	૬૭૩
	અવ્યભિચારિણી ભક્તિ	૬૭૩
	અનન્ય ભક્તિયોગ તે આ જ	૬૭૫
	હું જ બ્રહ્મનું સ્થાનક છે	૬૭૫
	હું કોણ તે તેં જાણ્યું ને ?	૬૭૬
૧૭	અધ્યાય ૧૫ (૬૭૬-૭૪૪)	
	જગતમાંથી મિથ્યા બુદ્ધિનો ત્યાગ કેવી રીતે કરવો ?	૬૭૬
	ચાર પ્રકારના નિશ્ચયો	૬૭૭
	જગત મિથ્યા છે તો તે કેવી રીતે દેખાય છે ?	૬૭૭
	હાથી અને આંધળાઓ	૬૭૮
	મૂર્ખને શિખામણ કોણ આપી શકે ?	૬૭૯
	મન છે જ નહિ	૬૭૯
	વગર કારણે દુઃખ કરનારાઓ માટે શો ઉપાય ?	૬૭૯

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	મોટા જીવો નાનાને મારી નાખે છે	૬૮૦
	પૃથ્વી, જળ ઇત્યાદિમાં ઉત્પન્ન થતાં અસંખ્ય પ્રાણીઓ	૬૮૦
	મિથ્યા વિષયવાસનાને લીધે અસંખ્ય જીવોની ઉત્પત્તિ	૬૮૦
	કેટલાક જીવો એક જ યોનિમાં જન્મ્યા કરે છે.	૬૮૧
	કેટલાક શિવ, વિષ્ણુ તથા બ્રહ્મા થાય છે	૬૮૧
	કેટલાક જીવો સૂર્યકિરણોમાં છે	૬૮૧
	આ જગતરૂપ ઈંદ્રજાળને વિસ્તીર્ણ કરતા જીવો	૬૮૨
	અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા બ્રહ્માંડો	૬૮૨
	ઉપદેશના અનધિકારીઓ	૬૮૩
	આત્માનું સ્વરૂપ અનિર્વચનીય કેમ ?	૬૮૪
	આ મિથ્યા સંસાર વૃક્ષ કેવી રીતે વૃદ્ધિને પામ્યું તેની સમજૂતિ	૬૮૫
	ચાર પ્રકારના નિશ્ચયોના સ્વરૂપની સ્પષ્ટતા	૬૮૬
	શું બ્રહ્મા, વિષ્ણુ, પણ જીવો છે ?	૬૮૭
	મૂળ ઊંચે તથા શાખા નીચે કેમ ?	૬૮૮
	છંદોની ઉત્પત્તિનું મૂળ	૬૯૦
	શબ્દબ્રહ્મ કિંવા વેદનું સૂક્ષ્મ સ્વરૂપ	૬૯૦
	છંદોને પાંદડાં કેમ કહ્યાં ?	૬૯૦
	સંસારની પીપળાના વૃક્ષની સાથે સરખામણી કેમ ?	૬૯૧
	આ સંસાર વૃક્ષનું કોઈ કારણ કિંવા બીજ છે જ નહિ	૬૯૨
	મિથ્યા હોય તો કારણ મહાકારણ તત્ત્વોનું નિરાકરણ કેમ કરો છો ?	૬૯૩
	સંસાર મિથ્યા છતાં સત્ય કેમ લાગે છે ?	૬૯૪
	આને જે અવ્યય (આત્મા) રૂપે જાણે છે તે જ ખરો જ્ઞાની	૬૯૪
	જે કહી પણ છે જ નહિ એવું શું હશે ?	૬૯૫
	પ્રથમ ઊંચે અને હવે નીચે મૂળ છે એમ ઊલટું કેમ કહો છો ?	૬૯૫
	પ્રથમ ઝાડ કે બીજ ?	૬૯૬
	એક કે અનેક પુરુષ ?	૬૯૭
	પ્રથમ ઊંચે અને પછી નીચે મૂળ કહેવાનું કારણ	૬૯૭
	કર્માનુબંધીનિ મનુષ્યલોકે	૬૯૮
	અસંગ શસ્ત્ર વડે દૃઢી નાંખવું	૭૦૦
	ફરીને પાછા આવતા નથી	૭૦૧
	આત્મામાં જગતનું બીજ છે કે નથી ?	૭૦૧
	આત્મામાં સંસારવૃક્ષનું બીજ કેમ નહિ ?	૭૦૨
	અમૂઢો જ અવ્યયપદને પ્રાપ્ત કરી શકે છે	૭૦૩
	અહંકારના વિલયથી સંસારવૃક્ષનો થતો નાશ	૭૦૩
	આત્માને સૂર્ય ભાસમાન કરી શકતો નથી	૭૦૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	આપના દ્વિઅર્થી જેવા વચનથી	
	હું શંકાશીલ બન્યો છું	૭૦૫
	આત્માનું મહત્ સ્વાતંત્ર્ય	૭૦૫
	બ્રહ્મમાં પ્રકાશ, તમ, મન, બુદ્ધિ	
	કિંવા જીવાદિ કેમ નથી ?	૭૦૬
	અહમ્ પરમં મમ	૭૦૭
	પ્રકૃતિમાં રહેલી ઈંદ્રિયોને પોતામાં જ માની લે છે	૭૦૮
	જીવાત્માના બંધન સંબંધે દૃષ્ટાંત	૭૦૯
	જીવાત્મા દેહ હો યા ન હોય છતાં	
	ઈંદ્રિયોના પાશમાંથી છૂટતો નથી	૭૧૦
	વિમૂઢો જોઈ શકતા નથી	૭૧૧
	જીવ અને આત્મા અભિન્ન છે	૭૧૧
	વિવેકી આત્મામાં પોતાને જ સ્થિત જુએ છે	૭૧૨
	અખિલ જગત ભાસમાન શાથી થાય છે ?	૭૧૨
	વ્યવહારમાં પણ મારા પરસ્વરૂપનાં	
	નિત્યપ્રતિ થતાં દર્શન	૭૧૩
	પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનાં સ્થાનકો	૭૧૪
	મારું તેજ તે છે	૭૧૫
	પૃથ્વીમાંના ભૂતોને હું જ ધારણ કરું છું	૭૧૫
	વૈશ્વાનર એટલે કોણ ?	૭૧૬
	આ અહમ્ વૈશ્વાનર છે	૭૧૬
	અહમ્ વૈશ્વાનરો ભૂત્વા	૭૧૭
	વ્યષ્ટિ, સમષ્ટિ અને વિરાટમાં	
	થતી ક્રિયાઓ વૈશ્વાનરરૂપ કેમ ?	૭૧૮
	સર્વસ્ય ચાહમ્	૭૧૯
	હું ખરો કે તું ખરો ?	૭૧૯
	સત્યમાં અસત્ય કયાં રહેશે એવી	
	ચિંતા નિરર્થક છે	૭૨૧
	મિથ્યા વ્યવહાર કેવી રીતે ચાલશે તેની	
	.. અયોગ્ય છે	૭૨૧
	સ્થાવરજંગમાદિ હું રૂપ શી રીતે ?	૭૨૨
	મનુષ્યેતરોમાં "હું"નો સર્વાત્મભાવ	
	સિદ્ધ થઈ શકે કે ?	૭૨૨
	મનુષ્યરૂપી ઠૂંઠાં ઝાડો	૭૨૩
	વેદવેદાંગાદિ મનુષ્યોને માટે જ કેમ ?	૭૨૩
	વ્યવહારનિયમો ઘડતી વખતે મનુષ્યો	
	પશુઓની સલાહ લેતા નથી ?	૭૨૪
	બુદ્ધિનો ઉપયોગ નહિ કરનાર પશુઓ જ છે	૭૨૪
	વ્યાઘ્રાદિ પશુઓની શોધ	૭૨૫
	જગત ઉત્પન્ન થયું નથી ?	૭૨૬
	"હું" એવી સ્ફૂર્તિનો પ્રેરક તે જ ક્ષર પુરુષ	૭૨૬
	ક્ષર પુરુષ કેમ કહે છે ?	૭૨૭

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	હું એટલે શરીર નથી તો કોણ ?	૭૨૭
	હું એટલે આત્મા	૭૨૯
	સર્વસ્ય કેમ ન કહ્યું ?	૭૨૯
	હું કૃષ્ણ કે ધનંજય ?	૭૩૦
	શાસ્ત્રો કેમ ઉત્પન્ન થયાં ?	૭૩૦
	પૌર્વાત્યો કિંવા પાશ્ચાત્યોમાં વેદની	
	પ્રાચીનતા સિદ્ધ છે	૭૩૧
	તમામ શાસ્ત્રોનું મૂળ વેદ કેમ ?	૭૩૧
	વેદમાંથી જ તમામ વિસ્તાર થયા પામેલો છે	૭૩૨
	ભૌતિક વિજ્ઞાનના મૂઢ સિદ્ધાંતો	૭૩૨
	વેદની પ્રાચીનતા સંબંધે બે મત નથી	૭૩૩
	વેદનું અંતિમ ધ્યેય	૭૩૪
	વેદ એટલે જાણવું	૭૩૪
	વેદની અંદર સર્વજ્ઞાનનો સમાવેશ શી	
	રીતે થાય છે ?	૭૩૫
	હું નું સાચું સ્વરૂપ	૭૩૫
	સ્મૃતિ, જ્ઞાન, વિસ્મૃતિ પણ હું જ છે	૭૩૬
	અક્ષર પુરુષ, પુરુષોત્તમ કિંવા પરમાત્મા	
	એટલે શું ?	૭૩૬
	આત્મા અસંગ શી રીતે છે ?	૭૩૭
	ક્ષર પુરુષ કયો ?	૭૩૮
	ક્ષર અક્ષર પુરુષ લોકમાં કેમ જણાય ?	૭૩૯
	ઉત્તમ પુરુષ અથવા પરમાત્મા	૭૩૯
	આત્માને જ પરમાત્મા તથા ઈશ્વર એવી	
	સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે	૭૪૦
	હું પુરુષોત્તમ છે	૭૪૦
	હું કર્તા અને અકર્તા શી રીતે છે ?	૭૪૦
	હું પુરુષોત્તમ કેમ ?	૭૪૧
	હે ભારત ! સર્વભાવે મને ભજ	૭૪૩
	સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઉપદેશ કરે	
	તો પણ તે નિરર્થક અને	૭૪૩
	આ ગુહ્યમાં ગુહ્યશાસ્ત્ર તને કહ્યું	૭૪૪
૫૮	**અધ્યાય ૧૬** (૭૪૪–૭૭૩)	
	આત્મામાં ભાસતી બે શાખાઓ	૭૪૪
	તપ શબ્દની ઉત્પત્તિ	૭૪૫
	અહિંસા કોને કહેવી ?	૭૪૭
	આ ગુણો દૈવી સંપત્તિવાળામાં હોય છે	૭૪૮
	આસુરી સંપત્તિવાળાના ગુણો	૭૪૯
	તું દૈવી સંપત્તિવાળો છે	૭૪૯
	જીવાત્માને શરીરની ઉત્પત્તિ કેવી રીતે થાય છે	૭૫૦
	જીવ ગર્ભમાં કેવી રીતે પ્રવેશ કરે છે	૭૫૦
	જીવાત્માને ગર્ભમાં અનંતજન્મોનું થતું જ્ઞાન	૭૫૧

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	આંધળાં, પાંગળાં, છોકરાંઓની ઉત્પત્તિનું કારણ	૭૫૨
	જીવાત્માને ગર્ભવાસમાં થયેલું જ્ઞાન	૭૫૩
	જીવાત્માએ ગર્ભવાસમાં કરેલી ભગવાનની સ્તુતિ	૭૫૩
	જીવાત્માની કરુણ કહાણી	૭૫૪
	આસુરી સંપત્તિમાનો દુઃખી કેમ થાય છે ?	૭૫૪
	આ લોકનાં બે ભૂત સર્ગો છે	૭૫૫
	આસુરી સંપત્તિમાં તો સત્યના અંશનું નામ પણ હોતું નથી	૭૫૫
	આ જગતનો કામોપભોગ વિના બીજો શો હેતુ હોય	૭૫૫
	જગતના નાશના માટે પેદા થતા નષ્ટાત્માઓ	૭૫૬
	વિષયોરૂપ કર્તવ્યની જળ	૭૫૬
	જેનો કદિ અંત આવતો નથી તેવી આશાઓ	૭૫૭
	મારા જેવો કોણ છે ?	૭૫૮
	મદવડે નામના માટે થતા યજ્ઞો	૭૫૮
	આસુરીઓને હું હંમેશાં નારકી યોનિમાં ધકેલું છું	૭૫૯
	કોઈ પણ યોનિમાં જીવ મરણની ઇચ્છા રાખતો નથી	૭૫૯
	કર્તવ્યરૂપી દાવાનળ	૭૬૦
	યમપુરી ક્યાં અને કેટલે દૂર છે ?	૭૬૧
	યમપુરીનાં વર્ણનો સાચાં હશે ?	૭૬૧
	શરીરમાં વસતા ચિત્ર વિચિત્ર અસંખ્ય જીવો	૭૬૨
	વ્યષ્ટિસમષ્ટિ જીવો એટલે શું ?	૭૬૨
	જગતાદિ છે કે નથી ?	૭૬૨
	જીવને યમપુરીમાં ભોગવવાં પડતાં અનેક દુઃખો	૭૬૩
	જીવોમાં આસુર અને દૈવ એમ બે વિભાગો પડે છે	૭૬૪
	કામ, ક્રોધ અને મોહનો ત્યાગ કરો	૭૬૪
	કામીઓની ભ્રષ્ટતા	૭૬૫
	સૌંદર્ય એ કાંઈ નૈસર્ગિક નથી	૭૬૫
	અધર્મના દ્વાર રૂપ આ ત્રણનો ત્યાગ કરો	૭૬૬
	શાસ્ત્ર અને અશાસ્ત્ર કોને કહેવું ?	૭૬૬
	શાસ્ત્રવિધિનો ત્યાગ કરનારા અધોગતિમાં પડે છે.	૭૬૭
	શાસ્ત્ર અને વિધા એટલે શું ?	૭૬૭
	કોઈને મનસ્વી રીતે વર્તવાનો અધિકાર નથી	૭૬૮
	શાસ્ત્ર આજ્ઞા અનુસાર વર્તન કેમ રાખવું ?	૭૬૮
	વિધાનાં ચૌદ પ્રસ્થાનો જ શાસ્ત્રો કેમ કહેવાય ?	૭૬૯
	શાસ્ત્રવિધિ એટલે ?	૭૭૦
	શાસ્ત્રવિધિ કિંવા વેદની અંતિમ આજ્ઞા	૭૭૧
	કાર્યાકાર્યમાં શાસ્ત્ર જ પ્રમાણ છે	૭૭૧

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	ધર્મ અને અધર્મ	૭૭૨
	૧૬ અધ્યાય ૧૭ મો (૭૭૩ થી ૭૯૯)	
	શાસ્ત્રવિધિ નહિ જાણનારા શ્રદ્ધાવાનોની નિષ્ઠા	૭૭૩
	વિધિ નહિ જાણનારા ભક્તોની ગતિ	૭૭૪
	સૂત, વૈદેહક તથા ચાંડાલાદિની ઉત્પત્તિ	૭૭૪
	વેદે સાંખ્ય, કર્મ અને ભક્તિ એ ત્રણની વ્યવસ્થા શા માટે કરી ?	૭૭૫
	કર્મયોગનું ફળ જ્ઞાન કિંવા ભક્તિ છે.	૭૭૬
	દેહમાં આસક્તિ નહિ રાખતાં ધ્યેયપ્રાપ્તિ કરી લેવી જોઈએ	૭૭૬
	અધમો મનુષ્ય દેહ મળ્યા છતાં પોતે પોતાનો વિનાશ કરી લે છે	૭૭૬
	મનને આત્મામાં શી રીતે વશ કરવું ?	૭૭૬
	પરમાત્માના નિત્ય સ્મરણના ઉપાય જ્ઞાન, યોગ અને ભક્તિ છે	૭૭૭
	સંયમ નહિ કરી શકે તે માટે ભક્તિમાર્ગનું આચરણ	૭૭૮
	જીવની સત્ત્વાદિ શ્રદ્ધાઓ સ્વભાવતઃ જ હોય છે	૭૭૮
	પુરુષ જેવી જેવી શ્રદ્ધાવડે યુક્ત થાય તેવો બને છે	૭૭૯
	પુરુષ નામ પાડવાનું કારણ	૭૮૦
	આ કલ્પમાં મનુષ્ય યોનિમાં જન્મેલા જીવજાતિના ભેદો	૭૮૦
	એક કલ્પમાં જ મોક્ષ થનારી જીવજાતિઓના ભેદો	૭૮૦
	બીજા કલ્પમાં મોક્ષ થનારી જીવજાતિના ભેદો	૭૮૧
	અનેક કલ્પમાં પણ મોક્ષ નહિ પામનારા જીવો	૭૮૧
	પુરુષ પોતે પોતાના હાથે વિનાશ કિંવા ઉદ્ધાર કેવી રીતે કરે ?	૭૮૧
	દૈવી નિશ્ચયમાં શ્રદ્ધાવશાત્ પડતા ત્રણ ભેદો	૭૮૨
	અશાસ્ત્રીય તપ કરનારા આસુરી નિશ્ચયવાળાઓ	૭૮૨
	આહાર, યજ્ઞ, તપ અને દાનમાં પણ ત્રણ ત્રણ પ્રકારો છે	૭૮૩
	સાત્ત્વિકનો પ્રિય આહાર	૭૮૩
	રાજસનો પ્રિય આહાર	૭૮૩
	તામસનો પ્રિય આહાર	૭૮૩
	આધિ વ્યાધિનું મૂળ કારણ	૭૮૪
	આધિ વ્યાધિ ઉત્પન્ન થવાનાં કારણોની ચિકિત્સા	૭૮૪
	વ્યાધિના પ્રકારો અને તેના નાશના રામબાણ ઉપાયો	૭૮૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	આધિમાંથી વ્યાધિ શી રીતે ઉત્પન્ન થાય ?	૭૮૫
	મંત્રો વડે થતો વ્યાધિનો નાશ	૭૮૫
	સાત્ત્વિક યજ્ઞ	૭૮૬
	રાજસ યજ્ઞ	૭૮૬
	તામસ યજ્ઞ	૭૮૬
	શારીરિક તપ	૭૮૭
	મૂર્તિનું પૂજન શ્રેષ્ઠ કે મનુષ્યનું ?	૭૮૭
	વિષયો તો વિષ્ટા ખાનારને પણ મળે છે	૭૮૭
	કેવા ગુરુ પૂજનીય છે ?	૭૮૮
	દ્વિજ કોણ ?	૭૮૮
	વાઙ્મય તપ	૭૮૮
	માનસ તપ	૭૮૯
	સાત્ત્વિક તપ	૭૯૦
	રાજસ તપ	૭૯૦
	તામસ તપ	૭૯૦
	સાત્ત્વિક દાન	૭૯૦
	રાજસ દાન	૭૯૧
	તામસ દાન	૭૯૧
	ત્યાજ્ય અને ગ્રાહ્ય એ કલ્પના શા માટે ?	૭૯૨
	સન્યાસીએ પ્રવૃત્તિમાં પડવું તે વમનનું ભક્ષણ કરવા સમાન કેમ ?	૭૯૨
	સર્વ પદાર્થો સરખા જ છે	૭૯૩
	ગુણદોષોનું શોધન	૭૯૩
	દેશશુદ્ધિ	૭૯૩
	કાળશુદ્ધિ	૭૯૪
	દ્રવ્યશુદ્ધિ	૭૯૪
	દેશ અને અવસ્થાને આધારે થતી દ્રવ્યશુદ્ધિ	૭૯૪
	કર્તા, કર્મ અને મંત્રની શુદ્ધિ	૭૯૫
	ગુણદોષો વ્યવહારસિદ્ધને માટે છે	૭૯૫
	ॐ તત્ સત્	૭૯૫
	ॐ તત્ સત્ તથા બ્રહ્મા, વેદ અને યજ્ઞો	૭૯૬
	દરેક ક્રિયાના આરંભમાં ॐ ઉચ્ચાર શા માટે કરવો ?	૭૯૭
	તત્ વડે થતી સર્વ ક્રિયાઓ	૭૯૭
	સત્ શબ્દની યોજના	૭૯૮
	તે 'સત્' એમ કહેવાય છે	૭૯૯
	શ્રદ્ધા વિનાનું સર્વ અસત્ છે	૭૯૯
૧૦	અધ્યાય ૧૮ (૮૦૦ થી ૯૦૨)	
	અર્જુનની નિર્વિકલ્પતા	૮૦૦
	સંન્યાસ અને ત્યાગનું તત્ત્વ કહો	૮૦૧
	ન્યાસ એટલે શું ?	૮૦૧
	આ જ ખરો સંન્યાસ	૮૦૧
	વિષયભોગોમાં જાવિ મહાન દુઃખોનાં બીજ છે.	૮૦૨
	સંન્યાસનો મૂળ કિંવા અંતિમ હેતુ	૮૦૩
	ધર્મના મુખ્ય ત્રીસ લક્ષણો	૮૦૪
	બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની ઉપજીવિકાઓ	૮૦૪
	બ્રાહ્મણાદિનાં લક્ષણો	૮૦૫
	અંત્યજોની ઉત્પત્તિ.	૮૦૬
	શુદ્ધ સંતતિ નિર્માણ કરવાની જરૂર	૮૦૬
	કામ્ય કર્મો કરતાં અંતે કંટાળો ઉપજે છે	૮૦૬
	બ્રાહ્મણાદિ વિભાગો લક્ષણો વડે જ મુખ્ય છે	૮૦૭
	બ્રહ્મચારીના નિયમો	૮૦૭
	ચારે આશ્રમોને માટે સર્વ સામાન્ય નિયમો	૮૦૮
	વાનપ્રસ્થના નિયમો	૮૦૮
	સંન્યાસીના ધર્મો (નિયમો)	૮૦૮
	ગૃહસ્થ ધર્મમાં રહેવા છતાં સંન્યાસી	૮૦૯
	કામ્યકર્મોનો ન્યાસ કોને કહેવો ?	૮૧૧
	કર્મફળત્યાગ	૮૧૧
	હું એવી કોઈ વસ્તુ નથી તે જ ત્યાગ	૮૧૧
	આ જ ખરો કર્મત્યાગ	૮૧૨
	ખરા કર્મત્યાગ વડે મળતી શાંતિ	૮૧૩
	સંન્યાસને માટે અસમર્થ કોણ ?	૮૧૩
	સંન્યાસ અને ત્યાગની વચ્ચે અંતર	૮૧૪
	સંન્યાસ અને ત્યાગ	૮૧૫
	કર્મો કરવાં કે નહિ કરવાં	૮૧૬
	મોક્ષનું સાધન કર્મ કે જ્ઞાન ?	૮૧૬
	કર્મથી ચિત્તની શુદ્ધિ થાય છે	૮૧૬
	ત્યાગ ત્રણ પ્રકારનો છે	૮૧૭
	યજ્ઞ, દાન, તપરૂપ કર્મો કેમ કરવાં ?	૮૧૭
	યજ્ઞાદિ કર્મો સંગ અને ફલેચ્છારહિત કરવાં	૮૧૮
	તામસ ત્યાગ	૮૧૮
	રાજસ ત્યાગ	૮૧૯
	સાત્ત્વિક ત્યાગ	૮૧૯
	ખરો ત્યાગી તો જીવન્મુક્ત જ છે	૮૨૦
	રાજ્ય, સ્ત્રી, પુત્ર, ધનાદિનો ત્યાગ ખરો ત્યાગ છે કે ?	૮૨૦
	હું રૂપ ચિત્તનો ત્યાગ તે જ ખરો ત્યાગ છે	૮૨૧
	તે જ ખરો ત્યાગ કહેવાય	૮૨૨
	નેત્ર ઉઘાડવાસ કરતાં પણ હુંનો ત્યાગ સહેલો છે	૮૨૨
	સંન્યાસ કિંવા ત્યાગનો મૂળ ઉદ્દેશ સમજવાની જરૂર છે	૮૨૩

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	દેહાભિમાનીઓથી નિઃશેષ કર્મત્યાગ અશક્ય છે	૮૨૩
	દેહ હોય ત્યાં સુધી પ્રારબ્ધ ઓળંગી શકાય નહિ	૮૨૪
	કર્મનું બીજ અને કર્મફળ કોને કહેવું	૮૨૫
	જીવાત્માને ભયભીત થવાનું કારણ	૮૨૬
	સમૂળગો ત્યાગ કેમ શક્ય નથી ?	૮૨૭
	કર્મમાર્ગનો ઉપદેશ ત્યાજ્ય કેમ ?	૮૨૭
	ઇષ્ટ, અનિષ્ટ અને મિશ્ર કર્મફળો કોને ભોગવવાં પડે છે ?	૮૨૮
	કર્મ થવાનાં મુખ્ય પાંચ કારણો છે	૮૨૯
	પાંચ કારણતત્ત્વોની ઉત્પત્તિ	૮૨૯
	કાયા, વાચા અને મન વડે થતાં કર્મોમાં આ હેતુરૂપ છે	૮૩૦
	આત્માને કર્તા દેખે તે આંધળો જ જાણવો	૮૩૦
	સર્વ લોકોને હણીને પણ કોણ હણાતો નથી ?	૮૩૧
	અજ્ઞાની અને જ્ઞાનીની ક્રિયાઓમાં ભેદ શો ?	૮૩૨
	ત્રિવિધઃ કર્મસંગ્રહ :	૮૩૩
	જ્ઞાન, કર્મ અને કર્તામાં પડતા ત્રણ ભેદો	૮૩૪
	સાત્ત્વિક જ્ઞાન	૮૩૪
	રાજસ જ્ઞાન	૮૩૪
	તામસ જ્ઞાન	૮૩૪
	સાત્ત્વિક કર્મ	૮૩૫
	રાજસ કર્મ	૮૩૫
	તામસ કર્મ	૮૩૫
	સાત્ત્વિક કર્તા	૮૩૬
	રાજસ કર્તા	૮૩૬
	તામસ કર્તા	૮૩૬
	કર્મ અને કર્તા બંને અભિન્ન છે	૮૩૭
	અજ્ઞાનીઓને માટે પ્રમાણ	૮૩૭
	માત્સ્યન્યાય કોને કહે છે ?	૮૩૮
	ચિત્તમાં હુરૂપે સ્ફુરણ થયું એ જ કર્મ કહેવાય	૮૩૮
	ઈક્ષણશક્તિ કિંવા મન	૮૩૯
	પ્રકૃતિ વડે સત્માં અસત્પણું ભાસે છે	૮૩૯
	હુંપદનો વિલય કરી અનુભવ લેવો એ જ પ્રમાણ છે	૮૪૦
	સર્વમતવાદીઓની નિરર્થકતા કિંવા એકવાક્યતા	૮૪૧
	પ્રકૃતિ વડે બુદ્ધિ અને ધૃતિમાં પણ ત્રણ ત્રણ ભેદો પડે છે	૮૪૨
	સાત્ત્વિકી બુદ્ધિ	૮૪૨
	રાજસી બુદ્ધિ	૮૪૩
	તામસી બુદ્ધિ	૮૪૩
	સાત્ત્વિક ધૃતિ	૮૪૩
	રાજસી ધૃતિ	૮૪૪
	તામસી ધૃતિ	૮૪૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	સુખના પ્રકારો	૮૪૪
	સાત્ત્વિક સુખ	૮૪૪
	રાજસ સુખ	૮૪૫
	તામસ સુખ	૮૪૫
	નિયતિ (પ્રારબ્ધ)ની નિશ્ચિતતા	૮૪૫
	આત્મામાં નિયતિની ગંધ પણ નથી	૮૪૬
	વર્ણાશ્રમાદિ ધર્મો નિયતિએ જ નિશ્ચિત કરેલા છે	૮૪૭
	બ્રાહ્મણનાં કર્મો	૮૪૭
	ક્ષત્રિય કર્મો	૮૪૮
	વૈશ્ય અને શૂદ્રનાં કર્મો	૮૪૮
	સ્વકર્મનિરત સિદ્ધિને પામે છે	૮૪૮
	યુગ અને વર્ણાશ્રમ તથા સર્વસામાન્ય ધર્મો	૮૪૯
	પોતાના નિયત કર્મ વડે થતી આત્મસિદ્ધિની પ્રાપ્તિ	૮૫૦
	બુદ્ધિસ્વાતંત્र्यનો થતો દુરુપયોગ	૮૫૦
	સ્વભાવનિયત કર્મ શ્રેષ્ઠ કેમ ?	૮૫૧
	પરધર્મમાંથી સ્વધર્મમાં આવવાથી પાપ લાગે છે કે ?	૮૫૨
	સ્વધર્મ અને પરધર્મ	૮૫૨
	સહજકર્મનો ત્યાગ કદી પણ કરવો નહિ	૮૫૩
	વિદ્વત્ સંન્યાસ	૮૫૪
	નૈષ્કર્મ્ય સિદ્ધિ તે આ જ	૮૫૪
	જ્ઞાનનિષ્ઠાનો અભ્યાસ	૮૫૫
	આત્માને કેવી રીતે નિયમનમાં લેવો	૮૫૫
	બ્રહ્મસાક્ષાત્કારની યોગ્યતા	૮૫૫
	તે જ બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય છે	૮૫૬
	મારી પરાભક્તિની પ્રાપ્તિ	૮૫૬
	હું વાચ્યાર્થ કિંવા લક્ષ્યાર્થ વડે જાણી શકાતો નથી	૮૫૭
	મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ કેમ થતી નથી ?	૮૫૭
	મારા શાશ્વત અને અવ્યય એવા પદની પ્રાપ્તિ	૮૫૮
	જોયો આ મોહનો મહિમા !	૮૫૯
	કર્મ કરવા છતાં પણ અસંગપણું	૮૫૯
	મારામાં હું, મારું ઇત્યાદિ ભાવો કદી છે જ નહિ	૮૬૦
	બુદ્ધિયોગનો આશ્રય કર	૮૬૦
	અહંમ્ નાશથી થતી પરમાત્મપ્રાપ્તિ	૮૬૧
	શું ભગવાને અર્જુનને યુદ્ધમાં પ્રેરવાને માટે ઉપદેશ આપ્યો છે !	૮૬૧
	અજ્ઞાનીઓને માટે દૃશ્ય અને જ્ઞાનીને માટે આત્મા	૮૬૩
	આ બધું નિયતિના તંત્ર વડે ચાલે છે	૮૬૩
	જાણવા છતાં પુરુષાર્થ નહિ કરનારની મૂઢતા	૮૬૪
	બધું નિશ્ચિત જ હોય તો પછી શાસ્ત્રોની શી જરૂર ?	૮૬૫

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	તને યુદ્ધનીતિ કેમ નહિ સમજવી ?	૮૬૬
	તું યુદ્ધ કરીશ જ	૮૬૭
	અવશ થઈને પણ તારે યુદ્ધ તો કરવું જ પડશે	૮૬૭
	આ સઘળું યંત્રવત્ ચાલી રહ્યું છે	૮૬૭
	આ બધાં દેવનાં રમકડાં છે	૮૬૮
	પરાધીન બીજાનું રક્ષણ શી રીતે કરે ?	૮૬૮
	ઈશ્વરની કૃપા વિનાના સર્વ ઉપાયો નકામા છે	૮૬૯
	પ્રકૃત્યર્થને જ પુરુષાર્થ માનનારા મૂઢ છે	૮૬૯
	મારા શાશ્વત સ્થાનની પ્રાપ્તિ	૮૬૯
	હે અર્જુન ! તને યોગ્ય લાગે એમ કર	૮૭૦
	ફરીથી પણ ગુહ્યમાં ગુહ્ય રહસ્ય કહું છું	૮૭૦
	મને પ્રિય કોણ ? તે સત્ય પ્રતિજ્ઞાથી કહું છું	૮૭૦
	કૃષ્ણ એટલે કોણ ?	૮૭૧
	આત્મા સંબંધી વાદોનો નિર્ણય	૮૭૧
	મારા સ્વરૂપનો નિશ્ચય સાંભળ	૮૭૨
	મારું સ્વરૂપ અસંગ કેમ ?	૮૭૩
	મારી પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી	૮૭૩
	સર્વ ધર્મોને છોડી મારું જ શરણ લે	૮૭૪
	આ જ્ઞાનમાં નાલાયક કોણ ?	૮૭૪
	જ્ઞાનમાં નાલાયક કોણ ?	૮૭૫
	મારા ઉપર ખરી પ્રતિવાળો કોણ ?	૮૭૫
	આ જ મારું ખરું પૂજન	૮૭૬
	આ જ્ઞાન સાંભળનારની થતી ગતિ	૮૭૬
	તને વારંવાર પુનઃ પુનરુક્તિ કેમ કહી ?	૮૭૬
	આ શાસ્ત્ર આત્મજ્ઞાન કરાવી આપે છે	૮૭૭
	મૂઢ પણ સાક્ષાત્કાર કરી શકે છે	૮૭૭
	હે ધનંજય ! તારો મોહ નષ્ટ થયો કે ?	૮૭૭
	મારો મોહ નષ્ટ થયો છે	૮૭૮
	મારી સર્વ હૃદયગ્રંથીઓ ભેદાઈ ગઈ છે	૮૭૮
	સ્વસ્વરૂપની ઓળખ નહિ થવાથી થનારી મિથ્યાભ્રાંતિ	૮૭૯
	ભ્રાંતિની સત્તા કેવી હશે ?	૮૮૦
	પ્રતીતિ કિંવા અપ્રતીતિ બંને નથી	૮૮૦
	આપણું પરમ સ્વરૂપ જ બધે ભાસે છે	૮૮૧
	આપણું આત્મસ્વરૂપ મને સમજાયું	૮૮૧
	આ દેહની ઈંદ્રિયો ભલે કર્મમાં પ્રવૃત્ત થાય	૮૮૨

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
	करिष्ये वचनं तव	૮૮૨
	આ કૃષ્ણાર્જુન સંવાદ હું સાંભળતો હતો	૮૮૩
	મેં યોગેશ્વરના મુખેથી સાંભળેલો સંવાદ	૮૮૩
	ગુરુ કે ભટકારો !	૮૮૩
	સદ્‌ગુરુ તો તે બધાથી જુદો જ છે	૮૮૪
	જીવન્મુક્ત સદ્‌ગુરુનાં લક્ષણો	૮૮૫
	સત્ શિષ્યના લક્ષણો	૮૮૫
	બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુને આત્માર્પણ કરવું જોઈએ	૮૮૫
	સંવાદ અને રૂપનું મને વારંવાર સ્મરણ થાય છે	૮૮૬
	यत्र योगेश्वरः कृष्णः	૮૮૬
	સાચો ન્યાયદાતા	૮૮૭
	યમરાજનું તપ	૮૮૮
	શ્રીકૃષ્ણ અને અર્જુન કોણ ?	૮૮૯
	શ્રીકૃષ્ણ અર્જુનને બોધ કેમ કરશે ?	૮૮૯
	મારા વાઙ્મયવાહની પૂર્ણાહુતિ	૮૮૯
	ભગવાનનું મંતવ્ય	૮૯૦
	મહર્ષિ વસિષ્ઠ વિશ્વામિત્રાદિનાં મંતવ્યો	૮૯૧
	મોટેરાઓનો વિવેકાત્મક આશીર્વાદ	૮૯૨
	ઈશ્વરસ્ફુરિત સંદેશની પૂર્ણતા	૮૯૩
	મારી ભિક્ષા	૮૯૪
	મારો વારસો	૮૯૪
	ધ્યેયપ્રાપ્તિની યુક્તિ	૮૯૪
	મુંઝવણ મટાડવાનો ઉપાય	૮૯૬
	દો બધા	૮૯૭
	જીવનનું અંતિમ ધ્યેય શું ?	૮૯૮
	અહંકારનો વિલય એ જ ધ્યેયસિદ્ધિ	૯૦૦
	આત્મપ્રાપ્તિ પ્રામાણિક પ્રયત્ન માગે છે	૯૦૧
	મહર્ષિવર્યના કાર્યસિદ્ધાંતો	૯૦૨
	હિતોપદેશ	૯૦૩–૯૦૮
	શ્રીગીતામાહાત્મ્ય	૯૧૦–૯૧૨
	અભિપ્રાયો	૯૧૩–૯૧૮
	શ્લોકસૂચિ	૯૧૯–૯૨૮
	શબ્દાનુક્રમણિકા	૯૨૯–૯૪૧
	श्रीविज्ञाननौकास्तोत्र	૯૪૬
	કૃષ્ણાત્મજવાઙ્મુખાનાં પ્રકાશનો	૯૪૮
	ષટ્‌દર્શનસાર પત્રક	અ ૯૮–અ ૯૯
	माण्डूक्योपनिषद्	ટાઈટલ પૃષ્ઠ ૩ ને ૪

ॐ तत्सत्

ગીતાદોહન પ્રસિદ્ધીકરણનો સમારંભ*

ગીતાદોહન—અપૂર્વ એવા આ મહાભારત ગ્રંથના પ્રસિદ્ધીકરણનો સુયોગ આવ્યો એટલે તેનો પ્રાકટય-સમારંભ કરવા સંબંધમાં મહર્ષિવર્યજીને પૂછતાં તેઓશ્રીએ જણાવ્યું કે આધ્યાત્મિક ગ્રંથોનું પ્રાકટય પણ આધ્યાત્મિક રીતિએ જ થવું જોઈએ, તેથી વૈશાખ શુદી ૩ (અક્ષય તૃતીયા) શનિવાર, શકે ૧૮૬૮ (ઈ. સ. તા. ૪-૫-૪૬)ને શુભ મુહૂર્તે જ્યાં આગળ એ લખાયું હતું, તે સુરત મધ્યે આવેલા સૂર્યસદન નામના સ્થળે પ્રાતઃકાળથી સાયંકાળ સુધી સતત " ૐ ધ્વનિ અને શ્રીગીતાજીનો અખંડ પાઠ " થયાં હતાં. એ સમારંભ સવા હજાર દીપકો સાથે શ્રીજીની આજ્ઞાનુસાર યોજવામાં આવ્યો હતો. તેમાં મુંબઈ, ગોંડળ, અમદાવાદ વગેરે સ્થળસ્થળના લોકોએ ભાગ લીધો હતો. ઘણાઓ તરફથી સહાનુભૂતિના સંદેશાઓ આવ્યા હતા. તેમાં સર ચુનીલાલ વી. મહેતા, શ્રી જયંતીલાલ કલ્યાણરાય ઠાકોર મુંબઈ, શ્રી જેશંકર મોરારજી પંડયા, જૂનાગઢ રેલ્વે મેનેજર વગેરે મુખ્ય હતા. રાતે ૯ વાગે ઘી સંદેશ લીમીટેડ તરફથી શ્રી રતિલાલ મનસુખરામ પટેલ (અમદાવાદ), શ્રીકૃષ્ણોત્તમજ વાક્સુધા પ્રકાશન અને સલાહકાર સમિતિના પ્રમુખ શ્રી ના. ખં. દેસાઈ (મુંબઈ), અમદાવાદ યોગાશ્રમના સંચાલક શ્રી મનુવર્યજી તેમજ ડૉ. રણજીતરાય ભટ્ટ (સૂરત) એમણે પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં. શ્રી દયાશંકર શુકલ (સૂરત) એમણે શ્રી ગીતાદોહનમાંથી કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો હતો. પશ્ચાત્ મહર્ષિવર્યે પ્રસંગવશાત્ અતિ મનનીય વિવેચન કર્યું હતું. બીજે દિવસે મંત્રોનો હવનવિધિ થયો હતો.

પુસ્તક પ્રાકટયની આ નવિન પદ્ધતિ અને એ પ્રસંગે અપૂર્વતાનો લાભ જેઓએ પ્રત્યક્ષ લીધો છે તેઓ જ તેની યથાર્થ કલ્પના કરી શકે. અન્યોને સાથે આપેલા ચિત્ર ઉપરથી કંઈક અંશે તેની કલ્પના આવી શકે. ગીતાદોહનની જેમ તેના પ્રસિદ્ધીકરણનો આ સમારંભ પણ અપૂર્વ હોઈ દર્શનેચ્છુઓને જોતાવેંત ક્ષણભર દેહભાવ વિસારી દે એવો હતો. આ પ્રસંગે ૧૨૫૦ દીપોની દીપમાળા પ્રગટાવેલી હતી.



* ગીતાદોહન કાર્ય અંગે શ્રીજીનો નિવાસ થોડા સમય માટે પંચવટીમાં થયો હતો. આ વખતે ગીતાદોહન આ સ્થળે પ્રગટ થવાનો સંભવ હતો. બાદ શ્રીજીનો નિવાસ સૂરતમાં થવાથી ગીતાદોહન સૂરત મુકામે પ્રગટ થયું હતું.

॥ ॐ तत्सत् ॥

श्रीगीतादोहन वा तत्त्वार्थदीपिका





सुरत मुकामे परम पूज्य ब्रह्मनिष्ठ महर्षिवर्य श्रीकृष्णात्मजजी महाराजश्रीनी सान्निध्यमां अक्षयतृतीया (सं. २००२) ना दिवसे उजवायेला श्री गीतादोहनप्राकटयमहोत्सव प्रसंगनां बे भक्तिभावभर्या अपूर्व द्रष्यो

ષટ્દર્શન સાર દર્શક પત્રક

વિષય	પૂર્વમીમાંસા	ઉત્તરમીમાંસા (વેદાન્ત)	ન્યાય	વૈશેષિક	સાંખ્ય	યોગ
જગત્	સ્વરૂપથી અનાદિ, અનંત, પ્રવાહરૂપ, સંયોગવિયોગવાળું.	નામરૂપ ક્રિયાવાળું, માયાનું પરિણામ, ચેતનનું વિવર્ત.	પરમાણુ આરંભિત સંયોગવિયોગજન્ય આકૃતિવિશેષ	પરમાણુ આરંભિત, સંયોગવિયોગજન્ય, આકૃતિવિશેષ	પ્રકૃતિનું પરિણામ, ત્રેવીસ તત્ત્વોવાળું	પ્રકૃતિનું પરિણામ, ત્રેવીસ તત્ત્વોવાળું
જગતનું કારણ	જીવોનું અદૃષ્ટ અને પરમાણુ.	અભિન્નનિમિત્તોપાદાન ઈશ્વર.	પરમાણુ ઈશ્વરાદિ નવ	પરમાણુ ઈશ્વરાદિ નવ	ત્રિગુણાત્મક પ્રકૃત	કર્માનુસાર પ્રકૃતિ અને તેનો નિયામક ઈશ્વર
ઈશ્વર	•	માયાવિશિષ્ટ ચેતન.	નિત્ય ઇચ્છાજ્ઞાનાદિ ગુણવાળા, વિભુ, કર્તાવિશેષ.	નિત્ય ઇચ્છાજ્ઞાનાદિ ગુણવાળા વિભુ, કર્તાવિશેષ.	•	ક્લેશ કર્મ વિપાક આશય અસંબદ્ધ પુરુષવિશેષ.
જીવ	જડચેતનાત્મક, વિભુ, નાના, કર્તા, ભોક્તા.	અવિદ્યાવિશિષ્ટ ચેતન	જ્ઞાનાદિ ચૌદ ગુણવાળો કર્તા, ભોક્તા, જડ, વિભુ, અનેક	જ્ઞાનાદિ ચૌદ ગુણવાળો કર્તા, ભોક્તા, જડ, વિભુ, અનેક.	અસંગ, ચેતન, વિભુ, અનેક, ભોક્તા	અસંગ ચેતન, વિભુ અનેક, કર્તા, ભોક્તા
બંધનો હેતુ	નિષિદ્ધ કર્મ.	અવિદ્યા	અજ્ઞાન	અજ્ઞાન	અવિવેક.	અવિવેક
બંધ	નરકાદિ દુઃખસંબંધ.	અવિદ્યાતત્કાર્ય	એકવીસ પ્રકારનાં દુઃખ	એકવીસ પ્રકારનાં દુઃખ	આધ્યાત્મિક ત્રિવિધ દુઃખ.	પ્રકૃતિ પુરુષ સંયોગ-જન્ય અવિદ્યાદિ પાંચ ક્લેશ
મોક્ષ	સ્વર્ગપ્રાપ્તિ	અવિદ્યા અને તેના કાર્યનો નિવૃત્તિ સહિત પરમાનંદરૂપ બ્રહ્મપ્રાપ્તિ	એકવીસ પ્રકારનાં દુઃખોનો ધ્વંસ.	એકવીસ પ્રકારનાં દુઃખોનો ધ્વંસ.	ત્રિવિધ દુઃખનો ધ્વંસ	પ્રકૃતિ પુરુષ સંયોગના અભાવપૂર્વક અવિદ્યાદિ પાંચ ક્લેશોની નિવૃત્તિ

મોક્ષસાધન	વેદવિહિત કર્મ	બ્રહ્માત્મકયજ્ઞાન	ઇતરભિન્નાત્મજ્ઞાન	ઇતરભિન્નાત્મ જ્ઞાન	પ્રકૃતિપુરુષ વિવેક	નિર્વિકલ્પ સમાધિપૂર્વક વિવેક
અધિકારી	કર્મફળમાં આસક્તીવાન્	મલવિક્ષેપદોષ રાહિત ચતુષ્ટય સાધનસંપન્ન.	દુઃખજિહાસુ (દુઃખને ત્યાગ કરવાની ઇચ્છાવાળો) કુતર્કી	દુઃખજિહાસુ (દુઃખનો ત્યાગ કરવાની ઇચ્છાવાળો) કુતર્કી	સંદિગ્ધ વિરક્ત	વિક્ષિપ્ત ચિત્તવાળો
પ્રકટકર્તા આચાર્ય	જૈમિની	વેદવ્યાસ	ગૌતમ	કણાદ	કપિલ	પંતજલિ
પ્રધાનકાંડ	કર્મકાંડ	જ્ઞાનકાંડ	જ્ઞાનકાંડ	જ્ઞાનકાંડ	જ્ઞાનકાંડ	ઉપાસનાકાંડ
વાદ	આરંભવાદ	વિવર્તવાદ	આરંભવાદ	આરંભવાદ	પરિણામવાદ	પરિણામવાદ
આત્મપરિમાણુ-સંખ્યા	વિભુ, અનેક	વિભુ, એક	વિભુ, અનેક	વિભુ, અનેક	વિભુ, અનેક	વિભુ, અનેક
પ્રમાણ	૭. (૬)	૭. (૬)	પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ (૪)	પ્રત્યક્ષ, અનુમાન (૨)	પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, (૩)	પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, (૩)
ખ્યાતિ	અખ્યાતિ	અનિર્વચનીય	અન્યથા	અન્યથા	અખ્યાતિ	અખ્યાતિ
સત્તા	જીવ જગત પરમાર્થસત્તા	પરમાર્થરૂપાત્મક સત્તા વ્યાવહારિક અને પ્રાતિભાસિક જગતસત્તા	જીવ જગત્ પરમાર્થ સત્તા	જીવ જગત પરમાર્થ સત્તા	જીવ જગત પરમાર્થ સત્તા	જીવ જગત પરમાર્થ સત્તા
ઉપયોગ	ચિત્તશુદ્ધિ	તત્ત્વજ્ઞાનપૂર્વક મોક્ષ	મનન	મનન	'ત્વમ્' પદાર્થ શોધન	ચિત્તૈકાગ્ર્ય

૨વામીશ્રી પિતાંબરદાસજીકૃત "વિચારસાગર"માંથી સાભાર ઉધ્ધૃત.

॥ ॐ तत्सत् ॥
॥ परमात्मने नमः ॥

अथ
ॐ महर्षिवर्य श्रीकृष्णात्मजप्रणीत

श्री गी ता दो ह न

वा

तत्त्वार्थदीपिका

उपासनाकाण्ड

वँशीविभूषितकारान्नवनीरदाभात्पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात्कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥

। ॐ तत्सत्परमात्मने नमः ।

ॐ विश्वानि देव सवितर्दुरितानि परासुव । यद्भद्रं तन्न आसुव ॥

ગીતાદોહન

વા

તત્ત્વાર્થદીપિકા

—परमात्मस्वरूपचिन्तनम्—

ॐ श्रीगणेशाय श्रीसिद्धिविनायकस्वरूपाय नमः । ॐ श्रीसरस्वत्यै नमः । ॐ श्रीपरब्रह्मपरमात्मने नमः । ॐ श्रीसच्चिदानन्दस्वरूपाय शिवाय नमः । ॐ श्रीसद्गुरुभ्यो नमो नमः ॥

अथ श्रीमत्कृष्णात्मजविरचितायां श्रीकृष्णात्मजवाक्सुधायां गुर्जरभाषायां श्रीवेदान्तशास्त्रविज्ञान-रहस्यदर्शकं 'गीतादोहन' वा 'तत्त्वार्थदीपिका' नाम षष्ठं प्रकाशनं प्रारभ्यते ।

शान्तिपाठ : ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजस्विना वधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

महावाक्य : ॐ प्रज्ञानं ब्रह्म । ॐ अहं ब्रह्मास्मि । ॐ तत्त्वमसि । ॐ अयमात्मा ब्रह्म ॥

ॐ : ॐ सर्वे वेदा यत्पदमामनन्ति तपा ँसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पद ँसङ्ग्रहेण ब्रवीम्योमित्येतत् ॥ १ ॥

ब्रह्म : नमस्ते सते ते जगत्कारणाय नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥ २ ॥

गणेश : यं ब्रह्म वेदान्तविदो वदन्ति परं प्रधानं पुरुषं तथाऽन्ये ।
विश्वोद्गतेः कारणमीश्वरं वा तस्मै नमो विघ्नविनाशनाय ॥ ३ ॥

सरस्वती : या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर्देवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ॥ ४ ॥

गीता : यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै-
र्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥ ५ ॥

विष्णु : शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥ ६ ॥

शिव : ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचन्द्रावतंसं
रत्नाकल्पोज्ज्वलाङ्गं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ।
पद्मासीनं समन्तात् स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानं
विश्वाद्यं विश्ववन्द्यं निखिलभयहरं पञ्चवक्त्रं त्रिनेत्रम् ॥ ७ ॥

सूर्य : ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती
नारायणः सरसिजासनसन्निविष्टः ।
केयूरवान्मकरकुण्डलवान्किरीटी
हारी हिरण्मयवपुर्धृतशङ्खचक्रः ॥ ८ ॥

सद्गुरु : ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥ ९ ॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात्परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥ १० ॥

विराट्पुरुष : नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटीयुगधारिणे नमः ॥ ११ ॥

गुरुभक्ति : यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ १२ ॥

क्षमा : करचरणकृतं वाक्कायजं कर्मजं वा
श्रवणनयनजं वा मानसं वाऽपराधम् ।
विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व
जय जय करुणाब्धे श्रीमहादेव शम्भो ॥ १३ ॥

ईशगुणवर्णनम् : असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥ १४ ॥

ईशकृपा : मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥ १५ ॥

अवधूतदशा : मौने मौनी गुणिनि गुणवान् पण्डिते पण्डितश्च
दीने दीनः सुखिनि सुखवान् भोगिनि प्राप्तभोगः ।
मूर्खे मूर्खो युवतिषु युवा वाग्मिनि प्रौढवाग्मी
धन्यः कोऽपि त्रिभुवनजयी योऽवधूतेऽवधूतः ॥ १६ ॥

ॐ भद्रं नो अपि वातय मनः ।

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

अथ समयातीते गतकलिसौरवर्षे ५०४६ शेषकलौ ४२६९५४ । स्वस्ति श्रीमन्नृपशालिवाहनशके १८६७ पार्थिवनामस॰वत्सरे तथा च विक्रमार्कस॰वत् २००१ उदगयने वसन्तर्तौ शुभे अश्विनीमेषेऽर्के पुण्यमये निजचैत्रमासे सिते पक्षे प्रतिपदायां तिथौ भृगुवासरे आश्वनीनक्षत्रे विष्कम्भयोगे बवकरणे मेषस्थिते वर्तमाने चन्द्रे कन्यास्थिते देवगुरौ तद्दिने जम्बूद्वीपे भारतवर्षे भरतखण्डे दण्डकारण्ये गुर्जरदेशे महासूरवेत्रवत्यांतर्गत श्वभ्रमती-वा-साभ्रमतीतटे आशापल्ली-कर्णावतीx क्षेत्रे श्रीकृष्णात्मजविरचितभगवत्प्रासादिकस्य "गीतादोहन" वा "तत्त्वार्थदीपिका" नामकरणस्यास्य शुभकार्यारम्भ : —

अथ समयातीते गतकलिसौरवर्षे ५०४९ शेषकलौ ४२६९५१ । स्वस्ति श्रीमन्नृपशालिवाहनशके १८६९ सर्वजिन्नामस॰वत्सरे तथा च विक्रमार्कस॰वत् २००४ उदगयने शिशिरर्तौ शुभे श्रवणमकरेऽर्के पुण्यमये पौषमासे कृष्णे पक्षे द्वितीयायां तिथौ सौम्यवासरे मघानक्षत्रे सौरभयोगे गरकरणे सिंहस्थिते वर्तमाने चंद्रे वृश्चिकस्थिते देवगुरौ तद्दिने जम्बूद्वीपे भारतवर्षे भरतखण्डे दण्डकारण्ये गुर्जरदेशे महासूरवेत्रवत्यांतर्गत श्वभ्रमती-वा-साभ्रमतीतटे आशापल्ली-कर्णावती क्षेत्रे× श्रीकृष्णात्मजविरचितभगवत्प्रासादिकस्य "गीतादोहन" वा "तत्त्वार्थदीपिका" नामकरणस्यास्य द्वितीयावृत्तिशुभकार्यारंभः —

अथ समयातीते गतकलि सौरवर्षे ५०५१ शेषकलौ ४२६४९ । श्रीमन्नृपशालिवाहनशके १८७२ विकृतिनाम स॰वत्सरे तथा च विक्रमार्कसंवत् २००७ दक्षिणायने हेमन्तर्तौ शुभेऽनुराधा वृश्चिकेऽर्के पुण्यमये कार्तिकमासे सिते पक्षे पौर्णमास्यां तिथौ भृगुवासरे कृत्तिकानक्षत्रे परिघयोगे विष्टिकरणे वृषभस्थिते वर्तमाने चंद्रे कुंभस्थिते देवगुरौ तद्दिने जम्बूद्वीपे भारतवर्षे भरतखंडे दंडकारण्ये गुर्जरदेशे महासूरवेत्रवत्यांतर्गतश्वभ्रमती-वा-साभ्रमतीतटे आशापल्ली-कर्णावती× क्षेत्रे श्रीकृष्णात्मजविरचित भगवत्प्रासादिकस्य "गीतादोहन" वा "तत्त्वार्थदीपिका" नामकरणस्यास्य तृतीयावृत्तिशुभकार्यारंभः —

× शास्त्रमान्य એવી મહાસૂર (મહી) અને વેત્રવતી (વાત્રક) મહાનદીની અંતર્ગત આવેલી સાભ્રમતી કે જેને મૂળ સાભ્રમતી વા શ્વભ્રમતી કહે છે તે નદીને કાંઠે આવેલા ગુજરાતના પાટનગરસમા અમદાવાદ શહેરનાં આશાપલ્લી, કર્ણાવતી એ પ્રાચીન નામો છે.

ઉપાસનાકાણ્ડ

કિરણાંશ ૧

तावद्गर्जन्ति शास्त्राणि जम्बुका विपिने यथा। न गर्जति महाशक्तिर्यावद्वेदान्तकेसरी ॥

અરણ્યની અંદર શિયાળવાંઓ તો ત્યાં સુધી જ ગર્જના કરી શકે છે કે જ્યાં સુધી સિંહે ગર્જના કરી ન હોય, તેમ અન્ય શાસ્ત્રો પણ ત્યાં સુધી જ ગર્જી શકે છે કે જ્યાં સુધી મહાન સમર્થ એવા વેદાંતશાસ્ત્રરૂપ સિંહની ગર્જના થઈ નથી.

नानाशास्त्रं पठेल्लोको नानादैवतपूजनम्। आत्मज्ञानं विना पार्थ सर्वकर्मनिरर्थकम् ॥

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે હે પાર્થ! અનેક પ્રકારનાં શાસ્ત્રોનું પઠનપાઠન કરતા રહો કિંવા વિવિધ પ્રકારના દેવતાઓનાં પૂજનાદિ કર્યા કરો અથવા તો જગતમાં કર્તવ્યને નામે ચાલી રહેલાં ગમે તેટલાં કર્મો કરો; પરંતુ મનુષ્યને જ્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલું હોતું નથી, ત્યાં સુધીને માટે તે સર્વ કર્મો તદ્દન નિરર્થક છે એમ નિશ્ચિત સમજો.

પુસ્તકોનું વાચન કે નશો ?

સાંપ્રત કાળમાં "જ્ઞાન એટલે ગ્રંથવાચન" એવો અર્થ જ રૂઢ થયેલો સર્વત્ર જોવામાં આવે છે. તેનું કારણ છાપવાની કળાનો લાભ લઈ દ્રવ્યના બળવડે પોતપોતાના સાંપ્રદાયોનો પ્રચાર કરવાની તથા ઘણાં પુસ્તકો છાપીને જ્ઞાનને નામે પોતાનો દ્રવ્યરૂપી વેપાર વધારી લોકૈષણા મેળવવાની લોકોની મહત્ત્વાકાંક્ષા જ છે. આનું પરિણામ એ આવ્યું કે જ્ઞાનનો સાચો અર્થ લુપ્ત થવા પામ્યો અને લોકોને જ્ઞાન આપવાનો ઇજારો વેપારીવૃત્તિના લોકોના હાથમાં ગયો. તેઓના પ્રચારને લીધે આજકાલ લોકોની મનોવૃત્તિ એવા પ્રકારની થવા પામી છે કે વધુમાં વધુ પુસ્તકોનું વાચન કરનાર તથા પાશ્ચાત્ય પદ્ધત્યનુસારનાં પ્રમાણપત્રો મેળવનાર પોતે પોતાને મહાન જ્ઞાની હોવાનું સમજવા લાગ્યો. કોઈ કહે મેં સો પુસ્તકો વાંચ્યાં છે, તો કોઈ કહે મેં બસો, તો કોઈ પાંચસો, કોઈ હજાર, તો કોઈ કહે હું તો રાત દિવસ પુસ્તક કદી હાથમાંથી છોડતો જ નથી. આ પ્રકાર તો ઘણાં પુસ્તકો વાંચ્યાં એ જ જ્ઞાનનું લક્ષણ હોવાનું માનનારાઓનો થયો; પરંતુ જોઓ ઉપરછપકે તો, લોકોમાં જ્ઞાનનો પ્રચાર કરવાનો પોતાનો ઇજારો હોવાનું જણાવે છે, પણ મનમાં તો અનેકવિધ વિષયોની અને દ્રવ્યની લાલસા તથા લોકૈષણા મેળવવાનો હોય છે તેવાઓ તો, પરદેશમાં અમુક વિષયમાં હજારો પુસ્તકો છપાયાં છે, આપણો દેશ કુભાંગી છે કે આ વિષયમાં હજુ આપણે ઘણા પાછળ છીએ, વગેરે કારણો બતાવીને લોકોની મનોવૃત્તિને આ પ્રકારની કેવળ પુસ્તકવાચનરૂપી મૂર્ખતામાં ફેરવી નાંખે છે. કારણ દેખીતું જ છે કે નિત્ય નવાં નવાં પુસ્તકો કાઢી લોકોમાં તેનો ખપ તો થવો જોઈએ અને તેટલા માટે પુસ્તકો ખરીદતા જવાની તેઓની મનોવૃત્તિ બનાવવી જોઈએ ને! પરંતુ પુસ્તકના વાચનથી પોતે ખરેખર સુધર્યો કે અભિમાની બન્યા તેનો ક્યાસ તો વાચકોએ જ કરવો રહ્યો. ઉપર કહ્યા તેવાઓ દરેક પોતે પોતાને જ્ઞાની સમજે છે અને જાણે પોતે લોકોનું મહાન કલ્યાણ કરી રહ્યા ન હોય! એવા મિથ્યા અભિમાનમાં જ ગરક રહી બીજાઓને તુચ્છ સમજે છે. વળી એક વર્ગ એવા પ્રકારનો હોય છે કે બાલ્યપણથી વયોવૃદ્ધ થતાં સુધી નિત્યપ્રતિ દેવદેવતાઓના દર્શનાર્થે મંદિરોમાં જવું તથા ત્યાં જઈ પુરાણો, વ્યાખ્યાનો, કથાઓ, કીર્તનો સાંભળતા રહેવું અને કેટલાકો આજન્મ તે લોકોમાં સંભળાવતા રહેવાનો જ ઇજારો લઈને આવ્યા ન હોય! તેવા પ્રકારે વ્યાખ્યાનાદિ કરતા જોવામાં આવે છે. કેટલાકોને સંસ્થાઓ કાઢવાનો અને તેના મોટા મોટા આદરો બનાવી તે બહાને ઉત્સવો તેમ જ સમારંભાદિ ગોઠવી પોતાનું પ્રસિદ્ધિકરણ કરવાનો તથા ફંડફાળાઓ એકઠા કરવાનો નશો હોય છે. આ સિવાય કોઈને મહારાજ કહેવરાવવાની, તો કેટલાકોને પોતાને ત્યાં મહારાજ, સાધુઓ આવે છે, અમો ધાર્મિક છીએ ઇત્યાદિ કહેવરાવી ધાર્મિકતાની છાપ લોકોમાં બેસાડવાની તથા કોઈ કોઈને પૂજવાની અને પૂજાવાની,

વિવિધ સમારંભો કરવાની ઇત્યાદિ અનેક પ્રકારની વાસનાઓ હોય છે. સિવાય કેટલાકોને નિત્ય નવા નવા સાધુ મહાત્માઓ પાસે જવાનો નશો હોય છે. આ બધા પોતે જ્ઞાની હોવાનું અભિમાન ધારણ કરે છે; પરંતુ તેઓના કર્મોનો જો બારીકાઈથી વિચાર કરવામાં આવે તો વ્યવહારમાં અધમમાં અધમ ગણાતો મનુષ્ય પણ જે કર્મો કરતાં ડરે તેવાં કર્મો આચરતાં તેઓ સહેજ પણ અચકાતા નથી. કેમ કે તેમની એવી દૃઢ માન્યતા હોય છે કે અમો જ્ઞાની હોવાથી અમારે માટે જગતમાં પાપ જેવું કાંઈ છે જ નહિ. આ મિથ્યા અહંકારને લીધે તેઓ કામક્રોધાદિના પાશમાં ફસાઈ વિષયોના મોહમાં એટલા બધા જકડાઈ જવા પામેલા હોય છે કે પોતાના હાથે જ પોતા સહિત અન્યના વિનાશને નોતરી રહ્યા છે એનું તેઓને ભાન પણ હોતું નથી; એટલું જ નહિ પરંતુ આ તો એક પ્રકારનો નશો છે, એવું સમજી શકવાને પણ તેઓ શક્તિમાન હોતા નથી.

નશાને લીધે જગતની થતી અવનતિ

ધ્યેયને ભૂલેલા અને અનેક પ્રકારના નશાઓમાં સપડાઈ લોકકલ્યાણને નામે વિત્ત અને લોકૈષણાદિરૂપ પોતાનો આંતરિક સ્વાર્થ સાધવામાં ભ્રમિત બનેલા આવા નશાબાજ ગર્વીષ્ઠોને લીધે જગતમાંથી સત્યજ્ઞાનનો લોપ થવા પામ્યો છે, એટલું જ નહિ પરંતુ જગતમાં સર્વત્ર ઉન્નતિના નામે અવનતિનું સામ્રાજ્ય પ્રસરેલું છે. જગતમાં આપત્તિઓ આવવાનું મૂળ કારણ પણ એ જ છે; કેમ કે તેઓ આત્મોન્નતિરૂપ ધ્યેયને ચૂકેલા હોય છે. તેઓની લોકકલ્યાણને નામે ચાલતી આ માયાવી જાળ, લોકોને ફસાવી તેમની અજ્ઞાનતાનો લેવાય એટલો લાભ લઈ લોકોમાં વાહવાહ કહેવરાવવા ઉપરાંત અંદરખાને રહેલી વિષયવાસનાઓની તૃપ્તિના ઉદ્દેશથી જ પથરાએલી હોય છે. માટે આવા પ્રકારનો નશો જગતને હાનિકારક હોઈ તે પોતાનું પણ અધઃપતન કરાવે છે. તસ્માત્ લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણા ઇત્યાદિ એષણાઓ કે જેમાં જગતમાંની તમામ વિષયવાસનાઓની પ્રાપ્તિનો સમાવેશ થઈ જાય છે, તેનો આંતર્બાહ્ય ત્યાગ કરી બુદ્ધિને અત્યંત નિર્મળ બનાવવી જોઈએ. આ પ્રકારની શુદ્ધ નિર્મળ અને પવિત્ર બુદ્ધિ વડે જ આત્મોન્નતિરૂપ ઉચ્ચતર ધ્યેયની પ્રાપ્તિ થઈ શકે છે.

લખેલું વાંચનારો અધમ કેમ ?

આ રીતે જગતની અંદર વિષયી લોકોમાં અનેક પ્રકારના નશાઓ જોવામાં આવે છે. કોઈને દારૂનો, કોઈને અફીણ, ગાંજા કિંવા ભાંગનો, કોઈને ફરવાનો, કોઈને ખાવાનો, કોઈને સાંભળવાનો, કોઈને સંભળાવવાનો, કોઈને વાંચવાનો, કોઈને વંચાવવાનો, કોઈને વસ્ત્રનો, કોઈને સ્ત્રીપુત્રાદિકનો, કોઈને પશુઓ પાળવાનો ઇત્યાદિ અનેક પ્રકારના નશાઓ હોઈ તે સર્વનો પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા એ ત્રણમાં સમાવેશ થઈ જાય છે; પરંતુ ખરો નશો તો તે જ છે કે જે થકી વિષયોના તમામ પાશમાંથી સદંતર મુક્ત થઈ મનુષ્ય કૃતાર્થ બને. અર્થાત વિષયોના મોહમાંથી છોડાવે તે જ ખરો નશો કહેવાય, અને આવો નશો પ્રાપ્ત કરી આપે તે જ ખરું જ્ઞાન સમજવું. આથી શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે, **"सा विद्या या विमुक्तये।"** વિષયોના જકડામાંથી તદ્દન મુક્ત કરે તે જ ખરી વિદ્યા હોઈ બાકીની બધી અવિદ્યા છે. બાકી કેવળ ગ્રંથપ્રત્યય એ તો અધઃપતન કરાવનારું જ છે. ગ્રંથપ્રત્યય અધમ કેમ ? તે સંબંધમાં વેદાંગશિક્ષામાં પણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે (આગળ અધ્યાય ૮ જુઓ).

गीती शीघ्री शिरःकम्पी तथा लिखितपाठकः। अनर्थज्ञोऽल्पकण्ठश्च षडेते पाठकाऽधमाः॥
(પાણિનીય શિક્ષા)

(૧) ગમે તેવા રાગડાઓ કાઢીને, (૨) અત્યંત ઉતાવળથી, (૩) માથું ધુણાવતો ધુણાવતો, (૪) લખાને વા લખેલું વાંચનારો, (૫) અર્થરહિત કિંવા અર્થને બદલે અનર્થ કરનારો અને (૬) અત્યંત ઝીણા કંઠથી બોલનારો કે જેનું બોલવું સામા માણસો બીલકુલ સમજી ન શકે તેવો; એ રીતના ૬ પ્રકારના પાઠ કરનારાઓ અથવા બોલનારાઓ અધમ કહેવાય છે.

કિરણાંશ ૨

વાણીના વ્યાપારના બે પ્રકારો

વાણીનો વ્યાપાર (૧) લૌકિક અને (૨) વૈદિક, એમ બે પ્રકારનો છે. તેમાં પરસ્પર વ્યવહાર વિષયક વાતો કરવી, બોલવું, મનરંજન કરવું વગેરે થતા તમામ વ્યાપારો લૌકિક કહેવાય છે; તથા જપ, તપ, અનુષ્ઠાન, સંધ્યાવંદનાદિ કરવાં, શાસ્ત્ર પઠનપાઠન વા સ્વાધ્યાયનાદિ કરવાં એ બધું વૈદિક વાણીનું સ્વરૂપ છે.

સકામનિષ્કામ

આ વૈદિક વાણીમાં પણ સકામ અને નિષ્કામ એવા બે ભેદો પડે છે. જેમાં પુત્ર, વિત્ત કે લોકૈષણાદિ વ્યાવહારિક કોઈ પણ પ્રાપ્તવ્યની ઇચ્છા રાખવામાં આવતી નથી તે નિષ્કામ વ્યાપાર છે એમ સમજવું તથા વ્યાવહારિક ઇચ્છાની વાસનાઓ વડે થતો સર્વ વ્યાપાર અર્થાત્ સ્ત્રી, પુત્ર, વિત્ત કે લોકૈષણાદિ વ્યાવહારિક ઇચ્છાઓની પ્રાપ્તિના ઉદ્દેશથી કરવામાં આવતો તમામ વ્યાપાર સકામ કહેવાય છે.

વૈદિક વાણીનો સકામ વ્યાપાર અને લૌકિક વાણીનો તમામ વ્યાપાર અત્યંત વિક્ષેપકારી હોઈ તે આત્મોન્નતિ રૂપ ધ્યેયની પ્રાપ્તિ કરાવી આપવા અસમર્થ છે. તેથી આત્મોન્નતિ ચાહનારે પ્રથમ તો તેનો ત્યાગ કરવો અને નિષ્કામ એવી વૈદિક વાણીને ગ્રહણ કરવી જોઈએ. કેમકે તે વડે ચિત્તશુદ્ધિ થઈ ક્રમે આત્માનુભવની પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આ બધો વૈદિક વ્યાપાર પણ વ્યસનાત્મક નહિ હોવો જોઈએ. આ સંબંધે સ્પષ્ટતાને માટે વધુ વિવેચનની જરૂર જણાય છે.

શુદ્ધ અને મલિન વાસનાઓ

આ બધું માયાવી દૃશ્યજાળરૂપ વિશ્વ એ એક અનેક પ્રકારની વાસનાઓથી ગુંથાયેલ જાળું છે. જેવી રીતે કેળાનાં થાંભલાનું પૃથક્કરણ કરવામાં આવે તો તેમાંથી ફક્ત અનેક પાંદડાંઓ જ મળી આવે છે અર્થાત્ અનેક પાંદડાંઓનો સમૂહ મળીને જ કેળના થાંભલા જેવું પ્રતીત થાય છે, તેમ આ તમામ દૃશ્યજાળ એ કેવળ વાસનાઓનો પુંજ કિંવા સમૂહ છે. આ વાસનાઓ અનંત પ્રકારની છે; પરંતુ તેમાં મુખ્યત્વે બે ભેદો પડે છે. (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ કિંવા મલિન. શુદ્ધ વાસના અંતે મોક્ષના હેતુરૂપ હોઈ અશુદ્ધ વાસના અનેક દુઃખો અને અનર્થોના હેતુરૂપ છે.

શુદ્ધ વાસના અને તેનું ફળ

આ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, અમો, તમો, આપ, આપણે, અમારું, તમારું, અમોએ, તમોએ ઇત્યાદિરૂપે વ્યવહારમાં જે જે કાંઈ અનુભવમાં આવે છે તે બધું કેવળ એક ચૈતન્ય એટલે આત્મા યા બ્રહ્મરૂપ છે. તે કરતાં જુદું કાંઈ પણ છે જ નહિ. જેમ સોનીને ત્યાં દાગીના લેવા જનારાઓ પોતપોતાને પસંદ પડે એ દાગીનો ખરીદે છે. એટલે લેનારનું લક્ષ દાગીનાનો આકાર, નકશી, સુંદરતા ઇત્યાદિ ઉપર હોય છે; પરંતુ વેચનાર તો ફક્ત એમાં આવેલું સોનું, તેનું વજન અને કિંમત એટલી બાબતો ઉપર જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે, અર્થાત્ તે તેમાં આવેલા સુવર્ણભાર સિવાય બીજું કાંઈ પણ જોતો જ નથી, તેમ જુદાં જુદાં અનેક નામ રૂપો વડે ભાસતી આ દૃશ્યજાળમાં ફક્ત એ ચૈતન્યની જ ભાવના કરવી, કેમકે એવી ભાવના એ જ શુદ્ધ વાસના કહેવાય છે. આવી શુદ્ધ વાસનાનું ફળ તમામ પ્રકારની અશુદ્ધ વાસનાનો ક્ષય થવો એટલે કે વાસનાક્ષય થઈ અંતે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવી એ જ એક હોય છે.

અનેક મલિન વાસનાઓને નષ્ટ શી રીતે કરવી ?

જેમ કપડાં ઉપરનો ડાઘ કાઢવા માટે સાબુ, ચૂનો ઇત્યાદિ લગાડવામાં આવે છે ને ધોયા પછી ડાઘની સાથે સાબુ અને ચૂનો પણ નીકળી જાય છે, તેમ આ જગવ્યવહારમાં અશુભ કિંવા મલિન વાસનાઓના વિલય શુદ્ધ વાસના વડે કરી શકાય છે; પરંતુ સ્વાભાવિક એવો પ્રશ્ન થાય છે કે મલિન વાસનાઓ અનંત પ્રકારની

છે, તેમ શુભ વાસનાઓ પણ ઘણા પ્રકારની છે, તો એકલો એક મનુષ્ય આ બધી વાસનાઓને એટલે કે અનેક મલિન વાસનાઓને તેની વિરોધી શુભ વાસનાઓના અભ્યાસ વડે શી રીતે અને કયારે હટાવી શકે? જો તે આખો જન્મારો આ અભ્યાસમાં ને અભ્યાસમાં જ વિતાવે તો પણ એ બનવું શકય લાગતું નથી, આથી તે દૂર કરવાને માટે અભ્યાસાદિ વડે પ્રયત્ન કરવો એ તદ્દન નિરર્થક જ ગણાશે, એવી શંકા થવા સંભવ છે; પરંતુ આ શંકા વિચારને અંતે તદ્દન નિરર્થક જ નીવડશે. કેમકે જેમ આયુર્વેદ શાસ્ત્રમાં અનેક રોગો ઉપર જુદાં જુદાં અનેક ઔષધોના પ્રયોગો બતાવવામાં આવ્યા છે, પરંતુ તેમાં બતાવેલા બધા રોગો કાંઈ એકલા એક જ મનુષ્યના શરીરમાં હોતા નથી કે જેથી તમામ ઔષધોનો એકને માટે જ ઉપયોગ થઈ શકે; પરંતુ જેને જે રોગ હોય તેની ચિકિત્સા કરી તે તે રોગ ઉપર ઔષધોની ઉપાયયોજના કરવામાં આવે છે, તે પ્રમાણે આ જગતમાં મલિન વાસનાઓ તો જો કે અનંત પ્રકારની છે એ વાત ખરી, છતાં પણ તે બધી કાંઈ એક જ વ્યક્તિમાં હોવી શકય નથી. જેમ રાજાને આપણા પર કોઈ યુદ્ધ માટે ચઢી આવશે તો શું કરીશું એવી ચિંતા હોય છે અને તેના નિવારણને માટે તે સૈન્યની તૈયારી રાખે છે, પરંતુ કોઈ વેપારીને વા ખેડૂતને તે વાસના ન હોઈ શકે. ખેડૂતને રાતદિન વરસાદની ચિંતા હોય છે ત્યારે ધનાઢયોને એની ખાસ ચિંતા હોતી નથી, પગપાળા જનારને પગ દુખવાની ચિંતા હોય છે પણ વાહનવાળાને તેવી ચિંતા હોતી નથી. આ રીતે જગતમાં વ્યક્તિગત દરેકને કાળ, દેશ અને ક્રિયાવશાત્ ભિન્ન ભિન્ન અનેક વાસનાઓ હોય છે. જેથી જેમાં જે વાસના પ્રબળ હોય તેનું તે, વિરુદ્ધની શુભ વાસનાના અભ્યાસ વડે નિવારણ કરવું પડે છે. માટે પ્રથમતઃ દરેકે પોતપોતાના ચિત્ત (મન)ની પરીક્ષા કરવી, અને પછી પોતામાં જે પ્રકારની અને જેટલી મલિન વાસનાઓનો પ્રાદુર્ભાવ હોય તેને તે વિરોધી શુભ વાસનાના અભ્યાસ વડે દૂર કરવી જોઈએ.

અશુભ વાસનાઓ નષ્ટ કેવી રીતે થાય?

કોઈને પુત્ર, મિત્ર અને કલત્ર ઇત્યાદિ વિષયોની વાસના પ્રબળ હોય અને તે વાસના વડે જો પોતે પીડાતો હોય તો તે સુવિચાર અને વિવેકદ્વારા વિષયો ઉપર વૈરાગ્ય ઉપજાવવારૂપ અભ્યાસ થકી વિરક્ત બની જતાં જ તેની એ વાસનાનો ઉચ્છેદ થઈ શકે છે. તેમ જ વિદ્યા, ધન અને કુલાચારાદિના મદરૂપ મલિન વાસનાઓને પણ તે વિરોધી વિવેક, વૈરાગ્યાદિ સાધનોના અભ્યાસદ્વારા નિવૃત્ત કરી શકાય છે. કેવા પ્રકારના વિવેક વડે આ બધી મલિન વાસનાની નિવૃત્તિ થઈ મનુષ્ય અહંભાવથી રહિત બને છે તે સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે.

વિવેક કરવાની પદ્ધતિ

વિવેકી મનુષ્યોએ હંમેશાં એવો વિચાર કરવો કે જગતમાં આજે જેઓ મોટા ગણાય છે તેઓ કરતાં પણ બીજા મોટા ગણાતા ઘણાઓ તેમને માથે હોય છે, અને જેઓ આજે મહાનથી પણ મહાન ગણાય છે તેઓ ભવિષ્યમાં એકદમ નીચે ગબડી પડે છે. માટે હે ચિત્ત વા મનદેવતા! તું તેવી મોટાઈને વિષે કેમ કરીને ભરોસો રાખી શકે? અરે જરા વિચાર કરીને જો તો જણાશે કે પૂર્વના મોટા મોટા સંપત્તિમાન ગણાતા તે રાજાઓ અને તેમના અઢળક ભંડારો કયાં ગયા? જગત ઉત્પન્ન કરનારા બ્રહ્મદેવના આજ સુધીના અનેક બ્રહ્માંડો કયાં ગયાં? તો વિચાર કર કે તને આ બધા અશાશ્વત વિષયોમાં ભરોસો કયાંથી? આજ પર્યંત થયેલા કરોડો બ્રહ્મદેવો કયાં ચાલ્યા ગયા અને અસંખ્ય સૃષ્ટિઓની હારોને હારો પણ કયાં ઊડી ગઈ, તેના અવશેષો પણ શોધ્યે મળતા નથી. મહાન ચક્રવર્તી ગણાતા અને ત્રિલોક ઉપર સામ્રાજ્ય ભોગવનારા મોટા મોટા સમ્રાટો પણ ધૂળમાં કયાં રગદોળાઈ ગયા તેનો પણ પત્તો નથી. તો પછી હે મન! મારા અને તારા જીવિતની તો આશા જ શી રીતે રાખી શકાય? અરે! જેના એક નિમિષ અને ઉન્મિષમાં જ અસંખ્ય જગતોની હારોની ઉત્પત્તિ, સ્થિતિ અને વિલય થઈ જાય છે, એવા મહાદેવાદિ જેવા મહાન સમર્થ પુરુષો પણ વિલયને પામી ગયા છે, તો પછી મારા જેવાની શી વિસાત? તસ્માત્ મારે મિથ્યા અહંભાવ રાખવો વ્યર્થ છે

વિવેક ઉત્પન્ન થતાં મલિન વાસનાનો નાશ થાય છે

આ રીતના વિવેકયુક્ત વિચાર વડે અહંભાવ તદ્દન ગલિત થઈ જતાંની સાથે જ તમામ મલિન વાસનાઓનો તુરત અંત આવી જાય છે. સત્શાસ્ત્રાદિના શ્રવણ, મનન, નિદિધ્યાસન તેમ જ અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરેલા આત્મસાક્ષાત્કારી એવા બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોનો સત્સંગ, સેવા વગેરે દ્વારા સુવિચાર ઉત્પન્ન થઈ મલિન વાસનાઓનો નાશ કરનારો વિવેક ઉત્પન્ન થાય છે. માટે મલિન વાસના ગમે તેટલી હોય છતાં જેમ એક જ જડીબુટ્ટી હજારો રોગોને નષ્ટ કરે છે તેમ સુવિચાર વડે વિવેક ઉત્પન્ન થતાંની સાથે જ તમામ મલિન વાસનાઓનો ક્ષણવારમાં વિલય થઈ શકે છે. માટે મલિન વાસનાઓનો વિલય શી રીતે થશે એવી શંકા નિરર્થક ઠરે છે.

મલિન વાસનામાં પડતા ત્રણ ભેદો

આ દૃશ્ય વ્યવહારમાં વિદ્યા, ધન, ગર્વ, સ્ત્રી, પુત્ર ઇત્યાદિ સંબંધી અનેક પ્રકારની વાસનાઓ હોઈ તે બધીનો સમાવેશ મુખ્યત્વે લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસના એમ ત્રણ પ્રકારમાં થઈ જાય છે. જીવને પોતાના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થવામાં એટલે આત્મજ્ઞાન થવામાં આ વાસનાઓ જ પ્રતિબંધક હોવાને લીધે તે બધી મલિન કહેવાય છે. તેનો ક્રમે સક્ષેપમાં વિચાર કરીશું.

કિરણાંશ ૩

લોકવાસનાની વ્યાખ્યા

(૧) લોકવાસના : લોકો મારી નિંદા ન કરે પણ બધા મને સારો જ કહે, સર્વ મનુષ્યો હંમેશ મારી સ્તુતિ જ કરે, એવી ઇચ્છા મનમાં રાખી લોકકલ્યાણને નામે લોકોને ફસાવવાની દૃષ્ટિથી તે પોતાનું આચરણ અંદરખાને અને બહારથી જુદું જુદું રાખે છે તથા મનમાં મારા આ કાર્ય થકી બધા લોકો મને વખાણશે કિંવા વખાણે છે એમ મનમાં માન્યા કરે છે આવા પ્રકારનો અભિનિવેશ રાખવો એટલે લોકસ્તુતિમાં અત્યંત આસક્તિ હોવી તેનું નામ જ લોકવાસના છે. આ વાસના મનનું અત્યંત મલિનપણું સૂચવે છે. વળી તેમાં કેટલાક અવિવેકી અને અત્યંત મૂઢો તો એવા પ્રકારના જોવામાં આવે છે કે તેઓ પોતે પોતાનું વર્તન ઘણું સારું છે એમ પોતાની જાતે જ માની બેસે છે, તથા જો તેમાં હિતેચ્છુઓ હિતની દૃષ્ટિએ કાંઈ કહે તો તે સાંભળવાને પણ ઇચ્છતા નથી અને તેમની વાતોમાં ગડમથલ કરી મૂકે છે. આવા અજ્ઞાનીઓને સુધારવાને માટે ત્રિલોકમાં પણ બીજો કોઈ ઉપાય નથી કે જેનાથી તેઓ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રિવિધ તાપોવડે અત્યંત દુઃખી અને ત્રાહિ ત્રાહિ બની હતાશ નહિ થાય. આ લોકવાસનામાં તો મોટા મોટા લોકપ્રસિદ્ધ, વિદ્વાન અને બુદ્ધિશાળી પુરુષો પણ ફસાયેલા હોય છે.

અવિવેકીને સુધારવાનો તો એકે ઉપાય નથી

આથી નીતિશાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે જળથી અગ્નિનું નિવારણ થઈ શકે છે; છત્રથી તડકાનું નિવારણ થઈ શકે છે; તીક્ષ્ણ અંકુશ વડે મદોન્મત્ત હાથીને પણ નિયમમાં લાવી શકાય છે; લાકડી કિંવા દંડવડે ઘોડો, ગાય, બળદ, ગધેડો ઇત્યાદિ પશુને પણ સુધારી શકાય છે; ઔષધોના સેવનથી રોગનું નિવારણ થઈ શકે છે; નાના પ્રકારના મંત્રપ્રયોગોથી વિષનું નિવારણ થઈ શકે છે; એ રીતે શાસ્ત્રમાં સઘળાં સંકટો વા દુઃખોના નિવારણને માટે ઉપાયો યોજેલા છે, પરંતુ જે થકી મૂર્ખપણાની નિવૃત્તિ થાય એવો તો એકે ઉપાય નથી. વળી અસંભવિત છે છતાં કદાચ વાલુકામાંથી તેલ નીકળે, ઝાંઝવાનાં પાણીથી તૃષા શાંત કરી શકાય. કદાપિ શક્ય ન છતાં પૃથ્વી ઉપર ફરતાં ફરતાં સસલાનું શિંગડું પણ મેળવી શકાય, પરંતુ હંમેશ કેવળ વિષયભોગમાં જ રમમાણ થએલા મૂર્ખ મનુષ્યોના ચિત્તો સુધારવાનો ત્રિલોકમાં પણ કોઈ ઉપાય નથી.

બ્રહ્મ પુરુષને સન્માર્ગે લઈ જવો અશક્ય છે

આ લોકમાં અજ્ઞ, સુજ્ઞ, અને અલ્પજ્ઞ એમ ત્રણ પ્રકારનાં મનુષ્યો હોય છે. તેમાં અજ્ઞ તો થોડા પ્રયત્ને સહેલાઈથી સત્યપંથે ચડે છે, સુજ્ઞ તો થોડા પ્રયત્નથી કિંવા વિના પ્રયત્ને પણ સુધરી જાય છે, પરંતુ અલ્પજ્ઞ એવા

મૂર્ખને સુધારવાને માટે સાક્ષાત્ બ્રહ્મદેવ આવે તોપણ તે કદી સુધરતો નથી તો પછી બીજાની વાત જ શી કરવી? કારણ કે આ અતિમૂઢ એવો અલ્પજ્ઞ થોડું જાણવા છતાં પણ હું અતિવિદ્વાનછું, એવી પોતાના મનમાં ભ્રમણા સેવે છે. આવા મૂઢ લોકો અંદરખાને લોકેષણા, પુત્રૈષણા અને વિત્તેષણા આદિ અનેક પ્રકારની વાસનાઓમાં ફસાએલા હોવા છતાં પણ પોતે કર્મયોગી છે, જગતનું કલ્યાણ કરવાના ઇરાદાથી અમો આ બધું અનાસક્તિથી કરીએ છીએ, ઇત્યાદિ પ્રકારની મીઠી મીઠી અને મોહક શબ્દજાળ પ્રસારી તેમાં લોકોને ફસાવી તેમની અજ્ઞાનતાનો લેવાય એટલો લાભ લે છે. આ રીતે લોકોને ફસાવી પોતાનો માનસિક રહેણો નીચ હેતુ સાધ્ય કરી લેવો એને જ તેઓ પોતાનું ઇતિકર્તવ્ય કિંવા કર્મયોગ સમજેછે તૈથા એ આસુરી હેતુ સિદ્ધ થવો એનું નામ જ સિદ્ધિ માને છે.

આ અનાસક્તકર્મયોગ અને લોકકલ્યાણને નામે સામાજિક, રાજકીય કે ધાર્મિક ઉન્નતિના ઉદ્દેશો દાખવી લોકો પાસેથી મોટા મોટા ફંડ ફાળાઓ ઉઘરાવવામાં આવે છે. તથા મોટમોટી સંસ્થાઓ, કંપનીઓ, નિશાળો, આશ્રમો, દેવાલયો, જીર્ણોદ્ધારાદિ સ્થાનકો ઇત્યાદિ જાહેર સંસ્થાઓ તથા ધાર્મિક આશ્રમાદિની સ્થાપના કરવામાં આવે છે; પરંતુ ખરી રીતે તો એ બધા પારકે પૈસે મોજશોખ કરવાના અખાડાઓ છે. કારણ કે તેમનો અંતઃસ્થ હેતુ શુદ્ધ હોતો નથી. કેમકે વાસ્તવિક રીતે મનુષ્ય જ્યાં સુધી આત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કરી ન શકે ત્યાં સુધી તે કદાપિ નિષ્કામ બની શકતો નથી અને આ મુજબ સાચી નિષ્કામતા પ્રાપ્ત થયા સિવાય હું કર્મયોગનો આશ્રયી છું, હું અનાસક્ત કર્મ કરું છું, એમ કહેવું એ ખરેખર પોતાને અને જગતને બન્નેને છેતરવા સમાન છે. એટલું જ નહિ પણ તે બન્નેનું અધઃપતન કરાવે છે. એવા અલ્પજ્ઞો પોતાના હિતની વાત સાંભળવાને પણ તૈયાર હોતા નથી એટલે તેમને માટે કોઈપણ શાસ્ત્ર યા હિતોપદેશ નિરર્થક નીવડે છે. તેઓને સુધારવાનો એકે ઉપાય જગતમાં નથી છતાં આવા મૂર્ખ અને ખલ પુરુષને જે મનુષ્ય અમૃતતુલ્ય મીઠાંમીઠાં વચનો કહી શાસ્ત્રોપદેશદ્વારા સુધારી સન્માર્ગે લઈ જવા ઇચ્છે તો તેનો એ પ્રયાસ ખારા સમુદ્રને એકાદ મધના બિંદુ વડે મીઠો બનાવવાના ઉદ્યોગની જેમ તદ્દન વ્યર્થ જ નીવડે છે કેમ કે આવા મૂર્ખ અને ખલ પુરુષોને સન્માર્ગે લઈ જવા એ લગભગ અશક્ય જ છે.

પરસ્પર દોષો જોવાની મનુષ્યસ્વભાવની પરંપરા

આ જગતની અંદર પરસ્પર એકબીજાના દોષો દેખવા અને આપસઆપસમાં લોકાપવાદ દેવાનો મનુષ્ય સ્વભાવ તો એક અતિ હીન અને ક્ષુદ્ર ગણાતા ચંડાલથી માંડીને કુલ સ્ત્રીઓ, અતિશૂદ્રો, શૂદ્રો, વૈશ્યો, ક્ષત્રિયો બ્રાહ્મણો મોટા મોટા વિદ્વાનો અને પંડિતો ઇત્યાદિ દરેકમાં હોવાનું સર્વત્ર પ્રસિદ્ધ છે. દરેક પોતપોતાની જાતિ, જ્ઞાતિ, કુળ, ગોત્ર, ધર્મ, કુલાચાર, કુલધર્મ, બંધુવર્ગ, ઇષ્ટદેવતા અને માની લીધેલ માન્યતા તથા માનેલ ગુરુઓ વગેરેનું અભિમાન પકડી આપસઆપસમાં પોતાની મોટપની બડાઈ અને બીજાની નિંદા કરતો રહે છે. એ રીતે મિથ્યાભિમાન વડે પરસ્પર એક બીજાની નિંદા થતી સર્વત્ર જોવામાં આવે છે. ફક્ત એક જીવન્મુક્ત જ આમાંથી બચવા પામે છે. આવા પ્રકારની મૂઢતાનો ઉદ્દેશીને એક સ્થળે શાસ્ત્રમાં કહ્યું છે કે " જગતમાં જે પોતાને પવિત્ર કહેવરાવે છે તે પિશાચ છે. જે પોતાને વિદ્વાન સમજે છે તે ભ્રમિત છે, જે ક્ષમાવાન સમજે છે તે અશક્ત છે, બળવાન માને છે તે દુષ્ટ છે, જે ચિત્ત વિનાનો એટલે જડ અથવા નિષ્ઠુર છે તે ચોર છે. આમ છે તો કહો કે કયો પુરુષ જગતના તમામ લોકોને પ્રસન્ન કરવા શક્તિમાન બની શકે તેમ છે? "

જગતમાંના તમામ લોકોને સંતોષ નહિ આપી શકાય

જગતમાં તમામ લોકોને સંતોષ આપી શકાય એવો તો એકે ઉપાય છે જ નહિ. છતાં જગતમાંના સઘળા લોકો પોતાની વાહવાહ કરે એમ જે કોઈ ઇચ્છે તો તેમ બનવું કદાપિ શક્ય નથી. તસ્માત્ આ રીતના મિથ્યાભિમાનપણાનો ત્યાગ કરીને લોકનિંદાને ધ્યાનમાં નહિ લેતા, જે વડે સાચું હિત સાધી શકાય એટલે કે જે થકી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે, એવા ધ્યેયનું જ વેદશાસ્ત્ર અને બ્રહ્મનિષ્ઠ અપરોક્ષાનુભવી સદ્ગુરુની આજ્ઞાનુસાર યથાર્થ નિત્યપ્રતિ આચરણ કરવું જોઈએ. વ્યવહારમાં નિંદ્યકર્મને માટે લોકાપવાદનો ભય રાખવો જરૂરી છે; પરંતુ શાસ્ત્રશુદ્ધ એવા સત્ય અને નીતિના માર્ગે આચરણ કરવામાં લોકાપવાદનો ભય કદી પણ

રાખવો નહિ જોઈએ, કેમ કે તે થકી ક્રમેક્રમે આત્મોન્નતિરૂપ ઉચ્ચતર ધ્યેયની પ્રાપ્તિ થઈ શકે છે. બહુ બડબડ કરનારો શું કરી શકે? અર્થાત્ કંઈપણ કરી શકતો નથી.

સ્તુતિ અને નિંદા વખતે કેવી ભાવના રાખવી?

આ રીતે લોકવાસનાની મલિનતાને ધ્યાનમાં લઈને મોક્ષશાસ્ત્રો પ્રત્યે સ્તુતિની ભાવના રાખવી એટલે કે લોકો પોતાની સ્તુતિ કરે ત્યારે મનમાં એવો નિશ્ચય રાખવો કે આ લોકો જે સ્તુતિ કરે છે તે દેહધારી એવા મારી નહિ; પરંતુ આત્માની કરે છે. કેમ કે કેવળ એક આત્મા જ સ્તુતિને લાયક છે. તથા લોકો જ્યારે પોતાની નિંદા કરે ત્યારે જીવન્મુક્ત યોગેશ્વરો કે જેઓ સ્તુતિ અને નિંદાને સમાન ગણે છે, તેમની ભાવના રાખવી. એટલે જ્યારે લોકો નિંદા કરે ત્યારે કેટલાકો એવો વિચાર કરે છે કે મેં તો આ લોકોનો કશો જ અપરાધ કર્યો નથી, છતાં આ બધા લોકો મને અકારણ શા માટે નિંદે છે અથવા મારા ઉપર વગર કારણે ક્રોધ કરે છે? પરંતુ એ વખતે એવો વિચાર નહિ કરવો પણ એમ સમજવું કે લોકોની આ નિંદા યા ક્રોધ પોતાનું ભાવિ હિત સૂચવે છે. મારી પાસે એવો કયો ગુણ છે કે લોકો મારી નિંદા ન કરે એમ હું ઇચ્છું! મેં એવું શું કર્યું છે કે હું લોકોની નિંદા વા ક્રોધને લાયક નથી એમ માનું અથવા તેમ નહિ કરવા તેઓને કહી શકું? ખરેખર પ્રથમ તો મારો મોટામાં મોટો એ જ અપરાધ છે કે મેં પૂર્વે દેહાધ્યાસને લીધે આ દુઃખરૂપ સંસારના બંધનમાંથી છૂટવાનો ઉપાય કર્યો નથી; જો હું દુઃખરૂપ એવા આ સંસારચક્રમાંથી મુક્ત થયો હોત તો આ લોકોને મારી નિંદા યા મારા ઉપર ક્રોધ કરવાની શી જરૂર પડત? આ મુજબ મારા મહાન અપરાધને લીધે જ આ બધા મારા પર ક્રોધ કરી રહેલા છે અને તે સકારણ હોઈ તેમાં ખરેખર મારું હિત જ સમાએલું છે. માટે હે નિંદા દેવી! તથા ક્રોધ દેવતા! તમોને મારા શતશઃ પ્રણામ હો! હું હવે પુનર્જન્મનાં બંધનોને કાપી નાખીશ તથા આ માયાથી અને દુઃખરૂપ એવા મિથ્યા સંસારચક્રમાંથી મુક્ત થઈશ, એ રીતના વિચાર વડે તેને બાળી નાખવા. આમ વ્યવહારમાં અત્યંત નિપુણ મનુષ્ય જેમ પારકાના દોષો પકડી પાડવામાં હંમેશાં સારી રીતે તત્પર હોય છે તેમ જો તે દક્ષતાપૂર્વક પોતાના દોષોને જ પકડી પાડવાનો નિપુણતાથી ઉદ્યોગ કરે, તો તે આ દુઃખરૂપ સંસારના બંધનોમાંથી તત્કાળ મુક્ત થઈ અવશ્ય પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી જીવન્મુક્ત બની જાય, એ નિઃશંક છે. આ રીતે નિંદા વખતે જીવન્મુક્ત યોગેશ્વરની સમાનતાની ભાવના કરવી તથા કેવળ એ જ એક ધ્યેયને નજર સામે રાખી આત્મોન્નતિ સાધ્ય કરી લેવી જોઈએ. આ લોકવાસના સંબંધમાં સંક્ષેપમાં કહેવામાં આવ્યું; હવે શાસ્ત્રવાસના સંબંધે કહું છું.

કિરણાંશ ૪

શાસ્ત્રવાસનાના ત્રણ પ્રકારો

શાસ્ત્રવાસના : શાસ્ત્રવાસના (૧) પાઠ્યસન, (૨) બહુશાસ્ત્રજ્ઞ્યસન અને (૩) અનુષ્ઠાનવ્યસન એ મુજબ ત્રણ પ્રકારની છે. કેટલાકોને ઘણાં પાઠપાઠન્તરો જ કર્યા કરવા એવી ટેવ હોય છે. તો કેટલાકોને અનેક શાસ્ત્રો શીખવા અને શીખવવાની ટેવ હોય છે. તથા કેટલાકોને અનુષ્ઠાન જ કર્યા કરવાં એવી ટેવ પડેલી હોય છે. તેઓ ધ્યેયને ભૂલી જઈ સાધનને જ સાધ્ય સમજી બેસે છે. એટલું જ નહિ પણ આપણે કરી રહ્યા છીએ એ સાધન હોઈ સાધ્ય તો આ કરતાં કંઈ જુદું જ છે એ વાત પણ તેઓને ગળે ઊતરી શકતી નથી. આ વાસનામાં પણ મોટા મોટા પંડિતો તથા લોકપ્રસિદ્ધ પુરુષો ફસાયેલા જોવામાં આવે છે. શાસ્ત્રોમાં પણ આ સંબંધમાં કેટલાંક ઉદાહરણો મળી આવે છે.

ભરદ્વાજનું પાઠ્યસન

ભરદ્વાજે ત્રણસો વર્ષો સુધી અનેક વેદોનું અધ્યયન જ કર્યા કર્યું હતું. ત્યારબાદ જ્યારે તેના આયુષ્યનો અવધિ સંપૂર્ણ થવા આવ્યો ત્યારે ઇન્દ્રે તેને બીજાં સો વર્ષનું આયુષ્ય આપવાની લાલચ આપી, પોતાને સો

વર્ષોનું આયુષ્ય વધુ મળનાર છે એવું આશ્વાસન મળ્યું એટલે તે સો વર્ષમાં પણ તેમણે બાકી રહેલું વેદાધ્યયન કરવાનો જ ઉદ્યમ આરંભ્યો; આ રીતે તેઓ સાચા ધ્યેયને ભૂલી જઈ કેવળ પઠનપાઠન એ જ ધ્યેય છે એમ માની બેઠા હતા, પણ આ રીતની માન્યતા ભૂલભરેલી હોઈ એ મલિન વાસના છે એનું ભાન કરાવી ઇંદ્રે તેમને પાઠ્યવ્યસનમાંથી નિવૃત્ત કરી સાચા ધ્યેયને માર્ગે ચડાવ્યા હતા.

પાઠ્યવ્યસનની નિરુપયોગિતા

આ ભરદ્વાજના ઉદાહરણ પરથી જાણી શકાશે કે ઇન્દ્રે તેને વેદાધ્યયનાદિની અશક્યતાનું એટલે કે પાઠ્યવ્યસનનું ભાન કરાવ્યું હતું. તેમ કરવાનું પ્રયોજન પાઠ્યવ્યસનમાંથી નિવારી તેમને તે કરતાં પણ શ્રેષ્ઠ પુરુષાર્થને માટે એટલે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ તરફ જોડવાનું હતું. આથી તેને પ્રથમ સગુણ બ્રહ્મનો ઉપદેશ આપ્યો હતો. (જુઓ તૈત્તિરીય બ્રાહ્મણ).

પ્રચારાત્મક વાઙ્મયનું વ્યસન

પ્રસ્તુત સમયે જગતમાં સર્વત્ર વર્તમાનપત્રો વા પુસ્તકો વગેરે છાપી કિંવા છપાવી તે દ્વારા પોતપોતાના સાંપ્રદાયોનો પ્રચાર કરવો એવા પ્રકારનો નશો જોવામાં આવે છે, તેમાં અંદરખાને તો મુખ્યત્વે વિત્તૈષણા અને લોકૈષણાનો જ હેતુ સમાયેલો હોય છે. તે દ્વારા મનમાં રહેલ દ્રવ્યાદિરૂપે સ્વાર્થ પણ સાધવો તથા લોકોમાં વાહવાહ કહેવરાવવી, એના બંને હેતુઓ અંદરખાને રહેલા હોય છે. જ્ઞાનના પ્રચારને બહાને તેઓનો આ હેતુઓ સાધવાનો ક્રમ અવ્યાહત એટલે એક સરખો ચાલુ હોય છે; પરંતુ આ તો એક પ્રકારનો નશો છે; એવું જાણવાને પણ તેઓ બાપડા અશક્ત હોવાથી દયાને પાત્ર છે. આ વાસના અત્યંત મલિન હોઈ તેનો સમાવેશ શાસ્ત્રવાસનાની અંતર્ગત આવેલા પાઠ્યવ્યસન અને બહુશાસ્ત્રવ્યસનાદિમાં જ થાય છે એટલે કે જગતમાં આજકાલ જ્ઞાનના બહાને ચાલી રહેલી આ સાંપ્રદાયિક પ્રચારની પદ્ધતિ એ એક પ્રકારનો સ્વાર્થ સાધવાનો નશો કિંવા વ્યસન છે, તે થકી કદાપિ ધ્યેય પ્રાપ્ત થતું નથી એમ જાણવું.

ઉદ્દેશ એ કે પાઠ્યવ્યસન આત્મપ્રાપ્તિરૂપ ધ્યેયની પ્રાપ્તિ કરાવવા સમર્થ નથી, જેથી તે તદ્દન નિરુપયોગી છે. જેમ પાઠ્યવ્યસન નિરુપયોગી છે, તેમ બહુશાસ્ત્રવ્યસન પણ આત્મોન્નતિના કારણભૂત થતું નહિ હોવાથી શાસ્ત્રકારોએ તેને પણ મલિનવાસનામાં જ ગણેલું છે.

દુર્વાસા મુનિનું શાસ્ત્રવ્યસન

દુર્વાસા મુનિ અનેક પ્રકારનાં શાસ્ત્રોનાં પુસ્તકોનો ભાર સાથે લઈને શ્રીમહેશજીના દર્શને ગયા હતા તે વખતે ભરસભામાં શ્રીનારદજીએ તેમને ભારવાહી ગધેડાની ઉપમા આપી હતી. આથી તેઓને અતિશય ક્રોધ ઉત્પન્ન થયો અને તે આવેશમાં તેમણે તમામ પુસ્તકોને લવણ સમુદ્રમાં પધરાવી દીધાં અને પોતે નિર્ગર્વ બની જ્યારે ફરીથી મહાદેવજીની પાસે આવ્યા ત્યારે મહાદેવજીએ તેમને તદ્દન ગર્વરહિત બનેલા જોઈ આત્મવિદ્યાનો બોધ આપ્યો હતો.

બહુ શાસ્ત્રવ્યસન પણ નિંદ્ય છે.

આ આત્મવિદ્યા; જેઓ અંતર્મુખ થતા નથી, તેમ જ સદ્‌ગુરુની કરુણા (કૃપા)થી રહિત હોય છે, એવાઓને કેવળ વેદશાસ્ત્રના અધ્યયન વા પઠનપાઠનાદિથી કિંવા કોઈપણ પ્રકારની માની લીધેલી માન્યતા કે વ્યસનાત્મક વ્યવહાર થકી કદાપિ પણ પ્રાપ્ત થતી નથી. આથી જ શ્રુતિમાં કહ્યું છે કે : "**पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ।**" (અમૃતબિંદુ ઉપ૦) શાસ્ત્રાધ્યયનાદિ દ્વારા આત્માનું પરોક્ષજ્ઞાન થયાબાદ અપરોક્ષજ્ઞાનની ઇચ્છા ધરાવતા મુમુક્ષુએ ધાન્યમાંથી છોતરાં કાઢીને જેમ તેમાંના ચોખાઓનું જ ગ્રહણ કરવામાં આવે છે, તેમ ગ્રંથોના અધ્યયનાદિનો ત્યાગ કરી અંતર્મુખ થઈ આત્માનુભવ પ્રાપ્ત કરી લેવો જોઈએ. વળી "**नायमात्मा प्रवचनेन लभ्यः ।**" (કઠો૧૦) આ આત્મા પ્રવચનવડે, બુદ્ધિથી કે બહુ સાંભળ્યા કર્યાથી વા સંભળાવ્યા કરવાથી પણ લાધતો એટલે પ્રાપ્ત થતો નથી, એમ કહેલું છે. શાસ્ત્રોમાં ઇતરત્ર પણ ઘણે સ્થળે

એમ જ કહેવામાં આવ્યું છે કે અનેકાનેક શાસ્ત્રોની કથારૂપી કંથા (कन्था) એટલે ફાટેલાં ચીંથરાંઓ સીવીને તૈયાર કરવામાં આવતી ગોદડીને વારેવારે નકામી ચૂંથવાથી શું વળે? ભોજન સામગ્રીમાં ફરતી કડછી જેમ અન્નાદિના રસને કદી પણ જાણતી નથી, તેમ ચારે વેદોને તથા અનેકાનેક શાસ્ત્રોને ભણ્યા છતાં પણ તે બ્રહ્મત્વને અનુભવતો નથી.

शास्त्राभ्यसन निंद्य केम ?

નારદજી ચૌદ વિદ્યા અને ચોસઠે (૬૪) કળામાં પ્રવીણ હોવા છતાં આત્મવેત્તા નહોતા. તેમને નિત્યપ્રતિ મનમાં સંતાપ રહેતો, જેથી તેઓ સનત્કુમારને શરણે ગયા. આમ તેમના ઉપર જ્યારે સદ્‌ગુરુની કૃપા થઈ ત્યારે જ તેઓ સ્વમુખે બની આત્મજ્ઞ બની શકયા. આ સિવાય શ્વેતકેતુનું ઉદાહરણ પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. શ્વેતકેતુએ ટૂંક સમયમાં જ સર્વ વેદોનું અધ્યયન કરી નાખ્યું હતું; પરંતુ તે થકી તેને ધ્યેય પ્રાપ્તિ થવાને બદલે ઉલટો ગર્વ ઉત્પન્ન થયો અને તેથી તેણે પિતા આગળ પણ અવિનય કર્યો હતો. બાલાકિ પણ અનેક પ્રકારની ઉપાસનાઓ જાણીને ગર્વિષ્ઠ બની ગયો હતો. તેણે ઉશિનર અદિ અનેક દેશદેશાંતરમાં દિગ્વિજય કરીને ઘણા બ્રાહ્મણોનાં અપમાન કર્યાં હતાં અને છેવટે બ્રહ્મવેત્તાઓમાં શિરોમણિ સમા અજાતશત્રુ નામના જીવન્મુક્ત રાજાને પણ કાશીમાં ઉપદેશ આપવાની ધૃષ્ટતા કરી હતી (જુઓ છાંદો૦ ૫મ૦ તથા કૌશિતકી ઉપ૦). શાસ્ત્રોમાં આવાં ઘણાં ઉદાહરણો છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે કેવળ શાસ્ત્રવાસના એ દર્પ વા દંભના કારણરૂપ હોવાથી અત્યંત મલિન હોઈ તે આત્મસાક્ષાત્કાર કરાવી આપવા અસમર્થ હોવાથી નિંદ્ય ગણાય છે.

अनुष्ठानव्यसन पण त्याज्य छे

અનુષ્ઠાનવ્યસન પણ અયોગ્ય જ છે. શાસ્ત્રમાં જે નિદાઘનું ઉદાહરણ છે, તે અનુષ્ઠાન વ્યસનને માટે પૂરતું છે. સદ્‌ગુરુ ઋભુએ નિદાઘને વારંવાર બોધ આપવા છતાં પણ તેણે કર્મ વિષેની પોતાની જડ શ્રદ્ધાને છેવટપર્યન્ત છોડી નહિ(જુઓ વિષ્ણુપુરાણ). દાશરથનું ઉદાહરણ પણ આ સદરમાં જ આવી જાય છે. દાશરથમાં તો શ્રદ્ધાની જ અત્યંત જડતા હતી, તેથી તેને અનુષ્ઠાનને માટે આખી પૃથ્વીમાં કયાંય પણ પ્રદેશ જ ન મળ્યો એટલે સમસ્ત પૃથ્વીમાં અનુષ્ઠાન કરવા માટે તેને સ્થાન જ જડયું નહિ. (જુઓ યોગવાસિષ્ઠ).

अनुष्ठानव्यसन कर्मवासनानुं द्योतक छे.

આ અનુષ્ઠાનવ્યસન એ કર્મવાસનાનું દ્યોતક છે અને કર્મવાસના પુનર્જન્મના કારણરૂપ હોવાથી અતિમલિન છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે જેમાં સોળ ઋત્વિજ, એક યજમાન, અને એક યજમાન પત્ની મળી કુલ અઢારની જરૂર હોય એવા પ્રકારનું હીન કર્મ કહેવું છે, એ યજ્ઞરૂપી નૌકા તો, હાલકડોલક છે એટલે જેમાં કોઈપણ પ્રકારના સાધનો તથા બીજા કોઈની સહાયતાની જરૂર પડે છે તેવાં કર્મો થકી આત્મપ્રાપ્તિરૂપ ધ્યેય કદાપિ સાધ્ય થઈ શકતું નથી, કારણ આત્મા તો તદ્દન નિરપેક્ષ એટલે બીજા કોઈની પણ અપેક્ષા વગરનો હોઈ તે કાયિક, વાચિક અને માનસિક ઇત્યાદિ ત્રણેય પ્રકારનાં કર્મોથી તદ્દન રહિત હોઈ સ્વતઃસિદ્ધ છે. છતાં જે મૂઢ પુરુષો કર્મો વડે જ આત્મપ્રાપ્તિ થઈ શકે છે એમ સમજી તેને જ કલ્યાણરૂપ ગણી અભિનંદે છે તેઓ ફરી ફરીને જન્મમરણ તથા જરાદિ અવસ્થાને જ પામ્યા કરે છે. વાસ્તવિક અવિદ્યાની ફાંસમાં ફસાએલા હોવા છતાં પણ પોતાને વિદ્વાન ધીર અને પંડિત માનનારા અધમાધમ એવા આ મૂઢો આંધળાથી દોરવવામાં આવેલા આંધળાની જેમ ખાડામાં પડી અધઃપતનને પામી હમેશ જન્મમરણમાં જ રૂટાયા કરે છે. અનેક પ્રકારે અવિદ્યામાં વર્તી રહેલા તે નાદાનો પોતે પોતાને પોતાની મેળે જ અમે કૃતાર્થ છીએ એમ માન્યા કરે છે, પરંતુ વસ્તુતઃ વિષયોની આસક્તિને લીધે અત્યંત અંધ બનેલા હોવાથી તેઓ જાણી શકતા નથી કે અમો તો ઉલટા વધુને વધુ મોહમાં જ ફસાયા કરીએ છીએ. આમ વાસ્તવિક તેઓ કર્મના પાશમાં જ જકડાયા કરે છે અને કર્મનું ફળ પૂરું થતાં વળી પાછા નીચે સરી પડે છે, કારણ દેખીતું જ છે કે એ મૂઢો તો કષ્ટ અને પૂર્ત કર્મો એટલે યજ્ઞયાગાદિ કરવા તથા કૂવા તળાવ તેમ જ મંદિરાદિ બાંધવાં અને તેનો

જીર્ણોદ્ધાર કરવો; રાષ્ટ્રીય પ્રવૃત્તિ, રાજકીય વા સામાજિક કાર્યો કરવાં ઇત્યાદિ પ્રકારનાં કર્મોને ધ્યેય સમજી તેને જ શ્રેષ્ઠ માની લે છે. પરંતુ વાસ્તવિક રીતે એ કર્મો પણ જો શુદ્ધ ભાવનાથી થાય તો તે સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ કરાવી આપે છે. આત્મોન્નતિરૂપ ધ્યેયની પ્રાપ્તિ કરાવી આપનારો કલ્યાણનો સાચો માર્ગ તો આ કરતાં કોઈક જુદો જ છે, એમ તેઓ સ્વપ્ને પણ જાણી શકતા નથી. આવા લોકો પોતાનાં કરેલાં સકામ સત્કર્મોનાં ફળો સ્વર્ગાદિ લોકમાં ભોગવ્યા પછી ફરી પાછા આ લોકમાં અથવા તો એ કરતાં પણ હીન લોકમાં પડે છે અને ત્યાં અત્યંત દુઃખ ભોગવે છે. કેમ કે એ બધાં કર્મો તો ત્રિગુણના વિસ્તારરૂપ છે, અને આત્મા તો ત્રિગુણથી પર છે. જેથી શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં અર્જુનને વેદના ત્રિગુણના વિસ્તારવાળા ભાગને છોડી દઈ નિસ્ત્રૈગુણ્ય થવાને જણાવ્યું છે (ભગ૦ ગીતા અ૦ ૨). તરમાત્ કર્મવાસનાની ચોકડીમાં બેસનારું અનુષ્ઠાન-વ્યસન પણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપવા અસમર્થ હોવાથી ત્યાજ્ય છે. અત્યાર સુધીના વિવેચન ઉપરથી આપણે લોકવાસના અને શાસ્ત્રવાસના એમ બન્ને પ્રકારની વાસનાઓની નિરુપયોગિતા સંબંધે જાણ્યું. હવે દેહવાસના સંબંધમાં વિચાર કરીશું.

કિરણાંશ ૫

દેહવાસના, તેના ત્રણ ભેદો તથા આત્મત્વભ્રાંતિ

દેહવાસના : દેહવાસના (૧) આત્મત્વભ્રાંતિ, (૨) ગુણાધાનભ્રાંતિ, (૩) દોષાપનયનભ્રાંતિ, એ રીતે ત્રણ ભેદવાળી છે.

(૧)આત્મત્વભ્રાંતિ : હાડકાં, માંસ, મજ્જા, ત્વચા, સ્નાયુ, વીર્ય અને રેત (રક્ત) ઇત્યાદિ સાત ધાતુયુક્ત અને પંચમહાભૂતાત્મક એવો આ દેહ એટલે જ હું છું, એમ માનવું એ આત્મત્વભ્રાંતિ કહેવાય છે. સામાન્યતઃ મૂઢ અને અવિચારી તથા ચાર્વાકાદિ નાસ્તિક મતનો અંગીકાર કરનારા લોકાયતિકો એમ માને છે કે આ હલનચલનાદિ ક્રિયાવાળો જે સ્થૂલ દેહ છે તે જ આત્મા છે, દરેક શાસ્ત્રકારો, કંઠશોષ કરીને પોકારી પોકારીને કહી રહ્યા છે કે આત્માની પ્રાપ્તિ કરો તેનો અર્થ અવિચારી એવા આ મૂઢો તો દેહ એટલે જ આત્મા છે, એમ ગણી તેને કોઈ પણ પ્રકારે સુખી કરવો એમ સમજે છે. આથી દેહનો યા તેના અંશ પ્રત્યંશનો નાશ થાય એટલે જાણે આત્માનો (પોતાનો) જ વિનાશ થયો એવી તેઓની દૃઢ માન્યતા હોય છે; પરંતુ આ માન્યતાવાળા મૂઢ મનુષ્યો જેમ ભંગી પાયખાનાને પોતાનું માના લે છે તેમ આ વિષ્ઠારૂપ દેહને જ પોતાનો માની તે ઉપર મિથ્યા અહંભાવ રાખે છે. ભંગી તો પાયખાનાને પોતાનું સમજે છે પણ તેમાંની વિષ્ઠાને કાંઈ પોતાની સમજતો નથી. પરંતુ આ અતિનિષ્ઠ, વિષયાંધ અને અવિવેકી એવા મૂઢો દેહને પોતાનો માને છે એટલું જ નહિ પરંતુ દેહની અંદરના મળમૂત્રાદિસહ તમામને એ પોતાનું જ સ્વરૂપ છે, એમ સમજે છે. જુઓ આ કેવી મૂર્ખતા છે !

લોકાયતિકો શાસ્ત્રોના અનર્થો કરે છે

આ આસ્તિકેતર એવા મૂઢ લોકાયતિકો શાસ્ત્રોના અનર્થો કરે છે અને "આ પુરુષ અન્નરસમય છે." અહીંથી આરંભીને "તેથી તેને અન્નરૂપ કહેવામાં આવે છે." એ રીતના શ્રુતિમાં આવેલાં કથનનો આધાર બતાવી સામાન્ય લોકોની દેહાભ્યાસરૂપ માન્યતાને જ દૃઢ કરે છે (જુઓ તૈત૦ ઉપ૦ ભૃગુવલ્લી, અનુવાક ૧, ખંડ ૭ થી ૧૦). જુઓ કે પ્રજાપતિએ ઇન્દ્ર અને વિરોચન એ બન્નેને એક સાથે આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો હતો છતાં ચિત્તના દોષને લીધે વિરોચને અવિવેક વડે શાસ્ત્રનો અનર્થ કરી દેહમાં જ આત્મત્વની બુદ્ધિ દૃઢ કરી તથા સર્વ અસુરોને પણ દેહ એટલે જ આત્મા એવો બોધ આપ્યો, અને વિવેકી ઇંદ્રે આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી લીધી તથા દેવતાઓને તેવો બોધ આપ્યો (જુઓ છાંદો૦ ઉપ૦ પ્ર૦ પા૦૮ ખંડ ૭). સારાંશ :– દેહને જ આત્મા માની લેવો એ આત્મત્વભ્રાંતિ કોઈ તે અતિમલિન છે.

ગુણાધાનભ્રાંતિમાં પડતા બે પ્રકારો

(૨) ગુણાધાન ભ્રાંતિ : ગુણાધાન એટલે પોતામાં જે ન હોય તે ગુણનો આરોપ કરી લઈ તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વા ઉદ્યમ કરવો તે. જેમ આ શરીર વાસ્તવિક લોહી, પરુ, મળ, મૂત્ર ઇત્યાદિ દુર્ગન્ધથી ભરેલું હોવા છતાં તે સ્નાનાદિ વડે શુદ્ધ થાય છે કિંવા અત્તરાદિ સુગંધિ પદાર્થો લગાડવાથી સુગંધિત બને છે અથવા અલંકારો અને વસ્ત્રો વડે સુશોભિત દેખાય છે એમ માની તેવા પ્રયત્નો કરવા, ઇત્યાદિનો સમાવેશ ગુણાધાનમાં થાય છે, પરંતુ વસ્તુતઃ તો તે ભ્રાંતિ માત્ર જ છે. આ ગુણાધાન ભ્રાંતિમાં પણ બે પ્રકારો પડે છે. (૧) લૌકિક અને (૨) વૈદિક વા શાસ્ત્રીય.

લૌકિક ગુણાધાન : સુંદર શબ્દાદિ વદવાં, લોકોને સારું લાગે એટલા માટે મધુરું અને મીઠું મીઠું બોલવું ઇત્યાદિ લૌકિક ગુણાધાન કહેવાય છે. ગાવામાં કે અધ્યયનાદિમાં કંઠ કોમળ અને મધુર થાય એટલા માટે લોકો દૂધ, સાકર, એલચી, વરિયાળી, દ્રાક્ષ વગેરે ખાય છે. આ સિવાય બીજા પણ અનેક ઉપાયો કરે છે; મુલાયમ અને કોમળ સ્પર્શને સારુ લોકો પુષ્ટિકારક ઔષધો તથા પુષ્ટિવર્ધક આહારાદિનું સેવન કરે છે; લાવણ્ય વા સુસ્વરૂપતા લાવવાને માટે લોકો તૈલાભ્યંગ સ્નાનાદિ કરે છે તથા શરીરે પીઠી ચોળે છે કિંવા અત્તરાદિ લગાડે છે; વળી દેહની સુંદરતા માટે અમૂલ્ય વસ્ત્રો અને અલંકારો ધારણ કરે છે; સુગંધને માટે લોકો અનેકવિધ પુષ્પોની માળાઓ પહેરે છે, તથા કેસર ચંદનાદિનો આખા શરીરે લેપ પણ લગાડે છે; ઇત્યાદિ પ્રકારના શરીરનું લાવણ્ય વા સુંદરતા વધારવાની દૃષ્ટિએ જે જે ઉપાયો મનુષ્યો કરે છે તે બધા ઉપચારોનો સમાવેશ લૌકિક ગુણાધાનમાં થાય છે.

શાસ્ત્રીય ગુણાધાન : ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવું, પૂજનાદિ થયા બાદ દેવતાઓનું તીર્થ ગ્રહણ કરવું, ચરણામૃત લેવું, વગેરે દેહશુદ્ધિના ઉદ્દેશથી પાપક્ષાલનાર્થે કરવામાં આવતા શાસ્ત્રમાન્ય આચરણોનો સમાવેશ શાસ્ત્રીય ગુણાધાનમાં થાય છે. આ ગુણાધાનભ્રાંતિ સંબંધે ટૂંકમાં કહેવામાં આવ્યું; હવે દોષાપનયનભ્રાંતિ સંબંધમાં કહું છું.

દોષાપનયનભ્રાંતિ

(૩) દોષાપનયનભ્રાંતિ : દોષાપનયન એટલે શરીરમાં રહેલા રોગાદિ કિંવા મલાદિ બાહ્ય અને આંતર દોષોને દૂર કરવા તે. આ દોષાપનયન પણ (૧) લૌકિક અને (૨) વૈદિક કિંવા શાસ્ત્રીય એમ બે પ્રકારનું છે.

લૌકિક : શરીરમાં રહેલા રોગાદિ નષ્ટ થવાને માટે વૈદ્યશાસ્ત્રકારોએ કહેલી ઔષધિનો ઉપયોગ કરવો અથવા સ્નાનાદિ કિંવા મોં ધોવાપણાદિ ઉપાયો દ્વારા બાહ્ય મલાદિ દોષો દૂર કરવા પ્રયત્ન કરવો; ઇત્યાદિ પ્રકારે જે દોષાપનયન થાય છે તે લૌકિક છે.

વૈદિક : શૌચ એટલે મળશુદ્ધિ. એ બાહ્યશુદ્ધિ હોઈ આચમનાદિ દ્વારા થતી શુદ્ધતા અંતરશુદ્ધિ કહેવાય; ઇત્યાદિ પ્રકારો એ વૈદિક કિંવા શાસ્ત્રીય દોષાપનયનના છે.

આ બધાનો દેહવાસનામાં જ સમાવેશ થાય છે તથા દેહવાસના એ તો અત્યંત મલિન છે. હવે દેહવાસનાને અત્યંત મલિન કેમ કહે છે, તેનો વિચાર કરવો જરૂરી છે.

દેહને આત્મા માનવો એ પ્રમાણશૂન્ય છે

દેહ એટલે જ "હું" છું, એ મુજબ દેહને વિષે આત્મત્વ માનવું એ અવિચારનું લક્ષણ હોઈ તે તદ્દન પ્રમાણશૂન્ય છે. એટલે કે દેહ એટલે જ "હું" એ કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થઈ શકે તેમ નથી; જેથી એ આત્મત્વ તમામ દુઃખોના કારણરૂપ છે. પૂર્વના મહર્ષિવર્યો, અપરોક્ષાનુભવી આચાર્યો અને સર્વે સત્પુરુષોએ તપશ્ચર્યાદિદ્વારા અતિ પ્રયત્નપૂર્વક સ્વાત્માનુભવ લઈ આ આત્મત્વનો નિષેધ સિદ્ધ કર્યો છે. કેમ કે એ દેહવાસનારૂપ આત્મત્વ અત્યંત મલિન હોઈ તે અતિશય દુઃખરૂપ એવા પુનર્જન્મના કારણભૂત છે. આમ આપણે આત્મત્વભ્રાંતિનું મિથ્યાત્વ અને મલિનપણું સમજી શકયા. હવે ઉપર જે ગુણાધાનભ્રાંતિ સંબંધે કહેવામાં આવ્યું તેની મલિનતા સંબંધમાં સંક્ષેપમાં વિચાર કરીશું.

ગુણાધાન પરિણામે નિરર્થક જ છે

ઉપર કહેવામાં આવેલાં લૌકિક અને વૈદિક ગુણાધાન જે સિદ્ધિની આશાએ કરવામાં આવે છે તે સિદ્ધિ પરિણામે મેળવી જ શકાય છે, એવો કોઈ વ્યવહારમાં નિયમ જોવામાં આવતો નથી. કેમ કે અનેક ગાયકો અને પ્રાધ્યાપકો કંઠ સુસ્વર થવાને માટે અનેકવિધ પ્રયત્નો કરવા છતાં પણ સુસ્વરતા મેળવી શકતા નથી, પુષ્ટિકારક ઔષધોથી મુલાયમ સ્પર્શ અને અંગની પુષ્ટતા થાય જ છે, એવો પણ કાંઈ નિયમ જણાતો નથી, તેમ જ લાવણ્યને માટે પ્રયત્ન કરવા છતાં પણ કાંઈ દેહમાં લાવણ્ય અથવા સુગંધ લાવી શકાય છે એમ પણ નથી. કેમ કે સુગંધ તો અત્તર અને પુષ્પાદિ માળાઓને લીધે તથા લાવણ્ય વસ્ત્રો અને અલંકારોને લીધે જોવામાં આવે છે, નહિ કે તે દેહમાં સ્વાભાવિક હોય છે. માળા, વસ્ત્રો અને અલંકારાદિ કાઢી નાંખ્યા પછી શરીર તો પાછું જેવું ને તેવું મલિન અને દુર્ગંધમાણું જ હોય છે. એટલા માટે દરેક શાસ્ત્રો પોકાર કરી કરીને કહે છે કે માંસ, લોહી, પરુ, વિષ્ઠા, મૂત્ર, સ્નાયુ, મજ્જા અને હાડકાંના પિંજરા ઉપર ચામડીથી મઢેલા આ દેહને વિષે પણ જો કોઈ મૂઢને પ્રીતિ થવા પામે તો તેને વિષ્ઠા યા નરકને વિષે પણ અવશ્ય પ્રીતિ થાય એ વાત નિઃશંક રીતે સિદ્ધ થાય છે. આમ મનુષ્યોને જો પોતાના દેહની અપવિત્રતા અને દુર્ગંધ આદિ હમેશ અનુભવમાં આવતાં હોવા છતાં તે થકી વૈરાગ્ય નહિ ઉપજે તો તેને બીજું કોઈ પણ સાધનો વૈરાગ્ય ઉપજાવવામાં સમર્થ થઈ શકે તેમ નથી. કદાચ એમ કહેવામાં આવે કે લૌકિક ગુણાધાન થકી સિદ્ધિ થતી ન હોય પણ ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવું, ચરણામૃત લેવું ઇત્યાદિ શાસ્ત્રમાં કહેલાં વૈદિક યા શાસ્ત્રીય ગુણાધાનથી તો સિદ્ધિ થશે ને? તો તેમ પણ નથી. કારણ કે એ વૈદિક કિંવા શાસ્ત્રીય ગુણાધાન પણ તે તે કરતાં પ્રબળ એવાં શાસ્ત્રવચનથી બાધને પામે છે. જેમકે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ એ વેદ વચનોનો બાધ હિંસા કર્યા વગર ચાલતું જ ન હોય તો. અગ્નિષ્ટોમ નામના યજ્ઞમાં પશુનો બલિ આપવો, એ રીતનાં વેદનાં નિયમવાક્યોના અપવાદથી થઈ શકે છે. તેમ ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવું કિંવા ચરણામૃત લેવું એ શાસ્ત્રીય ગુણાધાનનો, હમેશાં એક આત્માકાર વૃત્તિ જ રાખવી, અંતઃકરણમાં આત્માવ્યતિરિક્ત બીજી કોઈ પણ ભાવના ઊઠવા નહિ દેવી જોઈએ, એ પ્રકારના વેદનાં વિધિવાક્યોથી બાધ થાય છે. અર્થાત્ લૌકિક અને વૈદિક એ બન્ને પ્રકારનાં ગુણાધાનો પરિણામે નિરર્થક જ નીવડે છે.

દેહને આત્મા કહેનારો નર પશુ છે?

વાત, પિત્ત અને કફ એ ત્રણ વિકારો અને માંસ, મજ્જાદિ સાત ધાતુઓના બનેલા આ મડદારૂપ દેહમાં જેને દેહ એટલે જ હું છું એવી આત્મબુદ્ધિ હોય છે, પતિ અને પુત્ર આદિના દેહાદિમાં જેને પોતાપણાની ભાવના હોય જેને પૃથ્વીના વિકારરૂપ ઘરો વગેરે પદાર્થોમાં પૂજ્ય બુદ્ધિ હોય અને જેને જલાદિથી દેહને પવિત્ર કરી શકાય છે તથા તીર્થાદિથી દેહશુદ્ધિ થાય છે એવી તે પ્રત્યે ભાવના હોય છે, પરંતુ દેહસ્થ શુદ્ધ આત્મા કિંવા આત્મજ્ઞ એવા જીવન્મુક્ત મહાપુરુષોને વિષે જેને કોઈ પણ સમયે આત્મત્વની ભાવના અથવા પૂજ્ય બુદ્ધિ હોતી નથી તે મનુષ્ય ખરેખર બળદ અથવા ગધેડો જ છે એમ જાણવું.

આ રીતે દેહ તો અતિમલિન હોઈ દેહસ્થ આત્મા જ અત્યંત નિર્મળ, શુદ્ધ અને પવિત્ર છે. આ રીતે તે બન્નેનું અંતર જાણ્યા પછી કોની શુદ્ધિને માટે પ્રયત્ન કરવો જોઈએ તેનો બુદ્ધિમાને સારાસાર વિવેકયુક્ત વિચાર કરવો અત્યાવશ્યક છે. છતાં જેઓ એ વિચાર કરતા નથી તેવાઓને નરપશુ જ જાણવા.

ગુણાધાન ત્યાજ્ય કેમ?

કદાચ એમ કહેવામાં આવે કે ઉપર કહેલા દેહાદિ શુદ્ધિ વગેરે પ્રમાણો તથા શાસ્ત્રવચનોથી દોષાપનયનનો નિષેધ સૂચવાયો છે; પરંતુ તે થકી કંઈ ગુણાધાનનો નિષેધ થતો નથી. તેના ઉત્તરમાં કહેવાનું કે જ્યાં સુધી દેહ એટલે જ હું છું એવું દેહાત્મત્વ તથા દોષાપનયનાદિ દોષોનું પ્રબળત્વ હોય છે ત્યાં સુધી ગુણાધાનનો નિષેધ અશક્ય બને છે તેથી તે દોષો નીકળી જતાં જ શુદ્ધ એવા આત્મામાં ગુણાધાનાદિ જેવા મલિન દોષો પણ વિરોધાત્મક હોઈ તે તદ્દન ત્યાજ્ય ઠરે છે, એ બિલકુલ સ્પષ્ટ છે. આ દૃષ્ટિએ જ

અહીં લૌકિક સહિત વૈદિક ગુણાધાનનો પણ નિષેધ કરવામાં આવ્યો છે. આ મુજબ જ્યારે ગુણાધાન પણ અંતે ત્યાજ્ય ઠરે છે ત્યારે આત્મત્વ અને દોષાપનયનાદિ દેહવાસના મલિન હોઈ ત્યાજ્ય ઠરે એમાં નવાઈ શી?

શું દેહ અત્યંત મલિન છે?

દેહની અત્યંત મલિનતા સંબંધી શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રોમાં પણ ઘણે સ્થળે કહેવામાં આવ્યું છે કે હાડકાં, ચામડી, સ્નાયુ, મજ્જા, માંસ, વીર્ય, લોહી, કફ, આંસુ અને ચીપડાથી દૂષિત થએલા વિષ્ઠા, મૂત્ર, કફ, વાત અને પિત્તના સમુદાયરૂપ તેમ જ દુર્ગન્ધથી ભરેલા નિઃસાર અને અમંગળ એવા આ શરીરને વિષે વિષયોના ઉપભોગનું શું પ્રયોજન છે (મૈત્રે૦ ઉપ૦)? ખરી રીતે આ શરીર મૈથુનથી ઉત્પન્ન થાય છે; ચૈતન્ય વિનાનું, જડ અને જાણે નરકમાં ન હોય એવું છે; તે મૂત્રદ્વારથી બહાર આવે છે; હાડકાંથી ખરડાએલું, માંસથી લપેટાએલું, અને ચામડાથી મઢાએલું છે; તે વિષ્ઠા, મૂત્ર, પિત્ત, કફ, મજ્જા, મેદ અને વસાદિ તેમ જ અનેક મળોથી છલોછલ ઉભરાયેલું હોવાથી જાણે કે એ એક એવા પ્રકારના દુર્ગન્ધયુક્ત દ્રવ્યોથી ભરેલો કોપ અથવા ખજ્જનો કિંવા અનેકવિધ રોગોનું ઘર જ છે.

વળી ઔષધોપચારથી દેહમાંના રોગોની શાંતિ થાય જ છે એવો કાંઈ વ્યવહારમાં અનુભવ નથી. તેમ જ શાંત થયેલો રોગ પણ કયારેક ફરી પાછો ઊપડી આવે છે. જેનાં બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા અને શિશ્ન એટલે જનનેંદ્રિય મળી નવ છિદ્રોમાંથી ચીપડા, પરુ, લીંટ, વિષ્ઠા (મળ), મૂત્ર ઇત્યાદિ મળ નિરંતર ઝર્યા કરે છે અને જેનાં અણુમણ એટલે નહિ ગણી શકાય તેવાં રુંવાડાંનાં છિદ્રોનાં મૂળમાંથી પરસેવો ઝર્યા કરે છે એવા આ શરીરને પવિત્ર અને શુદ્ધ કરવાનો દાવો કોણ કરી શકે તેમ છે? તાત્પર્ય કે, કરોડો ઉપાયો કરવા છતાં પણ આ અતિમલિન અને દુર્ગંધયુક્ત દેહ કદાપિ શુદ્ધ થઈ શકે તેમ નથી. પ્રાચીન મહર્ષિવર્યો પણ ફંફોશીષ કરી કરીને એ જ કહી રહ્યા છે કે છિદ્રોવાળા કાણાઘડાની જેમ આ નવ છિદ્રોવાળા શરીરમાંથી નિરંતર નિત્ય મળ ઝર્યા કરે છે, એને બહારની સાફસુફીથી સાફ કરી શકાતું નથી તેમ અંદરથી સાફ કરવાનો તો કોઈ પણ ઉપાય છે જ નહિ. મેલ બહાર નિકળ્યા પછી ગુદાદ્વારને બહારથી સાફ કરવામાં આવે છે, પરંતુ આંતરડાં વગેરેમાં અંદરખાનેથી તો તે ચોંટેલો જ હોય છે, એ જ દશા નાક, મોં કાન વગેરે અન્ય છિદ્રોની પણ સમજવી. આ રીતે વિચાર કરતાં જણાશે કે આ મળમૂત્રાદિથી ભરેલા અમંગળ એવા દેહને માટે બાહ્ય કિંવા આંતર એકે શુદ્ધિ છે જ નહિ!

અહંભાવનો ઓળો પણ ન લેવો

આ રીતે દેહવાસના અત્યંત મલિન છે જે ઉપરના વિવેચનથી જાણી શકાશે. આ સંબંધમાં મહર્ષિ વસિષ્ઠજીએ રામચંદ્રજીને આ પ્રમાણે કહ્યું છે કે "હે રામ! પગથી માંડીને ઠેઠ માથા સુધી માતાપિતાથી ઘડાયલો એવો "આ દેહ એટલે જ હું છું" એવો જે નિશ્ચય એ જ ખરું જોતાં ભૂત ભરેલો હોઈ તદ્દન ખોટો અને બંધનને લાવનારો છે. આ "હું એટલે દેહ જ છું" એવો નિશ્ચય જ કાળસૂત્ર નામના નરકની કેડી (પગથી) છે, તે અવિચિ નામના નરકની મોટી જાળ છે અને અસિપત્ર નામના નરકની હાર છે." વ્યવહારમાં સર્વસ્વનો નાશ થઈ જાય તોપણ ભલે પરંતુ તે નિશ્ચયને તો કોઈ પણ પ્રયત્ને દૂર કરવો જ જોઈએ. પોતાનું ભાવિ કલ્યાણ થાય એવી આશા રાખનારે તો કૂતરાનાં માંસને લઈ જતી ચંડાલણ સમા એ દેહમાં જ માની લીધેલ અહંભાવનારૂપ પિશાચણનો ઓળો (છાયા) સરખો પણ પડવા દેવો નહિ જોઈએ.

લોક, શાસ્ત્ર અને દેહવાસના ત્યાગવા યોગ્ય છે

આ મુજબ લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસના એ ત્રણે વાસનાઓ અવિવેકી મૂર્ખાઓને જ સ્વીકારવા જેવી લાગે છે; પરંતુ વસ્તુતઃ એ વાસનાઓ જિજ્ઞાસુઓને આત્માનું જ્ઞાન થવામાં વિરોધી છે, જેથી વિવેકીઓએ તો તેમનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. આથી જ શ્રુતિ, સ્મૃત્યાદિ તમામ શાસ્ત્રો પણ લોકવાસના અને દેહવાસનાથી જીવને યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કદાપિ થતું નહિ હોવાથી તે ત્યાગવા યોગ્ય છે, એમ પોકારી

પોકારીને કહે છે. કારણ કે આ બધી વાસનાઓ દરેકે પોતપોતાની માન્યતા અનુસાર માની લીધેલ હોવાથી તે એક પ્રકારનો નશો કિંવા વ્યસન છે. તે થકી આત્મોન્નતિરૂપ ધ્યેય કદાપિ પણ સિદ્ધ થતું નથી. તસ્માત્ નશારૂપ એવી એ વાસનાઓનો ત્યાગ કરી જે વડે યથાર્થ ધ્યેયની સિદ્ધિ થાય એવી એક આત્મચૈતન્યની ભાવનાને જ હમેશાં દૃઢ કરવી જોઈએ, એટલે તે થકી તમામ દ્વૈતભાવની નષ્ટતા થઈ ઐક્યભાવમાં સ્થિતિ થશે અને પરમપદની પ્રાપ્તિ થઈ અંતે કાયમી સુખ અને શાંતિનો અખંડ અનુભવ આવશે. એ સ્થિતિને જ શાસ્ત્રકારો બ્રાહ્મી સ્થિતિ, જીવન્મુક્તિ, પરમતત્ત્વ ઇત્યાદિ નામો વડે સંબોધે છે. અને આવી સ્થિતિ પ્રાપ્ત કરનારાઓ જ તમામ પ્રકારના વ્યસનાત્મક વ્યવહાર થકી સદંતર મુક્ત થઈ અનાસક્ત કર્મયોગી બની જગતને સત્પંથે ચઢાવી શકે છે. આનું નામ જ નિષ્કામ કર્મયોગી.

કિરણાંશ ૬

ગ્રંથ લખવાનો ઉદ્દેશ

અત્યાર સુધીના વિવેચન ઉપરથી સમજી શકાશે કે પ્રસ્તુત સમયે જગતમાં સર્વત્ર વ્યસન કિંવા નશાનો જ પ્રાદુર્ભાવ વ્યાપેલો છે, જે ખરેખર અયોગ્ય હોઈ ત્યાજ્ય છે. જેથી પ્રથમતઃ તો જ્ઞાન એટલે શું? વિદ્યા કોને કહે છે? અવિદ્યા કઈ? ધર્મ કયો? અધર્મ કયો? આજકાલ જગતમાં ચાલી રહેલો બધો વ્યવહાર વ્યસનાત્મક કેમ? સાચી લોકસેવા વા જગતકલ્યાણ કોણ કરી શકે? અનાસક્ત કર્મયોગ કોને કહેવો? અને તે કરવાને અધિકારી કોણ? ઇત્યાદિ બાબતો જાણવાની જરૂર છે. કારણ તેનું સત્ય જ્ઞાન નહિ હોવાને લીધે આધુનિક સમયે લોકોનું લક્ષ્ય સ્વાત્માનુભવ પ્રાપ્ત કરવાને બદલે કેવળ ગ્રંથપ્રત્યય એટલે વધુમાં વધુ પુસ્તકોનું વાંચન એટલે જ જ્ઞાન એવી માન્યતા તરફ જ દોરાયું છે. એટલું જ નહિ પરંતુ તેઓ લોકવાસનાને જ લોકસેવા વા જગકલ્યાણાદિના નામે સ્ત્રી,પુત્ર,વિત્ત, લોક ઇત્યાદિ એષણાઓ રૂપાદિ અંતરમાં રહેલો વિષયવાસનારૂપ સ્વાર્થ સાધવો એનું નામ જ અનાસક્તિ વા કર્મયોગ એમ માની બેઠા છે. આવી અનેક પ્રકારની વ્યસનાત્મક પ્રવૃત્તિ અને ખોટી માન્યતાને લીધે જિજ્ઞાસુઓનું લક્ષ્ય અવળા માર્ગે વેધાવા પામેલું હોવાને લીધે તે થકી નિવૃત્ત થઈ તેઓ આત્માનુભવ પ્રાપ્ત કરી આત્મકલ્યાણરૂપ ધ્યેયના સાચા માર્ગે વળે અને તેઓને તેમના એ કાર્યમાં કાંઈક અંશે મદદરૂપ થાય એવા શુભ ઉદ્દેશથી ઈશ્વરીય પ્રેરણાવશાત્ આ ગ્રંથ લખવામાં આવ્યો છે (વધુ માટે કિરણાંશ ૨ તથા ૨૧ થી ૨૪ જુઓ).

सत्यं वद

મહાભારતમાં ધર્મરાજાની એક લોકપ્રસિદ્ધ વાર્તા છે, તે ઉપરથી કેવળ ગ્રંથપ્રત્યય કરતાં અનુભવની મહત્તા વધુ કેમ કહેવાય છે તે સંબંધી સારી રીતે કલ્પના આવી શકશે. રાજા યુધિષ્ઠિર પાંચ વર્ષના થયા એટલે શુભ મુહૂર્ત જોઈ તેમને શાળામાં દાખલ કર્યા. ગુરુએ પ્રથમ દિવસે સર્વ નવીન વિદ્યાર્થીઓને **सत्यं वद** (સાચું બોલ) એવો પાઠ આપીને કહ્યું કે આવતી કાલે તમો બધા આ પાઠ સારી રીતે તૈયાર કરીને લાવજો. તે પ્રમાણે બીજે દિવસે ગુરુશ્રીએ બધાને પાઠ તૈયાર થયો? એવો પ્રશ્ન કર્યો. આથી દરેક વિદ્યાર્થીએ તે તદ્દન શુદ્ધ અને મુખપાઠ બોલી બતાવ્યો. સૌથી છેવટે બાલરાજા યુધિષ્ઠિરનો વારો આવ્યો. કેમ કે તેઓ વર્ગમાં સૌથી ઠોઠ ગણાતા હતા. તેમને ઉપરના ક્રમમાં કોણ બેસવા દે? તેમણે કહ્યું ગુરુદેવ! મારો પાઠ હજી તૈયાર થયો નથી, કેમ કે મારાથી ગઈ કાલે રમતમાં એ વખત ભૂલથી જૂઠું બોલી જવાયું હતું. આ સાંભળીને બીજા વિદ્યાર્થીઓ તો હસવા લાગ્યા પણ ગુરુ સમજી ગયા. આમ તેમણે પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સુધી આ એક જ પાઠ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો, તેઓ બીજો પાઠ ભણ્યા જ નહિ. આથી તેઓ આજે પણ સત્યવાદી, ધર્મરાજ ઇત્યાદિ નામો વડે લોકમાં પ્રાતઃસ્મરણીય થવા પામેલા છે. તાત્પર્ય કે, પુસ્તકોના ઢગલેઢગલા વાંચવામાં કે લખવામાં આવે; પરંતુ જે વાચન વા લેખન, વર્તન કિંવા અનુભવમાં નહિ ઊતરે, જે વાચન, લેખન થકી દુઃખનો કાયમી નિવૃત્તિ થઈ ન શકે, તે બધું તો ગધેડાના પીઠ ઉપર મૂકવામાં

આવતી સોનાની અંબાડીની જેમ તદ્દન નિરર્થક જ છે, એમ નિશ્ચયપૂર્વક જાણવું. વસ્તુતઃ ઉપર કહેવામાં આવેલા પ્રચારાત્મક ગ્રંથોનું વાચન, લેખન અથવા શ્રવણ, કાળનો દુર્વ્યય કરાવનારું હોઈ અંતે તો તે તદ્દન નિરર્થક જ નીવડે છે.(દુઃખની આત્યંતિક નિવૃત્તિ થઈ કાયમનું સુખ અને શાંતિ પ્રાપ્ત થઈ શકે એવું જ્ઞાન જે પ્રાપ્ત કરાવી આપે તે જ ખરી વિદ્યા કહેવાય.) આ પ્રકારનું જ્ઞાન મેળવી મનુષ્ય ખરું સુખ અને અખંડ શાંતિ શી રીતે પ્રાપ્ત કરી શકે ? તે દૃષ્ટાંત, યુક્તિ, સિદ્ધાંત અને અનુભવ સાથે આ ગ્રંથમાં સમજાવવામાં આવેલું છે.

ગ્રંથનો હેતુ

મનુષ્યનું સાચું ધ્યેય શું ? જગતમાં દરેક મનુષ્યનો કર્તવ્યના ઓથાં નીચે જે જે કાંઈ વ્યવહાર ચાલી રહેલો જોવામાં આવે છે, તે પૈકી કોના કર્તવ્યને સાચું કહેવું ? કેટલીક બાબતોમાં મનુષ્યો અને પશુપક્ષીઓના કર્તવ્યમાં સામ્ય જણાઈ આવે છે તો કેટલીકમાં ભિન્નતા જોવામાં આવે છે. વળી કેટલીક બાબતોમાં મનુષ્ય કરતાં પશુપક્ષીઓનો વ્યવહાર નિસર્ગ (કુદરત)ના નિયમને અનુસાર થતો હોવાનું જોવામાં આવે છે અને મનુષ્યો નિસર્ગના નિયમને વિસારે મૂકીને મિથ્યા અહંકાર વડે મર્યાદા છોડી ચાલવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેમાં તે અંતે દુઃખ ભોગવે છે. વળી મનુષ્યવ્યવહારમાં પણ કર્તવ્યો સમજીને જે વ્યવહાર થઈ રહેલો જોવામાં આવે છે તેમાં પણ એકવાક્યતા નથી; કેમ કે જેને કેટલાકો કર્તવ્ય સમજે છે તેને બીજાઓ અકર્તવ્ય માને છે. સુખને માટે પણ એમ જ છે. કેટલાકોને મતે વ્યવહારમાં ધન, સ્ત્રી, પુત્રાદિ સુખનાં સાધનો માનવામાં આવે છે, ત્યારે કેટલાકો તેને દુઃખરૂપ સમજે છે. વળી જેઓ તેને સુખના સાધનરૂપ સમજે છે તેઓ પણ કાળદેશવશાત્ તેને ત્યાજ્ય સમજે છે. પૈસા અને સ્ત્રીપુત્રાદિને વ્યવહારમાં દરેક અત્યંત પ્રિય ગણે છે ખરા, પરંતુ પોતાનો જ જીવ જવાનો જે કોઈ પ્રસંગ ઉભો થાય તો તે વેળાએ તે સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે, તોપછી પ્રિય શું ? બાળકને માતા અત્યંત પ્રિય હોય છે, પણ તે બાળક જ્યારે જુવાન થાય છે ત્યારે તેને સ્ત્રી અત્યંત પ્રિય હોય છે. આમ જે વસ્તુ આજે પ્રિય હોય તે કાલે અપ્રિય થાય છે અને જે આજે અપ્રિય હોય તે કાળે કરીને પ્રિય થાય છે. દુઃખ સુખરૂપ થાય છે અને સુખ દુઃખરૂપ હોવાનો અનુભવ મળે છે. શત્રુ મિત્ર બને છે અને મિત્ર શત્રુ બને છે. આમ વ્યવહારમાંની દરેક બાબતો કાળ, દેશ અને ક્રિયાવશાત્ ઊલટાસૂલટી અનુભવવામાં આવે છે. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કર્તવ્ય એટલે શું ? દરેક મનુષ્ય પોતપોતાની બુદ્ધિ અનુસાર વ્યવહારમાં રચ્યોપચ્યો રહી તેને જ કર્તવ્ય સમજે છે, તો આ બધા પૈકી કોના કર્તવ્યને કર્તવ્ય કહેવું ? મનુષ્યોનું સાચું કર્તવ્ય કયું હશે ? અને તે શા માટે કરવું જોઈએ ? તેનો ઉદ્દેશ શો ? ઇત્યાદિ બાબતો સમજવાની પ્રથમ તો ખાસ જરૂર ઉભી થાય છે. તે ધ્યેય સમજાવવાને માટે જ મહર્ષિવર્ગ તરફથી ધર્મશાસ્ત્રોની રચના થયેલી છે. આમાં પણ એવી શંકા ઉપસ્થિત થવા પામે છે કે ધર્મશાસ્ત્રો તો અનેક છે તે પૈકી સાચાં કયાં સમજવાં ? શાસ્ત્રનું મૂળ કયું ? તે કયાંથી ઉત્પન્ન થયાં ? તેને કોણે કર્યાં ? વગેરે. આ સર્વ બાબતોનું યોગ્ય રીતે નિરાકરણ જાણવાની ઇચ્છાવાળાઓ દુરાગ્રહ છોડીને સાંખ્ય (જ્ઞાન), યોગ અને ભક્તિ કોને કહેવાં ? કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ વગેરે મતમતાંતરોના ઝગડાઓ નિરર્થક કેમ ? કર્મયોગ કોને કહેવો ? તે કોણ કરી શકે ? ધર્મ એટલે શું ? ઇત્યાદિ બાબતો નિઃશંક રીતે સમજી શકે તથા મનુષ્ય જે પરમ ગૂઢ રહસ્ય જાણવાથી તદ્દન નિઃશંક બની સાચું ધ્યેય પ્રાપ્ત કરી શકે અને જે જાણ્યા પછી બીજું કાંઈ પણ જાણવાનું રહેતું જ નથી, એવું સચ્ચિદાનંદસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપનારું ગુહ્ય રહસ્ય જિજ્ઞાસુઓ સારી રીતે જાણી શકે એ જ આ ગ્રંથનો મૂળ હેતુ છે.

ગ્રંથનું પ્રયોજન અને વિષય

હું, તું, આ, તે ઇત્યાદિરૂપે જે જે કાંઈ આ જણાય દેખાય છે તે સર્વ આત્મરૂપ છે કિંવા આત્મામાં કાંઈ છે જ નહિ; આ રીતે શ્રુતિ, સ્મૃત્યાદિ, ધર્મશાસ્ત્રો, શાસ્ત્રજ્ઞો અને મહાત્માઓ પોકાર કરી કરીને કહી રહ્યા છે, તેની લોકોને કાંઈક અંશે કલ્પના આવે, વળી ચરાચરમાં પરમાત્મા શી રીતે વ્યાપેલો છે ? આત્મોન્નતિ કેવી રીતે થઈ શકે ? તેને માટે સરળ અને સાદા માર્ગો કયા ? પ્રસ્તુત સમયે વ્રત, જપ, તપાદિ કરવાને માટે લોકો

અસમર્થ છે, તો તેવાઓને માટે સંસારમાં રહીને જ તત્કાળ પરમાત્મદર્શન કરાવી આપનારો તદ્દન સીધો અને સરળ માર્ગ કયો? ઇત્યાદિ બાબતો સરળ અને સ્પષ્ટ રીતે સમજાય, તે ઉપરાંત સર્વ ભેદભાવો મિથ્યા હોઈ તમામ શાસ્ત્રોની એકવાક્યતા શી રીતે સિદ્ધ થઈ શકે છે? શાસ્ત્રનો સાચો અર્થ શો? ઐહિક અને પારમાર્થિક બંને પ્રકારનો ઉત્કર્ષ કેવી રીતે સાધી શકાય, તેમ જ સાંખ્યયોગ, કર્મયોગ જ્ઞાન કે ભક્તિયોગ વગેરે માર્ગો ભિન્ન નથી પણ એક જ છે, ઇત્યાદિ દર્શાવવું એ આ ગ્રંથનું પ્રયોજન હોઈ આત્મોન્નતિ એ જ તેનો મુખ્ય વિષય છે.

દુરાગ્રહી, હઠીલા અને મિથ્યાભિમાની પુરુષોને સમજાવવા માટે તો જગતમાં કોઈ ઉપાય નથી; જે ઉપર કહ્યું છે. (જુઓ પાનું ૮, ૯) પરંતુ જેઓ વિવેકી, જિજ્ઞાસુ અને આત્મોન્નતિને ઇચ્છતા હોય, થોડાઘણા શાસ્ત્રાભ્યાસી અથવા શાસ્ત્રનો સાચો હેતુ જાણવાની ઇચ્છા ધરાવતા હોય, તેવાઓને માટે તો આ ગ્રંથ પ્રકાશ જેમ અંધકારનો તત્કાળ નાશ કરી નાખે છે તેમ તેઓના તમામ સંશયોને તત્કાળ છેદી નાખશે. વિચારશીલ તો પોતે જાતે વાંચી વિચારીને જ ધ્યેય પ્રાપ્ત કરી શાંતિને પ્રાપ્ત કરશે, કિંવા વિદ્વાનોના મુખેથી સાંભળી ધીરે ધીરે વિચાર કરવામાં આવે તો પણ તેને જ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થશે. આત્મોન્નતિને ચાહનારા જિજ્ઞાસુઓ તો જેમ વ્યવહારમાં જમાખર્ચનો હિસાબ દર મહિને મહિને અથવા વર્ષ આખરે તપાસવામાં આવે છે અને તેમાં નુકસાન થાય તો તે શા કારણથી થયું તેનું કારણ તપાસીને બીજી વખતે તેવી ભૂલ થવા ન પામે તે માટે સાવચેતી રાખવામાં આવે છે; તે પ્રમાણે આપણે ઘણા વખત થયાં આટલાં બધાં જપ, તપ, ધ્યાન, દાન, યજ્ઞ વગેરે અનેકવિધ સત્કર્મો કરતાં હોવાં છતાં આપણને હજુ સુધી આત્મશાંતિ કેમ થતી નથી? તેનું કારણ શું હશે? આપણી ભૂલ ક્યાં થાય છે? તેનું કારણ તદ્દન નિરભિમાની થઈ મનમાં કોઈ પણ પ્રકારનો હઠાગ્રહ વા દુરાગ્રહ નહિ રાખતાં પોતે જ પોતાને નિત્યપ્રતિ તપાસતા રહેવું જોઈએ. તથા વ્યવહારમાં જેમ આપણા ઘણા મિત્રો અને બાંધવો હોવા છતાં ખરા સંકટ સમયે ઉપયોગમાં આવે એવા તો બે પાંચ જ નીકળે છે અને તેમની પરીક્ષા પણ પ્રસંગ ઉપસ્થિત થતાં જ થઈ જાય છે તથા તે પૈકી પણ છેવટે જેઓ તદ્દન સાચા હોય તેવા એકાદ બે હિતેચ્છુઓ જવલ્લે જ રહી જવા પામે છે, અને બાકીના બધા ખરી જાય છે અથવા તેઓનો ત્યાગ કરવો પડે છે; તેમ જે શાસ્ત્ર યુક્તિઓ વડે આત્મતત્ત્વનો નિર્ણય કરી તેનું સાચું ભાન કરાવી આપતું હોય તેને જ ગ્રહણ કરવું; અને મહાનમાં મહાનનું રચેલું હોય પણ તે જો આત્મતત્ત્વનો નિર્ણય કરાવી આપવારૂપ પુરુષાર્થનું સાચું ભાન કરી આત્મશાંતિ પ્રાપ્ત કરાવી આપનારું ન હોય તો તેને તત્કાળ તજી દેવું જોઈએ. બાળકનું વચન પણ યુક્તિવાળું અને ન્યાયને અનુસરીને યોગ્ય એવું હોય તો તેનો નિરભિમાનપણે સ્વીકાર કરવો, પરંતુ ગમે તેવા મહાનનું વાક્ય યુક્તિ અને ન્યાય વિરુદ્ધ હોય તો તેનો ત્યાગ કરવો. આત્મશાંતિ ઇચ્છતા બુદ્ધિમાનોએ તો ન્યાયને અનુસરનારા માર્ગનું જ અવલંબન કરવું જોઈએ. આત્મોન્નતિ ચાહનારા કિંવા પરમાત્માના દર્શનની ઇચ્છા ધરાવનાર બુદ્ધિમાનો અને તીવ્ર જિજ્ઞાસુઓને તો આ ગ્રંથ એક વખત વાંચવાની સાથે જ શાંતિ આપશે અને સામાન્ય જિજ્ઞાસુઓ માટે બે, ત્રણ કે તેથી વધુ વારના વાચનથી પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરાવી આપશે એવી પ્રતિજ્ઞા છે. આ સંબંધે વધુ લખવા કરતાં બુદ્ધિશાળી અભ્યાસકોને ગ્રંથનું વાચન કરવાથી જ તેની મહત્તા સમજાશે.

કિરણાંશ ૭

मूकं करोति वाचालम्

હું કાંઈ વિદ્વાન નથી, પંડિત નથી અથવા તો શાસ્ત્રનો અભ્યાસી પણ નથી. વળી હું કાંઈ કાશી જઈને ભણ્યો નથી કે મને સંસ્કૃતનો અભ્યાસ નથી. આ તો ભગવાનની માયા છે. તે ગમે તેને નિમિત્ત બનાવે છે. અર્જુનને નિમિત્ત બનાવી લોકકલ્યાણને માટે ગીતારૂપે જ્ઞાન પ્રગટાવ્યું. **मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम्। यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम्॥** જેમના ઉપર પરમેશ્વરની કૃપાદૃષ્ટિ થાય તેને શાની મણા રહે? તે મૂકને વાચાલ કરે અને લંગડાને પહાડ ઉપર ચડાવે છે. આ વાત તો હિમાલયમાં પ્રત્યક્ષ જોવા મળે છે. એક પ્રસંગે હિમાલયની યાત્રામાંથી પાછા ફરતી વખતે મારી સાથે કેટલાક લોકો પણ

હતા. તેઓ બધા પોતાની શ્રીબદરીનાથ, શ્રીકેદારનાથ, શ્રીગંગોત્રી અને શ્રીજમનોત્રી એમ ચારે ધામોની યાત્રા પૂર્ણ થવાથી મોટા આનંદમાં મહાલી રહ્યા હતા અને જાણે અમોએ જગતમાં બીજા બધાઓથી કાંઈ વિશેષ કરી બતાવ્યું ન હોય એવું તેમના મનમાં કિંચિત્ અભિમાન થયું હતું. આજ સુધી કોઈનો ગર્વ ટક્યો છે? તે ન્યાયાનુસાર આ ગર્વીષ્ઠો થોડેક દૂર ગયા નથી એટલામાં તો પાછળથી એક આંધળો અને લંગડો એમ બે સાધુ આવતા બધાના જોવામાં આવ્યા. લંગડો સાધુ કાખમાં ઘોડી લઈને આંધળાને દોરતો દોરતો જોરથી રસ્તો કાપી રહ્યો હતો. લંગડાની કાખમાં ઘોડી હતી અને એક હાથમાં લાકડી હતી. તે લાકડીનો છેડો આંધળાના હાથમાં હતો અને તેઓ પાછળથી આવીને અમારા બધા કરતાં આગળ જવા લાગ્યા. તેમને મેં કુતૂહલથી પૂછ્યું: 'મહાત્મા કહાંસે આયે?' ઉત્તર: 'શ્રીબદરીનારાયણસે આ રહે હૈં.' તેમનો યોગ્ય સત્કાર કર્યો. પછી તેઓ પગપાળા કરતાં પણ ઝડપભેર આગળ વધી ગયા. તેમને બતાવીને પછી મેં સાથેના લોકોને કહ્યું કે, તમો મનમાં અભિમાન રાખતા હતા ખરું ને? પણ જુઓ, ભગવાને તમારા ગર્વનું તત્કાળ હરણ કર્યું. જોયું! આ આંધળા અને પાંગળા બે સાધુઓ કોઈપણ સાધન વગર અનક્ષેત્રમાંથી ભિક્ષા લઈને જાત્રા કરી આવ્યા, તો તેઓ કરતાં તમોએ શું મોટી ધાડ મારી? તાત્પર્ય, જેના ઉપર ભગવત્કૃપા ઉતરે તેને માટે શું અશક્ય છે? તેમ હું કાશી ગયો ન હોઉં કિંવા મને કાંઈ જ જંતરમંતરની ખબર પણ ભલે ન હોય અથવા મારામાં કોઈ પ્રકારની વિદ્વત્તા યા યોગ્યતા ભલે ન હોય; પરંતુ મને પ્રેરણા કરનાર સાક્ષાત્ ઈશ્વરની જ જ્યાં કૃપા હોય ત્યાં મારે શી ચિંતા? લોકોનો ઘણો આગ્રહ થવાથી તેમજ ભગવદ્ગીતાના અર્થ સંબંધમાં લોકોમાં પ્રસરેલી અજ્ઞાનતાનું નિવારણ થાય તથા ગમે તે અવસ્થામાં સહેલાઈથી આત્મસાક્ષાત્કાર કરી મનુષ્ય કાયની સુખશાંતિ પ્રાપ્ત કરી શકે એટલા માટે કેવળ ભગવત્કૃપા અને ઈશ્વરીય પ્રેરણાવશાત્ આ વિશાલ ગ્રંથ તૈયાર થયો છે. તેમાં મારે પોતાને અહંકાર રાખવા જેવું કંઈ છે જ નહિ. સિવાય આમાં લખેલી કોઈપણ બાબત અનુભવ વિનાની નથી. ટૂંકમાં એટલું જ જણાવીશ કે આ કાર્યની શરૂઆત કોઈપણ પ્રકારનો વિચાર નહિ હોવા છતાં અકસ્માત તાપી તટ ઉપર આવેલા શ્રીક્ષેત્ર સૂર્યપર (સુરત) મુકામે અને જાણે આ કાર્યને માટે જ બાંધવામાં આવ્યું ન હોય તેવા સૂર્યસદન નામના એકાંત સ્થાનમાં ગત કલિ ૫૦૪૪, શાલિવાહન શકે ૧૮૬૫ સુભાનુ નામ સંવત્સરે, સંવત્ ૧૯૬૯ના ચૈત્ર સુદ ૯ શ્રીરામજયંતિ પુષ્ય નક્ષત્ર બુધવારના રોજ થઈ અને તે ભાદ્રપદ વદિ ૧૧ શનિવારે સંપૂર્ણ થયું. તેમાં પણ પ્રવાસ વગેરેના અંગે દોઢ મહિનો કાર્ય બંધ હતું. એટલે ફક્ત ચાર મહિના જેટલી ટૂંકી અવધિમાં બીજા કોઈની મદદ સિવાય કેવળ એકલા હાથે જ આ ગીતાદોહનનું મહાન્ કાર્ય પૂરું થાય એ ગારા જેવા પામરનું શું ગજું? વળી મંદબુદ્ધિવાળો હું ક્યાં અને શ્રીમદ્ભગવદ્ગીતાદિ શાસ્ત્રોરૂપ દોહનનું કાર્ય ક્યાં? ઉપનિષદાદિ શાસ્ત્રોનો દોગ્ધા તો ગોપાલ જ હોય. સંક્ષેપમાં આ કાર્ય ભગવાનનું હોઈ તે ભગવાને પોતે જ કર્યું છે. એમાં મારું કાંઈ છે જ નહિ. હું ધારું છું કે જેઓ ભગવાનની કૃપાને પાત્ર હશે તેઓ જ આનો અભ્યાસ કરી તેમના સાક્ષાત્કારનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરી શકશે. આની પ્રત્યક્ષ સાબિતી માટે ભગવાનને કહેલો ધારણાભ્યાસ કહું છું, તે પ્રમાણે ગ્રંથનો અભ્યાસ કરવાથી જિજ્ઞાસુઓ ભગવત્ સાક્ષાત્કાર કરી શકે.

સ્થૂલ ૐકારની પ્રથમોત્પત્તિ

અનિર્વચનીય, અવ્યય, અવ્યક્ત, નિર્ગુણ, નિરાકાર, નિર્વિકાર, નિરામય, પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપ એવો આ ૐકાર છે. તેનું મૂળસ્વરૂપ આ પ્રમાણેનું હોઈ તે હંમેશ પોતાના અગોચર એવા આ શુદ્ધસ્વરૂપમાં જ સ્થિત હોય છે. આ દૃશ્યાદિરૂપે વાસ્તવિક નિર્વિકાર એવો તે પોતે જ પોતામાં પોતાવડે પાણીને તરંગની જેમ સગુણાદિ અનંતરૂપે થયો હોય એમ ભાસમાન થતો હોવા છતાં પોતાના શુદ્ધસ્વરૂપમાંથી કદાપિ ચ્યુત થતો નથી. એવા આ ૐકારરૂપ પરમાત્માના પરઅપરસ્વરૂપનો સ્વાનુભવ લઈ પરમપદમાં સ્થિત થયેલો સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ કે જે સગુણ આકૃતિરૂપે ભાસમાન થનારા અને સ્વસંકલ્પથી ચૌદલોકવાળું સમષ્ટિ બ્રહ્માંડ ઉત્પન્ન કરનાર, નિર્ગુણ પરમાત્માનો સૌથી પ્રથમનો અંશ—આવેશ છે; તે આવેશરૂપ પુરુષે પોતાની ઉત્પત્તિ

થયા બાદ પોતાનું સાચું સ્વરૂપ શું ? પોતે કયાંથી ઉત્પન્ન થયો ? કોણે ઉત્પન્ન કર્યો ? શા માટે ઉત્પન્ન કર્યો ? ઇત્યાદિ જાણવા અર્થે તપ કરવાના ઉદ્દેશથી મન સહિત સર્વ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયાદિની સઘળી બાહ્યવૃત્તિઓનો સદંતર નિરોધ કર્યો. આમ જ્યારે તે મન સહિત તમામ ઇન્દ્રિયો પોતાના વિષયો અને વૃત્તિઓ સહિત પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપમાં નિરોધ કરવા માટે હૃદયાકાશમાં ધ્યાન કરીને સ્થિર ચિત્તવડે એકાગ્રતાથી બેઠો હતો તે વખતે તેને પોતાના અંતઃકરણમાંથી (હૃદયાકાશમાંથી) સ્વાભાવિક રીતે જ સ્ફુરણપામતો સ્વતઃસિદ્ધ ઉત્પન્ન થતો શબ્દ સાંભળવામાં આવ્યો; તે જ સ્થૂલ ૐની પ્રથમ ઉત્પત્તિ સમજો. કોઈપણ યોગાભ્યાસી, ઉપાસક કે ભક્ત મન સહિત તમામ ઇન્દ્રિયોને પોતપોતાના અંતરબાહ્ય વિષયો તથા વૃત્તિઓને પરાવૃત્ત કરી આત્માકાર બનાવશે તો તે પણ આનો પ્રત્યક્ષ અનુભવ લઈ શકે છે, અને આ સ્વાભાવિક રીતે અનાયાસે ઉત્પન્ન થતો ૐનો દિવ્ય ધ્વનિ તે પ્રત્યક્ષ સાંભળી શકે છે. તમામ ઉપાસકો, ભક્તોને યોગના અભ્યાસીઓ આ પરબ્રહ્મરૂપ એવા ૐની ઉપાસના કરી કાળ, ગુણ, દ્રવ્ય, દેશ, કારક, ક્રિયા, કર્મ, કરણ ઇત્યાદિ અર્થાત્ **આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક**, આદિ સઘળાં દુઃખોનો નાશ કરનાર પાપોને તથા મેલને ધોઈ અંતઃકરણની શુદ્ધિ કરી લઈ છેવટે પરમપદની પ્રાપ્તિ કરી લે છે. અસ્તુ :

ૐકાર સર્વત્રૈલોક્યનું રહસ્ય છે

ઉપર કહેવામાં આવ્યું છે કે, બ્રહ્મદેવના હૃદયાકાશમાં તેને જે સ્વાભાવિક શબ્દ સંભળાયો તે જ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ આ સ્થૂલ ૐની પ્રથમોત્પત્તિ છે. આમ શબ્દબ્રહ્મ જ આ રીતે સ્થૂલ સ્વરૂપે પ્રગટ થયેલું છે તેથી તેને જ શાસ્ત્રકારો શબ્દબ્રહ્મ તરીકે વર્ણવે છે. આ શબ્દબ્રહ્મ થકી 'અ,' 'ઉ,' 'મ,' એ ત્રણ વર્ણવડે યુક્ત એવો આ "ૐ" અક્ષર (શબ્દ) વ્યવહારમાં ઉત્પન્ન થવા પામ્યો છે, પરંતુ વાસ્તવિક તેનું મૂળસ્થાન અવ્યકત અને અનિર્વચનીય હોઈ સ્વયંપ્રકાશિત છે. આ પ્રગટ રૂપે ભાસતું ૐકારનું સ્વરૂપ શબ્દબ્રહ્મ તે અજ, અવ્યય, સર્વૈશ્વર્યસંપન્ન પરરૂપ પરમાત્માનું અપરસ્વરૂપ છે. મન સહિત શ્રોત્રેન્દ્રિયાદિ તમામ ઇન્દ્રિયોને પોતાના વિષય થકી પરાવૃત્ત કરી, કેવળ દ્રષ્ટાભાવમાં સ્થિત રહી, સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ આ નાદબ્રહ્મ સાંભળ્યા બાદ તે જ પરા, પસ્યંતી, મધ્યમા અને વૈખરી એ ક્રમે વાણીરૂપે વ્યકત થવા પામેલું છે. આ શબ્દબ્રહ્મ અનિર્વચનીય એવા આત્માના અધિષ્ઠાનને લીધે જ સૌથી પ્રથમ વિરાટ પુરુષના અંતઃકરણરૂપ આકાશમાં શબ્દ ધ્વનિ-ઘોષરૂપે પ્રાદુર્ભાવને પામે છે. સ્વયંપ્રકાશ અનિર્વચનીય અને અવ્યય એવા આ પરબ્રહ્મ પરમાત્માનો ૐકાર એ વાચક શબ્દ વા સંજ્ઞા હોઈ ત્રિકાલાબાધિત સર્વવેદ, શ્રુતિ, ઉપનિષદો, વેદાંગ, ઉપાંગ, પુરાણોપપુરાણ ઇત્યાદિ તમામ શાસ્ત્રોનું રહસ્ય છે. સર્વત્રૈલોક્યનું તે જ મૂળબીજ હોઈ પરમસુખ અને અખંડ શાંતિનું અંતસ્થાન છે.

ૐકારમાંથી પ્રગટેલો અક્ષર સમુચ્ચય

આ ૐકારના **અ**કાર, **ઉ**કાર અને **મ**કાર, એવા ત્રણ વર્ણો થવા પામેલા છે. એ ત્રણ વર્ણો વડે ક્રમે સત્ત્વ, રજ અને તમોગુણ; ઋક્, યજુ અને સામવેદ; ભૂઃ, ભુવઃ અને સ્વર્ લોક તેમ જ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા વગેરે ત્રણ ત્રણ ભાવોનું ધારણ થઈ શકે છે. આ ૐકાર વડે જ અજ એવા બ્રહ્મદેવે બ્રહ્મરૂપ એવા અક્ષરની વિશિષ્ટ રચનાથી બનાવું મહાસાગર સમું વિશાલ અને અફાટ એવા અક્ષર સમુચ્ચયરૂપ જે શબ્દશાસ્ત્ર તેની નિર્મિતિ કરેલી છે. આ અક્ષર સમુદાયમાં અંતરથ, ઊષ્મા, સ્વર, સ્પર્શ, હ્રસ્વ, દીર્ઘ, અનુદાત્ત, ઉદાત્ત વગેરે અનેક ભેદો અને પેટાભેદો છે (અધ્યાય ૮ શ્લોક ૧૧ જુઓ). આ અક્ષર સમુચ્ચયને જ વ્યવહાર મધ્યે પ્રગટ થયેલા વેદો કહેવામાં આવે છે. આ અક્ષર સમુચ્ચયરૂપ વેદની સહાયતાથી ભગવાન ચતુરાનન બ્રહ્મદેવે પોતાના માનસપુત્રો સનતકુમાર, ઋષિ, મન્વાદિને પોતાના ચાર મુખવડે ચારે વેદ, (ભૂઃ, ભુવઃ, સ્વઃ આદિ) વ્યાહૃતિ, અને ૐકાર ભણાવ્યા. વેદસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનનું યથાર્થ રીતે યજ્ઞાનુષ્ઠાન થતું; ભગવત્સ્વરૂપનું સાચું જ્ઞાન મેળવી અજ્ઞાની જીવો અખંડ સુખ શાંતિની પ્રાપ્તિ કરી શકે; વેદાદિનો ગૂઢાર્થ સમજી અજ્ઞાની જીવોને તે વડે થતાં પરમાત્માના યજ્ઞાનુષ્ઠાનનું સાચું રહસ્ય સારી રીતે સમજાય, એવો તે (વેદો) ભણાવવામાં બ્રહ્મદેવનો હેતુ હતો. બ્રહ્મદેવના પુત્રો પણ બ્રહ્મજ્ઞાની મહર્ષિઓ જ હતા તેથી તેઓએ પણ ઉપદેશક બની

પિતાની માફક પોતાના પુત્રો અને શિષ્યોને પહનપાઠન કરાવી આ વેદોનો ઉપદેશ આપ્યો. આ મુજબ સત્યયુગથી પહનપાહનરૂપ પરંપરાવડે શિક્ષણનું વ્રત લેનારા શિષ્યો મારફતે પોતાના શિષ્યોને મળતાં મળતાં તે (શિક્ષણ) દ્વાપરયુગના આરંભમાં શ્રીમદ્ વ્યાસાચાર્યજીને મળ્યું. તેમણે ભાવિ કાળમાહાત્મ્યનો વિચાર કરી પરમાત્માની પ્રેરણાવડે વેદાદિના વિભાગો, પુરાણોપપુરાણો તથા મહાભારતની રચના કરી તે જુદા જુદા શિષ્યોને ભણાવ્યું.

આ પ્રમાણે પરમાત્મસ્વરૂપ એવા આ ૐકારમય પરમાત્મા, પરંપરાવડે વ્યવહારમાં સર્વત્ર પ્રસૃતિને પામેલાં છે. આ વાત તમામ શાસ્ત્રકારો પોકારી પોકારીને કહી રહ્યા છે. આ મુજબ ૐકારનું માહાત્મ્ય સમજાયા પછી સાક્ષાત્કાર કરવાની પદ્ધતિથી પણ ગ્રંથનો અભ્યાસ થઈ શકે છે, તે સારી રીતે સમજી શકાશે. તે રીત હવે સંક્ષેપમાં કહું છું.

સાક્ષાત્કાર કરવાની પદ્ધતિથી ગ્રંથનો અભ્યાસ કરવાની રીતિ

જિજ્ઞાસુએ પ્રથમ તો હાથ પગ ધોઈ શુદ્ધ મન વડે પોતાના જે ઇષ્ટદેવના હોય તેનું સ્થિર ચિત્ત વડે થોડો સમય એકાગ્રતાથી શરીરને હલાવ્યા વગર "ૐ" રૂપે ધ્યાન કરવું, અર્થાત્ પોતાના ઇષ્ટદેવ "ૐ" રૂપ છે, એવા પ્રકારે તેનું ધ્યાન કરવું. આ ૐકારનું ધ્યાન આંખો મીંચીને તે જાણે સામો લખ્યો હોય એમ દેખાય ત્યાંસુધી કરવું. સમય ન હોય તો દરરોજ નિયમિત રીતે થોડું થોડું કરવું. પછી જેમ કુવારામાંથી પાણીની ઝીણી ઝીણી ધારાઓ બહાર નીકળી ઉપર ઊડે છે, તેમ આ ૐમાંથી પુસ્તકમાંના અક્ષરો ઊડી રહ્યા છે, એવો નિશ્ચયપૂર્વક ખ્યાલ કરવો પછી કુવારામાંથી ઊડેલું પાણી ફરીથી જેમ કુંડમાંના પાણી સાથે મળી જાય છે, તેમ આ ભગવાનરૂપ ૐકારમાંથી ઊડેલા કુવારાઓ ગ્રંથના અક્ષરરૂપે બહાર જોવામાં આવ્યા અને ત્યારપછી તે અક્ષરો ગ્રંથના અભ્યાસક (વાંચનાર)નાં નેત્ર દ્વારા તેના હૃદયમાં પ્રવેશી તેમાં ૐસ્વરૂપે જે સૂક્ષ્મ-ભગવાન બિરાજેલા છે, તેમાં વળી પાછા એકરૂપ થઈ જાય છે. આ રીતે આ ગ્રંથ લખતી વખતે પ્રત્યક્ષ ધારણાધ્યાસનો મેં અનુભવેલો ક્રમ ભગવાનની કૃપાથી સર્વ લોકોની જાણ માટે અત્રે આપવામાં આવે છે, કે જેથી **"मूकं करोति वाचालम्"** એ ઉક્તિનો ખ્યાલ આવશે. જે તદ્દન નિઃશંક થઈ આનો અનુભવ લેશે તેને નિશ્ચિત ભગવાનનો સાક્ષાત્કાર થશે, એમ ફરીથી પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. જિજ્ઞાસુઓએ આનો અવશ્ય અનુભવ લેવો.

ૐની ઉત્પત્તિ અને પ્રાકટ્ય

અનિર્વચનીય અને અવ્યય એવા બ્રહ્મસ્વરૂપમાંથી સૌથી પ્રથમ વિરાટસ્વરૂપ ભગવાનના હૃદયમાંથી 'ૐ'કારરૂપ એકાક્ષર સ્ફુરે છે, જે ઉપર કહેવામાં આવ્યું છે. ત્યાં તે અસ્ફુટ યાને સૂક્ષ્મરૂપે હોય છે, પણ પછી જ્યારે આ સ્થૂલ બ્રહ્માંડાદિની ઉત્પત્તિ થવા પામે છે ત્યારે તે આ સ્થૂલ બ્રહ્માંડના આકાશાદિમાં સ્ફુટ યાને સ્થૂલરૂપે પ્રકટે છે. તેની આ પ્રકટતા, પૃથ્વીમાંના જીવોની દૃષ્ટિએ તો સૂક્ષ્મ જ હોય છે, તેથી તે જ્યારે આ જગતમાં કોઈ પણ સાધન દ્વારા સ્થૂલરૂપે પ્રકટ થાય છે ત્યારે જ તેનું પ્રાકટ્ય પરસ્પર એકબીજા જીવોના જાણવામાં આવી શકે છે. આ પ્રકટતા પણ પ્રથમ સૂક્ષ્મ એવી પરા, પશ્યન્તી, મધ્યમા તથા છેવટે સ્થૂલ એવી વૈખરી વાણી એમ ક્રમે થવા પામે છે. વૈખરીવાણીનું સ્વરૂપ આકારભેદ વડે જુદાજુદા અનંત પ્રકારે અનુભવમાં આવે છે. આથી પક્ષીઓની ભાષા, પશુઓની ભાષા, મનુષ્યોની ભાષા વગેરે બ્રહ્માંડમાં આવેલી અસંખ્ય યોનિઓ વા આકૃતિઓ એ બધાં સ્થૂલવાણી પ્રાકટ્યનાં સ્થાનકો હોવાથી આકૃતિવશાત્ તે અનંત પ્રકારે ભિન્ન ભિન્નરૂપે જગતમાં પ્રકટ થાય છે. આ મુજબ આ અક્ષરોનો વિશાળ વિસ્તાર થઈ છેવટે તે જ વ્યષ્ટિઓના હૃદયમાં અંતઃકરણની પૂર્વે નિવાસ કરીને ૐરૂપે રહેલા ચૈતન્ય સ્વરૂપ ભગવાનમાં પાછા વિલીન થઈ જાય છે. આથી આ બધા અક્ષરો પણ વાસ્તવિક તો કરોળિયાની જાળની જેમ ભગવાનનું જ રૂપ છે. નિર્વિકાર એવા ભગવાન પોતે જ પોતાની મેળે અને પોતાની ઇચ્છા વડે 'ૐ' એવી વૃત્તિવડે સૌથી પ્રથમ વિરાટના અંતઃકરણમાં, બાદ સમષ્ટિ અને વ્યષ્ટિના અંતઃકરણમાં એ ક્રમે પ્રકટ થાય છે. આમ અંતઃકરણમાં વૃત્તિરૂપે તેનું પ્રથમ ઉત્થાન થવા પામે તે પૂર્વે તે પોતાના અસલ નિર્વિકાર બ્રહ્મ સ્વરૂપમાં જ હોય છે. એટલે જેમ પાણીનું હિમ (બરફ) થાય તેમ ભગવાન પોતે જ પ્રથમ 'ૐ' રૂપે બને

છે. ત્યારપછી તે મૂલાધારાદિ ચક્રો દ્વારા પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વાણીરૂપે મોઢા વડે બહાર પ્રકટે છે. તેમ છતાં પણ તે પોતાના મૂળ સ્વરૂપને તો કદી છોડતા નથી. તે ભગવાનનાં શુદ્ધ આત્મસ્વરૂપ અનુભવવાનાં સ્થાનકો કહું છું (આ સંબંધે વિસ્તૃત વર્ણન આગળ કિરણાંશ ૩૫ તથા સિદ્ધાંતકાંડ અધ્યાય ૨, ૮, ૧૫ માં આપેલું છે, અહીં તો ફક્ત સામાન્ય દિશા દર્શાવવા પૂરતું જ આપવામાં આવેલું છે).

આત્મસાક્ષાત્કારનાં સ્થાનકો

(૧) વિરાટના અંતઃકરણમાં ૐકારનું ઉત્થાન થાય તે પૂર્વે, (૨) ત્યારપછી તે તેમના મૂલાધાર અને મણિપૂરકાદિ ચક્રોમાં આવે તે બે ચક્રોની વચ્ચેની સંધિમાં, જેમકે (અ) પરાથી પશ્યન્તી વાણીરૂપે થાય તે પૂર્વે, (આ) પશ્યન્તીથી મધ્યમા વાણીરૂપે બને તે પૂર્વે, (ઇ) મધ્યમાથી વૈખરી વાણીરૂપે પ્રકટે તે પૂર્વે, અને (ઈ) વૈખરી વાણીની સમાપ્તિ થઈ ફરીથી આ ક્રમે તે સમષ્ટિની વૈખરીમાં પ્રકટે તે બે ક્રિયાની વચ્ચે. આટલું થયા બાદ તે આ અનંત સ્વર અને વર્ણોદિવાળા શબ્દરૂપે ચરાચર બ્રહ્માંડમાં પ્રત્યેક વ્યષ્ટિ જીવોના વ્યવહારમાં અનુભવમાં આવે છે. તેમાં (૧) સમષ્ટિ વૈખરીમાંથી નીકળી વ્યષ્ટિ વૈખરીમાં આવે છે તે બેની વચ્ચેની સંધિ, (૨) વ્યષ્ટિની વૈખરીમાંથી મધ્યમામાં વિલય થવા પૂર્વે, (૩) મધ્યમામાંથી પશ્યન્તીમાં વિલય થવા પૂર્વે, (૪) પશ્યન્તીમાંથી પરામાં વિલય થવા પૂર્વે, અને (૫) પરા પૂર્વે તો વિરાટ, સમષ્ટિ અને વ્યષ્ટિ એ બંનેની એક જ સ્થિતિ હોય છે. વ્યષ્ટિ જીવોને માટે આ વિલયનો અનુભવ ધારણાભ્યાસ કરવાથી પ્રત્યક્ષ અનુભવમાં આવશે. ધારણાભ્યાસ કરવાની પદ્ધતિ ઉપર કહેલી છે. આ સંબંધે આગળ સિદ્ધાંતકાંડમાં પણ વિવેચન છે તે જોવું. અત્રે સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે આ રીતે ભગવાન તો ચરાચરમાં અને નિત્યવ્યાપક જ છે, છતાં અજ્ઞાનને લીધે તેનો સાક્ષાત્કાર થતો નથી. તે થવા માટે ગ્રંથના વાચનને સમયે પણ થઈ શકે એવો સહેલામાં સહેલો અનુભવસિદ્ધ ધારણાભ્યાસનો માર્ગ કહ્યો છે, તે નિઃશંક રીતે કરવો. આ મુજબ અભ્યાસ કરનારા બુદ્ધિમાનો તો ફક્ત આ પુસ્તકના એક વખતના અભ્યાસથી જ શાંતિ અનુભવશે. કોઈ કોઈ તીવ્ર બુદ્ધમાનો તો એકાદ પ્રકારના અભ્યાસ વડે પણ સાક્ષાત્કાર કરી શકશે. શ્રદ્ધા વડે નિઃશંક થઈ આનો અભ્યાસ ચાલુ રાખશે તો અભ્યાસક ગમે તેવો અજ્ઞાની હશે તોપણ પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરી શકશે. માટે જિજ્ઞાસુઓ ભક્તિભાવ વડે નિઃશંક થઈ શુદ્ધ અને પવિત્ર અંતઃકરણથી આનો અનુભવ કરે. જ્યાં સુધી શ્રદ્ધા વડે તેનું અવલંબન થઈ શકે નહિ, ત્યાંસુધી તેનો અનુભવ કેવી રીતે થશે? શ્રદ્ધા સંબંધમાં એક પ્રસંગ કહું છું.

કિરણાંશ ૮

મારે ઈશ્વરનાં દર્શન કરવાં છે

એક વખતે એક રાજવી મારી પાસે આવ્યા. તેઓ ઘણા જ દયાળુ, ધાર્મિક, શ્રદ્ધાળુ અને ઈશ્વરપરાયણ હતા. તેઓનું રાજ્ય તો જો કે ઘણું જ નાનું હતું; પરંતુ તેમના ગુણો મોટા હતા, તેથી રૈયત તેમને દેવ સમાન જ ગણતી હતી. સિવાય પોતે ઘણા સત્સંગી પણ હતા. મહાત્માઓને માટે તેમણે રાજ્ય તરફથી ઠેરઠેર સદાવ્રતો રાખેલાં હતાં, તેથી ઘણા મહાત્માઓ ત્યાં હંમેશ આવજા કરતા. એક સમયે તે રાજ્યની નજીકના બીજા રાજ્યમાં મારો મુકામ થયો, તેની તેમને ખબર પડી. તેઓ તત્કાળ દર્શનાર્થે આવ્યા અને વિનંતિ કરી કે આપ મારા રાજ્યમાં કૃપા કરીને જરૂર પધારો; પરંતુ આ સરદારના આગ્રહ ઉપરથી મહામહેનતે આઠ દિવસ માટે હું અહીં આવ્યો છું, તેમાં ચાર દિવસો તો વીતી ગયા છે અને હવે ફક્ત ચાર બાકી છે. વળી કેટલાક ભક્તો હિમાલય જવા માટે હરિદ્વાર અને હૃષીકેશમાં મારી રાહ જોઈ રહ્યા છે, માટે આ વખતે નહિ પરંતુ બીજા કોઈ વખતે જોવાશે, એમ કહી તેમનું સમાધાન કર્યું. આથી તેઓએ એકાંતમાં મળવાની ઇચ્છા દર્શાવી. તે ઉપરથી તેઓને કહ્યું: રાજા! અહીં એકાંત અને કુકાંત જેવું શું છે! મારી પાસે તો બધું ખુલ્લું જ છે. આપને જે પૂછવું હોય તે ખુશીથી પૂછી શકો છો. તે ઉપરથી તેમણે કહ્યું.

મહારાજ ! મેં આપની ઘણી જ પ્રશંસા સાંભળી છે, તેથી હું આપની પાસે આવ્યો છું, " મારે ઈશ્વરનાં દર્શન કરવાં છે." તે સિવાય બીજું કાંઈ પણ પૂછવાનું નથી. તેમાં મારે આ બધા ભગવદ્ભક્તોથી કે બીજાઓથી કાંઈ છુપાવવા જેવું પણ નથી. તો આપ મને ઈશ્વરદર્શન કરાવો. મેં સાંભળ્યું છે કે આપની કૃપાથી ઘણાને સાક્ષાત્કાર થયો છે વગેરે. આ રીતે તેમનું કથન સાંભળીને મેં કહ્યું કે રાજા ! શાસ્ત્રમાં કહ્યું છે કે વિષ્ણુ વિના પૃથ્વીનો અધિપતિ બીજો કોઈ હોઈ શકે જ નહિ. તે ઘોરણે તમો પોતે વિષ્ણુરૂપ જ છો ! તેમ **"सर्वं विष्णुमयं जगत्"** સર્વ જગત્ પણ વિષ્ણુરૂપ છે એમ શાસ્ત્રો કહે છે. તો આ બધા શું વિષ્ણુથી જુદા છે ? હું જોઉં છું કે હું એકલો શું પણ તમો બધા પણ ભગવાન જ છો.

રાજા બોલ્યા: આપ એમ કહી મારો પ્રશ્ન ઉડાવી ના દો. હું કાંઈ ભગવાનનાં દર્શન કર્યા સિવાય આપની પાસેથી ખસવાનો નથી. આપની કૃપાથી હું પણ મહાત્માઓની સેવા વડે તેઓના સ્વભાવથી પરિચિત થયો છું. સાચા મહાત્માઓ કોઈને દાદ આપતા નથી, તેમની પરીક્ષામાંથી નીકળવું એ ઘણું જ કઠણ હોય છે; છતાં આપની કૃપાથી હું તો મારું ધ્યેય સિદ્ધ કર્યા વગર અહીંથી જવાનો નથી. આ પ્રમાણે તેમનો આગ્રહ જોઈને મેં કહ્યું, રાજા ! ખરેખર તને મારામાં શ્રદ્ધા છે ? મારી પાસે તો કાંઈ જાદુ કે જંતરમંતર નથી, મેં કાંઈ કાશીએ જઈને મોટા વેદવેદાંગોનું કિંવા શ્રુતિસ્મૃતિ આદિ શાસ્ત્રોનું પઠન વા અભ્યસન કરેલું નથી, કે જેથી મારામાં કાંઈ વિદ્વત્તા હોય. તેમ જ હું કાંઈ મોટો શાસ્ત્રી, પુરાણી કે પંડિત પણ નથી, કે જેથી પ્રવચનો અથવા વ્યાખ્યાનો દ્વારા લોકોનું આકર્ષણ કરી શકું. તેમ જ હું ગારુડી કિંવા માંત્રિક પણ નથી. ઊલટું હું તો એક નિરક્ષર અને અણઘડ જેવો છું. તમોએ મારા સંબંધમાં જે જે કાંઈ સાંભળ્યું હોય તે તો જેમની તેમની શ્રદ્ધાનું જ ફળ છે. પોતપોતાની શ્રદ્ધાનુસાર જ જગતમાં સર્વને સારાં માઠાં ફળોનો અનુભવ થાય છે. શ્રદ્ધા એ જ આ જગતનું મૂળ છે. હું તો કેવળ નિમિત્તરૂપ જ છું. યંત્રની પૂતળીની જેમ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે તે નચાવે તેમ નાચું છું, તે જેમ કરાવે તેમ કરું છું, બોલાવે તેમ બોલું છું, તે જેવી બુદ્ધિ આપે છે તે પ્રમાણે તેની કૃપાથી વર્તું છું એટલું જ.

નિઃસીમ ગુરુસેવાનો પ્રતાપ

રાજા બોલ્યા, મહાત્મન્ ! એમ કહીને આપ છટકી જવા માગો છો; પરંતુ હું કાંઈ ઈશ્વરનાં દર્શન કર્યા સિવાય આપને છોડવાનો નથી. તેમનો એવો નિશ્ચય જોઈને મેં કહ્યું, હે રાજા ! ખરેખર તને મારામાં પૂર્ણ શ્રદ્ધા છે ? ઉત્તર : હા. તો પછી શ્રદ્ધાવાનોને માટે જગતમાં કોઈ પણ કાર્ય અશક્ય નથી. હું તમને પ્રતિજ્ઞાથી કહું છું કે તમને જો મારામાં નિઃશંક રીતે દૃઢ શ્રદ્ધા હોય તો પછી કહે કે તું ઈશ્વર દર્શન ક્યારે કરવાની ઇચ્છા ધરાવે છે ? ઉત્તર : હમણાં જ. રાજા ! ઉતાવળથી વિકારને વશ થઈને ઘેલો ન બન ! શ્રદ્ધાની કસોટીમાંથી પાર ઊતરવું એ તું માને છે તેવું સરળ નથી. જેને દૃઢ શ્રદ્ધા હોય તેને માટે ઇતર કોઈ પણ સાધનો કરવાની જરૂર પડતી નથી. શ્રીમત્ શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદની વાત તને ખબર છે ને ? ગુરુશ્રી પોતે સામેના તટ ઉપર હતા, વચમાં ઊંડી નદી પૂર જોશમાં વહી જતી હતી, પોતાને તરતાં પણ આવડતું ન હતું; પરંતુ સામે તટેથી ગુરુએ સહેજ સાદ કરતાંની સાથે જ કાંઈ પણ વિચાર કર્યા વગર તેણે તત્કાળ નદીમાં ઝંપલાવ્યું, કેમ કે ગુરુએ સાદ કર્યો અને હું ત્યાં તરત હાજર ન હોઉં ? વળી ફરીને જવામાં તો ઘણો વખત વીતી જાય એવા ઇરાદાથી તેણે તત્કાળ નદીમાં ફૂદકો માર્યો અને ડૂબવા લાગ્યો. ઇતર શિષ્યો જોઈ રહ્યા. તે સમજ્યા કે આણે તો ગુરુની ઘેલી ભક્તિમાં નદીમાં પડીને વગર કારણે પોતાનો પ્રાણ ગુમાવ્યો. પરંતુ શ્રદ્ધા શું ન કરી શકે ? તત્કાળ નદીમાં બે બે પગલાં જેટલે અંતરે સુવર્ણનાં કમળો તેના જોવામાં આવ્યાં. જાણે પગથિયાં ઉપર પગ મૂકીને કોઈ સીડી ચડતો ન હોય તેમ પદ્મપાદ તે ઉપર કૂદતો કૂદતો તત્કાળ ગુરુની પાસે જઈને સેવામાં હાજર થયો. તેણે કહ્યું, ભગવન્ ! શી આજ્ઞા છે ? તેની આવી નિઃસીમ શ્રદ્ધા અને ભક્તિ જોઈ ગુરુશ્રી પ્રસન્ન થયા અને તેની પીઠ ઉપર હાથ ફેરવીને બોલ્યા, વત્સ ! તારી એકનિષ્ઠ ભક્તિ વડે હું અતિ પ્રસન્ન થયો છું. તું હવે કૃતકૃત્ય થયો છે. આજથી તું પદ્મપાદ એવા નામે લોકમાં પ્રસિદ્ધ થશે. આમ પદ્મપાદ ત્રિકાળજ્ઞાની થયો.

આવાં શાસ્ત્રોમાં અનેક ઉદાહરણો છે, માટે તેનો તું પૂર્ણ વિચાર કર. જો ખરેખર તારી મારામાં અનન્ય ભાવયુક્ત નિઃસીમ શ્રદ્ધા હશે તો હું તને કહું છું કે તારે જ્યારે ઈશ્વરનાં દર્શન કરવાની ઇચ્છા થાય ત્યારે એક જ પરેજી પાળવી પડશે. તે વખતે મને ઈશ્વર જે કાંઈ બુદ્ધિ આપશે તે તને કહેવામાં આવશે; તેમ કરવામાં મનમાં જરા પણ ખંચકાયો તો પછી યાદ રાખ કે ગયેલી ક્ષણ પાછી આવતી નથી. તે સમય ઉપર તને જે આજ્ઞા કરવામાં આવશે તે આજ્ઞાનો અમલ નહિ થાય તો તને તુરત જ અત્રેથી હાંકી કાઢવામાં આવશે. માટે તે ક્ષણે હું તને જે કહીશ તે તારે આ પદ્મપાદના ઉદાહરણની જેમ મનમાં જરા પણ શંકા લાવ્યા સિવાય અથવા બુદ્ધિમાં જરા પણ ખટકો લાવ્યા સિવાય વગરવિચારે કરવું પડશે. આવી તૈયારી છે? માટે હું તને તે સંબંધે વિચાર કરવાનો સલાહ આપું છું. આમાં તો **"દેહં પાતયામિ કાર્યં સાધયામિ વા"** એટલે દેહપાત થાય કિંવા કાર્યની સિદ્ધિ થાય, ત્યાંસુધી નિર્ભય થઈ કાર્ય કરતાં રહેવું, એવો જો તારો દૃઢ નિશ્ચય હોય તો જ તું આમાં પડ. તુકારામ મહારાજે પણ કહ્યું છે કે પરમાત્મપ્રાપ્તિના કામમાં તો આવા પ્રકારના દૃઢ નિશ્ચયવાળા, શ્રદ્ધાળુ, જનવાનો જ હોવા જોઈએ, કાચાપોચાનું તેમાં કામ નથી. બાકીનાઓએ તો આવી સ્થિતિ પ્રાપ્ત થતાં સુધી સંસારવ્યવહાર પૈકી કોઈપણ પ્રકારની વસ્તુપ્રાપ્તિની ઇચ્છા અથવા પુત્ર, વિત્ત કે લોકૈષણા રાખ્યા સિવાય સદાચરણ કરતા રહીને નિષ્કામ ભાવે ધીરે ધીરે જપ, તપ, ધ્યાન, ધારણા વગેરેનો અભ્યાસ કરતા રહેવું. માટે તું મારા કથનનો સારી રીતે વિચાર કર. કદાચ તું કહેશે કે આપ શી આજ્ઞા કરવાના હો તે કહેશો, તો હું તે પ્રમાણે વિચાર કરીશ. તો તેની મને પણ અત્યારે ખબર નથી. તે સમય ઉપર ઈશ્વર જે બુદ્ધિ આપે તે ખરી.

લોખંડનું સોનું થાય છે

પારસમણિ લોખંડને અડતાંની સાથે તુરત જ તેનું સુવર્ણ બનાવે છે; પરંતુ પારસમણિ સાથે લોખંડનો સ્પર્શ થતી વખતે એ ખાસ ધ્યાનમાં રાખવું કે લોખંડ ઉપર કટાજ પણ કાટ હોવો ન જોઈએ, તે તદ્દન શુદ્ધ અને નક્કર હોવું જોઈએ. વળી લોખંડ નક્કર હોય પરંતુ તેને સ્પર્શનાર પારસ જ હોવો જોઈએ, કાચ નહિ હોય, તેની પણ સાવચેતી રાખવી જોઈએ, આ બેનો જો સુયોગ મળે તો પછી પૂછવું જ શું? બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ અને પૂર્ણ શ્રદ્ધાન્વિત શિષ્ય, એ બેનો જો સુયોગ થાય તો પછી આત્મદર્શનને માટે વાર શી? માટે હે રાજન્! આ મારા કથનનો તું પૂર્ણપણે વિચાર કર અને પછી સારી રીતે પ્રૌઢ નિશ્ચય કર. ઉતાવળો અને વિચાર વગરનો નિશ્ચય કામનો નથી. તેને નિશ્ચય નહિ પણ મોહ કહે છે. તમો જેને નિશ્ચય માનો છો તે વાસ્તવિક રીતે નિશ્ચય નથી, પરંતુ મોહ છે. માટે મારા કથનનો ફરીફરીથી વિચાર કરવા હું તમને જણાવી રહ્યો છું. આ કથન સાંભળી તેઓ સ્વસ્થાને ગયા. ત્યાં રાત્રે તેમણે ઘણો વિચાર કર્યો અને વ્યવહારદૃષ્ટિએ યોગ્ય એવી વ્યવસ્થા કરવાની શરૂઆત કરી. આ વાત રાજ્યમાં સર્વત્ર પ્રસરી. રાજા હવે કદાચ સંન્યાસ લેશે એમ બધે બોલાવા લાગ્યું. આ વાત રાણીની જાણમાં પણ આવી. તેણે રાજાને આ માર્ગે નહિ જવા વિનતિ કરવા માંડી અને મારો જ્યાં મુકામ હતો તે સરદાર દ્વારા પણ રાજાનું મન વાળવા સંબંધે કારવાઈ શરૂ થઈ. રાણીએ પોતે મને પણ ઘણી વિનતિ કરી. તે સર્વને યોગ્ય આશ્વાસન આપવામાં આવ્યું. રાજા તો બીજે દિવસે ફરીથી આવ્યા અને હવે મેં વ્યવહારોચિત સર્વ વ્યવસ્થા કરેલી છે, માટે આપ આજ્ઞા આપો તેમ કરીશ એવો મારો નિશ્ચય છે. તેને કહ્યું રાજન્! ઉતાવળા મા થાઓ. હું તમને બીજી બે રાત્રિ વિચાર કરવા માટે આપું છું. મારી શરત ધ્યાનમાં છે ને? તે વખતે તને જે કાંઈ કહેવામાં આવશે તે મનમાં સહેજ પણ શંકા લાવ્યા વગર કરવું પડશે અને તેમાં જો મનમાં જરા પણ ખંચકાયો તો પછી તને તત્કાળ અત્રેથી ઉઠાડી મૂકવામાં આવશે. આટલી એક જ શરત છે. તે બરાબર ધ્યાનમાં લો. આ રીતે તેઓ ત્રીજે દિવસે ફરી પાછા આવ્યા અને પોતાનો નિશ્ચય હોવાનું જણાવ્યું. જો બરાબર વિચાર કર્યો છે? હા. મારો એક જ શરત છે, તે બરાબર સમજ્યા હો ને? હા. જુઓ એ વખતે ક્ષણ ચુકાની એટલે તમારો એક પણ શબ્દ નહિ સાંભળતાં આ બધાંની સમજ તમને અત્રેથી હાંકી મૂકવામાં આવશે, માટે સાવધ છો ને? ઉત્તરમાં

હકાર મળ્યો કે તરત જ પાસે એક ચાર આંગળ પહોળો કાગળનો ટુકડો પડ્યો હતો તે હાથમાં લઈ તે રાજાના હાથમાં આપ્યો અને કહ્યું કે રાજા! આના સવા લાખ ટુકડાઓ કરો. રાજા તો તે સાંભળતાંની સાથે જ સ્તબ્ધ થયો. ઇતર સભાસદો પણ આ આજ્ઞા સાંભળવાની રાહ જોતા હતા; તેઓ પણ વિચારવા લાગ્યા. આ રીતે રાજાને સ્તબ્ધ અને વિચારમાં પડેલો જોઈ તેને કહ્યું, રાજન્! તમો હવે અહીંથી એકદમ ચાલ્યા જાઓ, કારણ તમો નાલાયક છો. આટલી બધી વખત કહ્યા છતાં પણ તમોએ છેવટે ક્ષણ ગુમાવી દીધી. તમારે વિચાર કરવો હતો! તો તે માટે પ્રથમ ત્રણ દિવસો આપવામાં આવ્યા હતા. તમો હજુ સુધી સાચા નિશ્ચયી અથવા શ્રદ્ધાળુ થયા નથી. જ્યાં સુધી આવી નિષ્ઠા તમારામાં નહિ હશે ત્યાં સુધી બાલી મોં વડે બોલીને શા માટે ફજેત થાઓ છો? તમારે જે કરવું જ ન હતું તો પછી ત્રણ દિવસ સુધી તમે પોતે હેરાન થયા અને બીજાઓને પણ હેરાન શા માટે કર્યા? આથી જ મેં તમોને કહ્યું હતું કે તમારામાં શ્રદ્ધા નથી, પરંતુ મોહ છે. માટે તમોએ કબૂલ કર્યા મુજબ હવે અત્રે એક પળ પણ થોભવું નહિ જોઈએ. આ સાંભળીને રાજવી જાણે કે પોતાની પ્રિય વસ્તુ ગુમાવી ન હોય, તેવી રીતે ખિન્ન હૃદયે પોતાને સ્થાને ગયા.

કિરણાંશ ૯

આથી પરમેશ્વરપ્રાપ્તિ શી રીતે થાય?

બીજે દિવસે વળી પાછા આવ્યા. તેમણે ક્ષમા યાચીને નમ્ર ભાવે કહ્યું, મહાત્મન્! મને લાગ્યું કે આપ કદાચ સંન્યાસી થઈ પોતાની સાથે આવવાનું કહેશો અથવા તો ત્રીજે માળેથી નીચે કૂદવાનું કહેશો. તો તે સર્વ તૈયારી મેં કરેલી હતી, પણ આપે તો એવી આજ્ઞા કરી કે જેથી હું વિચારમાં પડી ગયો. આ રીતે મેં ક્ષણ ગુમાવી દીધી. મારામાં શ્રદ્ધાની પરીક્ષા આપે કરી લીધી; પરંતુ ભગવાન્! મને શંકા છે કે આ કાગળના સવા લાખ ટુકડા શી રીતે થવા પામે? રાજન્! તું મૂઢ છે. આના સવા લાખ તો શું પણ સવા કરોડ ટુકડાઓ થવા પણ અશક્ય નથી. પ્રશ્ન: આના ટુકડા થવાથી પરમેશ્વરનાં દર્શન શી રીતે થાત? હે રાજા! એક તો વચન પાલન કરવાનું છોડી દીધું. ને વળી પાછા શિષ્ટાઈ કરવા માગો છો? સરદાર સહ સર્વ સભાસદોએ પણ આનાથી પરમેશ્વરદર્શન શી રીતે થઈ શકે તે જાણવાની ઇચ્છા પ્રગટ કરી. તેમની સર્વની ઇચ્છા જોઈ કહ્યું:

પરમાત્માનું દર્શન અવશ્ય થઈ શકત

હે રાજન્! સાંભળો. ત્રૈલોક્યમાં એવી કોઈ વસ્તુ નથી, કે તેમાં પરમેશ્વર ન હોય. ભગવાન ચરાચરમાં વ્યાપક છે, તે વાત સર્વ શાસ્ત્રો અને પુરાણાદિકો કંઠશોષ કરીને પોકારી રહ્યાં છે, તે તો તમારા જાણવામાં છે, ખરું ને? વળી આત્મા બુદ્ધિથી પર છે એમ પણ શાસ્ત્રોએ પોકારીને કહ્યું છે. માટે આત્માનો સાક્ષાત્કાર કિંવા પરમેશ્વરનું દર્શન તો જ્યારે બુદ્ધિનો વિલય થઈ જઈ તેનો શેષ પણ રહેવા ન પામે ત્યારે જ થઈ શકે છે. આ બોરણે મેં જે કાગળ રાજવીને આપ્યો હતો તેમાં વિચાર કરવાનું છોડી દઈ આજ્ઞા પ્રમાણે તેના બે ટુકડા પછી ચાર, આઠ, પચ્ચીસ, પચાસ, સો એમ જ્યાં સુધી નાનામાં નાના ટુકડા થઈ શકે ત્યાં સુધી તે કર્યા જ કરત અને લક્ષ્ય કેવળ સવા લાખ ટુકડાઓ સિવાય બીજે કયાંય પણ જવા દેત નહિ, તો પરિણામ એ આવત કે તે વિચારમાં જ તન્મય બની પોતાની જાતને પણ ભૂલી જાત. આમ તદ્રુપતા થતાં જ તમોને જરૂર પરમેશ્વરનાં દર્શન થઈ શકત અને તમો પોતે જેવા આકારે પરમેશ્વરની ઉપાસના કરો છો તેવા સ્વરૂપનાં જ દર્શન પામત, આમાં જરા પણ શંકા નથી; પરંતુ શ્રદ્ધાના અભાવે તમોને હવે શાસ્ત્રમાં કહ્યા મુજબ ક્રમમુક્તિના માર્ગે આગળ વધવું પડશે. રાજન્! લોકો કહે છે કે અમોને ઘણી મહેનત કરવા છતાં પરમાત્માનાં દર્શન થતાં નથી; પરંતુ હું તો શોધી રહ્યો છું કે પરમાત્માના દર્શનની તીવ્રતર ઇચ્છા ધરાવતા પૂર્ણશ્રદ્ધાન્વિત મુમુક્ષુઓ કયાં છે? આ જગતમાં પરમાત્મપ્રાપ્તિ કરતાં સહેલું બીજું કોઈ પણ કાર્ય નથી. રાજન્! તમોએ સંન્યાસનો કિંવા ઉપરથી નીચે વજ્ર વિચાર્યે કૂદી પડવાનો

નિશ્ચય કર્યો હતો તે ખરું; પરંતુ સંન્યાસાદિકનો સાચો ઉપયોગ શો છે, તે સાંભળો. વાસ્તવિક પરમાત્મ-દર્શનને માટે ઉપર કહ્યા પ્રમાણેની શ્રદ્ધા ઉત્પન્ન થયા સિવાય બીજો કોઈ માર્ગ નથી. વળી તે સિવાય એક જન્મ કિંવા હજારો જન્મ પછી અંતે આ ધ્યેય વિના બીજું કાંઈ પ્રાપ્તવ્ય ધ્યેય છે જ નહિ. આ સંસારના માયાવી પાશમાં બંધાયેલામાંથી આવા પ્રકારની શ્રદ્ધાવાળા વિરલાઓ તો કવચિત્ જ હોય છે. ઘણોખરો સમૂહ તો પોતાના અંતિમ ધ્યેયને સમજતો પણ નથી. તેવા અજ્ઞાનીઓને માટે વર્ણ, આશ્રમ, જ્ઞાતિ, આચાર, કુળ ઇત્યાદિ ધર્મોની વ્યવસ્થા શાસ્ત્રકારોએ કરેલી છે. તે પૈકી જેઓ પરમેશ્વર જેવું કાંઈક છે એમ માનતા નથી અને પોતે મિથ્યા અહંકારરૂપ નશાના ઘેનમાં જ અલમસ્ત રહે છે, તેવા આત્મઘાતકીઓને માટે તો ત્રૈલોક્યમાં બીજો કોઈ ઉપાય જ નથી. તેઓ તો ચારે તરફથી લાગેલા દાવાનળની જેમ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રણે તાપોથી બ્રસ્ત થાય છે, વ્યવહારમાં તેમને કોઈ સંધરતું નથી, જ્યાં ત્યાં તેમનું અપમાન જ થયા કરે છે. આમ વ્યવહારમાંથી સર્વ રીતે નાલાયક ઠરી ચૂકેલાઓને વ્યવહારમાં જ્યારે બીજો કોઈ આશ્રય રહેતો નથી ત્યારે આખરે તે પરમેશ્વરને માનવા લાગે છે; ત્યાં સુધી તેઓને માટે બીજા બધા ઉપાયો નકામા જ નીવડે છે. હવે પરમેશ્વરને માનનારો બીજો વર્ગ રહ્યો. તેમાં પુષ્કળ ભેદો પડી શકે છે; પરંતુ તેઓમાં પણ ઉપર કહ્યા મુજબની શ્રદ્ધાવાળા તો કોઈ ભાગ્યે જ નીકળે છે. આ બધી બાબતોનો વિચાર કરીને શાસ્ત્રકારોએ વ્યવહારમાં દરેકના યોગ્યતાનુસાર આ વર્ણ, આશ્રમ, જાતિ, ન્યાતિ, આચાર, કુળ ઇત્યાદિ જુદાજુદા ધર્મોની વ્યવસ્થા કરેલી છે. તે સર્વેનું અંતિમ ધ્યેય તો આત્માનો સાક્ષાત્કાર કિંવા પરમેશ્વરદર્શન કરી લેવું એ જ એક છે. તે ધ્યેય એકદમ સાધ્ય કરી લેવાની જેમની તૈયારી હોય તેવાઓને માટે ઇતર માર્ગોની શી જરૂર હોય છે?

જગતમાં તમામ વ્યવહાર સુખને માટે જ ચાલુ છે.

રાજન્! વિચાર કરવાથી જણાશે કે જગતમાં જે આ બધો વ્યવહાર ચાલી રહેલો જોવામાં આવે છે. તે શાને માટે? તો સુખને માટે, એટલો જ એક ઉત્તર મળી શકે તેમ છે. ભિખારીથી તે રાજા સુધી, નાનાં બાળકોથી તે વયોવૃદ્ધ સુધી તથા બ્રહ્મચર્યથી માંડીને ઠેઠ સંન્યાસ આશ્રમ સુધીનો કિંવા આશ્રમ વગરનો ચાલી રહેલો આ મનુષ્યોને સર્વ વ્યવહાર કેવળ એક સુખની ઇચ્છાએ જ પ્રવર્તી રહેલો જોવામાં આવે છે. બાળકોની ક્રીડાઓ પણ તેમની પોતાની દૃષ્ટિએ તો જેટલું અને જેવા પ્રકારે સુખદુઃખનું તેમને જ્ઞાન હોય તેની પોતાની કલ્પના પ્રમાણે ચાલુ હોય છે. તેમ જ જુવાનો પોતપોતાનો કલ્પના પ્રમાણે અને વૃદ્ધો પોત-પોતાની કલ્પના તથા અનુભવ અનુસાર ક્રીડાઓ કરતા રહે છે. આ સર્વનો ઉદ્દેશ તો સુખ મેળવવું એ જ એક હોય છે. પછી તે સુખની વ્યાખ્યા દરેક પોતપોતાની બુદ્ધિ અનુસાર કરે છે એટલું જ. આમાં બાળકો કરતાં કિશોર, કિશોર કરતાં કુમાર, કુમાર કરતાં તરુણ, તરુણ, કરતાં યુવાન, યુવાન કરતાં વૃદ્ધ, વૃદ્ધ કરતાં અતિવૃદ્ધ, એમ ક્રમે અનુભવદૃષ્ટિએ વ્યવહારજ્ઞાનમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ હોવાથી તેઓ પોતપોતાથી અજ્ઞાનવર્ગોને પોતાના મનસ્વી વર્તન કરતાં રોકતા રહે છે. કારણ દેખીતું જ છે કે તેઓને નહિ રોકતાં જો મનસ્વી રીતે અને સ્વચ્છંદતાથી વર્તવા દેવામાં આવશે તો તે તેમને પોતાને માટે તથા અન્યને માટે પણ અહિત કરનારું જ નીવડશે, માટે આવાં કર્મોથી તેઓને રોકવા એ ફરજ તે કરતાં શ્રેષ્ઠ જ્ઞાનવાળાની હોય છે, એવો વ્યવહારમાં પણ ક્રમ છે તે સારી રીતે જાણી શકાશે.

સંગ્રહવૃત્તિ એ જ દુઃખનું મૂળ છે.

લોકોએ વ્યવહારમાં જે આ સુખની કલ્પના કરેલી હોય છે, તે વ્યાવહારિક એવા વિષયભોગનાં સાધનોના સંગ્રહના આધાર ઉપર જ અવલંબીને રહેલી હોવાથી વ્યવહારમાં આ તમામ લોકો તેનાં સાધનો એકઠાં કરવાની પાછળ જ મંડ્યા રહે છે. તેમાં બાળકો રમતગમત અને રમકડાંમાં સુખ માની વધુ રમકડાંઓ એકત્ર કરવા પાછળ જ મંડ્યા રહે છે, તથા ખાવુંપીવું ઇત્યાદિમાં જ સુખ સમજે છે અને તે વસ્તુઓ પોતાના મન પ્રમાણે ન મળે તો દુઃખ માને છે. યુવાનો સ્ત્રીસુખ, પૈસા, અલંકારો, ખાનપાન તથા ગાડીઘોડા,

બાગબગીચા, ઘરો, મકાનો તથા રાજા જેવું ઐશ્વર્ય મેળવવું, લોકોમાં વાહવાહ થવી, પોતાને બધા સારા કહે ઇત્યાદિ લોકૈષણા, પુત્રૈષણા અને વિત્તૈષણામાં જ સુખ માનતા હોવાથી નાના પ્રકારનાં વિષયરૂપ ઐશ્વર્યનાં ઉપકરણો (વસ્તુઓ)એકત્ર કરે છે, તથા તે વિષયો નહિ મળતાં અથવા મળ્યા પછી તેનો નાશ થતાં દુઃખ પામે છે. ભિખારીથી તે રાજાપર્યંત તમામનો ચાલતો આ બધો વ્યવહાર કેવળ વૈષયિક સાધનોના આધાર વડે જ સુખ પ્રાપ્ત કરી શકાય છે, એવા પ્રકારની માન્યતાના આધાર ઉપર રચાયલો હોવાથી તેઓ વ્યવહાર સામગ્રીઓ એકઠી કરવામાં અને કુટુંબના ભરણપોષણમાં જ આખો જન્મારો ભાર વહેનાર બળદની જેમ વ્યતીત કરે છે. આ વ્યવહારમાં ઘણોખરો વર્ગ આ પંક્તિનો હોઈ તે વિષયરૂપ સાધનો વડે જ સુખ મેળવી શકાય છે અને તેમ કરવું એ જ પોતાનું કર્તવ્ય છે, એવું માની લે છે; પરંતુ વાસ્તવિક રીતે તેમની આ સુખના જ્ઞાનની વ્યાખ્યા સાચી હોતી નથી. તેથી તે પૈકી સૌથી શ્રેષ્ઠ કોટિના એવા મહાત્માઓએ આ કરતાં પર બઈ ખરું સુખ શેમાં છે, તેનો અંતિમ નિર્ણય સ્વાનુભવ લઈને કરેલો છે અને તે માર્ગ જ સર્વને બતાવી તે ધ્યેયની પ્રાપ્તિને માટે દરેકની વિવિધ બુદ્ધિનો વિચાર કરીને આ વર્ણાશ્રમાદિ તથા આચારાદિ શાસ્ત્રોની રચના કરેલી છે. તેનો ઉદ્દેશ એટલો જ છે કે તેના પાલનથકી તેઓ પોતાના સાચા ધ્યેયને પ્રાપ્ત કરી શકે. બાળક જેમ માતાપિતા કહે તે ઉપર શ્રદ્ધા રાખીને ચાલે છે તો સુખી થાય છે, કેમકે નાના બાળકનું હિત શેમાં છે તે તેના વડીલોને જ સારી રીતે અવગત હોય છે, તેમ નિષ્કામ એવા મહર્ષિઓએ અજ્ઞાનીઓના હિતની દૃષ્ટિનો વિચાર કરીને તેઓ માટે જ આ બધાં શાસ્ત્રોની રચના કરેલી છે. વળી પશુ, પક્ષી, ઇત્યાદિ તો આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ જ એક ધ્યેય હોવાનું સમજે છે. તેઓને આ સિવાય બીજા કશાનું જ્ઞાન હોતું જ નથી, તેથી તેઓ ફાલતુ સંગ્રહવૃત્તિથી તદ્દન રહિત છે; પરંતુ અજ્ઞાની અને મૂઢ જીવોના કલ્યાણને માટે સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ શાસ્ત્રકારોએ બતાવેલો હોવા છતાં જેઓ તેનું પાલન નહિ કરે અને પશુઓની માફક કેવળ આહાર, નિદ્રા, ભય અને મૈથુન એટલી આપ્તતોની પાછળ જ મંડ્યા રહે અને તે મેળવવાની ઇચ્છાએ રાતદિન પ્રયત્ન કરીને વિષયોના સાધનોનો સંગ્રહ કરવા તરફ જ પ્રવૃત્ત થાય, તો તેવાઓને પશુ કરતાં પણ અધમ જ જાણવા જોઈએ. વળી આજકાલ લોકો વૈદ્યો(ડોક્ટરો), કુટુંબીજનો તથા મોટું મોટું બોલી લોકકલ્યાણને નામે પોતાની સ્વાર્થવૃત્તિ સાધનારાઓને જ હિતેચ્છુઓ સમજી તેમના ઉપર જેટલો વિશ્વાસ રાખે તેટલો જ વિશ્વાસ અપરોક્ષાનુભવી મહાત્માઓ, ધર્મ અને ઈશ્વર ઉપર રાખે તો જગતમાં આવી કરુણાજનક આપત્તિઓ કદાપિ ન ઉતરે. આમ સાંપ્રત જગતના દુઃખનું મૂળ ફાલતુ વિષય સાધનોનો સંગ્રહ તેમજ ધર્મ અને ઈશ્વર પ્રત્યે અશ્રદ્ધા હોવી એ જ છે.

કિરણાંશ ૧૦

જગતમાં ઊતરેલી આપત્તિનું મૂળ

આ બધું બ્રહ્માંડ ચલાવનારો કોઈક છે, એમ તો સર્વને નિરભિમાનપણાથી કબૂલ કરવું પડે છે. પછી તે કેવો છે? ક્યાં છે? ઇત્યાદિ પ્રશ્નોનું નિરાકરણ દરેક પોતપોતાની માન્યતાનુસાર કરી લે છે એટલું જ; પરંતુ કોઈ એક છે, એમાં તો કોઇનો પણ બે મતો છે જ નહિ. વળી પરમાત્માનું અંતિમ જ્ઞાન તો કેવળ એક મનુષ્યયોનિમાં જ થઈ શકે છે. ઇતર કોઈ યોનિમાં તે પ્રાપ્ત કરી શકાતું નથી. આ જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ મનુષ્યયોનિનું અંતિમ ધ્યેય હોઈ એકરૂપતા થઈ પરમસુખની પ્રાપ્તિ કરી લેવી એ જ એક અંતિમ ધ્યેય સિદ્ધ કરવાનું હોય છે. છતાં જો મનુષ્યો આ ધ્યેય સિદ્ધ ન કરે અને બીજા ગમે તેટલા વિષયો સંપાદન કરે તો તે સર્વ અંતે નિરર્થક જ ગણાય. આ જગતતંત્ર ચલાવનાર ઈશ્વર ન્યાયી છે. તે જગતમાં પશુ, પક્ષી, કીટ, પતંગ, ઝાડ વગેરે સર્વનું પોષણ કરી રહ્યો છે; તો શું તે અમોને ઉપવાસી રાખશે? એવી જેમનામાં દૃઢ શ્રદ્ધા હોય તેમની વાત તો જુદી; પરંતુ જેઓની દૃઢ શ્રદ્ધા હોતી નથી તેઓ કદાચ પેટપૂરતાં અન્ન, વસ્ત્ર અને રહેવાનું એકાદ જરૂરી સ્થાનક એટલા પૂરતો પ્રયત્ન કરે, તો તે ક્ષમ્ય ગણાય; પરંતુ જગતમાં જીવનનિર્વાહને માટે ઉપયોગી એવાં કેટલાં સાધનોની જરૂર હોય છે? ગમે તેવા શ્રીમંતમાં

શ્રીમંત અથવા ગરીબમાં ગરીબ પણ શેર બશેર અન્નથી વધુ ખાઈ શકશે નહિ. જીવન ટકાવવાને માટે જાડું પાતળું અન્ન; અંગ ઢાંકવા પૂરતું એકાદ વસ્ત્ર તેમ જ નાનું સરખું ઘર બસ છે. પરંતુ જગતમાં જીવન ટકાવવાને બહાને સર્વ લોકોનો જે આ બધો પ્રયત્ન ચાલી રહેલો વ્યવહારમાં જોવામાં આવે છે, તે બરોબર જીવન નિભાવવાને માટે હોતો નથી; પરંતુ ઉપર બતાવેલો પુત્ર, ધન અને લોક-પરલોક વગેરેની અભિલાષાઓ સેવીને ફાલતુ વિષયોનો સંગ્રહ કે જેની જીવનને માટે કિંચિન્માત્ર પણ જરૂર હોતી નથી; તેવા પ્રકારના નિરર્થક વિષયો, આપસઆપસમાં કળ અને બળ વડે એકબીજા પાસે યુક્તિપ્રયુક્તિથી પડાવી લેવાને માટે જ ચાલી રહ્યો છે. જગતમાં જીવનને નામે આપસઆપસમાં અંદરખાને ચાલી રહેલી આ ઈર્ષ્યાવૃત્તિઓ અને તેવી વૃત્તિઓ સંતોષવાના ઉદ્દેશ વડે ઉપરથી લોકોનું હિત તથા કલ્યાણ કરવાની ભાવના દાખવી પોતાનો સ્વાર્થ સાધનારા હિતેચ્છુ ગણાતા ઠગારાઓનો પ્રસ્તુત કાળમાં રાફડો ફાટેલો જોઈને મનુષ્યોની આ પશુ કરતાં પણ અધમ વૃત્તિઓને માટે વિચારશીલ અને બુદ્ધિમાનોને તેઓ માટે દયા ઉપજ્યા વગર રહેશે નહિ. આ ઈર્ષ્યાખોર તથા સ્વાર્થ સાધવામાં જ અંધ બનેલા સંગ્રહીઓ ધર્મનાં બંધનોને ફગાવી દઈને પોતાની મનસ્વી રીતે, જગતનું કલ્યાણ કરવા નીકળી પડ્યાનો દાવો કરે છે, પણ તેમનો એ દાવો તદ્દન નિરાધાર હોય છે. તેઓએ ધર્મનો અભ્યાસ કરેલો હોતો નથી જેથી મનસ્વી રીતે જગકલ્યાણનો ઇજારો તેઓ પોતાનો હોવાનું માની બેસે છે; પરંતુ વાસ્તવમાં તો તે એક પ્રકારનો દંભ છે. કારણ કે જે મહર્ષિઓએ બતાવેલાં સાચાં ધર્મતત્ત્વોનું પાલન થાય તો પછી અંતરમાં રહેલો પોતાનો સ્વાર્થ શી રીતે સાધી શકાય? એટલા માટે બહારથી લોકકલ્યાણનો ડોળ કરવા નીકળેલા અને અંદરખાને વિષયોની લાલસા સેવનારા અને લોકકલ્યાણને નામે અજ્ઞાનીઓને પણ પોતાની સાથે લઈને જ જળતી ચિતામાં પડનારા તથા પોતાસહ ભસ્મીભૂત થતા આ પોતાને બુદ્ધિમાન સમજનારા પરંતુ વાસ્તવિક રીતે અત્યંત મૂઢ અને દાંભિકો વર્ણ, આશ્રમ, રીતિ, નીતિ, ન્યાય, જ્ઞાતિ, જાતિ ઇત્યાદિ શાસ્ત્રોમાં કહેવામાં આવેલા યોગ્ય ધર્મબંધારણો કે જેની મૂળ સાચા ધ્યેયની પ્રાપ્તિ થવાને માટે ઐહિક અને પારલૌકિક દૃષ્ટિએ વ્યવહારમાં અત્યંત જરૂર હોય છે તેને છોડી દઈ લોકોની અધર્મ વૃદ્ધિમાં જ પ્રવૃત્તિ કરાવી અજ્ઞાનો જનો પાસેથી પોતાનો સ્વાર્થ સાધી લે છે. દુર્ભાગ્યે આજકાલ આવા પ્રકારના માર્ગદર્શકોનો જ કીડીઓની માફક રાફડો ફાટેલો હોવાથી જગતમાં સર્વત્ર અત્યંત હીન સ્થિતિ નિર્માણ થવા પામેલી છે. સારાંશ કે, વૃદ્ધાદિકો સુખની વ્યાખ્યા બાળકો તથા યુવાનો કરતાં એ સારી રીતે સમજી શકે છે, તેથી તેમણે પોતાનાથી નીચી કોટિના બુદ્ધિમાનોને સન્માર્ગે દોરવા જોઈએ. એ વ્યવહાર ન્યાયાનુસાર જેઓ આ વ્યાવહારિક વિષય સંગ્રહના આધારે જ સુખની કલ્પના કરી લઈ તે મેળવવાને માટે પ્રયત્ન કરે છે, તેઓના કરતાં આગળ જઈ જ્યાં પડોંચ્યા એટલે સુખની અંતિમ મર્યાદા પરિપૂર્ણ થાય છે, એવા સ્થાનનો મહર્ષિઓએ અંત જોઈ તે પરમ સુખનો નિશ્ચિત માર્ગ કે જ્યાં બુદ્ધિનો પણ વિલય કરવો પડે છે, તેનો પોતે સ્વાનુભવ લઈ કેવળ આત્મપ્રાપ્તિમાં જ સુખ છે, તે સિવાય બીજા કશામાં સુખનો લવલેશ પણ નથી, એવો અંતિમ નિર્ણય કર્યો છે. સુખની આખરી મર્યાદા અત્રે જ પૂર્ણ થાય છે. માટે લોકો પણ તેનો અનુભવ લઈ સુખ અને કાયમી શાંતિ પ્રાપ્ત કરી શકે એટલા માટે તે માર્ગ જ તેમણે લોકોને બતાવેલો છે. પરંતુ આ કાર્ય તેમણે જેમ નાનો બાળક વૃદ્ધનાં તત્ત્વો સમજવાને માટે એકદમ શક્તિમાન હોતો નથી, તેથી તેને તેની બાળકબુદ્ધિ અનુસાર ધીરે ધીરે આગળ વધારવો પડે છે, તેમ આ અજ્ઞાનીઓનો વિચાર કરીને શાસ્ત્રકારોએ પ્રથમતઃ આચાર, વર્ણ, આશ્રમ; નીતિ, ન્યાય, વિવેક, શમદમાદિ સાધનો ઇત્યાદિ બાબતોનો નિશ્ચય કરીને તેના નિયમો નક્કી કરેલા છે, તથા વર્ણાશ્રમોચિત ધર્મનું પાલન કરવાને માટે માર્ગદર્શન કરી આપેલું છે. આ કાર્ય એટલી બધી કુશળતાથી કરેલું છે કે સમજ્યે યા વગર સમજ્યે તેનું પાલન કરવામાં આવે તોપણ તે વડે અંતે સાચું સુખ પ્રાપ્ત કરી શકાય છે. માટે પ્રથમતઃ તો દરેકે પોતપોતાના વર્ણાશ્રમાદિ સ્વધર્મનું ચુસ્ત રીતે પરિપાલન કરવું જોઈએ, એ વ્યવહારમાં સૌથી આદ્ય કર્તવ્ય છે; એમ નિશ્ચિત સિદ્ધ થાય છે. પ્રસ્તુત સમયે જગતમાં ઊભરેલી આપત્તિનું મૂળ સંયમના અભાવે આપણી સ્વધર્મપાલનની અશક્તિ અને ઈશ્વર પ્રત્યેની અશ્રદ્ધા તથા બીજાઓનું આંધળું

અનુકરણ કરીને જીવોને માટે તદ્દન બિનજરૂરી એવાં મોજશોખનાં કાલતું સાધનોનો સંગ્રહ કરવો ઇત્યાદિ ખોટા દુરાગ્રહમાં જ સમાયેલ છે. ટૂંકમાં મહર્ષિઓએ બતાવેલા સનાતન ધર્મ ઉપરની અશ્રદ્ધા એ જ આજની અવનતિનું મુખ્ય કારણ છે એમ નિશ્ચયપૂર્વક સમજો.

કિરણાંશ ૧૧

અધર્મનો અંત આવશે તો જ સુખની પ્રાપ્તિ થશે

હે રાજન્! તમો હવે સારી રીતે સમજી શકયા હશો કે વ્યવહારમાં પણ શ્રદ્ધા અને અશ્રદ્ધા નામની બે શાખાઓ છે. તેમાં શ્રદ્ધા એ જ શ્રેષ્ઠ હોઈ અશ્રદ્ધા વડે કેવો ઘાત (વિનાશ) થાય છે, એ વાત તો તમો પ્રસ્તુત સમયે જગત ઉપર ઊતરેલી આપત્તિથી પ્રત્યક્ષ જોઈ શકશો. આ જગતની ઉત્પત્તિ થઈ ત્યારથી તે આજસુધી આ ભરતખંડમાં આજના જેવી સ્થિતિ એટલે કે છતાં વરસાદ અને છતાં અનાજે ખોરાકની તંગી, લક્ષ્મીનો ક્ષય અને વિદ્યાનું નામનિશાન પણ રહ્યું નથી, આવા પ્રકારની મહાન આપત્તિ કદી પણ આવેલી ન હતી. જુઓ આ ધર્મ ઉપરની અશ્રદ્ધા વડે બીજાના આંધળાં અનુકરણને લીધે જીવનને જેની બિલકુલ જરૂર નથી, એવા પ્રકારનાં કાલતુ મોજશોખનાં સાધનોનો સંગ્રહ તથા નીતિ, ન્યાય, પવિત્રતા, આચાર, વર્ણ ઇત્યાદિ ધર્મોનો ત્યાગ થવાથી સમુદ્રમાં રહેનારી માછલી પાણીના અભાવથી જેમ તરસ વડે ટળવળીને મરે છે, તેમ રોજ અન્ન વગર થતાં હજારો મનુષ્યોનાં મરણો એ સર્વ અધર્મનાં જ ફળો છે એમ નિશ્ચયપૂર્વક સમજો. કયાં સુધી મનુષ્યોને આ અધર્મરૂપ વેતાળનો ભય ઉત્પન્ન થયો નથી. જીવનમાં તદ્દન નિરર્થક એવી વસ્તુઓનો સંગ્રહ કરવા તરફ અપ્રીતિ ઉત્પન્ન થયેલી નથી તથા ધર્મનો નાશ કરવો; કાલતુ વિષયવસ્તુઓનો નિરર્થક સંગ્રહ કરવો; નીતિ, ન્યાય, સદાચાર, વિવેક, વૈરાગ્ય અને સંયમાદિનો ત્યાગ કરવો; આચારભ્રષ્ટ થવું, મનમાં આવે તેમ અને ફાવે તેવું વર્તન કરવું, ગમે તે પ્રકારે લોકોની પાસેથી સ્વાર્થ સાધી લેવો, કેવળ પારકાઓનું આંધળું અનુકરણ જ કર્યા કરવું અને તેને જ કર્મ સમજવું, ઇત્યાદિ પ્રકારોનો અર્થાત્ સાંપ્રત કાળમાં સમજવામાં આવતાં આવાં કર્મોરૂપ વેતાળનો અંત આવશે નહિ ત્યાં સુધીને માટે તો જગતમાં કદી પણ સુખ પ્રાપ્ત થશે નહિ એમ નિશ્ચયપૂર્વક જાણો. સારાંશ એ કે, વ્યવહારમાં પણ સજ્જનો અને આપ્ત પુરુષોનાં વચનોમાં જ શ્રદ્ધા રાખવી હિતાવહ છે.

હિતેચ્છુઓએ અન્યથા શ્રદ્ધા નહિ રાખવી

હિતેચ્છુ પુરુષોએ અન્યથા એટલે સ્વાર્થસાધુ એવા પરકીયો ઉપર કદી પણ શ્રદ્ધા રાખવી નહિ પરંતુ પોતાના આપ્ત એવા સજ્જનો ઉપર જ શ્રદ્ધા રાખવી. નહિ તો પરિણામ એ આવે છે કે માછલી જેમ બહારથી સીધા દેખાતા પરંતુ અંદરથી વાંકા વળેલા અને લોટ લગાડેલા તીક્ષ્ણ કાંટા ઉપર શ્રદ્ધા રાખવાથી પોતાનો નાશ કરી લે છે, તેવી રીતે પોતે પોતાના ઉપર વિનાશની આપત્તિ વહોરી લે છે, અને તેનો અનુભવ તો આજે પ્રત્યક્ષ આવી રહ્યો છે. આથી જ આપણા શાસ્ત્રકારો પોકાર કરીને કહે છે કે સજ્જનો ઉપર જ વિશ્વાસ રાખવો, દુર્જન ઉપર નહિ. આપ્ત પુરુષોનાં વચનો અને સજ્જનો ઉપર વિશ્વાસ રાખવાથી જેઓનું કલ્યાણ થયેલું છે અને દુર્જનો ઉપર વિશ્વાસ રાખવાથી જેઓનો નાશ થવા પામેલો છે તેવાં ઘણાં ઉદાહરણો છે. હવે આપ્ત વચનો કયાં અને સજ્જનો કોને કહેવા, તેનો વિચાર કરવો જરૂરી છે.

આપ્ત અને સજ્જન કોણ ?

સત્ય અને અજ્ઞાત વસ્તુનો બોધ કરી આપનારા આપ્ત કહેવાય અને તેમનાં વચનો એ જ મંત્ર કહેવાય. બ્રહ્મનિષ્ઠ મહાત્મા મહર્ષિઓ ભ્રાંતિથી, પ્રમાદથી, કોઈને ઠગવાની ઇચ્છાથી અને ઇંદ્રિયોના શિથિલપણા આદિથી એટલે તમામ વિષયવાસનારૂપી પાશોથી રહિત હોઈ શુદ્ધિથી પર એવા આત્મસ્વરૂપમાં જ નિત્ય સ્થિત હોવાથી તેઓ જ સાચા આપ્ત ગણાય છે. અને આવા મહર્ષિઓનાં વાકયોને જ આપ્તવાકયો કહે છે. તેમણે કેવળ લોકહિતની દૃષ્ટિએ અપૌરુષેય એવા વેદોને તપશ્ચર્યાદિ બળ વડે સૌથી પ્રથમ પોતાના

હૃદયમાં સાંભળ્યા; તેથી તેને શ્રુતિ પણ કહેવામાં આવે છે. એ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ઇત્યાદિ શ્રુતિને જ લોકહિતાર્થે શિષ્યપરંપરા વડે પ્રસૃત કર્યા છે. તે પૈકી ઋગ્વેદના મંત્રોને ઋચાઓ, યજુર્વેદના મંત્રોને યજુષો અને સામવેદના મંત્રોને સામો કહે છે. આ બધા વૈદિક મંત્રો કહેવાય છે. આ સિવાય પુરાણાદિમાં બીજે જે આપ્તવચનરૂપ મંત્રો છે તે બધા તાંત્રિક મંત્રો કહેવાય છે. યજ્ઞાદિ કાર્યોમાં આ ત્રણ વેદ મુખ્ય છે, અને ચોથો અથર્વવેદ છે, તેમાં અર્થશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, યંત્રતંત્રાદિ વિવિધ વિદ્યાઓ વગેરેનો સમાવેશ પણ થાય છે. આ ચારેનાં ચાર મુખ્ય વાક્યો છે, તેને મહાવાક્યો કિંવા ચતુષ્પદપથ એમ પણ કહેવાય છે. સર્વ આપ્તવાક્યોના સારનો સમાવેશ આ ચાર મહાવાક્યોમાં જ થઈ જાય છે: (૧) **प्रज्ञानं ब्रह्म** (ઋગ્વેદ) (૨) **अहं ब्रह्मास्मि** (યજુર્વેદ), (૩) **तत्त्वमसि** (સામવેદ), તથા (૪) **अयमात्मा ब्रह्म** (અથર્વવેદ). આ ચાર મહાવાક્યો ચારે વેદોનાં મુખ્ય વાક્યો છે. એ જ સર્વનું કર્તવ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય છે. આ અંતિમ ધ્યેય હોઈ તેની પ્રાપ્તિને અર્થે જ ઇતર તમામ વિધિ અને નિયમવાક્યો રચાયેલાં છે. અર્થાત્ વર્ણાશ્રમાદિ ધર્મોની ઉત્પત્તિ ઉપર્યુક્ત ધ્યેયની પ્રાપ્તિને માટે જ તેઓએ કરેલી છે. માટે તે પ્રકટ કરનારાઓ જ સાચાં આપ્ત હોઈ તેમનાં વચનો ઉપર વિશ્વાસ રાખવાથી બાળક જેમ માતાપિતાના વિશ્વાસ ઉપર ધારતી વગરનો કિંવા નિર્ભય થઈને રહે છે તેમ આ આપ્તો કિંવા સજ્જનોએ બતાવેલા ધર્મોનું પાલન કરીને મનુષ્યોએ નિર્ભય થઈ રહેવું જોઈએ.

આજકાલ માનવામાં આવતું કર્તવ્ય

અવિચાર એ જ મહાન આપત્તિ છે. આજકાલ તો આપ્તોના વાક્યમાં અવિશ્વાસ રાખી શ્રુતિશાસ્ત્રના આધાર વગર પોતાના મનમાં આવે તેમ ફાવે તેવા કુતર્કો કરવા તેને જ કર્તવ્ય માનવામાં આવે છે. આવા કુતર્કોરૂપ વિષયની જ્વાલા સર્વત્ર પ્રસરેલી હોવાથી આ આખું જગત મૂર્ચ્છિત બનેલું છે. પોતાને મોટા મોટા બુદ્ધિશાળી સમજનારાઓ અને અગ્રણીઓ પણ મિથ્યા અભિમાન વડે આ કુતર્કરૂપી મોહમાં ફસાઈ અંધ બનેલા છે, તો પછી ઇતરની તો વાત જ ક્યાં રહી? તેઓથી આત્મહિતનો સાચો માર્ગ ઓળખાતો નથી અને તેથી તેઓ ભળતે માર્ગે જાય છે તથા ફરીફરીથી અંધની માફક મોહમાં ભટકાયા કરે છે. આમ જગતમાં બધા લોકો કલ્યાણની ઇચ્છા વડે જ કર્તવ્યરૂપી ઝેર પીને મૂર્ચ્છિત થવાને લીધે અંધ બની ગયા છે. તેઓને આત્મહિતનો સાચો માર્ગ જડતો નથી અને મિથ્યાભિમાનને લીધે સાચો માર્ગ ઓળખવા જેટલી બુદ્ધિ પણ તેમનામાં હોતી નથી. આ રીતે તેઓ પોતાની જાતે જ પોતાના વિનાશને નોતરે છે, એટલું જ નહિ પરંતુ પોતાની સાથે અનુયાયીઓનો પણ વિનાશ કરાવે છે. માટે આ અવિચારનો ત્યાગ કરીને પરમ શ્રદ્ધાવડે યુક્ત થઈ આપ્ત એવા મહર્ષિ અને બ્રહ્મનિષ્ઠ મહાત્મા પુરુષોનાં વાક્યો ઉપર નિશ્ચલ વિશ્વાસ રાખીને ધ્યેય પ્રાપ્ત કરી લેવું જોઈએ. આ રીતની શ્રદ્ધા એ જ આત્મોન્નતિનું મૂળ હોઈ તેવી શ્રદ્ધા જ પરમેશ્વરનાં સાક્ષાત્ દર્શન કરાવી આપવા સમર્થ છે. રાજન્! શ્રદ્ધા સંબંધે એક પ્રસંગ કહું છું:

બોળકું બોલવું માતાપિતા સમજે છે

કોઈ એક સમયે એક મોટા શહેરની અંદર જવાનું થયું. જેમને ત્યાં મુકામ હતો તે સદ્ગૃહસ્થને ત્યાં એક વયોવૃદ્ધ ગૃહસ્થ નિત્યપ્રતિ ભક્તિભાવ વડે રોજ ભગવદ્ગીતાનો પાઠ નિયમપૂર્વક કરતા હતા. એ ગૃહસ્થને ત્યાં એક વિદ્વાન મહેમાન આવ્યા. તેઓ પોતે સંસ્કૃતના સારા અભ્યાસી હતા. તેઓ આ ગૃહસ્થનો પાઠ અશુદ્ધ થતો જોઈ તેમને સુધારવાના ઉદ્દેશથી દરરોજ લાંબો સમય તેમની સાથે ગાળતા હતા, પરંતુ નિત્ય અભ્યાસ પડી જવાથી તેમ જ વયોવૃદ્ધ હોવાને લીધે પાઠક પોતે તે ભૂલી જતા અને બીજે દિવસે વળી પાછા અશુદ્ધ પાઠ જ ચાલુ રાખતા. આમ દરરોજ લાંબો સમય બંનેની રકઝક ચાલ્યા કરતી. આ રીતે પાંચ છ દિવસો થઈ ગયા. બીજી બાજુએ ઘરની સર્વ મંડળી મહેમાનો માટે ખોટી થઈ બેસી રહેતી, પરંતુ મહેમાન તો પાઠ પૂરો થાય ત્યારે જ સ્નાન કરી પછી નિત્યકર્માદિ કરતા. આથી ઘરમાં બધાંઓને વગર કારણે ખોટી થવું પડતું. આમ છ સાત દિવસો તો વીતી ગયા અને પાઠ તો પાઠો અશુદ્ધ જ રહ્યો. આથી એક દિવસે મેં સહેજ કુતૂહલથી મહેમાનને કહ્યું, "કાકા સાહેબ! કેમ છો? તમો રોજ આટલી બધી મહેનત કરો છો તો શું આ ગૃહસ્થનો પાઠ શુદ્ધ થયો કે?" તેમણે તત્કાળ કહ્યું. "મહારાજ! હું છ

સાત દિવસથી આટલી આટલી માથાકૂટ કરી રહ્યો છું; પરંતુ આ તો સહેજ પણ સુધરતા નથી." "અશુદ્ધ પાઠ તો મહાન દોષ ગણાય ખરું ને?" કાકા સાહેબ! તમો કરો છો તે ઘણું સારું છે; પરંતુ આ પાઠશુદ્ધિનું કાર્ય આપ રાત્રે કિંવા બીજે કોઈ વખતે કરો તો વધુ સારું! વળી તેઓ દરરોજ પાઠ કરતાં કરતાં ઘરડા થઈ ગયા છે, તેમને રોજનો અભ્યાસ દૃઢ થયેલો હોવાથી એકદમ શી રીતે સુધરે? નાનાં બાળકોની બુદ્ધિ વિદ્યા ગ્રહણ કરવામાં જેટલી નિર્મળ હોય છે તેટલી વૃદ્ધની ક્યાંથી હોય?" આ વિવેચન ચાલતું હતું એટલામાં માલિકના છોકરાનો એક નાનો છોકરો આવ્યો તથા બોબડા અને કાલા કાલા શબ્દો વડે બોલ્યો, "કાકા જલદી ભૂ કરો, બપોરે અમોને બધાંને બાગમાં લઈ જવાના છો ને?" "હા બેટા, આજે જલદી નાહીશ." એવું આશ્વાસન મળતાં જ બાળક તો ચાલ્યો ગયો. મેં પૂછ્યું. "કાકા સાહેબ! આ બાળકે શું કહ્યું? હું તો તે જરાપણ સમજ્યો નહિ." તેઓ બોલ્યા કે, "મેં બધાં બાળકોને ગઈ કાલે કહ્યું હતું કે તમોને બધાંને આજે હું બહાર ફરવા લઈ જઈશ. તે ધ્યાન રાખી તેણે મને જલદી સ્નાન કરવા જણાવ્યું." મેં કહ્યું, "કાકા સાહેબ! તે એટલું બધું અશુદ્ધ, બોબડું અને કાલું કાલું બોલતો હતો કે મને તો જરાપણ ન સમજાયું અને આપ તો સમજી ગયા. આ ઉપરથી મને એમ લાગે છે કે નાનાં બાળકો ગમે તેવું બોબડું, તોતડું કે અશુદ્ધ બોલે છતાં તેનો ભાવ માતાપિતા અને વડીલો સમજી શકે છે. તો પછી જે ખરેખર શ્રદ્ધાયુક્ત થઈ નિર્મળ ભાવનાથી પાઠ કરતો હોય તો તે જેની પ્રીત્યર્થે પાઠ કરે છે તે સમજતો હશે કે નહિ વારું?" તેઓ બુદ્ધિશાળી હોવાથી આ કથનનો ભાવાર્થ તુરત સમજી ગયા. અને તેમણે એ ગૃહસ્થને ત્રાસ આપવાનું છોડી દીધું. તાત્પર્ય એ કે, જે અંતઃકરણમાં શુદ્ધ ભાવના હશે અને ઉપરથી અશુદ્ધ બોલવામાં આવશે, તોપણ પરમેશ્વર જરૂર સમજી શકશે, પણ અંદર અશુદ્ધ ભાવના હોય અને બહારથી ગમે તેટલો શુદ્ધ પાઠ કરે તો તે નિરર્થક જ છે. રાજન્! આ પ્રમાણે શ્રદ્ધાનો પ્રભાવ છે, તે તમોને હવે સારી રીતે સમજાયું હશે; પરંતુ વાસ્તવિક રીતે શ્રદ્ધાનો અંત તો મેં ઉપર કહેલી શ્રદ્ધા અને અશ્રદ્ધા નામની બંને શાખાઓથી પર સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય એવી જે મૂળ શ્રદ્ધા છે તેમાં જ થાય છે.

કિરણાંશ ૧૨

મને શ્રદ્ધા છે અને નથી

ઉપર પ્રમાણે વિવેચન ચાલતું હતું તે પ્રસંગે સભામાં કોઈ એક ગૃહસ્થે નમ્રતાથી કહ્યું, "મહાત્મન્! મને આપ ક્ષમા કરશો. હું આપનું નામ સાંભળીને ઘણે દૂરથી આવ્યો છું. મારા મનમાં શંકા છે તેનું આપ નિવારણ કરી શકશો એમ મને લાગે છે; પરંતુ સાથે સાથે મારે પ્રથમથી જ કહી દેવું જોઈએ કે, "હું અશ્રદ્ધાળુ પણ નથી અને શ્રદ્ધાળુ પણ નથી." શાસ્ત્રકારો કહી ગયા છે માટે તે કદાચ સત્ય હશે એમ સમજીને હું શ્રદ્ધા રાખું છું અને વળી વ્યવહાર પ્રસંગે વિપરીત અનુભવ આવે છે તેથી આ બધા શાસ્ત્રકારોએ ગપ્પાં માર્યાં છે કે શું? એવી મને અશ્રદ્ધા પણ ઉત્પન્ન થાય છે. આપે તો અત્યાર સુધી શ્રદ્ધા રાખવા જણાવ્યું પરંતુ આજકાલના જમાનામાં શ્રદ્ધા ક્યાં રાખવી?" વચમાં જ કોઈ બોલી ઊઠ્યો કે "આપણો દેશ અંધશ્રદ્ધા માટે પ્રખ્યાત છે, પૂર્વે ધર્મમાં અંધશ્રદ્ધાળુ કહેવાતો હતો અને હવે પોતાને અંધશ્રદ્ધાળુ નહિ સમજનારાઓ અને બુદ્ધિમાન કહેવરાવનારાઓ પણ પરકીય એવા પાશ્ચાત્યોના મોહમાં જ આંધળા બન્યા છે; એમ ગમે ત્યાં અંધશ્રદ્ધા તો છે જ." તેમને રોકીને કહ્યું, "આ વિષય અપ્રસ્તુત છે, માટે તેને છોડી દો."

હું નાસ્તિક છું તે કયા સાધન વડે જાણવામાં આવે છે?

તમારા પ્રશ્ન ઉપરથી મને એક પ્રસંગ યાદ આવે છે. તમોએ કહ્યું કે 'મારામાં શ્રદ્ધા છે પણ ખરી અને નથી પણ ખરી.' તેમ એક દિવસે એક કલ્પક વિદ્વાન અને નિપુણ એવા એક વિદ્યાપીઠના મુખ્ય શિક્ષકે મને પ્રશ્ન કર્યો હતો કે, 'હું આસ્તિક પણ નથી અને નાસ્તિક પણ નથી.' તે ઉપરથી તેમને કહ્યું કે, "હે વિદ્યાપીઠના મુખ્ય ગુરુ! આપને મારે જેવો ગુણ આપવા પડશે." પ્રશ્નઃ શી રીતે? ઉત્તરઃ તમો તો પરીક્ષક છો તેથી સારી રીતે જાણી શકશો કે જગતમાં બે પ્રકારના આગ્રહી લોકો તો જોવામાં આવે છેઃ

(૧) પોતાને હું આસ્તિક છું એમ માની તેવું કહેવરાવનાર તથા (૨) હું નાસ્તિક છું એમ માનનાર. આ રીતે બે પંથનો જુદો જુદો આગ્રહ રાખનારાઓ તો જગતમાં જોવામાં આવે છે. પરીક્ષકના નિયમ પ્રમાણે તમો જો આ બે પ્રશ્નો કોઈ પરીક્ષામાં જુદા જુદા પૂછો તો તે દરેકને પૂરા સો સો ગુણો આપવા પડશે, પરંતુ આપે તો હું બંને છું એમ કહ્યું છે, તેથી સો ગુણ આસ્તિકતા અને સો ગુણ નાસ્તિકતા બદલ એમ બસો ગુણો, જો મને એટલા પૂરતો પરીક્ષક નીમો તો હું તમોને જરૂર આપું. કેમકે આમ કહેવામાં તમો સાચી આસ્તિકતા કિંવા શ્રદ્ધા પ્રકટ કરો છો. વિચાર કરો કે, " હું આસ્તિક નથી કિંવા અશ્રદ્ધાળું છું " એમ જો કોઈ કહે તો તેને એમ પૂછી શકાય કે " હું નાસ્તિક કિંવા અશ્રદ્ધાળું છું " એમ કહેવાની આપનામાં શ્રદ્ધા છે? કે આપ બીજા કોઈ સાધન વડે તેમ કહી રહ્યા છો? સારાંશ, ' હું નાસ્તિક કિંવા અશ્રદ્ધાળું છું ' એમ કહેવું તેના મૂળમાં પણ શ્રદ્ધા જ રહેલી છે. તે મૂળ સ્વતઃસિદ્ધ એવી એક શ્રદ્ધાની જ (૧) હું નાસ્તિક કિંવા શ્રદ્ધાળું નથી અથવા (૨) હું આસ્તિક કિંવા શ્રદ્ધાવાળો છું, એવી બે શાખાઓ વ્યવહારમાં હોઈ દરેક મનુષ્ય તે તે શાખાઓનો દુરાગ્રહ રાખે છે; પણ તે તો એક નાદાનપણું કિંવા શ્રદ્ધાના સાચા સ્વરૂપનું અજ્ઞાન જ ગણાય ખરું ને? કેમકે મૂળ શ્રદ્ધા તો અનિર્વચનીય અને સ્વતઃસિદ્ધ હોવાથી તે વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિ દ્વારા વ્યક્ત યાને પ્રકટ કરી શકાય તેવી નથી. કેમકે કોઈ પણ વસ્તુનું પ્રાકટ્ય થયું, એટલે એ વાત તો તદ્દન નિશ્ચિત થઈ કહેવાય કે આને આ પ્રમાણે પ્રકટ થવાની કિંવા કરવાની શ્રદ્ધા હતી. શ્રદ્ધા વગરનું કશાનું પ્રાકટ્ય થવું કદાપિ શક્ય જ નથી. પછી તે ઉપર કહ્યા પ્રમાણે બે શાખાઓ પૈકી ગમે તે પ્રકારની હોય!

આ સર્વ પ્રવૃત્તિ શ્રદ્ધા ઉપર કે ફળ ઉપર ચાલી રહી છે?

હે વિદ્વન્! વિચાર કરો કે હું શિક્ષક છું એવા પ્રકારની આપને શ્રદ્ધા છે ખરીને? જો તેવી શ્રદ્ધા જ ન હોય તો પછી તમો વિદ્યાર્થીવર્ગને શિક્ષણ કેવી રીતે આપી શકશો? વળી વિદ્યાર્થીઓની પણ તમારા ઉપર શ્રદ્ધા ન હોય તો તે શિક્ષણ કેવી રીતે પ્રાપ્ત કરી શકે? શ્રદ્ધા જ દરેકનું જીવન છે. માતા ઉપર વિશ્વાસ ન હોય તો બાળક કેમ કરી જીવી શકે? વિશ્વાસ જ ન હોય તો પુરુષને સ્ત્રી થકી સુખ કેવી રીતે પ્રાપ્ત થાય? અને વૃદ્ધોને બાળકો ઉપર પ્રેમ પણ ક્યાંથી ઉત્પન્ન થાય? શ્રદ્ધા જ ન હોય તો ખેડૂતો જમીન ખેડે જ ક્યાંથી? અનાજ વાવવાની અથવા સંગ્રહ કરવાની જે પ્રવૃત્તિઓ મનુષ્યો કરે છે તે શું વગર શ્રદ્ધાએ? તમો આ નોકરી દર મહિને પગાર મળશે તેવા પ્રકારની શ્રદ્ધા વડે જ કરો છો ને? માટે આપોના શબ્દોમાં અવિશ્વાસ રાખવો એ મહાન શત્રુ સમાન છે. શ્રદ્ધા નામની પ્રેમાળ માતા એટલે ઉપર કહેલી મૂળ શ્રદ્ધા જ પોતાનાં બાળકો એટલે આસ્તિક અને નાસ્તિકપણાની ભાવનાઓના આગ્રહીઓને દરેક કુનકોથી સુરક્ષિત રાખે છે. સજ્જનો ઉપર શ્રદ્ધા નહિ રાખનાર મૂઢ મનુષ્યોને લક્ષ્મી કીર્તિ, કાર્યસફલતા અને સુખ ઇત્યાદિ કદી પણ પ્રાપ્ત થતાં નથી. શ્રદ્ધા વિનાનો પુરુષ બધી વાતે બાપડો હીન-દીન બની જાય છે. સારાંશ, શ્રદ્ધા એ જ આખા જગતનો આધાર છે, એમ નિશ્ચિત સિદ્ધ થાય છે. કેમકે જો મૂળ શ્રદ્ધા જ નષ્ટ થાય તો પછી આ જગતમાં ચાલતા તમામ વ્યવહારો નાશ પામે. કદાચ તેમાં શંકા કરશો કે જગતમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ મળનારાં ફળો ઉપર જ ચાલુ છે, નહિ કે કેવળ શ્રદ્ધા ઉપર! તો વિચાર કરો કે આમ કરવાથી પ્રત્યક્ષ ફળ મળશે એ ભાવના જ પ્રથમ ક્યાંથી ઉદ્ભવે? શ્રદ્ધા સિવાય બીજા કોઈ સાધન વડે આવી ભાવનાઓ થાય છે કે શું? અરે! જરા વિચાર કરો કે તમો મહિના સુધી નોકરી કરશો તો તેનું ફળ પગારરૂપે પામશો; એટલે પ્રથમ કાર્ય અને પછી ફળ-એમ થયું ખરું ને? પરંતુ આ કાર્ય કરવાથી આ ફળ મળશે એવી શ્રદ્ધા જો પ્રથમ હોય તો જ મનુષ્યો તે કાર્ય કરવા પ્રેરાય, કારણકે ફળ મળવાનું તે તો ભવિષ્યમાં, પ્રથમથી તો કાંઈ મળતું નથી, એ વાત તો દીવા જેવી સ્પષ્ટ છે. તો મને શ્રદ્ધા નથી એવા મતનો આશ્રય લેવો એ પણ શ્રદ્ધાનો જ આશ્રય લેવા સમાન છે, એ વાત પણ નક્કી સિદ્ધ થાય છે, ખરું ને? તસ્માત્ જો મૂળ શ્રદ્ધા જ ન હોય તો આ સર્વ લોકોનો વ્યવહાર અટકી પડશે. ખરેખર શ્રદ્ધા વગર તો શ્વાસ પણ લઈ શકાય તેમ નથી. આ ખરાબ છે કિંવા આ સારું છે એમ કહેવાની જે પ્રવૃત્તિ થવી તે પણ તેવા તેવા પ્રકારની શ્રદ્ધા વડે જ છે; એ વાત પણ નિઃશંક રીતે સિદ્ધ થાય છે.

જગતમાંનો સઘળો વ્યવહાર શ્રદ્ધા વડે જ ચાલી રહ્યો છે,

હે જીજ્ઞાસમાન! આ સારું છે અને આ નરસું છે તે જાણવાને માટે શ્રદ્ધા વિના શું બીજું કોઈ પ્રમાણ છે ખરું કે? અને બીજું કોઈ પ્રમાણ હશે એમ જો કહેવામાં આવે તો જેને શ્રદ્ધા જ નથી તેવાઓને માટે તે પ્રમાણ છે એમ કહેવું પણ શ્રદ્ધા વગર બીજાં કયાં સાધનો વડે સંભવી શકે? અથવા તો જ્યાં શ્રદ્ધા જ નથી ત્યાં બીજું કયું પ્રમાણ હોઈ શકે? જેને શ્રદ્ધા જ નથી તેને પ્રમાણ ઉપર શ્રદ્ધા કયાંથી સંભવે? સારાંશ, આ સર્વ લોકવ્યવહાર શ્રદ્ધાના આધાર વડે જ ચાલી રહેલો જોવામાં આવે છે, તે વાત તદ્દન સ્પષ્ટ થાય છે. પણ જેઓને આત્મોન્નતિની ઇચ્છા હોય તેવાઓએ અસંભવિત અને અને અનુભવથી વિરુદ્ધ એવા અર્થ વગરના કુતર્કો કરવારૂપ શ્રદ્ધાને ત્યજી દઈ શ્રુતિશાસ્ત્રમાન્ય એવી શ્રદ્ધા વડે જ પોતાનું હિત સાધી લેવું જોઈએ. એટલે પોતાની ઉન્નતિ ચાહનારા વિવેકીઓએ મનસ્વી રીતે તર્કો નહિ કરવા, પરંતુ તર્કો કેવી રીતે કરવા તે પણ સજ્જન એવા આપ્તોએ વેદ, શ્રુતિશાસ્ત્રો આધારે પ્રકટ કરેલું છે. તેમણે બતાવેલા એ નિયમાનુસાર તર્કો કરવાથી જ ખરું હિત સાધી શકાય છે. બાકી સંભવે નહિ એવા અર્થ વગરના કુતર્કો કરનારા કિંવા જેઓ તદ્દન તર્કો કરતા જ નથી, તેવા બંને પ્રકારના મનુષ્યોને તો આ લોકમાં કિંવા પરલોકમાં બંને બાજુએથી ફાયદો થવો શક્ય નથી. તેમાં કદાચ કાળે કરીને બીજાને એટલે તર્કો મુદ્દલ નહિ કરનારને તો ભવિષ્યમાં કોઈ કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થવા સંભવ હોય છે, પરંતુ અર્થ વિનાના તર્કો લડાવનાર પડેલાનું એટલે કુતર્કીનું તો અધઃપતન જ થાય છે, એમ નિશ્ચયપૂર્વક સમજો.

ખરા નાસ્તિકો કયાં છે?

હે વિદ્વન્! વળી ખરી રીતે તો આજ સુધી કોઈ સાચો નાસ્તિવાદી કિંવા અસ્તિવાદી મારા જોવામાં આવ્યો નથી. કેમકે જેઓ પોતાને આસ્તિક કહેવરાવે છે તે તો ઉપરટપકે લોકોમાં પોતાની છાપ બેસાડવા પૂરતું જ હોય છે, અંદરખાને તો તેઓ એટલા બધા કુકર્મી હોય છે કે તેની કલ્પના કરવી પણ શક્ય નથી; તેમ જ નાસ્તિકોની પણ તેવી જ સ્થિતિ છે. તેઓ પોતાને ઉપરથી લોકોમાં નાસ્તિક કહેવરાવે છે ખરા, પરંતુ અંદરખાને તો તેવા દૃઢનિશ્ચયવાળા હોતા નથી. આ વ્યવહારમાં પોતાને નાસ્તિકો કિંવા આસ્તિકો કહેવરાવનારાઓમાં ભેદ એટલો જ છે કે નાસ્તિકો વ્યવહારમાં હરેક નીતિ, શાસ્ત્રાદિનો ખુલ્લી રીતે ભંગ કરીને વ્યવહારમાં ત્યાજ્ય એવાં અશુભ વર્તનો લોકોમાં કરી પોતાની મૂઢતાનું પ્રદર્શન કરે છે તથા આસ્તિકો બહારથી નહિ પરંતુ અંદરખાનેથી કુકર્મો કરે છે. પણ હું તો તમોને જે સાચા નાસ્તિકો કિંવા આસ્તિકો સંબંધે અત્રે કહી રહ્યો છું તેવા કોણ, તે સંક્ષેપમાં કહું છું. ન+અસ્તિ મળીને નાસ્તિ શબ્દ થયેલો છે, જે અજન્મા ભાવ દર્શાવે છે તેનો અર્થ એ છે કે એવું એક સ્થાન છે કે, "જ્યાં કાંઈ છે નહિ" તે સ્થાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારાઓ એ જ ખરા નાસ્તિક કહેવાય છે (નિઃશેષભાવનો અભ્યાસક્રમ જુઓ કિરણાંશ ૨૨), તેમ જ અસ્તિ શબ્દનો અર્થ "છે કિંવા હોવું" એવો છે. કોનું હોવું? તો સત્ અથવા અજન્મા અને અનિર્વચનીય એવા આત્માનું. આમ આ સર્વ આત્માનું જ સ્વરૂપ હોઈ તે આત્મા જ હું છું, આત્મસ્વરૂપ એવા મારા સિવાય બીજું કાંઈ છે જ નહિ; એ રીતે નિશ્ચય વડે જાણી લઈ તેવા માર્ગનું અવલંબન કરી અભ્યાસ કરનારાઓ જ સાચા આસ્તિકો કહેવાય છે (સર્વાત્મભાવનો અભ્યાસક્રમ જુઓ કિરણાંશ ૨૨). અર્થાત્ આ બે આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે કરવામાં આવતા અભ્યાસના માર્ગો છે (આ અભ્યાસક્રમને માટે આગળ કિરણાંશ ૨૨ તથા સિદ્ધાંતકાંડ અધ્યાય ૨, ૧૫ વગેરેમાં વિસ્તૃત વિવેચન છે). ટૂંકમાં એટલું જ કે, "આ હું નથી" "આ હું નથી" એવા પ્રકારે પોતાસહ સર્વ ભાવોનો વિલય થયા બાદ જે શેષ રહે છે તે જ આત્મસ્વરૂપ છે. આમ આત્માનુભવ લઈ નિઃશંક બનવું તે જ ખરી નાસ્તિકતા કહેવાય, અને આ પ્રકારના નિશ્ચય વડે નિઃશેષ ભાવનો અભ્યાસ કરનારાઓ જ ખરા નાસ્તિક ગણાય; તેમ જ "હું" સહ આ સર્વ આત્મસ્વરૂપ છે, જેથી હું, તું, તે, આ ઇત્યાદિ સર્વભાવો પણ આત્માથી અભિન્ન છે, એ પ્રકારના દૃઢ નિશ્ચય વડે અંતઃકરણમાં જે જે વૃત્તિનું ઉત્થાન થાય તેને તુરત જ તે આત્મસ્વરૂપ છે

એવી રીતના સર્વાત્મભાવ વડે દામી દઈ આત્માનો અનુભવ લઈ નિઃશંક બની જવું, તે જ ખરી આસ્તિકતા હોઈ, તેવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે સર્વાત્મભાવનો અભ્યાસ કરનારાઓ જ ખરા આસ્તિકો કહેવાય છે. આવા પ્રકારના ખરા આસ્તિકો અને નાસ્તિકોની હું સર્વત્ર શોધ કરી રહ્યો છું; પરંતુ તે પૈકી એકનો પણ હજુ સુધી પત્તો લાગ્યો નથી.

કિરણાંશ ૧૩

શંકાઓ શા માટે પૂછવી જોઈએ ?

આ સમયે સભામાં કોઈ નવો પુરુષ આવ્યો અને તેને મારે કેટલીક શંકાઓ પૂછવી છે એમ કહ્યું. "શંકાઓ દીર્ઘ અને લઘુ એમ બે પ્રકારની હોઈ તેને વ્યવહારમાં બધા જાણે છે; પરંતુ આપની પાસે તે કરતાં કોઈ ત્રીજી જ શંકા હોવાનું જણાય છે." આમ સાંભળતાં જ તેઓ વિચારમાં પડી ગયા, તે ઉપરથી પૂછ્યું કે, તમો વિચારમાં કેમ પડી ગયા? શું મારું કહેવું તમોને અયોગ્ય લાગે છે? મેં કાંઈ તમોને આ ઉપહાસની દૃષ્ટિએ કહ્યું છે એમ માનશો નહિ. કારણ શંકાનો ઉદ્દેશ મેલ સાફ કરવાનો હોય છે. જેમ શરીરમાંથી દીર્ઘ અને લઘુ શંકા દ્વારા શરીરમાંનો મેલ સાફ થઈ જાય છે તથા તેથી શરીર હંમેશ નિરોગી અને આનંદિત રહે છે, તેમ મનમાં પણ સંકલ્પવિકલ્પાત્મક કચરો એકઠો થવાથી મનુષ્ય શંકારૂપી સાગરમાં ઘેરાઈ જાય છે, કારણ કે આ શંકારૂપ મહાચક્કર એવું તો વિલક્ષણ છે કે તેમાંથી કોઈ ભાગ્યે જ છૂટી શકે છે. શંકા વડે થનારા અનર્થો તો વ્યવહારમાં નિત્યપ્રતિ જોવામાં આવે છે. શંકા વડે જ મિત્ર શત્રુરૂપ બને છે; પત્નીનો ત્યાગ કરવામાં આવે છે, કારણ વગર ઝઘડાઓ ઉત્પન્ન થાય છે ઇત્યાદિ શંકાની અનેક પરંપરા વ્યવહારમાં પ્રસિદ્ધ છે. જે મનુષ્ય તમામ શંકાઓથી રહિત થયો હોય તે જ ખરો સુખી કહેવાય છે. એટલા માટે શંકા એ મનનો મહાન મેલ એટલે કચરો છે; તે અંદર રહેવાથી મનુષ્યનાં માનસિક અને શારીરિક એમ બંને પ્રકારનાં સ્વાસ્થ્યનો નાશ થઈ જાય છે. અનેક પ્રકારની શંકાઓથી ઘેરાયેલા પુરુષને કદી સુખે નિદ્રા પણ આવતી નથી. ચિંતા એ જ એની કન્યાઓ હોઈ ઇચ્છા કિંવા વાસનાઓ એ જ તેના આશ્રયદાતાઓ છે અને અજ્ઞાન એ જ એનું ઉત્પત્તિસ્થાન છે. આમ શંકા વડે ઘેરાયેલો પુરુષ અનેક પ્રકારની ઇચ્છાઓ તથા વાસનાઓ વડે ચિંતામાં ને ચિંતામાં જ પોતાનું આયુષ્ય વ્યર્થ ગુમાવે છે. સંશય એ તેનું બીજું નામ છે. તસ્માત્ આ સર્વ દુઃખનું મૂળ એવી શંકાઓરૂપી મનના મેલને બહાર કાઢી નાખવો જોઈએ. ઉપર કહ્યું તેમ શરીરમાંનો મેલ જો દીર્ઘ અને લઘુ શંકા વડે બહાર કાઢી નાખવામાં નહિ આવે તો તે જેમ શરીરના સ્વાસ્થ્યને મહાન અહિત કરનારું નીવડે છે, તેમ મનના મેલરૂપ જે શંકા કિંવા સંશય તેને જો મનમાં જ સંગ્રહી રાખવામાં આવે તો તે ભયંકર વિષ સમાન હોઈ સર્વસ્વ રીતે પોતાનો વિનાશ કરનારું નીવડે છે. આથી **"સંશયાત્મા વિનશ્યતિ।"** એમ ગીતામાં ભગવાને કહ્યું છે અને એટલા માટે જ તેને સંશય કિંવા શંકા એવું નામ હોઈ તેને મનમાં નહિ રાખતાં બહાર કાઢી નાખવી જોઈએ; આથી અનાદિકાળથી એવો નિયમ ચાલતો આવેલો જણાય છે કે બુદ્ધિમાનો પોતાની યોગ્ય શંકાઓનું નિવારણ તત્ત્વવિદો એવા બ્રહ્મનિષ્ઠ મહાત્માઓની પાસે જઈને કરાવે છે. આ ઉપરથી તમો શંકા કોને કહે છે તે સંબંધમાં સારી રીતે સમજી શકયા હશો માટે હવે ઇચ્છા હોય તો તમે તમારી શંકાઓ ખુશીથી પૂછી શકો છો.

દરેક ક્ષણે ભગવાનનું સ્મરણ કેમ કરવું ?

પ્રશ્ન : એક ક્ષણ પણ વિસર્યા સિવાય નિત્યપ્રતિ ભગવાનનું સ્મરણ કરવું જોઈએ, તેમ જ ફક્ત અંતકાળમાં જ જો ભગવાનનું સ્મરણ થાય તો બસ થાય છે, એમ કહેવામાં આવે છે. વળી એમ પણ કહેવાય છે કે જો આખો જન્મારો નામસ્મરણ કર્યું હોય અને અંતકાળે તેનું સ્મરણ નહિ થાય તો કરેલું બધું નિરર્થક જ છે. આ બધા પૈકી સાચું શું ?

મારો અંતકાળ ક્યારે છે ?

ઉત્તર : આ સંબંધમાં પ્રથમ એક દૃષ્ટાંત કહું છું તે સાંભળો. એક શિષ્ય એક મહાત્માની પાસે સેવા માટે રહ્યો. નિત્યપ્રતિ તે સદ્‌ગુરુની સેવામાં તત્પર રહેતો હતો. આમ તેનો બાર વર્ષોનો કાળ વીતી ગયો. મહાત્માનાં દર્શનને માટે દૂર દૂરથી ઘણા લોકો હંમેશાં આવજા કરતા. તેમને જેની તેની યોગ્યતા અનુસાર મહાત્મા ઉપદેશ કરતા હતા. પરંતુ બાર વર્ષો વીતી જવા છતાં આ શિષ્યને કાંઈપણ ઉપદેશ કર્યો નહિ. બાર વર્ષો થયા પછી શિષ્યને પોતાને ઘેર જવાની ઇચ્છા થવાથી તેણે શ્રીસદ્‌ગુરુની આજ્ઞા માગી. ગુરુએ ઘણા જ આનંદથી આશીર્વાદ સાથે રજા આપી. શિષ્યે પૂછ્યું, "ગુરુદેવ ! મારે શું કરવું જોઈએ તે આપ કૃપા કરીને કહો." ગુરુદેવ બોલ્યા, "અરે ! કરવાનું તો કાંઈ નથી, ફક્ત મરણ સમયે એક ક્ષણમાત્ર ભગવાનનું નામસ્મરણ કરવું જોઈએ એટલે થયું." શિષ્યે કહ્યું, "ઓહો ! એટલું જ કરવાનું ? અને તે પણ મરણ સમયે ?" ગુરુએ કહ્યું, "હા." શિષ્યે કહ્યું: "તો પછી જેઓ આપની પાસે આવતા તે બધા લોકોને તો આપ એમ કહેતા કે જે હંમેશાં નામસ્મરણ કરશે નહિ તેને મોટાં મોટાં નરકોમાં પડવું પડશે અને મને તો ફક્ત અંતકાળને સમયે ક્ષણમાત્રને માટે ભગવાનનું નામસ્મરણ કરવું એટલું જ એક કાર્ય કહો છો." ગુરુએ કહ્યું, "તું મને અતિપ્રિય છે તેથી મેં તને આ સાચેસાચી વાત કહી છે." આ સાંભળીને શિષ્ય તો હરખાતો હરખાતો પોતાને ગામ જવા નીકળ્યો. બાર વર્ષ સુધી મહાત્માની સેવા થયેલી હતી, તે કાંઈ નિષ્ફળ નીવડે ? રસ્તામાં વિચાર કરતો જાય છે કે અંત સમયે એક ક્ષણને માટે નામસ્મરણ કરવાનું છે તો પછી આ બધા આખો જન્મારો તેમ શા માટે કરતા હશે ? તેઓ સાચું સમજતા નથી. આપણને તો ગુરુ મહારાજે સાચી ચાવી બતાવી દીધી છે, માટે હવે સુખેથી સંસારપ્રપંચ કરીશું અને મરણનો વખત આવશે ત્યારે જોઈ લેવાશે. આમ વિચાર કરે છે એટલામાં તો વળી પાછો એવો વિચાર આવ્યો કે આ તો આપણને ઘણો જ સહેલો માર્ગ મળી ગયો, પરંતુ એક વાત તો પૂછવી રહી ગઈ કે મારો અંતકાળ ક્યારે છે ? તે કાંઈ ગુરુ મહારાજે કહ્યું નહિ અને મને પણ પૂછી લેવાનું સ્મરણ રહ્યું નહિ. માટે ફરીથી જઈને પૂછી આવું આથી પુનઃ ગુરુ પાસે આવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને નમ્ર ભાવે પૂછ્યું :

એક ક્ષણ પણ કેમ વ્યર્થ ગુમાવવી નહિ ?

" ગુરુદેવ ! આપે મારા ઉપર કૃપા કરીને મને તદ્દન સીધો અને સરળ તથા જેમાં બીજી કોઈ પ્રકારની ખટપટો કરવી પડતી નથી તેવો અતિ ઉત્તમ માર્ગ બતાવ્યો, જેથી મને ઘણો જ આનંદ થયો. પણ ઘેર જતાં જતાં રસ્તામાં મને એવો વિચાર આવ્યો કે મારો અંતકાળ ક્યારે છે તે પૂછવાનું હું તદ્દન ભૂલી ગયો; તો કૃપા કરીને તેટલું મને કહેશો એટલે આપની આજ્ઞા પ્રમાણે હું તે સમયે ભગવાનનું નામસ્મરણ કરી શકું." આ પ્રશ્ન સાંભળીને ગુરુદેવ બોલ્યા, "હે વત્સ ! તે વાતની તો બ્રહ્મદેવને પણ ખબર નથી, તો પછી બીજાની તો વાત જ શી ? અંતકાળે ક્ષણમાત્રને માટે ભગવાનનું નામસ્મરણ કરવાનું છે, એ વાત તને કહી તે તદ્દન સાચી છે; પરંતુ આ શરીર એટલું બધું નાશવંત છે કે તેના અંતકાળની ક્ષણ ક્યારે આવશે તેનો કાંઈ ભરોસો નથી. અરે ! તું અને હું આપણે બંને વાતો કરી રહ્યા છીએ એટલામાં પણ કદાચ તે આવી જાય ! આ કાળ એટલો બધો ઝડપી છે કે કોઈ મનુષ્ય બોલતો હોય તો તેનો એક શબ્દ અંદર અને બીજો બહાર નીકળે તે પહેલાં તો તે તેને રામશરણ પહોંચાડી દે છે. આમ આ અંતકાળની ક્ષણ ક્યારે આવશે તેની કાંઈ કોઈને ખબર હોતી નથી માટે જ હું દરેકને કહી રહ્યો હતો કે એની એક પણ ક્ષણ જવા ન દેશો કે જેમાં ભગવાનનું નામસ્મરણ ન થાય; કારણ કે જે ક્ષણમાં નામસ્મરણ થયું ન હોય તે સમયે જ ઓચિંતો કાળ છાપો મારે તો શું થાય ? માટે ધ્યાનમાં રાખ કે એક ક્ષણ પણ ગુમાવ્યા સિવાય ભગવાનનું નામસ્મરણ કરતા રહો, એવું જે હું લોકોને કહી રહ્યો હતો તેનું રહસ્ય આ જ છે." સારાંશ એ કે, શરીર એ એટલું બધું અશાશ્વત કિંવા નશ્વર છે કે જો કાંઈ આસમાની સુલતાની ન થાય તો આ બધું કાલ સવાર સુધી રહેશે એવી જગતની દરેક વસ્તુઓને માટે કદાચ ખાતરી આપી શકાય; પરંતુ શરીરને માટે

કોઈપણ પ્રકારનો અપવાદ રાખીને પણ તે કાલે ખાતરીથી રહેશે જ, એમ કહી શકાય નહિ. મરણને માટે વ્યવહારમાં ગણાતું મોટું નિમિત્ત પણ કોઈ કરી શકતું નથી અને એકાદ નિમિત્ત અતિક્ષુદ્ર છે એમ સમજવામાં આવે તો ને તેને બચાવી શકે તેમ પણ નથી. જુઓ કે વ્યવહારમાં જેને માટે લોકોએ તદ્દન આશા છોડી દીધી હોય તે દીર્ઘાયુષી થયાનું જણાઈ આવે છે તથા જેને માટે શતાયુષીની કલ્પના કરવામાં આવી હોય તે એક ક્ષણ માત્રમાં જ હૃદય બંધ પડતાં રામશરણ થઈ જાય છે. બિચારાઓએ આખી જિંદગીપર્યંત મહામહેનતે મેળવેલી સંપત્તિ વગેરેમાંથી એક તણખલું પણ સાથે લઈ જઈ શકાતું નથી. આ રીતે દેહની અશાશ્વતતા સંબંધે તમારા લક્ષ્યમાં આવ્યું હશે. વ્યવહારમાં પણ જુઓ કે હંમેશ નજર આગળ હોય તેવી વસ્તુઓ પણ વખત ઉપર ધ્યાનમાં આવતી નથી, અર્થાત્ સમય ઉપર ભૂલી જવાય છે, એવો દરેકનો અનુભવ છે; તો પછી આખો જન્મારો જેનો કદી અભ્યાસ થયો ન હોય તે ભગવાનનું સ્મરણ અંતકાળે એકદમ કઈ રીતે ધ્યાનમાં આવી શકે? એટલા માટે એક ક્ષણ પણ જવા નહિ દેતાં નિત્યપ્રતિ ભગવાનનું નામસ્મરણ કરવું જોઈએ એમ જે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ આ પ્રમાણેનો છે.

નામસ્મરણથી થતું પ્રાયશ્ચિત્ત

એવો નિયમ છે કે મનુષ્યો કાયા, વાચા અને મન વડે જ્ઞાત કિંવા અજ્ઞાત રીતે જે જે કર્મો કરે છે, તે સર્વ કર્મોનાં ફળો કર્મ કરનાર જીવાત્માને જ ભોગવવાં પડે છે. વિચાર કરો કે તમો વાણીથી જે બોલો છો, મન વડે જે સંકલ્પો કરો છો, તે બધાં કર્મોનું શું થાય છે? તે કયાં ગયાં? ઇત્યાદિ બાબતોનો કદી વિચાર સરખો પણ કરો છો ખરા કે? તે આ અંતરાળમાં એટલે પૃથ્વીથી આકાશ વચ્ચેનો જે પોકળ ભાગ છે તેમાં જઈ આ પાંચ મહાભૂતોના મિશ્રણ વડે ધીરે ધીરે અનાયાસે જ ઘનીભાવ એટલે સ્થૂળભાવને પ્રાપ્ત થાય છે અને પકવ થયેલાં તે કર્મફળ યથાસમયે જીવાત્માને સ્થૂલ શરીર વડે ભોગવવાં પડે છે, તેમ જ મૃત્યુ પછી પણ સ્વર્ગનરકાદિ ફળો ભોગવવાનો પ્રસંગ આવે છે (મહાકાલ પુરુષ વર્ણન કિરણાંશ ૩૧ તથા ૩૨ જુઓ). આથી મૃત્યુ પહેલાં જ તે ટાળવાનો યત્ન કરવો જોઈએ. એકાંતતા, સ્ત્રીનું સ્મરણ, કીર્તન, ક્રીડા, જોવું, છાની વાતો કરવી, સંકલ્પ કરવો, નિશ્ચય કરવો, અને સંભોગ એમ આઠ પ્રકારનું મૈથુન કહેવામાં આવેલું છે, તે થકી દૂર રહેવું તેનું નામ બ્રહ્મચર્ય. મનનો નિગ્રહ, દાન, સત્ય, પવિત્રતા, અહિંસા વગેરે યમ, નિયમ, અને જપતપાદિ વડે શ્રદ્ધાળુ અને આત્મોન્નતિ ઇચ્છનારા ધર્મવિદો આ મન, વાચા અને શરીર વડે થતાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરે છે. વાસ્તવિક રીતે આત્મસાક્ષાત્કાર એટલે આત્માનું અપરોક્ષ જ્ઞાન એ જ સર્વ કર્મોનું ખરું પ્રાયશ્ચિત્ત છે, પરંતુ જ્યાં સુધી તેમ થતું નથી ત્યાં સુધી જેમ પથ્ય (પરેજી) સહ ઔષધ ખાનારો મનુષ્ય રોગમાંથી ધીરે ધીરે મુક્ત થાય છે તેમ આત્માનું અપરોક્ષ જ્ઞાન થતાંસુધી નિયમ પાળનારો મનુષ્ય પણ પોતે રાગદ્વેષાદિથી ધીરે ધીરે મુક્ત થાય છે. પરંતુ સર્વ સાધારણ મનુષ્યોને માટે આ રીતે ચાલવું એ ઘણું કઠણ હોવાથી હંમેશાં કેવળ જપ કરતા રહેવાથી પણ આ બધાનું પ્રાયશ્ચિત્ત થઈ શકે છે. જો કે ફક્ત અંતકાળે કોઈપણ ઉદ્દેશથી ભગવાનનું નામ લેવામાં આવે તોપણ કાર્ય સિદ્ધ થાય છે, અને આ સંબંધે અજામીલ જેવા મહાન પાપીનો ઉદ્ધાર થયાનું દૃષ્ટાંત તો શાસ્ત્રપ્રસિદ્ધ જ છે; પરંતુ અંતકાળે ભગવાનનું નામ મુખમાં આવવું એ તો ઘણું જ દુષ્કર છે. આથી એક પણ ક્ષણ નહિ ગુમાવતાં નિત્યપ્રતિ નામસ્મરણ કરવાની જરૂર છે.

કિરણાંશ ૬૪

શ્રદ્ધાથી જ ધ્યેય પ્રાપ્ત થાય છે

પ્રશ્નઃ શું કેવળ શ્રદ્ધાથી જ ધ્યેયની પ્રાપ્તિ થાય છે એમ અમોએ સમજી લેવું?

ઉત્તરઃ શ્રદ્ધા સંબંધમાં તો ઉપર જે વર્ણન આપવામાં આવ્યું છે તે પૂરતું છે; છતાં આ સંબંધે એક દૃષ્ટાંત કહું છું: એક રાજા શિવના પરમ ઉપાસક હતા. ગામથી થોડે દૂર જંગલમાં એક શિવલિંગ હતું. ત્યાં તેઓ દર સોમવાર, પ્રદોષ, શિવરાત્રિ વગેરે પર્વણીના સમયે જતા હતા અને ઘણા ઉપચારો વડે

શંકરનું પૂજન કરતા હતા. પાસે એક નદી હતી તેમાં સાંજે સ્નાન કરીને પછી શાંતિથી શંકરનું ષોડશ ઉપચાર સહ પૂજન કરતા હતા. તે એક ગોવાળે જોયું. તેણે પણ રાજાના ગયા પછી પૂજનની શરૂઆત કરી. તેની પાસે તો રાજાના જેવાં સાધનો ન હતાં, પરંતુ શુદ્ધ અંતઃકરણ અને શ્રદ્ધા એટલા જ બે ઉપચારો હતા. તેણે જોયું કે રાજા જલાધારી દ્વારા શિવલિંગ ઉપર પાણીની સતત ધારા કરતા અને બીલીપત્ર ચડાવતા હતા. બીજાં બધાં સાધનો તો તેની પાસે ન હતા જેથી જંગલમાંથી બીલીનાં ડાંખળાંનો મોટો ઢગલો થાય તેમ શિવલિંગ ઉપર ચડાવતો તથા નદીમાં જઈ સ્નાન કરી પાણીને માટે પોતાની પાસે કાંઈ વાસણ ન હોવાથી મોઢામાં જ પાણી ભરીને જળાધારીમાં નાખતો. આમ દરેક વખતે જઈ નદીમાં સ્નાન કરે છે મોઢામાં પાણી ભરીને તે જળાધારીમાં નાખે. આવો ક્રમ રોજ શુમારે સો વખત ચાલતો, છતાં પણ જળાધારી ભરાય નહિ ત્યાંસુધી તેને તે કદી પણ અધૂરી મૂકતો નહિ. આવી રીતે બંનેના શુમારે પંદર સોળ વર્ષના કાળ વ્યતીત થવા આવ્યો; પરંતુ શિવજી તો કાંઈ પ્રસન્ન થયા નહિ. આથી રાજાની મૂંઝવણ વધી. તે શંકરજીની ઘણી ઘણી પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે એક દિવસે તેને સ્વપ્ન આવ્યું કે આજથી ચોથે સોમવારે હું તને પ્રત્યક્ષ દર્શન આપીશ. સવારે જાગ્યા પછી રાજા ઘણો ખુશી થયો. તેણે પોતાના સામંતોને આ વાત કરી. તેઓ પણ ઘણા રાજી થયા. હવે તો દરરોજ દેવાલયમાં ધામધૂમથી મોટો ઉત્સવ ઊજવવા લાગ્યો. બિચારા ગોવાળને તો કોઈ અંદર પેસવા પણ દેતા નહિ. આ કાહમાહમાં ગરીબ બાપડાનો કોણ ભાર પૂછે? આમ થતાં થતાં નિયત સોમવારનો દિવસ આવી પહોંચ્યો. ઘણી જ ધામધૂમથી ઉત્સવની શરૂઆત થઇ. સંધ્યા સમયે રાજા રાજોપચાર વડે પૂજન કરી રહ્યા છે, ત્યાં તો શ્રીશિવલિંગમાંથી એક મહાન ધ્વનિ નીકળવા માંડ્યો. એ અવાજ એટલો બધો વિલક્ષણ હતો કે તે સાંભળતાં જ બધા ગભરાટમાં પડ્યા. આ ધ્વનિએ તો મોટું સ્વરૂપ પકડ્યું; તેથી દેવાલય સહ આજુબાજુની ધરતી પણ કંપવા લાગી. મંદિર તો એટલું બધું ધ્રૂજવા લાગ્યું કે જાણે હમણાં જ તૂટી પડશે. આથી લોકોએ જ્યાં રસ્તો મળે ત્યાં નાસવા માંડ્યું. દેવળમાં બેઠેલા રાજાએ પણ આ બધાં ભૂકંપનાં ચિહ્નો છે એમ સમજી પૂજનાદિનો સામાન ત્યાંનો ત્યાં જ મૂકી દઈ મળે તે રસ્તે નાસવા માંડયું. આખરે તે પોતાને સ્થાનકે જઈ પહોંચ્યો. મનમાં તો ઘણું જ દુઃખ થયું કે આજે ભગવાને મને દર્શન આપવા કહ્યું હતું તે તો બાજુએ રહ્યું પણ ઊલટું મારે જીવ જવાનો પ્રસંગ આવ્યો. આ વિચારમાં ને વિચારમાં રાજા નિદ્રાવશ થયો.

ભગવાનનાં સાક્ષાત્ દર્શન

આ તરફ રાજા સાથે બધા નાસી ગયા છતાં દેવાલયમાંથી અવાજ નીકળતો જ હતો, તેમ ધરતી પણ ધ્રૂજી ઊઠી હતી તથા દેવાલય પણ હાલતું હતું. તે દૂરથી પેલા ગોવાળના જોવામાં આવ્યું. તે તો તરત જ દોડ્યો અને જુએ છે તો ત્યાં કોઈ નથી અને અવાજ તો નીકળે છે, તેમ દેવાલય પણ હાલી ઊઠયું છે. તે તો તરત જ દેવાલયમાં પેઠો અને દેવાલયમાંની શંકરની પીંડી(શિવલિંગ)ને બાથમાં લઈ આડો પડી રહ્યો. તેણે વિચાર કર્યો કે આ દેવળ પડી જશે તો મારા શંકરનું શું થશે? માટે ભલેને તે મારી પીઠ ઉપર પડે, છતાં પણ હું ભગવાનને આંચ આવવા નહિ દઉં. ગરીબોના તથા ભોળાના ભેલી ભગવાન હોય છે તે કાંઈ ખોટું નથી. તેની આવી ભાવના જોઈ ભોળાનાથ તત્કાળ પ્રસન્ન થયા. અવાજ વગેરે બંધ થયો. ધરતી ધ્રૂજતી પણ બંધ થઈ. એટલે ગોવાળને નિરાંત થઈ કે હવે કાંઈ ભીતિ રહી નથી. એમ સમજીને તે શિવલિંગને પોતાની બાથમાંથી છોડી દઈ ઉપર જુએ છે તો પાંચ મુખ, ત્રણ નેત્રો, આખા શરીરે ભસ્મનો લેપ, વ્યાઘ્રાંબર ધારણ કરેલું હોઈ જેના હાથમાં ત્રિશૂળ છે, જટામાં ગંગા છે. તથા ગળામાં સર્પ ધારણ કરેલા એવા સૌમ્યરૂપે સાક્ષાત્ ભગવાન શંકર પોતાની સામે ઊભેલા તેના જોવામાં આવ્યા. તેમની દિવ્ય કાંતિ જોતાંવેંત જ તે તો તદ્દન સમાધિમાં જ સ્થિર થઈ ગયો. ભગવાન શંકરે તેના મસ્તક ઉપર હાથ મૂકતાંની સાથે જ તેને ત્રિકાળ જ્ઞાન થઈ ગયું અને તે ભગવત્ સ્વરૂપમાં જ સ્થિર થયો. આ તરફ રાજા નિદ્રાવશ થયો એટલામાં તેને એક સ્વપ્ન આવ્યું અને તેમાં શિવે તેને "હું તને દર્શન આપવા આવતો

હતો પણ તું તો ગભરાઈને નાસી ગયો, પરંતુ પેલો ગોવાળ તો મારા પર દેવળ પડી મને વાગે નહિ એવા ઉદ્દેશ વડે એકદમ આવીને મને ભેટી પડ્યો; તેની આવી નિઃસીમ ભક્તિ વડે હું તેને પ્રસન્ન થયો છું, તેને મારાં સાક્ષાત્ દર્શન થયાં છે. તે હવે મારાથી જુદો રહ્યો નથી. માટે હવે તું તેના દ્વારા જ મને પ્રાપ્ત કરી શકીશ", એમ કહ્યું. આ મુજબની નિઃશંક શ્રદ્ધા એ જ સર્વનું મૂળ છે. તે કયાં અને કેવી રાખવી તે સંબંધમાં પ્રથમ કહેવામાં આવ્યું જ છે.

દેવતા એક છે કે અનેક છે ?

પ્રશ્ન : દેવતાઓ અનેક છે. શાસ્ત્રોમાં તે તે દેવતાઓની મહત્તાનાં વર્ણનો ગવાયેલાં છે. જેમ કે રામાયણમાં રામનાં, ભાગવતમાં કૃષ્ણનાં, વિષ્ણુપુરાણમાં વિષ્ણુનાં, દેવી પુરાણમાં દેવીનાં ઇત્યાદિ. તો તે બધાંમાં શ્રેષ્ઠ કોણ ? વળી આપે જે શિવભક્તની વાત કરી તેવા જ અનુભવો બીજા દેવતાઓના ભક્તો માટે પણ હોવાનું શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તો આ નાના મોટાનો ઝઘડો શી રીતે મટે ? આ શંકાનું નિવારણ આપ કૃપા કરીને કરો.

એક દેવ કયો ?

ઉત્તર : આ સંબંધે મેં વખતો વખત ઘણે સ્થળે કહેલું છે (દત્ત પરશુરામ ખંડ ૧ ઉપાસનાકાંડ જુઓ): છતાં તમોને સંક્ષેપમાં કહું છું. બધા લોકો લાંબા વખત સુધી ઉપાસના કરે છે; પરંતુ મનમાં તો તેઓ તમારી જેમ શંકાશીલ હોય છે. વળી શાસ્ત્રમાં એક જ દેવની ઉપાસના કરવી એમ જણાવ્યું છે; તેનું ખરું કારણ સમજ્યા વગર આ દુરાગ્રહીઓ પોતાના મનમાં આવે તે દેવનું પૂછડું પકડી વગર સમજ્યે આપસ-આપસમાં ઝઘડાઓ કરે છે. પોતાનો સ્વાર્થ સાધનારાઓ તો શાસ્ત્રનો ખોટો આધાર બતાવીને શાસ્ત્રમાં આમ જ કહ્યું છે એમ કહી અજ્ઞાની લોકોની મૂઢતાનો લઈ શકાય તેટલો લાભ લેવા ચૂકતા નથી. આ રીતે ઉપાસનાનો મૂળ શાસ્ત્રઉદ્દેશ જે સાત્ત્વિક ભાવની વૃદ્ધિ થવાનો છે તેને બદલે પ્રસ્તુત સમયે તામસભાવની વૃદ્ધિ થઈ કુસંપ અને આપસઆપસમાં વૈમનસ્ય ઉત્પન્ન કરવા તરફ જ થતો હોવાનું જણાય છે. તેનું કારણ અજ્ઞાનતા જ છે. આવી ઉપાસના એ સાચી ઉપાસના નથી, પરંતુ તે તો કેવળ મિથ્યાચાર, દુરાગ્રહ, દંભ કિંવા ઢોંગ કહેવાય છે. વાસ્તવિક રીતે તો જેમ એક જ માટીમાંથી ઘડાઓ, ઈંટો, નળિયાં, સગડીઓ ઇત્યાદિ અનેક પ્રકારના જુદા જુદા અનંત આકારો બને છે તેમ એક ચૈતન્યઘન પરમાત્મામાંથી જ આ જે જે કાંઈ દેખાય છે તે બધું થવા પામેલું છે. માટીમાંથી ઉત્પન્ન થતા અનેક આકારો જેમ માટીથી ભિન્ન નથી તેમ આ બધું વાસ્તવિક રીતે પરમાત્માથી બિલકુલ ભિન્ન નથી. આ મુજબ નિર્ગુણ, નિરાકાર, નિર્વિકલ્પ, અદ્વિતીય, અનિર્વચનીય એવો તે પરમાત્મા જ ચરાચરરૂપે બનેલો છે; છતાં તેના અદ્વિતીય, નિર્ગુણ તથા અનિર્વચનીય સ્વરૂપનું સાચું જ્ઞાન જ્યાં સુધી થએલું હોતું નથી ત્યાં સુધી તેને માટે તો આ અજ્ઞાનતાના ઝઘડાઓ ચાલુ જ હોય છે. પરંતુ જ્યારે તેનું સાચું જ્ઞાન થાય છે ત્યારે આ બધા ઝઘડાઓનો મૂળ સહિત ઉચ્છેદ થઈ જાય છે. તેવું જ્ઞાન થવાને માટે જ અજ્ઞાનીઓની યોગ્યતાનો વિચાર કરી પોતપોતાને પ્રિય હોય એવા કોઈ પણ મૂર્તિ-વિશેષના આકારરૂપે પરમાત્માની સગુણ સ્વરૂપે ઉપાસના કરવા શાસ્ત્રોમાં જણાવ્યું છે.

ભગવાનનાં દર્શન

સોનાની વીંટી, બંગડી, નૂપુર, કડાં, કુંડળાદિ આકારોને આ કડાં, કુંડળાદિ નહિ પરંતુ સોનું જ છે, એવા એક ભાવ વડે ઓળખવા તે જેમ સાચું જ્ઞાન કહેવાય, તેમ આ અનંત ભિન્નભિન્ન નામરૂપાદિ વડે ભાસમાન થનારું દૃશ્યજાળ વસ્તુતઃ જોવામાં સાંભળવામાં, સ્પર્શવામાં કે સંકલ્પવામાં આવે છે તેવું તે નથી પરંતુ પરમાત્મા યા ભગવાનરૂપ જ છે, એમ સમજીને દરેક વસ્તુને પોતાનો જે ઇષ્ટદેવ હોય તે રૂપે જ માનવું. એટલે રામના ઉપાસકે બધે એક રામ જ વ્યાપેલો છે એમ જોવું. કૃષ્ણના ઉપાસકે કૃષ્ણ, વગેરે. ટૂંકમાં પોત-પોતાના ઉપાસ્ય દેવતા જ ચરાચરમાં સર્વત્ર વ્યાપેલા હોઈ તેના સિવાય બીજું કાંઈ છે જ નહિ. પછી તે ઇતરની દૃષ્ટિમાં રામ, કૃષ્ણ, દેવી, સૂર્ય, ગણેશ, વિષ્ણુ, શિવ ઇત્યાદિ પૈકી ગમે તે હોય પણ પોતાની દૃષ્ટિમાં તો તે એક પોતાના ઉપાસ્ય દેવતા રૂપ જ છે એમ સમજવું. એટલું જ નહિ પરંતુ જગતમાં હું, તું,

તે આ ઇત્યાદિ રૂપે ભાસતી તમામ દૃશ્યજાળમાં પણ સર્વત્ર પોતપોતાના એક ઇષ્ટ દેવતાનું સ્વરૂપ જ જોવું આ પ્રકારની અખંડ એકધારી ભક્તિનું નામ જ અવ્યભિચારિણી ભક્તિ છે. અર્થાત્ કૃષ્ણના ઉપાસકે રામ, દેવી, ગણપતિ ઇત્યાદિના મંદિરોમાં પોતાના ઉપાસ્ય શ્રીકૃષ્ણ ભગવાન જ તે તે દેવરૂપે બિરાજેલા છે એમ જોવું. તે પ્રમાણે જ રામ, વિષ્ણુ, શિવ ઇત્યાદિના ઉપાસકોને માટે પણ સમજવું. એકલા મંદિરોમાં જ આ પ્રમાણે પોતાના ઇષ્ટ દેવતાની ભાવના કરવી એમ નહિ, પરંતુ હાલતાં ચાલતાં, શ્વાસ લેતાં, સૂંઘતાં જે કાંઈ જોવામાં આવે, સાંભળવામાં આવે, શરીર, વાણી અને મન વડે જે જે કાંઈ કર્મ કરવામાં આવે તે તમામ વ્યવહાર કરતી વખતે બધે પોતાના એક ઇષ્ટ દેવ જ વ્યાપેલા છે, એવી રીતના દૃઢ નિશ્ચયપૂર્વક સર્વત્ર એક જ ભગવાનની ભાવના કરવી. આ રીતે ઉપાસના કરતાં કરતાં જ્યારે સાધક પોતા સહ સર્વ ભાવોને સમૂળ ભૂલી જાય છે, ત્યારે તેને સર્વત્ર પોતાના એક જ ઇષ્ટ દેવતાનાં પ્રત્યક્ષ રીતે સગુણ સ્વરૂપે દર્શન થવા પામે છે. વાસ્તવિક આ નિર્ગુણ, નિરાકાર એવા ભગવાન જ ઉપાસકની દૃઢ ભાવનાવશાત્ ઉપાસ્ય દેવતારૂપે પ્રગટ થઈ તેને સાક્ષાત્ દર્શન આપે છે. આ રીતે સગુણ સાક્ષાત્કાર થવાથી નિર્ગુણ એવા આ એક ચૈતન્યઘન પરમાત્મા જ ભિન્ન ભિન્ન રૂપે શી રીતે થવા પામેલા છે, તે રહસ્ય સાધક સારી રીતે સમજી શકે છે. આમ ઉપાસના કરતાં કરતાં તેને સગુણ અને નિર્ગુણ આ રીતે બંને પ્રકારનો સાક્ષાત્કાર થાય છે. આમ થતાં દુરાગ્રહ વડે થતા તમામ ઝઘડાઓનો તત્કાળ અંત આવી જાય છે અને તેનાં તમામ સંકટો દુઃખો વગેરેનો સદંતર નાશ થઈ તે નિત્ય-પ્રતિ અનંત સુખસાગરમાં નિમગ્ન થઈ જાય છે, કારણ સ્પષ્ટ જ છે કે ભગવદ્દર્શન થયા પછી ન્યૂનતા શી રહે?

નાના મોટા દેવતાઓના ઝઘડાઓ કયાં છે?

આ પ્રમાણે ઉપાસનાનો મુખ્ય હેતુ છે, પરંતુ આજકાલ તો તે ભૂલાઈ જવા પામેલો હોઈ તેનો ઉપયોગ આપસઆપસમાં ઈર્ષ્યા, વેર, વૈમનસ્ય, ઝઘડાઓ ઇત્યાદિ વધારવા તરફ જ થઈ રહેલો જોવામાં આવે છે. તેનો દુરુપયોગ કરનારા આ અજ્ઞાનીઓ સમજી શકતા નથી કે અમુક ભગવાન મોટા અને અમુક નાના, એ પ્રમાણેનાં ઝઘડાઓ જેના આધારે કરવામાં આવે છે તે તમામ પુરાણાદિ શાસ્ત્રોના કર્તા તો શ્રીમદ્ વેદવ્યાસાચાર્યજી એ જ એક વ્યક્તિ છે. તેમણે અઢાર મુખ્ય પુરાણો, અઢાર ઉપપુરાણો બ્રહ્મસૂત્ર (ઉત્તરમીમાંસા), મહાભારત ઇત્યાદિ અનેક ગ્રંથોની રચના કરેલી હોઈ વિષ્ણુમાં વિષ્ણુનું, શિવમાં શિવનું, ભાગવતમાં કૃષ્ણનું દેવીમાં દેવીનું ઇત્યાદિ દરેક પુરાણમાં તે તે દેવતાના મહત્વનું વર્ણન કરેલું છે, તે વર્ણનો વાંચી તથા તેનો આધાર બતારીને જ આ પોતાને ઉપાસક કહેવરાવનારા દુરાગ્રહીઓ ઝઘડાઓ વધારે છે. પરંતુ તેઓ સમજતા નથી કે જેને આધારે આ બધા ઝઘડાઓ કરવામાં આવે છે તે સમગ્ર પુરાણોપપુરાણોના કર્તા તો શ્રીમદ્ કૃષ્ણદ્વૈપાયન મહર્ષિ વેદવ્યાસાચાર્યજી પોતે એક જ વ્યક્તિ છે. કદાચ આ બધાં મહાભારતાદિ પુરાણોપપુરાણો,* તથા બ્રહ્મસૂત્ર (ઉત્તરમીમાંસા) વગેરેના કર્તા જો જુદા જુદા હોત તો જેઓ તત્ત્વને સમજી શકતા નથી પરંતુ દુરાભિમાનથી કેવળ વ્યક્તિને જ પ્રાધાન્ય આપી ઝઘડાઓ વધારે છે તેવા પોતાને વિદ્વાન સમજનાર મૂર્ખાઓને

* અઢાર પુરાણોના નામો : (૧) બ્રહ્મ (૨) પદ્મ (૩) વિષ્ણુ (૪) શિવ (વાયુ) (૫) ભાગવત (૬) નારદ (૭) માર્કંડેય (૮) અગ્નિ (૯) ભવિષ્ય (૧૦) બ્રહ્મવૈવર્ત (૧૧) લિંગ (૧૨) વરાહ (૧૩) સ્કંદ (૧૪) વામન (૧૫) કૂર્મ (૧૬) મત્સ્ય (૧૭) ગરુડ અને (૧૮) બ્રહ્માંડ. આને મુખ્ય પુરાણો કહે છે. મુખ્ય પુરાણોમાં સર્ગ, વિસર્ગ, નિસર્ગ, વૃત્તિ [સ્થાન], રક્ષા (પોષણ), મન્વંતર, વંશ અને વંશાનુચરિત્ર (જેમનો ઈશ્વરાંશથી અવતાર થયો હોય તેમનું ચરિત્ર સમજવું; આને ઈશાનુકથા પણ કહે છે), સંસ્થા (નિરોધ), મુક્તિ, હેતુ (ઊતિ) અને અપાશ્રય એ દશ વિષયો હોય છે; અને જેમાં સર્ગ, વિસર્ગ, વંશ, વંશાનુચરિત્ર તથા મન્વંતર એવા પાંચ વિષયો મુખ્ય હોય તે અલ્પ કિંવા ઉપપુરાણ સમજવું. તેનાં નામો (૧) સનત્કુમાર (૨) નૃસિંહ (૩) નંદિકેશ્વર (નંદી) (૪) શિવધર્મ (શિવ) (૫) દુર્વાસા (૬) નારદીય (૭) કપિલ (૮) માનવ (મનુ) (૯) ઉશના (શુક્ર) (૧૦) વરુણ (૧૧) કાલિકા (૧૨) વસિષ્ઠ (૧૩) બ્રહ્માંડલિંગ [મહેશ્વર] (૧૪) સાંબ (૧૫) સૌર (સૂર્ય) (૧૬) પારાશર (વ્યાસ) (૧૭) માહેશ્વર [આદિત્ય] અને (૧૮) ભાગવત (વિષ્ણુ-ભાગવત) પુરાણ. કેટલેક સ્થળે આ ઉપપુરાણોનાં નામોમાં પણ થોડો પાઠભેદ મળી આવે છે. કૌંસમાં આપેલાં નામો દેવી ભાગવતમાંનાં છે.

કદાચ તેવો પ્રચાર કરવાની તક રહેત, પરંતુ આમાં તો તેવો પ્રકાર પણ નથી. અર્થાત્ આ બધા મિથ્યાવાદો અને સાંપ્રદાયોના પ્રસ્તુત યુગમાં જે ઝઘડાઓ ચાલેલા જોવામાં આવે છે તે કેવળ નિરર્થક હોઈ અજ્ઞાનતાદર્શક જ છે, તે સારી રીતે સમજી શકાશે.

ધર્મને નામે ચાલતા ઝઘડાઓ

દુઃખની વાત તો એ છે કે ધર્મને નામે ચાલનારા પરસ્પર આવા નિરર્થક ઝઘડાઓને લીધે આજે જગતમાં જ્યાં ત્યાં ઈર્ષ્યા, દ્વેષ, કુસંપ, વૈમનસ્ય, વૈર ઇત્યાદિએ એટલું બધું ઉગ્ર રૂપ પકડયું છે કે વ્યવહારના ઝઘડાઓમાં પણ તેની બરોબરી કવચિત્ જ જોવા મળે. આમ તત્ત્વ નહિ સમજતાં શાસ્ત્રોના અર્થના અનર્થો કરી અજ્ઞાનીઓનો લેવામાં આવતો અયોગ્ય લાભ તો કેવળ પોતાનો સ્વાર્થ સાધવાની પશુવૃત્તિને જ આભારી છે; એમ બુદ્ધિમાનો સ્પષ્ટ સમજી શકશે. તમો કદાચ કહેશો કે એક જ દેવ હોય તો પછી શ્રીવ્યાસાચાર્યજીએ આ ઝઘડા વચ્ચે એવાં વર્ણનો શા માટે કર્યાં ? તો તે સંબંધમાં કહું છું તે સાંભળો.

જુદા જુદા દેવતાઓનાં વર્ણનોનું કારણ

આ ચાલુ બ્રહ્માંડની ઉત્પત્તિ થવા પામી ત્યારે આરંભમાં કોઈ પણ પ્રકારના ઝઘડાઓ હતા જ નહિ, તેમ સૌથી પ્રથમના કૃત (સત્) યુગમાં સર્વ લોકો કેવળ બ્રહ્મવિચારમાં જ નિમગ્ન રહેતા અને નિષ્કામ તપાદિ દ્વારા તેઓ અવ્યક્ત એવા પરમાત્માના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરી લેતા, આથી તેઓમાં ઝઘડાઓ જ ન હતા. ત્યારપછી જેમ જેમ કાળ વ્યતીત થવા પામ્યો તેમ તેમ પરમાત્માના સાચા સ્વરૂપનું જ્ઞાન મેળવવાના માર્ગે જનારા લોકોની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો અને આસુરી માર્ગે જનારાઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો રહ્યો. તેથી જેઓને બ્રહ્મસાક્ષાત્કાર થયો હોય તેવાઓનું પૂજન અર્ચન કરવાની પ્રથા શરૂ થઈ. આ રીતે આ સાંપ્રત પૃથ્વીની ઉત્પત્તિ થયાને જ્યારે ૧૭,૨૮,૦૦૦ સૌર વર્ષો જેટલો કાળ નીકળી ગયો, તેટલા સમયમાં લોકોમાં પરમાત્માના સાચા અવ્યક્ત સ્વરૂપના જ્ઞાનનો લગભગ લોપ થવા પામ્યો અને પોતે પૂજવાની અભિલાષાને લીધે આત્મસાક્ષાત્કારી મહાત્માઓનો પૂજ્ય પ્રત્યે અજ્ઞાનીઓની અંદર આપસઆપસમાં ઈર્ષ્યાવૃત્તિ ઉત્પન્ન થઈ. આ રીતે બ્રહ્મર્ષિઓ પ્રત્યે દ્વેષ કરનારા અને અહંકાર વડે પોતાને જ પૂજ્ય માની લોકો પાસે પૂજન કરાવવાની ભાવનાવાળા આસુરી સંપત્તિમાન મૂઢોમાં પોતે પૂજવાને માટે તથા ઐહિક ભોગો દેવતાઓ તરફથી પ્રાપ્ત થતા હોવાથી પોતપોતાના ઇષ્ટ દેવતાની શ્રેષ્ઠતા દર્શાવવાના ઉદ્દેશથી તેમની જ પૂજા લોકો કરે એવા દુરાગ્રહની સિદ્ધતા અર્થે ભયંકર ઝઘડાઓ ઉત્પન્ન થવા પામ્યા. આ વસ્તુસ્થિતિનો વિચાર કરી અજ્ઞાનીઓને અવળે માર્ગે જતા રોકવાની ઇચ્છા વડે મહર્ષિવર્યોએ તેમને, પોતપોતાના ઇષ્ટ દેવતાઓ જ શ્રેષ્ઠ છે એવી રીતે બાળકોને સમજાવવાની પદ્ધતિનો અંગીકાર કરી, જેના આચરણથી અંતે અવ્યક્ત એવા પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય તેવા પ્રકારે મૂર્તિની ઉપાસના કરવાના માર્ગો લોકોમાં પ્રકટ કર્યા. આમ અજ્ઞાન વડે આપસઆપસમાં ચાલી રહેલા ઝઘડાઓમાંથી આ મૂર્ખાઓને બચાવવાને માટે તેમની બુદ્ધિનો ભેદ નહિ કરતાં તમો જે દેવતાઓને માનો છો તે જ બરોબર છે કેમ કે તેમની શક્તિ મહાન હોઈ તેમણે મોટાં મોટાં કાર્યો જગતમાં કરેલાં છે; તે જ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયાદિના કર્તા છે: માટે તમો બીજું બધું છોડી દઈ કેવળ એક ભાવે તેમની ઉપાસના કરીને તેની સાથે જ તદ્રૂપ થનાં જાઓ એમ કહેલું છે. આ રીતે આ બધા માર્ગો ઉપરઉપરથી જોવામાં આવે તો જુદા જુદા હોય એમ જણાય છે, પરંતુ તે સર્વેનો ઉદ્દેશ અંદરખાને તો એકયનો અનુભવ કરાવી આપવો એ જ હોવાનું સ્પષ્ટ તરી આવે છે. તે ઉદ્દેશ એવી રીતે બતાવવામાં આવેલો છે કે જેને જે દેવતા ઉપર પ્રીતિ હોય તે દેવતા જ જગતમાં સર્વત્ર વ્યાપેલો છે; આ ચરાચર તેનું જ રૂપ છે; એ રીતે પોતાસહ બે કિંવા અનેકપણાની ભાવનાનો ત્યાગ કરીને એક ભાવમાં જ સ્થિર થઈ અંતે પોતાને પણ ભૂલી જવું જોઈએ. આમ છે તો હવે કહો કે આમાં મોટો દેવ કોણ અને નાનો કોણ ? બધા સરખા જ છે.

ભક્તિમાર્ગની યુક્તિ

દૃષ્ટાંતને માટે સમજો કે એક જ સોનાના ઘણા અલંકારો બનાવવામાં આવે છે. તેમાંથી કયા દાગીનામાંનું સોનું મોટું કહેવું અને કયામાંનું નાનું કહેવું? દાગીનાઓમાં કદાચ વજન પરત્વે ભેદ હશે પણ તે તો આકારનો ભેદ ગણાય, નહિ કે સોનાનો. તેમ આ નિર્વિકાર, નિર્ગુણ, નિરાકાર એવા ચૈતન્યઘન પરમાત્મા સોનાની જેમ એક હોઈ આ બધા દૃશ્યાદિરૂપે પ્રતીત થતા વિધવિધ આકારો પણ તેના જ છે. તે સઘળા આકારો વાસ્તવિક પરમાત્માથી ભિન્ન નથી, ભિન્નતા તો કદાચ આકારાદિ માટે કહી શકાય, નહિ કે પરમાત્મા માટે! આથી વ્યવહારમાં જેમ કેટલાકને વીંટી પ્રિય હોય તો તેને સોનાના બોધને માટે તને જે આ વીંટી અતિ પ્રિય છે તે જ આ બંગડી, કડાં, કુંડળાદિરૂપે થયા પામેલી છે એમ સમજ, એમ તને કહેવામાં આવે તો તેમાં વીંટી એ નામનો ઉદ્દેશ નહિ પરંતુ વીંટીમાં જે સુવર્ણ છે તે જ કડાં, કુંડળાદિ આકારોમાં પણ છે, એટલે તું જેને વીંટી કહે, તે સોનું હોઈ વાસ્તવિક રીતે તો નિર્ગુણ, નિરાકાર, નિર્વિકલ્પ અને નામરૂપાદિથી રહિત છે, તે જ આ કુંડળ, કડાં, નુપુર ઇત્યાદિરૂપે ભાસે છે, છતાં તે સોનું તો જેમનું તેમ જ છે. તને વીંટી ઉપર પ્રેમ છે, તો તે વીંટી એ પણ સોનાની જ હોવાથી જે વીંટી છે, તે જ આ બીજાં બધાં નામ, રૂપ અને આકારાદિ વડે પ્રતીત થનારા દાગીનાઓ છે, એમ તું સમજ. આમ ઉપાસકની સમજ પ્રમાણે તેને તેના રસ્તે જ સાચા જ્ઞાનના માર્ગે આગળ વધારવો પડે છે, તેમ આ ચૈતન્યઘન પરમાત્મા વાસ્તવિક તો નિર્ગુણ, નિરાકાર, નિરામય, નિર્વિકલ્પ તથા નિર્વિકારી હોઈ તદ્દન અસંગ છે; તેને પોતાના નામ, રૂપ, આકાર કિંવા તેવું કંઈ છે એવું તેનો જાણનારાઓ કોઈ સાક્ષી હશે એવી કલ્પના પણ નથી. આ રીતે જગતમાં જ્ઞાત કે અજ્ઞાત જે જે કંઈ છે તે સર્વ પોતપોતાના ઇષ્ટદેવનું જ સ્વરૂપ છે એમ ઉપાસક માને. આમ શ્રીમદ્ વેદવ્યાસાચાર્યજીએ ઉપાસકનો દુરાગ્રહ છોડાવવાના ઉદ્દેશથી જગતભરની તમામ વસ્તુઓને પોતપોતાના ઇષ્ટદેવ સ્વરૂપે વર્ણવી તેની લીલાઓનું વર્ણન કર્યું છે, તથા તે જ આ સર્વરૂપ થયેલ છે એમ કહ્યું છે. આમ કહેવામાં તેઓનો આશય સ્પષ્ટ થાય છે કે, ઉપાસકોની સંકુચિત ભાવના સંપૂર્ણરીતે નષ્ટ થઈ તેમની સર્વાત્મ ભાવની દૃઢતા કરાવી, દુરાગ્રહ વડે ચાલતા તમામ ઝઘડાઓમાંથી તેઓને ઉગારવાનો જ છે. અર્થાત્ શાસ્ત્રકારોનો ઉદ્દેશ કાંઈ જગતમાં દુરાગ્રહ વધારવાનો નથી; પરંતુ અજ્ઞાનીઓ વગર સમજ્યે શાસ્ત્રના અનર્થો કરી પોતપોતાની એ અજ્ઞાનજન્ય માન્યતાનો જ દુરાગ્રહ પકડી આપસઆપસમાં ઝઘડાઓ વધારી પોતાનો સ્વાર્થ સાધતા રહે છે; તે થકી તેમને નિવૃત્ત કરી સત્યપંથે લઈ જવાનો છે, જે બુદ્ધિમાનો હવે સારી રીતે જાણી શકશે. અર્થાત્ રામના વર્ણનમાં રામનું, કૃષ્ણના વર્ણનમાં કૃષ્ણનું, વિષ્ણુના વર્ણનમાં વિષ્ણુનું, શિવના વર્ણનમાં શિવનું, દેવીમાં દેવીનું, સૂર્યમાં સૂર્યનું, ગણપતિમાં ગણપતિનું ઇત્યાદિ. તું સર્વ છે, તું જ બ્રહ્મા છે, વિષ્ણુ, મહેશ, દેવી, રુદ્ર, સૂર્ય, ગણેશ, રામ, કૃષ્ણ વગેરે ચરાચર રૂપે તું જ વ્યાપેલો છે, એવું જે વર્ણન શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ તો ફક્ત એક વ્યક્તિ કિંવા મૂર્તિ પૂરતો જ નહિ; પરંતુ પોતાસહ ઉપાસકની સર્વાત્મભાવના દૃઢ કરાવી પરમાત્માના સાચા સ્વરૂપનું જ્ઞાન કરાવી આપવાનો જ છે, એમ સ્પષ્ટ સમજી શકાશે. માટે આ મોટો છે અને આ નાનો છે એવી ખોટી ભાવના છોડી દઈ દરેક પોતપોતાના ઇષ્ટદેવ દ્વારા સર્વાત્મભાવ સાધી લઈ પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરી લેવી એ જ સાચા ઉપાસકનું લક્ષણ છે. બાકી મિથ્યા વિતંડાવાદો અને ઝઘડાઓ કરનારાઓને ઉપાસકો નહિ પરંતુ દંભીઓ જ જાણવા જોઈએ. સારાંશ એ કે, જેઓ આ પ્રમાણે ઉપાસનાનો મૂળ સાચો ઉદ્દેશ સમજીને ઉપાસના કરે છે તેઓ નિઃસંશય ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ કરી શકે છે. પરંતુ આ મુજબ જ્યાં સુધી સાચું ધ્યેય સમજવામાં નહિ આવે ત્યાં સુધીને માટે ગમે તેટલી ઉપાસના કરવામાં આવે તોપણ તે સર્વ નિરર્થક જ છે એમ નિશ્ચયપૂર્વક જાણો.

કિરણાંશ ૧૫

પરમાત્મપ્રાપ્તિ માટે વર્ણાશ્રમની જરૂર છે?

આ વિવેચન સાંભળ્યા પછી રાજા બોલ્યા: ભગવન્! આપના કહેવા પ્રમાણે ભગવાનની પ્રાપ્તિ ગમે તે અવસ્થા અને કાળમાં થઈ શકે તેમ હોય તો પછી વર્ણ અને આશ્રમાદિની તથા જપ, તપ, દાન, ધર્મ અને તીર્થાટનાદિની શાસ્ત્રમાં જે વ્યવસ્થા કરેલી છે તેનો શો ઉદ્દેશ?

રાજન્! સાંભળો. તમારા પ્રશ્નનું નિરાકરણ કરવાને માટે લાંબો વિસ્તાર થાય તેમ છે, તે સર્વનું શાસ્ત્રદૃષ્ટિએ યોગ્ય એવું વિવેચન તો આગલા સિદ્ધાંત ભાગમાં કહેવામાં આવશે. અત્રે તમોને સામાન્યતઃ સમજવામાં આવે તે માટે એક પ્રસંગ કહું છું : કેટલાંક વર્ષો પૂર્વે સમાપુરી પૈકી એક પુણ્યક્ષેત્રમાં નિવાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ત્યાંના કેટલાક ભક્તોએ સાત દિવસ અનુષ્ઠાન સમારંભ કરવાની ઇચ્છા પ્રકટ કરી, તેથી તેમને કાર્યક્રમ નિશ્ચિત કરાવી આપ્યો. તેમાં લેખનજપ તથા હવનનો કાર્યક્રમનો પણ સમાવેશ થતો હતો. તે પુરીમાંના સર્વ લોકોની જાણમાં આવ્યો. તેથી કેટલાક વયોવૃદ્ધ, વિદ્વાન, પંડિત અને પૌરાણિકો આવીને કહેવા લાગ્યા કે આ લેખનજપ તથા હવનનો કાર્યક્રમ શાસ્ત્રવિરુદ્ધ છે. વાસ્તવિક રીતે તો તેમાં શાસ્ત્રવિરુદ્ધ કાંઈપણ ન હતું; પરંતુ આ નિષ્કામ સમારંભમાં દરેક ઉપાસક પોતપોતાના ઇષ્ટ દેવતાના નામે પોતે જ સ્વાહાકાર કરે, તે કરનાર બ્રાહ્મણ જ હોવો જોઈએ એવો તેમાં પ્રતિબંધ ન હતો; પરંતુ આ એક સાધારણ અને ક્ષુલ્લક ગણાતી વાતે તો મોટું સ્વરૂપ લીધું. વિદ્વાનો તો મોટાં મોટાં શાસ્ત્રોનાં પુસ્તકો લઈને આવ્યા, તે સર્વમાં પ્રમુખ એવા એક શુમારે એંશી વર્ષના વયોવૃદ્ધ વિદ્વાન પંડિત હતા. તેઓએ આ બધું શાસ્ત્રવિરુદ્ધ થાય છે, મહાત્મા પુરુષોએ તો શાસ્ત્રને અનુસરવું જોઈએ એમ કહ્યું. મને તો કલ્પના પણ ન હતી કે આમાં શાસ્ત્રવિરુદ્ધ શું છે? દરેક મનુષ્ય જપ લખે અને કરે તથા હવન કરે તેમાં શાસ્ત્ર વિરુદ્ધ શું? અંતે જણાયું કે આવો યજ્ઞ થાય તો બ્રાહ્મણોને દક્ષિણા નહિ મળે, એવી સ્વાર્થબુદ્ધિને લીધે આ બધો શાસ્ત્રાર્થ ચાલુ હતો. અસ્તુ! તેમનું સર્વ કથન સાંભળીને મેં શાંતિથી કહ્યું, ભૂદેવો! આપે બધાએ મારે માટે જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે માટે હું આપનો ઋણી છું. હું કાંઈ શાસ્ત્ર, પુરાણ વગેરે ભણ્યો નથી, તેથી કદાચ આમાં કાંઈ શાસ્ત્રવિરુદ્ધ ભૂલ થતા પામી પણ હશે અને તે સુધારવાને માટે આપે મને સૂચના આપી તે માટે મારે તમારો અને પ્રભુનો પણ પાડ માનવો જોઈએ. જે વાત ધર્મથી વિરુદ્ધ હોય તે કરવા સંબંધમાં મારે દુરાગ્રહ રાખવાનું કાંઈ પ્રયોજન નથી, પણ મને ઘણા દિવસથી એવી ઇચ્છા છે કે મનુ ભગવાનનો બનાવેલો મનુસ્મૃતિ નામનો કોઈ એક ગ્રંથ છે, તેમાં આ બધી વ્યવહારરચના સંબંધના નિયમો સાક્ષાત્ મનુ ભગવાને જ બનાવેલા છે, તો તે મને જોવા માટે મળી શકશે? આથી તત્કાળ એ ગ્રંથ મંગાવરામાં આવ્યો. મેં હાથમાં લઈને તેમાં આશ્રમધર્મની વ્યવસ્થા પૈકી સંન્યાસાશ્રમનો ભાગ કાઢ્યો અને વચમાં જ પૂછ્યું : ભૂદેવ! આપની ઉંમર શુમારે પંચોતેર વર્ષની તો હશે ને? ઉત્તર : મહાત્મન્! આપની દયાથી મને ૮૨ મું વર્ષ થોડા વખતમાં પૂર્ણ થશે. તત્કાળ મેં સંન્યાસાશ્રમનો ભાગ તેમને બતાવ્યો અને કહ્યું કે આમાં તો પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય, છવ્વીશથી પચાસ વર્ષ પર્યંત ગૃહસ્થાશ્રમ, એકાવનથી પોણોસો વર્ષ સુધી વાનપ્રસ્થ તથા છેતેરથી સંન્યાસાશ્રમ લેવા લખ્યું છે. આપ તો શાસ્ત્રના મોટા જ્ઞાતા છો અને આ તો સાક્ષાત્ ભગવાન મનુનું બનાવેલું સૌથી આદ્ય એવું જગદ્વંદ્ય શાસ્ત્ર છે. વળી આ સમારંભકાર્યમાં વાસ્તવિક તો કાંઈ શાસ્ત્ર વિરુદ્ધ નથી છતાં આપ તે શાસ્ત્ર વિરુદ્ધ છે, એમ કહી નહિ કરવા મને સૂચન કરી રહ્યા છો તે ઘણા આનંદની વાત છે, પણ આપ પોતે આમ ધર્મશાસ્ત્રની વિરુદ્ધ ચાલવાનું પાપ કેમ કરો છો? હું ધારું છું કે, મારે સાધુ ધર્મને અનુસાર આપના જોવા શાસ્ત્ર વિરુદ્ધ માર્ગે ચાલનારાઓને અહીંથી સંન્યાસ આપીને જ રવાના કરવા જોઈએ; નહિ તો પછી મારા સાધુપણાના ધર્મમાં ખામી આવે, ખરું ને? આમ તો સંન્યાસ લેશો એટલે ધર્મબાહ્ય નહિ રહેતાં ધર્મરૂપ થશો અને પછી હું તમારા આ શાસ્ત્ર નિર્ણયને અવશ્ય માન આપીશ. કેમ કે કેવળ બીજાને બતાવીને પોતાનું પેટ ભરવા પૂરતાં જ ધર્મશાસ્ત્રો હોતાં નથી; પરંતુ પ્રથમતઃ વ્યાવહારિક લોકોના આચરણને માટે જ આ ધર્મશાસ્ત્રોની વ્યવસ્થા થયેલી છે. જીવન્મુક્ત મહાત્માઓ તો સર્વથી પર હોવાને લીધે તેમને માટે તમારો આ શાસ્ત્ર નિયમ વસ્તુતઃ લાગુ પાડી શકાતો નથી, તેમ જ નિષ્કામ સમારંભ તો વૃત્તિના ઉલ્લાસ પ્રમાણે પણ કરી શકાય છે અને તે માટે શાસ્ત્રમાં ઘણા આધારો મળે છે. સિવાય આમાં ધર્મશાસ્ત્ર વિરુદ્ધ અને લોકાચાર છોડીને કશું છે જ નહિ. છતાં આપને તેમાં દોષ દેખાય છે અને તમે પોતે તો ધર્મને ખીંટી ઉપર મૂકી દીધો છે તેનું પણ ભાન નથી. તો હવે તમોને ધર્મને રસ્તે લગાડવાને માટે મારે સાધુધર્મને અનુસાર શું

કરવું ઉચિત છે? આ વખતને માટે મારો ધર્મ કયો છે? અને તમારો પણ કયો છે? તેનો હવે તમે પોતે જ આ બધાં શાસ્ત્રો અને શાસ્ત્રવિદોની સમક્ષ નિર્ણય કરો. આ સાંભળીને તેઓને અંદરખાનેથી તો મોટો ક્રોધ આવ્યો, તેના આવેશમાં જ તેઓએ નીચે પ્રમાણે કહ્યું :

કિરણાંશ ૧૬

સંન્યાસીનો મેળાપ

મહાત્મન્! શું સંન્યાસ વડે જ આત્મપ્રાપ્તિ થઈ શકે છે? જનકાદિ જેવા રાજ્ય કરીને પણ વિદેહ-મુક્ત નહોતા? ઉત્તર : ભૂદેવ! આમાં ક્રોધ કરવા જેવું શું છે? તમારા આ પ્રશ્નનો ઉત્તર આપવા પૂર્વે હું તમને એક સંન્યાસી સાથે થયેલો સંવાદ કહું છું, કે જેથી તમારા સંશયની નિવૃત્તિ અનાયાસે જ થશે. એક સંન્યાસી પોતે પાશ્ચાત્ય વિદ્યાના ઉચ્ચ શ્રેણીના વિદ્વાન હતા, સિવાય પૌર્વાત્ય ભારતીય આધ્યાત્મશાસ્ત્રોના પણ સારા અભ્યાસક હતા, ઉત્તમ કોટીના વક્તા હતા અને એક ધાર્મિક સંસ્થાના અનુયાયી હોઈ તે સંસ્થાના પ્રચારને માટે તેમણે થોડા વર્ષ પૂર્વે એક મોટા શહેરમાં શાખા સ્થાપિત કરેલી હતી. આશ્રમમાં વીશથી પચ્ચીશ વર્ષ સુધીની ઉંમરના તેમના કેટલાક સંન્યાસી શિષ્યો પણ હતા.તેઓએ આવીને પોતે પોતાના આશ્રમનાં ઘણાં જ વખાણ કરવાની શરૂઆત કરી. થોડો સમય તો મેં તે બધું શાંતિથી સાંભળ્યું અને પછી તો એટલી હદે પહોંચી ગયા કે આખા જગતનું કલ્યાણ પોતે જે માર્ગનું અવલંબન કર્યું તે માર્ગે જ થાય તેમ છે, માટે લોકોએ આવી જ સંસ્થાઓને જ ચલાવવી જોઈએ વગેરે. તેમની આવી મિથ્યા આત્મ-પ્રશંસા સાંભળીને મેં સહેજ કહ્યું કે, સ્વામીજી! મને એક પ્રસંગ યાદ આવે છે, જે હું તમને કહું છું.

પરમાત્માની જડીબુટ્ટી

એક દિવસે ગાડીમાં મુસાફરી કરતાં એક સારા દેશાગ્રણી ગૃહસ્થનો ભેટો થયો. તેમણે મને કહ્યું, સાધુ મહારાજ! હું આપને પ્રશ્ન પૂછી શકું છું? ઉત્તર : ખુશીથી. આપ હિમાલયથી આવી રહ્યા છો, હિમા-લય એ તો જડીબુટ્ટીને માટે પ્રસિદ્ધ છે. તો આપ એવી કોઈ જડીબુટ્ટી શોધીને લાવ્યા છો કે જેથી દેશના ઉપયોગને માટે મોટા પુરુષો સેંકડો વર્ષો સુધી જીવતા રહે અને તેમના અનુભવનો અને સેવાનો લાભ લોકોને લાંબો સમય મળતો રહે! આજે તો એ એક મહાન પુરુષ ગયો કે તેની જગા પૂરવાને માટે તેવો કોઈ બીજો અનુભવી નીપજતો નથી. મેં પૂછ્યું : આપની ઉંમર સાઠેક વર્ષની તો હશે? ઉત્તર : ત્રેસઠ પૂરાં થયાં. સમજો કે તમોને કોઈ એવી જડીબુટ્ટ આપે કે તમો ફરીથી પચ્ચીશ વર્ષના જુવાન બની જાઓ તો તમે શું કરશો? જિંદગીમાં જે કામ આજ દિન સુધી કરતા આવ્યા તેનો તે જ. પચ્ચીશ વર્ષના થયા કે તમારે ફરીથી લગ્ન કરવાની ઇચ્છા થશે, વળી પાછાં છોકરાઓ થશે અને તમને પોષવાને માટે લોકોને ઉપરથી તો કલ્યાણ કરવાની ભાવના બતાવીને અંદરખાને પોતાની વિષયવાસનાની તૃપ્તી તથા ભરણપોષણને માટે પ્રયત્ન કરવો પડશે. આમ જ્યાંસુધી વાસના સિલક હશે ત્યાં સુધીને માટે પ્રથમ પોતાનું જુઓ કે પારકાનું? એટલે આવી રીતે વિષયવાસના સિલક રહેનારો કોઈ હું લોકોનું કલ્યાણ કરવા નિકળ્યો છું, એમ કહેવા માગે તો તે એક નાદાનપણું જ છે. હા, આજકાલ એમ બને કે પોતાનો સ્વાર્થ સાધી લેવાને માટે તેને લોકકલ્યાણનું નામ આપી લોકોને કદાચ છેતરી શકાય, પરંતુ તે વડે સાચું લોકકલ્યાણ થઈ શકે નહિ. વળી તમોને જો પચ્ચીશ વર્ષના જુવાન બનાવવામાં આવે તો પછી પચ્ચીશ વર્ષની અંદરનો અનુભવ લેવાનો રહી જાય તેનું શું? તેવું નહિ થવા પામે એટલા માટે ભગવાને પ્રથમથી જ એવી જડીબુટ્ટી શોધી રાખેલી છે કે શરીર ભલે મરી જાય, પણ અંદરનો વાસનાત્મક જીવ વિષયો સહીત જીવનો જ હોય છે અને તે ફરી ફરીથી વાસનાવશાત્ નવાં નવાં શરીરો લેતો રહે છે. આમ તેનું આ ચક્ર આત્મસાક્ષાત્કાર થતાં સુધી ચાલ્યા જ કરે છે. મરી ગયેલા એટલે શરીર છોડ્યા પછી જીવ બાલપણથી તે મરણ સુધીનો અનુભવ ફરી ફરીને લેતો રહે છે. એટલે તમો કહો છો તેવી જડીબુટ્ટીથી તો કદાચ બાસઠ વર્ષનાને પચ્ચીસ વર્ષનો બનાવી શકાય.

પરંતુ આ પરમાત્માની જડીબુટ્ટીથી તો તેને ગર્ભવાસ અને બાલ્યાદિ અવસ્થાનો અનુભવ પણ રહી જવા નહિ પામે એટલા માટે સો સો વર્ષના મરનારને પણ ગર્ભવાસથી માંડી ફરીફરીથી સો સો વર્ષોનો અનુભવ થયા જ કરેછે.

થઈ ગયેલા પાછા કેમ નથી જણાતા ?

પ્રશ્ન : જો તમો કહો તેમ હશે તો આજ સુધી જે બધા મહાપુરુષો થઈ ગયા તેઓ પાછા પોતાના અનુભવ સાથે આવેલા કેમ દેખાતા નથી ? ઉત્તર : તેનું કારણ એટલું જ કે અનેક જન્મોથી જે જીવની જેવી જેવી અને જેટલી વાસનાઓનો સંચય અંતરાળમાં થયેલો હોય છે તે સંચિત પૈકી જેટલી વાસના ભોગવવા માટે અત્યંત પ્રબળ થઈ હોય તે લક્ષ્યને આ સૂક્ષ્મ જીવ સ્થૂલ શરીર ધારણ કરે છે. સમજો કે કોઈ મનુષ્યની વિષયભોગ ભોગવવાની અત્યંત તીવ્ર ઇચ્છા હોય અને તે પૂર્ણ થતી પહેલાં જ તેનું મરણ થાય તો તે પોતાની વાસનાનો અનુભવ લેવા માટે ફરીથી જન્મ ધારણ કરશે; પરંતુ તેને કાંઈ પ્રથમનું જ શરીર મળશે એમ નક્કી નથી પણ વધુમાં વધુ વિષયવાસના ભોગવવાની યોનિઓ કૂતરાં તથા વાંદરાં વગેરે અનેક હોય છે; તે પૈકી ગમે તે શરીરની તેને પ્રાપ્તિ થઈ તે વિષય વાસના ભોગવશે. આ રીતે જીવની વિષયવાસનાવશાત્ ચોરાશી લાખ સ્થૂલ આકૃતિઓ લેવાની મર્યાદા નિશ્ચિત કરેલી હોઈ તે પૈકી પોતાની તે તીવ્ર વાસનાવશાત્ ગમે તે યોનિ (આકૃતિ) ધારણ કરે છે. તે નિયમ પ્રમાણે જેઓ કેવળ રાજ્યદિની આકાંક્ષા વડે દેહત્યાગ કરે છે, તેઓને તેમની અપેક્ષા પ્રમાણે ફળ તો મળે છે; પરંતુ તેઓનો જીવ મરણ પછી જગતમાં જ્યાં રાજ્યકર્તાઓ હોય તેમને ત્યાં અવતરે છે અને ત્યાં જન્મી તેઓ રાજ્યકર્તાનો અનુભવ લે છે આજે પરદેશોમાં રહી જો દેશનું રાજતંત્ર ચલાવનારા જે જીવો આપણા જોવામાં આવે છે તે સર્વે તો પૂર્વ જન્મમાં રાજ્યની વાસના વડે દેહત્યાગ કરનારા અત્રેના જ મનુષ્યો છે. જો તેઓ સ્વધર્મની સાથે રાજ્યપ્રાપ્તિની ઇચ્છા વડે દેહત્યાગ કરત તો પૃથ્વીમાં જ્યાં તે ધર્મ ચાલતો હોય તે જ સ્થળે તે જન્મ લેત, કેમ કે જીવને વાસનાનુસાર ફળ મળવું એવો નિયતિનો નિશ્ચિત ક્રમ છે. આ સંબંધે ઇતરત્ર પણ ઘણાં વર્ણનો છે (મહાકાલ પુરુષ વર્ણનભાગ ૧ ।કરણાંશ ૩૦, ૩૧ જુઓ). પ્રશ્ન : આની ખાતરી શી ? ઉત્તર : સ્વધર્મશાસ્ત્રો વડે, અનુમાનથી તથા જેને પ્રત્યક્ષ જોવાની ઇચ્છા હોય તેમણે ધારણાભ્યાસ વડે ત્રિકાળ જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત કરીને જાતે અનુભવ કરી લેવો જોઈએ. આ રીતે અનુમાન અને અનુભવ એ બન્ને આને માટે પ્રમાણ છે (સિદ્ધિ સંબંધમાં સિદ્ધાંતકાંડ અધ્યાય ૬ જુઓ).

અમે ગૃહસ્થ છીએ તે શા આધારે કહી શકાય ?

પ્રશ્ન : આ વિષય તો ઘણો સૂક્ષ્મ છે, પણ મને એમ લાગે છે કે; સંન્યાસીઓ જગતના કલ્યાણનું કાર્ય કરે તો કેવું સારું ? તે વડે દેશને કેટલો બધો લાભ થાય ! તેમનો આ પ્રશ્ન સાંભળીને મેં પુછ્યું કે, સંન્યાસીઓને માટે આપ કયો માર્ગ સૂચવો છો તે હું જાણવા ચાહું છું, કે જેથી તે વિષયમાં વિચાર કરવો ઠીક પડે. તે ઉપરથી તેઓએ કહ્યું કે અમે બધા કરીએ છીએ તે માર્ગ ! પ્રશ્ન : આપ જે માર્ગ સંન્યાસીઓને માટે સૂચવો છો તેને માટે સંન્યાસ લેવાની શી જરૂર છે ? ઉત્તર : કાંઈ જરૂર નથી. પ્રશ્ન : આપ અમો ગૃહસ્થ છીએ એવું શા આધારે કહી શકો છો ? અર્થાત્ અમુક ગૃહસ્થી કહેવાય એવું જે ધોરણ વ્યવહારમાં નિશ્ચિત થયેલું છે તે શા આધારે ? મનુસ્મૃત્યાદિના કર્તાઓએ જ આ વર્ણવ્યવસ્થા વ્યવહારને માટે રચેલી છે અને પરંપરાથી તે જ આજ સુધી ચાલી આવી છે ખરી ને ? તેમણે કહ્યું, હું આપનું કહેવું બરાબર સમજી શકયો નથી. ઉત્તર : મારો કહેવાનો ભાવાર્થ એવો છે કે વ્યવહારમાં અમુક ગૃહસ્થાશ્રમી છે, અમુક સંન્યાસી છે, એવી જે આશ્રમવ્યવસ્થા છે તે મનુસ્મૃત્યાદિ શાસ્ત્ર પરંપરાથી ચાલતી આવેલી છે. તે શાસ્ત્રોના આધારે જ આ બધા લોકો પોતાને અમો ગૃહસ્થાશ્રમી છીએ એમ આજે કહેવરાવે છે કે બીજા કોઈ આધાર વડે તે કહો ! સંન્યાસાશ્રમનો વ્યવસ્થા પણ તે જ શાસ્ત્રકારોએ કરી મૂકેલી છે. તમારા કહેવા પ્રમાણે તો ગૃહસ્થાશ્રમી અને સંન્યાસીનાં વ્યવહાર કાર્યો જો એક જ પ્રકારનાં હોય તો પછી શાસ્ત્રકારોએ આ બે આશ્રમો જુદા જુદા નહિ રાખતાં ત્રણ આશ્રમમાં જ સર્વનો સમાવેશ કર્યો હોત.

ટૂંકમાં એ કે, જે શાસ્ત્રકારોએ આને ગૃહસ્થાશ્રમ કહેવો એવો વ્યવહારમાં નિર્ણય કરી આપ્યો છે અને એ આધારે જ અમો ગૃહસ્થાશ્રમી છીએ એવું આજે તમારા લોકો કહે છે, તે શાસ્ત્રકારોએ જ સંન્યાસાશ્રમના ધર્મ અને કર્મની રચના કરેલી છે. તમો કહો છો તે કાર્ય તો ગૃહસ્થાશ્રમીઓ પણ કરી શકે તેમ છે, તેથી તે માટે સંન્યાસાશ્રમનો કે ભગવાં પહેરવાની કાંઈ જરૂર નથી. વળી એ જ શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમની મર્યાદા પચાસ વર્ષની ગણાય એવું નિયત કરેલું છે. છતાં આ સંયમ નહિ રાખનારા વિષયેચ્છુઓ તે ઉંમર પછી પણ વિષયોમાં રચ્યાપચ્યા રહીને પોતાને ગૃહસ્થાશ્રમી કહેવરાવે છે તે ખરેખર શરમની વાત છે, કેમ કે આને ગૃહસ્થાશ્રમ કહેવો એવું જે શાસ્ત્રકારોએ ઠરાવ્યું છે તેની મર્યાદા તો પચાસ વર્ષની ઉંમર પૂર્ણ થયે પૂરી થાય છે. કારણ કે આશ્રમ એ તો ઉંમરની સંખ્યા સાથે સંબંધ રાખે છે. તો તમે હવે સારી રીતે જાણી શકશો કે પચાસ વર્ષ પછી કોઈ પોતાને ગૃહસ્થાશ્રમી કહેવરાવવા માગે તો તેને ખરેખર ગદ્ધાશ્રમી યા વાશવીય આશ્રમી કહેવો પડશે. કારણ તદ્દન સ્પષ્ટ જ છે કે, પોતાને ગૃહસ્થાશ્રમી કહેવરાવવાનો અધિકાર શાસ્ત્રદૃષ્ટિએ તો તેમને પહોંચતો નથી. આ વાત તો કોઈ પણ બુદ્ધિમાનને દુરાગ્રહ છોડીને કબૂલ જ કરવી પડશે. આથી સંન્યાસાશ્રમનો ઉદ્દેશ એ સ્પષ્ટ થાય છે કે આત્મસ્વરૂપ એવું જે ઉચ્ચતર ધ્યેય તે સાધ્ય કરવાનું કાર્ય ગૃહસ્થાશ્રમમાં કરી શકાયું નહિ તેથી એ ઉચ્ચતર ધ્યેયને સાધ્ય કરવાને માટે જ સંન્યાસાશ્રમની વ્યવસ્થા શાસ્ત્રમાં કરેલી છે. શાસ્ત્રકારો તેને કહે છે કે "આ ગૃહસ્થાશ્રમોચિત થતાં સર્વ કર્મો તો હવે આ ગૃહસ્થાશ્રમીઓ કરશે, તે માર્ગ દ્વારા સાચી સુખશાંતિ મેળવવા તમો અશક્ત નીવડ્યા છો. માટે તમારે હવે આત્મોન્નતિ કે સાચી સુખશાંતિનો માર્ગ છે તે ધ્યેયની પ્રાપ્તિ કરવાના ઉદ્દેશને માટે આ બધાનો ત્યાગ કરવો જરૂરી છે. માટે હવે જીવનનિર્વાહ ચલાવવાને જરૂર પૂરતાં અન્નવસ્ત્રાદિ સિવાય વધુ કશાની પણ અપેક્ષા નહિ રાખતાં આકાશવૃત્તિ રાખી સ્વપુરુષાર્થ વડે સાચા ધ્યેયને પ્રાપ્ત કરી લો અને તેનો અનુભવ લઈ નિષ્કામ બની પછી ગૃહસ્થોને પણ સાચા માર્ગે જ દોરો. પરંતુ જ્યાં સુધી ધ્યેયપ્રાપ્તિ થઈ શકે નહિ ત્યાં સુધીને માટે તો તમારે ફક્ત શરીરનિર્વાહથી વધુ કાંઈ પણ ગ્રહણ કરવું નહિ." એવો સંન્યાસધર્મ શાસ્ત્રોમાં કહેવામાં આવેલો છે. એટલામાં ઉતરવાનું સ્થળ આવ્યું તેથી તેઓએ આભાર સાથે વિદાય લીધી.

કિરણાંશ ૧૭

સંન્યાસાશ્રમ શા માટે ?

સ્વામીજી ! જે ધ્યેયને માટે સંન્યાસ ધારણ કરવામાં આવે છે, તે ધ્યેય છોડી દઈ સાધુતાના સ્વાંગમાં ગૃહસ્થાશ્રમમાં કરવા યોગ્ય એવો વ્યવહાર કરવો ઇષ્ટ ગણાય નહિ. પરંતુ આજકાલ તો સંન્યાસનો અર્થ ભગવાં પહેર્યાં કે કૃતકૃત્યતા થઈ એમ માનવામાં આવે છે તથા ધ્યેયને બાજુ ઉપર મૂકી કિંવા તદ્દન ભૂલી જઈ કોઈ આશ્રમની ભાંજગડમાં, તો કોઈ લોકોને બોધ આપવા નીકળી પડે છે, તો કોઈ મંદિરો બાંધવા ઇત્યાદિ બિનજરૂરી અને આશ્રમધર્મની વિરુદ્ધ એવા શાસ્ત્રવિહોણા માર્ગનું અવલંબન કરી દીન જેવા થઈને બિચારા આ નામધારી સંન્યાસીઓ ઠેર ઠેર લોકોની પાસે યાચના કરતા જોવામાં આવે છે, તે ખરેખર દયાને પાત્ર છે. સ્વામી મહારાજ ! પ્રથમ તો એવી પ્રથા હતી કે, શિષ્ય ગુરુને ત્યાં ભણવા રહેતા ત્યારે પોતે ભિક્ષા માગી લાવે અને ગુરુને આપે. તેમાંથી ગુરુ જે આપે તેનું જ તે ભક્ષણ કરતા હતા. પરંતુ આજકાલ તો શિષ્યોનાં પેટ ભરવાની કાળજીમાં ગુરુ જ બાપડા ઘેરઘેર ભિક્ષા માગે છે. સારાંશ, પ્રથમ શિષ્યોને ભણવાની પડી હતી અને હવે તો ગુરુઓને ભણાવવાની પડી છે. વસ્તુતઃ તો શિષ્યોને ભણાવવાનો સ્તુત્ય ઉદ્દેશ પણ તેમાં હોતો નથી, પરંતુ આ માર્ગ વડે પોતાનો દ્રવ્યરૂપ સ્વાર્થ સાધવા ઉપરાંત અંદરખાને લોકૈષણાની ભયંકર તૃષ્ણા કિંવા ઉન્માદ હોય છે. ઉપરથી તો તે ભલે ના કહે પરંતુ અંદરખાને તો એવું હોય છે; માટે આપે આપના આશ્રમના આદર્શ સંબંધે જે વાત કરી તે તો લોકોમાં પ્રચાર કરવાના એક સાધનરૂપ જ લેખાય

આશ્રમો નહિ કાઢવા ?

પ્રશ્ન : શું ત્યારે આશ્રમો નહિ કાઢવા જોઈએ ? ઉત્તર : પોતે જે ધ્યેયને માટે સંન્યાસ લીધો છે તે ધ્યેયની પ્રાપ્તિ થતાં સુધી એટલે આત્મસાક્ષાત્કાર થતાં સુધી તો તદ્દન આવશ્યક એવા ચરિતાર્થનાં સાધનો વડે જે સમયે જે આવી મળે તેમાં સંતોષ માનીને રહેવું જોઈએ અને સંગ્રહ તો કદી ભૂલથી પણ કરવો નહિ જોઈએ. પ્રશ્ન : પૂર્વે ઘણા સાધુઓએ આશ્રમો કર્યા હતા તથા તેઓને ઘણા શિષ્યો પણ હતા, તો તે બધાએ ભૂલ કરી હતી કે શું ? ઉત્તર : આશ્રમો સાધુએ કર્યા હતા નહિ કે સાધકે. જેમણે આત્મસાક્ષાત્કારરૂપ ધ્યેયની પ્રાપ્તિ કરી લીધી હોય છે તેવા જીવન્મુક્ત જ ખરા સાધુ કહેવાય છે. તેવા જીવન્મુક્તો તો જગતને જરૂર માર્ગદર્શક નીવડે. જેમ કે વસિષ્ઠાદિ મહર્ષિઓ તથા આધુનિક સમર્થ રામદાસ સ્વામી વગેરે. પરંતુ આજકાલ તો સાધકો જ પોતાને સાધુ માની લઈ આશ્રમોના નામે પોતાનો દ્રવ્યાદિરૂપ સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરે છે. જે પોતે જ ડૂબેલો હોય તે બીજાને શી રીતે તારે ? માટે બીજાને તારવા હોય તો પ્રથમ પોતે તરવું જોઈએ. પ્રશ્ન : શું ત્યારે આપનું કહેવું એમ છે કે સાધુઓએ લોકોને ઉપદેશ પણ નહિ આપવો જોઈએ ? ઉત્તર : સ્વામી મહારાજ ! જેણે ધ્યેયની પ્રાપ્તિ કરી લીધી હોય છે તે જ સાધુ કહેવાય છે. ધ્યેયની પ્રાપ્તિ કરનારો જીવન્મુક્ત સાધુ તો પરમેશ્વર સમાન જ છે. તે તો કદી લોકોને આડે માર્ગે દોરતો નથી. પરંતુ જેઓએ ધ્યેયની પ્રાપ્તિ કરી નથી તેવાઓએ તો આશ્રમ કિંવા ઉપદેશાદિની વાત જ કરવી નહિ; કારણ તદ્દન ખુલ્લું જ છે કે જે પોતે સમજ્યો ન હોય તે બીજાને શી રીતે સમજાવે ? વળી શાસ્ત્રો અને પુરાણાદિ સમજાવવાને માટે તે તે શાસ્ત્રના પારંગતો, શાસ્ત્રીઓ પુરાણિકો, કીર્તનકારો ઇત્યાદિનો એક વર્ગ જગતમાં હોય છે જ. તેઓ સ્વાનુભવ એટલે સાક્ષાત્કાર વિનાના હોઈ પોતાની બુદ્ધિ અને તર્ક વડે લોકોમાં શાસ્ત્રો અને પુરાણોના અર્થો કરીને વ્યાખ્યાનો કરે છે. આવા લૂખા તર્કવાદને માટે તો આ વર્ગ વ્યવહારમાં અસ્તિત્વ ધરાવે છે જ. તો પછી તેવા અનુભવ વગરના લૂખા તર્કવાદનો પ્રચાર કરવાની સંન્યાસીઓને શી જરૂર ? તેમણે તો પોતે ધ્યેયપ્રાપ્તિ કરી લઈ એટલે આત્માનો સાક્ષાત્કાર કરી લઈ પછી પોતાના સ્વાનુભવ સાથે શાસ્ત્રની પ્રતીતિ લોકોને કરાવી તેમને ખોટા એટલે કે સામુદાયિક વા સાંપ્રદાયિક પ્રચારના માર્ગે નહિ પરંતુ સાચા પંથે દોરવા જોઈએ; એટલે જગતમાં આજે કેવળ લૂખા તર્કવાદીઓની જરૂર નથી. પરંતુ યમ, નિયમ તથા સંયમાદિનું પાલન કરનારા અને કરાવનારા આત્માના અનુભવી એવા સાચા સંન્યાસીઓ નિર્માણ થવાની અત્યંત જરૂર છે. આધુનિક મહાત્મા સંત તુકારામ મહારાજે પણ કહ્યું છે કે "આત્માનુભવ વિના હાજી હા નહિ કરો અને જે સત્ય હોય તે જ વદો. આ રીતે જે સત્યાભાષી અને સત્યાશ્રયી હોય તે જ વંદનને લાયક છે." શ્રીસમર્થ રામદાસ સ્વામી પણ એમ જ કહે છે કે "પ્રથમ આત્માનુભવ કરો અને પછી કહો." તમામ શાસ્ત્રો તો આ વાત પોકારી પોકારીને કહે છે. પ્રશ્ન : આપ સાચા સાધુ કોને કહો છો ? ઉત્તર : તેમને ઓળખવા એ ઘણું કઠણ છે. તેથી જ સાધુતાના નામે ઢોંગીઓ પણ તેનો લાભ લઈ શકે છે. આ બાબત તો દરેક શાસ્ત્રમાં કહેવામાં આવેલી છે. આપ વિદ્વાન છો એટલે તે થકી સારી રીતે જ્ઞાત હશો. (જીવન્મુક્ત સાધુ સંબંધે આગળ સિદ્ધાંતકાંડમાં સવિસ્તર વર્ણન આપવામાં આવ્યું છે તે જુઓ.)

વિષયોમાં સંયમ કરવો કેટલો કઠણ છે ?

સ્વામી મહારાજ ! જો સાચું કહેવામાં આવે તો મનુષ્યને ખોટું લાગે, પણ તેટલા માટે હું સત્ય છુપાવું છું એમ જો કોઈ કહે તો તે દાંભિકતા જ ગણાય. આપ સંન્યાસી છો, ઉંમર પણ વધુ જણાતી નથી, તો આપને અનુભવ હશે જ કે વિષયોમાં સંયમ કરવો કેટલો કઠણ છે ? જ્યાંસુધી આત્માનો સાક્ષાત્કાર થયો ન હોય ત્યાં સુધી તે દોષ મટવો કદી પણ શક્ય નથી, પછી તે માટે આ સિવાય બીજા ગમે તેટલા ઉપાયો કિંવા માર્ગોનું અવલંબન કરવામાં આવે. કામાદિ વિષયો જીતવા મોટા મોટા તપસ્વી અને મહર્ષિઓને પણ કઠણ થઈ પડ્યા, તે શું વીશ વીશ પચીશ પચીશ વર્ષોની ઉંમરનો શિષ્યો સંન્યાસ લઈને આપની પાસે રહેલા છે તેઓ જીતી શક્યા છે એમ કહેવાનો તમારો ઉદ્દેશ છે ? તેનો આપ પોતે જ

મન સાથે વિચાર કરો. ભાવાર્થ એ કે આ રીતે જેને માટે સંન્યાસ લેવામાં આવે છે તે ધ્યેય બાજુએ મૂકીને અમો જગતના કલ્યાણના નામે લોકોને ફસાવવાનો પ્રયત્ન કરીશું તો તેમાં કદાચ અમારા બહારના વર્તન અને વાણીના પ્રભાવ વડે સફળતા પ્રાપ્ત કરી શકીશું. આમ કદાચ લોકોને ફસાવી શકાય; પરંતુ કોઈ પોતાના મન અથવા આત્માને તો કદી પણ ફસાવી શકતો નથી. આપણે લોકોને ફસાવી રહ્યા છીએ એમ તે અંદરખાને સારી રીતે સમજે છે. પાપનો ઘડો આખરે ફૂટયા વગર રહેતો જ નથી, એવો નિયમ છે. જગતમાં ચાલી રહેલા આવા અનિચ્છનીય પ્રકારોને લીધે સંન્યાસનું ધ્યેય બાજુએ રહી આજકાલ સર્વત્ર દાંભિકતાની જ વૃદ્ધિ થતા પામેલી છે. તેથી આજે જો કે આ નામધારી સંન્યાસીઓ લોકોનું કલ્યાણ કરવાને બહાને ગૃહસ્થથી લોકોમાં ભળી જઈ પોતાની છાપ બેસાડવાનો પ્રયત્ન કરે છે ખરા, પરંતુ સાચા કોણ અને દંભી કોણ એ સમજવાને માટે તેઓ શક્તિમાન હોતા નથી; તેથી પાછલા અનુભવો ઉપરથી ડગાવાની બીકથી તેઓ આ સાધુ સંન્યાસીઓ પોતામાં ભળે એવું કદી પણ ઇચ્છતા નથી; પણ ઊલટું કેટલાકોના મતે તો સંન્યાસીઓ સંબંધમાં એટલી બધી તિરસ્કાર ભાવના ઉત્પન્ન થવા પામેલી છે કે તેઓ સાધુ સંન્યાસીનું નામ સાંભળતાં જ તેમને હડધૂત કરે છે. કારણ કે સાધુ સંન્યાસીના નામે અમોએ, ઉપરથી તો ભગવાં પહેર્યાં છે ખરાં; પરંતુ અંદરખાને તો અમારામાં તેટલી જ કાળાશ હોય છે. એટલે ગૃહસ્થી લોકો સંન્યાસી વર્ગથી જે હાલમાં બીએ છે તે માટે હું તેમનો દોષ જોતો નથી, પરંતુ ધ્યેય ચૂકેલા નામધારી સંન્યાસીઓ પોતે જ તે માટે જવાબદાર છે. આમ સાધુ સંન્યાસીના નામે લોકોને ફસાવવાના ઘણાય દાખલાઓ આજે પણ મોજૂદ છે. સ્વામી મહારાજ! વધુ શું કહું? આપ તો જાતા છો, આપ જે સંસ્થા ચલાવી રહ્યા છો તેમાં દર મહીને બસો ત્રણસો રૂપિયાનો ખર્ચ થાય છે. તો આપને પ્રથમ તે કેવી રીતે મેળવવા એની જ ચિંતા કરવી પડે! આ રીતે જ્યાં અંદરખાને દ્રવ્યરૂપ સ્વાર્થની વાત આવે ત્યાં લોકોને સાચો બોધ કેવી રીતે મનુષ્ય આપી શકે? કારણ તો સ્પષ્ટ જ છે કે તેમનું ધ્યેય તે સંસ્થા ચલાવવા જેટલું જ સંકુચિત બની જાય છે. એટલે વ્યાવહારિક લોકો જેમ દ્રવ્ય મેળવી ઘરને બદલે મકાન શી રીતે બનાવવો? બેહાં બેઠાં ખવાય એવું કાયમનું ઉત્પન્ન શી રીતે કરવું? ઇત્યાદિ અનેક પ્રકારની કુટુંબ પોષણની ચિંતામાં જ આખો જન્મારો વ્યતીત કરે છે, તેમ અમારે માટે સંસ્થા અને તેમાં રહેનારા અમારા શિષ્યોની ચિંતા, તે એમાં ભેદ શો? કારણ કે અમે જ્યાં સુધી તદ્દન નિઃસ્પૃહી અને અપરોક્ષાનુભવી એટલે આત્મસાક્ષાત્કારી એવો એક પણ શિષ્ય તૈયાર કરી ન શકીએ ત્યાંસુધી અમારે માટે એ બધું લાંછન સમાન જ છે.

સાધુ સંન્યાસીથી લોકો કેમ ડરે છે?

સ્વામીજી! જગતમાં એવા શ્રીમાનો પડ્યા છે કે તેઓ દરરોજ હજારો રૂપિયા ખર્ચ કરીને આવા સેંકડો આશ્રમો ચલાવી શકે તેમ છે, પરંતુ તેઓ તો સંન્યાસીઓથી ઘણા ડરે છે. સંન્યાસી, સાધુ બાવા, આચાર્ય વગેરેનાં નામો સાંભળે કે તેઓ જાણે કંપી ઊઠતા ન હોય તેવા થઈ જાય છે. તેમાં તેઓનો દોષ પણ નથી. કેમ કે તેઓની દેખરેખ નીચે મોટી મોટી ધાર્મિક સંસ્થાઓની વ્યવસ્થા ચાલે છે. તે ગાદી પરના પુરુષોની તેમને સારી રીતે માહિતી હોય છે, આથી તેઓનો સર્વ સાધુ સંન્યાસી, આચાર્યો ઇત્યાદિને માટે એવા પ્રકારનો નિશ્ચિત મત બની જાય છે. કારણ સ્પષ્ટ જ છે કે પોતાને સાધુઓ, સંન્યાસીઓ કિંવા આચાર્યો કહેવરાવનારા પોતાના ધ્યેયને ભૂલી જઈ વર્ણાશ્રમ વિહીન (વિરુદ્ધ) કર્મો કરે તો પછી તેમાં બીજાઓનો શો દોષ? વળી તે પૈકી જેઓ સાચા ધ્યેયના માર્ગે વળેલા હોય છે તેમાં પણ ધ્યેયના પ્રાપ્તિ થતાં સુધી ટકી રહેનારા કવચિત્ જ મળી આવે છે. ટૂંકમાં એ કે, દરેક આશ્રમોવાળાએ પરસ્પર એકબીજાના આશ્રમોમાં દખલગીરી નહિ કરતાં પોતે પોતાના આશ્રમોનું સારી રીતે પાલન કરવું જોઈએ; પરંતુ આજકાલ તો ગૃહસ્થાશ્રમીઓ પોતાના આશ્રમનું પાલન કરતા નથી તથા સંન્યાસીઓ પણ પોતે પોતાના ધ્યેયને છોડીને બેઠા છે અને વળી પાછા પરસ્પરમાં ઝઘડાઓ વધારે છે, તે ખોટું નથી.

કિરણાંશ ૧૮

આત્મપ્રાપ્તિને માટે નાલાયક કોણ ?

ભૂદેવ ! આ રીતે સંન્યાસીની સાથે થયેલો વાદવિવાદ મેં તમોને કહી સંભળાવ્યો. તેનો ઉદ્દેશ એટલો જ કે આ બધો સંસાર વહેવારને નામે જે ક્રમ જગતમાં ચાલી રહેલો જોવામાં આવે તે સર્વ સુખ પ્રાપ્તિની ઇચ્છાથી જ. આ સુખની મર્યાદાનો અંત તો જ્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે જ થઈ શકે છે. આ અંતિમ ધ્યેયની પ્રાપ્તિને માટે વસ્તુતઃ તો વ્યવહાર માટે નિશ્ચિત થયેલા આશ્રમ, વર્ણ, જાતિ, જ્ઞાતિ, કાળ, દેશ ઇત્યાદિ કશાની પણ જરૂર નથી અને તેઓ હોય તો તેથી કાંઈ અડચણ પણ આવતી નથી. મનુષ્ય જે સ્થિતિમાં, જે કાળમાં, જે દશામાં, જે અવસ્થામાં અને જે હાલતમાં હોય તે જ સ્થિતિમાં, તે જ કાળ અને અવસ્થાદિમાં જરા પણ ફેરફાર નહિ કરતાં આ ધ્યેયની પ્રાપ્તિ તત્કાળ કરી શકે તેમ છે. છતાં જેઓ તે પ્રમાણે પ્રાપ્તિ કરી શકતા નથી તેઓને માટે આ આત્મપ્રાપ્તિરૂપ ધ્યેયને સારુ વ્યવહારની સરળતાને ખાતર વયની મર્યાદા સહિત આ વર્ણાશ્રમાદિની વ્યવસ્થા શાસ્ત્રમાં નિશ્ચિત કરેલી છે. તેનો ઉદ્દેશ શાસ્ત્રકારોએ ઠરાવી આપેલી મર્યાદામાં રહીને જેઓ ધ્યેય પ્રાપ્તિ કરવાને માટે નાલાયક પુરવાર થાય, તેઓએ તે આશ્રમ છોડી દઈ બીજા આશ્રમ ધારણ કરવો જોઈએ. જેમ વ્યવહારમાં બાળકને શાળામાં ભણવાને મૂકવામાં આવે છે પરંતુ બે ચાર વર્ષ જો તે એક જ વર્ગમાં રહે તો તેને શિક્ષણનું ધ્યેય પ્રાપ્ત કરી શકવા અસમર્થ ગણી નીચેના વર્ગમાં ઉતારી પાડવામાં આવે છે, તેમ શાસ્ત્રકારોએ દરેકને માટે ધ્યેય પ્રાપ્ત કરવાની દૃષ્ટિને નજર સામે રાખી આ વર્ણાશ્રમાદિની વ્યવસ્થા કરેલી હોઈ તે માટેની મર્યાદા પણ નિશ્ચિત ઠરાવેલી છે. આમ ઠરેલી મર્યાદામાં જો ધ્યેયપ્રાપ્તિ નહિ કરી શકે તો પછી તે જ આશ્રમમાં રહીને આત્મસ્વરૂપભૂત મૂળપ્રાપ્તવ્ય ધ્યેયને પ્રાપ્ત કરવાને માટે તે નાલાયક ગણાય. તેથી તેણે તે આશ્રમનો મોહ છોડી દઈ ને બીજા આશ્રમને ગ્રહણ કરવો જોઈએ.

ધ્યેયપ્રાપ્તિનો અવસર તમોને ક્યારે આવશે ?

ભૂદેવ ! તમોએ આજ સુધી ગૃહસ્થાશ્રમનો આશ્રય કર્યો, છતાં તેમાં કાંઈ મુખ્ય ધ્યેયની એટલે પરમાત્માની પ્રાપ્તિ કરીને સુખ શાંતિ મેળવી શક્યા નહિ. માટે તે આશ્રમ દ્વારા ધ્યેયપ્રાપ્તિને માટે આપ કહો છો તેમ જનકાદિકો લાયક હતા. પરંતુ તમો તો તેમાં નાલાયક પુરવાર થયા છો. હવે તમો જ કહો કે આમ તમોને તમારા ધોરણે ધ્યેયપ્રાપ્તિ કરવાનો અવસર ક્યારે આવશે ? અર્થાત્ તમો આ સંસારચક્રમાંથી ક્યારે છૂટી શકશો ? આતો તમારો વિષયવાસનામાં સંયમ નહિ થવાથી તમો મોહ વડે ફસાઈ ને પરવશતાની અવસ્થામાં બોલો છો, તેમાં દુરાગ્રહ સિવાય બીજું કાંઈ પણ નથી. ત્યાર પછી તેઓએ શ્રીમદ્ ભગવદ્ગીતાના કેટલાક શ્લોકો કર્મયોગ ઉપર હોવાનું જણાવી તે આધાર માટે કહ્યા, પરંતુ ગીતા કર્મયોગ ઉપર છે કે જ્ઞાન ઉપર છે ? તે વાદ અત્રે અસ્થાને હોઈ તે સંબંધમાં તેમને કેટલાક શ્લોકોનો તત્ત્વાર્થ સમજાવ્યો. અંતે તેઓ ઘણા જ આનંદિત થયા. તેમણે આત્મોન્નતિને માટે ભગવદ્ગીતાનો તત્ત્વાર્થ અને ઉપાસનાનો માર્ગ સમજી લીધો તથા તેના આશ્રય વડે અંતે તેઓ શાંત થયા. તેઓએ કહ્યું કે મેં આજ સુધી આ રીતે ભગવદ્ગીતાનો ભાવાર્થ કદી પણ સાંભળ્યો ન હતો. અમો ભગવદ્ગીતા સર્વ ઉપનિષદાદિનો સાર છે એમ સાંભળતા અને લોકોને પણ કહેતા હતા, પરંતુ આવો અપૂર્વ તત્ત્વાર્થ તો આજ સુધી કયાંયે જાણવા મળ્યો નહિ, માટે કૃપા કરીને લોકકલ્યાણને માટે આવા પ્રકારનો ગૂઢાર્થ જો પ્રકટ થાય તો તેથી ભગવદ્ગીતા સંબંધમાં ચાલતા તમામ વાદોનું નિરાકરણ થઈ લોકોને સાચો રાહ અવશ્ય મળશે, ખરેખર અમો આપની કૃપાથી કૃતકૃત્ય થયા છીએ. એમ કહી તેમણે વિદાય લીધી.

હે રાજા ! મેં તને તારા પ્રશ્ન પ્રમાણે વર્ણાશ્રમાદિ ધર્મની જરૂરિયાત સંબંધમાં કહ્યું.

કિરણાંશ ૧૯

આત્મપ્રાપ્તિને માટે કેવી ઉપાસનાની જરૂર છે ?

રાજા બોલ્યા : " મહાત્મન્! આપે તેઓને ઉપાસનાની કેવી રીત બતાવી? આત્મપ્રાપ્તિને માટે કેવા પ્રકારની ઉપાસના કરવાની જરૂર હોય છે? વળી કોઈ પણ અવસ્થામાં ફેરફાર નહિ થતાં તે ને તે અવસ્થામાં જ તત્કાળ પરમાત્મપ્રાપ્તિ થઈ શકે છે એમ ઉપર જે આપે કહ્યું તે શી રીતે શક્ય છે? તે જાણવાની મારી તીવ્ર જિજ્ઞાસા છે. "

પરમાત્માની બાહ્યોપાસનાની પદ્ધતિ

રાજન્! જેવી રીતે બીજની અંદર આખું ઝાડ રહેલું હોય છે, તેવી રીતે આ સર્વ જગતાદિની ઉત્પત્તિનું મૂળબીજ ૐ છે. એટલે પરમાત્મા પોતાના મૂળ નિર્ગુણ એવા પર સ્વરૂપમાંથી આ દૃશ્યાદિ સગુણ એવા અપર સ્વરૂપે પ્રકટ થયો, તેનું મૂળબીજ એ જ આ ૐ છે. વાસ્તવિક આ બંને સ્વરૂપો અનિર્વચનીય હોઈ અભેદરૂપ જ છે. તે દર્શક એ જ ૐ છે. જેમ એક જ બીજમાંથી અંકુર, શાખા, પાન, ફૂલ અને ફલાદિનો વિસ્તાર થવા પામે છે તેમ આ ૐ રૂપ બીજમાંથી જ આ સર્વ દૃશ્યરૂપે ભાસનારું અને અનંત બ્રહ્માંડોરૂપી ફળવાળું મહાન વૃક્ષ વિસ્તારને પામેલું છે, તેથી જેમ સૂર્ય અને તેનાં કિરણોમાં જરા પણ ભિન્નતા હોતી નથી કિંવા જેવું બીજ હોય તેવું જ ઝાડ હોય છે. વડનું બીજ હોય તો તેમાંથી ઉત્પન્ન થનાર અંકુર, શાખા, પાન, ફળ વગેરે બધાંને માટે વડ એ સંજ્ઞા જ લગાડી શકાય, અથવા જેમ શરીર અને તેના અવયવો એકબીજાથી કદી પણ ભિન્ન થઈ શકતા નથી, તેમ ૐરૂપ સૂર્ય અને આ દૃશ્ય જગતાદિરૂપ તેનાં કિરણો તે બંને કિંચિન્માત્ર પણ ભિન્ન નથી, અથવા બીજાંકુર ન્યાય પ્રમાણે સર્વનું બીજ ૐ રૂપ હોવાથી પ્રથમ તો તમામ દ્વૈત ભાવોને ૐરૂપે બનાવી દેવા; અર્થાત્ કાયા, વાચા અને મન વડે તથા પાંચ કર્મેંદ્રિયો અને જ્ઞાનેંદ્રિયો વડે જે જે કાંઈ કર્મો થાય તે તમામ ૐરૂપ છે, એવી રીતના નિશ્ચય વડે તેમને પ્રથમ ૐરૂપ બનાવી દેવા. એટલે મનમાં જે કાંઈ વિચાર આવ્યો કે તે ૐરૂપ છે, આંખો વડે જોવામાં આવે તે સર્વ ૐરૂપ છે, સામે શત્રુ હોય તો તે શત્રુ નહિ પણ ૐરૂપ છે, વાણી વડે જે જે કર્મ થાય તે સર્વ ૐરૂપ જ છે, એ રીતે વ્યવહારમાં હું છું, તું છે, તે છે, આ છે, મારું છે, તારું છે, તને છે, મને છે, ઇત્યાદિ સંજ્ઞાઓ વડે જે જે કાંઈ પ્રતીત થાય છે તે સર્વને એક ૐકારરૂપ જ બનાવી દેવું. જેમ ગમે તેટલાં લાકડાં હોય તોપણ તેઓને અગ્નિમાં નાખવાથી તે અગ્નિરૂપ બની જાય છે પછી તે સડેલાં હોય, નક્કર હોય કે ગમે તેવાં હોય તોપણ અગ્નિ તે સર્વને ભસ્મ કરી નાંખે છે, તેમ પોતા સહ તમામ ભાવોને ૐરૂપ હવન કુંડમાં જ અર્પણ કરતા રહેવું. આ રીતે ચાલતાં, ઊઠતાં, બેસતાં, શ્વાસોચ્છ્વાસ લેતાં અને વ્યવહાર કરતી વખતે પણ આ અભ્યાસની દૃઢતા કરવાનો પ્રયત્ન ચાલુ રાખવો. આ બાહ્ય અભ્યાસ થયો. હવે આંતર અભ્યાસ કહું છું.

પરમાત્માની આંતરિક ઉપાસનાની પદ્ધતિ

પોતાને અનુકૂળ હોય તે સમયે ગમે તે એક પ્રકારનું આસન લગાવીને શરીરને તદ્દન સ્થિર કરીને એકચિત્તે બેસવું, નેત્ર બંધ કરવાં કિંવા નાકના અગ્ર ભાગ પર દૃષ્ટિ રાખવી અને પછી આ ૐકારનું હૃદયમાં કિંવા ભ્રૂકુટિમાં ધ્યાન કરવું. બીજમાંથી જેમ અંકુર ફૂટી મોટું ઝાડ થાય તેમ ૐમાંથી જ આ બધો જગતનો વિસ્તાર થવા પામેલો છે, તથા જેમ સૂર્ય અને તેનાં કિરણો કદી પણ ભિન્ન હોતાં નથી, તેમ ૐરૂપ સૂર્યમંડળથી આ વિસ્તારવાળું દૃશ્ય જગત દેખાય છે, તે વસ્તુતઃ તો ૐકારથી અભિન્ન એવું એક ૐ સ્વરૂપ જ છે. આ રીતે બીજી બધી ભાવનાઓનો ત્યાગ કરી કેવળ એક ૐકારની ભાવનામાં જ મનને તદ્દન સ્થિર કરી દેવું. આમ અભ્યાસ કરતાં કરતાં એક ૐકાર સિવાય બીજું બધું દેખાતું બંધ થશે, અને ત્યારપછી પોતે દ્રષ્ટાભાવે પણ નહિ જોવું એટલે જોનાર પણ પોતે ૐકાર છે એવા નિશ્ચય વડે પોતાને પણ ૐરૂપ જ બનાવી દેવો. આ રીતે દ્રષ્ટાભાવ ગયો કે તરત જ નિર્વિકલ્પતા પ્રાપ્ત થઈ પરમાત્માનાં દર્શન થશે.

જગતના ઝગડાઓ કયારે મટે ?

હે રાજન્! આ ઉપાસના સંબંધી સંક્ષેપમાં તને કહ્યું. પરંતુ હવે દૃષ્ટાંત સાથે સર્વ સામાન્ય લોકોને પણ ઉપયોગી થઈ શકે તેવા પ્રકારે ઉપાસનાનો આ સાચો માર્ગ વિસ્તારપૂર્વક કહું છું, કે જેથી તે દરેકને ઉપયોગી થશે. જેવી રીતે સોનામાંથી અનેક દાગીનાઓ તથા તે દાગીનાઓ ઉપર નકશી વગેરે હોય છે, તેવી રીતે આ વિવિધ પ્રકારના રૂપો અને નામો કે જે હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, અમો, તમો ઇત્યાદિ વડે વ્યવહારમાં જાણી શકાય છે, તે સર્વ પરમાત્મામાંથી બનેલા દાગીનાઓ તથા નકશીરૂપ છે. આમ એક ચૈતન્યઘન પરમાત્મા જ અનેક આકારો અને રૂપે ભાસે છે. આ જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કે સ્વાદ વડે જાણી શકાય છે. ટૂંકમાં શરીર, વાણી અને મન વડે જે જે કર્મો કરવામાં આવે છે. તે સર્વ દાગીનાઓ ઉપર કોતરેલી નકશી સમાં છે એમ સમજો. આ રીતે પ્રથમ પરમાત્માના સ્વરૂપ સંબંધે સંપૂર્ણ રીતે દૃઢ નિશ્ચય કરવો, એટલે જેમ સોનું, તેના દાગીના અને તે દાગીના ઉપરની નકશી એ ત્રણેમાં જે ભેદ જણાય છે તે તો કેવળ નામરૂપોનો જ છે, વાસ્તવિક નથી, તેમ આ જગતમાં જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કે સ્વાદ વડે જાણી શકાય છે, અર્થાત કાયા, વાચા અને મન વડે જે સ્થૂલ, સૂક્ષ્મ કર્મો કરવામાં આવે છે તે બધાં પરમાત્માથી અભિન્ન એવા જગતરૂપ દાગીનાઓ ઉપર કોતરેલી નકશીરૂપ છે એમ જાણવું. સારાંશ એ કે સુવર્ણમાંથી જેમ અનેક દાગીનાઓ બને છે તેમ પરમાત્મારૂપ સોનામાંથી આવા અનંત જગતો નિર્માણ થવારૂપ દાગીનાઓ બને છે તેનો પાર નથી. તેમ જ દાગીના ઉપર જેમ નકશી હોય છે તેમ આ જગતમાં ચાલી રહેલો સર્વ વ્યવહાર નકશી રૂપે છે, એવો પ્રથમતઃ નિશ્ચય કરવો. ખરી વસ્તુસ્થિતિ પણ આમ જ છે. એટલા માટે હું આ વાત તમોને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે દુરાગ્રહ અને વિતંડાવાદ છોડીને શુદ્ધ બુદ્ધિ વડે જિજ્ઞાસુઓ આગળ કહેવામાં આવેલા ઉપાસનામાર્ગનો અનુભવ કરી અવશ્ય સાક્ષાત્કાર કરી શકશે. આ ભાવના સિવાય બીજી કોઈપણ ભાવના વડે પરમાત્માનો સાક્ષાત્કાર થવો શક્ય નથી, તે પણ હું તમને પ્રથમથી જ નિશ્ચયપૂર્વક કહી દઉં. આ વાત કાંઈ હું તમને દુરાગ્રહ વડે અથવા તો પંથાભિમાનને વશ થઈને કિંવા અધિકાર યા તો બળજબરીથી કરવાનું કહેતો નથી, તેમ જ તે કાલ્પનિક વા બાળકને સમજાવવા પૂરતી યુક્તિરૂપ પણ નથી, પરંતુ અનુભવ-ગમ્ય છે. જગતમાં માનવામાં આવતો પૂર્વનો યા પશ્ચિમનો કોઈપણ ધર્મ હો, સાંપ્રદાય કિંવા પંથ હો પરંતુ જ્યાં સુધી તેઓ આ પ્રકારના સર્વાત્મભાવ યા નિઃશેષ ભાવના અભ્યાસદ્વારા આત્માનુભવ પ્રાપ્ત કરી શકશે નહિ ત્યાં સુધી જગતમાં ચાલતા સાંપ્રત ઝઘડાઓનો અંત આવવો કદી પણ શક્ય નથી; કારણ કે તે ઝઘડાઓ વગર સમજ્યે કરવામાં આવે છે, માટે હવે હું તમોને ઉપર્યુક્ત ઉપાસનાની સર્વ સામાન્ય પદ્ધતિ કહું છું તથા તેવી ઉપાસના કરતાં અગાઉ કેવા પ્રકારના નિશ્ચયની આવશ્યકતા હોય છે તે પણ દૃષ્ટાંતસહ પ્રથમ સમજાવું છું, સાંભળો.

આ બધું એક જ છે.

પ્રથમ તો ઉપર કહ્યા પ્રમાણે જેમ સોનું અને તેના દાગીના તેમ જ નકશી એ ત્રણમાં કિંચિન્માત્ર પણ ભિન્નતા નથી, તેમ આ પરમાત્મામાં, જગતમાં અને તેને જાણનારા ઈશ્વરમાં કિંચિન્માત્ર પણ ભિન્નતા નથી, એમ દૃઢ નિશ્ચય વડે જાણવું. આ દ્રષ્ટા, દૃશ્ય અને દર્શન; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; કર્તા, કરણ અને કાર્ય; ધ્યાતા, ધ્યાન અને ધ્યેય; બોદ્ધા, બુદ્ધિ અને બોદ્ધવ્ય; ઇત્યાદિ ત્રિપુટી વડે જે જે કાંઈ જાણવામાં આવે છે, તે ત્રિપુટીઓ અને આ ત્રિપુટીઓ છે એવું કહેનારો તેનો સાક્ષી એ બધા જેમ સોનાના અલંકારો, તેના દાગીનાઓ અને દાગીના ઉપરની નકશી ઇત્યાદિ સર્વ સુવર્ણરૂપ જ છે, છતાં તે સોનાની દૃષ્ટિએ નહિ. સોનાને ખબર પણ નથી કે મારા દાગીના બને છે અને દાગીનામાં નકશી છે તથા મને કોઈ સોનું એમ કહેનારો છે. તેમ જગતમાં જેને પરમાત્મા, ખુદા કે ગૉડ કિંવા ઇતર કોઈ નામની સંજ્ઞાઓ વડે સંબોધવામાં આવે છે તે તમામ સંજ્ઞાઓ તો તત્ત્વતઃ અનિર્વચનીય એવા આ પરમાત્માને માટે જ છે. તે વસ્તુતઃ સોનાની જેમ અનિર્વચનીય

હોઈ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, આપ, આપણે, પોતે, પોતાને ઇત્યાદિ સંજ્ઞાઓ વડે જે જે કંઈ વ્યવહારમાં પ્રતીત થયેલું દેખાય છે તે તે તમામ રૂપે પણ પોતે જ અનેલો અનુભવમાં આવે છે. ટૂંકમાં જગતમાં જેટલું કંઈ જાણવામાં સમજવામાં, જોવામાં, સાંભળવામાં, સૂંઘવામાં, સ્પર્શવામાં, ચાલવામાં, બોલવામાં અર્થાત્ શરીર, વાણી અને મન વડે જે જે કંઈ સ્થૂલ અથવા સૂક્ષ્મ ક્રિયાઓ થતી જોવામાં આવે છે, પછી તે વ્યાવહારિક હોય, પ્રાપંચિક હોય, ધાર્મિક હોય કે આત્મોન્નતિ જેવી ઉચ્ચ ભાવનાદર્શક હોય, પરંતુ તે તો સર્વ એક આત્મસ્વરૂપ જ છે. જેમ નકશીસહ સોનાના દાગીનાઓ સોનાથી યત્કિંચિત્ પણ ભિન્ન હોતા નથી, તેમ આ બધું અનિર્વચનીય એવા આત્માથી જરા પણ ભિન્ન નથી, એમ નિશ્ચયાત્મક સમજો.

જગતમાં ઝઘડાઓને સ્થાન ક્યાં છે?

પ્રશ્ન : ખરેખર આપ કહો છો તેમ જ હોય તો પછી જગતમાં ઝઘડાઓનું સ્થાન જ નહિ રહે. વળી આ ભ્રમ બધાને જ એકસરખો કેમ અનુભવવામાં આવે છે?

ઉત્તર : તમોને જે ઉપર કહેવામાં આવ્યું છે, તે તદ્દન સાચું જ છે, એમાં તો જરા પણ શંકા નથી; જગતમાં ચાલતા આ બધા ઝઘડાઓ તદ્દન મિથ્યા જ છે. તે કેવી રીતે તે સમજાવવાને માટે એક દૃષ્ટાંત કહું છું. કેટલાક સમય પૂર્વે એક ગામમાં થોડા સમયને માટે નિવાસ થયો. ઘણે ભાગે રાત્રે તો જંગલમાં જ નિવાસ હતો. નિદ્રાનો અભાવ હોવાથી રાત્રે જંગલમાં જ ગમે ત્યાં પર્યટન કરવામાં આવતું. એક દિવસે એમ બન્યું કે તે ગામના સ્મશાનમાં એક વડના ઝાડ નીચે હું નિરાંતે બેઠો હતો. રાત અંધારી હતી, પ્રકાશનું નામ પણ ન હતું અને રાત્રે સ્મશાન હશે તેની પણ કલ્પના ન હતી. થોડે દૂર એક કાચી સડક હતી અને ત્યાંથી થોડે છેટે આગગાડીના પાટાઓ ઓળંગવાનું બારું (ફાટક) હતું, બાજુએથી એક મોટર માણસોથી ભરાઈને આવતી હતી. મધ્યરાત્રિનો સમય, મોટર ફાટક છોડીને આવે છે, એટલામાં મેં ઊઠીને ફાટક તરફ ચાલવા માંડયું. મોટર-ગાડીના દીવાઓના પ્રકાશ વડે મને સામો આવતો મોટરમાં બેઠેલા બધાઓએ દૂરથી જોયો અને મધ્યરાત્રિએ સ્મશાન તરફથી આવનાર આ ઉઘાડા શરીરવાળો કોઈ અવશ્ય ભૂત છે, એમ સમજીને મોટર પાછી વાળી. હું તો સામો ચાલ્યો જતો હતો. મોટરગાડી તો ફાટક વટાવીને પેલી બાજુ નીકળી ગઈ. ત્યાંથી શુમારે એક ગાઉના અંતરે બીજા ફાટકેથી ગામમાં જવાનો રસ્તો હતો. તે માર્ગે ગામમાં આવવા માટે તેણે પ્રયત્ન કર્યો. ઈશ્વરસંકેત કહો કે ગમે તે કહો, મને તો આ વાતની કલ્પના પણ ન હતી. હું તો પ્રથમના ફાટક પાસે આવી પછી રેલ્વેના રસ્તે વળ્યો અને બીજા બારે(ફાટકે)થી થોડા અંતર ઉપર તે જ મોટરનાં મને પુનઃ દર્શન થયાં. મોટર વળી પાછી ત્યાં ઊભી રહી. હવે તો તેઓના મનમાં ચોક્કસ થઈ ચૂક્યું કે આજે તો આપણને આ ભૂત જવા દે તેમ નથી; તેથી મોટરને ત્યાંથી વળી પાછી વાળી દીધી. હું તો આગળ ચાલ્યો ગયો. બીજે દીવસે સવારે ચાર વાગે મોટર ગામમાં આવી ને બધે એક જ કોલાહલ મચી રહ્યો કે અમુક રસ્તે ગઈ કાલે રાત્રે અમારી પાછળ ભૂત લાગ્યું હતું. હું શુમારે દશ વાગે ગામમાં આવ્યો. જે ગૃહસ્થને ત્યાં મુકામ હતો, તેઓના કાને પણ આ વાત પહોંચી હતી. તેમણે કહ્યું આપ રાત્રે અમુક રસ્તે ના જશો. ત્યાં તો ગઈ કાલે રાત્રે આવા પ્રકારનો બનાવ બન્યો અને આ બધાને તે અનુભવમાં આવ્યો. તે સ્મશાન તો ઘણું ભયંકર છે. આ સાંભળતાં જ મારા લક્ષમાં સર્વ પરિસ્થિતિ આવી. તેથી મને હસવું આવ્યું. મેં તે સદ્-ગૃહસ્થને કહ્યું, આ તો હું જ તે ભૂત હતો. તાત્પર્ય એ કે, જેમ ભૂતનું નામનિશાન પણ નહિ હોવા છતાં આવો મોટો ઉત્પાત મચી ગયો તેમ બધાઓને જે વસ્તુ નથી તે વસ્તુ છે એવો દુરાગ્રહ ગાડરિયા પ્રવાહની માફક અજ્ઞાનથી વગરવિચાર્યે ઘૂસી જવા પામ્યો છે; અને તેથી જ જગતમાં આ બધા ઝઘડાઓ ચાલી રહ્યા છે. જો સાચી પરિસ્થિતિનું ભાન થાય તો પછી ઝઘડાઓનું સ્થાન ન રહે અને આજે જ બધું જગત સુખ અને શાંતિ અનુભવી શકે.

કિરણાંશ ૨૦

બધાને જ ભ્રમ

પ્રશ્ન : આપ કહો છો તે ઉપરથી તો કહેનારો પણ ખોટો અને તેનો સર્વ વ્યવહાર પણ સાવ ખોટો છે એમ ઠરે. પરંતુ બધાનો જ એક સરખો ભ્રમ શી રીતે થવા પામ્યો ?

ઉત્તર : તમો સમજ્યા છો તે બરાબર છે. કહેનારો પણ ખોટો અને તેનો જે જે કાંઈ કાયિક, વાચિક, માનસિક વ્યવહાર થાય છે, તે તેમ જ તેને જ્ઞાનેન્દ્રિય દ્વારા જે કાંઈ પ્રતીત થાય છે તે બધું જ ખોટું છે. ઉદાહરણ માટે જુઓ, આ સામે દાડમ પડ્યું છે. પાસે બેઠેલા છોકરાઓને ઉદ્દેશીને પૂછ્યું. " છોકરાઓ ! આનું નામ શું ?" દશ જણાએ મોસંબી, પાંચજણાએ સંતરું, સાત જણાએ લીંબુ એમ બધાએ જુદું જુદું કહ્યું. તેથી તેમને ફરીથી પૂછ્યું કે આમાં મારે ખરું કોને સમજવું ? મોસંબી કહેવાવાળાઓએ કહ્યું અમારું ખરું છે, કેમકે અમારી બહુમતી છે. લીંબુવાળાએ કહ્યું તેમની બહુમતી છે તેથી શું થયું ? ખોટું કહે છે ને વળી બહુમતીની વાતો કરે છે. ત્યારે ત્રીજા પક્ષે કહ્યું અમારું સાચું છે, આ બેઉ ખોટા છે. મેં કહ્યું તમારા પૈકી જેનું સાચું હશે તેને સારી બક્ષિસ આપવાનો મારો વિચાર છે. પણ તમારા ત્રણે પક્ષ પૈકી ખરું કોનું તેની તમોએ મને જાતે જ ખાતરી કરાવી આપવી જોઈએ. હું કહીશ નહિ. પછી તો બક્ષિસની લાલચથી ત્રણે પક્ષમાં લડાલડા શરૂ થઈ. તે પૈકી એક છોકરાએ મોસંબીના ચિતાને પૂછી લીધું અને બધાને કહ્યું કે, અરે ! આપણા બધાંનું જ ખોટું છે; આ તો દાડમ કહેવાય. પરંતુ તેનું કોણ માને ! આ રીતે દરેકને પોતાને જ જ્યાં સુધી તે દાડમ છે, તેવું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી આ ઝઘડાનો અંત કેવી રીતે આવે ? આખરે તેઓ થાક્યા અને પછી ધીરે ધીરે એકેકે તેનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું, એટલે તમામ ઝઘડાનો અંત આવી ગયો. તેમ આત્માને પોતાના અસલ સ્વરૂપે નહિ પિછાણવાથી અજ્ઞાનને લીધે જ આ જગતમાં આ બધા ઝઘડાઓ ચાલી રહેલા જોવામાં આવે છે તેથી સાચું ભાન થતાં સુધી તે જેમના તેમ કાયમ રહેશે, અને સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં પોતાને જ પોતાની આજદીન સુધીની થયેલ મૂર્ખતા પ્રત્યે હસવું આવશે. આ ઉપરથી તમો સમજી શકશો કે બધાને એક સરખો જ ભ્રમ થયો છે, એમ પણ કહેવાય નહિ, તેવું જો થાત તો ઝઘડાને પણ સ્થાન ન રહેત. પણ જગતના વ્યવહારમાં જુઓ તો કેટલાકો જેને સાચું ગણે છે, તેને બીજા કેટલાકો ખોટું ગણે છે. વળી મનુષ્યજીવનનો વ્યવહાર પશુ પક્ષ્યાદિ માટે ઉપયોગનો નથી, તેમ જ જગતમાં મનુષ્યોનો આપસ-આપસમાં થતો વ્યવહાર પણ સ્થાન, કાળ અને દેશવશાત્ ભિન્ન ભિન્ન જોવામાં આવે છે. વળી બાળક, જુવાન અને વૃદ્ધોના વ્યવસાયમાં પણ જુદો જુદો વ્યવહાર હોવાનું જણાઈ આવે છે. અર્થાત્ બધાના વ્યવહારમાં એકવાક્યતા જ ક્યાં છે ? તો પછી તમો જે કહો છો કે બધાને એકસરખો જ ભ્રમ કેમ થવા પામ્યો, તે ઉપરના ફળને ઓળખવા સંબંધમાં બાળકોના અજ્ઞાનને લીધે થયેલા જુદા જુદા મનરવી વિચારરૂપ કલ્પનાચિત્ર ઉપરથી સ્પષ્ટ જણાઈ આવશે.

મનુષ્યોની વ્યવહારરચના નિરર્થક કેમ ?

જુઓ. મનુષ્યોએ આપસઆપસમાં વ્યવહાર ચલાવવાને માટે જે વ્યવહારરચના કરી છે તે જગતમાં આવેલા પશુ, પક્ષીઓની દૃષ્ટિએ તદ્દન નિરર્થક છે, તેમ પશુ પક્ષ્યાદિકોની કાંઈ રચના હોય તો તે મનુષ્યોને માટે પણ નિરર્થક છે. વળી પાષાણાદિકો કે જે જગતમાં જ ગણાય છે જગતની બહાર ગણાતા નથી, તેમની દૃષ્ટિએ તો કોણ જાણે શું હશે ? તેમ તેમને કાંઈ દૃષ્ટિ હશે એવી કલ્પના પણ મનુષ્યો કરી શકતા નથી અને આ વૃક્ષ પાષાણાદિકોને તો મનુષ્યાદિ જેવું કોઈ હશે તેની પણ કલ્પના હશે કે નહિ, તેની સામાન્ય વ્યવહારમાં તો કલ્પના પણ કરી શકાય તેમ નથી અને કદાચ કોઈ કરે તો તે મનુષ્યવ્યવહારની દૃષ્ટિએ હાસ્યાસ્પદ ગણાશે. પરંતુ વાસ્તવિક રીતે તો જગત શબ્દોમાં જેનો સમાવેશ થાય છે, પછી તે સ્થાવર હો, યા જંગમ હો, જડ હો યા ચેતન હો, તે તમામ બાબતો જગત જેવી સંજ્ઞામાં જ આવી રહે છે. માટે આવી

વિશાળ દૃષ્ટિએ વિચાર કરો કે આ બધા જગવ્યવહારમાં પણ એકવાક્યતા કયાં છે? કદાચ તમો કહેશો કે મનુષ્યો સિવાય બીજાઓનો સમાવેશ જગતમાં શા માટે કરવો? તો પછી તમોને સામું એમ પૂછવું પડશે કે આ બધો જગતનો વ્યવહાર ચાલે છે, એમ પણ તમે કહી શકશો નહિ. મનુષ્યોના વ્યવહાર પૂરતો જ વિચાર કરવાનો હોય તો ફક્ત આ બધો મનુષ્યનો જ વ્યવહાર છે, એટલું મર્યાદિત સ્વરૂપ જ તેને આપવું પડશે. જગતનું નામ જે લેવામાં આવે તો પછી તેમાં સમાવેશ થતી જગતમાંની તમામ વસ્તુઓને જાણવી પડે. જેમ ઘરના વ્યવહારમાં પણ કેવળ મનુષ્યો કેટલાં છે તે જાણવાથી બસ થતું નથી, પરંતુ તે વ્યતિરિક્ત ઇતર સર્વ બાબતોનો વિચાર કરવો જરૂરી છે; તેમ જગતરૂપી મહાન ઘરમાં પણ મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષ, પાષાણાદિ ચોરાશી લાખ સ્થૂલ યોનિઓનો સમાવેશ થઈ જાય છે. તેથી જગતના વ્યવહારમાં આ બધું વિચારમાં લેવું પડશે, તો જ તેને આ બધો જગતનો વ્યવહાર છે એવી સંજ્ઞા આપી શકાય. આ તો વ્યવહારદૃષ્ટિના આશ્રયે સમજાવ્યું, આત્મદૃષ્ટિએ તો કાંઈ છે જ નહિ.

જગવ્યવહારનું મિથ્યાત્વ કેવી રીતે સિદ્ધ થાય?

જેમ સોનાની દૃષ્ટિએ દાગીના નકશી અને તેમનો જાણનારો એ બધાં જ મિથ્યા છે. તેમ આ જગતમાં જે જે કાંઈ છે, તે બધાને જાણનારો જીવાત્મા કે જે પોતે જ વાસનાવશાત્ મિથ્યાભ્રમ વડે ચોરાશી લાખ સ્થૂલ યોનિઓને પ્રાપ્ત થયેલ છે, તેની દૃષ્ટિએ જ આ બધા ભેદો જોવામાં આવે છે પણ તે વાસ્તવિક નથી. જેમ ઉપરનાં દાડમના ઉદાહરણમાં તેને જાણવાનો મિથ્યા દાવો કરનારા ત્રણ વિભાગો પડ્યા, પરંતુ વસ્તુતઃ તો તે સર્વે અજ્ઞાની જ હતા અને તેઓને અજ્ઞાન વડે જ ભ્રમ થયો હતો. તેમ મિથ્યા ઉપાધિરૂપ ભ્રમ વડે આ જીવાત્માને આત્માનું સાચું સ્વરૂપ નહિ સમજવાને લીધે અજ્ઞાનથી આત્મામાં આમ ચોરાશી લાખ પ્રકારના સ્થૂલ વિભાગો પડ્યા હોવાનો ભ્રમ થયેલો ભાસે છે. વળી જેમ દાડમ હોવા છતાં તેને મોસંબીરૂપે જોનારાને તો તેમની મોસંબીની કલ્પના પ્રમાણે તેટલા વખત માટે તે જ સત્ય હોવાનું લાગતું હતું. લીંબુ તથા સંતરાવાળાને પણ પોતપોતાની માન્યતા જ સત્ય હોવાનું લાગતું હતું. આમ એક જ દાડમના જુદા જુદા જાણનારાઓના અજ્ઞાનને લીધે જેમ ત્રણ સમૂહો ઉત્પન્ન થયા તેમ આ એક જ આત્મતત્ત્વમાં આ જગત છે, આ ઝાડ છે. આ પહાડો છે, આ પશુપક્ષીઓ છે, આ મનુષ્યો છે ઇત્યાદિ, સ્થાવર જંગમ, જડ, ચેતનાદિ ચોરાશી લાખ સ્થૂલ ભેદો કિંવા સમૂહો મિથ્યાભ્રમથી ઉત્પન્ન થવા પામ્યા છે, એવો અંતર્દૃષ્ટિ વડે સ્વાનુભવ લઈ મહર્ષિઓએ સિદ્ધાંત નિશ્ચિત કરેલો છે. તેની ખાતરી ઇચ્છનારાઓ પ્રથમ આત્માનો સાક્ષાત્કાર કરી લઈ પછી સત્ય સંકલ્પ કિંવા ધારણાભ્યાસ વડે તેનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે, એવો નિયમ છે. એટલે જેમ બાળકોનાં ઉપરનાં દૃષ્ટાંતમાં દાડમને ન જાણનારા અજ્ઞાનીના સમૂહમાં ત્રણ ભેદો પડ્યા, તેમ આત્માને નહિ જાણનારા અજ્ઞાની એવા મિથ્યા જીવાત્મામાં અજ્ઞાન વડે ઉપજેલા ભ્રમને લીધે વાસનાનુસાર ચોરાશી લાખ ભેદો જાણે કે સાચા જ ન હોય અને તેનો પ્રત્યક્ષ અનુભવ પણ આવતો ન હોય તેવી રીતે ભાસી રહ્યા છે. તથા આત્માનો સાક્ષાત્કાર થતાં જેમ જાગ્રત થતાંની સાથે સ્વપ્ન એકદમ કયાં અદૃશ્ય થઈ જાય છે તે સમજી શકાતું નથી, તેમ આ બધા ભેદાભેદો એકાએક કયાં અદૃશ્ય થઈ જાય છે તે સમજી શકાતું નથી.

કિરણાંશ ૨૧

જીવ, ઈશ્વર કિંવા આત્મા એટલે શું?

પ્રશ્ન: જાણનારો પણ અજ્ઞાની કિંવા મિથ્યા શી રીતે કહેવાય? તે તો વસ્તુથી તદ્દન જુદો હોય છે,

ઉત્તર: તમારો આ પ્રશ્ન સિદ્ધાંત સમયે શોભે તેવો છે, તેનું વિવેચન આગળ સિદ્ધાંતકાંડમાં કરવામાં આવશે. હાલમાં તમોને એટલું જ સમજાવું છું કે, આ ખોટું છે અને આ સાચું છે, એવા બે પ્રકારોને જાણનારો તેથી તદ્દન ભિન્ન એવો ત્રીજો જ હોય છે અને વાસ્તવિક તો તે સ્વતઃસિદ્ધ છે. તે જ પોતે અજ્ઞાનને જાણવાને માટે અજ્ઞાનરૂપ બને છે અને જ્ઞાનને જાણવાને માટે જ્ઞાનરૂપ બને છે. એટલે આ મૂળ જ્ઞાન સ્વરૂપ

એવા સ્વતઃસિદ્ધ એક જ આત્મા જ્ઞાન અને અજ્ઞાન તેમજ તેને જાણનારો એમ ભિન્ન ભિન્નરૂપે બને છે. જેમ પ્રકાશને અંધારું કદી પણ જોઈ શકતું નથી. તેમજ અંધારાને પણ પ્રકાશ કેવો હશે તેની ખબર હોતી નથી. વળી ઉપરના દૃષ્ટાંતમાં દાડમને મોસંબી, સંતરું કિંવા લીંબુરૂપે જાણનારો તે અજ્ઞાની જ કહેવાય. કેમકે ત્યાં મોસંબી, સંતરું કિંવા લીંબુ કદી હતાં જ નહિ. જે વસ્તુ હતી જ નહિ, તેનો સાક્ષી પણ કેવો અને ક્યાં હોય? એટલે જેમ બી તેવો અંકુર હોય છે તેમ અજ્ઞાનરૂપ કાર્યનું બી પણ અજ્ઞાન જ હોય, એવો ન્યાયશાસ્ત્રનો પણ નિયમ છે. આ નિયમાનુસાર ત્યાં મોસંબી, સંતરું કે લીંબુ કદી હતું જ નહિ, તેથી જે કદી હતું જ નહિ તેને જાણનારો પણ તેના જેવો જ હોય, એ પણ સ્વાભાવિક રીતે સિદ્ધ થાય તેમ છે. એટલે 'છે' ને જાણવાવાળો 'છે'રૂપ તથા 'નથી' ને જાણવાવાળો 'નથી'રૂપ જ હોઈ શકે. કેમકે 'છે' અને 'નથી' એ બંને પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પર વિરુદ્ધ ભાવો છે, તેથી પ્રકાશ જેમ અંધારાને અને અંધારું જેમ પ્રકાશને કદી પણ જાણી શકતું નથી, તેમ આ 'છે' અને 'નથી' એ બંને પરસ્પર વિરુદ્ધ તત્ત્વો હોવાથી 'છે' ને 'નથી' અને 'નથી' ને 'છે' એ કદી પણ જાણી શકે નહિ. પરંતુ જેટલું 'છે' હોય ત્યાં 'નથી' નું અસ્તિત્વ હોતું નથી અને 'નથી' હોય ત્યાં 'છે' નું અસ્તિત્વ કદાપિ હોઈ શકે નહિ. આ ન્યાયાનુસાર ઉપરના ઉદાહરણની અંદર કહેલા દાડમને તે લીંબુ, સંતરું યા મોસંબી છે એવું કહેનારો અને તેમ કહેવાની બુદ્ધિને ખોટી પ્રેરણા આપનારો તેનો દ્રષ્ટા વા સાક્ષી પણ ખોટો જ કોઈ છે. જેમ પ્રકાશ થતાંની સાથે જ અંધારું એકદમ ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે તેમ આ દાડમ છે, એવું સાચું જ્ઞાન આપનારો અને બુદ્ધિને તેવી પ્રેરણા કરનારાનો ઉદય થાય ત્યારે તેને આ લીંબુ, સંતરું, કિંવા મોસંબી છે, એમ કહેનારો તથા તેની દૃષ્ટિએ જોવામાં આવેલ મોસંબી, સંતરું, લીંબુ વગેરે વસ્તુઓનો મૂળ સહિત તદ્દન નાશ થાય છે, એ બાબત સારી રીતે સમજી શકાશે. હવે દાડમને તે મોસંબી, સંતરું કિંવા લીંબુ છે એમ કહેવાથી કાંઈ હાનિ પહોંચતી નથી કિંવા તે કાંઈ તે રૂપે કદી બની જતું નથી. તેમ તે મોસંબી, સંતરું કિંવા લીંબુ નથી પણ દાડમ છે, એમ કહેવાથી કાંઈ તે દાડમ થઈ ગયું એમ પણ નથી. તે તો પોતાના અસલ સ્વરૂપમાં જ સ્થિત હતું, છે અને હશે. તેના સ્વરૂપમાં કદી સહેજ પણ વિકાર ઉત્પન્ન થતો નથી. એટલું જ નહિ પરંતુ તેને કોઈ લીંબુ, સંતરું, મોસંબી ઇત્યાદિ જુદા જુદા ખોટારૂપે તથા આકારે ઓળખનારા કિંવા જાણનારા છે અથવા હું દાડમ છું એવા એક આકારે જાણવાવાળો કોઈક છે, તેની પણ કલ્પના હોતી નથી.

જીવ અને ઈશ્વર એટલે શું ?

ઉપરના આ ઉદાહરણ પ્રમાણે દાડમને જેમ લીંબુ, સંતરું આદિ રૂપે જાણવું એ અજ્ઞાન છે, તેમ આત્માને આ જગતાદિ અનંત નામ, રૂપો વડે જાણવું તે અજ્ઞાન હોઈ તેને જાણનારો તે જીવ કહેવાય. તેમજ જે તેને આ લીંબુ, સંતરાદિ નહિ પણ દાડમ છે, એવા એક સાચા રૂપે જાણે છે તે જ્ઞાન કહેવાય; તેમ આ ભિન્ન ભિન્ન અનંત રૂપે ભાસનારું જગતાદિ દૃશ્ય બિલકુલ છે જ નહિ પરંતુ પોતા સહ આ બધું એક આત્મસ્વરૂપ છે એવું જાણવું તે સાચું જ્ઞાન હોઈ તેવું જાણનારો તે જ ઈશ્વર કહેવાય. આથી મિથ્યાને જાણનારો મિથ્યા અને સત્યને જાણનારો સત્ય; એ ન્યાયાનુસાર આત્માને અનાત્મરૂપે જાણનારો જીવ પણ અનાત્મારૂપ હોઈ તે મિથ્યા જ ઠરે છે તથા આત્માને આત્મારૂપે જાણનારો ઈશ્વર સત્ય ઠરે છે. આ આત્માને જ લોકો સમજી શકે તેટલા માટે બ્રહ્મ, ચૈતન્ય, પરમેશ્વર, પરા, સત્, ઋત, અમૃત ઇત્યાદિ અનેક સંજ્ઞાઓ શાસ્ત્રમાં આપવામાં આવેલી છે.

સર્વાત્મભાવ શી રીતે સિદ્ધ થાય ?

આ આત્માને જ બૌદ્ધ, અર્હંત તથા ચાર્વાક આદિ અનેક સંપ્રદાયિકો અથવા જગતમાં ઈસાઈ, મુસલમાન, પારસી, યહૂદી વગેરે જેટલા પ્રકારના લોકો છે તે સર્વ પોતપોતાની માન્યતા પ્રમાણે નામરૂપાદિ વડે ઉપાસી રહ્યા છે. આમ જાણપણે કે અજાણપણે જગતમાં બધે એક આત્માની જ ઉપાસના ચાલી

રહેલી જોવામાં આવે છે. જેવી રીતે દાડમને અજાણપણે મોસંબી, સંતરું વગેરે ભલે કહેવામાં આવે પરંતુ તે આરોપ તો મૂળ દાડમ ઉપર જ કરવામાં આવે છે ખરું ને ? અર્થાત્ દાડમ કહેવાને બદલે તેને જ મોસંબી, સંતરું વગેરે કહેવામાં આવે છે, કેમકે જોનારે બીજે કોઈ સ્થળે મોસંબી, સંતરું વગેરે જોયાં હશે, પરંતુ અત્રે તો દાડમ ઉપર જ તે તે સ્મૃતિભાવોની કલ્પના તેણે કરી લીધી હતી. તેથી દાડમ એ તેનું અધિષ્ઠાન કહેવાય અને તેના ઉપર મોસંબી, સંતરું વગેરેનાં નામો આરોપિત થયાં; તેમ આ અધિષ્ઠાનરૂપ આત્માને જ જગતરૂપે, આત્મારૂપે અથવા તો બીજા કોઈ નામરૂપે જાણ કિંવા અજાણપણે કહેવામાં કે બોલાવવામાં આવે તો તે સર્વ એક આત્માની જ ઉપાસના થઈ રહી છે, એમ બુદ્ધિમાનો હવે સારી રીતે સમજશે. ભેદ એટલો જ કે ઉદાહરણમાં તો દાડમને મોસંબી છે એમ કહેનારો જુદો હોય છે, ત્યારે આત્મામાં તો તેવો કહેનારો પણ આત્માથી જુદો કોઈ છે જ નહિ. આ વિવેચન ઉપરથી સર્વાત્મભાવ કેવી રીતે સિદ્ધ થાય છે તે બુદ્ધિમાનોને સારી રીતે સમજાયા પછી જગતમાં ઝઘડાનું મૂળ શું છે અને તે પણ વાસ્તવિક રીતે કેવું મિથ્યા છે તે લક્ષમાં આવશે. આમ જ્ઞાન અને અજ્ઞાન કિંવા સત્ય અને મિથ્યા એ બે વસ્તુનું નિરાકરણ (સ્પષ્ટીકરણ) થયું. હવે આપણે તે કરતાં ઉપરની સ્થિતિનો વિચાર કરીશું.

જગતશાંતિનો ખાતરીલાયક એકમેવ માર્ગ

જેમ દાડમને લીંબુ, સંતરું કિંવા મોસંબી કહો કે દાડમ કહો પરંતુ તે તેની દૃષ્ટિએ તો કાંઈ હોતું જ નથી, તેમ આત્માને તો કલ્પના પણ નથી કે મને કોઈ અનાત્માદિ અનેક રૂપે જાણીને આપસઆપસમાં ઝઘડાઓ કરે છે, કિંવા કોઈ મને આત્મારૂપે સમજીને શાંત થયા છે. આ રીતે તેને બંને ભાવોની તથા તેમના જાણનારા જીવ અને ઈશ્વર બંનેની કલ્પના હોતી નથી. તે તો તદ્દન નિશ્ચળ ને નિશ્ચળ જ રહે છે. તેમાં કદી પણ વિકાર સંભવતો નથી. તે સત્ય અને અસત્ય બંનેથી પર છે. તેને માટે વસ્તુતઃ આત્મા એ સંજ્ઞા પણ મિથ્યા છે, કેમકે આ આત્મા છે એવું કહેનારની પૂર્વે તો તે મોજૂદ જ હોય છે. એવું તે પરમ તત્ત્વ જ સર્વનું મૂળ હોઈ તેની પ્રાપ્તિ કરવી એ જ ખરો પુરુષાર્થ છે. જ્યારે તેની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ આ સર્વ કર્મો કરવા છતાં પણ મનુષ્ય તદ્દન અલિપ્ત થઈ જાય છે, તથા તેના તમામ ભ્રમો નષ્ટ થાય છે અને તેને જ ખરી નિષ્કર્મતા પ્રાપ્ત થઈ શકે છે. જગતના તમામ ઝઘડાઓના શમનનો આ જ એક માર્ગ છે. આ સિવાય બીજા કોઈ પણ માર્ગ વડે જગતમાં શાંતિ થવી કદી પણ શક્ય નથી, એવો સિદ્ધાંત છે. એટલા માટે હું તમોને પ્રતિજ્ઞાપૂર્વક અને નિશ્ચયથી કહું છું કે, ખરેખર જગતમાં શાંતિની કિંવા દુઃખોની નિવૃત્તિની જેમની ઇચ્છા હોય તેમણે આ માર્ગનો અનુભવ કરી જોવો. આ રીતે આત્માનો સાક્ષાત્કાર કર્યા પછી પણ કોઈના દુઃખોનો અંત આવતો નથી કિંવા જગતમાં શાંતિ સ્થપાતી શક્ય નથી, એવું જો કોઈ અનુભવથી (કેવળ મોઢેથી બોલનાર વાક્પંડિતાદિ નહિ) કહેશે તો પછી મારા આ અસત્યના દોષને માટે જો તે માગશે તો મારા દેહના ટુકડાઓ પણ હું તેઓને ખુશીથી અર્પણ કરીશ, એવી મારી અંતિમ પ્રતિજ્ઞા છે. આત્મસ્થિતિની પ્રાપ્તિ થયા પછીની એટલે જેને શાસ્ત્રોમાં જીવન્મુક્તિ કહે છે, તે સ્થિતિનું વર્ણન હું તમોને આગળ સિદ્ધાંતકાંડમાં કહીશ. હાલ તો ફક્ત એટલું જ કહું છું કે મનુષ્યોએ પ્રથમ તો સર્વાત્મભાવરૂપ આત્મસ્થિતિની જ પ્રાપ્તિ કરી લેવી જોઈએ. તેની એક વખત પ્રાપ્તિ થયા પછી તે સાચો નિષ્કામ બની આ જગતાદિનો સર્વ વ્યવહાર સારી રીતે અને શાંતિથી કરી શકે છે, જનકાદિની જેમ મોટું રાજ્ય પણ ચલાવી શકે છે. કિંવા શ્રીકૃષ્ણ ભગવાનની માફક જીવન્મુક્ત થઈ અજ્ઞાનીઓને વખતોવખત યોગ્ય, ન્યાયી અને સયુક્તિક સલાહ આપી અર્જુનની જેમ કાર્યપ્રવીણતાનો માર્ગ પણ બતાવી શકે છે. એટલું જ નહિ પરંતુ કોને, કેવી રીતે, કયારે અને કયો માર્ગ બતાવવો, તે પણ ત્યારે જ સમજી શકાય છે. આ ધ્યેયની પ્રાપ્તિ કરનારો તે જ ખરો કર્મયોગી કહેવાય છે; અને તે જ ખરો કર્મયોગી થઈ શકે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ મનુષ્યોનો ખરો પુરુષાર્થ છે. મોટું સામ્રાજ્ય પણ આ પદવી આગળ તુચ્છ છે. આજે કિંવા હજારો જન્મો પછી પણ છેવટે આ ધ્યેયને જ પ્રાપ્ત કરવાનું છે, તે કર્યા વગર છૂટકો જ નથી તે નિશ્ચયથી જાણો.

કિરણાંશ ૨૨

આત્મપ્રાપ્તિનો અભ્યાસક્રમ

રાજા બોલ્યા : મહાત્મન્! આપે કૃપા કરીને અમોને ગહન વિષય ઘણો જ સરળ અને સારી રીતે સમજાવ્યો, હવે તેની ઉપાસના કિંવા અભ્યાસ કેવી રીતે કરવો તે સમજી શકાય તેમ વધુ સ્પષ્ટ કરીને કહેશો તો મોટો ઉપકાર થશે. જો કે સિદ્ધાંતકાંડમાં તો આ બાબત આપ સ્પષ્ટ કરશો જ, છતાં તે સમજવા માટે અમો ભાગ્યશાળી બનીએ તે પૂર્વે આ ઉપાસનાનો ક્રમ આપની પાસેથી સારી રીતે સમજવાની ઇચ્છા છે કે જેથી મુમુક્ષુઓને માટે તે માર્ગદર્શક થઈ પડે.

આત્મસાક્ષાત્કાર કેવી રીતે થાય ?

રાજાનો ઉપર પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને કહ્યું, સાંભળો. મારે તમોને આત્મસાક્ષાત્કાર માટે ઉપાસના કેવી રીતે કરવી તે કહેવાનું છે. પરંતુ જેની ઉપાસના કરવી તે કોણ, કેવો અને ક્યાં છે? એ એક વખત સારી રીતે ધ્યાનમાં આવવાથી આત્માનું સાચું સ્વરૂપ લક્ષમાં આવી શકે છે, તેટલા માટે જ મેં અત્યાર સુધી આ બધું વિવેચન કર્યું. વળી સર્વનું અંતિમ ધ્યેય પણ તે જ છે. જગતમાં શાંતિ તો આ ધ્યેયની પ્રાપ્તિ કરનારાઓ જ પ્રાપ્ત કરી શકે છે. જગતમાં સાચો માર્ગદર્શક પણ તે જ થઈ શકે છે. અસ્તુ. હવે ઉપાસના સંબંધે સાંભળો; આત્માને જાણવા માટે વસ્તુતઃ તો કોઈ સાધનોની જરૂર નથી; તે તો સ્વતઃસિદ્ધ જ છે. જેમ સુવર્ણને હું સુવર્ણ છું એમ જાણવાની જરૂર હોતી નથી, તેમ આ આત્માના સંબંધમાં પણ જાણો. શ્રેષ્ઠ બુદ્ધિમાનો તો તેનું વર્ણન સાંભળતાં સાંભળતાં તત્કાળ આત્માનો અપરોક્ષાનુભવ કરી લે છે. જેમ અરીસામાં જે વસ્તુનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા હોય તેને અરીસાની સામે લાવીને મૂકવી પડે છે, ત્યારે જ તે વસ્તુનું પ્રતિબિંબ અરીસામાં દેખાય છે, એ વાત તો સર્વના જાણવામાં આવી શકે તેવી તદ્દન સ્પષ્ટ જ છે; પરંતુ આકાશનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા હોય તો ફક્ત અરીસાની સામે જે જે વસ્તુઓ પડી હોય તે તમામને બાજુએ હઠાવી લેવી પડે છે. આમ અરીસાની સામે કોઈ પણ વસ્તુ (ભીંત પણ) ન હોય એટલે તેમાં આકાશનું પ્રતિબિંબ સ્વાભાવિક રીતે જ પડે છે. કારણ તો સ્પષ્ટ જ છે કે, બીજી વસ્તુઓની પેઠે આકાશને કાંઈ અરીસાની સામે મૂકી શકાય નહિ, કેમકે તે કાંઈ સામે મૂકી શકાય તેવી વસ્તુ નથી. તેથી અરીસામાં આકાશનું પ્રતિબિંબ જોવું એટલે તકતા સામેની તમામ વસ્તુઓને હઠાવવી, એટલું જ એક કાર્ય કરવાનું હોય છે; તેમ આત્માનો સાક્ષાત્કાર કરવાનો એટલે શરીર, વાણી, મન અને બુદ્ધિ ઇત્યાદિ વડે હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, અમો, તમો, અમારે, તમારે વગેરે રૂપે જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કે સ્વાદ લેવામાં આવે છે તે સર્વનો વિલય કરવો. આ રીતે પોતાસહ સર્વ ભાવોનો વિલય કરી નાખવો એટલું જ એક કાર્ય કરવાનું હોય છે, એ વાત ખાસ ધ્યાનમાં રાખવી. હવે આત્માની ઉપાસના સંબંધે સિદ્ધાંતકાંડમાં વિવેચન આવશે જ, છતાં અહીં સંક્ષેપમાં કહું છું.

આત્મપ્રાપ્તિ માટે અભ્યાસની જરૂર છે ?

જેમ પ્રથમ બતાવેલા દાડમના દૃષ્ટાંતમાં દાડમનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે વસ્તુતઃ અભ્યાસની જરૂર નથી; પરંતુ તેવા પ્રકારના તીવ્ર બુદ્ધિમાનો તો ક્વચિત જ સાંપડે છે કે જેઓ એક વખત આત્માનો ઉપદેશ સાંભળતાં સાંભળતાં જ તેવા પ્રકારનો નિશ્ચય કરીને તત્કાળ નિર્વિકલ્પતામાં સ્થિત થઈ જાય છે. તે સિવાયના બીજાઓને માટે તો અભ્યાસની જરૂર હોય છે. તે અભ્યાસ કરવાના નીચે મુજબ મુખ્ય ચાર પ્રકારો છે: જેમ દાડમનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના ઉપર આ મોસંબી છે, આ લીંબુ છે, આ સંતરું છે વગેરે પ્રકારના કરવામાં આવતા આરોપો ખોટા હોવાથી તે લીંબુ નથી, મોસંબી નથી, એ રીતે તેના ઉપર જે જે આરોપો થયા હોય તે સર્વ આરોપોને 'આ નથી', 'આ નથી' એ રીતે ત્યાગ કરવો અને શેષ રહે તે દાડમ; આ રીતે દાડમનું અનિર્વચનીયતારૂપ સાચા સ્વરૂપનું જ્ઞાન કરી લેવું, અથવા તો જેને મોસંબી,

'સંતરું, કિંવા લીંબુ વગેરે જે જે કાંઈ તેના ઉપર નામરૂપનો આરોપ કરવામાં આવે છે તે સર્વ દાડમ છે. આ રીતે મોસંબી નહિ પણ દાડમ છે, સંતરું નહિ પણ દાડમ છે, લીંબુ નહિ પણ દાડમ છે, આમ બધા આરોપોનો એક દાડમમાં જ લય કરવો તથા પછી દાડમ પોતે પોતાને કાંઈ હું દાડમ છું એમ કહેતું નથી, તેથી તે ભાવનાનો પણ વિલય કરવો. આમ કહેવાથી જેમ દાડમના સાચા સ્વરૂપનું જ્ઞાન થઈ શકે છે, તેમ આત્મોપાસના પણ (૧) નિઃશેષભાવ, (૨) સર્વાત્મભાવ, (૩) નિઃશેષભાવ તથા સર્વાત્મભાવનો સમન્વય અને (૪) સાક્ષીભાવ. આ રીતે ચાર પ્રકારે થઈ શકે છે.

નિઃશેષભાવનો અભ્યાસક્રમ

(૧) હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ કાયા, વાચા અને મન વડે જે જે કાંઈ પ્રતીતિમાં આવે છે, તે તમામનો આ 'હું નથી,' આ 'હું નથી' એવા પ્રકારે નિરાસ કરવો. અર્થાત્ અંતઃકરણમાં જે જે કાંઈ વૃત્તિઓ ઉત્પન્ન થાય, તે તે વૃત્તિને આત્મામાં વૃત્તિનું ઉત્થાન થવું કદી પણ શક્ય જ નથી, એવા, પ્રકારે તેને તત્કાળ દાબી દેવી. એટલે અનિર્વચનીય એવો આત્મા કે જેમાં આ હુંભાવ જ કદી ઉત્પન્ન થયો નથી, એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તત્કાળ તેને દાબી દઈ અંતે તે 'હું'નો પણ વિલય કરી દેવો. આ રીતે તમામ મમાદિભાવોનો 'હું'માં વિલય થશે અને પછી તે 'હું'નો પણ સાક્ષીભાવસહ વિલય કરી નાખવો એટલે નિઃશેષ એવા શુદ્ધ આત્મપદની પ્રાપ્તિ થશે અર્થાત્ આત્મસાક્ષાત્કાર થશે. આ નિઃશેષભાવનો અભ્યાસક્રમ કહ્યો.

સર્વાત્મભાવનો અભ્યાસક્રમ

(૨) હવે તમને સર્વાત્મભાવનો અભ્યાસક્રમ કહું છું. આ હું, તું, તે, આ, તારું, મારું, તને, મને ઇત્યાદિ રૂપે કાયા, વાચા અને મન વડે જે જે કાંઈ ભાસ થાય છે, તે સર્વ આત્મરૂપ છે, એટલે કે જેને આ હું છું, તું છે, આ છે, મારું છે, તારું છે ઇત્યાદિ સંજ્ઞાઓ વડે વ્યવહારમાં કહેવામાં આવે છે. જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ઇત્યાદિરૂપે ભાસમાન થાય છે, અર્થાત્ જે જે જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કે સ્વાદમાં આવે છે તે સર્વ આત્મરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, અને તેવું કહેનારો કિંવા જાણનારો હું પોતે પણ આત્મરૂપ છે. આ પ્રકારે અંતઃકરણમાંથી બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે તુરત જ તે આત્મરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવી, આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા નહિ દેવું અને જો થઈ જાય તો તેને તુરત જ આત્મરૂપ બનાવી દેવી. એ જ સર્વાત્મભાવનો અભ્યાસક્રમ છે. ટૂંકમાં પોતાસહ સર્વ આત્મરૂપ છે, એવી રીતે સર્વત્ર આત્મભાવનો અભ્યાસ કરતાં કરતાં પછી તે ભાવને પણ ભૂલી જવું; એવી રીતનો જે અભ્યાસક્રમ તે સર્વાત્મભાવનો અભ્યાસક્રમ કહેવાય.

નિઃશેષ અને સર્વાત્મભાવનો સમન્વય

(૩) ત્રીજો અભ્યાસક્રમ એવા પ્રકારનો છે કે અંતઃકરણમાં કોઈ પણ વૃત્તિનું ઉત્થાન થાય કે તુરત તે આત્મા છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને દાબી દેવી અને તે પછી આત્મા એટલે જ્યાં સાક્ષી સહિત અહંમમાદિ ભાવોનો લવલેશ પણ નથી એ રીતના નિશ્ચયવડે સાક્ષીભાવસહ પોતાપણાને ભૂલી જઈ અનિર્વચનીય પદમાં જ સ્થિર થઈ રહેવું અથવા વ્યવહારાદિ અવસ્થામાં જે જે કાંઈ હું, તું, તે, આ ઇત્યાદિરૂપે પ્રતીત થાય છે તે બધું આત્મા જ છે, એવો સર્વાત્મભાવ રાખવો; તેમ જ જ્યારે એકાંતમાં બેસીને સ્વસ્થ ચિત્તે અભ્યાસ કરવામાં આવે છે ત્યારે હૃદયમાં કિંવા ભ્રમધ્યમાં ધ્યાન કરીને અંતઃકરણમાં જે જે વૃત્તિઓનું ઉત્થાન થવા પામે તે સર્વનો હુંરૂપ પોતે અને તેના સાક્ષી સહિત "આ નથી," "આ નથી," એ રીતના નિઃશેષભાવ વડે વિલય કરી નાંખવો. આ મુજબ સર્વાત્મભાવ અને નિઃશેષભાવનો એક સાથે પણ અભ્યાસ થઈ શકે છે. પરંતુ આ પ્રકાર પ્રથમના બે પ્રકારનો સમન્વય જ છે.

સાક્ષીભાવનો અભ્યાસક્રમ

(૪) ચોથો અભ્યાસક્રમ સાક્ષીભાવનો છે. એટલે આ દૃશ્ય જગતમાં હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ ભાવો વડે જે જે કાંઈ ભાસમાન થાય છે, તે સર્વ મારાથી ભિન્ન હોઈ હું તો કેવળ તે સર્વનો સાક્ષી છું, આ રીતે પોતે સર્વભાવોથી અલિપ્ત થઈ સર્વને કેવળ સાક્ષી વા દ્રષ્ટાભાવ વડે જોવું.

આ ચાર પ્રકારના અભ્યાસક્રમો મુખ્ય છે. તે પૈકી પ્રથમના બે તો પ્રત્યક્ષ જીવન્મુક્તિના કારણરૂપ હોઈ ત્રીજો પ્રકાર આ બંનેના સમન્વયરૂપ હોવાથી તે પણ સાક્ષાત્ જીવન્મુક્તિનું કારણ છે, તથા ચોથો પ્રકાર તો ક્રમે ક્રમે વિદેહમુક્તિની સ્થિતિ પ્રાપ્ત કરાવી આપે છે.:હે રાજન્! આ રીતનો અભ્યાસક્રમ મેં તમોને કહી સંભળાવ્યો.

કિરણાંશ ૨૩

ઉપાસના સિદ્ધ કેમ થતી નથી?

રાજા બોલ્યા : મહાત્મન્! આપે કૃપા કરીને અમોને અમૂલ્ય માર્ગદર્શન કરાવ્યું છે. હું તે સર્વ સારી રીતે સમજ્યો છું, પણ એક શંકા એવી થાય છે કે, શાસ્ત્ર અને આપ્તજનો પર શ્રદ્ધા રાખીને ઉપાસના કરવાથી પણ તત્કાળ શ્રેયપ્રાપ્તિ થાય છે એમ આપે કહ્યું. તો પછી ઘણા લોકો શ્રદ્ધા વડે ઉપાસના કરે છે, છતાં તેઓને શ્રેયપ્રાપ્તિ નહિ થતાં આપે કહ્યું તેમ દુરાગ્રહની જ પ્રાપ્તિ કેમ થાય છે? વળી આપે કહેલા આ ઉપાસનાના પ્રકારો તો અંતિમ કોટિના ઉપાસકોને માટે ઉપયોગી છે. સામાન્ય કોટિના લોકોને માટે તો આ બધું એકરૂપ છે એવું જ્ઞાન થયા વગર જ કેવળ એક રામ કિંવા કૃષ્ણ ઇત્યાદિ દેવતાની ઉપાસના કરો એમ કહેવામાં આવે છે, તો તેમાં શો દોષ છે? વળી કહેનાર ભલે સમજે કે નહિ પરંતુ તે શાસ્ત્રમાન્ય હોવાથી ઉપાસના કરનાર કેમ તરી શકતો નથી?

શ્રદ્ધામાં કમીપણું

રાજન્! તમોએ ઘણો સારો પ્રશ્ન કર્યો. અંતિમ ઉપાસના કે જ્યાં ઉપાસનાની મર્યાદા જ પરિપૂર્ણ થાય છે, તે રીત મેં તમોને કહી સંભળાવી. હવે તમો કહો છો કે શ્રદ્ધાથી ગમે તે દેવની ઉપાસના કરનાર પણ તરી શકે છે, છતાં તેઓ અધોગતિમાં કેમ પડે છે? તેનું કારણ સાંભળો. સામાન્યતઃ મનુષ્યનો સ્વભાવ જ સંશયી અને ચિકિત્સક છે. એવા સાચા શ્રદ્ધાળુઓ તો ભાગ્યે જ મળે છે કે તેઓ પૂર્ણ શ્રદ્ધા વડે પોતાના ઇષ્ટદેવમાં સર્વોત્તમભાવ રાખીને ઉપાસના કરે. અને તેવા ઉપાસકોને તો કોઈ મંત્ર આપવાની પણ જરૂર હોતી નથી. તેઓ પરમ શ્રદ્ધાથી કોઈ પણ સ્થળે, દ્વેષબુદ્ધિ નહિ રાખતાં તેમ જ કોઈને પણ મોટા અથવા નાનો નહિ ગણતાં પોતાના ઇષ્ટદેવ વિના બીજું કંઈ પણ છે જ નહિ એવી રીતે અખંડ એકધારી ઉપાસના છેવટ સુધી દૃઢ નિશ્ચય વડે ચલાવે છે અને તેઓ અંતે શ્રેયની પ્રાપ્તિ પણ કરી શકે છે. અગાઉ આપેલ રાજા અને ગોવાળના ઉદાહરણ ઉપરથી એ જ વાત સિદ્ધ થાય છે (કિરણાંશ ૧૪ જુઓ). ગોવાળ તો મંત્ર પણ જાણતો ન હતો. તેણે તો ફક્ત પોતાથી શકય એવા ઉપચારોથી શુદ્ધ અંતઃકરણ અને નિર્મળ ભાવના વડે શિવપૂજન કર્યું હતું, જે શાસ્ત્રદૃષ્ટિએ તો અશુદ્ધ પણ કહી શકાય; પરંતુ ઈશ્વરપ્રાપ્તિમાં કેવળ શાસ્ત્ર કરતાં શુદ્ધ ભાવનાનું જ મહત્ત્વ વધુ હોય છે. તે વાત તો શાસ્ત્રમાં આવતાં ઘણાં ઉદાહરણો ઉપરથી પણ સિદ્ધ થાય છે. પરંતુ આવા પ્રકારના સાચા શ્રદ્ધાળુઓ કવચિત જ હોય છે. જગતમાં ઘણો મોટો વર્ગ તો ચિકિત્સક હોય છે. તેમાં કોઈ થોડી, કોઈ વધુ ચિકિત્સા કરે એટલું જ. પણ આ પ્રમાણે ચિકિત્સા કરવી એ સર્વસામાન્ય રીતે મનુષ્યસ્વભાવ જ છે. પ્રથમતઃ તો વિષયોના પાશમાંથી આ માર્ગે વળનારો વર્ગ હજારોમાં એક એવી સંખ્યા વડે ગણી શકાય તેમ છે. તેમાં પણ મોટો ભાગ કોઈ દુઃખથી પીડાતો હોય અને વ્યવહારનાં સર્વ સાધનો કરી ચૂકે છતાં જ્યારે તેમાં હતાશ બને છે, ત્યારે આ માર્ગે વળે છે. આ ભાગ બાદ કરતાં જે બાકી રહે તેવાઓમાં વ્યાવહારિક સ્વાર્થની દૃષ્ટિએ ઉપાસના કરનારાઓનું પ્રમાણ મોટું હોય છે. તે જતાં જે બાકી રહે તેમાં પણ ઈશ્વરપ્રાપ્તિથી જ સુખ મળે છે, એવું સમજીને ઉપાસના કરનારા જિજ્ઞાસુવર્ગનું પ્રમાણ વધુ હોય છે, તથા

તેમાંથી જે શેષ બચે તેઓ ઈશ્વર કોણ છે? આપણે કોણ છીએ? એવા વિવેક વડે ઈશ્વરનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરનારા ઉપાસકો છે. જેઓને જ્ઞાની કહેવામાં આવે છે. આવા હજારો પરોક્ષજ્ઞાનવાળા જ્ઞાનીઓમાંથી જે તમોને ઉપર કહેલી ચાર પ્રકારની ઉપાસનાદ્વારા અપરોક્ષાનુભવ અર્થાત્ આત્મસાક્ષાત્કાર કરી લેનારાઓ તો ભાગ્યે જ નીકળે છે. બાકી ઘણાખરા પરોક્ષજ્ઞાન મેળવીને શુષ્ક વેદાંતીઓ જ બની જાય છે. તેવાઓ આ બધું આત્મા છે અને હું આત્મા છું. એવું કેવળ મોઢેથી બોલીને જ એટલે એક વખતે હુંપણાનો તેના સાક્ષીભાવ સહિત વિલય કરીને અપરોક્ષાનુભવ લીધા સિવાય જ પોતે કૃતકૃત્ય થયા એમ સમજીને મહાત્મા થઈ બેસે છે, પરંતુ આવા પરોક્ષજ્ઞાનથી કાંઈ મોક્ષ થતો નથી પણ હુંપણાનો તેના સાક્ષીભાવ સહિત વિલય કરીને શેષ રહે તે નિર્વિકલ્પ સ્થિતિનો એક વખત અનુભવ લઈ ત્યાર પછી તેમાંથી જ્યારે પુનઃ ઉત્થાન થાય છે ત્યારે જ મનુષ્ય કૃતકૃત્ય બને છે (આની સ્પષ્ટતા આગલા સિદ્ધાંતકાંડમાં આવશે. તે ઉપરથી સર્વોત્તમભાવના વડે થતી સગુણોપાસના તથા નિઃશેષભાવ વડે થતી નિર્ગુણોપાસના કરનારને સાક્ષાત્કાર કેવી રીતે થાય છે તે સ્પષ્ટ સમજી શકાશે. અધ્યાય ૬, ૧૧, ૧૫, અને દત્ત પરશુરામ જ્ઞાનકાંડ પ્રકરણ ૯, ૧૦ જુઓ). સારાંશ એ કે આ મુજબ તમામ ભાવોનો તેના સાક્ષી સહીત વિલય કરીને જે પરમાત્માના કેવળ નિર્વિકલ્પ એવા શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં આવે તો જ સાચું સુખ અને કાયમને માટે શાંતિનો અનુભવ થાય છે. આ સિવાય સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાનો ત્રૈલોક્યમાં બીજો કોઈ ઉપાય છે જ નહિ. એ વાત ફરીથી પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

નિષ્કામ પુરુષો જ જગતને સાચો રાહ બતાવી શકે

રાજન્! આ રીતે મેં તમોને ધ્યેયપ્રાપ્તિ સંબંધમાં કહ્યું. હવે તમોએ પૂછ્યું કે, શ્રદ્ધાથી ઉપાસના કરનાર અધોગતિમાં કેમ પડે? તે કહું છું. ઉપરના વિવેચન ઉપરથી તમે જાણી શકયા હશો કે મનુષ્યનો સ્વભાવ ચિકિત્સક હોય છે. વળી મેં પ્રથમ મૂળ શ્રદ્ધાની, શ્રદ્ધા અશ્રદ્ધા અને એવી બે શાખાઓ હોવાનું જણાવ્યું છે. તે પૈકી મૂળ શ્રદ્ધાવાળાઓને મંત્ર આપનારની પણ જરૂર હોતી નથી; પરંતુ જગતમાં તો મોટે ભાગે આ મૂળ શ્રદ્ધામાં પડતી શ્રદ્ધા અને અશ્રદ્ધા નામક બે શાખાવાળાઓનું પ્રમાણ જ વધુ હોય છે. તે બંને ચિકિત્સક બુદ્ધિના હોવાથી તેમની શ્રદ્ધા કિંવા અશ્રદ્ધા કાયમને માટે કદી પણ ટકી શકતી નથી. અંદરથી સ્વાર્થપરાયણ હોવાને લીધે કોઈ કોઈ વખતે તેઓને શ્રદ્ધાળુપણામાં ભળવાથી ફાયદો જણાય તો તેમાં ભળી જાય છે તથા કોઈ કોઈ વખતે અશ્રદ્ધાળુપણામાં લાભ છે એમ લાગે તો પાછરી ફેરવે છે. આ ઉપાસકોના પ્રકાર સંબંધે કહ્યું. હવે તેઓને મંત્ર આપનારાઓ પૈકી ઘણાખરાઓ ઉપર પ્રમાણે પરમાત્માનો સાક્ષાત્કાર કરેલા હોતા નથી, પરંતુ શુષ્ક વેદાંતીઓ પૈકીના જ હોય છે. આથી તેઓ ઉપાસકોને ક્રમે ક્રમે આત્માના સાક્ષાત્કાર પર્યંત પહોંચાડી શકતા નથી, પરંતુ શાસ્ત્રનો ઉપયોગ પોતાનો સ્વાર્થ સાધવા તરફ જ કરે છે. કારણ દેખીતું જ છે કે ઉપાસકને સાચો રાહ બતાવવો એ ઉદ્દેશ તેમાં હોય જ ક્યાંથી? ઉપાસક દ્વારા પોતાનો સ્વાર્થ કેવી રીતે સાધી લેવો, એ જ એક તેમનું ધ્યેય હોય છે. જેને પોતાને જ તરતાં આવડતું ન હોય તે બીજાને શી રીતે ઉગારી શકે? એક પ્રસંગે નદીમાં કેટલાક લોક તરવા પડ્યા હતા, ત્યાં વચ્ચેણમાં એક ગૃહસ્થ તરતાં થાકી ગયો અને ડૂબકાં ખાવા લાગ્યો તથા તે બીજાઓને મદદ માટે બૂમો પાડવા લાગ્યો. બહાર લોકો સારી રીતે તરી જાણતા ન હતા, પરંતુ તેમને સાધારણ તરતાં આવડતું હતું. તેથી તેઓ તેને કહેવા લાગ્યા : અરે! તું ત્યાં ક્યાં મરવા ગયો? આમ આવ એટલે તને બેચી લઈએ. આ બૂમો સામેના તટેથી જનારા એક મનુષ્યે સાંભળી. તેણે ડોકાવીને જોયું તો જણાયું કે કોઈ મનુષ્ય પાણીમાં તરતાં થાકી જઈ ડૂબકાં ખાય છે. નજીકમાં એક ઘોબીનો બળદ હતો, તેને છોડીને તત્કાળ પાણીમાં પડી તે ડૂબતા મનુષ્યની પાસે લઈ ગયો. તેની પૂંછડી તેના હાથમાં આપતાં તુરત જ તે સામા તટ ઉપર જઈ પહોંચ્યો. તાત્પર્ય કે, પાણીમાં ડૂબી રહેલો હોય તેને કોઈ પૂછે કે ભાઈ હું તને કાઢું તો ખરો, પણ મને કહે કે તું કેવી રીતે પડી ગયો? તારો પગ સરી ગયો કે બીજી કોઈ રીતે? તું ક્યાંથી પડ્યો? તારી જાતિ શું? તું ક્યાં રહે છે? વગેરે. આવી પ્રશ્નપરંપરા પૂછવાની હોય ખરી? તે તો જેઓને તરતાં ન આવડતું હોય, છતાં બોકાસામાં તો મેં તેને

બચાવવાની ઘણી મહેનત કરી પણ તે તો બોલ્યો જ નહિ, એવી ડહાપણભરેલી ડાહી ડાહી વાતો કરી સ્વાર્થ સાધનારા મૂર્ખાઓનું જ કામ છે. તેવાઓ બીજાઓનું કલ્યાણ શી રીતે સાધી શકે? પરંતુ જેને તરતાં આવડતું હોય તે તો બીજો કોઈ પણ વિચાર ન કરતાં કૂદી પડી ડૂબનારને તુરત બચાવી લે છે, તેમ સાક્ષાત્કાર કરેલા નિઃસ્વાર્થી અને નિષ્કામી એવા બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ જ જગતને સાચા પંથે દોરી શકે. બાકી એક સ્વાર્થી બીજા સ્વાર્થીનું કલ્યાણ કરે એમ થવું તો તદ્દન અશક્ય જ છે; પરંતુ નિઃસ્વાર્થીપણું, નિર્ગર્વીપણું કિંવા નિષ્કામતા તો જ્યારે મનુષ્ય ઉપર કહ્યા પ્રમાણે પરમાત્મપ્રાપ્તિ અર્થાત્ આત્માનું અપરોક્ષજ્ઞાન વા સાક્ષાત્કાર કરે ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે. જન્મ્યા પછી જેનું પેટ સારી રીતે ભરાયું હોય, તેની સામે ગમે તેટલાં પકવાન્નો મૂકવામાં આવે તો પણ તે તેમાં કદી લલચાતો નથી, તેમ આત્મસાક્ષાત્કારી જીવન્મુક્તો કે જેઓ આ જગતનું સાચું સ્વરૂપ સમજ્યા છે, તેમને આ માયાવી જગતમાંની કોઈ પણ વસ્તુ કદી પણ લલચાવી શકતી નથી. લોકોનું કલ્યાણ આ માયાવી જાળમાં ફસાવનારી વસ્તુઓ થકી નહિ પરંતુ તેની અસંગ્રહવૃત્તિમાં જ છે. અપરિગ્રહ જ સાચું સુખ પ્રાપ્ત કરાવી શકે છે, તેથી મનુષ્યોની આસક્તિ તેમાંથી ધીરે ધીરે કમી કરાવી તેને સાચું સુખ અને શાંતિ પ્રાપ્ત થાય એવો માર્ગ તેઓ જ બતાવી શકે છે.

નશાબાજ બીજાને કેવી રીતે બચાવે?

એક ચિત્રકાર ચિત્ર જોવાના કામમાં અત્યંત એકાકાર બની ગયો હતો અને દૂરથી તે કેવું દેખાય છે તે માટે પાછે પગે જઈ રહ્યો હતો. તેનું લક્ષ તો ફક્ત ચિત્ર જોવા તરફ જ હતું, તેથી પાછળ અગાશીની નીચે પડી જવાશે, તેની તેને સહેજ પણ કલ્પના ન હતી. આ તેના એક હિતેચ્છુના જોવામાં આવ્યું. તે બુદ્ધિશાળી હતો. તત્કાળ તેણે તે ચિત્ર ઉપર પડદો નાખી દીધો. તે જોતાં જ ચિત્રકારને તેના ઉપર ઘણો ક્રોધ આવ્યો તે પડદો કાઢી નાખવાને માટે પોતે તત્કાળ ચિત્રની પાસે ધસી આવ્યો. સ્નેહીએ આમ કરવાનું કારણ જણાવ્યું ત્યારે જ તેને ખરી વસ્તુસ્થિતિની જાણ થઈ. ઉદ્દેશ એ કે, જેમ દારૂના નશામાં ચકચૂર બનેલો પોતાના બીજા ભાઈબંધ સંગાથીઓને નશામાંથી છોડાવે એ સંભવનીય નથી, તેમ પોતે જ વિષયરૂપ એવી આ માયાવીજાળની સંગ્રહવૃત્તિમાં ફસાયો હોય, તે બીજાને તેમાંથી શી રીતે બચાવી શકે? આથી એ સિદ્ધ થાય છે કે, જેઓ આ જગતના મોહપાસમાંથી સદંતર છૂટેલા છે, જેમને આ જગતના એ તૃણની સાથે તલભાર પણ સંબંધ નથી અને જેઓ 'હું' અને 'મારું' એવી દ્વૈત-ભાવનાથી તદ્દન નિવૃત્ત થયેલા છે એવા નિષ્કામી, નિઃસ્વાર્થી અને નિર્ગર્વી, આત્મસાક્ષાત્કારી જીવન્મુક્ત પુરુષો જ જગતને સાચો રાહ બતાવી શકે છે. માટે જેઓ જગતનું કલ્યાણ કરવાની જવાબદારી પોતાને શિરે ઓઢી લે છે તેમણે પ્રથમતઃ તો તદ્દન નિઃસ્વાર્થી અને નિષ્કામ બનવું જોઈએ, એ સિદ્ધ થયું. અને તેવી સ્થિતિ પ્રાપ્ત થવાને માટે આત્માનું અપરોક્ષજ્ઞાન એટલે પરમાત્મ સાક્ષાત્કાર વિના બીજું કોઈ સાધન ત્રૈલોક્યમાં પણ છે જ નહિ. આ ત્રૈલોક્યમાં તો શું પરંતુ બ્રહ્માંડમાં પણ આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આવા મહર્ષિઓ જ આજ સુધી લોકોને સન્માર્ગે દોરતા આવ્યા છે, જે વાત શાસ્ત્રો અને પુરાણો ઉપરથી પણ સિદ્ધ થાય છે.

કિરણાંશ ૨૪

મહાત્માઓના સેવનની શી જરૂર છે?

રાજન્! આ વિવેચન ઉપરથી તમો સર્વે જાણી શકયા હશો કે મનુષ્ય જ્યાંસુધી અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરી શકતો નથી, ત્યાંસુધી તે કદી ખરી શાંતિને પામી શકતો નથી. તેથી વ્યવહારમાં લોકોને સાચું સુખ અને શાંતિ પ્રાપ્ત કરાવી આપવાને માટે અપરોક્ષાનુભવી બ્રહ્મનિષ્ઠ તત્ત્વજ્ઞોની જરૂર હોય છે. પણ નદી તો હંમેશાં વહેતી રહે છે, છતાં તૃષાતુર મનુષ્ય જ્યારે તેની પાસે જાય છે ત્યારે જ તે પોતાની તૃષા શાંત કરી શકે છે; પરંતુ પોતાને તરસ લાગી છે માટે નદીને અમે તેટલું બોલાવવામાં આવે તોપણ તે પોતાની મર્યાદા છોડીને આવી શકતી નથી; તેમ લોકોએ આવા બ્રહ્મનિષ્ઠ તત્ત્વજ્ઞો મળી આવે તો તેમનું યથાયોગ્ય

સેવન કરવું જોઈએ. અથવા જે આપ્તવાક્યો કહેવાય છે, એવાં તેમનાં વાક્યો કિંવા મહર્ષિઓએ પ્રગટ કરેલાં શ્રુતિસ્મૃત્યાદિ ધર્મશાસ્ત્રોનું યોગ્ય રીતે પાલન કરવાથી પણ મનુષ્ય સાચું ધ્યેય પ્રાપ્ત કરી શકે છે.

હે રાજા ! માર્ગદર્શકો કેવા હોવા જોઈએ ? તેમની શી જરૂર છે ? અને તેઓથી જગતને શો લાભ થાય છે ? તે સંબંધે ઉપર્યુક્ત વિવેચન દ્વારા તમોને કહ્યું. હવે જેઓ ઉપાસના કરે છે, છતાં સાચું ફળ નહિ મળતાં દુરાગ્રહી શા માટે બને છે ? તથા કેવળ શ્રદ્ધાથી જ કામ થતું હોય તો પછી આત્માનું જ્ઞાન પ્રાપ્ત થવા માટે રચાયેલાં અનેક શાસ્ત્રોની શી જરૂર છે ? તે તમારી શંકાના નિરસનને માટે કહું છું. આ સંબંધમાં પણ અમુક અંશે વિવેચન તો પ્રથમ આવી ગયું છે, ગમે તે યુક્તિ પ્રયુક્તિ વડે પોતાની સ્વાર્થવૃત્તિ સાધવી એ તો મનુષ્યસ્વભાવ છે અને તે આત્માનો અપરોક્ષાનુભવ પ્રાપ્ત થતાં સુધી થોડા કિંવા વધુ અંશે દરેકમાં જોવામાં આવે છે. આથી તેઓને પરમાત્માના સાચા સ્વરૂપ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરાવી આપવાની જરૂર હોય છે કે જેથી તેઓ નિઃસ્વાર્થી બની લોકોની પાસેથી વ્યવહારદૃષ્ટિએ સ્વાર્થ સાધવાની મનોવૃત્તિને છોડી દે. વળી જગતમાં ચાલતા તમામ વ્યવહારોનું અંતિમ ધ્યેય તો પરમાત્મપ્રાપ્તિ એ જ એક છે. આ સિવાય દુઃખનિવૃત્તિને માટે બીજો કોઈ પણ માર્ગ છે જ નહિ. જેમ બધી નદીઓ અંતે સમુદ્રને જ જઈને મળે છે, કિંવા ગમે તેટલો મેલ, મોરીનું પાણી વગેરે સારી કિંવા બરાબ વસ્તુઓનો સમાવેશ નદી દ્વારા અંતે સમુદ્રમાં થતો હોવા છતાં તેનું પાણી જેમ શુદ્ધનું શુદ્ધ જ રહે છે, ગિલવું તે પોતામાં આવેલ સર્વ મેલને શુદ્ધ કરે છે, તેમ જગતમાંના તમામ માર્ગો તથા જગતમાં ચાલેલી સારી યા બરાબ સર્વ પ્રવૃત્તિનો અંત છેવટે તો એક પરમાત્મસાક્ષાત્કારમાં જ થાય છે. પછી તે આજે, કાલે, વર્ષો પછી કિંવા ઘણા કલ્પો યા જન્મો પછી થાય. આમ સર્વ પ્રવૃત્તિનું અંતિમ સ્થાન પરમાત્મપ્રાપ્તિ હોવાથી તેનું સૌથી પ્રથમ પરોક્ષ જ્ઞાન સારી રીતે થવાની જરૂર હોય છે. જેમ કોઈ ગામે જવું હોય તો તે ગામ જવાનો ટૂંકો અને નજીકનો માર્ગ જાણવાની પ્રથમ આવશ્યકતા હોય છે, તેમ પરમાત્મપ્રાપ્તિ એ જ અંતિમ ધ્યેય હોવાથી તે માર્ગ જનારાઓને ટૂંકો, સહેલો અને સરળ માર્ગ જાણવાની પ્રથમ જરૂર હોય છે. તેટલા માટે જ મહર્ષિઓએ સાચું તત્ત્વ દર્શાવનારાં વેદવેદાંગાદિ શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રોની રચના કરેલી છે.

અનેક શાસ્ત્રો શા માટે ?

વેદ, વેદાંગો, ઉપનિષદો, ન્યાય, તર્ક, મીમાંસા (બ્રહ્મસૂત્ર), પુરાણો, ઉપપુરાણો, પંચરાત્રતંત્ર વગેરે વૈદિક અને તાંત્રિક ઇત્યાદિ અનેક શાસ્ત્રો શા માટે રચાયાં, એવી શંકા થવા સંભવ છે. ઈશ્વરે જે આ જગતની રચના કરેલી છે તેમાં મનુષ્યજીવમાં બુદ્ધિનો અંશ પશુ પક્ષી વગેરે સર્વ યોનિઓ કરતાં વધુ પ્રમાણમાં અર્પેલો છે (ઈશ્વર–પુરુષ–માયા–પ્રકૃતિ ઇત્યાદિની સ્પષ્ટતા માટે વૃક્ષ ૩માં જુઓ) આમ તેને બુદ્ધિસ્વાતંત્ર્ય મળેલું હોવાથી બુદ્ધિનો દુરુપયોગ કરી એક જ વસ્તુને અનેકરૂપે કલ્પીને તેવો તેવો અનુભવ મેળવે છે, તથા વળી પાછો બુદ્ધિને અનેક નામરૂપોના ઝઘડામાંથી સમેટી લઈ એકરૂપમાં જ સ્થિર કરી શકે છે અને પછી તે બુદ્ધિ પોતે પોતાના સાક્ષીભાવનો પણ વિલય કરીને જે નિર્વિકલ્પ અવસ્થામાંથી તેની ઉત્પત્તિ થવા પામેલી છે, તેવા અનિર્વચનીય મૂળ પદની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે કરોળિયો જેમ પોતે પોતાના હૃદયમાંથી જ લાળને બહાર ખેંચી કાઢીને તેનું જાળું બનાવે છે, તથા તેમાં રહી રમત કરી તે રમત પૂર્ણ થઈ એટલે વળી પાછો તેને પોતાનામાંજ ગળી જાય છે, તેમ આ મનુષ્યજીવનું પણ સમજવું. બુદ્ધિ વડે પોતે પોતાના મૂળ અનિર્વચનીય સ્વરૂપમાંથી અનેક પ્રકારના આકારોનો જાણે પ્રત્યક્ષ અનુભવ લેતો ન હોય તેવી રીતે જગતના પદાર્થો તથા તે વડે ઉત્પન્ન થતાં સુખદુઃખાદિનો અનુભવ લઈ પછી પોતે સર્વને પોતામાં સમેટી લઈ પોતાનો પણ વિલય કરી કેવળ શુદ્ધ સ્વરૂપ કે જે તદ્દન અનિર્વચનીય છે, જ્યાં સુખદુઃખાદિ દ્વંદ્વોમાં કિંવા તેના જાણનારનો લેશમાત્ર અંશ પણ નથી. તેવા ઉચ્ચતમ સ્થાનમાં તે સ્થિત થઈ જાય છે. પહાડ ઉપરથી નીચે ઉતરવું એ સહેલું છે; પરંતુ ઉપર ચઢવું ઘણું કઠણ છે, તેમાં લાકડીનો ટેકો અથવા તો કોઈ ઊંચકી લઈ જનારાની જરૂર હોય છે, તેમ અનંત સ્વરૂપનો અનુભવ લઈ તેમાંથી જીવ એકદમ છૂટી

શકવાને શક્તિમાન થતો નથી. તેમાં ને તેમાં જ તે જળાંની જેમ ગૂંચવાઈને ગોથાં ખાતો રહે છે. તેથી ડૂબનારને જેમ કોઈ ટેકો મળી જાય તો તે સામે પાર નીકળી શકે છે, તેમ આ સંસારચક્રમાં ગોથાં ખાતો જીવ, સત્શાસ્ત્ર અને સદ્ગુરુના ઉપદેશને આધારે પોતાનું મૂળ સ્વરૂપ કે જે આ ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે તેવું નથી, પરંતુ વાસ્તવિક એક એવો 'હું' જ અનેક રૂપે પ્રતીતિમાં આવું છું, મારું સાચું સ્વરૂપ તો જ્યાં આ 'હું' એવા ભાવનું પણ અસ્તિત્વ નથી એવા પ્રકારનું તદ્દન અસંગ, નિર્વિકાર, નિર્વિકલ્પ, અવ્યય, કૂટસ્થ હોઈ અનિર્વચનીય છે. આ રીતનું તેને પરોક્ષજ્ઞાન થતાં જ તે સાક્ષીભાવસહ પોતાનો વિલય કરી અપરોક્ષાનુભવ મેળવી પ્રકાશમાં જેમ અંધારાનો અંશ હોતો નથી તેમ જેમાં દુઃખનું નામનિશાન પણ હોતું નથી એવા અત્યંત આનંદઘન, ચૈતન્યસ્વરૂપનો અનુભવ લઈ કૃતકૃત્ય બને છે. આમ વસ્તુતઃ તો આત્મસ્વરૂપ એવો આ જીવ પોતે જ પોતાનાં સુખદુઃખનો અનુભવ કરે છે અને પાછો તેને પોતાના મૂળ આત્મસ્વરૂપમાં સમેટી લઈ પોતાનો પણ વિલય કરી લે છે અને જ્યાં કરવાપણાની, જાણવાપણાની અને આનંદની મર્યાદા સંપૂર્ણ થાય છે, અર્થાત્ જે સ્થાનમાં પહોંચ્યા પછી કાંઈ પણ જાણવાપણું રહેતું નથી એમ કહેવા કરતાં તો જાણવાવાળો જે કોઈ છે તેનો પોતાનો જ જ્યાં વિલય થઈ જાય છે એવા અનિર્વચનીય સ્થાનની પ્રાપ્તિ તે કરી લે છે પરંતુ ભૂલા પડેલાને જેમ કોઈ માર્ગદર્શકની જરૂર હોય છે, તેમ 'હું' અનંતરૂપવાળો છું એવી રીતે પોતાના એકરૂપમાંથી ભૂલા પડેલા પરંતુ વાસ્તવિક રીતે એક આત્મસ્વરૂપ એવા આ જીવાત્માને માર્ગદર્શન કરાવનારા આત્માનુભવી સદ્ગુરુ અને સત્શાસ્ત્રોની જરૂર હોય છે, વળી આ અનંતરૂપે પ્રસરેલા જીવાત્માની દરેકની મતિ વાસનાવશાત્ ભિન્ન ભિન્ન હોય છે, કેમકે તેમની બુદ્ધિ મૂળ શ્રદ્ધાવાળી હોતી નથી; પરંતુ તે શ્રદ્ધા અને અશ્રદ્ધા નામક શ્રદ્ધાની જે બે શાખાઓ છે, તેમાં જ ગોથાં ખાધા કરે છે. તેવાઓને પોતપોતાની બુદ્ધિ અનુસાર મગજમાં સારી રીતે ઊતરે તેવે તેવે પ્રકારે અનેક યુક્તિપ્રયુક્તિ દ્વારા શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું છે અને તે માટે જેટલી જેટલી યુક્તિઓની જરૂર છે, તેટલી બધી યુક્તિઓનો વિચાર કરીને જ શાસ્ત્રરચના કરાયેલી છે. જેમ ગુનાઓ થયા પછી કાંઈ કાયદાઓ ઘડવામાં આવતા નથી. પરંતુ તે પ્રથમથી જ ઘડાયેલા હોય છે, ન્યાયાધીશે તો ફક્ત તેને કાયદાની કઈ કલમ લાગુ પડે છે એટલું જ જોવાનું રહે છે. તેમ આ જગતમાં વાસનાત્મક જીવોએ મહર્ષિરચિત શાસ્ત્રો જોઈ પોતે તે પૈકી કયા શાસ્ત્રનું અવલંબન કરી શકે તેમ છે, તે રીતે તે પ્રમાણે આચરણ કરી ધ્યેયપ્રાપ્તિના માર્ગે આગળ વધવું પડે છે. પરંતુ ઘણા ખરા ઉપાસકો આ રીતે ઈશ્વરનું એકત્વ સમજતા નહિ હોવાથી અજ્ઞાનતાને લીધે સ્વાર્થસાધુઓની જાળમાં ફસાઈ પડે છે. આમ સ્વાર્થસાધુઓના પાશમાં સપડાયેલા બિચારા આ ઉપાસકો ઉપાસનાનું સાચું રહસ્ય નહિ સમજતા હોવાથી દુરાગ્રહ વડે પંથાભિમાનનો આવેશ પકડીને તેમના હાથારૂપ બને છે. એટલે જેમ કુહાડી લાકડાનો જ હાથો કરી તે વડે આખા ઝાડનો નાશ કરે છે, તેમ આવા દાંભિક સ્વાર્થસાધુઓની જાળમાં ફસાયેલા આ ઉપાસકો સાચું ધ્યેય પ્રાપ્ત કરવાને બદલે મિથ્યા અભિમાન વડે પોતાનો અને લોકોનો તેમ જ આ લોક અને પરલોક એમ બંને પ્રકારનો સર્વ રીતે ઘાત કરી લે છે. આથી તેવા લોકોને માટે પ્રથમ ભગવાન કોણ છે? કયાં રહે છે? ઇત્યાદિ જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. મૂળ(પૂર્ણ) શ્રદ્ધાળુઓને માટે તે કથાની જરૂર હોતી નથી, તે તો ઉપર બતાવવામાં આવ્યું છે; પરંતુ તેની આ શ્રદ્ધા અને અશ્રદ્ધારૂપ શાખામાં ગોથાં ખાનારાઓ ઉપાસનાનું સાચું રહસ્ય સમજી શકે એટલા માટે મહર્ષિવર્યોએ સત્શાસ્ત્રોનું પ્રાકટ્ય કરેલું છે.

કિરણાંશ ૨૫
સાચી ઉપાસના

આ વિવેચનનો સાર એટલો જ છે કે, અભેદ દૃષ્ટિએ થતી ઉપાસના તે જ સાચી ઉપાસના છે. પરમાત્મા વસ્તુતઃ તો નિર્ગુણ, નિરાકાર, અવ્યય તથા મૂળ અવ્યક્ત છે (અહીં આપવામાં આવેલો મૂળ અવ્યક્ત શબ્દ વ્યક્ત ઉપાસનાની ભેદદૃષ્ટિનો નિરાસ કરવાના ઉદ્દેશથી આપેલો હોવાથી તે 'નાહમ્'રૂપ

અવ્યક્તપ્રકૃતિ દર્શક વૃક્ષાંક ૪ નહિ પરંતુ આત્મરૂપ વૃક્ષાંક ૧ દર્શક છે એમ સમજવું. આગળ વૃક્ષ ૫ આપવામાં આવેલ છે તે જુઓ), જ્યારે ઉપાસક તો પોતે વ્યક્ત હોય છે, વળી મૂળ અવ્યક્ત એવો આ પરમાત્મા જ ચરાચર વ્યક્તરૂપે બનેલો છે; પરંતુ જ્યાં સુધી ઉપાસકને તેના મૂળ અવ્યક્ત સ્વરૂપનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી તેની ઉપાસના કદાપિ સિદ્ધ થઈ શકતી નથી. આમ હોવાને લીધે પ્રશ્ન એ ઊઠે છે કે વ્યક્ત ઉપાસકે અવ્યક્ત એવા પરમાત્મસ્વરૂપની ઉપાસના કેવી રીતે કરવી? વ્યક્ત વ્યક્તની ઉપાસના તો કરી શકે, પણ અવ્યક્તની કેવી રીતે કરે? આથી એક તો પોતે અવ્યક્ત બનવું જોઈએ અર્થાત્ હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ તમામ ભાવોનો પોતાસહ વિલય કરવો જોઈએ, કિંવા જ્યાં જે જે કાંઈ દેખાય છે, તે સર્વ પરમાત્મા જ પોતે તે તે સ્વરૂપે બનેલો હોવાથી આત્મરૂપ છે, કાયા, વાચા, મન ઇત્યાદિ વડે જે જે કાંઈ કર્મ થાય તે પણ સર્વ આત્મસ્વરૂપ જ છે, એવી ભાવના રાખી પોતાસહ સર્વાત્મભાવનો અભ્યાસ કરવો જોઈએ અથવા તો તેમ કરવાને જેઓ શક્તિમાન નથી, તેઓએ આ વ્યક્ત પૈકી ગમે તે એક આકૃતિ કે જે પોતાને પ્રિય હોય તે આકૃતિને લઈ તે જ સર્વત્ર વ્યાપેલી છે એવી રીતના સર્વાત્મભાવ વડે એક નિષ્ઠાથી તેની ઉપાસના કરવી જોઈએ. આમ પોતાના ઉપાસ્ય દેવતા સિવાય પોતાની દૃષ્ટિમાં બીજો કોઈ છે જ નહિ એવો દૃઢ નિશ્ચય રાખીને એકત્વ ભાવથી ઉપાસના કરવી, પછી તે ઉપાસ્ય દેવ રામ, કૃષ્ણ, શિવ, વિષ્ણુ, ગણેશ, સૂર્ય, દેવી ઇત્યાદિ પૈકી ગમે તે હોય! અર્થાત્ રામના ઉપાસકે રામની મૂર્તિ એ જ એક સાચી અને બીજું બધું ખોટું, કિંવા, કૃષ્ણના ઉપાસકે કૃષ્ણ જ સાચા બાકી બધા ખોટા એવો દુરાગ્રહ રાખવો નહિ, પરંતુ બીજાઓ ભલે તેને રામ કહે, શિવ કહે, વિષ્ણુ, ગણેશ વગેરે કહે, પરંતુ રામ પણ કૃષ્ણનું જ રૂપ છે, શિવ, વિષ્ણુ, ગણેશ, સૂર્ય એ બધાં કૃષ્ણનાં રૂપો છે, એવા નિશ્ચય વડે બેઉ સર્વાત્મ-ભાવનો અભ્યાસ કરવો. સારાંશ, કૃષ્ણભક્તે કૃષ્ણ વ્યતિરિક્ત હું, તું, તે, આ ઇત્યાદિ પ્રકારની અંતઃકરણમાં બીજી કોઈ પણ ભાવના ઊઠવા જ નહિ દેવી અને કદાચ ઊઠે તો તેને તુરત તે કૃષ્ણરૂપ છે એવા પ્રકારની એકનિષ્ઠામાં સ્થિત રાખી અનન્ય ભાવે પોતાસહ સર્વને ભૂલી જવું એટલે આ બધું કૃષ્ણરૂપ છે અને હું પોતે પણ કૃષ્ણરૂપ જ છું એવા પ્રકારે પોતાસહ સર્વ ભાવોને ભૂલી જવું. આ પ્રમાણે રામભક્તે રામરૂપ, વિષ્ણુભક્તે વિષ્ણુરૂપ, ઇત્યાદિ નિશ્ચયવડે પોતપોતાના ઉપાસ્ય દેવતાની ઉપાસના કરવી; આવી ઉપાસના એ જ સાચી ઉપાસના છે. આવા પ્રકારે એકત્વની ભાવના સિવાયની થતી તમામ ઉપાસનાઓને ઉપાસના નહિ પરંતુ દાંભિકતા સમજવી. "એકત્વની ભાવના સિવાય થતી બીજી બધી ઉપાસનાઓ તદ્દન નિરર્થક છે. તે વડે ઐહિક અને પારલૌકિક એમ બંને પ્રકાર પૈકી કોઈ પણ પ્રકારનું સુખ પ્રાપ્ત થતું નથી, એટલું જ નહિ પરંતુ આવી દૃઢ નિશ્ચયરૂપ ઐક્યભાવના થયા સિવાય બીજા કોઈ પણ પ્રકારે પરમાત્માનો સાક્ષાત્કાર અથવા ભગવદ્દર્શન થવાં કદી પણ શક્ય નથી, એમ નિશ્ચયપૂર્વક સમજો. આ વાત હું તમને પ્રતિજ્ઞાપૂર્વક ફરી ફરીથી કહું છું."

રામકૃષ્ણાદિની ઉપાસના શા માટે કરવી?

રાજા બોલ્યા: મહાત્મન્! આપની સચોટ અને અમૃતમય એવી દિવ્ય વાણી સાભળીને કદી પણ તૃપ્તિ થાય તેમ નથી. આપે કહેલી ઉપાસનાની રીતે તો જગતમાંની કોઈ પણ વસ્તુ અથવા આકાર લઈ તે ઉપર એકત્વભાવનો નિશ્ચય કરીને તેવો અભ્યાસ દૃઢ કરવામાં આવે તોપણ કાર્ય સિદ્ધ થઈ શકે તેમ છે, તો પછી શાસ્ત્રમાં રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ, સૂર્ય, દેવી ઇત્યાદિ દેવતાઓનાં નામો વડે જ ઉપાસના કરવાનું કેમ કહ્યું છે?

ઐક્યભાવના એ જ ઉપાસનાનું સાચું લક્ષણ છે.

હે રાજન્! સાંભળ. વ્યવહારમાં જેનું જે નામ હોય તેને તે નામ વડે જો બોલાવવામાં આવે તો તેનો તુરત પ્રત્યુત્તર આપવામાં આવે છે.પણ બીજા નામો વડે બોલાવીએ તો તેને પોતાને પણ ખબર હોતી નથી કે મને કોઈ બોલાવે છે. તેથી તે જ્યાં સુધી બોલાવનારનો એ સંકેત સમજે નહિ ત્યાં સુધી સાંભળવા છતાં પણ ઉત્તર આપી શકે નહિ. તેમ જગતમાં એક વાસના તણખલાંથી તે બે મોટા પહાડ સુધીની તમામ

વસ્તુઓ; આંખો વડે જોવામાં આવે છે, કાનો વડે સાંભળવામાં આવે છે, ત્વચા વડે સ્પર્શવામાં આવે છે, નાક વડે સૂંઘવામાં આવે છે, કિંવા જીભ વડે રસનું ગ્રહણ થઈ શકે છે, તેવા કાયિક, વાચિક અને માનસિક તમામ ભાવો; જેનો હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, ઇત્યાદિ વડે નિર્દેશ થઈ શકે છે તે પૈકી ગમે તે એક લઈ તેમાં સર્વ અનેકત્વનો એકત્વભાવ કરી દેવો; આ જ ખરું ઉપાસનાનું રહસ્ય છે. પણ તેમાં જે આકારોએ પોતાના દેહમાં જ સર્વાત્મભાવનો સાક્ષાત્કાર કર્યો હોય તેવા જીવન્મુક્ત આકારો અથવા કર્મયોગી યા જ્ઞાનયોગી મહાપુરુષો સાક્ષાત્ દેવતારૂપ જ બનેલા હોય છે. પોતે આત્મરૂપ છે અને આ બધું પણ પોતાનું આત્મસ્વરૂપ છે એવા પ્રકારનો નિશ્ચયપૂર્વક તેઓએ જાતે અપરોક્ષ અનુભવ લીધેલો હોય છે, તેથી જેમ વ્યવહારમાં રામ નામના કોઈ મોટા સમજુ મનુષ્યને આપણે તારું નામ રામ છે ને? એવું કહેતાંની સાથે તે તુરત જ હા કહેશે, પણ કોઈ અજ્ઞાની બાળકનું નામ કહીને ગમે તેટલા વખત તેને બોલાવવામાં આવશે તો તે સમજી શકશે નહિ. આ પ્રમાણે આત્માનો અપરોક્ષ અનુભવ કરેલા જીવન્મુક્ત મહાત્માઓ અખંડ એકાકાર વૃત્તિના અનુભવમાં જ સ્થિર હોવાથી તેમની આકૃતિ નજર સામે રાખીને તું જ આત્મા છે, તું જ આ સર્વરૂપે પ્રતીતિમાં આવે છે. તારા સિવાય બીજું કંઈ છે જ નહિ. હું તું, તે, આ ઇત્યાદિ સ્થૂલ અને સૂક્ષ્મ શરીર, વાણી અને મન વડે જે જે કંઈ પ્રતીત થાય છે તે સર્વ, તારું જ રૂપ છે; એવી રીતના નિશ્ચય વડે સર્વાત્મભાવ સિદ્ધ કરી સર્વ ભાવોને પોતાસહ ભૂલી જવું અથવા પોતાના એક ઇષ્ટમાં જ અનન્ય રીતે એટલે જુદાપણાની ભાવનાનો ત્યાગ કરીને એકરસ (તન્મય) બની જવું. આમ ઐક્યભાવે થનારી જીવન્મુક્તની ઉપાસના જલદી સાધ્ય થઈ શકે છે. તેવા જીવન્મુક્તોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા, ગણેશ, સૂર્ય, દેવી ઇત્યાદિ મહાદેવો; ઇન્દ્ર, વરુણ, કુબેરાદિ દિક્પાલો; રામ, કૃષ્ણ, નૃસિંહ, વરાહ, વામન ઇત્યાદિ અવતારો તેમ જ પ્રથમ થઈ ગયેલા અને ચાલુ સમયે હોય તે આત્મસાક્ષાત્કારી બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ ઇત્યાદિ તમામનો સમાવેશ થાય છે, અને એટલા માટે જ આવા મહાત્માઓ જીવતા જાગતા દેવતા ગણાય છે. સારાંશ એ કે, જીવન્મુક્તોની ઉપાસના જલદી સાધ્ય થઈ શકે એવી હોવાથી શાસ્ત્રોમાં તેમનાં નામરૂપોનાં વર્ણનો વર્ણવેલાં હોઈ સર્વાત્મભાવે તેની ઉપાસના કરવા જણાવેલું છે અને આનું નામ જ ભક્તિમાર્ગ એમ કહ્યું છે. સાંખ્ય કિંવા જ્ઞાનમાર્ગમાં આ બધું આત્મા છે એવો અભ્યાસક્રમ છે; ત્યારે ભક્તિમાર્ગમાં આ બધું પોતાના ઇષ્ટદેવનું જ સ્વરૂપ છે એવી રીતનો અભ્યાસક્રમ કહ્યો છે. તે વસ્તુતઃ તો એક જ છે, કર્મયોગ પણ આનું નામ જ છે, ઉપાસનાનું આ સાચું રહસ્ય છે. વાસ્તવિક રીતે તો શાસ્ત્રોમાં ઝઘડા જેવું કંઈ છે જ નહિ, ઊલટું ઝઘડાઓ મટાડવાનો ઉદ્દેશ જ તેમાં તરી આવે છે, છતાં ખરેખર જેઓનો ઉદ્દેશ સાચી ઉપાસના કરવાનો ન હોય અને મનમાં અનેક કામનાઓ તથા વિદ્યા, ધન અને સત્કુલાદિનો મનમાં મદ રાખી પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા મેળવવી એવો હોય અને તેવી સ્વાર્થબુદ્ધિ સાધવા માટે ઉપરથી ભક્તમાં ગણાવવાના ઉદ્દેશથી લોકોમાં ઉપાસનાના નામે ઢોંગ જ કરવામાં આવતો હોય અને પછી ઉપાસના સિદ્ધ થવાની આશા રાખવામાં આવે તો તે કેવળ દાંભિકતા જ ગણાશે. તરમાત્ કેવળ ભગવાનના સ્વરૂપનું દર્શન અથવા આત્મસાક્ષાત્કારની ભાવના રાખી, ઉપર કહેવામાં આવ્યું તેવા પ્રકારની ઉપાસના કરવામાં આવે, તો નિશ્ચયપૂર્વક સમજો કે તેવી ઉપાસના લાંબો કાળ નહિ જતાં થોડા સમયમાં જ સાક્ષાત્કાર કરાવી આપે છે. એવી ઉપાસના જ ઐક્યભાવ વધારે છે અને બેપણાની ભાવનાઓ મટાડે છે. સર્વાત્મપણાની ભાવના જાગૃત કરે છે, સત્ત્વગુણની વૃદ્ધિ કરે છે, અહંકારનો દિનપ્રતિદિન નાશ કરે છે, બુદ્ધિ, નિર્મળ અને પવિત્ર કરે છે, અંતઃકરણ શુદ્ધ કરે છે, ચિત્તને હંમેશાં અખંડ એકત્વની ભાવનામાં જ સ્થિત કરે છે, વ્યવહારનાં અનેક ઐહિક સુખોપભોગો તથા વિષયભોગો સંબંધમાં અંતઃકરણમાં અરુચિ પ્રકટ કરે છે, શત્રુમિત્રાદિ ભાવનાઓને નષ્ટ કરે છે અને મોટામાં મોટા શત્રુને પણ મિત્રરૂપે બનાવે છે. ગમે તેવા દુઃખમાં પણ જે આનંદમાં જ મમ રહે છે, સુખ જોને હર્ષ ઉપજાવી શકતું નથી; ટૂંકમાં સુખ, દુઃખ, શત્રુ, મિત્ર, હું, તું, તે, આ વગેરે સમસ્તભાવોમાં જે એકત્વની વૃત્તિ સિવાય બીજું કંઈ દેખતો જ નથી અને જે જગતનો સર્વ વ્યવહાર જીવન્મુક્ત બની નિષ્કામ રીતે યંત્રવત કરે છે, તે જ ખરો ભક્ત કિંવા ઉપાસક છે બાકી બધો દંભ છે, એમ જાણો.

કિરણાંશ ૨૬

અજ્ઞાનીઓનો વિતંડાવાદ

રાજન્! શાસ્ત્રનો ખરો અર્થ સમજવાને બદલે લોકોમાં મોટા ઝગડાઓ કેવી રીતે ચાલે છે તે સંબંધમાં એક પ્રસંગ કહું છું. કેટલાક ઠંડા પહોરના અપીદાસો એક સ્થળે એકત્ર મળ્યા હતા. ભગવદ્ગીતાનો ઉદ્દેશ શો? એ પ્રસંગ ઉપર તેઓનો જોરશોરથી વાદ ચાલુ હતો. કોઈ કહે કે આમાં કર્મયોગ છે, કેટલાકો જ્ઞાનયોગ, કેટલાકો ભક્તિયોગ, કેટલાકો યોગયોગ, તો કેટલાક સાંખ્યયોગ અને કેટલાક સંન્યાસયોગ મુખ્ય છે, એ રીતે તેઓનો આપસઆપસમાં વાદવિવાદ ચાલતો હતો. પછી તો આ વાતે વધારે ઉગ્ર રૂપ પકડ્યું. છેવટે એવો નિર્ણય થયો કે ગામમાં એક મહાત્મા આવેલા છે તેમની પાસે જઈ પૂછવું. આમ તેઓ બધા મારી પાસે આવ્યા અને ત્યાં જ પોતાનો વાદ પાછો શરૂ કર્યો. થોડી વારે બે ઘડી તો તેઓએ ત્યાં પણ પોતાનો ગીતા ઉપરનો પ્રેમ પ્રકટ કરવાનો પ્રસંગ ઉપસ્થિત કર્યો. કુતૂહલ દર્શનેચ્છુ લોકો પણ આ તમાસો ક્ષણભર જોતા જ રહ્યા. તેઓને રોકતાં કહ્યું કે તમારો ઉદ્દેશ શો છે? મારામારી કરવી હોય તો બહાર જગા સારી છે; આ જગા તો ઘણી નાની છે, માટે અહીં તમારો આટલા બધાનો ઉદ્દેશ શી રીતે સફળ થશે? તેથી તમો બીજા કોઈ સ્થળે જાઓ એ વધારે સારું. તે સાંભળીને તેઓએ તો વધુ શોરબકોર કરવા માંડ્યો. કોઈએ જ્ઞાન, કોઈએ ભક્તિ, કોઈએ સંન્યાસ, કોઈએ સાંખ્ય, કોઈએ કર્મમાર્ગ સંબંધમાં કોલાહલ મચાવી મૂક્યો. પછી સર્વને મોટી મુશ્કેલીથી શાંત કર્યા અને તેમને નીચે પ્રમાણે કહ્યું :

મારું વૈકુંઠગમન

હે સદ્ગૃહસ્થો! મારું કહ્યું સાંભળો. તમે જાણો છો ને ભગવાન તો સર્વવ્યાપી છે? તે સર્વ જાણે છે. તેની હું તમોને હમણાં જ ખાતરી કરાવી આપું છું. તમો બધા જ્યારે અહીં આવ્યા અને તમારો વાદવિવાદ શરૂ કર્યો તેને શુમારે ત્રણ ચાર ઘડી (દોઢેક કલાક) થઈ, એટલામાં મને એક ઝોકું આવી ગયું. જેવો ભાવ તેનું સ્વપ્નું આવે તેમ કહો કે ગમે તેમ કહો. તે ઝોકામાં મને એક સ્વપ્નું આવ્યું અને તેમાં હું વૈકુંઠમાં જઈ પહોંચ્યો. ત્યાં જયવિજય દ્વારપાળોની પાસે સંદેશો કહેવાયો. તત્કાળ પરમ ભક્ત નારદ, વ્યાસાચાર્ય, સનત્કુમાર વગેરે સાથે ભગવાન લક્ષ્મીજી સહિત સામે આવ્યા. મેં કહ્યું ભગવન્! આપે તો વળી આવી તસ્દી લેવાની હોય? ભગવાને કહ્યું કે અતિથિનો સત્કાર કરવો એ તો પરમ ધર્મ છે, સિવાય આપ તો મહાત્મા હોઈ મારી વિભૂતિ છો, આવા મોટા ત્રૈલોક્યના સ્વામી સાક્ષાત્ ભગવાનનો આ વિવેક જોઈને મને તો ઘણો જ અચંબો થયો, મારી આંખોમાંથી તો આનંદાશ્રુ વહેવા લાગ્યાં! હું તો તેમને દંડવત્ પ્રણામ કરવાનું પણ ભૂલી ગયો હતો, તે યાદ આવ્યું અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાન તો મને ઉઠાડીને ખૂબ બેસ્યા. મને તો ભગવાનને છોડવાનું મન જ ન થાય. પછી ક્રમે ક્રમે નારદાદિને પણ બેસ્યો, ત્યાર બાદ ભગવાને મને કુશળ વૃત્તાદિ પૂછ્યા અને પછી ક્રમે ક્રમે સર્વ સભાસદોનું યથોપચાર પૂજન કર્યું. મેં કહ્યું, ભગવન્! મારા જેવા ક્ષુદ્ર જીવનું તે વળી પૂજન હોય? આ તો બધા મોટા છે, તેમની વાત તો ઠીક! ભગવાન બોલ્યા, અરે! ભક્તો ભગવાનનું પૂજન કરે અને ભગવાન ભક્તોનું. બંનેમાં તો કોઈ જુદાપણું સંભવે ખરું કે? ભગવાનનો આ વિવેક, લીનતા, ભક્તો પ્રત્યેનો પ્રેમ વગેરે જોઈને હું તો દિગ્મૂઢ જ બની ગયો હતો. અત્યાર સુધી મારું ધ્યાન તો ત્યાં શું ચાલે છે, કોણ કોણ બેઠા છે અને સાચું પૂછો તો ભગવાને કરેલા વિવેકાદિ તરફ પણ ઝાઝું હતું નહિ, કેવળ ભગવાનનાં ચરણારવિંદમાં જ લાગેલું હતું. આમ કેટલોક સમય વીત્યા બાદ જાણે હું સાવધ થયો ન હોઉં તેમ અહીં કેવી રીતે આવ્યો, તેનું મને સ્મરણ થયું. સભામાં બેઠેલા સભાસદો તરફ નજર નાખતાં જણાયું કે મહર્ષિઓ, દેવર્ષિઓ, રાજર્ષિઓ, સિદ્ધો, દેવતાઓ, ગંધર્વો, દિક્પાલો, દેવીઓ વગેરેનો સમૂહ ભગવાનની સન્મુખ તથા જમણા હાથ તરફ બેઠેલો હતો. ભગવાનની પાસે સુવર્ણ, કુલિશ, માણેક, મોતી, પરવાળાં, પન્ના, પદ્મરાગ, હીરા, નીલ, ગોમેદ, વૈડૂર્ય ઇત્યાદિ અનેકવિધ રત્નોના સિંહાસન ઉપર ડાબી

બાજુએ ત્રૈલોક્યજનની શ્રીલક્ષ્મીજી બિરાજેલાં હતાં. ઉપર ઝરખાઓમાં તેત્રીસ કોટિ દેવતાગણો, દેવીઓના સમૂહો અને ગંધર્વો, અપ્સરાઓ, સિદ્ધો, ચારણો વગેરે વિમાનોસહ હતા. હીરા, માણેક આદિ રત્નોના દીવાઓ ઝળહળતા હતા. ભગવાનની ડાબી બાજુએ સનત્કુમાર, વામદેવ વગેરે અવધૂતો અને તેમની પાસે જ મારું સ્થાનક હતું. નજીકમાં જોઉં છું તો સાખીઓ તથા શ્રીમત્ શંકરાચાર્યજી, જ્ઞાનેશ્વર મહારાજ, કબીરજી, તુકારામ, નામદેવ વગેરે બધા કળિયુગમાં અવતીર્ણ થયેલા સંતો! આ બધાંનાં દર્શન થયાં. તેમને બધાને પણ ભેળવ્યા અને પુનઃ આસન ઉપર બેઠો.

હું અને ભગવાન

મેં વિનયપૂર્વક ભગવાનની પ્રાર્થના કરી. દેવાધિદેવ! મારા આગમનથી આપના ચાલતા વિષયમાં વિક્ષેપ થયો તે માટે હું આપની તથા આ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષો તેમ જ સર્વ સભાસદોની ક્ષમા ચાહું છું. ભગવાને કહ્યું, તમે આવ્યા તે ઘણું સારું થયું, કેમકે અમો તે જ વિચાર કરી રહ્યા હતા. જુઓ, આ પાસે બેઠેલા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સામે પહેલી હારમાં બેઠેલા મારા અંશરૂપ એવા આ બધા ભરદ્વાજ, અંગિરા, ગર્ગ, મરીચિ, ભૃગુ, ક્રતુ, ભાર્ગવ, પુલસ્ત્ય, અગાસ્ત, આસિત, પરાશર, હારિત, ગૌતમ, સાંખ્ય, મૈત્રેય, ચ્યવન, જમદગ્નિ, ગાર્ગ્ય, ભારદ્વાજ, કશ્યપ, કાશ્ય, માર્કંડેય, કપિંજલ, શાંડિલ્ય, આત્રિ, શાકુનેય, શૌનક, આશ્વલાયન, સાંકૃત્ય, પરીક્ષક, દેવલ, ગાલવ, ધૌમ્ય, કામ્ય, કાત્યાયન, કાંકાયન, વૈજવાપ, કુશિક, હિરણ્યાક્ષ, ગોલાલી, શરલોમા, ગોભિલ, કૌશિક, વૈખાનસ, વાલ્મિલ્ય, પુલહ, વાલ્મિક, સુમતિ, સ્થૂલગિરા, સંવર્તક, પ્રમતિ, દમ, બૃહસ્પતિ, શુક્ર, ક્રુચ, દુર્વાસા, રૈભ્ય, યવક્રિત, વિત, સ્થૂલાક્ષ, શંખલાક્ષ, કણ્વ, મેધાતિથિ, કુદશ, સુધન્વા, એકત, નિતંભૂ, તુંબરુ, ભુવન, શતાનંદ, અકૃતવ્રણ, બલિ, હનુમાન, શુક, વાસુદ, વિશ્વામિત્રાદિ મહર્ષિઓ; સનત્કુમાર, દત્તાત્રેય, વામદેવ વગેરે અવધૂતો; સ્વાયંભુવાદિ મનુઓ; નારદાદિ દેવર્ષિઓ અને જનકાદિ રાજર્ષિઓનાં સ્વરૂપે હું પોતે જ પ્રથમ યુગમાં લોકોને મારા સાચા પરમ સ્વરૂપનું જ્ઞાન આપવાને માટે પ્રકટ્યો હતો. તેમ જ મચ્છ, કચ્છ, વરાહ, અને નૃસિંહ એવા ચાર અવતારો વડે મેં જ નિયતિના નિયમોનું પાલન કર્યું હતું. બીજી હારમાં બેઠેલા બધા બીજા યુગમાંના પૃથુ વગેરે રાજર્ષિ, દેવર્ષિ અને મહર્ષિઓ છે. એ યુગમાં મેં વામન, પરશુરામ અને રામ એ ત્રણ રૂપે અવતારો ધારણ કર્યા હતા અને ભૂભાર ઉતાર્યો હતો. ત્રીજા યુગમાં તો ત્રીજી હારમાં બેઠેલા બધારૂપે હું જ અવતર્યો હતો અને શ્રીકૃષ્ણાવતારે મેં દેવકીના ઉદરે જન્મ લીધો તથા ભૂભાર ઉતાર્યો અને મારો બીજો અંશ નરરૂપ એવો અર્જુન હતો, તેને નિમિત્ત કરીને મેં જ તેને ઉપદેશ કર્યો. વળી મારા અંશ, પ્રત્યંશ એવા રાજર્ષિ, મહર્ષિઓ તો હતા જ, છતાં મારો તે ઉપદેશ જાણે અર્જુનના ફાયદાને માટે જ ન હોય! તેમ અર્જુનને તો ફાયદાકારક થયો; પરંતુ બીજાઓને તો તે એક લડાઈ કરવાના કારણભૂત થયો. અર્જુનનો મોહ તો નષ્ટ થયો, પરંતુ બીજાઓ તો ઊલટા વધારે મોહમાં ફસાઈ પડ્યા. અરે! જુઓ કે તમારી પાસે જ હમણાં કેવો તુમુલ વાદવિવાદ ચાલુ હતો તે શું ભૂલી ગયા? ભગવાનનું આ વચન સાંભળીને હું તો તદ્દન વિરમિત થઈ ગયો અને મનમાં વિચાર્યું કે ભગવાન સર્વવ્યાપી કહેવાય છે તે વાત તો સાચી. મેં નમ્રતાથી કહ્યું કે, ભગવન્! એ તો આપની માયાનો પ્રભાવ છે. ભગવાન બોલ્યા, માયા માયા કહીને આ મૂઢ લોકો મારી પાસેથી દુઃખ જ માગી લે છે, વાસ્તવમાં માયા છે જ ક્યાં? મેં કહ્યું ભગવન્! આપે જ કહ્યું છે ને? ભગવાને કહ્યું, હા. પણ માયા એટલે તો અવિદ્યા અને અવિદ્યા એટલે જે કાંઈ છે જ નહિ તે. જેમ વંધ્યાપુત્ર, શશશૃંગ વગેરેનો વ્યવહારમાં શો અર્થ? તેટલો જ માયાનો! તેમાં તો વળી માયા, માયા કરીને લોકો ગભરાય છે શાના? તે જ વિષય આજે સભામાં ચર્ચાઈ રહ્યો છે. જુઓ, પેલા ત્રીજી હારમા ડાબી બાજુએ સુવર્ણના સિંહાસન ઉપર પાતળા શરીરના શ્યામ વર્ણવાળા અને સફેદ દાઢીવાળા જે બેઠા છે તે જ મારા અંશરૂપ એવા વ્યાસાચાર્યજી છે. એઓ પૃથ્વી ઉપરથી તમારી પહેલાં જ આવેલા છે, કેમકે તેમણે રચેલાં પુરાણો, ઉપપુરાણો તથા ઉત્તર મીમાંસાદિ ધર્મશાસ્ત્રોમાં આવતાં વર્ણનો ખરાં છે કે ખોટાં છે એ ઝઘડો મટાડવાને માં રૂપે

આ કલિયુગ પૂર્ણ થતાં સુધી મેં તેમને પૃથ્વી ઉપર ચિરંજીવ જ રાખ્યા છે. તેઓ જંબૂદ્વીપના ભરતખંડ મધ્યે આવેલા હિમાલય પર્વતના કૈલાસ શિખર નજીક આવેલા ગંધમાદન પર્વત ઉપર નિવાસ કરીને રહે છે, છતાં આ વાદ કરનારાઓ તેમણે રચેલાં શાસ્ત્રો સંબંધે તેમની આરાધના કરીને તેમને પૂછતા નથી અને ખોટા ખોટા વાદો જ કર્યે જાય છે. આજે જ થાય છે એમ નથી પરંતુ પહેલાં પણ આમ જ ચાલતું હતું. તેથી મેં કલિયુગમાં શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, તુકારામ, કબીર, નરસિંહ મહેતા, રામદાસ, તુલસીદાસ વગેરેરૂપે અવતાર લઈ તેઓ દ્વારા લોકો મારા પરસ્વરૂપનો સાક્ષાત્કાર કરી ઐક્યભાવની પ્રાપ્તિ કરે એવા ઉદ્દેશથી શાસ્ત્રોનું પ્રાકટ્ય કર્યું છે. આજકાલ ભગવદ્ગીતા સંબંધમાં તો જગતમાં મોટો ઊહાપોહ મચી રહેલો જોવામાં આવે છે. મેં જાતે કહેલા અર્થાત્ મારા સ્વરૂપ છે એવા અપૌરુષેય વેદો તથા શ્રુતિસ્મૃત્યાદિને પણ લોકો જાણતા નથી અને તે કરતાં પણ આ ગીતાને વધુ મહત્ત્વ પ્રાપ્ત થયેલું છે, તેથી સર્વ શાસ્ત્રનો સારભૂત સિદ્ધાંત શો છે તે આ ગીતા દ્વારા સમજાવવાને અર્થે આજે આ બધી સભા એકત્ર થયેલી છે. તેમાં મારા પરઅપરસ્વરૂપનો સાચો બોધ પ્રાપ્ત થાય અને જગતમાં ચાલતા તમામ ખોટા ઝઘડાઓનો અંત આવે તથા ચાલુ યુગના શાસ્ત્રોના અનભ્યાસી લોકો પણ સારી રીતે સમજી શકે એટલા માટે ભગવદ્ગીતાનું સાચું રહસ્ય સર્વે શ્રુતિસ્મૃતિ તથા પુરાણોપપુરાણોના સારરૂપ એવું શાસ્ત્રદોહન સાથેનું મહર્ષિ વસિષ્ઠ તથા આચાર્યવર્યમાં શ્રેષ્ઠ એવા શ્રીવેદવ્યાસાચાર્ય અત્રે કહી સંભળાવશે, તે તમો સ્વસ્થ ચિત્તે સાંભળો અને તેને લોકકલ્યાણાર્થે જગતમાં પ્રકટ કરો. ભગવાનનું વચન સાંભળીને મેં કહ્યું કે હે દેવાધિદેવ! હું આપની આજ્ઞા શિરસાવંદ્ય કરું છું, પરંતુ હું તો તદ્દન અજ્ઞાની, મૂઢ અને પામર છું. વળી હું કાંઈ પંડિત કે વિદ્વાન પણ નથી. આ ગીતાનો તો મારો કોઈ દિવસ અભ્યાસ પણ નથી. તો આવી પરિસ્થિતિમાં મારા જેવાનું શું ગજું? જે કાર્ય કરતાં મોટામોટા થાકી ગયા ત્યાં મારા જેવાનો શો હિસાબ! ભગવાન બોલ્યા, અરે જ્યાં મારી કૃપા હોય ત્યાં તમારે શું કરવાનું હોય? તે તો હું જ કરીશ. તમો ફક્ત મારા પ્રણવનું ધ્યાન કરીને કાર્યની શરૂઆત કરશો કે બધું સ્મરણ થઈ જશે. ઋષિઓને તમારી પાસે બેઠેલા નરસિંહ મહેતા, તુકારામ, કબીર, જ્ઞાનેશ્વર વગેરે ક્યાં ભણ્યા ગયા હતા? વળી તેઓના કાળમાં તો લોકો આજના કરતાં શાસ્ત્રના વધુ અભ્યાસક હતા. આજે તો શાસ્ત્રાભ્યાસનું નામ જ ક્યાં છે? પરંતુ આજકાલ લોકો ભગવદ્ગીતાને વધુ માને છે, તેને નિમિત્તરૂપ કરીને તેના આધારે સર્વ વેદ, વેદાંગાદિ વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો દ્વારા વેદનાં મહાવાક્યોનો સાચો સંદેશ તમારે અત્રેથી લઈને અજ્ઞાની લોકોના કલ્યાણાર્થે જગતમાં પ્રગટ કરવાનો છે, કારણ કે ગીતા એ સર્વશાસ્ત્રોના સારરૂપ છે. મેં તેમની આજ્ઞા શિરસાવંદ્ય કરી ભગવાનને સાષ્ટાંગ નમન કર્યું. ત્યાં ભગવાને મારા મસ્તક ઉપર હાથ મૂક્યો, આથી જાણે ભગવાનનો જ મારામાં સંચાર થયો ન હોય તેમ સર્વ શાસ્ત્રદોહન મારી નજર સામે દેખાવા લાગ્યું. તેથી મેં ભગવાનને વિનંતિ કરી કે પ્રભો! આપની કૃપાથી હવે મને કાંઈ ભય નથી. આપની કૃપા વડે મને જે અંતઃસ્ફૂર્તિ થવા પામેલી છે, તેથી હું જ એ સર્વ સ્ફુરણ બ્રહ્મવિદ્યાની આ સભામાં કહી સંભળાવીશ, તેમાં જ્યાં મારા કથનોમાં અર્થરહિતપણું જણાય તે મારી ભૂલો સર્વ વિદ્વદ્વર્ય સુધારી લેશે. આમાં સર્વનું અનુમોદન મળ્યું. સાક્ષાત્ ભગવાનની જ જ્યાં પ્રેરણા થાય, ત્યાં શું પૂછવું? મેં તો સભામાં બેઠેલા સાક્ષાત્ ગણેશ, સરસ્વતી, સદ્ગુરુ, ભગવાને તથા સર્વે મહાસંતોનું ધ્યાન કરી પ્રત્યક્ષ નમન કર્યું અને **मूकं करोति०** એ શ્લોક બોલી કથનનો આરંભ કર્યો, અને મારું બોલ્યું, તોતડું બોલવું, સર્વે સભાસદો આનંદ અને પ્રેમથી સાંભળતા હતા. તેમાં ભગવાને પોતે, બ્રહ્મા વિષ્ણુ આદિ અને ગણેશ સૂર્યાદિ દેવતાઓ; મહર્ષિ વસિષ્ઠાદિ તેમ વ્યાસાચાર્યજી તથા સાંખ્યાયનાદિ આચાર્યો અને માતા સરસ્વતી, ત્રિપુરસુંદરી તથા ઉદ્દાલક, અષ્ટાવક્રાદિ અન્ય ઋષિઓ તેમ જ જનકાદિ રાજર્ષિ ધ્રુવાદિકોએ જે જે સૂચનાઓ કરી તે પણ બધી સાંભળી લીધી. આમ આઠ દિવસ ક્રમ ચાલ્યો.×નિત્યપ્રતિ આ અધ્યાત્મ વિષયની ચર્ચા અને તે પણ મહર્ષિઓની સભામાં અને વળી મારા જેવા અનાડી પાસેથી. સ્વપ્નમાં પણ મને આ વાતનું મોટું આશ્ચર્ય થતું હતું તો પછી જાગૃતિમાં થાય તો નવાઈ શી? બધું સંપૂર્ણ થયું.

×પૃથ્વી ઉપર ચાલતા અહીં જેઠ સુદ ૧૫ પૂનમે પૂર્ણાહુતિ તથા વદ ૧ એકમે પારણું.

ભગવાને અને સર્વ દેવતા, મહર્ષિ વર્ગે તથા જ્ઞાનેશ્વર મહારાજ વગેરે સંતોએ મને બાતી સરસો ચાંપ્યો. એટલામાં એક ૐકારનું તેજઃપુંજ વિમાન આવ્યું. તેમાં હું બેઠો ને એકાએક ભગવાન અને સર્વ સભાસદો સહિત 'ૐ'રૂપ બની ગયો. આમ એકદમ જાગૃત થયો અને જોઉં છું તો તમારો ગીતા સંબંધીનો ઝઘડો. અહાહા! ક્ષણવારમાં કેટલો બધો ચમત્કાર! મને તેનું હજી સ્મરણ થાય છે ને વારંવાર આશ્ચર્ય પણ થાય છે. વિશેષમાં એટલું જ કે ભગવાને મને જે 'ૐ'સ્વરૂપની ધારણા કરવાની આજ્ઞા કરી હતી, તેની સત્યતાને માટે તેનું અવલંબન કરતાં જ જાણે સમુદ્રમાંથી તરંગો રફુરે તેમ હમણાં પણ બધું રફુરી રહ્યું છે. આને સ્વપ્નું કહેવું કે જાગૃતિ તેનો નિર્ણય હજી કાંઈ થતો નથી. તે પૈકી ભગવદ્ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ કિંવા યોગયોગ એટલે હઠયોગ ...ધાન્ય છે; તે ઉપર મેં તે સભામાં કહેલું વિવેચન તમોને કહું છું.

દુઃખમાંથી છૂટવાને બદલે તેમાં જકડાવું

ભગવન્! આપની કૃપાથી મને અંતઃકરણમાં જે રફુરી રહ્યું છે, તે સર્વ આપની જ પ્રેરણારૂપ છે. આપ કે જે પ્રાણીમાત્રના અંતઃકરણમાં સૂક્ષ્મરૂપે બિરાજો છો તે જ પ્રથમ પ્રણવરૂપે બની તેમાંથી પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એમ વાણીમાં જે ચાર ભેદો ઉત્પન્ન થવા પામેલા છે, તે રૂપે પણ આપ પોતે જ પ્રકટો છો. પાણીનું જેમ હિમ (બરફ) બને છે, તેમ આપ પોતે જ વાણીરૂપે બહાર પ્રકટ થાઓ છો. તેવા આપની હું કયા સ્તોત્રથી સ્તુતિ કરું? આમ વાસ્તવિક રીતે આપ જ પોતે હું અને મારું કૃત્યાદિ તમામ રૂપે બન્યા હોઈ તેના સાક્ષીરૂપે પણ આપ પોતે જ છો. જ્યાં વાણીને આપ જ પોતે રફુરણા કરો છો, તો પછી તે વાણી આપના વર્ણનમાં સમર્થ કેવી રીતે બને? તસ્માત્ આપના વર્ણનને માટે કેવળ મૌન એ જ એક ઉપાય હું જોઉં છું. બાળકનું ગાંડું, ઘેલું, બોબડું, બોલવું પણ માતપિતાને કેટલું હર્ષ ઉપજાવે છે? તેમ મારું ગાંડું, ઘેલું અને બોબડું બોલવું પણ પિતામહના પણ પિતા એવા આપને તથા આ બધા આપના જ અંશરૂપ બ્રહ્મા અને મહેશાદિ સમર્થ મહાદેવો, દેવીઓ, મહર્ષિઓ, રાજર્ષિઓ, દેવર્ષિઓ, ગુરુ અને આચાર્યો વગેરે સર્વે સંત, સજ્જનો, આપ્તો અને મહાપુરુષો કે જે પિતા, પિતામહાદિકો છે, તેઓને તો પરમાનંદ આપે તેમાં નવાઈ પણ શું? હે વસિષ્ઠાદિ મહર્ષિ અને વ્યાસાચાર્યાદિકો! આપે લોકકલ્યાણને અર્થે જગતમાં જે જ્ઞાન પ્રસ્તુત કર્યું છે તેથી જ આજે અમો પૃથ્વીરૂપ દાવાનળમાં રહ્યા છતાં પણ બહુ જ શાંત અને હિમની જેમ શીતળ થઈ વિહાર કરી રહ્યા છીએ. વ્યવહારમાં જળકમળવત્ રહેવાની આપે બતાવેલી પદ્ધતિનો અંગીકાર કરી અમો ખરેખર કૃતકૃત્ય થયા છીએ, આ બધો આપનો જ પ્રતાપ છે. માટે હે બ્રહ્મનિષ્ઠો! હું આપને બધાને પુનઃ પુનઃ પ્રણામ કરું છું, કારણ કે બીજું સાધન મારી પાસે શું હોય? અ...મો અને હું એવો ભેદભાવ છે જ ક્યાં? માટે હું પોતે પોતાને જ પ્રણામ કરું છું. આવી રીતે ...યા ભિન્ન ભિન્ન અનંતરૂપે ભાસતા જગતમાં વાસ્તવિક ભિન્ન ભિન્નપણું છે જ નહિ પરંતુ એકત્વ જ છે, એ સિદ્ધાંત સમજાવવાને માટે આપે તનતોડ મહેનત કરી છે. સર્વાત્મભાવ રાખો, આ જે ભેદ ભાસે છે તે તો કેવળ શરીર અને તેના અવયવોની જેમ આત્મસ્વરૂપથી અભિન્ન હોવાનું જ સૂચક છે એમ કહેલું છે. છતાં આ વ્યવહારમાં અજ્ઞાન વડે મોહ પામેલા અને અંધ બનેલા મૂઢો પોતામાં જ રહેલા પોતાના સ્વસ્વરૂપભૂત એવા ભગવાનને નહિ ઓળખતાં વગર કારણે હું અને મારું સમજીને મિથ્યા ઝઘડાઓ કરતા જ રહે છે અને પોતે વસ્તુતઃ આનંદસ્વરૂપ હોવા છતાં અહોરાત્ર શારીરિક, માનસિક અને બૌદ્ધિક વ્યથાઓથી થનારાં અસહ્ય દુઃખો સહન કર્યે જાય છે, આ તો શાસ્ત્રાભ્યાસ નહિ કરતાં કેવળ પશુવત્ જીવન ગુજારનારા કામીઓની સ્થિતિ સંબંધમાં કહ્યું. પરંતુ શાસ્ત્રનો ખરો અર્થ નહિ સમજતા શાસ્ત્રના અભ્યાસનો તથા સમજ્યાનો દાવો કરનારાઓની પરિસ્થિતિ તો તેવાઓ કરતાં પણ ઘણી બૂરી છે. આવી જ્ઞાનબધુતા (જ્ઞાનબંધુતા કોને કહેવી તે આગળ સિદ્ધાંતકાંડ અધ્યાય ૫ શ્લોક ૮-૯ માં વિવેચન કરવામાં આવેલું છે તે જુઓ) તો તેઓને હજારો જન્મ સુધી નરકમાં જ સબડાવ્યા કરે છે, અનેક દુઃખોમાં નાખે છે, રાત ને દહાડો ચિંતામાં ને ચિંતામાં જ વ્યતીત કરાવે છે, છતાં પણ તેઓ કદી સુધરતા નથી અને દુઃખમાંથી છૂટવાનો ઉપાય પણ કરતા નથી, પરંતુ વધુ ને વધુ દુઃખને જ ભેટ્યા કરે છે.

દુઃખને છોડવાને બદલે વધુ પકડે છે

ભગવન્! આપે કહ્યું તેમ વગર કારણે માયા, માયા એમ કહી માયાને નામે પોતાની મૂઢતા અને આળસુપણાનો દોષ બીજાને માથે નાખી દેવાને લોકો પ્રયત્ન કરે છે. આ ભૂતળની અંદર એક દિવસે એક સદ્‌ગૃહસ્થ માયામાંથી બચવાનો ઉપાય પૂછવા માટે એક મહાપુરુષની પાસે ગયા. મહાત્મા કંઈ બોલ્યા નહિ પરંતુ થોડા સમય પછી કાંટાના એક ઝાડને બેઉ હાથે આકી પકડ્યા. આથી તેઓ આખા શરીરે લોહીલોહાણ થયા અને મોટેમોટેથી બૂમો પાડવા લાગ્યા કે મને કોઈ છોડાવો, મોં વડે આમ બૂમો પાડતા જાય અને હાથોને જોરજોરથી વધુ ને વધુ મજબૂત કરતા જાય. તમામ લોકો વિચાર કરવા લાગ્યા કે મહાત્મા ગાંડા તો નથી થયા ને? દુઃખ થાય એમ કહીને બૂમો પાડે છે અને હાથો છોડાવવાને બદલે વધારે મજબૂત કરતા જાય છે. આનો શો અર્થ? તે પૈકી જેણે માયામાંથી બચવાનો ઉપાય પૂછ્યો હતો. તેણે કહ્યું મહારાજ! હાથ છોડી દો એટલે હમણાં છૂટી જશો, તમો તો જોરજોરથી બેડી રહ્યા છો તો કાંટા વાગે ને વળી દુઃખ જ થાય ને! આ સાંભળીને મહાત્મા બોલ્યા, આમ જ માયાને માટે ચાલી રહ્યું છે. તમો તેને છોડતા નથી પણ વધારે ને વધારે પકડતા જાઓ છો અને વળી પૂછો છો કે માયામાંથી શી રીતે બચી શકાય? આ રીતે માયાને છોડવાને બદલે માયામાં જ વધુ સપડાઈ જતાં લોકો શાસ્ત્રોનો ખરો અર્થ નહિ સમજતાં સમજ્યાનો દાવો કરી આપસ-આપસમાં ખોટા ખોટા ઝઘડાઓ કરે છે. આમ શાસ્ત્રનો સાચો અર્થ સમજ્યા પછી સમતા પ્રાપ્ત થવાને બદલે વિતંડાવાદો જ જો વધવા પામે તો તેવો અર્થ સમજવાની જરૂર પણ શી? ઝઘડાઓ અને વિતંડાવાદો વધારવા માટે તો વળી શાસ્ત્રની શી જરૂર? તે તો વગર શાસ્ત્રે પણ મનુષ્ય કરી શકે છે.

કિરણાંશ ૨૭

જગમાન્ય ગ્રંથમાંના વિષયો

આજકાલ ભગવાને મહાભારત યુદ્ધમાં અર્જુનને કહેલું જ્ઞાન ભગવદ્‌ગીતાના નામે પ્રસિદ્ધ છે. આ ગ્રંથ આજે ઠેઠલો બધો જગમાન્ય થવા પામ્યો છે કે તેની આગળ વેદવેદાંગાદિ તથા શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રોના ગ્રન્થોને પણ મંદતા પકડી છે. જોકે આમાં સર્વ શ્રુતિઓનો જ સાર છે, છતાં તેમાં ભગવાને કહેલા તત્ત્વાર્થજ્ઞાન તરફ લક્ષ આપનારાઓ તો કવચિત્ જ કોઈ સાંપડે છે. ગ્રંથ તો ઘણી માનનીયતાને પામેલો છે, પરંતુ તેમાંના જ્ઞાન સંબંધમાં તો અર્જુનાદિ જેવા થોડાઓને જ લાભ થયો. તેવાઓ જ સમતા પ્રાપ્ત કરી શક્યા, બાકી મોટે ભાગે સમાજનું વલણ તો તેના ઉપયોગ કિંવા તેમાંના જ્ઞાનના અનુભવ તરફ નહિ વળતાં બહિરંગ તરફ જ વળેલું છે. તેઓ ગીતાના બહિરંગ સંબંધમાં જ વાદવિવાદો કર્યા કરે છે અને સ્વાર્થસાધુ-ઓએ તો તેના ઉપર લોકોનો પ્રેમ જોઈ તે દ્વારા પોતાનો સાધી શકાય એટલો સ્વાર્થ સાધવા જરા પણ કચાશ રાખી નથી. જગતમાં સર્વત્ર આજે પણ આ પ્રકારના વાદવિવાદો જ ચાલી રહેલા જોવામાં આવે છે, તેનું કારણ એ છે કે જ્ઞાનના અનુભવ કરતાં ગ્રંથપ્રત્યય તરફ જ આજકાલ લોકોનું લક્ષ્ય વધારે વેધાયલું છે.

સમતાને બદલે વિષમતા

હે મહર્ષિવર્યો! ભગવાને કહેલા આ અતિ ગુહ્ય જ્ઞાન સંબંધે લોકોની માન્યતા તો એવી થયેલી છે કે, અર્જુનને યુદ્ધ માટે આ બધું કહેવામાં આવ્યું છે, પરંતુ અર્જુનને નિમિત્ત બનાવી જગતના કલ્યાણને માટે તે કહેલું છે એ વાત લોકોને ગળે બિલકુલ ઊતરતી નથી. જો કે અર્જુનને તો સમતા પ્રાપ્ત થઈ, પરંતુ તે જ જ્ઞાનના ખોટા અર્થો કરી જગતમાં લોકો તો ઊલટા વિષમતા પ્રાપ્ત કરી રહ્યા છે. મારી પાસે પણ તેવા પ્રકારના લોકો જ આવેલા જણાય છે; કેમકે જેઓ શાસ્ત્રનું ખરું રહસ્ય સમજતા હોય તેઓ કદી પણ આવા વિતંડાવાદો કરે જ નહિ. ભગવદ્‌ગીતામાં સાંખ્ય-જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, વા યોગયોગ ઇત્યાદિ પૈકી શું છે તે સંબંધે જેઓ આપસઆપસમાં વિતંડાવાદો કર્યા કરે છે, તેઓને મારું કહેવું એમ છે કે, વ્યવહારમાં પણ એવો નિયમ જોવામાં આવે છે કે, જો સામે નાળિયેર મૂકવામાં આવે તો જેઓને તેનું જ્ઞાન હોય તે

બધા તો તેને નાળિયેર જ દેખશે અને નાળિયેરનું જ્ઞાન ન હોય તેઓના જોવામાં તો જોકે નાળિયેર જ આવશે, પરંતુ તેને જ તેઓ જુદા જુદા નામરૂપે ઓળખશે! કિંવા આંધળાઓમાં તો તે સંબંધે કેવા પ્રકારના અને કેટલા વાદવિવાદો થશે તેની તો કલ્પના પણ કરી શકાય તેમ નથી, અથવા તો એમ કહેવું પડે છે કે દરેક જોનારની દૃષ્ટિએ જે તેમાં જુદાં જુદાં રૂપો દેખાયાં તો તે બધાં જ તેમાં હોવાં જોઈએ. આ સંબંધે આંધળાઓનું હાથીની ઓળખનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, જે અર્થે ભગવદ્ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, યોગયોગ ઇત્યાદિ અનેક યોગો લોકોના જોવામાં આવે છે, તો તે બધું મળીને ગીતા કહેવાય, નહિ કે એકલા એકાદ યોગ વડે. અકેકા યોગનો દુરાગ્રહ પકડીને જે ગીતાનો વિચાર કરવામાં આવે, તો તેનો અર્થ ફકત એટલો જ કે પોતાને પોતાના આખા શરીરરૂપે નહિ માનતાં હું તો કેવળ એક હાથ જ છું એમ શરીરને બદલે અકેકા અવયવરૂપે માની લેવા સમાન છે, એમ જાણવું. આમ જેટલા જેટલા વિષયો ગીતામાં છે એ સંબંધે લોકોમાં વાદો ચાલે છે તે સર્વ તેમાં હોવા જોઈએ. આ બધા યોગો મળીને જ એક આખી ગીતા થાય છે, તેથી તે પૈકી એકાદ માર્ગ કિંવા યોગનો દુરાગ્રહ પકડવો એ તો એક મૂર્ખતા રૂપ જ લેખાશે. આ રીતે આ પક્ષનો અંગીકાર કરવામાં આવે તોપણ વિતંડાવાદો કિંવા ઝઘડાઓનું પ્રયોજન રહેતું જ નથી. કારણ કે જે વસ્તુ જેમાં ન હોય તે તેમાં દેખાય જ નહિ અથવા તો નહિ હોવા છતાં પણ જે દેખાવમાં આવે તો તે નેત્રદોષ ગણાય. જેમ કમળો થયો હોય તે પીળું નહિ હોવા છતાં બધે પીળાપણું જ દેખે, અથવા ભ્રાંતિને લીધે બે ચંદ્ર જોવામાં આવે છે, કિંવા નશાના ઘેનમાં બે દીવાઓ દેખાય છે, તેમ ગીતા સંબંધમાં ખોટા અર્થો કરનારાઓને માટે પણ સમજો. તેમાં જેટલા પંથો કિંવા માર્ગો જણાતા હોય અને તે જોનારાઓ જે નેત્રદોષ વગરના હોય તો પછી તેઓને જે જે દેખાયું તે તે બધું તેમાં છે જ અને તે બધું મળીને જ ગીતા એવી સંજ્ઞાને તે પાત્ર થઈ શકે. તે પૈકી એકાદ પંથ વા માર્ગનો દુરાગ્રહ રાખી ગીતા તેનું જ પ્રતિપાદન કરે છે એમ કહેવું તે તદ્દન મૂર્ખતા ગણાશે, અથવા જોનારાઓમાં નેત્રદોષ હશે તો તેમને જે જે કાંઈ દેખાય છે તે પૈકી તેમાં કશું છે જ નહિ. આ રીતે આ શાસ્ત્ર નિર્ણય સંબંધમાં શાસ્ત્રનો દોષ નહિ પરંતુ જોનારાઓનો જ દોષ સ્પષ્ટ તરી આવે છે. આથી આ બંને પ્રકારના વાદો નિરર્થક હોઈ શાસ્ત્રનું ખરું રહસ્ય તો તે સમજી શકયો ગણાય કે જે સમતા પ્રાપ્ત કરી શકયો છે. આવી સમતા જીવન્મુક્તિ વડે જ પ્રાપ્ત કરી શકાય છે.

સમતા તે આનું નામ

સમતા એટલે સમાનપણું. જેમ માતાને ચાર બાળકો હોય છતાં તેનો તો દરેકના ઉપર સમભાવ હોય છે, તેની દૃષ્ટિએ નાનાપણું કિંવા મોટાપણું હોતું નથી, પરંતુ આ સમતાનો અર્થ તે એમ કરવા માગે કે મારી તો દરેક છોકરા પ્રત્યે સમાનતા છે; માટે નાનો છોકરો અરધો રોટલો ખાઈ શકે છે તો બીજાઓને પણ હું અરધો જ આપીશ, કિંવા મોટો બે રોટલા ખાય છે તેથી દરેક છોકરાએ બે બે રોટલા જ ખાવા પડશે, આમ ખાવા ઉપર જે સમતાનો ઉપયોગ કરવામાં આવે તો તે એક મૂર્ખપણું જ ગણાશે. આવા પ્રકારે સમતાની વ્યાખ્યા કરનારાઓ તેઓના અનુયાયીઓ તથા પ્રચારકો જગતમાં વર્ગવિગ્રહ, વર્ણવિગ્રહ, જાતિવિગ્રહ કે આંતરવિગ્રહ નિર્માણ કરી રહ્યા છે, એમ જાણવું, કેમકે તે દ્વેષમૂલક છે. એટલે અત્રે જેને જેટલું જોઈએ તેટલું આપવું જરૂરનું હોઈ તેનું નામ જ સમતા ગણાશે, તેમ જ જે કોઈ નીતિ, ન્યાયનું ઉલ્લંઘન કર્યું કુકર્મો કરતો હોય તો તે વખતે તેને શિક્ષા આપવી એ જ સમતા ગણાશે. કિંવા દ્રવ્યની વહેંચણી વખતે તેમને સરખે હિસ્સે વહેંચી આપવું એ સમતા ગણાય. કેમકે ક્ષમા એ વ્યવહારમાં મોટો સદ્ગુણ છે, પરંતુ સજ્જનોની સાથે વ્યવહાર કરતી વખતે તે હંમેશને માટે સદ્ગુણરૂપ છે, પણ દુર્જનોની સાથે વ્યવહાર કરતી વખતે નિત્યપ્રતિ ક્ષમા એ દુર્ગુણરૂપ ઠરે છે. સારાંશ, સમતા એટલે જેની તેની મર્યાદામાં જેને તેને રાખવું તે જ ખરી સમતાનું લક્ષણ છે. વળી કાર્ય ગમે તે હો, માનસિક અને આત્મીયતાની ભાવના ખીલવવી એ જ સમતાનું મુખ્ય ધ્યેય [illegible] કહો કે ગમે તે કહો, પૂર્વપરંપરાથી જેને પાથે જે જે સમયે જે કર્મ

આવી પડે તે કાર્ય તે તે સમયે સંતોષવૃત્તિથી કરવું. અમુક મોટો છે માટે મારે મોટા થવું જોઈએ, એવી ઇચ્છા પણ હોવી નહિ જોઈએ અને અમુક મારાથી નાનો કિંવા હલકો છે એવી નીચ ભાવના પણ મનમાં નહિ રાખવી. કાર્ય ઉપરથી ઊંચનીચની કલ્પના કરવી એ તો ખરેખર મૂર્ખપણું જ ગણાય. ખરી ઉચ્ચતા તો માનસ ઉપર અવલંબે છે. જે મનુષ્ય જગતમાં લોકોને બતાવવાને માટે ઉપર ઉપરથી જગતમાં સારું ગણાતું કાર્ય કરતો હોય પરંતુ તેનું મન જો અતિ નીચ હોય તો તે દંભ હોઈ અધમથી પણ અતિ અધમ છે અને જે જગતની દૃષ્ટિએ ગણાતું ભંગી, ચમારાદિ જેવું હલકામાં હલકું કાર્ય કરવાવાળો હોય પરંતુ તેનું માનસ જો ઉચ્ચ હોય તો તે ખરો મહાન પુરુષ છે. સારાંશ, સમતા એટલે દરેકે પોતપોતાની પ્રાપ્ત સ્થિતિમાં સ્થિત રહીને સંતોષ માનવો. શ્રેષ્ઠ કિંવા કનિષ્ઠ થવાની પણ કદી ઇચ્છા નહિ કરવી, તેમ શ્રેષ્ઠ પ્રત્યે દ્વેષ કિંવા કનિષ્ઠ પ્રત્યે અનાદરના ભાવના પણ કરવી નહિ, પરંતુ દરેકે પોતપોતાને પ્રાપ્ત થયેલી સ્થિતિમાં પરસ્પર એકબીજા પ્રત્યે રાગદ્વેષ નહિ કરતાં આનંદથી રહી તેમાં જ સંતોષ માનવો, એ જ ખરી સમતા છે. આવી સમતાથી જ ઐહિક અને પારલૌકિક ઉત્કર્ષ સાધી શકાય છે. આવી સમતાવાળો મનુષ્ય લક્ષ્મી, યશ અને વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. ગ્રામોન્નતિ, દેશોન્નતિ અને રાષ્ટ્રોન્નતિ પણ આવા પ્રકારની સમતા વડે જ પ્રાપ્ત થઈ શકે છે. વળી જેને આવી સંતોષયુક્ત સમતા પ્રાપ્ત થયેલી હોય છે તેનો ઈશ્વર તો ખરેખર દાસ જ થઈને રહે છે. તેવા પુરુષથી કાળ પણ ડરે છે. તેને જ લોકો ચાહે છે. જગતમાં તે જ ખરી નિષ્કામતા પ્રાપ્ત કરી શકે છે. પરમ સુખ અને કેવળ આનંદ જ જ્યાં વ્યાપી રહ્યો છે એવા અવિચળ પદમાં તે સ્થિત થાય છે. આવો સ્વાત્મારામ પુરુષ જ આત્મોન્નતિના ઉચ્ચ શિખરે પહોંચી શકે છે. દેવતાઓ પણ જ્યાં તેનાં દર્શનની ઇચ્છા કરે છે ત્યાં મનુષ્યોની તો વાત જ શી? જુઓ, કૃષ્ણ ભગવાને સારથિપણાનું કામ કર્યું હતું અને રાજસૂય યજ્ઞમાં બધાનો એઠવાડો કાઢવાનું કામ પોતે ખુશીથી સ્વીકાર્યું હતું. નારદજી પણ એઠવાડો કાઢતાં કાઢતાં જ દેવર્ષિ બની ગયા. જે એક વખતે દાસીપુત્ર ગણાતા હતા, તે આજે પરમ ભક્ત કહેવાઈ જગતમાં તો શું પણ બ્રહ્મલોક સુધી સર્વત્ર પૂજાય છે. ચોખામેળા મહાર હતો, સજ્જન તો કસાઈ હતો, આ બધા શાસ્ત્રમાં કેવા વંદ્ય થઈ ગયા છે! તેઓ આજે પણ સમાજમાં પૂજાય છે, મોટા મોટા કર્મકાંડી બ્રાહ્મણો પણ તેમની પૂજા કરે છે, તાત્પર્ય એ કે, સમતા પ્રાપ્ત કરવાને માટે કર્મનો બાધ આવી શકતો નથી. હલકામાં હલકું યા ભારેમાં ભારે, નીચમાં નીચ યા ઊંચમાં ઊંચ, ગમે તે કામ દૈવવશાત્ આવી પડે તે અવસ્થામાં કિંચિન્માત્ર પણ ફેરફાર નહિ કરતાં સંતોષ અને આનંદથી તે કરતાં રહેવું. ઊંચ નીચ કિંવા હલકું ભારે ઇત્યાદિ સર્વ પ્રકારની ભાવના છોડી દેવી તથા રાગ અને દ્વેષનો મનમાં કિંચિન્માત્ર પણ સ્પર્શ થવા નહિ દેવો. આવી રીતે જે શુદ્ધ માનસ વડે વ્યવહાર કરે છે, તેને જપ, તપ, ધ્યાન, ધારણા, સમાધિની કે સંન્યાસની પણ કશી જરૂર નથી. તે તો સંસારમાં રહીને જ પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. માટે દરેકને હું નિશ્ચયપૂર્વક કહું છું કે, વ્યવહારમાં ગણાતા, ઊંચનીચના યા તો બીજા ફાલતુ ઝઘડાઓ છોડી દો, રાગદ્વેષાદિથી રહિત બની જાઓ અને આ પ્રમાણેની સર્વાત્મભાવરૂપ સમતા પ્રાપ્ત કરી લો.

રાષ્ટ્ર નષ્ટ થવાના કારણો.

શરીરમાં મોઢું, હાથ, પગ, શિશ્ન અને ગુદા એ પાંચ સ્થાનકો તથા વાણી, મળ, ગતિ, રેત અને પાયુ એ પાંચ ઇંદ્રિયો મળી પાંચ કર્મેન્દ્રિયો કહેવાય છે; તેમજ કાન, ત્વચા, આંખ, જીભ અને નાક એ પાંચ ગોલકો તથા શ્રોત્ર, સ્પર્શ, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેંદ્રિયો મળી કુલ દશ ઇંદ્રિયો હોઈ તેઓ પોતપોતાનું નિયત કાર્ય જ કર્યા કરે છે, તેમાં મોઢાનું કામ ખાવાનું છે અને ગુદાનું કામ મેલ સાફ કરવાનું છે. આથી જો કદાચ ગુદાદ્વાર એમ કહે કે હું મેલ સાફ કરવાનું ખરાબ કામ નહિ કરું, પણ ખાવાનું કામ જ કરીશ, તો તેમ થવું કદી પણ શક્ય નથી; કેમકે તે નિયતિ નિયમથી વિરુદ્ધ છે. આમ ઊંચનીચપણામાં જો બંને પોતપોતાનું કામ છોડી દે તો બંનેનો ઘાત થાય, એટલું જ નહિ પરંતુ આખા શરીરનો પણ નાશ થાય. તેથી તેઓમાં તો આવા ઝઘડાઓ કદી પણ થતા જ નથી. અરે, પ્રકૃતિમાં જરા પણ બગાડો થાય તો

પ્રથમ મેલને વધારે મહત્ત્વ આપવું પડે છે. જો મેલ સાફ હોય તો જ મનુષ્ય આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે, પરંતુ ગુદાદ્વારને મોદાનું કામ સુપ્રત કરવામાં આવે તો તે વડે કદી આરોગ્ય પ્રાપ્ત થવું શકય નથી; તેમ જ આ સમાજરચના સંબંધમાં પણ સમજો. આ હલકું કામ છે અને આ ભારે છે એવો વ્યવહાર મિથ્યા હોઈ તે બંનેની દૃષ્ટિએ હિતાવહ નથી, પરંતુ બંનેનો વિનાશ કરાવનારો છે. ખાવાનું કામ સારું અને મેલ કાઢવાનું ખરાબ એમ જો કહેવામાં આવે તો એમ બને કે સારું નરસું કહેનાર મનુષ્યો ગુદાદ્વારને કાપી નાખે, અથવા તો બંધ કરી દે. તેમ જ નાકમાંથી લીંટ, કાનમાંથી પરુ, મોઢામાંથી કફ અને લાળ વગેરે નીકળે છે એ બધું ખરાબ ગણાય અને જો તે બિનજરૂરી હોય તો ખરાબ કહેનારે તે બધાંનો નાશ કરી નાખવો જોઈએ અને જો આમ થાય તો પછી તે પોતે જ પોતાનો વિનાશ કરી લે. આટલું બધું સ્પષ્ટ અને નિત્યપ્રતિ અનુભવમાં આવનારું તત્ત્વ પણ સામાન્ય જનો ન સમજે અને જો વર્ણ તથા આશ્રમાદિ વ્યવસ્થાનો વિનાશ થાય તો પછી સર્વ સમાજ જરૂર નષ્ટ થાય. સમાજ નષ્ટ થતાં દેશ નષ્ટ થાય અને દેશ નષ્ટ થતાં આખા રાષ્ટ્રનો પણ વિનાશ થાય, તેમાં નવાઈ શી? અર્થાત્ જેણે તેણે પોતપોતાની મર્યાદામાં રહી વર્ણાશ્રમોચિત સ્વધર્માનુસાર પ્રાપ્ત થયેલાં કર્મો મનમાં સહેજ પણ રાગદ્વેષાદિનો સ્પર્શ થવા નહિ દેતાં અત્યંત દક્ષતાપૂર્વક, અતિશય સંતોષ, ઉલ્લાસ અને આનંદથી કરવાં, એ જ ઔદ્યોગિક, ભૌતિક, રાષ્ટ્રીય તથા ધાર્મિક ઉત્કર્ષ અને આત્મોન્નતિનું મુખ્ય બીજ છે, તથા તે તો જ્યારે ઉપર કહ્યા પ્રમાણે મનુષ્યો પોતાનું માનસ કેળવીને સમતા પ્રાપ્ત કરે તો જ સાધ્ય કરી શકે છે.

સમતાની પ્રાપ્તિ થવી એ જ ધર્મનો ઉદ્દેશ છે

વ્યવહાર, પ્રપંચ, રાજકીય અથવા ધાર્મિક સંબંધમાં જે જે વિતંડાવાદો આજે જગતમાં ચાલી રહેલા જોવામાં આવે છે તે સર્વનું મૂળ બીજ તો ભગવાને કહેલા સ્વધર્મ પાલનની અશક્તિમાં છે. એટલે કે સર્વાત્મભાવ રાખી વ્યવહારમાં જેમને જે જે પ્રાપ્ત કિંવા અપ્રાપ્ત થાય તેમાં તેણે સંતોષ રાખવો એવા પ્રકારનો સમતારૂપ જે ધર્મ તેનું પાલન કરવાની માનવીઓની અશક્તિ એ જ વિખવાદોનું બીજ છે. આ ઉદ્દેશથી જ દરેક શાસ્ત્રો અને શાસ્ત્રકારો, પોતપોતાના સ્વધર્મનું પાલન કરો, તે વડે જ ખરું શ્રેય પ્રાપ્ત થઈ શકે છે, એમ પોકાર કરી કરીને કહી રહ્યા છે. પરંતુ લોકો તેનો ખરો ભાવાર્થ નહિ સમજતાં ધર્મનો મુખ્ય ઉદ્દેશ જે એકતા પ્રસ્થાપિત કરવાનો છે તેને બદલે કેવળ દેહાધ્યાસ અને વિષયવાસનાઓનું પોષણ કરવું એ જ એક કાર્ય છે એમ સમજીને કોઈપણ પ્રકારે દેહને સુખી કરવો તથા તેને કાયમને માટે ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો, એટલું જ સમજે છે. આમ રાતદિન દેહને સંભાળવા જતાં મનની પરિસ્થિતિ તો એટલી બધી ચંચળ થાય છે કે એ લોકો બિચારા એક ક્ષણવારને માટે પણ કદી શાંતિ ભોગવી શકતા નથી અને આવી વિહ્વળ અવસ્થામાં જ બાપડા આખી જિંદગી વિતાવી છેવટે ઇચ્છા નહિ હોવા છતાં પણ નાછલાજે મૃત્યુને શરણ થાય છે. વાસનાને લીધે વળી પાછું શરીર ધારણ કરે છે અને તેને સાચવવાને માટે આખી જિંદગી પ્રયત્ન કર્યે જાય છે અને પુનઃ મરે છે. આમ નિત્યપ્રતિ તેઓ જન્મમરણના ચક્કરમાં ફસાયા જ કરે છે અને અનેક દુઃખો ભોગવે છે, પરંતુ પાછલા જન્મનું ભાન નહિ હોવાથી જાણે નવું જ શરીર લીધું હોય એમ દરેક વખતે સમજે છે. આમ સાચું રહસ્ય નહિ સમજતાં કરોડો જન્મો માનસિક શાંતિથી રહિત અને આધિ, વ્યાધિ વડે વ્યાકુળ એવા આ દેહને જ સુખી કરવાના મોહમાં ફસાઈને ખોટા ખોટા ઝઘડાઓ, વિતંડાવાદો અને કેવળ સ્વાર્થ સાધવાની વૃત્તિ રાખીને આ સારું, આ નઠારું, હું મોટો, તું નાનો, આ પ્રિય, આ અપ્રિય, આ શત્રુ, આ મિત્ર, આ મારો, આ પારકો ઇત્યાદિ પ્રકારની રાગદ્વેષાદિ દ્વૈત ભાવનાને જ વધાર્યા કરે છે. આમ દરેક પોતપોતાની મૂઢ વૃત્તિ પ્રમાણે ધર્મશાસ્ત્રનો અર્થને બદલે અનર્થ કરી લે છે અને તેને જ અર્થ સમજીને વિતંડાવાદોમાં અને ઝઘડાઓમાં પોતાનું આખું આયુષ્ય ગુમાવે છે.

કિરણાંશ ૨૮

કૂતરાની ઉપાસના

એક કર્મનિષ્ઠ અને આચારસંપન્ન ગૃહસ્થ પૂજનમાં બેઠા હતા. ભગવાનને નૈવેદ્ય ધરાવીને થાળ પાસે મૂકી પોતે માળા ફેરવતા હતા, એટલામાં નજર ચૂકાવીને એક કૂતરાએ આવીને નૈવેદ્ય ખાવાની શરૂઆત કરી. હવે જપમાંથી તો ઊઠાય નહિ, તેથી તેમણે પાસે પડેલો એક પિત્તળનો ઘંટ ઉઠાવ્યો અને ક્રોધાવેશમાં કૂતરાને માર્યો. તે તેને બરાબર માથા ઉપર જ વાગ્યો તેથી તત્કાળ તે મોક્ષધામનો પામ્યો. આ બનાવથી તે ગૃહસ્થને મહા દુઃખ થયું અને અતિશય પશ્ચાત્તાપ થયો. તે પાપ ધોવા માટે તેણે ઘણા ઉપવાસો, વ્રતો અને વિષ્ણુયાગાદિ જેવા યજ્ઞો કર્યા. પરંતુ જપમાં બેસે કે સામે કૂતરું જ ધ્યાનમાં આવે. રાત્રે સ્વપ્નમાં પણ તે જ દેખાય. આથી આ ભક્તરાજ તો ઘણા જ દુઃખી થયા. આનું નિવારણ શી રીતે થાય? એવા વિચારમાં ને વિચારમાં તેઓ હંમેશ ચિંતાગ્રસ્ત રહેતા. એક સમયે તેઓએ આ સંબંધમાં મને એકાંતમાં પ્રશ્ન કર્યો. મેં કહ્યું, ભૂદેવ! આપે કૂતરું માર્યું અને વળી તેના પ્રાયશ્ચિત્તને માટે બધાંથી છુપાવીને એકાંતમાં શું પૂછો છો? માટે પ્રથમ પ્રાયશ્ચિત્ત તો આ વાત તમો બધા સમક્ષ પૂછો, તો જ તમોને ખરો પ્રશ્ચાત્તાપ થયો છે એમ ગણાશે. આથી તેઓએ સઘળા લોકોની સમક્ષ તત્રમાવે પ્રશ્ન કર્યો. તે સાંભળીને તેમને કહ્યું, ન્યાયની દૃષ્ટિએ તો તમારો ગમે તેવો ઉદ્દેશ હોય છતાં કૂતરાનો જીવ ગયો અને જીવનો બદલો તો જીવ જ હોય, એવો વ્યવહારમાં ન્યાય છે; છતાં તમોને જો ખરેખરો પશ્ચાત્તાપ થયો હશે તો હું તમોને બીજો ઉપાય કહીશ, પરંતુ પ્રથમ તો તમોને મારામાં શ્રદ્ધા છે? હું કહીશ તેમ કરવાની તમારી તૈયારી છે, કે ખાલી સાંભળવું છે? આમ ખાલી ગપાટકને માટે મને વખત નથી; તત્કાળ કરવું પડશે, તો તેવી તૈયારી થયા પછી આવો. ઉત્તર મળ્યો, હા. આપ જેમ કહેશો તેમ હું જરૂર કરીશ. હું આ બધા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું. જુઓ, ત્યારે એમ કરો કે આ પાસે પડેલું કૂતરાનું ખાધેલું એંઠું અન્ન છે. તે તમો પ્રથમ બધાની સમક્ષ ખાઈ જાઓ. તેઓએ તુરત તેમ કર્યું. હવે એમ કરો કે આવતી કાલથી એક કૂતરું પાળો અને તેની રોજ દેવ સમજીને પૂજા કરો. પછી તેને પ્રથમ ખવડાવો અને તે પી એંઠી થાળીમાં જે તેના ખાવામાંથી બચે તે તમો ખાઓ, આમ રોજ કરશો એટલે તમારા મનમાં હું પવિત્ર છું તથા કૂતરું અપવિત્ર છે, એવી જે ભાવના થયેલી હતી તે નીકળી જશે કે જે વડે બિચારા કૂતરાનો જીવ ગયો. તેવો રાગદ્વેષાદિ ભાવ છોડીને તેમાં અને પોતામાં સમાન ભાવના જાગૃત ન થાય ત્યાંસુધી તમો આ પ્રાયશ્ચિત્તના ત્રાસમાંથી કદી છૂટશો નહિ, માટે કૂતરાને પણ પોતાના જેવો જ સમજી તેની સાથે સમાનતાની ભાવના કરો. તેમણે તુરત જ તેનો અમલ કર્યો. આમ કરતાં કરતાં છેવટે તેઓને બધા જ કૂતરા પ્રત્યે એટલી બધી સમાન ભાવના ઉત્પન્ન થઈ કે જો કોઈ કૂતરો રસ્તામાં પડેલું અન્ન ખાતો તેમના જોવામાં આવે તો તેઓને બહુ દુઃખ હતું અને જો કોઈ સૂખો રોટલો ખાતો હોય તો પોતે ઘેર દોડી જઈ ઘી લઈ આવતો અને કહેતો, બેટા, સૂખો રોટલો ખા મા, તારું પેટ દુઃખશે, આ ઘી હું લાવ્યો છું તે સાથે ખા. આમ તે કૂતરાઓ સાથે એટલો બધો હળી ગયો કે કૂતરાઓ પોતાથી નીચા છે અને હું ઊંચો છું એવી ભાવના પણ તેનાથી ભૂલી જવાઈ અને પરિણામે આખા જગતને સમાન ભાવના વડે જોવાની તેની દૃષ્ટિ જાગૃત થઈ. આથી તે જંગલમાં વિચરતો ત્યારે ત્યાં પણ મોટાં મોટાં હિંસક ગણાતાં પ્રાણીઓ તેનાં મિત્ર જેવાં બની તેનું રક્ષણ કરતાં. સારાંશ, આ રીતે **"आत्मौपम्येन सर्वत्र।"** એ ભગવદ્ ઉક્તિ અનુસાર તે સ્થિતપ્રજ્ઞ(જીવન્મુક્ત) બની ગયો. આ રીતની સ્થિતિ પ્રાપ્ત થવી એ જ ધર્મશાસ્ત્રનું રહસ્ય સમજાવાનું સાચું ચિહ્ન છે. તે સંબંધમાં એક દૃષ્ટાંત છે.

શાસ્ત્રોનો ખરો ભાવાર્થ સમજ્યાનું ચિહ્ન

એક બ્રાહ્મણે ચૌદે વિદ્યા સંપાદન કરી અને સર્વ જગાએથી વિજયપત્રો મેળવ્યા. આમ બહુ માન મળવાથી તેને ઘણું અભિમાન થયું. તે પોતાના દેશમાં આવ્યો, ત્યાં રાજાએ તેનો સારો સત્કાર કર્યો. બ્રાહ્મણે કહ્યું, રાજન્! તમો મારી પાસે ભાગવતનું શ્રવણ કરો. રાજા વયોવૃદ્ધ અને અનુભવી હતા, તેમણે

વિચાર્યું કે આ મોટા પંડિત તો છે, પણ એમણે વાંચીને વિચાર્યું નથી; એવો વિચાર કરી તેણે ધીરેથી કહ્યું કે, મને લાગે છે કે એવો યોગ આવવાની આપને માટે હજી વાર છે. બ્રાહ્મણના મનમાં ક્રોધ ઉત્પન્ન થયો, પરંતુ તેણે મનમાં વિચાર્યું કે આપણી બરોબર તૈયારી નથી એવી રાજાની ભાવના થયેલી હોય એમ લાગે છે. તે ફરીથી એક વખત ભાગવત જોઈ ગયો અને રાજા પાસે જઈને કહ્યું કે મેં ફરીથી જોયું તો મારી ભાગવત સંભળાવવાની પૂર્ણ તૈયારી છે, એમ મને લાગ્યું. રાજા બોલ્યા, મને હજુ સંશય છે, મારી ખાતરી થશે ત્યારે હું તે પ્રમાણે કરીશ. બ્રાહ્મણને મનમાં ઘણો ક્રોધ આવ્યો કે મારું ભાગવત સાંભળ્યા પહેલાં જ રાજા આવો આગ્રહ ધારણ કરે છે, પણ પોતે વિચારવાન હોવાથી ક્રોધ શમાવી ફરીથી રાજાના ગૂઢ વચનનો વિચાર કરવા લાગ્યો, તો તેને તેમાંનું સાચું રહસ્ય જણાઈ આવ્યું. પોતે એકાંતમાં બેસીને આત્માનો અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કર્યો. સર્વત્ર સમભાવના થઈ. તે લોકોમાં નિત્યપ્રતિ ભક્તિ અને પ્રેમથી ભાગવતની કથાનું પાન કરાવતો, આમ પોતે નિષ્કામ બની કેવળ જગતકલ્યાણને માટે કોઈની પાસેથી એક પાઈની પણ અપેક્ષા રાખ્યા સિવાય ભાગવતનો સાચો અર્થ કે "સર્વ ભૂતમાત્રમાં સમાનતા પ્રાપ્ત કરવી, સર્વ ભૂતોનું હિત એક આત્મસ્વરૂપમાં જ સમાયેલું છે, અહંકારથી રહિત થવું, કોઈને દુઃખ દેવું નહિ, કષાવવું નહિ, તેમ જ સત્ય, અહિંસા, અસ્તેયાદિ ગુણોનો આશ્રય કરવો ઇત્યાદિ છે." તે વડે લોકોને સન્માર્ગે વાળવાને પ્રયત્ન કરતો હતો. સમદર્શી, જીવન્મુક્ત મહાત્મા તરીકે તેની કીર્તિ સર્વત્ર ફેલાઈ, પરંતુ તેથી તેને તો કંઈ હર્ષ ન હતો. આમ હર્ષ શોકાદિથી રહિત બની સમતા પ્રાપ્ત કરેલા તે આત્મસાક્ષાત્કારી જીવન્મુક્ત મહાત્માની કીર્તિ રાજાને કાને પહોંચી. તેઓ મહાત્માનાં દર્શને ગયા અને તેમને કહ્યું કે, મહાત્મન્! હવે આપ કૃપા કરીને મારા ઉપર અનુગ્રહ કરો. મહાત્મા બોલ્યા, હે રાજન્! મારી આ સ્થિતિને માટે તો તમો પોતે જ કારણરૂપ છો. તાત્પર્ય કે, જ્યાં સુધી અનેક પ્રકારના ઝઘડાઓ ચાલે, લોકો પાસેથી પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ અંતઃકરણમાં, હોય, કુટુંબનું પાલનપોષણ કરવા માટે જ શાસ્ત્રોનો ઉપયોગ થતો હોય, જેઓની અંદરખાનેથી વાસના નષ્ટ થયેલી ન હોય, તેવાઓ શાસ્ત્ર સમજ્યાનો ગમે તેટલો દાવો કરે તો તે એક શાસ્ત્રવ્યાપાર જ કહેવાય. શાસ્ત્રનો ખરો અર્થ તો તે જ સમજ્યો છે કે જે ઉપર કહ્યા પ્રમાણે સમવૃત્તિમાં સ્થિર થયો છે. આ જ તમામ શાસ્ત્રનું સાચું રહસ્ય સમજ્યાનું ચિહ્ન છે.

આ પ્રમાણે મેં ક્રમે ક્રમે નિત્યપ્રતિ શાસ્ત્રનાં ચૌદ વિદ્યાનાં પ્રસ્થાનકો કે જેનો અંતર્ભાવ વેદનાં મહાવાક્યોના અર્થમાં જ થાય છે, એવો સર્વ શાસ્ત્રના સારરૂપ તત્ત્વાર્થ, દૂધમાંથી જેમ માખણ કાઢવામાં આવે તેમ પ્રસ્તુત સમયે જગમાન્ય થયેલી ભગવદ્ગીતાને નિમિત્તરૂપ બનાવી, તમામ શાસ્ત્રોનું દોહન કરી સાત અહોરાત્ર અને આઠ સૂર્યોદય સુધી તે વૈકુંઠસભા વચ્ચે પ્રકટ કર્યો હતો. તરમાત્ હે સદ્‌ગૃહસ્થો! આ ઉપરથી ભગવદ્ગીતામાં કયો યોગ છે અને તેનો શો ઉદ્દેશ છે તે તમો હવે સારી રીતે સમજી શકયા હશો, માટે ખોટો વાદવિવાદ છોડી દઈ સમતા પ્રાપ્ત કરશો એટલે જ ગીતાનો સાચો અર્થ તમો બરાબર સમજ્યા છો એમ કહી શકાશે. હે રાજન્! આ રીતે કહી તેઓને શાંત કર્યા. આ મુજબ મેં તમારા પ્રશ્નોના ઉત્તરો કહ્યા. હવે અમારો હિમાલયના પ્રવાસે જવાનો વખત થવા આવ્યો છે.

કિરણાંશ ૨૯

લોકોની જિજ્ઞાસા

રાજા બોલ્યા, મહાત્મન્! આપની અમૃતતુલ્યવાણીથી તૃપ્તિ થતી નથી. જોકે અમારા સર્વ સંશયો છેદાઈ ગયા છે, પરંતુ વિષ્ણુલોકની સભામાં ભગવાનની પ્રેરણાવશાત્ ભગવદ્ગીતા કે જે આજકાલ લોકોમાં વધુ પ્રચારને પામેલી છે, તેને નિમિત્તરૂપ કરીને તેના આધારે સર્વ વેદ, વેદાંગાદિ વિદ્યાના ચૌદ પ્રસ્થાનો કે જે સર્વનો શાસ્ત્રસંજ્ઞામાં સમાવેશ થાય છે, તે દ્વારા વેદનાં મહાવાક્યોનો સાચો સંદેશ આપે દૈવી પ્રેરણા તથા ભગવાનની આજ્ઞા અનુસાર પ્રકટ કરવાનો છે તે સર્વ જાણવાની અમારી બધાની તીવ્ર ઇચ્છા છે,

તેથી હું આપને આ બધા તરફથી વિનંતિ કરું છું કે આપ હિમાલયમાંથી તીર્થાટન કરી પાછી ફરી પાછા અત્રે જ પધારવા કૃપા કરશો, એમ અમો ફરી ફરીથી વિનંતિ કરીએ છીએ.

આમાં મારું શું છે?

આ પ્રમાણે સર્વનો અતિશય આગ્રહ અને તીવ્ર જિજ્ઞાસા તથા શુદ્ધ પ્રેમ જોઈ તેઓને ફરીથી જલદી આવવાનું આશ્વાસન આપ્યું અને તે પ્રમાણે મારે પાંચ છ મહિનામાં શ્રીજમનોત્રી, શ્રીગંગોત્રી, શ્રીકેદારનાથજી તથા શ્રીબદરીનારાયણ, કૈલાસ, માનસરોવર વગેરે યાત્રા સુખરૂપ પરિપૂર્ણ કરી પુનઃ આવી મોટા ઉત્સાહની સાથે ગામની બહાર ક્ષિપ્રા નદીના તટ ઉપર એકાંત સ્થાનમાં લતાપત્રાદિ વડે સુશોભિત મંડપમાં ૐકારનું ધ્યાન કરીને જે વિષય વૈકુંઠમાં કહેવામાં આવ્યો હતો (કિરણાંશ ૨૬ જુઓ) તે જ બોધ સર્વ લોકોને ઉપયોગી થાય એટલા માટે લોકોના અતિ આગ્રહને લીધે ઉપર્યુક્ત રથળે કહેવામાં આવ્યો તથા તે સૂર્યપુર મુકામે લખીને તૈયાર કરવામાં આવ્યો (કિરણાંશ ૭ પૃષ્ઠ ૨૦ જુઓ) અને લોકોએ સેવાભાવ વડે તેની સારા અક્ષરે નકલ તૈયાર કરી હતી. તેની પ્રસંગવશાત્ આશાપલ્લી (અમદાવાદ) ના સુપ્રસિદ્ધ વૃત્તપત્રવ્યવસાયી અને ગીતાપ્રેમી શ્રી. નંદલાલ ઓઢીવાલા એમને જાણ થતાં તેમણે સંદેશ લિમિટેડ તરફથી લોકોને ધાર્મિક જ્ઞાન આપવાના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવાના શુભ આશયથી માગણી કરવાથી તેમની શુભેચ્છા ગીતાપ્રેમ, સંતપ્રેમ તથા લોકોમાં જ્ઞાનનો પ્રચાર કરવાની ધગશ તેમ જ શાસ્ત્રાભિરુચિ અને બુદ્ધિકૌશલ્ય જોઈ તેમની ઇચ્છાનુસાર પ્રસિદ્ધિકરણ કરવા અનુમોદન આપવામાં આવ્યું. આમ ઈશ્વરીય સંકેતાનુસારનું આ વિરાટ્ કાર્ય આજે પુસ્તકરૂપે જનતાના હિતાર્થે પ્રકટ થયેલું છે. આ રીતે ઈશ્વરીય અને અદ્‌ભુત સ્વપ્ન આજે પ્રત્યક્ષ અને સત્ય સ્વરૂપે પ્રકટ થયેલું જોતાં મને ઘણો આનંદ થાય છે. જ્યારે દૈવી સ્વપ્નની બાબતો પણ વ્યવહારમાં પ્રત્યક્ષ અનુભવી શકાય છે, તો પછી ભગવાનના સાક્ષાત્ દર્શન થાય તેને માટે તો પૂછવું જ શું? આ જ્ઞાન વડે લોકો ભગવાનના સાક્ષાત્ દર્શન કરી કૃતાર્થ થશે. કારણ કે તે ઈશ્વરીય પ્રેરણાનુસાર " ૐ "ની ધારણા વડે પ્રત્યક્ષ અનુભવ કરીને લખાયેલું છે. આ કરતાં વધુ કાંઈ કહેવાનું પ્રયોજન મને જણાતું નથી. જે કાળ અને દેશમાં આ કાર્ય થયું, તે કાળ અને દેશ પણ ખરેખર ધન્ય છે. મારે એક વાત કહેવાની આવશ્યકતા છે કે, આ બધું કાર્ય જે પ્રમાણે અને જે રીતે થયું તે સર્વ મેં તમોને આદિથી અંત સુધી કહી સંભળાવ્યું. આમાં મારું એવું કાંઈ નથી, કેમકે યંત્રની પૂતળીની જેમ હું માત્ર નિમિત્તરૂપ જ છું. આમાં જે ગુણ હશે તે ગ્રહણ કરી તે અકલ પરમ દયાળુ પરમાત્માનો પાડ માનશો અને જે કાંઈ દોષ જણાય તે મારા છે એમ સમજીને મને ક્ષમા કરશો, એવી હું સર્વ સજ્જનોને પ્રથમથી જ વિનંતિ કરી લઉં.

જ્ઞાનનો અધિકારી કોણ?

રાજા બોલ્યા, ભગવન્! આપે અહીં પધારી અમોને પાવન કર્યા છે. સંતોનો દેહ પરોપકારાર્થે જ હોય છે, એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તે અમો આજે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. અમારા જેવા અજ્ઞાન અને મૂઢ લોકો કે જેઓ વિષ્ઠામાંના કીડા પ્રમાણે હંમેશાં વિષયોમાં જ રચ્યાપચ્યા રહે છે તેમના ઉદ્ધારને માટે ખરેખર આપ જેવા દયાળુ સંતો વિના જગતમાં બીજું કાંઈ પણ સાધન નથી. હું તો માનું છું કે આપ જેવા અપરોક્ષાનુભવી બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ જ જીવતા જાગતા સાચા દેવ છે. પ્રથમ તો અપરોક્ષાનુભવી બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ જ જગતમાં કોઈક વિરલા હોય છે. અને તેમાં પણ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રીય તો ક્વચિત જ. તેમનાં દર્શન થવાં એ પણ અતિશય પૂર્વ સુકૃતરૂપ પુણ્યના ફળરૂપ હોય છે. અમારાં પૂર્વજન્મોના અનંત પુણ્યોનો ઉદય થવાથી જ આજે આપે આ ભૂમિને પાવન કરી છે. હું અને આ બધા ખરેખર ધન્ય થયા છીએ. આપની દયાનો પાર નથી. હું પામર આપની સ્તુતિ શી રીતે કરું? એમ કહી ગદ્‌ગદ કંઠે તેઓએ પ્રણામ કરી પ્રશ્ન કર્યો કે, હે પ્રભો! આપ જે જ્ઞાન કહેશો તે સાંભળવાને માટે અધિકારી કોણ અને અનાધિકારી કોણ? તે જાણવાની મારી ઇચ્છા છે.

અધિકાર અનધિકારના ઝઘડાઓ

રાજા, આ પ્રશ્ન તેં ઠીક કર્યો ! અરે આ લોકોમાં અધિકાર અને અનધિકાર સંબંધે ઝઘડાઓ પણ ઘણા ચાલી રહ્યા છે પરંતુ વાસ્તવિક રીતે તો તે બધા સમજ્યા વગરના જ છે; સંક્ષેપમાં હું તમને એટલું જ કહોશ કે આ જગતમાં મનુષ્ય સિવાયની બીજી બધી એટલે ત્યાશી લાખ નવ્વાણું હજાર નવસો નવ્વાણું યોનિઓ આ જ્ઞાનને માટે લાયક નથી, એમ કહો શકાય; કેમકે તેઓને મનુષ્યો જેટલી બુદ્ધિનો અંશ નહિ હોવાથી તેઓ આ જ્ઞાન સમજી નહિ શકે. આટલી બધી આ મનુષ્યયોનિ શ્રેષ્ઠ પ્રકારની છે. હું તો કહું છું કે આ તમામ મનુષ્યો દેવાદિકો કરતાં પણ શ્રેષ્ઠ અને અતિ ઉચ્ચ એવા આત્મસ્વરૂપ છે. હું તો આત્મા અને આ મનુષ્યોમાં સહજ પણ ભેદ જોતો નથી. આમ છતાં તેઓ પોતે પોતાનું સાચું સ્વરૂપ નહિ ઓળખતાં વિષયપાશમાં સપડાઈને તેવા તેવા પ્રકારના કર્મબંધનરૂપ પાસોની જુંસરી પોતાને કાંધે ઉપાડી લઈ, કૂતરો જેમ હું જ ગાડું ખેંચું છું એમ સમજે તે પ્રમાણે પ્રકૃતિના ત્રણ ગુણોના પાશ વડે થતાં કર્મોને પોતાનાં જ માની લઈ પછી તે કર્મના આધારે વ્યવહારમાં પોતાને હું શરીર છું, હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, અતિશૂદ્ર, કિંવા ચાંડાળ છું, હું બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થી વા સંન્યાસી છું, એવી રીતે પોતપોતાને નાનો મોટો વગેરે માની બેસે તો તેવાઓને માટે શું થાય ? વાસ્તવિક રીતે તો તે પોતે મનુષ્ય નહિ પરંતુ પ્રકૃતિના ત્રણ ગુણો વડે જગતમાં જે આ બધો ખેલ ચાલી રહેલો જોવામાં આવે છે, તે સર્વનો નિયામક ઈશ્વર હોઈ પ્રકૃતિનું ચાલતું આ બધું કાર્ય પણ તેની પોતાની સત્તા વડે જ થઈ રહ્યું છે એવો તે સર્વસત્તાધીશ, સમર્થ અત્યંત સ્વતંત્ર, કેવળ ઇચ્છા વડે જ ગમે તે મહાનમાં મહાન કાર્યને કરી શકે તેવો કાળ, દેશ, ક્રિયાદિ મર્યાદાથી પર, તદ્દન નિર્મળ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, કેવળ જ્ઞાન અને ચૈતન્ય સ્વરૂપ, સર્વના સાક્ષીભાવથી પણ પર એવો આત્મા જ છે.

મનુષ્યોએ સર્વોચ્ચ ભાવના રાખવી

દૃષ્ટાંતને માટે આ શરીરનું જ ઉદાહરણ લો. તેમાં આવેલી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેંદ્રિયો પોતે પોતાનું કાર્ય બિનચૂક કરે તો જ શરીરમાં આરોગ્ય રહે છે. શરીર વડે થતાં સર્વ કાર્યો પ્રકૃતિનાં કરેલાં છે અને તેને ચલાવનાર તેનો સાક્ષી તો કોઈ જુદો જ હોય છે. જેમકે તે દૂધમાં રહેલા માખણની જેમ રહે છે તો શરીરમાં, પણ તેમાં રહેવા છતાં ફક્ત સાક્ષી કિંવા દ્રષ્ટારૂપે જ તે સર્વ કાર્યોને જુએ છે. તે કદી પણ હું નેત્ર, હું મોઢું, હું કાન, હું મન, હું બુદ્ધિ, હું હાથ, હું પગ એમ કહેતો નથી; પરંતુ તેમને માટે મારું કિંવા મારાં એવી જુદાપણાના ભાવની સંજ્ઞાઓ વડે જુએ છે. તે આ પ્રકૃતિનો બોજો પોતાને માથે કદાપિ પણ ઉઠાવી લેતો નથી; પરંતુ તેનો સાક્ષી બનીને પોતે પોતાની શક્તિ વડે સર્વ કાર્યો કરાવે છે, છતાં તે કાર્યો તો પ્રકૃતિનાં જ છે, એમ સારી રીતે સમજે છે; આથી જ વ્યવહારમાં કેમ તમારી પ્રકૃતિ સારી છે કિંવા તમારું શરીર સારું છે ? ઇત્યાદિ પ્રકારે તેને તમારું યા તારું એ શબ્દ વડે સંબોધવામાં આવે છે. તારું કહેતાં તેમાં તું તો આવી જ જાય. 'તું' ને છોડીને કેવળ એકલું 'તારું' કોના આધાર ઉપર રહે ? તેમ જ દરેક જણ પોતે પોતાને માટે પણ આ મારું શરીર છે એમ કહે છે, તેમાં "હું" અને 'મારું' એ બે ભાવો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. એ તો દીવાની જેમ તદ્દન સ્પષ્ટ છે. કાર્ય કરતી વખતે હું ખાઉં છું, હું મેલ સાફ કરું છું, હું સાંભળું છું, હું દેખું છું એમ કહેવામાં આવે છે, તેમાં સૂક્ષ્મભાવ એ આવી જાય છે કે ખાવાનું કામ હું મારા મોં વડે કરું છું, જોવાનું આંખો વડે અને મેલ સાફ કરવાનું બુહારા વડે. આમ તે પોતે કાર્યનો કર્તા બની બધાં કાર્યો દ્રષ્ટાભાવ વડે કરે છે. તે પોતે હું જ મોં છું, હું જ નેત્ર છું, ઇત્યાદિ કદી પણ કહેતો નથી. એટલે કાર્ય પ્રકૃતિનું તથા કર્તા પોતે હોઈ પોતાની સત્તા વડે તે થતું હોવા છતાં પોતે તો તેને કેવળ સાક્ષીરૂપે જ જોયા કરે છે. મને સુખ થયું, મને દુઃખ થયું, આ સારું છે, આ નઠારું છે, એમ કહેવામાં પણ મને મારી અમુક ઇંદ્રિયો વડે સુખદુઃખાદિ થયું કિંવા મારી પ્રકૃતિદ્વારા કરેલું અમુક કાર્ય સારું કિંવા નઠારું છે, એવા હું અને મારું એ બંને ભાવો

તેમાં આવી જાય છે. છતાં આમ કહેનારો દ્રષ્ટા પોતે તો આ પ્રકૃતિના કાર્યથી તદ્દન અલિપ્ત જ હોય છે. તે જ પ્રમાણે આ આખું જગત અને તેમાં થતું તમામ કાર્ય એ એક મહાન એવી વિરાટ પ્રકૃતિનું કાર્ય હોઈ તે કાર્ય કરનારાઓ તો તેની ઇંદ્રિયરૂપ છે, તેનો સાક્ષી કિંવા કર્તા તો તે સર્વથી તદ્દન અસંગ અને તમામ કાર્યોને કેવળ દ્રષ્ટાભાવ વડે જાણનારો એવો જુદો જ કોઈ છે, કે જે દ્રષ્ટા અથવા સાક્ષીની સત્તા વડે આ પ્રકૃતિ પોતાનું કાર્ય કરે છે. જેમ દેહી ખાવા નહિ આપે અને ઉપવાસનો નિશ્ચય કરે તો મોં આપડું સામે પંચ પકવાન્ન પડ્યું હોય તોપણ તે ખાવા શક્તિમાન હોતું નથી અથવા હાથ તે ઉઠાવી શકતા નથી, તેમ આ સાક્ષીપુરુષની આજ્ઞા અને સત્તા વડે જ પ્રકૃતિનું આ તમામ કાર્ય ચાલી રહેલું છે. આ રીતે પ્રકૃતિ તો બિચારી નિર્બળ છે. જેમ શરીરના અવયવો કિંવા પ્રકૃતિના અંશો હાથ, પગ, મોં, ગુદા, આંખ કાન, નેત્ર વગેરે કદી આપસ આપસમાં લડાલડ કરતા નથી, પરંતુ પોતપોતાના ઠરેલા કાર્યમાં જો કોઈ મુશ્કેલી આવે તો તે નિવારણને માટે પરસ્પર બીજી ઇંદ્રિયો તેને મદદરૂપ નીવડે છે. આ આટલું બધું સ્પષ્ટ હોઈ નિત્યપ્રતિ લોકોના અનુભવમાં આવતું હોવા છતાં પ્રકૃતિનો બોજો પોતાને માથે ઉઠાવી લઈ મનુષ્યો આપસઆપસમાં ઝઘડાઓ કિંવા લડાલડા કરે તો તે કેવી અજ્ઞાનતા ગણાય? તેની બુદ્ધિમાનો જ કલ્પના કરે. આમ પ્રકૃતિની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તોપણ બધા એકસરખા જ છે. સારાંશ, કાર્યની ઊંચનીચતા ઉપરથી કિંવા હું સ્ત્રી છું, શૂદ્ર છું ઇત્યાદિ પ્રકૃતિના ગુણધર્મ ઉપરથી જો કોઈ પોતાને હું તેવા તેવા પ્રકારની ભાવનાવાળો છું એમ માની બેસે તો તેને માટે શું થાય? કેમકે વાસ્તવિક રીતે તો પોતે આત્મસ્વરૂપ છે. આ પ્રકૃતિ અને તેના ગુણધર્મનો સાથે પોતાનો કિંચિન્માત્ર પણ સંબંધ નથી, છતાં પ્રકૃતિનો બોજો પોતાના માથે ઉઠાવી લે તથા તેવી નીચ અને મર્યાદિત ભાવના કે જેને શાસ્ત્રકારો આસુરી ભાવના કહે છે તે મનમાં રાખી વગર કારણે આપસઆપસમાં નાના મોટાના ઝઘડાઓ કર્યા કરે તેવાઓ જ આના અધિકારી નથી. માટે દરેક મનુષ્ય પોતે આ પ્રકૃતિના ગુણો વડે થનારા કાર્યો એક બીજામાં મિશ્રિત નહિ કરતાં એટલે તે પોતાનાં છે એમ નહિ માનતા તે તો પ્રકૃતિનાં છે, પોતાનો તે સાથે યત્કિંચિત પણ સંબંધ નથી એવા દૃઢ નિશ્ચય વડે પોતપોતાની ઠરેલી મર્યાદાનુસાર જો કરતો રહે, એટલે જેમ ગુદાસ્થાન પોતાની મર્યાદામાં રહી પોતાનું કામ આનંદથી કરે અને મોઢું પણ પોતાની ઠરેલી મર્યાદામાં સ્થિર રહી પોતાનું કાર્ય કરે છે, તેમ પુરુષની પ્રેરણાનુસાર પ્રકૃતિ પણ પોતપોતાની ઠરેલી મર્યાદાનુસાર પોતપોતાનું નિયત કાર્ય બિનચૂક કરે તો જ તે સુખ પ્રાપ્ત કરી શકે છે. આ બધી ઇંદ્રિયો જો પોત પોતાની મર્યાદા છોડી દે તો મનુષ્ય તત્કાળ હેરાનગતિ પામે છે, તેમ જીવાત્માને પૂર્વ પ્રારબ્ધવશાત્ પુરુષની ઇક્ષણ સત્તાથી પ્રકૃતિના ત્રણ ગુણો વડે પડેલા ચોરાશી લાખ ભેદો પૈકી જે જે શરીર અથવા આકૃતિ જગતમાં પ્રાપ્ત થયેલી જોવામાં આવે તે બધી આકૃતિઓ અને તેમાં કાળ, દેશવશાત્ થતાં તમામ કાર્યો પ્રકૃતિનાં છે; માટે તે પોતપોતાનું કાર્ય બરાબર રીતે ભલે કરે એમ જાણી તેમાં પોતાપણાનું અભિમાન નહિ રાખતાં હું આ શરીર નથી, સ્ત્રી નથી, શૂદ્ર નથી, હલકો નથી કે નીચ ઇત્યાદિ નથી, પરંતુ આ બધો જગતનો જે જે કાંઈ વ્યવહાર ચાલી રહેલો જોવામાં આવે છે તે તમામ વ્યવહારને સત્તા આપનારો સર્વનો સાક્ષી કિંવા દ્રષ્ટા છું, અથવા સાક્ષીથી પણ પર એવો આત્મા છું, એવા પ્રકારનો અતિ ઉચ્ચ નિશ્ચય રાખવો જોઈએ, છતાં જેઓ દુરાગ્રહ વડે પોતાને હું શરીરાદિ કિંવા વર્ણાશ્રમવાળો છું એવા નીચ નિશ્ચયવાળો માની લે અને પછી સુખની ઇચ્છા રાખે તો તે બળતા અગ્નિમાં પડી શીતળતાના અનુભવની ઇચ્છા કરનારની જેમ પોતે પોતાના હાથે પોતાનો વિનાશ કરી લેનારો સમજવો. આવો આત્મહત્યારો પછી ભલે પોતાને મોટો ઉચ્ચ સમજતો હોય યા તો અધમમાં અધમ કિંવા સ્ત્રી, શૂદ્ર, ચાંડાલાદિ સમજતો હોય, તે બંને ખરેખર અજ્ઞાની કિંવા મૂઢ જ ગણાય.

દરેક મનુષ્ય શાસ્ત્રને માટે અધિકારી છે

રાજન્! ઉપરના વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે ગમે તે વર્ણ, ગમે તે આશ્રમ, ગમે તે જાતિ કિંવા ગમે તે અવસ્થાવાળો હોય, સ્ત્રી, શૂદ્ર, ચાંડાળ કે મહાચાંડાળ હોય, વ્યવહાર દૃષ્ટિએ તે ગમે તેવો હોય

તોપણ જે "મનુષ્ય" એવી સંજ્ઞાને પાત્ર હોય તે દરેક આ અથવા બીજાં તમામ શાસ્ત્રનો અધિકારી છે. વ્યવહારમાંના કાર્યો ઉપરથી મનુષ્ય ઊંચ કિંવા નીચ ગમે તે ગણાતો હોય પરંતુ આ વ્યવહારકાર્યની સાથે ઊંચ નીચતાનો જરા પણ સંબંધ હોતો નથી; વ્યવહારમાં નીચમાં નીચ ગણાતો હોય તોપણ જો તે ઉપર કહ્યા મુજબ પોતાના સાચા આત્મસ્વરૂપની પ્રાપ્તિની તીવ્રતર ઇચ્છા ધરાવતો હોય યા આત્મસ્વરૂપના નિશ્ચયવાળો હોય તોતે ઊંચ કરતાં પણ અતિ ઊંચ, શ્રેષ્ઠ કરતાં પણ અતિ શ્રેષ્ઠ છે. અને વ્યવહારમાં મોટો, ઊંચમાં ઊંચ કેમ ન ગણાતો હોય, પરંતુ તે જો ઉપર પ્રમાણેના આત્મનિશ્ચયવાળો નહિ હશે પણ દેહ પર જ આત્મભાવના ધરાવતો હોય તો તે નીચમાં પણ અતિ નીચ, અધમમાં પણ અધમ તથા ચાંડાળમાં પણ અતિ ચાંડાળ છે એમ જાણવું. માટે એ સિદ્ધ થાય છે કે દરેક મનુષ્યે આ રીતે પોતે આત્મસ્વરૂપની અતિ ઉચ્ચ ભાવના મનમાં સેવી જગતનું આવી પડેલું કાર્ય સંતોષ અને આનંદથી કરતાં રહેવું જોઈએ, એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે. વ્યવહારમાં પણ એવો અનુભવ છે કે મનુષ્ય ભાવના પ્રમાણે જ સિદ્ધિને પામે છે. તે સંબંધે એક પ્રસંગ કહું છું.

સર્વોચ્ચ ભાવનાની જાગૃતિ

હિમાલયમાં એક ઊંચા પહાડના શિખર ઉપર કેટલોક સમય નિવાસ કરવાનો યોગ આવ્યો. ત્યાં બીજા કેટલાક સાધુઓ સાથે કેટલાક સદ્‌ગૃહસ્થો પણ ચડી આવ્યા. સ્થાન ઘણું જ રમ્ય અને પવિત્ર હતું. તેઓએ પૂછ્યું, મહાત્મન્! સાધુ પુરુષો જંગલમાં અને પહાડ ઉપર જ એસી રહે છે તેનું શું કારણ? વ્યવહારમાં લોકોની સાથે મળીને કેમ રહેતા નથી?

ઉત્તર : આ વિષયમાં પડવા જેવું નથી. કારણ કે લોકો તો બને બાજુએથી બોલવા તૈયાર હોય છે. જંગલમાં રહે તો તેઓ કહેશે કે સાધુઓ જંગલમાં જ પડી રહે છે. ગામમાં રહેશે તો કહેશે કે સાધુઓએ તો વળી ગામમાં શા માટે પડી રહેવું? વારુ, આશ્રમાદિક હોય તો કહેશે કે સાધુને તો વળી આ બધાની શા જરૂર? એમ બંને બાજુએથી બોલવા જ કરે, આમ વ્યવહાર તો દ્વિમુખી જ છે. તે તો તમે પણ સારી રીતે અનુભવી શક્યા હશો. માટે લોકોના મોઢે કાંઈ હાથ દઈ શકાય નહિ. પરંતુ હવે સાધુઓ જંગલમાં અને ઉચ્ચ પહાડ ઉપર કેમ રહે છે તે સંબંધે સંક્ષેપમાં કહું છું.

ઉચ્ચ સ્થાન પર રહેવાનું કારણ.

આ સઘળાં મનુષ્યો વાસ્તવિક અતિ ઉચ્ચ એવા આત્મસ્વરૂપ છે, છતાં તેઓ પોતાના આ અતિ ઉચ્ચ સ્વરૂપને ભૂલી જઈ હું એક શરીરધારી સાધારણ મનુષ્ય છું, દીન છું, અનાથ છું વગેરે વગેરે પ્રકારે માની બાપડાં મર્યાદિત અને અત્યંત હીન ભાવનાવાળાં બની ગયાં છે. તે ભાવના નષ્ટ થઈ હું આવો મર્યાદાવાળો, દીન કે દુઃખી નહિ પરંતુ સર્વથી ઉચ્ચ એવો આત્મા છું, એ રીતની સર્વોચ્ચ ભાવના હંમેશ જાગૃત રહે એટલા માટે ઘણા ઉચ્ચ એવા પહાડનાં શિખરો ઉપર સાધુઓ સાધન અવસ્થામાં નિવાસ કરે છે. વળી એકાંત સ્થાનનો પણ એવો જ ભાવ છે કે જ્યાં કોઈ પણ પ્રકારની સંસારવ્યવહારની ઉપાધિ મને સ્પર્શ કરી શકતી નથી; એવા પ્રકારનો તદ્દન નિસંગ આત્મા હું છું તે ભાવના એકાંત સ્થાનથી નિત્યપ્રતિ જાગ્રત રહે છે. આમ સાધક અવસ્થામાં તેનો અભ્યાસ કરી ત્યાર પછી તેવો પ્રત્યક્ષ અનુભવ લેવો. જે મનુષ્ય હું અતિ નીચ છું, એવી ભાવના રાખે છે તે તેવો જ બને છે; તથા જે હંમેશાં હું સર્વોચ્ચ એવો આત્મા છું એવી મહાન ભાવના રાખે છે તે મહાન બને છે. તેથી મનુષ્યો કે જે પોતે વાસ્તવિક તો સર્વોચ્ચ અને મહાન એવા આત્મસ્વરૂપ છે, તેમણે પોતે નાના છે, અધમ છે, નીચ છે, અમુક વર્ણવાળા, જાતિવાળા કે દેહવાળા જ છે, એવી સંકુચિત ભાવનાઓનો ત્યાગ કરી દેવો, અને હું પોતે સર્વોચ્ચ એવો આત્મા છું, એવી ઉચ્ચ ભાવના જ હંમેશને માટે રાખવી જોઈએ. આ રીતે સાધુઓ આત્માનો સાક્ષાત્કાર કરી લઈ પછી જગતમાંના લોકોને તમો પોતે પણ આવી સંકુચિત ભાવનાવાળા નથી પરંતુ મહાન છો, માટે આવી પડેલો સર્વ વ્યવહાર આ પ્રમાણેની સર્વોચ્ચ ભાવના મનમાં રાખીને કરો એવો બોધ આપી લોકોને પણ તેમની સર્વોચ્ચતાનું ભાન

કરાવી આપે છે. પરંતુ આ કાર્ય કરવાની અગાઉ જેમ બીજાને તારવાને માટે પોતાને તરતાં આવડવું જોઈએ, તેમ સાધકે પ્રથમ એકાંત અને ઉચ્ચ સ્થાન ઉપર રહી તે ભાવનાનો સ્વાનુભવ પ્રાપ્ત કરી લેવો જોઈએ અને પછી જ લોકોમાં તેવી સર્વોચ્ચ ભાવનાની જાગૃતિ કરવી જોઈએ.

ચાતુર્વર્ણ્ય આત્મરૂપ જ છે

આ સંબંધે શાસ્ત્રમાં પણ પ્રમાણ છે (જુઓ ભગવદ્ગીતા અ૦ ૪ શ્લોક ૧૩). તેમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, ગુણ અને કર્મોના વિભાગો પ્રમાણે ચાતુર્વર્ણ્યની રચના મેં જ કરેલી છે. પરંતુ તે સર્વ અવ્યય અર્થાત્ આત્મા છે (અવ્યય આત્માનું વાચક છે),એમ તું સારી રીતે લક્ષમાં રાખ. આ રીતે જે આ બધું અવ્યય એવા આત્મરૂપથી અભિન્ન જુએ છે, તે સ્વસ્વરૂપ જનેલો એવો "હું" રૂપ આત્મા કર્તા છતાં પણ અકર્તારૂપ છે એમ સમજ. આ ઉપરથી પણ નિશ્ચિત સિદ્ધ થાય છે કે, આ બધાં કર્મો પણ આત્મરૂપ અને હું પોતે પણ આત્મરૂપ હું એવા ભાવ વડે જ કર્મો કરવાં જોઈએ. તેવી ભાવના વડે કર્મો કરનાર તે કર્મોનો કર્તા કદી પણ થતો નથી, કારણ કે આ વર્ણાશ્રમાદિ તથા તેમાં થનારાં કર્મોની વ્યવસ્થા કરોળિયો જેમ પોતે પોતામાંથી પોતાની લાળ બહાર કાઢી તેનું જાળું બનાવે છે, તેમાં ખેલે છે અને રમત પૂરી થયે તેને પોતામાં જ પાછું સમેટી લે છે, તેમ "હું" જ સર્વના અધિષ્ઠાનરૂપે રહીને ઈશ્વરની ઈક્ષિણ શક્તિ દ્વારા પ્રકૃતિરૂપે બની તેની મારફત ત્રણ ગુણોના વિસ્તાર વડે આ ચરાચર વિશ્વ ઉત્પન્ન કરું છું અને તેમ છતાં આકાશની જેમ તદ્દન અલિપ્ત જ રહું છું. અવ્યય એવા મારા અધિષ્ઠાન વડે જ આ સર્વ ભાસમાન થતું હોવાથી વટબીજ ન્યાયાનુસાર આ બધું પણ અવ્યય એવું મારું જ સ્વરૂપ છે; માટે દરેક મનુષ્યની ફરજ છે કે તેણે પોતે પોતાને કર્મને ધોરણે નીચ કિંવા હીન નહિ સમજવું જોઈએ, પણ પોતે તો અવ્યય એવો આત્મા છે, એવી સર્વોચ્ચ ભાવના હંમેશ રાખવી જોઈએ. આમ છતાં જે મનુષ્ય કર્મ ઉપરથી પોતે ઉચ્ચ છે તથા બીજાં નીચ છે એમ સમજે છે તે જ ખરેખર અત્યંત નીચ અધમ અને મૂઢ એવો અસુર છે, એમ સમજો. આત્મનિશ્ચયવાળાને દૈવી સંપત્તિમાન મહાત્મા કહેવાય અને હું શરીરાદિ છું એવા નિશ્ચયવાળા તે આસુરી સંપત્તિવાળા કહેવાય. દેહાધ્યાસીનાં થતાં તમામ કર્મો, જ્ઞાન, આશા વગેરે બધું વ્યર્થ છે એમ ભગવાન શ્રીકૃષ્ણે પોતે જ (ભગવદ્ગીતા અધ્યાય ૯ શ્લોક ૧૧ થી ૧૪ માં) કહેલું છે (આ માટે સિદ્ધાંતકાંડ અધ્યાય ૯ જુઓ). ટૂંકમાં સાર એટલો જ કે, પોતે અધિકારી કિંવા અનધિકારી છે એ તો મનુષ્ય પોતે પોતાની જાતે જ ઠેરવી શકે છે, દેહાદિ નીચ ભાવનાવાળો અનધિકારી બને છે અને સર્વોચ્ચ આત્મરૂપ ભાવનાવાળો અધિકારી બની શકે છે. એમ હોવા છતાં દુરાગ્રહથી જો કોઈ પોતે પોતાને અનધિકારી સમજે તો તેવા અજ્ઞાની મૂઢોને માટે શું થાય?

અધિકાર અને અનધિકારનાં વર્ણનો શાસ્ત્રમાં કેમ?

રાજા બોલ્યા, મહારાજ! આપે તો ઘણું સારું વર્ણન કર્યું, પરંતુ આ અધિકારી અને અનધિકારીનાં ભેદાભેદોનાં વર્ણનો તો શાસ્ત્રમાં ઘણે સ્થળે આવે છે તેનું કારણ શું?

રાજા, સાંભળો, એક સિંહનું બચ્ચું ઘેટાંના ટોળામાં સપડાઈ બચપણથી તેની સાથે ઉછી ગયું. તેને કલ્પના પણ ન રહી કે હું સિંહનું બચ્ચું છું. આમ નિત્યપ્રતિ પોતાના સાચા સ્વરૂપને ભૂલી જઈ તે પોતાને હું ઘેટાંનું જ બચ્ચું છું એમ દૃઢ રીતે માની બેઠું. તે વગડામાં ઘેટાંના ટોળા સાથે ચરવા જાય અને ત્યાં દીપડા વગેરે પ્રાણીઓ આવવાથી ઘેટાંઓ જેમ નાસી છૂટે તેમ પોતે પણ તેમના ભય વડે નાસી જાય. આમ ઘણો સમય વીતી ગયો. પોતે મોટો થઈ ગયો છતાં હું ઘેટું જ છું એમ તે માનતો હતો. તે વાત એક સમયે એક સિંહના જોવામાં આવી. સિંહને આવતો જોઈને બધાં ઘેટાંઓ બેં, બેં કરીને જીવ લઈને નાસવા લાગ્યાં તેમની સાથે આ સિંહ પણ નાસવા લાગ્યો. આ વાત આવનાર સિંહના જોવામાં આવતાં તેને ઘણો જ અચંબો થયો. તેણે વિચાર્યું કે ઘેટાંઓ નાસે છે તે તો ઠીક, પરંતુ આ સિંહ પણ તેમના ટોળા ભેગો કેમ નાસી રહ્યો છે? તેણે તત્કાળ તેને પકડી લીધો. તેથી બીકનો માર્યો તે ધ્રૂજવા લાગ્યો અને સિંહને કાલાવાલા

કરવા લાગ્યો કે મને કૃપા કરીને છોડી દે. સિંહે તેને ઘણું સમજાવ્યું કે તું તો મારો જાતભાઈ સિંહ છે, પરંતુ તેને ઘેટાપણાનો અભ્યાસ અતિશય દૃઢ થયેલો હોવાથી તે તો સાંભળે નહિ અને સિંહના પંજામાંથી છૂટીને નાસવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેની આ ગભરામણ જોઈને સિંહને તો અંદરખાને હસવું આવે અને બહારથી તો તે તેને પોતાના સ્વરૂપનું સાચું ભાન કરાવવાનો પ્રયત્ન કરે, છતાં તે તો સમજે શાનો ? છેવટે એક મોટી વાવ હતી ત્યાં તેને જબરાઈથી લઈ ગયો અને તેમાં પોતાનું અને તેનું પ્રતિબિંબ એક સાથે બતાવી સરખામણી કરી તથા ઘેટાના અને પોતાના રૂપ વચ્ચેનો ભેદ બતાવ્યો, ત્યારે તેના ધ્યાનમાં આવ્યું કે અરેરે ! હું તો સિંહ છું. ઘેટું તો કદી હતો જ નહિ. છતાં મોહ વડે મોટી રીતે આજ સુધી પોતાને ઘેટું માની બય વડે દુઃખી થતો હતો.

વિધિ અને નિયમવાક્યની સમજ

આ ઉદાહરણ પ્રમાણે વેદ એ સિંહરૂપ સમજો. તેણે તું ઘેટું નથી પરંતુ સિંહ છે એમ સમજાવવાને માટે જે માર્ગનો ઉપયોગ કર્યો તે વેદમાંનાં નિયમવાક્યો સમજો. તથા પ્રતિબિંબ બતાવીને સિંહને પોતાનું સાચું સ્વરૂપ બતાવ્યું તે વિધિવાક્યો સમજો. આમ વેદે, વિધિ અને નિયમ (વેદમાં વિધિ અને નિયમવાક્યો દ્વારા કરેલી પરિસંખ્યા કિંવા પરોક્ષવાદ વડે સમજાવ્યું છે તેની સ્પષ્ટતાને માટે સિદ્ધાંતકાંડ અધ્યાય ૨-૮-૯-૧૫-૧૮ જુઓ) એ બે પ્રકારનાં વાક્યો વડે પોતાનું સ્વરૂપ જીવાત્માને સમજાવેલું છે. નિયમવાક્યો વડે પરિસંખ્યા કરી સમજાવ્યું છે, તેથી વેદ પરોક્ષવાદી કહેવાય છે. અર્થ અને અનુવાદ એ બંને વાક્યોનો સમાવેશ નિયમવાક્યમાં થાય છે. સારાંશ એ કે આ બધા આત્મારૂપ છે. આત્મા વા બ્રહ્મથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવો ઐક્યભાવ સિદ્ધ કરવો એ વેદનો હેતુ છે. જેમ સિંહને તું સિંહ છે એમ સિદ્ધ કરી આપવાનો બીજા સિંહનો હેતુ હતો, તેમ તું દેહાદિ અથવા જીવાદિ નથી પણ આત્મા છે, તેથી આ બધું પણ તારાથી અભિન્ન એવું તારું જ સ્વરૂપ છે એવી એકત્વની ભાવના સિદ્ધ કરી તેવો સર્વોચ્ચ ભાવ પ્રસ્થાપિત કરીને તમામ ઝઘડાઓ મટાડવા એ વેદનો મૂળ હેતુ છે. આમ આત્મભાવનાના સિદ્ધાંતને માટે વેદ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણાદિ દરેક શાસ્ત્રોમાં જે વાક્યો છે તે આપ્તવાક્ય હોઈ તે જ વિધિવાક્યો છે. આ વિધિવાક્યો જ ગ્રાહ્ય હોઈ નિયમવાક્યો તો નિષેધરૂપ છે. તેથી મેં ઉપર કહ્યું છે કે પ્રકૃતિ અને તેનાં કાર્યોથી ભિન્ન એવાં આ બધાં મનુષ્યો અદકે તમામ યોનિઓ સહિત અહંમમાદિ સર્વ દરયન્નળ આત્મરૂપ છે, એ રીતનો સર્વોચ્ચ નિશ્ચય દરેક મનુષ્યે કરવો એ જ વેદનાં વિધિવાક્યનો હેતુ છે. પરંતુ પોતે સિંહ હોવા છતાં ઘેટાંના ટોળાના નિત્યપ્રતિ થયેલા સહવાસને લીધે પોતાને ઘેટું માની બેઠેલાને સમજાવવાને માટે ક્રમે ક્રમે જેમ અનેક યુક્તિઓનો આશ્રય કરવામાં આવે છે, તેમ હું જીવ છું, હું વર્ણાશ્રમ ધર્મવાળો છું, કાળ દેશાદિ મર્યાદાવાળો છું, સ્ત્રી છું, શૂદ્ર છું, પામર છું, દુઃખી છું, બંધાયેલો છું વગેરે પ્રકારનો લોકોનો દૃઢ નિશ્ચય થઈ ગયેલો હોવાથી તેવાઓને સમજાવવાને માટે આ નિયમવાક્યો કહેલાં છે. જે સ્વર્ગાદિ ફળની લાલચ બતાવનારાં છે; પરંતુ તેનો અંત તો છેવટે વિધિવાક્યોમાં જ થાય છે.

પોતે પોતાને અધમ કોણ માને ?

જેમ બાળકનો રોગ મટાડવાને માટે તેને દવા પાવી હોય ત્યારે તેને પ્રથમ પેંડાની લાલચ બતાવવામાં આવે છે. એટલે જો તું દવા પીશ તો તને આ પેંડો મળશે એમ કહેવામાં આવે છે. તેમાં વાસ્તવિક પેંડો આપવાનો ઉદ્દેશ હોતો નથી પરંતુ દવા પાઈને તબિયત સારી કરવી એ જ હેતુ સાધ્ય કરવાનો હોય છે, તેમ હંમેશાં વિષયસુખમાં જ રચ્યાપચ્યા રહેનારા તથા તે જ એક ધ્યેય છે એમ માની લઈ કેવળ તેની પ્રાપ્તિની ઇચ્છા વડે જ પ્રયત્ન કરનારા અજ્ઞાની જનોને માટે અનેક નિયમો તથા સંયમો બતાવીને તે વડે વ્યવહારમાં શ્રેષ્ઠ ગણાતા રાજ ઐશ્વર્યાદિક તથા સ્વર્ગાદિ પ્રાપ્તિની લાલચ નિયમવાક્યોદ્વારા વેદે બતાવી છે. આથી જેમ બાળકને દવાની સાથે પેંડો પણ મળે છે, તેમ ઇંદ્રિયોનો સંયમ, મનનો નિગ્રહ, ક્રમમાં ક્રમ વસ્તુઓ વડે જીવનક્રમ ચલાવવો એટલે ફક્ત જીવનને-આવશ્યક હોય તે વસ્તુઓ કરતાં બીજી કોઈ વસ્તુઓનો કદી પણ

સંગ્રહ કરવો નહિ, સુખદુઃખાદિ ગમે તે પ્રસંગો પ્રાપ્ત થાય તોપણ તેમાં હર્ષ અથવા શોક કરવો નહિ, ગમે તેવી વિપત્તિઓમાં પણ શાંતિને ઢળવા દેવી નહિ, ધીરજ, ક્ષમા, દયા, પવિત્રતા વગેરેનો આશ્રય કરવો, દાન કરવું તથા હંમેશાં સત્ય બોલવું, હિંસા કરવી નહિ, ચોરી કરવી નહિ, કટુ અને અનૃત વાણી પણ કહેવી નહિ; સરળતા રાખવી, બહાર અને અંદર એક જ પ્રકારનું વર્તન રાખવું, સત્ કાર્યો કરવાં, લોકોને ઉપયોગી તથા હિતકારક થાય એવાં કાર્યો હંમેશ કરતાં રહેવાં, સર્વત્ર ઈશ્વર ભાવના કરવી, સમતા રાખવી ઇત્યાદિ પ્રકારના સદ્‌ગુણોનો આશ્રય લઈ વ્યવહાર કરવાથી આ લોકમાં તથા પરલોકમાં એમ બંને પ્રકારે શ્રેય થાય છે. એટલે ઉપર કહ્યા પ્રમાણે બાળકને જેમ પેંડાની પણ પ્રાપ્તિ થાય છે તેમ તેને "જગતનું તમામ પ્રકારનું ઐશ્વર્ય, કીર્તિ, લક્ષ્મી અને વિજયાદિ"ની પ્રાપ્તિ થાય છે એટલું જ નહિ પણ સદ્‌ગુણોની વૃદ્ધિ થવાથી અંતે તે વેદના વિધિવાક્યનો આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરાવવાનો જે ઉદ્દેશ છે, તેની પણ પ્રાપ્તિ થઈ શકે છે. આ રીતે વેદનાં નિયમવાક્યનો અંતિમ ઉદ્દેશ તો ક્રમે ક્રમે વિષયીજનોને તેમાંથી ધીરે ધીરે નિવૃત્ત કરાવીને આત્મસ્વરૂપમાં જોડવાનો જ છે. જેમ કોઈ બાળક વિદ્યા ભણતો ન હોય અને રમતિયાળ હોય, તો તેને "તારે રમત વગર ચાલતું નથી તો અમુક સમય પૂરતું જ રમવું" એવો નિયમ કરી આપવામાં આવે છે અને બાંધી આપેલા નિયમ પ્રમાણે જો તે રમે નહિ તો તેને તું કેમ રમ્યો નહિ એમ કહીને મારવામાં આવતો નથી; એટલે જેમ આ નિયમનો અર્થ ઠરાવેલા વખતે તું રમત નહિ કરે તો હું તને મારીશ એવું કહેવાનો હોતો નથી, પરંતુ રમતમાંથી છોડાવવાનો જ હોય છે, તેમ વેદમાં આવેલાં નિયમવાક્યોનો અર્થ લોકોને તેમની વિષયી પ્રવૃત્તિમાંથી ઉગારવાનો હોઈ આત્મામાં જોડવાનો એ જ એક છે. તરભાત્ હે રાજન્! દરેક મનુષ્ય પછી તે વ્યવહાર દૃષ્ટિએ ગમે તે વર્ણ, જ્ઞાત, જાતવાળો હોય, પરંતુ તે પોતે પોતાને માટે હું નીચ કોટિનો નહિ પરંતુ સર્વોચ્ચ એવો આત્મા જ છું, એવો નિશ્ચય કરે. તેણે પોતાને હું હીન છું એમ કદી સમજવું નહિ જોઈએ. આ રીતે પોતે સર્વોત્તમ એવો આત્મસ્વરૂપ હોવા છતાં પણ પોતાને કર્મવશાત્ હીન, દુર્બળ, અમુક મર્યાદાવાળો કિંવા અધમ સમજે તેવા અધમાધમ અથવા અસુરને માટે આ વેદશાસ્ત્રો તો શું પણ કોઈ પણ શાસ્ત્ર નિરુપયોગી જ ગણાય. આ પ્રમાણે હે રાજન્! આ શાસ્ત્રના અધિકારી સર્વ મનુષ્યો છે. કેમકે પોતે અત્યુચ્ચ અને સર્વોત્તમ એવો આત્મરૂપ હોવા છતાં પોતાને અધમ સમજી લે એવો તે વળી કોણ હોય? આ તને તારા પ્રશ્ન ઉપરથી અનધિકારી અને અધિકારી સંબંધે કહ્યું. હવે આપણે સર્વ શાસ્ત્રના ભંડારરૂપ આ જ્ઞાન કે જે ભગવદ્‌ગીતાને નિમિત્ત કરીને કહેવાયેલું છે તેની પૂર્વ પીઠિકા સંબંધી પ્રથમતઃ સંક્ષેપમાં થોડો વિચાર કરીશું.

કિરણાંશ ૩૦

પૂર્વ પીઠિકા

શ્રીભગવદ્‌ગીતાની પરંપરા : આ ભગવદ્‌ગીતા મહાભારતમાં આવેલી છે. મહાભારતની રચના મહર્ષિ વેદવ્યાસાચાર્યે કરેલી હોઈ તેનો વ્યવહારમાં પ્રચાર થવાની પરંપરા આ પ્રમાણેની છે: શ્રીવેદવ્યાસાચાર્યે પોતાના પુત્ર શુકદેવજીને, શુકદેવજીએ સૂત શૌનકાદિ ઋષિઓને અને તે ઋષિઓએ પોતે પોતાનાં શિષ્યવૃંદોને કહેલી છે. તે પૈકી એક શિષ્ય પરંપરા વૈશંપાયન ઋષિ દ્વારા જનમેજય રાજા સુધી ઊતરી આવેલી છે. આ મહાભારતમાં કુલ અઢાર પર્વો હોઈ તેના છઠ્ઠા ભીષ્મપર્વના અધ્યાય પચીશથી બેતાળીશ સુધી શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપનિષદ્ આવેલું છે. જેનો ઉદ્દેશ અધ્યાત્મ કિંવા તત્ત્વજ્ઞાનનો બોધ આપવાનો હોય તે ઉપનિષદ્ કહેવાય. "**उपनिषद्** શબ્દ **'उप'** અને **'नि'** આગ્રય સાથે **सद् (षद्लृ)** ધાતુ ઉપરથી થયેલો છે. **'सद्'** એટલે સમીપપણું, બેસવું કિંવા સ્થિર થવું. કલ્યાણકારી અને સત્ય એવા એક આત્મતત્ત્વમાં સ્થિત થવું, જેના થકી વાસ્તવિક તત્ત્વનો અર્થાત્ આત્મસ્વરૂપનો બોધ થાય. ટૂંકમાં જેનું અંતિમ ધ્યેય આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપવી એ જ એક હોય તે ઉદ્દેશને ધ્યાનમાં રાખી જેમાં આત્મતત્ત્વનો બોધ કરાયેલો છે તેવ ઉપનિષદ્ કહે છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં

અર્જુનને થયેલો મોહ નષ્ટ કરાવી તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપેલી છે તે તેથી પણ ઉપનિષદ્ છે. ઈશ, કેન આદિ અપૌરુષેય ઉપનિષદો જોવાથી જણાશે કે તેમાં આવેલા મંત્રો કિંવા શ્લોકો કેટલાક આખા તો કેટલાક થોડા ફેરફાર સાથે તથા કેટલાકના અંશો, પ્રત્યંશો કેટલાકોના અનુવાદો જ ગીતામાં હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવશે.[1]

અપૌરુષેય ઉપનિષદો

ઉપનિષદોમાં બે ભેદો પડે છેઃ (૧) અપૌરુષેય તથા (૨) પૌરુષેય. અપૌરુષેય ઉપનિષદોનો કોઈ વ્યાવહારિક કર્તા હોતો નથી. તે સ્વયં અને સ્વતઃસિદ્ધ હોઈ ઈશ્વરનિર્મિત કહેવાય છે. કેવળ અંતિમ ધ્યેય એવું જે તત્ત્વજ્ઞાન, તેનો ઉપદેશ જેમાં હોય તેવા અતિ ઉચ્ચ જ્ઞાનવાળા અપૌરુષેય ઉપનિષદો વેદની સંહિતામાં પરિશિષ્ટરૂપે તથા આરણ્યકોમાંથી મળી આવે છે. આ રીતે ચાર વેદ તેની એક હજાર એકસો એંશી શાખા પ્રતિશાખાઓ હોઈ તે દરેક શાખાવાર અકેક ઉપનિષદ્ છે. તાત્પર્ય એ કે, અપૌરુષેય ઉપનિષદો વેદ યા આરણ્યકાદિમાં મળી આવે છે. કારણ કે આ બધાં જ્ઞાનસાધનો અપૌરુષેય કહેવાય છે. એવી રીતે તેમાંથી જે મળી ન આવે તે સાચાં અપૌરુષેય ઉપનિષદો કહી શકાય નહિ.* સારાંશ, ઉપનિષદોનું મૂળ લક્ષ્ય તો કેવળ વેદનાં મહાવાક્યોનું પ્રતિપાદન કરવું એ જ એક હોય છે. પછી તે અપૌરુષેય હોય યા પૌરુષેય હોય. હવે અપૌરુષેય ઉપનિષદોને શ્રુતિ શા માટે કહેવામાં આવે છે, તે સંબંધમાં થોડો વિચાર કરવો આવશ્યક છે.

આત્મામાંથી થયેલો વિસ્તાર

આ સમગ્ર બ્રહ્માંડાદિ જગત ઉત્પન્ન થવાનો જે આરંભ થયો તેમાં સૌથી પહેલાં આકાશ ઉત્પન્ન થયું. તે પછી વાયુ, વહ્નિ, જલ અને પૃથ્વી એ ક્રમે આ બધું દૃશ્યજાળ વિસ્તારને પામેલું છે. જેમ શરીર ઉત્પન્ન થતાં પૂર્વે સૌથી પ્રથમ સ્ત્રી પુરુષનો સંભોગ થઈ વીર્ય અને રેત એકત્ર થઈ તેનું સૌથી પ્રથમ બુદ્બુદ બને છે, પછી તે ધીરે ધીરે ઘટ બની ક્રમે રુધિર, મજ્જા, ત્વચા, માંસ ઇત્યાદિ ક્રમે છેવટે હાડકાંરૂપે બની ઘન કિંવા નક્કર ભાવને પ્રાપ્ત થાય છે. તેમાં સૌથી સૂક્ષ્મ એવું એક તત્ત્વ હોય છે કે, જેને ઈશ્વર કિંવા પુરુષ એવી સંજ્ઞા શાસ્ત્રકારો આપે છે (વૃક્ષાંક ૨ જુઓ). કરોળિયો જેમ પોતાનામાંથી જ લાળ કાઢીને તેનું મોટું જાળું બનાવે છે અને રમત પૂરી થઈ એટલે વળી પાછું તે પોતે જ ખાઈ જાય છે, તેમ આ ઈશ્વર પોતે જ પોતાનામાંથી પ્રથમ 'હું' એવા ભાવ રૂપે પ્રકટ થયો. આમ તેનું એકમાંથી બે પણું થયું તેને જ માયા કિંવા પ્રકૃતિ(વૃક્ષાંક ૩ જુઓ) એ સંજ્ઞા વડે કહેવામાં આવ્યું છે. હવે જે ઈશ્વરભાવ પ્રકટ થયો તે પૂર્વનું તેનું સ્વરૂપ તો તદ્દન અનિર્વચનીય છે. તેને માટે જ શાસ્ત્રકારો આત્મા, બ્રહ્મ, ચૈતન્ય, જ્ઞાન ઇત્યાદિ સંજ્ઞાઓ આપે છે (વૃક્ષાંક ૧ જુઓ). આકાશ જેમ સર્વત્ર વ્યાપેલું છતાં તદ્દન અલિપ્ત અને અસંગ જ હોય છે, તેમ આ આત્મસ્વરૂપ સર્વનું અધિષ્ઠાન હોવા છતાં પણ તે આ ઈશ્વર (વૃક્ષાંક ૨) તથા તેમાંથી ઉત્પન્ન થયેલી પ્રકૃતિ અને પ્રકૃતિના ત્રણ ગુણો વડે થતાં તમામ કાર્યોથી તદ્દન અલિપ્ત હોય છે. તે અસંગ, નિર્વિકાર, નિર્ગુણ, નિરામય, અવ્યય, શાંત અને કૂટસ્થ છે. આ જ સર્વ પ્રાપ્તવ્ય ધ્યેયનું અંતિમ એવું સ્થાનક છે. આ જગતાદિમાં જે જે કાંઈ ચાલી રહેલું છે તે સર્વનો અંત તો નદીનો અંત જેમ સમુદ્રમાં થાય છે તેમ એક આત્મામાં જ થાય છે. સમુદ્ર સાથે એકરૂપ બનેલી નદી જેમ ફરીથી જુદી કરી શકાતી નથી, પરંતુ સમુદ્ર અને નદી એ ભેદાભેદો મટીને એકરૂપ થઈ જાય છે, તેમ તમામ ભેદોનો નિરાસ થઈ જ્યાં એકતા થાય છે, તે જ અનિર્વચનીય એવું આત્મપદ છે. એ જ આ ઈશ્વર અને માયા તથા તેના કાર્યનો વિષય છે. જ્યાં સુધી આ ધ્યેયની પ્રાપ્તિ થતી નથી, ત્યાંસુધીને માટે તો ગમે તેટલું મોટું યા નાનું કાર્ય કરવામાં આવે તો પણ તેમાં કેવળ એવી સમતા કદી પણ પ્રાપ્ત થતી નથી. આ પ્રમાણે

---

૧ શ્રીશાંકરભાષ્યમાં ઘણે સ્થળે ઉપનિષદોના આધારો ટાંકવામાં આવેલા છે. જિજ્ઞાસુએ ત્યાં જોવા.

* વેદની અપૌરુષેયતા સંબંધે મહાકાળ પુરુષ વર્ણન ત્રિગુણાંશ ૧૧, ૩૪ તથા આમુખ અને દત્ત પરશુરામ પ્ર૦ ૭ તેમ જ આગલા સિદ્ધાંતકાંડ અધ્યાય ૨, ૮, ૯, ૧૫, ૧૮ ઇત્યાદિ જુઓ. સાંપ્રત કેટલાક કૃત્રિમ ઉપનિષદો પણ મળી આવે છે, તેથી અપૌરુષેય ઉપનિષદો ક્યાં તે સંબંધમાં આ સ્પષ્ટતા કરેલી છે.

તમામ દૃશ્યનું પ્રાપ્તવ્ય, કર્તવ્ય ઇત્યાદિ સર્વ ધ્યેયનો અંત છેવટે એક આત્મામાં જ થાય છે. તે ધ્યેયની પ્રાપ્તિ થયા સિવાય કદાપિ શાંતિ પ્રાપ્ત થતી નથી. જેને જાણ્યા પછી જાણવાપણું, કરવાપણું કે મેળવવા વગેરે જેવું બીજું કાંઈ પણ બાકી રહેતું નથી, તે કેવળ એકરસાત્મક અને અખંડ એવું આત્મતત્ત્વ જ એક છે. આ તત્ત્વની પ્રાપ્તિને માટે માર્ગદર્શક એવા વેદો કેવી રીતે ઉત્પન્ન થયા, તે જાણવામાં આવતાં જ તે અપૌરુષેય કેમ ગણાય તે વિચાર કરવો આપણને સહેલો પડશે.

અધિષ્ઠાન, કર્તા, દૈવ, કરણ અને વિવિધ ચેષ્ટાની ઉત્પત્તિ

કરોળિયાની જાળની જેમ ઈશ્વરે (વૃક્ષાંક ૨ એ) પોતામાંથી જ પોતે 'હું' રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) કિંવા સંકલ્પરૂપ માયાની ઉત્પત્તિ કરી અને તે દ્વારા પ્રથમ પોતાની કાળરૂપ ઈક્ષિણશક્તિ વડે માયાના ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો. આ વિવેચનનો ઉદ્દેશ એ કે ઈશ્વરે આ બધો વિસ્તાર પોતે પોતામાંથી જ કેવી રીતે પ્રકટ કર્યો? કેમકે એ થયા સિવાય કર્મ થાય નહિ? એવી શંકાના નિરસનને માટે એમ કહેવામાં આવ્યું છે કે ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતે જ સ્વાભાવિક રીતે ઘટ બની 'હું' (વૃક્ષાંક ૩) એવા વિવર્તને પામ્યો. આ હું રૂપે થવું એ તેનું સૌથી પ્રથમનું સૂક્ષ્મ આરંભસ્થાન છે. એટલે અમુક કાર્યનું આ કારણ છે, એવું જે વ્યવહારમાં કહેવામાં આવે છે તે કારણનું પણ આદ્ય એવું આરંભસ્થાન આ 'હું' રૂપ (વૃક્ષાંક ૩) છે તે ઈશ્વરની દૃષ્ટિએ સ્થૂલ અને બાહ્ય ગણાય છે. આથી શાસ્ત્રમાં આને માટે પ્રતિબિંબ, આભાસ, 'હું' નું પ્રથમનું સ્ફુરણ, માયા, પ્રકૃતિ, ઈશ્વરીય સંકલ્પ, નિયતિ, મૂલાવિદ્યા, મૂલમાયા ઇત્યાદિ સંજ્ઞાઓ છે (જુઓ વૃક્ષાંક ૩). ત્યાર પછી આ હુંરૂપ એવા આદ્ય સ્ફુરણમાંથી સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણોનો ક્ષોભ થયો, એટલે પ્રકૃતિના ત્રણ ગુણોને ગતિ મળી, તેથી તે ત્રણે ગુણોના સમભાગનું એક મિશ્રણાત્મક તત્ત્વ બની ગયું તેને અવ્યક્ત, શૂન્ય (મહદાકાશ) ઇત્યાદિ નામોની સંજ્ઞા છે. આમ પ્રકૃતિમાંથી સૌથી પ્રથમ ત્રણ ગુણોમાં કેવી રીતે ક્ષોભ થવા પામ્યો? તો તેનો ઉત્તર એ છે કે, વ્યવહારમાં કોઈ ઉપર ક્રોધ કરવામાં આવે ત્યારે જેમ આંખો વડે જ તેને દબાવવાનો પ્રયત્ન થાય છે, તેમ ઈશ્વરની ઈક્ષિણ એટલે કેવળ દ્રષ્ટૃત્વ શક્તિ વડે જ પ્રકૃતિના ત્રણ ગુણોમાં ક્ષોભ થવા પામ્યો છે. આમ (૧) ઈશ્વર પોતે, (૨) તેની કાળરૂપ ઈક્ષિણશક્તિ તથા (૩) 'હું' કિંવા માયા એવા આત્માના ત્રણ વિવર્તો થયા. તેમાં ઈશ્વરની જે ઈક્ષિણશક્તિ તે જ સર્વભક્ષી કાળની ઉત્પત્તિ સમજવી. માયા કે જે ઈશ્વરનું પ્રતિબિંબ કિંવા પ્રથમાભાસ (વૃક્ષાંક ૩) કહેવાય છે, તે અત્યાર સુધી આકાશની જેમ નિશ્ચલ હતી, પરંતુ ઈશ્વરની આ કાળરૂપ ઈક્ષિણ શક્તિને લીધે એમ બન્યું કે નિશ્ચલ આકાશમાં જેમ અકસ્માત્ ચંચલ વાયુની ઉત્પત્તિ થાય તેમ તેમાંના સત્ત્વ રજ અને તમ એ ત્રણે ગુણોમાં ગતિ કિંવા સ્પંદન થયું અને તે ત્રણેનું એકરૂપ એવું એક મિશ્રણ તત્ત્વ બની ગયું. તેથી જ માયા અને તેના ત્રણ ગુણોનું તમામ કાર્ય કાળના ખપ્પરમાંથી છૂટી શકતું નથી. તેને કાળની મર્યાદામાં જ રહેવું પડે છે. સારાંશ ઈશ્વર, તેની ઈક્ષિણશક્તિ એટલે સર્વને નિયમનમાં રાખનારો કાળ તથા 'હું'રૂપ સ્ફુરણ કિંવા માયા એ દેશ અથવા સ્થાનરૂપે વિવર્ત કહેવાયો. આમ વિવર્તરૂપ ઈશ્વર પોતે પોતામાં કાળ અને દેશરૂપે બન્યો અને પછી આ કાળની પ્રેરણા વડે સ્થાનરૂપ એવી માયાના ત્રણ ગુણોમાં જે ક્ષોભ ઉત્પન્ન થવા પામ્યો તે ક્રિયા કહેવાઈ. આ રીતે શુદ્ધ 'હું' કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨) એ જ્ઞાન, તેનું ઈક્ષિણ એ સર્વને નિયમમાં રાખનારો કાળ (આને જ દૈવ કિંવા નિયમ પણ કહે છે) અને શુદ્ધ 'હું'નું પ્રથમનું જે 'હું'રૂપ પ્રતિબિંબ કિંવા આદિ સ્ફુરણ અથવા માયા વા નિયતિ (વૃક્ષાંક ૩) એ દેશ કિંવા સ્થાન તથા તેના ત્રણ ગુણોમાં થનારો જે ક્ષોભ કિંવા ગતિ તે ક્રિયા અથવા કામ કહેવાય. આ મુજબ ઈશ્વર પોતે જ જ્ઞાન, કાળ, દેશ અને ક્રિયારૂપ ઘનીભાવને પ્રાપ્ત થયો, જ્ઞાન, કાળ, દેશ અને ક્રિયા સંજ્ઞાની મૂળ ઉત્પત્તિ અત્રેથી જ શરૂ થઇ. સારાંશ એ કે, ક્રિયા થવામાં જે પાંચ નિમિત્ત અને ઉપાદાન કારણો શાસ્ત્રમાં કહેવામાં આવ્યાં છે, તેમાં (૧) અધિષ્ઠાન એટલે આત્મા(વૃક્ષાંક ૧), (૨) કર્તા એટલે ઈશ્વર(વૃક્ષાંક ૨), (૩) દૈવ એટલે ઈશ્વરની કાળરૂપ ઈક્ષિણશક્તિ(વૃક્ષાંક ૨ ને ૩ ની વચ્ચે), (૪) કરણ એટલે સર્વ કારણોનું પણ આદિ કારણ તે પ્રતિબિંબ કિંવા સ્ફુરણાત્મક 'હું' કિંવા માયા(વૃક્ષાંક ૩)તથા (૫) વિવિધ ચેષ્ટાઓ, અર્થાત્ માયામાં ઈશ્વરની ઈક્ષિણશક્તિ વડે ત્રણ ગુણોમાં ક્ષોભ થઈ તે અવ્યક્તાદિ તથા

જીવાદિ (વૃક્ષાંક ૪ થી આગળના સર્વ ભાવો)રૂપે બની, થનારી **एकोऽहं बहुस्याम** । રૂપ જુદી જુદી ક્રિયાઓ છે. વસ્તુતઃ તો આ સર્વ પરમાત્મા પોતામાં, પોતા વડે, પોતારૂપે ને પોતે જ વિવર્તરૂપે બનેલો છે.

કિરણાંશ ૩૧

અપૌરુષેય ઉપનિષદોને શ્રુતિ કહેવાનું કારણ

ઈશ્વરીય ઈક્ષણશક્તિ વડે માયાના ત્રણ ગુણોમાં ક્ષોભ થવા પામ્યો, એમ જે ઉપર કહ્યું છે તે ત્રણ ગુણોનું સરખા ભાવે ઐક્ય જેમાં છે તથા આધ્યાત્માદિ પાંચેનું અસ્તિત્વ જેમાં અપ્રકટરૂપે રહેલું છે, એવું એક તત્ત્વ છે, જેને તમોગુણના વિશેષપણાને લીધે અવ્યક્તપ્રકૃતિ કિંવા મહાશૂન્ય કહેવામાં આવે છે તથા સત્ત્વગુણના પ્રાધાન્યને લીધે શિવ કહેવામાં આવે છે અને રજોગુણના પ્રાધાન્યને લીધે તે રપંદશક્તિવાળું ગણાય છે. તાત્પર્ય, આ તત્ત્વ (વૃક્ષાંક ૪) જ સત્ત્વગુણના અંશ વડે જ્ઞાનશક્તિ, રજોગુણના અંશ વડે રપંદશક્તિ તથા તમોગુણના અંશને લીધે ક્રિયાશક્તિવાળું બનેલું છે. આમાં ઈશ્વરીય સંકલ્પ તો સર્વના મૂળમાં હોવાથી મનઃશક્તિનો અંતર્ભાવ જ્ઞાનમાં અને રપંદશક્તિનો અંતર્ભાવ ક્રિયાશક્તિમાં થઈ જાય છે. આ જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ પરસ્પર સંલગ્ન હોઈ સાપેક્ષ હોય છે, જેથી જગતમાં ચાલી રહેલી દરેક ક્રિયાઓ જ્ઞાન વડે જ થાય છે. જ્ઞાન વિના કોઈ પણ ક્રિયા સંભવતી નથી અને ક્રિયા થવાને માટે પ્રથમ સંકલ્પ તો હોવો જ જોઈએ. આથી સંકલ્પ શક્તિ અર્થાત્ માયા (વૃક્ષાંક ૩) તો દરેકમાં છે જ. તેણે ત્રણ ગુણો વડે નિયત કરેલા નિયતિ નિયમોના આધાર વડે થતી ક્રિયાઓમાં જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ બેનું જેમાં સમભાવે એક સાથે જ મિશ્રણ હોય છે એવું એક તત્ત્વ છે. જેને શિવશક્તિ, પ્રકૃતિપુરુષ, અર્ધનારીનટેશ્વર એમ કહેવામાં આવેલું છે (વૃક્ષાંક ૫ જુઓ.) આમાં ઉપરના પાંચેનું મિશ્રણ તો છે જ. અત્યાર સુધી તો તે એકેકા વિવર્ત ભાવમાં જ હતું, એટલે જેમ કોઈ વસ્તુના ટુકડા કરવાના હોય ત્યારે તેના કેટલા અને કેવી રીતે કરવા એવો નિશ્ચય પ્રથમ મનમાં કરવો પડે છે, કિંવા ચિત્ર પાડતાં પૂર્વે મનમાં તેની કલ્પના કરી પછી તે બહાર પ્રકટ કરવામાં આવે છે, તેમ અત્યાર સુધીના ભાવો બેપણારૂપે બહાર પ્રકટ થવા પૂર્વેના સૂક્ષ્મ ભાવો સમજવા. આ રીતે આત્મામાંથી શિવશક્તિ સુધીનો વિવર્ત થયા પછી તેમાંથી આ શક્તિરૂપ જીવાત્મા કિંવા મમભાવ પ્રાપ્ત થયો છે. આને સૂત્રાત્મા કહે છે. આમ અધિષ્ઠાનમાંથી 'હું'રૂપ થવાને માટે ઈશ્વર, તેની ઈક્ષણશક્તિ અને માયા એટલા વિવર્તો થયા. ત્યાર પછી ક્રમે ક્રમે માયાના ત્રણ ગુણોમાં ક્ષોભ થઈ તે અવ્યક્ત, અર્ધનારીનટેશ્વર, જીવાત્મા, મહાપ્રાણ કિંવા સૂત્રાત્મારૂપ શક્તિ કે જેને મમભાવ કહે છે, તે સ્વરૂપે વિવર્તભાવને પામે છે, આ મુખ્ય આત્મામાંથી અહંભાવનું પ્રાકટ્ય થઈ મમભાવનું પ્રાકટ્ય થાય ત્યાંસુધી આવો વિવર્ત ક્રમ હોય છે. આ રીતે હું અને મારું એમ બે ભાવો પ્રકટ્યા. તે પૈકી આ "મારું" એ કારણતત્ત્વોનું આરંભસ્થાન કહેવાય, તેમાંથી કાર્યરૂપે પ્રકટ થતાં સુધી નીચે પ્રમાણે વિકાસ થવા પામેલો છે. આ 'મમ' કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) માંથી પ્રથમ મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) પછી અહંકાર (વૃક્ષાંક ૮) રૂપ વિવર્ત થયો છે. તે અહંકાર સત્ત્વ, રજ અને તમ એવા ક્રમે અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત રૂપે બનેલો છે. પછી તે જ ક્રમે સૂક્ષ્મ એવા મનોમય, ઇંદ્રિયસમૂહ અને મિશ્રણ વગરના તદ્દન શુદ્ધ પંચમહાભૂતાદિ સમૂહોના રૂપે બનેલો છે. પછી ચિત્ત કિંવા નારાયણ (વૃક્ષાંક ૯), બુદ્ધિ (વૃક્ષાંક ૧૦) તથા મન (વૃક્ષાંક ૧૧) સ્વરૂપે તે વિવર્તભાવને પામે છે. બાદ તે જ હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) સ્વરૂપે વિવર્તભાવને પ્રાપ્ત થાય છે. આ રીતે કારણસૃષ્ટિનો અંદર તત્ત્વોનો વિકાસ થઈ તે હવે કાર્યસૃષ્ટિ એટલે સમષ્ટિ કિંવા વિરાટના અભિમાની એવા બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) સ્વરૂપે થયો. તેથી તેને કર્મ કિંવા વિસર્ગ પણ કહે છે.

વેદ અપૌરુષેય કેમ કહેવાય છે

આ કર્મસૃષ્ટિનો આરંભ પ્રથમ ॐકારરૂપ અક્ષરમાંથી થયેલો છે. બ્રહ્મદેવે પ્રથમ આકાશ ઉત્પન્ન કર્યું. તેમાં બ્રહ્મદેવના મૂલાધારાદિ ચક્રોદ્વારા આ ॐકારરૂપ અક્ષરમાંથી જે ધ્વનિ અથવા શબ્દો ઉત્પન્ન થયા, તે જ

મૂળ વેદ કહેવાય. એટલે આકાશનો ગુણ શબ્દ પણ તેની સાથે અનાયાસે ઉત્પન્ન થયેલો છે. આમ વેદ ઇચ્છા અને કારણ વગર જ બ્રહ્મદેવના મોઢામાંથી વૈખરી વાણીરૂપે સૌથી પ્રથમ પ્રકટ થવા પામેલા છે, તેથી તે અપૌરુષેય કહેવાય. તત્પશ્ચાત્ સ્થૂળ કિંવા કર્મ એટલે વિસર્ગસૃષ્ટિનો આરંભ આકાશ વડે થયો અને તેમાં સૌથી પ્રથમ જ પ્રકટ્યો તે જ આ બધા વેદો છે, એમ સમજવું. તે પછી વાયુ અને વાયુ પછી વહ્નિ, વહ્નિ પછી જળ અને જળ પછી પૃથ્વીતત્ત્વ એમ ક્રમે ક્રમે ઉત્પત્તિ થવા પામેલી છે. તે પૃથ્વી વનસ્પતિ, ઔષધિ, લતા, રેત, વીર્ય અને ત્યાર પછી અનેકવિધ ચેતન પ્રાણીઓ અને તેમાં સૌથી છેવટે મનુષ્યયોનિ, એ ક્રમે જડ ચેતનાદિ વિવર્તને પ્રાપ્ત થયેલી છે. આ રીતે પરમાત્મામાંથી ભાસનારો આ સ્થૂલ અને દૃશ્યાદિ સૃષ્ટિના વિવર્તરૂપે વિકાસનો ક્રમ છે એમ જાણો. જેમ બીજમાંથી ઝાડ થવાને માટે ક્રમે ક્રમે અંકુર, શાખા, પ્રતિશાખા, પાન, ફૂલ અને ફળ ઇત્યાદિ વિવર્તો બને છે, તેમ આ પરમાત્મામાંથી ઈશ્વરરૂપ બીજ, 'હું' રૂપ અંકુર, મમ.દિરૂપ શાખાઓ, બ્રહ્માંડ.દિરૂપ પ્રતિશાખાઓ તથા સર્વને અંતે ફળરૂપ મનુષ્યો, એ ક્રમે વિવર્ત થવા પામેલો છે. આ ક્રમ સમજાવવાનો ઉદ્દેશ એ છે કે, બ્રહ્માંડમાં સૌથી પ્રથમ આકાશ અને તેનો ગુણ શબ્દ (વેદ) પ્રગટ થયેલા હોઈ સૌથી અંતે મનુષ્યોની ઉત્પત્તિ થવા પામી છે. આમ સ્થૂલ આકાશની ઉત્પત્તિની શરૂઆતથી મનુષ્યોની ઉત્પત્તિ થઈ તેટલા સમયને માટે સૌરમાન પ્રમાણે એક કરોડ, સિત્તેર લાખ, ચોસઠ હજાર વર્ષોનો કાળ વ્યતીત થઈ ગયો છે. અર્થાત્ પૃથ્વીમાં સૌથી પ્રથમ ઉત્પન્ન થનારા મનુષ્ય જીવની ઉત્પત્તિ થઈ તે પહેલાં આટલા વખત પૂર્વે વેદનું પ્રાકટ્ય બ્રહ્માંડમાં થયેલું જ હતું, તેથી તે કોઈ પણ મનુષ્યની કૃતિના નહિ હોવાથી અપૌરુષેય કહેવાય છે. આ વેદો મનુષ્યોમાં સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા મનુ અને મહર્ષિઓએ તપશ્ચર્યાદિ બળે આકાશાદિની ધારણા સાધ્ય કરીને એ આકાશમાંના વેદરૂપ આ તમામ શબ્દો પોતાના અંતઃકરણમાં જેવા ને તેવા સાંભળ્યા, તેથી તે શ્રુતિ કહેવાયા. ધારણાભ્યાસ વડે આજકાલ પણ એ અનુભવો લઈ શકાય છે. આ ઉપરથી આ વેદો જગતમાં શી રીતે પ્રકટ થયા અને તેને અપૌરુષેય તથા શ્રુતિ શા માટે કહેવામાં આવે છે, તે સારી રીતે સમજી શકાયું હશે. અપૌરુષેય ઉપનિષદો વા શ્રુતિ વેદમાં પરિશિષ્ટ રૂપે તથા આરણ્યકોમાં મળી આવે છે.

સત્ અસત્ શાસ્ત્રોની સમસ્યા

આ વિવેચન ઉપરથી જાણવામાં આવ્યું હશે કે વેદ, વેદાંગાદિ મહર્ષિઓએ પ્રકટ કરેલાં હોવાથી તેઓ તેના કર્તા નહિ પરંતુ પ્રકટ કરનાર કહેવાય. આથી વેદ, ઉપવેદ, વેદાંગ, ઉપનિષદો વગેરે સર્વ શ્રુતિશાસ્ત્રો અપૌરુષેય હોઈ તે ઋષિકૃત નહિ પણ ઋષિપ્રણિત કહેવાય છે. તે પ્રાકટ્યનો ઉદ્દેશ વેદનો મુખ્ય સિદ્ધાંત જે મહાવાક્યો છે તેનો ગૂઢ અર્થ અજ્ઞાનીઓ સારી રીતે સમજી શકે એ રીતે તેને વિસ્તૃત કરવાનો છે કે જેથી આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી તેઓ અપરોક્ષાનુભવ અર્થાત્ આત્મસાક્ષાત્કાર કરે અને આ મોહજાળમાંથી મુક્ત થઈ કાયમી સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકે. આથી આ બધાં શાસ્ત્રો વેદાંત એટલે વેદનું અંતિમ ધ્યેય બતાવનારાં શાસ્ત્રો કહેવાય છે. સાંખ્યાયન, કપિલ, કણાદ, ગૌતમ, પતંજલિ, વ્યાસાચાર્ય તથા જૈમિનિ ઇત્યાદિ મહર્ષિઓએ સાંખ્ય, તર્ક, ન્યાય, યોગ તથા ઉત્તરમીમાંસા ને પૂર્વમીમાંસા એમ ષડ્દર્શનોની રચના કરેલી છે. આ સિવાય મનુ, યાજ્ઞવલ્ક્ય, દેવલ, અસિત, નારદ, બાદરાયણ વગેરે અનેક સ્મૃતિગ્રંથો પણ છે. સિવાય પુરાણો, ઉપપુરાણો, નારદપંચરાત્રતંત્ર, તંત્રશાસ્ત્ર તથા શાક્ત (વામમાર્ગ છોડીને); આ બધાં ધર્મશાસ્ત્રોમાં ગણાય છે. તેમ જ રામાયણ, એ પૌરુષેય હોઈ, મહાભારતાદિ ઇતિહાસગ્રંથો, કાવ્ય, ચમ્પુ વગેરે સર્વ શાસ્ત્રો વેદના મહાવાક્યોનો સિદ્ધાંત સમજાવવાને માટે ઉપસ્થિત થયેલાં હોવાથી તે વેદથી વિરુદ્ધ નહિ એવાં એટલે વેદવિહિત કહેવાય છે. આ બધાં શાસ્ત્રો લોકોની શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારની બુદ્ધિનો વિચાર કરીને રચાયેલાં છે. આ શાસ્ત્રો પૈકી કેટલાકમાં મનુષ્યો માટે (૧) આચારવિચારાદિના નિયમો એટલે આમ કરવું, આમ નહિ કરવું, ઇત્યાદિ નિયમો બતાવવામાં આવેલા છે તથા (૨) આત્મધર્મથી બીજું કંઈ શ્રેષ્ઠ છે જ નહિ. એ રીતે સર્વનો સમારોપ વેદના મહાવાક્યોના ઉદ્દેશાનુસાર આત્મરૂપ ધર્મમાં જ કરવામાં આવેલો છે. આ પ્રમાણે આ બધાં સાંખ્યાદિ દર્શનશાસ્ત્રો, પુરાણો, ઉપપુરાણો તથા રામાયણ ઇત્યાદિ શાસ્ત્રોના કર્તા મળી આવે છે, તેથી તે સર્વ પૌરુષેય શાસ્ત્રો કહેવાય છે.

પૌરુષેય શાસ્ત્રો વેદના સિદ્ધાંતથી ભિન્ન ધ્યેયનું પ્રતિપાદન કરતાં નથી, પરંતુ સર્વ સાધારણ પ્રતિના લોકોની દૃષ્ટિમાં પણ ઊતરી શકે એટલા માટે જેની તેની યોગ્યતા તથા સર્વ બાજુનો વિચાર કરી તેવા તેવા પ્રકારની યુક્તિઓનો આશ્રય લઈને તે સમજાવે છે. ટૂંકમાં તે બધાં પણ અપૌરુષેય શાસ્ત્રોના સિદ્ધાંતને જ વિસ્તારપૂર્વક સમજાવી રહ્યાં છે. જેમ મનનું સાચું સ્વરૂપ કેવું છે, એમ જો સમજાવવું હોય તો પ્રથમ તે સમુદ્રનાં મોજાં જેવું ચંચળ છે, એવી રીતે કહીને સમજાવાય છે. આ દૃષ્ટાંતમાં વાસ્તવિક ભાવ તો પાણી છે, કેમકે પાણી વગર સમુદ્ર કિંવા મોજાંઓનું અસ્તિત્વ હોઈ શકે નહિ અને જો તેમ હોય તો તે પાણીથી ભિન્ન હોતું નથી, તે સમજાવવાને માટે મોજાં એક દૃષ્ટાંત, સમુદ્ર એ એક સિદ્ધાંત અને પાણી એ તત્ત્વાર્થ થયો. આમાં જેમ પાણી એ જ ધ્યેય હોવા છતાં પણ તે સમજાવવાને માટે જેમ સમુદ્ર અને તરંગનો આશ્રય લેવો પડે છે, તેમ મન ચંચળ છે એમ કહેવામાં સંકલ્પવિકલ્પો એ દૃષ્ટાંત છે, મન એ સિદ્ધાંત તથા આ બે ભેદાભેદો પણ વાસ્તવિક રીતે તો આત્મામાં હોઈ તે આત્મરૂપ જ છે, એમ જે યુક્તિ વડે સમજાવાય તે દૃષ્ટાંત કહેવાય તથા આત્મા એ તત્ત્વાર્થ છે. આ પ્રમાણે વેદનાં મહાવાક્યોનો અર્થ વિસ્તારથી સમજાવવાને માટે ઉપર કહેલાં પુરાણાદિ તમામ પૌરુષેય શાસ્ત્રો એ દૃષ્ટાંતરૂપે છે એમ સમજો. અપૌરુષેયશ્રુતિશાસ્ત્રો એ બધાં સિદ્ધાંતરૂપ હોઈ વેદનાં મહાવાક્યોનો મૂળ વિષય જે બ્રહ્મ, આત્મા કિંવા ચૈતન્ય એ તત્ત્વાર્થરૂપ કહેવાય. આથી તે સમજાવવાને માટે **'તત્'** એવી સંજ્ઞા હોઈ તે સત્યતત્ત્વ સમજાવનારાં તમામ શાસ્ત્રો કિંવા કર્મોને **'સત્'** એવી સંજ્ઞા વ્યવહારમાં લગાડવામાં આવે છે. આથી આ તત્ત્વાર્થ બતાવનારાં જે શાસ્ત્રો તે વિદ્યા કહેવાય છે. આમ વેદવિહિત એવાં વિદ્યાનાં ચૌદ (ઉપવેદો સહ અઢાર) પ્રસ્થાનો છે (ચાર ઉપવેદોનો સમાવેશ વેદોમાં થઈ જાય છે), તે બધાં સત્શાસ્ત્રો હોઈ તેમાં બતાવેલી ક્રિયાઓનું આચરણ કરનારાઓને સત્કર્મો કરનારા કિંવા સદાચરણી કહેવામાં આવે છે. સારાંશ, જે વડે આત્માની પ્રાપ્તિ થાય એવી ક્રિયા, આચાર અથવા તે કરનારા એ બધા **'સત્'** સંજ્ઞાના વાચક છે. આ સિવાય સુગત, અર્હત, ચાર્વાકાદિ છ પ્રકારના આસ્તિકેતર વગેરે આચાર્યોનાં શાસ્ત્રો પણ છે; પરંતુ તે વેદસિદ્ધાંતની વિરુદ્ધ એટલે વેદવિહીન હોવાથી તે બધાં અસત્ શાસ્ત્રો કહેવાય છે. આ ભેદાભેદ વ્યવહારમાં એટલા માટે રાખવામાં આવેલા છે કે જ્યાંસુધી મનુષ્યોનું અજ્ઞાન નષ્ટ થાય નહિ, ત્યાં-સુધીને માટે મનુષ્યાદિની ઉત્પત્તિ પૂર્વે જ ઉત્પન્ન થયેલાં અપૌરુષેય શાસ્ત્રોનો આધાર લીધા વગર તેને માટે બીજો કોઈ ઉપાય નથી. જેમ બાળક મોટો થતાં સુધી માતા, પિતા(પાલક)નો આધાર લીધા સિવાય તેને છૂટકો થતો નથી તેમ આત્માનું જ્ઞાન થતાં સુધીને માટે અપૌરુષેય શાસ્ત્રોનો આધાર લીધા વિના છૂટકો જ નથી; છતાં દુરભિમાન વડે જો તેના આધાર વગર જ અમો બોલીએ છીએ એમ કહેવામાં આવે તો તે એક હડહડતું જૂઠાણું જ ગણાય. તેથી વેદના આધાર વગરનાં શાસ્ત્રો તે **'અસત્'** એટલે ખોટાં શાસ્ત્રો તથા વેદના આધાર ઉપર રચાયેલાં શાસ્ત્રો તે **'સત્'** એટલે સાચાં શાસ્ત્રો છે એમ સમજવું. આ રીતનો શ્રેષ્ઠ અને કનિષ્ઠતાનો ક્રમ વ્યવહાર દૃષ્ટિએ છે, તત્ત્વ દૃષ્ટિએ નથી.

કિરણાંશ ૩૨

પુરાણો તથા રામાયણો ઇતિહાસ નથી

જેના વ્યવહારમાં કર્તા મળી આવે છે તેવાં પૌરુષેય શાસ્ત્રોને ઋષિકૃત શાસ્ત્રો કહેવામાં આવે છે. પૌરુષેય શાસ્ત્રોમાં પણ બે ભેદ છેઃ (૧) ભવિષ્યસૂચક તથા (૨) ઇતિહાસ. જે શાસ્ત્રો ભવિષ્યમાં અમુક ઉત્પન્ન થશે અને તે અમુક અમુક કાર્યો કરશે એવા પ્રકારે નિયતિક્રમની નિશ્ચિતતા દર્શાવવાના ઉદ્દેશે ભવિષ્યસૂચન કરી લખાએલાં હોય તે ભવિષ્યસૂચક પૌરુષેય શાસ્ત્રો કહેવાય છે. જેમકે રામાયણ, પુરાણો, ઉપપુરાણો વગેરે. રામાયણ મહર્ષિ વાલ્મીકિએ શ્રીરામજન્મ થતાં અગાઉ* પોતાની ઉપાસનાના બળ વડે સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યા બાદ જે બ્રહ્મસ્વરૂપનો રામના નામ વડે તેને સાક્ષાત્કાર થયો હતો. તે પોતે શ્રીરામચંદ્રના નામથી સૂર્યવંશમાં

*રામ જન્મ પૂર્વે મહર્ષિ વાલ્મીકિનો અવતાર શુમારે ત્રેવીશ લાખ છોતેર હજાર સૌર વર્ષે થયેલો છે.

સગુણ સ્વરૂપે ત્રેતાયુગના મધ્યમાં અવતાર ધારણ કરશે અને તેઓ પોતાનું જીવન નીતિ, ન્યાય, વિવેકાદિ દ્વારા વ્યતિત કરશે, તેમ પોતે બ્રહ્મસ્વરૂપ હોવા છતાં પણ અજ્ઞાની જેવા બની લોકોપકારાર્થે શ્રીવસિષ્ઠ સદ્‌ગુરુ પાસે જ્ઞાનોપદેશ મેળવી અજ્ઞાનીઓને માટે તે જગતમાં પ્રસ્તુત કરશે, તથા રાજનીતિ, પિતૃનીતિ, ભ્રાતૃનીતિ, એકપત્ની, એકબાણી, એકવાણી વગેરે નીતિ અને ન્યાયશાસ્ત્રનું મહત્ત્વ જગતમાં પ્રત્યક્ષ આચરણ કરીને બતાવી આપશે ઇત્યાદિ પૂર્વ રામાયણમાં શ્રીરામચરિત તથા ઉત્તર રામાયણમાં શ્રીમદ્ બૃહદ્યોગવાસિષ્ઠની રચના કરેલી છે તેથી આ રામાયણ ભવિષ્યસૂચક પૌરુષેય ગ્રંથ કહેવાય છે. તે પ્રમાણે મહર્ષિ વેદવ્યાસાચાર્યકૃત પુરાણો અને ઉપપુરાણોનું પણ સમજવું, કારણ કે આ પુરાણ ઉપપુરાણોમાં બતાવેલાં વર્ણનો દરેક યુગમાં થતાં જ રહે છે. પ્રસ્તુત યુગમાં મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ અને બુદ્ધ એ નવ અવતારો થઈ ગયા અને દશમો કલ્કિ અવતાર શુમારે સવાચાર લાખ સૌર વર્ષો પછી થશે. ત્યારબાદ આ ચાલુ મહાયુગની સમાપ્તિ થઈ સાંપ્રત પૃથ્વીનો જળમાં વિલય થશે. એક કલ્પમાં (બ્રહ્મદેવના એક દિવસને કલ્પ કહે છે) આ મુજબ એક હજાર મહાયુગો થાય છે; તે પૈકી આ ચાલુ કલ્પના અત્યાર અગાઉ સત્તાવીસ મહાયુગો પૂર્ણ થયેલા હોઈ હમણાં આ અઠ્ઠાવીસમો મહાયુગ ચાલે છે અને ભવિષ્યમાં હજી ૯૭૨ નવસો બોંતેર મહાયુગો ચાલુ કલ્પમાં થવાના બાકી રહેલા છે. દરેક મહાયુગમાં ચાર ચેટા યુગો હોય છે, તેનાં નામો અનુક્રમે (૧) કૃત કિંવા સત્ય, (૨) ત્રેતા, (૩) દ્વાપર અને (૪) કલિ એ પ્રમાણેનાં છે. દરેક મહાયુગો પૈકી કૃતયુગમાં મચ્છ, કચ્છ, વરાહ અને નૃસિંહ એ ચાર; ત્રેતાયુગમાં વામન, પરશુરામ અને રામ એ ત્રણ; દ્વાપરમાં ફક્ત એક કૃષ્ણનો જ તથા કલિયુગ મધ્યે બુદ્ધ અને કલ્કિ એમ બે મળી દશ અવતારો દરેક મહાયુગમાં થતા રહે એવો નિયતિનો નિશ્ચિત સિદ્ધાંત છે. વળી તે અવતારોનાં કાર્યો પણ દરેક યુગમાં પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણેનાં જ થતાં રહે છે. **धाता यथा पूर्वमकल्पयत ।** (ઋ૰ સંહિતા) આમ પુરાણોમાં બતાવેલાં વર્ણનોનું કાર્ય અર્થાત્ પુરાણાદિની રચના કરવાનું કાર્ય ચાલુ કલ્પના દરેક યુગમાં શ્રીવેદવ્યાસાચાર્યજી તથા રામાયણની રચનાનું કામ શ્રીવાલ્મીકિ મહર્ષિનું જ હોય છે, એવો ઈશ્વરીય નિશ્ચિત સંકલ્પ છે. તાત્પર્ય એ છે કે પુરાણ ઉપપુરાણ તથા રામાયણાદિ એ ઇતિહાસગ્રંથ નથી, પરંતુ તેમાં વર્ણવેલા પ્રસંગોની ઉત્પત્તિ પૂર્વે જ થયેલા એવા ભવિષ્યસૂચક પૌરુષેય ગ્રંથો કહેવાય છે.

ઇતિહાસ એટલે શું ?

જે ગ્રંથો તેમાં બતાવેલા વિષય કિંવા પ્રસંગની પૂર્ણતા થયા પછી પાછળથી રચવામાં આવેલા હોય છે તેને ઇતિહાસગ્રંથો કહેવામાં આવે છે. સંસ્કૃતમાં એવો નિયમ છે કે કોઈ પણ કાર્ય વા વિષયના આરંભને **"अथ"** કહેવામાં આવે છે અને તે કાર્ય અથવા વિષય(પ્રસંગ)ની સમાપ્તિ થાય છે ત્યારે તેને **"इति"** અમુક વિષય **"समाप्त"** એમ કહી સંબોધવામાં આવે છે. ઇતિ એટલે પૂર્ણ અને હાસ [**इ+आस**] એટલે આ પ્રમાણે હતું. જે પ્રસંગ, કાર્ય અથવા ચેષ્ટાઓ પૂર્ણ થયેલી છે તેવા પ્રસંગો બતાવનારા તે ઇતિહાસ જેમકે મહાભારત.

પૌરુષેય ઉપનિષદો

જે ઉપનિષદો વેદ સંહિતાઓમાં પરિશિષ્ટરૂપે અથવા આરણ્યકોમાંથી મળી આવે છે, તે ઉપનિષદો અપૌરુષેય હોઈ મુખ્ય કહેવાય છે; તેને શ્રુતિ પણ કહે છે જે ઉપર કહેવામાં આવેલું જ છે. હવે પૌરુષેય ઉપનિષદો સંબંધમાં થોડો વિચાર કરવાનો રહ્યો. પૌરુષેય શાસ્ત્રો કોને કહેવાં તે તો જોકે ઉપર જણાવેલું જ છે, તો પણ ટૂંકમાં એટલું સમજો કે સ્મૃતિ, પુરાણ તથા ઇતિહાસાદિ ગ્રંથોના જે ભાગમાં કેવળ અધ્યાત્મજ્ઞાન અર્થાત્ તત્ત્વજ્ઞાનના જ વિચારો અથવા બોધ આવેલો હોય તેવા ભાગને ભગવદ્વાક્યો કિંવા પૌરુષેય ઉપનિષદો કહેવામાં આવે છે. જેમકે ભગવદ્ગીતા, અષ્ટાવક્રગીતા, રામગીતા, અવધૂતગીતા, સિદ્ધગીતા વગેરે ગ્રંથો વેદનાં વિધિવાક્યોનું પ્રતિપાદન કરનારાં હોવાથી તે ભગવદ્વાક્યો વા પૌરુષેય ઉપનિષદો કહેવાય છે, તથા કેટલાકમાં આમ કરવું, આમ નહિ કરવું ઇત્યાદિ વિધિ નિષેધાદિનો નિર્ણય તથા મતમતાંતરોનો વિચાર

કરેલો જોવામાં આવે છે, તે વેદનાં નિયમવાક્યો સમજવાં. જેમકે મનુ, યાજ્ઞવલ્કય, ગર્ગ, પરાશર ઇત્યાદિ સ્મૃતિઓ તથા ન્યાય, સાંખ્ય, વૈશેષિક વગેરે દર્શનો. તે પૈકી કેટલાંકમાં તો મુખ્ય વિષય તત્ત્વજ્ઞાન સમજાવવાના ઉદ્દેશે પ્રસંગવશાત્ વિધિ અને નિયમ એમ બંને વેદવાક્યોનો વિચાર કરી ઉપદેશ આપેલો હોય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા આ પ્રકારમાં આવી શકે છે. કારણ તેમાં મુખ્ય વિષય તત્ત્વજ્ઞાન હોઈ તેની પુષ્ટિ અર્થે ત્રિગુણવશાત્ પડતા ભેદો, વર્ણાશ્રમાદિ ધર્મો તથા અન્ય નીતિશાસ્ત્રાદિનું વિવેચન પણ સાંખ્ય, યોગ અને ભક્તિ શાસ્ત્રાનુસાર પ્રસંગવશાત્ આચાર્ય પદ્ધતિએ* સમજાવવામાં આવેલું છે. તાત્પર્ય કે પુરાણ કિંવા ઇતિહાસાદિના જે ભાગોમાં તત્ત્વજ્ઞાન વિષયની ચર્ચા થઈ હોય, એવા સંવાદરૂપ કિંવા અન્ય કોઈપણ પ્રકારના ઉપદેશાત્મક ભાગને ગીતા અથવા પૌરુષેય ઉપનિષદ કહેવામાં આવે છે. તે ધોરણે આ ગીતા ભગવાન શ્રીકૃષ્ણે મહાભારતના યુદ્ધની શરૂઆત થવાની અણી ઉપર અર્જુનને કહેલી છે. ભગવાને કહેલી હોવાથી એ ભગવદ્ગીતા એ નામથી પ્રસિદ્ધ છે.

કિરણાંશ ૩૩

ગીતા નામનું કારણ

સામાન્યતઃ એવો નિયમ છે કે, જે ઉપદેશક હોય તેણે આપેલા બોધને તેનું જ નામ આપવામાં આવે છે. તે ઉપદેશ જો પદ્યરૂપે હોય તો તેને ગીત એવા શબ્દથી સંબોધવામાં આવે છે. '**गै**' એટલે ગાવું. લોકોમાં એટલે વ્યવહારમાં '**त**' પ્રત્યયની સાથે '**गै**' ધાતુ યુક્ત આ ગીત શબ્દ પ્રચલિત છે. વેદ અર્થાત્ શ્રુતિ શાસ્ત્રમાં તેને ગીથ કહેલ છે. તેમાંના મંત્રોને શુદ્ધ અને ઊંચા સ્વર વડે ગાવું તે ઉદ્ગીથ કહેવાય અને તે ગાનારને ઉદ્ગાતા કહે છે. ગીથનો અર્થ વાણી તથા ઉત્ એટલે પ્રાણ છે. કેમકે તેને આધારે જ મૂલાધારાદિ ચક્રોમાંથી શબ્દસ્વરૂપ વાણી પ્રકટ થવા પામેલી છે. આ વાણી તે નામ, તથા ઉદ્ગીથ એ મહાપ્રાણરૂપ છે. મહાપ્રાણને લીધે જ આ ચરાચરની સ્થિતિ જોવામાં આવે છે. તેણે જ આ બધું સ્થિર રાખ્યું છે. આ રીતે ઉત્ અને ગીથ મળીને ઉદ્ગીથ થાય છે. તે જ્યારે વાણી દ્વારા બહાર પ્રકટે છે ત્યારે તે ગીથા કહેવાય છે અને તેનું ઉચ્ચ સ્વરે ગાન કરનારને સામગાન કરનારો કહે છે. આમ શ્રુતિમાં મૂળ ગીથ શબ્દ હોઈ તે જ્યારે ગાનરૂપ વાણી દ્વારા પ્રત્યક્ષ બહાર પ્રકટે છે ત્યારે તેને ગીથા કહે છે અને તેને ઉચ્ચ સ્વરે બોલવું તે ઉદ્ગીથ કહેવાય છે. (જુઓ બૃહ૦ ૧-૩-૨૨, ૨૩). ગીથને જ પુરાણાદિ તંત્ર શાસ્ત્રોમાં ગીત શબ્દ વડે સંબોધેલું છે અને તે ઉપદેશ જ્યારે પરંપરાથી લોકોમાં પ્રસ્તુતિને પામે છે, ત્યારે તેને 'ગીતા' એવું નામ અપાય છે. આ ધોરણે જ અષ્ટાવક્રગીતા, રામગીતા, સિદ્ધગીતા વગેરે ગીતાગ્રંથો પ્રચલિત છે. અર્થાત્ મહાભારતના ભીષ્મ પર્વના અધ્યાય ૨૫ થી ૪૨ સુધીમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને તત્ત્વનો ઉપદેશ આપેલ હોવાથી તે કૃષ્ણ ગીતા કહી શકાય, પરંતુ શ્રીકૃષ્ણનું નામ શ્રીભગવાન એ સંજ્ઞાથી જ પ્રચલિત હોવાથી આ ગીતા શ્રીમદ્ ભગવદ્ગીતા એ નામથી વ્યવહારમાં પ્રસિદ્ધ છે.

ભગવદ્વાક્ય અથવા વાક્સુધા

જ્યારે આત્મજ્ઞાન સંબંધનો ઉપદેશ ગદ્યરૂપે બતાવવાનો હોય છે ત્યારે તે ઉપદેશના નામની પછી વાક્સુધા એવો શબ્દ લગાડવામાં આવે છે. વાક્ એટલે વાણી અને સુધા એટલે અમૃત. આત્મજ્ઞાનથકી મનુષ્ય કાયમનું અમૃતત્ત્વ પ્રાપ્ત કરી શકે છે, આથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હોય તેવાઓ અમૃતત્ત્વને પામેલા છે એમ શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે. તેમની વાણી પણ અમૃતરૂપ જ કહેવાય છે. આત્માને અમૃત એવી સંજ્ઞા શાસ્ત્રોમાં આપવામાં આવેલી છે. આપણે શ્રીભગવાનની એ અમૃત વાણીનું દોહન કરી અત્રે તેને ગદ્યરૂપે બતાવવાનો પ્રયત્ન કરેલો છે, એટલે તેને શ્રીકૃષ્ણ વાક્સુધા, શ્રીભગવદ્ વાક્સુધા વા શ્રી ભગવદ્વાક્ય કિંવા

* સાંખ્ય, યોગ અને ભક્તિ એમ ત્રણ માર્ગના આશ્રયે તત્ત્વજ્ઞાન સમજાવવામાં આવે છે, તે આચાર્ય પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિનું જ અવલંબન પુરાણાદિમાં કરેલું હોય છે.

દોહન ઇત્યાદિ નામો જ સાર્થક હોવાથી તેને ગીતાદોહન એવું નામ આપવામાં આવ્યું છે. અસ્તુ. અત્યાર સુધીના વિવેચન ઉપરથી શ્રીમદ્ ભગવદ્ગીતાને ઉપનિષદ* શા માટે કહેવામાં આવે છે તેના કલ્પના જિજ્ઞાસુઓને આવી શકશે. શ્રીકૃષ્ણ ભગવાને તેમાં સર્વ શાસ્ત્રના સારનું દોહન કરેલું છે. જેમ દૂધમાંથી માખણ કાઢવામાં આવે તેમ ભગવાને આ ગીતામાં સર્વ શ્રુતિ, સ્મૃતિ આદિ શાસ્ત્રનો સાર આપેલ હોવાથી આ ગ્રંથને સર્વ શાસ્ત્રોના દોહનરૂપ તત્ત્વાર્થદીપિકા કહેવો પણ અયોગ્ય ગણાશે નહિ.

ગીતા સંબંધી નિરર્થક પ્રશ્નપરંપરા

શ્રીભગવદ્ગીતાના બહિરંગ તથા અંતરંગના સંબંધમાં આજ પર્યંત ઘણાઓ તરફથી એટલો બધો નિરર્થક ઊહાપોહ થયેલો જોવામાં આવે છે કે તે તરફ જો લક્ષ આપવા જઈએ તો મૂળ વિષયને કાયમને માટે તિલાંજલિ આપવી પડે તેમ છે. યુદ્ધ પહેલાં કિંવા યુદ્ધ પછી આ ગીતા કહેવામાં આવત તો તે કેવા પ્રકારની હોત ? તે કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, સાંખ્યમાર્ગ કે ભક્તિમાર્ગ ઉપર છે ? વગેરે અનેક માનસિક તરંગો ઉત્પન્ન કરી તેના ઉપર વિસ્તૃત વિવેચનો થયેલાં ઘણે ઠેકાણે જોવામાં આવે છે. સિવાય મહાભારતનું યુદ્ધ થયું હશે કે તે કેવળ એક કલ્પના જ હશે ? ઇત્યાદિ કપોલકલ્પિત હજારો પ્રશ્નોત્તરો ઉત્પન્ન કરી લોકોને ગીતામાં સાચું તત્ત્વ શું છે, તે બતાવવાના કામમાં મદદરૂપ થવાને બદલે પરસ્પર આવા વિતંડાવાદો તથા મિથ્યા ખંડનમંડનાદિનું કાર્ય કરી પોતપોતાના મતને જ સત્ય બતાવવા માટે દુરાગ્રહ ચાલેલો સર્વત્ર જોવામાં આવે છે. આ રીતે લોકોને સરળ માર્ગ બતાવવાને બદલે ભ્રમમાં નાખી તેઓને અર્ધદગ્ધ જેવી હાલતમાં મૂકવાનું વિદ્વાનોને શું પ્રયોજન હશે ?

યુદ્ધ પૂર્વે અને પછીની ગીતા

ઉપર બતાવેલી નિરર્થક પ્રશ્નપરંપરા પૈકી યુદ્ધ પહેલાં કિંવા પછીથી ગીતા કહેવામાં આવત તો તે કેવા પ્રકારની હોત ? ઇત્યાદિ પ્રશ્નો તો અપ્રાસંગિક અને કપોલકલ્પિત હોવાથી તેનો વિચાર કરવા જેવો નથી. કારણ એ તો અજ્ઞાનીઓને ભ્રમમાં નાખનારો એક પ્રકારનો ખોટો પ્રચાર છે. વળી તેમાંના શ્લોકોની સંખ્યા સંબંધે પણ મિથ્યાવાદો ચાલુ છે. આવા પ્રશ્નનું મહત્ત્વ પણ નથી. આપણે તો આપણી પાસે જે શાસ્ત્રના દોહનરૂપ ભગવદ્ગીતારૂપી અમૃત છે, તેનો સાચો ઉદ્દેશ જાણવાનો પ્રયત્ન કરવાનો છે. તેમાં જો આ ગીતા અર્જુનને બદલે કોઈ પશુ પક્ષીને કહી હોત તો ? એવા પ્રશ્નો અપ્રસ્તુત અને મૂર્ખતારૂપ લેખાય. તેવી જ સ્થિતિ યુદ્ધ પછી અને પહેલાંની ગીતા, એવો કપોલકલ્પિત વિચાર કરનારાઓની જાણવી.

મહાભારતનું યુદ્ધ થયું હશે કે ?

મહાભારતનું યુદ્ધ ખરેખર થયું હશે કે ? એવો પ્રશ્ન પણ ઉઠાવવામાં આવે છે. જે મહાભારત ગ્રંથમાંથી આ શ્રીભગવદ્ગીતા મળે છે તે ઇતિહાસ ગ્રંથ છે, તે ઉપરના વિવેચન ઉપરથી સારી રીતે જાણી શકાશે. આ નવલકથા નહિ પણ ઇતિહાસગ્રંથ છે, એ હું ફરીથી કહીશ. તે વાત બુદ્ધિમાનોના લક્ષમાં આવ્યા પછી અને જેઓ ચાલુ સમયે વ્યવહારમાં પ્રસિદ્ધ થયેલા ઐતિહાસિક પ્રસંગોને સાચા માનતા હોય તેવાઓ માટે આ મહાભારતના ઐતિહાસિક પ્રસંગને માટે શંકાનું સ્થાન રહેશે નહિ. વળી તે લખનાર વ્યક્તિ પણ સામાન્ય ન હતી, તેનો પણ વિચાર કરવો ઘટે છે. પૂર્વના ઇતિહાસ પ્રસંગોને માટે શંકા ઉઠાવી તેને જો ખોટા ઠેરવાશે તો પછી ચાલુ પ્રસંગોના ઇતિહાસની પણ ભવિષ્યકાળમાં આ પ્રમાણેની સ્થિતિ થશે, જેમકે ચાલુ સમયમાં કોઈ ઇતિહાસકાર લખે કે ઘોડા અને બળદ વગર આગગાડી હજારો માણસો અને હજારો મણ ધાન્યાદિ સામાન ઉપાડી એક ઘડીમાં દશ કોશના વેગથી ચાલતી હતી. આ લખાણ વાંચનારના કાળમાં

* આ શ્રીમદ્ ભગવદ્ગીતા એ ઉપનિષદ હોવાથી તેમાં આવેલા શ્લોકો, મંત્રો કહેવાય છે. તેથી તેનું મંત્ર બોલવાની પદ્ધતિ અનુસાર જ પઠન થવું જોઈએ. ઉદાત્ત, સ્વરિત ને અનુદાત્તાદિ સ્વરો સહિત અને હ્રસ્વ દીર્ઘાદિભેદો યુક્ત શુદ્ધ અને સ્પષ્ટ રીતે પઠન થાય તો કેવળ પઠન માત્રથી જ તે ફળદાયી નીવડે છે; આથી ગીતામાં આવેલા તમામ મંત્રોને ઉપર નીચે (ઉદાત્તાનુદાત્ત) સ્વરો આપવામાં આવેલા છે.

સમજે કે આગગાડી ન હોય અને બળદ, ઘોડા વગેરે સાધનોનો જ ભાર વહેવામાં ઉપયોગ થતો હોય તો તેઓની દૃષ્ટિએ સાંપ્રત કાળમાં ચાલતો તમારો સર્વ વ્યવહાર ખોટો જ ગણાશે, કારણ કે જે પાછલા ઇતિહાસો માટે આજે અમો ઠેરવીયું તે સ્થિતિ ભવિષ્યમાં અમારા કાર્યોની પણ થશે, તેનો વિચાર દીર્ઘદૃષ્ટિવાળા બુદ્ધિમાનો જ કરે! સારાંશ, આમ ખોટી શંકાઓ તથા નિરર્થક વિચાર પરંપરાનું કંઈ પ્રયોજન જણાતું નથી.

શું ગીતા એ નવલકથા છે કે રૂપક છે?

કાળની ગતિ સાથે જગતમાં હંમેશાં સર્વત્ર પરિવર્તન થયા જ કરે છે. પાંચ દશ વર્ષ પૂર્વેની પરિસ્થિતિ સાથે આજની પરિસ્થિતિની તુલના કરશો તો જણાશે કે તેમાં પણ કેટલું બધું પરિવર્તન થવા પામેલું છે. તો પછી શુમારે પાંચ હજાર વર્ષો પૂર્વેની સ્થિતિને આજના જગતની પરિસ્થિતિ સાથે સરખાવવાનો પ્રયત્ન કરનારાઓને ખરેખર અજ્ઞાનીઓ જ કહેવા પડશે, વળી જે કોઈ આ પ્રસંગને નવલકથા અથવા રૂપક લેખતા હોય તો તેઓ સમજી શકશે કે નવલકથા એ એક લેખકના મનની કલ્પના છે. તેવી કલ્પનામાં પ્રત્યક્ષતાની અથવા અનુભવની ગંધ પણ હોતી નથી, તે તો સ્વપ્ન અથવા મનોરાજ્યની પેઠે નિરર્થક હોવાથી તે બદલ ઊહાપોહ કરવાનું પણ કંઈ પ્રયોજન રહેતું નથી. તેને માટે તો ફક્ત પોતપોતાની દૃષ્ટિએ તે વિચારો સારા અગર નઠારા છે એટલું માનીને જ દરેકે સંતોષ માનવો જોઈએ. જેમ દરેકને પોતપોતાના મનોરાજ્યનો હક કાયમ હોય છે તેમ આની પણ સ્થિતિ થાય. તેમાં કોઈ એકબીજા ઉપર ટીકા કિંવા આક્ષેપ કરી ન શકે. કારણ મૂળમાં તો તે એક લેખકની કલ્પના અને તે ઉપર બીજી અનેક અટકળો કરવી, એ તો વખત ન જતો હોય તેવાઓને શેખચલ્લીના વિચાર જેવી કામગીરી ગણાય, કારણ કે તે થકી અનુભવરૂપ ફળની નિષ્પત્તિ થાય એ સંભવિત નથી. આવી રીતની શંકાઓ કરવી એ પોતાનું કાર્ય વિસરી જવા સમાન છે. તાત્પર્ય કે મહાભારત તો ઐતિહાસિકગ્રંથ હોઈ તેમાં ઉદ્ભવેલો પ્રસંગ પણ વ્યવહાર દૃષ્ટિએ યોગ્ય જ છે. આમાં શંકા જેવું કંઈ નથી.

ટીકાઓથી અભ્યાસકોમાં થયેલો ગભરાટ

આ ભગવદ્ગીતામાં કર્મ, જ્ઞાન, યોગ, સાંખ્ય કે ભક્તિ ઇત્યાદિ માર્ગો પ્રતિપાદન કરેલા છે, તે ઉપર ટીકાકારોના વિચારો જોતાં ગીતાના અભ્યાસકો તથા જિજ્ઞાસુઓને અભ્યાસમાં મદદરૂપ નીવડવાને બદલે ઊલટા તેઓને ગભરાટમાં મૂકી દે તેમ છે. તેમાં વળી અનુભવીઓના વિચારોમાંથી તત્ત્વાર્થ શોધન કરવાને બદલે બિનઅનુભવીઓ એટલે અનુભવ વગરના લૂખા તર્કવાદીઓ પોતાની સંશયનિવૃત્તિ થવાને બદલે સંશયરૂપ વમળમાં સપડાઈ સાથે સાથે ઇતરોને પણ તેમાં ઘસડાતા ગયા છે. વળી જેઓ કર્મ, યોગ, ભક્તિ, સાંખ્ય કિંવા જ્ઞાન ઇત્યાદિ માર્ગો ભિન્ન ભિન્ન છે એમ સમજે છે, તેઓનો સ્વાનુભવ કેવા પ્રકારનો હશે, તેની કલ્પના તો તત્ત્વજ્ઞાનના અનુભવીઓ જ જાણી શકે. કારણ, અનુભવ વગરના લૂખા તર્કવાદીઓ દુરાગ્રહથી પોતપોતાનો મત જ શ્રેષ્ઠ છે એમ પ્રતિપાદન કરવામાં મિથ્યા વિતંડાવાદ કરે છે, જે ખરેખર હેયને પાત્ર જ લેખાય. આપણે સરળ અને સયુક્તિક પદ્ધતિ દ્વારા વિચાર કરી દુરાગ્રહ રહિત થઈ ગીતામાંથી તત્ત્વદોહન કરવું જોઈએ.

કિરણાંશ ૩૪

નિવૃત્તિ કે પ્રવૃત્તિ માર્ગ?

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને યુદ્ધ માટે પ્રોત્સાહન આપેલું છે અને તે માટે આત્મજ્ઞાનરૂપ સાધનનો આશ્રય લીધો છે. બીજી બાજુ એ જ શ્રીકૃષ્ણ ભગવાને પરમ ભક્ત ઉદ્ધવને સંન્યાસધર્મનો ઉપદેશ આપેલો છે (જુઓ ભાગવત સ્કંધ ૧૧). આ રીતે બંનેને જુદો જુદો ઉપદેશ આપવાનું શું કારણ? તેના સમર્થનમાં કદાચ એમ કહેવામાં આવે કે અર્જુન ક્ષાત્રતેજ સંપન્ન હોઈ યુદ્ધ માટે તૈયાર થઈ ઊભેલો ક્ષત્રિય હતો તથા ઉદ્ધવ પોતાના કૌટુંબિક પેશાનો યાદવ હતો તેથી તેમ કર્યું હશે, પરંતુ આ ઉત્તર કાંઈ

યોગ્ય નથી. કારણ, ગીતાનો સિદ્ધાંત કર્મ કરાવવાનો જ હોય તો શ્રીકૃષ્ણ ભગવાનનો ઉપદેશ ક્ષત્રિયોને કર્મ કરવા પ્રેરવા એ જ એક હોવો જોઈએ, તો પછી અર્જુનને ક્ષાત્રકર્મ કરવા માટે ગીતામાં જેમ ઉપદેશ આપેલો છે, તે પ્રમાણે ઉદ્ધવગીતામાં ઉદ્ધવને ઘેર રહીને નિવૃત્તિમાર્ગ એટલે તપ, બ્રહ્મકર્મ (વેદ પઠન, પાઠનાદિ ૬ કર્મો) નો જ ઉપદેશ આપવો જોઈતો હતો, પરંતુ તેને તો સર્વનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરી શ્રીબદરીકાશ્રમ જવા જણાવ્યું છે. સિવાય શ્રીકૃષ્ણ ભગવાને અનુગીતામાં પણ અર્જુનને ઘણે ઠેકાણે ત્યાગનો જ ઉપદેશ કરેલો જોવામાં આવે છે. વળી નિર્વાણના સંદેશામાં તો હવે કળિયુગ આવ્યો છે માટે તમો રાજ્યપાટાદિ સર્વ છોડી હિમાલય તરફ ચાલ્યા જાઓ, એવો સર્વ પાંડવોને ભગવાને શ્રીઅર્જુન સાથે જ સંદેશો પાઠવેલો છે. આ ભગવદ્ગીતા પછી અનુગીતા (અશ્વમેધપર્વ અ૦ ૪૩) નો બોધ પણ અર્જુનને કહેલો છે તથા નિર્વાણ વખતનો સંદેશ પણ અર્જુન સાથે જ આપવામાં આવેલો છે. શાસ્ત્રોમાં કહેવામાં આવતાં કર્મોનું સાચું રહસ્ય નહિ જાણનાં પોતપોતાની આસુરી વૃત્તિ અનુસાર કર્મોની મનસ્વી વ્યાખ્યા કરાવનાર દુરાગ્રહી પંડિતો આવા પરસ્પર વિરુદ્ધ વિધાનોનો વિચાર કરે. તાત્પર્ય એ કે, ઉપદેશ તો કાળ અને દેશને અનુસરી એટલે સમયોચિત જિજ્ઞાસુઓની તૈયારીના ધોરણે જ પ્રસંગવશાત્ યોગ્ય યુક્તિ, પ્રયુક્તિ, ન્યાય, સિદ્ધાંત, દૃષ્ટાંત અને તર્કનો આશ્રય કરીને આપવામાં આવે છે. વેદનો મૂળ સિદ્ધાંત અર્થાત્ મહાવાક્યોનો બોધ એટલે આત્માનું પરોક્ષજ્ઞાન જિજ્ઞાસુઓને થાય તેવા પ્રકારે ઉપદેશ આપવાની શાસ્ત્રની પ્રથા છે. ઉપદેશનું અંતિમ ધ્યેય તો જે થકી અત્યંત સુખ તથા શાંતિ સાધ્ય થઈ શકે તેવા તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન કરવું એ જ એક હોય છે તે વાત તો શ્રીભગવદ્ગીતાના વિવેચન દ્વારા પણ સ્પષ્ટ થઈ શકે તેમ છે. જ્યાં સુધી તત્ત્વનું અપરોક્ષ જ્ઞાન થયેલું હોતું નથી, ત્યાંસુધી અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ દ્વારા જિજ્ઞાસુઓને માટે અપૌરુષેય એવા વેદાદિના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરવામાં આવે છે આ રીતે અપરોક્ષ જ્ઞાન થતાં સુધી ક્રમ ચાલુ હોય છે.

યુદ્ધનીતિ માટે આત્મજ્ઞાન કેમ ?

શ્રીભગવાનનો ઉદ્દેશ શ્રીઅર્જુન પાસે કર્મ કરાવવાનો જ હતો, એમ માનવામાં આવે તોપણ એક શંકા ઉઠે છે કે: અત્રે કર્મ તો યુદ્ધનું હતું, એટલે તેને યુદ્ધ કેમ કરવું, કયા શસ્ત્રનો કયારે ઉપયોગ કરવો વગેરે યુદ્ધનીતિનો જ બોધ આપવો જોઈતો હતો. તે સંબંધમાં તો આખી ગીતામાં નામનિશાન પણ મળતું નથી. તેને આવા કટોકટીના પ્રસંગે આત્મજ્ઞાન આપવાની શી જરૂર ? હું યુદ્ધ નહિ કરું. ત્રૈલોક્યનું રાજ્ય મળે તોપણ મારો શોક મટાડે એવો આ ત્રિલોકમાં કોણ હશે. હું તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું વગેરે કહી અર્જુને શરણાગતિ લઈ મૌન ધારણ કર્યા પછી શ્રીકૃષ્ણ ભગવાને તો સાંખ્ય કિંવા જ્ઞાન, કર્મ વા યોગનિષ્ઠા અને ભક્તિ વગેરે શાસ્ત્રયુક્તિનો આશ્રય લઈ આત્માનું સ્વરૂપ તથા તે જાણનારાઓનું રહસ્ય તેમ જ તે સંબંધે કરવાનો અભ્યાસક્રમ ઇત્યાદિ કહી, આત્મા મરતો નથી, જન્મતો નથી, આત્મજ્ઞાનીઓ આવા પ્રકારના નિશ્ચયવાળા હોય છે, માટે તેવા આત્મનિશ્ચય વડે તું યુદ્ધ કર, એમ ઠેકઠેકાણે કહેવામાં આવેલું છે. તેનો શો અર્થ સમજવો ? યુદ્ધનીતિ, રાજનીતિ, વ્યવહારનીતિ, કુટિલનીતિ વગેરેનો આશ્રય લઈને તું યુદ્ધ કર, એમ કહેવામાં આવ્યું હોત તો કર્મવાદી મીમાંસકોનું કથન નિઃશંક માન્ય કરવું પડત, પરંતુ અત્રે તો તેવી નીતિને બદલે આત્માનું પરોક્ષજ્ઞાન તથા જીવન્મુક્તિ સંબંધમાં જ સ્થળે સ્થળે વર્ણન જોવામાં આવે છે. વારુ ! શ્રીકૃષ્ણ ભગવાન અને શ્રીઅર્જુન લાંબા સમય સુધી હંમેશ સાથે જ રહેતા હતા, છતાં ઇતર કોઈ સમયે તેને આત્મજ્ઞાન આપવાનું બન્યું નહિ અને આવા કટોકટીના સમયે કયાંથી સૂઝયું ? સારાંશ એ છે કે, અર્જુન પોતાને એટલે "હું" ને શરીરધારી સમજતો હતો તે ભૂલ ભરેલું હતું. શ્રીકૃષ્ણ ભગવાને તેની આ ભૂલ, મોહ (તક) જોઈ અણી ઉપર સુધારી, તું અર્જુન એટલે શરીરધારી નહિ પણ આત્મા છે (**तत्त्वमसि**), તેમ જ હું પોતે અને આ બધું પણ આત્મા છે, એવું તેને ભાન કરાવી આપ્યું. આ રીતે જ્યારે તેને પોતાના, ભગવાનના અને જગતાદિના ખરા સ્વરૂપનું ભાન થયું ત્યારે જ તેનો મોહ નષ્ટ થઈ તે યુદ્ધ માટે પુનઃ પ્રવૃત્ત થયો. ઉદ્દેશ એ કે, હું કોણ, મારું એટલે હું નું ખરું સ્વરૂપ શું છે, ઇત્યાદિ વિચારદ્વારા

આત્માનો સાક્ષાત્કાર થયા પછી જ જીવ કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય થઈ જીવન્મુક્ત સ્થિતિને પ્રાપ્ત થાય છે, આ પ્રમાણે જીવન્મુક્ત સ્થિતિની પ્રાપ્તિ થતાં સુધી તેની દૃઢતા થવા માટે જે ક્રમ અથવા માર્ગ કે, જેને ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં યોગ-એવા નામથી સંબોધેલો છે, તેના આશ્રયની સાધકને જરૂર હોય છે. એટલે પ્રાપ્તવ્ય ધ્યેય જે સુખશાંતિ અથવા જીવન્મુક્તિ તે પ્રાપ્ત થતાં સુધી, આ સર્વ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; કર્તા, કરણ અને કાર્ય વગેરે ત્રિપુટી તથા તે સર્વનો સાક્ષી આ બધું આત્મરૂપ જ છે, એવા પ્રકારે નિત્યપ્રતિ જે અભ્યાસનો માર્ગ તેને યોગ એ સંજ્ઞા શાસ્ત્રોમાં આપેલી હોઈ શ્રીભગવદ્ગીતામાં પણ તેનું જ અવલંબન કરેલું છે. અર્થાત્ આત્માના અપરોક્ષજ્ઞાનરૂપ ધ્યેયની પ્રાપ્તિ થતાં સુધીનો જે પ્રયત્ન, માર્ગ વા અભ્યાસક્રમ તેને યોગ કહે છે. આ રીતના નિશ્ચયાત્મક યોગ વડે આત્મસ્વરૂપમાં સ્થિરતા થઈ ત્યારે જ અર્જુનનો મોહ નષ્ટ થયો. એટલે આમાં ભક્તિ, જ્ઞાન, કિંવા કર્માદિ સાંપ્રદાયિક અથવા પ્રચારાત્મક ઝઘડાઓ વધારનારા યોગનો સંબંધ નથી, પરંતુ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપવી એ જ ગીતાનું અંતિમ ધ્યેય હોવાનું સ્પષ્ટ થાય છે અને તે ધ્યેયને સમજાવવાને માટે ભગવાને શાસ્ત્રમાન્ય એવી આચાર્યપદ્ધતિનું અવલંબન કરેલું છે.

ગીતામાં કર્મયોગ કે પ્રારબ્ધવાદ ?

ગીતા અર્જુનને યુદ્ધમાં પ્રવૃત્ત કરવાને માટે જ કહેવામાં આવેલી છે એમ કહેનારાઓ અ૦ ૧૮ શ્લોક ૫૯ થી ૬૧ તથા અ૦ ૧૧ શ્લોક ૩૨ થી ૩૪ તરફ લક્ષ આપે. તેમાં તો પ્રારબ્ધવાદની નિશ્ચિતતા બતાવેલી છે. મિથ્યા અહંકારનો આશ્રય કરીને જો તું હું યુદ્ધ નહિ કરું એમ માનતો હોય તો તારું તેમ માનવું તદ્દન નિરર્થક છે. જો કે તું મોહ વડે યુદ્ધ કરવા ઇચ્છતો નહિ હશે, તો પણ પરવશ થઈને તારો સ્વભાવ જ તારી પાસે યુદ્ધ કરાવશે. કારણ જેમ કોઈ મનુષ્ય યંત્ર ઉપર ગોઠવેલી લાકડાની પૂતળીઓને નચાવે તેમ ઈશ્વર સર્વ ભૂતોના હૃદયમાં સ્થિત રહી તેઓને નચાવી રહ્યો છે. આ વિવેચન શું સૂચવે છે ? આમાં તો નિયતિ કિંવા પ્રારબ્ધવાદની તદ્દન સ્પષ્ટતા કરેલી છે. તેથી અર્જુન યુદ્ધ કરવાનું છોડીને ભાગી જશે અને તેથી તેને યુદ્ધ કરવા લગાડવો જ જોઈએ, એવી સહેજ પણ ભગવાનને ચિંતા હોય એમ દેખાતું નથી. ઊલટું તેઓને તો પાકી ખાતરી જ હતી કે આ તો આને સ્મશાનવૈરાગ્ય ઊપજેલો છે. નિયતિના નિયમાનુસાર તે યુદ્ધ કરવાનો જ છે, પરંતુ તેને મોહ ઊપજેલો હતો તેથી તે મોહની નિવૃત્તિને અર્થે આત્મજ્ઞાન આપી આવેલી સંધિનો યોગ્ય ઉપયોગ કરી લીધો છે. આ રીતે ભગવાનની આવી લીલાના એકંદર પ્રસંગોનો વિચાર કરતાં ભગવાનનું ધ્યેય કેવળ એક ભગવદ્ગીતાના પ્રસંગ ઉપરથી પ્રવૃત્તિનું હતું અથવા ઉદ્ધવગીતા ઉપરથી નિવૃત્તિનું હતું અથવા તેમના આયુષ્યના જુદાજુદા પ્રસંગોમાં તેમનું ધ્યેય જુદું જુદું હતું એમ ઠેરવવું વધુ પડતું ગણાશે. પરંતુ અધિકાર તથા પ્રસંગોપાત્ત ભિન્ન ભિન્ન જિજ્ઞાસુઓને જેવી તેમની તૈયારી અને યોગ્યતાનો વિચાર કરી શ્રુત્યાદિ શાસ્ત્રોમાં ઠરાવ્યા પ્રમાણેની કોઈ પણ યુક્તિનો આશ્રય કરી તદનુસાર તત્ત્વબોધ જોઈએ એવો જે શાસ્ત્રનિયમ છે તે નિયમનું પાલન જ તેમાં થયેલું જોવામાં આવે છે.

કિરણાંશ ૩૫

આત્મજ્ઞાન પ્રાપ્તિનો અનુકૂળ પ્રસંગ

આત્મજ્ઞાનનો બોધ આપવાને માટે પ્રસંગ પણ અનુકૂળ હોવો જોઈએ. જ્યાંસુધી મનુષ્ય વ્યવહારમાં મિથ્યા અહંકાર ધારણ કરીને કાર્યો કરે છે, ત્યાંસુધી તેને માટે આત્મજ્ઞાનનો ઉપદેશ નિરર્થક નીવડે છે. તે તેને કદાપિ ગળે ઊતરતો નથી, પરંતુ પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનવ્યવહાર દરમિયાનમાં આયુષ્યમાં કેટલાક એવા પ્રસંગો આવે છે કે જ્યાં તેનો અહંકાર ઊતરી તેટલા સમયને માટે તો તે તદ્દન નિર્ગર્વી, દીન અને ગરીબ થઈ શોકસાગરમાં ડૂબી જઈને કરગરી પડે છે. આવે વખતે તેના મોહની નિવૃત્તિને માટે આત્મજ્ઞાન વગર બીજું કોઈ પણ સાધન હોતું નથી. અર્જુનના જીવનમાં આ પ્રસંગ તેવા પ્રકારનો જ હતો. તેની સ્થિતિ તેવા પ્રકારની અત્યંત દીન થઈ ગઈ હતી. પોતે સમર્થ અને શૂરવીર યોદ્ધો હતો, જગતમાં તેના જેવો

બીજો કોઈ યોદ્ધો નહોતો. તે અજોડ હતો. આમ પરાક્રમી અને હાથી જેવો મદોન્મત્ત યોદ્ધો રણક્ષેત્ર ઉપર કુટુંબીઓને જોતાં જ હાથમાંથી ધનુષ્ય બાણ નાખી દઈ એકદમ દીન જેવો થઈ કરગરી પડે, તદ્દન ગર્વ ગલિત થઈ સર્વ ભાર વડે ભગવાનને શરણે જાય, આ પ્રસંગ કંઈ તેને માટે જેવો તેવો ગણાય નહિ (જુઓ ભગવદ્ગીતા અ૦ ૨ શ્લોક ૭, ૮). તેથી શ્રીકૃષ્ણ ભગવાને તેના મોહની નિવૃત્તિને અર્થે સમયોચિત આત્માનો ઉપદેશ આપી તેને પોતાના સાચા સ્વરૂપની ઓળખાણ કરાવી આપેલી છે.

વ્યવહારમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિના સ્વાભાવિક પ્રસંગો

પ્રત્યેક મનુષ્યને વ્યવહારમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિના પ્રસંગો આયુષ્યમાં ઘણી વખત આવે છે, પરંતુ તે પ્રસંગો થકી લોકો અજ્ઞાત હોવાથી તે જાણી શકતા નથી. જો મનુષ્ય બુદ્ધિશાળી અને વિચારશીલ હોય, તથા ઈશ્વરની કૃપાથી તેને કોઈ યોગ્ય શાસ્તા મળી જાય તો જ આવેલા પ્રસંગોનો સદુપયોગ થઈ તે પોતે કૃતકૃત્ય બની જાય છે, નહિ તો પ્રસંગો આવ્યા છતાં પણ તે બધા નિરર્થક નીવડે છે. જેમ ઘરમાં ખજાનો દાટેલો હોવા છતાં માહિતીના અભાવે તે તદ્દન નિરુપયોગી હોય છે તેમ આત્મજ્ઞાન કિંવા નિર્વિકલ્પ સમાધિના પ્રસંગો આયુષ્યમાં નિત્યપ્રતિ આવતા હોવા છતાં પણ મોહને લીધે અજ્ઞાનનું પડળ પ્રસરવાથી તે નિરુપયોગી નીવડે છે. વ્યવહારમાં આવા પ્રસંગો અજ્ઞાત અવસ્થામાં ક્યાં ક્યાં આવે છે તે આગળ પ્રસંગવશાત્ કહ્યું છે, છતાં તેનો અત્રે સંક્ષેપમાં વિચાર કરીશું : (૧) મનમાં કોઈ પણ પ્રકારની કલ્પના કિંવા ભય હોતો નથી, તદ્દન આનંદપૂર્વક નિર્ભયતાથી રસ્તે ચાલ્યો જાય છે, તેવે વખતે અકસ્માત કાળ સમાન ભયંકર એવો વિકરાળ વાઘ જો તેની નજરે પડે તે વખતે તેને જોતાંની સાથે જ ક્ષણ માત્રને માટે તો તેના ચિત્તની તદ્દન સ્તબ્ધ એવી સ્થિતિ હોય છે, તે; કિંવા (૨) ઘણા વખતથી કોઈ વસ્તુપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા થયેલી હોય અને તે મળવી અતિ મુશ્કેલ છે એમ મન વડે નિશ્ચિત માની લીધું હોય, છતાં તે અકસ્માત્ મળી આવે તે વખતે અથવા (૩) કોઈ અણમોલ વસ્તુ મળવાની અણી ઉપર હોય અને તે ન મળે તેવે વખતે પણ કિંચિત્ સમયને માટે, અથવા (૪) ઘણી જ પ્રિય સ્ત્રીના પ્રથમ વારના મિલન વખતે તેને આલિંગન આપવામાં આવે છે તેવે સમયે, અથવા (૫) અત્યંત પ્રિય એવો જુવાન પુત્ર કે જે આખો ઘરસંસાર ચલાવતો હોય, તદ્દન નિરોગી તથા શરીરે મજબૂત હોય, તે અકસ્માત્ મરી ગયાની ખબર પડે તેવે વખતે પણ ક્ષણ માત્રને માટે નિશ્ચલ સ્થિતિ હોય છે; તે ક્ષણ માત્ર સમય આત્મસ્વરૂપદર્શન કિંવા નિર્વિકલ્પ સમાધિનો જ હોય છે. (૬) આ સિવાય જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાની સંધિ સમયે, (૭) ઘણી સૂક્ષ્મ નજર કરીને ઘણે દૂરની વસ્તુ જોવાની હોય ત્યારે મન શ્વાસ ઉપર ચાલતી ઇયળની માફક દૂર સુધી ફેલાય છે તેવે વખતે, (૮) અંતઃકરણમાંથી સંકલ્પ ઉત્પન્ન થતાં પૂર્વે તેમ જ એક સંકલ્પનો વિલય થઈ બીજો સંકલ્પ ઉત્પન્ન થાય તે બંનેની વચ્ચેની સંધિના સમયે અથવા (૯) અંતઃકરણમાંથી વૃત્તિનું ઉત્થાન થવું તથા પદાર્થ સુધી પહોંચવું તે બેની વચ્ચેની સંધિ અવસ્થામાં, તેમ જ (૧૦) કોઈ કાર્ય તદ્દન થવાની અણી ઉપર હોય અને અકસ્માત તે નહિ કરવાનો મોહ કોઈ કારણથી ઉત્પન્ન થાય તેવે પ્રસંગે બાહ્ય કિંવા આંતર કાંઈ પણ ભાસમાન થતું નથી, તેમ નિદ્રાની અવસ્થા પણ હોતી નથી; તેવા પ્રસંગોએ ક્ષણ માત્રને માટે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ સ્વાભાવિક રીતે જ આત્મદર્શન થતું રહે છે છતાં પણ તે જ્ઞાનના અભાવે નિરર્થક નીવડે છે, પરંતુ તેવે વખતે તેને જો કોઈ યોગ્ય શાસ્તા મળે અને તીવ્ર જિજ્ઞાસા એટલે તે પદ પ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા હોય તો તે તેના જ્ઞાનચક્ષુને ખુલ્લાં કરી આપે છે. અર્જુનને માટે આ પ્રસંગ એવા પ્રકારની કટોકટીનો જ હતો. સામસામા બંને પક્ષના યોદ્ધાઓ એકબીજા ઉપર તૂટી પડવાની તૈયારી હતી, તેવા અણીના પ્રસંગ ઉપર અર્જુને સામો મારો ચલાવવાને બદલે હાથમાંથી ધનુષ્ય બાણ નાંખી દઈ દીનતા ધારણ કરવી, એવા બે પરસ્પર વિરોધી ભાવોને એકી સાથે અને એકી વખતે આવો મોકો આયુષ્યમાં કવચિત્ જ આવે છે, તેથી ભગવાને આવેલી આ સંધિનો (મોકાનો) સદુપયોગ કરી અર્જુનને તું પોતે શરીર નહિ પણ આત્મા જ છે એવું ભાન કરાવી તેનો મોહ નષ્ટ કર્યો છે, કેમકે આત્મજ્ઞાન વડે જ મોહ નષ્ટ થઈ શકે છે.

સુખ, દુઃખ અને મોહરૂપ કર્મફળ

કર્મનું ફળ સુખ, દુઃખ અને મોહ એમ ત્રણ પ્રકારે અનુભવમાં આવે છે, કિંવા પ્રત્યેક પ્રાણી માત્ર મોહને વશ થઈ નાના પ્રકારનાં કર્મો કરવા પ્રેરાય છે અને તેનું ફળ સુખદુઃખાદિરૂપે તે અનુભવે છે. મોહ નિવૃત્ત થતાં સુધી તેનો આ ક્રમ ચાલુ જ હોય છે. મોહ અજ્ઞાનને લીધે થાય છે. અજ્ઞાનની નિવૃત્તિને અર્થે આત્મજ્ઞાન વગર બીજું એક પણ સાધન નથી. અર્જુન મોહને વિવશ થઈ દીનપણાને પામ્યો હતો. તેને યુદ્ધનીતિની માહિતી ન હતી અથવા તો યુદ્ધ કરવાની તેની ઇચ્છા ન હતી એમ પણ ન હતું. તેનું કહેવું તો ફક્ત એટલું જ હતું કે, આ બધા ગુરુ, આચાર્યો, પિતામહાદિકો તથા ભ્રાતૃવર્ગો વગેરે કુટુંબીજનો, તેમજ પૂજ્યોની સાથે હું યુદ્ધ શી રીતે કરું? અર્થાત્ તેમની જગાએ બીજા કોઈ હોત તો તે યુદ્ધ કરવાને અવશ્ય તૈયાર હતો, તે વાત સિદ્ધ થાય છે. તદ્દન અણીને પ્રસંગે તેને આવો વિચાર ઉત્પન્ન થયો એમાં મોહ વગર બીજું કંઈ પણ ન હતું, કેમકે ઘણા દિવસોથી યુદ્ધની તૈયારી ચાલુ હતી અને તે પણ કાંઈ તેનાથી છૂપી રીતે થઈ ન હતી, એટલે તેને તેની પૂર્ણ માહિતી તો હતી જ; એટલું જ નહિ પરંતુ આ યુદ્ધ કરવાનો નિશ્ચય તો અર્જુનની સંમતિથી જ કરવામાં આવેલો હતો. વળી ધૃષ્ટદ્યુમ્ન સેનાપતિ અને અર્જુન સરસેનાધિપતિ હતો (જુઓ મહા૦ ઉદ્યોગપર્વ). સારાંશ, મોહની નિવૃત્તિને માટે આત્મજ્ઞાન વગર બીજો કોઈ ઉપાય જ ન હોવાથી અર્જુનની ઇચ્છા હો યા ના હો પરંતુ તેને આત્મજ્ઞાન આપવાની ભગવાનને ફરજ પડી; તેથી તેમાં કેવળ આત્મજ્ઞાન એ જ એક વિષય નહિ પરંતુ તેની શંકાઓ તથા બુદ્ધિનો વિચાર કરી આચાર્યપદ્ધતિ અનુસાર સાંખ્ય, યોગ અને ભક્તિ એ ત્રણે યુક્તિઓની સ્પષ્ટતા કરી સર્વ માર્ગોનું એકત્વ પ્રતિપાદન કરવામાં આવેલું છે. આ શ્રીમદ્ ભગવદ્ગીતાની પરંપરા નીચે પ્રમાણેની છે :

શ્રીમદ્ ભગવદ્ગીતાની પરંપરા

મહાભારતના યુદ્ધનો આરંભ થવાની અગાઉ શ્રીમદ્ વેદવ્યાસાચાર્યે ધૃતરાષ્ટ્રની પાસે જઈ તેને એમ કહ્યું કે, "જો તારી યુદ્ધ જોવાની ઇચ્છા હોય તો હું તને દિવ્ય દૃષ્ટિ આપું." પરંતુ આખી જિંદગી અંધાપામાં વિતાડી હોવાથી હવે પોતાના જ કુળનો પરસ્પર થતો સંહાર જોવાને પોતે ઇચ્છતો નથી, પરંતુ યુદ્ધની સર્વ હકીકત બેઠાં બેઠાં અત્રે જ જાણવા મળે તેવી ઇચ્છા તેણે દર્શાવી તે ઉપરથી શ્રીમદ્ વેદવ્યાસે સંજય નામના સૂતને બેઠેલી બેઠકે જ યુદ્ધનું સર્વ જ્ઞાન પ્રત્યક્ષ થાય એવી દિવ્ય દૃષ્ટિ આપી. આ રીતે સંજયને ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિને લીધે તેની બુદ્ધિ અત્યંત નિર્મલ થવાથી તેને વિજ્ઞાન દૃષ્ટિની પ્રાપ્તિ થયેલી હતી. આથી બેઠેલી બેઠકે ગમે તેટલું દૂરનું શ્રવણ કરવાની શક્તિ; સામાના મનમાં શું ચાલી રહ્યું છે તેનું જ્ઞાન; ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન; પાછળનું જે ભૂલી જવાયું હોય તે સર્વનું સ્મરણજ્ઞાન; આકાશમાં ગમન કરવાની ગતિ અને યુદ્ધભૂમિમાં સંગ્રામ ચાલતી વખતે પણ ગમે ત્યાં વિહાર કરવા છતાં કોઈ પણ શસ્ત્રાસ્ત્ર બાધા ન કરી શકે એવી રીતની શસ્ત્રની અસંગતા ઇત્યાદિ શક્તિઓ પ્રાપ્ત થયેલી હતી અને તે આધારે જ તેણે અથથી ઇતિપર્યંત તમામ હકીકત ધૃતરાષ્ટ્રને કહેવી એવી વ્યવસ્થા કરીને શ્રીવ્યાસાચાર્યજી પોતે સ્વસ્થાને ચાલ્યા ગયા (જુઓ મહાભારત ભીષ્મપર્વ અ૦ ૨). આ વ્યવસ્થા અનુસાર યુદ્ધમાં દુર્યોધન પક્ષના પ્રથમ યોદ્ધા શ્રીભીષ્માચાર્ય જ્યારે પડ્યા ત્યારે તો હકીકત ધૃતરાષ્ટ્રને કહેવા માટે સંજય તેમની પાસે ગયો અને શ્રીભીષ્મ પડ્યાનું જણાવ્યું. તે સાંભળી પ્રથમ તો તેણે શોક પ્રદર્શિત કર્યો અને યુદ્ધની અત્યાર સુધી બનેલી સર્વ હકીકત કહેવા માટે સંજયને પ્રશ્ન કર્યો. તેના પ્રશ્ન ઉપરથી સંજયે પ્રથમ બંને પક્ષના સૈન્યનું વર્ણન કર્યું, બાદ અર્જુનને મોહ ઉત્પન્ન થવાથી તેની નિવૃત્તિને અર્થે શ્રીકૃષ્ણ ભગવાને કહેલો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ કહેવાની શરૂઆત કરેલી છે. શ્રીવ્યાસાચાર્ય પોતે દિવ્ય દૃષ્ટિવાળા હોવાથી તેમ જ દરેક મહાયુગના દ્વાપરયુગને અંતે આ મહાભારતનો ઇતિહાસ તથા વેદના વિભાગની રચના કરવાનું કાર્ય નિયતિનિયમાનુસાર તેમનું જ હોવાથી તેમણે પણ આ બધી હકીકત દિવ્યદૃષ્ટિના બળે જાણી લઈ તે પોતાના શિષ્યોને સંભળાવી. તે પૈકી એક શિષ્યપરંપરા દ્વારા શ્રીવૈશંપાયન પાસેથી શ્રીજનમેજય રાજાએ

એ સર્વ હકીકત સાંભળી અને સૌતિએ (સૂતે) એ જ વાત યજ્ઞના સત્ર પ્રસંગે નૈમિષારણ્યમાં વસતા શૌનકાદિ ઋષિઓને કહી. મહાભારતના ભીષ્મપર્વના અધ્યાય ૨૫ થી ૪૨ સુધીમાં આ ગીતા સમાયેલી છે. આ રીતે તમોએ શ્રીભગવદ્ગીતાની પરંપરા જાણી, માટે હું તેને નિમિત્તરૂપ બનાવી સર્વ શાસ્ત્રોનું દોહન કરી તમોને હવે સિદ્ધાંતવિષય કહું છું: તે સમજવા માટે વૃક્ષ અંગની સારી માહિતી હોવી જોઈએ તેથી પ્રથમ તેનો વિચાર કરી ત્યારબાદ આપણે સિદ્ધાંતકાંડ એટલે શ્રીભગવદ્ગીતાના આરંભ તરફ વળીશું.

વૃક્ષ આપવાનું પ્રયોજન

આજકાલ શાસ્ત્રના સંબંધમાં અર્થઅનર્થોના ઝઘડાઓ જ સર્વત્ર ચાલેલા જોવામાં આવે છે, તે અનર્થોમાંથી બચવામાં કિંચિત્ અંશે પણ મદદરૂપ થાય તેમ જ વિદ્વાનાં ચૌદ પ્રસ્થાનોનો આશય સારી રીતે સમજી શકાય એટલું જ નહિ પરંતુ ખાસ કરીને પુરાણાદિ ગ્રંથો પૈકી લોકપ્રિય એવા શ્રીમદ્ ભાગવતનું પઠન પાઠન કરનારાઓ તેમાંનો અર્થ સારી રીતે સમજવા શક્તિમાન બને અને શાસ્ત્રોના અર્થો સંબંધે ચાલતા મિથ્યા વિતંડાવાદોનો નિરાસ થવા ઉપયોગી નીવડે એવી દૃષ્ટિનો આશ્રય કરીને આ વૃક્ષ તૈયાર કરવામાં આવેલું છે. સામાન્યતઃ આજકાલ શાસ્ત્રાભ્યાસની પ્રાચીન પ્રથાએ મંદતા પકડી છે. જેથી લોકો પ્રયત્ન કરવા છતાં શાસ્ત્રમાંના પારિભાષિક શબ્દો તેમ જ સંજ્ઞાઓ સમજવાને અસમર્થ નીવડે છે, કેમકે એક જ તત્ત્વ યા વસ્તુ સમજાવવાને માટે શાસ્ત્રકારોએ અનેક યુક્તિઓનો આશ્રય લીધેલો હોઈ દરેક યુક્તિઓમાં તેને ભિન્ન ભિન્ન સંજ્ઞાઓ આપવામાં આવેલી છે. આથી અભ્યાસકો ગભરાટમાં પડી જાય છે. તેઓને આ સંશયરૂપ વમળમાંથી મુક્ત કરવાને માટે મદદરૂપ થઈ શકે એવી રીતે એ જુદા જુદા પારિભાષિક શબ્દો અગર સંજ્ઞાઓને એક જ રથળે લોકો સ્પષ્ટ રીતે સમજી શકે એ પ્રમાણે સંગ્રહ કરવાની આવશ્યકતા છે. સિવાય લોકોની અજ્ઞાનતાનો લાભ લઈ શાસ્ત્રના અનર્થો કરી તે માર્ગે પોતાની ઉપજીવિકા ચલાવનારા વર્ગના પાશમાંથી છૂટી જિજ્ઞાસુઓને સાચે માર્ગે વાળવાની પણ અત્યાવશ્યકતા છે. એ કાર્ય આ વૃક્ષ દ્વારા અલ્પાંશે પણ સાધ્ય થશે, એમાં શંકા નથી. જેઓ આ વૃક્ષનો સારી રીતે અભ્યાસ કરશે તેઓને તમામ શાસ્ત્ર અને શાસ્ત્રકારોની એકવાક્યતા હોવાનું સ્પષ્ટ જણાઈ આવશે. અને તેને લીધે તમામ સંશયમાંથી નિવૃત્તિ થઈ, તે નિઃસંશય આત્મપ્રાપ્તિ કરી શકશે. આ દૃષ્ટએ આ વૃક્ષ અત્રે આપવામાં આવ્યું છે.

કિરણાંશ ૩૬

શ્રીકૃષ્ણાત્મજ વાક્‌સુધા વા સ્વયંપ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાળા પ્રકાશન ૬ ગીતા, પુરાણ, વેદ, વેદાંગ, ઉપનિષદાદિ સર્વશાસ્ત્રવિજ્ઞાનરહસ્ય સારસંગ્રહરૂપ "ગીતાદોહન વા તત્ત્વાર્થદીપિકા"માં આપવામાં આવેલું વૃક્ષ અ.

વૃક્ષ અ

આ પદ અનુભવગમ્ય છે. ➤➤➤ ૐ પરમ, પરમાત્મા, પરબ્રહ્મ ઇત્યાદિ.

(વિરાટ પુરુષનું પરસ્વરૂપ વા પરા પ્રકૃતિ)

આ પદ તત્ત્વાર્થદર્શક છે. ➤➤➤ (૧) તત્, સત્, આત્મા, બ્રહ્મ, ચૈતન્ય વગેરે.

(૨) શુદ્ધ હું સાક્ષી, ઈશ્વર, પુરુષ, વિરાટ પુરુષ ઇત્યાદિ (આ પદ લક્ષ્યાર્થ દર્શક છે.)

(વિરાટ પુરુષનું અપર સ્વરૂપ વા અપરા પ્રકૃતિ)

(૩)

આ પદ વાચ્યાર્થદર્શક છે. }
વિરાટ પુરુષનો કારણદેહ } ➤➤➤ **અહમ્** (હું) શુદ્ધ હુંનું હું એવું પ્રથમનું પ્રતિબિંબ, માયા, પ્રકૃતિ, અવિદ્યા ઇત્યાદિ.

(૧)	(૨)	(૩)
સત્ત્વ	રજ	તમ
જ્ઞાનશક્તિ (મનઃશક્તિ)	ક્રિયા વા રૂપંદશક્તિ	દ્રવ્યશક્તિ

(૪) **નાહમ્** (હું નથી). અવ્યક્ત, પ્રધાન વગેરે.

(૧) (મનઃશક્તિ સહિત) જ્ઞાનશક્તિ	(૨) (રૂપંદશક્તિ વા દ્રવ્યશક્તિ સહિત) ક્રમાશક્તિ

(૫) અર્ધનારી—નટેશ્વર, પ્રકૃતિ-પુરુષ, શિવ—શક્તિ ઇત્યાદિ.

વિરાટ પુરુષનો સૂક્ષ્મદેહ — (૬) મહાપ્રાણ, મમભાવ ઇત્યાદિ (વિરાટ પુરુષનો પ્રાણ).



* આ સિવાય નાભિમાં અપાન તેના દેવતા મૃત્યુ; નાડીઓમાં રુધિર તેના દેવતા નદી; પેટમાં ક્ષુધા-તૃષા તેના દેવતા સમુદ્ર, આ બધું વિરાટ પુરુષના સંબંધમાં જાણવું.


(પાંચ કર્મેંદ્રિયો અને તેના સ્થાનકો)
પાંચ મહાભૂત
કર્મેંદ્રિયો
સ્થાનકો (કર્મો)
૬ અગ્નિ ..... વાણી ..... મોઢું (વાક્ય) ..... આકાશ
૭ ઇંદ્ર ..... બળ ..... બે હાથ (શિલ્પ) ..... વાયુ
૮ વિષ્ણુ ..... ગતિ ..... બે પગ (ગતિ) ..... વહ્નિ
૯ પ્રજાપતિ ..... રેત ..... શિશ્ન (આનંદ) ..... જળ
૧૦ મિત્ર ..... પાયુ ..... ગુદા (વિસર્ગ) ..... પૃથ્વી
(વૃક્ષાંક ૮ પેટા શાખા સહિત સંપૂર્ણ)
(૯) તમ
(૧૦) રજ
(૧૧) સત્ત્વ
અ
આ
ચિત્ત દેવતા–ક્ષેત્રજ્ઞ વિષ્ણુ વા નારાયણ
બુદ્ધિ દેવતા–બ્રહ્મા
મન દેવતા–ચંદ્ર
વૃક્ષાંક ૬થી અત્યાર સુધીના વૃક્ષાંકો ૧૧ માં કહેવામાં આવેલા મહાપ્રાણ, અંતઃકરણ, અહંકાર અને અહંકારના પેટામાં આવેલાં તમામ તત્ત્વો તેમ જ મન, બુદ્ધિ અને ચિત્ત ઇત્યાદિ સર્વ સૂક્ષ્મ તત્ત્વો એ વિરાટ પુરુષનાં અર્થાત્ ભગવાનનાં સમજવાં. વૃક્ષાંક ૬ થી ૧૧ સુધીનાં બધાં તત્ત્વોનો એકત્રિત સમન્વય એટલે હિરણ્યગર્ભ કહેવાય. વિરાટ પુરુષના સૂક્ષ્મદેહનું નામ જ હિરણ્યગર્ભ છે.
પ્રાકૃત છઠ્ઠી સૃષ્ટિ— (૧૨) હિરણ્યગર્ભ, વિષ્ણુનું નાભિકમળ ઇત્યાદિ.
કર્મ કિંવા વિસર્ગસૃષ્ટિ, વિરાટ પુરુષનો સ્થૂલ દેહ
(૧૩) બ્રહ્મદેવ (વેદયુક્ત), પ્રાકૃત અને વૈકૃત મિશ્રણવાળી દશમી સૃષ્ટિ (વૃક્ષાંક ૧૫ જુઓ), વિરાટ ઇત્યા
કાર્ય પ્રકૃતિ (૧૪) બ્રહ્માંડ, સમષ્ટિ ઇત્યાદિ.


(૧૪ ચાકુ)
બ્રહ્માંડ
બ્રહ્માંડ
બ્રહ્માંડ
રજ (૧)
સત્ત્વ (૨)
તમ (૩)
ઉત્પત્તિ ઋ
સ્થિતિ ઋા
લય ૠ
બ્રહ્મા
વિષ્ણુ
રુદ્ર
(૧૫) વૈકૃત સૃષ્ટિઓ
(ક)
સાતમી સૃષ્ટિ
(વૃક્ષ પર્વતાદિની)
(ખ)
આઠમી સૃષ્ટિ
(તિર્યંચો—પશુ, પક્ષી આદિની)
(ગ)
નવમી સૃષ્ટ
(મનુષ્યોની)
પ્રાકૃત તથા વૈકૃતના મિશ્રણવાળી સૃષ્ટિ (ઘ) દશમી સૃષ્ટિ (વૃક્ષાંક ૧૩ જુઓ.)
સત્ય, તપ, જનર્, મહર્, સ્વર્, ભુવર્, ભુર્ એમ ઉપરથી
નીચે ઊતરતા ક્રમે સાત લોકો તથા અતલ, વિતલ, સુતલ,
તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ એમ ક્રમે નીચેનાં સાત
પાતાળો મળી કુલ ચૌદ લોક વડે વ્યાપેલું આ ચરાચર બ્રહ્માંડ
કે જેમાં પૃથ્વી, જલાદિ સૂક્ષ્મ અને સ્થૂલ એવાં મિશ્રણાત્મક
પાંચ મહાભૂતો આવેલાં હોઈ પહાડ, વનસ્પતિ, ઔષધિ તથા રેત,
બીજ અને અન્નાદિ વડે ઉત્પન્ન થતાં કીટ, પતંગાદિથી તે મનુષ્યો
તેમ જ તૃણથી પહાડ, વૃક્ષ, લતાદિ સ્થાવર સુધીનાં તમામ સ્થાવર,
જંગમ અને જડ, ચેતનાદિ શરીરો તેમ જ આકૃતિઓનો
સમાવેશ થઈ જાય છે.
બ્રહ્માંડ
બ્રહ્માંડ

પર્યાય સંજ્ઞાઓ

આ વૃક્ષમાં આપેલા અંકોમાં જે સંજ્ઞાઓ ઉપર આપવામાં આવી છે, તે કરતાં બીજી અનેક સંજ્ઞાઓ તેને માટે શાસ્ત્રોમાં આપેલી છે, તે પૈકી કેટલીક જિજ્ઞાસુઓના અર્થબોધને માટે નીચે આપવામાં આવે છે:

વૃક્ષાંક ૐની પર્યાય સંજ્ઞાઓ : (ૐ) પરમ, પરમાત્મા, પરબ્રહ્મ, પુરુષોત્તમ કિંવા ઉત્તમ પુરુષ, ક્ષરાક્ષરથી પર ઇત્યાદિ (આ પદ અનુભવગમ્ય છે).

વૃક્ષાંક ૧ની પર્યાય સંજ્ઞાઓ : (૧) તત, સત્, આત્મા, બ્રહ્મ, ચૈતન્ય, ઋત, અક્ષરપુરુષ, ચિદાકાશ, સંવિત્, શુદ્ધવિદ્યા, પરમેશ્વર, ભગવાન[1], સ્વયંચિત્, સમ, મહેશ્વર, તુરીય, મહત્સ્વાતંત્ર્યવાન, પરાચિતિ, પ્રકાશનિબિડ, અમૃતત્ત્વ, આનંદ, બિંદુ, મોક્ષ, અવ્યય, પરસ્વરૂપ, પરાવિદ્યા ઇત્યાદિ (આ પદ અનિર્વચનીય હોઈ તે કેવળ તત્ત્વાર્થદર્શક છે).

વૃક્ષાંક ૨ની પર્યાય સંજ્ઞાઓ : (૨) શુદ્ધ હું, સાક્ષી, દ્રષ્ટા (ઇદન્દ્ર), વેદાંતી–ઈશ્વર, સાંખ્ય–પુરુષ, વિરાટપુરુષ, યજ્ઞપુરુષ, વાસુદેવ[2], સદાશિવ, પ્રત્યગાત્મા, શબ્દબ્રહ્મ, બિંબ, તુરીય, ભગવાન,[1] ધર્મી, ક્ષેત્રજ્ઞ, નિમિત્ત કારણ, સર્વ નિર્માતા, મહામન, યક્ષ કિંવા પૂજ્ય ઇત્યાદિ (આ પદ ફક્ત લક્ષ્યાર્થથી જ જાણી શકાય છે).

૨ (ઋ) ઈશ્વરની ઇક્ષિણ શક્તિ એટલે ફક્ત દ્રષ્ટૃત્વ શક્તિ અર્થાત્ દ્રષ્ટાભાવ વડે પ્રેરણા કરવાની શક્તિ એ જ કાળશક્તિ કહેવાય છે.

વૃક્ષાંક ૩ ની પર્યાય સંજ્ઞાઓ : (૩) **અહમ્** "હું" શુદ્ધ હુંનું 'હું' એવું પ્રથમનું પ્રતિબિંબ, સાંખ્ય–પ્રકૃતિ, વેદાંતી–માયા, શુદ્ધ ચૈતન્યનો પ્રથમનો ભાજ્ઞાભાસ, અવિદ્યા, આવરણ, નિયતિ, અજ્ઞાન, મૂળમાયા, આદ્યશક્તિ, મહાતમ, પ્રાજ્ઞ, અનિરુદ્ધ, મકાર, ધર્મ, ક્ષેત્ર, યોનિ, મહાશૂન્ય, મહાસત્તા, મહાચિતિ, મહાશક્તિ, મહાદૃષ્ટિ, મહાક્રિયા, મહોદ્ભવ, મહારવંદ, ઉપાદાન કારણ, સુષુપ્તાવસ્થા, સર્ગ, વાસુદેવ,[2] સદાશિવ, પ્રથમ મર્યાદા, ઈશ્વરીયસંકલ્પ, અપરાવિદ્યા, ઉમા, ઈશ્વરી, ભુવનેશ્વરી, અંબા ઇત્યાદિ, વ્યવહારમાં સર્વે પોતપોતાને હું છું એમ જે કહે છે, તે ઉપરથી આ તત્ત્વ જાણી શકાય છે, તેથી તે વાચ્યાર્થદર્શક ગણાય છે. વૃક્ષાંક ૩ થી ૫ સુધીનાં સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ તત્ત્વો સમજવાં. આ વિરાટનો કારણદેહ છે.

---

૧ આ વૃક્ષના વૃક્ષાંક ૧ તથા ૨ માં ભગવાન શબ્દના આગળ નિશાની કરેલી છે. તેનું કારણ શાસ્ત્રોમાં કેટલેક સ્થળે "તત્" વૃક્ષાંક ૧ ને ભગવાન એવી સંજ્ઞા આપેલી હોઈ તેનો ઉપયોગ આ ગ્રંથમાં પણ કેટલેક સ્થળે કરવામાં આવેલો છે. ભગવાનને જ્યારે તદ્દન અનિર્વચનીય એવા પરસ્વરૂપ ભાવમાં બતાવવામાં આવે છે ત્યારે તે વૃક્ષાંક ૧ નો દ્યોતક છે એમ સમજવું, તથા આ તત્ કિંવા આત્મા વૃક્ષાંક ૧ તો તદ્દન અનિર્વચનીય છે. "ભગ" એ તો ઈશ્વર વૃક્ષાંક ૨ ના છે, તેથી જ્યારે તેના અપરસ્વરૂપનો ભાવ બતાવવાનો હોય ત્યારે ભગવાન એટલે ઈશ્વરનો દર્શક સમજવો તથા જ્યારે પર-અપર સ્વરૂપથી પણ પરનો ભાવ બતાવવાનો હોય છે, ત્યારે તેને પુરુષોત્તમ વૃક્ષાંક ૐ એવી સંજ્ઞાનો દર્શક કહેવામાં આવે છે. આ રીતે ભગવાન શબ્દ પ્રસંગવશાત્ શાસ્ત્રોમાં વૃક્ષાંક ૐ, ૧ અને ૨ એમ ત્રણે ભાવોમાં વપરાય છે. ગીતાદોહનમાં તે શબ્દ વૃક્ષાંક ૧ અને ૨ એમ બંને સ્થળે વપરાયલો હોવાથી આ વૃક્ષમાં તે બંને સ્થળે આપેલ છે, જેથી તે દોષારપદ નથી.

૨ વાસુદેવ અને સદાશિવ એ બંને નામો વૃક્ષાંક ૨ અને ૩ એમ બેઉ સ્થળે આવેલાં છે, તેનો હેતુ પ્રકૃતિ, પુરુષ બંને વાસ્તવિક જુદાં જુદાં નથી. પરંતુ અજ્ઞાનીઓને જ્ઞાન થતાં સુધી સમજાવવા માટે જ આ ભેદ બતાવવામાં આવે છે. જેમ મારું શરીર એમ કહેવામાં આવે છે, તે વખતે શરીર એ પ્રકૃતિનો અંશ તથા તેને મારું છે એમ કહેનારો તે પુરુષાંશ સમજવો. તે બંને એક સાથે જ હોય છે, તેમ જ્યારે મિથ્યા માયા કિંવા અજ્ઞાનનો પ્રાદુર્ભાવ બતાવવાનો હોય ત્યારે તેને પ્રકૃતિ, માયા ઇત્યાદિ નામો વડે શાસ્ત્રમાં સંબોધાયેલું છે તથા જ્યારે જ્ઞાનનો પ્રાદુર્ભાવ બતાવવાનો હોય છે ત્યારે તેને વાસુદેવ, સદાશિવ, પુરુષ, ઈશ્વર ઇત્યાદિ સંજ્ઞાઓ વડે સમજાવવામાં આવે છે. આ સંબંધે વધુ વિવેચન માટે વૃક્ષની સમજૂતીમાં આગળ વખતોવખત વર્ણન આપવામાં આવેલું છે તે જોવું. વધુ ખુલાસો ઉપરના ટિપ્પણ ૧ થી થશે.

વૃક્ષાંક ૪ની પર્યાય સંજ્ઞાઓ : (૪) અવ્યક્ત, (હું નથી) નાહમ્, સાંખ્ય-પ્રધાન, શિવ, મહાશૂન્ય, અભાન, મહદાકાશ, જડભાવનું મૂળ આરંભસ્થાન, સુષુપ્તિનું મૂળ બીજ, અવ્યાકૃત ઇત્યાદિ (આ તત્ત્વમાં ત્રણ ગુણો તથા તમામ શક્તિઓનું મિશ્રણ છે).

વૃક્ષાંક ૫ ની પર્યાય સંજ્ઞાઓ : (૫) અર્ધનારી-નટેશ્વર, શિવ-શક્તિ, પ્રકૃતિ-પુરુષ ઇત્યાદિ. આ તત્ત્વોમાં મનઃશક્તિ(જ્ઞાનશક્તિ) અને રપંદશક્તિ(ક્રિયાશક્તિ) તથા દ્રવ્યશક્તિનું સમ ભાગે મિશ્રણ છે. આમાં ભાવિ મન, ઇંદ્રિયો અને વિરાટમાં ભાસતા સમષ્ટિ, વ્યષ્ટિ દેહાદિ સમગ્ર ભાવોની ઉત્પત્તિ અર્થાત્ પ્રાકટ્યનું બીજ રહેલું છે.

વૃક્ષાંક ૬ ની પર્યાય સંજ્ઞાઓ : (૬) મહાપ્રાણ, સૂત્રાત્મા, મમ (મારું) એ ભાવનું પ્રાકટ્યસ્થાન, જીવાત્મા; તૈજસ, પ્રદ્યુમ્ન, ઉકાર, સ્વપ્નાવસ્થા, મુખ્ય પ્રાણ, જીવપ્રકૃતિ, જીવલોક, શક્તિ, પ્રાકૃત અને વૈકૃત સૃષ્ટિઓનું મૂળ આરંભસ્થાન, કારણ પ્રકૃતિ, ચિદાભાસ અને ભૂતાકાશ ઇત્યાદિ. આ વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીનાં તત્ત્વો સૂક્ષ્મ સમજવાં. એ વિરાટનો સૂક્ષ્મ દેહ છે.

વૃક્ષાંક ૭ ની પર્યાય સંજ્ઞાઓ : (૭) સાંખ્ય-મહત્તત્ત્વ, મહામાયા, ભૂતપ્રકૃતિ, વિરાટ કિંવા ભગવાનનું અંતઃકરણ. **પ્રાકૃત પ્રથમ સૃષ્ટિ.**

વૃક્ષાંક ૮ ની પર્યાય સંજ્ઞાઓ : (૮) અહંકાર, દેવતા-રુદ્ર, **પ્રાકૃત બીજી સૃષ્ટિ** આ વિરાટનો અહંકાર સમજવો.

વૃક્ષાંક ૯-૧૦-૧૧ ની પર્યાય સંજ્ઞાઓ : (૯) તમોગુણથી ચિત્ત અને તેના દેવતા ક્ષેત્રજ્ઞ, વિષ્ણુ, સવિતા કિંવા નારાયણ, (૧૦) રજોગુણથી બુદ્ધિ તેના દેવતા બ્રહ્મા તથા (૧૧) સત્ત્વગુણથી મન તેના દેવતા ચંદ્રની ઉત્પત્તિ થયેલી છે. આ અહંકાર, ચિત્ત, બુદ્ધિ અને મન ઇત્યાદિ તમામ સૂક્ષ્મ તત્ત્વો એ વિરાટ પુરુષ કિંવા ભગવાનનાં સમજવાં.

વૃક્ષાંક ૧૨ ની પર્યાય સંજ્ઞાઓ : (૧૨) હિરણ્યગર્ભ, વિષ્ણુનું નાભિકમળ, સત્ત્વાંશયુક્ત મન, **પ્રાકૃત છઠ્ઠી સૃષ્ટિ.** વૃક્ષાંક ૬ થી ૧૨ સુધી વિરાટનો સૂક્ષ્મ દેહ છે, એમ જાણવું.

વૃક્ષાંક ૧૩ ની પર્યાય સંજ્ઞાઓ : (૧૩) વેદયુક્ત-બ્રહ્મદેવ, સમષ્ટિ અભિમાની-વિરાટ, જાગ્રત, વિશ્વ, સંકર્ષણ, યજ્ઞ, અકાર, પુરુષાર્થ, કામ, કર્મ, દશ્ય, બ્રહ્મલોક, પરમેષ્ઠીમંડળ, સ્થૂળ કર્મ કિંવા વિસર્ગ સૃષ્ટિ વિરાટ પુરુષનો સ્થૂલદેહ, વિધાતા ઇત્યાદિ. પ્રાકૃત તથા વૈકૃત બંનેના મિશ્રણવાળી **દશમી સૃષ્ટિ** (વૃક્ષાંક ૧૫ ઘ જુઓ).

વૃક્ષાંક ૧૪ ની પર્યાય સંજ્ઞાઓ : (૧૪) સમષ્ટિ, બ્રહ્માંડ, તેમાં રજોગુણથી બ્રહ્માની ઉત્પત્તિ થયેલી હોઈ તેનું કાર્ય ઉત્પત્તિનું; સત્ત્વગુણથી વિષ્ણુની ઉત્પત્તિ થવા પામેલી હોઈ તેનું કાર્ય સ્થિતિનું અને તમોગુણથી રુદ્રની ઉત્પત્તિ થયેલી હોઈ તેનું કાર્ય લયનું છે.

વૃક્ષાંક ૧૫ ની પર્યાય સંજ્ઞાઓ : (૧૫) વૈકૃત સૃષ્ટિઓ. (૧૫ ક) સાતમી સૃષ્ટિ વૃક્ષ, પર્વતાદિની; (૧૫ ખ) આઠમી સૃષ્ટિ તિર્યંચો, પશુ-પક્ષ્યાદિની; (૧૫ ગ) નવમી સૃષ્ટિ મનુષ્યોની તથા (૧૫ ઘ) દશમી સૃષ્ટિ. પ્રાકૃત અને વૈકૃતના મિશ્રણવાળી છે.

સત્ય, તપ, જનર્, મહર્, સ્વર્, ભુવર્, ભૂર્ એમ ઉપરથી નીચે ઊતરતા ક્રમે સાત લોકો તથા અતળ, વિતળ, સુતળ, તળાતળ, મહાતળ, રસાતળ અને પાતાળ એમ નીચેના સાત લોક મળી ચૌદ લોક વડે વ્યાપેલું આ ચરાચર બ્રહ્માંડ કે જેમાં પૃથ્વી જળાદિ સૂક્ષ્મ અને સ્થૂળ એવાં મિશ્રણાત્મક પાંચ મહાભૂતો હોઈ પહાડ, વનસ્પતિ, ઔષધિ તથા રેત, બીજ અને અન્નાદિ વડે ઉત્પન્ન થતા કીટ, પતંગાદિથી તે મનુષ્યો સુધીનાં તમામ સ્થાવર, જંગમ, જડ, ચેતનાદિ આકૃતિઓ, અનેકવિધ યોનિઓ અને સર્વ શરીરોનો સમાવેશ થાય છે.

વૃક્ષાંક ૧૩, ૧૪ અને ૧૫ તથા ૧૫ (ક), ૧૫ (ખ), ૧૫ (ગ), અને ૧૫ (ઘ) તો વૃક્ષમાં બતાવ્યા પ્રમાણેના જ છે એમ સમજવું, તેને માટે કોઈ ખાસ ઇતર સંજ્ઞાઓ નથી.

બ્રહ્માંડ

સૂચના : વૃક્ષાંક ૩ થી ૫ સુધીનાં **મહાકારણતત્ત્વો** તથા ૬ થી ૧૨ સુધીનાં **કારણતત્ત્વો** કહેવાય છે. તે સર્વ સૂક્ષ્મ છે; વૃક્ષાંક ૧૩ થી ૧૫ અને તેની અંતર્ગત આવેલાં **ક** થી **ઘ** સુધીના તમામ બ્રહ્માંડમાંનાં સ્થાવર જંગમાદિનો સમાવેશ **કાર્યતત્ત્વોમાં** થાય છે. આ સ્થૂલ તથા સૂક્ષ્મ બંનેનું કારણ વૃક્ષાંક ૩ની પ્રકૃતિ છે અને તેને વૃક્ષાંક ૨ પુરુષ એ અધિષ્ઠાનરૂપ હોવાથી તેની ક્ષરાક્ષરાત્મક કાળશક્તિના ક્ષોભ વડે એ પ્રકૃતિ ત્રિગુણાદિકના વિસ્તારને પામે છે. આ અંશરૂપ પુરુષ આત્મા કિંવા ચૈતન્ય વૃક્ષાંક ૧ નો જ આભાસ છે. પ્રકૃતિનો વિક્ષય થતાં જ તે અનાયાસે આત્મસ્વરૂપ બની જાય છે.

વૃક્ષ ક્રમનું સ્પષ્ટીકરણ

વિશેષ સૂચના : વૃક્ષાંક ૩ થી ૫ સુધીનાં તત્ત્વો **મહાકારણતત્ત્વો** હોઈ તે અતિ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. તેથી તેને **સૂક્ષ્મતર, મહાકારણ પ્રકૃતિ** કિંવા **વિરાટપુરુષનો કારણદેહ** એવું નામ આપેલું છે. વૃક્ષાંક ૬ થી ૧૨ એ **કારણતત્ત્વો** કહેવાય છે. તે ઉપરનાં મહાકારણતત્ત્વો કરતાં ઘન પરંતુ સ્થૂલ તત્ત્વો કરતાં સૂક્ષ્મ છે, તેથી તેને **સૂક્ષ્મ તત્ત્વો, કારણ પ્રકૃતિ** અથવા **વિરાટપુરુષનો સૂક્ષ્મદેહ** કિંવા **હિરણ્યગર્ભ** એવું કહે છે. આ બધાં સૂક્ષ્મરૂપે જ છે. બીજમાં જેમ આખું વૃક્ષ સમાયેલું હોય છે, તેમ તમામ અંશોના મિશ્રણ સહ ભાવિ અનેક બ્રહ્માંડરૂપ વૃક્ષોને પ્રકટ કરવાનું બીજ વૃક્ષાંક ૨ થી ૧૨ સુધીનાં તત્ત્વો આમાં હોવાથી તે **બીજતત્ત્વ** પણ કહેવાય છે. આમાંથી પુરુષાંશ વૃક્ષાંક ૨ ના અંશ રૂપે સમષ્ટિ અભિમાની વેદયુક્ત–બ્રહ્મદેવ વૃક્ષાંક ૧૩ની ઉત્પત્તિ થવા પામેલી છે. તેણે પોતાના સ્વસંકલ્પ બળ વડે સ્થૂલ અને પ્રકટ રૂપે જોવામાં આવતા આ ચૌદ લોકો વડે વ્યાપ્ત એવા અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિ કરેલી છે. આ આખું બ્રહ્માંડ એ એનું એટલે બ્રહ્મદેવનું દીર્ઘકાળનું સ્વપ્ન અથવા માનસિક સંકલ્પ સૃષ્ટિરૂપ છે, એમ જાણવું. વૃક્ષાંક ૧૩ થી ૧૫ (ઘ) સુધીનાં બ્રહ્માંડમાં આવેલાં તમામ સ્થાવર, જંગમ અથવા જડ અને ચેતનાદિ ભાવોનો સમાવેશ આ કાર્યતત્ત્વોમાં જ થાય છે. આ બ્રહ્માંડરૂપ કાર્યસૃષ્ટિને **સ્થૂલસૃષ્ટિ, વિરાટ વા સમષ્ટિ પુરુષ** કિંવા **ભગવાનનો સ્થૂલદેહ** પણ કહે છે, તથા આ સ્થૂલસૃષ્ટિનું કારણ સૂક્ષ્મદેહ હોવાથી વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીના તમામ ભાવો તે **કારણ પ્રકૃતિ** કહેવાય છે. આ જ **વિરાટ પુરુષ** કિંવા **ભગવાનનો સૂક્ષ્મદેહ** છે, આથી તેને **સૂક્ષ્મસૃષ્ટિ** પણ કહે છે. આ સૂક્ષ્મસૃષ્ટિનું પણ કારણ વૃક્ષાંક ૩ થી ૫ નાં તત્ત્વો હોવાથી તેને **મહાકારણ પ્રકૃતિ** કહે છે, તે સૂક્ષ્મ કરતાં પણ અતિ સૂક્ષ્મ હોવાને લીધે **સૂક્ષ્મતર** કહેવાય છે. જેમ સ્થૂલદેહનું કારણ આ સૂક્ષ્મદેહ હોય છે, તેમ આ સૂક્ષ્મદેહનું કારણ તેથી પણ સૂક્ષ્મ એવો આ કારણદેહ છે, આથી વૃક્ષાંક ૩ થી ૫ સુધીનાં સર્વ તત્ત્વો **વિરાટ પુરુષ** અથવા **ભગવાનનો કારણદેહ** કહેવાય છે. જેને શ્રુતિ શાસ્ત્રમાં પ્રાજ્ઞ અભિમાની ઈશ્વર એ રીતે સંબોધેલું છે. ભગવાનના સૂક્ષ્મદેહ વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીનાં તત્ત્વોને તૈજસ અભિમાની હિરણ્યગર્ભ કહેલો છે. હિરણ્યગર્ભ એટલે સૂક્ષ્મમાંથી સ્થૂલ થવા પૂર્વની સ્થિતિ સમજવી. જેમ ઝાડના પ્રાકટ્ય પૂર્વે તે બીજરૂપે હોય છે, તેમ આ હિરણ્યગર્ભ એ સ્થૂલ જગતના બીજરૂપ સમજો. આથી વૃક્ષાંક ૩ થી ૫ સુધીનાં સર્વ તત્ત્વો વિરાટ પુરુષના કારણદેહરૂપ હોઈ વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીનાં તમામ સૂક્ષ્મતત્ત્વો એ તેના **હિરણ્યગર્ભ** અથવા **બીજરૂપ** સમજવાં. ત્યારપછી ભગવાનના સ્થૂલદેહનું પ્રાકટ્ય થયું છે. આમ વિરાટ પુરુષનો સ્થૂલ દેહ વૃક્ષાંક ૧૩ થી ૧૫ **(ઘ)** સુધી વૃક્ષમાં બતાવવામાં આવેલો છે. આને **સમષ્ટિ** કિંવા **વિશ્વ** કહે છે અને તેનો અભિમાની બ્રહ્મદેવ વા વિરાટ છે. એ રીતે શાસ્ત્રમાં સંબોધવામાં આવેલું છે. આમ વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એ વિરાટના સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણદેહો મળીને **ભગવાનનો વિરાટદેહ** કહેવાય છે. આ બધાને ભગવાનનું **અપરસ્વરૂપ** પણ કહે છે. ભગવાનની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ પણ આ જ છે. તે જ ક્રમે **'અ'**કાર (ઋગ્વેદ), **'ઉ'**કાર (યજુર્વેદ) અને

'મ્'કાર (સામવેદ)નાં સ્થાનકો સમજવાં. આ રીતે વૃક્ષાંક ૧૩ થી ૧૫ (ઘ) **સ્થૂલસૃષ્ટિ**, વૃક્ષાંક ૬ થી ૧૨ **સૂક્ષ્મસૃષ્ટિ** કિંવા **સ્થૂલનું કારણસૃષ્ટિ** તથા વૃક્ષાંક ૩ થી ૫ સુધીને સ્થૂલના કારણનું પણ કારણ હોવાથી તેને **મહાકારણ** અથવા **સૂક્ષ્મતર સૃષ્ટિ** કહે છે. આ બધી મળીને એટલે વૃક્ષાંક ૩ થી ૧૫ (ઘ) સુધીની તમામ **પ્રકૃતિ** કિંવા **માયા** કહેવાય છે. આને જ **અપરા પ્રકૃતિ** કિંવા ભગવાનનું **અપરસ્વરૂપ** પણ કહે છે તથા તેનો અભિમાની સાક્ષી કિંવા દ્રષ્ટા પુરુષ તે **વિરાટ પુરુષ વા ઈશ્વર** કહેવાય છે. જેમ મનુષ્ય આ મારું શરીર છે, એવું અભિમાન રાખે છે, તેમાં 'હું' એમ જે કહે છે તે 'પુરુષ' અને 'મારું' એ શબ્દ વડે સંબોધવામાં આવતું 'શરીર' કિંવા પ્રકૃતિ, એ બંને ભાવો જુદા જુદા હોય છે. કિંવા મારી વસ્તુ એમ કહેતી વખતે કહેનાર પોતે અને વસ્તુ એમ બે જુદાં જુદાં હોય છે. તેમ આ અપરા પ્રકૃતિ કે જેને માટે મારી પ્રકૃતિ અથવા મારી માયા એવું જે કહેવામાં આવે છે તેવું કહેનારો તેથી ભિન્ન હોય છે, આમ જે આ મારી પ્રકૃતિ વા માયા છે, એવો અહંકાર રાખે છે તે જ પુરુષ **ઈશ્વર** કહેવાય છે (વૃક્ષાંક ૨ જુઓ). આને શુદ્ધ 'હું' પણ કહે છે. આથી પર કે જ્યાં પુરુષ અને પ્રકૃતિ કિંવા ઈશ્વર અને માયા એ બંને તત્ત્વો નથી, એવું એક તત્ત્વ કે જે અત્યંત શુદ્ધ, તદ્દન નિર્મળ, શાંત અને અતિ પવિત્ર હોઈ આકાશની જેમ તદ્દન અસંગ અને અનિર્વચનીય છે. તેનો આ પુરુષ તથા પ્રકૃતિ સાથે કિંચિન્માત્ર પણ સંબંધ નથી. તે જ સમસ્તનું મૂળ (ધ્યેય) આત્મા છે (વૃક્ષાંક ૧ જુઓ). હવે આમ પ્રકૃતિ પુરુષનો વિવેક સમજાઈ તે બંને ભાવોનો વિલય થતાંની સાથે જે શેષ રહે તે તત્ત્વને આ આત્મા છે એમ કહેવાનું પણ કાંઈ કારણ રહેતું નહિ હોવાથી મળ વગરના તેવા તદ્દન શુદ્ધ સ્વરૂપને શાસ્ત્રમાં લોકોને સમજાવવાના ઉદ્દેશથી પરમાત્મા, પરબ્રહ્મ, પુરુષોત્તમ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે સંબોધેલું છે (વૃક્ષાંક ૐ જુઓ).

ॐ **तत्सत्**

કિરણાંશ ૩૭

વૃક્ષનો હેતુ

સામાન્ય સૂચના : આ વૃક્ષ આપવાનો હેતુ એવો છે કે, આજકાલ જગતની અંદર અનેક ધર્મપંથો અને વિવિધ પ્રકારના સાંપ્રદાયો જોવામાં આવે છે. તે દરેકનો મૂળ ઉદ્દેશ તો આ બધું જગત કે જે જોવામાં આવે છે તે બધું જગતાદિ દૃશ્ય તથા તેમાંના સૂર્યચંદ્રાદિ અને પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ તથા આકાશ એ પાંચ મહાભૂતો વગેરેમાં અનેક નિસર્ગસિદ્ધ ઘટનાઓ નિયમિત ચાલી રહેલી હોવાનું જણાય છે તે, તેમ જ મનુષ્ય પોતે જે જે કાંઈ પુરુષાર્થ કરતો હોવાનું માને છે તે, તમામ આ પાંચ મહાભૂતોના આધાર અને આશ્રય વડે જ કરી શકે છે. આ પાંચ મહાભૂતો છોડીને તમો તમારો પુરુષાર્થ સિદ્ધ કરી બતાવો એમ જો કોઈ કહે તો મનુષ્યનું પોતાનું અસ્તિત્વ જ મટી જાય છે, કેમ કે તેનું શરીર પણ પાંચ મહાભૂતોનું જ બનેલું છે. આમ છે તો પછી તેના પુરુષાર્થની તો વાત જ ક્યાં રહી? આ વાત તો દરેકને કબૂલ કર્યા સિવાય છૂટકો જ નથી. જુઓ કે આજ સુધી માટી, પથ્થર, પાણી, સૂર્ય, ચંદ્ર, દિવસ, રાત્રિ, તેજ, વાયુ, આકાશ, એકાદ નાનો છોડવો કિંવા ઝાડનું એકાદ પાંદડું પણ સ્વતંત્ર રીતે કોઈ બનાવી શક્યા નથી. તમામ મનુષ્યો જે જે કાંઈ ક્રિયાઓ કરે છે, તે સર્વે આ પાંચ મહાભૂતોના આધાર અને આશ્રયે જ કરી શકે છે. આજે પણ જગતમાં જેટલા જેટલા મોટા કિંવા નાના પ્રયોગો આ સમસ્ત જગતના માનવીય વ્યવહારમાં ચાલી રહેલા જોવામાં આવે છે, તે સર્વે આ પાંચ મહાભૂતોના આધાર વડે જ થઈ રહેલા છે. ઉદાહરણને માટે વિદ્યુત લો. આ વિદ્યુતને સ્વતંત્ર રીતે કોઈ મનુષ્યોએ બનાવી નથી, પરંતુ તે પાંચ મહાભૂતો પૈકી પાણી તથા પૃથ્વ્યાદિ તત્ત્વોના આધાર અને મિશ્રણ વડે જ બનાવી શક્યા છે. તે જ પ્રમાણે દરેક વસ્તુઓને માટે સમજવું. એટલું જ નહિ પરંતુ મનુષ્યો પોતાનું જીવન પણ વાયુ, જળ, પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોને લીધે જ ટકાવી શકે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, જગતમાં જોવામાં આવતાં કેવળ એકલાં મનુષ્ય પ્રાણીઓ

જ નહિ, પરંતુ મનુષ્યેતર પ્રાણીઓનો સર્વ વ્યવહાર પણ આ પૃથ્વી, જલ આદિ પાંચ મહાભૂતોના આધારે જ થઈ શકે છે. તેમના સિવાય પોતે પણ જીવી શકતા નથી, તો પછી તેમના વ્યવહારને માટે તો શું કહેવું ? આથી દરેકને નિરભિમાન વૃત્તિથી કબૂલ કરવું પડે છે કે, એવી એક મહાનશક્તિ છે કે જેની સત્તાથી આ બધું વિશાળ અને વિશ્વરૂપ મહાન તંત્ર સહેજ પણ ભૂલ વગર નિયમિત રીતે ચાલી રહેલું છે, તે શક્તિની શોધ કરવાનો જ ઉદ્દેશ દરેકનો છે. આમ જગતમાંના તમામ ધર્મપંથો તથા અનેકવિધ સાંપ્રદાયોનો મૂળ હેતુ તો એક જ હોવાનું સ્પષ્ટ છે. તેમાં કોઈનો વાદ છે જ નહિ. વાદ તો આવી મહાન શક્તિવાળું જે આ તત્ત્વ છે તેના નામ સંબંધમાં છે, તત્ત્વમાં અથવા ધ્યેયમાં નથી, એ વાત સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે.

જગતમાં ધર્મ સંબંધી ચાલતા ઝઘડાઓનું મૂળ

વેદાંત શાસ્ત્રકારો તે તત્ત્વને જ બ્રહ્મ, આત્મા, ચૈતન્ય, સત્, તત્, અક્ષર ઇત્યાદિ નામો વડે સંબોધે છે. તો બીજા કેટલાકો તેને ઈશ્વર, પુરુષ, પરમાણુ, જ્ઞાન, વિજ્ઞાન, શૂન્ય; કોઈ રામ, કોઈ કૃષ્ણ, તો કોઈ ખુદા, કોઈ જરથોસ્ત, કોઈ ઈશુ, કોઈ પયગમ્બર, કોઈ બુદ્ધ, ઋષભદેવ ઇત્યાદિ અનેક નામરૂપો વડે સંબોધે છે અને તે દરેક પોતે માનેલા નામને બીજાઓ ગ્રહણ કરે એમ ઇચ્છી પોતપોતાના માનવામાં આવેલા તે નામની સિદ્ધતાને માટે દુરાગ્રહ પકડીને આપસઆપસમાં વાદવિવાદો તથા લડાલડી કર્યા કરે છે. આ ઝઘડાઓએ સાંપ્રત જગતમાં એટલું બધું મહાન અને ભયંકર સ્વરૂપ પકડયું છે કે, પૃથ્વી પર એક પણ દેશ, જાતિ, જ્ઞાતિ, વર્ણ કિંવા સ્થાન એવું જોવામાં નહિ આવે કે જે આમાંથી બચવા પામ્યું હોય ! આ રીતે જગતની વિષમતાનું મુખ્ય કારણ વ્યવહારની માફક ધર્મમાં પણ નાનામોટાપણાની ચડસાચડસી છે. જો તે સમજપૂર્વક ચાલુ હોત તો વાત જુદી હતી, પરંતુ તેમ નહિ થતાં આ તો અજ્ઞાન વડે જ ચાલી રહ્યું છે. બુદ્ધિમાન પુરુષો ખરેખર આનો શુદ્ધ અંતઃકરણથી વિચાર કરે તો તેઓને જરૂર જણાશે કે જો ધ્યેયમાં ઝઘડો નથી તો પછી નામો સંબંધમાં વાદ અને ઝઘડાઓનું શું પ્રયોજન છે ? સમજો કે તરસ લાગી હોય તો તે પાણીથી જ શમાવવી પડે છે. એ વાત નિશ્ચિત છે. પછી તેને કોઈ પાણી કહે, કોઈ જલ કહે કિંવા ગમે તે કહે, તેથી પાણી કંઈ એમ કહેતું નથી કે તમો મને અમુક નામ વડે પીશો તો જ હું તમારી તરશ શાંત કરીશ. તેમ જો સર્વનું ધ્યેય એક તત્ત્વ પ્રાપ્તિનું જ નિશ્ચિત છે અને તેને જ જો અનેક નામરૂપાદિ વડે સંબોધવામાં આવે છે, તો તેમાં વાદો કિંવા ઝઘડાઓને સ્થાન જ ક્યાં છે ? આ બધા ઝઘડાઓ નિરર્થક છે તે સંબંધમાં એક વાત છે :

મૃગજળને માટે ચાલતી લડાઈ

એક રણની અંદર કેટલાક પ્રવાસીઓ રસ્તામાં એક સાથે ચાલતા હતા, તે સર્વેને ઘણી જ તરશ લાગી. આથી તેઓએ તરશ શાંત કરવા પાણીની શોધ કરવા માંડી. એટલામાં સામે મૃગજળ દેખાયું. તે જોતાંની સાથે જ વિચાર કર્યા વગર તેઓએ તેની પાછળ દોડવા માંડયું અને જતાં જતાં રસ્તામાં પડેલો કોણ પીએ, તે સંબંધે વાદ શરૂ થયો, તકરાર વધી પડી અને આપસઆપસમાં મારામારી શરૂ થઈ. બધાનાં શરીરો ઘવાયાં, બિચારા લોહીલોહાણ થઈ ગયા. તરશ તો પુષ્કળ લાગેલી જ હતી તેથી જીવ વ્યાકુળ થઈ કેટલાક મૂર્છા વડે બેભાન થયા, કેટલાકનો તો પાણી પાણી કરતાં જીવ ચાલ્યો ગયો. કેટલાક અધમૂઆ જેવા થયા. વળી તેમાંથી જેઓ બચ્યા તે પૈકી ઘણાખરા તો મૃગજળની પછવાડે પડીને થાકી જઈ છેવટે નિરાશ થયા. માત્ર થોડાક બુદ્ધિશાળીની બુદ્ધિ ઠેકાણે આવી. આપણે ખોટે રસ્તે ચઢ્યા છીએ. પ્રથમ તો આ મૃગજળ અને તે માટે આટલી બધી મારામારી કિંવા લડાલડી ચાલી રહી છે, એમ તત્કાળ તેઓના જાણવામાં આવ્યું. પરિણામે તેઓએ આ અવળો માર્ગ છોડી દીધો અને ભોમિયા દ્વારા પાણીની ભાળ મેળવી તૃપ્તિ કરી લીધી. આ પ્રમાણે આજે સર્વ જગતની સ્થિતિ થવા પામેલી છે. વ્યવહારમાં પોતાને મોટા બુદ્ધિશાળી સમજનારાઓ પણ આમાંથી ભાગ્યે જ બચી શકે છે. માત્ર ઘણા થોડા જીવન્મુક્ત મહાપુરુષો જ આ મોહપાશમાંથી છૂટી શકે છે.

સત્યાગ્રહી અને દુરાગ્રહી

સાંપ્રત જગતની આવી વિષમ સ્થિતિ થવાનું કારણ દુરાગ્રહ છે. સામાન્યતઃ જગતમાંના સર્વ લોકોમાં બે વિભાગો પડી શકે તેમ છે : (૧) સત્ય શું છે તેના આગ્રહી, જેને શાસ્ત્રમાં દૈવી સંપત્તિવાળા કહ્યા છે તથા (૨) પોતે સમજ્યા છે તે જ સત્ય છે, એમ માની લઈ તેનો દુરાગ્રહ પકડનારા, જેને આસુરી સંપત્તિવાળા કહેલા છે આ બે પૈકી વાસ્તવમાં સત્ય શું છે ? તે જાણવાની ઇચ્છાવાળા તો ઘણા જ થોડા મળી આવે છે; પરંતુ ઉપરના દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણે મૃગજળની પાછળ લાગનારા એટલે પોતે સમજ્યા છે તે જ સત્ય છે, એવો દુરાગ્રહ રાખી તેવા પ્રકારનો જગતમાં પ્રચાર કરી તેને જ અમો સત્યના આગ્રહી છીએ, એવું કહેવરાવનારા અજ્ઞાનીઓ, વગર વિચાર્યે જગતમાં ઝઘડાઓ ઘટાડવાને બદલે વધારતા રહે છે. જેનું કારણ દુરાગ્રહ જ છે, એમ સમજો. જગતની આવી વિષમ પરિસ્થિતિ ખરેખર શોચનીય ગણાય. તેને દૂર કરવાને માટે દરેકે પોતપોતાનો દુરાગ્રહ બાજુપર મૂકી સત્યની શોધ કરવી જોઈએ. તેને માટે તદ્દન સરળ માર્ગ તો ફક્ત એ જ એક છે કે, જેમ પ્રકાશની શોધ કરવી હોય તો અંધારાને દૂર કરવું, તેમ દુરાગ્રહને છોડી સત્યનો આશ્રય લેવો, એટલું જ એક કાર્ય કરવાનું છે.

બધાનું જ કહેવું સત્ય કેમ ?

વિચાર કરો કે તરશ લાગી હોય તો તે છિપાવવાને માટે નદી, તળાવ, કિંવા કૂવા પાસે જવામાં આવે તો તેમાંના પાણીથી જ તે શાંત કરી શકાય છે. પછી તેને કોઈ જળ કહે, કોઈ પાણી કહે યા બીજા ગમે તે નામો વડે કહેવામાં આવે છતાં તેમાંથી એક પાણીનો જ ભાવ નીકળી શકે છે. વ્યવહારમાં પણ એક જ મનુષ્યને છોકરો પિતા કહેશે, ભત્રીજો કાકા કહેશે, ભાણેજ મામા કહેશે, બહેન ભાઈ કહેશે. સ્ત્રી પતિ કહેશે, માતાપિતા પુત્ર કહેશે. આમ એક જ વ્યક્તિને ભિન્ન ભિન્ન નામો વડે સંબોધવામાં આવે છે અને તે બધાં ખરાં પણ હોય છે. તેમ આ અનિર્વચનીય એવું પરમતત્ત્વ કે તેનું સાચું સ્વરૂપ તો વાસ્તવિક જ્યાં નામો, રૂપો તથા જાણવાપણું આદિ તમામ ભાવોનો વિલય થઈ જાય છે એવું છે. તેવું એક આ પરમતત્ત્વ જ ચરાચર રૂપે ભાસમાન થયેલું છે. જેમ સુવર્ણમાં કડાં, કુંડળ, બંગડી, વીંટી ઇત્યાદિ ભિન્ન ભિન્ન અનેક આકારો હોય છે, તેને તે તે નામો વડે સંબોધવામાં આવે તો તેથી કંઈ ખોટું નથી, તે બધાં નામો સુવર્ણનાં જ છે; અથવા તો તે બધા આકારો અને નામો ખોટા હોઈ એક સુવર્ણ જ સાચું છે એમ કહેવામાં આવે તો તેમાંથી એકે પક્ષને જેમ ખોટો કહી શકાય નહિ, કિંવા સુવર્ણનું સાચું સ્વરૂપ અનિર્વચનીય છે એટલે વીંટીનો આકાર નષ્ટ થયો અને પછી તેની લગડી બનાવી તો વીંટી પણ આકાર અને લગડી પણ આકાર જ. આપણે તો નામ રૂપો છોડીને જે શેષ રહે એવા શુદ્ધ સુવર્ણરૂપને જાણવાની જરૂર છે. તે રૂપ તો વીંટીનો આકાર નષ્ટ થયો તથા તે લગડીરૂપે બન્યું તે બેની વચ્ચે અર્થાત્ વીંટીનો આકાર નષ્ટ થયા પછી અને લગડીની સ્થિતિ બનતાં પહેલાં, આ બે આકારોની વચ્ચેની જે સ્થિતિ તે જ ખરું સોનું કહેવાય. તે પ્રમાણે આ પરમતત્ત્વ કે જ્યાં હું અને મારું એવો ભાવ છે જ નહિ, તો પછી તેનાં નામ કિંવા આકારાદિની તો વાત જ કયાં કરવી ? આ રીતે સર્વ નામરૂપાદિનો નિરાસ કરીને છેવટે શેષ રહેનારું અનિર્વચનીય એવું શુદ્ધ તત્ત્વ, સુવર્ણ જેમ અનેક દાગીનારૂપે બને છે તેમ આ તત્ત્વ જ અનેક નામરૂપાદિ વડે ભાસી રહ્યું છે. વાસ્તવિક રીતે તો તેમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી. તેમ જગતમાં ચાલતા આ બધા વાદોનો ઉદ્દેશ વાસ્તવિક તો એક ધ્યેયમાં જ સમાઈ જતો હોવાથી ગમે તેટલી નદીઓ અંતે તો એક સમુદ્રમાં જ મળે છે તેમ આ બધા ધર્મપંથો કિંવા વિવિધ સાંપ્રદાયોનો હેતુ તો એક જ ધ્યેયમાં સમાઈ જાય છે. આમ હોવા છતાં આ મિથ્યા ઝઘડાઓ જગતમાં શા માટે ચાલી રહ્યા છે, તે સમજી શકાતું નથી. તે માટે અજ્ઞાનતા એ જ એક કારણ કહી શકાય.

સાચું સુખ અને અખંડ શાંતિનું સ્થાન

વિચાર કરવાથી જાણી શકાશે કે, મોસંબીનું જેઓને જ્ઞાન હોય અને નેત્ર બગડેલા ન હોય તે બધાં તો તેને મોસંબીરૂપે જ દેખશે તેમાં વાદ કિંવા ઝઘડાઓ અથવા તો મતમતાંતરો હોઈ શકે જ નહિ. વાદ

કિંવા ઝઘડાઓ તો ત્યારે જ થવા પામે છે કે, જ્યારે તેના અસલ સ્વરૂપનું જ્ઞાન આપણને ન હોય અથવા તો કમભો થયેલાને જેમ બધે પીળું જ દેખાય તેમ નેત્ર બગડેલાં હોય તો જ તે વસ્તુ અસલરૂપે નહિ દેખાતાં બીજારૂપે દેખાય. આ ઉપરથી બુદ્ધિમાનો જાણી શકશે કે ધર્મમાં થતા વાદવિવાદો, ઝઘડાઓ, મતમતાંતરો એ બધું અજ્ઞાનતા અને દુરાગ્રહને લીધે પોતાની જોવાની દોષદૃષ્ટિને જ આભારી છે. અર્થાત્ આની જવાબદારી તો પોતાને અને તેઓને અવળી સલાહ આપનારાઓને શિરે જ આવે છે. ખરું તો તે જ છે કે ગમે તે માર્ગનું અવલંબન કરી ધ્યેયપ્રાપ્તિ કરી લેવી જોઈએ, કે જેની પ્રાપ્તિ થવાથી મનુષ્ય પોતાનું જીવન સુખ, શાંતિ અને આનંદસાગરમાં જ વ્યતીત કરે. તે કોઈના પ્રત્યે દ્વેષભાવ પણ કરે નહિ અને સર્વને સમાન જ દેખે. આ પ્રમાણે જ્યાંસુધી સાચા ધ્યેયની પ્રાપ્તિ થતી નથી ત્યાંસુધી આ ઝઘડાઓનો અંત આવતો નથી અને આ ધ્યેયની પ્રાપ્તિ થયા સિવાય મનુષ્ય પોતાનું જીવન બીજે કોઈ પણ રસ્તે સુખ, શાંતિ અને પૂર્ણ આનંદ કે જ્યાં દુઃખ લવલેશ પણ હોતું નથી, એવી પરમાનંદની અવસ્થામાં કદી પણ વિતાવી શકતો જ નથી. આમ કાયમનું સુખ આપે એવું તો આ એક જ સ્થાનક છે. વ્યવહારમાં સુખ તો તદ્દન થોડું હોય છે પરંતુ તેની પાછળ દુઃખ મોટું આવે છે. આમ સુખદુઃખના મિશ્રણનો અનુભવ તેને હંમેશ આવતો રહે છે. પરંતુ આ પરમતત્ત્વરૂપ ધ્યેયની પ્રાપ્તિ થઈ એટલે તેમાં કદી પણ ખંડિત નહિ થઈ શકે એવું આત્યંતિક સુખ અને જેનું વર્ણન જ થઈ શકે નહિ એવી પરમ શાંતિ પ્રાપ્ત થઈ શકે છે. આ જગતમાં જે જે કંઈ ચાલી રહ્યું છે, ભવિષ્યમાં થશે કિંવા પૂર્વે થઈ ગયું, તે સર્વનો અંત મોડો યા વહેલો પણ છેવટે તો નદીનો અંત જેમ સમુદ્રમાં તેમ આમાં જ થવા પામે છે. આ સિવાય સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાનો બીજો કોઈ પણ ઉપાય નથી. જેમાં દુઃખ લેશ પણ કદી સ્પર્શી શકતું નથી, એવું અખંડ એક રસ સાચું સુખ અને કાયમી શાંતિનું સ્થાન આ જ એક છે એમ નિશ્ચયપૂર્વક સમજો. અનિર્વચનીય એવું આ પરમતત્ત્વ કે જે વાસ્તવિક રીતે નામરૂપાદિથી પર છે, તેનું જ્ઞાન લોકોને થઈ તેઓ સન્માર્ગે પ્રેરાય અને ચાલતા વિતંડાવાદો અને દુરાગ્રહમાંથી મુક્ત થવાય એટલા માટે શાસ્ત્રોમાં અનેક નામરૂપો વડે આ એક જ તત્ત્વને ભિન્નભિન્નરૂપે સમજાવવાનો પ્રયત્ન થયેલો છે. આમ હોવા છતાં અજ્ઞાનતા વડે લોકોમાં તેના અર્થનો અનર્થો થવા ન પામે એટલા માટે ઉદાહરણ સમજાવવાને માટે જેમ ક્ષ પાસેથી ક્ષ એ અમુક પૈસા લીધા ને ક્ષ ને આપ્યા, એમ દૃષ્ટાંત સાથે સિદ્ધાંત સમજાવવામાં આવે છે તેમ આ વૃક્ષને આધારે શાસ્ત્રોનો ખરો ઉદ્દેશ સમજાવવા પ્રયાન કરેલો છે. માટે જિજ્ઞાસુઓએ તે સમજી લેવાને યોગ્ય પ્રયત્ન કરવો જરૂરી છે.

કિરણાંશ ૩૮

વૃક્ષ ૐ ની સમજૂતી અને પર્યાય સંજ્ઞાઓ.

વૃક્ષાંક ૐ અને એકની સમજૂતી તથા સંજ્ઞાઓ : આકાશમાં જેમ અકસ્માત વાદળની ઉત્પત્તિ થાય કિંવા પાણી જેમ હિમરૂપે બની જાય અથવા શુદ્ધ અને નિર્મળ એવા આકાશમાં વાયુની ઉત્પત્તિ થાય તેમ અનિર્વચનીય, અત્યંત શુદ્ધ, આકાશની જેમ સર્વત્ર વ્યાપેલું, સર્વનું અધિષ્ઠાન, તદ્દન નિર્મળ, પવિત્ર, શાંત તથા બરમાં રહેવા છતાં પણ આકાશ જેમ અસંગ રહે છે તેમ સર્વથી અસંગ એવા એક પરમ ચૈતન્યતત્ત્વમાં એકાએક "હું" એવા મિથ્યા ભાવની ઉત્પત્તિ થવા પામી. જેમ સુવર્ણને સુવર્ણ કહેવાની જરૂર હોતી નથી કિંવા તે પોતે હું સુવર્ણ છું એમ જાણતું પણ નથી, તેમ આ એક પરમ ચૈતન્ય તત્ત્વને તો "હું" છું એમ કહેવાની જરૂર નથી કિંવા મને કોઈ "હું" કહે છે અથવા મારામાંથી કંઈ "હું" કરીને ઉત્પન્ન થયેલું છે અથવા તો "હું" ને જાણનારો બીજો કોઈ છે, ઇત્યાદિ કશી કલ્પના પણ નથી. જેમ આકાશને પોતામાં વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વી એ ચાર તત્ત્વો અને તે દરેકમાં અનેક પ્રકારના ભેદો હોય છે તેની કલ્પના પણ હોતી નથી કિંવા પ્રકાશને અંધારું કેવું હશે તેની કલ્પના પણ કદી હોતી નથી, તેમ આ પરમ ચૈતન્ય તત્ત્વને તો "હું" શું હશે? કેવું હશે? ક્યાં હશે? તેવું કહેનારો કોણ હશે? ઇત્યાદિ કશી

કલ્પના પણ નથી. પરંતુ જેમ ઘરનું અસ્તિત્વ આકાશ વિના કદાપિ હોઈ શકે જ નહિ અને ઘરમાં રહેવા છતાં પણ આકાશ તો તદ્દન અસંગ હોય છે, તે કદી ઘર હોવાની ઇચ્છા પણ કરતું નથી, તેમ ન હો એમ પણ ઇચ્છતું નથી અને તેમ કહેવાવાળો કોઈક હશે એવું પણ જાણતું નથી, ઘર પડે યા રહે તેની સાથે આ આકાશને કંઈ લાગતું વળગતું નથી તેમ આ તત્ત્વનું પણ સમજો. આકાશ જેમ વાયુ આદિ ચારે મહાભૂતો તથા તેમાંના સર્વનું અધિષ્ઠાન છે તેમ આ તત્ત્વ જ સર્વનું અધિષ્ઠાન છે. તેના સિવાય કશાનું અસ્તિત્વ હોઈ શકે જ નહિ. છતાં તે તદ્દન અલિપ્ત, અસંગ, નિર્વિકાર, નિરાકાર, અવ્યય, એકપણું એકપણું કિંવા તે બેને જાણનારો સાક્ષી ઇત્યાદિ તમામ ભાવોથી રહિત, કૂટસ્થ, અચળ એવું છે. વાસ્તવિક રીતે તો જ્યાં વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને તત્ત્વાર્થ એમ ત્રણેયની મર્યાદા પરિપૂર્ણ થાય છે એવું આ પરમતત્ત્વ છે. એ રીતે તેનું અનિર્વચનીયપણું બતાવવાના ઉદ્દેશથી જ ઉપર બતાવેલી વ્યાવહારિક શબ્દોની રચના તેને માટે શાસ્ત્રકારોએ કરેલી છે એમ જાણવું. એટલે વ્યવહારમાં જેમ ચૂપ થઈ જઓ, એમ કહેતી વખતે જે ભાવ હોય છે, તેમ આ 'છે', 'નથી' અથવા તેનું કહેનારો 'સાક્ષી' ઇત્યાદિ તમામ ભાવો જ્યાં નથી એવા પ્રકારનો નિઃશેષભાવ દર્શાવવો એટલો જ તેનો ઉદ્દેશ છે, એમ સમજવું. આ તત્ત્વની કલ્પનાને માટે તેને तत्, सत्, ब्रह्म, आत्मा, चैतन्य, चिदाकाश, परमेश्वर, अक्षरपुरुष, भगवान, ज्ञान, स्वयंचित्, सम, महेश्वर तुरीय, महत्त्वातंत्र्यवान, पराचिति, प्रकाशनिभिड, अव्यय, अमृतत्त्व, आनंद, बिंदु, संवित्, मोक्ष, शुद्धविद्या ઇત્યાદિ નામોની પર્યાય સંજ્ઞાઓ શાસ્ત્રમાં આપવામાં આવેલી છે. આ 'પદ' સંકેતદર્શક હોઈ કેવળ તત્ત્વાર્થથી જ કલ્પી શકાય તેવું છે અને જ્યારે અંતઃકરણમાં ઊઠતી 'હું' "હું" એવી સ્ફૂર્તિનો વિલય થઈ જાય છે ત્યારે જ તે અનુભવી શકાય છે. આ સિવાય બીજી કોઈ પણ રીતે તે સમજવામાં આવતું નથી. આની કલ્પનાને માટે વૃક્ષ અ વૃક્ષાંક ૧ એકમાં તેનો નિર્દેશ કરેલો છે. હવે જેમ આકાશને આ આકાશ છે એમ કહેવું એ પણ તેની પોતાની દૃષ્ટિથી નહિ પરંતુ બીજાની દૃષ્ટિએ છે, તેમ અનિર્વચનીય એવા આ આત્માને આત્મા એમ કહેવું એ પણ વાસ્તવિક રીતે તેના ઉપર મિથ્યા આરોપ કરવામાં આવ્યો છે. આટલું કલંક પણ તેમાં રહેવા ન પામે તેટલા માટે તેથી પણ પર એવો ભાવ દર્શાવવાના ઉદ્દેશથી આ બ્રહ્મ વા આત્મા (વૃક્ષાંક ૧) ની પણ ઉપર સૌથી આરંભમાં પરમ, પુરુષોત્તમ, પરબ્રહ્મ, પરમાત્મા, ક્ષરાક્ષરથી પર, ઉત્તમપુરુષ ઇત્યાદિ પર્યાય સંજ્ઞાઓ વડે તેનો નિર્દેશ કરેલો છે. જેને માટે વૃક્ષમાં "ॐ" એવો નિર્દેશ છે (જુઓ વૃક્ષ અ માં ॐ).

હું ભાવની ઉત્પત્તિ

વૃક્ષાંક (૩) ત્રણની સમજૂતી તથા પર્યાય સંજ્ઞાઓ : આકાશમાંથી અકસ્માત જેમ વાદળની કિંવા વાયુની ઉત્પત્તિ થવા પામે તેમ અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧)માંથી આ સર્વ સામાન્ય એવા "હું" ભાવની ઉત્પત્તિ વંધ્યાના પુત્રની જેમ એકાએક વિવર્તરૂપે થવા પામેલી છે. વંધ્યાના પુત્રની જેમ કહેવાનું કારણ એ કે વંધ્યાને કદાપિ પુત્ર હોઈ શકે જ નહિ અને પુત્ર થયો હોય તો વંધ્યા જ નથી, તેમ આત્મા (વૃક્ષાંક ૧) માં "હું" એવા ભાવની ઉત્પત્તિ થવી કદી પણ શક્ય જ નથી એવો અજ્ઞતભાવ બતાવવા પૂરતો છે, તથા વિવર્તરૂપે ઉત્પત્તિ થવા પામેલી છે એમ કહેવાનું કારણ એટલું જ કે દોરીને ભ્રમ વડે સર્પ છે એમ જાણવું અથવા પાણીને તરંગ છે કિંવા સુવર્ણને દાગીના છે એમ કહેવું તે વિવર્ત કહેવાય. તેનો ઉદ્દેશ તો ફક્ત એટલો જ કે, જેમ દાગીનાને સોનું કિંવા તરંગને પાણી જ કહેવું જોઈએ તેમકે સોનાને કિંવા પાણીને જ અનુક્રમે દાગીના તથા તરંગ એવી સંજ્ઞાઓ આપવામાં આવેલી છે તેમ આત્મા અને 'હું' એ બંનેમાં અભિન્નતા કિંવા ઐક્યભાવ બતાવવો એ જ એક આશય તેમાં છે. સારાંશ એ કે, જેને આત્મા કહેવો જોઈએ તેને જ "હું" એમ કહેવામાં આવે છે, એવું સમજાવવાનો ઉદ્દેશ જેમાં હોય છે તેને આ વિવર્ત છે, એવી સંજ્ઞા વડે શાસ્ત્રમાં સંબોધેલું છે. આ 'હું' એ વૃક્ષાંક ૩માં બતાવેલો છે. આને त्वम्, शुद्ध 'हुं' નું પ્રથમનું પ્રતિબિંબ, શુદ્ધ ચૈતન્યનો પ્રથમનો બાહ્ય આભાસ, અવિદ્યા, મૂળમાયા, આદ્યશક્તિ, મહાશૂન્ય, સાંખ્યકાર પ્રકૃતિ, વેદાંતીઓ માયા, આવરણ, પ્રથમ મર્યાદા, નિયતિ, મહાતમ, અપરાપ્રકૃતિ. તપસ, તમસ,

જડ, પ્રધાનશક્તિ, અજા, વિમર્શ, મૂલપ્રકૃતિ, અનિરુદ્ધ, પ્રાજ્ઞ, મકાર, અજ્ઞાન, ક્ષેત્ર, (અજ્ઞાન ઉપરથી જાણી શકાય છે તેથી તે ક્ષેત્ર કહેવાય છે), યોનિ (વૃક્ષાંક ૩થી ૧૫૫ સુધીના તમામ ભાવો મળીને અપરા પ્રકૃતિ કહેવાય છે), સર્ગ મહાકારણ, ધર્મ (વાસ્તવિક નહિ હોવા છતાં પણ 'હું' એવા ભાવને ધારણ કરે છે તેથી તે ધર્મ કહેવાય છે અને ઈશ્વર ધર્મી કહેવાય છે.), ઈશ્વરીય સંકલ્પ, મહાસત્તા, મહાચિતિ, મહાશક્તિ, મહાદૃષ્ટિ, મહાક્રિયા, મહોદ્‌ભવ, મહારપંદ, મહામાયા તથા દેવી વગેરે પર્યાય સંજ્ઞાઓ શાસ્ત્રકારોએ આપેલી છે.

સાક્ષી વા દ્રષ્ટાભાવ

વૃક્ષાંક (૨) એની સમજૂતી તથા પર્યાય સંજ્ઞાઓ: હવે એવી શંકા ઉદ્‌ભવે છે કે, જેમ આકાશ એ તદ્દન નિર્મળ, શાંત અને નિશ્ચલ હોઈ તેમાંથી તે કરતાં વિરુદ્ધ ધર્મના એટલે અત્યંત ચંચળ એવા વાયુની ઉત્પત્તિ શી રીતે થવા પામે? પ્રકાશમાંથી અંધારું શી રીતે ઉત્પન્ન થાય? એટલે જેમ અંધારાએ પ્રકાશને ઉત્પન્ન કર્યો અથવા પ્રકાશે અંધારું ઉત્પન્ન કર્યું એમ કહેવું ખરેખર અનુચિત છે, એટલું જ નહિ પરંતુ તદ્દન અશક્ય છે; અરે! તદ્દન સાદી વાત છે કે, વ્યવહારમાં પણ આ પાણીનો તરંગ છે એમ કહેવાવાળો કિંવા તેને જાણનારો તો પાણીથી કોઈ જુદો જ હોય છે. પાણી પોતે કંઈ પોતાને હું 'પાણી' છું એમ જાણતું પણ નથી અને કહેતું પણ નથી. અથવા ઘરમાં રહેલું આકાશ હું "આકાશ" છું તથા મને કોઈ આકાશ કહે છે એમ જાણતું પણ નથી. તે તદ્દન અસંગ હોય છે તેમ આત્મા (વૃક્ષાંક ૧) તદ્દન અસંગ અને અનિર્વચનીય છે. તેને તો કલ્પના પણ નથી કે હું આત્મા છું કિંવા મને કોઈ તેવું કહેનારો છે અથવા મારામાં "હું" કરીને કંઈક ઉત્પન્ન થયેલું છે. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બધા લોકો પોતપોતાને હું અને બીજાને તું એમ કહે છે એ વાત તો દરેકને નિત્યપ્રતિ અનુભવમાં આવે છે, એ હું કયાંથી આવ્યો? વારુ! આ "હું" એ જેનું કાર્ય કહેવાય છે એવા આત્મા(વૃક્ષાંક ૧)ને તો તે વાતની કલ્પના પણ નથી. તે ઘરમાંના આકાશની જેમ તદ્દન શુદ્ધ, નિર્મળ અને અસંગ હોય છે. આમ છે ત્યારે આ 'હું' એ આવ્યો કયાંથી? તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તેનો ઉત્પત્તિ કરનારો કોણ? તેને જાણનારો કોણ? આત્મા (વૃક્ષાંક ૧)ની સાથે તેનો સંબંધ નથી, તો પછી તેનો સંબંધ કોની સાથે હશે? એવો કોણ હશે કે જે આ "હું" ને "હું" એવી સ્ફૂર્તિની પ્રેરણા આપે છે? ઇત્યાદિ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તે જાણવું આવશ્યક હોવાથી હવે તેનો વિચાર કરીશું.

કિરણાંશ ૩૯

"હું"ની ઉત્પત્તિ "હું"માંથી જ થાય છે

વ્યવહારમાં જુઓ કે આ વસ્તુ મારી છે એમ કહેતી વખતે તેમાં તેવું કહેનારો અને વસ્તુ એમ બે જુદા જુદા ભાવોનો સમાવેશ થઈ જાય છે. મારી વસ્તુ છે એમ કહેતી વખતે કહેનારને પોતાને "હું" નથી એવું કંઈ લાગતું નથી, અર્થાત્ મારું કહેતાંની સાથે જ "હું" ભાવ એ એની અંતર્ગત જ સમાઈ જાય છે. "હું" વગર મારું હોય જ નહિ. તે "હું" એટલે ઉપર કહેલો વૃક્ષાંક ૨નો સામાન્ય "હું" સમજો. હવે એમ બને છે કે મારું કહેવાને માટે તો "હું"ની જરૂર હોય છે, તે વાત તો દરેકને સ્પષ્ટ રીતે અનુભવમાં આવી શકે તેવી છે અને દરેક મનુષ્ય વાચ્યાર્થમાં પણ તેવો પ્રયોગ વ્યવહારમાં નિત્યપ્રતિ કરતો હોવાનું જોવામાં આવે છે, તેમ આ "હું"ને જાણનારો બીજો કોણ છે? તે કાંઈ આ વ્યવહારમાં મળી શકતો નથી, કારણ કે 'હું'ને તો હું છું એટલું જ એક જ્ઞાન છે, પરંતુ તેમ કહેનારો અથવા 'હું' એવી સ્ફુરણા આપનારો કિંવા 'હું'ને જાણનારો બીજો કોઈ મળી શકતો નથી, વળી કર્તા વિના જ કોઈ કાર્ય થયું હોય એવો વ્યવહારમાં પણ અનુભવ થતો નથી, આથી એમ સિદ્ધ થાય છે કે "હું"નો ધર્મ 'હું' રૂપે પ્રકટ થવું એ જ એક છે અને તેનો જાણનારો દ્રષ્ટા કિંવા ધર્મી તો કોઈ બીજો શુદ્ધ 'હું' હોઈ તે પ્રકટ એટલે વાચ્યાર્થ વડે નહિ પરંતુ લક્ષ્યાર્થ વડે જાણી શકાય તેવો છે. એવો નિયમ જોવામાં આવે છે કે, જેવું બીજ હોય તેવું જ તેમાંથી વૃક્ષ થાય છે. આ બીજાંકુર ન્યાયાનુસાર આ 'હું'રૂપ કાર્ય જો પ્રકટ થયેલું પ્રતીતિમાં આવે છે તો તેનું

બીજ પણ તેવું જ હોવું જોઇએ. આંબાનું ઝાડ જોવામાં આવે તો તે ઉપરથી નક્કી કહી શકાય કે તેનું બીજ પણ આમ્રરૂપ જ હોવું જોઇએ અથવા મનુષ્યની ઉત્પત્તિ થયેલી હોય તો તેનો પિતા મનુષ્ય જ હોવો જોઇએ એ વાત નિઃશંક સિદ્ધ થાય છે, તેમ આ 'હું'ની ઉત્પત્તિ પણ 'હું'માંથી જ થયેલી હોવી જોઇએ; એટલે એક પ્રત્યક્ષ પ્રકટ થયેલો હું અને બીજો તેને 'હું' એવો પ્રેરણા કરનારો અપ્રકટ એવો 'હું' હોવો જ જોઇએ એ વાત નિઃશંક સિદ્ધ થાય છે. એ રીતે હુંનો પ્રેરક 'હું' વિના બીજો કોઈ મળતો નથી. આથી પ્રકટ થયેલો 'હું' એ વાચ્યાર્થદર્શક કિંવા સર્વ સામાન્ય 'હું' કહેવાય છે. આ જ વૃક્ષાંક ૩નો "હું" સમજો અને તેને પ્રેરણા કરનારો 'હું' તે લક્ષ્યાર્થદર્શક 'હું' સમજો, આ જ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) સમજવો. આને બિંબ કિંવા સાક્ષી, દ્રષ્ટા, વેદાંતીઓ ઈશ્વર, શબ્દબ્રહ્મ, આદ્યપુરુષ, પ્રત્યગાત્મા, દૈવ, ક્ષરપુરુષ, સાંખ્યકારો પુરુષ, યજ્ઞપુરુષ, વાસુદેવ, સદાશિવ, તુરીય, ધર્મી, ક્ષેત્રજ્ઞ(સાક્ષીપણા ઉપરથી જાણી શકાય છે, તેથી તેને ક્ષેત્રજ્ઞ કહે છે), વિરાટપુરુષ, વિરાટનો અભિમાની ઈશ્વર ઇત્યાદિ નામોની પર્યાય સંજ્ઞાઓ વડે શાસ્ત્રમાં સમજાવેલું છે. સાંખ્ય શાસ્ત્રકારો આને જ પુરુષ કહે છે અને માયાવાદીઓ આને જ ઈશ્વર કહે છે. આ રીતે જેમ અરીસો, તેમાં પડેલાં પ્રતિબિંબો અને બિંબો એ પ્રમાણેના ત્રણ ભાવો ઉત્પન્ન થવા છતાં તેને તેની કલ્પના પણ હોતી નથી કે મારામાં બિંબો અથવા પ્રતિબિંબો છે, તેમાં તો સામે જેવું બિંબ આવે તેવું પ્રતિબિંબ દેખાય. આમ ગમે તેટલાં પ્રતિબિંબો દેખાવા છતાં તે કદી પણ મલિન થતો નથી, એટલું જ નહિ પરંતુ તેને તે હોવાની કલ્પના પણ નથી, તે તો તદ્દન અસંગ જ હોય છે. વળી તેમાં પડેલાં પ્રતિબિંબો અરીસાથી કિંચિન્માત્ર પણ ભિન્ન હોતાં નથી, તેમ આત્મા (વૃક્ષાંક ૧) એ અરીસો સમજો, ઈશ્વર (વૃક્ષાંક ૨) એ તેનું વિવર્તરૂપ બિંબ સમજો અને "હું" (વૃક્ષાંક ૩) એ તેનું પ્રતિબિંબ સમજો. હવે અરીસાના દૃષ્ટાંતમાં ભેદ એટલો જ છે કે અરીસામાં પ્રતિબિંબ પડવાને માટે બીજા કોઈ બાહ્ય બિંબની જરૂર હોય છે, ત્યારે આ આત્મારૂપ અરીસો પોતે જ પોતામાં બિંબ અને પ્રતિબિંબ રૂપે બનેલો છે. જેમ આકાશમાંથી પૃથ્વીતત્ત્વ બની તેમાંથી જ ઘરો બને છે અને તેમાં અંદર મહાકાશ તથા ચોતરફ આકાશરૂપે તે પોતે જ હોય છે, આકાશના અધિષ્ઠાન વગર આ કશાનું પણ અસ્તિત્વ સંભવતું નથી, તેમ આ આત્મા (વૃક્ષાંક ૧)રૂપ અરીસો, બિંબ એટલે શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) તથા પ્રતિબિંબ એટલે અશુદ્ધ 'હું' અથવા શુદ્ધ હું નું પ્રથમનું સ્ફુરણ કિંવા બાહ્યાભાસ (વૃક્ષાંક ૩)રૂપે પ્રતીતિમાં આવતો હોવા છતાં પણ તેથી તે તદ્દન અસંગ અને નિર્વિકાર છે.

વૃક્ષને માટે શાસ્ત્રમાં આધાર છે કે ?

અત્યાર સુધીના વિવેચન ઉપરથી આપણે આત્મા (વૃક્ષાંક ૧), સાક્ષી, ઈશ્વર, પુરુષ કિંવા શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) અને શુદ્ધ "હું"નો પ્રથમનો આભાસ અથવા સ્ફુરણ (વૃક્ષાંક ૩), આમ વૃક્ષમાં બતાવેલા ત્રણ ભાવો સંબંધમાં જાણી શક્યા. કદાચ કોઈ કહેશે કે આ સંબંધમાં આધાર શો ?* તે માટે શાસ્ત્રનું એક કથન કહું છું. **"त्वम्"** પદનું જે જ્ઞાન તે આત્મપદ છે, એટલે દરેક જે પોતે પોતાને "હું" છું એમ કહે છે કિંવા જાણે છે તે આ સાક્ષી કિંવા શુદ્ધ "હું" નો **त्वम्** (તું) કહેવાય તેથી તે **त्वम्** પદને પોતે આત્મરૂપ છે એવું જે જ્ઞાન અર્થાત્ તું "તે" એટલે **तत्** કિંવા અનિર્વચનીય એવો આત્મા છે. એમ આ શુદ્ધ 'હું'રૂપ સાક્ષી (વૃક્ષાંક ૨), અશુદ્ધ 'હું' એટલે **त्वम्** (વૃક્ષાંક ૩) ને તું **"तत्"** એ આત્મા છે એમ બતાવે છે, ત્યારે જ તે **त्वम्** (તું) અને **तत्** રૂપ આત્મા એ બંને પદનું ઐક્યદર્શન થાય છે. સારાંશ, સાક્ષીને જ શ્રુતિશાસ્ત્રકારો શુદ્ધ અહમ્ (હું) કહે છે (જુઓ રહસ્યોપનિષદ, શુક-શિવસંવાદ). સિવાય કઠોપનિષદ અધ્યાય ૧ તૃતીયા વલ્લી મંત્ર ૬૪, ૬૫માં જે નામો વડે સમજાવેલું છે, તે વૃક્ષમાં આ પ્રમાણે છે. વૃક્ષાંક ૧ પુરુષ

*આ વૃક્ષના આધારને માટે ઋગ્વેદ મંડળ ૧૦ સૂ૦ ૯૦, વા૦સં૦ યજુ૦ ૩૧-૧-૧૫, કા૦સં૦ ૩૫-૧-૧૬, સામ૦ ૬૧૭ થી ૬૨૧, અથર્વવેદ ૧૯-૬, ૧ થી ૧૬, ભાગ૦ ૧૧-૨૨-૧૭ તથા ૩-૧૧ કેન૦ ૬૬૦ તૈત્તી૦ બૃહદા૦ છાંદોગ્ય. ઇત્યાદિ ઉપનિષદો જુઓ.

વૃક્ષાંક ૪ અવ્યક્ત, વૃક્ષાંક ૭ મહત્, વૃક્ષાંક ૧૦ બુદ્ધિ, વૃક્ષાંક ૧૧ મન, વૃક્ષાંક ૬ થી ૧૩ સુધીના સર્વ ભાવોને અર્થ તથા વૃક્ષાંક ૧૩ થી ૧૫૬ સુધીના સર્વ ભાવોને કાર્ય કિંવા ઇંદ્રિય એવી સંજ્ઞા વડે સમજાવેલું છે. આમાં વૃક્ષાંક ૨નો સમાવેશ વૃક્ષાંક ૧માં જ કરેલો છે તથા વૃક્ષાંક ૩–૫–૬નો ૪માં, ૮ અને તેના અંતર્ગત આવેલા સર્વ ભાવો તથા ૯નો સમાવેશ ૭ માં અને ૧૨નો સમાવેશ ૧૧માં જ કરેલો છે. આમ વૃક્ષાંક ૨, ૩, ૫, ૬, ૮, ૯ તથા ૧૨ એટલા ભાવો આ ઉપનિષદમાં અલગ બતાવેલા નથી, પરંતુ અન્ય પુરાણાદિના અભ્યાસકો પણ સુગમતાથી સ્પષ્ટ રીતે સમજી શકે તેટલા માટે વધુ સ્પષ્ટતા કરેલી છે. પુરાણ શાસ્ત્રકારો વૃક્ષાંક ૧ આત્મા, વૃક્ષાંક ૨ પુરુષ, વૃક્ષાંક ૩ પ્રકૃતિ, વૃક્ષાંક ૪ પ્રધાન, વૃક્ષાંક ૬ મહાપ્રાણ (સૂત્રાત્મા), વૃક્ષાંક ૭ મહત્, વૃક્ષાંક ૮ અહંકાર તથા વૃક્ષાંક ૮ (૧) ૮ [૨] અને ૮ (૩)માં બતાવેલા તમામ પેટાભેદો તથા વૃક્ષાંક ૯ ચિત્ત, વૃક્ષાંક ૧૦ બુદ્ધિ, વૃક્ષાંક ૧૧ મન અને વૃક્ષાંક ૧૨ હિરણ્યગર્ભ તથા વૃક્ષાંક ૧૩ સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ હોઈ વૃક્ષાંક ૧૪ થી ૧૫૬ ને સમષ્ટિ વિરાટ એટલી સંજ્ઞાઓ વડે સમજાવેલ છે. આ બધો મળીને વિરાટનો સ્થૂલદેહ કહેવાય છે(ભા૦ સ્કં૦ ૩–૧૧ જુઓ): આ રીતે સમજાવવાનો શાસ્ત્રકારોનો ઉદ્દેશ તત્ત્વની ભિન્નતા બતાવવાનો નથી, પરંતુ ધ્યેયને સ્પષ્ટ અને બને તેટલી સરળતાથી સમજાવી શકાય એટલા માટે તેનું વિસ્તૃત વિવેચન કરીને સમજાવવાનો હોય છે એમ સમજવું આ શાસ્ત્ર આધાર વડે પણ સમજી શકાશે કે આત્મા, ઈશ્વર અને માયા અર્થાત્ ક્રમે (૧) અનિર્વચનીય તત્ત્વ, (૨) લક્ષ્યાર્થદર્શક શુદ્ધ 'હું'રૂપ તત્ત્વ તથા (૩) 'હું'નો આભાસ કિંવા પ્રતિબિંબ સ્ફુરણ પામેલું વાચ્યાર્થદર્શક 'હું' એવું પ્રકૃતિ વા માયારૂપ તત્ત્વ એમ ત્રણ તત્ત્વોની ઉત્પત્તિ સંબંધમાં આપણે કંઈક જાણી શક્યા.

"હું" અને સાક્ષી ભાવોની પરસ્પર સાપેક્ષતા

આત્મા તો તદ્દન અસંગ અને નિર્વિકાર છે, તથા 'હું' અને તેનો સાક્ષી એ બંને પરસ્પર એટલા બધા સંલગ્ન છે કે એક વગર બીજાનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી. જેમ મારું કહેતાંની સાથે તેમાં હું આવી જાય છે, તેમ 'હું' કહેતાંની સાથે જ તેમાં તેના સાક્ષીભાવનો સમાવેશ પણ અનાયાસે જ થઈ જાય છે, જેમ મનુષ્ય અને તેની છાયા એ બન્ને પરસ્પર સંલગ્ન હોઈ સાપેક્ષ ભાવો છે. એકને છોડી બીજો રહી શકતો નથી તેથી તે સાપેક્ષ કહેવાય છે. એટલે જેમ છાયા હોય તો મનુષ્ય હોવો જ જોઈએ, તેમ 'હું' કહેતાંની સાથે જ તેનો સાક્ષી શુદ્ધ 'હું' હશે કે નહિ એવી કલ્પના કરવાની જરૂર રહેતી જ નથી. પરંતુ જેમ વીજળીનો દીવો જ્યારે પ્રકટ થાય છે ત્યારે જ આપણે જાણી શકીએ છીએ કે તેને પ્રેરણા અથવા બળ આપનારી કોઈ ગુપ્ત શક્તિ અવશ્ય છે અને આવી પ્રેરણાત્મક શક્તિ જેના આધારે વા અધિષ્ઠાન વડે રહે છે એવું એક તેનું મૂળ સ્થાનક છે, તેને વીજળીનું ઘર કહે છે, તેમાં આ વિદ્યુતશક્તિનો સાઠો ગુપ્તરૂપે રહેલો હોય છે, છતાં તે જ્યારે દીપ દ્વારા પ્રકટ થાય છે ત્યારે જ તેમાં વિદ્યુત છે એમ જાણી શકાય છે, તેમ આ શુદ્ધ "હું" તો ત્યારે જ જાણી શકાય છે કે જ્યારે આ 'હું' એવા ભાવનું પ્રાકટ્ય થાય છે અને 'હું' નું પ્રાકટ્ય થયું કે તેનો સાક્ષી કોઈ છે અને તેમાં 'હું' ને પ્રાકટ્ય કરવાની શક્તિ છે, એમ સિદ્ધ થઈ શકે છે. આમ જો કે 'હું'નું પ્રાકટ્ય તો તેના એટલે સાક્ષી અથવા શુદ્ધ 'હું'ના આધાર ઉપર જ અવલંબીને હોય છે. તે તેની સત્તા કિંવા આજ્ઞા વિના કિંચિન્માત્ર પણ કાંઈ કરવા શક્તિમાન હોતો નથી. આ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨)એ નિયત કર્યા પ્રમાણે જ પ્રતિબિંબરૂપ 'હું' (વૃક્ષાંક ૩) પોતાનું કામ કરે છે, આથી તેને નિયતિ પણ કહે છે. છતાં આ નિયતિનો પ્રેરક સાક્ષી અથવા દ્રષ્ટા ઈશ્વર (વૃક્ષાંક ૨)છે, એમ તો ત્યારે નિયતિરૂપ હું (વૃક્ષાંક ૩)નું પ્રાકટ્ય થાય ત્યારે જ જાણી શકાય છે. આમ આપણને "હું"રૂપ માયા (વૃક્ષાંક ૩) અને ઈશ્વર (વૃક્ષાંક ૨) એ બંનેનો સાપેક્ષ ભાવ સમજાયો. આ માયારૂપ જે હું (વૃક્ષાંક ૩) એ જ આ સર્વ સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ અને સ્થૂળ ભાવોનું મૂળ કિંવા આદિ સ્થાન સમજવું. આ જે જે કાંઈ સ્થૂળ કિંવા સૂક્ષ્મ ભાવો આપણા જોવામાં, જાણવામાં કિંવા મનાદિ વડે ચિંતન કરવામાં આવે છે તે સર્વનું મૂળ આ જ છે એમ જાણો.

હું નો સામાન્ય ભાવ : જેમ કે સોનું એમ કહેતાંની સાથે, એટલે સોનું એ એક શબ્દમાં જ જગતમાં જેટલું સુવર્ણ હશે તે બધાનો સમાવેશ થઈ જાય છે; ઘર કહેતાંની સાથે જ તેમાં ભીંતો, બારીઓ, બારણાં, અગાશી, જમીન, ખીંટી વગેરે સર્વનો સમાવેશ થઈ જાય છે, અથવા જંગલ કહેતાં તેમાં નાનાં મોટાં તમામ ઝાડોનો સમાવેશ થઈ જાય છે, તેમ આ હું (વૃક્ષાંક ૩) કહેતાં જ તેમાં તું, તે, આ, મારું, તારું, તમો, અમો ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાવો પ્રતીત થતા હોય, તે તમામનો સમાવેશ થઈ જાય છે. જેમ પાણી કહેતાંની સાથે જ તેમાં નદી, નાળાં, તળાવો, કૂવા, વાવ, સમુદ્ર, મહાસાગર, વરસાદ, મોરીમાંનું પાણી વગેરે તમામનો સમાવેશ થઈ જાય છે અથવા સમુદ્ર કહેતાં જ તેમાંનાં તરંગો, ફીણ, પરપોટા તથા તે મધ્યે રહેનારાં અનંત જળચર પ્રાણીઓ વગેરેનો સમાવેશ થઈ જાય છે; તેમ આ 'હું' કહેતાંની સાથે જ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; કર્તા, કરણ અને કાર્ય; પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય; બોદ્ધા, બુદ્ધિ અને બૌદ્ધવ્ય; મંતા, મન અને મંતવ્ય; વાચક, વાચન અને વાચ્ય ઇત્યાદિ તમામ ભાવોનો સમાવેશ થઈ જાય છે. કલ્પના કરો કે આખા જગતની અંદર બાણુમાં હો કે અલંકાર રૂપે લોકો પાસે સંગ્રહમાં હો, પરંતુ સોનું એમ કહેતાં જ તે બધાનો સમાવેશ તેમાં અનાયાસે જ થઈ જાય છે, આથી સોનું એ તેનું સામાન્ય નામ કહેવાય છે અથવા જેમ મનુષ્ય એમ કહેતાં જ જગતનાં તમામ મનુષ્યોનો ભાવ તેમાં સમાઈ જાય છે, તે સામાન્ય ભાવ કહેવાય છે; પરંતુ જેમ સુવર્ણને જ્યારે વ્યવહારમાં વિશેષરૂપમાં બતાવવાનું હોય તો તે અલંકારમાં નામ, રૂપ, આકાર, વજન, કિંમત, કસ વગેરે જુદા જુદા અનેક વિભાગ વડે પ્રચારમાં આવે છે; તેમ આ 'હું' એ સામાન્ય 'હું' છે એમ સમજો. હવે ઉપર જણાવ્યા પ્રમાણે જેમ આ અલંકારો છે, એમ વિશેષ ભાવથી બતાવવાનાં હોય ત્યારે આ સોનાનું કુંડળ છે, આ સોનાનું કડું છે, એમ કહેવાય છે, પરંતુ તેમાંથી સુવર્ણ એવો સામાન્ય ભાવ તો કદી પણ છૂટતો નથી; તેમ મારું, તારું ઇત્યાદિ નામરૂપો વડે વ્યવહાર કરતી વખતે આ 'હું' એવો સામાન્ય ભાવ તો કદી પણ છૂટી શકતો નથી. આથી લોકો વ્યવહારમાં પોતાને માટે 'હું', અને બીજાઓને માટે 'તું' એમ કહે છે અને જેને તું એમ કહેવામાં આવ્યું હોય તે જ્યારે વ્યવહાર કરે છે ત્યારે તે પોતાને માટે 'હું' ને પોતાને 'તું' કહેનારને માટે ઊલટું તું એમ કહે છે. આમ એક જ મનુષ્ય 'હું' અને 'તું' બને છે, તો આ પૈકી ખરું શું? 'હું' કે 'તું'? આથી એમ નિશ્ચય થયો કે 'હું' એ સામાન્ય ભાવ હોઈ 'તું' તો તેના ઉપર વિવર્ત કિંવા આભાસરૂપ મિથ્યા આરોપ અથવા તો પર્યાય સંજ્ઞાદર્શક છે. અર્થાત્ 'હું' તું જ 'તું' એવું નામ છે. આ રીતે 'હું' નો સર્વોત્તમભાવ સિદ્ધ થયો. આમ 'હું' તેનો સાક્ષી અને આત્મા એમ વૃક્ષમાંના એકથી ત્રણ ભાવોનું સ્વરૂપ આપણા સમજવામાં આવ્યું. હવે 'હું'માંથી 'તું' કિંવા મારું એ ભાવ શી રીતે પ્રકટ થવા પામ્યો તેનો વિચાર કરવાનો છે. તે પૂર્વે આને માયા કિંવા અવિદ્યા કેમ કહે છે તેનો સંક્ષેપમાં વિચાર કરીશું.

માયા કોને કહે છે?

ઉપર કહેવામાં આવ્યું છે કે, શુદ્ધ 'હું' ને દ્રષ્ટા, સાક્ષી, વેદાંતીઓ ઈશ્વર અને સાંખ્યશાસ્ત્રકાર પુરુષ ઇત્યાદિ સંજ્ઞાઓ આપે છે તથા તેમાંથી થયેલા આ પ્રતિબિંબરૂપ 'હું' ને આભાસ કહે છે. આને જ વેદાંતીઓ અવિદ્યા અથવા માયા અને સાંખ્યો પ્રકૃતિ કહે છે. તેને અવિદ્યા, માયા કિંવા પ્રકૃતિ એમ શા માટે કહેવામાં આવે છે, તે ઘણે ભાગે તો ઉપરના વિવેચનથી સમજવામાં આવ્યું હશે જ. જે કદી વિદ્યમાન નથી તે જ અવિદ્યા, માયા, કિંવા પ્રકૃતિ કહેવાય. તેનો ટૂંકમાં એટલો જ એક અર્થ છે કે જેમ 'તું' કહેવું એ વાસ્તવિક પર્યાયે 'હું' ની જ બીજી એક પર્યાય સંજ્ઞા છે તેમ આ 'હું' એ પણ જ્યાં 'હું' એવા ભાવનું કદી અસ્તિત્વ જ નથી તેવા અનિર્વચનીય સ્થાનની પર્યાય સંજ્ઞા છે. અર્થાત્ જેમ 'મારું' એ 'હું'નો વિવર્ત છે, એટલે મારું એવી સંજ્ઞા 'હું' ની જ છે; એમ આ 'હું' એ પણ શુદ્ધ 'હું' ભાવનું પ્રતિબિંબ કિંવા મિથ્યા સ્ફુરણ અથવા તો વિવર્ત છે. એટલે લક્ષ્યાર્થ વડે જાણી શકાય એવો જે શુદ્ધ 'હું' કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) એ જ જલતરંગની જેમ વિવર્તરૂપે 'હું' (વૃક્ષાંક ૩) એવા વાચ્યાર્થ ભાવે પ્રકટ

થયેલો હોય એમ ભાસે છે. અર્થાત્ જેમ 'મમ' અને તેને જાણનારા 'હું' નો અભિન્નભાવ સિદ્ધ થાય છે, તેમ આ 'હું' (વૃક્ષાંક ૩) તથા તેને જાણનારા તેના સાક્ષીરૂપ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) ની અભિન્નતા જ સિદ્ધ થાય છે. હવે જે આ શુદ્ધ હું એટલે સાક્ષી (વૃક્ષાંક ૨) છે, એ પણ વાસ્તવિક તો અશુદ્ધ 'હું' (વૃક્ષાંક ૩)નું પ્રાકટ્ય થવાને લીધે જ છે એમ લક્ષ્યાર્થ વડે જાણી શકાય છે, જે ઉપર કહેવામાં આવેલું જ છે; પરંતુ જ્યાં આ લક્ષ્યાર્થ સહિત વાચ્યાર્થ દર્શક 'હું' નો જ વિલય થાય છે, એવું જે અનિર્વચનીય પદ કે જેને 'તત્' કિંવા આત્મા એવી સંજ્ઞા વડે સંબોધવામાં આવે છે (વૃક્ષાંક ૧ જુઓ) તે પદનો આ 'હું' એ વિવર્ત છે. એટલે જે અનિર્વચનીય એવું આત્મપદ તે જ આ 'હું' રૂપે કહેવાય છે અને આ 'હું' તે જ અનિર્વચનીય એવું આત્મપદ છે. આ રીતે 'હું' ભાવ અને અનિર્વચનીય ભાવ એ બંનેની અભિન્નતા સિદ્ધ થતાં તેના સાક્ષી ભાવનો વિલય પણ અનાયાસે જ થઈ જાય છે; એટલે જેમ ઘડો ફૂટી જતાંની સાથે તેમાંના આકાશનો વિલય મહાકાશમાં અનાયાસે જ થઈ જાય છે તથા મહેનો નાશ થતાં જ તેમાંનું આકાશ મહાકાશમાં ભળી જાય છે, તેમ 'હું' રૂપી ધર્મ (વૃક્ષાંક ૩) એવો જડભાવ કે જે વાચ્યાર્થથી જાણી શકાય છે, તેનો વિલય થતાં જ તેનો સાક્ષી તો અનાયાસે જ આત્મસ્વરૂપ બની જાય છે, અને આમ થતાં આકાશ જેમ 'હું આકાશ છું,' એમ જાણતું નથી કિંવા મને કોઈ તેવું કહેનારો હશે, એવી તેને ખબર પણ હોતી નથી, તેમ આ 'હું' અને તેના સાક્ષીભાવનો વિલય થતાં આત્મા એવું નામ પણ તે પદને લાગુ પડી શકતું નહિ હોવાથી તે કરતાં પણ પર એટલે તેને આત્મા અથવા તે પદ અનિર્વચનીય છે એવું કલંક પણ રહેવા નહિ પામે; એટલા માટે તેને પરમ, પરમાત્મા, પુરુષોત્તમ, પરબ્રહ્મ એવી સંજ્ઞા શાસ્ત્રોમાં દર્શાવેલી છે (જુઓ વૃક્ષાંક ૐ). આ પદની પ્રાપ્તિ એ જ એક સર્વનું ધ્યેય છે. તમામ ભાવોનો અંતર્ભાવ અંતે આ પદમાં જ થાય છે. મોટા વડેરા દરેકને આ સ્થાને જ પહોંચવાનું હોય છે. આ પદ જ સુખ અને શાંતિનો મહાસાગર છે. ત્યાં ગયા પછી પ્રકાશને જેમ અંધકારની જાણ હોતી નથી તેમ દુઃખ ક્યાં હશે, કેવું હશે? ઇત્યાદિ કલ્પનાનો અંશ પણ હોતો નથી; એટલે 'હું' (વૃક્ષાંક ૩) એવો વાચ્યાર્થદર્શક ભાવ, સાક્ષી અથવા શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) એ લક્ષ્યાર્થદર્શક ભાવ અને તત્, આત્મા (વૃક્ષાંક ૧) કિંવા અનિર્વચનીય એ ભાવ તત્ત્વાર્થદર્શક છે અને તે કરતાં પણ પર એવો પરમાત્મા, પુરુષોત્તમ, પરબ્રહ્મ એ ભાવ સર્વથી પર છે કે જ્યાં આ ત્રણે ભાવો નથી; અનિર્વચનીય પદની પણ પૂર્ણાહુતિ એવું આ 'પર' સંજ્ઞાદર્શક સ્થાનક છે (જુઓ વૃક્ષમાં ૐ). આ પદ કેવળ અનુભવગમ્ય છે: તે જ આ તત્ત્વાર્થ, લક્ષ્યાર્થ અને વાચ્યાર્થદર્શક હોઈ અભિન્ન એવા એકરૂપે જ છે. આથી જ શાસ્ત્રકારો માયા એટલે કંઈ છે જ નહિ, આત્મામાં કદી માયાની ઉત્પત્તિ થવી શક્ય જ નથી ઇત્યાદિ કહે છે. આ રીતે માયાનું સ્વરૂપ સમજ્યા પછી માયામાંથી વિવર્તક્રમે આગળનો વિસ્તાર શી રીતે થવા પામ્યો, તેનો વિચાર કરવામાં સરળતા થશે.

કિરણાંશ ૪૦

અવ્યક્ત ભાવની ઉત્પત્તિ

વૃક્ષાંક (૪) ચારની સમજૂતી અને પર્યાય સંજ્ઞાઓ : આત્મા (વૃક્ષાંક ૧) તો તદ્દન અનિર્વચનીય છે જે ઉપર કહ્યું છે તથા શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) અને તેનાં પ્રતિબિંબરૂપ હું' (વૃક્ષાંક ૩)ની ઉત્પત્તિ વિવર્તભાવે શી રીતે થવા પામી, તે પણ ઉપર કહેવામાં આવ્યું છે. આ જડ ધર્મરૂપ 'હું' (વૃક્ષાંક ૩)ને પોતે કોણ? પોતાનું સાચું સ્વરૂપ શું? પોતાનું ઉત્પત્તિ સ્થાન કયું? તે જાણવાની ઇચ્છા થવાથી તેણે પોતાના સાક્ષી શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨)ને પ્રશ્ન કર્યો કે, હે શુદ્ધ 'હું'! હું પોતાને માટે 'હું' 'હું' એવું જે કહું છું, તે હું કોણ છે? આ હું રૂપ એવા મારી ઉત્પત્તિનું મૂળ સ્થાનક કયું? તેના પ્રશ્ન ઉપરથી આ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨), પ્રતિબિંબરૂપ 'હું' (વૃક્ષાંક ૩) કે જે 'હું' તેનો 'તું' થાય છે, તેને કહે છે કે, હે **ત્વમ્** (તું) રૂપ 'હું'! તું જેને 'હું' 'હું' એમ કહે છે, તે 'હું' તો **તત્ અસિ** એટલે 'તે' બ્રહ્મ વા આત્મા (વૃક્ષાંક ૧) છે અર્થાત્ જ્યાં 'હું' (વૃક્ષાંક ૨) અને 'તું' (વૃક્ષાંક ૩) એ બંને ભાવો નથી એવું જે અનિર્વચનીય પદ (વૃક્ષાંક ૧) તે જ તું છે. એ જ આત્મપદ હોઈ તે જ તારું સાચું સ્વરૂપ છે. તે ભાવોનો અનુભવ તો તું જ્યારે આ 'હું', 'હું' એવી રકુરણાનો પણ વિલય કરશે ત્યારે જ થશે, કારણ કે તારો વિલય થતાં હું પોતે પણ તે એટલે આત્મસ્વરૂપ જ બનું છું. તાત્પર્ય કે, 'હું' તો તારો (વૃક્ષાંક ૩ નો) સાક્ષી છું તે(વૃક્ષાંક ૧)નો એટલે આત્માનો નહિ, તેથી તારો વિલય થશે એટલે તારી

સાથે મારો વિલય તો સ્વરૂપમાં અનાયાસે જ થઈ જશે; માટે જ્યાં 'હું' એવો ભાવ નથી એવું અનિર્વચનીય સ્થાન તે જ તારું સાચું સ્વરૂપ છે. આથી આ **त्वमरूप** "હું" (વૃક્ષાંક ૩) એમ સમજ્યો કે ત્યાં એટલે આત્મામાં "હું" એવો ભાવ નથી. આથી તેણે "હું નથી," "હું નથી," એવો અભ્યાસ દૃઢ કરવા માંડ્યો; પરંતુ જે તેણે "હું નથી" એવું કહેવાન અટલે "હું" નો વિલય કરી નાખ્યો હોત તો સર્વ અનર્થોમાંથી મુક્ત થઈ તે અનિર્વચનીય એવા આત્મપદ(વૃક્ષાંક ૧)ના સ્વાનુભવમાં સ્થિત થઈ પોતે કૃતકૃત્ય બની જાત; પરંતુ તેમ કરવાને બદલે 'હું નથી,' એવું કહેવાથી એમ બન્યું કે, જેમ કોઈ વસ્તુ પોતાની પાસે જ હોય છતાં જાણ્યે અજાણ્યે તે મારી પાસે નથી એમ કહેવામાં આવે તો તે વસ્તુ તો છે જ અને વળી તે ઉપર 'નથી' એવા એક વસ્તુ ભાવનો આરોપ થયો. તેમ આમાં પણ એમ બન્યું કે, 'હું નથી' એમ કહેવામાં સાક્ષીભાવ સહ પોતે 'હું' તો હતો જ, તેમાં વળી 'હું નથી' એવા એક અભાવનો ઉમેરો થયો. એ રીતનો જે નાહમ્‌રૂપ ભાવ એ જ અવ્યક્ત કહેવાય છે (વૃક્ષાંક ૪).

અવ્યક્ત કિંવા નાહમ્

અવ્યક્ત તત્ત્વ વૃક્ષાંક ચારની ઉત્પત્તિ તથા પર્યાય સંજ્ઞાઓ : આ રીતે શુદ્ધ 'હું' અને તેમાંથી થયેલ અશુદ્ધ 'હું'ની ઉત્પત્તિનો ક્રમ આપણે જાણવામાં આવ્યો. હવે આગળનો વિસ્તાર શી રીતે થવા પામ્યો તેનો વિચાર કરવાની જરૂર છે. ઉપર કહેવામાં આવ્યું છે કે, આ પ્રતિબિંબાત્મક 'હું' (વૃક્ષાંક ૩)માં 'હું' નથી, એવો જે વિવર્તભાવ ઉત્પન્ન થવા પામ્યો તે કાંઈ સાક્ષી, શુદ્ધ 'હું' ઈશ્વર અથવા પુરુષના કોઈ કર્મ થકી નહિ, પરંતુ કેવળ તેની ઈક્ષણ એટલે દ્રષ્ટૃત્વ (દૃક્) શક્તિ વડે જ ક્ષોભ ઉત્પન્ન થયેલો છે. વ્યવહારમાં જેમ કોઈ કાર્ય નેત્રના ઇશારા વડે જ કરવામાં આવે છે કિંવા ક્રોધ પણ નેત્રના ઇશારા ઉપરથી જ જાણવામાં આવે છે, તેમ આ સાક્ષીરૂપ શુદ્ધ 'હું' પુરુષ કિંવા ઈશ્વરે કેવળ દ્રષ્ટૃત્વશક્તિ વડે જ આ પ્રતિબિંબરૂપ 'હું' (વૃક્ષાંક ૩)માં ક્ષોભ એટલે સ્પંદન ઉત્પન્ન કર્યું છે. ઈશ્વરે ફક્ત ઈક્ષણ વડે કાર્ય કરેલું હોવાથી તેને સર્વનો દ્રષ્ટા કહે છે. આ રીતે જ્યારે 'હું' (વૃક્ષાંક ૩)માં ક્ષોભ થવા પામે છે, ત્યારે આ ઈક્ષણશક્તિરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨) ધર્મી કહેવાય છે. કેમ કે તે હું એ ભાવને ધારણ કરનારો બને છે. આથી તે ધર્મી અને તેણે ધારણ કરેલ 'હું' ભાવ એ ધર્મ કહેવાય છે. આમ તે જ્યારે 'હું' એવા વિવર્તભાવને ધારણ કરનાર ધર્મવાળો બને છે, ત્યારે તે જ પ્રકૃતિ કિંવા માયા કહેવાય છે, કે જે વાસ્તવિક આત્મા (વૃક્ષાંક ૧)માં કદી છે જ નહિ. આ મુજબ માયાના ત્રણ ગુણોમાં ઈશ્વરની કાળરૂપ ઈક્ષણ શક્તિ વડે સૌથી પ્રથમ ક્ષોભ થવા પામેલો હોવાથી ઈશ્વરને માયોપાધિક શબલબ્રહ્મ પણ કહે છે. આ ઈશ્વરની જે ઈક્ષણશક્તિ તે જ ચરાચરને નિયમમાં રાખનારો સર્વભક્ષી કાળ કહેવાય છે. આમ દ્રષ્ટા કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨), એ સર્વજ્ઞાનનો પ્રેરક હોવાથી જ્ઞાનશક્તિરૂપે, તેની ઈક્ષણશક્તિ એ કાળ અને માયા એ દેશ કહેવાય છે તથા માયાના ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન થવો તે ક્રિયા કહેવાય. આ માયા અને તે વડે ઉત્પન્ન થતી તમામ દૃશ્યજાળ (વૃક્ષાંક ૩ થી ૨૫ સુધી), ઈશ્વરીય ઈક્ષણશક્તિરૂપ કાળના જડબામાંથી કદી પણ છૂટી શકતી નથી. તેણે ઠરાવી આપેલા નિયમ પ્રમાણે જ તેને ચાલવું પડે છે, તેમાં તે જરા પણ ફેરફાર કરવા કદી શક્તિમાન નથી તેથી આ માયા કિંવા પ્રકૃતિને નિયતિ પણ કહે છે. આમ માયા એ નિર્યાત, તેને નિયમનમાં રાખનારો તે ઈશ્વર અને તેની ઈક્ષણશક્તિરૂપ કાળ તે દૈવ કહેવાય છે. ધર્મી પણ તે (ઈશ્વર)ને જ કહે છે તથા નિયતિ એ ધર્મ બને છે. આ નિયતિમાં ત્રણ ગુણો અને જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ, સ્પંદશક્તિ, મનઃશક્તિ, દ્રવ્યશક્તિ ઇત્યાદિ વ્યવહારમાં રહેલી તમામ શક્તિઓ સૂક્ષ્મરૂપે હોય છે. આમ પાણી તથા હિમ(બરફ)ની જેમ ઈશ્વર કિંવા પુરુષ (વૃક્ષાંક ૨) પોતે જ પોતાની ઈક્ષણશક્તિ વડે પોતામાં માયા, પ્રકૃતિ અથવા નિયતિરૂપ વિવર્તભાવને પામ્યો તે પોતે જ પ્રથમ પોતાની કાળરૂપ વિવર્ત શક્તિરૂપે બની તે દ્વારા પ્રથમતઃ ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે; એ જ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોની આદ્ય ઉત્પત્તિ સમજો (જુઓ વૃક્ષાંક ૩ના પેટામાંના ૧, ૨, ૩ ભાવો). આ પ્રમાણે ઈશ્વર વા પુરુષની ઈક્ષણશક્તિ વડે માયા, પ્રકૃતિ, કિંવા નિયતિના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન થયો છે. સત્ત્વમાંથી જ્ઞાનશક્તિ, રજમાંથી સ્પંદશક્તિ તથા તમોગુણમાંથી દ્રવ્યશક્તિ એ રીતે ક્ષોભ થવા પામેલો છે. અને તત્પશ્ચાત્ ગુણો સહ તે ત્રણે શક્તિનું એકરૂપ એવું મિશ્રણ બન્યું છે. જેમ જેટલા સુવર્ણના દાગીના બનાવવાના હોય તેટલા સોનાની પ્રથમ એક લગડી બનાવવામાં આવે છે, તેમ આ ત્રણ ગુણોનું સમમિશ્રણાત્મક એવું **અવ્યક્ત તત્ત્વ-કે જેને નાહમ્ એટલે 'હું' નથી, એવી સંજ્ઞા વડે સમજાવેલું છે** (જુઓ વૃક્ષાંક ૪), તે તત્ત્વ બનેલું કોઈ ચરાચર ભાવિ

જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયનું બીજ તેમાં જ રહેલું છે. જેમ સોનાની લગડીમાં અલંકારોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય અવલંબે છે તેમ આ અવ્યક્ત તત્ત્વરૂપ વિવર્તમાં જ ભાવિ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું બીજ રહેલું છે. આ અવ્યક્ત તત્ત્વમાં જેમ ત્રણ ગુણોનું મિશ્રણ છે તેમ જ્ઞાનશક્તિ, મનઃશક્તિ, રૂપંદશક્તિ, સ્મૃતિશક્તિ, બુદ્ધિશક્તિ, પ્રતિભાશક્તિ, કલ્પનાશક્તિ, ક્રિયાશક્તિ, દ્રવ્યશક્તિ વગેરે તમામ શક્તિઓનું બીજ પણ છે. આ અવ્યક્તમાં જે જ્ઞાનશક્તિનો અંશ તે શિવ કહેવાય છે. જેમ સુવર્ણની લગડીનું જ્ઞાન બે પ્રકારે થઈ શકે છેઃ (૧) હું સુવર્ણ છું, અને (૨) હું અલંકારો છું, તેમ આ અવ્યક્તમાં પણ બે પ્રકારનું જ્ઞાન છે. તેમાં 'હું' આત્મા છું એવા જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે તે શિવ કહેવાય છે, પરંતુ તેને બદલે વિપરીત જ્ઞાન એટલે અજ્ઞાનના પ્રાદુર્ભાવને લીધે તેને અવ્યક્ત પ્રકૃતિ, **નાહમ્**, પ્રધાન, મહાશૂન્ય, અભાવ, જડભાવનું મૂળ ચારંભરથાન, મહાકાશ, સુષુમ્નિનું મૂળ બીજ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે સંબોધવામાં આવે છે. સર્વ બ્રહ્માંડોનો તેમાંનાં ચૌદલોક સહ જ્યારે વિલય થાય છે ત્યારે તે સર્વ આ અવ્યક્ત પદમાં સ્થિત હોય છે તથા તમામ લોકો જ્યારે ગાઢ નિદ્રામાં હોય છે ત્યારે પણ તેમની આ અવ્યક્ત પદમાં જ સ્થિતિ હોય છે. તેમાં જ ભાવિ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિનાં બીજો રહેલાં છે. આ રીતે આપણે **અહમ્**માંથી થોડી ગેરસમજને લીધે ભ્રમ વડે અનેક બ્રહ્માંડોનો મહાન વિસ્તાર જેમાંથી થઈ શકે એવા બીજની ઉત્પત્તિ શી રીતે થવા પામી, તે અવ્યક્ત ભાવની સ્પષ્ટતા સમજી શકયા.

અર્ધનારીનટેશ્વરની ઉત્પત્તિ

વૃક્ષાંક (૫) પાંચની સમજૂતી તથા પર્યાય સંજ્ઞાઓ : હવે જેમ ઝાડના બીજમાંથી અંકુર નીકળે છે તે પહેલાં તેમાં બે ફાડ (ભાગ) પડે છે અથવા મારું શરીર કહેવાં જ તેમાં હું અને મારું એવા બંને ભેવો એક સાથે જ આવી જાય છે, તેમ આ અવ્યક્ત રૂપે મિશ્રિત રહેલા સત્ત્વ અને રજોગુણના મિશ્રણાંશ વડે જ્ઞાનશક્તિ તથા રજતમના મિશ્રણાંશ વડે ક્રિયા અને દ્રવ્યશક્તિ એમ અંતર તમામ શક્તિઓના અંશ સહિત આ શક્તિઓનું મિશ્રણાત્મક એવું એક તત્ત્વ આ અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪ માંથી નીકળે છે. આ તત્ત્વમાં જ્ઞાન શક્તિની અંતર્ગત મનઃશક્તિ તથા ક્રિયાશક્તિની અંતર્ગત રૂપંદ અને દ્રવ્યશક્તિનો સમાવેશ થઈ જાય છે. આમ અવ્યક્તરૂપ બીજમાંથી વ્યક્ત અંકુર ઉત્પન્ન થતાં પૂર્વે જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ યુક્ત એવું એક તત્ત્વ પ્રકટ થવા પામેલું છે. જેને અર્ધનારીનટેશ્વર, પ્રકૃતિપુરુષ, શિવશક્તિ ઇત્યાદિ સંજ્ઞાઓ છે. આમ આ એક તત્ત્વમાં જ બે તત્ત્વોનો સમાવેશ એક સાથે થયેલો છે, હજુ સુધી બે જુદાં જુદાં થયાં નથી એવું આ તત્ત્વ છે (જુઓ વૃક્ષાંક ૫). તેમાં નટેશ્વર, પુરુષ કિંવા શિવ એ જ્ઞાનશક્તિનો અંશ સમજવો તથા અર્ધનારી પ્રકૃતિ, કિંવા શક્તિ એ સંજ્ઞાઓથી દર્શાવવામાં આવતો અંશ ક્રિયાશક્તિનો સમજવો. આમાં ઉત્તરોત્તર એક એક અંશનું મિશ્રણ હોય છે. જેમ એકંદર સુવર્ણમાંથી દશ તોલાના સુવર્ણના એક ગોળો જુદો કર્યો તે અવ્યક્તતત્ત્વ (વૃક્ષાંક ૪) સમજો, તેમાંથી બે તોલાની વીંટી, ત્રણ તોલાનો અછોડો અને પાંચ તોલાનું કડું એમ ત્રણ આકારો બનાવવાના છે એવો નિશ્ચય થયો; પરંતુ હજુ સુધી તેવા જુદા ભાગો પાડ્યા નથી. આમ ત્રણ ભાગો પાડવાનો જે નિશ્ચય થયો તે જ અર્ધનારીનટેશ્વર સ્વરૂપ (વૃક્ષાંક ૫) સમજો; કેમ કે આ તેમાંથી પાડવાના જુદા જુદા ભાગોનું સૂક્ષ્મ સ્વરૂપ થયું. ત્યાર પછી થયેલા નિશ્ચયાનુસાર તેમાંથી ઉપર પ્રમાણે જુદા જુદા ત્રણ ભાગો પાડ્યા તે જ મહાપ્રાણ (વૃક્ષાંક ૬) સમજો. પછી તેમાં અનેક નકશી વગેરે કર્યું તે મહત્તત્ત્વથી માંડી બ્રહ્માંડાદિ (વૃક્ષાંક ૭ થી ૨૫૬) સુધીના ભાવો છે એમ સમજો. બાદ ફરીથી દાગીનાઓને ભાંગી ને દશ તોલાનો એક ગોળો બનાવી દીધો તો તેમાંની તમામ નકશીઓ વગેરે સર્વનો વિલય પાછો આ અવ્યક્તમાં જ થાય છે. આ રીતે તેમાંથી ઘડતરો કરવા પૂર્વેની જે સ્થિતિ તે અવ્યક્ત અને અમુક તોલાનો અમુક અલંકાર બનાવવો એ પ્રમાણે જે નિશ્ચય કરવો તે આ જ્ઞાનશક્તિ અથવા ક્રિયા તથા દ્રવ્યશક્તિનું મિશ્રણાત્મક એવું અર્ધનારીનટેશ્વર, પ્રકૃતિપુરુષ કિંવા શિવ શક્તિરૂપ તત્ત્વ સમજવું. આમાં જ્ઞાન અને ક્રિયા બંને હોવાથી તેની અંતર્ગત આવેલાં (વૃક્ષાંક ૬ થી ૨૫૬ સુધીના) તમામ તત્ત્વોને પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા એ બંને શક્તિઓની જરૂર હોય છે. આથી વ્યવહારમાં પણ દરેક મનુષ્યને કોઈ પણ કાર્ય કરવા પૂર્વે પ્રથમ તો અંતઃકરણમાં વિચાર કરવો પડે છે અને પછી તે ક્રિયા કરે છે. આમાં વિચારને પ્રેરણા દેવી તે જ્ઞાનશક્તિનું કાર્ય હોઈ, ત્યાર પછી પ્રત્યક્ષ સ્થૂલ ક્રિયા કરવામાં આવે છે, તે કાર્ય ક્રિયાશક્તિનું છે. આમ ક્રિયા થવી તે ક્રિયાશક્તિ તથા તેમ થવા સંકલ્પને પ્રેરણા થવી તે જ્ઞાનશક્તિ કહેવાય. આ બંને શક્તિઓ અનુક્રમે પ્રકૃતિ અને પુરુષાંશરૂપ છે.

किरणांश ४१

महाप्राण किंवा सूत्रात्माની ઉત્પત્તિ

वृक्षांक [६] छनी समजूती अने पर्याय संज्ञाओ : ઉપર જણાવ્યા પ્રમાણે સોનાની લગડીના બે ત્રણ અને પાંચ તોલાના જુદા જુદા ટુકડાઓ કરવામાં આવે છે. તેમ પ્રથમ તેવો નિશ્ચય થયા પછી જેમ અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫)માંથી અનેક ભાવો વડે છૂટા પડવું તેનું નામ જ મહાપ્રાણ કિંવા સૂત્રાત્મા સમજો. **मम** (મારું) એ ભાવનું મૂળ પ્રાકટ્ય સ્થાન આ જ છે. સોનાના ટુકડાઓ પડ્યા એટલે તેને તપાવીને સારી રીતે શુદ્ધ કરવામાં આવે છે અને પછી તેને એરણ ઉપર ટીપીને કિંવા તાર વગેરે કાઢીને પોતાની ઇચ્છામાં આવે તેવી રીતે નકશીવાળી આકૃતિ તૈયાર કરવામાં આવે છે. આમ ટુકડા પડ્યા પછી અને અલંકાર તૈયાર થતાં સુધીની જે ક્રિયાઓ તે પ્રત્યક્ષ કાર્ય બન્યા પૂર્વની સૂક્ષ્મ સ્થિતિ સમજવી. તેમ આ મહાપ્રાણમાંથી ક્રમે અનેક બ્રહ્માંડો ઉત્પન્ન કરવારૂપ કાર્યસૃષ્ટિ કે જે ચૌદલોકો વડે વ્યાપેલી જોવામાં આવે છે તે તો તેનું પ્રત્યક્ષ પ્રકટ થનારું કાર્ય છે(વૃક્ષાંક ૧૩ થી ૧૫ **घ** જુઓ). તે કાર્ય થતાં પૂર્વે આ જીવાત્મા અથવા મહાપ્રાણ નીચે બતાવ્યા પ્રમાણે મહત્તત્ત્વાદિ વિવર્તભાવને પામે છે તેને કારણતત્ત્વો કહે છે, જે અત્યંત સૂક્ષ્મ છે. માળામાં દોરીની અંદર જેમ મણિ પરોવાઈને રહેલા હોય છે, તેમ આ મહાપ્રાણ, સૂત્રાત્મા, જીવાત્મા યા **मम**(મારું) એવા ભાવની ઉત્પત્તિનું સ્થાન એટલે જુદાપણાનો ભાવ બતાવી શકે એવું સ્થાનક કહો, તે જ આ તત્ત્વ છે. જેમ મણિમાં દોરો પરોવાયેલો હોય છે, તેમ એ તત્ત્વ જ દરેકમાં પરોવાયેલું હોવાથી તેને મહાપ્રાણ અથવા સૂત્રાત્મા કહેવામાં આવે છે. આ પ્રાણ પરમાત્મા, વિરાટપુરુષ કિંવા ભગવાનનો સમજવો. આને જ મહાપ્રાણ, મુખ્યપ્રાણ, જીવાત્મા, જીવભૂતપ્રકૃતિ, જીવલોક, **मम** ભાવનું પ્રાકટ્ય સ્થાન, સૂત્રાત્મા, શક્તિ, પ્રાકૃત અને વૈકૃત સૃષ્ટિઓનું મૂળ આરંભસ્થાન, તૈજસ(ફક્ત મનઃશક્તિ ઉપરથી જાણી શકાય છે, તેથી તે તૈજસ કહેવાય છે), સ્વપ્ન અવસ્થા; ભૂતાકાશ, ચિદાભાસ, ઉકાર, પ્રદ્યુમ્ન ઇત્યાદિ સંજ્ઞાઓ છે; આને જ અર્થ પણ કહે છે. કાર્ય થતાં પૂર્વેનો જે તેનો સૂક્ષ્મભાવ હોય છે તે જ અર્થ કહેવાય છે(જુઓ વૃક્ષાંક ૬) તથા કાર્યની પ્રત્યક્ષ પ્રકટતા થવી તેને કામ કિંવા કર્મ કહે છે(જુઓ વૃક્ષાંક ૧૩). સારાંશ, વિરાટ પુરુષના કારણ દેહ(વૃક્ષાંક ૩ થી ૫)ને ધર્મ, વિરાટ પુરુષના સૂક્ષ્મ અથવા લિંગ દેહ(વૃક્ષાંક ૬ થી ૧૨) ને અર્થ તથા વિરાટ પુરુષના સ્થૂલદેહ(વૃક્ષાંક ૧૩ થી ૧૫ **घ** સુધીના તમામ કાર્ય) ને કામ વા કર્મ અને વિરાટ પુરુષના અધિષ્ઠાન એવા આત્મા વા બ્રહ્મ(વૃક્ષાંક ૧)ને મોક્ષ કહેવામાં આવેલું હોઈ તે પરમ સ્થાનની પ્રાપ્તિ કરવી એ જ સર્વનું અંતિમ ધ્યેય છે.

महत्तत्त्वनी ઉત્પત્તિ

महत्तत्त्व वृक्षांक (७) सातनी ઉત્પત્તિ तथा पर्याय संज्ञाओ : આ મહાપ્રાણ, જીવાત્મા વા સૂત્રાત્મામાંથી પ્રથમ મહત્તત્ત્વની ઉત્પત્તિ થવા પામેલી છે. આને શાસ્ત્રમાં પરમાત્માનું અંતઃકરણ પણ કહે છે. કારણ કે જગતમાં જેટલાં જેટલાં સમષ્ટિ અંતઃકરણો છે તે સર્વનું મૂળ આરંભસ્થાન આ જ છે. તમામ વ્યષ્ટિ એટલે એકેક જીવોનાં અંતઃકરણો મળીને એક **સમષ્ટિનું** અંતઃકરણ થાય છે તથા આવાં અનેક સમષ્ટિ જીવોનાં અંતઃકરણો મળી આ અંતઃકરણ થયેલું છે, તેથી તેને વિરાટનું અથવા ભગવાનનું અંતઃકરણ એમ પણ કહે છે. પ્રાકૃત છ સૃષ્ટિઓ પૈકી આ પહેલી સૃષ્ટિ છે. આને મહત્તત્ત્વ, અંતઃકરણ, ભૂતપ્રકૃતિ, મહામાયા ઇત્યાદિ પર્યાય સંજ્ઞાઓ શાસ્ત્રોમાં આપવામાં આવેલી છે (જુઓ વૃક્ષાંક ૭).

अहंकारनी ઉત્પત્તિ

अहंकार वृक्षांक (८) आठनी समजूती तथा पर्याय संज्ञाओ : ઉપર મહત્તત્ત્વ એટલે ભગવાનનું હૃદય કિંવા અંતઃકરણ કહ્યું, તેમાંથી 'હું' 'હું' એવા અનેક અહંકાર ભાવની ઉત્પત્તિ થતી રહે છે. અહંકારના દેવતા રુદ્ર હોઈ પ્રાકૃત સૃષ્ટિમાંની આ બીજી સૃષ્ટિ છે(જુઓ વૃક્ષાંક ૮). અત્યાર સુધીનો જે વિસ્તાર કહેવામાં આવ્યો તેમાં ઉપરનાં દરેક તત્ત્વોનું મિશ્રણ તો હોય છે જ. જેમ કે, ૩માં ૨નું, ૪માં ૨ ને ૩નું; ૫માં ૨ થી ૪નું; ૬માં ૨ થી ૫નું; ૭માં ૨ થી ૬નું તથા ૮માં ૨ થી ૭નું મિશ્રણ હોય છે. આ વિવેચનનો ઉદ્દેશ એ છે કે ઉપર માયા (વૃક્ષાંક ૩)માં પ્રક્ષિપ્ત (વૃક્ષાંક ૨)ની ક્ષોભણરૂપ કાળશક્તિ વડે સત્ત્વ, રજ અને તમ ગુણમાં ક્ષોભ ઉત્પન્ન થવા પામ્યો એમ જે કહ્યું છે, તે જ ત્રણ ગુણોનો વિવર્તક્રમે અત્યાર સુધી એટલે આ

અહંકાર તત્ત્વ સુધી વિકાસ થયેલો છે; એ અહંકાર જ તમોગુણના વિશેષપણાને લીધે તામસ, રજોગુણના વિશેષપણાને લીધે તૈજસ અને સત્ત્વગુણના વિશેષપણાને લીધે વૈકારિક એમ ત્રણ પ્રકારનો થયો છે. આ અહંકાર સૂક્ષ્મમાંથી જડની પ્રકટતા કરનારો એની ગાંઠ સમાન વચલા સાંધારૂપ છે, એમ જાણવું.

વૈકારિક, તૈજસ અને તામસ અહંકારો

અહંકાર વૃક્ષાંક [૮] આઠના પેટાભાવો ૬ થી ૬ તથા અ, આ, ૬ અને તેની અંતર્ગત આવેલા ભાવોની સમજૂતી : અહંકારની અંદર જે આ તામસ, તૈજસ અને વૈકારિક એવા ત્રણ પ્રકારો કહ્યા તે જ ક્રમે ત્રીજી, ચોથી અને પાંચમી પ્રાકૃત સૃષ્ટિઓ કહેવાય છે (જુઓ ક્રમે ૬, ૬ અને ૬)આ જ ક્રમે કાર્ય (૬) કારણ (૬) તથા કર્તા (૬) કહેવાય છે. આમાં કારણ એટલે જ અધ્યાત્મ, કાર્ય એટલે અધિભૂત અને કર્તા તે અધિદૈવ કહેવાય છે. અધિદૈવ કિંવા કર્તામાંથી મનોમય (૬), અધ્યાત્મ કિંવા કારણમાંથી ઇંદ્રિય-સમૂહ (૬) તથા અધિભૂત કિંવા કાર્યમાંથી પંચમહાભૂત સમૂહ (૬)ની ઉત્પત્તિ થવા પામેલી છે. મનોમયમાંથી દેવતા (વૃક્ષાંક ૮/૭–અ), તેનાં નામો અનુક્રમે (૧) દિશા, (૨) ઔષધિ (આને વજ્ર નામનો વાયુ પણ કહે છે). (૩) સૂર્ય, (૪) વરુણ, (૫) વાયુ કિંવા અશ્વિનીકુમાર, (૬) અગ્નિ, (૭) ઇંદ્ર, (૮) વિષ્ણુ, (૯) પ્રજાપતિ અને (૧૦) મિત્ર દેવતાની ઉત્પત્તિ થવા પામેલી છે. આ સિવાય વિરાટની નાભિમાં અપાન વાયુ તેના દેવતા મૃત્યુ, નાડીઓમાં રુધિર તેના દેવતા નદી, પેટમાં ક્ષુધાતૃષા તેના દેવતા સમુદ્ર છે એમ સમજવું. ઇંદ્રિયસમૂહ (વૃક્ષાંક ૮/૮–આ)માંથી બે ભાગો પડે છે. એકમાં પાંચ જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયોનો સમાવેશ થાય છે, તથા બીજામાં તેનાં સ્થાનકોનો સમાવેશ થાય છે. (૧) શ્રોત્ર, (૨) ચામડી કિંવા લોમ, (૩) ચક્ષુ, ( ) રસના અને (૫) ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિયો હોઈ તેના અનુક્રમે (૧) કાન, (૨) ત્વચા (ચામડી), (૩) નેત્ર, (૪) જિહ્વા અને (૫) નાક એ, પાંચ ગોલકો અથવા સ્થાનકો કહેવાય છે. તેમ જ (૧) વાણી, (૨) બળ, (૩) ગતિ, (૪) રેત અને (૫) પાયુ, એ પાંચ કર્મેંદ્રિયો કહેવાય છે. (૧) મોઢું, (૨) બે હાથ, (૩) બે પગ, (૪) શિશ્ન અને (૫) ગુદા, એ પાંચ કર્મેંદ્રિયોનાં સ્થાનો ગણાય છે (જુઓ: ૮/૮–આ). અપંચીકૃત પંચમહાભૂતના સમુદાયમાંથી પ્રથમ સૂક્ષ્મ તન્માત્રા (૮/૯–૬) ક્રમે (૧) શબ્દ, (૨) સ્પર્શ, (૩) રૂપ, (૪) રસ અને (૫) ગંધ તથા (૬) આકાશ, (૭) વાયુ, (૮) વહ્નિ, (૯) જળ અને (૧૦) પૃથ્વી, એ પ્રમાણેની ઉત્પત્તિ થવા પામેલી છે (વૃક્ષાંક ૮/૯૬ના પેટામાં જુઓ). આ રીતે અહંકાર (વૃક્ષાંક ૮)ની અંતર્ગત આવેલા પેટા ભાવોની ઉત્પત્તિ થવા પામેલી છે.

ભગવાનનાં ચિત્ત, બુદ્ધિ અને મનની ઉત્પત્તિ

વૃક્ષાંક ૯, ૧૦ અને ૧૧ ની સમજ : આ રીતે વૃક્ષાંક ૮ અને ૮ ની અંદર આવેલા પેટા ભાવોની ઉત્પત્તિના મિશ્રણ સહ તામસ ગુણમાંથી ચિત્ત કે જે ભગવાન અથવા વિરાટનું ચિત્ત કહેવાય છે તેની ઉત્પત્તિ થવા પામેલી છે. તેના દેવતા ક્ષેત્રજ્ઞ હોઈ તે ચિત્તના અભિમાનીને જીવ, વિષ્ણુ કિંવા યજ્ઞનારાયણ પણ કહે છે. ચિત્તનું કાર્ય તો ફક્ત વિષયોને પ્રેરણા કરવી એ જ ગોક્ક છે (જુઓ વૃક્ષાંક ૯ તથા અ, આ). ત્યાર પછી અહંકાર અને તેમાંના પેટા ભાવોના મિશ્રણ સાથે રાજસ ગુણમાંથી બુદ્ધિ અને તેના દેવતા બ્રહ્માની ઉત્પત્તિ થઈ, નિશ્ચય એ જ તેનો વિષય હોઈ આને જ ભગવાનની બુદ્ધિ કહે છે(જુઓ વૃક્ષાંક ૧૦ તથા અ, આ). સાત્ત્વિક અહંકારમાંથી મનની ઉત્પત્તિ થવા પામેલી હોઈ તેના દેવતા ચંદ્ર છે. સંકલ્પ એ જ તેનો વિષય છે. આને જ શાસ્ત્રકારો વિરાટપુરુષ અથવા ઈશ્વરનું મન કહે છે(જુઓ વૃક્ષાંક ૧૧ તથા ૧૧ અ,આ). જેમ મનુષ્યોમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર હોય છે તેમ ઈશ્વર, વિરાટપુરુષ કિંવા ભગવાનમાં પ્રથમ અંતઃકરણ, પછી અહંકાર, પછી ચિત્ત, પછી બુદ્ધિ અને પછી મન એ પ્રમાણે અનુક્રમે વિવર્તભાવે ઉત્પન્ન થવા પામેલું છે. આ બધાં સૂક્ષ્મ એવાં કારણતત્ત્વો છે. જેમ વ્યવહારમાં બીજથી માંડીને અંકુર, શાખા, પાન, ફૂલ અને ફળ એ બધું મળીને વૃક્ષરૂપ કાર્ય કહેવાય છે. બીજ એ તો આ વૃક્ષરૂપ કાર્યનું કારણ કહેવાય. બીજથી માંડીને ફળ સુધી રહ્યું કારણ અને કાર્યભાવ પ્રત્યક્ષ બતાવી શકાય તેવો હોય છે પરંતુ બીજનું કારણ પ્રત્યક્ષ રીતે અને સ્થૂલ દૃષ્ટિએ બતાવી શકાય તેવું હોતું નથી, તે તો અનુમાનવડે જ સિદ્ધ થઈ શકે છે. એટલે તે લક્ષ્યાર્થથી જ જાણી શકાય એવું સૂક્ષ્મ હોય છે તેમ વૃક્ષાંક ૬ થી ૧૧ સુધીનાં બધાં સૂક્ષ્મ એવાં કારણતત્ત્વો કહેવાય છે; આ વિરાટનો સૂક્ષ્મદેહ છે. તેને જ શાસ્ત્રોમાં હિરણ્યગર્ભરૂપે સંબોધેલું છે. વૃક્ષાંક

૨ થી ૫ સુધીનાં તત્ત્વો તો સ્થૂળનું કારણ સૂક્ષ્મ તથા તેનું પણ કારણ હોવાથી તેને કરણ કિંવા મહાકરણ કહેવામાં આવ્યું છે. કારણના પણ કારણને કરણ કહે છે. તે વિરાટનો કારણદેહ કહેવાય છે. સ્થૂળ ક્રિયા થવામાં પ્રથમ ઈશ્વરની કાળરૂપ ઈક્ષણશક્તિ તથા આ સૂક્ષ્મતર મહાકારણ(વૃક્ષાંક ૩ થી ૫) અને સૂક્ષ્મ એવાં કારણતત્ત્વો (વૃક્ષાંક ૨ થી ૧૨) સુધીની ધર્મ અને અર્થરૂપ સૂક્ષ્મતર અને સૂક્ષ્મ સામગ્રીઓની જરૂર હોય છે. વૃક્ષાંક ૨ થી ૫ સુધી 'ધર્મ' તથા ૬ થી ૧૨ સુધી 'અર્થ' અને વૃક્ષાંક ૧૩ થી ૧૫૬ના તમામ કામ કહેવાય છે, તેમ વૃક્ષાંક ૧ને મોક્ષ કહે છે. તાત્પર્ય એ કે, આટલી સૂક્ષ્મ સામગ્રીઓ જ્યારે એકઠી થાય છે, ત્યારે જ કામ કિંવા કર્મ કરનાર પોતે કાર્ય કરી શકે છે. આ બધાં સૂક્ષ્મતત્ત્વોના આધારે જ વિરાટદેહના અભિમાની ઈશ્વરે પોતાના સ્થૂલ દેહરૂપ એવાં અસંખ્ય સમષ્ટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરેલી છે અને વળી તે પોતે જ સમષ્ટિના અભિમાની બ્રહ્મદેવ રૂપે બનેલો છે. જેમ વિદ્યુત્શક્તિ(વીજળી) પોતે તો અદૃશ્ય જ હોય છે, પરંતુ તે જ્યારે દીવામાં પ્રકટે છે ત્યારે પ્રકાશ આપે છે, પંખામાં પ્રકટે છે ત્યારે હવા આપે છે, આ કારામાં તે ચમકારારૂપે પ્રકટી ફરી પાછી તુરત અદૃશ્ય થઈ જાય છે. આમ એક જ વીજળી સ્થાન અને કાળભેદવશાત્ જુદે જુદે અનેકરૂપે અનુભવમાં આવે છે, અથવા એક જ આકાશ જેમ ઘટ, મઠની ઉપાધિને લીધે ઘટાકાશ મઠાકાશરૂપે પ્રતીત થયેલું ભાસે છે, તેમ સર્વનો અધિષ્ઠાતા અને જેમાં બેપણું બિલકુલ નથી એવો આ આત્મા પોતે જ માયાની ઉપાધિને લીધે સૌથી પ્રથમ આપણે ઈશ્વર(વૃક્ષાંક ૨રૂપે અન્યો ન હોય એવો ભાસે છે, અને તેમ છતાં પણ પોતે તો તે ઉપાધિ થકી લક્ષણ અસંગ, નિર્મળ અને અતિશુદ્ધ જ રહે છે; એ મુજબ અવિદ્યાની ઉપાધિવડે ઈશ્વર યા સર્વનો સાક્ષી યા દ્રષ્ટા(વૃક્ષાંક ૨)રૂપે બનેલો આ આત્મા જ ઉપર બતાવેલા વિદ્યુત્ના ઉદાહરણની જેમ ચરાચર જગતમાં ઓતપ્રોત વ્યાપેલો છે. આ રીતે ઈશ્વરને સ્થૂલ કાર્યરૂપે પ્રકટ થવાને માટે પોતાની ઈક્ષણશક્તિવડે હું રૂપ(વૃક્ષાંક ૩)થી તે હિરણ્યગર્ભ વૃક્ષાંક ૧૨) સુધીના વિવર્તરૂપે થવાની જરૂર પડી અને તેમ થયા પછી પોતે સમષ્ટિ અભિમાની એવા બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) રૂપે બની કેવળ સંકલ્પરૂપ સાધનવડે જ આ ચૌદ લોકના વિસ્તારવાળા ભાસતા વિશાળ બ્રહ્માંડનું પ્રાકટ્ય તેણે કરેલું છે.

ઇંદ્રિયોની સ્થાનકોની માગણી

ઉપનિષદોમાં એવું વર્ણન આવે છે કે ઇંદ્રિયોએ કહ્યું કે, અમોને સ્થાનક આપો. તેને સાંભળવાની ઇચ્છા થવાથી શબ્દ તન્માત્રા શ્રોત્રેંદ્રિય અને કાનનાં છિદ્રો ઉત્પન્ન થયાં અને તેમાં તેના દેવતા દિશાએ પ્રવેશ કર્યો. સ્પર્શની ઇચ્છા થવાથી લોમ એ ઇંદ્રિય, ત્વચા એ તેનું સ્થાન અને ઔષધિ (વૃક્ષ નામનો વાયુ, યજ્ઞોપયોગી ઔષધિ) નામના દેવતાએ પ્રવેશ કર્યો ઇત્યાદિ વર્ણનો આવે છે (ઐતરેય ઉપનિષદ ખંડ ૧–૩–૪ તથા ખંડ ૨–૧ જુઓ), તે આ ધર્મઅર્થ રૂપ સૂક્ષ્મતર અને સૂક્ષ્મ સામગ્રીઓ એકત્ર થયા પછીનાં છે. તેમાં માગણી કરી તે બધા દેવતાઓ કે જે વૃક્ષાંક ૮ના પેટા ૭/૯માં છે, તેમણે પુરુષ વા ઈશ્વર કિંવા વિરાટપુરુષ ભગવાન (વૃક્ષાંક ૨)ની પાસે માગણી કરેલી છે. આથી તે વર્ણનમાં સમષ્ટિ અભિમાની એવા બ્રહ્મદેવનો આ આખા બ્રહ્માંડરૂપ જે દેહ તેમાં તે તે ઇંદ્રિયોએ દેવતા સહ પ્રવેશ કર્યો, એવો સમષ્ટિભાવ સમજવો. જે ક્રમ સમષ્ટિમાં છે તે જ વ્યષ્ટિમાં પણ છે. વ્યષ્ટિના દેવતાઓ વ્યષ્ટિનો અભિમાની જીવ જ્યારે દેહ છોડે છે, ત્યારે સમષ્ટિમાં તે તે ઇંદ્રિયો સાથે સૂક્ષ્મ રૂપે રહે છે અને જ્યારે વીર્યાદિ દ્વારા તેનો પિંડ બંધાય છે, ત્યારે પુનઃ તે તે ગોલકો અથવા સ્થાનકોમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણેનો ક્રમ સમષ્ટિનો વિલય થતાં સુધી ચાલુ હોય છે તથા જ્યારે સમષ્ટિનો પણ વિલય થાય છે ત્યારે તે આ વિરાટપુરુષના કારણ, મહાકારણ દેહમાં ઉપર કહેલાં તે તે સ્થળે પ્રવેશ કરે છે. આમ મોક્ષ થતાં સુધી વ્યષ્ટિમાંથી સમષ્ટિ અને સમષ્ટિમાંથી વિરાટ અને તેમાંથી વળી પાછું વ્યષ્ટિ અને સમષ્ટિમાં, એ રીતની ઘટમાળા ચાલ્યા જ કરે છે. હવે આપણે વિષયાંતર છોડી ચાલુ વિષય વૃક્ષની સમજૂતી તરફ વળીશું.

હિરણ્યગર્ભ

જેમ બીજમાંથી વૃક્ષ થાય છે તેમ ઉપર કહેવામાં આવ્યું છે તે પ્રમાણે ધર્મરૂપ સૂક્ષ્મતર(વૃક્ષાંક ૩ થી ૫) અને અર્થરૂપ સૂક્ષ્મ(વૃક્ષાંક ૬ થી ૧૨) સુધીની સામગ્રીઓ એકત્ર થઈ એટલે તેમાંથી કામરૂપ એવા કર્મના

બીજની ઉત્પત્તિ થવા પામે છે. આને જ પુરાણાદિ શાસ્ત્રોમાં પ્રાકૃત છઠ્ઠી એટલે છઠ્ઠી સૃષ્ટિ વિષ્ણુનું નાભિકમળ વા હિરણ્યગર્ભ પણ કહે છે.

કામ, કર્મ વા વિસર્ગ સૃષ્ટિની ઉત્પત્તિ

વૃક્ષાંક (૧૩) તેરની સમજૂતી તથા પર્યાય સંજ્ઞાઓ : હિરણ્યગર્ભમાંથી સમષ્ટિના અભિમાની બ્રહ્મદેવની ઉત્પત્તિ થવા પામે છે. જેમ દરેક મનુષ્ય પોતે હું દેહ છું એવું અભિમાન રાખે છે કિંવા આ મારું ઘર છે એવું ઘર ઉપર અભિમાન રાખે છે, તેથી તે દેહ કિંવા ઘરનો અભિમાની કહેવાય છે, તેમ સમષ્ટિનો અભિમાની બ્રહ્મદેવ છે. આ બધો સમષ્ટિ એ તેનો દેહ છે. અત્યાર સુધી થયેલી સૃષ્ટિ તો ફક્ત ઈશ્વરની કાળરૂપ ઈક્ષણશક્તિ વડે જ ક્રમે ક્રમે વિવર્તભાવને પામેલી છે. તેમાં બીજી કોઈ ક્રિયા ન હતી. જેમ કોઈ દડો નીચી જમીન તરફ ગબડાવ્યો હોય તો તેને ફક્ત એક ફૂંક મારવી જ બસ થાય છે, તેટલા વડે જ તે ગડગડતો નીચે જાય છે અને વચ્ચે ક્યાંયે અટકતો નથી, તેમ તેને માટે બીજી કોઈ ક્રિયા પણ કરવી પડતી નથી; પરંતુ તે જ્યાં અટકે છે, ત્યાંથી તેને ઉઠાવીને વળી પાછો ફેંકવો પડે છે અર્થાત્ તેને ક્રિયાની જરૂર હોય છે, તેમ આ ઈશ્વરની ઈક્ષણશક્તિવડે અર્થાત્ પોતાને આત્મા-રૂપે નહિ સમજતાં **નાહમ્** વડે સમજવાથી જે આ સ્વાભાવિક ગાડું ચાલવા માંડ્યું તે હું અહીં સુધી આવીને અટક્યું. અહીંથી તેને હવે કર્મની જરૂર પડે છે, તેથી આ સૃષ્ટિને કર્મ કિંવા વિસર્ગ સૃષ્ટિ કહે છે. કર્મની વ્યાખ્યાની શરૂઆત અહીંથી જ થાય છે. આ જ પ્રાકૃત અને વૈકૃતના મિશ્રણવાળી દશમી સૃષ્ટિ છે(વૃક્ષાંક ૧૭ જુઓ). આને સમષ્ટિ પુરુષ, રથૂલ, દૃશ્ય અથવા જાગ્રત* વિશ્વ સંકર્ષણ, અકાર, વિસર્ગ, કર્મ કિંવા કામ ઇત્યાદિ કહે છે. અત્યાર સુધી તો ફક્ત ઈશ્વર(વૃક્ષાંક ૨)ની ઈક્ષણશક્તિરૂપ કાળવડે જ એટલે દ્રષ્ટૃત્વ કિંવા સાક્ષીભાવ વડે જ વિવર્તભાવે પરિવર્તન થવા પામેલું હતું; પરંતુ હવે સમષ્ટિના અભિમાની બ્રહ્મદેવે કેવળ સ્વસંકલ્પરૂપ કર્મથી જ આ બધો વિસ્તાર કરેલો છે. જેમ કોઈ મનુષ્ય પોતાના સંકલ્પ વડે સંકલ્પ સૃષ્ટિની રચના કરે અને મનમાં ને મનમાં જ સંકલ્પ વડે પોતાના દેહની પણ રચના કરી તે વડે સંકલ્પમાંના સર્વ લોકો સાથે આ સંકલ્પના દેહ વડે વ્યવહાર કરે છે અથવા તો સ્વપ્નસૃષ્ટિનાં બધો વ્યવહાર કરે અને જુએ છે, તેમ બ્રહ્મદેવે કેવળ સંકલ્પરૂપ કર્મ વડે જ આ બધી બ્રહ્મ ડમાંના ચૌદ લોકની રચના કરેલી છે, તેમાં ત્રણ પ્રકારના કર્મોવાળી સૃષ્ટિઓ પ્રતીતિમાં આવે છેઃ (૧) માનસિક (૨) વાચિક અને (૩) કાયિક. જગતમાં વાસનાવશાત્ આ ત્રણ સાધન વડે થનારાં તમામ કર્મો કહેલાં છે, તથા 'હું' આ ત્રણ સાધન વડે થતાં કર્તા, કરણ અને કાર્યરૂપ કર્મોથી પર એવો કેવળ ચિન્માત્ર સાક્ષીરૂપ છું, એવી રીતના નિશ્ચય વડે થતાં કર્મોથી ભિન્ન છું, અર્થાત્ પ્રકૃતિના ત્રણ ગુણો વડે થતાં તમામ કાર્યોની સાથે મારો તલભાર પણ સંબંધ નથી, એમ દ્રષ્ટૃત્વ, દ્રષ્ટાપણું વા સાક્ષીભાવના નિશ્ચય વડે થતાં કર્મોને કર્મ નહિ પરંતુ નિષ્કર્મતા કહેલ છે. ઉપર કહેવામાં આવ્યાં તે વાસનાત્મક માનસિક, વાચિક અને કાયિક કર્મોનો પ્રથમારંભ સૌથી પહેલાં યજ્ઞથી જ થતો હોવાથી તે તમામ કર્મોને 'યજ્ઞ' એવી સંજ્ઞા પણ છે(વધુ માટે સિદ્ધાંતકાંડ અધ્યાય ૩-૪ જુઓ). આ કર્મની જ વિસર્ગ, યજ્ઞ, કામ, બ્રહ્મદેવ, સમષ્ટિનો અભિમાની ઇત્યાદિ પર્યાય સંજ્ઞાઓ છે એમ સમજવું; સંક્ષેપમાં એટલું જ કે કર્મનું આ આરંભસ્થાન હોવાથી આની અંતર્ગત આવેલા તમામ લોકોને કર્મ કરવાની જરૂર હોય છે, તેથી તે કર્મલોક પણ કહેવાય છે(જુઓ વૃક્ષાંક ૧૪-બ્રહ્મદેવ-વેદયુક્ત બ્રહ્મા).

સમષ્ટિ બ્રહ્માંડની ઉત્પત્તિ

વૃક્ષાંક (૧૪) ચૌદ તથા તેની વિગત તેમ જ (૧૫) પંદર અને કથી ઘ સુધીની સમજૂતી: આ સમષ્ટિ અભિમાની એવા બ્રહ્મદેવે પોતાના સંકલ્પવશાત્ પોતામાં જ વેદને આધારે આ બ્રહ્માંડરૂપ કાર્યની

* વિષયો ઉપરથી જાણી શકાય છે તેથી તે વિશ્વ કહેવાય છે. વિશ્વ સંજ્ઞાની શરૂઆત અહીંથી થઈ તેથી તેની અંતર્ગત આવેલા બધા વિશ્વમાંના જીવો ગણાય છે.

ઉત્પત્તિ કરેલી છે, તે બ્રહ્માંડ યા સમષ્ટિને કાર્ય પ્રકૃતિ પણ કહે છે. આ બ્રહ્માંડમાં બ્રહ્મદેવ પોતે જ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના આશ્રય વડે તેના હેતા વિષ્ણુ, બ્રહ્મા, અને રુદ્ર રૂપે બની સ્થિતિ, ઉત્પત્તિ અને લયનું કાર્ય કરે છે. આને વૈકૃતસૃષ્ટિ પણ કહે છે(વૃક્ષાંક ૧૪ તથા ૧૪/૧; ૧૪/૨; ૧૪/૩; તથા ૪૬, ૪૭, ૪૮ જુઓ). આ બ્રહ્માંડમાં ત્રણ વૈકૃત સૃષ્ટિઓનો સમાવેશ થાય છે: (૧) વૃક્ષ, પર્વતાદિ સ્થાવર (જુઓ વૃક્ષાંક ૧૫ ક) (૨) પશુ, પક્ષી એમ બંને મળી તિર્યંચો કહેવાય છે તે (વૃક્ષાંક ૧૫ ખ) અને (૩) મનુષ્યો (વૃક્ષાંક ૧૫ ગ). આ પ્રમાણે ત્રણ વૈકૃત સૃષ્ટિઓ છે. આમાં **भुः, भुवः, स्वः, महः, जनः, तपः, सत्यम्** તથા અતળ, વિતળ, સુતળ, તળાતળ, રસાતળ, મહાતળ, અને પાતાળ એમ ચૌદ લોકથી વ્યાપેલું આ ચરાચર બ્રહ્માંડ કે જેમાં પૃથ્વી, જળાદિ સ્થૂળ અને સૂક્ષ્મ એવાં મિશ્રણાત્મક પંચમહાભૂતો હોઈ, બીજ, અન્ન, રેત તથા અનંત શરીરોનો સમાવેશ થાય છે તે બધાં આવી જાય છે. આમ ઉપર કહેલી ૭ પ્રાકૃત સૃષ્ટિઓ અને આ ત્રણ વૈકૃત મળી નવ સૃષ્ટિઓ થઈ. હવે પ્રાકૃત વૈકૃતના મિશ્રણવાળી એક સૃષ્ટિ છે જે દશમી સૃષ્ટિ કહેવાય છે (જુઓ વૃક્ષાંક ૧૩ અને વૃક્ષાંક ૧૫ ઘ).

બ્રહ્માંડ રચનાની કલ્પના

બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલા આ સમષ્ટિ કિંવા બ્રહ્માંડના બરાબર ઉપરના ભાગમાં કમ જાણે સૂર્યમાંથી કિરણની પ્રભાઓ ફેંકાતી હોય, તેમ સુવર્ણ સમી ઝગઝગતી પ્રભાઓ ચોતરફ ફેલાયેલી છે અને નીચેના બરાબર ભાગમાં લોખંડની માફક તદ્દન ઘન પદાર્થ જેવી કાળાશ વ્યાપેલી છે. તેમાં સૌથી પ્રથમ પરમેષ્ઠિમંડળ–કે જેઓ એક કલ્પ પર્યંત રહીને બ્રહ્માંડનો જ્યારે દૈનંદિન પ્રલય થાય ત્યારે પોતે સ્વસ્વરૂપમાં વિલયને પામે છે–હોઈ ત્યાર પછી તેની નીચે સત્યલોક આવેલો છે, તે પણ મહાકલ્પ પર્યંત રહી બ્રહ્મદેવની સાથે જ સ્વસ્વરૂપમાં વિદેહ કૈવલ્ય પામનારા લોકોનો પ્રદેશ છે. ત્યાર પછી ક્રમે તપલોક, જનલોક, મહર્લોક (આને બ્રહ્મ કિંવા આપ્તલોક પણ કહે છે) વગેરે લોકો ઊતરતા ક્રમે આવેલા છે. આમાં આવેલા લોકો યુગથી કલ્પ પર્યંત તે તે લોકમાં રહી વળી પાછા મનુષ્યલોકમાં આવે છે તથા કેટલાકો તો વિદેહમુક્તિને પામે છે. તપલોક સકામ કર્મ કરનારાઓને પ્રાપ્ત થતો નથી. ત્યાર પછી નીચે સ્વર્ગલોક આવેલો છે. તેની નીચે પિતૃલોક હોઈ, ભૂવર્લોક છે. બાદ આ ભૂર્લોક કે જેમાં સાત દ્વીપોવાળી પૃથ્વી આવેલી હોઈ તે દરેક દ્વીપમાં નવ ખંડો એટલે ભાગો છે (વધુ માટે અધ્યાય ૮ જુઓ), સાંપ્રત જેને લોકો પૃથ્વી કહે છે તે તો ફક્ત આ સાત દ્વીપો પૈકી સૌથી મધ્યમાં આવેલો એવો જંબુદ્વીપ છે. જેની ચારે બાજુએ ક્ષાર સમુદ્ર વીંટળાયેલો છે. આ સાત દ્વીપો, પૃથ્વી અને સ્વર્ગલોકની વચ્ચમાં મોટા મહાસાગરનું વેષ્ટન આવેલું છે. આને ભૂર્લોક કહે છે તેની અંદર જ અસંખ્ય સૂક્ષ્મ પ્રાણીઓના સમૂહો હોઈ તે વડે આ બધું અંતરાળ એટલે આકાશ અને પૃથ્વી વચ્ચેનો પોલાણનો ભાગ તદ્દન ગીચોગીચ ભરેલો છે. તેની તો ગણતરી થવી પણ શક્ય નથી, પરંતુ વ્યવહારમાં જેને સૌથી નાનામાં નાનો જીવ કહે છે, જેમકે કીડી, કીટ વગેરે; તેથી માંડીને નાના મોટા તમામ પશુ પક્ષીઓ અને અંતે મનુષ્યાદિ ચેતન જીવો તથા વૃક્ષ, ઔષધિ, લતા, પત્રાદિ તમામ જંગમ જીવો અને પહાડ પથ્થરાદિ તમામ જડ જીવો આ બધા મળીને ચોરાશી લાખ આકારો(યોનિઓ)ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થતો રહે છે. એનું બ્રહ્માંડમાં નાનું સરખું જે આ સ્થાનક છે તે જ લોકો જેને પૃથ્વી કિંવા શાસ્ત્રનિયમાનુસાર નક્ષત્ર ગોલકની અંદર આવેલો પ્રદેશ કહે છે તે–ભૂપ્રદેશ સમજવો. આ આકાશના જે ભાગમાંથી વરસાદ પડે છે તે અને આ પૃથ્વી વચ્ચેનો જે ભાગ, તેટલો ભાગ તે આ સ્થૂળ જીવની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો ભૂપ્રદેશ જાણવો. ઉપરના લોકો તેથી ઉત્તરોત્તર સૂક્ષ્મ સ્વરૂપવાળા છે. આ વિવેચન ઉપરથી આ બ્રહ્માંડ તથા તેનો અંદરની રચના સંબંધમાં કંઈક અંશે કલ્પના આવી શકશે.

(વૃક્ષની સડોહાહરણ સમજૂતીને માટે અધ્યાય ૩ તથા ભૂગોળરચના માટે સિદ્ધાંતકાણ્ડ અ. ૮ જુઓ)

ॐ तत्सत् ।

સિદ્ધાન્તકાણ્ડ

પ્રાર્થના

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥१॥

ॐ अव्यक्तमक्षयं शान्तं नित्यानन्दं योगिनां प्रियम् ।
सर्वानन्दस्वरूपं यत्तं वन्दे ब्रह्मसञ्ज्ञकम् ॥२॥

ॐ यत्सत्तया सदिदमस्ति यदात्मभासा
प्रद्योतितं जगदशेषमपास्तदोषम् ।
तद्ब्रह्म निष्कलमसङ्गमपारसौख्यं
प्रत्यग्भजे परममङ्गलमद्वितीयम् ॥३॥

ॐ विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् ।
सं बाहुभ्यां धमति सं पतत्रैर्द्यावाभूमी जनयन्देव एकः ॥४॥

ॐ जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्महृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथाविनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥५॥

ॐ नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥६॥

ॐ नमस्ते विश्वरूपाय विश्वस्थित्यन्तहेतवे ।
विश्वेश्वराय विश्वाय गोविन्दाय नमो नमः ॥७॥

—આ ભાષ્યને સિદ્ધાન્તકાણ્ડ કહેવાનું કારણ એ છે કે, ઉપાસનાદિ સિદ્ધ થયા પછી ચિત્તશુદ્ધિ થઈ સાધક જ્યારે તુરીય જિજ્ઞાસુ બને ત્યારે તે વેદનાં મહાવાક્યોનાં પદપદાર્થોનો અંતિમ સિદ્ધાંત સમજવાને શક્તિમાન થાય છે. આથી સર્વ ઉપનિષદ્‌હિતા સાધ્યરૂપ એવા સિદ્ધાંતો સમજવવાનો પ્રયત્ન જે ભાગમાં કરવામાં આવે છે, તે સિદ્ધાંત ભાગ કહેવાય છે. પ્રસ્તુત સમયે શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ સર્વ ઉપનિષદોના સાક્ષરૂપ સુવિખ્યાત અને જગમાન્ય એવો શાસ્ત્રગ્રંથ છે. તેથી તેને અત્રે નિમિત્ત બનાવી સર્વ વેદ, વેદાંગ, શ્રુતિ, સ્મૃતિ, ધર્મશાસ્ત્રો, પુરાણો, ઉપપુરાણો ઇત્યાદિ વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનોનો ભાવાર્થ સંક્ષેપમાં અને સરળતાથી સમજી શકાય એવા પ્રકારે તાત્ત્વિક દૃષ્ટિએ વિવેચન આમાં આપવામાં આવેલું છે.

આ કાંઈ શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું અક્ષરશઃ ભાષાંતર નથી. તેમ તેમાંનો કોઈપણ ભાવ ફેરવવા પામેલો નથી; પરંતુ અત્રે તો ફક્ત તેનો ગૂઢ અને સાચો તત્પર્યાર્થ લોકો સરળતાથી સારી રીતે સમજી શકે એ પ્રમાણે વિસ્તાર કરવામાં આવેલો હોવાથી આને " **ગીતાદોહન વા તત્પર્યાર્થદીપિકા** " એવું નામ આપવામાં આવેલું છે.—

અધ્યાય ૧

हरिः ॐ धृतराष्ट्र उवाच—

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।

मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥१॥

રણભૂમિ પર પાંડવો અને કૌરવોએ શું કર્યું ?

કુરુક્ષેત્ર[1] એટલે હસ્તિનાપુરની ચારે તરફનું મેદાન, હસ્તિનાપુર વસાવનારા સોમવંશીય હસ્તિ રાજાના પુત્ર અજમીઢના ત્રીજા ઋક્ષ નામક પુત્રના સંવરણ પુત્ર થકી કુરુ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો જે કુરુવંશનો મૂળ પૂર્વજ છે. તે કુરુરાજા પોતે જાતે હળ લઈ જાતમહેનતે ખેતી કરતા હતા.[2] અને તે ઉપરથી તેને કુરુક્ષેત્ર એટલે કુરુરાજાનું ખેતર એવું નામ આપ્યું છે. રાજાની આ તપશ્ચર્યાથી તેના પર પ્રસન્ન થઈ ઇંદ્રે તેને વરદાન આપ્યું કે જેઓ આ સ્થાન ઉપર તપ કરશે અથવા જે ક્ષત્રિયો ધર્મયુદ્ધમાં મરણ પામશે તેઓને સ્વર્ગની પ્રાપ્તિ થશે. આ રીતે વરદાન મળવાથી પોતે કૃતકૃત્ય થયો એમ જાણી કુરુરાજાએ તે ક્ષેત્ર ખેડવાનું છોડી દીધું. ઇંદ્રના આ વરદાનને લીધે આ સ્થાન ધર્મક્ષેત્ર[3] કિંવા રણભૂમિના નામથી પ્રસિદ્ધ થયેલું છે. આ રીતે કુરુરાજાએ પોતાના તપપ્રભાવથી જેને ધર્મક્ષેત્ર બનાવેલું છે ત્યાં યુદ્ધ કરવાની ઇચ્છાએ એકઠા થયેલા પોતાના અને પાંડુના પુત્રોએ શું કર્યું ? એમ ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું:

सञ्जय उवाच—

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ।

आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत ॥२॥

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य महतीं चमूम् ।

व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।

युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।

पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥५॥

---

(૧) હાલનું દિલ્હી શહેર એ મેદાનમાં જ વસેલું છે.

(૨) રાજનીતિનો વાસ્તવિક એવો નિયમ છે કે, રૈયત પાસેનો કર લઈ તેનો યોગ્ય ઉપયોગ જો રૈયતના લાભમાં ન થાય તો તેથી મહાન દોષ ઉત્પન્ન થઈ તે થકી રાજાને ઘોર નરકવાસ ભોગવવો પડે છે. આથી સાચા ધર્મિષ્ઠ રાજાઓ રૈયતના પૈસાને હાથ ન લગાડતાં ખેતી કિંવા ઇતર જાતમહેનત કરી પોતાનો નિભાવ કરતા હતા. જુઓ માર્કંડેય પુરાણ, રાજા કૃતવીર્ય તથા દત્તાત્રેય સંવાદ.

(૩) જુઓ મહાભારત, [illegible]પર્વ, ૫૩.

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ६ ॥
अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७ ॥

પાંડવ સેનાના અગ્રેસર યોદ્ધાઓનું વર્ણન

ધૃતરાષ્ટ્રના પ્રશ્ન ઉપરથી સંજય કહે છે: સાંભળો! પાંડવોની સેનાને વજ્ર નામના વ્યૂહમાં[1] સુસજ્જ થયેલી જોઈને રાજા દુર્યોધન ગુરુ દ્રોણાચાર્યની પાસે જઈને કહેવા લાગ્યો કે, હે આચાર્ય! સામે ઊભેલી આ પાંડવોની સેનાને જુઓ જેની રચના આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને મહત્ત્વના વજ્ર નામના દૈવિક વ્યૂહમાં કરેલી છે. મહાશૂરવીર ભીમ અને મહાન ધનુર્ધર અર્જુન જેવા અતિ પરાક્રમી યોદ્ધાઓ તેમ જ યુયુધાન એટલે સાત્યકિ, વિરાટરાજા, દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, બળવાન કાશીરાજા, પુરુજિત, કુંતિભોજ, નરશ્રેષ્ઠ રાજા શૈબ્ય, યુધામન્યુ, ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ તથા દ્રૌપદીના પાંચ પુત્રો વગેરે શૂરવીર, પરાક્રમી અને દશ દશ હજાર યોદ્ધાઓની સાથે એકલા જ યુદ્ધ કરી શકે એવા ઘણા મહારથીઓ[2] આ પાંડવોના પક્ષમાં ઊભેલા છે. આ તો પાંડવસેનાના અગ્રેસરો મેં આપને કહ્યા, હવે આપણા સૈન્યમાં જે મુખ્ય મુખ્ય યોદ્ધાઓ છે તેઓમાંથી થોડાંક નામો દિગ્દર્શનાર્થે કહું છું તે સાંભળો:

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिञ्जयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥ ८ ॥
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

કૌરવ સેનાના અગ્રેસરોનું વર્ણન

આપ પોતે (દ્રોણાચાર્ય), ભીષ્મ, કર્ણ, યુદ્ધમાં જય મેળવનાર એવા કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ (દુર્યોધનના સો ભાઈઓમાંનો એક) તથા સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવ તેમ જ બીજા પણ ઘણા શૂરવીરો છે, જેઓ બધા વિવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોના પ્રહારો કરનાર તથા યુદ્ધકળામાં અતિ નિપુણ હોઈ મારે માટે પ્રાણ અર્પણ કરવા સજ્જ થયેલા છે.

જેમાં સંપૂર્ણતઃ શસ્ત્ર અને અસ્ત્રવિદ્યા તેમ જ યુદ્ધનીતિ શાસ્ત્રનું જ્ઞાન આપવામાં આવેલું છે તેને ધનુર્વેદ કહે છે. આ યજુર્વેદનો ઉપવેદ હોઈ તે બ્રહ્મદેવના દક્ષિણ તરફના મુખમાંથી ઉત્પન્ન થયો છે. યુદ્ધમાં

---

(૧) કૌરવ સેનાના વ્યૂહની રચના ભીષ્માચાર્યે કર્યા બાદ પાંડવોની સેના તેમના કરતાં પ્રમાણમાં કમી હોવાથી દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને તેને વજ્ર નામના વ્યૂહમાં શકટ આકારે રચીને ઊભી રાખી હતી. યુદ્ધમાં દરરોજ આ વ્યૂહો અનુકૂળતા પ્રમાણે બદલવામાં આવતા હતા (જુઓ મહાભારત ભીષ્મપર્વ ૧૯-૪-૭. મનુસ્મૃતિ ૭-૧૮૭) દૈવિક, ગાંધર્વિક અને માનવીય એમ ત્રણ પ્રકારના વ્યૂહો મુખ્ય હોઈ આ વજ્ર વ્યૂહ દૈવિક છે. આ સિવાય મકર વ્યૂહ, વરાહ વ્યૂહ, સૂચિ વ્યૂહ, ગરુડ વ્યૂહ, ચક્ર વ્યૂહ ઇત્યાદિ અનેક વ્યૂહો છે.

(૨) પોતાનું, સારથિનું અને અશ્વનું રક્ષણ કરતો જે શૂરવીર એકલા સો યોદ્ધાઓ સાથે યુદ્ધ કરે તે રથી, બસ્સો યોદ્ધાઓ સાથે યુદ્ધ કરે તે મહારથી, દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે તે અતિરથી અને એક લાખ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી શકે તે અધિરથી કહેવાય.

રથ, ગજ, અશ્વ અને પદાતિ એ મુખ્ય ચાર પ્રકારના યોદ્ધાઓ હોય છે તે ઉપરથી આને ચતુષ્પાદ પણ કહે છે. ધનુર્વેદ કે ચતુષ્પાદમાં શસ્ત્ર, અસ્ત્ર, યુદ્ધ કરવાના પ્રકારો, વાહનો, વ્યૂહ રચના ઇત્યાદિ અનેક પ્રકારનું વિવેચન આવે છે. તેના મુખ્ય પાંચ અંગો છે. (૧) યંત્ર મુક્ત, (૨) પાણિમુક્ત, (૩)મુક્ત સંધરિત, (૪) અમુક્ત અને (૫) બાહુ યુદ્ધ: આ પાંચ અંગો સિવાય (૧) શસ્ત્ર સંપત્તિ અને (૨) અસ્ત્ર સંપત્તિ એવા બેદો વડે યુદ્ધમાં બે પ્રકારો પડે છે. તેમ જ યોદ્ધાઓના ઋજુત્વ (નિખાલસ વા સરળપણું) અને માયાવિત્વ (ભાવાવી ચાલ, છલકપટ વા ગમીની કાવાદાવા)ને લીધે અનેક પ્રકારો પડે છે. (વિશેષ માટે અગ્નિ આદિ પુરાણો તેમ જ મહાભારત જુઓ). શસ્ત્રાસ્ત્રવિદ્યા સંબંધમાં વિવેચન અથર્વવેદમાં પણ મળી આવે છે.

દુર્યોધન દ્રોણાચાર્ય પ્રતિ આગળ કહે છે કે હે ગુરુવર્ય, આપ જેવા ધનુર્વેદમાં પારંગત એવા નિપુણ યોદ્ધાઓ મારે અર્થે પ્રાણાર્પણ કરવા શસ્ત્રસજ્જ થઈ યુદ્ધ કરવાની આજ્ઞા મળવાની તત્પરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।

पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥ १० ॥

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।

भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥ ११ ॥

तस्य सञ्जनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।

सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥ १२ ॥

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।

सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत ॥ १३ ॥

કૌરવ સેનાની યુદ્ધની તૈયારી

આ પ્રકારની અપર્યાપ્ત એટલે અમર્યાદ કિંવા વિશાળ એવી આપણી સેનાના રક્ષક ભીષ્માચાર્ય હોઈ પર્યાપ્ત અથવા મર્યાદિત એવી વજ્ર નામના વ્યૂહમાં ગોઠવેલી પાંડવોની સેના ભીમે રક્ષણ કરેલી છે, કારણ કે પાંડવસેનાના પહેલા દિવસની જવાબદારી તેણે પોતાને માથે રાખેલી છે; માટે આપ બધાએ મળી શત્રુએ રચેલ આ યુદ્ધ વ્યૂહના ભેદનને માટે પોતપોતાના નાયક કરેલા માર્ગમાં જ સ્થિત રહી, આપણી સેનાના નાયક ભીષ્માચાર્યનું ચોતરફ રક્ષણ કરવું.* દુર્યોધન, દ્રોણાચાર્યને આ પ્રમાણે કહે છે, એટલામાં સામા

---

* કૌરવોની ચતુરંગ સેના અગિયાર અક્ષૌહિણી તથા પાંડવોની ચતુરંગ સેના સાત અક્ષૌહિણી મળી કુલ અઢાર અક્ષૌહિણી સેના આ મહાભારત યુદ્ધમાં હતી. જેમાં (૧) હાથીસ્વાર, (૨) ઘોડેસ્વાર, (૩) રથી અને (૪) પાયદળ; એમ ચાર પ્રકારના શસ્ત્રસજ્જ સેનાનાયકો હોય તેને ચતુરંગ સેના કહે છે. ૫૦૦ રથી, ૫૦૦ હાથી, ૧૫૦૦ ઘોડેસ્વાર ને ૨૫૦૦ પાયદળ મળીને એક સેના (ચતુરંગ સેના). આવી દશ સેના મળી ૧ પ્રતન, ૧૦ પ્રતના મળી ૧ વાહિની, સેના, ચમૂ, અનિકિની કિંવા અક્ષૌહિણી કહેવાય છે. વળી એક રથી તેની સાથે દશ હાથી, ૧૦૦૦ ઘોડેસ્વાર અને ૧૦૦૦ પાયદળ સવાર (૧×૧૦×૧૦૦×૭) એટલી અનામત ફોજ રાખવામાં આવે છે. પાંડવોની મર્યાદિત સેના કયાં? અને પોતાની અમર્યાદિત સેના કયાં? એમ જણાવવાને માટે પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા શબ્દ વડે દુર્યોધને અત્રે સંબોધેલું છે આ સંખ્યામાં હાથીના માવત, ઘોડા, રથના સારથિ અને મહારથીઓના રથને ચાર ઘોડા તથા રથીના રથને બે ઘોડાઓ હોય છે તે બધાની જુદી સંખ્યા ગણેલી નથી. અક્ષૌહિણીને અનિકિની પણ કહે છે. અને તેમાં કહેલાકના મતે ૨૧૮૭ હાથી, ૨૧૮૭ રથી, ૬૫૬૧ ઘોડા, ૧૦૯૩૫ પાયદળનો સમાવેશ થાય છે. ૧ રથ, ૧ હાથી, ૩ ઘોડા અને ૫ પાયદળ મળી કુલ ૧૦ સંખ્યા એટલે ૧ પત્તિ; ૩ પત્તિ=૧ સેનામુખ; ૩ સેનામુખ=૧ ગુલ્મ; ૩ ગુલ્મ=૧ ગણ; ૩ ગણ=૧ વાહિની; ૩ વાહિની=૧ પ્રતના; ૩ પ્રતના=૧ ચમૂ; ૩ ચમૂ=૧ અનિકિની અને ૧૦ અનિકિની=૧ અક્ષૌહિણી કહેવાય.

પક્ષને પોતે વ્યૂહ રચીને યુદ્ધને માટે તૈયાર થયા છીએ એવું દર્શાવવાના ઉદ્દેશથી હર્ષભેર મહાપ્રતાપશાળી અને કૌરવોમાં વૃદ્ધ એવા પિતામહ ભીષ્માચાર્યે મોટા સાદે સિંહ જેવી ગર્જના કરીને દુર્યોધનને હર્ષ ઉપજાવનારો પોતાનો શંખ ફૂંક્યો. તેની સાથે જ સૈન્યના બીજા યોદ્ધાઓએ પણ પોતપોતાનાં શંખ, ભેરી, નગારાં કિંવા નૌબત, પણવ, આનક, રણશિંગાં, ગોમુખ વગેરે અનેક રણવાદ્યો વગાડવા માંડ્યાં; તેનો તુમુલ અવાજ ચારે દિશાએ ઘનઘોર પ્રસરી રહ્યો.

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥ १४ ॥
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनञ्जयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥ १५ ॥
अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥
काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७ ॥
द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥ १८ ॥
स घोषो धार्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥
अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

अर्जुन उवाच—

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१ ॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।

धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

પાંડવસેનાનો યુદ્ધની તૈયારીનો પ્રત્યુત્તર

સંજય આગળ કહે છે કેઃ રાજા ધૃતરાષ્ટ્ર ! સાંભળ. કૌરવસેનાની તૈયારી બતાવતો રથવાહોનો ઘોષ સાંભળીને પોતાના પક્ષની પણ તૈયારી છે, એવું દર્શાવવાના ઉદ્દેશથી પ્રત્યુત્તરને માટે પાંડવસેનાના મુખ્ય અગ્રેસરો, સફેદ ઘોડાના મોટા રથમાં બેઠેલા માધવ (શ્રીકૃષ્ણ) તથા અર્જુને પણ પોતાના શંખો વગાડવાની શરૂઆત કરી. હૃષીકેશ શ્રીકૃષ્ણ ભગવાને પાંચજન્ય, ધનંજય યા અર્જુને દેવદત્ત અને ભયાનક (ભયરહસ્ત) કર્મો કરનાર વૃકોદર અર્થાત્ ભીમસેને પૌંડ્ર નામનો મહાન શંખ ફૂંક્યો. કુંતીના મોટા પુત્ર રાજા યુધિષ્ઠિરે અનંતવિજય, સહદેવે મણિપુષ્પક તથા નકુલે સુઘોષ નામના પોતપોતાના શંખો વગાડવાની શરૂઆત કરી. હે પૃથ્વીપતિ રાજા ધૃતરાષ્ટ્ર ! મહાન ધનુર્ધારી કાશીરાજા, શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અજેય એવા સાત્યકિ, દ્રૌપદીના પાંચ પુત્રો તથા મહાબાહુ સૌભદ્ર એટલે અભિમન્યુ વગેરે મહારથી તેમ જ અન્ય યોદ્ધાઓએ પણ પોતપોતાના જુદા જુદા શંખો, ભેરી, નોબત, રણશિંગા ઇત્યાદિ અનેક રણવાદ્યો વગાડી પોતે પણ યુદ્ધને માટે તૈયાર છે, એવો સામા પક્ષને પડકાર કર્યો. આકાશને તથા પૃથ્વીને થથરાવી નાખનારો આ તુમુલ અને અતિ ભારરૂપ અવાજ કૌરવોનાં કલેજાંને વિંધી નાખે એવો હતો. ત્યારબાદ સેનાનીઓ યુદ્ધને માટે વ્યવસ્થિત રીતે પ્રવૃત્ત એટલે સજ્જ થયેલા હોઈ એક બીજા ઉપર પ્રહાર કરવા અર્થાત્ યુદ્ધને માટે તદ્દન તૈયાર હતા, તે પ્રસંગે જેમના રથની ધ્વજાએ સાક્ષાત્ હનુમાનજી બિરાજેલા છે એવા અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ ઉઠાવી તેની ચાપ ચઢાવી અને તે હૃષીકેશ એટલે શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો. હે અચ્યુત ! હે શ્રીકૃષ્ણ ! મારો રથ બેઉ સેનાની વચ્ચે ઊભો રાખો કે જેથી દુર્બુદ્ધિ એવા કૌરવોનું કલ્યાણ કરવાની ઇચ્છાએ યુદ્ધને માટે અમારી સામે રણમાં એકઠા થયેલા આ બધા યોદ્ધાઓને હું એક વખત સારી રીતે જોઈ લઉં.

सञ्जय उवाच—

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।

सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।

उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ २५ ॥

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।

आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रा२न्सखी२ंस्तथा ॥ २६ ॥

श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।

तान्समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥ २७ ॥

कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ।

અર્જુનનું સૈન્યનિરીક્ષણ.

સંજય કહે છે: હે ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે અર્જુનનું વચન સાંભળીને હૃષીકેશ શ્રીકૃષ્ણ ભગવાને આ ઉત્તમ રથને બંને સેનાના મધ્ય ભાગમાં લઈ જઈને ઊભો રાખ્યો અને સામે ઊભેલા ભીષ્મદ્રોણાદિ મુખ્ય સેનાનીઓને બતાવીને કહ્યું, "આ સામે ઊભેલી કૌરવોની સેના તથા તેના અગ્રણીઓને જો." અર્જુન ચોતરફ દૃષ્ટિપાત કરીને જુએ છે તો પોતાના જ પૂજ્ય વડવાઓ, પિતામહાદિકો, આચાર્યો, ગુરુજનો, કાકા, મામા, ભાઈ, પુત્રો, પૌત્રો, સાળા, સસરા, મિત્રો તથા ઉપકાર કરનારા સંબંધીજનો જ બંને પક્ષમાં ત્યાં ત્યાં ઊભેલા તેના જોવામાં આવ્યા. આ દૃશ્ય જોતાંની સાથે જ તેને મોહ ઉત્પન્ન થયો અને તે પોતે પરમ કરુણાથી વ્યાપ્ત થઈ ગયો, અતિ દીનતા અને દયાર્દ્રતાથી વ્યાકુળ બની જઈ કહેવા લાગ્યો.

અર્જુન ઉવાચ—

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥ २८ ॥

सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।

वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥ २९ ॥

गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।

न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥ ३० ॥

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।

न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥ ३१ ॥

न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।

किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा ॥ ३२ ॥

येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च ।

त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥ ३३ ॥

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।

मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥ ३४ ॥

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।

अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥ ३५ ॥

અર્જુનવિષાદ

અર્જુન બોલ્યો : હે કૃષ્ણ! યુદ્ધની ઇચ્છાથી સામે ઊભેલા આ બધા સ્વજનો અર્થાત્ મારા પોતાના જ સંબંધીઓને જોઈ મારાં ગાત્રો એટલે હાથપગાદિ સર્વ અવયવો શિથિલ થઈ ગયા છે, મારું મોં સુકાવા લાગ્યું છે, શરીરમાં કુલ્લરી અર્થાત કંપ ઉત્પન્ન થાય છે, રોમાંચ અથવા રુંવેરુંવાં ખડાં થઈ ગયાં છે, હાથમાંથી ગાંડીવ ધનુષ સરી પડે છે, ત્વચા એટલે આખા અંગની ચામડીમાં દાહ થઈ રહ્યો છે, હાથ પગ અતિશય કંપતા હોવાથી મારામાં ઊભા રહેવાની શક્તિ બિલકુલ નથી, મારું મન ભમે છે, બધાં ચિહ્નો મને તો અવળાં દેખાય છે, યુદ્ધમાં સગાંઓને મારીને અમારું શ્રેય એટલે કલ્યાણ થશે એમ મને જરા પણ લાગતું નથી. હે કૃષ્ણ! મને વિજયની, રાજ્યની કિંવા સુખની બિલકુલ ઇચ્છા નથી. વળી હે ગોવિંદ! અમને આ રાજ્ય, વૈભવ અથવા જીવિતનું પણ શું પ્રયોજન છે? આ રાજ્ય વૈભવાદિ જેને માટે મેળવવાની અમો ઇચ્છા ધરાવીએ છીએ તે કંઈ સમજાતું નથીઃ કારણ કે જેમને આ માટે વ્યવહારમાં વિવિધ પ્રકારનાં રાજ્ય અને સુખોપભોગાદિની ઇચ્છા રાખવામાં આવે છે, તે સર્વ સંબંધીજનો, આચાર્યો, દાદા, કાકા, મામા, પુત્રો, પૌત્રો, સાળા, સસરા, વગેરે આમસ્વકીયો તો પોતપોતાનાં ધન, પુત્ર, દારા અને જીવિતની પણ હોડમાં મૂકીને મારી સામે યુદ્ધમાં ઊભેલા છે. હે મધુસૂદન! તેઓ અમને મારવા માટે ઊભેલા છે, તો ભલે તેમ કરે; હું તેમનાથી હણાઈ જાઉં, છતાં પૃથ્વીનું તો શું પણ ત્રૈલોક્યનું રાજ્ય મને મળતું હોય તોપણ હું તેમને મારવાની કે હણવાની લેશમાત્ર પણ ઇચ્છા ધરાવતો નથી.

निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।

पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥ ३६ ॥

तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान् ।

स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥ ३७ ॥

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।

कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।

कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

અરે! આ કૌરવોને મારીને અમારું શું કલ્યાણ થાય તેમ છે? (૧) અગ્નિથી બાળનાર, (૨) વિષ દેનાર, (૩) હાથમાં હથિયાર લઈ મારવા માટે તૈયાર થયેલ, (૪) ધન હરનાર, (૫) ખેતર હરનાર અને (૬) સ્ત્રીનું હરણ કરનાર એ છ આતતાયી ગણાય છે; તે પૈકી હાથમાં હથિયાર લઈને મારી સામે આ બધા પુરુષોએ આતતાયી બની રાજ્યના લોભમાં ગરક થવાથી અથવા ઓશિયાળા બનીને યુદ્ધ માટે ભલે ઊભા હોય, છતાં પણ તેઓને મારવાથી અમો તો પાપના જ ભાગીદાર થઈશું. આથી પોતાના જ ભાઈઓ એટલે કે કૌરવોનો સંહાર કરવો એ અમારે માટે તો બિલકુલ અયોગ્ય છે, કારણ કે હે માધવ! સ્વજનો અર્થાત્ કુટુંબીજનોને મારીને અમો કેવી રીતે સુખી થઈ શું? તે તમો જ કહો! તેઓની બુદ્ધિ લોભને લીધે નષ્ટ થયેલી હોવાથી થનારા કુલક્ષયનો દોષ તથા મિત્રોનો દ્રોહ કરીનું પાતક તેમને દેખાતું નથી એ વાત તો ખરી, પરંતુ હે જનાર્દન! આ બધા કુળનો સંહાર થવાથી ઉત્પન્ન થતું મહાન પાતક અમને સ્પષ્ટ રીતે દેખાતું હોવા છતાં શું અમારે પણ તેમ કરી પરાઙ્મુખ એટલે અલગ ન થવું જોઈએ?

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।

धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४० ॥

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।

स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसङ्करः ॥ ४१ ॥

सङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च ।

पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४२ ॥

दोषैरेतैः कुलघ्नानां वर्णसङ्करकारकैः ।

उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥ ४३ ॥

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।

नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।

यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥ ४५ ॥

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।

धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४६ ॥

કુળનો ક્ષય થવાથી કુળધર્મ એટલે વંશપરંપરાથી કુળમાં ચાલતો આવેલો સનાતન ધર્મ નષ્ટ થઈ જાય છે અને તેની જગ્યાએ અધર્મનું સામ્રાજ્ય સમગ્ર કુળ ઉપર પ્રસરી જઈને તેની ઉપર તે પોતાનો અડ્ડો જમાવે છે. અધર્મ થવાથી કુળની સ્ત્રીઓ દૂષિત થાય છે એટલે તે પતિવ્રતાદિ ધર્મનું પાલન નહીં કરતાં સ્વચ્છંદી, આળસુ અને વ્યભિચારી બને છે. હે વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલ શ્રીકૃષ્ણ ! સ્ત્રીઓ દૂષિત થવાથી કુળમાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. તે પ્રજા આયુષ્ય, તેજ તથા બળથી હીન અને વંશના અભિમાનથી રહિત બને છે. આ રીતે ઉત્પન્ન થયેલી વર્ણસંકર પ્રજા કુળના નાશનું જ કારણ બને છે. કુળનો નાશ થવાથી કુલધર્મ, કુલાચાર નષ્ટ થાય છે અને તેમ થતાં પરિણામે પિંડદાન તથા તર્પણાદિ ક્રિયાઓ લુપ્ત થાય છે; કારણ કે વર્ણસંકર પ્રજા પોતાના પિતૃઓના ઉદ્ધારને માટે શાસ્ત્રોમાં નિયત કરેલી પિંડદાન, તર્પણ તથા શ્રાદ્ધાદિ ક્રિયાઓ કરતી નથી. કારણ દેખીતું જ છે કે, આ નિર્ભાગ્ય બનેલી અર્થાત્ વર્ણસંકર પ્રજા કોને પિતા કહી શકે? અને તેમનામાં વંશાભિમાન પણ ક્યાંથી હોય? આથી તેમના વંશના પિતૃઓ પણ નરકમાં પડે છે (શ્રાદ્ધવિધિ રહસ્ય માટે શ્રીકૃષ્ણાત્મજ વાઙ્મુધા પ્રકાશન ૪, મહાકાળી પુરુષ વર્ણન કિરણાંશ ૩૨ જુઓ). આવી રીતે કુલઘાતક એવા વર્ણસંકરોની ઉત્પત્તિ થવાથી તેઓના દોષ વડે વંશપરંપરાગત ચાલતા આવેલા કુળધર્મો, કુળમાંના આચારો, રીતિ, નીતિ તથા જ્ઞાતિબંધનો ઇત્યાદિ સર્વનો નાશ થાય છે. આ પ્રમાણે

દરેક કુટુંબમાં અનવાથી સમગ્ર દેશ પણ નિર્માલ્ય બને છે અને નિશ્ચયપૂર્વક તેઓના પિતૃઓની અધોગતિ થાય છે, તથા તેવા વર્ણસંકરોને પણ ખાતરીથી અંતે તો નરકવાસ જ ભોગવવો પડે છે. હે જનાર્દન ! આ મુજબ શાસ્ત્રોમાં હોવાનું અમોએ સાંભળ્યું છે. અરેરે ! ઘણા દુઃખની વાત છે કે રાજ્યસુખના લોભને લીધે અમો પણ પોતાના જ સ્વજનો અર્થાત્ સગાંસંબંધીઓનો નાશ કરવા માટે તૈયાર થયા છીએ. આ તો એક મહાન પાપકર્મ કરવાનું જ અમોએ ચોજ્યું છે. તે કરતાં તો ખરેખર નિઃશસ્ત્ર સ્થિતિમાં એટલે બચાવ માટે સામો ઉપાય નહિ કરતાં ઊલટું આ રણભૂમિમાં કૌરવો જ જો મને હણી નાંખે તો તેમાં જ હું મારું વધારે કલ્યાણ જોઉં છું.

सञ्जय उवाच—

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् ।

विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४७ ॥

સંજય કહે છે : હે ધૃતરાષ્ટ્ર ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણને કહીને જેનું ચિત્ત શોક વડે અત્યંત વ્યાકુળ થયું છે તથા હૈયું ભરાઈ આવ્યું છે, એવા અર્જુને ચડાવેલા બાણ સહિત ધનુષ્યને પોતાના હાથમાંથી નીચે ફેંકી દીધું અને તરત જ રથમાં બેસી ગયો.×

અધ્યાય ૨

सञ्जय उवाच—

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।

विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

અર્જુનની કરુણ સ્થિતિ

સંજય ધૃતરાષ્ટ્રને આગળ કહે છે : હે રાજા ! સાંભળ. ઉપર જણાવ્યા પ્રમાણે કરુણા વડે વ્યાપ્ત થયેલ એટલે દીનતા કિંવા દયાર્દ્રતાથી ભરપૂર અને જેની આંખેમાંથી ચોધાર આંસુઓનો પ્રવાહ વહી રહ્યો છે તથા વિષાદથી જેનું અંતઃકરણ અત્યંત વ્યાકુળ બની ગયું છે, એવા શોકસાગરમાં ડૂબેલા અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન (મધુસૂદન) નીચે પ્રમાણે કહેવા લાગ્યા:

श्रीभगवानुवाच—

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।

अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥

×મહાભારતકાળમાં રથમાં ઊભા રહીને યુદ્ધ કરવાની પ્રથા હતી. તે સમયના રથો, બે પૈડાંના હોઈ મોટા મોટા રથોને ચાર ઘોડાઓ જોડવામાં આવતા હતા, તથા રથી અને સારથિ બંને આગળના ભાગોમાં જ પાસે પાસે બેસતા હતા એવું મહાભારતમાં કેટલેક સ્થળે રથોનું વર્ણન આવે છે, તે ઉપરથી જણાઈ આવે છે. રથ કોનો છે તે ઓળખવાને માટે દરેક રથની ધ્વજા ઉપર વિશિષ્ટ પ્રકારનું ચિહ્ન રાખવાનું આવતું હતું. આ ન્યાયાનુસાર અર્જુનના રથ ઉપર તો વાનર ચિહ્ન ઉપરાંત પ્રત્યક્ષ હનુમાનજી જ બિરાજમાન હતા.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।

क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ॥ ३ ॥

આર્યોએ ધિક્કારેલું એવું આ તને શોભતું નથી

શ્રીભગવાન કહે છે : હે અર્જુન ! અરે ! આર્યોએ ધિક્કારેલું, સ્વર્ગદ્વારને રોકનારું એટલે અધોગતિમાં લઈ જનારું અને અપકીર્તિ કરાવનારું 'આ 'કશ્મલ' એટલે મેશ જેવું કાળું અર્થાત્ અવળચંડું, આવા વિપરીત સમયે તને આજે કયાંથી સૂઝી આવ્યું ? આર્યો કોને કહેવા તેની વ્યાખ્યા શાસ્ત્રમાં આ પ્રમાણેની છે : "જે પુરુષ કર્તવ્ય એટલે શાસ્ત્રવિહિત (શાસ્ત્રમાં બતાવેલા) કર્મોનું જ સારી રીતે આચરણ કરે છે અને શાસ્ત્રવિહીન એટલે અકર્તવ્ય અર્થાત્ શાસ્ત્રનિષિદ્ધ કર્મોથી દૂર રહે છે, તેમ જ પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થયેલા ચાલુ વ્યવહારને અનુસરીને વર્તે છે, તે આર્ય કહેવાય છે; તેમ જ જે પુરુષ કુલપરંપરાગત ચાલતા આવેલા કુલધર્મ, કુલાચાર તથા વર્ણાશ્રમોચિત કર્મો તથા મહાપુરુષાદિના આચારને અનુસરીને શાસ્ત્રમર્યાદામાં રહી પોતાના ચિત્તને રુચે તે રીતે સાવધ રહી એટલે હર્ષ-શોક, રાગ-દ્વેષ આદિ વિકારોથી રહિત થઈ પ્રસંગોચિત યથા પ્રાપ્ત આવી પડેલો વ્યવહાર કરે છે તે પુરુષ જ આર્ય કહેવાય છે (જુઓ યોગ૰ નિર્વાણ૰ પૂર્વાર્ધ૰ સર્ગ ૧૨૬ શ્લોક૰ ૫૪-૫૫). ઉદ્દેશ એ કે, આ યોદ્ધાઓ સાથે તારે યુદ્ધ કરવાનું હતું એ તેં કંઈ આજે જ જાણ્યું એમ નથી, છતાં આજદિન સુધી તો તેં તેનો કદી વિચાર સરખો પણ કર્યો નહિ અને આવા કટોકટીના સમયે મૂઢપણું દર્શાવનારો આ મોહ તને કયાંથી ઉત્પન્ન થયો ? શાસ્ત્ર સંબંધમાં તેં અત્યાર સુધી જે કંઈ કહ્યું તે જો કે સત્ય છે, પરંતુ ક્ષાત્રધર્મના નિયમ પ્રમાણે ઉપસ્થિત થયેલા ધર્મયુદ્ધના આ પ્રસંગે તારું એ કથન બિલકુલ અનુચિત છે. માટે હે પાર્થ ! આમ નામર્દ ન બન, કલીબતા એટલે બાયલાપણાનો ત્યાગ કર. હે અન્યને તાપ ઉત્પન્ન કરનારા પરંતપ ! આ તને શોભતું નથી, માટે ક્ષુદ્ર એવી દુર્બળતાને છોડી દે અને ઊભો થઈ જા અર્થાત્ ઊભો થઈ યુદ્ધ કર.

अर्जुन उवाच—

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ।

इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥

गुरूनहत्वा हि महानुभावान्श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।

हत्वार्थकामांस्तु गुरूनिहैव भुञ्जीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

न चैतद्विद्मः कतरन्नो गरीयो यद्वा जयेम यदि वा नो जयेयुः ।

यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

અમારે માટે કલ્યાણકારી શું છે ?

શ્રીભગવાનનું આવું વચન સાંભળીને અર્જુને કહ્યું કે : હે મધુસૂદન ! પુષ્પાદિથી પૂજન કરવા યોગ્ય એવા આ ભીષ્મ અને દ્રોણની સાથે બાણો વડે હું સામો પ્રતિકાર કેવી રીતે કરું ? અર્થાત્ તેઓની સાથે મારાથી લડી શકાય ખરું કે ? અને તેમ કરવું શું યોગ્ય ગણાશે ? હે શત્રુઓના નાશ કરનારા અરિસૂદન ! મહાનુભાવ એટલે વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તથા મોટા પ્રભાવશાળી, બહુશ્રુત અને ભલોળા અનુભવી એવા ગુરુઓને

નહિ હણતાં અર્થાત્ તેઓની સામે યુદ્ધ નહિ કરતાં આ લોકમાં કેવળ ભિક્ષાવૃત્તિ કરીને પેટ ભરવું એ વધુ સારું છે. તેઓ તો ભલે ઓશિયાળા હોવાને લીધે સ્વાર્થથી અંધ બનેલા હોય, પણ ગુરુઓનો સંહાર કરીને શું આ લોકમાં જ તેમના લોહી વડે ખરડાયેલા ભોગો મારે ભોગવવા ? વળી જેઓને હણીને અમો જીવવા ઇચ્છતા નથી તે જ આ બધા અમારા ભાઈબંધો અને ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો તો યુદ્ધને માટે અમારી સામે જ ઊભેલા છે. આથી તેઓ ઉપર અમારે વિજય મેળવવો કે અમોને તે જીતે, આ બે પૈકી અમારે માટે કલ્યાણકારી શું છે, તે પણ સમજાતું નથી.

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥
न हि प्रपश्यामि ममापनुद्याद्-
यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

હું યુદ્ધ નહિ કરું

અર્જુન કહે છે : હે શ્રીકૃષ્ણ ! કૃપણતા એટલે દીનતા કિંવા દયાર્દ્રતારૂપી દોષ વડે ઉત્પન્ન થયેલા આ મોહને લીધે મારો સ્વભાવ એટલે સારાસાર વિચાર કરવાની (વિવેક) બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે તેથી શું કરવું અને શું ન કરવું એ બે ધર્મો પૈકી મને તો કાંઈ સૂઝતું નથી. મારું ચિત્ત તે સંબંધે વિચાર કરવાને માટે અતિશય મૂઢ અર્થાત્ અસમર્થ બની ગયું છે, તેથી હે શ્રીકૃષ્ણ ! હું આપને પૂછું છું કે, આવી સ્થિતિમાં મારે શું કરવું જોઈએ ? તો જેમાં મારું નક્કી શ્રેય એટલે કલ્યાણ સમાયેલું હોય એવું નિશ્ચયથી ગમે તે એક કહો. હું આપને શરણે આવેલો આપનો શિષ્ય છું, માટે મને બોધ કરો. સમજો કે નિષ્કંટક એટલે શત્રુઓ વિનાનું તથા ધનધાન્યાદિથી સમૃદ્ધ એવું આ સમગ્ર પૃથ્વીનું રાજ્ય અથવા તો દેવાદિકોનું પણ સ્વામિત્વ મને પ્રાપ્ત થાય તો પણ મોહ વડે ઉત્પન્ન થયેલા અને સર્વ ઇંદ્રિયોનું શોષણ કરી રહેલા મારા આ શોકનું નિરસન કરે એવું તો તેમાં મને કાંઈ જણાતું નથી, માટે કૃપા કરીને આપ જ મને યોગ્ય બોધ આપો. હું આપનો શિષ્ય છું, આપને શરણે આવ્યો છું.

सञ्जय उवाच—
एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तपः ।
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ॥ ९ ॥
तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥ १० ॥

સંજય કહે છે: હે ધૃતરાષ્ટ્ર ! નિદ્રારૂપી આળસને જીતનારા અર્જુને કહ્યું કે, હે હૃષીકેશ ! હે ગોવિંદ ! આ પ્રમાણે મારી સ્થિતિ થયેલી હોવાથી "હું યુદ્ધ નહિ કરું," એમ કહી તેણે મૌન ધારણ કર્યું.×

મોહ નિવૃત્તિનો ઉપાય

સંજય આગળ કહે છેઃ હે રાજા ધૃતરાષ્ટ્ર ! આ પ્રમાણે બંને સૈન્યની વચ્ચે શોક વડે અત્યંત વ્યાકુળ બની ખિન્ન થઈ બેઠેલા અર્જુન તરફ જોઈ ભગવાને મનમાં વિચાર કર્યો કે, આ અર્જુન અજ્ઞાનને લીધે મોહરૂપી ચક્કરમાં પૂરેપૂરો ફસાઈ ગયો છે. પ્રારબ્ધ એટલે પૂર્વના પ્રાક્તન કર્મવશાત્ પૂર્વ કર્મનાં ફળ, સુખ, દુઃખ તથા મોહ એમ ત્રણે પ્રકારે અનુભવમાં આવે એવો જે નિયતિનો નિયમ છે, તે નિયમાનુસાર અર્જુનને આ મોહ ઉત્પન્ન થયેલો છે, વાસ્તવિક રીતે તો આ તેનો થોડો સમય પૂરતો રમશાન વૈરાગ્ય છે; છતાં તેનો યોગ્ય ઉપયોગ કરી લેવો જોઈએ. અરે ! જગતમાં અજીત અને સિંહ તુલ્ય પરાક્રમી એવો આ યોદ્ધો એકાએક ગર્વહીન બની મોહવશ થઈ નાનાં બાળકની પેઠે રુદન કરે છે. આ મોહનો પ્રતાપ કેવો વિચિત્ર છે તે જુઓ! મોહ અજ્ઞાનને લીધે થાય છે. પોતાના સ્વરૂપનું વિસ્મરણ થવું એ જ અજ્ઞાન કહેવાય છે. અજ્ઞાનની નિવૃત્તિને માટે આત્મજ્ઞાન સિવાય બીજું એક પણ સાધન નથી. વળી ખાસ કરી આયુષ્યમાં આવી સારી તકો કિંવા સારા મોકાઓ કવચિત્ જ આવે છે. આ સમય સંધિનો છે. આત્મજ્ઞાનના બોધને માટે પણ આ કાળ ઘણો સારો હોઈ અનુકૂળ છે. વળી શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી તે મારે શરણે આવ્યો છે. જ્યાં સુધી મનુષ્યમાં કાર્ય અને અકાર્યને હું જાણું છું, શાસ્ત્ર અશાસ્ત્રના વિવેકને સમજું છું; એ મુજબની ખોટી પંડિતાઈનું મિથ્યા અભિમાન ઘર કરીને બેઠેલું હોય છે; દુન્યવી જગતના ભોગોમાં આસક્તિ હોય; જગતમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ કરવાની અભિલાષા હોય; ત્રૈલોક્યમાંના વિષયો મેળવવાની ઇચ્છા હોય; પુત્ર, વિત્ત કે લોકૈષણા તેમજ ઐહિક અને પારલૌકિક લાભ મેળવવાની મનીષા હોય; અંતઃકરણમાં યત્કિંચિત્ પણ મલિનતા હોય; સારાસાર વિવેક કરવાની બુદ્ધિ ન હોય; સંપૂર્ણ શ્રદ્ધા નહિ હોય તેમ જ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુપ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણની ભાવના, વિશુદ્ધ પ્રેમ અને સંપૂર્ણ શરણાગતિનો ભાવ જાગૃત થવા પામ્યો નહિ હોય, ત્યાં સુધી અપાયેલો આત્મજ્ઞાનનો ઉપદેશ પથ્થર પર પાણીની જેમ વ્યર્થ નીવડે છે; એવો શાસ્ત્રસિદ્ધાંત છે. અત્યાર સુધી અર્જુનમાં મિથ્યા દુરભિમાન હતું. જેથી તે બ્રહ્મવિદ્યાને લાયક ન હતો, એટલે નાનપણથી હું તેની પાસે ને પાસે હોઈ મારો તેના પ્રતિ અત્યંત પ્રેમ હોવા છતાં પણ તેને આત્મજ્ઞાન ઉપદેશવાનો અવસર મને સાંપડ્યો નહતો પરંતુ આજે તે સુઅવસર અનાયાસે જ પ્રાપ્ત થયો છે. આ કાર્ય કરવું કે ન કરવું? એ બંને બાબતનો નિર્ણય કરવાને માટે તેની બુદ્ધિ સંપૂર્ણ બહેર મારી ગઈ છે. તે કાર્યનો નિર્ણય કરવા તદ્દન અસમર્થ અને મૂઢ બની ગયો છે. તેમાંથી પંડિતાઈનું ખોટું અભિમાન સમૂળ નષ્ટ થવા પામ્યું છે. કૃપણતારૂપી દોષને લીધે તે સાવ રાંક કે દીન જેવો બની ગયો છે. વળી સમગ્ર પૃથ્વીનું તો શું પરંતુ આખા ત્રૈલોક્યનું રાજ્ય મળે તો પણ તેને મોહ વડે ઉત્પન્ન થયેલા આ શોકનું નિરસન થાય એ શક્ય લાગતું નથી. એટલે આને સમગ્ર ત્રૈલોક્યના ઐશ્વર્ય પ્રત્યે તીવ્રતર વૈરાગ્ય ઉત્પન્ન થયેલો છે. સિવાય તેને મારા પ્રતિ સંપૂર્ણ શ્રદ્ધા ઉપજી છે. મારા સિવાય ત્રૈલોક્યમાં પણ આ શોકનું નિવારણ કરી શકે એવો કોઈ જોવામાં આવતો નથી, એમ કહી આપ્ત સમજી સર્વભાવે મારે શરણે આવ્યો છે. તેણે મારી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી છે. આ મુજબ તે બ્રહ્મ વા આત્મપ્રાપ્તિનો સંપૂર્ણ અધિકારી બન્યો છે, એટલે આને હવે

× અત્રે કેટલાકોને શંકા થવા સંભવ છે કે, યુદ્ધની અણી ઉપર અર્જુનને આ મોહ થયો હતો તો યુદ્ધ સ્થગિત રહ્યું હતું કે કેમ ? તે માટે ધર્મયુદ્ધ સંબંધે શાસ્ત્રમાં એવો નિયમ છે કેઃ (૧) નશાના ઘેનમાં પડેલો, (૨) અસાવધ, (૩) વાયુ કિંવા ભૂતપ્રેતની બાધાવાળો, (૪) સૂતેલો, (૫) બાળક, (૬) સ્ત્રી, (૭) જડ એટલે મૂર્ખ, (૮) શરણે આવેલો, (૯) રથ વગરનો રથી તેમ જ (૧૦) જે ભયભીત થયેલો હોય એવા શત્રુની સામે યુદ્ધધર્મ જાણનારાઓ કદી પણ યુદ્ધ કરતા નથી, તેમ જ (૧૧) આયુધ વગરના યોદ્ધા ઉપર ધર્મ યુદ્ધમાં પ્રહાર કરતા નથી, એવો યુદ્ધશાસ્ત્રનો નિયમ હોવાથી અર્જુન પુનઃ શસ્ત્રસજ્જ થઈ યુદ્ધ માટે સામો ઊભો થયો ત્યાં સુધી યુદ્ધ સ્થગિત હતું એમ સિદ્ધ થાય છે, કેમકે આ ધર્મયુદ્ધ હતું.

મારા સ્વરૂપનું સાચું જ્ઞાન આપ્યા સિવાય અન્ય કોઈ માર્ગ જ રહ્યો નથી. જેનામાં આ પ્રકારની તૈયારી હોતી નથી તેને કદી આત્મજ્ઞાન ગળે ઊતરતું નથી, એટલું જ નહિ પણ તે તેને પચાવી ગ્રહણ કરી શકતો નથી; પણ ઊલટું હું સમજી ગયો છું એવો મિથ્યા દુરાગ્રહ તેમાં ઘૂસી જવા પામે છે. જે તેનો સર્વસ્વી વિનાશ(ઘાત) કરે છે. સદ્‌ભાગ્યે અર્જુનમાં આજે સાચી તમન્ના–નિષ્ઠા જાગ્રત થવા પામી છે; પૂર્વના મહાન પુણ્યનો ઉદય થવા પામ્યો છે; જે ખરેખર આનંદની વાત છે. જિજ્ઞાસુ પુરુષને જે ઊંધે રસ્તે દોરે છે તેને તેના આ અસત્યપણાના દોષને લીધે શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિ કદી પણ થતી નથી એવો શાસ્ત્રનો નિયમ છે. હવે, મોહ નિવૃત્તિને માટે આને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યા વગર બીજો કોઈ ઉપાય જ નથી; એવો મનમાં વિચાર કરીને તેને બોધ આપવાના ઉદ્દેશથી શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા:

श्रीभगवानुवाच—

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।

गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ११ ॥

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।

न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ १२ ॥

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।

तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

ખરો પંડિત કોણ ?

ભગવાન શ્રીકૃષ્ણ હસીને કહે છે કે: હે અર્જુન ! વાહવાહ ! જેનો શોક કરવો યોગ્ય નથી તેવી વાતનો તું શોક કરી રહ્યો છે અને વળી પાછો વાતો તો મોટી જ્ઞાનની કરે છે. અરે ! કોઈના પ્રાણ ગયા તો યે શું ને રહ્યા તોપણ શું ? આવી મિથ્યા અને નક્કર બાબતોનો પંડિતો એટલે જ્ઞાનીઓ કદી શોક કરે છે ખરા કે ? જન્મમરણાદિને જેઓ તુચ્છ સમજે છે એવા આત્મજ્ઞાનીઓ જ ખરા જ્ઞાની કિંવા પંડિત કહેવાય છે. અરે ! જરા સૂક્ષ્મ વિચાર કરીને જો કે હું, તું અને આ સર્વે રાજાઓ પૂર્વે કદી થયા ન હતા અને ભવિષ્યમાં પુનઃ થવાના નથી, એવી તારી માન્યતા છે કે શું ? ઉદ્દેશ એ કે, દરેક યુગમાં આ પ્રમાણે થયા જ કરે છે. પૂર્વે પણ ઘણી વખતે આવા પ્રસંગો ઉપસ્થિત થયા હતા અને ભવિષ્યમાં પણ તેવા પ્રસંગો આવતા જ રહેશે, કારણ કે નિયતિના નિયમ પ્રમાણે બ્રહ્મદેવના એક દિવસમાં એક હજાર મહાયુગો થાય છે, તથા દરેક મહાયુગ પૈકી દ્વાપરયુગને અંતે આવું ગહાભારત યુદ્ધ થતું જ રહે છે. આજ સુધીમાં બ્રહ્મદેવના એક દિવસ પૈકી સત્તાવીશ વાર આવા મહાભારત યુદ્ધો થઈ ગયાં છે અને આ અઠ્ઠાવીશમું હોઈ ભવિષ્યમાં હજી નવસો ને બોંતેર વખત યુદ્ધો થશે. આ પ્રમાણે બ્રહ્મદેવનું આયુષ્ય તેના સો વર્ષોનું હોય છે. તેમાં ત્રણ કરોડ સાઠ લાખ વખત આવા મહાભારત યુદ્ધો થતાં જ રહે છે (વધુ માટે શ્રીકૃષ્ણાત્મજ વાઙ્મયુધા પ્રકાશન ૪, મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ જુઓ); વળી એવા આજ પર્યંત કેટલાયે બ્રહ્મદેવ થઈ ગયા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ થશે. તેની સંખ્યાનો તો પાર જ નથી. આ રીતે નિયતિ એટલે ઈશ્વરની શક્તિનો ક્રમ અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે.

મરવું ને જન્મવું એ જીવનો સ્વભાવ છે.

જેમ દેહધારી એટલે જેઓને દેહ (શરીર) હોય તે દરેકને પ્રથમ બાલ્યાવસ્થા પછી યુવાવસ્થા અને અંતે વૃદ્ધાવસ્થા એમ ક્રમે ક્રમે ત્રણે અવસ્થાઓ પ્રાપ્ત થયા જ કરે છે, અસ્તિ (હોવું), જાયતે (જન્મવું), વર્ધતે (વધવું), વિપરિણમતે (ફેરફાર થવો યા ક્ષણે ક્ષણે બદલાવું), અપક્ષીયતે (પાકવું–વૃદ્ધ થવું) અને વિનશ્યતિ (વિનાશ થવો); એ છ દેહના વિકારો નિશ્ચિત કરેલા જ છે. અર્થાત્ બાલ્યાદિ અવસ્થાનો નાશ વૃદ્ધાવસ્થામાં થતો હોવાથી મારી બાલ્યાદિ અવસ્થાનો નાશ થયો તેથી હું શોક કરું છું એમ કહેવું એ જેમ મૂર્ખપણું ગણાશે, તેમ જીવાત્માને પણ વાસનાવશાત્ એક દેહ જઈ બીજા દેહની પ્રાપ્તિ થતી જ રહે છે, એટલે આવી રીતે જન્મવું તથા મરવું એ પ્રમાણેનો જીવાત્માનો ક્રમ તેને પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી સતત ચાલુ જ રહે છે. તેથી આત્માનું સ્વાનુભવયુક્ત જ્ઞાન પ્રાપ્ત થયેલ હોય એવા વિવેકી તથા ધર્મવાન પુરુષો આવી મિથ્યા બાબતોમાં તારી પેઠે કદી પણ મોહ પામતા નથી. ભાવાર્થ એ કે, તને સ્વસ્વરૂપનું વિસ્મરણ થયેલું હોવાથી અજ્ઞાનને લીધે મોહમાં સપડાઈ તું નહિ કરવા યોગ્ય એવો આ મિથ્યા શોક કરે છે અને વાતો તો મોટી પંડિતાઈની કરી રહ્યો છે, પરંતુ ધીર એટલે વિવેકી અર્થાત્ સત્ય વસ્તુને જાણનારા આત્મજ્ઞ પુરુષો તેમાં કદી મોહ પામતા નથી.

मात्रास्पर्शास्तुकौन्तेय शीतोष्णसुखदुःखदाः ।

आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ १४ ॥

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।

समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ १५ ॥

ખરો ધીર કોણ ?

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ સૂક્ષ્મ તન્માત્ર તથા તેનાં પાંચ મહાભૂતો ક્રમે આકાશ, વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વીના સંસર્ગને લીધે ઉત્પન્ન થનારાં સુખો, દુઃખો, સ્થૂલ અને સૂક્ષ્મ ઇંદ્રિયોને અર્થાત્ કર્મેન્દ્રિયોને તથા જ્ઞાનેંદ્રિયોને શીત, ઉષ્ણ, આદિ દ્વંદ્વ રૂપે નિત્યપ્રતિ (હંમેશાં) આવે છે અને જાય છે, એટલે કે શરીરને સુખ દુઃખાદિ ભોગવવાના પ્રસંગો તો હરહંમેશ ઘણા યે આવતા રહે છે અને ચાલ્યા જાય છે, એવો તેનો સ્વભાવ જ છેઃ આ દ્વંદ્વો કંઈ કાયમ ટકે એવાં ચિરસ્થાયી હોતાં નથી, પરંતુ તે અનિત્ય એટલે નાશ પામનારા છે. ઉદ્દેશ એ કે ' તું ' તો અવિનાશી અને સર્વનો દ્રષ્ટા છે, માટે હે ભારત ! તે દ્વંદ્વો આ પ્રકારનાં છે એમ જાણીને તું તે સર્વ સહન કર, કારણ કે તે તો પૂર્વ કર્મના ફળરૂપ હોવાથી જીવાત્માને તે ભોગવ્યા વગર છૂટકો જ થતો નથી. જેથી આ સુખદુઃખાદિ દ્વંદ્વોને સમાન ગણ; કેમ કે તે તારાં નથી, પરંતુ ઇંદ્રિયોનાં છે. તું તો ફક્ત તે સર્વનો અવિનાશી એવો એક દ્રષ્ટા વા અનિર્વચનીય–એવો આત્મા છે, એવું જાણી તેને તું સુખેથી સહન કર. હે અર્જુન ! આ રીતે સુખદુઃખાદિને સમાન ગણનારા ધીર અર્થાત્ વિવેકી અથવા આત્મજ્ઞાની પુરુષને આ દ્વંદ્વોની વ્યથા કદાપિ પણ થતી નથી. તેવો પુરુષ જ અમૃતત્વ અર્થાત્ નિર્વાણપદ પામવાને સમર્થ બને છે.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।

उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६ ॥

सत् असत्नी व्याख्या

જે 'નથી' તેનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી અને જે 'છે' તેનું નાસ્તિત્વ કદી પણ હોઈ શકતું નથી, એટલે જે અસત્ છે તેનું કદી અસ્તિત્વ હોતું નથી તથા જે સત્ છે તેનું કદી નાસ્તિત્વ સંભવતું નથી. આ રીતે સત્ અને અસત્નો અંતિમ નિર્ણય તત્ત્વજ્ઞ પુરુષોએ સ્વાનુભવ દ્વારા તેનો અંત જોઈને કરેલો છે. અર્થાત્ જેનો કદી નાશ થતો નથી તે સત્ તથા જેનો નાશ થાય છે તે અસત્ છે, એમ જાણ. ઉદ્દેશ એ કે, અન્ય કોઈની પણ સહાયતા વિના જે કેવળ પોતે ભાસમાન થાય છે, તે સત્ અને તેમ થતું નથી તે અસત્. આ શરીરો, તથા દેશ કાળાદિ સર્વ પદાર્થો આત્મા એટલે સત્ વડે જ ભાસમાન થાય છે, સ્વતઃ પોતે કાંઈ ભાસમાન થતા નથી તેથી તે સર્વે અસત્ છે, પરંતુ આત્માને ભાસમાન થવાને માટે કોઈની પણ સહાયની અપેક્ષા હોતી નથી તેથી તે સત્ છે. આ પ્રમાણે 'સદસત્'ની નિર્દોષ વ્યાખ્યાનો અંતિમ નિર્ણય તત્ત્વજ્ઞ પુરુષોએ અનુભવ વડે કરેલો છે. પરંતુ જેનો બાધ થાય તે અસત્ અને બાધ ન થાય તે સત્ એવી જે બીજી વ્યાખ્યા કરવામાં આવે છે તે યોગ્ય નથી; કારણ કે તેમાં અપવાદ માલૂમ પડે છે, તેથી તે સદોષ છે. ઉદાહરણને માટે રજ્જુમાં સર્પનો ભ્રમ થયો તે અસત્, પણ આ રજ્જુ છે એવું જ્ઞાન થયું તે **સત્**, એમ જો આ બીજી વ્યાખ્યાનુસાર કહેવામાં આવે તો વિચાર કરીને જો કે, રજ્જુમાં ભાસેલા સર્પને બાધિત કરનારું જ્ઞાન જો કોઈ વખતે ઉત્પન્ન જ થાય નહિ તો તે રજ્જુમાં ભાસેલા સર્પને પણ આ વ્યાખ્યા પ્રમાણે સત્ ગણવો પડશે. પણ સત્ની પહેલી એટલે કે, જે અન્ય કોઈની સહાયતા વિના કેવળ પોતે જ ભાસમાન થાય છે તે સત્, એવી જે વ્યાખ્યા છે, તેમાં કોઈ પ્રકારનો દોષ આવતો નથી. જેમ પાણીને પાણી કહેવાથી જ તેની સિદ્ધતા થાય છે એમ નથી, તેને પાણી કહો કે બીજું કાંઈ કહો, તે તો સ્વતઃસિદ્ધ જ છે. વળી પાણીને બીજું કાંઈ કહેવાથી તે તેવા પ્રકારનું બની જાય છે એમ પણ નથી; અર્થાત્ પાણીનું અસ્તિત્વ જેમ કોઈના જાણવા ઉપર અથવા તો જાણનારના જ્ઞાન ઉપર અવલંબેલું હોતું નથી; પણ તે તો સ્વતઃસિદ્ધ જ હોય છે. તે પ્રમાણે આત્માનું અસ્તિત્વ તેને જાણનારો 'હું' (વૃક્ષાંક ૩) કે જે **'त्वम्'** પદથી દર્શાવાય છે તેના અથવા તો 'હું'ના જાણનાર સાક્ષી (વૃક્ષાંક ૨)ના આધાર ઉપર અવલંબીને હોતું નથી, પરંતુ તે તો સ્વતઃસિદ્ધ જ છે. પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશમાન કરવાને માટે જેમ પ્રકાશકની અપેક્ષા હોય છે, પરંતુ પ્રકાશકને પોતાને પ્રકાશમાન થવાને માટે બીજા કોઈ સાધનની જરૂર હોતી નથી, તેમ આ સર્વ પ્રકાશ્ય આત્મપ્રકાશ વડે જ પ્રકાશમાન થતાં હોવા છતાં આત્માને પ્રકાશમાન કરવાને માટે બીજા કોઈ પ્રકાશની આવશ્યકતા હોતી નથી, માટે તે સ્વતઃસિદ્ધ હોઈ સત્ છે; અથવા અરીસામાં અનેક પ્રતિબિંબો પડે છે, તે સર્વે પ્રતિબિંબો દર્પણના આધાર ઉપર જ અવલંબીને હોય છે, પરંતુ દર્પણ કિંવા તકતાને બીજા કોઈની અપેક્ષા હોતી નથી, તેથી સ્વતઃસિદ્ધ છે એમ સમજો; તેમ આ આત્મારૂપ અરીસાનો કાચ અનેક વિચિત્ર દૃશ્યો ભાસમાન કરતો હોવા છતાં પોતાને ભાસમાન કરવાને માટે બીજા કોઈની અપેક્ષા તેને હોતી નથી, તેથી તે સ્વતઃસિદ્ધ છે; એટલે કે અરીસામાં પ્રતિબિંબ પડે કે ન પડે તોપણ તે શુદ્ધનો શુદ્ધ જ રહે છે. પ્રતિબિંબો પડે તોપણ તેઓ અરીસાથી કદી પણ ભિન્ન હોતાં નથી, તે મુજબ આત્મામાં દૃશ્યાદિ હો અથવા ન હો, છતાં પણ તે તો હંમેશાં શુદ્ધને શુદ્ધ જ હોય છે. તે દૃશ્યાદિ હોવાની ઇચ્છા રાખતો નથી. તેમ તે નહિ હોય તેથી પણ તેને કાંઈ હાનિ થતી નથી અને હોય તોપણ તે સર્વ પોતાના સ્વસ્વરૂપથી કિંચિન્માત્ર ભિન્ન હોતું નથી. એવા પ્રકારે આ આત્મા કિંવા સત્ની વ્યાખ્યાના સ્વરૂપનો અંતિમ નિર્ણય તત્ત્વવિત્ પુરુષોએ કરેલો છે.

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ १७ ॥

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ १८ ॥

સત્ અસતનો નિર્ણય સમજીને યુદ્ધ કર

ઉપર સત્ અસત્ની વ્યાખ્યામાં જણાવી ગયા તે પ્રમાણે આ સર્વ દૃશ્ય વાસ્તવિક રીતે તો "તત્" એટલે વેદના "**तत्त्वमसि**" મહાવાક્યમાં જેને "તત્" કિંવા 'તે' એવા પદ વડે સંબોધેલું છે તેવું સત્સ્વરૂપ છે (વૃક્ષાંક ૧ જુઓ), એમ નિશ્ચયપૂર્વક જાણ. અને જે સત્ છે તેનો તો કદી નાશ થતો જ નથી, જે ઉપર જણાવેલું જ છે. ઉદ્દેશ એ કે, તને આ બધું નાશવંત એવું જે દૃશ્ય ભાસે છે તે વસ્તુતઃ તેવું અર્થાત્ વિનાશી નથી, પરંતુ ચરાચર જગતમાં સર્વત્ર અવિનાશી એવું એક પરમતત્ત્વરૂપ સત્ જ વ્યાપી રહેલું છે. આથી આ બધું દૃશ્યજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫ સુધી) તત્ત્વતઃ તો "તત્" અવિનાશી અને અવ્યય એવું સત્ કિંવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) હોવાને લીધે, તેનો નાશ કરવાને માટે કોઈ પણ સમર્થ નથી. તે 'સત્' અથવા આત્મા (વૃક્ષાંક ૧) તો અવિનાશી, નિત્ય અને પ્રમાણોથી રહિત અર્થાત્ અચિંત્ય એવો છે. ભગવાન આગળ કહે છે કે, હે અર્જુન! કદાચ તું એમ કહેશે કે, "આ બધાનો પ્રત્યક્ષ નાશ થતો જોવામાં આવે છે. છતાં તમો તો આ બધું અવિનાશી છે એમ માનવાનું કહો છો." તો તે સંબંધમાં સાંભળ કે તને જ્યાં સુધી આ સત્ કિંવા આત્માનું સાચું જ્ઞાન નથી ત્યાં સુધી આવો પ્રશ્ન થાય છે, એ સ્વાભાવિક છે; માટે આત્માનું યથાર્થ જ્ઞાન થતાં સુધીને માટે તેમાં ભાસતાં આ નાશવંત કિંવા અસત્ દેહો એટલે આ સમગ્ર દૃશ્યાદિ ભેદો તો કેવળ મૃગજળવત્ ઉપાધિભેદ વડે મિથ્યા ભાસે છે એવો નિશ્ચય કરવો જરૂરી છે. માટે આ બધાં મરે છે અને હું તેને મારું છું એવો ખોટો મોહભ્રમ છોડી દે. ઉદ્દેશ એ કે, આ બધું નાશ પામે છે એવું જે તને ભાસે છે, તે તો ઉપર **असत्**ની વ્યાખ્યામાં બતાવી ગયા તેવું એટલે કે જેનું કદી અસ્તિત્વ જ સંભવતું નથી તે પ્રમાણેનું મૃગજળવત્ કિંવા વંધ્યાના પુત્ર જેવું, સાવ મિથ્યા છે. જો કે આ બધી નાશવંત એવી દૃશ્યજાળ શરીર, દેશ, કાળ વગેરે ભેદાત્મક ચિત્રોના ચમત્કારોથી ભરપૂર શોભાવાળી ભાસે છે ખરી, પરંતુ વસ્તુતઃ તો તેમાં દૃશ્યનો અંશ (લેશ) માત્ર પણ નથી. અર્થાત્ આ સર્વ વસ્તુતઃ તત્, ચૈતન્ય, સત્, બ્રહ્મ અથવા આત્મસ્વરૂપ છે એમ નિશ્ચિત સમજ. આ રીતે "અસત્" એટલે નાશ પામનારા દેહો તથા અવિનાશી "સત્" એટલે અવિનાશી આત્મા એ બંનેનું રહસ્ય તને કહ્યું તેને તું સૂક્ષ્મ બુદ્ધિ વડે ધ્યાનમાં લે અને હે ભારત ! હવે તું યુદ્ધ કર.

શાસ્ત્રીયપદ્ધતિથી સમજાવેલું આત્મસ્વરૂપ

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પ્રથમ સાંખ્યશાસ્ત્ર દ્વારા સયુક્તિક રીતે આત્મસ્વરૂપ સમજાવવાની શરૂઆત કરી છે, તેમાં પ્રથમ "નહિ કરવા યોગ્ય વસ્તુનો શોક કરે છે અને વાતો તો મોટી પંડિતાઈની કરે છે, આત્મજ્ઞાની અથવા ધીર પુરુષો આવી નશ્વર બાબતોને માટે તારી જેમ કદી પણ શોક કરતા નથી" એ રીતે ઉપહાસ કરીને સિદ્ધાંત સમજાવવાના ઉદ્દેશથી નશ્વર કોને કહેવું અને શાશ્વત કોને કહેવું એ બંનેનું સ્વરૂપ સત્ અસત્ની વ્યાખ્યા દ્વારા સમજાવેલું છે. આ સદસતની વ્યાખ્યાનો સિદ્ધાંત શ્લોક ૧૬ માં સમજાવ્યા પછી તેને આગળના શ્લોક ૧૭માં આ બધું એટલે જેનો નાશ અને ઉત્પત્તિ થાય છે, એવું જે તું માને છે, તે તમામ વાસ્તવિક રીતે તો ઉપર કહેલી સત્ની વ્યાખ્યા પ્રમાણેનું છે; પરંતુ તેવું જ્ઞાન જ્યાં સુધી તને થયેલું નથી ત્યાં સુધી આ બધું અનિત્ય હોઈ નાશવંત છે એમ જે તું માને છે તે તો ઉપર બતાવેલી અસત્ વ્યાખ્યાનુસાર છે એમ સમજ. ઉદાહરણને માટે સોનું અને તેના અલંકારો લઈએ, તેમાં સોનું એ સત્ તથા દાગીનાઓ તે અસત્ સમજો, કારણ, દાગીનાઓમાંથી જો સોનું કાઢી લેવામાં આવે તો દાગીનાનું અસ્તિત્વ કદી સંભવતું નથી, સિવાય દાગીનાઓ પણ વાસ્તવિક રીતે સોનું જ છે. નાશ તો દાગીનાનો થાય, સોનાનો નહિ તેમ આત્માનું પણ સમજો. આમ નામરૂપાદિ વડે ભાસતું સર્વ દૃશ્યજાળ સુવર્ણના અલંકારોની જેમ તદ્દન મિથ્યા હોવાથી તે અસત્ છે એમ જાણ. દાગીના થવાથી સોનાની ઉત્પત્તિ થઈ અથવા તેનો નાશ થવાથી સોનાનો નાશ થયો, એમ બનતું નથી તથા સોનું તો તે વાત કદી જાણતું પણ નથી, તેમ આત્મા હણાય છે, કિંવા હણાતો નથી અને તેમ કહેનારો કોઈક છે, એ વાતની આત્માને તો બિલકુલ માહિતી નથી. આવી પરિસ્થિતિ હોવાથી કોઈ કહેશે કે આત્મા કોઈને હણે છે કિંવા કોઈનાથી હણાય

છે, તો તેવું જાણનારાઓ આત્માનું સાચું સ્વરૂપ સમજતા જ નથી, એમ જાણ. આમ સિદ્ધાંત સમજાવ્યા બાદ આત્માનું સ્વરૂપ વિસ્તૃત રીતે આગળ સમજાવે છે.

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।

उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ १९ ॥

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।

अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥२०॥

આત્મસ્વરૂપનો નિર્ણય

આ સત્ એટલે આત્મા કે જેનો વેદાદિ શાસ્ત્રોમાં "तत्" પદ વડે નિર્દેશ કરેલો હોઈ તેને માટે આત્મા, બ્રહ્મ, ચૈતન્ય, અવ્યય ઇત્યાદિ અનેક નામોની સંજ્ઞાઓ (શ્લોક ૧ જુઓ) બોધને અર્થે યોજવામાં આવેલી છે, તે પોતે બીજાને હણે છે અથવા બીજા કોઈ તેને હણે છે, એવું જે સમજે છે તેઓ ખરેખર આ સત્, આત્મા કિંવા બ્રહ્મના સ્વરૂપને યથાર્થ રીતે જાણતા નથી, એમ સમજવું. કારણ કે, આ સત્સ્વરૂપ આત્મા કદી કોઈને હણતો નથી અને કોઈનાથી હણાતો પણ નથી. વળી તે કદી જન્મતો નથી અને મરતો પણ નથી; તેમ તે ભૂતકાળમાં ન હતો, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં નહિ હોય, એમ પણ નથી. અર્થાત્ ત્રણે કાળમાં તે પોતે તો સ્વસ્વરૂપ વડે જ સ્થિત છે, એટલું જ નહિ, પરંતુ આ ત્રિકાળ (ત્રણેકાળ)નું તથા તેને જાણનારા સાક્ષીનું અસ્તિત્વ પણ તેના આધાર પર જ નિર્ભર છે. આ સત્ અથવા આત્મા, અજ (જન્મ રહિત), નિત્ય, સર્વકાળમાં રહેનારો, શાશ્વત અને પુરાતન હોઈ શરીરનો વધ થવા છતાં પણ તેનો વધ તો કદી થતો જ નથી. આ આત્મા અવિનાશી, નિત્ય, અજ એટલે જન્મ નહિ હોવા છતાં જન્મ ધારણ કરે છે એમ ભાસનારો અને અવ્યય અર્થાત્ વિકારોથી તદ્દન રહિત એવો છે.

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।

कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥ २१ ॥

આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે તે જ જ્ઞાની

હે પાર્થ! આ રીતના આત્માના યથાર્થ સ્વરૂપને જે જાણે છે તેજ ખરો જ્ઞાની કહેવાય, તેવો પુરુષ પોતે પણ આત્મસ્વરૂપ જ બનેલો છે અર્થાત્ જીવન્મુક્ત છે. ઉદ્દેશ એ કે, શાસ્ત્રોમાં જે ગુણધર્મો આત્મા પર આરોપવામાં આવેલા છે તે જ આત્મસ્વરૂપ બનેલા અનુભવસિદ્ધ આત્મજ્ઞાની જીવન્મુક્ત પુરુષના છે એમ સમજવું. આવી રીતે આત્મજ્ઞ બનેલો પુરુષ કોને હણે કિંવા હણાવે? તાત્પર્ય, તેવા પુરુષની દૃષ્ટિએ પોતા સહિત આ બધું અખંડ એકરસ એવું આત્મસ્વરૂપ જ સર્વત્ર વ્યાપેલું હોવાથી તેની કાળ દેશાદિસહ ભાસમાન થતી તમામ ક્રિયાઓ પણ આત્મસ્વરૂપ જ બનેલી હોય છે; તેથી જેમ ઘડાનો અથવા મઠ (ઘર) નો નાશ થવા છતાં પણ તેની અંદરના આકાશનો કિંવા માટીનો નાશ થતો નથી, કિંવા તે આકાશ વા માટી પણ કાંઈ ઘટ અથવા મઠનો નાશ કરતું નથી, તેમ જ આત્મજ્ઞ થયેલા પુરુષને માટે પણ સમજવું, એટલે કે, આત્મજ્ઞ પુરુષ આકાશરૂપ બનેલો હોવાથી તે અનેક શરીરાદિ હણે અથવા તેના પોતાના ભાસના શરીરના હણાઈને ટુકડે ટુકડા થઈ જાય છતાં તે તો માટી કિંવા આકાશની પેઠે તદ્દન નિર્લેપ જ હોવાથી તે કોઈને પણ હણતો નથી અને તેને કોઈ હણી શકતું નથી.

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ २२ ॥

જેમ ઘરમાં રહેલું આકાશ, ઘરનું અસ્તિત્વ હો અથવા નાસ્તિત્વ હો છતાં પણ તે તો અલિપ્ત જ હોય છે; પરંતુ આ મારું ઘર છે, એવું અભિમાન ધારણ કરનાર ઘરનો માલિક કિંવા ગૃહી તો બીજે કોઈ હોઈ તે પોતે જ તેનાં સુખદુઃખાદિને અનુભવે છે, તેમ તે એક ઘરનો નાશ થતાં બીજું ઘર બનાવી તેમાં નિવાસ કરે છે અથવા પુરુષ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરી નવાં વસ્ત્રો પરિધાન કરે (પહેરે) છે, તેમ દેહી એટલે મારો દેહ છે, એવું અભિમાન ધારણ કરનાર જીવાત્મા પોતે એક દેહ છોડે છે અને બીજો દેહ ધારણ કરે છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २३ ॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २४ ॥
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २५ ॥

આત્મા કેવો છે ?

પરંતુ હે પાર્થ ! ઉપરના દૃષ્ટાંતમાં બતાવ્યા પ્રમાણે ઘરમાં રહેલું આકાશ તો જેમ તદ્દન નિર્લેપ જ હોય છે, તેમ આ આત્માને તો શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી અને વાયુ સૂકવી શકતો નથી. એ કદી છેદાઈ ન શકે, બળી ન શકે, પલળી ન શકે, સૂકાઈ ન શકે એવો હોઈ નિત્ય, સર્વ જગાએ વ્યાપી રહેલો, સ્થાણુ એટલે કાયમનો અથવા ચિરસ્થાયી, અચળ એટલે સ્થિર અને સનાતન એટલે ચિરંતન અથવા કાયમી એવો છે. વળી તે અવ્યક્ત એટલે જે કદી પ્રકટ નથી કિંવા ઇંદ્રિયો વડે જાણી ન શકાય તેવો, અચિંત્ય એટલે જેનું મન વડે પણ ચિંતન ન થઈ શકે એવો, અવિકારી એટલે જેને કોઈ પણ વિકારની કિંચિન્માત્ર પણ ઉપાધિ સ્પર્શ કરી શકતી નથી એવા પ્રકારનો છે, એમ આત્મા વિષે કહેવામાં આવ્યું છે.

અયોગ્ય એવો શોક કરવાનું છોડી દે

હે અર્જુન ! આ પ્રમાણે સત્ કિંવા આત્માનું સ્વરૂપ છે, તે તને અત્યાર સુધી કહેવામાં આવ્યું, તે જ તારું વાસ્તવિક સ્વરૂપ છે. ઉદ્દેશ એ છે કે, તું પોતાને "હું દેહધારી છું" એમ સમજે છે તે તો ઘરનો માલિક કિંવા ગૃહી જેમ આ મારું ઘર છે, એવું મિથ્યા અભિમાન રાખે છે અથવા ગાડા નીચે ચાલનારું કૂતરું ગાડામાંનો ભાર હું પોતે જ વહી રહેલ છું એમ સમજે, તેવા પ્રકારનું છે. ખરી રીતે તું ઘરમાંના

આકાશની પેઠે તદ્દન અલિપ્ત છે. આમ આત્મા સત્સ્વરૂપ, અવિનાશી અને અવ્યય હોઈ તે જ તારું ખરું સ્વરૂપ છે, માટે આ પ્રકારના તારા સાચા આત્મસ્વરૂપને જાણીને અયોગ્ય એવો શોક કરવાનું તું છોડી દે.

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।

तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २६ ॥

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥

આત્મા અનિત્ય હશે તો ?

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છેઃ હે મહાબાહો! આ સર્વ જગત આદિ દૃશ્ય સત્ કિંવા આત્મસ્વરૂપે કેવી રીતે છે, તે તને અત્યાર સુધી સમજાવ્યું. હવે કદાચ તું એમ કહેશે કે, તમો આ સર્વ નાશ રહિત જન્મ રહિત, અવ્યય અને નિત્ય છે એમ કહો છો ખરા; પરંતુ આ સર્વની ઉત્પત્તિ, સ્થિતિ તેમ જ નાશ તો હમેશ થતો રહે છે, એમ વ્યવહારમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે, તો પછી તમો તેને અજન્મા અને અવિનાશી કેવી રીતે કહી શકો ? અર્થાત્ એમ કહો કે, આત્મા તો નિત્યપ્રતિ જન્મે છે અને મરણ પામતો રહે છે, એટલે ઉત્પન્ન થવું અને નાશ થવો એ જ આત્માનો સ્વભાવ છે. એમ જો તારું કહેવું હશે તો તારા મત પ્રમાણે પણ તેની બાબતનો શોક કરવો એ ઉચિત ગણાશે નહિ; કેમ કે તું જ તેનો વિચાર કરી જો એટલે તને જણાશે કે જે જન્મે છે તેને માટે મરણ નિશ્ચિત હરેલું જ હોય છે અને જે મરે છે તેને માટે પુનઃ જન્મ પણ નિશ્ચિત છે; તો આવા અપરિહાર્ય એટલે કદી પણ ન અટકાવી શકાય એવા વિષયમાં શોક કરવો એ તારે માટે શું યોગ્ય ગણાશે ખરું કે ? કારણ, આ સર્વ લોકો આજે નહિ તો ભવિષ્યમાં કોઈ ને કોઈ દિવસે નિશ્ચિત મૃત્યુ પામશે અને વળી પાછા જન્મશે પણ ખરા. આ પ્રમાણે તો હંમેશાં ચાલ્યા જ કરવાનું. એમ તારા આ મત પ્રમાણે પણ સિદ્ધ થાય છે, તો પછી તેમાં શોક કરવાનું પ્રયોજન ક્યાં રહ્યું ?

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।

अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २८ ॥

અદૃશ્યમાંથી દૃશ્ય અને પાછું અદૃશ્ય

આ સર્વે ભૂતો એટલે પંચમહાભૂતાદિથી ઉત્પન્ન થનારાં દૃશ્યાદિ પ્રાણીમાત્રના સમૂહો, જન્મ પૂર્વે અવ્યક્ત એટલે અપ્રકટ અથવા અદૃશ્ય રૂપે હોય છે, જન્મ થયા પછી તે વ્યક્ત એટલે પ્રકટ કિંવા દૃશ્યમાન થાય છે, તેમ જ મરણ પછી વળી પાછા અવ્યક્ત એટલે અદૃશ્ય સ્વરૂપમાં જ સ્થિત રહે છે; આ પ્રમાણે આ દૃશ્યાદિની સ્થિતિ જો કાયમને માટે ચાલુ જ હોય તો પછી તેમાં શોક કરવાપણું ક્યાં રહ્યું ?

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।

आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥२९॥

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।

तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ३० ॥

અહાહા ! આત્મા કેવો ?

અરે ! આ સત્ કિંવા આત્માને કોઈ કોઈ અહાહા ! કેવો અદ્‌ભૂત અને સમજવામાં નહિ આવી શકે એવો આ આત્મા ! એ પ્રમાણે આશ્ચર્યવડે દિગ્મૂઢ બની તેને જોયા જ કરે છે, કોઈ કોઈ તો આશ્ચર્ય ચકિત બની જઈ તેનું વર્ણન જ કર્યા કરે છે અને વળી બીજા કેટલાક તો આશ્ચર્યમાં તન્મય બની તેને સાંભળ્યા કિંવા સંભળાવ્યા જ કરે છે. અહાહા ! શું આત્મા ! કેવો એ આત્મા ! વગેરે પ્રકારે આશ્ચર્યમાં ને આશ્ચર્યમાં ગરક બની જઈ કોઈ કોઈ તેને જોયા જ કરે, વર્ણવ્યા જ કરે, સંભળાવ્યા કિંવા સાંભળ્યા કરે ! તથા કેટલાક તો આમ સાંભળ્યા, સંભળાવ્યા કિંવા જોયા કરે છતાં પણ આને એટલે આત્માને યથાર્થ રીતે જાણી શકતા નથી. જળમાં કમળ કિંવા ઘરમાં જેમ આકાશ રહે છે તેમ દેહમાં દેહીરૂપે વ્યાપ્ત એવો આ સત્સ્વરૂપ આત્મા, સર્વ દશ્યાદિ દેહોનો નાશ થવા છતાં પણ પોતે નિત્ય અવધ્ય એટલે જેનો કદી પણ વધ થાય નહિ એવો છે; માટે હે ભારત ! આ સર્વ ભૂતોને માટે તું જે શોક કરી રહ્યો છે તે તારે માટે યોગ્ય નથી.

લોકો શોક કોનો કરે છે ?

ભગવાન ઉપરના વિવેચનનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે સમજાવીને કહે છે, હે અર્જુન ! ખરેખર તું બુદ્ધિમાન છે, તો પછી કોને માટે અને શા સારુ શોક કરે છે ? તેનો વિચાર કર અરે ! ડાહ્યા પુરુષો નિષ્ફળ કર્મો કદી કરે છે ખરા કે ? ફળ શું મળવાનું છે, તેનો વિચાર કર્યા વગર જો કોઈ ઉદ્યોગનો આરંભ કરવામાં આવે તો વ્યવહારમાં પણ તે સર્વ નકામું જ ગણાય. આમ હોવાથી તું જે આ શોકરૂપી નિષ્ફળ કર્મ કરી રહ્યો છે તેનું તને કંઈ ભાન છે કે ? વિચાર કર કે, તું શોક કોને માટે, શાં સારુ અને કોનો કરે છે ? આ બધાં શરીરો નષ્ટ થઈ જશે માટે હું તેનો શોક કરી રહ્યો છું, એવું સમજી તું તે શરીરોને માટે જો શોક કરતો હોય તો મૃત (મરણ) થયા પછી શરીરો તો અત્રે જ રહે છે, તેને કોઈ મૃતાત્મા પોતાની સાથે લઈ ને જતો હોય એવો વ્યવહારમાં પણ અનુભવ નથી. તો તે શરીરોને તેના કુટુંબીજનો સાચવીને કાં નથી રાખતાં ? તેનું દહન કિંવા દફન એટલે બાળવું કિંવા દાટવાનું કામ તો સંબંધીઓ જાતે પોતાના હાથે જ કરે છે. આમ સ્પષ્ટ હોવા છતાં પણ વ્યવહારમાં લોકો જે શોક કરે છે તે કોના માટે ? તે જ પ્રથમ સમજી શકાતું નથી. શોક કરવો એ શું પરંપરાથી લોકોમાં ચાલતો આવતો કુલાચાર છે ? તેમ હોય તો અમારે કંઈ કહેવાનું નથી. આમ સમજ્યા વગર જ સર્વ લોકો શોક કરે છે ખરા, પણ તે તો કેવળ એક મૂઢપણું જ ગણાય. વારુ ! શોક કરવાથી અથવા તું યુદ્ધમાં તેને નહિ મારે તેથી શું બધા અમર થઈ જશે, એવી તારી સમજ છે કે શું ? હે અર્જુન ! ધીરજ રાખીને જરા વિચાર કરી જો કે મિથ્યા બાબતનો શોક કરવાથી શું લાભ થવાનો છે ?

તું આજ સુધી કેમ શોક કરતો ન હતો ?

યુદ્ધમાં આ બધા સ્વજનો મારે હાથે નષ્ટ થશે માટે હું શોક કરી રહ્યો છું, એમ જો તું કહીશ તો કહે કે, ઘણા લોકો આજ સુધી વગર યુદ્ધે એટલે તારા માર્યા વગર જ શા માટે મરી ગયા ? અરે જોને તારા પિતા પાંડુરાજા ! તેઓનું મરણ વગર યુદ્ધે શા માટે થયું ? વળી તારા દાદા, વડદાદા વગેરે ઘણાં સગાં સંબંધીઓ આ પૂર્વે નષ્ટ થયેલાં છે, તથા આ અત્રે બધા એકત્ર થયેલાઓ પણ ભવિષ્યમાં નષ્ટ થશે એ નિશ્ચિત છે. તેથી તારે હમેશને માટે શોક કર્યા કરવો જોઈતો હતો ? તો પછી આજ સુધી તું તેઓને માટે કેમ શોક કરતો ન હતો ?

માબાપની વિષ્ટાના કીડાઓ પણ સંબંધી ખરા ને ?

અરે ! વિચાર કર કે, આ ભાઈ ભાંડુઓ અથવા સગાં સંબંધીઓ કોનાં ? મારાં છે, એમ જો તું કહીશ તો તેમની સાથે તારું બંધુત્વ શા ઉપરથી અને કેવી રીતનું ? તેમનાં કિંવા તારાં માતા પિતા અથવા પૂર્વજો એક જ હતા એમ જો તું કહેતો હોય તો હું તને પૂછું છું કે, તારાં માબાપનાં શરીર ઉપરના

મેલમાંથી થતી જૂ કિંવા રક્તદોષ વડે થતાં માંકડ, ચાંચડ તેમ જ તેઓની વિષ્ટામાંથી થતા કીડાઓ પણ તેમના દેહની સાથે નિકટનો સંબંધ ધરાવનારા અને તેઓના દેહ વડે જ ઉત્પન્ન થયેલા હોય છે, તો પછી તેઓ પણ તારા બાંધવો કિંવા કુટુંબીઓ જ ગણાશે ખરા કે નહિ? તે બધાંનો નિત્ય નાશ થતો રહે છે, તો પછી આ બધાં માટે તારે હંમેશાં જ શોક કર્યા કરવો જોઈએ એમ જ થયું ને?

દેહના સર્વાંશનો નાશ કદી પણ થતો નથી

માટે હે અર્જુન! પ્રથમ તો એ વિચાર કર કે તું પોતે કોણ છે? અને આ બધા નષ્ટ થશે એમ સમજીને જેઓનો તું શોક કરે છે તેઓ પણ વસ્તુતઃ કોણ છે? તું પોતે દેહ જ છે કે તે કરતાં કોઈ જુદો જ છે? દેહ એ તો એક પરમાણુઓનો પુંજ (સમુદાય) છે. એ સમુદાયનો નાશ કિંવા તેના અંશ પ્રત્યંશનો નાશ થાય તેને જો નાશ કહેવામાં આવે તો પછી આ રીતે દેહના અંશ પ્રત્યંશનો નાશ તો દરેક ક્ષણે ક્ષણે થયા જ કરે છે, આ ધોરણે તો તારે હમેશને માટે અને અખંડ રડતાં જ રહેવું જોઈએ. જો દેહના સર્વાંશના નાશને નાશ કહેવામાં આવે અને તેનો શોક કરવો એમ જો તું કહેશે તો દેહના સર્વાંશનો નાશ તો કદાપિ થતો નથી. પરંતુ માત્ર હંમેશાં રૂપાંતર જ થયા કરે છે. તે નિયમાનુસાર આ સર્વે તારાં સંબંધીજનોનાં શરીરોના અંશો પૃથ્વી આદિ મહાભૂતોમાં મળી જઈ તે તે રૂપમાં પરિણમશે, અગર પૃથ્વી આદિનો પણ નાશ થાય છે, એમ કહેવામાં આવે તો પણ છેવટે ચિદાકાશ તો અવિનાશી હોઈ તે તો રહેવાનું જ, પરંતુ તે બધું જવા દે.

તું દેહ કે દેહી?

પ્રથમ વિચાર કર કે, તું કાંઈ દેહ નથી, પણ દેહી છે; કારણ કે તું જેમ આ મારું વસ્ત્ર છે એમ કહે છે, તે જ પ્રમાણે તારા શરીરને આ મારો દેહ છે એમ કહે છે, તો પછી તું દેહ જ કેવી રીતે હોય, તે કહે વારુ! વાસ્તવિક રીતે તો તું દેહ અને દેહીથી પણ તદ્દન જુદો જ કોઈ છે. આમ છે તો પછી બીજાના દેહોની સાથે તારો શો સંબંધ? જેમ તારા ભાઈના વસ્ત્રાદિની સાથે તારો તલભાર પણ સંબંધ હોતો નથી, તેમ તેમના દેહની સાથે પણ તારો યત્કિંચિત્ સંબંધ નથી. આ રીતે જેમ વસ્ત્ર તેમ દેહ. આ મુજબની પરિસ્થિતિ છે, તો પછી આવી મિથ્યા બાબતને માટે શોક કરવો એ તને શોભે છે ખરું કે! તેનો તું સારી રીતે વિચાર કરી જો. ઉપર જણાવ્યું છે તેમ ઘરનો નાશ થવા છતાં પણ તેમાંના આકાશનો નાશ કદાપિ થતો નથી. તે મુજબ દેહમાં દેહી રૂપે રહેનારા કિંવા રહે છે એમ ભાસનારા, પરંતુ વસ્તુતઃ તે સર્વથી તદ્દન અલિપ્ત એવા આ સત્ અથવા આત્માનો નાશ, દેહનો નાશ થવા છતાં પણ કદાપિ થતો નથી; માટે આ ન્યાયાનુસાર કોઈ પણ ભૂત કિંવા પ્રાણી માત્રને માટે શોક કરવો એ નિરર્થક છે. તરમાત્ અજ્ઞાન વડે આ બધું ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામનારું જે જે કાંઈ તને ભાસમાન થાય છે તે વસ્તુતઃ તેવું નથી; પરંતુ અવિનાશી એવું આત્મસ્વરૂપ છે, એમ જાણી શોક રહિત થા.

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।

धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ ३१ ॥

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।

सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥ ३२ ॥

अथ चेत्त्वमिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि ।

ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ ३३ ॥

વ્યવહાર દૃષ્ટિએ પણ યુદ્ધ કરવું યોગ્ય છે

હે પાર્થ! અત્યાર સુધી દૃશ્યાદિ રૂપે ભાસતું આ સર્વ સત્ કિંવા આત્મસ્વરૂપ શી રીતે છે, તેનો નિર્ણય તને કહ્યો. હવે વ્યાવહારિક દૃષ્ટિએ એટલે કે વર્ણાશ્રમાદિની દૃષ્ટિએ સ્વધર્મનો વિચાર કરવામાં આવે તો પણ પ્રસંગવશાત્ ઉત્પન્ન થયેલા આ યુદ્ધમાંથી તારે ચલાયમાન થવું યોગ્ય નથી, પ્રસ્તુત સમયને માટે આ જ તારું ખરું કર્તવ્ય છે, એમ સૂક્ષ્મ વિચારને અંતે જણાઈ આવશે; કારણ કે ક્ષત્રિયોને માટે ધર્મયુદ્ધ કરતાં વધુ કલ્યાણ કરી શકે એવું આ ત્રણે લોકમાં બીજું કાંઈ પણ નથી; જેથી અધ્યાત્મ દૃષ્ટિએ જેમ આ યુદ્ધકર્તવ્ય આવશ્યક છે, તેમ વ્યવહારમાંના વર્ણાશ્રમોચિત સ્વધર્મની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો પણ તેમ કરવું એ અતિ આવશ્યક જ છે. એટલે બંને દૃષ્ટિએ તેનો વિચાર કરવા છતાં પણ યુદ્ધ કરવામાં કાંઈ દોષ જણાતો નથી; માટે હે અર્જુન! વગર પ્રયત્ને સહજ રીતે ઉદ્ભવેલું, શાસ્ત્રના કોઈ પણ પ્રકારના વિરોધો અથવા દોષો જેમાં અડચણ ઉત્પન્ન કરી શકતા નથી તેવું આ પ્રતિબંધ વગરનું સ્વર્ગના ખુલ્લા દરવાજા સમું ધર્મયુદ્ધ તો ભાગ્યવાન ક્ષત્રિયોને પણ ક્વચિત્ જ સાંપડે છે, છતાં આ પ્રકારે દૈવેચ્છાથી પ્રાપ્ત થયેલું આ ધર્મયુદ્ધ જો હું નહિ કરું એમ કહી તું તે નહિ કરે તો તેમાં સ્વધર્મ અર્થાત્ આત્મધર્મ તેમ જ વ્યાવહારિક દૃષ્ટિએ વર્ણાશ્રમોચિત ધર્મ એમ બંને ધર્મનો ત્યાગ થતો હોવાથી તું ગેલરો તેના પાપનો ભાગીદાર થઈશ, એટલું જ નહિ પરંતુ વ્યવહારમાં તેં આજ સુધી મેળવેલી કીર્તિને પણ ગુમાવીશ.

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।

सम्भावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ३४ ॥

भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ।

येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥ ३५ ॥

अवाच्यवादांश्च बहून्वदिष्यन्ति तवाहिताः ।

निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ ३६ ॥

જ્યાં ત્યાં તારી અપકીર્તિ જ થશે

વ્યવહારમાં લોકો તારી હમેશને માટે અપકીર્તિ જ ગાતા રહેશે. આજ પર્યંત લોકોમાં તેં જે પ્રતિષ્ઠા અથવા નામના મેળવેલી છે, તે સર્વ ઉપર ક્ષણવારમાં પાણી ફરી વળશે, જ્યાં ત્યાં તારો તિરસ્કાર થશે અને સંભાવિત કિંવા પ્રતિષ્ઠિત પુરુષોને માટે અપકીર્તિ એ તો મરણ કરતાં પણ વધુ દુઃખદાયક છે. વળી આ બધા મહારથીઓ પણ કહેશે કે, અરે! અમો બધા આજ સુધી અર્જુનથી ડરતા હતા ખરા, પરંતુ તે તો અમારી ભૂલ હતી. ખરા મોકાના પ્રસંગે આના ક્ષાત્રતેજની પરીક્ષા થઈ ગઈ. ત્યારે અમોને બધાને શસ્ત્રસજ્જ થઈને સામે ઊભેલા દીઠા કે તરત જ તે ગભરાઈને રડવા જેવો થઈ ગયો. તેને કૂણરી ઊપજી અને કૂતરું જેમ પૂંછડી નમાવી નાસી જાય, તેમ બાયલા જેવો બની હથિયાર નાંખી દઈ તે આ રણભૂમિમાંથી પલાયન કરી ગયો. આની શૂરવીરતા જણાઈ ગઈ. આ રીતે તું જેઓને આજે બહુમાન્ય થયેલો લાગે છે, તે જ તને તરણા સમાન તુચ્છ ગણશે, વળી તારા શત્રુઓને તો આ એક મોટું નિમિત્ત જ મળી જશે. આ તો આખરે બાયલો જ ને? મનમાં તો અમારો ભય એને હતો જ છતાં ઉપરથી તો મોટી બહાદૂરી બતાવતો હતો. એને મફતનું રાજ્ય જોઈતું હતું. આમ મફતમાં તે કદી રાજ મળે? રાજ તો બાહુબળ વડે જ જીતી શકાય! આજ સુધી મોટી મોટી બડાઈની વાતો કરી અને અમોને અધર્મી કહી લડાઈનો ડર બતાવતો હતો! જુઓ,

આ મોટો ધર્મિષ્ઠ ! પ્રસંગ આવતા કેવો ભાગી ગયો ? વગેરે નહિ બોલવાનાં કટુવચનો બોલી સર્વત્ર તારા સામર્થ્યની નિંદા કરતા રહેશે. વ્યવહારમાં આ કરતાં વધુ દુઃખદાયક એવું બીજું શું ?

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।

तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।

ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥

વ્યવહાર દૃષ્ટિએ ઉચિત શું ?

હે કૌંતેય ! આમ આત્મ અને વ્યવહાર બંને ધર્મો મેં તને સમજાવ્યા. તેનો વિચાર કર અને નિશ્ચય કરી યુદ્ધ કરવાને માટે ઊભો. કારણ કે જો કદી આ ધર્મયુદ્ધમાં તું હણાઈશ તો સ્વર્ગ પ્રાપ્ત થશે અને જીતીશ તો પૃથ્વીનું નિષ્કંટક રાજ્ય ભોગવીશ, માટે યુદ્ધ કર. સિવાય સત્ય એવા આત્મધર્મમાં બતાવ્યા પ્રમાણે એટલે કે આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એવી દૃઢ ભાવના રાખીને સુખદુઃખ, લાભહાનિ, જયપરાજયાદિને સરખા ગણીને જો તું યુદ્ધ કરીશ તો તને કિંચિન્માત્ર પણ પાપનું લેપન થશે નહિ, અને પ્રથમ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે કરવામાં તને ઇહ અને પરલોક એમ બંને તરફથી તે લાભદાયક છે, એટલું જ નહિ પણ વ્યવહાર અને પરમાર્થ દૃષ્ટિનો વિચાર કરતાં પણ તેમ કરવું યોગ્ય જ છે. કારણ વ્યવહાર દૃષ્ટિથી પણ જો આ ધર્મયુદ્ધમાં તારું મૃત્યુ થશે તો તને સ્વર્ગપ્રાપ્તિ થશે અને જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ; એ સ્પષ્ટ છે. આમ બંને બાજુએથી તારું શ્રેય અર્થાત્ કલ્યાણ જ છે. વળી આત્મદૃષ્ટિનો આશ્રય લઈ યુદ્ધ કરીશ તો તેથી તને તારા કર્મો કરવા છતાં પણ જળકમળવત્ તેનો બિલકુલ સ્પર્શ થશે નહિ. આ પ્રમાણે બંને દૃષ્ટિએ આ યુદ્ધ તને કલ્યાણકારી જ થશે, એમ નિશ્ચિત સમજ. એટલે હવે તને આ બધા ગુરુ, આચાર્યો, પિતા, પિતામહાદિકો તથા બાંધવાદિ સંબંધીજનોને મારવાથી અમારું કલ્યાણ કેવી રીતે થશે ? એવી જે શંકા મોહને લીધે ઉપજેલી છે તે તદ્દન નિરર્થક છે. આ યુદ્ધ જો અધર્મયુદ્ધ હોત તો તારી શંકાઓ યોગ્ય ગણાત, પરંતુ આ તો ધર્મયુદ્ધ છે એટલે તારી બધી શંકાઓ નિરર્થક જ બને છે; માટે આત્મદૃષ્ટિને પ્રધાન રાખી સુખદુઃખ, લાભઅલાભ, જયપરાજય ઇત્યાદિને સરખાં માની સત્ય એવા આત્મસ્વરૂપનો આશ્રય કરી જીવન્મુક્ત અવસ્થામાં સ્થિત થઈ જો યુદ્ધમાં જોડાઈશ તો આ યુદ્ધ કરવા છતાં પણ તું પાપને પામીશ નહિ હવે આને ધર્મયુદ્ધ કેમ કહે છે તેનો વિચાર કરવો રહ્યો.

આ યુદ્ધ રાજ્યલોભને માટે હતું ?

આ યુદ્ધ એ કાંઈ કેવળ રાજ્યલોભને ખાતર ન હતું, તેથી તે ધર્મયુદ્ધ કહેવાય છે. કારણ કે, એક તો રાજા દુર્યોધને પાંડવોનું રાજ્ય કાંઈ યુદ્ધ કરીને જીતેલું ન હતું, પરંતુ દ્યૂતમાં છળકપટ તથા યુક્તિપ્રયુક્તિથી અમુક અમુક વચનોની શરતોથી પડાવી લીધું હતું. આ સંબંધે ભાગવતમાં આ પ્રમાણેનું પ્રમાણ છે : "શુકદેવજી પરિક્ષિતને કહે છે કે, હે રાજા ! અધર્મે કરીને નાશ પામેલી વિવેકબુદ્ધિવાળા તથા દુષ્ટ પુત્રોનું પોષણ કરનારા એવા ધૃતરાષ્ટ્ર રાજાએ પિતા વગરના પાંડવોને લાક્ષાગૃહમાં બાળ્યા, તેમ જ પોતાની આંખમાંથી પડતાં આંસુ વડે રુદન કરતી પોતાના પુત્રતુલ્ય એવા યુધિષ્ઠિર રાજાની સ્ત્રી દ્રૌપદીના સભાની વચ્ચે કેશ ખેંચવારૂપ પોતાના પુત્ર દુર્યોધનનું નિંદિત કામ ધૃતરાષ્ટ્રે જાણ્યા છતાં પણ વાર્યું નહોતું, વળી દુર્યોધને દ્યૂતમાં (જુગટામાં) અધર્મ વડે જીતેલા રાજ્યમાં, સત્યના આશ્રયે રહેલા સજ્જન એવા યુધિષ્ઠિરે કરાર પ્રમાણે વનમાંથી આવીને ભાગ માગ્યો તોપણ આપ્યો નહિ, એટલું જ નહિ પણ યુધિષ્ઠિરે મોકલેલા જગદ્ગુરુ

શ્રીકૃષ્ણે સભામાં ભીષ્મપિતામહાદિ પુરુષોને અમૃતતુલ્ય લાગનારાં વચનો કહ્યાં,[૧] તેનું પણ ધૃતરાષ્ટ્રે માન નહિ રાખ્યું, તથા સલાહ માટે બોલાવવામાં આવેલાં નાના ભાઈ વિદુરજીએ યોગ્ય સલાહ આપી છતાં તે પણ ધૃતરાષ્ટ્રે માની નં હતી. વળી આ ધૂત દુર્યોધને યુધિષ્ઠિરને પોતાને ઘેર બોલાવીને રમાડયું હતું, વાસ્તવિક નિયમ તો ધૂતનું આમંત્રણ કરનારે પોતે સામા પક્ષને ત્યાં જઈને રમવું જોઈએ. આ રીતે યુદ્ધધર્મનું પાલન આમાં થયું નં હતું (જુઓ મહા૦ ઉદ્યોગપર્વ૦ સાત્યકિએ કહેલો યુદ્ધધર્મ).

ધૂત રમવાનું કારણ

પૂર્વે અજિત એવા ચક્રવર્તિ રાજાઓ વચન પાળવામાં મક્કમ છે કે નહિ તેની પરીક્ષાને માટે રાજવીઓ આપસઆપસમાં ધૂતની રમત રમતા હતા. તેમાં આખું રાજપાટ, સંપત્તિ તથા સ્ત્રીધન પણ હારી જતા. નીતિશાસ્ત્રના નિયમમાં જણાવ્યા પ્રમાણે રાજધર્મની ખાતરી પોતાનાં અપાયેલાં વચનોના પાલન ઉપર જ અવલંબીને હોય છે, આ દૃષ્ટિએ આ ધૂત ખેલવામાં આવ્યું હતું. ધર્મરાજા તો સાચા ધર્મનિષ્ઠ રાજવી હોવાથી તેમણે પોતાના વચનનું બરાબર રીતે અક્ષરશઃ પાલન કરી બતાવ્યું. આથી ધૂતમાં રાજ્ય હારી જતાં કેવળ વચનને ખાતર એટલે વચનની કીમત રાજ્ય કરતાં પણ વિશેષ છે એમ જગતને રાજ્યનીતિ બતાવવાને માટે પોતે રાજ્યનો પણ ત્યાગ કર્યો, તેમ પોતાનાં રાજ્યકારકિર્દી દરમ્યાન તેઓ વચનથી કદી પણ ભ્રષ્ટ કિંવા ચલાયમાન થયા ન હતા. જો તેમણે ધૂતમાં રાજ્ય હારી ગયા બાદ વચનને મહત્ત્વ નહિ આપતાં રાજ્યપાટ છોડવાની આનાકાની કરી હોત, તો તેઓ જરૂર અધર્મી ગણાતે અને તે સમયે જ આ મહાભારત યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થયો હોત; પરંતુ યુધિષ્ઠિરે પોતાના વચનનો બરાબર અમલ કર્યો અને રાજપાટ છોડી શરત પ્રમાણે બાર વર્ષનો વનવાસ તથા એક વર્ષ અજ્ઞાતવાસનું અક્ષરશઃ પાલન કર્યું.* પાંડવોનો વનવાસ પૂર્ણ થયો કે નહિ, તે સંબંધમાં

૧. પાંડવ કૌરવોની નિષ્પક્ષપાત સમિતિમાં સર્વની સંમતિ અનુસાર પાંડવ તરફથી શ્રીકૃષ્ણ ભગવાન તથા કૌરવો તરફથી શ્રીવિદુરજી અને સંજય હતા. વળી ભીષ્મ, કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય એઓ સલાહકાર સમિતિમાં હતા. યુદ્ધનીતિનો એવો નિયમ છે કે, જેઓ નિષ્પક્ષપાત સમિતિમાં હોય તેઓના નિર્ણયનું પાલન ન થવાથી જો યુદ્ધાદિનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેમણે તે યુદ્ધમાં ઊતરવું નહિ. આથી વિદુરજી તથા શ્રીકૃષ્ણ ભગવાને આ યુદ્ધમાં હથિયાર ઉપાડવા નહિ, એવી પ્રતિજ્ઞા કરેલી હતી અને તેથી જ વિદુરજી અન્યાય પક્ષનો ત્યાગ કરી ગયા હતા. કદાચ કોઈ કહેશે કે ભીષ્મ અને દ્રોણાચાર્ય જેવાઓએ પણ આ અધર્મપક્ષને કેમ મદદ કરી ? તેનો સંક્ષેપમાં ઉત્તર એવો છે કે, દુર્યોધને કરગરીને જ્યારે તેઓનું શરણું માગ્યું ત્યારે તેઓને પ્રથમ શરણાગતનું રક્ષણ કરવું જોઈએ એવો ક્ષાત્રધર્મ બજાવવાની ફરજ પડી, તેથી તેઓએ ફક્ત અમુક મુદત સુધી જ અમો તારા રક્ષણના જવાબદાર છીએ, એવી રીતે કરતી શરણાગતિ સ્વીકારી હતી અને તેટલો વખત તેનો સારી રીતે બચાવ કર્યો હતો.

૨. રાજાઓ દ્યૂતમાં સ્ત્રીઓને પણ શા માટે મૂકતા ? એવી શંકાઓનો સંક્ષેપમાં ખુલાસો એટલો જ છે કે, મનુષ્ય બધું સાંખી શકે પણ પોતાની સ્ત્રીને પોતાને હાથે બીજાને સ્વાધીન કરે, એ તો લગભગ અશક્ય છે, એવો મનુષ્યસ્વભાવ છે; તેથી વચનપાલનની આ અંતિમ મર્યાદા કહેવાય છે. સિવાય આમાં સ્ત્રીના પાતિવ્રત્યની પણ પરીક્ષા થાય છે, કેમકે આવી જીતાયેલી સ્ત્રીઓ ઉપર નીતિશાસ્ત્રની દૃષ્ટિએ કોઈ બળજબરી કરે એવો કાંઈ તેમાં ઉદ્દેશ હોતો નથી. પરંતુ તેને બહુમાનથી રાખવાની હોય છે. અત્રે તે નિયમનો પણ ભંગ થયેલો હતો; આથી આ અધર્મકૃત્ય હતું.

* દ્યૂતની અંદર પાંડવોએ બાર વર્ષનો વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ કરવો એવી શરત હતી. પણ આ કાળગણના ચાંદ્રમાન એટલે તિથિમાસ પ્રમાણે ગણેવી કે સૌરમાન એટલે દક્ષિણાયન તથા ઉત્તરાયન મળીને એક વર્ષ એ પ્રમાણે ગણવી તેનો ઉલ્લેખ ન હતો. આથી પાંડવો પંડિતોના મતાનુસાર ચાંદ્રમાસ પ્રમાણે વનવાસ તથા અજ્ઞાતવાસ ભોગવીને પ્રગટ થયા. પરંતુ દુર્યોધનનું કહેવું એમ હતું કે તેમણે સૌર વર્ષ પ્રમાણે પ્રગટ થવું જોઈતું હતું, અને તે પ્રમાણે થયેલું ન હોવાથી શરત પ્રમાણે ફરીથી બાર વર્ષનો વનવાસ તેઓએ કરવો જોઈએ. એટલા માટે પોતે રાજ્ય આપવા ખુશી નથી. તેથી સૌથી વયોવૃદ્ધ, જ્ઞાની અને પંડિતો પાસે પાંડવોએ આ બાબતનો નિર્ણય કરાવ્યો. તેમાં પાંડવ પક્ષ તરફથી સર્વની સંમતિ અનુસાર શ્રીકૃષ્ણ ભગવાન તથા કૌરવ પક્ષ તરફથી સંજય અને વિદુર હતા, તેમ જ સલાહકાર સમિતિમાં ભીષ્મ, દ્રોણાચાર્ય આદિ પણ હતા. તેઓએ નિર્ણય કર્યો કે ન્યાયશાસ્ત્રના

મહાભારત (વિરાટપર્વ, અ૦ ૫૨)માં અર્જુને પોતાના પ્રાકટ્ય સંબંધમાં ભીષ્મને પ્રશ્ન કર્યો હતો. તે ઉપરથી ભીષ્મે કહ્યું: કલા, કાષ્ઠા, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, નક્ષત્ર, ઋતુ અને સંવત્સર ઇત્યાદિની કાળગણતરી કરવામાં યોજના થયેલી છે. આ પ્રમાણેના વિભાગથી જ આ કાળચક્ર નિત્યપ્રતિ એકસરખું ભ્રમણ કરી રહ્યું છે. કાળગતિમાં સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રાદિની ગતિમાં અંતર પડતો હોવાથી દર પાંચ સૌર વર્ષમાં બે અધિક (પુરુષોત્તમ) મહિનાઓ આવે છે. આ ગણતરી પ્રમાણે આજદિન સુધી તેર વર્ષો, પાંચ મહિના અને બાર દિવસ થયા છે. પાંડવોએ વનવાસની પોતાની પ્રતિજ્ઞાનું બરોબર રીતે પાલન કરેલું છે અને તેથી જ આ અર્જુન આજે પ્રકટ થયો છે.

આ ધર્મયુદ્ધ કેમ ?

રાજા દુર્યોધનની દાનત સાફ ન હતી, તેને તો રાજ્યનો લોભ હતો, તેથી તેણે દ્યૂતમાંની શરતોનું પાંડવોએ પાલન કર્યું હોવા છતાં પણ તેમનું ખૂંચવી લીધેલું રાજ્ય પાછું આપવા ના પાડી. તેને સમજાવવાને તથા વચનોની યાદ અપાવવાને માટે ઘણા ઘણા પ્રયત્નો થયા, પરંતુ તે સર્વે નિષ્ફળ નીવડવાથી પાંડવોને શ્રીકૃષ્ણ ભગવાન તથા અન્ય વડીલો, આચાર્યો અને પૂજ્યોની સલાહ લઈ આખરે નાછૂટકે યુદ્ધનો નિર્ણય કરવાની ફરજ પડી. કારણ કે, જે રાજા પોતે આપેલા વચનોનું પાલન કરતો નથી તે અધર્મી ગણાય છે. અધર્મી રાજાની પ્રજા કદી પણ સુખી થતી નથી. તેવા રાજાની સામે યુદ્ધ કરી તેની રૈયતને દુઃખમાંથી છોડાવવી જોઈએ, એવો ક્ષાત્રધર્મ છે. તે ક્ષાત્રધર્મના નિયમાનુસાર આ યુદ્ધ હોવાથી તે ધર્મયુદ્ધ કહેવાયું. ઊલટું જો કોઈ રાજા આ ક્ષત્રિયધર્મનું પાલન ન કરે તો તે પાપનો ભાગીદાર થાય છે. આ અધર્મીઓને ધર્મ પાલન કરાવવાને માટે (૧) તપ અને (૨) યુદ્ધ એવા બે માર્ગો શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે. તે પૈકી ક્ષત્રિયોને માટે યુદ્ધમાર્ગ જ વધુ શ્રેષ્ઠ છે. વળી ધર્મયુદ્ધમાં ધર્મી રાજાને મદદ કરનારનું જો મૃત્યુ થાય તો તે સ્વર્ગમાં જાય છે અર્થાત્ તેનું ઐહિક તથા પારલૌકિક એમ બંને પ્રકારે હિત થાય છે, પરંતુ અધર્મી રાજાને મદદ કરનારાઓ તો ઊલટા નરકમાં જ જાય છે, એવો શાસ્ત્રનો નિયમ છે. કયો યોદ્ધો સ્વર્ગના આભૂષણ રૂપ છે ? અને કયા પ્રકારનું યુદ્ધ અધર્મ કિંવા અયોગ્ય ગણાય ? શૂર યોદ્ધો કયો ? તે સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે નિર્ણય કરેલો છે.

અધર્મયુદ્ધમાં મરનારની ગતિ

જે શૂરવીર પુરુષ શાસ્ત્રોક્ત આચાર પાળનારા પોતાના સ્વામીને સારુ યુદ્ધમાં મૃત્યુ પામે અથવા તો જય પામે તેને શૂર પુરુષોનો ઉત્તમ લોક મળે છે, પણ અધર્મને માટે યુદ્ધ કરનાર અથવા અધર્મી સ્વામીને માટે જે યોદ્ધો યુદ્ધમાં મરણ પામે છે તે પુરુષ ડિંભાહવ એટલે અયોગ્ય સંગ્રામમાં મરણ પામેલો ગણાય છે અને તેને નરકની જ પ્રાપ્તિ થાય છે. જે પુરુષ શાસ્ત્રમાર્ગથી વિરુદ્ધ આચારવાળા સ્વામીને માટે યુદ્ધ કરે છે, તે પુરુષને મરણ પછી અક્ષય નરકવાસ જ મળે છે. યોગ્ય એવી શાસ્ત્રની પદ્ધતિનું તથા લોકાચારના નિયમોનું પાલન કરનારા અને તેવા પ્રકારના અર્થાત્ ધર્મવાન સ્વામીની સેવા કરનારો જે પુરુષ યુદ્ધ કરે છે તે જ શૂર કહેવાય છે. હે ઉત્તમ બુદ્ધિવાળા ! જે પુરુષ ગાય, વેદવિત્ બ્રાહ્મણ, પતિવ્રતા સ્ત્રી, મિત્ર અને

નિયમાનુસાર શકુનો લાભ તો પ્રતિપક્ષને અર્થાત્ પાંડવોને જ મળી શકે, કેમકે આ બાબત દ્યૂતમાં નક્કી કરી ન હતી. જો સૌરમાસ પ્રમાણે આ બધું ભોગવવું એવો નિર્ણય પ્રથમથી જ નક્કી થયો હોત તો દુર્યોધનની વાત ખરી મનાત પરંતુ દુર્યોધન તો પોતાની હઠ છોડવા તૈયાર ને હતો, તેનું એ વર્તન ન્યાયવિરુદ્ધ હતું. જે રાજા પોતે નીતિશાસ્ત્રના નિયમાનુસાર થયેલા ન્યાયનો ચુકાદો મંજૂર ન કરે તેવો સ્વાર્થથી ભરેલો રાજા રૈયતને યોગ્ય ન્યાય આપવા સમર્થ હોતો નથી, એવો રાજનીતિનો નિયમ હોવાથી તેવો રાજા અધર્મી કિંવા અન્યાયી ગણાય છે. દુર્યોધનની દાનત કેવળ રાજ્યલોભને ખાતર ન્યાયમાં સારાસાર વિવેક કરવા અસમર્થ બનેલી હોવાથી તેના અન્યાયની યોગ્ય શિક્ષા તેને મળવા જ જોઈએ. એટલા માટે પાંડવોને ન્યાયદાતા પંચોની સંમતિ અનુસાર પોતાનો ક્ષાત્રધર્મ બજાવવાની એટલે કે એક તો અધર્મી રાજાનો નાશ કરવો કાં તો ધર્મયુદ્ધ કરી પોતાનો નાશ થાય તો સ્વર્ગલોકની પ્રાપ્તિ કરી લેવી. અર્થાત્ પાંડવોને યુદ્ધ કરવાની ફરજ પડી હતી. આથી આ યુદ્ધ રાજ્યલોભને માટે નહિ પરંતુ રાજનીતિ અનુસાર ધર્મયુદ્ધ હતું.

શરણાગતનું રક્ષણ કરવાને માટે યુદ્ધ કરીને મરણ પામે છે તે પુરુષ સ્વર્ગના આભૂષણરૂપ નીવડે છે. પોતાના રાજ્યમાંની પ્રજાનું સારી રીતે પાલન કરતો હોય એવા પ્રજાપાલક તથા દેશપાલક રાજાને માટે જે પુરુષ યુદ્ધમાં જીવનની આહુતિ આપે છે તેને સ્વર્ગલોકમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. ક્ષત્રિય અથવા બીજી કોઈ જાતનો રાજા પ્રજાને દુઃખ દેવામાં તત્પર હોય તેવા અધર્મી રાજાને માટે જે પુરુષ યુદ્ધમાં મરણ પામે છે તેને અક્ષય નરકલોકની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રથી વિરુદ્ધ ચાલનારા અધર્મી રાજા અથવા તેવા બીજાઓને વાસ્તે જેઓ યુદ્ધમાં કપાઈને મરે છે તેમને પણ નરકમાં જ જવું પડે છે.

ધર્મયુદ્ધમાં મરનારની ગતિ

જે યુદ્ધ ધર્મમાર્ગથી રહિત ન હોય તેમાં મરનારાઓની જ સ્વર્ગમાં સ્થિતિ થાય છે. બાકી જો ધર્મથી રહિત એવા યુદ્ધમાં મરનારાઓની પણ સદ્ગતિ થતી હોત તો મદોન્મત્ત લોકો પાપ કરવા છતાં પણ નરકપાતથી નિર્ભય રહેત તથા યુદ્ધો કરીને લોકોનો વિનાશ જ કર્યો કરત. શૂર પુરુષ ગમે તેવા સંગ્રામમાં મરે તોપણ તેને સ્વર્ગપ્રાપ્તિ થાય છે એવાં જે વચનો શાસ્ત્રમાં કોઈ કોઈ સ્થળે જોવામાં આવે છે, તે વચનો સંપૂર્ણ વિચાર કર્યા વિના જુસ્સાના આવેશમાં આવીને કહેવાયેલાં હોય છે, તે સત્ય નથી એમ સમજવું. કારણ કે જે ધર્મનીતિવાળા યુદ્ધમાં લડે છે તે જ શૂરવીર કહેવાય છે, અર્થાત્ ધર્મયુદ્ધ માટે પ્રાણ અર્પણ કરનાર યોદ્ધાઓજ શૂર પુરુષો કહેવાય છે, એવો શાસ્ત્રનો નિર્ણય છે. સદાચારી હોય તેવા રાજા કિંવા સ્વામીને અર્થે જેઓ ખડ્ગની તીક્ષ્ણ ધારાઓની સાથે ટક્કર લે છે અર્થાત્ યુદ્ધ કરે છે તેઓ જ શૂર કહેવાય છે, અને મરણને અંતે તેવાઓ જ સદ્ગતિને પ્રાપ્ત થાય છે. બાકીના બીજાઓ તો ડિંડાહવ એટલે બાળકની રમત સમા અધર્મયુદ્ધમાં મૃત્યુ પામેલા કહેવાય છે. તેઓ દુર્ગતિને જ પ્રાપ્ત થાય છે. આ મુજબ શાસ્ત્રમાં ધર્મયુદ્ધ અને અધર્મયુદ્ધમાં મૃત્યુ પામનારાઓને પ્રાપ્ત થતી ગતિઓનો નિર્ણય કરેલો છે (જુઓ યો૦ ઉત્પ૦ પ્ર૦ સ૦ ૩૧/૨૦ થી ૩૪). આ ન્યાયાનુસાર આ ધર્મયુદ્ધ હતું. તેથી શ્રીભગવાને અર્જુનને આ બધાને મારવા કે નહિ એવો તારો સંશય અત્રે નિરર્થક છે એમ કહ્યું છે. આ રીતે આ ધર્મયુદ્ધ છે એવો પ્રથમ નિશ્ચય કરીને જ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને તેમાં યુદ્ધ કરવાને માટે વખતોવખત જણાવેલું છે, એટલું જ નહિ પણ તેમાં મરવાથી કિંવા મારવાથી એમ બંને પ્રકારે શ્રેય છે, કેમકે અધર્મીઓને મદદ કરનારા પછી તે પિતા હો, ગુરુ હો, આચાર્ય હો, બંધુ હો કે અન્ય કોઈ પણ હો, તેને શત્રુ સમજીને શિક્ષા (દંડ) કરવી જ જોઈએ, એવો ક્ષાત્રધર્મનો નિયમ હોવાથી તેમ કરવાથી યત્કિંચિત્ પણ પાપનો સ્પર્શ થતો નથી; પરંતુ શ્રેષ્ઠ લોકની જ પ્રાપ્તિ થાય છે એવો વ્યવહારમાંના વર્ણાશ્રમધર્મની દૃષ્ટિએ પણ સિદ્ધાંત છે, તો પછી આ સર્વ આત્મસ્વરૂપ જ છે એમ નિશ્ચયાત્મક સમજીને જીવન્મુક્ત દશામાં રહીને કર્મ કરનારને તેનો સ્પર્શ થવો શી રીતે શક્ય હોય?

एषा तेऽभिहिता साङ्ख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।

बुद्ध्या युक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥ ३९ ॥

સાંખ્ય અને સાંખ્ય એટલે શું ?

સત્ય તત્ત્વ એટલે આત્મસ્વરૂપ કિંવા તત્ત્વજ્ઞાન સમજાવવા માટે જે યુક્તિનો આશ્રય કરવામાં આવે છે, તેને શાસ્ત્રમાં સાંખ્ય કિંવા સાંખ્ય પરિભાષા, સાંખ્ય દૃષ્ટિ કિંવા સાંખ્યનિષ્ઠા કહેવામાં આવે છે. સાંખ્ય કિંવા સાંખ્યનો અર્થ બુદ્ધિ કિંવા જ્ઞાન ઇત્યાદિ થાય છે. અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧)નું સ્વરૂપ સમજાવવાને માટે સારાસાર વિવેકદૃષ્ટિ વડે અર્થાત્ સમ્યક્‌જ્ઞાન વડે એટલે જ્ઞાન એ પોતે કેવળ અધિષ્ઠાન ચિન્માત્ર હોઈ તે સ્વતઃસિદ્ધ જ છે; તેનો જ્ઞેયભાવ થવો કદી પણ શક્ય જ નથી, તે તો કેવળ અવિનાશી એવું જ્ઞાન જ છે અને તે મન, વાણી, બુદ્ધિથી પણ અગોચર અર્થાત્ અગમ્ય છે, એવો જે આત્મસ્વરૂપનો અંતરંગમાં

બોધ થવો તેને સમ્યકજ્ઞાન કહેવામાં આવે છે. તેવા પ્રકારના સમ્યકજ્ઞાનને સમજાવવાને માટે જે માર્ગનો આશ્રય લેવામાં આવે છે, એટલે સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિત રહી જેને આત્મા, બ્રહ્મ, ચૈતન્ય, સત્, "તત્" ઇત્યાદિ સંજ્ઞાઓ દ્વારા વ્યવહારમાં અજ્ઞાનીઓને બોધ થવાને માટે અનિર્વચનીય એવા પદને સમજાવવાને માટે જે યુક્તિનો આશ્રય કરવામાં આવે છે તેને જ્ઞાન, બુદ્ધિ, સાંખ્ય કિંવા સાંખ્યયુક્તિ કહે છે. અને તે તત્ત્વનું પ્રતિપાદન કરનારાં શ્રુતિ સ્મૃત્યાદિ શાસ્ત્રોને સાંખ્યશાસ્ત્રો કહે છે, અર્થાત્ વેદાંતતત્ત્વનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો તે જ જ્ઞાન કિંવા સાંખ્યશાસ્ત્રો છે. ઉદ્દેશ એ કે, આત્મસ્વરૂપ અનિર્વચનીય હોવાથી તે વાસ્તવિક રીતે વાણી, મન કે બુદ્ધિનો વિષય જ કદાપિ થઈ શકતું નથીઃ છતાં અજ્ઞાનીઓને સમજાવવાને માટે વ્યવહારમાં હું અને આત્મા એમ બેપણાનો ભેદ અંગીકાર કરીને જે યુક્તિ વડે આત્મતત્ત્વનું અદ્વૈત સ્વરૂપ સમજાવવાના પ્રયત્નો કરવામાં આવે એવી બુદ્ધિગમ્ય યુક્તિ એજ સાંખ્ય કિંવા સાંખ્યનિષ્ઠા કહેવાય. આ યુક્તિ દ્વારા વેદાંતતત્ત્વ સમજાવનારાં ઉપનિષદાદિ તથા સ્મૃત્યાદિ શાસ્ત્રો તે સાંખ્યશાસ્ત્રો સમજવાં. આ સાંખ્ય (વેદાંત) જ્ઞાનનો ઉપદેશ કરવાને માટે અનિર્વચનીય પરમાત્મા પોતે અજન્મા, અવ્યય હોવા છતાં દરેક મન્વંતરમાં સગુણ સ્વરૂપે જે અવતાર ધારણ કરે છે, તે જ સાંખ્યશાસ્ત્રકાર કપિલ મહર્ષિ છે તથા કલ્પના આદ્ય મહર્ષિ સાંખ્યાયન છે. જે વેદના પ્રમુખ એવા ત્રિપદા અને ચોવીસ અક્ષરથી ઉપાસના કરી શકાય છે એવાં ગાયત્રીમંત્રની દેવી ગાયત્રી માતાના દેવતા સવિતા હોઈ તેમના ગોત્રના આદ્યપ્રવર્તક આ સાંખ્યાયન મહર્ષિ છે એટલે જ ગાયત્રીનું સાંખ્યાયન ગોત્ર છે. દોરીને સર્પ કહેવાથી તે સર્પ બનતી નથી તેમ દોરી કહેવાથી દોરી બની ગઈ એમ પણ નથી; તેને દોરી કહો કે સર્પ કહો પણ તે તો સ્વતઃસિદ્ધ દોરીની દોરી જ છે. આ પ્રમાણે દોરીના સાચા સ્વરૂપને જાણનારને માટે તો કોઈ યુક્તિના આશ્રયની જરૂર હોતી નથી, પરંતુ જેઓ તેને સર્પ છે એમ માની બેઠા હોય તેવા અજ્ઞાનીઓને સમજાવવાને માટે તો કોઈ પણ યુક્તિનો આશ્રય કરવો પડે એ નિશ્ચિત છે, અને તેને માટે યુક્તિ પણ સ્પષ્ટ છે કે, જેને સર્પ કહેવામાં આવે છે તે સર્પ નથી પણ દોરી છે. આમ દોરીનું સાચું જ્ઞાન થતાં સુધી આજ યુક્તિનો આશ્રય લેવો પડે છે, તે સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. તેમ આ અનિર્વચનીય એવા આત્મા(વૃક્ષાંક ૧)ને સમજાવવાને માટે આ આત્મા અને આ અનાત્મા છે એવી સાંખ્યયુક્તિ જ પ્રધાન છે, એમ સમજવું.

સાંખ્ય અને વેદાંત

આ અનેકવિધ નામ રૂપો વડે ભાસતું ચરાચર દૃશ્યાદિરૂપ જગત વસ્તુતઃ જોવામાં આવે છે તેવું નથી, પરંતુ અનિર્વચનીય એવું બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છે તથા એવું કહેનારો જે તું અર્થાત્ **અહમ્** (વૃક્ષાંક ૩) પણ આત્મસ્વરૂપ છે અને આ અશુદ્ધ "હું" (અહમ્ વૃક્ષાંક ૩)નો સાક્ષી શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) પણ આત્મસ્વરૂપ જ છે અર્થાત્ આ સર્વ આત્મ કિંવા તત્(વૃક્ષાંક ૧)રૂપજ છે. આ રીતે આત્મરૂપ એવા આ આત્મતત્ત્વ(વૃક્ષાંક ૧)ને પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર વગેરેનો અંગીકાર કરીને સમજાવવાની જે યુક્તિ તે સાંખ્ય તથા તે સમજાવનારાં શાસ્ત્રો તે સાંખ્યશાસ્ત્રો કહેવાય. આ તત્ત્વનો વ્યવહારમાં યોગ્ય યુક્તિ દ્વારા પ્રગટ (પ્રચાર) કરનારો ચાલુ યુગમાં થનારો જે પરમાત્માનો અવતાર તે જ સિદ્ધ એવા મહર્ષિ કપિલમુનિ છે. તેઓનો મૂળ ઉદ્દેશ તો આ સર્વ આત્મસ્વરૂપ છે એવો અદ્વૈતભાવ દર્શાવવાનો છે જેથી સાંખ્યશાસ્ત્ર એ વેદાંતશાસ્ત્રથી ભિન્ન છે, એમ સિદ્ધ થતું નથી.

સાંખ્ય અને વેદાંતની એકતા શી રીતે?

વેદાંતશાસ્ત્રકારો સ્વગત, સજાતીય અને વિજાતીય એમ ત્રણ ભેદોનો અંગીકાર કરી પછી બ્રહ્મથી વિજાતીય કાંઈ છે જ નહિ એવા પ્રકારની યુક્તિનો આશ્રય લઈ આ મિથ્યા દૃશ્યાદિના સાચા સ્વરૂપનું ભાન થાય તે માટે વિવર્ત કિંવા અજાતવાદની યુક્તિઓને પ્રાધાન્ય આપે છે. તેવી યુક્તિ વડે આત્મસ્વરૂપ સમજાવનારાઓ વેદાંતીઓ કહેવાય છે તથા પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકારાદિ ભેદોની દૃષ્ટિનો આશ્રય લઈ અંતે આ સર્વ બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ છે, એવા પ્રકારની યુક્તિવડે આત્મસ્વરૂપનું જ્ઞાન કરી આપનારાં તે સાંખ્યશાસ્ત્રો કહેવાય. તેથી વેદાંત

અને સાંખ્યમાં તત્ત્વતઃ બિલકુલ ભેદ નથી. વ્યવહારમાં વેદાંતીઓની વિવર્ત અને અજાતાદિ યુક્તિઓ એકદમ સમજવાને સમર્થ એવો બુદ્ધિશાળી વર્ગ ઘણોજ થોડો હોય છે, પરંતુ ઘણો મોટો વર્ગ તો સાંખ્યયુક્તિ દ્વારાજ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજવાને શક્તિમાન નીવડે છે. જેમ મનુષ્ય અને તેની છાયા પરસ્પર એક બીજાની સાથે સંકળાયેલી હોય છે, તે એક બીજાને છોડી કદી રહી શકતી નથી, તે પ્રમાણે સાંખ્ય અને વેદાંતશાસ્ત્રોને માટે પણ સમજવું. ટૂંકમાં જડ પદાર્થોથી આત્મા જુદો છે એ રીતે ભેદદૃષ્ટિનો અંગિકાર કરીને આત્માનું અસંગ, નિર્વિકાર અને અનિર્વચનીયપણું સિદ્ધ કરી બતાવનારી જે યુક્તિ તે સંખ્ય અને આ પ્રમાણેના વિવેકદ્વારા ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ દ્વૈતભાવ મટાડી સાક્ષી સહિત આ સર્વ દૃશ્યાદિ પણ આત્મસ્વરૂપ જ છે, તેથી ભિન્ન કાંઈ નથી, એ રીતે અદ્વૈતભાવમાં સ્થિતિ કરાવનારી જે યુક્તિ તે વેદાંત. જેઓ તીક્ષ્ણ બુદ્ધિશાળી હોય છે તેઓને તો પોતાસહિત આ સર્વ આત્મસ્વરૂપ જ છે; એવા પ્રકારે સમજાવવામાં આવતાં જ તેઓ આત્માનું યથાર્થ સ્વરૂપ તત્કાળ સારી રીતે સમજી શકે છે; તેમને પ્રથમ પ્રકૃતિપુરુષનો વિવેક સમજી પછી વેદાંત સમજવો એટલે પ્રથમ દ્વૈતનો અંગિકાર કરી પછી અદ્વૈતમાં જવું એવા પ્રકારના યુક્તિરૂપ શાસ્ત્રક્રમની આવશ્યકતા હોતી નથી, પરંતુ વ્યવહારમાં તેવા પ્રકારના તીવ્ર બુદ્ધિમાનો તો ઘણા જ જૂજ મળી આવે છે, તેથી તે કરતાં મંદબુદ્ધિમાનોને તો પ્રથમ સત્યાસત્યનો વિવેકદૃષ્ટિએ નિર્ણય કરાવ્યા પછી જ આત્માના અદ્વૈતસ્વરૂપનું સાચું ભાન થઈ શકે છે, તેટલા માટે તેમને ક્રમે ક્રમે આગળ લઈ જવાના ઉદ્દેશથી દ્વૈતની દૃષ્ટિનું અવલંબન કરી તે પ્રકારની શાસ્ત્રયુક્તિઓ દ્વારા બોધ આપવો પડે છે, તેથી શાસ્ત્રકારો પ્રથમ પ્રકૃતિપુરુષ, માયાઈશ્વર, ભક્તભગવાન, પરમાણુ, વિજ્ઞાન, પ્રાણોપાસના વગેરે અનેક યુક્તિઓ દ્વારા આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાવી પછી તે સર્વનું અદ્વૈતભાવમાં જ ઐક્ય કરી દે છે. આમ આ બધાં શાસ્ત્રો તથા શાસ્ત્રકારોનો ઉદ્દેશ તો અનિર્વચનીય એવું આત્મતત્ત્વ દર્શાવવું એ જ એક છે, છતાં અજ્ઞાનીઓને પોતાના સાચા આત્મસ્વરૂપનું જ્ઞાન થાય ત્યાં સુધી દ્વૈતનો સ્વીકાર કરીને સમજાવ્યા વગર બીજી કોઈ પણ યુક્તિ નથી, તેવી યુક્તિ એ જ સંખ્ય કિંવા સાંખ્ય કહેવાય, તે ન્યાયાનુસાર આ બધાં સાંખ્યશાસ્ત્રો જ છે અર્થાત્ આ સંખ્ય અને વેદાંત એ બંને યુક્તિઓ પરસ્પર સાપેક્ષ જ છે.

સાંખ્યાચાર્યો અને વેદાંતીઓ

જેવી રીતે નાનાં છોકરાંઓને કાંઈ મીઠાઈ ખાવા આપી હોય ત્યારે તે બાળક તેમાંથી આ મારા પિતાનો, માતાનો, ભાઈનો ને આ મારી બહેનનો એ પ્રમાણે જુદા જુદા ભાગલાઓ કરે છે અને જ્યારે રમત પૂરી થાય છે ત્યારે બધું એકત્ર કરીને પોતે જ ખાઈ જાય છે, તે મુજબ સાંખ્યશાસ્ત્રકારો અજ્ઞાની લોકોને આત્માનું જ્ઞાન યથાર્થ રીતે થાય તેટલા માટે પ્રકૃતિપુરુષાદિનો આશ્રય લઈને જડ અને ચેતનની ભિન્નતા દર્શાવે છે તથા આ યુક્તિ વડે આત્માનું પરોક્ષજ્ઞાન થાય ત્યાંસુધી સમજાવે છે. તેવી યુક્તિ એજ સંખ્ય વા સાંખ્ય યુક્તિ છે. આમ નિત્યાનિત્ય વિવેક થાય ત્યારબાદ આ સર્વ અભિન્ન એવું એક આત્મસ્વરૂપ જ છે, તેમાં દ્વૈતનો અંશ લેશમાત્ર પણ નથી, એવા પ્રકારે સર્વને પુનઃ અદ્વૈતભાવમાં સમેટી લેવાની જે યુક્તિ તે જ વેદાંત કહેવાય. પ્રથમ યુક્તિનો આશ્રય લઈ પ્રતિપાદન કરનારા તે સાંખ્યાચાર્યો તથા બીજી યુક્તિનો આશ્રય લઈ પ્રતિપાદન કરનારા તે વેદાંતીઓ કહેવાય છે. અજ્ઞાનીઓને સમજાવવાને માટે પ્રથમ સંખ્યયુક્તિ વગર બીજો કોઈ ઉપાય જ નથી. આમ એક વખત સંખ્યયુક્તિ અનુસાર આત્માનું પરોક્ષજ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરી લીધા પછી જ આ બીજી વેદાંત યુક્તિનો વધુ ઉપયોગ થઈ શકે છે, એવો સર્વ સામાન્ય લોકોને માટે વ્યવહારમાં આત્મસ્વરૂપના જ્ઞાનનો નિશ્ચિત ક્રમ છે. તેથી એક જ આચાર્ય સંખ્ય અને વેદાંત એમ બંને પ્રકારની યુક્તિઓના જ્ઞાતા હોય છે. સંખ્યયુક્તિ વડે સમજાવતી વખતે તે સાંખ્યાચાર્યો અને વેદાંતની યુક્તિવડે સમજાવતી વખતે તે જ વેદાંતીઓ કહેવાય છે. આ પ્રમાણે સંખ્ય કિંવા સાંખ્ય અને વેદાંતની શાસ્ત્રયુક્તિમાં મૂળભૂત ભેદ જરા પણ નથી. આ સાંખ્ય તથા વેદાંત તેવી જ રીતે વિવર્ત અને અજાત ઇત્યાદિ ભિન્ન ભિન્ન અનેક યુક્તિઓ પણ ફક્ત અનિર્વચનીય પદ સમજાવવાને માટે જ કહેવામાં આવેલી હોઈ તે યુક્તિઓના આશ્રય વડે આત્મસ્વરૂપ રૂપ એક જ ધ્યેયની પ્રાપ્તિ થાય છે.

મહર્ષિ કપિલ અને સાંખ્ય

સાંપ્રત સાંખ્ય અને વેદાંત સંબંધમાં ઘણા ઝઘડાઓ ચાલુ છે. પોતાને વેદાંતીઓ કહેવરાવનારા કેટલાકો તો સાંખ્યનું નામ આવ્યું કે તદ્દન ત્યાજ્ય છે, એમ સમજીને જાણે તેથી અભડાઈ જતા ના હોય તેમ માની તે થકી દૂર રહે છે અને સાંખ્યના આચાર્ય મહર્ષિ કપિલ મુનિનું નામ સાંભળતાં વેંત જ ગભરાટમાં પડી જાય છે. તેવાઓ મહર્ષિ કપિલનો સિદ્ધાંત સારી રીતે સમજી શકે તેટલા માટે તેમણે પોતે જ કહેલ સાંખ્ય, ભક્તિ અને યોગના સિદ્ધાંતો કે જે ભગવદ્ગીતાના કર્તા વેદવ્યાસાચાર્યે પોતે જ રચેલા સર્વમાન્ય એવા ભાગવત પુરાણોમાં આવેલા છે, તે પૈકી આધારને માટે આવશ્યક એવો કેટલોક ભાગ લોકોની ગેરસમજ દૂર થવાના ઉદ્દેશથી અત્રે આપવામાં આવે છે કે જેથી તેમના સિદ્ધાંતો ભક્તિમાર્ગીઓ કિંવા વેદાંતીઓના સિદ્ધાંતોથી સહેજ પણ ભિન્ન નથી, એમ સારી રીતે સમજવાથી દુરાગ્રહ છૂટી અનેની એકવાક્યતા સિદ્ધ થવાને ઘણી સરળતા થશે, એટલું જ નહિ પરંતુ પરમાત્મસ્વરૂપનું પરોક્ષજ્ઞાન થવાને માટે તેમણે રચેલી સાંખ્યયુક્તિ વગર સામાન્ય સમાજમાં બીજું કોઈ સાધન નથી; તે પણ સારી રીતે ધ્યાનમાં આવશે. આ માટે વધુ વિવેચન કરવા કરતાં શ્રીમદ્ ભાગવતમાંથી કેટલાક આધારો અત્રે ટાંકવામાં આવે તો તે અસ્થાને ગણાશે નહિ, એમ લાગવાથી તે નીચે આપ્યા છે.

"સૂત કહે છે: હે વિદુર! સાંખ્ય અર્થાત્ વેદાંત જ્ઞાનનો ઉપદેશ કરવાને માટે સત્ત્વગુણમય અંશથી પરબ્રહ્મ ભગવાન કપિલ રૂપે જન્મ્યા છે. આ જ્ઞાની લોકોના સ્વામી, સાંખ્યવિદ્યા અર્થાત્ તત્ત્વજ્ઞાનના આચાર્યોમાં અગ્રણી અને કુળની કીર્તિને વધારનારા એવા કપિલ મહર્ષિને નામે ઓળખાશે. કર્દમ ઋષિના પ્રશ્ન ઉપરથી શ્રીકપિલદેવ કહે છે કે, હે મુનિ! વેદ સંબંધી તથા લોક સંબંધી *કાર્યોમાં મારું બોલવું જ સર્વને પ્રમાણ છે. એટલા માટે મેં તમોને વચન આપ્યું હતું તે સત્ય કરવા ખાતર આ અવતાર ધારણ કર્યો છે. સંસારની દુષ્ટ વાસનાઓમાંથી છૂટવાને ઇચ્છનારા સામાન્યવર્ગના મંદ બુદ્ધિમાનોને આત્મવિચાર કરવામાં જેનો અવશ્ય ઉપયોગ છે એવાં તત્ત્વોની સંખ્યા કરવાને વાસ્તે આ મારો અવતાર છે. આ આત્મજ્ઞાનનો અનાદિ માર્ગ ઘણા કાળથી નાશ પામી ગયો છે તેને પાછો સજીવન કરવાને માટે મેં આ દેહ ધારણ કર્યો છે. સર્વ કર્મો આત્મરૂપ સમજી આત્મસ્વરૂપ એવા મને અર્પણ કરવાથી જન્મમરણમાંથી મુક્ત થઈ શકાય છે. આત્મસ્વરૂપ જાણવાને માટે હું આત્મસ્વરૂપ જ છું એમ સમજી મારી ભક્તિ કરો, કારણ કે હું દેહધારી નહિ પણ સર્વ પ્રાણીઓનો અંતર્યામી સ્વયંપ્રકાશ એવો પરમાત્મા છું. એવા મને તમો પોતાના મનથી પોતામાં જ જોઈ શોક રહિત થઈ મોક્ષ પામશો. અહંભાવ સહિત સર્વ વાસનાત્મક કર્મોને જડમૂળમાંથી ઉખેડી જીવન્મુક્તિ પ્રાપ્ત કરાવી આપે એવી બ્રહ્મવિદ્યા હું મારી માતાને આપીશ, કે જેથી તે સંસારમાંથી તરી જશે. (શ્રી ભા૦ સ્કં૦ ૩/૨૪ જુઓ).

કપિલનો સાંખ્ય સિદ્ધાંત

"દેવહૂતિનો શ્રીકપિલને પ્રશ્ન: હે તત્ત્વવિદ્યાના પાર દેખાડનાર મહાત્મા! દુષ્ટ ઇંદ્રિયોની લાલસાથી હું બહુ થાકી ગઈ છું, માટે આ દેહાદિકમાં "હું અને મારું" એવા પ્રકારનો આગ્રહ આત્મસ્વરૂપ એવા તમોએ જે જોયો છે તે મોહને તમારે જ મટાડવો જોઈએ. આપની પાસે હું પ્રકૃતિ અને પુરુષનું સ્વરૂપ એટલે કે આત્માનાત્મવિવેક જાણવાની ઇચ્છાથી શરણે આવી છું. આ પ્રશ્ન સાંભળીને શ્રીભગવાન કપિલ કહે છે: મનુષ્યોએ કલ્યાણને માટે બ્રહ્મવિદ્યામાં નિષ્ઠા રાખવી એ જ એક ખરો ઉપાય છે એવો મારો સિદ્ધાંત છે. એ બ્રહ્મવિદ્યાથી સુખદુઃખાદિ તમામ દ્વંદ્વો (દ્વૈત)નો અત્યંત નાશ થાય છે.

* શાસ્ત્રમાં અને લોકમાં ચાલી રહેલો વ્યવહાર અને તેના કર્તા તથા વહન નિયમ અને વિધિવાક્યોનો ભાવાર્થ સમજાવવામાં આવેલો છે, તેથી અત્રે લોક અને વેદ સંબંધમાં એમ કહેવામાં આવ્યું છે.

સ્ત્રી શૂદ્રાદિ સમજી શકે એવું આત્મજ્ઞાન કહો.

દેવહૂતિએ પૂછ્યું : આત્મસ્વરૂપ એવા તમારે વિષે કેવી ભક્તિ કરવી યોગ્ય છે? હું સ્ત્રીજાતિ હોવાથી મને વેદવેદાંગાદિ પઠનપાઠનનો અવસર નથી તો મારાથી પણ સહેલાઈથી બની શકે એવી કઈ ભક્તિ છે તે કહો કે જે કરવાથી હું સર્વ શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રના ગૂઢ રહસ્યને વગર કષ્ટે સરળતાથી સમજી મોક્ષને પામું. આત્મસ્વરૂપ એવા તમો (ભગવાન) ને પ્રાપ્ત કરવાને તમે જે યોગ કહ્યો તે કેવા પ્રકારનો છે? તેના અંગો કેટલા છે? વગેરે વિસ્તારથી સમજાવો કે જેથી હું સ્ત્રીજાતિ જે ગૂઢ જ્ઞાન સમજવાને શક્તિમાન નથી, તે પણ સારી રીતે સમજી શકું. ઉદ્દેશ એ કે, અત્યુચ્ચ એવું તત્ત્વજ્ઞાન ઉપનિષદાદ વેદાંતશાસ્ત્રો દ્વારા સમજવાને માટે જેઓ શક્તિમાન નથી, તેવાં મંદબુદ્ધિનાં સર્વસામાન્ય લોકો અને સ્ત્રીશૂદ્રાદિકો પણ તે સારી રીતે સમજી શકે એ રીતે સમજાવો; માતાનું પ્રયોજન જાણી લઈ તત્ત્વજ્ઞાન સહેલાઈથી સમજી શકાય તેટલા માટે તત્ત્વોની સંખ્યા કિંવા ક્રમ કરવાનું સાંખ્ય (જ્ઞાન) એટલે જે વડે અંતે આત્માનું જ જ્ઞાન થાય છે તેવું જ્ઞાન, ભક્તિનો વિચાર અને યોગ એ પ્રમાણે ત્રણે બાબતો ભગવાન કાપલદેવે કહી (શ્રી ભા૦ ૨૬૦ ૩/૨૫ જુઓ).

જ્ઞાનનિષ્ઠાનો ઉદ્દેશ

કપિલદેવ કહે છે: હે દેવહૂતિ! મંદબુદ્ધિના લોકો, સ્ત્રીશૂદ્રાદિકો તથા તમો પણ સારી રીતે સમજી શકો તે માટે તમારી ઇચ્છાનુસાર જુદાં જુદાં તત્ત્વોનાં લક્ષણો કહું છું, કે જે જાણવાથી મનુષ્ય પ્રકૃતિના ગુણો કે જે આ બધી માયાની દૃશ્યજાળ દેહાદિરૂપે પ્રતીત થયેલી જોવામાં આવે છે, તેનો વિવેક કરીને મનુષ્યો દેહાધ્યાસથી છૂટા પડે અર્થાત્ દેહાભિમાન છોડે. સાંખ્ય એટલે બુદ્ધિ કિંવા જ્ઞાનનિષ્ઠા. આત્માનું જ્ઞાન કરી આપવું એ જ આ જ્ઞાનનિષ્ઠાનો ઉદ્દેશ છે. આ જ્ઞાનનિષ્ઠાના પ્રભાવને લીધે ગુણમય એવા પ્રકૃતિના લિંગ શરીર યાને સૂક્ષ્મ સ્વરૂપથી મુક્ત થયેલો પુરુષ, ગુણો કે જેઓ માયામય મિથ્યા જ પ્રતીત થાય છે, તેઓમાં રહેવા છતાં મિથ્યા ગુણોના સંગને કદી પણ પામતો નથી. (શ્રી ભા૦ ૨૬૦ ૩-૨૬-૩).

આપણો જે આત્મા તે જ પુરુષ છે

હૃદયની ગાંઠ તોડનાર આત્મદર્શનરૂપ જે જ્ઞાન તે જ પુરુષને મોક્ષ આપનારું હોવાથી તે તમારી પાસે કહેવાનો મારો ઉદ્દેશ છે. આપણો જે આત્મા એટલે સર્વના હૃદયમાં 'હું' 'હું' એવી સ્ફુરણાને જે પ્રેરણા આપે છે તે જ પુરુષ છે. તે પુરુષ ફક્ત અંતર્દૃષ્ટિ વડે જાણી શકાય એવો; અનાદિ, દેહાદિકથી જુદો; નિર્ગુણ, સ્વયંપ્રકાશ અને સર્વત્ર વ્યાપ્ત છે; આત્માને મિથ્યાભિમાન થવાનું કારણ કેવળ પ્રકૃતિ હોઈ તે અજ્ઞાનનું કાર્ય છે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ). વળી આ દેહ જડ હોવા છતાં તેને સુખદુઃખાદિનો ભોગ મળતો હોય એવું જે જોવામાં આવે છે, તે પણ આત્માના પ્રકાશથી જ છે. દેવહૂતિ કહે છે: હે પુરુષોત્તમ! આ જગતના કારણરૂપ જે હોય અને આખું જગત જે રૂપ છે તે; એ રીતે પ્રકૃતિ પુરુષદ્વારા તેનું ખરું સ્વરૂપ કહો. શ્રીકપિલદેવ કહે છે: અનેક કાર્યોમાં ભેદનો વિચાર છોડી દેતાં સર્વનું જે મૂળ અને આદ્ય "અહમ્" એવું એક તત્ત્વ તે જ પ્રકૃતિ કહેવાય છે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ). સર્વ પ્રકારનાં કાર્યોનો સમાવેશ તેમાં જ થાય છે, તેમાં જ ત્રણ ગુણો રહ્યા છે. પુરુષ (વૃક્ષાંક ૧) કોઈનો બનાવેલો નથી, પરંતુ સ્વતઃસિદ્ધ છે. આ સઘળાં દૃશ્યાદિ કાર્યો અને તેનાં કારણો અનિત્ય હોવા છતાં નિત્ય ભાસતી પ્રકૃતિ (વૃક્ષાંક ૩)નું જ રૂપ છે અર્થાત્ આ સર્વ દૃશ્યાદિનું આદિ કારણ આ પ્રકૃતિ હોઈ પુરુષ (વૃક્ષાંક ૧) તો તેથી તદ્દન અલિપ્ત છે.*

* પ્રકૃતિ પણ વાસ્તવમાં ક્ષરાક્ષર પુરુષે બનાવેલી નથી, કારણ કે પુરુષ એટલે ઈશ્વર કિંવા આત્મા એ પ્રકૃતિનો સર્જક થાય તો તેમાં મોટો દોષ આવે. આથી અજ્ઞાનતાને આશ્રયે આ મિથ્યા પ્રકૃતિ પણ અનાયાસે જ ઉદ્ભવેલી હોઈ નિત્ય અને અનિત્યરૂપ પણ તે જ બનેલી છે. ઉદ્દેશ એ કે આત્મા તો નિત્ય, અનિત્ય અને તેને જાણનારા સાક્ષીથી પણ પર છે. આ નિત્ય અને અનિત્ય બંને સાપેક્ષ ભાવો, હોઈ એકના આધારે બંને રહે છે અને એક ન હોય તો બંને હોતા નથી. આ બંને ભાવો મિથ્યા છે, કારણકે પ્રકૃતિનો બાધ થતાં તે વડે ભાસનારા આ તમામ ભાવોનો બાધ અનાયાસે જ થઈ જાય છે જેમ જાગૃત થતાં સ્વપ્નનો બાધ થાય છે અને તેમ થતાંની સાથે જ તેની અંદર થતાં સુખદુઃખાદિનો પણ અનાયાસે જ બાધ થાય છે, એ પ્રમાણે જ આ મિથ્યા પ્રકૃતિનું પણ સમજવું. આથી પ્રકૃતિને નિત્યાનિત્ય અથવા અનિર્વચનીય કહેવામાં આવે છે.

૫+૫+૧૦+૪=૨૪ એ રીતના કુલ ચોવીસ તત્ત્વો એ પ્રકૃતિનાં જ બનાવેલાં કહેવાય છે : આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ (૫) પાંચ મહાભૂતો; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એ (૫) પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ; કાન, ત્વક્, નેત્ર, રસના ને નાક એ પાંચ જ્ઞાનેંદ્રિઓ અને હાથ, પગ, મોઢું, શિશ્ન અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિયો એમ (૧૦) દશ ઇંદ્રિયો તથા અહંકાર (વૃક્ષાંક ૮), ચિત્ત (વૃક્ષાંક ૯), બુદ્ધિ (વૃક્ષાંક ૧૦) અને મન (વૃક્ષાંક ૧૧), એ (૪) ચાર મળી કુલ ચોવીસ તત્ત્વો છે. અંતઃકરણ અથવા કાળ નામનું એક પચ્ચીસમું તત્ત્વ છે (શ્રી ભા૦ ૨૬૦ ૩/૨૬ જુઓ).

આત્મામાં સંસાર છે જ નહિ

કપિલદેવજી કહે છે : આત્મા આકાશની જેમ દેહમાં છે તો પણ તે નિર્ગુણ હોવાથી અકર્તા છે અને અકર્તા હોવાથી નિર્વિકાર છે; તેથી જેમ પાણીમાં દેખાતો સૂર્ય પાણીમાં રહેવા છતાં શીતળ થઈ જતો નથી, તેમ આત્મા ઉપર જણાવ્યા પ્રમાણે પ્રકૃતિજન્ય દેહમાં હોવા છતાં સુખદુઃખાદિ વડે કિંચિન્માત્ર પણ કદી લેપાતો નથી. એ આત્મા પ્રકૃતિના ગુણ એટલે દેહાદિકમાં આસક્તિ પામેલો હોય એમ ભાસે છે, ત્યારે તે દેહાદિક જ "હું" છું એવા અહંકારથી મૂઢ બનીને 'હું' કર્તા છું એવું અભિમાન ધરે છે અને તેવા અભિમાન વડે પરવશ થતાં, દુઃખિત થઈને કર્મરૂપ અપરાધને લીધે સારાનરસા અને મિશ્રિત અવતારો વા જન્મો પામી દુઃખ ભોગવ્યા કરે છે. **વાસ્તવિક રીતે જોતાં આત્મામાં સંસાર છે જ નહિ,** છતા મિથ્યા વિષયનું ચિંતન કરનારાઓને તે કદી મટતો નથી. આત્મારામ પુરુષને પ્રકૃતિ કદી પણ મોહવશ કરી શકતી નથી. જેમ જાગ્રત નહિ થનાર મનુષ્યને સ્વપ્ન ઘણા અનર્થો કરે છે, પરંતુ જાગેલા માણસને તે કાંઈ કરી શકતું નથી, તેમ તત્ત્વને જાણનારા અને આત્મસ્વરૂપ એવા મારે વિષે મનને જોડનારા આત્મારામ પુરુષને પ્રકૃતિ કદી પણ મોહ પમાડી શકતી નથી. (શ્રી ભા૦ ૨૬૦ ૩/૩૦ જુઓ)".

આ મહર્ષિ કપિલનો સાંખ્યમાર્ગ તને સંક્ષેપથી કહ્યો તે ઉપરથી બુદ્ધિમાનો જાણી શકશે કે તેમના અને વેદાંતના સિદ્ધાંતમાં મૂળમૂત કાંઈ પણ ભેદ નથી. હવે તેમણે કહેલા ભક્તિમાર્ગ સંબંધે વિચાર કરીશું.

કપિલ અને ભક્તિમાર્ગ

દેવહૂતિ કહે છે : હે પ્રભો! પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ વગેરેનું ખરું સ્વરૂપ જે વડે જાણી શકાય એવું તેનું લક્ષણ આપે સાંખ્ય કિંવા વેદાંત પરિભાષા અથવા તત્ત્વજ્ઞાન સમજાવવાની રીતિ પ્રમાણે કહ્યું, હવે ભક્તિમાર્ગનું વર્ણન વિસ્તારથી કહો.

કપિલદેવ કહે છે : હે માતા ! ભિન્ન ભિન્ન પ્રકારની રુચિવાળા અનેક માર્ગોના લોકોને લીધે આ ભક્તિયોગ ઘણા પ્રકારનો થવા પામેલો છે. મનુષ્યોના તમ, રજ અને સત્ત્વરૂપ ભિન્ન ભિન્ન સ્વભાવને લીધે દરેકનાં ફળ સંબંધે સંકલ્પો જુદા જુદા હોવાથી ભક્તિમાં પણ અનેક પ્રકારો ગણાયા છે. (૧) કોઈને પીડા કરવાની ઇચ્છાથી, (૨) કપટ કરવાની ધારણાથી અથવા (૩) પરાયેાત્કર્ષ (બીજાની ચડતી) સહન નહિ થઈ શકવાથી ક્રોધ વશ થઈને ભેદદૃષ્ટિનું અવલંબન કરી જેઓ મૂર્તિ વગેરે દ્વારા મારી ભક્તિ કરે છે, તે ત્રણે પ્રકારના ભક્તો તમોગુણી કહેવાય છે; (૧) વિષયોની, (૨) યશની કિંવા (૩) ઐશ્વર્યની ઇચ્છા રાખી ભેદદૃષ્ટિ વડે મૂર્તિઓમાં મારી પૂજા કરવામાં આવે છે તે ભક્તિ રજોગુણી કહેવાય છે; તથા (૧) પાપના ક્ષયને માટે, (૨) કર્મનું અર્પણ કરીને કેવળ ઈશ્વરને પ્રસન્ન કરવા સારુ અથવા (૩) કર્મો બરાબર રીતે થઈ શકે તેટલા માટે ભેદદૃષ્ટિ વડે એટલે હું તથા ઈશ્વર બંને જુદા જુદા છીએ એમ જાણીને તેઓ મૂર્તિ દ્વારા મારી ભક્તિ કરે છે; એવા આ ત્રણે પ્રકારના ભક્તો સત્ત્વગુણી કહેવાય છે. આમ નવધાભક્તિમાં સત્ત્વ, રજ અને તમ ગુણ ભેદવશાત્ ભેદ કરીએ તો સત્તાવીશ થાય છે, તથા તે દરેકમાં પણ ફળની ઇચ્છાના ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ ત્રણ ભેદો કરીએ તો આ પ્રમાણે ભક્તિમાર્ગમાં ૮૧ એકાશી ભેદો પડી શકે છે.

ભક્તિયોગનું ખરું લક્ષણ

'હું' કે જે સર્વાંતર્યામી છું, તેમાં સમુદ્રની અંદર જેમ ગંગાજળ અવિચ્છિન્ન મળે, તેમ જેનું અનુસંધાન 'હું' એટલે **તત્** કિંવા આત્મા (વૃક્ષાંક ૧ માં) કિંચિન્માત્ર પણ ખંડિત થયા સિવાય રહ્યા જ કરે છે અને તેમ રહેવામાં કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા કિંવા ભેદદૃષ્ટિ એટલે જુદાપણાની ભાવના ન હોય એ જ ભક્તિયોગનું ખરું લક્ષણ છે. એવા પ્રકારે એકનિષ્ઠ અને નિર્ગુણ ભક્તિ કરનારાઓને સલોકતા, સમીપતા, સરૂપતા અને સામુન્યતા એ ચારે પ્રકારની મુક્તિઓ આપવામાં આવે તો પણ તેઓ તેની સામે કદી જોતા યે નથી. અર્થાત્ નદી જેમ સમુદ્રમાં મળી ગયા પછી તેની સાથે એકાકાર બની જાય છે તથા પછી પાછો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે સમુદ્રથી કદી જુદી થઈ શકતી નથી, તેમ આવા પ્રકારની પૂર્ણ અદ્વૈત ભાવની જે નિર્ગુણ ભક્તિ એ જ ખરો ભક્તિયોગ કહેવાય છે. આવી ભક્તિથી જ પરમપદની પ્રાપ્તિ થાય છે. **તત** એવો હું (વૃક્ષાંક ૧) સર્વના અંતર્યામી રૂપે સર્વ પ્રાણીઓમાં નિત્ય રહ્યો છું, તેની અવજ્ઞા કરી મનુષ્ય જો કેવળ સગુણ મૂર્તિનું પૂજન કર્યા કરે તો તે ચાળા ચૂંથે છે. હું એટલે કે જે સત્ (વૃક્ષાંક ૧) રૂપે સર્વ પ્રાણીઓમાં સાક્ષી કિંવા ઈશ્વર રૂપે રહેલો પરમ ઈશ્વર (વૃક્ષાંક ૧) છું, તેની ઉપેક્ષા કરીને મનુષ્ય જો કેવળ મૂર્તિપૂજન જ કર્યા કરે તો તે મૂઢપણાથી ઘીને અગ્નિમાં હોમવાને બદલે રાખમાં જ હોમે છે એમ સમજવું. બીજાઓમાં પણ રહેલો જે 'હું' તત્ (વૃક્ષાંક ૧) તેનો દ્વેષ કરનાર એટલે તેમાં પરમાત્મા નથી પરંતુ હું જે મૂર્તિમાં પૂજન કરું છું તેમાં જ તે કેવળ વસેલો છે, એમ માનનારો મિથ્યાભિમાની આ "હું તથા મારું" ઇત્યાદિ પ્રકારે ભેદદૃષ્ટિ રાખી પ્રાણીઓ સાથે વેર બાંધે છે, તેવા મનુષ્યનું ચિત્ત શાંતિને શી રીતે પામે? અર્થાત્ અભેદભાવના કર્યા સિવાય ભેદદૃષ્ટિ રાખીને ગમે તેવા જુદા જુદા અનેક પદાર્થોની સામગ્રી એકઠી કરી મૂર્તિને પૂજતો હોય તો પણ તેવાઓને હું કદી પ્રસન્ન થતો નથી. વાસ્તવિક અનિર્વચનીય "હું" કે જે ઈશ્વર (વૃક્ષાંક ૨) સ્વરૂપે સર્વ પ્રાણીઓમાં રહેલો છું તેને જ્યાં સુધી પોતાના જ હૃદયમાં "હું" ભાવનો વિલય કરીને ઓળખે નહિ, ત્યાં સુધીને માટે જ મૂર્તિ વગેરેમાં પૂજન કરવાનું કહેવામાં આવ્યું છે, પરંતુ તે તો જેમ ભાત ન મળે તો કોદરા ખાવામાં આવે તે પ્રમાણેનું સમજવું.

અચેતનથી સચેતન અને તેમાં પણ શ્રેષ્ઠ કોણ?

હે માતા! જગતમાં અચેતન કરતાં ચેતન શ્રેષ્ઠ છે, ચેતન કરતાં પ્રાણવાયુ ધારણ કરનારા, તે કરતાં ચિત્તવાળા, તેથી ઇંદ્રિયવૃત્તિવાળા; તેથી રસ જાણનારા, તે કરતાં ગંધ, તે કરતાં શબ્દ, તેઓથી રૂપ, તેઓથી બંને તરફ દાંતવાળા પરંતુ પગ વિનાના, તેઓથી ઘણા પગવાળા, તેઓથી ચાર પગવાળા, તેઓ કરતા બે પગવાળા અને તેઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. મનુષ્યોના ચાર વર્ણોમાં પણ બ્રાહ્મણો જ શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોમાં વેદ જાણનારા, તે કરતાં વેદના અર્થને જાણનારા, તે કરતાં પણ વેદનાં પદ અર્થાત્ મહાવાક્યોનું વિવરણ કરનારા, તેમાં પણ કર્મ કરનારા બ્રહ્મવાદીઓ, તેમાં પણ નિષ્કામ કર્મ કરનારા તથા તે સર્વ કરતાં પણ જેઓએ સઘળાં કર્મો, તેઓનાં ફળો અને સ્વતઃ પોતાને પણ હું એટલે તત્ (વૃક્ષાંક ૧)રૂપ એવા મને અર્પણ કરી દીધાં હોય તે જીવન્મુક્ત શ્રેષ્ઠ હોઈ તે મારાથી અંતર રહિત એટલે મારી સાથે એકરૂપ બનેલો હોવાથી ઈશ્વર કિંવા ભગવાન રૂપે તે જ સર્વના અંતરમાં રહેલો છે; તેથી સર્વ પ્રાણીમાત્રને ઘણું માન આપી સર્વાત્મભાવ રાખી સમભાવે પ્રણામ કરવા એ જ સાચો ભક્તિયોગ છે ઇત્યાદિ. આ પ્રમાણે સાંખ્ય, અષ્ટાંગયોગ (અષ્ટાંગયોગ માટે મૂળ ભાગવતમાં જોવું) અને ભક્તિ એમ ત્રણે તમોને કહી સંભળાવ્યાં. આ ત્રણે પૈકી ગમે તે એકનું આચરણ થાય તોપણ પુરુષ પરમાત્મસ્વરૂપને પામે છે (શ્રી ભા૦ સ્કં૦ ૩/૨૯, વધુ માટે શ્રી ભા૦ સ્કં૦ ૩ અ૦ ૨૪ થી ૩૩ જુઓ.)

સાંખ્ય અને સાંખ્યાચાર્યો

અત્યાર સુધીના વિવેચનનો ઉદ્દેશ એ છે કે, કપિલ મહર્ષિ કે જેઓને માટે ભગવાને ગીતાના દશમા અધ્યાયમાં "**सिद्धानां कपिलो मुनिः**" એમ કહી સંબોધેલું છે, તેઓના સંબંધમાં વ્યવહારમાં ઘણું

અજ્ઞાન ફેલાવા પામેલું છે, એટલું જ નહિ પણ સાંખ્યનું નામ આવે એટલે તે દ્વૈતવાદી અને તેના મૂળ કર્તા કપિલમુનિ હોઈ તેમના સિદ્ધાંતની સાથે જાણે પોતાનો કશો સંબંધ જ નથી, એમ કેટલાકો વગર સમજ્યે મિથ્યા અહંકાર વડે માની બેસે છે; પરંતુ અમો અદ્વૈતવાદી છીએ એવું માનનારાઓ પણ થોડો વિચાર કરશે તો તેઓને જણાશે કે, આત્મા અદ્વૈત છે એવું કેવળ વાણી વડે પોતે કહે તો એ શું દ્વૈત થતું નથી કે? આમ વાણીથી કહેવું એ પણ સાંખ્ય યુક્તિનો અંગિકાર કર્યા સમાન છે. અર્થાત્ આ અદ્વૈતતત્ત્વ અજ્ઞાનીઓને સમજાવવાને માટે દ્વૈતની આરોપિત દૃષ્ટિનો અંગિકાર કરવામાં આવે એવી જે યુક્તિ તે સાંખ્ય હોઈ, તે યુક્તિનો આશ્રય કરનારાં શાસ્ત્રો તે સાંખ્ય તથા તે આધારે આ જ્ઞાન લોકોમાં પ્રકટ કરનારા આચાર્યો તે સાંખ્યાચાર્યો કહેવાયા. તેવા આચાર્યોમાં આ કપિલ મહર્ષિ મુખ્ય છે, આથી કપિલ મહર્ષિ વેદાંતતત્ત્વ સમજતા ન હતા કિંવા આત્માનુભવી ન હતા, એમ કહેવું તે ખરેખર મૂર્ખતા જ ગણાય. તેમણે તો ફક્ત અનિર્વચનીય એવું આ આત્મતત્ત્વ અજ્ઞાની એવા વ્યાવહારિક લોકો સરળતાથી સારી રીતે જાણી શકે એટલા માટે પૃથક્કરણ કરી ચોવીશ તત્ત્વો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. આ રીતે ચોવીશ તત્ત્વોદ્વારા આત્મસ્વરૂપ સમજાવવાને માટે તેઓનો દરેક મન્વંતરમાં આદ્ય અવતાર થાય છે એટલું જ. ઉદ્દેશ એ કે, ભગવાન કપિલ મહર્ષિ વેદમાર્ગનું અવલંબન કરનારા હોઈ પૂર્ણ અદ્વૈત પદમાં સ્થિત થયેલા એવા બ્રહ્મજ્ઞાની હતા, તેમાં તો કિંચિન્માત્ર પણ શંકા નથી, જેની બુદ્ધિમાનોને ઉપરના વિવેચન પરથી ખાતરી થશે. તાત્પર્ય એ કે, વેદાંતશાસ્ત્ર સમજાવવાને માટે જ્ઞાન, સાંખ્ય વા સંખ્ય એ એક આદ્ય યુક્તિ છે. તેથી આત્મજ્ઞાન કિંવા સાંખ્યશાસ્ત્ર સમજાવનારાં પુરાણો સહ ઉપપુરાણો, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્રો, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ, અથર્વવેદ, સામવેદ, યજુર્વેદ, ઋગ્વેદ, એ પ્રમાણે વિદ્યાનાં જે ચૌદ પ્રસ્થાનો કહેવાય છે તે સર્વે વેદાંત તત્ત્વનું પ્રતિપાદન કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી આપનારા હોવાથી સાંખ્ય અને વેદાંતશાસ્ત્રો જ છે.

વેદાંત સમજાવવાની યુક્તિઓ

અજ્ઞાની લોકોને વેદાંત* સમજાવવાને માટે પ્રકૃતિપુરુષનો વિવેક અને તત્ત્વોની સંખ્યા સંબંધમાં કપિલ મહર્ષિની જેમ બીજા કેટલાક આચાર્યોએ પણ પ્રયત્ન કરેલો છે, તે સંબંધમાં થોડો વિચાર કરવાની આવશ્યકતા છે. તેમાં પણ કપિલની જેમ કણ્વ (કણાદ), ગૌતમ, પતંજલિ, જૈમિનિ અને વ્યાસ કે જેઓ અનુક્રમે વૈશેષિક, ન્યાય, યોગ તથા કર્મ અને બ્રહ્મમીમાંસા ઇત્યાદિ વિજ્ઞાનના પ્રણેતાઓ છે, તેઓનો પણ સમાવેશ થાય છે. તેઓએ વેદાંતશાસ્ત્ર સમજાવવાને માટે (૧) સાંખ્યદર્શન (કપિલ), (૨) વૈશેષિક દર્શન (કણાદ), (૩) ન્યાય દર્શન (ગૌતમ), (૪) યોગ દર્શન (પતંજલિ), (૫) કર્મ યા ધર્મ મીમાંસા દર્શન (જૈમિનિ) અને બ્રહ્મમીમાંસા કિંવા વેદાંત દર્શન (વ્યાસ), એ તેઓના મુખ્ય ૬ દર્શનશાસ્ત્રો હોઈ તેઓએ આ બધું અતિ કુશળતાથી અને યુક્તિપૂર્વક સમજાવેલું છે.

મૃગજળના પૂરથી થયેલ હોનારત

કોઈ કહે કે એક મૃગજળ હતું, તે હજારો લોકોએ પીધું, તેમાં સ્નાનાદિ કર્મો, તે જળ વડે વસ્ત્રો વગેરે ભીંજાઈ ગયાં તથા તે અમૃત જેવા મધુર, સ્વાદવાળું હતું, તેથી ઘણી જ તૃપ્તિ થઈ અને ભયંકર પૂર વડે તેણે આખા જગતને ડુબાડ્યું. આ કથનમાં પ્રથમ માત્ર મૃગજળ જ હતું એ વાત નિશ્ચિત હોવાથી આગળનું સર્વ કથન જેમ નિરુપયોગી જ હોય છે, તેમ એક વખતે આત્મા, બ્રહ્મ, પુરુષ, ચૈતન્ય, સત્, તત્ (શ્લોક ૧) ઇત્યાદિ સંજ્ઞાઓ કે જેનો અર્થ અનિર્વચનીયતા એટલો જ છે; તેણે માયા, પ્રકૃતિ કિંવા અવિદ્યા ઇત્યાદિ એટલે જે કાંઈ છે જ નહિ તેનો અંગિકાર કરી તેને આશ્રયે અનેક અઘટિત અને અદ્ભુત કાર્યો કર્યાં, એ વર્ણનોનો અર્થ આકાશે જેમ ઘરને પાડી નાખ્યું કિંવા દોરી ઉપર આરોપેલ સર્પના ડંશથી મૃત્યુ થયું એમ કહેવા સમાન જ છે. ઉદ્દેશ એ કે, આ પ્રમાણે અનિર્વચનીય એવું પરમ પદ જ અનેક પ્રકારની યુક્તિઓ વડે

* વેદનો અંત મહાવાક્યોમાં થતો હોઈ તે સમજાવવાને માટે "**नेति नेति**" એટલે અનિર્વચનીયતા એ જ તેનો અંતિમ ઉપદેશ છે. તે તત્ત્વને વેદાંત કહે છે તથા તે સમજાવનારાઓને વેદાંતી કહેવામાં આવે છે.

સમજાવવાનો શાસ્ત્રકારોએ પ્રયત્ન કરેલો છે; પરંતુ આ પ્રમાણે યુક્તિઓનો આશ્રય કરવાને માટે વ્યવહારમાં મુખ્ય સાધન તો એક અપૌરુષેય એવા વેદને જ માન્ય કરવું પડે છે; એટલે કે ગમે તે યુક્તિનો આશ્રય કરવામાં આવે તોપણ જો તે વેદમાં બતાવેલાં મહાવાક્યોના સિદ્ધાંતોથી વિરુદ્ધ હોય તો તે અયોગ્ય અને અશાસ્ત્રીય ગણાય. આથી અર્થ પણ શાસ્ત્રને અનુસરીને જ હોવો જોઈએ. તેમ તર્કો પણ શાસ્ત્રને અનુસરતા હોવા જોઈએ અર્થાત્ કેવા પ્રકારના તર્ક અથવા યુક્તિઓનો આશ્રય લેવો તે બાબતમાં પણ વેદને જ પ્રમાણ રાખવા પડે છે (કેન ખં. ૧, ૪; ખં. ૨, ૨-૩; મુંડ. ૧. ખં. ૨, ૩-૪, બૃહ. અ. ૨ બ્રા. ૧, ૧). આથી દરેક શાસ્ત્ર તથા શાસ્ત્રકારો વેદના જ મહત્ત્વનું વર્ણન કરે છે. આ ગીતામાં પણ ભગવાને સ્થળે સ્થળે વેદનું મહત્ત્વ વર્ણવેલું છે, એટલું જ નહિ પણ ભાગવત પુરાણમાં પણ સર્વત્ર વેદની જ મહત્તા ગાયેલી છે. તેમાં મુખ્યત્વે સ્કંધ ૧૧ તથા ૧૨માં તો ઘણે સ્થળે વેદની મહત્તાનાં વિસ્તૃત વર્ણનો આવેલાં છે. હવે વેદનો ઉદ્દેશ પ્રવૃત્તિ માર્ગનો છે કે નિવૃત્તિ માર્ગનો, તે સંબંધમાં થોડો વિચાર કરવો પડશે. આ બાબતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવગીતા (શ્રી ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૨)માં જે નિર્ણય કર્યો છે તે જો અત્રે આપવામાં આવે તો અયોગ્ય ગણાશે નહિ, એટલું જ નહિ પરંતુ તત્ત્વની સંખ્યા તેમ પ્રકૃતિપુરુષના વિવેક સંબંધમાં પણ તે વડે વધુ સ્પષ્ટતા થશે.

વેદનું તાત્પર્ય

શ્રીભગવાન કહે છે કે : હે ઉદ્ધવ! વેદના તાત્પર્યને મારા વિના બીજો કોઈ જાણતો નથી, માટે એ વેદનું તાત્પર્ય હું જ કહું છું તે સાંભળ! યજ્ઞનું રૂપ આપીને વેદ આત્મસ્વરૂપ એવા મારું જ વિધાન કરે છે, તે તે દેવતાઓનું રૂપ આપીને મને જ જણાવે છે તથા અનુવાદ કરીને મારા જ વિવર્તરૂપ આકાશાદિ દૃશ્ય પ્રપંચનો નિષેધ કરે છે. સઘળા વેદનો અર્થ એટલો જ છે કે, વેદ અધિષ્ઠાનરૂપે આત્મસ્વરૂપ એવા મને શેષ રાખતાં પ્રથમ માયાનો અંગીકાર કરે છે, તથા અંતે તે ભેદનો નિષેધ કરી એટલે અભેદભાવ બતાવી 'નેતિ, નેતિ' એમ કહી અનિર્વચનીય બની પોતાનો વ્યાપાર બંધ કરે છે. જેમ દરેક ઝાડના અંકુરમાં જે રસ હોય તે જ રસ અંકુરના વિસ્તારરૂપ અનેક શાખાઓમાં પણ હોય છે, તેમ હૃદયમાં રહેલા સૂક્ષ્મ ૐકાર અર્થાત્ તત્ (વૃક્ષાંક ૧)નો જે અર્થ તે જ વેદોનો છે. *

શું વેદ નિવૃત્તિપ્રધાન છે?

ઉદ્ધવજી પૂછે છે : હે ભગવન્! આપે આગલા વિવેચનોમાં વેદ પ્રવૃત્તિ ઉપર નથી પણ નિવૃત્તિ ઉપર છે, એ સંબંધે નિર્ણય કર્યો : પરંતુ તે પક્ષનો સ્વીકાર કરતાં પણ તેના પેટામાં ઘણા વાંધા છે. કેટલાક વિદ્વાનો તત્ત્વની સંખ્યાની ગણતરીમાં વાદવિવાદો કરે છે, તો કેટલાકો બાહ્ય પદાર્થોના સત્ય અને મિથ્યાપણા વિષે વાદવિવાદો કરે છે અને કેટલાકો તો વળી આત્માના એકપણા અને અનેકપણા વિષે વિવાદો કરે છે. તો એ વિવાદોમાં અમારે સાચું શું સમજવું? હે પ્રભુ! અજ્ઞાનીઓને સમજાવવાને માટે ઋષિઓએ શાસ્ત્રમાં કેટલાં તત્ત્વોની સંખ્યા કહેલી છે? આપે ભાગવત (સ્કંધ ૧૧ અધ્યાય ૧૯)માં ૯+૧૧+૫ અને ૩ મળી કુલ ૨૮ અઠ્ઠાવીસ તત્ત્વો છે, એમ કહ્યું; કેટલાક છત્રીસ, કેટલાક પચ્ચીશ, કેટલાક સાત, કેટલાક નવ, કેટલાક છ, કેટલાક ચાર, કેટલાક અગિયાર, કેટલાક સત્તર, કેટલાક સોળ અને કેટલાક તો તેર તત્ત્વો છે એમ કહે છે. તો આમ જુદા જુદા અનેક ભેદો કહેવાનું શું પ્રયોજન છે? તે જણાવવાની મારી ઇચ્છા છે.

માયાનો અંગીકાર કરી થતાં વર્ણનોની સ્થિતિ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: બ્રહ્મવિદ્ ઋષિઓએ તત્ત્વોના સંબંધમાં જે અનેક વાતો કહેલી છે, તે સર્વ વાતો કેવળ યુક્તિરૂપ છે. મૃગજળનો અંગીકાર કર્યા પછી તેના થતાં ગમે તેટલાં વર્ણનોની જેમ પ્રથમ એક વખતે મારી માયાનો સ્વીકાર કર્યા પછી જેઓ વિવાદો કરી પોતપોતાના સિદ્ધાંતો પ્રતિપાદન કરવાનો પ્રયત્ન

* અત્રે મારું કિંવા મને ઇત્યાદિ શબ્દોથી ભગવાન પોતાને માટે જે સંબોધન કરે છે તે બ્રહ્મ, તત્, આત્મા (વૃક્ષાંક ૧) ઇત્યાદિ સંજ્ઞાઓ દર્શક છે, એમ સમજવું.

કરે છે, તેમાં કાંઈ પણ અઘટિતપણું આવતું જ નથી. પ્રકૃતિ એ પણ માયાનું બીજું નામ છે. ઉદ્દેશ એ કે, માયા વા પ્રકૃતિ એટલે જે કરી કાંઈ છે જ નહિ એવો અર્થ છે. જેમ એક ગૃહસ્થને શૂન્ય હજાર, શૂન્ય સો, શૂન્ય રૂપિયા આપ્યા અને તે મળવાથી તે મોટો ધનાઢ્ય બન્યો વગેરે કહીં ગમે તેટલું વર્ણન કરવામાં આવે તો તેનો શો અર્થ ? અર્થાત્ "એકડા વિનાનાં મીંડાં બોટાં" એની જે કહેવત છે તે પ્રમાણે માયા એટલે શૂન્ય, પછી આ શૂન્યરૂપ પાયા ઉપર ગમે તેવી ઇમારતો ઊભી કરવામાં આવે તો તેનો શો અર્થ ? ટૂંકમાં આકાશમાં અદ્ધર મોટું નગર બાંધવાનો ઇરાદો રાખનાર શેખચલ્લીમાં અને શૂન્યરૂપ પાયાનો એટલે કે માયાનો સ્વીકાર કરી વર્ણન કરનારમાં શો ભેદ ? અને એ રીતે ગમે તેટલી વાતો કરે તોપણ તેમાં શી અઘટિતતા હોય ? જેમ ઝાંઝવાનાં જળનો સ્વીકાર કર્યા પછી તેના પરિણામનો વિવાદ કરવા બેસનારો કોઈ કહે કે, તે તો એક હાથ ઊંડાં હતાં, તો બીજા કેટલાક કહે કે ના, ના, તે તો કેડ જેટલાં ઊંડાં હતાં તો કેટલાક કહેશે તે તો વીશ વાંસ ઊંડાં હતાં, એમ ગમે તેટલા વાદો કરવામાં આવે તોપણ મૂળ તો મૃગજળ કિંવા ઝાંઝવાનાં પાણી જ ને ? તે પ્રમાણે માયાનો સ્વીકાર કરી માયાનાં તત્ત્વોને જેટલાં કહીએ તેટલાં તે સિદ્ધ થાય, કેમકે મિથ્યા પદાર્થ જેમાં અને જેવી રીતે ઘટાવીએ તેમાં ઘટી શકે એવો નિયમ છે.

જડ તત્ત્વોની સંખ્યાના ભેદનું કારણ

"તું કહે છે તેવી રીતે તે નથી, પણ હું કહું છું એવી રીતનું તે છે" આ રીતે મૂળ અનિર્વચનીય એવા પરમતત્ત્વ માટે પંડિતો વાદવિવાદો કરે છે ખરા, પરંતુ વાસ્તવિક તો તે સૌ સૌના સ્વભાવરૂપે પ્રસૃતિ (પરિણામ)ને પામેલા માયા અથવા પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો જ વાદવિવાદોમાં કારણ હોઈ તે ગુણોના ક્ષોભને લીધે જ વાદ કરનારાઓના વિષયરૂપ એવો આ મિથ્યા પ્રપંચ ઊભો થયેલો છે, તે સર્વ વસ્તુતઃ માયાવી છે. આ મિથ્યા પ્રપંચ જ્યારે શમદમાદિ દ્વારા ટળી જાય છે, ત્યારે તેની પાછળ વિવાદ પણ શાંત થઈ જાય છે. હે ઉદ્ધવ ! તત્ત્વોનો એકબીજામાં અંતર્ભાવ થઈ જતો હોવાથી કહેનારની જેવી ઇચ્છા અને સમજાવવાની શક્તિ હોય તે પ્રમાણે તત્ત્વોની ન્યૂનાધિક સંખ્યા થઈ શકે છે, પરંતુ માટીમાં જેમ ઘટાદિકનો અંતર્ભાવ થઈ જાય છે, તેમ એક કારણરૂપ તત્ત્વમાં તેના કાર્યરૂપ બીજા તત્ત્વોનો અંતર્ભાવ થઈ જાય છે અને જેમ ઘટમાં માટીનો સમાવેશ થઈ જાય છે, તેમ આ કાર્યરૂપ તત્ત્વમાં તેના કારણરૂપ તત્ત્વનો સમાવેશ અનાયાસે જ થઈ જાય છે. આ પ્રમાણે યુક્તિઓ બંધ બેસતી આવતી હોવાથી તત્ત્વોના કાર્યકારણપણા વિષે અને ન્યૂનાધિક સંખ્યાઓ સંબંધી વાદવિવાદ કરનારાઓમાં તેમની ઇચ્છા પ્રમાણે જે તે પ્રવર્તે છે અને તે મુજબ તે સિદ્ધતા મેળવે છે, આથી અમારી દૃષ્ટિએ સઘળું ઘટિત જ છે; આ રીતે જડ તત્ત્વોની સંખ્યાનો ભેદ થવા વિષે કારણ કહ્યું, હવે શાસ્ત્રમાં જીવ અને ઈશ્વર કે જે વાસ્તવિક ચૈતન્યસ્વરૂપ જ છે, તેનો ભેદ અને અભેદ માની તત્ત્વોની ગણના કરવામાં આવેલી છે તે કહું છું:

પ્રકૃતિનાં તત્ત્વોની ભિન્ન ભિન્ન સંખ્યા

જીવ કે જે અનાદિ અવિદ્યાથી બુકત છે, તેને સ્વસ્વરૂપનું જ્ઞાન પોતાથી જ થવું સંભવતું નથી, એટલા માટે તેને જ્ઞાન આપનાર સર્વજ્ઞ ઈશ્વર તેથી કોઈ જુદો હોવો જોઈએ એમ માનીને જેઓ જીવ અને ઈશ્વરને જુદા જુદા ગણે છે, તેઓના મત પ્રમાણે ચોવીશ જડ તત્ત્વો તથા જીવ અને ઈશ્વર મળી ૨૬ છવ્વીસ[૧] તત્ત્વો થાય છે. જીવ અને ઈશ્વર બને ચૈતન્યરૂપ હોઈ ભિન્ન નથી એમ માનનારાઓના મતાનુસાર પચ્ચીશ[૨]

---

૧ (૧) આકાશ, (૨) વાયુ, (૩) તેજ (વહ્નિ), (૪) જળ, (૫) પૃથ્વી એ પાંચ મહાભૂતો, (૧) શબ્દ, (૨) સ્પર્શ, (૩) રૂપ, (૪) રસ, (૫), ગંધ, એ પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ. (૧) નાક, (૨) ત્વચા, (૩) નેત્ર, (૪) જિહ્વા અથવા રસના અને (૫) કાન એ પાંચ જ્ઞાનેંદ્રિયો, (૧) વાણી, (૨) બે હાથ, (૩) બે પગ, (૪) શિશ્ન, (૫) ગુદા એ પાંચ કર્મેંદ્રિયો મળી દશ બાહ્યો; (૨) અહંકાર, (૨) ચિત્ત, (૩) બુદ્ધિ, (૪) મન એ ચાર મળી કુલ ચોવીશ તત્ત્વો કપિલ મહર્ષિએ પોતાના સાંખ્ય વર્ણનમા બતાવેલાં છે, વળી અંતઃકરણ કિંવા કાળ નામનું પચ્ચીશમું તત્ત્વ પણ ગણેલું છે. પરંતુ અત્રે ઉપરનાં ચોવીસ તત્ત્વો અને જીવ તથા ઈશ્વર મળી કુલ છવ્વીશ કહેવાયેલાં છે.

(૨) ઉપરનાં ચોવીશ સાંખ્ય તત્ત્વો તથા જીવઈશ્વર અભિન્ન મળી એક એમ ૨૫ તત્ત્વો થાય છે.

તત્ત્વો થાય છે. ઈશ્વરના પ્રસાદથી મળવાનું જ્ઞાન સત્ત્વગુણની વૃદ્ધિરૂપ છે, તેથી તેના જડ તત્ત્વોમાં અંતર્ભાવ કરેલો હોઈ તેને કાંઈ જુદું તત્ત્વ માનવામાં આવતું નથી. ત્રણ ગુણોની સમતા એ પ્રકૃતિનું સ્વરૂપ છે; માટે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પ્રકૃતિના જ છે. આત્મા યા તત્ (વૃક્ષાંક ૧)ના નથી. વાસ્તવિક રીતે તો જીવ પણ અકર્તા હોવાથી સૃષ્ટિ આદિ ગુણોનું આશ્રયપણું તેમાં ઘટતું નથી, એટલા માટે વ્યવહારમાં સમજવામાં આવતું જ્ઞાન કે જે સત્ત્વગુણ પ્રધાન છે, તે જીવનો ધર્મ નથી પરંતુ પ્રકૃતિનો ગુણ છે એમ સ્વીકારેલું છે. જેઓને જીવ અને આત્મા વાસ્તવિક રીતે તો અભિન્ન છે, એવું જ્ઞાન જ્યાં સુધી થએલું હોતું નથી ત્યાં સુધી જીવ અહંકારાદિ ધારણ કરી વાસનાવશાત્ અનેક સુખદુઃખાદિ ભોગો ભોગવે છે, એ પ્રમાણે સમજાવવામાં આવે છે. તે અહંકારાદિ ધર્મો પ્રકૃતિના છે, માટે તેના ભોક્તા જીવને પણ પ્રકૃતિમાં જ ગણેલો છે (વૃક્ષ ૩ જુઓ). આ પ્રતિબિંબરૂપ 'હું' (વૃક્ષાંક ૩)થી આગળના સર્વ ભેદોનો પ્રકૃતિમાં જ સમાવેશ થાય છે એમ સમજવું. તત્ યા આત્મા (વૃક્ષાંક ૧) તો તદ્દન નિર્લેપ છે. વળી કર્મ એ રજોગુણની વૃત્તિ છે. હું (વૃક્ષાંક ૩) સર્વ કર્મોનું મૂળ બીજ હોવાથી તેમાં રજોગુણનો ભાગ વધુ પ્રમાણમાં હોય છે તથા અજ્ઞાન યા **અવ્યક્ત** (વૃક્ષાંક ૪) એ તમોગુણની વૃત્તિ છે અને તેનો પણ પ્રકૃતિમાંજ અંતર્ભાવ થતો હોવાથી તેઓને કેટલાક શાસ્ત્રકારોએ ભિન્ન તત્ત્વરૂપ ગણ્યાં નથી. આ અવ્યક્તને પ્રધાન પણ કહે છે. સ્વભાવ એ મહત્તત્ત્વનું સ્વરૂપ છે, તેનો પણ પ્રકૃતિમાં જ અંતર્ભાવ થાય છે તથા કાળ એ તો ઈશ્વર (વૃક્ષાંક ૨)નું સ્વરૂપ છે, માટે કાળ કે સ્વભાવ પણ જુદાં જુદાં તત્ત્વ રૂપે ગણ્યાં નથી. વળી મેં પ્રથમ જે અઠ્ઠાવીશ તત્ત્વો ગણાવેલાં છે* તેમાં (૧) ગતિ (પગ), (૨) ભાષણ (વાચા), (૩) વીર્યોત્સર્ગ (શિશ્ન), (૪) મળોત્સર્ગ (ગુદા), (૫) શિલ્પ (હાથ), એ પાંચ કર્મેન્દ્રિયોનાં ફળ રૂપે છે, માટે તેઓનો સમાવેશ તત્ત્વોમાં કરેલો નથી. હવે તત્ત્વોનો સંખ્યા આપવાના પ્રયોજન વિષે તમોએ પૂછ્યું તેનો ઉત્તર કહું છું.

તત્ત્વની યુક્તિ એ પ્રકૃતિ અને પુરુષની ભિન્નતા સમજાવવા પૂરતી જ છે

શ્રીભગવાન કહે છે: મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી એ સાત કારણતત્ત્વો છે, તથા શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ. જિહ્વા, આ પાંચ જ્ઞાનેંદ્રિયો; વાણી, હાથ, ઉપસ્થ, પાયુ અને પગ એ પાંચ કર્મેંદ્રિયો; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એ પાંચ તન્માત્રાઓ કિંવા વિષયો તથા જ્ઞાન અને ક્રિયાશક્તિયુક્ત મન મળી કુલ સોળ વિકારરૂપ તત્ત્વોનું રૂપ ધરનારી પ્રકૃતિ જ સઘળા જડ પદાર્થોનું ઉપાદાન કારણ હોવાથી તે જ આ જગતની ઉત્પત્તિના સમયમાં સઘળાં દેહાદિ આકારોને ધારણ કરે છે (વૃક્ષાંક ૩ જુઓ) તથા પરિણામ રહિત અને નિમિત્ત કારણરૂપ પુરુષ (વૃક્ષાંક ૨) તો દ્રષ્ટૃત્વશક્તિને લીધે કેવળ સાક્ષીપણાથી જોયા જ કરે છે; આથી પરિણામ પામનારી પ્રકૃતિથી પુરુષ સાવ ભિન્ન છે; એટલું સિદ્ધ કરવાને માટે સઘળા મતોમાં તત્ત્વોની સંખ્યા આપવામાં આવેલી હોય છે, પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા અને વિકાર પામનારા મહત્તત્ત્વાદિ પદાર્થો જ પુરુષના દ્રષ્ટાપણાને લીધે શક્તિ પામી બને ઐક્યરૂપ જોવા થઈને પ્રકૃતિના આશ્રયથી અનંત બ્રહ્માંડોને ઉત્પન્ન કરે છે, છતાં પુરુષ તો પોતે તેથી અલગ જ રહે છે. આ બ્રહ્માંડની અંતર્ગત રહેલા દેહાદિ પદાર્થોમાં પણ ઉપર પ્રમાણેના ગુણો હોય છે જ, તેથી બ્રહ્માંડમાં દૃશ્યની સંખ્યા અસંખ્ય દેખવામાં આવતી હોવા છતાં તેનો એટલે બ્રહ્માંડમાંના સઘળા પદાર્થોનો બ્રહ્માંડમાં જ સમાવેશ થઈ જાય છે. કેટલાકને મતે સાતજ તત્ત્વો છે. તેમાં આકાશાદિ પાંચ મહાભૂતો, તેનો દ્રષ્ટા જીવ, તથા આ દ્રષ્ટા અને દૃશ્ય બંનેના આધારભૂત ઈશ્વર મળી સાત ગણવામાં આવે છે. આ મતમાં પ્રકૃતિ, મહત્તત્ત્વ અને અહંકાર એ કારણ તત્ત્વોનો આકાશાદિમાં અંતર્ભાવ કરેલો છે અને એ સાતથી જ દેહ, ઇંદ્રિયો અને પ્રાણાદિ સર્વે કાર્યોની ઉત્પત્તિ માનેલી છે. કેટલાકના મતે છ તત્ત્વો છે, તેમાં પાંચ મહાભૂત અને એક ઈશ્વર એ પ્રમાણે છ ગણેલાં છે.

* પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર તથા પૃથ્વી આદિ પાંચમહાભૂતો મળી નવ, પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો મળી દશ ઇંદ્રિયો, શબ્દ, સ્પર્શાદિ પાંચ વિષયો મળી ૨૪ ચોવીસ તથા સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણો તથા મન મળી કુલ ૨૮ અઠ્ઠાવીસ તત્ત્વો કહ્યાં છે.

આ મતમાં ઈશ્વર પોતામાંથી ઉત્પન્ન થયેલા એ ભૂતોથી આ જગત સરજીને તેઓની સાથે જગતમાં પેઠા છે; માટે સઘળા ભૌતિક પદાર્થોનો ભૂતોમાં અને જીવનો ઈશ્વરમાં અંતર્ભાવ માનેલો છે. કેટલાકના મતે ચાર જ તત્ત્વો છે. તેમાં (૧) આત્મા તથા તેમાંથી ઉત્પન્ન થયેલાં (૨) તેજ, (૩) જળ અને (૪) પૃથ્વી એમ ચાર તત્ત્વો માનેલાં છે; તથા તેઓથી સઘળા કાર્યોની ઉત્પત્તિ થયેલી હોઈ તેમાં જ સર્વ કાર્યોનો અંતર્ભાવ થઈ જાય છે એમ માનવામાં આવેલું છે. કેટલાકના મતે સત્તર તત્ત્વો છે. તેમાં પાંચમહાભૂત, પાંચ શબ્દ સ્પર્શાદિ વિષયો કિંવા તન્માત્રા, પાંચ સૂક્ષ્મ ઇંદ્રિયો મળી પંદર તથા મન અને આત્મા મળી કુલ સત્તર થાય છે. કેટલાકો સોળ તત્ત્વોને માને છે. તેમાં ઉપરનાં પંદર અને આત્મા તથા મનને એક જ ગણી સોળ ગણે છે. કેટલાકને મતે તેર તત્ત્વો છે. તેમાં પાંચ મહાભૂત, પાંચ ઇંદ્રિયો મળી દશ તથા મન, જીવ અને ઈશ્વર એમ તેર થાય છે. કેટલાકના મતે અગિયાર તત્ત્વો છે. તેમાં પાંચ મહાભૂત, પાંચ ઇન્દ્રિયો અને એક આત્મા (ઈશ્વર) મળી અગિયાર તત્ત્વો છે. કેટલાકના મતે નવ તત્ત્વો છે. તેમાં પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ મહાભૂત અને આત્મા એમ નવ ગણાય છે. આ પ્રમાણે ઋષિઓએ તત્ત્વોની સંખ્યા જુદી જુદી કહેલી જોવામાં આવે છે ખરી, પરંતુ તે સર્વનો ઉદ્દેશ પ્રકૃતિથી પુરુષ તદ્દન અલિપ્ત, નિષ્ક્રિય કિંવા ભિન્ન છે એટલું જણાવવા પૂરતો જ છે, એમ જાણવું. આ સઘળા મતો ન્યાય સહિત છે, કારણ કે તે સર્વમાં વેદમાન્ય યુક્તઓ છે, બ્રહ્મવિદ્ વિદ્વાનો ગમે તેમ કરીને સરખું જ લાવી મૂકે છે, એટલે એમના ઉપદેશના અંતિમ ધ્યેયનો સમાવેશ વેદનાં મહાવાક્યોના ભાવાર્થરૂપ તત્ત્વજ્ઞાનમાં જ છે એમ સિદ્ધ થાય છે; તેથી તેઓએ કરાવેલું કંઈ અઘટિત કહી શકાય નહિ (જુઓ શ્રી ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૨૨)

આ વિવેચનથી જાણી શકાશે કે, સાંખ્યાદિ શાસ્ત્રો તથા તે સમજાવનાર આચાર્યોનું અંતિમ ધ્યેય પણ કેવળ આત્મસ્વરૂપ સમજાવવું એ જ એક છે, તેમના માર્ગનું જ અવલંબન શ્રીકૃષ્ણ ભગવાને પણ અત્રે કરેલું છે. શ્રીકૃષ્ણ ભગવાને જિજ્ઞાસુઓની ભેદબુદ્ધિ નષ્ટ થઈ તેને અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત થાય એટલા માટે આત્મસ્વરૂપ સમજાવતી વખતે આ સાંખ્યમાર્ગની યુક્તિનો જ પ્રથમ, આશ્રય લીધેલો છે. જે નીચેના વિવેચન પરથી વધુ સ્પષ્ટતાથી સમજી શકાશે.

સાંખ્ય અનુસાર બ્રહ્મનો વૈષર્નિક વિકાસક્રમ

મહાપ્રલય થયા બાદ આ બ્રહ્માંડાદિ ચરાચર દશ્યો બ્રહ્મના અવ્યક્ત સ્વરૂપ (વૃક્ષાંક ૪)માં જ વિલય થાય છે તથા ઉત્પત્તિમાં સૌથી પહેલો જે સત્યયુગ કે જેમાં સર્વ લોકો બ્રહ્મવિદ્યામાં જ નિપુણ હતા, તેમાં બ્રહ્મવિદ્યામાં કુશળ પુરુષોની દૃષ્ટિએ દ્રષ્ટા અને દશ્ય ભાવથી પ્રતીત થનારું આ સર્વ જગત એકરૂપે જ હતું અર્થાત્ બ્રહ્મમાં જ લીન હતું, તેમાં કોઈપણ જાતનો ભેદ ન હતો; વળી અન્ય કોઈ યુગમાં પણ જ્યારે કોઈ આ રીતે બ્રહ્મની અભેદ ભાવના જાણીને બ્રહ્મવિદ્યામાં નિપુણ થાય છે, ત્યારે પણ તે રજોગુણ રહિત એવા એક બ્રહ્મસ્વરૂપે હોય છે, તેમાં દ્રષ્ટા કિંવા દશ્ય એવો ભેદ બિલકુલ હોતો નથી. આ કેવળ ભેદરહિત અને સત્ય એવું એક વ્યાપક બ્રહ્મ પોતે જ પોતામાં અજ્ઞાનના આરોપને લીધે બુદ્ધિ, મન અને વાણીની પ્રવૃત્તિમાં આવી શકે એવા પ્રકારે દશ્ય અને દ્રષ્ટા એમ બે પ્રકારે થયું, આ દ્રષ્ટા અને દશ્યમાં જે દશ્ય પદાર્થો છે તે કાર્યકારણરૂપ પ્રકૃતિ છે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધી) અને બીજો જે દ્રષ્ટા (વૃક્ષાંક ૨ જુઓ) છે તે પુરુષ કહેવાય છે. તે પુરુષના દ્રષ્ટાપણાને લીધે અને જીવોના અદૃષ્ટ એટલે ભાવિને લીધે ઇક્ષણરૂપ દ્વારથી અર્થાત્ ઈશ્વરની કાળશક્તિના પ્રભાવથી પ્રકૃતિ (વૃક્ષાંક ૩) માં ક્ષોભ ઉપજાવનારા તેના સત્ત્વ, રજ, અને તમ એવા ત્રણ ગુણો પ્રકટ થયા તેજ અવ્યક્ત તત્ત્વ (વૃક્ષાંક ૪) છે; તેમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું તે પૂર્વે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ મુખ્ય બે શક્તિઓનું મિશ્રણાત્મક એવું એક તત્ત્વ કે જેને અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫) કહે છે તેની ઉત્પત્તિ થવા પામેલી હોઈ તેમાંથી મહાપ્રાણ વિકાસને પામેલો છે. આને જીવપ્રકૃતિ (વૃક્ષાંક ૬) કિંવા "મમભાવ" પણ કહે છે, એમાંથી માયા (વૃક્ષાંક ૩) ને ધારણ કરનાર ઈશ્વર (વૃક્ષાંક ૨)નાં અંતઃકરણ સમા મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) રૂપ ઉપાધિ વિકારને પામી તેમાંથી જીવોને ભાતિ ઉપજાવનારો અહંકાર (વૃક્ષાંક ૮) ઉત્પન્ન થયો છે, અહંકારના વૈકારિક, તૈજસ અને

તામસ એવા ત્રણ ભેદો છે; વૈકારિકમાંથી ઇંદ્રિયોના દશ દેવતા અને મન (શ્લોકાંક ૧૬) ઉત્પન્ન થયાં. તૈજસમાંથી ગોલક સહિત દશ ઇંદ્રિયો અને બુદ્ધિ (શ્લોકાંક ૧૦) ઉત્પન્ન થઈ. તામસમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પાંચ તન્માત્રાઓ તથા ચિત્ત (શ્લોકાંક ૯), ઉત્પન્ન થયાં. એ અહંકાર ચિદાભાસ વડે વ્યાપ્ત હોવાને લીધે જડ અને ચૈતન્યની ગાંઠ વા સાંધારૂપ કહેવાય છે. અહંકારમાંથી ઉત્પન્ન થનારા દેવતાઓ અને મનનો સ્વભાવ પ્રકાશ છે, માટે તેઓને વૈકારિક એટલે સાત્ત્વિક અહંકારનાં કાર્યો ગણેલાં છે. ઇંદ્રિયોનો સ્વભાવ પ્રવૃત્તિ છે, માટે તેઓને તૈજસ એટલે રાજસ અહંકારનાં કાર્યો ગણેલાં છે, પંચભૂતોનો સ્વભાવ આવરણનો છે, માટે તન્માત્રાઓ સહ તેમને તામસ અહંકારના કાર્યમાં ગણવામાં આવેલાં છે. આત્મસ્વરૂપ એવા મારી પ્રેરણાથી સઘળા પદાર્થોએ મળી પોતામાં શક્તિ આવવાર્થી 'હું' કે જે સર્વનો અંતર્યામી (શ્લોકાંક ૨) છું, તેના સ્થાનરૂપ સૂક્ષ્મ એવા અંડને ઉત્પન્ન કર્યો (શ્લોકાંક ૧૪) પાણીમાં રહેલા અંડમાં લીલાથી નારાયણ રૂપ ધરીને "હું" વિષ્ણુ (શ્લોકાંક ૧૧) રૂપે રહ્યો. મારી નાભિ (શ્લોકાંક ૧૨)માં સર્વ લોકોના કારણરૂપ કમળ ઉત્પન્ન થયું તે હિરણ્યગર્ભ કહેવાય છે. કમળમાં બ્રહ્મા (શ્લોકાંક ૧૩) ઉત્પન્ન થયા. રજોગુણવાળા! અને જગતના કારણરૂપે તે બ્રહ્માએ મારા અનુગ્રહથી તપ કરીને લોકપાળ સહિત ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એમ ત્રણ લોકોને સર્જ્યા. સ્વર્લોક દેવતાઓનું સ્થાનક થયું, ભુવર્લોક ભૂતાદિનું સ્થાનક થયું, ભૂર્લોક મનુષ્યાદિનું સ્થાન થયું અને જ્ઞાની લોકોનું સ્થાન તો એ ત્રણે લોકોથી પર એવું બ્રહ્મ છે તેમ જ અસુર અને નાગાદિ લોકોનું સ્થાન પૃથ્વી નીચે એટલે પાતાળમાં સર્જ્યું છે.

સત્ય તો એક આત્મા જ છે

દરેક દૃશ્ય પદાર્થ પ્રકૃતિ અને પુરુષ એમ બન્નેથી વ્યાપ્ત હોય છે. જે પદાર્થ, આદિ અને અંતે જે સ્વરૂપમાં હોય તે જ સ્વરૂપે મધ્યમાં પણ હોય છે; જેમ કે ઘડાના આદિ અંતમાં માટી છે તથા કુંડલાદિમાં આદિ અને અંતે સુવર્ણ હોય છે, એટલે ઘટના મધ્યમાં પણ માટી તથા કુંડલાદિનો મધ્યમાં સુવર્ણ જ છે એમ સમજવું. ઘડા તથા કુંડલાદિમાં માટી અને સુવર્ણ બદલાતાં નથી માટે તે સત્ય કહેવાય છે, તેમ જગતમાં આદિ અને અંતે આત્મા હોઈ મધ્યમાં પણ તે જ છે, તે બદલાતો નથી માટે તે સત્ય કહેવાય છે. ઘડો કિંવા કુંડલ વગેરે નામ રૂપાદિ વિકારો વ્યવહારને માટે હોય છે, તેમ આ નામ રૂપાત્મક જગતાદિ દૃશ્યો પણ વ્યવહારને માટે જ કલ્પેલા છે. સત્ય તો એક આત્મા જ છે. મહત્તત્ત્વાદિ પણ પોતપોતાના કાર્ય પ્રત્યે આદિ અને અંતરૂપ છે, માટે તે પણ સત્ય હશે એવી શંકા રાખવી નહિ, કારણ કે મહત્તત્ત્વાદિ કારણ પદાર્થ જે અહંકારાદિ કાર્ય પદાર્થને ઉત્પન્ન કરે છે, તે પણ આત્માની સત્તા વડે જ. જેમ કે, પિંડ જે ઘડાના આકારને ઉત્પન્ન કરી શકે છે તે પણ માટીને લીધે જ, માટી વગર તે ઉત્પન્ન કરી શકાતો નથી એટલા માટે આત્મા જ વાસ્તવિક રીતે સત્ય છે, દૃષ્ટાંતમાં ઘડાને આદિ અંત છે એમ કહેવું પડે છે, પરંતુ એ આદિ અંત સત્ય નથી. દૃષ્ટાંતોમાં જે સત્યતા કહેવી છે તે પરમ કારણરૂપ એવા આત્માને સત્ય કહેવા સારુ કહી છે. કાર્યોના ઉપાદાન કારણરૂપ પ્રકૃતિ (શ્લોકાંક ૩), પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરુષ (શ્લોકાંક ૨) અને ગુણોનો ક્ષોભ કરી કાર્યોને પ્રકટ કરનારો કાળ (શ્લોકાંક ૨ ને ૩ વચ્ચે જુઓ); એ ત્રણે મારાં અર્થાત્ "સત્" સ્વરૂપ એવા આત્મા કિંવા બ્રહ્મનાં જ સ્વરૂપો હોઈ તે મારાથી કિંચિન્માત્ર પણ જુદાં નથી; કારણ કે પ્રકૃતિ એ મારી શક્તિ છે તથા પુરુષ અને કાળ એ મારી અવસ્થારૂપ છે. પ્રકૃતિ, પુરુષ અને કાળ જે કે કોઈનાં કાર્યો નથી અને જગતના કારણરૂપ છે, તોપણ તે બધાં મારાથી જરા પણ જુદાં નથી. માટે આત્મસ્વરૂપ એવો હું (તત્ શ્લોકાંક ૧) તો અદ્વિતીય છું. જીવોના ભોગના અર્થે થયેલી આ મોટી સૃષ્ટિ જ્યાં સુધી સ્થિતિનો અંત આવે ત્યાં સુધી પિતા અને પુત્રાદિક રૂપથી અવિચ્છિન્ન ચાલ્યા કરે છે તથા સ્થિતિ પણ જ્યાં સુધી ઈશ્વરની ઇક્ષણ (પ્રેરણા) શક્તિ હોય ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. આ તમોને સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ વિષે કહ્યું. હવે પ્રલય વિષે કહું છું.

સર્વના અધિષ્ઠાનરૂપ એક આત્મા જ છે

જેમાં લોકોની અનેક સૃષ્ટિઓ અને પ્રલયો કલ્પાય છે, એવું આ બ્રહ્માંડ (શ્લોકાંક ૧૪થી૧૫ ઘ) જ્યારે મારા સ્વરૂપભૂત એવા કાળના જડબામાં સપડાય છે, ત્યારે આ ચૌદ ભુવનોની સાથે તે ચીંથાતા માંડે છે.

અર્થાત્ બ્રહ્માંડરૂપે એકઠાં થયેલાં પંચમહાભૂતોનો એક બીજામાં વિલય થવા માંડે છે. શરીરનો લય અન્નમાં થાય છે, અન્નનો બીજમાં, બીજનો પૃથ્વીમાં, પૃથ્વીનો લય તેની તન્માત્રા જે ગંધ તેમાં થાય છે; ગંધનો લય જળમાં, જળનો પોતાની તન્માત્રા એવા રસમાં, રસનો તેજમાં, તેજનો રૂપ તન્માત્રામાં, રૂપનો વાયુમાં, વાયુનો સ્પર્શ તન્માત્રામાં, સ્પર્શ તન્માત્રાનો આકાશમાં, આકાશનો શબ્દ તન્માત્રામાં લય થાય છે. સ્થૂળ તથા સૂક્ષ્મ ઇંદ્રિયોનો પોતાને પ્રવર્તાવનાર દેવતાઓમાં લય થાય છે, દેવતાઓનો પોતપોતાના નિયંતારૂપ મનમાં, મનનો અહંકારમાં, સર્વ જગતને મોહ પમાડવા સમર્થ એવા આ અહંકારનો મહત્તત્ત્વમાં લય થાય છે. જ્ઞાન અને ક્રિયાશક્તિયુક્ત, મહત્તત્ત્વ પોતાના કારણરૂપ સત્ત્વ, રજ અને તમ ગુણોમાં વિલયને પામે છે, આ સર્વના મિશ્રણાત્મક એકત્ર સમૂહ સહ ગુણો માયા (વૃક્ષાંક ૩)માં લયને પામે છે. કાળને અધીન હોવાથી જેની પ્રવૃત્તિ સંપૂર્ણ થાય છે એવા કાળ સાથે આ માયાની એકતા થઈ જાય છે. અર્થાત્ તે કાળ સાથે એકરૂપ બની પોતાની કાળરૂપ સત્તાને પ્રવૃત્ત કરનાર એવા પુરુષ (વૃક્ષાંક ૨) માં લયને પામે છે. પુરુષ પોતાની આ માયા અથવા પ્રકૃતિમાં લીન થઈ જવાથી પોતાના પૂર્ણ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં જ સ્થિત રહે છે, તે બીજા કોઈમાં લય પામતો નથી, કારણ કે, આ જગતની અનેક સૃષ્ટિઓ માયાના આશ્રય વડે આમાંથી જ થાય છે, એમાં જ રહે છે અને એમાં જ પ્રલયને પામે છે. જણાવેલો આ વિલયક્રમ નીચેથી ઉપર એમ વ્યુત્ક્રમે (ઉલટા ક્રમે) એટલે ૧૫ નો ૧૪ માં, ૧૪ નો ૧૩ માં, ૧૩નો ૧૨ માં, એમ ત્રણ સુધી વિલય થયો એટલે વૃક્ષાંક ૨ અર્થાત્ સાક્ષીનો વિલય અનાયાસે જ થઈ તે આત્મસ્વરૂપ જ બની જાય છે. આમ છેવટે અનિર્વચનીય એવું એક આત્મપદ જ અવશેષ રહે છે. તે જ સર્વનો આધાર હોવાથી સર્વના અધિષ્ઠાન અથવા અવધિરૂપે એકમાત્ર આત્મા જ છે. હૃદયમાં આવો વિવેકયુક્ત વિચાર પ્રકટ થતાં મનમાં દ્વૈત અથવા ભેદ સંબંધી ભ્રમ કયાંથી રહે? આકાશમાં સૂર્યનો ઉદય થતાં અંધારું ક્યાંથી રહે? ભગવાન કહે છે: આમ આત્મરૂપ એવો 'હું' કે, જે ભૂત ભવિષ્યને જાણનાર છું, તેણે સંશયરૂપી માંડન તોડનારો સાંખ્યવિધિ કે જેમાં અવળી રીતે પ્રલયનું તથા સવળી રીતે સૃષ્ટિ ઉત્પત્તિનું નિરૂપણ કરેલું છે, તેવો હું પણ વસ્તુતઃ તો અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ જ છું (જુઓ શ્રી ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૪),

સાંખ્યશાસ્ત્રનો ખરો ઉદ્દેશ શું ?

અત્યાર સુધીના વિવેચનનો ઉદ્દેશ એ છે કે, શ્રીમદ્ ભગવદ્ગીતાના આ શ્લોકમાં આવેલા સાંખ્ય શબ્દને માટે વિદ્વાનોમાં એટલો બધો ઊહાપોહ થતો જોવામાં આવે છે કે, તે વડે રામનું રામાયણ થવા પામેલું છે; જેથી આપણે તો અત્રે મોટો ઊહાપોહ કરી વિષયાંતર કરવાના માર્ગને છોડી શ્રીકૃષ્ણ ભગવાન પોતે જ સાંખ્ય સંબંધમાં શું કહેવા માગે છે, તે જાણી અગળ વધવાનું છે, એટલે મિથ્યા વિતંડાવાદનું પ્રયોજન રહેશે નહિ. ઉપરના કથનમાં જણાવી ગયા તે પ્રમાણે અજ્ઞાનીઓને સમજાવવાને માટે પરંપરાથી ચાલતી આવેલી અને જેનું અંતિમ ધ્યેય અદ્વૈત એવું આત્મસ્વરૂપ જ પ્રતિપાદન કરવાનું હોય છે, એવી જે બુદ્ધિગમ્ય યુક્તિ કિંવા માર્ગ તે જ સાંખ્ય કહેવાય છે, એમ હવે નિઃસંશય રીતે જાણી શકાશે. સિદ્ધાંત શાસ્ત્રના નિયમ પ્રમાણે જે રેખા મૂળ બિંદુથી માંડીને છેક અંતિમ બિંદુ તરફ બિલકુલ વાંકીચૂંકી અથવા આડીઅવળી નહિ જતાં એકદમ સીધી ચાલી ગઈ હોય તેને સરળ રેખા કહે છે. તે પ્રમાણે કેવળ અદ્વૈત એવું એક આત્મતત્ત્વ સમજાવવાનું જ જે શાસ્ત્રોનું ધ્યેય હોય અને જે શાસ્ત્રો તે ધ્યેયની પરિપૂર્ણતાને માટે સરળ રેખાના નિયમ મુજબ પોતાના આરંભ બિંદુ (ઉપક્રમ) તથા અંત બિંદુ (ઉપસંહાર)ને નહિ છોડતાં તે પરમતત્ત્વ સમજાવવાને માટે વચમાળે ગમે તેટલી યુક્તિઓનો આશ્રય લઈ તેને જ સમજાવવાનો પ્રયત્ન કરે, તેવાં શાસ્ત્રો એ જ સાંખ્યશાસ્ત્રો જાણવાં. બીજે કોઈ સાંખ્યનો અર્થ કરી વગર કારણે લોકોની વૃત્તિઓને ગૂંચવણમાં નાંખવાનું આપણને કંઈ પ્રયોજન નથી. જેમાં અનેક યુક્તિપ્રયુક્તિ દ્વારા અદ્વૈત એવા પરમ તત્ત્વનો જ નિર્ણય બતાવવામાં આવે છે, તે શાસ્ત્રો સાંખ્ય તથા દ્વૈતનો અંગીકાર કર્યો બાદ તેનો અદ્વૈતમાં સમન્વય કરે તે વેદાંત અને તેવો ઉપદેશ જેમાં નથી તે અસાંખ્યશાસ્ત્ર જાણવું. આ મુજબ વેદાંત તથા

સાંખ્યશાસ્ત્રની મર્યાદામાં ચાર વેદ, છ વેદાંગો, ધર્મશાસ્ત્રો, મીમાંસા, ન્યાય અને પુરાણો આવે છે. વેદમાં ઉપવેદ તથા ઉપનિષદો અને પુરાણોમાં ઉપપુરાણોનો સમાવેશ થઈ જાય છે. ટૂંકમાં વિદ્યાનાં જે ચૌદ પ્રસ્થાનો કિંવા સાધનો છે તે સર્વનો આ સાંખ્યમાં જ સમાવેશ થઈ જાય છે એમ સમજવું. આથી જ સાંખ્યને બુદ્ધિ કિંવા જ્ઞાનયોગ પણ કહે છે. આ વિરુદ્ધના તે નાસ્તિક પંથો કહેવાય. હવે તે સંબંધમાં સક્ષેપમાં થોડો વિચાર કરશું. એટલે અનેક મતમતાંતરો સંબંધે સર્વત્ર પ્રસરેલા ભ્રમનું નિવારણ થઈ શકશે.

સયુક્તિક અને અયુક્તિક શાસ્ત્રોની રચના

સમજો કે એક શ્રીફળ છે, તેને ઓળખનારાઓ તો તેને નિઃશંક શ્રીફળ જ કહેશે, પરંતુ જેઓ તેને ઓળખતા નથી, તેથી જેઓ અજ્ઞાત છે, તેવાઓ તેને જુદાં જુદાં કેટલાંય નામોથી ઓળખી શકશે. એનો વિચાર કરીને ચર્ચાને અંતે વધુમાં વધુ આટલાં જ નામોના ભેદો તેમાં નીકળી શકે તેમ છે એવો જ્યારે અંતિમ નિર્ણય થાય ત્યારે જ તે શ્રીફળની બધી બાજુનું જ્ઞાન પૂર્ણ થયું ગણાય અને તેઓ જ સર્વજ્ઞ ગણાય. તે પ્રમાણે મહાનુભાવ બ્રહ્મવિદ્ તત્ત્વજ્ઞાનીઓએ આ અદ્વૈત એવા આત્મસ્વરૂપના સંપૂર્ણ જ્ઞાન સંબંધમાં ઠરાવ્યું છે. જેઓને આ અદ્વૈત એવા આત્મપદનું સાચું જ્ઞાન છે, તેઓ તો તેને નિઃશંક રીતે પિછાણશે જ, પરંતુ જેઓને તેવું જ્ઞાન નથી તેઓ તેને વધુમાં વધુ કેટલા પ્રકારે જાણશે ? તે સંબંધે આપસ-આપસમાં ચર્ચા કરી મન, બુદ્ધિ, ચિત્ત અને શરીરાદિ વડે જાણી શકાય એવા સ્થૂલ સૂક્ષ્માદિ અનેક ભેદો પડી છેવટે જ્યાં તેમની સમાપ્તિ થઈ અને હવે ભેદો પડવા બિલકુલ શક્ય નથી એમ જ્યારે તેઓને જણાયું ત્યારે તેવા બધી બાજુએ પૂર્ણતા પામેલા સર્વજ્ઞ તત્ત્વવિદોએ લોકોની સરળતા માટે તેની ગોઠવણ કરી અને અપૌરુષેય અને પૌરુષેય એમ બંને પ્રકારના જ્ઞાનની પોતાના સ્વાનુભવ સાથે પ્રસિદ્ધિ (પ્રાગટ્ય) કરેલી છે. તેમાં પણ સયુક્તિક અને અયુક્તિક એવા બે પ્રકારો જોવામાં આવે છે વેદના આધાર વડે પ્રગટ થયેલા અને જે વડે આ સર્વ આત્મસ્વરૂપ છે એમ સમજાઈ તદ્રૂપના પ્રાપ્ત થઈ શકે છે તથા અદ્વૈત ભાવમાં સ્થિત થઈ અંતે સર્વ દુઃખોનો નિરાસ કરાવનારા સાંખ્ય તથા વેદાંતના નામે સંબોધવામાં આવતાં શાસ્ત્રો એ સયુક્તિક શાસ્ત્રો કહેવાય છે, તથા જેમાં વેદાદિકનો આધાર નથી પણ જે કેવળ મનના ઉલ્લાસ પ્રમાણે મિથ્યા તર્કવાદ વડે ગ્રહણ કરાયેલાં છે, એટલે કેવળ માનસિક કલ્પનાના આધાર પર જ રચાયેલાં હોઈ અનુભવ વગરનાં લુખ્ખાં શાસ્ત્રો છે, તે અયુક્તિક શાસ્ત્રો ગણાય છે. આ મુજબ (૧) માધ્યમિક, (૨) યોગાચાર (૩)સૌત્રાંતિક (૪) વૈભાષિક, (૫) ચાર્વાક અને (૬) દિગંબર, આ છ આસ્તિકેતર મતોનાં શાસ્ત્રો તથા શાક્તપંથમાંનો વામવર્ગ, એ સર્વ વેદવિહીન એટલે વેદવિરુદ્ધ હોવાથી અયુક્તિક શાસ્ત્રો છે તથા ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ, ચાર ઉપાંગ વગેરે સર્વ શાસ્ત્રો અપૌરુષેય એવા વેદમાં બતાવેલા સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરનારા હોવાથી તે સયુક્તિક શાસ્ત્રો છે. ઉપાંગમાં (૧) ન્યાય, (૨) મીમાંસા, (૩) ધર્મશાસ્ત્રો, (૪) પુરાણોસહ ઉપપુરાણોનો સમાવેશ થાય છે. આ પૈકી ધર્મશાસ્ત્રના પેટામાં (૧) સાંખ્ય * (૨) યોગ ઇત્યાદિ, ષડ્દર્શન સહ સ્મૃતિશાસ્ત્રો તથા (૩) શાક્તપંથ (દક્ષિણ માર્ગ), (૪) પંચરાત્રતંત્ર, (૫) પાશુપતતંત્ર વગેરેનો સમાવેશ થાય છે. (વિદ્યા માટે જુઓ મુંડ૦ પ્રથમ ૪થીઠ તથા દ્વિતીય ૧; બૃહ૦ અ૦ ૧, ખ્રા૦ ૪, ૯–૧૦ ઇત્યાદિ).

---

* સાંખ્યશાસ્ત્ર આત્માનું સ્વરૂપ પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર વગેરેના આશ્રયે સમજાવે છે, એટલે દ્વૈતને ગ્રહણ કરીને તેનો અદ્વૈતમાં વિલય કરવાનો ક્રમ બતાવે છે તથા વેદાંત શાસ્ત્રકારો અદ્વૈતને ગ્રહણ કરી વિવર્તવાદનો આશ્રય લઈને કિંવા અજાતવાદનો આશ્રય લઈને સમજાવે છે. કેટલાક ઉપનિષદો વિવર્ત અને કેટલાંક અજાતવાદનાં આશ્રયી છે તથા પુરાણો અને સ્મૃત્યાદિ શાસ્ત્રો સાંખ્યનાં આશ્રયી છે. આ દરેકનો હેતુ આત્મસ્વરૂપ સમજાવવાનો હોવાથી તે સર્વને સાંખ્ય કિંવા સાંખ્યશાસ્ત્રો કહેવામાં આવે છે. તત્ત્વજ્ઞાન કરાવી આપે એવાં વિદ્યાનાં પ્રસ્થાનો (સ્થાનો) ચૌદ હોવાનું શાસ્ત્રમાં આ મુજબનું પ્રમાણ છે. **'पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः। वेदस्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश॥'** ભાવાર્થ: (૧) પુરાણ, (૨) ન્યાય (૩) મીમાંસા, (૪) ધર્મશાસ્ત્ર, (૫) શિક્ષા, (૬) કલ્પ, (૭) વ્યાકરણ, (૮) છંદ, (૯) નિરુક્ત, (૧૦) જ્યોતિષ. (૧૧) ઋગ્વેદ, (૧૨) યજુર્વેદ (૧૩) સામવેદ અને (૧૪) અથર્વવેદ, આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ અને અર્થવેદ આ ચાર ઉપવેદોનો સમાવેશ વેદની અંતર્ગત થાય છે એમ સમજવું.

કયાં શાસ્ત્રોને પ્રમાણ સમજવાં ?

મનુષ્યોએ રચેલું શાસ્ત્ર પણ જો યુક્તિથી તત્ત્વનિશ્ચય કરાવનારું હોય તો તે ગ્રહણ કરવું અને ગમે તેવા મહાન પુરુષનું શાસ્ત્ર એવા પ્રકારનો નિર્ણય કરાવતું ન હોય તો તેને પણ ત્યજી દેવું. બુદ્ધિમાન પુરુષોએ તો ન્યાયને અનુસરતી પદ્ધતિનો જ અંગીકાર કરવો જોઈએ. બાળકનું વચન પણ જો યુક્તિવાળું હોય તો તે સ્વીકારવું અને બ્રહ્માનું વચન પણ યુક્તિઓથી વિરુદ્ધ હોય તો તે ત્યજવું. તાત્પર્ય એ કે, આ પ્રમાણે તત્ત્વાર્થ વિષે શાસ્ત્રકારોનો ખરો હેતુ સમજમાં આવ્યા બાદ મિથ્યા વિવાદોને સ્થાન રહેશે નહિ. શાસ્ત્રકારોએ બતાવેલા આ માર્ગમાં જ અર્વાચીન સમયે ગણાતા સર્વ ભેદો તથા ધર્મ અને વાદવિવાદોનો અંત આવી જાય છે, એ વાત સૂક્ષ્મ બુદ્ધિના વિચારશીલ પુરુષોના ધ્યાનમાં સહજમાં આવશે. આ સંબંધમાં શ્રીમહર્ષિ વસિષ્ઠજીનું મંતવ્ય છે કે: વેદાંતશાસ્ત્ર જ સંસારનો મોહ નષ્ટ કરાવનારું છે; તેથી તેની વાતો વૈરીની વાતોની જેમ અપ્રિય લાગે છે. બીજાં શાસ્ત્રો વિષય પ્રપંચમાં પ્રવૃત્તિ કરાવનારાં હોવાથી તેમની વાતો સ્ત્રીની વાતો જેવી મીઠી લાગે છે. તોપણ અમારો સિદ્ધાંત છે કે, વૈરીની વાતો પણ જો વિચારથી અનુભવ કરાવી આપનારી હોય તો તેનો સ્વીકાર કરવો આવશ્યક છે, પણ સ્ત્રીની વાત ગમે તેવી મીઠી હશે છતાં તે વેદમાં કહેલા આત્મસાક્ષાત્કારરૂપ પુરુષાર્થથી ભ્રષ્ટ કરાવનારી હોય તો તે પ્રમાણિક નહિ પરંતુ કેવળ બકવાદરૂપ છે, એમ જાણી ત્યાજ્ય સમજવી. "હે વત્સ ! અમારો અનુભવ એવો છે કે, જે જ્ઞાન વડે જીવન્મુક્તિ મેળવી આપનારી વિધિ પ્રાપ્ત થાય છે, તેવા પ્રકારનું જ્ઞાન થવાથી જેની બુદ્ધિ નિર્મળ થયેલી હોય તે જ અપરોક્ષ અનુભવ અર્થાત્ આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકે છે. આ આત્મસાક્ષાત્કારરૂપ પુરુષાર્થ જે થકી મળે એવાં સઘળાં અધ્યાત્મશાસ્ત્રો સયુક્તિક શાસ્ત્રો છે; પછી તે સાંખ્ય, યોગ, ન્યાય, ઇત્યાદિ ગમે તે હોય તોપણ તે સર્વની એકવાક્યતા જ છે એમ સમજવું. માટે વેદ વિરુદ્ધ પોતે માની લીધેલ અને નિરાધાર તર્કો વડે પુષ્ટ થયેલાં બીજાં કોઈ પણ શાસ્ત્રોથી નહિ બની શકે એવા અપરોક્ષ અનુભવ વા આત્મસાક્ષાત્કારરૂપ પરમ પુરુષાર્થ કરાવી આપનારાં શાસ્ત્રો એ જ અમારા મતમાં પ્રમાણ છે" (યો૦ મુ૦ પ્ર૦ સર્ગ ૧૮ શ્લો૦ ૬૯–૭૦). હવે યુક્તિવાદના સંબંધમાં આધારને માટે શાસ્ત્રમાં આવેલાં કથનનો પણ સંક્ષેપમાં વિચાર કરીશું, કે જેથી શંકાને સ્થાન રહેશે નહિ, એટલું જ નહિ પરંતુ શ્રીકૃષ્ણે આગળ જણાવેલા અભ્યાસક્રમને માટે પણ તેનો ઉપયોગ થશે.

યુક્તિવાદનો ઉદ્દેશ

પ્રશ્ન : આ વિકારવાળું જગત કેમ પ્રતીત થાય છે? ઉત્તર : કાળ, ક્રિયા, કરણ, કર્તા, નિદાન, કાર્ય, જન્મ, સ્થિતિ, પ્રલય અને સ્મરણ ઇત્યાદિ જે જે કાંઈ છે તે સર્વ બ્રહ્મ જ છે, એમ જો તમો આત્મદૃષ્ટિથી જોવા કરશો તો તમને ફરીથી સંસારમાં ભ્રમણ કરવાનો પ્રસંગ કદી પણ પ્રાપ્ત થશે નહિ. અરે ! તમો સાક્ષાત્ બ્રહ્મરૂપ જ છો. અને બ્રહ્મમાં સહેજે વિકાર નથી (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૪૮ શ્લો૦ ૨૦) પ્રશ્ન : જો બ્રહ્મમાં વિકાર ન હોય તો પછી આ બધું જન્માદિ વિકારવાળું જગત કેમ પ્રતીત થાય ? ઉત્તર : જે થવા પછી પ્રથમની સ્થિતિ પ્રાપ્ત થાય નહિ એવો મૂળ સ્વરૂપમાં જે ફેરફાર થવો તે વિકાર કહેવાય છે. જેમ કે, દૂધનું દહીં થયા પછી તે પાછું દૂધપણાંને પ્રાપ્ત થતું નથી માટે તે વિકાર કહેવાય છે. પરંતુ બ્રહ્મ તો આદિ, મધ્ય અને અંતમાં નિર્મળ સ્વરૂપ જ છે. તેથી બ્રહ્મમાં કિંચિન્માત્ર પણ વિકાર સંભવતો નથી. આદિ અને અંતમાં સમતાથી રહેનારા બ્રહ્મની ક્ષણમાત્રમાં આ જગતરૂપ જે વિકૃતિ ભાસે છે, તે વાસ્તવિક રીતે વિકાર નથી પણ વિવર્ત છે. વિવર્ત એટલે પ્રતિભાસથી ઊલટું દેખાવું. જેમ મૃગજળ, દોરી ઉપર સર્પ, પાણીમાં તરંગો, સોના ઉપર દાગીના વગેરે પોતાનું મૂળ સ્વરૂપ ન છોડતાં બીજા જ સ્વરૂપે ભાસમાન થાય છે, તેને વિવર્ત*

* આ દૃષ્ટાંતમાંનાં કેટલાંક આભાસનાં તથા કેટલાંક કાર્યકારણભાવનાં છે. પરંતુ અંતિમ સિદ્ધાંતની દૃષ્ટિએ તો બધે કાર્યકારણભાવ વિવર્તરૂપ હોવાથી આ બધાં દૃષ્ટાંતોને અહીં એક સાથે આપ્યાં છે, તેથી અહીં પરિણામવાદ, અવિકૃત પરિણામવાદ તથા વિવર્તવાદની ચર્ચાને સ્થાન રહેતું નથી.

કહેવામાં આવે છે, અર્થાત્ બ્રહ્મમાં જગતરૂપે ભાસનું આ દૃશ્ય વાસ્તવિક રીતે વિકાર નહિ પરંતુ વિવર્તરૂપ છે. કારણ કે, નિર્વિકાર બ્રહ્મમાં વિકૃતિ સંભવે જ કેમ? બ્રહ્મમાં દૃશ્ય કિંવા દર્શન કાંઈ પણ નથી. માટે જેમાં દૃશ્ય દર્શનાદિ હોય એવું જગત બ્રહ્મનો સ્પર્શ કેવી રીતે કરી શકે? જે તત્ત્વ કોઈ પણ પ્રકારના સંબંધથી રહિત અને કેવળ ચૈતન્યરૂપ છે, તે જ બ્રહ્મ એ શબ્દથી કહેવાય છે. જે વસ્તુ આદિ અંતમાં મૂળ સ્થિતિમાં જ રહેતી હોય તે સત્ કિંવા નિર્વિકાર જ કહેવાય, એવી વસ્તુમાં મધ્યમાં જે અન્યપણું ભાસે છે, તે તો કેવળ અજ્ઞાન વડે જ છે; બ્રહ્મ (આત્મા) તો સર્વ દેશ અને કાળમાં તેમ જ આદિ અંત તથા મધ્યમાં સમાન જ છે. એ આત્મતત્ત્વ પોતે કદી પણ અન્યપણાને પ્રાપ્ત થતું નથી. આ આત્મા રૂપથી રહિતપણા એકપણા તથા નિત્યપણાને લીધે જન્મ, વૃદ્ધિ તથા ક્ષયાદિ વિકાર ભાવને કદી પણ વશ થતો નથી.

અવિદ્યા છે જ નહિ

પ્રશ્ન : અત્યંત નિર્મળ બ્રહ્મ સર્વદા એકરૂપે જ રહેલું હોય તો તેમાં તેથી વિરુદ્ધ સ્વભાવવાળી અવિદ્યાનું અસ્તિત્વ કેમ સંભવે? કે જેથી જગત વિવર્તરૂપ પણ કહેવાય. ઉત્તર : આ સર્વ જગત આત્મરૂપ અર્થાત્ બ્રહ્મ જ હતું, બ્રહ્મ જ છે અને બ્રહ્મ જ હશે, તથા તે બ્રહ્મ તો નિર્વિકાર અને આદિ અંતથી રહિત છે, અવિદ્યા મુદ્દલ છે જ નહિ, એવો સિદ્ધાંત છે. તેને બ્રહ્મ, આત્મા ઇત્યાદિ નામો આપીને વાચ્ય અને વાચકનો જે ક્રમ બાંધવામાં આવ્યો છે તે પણ ફક્ત ઉપદેશો માટે હોઈ કેવળ કલ્પિત જ છે, માટે તેથી કોઈ જાતનું દ્વૈત થાય છે એમ સમજવું નહીં. તું, હું, આ, તે, જગત, દિશાઓ, સ્વર્ગ, પૃથ્વી, કાળ, દેશ ઇત્યાદિ જે કાંઈ છે તે સર્વ આદિ અંતથી રહિત બ્રહ્મ છે, અવિદ્યા તો જરા પણ છે જ નહિ. હે વત્સ! અવિદ્યા એ તો એક કેવળ નામમાત્ર ભ્રમ જ છે. તે મુદ્દલ છે જ નહિ એવો સિદ્ધાંત છે, મારે અવિદ્યા કે જે કદી છે જ નહિ તે સાચી કઈ રીતે થાય?

મૂઢ તથા અમૂઢને સમજાવવાની યુક્તિઓ

પ્રશ્ન : આપે અત્યાર સુધી તો અવિદ્યા છે, એમ સ્વીકાર કરીને તેનો વિચાર ચલાવ્યો અને હવે અવિદ્યા છે જ નહિ એમ કહો છો, તેનો શો અર્થ?

ઉત્તર : હે સૌમ્ય! તમો આટલો વખત અજ્ઞાની હતા તેથી મેં તમોને આ અર્થ વગરની યુક્તિઓ વડે સમજાવ્યા છે. આ અવિદ્યા છે અને આ જીવ છે ઇત્યાદિ કલ્પનાઓનો ક્રમ બ્રહ્મવેત્તાઓએ અજ્ઞાની લોકોને સમજાવવાને માટે કલ્પેલો છે. જ્યાંસુધી મન પ્રબોધને પામ્યું ન હોય ત્યાંસુધી અવિદ્યા વગેરે સાંખ્ય તથા વેદાંતશાસ્ત્રમાં બતાવેલી શાસ્ત્રીય યુક્તિ અર્થાત્ શાસ્ત્રમાં બતાવેલ માયા, પ્રકૃતિ, અવિદ્યા વગેરેને ગ્રહણ કરી વ્યવહારદૃષ્ટિએ સમજાવ્યા વિના સેંકડો બરાડાઓ પાડવામાં આવે તે પણ શો ઉપયોગ? જીવને યુક્તિથી સમજાવીને આત્મામાં જોડવામાં આવે છે. ધારેલું કાર્ય જેવું યુક્તિથી સિદ્ધ કરી શકાય છે તેવું સેંકડો પ્રયત્નો કરવાથી પણ સિદ્ધ થઈ શકતું નથી. વળી જે પુરુષ આત્મબોધ વિનાના દુર્મતિ પુરુષની પાસે "આ સઘળું બ્રહ્મ છે" એમ બોલે છે, તે પુરુષ કૂંડાને મિત્ર સમજીને તેના પાસે પોતાના દુઃખનું નિવેદન કરે છે એમ સમજવું. મૂઢને યુક્તિથી અને સમજુને તત્ત્વથી સમજાવવામાં આવે છે. યુક્તિનો આશ્રય લીધા સિવાય મૂઢને સમજણ પડતી નથી. હે વત્સ! આટલા કાળ સુધી તમો અમુદ્ધ હતા. તેથી તમોને યુક્તિ વડે સમજાવ્યું હતું, હવે તમે પ્રબુદ્ધ થયા છો માટે તત્ત્વથી સમજાવું છું. હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે, આ સર્વ દૃશ્ય પણ બ્રહ્મ છે, બીજી કોઈ કલ્પના નથી એવું નિશ્ચયાત્મક સમજી લઈ પછી ઇચ્છા હોય તેમ વ્યવહાર કરવો. વ્યવહાર કરવાથી બ્રહ્મપણાને હાનિ થતી નથી. આ મન, બુદ્ધિ, ઇંદ્રિયો વગેરેથી દૃશ્યમાન થતું સઘળું બ્રહ્મસ્વરૂપ છે અને તે જ સર્વ ભ્રાંતિઓના નિવારણના અવધિરૂપ છે તેમ જ તે કરતાં અગમ્ય એવું પણ એ મહાચૈતન્ય જ છે.

આ સર્વ આત્મરૂપ જ છે

જે કાંઈ છે તે બ્રહ્મ જ છે, એવી હૃદયમાં દૃઢ ભાવના રાખીને વ્યવહાર કર. આ રીતે વ્યવહાર કરવાથી તેમાં તું કદી પણ લેપાશે નહિ. માટે તું ઊભો રહેતાં, ચાલતાં, શ્વાસ લેતાં અને સૂતાં પણ હૃદયમાં

'હું' સ્વયંપ્રકાશ, ચેતન અને વ્યાપક એવો આત્મસ્વરૂપ જ છું, એવા દૃઢ નિશ્ચયથી નિરંતર અભ્યાસ કર્યા કર. તું મમતા અને અહંકાર વિનાનો હોઈ અતિ બુદ્ધિશાળી છે. માટે શાંત, સર્વ પદાર્થોમાં વ્યાપી રહેલ અને જ્ઞાનસ્વરૂપ એવા બ્રહ્મ કિંવા આત્મરૂપ થા. આદિ અંતથી રહિત અને સ્વયંપ્રકાશ એવું જે પરમપદ છે, તે તું પોતે જ છે, તું સર્વત્ર વ્યાપક એકરૂપ અને શુદ્ધ બોધમય છે. બ્રહ્મ, આત્મા, તુરીય, અવિદ્યા તથા પ્રકૃતિ ઇત્યાદિ શબ્દોથી જે કાંઈ કહેવાય છે, તે સર્વ અભિન્ન એવા સત્સ્વરૂપ જ છે. જેમ સોંકડો ઘડામાં માટી એક છે, તેમ આ અનંત પદાર્થોમાં બ્રહ્મ જ એક છે. ઘડો જેમ માટીથી ભિન્ન નથી, તેમ જગત આત્માથી જુદું નથી. ઘડો જેમ માટીમય છે, તેમ આ સઘળું દૃશ્યમંડળ પણ આત્મસ્વરૂપ જ છે. જેમ પાણીની ઘૂમરી કિંવા ચકરી થાય છે, તેમ આત્માનો વિવર્ત થવો તે જ જગત શબ્દથી કહેવાય છે, એટલા માટે જે કાંઈ છે તે સર્વ આત્મા છે. જેમ ચલન અને પવન એ બંને નામથી જુદા છે પણ સત્તાથી જુદા નથી, તેમ આત્મા અને અવિદ્યા એવો ભેદ કેવળ નામમાત્ર જ છે પણ વાસ્તવિક નથી. દ્વૈત અસત્ છે, તે ભ્રાંતિથી જ ગ્રહણ કરવામાં આવ્યું છે, તે અજ્ઞાન વડે જ ઉત્પન્ન થયું છે અને બોધથી નષ્ટ થાય છે. માટે દ્વૈતને ત્યજી દે. કેમ કે હવે તું પ્રબોધને પ્રાપ્ત થયેલો છે, જેથી દ્વૈતરૂપી મિથ્યા ભ્રમ તારામાં ક્યાંથી હોય? તું આત્મભાવનારૂપ વૈભવથી નિર્ભયસ્વરૂપ બની જા. દુઃખ તો ત્રણે કાળમાં નથી જ. એ મારો છેલ્લામાં છેલ્લો ઉપદેશ છે (જુઓ યો૦ નિ૦ પૂ૦ સ૦ ૪૬).

સાંખ્યશાસ્ત્ર વડે આત્માનું થતું પરોક્ષ જ્ઞાન

ઉપરના વિવેચનથી સારી રીતે જાણી શકાશે કે, આત્મસ્વરૂપનું જ્ઞાન થાય ત્યાં સુધીને માટે અનેક પ્રકારની યુક્તિઓનો આશ્રય લઈ તે સમજાવવાને માટે પ્રયત્ન કરવામાં આવે છે, તેઓમાં સાંખ્યનિષ્ઠાનો માર્ગ મુખ્ય હોઈ આત્માનું પરોક્ષ જ્ઞાન કરી આપનારી તે બુદ્ધિગમ્ય એવી આદ્યયુક્તિ છે. તે દ્વારા પ્રથમ આત્મસ્વરૂપનું પરોક્ષ જ્ઞાન કરી લેવું પડે છે કે જેથી આત્માનો સાક્ષાત્કાર એટલે અનુભવસિદ્ધ અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થવાને માટે સરળતા થાય. જેમ વ્યવહારમાં કોઈ અજ્ઞાનીને તારે અમુક ઠેકાણે જવાનું છે એમ કહેવામાં આવે, એટલે તેને પોતાને પ્રથમ ક્યાં જવાનું છે તેનું જ્ઞાન થાય છે, તેવું જ્ઞાન થવાથી ક્યારે જવું તેનો તે નિશ્ચય કરે છે અને નિશ્ચય કર્યા બાદ કયે રસ્તે જવું, ક્યાં સાધનો વડે જવું, સાથે શું શું રાખવું વગેરે બાબતોનો વિચાર કરી, જવાને માટે નીકળે છે; પણ જો જવાનું સ્થાન પૂર્વ તરફ હોય અને જનારને તે સ્થળનું ચોક્કસ જ્ઞાન ન હોય તથા જો તે પશ્ચિમ તરફ છે એમ પોતે મનમાં માની લઈને તે દિશાએ જ ચાલ્યા કરે તથા તેમ કરવાથી ગમે તેટલો થાકી જાય તોપણ તે ઇષ્ટ સ્થળે પહોંચી શકતો નથી. પણ જ્યારે તે સ્થાનનો કોઈ ભોમીયો તેને આ રસ્તો ખૂબ ભરેલો અથવા ઊલટો છે, માટે સીધે રસ્તે સામે જ ચાલ્યા જાઓ, એમ બતાવે છે ત્યારે તે આડે રસ્તે ચડેલો માણસ કાળાંતરે પણ પોતાના સ્થાનપ્રતિ પહોંચી શકે છે. તે પ્રમાણે આત્મા એ શું છે? તેનું જ્યાંસુધી પરોક્ષ કિંવા બુદ્ધિગમ્ય જ્ઞાન સમ્યક્ પ્રકારે પ્રાપ્ત થાય નહિ, ત્યાં સુધી તેની પ્રાપ્તિને માટે થનારા સર્વ પ્રયત્નો નિરર્થક ગણાય. વ્યવહારમાં પણ જુઓ કે, કોઈ વસ્તુનું પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું પડે છે અને જ્યાં સુધી તેનું જ્ઞાન હોતું નથી, ત્યાં સુધી તે વસ્તુ પાસે હોવા છતાં પણ નિરર્થક હોય છે. ગુપ્ત ધન ગમે તેટલું ઘરમાં દાટેલું હોય પરંતુ જ્યાં સુધી તેનું જ્ઞાન હોતું નથી ત્યાં સુધી તો ભિક્ષા માગ્યા વગર શો ઉપાય? અર્થાત્ વ્યવહારમાં પણ પ્રથમ જ્ઞાન જ પ્રધાન છે, તે નિર્વિવાદ છે. તે પ્રમાણે આત્મા પાસે હોય કે દૂર હોય તેનું નિશ્ચિત જ્ઞાન જ્યાં સુધી પ્રાપ્ત થતું નથી, ત્યાં સુધી કોઈ કહે કે હું તેને માટે પ્રયત્ન કરું છું તો તે હાસ્યાસ્પદ ગણાશે. આથી આત્મસ્વરૂપનું પ્રથમ તો બુદ્ધિગમ્ય એવું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ અને તે જ્ઞાન પણ કિંચિન્માત્ર સંદેહ વગરનું અને સત્ય એવું જ હોવું જોઈએ. જો તેમાં કિંચિન્માત્ર પણ દોષ યા સંશય રહેવા પામ્યો હશે તો તે સર્વ નિરર્થક જ નીવડશે અને પૂર્વને બદલે પશ્ચિમમાં જનારાની સ્થિતિ થાય તે પ્રમાણે થશે, માટે આત્માનું પરોક્ષ જ્ઞાન પણ નિઃશંક સત્ય અને સયુક્તિક એવું હોવું જોઈએ. તેવા પ્રકારનું જ્ઞાન જ્યાં સુધી હોતું નથી ત્યાં સુધીને માટે ગમે તેટલું ઊલટું જવામાં આવે તો તે સર્વ નિરર્થક છે, એટલું જ નહિ પરંતુ કદાચ ઇષ્ટ સ્થળે પણ પહોંચવામાં

આવે છતાં અજ્ઞાનને લીધે માહિતીના અભાવે તે સર્વ વ્યર્થ જ ગણાશે; માટે પ્રથમ તો આત્માનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ એ એટલું જ નહિ પણ તે જ્ઞાન અપૌરુષેય એવા સયુક્તિક શાસ્ત્રના આધારવાળું અને ગુરુપ્રતીતિના મેળ સાથેનું હોવું જોઈએ કે જેથી આત્મપ્રતીતિને માટે સુગમતા થાય. આ પ્રકારે આત્માનું બુદ્ધિગમ્ય અર્થાત્ પરોક્ષ જ્ઞાન કરી આપનાર તત્ત્વ એ જ સાંખ્ય હોઈ તે તત્ત્વ સમજાવનારાં શાસ્ત્રો એ સાંખ્યશાસ્ત્રો છે અને તે સમજાવનારા અપરોક્ષાનુભવી તત્ત્વજ્ઞોને સાંખ્યાચાર્યો કહે છે.

પ્રથમ પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવું

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પ્રથમ બુદ્ધિગમ્ય એટલે બુદ્ધિને કબૂલ કરવું પડે એવું આત્મજ્ઞાન સાંખ્ય માર્ગના આશ્રયે સયુક્તિક શાસ્ત્રો દ્વારા સમજાવ્યું તથા પોતાના અનુભવના મેળ સાથે તે સ્થાન જ મારું સાચું સ્વરૂપ છે, એ પ્રમાણે નિશ્ચય કરવા જણાવ્યું. હવે આત્મપ્રતીતિ એટલે પ્રત્યક્ષ સાક્ષાત્કાર થવાને માટે જે સાધન વા માર્ગ કે જેને શાસ્ત્રકારો યોગ કહે છે, તેનું સ્પષ્ટીકરણ હવે શ્રીકૃષ્ણ ભગવાન નીચે પ્રમાણે કરે છે:

યોગ

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : હે પાર્થ ! અત્યાર સુધી તને સાંખ્યનિષ્ઠા એટલે આત્માનું જ્ઞાન કરાવી આપનાર જ્ઞાનનિષ્ઠા કિંવા સાંખ્ય યુક્તિ કહી. શ્રેષ્ઠ અધિકારી ગણાતા તીવ્ર બુદ્ધિમાનો તો આ સાંખ્યનિષ્ઠા વા જ્ઞાનનિષ્ઠાનો ઉપદેશ સાંભળતી વખતે જ તેનો મનની અંદર વિચાર કરીને નિદિધ્યાસન પણ તરત જ કરે છે અને તત્કાળ નિશ્ચય કરી લઈ કૃતાર્થ બની જાય છે. પરંતુ તેવા તીવ્ર બુદ્ધિમાનો એટલે જનકાદિક જેવા શ્રેષ્ઠ અધિકારીઓ તો ક્વચિત્ જ જોવામાં આવે છે; પણ બીજાઓને તો અપરોક્ષ અનુભવ થતાં સુધી અભ્યાસ કરવો પડે છે. આ અભ્યાસક્રમને જ યોગ કહેવામાં આવે છે; માટે હવે તને આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે અભ્યાસ કરવા યોગ્ય એવો સાંખ્ય, સંખ્ય, જ્ઞાન કિંવા બુદ્ધિયોગ કહું છું, તે સાંભળ. જેનો આશ્રય કરવાથી કર્મો કરતાં છતાં પણ તેનાં બંધનો તને સ્પર્શ કરી શકશે નહિ. આ શ્લોકમાંના યોગ શબ્દને માટે પણ વિદ્વાનોમાં પુષ્કળ ઊહાપોહ મચેલો જોવામાં આવે છે, તે સંબંધમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવગીતામાં કહેલી યોગની વ્યાખ્યા આ પ્રમાણેની છે:

યોગ એટલે શું ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: હે ઉદ્ધવ! આ સઘળો સંસાર તો કેવળ અજ્ઞાનની ભ્રાંતિ ને મોહ વડે ભાસનારો હોઈ પોતાના મનની એક કલ્પનારૂપ જ છે, તેથી આત્મસ્વરૂપ એવો જે 'હું' તેમાં બુદ્ધિને યુક્ત કરીને તું સર્વથા મનનો નિગ્રહ કર. આ રીતે નિરંતર મનનો નિગ્રહ કરતાં રહેવું, એ જ યોગનું વાસ્તવિક સ્વરૂપ હોઈ તે વડે જ સુખદુઃખાદિ સર્વે દ્વંદ્વોનો નાશ થઈ મારા પરમ અદ્વૈત એવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૮, ૧૨ થી ૨૬). ઉદ્દેશ એ કે, આત્મા અદ્વૈત છે, એવું જ્ઞાન સાંખ્ય વા વેદાંત પરિભાષાને આધારે પ્રાપ્ત કરી લીધા બાદ બેપણામાંથી એકપણારૂપ થવું એવી જે અભ્યાસની યુક્તિ તેનું નામ જ યોગ. એટલે હું, તું, તે, આ ઇત્યાદિ ચરાચર દૃશ્યમાં સર્વત્ર એક આત્મા જ છે, તેનાથી અન્ય કાંઈ છે જ નહિ, એ પ્રમાણેની કિંવા જેના જે ઉપાસ્ય દેવતા હોય તે ઉપાસ્ય દેવતાનો જ સર્વત્ર અનન્ય અદ્વૈત) ભાવ વડે ઉપાસક ભાવના કરે, એટલે જેમાં દ્વૈત બિલકુલ નથી એવું આ સર્વ કેવળ એક અદ્વૈતરૂપ જ છે, એવા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થવું તે સાંખ્ય તથા તે જ્ઞાનના આધારે એટલે તેવા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થવા છતાં પણ તેવા પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ થઈ ઐક્ય પ્રાપ્ત થાય ત્યાં સુધીને માટે જે અભ્યાસક્રમ તે યોગ, અર્થાત્ પરોક્ષ જ્ઞાન થયા બાદ અપરોક્ષ જ્ઞાન એટલે આત્મસાક્ષાત્કાર સિદ્ધ થતાં સુધીનો જે અભ્યાસક્રમ તે જ યોગ કહેવાય છે. પરમાત્માપ્રાપ્તિને માટે થતા અનેક નિષ્કામ પ્રયત્નો જેવા કે, શ્રવણ કીર્તનાદિ નવધા ભક્તિ, જ્ઞાન, અષ્ટાંગયોગ, અનેક પ્રકારની તપશ્ચર્યાઓ, યજ્ઞયાગાદિ ક્રિયાઓ, જપ, તપ, ધ્યાન ધારણા ઇત્યાદિ સર્વનો સમાવેશ આ યોગ શબ્દમાં થઈ જાય છે; પછી તે અભ્યાસ સગુણ સમજીને કરવામાં આવે કે નિર્ગુણ સમજીને કરવામાં આવે, તે સર્વનો યોગ એવા એક જ શબ્દમાં સમાવેશ થઈ જાય છે, પરંતુ આ પ્રમાણે થતું દરેક

કર્મ સકામ હોય તો તે નિરર્થક જ છે, કેમકે તે પરમાત્માના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપતું નથી. નિષ્કામ કર્મમાં પણ જ્યાં સુધી પરમ એવા આત્માનું સંપૂર્ણતઃ પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધીને માટે થતાં તમામ કર્મો કેવળ ચિત્તશુદ્ધિમાં જ અંતર્ગત થાય છે અને ચિત્તશુદ્ધિ થતાં જ આત્મા એટલે શું તેનું સાચું રહસ્ય સમજી શકાય એવી બુદ્ધિની નિર્મળતા પ્રાપ્ત થાય છે તથા સાંખ્ય કિંવા વેદાંતીઓએ બતાવેલા શાસ્ત્રમાર્ગે આત્મસ્વરૂપનું જ્ઞાન થયા પછી એટલે આત્માનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થતાં સુધીનો જે અભ્યાસક્રમ તેને જ યોગ એવી સંજ્ઞાથી કહેવામાં આવે છે. આ યોગની વ્યાખ્યાની વધુ સ્પષ્ટતા નીચેના શાસ્ત્રીય વિવેચન પરથી થઈ શકશે.

સંસારપાશમાંથી છૂટવાની યુક્તિ તે યોગ

શ્રીવસિષ્ઠજી કહે છેઃ હે વત્સ! સંસારપાશમાંથી છૂટવાની યુક્તિ તે "યોગ" એ શબ્દથી ઓળખાય છે. ચિત્તની વૃત્તિઓને રોકવી એટલે ચિત્તમાં જે જે વૃત્તિઓ ઊઠે તે તમામને આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના નિઃશંક જ્ઞાન વડે રોકવાનો અભ્યાસ કરવો એ જ યોગ કહેવાય છે. યોગના મુખ્યત્વે બે પ્રકારો છેઃ એક આત્મજ્ઞાનરૂપ અને બીજો પ્રાણનિરોધરૂપ. પહેલા પ્રકારમાં સાંખ્ય કિંવા વેદાંતશાસ્ત્રોમાં બતાવેલી તત્ત્વજ્ઞાન સમજાવવાની યુક્તિ દ્વારા આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લીધા બાદ અંતઃકરણમાંથી વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું જોઈએ, અને જો થાય તો દરેક ઉત્થાન સમયે આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારે તેનો નિરોધ કરવાનો હોય છે અને બીજા પ્રકારમાં પ્રાણનો નિરોધ કરવાનો હોય છે. શ્રીરામ પૂછે છે કેઃ આ બે પ્રકારોમાં સુલભ અને જેમાં કષ્ટ ન પડે એવો કયો પ્રકાર છે કે જે જાણવાથી અભ્યાસકરનારને વિક્ષેપ નડે નહિ?

યોગ શબ્દ અષ્ટાંગયોગમાં વધુ રૂઢ છે

શ્રીવસિષ્ઠજી કહે છેઃ જો કે આ બંને પ્રકારો યોગ એ શબ્દથી કહેવાય છે તો પણ યોગ એ શબ્દ પ્રાણનિરોધરૂપમાં વ્યવહારમાં અત્યંત રૂઢ થયેલો છે. આત્મજ્ઞાનરૂપ *બુદ્ધિયોગ અને પ્રાણને રોકવો એ બંને ઉપાયો સંસારમુક્તિના કામમાં સમાન હોઈ એક જ પ્રકારનું ફળ આપનારા છે. કોઈને પ્રાણનો નિરોધ કરવો અશક્ય લાગે છે, તો કોઈને આત્મજ્ઞાનરૂપ બુદ્ધિયોગ કરવો અશક્ય લાગે છે. હે રામચંદ્રજી! મને તો આત્મજ્ઞાનરૂપ બુદ્ધિયોગ વધારે સરળ લાગે છે. જે પુરુષ વિચાર કરવામાં કુશળ ન હોય તેને જ આત્મજ્ઞાન અથવા બુદ્ધિયોગ અશક્ય લાગે છે. જ્ઞાન અને અજ્ઞાનના સ્વરૂપનું વિવેચન કરવામાં શક્તિ ન હોય તો જ સત્ય અને યોગ્ય એવા વિચારો પણ ધ્યાનમાં આવતા નથી, પરંતુ બુદ્ધિશાળી અને પ્રમાણમાં કુશળતા ધરાવનારા પુરુષોને આત્મવિચારમાં અકુશળપણું સ્વપ્નમાંએ કદી સંભવતું નથી. અજ્ઞાન સર્વદા સાક્ષીથી જ પ્રસિદ્ધ થનારું હોવાને લીધે બીજાના આધારે પ્રકાશે છે અને જ્ઞાન તો સ્વયંપ્રકાશ જ છે. માટે જ્ઞાન અને અજ્ઞાનમાં ઘણું અંતર હોવાથી તે બંનેનો વિચાર વડે નિર્ણય કરી શકાય છે, તેથી જ જેટલું આત્મજ્ઞાન (બુદ્ધિયોગ) મેળવવું સહેલું છે, તેટલો પ્રાણનિરોધરૂપ અષ્ટાંગયોગ સહેલો નથી. આ અષ્ટાંગયોગ કરવામાં ચંદ્ર તથા હૃદય વગેરે ધારણાના પ્રદેશોમાં ચિત્તની એકાગ્રતા કરવાની તથા આસન, યોગ્ય સ્થળ, કાળ વગેરેની જરૂર હોવાથી તે સારી રીતે સાધી શકવાને મુશ્કેલ હોય છે. બુદ્ધિયોગ (જ્ઞાનયોગ) સારી રીતે સધાય છે અને અષ્ટાંગયોગ સધાતો નથી એવી ચિંતા કરવાનું કારણ નથી અને તેવું કહેવાનો મારો આશય પણ નથી, કેમકે ઉદ્યોગમાં મંડ્યા રહેનાર ધીર પુરુષને માટે જ્ઞાન કિંવા અષ્ટાંગયોગ એ બન્નેમાં કશું અશક્ય લાગતું નથી. હે રામ! શાસ્ત્રોમાં જ્ઞાનયોગ અને અષ્ટાંગયોગ એ બંને પ્રકારો કહેલા છે, તેમાં પૈકી મેં તમારી પાસે અત્યાર સુધી જ્ઞાનયોગનું જ વર્ણન કર્યું છે કે જે જ્ઞાન કેવળ વિચાર માત્રથી જ સાધ્ય હોવાને લીધે સ્વતઃસિદ્ધ હોઈ પાસે ને પાસે જ છે અને તે સત્યસ્વરૂપ હોવાને લીધે અતિ નિર્મળ છે (યો० નિ० પૂ० સ० ૧૩ આત્મજ્ઞાન કિંવા જ્ઞાનયોગના અભ્યાસ માટે આ પહેલાંના સર્ગ ૧૧-૧૨ જુઓ).

* ગીતાકારે યોગ શબ્દ આ અર્થે વાપરેલો છે. જ્ઞાન, આત્મજ્ઞાન યા બુદ્ધિયોગ એ તેનાં પર્યાય નામો છે.

આ યોગ એટલે જ બુદ્ધિયોગ અથવા જ્ઞાનયોગ છે

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે કે આત્માનું પરોક્ષ જ્ઞાન સારી રીતે થવાની જે યુક્તિ તેને સાંખ્ય તથા તેનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ અપરોક્ષજ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર થઈ પૂર્ણ અદ્વૈત ભાવ સિદ્ધ થતાં સુધી સર્વાત્મભાવના નિશ્ચય દ્વારા વૃત્તિઓને રોકવાની જે યુક્તિ અથવા અભ્યાસક્રમ તેને જ શ્રીકૃષ્ણ ભગવાને યોગ એવા શબ્દ વડે સંબોધેલું છે, એ તદ્દન નિર્વિવાદ છે. જ્યાં સુધી પોતાની બુદ્ધિથી પોતાની મેળે જ શુદ્ધ એવા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય નહિ, ત્યાં સુધી સાંખ્ય કિંવા વેદાંતાદિ શાસ્ત્રોમાં બતાવેલી યુક્તિઓનો આશ્રય લઈ અભ્યાસ કરવો જોઈએ અને તે અદ્વૈતપદમાં પૂર્ણ તન્મયતા થતાં સુધી ચાલુ રાખવો પડે છે. આ યોગને બુદ્ધિયોગ, જ્ઞાનયોગ કિંવા આત્મજ્ઞાન ઇત્યાદિ નામોની સંજ્ઞાઓ છે. હવે યોગના સ્પષ્ટ જ્ઞાનને માટે આત્મવિશ્રાંતિરૂપ અભ્યાસના જે પ્રકારો છે, તેનો આપણે સંક્ષેપમાં વિચાર કરવો પડશે.

વિવર્ત અને અજાત

વેદાંતશાસ્ત્રકારો સ્વગત, સજાતીય અને વિજાતીય ભેદો તથા (૧) વિવર્ત અને (૨) અજાત એ બે યુક્તિઓનો આશ્રય લઈ સમજાવવાનો પ્રયત્ન કરે છે. વિવર્ત એટલે મૂળ વસ્તુ ઉપર બીજાં નામોનો આરોપ થવો અથવા જેવું હોય તેનાથી ઊલટું ભાસવું તે; જેમકે, દોરી ઉપર સર્પનો ભાસ થવો, પાણીને તરંગ કિંવા સુવર્ણને દાગીના કહેવા ઇત્યાદિ વિવર્તો કહેવાય છે; પરંતુ ભાસ થવો શક્ય જ નથી અર્થાત્ વિવર્તની યુક્તિનું પણ જ્યાં અસ્તિત્વ ટકી શકતું નથી, એવી અનિર્વચનીયતા દર્શાવનારી યુક્તિ તે અજાત છે; જેમકે વંધ્યાપુત્ર, સસલાનાં શિંગડાં, મૃગજળ વગેરે. આ બેમાં ભેદ એટલો જ કે, વિવર્ત યુક્તિના આશ્રય વડે જ્યારે સમજાવવામાં આવે છે ત્યારે જેમ સુવર્ણને દાગીના અથવા પાણીને તરંગ કિંવા દોરીને જ સર્પ કહેવામાં આવે છે, તેમ એક આત્મા ઉપર જ અવિદ્યા, માયા, જગત, સંસાર, જીવ ઇત્યાદિ અનેક નામરૂપોના ભેદોનો આરોપ કરવામાં આવેલો છે, એવા પ્રકારની યુક્તિનો આશ્રય લેવામાં આવે છે તથા અજાતવાદની યુક્તિઓ દ્વારા સમજાવવામાં આવે છે ત્યારે વંધ્યાને કદી પુત્ર હોતો જ નથી, તેમ જ શશશૃંગનું અસ્તિત્વ પણ કદી હોઈ શકે જ નહિ અથવા સોનામાં દાગીનાનાં રૂપોનું અસ્તિત્વ કદી સંભવતું નથી, તેમ આત્મામાં અવિદ્યા માયા, જીવ, જગત, સંસાર ઇત્યાદિની કદી ઉત્પત્તિ થવી શક્ય નથી, એવા પ્રકારે સમજાવવામાં આવે છે. આટલું સારી રીતે સમજ્યા બાદ હવે આપણને આત્મપ્રાપ્તિના અભ્યાસયોગ સંબંધે વિચાર કરવો સરળ થશે.

આત્મપદમાં વિશ્રાંતિનો અભ્યાસક્રમ એ જ યોગ

યોગ અર્થાત્ આત્મપદમાં વિશ્રાંતિના અભ્યાસક્રમના મુખ્ય બે પ્રકારો છે: (૧) આ સર્વ નામ અને રૂપો વડે ભાસતું દૃશ્ય બિલકુલ છે જ નહિ એટલા માટે "આ નથી, આ નથી" એ પ્રમાણે નિરાસ કરતાં કરતાં છેવટે "હું પણ નથી" એ રીતે હું એવા ભાવનો પણ તેના સાક્ષીભાવ સહિત વિલય કરવો, આ એક પ્રકાર છે. આ અભ્યાસક્રમને અજાત યુક્તિના આશ્રયે સમજાવેલા આત્મજ્ઞાનનો અભ્યાસક્રમ જાણવો. ઉદાહરણ તરીકે વીંટી, કડું, બંગડી, કુંડળ વગેરે અલંકારો કિંવા આકારોમાંથી જો સોનું કાઢી લેવામાં આવે તો કડું, કુંડળ ઇત્યાદિ નામ રૂપાદિનો વિલય અનાયાસે જ થઈ જાય છે; તે પ્રમાણે આ નામ રૂપાદિ વડે ભાસમાન થતાં દૃશ્યાદિમાંથી નામ રૂપાદિનો વિલય કરવો અર્થાત્ જેને જેને મારું એમ કહેવામાં આવે તે સર્વનો નિરાસ કરતાં કરતાં અંતે જે શેષ રહેનારો "હું" (વૃક્ષાંક ૩) તેનો પણ નિરાસ "હું નથી" એમ કરવો. આ હુંનો નિરાસ*કેવળ મોઢેથી બોલીને નહિ, પરંતુ સાક્ષીભાવ સહ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ કરી અંતે શેષ રહે તે જ નિર્વિકલ્પ અને અનિર્વચનીય એવું પરમપદ હોઈ તે જ સ્વતઃસિદ્ધ એવું આત્મપદ કહેવાય. આ સર્વ દૃશ્ય ત્રિપુટી દ્વારા જ જાણી શકાય છે. (૧) દ્રષ્ટા, (૨) દર્શન, (૩) દૃશ્ય; (૧) જ્ઞાતા,

*"હું" (વૃક્ષાંક ૩)નો વિલય થતાં જ તેના સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)નો વિલય અનાયાસે જ થઈ જાય છે, તેને માટે જુદો પ્રયત્ન કરવો પડતો નથી.

(૨) જ્ઞાન, (૩) જ્ઞેય; (૧) કર્તા, (૨) કરણ, (૩) કાર્ય ઇત્યાદિ ત્રિપુટીઓનો જાણનાર "હું" (વૃક્ષાંક ૩) છે, માટે સર્વ નામરૂપાદિ દૃશ્ય ત્રિપુટીઓનો "હું" અવિદ્યા નથી, માયા નથી, જીવ નથી, મન નથી, બુદ્ધિ નથી, શરીર નથી ઇત્યાદિ પ્રકારે નિરાસ કરતાં કરતાં અર્થાત્ જેને તારું, મારું, આ, તમે, તું ઇત્યાદિ ભાવો વડે કહી શકાય, તે સર્વનો વિલય કરી શેષ રહે તે જ 'હું' (વૃક્ષાંક ૩) છે તથા તે 'હું'નો પણ સાક્ષીભાવ (વૃક્ષાંક ૨) સહિત વિલય કરવો; આ વિલય કેવળ મોઢેથી બોલીને નહીં પરંતુ સ્વતઃસિદ્ધ પ્રત્યક્ષ એટલે અનુભવ સહિત કરીને, શેષ રહેનાર એવા પરમપદમાં સ્થિર થવું, એ જ આત્મપદ કહેવાય છે(આ અભ્યાસક્રમ અજાતયુક્તિ પ્રમાણેનો છે). સોનામાં કરી દાગીનાની ઉત્પત્તિ થવી શક્ય નથી, એટલે સોનું કાઢી લેતાં શેષ કાંઈ પણ રહેતું જ નથી, અર્થાત્ સોનું જ એક સત્ય છે અને તેમાં દાગીનાનું અસ્તિત્વ કદી સંભવતું નથી, તે તો સાવ મિથ્યા છે, તે રીતે આત્મામાં હું, તું, તે, આ વગેરે કાંઈ પણ કદી ઉત્પન્ન થવું શક્ય જ નથી, તેથી આત્મા ઉપર મિથ્યા આરોપિત થનારાં નામ રૂપાદિનો નિરાસ કરતાં રહેવું અર્થાત્ વૃત્તિનું ઉત્થાન જ થવા દેવું નહિ; અથવા અંતઃકરણમાં વૃત્તિ ઉઠતાંની સાથે જ આત્મામાં કદી વૃત્તિનું ઉત્થાન થવું શક્ય નથી, એમ નિશ્ચયપૂર્વક સમજી તેને તરત જ દાબી દેવી, એટલે જે જે નામરૂપાદિવૃત્તિનું અંતઃકરણમાં ઉત્થાન થાય કે તરત જ આત્મામાં તેનું અસ્તિત્વ હોવું કદાપિ શક્ય નથી માટે "હું" (વૃક્ષાંક ૩) અવિદ્યા નથી, જીવ નથી, માયા નથી, મન નથી, બુદ્ધિ કિંવા શરીર પણ નથી અથવા હું, તું, તે, આ ઇત્યાદિ કાંઈ પણ નથી, એ પ્રમાણે એકાકાર વૃત્તિ થાય ત્યાં સુધી સતત અભ્યાસ કરતાં રહેવું.

(૨) બીજો પ્રકાર વિવર્તક્રમની યુક્તિ પ્રમાણેનો છે, એમ જાણવું. જેમ કડાં, કુંડળ, વીંટી, બંગડી વગેરે દાગીનાઓ સુવર્ણરૂપ જ છે, એટલે કે તેને સોનું કહેવાને બદલે કડાં, કુંડળાદિ કહેવામાં આવે તે વિવર્ત કહેવાય છે. આ મુજબ હું, તું, તે, આ, તમે, મારું, તારું, અવિદ્યા, જીવ ઇત્યાદિ નામ રૂપો વડે અનંત રૂપે ભાસમાન થનારું આ સર્વ દૃશ્ય વસ્તુતઃ આત્મરૂપ જ (વૃક્ષાંક ૧ જુઓ) છે, એટલે કડાં, કુંડળાદિને સોનું કહેવું એ જ તેનું ખરું સ્વરૂપ કહેવાય, તેમ જેને આત્મા કહેવો જોઈએ તેને જ હું, તું, તે, આ, તમો, મારું અવિદ્યા, માયા, જીવ, ઇત્યાદિ ભિન્ન ભિન્ન નામો વડે કહેવામાં આવે છે, અર્થાત્ સર્વ મમભાવ પણ "હું" રૂપ જ છે, તથા તેવો "હું" તો આત્મરૂપ છે, એટલે ઈશ્વરથી માંડી બ્રહ્માંડમાંના અણુથી બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧થી ૧૫) સુધીના તમામ ભાવો "હું" એવા આત્મરૂપ જ છે, એવા નિશ્ચય વડે હમેશ તેવો અભ્યાસ કરવો. વિચાર કરવાથી જણાશે કે, વ્યવહારમાં દરેક પ્રાણી પોતાને "હું" અને બીજાને "તું" એમ કહે છે. હવે જેને "તું" કહેવામાં આવે છે, તે પોતે પોતાને માટે તો "હું" એવો જ શબ્દપ્રયોગ કરે છે. તો પછી તેને "તું" કહેવાનું શું કારણ? જુઓ વ્યવહારમાં પણ એવો નિયમ છે કે, જેનું જે નામ હોય તેને તે નામ વડે બોલાવવામાં આવે તો જ સત્ય અને તેથી વિપરીત નામ વડે બોલાવવામાં આવે તો તે અસત્ય કહેવાય. આ ન્યાય પ્રમાણે પણ જે પોતાને હું કહેતો હોય તેને " તું " કહેવો એ શું ન્યાય ગણાશે ખરું કે? અર્થાત્ આ સર્વ હુંરૂપ જ છે, તેથી જ શાસ્ત્રમાં **"एकोहं बहुस्याम्"** એટલે એક જ "હું" બહુરૂપે થાઉં એમ કહેવામાં આવ્યું છે. આ ઘોરણ અનુસાર આ મમાદિ એટલે મારું, તારું, તું ઇત્યાદિ નામ રૂપ વડે ભાસમાન થતું તમામ દૃશ્યજાળ વાસ્તવિક રીતે તો "હું" રૂપ જ છે, એમ સિદ્ધ થાય છે; આ " હું " એ પ્રતિષ્ઠિત્યાત્મક (વૃક્ષાંક ૩ નો) " હું " જાણવો તથા તે " હું " તો વાસ્તવિક તત્ કિંવા આત્મરૂપ (વૃક્ષાંક ૧) છે. એટલે જેમ સર્વ મમાદિ ભાવોનો પ્રતિષ્ઠિત્યાત્મક " હું " (વૃક્ષાંક ૩) માં વિલય થયો, તેમ એ હું એટલે તો અનિર્વચનીય એવો તત્ વા આત્મા (વૃક્ષાંક ૧) છે, એ પ્રકારે જાણી તેવા દૃઢ નિશ્ચયથી અનિર્વચનીય એવા આત્માને પણ અભ્યાસને માટે " હું " એવું નામ આપી અર્થાત્ "હું," એટલે આ મારું, મારું કહેનારો (વૃક્ષાંક ૩નો) હું નહિ, પરંતુ " હું " એટલે તો તત્ કિંવા આત્મા (વૃક્ષાંક ૧) છે, એવી દૃઢ ભાવના કરવી. તાત્પર્ય કે, આ સર્વ પણ તત્ કિંવા આત્મસ્વરૂપ એવા "હું" રૂપ જ છે; જેમ સુવર્ણને દાગીના કહેવા અથવા રજ્જુને સર્પ કહેવો એ વિવર્ત ગણાય તેમ અનિર્વચનીય એવા આત્મપદને "હું" કહેવું એ પણ વિવર્ત છે, જેથી દરેક પ્રાણી પોતાને " હું " કહેતો

હોવા છતાં તેના ઉપર તું, તમો, મારું, શરીર, અવયવો વગેરે અનેક નામરૂપોના જે આરોપો કરવામાં આવે છે, તે સર્વ મિથ્યા હોવાથી વિવર્ત કહેવાય છે; આથી "હું" એટલે "તત્" (આત્મસ્વરૂપ વૃક્ષાંક ૧) છે, એની દરેક પદાર્થોમાં નિત્ય ભાવના કરવી. ટૂંકમાં, અંતઃકરણમાંથી વૃત્તિનું ઉત્થાન થતાં જ તેનાં નામ રૂપાદિનો વિલય કરી તે દરેક વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે જ તે તો આત્મસ્વરૂપ એવા "હું" રૂપ છે, એવા નિશ્ચય વડે તેનો વિલય કરતાં રહેવું; આ મુજબ વૃત્તિ તદાકાર થતાં સુધી તેનો દૃઢ અભ્યાસ કરવો. "**સોઽહમ્**" "તે હું" એટલે આ પણ હું, તે પણ હું, તું પણ હું, આમ સર્વ હુંરૂપ હોઈ તે હું એટલે જ આત્મા. એ રીતના દૃઢ નિશ્ચયથી નિત્ય પ્રતિ અભ્યાસ કરી તેમાં તન્મયતા પ્રાપ્ત કરી લેવી જોઈએ.

અભ્યાસક્રમમાં પડતો ત્રીજો અને ચોથો ભેદ

(૩) અભ્યાસના મુખ્ય બે પ્રકારો ઉપર જણાવેલા છે. હવે એ બન્નેનો સમન્વય તે ત્રીજો પ્રકાર છે, એટલે કે, આ જે જે કાંઈ છે તે સર્વ "હું" રૂપ જ છે તથા તે "હું" તો આત્મામાં કદી ઉત્પન્ન થયો જ નથી, અર્થાત્ અંતઃકરણમાંથી દ્વૈતભાવની વૃત્તિનું ઉત્થાન થતાં વેંત જ તે સર્વ "હું" રૂપ છે અને તે "હું" તો તત્ એટલે આત્મા (વૃક્ષાંક ૧) માં કદી પણ ઉત્પન્ન થયો શકય નથી. આ પ્રમાણે બંનેનો એક સાથે અને એકદમ પણ અભ્યાસ થઈ શકે છે. આ રીતે કાંઈ નથી અથવા છે તથા તે બંનેનો સાક્ષી "હું" (વૃક્ષાંક ૩) અને તે "હું" (વૃક્ષાંક ૩) નો પણ સાક્ષી શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨), આ સર્વ ભાવોનો નિઃશેષ એવા એક પરમપદમાં વિલય થઈ અંતે અનિર્વચનીયતા પ્રાપ્ત થઈ જાય છે.

ચોથો અભ્યાસક્રમ સાક્ષીભાવનો છે (અભ્યાસક્રમને માટે કિરણાંશ ૨૨ જુઓ). પરમપદનો અનુભવ પ્રાપ્ત કરવા પૂરતો જ આ અભ્યાસક્રમ સમજાવવાનો ઉદ્દેશ છે. જેનું આચરણ કરવાથી મુમુક્ષુ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. માત્ર આ અભ્યાસ કેવળ પોપટની જેમ બોલીને નહિ, પરંતુ વિવેકયુક્ત વિચાર કરીને અંતઃકરણપૂર્વક કરવાનો હોય છે.

પરમ તત્ત્વની પ્રાપ્તિ કિંવા સાક્ષાત્કાર

ઉપર જણાવ્યા પ્રમાણે ચારમાંથી કોઈ પણ એક પ્રકારનો અભ્યાસ દૃઢ નિશ્ચય અને શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી સતત કર્યા કરવો કે જેથી અનિર્વચનીય એવા પરમપદનો અનુભવ આવે. તેમાં ક્ષણમાત્ર સ્થિર રહીને પછી આ મોહનો પણ ત્યાગ કરી કેવળ નિશ્ચળ એવી સ્વાભાવિક સ્થિતિમાં સ્થિર રહેવું, એને જ સહજ સમાધિ અથવા જીવન્મુક્તિ કહે છે. જળ, સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટા ઇત્યાદિ સર્વ ખરું જોતાં જળરૂપ હોવા છતાં તેને જુદાં જુદાં જાણવાં તે અજ્ઞાન છે અને તે સર્વને એક જળ રૂપે જ જાણવાં તે જ્ઞાન છે. આ પ્રમાણે જ્ઞાન થયા પછી પુનઃ સમુદ્ર, તરંગો, ફીણ, પરપોટા ઇત્યાદિ નામ રૂપોનું સ્મરણ નહિ થાય, અર્થાત્ સર્વ કેવળ એક પાણી રૂપે જ દેખાય; સ્વપ્નમાં પણ પાણી સિવાય અન્ય રૂપે ભાસ નહિ થવો તે જ નિર્વિકલ્પતા અથવા જ્ઞાનની પરિપક્વ દશા કિંવા સાક્ષાત્કાર કહેવાય છે. ત્યાર પછી પાણી પોતાને હું પાણી છું એમ કદી કહેતું નથી, તેમ પોતામાં સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટાઓ ઇત્યાદિ સર્વ છે અથવા નથી તેની પણ પાણીને કાંઈ પડી નથી; એ બધું હોય તો પણ તે પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થતું નથી અને તે ન હોય તો પણ તેથી તેને કાંઈ હાનિ થતી નથી. એ મુજબ હોવું અને ન હોવું તથા એ બંનેને જાણનારા સાક્ષીભાવની તેને કદી પણ કાંઈ પડી નથી. તે પ્રમાણે આ કરોડો બ્રહ્માંડો, સમુદ્રમાં ઉત્પન્ન થતા બુદ્બુદો (પરપોટા) ની જેમ ઉત્પન્ન થાય યા તો નષ્ટ થાય, હોય કે ન હોય, તે હોવાથી આત્મસ્વરૂપ કિંચિન્માત્ર પણ વિકારી થઈ શકતું નથી અને ન હોય તો તેથી તેની કાંઈ હાનિ થતી નથી અને હોવા છતાં તે સર્વે આત્મસ્વરૂપથી કદી ભિન્ન હોતાં નથી. આ સર્વ દૃશ્યાદિ નામ રૂપો પણ તેનાં એટલે આત્મતત્ત્વનાં જ હોઈ તેમાંથી અને તેના સ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન હોતાં નથી, આથી તેમાં કશું પણ છે નહિ અને તે સર્વમાં વ્યાપ્ત પણ છે, તે સર્વને જાણે છે પણ ખરો અને નથી પણ જાણતો, બંને ભાવો તથા તેના સાક્ષીભાવનો પણ ઉદય નહિ થવા દેતાં કેવળ નિશ્ચળ એવા પરમપદમાં સહજ ભાવે સ્થિત થવું એ જ જીવન્મુક્તિ અથવા સહજ સમાધિ વા

સત્તાસામાન્ય સ્થિતિ જાણવી. આ અવસ્થાને જ પરમાત્મા, પરબ્રહ્મ વા પરમતત્ત્વ કહે છે. તેમાં જ સર્વ છે અને તે જ સર્વમાં છે, છતાં તેમાં કાંઈ પણ નથી અને તે કરતાં પણ પર છે. આ પ્રમાણે નિઃશેષ અવસ્થામાં સ્થિર રહેલા કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય ધન્ય જીવન્મુક્ત પુરુષનું વર્ણન કોણ કરી શકે? સંધિ અવસ્થા પણ આને જ કહે છે. તે* અનિર્વચનીય પરમપદની વ્યવહારમાં લોકોને સારી રીતે કલ્પના આવી શકે એટલા માટે તેને આત્મા, બ્રહ્મ, અવ્યય, જ્ઞાન, તત્, શુદ્ધ વિદ્યા, કેવળ, પરાચિતિ, સંવિત્, ચિદાકાશ, ચૈતન્ય, સત્, ચિત્, આનંદ, પરમેશ્વર ઇત્યાદિ નામોની કલ્પના કરેલી છે. (વિશેષ સંજ્ઞાઓ માટે કિરણાંશ ૩૬ પાન ૯૭ જુઓ),

શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ અધિકારી

શ્રીકૃષ્ણ ભગવાન કહે છેઃ હે અર્જુન મેં તને અત્યાર સુધી આત્મા એટલે શું? તેનું અર્થાત્ તારા પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય એવા પ્રકારે સાંખ્ય કિંવા વેદાંતનિષ્ઠા કહી. તેને ગ્રહણ કરનારા અધિકારીઓ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના હોય છે. જે ઉત્તમ અધિકારી હોય છે તે તો ઉપદેશ કરવામાં આવે કે તરત જ આત્મસ્વરૂપને જાણી લે છે. તેમને વિચાર અને ધ્યાન બંને ઉપદેશ સાંભળતાં સાંભળતાં જ થાય છે. એવા ઉત્તમ અધિકારીને આત્મપદની પ્રાપ્તિને માટે કાંઈ પણ સાધન કરવાની જરૂર પડતી નથી, તેમ લેશમાત્ર કષ્ટ પણ થતું નથી. તેઓ ફક્ત વિવેકયુક્ત વિચાર દ્વારા જ સત્ય તત્ત્વને જાણી લે છે અને તરત જ તેવો દૃઢ નિશ્ચય કરી નિઃશંક બને છે. તેઓ ક્ષણમાત્રમાં જ ધ્યાનમાં નિમગ્ન થઈ આત્મતત્ત્વના સાક્ષાત્કારમાં તન્મય એટલે એકરૂપ બની જાય છે. આ પ્રમાણે એક વખતે તેણે નિર્વિકલ્પ અવસ્થાનો અનુભવ પ્રાપ્ત કરી લીધો એટલે તેમાંથી તેઓનું ફરીથી ઉત્થાન થવા પામે છે, પછી થોડા વિચાર અને પ્રત્યાહારને અંતે સર્વત્ર પોતાનું જ આત્મસ્વરૂપ વ્યાપેલું છે, એવો તે નિશ્ચય કરે છે. આ મુજબ ક્ષણમાત્રમાં જ સ્વાનુભવ લઈ જ્ઞાતજ્ઞેય અને કૃતકૃત્ય બનેલો જીવન્મુક્ત યોગી શુષ્કપર્ણવત્ રહે છે, અર્થાત્ સૂકાં પાંદડાંઓ જેમ વાયુ તેઓને જ્યાં લઈ જાય ત્યાં જાય છે, તેમ જીવન્મુક્ત યોગી દેહ પ્રારબ્ધાનુસાર, વિદેહમુક્તિ થતાં સુધી વ્યવહારમાં રહી સર્વ વિહાર કરે છે. મધ્યમ અધિકારીને ક્રમે શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ સાધનો ચાલુ રાખવાં પડે છે, ત્યાર બાદ તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. કનિષ્ઠ અધિકારીને તો અનેક જન્મો પછી જ્યારે સાધનપૂર્ણદશામાં આવે છે એટલે કે જ્યારે સાધનાની પૂર્ણતા થાય છે, ત્યારપછી જ્ઞાનનું ફળ મોક્ષ પ્રાપ્ત થાય છે (દત્ત અને પરશુરામ પ્રકરણ ૧૭ તથા ૧૯ જુઓ).

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥

---

* આ અનિર્વચનીય, અદ્વિતીય એવું પરમતત્ત્વ વાસ્તવિક રીતે તો અવર્ણનીય અને અગોચર છે. તે સમજવાને માટે તેના ઉપર સત્, તત્, બ્રહ્મ, આત્મા ઇત્યાદિ મિથ્યા સંજ્ઞાઓનો આરોપ કરી શાસ્ત્રો સમજાવે છે. જેમ બાળકની બુદ્ધિ અને સ્વભાવને અનુસરીને તેને શીખવવા માટે કુશળ શિક્ષકે પોતાનું ઉચ્ચ જ્ઞાન એક બાજુ મૂકી બાળક સમજે એવી રીતથી સમજાવવાને માટે પોતાને પણ અજ્ઞાની બનવું પડે છે તેમ શાસ્ત્રોને પણ અગમ્ય, અગોચર, અનિર્વચનીય એવું પરમતત્ત્વનું જ્ઞાન અજ્ઞાનીઓને સમજાવવાને માટે પોતાના ઉપર પ્રથમ અજ્ઞાનનો આરોપ ગ્રહણ કરવો પડે છે. વેદાંતીઓના વિવર્ત અને અનંત યુક્તિનાં આ બંને નામો પણ વસ્તુતઃ તો કેવળ તત્ત્વ સમજાવવા પૂરતાં કાલ્પનિક જ છે, વાસ્તવિક રીતે તો પરમપદને માટે સ્વાનુભવસિદ્ધ અનિર્વચનીયતા એ જ એક માર્ગ છે; છતાં વાણીદ્વારા કંઈક અંશે કલ્પના આપી શકાય તેવાં આ મૂળ બે સાધનો વ્યવહારમાં હોવાથી શ્રુત્યાદિ વેદાંતશાસ્ત્રકારો આ બે યુક્તિઓના આશ્રય વડે જ આત્મતત્ત્વ સમજાવે છે, તથા કેટલીક શ્રુતિ, સ્મૃતિ તથા ખાસ કરીને દર્શનશાસ્ત્રો, પુરાણો ઉપપુરાણો, ઇતિહાસ આદિમાં આ વેદાંત તત્ત્વ વ્યવહારમાં અજ્ઞાનીઓ સારી રીતે સમજી શકે એટલા માટે તત્ત્વોની વિભાગણીદ્વારા પૃથક્કરણ કરી સમજાવવામાં આવેલું છે. આ સર્વનો મૂળ હેતુ એક જ હોવાને લીધે તેમાં ભાસતી યુક્તિઓ ગમે તેવી હોય તો પણ એ સર્વેની આખરી એકવાક્યતા જ છે, વસ્તુતઃ અનંત, વિવર્ત કિંવા તત્ત્વનું પૃથક્કરણ ઇત્યાદિ શબ્દો અને તેના અર્થોનો ત્યાગ કરી જે શેષ રહે તેવી અવસ્થા એ જ ખરું અનિર્વચનીય એવું પરમપદ છે (વધુ માટે શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકરણ ૫ દત્તપરશુરામ ખંડ ૧ જુઓ).

મહાન ભયમાંથી મુક્તતા

હે અર્જુન ! તું ઉત્તમ બુદ્ધિશાળી છે, વળી આવા કટોકટીના સમયે તારે અભ્યાસને માટે પણ અવસર નથી, માટે મેં તને ઉપર બે પ્રકારની યોગનિષ્ઠા એટલે આત્મઅભ્યાસની યુક્તિ કહી, કે જે યોગનિષ્ઠા એટલે આત્મપદવિશ્રાંતિના અભ્યાસમાર્ગમાં તારી બુદ્ધિ સ્થિર થતાં જ તું આ યુદ્ધરૂપી કર્મ કરવા છતાં પણ તેમાં લેપાઈશ નહિ, એટલું જ નહિ પરંતુ ત્યાર પછી કોઈ પણ કર્મ કરવા છતાં તેનાં બંધનો તને કદી સ્પર્શી શકશે નહિ; વળી આ બુદ્ધિયોગનો આશ્રય થયો એટલે તેમાં કદી કોઈ કર્મનો આરંભ પણ થતો નથી, સ્થિતિ પણ હોતી નથી અને નાશ પણ થતો નથી, અર્થાત્ કર્મો કરવાથી તેમાં કદી કાંઈ દોષ પણ ઉત્પન્ન થતો નથી અને નહિ કરવાથી કર્મ કે તેના ફળનો નાશ પણ થતો નથી. એવા પ્રકારના આ યોગ એટલે બુદ્ધિયોગરૂપી અભ્યાસ યુક્તિનું કિંચિન્માત્ર જો અવલંબન થાય તો તે મહાન ભય અર્થાત્ મોટાં સંકટોમાંથી પણ રક્ષણ કરે છે.

શું યુદ્ધ નહિ કરવાથી પણ ચાલશે ?

અત્રે એવી શંકા થવા સંભવ છે કે, કર્મ નહિ કરવાથી પણ હરકત આવતી નથી, એવું આ બુદ્ધિયોગની અભ્યાસયુક્તિમાં જો શ્રીભગવાનનું કથન હોય તો પછી "તું યુદ્ધ કર, યુદ્ધ કર" એમ સ્થળે સ્થળે શા માટે કહેવામાં આવ્યું હશે ? આ સંબંધમાં આગળ ઉપર પ્રસંગવશાત્ યોગ્ય વિવેચન આવશે, છતાં અત્રે સંક્ષેપમાં જણાવવાની જરૂર જણાય છે. અર્જુને જ્યારે શિષ્યભાવનો અંગીકાર કર્યો ત્યારે મોહ નિવારણને માટે ભગવાને પ્રથમ તેને આત્મસ્વરૂપનો નિર્ણય કહ્યો અને સાંખ્ય એટલે જ્ઞાનનિષ્ઠા પ્રમાણે આ સર્વ આત્મસ્વરૂપ છે એવો નિર્ણય કરી તું યુદ્ધ કરીશ તો તને તેથી પાપનો સ્પર્શ લાગશે નહિ એમ જણાવ્યું. જો અર્જુન ઉત્તમ અધિકારી હોત તો ભગવાનને ત્યાંગળ ઉપદેશ કરવાની જરૂર જ ન રહેત, પરંતુ ઉપદેશનો એવો નિયમ છે કે, સર્વ ભાવે શરણે આવેલા એકનિષ્ઠ શિષ્યને તેની તમામ શંકાઓનું સમાધાન થઈ તેનો મોહભ્રમ સંપૂર્ણ રીતે નષ્ટ થઈ જાય ત્યાં સુધી ઉપદેશ આપવાની આવશ્યકતા હોય છે. પણ તેનો આ સંશય અયોગ્ય એટલે આત્મનિષ્ઠા વ્યતિરિક્ત ન હોવો જોઈએ; આથી શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ તેને સાંખ્યનિષ્ઠા પ્રમાણે આત્મસ્વરૂપનો નિર્ણય કહ્યો, બાદ આ ધર્મયુદ્ધ હોવાથી વ્યવહાર દૃષ્ટિએ પણ તે કલ્યાણકારી છે; માટે જો તેનો ત્યાગ થાય તો તે ઊલટું પાપ ઉત્પન્ન કરે છે, એ રીતે ક્રમે આત્માના અને વ્યવહારના એમ બંને ધર્મો સમજાવ્યા. આત્મપદમાં વિશ્રાંતિને માટે જે અભ્યાસમાર્ગો પ્રથમ બતાવવામાં આવેલા છે, તે પૈકી બીજા પ્રકારનો અભ્યાસક્રમ જ અત્રેના પ્રસંગે યોગ્ય હોવાથી **"હું અને આ સર્વ આત્મરૂપ છે"** એવા પ્રકારની નિશ્ચયાત્મક બુદ્ધિનો આશ્રય લઈ કર્મ કરવામાં આવે તો તે બંધનકારક થઈ શકતાં નથી, એમ કહેવામાં આવેલું છે. શ્રીભગવાને અત્રે અભ્યાસક્રમની યુક્તિનો સિદ્ધાંત કહેલો છે. સિદ્ધાંતમાં કાંઈ છુપાવી ન શકાય. સત્ય તત્ત્વ છુપાવી નહિ રાખતાં તે સર્વાંગ જેવું ને તેવું જ પ્રકટ કરવું જોઈએ; કારણ કે લોકોમાં સત્ય અને યથાર્થ જ્ઞાનનો પ્રચાર કરવાની જવાબદારી જેઓને શિરે હોય છે, તેઓએ કેવળ એક સત્ય તત્ત્વની જ ઓળખ રાખવી પડે છે. છુપાવેલું જ્ઞાન તો નિરર્થક હોઈ મોહવાળું જ ગણાય. અર્જુનને મોહ થયેલો હતો, પણ શ્રીકૃષ્ણ ભગવાનને કાંઈ મોહ થયેલો નહોતો, કે જેથી તે સિદ્ધાંત સમજાવતી વખતે મોહવશ થઈ ખોટાં તત્ત્વોનું પ્રતિપાદન કરે, તેવું કરનારા દાંભિક કિંવા સ્વાર્થી ગણાય; આથી બુદ્ધિયોગની અભ્યાસયુક્તિના સિદ્ધાંતમાં શ્રીકૃષ્ણ ભગવાને આ યોગનો આશ્રય લઈ કર્મ કરવાથી કાંઈ લાભ નથી અને નહિ કરવાથી કાંઈ હાનિ પણ થતી નથી, એવી રીતે દ્વંદ્વ રહિત આત્મસ્થિતિમાં સ્થિર થવાનું જણાવ્યું છે. વળી સ્થળે સ્થળે "તું યુદ્ધ કર" એમ જે શ્રીકૃષ્ણ ભગવાને જણાવ્યું છે, તે તો અર્જુને પ્રથમ પૂછયું છે કે, મારે આ સમયે શું કરવું ઉચિત છે તે કહો, તેના ઉત્તર રૂપે આત્મામાં કર્મ કરવાં કિંવા નહિ કરવાં એ બંને બાબતો એકસરખી જ છે એ ખરું, પરંતુ આ સમયે પ્રાપ્ત થયેલું યુદ્ધકર્મ નહિ કરું એવું જો તું કહે તો તે પણ એક મોહ ગણાશે અને તેથી આત્મસ્વરૂપમાં સ્થિર થવારૂપ સમતા પણ પ્રાપ્ત થશે નહિ. જો પ્રથમથી જ તું યુદ્ધ માટે આવ્યો ન હોત તો તને યુદ્ધમાં હરજિયાત

પ્રવૃત્ત કરવો, એ આ આત્મનિષ્ઠાની અભ્યાસદૃષ્ટિએ કદાચ સદોષ ગણાત, પરંતુ હવે તું યુદ્ધમાં આવી ચૂક્યો છે અને ત્યાંથી હવે હું આ કર્મ નહિ કરું એવા મોહને લીધે તું નાસવા માગે છે, તો તારું એ કાર્ય આ પ્રસંગને માટે અને આ વખત પૂરતું અયોગ્ય છે. એટલું જ નહિ પણ હવે હું યુદ્ધ નહિ કરું એવા પ્રકારે કર્મ નહિ કરવારૂપ મોહ તને થયેલો છે તે આત્મતત્ત્વની દૃષ્ટિએ પણ વિપરીત છે. આ રીતે બુદ્ધિની સમતા ગુમાવવાથી આત્મદૃષ્ટિએ તારું પતન થશે, એટલું જ નહિ પરંતુ વ્યવહાર દૃષ્ટિએ પણ ક્ષાત્રધર્મને માટે નિયત થયેલું ધર્મયુદ્ધ નહિ કરવાથી ઐહિક અને પારલૌકિક એમ બંને પ્રકારના શ્રેયથી રહિત થઈ આ પાર પણ નહિ અને પેલે પાર પણ નહિ એમ તારી વચમાં અર્ધદગ્ધ જેવી એટલે ત્રિશંકુવત્ અદ્ધર જ સ્થિતિ થશે. માટે હવે આ સમયને માટે તો તારે યુદ્ધ કરવું જ જોઈએ, એમ વખતોવખત જણાવવામાં આવ્યું છે; પણ સિદ્ધાંત સમજાવતી વખતે તો સત્યતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન જ આપવું જોઈએ, એવો નિયમ છે. ભગવાનના આવા ઊલટા સુલટા કથન ઉપરથી જ અર્જુનને શંકા થયેલી છે, જે તેણે આગળ ત્રીજા અધ્યાયના આરંભમાં પ્રકટ કરેલી છે કે, જો આપના કહેવા પ્રમાણે યુદ્ધ નહિ કરવાથી પણ ચાલે એમ છે. તો પછી મને આ ઘોર યુદ્ધમાં શા માટે નાખો છો? તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે: એ વાત તો ખરી છે, પરંતુ તારે માટે તો આ વખતે આ યુદ્ધ કરવું એ જ હું શ્રેષ્ઠ જોઉં છું અને મારો મત "તારે આ યુદ્ધ કરવું" એવો છે, અર્થાત્ અત્રે સિદ્ધાંતમાં બતાવેલા બંને પ્રકારો પૈકી તારે આ યુદ્ધ કરવું જોઈએ, એવો પોતાનો મત જણાવ્યો છે. કારણ કે, સિદ્ધાંત તો સત્ય, સર્વપક્ષી અને સંપૂર્ણ રીતે જ બતાવવો પડે છે, પરંતુ હું શું કરું એમ જ્યારે અર્જુને તેમને પૂછ્યું તેના ઉત્તરમાં મારી આજ્ઞા છે કિંવા મારો મત છે કે તું આ યુદ્ધ કર, એવું વારંવાર શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે.

સિદ્ધાંત અને મતની ભિન્નતા

વિચાર કરીને જો કે, જેમ વ્યવહારમાં ભાઈભાંડુઓમાં વડીલોની મિલકતની વહેંચણી સંબંધે, આપસઆપસમાં ઝઘડો થતો હોય તેવે પ્રસંગે જો કોઈ હિતેચ્છુની સલાહ લેવામાં આવે તો તે કહેશે કે, જો કે તમે બંને સરખા હિસ્સેદાર છો એવો કાયદાનો સિદ્ધાંત છે, પરંતુ મારી સલાહ (મત) એવી છે કે તમારે કોર્ટ દરબારમાં જઈ હેરાનગતિ ભોગવવા કરતાં ગમે તે-ભોગે ઘેર બેસાં જ પતાવટ કરી લેવી. આમાં કાયદાનો સિદ્ધાંત તથા પોતાનો મત એમ બંને બાબતો જેમ જુદી જુદી છે, તેમ શ્રીકૃષ્ણ ભગવાને અદ્વૈત એવા આત્મસ્વરૂપમાં સ્થિત થઈ કર્મ કરવાં કિંવા નહિ કરવાં એ બંને પ્રકારની ભાવનાનો ત્યાગ કરવો એવો બુદ્ધિનિશ્ચય અર્થાત્ અભ્યાસક્રમનો સિદ્ધાંત બતાવ્યો અને જો હું હવે કર્મ નહિ કરું એવું કહે તો એમ પણ સૂચવ્યું કે, નહિ કરવારૂપ મોહ પણ તને આ દૃષ્ટિએ બાધક જ થશે. સિદ્ધાંત સર્વસામાન્ય હોય છે, પણ મત તો વ્યક્તિગત-હોઈ દેશકાળાદિ પર આધાર રાખે છે. દુર્યોધનને સમજાવવાના પાંડવોનો દરેક પ્રયત્ન નિષ્ફળ ગયો. નિયમ પ્રમાણે અર્ધું રાજ્ય તો શું પણ એક ગામ, અરે! એક તસુ જેટલી જમીન આપવા પણ તેણે ના પાડી. રાજ્યલોભમાં પડી વચનની કીમત નહિ રાખનારા અધર્મી રાજાને દંડ દેવા સિવાય બીજો કોઈ ઉપાય જ્યારે રહ્યો નહિ, ત્યારે જ આ ધર્મયુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થયો, કેમકે મદોન્મત્ત રાજાઓનો મદ ઉતારવો જ જોઈએ, એવો શાસ્ત્રનિયમ છે. આ રીતે ધર્મયુદ્ધ હોવાથી વ્યાવહારિક દૃષ્ટિએ પણ તે ઐહિક અને પારલૌકિક કલ્યાણદાયક છે. તેમ જ સર્વત્ર આત્મદૃષ્ટિ રાખીને યુદ્ધ કરવાથી તે બંધનકારક થશે નહિ. એ મુજબ વ્યવહાર તથા પરમાર્થના સિદ્ધાંતો તથા પોતાનો મત એમ સર્વ રીતે બોધ કરી અર્જુનનો મોહ નષ્ટ કરવા માટે ભગવાને પ્રયત્ન કર્યો છે. હવે અત્રે એવા પ્રશ્નો ઉપસ્થિત થવા સંભવ છે કે, જો ભગવાનનો ઉદ્દેશ અર્જુનને આત્મજ્ઞાન આપવું એ જ એક હોય તો તેમાં વ્યાવહારિક દૃષ્ટિએ યુદ્ધ કરવું યોગ્ય છે કે નહિ ઇત્યાદિ બાબતોનો વિચાર શા માટે કર્યો? આત્મધર્મ જાણ્યા પછી આવી વ્યવહાર દૃષ્ટિ તો ગૌણ છે. કારણ, આત્મધર્મમાં સર્વધર્મનો સમાવેશ થઈ જાય છે. બીજી બાબત એ કે, તેને જપ, તપ, ધ્યાન, ધારણાદિ સાધનો નહિ બતાવતાં એકદમ આત્મજ્ઞાન આપવાની શરૂઆત કેમ કરી?

અર્જુનને આત્મધર્મ ઉપરાંત વ્યાવહારિક ધર્મો કેમ સમજાવ્યા?

સંસારમાં ચાર પ્રકારના પુરુષો હોય છેઃ (૧) જ્ઞાની (૨) અજ્ઞાની (૩) મૂઢ અને (૪) મુમુક્ષુ. (૧) **જ્ઞાનીઃ** જે સંશય અને વિપર્યયથી રહિત અર્થાત્ નિઃશંક હોય છે તે જ્ઞાની કહેવાય છે. (૨) **અજ્ઞાની :** દોરી ઉપર સર્પનો ભાસ થવા વગેરેરૂપી અસંભાવનાદિ દોષોથી જે યુક્ત હોઈ વિપરીત જ્ઞાનવાળો હોય તે અજ્ઞાની, એવા અજ્ઞાનીના ચિત્તમાં સ્વર્ગાદિક ફળોની અનેક આકાંક્ષાઓ પણ હોય છે. (૩) **મૂઢ :** મૂઢ બુદ્ધિવાળાઓ મહાપુરુષોનું અને તેમના બોધનું સેવન કદી પણ કરતા નથી; પણ વિષ્ટામાંના કીડાઓની જેમ પોતાના કુળ, જાતિ તથા ધનાદિકના અભિમાનમાં જ રચ્યાપચ્યા રહે છે. અર્જુનની સ્થિતિ ઉપર જણાવેલા ત્રણે પ્રકારો પૈકી એકે પ્રકારની ન હતી. તે તો શ્રીકૃષ્ણ ભગવાનને સંપૂર્ણ રીતે શરણે આવેલો હતો. (૪) **મુમુક્ષુ :** સંસારબંધનમાંથી છૂટી સાચા શ્રેય માર્ગની ઇચ્છા ધરાવનારો તે મુમુક્ષુ. અર્જુન મુમુક્ષુ તો હતો પરંતુ તે કેવળ મોક્ષ કેવી રીતે થશે એવી ભાવનાથી શ્રીકૃષ્ણ ભગવાનને શરણે આવેલો ન હતો, પણ મોહને વશ થયેલો અને જે વડે પોતાનું કલ્યાણ થાય એવા માર્ગની ઇચ્છા રાખનારો હતો, જો તે કેવળ મોક્ષની ઇચ્છા ધરાવીને જ ભગવાનને શરણે ગયો હોત તો પછી તેને કેવળ એક આત્મધર્મનું જ જ્ઞાન આપવામાં આવ્યું હોત, પરંતુ અત્રે પરિસ્થિતિ જુદી હતી. અર્જુનને થયેલા મોહનું નિવારણ થવાને માટે આત્મજ્ઞાન વગર બીજો કોઈ ઉપાય જ ન હતો. તે બુદ્ધિશાળી તો હતો, પરંતુ મોહને લીધે તેની બુદ્ધિ પર આવેલા મેલનું આચ્છાદન દૂર કરી તેને કલ્યાણનો માર્ગ બતાવવા અર્થે શ્રીકૃષ્ણ ભગવાનને આત્મજ્ઞાન આપવાની ફરજ પડી હતી; તેથી આત્મધર્મને પ્રધાન રાખીને વચ્ચે વચ્ચે વ્યવહારધર્મનું પણ તેની શંકા અનુસાર સાંખ્યયુક્તિ વડે નિવારણ કરેલું છે. અષ્ટાવક્રગીતા જોવાથી જણાશે કે, શ્રીજનકરાજા કેવળ મોક્ષની ઇચ્છાથી જ અષ્ટાવક્રની પાસે ગયા હતા. તેથી જીવ, ગુણ કે માયા, અવિદ્યા વગેરે કોઈ શાસ્ત્ર બાબતનો અથવા વ્યવહારધર્મનો કિંચિન્માત્ર પણ એમાં વિચાર નહિ કરતાં તેઓએ કેવળ વેદાંતના નિયમ પ્રમાણે શિખરરૂપ એવા અતિ ઉચ્ચ તત્ત્વજ્ઞાનનો જ બોધ કરેલો છે, પરંતુ અર્જુન તેવા પ્રકારનો એટલે જેને કેવળ મોક્ષની જ ઇચ્છા છે, એવો તીવ્ર મુમુક્ષુ ન હતો તેને તો મોહ થયેલો હતો. તેના નિવારણને માટે આત્મજ્ઞાનરૂપી અમૃત પાવાની તેને ફરજ પડી. વળી તે મૂઢ પણ ન હતો, કેમકે તે મૂઢ હોત તો આત્મજ્ઞાન સમજવાને લાયક પણ ન ગણાત, આથી તેવા મૂઢોને માટે તો ચિત્તશુદ્ધિ થતાં સુધી જપ, તપ, ધ્યાન, ધારણા વગેરે તથા નવધાભક્તિમાં જણાવેલા પ્રકારો પૈકી કોઈ પણ માર્ગનું નિષ્કામ રીતે અવલંબન કરવાનું જણાવી ચિત્તશુદ્ધિ થતાં સુધી આત્મજ્ઞાનના ઉપદેશ માટે રાહ જોવી પડે; પરંતુ અર્જુન તો સાધનસંપન્ન એટલે જેની સાધના પૂર્ણ થઈ સંપૂર્ણતઃ ચિત્તશુદ્ધિ થયેલી છે, તેવો અપરોક્ષ જ્ઞાનની લાયકાત ધરાવતો મુમુક્ષુ હતો; સિવાય તે બુદ્ધિમાન પણ હતો. સામાન્યતઃ એવો નિયમ છે કે, જે જિજ્ઞાસુ પુરુષ બુદ્ધિમાન હોય, વિચારમાં પણ અતિ કુશળ હોય અને સંપૂર્ણ ભાવે શરણે આવેલ હોય તેને આત્મપ્રાપ્તિને માટે બુદ્ધિયોગ કરવો સહેલ હોય છે. તાત્પર્ય એ કે, ભગવાનને અર્જુન પ્રતિ આત્મજ્ઞાન આપવાની ફરજ પડી હતી. સિવાય અર્જુન બુદ્ધિશાળી અને સાધનસંપન્ન તો હતો જ. નિષ્કામ કર્મો દ્વારા ચિત્તશુદ્ધિ થઈને જેઓની બુદ્ધિ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે લાયક બનેલી હોય એટલે જેઓને આત્મજ્ઞાન પ્રાપ્ત થવાને માટે કોઈ કર્મો કિંવા સાધન કરવાની અપેક્ષા રહેતી નથી તેવા સાધનસંપન્નો જ જ્ઞાનને માટે લાયક કહેવાય છે. અર્જુન તેવા પ્રકારે સાધનસંપન્ન તો હતો જ, તેને ફક્ત આત્મજ્ઞાનપ્રાપ્તિને માટે કોઈ યોગ્ય અવસરની જ આવશ્યકતા હતી, તેવો આ યોગ્ય અવસર અનાયસે પ્રાપ્ત થયો હતો. દરેક કાર્ય કાળ ઉપર વધુ અવલંબન રાખે છે. અર્જુનમાં જ્યાં સુધી ક્ષાત્રતેજનો અહંકાર હતો, ત્યાં સુધી આત્મજ્ઞાન પચાવવાની લાયકાત ન હતી. તે અહંકારનો આ સમયે બિલકુલ વિલય થઈ તે પોતે તદ્દન નિરહંકારી બની ગયો હતો. આ આવેલી સંધિનો યોગ્ય ઉપયોગ કરીને શ્રીકૃષ્ણ ભગવાને તેને આત્મજ્ઞાન આપી કૃતાર્થ કર્યો છે. તાત્પર્ય, આ કટોકટીના પ્રસંગ ઉપર તેને બુદ્ધિયોગના અભ્યાસ વગર બીજી યુક્તિઓનો આશ્રય કરવો પણ શક્ય ન હતો, તેથી શ્રીકૃષ્ણ ભગવાન આ બુદ્ધિયોગના માર્ગનો આશ્રય લઈ અર્જુન પ્રતિ અત્રે બોધ કરી રહ્યા છે.

બુદ્ધિયોગના આશ્રયનું પ્રયોજન

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે: આ રીતે બુદ્ધિયોગનો (આગળ અધ્યાય ૧૦, શ્લોક૦ ૧૦-૧૧ માં બુદ્ધિયોગ સંબંધમાં કહ્યું છે તે જોવું) આશ્રય લઈ આ આવી પડેલું યુદ્ધકર્મ તું કરીશ તો તે કરવા છતાં પણ તેનાથી અલિપ્ત જ રહીશ, કેમકે આ સર્વાત્મભાવની દૃષ્ટિમાં કર્મનો આરંભ, સ્થિતિ કિંવા અંત પણ છે જ નહિ, વળી કરવાથી કંઈ લાભ પણ નથી અને ન કરવાથી કંઈ હાનિ પણ થતી નથી. તેમજ આ પ્રકારે થતા કર્મોમાં કોઈ પણ પ્રકારનો દોષ ઉત્પન્ન થવાનો ભય પણ નથી. આ કર્મરૂપ પરમ શ્રેય પ્રાપ્ત થઈ શકે એવા ધર્મનું કિંચિન્માત્ર પણ જો અવલંબન થાય તો તે થકી મહાન ભયથી પણ રક્ષણ થાય છે. આ બુદ્ધિયોગના અભ્યાસની યુક્તિ એ છે કે, **" સર્વત્ર એક આત્મા જ છે. એવો મનમાં દૃઢ નિશ્ચય કરવો."** આ સૈન્ય, હું, તું, ધનુષ્ય, બાણ વગેરે જે જે નામ રૂપાદિ વડે ભાસમાન થાય છે તે સર્વ કેવળ એક આત્મસ્વરૂપ જ છે, એમ જાણવું. કોઈ કર્મ કરતું નથી, કોઈ મારતું નથી, કોઈ મરતું નથી અને કોઈ કદી ઉત્પન્ન થતું નથી પરંતુ તેવા પ્રકારે જે જે કાંઈ ભાસમાન થાય છે, તે સર્વને કેવળ એક આત્મરૂપે જોવું એ જ આ બુદ્ધિયોગના અભ્યાસની યુક્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે અર્જુન! **જેમાં સર્વ સંકલ્પો શાંત થતાં તમામ વાસનાઓનો વિલય થઈ જાય છે, તેવું તદ્દન નિર્વાસન અને કેવળ ભાવનાથી જ પ્રતીત થતાં નામરૂપાત્મક આકારોનો જ્યાં નિરાસ થઈ જાય છે એવું જે પ્રત્યક્ ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ અવશેષ રહે તે જ આત્મા અથવા બ્રહ્મ કહેવાય છે. આ સ્વરૂપને જાણવું તે જ્ઞાન. તેની પ્રાપ્તિને માટે જે ઉદ્યોગ અથવા અભ્યાસક્રમ તે યોગ અને અભ્યાસ કરનારો તે યોગી તથા અભ્યાસની પૂર્ણતા થઈ જીવન્મુક્તિ પ્રાપ્ત થઈ એટલે તે જ યોગનિષ્ઠ થયો એમ કહેવાય છે.** આ સઘળું જગત અને હું પણ આત્મા કિંવા બ્રહ્મ જ છીએ. એવા પ્રકારની સર્વાત્મભાવરૂપ બુદ્ધિથી જગતાદિ દૃશ્યની સત્યતામાં થયેલા મિથ્યા અહંકારનો નાશ કરવો એ જ મુખ્ય બ્રહ્મપ્રાપ્તિ છે.

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।

बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥

વ્યવસાયાત્મિકા બુદ્ધિ એટલે શું?

હે કુરુનંદન! આ પ્રમાણે બુદ્ધિ કિંવા જ્ઞાનયોગનો આશ્રય લઈ અભ્યાસ કરનારે પોતાની બુદ્ધિ એકાગ્ર એટલે કેવળ એક આત્મસ્વરૂપ નિશ્ચયમાં જ તદ્દન સ્થિર અને પર્વતની જેમ અચળ રાખવી જોઈએ, અર્થાત્ હું તથા આ સર્વ આત્મરૂપ છે, એવા જ એક નિશ્ચયવાળી કરી જોઈએ. જેમ અર્જુન તથા એકલવ્યની મહાભારતમાં વાત છે કે, સામે વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીની જમણી આંખ વીંધવાને માટે ગુરુએ આજ્ઞા કરી. સર્વ શિષ્યોને પક્ષી ક્યાં છે તે બરોબર બતાવવા જણાવ્યું. તેમાં કેટલાકોએ કહ્યું કે, અમુક અમુક ઝાડ ઉપર અમુક શાખા અને અમુક પ્રતિશાખા ઉપર તે બેઠું છે, કેટલાકોએ કેવળ બેઠેલી શાખાઓ બતાવી, કેટલાકોએ પ્રતિશાખા કહી, કેટલાકોએ તો ફક્ત પક્ષી જ દેખાય છે એમ કહ્યું: પણ જ્યારે એકલવ્ય અને અર્જુનને પૂછ્યું, ત્યારે તેમણે જણાવ્યું કે, અમને તો ફક્ત જે આંખ વીંધવાની આપે આજ્ઞા કરી છે તે સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી, માટે આપ આજ્ઞા આપો એટલે અમે બાણ છોડીએ. એ સાંભળી ગુરુ પ્રસન્ન થયા, તેમ પોતાસહ આ સર્વમાં એક આત્મા સિવાય બીજું કાંઈ પણ સૂઝવાનું તદ્દન બંધ થાય, એવા પ્રકારે બુદ્ધિને દરેક પ્રસંગે એક આત્મામાં જ પર્વતની જેમ તદ્દન સ્થિર અને અચલ રાખવી, અર્થાત્ બુદ્ધિને આત્મતત્ત્વમાં જ એકાગ્ર નિશ્ચયવાળી રાખવી. આ બુદ્ધિયોગમાં એટલો જ એક વ્યવસાય એટલે ઉદ્યોગ અથવા કાર્ય કરવાનું હોય છે. વ્યવસાયનો અર્થ ઉદ્યોગ અથવા કાર્ય એવો થાય છે. વ્યવસાયાત્મિકાબુદ્ધિ એટલે હું તથા આ સર્વ કેવળ એક આત્મસ્વરૂપ છે, એવા પ્રકારના એક આત્મીય વ્યવસાયમાં અર્થાત્ ઉદ્યમમાં જ બુદ્ધિ સ્થિર કરવી તે.

આવા પ્રકારના એક આત્મતત્ત્વરૂપ નિશ્ચયમાં સ્થિર થએલા બુદ્ધિયોગવાળા પુરુષનાં થનારાં તમામ કર્મો તે કર્મોના કરનારને કિંચિન્માત્ર પણ બંધનરૂપ થઈ શકતાં નથી આ સંબંધમાં નીચેના વિવેચનથી વધુ સ્પષ્ટતા થશે.

હું હણનારો છું એવું અભિમાન છોડી દે

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: હે અર્જુન! તું હોવું, ઊપજવું, વધવું, પાકવું (વિપરિણમવું), ઘટવું અને નાશ પામવું એ પ્રકારના છ વિકારોથી તદ્દન રહિત છે, નિત્ય એવો આત્મરૂપ અને સર્વ પ્રાણીમાત્રમાં પણ એ જ આત્મા છે; માટે હું હણનારો છું એવા અભિમાનને બિલકુલ છોડી દે. તું કોઈને પણ હણનારો નથી. જે પુરુષને ક્રોધ વગેરે થતાં પણ "હું અમુકને મારું છું" એવો અહંકાર થાય નહિ અને જેની બુદ્ધિ ક્રોધ કર્યા પછી પણ હર્ષ કિંવા શોકથી લેપાય નહિ તેવો પુરુષ આ સઘળાં પ્રાણીઓને મારી નાખે તો પણ તે કોઈને મારતો નથી અને તેથી થતાં ફળ વડે કદી પણ બંધાતો નથી. કારણ કે આત્મા તો નિત્ય હોવાથી તેનો વધ થવો કદી સંભવિત નથી અને દેહાદિક પદાર્થો તો મિથ્યાભૂત જ છે, તો પછી મિથ્યા પદાર્થોનો તે વળી વધ કેવો? દેહાદિકપણાની ભ્રાંતિને લીધે જ દેહાદિકના હણનારપણા વગેરે ધર્મોનો આત્મામાં પ્રતિભાસ થાય છે, એટલા માટે આ દેહાદિક હું છું અને સંબંધીઓ વગેરે મારા જ છે, એવા ભ્રમજનક વિચારને છોડી દે.

ઇંદ્રિયોના સંઘાત પૈકી હું કોઈ નથી

હે અર્જુન! અહંકારથી મૂઢ બનેલો પુરુષ આત્માના અંશ સમાન અને સત્ત્વાદિક ગુણોના વિકારરૂપ દેહ, ઇંદ્રિયો આદિથી પોતપોતાના વિભાગ પ્રમાણે કરતાં કર્મો "હું કરું છું" એમ માની લે છે પણ વસ્તુતઃ ચક્ષુ જોયા કરે, કાન સાંભળ્યા કરે, ચામડી સ્પર્શ કર્યા કરે અને રસના રસ જાણ્યા કરે, એ ઇંદ્રિયોના સંઘાતમાં 'હું' કોણ છું કે જેથી તે વિષયોના ગ્રહણનું અભિમાન રાખું? અને અભિમાન રાખવું એ વળી શું? વિદ્વાને એવી રીતનો નિશ્ચય રાખવો. મન અને ઇંદ્રિયોનો સંઘાત સંકલ્પાદિથી પોતપોતાના કામોમાં લાગે તો પણ એમાંનો કોઈ પણ હું નથી, એવો મહાત્માનો નિશ્ચય હોય છે. તું પણ આવો નિશ્ચય રાખ; એટલે તારે શોક કરવા જેવું કાંઈ રહેશે જ નહિ. જે કામ ઘણા જણાએ મળીને કર્યું હોય, તે કામમાં તેમાંનો એક જણ જો અભિમાનથી કહે કે તે મેં કર્યું છે તો તેની મશ્કરી થાય છે, તો પછી તેઓથી બહારનો કોઈ તે કામનું અભિમાન ધરે તો તેની મશ્કરી થાય તેમાં તે વળી નવાઈ શી? મુમુક્ષુ પુરુષો ફળની આસક્તિ છોડીને કેવળ ચિત્તશુદ્ધિને માટે જ કાયા, વાચા, મન, બુદ્ધિ અને ઇંદ્રિયોથી કર્મ કરે છે, એટલે તેઓને તે કર્મ ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનનો પ્રકાશ મેળવી પરમ પુરુષાર્થ અપાવે છે. એ મુજબ તું પણ જો ફળની આસક્તિ નહિ રાખતાં યુદ્ધરૂપ સ્વધર્મને આચરીશ તો તને પણ એ કર્મથી ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાન પ્રકટ થઈને પરમ પુરુષાર્થની જ પ્રાપ્તિ થશે.

જે પુરુષ મમતા વગરનો અહંકાર અને રાગદ્વેષથી રહિત, સુખદુઃખોને સમાન ગણનારો અને ક્ષમાવાન હોય તે પુરુષ લૌકિક કે શાસ્ત્રીય ગમે તે કર્મો કરતો હોય, તો પણ તે કર્મોનાં ફળોથી કદી લેપાતો નથી. હે અર્જુન! ક્ષત્રિયો માટે શાસ્ત્રોમાં કહેલું સંગ્રામોથી નહિ નાસવારૂપ આ તારું કર્મ જો કે બંધુઓના વધરૂપ હોવાને લીધે અત્યંત ક્રૂર છે, તો પણ આ ધર્મયુદ્ધ હોવાથી તારે માટે તો તે ચિત્તશુદ્ધિ દ્વારા બ્રહ્મજ્ઞાનના સુખને આપનાર થશે અને ધર્મ, યશ, રાજ્ય તથા સ્વર્ગ આદિને આપનાર પણ થશે. ફળની આસક્તિનો ત્યાગ કરી સિદ્ધિ અને અસિદ્ધિમાં સમતા રાખવારૂપ યોગમાં રહી તું કર્મ કર. ફળની આસક્તિ છોડીને વર્ણાશ્રમના વ્યવહારથી પ્રાપ્ત થએલા કર્મો કરીશ તો તેઓથી તું કદી બંધાઈશ નહિ. જો રાજ્ય આદિના લોભને લીધે યુદ્ધ કરવામાં આવે તો તેથી અધર્મની પ્રાપ્તિ થાય, પરંતુ ફળની આસક્તિનો ત્યાગ કરી ધર્મયુદ્ધ કરવામાં આવે તો તેથી અધર્મ થાય નહિ. તું શાંત અને બ્રહ્મમય થઈને બ્રહ્મમય એવા આ સઘળા કર્મને કર આ રીતે જો તું સઘળાં કર્મોને બ્રહ્મર્પણ કરી દેવાની પદ્ધતિ રાખશે તો તું તરત બ્રહ્મ જ થશે. (યો૦ નિ૦ પૂ૦ સર્ગ ૫૩ જુઓ).

જિજ્ઞાસુઓને ઊંધે રસ્તે દોરનારો પાપનો અધિકારી છે

હે અર્જુન! તું બુદ્ધિમાન હોવાથી તને આ યોગનું અવલંબન કરવા માટે જણાવવામાં આવ્યું છે. વળી પ્રસંગ પણ કટોકટીનો છે. જે જિજ્ઞાસુઓના અંતઃકરણમાં પૂર્ણ શ્રદ્ધા હોય અને જે અનન્ય ભાવે શરણે આવેલો હોય, તેવાને ઊંધે રસ્તે દોરે છે, તે મહાન પાપનો અધિકારી બને છે; માટે તેવા જિજ્ઞાસુઓને સારાસાર વિચાર કરી યોગ્ય માર્ગ બતાવવો જોઈએ. તેવાને સમજાવવાને માટે બે યુક્તિઓ છે. (૧)જિજ્ઞાસુ જો અત્યંત તીવ્ર બુદ્ધિવાળો હોય તો તેને ઇતર માર્ગોના અવલંબનની ખાસ જરૂર હોતી નથી, પરંતુ તેને કેવળ આત્માનું સ્વરૂપ સાંખ્ય કિંવા વેદાંત યુક્તિ અનુસાર એક વખત સમજાવવામાં આવે છે એટલે તે નિરંતર ધ્યાનમાં આવી જાય છે, તેથી આ બુદ્ધિયોગનો અભ્યાસ તેને માટે અનુકૂળ હોઈ તે કરવાથી જ તે તરત કૃતાર્થ થઈ જાય છે; તેમાં પણ બે પ્રકારો છે. (अ) શ્રેષ્ઠ તથા (आ) કનિષ્ઠ. આત્માનું સ્વરૂપ એક વખત સાંભળવાની સાથે જ જે નિશ્ચય કરી કૃતાર્થ બની જાય છે તે શ્રેષ્ઠ કહેવાય છે તથા જે કનિષ્ઠ હોય છે તેને આત્મસ્વરૂપનું શ્રવણ કર્યા બાદ આ બુદ્ધિયોગની યુક્તિનો આશ્રય લઈ નિશ્ચય પરિપક્વ થતાં સુધી સતત અભ્યાસ કરવો પડે છે. આ પ્રમાણે તો તીવ્ર બુદ્ધિમાન જિજ્ઞાસુઓને માટે થયું, પણ (૨) જેઓ સામાન્ય બુદ્ધિવાળા હોય તેવાઓને તો શમ, દમ, તિતિક્ષાદિ સાધનો તથા નિષ્કામ જપ, તપ ધ્યાન ધારણાદિ ચિત્તશુદ્ધિનાં કર્મો યોગ્યતાનુસાર ચાલુ રાખવાં પડે છે તથા सत्शास्त्रश्रवण અને સંતસમાગમાદિ દ્વારા તેઓ ક્રમે કૃતાર્થ થાય છે.

બહુશાખા અનંતાશ્ચ

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: હે અર્જુન! સર્વત્ર એક આત્મસ્વરૂપ જ છે એવા પ્રકારના નિશ્ચયમાં બુદ્ધિને સ્થિર કરવા માટે જે વ્યવસાય એટલે અભ્યાસ કિંવા ઉદ્યોગ કરવામાં આવે તે યોગ અને તેના આશ્રયના આધારે થતાં ક્રમોથી થનારા પરમ પુરુષાર્થના લાભનું વર્ણન તને કર્યું, પરંતુ જેમની બુદ્ધિનો નિશ્ચય આ પ્રમાણે આત્મસ્વરૂપના નિશ્ચયરૂપ એક જ વ્યવસાયમાં સ્થિર થએલો હોતો નથી, તેવાઓની બુદ્ધિ અનેક પ્રકારના વ્યાવહારિક ઉદ્યોગ અર્થાત્ વ્યવસાય અનુરૂપ અનંત પ્રકારની શાખાઓવાળી હોય છે, જેનો પાર નથી.

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।

वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।

क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।

व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४ ॥

વેદનું રહસ્ય નહિ સમજનારા સકામીઓ

હે પાર્થ! આત્મતત્ત્વની પ્રાપ્તિ કરાવી આપનાર વેદશાસ્ત્રોમાંના રહસ્યને નહિ સમજનારા એટલે વેદનો સાચો અર્થ નહિ સમજતાં કેવળ વેદનાં ફળશ્રુતિનાં વાક્યોથી ભુલાવામાં પડેલા અને કેવળ કામ્ય કર્મો કરી સ્વર્ગાદિ લોકોની પ્રાપ્તિ કરી લેવી એવા પ્રકારની અભિલાષાઓ સેવનારા અવિચારી પુરુષો તો વેદમાં ફક્ત કર્મકાંડ જ બતાવેલો છે, માટે તે પ્રમાણે કર્મો જ કર્યા કરવાં જોઈએ, એવા પ્રકારનાં બાળકને બાઉ બતાવનારાં જે વાક્યો વેદમાં આવેલાં છે, તેવાં વાક્યોમાં જ ભૂલા પડેલા હોય છે. અનેક કામનાઓથી ભરપૂર,

સ્વર્ગપ્રાપ્તિને જ ધ્યેયની પૂર્ણતા માનનારા તથા ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિને માટે પુનઃ પુનઃ જન્મમરણાદિ ફળ આપનારાં નાના પ્રકારનાં કર્મોની મોહજાળમાં ફસાયેલા તેમજ તે પ્રાપ્ત કરવાને માટે નિત્ય આસક્ત બનેલા તથા જેમના મનની સારાસાર વિવેકદૃષ્ટિ અને વિચારનો લોપ થવા પામેલો છે એવા અને અવિચારથી ઓતપ્રોત બનેલા મનુષ્યો, આ વેદના ત્રિગુણરૂપ માયાના વિસ્તારથી ભરેલાં વર્ણનો ઉપર જ મોહ પામે છે. તેઓનું લક્ષ્ય ત્રિગુણથી રહિત એવા વેદના પરમ પુરુષાર્થરૂપ મોક્ષપ્રાપ્તિના ધ્યેય તરફ કદી પણ જતું નથી, તેવા મૂઢોનું અંતઃકરણ અનંત કામ્ય વાસનાઓથી ભરપૂર હોવાને લીધે તેમનામાં ઉપર બતાવ્યા પ્રમાણે આત્મતત્ત્વના એક જ નિશ્ચયવાળી બુદ્ધિની સમતા કદી પણ હોતી નથી, અર્થાત્ તેઓની બુદ્ધિમાં અનેક પ્રકારની શાખાઓ હોય છે. તેમની બુદ્ધિ એક સ્થળે કદી પણ સ્થિર રહી શકતી નથી. પરંતુ હંમેશ અનેક પ્રકારના વિષયોમાં આસક્ત બની વિવિધ પ્રકારના સંકલ્પવિકલ્પો કરવામાં જ રમમાણ બનેલી હોવાથી બુદ્ધિને સ્થિર કરવાની આ વિધિની એટલે આત્માનો નિશ્ચય કરાવનારા આ યોગની તેઓને સહેજે પણ કદી કલ્પના હોતી નથી.

બુદ્ધિમાં વાસનાવશાત્ અનેક ભેદો પડે છે

ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન ! મેં તને સર્વથી શ્રેષ્ઠ અને ઉત્તમ ફળ આપનાર એવો આ બુદ્ધિયોગ કહ્યો તે જ મુખ્ય છે. બીજાં બધાં સાધનો તો જેઓનો આ પ્રમાણે એક આત્મતત્ત્વમાં નિશ્ચય નથી એવાઓએ પોતપોતાના સ્વભાવ પ્રમાણે અજ્ઞાનથી કલ્પેલાં છે, તેવાઓ આ સર્વોત્તમ ફળને કદી પણ પામતા નથી, પરંતુ, ક્ષુદ્ર ફળને જ પ્રાપ્ત કરી તેને પરમ ફળ સમજી લે છે. પ્રલયકાળમાં વિલય પામેલી વેદરૂપ વાણી કે જે કેવળ એક આત્મામાં જ ચિત્તને રખાવે એવા ધર્મનું નિરૂપણ કરે છે, તે ફરીથી સૃષ્ટિના આરંભકાળમાં મેં એટલે ઈશ્વર (વૃક્ષાંક ૨) એ બ્રહ્માને કહી, બ્રહ્માએ પોતાના પુત્ર મનુને અને મનુએ ભૃગુ આદિ મહર્ષિઓને તથા પ્રજાપતિને કહી, પ્રજાપતિ પાસેથી તેમના પુત્રોએ મેળવી. દેવ, દાનવ, યક્ષ, મનુષ્ય, સિદ્ધ, વિદ્યાધર, ચારણ, જેઓના શરીરને કરચલી, પ્રસ્વેદ (પસીનો) કે દુર્ગંધ હોતાં નથી તેથી આ દેવો છે કે મનુષ્યો છે એવો સંદેહ થાય છે તેવા દ્વીપાંતરવાસી કિંદેવો, મુખ અને શરીરાકૃતિથી મનુષ્યની સામ્યતાવાળા કિન્નરો, નાગ, રાક્ષસ, તેમ જ મનુષ્ય અને વાનર જાતિના મિશ્રણરૂપ જાતિવાળા કિંપુરુષો ઇત્યાદિ સત્ત્વ, રજ અને તમોગુણ વડે થયેલી વાસનાઓ અનંત પ્રકારની હોવાથી વાસનાવશાત્ પ્રાણીઓનાં આવાં જુદાં જુદાં શરીર અને જુદી જુદી બુદ્ધિઓ થવા પામેલી છે. આવી રીતે બુદ્ધિમાં વાસનાવશાત્ અનંત ભેદો પડેલા છે, તથા પોતપોતાની વાસનાત્મક બુદ્ધિ અનુસાર દરેક વેદવચનના અર્થો પણ જુદા જુદા કરેલા છે. આ રીતે સ્વભાવની વિચિત્રતાને લીધે બુદ્ધિમાં અનંત ભેદો પડેલા દેખાય છે. જેઓ શાસ્ત્રાભ્યાસી હોતા નથી તેઓની બુદ્ધિ પરંપરાગત ચાલતી આવેલી જૂની રૂઢિને લીધે જુદી હોય છે અને કેટલાકેકની બુદ્ધિ તો વેદથી વિરુદ્ધ એવા પાખંડ વિષયોમાં જ લાગેલી હોય છે. આ રીતે બુદ્ધિમાં પોતપોતાની વાસનાનુસાર અસંખ્ય ભેદો થવા પામેલા છે.

જુદા જુદા મતમતાંતરો

હે અર્જુન ! મારી માયા વડે મોહ પામેલા અને વાસનાવશાત્ અનેક ભેદો પડેલી બુદ્ધિવાળા પોતપોતાનાં કર્મો તથા રુચિ મુજબ જુદા જુદા પ્રકારનાં કલ્યાણનાં સાધનો છે એમ કહે છે. મીમાંસકોનું કહેવું છે કે, મુમુક્ષુએ કામ્ય તથા નિષિદ્ધ કર્મોમાં પ્રવર્તવું નહિ, પણ પ્રત્યવાયથી છૂટવાને માટે નિત્યનૈમિત્તિક કર્મો અવશ્ય કરવાં જ જોઈએ. મનુષ્યની પવિત્ર કીર્તિ જેટલાં વર્ષો સુધી જગમાં ગવાય છે તેટલાં હજાર વર્ષો સુધી તે મનુષ્ય સ્વર્ગલોકમાં પૂજાય છે; એવા પ્રકારના યશરૂપ ધર્મને જ સાહિત્યશાસ્ત્રકારો ઉત્તમ માને છે વાત્સ્યાયનાદિક કામશાસ્ત્રકારો કામને; યોગશાસ્ત્રકારો શમ, દમ તથા સત્યને; અર્થશાસ્ત્રકારો ઐશ્વર્યને એટલે ઐશ્વર્ય આપનારા સામ, દામ, ભેદ, દંડ આદિ ઉપાયોને જ ઉત્તમ સાધન માને છે. ચાર્વાક મતવાળાઓ ખાવું, પીવું, મોજમજા કરવી અને એક દિવસ મરી જવું એને જ પુરુષાર્થ સમજે છે. તો બીજા કેટલાકો યજ્ઞ, દાન, તપ, વ્રત, નિયમ તથા યમોના પાલનને જ પુરુષાર્થ કહે છે. આ સઘળાઓને પોતપોતાના કર્મો પ્રમાણે તે

તે લોકની પ્રાપ્તિ અવશ્ય થાય છે, પરંતુ પ્રાપ્ત થનારાં તે લોકો તો આદિઅંતવાળા, પરિણામે દુઃખથી ભરેલા, તુચ્છ આનંદવાળા અને અંતે શોક વડે વ્યાપ્ત હોય છે; માટે નિત્યપ્રતિ એક આત્મામાં જ બુદ્ધિને સ્થિર રાખવી એ યોગ જ સર્વોત્તમ છે. તૃષ્ણાઓથી રહિત પુરુષને આત્મસ્વરૂપ એવા મારા પરમાનંદ સ્વરૂપના સ્ફુરણથી જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખ વિષયોમાં લાગી રહેલાઓને ક્યાંથી મળે? આ રીતે બુદ્ધિમાં જુદા જુદા ભેદો પડવાનું કારણ મનુષ્યની વાસનાઓ છે, નહિ કે વેદ; એવો શાસ્ત્રોનો નિશ્ચય છે.

વેદમાં કામ્ય કર્મો અને આત્મજ્ઞાન

વેદશાસ્ત્રનો સિદ્ધાંત તો કેવળ આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવી આપવું એ જ એક છે, જે ઉપરના વિવેચન પરથી જણાશે. પરંતુ તે સિદ્ધાંત સમજવાની લાયકાત ધરાવનારા વ્યવહારમાં સામાન્યતઃ ક્વચિત્ જ મળી આવે છે. બાકી ઘણા ખરા તો વિષયોના સેવનમાં જ રચ્યાપચ્યા હોય છે. જેમ અજ્ઞાની બાળકને દવા પાવી હોય તો સાકરનો ગાંગડો અગર પેંડાની લાલચ આપવામાં આવે છે, તેમ તેવા મૂઢ અને અજ્ઞાનીઓની આત્મજ્ઞાનમાં પ્રવૃત્તિ થવાને માટે વેદાદિ શાસ્ત્રોએ પણ અમુક કરવાથી અમુક ફળ મળશે ઇત્યાદિ કામ્ય કર્મોની વ્યવસ્થા કહેલી છે. જીવને સ્વાભાવિક રીતે જ વિચિત્ર પ્રકારની ઇચ્છાઓ(વાસનાઓ) હોય છે. તેઓનું હિત જાણ વડે થશે, તેનો વિચાર કરીને વેદમાં જુદાં જુદાં ફળ આપનારાં કામ્ય કર્મોની યોજના કરવામાં આવેલી છે. તે પ્રમાણે દરેક જીવ સારાં અગર નરસાં કાંઈ ને કાંઈ કર્મો સ્વભાવ પ્રમાણે કર્યા જ કરે છે; તે પૈકી કેટલાંક પરિપક્વ કર્મોનાં ફળો તેને મળતાં રહે છે. આમ થતાં થતાં જીવને પશુ, પક્ષી, વૃક્ષ, પાષાણાદિ અનેક યોનિઓની પ્રાપ્તિ થતી રહે છે. આમ અનેક યોનિયોમાં ફરતાં ફરતાં તેને જ્યારે મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે, ત્યારે વાસનાઓને વશ થઈ તે કામ્ય કર્મો કરવા તરફ જ દોરાય છે. પછી તે કામના સફળ થવાની ઇચ્છાએ તે તેવા પ્રકારનાં જ એટલે કામ્ય કર્મો થકી ફળની પ્રાપ્તિ થઈ શકે એવા પ્રકારનાં વેદાદિ શાસ્ત્રોમાંના ભાગનું જ અવલોકન કરે છે અને ફળની ઇચ્છાએ તે તે કર્મો કરવા તરફ તે પ્રવૃત્ત થાય છે. એમાં જ્યારે ક્વચિત્ કોઈ સૂક્ષ્મ દોષને લીધે તે ફળપ્રાપ્તિને ખુએ છે ત્યારે તેને સખ્ત આઘાત થાય છે, એવો આઘાત થયા પછી શું કરવું એ સમજવાને માટે તે કોઈ સત્પુરુષોનો સમાગમ કરે છે, તે વખતે સમયાનુસાર પરમેશ્વરનું માહાત્મ્ય સાંભળ્યાથી પૂર્વપુણ્ય ઉદય પામી તેને પરમેશ્વરનો પ્રસાદ પ્રાપ્ત થાય છે, બાદ મોક્ષ મેળવવા તરફ તેની પ્રવૃત્તિ થાય છે તથા પરમેશ્વરની કૃપાથી વિષયો તરફ વૈરાગ્ય ઊપજી તે પદ પ્રાપ્ત થવાને માટે તેને ઉત્કંઠા થાય છે અને તે સાથે જ શ્રદ્ધાનો ઉદય થાય છે, તેમ જ શ્રદ્ધા ઉત્પન્ન થતાં આગળ ઉપર સમય આવતાં સદ્‌ગુરુનો મેળાપ થાય છે, બાદ તેમના ઉપદેશથી અદ્વૈત એવા પરમપદનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન પરોક્ષ હોય છે એટલે કે તે અદ્વૈત એવું આત્મપદ અમુક પ્રકારનું છે, એટલી જ ભાવના તેને તે વખતે ઉત્પન્ન થાય છે. પછી સાધકને તે અદ્વૈત એવા આત્મપદનો સમ્યક્ એટલે સારાસાર અને સમભાવનાયુક્ત એવો અંતરંગમાં વિચાર કરવો પડે છે.

જ્ઞાન તો પોતે સ્વતઃસિદ્ધ જ છે

જ્ઞાન પોતે તો કેવળ અધિષ્ઠાન એવું ચિન્માત્રરૂપ જ છે, તે જ્ઞેયભાવને કદી પણ પ્રાપ્ત થતું નથી, પરંતુ કેવળ અવિનાશી એવા પોતાના સ્વસ્વરૂપ અર્થાત્ જ્ઞાનભાવમાં જ રહે છે. તે જ્ઞાન વા આત્મતત્ત્વ મન, વાણી, બુદ્ધિ વગેરેથી અગોચર છે, એવો જે અંતઃકરણમાં બોધ થવો તેને સમ્યક્ જ્ઞાન યા સારાસારયુક્ત સમભાવનો વિચાર કહે છે. તે વિચાર વડે ક્રમે ક્રમે તેની ઉપપત્તિ એટલે સંગતિ કિંવા અનુસંધાન જણાય છે તથા છેવટે તેની તમામ શંકાઓ નષ્ટ થાય છે, ત્યારબાદ આ નિશ્ચિત થયેલા સ્વસ્વરૂપભૂત અદ્વૈતતત્ત્વનો દૃઢ નિશ્ચય વડે તેને અહોનિશ નિદિધ્યાસ કરવો પડે છે. આ પ્રકારના નિદિધ્યાસને જ બુદ્ધિયોગનો અભ્યાસક્રમ એમ શ્રીકૃષ્ણ ભગવાને ઉપર કહેલું છે. દીર્ઘ પ્રયાસ અને દૃઢ નિશ્ચયથી ચિત્તને તદાકાર કર્યા બાદ એટલે મનનો એક વખત નિરોધ કરી તેને નિર્વિકલ્પતા પ્રાપ્ત થયા પછી તે આત્મતત્ત્વ (પરમપદ) "હું જ છું" એવા પ્રકારના

સવિકલ્પ જ્ઞાન વડે નિદિધ્યાસનની પણ પૂર્ણતા થાય છે, એટલે આ સંસારનું કારણ જે અજ્ઞાન તે નિઃસંશય નષ્ટ થઈ જાય છે. આ રીતે સહજ સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ યોગાભ્યાસની સમાપ્તિ થઈ એમ સમજવું. આ મુજબ જ્યારે નિર્વિકલ્પ સહિત સવિકલ્પ જ્ઞાન સાધ્ય થઈ સહજ સમાધિ સુધી તે પરિપકવ થાય છે ત્યારે જ તે અદ્વૈતનો સાક્ષાત્કારી કહેવાય છે. તેના અભ્યાસ વડે આગળ જતાં માત્ર સ્મૃતિ થતાંની સાથે જ તે પદનું તેને નિત્ય દર્શન થવા માંડે છે અને તે અદ્વૈત એવું પરમતત્ત્વ કિંવા "આત્મા" "હું જ છું" એવું સવિકલ્પ જ્ઞાન પ્રત્યક્ષ અનુભવમાં આવે એટલે તે તત્ક્ષણે જ આ સંસાર ઉત્પન્ન કરનારા અજ્ઞાનને તેના પરિવાર સાથે નષ્ટ કરે છે.

વેદનો ખરો અર્થ કેમ સમજાતો નથી ?

જેઓ વેદના ખરા રહસ્ય કિંવા સિદ્ધાંતને નથી સમજતા, તેઓ વેદોએ બતાવેલાં લાલચ આપનારાં કામ્ય કર્મો અને તેનાં ફળો વેદના જેટલા ભાગમાં કહેવામાં આવેલાં છે તેટલા ભાગને જ પ્રાધાન્ય આપે છે, કે જે ભાગ તો સાવ મિથ્યા એવી માયા અથવા પ્રકૃતિના ત્રણ ગુણોના આશ્રય વડે જ વિસ્તારને પામેલો છે. આવાં અસંખ્ય કામ્ય કર્મોની મોહજાળમાં સપડાયેલા અને સાચા તાત્પર્યને નહિ જાણનારા માનવસમૂહને આત્મસ્વરૂપના એક જ નિશ્ચયમાં સ્થિત થવારૂપ યોગની કલ્પના પણ ક્યાંથી હોય ? કેમકે તેઓ તો સાધનને સાધ્ય સમજીને તેને જ વળગી રહે છે. આવાં અનંત કામ્ય કર્મોના તુચ્છ વ્યવસાયમાં જેઓની બુદ્ધિ લપટાયેલી હોય, તેઓને શુદ્ધ એવા આત્મસ્વરૂપના નિશ્ચય કરવારૂપ બુદ્ધિયોગની કલ્પના ક્યાંથી હોય ? મારું આ અમુક કર્તવ્ય હજી બાકી છે ઇત્યાદિ પ્રકારે કર્તવ્યરૂપ કાળા સર્પથી દંશ પામેલા પુરુષને કલ્યાણ કેવી રીતે પ્રાપ્ત થાય ? કર્તવ્યરૂપી વિષની જ્વાળા વડે આ આખું જગત મૂર્છિત અને અંધ બની ગયેલું છે, તેથી આત્મહિતનો ખરો માર્ગ તેઓ થકી ઓળખાતો નથી અને તેઓ ભળતે માર્ગે જ જઈ ફરી ફરીને મોહમાં પડે છે. અનેકવિધ તૃષ્ણાઓ એ જ દુઃખરૂપી ઝાડનું બીજ છે. મનમાં અનેક પ્રકારની તૃષ્ણાઓ હોય તેવે સમયે માનવામાં આવતું સુખ એ તો સર્વ દુઃખ જ છે. આ તૃષ્ણાઓની શાખાઓ પુષ્કળ હોઈ તેનો વિસ્તાર પણ અનંત છે. જેમ સમુદ્રનાં મોજાં, પૃથ્વીમાંનાં પરમાણુ કે આકાશમાંના તારાઓની ગણત્રી કોઈનાથી થઈ શકે નહિ તેમ આ વિવિધ પ્રકારની તૃષ્ણાઓવાળા મનુષ્યનાં કામ્ય કર્મોની સંખ્યા નક્કી કરવી અશક્ય છે. આ કામ્ય વાસનાઓ તો આકાશ કરતાં પણ વિસ્તીર્ણ અને પર્વતો કરતાં પણ દૃઢ છે. તે મિથ્યા પ્રકૃતિના ત્રણ ગુણો વડે જ અનંત પ્રકારે થયેલી હોય એમ ભાસે છે. આ તમામ લોકો તે વડે જ ગાંડા જેવા થયેલા હોઈ દુઃખાગ્નિથી બળ્યા ઝળ્યા "હાય, હાય" કરી ખૂબો પાડે છે. થોડા મહાત્માઓ જ માત્ર વિવેકયુક્ત વિચાર વડે સાર અસારનું તત્ત્વ સારી રીતે અનુભવીને આ સર્વ જેવું ભાસે છે તેવું નથી પરંતુ તે આત્મરૂપ છે, એવા પ્રકારના બુદ્ધિના નિશ્ચય વડે આ આશારૂપ પિશાચિકાના જડબામાંથી છૂટી શીતળ બની સુખશાંતિ અનુભવે છે.

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।

निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥

તું ત્રણ ગુણોથી રહિત થા

હે અર્જુન ! તું બુદ્ધિમાન છે, માટે આ મિથ્યા પ્રકૃતિ કિંવા માયાના ત્રણ ગુણો વડે વિસ્તાર પામેલા વેદના ભાગને છોડી, વેદના સાચા તત્ત્વાર્થના સંબંધમાં તને જે પ્રથમ કહેવામાં આવેલું છે (પૃષ્ઠ ૧૫૫ અને ૧૫૬ "વેદનું તાત્પર્ય" એ શીર્ષક નીચે જુઓ) તે ભાગનું ગ્રહણ કર અર્થાત્ ત્રણ ગુણોથી રહિત થા. ઉદ્દેશ એ કે, સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોની ઉત્પત્તિ મિથ્યા માયા (વૃક્ષાંક ૩ રૂપ "હું") માંથી થયેલી હોઈ તે ગુણોના વિસ્તારથી જ આ સર્વ દૃશ્યજાળ ભાસમાન થઈ

રહેલી છે. પરંતુ તું તો "હું" (વૃક્ષાંક ૩) કે જેમાં આ ત્રણે ગુણો છે, તેમાંનું કાંઈ જ નથી, પરંતુ તત્ (આત્મારૂપ વૃક્ષાંક ૧) એવો અનિર્વચનીય આત્મા છે. કે જેમાં આ "હું" (વૃક્ષાંક ૩) તથા તેના સાક્ષી (વૃક્ષાંક ૨)ની ઉત્પાત્ત કદી સંભવતી નથી. જે આત્મસ્વરૂપ ત્રિગુણાતીત, દ્વંદ્વથી રહિત નિત્ય, સત્‌રૂપ અને યોગ તથા ક્ષેમથી પર છે, એવો આત્મ (વૃક્ષાંક ૧) રૂપ તું થા, ઉદ્દેશ એ છે કે, જેમ સુવર્ણને સુવર્ણ છે એમ કહેવામાં આવે ત્યાં સુધી તો કહેનારો ને તે વસ્તુ એમ બે ભાવો તો ભિન્ન સ્થિતિમાં સ્થિત હોય છે. તેમ આ સર્વ હું, તું, તે વગેરે આત્મરૂપ જ છે, એવી યુક્તિનો અભ્યાસ કરવાથી તેવો કહેનાર સાક્ષી તો કોઈ જુદો શેષ રહે છે, તેથી અદ્વૈતભાવની સિદ્ધતા થતી નથી; આટલો આમાં પણ દોષ રહે છે અર્થાત્ તેમાં સાક્ષીભાવ તો શેષ રહે છે. તે દોષ પણ ન રહે તેવી શુદ્ધ પદમાં સ્થિતિ થવાને માટે નિર્યોગક્ષેમ થવાનું શ્રીભગવાને અર્જુનને અત્રે જણાવેલું છે. આ સઘળું આત્મા છે. એમ કહેતાં કહેતાં તેમાં તદ્રૂપતા થવી અર્થાત્ ઐકયભાવમાં સ્થિરતા થાય તેને ક્ષેમ કહે છે, પરંતુ એવી રીતે સ્થિતિ થવી એ પણ એક પ્રકારનો મોહ જ ગણાય, કેમકે આત્મામાં તો આ બધું કેવી રીતે સંભવે? જેમ દોરીને દોરી કહેવામાં આવે કે સર્પ કહેવામાં આવે તો પણ તે પોતે તો સ્વતઃસિદ્ધ જ હોય છે. તે તો કાંઈ જાણતી પણ નથી કે મને કોઈ સાપ કહેતા હતા અને હવે દોરી કહે છે અને દોરી દોરી કહી તદ્રૂપ થઈ ગયા. વળી તે કંઈ સાપ કહ્યાથી સાપ પણ થઈ ન હતી અને ફરીથી દોરી કહેવાથી દોરી થઈ એમ પણ નથી અર્થાત્ તે પોતાના સ્વરૂપમાંથી સહેજે ચલાયમાન થતી નથી; એમ આત્મા (વૃક્ષાંક ૧) સ્વતઃસિદ્ધ હોવાથી તેના ઉપર જગતાદિ કિંવા દૃશ્યાદિ અનેક નામ રૂપોનો આરોપ થાય અથવા તે એક આત્મારૂપ છે એવો એક જ આરોપ તેના ઉપર કરવામાં આવે તેથી તેની તેના પોતાના સ્વરૂપમાંથી કિંચિન્માત્ર પણ ચ્યુતિ થતી નથી. તેમ તેને કલ્પના પણ હોતી નથી કે મને કોઈ આજ સુધી અનાત્મા કહેતા હતા અને હવે આત્મા કહે છે, તથા તેવું કહેવાવાળો કોઈક સાક્ષી હતો, સારાંશ એ કે, આત્મા તો તદ્દન અચલ, સ્થિર, કૂટસ્થ અને સ્વતઃસિદ્ધ એવા પોતાના અનિર્વચનીય સ્વરૂપમાં જ સ્થિત હોય છે. તે જ તારું પોતાનું સ્વરૂપ છે, માટે હે અર્જુન! તું પણ તેવા પ્રકારના આત્મસ્વરૂપવાળો (વૃક્ષાંક ૧) હોવાથી ત્રણ ગુણોથી પર દ્વૈત ભાવથી પણ રહિત, નિત્ય સત્ત્વસ્થ એટલે આત્મસ્વરૂપમાં જ જેની નિત્ય સ્થિતિ છે એવો યોગ* અને ક્ષેમ વગરનો એટલે આ યોગ અને ક્ષેમનો પણ જેમાં કિંચિન્માત્ર પ્રવેશ નથી એવી આત્મનિષ્ઠાવાળો અર્થાત્ આ પ્રકારના નિઃસંગ આત્મામાં સ્થિતિ કરનારો થા.

यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥

ચારે બાજુ જ્યાં ત્યાં પાણીનું મહાપૂર આવ્યું હોય તેમાં એકાદ ખાબોચિયાની જેટલી કીમત (પ્રયોજન) હોય છે, તેટલું જ પ્રયોજન આ પ્રકારે આત્મનિષ્ઠામાં સ્થિર થનારા પુરુષને માટે વેદાદિ સર્વ શાસ્ત્રો અને તેમાં બતાવેલાં કર્મોનું હોય છે, એમ સમજવું

ગીતાને પણ વેદનો જ આધાર છે.

કેટલાક મોહવશ થયેલા સ્વાર્થસાધુઓ લોકોમાં અતિ પ્રચાર પામેલી આ શ્રીમદ્ ભગવદ્ગીતાના ઉપરના (૪૫)માં શ્લોકનો આશ્રય લઈ એવા પ્રકારે બોધ કરતા નજરે પડે છે કે, "શ્રીભગવાન પણ વેદમાં તો ત્રણ ગુણોનો જ વિસ્તાર કહ્યો છે, એમ કહે છે એટલે તે ત્યાજ્ય છે અને આ ગીતા જ ગ્રાહ્ય છે." આ રીતે વેદોને હલકા પાડવાના પ્રયત્નો કરનારાઓ અને અંદરખાનેથી મૂઢો પણ બહારથી લોકોમાં પોતાને જ્ઞાની

* યોગ એટલે નહિ મળેલું મેળવવું અને ક્ષેમ એટલે મળેલાનું રક્ષણ કરવું. સામાન્ય વ્યવહારમાં એવો અર્થ પ્રચલિત છે તે સંદિગ્ધ હોવાથી અત્રે સ્પષ્ટતા કરેલી છે. વધુ માટે અધ્યાય ૯ જુઓ.

કહેવરાવનારાઓ શ્રીકૃષ્ણ ભગવાનની વ્યાખ્યા પ્રમાણે મિથ્યાચારી કિંવા દાંભિકો હોઈ દયાને જ પાત્ર છે. વેદના તાત્પર્ય સંબંધમાં શ્રીકૃષ્ણ ભગવાનનો જ મત આપવામાં આવેલો છે, તથા તે સંબંધે વિસ્તારથી વિવેચન પણ ઉપર કરેલું જ છે(પાનું ૧૫૫, ૧૫૬ જુઓ); છતાં અત્રે સંક્ષેપમાં જણાવવાની આવશ્યકતા ઊભી થાય છે. શ્રીકૃષ્ણ ભગવાને વેદના તાત્પર્ય સંબંધમાં સ્થળે સ્થળે જે કહેલું છે, તેનો અર્થ એવો છે કે આત્મા તો વાસ્તવિક રીતે અનિર્વચનીય હોવાથી વાણી, મન તથા બુદ્ધિથી પણ પર એટલે અવર્ણનીય છે. તેનું પરોક્ષજ્ઞાન કરી આપનારું મુખ્ય સાધન અપૌરુષેય વેદો જ છે.+ તે જ મૂળ, આદ્ય અને સર્વનો આધાર છે. ગીતા, ઉપનિષદો, પુરાણો, ઉપપુરાણો, ઇતિહાસ વગેરે સર્વેનું અંતિમ ધ્યેય તો પ્રથમ જણાવી ગયા તેમ વેદના મહાવાક્યના વિવરણમાં જ પરિણમે છે. શ્રીભગવદ્ગીતા પણ તેના આધારે જ કહેવામાં આવેલી હોવાથી તેમાં સ્થળે સ્થળે વેદના મહત્ત્વ સંબંધમાં કહેવામાં આવેલું છે. વેદો ત્રિગુણમય વિષયોથી ભરેલા છે, એ કથનનો ઉદ્દેશ ફક્ત એટલો જ કે, વેદનો કર્મકાંડ તેમ જ તેનાં ફળો સંબંધનો એટલે નિયમ વાક્યોનો જે ભાગ છે, તે છોડી મહાવાક્યરૂપ તત્ત્વનિષ્ઠા કરાવનારા જ્ઞાનભાગનો એટલે વિધિવાક્યોનો જ અંગીકાર મુમુક્ષુ કરે તથા અપરોક્ષ જ્ઞાનની પ્રાપ્તિ કરી લે. કર્મકાંડ અને તેનાં ફળો સંબંધી ભાગ તો મૂઢોને માટે કહેવાયેલો છે. આ રીતે અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થયા બાદ વેદશાસ્ત્રોનું પણ કાંઈ પ્રયોજન રહેતું નથી; માટે શ્રીભગવાને અર્જુનને વેદના જ્ઞાનકાંડને સમજી લઈ તેવા પ્રકારના સાક્ષાત્કારવાળા આત્મનિષ્ઠાવાન જીવન્મુક્ત થવાનું જણાવેલું છે. મહાભારતમાં જ શ્રીવ્યાસાચાર્ય પોતે કહે છે કે: **"सत्यं सत्यं पुनः सत्यं भुजमुत्थाप्य चोच्यते। न वेदाच्च परं शास्त्रं न देवो केशवात्परः"** તાત્પર્ય, વેદથી કોઈ મોટું શાસ્ત્ર જ નથી તથા કેશવથી મોટો કોઈ દેવ નથી, એમ શ્રીવ્યાસાચાર્યજી પોતે હાથ ઊંચા કરી કરીને કહી રહ્યા છે કે, હું જે આ કહું છું તે સત્ય છે, સત્ય છે, સત્ય છે; ત્રણ વાર સત્ય છે. અર્થાત્ વેદશાસ્ત્ર જ સર્વનું મૂળ હોવાને લીધે તેના આધાર વગર કોઈ પણ શાસ્ત્રનું અસ્તિત્વ સંભવી શકે જ નહિ. વળી વેદોની પ્રાચીનતાને માટે અર્વાચીન કિંવા પ્રાચીન મતાનુસાર પણ બે મતો છે જ નહિ; એટલે વેદથી મોટું કોઈ બીજું શાસ્ત્ર છે અથવા તો કોઈ પણ સત્શાસ્ત્ર વેદના આધાર વગરનું છે, એમ કહેવું તે તો વંધ્યાને પુત્ર થવો અથવા પિતાની પૂર્વે બાળકનો જન્મ થવો એમ કહેવા સમાન છે; તેથી આત્માનુભવ ઇચ્છનારાઓએ વેદમાં બતાવેલાં વિધિ યા આજ્ઞારૂપ મહાવાક્યોના નિશ્ચય વડે પ્રથમ આત્માનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ, બાદ અપરોક્ષ જ્ઞાનના અનુભવ માટે તેનો પણ ત્યાગ કરી અંતરંગમાં સતત અભ્યાસ કરવાનો હોય છે; માટે શ્રીભગવાને અત્રે અર્જુનને કહ્યું છે કે, તું વેદમાંના ફળની લાલચ આપનારાં નિયમવાક્યોના ભાગનો ત્યાગ કર અને જે વડે આત્માનું પરોક્ષ જ્ઞાન થાય એવા વિધિવાક્યોના ભાગનું ગ્રહણ કર. આ રીતે આત્માનું પરોક્ષ જ્ઞાન થયા બાદ સ્વાનુભવ લેવા માટે એટલે પરમપદમાં સ્થિત થવાને માટે તે પરોક્ષ જ્ઞાનના ભાગનો પણ ત્યાગ કરી અનિર્વચનીય પદમાં સ્થિત એવો આત્મનિષ્ઠાવાળો થા, એમ કહેલું છે. તે સ્થિતિ ગુણ રહિત, દ્વૈત રહિત, સત્ત્વસ્થ એટલે કેવળ એક આત્મામાં જ સ્થિર હોવું તથા યોગક્ષેમથી પણ પર છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ४७ ॥

વ્યવહારમાં કર્યું કર્મ ફળની ઇચ્છા વગર થાય છે ?

હે ધનંજય! તને કર્મ કરવાનો અધિકાર છે, ફળનો કદી પણ નથી. તું ફળનો અધિકારી નથી એટલું જ નહિ, પરંતુ તું તે કર્મફળના હેતુરૂપ પણ થઈશ નહિ; એટલે કર્મનું ફળ અમુક થશે, એવા પ્રકારના હેતુનો પણ તારામાં લવલેશ નથી, તેમ તને કર્મ નહિ કરું એવા પ્રકારના દુરાગ્રહમાં સંગ, આસ્થા કિંવા

+ વેદના અપૌરુષેયત્વ સંબંધમાં શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકાશન ૪, મહાકાળ પુરુષ વર્ણન આમુખ તથા કિરણાંક ૧૧ ને ૩૪, તેમ જ પ્રકાશન ૫ દત્તપરશુરામ જ્ઞાનખંડ પ્રકરણ ૭ ને ૧૧ જુઓ.

પ્રીતિ પણ ન થાએ. શ્રીભગવાનનું આ કથન અત્યંત વિચારણીય છે, કારણ પ્રથમ તો તું કર્મ કરવા પૂરતો જ અધિકારી છે, પરંતુ ફળનો અધિકારી નથી, એટલું જ નહિ પરંતુ તું અમુક કર્મ કરવાથી અમુક ફળ મળશે એવા હેતુવાળો પણ નથી, તેમ તારામાં હું કર્મ નહિ કરું એવી બુદ્ધિ પણ ન હોવી જોઈએ એમ કહે છે. આનો શો અર્થ? આ વિધાનો (કથનો) ઉપર ઉપરથી જોનારાઓ માટે તો વિરોધી હોય તેમ જણાય છે. વિચાર કરો કે, વ્યવહારમાં કીટ, પતંગ, પશુ, પક્ષી કિંવા ઇતર કોઈ પણ પ્રાણી કર્મ કરવા પહેલાં કર્મનો હેતુ પણ મનમાં નહિ રાખે એમ બનવું તો અશક્ય છે. દરેક પ્રાણી કર્મ કરવા પૂર્વે જ પ્રથમ તે કર્મ કરવાથી ફળપ્રાપ્તિ શી થશે, એવો વિચાર કરે છે. આ પ્રમાણે મનમાં કર્મ કરવાનો હેતુ ઉત્પન્ન થતાં જ તે કર્મ કરવાથી શું ફળ મળશે, એનો પ્રથમ સૂક્ષ્મ રીતે વિચાર કરે છે, ત્યાર પછી તે કર્મ કરવાને માટે પ્રેરાય છે; એટલે કાર્ય કરવાની શરૂઆત કરે છે અને પ્રાપ્ત થનારું સારું યા નરસું ફળ તો કર્મની પૂર્ણતા થયા પછી જ મેળવી શકે છે; એટલે વ્યવહારમાં કોઈ પણ કાર્ય થતાં પૂર્વે તેનો હેતુ, પછી તે કરવાથી થતી ફળપ્રાપ્તિનો વિચાર, બાદ કર્મ અને ત્યાર પછી તેનું ફળ, એ પ્રમાણે પ્રત્યેક પ્રાણીમાત્રના કર્મનો ક્રમ વ્યવહારમાં પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, છતાં શ્રીકૃષ્ણ ભગવાન આ વ્યવહારના અનુભવથી વિપરીત કથન અત્રે કેમ કહી રહ્યા છે? તેનું કારણ શું હશે? એવી શંકા થવાનો સંભવ છે. કર્મફળની વાત તો છોડી દો, પરંતુ જગતમાં કોઈ પણ જીવ, જંતુ, કીટ, પતંગાદિ પ્રાણીઓમાં પણ એવું જોવામાં આવતું નથી કે, હેતુ વિના કદી કર્મની શરૂઆત થાય. મીઠાઈ પડી હોય તો જ કીડીઓ અને માખીઓ વગર બોલાવ્યે આવે અને ન હોય ત્યારે આવતી નથી, એટલે તેમાં મીઠાઈ ખાવાની તેમની ઇચ્છા (હેતુ) સ્પષ્ટ તરી આવે છે. આમ તદ્દન સ્પષ્ટ છે, તો પછી સ્વાર્થી અને અજ્ઞાની મનુષ્યો વગર સમજ્યે વ્યવહારમાં આ શ્લોકનો આધાર લઈ નિષ્કામ કર્મ કરો, એમ કહી લોકોમાં પોતાનો અક્કી જમાવે છે, તેવાઓ પોતે પોતાના આયુષ્યમાં એક પણ કર્મ મનમાં સંકલ્પ કિંવા હેતુ રાખ્યા સિવાય કર્યું છે, એમ બતાવી શકશે ખરા કે? ઉદ્દેશ એ કે, પ્રત્યેક કાર્ય પછી તે વ્યાવહારિક સ્વરૂપનું હો કે ઇતર કોઈ પ્રકારનું હો, પણ તેના મૂળમાં અંતઃકરણમાં સૂક્ષ્મ રીતે તે કર્મ કરવાનો પ્રેરણાત્મક હેતુ તથા ફળની આકાંક્ષા તો હોય છે જ. આવી રીતે તદ્દન ખુલ્લેખુલ્લું અને સ્પષ્ટ હોવા છતાં જેનો વ્યવહારદૃષ્ટિમાં કદી પણ અનુભવ આવી શકતો નથી, એવું તત્ત્વ સમજાવવાનો શ્રીકૃષ્ણ ભગવાને શા માટે પ્રયત્ન કર્યો હશે? નિરર્થક કર્મ તો કોઈ મૂઢો પણ કદી કરતા નથી, તો પછી પૂર્ણ અવતારી એવા શ્રીકૃષ્ણ ભગવાન તો તેવી વાણી કેવી રીતે કહે? તેમનું આ કથન વ્યવહાર દૃષ્ટિએ બંધ બેસતું એટલે અનુભવમાં આવી શકે તેવું દેખાતું નથી. વળી જેનો કદી પણ વ્યવહારમાં અનુભવ આવી ન શકે એવું જો કોઈ કથન હોય તો તે તદ્દન નિરુપયોગી હોઈ તેવું કહેનારો મૂઢ જ ગણાય; પરંતુ પરમ પૂજ્ય વંદનીય એવા શ્રીકૃષ્ણ ભગવાનને માટે તો તેવી શંકા લાવવી શક્ય નથી. આ બાબતનો સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે, તેમના આ કથનમાં કાંઈ ખાસ ગૂઢ રહસ્ય છે, એટલું જ નહિ પરંતુ આ કથનનો ઉપયોગ વ્યવહારમાં અનેક પ્રકારના વિષયમાં ફસાયેલા મૂઢો કરી રહ્યા છે તેવો નથી, પરંતુ તે તો અર્જુનને ઉપર જે આત્મનિષ્ઠામાં સ્થિર થવા જણાવ્યું છે, તેવા પ્રકારની આત્મનિષ્ઠામાં સ્થિર થયેલા અર્થાત્ જીવન્મુક્ત પુરુષને જ લાગુ પડી શકે તેવો છે. સારાંશ, ભગવાને ગીતામાં કહેલા આ શ્લોકનો અર્થ ઉપર કહ્યા મુજબ જેઓ આત્મનિષ્ઠા એટલે અનુભવસિદ્ધ સાક્ષાત્કારી થયેલા હોતા નથી તેવાઓને માટે કદી પણ લાગુ પડી શકે તેવો નથી; કારણ કે, આ વિષયોથી ભરેલા વ્યવહારમાં તો હેતુ વગર કર્મ કદી પણ શક્ય નથી, એટલે જેઓ સાક્ષાત્કાર કરી આત્મનિષ્ઠ થયેલા ન હોય એવા લોકો કહે કે અમે અહેતુક કિંવા કર્મફળની અપેક્ષાથી રહિત થયેલા છીએ. તો તેવાઓમાં કેવળ મિથ્યાચાર અથવા દાંભિકતા સિવાય બીજું કાંઈ પણ નથી એમ સમજવું. જ્યારે આત્મનિષ્ઠામાં સ્થિર થયેલા એટલે પરમપદમાં વિશ્રાંત થયેલા યોગીને માટે કર્મ, તેનો હેતુ, તેનું ફળ, ઇત્યાદિ પ્રકારનું કાંઈ હોતું જ નથી. તે કેવી રીતે શક્ય છે તે સંબંધે આપણે હવે સંક્ષેપમાં વિચાર કરીશું. તેવો વિચાર કરતાં વૃક્ષ જાતના કેટલાક વૃક્ષાંકો (૧ થી ૬ સુધી)ની સમજ સારી રીતે હોવી જોઈએ (વૃક્ષ જ માટે કિરણાંક ૩૬ પાન ૯૭ થી ૧૦૦ જુઓ).

કર્મ કરવાનો, ફળનો તથા તેના હેતુનો અધિકાર કોનો ?

જગતમાં થતાં તમામ કર્મો કર્તા, કરણ અને કર્મ; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; દ્રષ્ટા, દર્શન ને દૃશ્ય; પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય ઇત્યાદિ ત્રિપુટીઓ દ્વારા થતાં રહે છે. તે સર્વ મિથ્યા એવી માયા અથવા પ્રકૃતિનું કાર્ય હોઈ તે કાર્ય સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોને આધારે થતું રહે છે. મિથ્યા એવી માયાના આધારે સત્ત્વાદિ ગુણો દ્વારા થનારાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ આ સર્વ કાર્યનો કર્તા તો જીવ એટલે મહાપ્રાણ કહેવાય છે(વૃક્ષાંક ૬ જુઓ); એટલે જેમ વ્યવહારમાં કાર્ય કરવાનું કામ નોકરનું હોઈ તે કાર્યનું ફળ એટલે કે જો તે સારું થાય તો બક્ષિસ અને નઠારું થાય તો શિક્ષા ભોગવવાની જવાબદારી તેના ઉપર દેખરેખ રાખનાર મુનીમને શિરે હોય છે, તેમ ભગવાને અત્રે તને કિંવા તારો કર્મ કરવાનો જ અધિકાર છે, એમ જે કહ્યું છે તેમાં હું (વૃક્ષાંક ૩) અને "મમ" એટલે મારું એમ કહેનારો જીવ(વૃક્ષાંક ૬)એ પ્રમાણે બે ભાવોનું પૃથક્કરણ કરીને સમજાવ્યું છે. તેનો ઉદ્દેશ વ્યવહારમાં મજૂરને કામ કહેતી વખતે એમ કહેવામાં આવે છે કે, તારે તો કામ કરીને ચાલ્યા જવાનું છે, પરંતુ તેનું ફળ તો મારે ભોગવવું પડશે, તેવી યુક્તિથી અત્રે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, કર્મ કરવાનો અધિકાર તને કિંવા તારે એટલે "મમ"(મારું) એ ભાવનો છે, અહમ્ (હું) એ ભાવનો નથી. આ "મમ" ભાવ એ જ જીવાત્મા કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) હોઈ તે ઉપર કહેલા નોકરના દૃષ્ટાંતની જેમ કર્મનો અધિકારી છે. આ જીવાત્મારૂપ નોકરે કરેલા કર્મ ઉપરથી સારું યા નરસું જે જે કાંઈ ફળ ઉત્પન્ન થવા પામે તેની જવાબદારી તો "હું"રૂપ મુનીમ (વૃક્ષાંક ૩)ને શિરે છે. જેમ મુનીમને નોકર પાસે કર્મ કરાવવાને માટે શેઠ તરફની પ્રેરણા જ હેતુ કિંવા કારણભૂત હોય છે, તેની પ્રેરણા (હેતુ) વગર મુનીમ સ્વતંત્ર રીતે કાંઈ પણ કરવા શક્તિમાન હોતો નથી, તેમ આ "હું" (વૃક્ષાંક ૩)રૂપ સ્ફુરણ, માયા અથવા નિયતિ; તેનો પ્રેરક શુદ્ધ "હું"(વૃક્ષાંક ૨) રૂપ ઈશ્વર, પુરુષ, સાક્ષી કિંવા દ્રષ્ટા હેતુ અથવા પ્રેરણા વગર કિંચિન્માત્ર પણ કાંઈ કરી શકવાને શક્તિમાન હોતો નથી. આમ અત્યાર સુધી તો તને ઈશ્વરની સત્તા વડે નિયત થયેલી નિયતિક્રમની નિશ્ચિતતા સંબંધમાં કહ્યું, પરંતુ વાસ્તવિક રીતે તું તો તત્ત્વરૂપ (વૃક્ષાંક ૧) છે કે જ્યાં આ હેતુ કિંવા પ્રેરણા કરનારો ઈશ્વર (વૃક્ષાંક ૨) તથા ફળનો અધિકારી એવો પ્રતિબિંબાત્મક "હું" કે જેને માયા, પ્રકૃતિ કિંવા નિયતિ કહે છે તે (વૃક્ષાંક ૩) તથા આ પ્રતિબિંબાત્મક 'હું' (વૃક્ષાંક ૩)ની દેખરેખ નીચે કર્મ કરનારો કે જેને "તને" એવી સંજ્ઞા વડે વ્યવહારમાં સંબોધવામાં આવે, તે મમ (મારું) એવી ભાવનાવાળો જીવાત્મા (વૃક્ષાંક ૬) વગેરે નથી. ટૂંકમાં તું તો આ અહમ્ અને મમ ભાવોનું જ્યાં અસ્તિત્વ જ નથી એવો અનિર્વચનીય આત્મા છે(વૃક્ષાંક ૧ જુઓ). આથી "તારો" એટલે જીવાત્મા (વૃક્ષાંક ૬)નો તો કર્મ કરવાનો અધિકાર છે ફળનો નહિ, કેમકે તે અધિકાર તો "અહમ્" હું(વૃક્ષાંક ૩)નો છે કદાચ તું કહેશે કે, જ્યારે આમ છે તો પછી હું કર્મફળના હેતુરૂપ હોઈશ. તો તેમ પણ નથી. કેમકે આ સર્વના હેતુ એટલે પ્રેરણા કિંવા સાક્ષીરૂપ તો ઈશ્વર (વૃક્ષાંક ૨) છે. પરંતુ તું તો જ્યાં આ "હું" "તું" અર્થાત્ મારો અને તારો એ બે ભાવો તથા તેનો હેતુ કિંવા પ્રેરણાત્મક ઈશ્વર પણ જ્યાં નથી એવો અનિર્વચનીય આત્મા છે (વૃક્ષાંક ૧ જુઓ). કદાચ તું એમ કહેશે કે, જો આમ જ હોય તો પછી મારે કર્મ કરવાપણું રહેતું જ નથી, તો આમ કર્મ નહિ કરવારૂપ મોહ પણ તને મા થાઓ, કારણ કે હું કર્મ કરીશ અથવા કરું છું એમ કહેવું એ જેમ આસક્તિ કહેવાય તેમ હું કર્મ નહિ કરું એ પણ આસક્તિ જ છે, તેથી તે મોહ કહેવાય. કરવું અને નહિ કરવું એમ બંને પ્રકારના મોહનું અવલંબન કરી કાર્ય કરવાનું કામ તો જીવાત્મા કે જેને મહાપ્રાણ અથવા સૂત્રાત્મા (વૃક્ષાંક ૬) કહે છે તેનું છે; પણ તું તો જ્યાં આ કર્મ કરનાર જીવાત્મા (વૃક્ષાંક ૬) ફળનો અધિકારી "હું" (વૃક્ષાંક ૩) તથા આ "હું" એવો હેતુ ધારણ કરનારો તેનો પ્રેરક શુદ્ધ "હું" અથવા ઈશ્વર (વૃક્ષાંક ૨) ઇત્યાદિનો લવલેશ પણ નથી એવો તદ્દન અનિર્વચનીય આત્મા (વૃક્ષાંક ૧) છે. આ પ્રમાણે આત્મરૂપ નિષ્ઠામાં સ્થિરતા થવી તેનું નામ જ સમત્વયોગ કહેવાય છે, આની વધુ સ્પષ્ટતાને માટે વિસ્તારથી કહું છું તે સાંભળ.

કર્મનો અધિકારી જીવાત્મા છે.

તું કદાચ કહેશે કે, તમોએ આત્મા(વૃક્ષાંક ૧), ઈશ્વર(વૃક્ષાંક ૨), સ્ફુરણ કિંવા પ્રતિબિંબરૂપ હું (વૃક્ષાંક ૩) તથા કર્મનો અધિકારી જીવાત્મા (વૃક્ષાંક ૬) છે એમ કહ્યું, તો પછી અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪) તથા અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫)નું શું ? તે સંબંધે કહું છું તે સાંભળ, જેમ ઝાડ રોપવાનું હોય તો માળીને પ્રથમ બીજની જરૂર હોય છે અને પછી તે કઈ જગ્યાએ રોપવું તે નક્કી કરે છે એટલે ઝાડ પ્રથમ સૂક્ષ્મ રૂપે બીજમાં રહેલું હોય છે અને તેને જમીનમાં રોપી પાણી સિંચન કરવાથી અંકુર, થડ, શાખા વગેરે વિસ્તાર થવા પામે છે, તેમ અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં જે પ્રકૃતિ અને પુરુષાંશ સંમિશ્ર રહેલા છે તે પૈકી પુરુષાંશ વ્યક્ત–પ્રગટ થાય છે ત્યારે તે જીવાત્મા મહાપ્રાણ કહેવાય છે અને ત્રણ ગુણ તથા સર્વ શક્તિયુક્ત જે પ્રકૃતિ અંશ હોય છે તે મમભાવ યા શક્તિરૂપ કહેવાય છે. આ જીવાત્મા યા મહાપ્રાણ જ્ઞાનશક્તિયુક્ત હોઈ કાર્યનો કર્તા બની પ્રકૃતિ અંશમાંથી ક્રિયાશક્તિરૂપે કાર્ય કરાવી લે છે. અને તેથી આ મારું કાર્ય છે એવા ભાવને ધારણ કરે છે. આ રીતે અવ્યક્ત (વૃક્ષાંક ૪)માંથી જ્ઞાનઅંશ પ્રગટ થવાથી તે જીવાત્મા (વૃક્ષાંક ૬)રૂપે બને છે તથા પ્રકૃતિરૂપ અંશ ક્રિયાશક્તિરૂપે પ્રગટે છે તે મમભાવ (મારું મારું કહેવાય છે તે ભાવ) કહેવાય છે. આ ક્રિયાશક્તિનો અંશ મમભાવ વા શક્તિ એટલે બીજ અને જ્ઞાનશક્તિનો અંશ જીવાત્મા (વૃક્ષાંક ૬)એ માળી સમજો તથા બીજ એ અવ્યક્ત (વૃક્ષાંક ૪) સમજો. દરેક સ્થૂળ, સૂક્ષ્મ કાર્ય ઉત્પત્તિ પૂર્વે આ અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪)માંજ હોય છે, જુઓ કે સુષુપ્તિમાં મનનો પણ આચ્છાદન શક્તિથી વિલય થયો હોય એમ ભાસે છે, તે વખતે બધા કયાં જાય છે ? પથારીમાં હોય છે એમ જે કહેવામાં આવે તો "હું પથારીમાં હતો" એમ તો જાગ્રત થયા પછી જ કહેવામાં આવે છે. સુષુપ્તિ વખતે તો કાંઈ સ્થળ કિંવા કાળનું પણ ભાન હોતું નથી. આ ઉપરથી એમ નિશ્ચિત થાય છે કે, એવું એક સ્થાન છે કે જ્યાં કાળ અને દેશાદિનું અસ્તિત્વજ નથી, તેવું સ્થાન તે જ આ અવ્યક્ત સમજો. ભવિષ્યમાં જે જે કાંઈ થવાનું છે, તે સર્વે આ અવ્યક્તમાં જ સ્થિત હોય છે. આ અવ્યક્ત યથાકાળે જ્યારે પ્રથમ સૂક્ષ્મ અને પછી સ્થૂળ સ્વરૂપે પ્રકટ થવાનો યોગ આવે છે, તે પૂર્વેની એટલે કે અવ્યક્તમાંથી વ્યક્ત થવા વચ્ચેની જે સંધિની સ્થિતિ તે જ અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫) સમજો તથા વાસનાવશાત્ સ્થૂળ, સૂક્ષ્મ ઇત્યાદિ તમામ કાર્યોનો કર્તા તે જીવાત્મા કહેવાય છે (વૃક્ષાંક ૬ જુઓ). તે જ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ એવા મહત્તત્ત્વનો અંગીકાર કરી આ વિશાળ એવા અનંત સમષ્ટિ અને વ્યષ્ટિકાર્યવાળા આ ચિદાભાસને પ્રકટ કરે છે (વૃક્ષાંક ૭થી૧૫ ઘ જુઓ), તથા તેનો લય ક્રમે સર્વના કારણરૂપ અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં થતો રહે છે. આ અવ્યક્ત(વૃક્ષાંક ૪)નું મૂળ અનિર્વચનીય એવા ચિદાકાશ કિંવા આત્મા (વૃક્ષાંક ૧)માં "હું" (અહમ્) એવો થયેલો પ્રથમ આભાસ છે, (વૃક્ષાંક ૩). આ જ અવ્યક્તનું આદિકારણ અથવા આત્મામાં થયેલું "હું" રૂપ મિથ્યા પ્રતિબિંબ કિંવા સ્ફુરણ(વૃક્ષાંક ૩) છે. તે જ મૂળ અવિદ્યા, માયા કિંવા પ્રકૃતિ કહેવાય છે, **"एकोहं बहुस्याम्"** એકજ હું અનેક રૂપે થાઉં. આ શ્રુતિવાક્ય અનુસારનો જે "હું" તે આ જ છે. આ જ "હું" સર્વ પ્રાણીમાત્રના હૃદયમાંથી "હું", "હું" એવા સ્ફુરણને પામે છે એટલે દરેક મનુષ્ય પોતાને માટે "હું" તથા બીજાને માટે "તું" કિંવા તમો એમ કહે છે, તેમાં "હું" કહેનારો "હું" તે આ (વૃક્ષાંક ૩) જ છે.

જીવ, માયા અને ઈશ્વરનાં કાર્યો

હવે જીવાત્મા અહંકાર ધારણ કરી પ્રકૃતિ કિંવા માયા (વૃક્ષાંક ૩)ના ગુણોના થયેલા મિશ્રણને આધારેજ કર્મ કરવાનું કાર્ય કરે છે, જે જીવ(વૃક્ષાંક ૬)માં બતાવેલો છે. તે જ મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) નો અંગીકાર કરીને ઉત્પત્તિ, સ્થિતિ અને છેવટે લગનું કાર્ય કરે છે. આ સર્વ જગતાદિનો જ્યારે લય થાય છે ત્યારે તે સર્વ "હું"(વૃક્ષાંક ૩) રૂપ માયાની જે અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪) ગણાય છે તેમાં રહે છે અર્થાત્ આ સર્વ ચિદાભાસ ઉત્પત્તિ પૂર્વે અને વિલય થયા બાદ આજ અવ્યક્ત સ્વરૂપ (વૃક્ષાંક ૪) માં સ્થિત હોય છે તેથી આને મહાતમ અથવા સુષુપ્તિ પણ કહે છે. આ રીતે બીજ રૂપે રહેલા સમસ્ત મિથ્યા

ચિદાભાસરૂપ જીવો અને ભૂતો વગેરેની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરવાનું કાર્ય જીવાત્મા (વૃક્ષાંક ૬) નું થયું, તે કાર્યનું સારું અગર નરસું ફળ સાક્ષી રૂપે ભોગવવાનું કામ તો સર્વના હૃદયમાં "હું" "હું" રૂપે સ્ફુરણ થતા મૂળ અવિદ્યા કિંવા માયારૂપ "હું" (વૃક્ષાંક ૩)નું છે. આ "હું" નું કાર્ય તો ફક્ત જે દ્વૈત કિંવા દ્વંદ્વ ભાવો હોય તે સર્વેના ફળને ભોક્તા રૂપે જાણવું, એટલું જ એક છે. જેમકે, મને એટલે "હું"ને સારું ફળ મળ્યું કિંવા નરસું ફળ મળ્યું, એમ તટસ્થ ભાવે સર્વ ફલોનો ફક્ત દ્રષ્ટાભાવથી અનુભવ લેવો તે કાર્ય આ "હું" રૂપ પ્રકૃતિ (વૃક્ષાંક ૩) નું છે એમ જાણવું. હવે "હું" "હું" એ પ્રમાણે અંતઃકરણમાંથી જે વૃત્તિઓનું સ્ફુરણ થવા પામે છે તે સ્ફુરણને પ્રેરણા દેનારો હેતુરૂપ તેનો પણ મૂળ દ્રષ્ટા સાક્ષી કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨) હોવો જોઈએ અને તે વાણીથી પર હોઈ કેવળ લક્ષ્યાર્થથી જ જાણી શકાય એવો હોવો જોઈએ, એ પણ નિશ્ચિત છે. આપણી પાસે તેને ઓળખવાને માટે માત્ર "હું" વગર બીજું કાંઈ સાધન નથી, તેથી તેને હેતુરૂપ, સાક્ષીરૂપ કિંવા "હું"ને જાણનારો સર્વનો એક દ્રષ્ટારૂપ શુદ્ધ "હું" એવું નામ આપવું પડશે (જુઓ વૃક્ષાંક ૨). આ "હું"નું અસ્તિત્વ (વૃક્ષાંક ૩)ના "હું"ની સાથે જ સંલગ્ન હોય છે. જેમ છાયા અને મનુષ્ય પરસ્પર એક બીજાને છોડીને રહી શકતાં નથી, તેમ આ "હું" (વૃક્ષાંક ૩)રૂપ છાયા અને તેનો સાક્ષી(વૃક્ષાંક ૨)રૂપ "હું" એક બીજાને છોડીને કદી પણ રહી શકતાં નથી. આ લક્ષ્યાર્થ વડે જાણી શકાય એવો સર્વનો સાક્ષીરૂપ શુદ્ધ "હું" કે જેને શાસ્ત્રકારો ઈશ્વર પણ કહે છે, તે તો "હું" (વૃક્ષાંક ૩)નું પ્રાકટ્ય થાય તો જ જાણી શકાય છે, તથા જો "હું" (વૃક્ષાંક ૩)નો વિલય થઈ જાય તો આ "હું"(વૃક્ષાંક ૨)નો વિલય પણ અનાયાસે જ થઈ જાય છે, આથી આ બંને સાપેક્ષ ભાવો છે. જેમ આકાશાદિ પંચમહાભૂતો પ્રત્યક્ષ દેખાય છે, પરંતુ તેનો કર્તા કાંઈ પ્રત્યક્ષ દેખાતો નથી. છતાં આ વિરાટ કાર્ય ઉપરથી તેનો બનાવનારો કોઈ કર્તા જરૂર હોવો જોઈએ, એમ અનુમાનથી નિશ્ચિત સિદ્ધિ થાય છે, તેમ આ "હું" (વૃક્ષાંક ૩)ના પ્રાકટ્ય ઉપરથી તેમ કહેનારો અને તેને પ્રેરણા દેનારો હેતુરૂપ કોઈ હોવો જોઈએ, એ નિશ્ચિત છે. હવે આ "હું"(વૃક્ષાંક ૩)નો વિલય થાય એટલે શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨)નો વિલય પણ સ્વાભાવિક રીતે જ થઈ જાય એ પણ દેખીતું છે. આમ આ બંનેનો વિલય થયા પછી એક અનિર્વચનીય પદ પણ હોવું જોઈએ, એમ સૂક્ષ્મદૃષ્ટિ વડે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઈ આવે છે તેને જ શાસ્ત્રમાં આત્મા, બ્રહ્મ, ચૈતન્ય, સત્, તત્ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે વર્ણવેલું છે(વૃક્ષાંક ૧ જુઓ). આ પરમપદ તે જ દરેકનું શુદ્ધ સ્વરૂપ હોઈ તેમાં આ "હું" (વૃક્ષાંક ૩), તેનો સાક્ષી (વૃક્ષાંક ૨) તથા અવ્યક્તાદિ (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ સુધીના) ભાવોનો કદી સ્પર્શ પણ થઈ શકતો નથી. તેવું તે અનિર્વચનીય તથા અવર્ણનીય છે, તે પણ સારી રીતે સમજી શકાશે. સર્વનું ઉદ્દિષ્ટ(મુખ્ય) ધ્યેય પણ આ જ પદ છે, સર્વ શાસ્ત્રો આ પદના વર્ણનને માટે જ પ્રયત્ન કરી રહ્યા છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને "તું શરીરાદિ ધારણ કરનારો એવો અર્જુન નથી, પરંતુ જેમાં કોઈ પણ વિકાર કિંવા અહમ્, મમ વગેરે ભાવનો સ્પર્શ થવો પણ શક્ય નથી એવો આત્મરૂપ છે;" માટે આ મિથ્યા "હું" અને "મારું" એવા ભાવનો ત્યાગ કરીને અનિર્વચનીય એવો આત્મનિષ્ઠ થા, એમ કહેલું છે; કેમકે તેવા આત્મનિષ્ઠ બનેલા પુરુષને માટે વ્યવહારમાં કર્મ, તેનું ફળ તથા તેનો હેતુ એ પૈકી કાંઈ પણ હોતું નથી, એમ કહેવામાં આવેલું છે.

કર્મ કરવાં અથવા નહિ કરવાં એ તારામાં નથી

ભગવાન કહી રહ્યા છે કે, હે અર્જુન! તું તો વાસ્તવિકપણે તત્ વા આત્મરૂપ(વૃક્ષાંક ૧) હોઈ તદ્દન નિર્લેપ છે. તારામાં તો પ્રકૃતિ(વૃક્ષાંક ૩) તથા તેનાં કાર્યો (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ)નો યત્કિંચિત્પણે પણ સ્પર્શ નથી. તને કર્મનો અધિકાર છે એવું કહેવાનો આશય એ સ્પષ્ટ થાય છે કે, હું કર્મ કરું છું એવો "હું" ભાવ ધારણ કરનારો તો અવિદ્યા એટલે માયારૂપ હું(વૃક્ષાંક ૩)નો છે અર્થાત્ પોતાને જીવરૂપ માનનારો એવો જે તું (વૃક્ષાંક ૬) તે તને ફક્ત કર્મનો જ અધિકાર છે, ફળનો કદી પણ નહિ, કેમકે ફળનો સાક્ષીરૂપ ભોક્તા તો અહમ્ (હું) (વૃક્ષાંક ૩) છે અને તેનો હેતુ કિંવા સાક્ષીરૂપ એવો શુદ્ધ અહમ્ "હું" (વૃક્ષાંક ૨)

છે, પરંતુ તું તો આ કર્મ, તેનું ફળ તથા ફળના હેતુરૂપ એ રીતે ત્રણેથી પર, તદ્દન અસંગ એવો આત્મા કિંવા તત્ (વૃક્ષાંક ૧) હોવાથી તારામાં જેમ કર્મ કરવાનો, તેનું ફળ ભોગવવાનો તથા તેના હેતુનો બિલકુલ સ્પર્શ નથી, તે પ્રમાણે કર્મ નહિ કરવું એ રીતના ભાવનું પણ અસ્તિત્વ નથી. કર્મ કરવું કિંવા નહિ કરવું એ ભાવ તો અહંકાર ધારણ કરનારા જીવાત્મા(વૃક્ષાંક ૬)નો છે તથા તેનાં ફળનો ભોક્તાપણાનો સંબંધ અહમ્ (હું) (વૃક્ષાંક ૩)નો છે, તેમ જ ફળના હેતુનો સંબંધ તો સાક્ષીરૂપ શુદ્ધ અહમ્ (હું) (વૃક્ષાંક ૨)નો છે, પરંતુ અસંગ અને નિર્લેપ એવા તત્રૂપ તારામાં તો તેવા પ્રકારના સંગનો લેશમાત્ર પણ સ્પર્શ નથી, એમ નિશ્ચિત જાણ.

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ।

सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८ ॥

સમત્વયોગ તે આજ

હે ધનંજય! ઉપર જણાવ્યા પ્રમાણે સંગનો ત્યાગ કરીને તદ્દન નિશ્ચલ, અસંગ, નિર્વિકલ્પ એવા અનિર્વચનીય પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત થવારૂપ યોગમાં સ્થિત થા. ઉદ્દેશ એ કે, આ પ્રકારની નિઃસંગ આત્મનિષ્ઠાવાળો થા તથા સિદ્ધિ અને અસિદ્ધિ એ પ્રમાણે બંને દ્વંદ્વોમાં સમવૃત્તિ રાખ. સમત્વયોગ તે આ જ કહેવાય. અર્થાત્ આવા પ્રકારની આત્મનિષ્ઠા પ્રાપ્ત થવી એ જ સમત્વયોગનું લક્ષણ છે એમ સમજ. જ્યાં સુધી આવા પ્રકારની આત્મનિષ્ઠાની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી પુરુષને સમતા પ્રાપ્ત થઈ એમ કદી પણ કહી શકાય નહિ, એટલે નિત્યપ્રતિ આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧)માં જ સ્થિત થવું, તેમાંથી કોઈ પણ પ્રસંગે કિંચિન્માત્ર પણ ચલાયમાન થવું નહિ; એવા પ્રકારની અનુભવસિદ્ધ આત્મનિષ્ઠા કિંવા સાક્ષાત્કાર એ જ સમત્વયોગ કહેવાય.

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ।

बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥

અસંગ આત્મનિષ્ઠાવાળો થા

આવા પ્રકારની બુદ્ધિની અસંગતા વા સમતારૂપ બુદ્ધિયોગ જ્યાં સુધી પ્રાપ્ત થયેલો હોતો નથી, ત્યાંસુધીને માટે થનારાં તમામ કાર્યો અધમ કોટીનાં એટલે અત્યંત કનિષ્ઠ પ્રકારનાં ગણાય છે; માટે હે ધનંજય! તું ઉપર બતાવેલા બુદ્ધિયોગમાં એટલે અસંગપણામાં સ્થિર રહેવારૂપ આત્મનિષ્ઠાનો આશ્રય લે, કેમકે, ફળહેતુથી એટલે ફળની ઇચ્છા વડે કર્મ કરનારાઓ તો કૃપણ કિંવા અત્યંત દીન છે.

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।

तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५० ॥

ખરી કર્મકુશળતા

આ મુજબ બુદ્ધિની સમતારૂપ આ યોગમાં સ્થિત થયેલો પુરુષ આ લોકમાં જ સુકૃત એટલે સારાં કર્મો તથા દુષ્કૃત એટલે નઠારાં કર્મો કરવા છતાં પણ તેનાં પાપ અને પુણ્યરૂપ ફળ થકી બંધનને પામતો નથી. આ રીતે કર્મ કરવા છતાં પણ તેના સંસર્ગનો સ્પર્શ કદાપિ ન થાય એટલું જ નહિ પણ તેનાં ફળ અને હેતુનો પણ જેમાં કિંચિન્માત્ર સ્પર્શ નહિ થાય એવી રીતે જીવન્મુક્ત થઈ કર્મ કરવાની જે યુક્તિ

તે જ ખરો બુદ્ધિયોગ છે; માટે તેનો તું આશ્રય કર. આવી રીતે કર્મ કરવા છતાં પણ જળકમળવત્ રહી તેમાં લિપ્ત ન થવાય એવી જે યુક્તિ તે જ ખરી કર્મકુશળતા હોઈ તે જ ખરો યોગ છે.

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।

जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ ५१ ॥

કર્મફળની સાથે આત્મજ્ઞાનો સંબંધ નથી

આ રીતે બુદ્ધિની સમતારૂપ અભ્યાસમાં જેની બુદ્ધિ યુક્ત થયેલી હોય છે, એવા આત્મજ્ઞ પુરુષોને કર્મથી ઉત્પન્ન થનારાં ફળની સાથે કિંચિન્માત્ર પણ સંબંધ હોતો નથી. આત્મજ્ઞાનના પ્રભાવને લીધે જેઓ આત્મામાં કર્મ, તેનાં ફળ કિંવા હેતુનો તલ માત્ર પણ સ્પર્શ નથી એવી મનીષાવાળા છે, એટલે જેમનો નિશ્ચય આ પ્રમાણે કેવળ એક આત્મામાં જ દૃઢ થયો છે એવાઓ જન્મમરણાદિ બંધનથી મુક્ત થઈ દુઃખ કે ઉપદ્રવથી રહિત એવા પરમપદને પ્રાપ્ત થાય છે, અર્થાત્ મોક્ષને પામે છે.

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।

तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।

समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥

સાંભળેલું અને સાંભળશે તે બંનેનો તને કંટાળો આવશે

હે અર્જુન ! આ મુજબ તારી બુદ્ધિ જ્યારે કેવળ એક આત્મનિષ્ઠામાં જ સ્થિત થઈ મોહને ત્યજી દેશે ત્યારે અત્યાર સુધી જે કાંઈ સાંભળ્યું હશે તે અને હવે પછી જે સાંભળશે તે, એમ બંને બાબતોનો તને કંટાળો ઉપજશે; એટલું જ નહિ પરંતુ આગળ જણાવી ગયા મુજબ વિવિધ પ્રકારનાં શ્રુતિવાક્યો એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિ ધર્માદિ ભિન્ન ભિન્ન માર્ગોના શ્રવણથી ગૂંચવણમાં પડેલી તારી બુદ્ધિ જ્યારે આત્મનિષ્ઠા રૂપ યોગમાં એટલે બુદ્ધિયોગમાં જ નિશ્ચલ કિંવા સ્થિર થશે ત્યારે જ તું આ સમતારૂપ યોગમાં નિશ્ચલ થઈશ. તેમ જ સ્થિર બુદ્ધિવાળો થઈ આત્મનિષ્ઠ કિંવા જીવન્મુક્ત કહેવાઈશ. ઉદ્દેશ એ કે તમામ સંકલ્પ વિકલ્પોનો લોપ થવો એ જ ધ્યાનની પરિપક્વ દશા છે. વિકલ્પો અનેક પ્રકારના હોય છે. અને નિર્વિકલ્પ સ્થિતિ એટલે બુદ્ધિયોગ તો એકાકાર જ હોય છે. આ સર્વ આત્મરૂપ છે; તેમાં હું, તું, તે, આ કિંવા તેના કાર્યકારણાદિ ભાવો કદી ઉત્પન્ન થતાં જ નથી, એવા પ્રકારની એકાકારવૃત્તિમાં જ સ્થિત રહેવી એ જ બુદ્ધિની સમતારૂપ યોગ છે; એમ જાણવું, અન્ય ભાવનાઓનો ઉદય બંધ થઈ બુદ્ધિ જ્યારે એક આત્મામાં જ એકાકાર થાય છે એટલે તરત જ વિકલ્પો બંધ થાય છે. અને વિકલ્પો બંધ થયા પછી શેષ રહેનારી નિર્વિકલ્પ અવસ્થા તો સ્વતઃસિદ્ધ જ છે. ચિત્ર ભૂંસી નાખ્યા બાદ જે પ્રમાણે ભીંતતો ઊભી જ હોય છે. ભીંત પ્રાપ્ત કરવા માટે ચિત્ર ભૂંસી નાંખવાનું એટલું જ એક કાર્ય કરવાનું હોય છે. તેમ વિકલ્પો નષ્ટ થયા પછી મન સ્વભાવતઃ જ નિર્વિકલ્પ રહે છે. સર્વ પ્રકારના વિકલ્પોનો ત્યાગ એટલે જ શુદ્ધ નિર્વિકલ્પ એવી આત્મસ્વરૂપ સ્થિતિ છે. આ સ્થાનની પ્રાપ્તિના સંબંધમાં જ માયાના મોહ વડે મોટા મોટા વિદ્વાનો પણ મૂઢ બને છે, પરંતુ બુદ્ધિમાનો તો તે પદ એક ક્ષણમાત્રમાં જ પ્રાપ્ત કરી શકે છે. હે અર્જુન ! તું બુદ્ધિમાન છે, માટે અત્યાર સુધી જણાવેલા બુદ્ધિની સમતારૂપ અભ્યાસયોગ (બુદ્ધિયોગ) ના આશ્રય વડે આત્મરૂપ સમાધિમાં અચળ થઈ આત્મનિષ્ઠ કિંવા જીવન્મુક્ત બની જા. અત્યાર સુધી શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને

આત્મનિષ્ઠામાં સ્થિર થવાને માટે અભ્યાસની યુક્તિ એટલે યોગ તથા તેમાં સ્થિત થવાનો ઉપાય જણાવી તેના અભ્યાસ વડે સ્થિર બુદ્ધિવાળો જીવન્મુક્ત બને, એમ વખતોવખત જણાવ્યું, તે સાંભળી અર્જુનને જીવન્મુક્તનાં લક્ષણો જાણવાની ઇચ્છા થઈ તેથી તેણે પૂછ્યું:

अर्जुन उवाच—

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।

स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ ५४ ॥

સ્થિતપ્રજ્ઞજીવન્મુક્તનું લક્ષણ શું ?

અર્જુન પૂછે છે કે, હે ભગવાન ! આપ કહો છો તેવા સ્થિતપ્રજ્ઞ અર્થાત્ સ્થિર બુદ્ધિમાન એટલે કે જેમની બુદ્ધિ આપે ઉપર કહેલી સમાધીમાં અર્થાત્ સમતારૂપ બુદ્ધિયોગમાં સ્થિર થયેલી છે, એવા પુરુષનું લક્ષણ જાણવાની મારી ઇચ્છા છે, તો તે કૃપા કરીને કહો. સ્થિતપ્રજ્ઞ કોને કહેવા ? તે બોલે છે કેવું ? તે હમેશને માટે કઈ અવસ્થામાં સ્થિર રહે છે અને તેનું આંતર અને બાહ્ય વર્તન કેવા પ્રકારનું હોય છે ? સારાંશ, આપના કહેવા મુજબ જો સમાનતારૂપ કેવળ બુદ્ધિયોગમાં જ સ્થિતિ થાય તો તેને માટે કર્મ કરવા અને નહિ કરવા એ બંને બાબતો એક સરખી જ છે. તો આવી સ્થિતિમાં સ્થિત થયેલો સ્થિતિપ્રજ્ઞ વા જીવન્મુક્ત પુરુષ જીવનમાં શી રીતે રહી શકે? તેને કર્મ કરવાની શી જરૂર? અને જો તે કર્મ કરે તો કેવી રીતે? આ બધા સામાન્ય લોકો કર્મો કરે છે એ રીતે કે બીજી રીતે? જો બંનેમાં કર્મોની પદ્ધતિ એક જ હોય તો પછી જ્ઞાની અજ્ઞાનીમાં ભેદ શો? માટે ભગવાન! સ્થિતપ્રજ્ઞ કોને કહેવા? એ બોલે છે કેવું ? એનું વર્તન કેવા પ્રકારનું રહે છે ઇત્યાદિ લક્ષણો મને કૃપા કરીને કહો. આ મુજબ અર્જુનનો પ્રશ્ન સાંભળીને ભગવાનને આનંદ થયો. તેમણે વિચાર્યું કે ખરેખર અર્જુન બુદ્ધિમાન હોવાથી વિચારપ્રગલ્ભ થયો છે, માટે મારે તેની આ શંકાનું યોગ્ય નિવારણ કરવું જોઈએ. એમ વિચારી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, હે પાર્થ! સ્થિતપ્રજ્ઞ એટલે જીવન્મુક્ત કોને કહેવો, તેનાં કેટલાંક લક્ષણો હું તને કહું છું તે તું ધ્યાનપૂર્વક સાંભળ.

श्रीभगवानुवाच—

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।

आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥

સ્થિતપ્રજ્ઞ, જીવન્મુક્તનાં લક્ષણો

જે પુરુષના મનમાં કોઈ પણ પ્રકારની ઇચ્છા કિંવા વાસનાઓ હોતી નથી અર્થાત્ તમામ વાસનાઓનો જેણે ત્યાગ કરેલો હોય છે, તથા જે કેવળ એક આત્મભાવ વડે જ પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે જે નિત્ય આત્મસ્વરૂપમાં સ્થિત રહેનારો તથા આત્મામાં જ પૂર્ણ રીતે સંતુષ્ટ રહેનારો છે એવા પ્રકારની બુદ્ધિની સમતાવાળો પુરુષ સ્થિતપ્રજ્ઞ કિંવા જીવન્મુક્ત કહેવાય છે. ઉદ્દેશ એ કે, જે પુરુષ નામ રૂપાદિ વડે ભાસનારું આ સર્વ દૃશ્યજાળ મિથ્યા હોઈ તે સર્વ એક આત્મસ્વરૂપ જ છે, એ પ્રમાણે દેખે છે તથા તેમાં જ ઐક્યભાવે નિત્ય રમમાણ થઈ રહેલો છે, જે હું, તું, આ, તે વગેરે તમામ દૃશ્યાદિ ભાસોને કેવળ એક આત્મસ્વરૂપે જ જુએ છે, તે આત્મામાં ને આત્મામાં, આત્મા વડે સંતુષ્ટ બનેલો પુરુષ જ સ્થિતપ્રજ્ઞ અર્થાત્ જીવન્મુક્ત કહેવાય છે.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।

वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥

ગમે તેટલાં દુઃખો આવવા છતાં જે મનમાં કદાપિ કિંચિન્માત્ર પણ ખેદને પામતો નથી, તેમ સુખ વિષે જેની સહેજ પણ આસક્તિ કે ઇચ્છા નથી, અર્થાત્ સુખની જેને તલભાર ઇચ્છા નથી, તેમ દુઃખ આવવાથી જે ખેદને પ્રાપ્ત થતો નથી, તેમજ તેનો પ્રતિકાર પણ કરતો નથી, એવી રીતે પ્રીતિ વા રાગ, ભય તથા ક્રોધ જેમનામાંથી છૂટેલાં છે તે સ્થિતપ્રજ્ઞ વા જીવન્મુક્ત મુનિ કહેવાય છે.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।

नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥

જે આત્મારામ પુરુષ સર્વ બાબતોમાં સ્નેહ રહિત હોઈ બધી બાબતોમાં નિઃસંગ બનેલો હોય છે, જ્યારે અને જે વખતે જે જે શુભ કિંવા અશુભ પ્રાપ્ત થાય તે પોતે ભોગવી લે છે, શુભને જે વખાણતો નથી, તેમ અશુભનો દ્વેષ પણ કરતો નથી, આ રીતે જેને બુદ્ધિની સમતા પ્રાપ્ત થયેલી હોય તેવા જીવન્મુક્તની જ બુદ્ધિ સ્થિર થયેલી છે એમ જાણવું.

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।

इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥

કાચબો પોતાના બહાર કાઢેલા હાથ પગ વગેરે તમામ અવયવોને જેમ પોતામાં જ સંકોચી અથવા સમેટી લે છે, તેમ આત્મારામ પુરુષ ઇંદ્રિયોના તમામ વિષયો અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ તન્માત્રા; તેના સ્થૂળ, સૂક્ષ્મ અવયવોને તથા શરીર, વાણી અને મન દ્વારા થતી સર્વ ક્રિયાઓને પોતપોતાના વિષયોમાંથી નિવૃત્ત કરી પોતાના સ્વસ્વરૂપ અર્થાત્ આત્મસ્વરૂપમાં જ સમેટી લે છે. ઉદ્દેશ એ કે, હું પોતે આત્મરૂપ છું, તેમજ આ સ્થૂલ, સૂક્ષ્મ શરીરાદિ દ્વારા થતી તમામ ક્રિયાઓ અને તેના વિષયો તથા આ વ્યષ્ટિ કિંવા સમષ્ટિરૂપ દૃશ્યજાળ સર્વ મારું સ્વસ્વરૂપ અર્થાત્ આત્મસ્વરૂપ જ છે, મારા સ્વસ્વરૂપથી કાંઈ પણ ભિન્ન નથી, હું જ એક સર્વત્ર ઓતપ્રોત વ્યાપેલો છું, એ રીતે પોતાના આત્મસ્વરૂપમાં જ જે હમેશને માટે એકય રૂપે રમમાણ થયેલો હોય છે અર્થાત્ આ સર્વ દૃશ્ય વ્યાપારને જે પોતે પોતાના આત્મસ્વરૂપમાં જ સમેટી લે છે, તે પુરુષ જ સ્થિર બુદ્ધિનો છે એમ સમજવું.

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।

रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥

જીવન્મુક્તો અને મૂઢોમાં ભેદ

હું દેહ છું, એવું અભિમાન ધારણ કરી રહેલા મૂઢ પુરુષો કેવળ બાહ્ય ઇંદ્રિયોનો નિગ્રહ કરીને અભ્યાસ વડે આહાર નિદ્રાદિને છોડી શકે, પરંતુ આ રીતે બહારથી તેના વિષયો છૂટ્યા છે એમ દેખાતું હોવા છતાં પણ તેમની તેમાં અંદરખાને રહેલી આસક્તિ (રસ) જતી જ નથી, પણ જેનું દેહાભિમાન ગલિત થયું છે, એટલે હું દેહ નથી પરંતુ આ સર્વ દૃશ્યાદિથી પર એવો આત્મા (વૃક્ષાંક ૧) છું તથા દૃશ્યાદિ રૂપે ભાસતું આ સર્વ મારું જ સ્વસ્વરૂપ છે; મારામાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઇંદ્રિયો કે તેમના વિષયો અથવા હું,

તું, આ, તે, મારું, તારું ઇત્યાદિ રૂપે મિથ્યા પ્રતીત થનારાં દૃશ્યાદિનો લેશ પણ અંશ નથી; હું તો કેવળ અસંગ, અખંડ, એક, આનંદરૂપ, સર્વના દ્રષ્ટાનો પણ દ્રષ્ટા તથા સર્વ રસોનો પણ રસ એવો આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છું. આ પ્રમાણે परंदृष्ट्वा એટલે આ સર્વથી પર એવા પોતાના સ્વસ્વરૂપને જોનારો અને પોતામાં જ સર્વ દૃશ્યાદિને સમાવી લઈ એક રૂપ બનેલા આત્મારામ પુરુષના તો સર્વ વિષયો અને તેમાંના રસો એટલે આસક્તિ એ રીતે બંનેનો વિલય થયેલો હોય છે.

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।

इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ ६० ॥

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।

वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥

ઇંદ્રિયોની પ્રબળતા અને તેને વશ રાખવાની યુક્તિ

હે અર્જુન! જેઓને આ સર્વ આત્મસ્વરૂપ છે, એવું પરોક્ષ જ્ઞાન થયેલું હોય છે તેઓ જ્યારે અપરોક્ષ અનુભવ અર્થાત્ સાક્ષાત્કારને માટે પ્રયત્ન કરે છે, ત્યારે એ વિવેકી પુરુષના મનને પણ હે કુંતિપુત્ર! આ બળવાન એવી ઇંદ્રિયો બળાત્કારે એટલે તેની ઇચ્છા નહિ હોવા છતાં પણ પોતપોતાના વિષયો ભણી ખેંચી જાય છે, તાત્પર્ય એ કે, આવા અભ્યાસ કરનારા વિવેકીઓનું લક્ષ્ય તત્ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં જ્યાં સુધી તદ્દન નિશ્ચલ થયેલું હોતું નથી, ત્યાં સુધીને માટે તે આ તમામ વિષયોમાંથી દ્વૈત ભાવ છોડી દઈ કેવળ એકાગ્ર બુદ્ધિ વડે સમતા રાખી આ સર્વ પોતાનું જ સ્વસ્વરૂપ છે, એવા અવધાનમાંથી કિંચિન્માત્ર પણ ચૂકે તો આ બળવાન ઇંદ્રિયો તેને પોતાના સ્વસ્વરૂપથી ભ્રષ્ટ કરી પોતપોતાના વિષયો ભણી જ ખેંચી જાય છે. આમ થયા પછી થોડા સમય બાદ ફરીથી તે અભ્યાસક સારાસાર વિચાર વડે તેને પોતાના સ્વસ્વરૂપમાં સમેટી લે છે. તાત્પર્ય કે, આત્મસ્વરૂપમાંથી સહેજ પણ લક્ષ્ય આમ તેમ જાય તો વિવેકી (સાચા) અભ્યાસકની સ્થિતિ પણ જો આ પ્રમાણેની થવા પામે છે, તો કેવળ બાહ્ય ઇંદ્રિયોનું દમન કર્યા કરે અર્થાત્ ફક્ત વ્રત ઉપવાસાદિ જ કર્યા કરે, તો તેથી તેની આસક્તિનો નાશ કેવી રીતે થાય? અર્થાત્ આસક્તિના નાશને માટે કેવળ એક આત્મસ્વરૂપમાં જ સ્થિત રહેવું જોઈએ, તેમાં જો કિંચિન્માત્ર પણ દ્વૈતના અંશનો પ્રવેશ થાય તો આ સર્વને મથી નાંખનારી એવી પ્રબળ ઇંદ્રિયો તેને પોતપોતાના વિષયો કિંવા રસમાં બળાત્કારે ખેંચી જાય છે, એટલે કે તેવા પુરુષો કદી પણ વિષયોમાંથી નિવૃત્તિને પામતા નથી; એટલા માટે સૂક્ષ્મતન્માત્રા સહ સર્વ ઇંદ્રિયો, તેના વિષયો તથા તે વિષયોના રસો ઇત્યાદિ તમામ ભાવોનો ત્યાગ કરી સર્વત્ર એક આત્મસ્વરૂપ જ વ્યાપેલું છે, એવા પ્રકારની ઐક્યરૂપની ભાવનામાં દૃઢ થઈ, मत्परः અર્થાત્ સર્વથી પર આત્મસ્વરૂપ એવો જે "હું (વૃક્ષાંક ૧) કે જેમાં કર્તા, કરણ, કર્મ, તથા તેનાં ફળનો ભોક્તા તેમજ તે ફળના હેતુરૂપ એવો તેનો સાક્ષી; અથવા વિષયો, તેના રસો અને તેને ભોગવનારો, તથા વિષયોના રસોમાં પણ રસ આપનાર એવા તેના હેતુરૂપ સાક્ષી; ઇત્યાદિ કોઈ પણ ભાવનો તલમાત્ર પણ સ્પર્શ નથી, એવો અસંગ આત્મરૂપ છે, તેમાં જ પરાયણ થઈને રહેવું. આ મુજબનો મારો અનન્ય ભક્ત* અર્થાત્ અન્ એટલે નહિ તથા અન્ય એટલે બીજો, અર્થાત્ જ્યાં હુંરૂપ આત્મા એટલે પોતાથી પર બીજો કોઈ છે જ નહિ એવું જાણનારો ભક્ત જ અનન્ય ભક્ત કહેવાય; તેવો ભક્ત જ આ સર્વને વશ રાખી ચિત્ત સ્થિર કરીને બેસે છે. આ રીતે જેની ઇંદ્રિયો વશ થઈને વર્તે છે, તેની બુદ્ધિ સ્થિર થઈ છે, એમ સમજવું.

* અન્ય એટલે બીજો કોઈ નહિ અને ભક્ત એટલે જ્યાં જુદાપણું કિંવા દ્વંદ્વની ભાવનાનો લેશ નથી તે, આ રીતે બંનેના અર્થો એક જ છે એમ વિચાર કરતાં જણાઈ આવશે.

તાત્પર્ય કે, જે પુરુષ નિત્ય આત્મચિંતનમાં જ નિમગ્ન હોય છે, જે આત્મસ્વરૂપમાંથી સહેજ પણ કદી ચલાયમાન થતો નથી અને જેની બુદ્ધિ આત્મામાં જ પર્વતની જેમ સ્થિર અને અચળ હોય છે, તેની ઇંદ્રિયો વશ થયેલી છે એમ જાણવું અને તેવી સ્થિર બુદ્ધિ પ્રાપ્ત કરનારો જ જીવન્મુક્ત કિંવા સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

ધ્યાયતો વિષયાન્પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે ।

સઙ્ગાત્સઞ્જાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥ ૬૨ ॥

ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ ।

સ્મૃતિભ્રંશાદ્બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥ ૬૩ ॥

બુદ્ધિ ભ્રમને લીધે થતો નાશ

ઉપર જણાવ્યા પ્રમાણે જેઓ ઇંદ્રિયોને વશ કરી શકતા નથી અને કેવળ વિષયોનું ચિંતન કર્યા કરે છે એટલે અંતઃકરણમાં વિષયોનું ચિંતન કરાવનારી વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે જ તે આત્મસ્વરૂપ છે, એવા પ્રકારે તેને તત્કાળ દાબી દેવાનો પ્રયત્ન નહિ કરનારાઓ ઇંદ્રિયોને કદી પણ વશ કરી શકતા નથી અને હંમેશ વિષયોના ચિંતનમાં જ નિગમ રહે છે. વિષયોનું ચિંતન કરનારા તેવા પુરુષને વિષયોના ચિંતનમાં જ સંગ એટલે પ્રીતિ કિંવા આસક્તિ વધે છે, આસક્તિથી કામના, કામનાથી ક્રોધ અને ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે. મોહ થતાં જ અવિવેક ઉત્પન્ન થઈ સ્મૃતિનો નાશ થાય છે; સ્મૃતિનો નાશ થતાં જ બુદ્ધિનો પણ નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં તે સર્વ રીતે પાયમાલ બને છે અર્થાત્ તેનો સર્વસ્વ ઘાત થાય છે.

વિષયોમાં આસક્ત મનુષ્યોનો થતો ઘાત

વિષયો તો કેવળ વિષરૂપ હોઈ મિથ્યા છે અને તેવા વિષયોપભોગો ભોગવવાની અંતઃકરણમાં વારંવાર ઉત્કંઠા થવી એજ તેમાં આસક્તિ વધારવાને કારણભૂત બને છે, આ રીતે વારંવાર થવાથી તેને ભોગ ભોગવવાની ઇચ્છા, વાસના કિંવા કામના જાગૃત થાય છે. આ રીતે કામાસક્ત બનેલા પુરુષને તે વિષયો નહિ મળતાં ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધને લીધે સંમોહ થઈ તે અવિચારી બને છે, મોહવશ થવાને લીધે તેની સારાસાર વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થાય છે, એવી રીતે નશામાં ચકચૂર બનેલાની સ્મૃતિ વા સ્મરણ પણ નષ્ટ થાય છે, એટલે પોતે શું કરે છે તેનું પોતાને પણ ભાન હોતું નથી, આમ સ્મૃતિભ્રષ્ટ થતાં જ બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિ નાશ પામે એટલે તેનો બધી બાજુએથી ઘાત થાય છે. વ્યવહારમાં પણ સ્મૃતિ નષ્ટ થાય તો તે ચિઠ્ઠને સારું લેખવામાં આવતું નથી તે વાત તો પ્રસિદ્ધ છે. આ રીતે વિષયોમાં આસક્ત થનાર મનુષ્ય પોતાના હાથે જ પોતાનો સર્વસ્વ વિનાશ કરી લે છે.

રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।

આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥ ૬૪ ॥

પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।

પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥ ૬૫ ॥

બુદ્ધિ સ્થિર કરવાનો ઉપાય

જે આ ચરાચર સર્વ આત્મરૂપજ છે, એમ માની અંતઃકરણમાંથી વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે જ તેને તાત્કાલિક આત્મામાં દાબી દે છે, વિષયોનું ગ્રહણ કરવાને ઇંદ્રિયોને જે અવસર જ આપતો નથી, પ્રીતિ

યા અપ્રીતિ એમ બંને પ્રકારના દ્વંદ્વોથી જે તદ્દન રહિત બનેલો છે એવાનેજ આત્મારામ પુરુષ સમજવો એવો આત્મવશ્ય પુરુષ લોકદૃષ્ટિએ તો ઇંદ્રિયો વડે વિષયોને ગ્રહણ કરતો હોય એમ દેખાય છે, છતાં નિત્ય પ્રસન્ન જ રહે છે. અર્થાત્ ઇંદ્રિયો વડે વિષયોનું સેવન કરવા છતાં પણ તેમાં નહિ લેપાતાં હંમેશને માટે જળકમળવત્ અલિપ્ત હોવાને લીધે તેનું અંતઃકરણ સદાને માટે પ્રસન્ન જ હોય છે. આમ ચિત્ત પ્રસન્ન હોય એટલે તેનાં સર્વ દુઃખનો નાશ થાય છે. એવા પ્રસન્ન ચિત્તવાળી બુદ્ધિ તત્કાળ સ્થિર થાય છે. ભગવાન કહે છે હે, અર્જુન! તું કદાચ કહેશે કે, જ્ઞાની અને અજ્ઞાની બંનેનો વ્યવહાર તો એક સરખોજ જણાય છે. તો તે શંકાના નિવારણને માટે તે બંનેમાં ભેદ શો, તે તને કહેવામાં આવ્યો છે. જ્ઞાની વૃત્તિઓને આત્મસ્વરૂપ બનાવી તેને પોતાને વશ રાખે છે. તેથી વિષયોનું સેવન કરવા છતાં પણ અસંગ અને આનંદમાં રહે છે અને અજ્ઞાની તો વિષયોના પાશમાં ફસાઈ પોતાનો સર્વસ્વ નાશ કરી લે છે, એ વાત હવે તારા લક્ષમાં બરાબર આવી હશે.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।

न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ ६६ ॥

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।

तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ ६७ ॥

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।

इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥

અસ્થિર અને સ્થિર બુદ્ધિ

ઉપર્યુક્ત રીતિ અનુસાર યુક્તિ વડે ચિત્તને આત્મામાં વશ નહિ રાખનારા એવા અયુક્ત પુરુષને બુદ્ધિને સ્થિર કરવાની ભાવના ક્યાંથી ઉદ્ભવે? અને આવા ભાવના રહિત પુરુષને શાંતિ કેવી રીતે મળે? તથા શાંતિ રહિત પુરુષને નસીબે સુખ પણ ક્યાંથી હોય? તાત્પર્ય કે, જ્યાં સુધી ઉપર બતાવી ગયા તે મુજબ બુદ્ધિને આત્મામાં સ્થિર કરવા રૂપ યોગની ભાવના જેઓના અંતઃકરણમાં ઉદ્ભવેલી હોતી નથી, તેવા ભાવના રહિત પુરુષને શાંતિ મળી શકતી નથી; તથા અશાંત પુરુષ કદી પણ સુખી થતો નથી. જેમ સમુદ્રના પાણીમાં રહેલી નાવડીને વાયુ જ્યાં ખેંચી જાય છે ત્યાં તે જાય છે એટલે તે જાતે પોતાને રોકવા શક્તિમાન હોતી નથી, તેમ જેનું મન અનુવિધીયતે એટલે આત્મામાં મનને સ્થિર કરવા રૂપ ઉપર બતાવેલી વિધિની જેઓને માહિતી હોતી નથી; તેવાઓની બુદ્ધિને ઇંદ્રિયો જે જે વિષયો તરફ પ્રવૃત્ત થાય તે તે વિષયો તરફ આમથી તેમ અને તેમથી આમ ભટકાવ્યા જ કરે છે; તેથી હે મહાબાહો! જેમણે સર્વ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાં પ્રવૃત્ત થતાં રોકેલી છે, એટલે કે ઇંદ્રિયોને પોતપોતાના વિષયો ગ્રહણ કરવાની અંતઃકરણમાં સ્ફૂર્તિ ઉત્પન્ન થાય કે તેમ થતાંની સાથે તરતજ તે આત્મસ્વરૂપ જ છે એમ સમજીને તેને આત્મસ્વરૂપમાં જ રોકી રાખે છે અને અંતઃકરણમાં એક આત્મા વગર બીજા કોઈ સંકલ્પની સ્ફુરણા કદી ઉઠવા જ દેતા નથી, તેમની બુદ્ધિ સ્થિર છે, એમ સમજવું.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।

यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥

સંયમી મુનિની નિદ્રા અને જાગ્રતિ

સર્વ ભૂતો અર્થાત્ પ્રાણીમાત્રની જે રાત્રિ તેમાં સંયમી જાગે છે અને પ્રાણીમાત્રની જાગ્રતિ ત્યાં સંયમી મુનિ નિશા અર્થાત્ રાત્રિ દેખે છે, એટલે પંચમહાભૂતોથી ઉત્પન્ન થયેલો આ સર્વ પ્રાણીમાત્રનો ભૂતસમુદાય અજ્ઞાનને લીધે કેવળ વિષય વાસનાઓના સેવનમાં જ રચ્યોપચ્યો રહી નશાંધની જેમ ઘોર નિદ્રામાં જ સપડાયેલો હોય છે, ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી હડાવવાનો તેઓ સ્વપ્ને પણ કદી પ્રયત્ન કરતા નથી, પણ કેવળ ઇંદ્રિયોના તાબામાં જ પૂર્ણ રીતે સપડાયેલા હોઈ એ ઇંદ્રિયો તેઓને જ્યાં અને જેમ દોરવે છે ત્યાં અને તેમ દોરાઈને ભટક્યા જ કરે છે. આ રીતે વિષયરૂપ નશાના ઘેનમાં સર્વ ભૂતો જ્યારે ચકચૂર બનેલાં હોય છે ત્યારે સંયમી એટલે સંયમ કરનારો એવી વિષયી સ્થિતિમાં હમેશ જાગ્રત હોય છે. અર્થાત્ જ્યારે જ્યારે ઇંદ્રિયો અને તેના વિષયોનું અંતઃકરણમાં સ્ફુરણ થવા પામે કે તરત જ ત્યાં હંમેશાં જાગ્રત રહીને આ સર્વ આત્મસ્વરૂપ જ છે એ રીતે તેને તત્કાળ દાબીને આત્મસ્વરૂપ જ બનાવી દે છે. તાત્પર્ય કે, સંયમી અંતઃકરણમાં વિષયોનું કદી પણ સ્ફુરણ થવા નહિ પામે તે સંબંધમાં પૂર્ણ જાગ્રત હોય છે, તથા સર્વ પ્રાણીઓ વિષયચિંતનરૂપી નશાના ઘેનમાં નિમગ્ન થઈ તેમાં જ અહોરાત્ર રચ્યાપચ્યા રહે છે; એટલે કે વિષયી લોકો વિષય સેવનમાં જ હમેશ જાગ્રત હોય છે ત્યાં આ સંયમી મુનિ કદી ભૂલથી પણ લક્ષ આપતો નથી, એટલે વિષયોના ચિંતનમાં તે હંમેશાં સુપ્તવત્ સ્થિતિમાં અર્થાત્ ગાઢ નિદ્રા જેવી અવસ્થામાં જ સ્થિર રહે છે.

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।

तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥७०॥

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।

निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥ ७१ ॥

શાંતિને કોણ પામી શકે ?

જે પ્રમાણે સમુદ્રમાં ચારે બાજુએથી પાણીના ગમે તેટલા સમુદાયોનો પ્રવેશ થવા પામે છતાં પોતે તે થકી કિંચિન્માત્ર પણ ચલાયમાન થતો નથી અર્થાત્ ચોતરફથી તેમાં ગમે તેટલી નદીઓનાં પાણી મળે તો પણ તે પોતાની મર્યાદા છોડ્યા સિવાય આભ્યન્તર ભાવે અખંડ એકરૂપે જ રહે છે, તેવી રીતે આત્મારામ પુરુષ એટલે કે આત્મસ્વરૂપમાં જ જેની બુદ્ધિ કાયમને માટે સ્થિર થયેલી હોય છે, તેવા પુરુષોમાં તમામ વિષયોનો સમાવેશ થઈ જાય છે, છતાં તે થકી તે કિંચિન્માત્ર પણ કદી ચલાયમાન થતો નથી. જેમ ગમે તેટલી નદીઓ સમુદ્રને મળતાં જ તેમાં અભિન્ન ભાવે એકરૂપ જ બની જાય છે તેમ તમામ વૃત્તિઓનો કેવળ એક આત્મામાં જ લય કરનાર સ્થિર બની જાય છે અને તેવો પુરુષ જ શાંતિને પામે છે; નહિ કે મનમાં અનંત વિષયોની ઇચ્છાઓ ધારણ કરનારો. આ રીતે સર્વ વિષયોને કેવળ આત્મામાં જ અર્પણ કરી સર્વ પ્રકારની કામનાઓને છોડી દઈ ઇચ્છા, મમતા તથા અહંકાર રહિત અવસ્થામાં સ્થિત રહી વિહાર કરનારો પુરુષ જ શાંતિને પ્રાપ્ત કરી શકે છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।

स्थित्वाऽस्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ ७२ ॥

બ્રાહ્મી સ્થિતિ

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે : હે પાર્થ ! તેં જે સ્થિતપ્રજ્ઞ અર્થાત્ જીવન્મુક્ત પુરુષના સંબંધમાં પ્રશ્ન કર્યો તેનો ઉત્તર આ પ્રમાણે સંક્ષેપમાં તને કહ્યો. અખંડ બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલા બ્રહ્મવિદ્ અર્થાત્

સ્થિતપ્રજ્ઞની સ્થિતિ કિંવા જીવન્મુક્તિ તે આ જ. તેને જ બ્રહ્મનિષ્ઠારૂપ બ્રાહ્મી સ્થિતિ કહે છે. આ સ્થિતિની એક વખતે પ્રાપ્તિ થઈ એટલે પુરુષ કૃતકૃત્ય બની જાય છે અને ફરીથી કદી પણ મોહને પામતો નથી, એટલું જ નહિ પણ તેને અંતકાળમાં એટલે છેલ્લે પણ બ્રહ્મસ્વરૂપમાં ઐક્ય થવા રૂપ નિર્વાણ જેવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. અથવા આ બ્રાહ્મી સ્થિતિને પામનારો કૃતકૃત્ય અને જ્ઞાનજ્ઞેય પુરુષ કાળના અંતને પામેલો હોવાથી એટલે તે કાળ દેશાદિ મર્યાદાથી પણ પર એવા બ્રહ્મની સાથે સંપૂર્ણ તદાકાર બની સદાને માટે નિર્વાણ કોટિને પ્રાપ્ત થાય છે. બ્રાહ્મી સ્થિતિ તે આ જ.

અધ્યાય ૩

अर्जुन उवाच—

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।

तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥

व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।

तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २ ॥

ગમે તે એક કહો

અર્જુન કહે છે: ભગવન્! આપે અસાર સૂંઈ કહેલા જ્ઞાનનો એક જ સાર મને જણાયો. આપે બતાવેલ બુદ્ધિની સમતારૂપ સાંખ્ય કિંવા જ્ઞાનયોગના વિચારથી મને તો એમ લાગે છે કે, બંનેમાં કર્મયોગ કરતાં બુદ્ધિની સમતારૂપ સાંખ્ય વા જ્ઞાનયોગનો માર્ગ જ વધુ શ્રેષ્ઠ છે, એવો આપનો મત છે; વળી આ બુદ્ધિની સમતારૂપ યોગમાં તો કર્મ કરવાં અથવા ન કરવાં એ બંને બાબતો એક સરખી જ જણાય છે. કર્મ થાય તોપણ ઠીક અને ન થાય તોપણ ઠીક. આમ એક તરફ બુદ્ધિની સમતારૂપ જ્ઞાનયોગનો બોધ કરો છો તથા બીજી તરફ તો તું કર્મ કર એવો આગ્રહ કરી રહ્યા છો, તો પછી હે કેશવ! મને આ ઘોર કર્મમાં શા માટે જોડો છો? જો હું કેવળ આપે કહેલા બુદ્ધિની સમતારૂપ જ્ઞાનયોગનો આશ્રય કરું તો શું તે બસ નથી? આ રીતે વ્યામિશ્ર એટલે બેતરફી ભાષણ વડે ઊલટું મારી બુદ્ધિને આપ મોહ પમાડી રહ્યા છો; માટે આ બે પૈકી જેમાં મારું શ્રેય એટલે કલ્યાણ હોય એવું નિશ્ચયપૂર્વક ગમે તે એક જ કહો.

श्रीभगवानुवाच—

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ ।

ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

આ લોકોમાં બે પ્રકારની નિષ્ઠા છે

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: હે અર્જુન! આ લોકમાં કર્મયોગ અને જ્ઞાનયોગ એવી બે પ્રકારની નિષ્ઠાઓ છે. તે બંનેનું મેં અત્યારસુધી તારી આગળ નિરૂપણ કરેલું છે, નહિ કે એકલા બુદ્ધિ કિંવા જ્ઞાનયોગનું; જગતમાંના તમામ લોકો જ્ઞાન અને કર્મ એમ બે નિષ્ઠાઓમાં જ સ્થિત થયેલા જોવામાં આવે છે, તે

પૈકી શાસ્ત્રમાં જ્ઞાનનિષ્ઠાવાનોને માટે જ્ઞાનમાર્ગ તથા કર્મનિષ્ઠાવાનોને માટે કર્મમાર્ગ કહેવામાં આવેલો છે (અધ્યાય ૪—૫ જુઓ).

આ સર્વ દૃશ્યાદિ મિથ્યા હોઈ કેવળ નિઃસંગ, નિરાકાર, નિર્વિકલ્પ, નિરામય એવો એક આત્મા જ સત્ય છે, માટે પોતાસહ તમામ દૃશ્યનો નિરાસ કરી જે શેષ રહે તે જ આત્મા કિંવા તત્ છે (જુઓ દૃષ્ટાંત ૧). આ આત્માનું પરોક્ષજ્ઞાન થયા બાદ અપરોક્ષાનુભવના અભ્યાસને માટે સાંખ્યનિષ્ઠાની જ નીચે પ્રમાણે બે યુક્તિઓ છે : (૧) સર્વ દૃશ્યાદિનો વિલય કરતાં કરતાં પોતાને પણ ભૂલી જવું એવો નિઃશેષ યાને સંન્યાસનો જે અભ્યાસક્રમ છે તે જ્ઞાનયોગ છે, આને બુદ્ધિયોગ એટલે તત્ત્વજ્ઞાનીઓના અભ્યાસની યુક્તિ પણ કહે છે, તેમાં કાયમને માટે સ્થિરતા થતી તે જ્ઞાનનિષ્ઠા કહેવાય છે, (૨) બીજી કર્મયોગના અભ્યાસની યુક્તિ કહેલી છે, તેમાં શરીર, વાણી તથા મન દ્વારાદિ વડે જે જે કાંઈ કર્મ થાય છે તે તમામ આત્મરૂપ જ છે અને તે કરનારો પોતે પણ આત્મરૂપ જ છે, ચરાચર દૃશ્ય પણ આત્મરૂપ જ છે; એ પ્રમાણે નિશ્ચયાત્મક સમજીને સર્વાત્મભાવનો યાને કર્મયોગનો અભ્યાસ કરવો પડે છે એટલે સર્વ કર્મો કરવા છતાં પણ તે તમામ આત્મરૂપ છે એ રીતના નિશ્ચય વડે આત્મામાંથી બુદ્ધિને જરા પણ ચલાયમાન ન થવા દેવી તે કર્મયોગ કહેવાય તથા તેમાં જ કાયમને માટે સ્થિતિ થવી તે કર્મનિષ્ઠા કહેવાય છે. કોઈ પણ સંકલ્પવિકલ્પાદિનો ચિત્તમાં ઉદ્ભવ જ થવા નહિ દેતાં બુદ્ધિને તદ્દન અસંગ રાખવી એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાં આત્મામાં કદી પણ વૃત્તિનું ઉત્થાન થવું શક્ય જ નથી, હું તો આ સર્વથી તદ્દન ભિન્ન છું, એમ નિશ્ચયપૂર્વક સમજીને તેને તુરત દાબી દેવી અર્થાત્ આત્મા સિવાય બીજી તમામ વૃત્તિનો ત્યાગ કરવો; એટલે કે અંતઃકરણમાં સંકલ્પનું સ્ફુરણ જ થવા નહિ પામે એવા પ્રકારનો જે અભ્યાસક્રમ તે જ્ઞાનયોગ છે, તથા અંતઃકરણમાંથી જે જે સંકલ્પનું ઉત્થાન થાય કે તુરત જ તે આત્મરૂપ છે, એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને દાબી દેવારૂપ અભ્યાસક્રમ તે કર્મયોગ સમજવો. અને આ જ્ઞાન વા કર્મયોગની અભ્યાસયુક્તિને ધ્યેયરૂપ માની તેમાં હંમેશને માટે સ્થિત થવું તેને જ નિષ્ઠા સમજવી. આ બંને અભ્યાસ યુક્તિઓ કિંવા નિષ્ઠાઓ સાંખ્ય કિંવા સાંખ્યતત્ત્વવાદીજ છે જે મેં તને પ્રથમ (અધ્યાય ૨ માં) કહેલી છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે તત્ત્વજ્ઞાનીઓની કર્મ અને જ્ઞાન એવી આ બે જ યુક્તિઓ (નિષ્ઠાઓ) છે, જે તને વખતોવખત જણાવેલું જ છે. આ રીતે સ્વસ્વરૂપ પ્રાપ્તિના જે મુખ્ય બે સિદ્ધાંતો છે તે પૈકી ગમે તે એકનું અવલંબન થાય તો પણ પુરુષ કૃતાર્થ બને છે એ વાત ખરી, પરંતુ તેં જે મને પૂછ્યું હતું કે, મારે માટે આ વખતે શું કરવું કલ્યાણકારી છે? તેના જવાબ તરીકે સર્વ આત્મસ્વરૂપ છે એમ સમજીને યુદ્ધ કરવું એ જ તારે આ વખતને માટે વધુ હિતકારી છે એમ મેં આત્મદૃષ્ટિ, શાસ્ત્ર, વ્યવહાર તથા નીતિધર્મ બલાદિનો વિચાર કરીને તને વખતોવખત જણાવેલું છે. તે પ્રસંગોચિત હોઈ કેવળ તારા વ્યક્તિત્વ પૂરતું જ છે, એટલે તેં જો ફક્ત મોહ નષ્ટ થવાના ઉપાયો જ જાણવાનું પૂછ્યું હોત તો આ બે નિષ્ઠાઓનું જ તારી આગળ સિદ્ધાંતરૂપે પ્રતિપાદન કરત, પરંતુ તેં તો મોહ નષ્ટ થવા ઉપરાંત સાથે સાથે મારે આ સમયે શું કરવું જોઈએ, મારું કલ્યાણ શામાં છે વગેરે પ્રશ્નો પૂછેલા છે (જુઓ અધ્યાય ૨ શ્લોક ૪ થી ૮), તેના ઉત્તરમાં તારે આ સમયે યુદ્ધ કરવું જોઈએ, એમ મેં વખતોવખત જણાવેલું છે, કેમકે જિજ્ઞાસુને ખોટે માર્ગે દોરવો એ મહાન પાત કરનારું છે, તેનું હવે સ્પષ્ટીકરણ કરું છું: તે તું એકાગ્ર ચિત્ત વડે સાંભળ.

મોહવશ થયેલા બે પ્રકારના દુરાગ્રહીઓ

સામાન્યતઃ વ્યવહારમાં અજ્ઞાનને લીધે મોહવશ થયેલા એવા બે પ્રકારના દુરાગ્રહીઓ જોવામાં આવે છે, અર્થાત્ વ્યવહારમાં તમામ લોકોમાં બે પ્રકારની નિષ્ઠાવાળાઓ મળી આવે છેઃ (૧) કર્મ કરવારૂપ અને (૨) કર્મ નહિ કરવારૂપ. એટલે કે આ લોકમાં બે પ્રકારના દુરાગ્રહીઓ જ જોવામાં આવે છે; (૧) કર્મ કરવામાં દુરાગ્રહ રાખનારા તથા (૨) કર્મ નહિ કરવામાં દુરાગ્રહ રાખનારાવાળા. આ બંને પ્રકારની નિષ્ઠાઓ વાસ્તવિક રીતે તો મોહને લીધે જ થતી હોવાથી તે બાધક છે. એટલું તો શું પરંતુ મારામાં અમુક છે અને અમુક

નથી એ રીતે બંને પ્રકારનું અભિમાન રાખવું એ પણ એક પ્રકારનો મોહ જ છે. જ્યાં સુધી તેઓનું પોતપોતાના દુરાગ્રહનું આ અભિમાન નષ્ટ થતું નથી ત્યાં સુધી તેઓનો મોહ કદી પાયુ હઠતો નથી, એટલા માટે આ બંને પ્રકારનું અભિમાન ગલિત થવાની જરૂર હોય છે. જેનો મોહ નષ્ટ થયેલો છે એવો બ્રહ્મવિદ્ જીવન્મુક્ત તો આત્મા તદ્દન નિર્લેપ, અસંગ, નિર્વિકાર, નિરામય તથા અનિર્વચનીય હોઈ તે હું પોતે જ છું, એવું અનુભવી કર્મ કરવાના તથા નહિ કરવાના એમ બંને પ્રકારના દુરાગ્રહને કદી પણ ધારણ કરતો નથી પરંતુ જેમ સૂકાં પાંદડાંને વાયુ જ્યાં લઈ જાય ત્યાં તે જાય છે અને વાયુ ન હોય તો તે પોતાને સ્થાને પડી રહે છે, તેમ આ બ્રહ્મવિદ્ મહાત્મા પણ આવી પડેલાં પ્રાપ્ત કર્મો કરવા તથા નહિ કરવા એમ બંનેમાં કદીપણ દુરાગ્રહ રાખતો નથી, તથા જે જે સમયે જે જે કૃત્ય આવી પડે તે તે સહજ ભાવે અભિમાનથી રહિત બનીને કરે છે. એટલે કે વેદનાં નિયમ વાક્યોમાં બતાવેલાં સ્વર્ગાદિ પ્રાપ્તિરૂપ કર્મો કરવાં જ જોઈએ, કર્મો કર્યા વગર મોક્ષ થતો જ નથી એવી માન્યતાવાળા અને વેદ વાક્યોની ફલશ્રુતિમાં નિર્દેશાયેલા ભાગોને જ શ્રેષ્ઠ સમજનારાઓનો દુરાગ્રહ નષ્ટ થવાને માટે તેના વિરુદ્ધ એટલે કે કર્મો કરવાથી મોક્ષ થતો નથી, પરંતુ કર્મનો સંન્યાસ કરવા થકી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, એવા પ્રકારે સાંખ્યયુક્તિ વડે સમજાવી તેઓને આત્માનું યથાર્થ જ્ઞાન આપવામાં આવે છે, તેનો સમાવેશ પણ સાંખ્ય વા જ્ઞાનયોગની અંતર્ગત થાય છે, તેમ જ જેઓ કર્મ નહિ કરવામાં દુરાગ્રહીઓ હોય તેઓના આ કર્મ નહિ કરવારૂપ મોહની નિવૃત્તિને માટે પણ સાંખ્યનિયમ અનુસાર આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાવી આ સર્વ આત્મસ્વરૂપ છે, એવી ભાવના રાખી કર્મ કરવામાં આવે તો તેવા અભિમાન રહિત થતાં કર્મો બાધક થતાં નથી, એવો બોધ કરવામાં આવે છે. ઉદ્દેશ એ કે, સાંખ્ય, જ્ઞાન કિંવા બુદ્ધિયોગની યુક્તિ બે પ્રકારની છે; (૧) કર્મ કરવામાં દુરાગ્રહ રાખનારને તેમાંથી નિવૃત્ત કરી આત્મસ્વરૂપના સાચા જ્ઞાનમાં સ્થિર કરાવનારી નિષ્ઠા અથવા યુક્તિ તે જ્ઞાનયોગનિષ્ઠા અને (૨) કર્મ નહિ કરવામાં દુરાગ્રહીઓને તેમાંથી નિવૃત્ત કરી તેઓને સાચો બોધ આપી આત્મસ્વરૂપમાં સ્થિર કરાવનારી જે નિષ્ઠા કિંવા યુક્તિ તે કર્મયોગનિષ્ઠા જાણવી. સંન્યાસ અને ત્યાગનો અંત પણ ક્રમે આ બેમાં જ થાય છે. વ્યવહારમાં કેટલાક બુદ્ધિશાળીઓને આ કર્મયોગ એટલે બુદ્ધિને કેવળ એક આત્મસ્વરૂપમાં જ સ્થિર કરવાનો અભ્યાસ અનુકૂળ હોય છે, જ્યારે કેટલાકને જ્ઞાનયોગ એટલે નિઃશેષભાવનો અભ્યાસ અનુકૂળ હોય છે. માટે હે અર્જુન! આ પ્રમાણે સાંખ્ય એટલે તત્ત્વજ્ઞાનીઓને માટે અને* યોગી એટલે આત્મપ્રાપ્તિના અપરોક્ષ અનુભવનો પ્રયત્ન કરનારાઓને માટે અનુક્રમે (૧) જ્ઞાનયોગ તથા (૨) કર્મયોગ, એવી સાંખ્યયોગની અંતર્ગત પણ જે બે નિષ્ઠાઓ કલ્પેલી લોકોમાં પ્રવર્તે છે, તે બંને મેં તને પૂર્વે કહેલી છે.

ન કર્મણામનારમ્ભાન્નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।

ન ચ સꣳન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥ ૪ ॥

સાચી નિષ્કામતા પ્રાપ્ત થવાની યુક્તિ

જો કદાપિ કર્મનો આરંભ જ કરવામાં નહિ આવે તો તેટલા ઉપરથી તે પુરુષ કદી નિષ્કર્મ અર્થાત્ નૈષ્કર્મ્ય ભાવને પ્રાપ્ત થયો એમ કહી શકાય નહિ, તેમ જ કર્મસંન્યાસ એટલે કે જો કર્મ કરવાનું તદ્દન છોડી દેવામાં આવે તો તેથી પણ તે કદી ઇષ્ટ ધ્યેય પ્રાપ્ત કરી શકતો નથી. જેમ કોઈ મનુષ્યને અમુક સ્થળે જવાનું હોય, પરંતુ જો તે હું ઇષ્ટ સ્થળે પહોંચી ગયો છું એમ કેવળ મનમાં જ માની લે અથવા તે સ્થળે પહોંચવાને માટે કદી ચાલવાનો આરંભ જ ન કરે, તો તે કંઈ નિયત સ્થળે પહોંચી શકે નહિ, કિંવા આરંભ

* યોગની વ્યાખ્યા પ્રથમ બતાવેલી જ છે. આત્મજ્ઞાન થયા બાદ તેનો અપરોક્ષ અનુભવ થતાં સુધીનો જે અભ્યાસક્રમ તે યોગ અને તે અભ્યાસ કરનારો અને તેમાં સ્થિર થનારો તે બંનેને માટે યોગી એવી સંજ્ઞા શાસ્ત્રોમાં આપવામાં આવેલી છે.

કર્મો બાદ જો વચ્ચે જ ચાલવાનું છોડી દે તોપણ તે ઇષ્ટ સ્થળે પહોંચી શકતો નથી તેમ વ્યવહારમાં જે મૂઢો કેવળ પુસ્તકો વાંચીને કિંવા શ્રવણાદિ કરીને હવે આત્મા એટલે શું તે તો અમો સમજ્યા છીએ, એમ દુરાગ્રહથી માની બેસે છે કારણ કે ફક્ત પુસ્તકોનું વાચન કે શ્રવણ એટલે જ જ્ઞાન; એવું તેમનું માનવું હોય છે પરંતુ અંતર્મુખ થઈ આત્માનુભવને માટે પ્રયત્ન કરવાનું છોડી દે તેવાઓને કદી પણ આત્મપ્રાપ્તિ થતી જ નથી, અથવા આત્મપ્રાપ્તિને માટે કદી પ્રયત્નનો આરંભ જ જેણે કર્યો નથી તેવા મૂઢોના નસીબમાં પણ તે સંભવતી નથી; તેમ કર્મોનો આરંભ જ નહિ કરે તેટલા ઉપરથી કાંઈ તે નિષ્ક્રિય ભાવને પ્રાપ્ત થઈ શકતો નથી, પરંતુ ઉપર બતાવેલી કર્મયોગનિષ્ઠાનુસાર કર્મ કરતી વખતે તે તમામ આત્મસ્વરૂપ છે, એમ નિશ્ચયપૂર્વક સમજીને અર્થાત્ તેવા પ્રકારની કેવળ એક આત્મદૃષ્ટિમાં જ સ્થિત થઈને જે કર્મો થાય છે. તે તમામ કર્મો વાસ્તવિક નિષ્ક્રિયરૂપ ગણાય છે. આ રીતે કર્મ કરવા છતાં તેમાં લિપ્ત નહિ થવાની જે કુશળતા અથવા યુક્તિ તેને જ કર્મયોગ કહે છે અને તેવો પુરુષ જ ખરી નિષ્કર્મતા પ્રાપ્ત કરી શકે છે.

સાચી સિદ્ધિ પ્રાપ્ત થવાની યુક્તિ

નિઃસંગ આત્મસ્વરૂપમાં કર્તા, કરણ અને કર્મ તથા તેના સાક્ષીભાવનો સંભવ કદીપણ હોઈ શકે જ નહિ, એવા પ્રકારના નિશ્ચયથી કર્મનો આરંભ થવા અગાઉ આત્મામાં કર્મની ઉત્પત્તિ થવી કદાપિ શક્ય નથી એ રીતે અથવા તો વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે જ તે આત્મરૂપ છે એમ સમજીને તેને તત્કાળ દાબી દેવી. આ બે પૈકી અંતઃકરણમાંથી જે જે વૃત્તિનું ઉત્થાન થાય એટલે તુરત તે આત્મરૂપ છે એવા પ્રકારની જે યુક્તિ તે કર્મસંન્યાસ કહેવાય, કેમકે આમાં પ્રથમતઃ વૃત્તિનું ઉત્થાન જ થવારૂપ કર્મ થયું અને પછી તે આત્મસ્વરૂપ છે એ રીતે તેનો સંન્યાસ થયો; તેથી તે કર્મસંન્યાસ કહેવાયો. તેવો કર્મસંન્યાસ જ ખરી નૈષ્કર્મ્ય સિદ્ધિ પ્રાપ્ત કરાવી આપે છે અને અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું, એવી સાવચેતી રખાવનારી યુક્તિ તે સાંખ્યયોગ, બુદ્ધિયોગ, જ્ઞાનયોગ કિંવા જ્ઞાનસંન્યાસ કહેવાય છે: કારણકે, આગાં આત્મા તદ્દન અસંગ છે, તેમાં હું, તું, તે, આ વગેરે ભાવોની ઉત્પત્તિ થવી કદી પણ શક્ય નથી, એવા પ્રકારની જ્ઞાનની પ્રથમ જરૂર હોય છે આથી તે જ્ઞાનયોગ કહેવાયો, તથા અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થયા બાદ આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારે તેને દાબી દેવારૂપ જે યુક્તિ તે કર્મયોગ કહેવાયો. કેમકે તેમાં જેમ દાગીના સુવર્ણરૂપ જ છે, એમ જાણવાની આવશ્યકતા હોય છે તેમ વૃત્તિનું ઉત્થાન થયું કે તે આત્મસ્વરૂપ છે, એ પ્રમાણે સમજવાની જરૂર હોય છે. આ મુજબ તત્ત્વજ્ઞાનીઓએ આ બે પ્રકારની નિષ્ઠા, શ્રદ્ધા કિંવા અભ્યાસની યુક્તિઓ કહેલી છે, તે બંનેનો સંખ્ય કિંવા બુદ્ધિયોગમાં સમાવેશ થઈ જાય છે. તેનું અવલંબન કરવાથી ખરી નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે, સંક્ષેપમાં એટલું જ કે, આ સર્વ કર્મો આત્મસ્વરૂપ જ છે, એવી દૃષ્ટિનો આશ્રય કરી અભ્યાસ કરવો તે કર્મયોગ તથા આત્મામાં કર્મ, તેનો કરનાર તથા તેનો સાક્ષી વગેરે ભાવો કદી ઉત્પન્ન જ થયા નથી, માટે આ દૃશ્ય આદિ જે જે કાંઈ ભાસે છે; તે સર્વથી ભિન્ન એવો આત્મા છે, તે તો તદ્દન નિઃસંગ હોઈ તેમાં કદી કાંઈ પણ સંભવતું જ નથી, એવા પ્રકારની જે અભ્યાસયુક્તિ તે જ્ઞાનયોગ કહેવાય. પરમ શ્રેય એટલે જેની પ્રાપ્તિ થવાથી ફરી વાર પુનઃ કદી દુઃખ પ્રાપ્ત થતું નથી, તે સ્થિતિની પ્રાપ્તિ કરાવી આપનારા સાંખ્યયોગના આ જ મુખ્ય બે માર્ગો છે.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥

તમામ જીવોનાં કર્મો પ્રકૃતિએ જ નિશ્ચિત કરેલાં હોય છે

હે અર્જુન ! વ્યવહારમાં સર્વત્ર નજર કરીને જો કે કોઈ પણ પુરુષ એક ક્ષણને માટે પણ કર્મ કર્યા સિવાય કદી રહી શકે છે ખરો કે ? જાણે કિંવા અજાણે તે કાંઈ ને કાંઈ કર્મ કર્યા જ કરે છે. અરે ! જો કે ઘોર નિદ્રામાં પડેલો પુરુષ પણ અજાણપણે આમથી તેમ આળોટે છે. તેમ જે કાંઈ કરતો નથી એવું

કહે છે તે પણ વાસ્તવિક રીતે તો કાંઈ ને કાંઈ કર્મ કર્યા જ કરે છે; કર્મો શરીર, વાણી અને મન એમ ત્રણ પ્રકારથી થાય છે. વાસ્તવિક રીતે તો કોઈ શારીરિક કર્મ કર્યા વગર રહી શકતો નથી, પ્રકૃતિનો તે સ્વભાવ જ છે. કદાચ કોઈ કહે કે, હું કાંઈ કરતો નથી પણ પડી રહ્યો છું, તો આમ પડી રહેવું, નિદ્રા લેવી એ પણ વસ્તુતઃ તો કર્મ જ છે. તે છતાં શારીરિક કર્મ કરતો ન હોય તો વાચિક કર્મ કરે છે તથા વાચિક કર્મ પણ કરતો નથી, એમ કહે તો માનસિક કર્મ તો કર્યા જ કરે છે, એ તો દરેકના અનુભવની વાત છે; કારણકે પ્રકૃતિના પાશમાં પરતંત્ર બનેલા અને તેના જ ત્રણ ગુણોની મર્યાદામાં સપડાયેલા એવા આ બધા અજ્ઞાની જીવો પાસે આ પ્રકૃતિ પરાણે નિત્યપ્રતિ કાંઈ ને કાંઈ કર્મ કરાવ્યે જ જાય છે.

પ્રકૃતિના નિયત કાર્યોમાં કદી ફેરફાર થતો નથી

શ્રીભગવાન અત્રે પ્રારબ્ધવાદ વા નિયતિની નિશ્ચિતતા બતાવે છે. તેમનો કહેવાનો ઉદ્દેશ એ છે કે, પ્રત્યેક પ્રાણી પોતે હું અમુક કર્મ કરું છું અથવા નથી કરતો, અમુક કરીશ કે નહિ કરું, હું કરું છું તો જ કર્મ થાય છે ઇત્યાદિ જે જે કાંઈ સમજે છે, તેમની તેવી માન્યતા ભૂલભરેલી હોય છે; કારણ કે પ્રાણી માત્રને માટે કયારે, કયાં, અને કયું કર્મ કરવું તે સંબંધમાં નિયતિ એટલે ત્રણ ગુણવાળી પ્રકૃતિ, માયા કિંવા ઈશ્વરની ઇચ્છાશક્તિ (વૃક્ષાંક ૩) એ ઈશ્વર(વૃક્ષાંક ૨)ની પ્રેરણાનુસાર પ્રથમથી જ નિર્ણય કરી રાખેલો હોય છે, તેમાં કોઈ કદી કિંચિન્માત્ર પણ ફેરફાર કરી શકતો નથી. કર્મ કરવાં કે નહિ કરવાં અથવા તો તે કયાં કયાં અને કેવી રીતે કરવાં વગેરે બાબતો અર્થાત્ કાળ, દેશ અને ક્રિયાની મર્યાદાઓ પ્રત્યેક પ્રાણીને માટે નિયતિએ પ્રથમથી જ નિશ્ચિત કરાવેલી હોય છે, તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ નિયતિ, પ્રકૃતિ કિંવા ઈશ્વરની માયાશક્તિ (વૃક્ષાંક ૩) એ જ પોતે હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨)રૂપે અને પછી સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩)રૂપે બની પોતાના સંકલ્પ અનુસાર આ વિરાટ (વૃક્ષાંક ૧૪ તથા ૧૫ ક) એવું સમષ્ટિરૂપ બ્રહ્માંડ ઉત્પન્ન કરેલું છે. તેમાં ઋષિ, મનુ, ઇંદ્ર, આદિ દિક્પાળો તથા દેવ, અસુર, નાગ, મનુષ્ય ઇત્યાદિ અસંખ્ય પ્રાણીઓના જે સમૂહો ઉત્પન્ન થયેલા છે, તે સર્વ આ નિયતિના નિયત કરેલા નિયમાનુસાર પોતપોતાનું કરેલું કાર્ય બિનચૂક કર્યે જાય છે, આમાં કોઈપણ જીવો વ્યવહાર દૃષ્ટિએ થનારા આ પ્રકૃતિના નિયત કાર્યોમાં કિંચિન્માત્ર પણ ફેરફાર કરવા શક્તિમાન હોતા નથી, કેમકે તે સર્વે નિયતિપાશમા પરતંત્ર છે. આના વધુ સ્પષ્ટીકરણને માટે દાંત સાથે સમજાવવામાં આવે તો તેથી વધુ પ્રકાશ પડશે.

નિયતિની સ્પષ્ટતાને માટે સુવર્ણનું દૃષ્ટાંત

ઉદાહરણને માટે સુવર્ણ લો અને તેના દાગીના બનાવવાના છે એમ સમજો; આમાં (૧) સુવર્ણ, (૨) દાગીનાનો માલિક, (૩) માલિકની ઇચ્છાશક્તિ પ્રમાણે દાગીનાનું કામ નિયત કરીને તે પ્રમાણે કરાવી લેનારો તથા તે બરાબર થાય છે કે નહિ તે ઉપર દેખરેખ રાખનારો એવો એક વિશ્વાસુ મુનીમ, (૪) જેટલા સુવર્ણના દાગીના બનાવવાના હોય તે સુવર્ણની એક લગડી (ગોળો), (૫) દાગીના બરાબર બનાવે એટલા માટે કારીગર પર દેખરેખ રાખનારો માલિક તથા તેના મુનીમનો વિશ્વાસુ મહેતાજી કે જેને સુવર્ણ અને દાગીનાઓની પણ માહિતી હોય તે, (૬) કારીગરો તેમ જ, (૭) કારીગરોએ બનાવેલા ભિન્ન ભિન્ન દાગીનાઓ અને, (૮) તે ઉપરનો વિવિધ નકશી વગેરે કાર્યો, આ પ્રમાણેની વ્યવસ્થાની જરૂર હોય છે. હવે દાગીના બરાબર થયા કે નહિ તે મહેતાજી મારફતે મુનીમ તપાસે છે અને બરાબર નથી, આ બરાબર છે વગેરે માલિકની ઇચ્છાનુસાર ફકત પસંદ કરવાનું કાર્ય તે પોતે જ કરે છે. તેની આજ્ઞાનુસાર મહેતાજી દાગીના બનાવવાનું તથા તોડવાનું વગેરે તમામ કાર્ય કારીગરોની પાસે કરાવે છે, પરંતુ તેથી ઉત્પન્ન થતું સુખદુઃખ ભોગવવાનું કામ તો કારીગરોનું જ હોય છે. મહેતાજીનું કાર્ય સોનું આપ્યું તે પ્રમાણે બરાબર પાછું આવ્યું કે નહિ તેની ખાત્રી કરી લેવી અને દાગીનો તૈયાર થઈ પસંદગી થતાં સુધીની તમામ માહિતિ મુનીમને પૂરી પાડવી એટલું જ હોય છે, તથા કહે કે આ સારો નથી તો તેનો આજ્ઞાનુસાર કારીગરો પાસે તે ફરીથી તૈયાર કરાવે છે. કારીગરોને તે તોડીને ફરીથી બનાવવો પડે છે. આમ સુખદુઃખ

તો આ કારીગરોને જ ભોગવવાં પડે છે. મહેતાજીનું કાર્ય તો મુનીમની સૂચના પ્રમાણે દાગીના બરાબર થયા કે નહિ તે જોઈ તે તૈયાર થયે તેને બતાવી તેની પસંદગી મેળવવી એજ હોય છે; તેથી તે પણ સુખદુઃખનો ભાગીદાર નથી. માલિકની પ્રેરણા પ્રમાણે દાગીનાઓ તૈયાર થયા એટલે તેની આજ્ઞા પ્રમાણે મુનીમ તેને સ્વાધીન કરે છે, એટલે તેને પણ સુખદુઃખ નથી.

સુવર્ણ તથા અલંકારો સાથે ઈશ્વરી માયાની સરખામણી

આ દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણે સુવર્ણ એ આત્મા(વૃક્ષાંક ૧) સમજો. તેને તો દાગીના કે તેના માલિક, મુનીમ, મહેતાજી, કારીગરો વગેરે કશાની પડી હોતી નથી અને તે દાગીનારૂપ થવાથી તેના સ્વરૂપમાં કાંઈ વિકાર થયો એમ પણ નથી; તેમાં આ માલિક મુનીમાદિ ભાવો સાવ મિથ્યા છે; તેમ આ આત્મા તદ્દન નિર્લેપ અને અસંગ છે. સુવર્ણનો માલિક જેટલા સુવર્ણના દાગીના બને તેટલા દરેક આકારોનો સાક્ષી હોય છે, તેમ આ ઈશ્વર (વૃક્ષાંક ૨) સર્વના હૃદયનો અર્થાત્ તમામ દૃશ્યાદિનો સાક્ષી અથવા દ્રષ્ટા છે, એમ સમજો. તેની ઈક્ષણ(પ્રેરણા) શક્તિ અનુસાર જેમ મુનીમ મહેતાજીને સુવર્ણ આપી તેની મારફતે કારીગર પાસે અનેક પ્રકારના દાગીનાઓ બનાવરાવી લેવાનું કાર્ય કરે જાય છે, તેમ ઈશ્વરની 'હું' રૂપ માયા, પ્રકૃતિ કિંવા નિયતિ શક્તિ(વૃક્ષાંક ૩) એ મુનીમ છે, એમ સમજો, તેની આજ્ઞા પ્રમાણે જ મહેતાજી અને કારીગરને વર્તવું પડે છે, તેમ આ નિયતિ કિંવા માયા(વૃક્ષાંક ૩)ની આજ્ઞા મુજબ અવ્યક્ત પ્રકૃતિ(વૃક્ષાંક ૪) અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫) તથા મહાપ્રાણ(વૃક્ષાંક ૬)ને વર્તવું પડે છે. તેઓ આ નિયતિની આજ્ઞાનું કદેજ પણ ઉલ્લંઘન કરી શકતા નથી. જેમ જેટલા સોનાના દાગી।। બનાવવા હોય તેટલા સુવર્ણનો એક ગોળો તથા તેમાંથી કયા કયા દાગીના બનાવવા તેની તમામ સૂચનાઓ મુનીમ મહેતાજીને આપે છે; આ સુવર્ણનો ગોળો કિંવા લગડી એ આત્માનું અવ્યક્ત સ્વરૂપ(વૃક્ષાંક ૪) સમજો, તેમાં ભાવિ અનેક બ્રહ્માંડોના સમૂહો, તથા તેમાં ચાલનારા તમામ વ્યવહારની નિશ્ચિતતાનું બીજ હોય છે. આ સમગ્ર બ્રહ્માંડો ઉત્પત્તિ પૂર્વે અને વિલય પછી આ અવ્યક્ત તત્ત્વમાં જ રહે છે. જેના પર માલિક તથા મુનીમનો પણ વિશ્વાસ છે, તથા જેને દાગીનાનું પણ સંપૂર્ણ જ્ઞાન છે, એવો જે મહેતાજી કહ્યો તે ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિયુક્ત એવું અર્ધનારીનટેશ્વર કિંવા પ્રકૃતિપુરુષનું ઐક્યરૂપતત્ત્વ(વૃક્ષાંક ૫) સમજો અને કારીગરો એટલે મારું મારું કહી મિથ્યા અહંકાર ધારણ કરનારો મહાપ્રાણ કિંવા જીવાત્મા(વૃક્ષાંક ૬) સમજો. આમ મમભાવ ધારણ કરનારા મિથ્યા અભિમાની જીવો તો અસંખ્ય હોય છે. હવે દાગીના બનાવવાને માટેનાં સાધનો હથિયારો વગેરે તે મહત્તત્ત્વથી બ્રહ્માંડ(વૃક્ષાંક ૭ થી ૧૪) સુધીના ભાવો સમજવા, તથા દાગીના ઉપર જે વિવિધ પ્રકારની નકશીઓ હોય તે ચિત્રવિચિત્ર ચૌદ લોક વડે વ્યાપેલું એવું સમષ્ટિરૂપ આ ચરાચર સ્થૂળ બ્રહ્માંડ(વૃક્ષાંક ૧૫ ક થી ઘ) સમજવું. દૃષ્ટાંતો હંમેશાં એકદેશીય હોય છે, તે લક્ષમાં રાખવું. કોઈ પૂછે કે, આ દાગીનો કોણે બનાવ્યો ? તો તેના ઉત્તરમાં કારીગરે (સોનીએ); તેમ આ સર્વ જગતાદિ અનંત સૃષ્ટિઓનો કર્તા કોણ ? તો જીવ કિંવા મહાપ્રાણ(વૃક્ષાંક ૬). પ્રકૃતિના અંશ વડે કાર્ય કરવાનું અને પુરુષાંશ વડે સર્વ દ્વંદ્વો તથા ત્રિપુટીથી ઊપજતાં સુખદુઃખાદિ ભોગવવાનું કામ તેનું જ હોય છે. આ મહાપ્રાણ કિંવા જીવ એ વિરાટ પુરુષ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)નો સમજવો. વસ્તુતઃ એ ઈશ્વર પોતે જ પ્રકૃતિ અને જીવાદિ રૂપે વાસનાવશાત્ અનંત સમષ્ટિ અને વ્યષ્ટિ આકારોના સમૂહો વડે સ્થૂળ અને સૂક્ષ્મરૂપે ચરાચર દૃશ્યાદિમાં સર્વત્ર વ્યાપી રહેલો છે. કારીગર સોનીને ઉંદરખાને જેમ દ્રવ્ય મેળવવાની વાસનાઓ હોય છે તેમ આ જીવાત્મામાં પણ અનેક પ્રકારની ચિત્રવિચિત્ર અનંત વાસનાઓ ઉંદરખાનેથી ભરેલી હોય છે, તેનો પાર નથી; તેથી જ તે પ્રકૃતિપાશમાં બંધાઈ સુખદુઃખ ભોગવ્યા કરે છે. મહેતાજી તો મુનીમ અને સોની એ બેની વચ્ચેનો એક દુભાષિયા જેવો હોય છે, એટલે તેને હર્ષ શોક વગેરેનું કાંઈ પ્રયોજન હોતું નથી; તેમ આ અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫)નું સમજવું. હવે મુનીમ એટલે માયા, પ્રકૃતિ અર્થાત્ "હું"રૂપ આભાસ અથવા રજોગુણ(વૃક્ષાંક ૩), તે તો આ ત્રિપુટીના સાક્ષીભાવમાં સ્થિત રહી આ સારું છે, આ સારું નથી, આ દુઃખી થયો, આ

સુખી થયો, ઇત્યાદિ જાણવાનું કાર્ય કરે છે અને ઈશ્વરની કાળ કિંવા ઈક્ષણશક્તિને લીધે "હું" "હું" એવા ક્ષોભને પામી ત્રણ ગુણ ધારણ કરીને ચરાચરને નિયમમાં રાખનારી નિયતિશક્તિરૂપ બને છે, એની આજ્ઞા વગર કાંઈ પણ થવું શક્ય નથી, તેમ તેની આજ્ઞાનું ઉલ્લંઘન પણ કોઈ કરી શકતું નથી. આ નિયતિ એ જ પ્રકૃતિ વા માયા(વૃક્ષાંક ૩) સમજો. નિયતિનો જે દ્રષ્ટા અથવા સાક્ષી તે ઈશ્વર(વૃક્ષાંક ૨) સમજો. તે પોતાની કાળરૂપ ઈક્ષણ શક્તિ વડે દરેકના હૃદયમાં "હું" "હું" એવા ભાવની સ્ફુરણાનો પ્રેરક હોય છે, તેથી તે સર્વનો માલિક ગણાય છે. આટલું થવા છતાં પણ સુવર્ણમાં જેમ કિંચિન્માત્ર વિકાર થવો સંભવતો નથી, તેમ અનિર્વચનીય એવા આત્મા(વૃક્ષાંક ૧)માં કિંચિન્માત્ર પણ વિકાર થવો સંભવતો નથી, એટલું જ નહિ પરંતુ તે પોતાના સ્વરૂપથી કદી પણ ભ્રષ્ટ થતો નથી.

દરેકમાં પુરુષ અને પ્રકૃતિ એ બંને અંશોનું મિશ્રણ હોય છે

ઉપર જે માયા, નિયતિ કિંવા ઈશ્વરની શક્તિરૂપ "હું" (વૃક્ષાંક ૩) તથા અવ્યક્ત (વૃક્ષાંક ૪) શક્તિઓ કહી તેમાં પુરુષ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)ની પ્રેરણાનો અંશ તો હોય છે જ તે ભૂલવું નહિ, એટલે માયા(વૃક્ષાંક ૩)માં પુરુષાંશ(વૃક્ષાંક ૨) તથા અવ્યક્ત પ્રકૃતિ(વૃક્ષાંક ૪)માં પુરુષ(વૃક્ષાંક ૨) તથા પ્રકૃતિ(વૃક્ષાંક ૩) એ બંનેનું મિશ્રણ હોય છે. આ રીતે પ્રકૃતિ(વૃક્ષાંક ૩)માં જે પુરુષનો અંશ તેને સદાશિવ અથવા વાસુદેવ કહે છે, તથા શક્તિનો જે અંશ તેને માયા અથવા પ્રકૃતિ કહે છે, અવ્યક્ત(વૃક્ષાંક ૪)માં જે પુરુષનો અંશ તે શિવ અને શક્તિનો અંશ તે અવ્યક્ત પ્રકૃતિ છે, એમ સમજવું. આને પ્રધાન પણ કહે છે. અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫)માં પણ ભાવિ દૃશ્યાભાસ પ્રકટ કરનારા એવા પ્રકૃતિપુરુષના જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિના અંશોનું મિશ્રણ સમભાગે હોય છે તેને અર્ધનારીનટેશ્વર કિંવા પ્રકૃતિપુરુષ એમ પણ કહેવામાં આવે છે. આગાં જ્ઞાનશક્તિ જે પુરુષાંશ તે શિવ(નટેશ્વર) તથા ક્રિયાશક્તિ પ્રકૃતિ અંશ તે શક્તિ(અર્ધનારી) છે એમ સમજો. આમાં ભાવિ દૃશ્યાદિ રૂપે પ્રતીત થનારું અનંત આકારાદિવાળું દૃશ્યજાળ ખડું કરવાની જ્ઞાન અને ક્રિયાના મિશ્રણયુક્ત અનેક શક્તિઓ સૂક્ષ્મરૂપે રહેલી હોવાથી તે બંને શક્તિઓનું મિશ્રણ જીવાત્મા કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬)માં તથા તેના તમામ કાર્યમાં એક સાથે જ રહેલું હોય છે. જેમ દરેક મનુષ્ય મારું શરીર એમ કહે છે, ત્યારે તે તેમાં "હું" અને "મારું" એવી બે વસ્તુઓ જુદી પાડીને પ્રત્યક્ષ બતાવી શકતો નથી, પરંતુ શરીર પ્રત્યક્ષ બતાવી શકાય તેવું હોઈ તેને આ મારું શરીર છે એમ કહેનારો "હું" તો અદૃશ્ય રૂપે હોય છે; તે કાંઈ નેત્ર વડે જોઈ શકાતો નથી, પણ ફક્ત જ્ઞાન વડે જ જાણી શકાય તેવો છે, આથી તેમાં "હું" નો જે અંશ તે જ્ઞાનશક્તિ તથા મારું એટલે મમત્વભાવનો જે અંશ તે ક્રિયાશક્તિ સમજવી. આ રીતે જ આ અર્ધનારીનટેશ્વર તત્ત્વના અંશો ચરાચર દૃશ્યાદિમાં એક સાથે જ રહેલા હોય છે. જેમ મુનીમ માલિકની આજ્ઞા મુજબ મહેતાજી દ્વારા પોતાના કારીગરો પાસે દાગીનાઓ તૈયાર કરાવી લે છે, તેમ આ "હું" (વૃક્ષાંક ૩) અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫) દ્વારા અવ્યક્તપ્રકૃતિ(વૃક્ષાંક ૪) એટલે સુવર્ણની લગડીને શુદ્ધ કરાવી જીવાત્મા(વૃક્ષાંક ૬)રૂપે કારીગર પાસેથી અનેક દાગીનાઓ બનાવી લે છે. અર્થાત્ આ કારીગર એ તો જીવ(વૃક્ષાંક ૬) છે, તથા સુવર્ણનો ગોળો અથવા લગડી તે અવ્યક્ત(વૃક્ષાંક ૪) છે, એમ સમજો. હવે સુવર્ણમાંથી અમુક અમુક પ્રકારના દાગીનાઓ બનાવવા એવા પ્રકારનો પ્રથમ મનમાં નિશ્ચય કરવો પડે છે, તે જ આ અવ્યક્ત(વૃક્ષાંક ૪) માંથી વ્યક્ત થવા પૂર્વનું વ્યક્તાવ્યક્ત તત્ત્વ હોઈ તેને જ અર્ધનારીનટેશ્વર કિંવા પ્રકૃતિપુરુષ કહેવામાં આવે છે(વૃક્ષાંક ૫). આ તત્ત્વ એટલે જ સર્વ કારીગરો ઉપર દેખરેખ રાખનારો મહેતાજી સમજો.

ઈશ્વર(વૃક્ષાંક ૨) તો પોતાની કાળરૂપ ઈક્ષણ એટલે ઇચ્છાશક્તિ વડે "હું"(વૃક્ષાંક ૩) નો મૂળ પ્રેરક છે. તેની સત્તાના આધારે આ "હું" (વૃક્ષાંક ૩) પોતે પોતાની આ ત્રણ ગુણના મિશ્રણવાળી અવ્યક્ત કિંવા અપ્રકટ સંકલ્પશક્તિ(વૃક્ષાંક ૪) દ્વારા પોતાના હાથ નીચેના પ્રેરકને અર્થાત્ અર્ધનારીનટેશ્વરને સૂચના આપે છે. આ "હું"(વૃક્ષાંક ૩)નો જે અવ્યક્ત શક્તિ(વૃક્ષાંક ૪) છે તેના આધારે પ્રેરક(વૃક્ષાંક ૫)

અને કારીગરરૂપ જીવાત્મા(વૃક્ષાંક ૬) પાસે તે કાર્ય લેતો રહે છે. વાસના એ જ જીવાત્માનો ખોરાક કિંવા શક્તિ છે. અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫) એ તો આ અવ્યક્ત(વૃક્ષાંક ૪) તથા મહાપ્રાણ(વૃક્ષાંક ૬)નું જોડાણ કરનારો સાંધો કહેવાય. આ અર્ધનારીનટેશ્વર એ બંને એક બીજાને છોડીને કદી પણ રહી શકતાં નથી. શક્તિરૂપે વ્યક્ત થવું તથા શિવ(પુરુષ)રૂપે તેને સૂક્ષ્મ રીતે પ્રેરણા કરવી એ મુજબ ચરાચરમાં આ બે અંશોનું એક સાથે જ અસ્તિત્વ હોય છે, જે ઉપર કહેલું છે; તેમાં પ્રકૃત્યંશ એ શક્તિ તથા પુરુષાંશ એ જ્ઞાન કહેવાય છે. હવે ઉપર કહી ગયા તેમ આ જીવ કિંવા શક્તિ કે જેને મહાપ્રાણ પણ કહેવામાં આવે છે (વૃક્ષાંક ૬ જુઓ) તે પોતે તો આ ઈશ્વરીય સત્તાને આધારે નિયત થયેલા ચોરણે અર્ધનારીનટેશ્વર તરફથી સુચના થયા મુજબ અવ્યક્ત(વૃક્ષાંક ૪)માંથી પ્રથમ વિરાટના સૂક્ષ્મ દેહરૂપ અપરા પ્રકૃતિના અંતઃકરણ(વૃક્ષાંક ૭) રૂપે બને છે, તે જ મહત્તત્ત્વ કહેવાય છે. આ મહત્તત્ત્વમાં જે શિવાંશ તે વિરાટનું અંતઃકરણ તથા શક્તિઅંશ તે મહાગાયા રૂપ છે, એમ સમજો (વૃક્ષાંક ૭ જુઓ); બાદ તે મહત્તત્ત્વ પોતે જ નિયતિના સંકલ્પવશાત્ અહંકાર ધારણ કરે છે, તેમાં પુરુષાંશ તે દેવતા રુદ્ર હોઈ પ્રકૃત્યંશ તે અહંકાર જાણવો(વૃક્ષાંક ૮ જુઓ); તેમાંથી એક શાખા વિરાટના ચિત્ત રૂપે પ્રકટ થવા પામેલી છે, તેમાં પુરુષાંશ કિંવા દેવતા ક્ષેત્રજ્ઞ (વિષ્ણુ વા યજ્ઞનારાયણ) તથા પ્રકૃતિ અંશ તે ચિત્ત છે. આમાંના પુરુષાંશને યજ્ઞનારાયણ, વિષ્ણુ અથવા સવિતા દેવ પણ કહે છે(વૃક્ષાંક ૯ જુઓ); પછી તે મહત્ પ્રકૃતિ જ વિરાટ પુરુષની બુદ્ધિરૂપ બનેલી હોઈ તેના દેવતા બ્રહ્મા છે(વૃક્ષાંક ૧૦); તેમાં બ્રહ્મા પુરુષાંશ તથા બુદ્ધિ એ શક્તિઅંશ સમજવો; પછી તે જ આ નિયતિના સંકલ્પવશાત્ વિરાટના મનરૂપ બનેલો છે(વૃક્ષાંક ૧૧), તે મનની અંદર જે પુરુષાંશ છે તે ચંદ્ર કહેવાય છે તથા પ્રકૃતિનો અંશ છે તેને મન કહે છે. અહંકારમાંથી બીજી પેટા શાખા સત્ત્વ, રજ તથા તમ એ પ્રમાણે ગુણદર્શક ક્રમે વૈકારિક, તૈજસ અને તામસ રૂપે બની તે જ ક્રમે કર્તા એટલે અધિદૈવ (દેવતા), કારણ એટલે અધ્યાત્મ (ઇંદ્રિય સમૂહરૂપ) તથા કાર્ય એટલે અધિભૂત (સૂક્ષ્મ તન્માત્રા સહ પંચ મહાભૂતાદિ) રૂપે બનેલી છે(વૃક્ષાંક ૮ના પેટામાં આવેલા ૧થી૯ તથા અ, આ, ઇના પેટાંતર ભાવો જુઓ). અત્યાર સુધીનાં તમામ મિશ્રણો(વૃક્ષાંક ૨ થી ૧૧) હિરણ્યગર્ભમાં એકત્ર થવા પામેલાં છે(વૃક્ષાંક ૧૨); આમાંથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ કરનારા અસંખ્ય બ્રહ્મદેવોની ઉત્પત્તિ થયા જ કરે છે (વૃક્ષાંક ૧૩). આ રીતે ઈશ્વરીય પ્રેરણાત્મક સંકલ્પરૂપ નિયતિની શિવ નામની અવ્યક્ત શક્તિની સત્તા વડે સૂત્રાત્મારૂપ જીવાત્માએ વિરાટપુરુષના સ્થૂળ દેહરૂપ આ સર્વ ચૌદલોકથી વ્યાપેલા ચરાચર બ્રહ્માંડો ઉત્પન્ન કરનારા અસંખ્ય બ્રહ્મદેવો નિર્માણ કરેલા છે(જુઓ વૃક્ષાંક ૧૩) અને તે બ્રહ્મદેવોએ નિયતિની સત્તાનુસાર પોતાનાં સંકલ્પબળે વિરાટના સ્થૂળ દેહવાળા અનેક બ્રહ્માંડો નિર્માણ કરેલા છે(જુઓ વૃક્ષાંક ૧૪થી ૧૫ઘ), જે દરેક બ્રહ્માંડોમાં આગળ બતાવી ગયા તેમ વેદ સહ ચૌદ લોકનું પ્રાકટ્ય થયેલું છે. આ રીતે નિયતિની સત્તા વડે આ સર્વ તંત્ર ચાલી રહ્યું છે, તેમાં કોઈ કિંચિન્માત્ર પણ ફેરફાર કરવા સમર્થ નથી(વૃક્ષને માટે કિરણાંશ ૩૬ પાન ૯૭થી૧૦૦ અને સમજૂતી માટે કિરણાંશ ૩૭ જુઓ).

સાધન વગર કેવળ સંકલ્પથી જ બ્રહ્માંડ શી રીતે નિર્માણ થાય?

બ્રહ્મદેવે આ સર્વ સ્થૂળ બ્રહ્માંડાદિમાંના ચૌદ લોકનું સર્જન ઈશ્વરીય શક્તિ વા નિયતિ અથવા પ્રકૃતિ (વૃક્ષાંક ૨)-ની સત્તાથી કોઈ પણ સાધન વગર કેવળ સંકલ્પબળ વડે જ કરેલું છે, એમ કહેવામાં આવ્યું, તે શી રીતે સંભવે તેની નીચેના દૃષ્ટાંતથી સ્પષ્ટતા થશે. વ્યવહારમાં દરેક મનુષ્યને સ્વપ્ન આવે છે એ વાત તો નિર્વિવાદ છે. કોઈ પણ મનુષ્ય સૂતી વખતે આજે આપણને અમુક અમુક પ્રકારનું સ્વપ્ન આવશે માટે અમુક અમુક સાધનો આપણી પાસે હોવાં જોઈએ એમ વિચારી કોઈ પણ પ્રકારનાં સાધનો પાસે લઈને સૂતો નથી, છતાં સ્વપ્નમાં તો અનેકવિધ મનુષ્યો, મોટા મોટા સમુદ્રો, પહાડો તથા આકાશાદિ પંચમહાભૂતો, મોટાં મોટાં સાધન સંપન્ન શહેરો વગેરે જાગૃતિની માફક જ જુએ છે; અને વ્યવહાર પણ કરે છે, એમ તેટલા વખતને માટે તો તેને નિશ્ચિત માલૂમ પડે છે. આ બધાં સ્વપ્નમાંનાં દૃશ્યો નિર્માણ કરવાને માટે પ્રત્યેક મનુષ્યની પાસે સાધન શું હોય છે? સ્વપ્નમાં જોવામાં આવતા આ મોટા મોટા પહાડો, સમુદ્રો તળાવો, શહેરો, અરણ્યો

તેમજ પંચમહાભૂતો ક્યાંથી આવ્યાં ? તેને માટે શું સાધન હતું ? અર્થાત્ તે સર્વરૂપે તો આ સ્વપ્ન દેખનાર વ્યક્તિને પોતાના આત્માના અધિષ્ઠાન વડે ઈશ્વરીય સત્તાથી પ્રેરિત એવું સ્વપ્નચૈતન્ય જ અનંત આકારે ભાસે છે, એટલે આ સ્વપ્નથી જોનાર મનુષ્યને તો તે કેવળ પોતાના સંકલ્પબળ વડે જ ભાસે છે, તેથી તે તેનો બ્રહ્મદેવ થયો, એમ સમજો. તે પ્રમાણે જ બ્રહ્મદેવને પણ ચૌદ લોકથી ભરપૂર એવું આ બ્રહ્માંડ નિર્માણ કરવાને માટે બહાર કોઈપણ સાધનની અપેક્ષા હોતી નથી. તે તો કેવળ પોતાના સંકલ્પબળ વડે જ આ સર્વ નિર્માણ કરે છે. સ્વપ્નમાં દેખાતા કોઈ પણ મનુષ્ય અથવા દેવ પોતાની સ્થિતિમાં યત્કિંચિત્ ફેરફાર કરવાને શક્તિમાન હોતા નથી, કેમકે તેઓ તો સ્વપ્ન જોનાર જીવાત્માના સંકલ્પને આધીન હોય છે. તેઓ સ્વતંત્ર હોતા નથી; તે પ્રમાણે આ બ્રહ્માંડ મધ્યેના તમામ જીવો આ નિયતિની સત્તાને અધીન હોવાથી અરીસામાંનાં પ્રતિબિંબોની જેમ પરતંત્ર હોય છે. અરીસાની સામે જેવું બિંબ હોય તેવું જ તેનું અંદર પ્રતિબિંબ પડે છે. કોઈને મોં ઉપર ડાઘ હોય અને જો તે અરીસામાં જોશે તો તેના પ્રતિબિંબમાં પણ મોઢા પર ડાઘ જ દેખાશે, કારણ કે, તે પ્રતિબિંબ પોતે પોતાના મોઢા ઉપરના ડાઘાઓ ભૂંસી નાંખવાને માટે અસમર્થ છે. જો બિંબ તે ડાઘાઓ ભૂંસી નાંખે તો પ્રતિબિંબ પણ તેમ કરે; તે મુજબ આ સર્વ અજ્ઞાનીઓ પ્રકૃતિને વશ થયેલા એવા પરતંત્ર જીવો છે. તે તો બિચારા આ પ્રકૃતિ, માયા અથવા નિયતિની સત્તાથી પરવશ બનેલા હોઈ તેની ઇચ્છા પ્રમાણે જ નિયત કર્મ કરવાવાળા અને તદ્દન પરાધીન હોવાથી આ પ્રકૃતિ તેઓની પાસે ત્રણ ગુણોના આશ્રય વડે નિત્ય કાંઈને કાંઈ કર્મો કરાવ્યા જ કરે છે. આ સંબંધમાં નિશ્ચિતતાને માટે નીચેનું શાસ્ત્રકથન આપવું ઉચિત લાગે છે.

કેવળ કર્મેંદ્રિયોનો નિગ્રહ એ સાચો ત્યાગ નથી.

જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી સમાન ચિત્ત રાખી જે કર્મેન્દ્રિય વડે યોગ્ય વ્યવહાર કરતા નથી તે તત્ત્વજ્ઞ નથી પણ દંભી કિંવા શઠ છે. જેઓ તત્ત્વને નહિ જાણવાથી અજ્ઞાનમાં જ ડૂબેલા રહે છે, તેઓ જ પોતાની આ બાળબુદ્ધિ એટલે અજ્ઞાનને લીધે દેહ વડે સ્વાભાવિક રીતે જ ગ્રહણ કરાયેલી અવસ્થાઓ થકી નાસવા માંડે છે અર્થાત્ કર્મેન્દ્રિયોના સ્વભાવસિદ્ધ કર્મોનો ત્યાગ કરવાની ઇચ્છા સેવે છે, પરંતુ જ્યાંસુધી તલ હોય ત્યાંસુધી તેમાં તેલ હોય છે, તેમ જ્યાંસુધી દેહ હોય ત્યાંસુધી પ્રારબ્ધવશાત્ એટલે નિયતિના સંકલ્પ કિંવા ઇચ્છા મુજબ કાંઈને કાંઈ કર્મો તો તે કર્યા જ કરે છે. આ રીતે જે મનુષ્ય આ દેહ સંબંધી દશા અર્થાત્ નિયતિના નિયમ પ્રમાણે ઇંદ્રિયોનાં કરેલાં સ્વભાવજન્ય કર્મો કરતો નથી એમ કહેવા માગે તો તે વાત આકાશને તલવાર વડે કાપી નાંખવાની જેમ તદ્દન અશક્ય છે. વાસ્તવિક દેહદશાઓ સંબંધી સર્વોત્તમ ત્યાગ તો તે જ છે કે, યોગ એટલે ચિત્તમાં સંકલ્પ ઊઠતાં જ તેને આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારે તરત દાબી દેવો વા અંતઃકરણમાં વિષયોનું સ્ફુરણ જ થવા નહિ દેવું. આ પ્રકારના યોગને લીધે ચિત્તની જે સમાનતા અથવા નિઃસંગતા થવી એ જ સાચો ત્યાગ છે; બાકી કેવળ કર્મેન્દ્રિયો તરફ ચિત્ત સ્થિર રાખી એટલે કર્મેંદ્રિયોને જ હઠ વડે રોકી રાખવી અને મનમાં તો અનેક વિષયોનું સ્મરણ કરતાં રહેવું એ દેહદશા સંબંધી ત્યાગનો સાચો ઉપાય નથી.

દેહ હોય ત્યાં સુધી જ્ઞાનીઓ પણ પ્રારબ્ધ ભોગવે છે.

જ્ઞાની પુરુષે પણ અંતઃકરણમાંથી સમતાનો ત્યાગ થવા નહિ દેતાં એટલે અંતરમાં વિષયોની વૃત્તિઓનું ઉત્થાન થવા નહિ દેતાં અસંગ અથવા અનાસક્ત થઈ પોતાનો દેહ રહે ત્યાં સુધીને માટે આ દેહ સંબંધી દશા એટલે પ્રારબ્ધવશાત્ નિયતિથી નિશ્ચિત થયેલાં કર્મેંદ્રિયોનાં સ્વભાવજન્ય કર્મોનો વ્યવહાર સદાચારને અનુસરીને કરતાં રહેવું; એટલે તેની વ્યવહાર દૃષ્ટિએ જોવામાં આવતી કાયિક, વાચિક અને માનસિક આદિ સર્વ ક્રિયાઓ ગુણયુક્ત નહિ પણ સદ્રૂપ જ હોય છે. કેમકે તે ગુણોથી પર અર્થાત્ તદ્રૂપ (આત્મરૂપ) બનેલ હોવાથી તેની વ્યવહારદૃષ્ટિમાં દેખવામાં આવતી સઘળી ક્રિયાઓ પણ વાસ્તવિક સદ્રૂપ જ હોય છે. તેવા બ્રહ્મનિષ્ઠ મહાપુરુષનો આચાર સ્વતઃસિદ્ધ અને સ્વાભાવિક થતો હોવાથી તેને શાસ્ત્રકારો સદાચાર કહે છે.

તેથી તેવા આત્મારામ પુરુષે સદાચાર અનુસાર એટલે સ્વાભાવિક રીતે જ શુષ્કપર્ણવત્ ક્રિયાઓ કરવી પણ મન, બુદ્ધિ આદિ જ્ઞાનેંદ્રિયો વડે વિષયાદિનું ચિંતન કરીને હર્ષ શોકાદિ વિકારવાળા થઈને કદી પણ રહેવું નહિ. બ્રહ્માથી માંડીને સર્વ ઉત્તમ ચિત્તવાળા જીવન્મુક્ત પુરુષો પણ નિયત થયેલી આ અવસ્થામાં જ સ્થિત રહે છે, કેમકે નિયતિ કિંવા દૈવનો એવો જ નિશ્ચય છે. અજ્ઞાની જીવો અને જ્ઞાની મહાત્માઓ તથા જે જે કાંઈ આ દૃશ્યવર્ગ રૂપે રહેલું ભાસે છે, તે સર્વ જેમ નદી, નાળાં વગેરેનું જળ હંમેશ સમુદ્રમાં જ જઈને મળે છે, તેમ નિયતિએ નિશ્ચિત કરેલા નિયમ અર્થાત્ દૈવ તરફ જ વળે છે; તેની પ્રવૃત્તિ આ નિયતિ નિયમાનુસાર જ થાય છે, માટે જ્ઞાની પુરુષો પણ મન, બુદ્ધિ આદિને સમાન રાખી, એટલે (આત્મનિષ્ઠામાં સ્થિત રાખી) પોતાનો દેહ હોય ત્યાંસુધી ચાલુ રહેનાર પ્રારબ્ધજન્ય અર્થાત્ પાછલાં પક્વ કર્મોનું ફલ ભોગવવાને માટે જ કર્મેંદ્રિયોનો વ્યવહાર ચાલુ રાખે છે; આ રીતે તેઓ પ્રારબ્ધજન્ય કર્મ સંપૂર્ણ થતાં સુધી વ્યવહારમાં રહી પોતાનો સમય જીવન્મુક્ત દશામાં વ્યતીત કરે જાય છે.

પ્રારબ્ધને ઓળંગી શકાય કે ?

અજ્ઞાની પુરુષો પ્રારબ્ધ પ્રમાણે દશા આવી પડતાં હૃદયમાં ખેદને પામે છે, તેથી તેમના ઉપર જે સુખદુઃખ આવી પડે તે વડે તેઓ આકુળવ્યાકુળ બની જાય છે, તથા અંદરખાને તો અનેક વિષયવાસનાઓને હૃદયમાં ધરે છે; આથી તે બિચારો દેહ ધારણ કરવામાં કારણભૂત બને છે. આમ અનંત પ્રકારની વિષયવાસનાવશાત્ તેનું પ્રારબ્ધ પણ તરેહતરેહનું બદલાયા જ કરે છે. અમુક પ્રાણીએ અમુક જન્મમાં, અમુક પ્રકારે સુખમાં રહેવું અને અમુક પ્રકારે દુઃખની દશામાં રહેવું, એવું જે કાંઈ જીવોએ પોતાનાં કર્મોનુસાર પોતપોતાના લલાટમાં લખાવેલું હોય છે, તે ઘોરણે નિયત થયેલી પ્રારબ્ધની નિશ્ચિતતા અનુસાર જ તેને વ્યવહાર કરવો પડે છે; એટલે અજ્ઞાની હો કે જ્ઞાની હો તે બંને પૈકી કોઈ પણ શરીર હોય ત્યાં સુધીને માટે પ્રારબ્ધને ઓળંગી શકાતું નથી (શ્રી૦ યો૦ નિ૦ પૂ૦ સ૦ ૧૦૪, શ્લો૦ ૩૯ થી ૪૯).

આ સર્વ પ્રકૃતિઅર્થ કે પુરુષાર્થ ?

અત્રે એવી શંકા થવા સંભવ છે કે, "એ પ્રમાણે જો નિયતિતંત્ર બધું નિશ્ચિત જ હોય તો પછી શાસ્ત્રમાં પુરુષાર્થ કરવાનું કહેવામાં આવેલું છે, તેની સિદ્ધિ થતી નથી; એટલું જ નહિ, પણ પછી આત્મજ્ઞાનરૂપ પુરુષાર્થને માટે પણ પ્રયત્ન કરવાની જરૂર રહેશે નહિ તે પણ પ્રારબ્ધવશાત્ થશે?" એવી શંકા કોઈ કરે તો તે નિરર્થક છે. કેમકે વ્યવહાર દૃષ્ટિથી વિચાર કરીશું તો પણ જણાશે કે, વ્યવહારમાં કોઈ આપણને મળે તો તેને "તમારી પ્રકૃતિ સારી છે?" એવો પ્રશ્ન પૂછવામાં આવે છે, તમારો "પુરુષ સારો છે?" એવું કદી કોઈને પૂછવામાં આવતું નથી, તો આને શું સમજવું? પ્રકૃતિ કે પુરુષ? જો વ્યવહારમાં પણ આને પ્રકૃતિ એમ કહેવામાં આવે છે તો પછી પ્રકૃતિ દ્વારા બનારાં તમામ કર્મો પ્રકૃતિઅર્થ ગણાય, તેને પુરુષાર્થ કહેવું એ શું ન્યાયી ગણાશે? આ રીતે ન્યાયદૃષ્ટિએ વિચાર કરવાથી પણ એ નિશ્ચિત થાય છે કે, પ્રકૃતિ દ્વારા બનારો તમામ વ્યવહાર પ્રકૃતિ અર્થે જ થયેલો ગણાય અને પુરુષ તો પ્રકૃતિથી પર એવો કોઈ જુદો જ હોવો જોઈએ, એમ સિદ્ધ થાય છે. હવે આ પુરુષ કોણ? તેનો વિચાર કરવો પડશે. વાસ્તવિક રીતે આ પ્રકૃતિ પણ જેના આશ્રયે અને સત્તા વડે રહેલી છે તે જ પુરુષ છે, એમ વિચારને અંતે જણાઈ આવશે, આ પુરુષની પ્રાપ્તિને માટે જે પ્રયત્ન એ જ પુરુષાર્થ ગણાય. તે પુરુષ સ્વતંત્ર, અસંગ તથા સર્વ સત્તા અને સાક્ષીના પણ અધિષ્ઠાનરૂપ હોઈ આ પ્રકૃતિનું અસ્તિત્વ પણ તેની સત્તા વડે જ ભાસે છે. એ રીતે પુરુષની સત્તા વડે જ ભાસતી આ પ્રકૃતિ પોતાના નિયંતા પુરુષને મર્યાદામાં કેવી રીતે લઈ શકે? અર્થાત્ [1]સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ ત્રણે તો પ્રકૃતિના ધર્મો હોઈ જે પોતાને હું એટલે પુરુષ, ચૈતન્ય, પ્રકૃતિથી પણ પર એવો અસંગ આત્મા છે, આત્મસ્વરૂપ એવા મારામાં પ્રકૃતિનું અસ્તિત્વ કદાપિ હોઈ શકે જ નહિ એમ

---

૧ સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ સંબંધે સ્પષ્ટતા માટે શ્રી કૃષ્ણાત્મજ વાઙ્મયસુધા પ્રકાશન ૪, મહાકાલપુરુષ વર્ણન ભાગ ૧, કિરણાંશ ૨૧ જુઓ.

સમજે છે, તે જ આ પ્રકૃતિની પરવશતામાંથી છૂટી શકે છે; પરંતુ જે હું શરીર છું એવું અભિમાન રાખે છે, તેઓ આ[1] પ્રકૃતિની પરવશતામાં સપડાયેલા વાસનાત્મક દીન અને પામર એવા અજ્ઞાની જીવો છે, એમ જાણવું.

कर्मेन्द्रियाणि सं॒यम्य॒ य॒ आस्ते॑ मन॒सा स्मर॑न् ।

इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स॒ उच्य॑ते ॥ ६ ॥

यस्त्विन्द्रियाणि मन॒सा नि॒यम्यारभ॑तेऽर्जुन ।

कर्मेन्द्रियैः कर्म॑योग॒मस॑क्तः स वि॒शिष्य॑ते ॥ ७ ॥

મિથ્યાચારી અને સત્યાચારીમાં ભેદ

શ્રીભગવાન કહે છે: હે અર્જુન! આ નિયતિની પરવશતારૂપ બેડીમાંથી છૂટવાને માટે આ લોકમાં (૧) જ્ઞાનયોગ અને (૨) કર્મયોગ રૂપ બે નિષ્ઠાઓ ઉપર કહેલી છે. તેનું અંતઃકરણમાં અવલંબન નહિ કરતાં જેઓ કેવળ બાહ્ય ઇંદ્રિયો અર્થાત્ કર્મેંદ્રિયોનો સંયમ કરી અમો સંયમી છીએ એમ બતાવે છે અને મનમાં તો અનેકવિધ વિષયોનું ચિંતન કર્યા કરે છે, તેવો મૂઢ પુરુષ મિથ્યાચારી, દાંભિક અથવા ઢોંગી કહેવાય છે; કારણ કે, સ્થૂળ ઇંદ્રિયો દ્વારા થતાં કર્મો તો નિયતિતંત્રના આધારે થતાં રહે છે, તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર થઈ શકતો નથી, જે ઉપર જણાવેલું જ છે; છતાં ઉપરથી બાહ્ય ઇંદ્રિયોને વશ રાખવાનો ડોળ કરનારા અને મનમાં અનેકવિધ વિષયોનું ચિંતન કરનારા બકધ્યાનીઓ તો કેવળ દાંભિકો જ ગણાય; પરંતુ હે અર્જુન! જે મન વડે સર્વ ઇંદ્રિયોનું આકલન એટલે નિયમન કરે છે, જેને ઇંદ્રિયોના વિષયો પ્રત્યે કિંચિન્માત્ર પણ આસક્તિ હોતી નથી, એવો પુરુષ કર્મેંદ્રિયો દ્વારા કર્મો કરે છતાં પણ તે ઉપર કહેલા કેવળ કર્મેંદ્રિયોનું નિયમન કરનારાઓ કરતાં અત્યંત શ્રેષ્ઠ છે. ઉદ્દેશ એ કે, જે પુરુષ મનમાં ઇંદ્રિયોના અનેકવિધ વિષયોનું ચિંતન કર્યા કરે છે અને બહારથી તો લોકોમાં જાણે મોટો સંયમી ન હોય તેવો ડોળ બતાવવાને કર્મેન્દ્રિયોને વશ રાખવાનો દાવો કરે છે, તેવા જગભગતમાં તો મિથ્યાચાર એટલે દંભ વિના બીજું કાંઈ પણ નથી; પરંતુ જે મન વડે સર્વ ઇંદ્રિયોને વશ રાખી તેમને પોતપોતાના વિષયોથી નિવૃત્ત કરે છે એટલે કે અંતઃકરણમાં ઇંદ્રિયોના શબ્દાદિ તન્માત્રાઓરૂપ સૂક્ષ્મ વિષયોનું ઉત્થાન થતાં જ આ સર્વ આત્મસ્વરૂપ છે, એમ કહી તેને તરત દાબી દે અથવા અંતઃકરણમાંથી વિષયોનું ઉત્થાન જ થવા નહિ પામે એ રીતની સાવચેતી રાખે છે, તેવો પુરુષ જ ખરો સંયમી કહેવાય છે. તેવા પ્રકારે સંયમ કરનારો અને ઇંદ્રિયોના વિષયોમાં કિંચિન્માત્ર પણ આસક્ત નહિ થનારો પુરુષ કર્મયોગી સમજવો. મનમાં સંકલ્પ ઊઠતાંની સાથે તે તરત આત્મસ્વરૂપ છે, એવું નિશ્ચયપૂર્વક જાણી ઉપર જણાવ્યા મુજબના આ સર્વાત્મભાવરૂપ કર્મયોગનો આશ્રય કરી કર્મેંદ્રિયો વડે કર્મનો આરંભ ભલે કરે તો પણ અતિશ્રેષ્ઠ છે, એમાં જરા પણ શંકા નથી. શ્રીભગવાને અત્રે કર્મયોગ કોને કહેવો તે વ્યાખ્યાની સ્પષ્ટતા કરેલી છે. મનમાં સંકલ્પ ઊઠતાં જ તે આત્મસ્વરૂપ છે એવી રીતે દરેક ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પરાઙ્મુખ કરનારો અને જે ઇંદ્રિયોના વિષયોમાં લેશ માત્ર પણ કદી આસક્ત થતો નથી એવો સંયમી એટલે જીવન્મુક્ત પુરુષ જ કર્મયોગનો આશ્રયી કહેવાય છે. તાત્પર્ય, કર્મયોગમાં બુદ્ધિને કેવળ એક આત્મામાં જ સ્થિર રાખવી, આત્મામાંથી જરા પણ ઢળવા દેવી નહિ, એટલી દક્ષતા રાખ્યા પછી ગમે તેટલાં કર્મોનો આરંભ કરવામાં આવે તોપણ હરકત આવતી નથી કેમકે આ પ્રમાણે જે કર્મો કરે છે તે જીવન્મુક્ત હોવાથી કર્મો કરવા છતાં પણ અસંગ જ ગણાય છે.

---

૧ આદ્ય એવી માયાશક્તિ કિંવા પ્રકૃતિ એટલે અઘટિત ઘટના કરી બતાવનારી જે માયા નામની શક્તિ, તેનું સ્વરૂપ એ છે કે, ચિદેકરસ એવા આત્મસ્વરૂપને ઢંકાણે અનેક વિચિત્ર ભાસોથી ભાસમાન થવું. આ રીતે માયા વડે ગમે તેટલા ભાસો થવા છતાં પણ આત્મા તો કદી ચલાયમાન થતો જ નથી. પ્રકૃતિ, નિયતિ પણ વિવર્તરૂપે પર્યાયે તેની જ એક સંજ્ઞા છે. ઈશ્વરીશક્તિ પણ તે જ કહેવાય છે (વક્ષાંઠ ૪ જુઓ).

नियतं कुरु कर्म त्वं कर्मज्यायो ह्यकर्मणः ।

शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ॥ ८ ॥

નિયત થયેલું કર્મ શા માટે કરવું ?

માટે હે અર્જુન! તું નિયત એટલે નિયતિ વડે નિર્માણ થયેલું પ્રારબ્ધજન્ય કર્મ કર. કારણ, વ્યવહાર-દૃષ્ટિએ વિચાર કરતાં પણ જણાશે કે, કર્મ નહિ કરવા કરતાં કર્મ કરવું એ જ વધુ ઉચિત અર્થાત્ શ્રેષ્ઠ છે. જો તું હું કર્મ નહિ કરું એમ કહેશે તો તારા શરીરનો ચાલતો સર્વ વ્યવહાર પણ સિદ્ધ થશે નહિ; એટલે કે કર્મ રહિત તારા શરીરનો કોઈપણ વ્યવહાર ચાલશે નહિ; કેમકે ખાવું, પીવું, ચાલવું, ઊંઘવું, બોલવું, સંકલ્પ કરવો વગેરે સર્વ પ્રકારનો કાયિક, વાચિક અને માનસિક વ્યવહાર તો કર્મ નહિ કરનારા દુરાગ્રહીઓને પણ નિત્યપ્રતિ કરવો પડે છે. તે બધાં કર્મો નહિ તો બીજું શું કહેવાય? જે તદ્દન કર્મ રહિત બનવાનો દાવો કરે છે તેને માટે તો તારી આ નૈષ્કર્મ્યની વ્યાખ્યા પ્રમાણે શરીરયાત્રા સમાપ્ત કરવી જોઈએ, એમ જ થાય ખરું ને? વળી અશક્ય છે છતાં તેમ થાય એમ માનીશું તો પણ લિંગદેહથી તો કર્મો થતાં જ રહે છે. માટે ખરી નિષ્કર્મતા તો ઉપર જણાવી ગયા તેમ કશામાં કિંચિન્માત્ર પણ આસક્તિ નહિ રાખતાં આત્માર્પણ બુદ્ધિથી કર્મો કરવાં તે જ કહેવાય. તેવી નિષ્કર્મતા પ્રાપ્ત થાય એટલા માટે તને કર્મયોગનો આશ્રય કરવાનું કહેવામાં આવેલું છે.

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।

तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥ ९ ॥

યજ્ઞ સિવાય ઇતર કર્મો વડે જ લોકો બંધનને પામે છે.

હે કૌંતેય! કર્મયોગના આશ્રયરૂપ એવો જે આ જ્ઞાનયજ્ઞ, તે વ્યતિરિક્ત થતાં અન્ય કર્મો વડે જ આ લોક કર્મબંધનને પામે છે, એટલા માટે કર્મયોગનો આશ્રય લઈ આ જ્ઞાનયજ્ઞરૂપ કર્મોને તું સંગથી રહિત થઈ એટલે જીવન્મુક્ત થઈ કર. તાત્પર્ય એ કે, તને વખતોવખત જણાવેલું છે કે હે અર્જુન! તું અને આ સર્વ દૃશ્યજાળ આત્મા જ છે, આત્મા વિના બીજું કાંઈ પણ નથી, આત્મા જ આત્મામાં આત્મારૂપે આ બધું કરી રહ્યો છે; એમ નિશ્ચયપૂર્વક સમજી ઇંદ્રિયો અને તેના વિષયોનું અંતઃકરણમાં કદી પણ રાગરૂપ ઉત્પન્ન થવા નહિ દેતાં તું કર્મને આચર એટલે કર્મ કર.

શાસ્ત્રવિધિ અનુસાર થતાં કર્મોથી પણ શ્રેય થાય છે

નિત્યપ્રતિ દૃઢ નિશ્ચય વડે આત્મામાં સ્થિત રહીને કર્મો કરવાથી કદાપિ કર્મ બંધન થઈ શકતું નથી, તેનું વિવેચન ઉપર કહેવામાં આવ્યું છે; હવે અજ્ઞાનીઓની દૃષ્ટિએ એટલે વ્યવહારદૃષ્ટિથી વિચાર કરીશું તો પણ જણાશે કે, વેદાદિ શાસ્ત્રોમાં બતાવેલ વિધિ અનુસાર યજ્ઞયાગાદિ કર્મો કરવામાં આવે તો તે પણ ક્રમે ક્રમે છેવટે કર્મબંધનમાંથી છોડાવવાને જ કારણભૂત બની અંતે સર્વ સંગોથી મુક્ત કરે છે.

પદાર્થોના ગ્રાહ્યત્યાજ્યનો નિયમ

શાસ્ત્રમાં અમુક પદાર્થોનો ત્યાગ કરવો કિંવા અમુકનું ગ્રહણ કરવું એવા પ્રકારે જે વિધિ અને નિષેધનો નિર્ણય કર્યો છે, તે આ અપૌરુષેય એવી વેદાજ્ઞાનુસાર થતી યજ્ઞાદિ ક્રિયાઓમાં ઉપયોગમાં આવતા પદાર્થો ઉપરથી જ કરવામાં આવેલો છે. જે પદાર્થ યજ્ઞયાગાદિ ક્રિયાઓમાં વપરાય છે તે ગ્રાહ્ય તથા તેમાં વપરાતો નથી તે ત્યાજ્ય; તેમાં પણ સત્ત્વ, રજ અને તમોગુણના મિશ્રણાદિને લીધે પુણ્યફળ ભેદો પડે છે, તે સર્વનો વિચાર કરી વિસ્તાર વધારી વિષયાંતર કરવું યોગ્ય નથી; પરંતુ અત્રે ફક્ત સંક્ષેપમાં જ તેનો વિચાર

કરીશું. જેમ કાંદા, મૂળા, ગાજર કિંવા લસણ એ કાંઈ યજ્ઞમાં ખાસ આહુતિ વગેરેમાં અથવા દેવતાના પ્રીતિપૂજનમાં ઉપયોગમાં આવતાં નથી, તેથી તે ત્યાજ્ય ગણેલ છે. સિવાય શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં પણ જણાશે કે, જે પદાર્થોને શાસ્ત્રમાં શ્રેષ્ઠ ગણવામાં આવેલા છે તે પદાર્થોને સાત્ત્વિક, રાજસ અને તામસ અંશના પ્રાધાન્ય વડે શ્રેષ્ઠ કિંવા કનિષ્ઠપણું પ્રાપ્ત થયેલું છે. કાંદા, લસણમાં તમો અને રજોગુણનો અંશ વધુ પ્રમાણમાં હોય છે જ્યારે ઈશ્વરપ્રાપ્તિને માટે તો સત્ત્વગુણનું પ્રાધાન્ય વધારવાની જ જરૂર હોય છે, તેથી તેનું સેવન શાસ્ત્રોમાં ત્યાજ્ય હોવાનું બતાવવામાં આવેલું છે; સિવાય ઐહિક વિજ્ઞાનશાસ્ત્રોનો પણ તેમાં સંબંધ છે.

ગ્રાહ્યાગ્રાહ્ય પદાર્થો તથા ઐહિક વિજ્ઞાન

દરેક પ્રાણીના જીવનમાં પોષકરૂપ નીચે એવા આહારવિહારોની તેને જરૂર હોય છે, કેમકે જગતમાં (૧) તીખા, (૨) ખારા, (૩) ખાટા, (૪) કડવા, (૫) તૂરા અને (૬) ફિક્કા એવા ૬ પ્રકારના રસો હોઈ મનુષ્યને પોતાનું જીવન ટકાવવાને માટે આ ૬રસોની જરૂર હોય છે; તેનો સૂક્ષ્મ વિચાર કરીને મહર્ષિઓએ એ રસો કયા કયા પદાર્થોમાં કેટકેટલા પ્રમાણમાં હોય છે, તેનો નિર્ણય કરી જેમાં ૬રસોનું મિશ્રણ યોગ્ય પ્રમાણમાં હોય એવા પદાર્થોને અગ્રસ્થાન આપેલું છે. કાંદા લસણમાં અત્યંત તીક્ષ્ણતાનો અંશ વધુ પ્રમાણમાં હોવાથી તેને નિત્યપ્રતિ ખાવાથી તામસવૃત્તિ વધે છે, છતાં જરૂર પડે ત્યારે ઔષધિ તરીકે જો તેનો ઉપયોગ કરવામાં આવે તો તે ગુણકારી નીવડે છે. તેમાં વાતાદિ દોષ નષ્ટ કરવાનો ગુણ હોય છે, વળી તેમાં ૬રસોનું મિશ્રણ યોગ્ય પ્રમાણમાં હોતું નથી, આથી તે નિત્યના ઉપયોગને માટે વર્જ્ય ગણેલાં છે. આ પ્રમાણે મનુષ્યના શારીરિક તેમ જ માનસિક સ્વાસ્થ્યની દૃષ્ટિનો પણ સંપૂર્ણ વિચાર કરીને તેને જે થકી અત્યંત સુખ અને શાંતિદાયક એવા શ્રેય માર્ગની પ્રાપ્તિ થાય એ પ્રકારની સર્વ યોજના શાસ્ત્રકારોએ ઠરાવેલી છે; એટલા માટે જેઓને આત્મરૂપ જ્ઞાનયજ્ઞની કલ્પના હોતી નથી, એવા અજ્ઞાનીઓ પણ જો પોતપોતાનાં શાસ્ત્રનિયત થયેલાં તમામ કર્મો પરમેશ્વરની આરાધના રૂપે વેદશાસ્ત્રમાં બતાવેલી રીતિ અનુસાર કર્યા કરે, તો તે વડે પણ છેવટે તે કર્મબંધનથી મુક્ત થઈ કૃતાર્થ જ બને છે.

આ બધું યજ્ઞ રૂપે કેમ ?

તાત્પર્ય, આમાં ભગવાને અર્જુનને બતાવેલા યજ્ઞનો ઉદ્દેશ એ જ સમજવો કે, ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવામાં આવેલાં દરેક કર્મો યજ્ઞરૂપ હોઈ તેનો અંત તો છેવટે એક જ્ઞાનયજ્ઞમાં જ થાય છે. આ સર્વ યજ્ઞરૂપ કેમ કહેવાય છે, તે સંબંધમાં વિચાર કરવાથી જણાશે કે, નિર્વિકાર, નિઃસંગ, નિર્વિષય અને અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧)માં "હું" (વૃક્ષાંક ૩) એવી સ્ફુરણા થતી કહી પણ શકય નથી. આ "હું"નું ધારણ તો જેને ઈશ્વર, પુરુષ કિંવા યજ્ઞદેવ (વૃક્ષાંક ૨) કહેવામાં આવે છે, તેનો ઈક્ષણ (કાળ) શક્તિ વડે થવા પામેલું છે અને આ ચરાચર અનંત બ્રહ્માંડોના સમૂહરૂપ દૃશ્યજાળ (વૃક્ષાંક ૪થી ૧૫ ઘ) તો "હું" વૃક્ષાંક ૩) એવી સ્ફુરણા કિંવા નિયતિના આધારે જ થવા પામેલું છે. આમ બીજાંકુર ન્યાયાનુસાર સર્વનું મૂળ યજ્ઞદેવ (વૃક્ષાંક ૨) રૂપ હોવાથી આ ભાસનારું તમામ દૃશ્ય (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ) પણ યજ્ઞરૂપ જ છે, એમ સમજવું (જુઓ ઋગ્વેદ મંડળ ૧૦, સૂક્ત ૯૦, મંત્ર ૧૫, ૧૬ પુરુષસૂક્ત).

દેહાદિક નાશ પામનારાં છે.

આ સંબંધે શાસ્ત્રમાં આવેલા વર્ણનનો સાર નીચે પ્રમાણે છે: શ્રી ભગવાન કહે છે: "હું" કે જે સર્વનો યજ્ઞરૂપ ઈશ્વર યા આત્મા છું તેમાં અત્યંત દૃઢ ભક્તિ રાખજો. આ દેહાદિક સર્વ પદાર્થો નાશ પામનારા છે, એમ જાણીને તમો સર્વ સાવધાનપણે ધર્મનું રક્ષણ કરો અને યજ્ઞોથી આત્મરૂપ એવા મારું પૂજન કરજો. તમને સુખ કે દુઃખ, લાભ કે અલાભ જે જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં સમતા રાખી ચિત્તને શુદ્ધ "હું"રૂપ યજ્ઞપુરુષ કિંવા આત્મદેવમાં જ સ્થિર રાખો, આ રીતે ચિત્તને સારી રીતે આત્મભાવમાં સ્થિર રાખી અને દેહાદિકમાં ઉદાસીન થઈ નિત્ય આત્મામાં જ રમમાણ તથા નિયમ સહિત રહેવાથી અને

તમો પણ "હું" કે જે બ્રહ્મરૂપ છું તેને જ પામશો." (જુઓ ભા૦ સ્કં૦ ૧૦, અ૦ ૭૩, શ્લોક ૧૮, ૨૧, ૨૨.) ઉદ્દેશ એ કે, જે કર્મો ઈશ્વરાર્પણ દૃષ્ટિથી કરવામાં આવે છે તે સર્વ યજ્ઞકર્મો કહેવાય.

છ પ્રાકૃત સૃષ્ટિઓ

બ્રહ્મદેવે પૂર્વે એટલે પ્રથમના કલ્પના આરંભમાં યજ્ઞના અધિકારવાળી મનુષ્યાદિ પ્રજાને ઉત્પન્ન કરી. તેમને કહ્યું કે, આ યજ્ઞાદિ કર્મો વડે તમો વૃદ્ધિને પામો, આ યજ્ઞ કરવાથી તમોને તે ઇચ્છિત ફળ આપનારો થશે. તાત્પર્ય એ કે બ્રહ્માએ પૂર્વે એટલે પ્રથમના કલ્પના[1] આરંભમાં જે કર્મનો શરૂઆત કરી તે પ્રથમનું કર્મ એ યજ્ઞ છે. ઉપર કહેવામાં આવેલું જ છે કે, ઈશ્વર(વૃક્ષાંક ૨) એ જ યજ્ઞપુરુષરૂપ છે. તેણે ઉત્પન્ન કરેલી મહત્તત્ત્વાદિ પ્રાકૃત અને વૈકૃત દશ સૃષ્ટિ સંબંધે શ્રીમદ્‌ભાગવતમાં બતાવેલો ક્રમ નીચે સંક્ષેપમાં આપવામાં આવે છે, તમામ વટબીજ ન્યાયાનુસાર યજ્ઞ જ કહેવાય છે.

મૈત્રેય કહે છે : ઈશ્વરીય[2] મિથ્યા સંકલ્પથી ઉદ્‌ભવેલા સર્વના આદિ કારણરૂપ એવો "હું" (વૃક્ષાંક ૩) આભાસ કિંવા સ્ફુરણા થઈને જ માયા, પ્રકૃતિ, શક્તિ, મહાનિયતિ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨) ની શક્તિરૂપે પ્રથમ પ્રકટ થયેલો છે. ઈશ્વરના ઈક્ષિણરૂપ કાળને અધીન એવી આ ઈશ્વરીય શક્તિ વા માયામાંથી સત્ત્વ, રજ અને તમોગુણનું મિશ્રણ જેમાં સમાન છે, એવું અવ્યક્ત નામનું એક તત્ત્વ કે જે સર્વેનું પ્રધાન કારણ કહેવાય છે, તેની પ્રસૂતિ થવા પામેલી છે. આ પ્રધાન તત્ત્વ(વૃક્ષાંક ૪) એ જ દૃશ્યને સૂક્ષ્મ અને સ્થૂલ રૂપે પ્રકટાવનારું સર્વના બીજરૂપ એવા મહત્તત્ત્વાદિનું પણ આદિ બીજ છે. આ પ્રધાન તત્ત્વમાંથી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ ઇત્યાદિ સર્વશક્તિઓનું મિશ્રણ જેમાં એકસરખું છે તેવું એક સૂક્ષ્મ તત્ત્વ પ્રસૂતિને પામેલું છે. જેને અર્ધનારીનટેશ્વર અથવા પ્રકૃતિપુરુષ એમ કહેવામાં આવે છે (વૃક્ષાંક ૫ જુઓ). તેમાંથી સર્વ ગુણોનું તથા જ્ઞાન અને ક્રિયાશક્તિનું જેમાં મિશ્રણ છે, એવું તત્ત્વ કે જે પ્રાકૃત વૈકૃતાદિ દશ સૃષ્ટિની ઉત્પત્તિનું આદિ કારણ ગણાય છે; તે મહાપ્રાણ, જીવ કિંવા મમભાવ નામનું તત્ત્વ ઉત્પન્ન થયેલું છે (જુઓ વૃક્ષાંક ૬) તેમાંથી મહત્તત્ત્વની ઉત્પત્તિ થવા પામેલી છે. જે ઈશ્વર કિંવા પુરુષ (વૃક્ષાંક ૨)ના અંતઃકરણરૂપ છે. સૃષ્ટિ સંજ્ઞાની શરૂઆત અત્રેથી જ શરૂ થાય છે. આ જ તત્ત્વ એ દૃશ્યાદિના સૂક્ષ્મ પ્રાકટ્યનું મૂળ રથાનક કહેવાય છે. આ મહત્તત્ત્વની ઉત્પત્તિ એ જ પ્રાકૃત પ્રથમ સૃષ્ટિ કહેવાય. આને ભૂતપ્રકૃતિ પણ કહે છે (વૃક્ષાંક ૭). બાદ પાંચ તન્માત્રા, પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો તેમ જ તેના દેવતા તથા મન વગેરે સૂક્ષ્મભાવો ઉત્પન્ન કરવાનું બીજ જેમાં છે, એવો બીજભૂત અહંકાર (વૃક્ષાંક ૮) ઉત્પન્ન થયો, તે પ્રાકૃત બીજી સૃષ્ટિ કહેવાય. આના દેવતા રુદ્ર છે. આ અહંકાર (વૃક્ષાંક ૮)ની તામસ, તૈજસ અને વૈકારિક એવી ત્રણ પેટા શાખાઓ છે તે જ ક્રમે ત્રીજી, ચોથી અને પાંચમી પ્રાકૃત સૃષ્ટિ છે.

અહંકારની પેટા શાખાઓ

પ્રાકૃત ત્રીજી સૃષ્ટિમાં પ્રથમ શાખા (૧) શબ્દ, (૨) સ્પર્શ, (૩) રૂપ, (૪) રસ અને (૫) ગંધ એ પાંચ તન્માત્રા તથા તેમાંથી ઉત્પન્ન થયેલ, (૧) આકાશ, (૨) વાયુ, (૩) વહ્નિ, (૪) જળ અને (૫) પૃથ્વી

---

૧ બ્રહ્મદેવના દિવસને કલ્પ કહે છે, તેટલો સમય તેની રાત્રિ હોય છે. બંને મળીને અહોરાત્ર કહેવાય છે. ત્રીસ અહોરાત્ર એટલે એક માસ, બાર માસના એટલે એક વર્ષ અને તે પ્રમાણે તેના સો વર્ષોનું બ્રહ્મદેવનું આયુષ્ય હોય છે; આથી પૂર્વે એટલે બ્રહ્મદેવની ઉત્પત્તિ થઈ તેના પ્રથમના કલ્પમાં એમ સમજવું; કારણ "धाता यथापूर्वमकल्पयत्" વિધાતા બ્રહ્મદેવ પોતાના પ્રથમના કલ્પમાં જેવી સૃષ્ટિની રચના કરે છે, તે પ્રમાણેનો તેનો ક્રમ તેના સો વર્ષ એટલે સ્વસ્વરૂપમાં વિલય થતાં સુધીને માટે ચાલુ જ હોય છે, એટલે કે તે પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સુધી એક કલ્પમાં એક પ્રકારની સૃષ્ટિ તથા બીજા કલ્પમાં બીજા પ્રકારની સૃષ્ટિ રચે એમ કદી બની શકતું નથી. દરેક બ્રહ્મદેવની સૃષ્ટિ તો પ્રથમ કલ્પમાં થયેલા પોતાના સંકલ્પાનુસાર પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સુધી તેમાં જરા પણ ફેરફાર નહિ થતાં ચાલુ હોય છે (વધુ માટે શ્રીકૃષ્ણાત્મજ વાક્‌સુધા પ્રકાશન ૪, મહાકાળપુરુષ વર્ણન ભાગ ૧ જુઓ).

૨ વિરાટપુરુષ કિંવા ઈશ્વર એટલે વૃક્ષાંક ૨ સમજો તથા તેની સંકલ્પશક્તિ તે કાળ કિંવા ઈક્ષણ સમજો, અને સંકલ્પ એટલે "હું" "હું" એવું સ્ફુરણ થયું તે [વૃક્ષાંક ૩] પ્રકૃતિ, શક્તિ, માયા કિંવા મહાનિયતિ સમજો,

એ પાંચ ભૂતોનો સમાવેશ થાય છે. આને કાર્ય કિંવા અધિભૂત પણ કહે છે (જુઓ વૃક્ષાંક ૮/૩, ૬, ૯ અને ૬); તથા બીજી શાખા ચિત્તરૂપે નીકળેલી છે, તેના દેવતા ક્ષેત્રજ્ઞ, વિષ્ણુ અથવા યજ્ઞનારાયણ કહેવાય છે. (જુઓ વૃક્ષાંક ૯). પ્રાકૃત ચોથી સૃષ્ટિની પ્રથમ શાખામાં પાંચ જ્ઞાનેંદ્રિયો અને તેનાં સ્થાનકો અનુક્રમે, (૧) કાન, (૨) ત્વચ, (૩) નેત્ર, (૪) રસના અને (૫) ઘ્રાણ તેમજ પાંચ કર્મેંદ્રિયો અનુક્રમે, (૧) મોઢું, (૨) બે હાથ, (૩) બે પગ, (૪) શિશ્ન અને (૫) ગુદા એ પાંચ સ્થાનકો તથા શ્રોત્ર, રોમ, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ, વાણી, બળ, ગતિ, રેત અને પાયુ મળીને દશ ઇંદ્રિયોનો સમાવેશ થાય છે, આને અધ્યાત્મ કિંવા કારણ પણ કહે છે (જુઓ વૃક્ષાંક ૮/૨, ૫, ૮ અને આ); તથા તેની બીજી શાખા બુદ્ધિરૂપ હોઈ તેના દેવતા બ્રહ્મા કહેવાય છે (વૃક્ષાંક ૧૦ જુઓ). પ્રાકૃત પાંચમી સૃષ્ટિની પ્રથમ શાખામાં કર્મેંદ્રિયો તથા જ્ઞાનેંદ્રિયોના દિશા, ઔષધિ, સૂર્ય, વરુણ, વાયુ, અગ્નિ, ઇંદ્ર, વિષ્ણુ, પ્રજાપતિ અને મિત્ર એ દશ દેવતા એટલાં બીજતત્ત્વોનો સમાવેશ થાય છે. આને કર્તા કિંવા અધિદૈવ પણ કહે છે (જુઓ વૃક્ષાંક ૮/૧, ૪, ૭ અને આ); વળી અહંકારમાંથી નીકળેલી બીજી શાખા મન તથા તેના દેવતા ચંદ્ર કહેવાય છે (વૃક્ષાંક ૧૧). આ બધાંનું સૂક્ષ્મ મિશ્રણ તે જ હિરણ્યગર્ભ છે(વૃક્ષાંક ૧૨). પ્રાકૃત છઠ્ઠી સૃષ્ટિ તે આ જ. તેને સત્ત્વાંશયુક્ત મન કિંવા વિષ્ણુનું નાભિકમળ પણ કહે છે. આ રીતે આ ૭ પ્રાકૃત સૃષ્ટિઓ સમજવી.

વૈકૃત સૃષ્ટિઓ

વૈકૃતિ સૃષ્ટિનો આરંભ બ્રહ્મદેવથી થયો છે. વિષ્ણુના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવ તે આ જ (વૃક્ષાંક ૧૩ જુઓ). તેણે આ વિરાટના સમષ્ટિરૂપ એવો બ્રહ્માંડરૂપ પોતાનો દેહ ઉત્પન્ન કર્યો (વૃક્ષાંક ૧૪ જુઓ), તેની અંતર્ગત સાત, આઠ અને નવ એમ ત્રણ સૃષ્ટિનો સમાવેશ થાય છે (જુઓ ક્રમે વૃક્ષાંક ૧૪, ૧૫ અને ૧૫ની અંતર્ગત આવેલ ક, ખ, ગ અને ઘ). સાતમી સૃષ્ટિમાં (૧) વનસ્પતિ, (૨) ઔષધિ (૩) લતા, (૪) વાંસ, (૫) વીરુધ અને (૬) વૃક્ષો પર્વતાદિ વગેરેનો સમાવેશ થાય છે. આ સૃષ્ટિ સ્પર્શજ્ઞાનવાળી હોય છે, તેનું ચૈતન્ય સ્પષ્ટ જણાતું નથી, તેનો આહાર તથા સંચાર આકાશ તરફ ઊંચો હોય છે, તેમાં ઘણા ભેદો છે (વૃક્ષાંક ૧૫ ક). તિર્યંચો એટલે પશુપક્ષીની આઠમી સૃષ્ટિ છે (વૃક્ષાંક ૧૫ ખ જુઓ); તેમાં અઠ્ઠાવીશ પ્રકારો છે. આ તિર્યંચો અન્ધ, તમોગુણથી ભરપૂર કેવળ સૂંઘવાથી જ તે પદાર્થનું ભાન થાય છે તેવા અને અંતર્જ્ઞાનથી રહિત હોય છે. બળદ, બકરો, પાડો, કાળિયાર મૃગ, સૂવર, રોઝ, રુરુમૃગ, ગાડર અને ઊંટ એ બે ખરીવાળાં પશુઓ; ગધેડો, ઘોડો, ખચ્ચર, ગૌરમૃગ, શરભ તથા ચમરી ગાય ઇત્યાદિ એક ખરીવાળાં પશુઓ અને કૂતરો, શિયાળ, નાર, વાઘ, ભીંદોડો, સસલો, રોઢાઈ, સિંહ, વાનર, હાથી, કાચબો અને જંગલી ઘોડો ઇત્યાદિ પાંચ નખવાળાં પ્રાણીઓ ઇત્યાદિનો સમાવેશ થાય છે. મગર આદિ જળચરો અને કંક પક્ષી, ગીધ, વટ, સિંચાણો, બાસ અર્થાત્ કૂકડો, ભલ્લૂક, મોર, હંસ, સારસ, ચક્રવાક, કાગડો અને ઘૂવડ આદિ પક્ષીઓ છે. આ બધાનો વૈકૃત આઠમી સૃષ્ટિમાં સમાવેશ થાય છે. પૃથ્વી ઉપર આહાર કરનારી તથા ચોતરફ વિચરનારી એવી એક નવમી સૃષ્ટિ છે, તે મનુષ્યોની સૃષ્ટિ કહેવાય છે (જુઓ વૃક્ષાંક ૧૫ ગ). આ મનુષ્યો અધિક રજોગુણવાળાં, કર્મ કરવામાં તત્પર અને દુઃખને જ સુખ સમજનારા હોય છે. આ રીતે પહાડ તથા વૃક્ષાદિ સ્થાવર (વૃક્ષાંક ૧૫ ક), તિર્યંચો એટલે પશુપક્ષીઓ (વૃક્ષાંક ૧૫ ખ) તથા મનુષ્યો (વૃક્ષાંક ૧૫ગ)ની મળી ત્રણ વૈકૃતિ સૃષ્ટિઓ કહેવાય છે. પ્રાકૃત સૃષ્ટિઓ સૂક્ષ્મ હોઈ વૈકૃત સૃષ્ટિઓ સ્થૂલ હોય છે.

દશમી સૃષ્ટિ

વૈકૃત સૃષ્ટિઓમાં પ્રાકૃત સૃષ્ટિના અંશોનું મિશ્રણ તો ઓછાવત્તા પ્રમાણમાં હોય છે જ. દેવતાઓની સૃષ્ટિમાં ઇંદ્રિયો જે જે અધિષ્ઠાત્રી દેવતાઓ છે તે સર્વનો સમાવેશ પ્રાકૃત સૃષ્ટિમાં થયેલો છે. તે તે દેવતાઓ જ આ વૈકૃત સૃષ્ટિમાંના સમષ્ટિ અને વ્યષ્ટિ શરીરોમાં પણ અધિષ્ઠાનરૂપે હોય છે એમ સમજવું. સનત્કુમાર, સનક, સનંદન સનાતન તેમજ સપ્તર્ષિઓ, પ્રજાપતિ, મનુ વગેરે દેવતાઓ તો આ પ્રાકૃત અને વૈકૃત બંને સૃષ્ટિમાં ગણાય છે; એટલે કે તેઓનો વિહાર આ બંને સૃષ્ટિઓમાં હોય છે. આ રીતે વૈકૃત તથા ૭ પ્રાકૃત મળી ઉપરની નવ

તથા વૈકૃત અને પ્રાકૃતની મિશ્રણાત્મક એક સૃષ્ટિ મળી કુલ દશ સૃષ્ટિઓ છે(વૃક્ષાંક ૧૩ અને ૧૫ પણ જુઓ). બ્રહ્મદેવની રાત્રિએ બ્રહ્માંડનો લય થઈ જાય છે તથા દિવસે તે જ્યારે પુનઃ જાગૃત થાય છે ત્યારે આ કમળમાંથી પૂર્વ કલ્પમાં લય થયેલા લોકોને સૃજવા અર્થે " હું ફરીથી કલ્પના કરીશ, " આ પ્રમાણેનો સંકલ્પ કરી પૂર્વની માફક જ આ વૈકૃત સૃષ્ટિઓને ફરીથી જેવી ને તેવી જ ઉત્પન્ન કરે છે (વધુ માટે શ્રીમદ્ ભાગવત સ્કંધ ૩, અ૦ ૧૦ જુઓ). પોતાના આત્માને જ બળવાન માનતા અને સમર્થ તથા વાસ્તવિક અજન્મા એવા આ બ્રહ્માએ સાધ્ય જાતિના દેવતા તથા પિતૃગણને અદૃશ્યરૂપથી સૃજ્યા. પોતાને સૃજનારા તે અદૃશ્ય રૂપોને પિતૃગણ લઈ ગયા, એ અદૃશ્ય રૂપને ધારણ કરનારા તેઓ સાધ્ય જાતિના દેવતાઓ થયા. દેવતાઓને ઉદ્દેશી અર્પણ થતું ઘી, તલ, અન્ન વગેરે હવિર્દ્રવ્ય તે હવ્ય કહેવાય છે અને પિતૃકાર્યમાં પિતૃઓને અર્પણ થતું અન્ન આદિ કવ્ય કહેવાય છે. આ રીતે આ સાધ્ય દેવતાને શ્રાદ્ધમાં હવ્ય અને કવ્ય આપવામાં આવે છે. સિદ્ધો તથા વિદ્યાધરોને બ્રહ્માએ તિરોધાન એટલે પોતાને બધું દેખવામાં આવે છતાં પોતે કોઈને ન દેખાય એવી અંતર્ધાન શક્તિના રૂપથી સૃજ્યા, તે તિરોધાન નામનું અદ્ભુત એવું પોતાનું પ્રતિબિંબ જોઈ પોતે પોતાને માન આપતા સર્વસમર્થ એવા બ્રહ્માએ પોતાના પ્રતિબિંબથી કિન્નરો અને કિંપુરુષોને સૃજ્યા; બાદ સૃષ્ટિ સૃજવાની ચિંતાવાળા બ્રહ્માના શરીરના કેશમાંથી સર્પો ઉત્પન્ન થયા. આ રીતે સૃષ્ટિને ઉત્પન્ન કરતાં કરતાં સ્ત્રીપુરુષના જોડારૂપ અને મૈથુની પ્રજા અર્થાત્ મનુષ્ય આદિને ઉત્પન્ન કરનારા મનુઓને જ્યારે બ્રહ્માએ સૃજ્યા ત્યારે તેમને જોઈ તેણે પોતાને કૃતાર્થ થયેલો માન્યો; કેમકે અત્યાર સુધીની સર્વ સૃષ્ટિ રચવામાં બ્રહ્મદેવને સંતોષ થયો ન હતો. કારણ અત્યાર સુધીની સૃષ્ટિ પૈકી કોઈ આત્મજ્ઞાન ગ્રહણ કરવા સમર્થ ન હતી, આથી તેણે મનુઓને પોતા જેવો પુરુષ દેહ આપ્યો. તેઓને જોઈ સર્વ દેવતાઓ તથા અત્યારસુધી ઉત્પન્ન થયેલા સાધ્યાદિ દેવો તથા કિંપુરુષ, કિન્નરાદિ સર્વે કહેવા લાગ્યા કે. " હે જગત્સ્રષ્ટા બ્રહ્મદેવ ! તમોએ મનુષ્યોની પ્રજા ઉત્પન્ન કરનારા સર્વના પિતા એવા મનુઓને સૃજ્યા તે ઘણું સારું કર્યું, કેમકે આ મનુઓની સૃષ્ટિમાં મનુષ્યોની ઉત્પત્તિ થવાથી અગ્નિહોત્ર આદિ યજ્ઞ ક્રિયાઓ થશે અને અમો તેમાંના યજ્ઞના ભાગરૂપ અન્નને અરસપરસ બંને સાથે રહીને ખાઈશું કે જેથી પરસ્પર બંનેનું શ્રેય થશે. બ્રહ્માએ **તથાસ્તુ** કહી તેમને તે પ્રમાણે વચન આપ્યું; ત્યારબાદ બ્રહ્માએ પોતાને પ્રિય એવી મહર્ષિની પ્રજાને સૃજી (ભાગવત - સ્કંધ ૩, અધ્યાય ૨૦ જુઓ). પોતાના પુત્ર એવા મહર્ષિઓ ઘણા વીર્યવાન હોવા છતાં તેમની સૃષ્ટિનો જ્યારે વિસ્તાર ન થયો, ત્યારે બ્રહ્માએ મનમાં વિચાર્યું કે, હું સૃષ્ટિના કાર્યમાં હંમેશાં મંડ્યો રહેવા છતાં પણ હજી પ્રજાની વૃદ્ધિ થવા પામતી નથી, માટે નક્કી આ કાર્યમાં દૈવ પ્રતિબંધક છે. એવી રીતનો વિચાર કરી તેઓ યોગ્ય દૈવની વાટ જોવા લાગ્યા. આમ કેટલોક સમય વિત્યા પછી બ્રહ્માના શરીરમાંથી સ્ત્રી અને પુરુષ એમ બે રૂપો ઉત્પન્ન થયાં, તેને કાય એટલે બ્રહ્માનું આ બે પ્રકારનું શરીર એમ કહેવામાં આવે છે. તે બે રૂપો પૈકી પુરુષમાંથી પ્રથમ સ્વયંભુ મનુ તથા સ્ત્રીમાંથી શતરૂપા નામની સ્ત્રી જાની. આ દ્વિગુણ રૂપોએ મૈથુની સૃષ્ટિવાળી સર્વ પ્રજાની ઉત્પત્તિ કરી કે જે પ્રજા યજ્ઞાદિ કરી દેવતાઓને પ્રસન્ન કરનારી તથા તેમની પાસે યોગ્ય વર પ્રાપ્ત કરી લેનારી થઈ (શ્રીભાગવત સ્કંધ ૩, અધ્યાય ૧૨, શ્લોક ૫૩, ૫૪ જુઓ).

દેવતાઓની ઉત્પત્તિ તથા શરીરની બાંધણી

ઉપનિષદોમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિ સંબંધમાં નીચે મુજબ વર્ણન આવે છે (જુઓ ઐતરેય ઉપનિષદ અ૦ ૧ અને ૨): પ્રથમતઃ વિરાટ પુરુષના સૂક્ષ્મ દેહની ઉત્પત્તિ થઈ (વૃક્ષાંક ૩ થી ૧૨ આ સૂક્ષ્મ ઉત્પત્તિ છે એમ સમજવું), ત્યાર બાદ અંડ ઉત્પન્ન થયો તે અંડાકારમાંથી જેમ પક્ષી આદિ અંડમાંથી બહાર પ્રકટે છે તેમ પ્રથમ વિરાટનું મુખ ઉત્પન્ન થયું એટલે ભેદને પામ્યું. મુખમાંથી વાણી, વાણીમાંથી અગ્નિ, બાદ બે છિદ્રોવાળી નાસિકા ઉત્પન્ન થઈ એટલે ભેદને પામી. નાસિકામાંથી ઘ્રાણેંદ્રિય, ઘ્રાણેંદ્રિયમાંથી (વાયુરૂપ) પ્રાણ એટલે પ્રાણવાયુરૂપ દેવતા; બાદ આંખનાં બે છિદ્રો ઉત્પન્ન થયાં તેમાંની ચક્ષુરિંદ્રિય અને ચક્ષુમાંથી દેવતા આદિત્ય; બાદ બે કાન, કર્ણના બે છિદ્રોમાંથી શ્રોત્રેંદ્રિય, શ્રોત્રેંદ્રિયમાંથી દિશા; બાદ ત્વક્, સ્પર્શેંદ્રિયમાંથી લોમ,

લોમમાંથી ઔષધિ (આ નામનો એક વાયુ છે) અને ત્યારબાદ હૃદયકમળ, હૃદયકમળમાંથી મન, મનમાંથી ચંદ્ર, આ રીતે વિરાટ સ્વરૂપના શરીરમાં ઇંદ્રિયોના આત્મરૂપ સ્રષ્ટા એટલે ઈશ્વરની ઇચ્છારૂપ ઉત્પન્ન થયેલા દેવતાઓ આયતન અર્થાત્ પોતપોતાના સ્થાનકો પ્રતિ પ્રાપ્ત થયા; બાદ તેઓ અશનાપિપાસા એટલે ક્ષુધાતૃષા વડે વ્યાકુળ થયા, તેથી આ બધા દેવતાઓ સ્રષ્ટા ઈશ્વરને કહેવા લાગ્યા કે, અમારી ક્ષુધાતૃષાની નિવૃત્તિને અર્થે અન્નને સંપાદન કરો એટલે અમોને અન્ન આપો કે જેનું અમો ભક્ષણ કરીએ. આથી તે સ્રષ્ટાએ પ્રથમ ગાયનું શરીર ઉત્પન્ન કર્યું. આ સ્થાનની પ્રાપ્તિ કરનારને ગોલોકની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવે છે. ગાયનું શરીર સર્વ શરીરોથી પ્રથમ ઉત્પન્ન થયેલું હોવાથી ગાય અતિ પવિત્ર મનાય છે. તે ગાયનું શરીર જોઈ દેવતાઓ સ્રષ્ટા પ્રતિ કહેવા લાગ્યા કે, આ શરીરને ઉપરના દાંત હોતા નથી, માટે તે દેહ ભોગને યોગ્ય નથી (ચમરી ગાય જુઓ); ત્યારે સ્રષ્ટાએ અશ્વની આકૃતિ ઉત્પન્ન કરી. તેને જોઈ દેવતાઓ બોલ્યા કે, આને ઉપરનાં દાંતો છે, પરંતુ આ શરીર પણ અમોને ભોગ માટે ઉપયોગી નથી. આમ ગાય અને અશ્વ સૃષ્ટિના આરંભમાં સૌથી પ્રથમ પંક્તિમાં ઉત્પન્ન થયેલા હોવાથી અશ્વમેધ યજ્ઞકાર્યમાં અશ્વને તેમ દરેક કાર્યમાં ગાયને પવિત્ર માનવામાં આવે છે.

વિરાટના સ્થૂલ એવા સમષ્ટિ શરીરની ઉત્પત્તિ

દેવતાઓનું ઉપર મુજબનું કથન સાંભળીને સ્રષ્ટાએ દેવો માટે પુરુષશરીર દર્શાવ્યું તે જોઈ દેવતાઓએ બહુ સારું થયું એમ કહ્યું. આ જ વિરાટ પુરુષની શરીરધારી પ્રથમ સ્થૂલ ઉત્પત્તિ છે. આ શરીર પુણ્યકર્મના હેતુરૂપ હોવાથી તે વિષે પ્રવેશ કરવા જે જે દેવોને જે જે સ્થાન સ્રષ્ટાએ જણાવ્યું, તે મુજબ સર્વ દેવતાઓએ ઉપર કહ્યા પ્રમાણેના પોતપોતાના સ્થાન પ્રતિ પ્રવેશ કર્યો. અગ્નિએ વાણીરૂપ થઈ મુખમાં, વાયુદેવે પ્રાણરૂપ થઈ નાસિકામાં, આદિત્યે ચક્ષુરૂપ થઈ નેત્રનાં છિદ્રોમાં, દિશાઓએ શ્રોત્રરૂપ થઈ કર્ણના છિદ્રમાં, ઔષધિ વનસ્પતિ દેવોએ લોમરૂપ થઈ ત્વચા વા સ્પર્શેન્દ્રિયમાં, ચંદ્રમાએ મનરૂપ થઈ હૃદયમાં, મૃત્યુ કિંવા યમે અપાનરૂપ થઈ નાભિમાં તથા જળે રેતરૂપ થઈ શિશ્નમાં પ્રવેશ કર્યો. તથા ક્ષુધાપિપાસા ને ઉપરના દરેક દેવોમાં અકેક ભાગ મળે તેવી યોજના કરી. તાત્પર્ય, સ્રષ્ટાએ આ રીતે દેવ અને મનુષ્યને રચી તેમને માટે યજ્ઞાદિ કાર્યો ઉત્પન્ન કર્યાં અને તે દ્વારા પોતપોતાની પરસ્પર અભિવૃદ્ધિ કરો, એમ કહ્યું (જુઓ છાંદોગ્ય તથા બૃહદારણ્યક ઉપનિષદ).

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।

अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।

परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

યજ્ઞાદિ દ્વારા દેવતાઓને કેમ સંતુષ્ટ કરવા ?

ભગવાન કહે છે : હે અર્જુન! પૂર્વ કલ્પમાં દેવતાઓને ઉત્પન્ન કર્યા બાદ બ્રહ્માએ વેદજ્ઞાનુસાર યજ્ઞની ઉત્પત્તિ કરી તથા તે યજ્ઞના અધિકારવાળી એવી પ્રજાને સૃજીને તેમને કહ્યું કે, હે મનુષ્યો ! આ યજ્ઞાદિ કર્મો વડે તમે વૃદ્ધિને પામો અને તે કર્મો તમોને તમારી ઇચ્છાનુસાર ફળ આપનારી એવી કામધેનુરૂપ બનો; એટલે આ યજ્ઞાદિ કર્મો તમોને તમારી ઇચ્છાનુસાર ફળ આપનાર થાઓ. આ યજ્ઞાદિ કાર્યો વડે તમો દેવોને સંતુષ્ટ કરો કે જેથી તેઓ તમોને તમારા મનોરથ પ્રમાણે ઇષ્ટ ફળ આપશે. આ રીતે પરમ શ્રેયને એટલે જેની પ્રાપ્તિ થવાથી પુનઃ કદી પણ દુઃખ થતું નથી તે ભાવને પ્રાપ્ત થતાં સુધી પરસ્પર એકબીજાને સંતુષ્ટ કરતા રહો; આથી પણ અંતે પરમ શ્રેય એવા મોક્ષને પ્રાપ્ત થશો. તાત્પર્ય કે, આ કર્મો થતાં થતાં ચિત્તશુદ્ધિ થઈ સુવિચાર ઉત્પન્ન થશે અને અંતે પરમ કલ્યાણનો માર્ગ મળી પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ થશે.

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।

तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥ १२ ॥

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।

भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ १३ ॥

ઈશ્વરાર્પણ બુદ્ધિથી થનારા યજ્ઞો વડે થતી શ્રેયપ્રાપ્તિ

ઉપર જણાવ્યા પ્રમાણે કરવાથી યજ્ઞ વડે સંતુષ્ટ થયેલા દેવો તમોને વ્યવહારમાં ઇચ્છિત ભોગો આપશે. તેમની કૃપાથી સંપાદન થયેલા ભોગોને તેમને અર્થે આપ્યા વગર જે કેવળ પોતે જ ભોગવે છે તે ખરેખર ચોર જ કહેવાય છે. આ રીતે દરેક ભોગોને ઈશ્વરાર્પણ કરવારૂપ યજ્ઞ કરનાર અને તેમના પ્રસાદથી બાકી વધેલા એટલે અવશિષ્ટ રહેનાર ભાગનું ગ્રહણ કરનારા શિષ્ટજનો સર્વ પાપોથી રહિત બને છે. ઉદ્દેશ એ કે, દરેક મનુષ્યના હાથે નિત્ય જ્ઞાત કિંવા અજ્ઞાત એવાં ઘણાં પાપો થયા જ કરે છે, તેની નિવૃત્તિ માટે શાસ્ત્રમાં (૧) ઋષિ કિંવા બ્રહ્મ, (૨) દેવ, (૩) પિતૃ, (૪) મનુષ્ય અને (૫) ભૂત, એ પાંચ પ્રકારનાં સ્માર્ત યજ્ઞો કરવાની આજ્ઞા છે. અધિકારી પુરુષોએ સ્મૃતિમાં બતાવેલા આ સ્માર્ત યજ્ઞો તો શાસ્ત્રવિધિ અનુસાર કરવાના હોય છે (ગૃહ્ય અને પારસ્કર આદિ સૂત્રો જુઓ). પરંતુ સર્વસામાન્ય મનુષ્યોએ આ માટે નીચે પ્રમાણે દક્ષતા રાખવાની જરૂર છે: (૧) ઋષિ કિંવા બ્રહ્મયજ્ઞ=વેદ ભણેલાનો સત્કાર કરવો કિંવા તે ભણવાને માટે યોગ્ય મદદ કરવી. (૨) દેવયજ્ઞ=જમતાં પહેલાં શુદ્ધ અગ્નિમાં ઘીની પાંચ આહુતિઓ આપવી અથવા શક્યતા હોય તો કોઈ યજ્ઞાદિ કાર્યમાં કિંવા મંદિરમાં અખંડ દીપમાં શક્તિ અનુસાર ઘી આપવું. (૩) પિતૃયજ્ઞ=તર્પણ કરવું યા પિતૃઓ પ્રીત્યર્થ સાધ્યાદિ દેવોને માટે શુદ્ધ ભાગ થોડા ઘી સાથે ખાતા પહેલાં અલગ મૂકવો. (૪) ભૂતયજ્ઞ=ભૂતાદિ તૃપ્તિને માટે પણ થોડો ભાગ અલગ મૂકવો. (૫) મનુષ્યયજ્ઞ=કોઈપણ ભૂખ્યાં અતિથિ અભ્યાગતને શક્તિ હોય તો ભોજન કરાવવું અથવા તો તેનું યોગ્ય રીતે યથાશક્તિ સ્વાગત કરવું અને ત્યાર પછી શેષ રહે તે અન્નને ઈશ્વરાર્પણ કરીને આરોગવું. આ રીતે દરેક વસ્તુઓ આરોગતી વખતે ઈશ્વરાર્પણ કરવામાં આવે તો તે મનુષ્ય પણ સર્વ પાપોમાંથી નિવૃત્ત થઈ અંતે પરમ શ્રેયની પ્રાપ્તિ કરી શકે છે; પરંતુ જેઓ આ પ્રમાણે દેવતાઓની કૃપાથી પ્રાપ્ત થયેલા ઐશ્વર્યાદિ ભોગોને તેમની પ્રીત્યર્થ અર્પણ નહિ કરતાં અર્થાત્ યજ્ઞ નહિ કરતાં તેને પોતે એકલા જ પચાવે છે એટલે આરોગે છે, તેઓ કેવળ પાપનું જ ભોજન કરે છે, એમ સમજવું.

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।

यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।

तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥

આ સર્વ બ્રહ્મ જ કેમ ?

અન્નસેવનથી રેત અને વીર્ય બની તે વડે પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે, વરસાદ પડવાથી અન્નાદિરૂપ બીજમાં પ્રાણ અર્પણ થાય છે, તેથી અન્નની વૃદ્ધિ થાય છે. પર્જન્ય યજ્ઞ વડે થાય છે એટલે * યજ્ઞાદિ વડે

* આ સંબંધમાં સ્પષ્ટતા માટે શ્રી કૃષ્ણાત્મજ વાઙ્મયસુધા પ્રકાશન ૩, દોહોદ્ધાર કિરણાંક ૧ જુઓ.

વરસાદની ઉત્પત્તિ થાય છે, અને યજ્ઞની ઉત્પત્તિ કર્મ વડે થાય છે તાત્પર્ય એ કે, સર્વના આદિ અપૌરુષેય એવા વેદના આરંભમાં કર્મ શબ્દની શરૂઆત થઈ તેનું પ્રત્યક્ષ સ્વરૂપ તે જ યજ્ઞ, આ કર્મની ઉત્પત્તિ કરનાર બ્રહ્મદેવ હોઈ બ્રહ્મદેવની ઉત્પત્તિ નિઃસંગ એવા અક્ષર (વૃક્ષાંક ૧), તત્, બ્રહ્મ અથવા આત્માથી જ થયેલી છે. આમ બીજાંકુર ન્યાયાનુસાર સર્વનું મૂળ બીજ બ્રહ્મ જ હોવાથી જેમ આંબાના ઝાડમાંથી ઉત્પન્ન થનારું થડ, શાખા, પાન, ફૂલ, ફળ ઇત્યાદિ આંબાનું જ ગણાય તેમ આ સર્વનું મૂળ બીજ બ્રહ્મ હોવાથી જગતમાં સર્વત્ર એક બ્રહ્મ જ ઓતપ્રોત વ્યાપેલું છે; આથી દાગીનાઓમાં જેમ સુવર્ણ તેમ દરેક કાર્ય કિંવા યજ્ઞમાં બ્રહ્મ જ અધિષ્ઠાન એટલે વ્યાપેલું છે. એમ જાણ.

બ્રહ્મોદ્ભવ કેમ ?

અગ્નિહોત્રાદિ કર્મો બ્રહ્મકર્મો કહેવામાં આવે છે, તેનું કારણ આ યજ્ઞાદિ કર્મો વેદે પ્રતિપાદન કરેલાં છે અને તે વેદ અપૌરુષેય એટલે બ્રહ્મમાંથી અનાયાસે જ ઉત્પન્ન થયેલા હોવાથી તે જ સર્વમાં પ્રમાણ છે અર્થાત્ કર્મ કરવાનું કાર્ય બ્રહ્મદેવનું છે અને તે બ્રહ્મદેવ પણ સ્વભાવતઃ સ્વતઃસિદ્ધ જ ઉત્પન્ન થયેલો છે એટલે તેની ઉત્પત્તિ પણ બ્રહ્મમાંથી જ અનાયાસે જ થવા પામેલી છે; આમ તે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલો હોવાથી બ્રહ્મા કહેવાયો એટલે આ કર્મ કરનાર પ્રથમ પુરુષ તે બ્રહ્મદેવ અને કર્મ કેવી રીતે કરવાં તે બતાવનારું શાસ્ત્ર તે વેદ. એ પ્રમાણે આ બંને બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયેલ હોવાથી તે આધારે કરવામાં આવતાં યજ્ઞાદિ તમામ કર્મો તે બ્રહ્મોદ્ભવ કહેવાય છે.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।

अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६ ॥

દેવતાઓને અર્પણ નહિ કરનારનું જીવન વ્યર્થ છે

જો વ્યવહારદૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો પણ અત્યાર સુધી (શ્લોક ૧૦ થી ૧૫) ના વિવેચનનો ઉદ્દેશ સ્પષ્ટ છે કે, આ સર્વ ઉત્પત્તિ, સ્થિતિ અને લયાદિ રૂપે ભાસતું ચરાચર દૃશ્ય બ્રહ્મથી જ ઉત્પન્ન થયેલું છે, બ્રહ્મમાં જ ઓતપ્રોત રહેલું છે અને બ્રહ્મમાં જ વિલયને પામે છે અર્થાત્ તે આદિ, મધ્ય અને અંતે બ્રહ્મરૂપ જ છે. માટે હે પાર્થ ! વ્યવહારદૃષ્ટિએ ભાસનારા અને વાસ્તવિક બ્રહ્મરૂપ એવા ઈશ્વરીય સત્તાથી પ્રવૃત્ત થયેલા આ નિયતિચક્રને અહીં જે અનુસરતો નથી, તેનું જીવિત પાપરૂપ જ છે, એટલું જ નહીં પણ દેવતાઓને અર્પણ કર્યા વગર કેવળ ઇંદ્રિયોની તૃપ્તિ માટે જ વ્યવહાર કરી રહેલા એટલે કે ઇંદ્રિયોદ્વારા થતું તમામ કર્મ તે તે ઇંદ્રિયોના દેવતાઓનું જ છે, એમ નહિ સમજતાં તે કેવળ ઇંદ્રિયોનું જ છે, એમ સમજનારા ઇંદ્રિયલંપટનું જીવવું વ્યર્થ છે. તે જીવતાં છતાં પણ મૂવા જેવો જ છે એમ સમજવું. તાત્પર્ય કે, જ્યાંસુધી આત્માનું સાચું જ્ઞાન થયું ન હોય ત્યાં સુધીને માટે સ્થૂલ અને સૂક્ષ્મ ઇંદ્રિયો દ્વારા થતી તમામ બાહ્ય અને આંતર ક્રિયાઓ દેવતાઓને અર્પણ કરીને એટલે ઈશ્વરાર્પણ બુદ્ધિથી જ કરવી જોઈએ. આ પ્રકારના યજ્ઞને જે કરતો નથી એટલે કે ચાલુ થયેલા આ બ્રહ્મરૂપ ચક્રને જે ચલાવતો નથી તેવા ઇંદ્રિયોમાં જ રમમાણ રહેનારા મિથ્યાભિમાની પુરુષનું જીવન પાપરૂપ હોવાથી વ્યર્થ છે.

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।

आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७ ॥

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।

न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ १९ ॥
कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसङ्ग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

આત્મામાં સંતુષ્ટ પુરુષ પરમ ગતિને પામે છે

અજ્ઞાનીઓ કે જેઓ આ જગતાદિ દૃશ્યનું અસ્તિત્વ છે એમ સમજે છે, તેમની દૃષ્ટિએ પણ જગતાદિની ઉત્પત્તિનો વિચાર કરીને જોતાં તેને માટે પણ ઉપર બતાવ્યા પ્રમાણે દરેક કર્મો દેવતાઓને અર્પણ કરીને જ કરવાં જોઈએ કે જેથી તે નિષ્કર્મ બને છે એ નિશ્ચિત ઠરે છે; તો પછી જે નિત્ય આત્મામાં જ રત થયેલો હોઈ આત્મામાં જ તૃપ્ત અને સંતુષ્ટ થયેલો છે, તેવા માનવને કોઈ પણ પ્રકારનું કર્તવ્ય કર્યાથી શેષ રહે? એટલે આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એ રીતે ઇંદ્રિયોની તમામ બાહ્ય અગર આંતર ક્રિયાઓને તે આત્મરૂપ છે એવું નિત્યપ્રતિ સમજનારો અને હમેશ આત્મામાં જ રમી રહેલ, આત્મા વિના બીજું કાંઈ જેને દેખાતું જ નથી એવા અને આત્મસ્વરૂપમાં જ સંતુષ્ટ થયેલા આત્મારામ પુરુષને પોતાથી એટલે આત્મસ્વરૂપથી જુદું એવું કાંઈ કર્તવ્ય કર્મ હોતું જ નથી. એવા આ આત્મારામ પુરુષને કર્મ કરવાથી કાંઈ લાભ મેળવવાનો હોતો નથી અને નહિ કરવાથી તેને કાંઈ હાનિ પણ થતી નથી. સર્વ ભૂત એટલે પ્રાણીમાત્ર પાસે તેને યત્કિંચિત્ પણ સ્વાર્થ કિંવા પ્રયોજન હોતું નથી. તાત્પર્ય એ કે, જે હમેશ આત્મા વગર બીજું કાંઈ જોતો જ નથી, એટલે જેના અંતઃકરણમાં બીજી કોઈ પણ બાહ્ય કિંવા આંતર વિષયની વૃત્તિનું ઉત્થાન જ થતું નથી, તેવા હમેશ આત્મામાં જ રત થયેલા આત્મારામ પુરુષને માટે જગતમાં કયું કર્તવ્ય હોય? હે અર્જુન! તેવો આત્મારામ પુરુષ ગમે તેટલાં કર્મો કરે તો પણ તેની સાથે તેને કાંઈ પ્રયોજન નથી. અર્થાત્ તેના તે સર્વ કર્મો આત્માથી જુદાં હોતાં નથી, તેમ કર્મ નહિ કરે તો પણ તેને કાંઈ હાનિ થતી નથી; કારણ કે, આત્મામાં કર્મ અને અકર્મ બંને સમાન જ છે. સારાંશ, તેવા આત્મરૂપ બનેલા જીવન્મુક્ત પુરુષમાં કર્મ કરવાનો અથવા નહિ કરવાનો એ મુજબ એમાંથી કોઈ પણ પ્રકારનો દુરાગ્રહ હોતો નથી, આથી કર્મ કરવા છતાં પણ તે તદ્દન અસંગ જ હોય છે. એવા કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય જીવન્મુક્ત પુરુષનો પ્રાણીમાત્રની સાથે કાંઈ પણ સ્વાર્થ સંકળાયેલો હોતો નથી એટલે તેમની પાસેથી તેને કાંઈ મેળવવાનું હોતું નથી અથવા તેમનાથી તેને કાંઈ હાનિ પણ થતી નથી, કેમકે આ આત્મારામ જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિએ તો સર્વત્ર કેવળ એક પોતાનું જ સ્વરૂપ વ્યાપેલું હોય છે; તસ્માત્ જીવન્મુક્ત પુરુષની પેઠે તું પણ હમેશ આસક્તિથી રહિત બની સારી રીતે કર્મ કર. આસક્તિ વિનાનો પુરુષ કર્મ કરવા છતાં પણ પરમ ગતિને પ્રાપ્ત થાય છે. જેમ વ્યવહારમાં નાટકમાંનો રાજા બહારથી તો સારી રીતે વેશ ભજવી લોકોનું મનરંજન કરે છે, પણ અંતરથી તો તેમાં કદી પણ આસક્ત થતો નથી, તેમ આ આત્મારામ જીવન્મુક્ત પુરુષ બહારથી કર્મો કરવા છતાં પણ અંતરમાં તદ્દન અસંગ હોવાથી તેમાં કિંચિન્માત્ર પણ આસક્ત થતો નથી અથવા જે સર્વત્ર પોતાનું જ સ્વરૂપ દેખે તેને આસક્તિ શામાં ઉત્પન્ન થાય? આસક્તિ તો આ બીજો જ કોઈ છે, એવા પ્રકારની ભાવના ઉત્પન્ન થવા પામે તો જ થઈ શકે, પરંતુ જીવન્મુક્ત જ્ઞાની પુરુષને દ્વિતીયત્વ અર્થાત્ બીજાપણાની ભાવના જ કદી હોતી નથી તો પછી તેમાં આસક્તિ શી રીતે થવા પામે? તેવા પ્રકારનો આસક્તિરહિત પુરુષ ગમે તેટલા કર્મો કરવા છતાં પણ પરમ ગતિ એવા મોક્ષપદને પ્રાપ્ત થાય છે. જનકાદિ વિદેહીઓ પણ આ પ્રમાણે નક્કી કર્મ વડે જ સ્વસ્વરૂપભૂત આત્મસિદ્ધિને પામ્યા છે. આમ આત્મદૃષ્ટિના વિચાર વડે પણ તારે કર્મ કરવાં જોઈએ એ સિદ્ધ થાય છે, તેમ જ લોકસંગ્રહની દૃષ્ટિએ પણ કર્મો કરવાં ઉચિત છે. પરંતુ હે પાર્થ! તે બધાં કર્મો તું આત્મામાં

સ્થિત રહીને કર. આ સંબંધમાં શ્રી વસિષ્ઠજીએ રામચંદ્રને આપેલો બોધ ઘણો જ મહત્ત્વનો છે. તેમાંથી કેટલોક ભાગ નીચે આપવામાં આવે છે.

પ્રાપ્ત વ્યવહાર કરવા છતાં પણ અલિપ્ત રહેવાની યુક્તિ

શ્રી વસિષ્ઠ કહે છે : હે રામ ! તમે વાસનાથી રહિત વીતરાગ એટલે પ્રીતિ વિનાના થઈ, યથોચિત કર્મ કરતા રહીને કેવળ શાંત અને શુદ્ધ એવા એક ચિન્માત્ર પરમતત્ત્વની જ દૃઢ ભાવના રાખો તથા નિત્ય અંતર્મુખ થઈને રહો. તમો વિવેકી છો, સુખદુઃખ તથા શત્રુમિત્રાદિમાં સમાનતા રાખનારા છો, શાંત છો, સદાકાળ એક સરખી રીતે જ આનંદવાળા છો અને બ્રહ્મની પેઠે સર્વત્ર એકરસપણાથી પોતાના વિશાળ સ્વરૂપને વિસ્તારી રહેલા છો. તમે આકાશના જેવા સ્વચ્છ અને નિર્મળ થઈ માત્ર ચૈતન્યરૂપ બ્રહ્મતત્ત્વમાં જ દૃઢ સ્થિતિ રાખો. પ્રારબ્ધયોગે નાની મોટી ગમે તેવી વિપત્તિઓ આવી પડે, મહાઘોર સંકટો રૂપી ખાડાઓમાં જઈ પડાય, શોકને પ્રાપ્ત થવું પડે, તો તે સર્વ બાબતમાં તમારે પોતાની અંદર આત્મનિશ્ચયના બળ વડે કદી પણ દુઃખી થવું નહિ; પરંતુ બહારથી એટલે ઉપર ઉપરથી તમો દેશની રીતિને અનુસરીને ભલે ક્રમ પ્રમાણે આંસુ લાવો. રાડો પાડો કિંવા રોવો; વળી પુષ્પમાળા, ચંદન, વનિતા આદિ ભોગોના સુખો કે જે શીતોષ્ણ આદિ દ્વંદ્વોવાળાં છે, તેનું પણ તમે અંદર નિર્વિકાર રહી બહારથી સુખે સેવન કરો. મોટા ઉત્સવોમાં અથવા કોઈ ચડતીના સમયમાં અંદર ચિત્તને શાંત તથા નિર્વિકાર રાખો વાસનાઓથી ભરેલાં અજ્ઞાની મૂઢ પુરુષોની પેઠે તમે બહાર આનંદવાળા થઈને રહો. દાવાનળ જેમ સૂકા ઘાસને બાળી મૂકે છે, તેમ તમો દંડ આપવા યોગ્ય પુરુષોને મૂઢ પુરુષની માફક યુદ્ધ આદિ કાર્યો દ્વારા યમને દ્વાર મોકલી દો. મૂઢ પુરુષની જેમ યથાપ્રાપ્ત ધન કમાવાનાં કાર્યો પણ ખેદ વગર કરો. વરસી જઈ હલકાં પડી ગયેલાં વરસાદનાં વાદળાંને પવન જેમ વિખેરી નાંખે તેમ તમો પણ વાસનાઓથી દબાયેલા મૂઢ પુરુષની પેઠે બળાત્કારથી સર્વ શત્રુઓને નિર્મૂળ કરી નાખો. અંદરખાને ચિત્તને કેવળ એક આત્મામાં જ પરોવી રાખી તમો દીન અને દયા કરવા લાયક પુરુષો તરફ તથા મહાત્માઓ તરફ ઉદાર હૃદયના થજો અને પોતાની સ્તુતિ પોતાના મોઢે નહિ કરતાં તમો ધીરતાનો આશ્રય પકડજો. હર્ષના પ્રસંગોમાં હર્ષિત થાઓ તથા દુઃખના પ્રસંગોમાં દુઃખીત થાઓ. દીન મનુષ્યો ઉપર દયા કરતા રહો અને બળવાનોની સાથે બળવાળા થાઓ. પોતાના આત્મામાં જ ચિત્ત રમી રહેવાથી અંતર્મુખપણાને લીધે સદાકાળ આનંદમાં રહી શાંતિ વડે ઉદારતાનો આશ્રય કરી અસંગપણાથી તમે જે કાંઈ કરશો, તેના તમે કર્તા નથી, એમ સમજો. હે વત્સ ! શુદ્ધ આત્મભાવના વડે નિરંતર ચિત્તને અંતર્મુખ કરી તમે કેવળ એક આત્મામાં જ મનની સ્થિરતા રાખશો તો હું ધારું છું કે તમારા ઉપર આવી પડેલી વજ્રની ધારા પણ ભુકો થઈ જશે.

વિવેકીને શસ્ત્રો ભેદી શકતાં નથી

સંકલ્પ વિનાના પોતાના હૃદયાકાશમાં રહેલા આત્મસ્વરૂપમાં પોતાની મેળે જ સ્થિર થઈ રહેલો અને આત્માની અંદર રમી રહેલો વિવેકી પુરુષ ખરેખર મહેશ્વર જેવો જ છે. આમ આત્મામાં સ્થિર થયેલા અને સર્વત્ર એક આત્માને જ જોનાર વિવેકી પુરુષને શસ્ત્રો ભેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, જળ ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી; કેમકે તે આત્મરૂપ બનેલો હોવાથી જે આત્માના ગુણધર્મો તે જ આ જીવન્મુક્ત આત્મારામ પુરુષને માટે પણ સમજવા. માટે અજરામર અને અજન્મા એવા પોતાના સ્વરૂપના અર્થાત્ આત્મસ્વરૂપી સુંદર અને દૃઢ રતંભના અવલંબનથી તમે મંદરાચળની પેઠે અચળ થઈને રહો. જગતરૂપી વૃક્ષના અનેક પદાર્થોરૂપી પુષ્પોની સુંદર સુગંધ જેવી સારરૂપ અચળ બ્રહ્મસત્તાનો આશ્રય કરી વૃત્તિને બ્રહ્મતત્ત્વમાંથી કિંચિન્માત્ર પણ નહિ ખસવા દેતાં અંતર્મુખ રાખી તમે સુખેથી જીવન્મુક્ત થઈને રહો, જીવન્મુક્ત પુરુષો ભલે બહારથી વ્યવહારનાં કામકાજ કર્યા કરે, છતાં જેમ શીલામાં જડપણું હોવાને લીધે વાસનાનો ઉદય ન થાય તેમ તેમની ચિત્તવૃત્તિ અંતરથી નિરંતર અચળ એવા આત્મસ્વરૂપમાં સ્થિત હોવાને લીધે તેમનામાં વાસનાનો ઉદય થતો નથી. તમે વ્યવહાર સંબંધી સર્વ કાર્ય કરતા રહો; પણ અંદર અને બહાર કોઈપણ

જગાએ વૃત્તિને પ્રસરવા નહિ દેતાં તેને કાચબાના અંગની પેઠે સંકુચિત કરી દેજો; તેમજ ફરીથી ચિત્ત પદાર્થો તરફ ખેંચાઈ ન જાય એ રીતે આત્માકાર અને જાણે ગાઢ નિદ્રાને પ્રાપ્ત થઈ ગયું હોય તેવું સંકલ્પ વિનાનું કરજો. અંદરથી સંકલ્પ વગરનું અને બહારથી જાણે સંકલ્પવાળું હોય તેવો દેખાવ આપનારા, અડધા જાગતા બાળકની પેઠે સંકલ્પ અને કોઈ પ્રકારના અનુસંધાન વિના સ્વાભાવિક રીતે જ કાર્ય કરવામાં પ્રવૃત્તિવાળા હોય તેવા ચિત્ત વડે તમે કેવળ આત્મસ્વરૂપમાં જ તન્મય બની કાર્ય કરતા રહો. બાળક અને મૂંગા પ્રાણીઓ પોતાનો ભાવ બહાર વ્યક્ત નહિ કરી શકતાં હોય પરંતુ તેઓ અંદર તો સારી પેઠે સમજે છે, તેમ તમો પણ બાહ્ય દૃષ્ટિએ સર્વ સમજતા હો એમ ભાસવા છતાં વાસનાઓનો અંતરથી ત્યાગ કરી પ્રારબ્ધથી આવી પડેલાં કાર્યો કર્યા કરશો તો તે સમજવા છતાં નહિ સમજ્યા સમાન હોવાથી આકાશની પેઠે તમારા ચિત્તને જરા પણ તેનો લેપ લાગશે નહિ. આ મુજબ સંકલ્પરૂપ કલંક વિનાની અને જ્ઞાનને લીધે ચિત્તનો ક્ષય થતાં ઉદય પામેલી શુદ્ધ આત્મસત્તામાં સ્થિર રહીને તમે કાર્ય કરો વા ન કરો, એ બંને એકસરખું જ છે. તમે જાગ્રત અવસ્થામાં હાલવા ચાલવા વગેરેનો વ્યવહાર કરવા છતાં સુષુપ્તિ અવસ્થાની પેઠે અત્યંત લયને પામી ગયેલી વૃત્તિ વડે કોઈ પદાર્થને પ્રિય ગણી તેનું ગ્રહણ કરશો નહિ અને કોઈને અપ્રિય ગણી તેને ત્યજશો પણ નહિ. તમો જો જાગ્રદવસ્થામાં પણ સ્થૂલ અને સૂક્ષ્મ દેહરૂપી ઉપાધિનો લય કરીને સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થયા જેવા નિર્વિકલ્પ થઈને રહેશો તો તેવી સુષુપ્તાવસ્થામાં પણ તમો જાગતા જ છો, એમ સમજજો. આમ જાગ્રત અને સુષુપ્તાવસ્થાનો જ્ઞાન વડે બાધ થઈ તે બંનેનું આત્મતત્ત્વરૂપ એકપણું એટલે તાદાત્મ્યભાવ થઈ જતાં સર્વના અવધિરૂપ જે ચિન્માત્ર પરમતત્ત્વ અવશેષ રહે છે, તે તમો પોતે જ છો. આ પ્રમાણે ધીરે ધીરે અભ્યાસ કરતા રહી અનાદિ, અનંત અને અદ્વિતીય એવા પરમપદને તમે પ્રાપ્ત થાઓ. એ પરમપદ વસ્તુમાત્રથી વિલક્ષણ અને લોકોત્તર છે. આમ જગતનું અનિર્વચનીયપણું હોવાથી તત્ત્વદૃષ્ટિએ જોતાં જગત અને પરમાત્મા એ બંનેનું દ્વૈતપણું કે અદ્વૈતપણું એકે સંભવતું નથી; પરંતુ અનિર્વચનીયપણું જ સિદ્ધ થાય છે. આવો દૃઢ નિશ્ચય કરી તમે અંતઃકરણને આકાશ જેવું વિશાળ અને નિર્વિકાર રાખીને પરમ શાંતિને પ્રાપ્ત થાઓ (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૨૯).

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।

स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥

માર્ગદર્શકો કેવા હોવા જોઈએ ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે અર્જુન ! આત્મા અસંગ, નિર્વિકાર, નિરામય, દ્વૈતાદ્વૈત તથા તેના સાક્ષીભાવથી પણ પર હોઈ તું પોતે પણ તે જ છે, એમ સમજીને આસક્તિ વગરનો થઈ યથાપ્રાપ્ત કર્મોનું આચરણ કર. આસક્તિરહિત અને સર્વત્ર આત્મભાવનામાં જ દૃઢ રહેલો કર્મ કરવા છતાં પણ પરમપદને પામે છે, વળી વ્યવહાર અર્થાત્ લૌકિક દૃષ્ટિએ વિચાર કરવાથી જણાશે કે, જનકાદિકોએ પણ કર્મ કરવા છતાં આત્મસિદ્ધિમાં સ્થિરતા પ્રાપ્ત કરેલી છે, માટે લોકસંગ્રહની દૃષ્ટિએ પણ કર્મ કરવાં ઉચિત છે, એમ જ સ્પષ્ટ થાય છે; કેમકે આ મૂઢ એવા ગાડરિયા પ્રવાહમાં વહેનાર જનસમૂહો તો વ્યવહારમાં શ્રેષ્ઠ ગણાતા પુરુષો જે જે કર્મ કરે છે, તેનું જ અનુકરણ કર્યે જાય છે તથા તે જેને પ્રમાણ માને છે, તેને જ તેઓ અનુસરે છે. આથી જ શ્રેષ્ઠ પુરુષો કે જેમનું લોકો અનુકરણ કરે છે તેમને માથે મોટી જવાબદારી આવી પડે છે. જો તે ખરું તત્ત્વ સમજ્યા વગર કિંવા પૂરું નહિ સમજતાં ગમે તેવું આચરણ કરે તો તેથી પરિણામ એ આવે છે કે, વ્યવહારમાંના મૂઢ લોકો તેમના માર્ગે ચાલી પોતાનો વિનાશ કરી લે છે અને આમ એકના પાપે લાખો જીવોનો નાશ થાય છે.

માર્ગદર્શકોની જવાબદારી

એક દૃષ્ટાંત છે કે, કેટલાંક બેટાંઓ વગડામાં ચરવા ગઈ રહ્યાં હતાં. વચમાં આગગાડી (અગ્નિરથ)નો નીચાણમાંથી રસ્તો હતો. તે રસ્તો બંને બાજુ ટેકરીઓની વચ્ચે ઊંડાણમાં થઈ ને હતો. એવી એ જગામાંથી

અને બાજુમેથી સામસામા ગાડીઓ આવી રહી હતી. તે તરફ ઘેટાંના દોરનારનું લક્ષ્ય નહિ જવાથી તેણે તેઓને સામી બાજુએ લઈ જવાને માટે રેલ્વેના રસ્તા ઉપર ભુરકો માર્યો, એટલે તરત જ તેની પાછળ ઘેટાંઓની પડાપડી શરૂ થઈ. એટલામાં ગાડીઓ આવી ગઈ, પરંતુ અજ્ઞાની અને મૂઢ એવાં ઘેટાંઓ તો પોતાના સ્વભાવ પ્રમાણે આમ તેમ નહિ જોતાં એકની પાછળ બીજાએ એમ વારાફરતી કૂદકા મારવાનું જારી જ રાખ્યું. આનું પરિણામ એ આવ્યું કે, દોરનારના દુર્લક્ષ્યે અનેક ઘેટાંઓ કપાઈ ગયાં. તે પ્રમાણે વ્યવહારમાં મૂઢો કિંવા ગાડરિયા પ્રવાહમાં સપડાયેલા લોકો ઘેટાં જેવાં છે, એમ સમજવું. તેઓમાં સ્વતંત્ર વિચાર કરવાની બુદ્ધિ હોતી નથી, તેથી તેઓ જેને શ્રેષ્ઠ માનતા હોય તેમનું જ અનુકરણ કર્યે જાય છે. હવે જો તેઓનો દોરનાર પોતે જ આત્માનો અપરોક્ષાનુભવી નહિ હોય તો તે લોકો જે માર્ગ બતાવશે તે તેમના કલ્યાણને બદલે નાશના જ કારણરૂપ નીવડશે. આથી જ માર્ગદર્શકને માથે મહાન જવાબદારી હોય છે; તરમાત જેઓ લોકોના માર્ગદર્શકની જવાબદારી પોતાના શીરે ઓઢી લે છે, તેઓએ તો પોતે પ્રથમ સત્યતત્ત્વ એટલે શું તેનું અનુભવયુક્ત જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જ પડે છે. આ રીતે સત્યતત્ત્વનું જ્ઞાન એટલે જ આત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર છે. જે જાણ્યા પછી તેને કોઈ પણ જાણવાનું તથા કોઈ કર્તવ્ય કરવાનું સિલક રહેતું નથી, એવો જ્ઞાતજ્ઞેય અને કૃતકૃત્ય પુરુષ તો કેવળ એક જીવન્મુક્ત જ હોઈ શકે. જેને પોતાને તરતાં આવડતું ન હોય તે બીજાને કેવી રીતે તારી શકે? તેના ઉપર વિશ્વાસ રાખનારાઓ સાથે તે પોતે પણ ડૂબી મરે એ તદ્દન નિશ્ચિત છે, તેમ આ સંસારરૂપ સાગરમાં લોકોમાં જ્ઞાન આપવાનો પોતાનો બજારો હોવાનું માનનારા બહારથી પોતાને અનાસક્ત કહેવરાવનારા પરંતુ અંદરખાને અનેક વિષયવાસનાઓની તૃપ્તની ઇચ્છા સેવનારા મગરમચ્છોસમા આત્માનુભવથી રહિત એવા માનવસમૂહો પોતાનો તો વિનાશ કરી લે છે પણ સાથે સાથે તેમના ઉપર વિશ્વાસ રાખનારા લાખોના સંહારનું પણ કારણ બને છે. તેમાંથી બચવા માટે તો ફક્ત સર્વ વાસનાઓથી વિમુખ બનેલા નિર્વાસન એવા જીવન્મુક્ત આપ્તજ્ઞ પુરુષો જ સંસારમાં સાચા માર્ગદર્શકો થઈ શકે છે. જેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થયેલી હોતી નથી તેવો વિષયોમાં ચકચૂર પુરુષ તો માર્ગદર્શક બનવાને માટે કદી પણ લાયક હોતો નથી, કેમકે આત્મસાક્ષાત્કાર વિના વિષયો થકી નિવૃત્તિ થવી અન્ય કોઈ પણ ઉપાયે શક્ય નથી. આત્માનુભવથી વિમુખ માર્ગદર્શકો ઢોંગી કહેવાય છે. તેવા ઢોંગી અને સ્વાર્થી માર્ગદર્શકોને તો કેવળ ઠગિકો જ સમજવા; માટે લોકોમાં જ્ઞાનનો પ્રચાર કરી તેને સત્ય માર્ગે વાળવાની જવાબદારી લેવા ઇચ્છનારાઓએ પ્રથમ આત્મસાક્ષાત્કાર કરી લેવો જરૂરી છે, એમ નિશ્ચિત સિદ્ધ થાય છે.

સાચા અને ઢંગી માર્ગદર્શકો વચ્ચે ભેદ

તાત્પર્ય એ કે, જેઓની તમામ વાસનાઓ નષ્ટ થઈ ગયેલી હોય છે તથા જેમને આ ત્રૈલોક્યમાં કોઈની પાસે કોઈ પણ પ્રકારનો તૃણ જેટલો યે સ્વાર્થ સાધવાનો હોતો નથી તેવાઓ જ સાચા માર્ગદર્શકો બની શકે છે. જેઓ સર્વત્ર એક અને અદ્વય એવું પોતાનું આત્મસ્વરૂપ જોતા હોવાથી તેમને કોઈના ઉપર રાગદ્વેષ કિંવા વૈરભાવ કદી પણ હોતો નથી, તેવા આત્માનો અપરોક્ષ અનુભવ લીધેલા આપ્તજ્ઞ પુરુષો જ સાચા માર્ગદર્શક કહેવાય છે; આથી જેઓ લોકોમાં જ્ઞાન પ્રચારની કિંવા માર્ગદર્શનની જવાબદારી પોતાને શિરે ઓઢી લે છે, તેમણે તો કેવળ એક સત્ય એવા આત્મતત્ત્વની જ ઓળખ રાખવી જોઈએ. સ્વતઃસિદ્ધ એવા સત્યતત્ત્વનું પ્રતિપાદન કરનારા અપૌરુષેય સિદ્ધાંતો એટલે કે જે કોઈ પણ મનુષ્યના બનાવેલા નથી તે વેદશાસ્ત્રના આધારાનુસારના તદ્દન શુદ્ધ, નિર્મળ, ન્યાયી, નિષ્પક્ષપાતી અને નિઃસ્વાર્થી સિદ્ધાંતો કે જે અખિલ માનવજાતિનું કલ્યાણ કરનારા હોય છે તે સિદ્ધાંતો સમજાવવાને માટે તેનાથી વિરુદ્ધ તત્ત્વના સિદ્ધાંતોના યોગ્ય ગુણદોષોનો વિચાર કરવો જોઈએ; કેમકે તે ન્યાયી એવા સત્યતત્ત્વની દૃષ્ટિએ અહિતકારક, નીતિ ન્યાય વિવેકાદિ સદ્ગુણોથી રહિત અને અખિલ માનવજાતિનો વિનાશ કરે એવા હોય છે, તેથી તેવા ઝેરી એટલે અહિતકારક સિદ્ધાંતો નાબૂદ કરી તત્ત્વશાસ્ત્રના આધારસહના સત્ય સિદ્ધાંતો સદ્ગુરુ અને આત્મપ્રતીતિ એટલે અપરોક્ષાનુભવ સાથે નિઃસ્વાર્થ દૃષ્ટિએ જગતમાં પ્રકટ કરવા જોઈએ. ઉદ્દેશ એ કે, જે સિદ્ધાંતોનાં તત્ત્વોનું ગ્રહણ થવાથી તે ભવિષ્યમાં જગતને, દેશને, સમાજને, કુટુંબને કિંવા વ્યક્તિને અનર્થ

ઉત્પન્ન કરનારાં નીવડે તો તેવાં અનિષ્ટ તત્ત્વોને દૂર કરવાને માટે તેનો શાસ્ત્રઆધારે સયુક્તિક વિરોધ કરવાની પ્રથા વ્યવહારમાં હોઈ અજ્ઞાની લોકોને આત્મસ્વરૂપનું સમ્યક્ જ્ઞાન થાય ત્યાંસુધી આ ક્રમ ચાલુ હોય છે. આ પ્રકારે અંતે જે વડે લોકોને આત્મજ્ઞાન થઈ તેઓ દુઃખરૂપ એવા સંસારના મોહમાંથી છૂટી કાયમી સુખ અને શાંતિનો અનુભવ કરે તે માટે તેઓને તત્ત્વશાસ્ત્ર એટલે વેદમાં બતાવેલી યુક્તિઓનો આશ્રય સમજાવવામાં આવે છે. આ પ્રકારનો સ્તુત્ય ઉદ્દેશ જેમનામાં હોય છે તેવા નિઃસ્વાર્થીઓ જ જગતને સાચો રાહ બતાવવાને માટે અધિકારી છે.

પંથાભિમાન વડે થતી ટીકાઓ

આત્મતત્ત્વ વ્યતિરિક્ત એટલે અનુભવથી સિદ્ધ એવા આત્માના અપરોક્ષ સાક્ષાત્કાર સિવાય કેવળ પંથાભિમાનાદિનું અભિમાન રાખી થતા ઉપદેશો તો અનધિકાર અથવા અજ્ઞાનતાનું જ લક્ષણ છે. તેવા ઉપદેશકો અથવા માર્ગદર્શકો સાચા હિતેચ્છુઓ નથી, પણ મિથ્યાભિમાની અને દંભીઓ કહેવાય છે. કેમકે તેમના ઉપદેશની વ્યાપ્તિ તો કેવળ પોતપોતાના પંથોનું પ્રચારકાર્ય કરવા પૂરતી સ્વાર્થી અને મર્યાદિત જ હોય છે. જે વડે અનુભવસિદ્ધ એવું સત્યતત્ત્વ અર્થાત્ આત્મસ્વરૂપનું અનુભવયુક્ત ભાન થાય એવા ગ્રંથો, માર્ગદર્શકો અથવા ટીકાકારો જ સાચા ઉપદેશકો કિંવા હિતેચ્છુઓ છે; બાકી પંથાભિમાનના પ્રચારકો કિંવા ઉપદેશકો તેમ જ તેમના પ્રચારગ્રંથોનું વાચન કિંવા અવલોકન તો તદ્દન નિરુપયોગી જ છે. આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી આપવાનો ઉદ્દેશ રાખી સત્યાસત્ય તત્ત્વના નિર્ણયને માટે કરવામાં આવતો ઉપદેશ કિંવા ટીકાઓ જ પરિણામે બોધનું કારણ નીવડે છે; કેમકે તેની વ્યાપ્તિ કોઈપણ પ્રકારનો સ્વાર્થ સાધવાની દૃષ્ટિએ હોતી નથી. પરંતુ ફક્ત બોધ પૂરતી જ હોય છે. અમુક પંથ કિંવા મતનું અભિમાન રાખવાની પ્રવૃત્તિ થવાનું મુખ્ય કારણ તો અજ્ઞાન એ જ એક છે અને તે તો મોહ કિંવા આસક્તિનું દ્યોતક છે. તેઓનો ઉદ્દેશ આત્મપ્રત્યય એટલે સ્વાનુભવ લેવાનો કદી પણ હોતો નથી.

શ્રેષ્ઠ પુરુષના માર્ગને જ લોકો અનુસરે છે

અમુક પંથ કિંવા અમુક મતના અમો અભિમાની છીએ, એવો મત રાખવો એ તો પોતાનું કાર્ય વિસરી જઈ લોકોને ફસાવ્યા સમાન છે, માટે સત્ય એવા આત્મતત્ત્વનું સ્વાનુભવયુક્ત જ્ઞાન પ્રાપ્ત કરવું એજ એક ધ્યેય જીવનમાં ઊતરવું જોઈએ. તાત્પર્ય કે, જ્યાંસુધી ઉપદેશક કિંવા માર્ગદર્શકને આત્મસ્વરૂપનું સ્વાનુભવયુક્ત જ્ઞાન થયેલું હોતું નથી ત્યાંસુધી તે ઉપદેશક કિંવા માર્ગદર્શક થઈ શકતો નથી, પરંતુ આત્મસ્વરૂપનું સ્વાનુભવયુક્ત જ્ઞાન પ્રાપ્ત કરી લઈ જે જીવન્મુક્ત પુરુષ અજ્ઞાની એવા ગાડરિયા પ્રવાહમાં તણાયેલા લોકોને યોગ્ય માર્ગે ચઢાવવા માટે કર્મનું આચરણ કરે છે, તે જ ખરો લોકસંગ્રહી વા નિષ્કામ કર્મયોગી કહેવાય; કારણ કે, અજ્ઞાની લોકો જેને શ્રેષ્ઠ માને છે, તેવા પુરુષના આચરણનો પ્રભાવ જ તેઓ ઉપર પડે છે; એટલું જ નહિ, પરંતુ તે જેને પ્રમાણ માને છે, તે અનુસાર જ અજ્ઞાની લોકો વર્તે છે; માટે શ્રેષ્ઠ પુરુષે દૂરદેશીપણું રાખી લોકોની બુદ્ધિ ચલાયમાન ન થાય તેવું કર્મ આચરવું યોગ્ય છે.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।

नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।

मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।

सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥

આ ત્રિલોકમાં મને કાંઈ કર્તવ્ય નથી

હે પાર્થ! તત્રૂપ એવો જે "હું" (વૃક્ષાંક ૧) છું તેવા મારે આ ત્રિલોકમાં કાંઈપણ કર્તવ્ય છે જ નહિ અર્થાત્ આત્મસ્વરૂપ એવા "હું" માં મમ એટલે મારું એવી દ્વૈતભાવનાનું અસ્તિત્વ જ નથી; તેથી મને કિંચિન્માત્ર પણ કર્તવ્ય કરવાનું રહેતું નથી, મારે કોઈ વસ્તુ મેળવવાની બાકી રહેલી નથી, છતાં હું પણ હંમેશાં કર્મમાં જ વર્તું છું. ઉદ્દેશ એ કે શ્રી કૃષ્ણ ભગવાન સાક્ષીભાવ (વૃક્ષાંક ૨) માં સ્થિત રહી અર્જુનને "હું" (વૃક્ષાંક ૩) માં સ્થિત કરી કહે છે કે, હે ત્વમ્ (વૃક્ષાંક ૩) રૂપ અર્જુન! જોકે હું તો વાસ્તવિક તત્રૂપ એવો (વૃક્ષાંક ૧) છું. મારામાં વસ્તુતઃ તો અહમ્ મમાદિ ભાવો છે જ નહિ, છતાં મિથ્યા વિવર્તરૂપે "હું" (વૃક્ષાંક ૩) રૂપનો આશ્રય લઈ "હું" જાણે કર્મ કરતો હોઉં તેમ વર્તું છું; કારણ કે, "હું" તત્રૂપ (વૃક્ષાંક ૧) માં જ નિત્ય સ્થિત છું. મારામાં સાક્ષી (વૃક્ષાંક ૨) અથવા હું (વૃક્ષાંક ૩) ભાવનો કિંચિન્માત્ર પણ સ્પર્શ નથી. આ રીતે કૃતાર્થ થયેલા મારે એટલે "હું" ને કર્મ કરવું કિંવા ન કરવું એ બંને સરખા જ છે. છતાં જો હું કર્મ નહિ કરું તો આ ગાડરિયા પ્રવાહની જેમ ચાલનારા અજ્ઞાની મનુષ્યો પણ મને એટલે તત્રૂપ એવા આત્મા (વૃક્ષાંક ૧)ને નહિ ઓળખતાં આળસુ બની કર્મનો ત્યાગ કરશે; તેથી હે પાર્થ! હું પણ આળસને છોડી દઈ એટલે વિવર્તભાવ (વૃક્ષાંક ૩) માં સ્થિત રહી સર્વ પ્રકારે કર્મમાં જ પ્રવર્તી રહ્યો છું, છતાં આત્મસ્વરૂપ એવા મારામાં કિંચિન્માત્ર પણ કદી હાનિ થતી નથી; કારણ કે, આત્મારૂપ એવા "હું"ની દૃષ્ટિએ આ સર્વ મારું જ સ્વરૂપ હોવાથી કર્મ કરવા છતાં પણ હું તેમાં કિંચિન્માત્ર પણ આસક્ત થતો નથી; વળી જો હું કર્મ ન કરું તો મારા માર્ગનું અનુકરણ કરનારા આ સર્વ લોકો ઉત્સન્ન એટલે પોતપોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ નિર્મૂળ થશે અને હું તેઓની બુદ્ધિનો ભ્રંશ કરનારો અર્થાત્ વર્ણસંકરનો કર્તા થાઉં. એ રીતે આ બધી ગાડરિયા પ્રવાહરૂપ અજ્ઞાની પ્રજાઓની મારા હાથે મોટી હાનિ થાય.

सक्ताः कर्मण्यविद्वाꣳसो यथा कुर्वन्ति भारत ।

कुर्याद्विद्वाꣳस्तथाऽसक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥ २५ ॥

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।

जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ २६ ॥

અજ્ઞાનીઓની બુદ્ધિનો ભેદ નહિ કરવો

હે ભારત! જે પ્રમાણે અજ્ઞાની વિષયોમાં આસક્ત થઈને કર્મ કરે છે, તે પ્રમાણે લોકસંગ્રહને માટે અર્થાત્ લોકો આત્મતત્ત્વને માર્ગે પ્રવૃત્ત થાય એવી લૌકિક દૃષ્ટિએ જ્ઞાનીએ પણ અંતઃસ્થ આસક્તિથી અથવા સંગથી રહિત બનીને કર્મો કરવાં જોઈએ. તાત્પર્ય, જ્ઞાનીઓએ પણ પ્રથમ વર્ણવી ગયા તે પ્રમાણે આત્મનિષ્ઠામાં સ્થિત રહીને લોકદૃષ્ટિએ અજ્ઞાનીઓની માફક જ કર્મ કરવાં; પ્રશંસવશાત્ રડવું, હસવું, આનંદ કરવો, શોક કરવો, ક્રોધ કરવો યા ક્ષમા રાખવી ઇત્યાદિ ભાવો બહારથી બતાવવા, પરંતુ અંદરખાને તો આત્મતત્ત્વથી જરા પણ ચલાયમાન થવું નહિ. વેદાન્તાનુસાર શાસ્ત્રાચારદૃષ્ટિએ યજ્ઞયાગાદિ કર્મો કરવાં એ જ જેમનું ધ્યેય બનેલું છે, એવા ગાડરિયા પ્રવાહમાં વહેનારા અજ્ઞાનીઓનો એકદમ બુદ્ધિભેદ કદી પણ કરવો નહિ, પરંતુ તેમના સમૂહમાં તેમની પ્રમાણે જ વર્તી આસ્તે આસ્તે તેમને સીધે રસ્તે દોરી જવા જોઈએ. જેમ અજ્ઞાની બાળકને ભણાવવું હોય ત્યારે પોતાનું જ્ઞાન બાજુએ મૂકી તેના જેવા રમતિયાળ બની તેની સાથે ગોઠવવાનું અથવા ધુંટવાનું કાર્ય પણ શિક્ષકે કરવું પડે છે, તેમજ સામ, દામ, દંડ, ભેદ ઇત્યાદિ નીતિનો આશ્રય લઈ યુક્તિ પ્રયુક્તિથી તેની સાથે કામ લેવું પડે છે; તેમ આ ગાડરિયા પ્રવાહમાં વહેતા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભેદ નહિ કરતાં તેમનામાં ભળી જઈ આસ્તે આસ્તે યુક્તિપ્રયુક્તિ દ્વારા તેઓને પ્રવૃત્તિમાંથી નિવૃત્ત કરીને સ્વસ્વરૂપમાં જોડવા જોઈએ.

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।

अहङ्कार विमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥

મૂઢ ચિત્તવાળો "હું" કર્તા છું એવું અભિમાન રાખે છે

શ્રીભગવાન આગળ કહે છે : હે અર્જુન! તને વખતોવખત જણાવેલું છે કે, આત્મા તો તદ્દન નિઃસંગ, નિષ્ક્રિય, નિરાકાર તથા ગુણાતીત છે; તેમાં તો કર્મોનો કિંચિન્માત્ર પણ લેપ નથી (જુઓ વૃક્ષાંક ૧); આ સર્વ કર્મો તો પ્રકૃતિ દ્વારા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના આશ્રય વડે જ થતાં રહે છે છતાં, આ અતિ મૂઢ અને મિથ્યાભિમાનથી બાંડા બનેલા અજ્ઞાનીઓ ગાડાની નીચે ચાલનારો કૂતરો જેમ ગાડામાંનો બોજો "હું જ વહી રહ્યો છું" એમ સમજે છે, તે પ્રમાણે જગતમાં ચાલતો આ સર્વ વ્યવહાર વાસ્તવમાં તો પ્રકૃતિના આશ્રયે એવા ત્રણ ગુણોના આધારે ચાલી રહેલો હોવા છતાં મિથ્યા અહંકાર વડે જાણે પોતે જ ચલાવી રહ્યો છે, એમ સમજે છે. અત્રે ભગવાન શ્રીકૃષ્ણ નિયતિ વા પ્રારબ્ધવાદના આશ્રયે સત્યાસત્યનું સ્વરૂપ સમજાવે છે. તેમના કહેવાનું તાત્પર્ય એ છે કે, આત્મા તો તદ્દન નિઃસંગ હોઈ તેમાં કરવાપણું કિંવા નહિ કરવાપણું વા તે બંનેનું સાક્ષીપણું ઇત્યાદિ કાંઈ પણ છે જ નહિ; તે તો આ સર્વથી તદ્દન અલિપ્ત છે (જુઓ વૃક્ષાંક ૧). આ રીતનું આત્મસ્વરૂપ સાંખ્યશાસ્ત્રકારની પરિભાષા પ્રમાણે એક વખત સમજવામાં આવ્યું એટલે અજ્ઞાનીઓને માટે એક પ્રશ્ન ખડો થાય છે કે, જો આમ જ હોય તો પછી આ બધું દૃશ્યજાળ દેખાય છે તે શું? તેવા અજ્ઞાનીઓને અદ્વૈત એવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં સુધીને માટે આત્મા અને અનાત્મા એમ બેપણાની દૃષ્ટિનો અંગીકાર કરીને સત્યાસત્યનું પૃથક્કરણ કરી અજ્ઞાનદૃષ્ટિના આશ્રય વડે સમજાવવામાં આવે છે. જેમ નાના બાળકોને શીખવવું હોય ત્યારે તે શીખવનારે પોતે પણ તેની સાથે "એકડે એક" એમ બોલવું પડે છે, તેથી કાંઈ એમ નહિ કહી શકાય કે બાળકની જેમ શિક્ષક પણ અજ્ઞાની હોવાથી બોલે છે! પરંતુ બાળકને જ્ઞાન આપવાને માટે તેની સાથે શિક્ષકને પોતાને પણ અજ્ઞાનતાનો વેશ ભજવવો પડે છે, તેમ શાસ્ત્રકારોને આ જગતાદિ આત્માથી અભિન્ન છે. એ સંબંધમાં કાંઈ ભ્રાંતિ હોતી નથી, પરંતુ અજ્ઞાનીઓને સમજાવવાને માટે જાણે પોતે પણ અજ્ઞાની ન હોય એ રીતે તેઓએ પણ પોતા ઉપર અજ્ઞાનતાનો આરોપ કરીને શાસ્ત્રરચના કરેલી હોવાથી સાચું જ્ઞાન થતાં સુધી તેમને આ વેશ ભજવવો પડ્યો છે. અજ્ઞાની બાળકને સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી જેમ તેના અનેક પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપીને તેનું સમાધાન કરવું પડે છે, તેમ શાસ્ત્રકારો પણ આ જગત છે અથવા નથી કિંવા આત્મસ્વરૂપ જ છે એમ જાણતા ન હતા એવું સમજવાનું નથી; પરંતુ તેઓનું કથન એવું છે કે તમો પૂછો છો તેથી અમો કહીએ છીએ કે, આત્મામાં તો છે, નથી, હું, તું કર્મ વગેરે કાંઈ પણ નથી; તે તો તદ્દન નિઃસંગ, અવિનાશી, નિરાકાર, દૃશ્યાદિ ત્રિપુટીથી પર, જ્ઞાનસ્વરૂપ, નિર્મળ અને અત્યંત શાંત એવો છે; પરંતુ તમો જેને માટે આ બધું દેખાય છે તે શું છે, એમ જે પૂછી રહ્યા છો તેનો બાળકને ઉત્તર આપવાની દૃષ્ટિએ ઉત્તર એ છે કે, આ સર્વ દૃશ્યજાળ અસત્ નાશવંત અને ભ્રમાત્મક હોઈ ઈશ્વરીય શક્તિ, પ્રકૃતિ અથવા માયાને આધારે ભાસી રહેલું મૃગજળ કિંવા વંધ્યાપુત્રના જેવું મિથ્યા કાર્ય છે; એટલે કે આ જે કાંઈ દૃશ્ય ભાસમાન થયેલું જણાય છે, તે સર્વ તો પ્રકૃતિના આશ્રયે રહેલા સત્ત્વાદિ ત્રણ ગુણોનું કાર્ય છે; પરંતુ આત્મામાં આ પ્રકૃતિ કિંવા તેનું કાર્ય ઇત્યાદિ કાંઈ પણ નથી, તે તો તદ્દન અસંગ છે. સત્યતત્ત્વનું જ્ઞાન થતાં સુધી અજ્ઞાનીઓને આ પ્રમાણે આત્મા અને અનાત્મારૂપી દ્વૈતયુક્તિના આશ્રય વડે પૃથક્કરણ કરીને સમજાવાય છે. વિશેષ સ્પષ્ટતાને માટે સુવર્ણ અને તેના દાગીનાનું ઉદાહરણ લઈશું,

જે અજ્ઞાની છે તેની દૃષ્ટિએ તો આ બંનેમાં જરા પણ ભેદ સંભવતો નથી; તે બંને અદ્વૈત (એકરૂપ) જ છે, તે રીતે આત્મા અને જગતનો અભેદ સમજનારાઓની દૃષ્ટિમાં તો બંનેનું અદ્વૈતપણું જ સિદ્ધ

છે; પરંતુ જેઓ સુવર્ણ (સોનું) અને દાગીના એ બંને જુદાં જુદાં છે એમ સમજે છે, તેને સમજાવવાને માટે દાગીનામાંથી સોનું કાઢી લેવામાં આવે તો શું રહેશે ? તેમાં કાંઈપણ શેષ રહેશે નહિ, તેમ જ આ દૃશ્યમાંથી આત્મતત્ત્વ કાઢી લેતાં શેષ રહેનાર શૂન્ય એટલે જ મિથ્યા એવી માયા પ્રકૃતિ અને તેનું કાર્ય છે એમ સમજવું; એટલે કે સુવર્ણ ઉપર કડું, કુંડળ વગેરે નામરૂપોનો મિથ્યા આરોપ થવાનું કારણ શું ? એ પ્રશ્નના જવાબમાં તે તો મિથ્યા એવા પ્રકૃતિના ગુણધર્મોનું કાર્ય છે; વળી જેમ સોનું તો સ્વતઃસિદ્ધ હોઈ તેને જાણવાને માટે બીજા કોઈની જરૂર હોતી નથી. પરંતુ આ બધું સોનું છે. એવું જાણનારા તો તે કરતાં બીજે જ કોઇ હોય છે; તેમ આ હું એવા દૃશ્ય રહસ્યને જાણનારો જે સાક્ષી તે જ આ માયા કિંવા પ્રકૃતિનો પ્રવર્તક ઈશ્વર કહેવાય છે (વૃક્ષાંક ૨ જુઓ). આ પ્રકૃતિ અથવા માયાશક્તિ (વૃક્ષાંક ૩) તેના આધારે જ હોય છે; વળી જેમ સુવર્ણના અનેક દાગીનાઓ તૈયાર કરવાનું કાર્ય તો કારીગરનું હોય છે તેમ આ પ્રકૃતિ કિંવા માયાશક્તિ (વૃક્ષાંક ૩) પોતે સત્ત્વ, રજ અને તમોગુણના આશ્રયે અનેક વાસનાઓથી ઘેરાયેલ જીવાત્મા (વૃક્ષાંક ૬) રૂપ કારીગરો પાસે આ કાર્ય કરાવી લે છે અર્થાત્ મિથ્યા દૃશ્યજાળ ઉત્પન્ન કરવી, નષ્ટ કરવી વગેરે વિવિધ પ્રકારે ભાસતું આ સર્વ કાર્ય પ્રકૃતિના ત્રણ ગુણોના આશ્રયથી ચાલી રહ્યું છે, તે સર્વનું મૂળ " હું " રૂપ એવી આ પ્રકૃતિ જ છે (વૃક્ષાંક ૩ જુઓ), અને આ પ્રકૃતિનો સંચાલક એટલે " હું, હું " એ ભાવનો પ્રેરક, સર્વના હૃદયમાં સ્થિત, સર્વ સાક્ષીનો પણ સાક્ષી એવો ઈશ્વર (વૃક્ષાંક ૨) છે. તેની પ્રેરણા વડે જ આ પ્રકૃતિનું ત્રણ ગુણો વડે થતું તમામ કાર્ય યંત્રવત્ ચાલી રહ્યું છે; તે જ સર્વનો સ્વામી છે. પરંતુ તત્, આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) કે જેમાં આ પ્રકૃતિ, તેનું કાર્ય તથા તેનો સંચાલક સાક્ષી એ પૈકી કોઈનું પણ અસ્તિત્વ નથી; તે તો અનિર્વચનીય તદ્દન અસંગ, નિરાકાર અને નિર્વિકલ્પ છે. આ રીતે પૃથક્કરણ કરીને અજ્ઞાનીઓને સમજાવવામાં આવે છે. જેમ સોનાનો માલિક ગમે તે હોય પણ " આ દાગીનો કોણે બનાવ્યો ? " એમ જો પૂછવામાં આવે તો તે સોનીએ બનાવ્યો એમ ઉત્તર મળે. માલિક તો પોતે ફક્ત તેના માલિકી હક્ક પૂરતો જ જવાબદાર હોય છે તેમ આ ઈશ્વર (વૃક્ષાંક ૨) સર્વ દૃશ્યોના માલિકી હક્ક પૂરતો જ જવાબદાર હોઈ તેને કેટલાક નિર્માતા અથવા પ્રકૃતિનો પ્રેરક કહે છે, તથા તેની પોતાની ઈક્ષણ અર્થાત્ કાળની પ્રેરણાશક્તિ અનુસાર આ પ્રકૃતિ કિંવા માયારૂપ " હું " (વૃક્ષાંક ૩) પોતે ત્રણ ગુણો ધારણ કરી અનંત નામરૂપોથી પ્રતીત થનારું મિથ્યા જગત ભાસમાન કરે છે. જેમ રાજ્યના સંચાલનનું કાર્ય તો રાજાનું હોય છે, તેની આજ્ઞા વગર બીજા કોઈ કશું જ કરી શકે નહિ. છતાં તેનો કોઈ અમલદાર હું જ રાજ્ય ચલાવું છું એમ માને તો તે જેમ મૂઢપણું ગણાય, તેમ ઈશ્વરની સત્તાથી માયાશક્તિ અથવા પ્રકૃતિના સત્ત્વાદિ ત્રણ ગુણોના આશ્રયે ચાલી રહેલું આ સમસ્ત દૃશ્ય હું જ ચલાવું છું એમ જો કોઈ મૂઢ ચિત્તવાળો મનમાં ખોટો અહંકાર ધારણ કરી માની બેસે તો તે ખરેખર મૂર્ખતા જ લેખાશે.

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।

गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ २८ ॥

प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु ।

तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ॥२९॥

સર્વ કાર્ય તો પ્રકૃતિના ગુણોવશાત્ થયા પામે છે

હે મહાબાહો ! હું તો તત્ (વૃક્ષાંક ૧) એવો આત્મસ્વરૂપ છું, મારામાં કાર્ય કારણાદિનો કિંચિન્માત્ર પણ અંશ નથી; કેવળ અસંગ, નિરાકાર, નિર્વિકલ્પ અને અનિર્વચનીયરૂપ મારી આત્મનિષ્ઠામાં સ્થિત થયેલો તત્ત્વવિત્ આ સર્વ દૃશ્યાદિને તેમજ પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોવશાત્ થયેલાં

કર્મોના વિભાગોને યથાર્થ રીતે જાણી હું તો આ ત્રણ ગુણો અને તેના વડે થયેલાં કર્મોના અનેક વિભાગોથી પર એવો આત્મસ્વરૂપ છું, એમ સારી રીતે જાણતો હોવાથી તેમાં કદી આસક્ત થતો નથી; એટલે આ સર્વ ખેલ તો હું રૂપ પ્રકૃતિ, તેના ત્રણ ગુણો અને તે ગુણોના આશ્રયે કર્મોમાં પડતા અનેક વિભાગોના આધારે જ ચાલી રહેલો છે, પ્રકૃતિના ગુણો જ વિષયોમાં પ્રવર્તી રહ્યા છે; હું તો તદ્દન અસંગ, નિર્વિકલ્પ અને અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ જ છે, મારામાં કિંચિન્માત્ર વિકાર સંભતો નથી, એવું જાણનારો તત્ત્વવિત્ તેમાં કર્તાપણાનું યત્કિંચિત્ પણ અભિમાન કરતો નથી; છતાં પ્રકૃતિના ગુણો વડે અત્યંત મૂઢ બનેલા, ગુણ અને કર્મમાં જ રાતદિન મચી રહેલા એટલે આસક્ત થયેલા, તેમજ પોતાના આત્મસ્વરૂપને નહિ જાણનારા મંદબુદ્ધિના અજ્ઞાનીઓને શ્રેષ્ઠ અને આત્મવિત્ એવા સર્વજ્ઞોએ અવળે માર્ગે નહિ દોરવા જોઈએ. તાત્પર્ય એ કે, તેમનામાં ભળી જઈ તેમને શાસ્ત્ર પ્રમાણે કર્મોમાં લગાડીને યુક્તિપ્રયુક્તિ દ્વારા આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને સ્વસ્વરૂપમાં સ્થિત કરવા જોઈએ. અત્યાર સુધીના વિવેચનમાં ભગવાને વ્યવહારદૃષ્ટિનો વિચાર કરતાં પણ જ્ઞાનીઓએ કર્મો કરવાની કેટલી આવશ્યકતા છે, તે સિદ્ધ કરી બતાવ્યું.

मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा ।

निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥ ३० ॥

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।

श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३१ ॥

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।

सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥

અધ્યાત્મદૃષ્ટિ રાખીને સર્વ કર્મો ઇષ્ટદેવને અર્પણ કરવાં

હે અર્જુન! ઉપર બતાવ્યા પ્રમાણે કર્મ કરવાનું જો તારે માટે અશક્ય હોય તો હું એટલે આ કૃષ્ણ નામનું શરીર ધારણ કરેલો છું, એમ મને દેહધારી નહિ સમજતાં મારામાં અધ્યાત્મચિત્ત વડે સર્વ કર્મોને અર્પણ કર! તાત્પર્ય, તને ઉપદેશ કરી રહેલો હું એટલે જોવામાં આવતો આ શરીરધારી શ્રીકૃષ્ણ નહિ પરંતુ તે તો અનિર્વચનીય એવો આત્મા છે, એવા પ્રકારે મારામાં અધ્યાત્મદૃષ્ટિનો*આરોપ કર, કે જેથી "હું" એટલે કેવળ નિઃસંગ નિરાકાર, નિર્વિકલ્પ તથા અનિર્વચનીય એવો તત્ કિંવા આત્મા(શ્લોકાંક ૧) કેવી રીતે છું, એ તું સારી રીતે સમજી શકીશ. આમ આત્મસ્વરૂપ એવા મારામાં અર્થાત્ સ્વરૂપમાં જ ચિત્તને હંમેશને માટે પરોવી મારા સ્વરૂપમાં જ સર્વ કર્મોને અર્પણ કર; એટલે કે હૃદયમાં સ્ફુરણા થતાંની સાથે જ તે મારું એટલે આત્માનું જ સ્વરૂપ છે, એ પ્રમાણે સમજ તથા આશા, મમતા શોકથી રહિત બની યુદ્ધ કર. અસૂયા અર્થાત્ દોષ નહિ કાઢતા, શંકા કુશંકાઓને છોડી દઈ જે શ્રદ્ધાવાન મનુષ્યો મારા આ મત પ્રમાણે નિત્ય અભ્યાસ કરે છે, તેઓ કર્મ કરવા છતાં પણ કર્મથી મુક્ત થાય છે; પરંતુ જેઓ દોષદૃષ્ટિ વડે શંકા, કુશંકાઓ કરી મારા આ મતનો અંગીકાર કરતા નથી તેવા દુષ્ટ ચિત્તવાળા અને સર્વજ્ઞાનવિમૂઢ એટલે અતિશય અજ્ઞાની એવા મૂર્ખાઓનો તો તદ્દન નાશ જ થયેલો છે, એમ જાણ.

કર્મોથી મુક્ત થવાની યુક્તિ

શ્રીકૃષ્ણ ભગવાને આમાં ભગવાન અને ભક્ત જુદા જુદા છે એમ માની જેઓ ભક્તિ કરે છે તેઓને માટે ઉપાય બતાવેલો છે. તેમનું કહેવાનું તાત્પર્ય એ છે કે, જેઓ ભગવાન અને ભક્તમાં જુદાપણાનો

* અધ્યાત્મ એટલે સર્વનું અધિષ્ઠાન એવો આત્મા હોઈ તે જ સર્વત્ર ચરાચરમાં વ્યાપેલો છે. એ મુજબ સર્વાત્મભાવરૂપ સર્વત્ર આત્મદૃષ્ટિ રાખવી તેનું નામ જ અધ્યાત્મદૃષ્ટિ સમજવી.

અંગીકાર કરી ભક્તિ કરતા હોય અને હું ભક્ત છું તથા આ ભગવાન છે એવી મિથ્યા દ્વૈતની ભાવના જેઓમાં હોય તેવાઓએ પણ આ ભગવાન એટલે અમુક પ્રકારની મૂર્તિવાળા, આકારવાળા કિંવા શરીરધારી નહિ, પરંતુ તે તો નિરાકાર, નિર્વિકલ્પ, નિઃસંગ, અવ્યય, અજન્મા, અવિનાશી, કૂટસ્થ, અનિર્વચનીય, તદ્દન નિર્મળ, શુદ્ધ, શાંત અને કેવળ જ્ઞાનસ્વરૂપ એવા બ્રહ્મ, આત્મા અથવા તત્સ્વરૂપ છે; તે જ સર્વ કર્તા હર્તા વગેરે છે, એમ સમજીને કાયા, વાચા અને મન વડે થતાં તમામ કર્મો નિત્ય તેને જ અર્પણ કરવાં જોઈએ. આમાં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, ભગવાન અધ્યાત્મચિત્ત વડે સર્વ કર્મોનો સંન્યાસ વા ત્યાગ કરવા જણાવે છે, એટલે કાયા, વાચા અને મન વડે જે જે કર્મો થાય તે તે સર્વ કર્મો પોતપોતાના ઉપાસ્ય દેવતાની મૂર્તિને આકૃતિરૂપ કિંવા શરીરધારી ગણીને નહિ પરંતુ નિઃસંગ, નિર્વિકલ્પ, નિરાકાર એવા આત્મસ્વરૂપ માનીને નિત્ય સમર્પણ કરતાં રહેવું જોઈએ. આ રીતે શંકાથી રહિત બની શ્રદ્ધા વડે તન, મન, ધનથી સર્વ ભાવે આત્મસ્વરૂપ એવા મને અર્પણ થનારો અર્થાત્ મારા આ મતનો અંગીકાર કરનારો મનુષ્ય પણ કર્મોથકી મુક્ત થાય છે.

આ મતનો અંગીકાર નહિ કરનારની ગતિ

આ પ્રમાણે ભગવાને કર્મથી મુક્ત થવાને માટે અત્યાર સુધી ત્રણ પ્રકારના અભ્યાસક્રમો કહ્યા: (૧) આ સર્વ આત્મસ્વરૂપ છે, તથા 'હું' પણ આત્મસ્વરૂપ છું, એ રીતે નિશ્ચયાત્મક જાણી કર્મો કરવાં તે સર્વાત્મભાવનો, (૨) તદ્દન નિઃસંગ એવા આત્મસ્વરૂપમાં નામ રૂપાદિની કલ્પના સ્પર્શી શકતી નથી, એવું જાણી અસંગ થઈ જવું તે નિઃશેષભાવનો તથા (૩) પોતપોતાના ઇષ્ટદેવમાં આત્મદૃષ્ટિ રાખી તેમને દરેક કર્મો સમર્પણ કરતા રહેવું તે ભક્તિભાવનો કિંવા સાક્ષીભાવનો(સર્વાત્મભાવ અને નિઃશેષભાવના સમન્વયને અત્રે જુદો લીધો નથી) આ રીતે કર્મ કરનારો કર્મ કરવા છતાં પણ કર્મત્યાગી થઈ શકે છે તથા અંતે મુક્ત થાય છે, પરંતુ જેઓ આ રીતના મારા મતનો અંગીકાર કરતા નથી, તેઓ પશુતુલ્ય તદ્દન અવિવેકી હોઈ નાશ પામેલા છે, એમ જાણ.

કર્મ કરવા છતાં પણ તેથી અલિપ્ત રહેવું

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે: હે અર્જુન! અત્યાર સુધી મેં તને કર્મ સંબંધમાં વ્યવહાર, શાસ્ત્ર અને અધ્યાત્મદૃષ્ટિનો આશ્રય લઈ અનેક પ્રકારની યુક્તિઓ વડે તારે કર્મ શા માટે કરવાં જોઈએ તથા તે કરવા છતાં પણ તેનો લેપ નહિ લાગે એવી શાસ્ત્રમાન્યયુક્તિઓ કહી તથા મારો સ્વાનુભવસિદ્ધ મત પણ કહી સંભળાવ્યો. કર્મ કરવા છતાં તેનો લેપ નહિ લાગે એવી જે અભ્યાસની ત્રણ યુક્તિઓ ઉપર બતાવી છે, તેમાં પ્રથમની બે યુક્તિઓ શ્રુતિશાસ્ત્રમાં માન્ય એવી છે તથા ત્રીજી જે યુક્તિ બતાવી તે પુરાણાદિ શાસ્ત્રોમાં માન્ય હોઈ મારો મત છે. મત* કહેવાનું કારણ એ છે કે વાસ્તવિક રીતે આ ક્રમ શ્રુતિશાસ્ત્રની બતાવેલી બંને યુક્તિથી વેગળો પાડી શકાતો નથી, છતાં તેવા બે પ્રકારો નહિ સમજનારા અજ્ઞાનીઓને માટે આ ત્રીજો સહેલો ક્રમ કહેવામાં આવેલો છે; તે પ્રમાણે નિઃશંક રીતે આચરણ થાય તો તેવા લોકો પણ કર્મ બંધનમાંથી મુક્ત થઈ અંતે મારા પરમપદને જ પામે છે. હવે હું તને સ્થૂલ શરીર તરફ નજર રાખીને વ્યવહાર દૃષ્ટિએ સમજાવું છું કે, જે ઉપરથી કર્મ કરવાની આવશ્યકતા શા માટે છે, તેની કલ્પના તને આવશે.

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।

प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ ૩૩ ॥

નિયતક્રમ અને બાહ્ય નિગ્રહ

અરે! જો કે વસ્તવિક જ્ઞાની તો કર્મોતીત હોય છે, એ અત્યાર સુધીના વિવેચન ઉપરથી તારા ધ્યાનમાં સારી રીતે આવ્યું હશે જ, છતાં બાહ્ય દૃષ્ટિએ તો તેમનું આ શરીર છે, એમ જે લોકોની દૃષ્ટિએ દેખાય

* આને જ પુરાણોમાં ભાગવત્ કિંવા નારાયણીય ધર્મ એવું નામ આપવામાં આવેલું છે, આ સંબંધમાં આગળ વિવેચન આપવામાં આવેલું છે, તે માટે અધ્યાય ૬, ૭, ૧૨, અથવા ભા૦ ૨૬૦ ૧૧, અ૦ ૨, ૩, જુઓ.

છે; તે શરીરની થતી તમામ ચેષ્ટાઓ શરીર રહે ત્યાં સુધીને માટે પ્રકૃતેર્વશાત્ એટલે ત્રિગુણાત્મક એવા પ્રકૃતિના નિયમવશાત્ થયા જ કરે છે અને દરેક પ્રાણી પણ પોતપોતાની પ્રકૃતિને અનુસરીને ચાલે છે, એમ સર્વત્ર જોવામાં આવે છે; તો પછી આ સ્થૂળ ઇંદ્રિયોનો તે વળી નિગ્રહ શો? ઉદ્દેશ એ કે દેખવામાં આવતી આ દૃશ્ય અને સ્થૂળ ઇંદ્રિયોવાળી બાહ્યપ્રકૃતિ તો નિયતિના નિયમાનુસાર અર્થાત્ ઈશ્વરી શક્તિ કિંવા પ્રકૃતિના ત્રણ ગુણને લીધે પરતંત્ર હોવાથી તે તો તેની આજ્ઞાનુસાર કાર્ય કર્યે જાય છે. જુઓ કે નાકે કદી જોવાનું કાર્ય કર્યું છે? કિંવા કાને કદી સૂંઘવાનું કાર્ય કર્યું છે? અથવા તો માથા વડે માણસ કદી ચાલે છે? બોલવાનું કામ કદી આંખો કરે છે? ખાવાનું કામ કદી ગુદા કિંવા ગુદાનું કામ કદી મોઢું કરે છે? આંબાના બીજમાંથી કદી લીમડો કિંવા લીમડાના બીજમાંથી કદી લીંબુનું ઝાડ થવા પામે છે ખરું કે? એટલું તો શું, પણ સૂર્યનારાયણ કદી શીત થાય છે અને ચંદ્રમા કદી તપે છે ખરા કે? તેમ જ આકાશને કોઈ આવે છે? અને વાયુને કદી અટકાવી શકાય છે કે? નિત્ય ઋતુઓ અરાબર થાય છે, સૂર્ય ચંદ્રાદિ સમય ઉપર ઉગે છે વગેરે બધું કોની સત્તાથી પ્રવર્તી રહ્યું છે? તાત્પર્ય કે, આ બધું તંત્ર જે નિયમિતપણે ચાલી રહ્યું છે તે સર્વ ઈશ્વરીય સત્તાથી પ્રકૃતિના ત્રણ ગુણોના આધારે પ્રથમથી જ નિશ્ચિત થયેલું છે, તેમાં કિંચિન્માત્ર પણ કદી ફેરફાર થતો નથી અને તે વોરણે સર્વત્ર એક આત્મસ્વરૂપ દેખનારા જ્ઞાનીને જો કે પોતાની દૃષ્ટિએ દ્વૈત નહિ હોવાથી કર્મ વગેરે કાંઈ હોતું નથી. છતાં અજ્ઞાનીની દૃષ્ટિએ તેમના શરીરની થતી ચેષ્ટાઓ તો અન્ય પ્રાણીઓની માફક પ્રકૃતિ અનુસારજ થતી રહે છે. જેમ અજ્ઞાનીઓ પણ ચાલવાનું કાર્ય પગથી કરે તેમ જ્ઞાની પણ પગ વડે જ ચાલે છે, નેત્ર વડે જુએ છે, કાન વડે સાંભળે છે, વાણી વડે બોલે છે; આ રીતે દેહ હોય ત્યાં સુધીને માટે પ્રકૃતિ અનુસાર ચેષ્ટાઓ કર્યે જાય છે, એટલું જ નહિ પણ દરેક પશુ, પક્ષો, કીટ, પતંગાદિ પણ પોતપોતાની પ્રકૃતિ અનુસાર જ ચેષ્ટાઓ કરે છે. એવો સર્વ સામાન્ય નિયમ છે. આ રીતે તો પ્રકૃતિની નિશ્ચિતતા જ ઠરેલી છે, એમ સિદ્ધ થાય છે, તો પછી નિયતિ ધર્મને છોડીને બોટો નિગ્રહ એટલે જબરદસ્તી તે વળી શી રીતે થઈ શકે?

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।

तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ३४ ॥

ઇંદ્રિયો અને તેના વિષયોનો વ્યવસ્થિત ક્રમ

સૂક્ષ્મ અને સ્થૂલ ઇંદ્રિયો તથા તે દરેકના શબ્દસ્પર્શાદિ વિષયો એ બંને વચ્ચે રાગ અને દ્વેષ એટલે પ્રીતિ અને અપ્રીતિ આ બેઉ પ્રકૃતિ ધર્માનુસાર વ્યવસ્થિત રહેલા છે, એટલે પ્રકૃતિ અર્થાત્ નિયતિનો એવો ચોક્કસ નિયમ પ્રથમથી જ નિશ્ચિત થયેલો છે કે, નેત્રોનો ધર્મ રૂપનું ગ્રહણ કરવું એટલે જોવાનું જ કામ કરવું, કાને સાંભળવાનું, ત્વચાએ સ્પર્શનું, રસનાએ સ્વાદનું, પગે ચાલવાનું અને મળ મૂત્રાદિ વિસર્જનનું કાર્ય ક્રમે ગુદા અને શિશ્ને કરવાનું ઇત્યાદિ અમુક અમુક ઇંદ્રિયોએ અમુક અમુક વિષયોનું ગ્રહણ કરવાનું હોય છે, તેમાં પણ અમુક સારું અને અમુક ખરાબ એ મુજબ રાગ એટલે પ્રીતિ અને દ્વેષ એટલે અપ્રીતિ એવો ક્રમ વ્યવસ્થિત રીતે શરૂઆતથી જ નિયતિએ નક્કી કરેલો હોય છે; તેમાં નિગ્રહ થવો કદાપી શક્ય નથી. પરંતુ તે કાર્યો રાગ દ્વેષાદિના જડબામાં નહિ સપડાતાં અર્થાત્ તેમાં કદિ પણ વશ નહિ થતાં કરવાં એજ ખરું કર્તવ્ય છે. કારણ કે રાગ અને દ્વેષ આ બે જ પુરુષોના શત્રુઓ છે. આ રાગ દ્વેષ કે, જે ઇંદ્રિયો અને તેના વિષયો સાથે સંકળાયેલા છે, તે ઈશ્વરની શક્તિ એટલે પ્રકૃતિ કિંવા નિયતિના ત્રણ ગુણોના આધારે નિશ્ચિત થયેલા નિયતિ ધર્મો છે અને હું તો આત્મા(શ્લોકાંક ૧) છું, મારામાં તેઓની ગંધ માત્ર પણ નથી, એમ નિશ્ચયપૂર્વક સમજી લઈ અંતઃકરણમાં વિષયોનું ઉત્થાન જ થવા ન પામે એવી સાવચેતી રાખવી, એજ એક રાગદ્વેષરૂપ શત્રુઓના પંજામાંથી મુક્ત થવાનો અર્થાત્ તેને વશ ન થવાનો ઉપાય છે,

બીજા કોઈ પણ ઉપાય વડે આ રાગદ્વેષના પંજામાંથી છટકી શકાય તેમ નથી. હે અર્જુન! આ રીતે નિયતિના ક્રમનો વિચાર કરતાં પણ બાહ્ય નિગ્રહ અર્થાત્ કર્મો નહિ કરું એવું અભિમાન રાખવું એ વ્યર્થ ગણાશે, કેમકે તે બધું તો નિયતિનિયમ પ્રમાણે જ થયા કરે છે. માટે તેમાંના રાગદ્વેષ અર્થાત્ પ્રીતિ અપ્રીતિ આદિ આસક્તિનો ત્યાગ કરવો એ જ ખરો પુરુષાર્થ કહેવાય છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ૩૫ ॥

સ્વધર્મનો ત્યાગ કદી પણ નહિ કરવો

પરધર્મ ગમે તેટલો સારો જણાય અને સ્વધર્મ વિગુણ એટલે ગુણમાં અત્યંત કમી અર્થાત્ સદોષ જણાય તો પણ સ્વધર્મનું આચરણ જ શ્રેયસ્કર એટલે કલ્યાણકારી છે. સ્વધર્મનું આચરણ કરતાં કરતાં મરણ થાય તો તેથી કલ્યાણ જ થાય છે, પરંતુ પરધર્મ તો ભયાવહ એટલે ભયને બોલાવવો, ભયનું આવાહન કરવું, પોતાની જાતે જ ભયને બોલાવવો, ટૂંકમાં તે પોતાની જાતે જ પોતના પગ ઉપર કુહાડો મારી લેવા સમું ભયંકર છે, એમ જાણવું. આમ કહેવાનો ભગવાનનો શો ઉદ્દેશ હશે? તેનો વિચાર કરવો રહ્યો. પ્રથમ તો સ્વધર્મ કોને કહેવો? તે જાણવાની જરૂર છે. અત્યાર સુધી શ્રી ભગવાને જે ઉપદેશ અર્જુનને કર્યો છે, તે સર્વમાં પ્રથમ આત્મધર્મને જ પ્રાધાન્ય આપેલું છે, પછી શાસ્ત્રમાં જણાવેલા વર્ણાશ્રમાદિ ધર્મોનો, ત્યારબાદ વ્યાવહારિક તથા લૌકિક ધર્મોનો અને ત્યાર પછી દેહાદિક ધર્મોનો એ પ્રમાણે સર્વ બાજુનો વિચાર કરીને અર્જુનને યુદ્ધ કરવાને માટે કહેવામાં આવેલું છે. એટલે અત્રે આ ચાર પ્રકારની દૃષ્ટિનો આશ્રય લઈ વિચાર કરવાથી ધર્મનો અર્થ સમજવામાં સરળતા થશે.

સ્વધર્મમાં સ્વ+ધર્મ એમ બે શબ્દો આવેલા છે. ધર્મની મૂળ ઉત્પત્તિ "धृ" ધાતુથી થયેલી હોઈ તેનો અર્થ "ધારણ કરવું" એવો થાય છે અને 'સ્વ' એટલે પોતે. અર્થાત્ પોતાને ધારણ કરવું એજ સ્વધર્મનો શાસ્ત્રીય સયુક્તિક અર્થ થાય છે. હવે પોતે કોણ? તો આત્મા; એટલે આત્માએ પોતે જ પોતામાં પોતાને ધારણ કરવો. તાત્પર્ય એ કે, આ જે જે કાંઈ દૃશ્ય ભાસે છે, તે સર્વનું ધારણ આત્મા પોતે જ પોતામાં કરી રહ્યો છે, એમ દૃઢ નિશ્ચયપૂર્વક જાણવું તે જ સ્વધર્મ કહેવાય, આ સર્વ આત્મસ્વરૂપ જ છે. આત્મવ્યતિરિક્ત અથવા આત્માથી અન્ય કાંઈ પણ છે જ નહિ એમ જે જાણવું તે જ સ્વધર્મ. આ રીતે સ્વધર્મનું ખરું રહસ્ય જેઓ જાણી ન શકે તેવાઓએ તેવું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધીને માટે શાસ્ત્રમાં ઠરાવેલા વર્ણાશ્રમાદિ સ્વધર્મનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ, એ જ તેમને માટે સ્વધર્મ છે. આ વર્ણાશ્રમાદિ ધર્મની મૂળ ઉત્પત્તિ ક્યાંથી અને કેવી રીતે થઈ તે જાણવાની જરૂર હોવાથી તેનો પ્રથમ વિચાર કરીશું. વર્ણાશ્રમાદિ ધર્મની ઉત્પત્તિ બ્રહ્મદેવે શી રીતે કરી, તે અત્રે સંક્ષેપમાં આપવામાં આવે છે(ભા૦ સ્કં૦ ૩, અ૦ ૧૨ જુઓ.) "धाता यथा पूर्वमकल्पयत्" એ શ્રુતિ અનુસાર એક બીજા સાથે મળીને વર્તનારા લોકો આગળની સૃષ્ટિની જેમ વળી પાછા હવે હું કેવી રીતે સૃજીશ? એવો વિચાર કરવા બ્રહ્માના મુખમાંથી એકાએક વેદો ઉત્પન્ન થયા. હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ, અને બ્રહ્મા આદિ ચાર ઋત્વિજ ઋષિયોનું કર્મ, તેમ જ યજ્ઞનો વિસ્તાર, ઉપવેદ, ન્યાય, ધર્મના ચાર પાદ તથા જુદા જુદા આશ્રમ અને તેની વૃત્તિઓ એ સર્વે પણ બ્રહ્માના મુખમાંથી જ ઉત્પન્ન થયાં.

વેદ તથા યજ્ઞાદિની ઉત્પત્તિ

વિદુર પૂછે છે: હે તપોનિધિ! પ્રજાપતિના પણ પિતા એવા અજન્મા બ્રહ્મદેવે વેદાદિ પોતાના મુખેથી સર્જ્યાં એમ આપે કહ્યું, પણ કયા મુખેથી શું શું ઉત્પન્ન કર્યું, તે સર્વ મને આપ વિસ્તારથી કહો.

મૈત્રેય બોલ્યા: બ્રહ્માએ પૂર્વ તરફના મુખેથી ઋગ્વેદ, પશ્ચિમ મુખમાંથી યજુર્વેદ, ઉત્તર દિશાના મુખેથી સામવેદ તથા દક્ષિણ દિશાના મુખેથી અથર્વવેદ સર્જ્યો. શસ્ત્ર* એટલે હોતાનું કર્મ, ઇજ્યા એટલે અધ્વર્યુનું કર્મ, સ્તુતિ એટલે ઉદ્‌ગાતાનું કર્મ પ્રાયશ્ચિત્ત એટલે બ્રહ્માનું કર્મ; એ પણ અનુક્રમે પૂર્વ, વા પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાનાં મોં વડે સર્જ્યાં; બાદ પુનઃ આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ અને અથર્વવેદ વા સ્થપતિ એટલે શિલ્પવિદ્યા કિંવા અથર્વવેદની અંતર્ગત આવેલું વિશ્વકર્માનું શાસ્ત્ર; તે અનુક્રમે પૂર્વ, પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ મુખ વડે સર્જેલાં છે; તેમ જ ઈશ્વર અને સર્વજ્ઞ એવા બ્રહ્માએ પાંચમા વેદરૂપ ઇતિહાસ, પુરાણો, ઉપપુરાણો પણ પોતાનાં ચારે મુખથી સર્જ્યાં છે. વળી તેણે પોડશી તથા ઉક્થી એ બે યજ્ઞો પૂર્વ તરફના મુખેથી, આપ્તોર્યામ તથા અતિરાત્ર એ બે યજ્ઞો પશ્ચિમ તરફના મુખેથી, પુરીષ તથા અગ્નિષ્ટોમ એ દક્ષિણ તરફના મુખેથી અને વાજપેય અને ગોસવ એ યજ્ઞો ઉત્તર તરફના મુખેથી સર્જ્યા છે.

ધર્મના ચાર પાદો તથા આશ્રમોની ઉત્પત્તિ

બ્રહ્માએ પૂર્વ તરફનાં મુખેથી અધ્યાત્મવિદ્યા, દક્ષિણ મુખેથી દયા, પશ્ચિમ મુખેથી તપ અને ઉત્તર મુખેથી સત્ય, એ ધર્મના ચાર પાદો સર્જ્યા તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ એ ચાર આશ્રમોને તેમની વૃત્તિસહિત પૂર્વાદિ મુખેથી સર્જેલા છે; તેમ સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને બૃહત્ એ મુજબ ચાર પ્રકારનું બ્રહ્મચર્યવ્રત પણ પૂર્વાદિ મુખેથી સર્જ્યું.

ચાર પ્રકારનું બ્રહ્મચર્યવ્રત

જનોઈ દીધા પછી ત્રણ દિવસ ગાયત્રી શીખતાં સુધી જે બ્રહ્મચર્યવ્રત પાળવું તે સાવિત્ર, અનુપ્રહાનાદિ વ્રતોનું આચરણ કરતાં બ્રાહ્મણે વર્ષ સુધી પાળવાનું બ્રહ્મચર્ય તે પ્રાજાપત્ય, વિદ્યાભ્યાસ સુધી અર્થાત્ ગુરુને ત્યાં જઈ વેદવિદ્યા ભણતાં સુધી પાળવાનું બ્રહ્મચર્ય તે બ્રાહ્મ તથા જિંદગી પર્યંતનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય એ બૃહદ્‌વ્રત કહેવાય છે.

ઉપજીવિકાઓની ઉત્પત્તિ અને પ્રકાર

વાર્તા એટલે શાસ્ત્ર વિરોધ નહિ કરે તેવા ખેતી વગેરેના ધંધા, સંચયવૃત્તિ એટલે યજ્ઞ કરાવવો અને ભણાવવું ઇત્યાદિ વૃત્તિથી નિર્વાહ કરવો તે તથા શિલોંછ એટલે ખેતરોમાં પડેલાં ડૂંડાં અને પાલો વગેરે ઉપાડી લીધા બાદ જે દાણાઓ વેરાયેલા હોય તે વીણી લઈને તે વડે ગુજરાન ચલાવવું તે. આ ચાર બ્રાહ્મણોની ઉપજીવિકાઓ પણ બ્રહ્માના પૂર્વાદિ દિશાઓના મુખો વડે સર્જાયેલી છે; વૈખાનસ એટલે બીજા વગર પાકે તે ઉપર નિર્વાહ કરનારા; વાલખિલ્ય એટલે નવું અન્ન મળ્યા પછી જૂનું ત્યજી દેનારા; ઔદુંબર એટલે સવારમાં ઊઠીને પોતે જે દિશા પહેલા દેખે તે દિશામાં જઈ ત્યાંથી જે કાંઈ પાન, ફૂલ, ફળ, આદિ મળે તે ઉપર ગુજરાન ચલાવનારા અને ફેનપ એટલે પડેલાં સૂકાં ફળપાન ખાઈ પોતાનું ગુજરાન કરનારા, એ પ્રમાણે ચાર પ્રકારના વનવાસમાં રહેનારા વાનપ્રસ્થો; કુટીચક એટલે પોતાના આશ્રમને ઉચિત એવાં કર્મ કરનારા, બહુદક એટલે કર્મને ગૌણ સમજનારા તથા મુખ્યપણે જ્ઞાન સંપાદન કરનારા, હંસ એટલે જ્ઞાનના અભ્યાસમાં જ લાગેલા, તેમજ પરમહંસ એટલે નિષ્ક્રિય અર્થાત્ કર્મથી પર થયેલા તત્ત્વનિષ્ઠ, એ ચાર પ્રકારના સંન્યાસધર્મીઓ પણ બ્રહ્માના પૂર્વાદિ મુખેથી જ ઉત્પન્ન થયા છે.

વિદ્યાની ઉત્પત્તિ

આન્વીક્ષિકી એટલે મોક્ષોપયોગી અધ્યાત્મવિદ્યા, ત્રયી એટલે ધર્મના સાધનરૂપ ત્રિવેદ માંહેનાં નિયમવાક્યો બતાવનારી વિદ્યા, વાર્તા એટલે નિર્વાહ સંપાદન કરવાના સાધનરૂપ વિદ્યા તથા દંડનીતિ એટલે રાજ્ય તથા

* યજ્ઞમાં શસ્ત્ર એટલે હોતાનું કર્મ તે ઋગ્વેદીનું, ઇજ્યા એટલે અધ્વર્યુનું કર્મ તે યજુર્વેદીનું, સ્તુતિ એટલે ઉદ્‌ગાતાનું કર્મ તે સામવેદીનું અને પ્રાયશ્ચિત્ત એટલે બ્રહ્માનું કર્મ એ અથર્વવેદીનું છે.

દ્વારા મેળવવાના સાધનરૂપ વિદ્યા; એમ મોક્ષ, ધર્મ, અર્થ અને કામ સંપાદન કરવાની વિદ્યાઓની ઉત્પત્તિ પણ બ્રહ્મદેવના પૂર્વાદિ મુખે કમે થયા પામેલી છે.

વ્યાહૃતિ તથા છંદોની ઉત્પત્તિ

ભૂઃ, ભુવઃ, સ્વઃ અને મહઃ એ ચાર વ્યાહૃતિઓ બ્રહ્માના પૂર્વાદિ ચાર મુખોમાંથી કમે સર્જાયેલી છે. ૐકાર તો તેના હૃદયાકાશમાંથી જ થયો છે. બ્રહ્માના રુવાંટાંમાંથી ઉષ્ણિક છંદ, ત્વચામાંથી ગાયત્રી છંદ, માંસથકી ત્રિષ્ટુપ્ છંદ, સ્નાયુમાંથી અનુષ્ટુપ્ છંદ, અસ્થિમાંથી જગતિ છંદ, મજ્જામાંથી પંક્તિ છંદ તથા પ્રાણથી બૃહતી છંદ, એ પ્રમાણે સાત ધાતુમાંથી સાત છંદો* ઉત્પન્ન થયેલા છે.

પ્રણવસ્વરૂપથી પરમેશ્વરની સર્વત્ર વ્યાપ્તિ

"क थी म" મુખીના પચીશને રપર્શસ્વરો કહે છે, તે બ્રહ્માનો જીવ છે, સ્વર **અ, ઇ, ઉ, ઋ,** એ દરેક હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ત્રણ ભેદ વડે બાર થાય છે. **લૃ, એ, ઐ, ઓ, ઔ,** એ પાંચ દીર્ઘ અને પ્લુત એવા બે બે ભેદો વડે દશ થાય છે. આ પ્રમાણે કુલ બાવીશ સ્વરો એ બ્રહ્મદેવનો દેહ છે. **શ, ષ, સ** અને **હ** એ ચાર અક્ષરો ઉષ્મા કહેવાય છે. તે બ્રહ્માની ઇંદ્રિયો છે તથા અંતઃસ્થ એટલે **ય, ર, લ, વ,** એ ચાર બ્રહ્માના બળથી ઉત્પન્ન થાય છે, એટલે બ્રહ્મનું બળ કહેવાય છે; તેમજ બ્રહ્માની ક્રીડામાંથી ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એમ સાત સ્વરો ઉત્પન્ન થયા છે. હે તાત (શિષ્ય કિંવા પુત્રને સંબોધાય છે)! આમ શબ્દરૂપ બ્રહ્મ એટલે પ્રણવસ્વરૂપથી પરમેશ્વર પોતે પૂર્ણ રીતે ચરાચરમાં વ્યાપક હોઈ જુદા જુદા પ્રકારની શક્તિઓ વડે દશ્યાદિ અને ઇંદ્રિયાદિરૂપે ભાસી રહ્યો છે. બ્રહ્મનું એ શબ્દરૂપ તો નિત્ય છે (ભા૦ સ્કં૦ ૩, અ૦ ૧૨ તથા આગળ ગી૦ દો૦ અ૦ ૮ જુઓ) ઉદ્દેશ એ છે કે, આ ચૌદ લોકવાળા બ્રહ્માંડનું મૂળ બીજ બ્રહ્મદેવ હોઈ તેણે જ પોતાના સંકલ્પબળ વડે તેને નિયતિના નિયમાનુસાર ભાસમાન કરેલું છે, તેથી મનુષ્યોના કલ્યાણને માટે તેના જ મુખમાંથી નીકળેલા આ વેદો સર્વને પ્રમાણભૂત છે. આથી સ્વધર્મની વ્યાખ્યા મનસ્વી રીતે નહિ કરતાં તે માટે પણ એક વેદને જ પ્રમાણ માની તેના આધારે કરવી જોઈએ. શાસ્ત્રને અનુસરીને જે ઊહાપોહ કરવામાં આવે છે તેને તર્ક કહે છે (અમૃતનાદોપનિષદ); આથી યુક્તિઓ અથવા તર્ક પણ શાસ્ત્રને અનુસાર જ હોવા જોઈએ. આ ન્યાયે સ્વધર્મની વ્યાખ્યા પણ શાસ્ત્રને અનુસરતી જ હોવી જોઈએ. વધુ સ્પષ્ટતા માટે નીચેનું વિવેચન ઉપયોગી થશે.

ભિન્ન ભિન્ન મતો

વસ્તુતઃ અપરોક્ષાનુભવથી રહિત હોવા છતાં પોતાને બ્રહ્મનિષ્ઠ માની બેઠેલા ઉપદેશ કરનારાઓને પણ ઘણો ભ્રમ થઈ ગયેલો હોય છે; કારણ કે, તેઓ પૈકીનો મોટો ભાગ આત્માનુભવથી રહિત હોય છે તેથી પણ જ્ઞાન સુગમ રહેતું નથી. કેટલાક (વૈશેષિકો) કહે છે કે, આ જગતરૂપે જે કાંઈ પ્રતીત થાય છે તે પ્રથમ કોનો કાંઈ હેતુ જ નથી તેવું અહેતુક જ ઉત્પન્ન થવા પામેલું છે; એવી યુક્તિ વડે સમજાવે છે. કેટલાકો (યોગશાસ્ત્રવાળા) જીવમાં વાસ્તવિક બ્રહ્મપણું છે જ નહિ પણ યોગ કરવાને લીધે તે પાછળથી આવે છે, એમ કહે છે. કેટલાકો (નૈયાયિકો) ઇંદ્રિયોનાં છ પ્રકારનાં જ્ઞાન, પદરસો, છ વિષયો, સુખ દુઃખ અને શરીર એમ એકવીસ પ્રકારના દુઃખોનો નાશ થવો એને જ મોક્ષ કહે છે. કેટલાક (સાંખ્યાદિ શાસ્ત્રકારો) પ્રકૃતિપુરુષ તથા કેટલાક (ભક્તિમાર્ગીઓ) જીવ અને ઈશ્વર ભિન્ન ભિન્ન છે એવી દૃષ્ટિનો આશ્રય લઈ સમજાવે છે; વળી કેટલાકો (મીમાંસકો) કહે છે કે, કર્મનાં ફળો જ સત્ય છે, ઇત્યાદિ આ પ્રમાણે આત્માનું

---

* (૧) ગાયત્રી ચોવીસ અક્ષર, (૨) ઉષ્ણિક્ અઠ્ઠાવીસ, (૩) અનુષ્ટુપ બત્રીસ, (૪) બૃહતી છત્રીસ, (૫) પંક્તિ ચાલીસ, (૬) ત્રિષ્ટુપ ચુંમ્માલીસ, (૭) જગતી અડતાલીસ, (૮) અતિજગતી બાવન, (૯) શાકવરી છપ્પન, (૧૦) અતિશાકવરી સાઠ, (૧૧) અષ્ટિ ચોસઠ, (૧૨) અત્યષ્ટિ અડસઠ, (૧૩) ધૃતિ બોતેર અને (૧૪) અતિધૃતિ છોતેર અક્ષરોના હોય છે, એટલે ગાયત્રીના ચોવીસ અક્ષરોથી માંડીને દરેકમાં કમે ચાર ચાર અક્ષરો વધે છે, (જુઓ ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૧ શ્લો૦ ૩૬ થી ૪૩.)

સ્વરૂપ સમજાવવાને માટે ભિન્ન ભિન્ન યુક્તિઓનો આશ્રય લેવામાં આવે છે પરંતુ તે સર્વ યુક્તિઓ વાસ્તવિક તો ભ્રાંતિમૂલક જ છે; કારણ કે, આ સઘળા દાર્શનિકવાદોના મતો શ્રુતિ એટલે વેદનાં વિધિવાક્યોના સિદ્ધાંતથી તદ્દન વિરુદ્ધ પડે છે. વાસ્તવિક રીતે આત્મા જો ત્રિગુણવાળો હોત તો જ તે તે લોકોની આ યુક્તિઓ કદાચ સાચી ગણાત, પરંતુ આત્મા તો ત્રિગુણથી રહિત હોઈ તદ્દન નિઃસંગ હોવા છતાં તેના પર ભ્રમથી ગુણોનો આરોપ કરી ભેદાદિ કલ્પનામા આવે છે, જે કથન અનુભવની દૃષ્ટિએ ટકી શકતું નથી. સર્વથી તદ્દન અભિન્ન અને અનિર્વચનીય એવું એક બ્રહ્મ જ સત્યજ્ઞાન અને અનંત છે. ભિન્ન ભિન્ન જેવું કાંઈ પણ છે જ નહિ છતાં જે પુરુષ ભેદદૃષ્ટિ રાખે છે તે જન્મમરણને જ પામ્યા કરે છે, આત્મા તો જ્ઞાન અજ્ઞાનથી પર અને અદ્વિતીય હોઈ અનિર્વચનીય છે; ઇત્યાદિ અભિપ્રાયવાળી શ્રુતિઓ આ અદ્વૈત એવા પરમાત્માનું જ પ્રતિપાદન કરે છે અને તે જ પ્રમાણ છે ઇત્યાદિ (શ્રી૦ ભા૦ સ્કં૦ ૧૦ અધ્યાય ૮૭). આ સંબંધે ત્રિપુરારહસ્ય જ્ઞાનખંડમાં પણ આ મુજબનું વર્ણન છે, શ્રીદત્તાત્રેય કહે છેઃ હે પરશુરામ! તને દૃશ્ય તત્ત્વનું રહસ્ય બરાબર સમજાય તેવી રીતે કહું છું. આ સર્વ દૃશ્ય કેવળ મિથ્યા ભ્રમથી જ ભાસે છે, બીજું કાંઈ પણ નથી, તેની ઉત્પત્તિ કહું છું તે તું એકાગ્રચિત્તથી સાંભળ.

આ જગત કારણ વગર જ ઉત્પન્ન થયું હશે?

આ દૃશ્ય જગત એ તો કાર્ય છે, કારણ તો ફક્ત તેની ઉત્પત્તિ થતી વેળાએ જણાઈ આવે છે. ઉત્પત્તિ એટલે નવાપણાથી દેખાવું, એ દૃષ્ટિએ જોતાં જગત દરેક ક્ષણે ક્ષણે નવા રૂપથી જ ભાસમાન થાય છે. કોઈ કોઈ કહે છે કે, જગત દરેક ક્ષણે ક્ષણે બદલાતું રહે છે એ વાત તો ખરી, પરંતુ તે નદીના પ્રવાહની માફક નિત્ય છે; વળી કેટલાકો કહે છે કે, તે સ્થાવર અને જંગમ પદાર્થોના સમુદાયો વડે જ બનેલું છે; ભલે તેમ હો, પણ તે ઉત્પન્ન થવા પામેલું છે, એ પ્રથમ સમજો હવે જો તે ઉત્પન્ન થયેલું છે એમ સ્વીકારવામાં આવે તો તે કારણ વગર પોતાની મેળે સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થયેલું છે એમ કહેવું યોગ્ય નથી; કેમકે જો કારણ વગર પોતાની મેળે જ ઉત્પન્ન થવાનું હોય તો પછી ઘડો એ ઘડો જ શાથી થાય? તે બીજી કોઈ વસ્તુ જ કેમ નહિ બની જાય? આમ જગતમાંની તમામ વસ્તુઓ જો પોતપોતાની મેળે જ ઉત્પન્ન થતી હોય તો પછી જગતમાં દેખાતી આ મર્યાદા પોતાની મેળે જ કેવી રીતે રહી શકે? અને જો તે પ્રમાણે ન રહે તો પછી વ્યવહાર કેવી રીતે ચાલે? સિવાય જગતમાં કાર્યકારણનો થનારો પરસ્પર સંબંધ પણ દરેક જગ્યાએ એવા નિશ્ચયવાળો મળી આવે છે કે, જો યોગ્ય સામગ્રી હોય તો જ કાર્ય ઉત્પન્ન થવા પામે છે. પરંતુ તેમાં જરા પણ ન્યૂનત્વ હોય તો તે થતું નથી. ઇત્યાદિ પ્રકારના અનુભવો વડે વિચાર કરતાં કારણ વિના સ્વાભાવિક રીતે પોતાની મેળે જ જગત ઉત્પન્ન થાય એ સંભવતું નથી. સિવાય આ જગત મધ્યે એવો અનુભવ જોવામાં આવે છે કે, જે જેવું કાર્ય કરવા ધારે છે તે તેવું જ સફળ થાય છે. તેથી એવા પ્રકારનું કાર્યરૂપ જગત પોતાની મેળે જ ઉત્પન્ન થયું એમ કેમ કહી શકાય? જો કે જગતનું કારણ પ્રત્યક્ષ દેખાતું નથી, પરંતુ એટલા ઉપરથી તેને કારણ જ નથી એમ કાંઈ કહી શકાય નહિ; કારણ કે ઘણી બાબતોમાં જે ન્યાય લાગુ પડે તે આ જગ્યાએ પણ માન્ય રાખવો યોગ્ય છે, એટલે ઘણી વખત એવું બને છે કે, કાર્યના મૂળમાં જ કારણ હોવાનું નજરે પડે છે, તેથી તે કોઈ જગ્યાએ પ્રત્યક્ષ રીતે દેખાતું ન હોય તો પણ તે છે એમ માનવું જ પડે છે. નહિ તો તમામ લોકોના ચાલી રહેલા આ વ્યવહારમાં વિરોધ આવશે; આથી બધાં જ બાબતો સકારણ છે અને તેથી જ જ્યારે કોઈ કાર્ય કરવાનું હોય ત્યારે લોકો પ્રથમ તેનાં સાધનો એકઠાં કરવા મંડી પડે છે. જગતમાં સર્વ વ્યવહાર આ પ્રમાણે જ ચાલતો હોવાનું નિત્ય દેખાય છે. આ ન્યાયાનુસાર જગત છે એવું જો કહેવામાં આવે તો તે પોતાની મેળે જ ઉત્પન્ન થયું એમ કહેવું યોગ્ય નથી.

અવ્યક્તમાંથી વ્યક્તની ઉત્પત્તિ થઈ શકે?

બીજા કેટલાકો કહે છે કે, આ જગતરૂપ કાર્ય અવ્યક્ત એવા પરમાણુઓનું જ બનેલું છે. પણ જગત કે જે અવ્યક્ત કરતાં અત્યંત વિરુદ્ધ એવા વ્યક્ત સ્વરૂપનું હોઈ નાશ થયા પછી જેની પાછળ કાંઈ પણ

શેષ રહેવા પામતું નથી એવું છે, છતાં પણ તે અવ્યક્ત અને જડ પદાર્થો વડે જ ઉત્પન્ન થાય છે, એમ જો કહેવામાં આવે તો પછી પ્રકાશ તથા અંધકાર કિંવા સત્ અને અસત્નું ઐક્ય થયા પ્રમાણે પરસ્પર વિરોધાભાસ જેવું જણાશે. એક જ વસ્તુ કાળી છે અને કાળી નથી, એમ કદી પણ હોતું નથી. પ્રકાશ છે તે જ અંધારું છે એમ થવું ન્યાયસિદ્ધ નથી, તેથી આ મતનો અંગીકાર કરવો એટલે પરસ્પર વિરુદ્ધ ધર્મનો એક જ વસ્તુ ઉપર આરોપ કરવો એવો સંકર નામનો દોષ આવશે.

અદૃષ્ટ વિષયના નિર્ણયમાં પ્રમાણ કયું ?

જો ઈશ્વરેચ્છાદિ કારણો માન્ય કરીએ તો એવું થાય છે કે, માત્ર ઇચ્છાથી જ એટલે કે કર્મ સિવાય મૂળ પરમાણુઓમાં ગતિ શી રીતે થઈ શકે ? એવી શંકાને સ્થાન રહે છે; વળી ગુણોના સામ્યવાળી પ્રકૃતિથી જગત ઉત્પન્ન થયું છે, એમ કહીએ તો તે પણ સંભવતું નથી; કારણકે, પ્રકૃતિના ગુણોમાં વૈષમ્ય ઉત્પન્ન થવાનું કારણ તો પ્રથમ મળી આવવું જોઈએને ? તેમ જ તેમાં સામ્ય થવાનાં કારણો પણ હોવાં જોઈએ; પરંતુ તેવું એક પણ કારણ મળી આવતું નથી. જો પ્રકૃતિને ચેતનનું અધિષ્ઠાન છે એમ માનવામાં નહિ આવે તો આ જગતકાર્ય ઉત્પન્ન શી રીતે થાય ? એ પ્રમાણેની ઉત્પત્તિ થવાનો દાખલો કોઈ પણ જગ્યાએ મળી આવતો નથી. સારાંશ એ કે, આ જગત્કાર્યનું કારણ કાંઈ પણ જડતું નથી, તેથી એવા અદૃષ્ટ વિષયમાં નિર્ણય કરવા માટે ફક્ત અપૌરુષેય એવા વેદોનો જ આધાર લેવો જોઈએ* બીજું કોઈ પણ પ્રમાણ તેને માટે સુસંગત થતું નથી કેમકે તેમાં શંકાઓને સ્થાન રહે છે; માટે અપૌરુષેય એવા વેદ ઉપર આધાર રાખ્યા વગર બીજો કોઈ ઉપાય જ નથી; કારણકે, પ્રમાતા જે જીવ તે પોતે જ વાસ્તવિક રીતે અપૂર્ણ હોવાથી તેની પાસે પૂર્ણ એવા આત્મપદને માટે યોગ્ય એવું પ્રમાણ ક્યાંથી સંભવે ? એમ કહેવા કરતાં જેના આધારે પ્રમાણની જ ઉત્પત્તિ સિદ્ધ થાય છે, તેનાં પ્રમાણો પૂર્ણ સ્વરૂપને ક્યાં પહોંચી શકે ? સિવાય વ્યવહારદૃષ્ટિએ વિચાર કરી સામાન્ય અનુમાનથી જોઈશું તો પણ કર્તા સિવાય કાર્ય થવાનું કોઈપણ જગાએ જણાતું નથી : તેથી આ દૃશ્ય જગતનો કર્તા તો અવશ્ય કોઈ હોવો જ જોઈએ અને તે પણ ચેતન હોવો જોઈએ તેમ તેનું રચેલું આ જગતરૂપ કાર્ય અલૌકિક હોવાને લીધે તેનો કર્તા પણ સાધારણ તો ન જ હોય ! એટલે તે પણ પોતે અવશ્ય વિલક્ષણ અને અમર્યાદ શક્તિવાળો જ હોય, એમાં શંકાને સ્થાન નથી. આ પૂર્ણસ્વરૂપ ઈશ્વરનું તત્ત્વ ઓળખવાને માટે માત્ર એક અપૌરુષેય એવા વેદોનું જ સર્વશ્રેષ્ઠ અને નિર્બાધ એવું પ્રમાણ છે.

જગત ઉત્પન્ન કરનાર કોણ ?

વેદમાં કહેવામાં આવ્યું છે કે, સૃષ્ટિની પૂર્વે પૂર્ણ સ્વતંત્ર એવો એક મહેશ્વર(વૃક્ષાંક ૧)જ હતો; તેની પાસે કોઈ પણ જાતની સામગ્રી નહિ હોવા છતાં તેણે પોતે પોતાના સ્વાતંત્ર્યના પ્રભાવ વડે પ્રથમ ઈશ્વરરૂપે બની સ્વસ્વરૂપભૂત પડદા ઉપર જગતરૂપ ચિત્ર પોતાના વિલાસને માટે પોતાનામાં જ ભાસમાન કરેલું છે. જેમ સ્વપ્નમાં અથવા મનોરાજ્યમાં કોઈ મનુષ્ય પોતે પોતાની કલ્પના વડે પોતાનો દેહ નિર્માણ કરી તેને જ "હું" એમ કહી તે વડે જ સર્વ વ્યવહાર કરે છે, તેમ આ ઈશ્વર આ સ્થૂલ ભાસતું જગતાદિ દૃશ્ય નિર્માણ કરી

* વેદની અપૌરુષેયતા સંબંધમાં શ્રી કૃષ્ણજી વાક્સુધા પ્રકાશન ૪, મહાકાળપુરુષ વર્ણન તથા દત્ત પરશુરામ પ્રકાશન ૫, પ્રકરણ ૭ જુઓ.

+ મનોરાજ્ય અથવા સ્વપ્ન વખતે કોઈ માણસ રાત્રે સૂતી વખતે મારે અમુક પ્રકારનું સ્વપ્ન અનુભવવાનું છે, માટે પોતાની પાસે કોઈ પણ પ્રકારની સમાગ્રીઓ કિંવા સાધનો સાથે રાખીને નિદ્રા લેતો નથી છતાં પણ સ્વપ્નમાં મનુષ્યાદિ અને સ્થાવર જંગમાદિ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતું અનુભવવામાં આવે છે તે પ્રમાણે જ આ જગતની ઉત્પત્તિનું પણ સમજવું. જેમ જાગૃતિ થતાં સ્વપ્નનો ક્યાં વિલય થઈ જાય છે તે જણાતું નથી, તેમ મહાકલ્પ બાદ જગતની પણ એવી જ સ્થિતિ થાય છે અને આત્મસાક્ષાત્કાર થતાં આ જગતભ્રમ તદ્દન નષ્ટ થઈ જાય છે. જે જાગૃત થયેલો હોય તેનો સ્વપ્નભ્રમ જો કે નષ્ટ થયેલો હોય છે છતાં તે સમયે જેઓ નિદ્રામાં સ્વપ્નાવસ્થામાં હશે તેમને માટે તો તે સ્વપ્ન અને તેમાં ચાલતો સર્વ વ્યવહાર સત્ય જ ભાસશે; તે પ્રમાણે તત્ત્વવેત્તાની દૃષ્ટિએ જગતનો બાધ થયેલો હોવા છતાં અજ્ઞાનીઓને તો તે સત્ય જ હોય એમ ભાસે છે.

તેને વિષે "હું" એવી ભાવના રાખે છે. હે વત્સ! જેમ તારો સ્વપ્નમાંનો દેહ ક્ષુબ્ધ થયા છતાં તારી કાંઈ હાનિ થતી નથી, તેમ પ્રલયાદિમાં આ સમગ્ર દૃશ્યનો વિલય થવાથી તેની કાંઈ હાનિ થતી નથી, સ્વપ્ન હો અથવા ન હો, તેની ઉત્પત્તિ થાય યા નાશ થાય, છતાં જેમ સ્વપ્ન જોનારનો વાસ્તવિક તેની સાથે કિંચિન્માત્ર પણ સંબંધ હોતો નથી તેમ આ મહેશ્વર જગતરહિત કેવળ એક ચૈતન્યરૂપ, નિર્વિકાર, નિઃસંગ, નિર્મળ તદ્દન શુદ્ધ, શાંત અને સર્વત્ર પરિપૂર્ણ એવો છે, તેણે પોતે પોતામાં જ આ જગતરૂપ ચિત્ર ભાસમાન કરેલું છે, આ ચૈતન્ય કિંવા આત્મા એ જગતની અંતિમ એવી મહાસત્તા છે.

વેદનું પ્રમાણ શા માટે માન્ય કરવું જોઈએ?

જેમ સમુદ્ર વિના તરંગ અગર સૂર્ય વિના તેનું તેજ હોઈ શકે નહિ તેમ સંવિદ્રૂપ આત્માથી જુદી એવી બીજી કોઈ સત્તા જગતને બિલકુલ નથી. સારાંશ એ કે, આ દૃશ્યસૃષ્ટિ (કૃષ્ણાંક ૩થી ૧૫ ઘ)ના આરંભ પૂર્વે ફક્ત એક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ મહેશ્વર (કૃષ્ણાંક ૧) જ હતા. તેના વડે જ આ ચરાચર જગત ઉત્પન્ન થતું ભાસે છે, તેનામાં જ રહે છે તથા છેવટે તેનામાં જ લયને પામે છે, એવો વેદનો હેતુ છે. તેમાં શંકા કરવાનું કાંઈ પણ કારણ જ નથી; કેમકે જે બાબતો સ્થૂલ રીતે પ્રત્યક્ષ અનુભવમાં આવી શકે એવી ન હોય તે બાબતોમાં તો આત્માનો અપરોક્ષાનુભવ થતાં સુધી એક વેદનો જ આધાર માન્ય કર્યા સિવાય છૂટકો જ નથી. કારણ કે તે કોઈના બનાવેલા નથી, પરંતુ અનાયાસે જ પ્રગટ થયેલા છે, સિવાય તેની આદ્યતાને માટે પણ શંકાને સ્થાન નથી.

વેદમાં જગતોત્પત્તિનો કહેલો ક્રમ

વેદ કહે છે: આ દેવ જગતની ઉત્પત્તિ પહેલાં કોઈ પણ સાધન વિનાનો હોઈ તેણે જ આખું ભ્રમરૂપ જગતચિત્ર ભાસમાન કર્યું હોય એમ ભાસે છે, તે મહેશ્વર પૂર્ણ શુદ્ધ અને અત્યંત સ્વતંત્ર હોવાને લીધે તેણે પોતે પોતાના સ્વાત્મચૈતન્યરૂપ ભીંત ઉપર આ અખિલ ચિત્ર પ્રકટ કર્યું છે, તેના સિવાય બીજા કોઈના આધાર વડે તે રહી શકે એ સંભવતું નથી; કારણ કે, તે ઈશ્વર સર્વવ્યાપી હોવાથી તેના વગર જગતને બીજું સ્થાન કિંવા આધાર જ ક્યાંથી હોય? આમ આત્મા વ્યતિરિક્ત બીજા કોઈ સ્થાનની જ સિદ્ધતા જ્યાં થઈ શકતી નથી તો પછી તેના આધાર ઉપર રહેનાર આ દૃશ્યજાળરૂપ જગતની સ્થિતિની તો વાત જ ક્યાં રહી? આથી દર્પણમાંના પ્રતિબિંબો જેમ દર્પણથી ભિન્ન હોઈ શકતાં નથી કિંવા તેના આધાર વિના રહી શકતાં નથી તેમ આ જગત પણ ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ એવા મહેશ્વરના સ્વરૂપમાં અને તેના આધાર વડે જ પ્રકટ થયેલું હોઈ તેનાથી જરા પણ ભિન્ન નથી, એ જ મત સુસંગત છે. વિચાર કરીને જુઓ કે, સંકલ્પબળ વડે તૈયાર કરવામાં આવતું મનોરાજ્ય અથવા સ્વપ્નની સૃષ્ટિમાં અનેક જીવો, જડ પદાર્થો, પંચમહાભૂતો, સૂર્યચંદ્રાદિ ગ્રહો વગેરે પ્રત્યક્ષ પ્રકટ થઈ પ્રકાશી રહ્યાં હોય એમ દેખાય છે ખરું ને? તે સર્વે વાસ્તવિક રીતે તો મનમાંથી જ ઉત્પન્ન થાય છે, મનમાં જ રહે છે અને અંતે મનમાં જ વિલયને પામે છે, એ તો સર્વની જાણમાં જ છે. સારાંશ, આ સર્વ પદાર્થો જેમ મનોમય હોય છે તેમ મહેશ્વરની પાસેથી આ જગતરૂપ દૃશ્ય કેવળ ચૈતન્યસ્વરૂપ એવા મનોમય થકી જ ઉત્પન્ન થાય છે, તેમાં જ રહે છે અને છેવટે તેમાં જ વિલયને પામે છે તથા તેમ થવા છતાં પણ તે કેવળ ચૈતન્યથી તદ્દન અભિન્ન એવું એકરસાત્મક જ હોય છે. આમ એ મહેશ્વર તો કેવળ ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ જ છે, તે મર્યાદાશૂન્ય તથા અમર્યાદથી પણ પર અને ચરાચરમાં પૂર્ણ વ્યાપક છે.

× શસ્ત્ર અને શાસ્ત્રનો ભેદ

ઉપરના વિવેચનનો ઉદ્દેશ એ છે કે, આજે શાસ્ત્રનું નામ આવે એટલે કેટલાક લોકો ગભરામણમાં પડે છે. પ્રચલિત વ્યવહારમાં શાસ્ત્ર શબ્દની એટલી બધી વ્યાપકતા થવા પામેલી છે કે, પોતપોતાના સ્વાર્થ

× વ્યવહારમાં તલવાર, ભાલા, વગેરેને શસ્ત્રો કહેવામાં આવે છે, તે આ નહિ. અહીં તો શસ્ત્રનો અર્થ યજ્ઞારંભની પ્રાથમિક સ્થૂલ ક્રિયા કિંવા આરંભનું કાર્ય છે, એમ સમજવું.

સાધવાને માટે અનેક સાંપ્રદાયો, ધર્મપંથાદિકો તથા લોકકલ્યાણ કરવાના બહાને વ્યવહારદૃષ્ટિએ શાસ્ત્ર શબ્દને નામે લર્ઇ શકાય તેટલો ગેરલાભ લેવાની વ્યવહારમાં કોઈએ ભાગ્યે જ કચાશ રાખી હોય. આનું પરિણામ એ આવ્યું કે શાસ્ત્ર શબ્દ સંબંધમાં ઘણા લોકોના મનમાં તિરસ્કારની ભાવના ઉત્પન્ન થવા પામેલી છે. તેવાઓની થયેલી ગેરસમજ દૂર થવાને માટે શાસ્ત્ર કોને કહેવું તે સંબંધમાં વધુ વિવેચન કરવાની અત્રે જરૂર જણાય છે. શાસ્ત્ર શબ્દ વેદને જ લાગુ પડે છે, તે ઉપરના કથનથી સ્પષ્ટ થાય છે, આ વેદોએ લોકોને કર્મમાં પ્રવૃત્ત કરવાને માટે સૌથી આરંભમાં યજ્ઞકાર્ય જતાવેલાં હોઈ પ્રવૃત્તિનો મૂળ આરંભ વેદાજ્ઞાનુસાર શાસ્ત્ર એટલે યજ્ઞની આરંભની ક્રિયાથી જ થએલો છે. શાસ્ત્રનો ધાતુ **'शंस्'** હોઈ તેનો અર્થ યજ્ઞકાર્યના આરંભમાં હોતાનું કર્મ એવો થાય છે. સૌથી પ્રથમ આ જ ધર્મરૂપ કર્મ છે; ત્યાર પછી પ્રજ્યા, સ્તુતિ, ઉદ્ગાતા અને બ્રહ્મા ઇત્યાદિ કર્મોનો આરંભ થયો છે. આ રીતે વેદમાં યજ્ઞથી માંડીને કોઇ સાધારણ વ્યવહારપ્રપંચ સુધીનાં થતાં તમામ પ્રવૃત્તિ અથવા ઉદ્યોગોને કર્મો કહેલાં છે, પરંતુ તે સર્વ ઉદ્યોગોનો મૂળ આરંભ તો શાસ્ત્રરૂપ કર્મ વડે થયેલો હોઈ તે બતાવનારા મૂળ વેદોને વ્યવહારમાં શાસ્ત્ર કહેવામાં આવે છે. શાસ્ત્ર શબ્દ **शास्** ધાતુ ઉપરથી થયેલો છે. આ રીતે વેદધર્મરૂપ કર્મ જ મોક્ષનું પ્રાથમિક સાધન છે.

કર્મો કે યજ્ઞકર્મો

વ્યવહારમાં પણ કોઈ કાર્યને તે કાર્યની પ્રથમ શરૂઆત કરનારનું નામ જ આપવામાં આવે છે. જેમ કોઈ ઘરનો પાયો રામ નામના ગૃહસ્થની પાસે નંખાવવામાં આવે તો તે ઘરનું નામ રામકુટિર, રામનિવાસ, રામભવન ઇત્યાદિ રાખવામાં આવે છે, તેમ અપૌરુષેય એવા વેદે મનુષ્યોના હિતની દૃષ્ટિએ વિચાર કરી પ્રથમ યજ્ઞની વિધિ બતાવવાની શરૂઆત કરેલી છે. કર્મ શબ્દનો મૂળ આરંભ અત્રેથી શરૂ થયો, હોવાથી આરંભમાં તેનું યજ્ઞકર્મ એ નામ પ્રસિદ્ધ થવા પામ્યું છે અને તેથી જ તે પ્રગટ કરનાર બ્રહ્મદેવને વિસર્ગ કિંવા કર્મ કહેવામાં આવે છે. આથી તેણે કરેલા બ્રહ્માંડ મધ્યેના તમામ વિસ્તારને વ્યવહારભાષા પ્રમાણે કર્મો કહે છે તથા કર્મનો પ્રત્યક્ષ આરંભ યજ્ઞથી થયો, તેથી શાસ્ત્રભાષાનુસાર બ્રહ્માંડમાં ચાલતા રહેલા કાયિક, વાચિક અને માનસિક તમામ વ્યવહારને યજ્ઞકર્મો એવી સંજ્ઞા લગાડવામાં આવે છે; એટલે યજ્ઞાદિથી માંડીને બ્રહ્મદેવે કરેલા બ્રહ્માંડાદિને તથા તેના મન, વાચા તથા કાયા વડે ચાલી રહેલા વ્યવહારપ્રપંચ કિંવા પરમાર્થ ઇત્યાદિ દરેકને કર્મ સંજ્ઞા જ લગાડવામાં આવે છે. આ રીતે કર્મની વ્યાપ્તિ થયા જ વ્યાપક હોઇ તે સર્વને શાસ્ત્રપરિભાષા પ્રમાણે યજ્ઞકર્મો કહેલાં છે. કર્મ એ શબ્દ **'कृ'** ધાતુ પરથી થયો છે. **'कृ'** એટલે કરવું એવો તેનો અર્થ થાય છે અર્થાત્ કરવાપણાના અંતરમાં જેનો સમાવેશ થાય છે તે સર્વ કર્મ જ કહેવાય, તેમાં કર્મ, અકર્મ અને વિકર્મ એવા મુખ્ય ત્રણ પેટાભેદો પડે છે, જેનું વર્ણન આગળ આપવામાં આવેલું છે. (અધ્યાય ૪ શ્લોક ૧૭ જુઓ).

કર્મ અને શાસ્ત્રનો પરસ્પર સંબંધ

આ રીતે કર્મની વ્યાખ્યા સમજાયા પછી શાસ્ત્ર શબ્દ સમજવો સરળ થશે. ઉપર જે કર્મ એટલે કરવાપણાનો યા ક્રિયાનો આરંભ થયો એમ કહ્યું છે તેમાં સૌથી પ્રથમ 'શાસ્ત્ર' કર્મનો સમાવેશ થાય છે. એટલે યજ્ઞકર્મના આરંભમાં પ્રથમ હોતાનું કાર્ય એ વિધિનો આરંભ થયો છે. અર્થાત્ કરવાપણાનો નિશ્ચય થયો કે તુરત પ્રથમ શું કરવું? એવો પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે. તેના જવાબમાં યજ્ઞના આરંભની ક્રિયા શાસ્ત્રથી જ શરૂ થયેલી છે. જેમ સંખ્યાશાસ્ત્રનો આરંભ એક સંખ્યાથી તથા વર્ણમાલાનો આરંભ અથી શરૂ થાય છે; વળી એક થયો એટલે અન્ય તો તેની સાથે જ સંલગ્ન હોય છે, તેઓ બને પરસ્પર એકબીજાની અપેક્ષાએ હોય છે; જેમ એક હોય તો અન્ય હોવું જ જોઈએ અને એક ન હોય તો અન્યનું અસ્તિત્વ હોવાનું પણ પ્રયોજન રહેતું નથ, તેમ કર્મ એ અન્ય તથા તેના આરંભ શાસ્ત્ર (હોતાનું કાર્ય) એ એક છે, એમ સમજો. આમ મૂળ આરંભમા ક્રિયાની શરૂઆત શાસ્ત્રથી થયેલી હોવાથી ઉપરના ઉદાહરણ પ્રમાણે કાર્યની શરૂઆત કરનારના નામ ઉપરથી તે સમજાવનારા દરેકને માટે શાસ્ત્ર એવી સંજ્ઞા કિંવા નામ વ્યવહારમાં

યોજવામાં આવેલું છે, તે હવે સારી રીતે સમજી શકાશે. આનો અર્થ શસ્ત્ર શબ્દ ઉપરથી શાસ્ત્ર શબ્દ થવા પામેલો છે, એમ સમજવાનું નથી. આમ આ વેદધર્મનું આચરણ જે થકી થાય તે કર્મ; કર્મ થવાથી ક્રમે જ્ઞાન અને જ્ઞાન થવાથી મોક્ષ સિદ્ધ થાય છે અર્થાત્ કર્મનો ઉદ્દેશ આરંભમાં ધર્મ અને અંત મોક્ષરૂપ પુરુષાર્થની પ્રાપ્તિમાં જ છે.

વેદનો મૂળ ઉદ્દેશ

વેદનો મૂળ ઉદ્દેશ તો મનુષ્યોએ માત્ર પરમતત્ત્વની પ્રાપ્તિ કરી લેવી, એ જ એક છે. તે પ્રાપ્ત થવાને માટે જ્યાંસુધી આ મિથ્યા એવો મોહભ્રમ નષ્ટ ન થયો હોય ત્યાંસુધી તો તેને કર્મની આવશ્યકતા હોય છે. તે કર્મનો મૂળ આરંભ બતાવનારી જે પ્રાથમિક ક્રિયા તે જ શસ્ત્ર છે, એમ સમજો. જેમ સાંખ્યશાસ્ત્રમાં પ્રથમ સંખ્યા એક છે, તેની નીચેની બાજુએ ઊતરીશું તો દ્વૈત તથા ઉપરની બાજુ ઐક્ય કહેવાય, તેમ કર્મનો મૂળ આરંભ શસ્ત્રથી થયો હોવાથી તેની પાછળ થનારાં દરેકને માટે વ્યવહારમાં શાસ્ત્ર એવી સંજ્ઞા આપવામાં આવે છે, કારણ કે સર્વનું મૂળ તો વેદ શાસ્ત્ર જ છે. આ રીતે શાસ્ત્ર એટલે વેદ અને તેનાં તત્ત્વો સમજાવનારાં કે જેનો અંતર્ભાવ વેદમાં જ થાય છે તે તમામ શાસ્ત્રો જ કહેવાય છે, એમ સિદ્ધ થયું. આમ શાસ્ત્ર એટલે શું? તેની નિશ્ચિતતા થઈ એટલે પછી સ્વધર્મ કોને કહે છે, એ જાણવાનું સરળ થશે. જેમાં શાસ્ત્રની ઉપરની બાજુ એટલે અંતિમ તત્ત્વ અર્થાત્ આત્મધર્મ બતાવેલો હોય તે જ સ્વધર્મ, તથા શાસ્ત્રની નીચેની બાજુનો વિચાર કરીશું તો આ સ્વધર્મની પ્રાપ્તિને માટે વ્યવહારમાં વેદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનારા તથા તેમાં કહેલ ધ્યેયપ્રાપ્તિના માર્ગે લઈ જનારા માર્ગો જેમાં બતાવવામાં આવેલા હોય છે તેને પણ ધર્મશાસ્ત્રો કહે છે અને તે શાસ્ત્રોમાંના આત્મધર્મરૂપ મહાવાક્યોના સિદ્ધાંતોને પણ ધર્મ કહેવામાં આવેલો છે. આમ ધર્મનો મૂળ ઉદ્દેશ તો અંતે સ્વધર્મ અર્થાત્ આત્મસ્વરૂપની પ્રાપ્તિ જે વડે થાય એ જ એક છે. એમ નિશ્ચિત સિદ્ધ થયું. આ મુજબ વેદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં વેદ, વેદાંગ, ઉપાંગ(ધર્મશાસ્ત્રે), પુરાણો, ઉપપુરાણો, વગેરે વિદ્યાના ચૌદ પ્રસ્થાનોનો સમાવેશ થાય છે; આ સર્વેને વાસ્તવિક રીતે શાસ્ત્રો કહેવામાં આવે છે. વેદમાં આત્મજ્ઞાનનો ઉદ્દેશ ધ્યાનમાં રાખી તે પ્રાપ્ત થતાં સુધી અજ્ઞાનીઓને પોતપોતાની બુદ્ધિ અનુસાર સુગમ પડે તેવાં નિત્યનૈમિત્તિકાદિ કામ્ય અને નિષ્કામ કર્મોની યોજના કરવામાં આવેલી છે, તે સર્વનો અંતિમ ઉદ્દેશ આત્મસ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થવું એ જ એક છે.

સ્વધર્મ

ઉપર કહેવામાં આવ્યું તે મુજબ મનુષ્યને જ્યારે આત્માનું પરોક્ષ જ્ઞાન થાય છે ત્યારે તેની દૃઢતા થવાને માટે એટલે આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ કરી લેવાને માટે ચાર યુક્તિઓનો અભ્યાસક્રમ પ્રથમ કહેવામાં આવેલો છે (જુઓ અ૦ ૨ શ્લોક ૩૯ તથા કિરણાંશ ૧૭), પરંતુ જ્યાંસુધી તેવું જ્ઞાન થયેલું હોતું નથી તેવા અજ્ઞાનીઓને સકામ તથા નિષ્કામ એમ બે પ્રકારનાં કર્મો કરવાનું શાસ્ત્રમાં જણાવેલું છે. આ સકામ અને નિષ્કામ કર્મોની શાખાઓ અનંત હોઈ તેના નિયમો પણ અસંખ્ય છે, જે સર્વ ઉપર બતાવેલાં ચૌદ વિદ્યાનાં પ્રસ્થાનોમાં આવી જાય છે. તાત્પર્ય એ કે અત્યારસુધીના વિવેચન ઉપરથી આપણે શાસ્ત્રની વ્યાખ્યા સારી રીતે જાણી શકયા છીએ. તેનો ટૂંકમાં એટલો જ સાર છે કે, વેદ અને વેદના સિદ્ધાંતોનું જેમાં પ્રતિપાદન કરવામાં આવે છે એવાં તેનાં જ ચૌદ પ્રસ્થાનો (અધ્યાય ૨, શ્લોક ૩૯ પાન ૧૫૩ અને ૧૬૧ જુઓ) તે સર્વને શાસ્ત્ર એવી સંજ્ઞા હોઈ તેમાં બતાવેલા વર્ણાશ્રમાદિથી માંડીને છેક આત્મધર્મ પર્યંતના તમામ ધર્મો એ જ સ્વધર્મ છે. ફરી ફરીને કહું છે કે, અંતે જે થકી અનિર્વચનીય એવા પરમતત્ત્વની પ્રાપ્તિ થાય અર્થાત્ અજ્ઞાન વડે થયેલા મોહની નિવૃત્તિ થાય તે માટે શાસ્ત્રકારોએ દરેકને પોતપોતાની યોગ્યતાનુસાર નીતિ, ન્યાય, વિવેકાદિ નિયમો કહ્યા છે તે બધાં સ્વધર્મો છે; આમાં આત્મધર્મ એ એક મુખ્ય ધ્યેય હોઈ તે પ્રાપ્ત કરવાને માટે વર્ણાશ્રમોચિત તથા શરીરાદિ જ્ઞાતિ, જાતિ કુળાચાર, કુળધર્મ ઇત્યાદિ વ્યવહારધર્મોનો પણ સમાવેશ થાય છે. આ પૈકી આત્મધર્મ કોને કહેવો તથા તેનું પ્રયોજન શું છે? તે સંબંધમાં ઉપર વિવેચન આવી

ગયું છે. હવે આપણે વર્ણાશ્રમાદિ વ્યવહારધર્મનો થોડો વિચાર કરવો પડશે અને તે માટે વેદના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરનારા શ્રીવ્યાસાચાર્યજીની સૂચના અનુસાર ધર્મશાસ્ત્રના અંગભૂત પુરાણોમાં અતિ પ્રચલિત એવા શ્રીમદ્ ભાગવતમાંથી કેટલોક ભાગ નીચે આપવામાં આવેલો છે.

ધર્મસંપ્રદાય એટલે શું ?

શ્રી ઉદ્ધવ પૂછે છે : હે શ્રીકૃષ્ણ ! ધર્મરૂપ કર્મ કરવાથી ભક્તિ ઉત્પન્ન થાય છે અને તેવી ભક્તિ જ અંતે મોક્ષનું સાધન છે, એમ આપ પ્રથમ કહી ગયા, પરંતુ તે કર્મ કરનારાઓને અવશ્ય ભક્તિ ઉત્પન્ન થાય છે જ એવો કાંઈ નિયમ વ્યવહારમાં જોવામાં આવતો નથી. માટે વર્ણ તથા આશ્રમના આચારવાળાઓનો તથા તેવા આચારના અધિકાર વગરના મનુષ્યોનો સ્વધર્મ તથા તેના આચરણથી આત્મસ્વરૂપ એવા તમારા પ્રત્યે ભક્તિભાવ ઉત્પન્ન થાય એ રીત કહો; કેમકે તે ધર્મસંપ્રદાય કેવળ વૈદિક પરંપરા ઉપરથી જ ગમ્ય અથવા જાણી શકાય તેવો નથી; કારણ કે, પૌરુષેય રૂપે અવતાર લઈ આપે હંસરૂપે પૂર્વે એટલે પ્રથમના કલ્પના આરંભમાં તે બ્રહ્માને કહ્યો હતો પરંતુ તેને ઘણો લાંબો કાળ વ્યતિત થઈ ગયેલો હોવાથી હવે તે પરંપરા નષ્ટ થવા પામેલી છે, માટે તેને પુનઃ આપ જ કહેવા સમર્થ છો.

વર્ણ અને આશ્રમની ઉત્પત્તિ

શ્રીભગવાન કહે છે : હે ઉદ્ધવ ! વર્ણ તથા આશ્રમના આચારવાળા તથા આચાર વગરના લોકોને ભક્તિ ઉત્પન્ન કરવા સારુ તમે પૂછો છો તે યોગ્ય જ છે, માટે સ્વધર્મ એટલે શું તે કહું છું, તે સાંભળો. પ્રથમ સત્યયુગમાં હંસ નામના મનુષ્યનો એક જ વર્ણ હતો અને એક ૐકાર જ વેદરૂપ હતો તથા મનમાં મારું એટલે આત્માનું ધ્યાન કરવું અને નિરંતર તપમાં જ રહેવું; એ મુજબ ચાર પાયાવાળો ધર્મનું રૂપ હતું. પાપરહિત હોવાથી મન તથા ઇંદ્રિયોને એકાગ્ર કરવારૂપ તપમાં લાગેલા લોકો મારા શુદ્ધ એવા આત્મસ્વરૂપની જ ઉપાસના કરતા હતા અને તેની ઉપાસના જ મુખ્ય ધર્મરૂપ હતી. તેમાં લોકો જન્મથી જ કૃતાર્થ હોવાથી તે યુગને 'કૃતયુગ' એવું નામ આપેલું છે. જુદા જુદા આચાર પાળવારૂપ ધર્મની શરૂઆત તો ત્રેતાયુગના આરંભથી થઈ. હે ઉદ્ધવ ! ત્રેતાયુગના આરંભમાં મારા ઈશ્વરસ્વરૂપના હૃદયમાંથી શ્વાસરૂપે ત્રણ વિદ્યાઓ ઉત્પન્ન થઈ અને તે વિદ્યામાંથી જેમાં હોતા, ઉદ્ગાતા અને અધ્વર્યુનું કામ પડે છે એવો મારા આત્મસ્વરૂપભૂત યજ્ઞ ઉત્પન્ન થયો. મારા ઈશ્વરસ્વરૂપના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, ઊરુમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો એમ ચાર વર્ણની ઉત્પત્તિ થઈ છે. તેઓનો આચાર પરસ્પર ભિન્ન હોવાથી તેમના દરેક આચાર ઉપરથી જ તેઓને ઓળખવામાં આવે છે; તેમ જ ઈશ્વરસ્વરૂપ એવા મારા (વક્ષાંક ૨ ના) હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, પેડુમાંથી ગૃહસ્થાશ્રમ, વક્ષઃસ્થળમાંથી વાનપ્રસ્થ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ ઉત્પન્ન થયો. આ શાસ્ત્રવિવેચનનું તાત્પર્ય એ છે કે, જેમ દરેકના શરીરમાં અનેક સૂક્ષ્મ જીવો હોય છે તથા તેમને બધાને હાથ, પગ, આંખ, કાન વગેરે અવયવો પણ સરખા જ હોય છે તેમ વિરાટ પુરુષમાં આ સમષ્ટિ વ્યષ્ટિ જીવોનું બનેલું પથરાયેલું છે. તે પૈકી જે જીવો વિરાટ શરીરના મુખથી માથા સુધીના ભાગમાંથી ઉત્પન્ન થયા હોય તે બ્રાહ્મણ,* હાથના ભાગમાંથી થયા હોય તે ક્ષત્રિય, પેટના ભાગમાંથી થયા હોય તે વૈશ્ય અને પગના ભાગમાંથી ઉત્પન્ન થયા હોય તે શૂદ્ર સમજો. આ કથનનો ભાવાર્થ એટલો જ કે જેમ શરીરને આ બધા ભાગોની જરૂર હોય છે; પગ ન હોય તો ચાલી શકાય નહિ, હૃદય ન હોય તો પોષણ થઈ શકે નહિ, બાહુ ન હોય તો રક્ષણ થઈ શકે નહિ અને મુખ ન હોય તો વાણી વગેરે હોઈ શકે નહિ, તેમ આખું જગત એ વિરાટનું આ વર્ણોમાં જણાવ્યા પ્રમાણેનું જરૂરી અંગપ્રત્યંગ છે એમ સમજવું.

---

* ब्राह्मणोऽस्य मुखमासीद् बाहूराजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥ ऋग्वेद १०, ९०, १२.

ચાર વર્ણના તથા આશ્રમોના ધર્મ

ઉપર મુજબ મનુષ્યોના વર્ણો અને આશ્રમોની ઉત્પત્તિ થયેલી હોઈ મનુષ્યોના એ વર્ણો અને આશ્રમોના સ્વભાવ પોતપોતાની જન્મભૂમિને અનુસરતા છે અર્થાત્ દેશકાળની મર્યાદારૂપ ભિન્ન ભિન્ન થયા છે; એટલે મારા ઉત્તમ અંગમાંથી ઉત્પન્ન થયેલાના ઉત્તમ અને તેથી ઉતરતા અંગમાંથી ઉત્પન્ન થયેલાના સ્વભાવો કનિષ્ટ પ્રકારના થયા. **બ્રાહ્મણના સ્વભાવ :** શમ, દમ, વિચાર, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરલતા, આત્મરૂપ એવા મારી ભક્તિ, દયા અને સત્ય એ બ્રાહ્મણના સ્વભાવ છે. **ક્ષત્રિય સ્વભાવ:** પ્રતાપ, બળ, ધીરજ, શરવીરતા, સહનશીલતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણોને માન આપવું અને ઐશ્વર્ય એ ક્ષત્રિય વર્ણના સ્વભાવ છે. **વૈશ્ય સ્વભાવ :** આસ્તિકપણું, દાન દેવામાં નિષ્ઠા, નિષ્કપટપણું, બ્રાહ્મણની સેવા અને યોગ્ય રીતે મેળવવામાં આવતા ધનમાં સંતોષ એ વૈશ્યના સ્વભાવ છે. **શૂદ્રના સ્વભાવ:** બ્રાહ્મણ, ગાય અને દેવતાઓની નિષ્કપટપણાથી સેવા કરી તેમાંથી જે મળે તે ઉપર જ સંતોષ માનવો એ શૂદ્રોનો સ્વભાવ છે. **વર્ણ રહિતના સ્વભાવ :** અપવિત્રતા, મિથ્યા ભાષણ, ચોરી, નાસ્તિકપણું, વગર કારણે ઝઘડાઓ કરવા, કામ, ક્રોધ અને તૃષ્ણા ઇત્યાદિ જેઓ ચાર વર્ણમાં ન આવેલા હોય એવા લોકોના સ્વભાવ છે. **સર્વ વર્ણોના સાધારણધર્મો:** અહિંસા, સત્ય, ચોરીનો અભાવ, કામ, ક્રોધ તથા લોભથી રહિતપણું તથા સર્વે પ્રાણીઓનું પ્રિય અને હિત થાય એવો ઉદ્યમ કરવો, એ તો સઘળા વર્ણોનો સાધારણ ધર્મ છે. **સર્વ આશ્રમોના સાધારણ ધર્મો:** હે ઉદ્ધવ! શૌચ, આચમન, સ્નાન, સંધ્યોપાસન, સરળતા, તીર્થનું સેવન, જપ, અસ્પૃશ્યતાનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, અયોગ્ય ભાષણનો ત્યાગ, સર્વે પદાર્થોમાં મારી એટલે "હું" રૂપ આત્મા(વૃક્ષાંક ૧)ની ભાવના, મનનો નિગ્રહ, વાણીનો નિગ્રહ અને કાયા(શરીર)નો નિગ્રહ, એ બધા સર્વ આશ્રમોને માટે સાધારણધર્મ છે. યજન, વેદાધ્યયન અને દાન એ **દ્વિજ *લોકોના** એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના આવશ્યક ધર્મો છે. વેદ ભણાવવા, પ્રતિગ્રહ કરવો અને યજ્ઞ કરાવવા એ ત્રણ **બ્રાહ્મણની** આજીવિકાઓ છે. **બ્રાહ્મણનો દેહ સાંસારિક સુખો ભોગવવા માટે નથી,** પણ જીવતાં સુધી કષ્ટ ભોગવી અને તપ કરીને મરણ પછી વિદેહમુક્ત બની અનંત સુખની પ્રાપ્તિ કરી લેવા માટે છે અથવા તો આ જન્મમાં જ બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લઈ જીવન્મુક્ત બની જવાને માટે જ છે. એ રીતનો વેદનો અભિપ્રાય છે (ભા૦ ૨૬૦ ૧૧, અ૦ ૧૭).

આશ્રમધર્મ

શાંતિ અને અહિંસા એ **સંન્યાસીના** મુખ્ય ધર્મો છે, તપ અને યજન એ **વાનપ્રસ્થના** મુખ્ય ધર્મો છે, પ્રાણીમાત્રનું રક્ષણ અને યજન એ ગૃહસ્થના મુખ્ય ધર્મો હોઈ ગુરુ અને આચાર્યની સેવા કરવી એ **બ્રહ્મચારીનો** મુખ્ય ધર્મ છે.

બ્રહ્મચર્ય, શૌચ, સંતોષ, તપ અને સર્વ પ્રાણીઓની સાથે મિત્રભાવથી વર્તવું એ પણ ગૃહસ્થના જ ધર્મો છે; તેમાં પણ ઋતુના સમયમાં જ પોતાની સ્ત્રીનો સંગ કરવો એ ગૃહસ્થનું બ્રહ્મચર્ય ગણાય છે. **આત્મસ્વરૂપ એવો જે "હું" (વૃક્ષાંક ૧) તેની ઉપાસના કરવી એ સર્વ આશ્રમીઓનો ધર્મ** છે. આ પ્રમાણે જે પુરુષ વર્ણાશ્રમના ધર્મનું પાલન કરીને નિરંતર આત્મસ્વરૂપ એવા મારું જ યજન કરે છે, બીજાની સ્ત્રી અને પરધનાદિમાં લોભ નહિ રાખે અને સર્વ પ્રાણીમાત્રમાં મારી એટલે આત્માની જ ભાવના રાખે તે પુરુષને આત્મસ્વરૂપ એવા મારી ભક્તિ પ્રાપ્ત થાય છે.

હે ઉદ્ધવ! આ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મના યથાર્થ પાલનથી પણ કમે મારું સ્વરૂપ જાણી શકાય છે, તથા "હું" કે, જે સર્વ લોકોમાં મહાન એવો ઈશ્વર(વૃક્ષાંક ૨)રૂપે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ બનેલા હોઈ જેના શ્વાસમાંથી વેદની ઉત્પત્તિ થયેલી છે એવો વૈકુંઠ(વૈ એટલે મતિ અને કુંઠ એટલે રતબ્ધ થાય છે તે) અર્થાત્ જ્યાં મતિ કુંઠિત થાય છે એવો તદ્દન અનિર્વચનીય હું, તેને જે પુરુષ ૬૮

* ब्राह्मणः क्षत्रियो वैश्यस्त्रयो वर्णा द्विजातयः । મનુ૦ સ્મ૦ ૧૦, ૪.

ભક્તિના પ્રભાવથી પામે છે, તેને જ્ઞાનવિજ્ઞાનરૂપ સંપત્તિ મળી તે તુરત મુક્તિને પામે છે; આ વર્ણ અને આશ્રમવાળાઓનો ધર્મ તેઓને પિતૃલોકોની (પિતૃયાન માર્ગની) પ્રાપ્તિ કરાવી આપનારો છે, પરંતુ તે ધર્મનું આચરણ મને એટલે તત્રૂપ એવા આત્માને અર્પણ કરીને કરવામાં આવે તો તે સર્વોત્તમ મુક્તિના સાધનરૂપ થાય છે. હે ઉદ્ધવ! આમ સ્વધર્મ પાળનારા ભક્તને મારા પરબ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ શી રીતે થાય, તે વિષે તમોએ જે પૂછ્યું હતું તે મેં તમોને કહ્યું (ભા૦ ૨૬૦ ૧૧, અ૦ ૧૮.) (અત્રે સંક્ષેપમાં વિવેચન છે, વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે મૂળમાં જોઈ લેવું.)

"પરધર્મો ભયાવહ" કેમ ?

ઉપરના શાસ્ત્રવિવેચનનો સાર તો ફક્ત એટલો જ નીકળે છે કે, ગમે તે કર્મો કરો, પછી વ્યવહારમાંના જાતિ, જ્ઞાતિ કે વર્ણાશ્રમાદિ સ્વધર્મની દૃષ્ટિનાં હોય કે અન્ય કોઈ પ્રકારનાં હોય પણ તે દરેક કર્મ હું એટલે દરેક પોતે પોતાને માટે "હું હું" એમ જે કહે છે તે હું એટલે શરીરાદિક નહિ પણ અનિર્વચનીય એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છે, એમ સમજીને તેવા પ્રકારના દૃઢ નિશ્ચયથી કરવા એ જ ખરો સ્વધર્મ છે અર્થાત્ આત્મધર્મ એ જ મુખ્ય સ્વધર્મ છે; પરંતુ જેઓને આ પ્રકારની દૃષ્ટિ પ્રાપ્ત થયેલી ન હોય તેવા અજ્ઞાનીઓને માટે જેમ દૂધ પીનારા નાના બાળકને માટે ગમે તેવું પંચપકવાન્ન પણ નિરર્થક જ છે, કિંવા નાનપણથી બાળકને જે વિદ્યાનો અભ્યાસ પડ્યો હોય તેને માટે બીજી ગમે તેટલી વિદ્યા દેખાવમાં સારી ગણાતી હોય છતાં પણ તે અનભ્યાસને લીધે નિરુપયોગી હોય છે તેમ પારકાનો ધર્મ ગમે તેટલો સારો જણાતો હોય પરંતુ અંતે તો તે ઘાતક જ છે; કારણ કે વંશપરંપરાથી ચાલતા આવેલા કુળધર્મ અને કુળાચારાદિ પાળનારા માતપિતાના અંશો શરીરની રગેરગમાં પ્રસરેલા હોય છે, તેવા ઓતપ્રોત વ્યાપ્ત થયેલા કુળધર્મો, કુળાચાર તથા વર્ણાશ્રમધર્મોરૂપી સ્વધર્મોને છોડી નહિ દેવા. પરધર્મ દેખાવમાં ગમે તેટલો સારો જણાતો હોય છતાં પણ સ્વધર્મને છોડી તેનો અંગિકાર કરવો એ પરિણામે મહા ભયંકર છે કેમકે તે અધર્મરૂપ છે.

અધર્મના મુખ્ય પ્રકારો

અધર્મના મુખ્યત્વે પાંચ ભેદો પડી શકે છે, એવો શાસ્ત્રનિર્ણય છે: (૧) વિધર્મ, (૨) પરધર્મ, (૩) આભાસધર્મ, (૪) ઉપમાધર્મ, અને (૫) છળધર્મ; એ પાંચ અધર્મની શાખાઓ છે; (૧) **વિધર્મ**=જે વસ્તુને ધર્મ સમજીને કરવામાં આવે પરંતુ તેથી સ્વધર્મને બાધ આવે તેને વિધર્મ કહે છે; (૨) જે પરાયો હોય તે **પરધર્મ** કહેવાય; (૩) આશ્રમની પદ્ધતિથી જુદો જે ધર્મ જેમકે જ્ઞાતિબંધનોમાં કેટલીક ગાડરિયા પ્રવાહથી ચાલતી આવેલી પ્રથાઓ જેવી રીતે છોકરાંઓ જીવતાં ન હોય તો તે પીરને કિંવા દેવતાને અર્પણ કરવાની પ્રથા વગેરે પ્રકારની બાધાઓ કે જે કેવળ મનુષ્યોએ પોતાની ઇચ્છાથી જ ઠરાવેલી હોય છે તે **આભાસધર્મ** કહેવાય; (૪) જેમાં કેવળ પાખંડ વિના બીજું કાંઈ પણ ન હોય તે **ઉપમાધર્મ** કહેવાય તથા (૫) જે ધર્મ કેવળ ઢોંગથી જ ભરેલો હોય એટલે ધર્મશાસ્ત્રનો ઊંધો અર્થ કરીને કેવળ પોતાનો સ્વાર્થ સાધવાની ભાવના જ જેની અંતર્ગત હોય છે તેવો વેદશાસ્ત્રના આધાર વગરનો પોતાની મેળે અર્થો કરી તેને જ ખરો માની લોકોમાં તેવા પ્રકારનો પ્રચાર કરવો તે **છળધર્મ** કહેવાય. આ પ્રમાણે અધર્મના પાંચ અંગો છે, એવો શાસ્ત્રમાં નિર્ણય છે; માટે જેમાં આ પાંચે પ્રકારો ન હોય એવો અનુભવસિદ્ધ આત્મધર્મ એ જ સ્વધર્મ છે. દરેક પદાર્થોના પોતપોતાના સ્વભાવ ઉપરથી ધર્મશાસ્ત્રોએ નિર્ણય કરી અજ્ઞાનીઓને માટે આજ્ઞા કરાયેલો ધર્મ જ સર્વ મનુષ્યોને શાંતિ આપે છે, તેવો ધર્મ તો એક વેદધર્મ જ છે, તેમ જ કાયા, વાચા વા મનથી કોઈ પણ પ્રાણીને દુઃખ દેવું નહિ એ જ સમાન ધર્મનો ઇચ્છા રાખનારાને માટે શ્રેષ્ઠ ધર્મ છે અને તેનું પાલન તો જ્યારે સર્વત્ર આત્મદૃષ્ટિનો ભાવના થાય ત્યારે જ થઈ શકે છે.

પરધર્મના અંગીકારથી થતી ત્રિશંકુ જેવી સ્થિતિ

આમ શાસ્ત્રમાં કહેલાં વર્ણાશ્રમાદિ દૃષ્ટિનો વિચાર કરતાં પણ પરધર્મ તો ભયાનક જ છે, તેમ જ વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરતાં પણ જણાશે કે, પરધર્મી મનુષ્ય પોતે મૂળ જે સમાજમાંનો હોય તેઓ

પણ તેને પોતાના સમાજમાં રાખતાં નથી અને પરધર્મવાળાના રીતરિવાજોની માહિતી નહિ હોવાથી તેઓમાં પણ તે ભળી શકતો નથી; આ મુજબ બંને સમાજમાં તેનું સ્થાન કોનું નથી, આથી તે ત્રિશંકુવત્ બની જાય છે. આ રીતે વ્યાવહારિક કિંવા સામાજિક દૃષ્ટિએ પણ પરધર્મ તો અંતે ઘાતક જ નીવડે છે; સિવાય દેહાદિક અભ્યાસનો વિચાર કરવામાં આવે તો પગ બાળપણથી જોને જેવો અભ્યાસ હોય તેમાં તે જલદી પ્રવીણ બને છે. પણ તેથી વિપરીત અભ્યાસમાં તેને નવા જેવું લાગે છે. આ રીતે દેહાભ્યાસની દૃષ્ટિએ વિચાર કરવાથી પણ પરધર્મ ભયાવહ છે, એમ સિદ્ધ થાય છે. હવે આત્મદૃષ્ટિએ વધુ વિચાર કરીશું.

સ્વધર્મથી જ ભયમુક્ત થવાય છે

જ્યાંસુધી બીજો છે એવી ભાવના અંતઃકરણમાં હોય ત્યાંસુધીને માટે તો ભય રહેવાનો જ અર્થાત્ બીજું કાંઈ છે એવું ભાન જ્યાંસુધી હોય ત્યાંસુધીને માટે ભય રહે છે; જ્યારે બીજપણાની એટલે દ્વૈતની ભાવનાનો સંપૂર્ણ વિલય થાય છે અર્થાત્ પૂર્ણ અદ્વૈતભાવની સિદ્ધિ થાય છે ત્યારે જ ભય રહિત વા નિર્ભય થવાય છે. આથી દ્વૈતની ભાવના નષ્ટ કરી દેવી જોઈએ; એટલે અંતઃકરણમાં દ્વૈતવૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું એ જ નિર્ભયતાનો સાચો ઉપાય છે. ધર્મ એટલે ધારણ કરવું, એવો અર્થ તો શાસ્ત્રસિદ્ધ જ છે; હવે કોને ધારણ કરવું, એ પ્રશ્નના ઉત્તરમાં "સ્વ"ને "પર"ને નહિ, કેમકે 'પર' એટલે પારકો અથવા બીજો અને 'સ્વ' એટલે આત્મરૂપ એવો પોતે. પરભાવને કેમ નહિ ધારણ કરવો ? તો પારકાનું ધારણ કરવું એ ભયને આવાહન કરવા સમાન છે એટલે ભયને બોલાવવા સમાન છે માટે દ્વૈતભાવનું અંતઃકરણમાં કિંચિન્માત્ર પણ ધારણ નહિ કરતાં હંમેશ પૂર્ણ અદ્વૈત એવા એક આત્મભાવનું જ ધારણ કરવું જોઈએ. તાત્પર્ય એ કે, દ્વૈતની તમામ ભાવનાઓનું નિરસન કરીને કેવળ એક આત્મામાં જ વૃત્તિને તદાકાર બનાવી દેવી એ જ ખરો સ્વધર્મ હોઈ તે જ ભયથકી મુક્ત થવાનો સાચો માર્ગ છે, એમ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુન પ્રતિ કહી રહ્યા છે.

अर्जुन उवाच—

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।

अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

ઇચ્છા ન હોવા છતાં પણ પુરુષ પાપ કેમ કરે છે ?

ભગવાનનું આ કથન સાંભળીને અર્જુન કહે છે કે, હે વાર્ષ્ણેય એટલે વૃષ્ણિકુલોત્પન્ન શ્રીકૃષ્ણ ! ત્યારે કહો કે પુરુષ પોતાની જરાપણ ઇચ્છા નહી હોવા છતાં પણ કોઈ બળાત્કાર કરાવી રહ્યો હોય તેમ બળજબરીથી પાપ કરે છે, તે કોની પ્રેરણાથી ? અર્જુને આ પ્રશ્ન થકી રહસ્યપૂર્ણ દૃષ્ટિએ કરેલો છે. શ્રી ભગવાને પ્રથમ તો આ બધું દૃશ્યજાળ પ્રકૃતિને અધીન હોવાથી તે જેમ નચાવે તેમ જ સર્વ નાચ્યાં કરે છે. તેઓ કિંચિન્માત્ર પણ સ્વતંત્ર નથી એમ ઉપર જણાવ્યું છે. તો તેનો અર્થ શું એમ સમજવો કે જેઓ ઇચ્છાથી કિંવા અનિચ્છાથી પાપકર્મો કરે છે તે પણ આ નિયતિતંત્રના આધાર વડે જ ને ? અને જો તેમજ હોય તો પછી કોઈ પાપીને દોષ દેવાનું કિંવા સારાં કર્મ કરનારને માટે ધન્યવાદ દેવાનું શું પ્રયોજન છે ? ઉદ્દેશ એ કે, આ મારો ભાઈ દુર્યોધન પોતાના કુળનો સંહાર કરવાને માટે પ્રવૃત્ત થયેલો છે, એ શું નથી જાણતો કે આમાં મારા કુળનો જ સંહાર થવાનો છે ? પરંતુ રાજલોભને વશ થઈને પોતાના નીતિધર્મ ઉપરાંત રાજધર્મથી ભ્રષ્ટ થઈ આ ઘોર કર્મ કરવા તે પ્રેરાયો છે, તેને માટે આપના કહેવા પ્રમાણે તો એમ જ સમજવું જોઈએ કે, તે પણ નિયતિના નિયમ પ્રમાણે છે; આથી તેને અધર્મી અને અમને ધર્મી કહેવાનું પણ શું પ્રયોજન હોય ! જે જે કાંઈ થાય છે તે સર્વ નિયતિતંત્ર પ્રમાણે જ થતું હોવાથી તેમાં કાંઈ સારું કિંવા નરસું, એમ કહેવાપણું રહેતું જ નથી.

श्रीभगवानुवाच—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।

महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३७ ॥

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।

यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८॥

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।

कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

કામ અને ક્રોધ એ જ મહાપાપીઓ છે

અર્જુનનો આ રહસ્યપૂર્ણ પ્રશ્ન સાંભળીને શ્રીભગવાને કહ્યું: હે અર્જુન! સાંભળ, મેં ઉપર કહ્યું છે કે, આ સર્વ તંત્ર સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણોના આશ્રય વડે પ્રકૃતિ ચલાવી રહી છે, તેમાં કિંચિન્માત્ર પણ બોટું નથી; પરંતુ તું પૂછે છે કે, પાપની ઇચ્છા મનુષ્યને નહિ હોવા છતાં પણ તેને તેમ કરવા બળાત્કારે કોણ પ્રેરે છે? તો આમ પાપમાં પ્રેરણા કરનારા નિયતિએ નિશ્ચિત કરેલા પ્રકૃતિના રજોગુણ વડે ઉત્પન્ન થયેલા ઘણા જ ખાઉધરા એટલે ગમે તેટલાં વિષયો મળે છતાં જેઓ કદી પણ ધરાતા નથી તેમ જ ગમે તેટલા વિષયોને ક્ષણમાત્રમાં સફાચટ કરી નાખનારા અને વળી પાછા જાણે વગર ખાધે મરવા પડ્યા ન હોય! એવા મહાશન કામ તથા ક્રોધ, આ બે જ મહાન પાપીઓ હોઈ તેને જ અત્રે શત્રુ સમજો. તાત્પર્ય કે, પ્રકૃતિના રજોગુણમાંથી ઉત્પન્ન થયેલા કામ અને ક્રોધ એ બે જ સર્વના શત્રુઓ છે, એમ જાણ. જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાઈ જાય છે કિંવા અરીસો મેલ વડે ઢંકાઈ જાય અથવા ગર્ભને જેમ ઓર (પાતળી ત્વચા જેવું કોથળી માફકનું વેષ્ટન ચારે બાજુએથી વિંટાયેલું) હોય તેની અંદર ગર્ભ ઢંકાયેલો હોય છે, તેમ આ પ્રકૃતિના રજોગુણથી ઉપજેલા કામ અને ક્રોધ વડે સત્ત્વગુણના ઉદયવાળું આત્મજ્ઞાન ઢંકાઈ દીધેલું છે. તાત્પર્ય એ કે, જ્ઞાન સ્વતઃસિદ્ધ હોવા છતાં જેમ અરીસાને મેલ વડે ઢાંકી દીધેલો હોય છે તેમ એ ત્રણે એટલે કામ ક્રોધાદિ શત્રુઓએ તેને અજ્ઞાનરૂપી પડળ વડે ઢાંકો દીધો છે. હે કૌંતેય! ગમે તેટલું ઇંધન (લાકડાંઓ) નાખવામાં આવે તોપણ જેમ અગ્નિ કદી પણ તૃપ્ત થતો નથી, પણ ઉલટો પ્રજ્વલિત બની તે સર્વને બાળીને ખાખ કરે છે, તેમ જ્ઞાનીઓનો નિત્ય વૈરી એવો આ કામરૂપ અગ્નિ રાતદિન અનેકવિધ તૃષ્ણાઓનું હમેશ સેવન કરતો હોવા છતાં કદી પણ તૃપ્ત થતો નથી, આથી જ જ્ઞાન એ સ્વતઃસિદ્ધ હોવા છતાં પણ તેને આ કામે ઢાંકી દીધેલું છે.

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।

एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

આત્મપ્રાપ્તિ પ્રકૃતિને આધીન નથી

ઇન્દ્રિયો (પાંચ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો), મન તથા બુદ્ધિ આના એટલે કામના અધિષ્ઠાન રૂપે છે. તે દ્વારા આ કામ શબ્દાદિ વિષયોનું નિત્ય ચિંતન કરી દેહાધ્યાસ વધારતો રહે છે અને જ્ઞાનને ઢાંકી દઈ

દેહાભિમાની પુરુષને તે મોહ પમાડે છે. તાત્પર્ય કે, વાસ્તવિક રીતે આ સર્વ જ્ઞાનસ્વરૂપ અર્થાત્ આત્મરૂપ હોવા છતાં પણ તે અનેક નામ રૂપો વડે મૃગજળ પ્રમાણે મિથ્યા ભાસમાન થાય છે. ઇંદ્રિયો, મન અને બુદ્ધિ એ ત્રણના આધાર વડે તે નિત્ય વિધવિધ પ્રકારના અનેકવિધ વિષયભોગો ભોગવવામાં જ તલ્લીન બને છે તથા દેહાધ્યાસ વધારતો રહી પુરુષને મોહ પમાડે છે. આ કામ વડે જ્ઞાન ઢંકાઈ ગયેલું છે. હે અર્જુન! જ્ઞાન એ તો વાસ્તવિક રીતે સ્વતઃસિદ્ધ હોઈ તે પ્રકૃતિના નિયમમાં કદાપિ આવી શકતું નથી, પરંતુ ઊલટી પ્રકૃતિ જ આ જ્ઞાનના અધિષ્ઠાન વા આશ્રય વડે હોય છે. જેમ અરીસો તો સ્વતઃસિદ્ધ જ છે, તે કાંઈ પ્રતિબિંબ લેવાને કદી ના કહેતો નથી પરંતુ તેના ઉપર જે મેલ હોય તે જ્યાં સુધી સાફ કરવામાં નહિ આવે ત્યાંસુધી તે બીજું પ્રતિબિંબ ગ્રહણ કરી શકતો નથી, કેમકે તે મેલનું પ્રતિબિંબ તો તેમાં પડેલું જ હોય છે. તે પ્રમાણે આ આત્મા કિંવા જ્ઞાનસ્વરૂપ અરીસામાં મોહને લીધે અનેક વિષયવાસનારૂપી મેલ ચોંટેલો હોવાથી જ્યાંસુધી તે નીકળી શકે નહિ ત્યાંસુધી તે બીજાં પ્રતિબિંબો ગ્રહણ કરી શકતો નથી; એટલે પોતે આત્મસ્વરૂપ એવો એકરૂપ હોવા છતાં પણ અજ્ઞાનતાને લીધે અનેક કામ્ય વાસનાઓ વડે જાણે જગતાદિ અનંત રૂપે થયેલ હોય એમ ભાસમાન થાય છે, જેમ અરીસામાં જે વસ્તુનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા હોય તે વસ્તુને તેની સામે ધરવી પડે છે તથા બીજી વસ્તુઓને સામેથી ખસેડી લેવી પડે છે, પણ આકાશનું પ્રતિબિંબ જોવું હોય તો ફક્ત સામેથી તમામ વસ્તુઓ ખસેડી લેવામાં આવે એટલે બસ; કારણ કે, તે સ્વતઃસિદ્ધ હોવાથી બીજી વસ્તુઓને ખસેડી લેવી એટલું જ એક કર્તવ્ય કરવાનું હોય છે. તે પ્રમાણે પ્રકૃતિ અને તેના ગુણો વડે થયેલો વિસ્તાર એ સર્વ વસ્તુરૂપ હોઈ તે મર્યાદિત અને પ્રતિબિંબની જેમ પરતંત્ર છે તથા ઈશ્વર એ બિંબની જેમ તેનો સર્જક છે તેથી જ્ઞાન એ તો અરીસો કિંવા આકાશની જેમ તદ્દન સ્વતંત્ર છે એમ સમજો, આથી આકાશનું પ્રતિબિંબ જોવાને માટે તેને જેમ બીજી વસ્તુઓની માફક અરીસાની સામે લાવી શકાતું નથી તેમ આત્માની પ્રાપ્તિ માટે ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ તથા તેમના વિષયોને હઠાવવા એટલું જ એક કર્તવ્ય કરવાનું હોય છે; તે કાર્ય થતાં જ પુરુષ એટલે આત્મા કે જે સ્વતઃસિદ્ધ છે તે અનુભવમાં આવે છે, માટે હે અર્જુન! તારા કહેવા પ્રમાણે મનુષ્ય પરમાર્થપ્રાપ્તિને માટે એટલે મહાપુરુષાર્થને માટે કાંઈ પરતંત્ર નથી. જો કે તે સિવાયના સર્વ કાર્યોને માટે તે તદ્દન પરતંત્ર હોય છે, તે ખરું! તારો દુર્યોધન તો પ્રકૃતિને વશ થઈ મોહને લીધે આ કામ અને ક્રોધના પાશમાં પૂરેપૂરો સપડાયેલો છે તેથી તેને તેનું ભાન નથી. વાસ્તવિક રીતે કામ ક્રોધ એ જ સર્વના શત્રુ છે, બીજા કોઈ શત્રુ નથી માટે હું તને વારંવાર કહી રહ્યો છું કે, તું પોતે પૂર્ણ સ્વતંત્ર એવો આત્મસ્વરૂપ છે, તારામાં પ્રકૃતિ અને તેના કાર્યનો અંશ પણ નથી, એમ નિશ્ચયથી સમજ. વ્યવહારમાં જેમનો આ પ્રમાણે નિશ્ચય હોય તે જ ખરો જ્ઞાની અને તેવો નિશ્ચય નહિ હોતાં જે પોતાને હું એટલે શરીર છું એમ સમજે છે તેને મૂઢ કહેવો એવી મર્યાદા પણ નિયતિએ જ ઠરાવેલી છે. પોતાને શરીર રૂપે સમજનાર દેહાધ્યાસીઓ નિયતિના ચક્રમાં ફસાયેલા ગણાય છે તથા પોતાને આત્મરૂપ સમજનાર અપરોક્ષાનુભવી તેમાં જરા પણ લેપાતા નથી એમ સમજ.

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।

पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનાર કામરૂપ શત્રુને હણવો જોઈએ

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન! તું તમામ ઇંદ્રિયોને નિયમમાં લાવીને એટલે કે તેઓનું પોતપોતાના વિષયોમાં કદી ઉત્થાન જ નહિ થવા દેતાં સર્વ આત્મરૂપ છે એવા દૃઢ નિશ્ચય વડે પાપના મૂળભૂત એવા જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા આ કામરૂપ શત્રુનો નાશ કરવાનો નિશ્ચય કર. વાસ્તવિક રીતે તારો ખરો શત્રુ તો તે જ છે. તાત્પર્ય એ કે, સર્વ આત્મરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ પણ નથી. એવી

રીતે ચરાચરમાં આત્મભાવના કરવી. અંતઃકરણમાં બીજી કોઈ વિષયવૃત્તિનો સંકલ્પ જ ઊઠવા નહિ દેવો, આમ દરેક ઇંદ્રિયો તથા તેના વિષયોને સંકલ્પથી રહિત કરી આત્મસ્વરૂપ જ બનાવી દેવા, અંતરંગમાં વૃત્તિઓ કિંવા સંકલ્પ ઊઠવા નહિ પામે તેવી નિત્ય દક્ષતા રાખવી એ જ વાસ્તવિક ઇંદ્રિયોનું નિયમન સમજવું. જ્ઞાન એટલે આ સર્વ બ્રહ્મ અથવા આત્મરૂપ છે એમ જાણવું તે તથા વિજ્ઞાન એટલે આ બધું બ્રહ્મ જ છે એવા પ્રકારે દૃઢ નિશ્ચય થઈ તે સિવાય બીજું કાંઈ અનુભવમાં આવે જ નહિ એવું અનુભવાત્મક અપરોક્ષજ્ઞાન થવું તે, એ જ સાક્ષાત્કાર કહેવાય. આ જ્ઞાન અને વિજ્ઞાનની વ્યાખ્યા સંબંધે ભગવાન શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે કહે છે:

જ્ઞાન અને વિજ્ઞાનની વ્યાખ્યા

શ્રીભગવાન કહે છે : હે ઉદ્ધવ ! પુરુષ, પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ તન્માત્રા, અગિયાર ઇન્દ્રિયો, પંચમહાભૂત અને ત્રણ ગુણ એ અઠ્ઠાવીશ તત્ત્વો બ્રહ્માથી તે સ્થાવર સુધીનાં સઘળાં કાર્યોમાં અનુસ્યૂત છે. અર્થાત્ કાર્યકારણરૂપ સઘળું જગત પોતાના પરમ કારણરૂપ એવા બ્રહ્મથી અભિન્ન છે એમ જે વિચારથી જોવામાં આવે છે તે વિચાર એ જ જ્ઞાન કહેવાય, એવો મારો નિશ્ચય છે. આ પ્રકારનું જ્ઞાન થાય તે સમયમાં પણ જેમ એક આત્માથી અનુસ્યૂત થયેલા સઘળા પદાર્થો જુદે જુદે રૂપે જોવામાં આવ્યા હોય તેવા ને તેવા રહેવા છતાં પણ એ પદાર્થો બીજા કોઈ સ્વરૂપે જોવામાં ન આવતાં કેવળ એક આત્મતત્ત્વ રૂપે જોવામાં આવે ત્યારે તે જ્ઞાન જ એવા નામથી કહેવાય છે. એટલે વિવેકદૃષ્ટિ વડે આ સર્વ એકરૂપ એવું બ્રહ્મ જ છે, એમ કેવળ બુદ્ધિવડે નિશ્ચયાત્મક જાણવું એ જ્ઞાન અને તેવો સાક્ષાત્ અનુભવ આવવો એટલે એક બ્રહ્મ વિના બીજું કાંઈ દેખવામાં જ ન આવે એવા પ્રકારનો જે પ્રત્યક્ષ અનુભવ એ જ વિજ્ઞાન. જ્ઞાન એટલે પરોક્ષ અને વિજ્ઞાન એટલે અપરોક્ષ, દિશાની અપરોક્ષ થયેલી ભ્રાંતિ જેમ બારેલી દિશામાં કેવળ પરોક્ષ જ્ઞાનથી મટતી નથી તેમ આ સંસારરૂપ ભ્રાંતિ કે જે અપરોક્ષ છે બ્રહ્મના પરોક્ષ જ્ઞાનથી મટે તેવી નથી. જેને આ સર્વ બ્રહ્મરૂપ છે એવું ફક્ત પરોક્ષજ્ઞાન થતું હોય છતાં તે જ્યાંસુધી અહંતા વિલય કરી તેમાં એકસ્વરૂપ બની અપરોક્ષ અનુભવ નહિ કરે ત્યાંસુધી તેની ભ્રાંતિનો નાશ કદાપિ થતો નથી; એટલે આ સર્વ બ્રહ્મ છે એવું કેવળ મોં વડે બોલવાથી જ કાંઈ જગતરૂપ ભ્રાંતિ કદી મટતી નથી, પણ તે પ્રમાણે સર્વત્ર સાક્ષાત્ બ્રહ્મ દેખી તેમાં જ તન્મય બની અપરોક્ષ અનુભવ કરવો જોઈએ, ત્યાંસુધી કેવળ મોં વડે આ બ્રહ્મ છે એમ માનવામાં આવે છતાં અંદરખાને તો તેનો દ્વૈતભાવ નિશ્ચિત સિલક રહેવા પામેલો હોય છે; આથી વિજ્ઞાન એટલે અપરોક્ષ જ્ઞાનવાળા જીવન્મુક્ત પુરુષની દૃષ્ટિએ જાગ્રત થતાં જેમ સ્વપ્નનો તેમ આ સંસારનો તો કાયમને માટે બાધ થયેલો હોય છે; એટલે પરોક્ષજ્ઞાનને જ્ઞાન તથા અપરોક્ષજ્ઞાનને વિજ્ઞાન એમ કહેવામાં આવે છે (શ્રી ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૧૯, શ્લો૦ ૧૧ થી ૧૫); માટે હે અર્જુન ! આમ જાણી જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર પાપી એવા કામને ઉપર જણાવ્યા પ્રમાણે નિશ્ચય વડે તું હણ.

કામને હણવામાં પુરુષાર્થની જ આવશ્યકતા છે

જેમ રાજાની આજ્ઞાથી તેનો પ્રધાન રાજકારભાર ચલાવતો હોય તથા અનેક પ્રકારના કાયદાઓ ઘડતો હોય, છતાં તે કાયદાઓ તો ફક્ત પ્રજાને જ લાગુ પડે છે, રાજાને નહિ; તેમ નિયતિ એટલે માયા અથવા ઈશ્વરી શક્તિના સત્ત્વ, રજ અને તમ આદિ ગુણોના નિયમો આત્માને લાગુ પાડી શકાતા નથી, પરંતુ જ્યાંસુધી રાજા પોતાનો માલિકી હક્ક ભૂલી જઈ પ્રધાનના હાથ નીચે દબાયેલો રહે છે ત્યાંસુધી પોતે સ્વતંત્ર હોવા છતાં પણ પરતંત્ર જેવો બની દુઃખ ભોગવે છે, તેમ વાસ્તવિક રીતે તું પોતે આત્મસ્વરૂપ હોવા છતાં હું પ્રકૃતિરૂપ છું એમ માની લઈ પરતંત્રતામાં રહે છે ત્યાંસુધીને માટે પોતે સ્વતંત્ર હોવા છતાં પણ દુઃખનો અનુભવ કરે છે, પણ જ્યારે હું આત્મરૂપ છું એવું ભાન થાય ત્યારે તને શું નિયતિ રોકી શકશે ખરી કે ? હવે આત્મજ્ઞાન પણ પ્રારબ્ધવશાત્ થશે, એવી જે તું શંકા કરે તો તે પણ તદ્દન વ્યર્થ છે, કેમકે આત્મજ્ઞાન તો સ્વતઃસિદ્ધ હોઈ નિયતિ પણ તેની સત્તાથી જ આ બધું મિથ્યા એવું કાર્ય કરી રહેલી ભાસે છે, તે

આત્માને નિયમનમાં લાવી શકતી નથી, પરંતુ પુરુષ (વૃક્ષાંક ૨) નિયતિના રજોગુણ વડે ઉત્પન્ન થનારા કામરૂપી પાપના મોહમાં ફસાઈ પોતાના સ્વતંત્ર અને સત્યસ્વરૂપનો અનુભવ ન લે અને દુઃખ ભોગવ્યા કરે તો તે એક મોટું આશ્ચર્ય જ ગણાય! આથી સદસત્નો વિવેક કરી હું આત્મરૂપ છું; મારામાં મન, બુદ્ધિ ઇંદ્રિયો તથા તેમના વિષયો ઇત્યાદિ કશાનો અંશપણ નથી, એવા પ્રકારના દૃઢ નિશ્ચય અને અભ્યાસ વડે તે સર્વને નિયમનમાં લાવી જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા આ પાપી કામને તું હણ. તેને હણવામાં નિયતિ કિંવા પ્રારબ્ધ નિરુપયોગી છે, તેને માટે આ રીતનો વિવેકયુક્ત અભ્યાસ કરવારૂપ પુરુષાર્થ જ કરવો પડશે, એમ શ્રીકૃષ્ણ ભગવાનનો કહેવાનો ઉદ્દેશ આમાં સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે.

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।

मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।

जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ४३ ॥

સ્થૂળ ઇંદ્રિયોથી સૂક્ષ્મ ઇંદ્રિયો પર છે તેથી પર મન છે કે જે નિત્ય ઇંદ્રિયોદ્વારા વિષયોને જ ગ્રહણ કરે છે, મનથી પર બુદ્ધિ છે અને બુદ્ધિથી પર તદ્દન અસંગ એવો આત્મા છે, એમ તું સમજ; એટલે આત્મા તો જેમાં સ્થૂળ કિંવા સૂક્ષ્મ ઇંદ્રિયો, તેમના વિષયો તેમ જ મન તથા બુદ્ધિ ઇત્યાદિનો સમાવેશ થાય, એની જે આ પ્રકૃતિ કહેવાય છે તેથી પર છે અર્થાત્ જ્યાં આ સર્વનો લેશમાત્ર પણ અંશ નથી તેવો તે તદ્દન અસંગ છે; માટે સર્વ કરતાં પર એવા આ આત્માને જાણી લઈ આત્મામાં જ સ્થિતિ કર, એટલે હું આત્મા જ છું; મારામાં પ્રકૃતિ, તેના ગુણો, ઇંદ્રિયો તેના વિષયો, મન, બુદ્ધિ ઇત્યાદિ કશાનો લેશમાત્ર પણ અંશ નથી અને જોમ તો તે પણ આત્મરૂપ જ છે, એ પ્રમાણે આત્મા વડે આત્માને જાણી લઈ તેમાં જ સ્થિર થા અર્થાત્ આત્મા સિવાય બીજું બધું દેખવાનું તદ્દન છોડી દે અને હે મહાબાહો! આ રીતે દુરાસદ એટલે મહા પ્રયત્ન વડે પણ જીતવામાં અત્યંત કઠણ એવા આ કામરૂપ શત્રુનો તું નાશ કર. આ કામરૂપ સમર્થ શત્રુને જીતવાને માટે આ સિવાય બીજો એક પણ ઉપાય નથી. જ્યારે તું પોતા સહિત આ બધું દૃશ્યમાત્ર આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એ રીતના પરોક્ષજ્ઞાન વડે તેને જાણી લઈ તેવા દૃઢ નિશ્ચયથી તેનો સાક્ષાત્કાર એટલે અપરોક્ષ અનુભવ કરીશ ત્યારે જ આ કામરૂપ શત્રુનો સદંતર નાશ થયેલો છે એમ સારી રીતે અનુભવીશ; માટે આ ઉપાય વડે અતિશય કઠણ એવા કામરૂપ શત્રુનો તું નાશ કરી દે.

અધ્યાય ૪

श्रीभगवानुवाच—

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।

विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ।

स कालेनेह महता योगो नष्टः परन्तप ॥ २ ॥

स एवाऽयं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

આ યોગ અનાદિ કેવી રીતે ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: હે અર્જુન! આ અવ્યય એટલે જેનો કદી પણ નાશ થતો નથી એવો યોગ અર્થાત્ "હું" એટલે આત્મા છું, આત્મા વગર બીજું કાંઈ પણ છે જ નહિ, એ પ્રકારનો ત્રિકાલાબાધિત અને નિત્ય એવો આત્મરૂપ *યોગ જે અત્યારસુધી તને કહેવામાં આવ્યો તે મેં પ્રથમ સૂર્યને કહ્યો હતો; સૂર્યે પોતાના પુત્ર મનુને તથા મનુએ પોતાના પુત્ર ઇક્ષ્વાકુને કહ્યો હતો. ચિત્તરૂપ યજ્ઞનારાયણ યા યજ્ઞદેવ વિષ્ણુ(વૃક્ષાંક ૯), વિષ્ણુનું નાભિકમળ કિંવા હિરણ્યગર્ભ(વૃક્ષાંક ૧૨),સુવર્ણમય પરપોટો એટલે બ્રહ્માંડ (વૃક્ષાંક ૧૪) માં બ્રહ્મા (વૃક્ષાંક ૧૩) તેમ જ મરીચિ, કશ્યપ, સૂર્ય, શ્રાદ્ધદેવ, મનુ અને ઇક્ષ્વાકુ આ રીતની પરંપરાથી પ્રાપ્ત થયેલો આ યોગ +રાજર્ષિઓ જાણતા હતા. લાંબોકાળ વ્યતીત થવાને લીધે હમણાં તે નાશ પામી ગયેલો હોવાથી આ અનાદિ યોગ જ મેં તને આજે ફરીથી કહેલો છે; કારણ કે, તું મારો ભક્ત અને સખા છે, તેટલા માટે આ ઉત્તમ રહસ્યપૂર્ણ યોગ મેં તને કહેલો છે, ઉદ્દેશ એ કે, તને કદાચ એમ લાગશે કે, આ બધું મને યુદ્ધમાં લગાડવાની ઇચ્છાથી જ તમો સમજાવી રહ્યા છો તો તેમ નથી; પરંતુ અનાદિ કાળથી સ્વતઃસિદ્ધ અને પરંપરાગત ચાલતો આવેલો શ્રુતિશાસ્ત્રમાન્ય એવો આ યોગ જ હું તને કહી રહ્યો છું, કેમકે વચ્ચે ઘણો કાળ વ્યતીત થવાને લીધે તે નષ્ટ થયા જેવો લાગતો હતો, તે જ ઉત્તમ રહસ્યપૂર્ણ યોગ આજે મેં તને ફરીથી કહેલો છે.

પરંપરા બતાવવાનો ઉદ્દેશ

આ પ્રમાણે પરંપરા બતાવવાનો ઉદ્દેશ એ હોય છે કે, દરેક શાસ્ત્ર અપૌરુષેય એવા વેદથી જ શરૂ થયેલ છે; એટલે શાસ્ત્રની પરંપરાનો મૂળ આરંભ આ અપૌરુષેય એવા વેદ હોઈ તે ઈશ્વરપ્રેરિત છે; તે કોઈ માનવીના બનાવેલા નથી, પરંતુ સ્વતઃસિદ્ધ છે; આથી તે અપૌરુષેય છે. વેદને અપૌરુષેય કેમ કહેવા તે સંબંધે કેન ઉપનિષદમાં આ પ્રમાણે કથન છે. બ્રહ્મ પોતે જ યક્ષ એવા ઈશ્વર સ્વરૂપે અન્યા. તેને ઓળખવા માટે સર્વ દેવતાઓએ પ્રથમ અગ્નિ પછી વાયુ અને છેવટે ઇંદ્રને મોકલ્યા. તેઓ સ્વતઃ બ્રહ્મનું સ્વરૂપ જાણવા શક્તિમાન થયા નહિ. આથી તે યક્ષરૂપ ઈશ્વર પોતાનાં મૂળ અનિર્વચનીય બ્રહ્મ વા આત્મસ્વરૂપમાં લીન થઈ ગયા અને જ્યારે તેમણે ઇંદ્રની તીવ્ર જિજ્ઞાસા જોઈ ત્યારે તેને પોતાના સત્ય સ્વરૂપનું જ્ઞાન કરાવી આપવાના ઉદ્દેશથી અપરાવિદ્યાદેવી ઉમા રૂપે પુનઃ પ્રકટ થયા અને તે દ્વારા તેને પોતાના સાચા બ્રહ્મસ્વરૂપનું સાચું જ્ઞાન કરાવી આપ્યું; એ [illegible] પછી ઇંદ્રાદિ દેવતાઓએ પરંપરાથી જગતમાં પ્રગટ કર્યું છે, આથી આવા ઉમામહેશ્વર સંવાદરૂપ ગણાતા તમામ શાસ્ત્રો ઈશ્વર પ્રણીત હોઈ તે જ સત્ય કહેવાય છે; વેદની અપૌરુષેયતાને માટે બૃહદારણ્યક, છાંદોગ્ય વગેરે ઘણા ઉપનિષદોમાં અને પુરાણાદિકોમાં પણ કહેવામાં આવેલું છે. આથી શ્રીકૃષ્ણ ભગવાને અત્રે એવું સૂચન કર્યું કે, આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) એવા મેં જ આ યોગ ઈશ્વર (વૃક્ષાંક ૨) સ્વરૂપમાં અર્થાત્ સાક્ષીભાવમાં સ્થિર રહીને માયાશક્તિ (ઉમા) દ્વારા બ્રહ્મદેવના મુખેથી વેદસ્વરૂપે પ્રકટ કરી સૌથી પ્રથમ આદ્યપુત્ર સૂર્યને કહ્યો, સૂર્યે મનુને અને મનુએ ઇક્ષ્વાકુ રાજાને કહ્યો હતો. એ પ્રમાણે તે યોગ બ્રહ્માંડમાં પ્રથમ રાજાઓમાં પ્રસૃતિને પામેલો છે તથા રાજાઓએ તે પોતપોતાની પ્રજાને

---

*અત્રે આવેલો યોગ શબ્દ પ્રથમ અધ્યાય ૨-૩૯માં બતાવ્યા પ્રમાણે સાંખ્ય એટલે જ્ઞાન, કર્મ (૩૮) અને ભક્તિ બધાને માટે સમજવો. આ યોગ સંબંધમાં શ્રીભગવાને આગળ પાંચમા અને છઠ્ઠા અધ્યાયમાં સ્પષ્ટીકરણ કર્યું છે.

+રાજર્ષિઓ જાણતા હતા એમ કહેવાનું કારણ અધ્યાય ૯ના આરંભમાં આગળ કહેવામાં આવશે તે જોવું તેમજ અ૦ ૨૨ શ્લો૦ ૪૨થી ૪૪ની ટીકા પાનું ૧૭૬ તથા ક્રા૦ ૨૬૦ ૬, અ. ૧ જુઓ.

કહેલો છે; પરંતુ વચગાળે તેને ઘણો સમય વ્યતીત થઈ જવાને લીધે તે નષ્ટ થવા પામેલો હતો, તે જ આત્મરૂપ એવા મેં આજે તને કહ્યો છે અર્થાત્ આ પરંપરા શાસ્ત્રશુદ્ધ રીતે સૃષ્ટિના આરંભથી જ ચાલી આવેલી છે. આ બોધ હું તને કાંઈ મનસ્વી રીતે કહેતો નથી. એવો શ્રીકૃષ્ણ ભગવાનનો આ પરંપરા બતાવવાનો ઉદ્દેશ આમાં સ્પષ્ટ રીતે તરી આવે છે. વેદની અપૌરુષેયતાની ખાતરીને માટે દરેક શાસ્ત્રમાં આ રીતે પરંપરા કહેવાની પદ્ધતિ હોય છે; કારણ કે જાણવા થકી ગુરુપ્રતીતિ ઉપરાંત શાસ્ત્રપ્રતીતિની પણ જિજ્ઞાસુને ખાતરી થઈ તે નિઃશંક બને અને આત્મપ્રતીતિ લઈ કૃતકૃત્ય થાય; એવા પ્રકારનો ભાવ તેમાં હોય છે.

अर्जुन उवाच—

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।

कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥४॥

આ યોગ તમોએ સૂર્યને શી રીતે કહ્યો?

આ સાંભળીને અર્જુન વળી વધારે સંશયમાં પડી ગયો. તેણે કહ્યું, "ભગવન્ આપ કહો છો કે, મેં આ યોગ આદિકાળમાં સૂર્યને કહ્યો હતો, પરંતુ સૂર્યનો જન્મ તો ઘણા જ પુરાતન સમયમાં એટલે સત્ય-યુગના આરંભમાં થયેલો છે તથા આપનો જન્મ તો હાલના સમયમાં એટલે સૂર્યના જન્મ પછી ઘણા લાંબા કાળે હમણાં જ દ્વાપરયુગના અંતમાં થવા પામેલો છે; છતાં આપ કહો છો કે મેં આ યોગ પ્રથમ સૂર્યને કહ્યો હતો, તો તે મારે કેવી રીતે જાણવું? અર્થાત્ આ યોગ પરંપરાગત અનાદિ કાળથી કહેવામાં આવ્યો છે એમ જે આપ કહો છો તે મારે કેવી રીતે સાચું માનવું?"

श्रीभगवानुवाच—

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।

तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप ॥५॥

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।

प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥६॥

હું અજન્મા છતાં જન્મ્યો છું

અર્જુનનો આ સીધો પ્રશ્ન સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને અતિ આનંદ થયો. તે બોલ્યા, હે અર્જુન! તારા અને મારા અનેક જન્મો થઈ ગયા છે. તે સર્વને હું જાણું છું, પરંતુ તું તેને જાણતો નહિ હોવાને લીધે આમ શંકાઓ કરી રહ્યો છે. હે શત્રુને તાપ આપનારા અર્જુન! વાસ્તવિક રીતે તો હું તત્ એવો અવ્યય આત્મા (શ્લોકાંક ૧) છું કે જેને કદી જન્મ અથવા મરણાદિરૂપ વિકારોનો તલભાર પણ સ્પર્શ થતો નથી એવો તદ્દન અનિર્વચનીય છું, છતાં પણ સર્વ પ્રાણીઓના હૃદયમાં વાસ કરનાર એવો ઈશ્વર (શ્લોકાંક ૨) સ્વરૂપ પ્રકૃતિ અર્થાત્ ઈશ્વરીય શક્તિ (શ્લોકાંક ૩) નો અધિષ્ઠાતા બની જાણે કે પોતે જ પોતામાં પોતાની માયાના આશ્રય વડે જન્મ્યો છું, એવું સંભવે છે અર્થાત્ ભાસે છે; સારાંશ કે આત્મસ્વરૂપ એવો હું (શ્લોકાંક ૧) તો વાસ્તવિક રીતે અજ એટલે જન્મ મરણાદિથી રહિત તથા તદ્દન અસંગ છું; તેમાં તો થવું કિંવા ન થવું અને તેનો સાક્ષી ઇત્યાદિ કાંઈપણ સંભવતું નથી; છતાં તે જ જાણે પોતે પોતામાં અહમ્ એટલે "હું"

(વૃક્ષાંક ૩)રૂપ એવી મિથ્યા માયાશક્તિની સ્ફુરણા તથા તે હું રૂપ સ્ફુરણાનો સાક્ષી અધિષ્ઠાનસ્વરૂપે ઈશ્વર(વૃક્ષાંક ૨) રૂપને પામેલો ન હોય તેમ સંભવે છે; આથી આ તત્ કિંવા આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) તો તદ્દન નિર્લેપ અને અસંગ જ છે, છતાં આ જન્માદિનો ભાસ થતો હોવાનું જે જણાય છે તે કાર્ય તો આત્મસ્વરૂપ એવા મારા મિથ્યા માયાશક્તિના આશ્રય વડે ઈશ્વર (વૃક્ષાંક ૨)નું છે, આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧)માં તો તે પૈકી કાંઈપણ નથી, એવો હું તદ્દન અનિર્વચનીય છે.

ભાવાર્થ એ છે કે, ભગવાને કહ્યું: હે અર્જુન! હું તો વાસ્તવિક રીતે જન્મ મરણાદિ વિકારોથી રહિત, નિત્ય અવ્યય અને સત્સ્વરૂપ (વૃક્ષાંક ૧) છું; તેમાં તો કિંચિન્માત્ર પણ વિકાર સંભવતો નથી એવો અનિર્વચનીય હોવા છતાં જાણે કે પોતાની પ્રકૃતિમાં સર્વભૂતમાત્રના અધિષ્ઠાનરૂપ ઈશ્વરરૂપે મારી આત્મરૂપ માયા વડે પ્રકટ થયો ન હોઉં એમ સંભવું છું; એટલે આ માયારૂપ હું (વૃક્ષાંક ૩) અને તેનું ત્રિગુણ મિશ્રિત ચરાચર ભૂતમાત્રાદિરૂપ કાર્ય (વૃક્ષાંક ૪થી ૧૫ સુધી) તથા તે સર્વનો અધિષ્ઠાતા એવો સર્વમાં વાસ કરનારો ઈશ્વર, દ્રષ્ટા કિંવા સાક્ષી (વૃક્ષાંક ૨) ઇત્યાદિ આ સર્વ તત્ કિંવા સત્સ્વરૂપ એવા આત્મ (વૃક્ષાંક ૧) રૂપ જ છે છતાં તે બધાં અહમ્ મમાદિ દૃશ્યરૂપે સાચાં જ ન હોય તેવાં ભાસે છે, એમ કહેવાનો ઉદ્દેશ આમાં સમાયેલો છે (જુઓ "આત્યંતિક પ્રલય" આગળ પૃષ્ઠ ૨૫૬).

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥७॥

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥८॥

સંભવામિ યુગે યુગે

હે ભારત! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થઈ અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે વાસ્તવિક અજન્મા છતાં આત્મરૂપ એવો હું જ ઈશ્વરરૂપે બની આત્માને હું રૂપે સર્જું છું. તેમ જ જેણે સાધ્યને સાધેલું છે અર્થાત્ પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કરેલી છે એવા જીવનમુક્ત પુરુષોનું રક્ષણ તથા દેહાસક્તિવાળા આસુરી વૃત્તિના પાપીઓનો નાશ કરી સદ્ધર્મની સ્થાપના કરવા માટે આત્મધર્મરૂપ એવો હું જ હું રૂપે યુગે યુગે સંભવું છું એટલે પ્રકટ થાઉં છું. આમ શ્રી ભગવાને ઘણું અર્થપૂર્ણ રહસ્ય કહેલું છે. તેનો હવે આપણે સંક્ષેપમાં વિચાર કરીશું.

શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ અધ્યાત્મદૃષ્ટિને જ પ્રાધાન્ય આપેલું છે, તે તો અત્યાર સુધીના વિવેચન ઉપરથી સ્પષ્ટ જાણી શકાય તેમ છે; ત્યારપછી તેઓ પોતાનું કહેવું શાસ્ત્રદૃષ્ટિએ પણ શી રીતે યોગ્ય છે તેની સિદ્ધતા કરે છે; બાદ વ્યવહારદૃષ્ટિએ પણ યોગ્ય છે કે નહિ તેનો વિચાર કરે છે અને છેવટે દેહદૃષ્ટિએ પણ તે કેવી રીતે યોગ્ય છે, તેનો વિચાર પણ સર્વત્ર બતાવેલો છે. આ મુજબ (૧) અધ્યાત્મ, (૨) શાસ્ત્ર, (૩) વ્યવહાર અને (૪) લૌકિક, એમ ચારે પ્રકારની દૃષ્ટિનો આશ્રય લઈ સમજાવવાનો પ્રયત્ન કરેલો છે, તે ધોરણે આનો અધ્યાત્મદૃષ્ટિએ શો અર્થ છે, તેનો પ્રથમ વિચાર કરીશું.

ધર્મ એટલે ધારણ કરવું. ધર્મ શબ્દ મૂળ 'ધૃ' ધાતુ પરથી થવા પામેલો છે, તેનો અર્થ ધારણ કરવું તથા અધર્મ એટલે ધારણ નહિ કરવું તે. કોને ધારણ કરવું? તો આત્માનું જ હું આત્મા છું એ રૂપે ધારણ કરવું. અર્થાત્ આ આત્મસ્વરૂપ વસ્તુનાં તો અનિર્વચનીય તથા ચિદ્રૂપ હોઈ ખરેખર એકરસાત્મક છે, તેમાં દ્વૈતનો કિંચિન્માત્ર પણ અંશ નથી; તે તદ્દન નિર્વિકાર તથા નિર્વિકલ્પ છે, છતાં આ "તત્"રૂપ

ચૈતન્ય (વૃક્ષાંક ૧) જ પોતાના સ્વતંત્ર બળ વડે આદર્શમાં દેખાતા નગરની જેમ પોતાનું સ્વરૂપ શુદ્ધ હું (વૃક્ષાંક ૨) તથા અશુદ્ધ હું (વૃક્ષાંક ૩) રૂપે જાણે પ્રગટ થયું ન હોય એમ ભાસમાન કરે છે, તે જ આની પહેલી ઉત્પત્તિ અર્થાત્ સંભવ છે. સર્વત્ર પરિપૂર્ણ અને આકાશની પેઠે સર્વત્ર વ્યાપક, નિર્મળ, તદ્દન અસંગ અને અનિર્વચનીય ચિદ્રૂપ એવો આત્માની જગ્યાએ આ પ્રમાણે જાણે અંશાત્મક એવા અહમ્ એટલે "હું" પણાનું ભાન થયું તે જ જાણ્યાભાસ કહેવાય. આ જ આત્માને આત્માએ "હું" રૂપે સમજવું કિંવા ધારણ કરવું. વાસ્તવિક રીતે તો પરિપૂર્ણ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં આ હુંરૂપ એવો અહંભાવ (વૃક્ષાંક ૨ અને ૩) મિથ્યા હોવાને લીધે "હું" યાને અહમ્ એવો ભેદ તેમાં કદાપિ રહી શકતો નથી; આથી આત્માને પોતાને જ જ્યારે વિપરીત અધ્યાસ થાય છે ત્યારે તે પોતાને નાહમ્, નાહમ્ એટલે હું નથી હું નથી એમ સમજવા લાગે છે. " હું નથી " એમ કેવળ મોં વડે બોલવું કિંવા બુદ્ધિથી સમજવું તે તો જડ એવો અવ્યક્ત ભાવ થયો (વૃક્ષાંક ૪ જુઓ), પરંતુ "હું" નો લય કરી અનિર્વચનીયતા પ્રાપ્ત થવી તે સ્વસ્વરૂપાનુભવ થયો. આ રીતે આત્માનો પ્રત્યક્ષ અનુભવ થવાને માટે "હું આત્મા નથી" "હું આત્મા નથી" એવા પ્રકારના દેહાધ્યાસરૂપ અધર્મનું સામ્રાજ્ય જ્યારે જ્યારે વધે છે, ત્યારે ત્યારે "હું આત્મા છું" " હું આત્મા છું " એવા પ્રકારની આત્મસ્ફૂર્તિને આત્મસ્વરૂપ એવો હું જ સર્જું છું. તાત્પર્ય એ કે, જ્યારે જ્યારે હું એટલે આત્મા (વૃક્ષાંક ૧) છું એવા પ્રકારના સ્વધર્મનું વિસ્મરણ થાય છે તથા હું એટલે આત્મા નહિ પણ શરીરાદિ છું એવા પ્રકારના અધર્મભાવનું અભ્યુત્થાન થાય છે એટલે દેહાધ્યાસનું જોર કિંવા પ્રાબલ્ય વધે છે ત્યારે ત્યારે હું એટલે કાંઈ શરીરધારી નહિ, પરંતુ હું એટલે આત્મા (વૃક્ષાંક ૧) છું, એવા પ્રકારે વાસ્તવિક રીતે હું અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ હોવા છતાં પણ 'હું" રૂપ એવી આત્મસ્ફૂર્તિને એટલે હુંનું ઉત્થાન થયે હું આત્મા છું એ રીતે આત્માને સર્જું છું. અર્થાત્ હું એટલે આ શરીરાદિ નહિ પરંતુ આત્મા છે, એવા આત્મભાવને ધારણ કરું છું,

સાધુનું રક્ષણ

આ મુજબ આત્મધર્મ દ્વારા જેણે પ્રાપ્તવ્ય ધ્યેયને પ્રાપ્ત કરેલું છે, આ સર્વ આત્મસ્વરૂપ છે, બીજું કાંઈ છે જ નહિ એવા એકભાવથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ શત્રુઓનો જેણે વિલય કર્યો છે, એટલે કે જેઓના અંતઃકરણમાં આત્મવ્યતિરિક્ત બીજી કોઈ પણ પ્રકારની સ્ફુરણાનું ઉત્થાન જ થવા પામતું નથી એવા જે સાધુ અથવા સત્પુરુષો કહેવાય છે, તેઓના રક્ષણને માટે અને મૂઢ જનો કે જેઓ પોતે પોતાને હું એટલે શરીર છું એવું માની લે છે એવાઓ તેવું નહિ માનતાં તેઓને હું આત્મા છું એવું પોતાના સ્વરૂપનું સાચું ભાન થાય એવા ઉદ્દેશથી જેઓએ 'હું" એટલે આ દેહાદિ નહિ પરંતુ આત્મા છું એ રીતના દૃઢ નિશ્ચય વડે જેણે હું ભાવનો (તેના સાક્ષી સહિત) વિલય કરેલો છે તેવા ધ્યેયની પ્રાપ્તિ કરીને જગતને અનુભવસિદ્ધ ખાતરી કરી આપનારા પ્રત્યક્ષ ઉદાહરણરૂપ આત્મસાક્ષાત્કારી જીવન્મુક્તોની સ્થિતિ કિંવા રક્ષણ આત્મરૂપ એવો હું રાખું છું. અર્થાત્ આત્મસાક્ષાત્કાર થયા પછી જ તદ્દન અલિપ્ત, અસંગ અને મનરહિત અવસ્થામાં રાગદ્વેષાદિથી રહિત બનીને સચોટ અને નિર્ભયતાથી વ્યવહાર થઈ શકે છે, એની ખાતરી "હું" તત્ત્વવિદ્ જીવન્મુક્તોની સ્થિતિ ઉપરથી લોકોને કરાવી આપું છું, તથા દુષ્કૃત* એટલે આત્મવ્યતિરિક્ત બીજી કોઈ પણ વૃત્તિઓ ઊઠે તો તેનો વિનાશ કરી ફરી ફરીને ધર્મનું સ્થાપન કરું છું; અર્થાત્ આત્મા વિના બીજું કાંઈ પણ છે જ નહિ એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે અંતઃકરણમાં અન્ય કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા ન પામે એવા પ્રકારે આત્મધર્મનું સ્થાપન કરવાને માટે હું યુગે યુગે સંભવું છું. આ વિવેચનનું પ્રયોજન એ છે કે, કદાચ કોઈ શંકા કરે કે, આપે કહ્યા મુજબ જેણે હું ભાવનો વિલય કરેલો હોય છે એવો સર્વત્ર આત્મભાન જોનારો જીવન્મુક્ત પુરુષ શરીરાદિ વડે શી રીતે રહી શકે? તેણે તો દેહત્યાગ

* કેવળ એક આત્માકાર વૃત્તિમાં જ મનને સ્થિર કરવું તેનું નામ સુકૃત તથા અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવું તેને દુષ્કૃત કહે છે.

જ કરવો જોઈએ. તે શંકાના નિવારણને માટે ભગવાને અત્રે સ્પષ્ટતા કરી છે કે, તેવી નિર્મનસ્ક અવસ્થામાં પણ રહી શકાય છે. એ અવસ્થા જ સાચી હોઈ મોડાવહેલા દરેકને તેની પ્રાપ્તિ થયા સિવાય ખરા સુખશાંતિ કદાપિ શક્ય નથી. તે ભાવની જગતમાં પ્રત્યક્ષ ખાતરી કરાવી આપવાના ઉદ્દેશથી જેણે હું ભાવનો વિલય કરી પ્રત્યક્ષ જીવન્મુક્તિ પ્રાપ્ત કરેલી છે તેવા સાધુઓનું રક્ષણ આત્મરૂપ હું ભાવે હું જ કરું છું, એમ કહેલું છે. સારાંશ એ કે, અજ્ઞાની લોકો પોતાને "હું" શરીરધારી છું એમ સમજે છે તથા આ બધું મિથ્યા ઉત્પત્તિ સ્થિતિ અને લયરૂપે ભાસનારું દૃશ્યજગત નહિ હોવા છતાં છે એવી ખોટી કલ્પના કરી લે છે, તેઓની એ માન્યતા સાવ મિથ્યા હોઈ વાસ્તવિક રીતે તો પોતા સહિત આ સર્વ આત્મસ્વરૂપ છે, એવા બોધની ખાતરી થવાને માટે આ બધા મિથ્યા ભાવોનું હું એવા ભાવ વડે ધારણ કરી એ બધું આત્મરૂપ છે એમ બતાવી રહ્યો છું. ટૂંકમાં હું, તું, આ, તે ઇત્યાદિ રૂપે જે જે કાંઈ ભાસમાન થઈ રહ્યું છે તે સર્વ આત્મરૂપ છે, એવો ભાવ સ્થાપન કરવાને માટે હું યુગે યુગે સંભવું છું.

યુગ અને યોગ

સામાન્યતઃ યુગ શબ્દ તો વ્યવહારમાં કૃત (સત્ય), ત્રેતા, દ્વાપર અને કલિ એ ચારને માટે વપરાય છે; પરંતુ વસ્તુતઃ યોગ એટલે એકયભાવ થવો તથા યુગ એટલે દ્વૈતભાવ થવો તે. અંતઃકરણમાં "અહં, અહં" એવી વૃત્તિનું ઉત્થાન થવું તે યુગ અને પુનઃ તેનો લય થવો તે યોગ. આ પ્રમાણેની જ ઉત્થાનની, ક્રિયા તે યુગ કહેવાય અર્થાત્ અંતઃકરણમાં "અહં, અહં" એવી વૃત્તિનું ઉત્થાન થતાં તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારે તેને દાબી દેવું તે જ યુગયુગને વિષે મારું એટલે આત્માનું સંભવવું અર્થાત્ અવતરવું છે, એમ જાણવું. આ અર્થ થોડો આશ્ચર્યજનક જણાશે ખરો, પરંતુ વિચાર કરવાથી તે કેવો યથાર્થ અને અનુભવસિદ્ધ છે તે સમજી શકાશે (જુઓ આત્યંતિક પ્રલય માટે આગળ પૃષ્ઠ ૨૫૬ તથા નિત્ય પ્રલય માટે પૃષ્ઠ ૨૬૦)

ભગવાનને પણ સાધુ અસાધુ હોય ખરા કે ?

અવતાર સંબંધી શાસ્ત્રોમાં જે કથનો આવે છે તે ઉપરથી એવી શંકા થવાનો સંભવ છે કે, ભગવાને આ શ્લોકમાં "પરિત્રાણાય સાધૂનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્" ઇત્યાદિ કહી જે સાધુઓના રક્ષણ તથા દુષ્કૃતોના નાશને માટે અવતાર ધારણ કરું છું એમ કહેલું છે, તેનો શો ઉદ્દેશ ? ભગવાનમાં પણ આ સાધુ અને આ અસાધુ એવો ભેદભાવ હોય છે ખરો કે ? સર્વ શાસ્ત્રકારો તો, ભગવાન સમદૃષ્ટિવાળા છે એમ કહે છે અને શ્રીકૃષ્ણ ભગવાને પણ ઘણે સ્થળે તેનું વર્ણન કરેલું છે; તો પછી તેઓ આમ પરસ્પર વિરુદ્ધ તત્ત્વોનું પ્રતિપાદન કેમ કરે છે ? સિવાય ભગવાનનું અવતારકાર્ય સંપૂર્ણ થાય એટલે બધા દુષ્કૃત્યોનો નાશ થઈ જગતમાં ફક્ત સાધુઓ જ રહેવા પામે એવો પણ આ કથનનો આશય નીકળી શકે તેમ છે ? અને જો ખરેખર આમ જ હોય તો પછી દુષ્કૃત્યો કરનારા ક્યાંથી નીપજે ? કિંવા આ સાધુઓ જ ફરીથી દુષ્કૃત્યો કરે છે કે શું ? ઇત્યાદિ અનેક શંકાઓને સ્થાન રહે છે, તેટલા માટે આ શ્લોકનો તાત્ત્વિક અર્થ શો છે તેનું દિગ્દર્શન ઉપર કરવામાં આવ્યું છે, છતાં આ શંકાઓ સંબંધે પણ થોડો વિચાર કરવો જરૂરી છે.

સત્કૃત્યો અને દુષ્કૃત્યો

વ્યવહારમાં સત્કૃત્ય અને દુષ્કૃત્ય એમ બે પ્રકારના કૃત્યો છે. સત્ એ આત્મા (શ્લોક ૧)નું દ્યોતક છે. તથા દુઃ કિંવા અસત્ એ અનાત્માનું દ્યોતક છે. આ સર્વ અભિન્ન એવા એક સત્ યા આત્મસ્વરૂપ છે. આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ; એ પ્રકારના નિશ્ચય વડે સત્ એટલે આત્મસ્વરૂપ વ્યતિરિક્ત બીજી કોઈ પણ વૃત્તિનું અંતઃકરણમાં ઉત્થાન જ થવા ન દેવું તેનું નામ સત્કૃત્ય કરનારા કિંવા સાધુ સમજવા તથા અંતઃકરણમાં આત્મા સિવાય અન્ય વૃત્તિનું ઉત્થાન થવું તેનું નામ દુષ્કૃત્ય કરનાર કિંવા અસાધુ સમજવા. સારાંશ જન્મમરણમાંથી મુક્ત કરે તેવું જે કાર્ય તે સત્કૃત્ય અને વારંવાર જન્મમરણમાં નાંખે તેવું જે કાર્ય એ દુષ્કૃત્ય કિંવા અસત્કૃત્ય છે, એમ જાણવું. આ રીતનું સત્કૃત્ય કરનારા સાધુઓના રક્ષણને માટે અને દુષ્કૃત્ય કિંવા

અસત્ કૃત્ય કરનાર અસાધુઓના નાશને માટે હું યુગે યુગે સંભવું છું, અર્થાત્ આત્મામાં વસ્તુતઃ કયું પણ નહિ હોવા છતાં જાણે તેમાં હું છું એવા ભાવનો સંભવ હોવાનું ભાસે છે, તેથી જ્યારે જ્યારે અંતઃકરણમાં "હું, હું" એવા ભાવનું ઉત્થાન થવા પામે એટલે તેને તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના સહજભાવરૂપ સત્કૃત્યની જાગૃતિ હું જ હરહંમેશ કરાવતો રહું છું; એટલે કે હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિરૂપે ભાસમાન થતી તમામ દૃશ્યમંડળ જેવી રીતે ભાસમાન થાય છે તેવી નથી, પરંતુ તે આત્મસ્વરૂપ છે, એવા ઐક્યભાવરૂપ સત્કૃત્યને હું યુગે યુગે ફરીથી સંભવું છું, એટલે કે જ્યારે જ્યારે એપણાની ભાવનાનો ઉદય થવા પામે કે તત્ક્ષણે જ આત્મભાવને હું પુનઃ પુનઃ સર્જું છું તથા આવી રીતના નિશ્ચયવાળા સાધુઓ અને અભ્યાસકોના રક્ષણને માટે "હું" એટલે શરીરાદિ નહિ પણ આત્મા છું" એવી પ્રતિસ્ફૂર્તિનું સર્જન આત્મસ્વરૂપ એવો હું જ કરું છું. આ રીતની સ્ફૂર્તિને સૃજવાનું કારણ સત્કૃત્ય કરનારા સાધુઓ કિંવા અભ્યાસકોનું રક્ષણ કરવું એ હોઈ જેઓ દ્વૈતરૂપ મિથ્યા મોહમંડળમાંથી છૂટવાને ઇચ્છતા હોય તેઓને સત્યસ્વરૂપનું ભાન કરાવી મારા સાચા સ્વરૂપની સાથે તદાકાર બનાવી દેવું એ જ એક ઉદ્દેશ છે. તેવો આત્મસાક્ષાત્કાર થયા પછી જ મનુષ્ય વ્યવહારમાં રહી સર્વ કાર્યો કરવા છતાં અસંગ રહી શકે અને વ્યવહારમાં રહ્યા છતાં તેને વ્યવહારમાંનાં સુખદુઃખાદિ દ્વંદ્વો તો લેશ પણ સ્પર્શી શકતાં નથી, તે જ ખરો અનાસક્ત થઈ શકે છે, માટે દ્વૈતભાવનાવાળા દુષ્કૃત્યો કરનારાઓને તેમની તેવી ભાવના વડે ઉત્પન્ન થતા અનેક પ્રકારના દુઃખોમાંથી બચાવવાના ઉદ્દેશથી તમામ દ્વંદ્વોનો નાશ કરી હું આત્મસ્વરૂપ છું એવા અદ્વૈત ભાવની સ્થાપના કરી તેમને સચ્ચિદાનંદસ્વરૂપમાં તન્મય બનાવી દઉં છું, તથા આ પ્રકારે અહંમમાદિ ભાવનો ત્યાગ કરીને જ મનુષ્યો સર્વ પ્રકારના દુઃખથી રહિત બની નિર્મનસ્ક અવસ્થામાં અને તદ્દન અસંગ સ્થિતિમાં સ્થિત રહીને જ નિર્ભયતાથી સારી રીતે વ્યવહાર કરી શકે છે, માટે તમો પણ તેવી સ્થિતિની પ્રાપ્તિ કરો એવી ખાતરી કરાવી આપવાને માટે તેવા આત્મવિદ્ જીવન્મુક્ત પુરુષોનું રક્ષણ પણ આત્મરૂપ એવો હું જ કરું છું, એમ અત્રે ભગવાને સ્પષ્ટ રીતે કહેલું છે. આ રીતે આ શ્લોકનો તાત્ત્વિક અર્થ છે, પરંતુ જેઓને આ દૃશ્ય તત્ત્વનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયેલું હોતું નથી તેવાઓને માટે જગતમાં પણ વ્યવહાર ચલાવવાને માટે સત્કૃત્યો કરનારાઓની જ જરૂર હોય છે, અસત્ યા અસત્કર્મીઓની જરૂર હોતી નથી; તેઓ તો નાશને પાત્ર હોવાથી જ્યારે જ્યારે તેવા અધર્મીઓનું જોર જગતમાં વધે છે ત્યારે ત્યારે હું તેમનો વિનાશ કરું છું અને ધર્મની સ્થાપના કરું છું; માટે તમો વિનાશને ન પામો એટલા માટે આચારવિચારાદિથી માંડીને વર્ણાશ્રમાદિ ધર્મોનું યોગ્ય રીતે પરિપાલન કરો કે,જેથી ક્રમે ક્રમે અંતે અહંમમાદિ ભાવોનો વિલય કરી ઉપર બતાવ્યા પ્રમાણે જીવન્મુક્તરૂપ મારી સાચી ભક્તિને પ્રાપ્ત કરી શકશો.

નિયતિનું તંત્ર તથા રાજતંત્ર

હવે આ અવતારાદિ સંબંધે શાસ્ત્રદૃષ્ટિએ શું રહસ્ય છે તેનો વિચાર કરીશું. આ ચૌદ લોકથી વ્યાપ્ત એવા બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના નિયમો નિયતિની સત્તાથી નિશ્ચિત થઈ ચૂકેલા છે (જુઓ અ૦ ૩, શ્લો૦ ૫ની નીચેનું વિવરણ). જેમ રાજાની સત્તાથી તેનો પ્રધાન રાજ્યનો સર્વ કારભાર ચલાવે છે, પરંતુ તે પોતે કાંઈ સ્વતંત્ર હોતો નથી; તેના હાથ નીચે ત્રણ નાયબ પ્રધાનોનું એક મિશ્રિત મંડળ હોય છે, તેઓ આ મુખ્ય પ્રધાનની આજ્ઞાનુસાર કાર્ય કર્યે જાય છે. આ ત્રણ નાયબ પ્રધાનના મિશ્રમંડળના થતા નિર્ણયોનું પ્રાકટ્ય થવાને માટે તેઓના હાથ નીચે ક્રિયા એટલે કાર્ય અને જ્ઞાનશક્તિ એમ બંને શક્તિઓ ધરાવી શકે એવી એક જવાબદાર વ્યક્તિ હોય છે, જેને મંત્રીમંડળનીશ કહે છે. તે અનેક પ્રકારના કાયદાઓ ઘડે છે અને ઘડેલા કાયદાઓનો અમલ બરાબર રીતે થાય છે કે નહિ તેની દેખરેખ રાખવાને માટે તેના હાથ નીચે અનેક નાયબ મંત્રીમંડળનીશો હોય છે. તે પછી દીવાની અને ફોજદારીના જેને પૂર્ણ અધિકાર છે એવા સરન્યાયાધીશ, મુખ્ય ન્યાયાધીશો, તેના હાથ નીચે સરસૂબા, સૂબાઓ અને તેમના હાથ નીચે નાયબ સૂબાઓ ... તે દરેકના હાથ નીચે પાછા નીચે વહીવટદારો વગેરે હોય છે, જે દરેક તાલુકાઓમાં ઉપરી ગણાય છે; તેમ આ નિયતિતંત્રમાં પણ રાજા એટલે સર્વસત્તાધીશ એવો ઈશ્વર(વૃક્ષાંક ૨) સમજો; આને ક્ષર પુરુષ પણ

કહેવામાં આવે છે; તેની સત્તા વડે કાર્ય કરનાર પ્રધાન એવી નિયતિ અર્થાત્ ઈશ્વરની શક્તિ જેને માયા અથવા પ્રકૃતિ પણ કહે છે, તે "હું" (વૃક્ષાંક ૩) સમજો. તેના હાથ નીચેના મુખ્ય ત્રણ પ્રધાનોનું મિશ્ર મંડળ તે સત્ત્વાદિ ગુણોના મિશ્રણવાળી આ અવ્યક્ત નામની શક્તિ(વૃક્ષાંક ૪) સમજો. આ મંડળોના સભ્યોએ કરેલા હુકમનો અમલ કરનારી મુલકી અને ન્યાય એ બંને શક્તિયુક્ત જે મંત્રીમદ્દનીશ નામની શક્તિ તે જ્ઞાન અને ક્રિયાશક્તિયુક્ત અર્ધનારીનટેશ્વર કિંવા પ્રકૃતિપુરુષ (વૃક્ષાંક ૫) સમજો; પછી સરન્યાયાધીશ એવો જીવ (વૃક્ષાંક ૬) તથા તેઓના અનેક પ્રકારના કાયદાઓ તે જીવની અનેકવિધ વાસનાઓને માટે શિક્ષારૂપ છે એમ સમજો. આ રીતે ઈશ્વરી સત્તાથી નિયતિએ નિયત કરેલા કાયદાઓનો અમલ કરનારા મહત્તત્ત્વ (મહામાયા), અહંકાર (મહેશ), વિષ્ણુ, હિરણ્યગર્ભ, બ્રહ્મા ઇત્યાદિ અધિકારીઓ હોઈ તેઓ ચરાચર બ્રહ્માંડ અને તેમાંનો ચાલી રહેલો સર્વ વ્યવહાર નિયત થયેલા નિયમાનુસાર યથાર્થ રીતે ચાલે છે કે નહિ તે જોઈ તેને બિનચૂક ચલાવનારા મુખ્ય સર્વાધિકારીઓ છે. તેમની દેખરેખ નાચે સૂર્યાદિ દિક્પાલો, ઇન્દ્રાદિદેવો, જયા, વિજયાદિ દેવીઓ વગેરે અસંખ્ય અધિકારીઓના સમૂહો હોય છે. તે દરેક પોતપોતાનું કાર્ય ઠરેલા નિયમાનુસાર સહેજે પણ ભૂલ કર્યા સિવાય કડક શિસ્તથી કરે છે. ઉદ્દેશ એ કે, આ રીતે નિયતિના રાજતંત્રની ગોઠવણી છે, તેની આ ઉપરથી કાંઈક અંશે કલ્પના આવશે. પરંતુ વ્યવહારમાં આ સર્વ રાજતંત્ર જેમ રાજસત્તાને અધીન હોય છે, તેમ નિયતિનું આ સર્વ તંત્ર પણ ઈશ્વરીય સત્તાને અધીન હોય છે. એ ઈશ્વરની સત્તા આ સર્વમાં કાળરૂપે પ્રતીત થયેલી જોવામાં આવે છે. આત્મા (વૃક્ષાંક ૧) તો આ કરતાં પર એટલે ઈશ્વર (વૃક્ષાંક ૨)થી પણ પર હોઈ તદ્દન નિર્લેપ છે, છતાં જાણે તે જ આ ઈશ્વર અને તેની સત્તા (નિયતિ) રૂપે પ્રકટ થયેલો હોય એમ ભાસે છે. આ વિવેચન ઉપરથી ઈશ્વરીય સત્તા યા શક્તિ કિંવા નિયતિતંત્રની ગોઠવણી કેવી રીતની છે તેની કાંઈક અંશે કલ્પના આવી શકશે. હવે આપણે કાળ સંબંધમાં પણ થોડું જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે; કેમકે ત્યાં સુધી નિયતિની સત્તાના ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિયમોનું જ્ઞાન સારી રીતે થશે નહિ, એટલું જ નહિ પણ દરેક યુગમાં જે જે અવતારો થાય છે, તેનું રહસ્ય પણ સમજી શકાશે નહિ માટે હવે કાળ સંબંધી સંક્ષેપમાં વિચાર કરીશું.

ઈશ્વરીય વિભૂતિ એવો કાળ

સૂર્યને એક અંશ ચાલવાને માટે જેટલો સમય લાગે છે તેને સૌર અંશ અથવા દિવસ કહે છે. આવા ત્રીશ અંશો કિંવા દિવસોને એક રાશિ કિંવા એક સૌર મહિનો કહે છે. આ પ્રમાણે બાર રાશિઓમાં સૂર્યનું ભ્રમણ પૂરું થાય એટલે તેને એક સૌર વર્ષ કહે છે, જ્યારે આ પ્રમાણે માનવીઓનું એક સૌર વર્ષ થાય છે ત્યારે દેવતાઓની તો ફક્ત એક અહોરાત્ર જ થાય છે, એટલે કે મનુષ્યોના સૌર છ મહિના એટલે દેવતાઓનો એક દિવસ અને તેટલી જ રાત્રિ હોય છે (સ્પષ્ટતા માટે આગળ અધ્યાય ૮ જુઓ). સૂર્ય મકરરાશિમાં પ્રવેશ કરે છે તેને ઉત્તરાયણ કહે છે, કેમકે તે મકરરાશિમાં પ્રવેશે ત્યારથી મિથુનરાશિ પૂર્ણ થતાં સુધી છ રાશિઓ પર્યંત તે દક્ષિણ તરફથી ઉત્તર દિશા તરફ પ્રયાણ કરે છે તેથી તે ઉત્તરાયણ કહેવાય તથા કર્કથી ધનરાશિ પૂર્ણ થતાં સુધી છ રાશિઓ પર્યંત તે ઉત્તરથી દક્ષિણ દિશા તરફ પ્રયાણ કરે છે, માટે દક્ષિણાયન કહેવાય છે. આથી ઉત્તરાયણની છ રાશિઓ તે દેવતાઓનો એક દિવસ તથા દક્ષિણાયન તે દેવતાઓની રાત્રિ મળી એક દિવ્ય અહોરાત્ર કહેવાય છે. તાત્પર્ય કે, મનુષ્યોનું એક સૌર વર્ષ * બરાબર દેવતાઓનો એક દિવસ થાય છે. એ મુજબ આ કાળનું પ્રમાણ આવે છે. દેવતાઓનો દિવસ તે દિવ્ય દિવસ પણ કહેવાય છે. દેવતાઓનું એક વર્ષ બરાબર મનુષ્યોનાં ત્રણસો સાઠ સૌર વર્ષો થાય છે. આવાં દેવતાઓનાં બારસો વર્ષોનો (સંધ્યાંશ સહ) કલિયુગ, તેમાં મનુષ્યોનાં સૌર કિંવા ભૌમ વર્ષો ચાર લાખ બત્રીસ હજાર થાય છે. દેવતાઓનાં ચોવીશસો વર્ષો એટલે મનુષ્યોનાં આઠ લાખ ચોસઠ હજાર સૌર વર્ષોનો દ્વાપરયુગ, દેવતાઓનાં છત્રીશસો વર્ષો

* સૂર્યનું અયનવૃત્તમાં પરિભ્રમણ થવું એટલે મકરરાશિમાં સંક્રમણ થયા બાદ ફરીને પુનઃ મકરરાશિમાં આવવું તેટલો સમય એ સૌર વર્ષ સમજવું.

એટલે મનુષ્યોનાં બાર લાખ છન્નું હજાર સૌર વર્ષોનો એક ત્રેતાયુગ થાય છે તથા દેવતાઓનાં અડતાલીશસો વર્ષો અગર મનુષ્યોનાં સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર સૌર વર્ષોનો એક કૃત કિંવા સત્યયુગ થાય છે. આ ચાર યુગો મળીને એક મહાયુગ કિંવા ચોકડી કહેવાય છે; જેમાં દિવ્ય વર્ષો બાર હજાર અને સૌર વર્ષો તેંતાલીશ લાખ વીશ હજાર થાય છે. આવા જ્યારે એક હજાર મહાયુગો થાય છે ત્યારે બ્રહ્મદેવનો એક દિવસ થાય છે, તેને કલ્પ કહે છે. કલ્પમાં દેવતાઓનાં વર્ષો એક કરોડ વીશ લાખ તથા સૌર વર્ષો ચાર અબજ બત્રીસ કરોડ થાય છે, એટલી જ બ્રહ્મદેવની રાત્રિ હોય છે. આ મુજબ બ્રહ્મદેવનું અહોરાત્ર કહેવાય છે. આવાં ત્રણસો સાઠ અહોરાત્ર એટલે તેનું એક વર્ષ છે, અને આ પ્રમાણે સો વર્ષો સુધી જ બ્રહ્મદેવનું આયુષ્યપ્રમાણ આ નિયતિ તંત્રના આધારે નિશ્ચિત થયેલું છે, તેને મહાકલ્પ કહે છે. જેનાં છત્રીસ હજાર દિવસના તથા છત્રીશ હજાર રાત્રિના મળી બોતેર હજાર કલ્પો થાય છે, તેનાં સૌર વર્ષો ત્રણ જલધિ, એક શંકુ, એક મહાપદ્મ, શન્ય નિખર્વ અને ચાર ખર્વ (૩૧૧૦૪ ઉપર દશ મીંડાં સમજી લેવાં) થાય છે. આમ બ્રહ્મદેવનાં સો વર્ષો થાય છે ત્યારે વિષ્ણુ(વૃક્ષાંક ૯)ની એક ઘટિ થાય છે. વિષ્ણુની એવી એક હજાર ઘટિ એટલે રુદ્ર કિંવા મહેશ(વૃક્ષાંક ૮)ની એક નિમેષ થાય છે (આંખ ઉઘાડવાસ કરતાં લાગે તેટલા સમયને નિમેષોન્મેષ કહે છે). મહેશની એક હજાર નિમેષો તે મહામાયા (વૃક્ષાંક ૭)ની એક નિમેષ કહેવાય છે. ગણતરી કરી શકાય એવા કાળની પૂર્ણતા અત્રે જ થાય છે તે ઉપરનો કાળ ગણતરીથી પરનો છે. આ મુજબ કાળનું સાધારણ જ્ઞાન થવાથી નિયતિની સત્તામાં કાળનું ધોરણ કેવું નિશ્ચિત કરેલું છે. તે જણાઈ આવશે, આમાં યત્કિંચિત પણ ફેરફાર થઈ શકતો નથી. નિયતિ, માયા અથવા પ્રકૃતિનાં દરેક કાર્યોને સ્વાહા કરનારા ઈશ્વરની મહાન વિભૂતિ સમા આ ઈક્ષિણશક્તિરૂપ કાળનો નિયમ તો તદ્દન નિશ્ચિત કરેલો છે. આ રીતે કાળનું જ્ઞાન થયા બાદ નિયતિના નિયમો અનુસાર નિશ્ચિત થનારા દરેક યુગના તથા મન્વાદિનાં કાર્યોનો વિચાર કરીશું (વધુ માટે પ્રકાશન ૪ મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ જુઓ).

દરેક યુગોમાં થતાં મન્વાદિ અવતારો અને તેનાં કાર્યો

કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચારે યુગો મળી એક મહાયુગ થાય છે, એમ ઉપર જણાવેલું છે, તે પૈકી કૃત એટલે સત્યયુગમાં મત્સ્ય, કચ્છપ, વરાહ અને નૃસિંહ એમ ચાર અવતારો; ત્રેતા યુગમાં વામન, પરશુરામ અને રામ એ ત્રણ અવતારો; દ્વાપરમાં ફક્ત એક કૃષ્ણનો જ અવતાર અને બુદ્ધ તથા કલ્કિ એ બંને કળિયુગમાં, એ મુજબ દરેક મહાયુગમાં આ દશ અવતારો તો થયા જ કરે છે, બ્રહ્મદેવના એક કલ્પમાં આ દરેક અવતારો અેકેક હજાર વખત થતા રહે છે. આ રીતે બ્રહ્મદેવનાં આયુષ્યમાં તો ત્રણ કરોડ સાઠ લાખ વખત દરેક અવતાર થતો જ રહે છે, એ આથી સારી રીતે જાણી શકાશે. બ્રહ્મદેવના એક કલ્પમાં ચૌદ મનુઓ થાય છે, દરેક મનુ ૭૧હું મહાયુગનો હોય છે (સંધ્યાંશ સાથે), તેને મન્વંતર પણ કહે છે. મન્વંતરમાં ઉપર બતાવેલ દરેક મહાયુગોમાં થતા કચ્છ, મત્સ્યાદિ દશ અવતારો તથા (૧) સુયજ્ઞ, (૨) સ્વાયંભુવ, (૩) કપિલ, (૪) દત્તાત્રેય, (૫) સન એટલે સનત્કુમાર, સનક, સનંદન અને સનાતન એ ચાર અવતારોને સન નામથી કહે છે, (૬) નરનારાયણ, (૭) ગદાધારી વિષ્ણુ (ધ્રુવ), (૮) પૃથુ, (૯) ઋષભદેવ, (૧૦) હયગ્રીવ, (૧૧) શ્રીહરિ (ગજેંદ્ર મોક્ષ), (૧૨) હંસ, (૧૩) મોહિની કિંવા ધન્વંતરી અને (૧૪) વ્યાસ; એમ ચૌદ મળી કુલ ૨૪ ચોવીશ અવતારો થતા રહે છે. બ્રહ્મદેવના એક મન્વંતરમાં આ અવતારો આ રીતે હંમેશાં થયા જ કરે છે. દરેક મહાયુગ પૂર્ણ થયો એટલે આ સમગ્ર નવ ખંડો સહિત આ સપ્તદ્વીપા પૃથ્વીનો અવ્યક્ત (વૃક્ષાંક ૪) મધ્યે લય થાય છે. આ રીતે બ્રહ્માના એક કલ્પમાં બ્રહ્માંડની અંદર આવેલી આ પૃથ્વીની એક હજાર વખત ઉત્પત્તિ થાય છે તથા તેટલી વખત પુનઃ તેનો અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં વિલય થતો રહે છે. અર્થાત્ આ પૃથ્વીની આયુષ્યમર્યાદા તેંતાળીશ લાખ, વીશ હજાર સૌર વર્ષોની હોવી જોઈએ, એવો નિશ્ચિત નિયમ કરેલો છે. બ્રહ્મદેવના એક કલ્પમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એમ પૃથ્વીસહ ત્રણે લોકનો લય થાય છે, તેને ત્રૈલોક્ય પ્રલય કહેવામાં આવે છે. ત્રૈલોક્યનું આયુષ્ય ચાર અબજ, બત્રીશ કરોડ સૌર વર્ષોનું નિશ્ચિત કરેલું છે, એમ

સમજવું. આ પ્રલય સમયે બ્રહ્મદેવ સત્યલોકમાં શયન કરે છે. આ ત્રૈલોક્ય પ્રલય બ્રહ્મદેવના એક વર્ષમાં ત્રણસો ને સાઠ વખત થતો જ રહે છે. જ્યારે બ્રહ્મદેવનું એક વર્ષ પૂર્ણ થાય છે ત્યારે આ ચૌદ લોકનો પણ પ્રલય થાય છે. આમ ચૌદ લોકનો પ્રલય બ્રહ્મદેવના સો વર્ષના આયુષ્યમાં સો વખત થાય છે; આ સમયે તે વિષ્ણુની નાભિ(વૃક્ષાંક ૧૨)માં શયન કરે છે. બ્રહ્મદેવનાં સો વર્ષો પૂર્ણ થાય એટલે આ સમગ્ર બ્રહ્માંડનો ચૌદે લોક સહ અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં લય થઈ જવા પામે છે તથા બ્રહ્મદેવ પોતે સ્વસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં લીન થઈ જાય છે. જેમ પ્રકાશ થતાંની સાથે જ અંધકાર ક્યાં નાસી જાય છે તે સમજી શકાતું નથી, તેમ આવડા મોટા આ વિશાળ બ્રહ્માંડનો પ્રલય બાદ ક્યાં વિલય થઈ જાય છે તે જાણી શકાતું નથી.

બ્રહ્મદેવ યુગપ્રલય વખતે સત્યલોકમાં અને કલ્પપ્રલય વખતે વિષ્ણુની નાભિ (વૃક્ષાંક ૧૨)માં શયન કરે છે તથા મહાકલ્પના પ્રલય વખતે આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં વિલયને પામે છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે. બ્રહ્મદેવની સ્થિતિ તો આ મુજબ થાય છે, પરંતુ જેમ સુવર્ણનો ગોળો વા લગડીમાંથી અનેક દાગીનાઓ ઉત્પન્ન થાય અને તે બધા આકારોનો નાશ થતાં તે ફરી પાછા ગોળા વા લગડી રૂપે બને છે એટલે ગોળા વા લગડીમાં અનેકવિધ આકારો અવ્યક્ત રૂપે રહે છે તેમ ચરાચર બ્રહ્માંડ મધ્યેના સર્વ દૃશ્યાદિ ભાવોનો લય તો તે સમયે અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં જ થાય છે, તથા જ્યારે ફરીથી તેની ઉત્પત્તિ થાય છે ત્યારે તે પુનઃ તેમાંથી એટલે અવ્યક્ત(વૃક્ષાંક ૪)માંથી જ ઉત્પન્ન થતાં રહે છે. આ પ્રમાણે ઉત્પત્તિ અને પ્રલયના નિયમો નિયતિ નિયમમાં નિશ્ચિત કરેલા છે; હવે નિયતિના નિયમોનો વિચાર કરીશું.

દરેક યુગમાં દરેક અવતારોએ શું શું કાર્યો કરવાં એટલું જ નહિ પરંતુ પ્રત્યેક જીવમાત્રે શું શું કરવું તે પણ નિયતિના નિયમાનુસાર પ્રથમથી જ તદ્દન નિશ્ચિત કરેલું હોય છે; જેમકે વનવાસ કરી રાક્ષસોનો સંહાર કરવો, રાવણને મારવો, રાજનીતિ, ભ્રાતૃનીતિ, પિતૃનીતિ, માતૃનીતિ, એકવચની, એકવાણી, એકબાણી ઇત્યાદિ સર્વ નીતિશાસ્ત્રોનાં નિયમોનું પાલન કરી બતાવવું એ કામ દરેક યુગમાં રામાવતારનું જ હોય છે. કંસનો નાશ, અનેક પ્રકારની અદ્‌ભુત લીલાઓ કરવી, યુક્તિ, પ્રયુક્તિ અને જરૂર પડે તો ક્ષત્રિયધર્મના આશ્રયથી અસુરોનો સંહાર કરીને ભૂભાર ઉતારવો વગેરે કાર્યો કૃષ્ણાવતારનાં હોય છે. તે પ્રમાણે નૃસિંહ, વામન, વરાહ વગેરે અવતારનાં કાર્યો સંબંધે પુરાણાદિ શાસ્ત્રોમાં જે જે વર્ણનો આવે છે તે તે બધાં તેમનાં નિયત કાર્યો સમજવાં તાત્પર્ય એ કે, કયો અવતાર ક્યારે થાય અને તેણે શું શું કાર્યો કરવાં એ બધું પ્રથમથી જ નક્કી કરેલું હોય છે અને પોતાનું નિયત કાર્ય સમાપ્ત થયું એટલે પાછું સ્વતત્ત્વમાં વિલીન થઈ જવું એ પણ નિશ્ચિત કરેલું હોય છે (વધુ માટે શ્રી કૃષ્ણાત્મજ વાક્‌સુધા પ્રકાશન ૪, મહાકાળપુરુષ વર્ણન ભાગ ૧ કિરણાંશ ૧૩ જુઓ).

અવતારો અયોનિજ કેમ ?

હવે અવતારો કેમ થાય છે તેનો સંક્ષેપમાં વિચાર કરવાની જરૂર છે. ઈશ્વરીય આજ્ઞાનુસાર નિયતિ (વૃક્ષાંક ૩)એ દરેક જીવોને માટે પ્રથમથી જ બધું નિશ્ચિત કરેલું છે, અને તેમાં દરેક જીવને માટે અમુક કક્ષા સુધી અમુક કાર્ય કરવું એવું પણ નિયતિ નિયમાનુસાર પ્રથમથી જ નક્કી હોય છે. નિયતિના નિયત કાર્યોના સંકલ્પો ત્રણ પ્રકારના છે. જેમ રાજકાયદામાં અમુક પ્રકારના ગુનેગારને માટે અમુક કક્ષા સુધીની શિક્ષા કરવી એમ નિશ્ચિત હોય છે, છતાં જો ન્યાયાધીશને લાગે કે ગુનેગાર આટલી શિક્ષાને પાત્ર નથી, તો પોતાને જો પચાસ રૂપિયા દંડ કરવાની સત્તા હોય તો પાંચ રૂપિયા પણ કરી શકે છે અથવા ગુનેગાર નથી એમ લાગે તો તેને નિર્દોષ જાહેર કરી છોડી પણ શકે છે; પરંતુ ગુનેગાર પોતાની સત્તાથી વધારે શિક્ષાને પાત્ર છે એમ જો તેને લાગે તો તે તેને વધુ શિક્ષાને માટે પોતાના વરિષ્ઠ પાસે પણ મોકલી શકે છે, તેમ નિયતિએ પણ આ ધોરણ મુજબ સર્વસામાન્ય સત્તાતંત્ર નિશ્ચિત કરેલું છે; તેમ જ બ્રહ્માંડમાંના સ્થાવર જંગમ અને જડ ચેતનાદિ દરેકને માટે ચોક્કસ નિયમોનું બંધારણ પ્રથમથી જ નક્કી કરવામાં આવેલું હોય છે, છતાં જો તેને લાગે કે વધુ ઈશ્વરાંશની પૃથ્વીમાં જરૂર છે તો તે નિયતિના નિયમાનુસાર

પોતાથી વરિષ્ઠ એટલે ઈશ્વર (વૃક્ષાંક ૨)ને જણાવે છે; આથી નિયતિ પોતે જેમાં ઈશ્વરનો અંશ વધુ પ્રમાણમાં હોય છે તેવા ઈશ્વરાંશ વડે જન્મતઃ જ આત્મજ્ઞાનથી યુક્ત થઈ જગતમાં અવતરે છે. આ પ્રમાણે નિયતિનું જગતમાં જે અવતરણ થાય છે તે ક્રમે ક્રમે સ્થાવર, જંગમ, પક્ષી, પશુ વગેરે યોનિઓ લઈ સર્વના અંતે મનુષ્ય યોનિમાં જન્મ થવો જોઈએ એવો જે આ બ્રહ્માંડ મધ્યે નિયતિક્રમ નિશ્ચિત ઠરેલો છે તે ક્રમનો નિયમ કાંઈ તેને લાગુ પડતો નથી; તેથી જ્યારે જ્યારે જગતમાં નિયતિએ જ ઠરાવેલા વેદાદિ ધર્મોનો ઉચ્છેદ થવા પામે છે, અને આત્મસ્વરૂપમાં સ્થિત થયેલા એવા અપરોક્ષાનુભવથી સાધુઓનું રક્ષણ કરણ બને છે, તથા દેહાધ્યાસીઓનું પ્રમાણ વધે છે, અને આ રીતે જગતમાં દુષ્કર્મોની જ વૃદ્ધિ થાય છે, તેમજ ચોતરફથી નિયતિના ઠરેલા ધર્મોનું પાલન થવામાં જગત અસમર્થ બને છે ત્યારે ત્યારે ધર્મનું સ્થાપન તથા સાધુઓના રક્ષણના અર્થે આ ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતે સ્વસ્વરૂપમાંથી ચોરાસી લાખ યોનિઓના ક્રમની અપેક્ષા નહિ રાખતાં સીધો મનુષ્યાદિ જે યોનિમાં તેને અવતાર ધારણ કરવાની જરૂર જણાય તેવી ગમે તે યોનિમાં અવતાર ધારણ કરે છે; અવતારોને યોનિક્રમની અપેક્ષા ન હોવાથી તેને અયોનિજ કહેવામાં આવે છે અને તેઓ પોતાનું નિયત કાર્ય સમાપ્ત થયા પછી તુરત જ પોતાના સ્વસ્વરૂપમાં વિલીન થઈ જાય છે.

પૂર્ણાવતાર અને અંશાવતાર વચ્ચેનો ભેદ

આ ન્યાયે કાર્ય પૂર્ણ થયા પછી પણ જે અવતારોને વિદેહમુક્ત થતાં સુધી શરીરથી અત્ર રહેવું પડે છે તે અંશાવતાર તથા પોતાનું અવતાર કાર્ય સંપૂર્ણ થયા પછી જેઓ વિદેહમુક્ત બની તત્કાળ સ્વસ્વરૂપમાં વિલયને પામે છે તે પૂર્ણાવતાર કહેવાય છે. આ મુજબ દરેક યુગમાં વરાહ (યજ્ઞ), નૃસિંહ, રામ અને કૃષ્ણ એ ચાર પૂર્ણ અવતારો તથા મત્સ્ય, કચ્છપ, પરશુરામ ઇત્યાદિ છ અપૂર્ણ એટલે અંશાવતારો થાય છે. વાસ્તવિક તેઓ જ્ઞાનદૃષ્ટિએ અપૂર્ણ હોતા નથી, પરંતુ તેઓને કાર્ય સમાપ્તિ બાદ પણ અહીં રહેવું પડે છે; જેમકે પરશુરામ લો. તેમનું અવતાર કાર્ય સમાપ્ત થયું હતું છતાં પણ શ્રીરામચંદ્રના બાણ વડે તેમનો સ્વર્ગમાર્ગ અર્થાત્ દેવયાનમાર્ગ બંધ થઈ ગયેલો હોવાથી તેઓને આ ચાલુ પૃથ્વીનો પ્રલય થતાં સુધી અત્રે ચિરંજીવ રહેવું પડેલું છે; સારાંશ, અવતારકાર્યની સમાપ્તિ બાદ પણ જે પૃથ્વી પર રહેવું પડે તો તે વ્યવહારદૃષ્ટિએ ગૌણ ગણાય, આ રીતની વ્યવહારદૃષ્ટિથી શાસ્ત્રોએ તેને અંશાવતારમાં ગણેલા છે. આત્મદૃષ્ટિએ આ ભેદ નથી. મન્વંતરના અવતારો તો પૂર્ણ ગણાય છે. વાસ્તવિક આત્મદૃષ્ટિએ તો તેમની યોગ્યતા એક જ છે, અંશાવતારો કે પૂર્ણાવતારો એ બંનેમાં કાંઈ તાત્ત્વિક ભેદ નથી. હવે શાસ્ત્રમાં અવતારો, તેમના કાર્યો તેમજ નિયતિની નિશ્ચિતતાના સંબંધમાં જે કહેવામાં આવેલું છે તે બને અત્રે સંક્ષેપથી આપવામાં આવે તો વધુ ઉચિત ગણાશે, માટે પ્રથમ નિયતિ સંબંધે વિચાર કરીશું.

નિયતિ

વસિષ્ઠ કહે છેઃ એક પરમાણુના લાખમા ભાગમાં પણ હજારો જગતો જાણે સાચાં જ નહિ હોય! તેવી રીતનાં જણાય છે, તેમ જ એક નિમિષનાં લાખમા ભાગમાં પણ હજારો કલ્પો સત્ય હોય તેમ જોવામાં આવે છે. તે પરમાણુમાં દેખાતાં જગત મધ્યેના પરમાણુમાં પણ પુનઃ સાચાં જેવાં અનેક જગતો દેખાય છે, આ રીતે જગત મધ્યે પરમાણુ ને પરમાણુમાં પુનઃ જગત, તેમાં ફરીથી પરમાણુ અને તેમાં પુનઃ જગત, આ મુજબ હજારો સૃષ્ટિઓ સત્ય જેવી જણાય છે; પરંતુ વાસ્તવિક તો તે સર્વ ભ્રાંતિ જ છે. જેમ જળની દ્રવતા પોતા વિષે વમળને ધારણ કરે છે તેમ આ ઈશ્વરીય સત્તા એટલે નિયતિ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં રહેલી સૃષ્ટિની પરંપરા પોતાની અવ્યક્ત શક્તિ (વૃક્ષાંક ૪)માં ધારણ કરે છે. જેમ કાંઠા ઉપર ઊગેલાં ઝાડો અથવા કુલોના ઢગલાવાળી વેલની નદીમાં પડેલી છાયા કિંવા મરુ પ્રદેશમાં રહેલી મૃગજળની નદી મિથ્યા છે, તેમ આ સર્ગ એટલે જગતમાં પરમાણુ, પરમાણુમાં જગત ઇત્યાદિ પરંપરાની શોભા પણ સાવ મિથ્યા જ છે, તે સર્ગપરંપરા તો ઉંઘમાં કિંવા સ્વપ્નામાં જોવામાં આવતા ગંધર્વનગરની પેઠે

અથવા સંકલ્પિત મનોરથની પેઠે તદ્દન મિથ્યા જ પ્રતીતિમાં આવે છે. આમ આ નિયતિમાં વિચિત્ર અને અદ્ભુત એવી વિચક્ષણ શક્તિ છે.

જ્ઞાનીને દેહ પ્રારબ્ધ હોય છે કે ?

હે જ્ઞાનીઓમાં ઉત્તમ વસિષ્ઠ ઋષિ! જે માણસને સારી રીતે વિચાર કરવાથી જ્ઞાન થયા પછી નિર્વિકલ્પ આત્મપદની પ્રાપ્તિ થાય છે તે જ્ઞાનીનો દેહ રહે છે તેનું કારણ શું? અને કદાપિ તે પ્રારબ્ધથી જ રહેતો હોય તો જ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધ કેમ રહે? તે કહો.

નિયતિ કદી અન્યથા થઈ શકે નહિ

શ્રીવસિષ્ઠજી કહે છે: બ્રહ્મની "અહમ્" એવી સ્ફુરણારૂપ જે ચિચ્ચકિત છે, તેને જ નિયતિ (વૃક્ષાંક ૩) કહેવામાં આવે છે. તે સર્વ પ્રત્યે અવશ્ય રહેલી છે અને તેની સત્તા પ્રત્યેક કલ્પમાં છે; તે નિયતિશક્તિને લીધે જ સૃષ્ટિના આદિથી અંત સુધી અમુક પદાર્થોમાં અમુક અમુક ગુણ અમુક કાળ સુધી આ પ્રમાણે રહેશે વગેરે જે જે કાંઈ નિર્માણ થઈ ચૂક્યું છે તે તેમને તેમ જ રહે છે, તેમાં કદી સહેજ પણ ફેરફાર થતો નથી. આ નિયતિને કોઈ મહાસત્તા, કોઈ મહાચિતિ, કોઈ મહાશક્તિ, કોઈ મહાદૃષ્ટિ, કોઈ મહાક્રિયા, કોઈ મહોદ્ભવ અને કોઈ મહારવ કહે છે. આ સુજન્મ માહાત્મ્યના એકપણાને લીધે નિયતિનાં જુદાં જુદાં અનેક નામો છે. વાયુમાં જેમ તૃણ કિંવા ત્રસરેણુઓ ભમ્યા કરે છે તેમ આ નિયતિએ ફરાવી આપેલાં ગુણધર્માનુસાર દેવતાઓ, દૈત્યો, નાગગણો, સમુદ્રો તથા પર્વતો વગેરેની સ્થિતિ કલ્પ પર્યંત રહેલી છે. જેમાં કોઈપણ જાતના દોષનો કિંચિન્માત્ર પણ સ્પર્શ નથી તેમાં કદાચ દોષનું અનુમાન થાય છે અને જેમાં કદી ચિત્રનો સંભવ નથી એવા આકાશમાં કદાચ ચિત્રનું અનુમાન થાય, પણ નિયતિ તો કદાપિ અન્યથા થઈ શકતી જ નથી; એટલે નિયતિ અન્યથા થશે એવું અનુમાન કરવું પણ શક્ય નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે તત્ત્વજ્ઞાનીઓ અજ્ઞાનીઓને સમજાવવાને માટે તેને નિયતિ એવી સત્તા વડે સંબોધે છે, બ્રહ્મ, નિયતિ અને સર્ગ એ ત્રણ વસ્તુતઃ તો એક જ છે. આકાશમાં જેમ ઝાડની કલ્પના થાય તે પ્રમાણે જે આદિ, મધ્ય અને અંતે પણ બ્રહ્મરૂપ જ છે, જે અચળ છતાં જાણે ચળ હોય એમ જણાય છે, તે અમર્યાદા એવા બ્રહ્મને મર્યાદિત બનાવીને આ સૃષ્ટિ રહેલી હોય એમ અજ્ઞાન દૃષ્ટિથી ભાસે છે. જેમ સ્ફટિક મણિમાં વનસમૂહનું પ્રતિબિંબ પડે છે અને સૂતેલો માણસ સંકલ્પના આશ્રયરૂપ સ્વપ્નામાં આકારાને જુએ છે, તેમ માયા શબલ બ્રહ્મમાં એટલે ઈશ્વર (વૃક્ષાંક ૨) માં રહેલા બ્રહ્મદેવ નિયતિરૂપ આ સૃષ્ટિને જુએ છે. જેમ હાથ પગ વગેરે અંગો દેહધારીના દેહને વિષે દેખાય છે તેમ ઈશ્વરસ્વરૂપ બ્રહ્માએ નિયતિ વગેરે આ બધી સૃષ્ટિ પણ પોતાનું જ અંગ છે, એમ જોયું. આ રીતે કાળના આશ્રયે રહેલી નિયતિને જ દૈવ કહે છે.

પૌરુષ અને દૈવ પરસ્પર સંલગ્ન છે

દૈવ સર્વ સ્થળે, સર્વ કાળમાં અને સર્વ પદાર્થોમાં વ્યવસ્થિત રીતે રહેલું છે; તે વડે જ જગતની વ્યવસ્થા ચાલે છે. અમુક પદાર્થે આવી રીતે સ્ફુરણા કરવો, અમુકે આવો રીતે રહેવું અને અમુકે અમુક પદાર્થ અમુક વખતે ભોગવવો એ બધું દૈવાધીન છે. તૃણ, ગુલ્મ, સર્વભૂત, જગત, કાળ અને ક્રિયા વગેરે સર્વ પુરુષરૂપ છે, નિયતિ એ તો પૌરુષી અર્થાત્ ઈશ્વર (વૃક્ષાંક ૨)ના ઈક્ષણરૂપ કાળની સત્તા છે અને એ પૌરુષે કરીને જ નિયતિની સત્તા છે. આ રીતે જ્યાં સુધી જગત છે ત્યાં સુધી એ એકબીજાની પરસ્પર સત્તા છે; તેથી પૌરુષ અને નિયતિ એ બંને એક જ છે. પ્રાણીનું અદૃષ્ટ ભાવિ નિયતિ અને પૌરુષ એ બંનેને અધીન છે તથા પૌરુષ નિયતિમાં અને નિયતિ પૌરુષમાં રહેલી છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ નિયતિનું ઉલ્લંઘન કરી શકતા નથી

હવે દૈવ અને પૌરુષનો અંતિમ નિર્ણય કહું છું. હું તમને ઉપદેશ કરું તથા તે પ્રમાણે તમો વર્તો એ પણ નિયતિને લીધે જ બનો રહ્યું છે. આજ મને દૈવ ભોજન આપશે તો જ હું જમીશ. આ પ્રમાણે

દૈવપરાયણ થઈ ને કાંઈ પણ કર્યા વિના મૂંગું રહેવું એ પણ નિયતિનો જ નિશ્ચય છે. જો પુરુષ કાંઈ પણ કાર્ય ન કરે તો તેને બુદ્ધિ, કર્મ, વિકાર તથા આકૃતિ વગેરે કાંઈ પણ થાય જ નહિ.

પ્રલય થતાં સુધી સર્વ પદાર્થોની આ મુજબની વ્યવસ્થા નિશ્ચિત ઠરેલી છે. અમુક અમુક આ પ્રકારે અવશ્ય થાય એવી નિશ્ચય કરનારી જે ઈશ્વરીય શક્તિ તે જ નિયતિ કહેવાય છે. આ નિયતિ સ્થિતિનું બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે જેવા પણ કદી ઉલ્લંઘન કરી શકતા નથી.

મોક્ષરૂપી ફળને માટે પુરુષાર્થ કરવો જોઈએ

આમ છે છતાં બુદ્ધિમાન પુરુષે આ નિયતિના આધારથી પુરુષાર્થનો ત્યાગ કરવો નહિ; કારણકે, પુરુષાર્થ વિના નિયતિ કાંઈ પણ ફળ આપવા સમર્થ નથી. પુરુષાર્થ ન કરવો તેને જ નિયતિ કહે છે અને તે જ જ્યારે સૃષ્ટિમાં ફળરૂપ થાય છે, ત્યારે તેને પૌરુષ કહે છે; એટલે વ્યવહારમાં જેમ ઘણા પ્રયત્નોથી દ્રવ્ય કમાઈને પછી નિરાંતે બેસીને ખાવામાં આવે છે, તેમાં દ્રવ્ય મેળવવાનો પ્રયત્ન એ પુરુષાર્થ તથા તે મેળવ્યા પછી બેઠાં બેઠાં ખાવું તેને નિયતિ સમજવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તો એ પૌરુષ જ છે; તેમ જીવાત્માએ પ્રથમ કરેલા પુરુષાર્થના ફળરૂપે શરીરાદિ ધારણ કરીને તે દ્વારા તે પૂર્વફળને ભોગવે છે, તેને નિયતિરૂપ માનવામાં આવે છે, પણ વાસ્તવિક તે પૌરુષ જ છે, છતાં વ્યવહારમાં લોકો નિયતિ ને પુરુષાર્થ ભિન્નભિન્ન સમજે છે. તાત્પર્ય કે, પાછળ કરેલો પુરુષાર્થ એ જ પ્રસ્તુત નિયતિ. પુરુષાર્થ કર્યા વિનાની નિયતિ નિષ્ફળ છે અને પુરુષાર્થરૂપી નિયતિ જ સફળ છે. કદાચ એમ કહેવામાં આવે કે, જે મનુષ્ય કાંઈ પણ પુરુષાર્થ કર્યા વિના અજગરનું વ્રત ધારણ કરે છે. તેને આહાર મળે છે અને તેથી તેની તૃપ્તિ પણ થાય છે, માટે પુરુષાર્થ વગર પણ નિયતિ ફળ આપે છે, તો તેના ઉત્તરમાં કહેવાનું કે, આ રીતે અજગરનું વ્રત ધારણ કરનારને પણ આહાર મળ્યા પછી ખાવું, ચાલવું વગેરે કર્મરૂપ પુરુષાર્થ વિના તૃપ્તિરૂપ ફળની પ્રાપ્તિ કદાપિ પણ થતી નથી; તેમ જ તેવા મનુષ્યોનો જે દેહ રહે છે તે પણ તેનો પ્રાણવાયુ હલનચલન વગેરે પુરુષાર્થ કરે છે તેથી જ ને? જો તે શ્વાસોચ્છ્વાસ લેવારૂપ કર્મ પણ ન કરે તો પછી પ્રાણ પણ શી રીતે ટકે? વળી કેટલાક યોગીઓ સમાધિથી પોતાના પ્રાણવાયુને રોકે છે એમ કહીશું તો તે પણ એક જાતનો પુરુષાર્થ જ થયો અને તેથી મુક્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી પૌરુષ વિના ફળસિદ્ધિ નથી, તે નિશ્ચય છે; માટે પુરુષાર્થ કરવો જોઈએ.

બ્રહ્મસત્તાની પ્રતીતિ નિયતિ વડે જ થાય છે

શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેના પુરુષાર્થમાં પરાયણ રહેવું તેને જ કલ્યાણરૂપ એવું સાધન કહે છે. તેવા સાધનની પૂર્ણતા થયા પછી કર્મોનો અત્યંત વિરામ થવાથી જ કલ્યાણરૂપી ફળની પ્રાપ્તિ થાય તેને જ મોક્ષ કહે છે અને તે શાસ્ત્રોય સાધન વડે જ સાધ્ય છે. આ રીતે સાધ્ય અને સાધન વડે થતા મોક્ષરૂપ કલ્યાણથી જ્ઞાનીનો પક્ષ સમાન છે; કારણ કે, તે કાર્યરૂપી અવિદ્યાનો નાશ કરે છે. જ્ઞાનીને નિયતિ પણ દુઃખરૂપ નથી, કેમકે દ્વૈતોના મોહપાશમાં પડી સુખદુઃખાદિ ભોગવવાં તે જીવાત્માને માટે નિયતિરૂપ કહેવાય છે, પરંતુ તત્ત્વવિદોના દ્વૈતભાવનો તો અત્યંત વિલય થવા પામેલો હોઈ જીવભાવનો પણ સદંતર લોપ થયેલો હોય છે અને તેથી જ તેઓ જીવન્મુક્ત કહેવાય છે. તેમની આ દુઃખરહિત નિયતિને નિયતિ નહિ પરંતુ બ્રહ્મસત્તા કહે છે. તે બ્રહ્મસત્તાની અવસ્થામાં યત્નથી કાયમને માટે સ્થિતિ થતી તે જ પરમગતિ હોઈ પરમ શુદ્ધપદની પ્રાપ્તિરૂપ છે. પૃથ્વીમાં રહેલા જળની સત્તા જેવી રીતે તૃણ, વલ્લીઓ અને ઝાડ વગેરે પદાર્થ રૂપે જોવામાં આવે છે. તેવી રીતે બ્રહ્મની સત્તા જ નિયતિના મહાવિલાસથી સર્વ ઠેકાણે દૃશ્યાદિરૂપે પ્રતીત થયેલી જોવામાં આવે છે (જુઓ યો૦ વા૦ ઉત્પ૦ સ૦ ૬૨) સારાંશ એ છે કે, આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે પુરુષાર્થની જરૂર હોય છે; બાકી વ્યવહારના કોઈ પણ અર્થમાં કૃતિ અર્થાત્ નિયતિ એટલે પ્રારબ્ધ જ શ્રેષ્ઠ છે, એમ સિદ્ધ થાય છે. આ રીતે આપણે નિયતિ સંબંધે શાસ્ત્રાર્થ જાણ્યો. હવે ઈશ્વરે ધારણ કરેલા અવતારાદિકો નિયતિના નિયમ પ્રમાણે પ્રત્યેક યુગમાં તથા મન્વંતરમાં શું શું કર્યો કરે છે એટલે કયા કામને માટે તે ધારણ કરવામાં આવે છે, તેનાં કર્મો, તેનું પ્રયોજન તથા ગુણોનો સંક્ષેપમાં વિચાર કરીશું.

અજન્મા ભગવાનના મુખ્ય અવતારો

બ્રહ્મા કહે છે : હે નારદ! વસ્તુતઃ અજન્મા, સર્વના આદિપુરુષ અને આત્મસ્વરૂપ એવા આ ભગવાન પ્રત્યેક કલ્પના આરંભમાં પોતે પોતાને પોતા વિષે અને પોતા વડે જ સર્જે છે, પાળે છે તથા સંહારે છે. સારાંશ એ કે, કર્તા, અધિકરણ, સાધન તથા કર્મરૂપ તે પોતે જ બનેલા છે, કોઈ પણ સાધ્યનું સાધન ભગવાનના સ્વરૂપથી જુદું નથી. ઉપાધિરહિત, અદ્વિતીય, જ્ઞાનસ્વરૂપ, દેહ, ઇંદ્રિય, મન તથા બુદ્ધિ આદિથી પણ પર, સંદેહરહિત, સ્થિર, સત્ય, પૂર્ણ જન્મમરણાદિ સર્વ ભાવવિકારથી રહિત, નિર્ગુણ તથા ત્રણે કાળે જેનો કદી બાધ થતો નથી એવા આત્મા કિંવા ભગવાન (વૃક્ષાંક ૧)ના સ્વરૂપને હે નારદ! ઋષિઓ પણ ત્યારે કાયા, વાચા અને મન વડે તદ્દન શુદ્ધ અને પ્રસન્ન અંતઃકરણવાળા હોય છે ત્યારે જ જાણી શકે છે; પરંતુ જ્યારે પુરુષો કુતર્ક વડે સંશયગ્રસ્ત થયેલાં મનાદિ વડે ઢંકાઈ જાય છે ત્યારે જાણી શકતા નથી; આથી ઈશ્વરને જાણવાને માટે નિર્મળ, પવિત્ર અને તદ્દન શુદ્ધ અંતઃકરણની જ જરૂર હોય છે. પરમેશ્વર (વૃક્ષાંક ૧) નો પ્રથમ અવતાર એટલે આદ્યપુરુષ, ઈશ્વર કિંવા દ્રષ્ટા (વૃક્ષાંક ૨) સ્વરૂપનો છે: આદ્ય પ્રકૃતિ કિંવા માયા અર્થાત્ "હું" રૂપે પ્રકટ થનારી તે જ આદ્યશક્તિ કહેવાય (વૃક્ષાંક ૩ જુઓ). એ પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમનું પ્રથમ મિશ્રણ થયેલું છે એવું ઐક્ય તત્ત્વ કે જેને અવ્યક્ત પ્રકૃતિ અથવા શિવ પણ કહે છે (વૃક્ષાંક ૪); તેમાંથી ક્રિયા અને જ્ઞાનશક્તિનું ઐક્યભાવે મિશ્રણરૂપ એક તત્ત્વ ઉત્પન્ન થયેલું હોઈ જેને અર્ધનારીનટેશ્વર અથવા પ્રકૃતિપુરુષ યુગલ પણ કહે છે (વૃક્ષાંક ૫) તેની ઉત્પત્તિ થવા પામેલી છે; ત્યારબાદ ગમભાવ પ્રગટ કરનાર જીવ અથવા શક્તિ નામનું તત્ત્વ (વૃક્ષાંક ૬) ઉત્પન્ન થયું છે; (મહત્તત્ત્વનું બીજ આમાં જ છે એમ સમજવું) ત્યાર પછી પરમાત્માના અંતઃકરણરૂપ એવું મહત્તત્ત્વ કે જે ભૂતાકાશને નામે પણ કહેવાય છે તે ઉત્પન્ન થયેલું છે. સર્વ ભૂતમાત્ર આ જ આકાશના આધારે ઉત્પત્તિ, સ્થિતિ અને લયને પામે છે આને ચિદાભાસ પણ કહે છે; બાદ અહંકાર (વૃક્ષાંક ૮), સૂક્ષ્મ તન્માત્રાઓ, ઇંદ્રિયો, તેના દેવતા તથા વિરાટ શરીરના અભિમાની પુરુષ, સ્થાવર, જંગમરૂપ સમષ્ટિ વ્યષ્ટિ શરીર, હું, શિવ, બ્રહ્મ, પ્રજાપતિ, તું તથા ઇતર મુનિઓ; સ્વર્ગ, અંતરિક્ષ અને મનુષ્યલોક, પાતાળ લોક તેમ જ ગંધર્વ, વિદ્યાધરો અને ચારણોના સ્વામીઓ; યક્ષ, રાક્ષસ, સર્પ અને નાગના અધિપતિઓ મોટા મોટા ઋષિઓ, પિતૃઓ, દૈત્ય તથા સિંહના અને દાનવોના અધિપતિઓ, પ્રેત, પિશાચ, ભૂત, કુષ્માંડ. જલજંતુ તથા પશુપક્ષી આદિના સ્વામીઓ. ટૂંકમાં જગતમાં જે જે કાંઈ ઐશ્વર્યવાળું, તેજસ્વી, મન અને ઇંદ્રિયશક્તિવાળું, ચતુરાઈ, ક્ષમા, લાજ, શોભા સંપત્તિ અને બુદ્ધિયુક્ત અદ્ભુત વર્ણવાળું તથા જે જે રૂપવાળા અથવા રૂપરહિત છે, તે સર્વ પરમ એવા આત્મ (વૃક્ષાંક ૧) સ્વરૂપ જ છે. આ રીતે આ સર્વ પરમેશ્વરની જ વિભૂતિરૂપ છે, એમ જાણ. છતાં હે નારદ! સર્વવ્યાપક એવા ઈશ્વરના મુખ્ય લીલારૂપ અવતારો કે જે યુગ, મન્વંતર અથવા કલ્પમાં હમેશ થતા રહે છે તે પ્રત્યક્ષ પ્રગટ થતાં સુંદર અવતારોનો ક્રમ તને કહું છું, તે તું સાંભળ (ભા૦ સ્કં૦ ૨. અ૦ ૬, શ્લોક૦ ૩૮/૪૪).

ભગવાનના સ્થૂળ ચોવીશ અવતારો

હે નારદ! દરેક યુગ, મનુ, કિંવા કલ્પમાં થતા અવતારો લેવાનું કાર્ય તો ઈશ્વરાંશ એવા વિષ્ણુ (વૃક્ષાંક ૬) ભગવાનનું જ હોય છે. તેઓ પૃથ્વીને રસાતળમાંથી બહાર કાઢવાને માટે પ્રથમ **વરાહ** રૂપે અવતર્યા તથા હિરણ્યાક્ષનો વધ કર્યો. (૨) રુચિ નામના પિતા તથા આકૂતિ નામની માતાના ઉદરે **સુયજ્ઞ** નામે ઉત્પન્ન થઈને ભગવાને પોતાની દક્ષિણા નામની સ્ત્રીથી સુયમ નામના દેવોને ઉત્પન્ન કર્યા. (૩) ભગવાને ઇંદ્ર થઈ ત્રૈલોક્યનું દુઃખ મટાડ્યું તે **સ્વયંભુ મનુ** નામનો અવતાર, (૪) કર્દમ ઋષિને ઘેર દેવહૂતિથી **કપિલ** દેવ ઉત્પન્ન થયા, તેમણે વેદાંતતત્ત્વ સ્ત્રી શૂદ્રાદિકો પણ સારી રીતે સમજી શકે એવા પ્રકારે લોકોની સરળતાને માટે સાંખ્યનાં તત્ત્વોનો વિસ્તાર કર્યો તથા પોતાની માતા દેવહૂતિ તથા તેની નવ બહેનોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ

+ વ્યષ્ટિ એટલે જુદું જુદું એકેક શરીર તથા સમષ્ટિ એટલે સર્વ શરીરો મળીને જે એક સમુદાય તે, જેમકે, એક ઝાડ એ વ્યષ્ટિ તથા જંગલ એ સમષ્ટિ સમજો.

કરી તેમને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપી અને લોકોને ખાતરી કરાવી આપી કે, બ્રહ્મવિદ્યાનાં અધિકારી સ્ત્રી શૂદ્રાદિકો પણ છે, (૫) પિતા અત્રિ ઋષિ તથા માતા અનસૂયાને ત્યાં શ્રી **દત્ત** સ્વરૂપે અવતાર લઈ જ્ઞાન અને અષ્ટાંગયોગાદિકને પુનઃ સજીવન કર્યા તથા યદુ અને સહસ્રાર્જુનને જ્ઞાનોપદેશ આપી કૃતાર્થ કર્યા, (૬) સૃષ્ટિના આદિકાળમાં સૃષ્ટિ સર્જવાની ઇચ્છાથી મેં અખંડિત તપ કર્યું હતું ત્યારે સનત્કુમાર, સનક, સનંદન તથા સનાતન એવા ચાર **સન** શબ્દની નિશાનીયુક્ત સન નામવાળા ચાર ઋષિસ્વરૂપે અવતાર ધારણ કરી પૂર્વ કલ્પમાં પ્રલયકાળે નાશ પામેલા આત્મજ્ઞાનનો જગતમાં ઋષિઓ અને લોકોમાં ફરીથી પ્રચાર કર્યો; (૭) દક્ષની પુત્રી તથા ધર્મ (યમ) રાજાની સ્ત્રી મૂર્તિથી અસાધારણ તપના સામર્થ્યવાળા **નરનારાયણ** રૂપે અવતર્યા, જેઓને કામ કદી પણ સ્પર્શ કરી શકતો નથી એવા તે છે, (૮) રાજા ઉત્તાનપાદના પુત્ર ધ્રુવના તપ વડે પ્રસન્ન થઈ તેને શંખ, ચક્ર, ગદાધારી **નારાયણવિષ્ણુ** રૂપે દર્શન આપ્યાં અને અવિચળ પદ આપ્યું તે (૯) ધર્મથી વિરુદ્ધ માર્ગે ચાલી પોતાનાં પરાક્રમ અને આયુષ્યનો નાશ કરનાર પાપી અને નરકના અધિકારી વેન રાજાના પુત્ર **પૃથુ** રૂપે ઉત્પન્ન થઈ ભગવાને પિતાનો નર્કમાંથી ઉદ્ધાર કર્યો તથા પૃથ્વીમાંના નષ્ટ થયેલા તત્ત્વોનું દોહન કર્યું. ગળી ગયેલી પૃથ્વીમાંથી અન્નાદિ સર્વ દ્રવ્યો પુનઃ ઉત્પન્ન કર્યાં તે પૃથુ રાજા; જે ઉપરથી પૃથ્વી એવું નામ પડ્યું છે, (૧૦) નાભિ મહર્ષિ તથા સુદેવી અથવા મેરુદેવીના પુત્ર **ઋષભદેવજી** કે જેમણે આસક્તિ છોડી નષ્ટમાનસ વા પરમહંસ દશાની કલ્પના લોકોને આણી આપી, (૧૧) યજ્ઞમાં સુવર્ણ સમાન કાંતિવાળા બ્રહ્મમૂર્તિ સર્વ વેદરૂપ તથા સાક્ષાત્ યજ્ઞના ફળદાતા એવા **હયગ્રીવ** ભગવાન ઉત્પન્ન થયા, (૧૨) વેદના સંરક્ષણાર્થે ભગવાને **મત્સ્યાવતાર** ધારણ કર્યો, (૧૩) અમૃતમંથન વખતે ભારથી પૃથ્વી પોતાની કક્ષા છોડી મર્યાદારહિત ન બને તે માટે ભગવાને **કચ્છપ** કિંવા કાચબાનો અવતાર ધરી મંદરાચળને પીઠ ઉપર ધારણ કર્યો, (૧૪) દેવતાઓને દુઃખ દેનાર તથા યજ્ઞાદિ કાર્યો બંધ કરનાર મદોન્મત્ત એવા હિરણ્યકશિપુને મારવા તથા પરમ ભક્ત પ્રહ્લાદને ઉગારવા માટે ભગવાને લીધેલો **નૃસિંહ** અવતાર, (૧૫) પોતાનો ભક્ત ગમે તે યોનિમાં હોય તોપણ ભગવાન સંકટમાંથી ઉગારીને તેનું રક્ષણ કરે છે, એ સિદ્ધ કરી આપવાને માટે ગજેંદ્ર હાથીને ગ્રાહના ત્રાસમાંથી બચાવવા ગરુડધારી ભગવાને **શ્રીહરિ** નામે અવતાર ધારણ કર્યો, (૧૬) નિયતિના નિયમ પ્રમાણે અસુર બલિને ઇંદ્રાસનની પ્રાપ્તિ ન થવી જોઈએ, એવી જગતની સુવ્યવસ્થા જાળવવાને **અમે** ધર્મના રક્ષણ કરનાર બલિની પાસે યાચના વડે રાજ્ય લઈ તેને પાતાળમાં ચાંપ્યો, તે **વામનાવતાર**, (૧૭) હે નારદ! તારી ભક્તિથી વશ થઈ તને ભક્તિયોગ અને આત્મજ્ઞાન જેમાં છે તેવા ભાગવતધર્મનો ઉપદેશ કરવા માટે મેં જે અવતાર ધારણ કર્યો તે **હંસાવતાર**, (૧૮) દૈત્યોએ બંધ કરેલો દેવતાઓનો ભાગ જેણે ફરીથી મેળવ્યો તથા જગતમાંથી નષ્ટ થયેલી આયુર્વેદની પ્રવૃત્તિનો જેણે ફેલાવો કર્યો તે *ધન્વંતરીનો અવતાર, (૧૯) આખી પૃથ્વીને કાંટા સમાન અને ધર્મથી વિરુદ્ધ માર્ગે ચાલનારા તથા હિંસા કરવાને પ્રવૃત્ત થયેલા બ્રહ્મદ્વેષી ક્ષત્રિયોનું અભિમાન નષ્ટ કરી જગતનો ભાર ઉતારવાને માટે **પરશુરામ** રૂપે ભગવાન જમદગ્નિને ઘેર અવતર્યા તે, (૨૦) સૂર્યવંશી ઇક્ષ્વાકુના વંશમાં દશરથ રાજાને ત્યાં કૌસલ્યાના ઉદરે અવતરી પિતૃનીતિ, રાજનીતિ, ભ્રાતૃનીતિ વગેરે નીતિશાસ્ત્રોનું અવલંબન કરી જગતમાં રાવણાદિ દુષ્ટોનો સંહાર કરી ધર્મની સ્થાપના કરનાર **શ્રીરામચંદ્રજી** રૂપે ભગવાને અવતાર ધારણ કર્યો તે, (૨૧) ચંદ્રવંશના યદુકુળમાં દેવકીને ઉદરે વસુદેવને ત્યાં અવતરી અનેક પ્રકારની અદ્ભુત બાળલીલા વડે જગતને દિગ્મૂઢ કરીને ભાર ઉતાર્યો, કંસાદિનો નાશ કર્યો, ધર્મની પુનઃ સ્થાપના કરી, ઘણાઓને આત્મજ્ઞાનનો બોધ આપી કૃતાર્થ કર્યા, મહાભારત યુદ્ધમાં અર્જુનનો મોહ નષ્ટ કર્યો વગેરે અદ્ભુત કર્મો કરનાર **શ્રીકૃષ્ણ** રૂપે ભગવાને અવતાર ધારણ કર્યો તે, (૨૨) ટૂંકી બુદ્ધિવાળા તથા અલ્પ આયુષ્યવાળા મનુષ્યો વેદનો પાર પામી શકે એટલા માટે પરાશર ઋષિને ત્યાં સત્યવતી નામની તેમની સ્ત્રીથી ભગવાન **વેદવ્યાસ** રૂપે અવતરી વેદના જુદાજુદા વિભાગો કરે છે તે, (૨૩) વેદમાર્ગે ચાલનારા તથા મયદાનવે રચેલી અદૃશ્ય વેગવાળી ત્રણ નગરીઓમાં રહી લોકોને

* કેટલાક સમુદ્રમંથનમાંથી નીકળેલા ધનવંતરીને બદલે હરિને ક્ષીરોદ મથનારમાં ગણે છે.

પીડતા એવા દૈત્યોને મોહ તથા લોભ ઉત્પન્ન કરે એવો વેશ ધારણ કરેલા અવતારિક ભગવાન બુદ્ધ તેઓને પાખંડ ધર્મનો ઉપદેશ કરશે કે જે થકી તે દાનવોનો નાશ થશે, લોકોમાં હિંસક મનોવૃત્તિ વધી જવાને લીધે અને કેવળ દેહને જ સર્વસ્વ માની તેને કોઈ પણ પ્રકારે સુખી કરવો એ જ એક ધ્યેય છે એમ માની બેઠેલા અસુર લોકોને અહિંસાનો તથા ત્યાગનો બોધપાઠ આપે છે તે. તથા (૨૪) આ કલિયુગના અંતમાં જ્યારે સત્પુરુષના ઘરમાં પણ હરિકથા નહિ થાય, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પાખંડ મતવાળા બની જશે, શૂદ્ર લોકોનું સામ્રાજ્ય ઠેર ઠેર પ્રસરશે, સ્વાહા, સ્વધા એને વષટ્કારવાળી વાણીના ઉચ્ચારો પણ બંધ પડશે ત્યારે કલિયુગને શિક્ષા કરવાને માટે [1]કલ્કિ ભગવાન અવતાર ધારણ કરશે.

ભગવાનનું સાચું સ્વરૂપ કયું ?

ઉત્પત્તિકાળનાં તપ, હું (બ્રહ્મા) ઋષિઓ; તથા નવ પ્રજાપતિઓ; સ્થિતિકાળમાં ધર્મ, વિષ્ણુ, મનુ, દેવતાઓ, રાજાઓ અને પ્રલય સમયમાં રુદ્ર અને સર્વ દૈત્યો આદિ અનેક શક્તિસંપન્નો પણ ઈશ્વરાંશ એવા ભગવાનની માયાની વિભૂતિઓરૂપ છે. ભગવાનની માયાનો અંત નથી, સહસ્રમુખી શેષ નિત્યપ્રતિ વર્ણન કરવા છતાં પણ તેનો પાર પામતા નથી, જેમણે એ ભગવાનનો [2]સર્વાત્મભાવથી પોતાના હૃદયમાં આશ્રય કર્યો હોય તે પુરુષ જ અદ્વૈત એવા તેના સર્વાત્મભાવને લીધે આ અતિદુરતર એવી માયાને તરી જાય છે તથા ભગવાનના ઐશ્વર્યને પણ જાણે છે. જેઓને કૂતરાં અને શિયાળવાંના ભક્ષ્યરૂપ એવા આ શરીરમાં "હું" અને મારાપણાની બુદ્ધિ હોતી નથી તેવા હું (બ્રહ્મા), તમે (નારદ) તથા પ્રહ્લાદ વગેરે સર્વે સાક્ષીસહ "હું"ભાવનો વિલય કરીને જ આ પરમેશ્વરની માયાને પાર પામી શકયા છીએ. આમ દ્વૈતભાવનો ત્યાગ કરીને એકરૂપને પામેલા જેઓ સાચા ભગવદ્ભક્તો હોય તે જ આ મિથ્યા માયાને યથાર્થ રીતે જાણીને તરી જાય છે. જેને ઋષિજનો બ્રહ્મ (શ્લોકાંક ૧) કહે છે, તે જ ભગવાનનું સાચું સ્વરૂપ હોઈ તે સદા શાંત, નિત્ય, સુખસ્વરૂપ, શોક અને ભયથી રહિત, જ્ઞાનવાન, શુદ્ધ, અદ્વિતીય તથા કાર્યકારણરૂપ પ્રપંચથી અળગું છે; તે મનથી, વાણીથી, અને બુદ્ધિથી પણ અગમ્ય છે (ભા૦ ૨૬૦ ૨, ૭ અને ૨૬૦ ૧૧ અ૦ ૪–૫ જુઓ.).

નિયતિ પ્રલયના નિયમો પણ નિશ્ચિત છે

ઉપરના વિવેચનથી જાણી શકાશે કે, આ મુજબ દરેક કલ્પ, મનુ તથા યુગમાં અવતારો થવાનો નિયતિક્રમ તદ્દન નિશ્ચિત કરેલો છે, એટલું જ નહિ પણ તેમાં દરેકે કયારે, કયે સ્થળે અને શું શું કાર્ય કરવું તે પણ પ્રથમથી નિશ્ચિત કરેલું હોય છે, આમ આપણે નિયતિની ઉત્પત્તિ અને સ્થિતિની નિશ્ચિતતા સંબંધે જાણ્યું, હવે લયના નિશ્ચિત કરેલા નિયમો સંબંધે શાસ્ત્રમાં શો નિર્ણય છે, તેનો વધુ વિચાર કરીશું.

નૈમિત્તિક પ્રલય

શુકદેવજી રાજા પરિક્ષિતને કહે છેઃ તમોને યુગો, તેનાં વર્ષો તથા કલ્પના કાળ સંબંધી પ્રથમ (ભા૦ ૨૬૦ ૩ માં) કહેવામાં આવેલું છે. એક હજાર મહાયુગો અથવા ચાર હજાર યુગો એટલે બ્રહ્મદેવનો એક દિવસ થાય છે તેને કલ્પ કહે છે તે પ્રથમ જણાવેલું જ છે. તેટલી જ બ્રહ્મદેવની રાત્રિ હોય છે. દિવસે બ્રહ્મદેવ આ બધું ઉત્પન્ન કરે છે અને રાત્રિએ તેનો પુનઃ વિલય કરે છે, તે જ નૈમિત્તિક પ્રલય કહેવાય છે. આ પ્રલયમાં

---

૧ કલ્કિ અવતાર થયા પછી આ જગત ફક્ત ૮૨૧ સૌર વર્ષો જ રહેશે. હજી કલ્કિ અવતાર થવાને શાલિવાહન શક ૧૮૯૬ ના ચૈત્ર સુદિ પડવાથી શુમારે ચાર લાખ, છવ્વીસ હજાર, એકસો પાંત્રીશ વર્ષો બાકી હોઈ ત્યારબાદ આઠસો એકવીશ વર્ષો પછી આ ચાલુ પૃથ્વીનો પ્રલય થશે, આમ કલિયુગના આરંભથી આજ સુધી (૩૦૪૪) ત્રણ હજાર ચુંવાલીશ વર્ષો યુધિષ્ઠિર શકનાં+૩૬૫ વિક્રમ સંવતનાં અને શાલિવાહન શકનાં+૧૮૯૫ મળી કુલ ૫૦૪૪ સૌર વર્ષો વિતેલાં છે તથા ૪,૨૬,૯૫૬ સૌર વરસો કલિયુગ સમાપ્તિનાં બાકી છે, તેમજ કલ્કિ અવતાર માટે હજુ ૪,૨૬,૧૩૫ સૌર વર્ષોનો કાળ બાકી છે, આ ગણતરી શાલિવાહન શકે ૧૮૯૫ પૂર્ણ થતાં સુધીની સમજવી. કલ્કિ અવતાર થઈ ગયો એવા પ્રકારે લોકોમાં ખોટી ફેલાયેલી જણાય છે, પરંતુ તે ફેલાવાનું કારણ કાળનું અજ્ઞાન છે.

૨ પોતાસહિત આ બધું દશ્યાદિ પણ આત્મારૂપ છે, એવો અપરોક્ષાનુભવયુક્ત જે જ્ઞાન તે સર્વાત્મભાવ.

ત્રિલોકીનો વિલય થાય છે. વેદમાં બ્રહ્માંડને ત્રિલોકી કહે છે તેથી અત્રે ત્રિલોકીનો અર્થ ચૌદ લોકવાળા આ સમગ્ર બ્રહ્માંડ છે એમ સમજવું. આ પ્રલયને નૈમિત્તિક પ્રલય કહે છે. આ પ્રલયમાં બ્રહ્મદેવ પોતે નારાયણ કિંવા વિષ્ણુના નાભિકમળ (વૃક્ષાંક ૧૨) માં નિદ્રા લે છે તથા નારાયણ શેષનાગ પર શયન કરે છે; આ નૈમિત્તિક પ્રલય કહ્યો, હવે પ્રાકૃતિક પ્રલય સંબંધી કહું છું.

પ્રાકૃતિક પ્રલય

બ્રહ્માના આયુષ્યનાં જ્યારે સો વર્ષો પૂરાં થાય છે ત્યારે મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), અહંકાર (વૃક્ષાંક ૮) અને પાંચ તન્માત્રા મળી સાત કારણ પ્રકૃતિઓ લયને પામે છે, માટે તે પ્રલયનું પ્રાકૃતિક પ્રલય એવું નામ છે. આ પ્રલયના કારણરૂપ મહત્તત્ત્વાદિ ઉપર કહેલા તત્ત્વો અને તેનું કાર્ય બ્રહ્માંડ એટલે વૈકૃત અને પ્રાકૃત સૃષ્ટિ સહ (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ સુધીનું) સર્વ વિલયને પામે છે (તત્ત્વો સંબંધમાં અ૦ ૨, શ્લો૦ ૩૯, પાન ૨૫૦ થી ૧૬૦ માંહેનું વિવરણ જુઓ), જ્યારે ભવિષ્યમાં પ્રાકૃતિક પ્રલય થશે ત્યારે પૃથ્વી ઉપર સો સો સૌર વર્ષો સુધી મેઘ વરસશે નહિ, અન્નનો અભાવ થતાં ભૂખે પીડાયેલો, કાળથી ઉપદ્રવ પામેલી અને એક બીજાને ખાવા લાગેલાં પ્રજા ધીરે ધીરે ક્ષય પામશે; પ્રલયકાળનો સૂર્ય પોતાના ભયંકર કિરણો વડે સમુદ્ર, દેહ તથા પૃથ્વીના સઘળા રસોને પી જશે અને પાછો મૂકશે નહિ; પછી શેષનાગના મુખેથી ઉઠેલો અને વાયુ વેગથી વધેલો પ્રલયકાળનો અગ્નિ ઉજ્જડ થઈ ગયેલા પૃથ્વીના ભાગોને બાળી નાંખશે; ઉપર નીચે તથા ચારેકોર અગ્નિ અને સૂર્યની પ્રચંડ જ્વાલાઓથી બળી ગયેલું બ્રહ્માંડ બળી ગયેલા છાણા જેવું લાગશે; પછી પ્રલયકાળનો ભારે પ્રચંડ પવન સૌર એકસોથી કાંઈક વધુ વર્ષો વાશે. તે વખતે આકાશ ધૂમ્રવર્ણનું થઈ જશે. પછી વિચિત્ર વર્ણવાળા અનેક મેઘનાં કુળ સો સો વર્ષો સુધી વરસ્યા કરશે અને ભયંકર રીતે ગાજ્યા જ કરશે; આમ થવાથી બ્રહ્માંડ મધ્યેનું તમામ જગત એક જળમય બની જશે; તે સમયે સમગ્ર બ્રહ્માંડની જડની ખૂડ એટલે પૂડ (ભસ્મ) થતાં પૃથ્વીના ગંધરૂપ ગુણને તે ગળી જશે, ગંધનો નાશ થવાથી પૃથ્વીનો અભાવ થશે, રસને તેજ ગળી જશે તેથી જળનો અભાવ થશે, તેજને વાયુ ગળી જશે આથી તેજનો વિલય થશે, શબ્દને આકાશ ગળી જશે આથી વાયુનો વિલય થશે, આકાશના ગુણ શબ્દને તામસ અહંકાર ગળી જશે આથી આકાશનો વિલય પણ અનાયાસેજ થશે, ઇન્દ્રિયો તેઓની વૃત્તિઓ સહિત રાજસ અહંકારમાં લય પામશે અને ઇન્દ્રિયોની દેવતાઓને તેઓની વૃત્તિઓ સહ સાત્ત્વિક અહંકાર ગળી જશે, આમ ત્રણે પ્રકારના અહંકારને મહત્તત્ત્વ ગળી જશે, મહત્તત્ત્વને સત્ત્વાદિ ગુણો ગળી જશે, સત્ત્વાદિ ગુણોને કાળે પ્રેરેલી માયા ગળી જશે અને માયા (વૃક્ષાંક ૩)નો લય આ પ્રાકૃતિક પ્રલયમાં થતો નથી. પણ આગળ કહેવામાં આવેલા આત્યંતિક પ્રલયમાં થાય છે. જેમ એક ન હોય તો શૂન્યનો વિલય અનાયાસે જ થાય છે અથવા મનુષ્યનો વિલય થતાં તેની છાયાનો વિલય પણ અનાયાસેજ થાય છે, કિંવા સ્વપ્નનો વિલય થતાં જ તેમાંના સાપ, શત્રુ વગેરેનો નાશ અનાયાસે જ થાય છે તેમ આત્યંતિક પ્રલયમાં આ સર્વનો નાશ થતાં માયા પોતે જ આત્મસ્વરૂપ જ બની જાય છે. તેનો લય 'અહમ્' એવી સ્ફૂર્તિનો વિલય થતાં અનાયાસે જ થઈ જાય છે, તેનો જુદો લય થતો નથી, તેમ કાળના અવયવોથી તેમાં ફેરફાર આદિ વિકારો પણ થતાં નથી. એ માયા (વૃક્ષાંક ૩)નો આદિ, મધ્ય કે અંત ઇત્યાદિ કંઈ સ્પષ્ટ દેખાતો નથી. કેમકે તે સર્વદા 'હું', 'હું' એવી એક જ સ્ફૂર્તિ રૂપે રહે છે. એ માયામાં વાણી, મન, સત્ત્વ, રજ અને તમોગુણ, મહત્તત્ત્વ, અહંકારાદિ, પ્રાણ, બુદ્ધિ, ઇંદ્રિયો, દેવતા કે જગતરૂપી રચના એમાનું કશું વિભક્ત રહેવા પામતું નથી. એમાં જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી અને તેની તન્માત્રાઓ તેમ જ સૂર્ય, અગ્નિ કે દિશાઓ વગેરે કાંઈપણ હોતું નથી. એ માયારૂપ તત્ત્વ ઇંદ્રિયોના અભાવને લીધે સુષુપ્તિ જેવું તદ્દન અતકર્ય લાગે છે, પણ તે તેવું નથી. કારણ સર્વ જગતના મૂળ કારણના પણ આદિકારણરૂપ એ જ તત્ત્વ છે. એ રીતે જેમાં આ માયા કિંવા મૂળ અજ્ઞાન (વૃક્ષાંક ૩) અંતે શેષ રહે છે, એવો પ્રાકૃતિક પ્રલય ઉપર કહ્યો, જેમાં પ્રકૃતિની સત્ત્વાદિ ,તમામ શક્તિઓ પરાભવ પામીને તથા પરવશ થઈને પ્રકૃતિ (વૃક્ષાંક ૩)માં લય પામે છે, તે સમયે જો કે ત્રણ

ગુણોનો વિલય થાય છે છતાં તેમાં સુષુપ્તિની જેમ ભાવિનું બીજ શેષ રહેતું હોવાથી તે ફરીથી જ્યારે હું આત્મા છું એ ભાવ છોડીને નાહંભાવને પ્રાપ્ત થાય છે, એટલે 'હું નથી' એમ કહેવા લાગે છે ત્યારે પોતે અવ્યક્ત (વૃક્ષાંક ४) રૂપ બની આ મહત્તત્ત્વ આદિ વિકારોવાળું વિશાળ સામ્રાજ્ય અને તેનું બ્રહ્માંડાદિ કાર્ય ખડું કરી દે છે, પરંતુ જો તે હું ભાવનો તેના સાક્ષી (ધ્રુવ, વૃક્ષાંક ૨) સહિત વિલય કરે તો તે અત્યંત શાંત, નિર્મળ, અનિર્વચનીય અને એકરસ એવા આત્મ (વૃક્ષાંક ૧) સ્વરૂપ જ બની જાય છે.

આત્યંતિક પ્રલય

હવે આત્યંતિક પ્રલય કહું છું **મોક્ષ એ જ આત્યંતિક પ્રલય** સમજવો. માયા કિંવા મૂળ અજ્ઞાન (વૃક્ષાંક ૩) નો અર્થાત્ અહમ્, અહમ્ એવી સ્ફૂર્તિનો અત્યંત વિલય થવો એને જ આત્યંતિક પ્રલય કહે છે. એટલે જ્યાં "હું," "હું" એવી સ્ફૂર્તિ સિલક રહેવા નહિ પામે તે જ આત્યંતિક પ્રલય કહેવાય. તે બ્રહ્મનાં અપરોક્ષ સાક્ષાત્કારથી જ સિદ્ધ છે. આ રીતે બ્રહ્મજ્ઞાન વડે થનારો મોક્ષરૂપ આત્યંતિક પ્રલય એ જ સર્વ પ્રપંચના અંતિમ પ્રલયરૂપ છે. રજ્જુના જ્ઞાનથી જેમ સર્પનો બાધ થાય તેમ બ્રહ્મજ્ઞાનથી અહમ્ મમાદિ તમામ દૃશ્યનો સાક્ષી સહિત કાયમનો બાધ થઈ જવો તેનું નામ જ આત્યંતિક પ્રલય છે. જો આત્માની પેઠે આ બધો પ્રપંચ પણ સત્ય હોત તો તેનો બાધ થવો કદી પણ સંભવે નહિ, પરંતુ તેનો તો બાધ થઈ જાય છે માટે અજ્ઞાનરૂપ પ્રપંચ રજ્જુમાં ભાસેલા સર્પની જેમ જ્ઞાનરૂપ બ્રહ્મથી સદંતર જુદો છે. જુદો છે એમ કહેવા કરતાં તો તે છે જ નહિ એમ કહેવું વધુ યોગ્ય ગણાય. આ વિષય વધુ સ્પષ્ટતાથી કહું છું.

બુદ્ધિ, ઇંદ્રિયો ને વિષયો કે જેઓ અનુક્રમે ગ્રાહક અને ગ્રહણ કરવાના સાધનરૂપ હોઈ ગ્રાહ્યરૂપે પ્રતીતિમાં આવે છે, તે તમામ ત્રિપુટીના આકારે પણ વાસ્તવિક રીતે આ અધિષ્ઠાનરૂપે એવું એક જ્ઞાન જ પ્રકાશી રહ્યું છે. તે સર્વને જ્ઞાનથી જુદી સત્તા છે જ નહિ. રજ્જુમાં પ્રતીત થયેલો સર્પ જેમ સાવ મિથ્યા છે તેમ જ્ઞાનસ્વરૂપ એવા સ્વતઃસિદ્ધ આત્મા યા બ્રહ્મમાં પ્રતીત થયેલો આ બુદ્ધિ, મન આદિ, દૃશ્ય પ્રપંચ પણ આદિ અંતવાળો હોઈ અધિષ્ઠાન એવા આત્મસ્વરૂપપણાને લીધે કારણ રૂપે પણ જુદો નહિ હોવાથી તદ્દન મિથ્યા છે. જેમ દીવો, ચક્ષુ અને રૂપ પોતાના કારણભૂત એવા તેજથી જુદાં નથી તેમ બુદ્ધિ ઇંદ્રિયો અને વિષયો પોતાના કારણભૂત બ્રહ્મથી જુદાં નથી; જેમ રજ્જુ ઉપરના ભ્રમથી ભાસેલો સર્પ રજ્જુથી જુદો નથી પણ સાવ મિથ્યા છે, છતાં રજ્જુ તો સર્પથી તદ્દન જુદી અને સત્ય હોય છે, તેમ આ બધો દૃશ્ય પ્રપંચ પણ બ્રહ્મથી જુદો નથી પરંતુ સાવ મિથ્યા જ છે તથા બ્રહ્મ તો દૃશ્ય પ્રપંચથી તદ્દન વેગળું અને સત્ય છે; આ દૃષ્ટિએ કાર્યકારણનો અભેદતા છતાં પણ સાપેક્ષભાવને લીધે કાર્યની અસત્યતાથી કારણ અસત્ય કરે છતાં મૂળ અધિષ્ઠાન તો કાંઈ અસત્ય થતું નથી. આમ જ્યારે બુદ્ધિ અસત્ય કરે છે તો પછી બુદ્ધિની અવસ્થારૂપ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ તો પોતાની મેળે જ અસત્ય કરી ચૂક્યાં; કારણ કે, એ ત્રણે અવસ્થાઓ તો બુદ્ધિની જ છે, એમ કહેવાય છે. આ ત્રણ અવસ્થાઓના અભિમાનને લીધે આત્મામાં વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞપણું હોવાનું જે માનવામાં આવે છે; તે પણ માત્ર એક કલ્પના જ છે. જેમ આકાશમાં કોઈ સમયે વાદળાં હોય છે અને કોઈ સમયે હોતાં નથી તેમ બ્રહ્મમાં અજ્ઞાનના સમયમાં જગત દેખાય છે પણ ખરું અને જ્ઞાનના સમયમાં નથી પણ દેખાતું, જેમ ઘડો આદિ અંતવાળો છે તેમ જગત પણ આદિઅંતવાળું છે અને જે આદિઅંતવાળું હોય છે એ તદ્દન મિથ્યા છે, એવો નિર્ણય છે. સઘળાં અવયવરૂપ કાર્યપદાર્થોના હેતુ (કારણ) રૂપ જે અવયવી હોય તે જ સત્ય છે, કેમકે અવયવરૂપે કાર્ય વિના પણ કારણરૂપ અવયવીની પ્રતીતિ થાય છે. જેમ વસ્ત્ર વિના પણ તંતુઓની પ્રતીતિ થાય છે તેમ જગત વિના પણ બ્રહ્મની પ્રતીતિ થાય છે; માટે જગતના કારણરૂપ બ્રહ્મ જ સત્ય છે. તંતુઓ વિના વસ્ત્રની પ્રતીતિ થતી નથી, માટે જેમ વસ્ત્ર મિથ્યા છે. તેમ બ્રહ્મ વિના જગતની પ્રતીતિ થતી નથી, માટે જગત મિથ્યા છે. જે કાર્યકારણ રૂપે, ગુણગુણીરૂપે, વિશેષણવિશેષ્ય રૂપે અને વ્યાપ્યવ્યાપક આદિરૂપે જણાય છે તે સર્વ બ્રહ્મરૂપ જ છે, કેમકે તે સર્વમાં અન્યોન્યાશ્રયનો દોષ આવે છે. કારણને લઈને કાર્યપણું અને કાર્યને લઈને કારણપણું સિદ્ધ છે. ગુણીને લીધે ગુણપણું અને ગુણને લીધે

ગુણીપણું સિદ્ધ થાય છે; તેમ જ વિશેષણવિશેષ્યપણું, વ્યાપકવ્યાપ્યપણું ઇત્યાદિ સર્વે પરસ્પર સાપેક્ષભાવો છે. આમ એકને છોડી બીજાનું નિરૂપણ થઈ શકતું નથી, માટે બ્રહ્મમાં કારણપણું આદિ ધર્મો અધ્યારોપ પક્ષમાં જ ઠરાવેલા છે, પણ વાસ્તવિક નથી. આવાં અનેક કારણોથી પ્રપંચનું મિથ્યાપણું સિદ્ધ થાય છે, આની સ્પષ્ટતાને માટે શાસ્ત્રકથન કહું છું.

દર્શન એટલે શું ?

જુઓ કે, (૧) દ્રષ્ટા, (૨) દર્શન અને (૩) દૃશ્ય, એ ત્રિપુટી પૈકી દર્શન શબ્દ વચલો છે. દ્રષ્ટા એટલે જોનારો, દૃશ્ય એટલે જોવાની વસ્તુ અગર વિષય અને દર્શન એટલે વસ્તુ કિંવા વિષય જોઈ કે જાણી શકાય તેવું સાધન, એવા અર્થમાં આ ત્રિપુટીમાં શબ્દો યોજાયેલા છે. વ્યવહારમાં પણ સામાન્યતઃ 'દર્શન' શબ્દ આ અર્થમાં જ પ્રચલિત છે. છતાં વ્યવહારમાં બધા લોકો દેવમંદિરોમાં કે મહાત્માઓની પાસે જાય છે ત્યારે 'દર્શન' માટે જવું છે' અથવા તો 'દર્શન કરીને આવ્યા, 'દર્શન થાય છે' વગેરે શબ્દોચ્ચાર કરતા નજરે પડે છે. આ ઉપરથી શું સમજવું ? સર્વ લોકો જૂઠું બોલે છે કે શું ? આવો વિચાર ઉત્પન્ન થયા વિના રહેશે નહિ; કારણ કે, જોવાની વસ્તુ અથવા જાણવાના વિષયને તો દૃશ્ય કહેવામાં આવે છે, એવો વ્યવહારનો જ નિયમ છે. દ્રષ્ટા અને દૃશ્ય એ બંને જોઈ શકાય પરંતુ દર્શન તો અદૃશ્ય વસ્તુ છે. આમ સ્પષ્ટ હોવા છતાં દેવમંદિરોમાં દેવતાઓના તથા મહાત્માઓનાં દર્શન માટે ગયા હતા, એમ બોલવામાં આવે છે. વસ્તુતઃ દેવમંદિરોમાં દેવતાઓની મૂર્તિઓ કે અન્ય દૃશ્યો અથવા તો મહાત્માઓ એ સર્વે તો દૃશ્ય હોય છે તથા દર્શને જનારા પોતે તેના દ્રષ્ટા હોય છે; છતાં તે દૃશ્યને જ 'દર્શન' શબ્દ લગાડવામાં આવે છે, તેનું કારણ શું હશે ? વારુ, આમાં જૂઠું બોલવાનું પણ કાંઈ પ્રયોજન નથી અને શાસ્ત્રકારો આપણને જૂઠું બતાવે એમ પણ સંભવતું નથી. બીજાં વ્યાવહારિક દૃશ્યો જેવાં કે નાટક, સૃષ્ટિસૌંદર્ય ઇત્યાદિને માટે 'દૃશ્યો' જોયાં એવું કહેવામાં આવે છે. તેમને માટે કાંઈ દર્શન શબ્દ લગાડવામાં આવતો નથી, પરંતુ મહાત્માઓ, પૂજ્યો અને વયોવૃદ્ધો ઇત્યાદિકો માટે ખાસ કરીને 'દર્શન' એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે, તો આવા શબ્દપ્રયોગમાં કાંઈ વિશેષ મહત્ત્વ હોવું જોઈએ, તેનો હવે આપણે અહીં સંક્ષેપમાં વિચાર કરીશું.

દૃશ્યને દર્શન કેમ કહેવાય ?

સ્વભાવથી જ મનુષ્યમાત્રની ઇચ્છા શાશ્વત અને અખંડ સુખ માટેની હોય છે અને તેટલા માટે જ તેઓ રાત્રિ દિવસ પ્રયત્ન (પ્રવૃત્તિ) કર્યે જાય છે; પરંતુ સુખનું સાચું સાધન કયું અને ક્યાં છે, તેનું સર્વ મનુષ્યોને જ્ઞાન હોતું નથી; આથી પોતાની પાસે પોતાના અંતઃકરણમાં જ બેઠેલા અને અદ્વૈત એવા એક ચૈતન્યઘન પરમાત્માને તે ઓળખી શકતા નથી અને આમતેમ વ્યર્થ ફાંફાં મારે છે. આ એક ચૈતન્યઘન પરમાત્મા જ હું, તું, તે, આ ઇત્યાદિ રૂપે ભાસતાં દૃશ્ય, વિશ્વાદિ, ત્રિપુટીઓ, ત્રણે અવસ્થાઓ તથા તે સર્વનો સાક્ષી ઇત્યાદિ ઉપર જણાવી ગયા તે પ્રમાણે ચરાચરરૂપે વ્યાપ્ત થયેલો છે, અર્થાત્ આ દૃશ્યાદિમાં એક નિર્વિકાર અને ચૈતન્યઘન પરમાત્મા વિના બીજું કશું (દ્વૈત) સંભવતું જ નથી, નામરૂપોથી વ્યાપેલું આ તમામ દૃશ્ય કેવળ મિથ્યારૂપ જ છે. આ સર્વ નામરૂપો તે ચૈતન્યઘન પરમાત્માના જ વિવર્તો છે. આ પ્રકારની અદ્વૈતભાવની સિદ્ધતાનો ઉદ્દેશ તુરત લક્ષ્યમાં આવે તેટલા માટે જ દેવદર્શન કિંવા મહાત્માઓનાં દર્શન કર્યા એમ કહેવાની પ્રથા કિંવા ક્રમ વ્યવહારમાં બોધને અર્થે યોજવામાં આવ્યો છે અને તેમાં દૃશ્ય શબ્દને બદલે 'દર્શન' શબ્દની અર્થસૂચક યોજના શાસ્ત્રકારોએ કરી છે, એમ વિચારને અંતે જણાશે.

દ્રષ્ટા અને દૃશ્યની એકતા

વ્યવહારમાં પણ જોનારને દ્રષ્ટા તથા જે જોવામાં આવે છે તેને દૃશ્ય કહે છે. આ પ્રમાણે દ્રષ્ટા જેને દૃશ્ય કહે છે તે દૃશ્યની દૃષ્ટિએ વિચાર કરીશું તો જણાશે કે, તે દૃશ્ય પોતાને દ્રષ્ટા કહેશે. તેમ જ જે પોતાને દ્રષ્ટા તરીકે ઓળખતો હતો તેને દૃશ્ય કહેશે. ઉદાહરણ તરીકે ગોવિંદ નામનો કોઈ માણસ ગોપાળ નામના કોઈ મનુષ્યનાં દર્શને ગયો તેમાં દર્શને જનાર ગોવિંદ પોતે દ્રષ્ટા છે અને ગોપાળ એ તેનો દૃશ્ય છે; હવે

ગોપાળ ગોવિંદને પણ એમ જ કહે છે કે, મને પણ તમારાં દર્શનનો લાભ થયો અર્થાત્ તે ગોપાળ કે જેને ગોવિંદ દૃશ્ય સમજતો હતો, તે પોતે પોતાને દ્રષ્ટા સમજશે તથા ગોવિંદને દૃશ્ય સમજશે, એટલે ગોવિંદની દૃષ્ટિએ પોતે દ્રષ્ટા અને ગોપાળ દૃશ્ય તથા ગોપાળની દૃષ્ટિએ પોતે દ્રષ્ટા અને ગોવિંદ દૃશ્ય થાય છે. આ મુજબ જો વ્યવહારમાં પરસ્પર ભાવોનો વિચાર કરવામાં આવે તો એક જ વ્યક્તિ અરસપરસ દ્રષ્ટા અને દૃશ્યરૂપે બને છે અને દર્શન તો અદૃશ્ય નિર્વિકાર અને શુદ્ધ એવા પોતાના સ્વસ્વરૂપમાં જ સ્થિત હોય છે, તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર થતો નથી. આ રીતે વ્યવહારમાં પણ એક જ વ્યક્તિ પરસ્પર સાપેક્ષભાવ વડે દ્રષ્ટા તથા દૃશ્ય રૂપે બને છે, એ વાત સ્પષ્ટ થાય છે. આમ હોવાને લીધે સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરનારા બુદ્ધિમાનોને જણાશે કે, વ્યાવહારિક દૃષ્ટિએ પણ દ્રષ્ટા અને દૃશ્ય ભાવોની સિદ્ધતા, સ્થિરતા કે નિશ્ચિતતા થઈ શકતી નથી; પણ જે દ્રષ્ટા છે તે જ દૃશ્ય બને છે અને જે દૃશ્ય છે તે જ દ્રષ્ટા બને છે. આ રીતે પણ દ્રષ્ટા અને દૃશ્ય ભાવોનું એકત્વ જ સિદ્ધ થાય છે. હવે દર્શનનો વિચાર કરવો રહ્યો. વાસ્તવિક રીતે દૃશ્ય અને દ્રષ્ટા ભાવોનું ઐક્ય સિદ્ધ થયા પછી દર્શનનું જુદું અસ્તિત્વ જ રહેતું નથી. અર્થાત્ તે પણ ઐક્યસ્વરૂપ જ બને છે; આમ હોવા છતાં પણ તે શબ્દમાં ગૂઢ રહસ્ય શું છે, તે જાણવાથી આપણા શાસ્ત્રકારોની રચના કેવી વ્યાપક અને અર્થસૂચક હોય છે તે સમજી શકાશે.

દેવતાને માટે દર્શન શબ્દ કેમ?

'દર્શન' શબ્દનો ઉદ્દેશ તો દ્રષ્ટા અને દૃશ્ય આ બંને ભાવો જ્યાં નથી તે પદનો બોધ કરાવી આપવાનો છે. તે પદ એટલે જ અદૃશ્ય, નિર્વિકલ્પ, નિરાકાર, અવ્યય એવા આત્માનું ચૈતન્યસ્વરૂપ છે, તેને જ આ ત્રિપુટીમાં મધ્યસંધિદર્શક એવા દર્શનના નામથી સંબોધવામાં આવેલું હોઈ આ દૃશ્યાદિ સ્વરૂપે પણ તે જ બનેલું છે એવું સૂચન તેમાંથી મળે છે, એટલે કે તે ચૈતન્યસ્વરૂપ જ સૌથી પ્રથમ કેવળ નિર્વિકલ્પ, નિરાકાર, તત્ (વૃક્ષાંક ૧) સ્વરૂપે હતું (જુઓ વૃક્ષ અ કિરણાંશ ૩૬), બાદ તે જ પ્રથમ દ્રષ્ટાના દ્રષ્ટા રૂપે અર્થાત્ ત્રિપુટીના સાક્ષી (વૃક્ષાંક ૨) રૂપે થયું, ત્યાર પછી તે જ પુનઃ અવ્યક્ત રૂપે નિરાકાર અવસ્થામાં રહી આ માયાવી એવા દૃશ્યના દ્રષ્ટા (વૃક્ષાંક ૩) રૂપે વ્યક્ત થયું અને પાછું અવ્યક્ત એવા દર્શનરૂપ પોતાના સ્વરૂપમાં રહી તે જ પુનઃ દૃશ્ય રૂપે વ્યક્ત સ્વરૂપે (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ) પ્રકટ થાય છે, અને પછી જ્ઞાન વડે દ્રષ્ટા દૃશ્યનો બાધ (વિલય) થતાં તે જ ચૈતન્યતત્ત્વ પુનઃ અવ્યક્ત એવા પોતાના મૂળ તત્ (વૃક્ષાંક ૧) સ્વરૂપમાં જ રહે છે. તાત્પર્ય એ કે, સુવર્ણ જેમ પોતાના મૂળ સ્વરૂપમાં બદલાયા વિના દાગીના રૂપે રહે છે, એટલે સુવર્ણનો અંશ કાઢી લેતાં દાગીનાનું જુદું અસ્તિત્વ રહી શકતું નથી, અર્થાત્ જેનું ખરું નામ સુવર્ણ છે તેને જ વ્યવહારમાં જુદાં જુદાં નામરૂપોથી દાગીના સ્વરૂપે કહેવામાં આવે છે, તેમ આ એક ચૈતન્યતત્ત્વ જ મૂળ અપ્રકટ એટલે અદૃશ્ય વા અવ્યક્ત એવા પોતાના સ્વસ્વરૂપમાં જેવું ને તેવું રહી તે જ 'અહં' 'મારું' ઇત્યાદિ દૃશ્ય વા પ્રકટરૂપે તથા તેના સાક્ષી ઇત્યાદિ રૂપે ભાસે છે; આથી તે પરમતત્ત્વની ઉપર જે અનેક નામરૂપોનો આરોપ કરવામાં આવે છે. તે સર્વ નિરર્થક છે. આ પ્રમાણે દેવતાઓ તથા મહાત્માઓ પોતાના અનિર્વચનીય એવા કેવળ એક ચૈતન્યતત્ત્વમાં જ સ્થિર હોય છે; અજ્ઞાનીઓની પેઠે તેમને 'હું' એટલે શરીર છું એવો ખ્યાલ સ્વપ્નમાં પણ કદી હોતો નથી, આ સર્વ 'મમ' રૂપ દૃશ્યજાળ (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ) તથા તેનો સાક્ષી એવો પ્રતિબિંબરૂપ 'હું' (વૃક્ષાંક ૩) તેમ જ 'હું' નો પણ સાક્ષી વા દ્રષ્ટા જે શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) છે તે સર્વ ચૈતન્યરૂપ પરમાત્મા(વૃક્ષાંક ૧)જ છે, તે સિવાય બીજું કંઈ છે જ નહિ, તે પરમતત્ત્વ એ જ મારું ખરું સ્વરૂપ છે, એવા અદ્વૈતભાવનો તેમને પૂર્ણ નિશ્ચય હોય છે: તેથી જ તેઓ લોકદૃષ્ટિએ પણ જીવન્મુક્ત (જીવતાં છતાં બંધનરહિત) કહેવાય છે. તેઓ પોતાની દૃષ્ટિએ તો કેવળ ચૈતન્યરૂપ જ હોય છે; આથી તેવાઓને માટે 'દર્શન' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો છે, એટલે કે દર્શને જનારને તેમના મૂળ સ્વરૂપનો બોધ થઈ શકે એવા ઉદ્દેશથી દ્રષ્ટા તેઓ પ્રત્યે દૃશ્યભાવ છોડી દઈ તેમને દર્શન એટલે મૂળ અવ્યક્ત એવા ચૈતન્યસ્વરૂપે જ જુઓ. સારાંશ એ કે, જેનું દર્શન કરવામાં આવે છે તે દૃશ્યરૂપ નથી પણ

દર્શન એટલે અનિર્વચનીય એવા એક ચૈતન્યસ્વરૂપ છે, એમ સમજે. આ પ્રમાણે દરેક વસ્તુભાવમાં હંમેશાં અભ્યાસ થવાથી સાધકની અદ્વૈતભાવના સહેજે સિદ્ધ થાય છે.

દર્શનભાવ કરનારને થતી પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ

હવે જો 'દૃશ્ય' મટીને તે 'દર્શન' રૂપ અને તો દ્રષ્ટાભાવનો વિલય પણ અનાયાસે જ થઈ જાય છે એ પણ સ્પષ્ટ છે. કારણ 'દૃશ્ય' વિના 'દ્રષ્ટા' નું સ્વતંત્ર અસ્તિત્વ કદી પણ શક્ય જ નથી; જો દૃશ્ય જ ન હોય તો પછી દ્રષ્ટા કોનો? અર્થાત્ એકની અપેક્ષાએ બંને હોય છે અને એક ન હોય તો બંને હોતા નથી, આથી દૃશ્ય જે ચૈતન્યરૂપ છે તો પછી દ્રષ્ટા પણ ચૈતન્યરૂપ જ અને તથા દર્શન પોતે તો કેવળ ચૈતન્યરૂપ એવા પરમતત્ત્વમાં જ સ્થિત છે. એટલે આ પ્રમાણે સર્વ ત્રિપુટીઓનો તેના સાક્ષીભાવ સાથે વિલય થઈને અદ્વૈતપદની પ્રાપ્તિ થવી, એ જ ખરેખર દર્શનનો ઉદ્દેશ છે, એમ આ ઉપરથી સિદ્ધ થાય છે. આ પ્રમાણે સર્વત્ર દર્શનભાવ કરનારને પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય થાય છે; આથી જ ઉપર બતાવેલી દર્શનાદિ ત્રિપુટીઓ તથા પ્રકાશ, ભોજન, વાચન *જ્ઞાનાદિ ત્રિપુટીઓમાં પણ સંધિભાવ ઉપર જ વિશેષ ભાર મૂકવામાં આવેલો હોઈ તેની જ વિશેષ મહત્તા છે એમ જણાઈ આવશે, અર્થાત્ આ સંધિભાવ એ જ વાસ્તવિક અવ્યક્ત અને ચૈતન્યરૂપ એવા આત્માનું પરમ સ્થાનક છે. આ પ્રમાણે ઘણી જ ગૂઢ અને રહસ્યપૂર્ણ દૃષ્ટિએ આ શબ્દની યોજના શાસ્ત્રકારોએ વ્યવહારને માટે કરાવી છે. આ રીતે જો વ્યવહારમાં દરેક દૃશ્યને માટે અભ્યાસ કરવામાં આવે તો મનુષ્ય થોડા સમયમાં જ કૃતાર્થ બનીને પરમાત્મપ્રાપ્તિ સહેજમાં કરી શકે છે. દરેક ત્રિપુટીમાં આવેલા 'સંધિ' શબ્દનું મહત્ત્વ આ પ્રમાણેનું જ છે.

બ્રહ્મ અને જીવમાં ભેદ નથી

જો કે આ વિકારરૂપ પ્રપંચ સાવ મિથ્યા હોવા છતાં જાણે ખરેખર પ્રકાશતો હોય એમ ભાસે છે, પરંતુ આત્મપ્રકાશના અધિષ્ઠાન વિના તેનું અણુમાત્ર નિરૂપણ થઈ શકે તેમ નથી અને જો નિરૂપણ કરવામાં આવે તો તે પ્રપંચ સ્વયંપ્રકાશરૂપ થઈને આત્માથી પોતાની ભિન્ન સત્તા સહેજે પણ ધરાવી શકતો નથી. સત્ય પદાર્થોમાં અનેકપણું હોઈ શકે જ નહિ અને પ્રપંચમાં તો અનેકપણું છે, તેથી તે સાવ મિથ્યા છે. જીવ અને બ્રહ્મ એવા જે આ ભેદો વ્યવહારમાં જોવામાં આવે છે તે તો ઘટાકાશ અને મહાકાશની જેવા છે કિંવા આકાશમાં રહેલા સૂર્ય તથા જળમાંના તેના પ્રતિબિંબમાં અથવા બહારના વાયુ અને અંદરના પ્રાણવાયુમાં જેવો ભેદ હોય એમ દેખાય છે તે પ્રમાણેના છે. આ ભેદો એટલે જેમ ઘટાકાશ પરિચ્છિન્ન અને મહાકાશ અપરિચ્છિન્ન છે, એમ કહેવાય છે, છતાં પણ તે બંને વચ્ચે પરસ્પર બિલકુલ ભેદ નથી, તેમ પરિચ્છિન્ન એવા જીવ અને અપરિચ્છિન્ન એવા બ્રહ્મની વચ્ચે ભેદ ભાસતો હોવા છતાં પણ વાસ્તવિક તેવો ભેદ બિલકુલ નથી. આકાશમાં રહેલા વિકારરહિત સૂર્યમાં અને જલમાં રહેલા પ્રતિબિંબિત સૂર્યમાં કંપાદિ વિકારો ભાસે છે, છતાં પણ એ બંને વચ્ચે વાસ્તવમાં ભેદ નથી, તેમ જીવ વિકારયુક્ત અને બ્રહ્મ નિર્વિકાર હોવા છતાં પણ બંને વચ્ચે વાસ્તવિક રીતે ભેદ નથી. મિથ્યા ઉપાધિથી પ્રતીત થનારો ભેદ સ્વરૂપની એકતાને કદી પણ બાધ કરી શકતો નથી, માટે એ ભેદથી સ્વરૂપમાં ભેદ થયો એમ જે માને છે તેને અવિદ્વાન સમજવો.

મોક્ષ એ જ આત્યંતિક પ્રલય છે

લોકો વ્યવહારમાં જેમ એક સોનાને અનેક નામરૂપાદિ ભેદો વડે કડાંકુંડલાદિ દાગીનાઓરૂપે ભિન્ન ભિન્ન અનેક આકારનું કહે છે તેમ આ અહંકારરૂપ ઉપાધિવાળા લોકો વ્યવહારમાં નામરૂપના ભેદને લીધે એક જ ભગવાનને લોક અને વેદની ભાષાઓથી આકાશાદિ ભિન્ન ભિન્ન નામો આપે છે. જેમ મેઘ સૂર્યથકી જ ઉત્પન્ન થયેલો અને સૂર્યે જ પ્રકાશિત કરેલો છે, છતાં પણ તે સૂર્યના અંશરૂપ ચક્ષુને સૂર્યનું દર્શન થવામાં પ્રતિબંધ કરે છે, તેમ આ અહંકાર બ્રહ્મથી ઉત્પન્ન થયેલો અને બ્રહ્મ વડે જ પ્રકાશિત થયેલો હોવા છતાં

*પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય; ભોક્તા, ભોજન અને ભોજ્ય. વાચક, વાચન અને વાચ્ય, આ બધી ત્રિપુટીઓમાં પણ મધ્ય સંધિના જ શબ્દોનું મહત્ત્વ જણાઈ આવશે.

પણ બ્રહ્મના અંશરૂપ જીવને બ્રહ્મનું જ્ઞાન થવામાં પ્રતિબંધ કરે છે. જેમ સૂર્યથી ઉત્પન્ન થયેલો મેઘ જ્યારે વિખરાઈ જાય છે ત્યારે ચક્ષુ પોતાના સ્વરૂપભૂત સૂર્યને ઓળખે છે; તે પ્રમાણે વિવેકરૂપ શક્તિવડે પોતાના અહંકારથી માયામય બંધનને કાપીને જ્યારે જીવ પરિપૂર્ણ આત્માનો અપરોક્ષ અનુભવ કરે છે ત્યારે જ તે આત્યંતિક પ્રલય એટલે મોક્ષને પામે છે અર્થાત મોક્ષ એ જ આત્યંતિક પ્રલય છે, એમ સમજવું.

નિત્ય પ્રલય

હવે નિત્ય પ્રલય કહું છું: હે રાજા! કેટલાએક સૂક્ષ્મ જાણનારા વિદ્વાનો (વૈજ્ઞાનિકો) કહે છે કે, પરમાણુ આદિકથી માંડીને આ સર્વ પદાર્થોની ઉત્પત્તિ અને પ્રલય ક્ષણે ક્ષણે થયા જ કરે છે. કેટલાકો આને દૃષ્ટિસૃષ્ટિ પણ કહે છે. આ બંને ક્રિયાઓની વચ્ચે સંધિની જે શુદ્ધ અવસ્થા હોય છે એ જ નિર્વિકલ્પ, નિરામય, અસંગ એવો આત્મા છે. તે સ્વતઃસિદ્ધ મહત્સ્વાતંત્ર્યવાન અને સ્વસામર્થ્યવાળો હોવાથી તેને જેવો જેવો સંકલ્પ રહ્યા કરે છે તેવો તેવો પ્રતીત થાય છે તથા સંકલ્પરહિત અવસ્થામાં પુનઃ તે પોતે પોતાના અસલ સ્વરૂપમાં જ સ્થિત થાય છે; આવી રીતે નિત્યપ્રતિ થયા જ કરે છે. તેનું નિર્વિકલ્પમાંથી વિવર્તરૂપે ક્ષણવારનાં કાળ, દેશ અને ક્રિયાદિરૂપે સવિકલ્પ બનવું તથા સવિકલ્પમાંથી પુનઃ સ્વસ્વરૂપમાં એટલે કાળ, દેશ અને ક્રિયાદિ રહિત એવી નિર્વિકલ્પ અવસ્થામાં સ્થિત થવું એમ દરેક ક્ષણે ક્ષણે હંમેશ થયા જ કરે છે. આ નિઃસંગ અવસ્થા જ વિવર્તરૂપે પ્રથમ સાક્ષી કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨)રૂપ બની તેના ક્ષણિકરૂપ કાળ કિંવા સંકલ્પવશાત્ ચરાચર સવિકલ્પ(વૃક્ષાંક ૩ થી ૧૫ સુ) સ્વરૂપે નિત્યપ્રતિ દૃશ્યમાન થતી રહે છે. આમ તેનું નિર્વિકલ્પમાંથી પ્રથમ "હું" એવા રૂપે દૃશ્યમાન થવું એ જ યુગ કિંવા સંકલ્પાવસ્થા (વૃક્ષાંક ૩) કહેવાય. આ સંબંધમાં વિદ્વાનોનો નિશ્ચય એવો છે કે, જ્યારે ઈશ્વર(વૃક્ષાંક ૨)નો "હું" રૂપ(વૃક્ષાંક ૩) એવો સંકલ્પ થાય છે, તેટલા સમયમાં આ બધું જોવામાં આવતું તમામ દૃશ્ય એટલે વિરાટ પુરુષના સ્થૂલ દેહરૂપ બ્રહ્માદિકથી માંડીને ચૌદ લોકના વિસ્તારવાળું આ આખું બ્રહ્માંડ તેમ જ વિરાટ પુરુષના સૂક્ષ્મ અને કારણ દેહરૂપ (વૃક્ષાંક ૩ થી ૧૫ સુ સુધીનું) તમામ દૃશ્યમંડળ ખડું થઈ જાય છે અને જ્યારે આ "હું" (વૃક્ષાંક ૩)રૂપ સ્ફૂર્તિનો તેના સાક્ષી(વૃક્ષાંક ૨) ભાવસહ વિલય થઈ જાય છે ત્યારે પુનઃ "હું" ભાવસહિત તમામ દૃશ્યનો વિલય થઈ તે આત્મા(વૃક્ષાંક ૧)માં સ્થિત થઈ જાય છે; વળી પાછો સંકલ્પ સ્ફુરતાં જ સર્વ દૃશ્યમંડળ (વૃક્ષાંક ૩ થી "હું" થી ૧૫ સુ સુધી) ઉત્પન્ન થઈ જાય છે. આ રીતે ક્ષણુક્ષણમાં પ્રલય તથા ઉત્પત્તિ થયા જ કરે છે; આથી આને નિત્યપ્રલય કહેવામાં આવે છે. નદીનો પ્રવાહ અને દીવાની જ્યોત આદિ પરિણામ પામનારા પદાર્થોની જેમ તેમાં ક્ષણે ક્ષણે ફેરફારો થવા આદિ જે અવસ્થાઓ છે, તેવી જ અવસ્થાઓ કાળરૂપી પ્રવાહના વેગમાં તણાતા જતા આ દેહાદિક દૃશ્યમંડળની પણ જોવામાં આવી છે; તે અવસ્થા ઉપરથી જ આ ક્ષણિક ઉત્પત્તિ કિંવા નાશનું અનુમાન થઈ શકે છે. આનો ઉદ્દેશ એ કે, જેમ નદીનો પ્રવાહ નિત્ય અને અખંડ વહેતો રહે છે ખરો, પરંતુ એક વખતે જે પ્રવાહ વહી ગયો તેનો તે પ્રવાહ જ ફરી પાછો કદી પણ આવતો નથી, પરંતુ તે નિત્યપ્રતિ બદલાયા જ કરે છે; તેમ આ સર્વ દૃશ્ય સંકલ્પનો ક્ષણમાત્રને માટે વિલય થઈ તે પુનઃ સ્વરૂપમાં લીન થઈ જાય છે; બાદ જ્યારે ફરીથી સંકલ્પ થાય છે ત્યારે સ્થૂળ દૃષ્ટિથી પુનઃ દૃશ્ય જેવું ને તેવું જ ભાસે છે એ વાત ખરી પરંતુ તે તો વાસ્તવિક નદીના પ્રવાહની જેવું છે. નદીના પાણીનો પ્રવાહ જોવામાં તો અખંડ અને જેમનો તેમ દેખાય છે ખરો, પરંતુ તે પ્રવાહનું પાણી કંઈ એકનું એક હોતું નથી પણ નિત્ય બદલાયા જ કરે છે; તેમ દરેક સંકલ્પની વખતે જગત જાણે જાણે નવું નવું ખડું થઈ જાય છે; આમ તે નિત્ય બદલાયા જ કરે છે. આ નિયમ અનુસાર 'સંભવામિ યુગે યુગે' એટલે દરેક બે ક્રિયાઓની વચ્ચેની મધ્ય એટલે સંધિના સમયમાં અનિર્વચનીય એવો હું, 'હું' 'હું' એવી સ્ફૂર્તિરૂપે સંભવું છું અર્થાત 'હું' 'હું' એવા ભાવ વડે પ્રકટ થાઉં છું, એમ સમજવવામાં આવેલું છે (પૃ૪ ૨૪૨ જુઓ), તે કેટલું યથાર્થ છે તેની કલ્પના આ ઉપરથી આવી શકશે. આદિઅંતથી રહિત અને ઈશ્વરની ક્ષણિકશક્તિ કિંવા ઈશ્વરની વિભૂતિરૂપ એવા કાળને લીધે આકાશમાં ચાલતા સૂર્યચંદ્રાદિક તેજોની

ક્ષણક્ષણની બનારી ગતિઓ જેમ જોવામાં આવતી નથી તેમ કાળથી બદલાતી જતી દેહાદિકની ક્ષણક્ષણની અવસ્થાઓ પણ જોવામાં આવતી નથી. જેમ સૂર્યચંદ્રાદિકને એક પ્રદેશમાંથી બીજા પ્રદેશની પ્રાપ્તિ થવા ઉપરથી જ તેઓની ક્ષણે ક્ષણે થતી ગતિની સ્થિતિઓ કલ્પવામાં આવે છે, તેમ દેહાદિકની પણ બાલ્ય, તરુણ, વૃદ્ધ ઇત્યાદિ દેખાવોપરથી ક્ષણે ક્ષણે બદલાતી અવસ્થાઓની કલ્પના કરવામાં આવે છે. આ પ્રમાણે (૧) નૈમિત્તિક, (૨) પ્રાકૃતિક, (૩) આત્યંતિક અને (૪) નિત્ય, એમ ચાર પ્રકારના પ્રલયો તમોને કહ્યા (ભા૦ સ્કં૦ ૧૨, અ૦ ૪ જુઓ). આ વિવેચન ઉપરથી નિયતિ એટલે ઈશ્વરીશક્તિ, માયા કિંવા પ્રકૃતિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયોના નિયમો કેવી રીતે નિશ્ચિત કરેલા છે, તે સંબંધમાં જિજ્ઞાસુઓને કલ્પના આવશે.

નિયતિ નિશ્ચિત હશે તો મોક્ષની સિદ્ધિ શી રીતે થશે ?

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી એક શંકા ઉપસ્થિત થવા સંભવ છે કે, દરેક યુગમાં આ પ્રમાણે અવતારો થતા રહી તેઓ જે પોતપોતાનું નિયત કાર્ય કર્યા જ કરે એવો નિયતિનો ક્રમ નિશ્ચિત હોય તો પછી તેઓનો મોક્ષ થવો કદી સંભવતો જ નથી અને તે બધા અવતારો જીવન્મુક્ત હતા, એમ શાસ્ત્રકારો કહે છે તે કેમ સિદ્ધ થાય? એના ઉત્તરમાં પ્રથમ (અ૦ ૨ શ્લો૦ ૧૨ અને અ૦ ૪ શ્લો૦ ૫ માં) વિવેચન આપેલું છે, છતાં અત્રે સંક્ષેપમાં એટલું જ જણાવવાનું છે કે, જેમ માટીનાં રમકડાં બનાવનાર કોઈ વેપારી બીજાં વડે માટીનાં અનેક રમકડાંઓ બનાવે છે, બીજામાં માટી નાંખતાં તેમાં જ એક જ આકારનાં બધે તેટલાં રમકડાંઓ ઉત્પન્ન થઈ શકે છે, વળી લોકો લઈ જઈ તેને સમુદ્ર કિંવા પાણીમાં નાખે છે અને વેપારી તરફથી પુનઃ બીજાં તેવા જ આકારનાં રમકડાંઓ બનાવવામાં આવે છે, આ રીતે આકારમાં એકસરખાપણું હોવાથી જે રમકડાંઓનો સમુદ્ર કિંવા નદીમાં વિલય થયો હોય તેનાં તે જ પાછાં થયાં એમ કાંઈ કહી શકાતું નથી તે પ્રમાણે દરેક યુગ, મનુ કિંવા કલ્પમાં થતા અવતારાદિનો તો સ્વસ્વરૂપમાં વિલય થઈ જાય છે, તેથી તેના તે જ અવતારાદિ પાછા આવતા નથી; ફક્ત તેના પ્રકારનું કાર્ય કરનારાઓના ગુણ અને કર્મની સામ્યતા ઉપર તે જ આ હોય એમ દેખાય છે. પરંતુ વાસ્તવિક તેવું હોતું નથી. જેમ રાજતંત્રમાં એક પ્રધાન નિવૃત્ત થઈ તેની જગ્યાએ બીજો આવે તે પણ પ્રથમનાની જેમ જ કામ કરે છે; આથી કાંઈ તે પ્રથમનો જ છે એમ કહી શકાય નહિ; પ્રધાન એ તો એક હોદ્દો છે, તે પ્રમાણે આ અવતારાદિ તો નિયતિના હોદ્દેદારો છે, એમ સમજવું; આથી જેનો મોક્ષ થયો હોય તેના તે જ બીજા યુગમાં પાછા આવે છે એમ સમજવું નિરાધાર હોઈ નિરર્થક છે અર્થાત્ નિયતિનો ક્રમ નિશ્ચિત હોવા છતાં પણ મોક્ષની સિદ્ધિ થવામાં કિંચિન્માત્ર પણ પ્રત્યવાય આવતો નથી, એટલે શ્રીકૃષ્ણ ભગવાને દરેક યુગમાં હું સંભવું છું અર્થાત્ ભાસમાન થાઉં છું એમ જે કહ્યું છે, તેનો સ્પષ્ટ ભાવાર્થ ઉપર્યુક્ત વિવેચનથી સિદ્ધ થાય છે.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।

त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥९॥

મારાં જન્મ તથા કર્મ દિવ્ય કેમ ?

શ્રીભગવાન કહે છે : હે અર્જુન! આ પ્રમાણે મારાં એટલે તત્ (વૃક્ષાંક ૧) સ્વરૂપ એવા આત્માનાં દિવ્ય જન્મ તથા દિવ્ય કર્મને જે યથાર્થ રીતે જાણે છે, તે દેહ છોડ્યા પછી પણ પુનઃ જન્મમરણને પામતો નથી, પરંતુ અનિર્વચનીય એવા હું(વૃક્ષાંક ૧)રૂપ મને જ પામે છે. તાત્પર્ય એ કે, "હું" તો તત્ કિંવા આત્મસ્વરૂપ એવો (વૃક્ષાંક ૧) હોઈ અજન્મા, નિષ્ક્રિય, નિર્વિકાર અને નિઃસંગ છું, છતાં જાણે જન્મ્યો છું કિંવા કર્મ કરું છું એવો જે દૃશ્યાભાસ થાય છે તે પણ વાસ્તવિક તો અનિર્વચનીય એવા આત્મ કિંવા ચૈતન્યરૂપ જ છે. દિવ્ય ('દિવ્' ધાતુ) એટલે પ્રકાશ ચૈતન્યરૂપ. સારાંશ એ કે, "હું" એટલે આ જડ એવા દેહાદિક રૂપ નહિ પણ આત્મા અથવા ચૈતન્યરૂપ હોવાથી મારાં જન્મો તથા સર્વ કર્મો પણ 'દિવ્ય'

એટલે ચૈતન્યરૂપ જ છે. તે આત્મસ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી, એમ જે જાણે છે તે દેહત્યાગ પછી પણ મારા તે દિવ્ય સ્વરૂપને જ પ્રાપ્ત થાય છે. આ કથનનો આશય એવો છે કે, જે મને એટલે "હું" ને દેહધારી નહિ. પરંતુ આત્મા કિંવા ચૈતન્યસ્વરૂપ છે એમ સમજે છે, અને જો હું ચૈતન્યસ્વરૂપ છું તો પછી મારા જન્મો કિંવા કર્મો પણ ચૈતન્યરૂપ જ હોઈ શકે; એ પ્રમાણે મારા જન્મો તથા કર્મોનું ખરું રહસ્ય તત્ત્વતઃ જાણે છે એટલે "હું" દેહાદિ નહિ પરન્તુ તત્સ્વરૂપ એવો આત્મા છું. એવા પ્રકારે જે મને મારા જન્મો અને તમામ કર્મોસહિત તદ્રૂપ હોવાનું જાણે છે તે પણ દેહ છોડ્યા પછી પુનઃ જન્મમરણાદિ દુઃખ પરંપરામાં આવતો નથી; પરંતુ તેનો પણ મારા સ્વરૂપમાં જ વિલય થાય છે, કેમકે મારાં આ જન્મો કિંવા કર્મો દેખવામાં ભલે આવતાં હોય, પરંતુ વાસ્તવમાં તો તે સર્વે નિઃસંગ એવા તત્ વા આત્મસ્વરૂપ જ છે; એટલે કે તત્ત્વતઃ હું અજન્મા છતાં જન્મ પામેલો તથા નિષ્ક્રિય હોવા છતાં પણ ક્રિયાવાળો હોઉં એમ ભાસું છું. એ રીતના ગૂઢ રહસ્યને જે તત્ત્વદૃષ્ટિથી અર્થાત્ આ સર્વ તત્ કિંવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છે એમ પરોક્ષ રીતે યા અપરોક્ષ અનુભવસહિત જાણે છે, તે પણ અંતે તત્રૂપ બની વિદેહમુક્તિને જ પામે છે.

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।

बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥१०॥

મારામાં નિષ્ઠા રાખનારા અંતે મારામાં

આ પ્રમાણે મારા સાચા તત્ કિંવા આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયેલા રાગ એટલે આસક્તિ, ભય તથા ક્રોધ જેનાં નષ્ટ થયેલાં છે એવા મારા એટલે આત્મામાં જ નિષ્ઠાવાળા, મારા એટલે આત્માનો જ આશ્રય કરી રહેલા અને આ પ્રકારનાં જ્ઞાનરૂપ તપ અર્થાત્ "હું" એટલે આ શરીરધારી કૃષ્ણ નહિ, પરંતુ "હું" એટલે તત્ કિંવા આત્મસ્વરૂપ છું, એવા પ્રકારના જ્ઞાન વડે નિત્યપ્રતિ આત્મામાં જ બુદ્ધિ રાખનારા ઘણા પવિત્ર પુરુષો અંતે જન્મમરણમાંથી છૂટીને તત્ કિંવા આત્મા(વૃક્ષાંક ૧) એવો જે "હું" તેવા મારા સ્વસ્વરૂપમાં જ આવીને મળેલા છે. ઉદ્દેશ એ કે, જેઓ અંતઃકરણમાં વૃત્તિ ઉત્પન્ન થતાં જ આ કૃષ્ણ એટલે શરીરધારી નહિ અથવા હું એટલે દેહધારી નહિ પરંતુ આત્મસ્વરૂપ, નિઃસંગ, નિર્વિકાર, અજન્મા, નિષ્ક્રિય, અનિર્વચનીય, શાંત, કૂટસ્થ અને અચળ એવા ભગવાનરૂપ છે, એ પ્રમાણેના નિશ્ચય વડે આત્માકાર બનેલા હોઈ અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતા નથી તેવાઓ રાગ, ભય અને ક્રોધથી રહિત બની અંતે મારા પરમશ્રેષ્ઠ એવા આત્મસ્વરૂપમાં જ સ્થિતિને પામે છે; એવાઓને અંતે દુઃખમય જન્મમરણની પરંપરામાં પડવાનો પ્રસંગ કદાપિ આવતો નથી.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥११॥

જે મને જે રીતે ભજે છે તે રીતે હું તેને પ્રતીત થાઉં છું

હે પાર્થ ! વાસ્તવિક રીતે તો આ સર્વ ચરાચર દૃશ્યાદિમાં અનિર્વચનીય એવા એક આત્મા(વૃક્ષાંક ૧) સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ; એટલે હું, તું, તે, આ, તારું, મારું ઇત્યાદિ આરોપો જેના ઉપર કરવામાં આવે છે તે વસ્તુતઃ તો આત્મા જ છે; છતાં જે મને જેવા પ્રકારની ભાવના વડે ભજે છે તેને હું તેવા પ્રકારની ભાવના વડે જ ભજ્યું છું એટલે અનુભવમાં આવું છું. અર્થાત્ આ જગતમાં ગમે તેવી ભાવના રાખવામાં આવે છતાં જાણે કિંવા અજાણપણે વસ્તુતઃ તો તે કેવળ એક તત્ કિંવા આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) એવો જે "હું" તેના માર્ગને જ અનુસરે છે, એમ સમજવું. એટલે જેમ આંબાનું ફળ હોય તેને જાણવાવાળો તો તે આંબાનું ફળ કેરી છે એમ કહેશે, પરંતુ અજ્ઞાનીઓ પૈકી તેને જ કોઈ લીંબુ, કોઈ મોસંબી,

કોઈ સંતરું, કોઈ દાડમ, તો કોઈ જામફળ વગેરે અનેકવિધ નામોથી સંબોધે તો તેમ કહેવા થયા તે કોઈ લીંબુ, મોસંબી, સંતરું, દાડમ કિંવા જામફળ ઇત્યાદિ થઈ જતું નથી; પરંતુ કેરી જ રહે છે. આ લીંબુ, સંતરું ઇત્યાદિ સર્વ અજ્ઞાત કિંવા જ્ઞાત નામો તો પર્યાયે કેરીનાં જ ગણાય છે, તેમ આત્માને જાણનારા જ્ઞાનીઓ તો આ સર્વ આત્મસ્વરૂપ જ છે એમ નિઃશંકપણે અનુભવે છે, પરંતુ જેઓ તેને આત્મસ્વરૂપે જાણતા નથી તેવા અજ્ઞાનીઓ પણ આ આત્માને જ કુંઈ છે, તે છે, આ છે, જગત છે, આ અમુક છે, આ દેવતા છે ઇત્યાદિ અનેક નામરૂપોથી પ્રતીત થનારા ચૌદ લોકવાળા બ્રહ્માંડાદિ અથવા તેનાં કારણ મહત્તત્ત્વાદિ ભિન્ન ભિન્ન રૂપે દેખે છે, પરંતુ આંબાના ફળ ઉપર ગમે તેટલાં નામનો આરોપ કરવામાં આવે છતાં અંતે તો તે જેમ આંબાનું જ ફળ હતું, છે અને રહેશે તેમ ગમે તેટલાં નામરૂપોના આરોપ વડે જ્ઞાત કિંવા અજ્ઞાત આ જે જે કાંઈ પ્રતીત થાય છે તે પણ પર્યાયે તો મારી એટલે એક આત્માની જ ઉપાસના થાય છે. એમ સમજો. આથી શ્રીકૃષ્ણ ભગવાને અત્રે સ્પષ્ટ કહ્યું છે કે, સર્વ મનુષ્યો ખરી રીતે તો મને એટલે તત્સ્વરૂપ એવા હું (વૃક્ષાંક ૧)ને જ અનુસરે છે. વ્યવહારમાં પણ જુઓ કે, પ્રથમ નિષ્ક્રિય અરાયર વ્યાપ્ત એવું આ આકાશ કે, જે પાંચ મહાભૂતોમાં સર્વત્ર વ્યાપીને રહ્યું છે તે જ આ સર્વનો આધાર છે. તેમાંથી વાયુ, વાયુથી તેજ, તેજથી જળ અને જળથી પૃથ્વી એમ ઉત્તરોત્તર મિશ્રણો થઈ છતર ચાર ભૂતો થયેલાં છે; આથી તેને વાયુ તેજ જળ અને પૃથ્વી ગમે તે કહો તોપણ તે સર્વ વાસ્તવિક એક આકારનાં જ પર્યાયો એટલે જુદાં જુદાં નામો, સંજ્ઞાઓ, દૃશ્યો, વિકારો કે વિવર્તો ઇત્યાદિ જે કહો તે છે, અથવા વડના બીજમાંથી ઉત્પન્ન થયેલ અંકુર, થડ, શાખા, પત્ર ઇત્યાદિ સર્વે વાસ્તવિક રીતે વડ એ જ એક સંજ્ઞાના પર્યાયો છે, અથવા દાગીના એ સુવર્ણના અને તરંગાદિ પાણીના પર્યાયો યા વિવર્તો છે, તેમ આત્માને જ કોઈ દેવ, દાનવ, અસુર, સિદ્ધ, ગંધર્વ ઇત્યાદિ ભિન્ન ભિન્ન પ્રકારનાં દેવતાઓનાં નામો વડે ઉપાસે કિંવા કોઈ તેને જગતાદિ દૃશ્યનાં નામથી કહે અથવા હું, તું, તે, આ વગેરે બીજા ગમે તેટલાં નામરૂપોની સંજ્ઞા વડે કહેવામાં આવે, છતાં વાસ્તવમાં તો તે સર્વ જાણુ અથવા અજાણુપણે બધી રીતે "હું" કે જે આત્મા કિંવા તત્સ્વરૂપ (વૃક્ષાંક ૧) છું. તેવા મારા માર્ગને જ અનુસરે છે, એમ નિશ્ચયપૂર્વક સમજવું; આથી જ વ્યવહારમાં કમળાવાળાને સર્વ પીળું દેખાય છે, પણ વાસ્તવમાં ત્યાં પીળું હોતું નથી કિંવા કોઈ પદાર્થ લાલ કાચ વડે જોતાં લાલ, કાળા વડે કાળો, લીલા વડે લીલો એમ જેવો કાચ હોય તેવો દેખાય છે, પરંતુ વાસ્તવિક તો તે એક જ પદાર્થ હોઈ તેમાં લાલ, લીલું, કાળું અથવા પીળું બિલકુલ હોતું જ નથી; તેમ નિઃસંગ, અવ્યય, કૂટસ્થ, અચલ, નિર્મળ, શુદ્ધ, શાંત અને જ્ઞાનસ્વરૂપ એવા આ અનિર્વચનીય આત્મામાં વાસ્તવિક રીતે નામ, રૂપ કિંવા દૃશ્યાદિનો કિંચિન્માત્ર પણ અંશ નથી, છતાં જે જેવો ભાવ કરે તેવો તે થયો હોય એમ અનુભવે છે. વિષયદૃષ્ટિવાળાઓને વિષયરૂપે, દેવદૃષ્ટિવાળાને દેવરૂપે, શત્રુને શત્રુરૂપે, મિત્રને મિત્રરૂપે ઇત્યાદિ ભિન્નભિન્ન દૃષ્ટિવાળાઓને પોતપોતાની દૃષ્ટિ અનુસાર જુદે જુદે રૂપે અનુભવમાં આવતું આ બધું દૃશ્યજાળ વસ્તુતઃ વિકારોથી તદ્દન રહિત, અદ્વિતીય, અવ્યય અને અનિર્વચનીય એવું એક આત્મતત્ત્વ જ છે

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ।

क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥

દેવતાની ઉપાસનાથી પણ અંતે આત્માની જ ઉપાસના થાય છે

આ મનુષ્યલોકમાં કર્મનાં ફળો તુરત મળતાં હોવાથી કર્મફળની ઇચ્છાવાળાઓ દેવતાઓને પૂજે છે, એટલે પ્રથમ (અધ્યાય ૩, શ્લોક ૧૦, ૧૧માં) બતાવવામાં આવેલું છે કે, સૃષ્ટિના આરંભકાળમાં બ્રહ્મદેવે દેવતાઓ તથા મનુષ્યોને સૃજ્યાં અને તેઓને કહ્યું કે, હે મનુષ્યો ! તમો આ યજ્ઞકર્મ દ્વારા દેવતાઓને સંતુષ્ટ કરો અને તેઓ તમોને તમારી ઇચ્છા પ્રમાણે ફળ આપશે; આથી જેઓને આત્મપ્રાપ્તિની નહિ પરંતુ વ્યાવહારિક કર્મફળની જ ઇચ્છા હોય છે એવાઓ પોતપોતાની ભાવનાનુસાર તે તે દેવતાઓનું જ યજન કરે છે; કારણ કે

આ મનુષ્ય લોકમાં કર્મના ફળનો સિદ્ધિ તાત્કાલિક થાય છે. જુઓ કે, વ્યવહારમાં પણ મનુષ્યો મહેનત મજુરીરૂપ કર્મ કરે એટલે તેનું ફળ અર્થાત્ મોંમહલો તે તુરતાતુરત સાંજે મજૂરી રૂપે મેળવે છે; નોકરી કરનારને મહિનો પૂરો થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. અમુક કામ પૂરું થવાથી અમુક મળશે એવી શરતથી કામ કરનારાઓને તેની શરત પૂરી થાય ત્યારે ફળ મળે છે અથવા દલાલીનું કામ કરનારને તે પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થયેલી અનુભવવામાં આવે છે. પરંતુ આ વ્યવહારસિદ્ધિઓ તો પૂર્વ જન્મના કૃત્યો (પ્રારબ્ધ) ઉપર આધાર રાખે છે. જેમણે પૂર્વ જન્મમાં જેવા જેવા પ્રકારે દેવતાઓની ઉપાસના કરી હોય તેઓને તેવા તેવા પ્રકારે દેશ, કાળ અને ક્રિયારૂપે ફળનો અનુભવ આવે છે. તાત્પર્ય કે, આ મનુષ્યલોકમાં કર્મફળનો અનુભવ તત્કાળ આવે છે, આથી લોકો કર્મફળની ઇચ્છા મનમાં રાખી વિવિધ પ્રકારે દેવતાઓનું યજન કરે છે અને કર્મની પરિપક્વતાનુસાર તે તે કર્મનું ફળ યથા સમયે પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ કે, આ પ્રકારે ફલાદિરૂપે તેઓને જે જે કાંઈ અનુભવમાં આવે છે તે પણ વાસ્તવિક જેમની તેમની ભાવનાનુસાર હું કે જે તત્ કિંવા આત્મા (વૃક્ષાંક ૧) છું, તેની પર્યાયે થનારી ઉપાસના વડે જ છે. અર્થાત્ દેવતાઓને ઉદ્દેશીને થનારી વિવિધ પ્રકારની ઉપાસનાઓ પણ વાસ્તવિક તો અવ્યય અને અદ્વિતીય એવા એક આત્માની જ થાય છે. આમ આત્મસ્વરૂપ એવો "હું" જ કર્મ, ઉપાસના, તેનું ફળ, ઉપાસ્ય દેવતા તથા ભાવના અને ઉપાસક ઇત્યાદિ અનેક પ્રકારે પ્રતીત થતો હોઉં એવો વ્યવહારમાં અનુભવ આવે છે. પરંતુ જ્ઞાનદૃષ્ટિએ તો તેમાં અદ્વિતીય એવા એક આત્મા સિવાય બીજું કાંઈ પણ સંભવતું નથી તથા અજ્ઞાનદૃષ્ટિએ જાણે ઉપાસક, ઉપાસના, અનેકવિધ પ્રકારના કર્મો, દેવતા, ઉપાસનાનું ફળ ઇત્યાદિ ભિન્ન ભિન્ન રૂપે અનુભવમાં આવતું હોય એમ ભાસે છે, એટલું જ.

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।

तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥१३॥

હું સર્વનો કર્તા છું પણ ખરો અને નથી પણ ખરો

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ મુજબની વર્ણાશ્રમધર્મની વ્યવસ્થા ગુણ તથા *કર્મના વિભાગો પ્રમાણે મારી માયાના આશ્રય વડે ઈશ્વરસ્વરૂપ (વૃક્ષાંક ૨) એવા મેં જ કરેલી છે, એટલે જાણે માયાના ભેદને પામીને આ બધો દ્વૈત પ્રપંચનો વિસ્તાર ખરેખર જ થવા પામ્યો નહિ હોય ! એવી રીતે મિથ્યા માયાના આશ્રય વડે ઈશ્વરસ્વરૂપે મેં જ આ બધી ચાતુર્વર્ણ્યાદિની રચના કરેલી છે; પરંતુ તે "હું" તો વાસ્તવિક રીતે જેમાં કિંચિન્માત્ર પણ વિકાર નથી, જે તદ્દન અસંગ, નિષ્ક્રિય, નિર્વિકલ્પ, અવિનાશી, અજ, અવ્યય તથા અનિર્વચનીય એવા તત્, બ્રહ્મ અથવા આત્મ(વૃક્ષાંક ૧)રૂપ છે, એમ જાણ. અર્થાત્ હું એટલે કે આત્મામાં આ બધું છે પણ ખરું અને નથી પણ ખરું; આકાશની જેમ તે સર્વમાં છે પણ ખરો અને નથી પણ ખરો. જેમ આકાશથી જ બીજાં ચાર મહાભૂતોની ઉત્પત્તિ તથા અસ્તિત્વ છે છતાં આકાશ સર્વથી તદ્દન અલિપ્ત છે તેમ આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) આ વર્ણાશ્રમાદિનો કર્તા છું અને તે છતાં મારામાં ગુણ, કર્મ ઇત્યાદિ કશાનો કિંચિન્માત્ર પણ લેશ સંભવતો નથી. સારાંશ કે, આત્મામાં હોવું, નહિ હોવું, કરવું, નહિ કરવું ઇત્યાદિ દ્વૈત ભાવો તથા તેનો સાક્ષીભાવ એ પૈકી કાંઈ પણ હોતું નથી; આથી છે, નથી અને તે સર્વથી પર, વિકારોથી રહિત, અવ્યય આત્મસ્વરૂપ એવો હું છું, એમ જાણ; એમ અહીં શ્રીકૃષ્ણ ભગવાને સૂચવેલું છે. ઉદ્દેશ એ છે કે, જેમ સુવર્ણના દાગીના કરવાનું કાર્ય સુવર્ણકારનું છે, તેના માલિકનું નહિ; તેમ આ ચરાચર રચનાનું કાર્ય ઈશ્વરનું છે, આત્મા તો તદ્દન નિઃસંગ છે એમ સમજવું. હવે સુવર્ણ અને તેના દાગીના એ વાસ્તવિક સુવર્ણ જ છે એમ જાણ્યા બાદ તેવું જાણનારો તેનો સાક્ષી કિંવા ઉત્પત્તિ કરનારો અને તેની જાણવાની અપેક્ષાનો તેમ જ જાણવાપણાનો અનાયાસે જ વિલય થવા પામે છે, તેમ આ સર્વ આત્મરૂપ છે એમ જાણ્યા પછી જેમ સુવર્ણમાં દાગીનાનો અંશ પણ મળતો નથી તેમ

* વર્ણાશ્રમના ધર્મો, ગુણ અને કર્મોના વિવેચન માટે કિરણાંક ૨૯ પાન ૭૪ જુઓ.

આત્માનાં નામરૂપાદિનો અંશ પણ દેખાતો નથી. આ રીતે આ બધું ચાતુર્વર્ણ્યાદિરૂપે જે જે કાંઈ દેખાય છે તે સર્વ અભિન્ન અને એકરસાત્મક એવું અવ્યય આત્મસ્વરૂપ જ છે, એમ નિશ્ચયપૂર્વક સમજો. સુવર્ણ કડાં કે દાગીના કહો, છતાં તેમાં જેમ ઓતપ્રોત સુવર્ણ વગર બીજું કાંઈ છે જ નહિ તેમ આ સર્વ આત્મસ્વરૂપ છે, તે સિવાય બીજું કાંઈ છે જ નહિ એમ નિશ્ચિત જાણો. એ જ ભાવ શ્રીકૃષ્ણ ભગવાન અનેક યુક્તિઓ દ્વારા વારંવાર સમજાવી રહ્યા છે.

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।

इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥१४॥

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।

कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥

શ્રીકૃષ્ણ એટલે શરીર નહિ પણ આત્મા છે

ઉપર વર્ણવ્યા પ્રમાણેનો અસંગ એવો જે તત્‌રૂપ હું (શ્લોકાંક ૧) તેવા મને કર્મનો લેપ કિંચિન્માત્ર પણ લાગી શકતો નથી અને આત્મસ્વરૂપ એવા મને એટલે "હું" માં કર્મફળની સ્પૃહા અર્થાત્ ઇચ્છા પણ નથી. આ પ્રકારના નિઃસંગ, આત્મસ્વરૂપ એવા મને જે જાણે છે, તેને કર્મની બાધા કદી પણ થતી નથી અર્થાત્ તેને કર્મનો લેપ કદાપિ સ્પર્શી શકતો નથી, એટલે ભગવાન અત્રે પુનઃ પુનઃ છાતી ઠોકીને નિશ્ચયથી કહે છે કે, હું એટલે કાંઈ આ હાથ, પગ વગેરે અવયવોવાળો ને સાડાત્રણ હાથના શરીરવાળો એવો કૃષ્ણ નહિ, પરંતુ ચરાચરમાં વ્યાપક, નિઃસંગ, નિરાકાર, નિરામય, અસંગ, અજ, અવિનાશી, અવ્યય તથા અનિર્વચનીય એવો તત્, બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ છું. એવા પ્રકારના મારા સાચા સ્વરૂપને ઓળખીને એવા આત્મસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન જ સર્વત્ર ચરાચરમાં વ્યાપેલા છે, તે જ સર્વ કરે છે, તે જ સર્વ કરાવે છે, ચરાચરના હૃદયમાં તે જ છે, મને પણ તે જ પ્રેરણા કરે છે, હું પણ તે રૂપજ છું, તેનાથી ભિન્ન કાંઈ છે જ નહિ ઇત્યાદિ પ્રકાર વડે સર્વ ભાવે તેને જ અર્પણ થનાર પોતે પણ નિરહંકાર બની જાય છે. આ પ્રકારનું મારું સાચું સ્વરૂપ જાણનારને કર્મો કરવા છતાં પણ તેનો લેપ કિંચિન્માત્ર પણ કદી સ્પર્શી શકતો નથી. આ રીતનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈ પૂર્વે પણ મુમુક્ષુઓએ કર્મો કરેલાં છે, માટે પૂર્વ પરંપરાથી ચાલતી આવેલી પ્રથા અનુસાર તું પણ કર્મ કર. તાત્પર્ય કે, પ્રાપ્ત થયેલાં કર્મો પૂર્વપરંપરાથી મુમુક્ષુઓએ આ સર્વે મારાં એટલે તત્ કે જેમાં સાક્ષી, અહમ્ કે મમાદિ ભાવોનો લવલેશ પણ નથી એવા આત્મા (શ્લોકાંક ૧)નાં છે, એમ સમજીને કરેલાં છે. માટે હે અર્જુન! તું પણ તેવા પ્રકારનો દૃઢ નિશ્ચય કરીને યથાપ્રાપ્ત કર્મ કર.

ઉપરના ચાતુર્વર્ણ્યધર્મથી અત્યાર સુધી (શ્લોક ૧૩ થી ૧૫) નું વર્ણન વેદાજ્ઞાનુસાર પુરાણશાસ્ત્રમાં બતાવેલા પ્રસિદ્ધ એવા નારાયણીય કિંવા ભાગવત ધર્મ અનુસાર કહેવામાં આવેલું છે. તેની વધુ સ્પષ્ટતાને માટે નીચેનું શાસ્ત્રકથન કરવામાં આવે છે.

નિમિ રાજાએ નવ યોગેશ્વરોને પૂછ્યું કે, હે પ્રભુ! મને સંભળાવવા યોગ્ય હોય તો સર્વના કલ્યાણને માટે ભાગવત સંબંધી ધર્મો કહો. નિમિ રાજાએ (૧) ભાગવત સંબંધી ધર્મ, (૨) ભગવાનના ભક્તો ઘણા છે, પણ ખરા કોણ? (૩) માયા, (૪) માયાને તરવાનો ઉપાય, (૫) બ્રહ્મ, (૬) કર્મ, (૭) અવતારલીલા, (૮) અભક્તોની ગતિ અને (૯) યુગનો ક્રમ એમ નવ પ્રશ્નો કર્યા; એના ઉત્તરો ક્રમે (૧) કવિ, (૨) હરિ; (૩) અંતરિક્ષ, (૪) પ્રબુદ્ધ, (૫) પિપ્પલાયન, (૬) આવિર્હોત્ર, (૭) દ્રુમિલ, (૮) ચમસ અને (૯) કરભાજન એ નવ યોગેશ્વરોએ આપેલા છે, તે પૈકી પ્રથમ પ્રશ્ન ભાગવત ધર્મ સંબંધનો હોઈ તેનો ઉત્તર યોગેશ્વર કવિ

આપે છે. તેનો વ્યાસજીએ આપેલ સાર નીચે પ્રમાણે છે [આગળના પ્રશ્નો જાણવાની ઇચ્છા હોય તેમણે તે મૂળ ભાગવત સ્કં૦ ૧૧, અ૦ ૨ થી ૫ માં જોવા.]

ભાગવત ધર્મ

કવિ ભાગવત ધર્મ સંબંધીનું લક્ષણ કહે છે : ભગવાને મનુ અને યાજ્ઞવલ્કયાદિના મુખદ્વાર વર્ણાશ્રમાદિના ધર્મો કહીને અજ્ઞાની પુરુષોને અનાયાસે જ સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે જે રહસ્યપૂર્ણ ઉપાયો શ્રીમુખેથી કહ્યા છે તે જ ભાગવત સંબંધી ધર્મો છે, એમ જાણો. હે રાજા ! હઠયોગ માર્ગમાં વિઘ્નો નડવાથી જેમ દુઃખી થવાય છે તેમ આ ભાગવત ધર્મોમાં કદી વિઘ્નો નડતાં નથી અને દુઃખી પણ થવાતું નથી. આ ભાગવત ધર્મોમાં આંખો મીંચીને પણ દોડ્યા જવાય તો તેથી કાંઈ પ્રત્યવાય લાગતો નથી કિંવા ફળથી ભ્રષ્ટ પણ થવાતું નથી. અત્રે આંખો એટલે શ્રુતિસ્મૃતિ સમજવી; કારણ કે, તેમાંથી એક ન હોય તો કાણો અને બંને ન હોય તો આંધળો કહેવાય છે, પણ ભાગવત ધર્મનું અવલંબન કરનારો તો આ બે આંખો મીંચીને એટલે શ્રુતિસ્મૃતિના જ્ઞાન વગર દોડ્યો જાય તો પણ તેને કાંઈ હરકત આવતી નથી. કેવળ શાસ્ત્રવિધિ અનુસાર કરેલાં કર્મો જ નારાયણ એટલે આત્મા (શ્લોક ૧) ને અર્પણ કરવાં જોઈએ એટલો જ એક નિયમ નથી, પરંતુ કાયિક, વાચિક અને માનસિક, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, અહંકાર અને અધ્યાસ વડે માની લીધેલા બ્રાહ્મણપણા આદિ સ્વભાવથી એટલે હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વૈશ્ય છું, શૂદ્ર છું; હું બાલ, યુવાન કિંવા વૃદ્ધ છું અથવા તો હું બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થ વા સંન્યાસી છું એમ માની લઈ તેવા અધ્યાસ વડે સ્વભાવજન્ય જે જે કાંઈ કર્મો કરવામાં આવે છે તે તમામ પરમેશ્વરસ્વરૂપ નારાયણને જ અર્પણ કરવાં જોઈએ. આમ કરવાથી તેની થતી તમામ ક્રિયાઓ પણ ભાગવત સંબંધી* ધર્મરૂપ જ થાય છે.

આ દ્વૈત પ્રપંચ બિલકુલ વિદ્યમાન જ નથી

અજ્ઞાનથી કલ્પેલો ભય જો કે જ્ઞાન વડે જ મટે છે, તોપણ ઈશ્વરથી વિમુખ પુરુષને ઈશ્વરની માયા વડે પોતાના મૂળ સ્વરૂપનું અજ્ઞાન થયું છે અને તે અજ્ઞાનથી જ "હું દેહ છું" એવી બુદ્ધિ થઈ છે તથા એવી બુદ્ધિને લીધે જ ભય ઉત્પન્ન થયેલો છે; માટે ગુરુમાં ઈશ્વર અને આત્માની ભાવના રાખતાં ભયના મૂળ કારણરૂપ માયાના નિયંતા ઈશ્વરનું અનન્ય ભક્તિ વડે વિવેકી પુરુષે નિત્યપ્રતિ ભજન કરતા રહેવું જોઈએ. જ્યાંસુધી વિષયો થકી ચિત્તમાં વિક્ષેપ થતો હોય ત્યાં સુધી અનન્ય ભક્તિ કેવી રીતે થઈ શકે ? અને તેમ ન થાય તો પછી અભય તો કયાંથી જ થવાય ? એમ સમજવું નહિ; કારણ કે વિષયો તો બિલકુલ વિદ્યમાન જ નથી એટલું જ નહિ પરંતુ વિષયરૂપે ભાસનારી આ તમામ દૃશ્યજાળ પણ વાસ્તવિક આત્મસ્વરૂપ એવા ભગવાનનું જ રૂપ છે, છતાં તે કેવળ મનમાં વિલાસ વડે મિથ્યા ભાસી રહેલ છે; માટે જ્યારે જ્યારે ચિત્તમાં વિષયવૃત્તિનું ઉત્થાન થવા પામે કે, તુરત તે પોતાના ઇષ્ટદેવ વા ભગવાનનું જ સ્વરૂપ છે; એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવી. આ રીતે મનનો નિગ્રહ કરી ભજન કરવાથી અભય થવાય છે. આ દ્વૈતપ્રપંચ જો કે વિદ્યમાન જ નથી, તો પણ મન વડે જેવું જેવું ચિંતન કરવામાં આવે છે તેવે તેવે પ્રકારે

---

* શ્રુતિમાં આ સર્વ આત્મસ્વરૂપ છે એવો અધ્યાસક્રમ બતાવેલો છે, જ્યારે આ ભાગવત ધર્મમાં આત્માને જ નારાયણ (વિષ્ણુ) ભગવાન અથવા પોતપોતાના ઇષ્ટદેવતાનું નામ આપીને આત્માને બદલે સર્વત્ર તેની જ ભાવના કરી ઉપાસના કરવી એમ કહેલું છે, એમ જાણવું. આ રીતે ઉપાસકને અધ્યાસક્રમની સરળતાને માટે કહેવામાં આવ્યું છે. વાસ્તવિક શ્રુતિમાં બતાવેલા આત્મા અને પુરાણમાં બતાવેલા ભગવાન, વાસુદેવ કિંવા નારાયણ ઇત્યાદિમાં કિંચિન્માત્ર પણ ભેદભાવ નથી, જે આગળના વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે. આમ કરવામાં શાસ્ત્રકારોમાં ઉદ્દેશ એ તરી આવે છે કે, પુરાણના અધિકારીઓ મંદ કોટિના હોવાથી તેઓ એકદમ ઉચ્ચ જ્ઞાન સમજવાને માટે શક્તિમાન હોતાં નથી. તેઓની માન્યતાએ આ સર્વ જગત જે દૃશ્યમાન થયેલું જોવામાં આવે છે તેને ઉત્પન્ન કરનાર કોઈક જરૂર છે. તે કોણ છે ? તેનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી આવી માન્યતાવાળાઓને તે નારાયણ વા પોતપોતાના ઇષ્ટદેવતારૂપ છે, એ રીતે સમજવવામાં આવેલું છે, એટલે શ્રુતિમાં આત્મા અથવા બ્રહ્મની જગ્યાએ નારાયણાદિ નામોનો નિર્દેશ કરી આગળનું સર્વ વર્ણન શ્રુતિનિયમાનુસાર આત્માનું જ કરવામાં આવે છે, આમ સાંખ્ય, વેદાંત અને ભક્તિમાર્ગમાં તાત્ત્વિક ભેદ બિલકુલ નથી.

સ્વપ્ન કિંવા મનોરાજ્યની પેઠે તેનું ચિંતન કરનારના મન વડે તે તેને પ્રતીત થાય છે. માટે સમજુ પુરુષે કર્મોના સંકલ્પો અને વિકલ્પો કરનારા એવા મનને રોકવું જોઈએ અને તેવી ભક્તિ વડે ભજન કરવાથી જ અનન્યતા અને અભયતા પ્રાપ્ત થઈ શકે છે.

ભગવાનમાં તન્મયતા કેવી હોવી જોઈએ?

વાસ્તવિક અજન્મા એવા ભગવાનનાં જન્મ, કર્મ એટલે કે ભગવાનનો જન્મ થયો છે અને તે અમુક અમુક કર્મો કરે છે ઇત્યાદિ અર્થવાળાં જે જે નામો અને વર્ણનો દૃશ્યસ્વરૂપે પ્રસિદ્ધ છે તેઓનું શ્રવણ અને કીર્તન કરવું અને તેમ કરવામાં લાજ નહિ રાખતાં નિઃસ્પૃહ થઈને ફરવું જોઈએ. પરંતુ એ નિર્લજ્જતા લોકોને ઉપદ્રવકારક નીવડે એવી અર્થાત્ દ્વેષબુદ્ધિવાળી વા તામસી હોવી ન જોઈએ. આ ઉત્પત્તિ, સ્થિતિ અને લય તેમ જ કર્તા, કરણ, કર્મ; જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય; દ્રષ્ટા, દર્શન, દૃશ્ય ઇત્યાદિ રૂપે જે જે કાંઈ ભાસી રહ્યું છે અને તે સર્વને જાણનારો સર્વનો સાક્ષી એ બધું પણ ભગવાનનું જ રૂપ છે. આ મુજબ સર્વાત્મભાવનો નિયમ રાખનારો અને ભગવાનનાં નામ કીર્તનથી પીગળી જનારા અંતઃકરણવાળો ભક્ત, ફક્ત લોકોને ડોળ બતાવી ભક્ત કહેવરાવવા સારુ એટલે દાંભિકની પેઠે નહિ પરંતુ ઝૂડે પકડેલા હાથીની પેઠે ભગવાનમાં તન્મય થઈને કોઈ કોઈ સમયે હસે છે, કોઈ કોઈ સમયે રુવે છે. કોઈ કોઈ સમયે મોટેથી બૂમો પાડે છે, કોઈ સમયે અતિ હર્ષથી ગાય છે અને કોઈ કોઈ સમયે તો "જય જય" એમ બોલીને નાચવા લાગે છે. આવી રીતની સ્વાભાવિક તન્મયતા થવી જોઈએ; તેમાં દાંભિકતાનો અંશ પણ નહિ હોવો જોઈએ. આવા ભગવદ્ભક્તોનાં લક્ષણો સર્વ સામાન્ય લોકો ઓળખી શકતા નથી; તેથી તેનો લાભ લઈ કેટલાક દાંભિકો પણ અનુષ્ઠાન કરે છે તથા કથાકીર્તનાદિ સમયે જાણે કે ભગવદ્ભક્તિમાં લીન થઈ ગયા છીએ એમ બતાવવાને ખાતર ચોધાર અશ્રુઓ વહી રહ્યાં ન હોય! એમ ઉપર ટપકે રડવાનો ડોળ કરી લોકોમાં છાપ બેસાડી પોતાનો દ્રવ્યરૂપ સ્વાર્થ સાધે છે. પરંતુ તે તો દશ પ્રકારનાં શૃંગારાદિ રસો પૈકીનો માત્ર એક કરુણરસ જ છે. તેવી ભક્તિ એ તન્મયતારૂપ નહિ પણ નાટકમાં નટની પેઠે કેવળ ઢોંગ કહેવાય છે, એમ આમાં ભગવાને સ્પષ્ટ કહેલું છે, તે ધ્યાનમાં લેવું જોઈએ.

નિત્યપ્રતિ ભગવદ્ભજનમાં તન્મય થવું જોઈએ

આકાશ, વાયુ વહ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રાદિક, પ્રાણીઓ, દિશાઓ, વૃક્ષાદિકો, નદીઓ, સમુદ્રો અને જે જે કાંઈ આ બધા પદાર્થો છે તે તે સઘળું ભગવાનનું રૂપ છે, એમ સમજી અનન્યભાવથી તેઓને પ્રણામ કરવા. આ રીતના સર્વાત્મભાવ વડે સિદ્ધ થયેલ સમત્વની ગતિ એટલે મોક્ષપદની પ્રાપ્તિ યોગીઓને માટે પણ જ્યાં પરમ દુર્લભ છે તો પછી ફક્ત એક જન્મમાં અને તે પણ કેવળ નામસંકીર્તન માત્રથી જ શી રીતે સાધ્ય થઈ શકે? એ રીતની શંકા રાખવી ઇષ્ટ નથી; કેમ કે ભોજન કરતાં કરતાં મનુષ્યને કોળિયે કોળિયે જ નહિ પરંતુ પ્રત્યેક કણે કણે સુખ, ઉદરપોષણ તથા ક્ષુધાની નિવૃત્તિ થાય છે, તેમ ભગવાનનું ભજન કરતાં કરતાં પુરુષને ભગવત્સ્વરૂપમાં તન્મય બની થનારી ભક્તિ તથા ભક્તિના સ્થાનકરૂપ ભગવાનસ્વરૂપની સ્ફૂર્તિ અને ઘર આદિમાં વૈરાગ્ય એ ત્રણે બાબતો ભજનના સમયે એક સાથે જ થતી રહે છે. જેમ ધણા શ્વાસો (કોળિયા) જમવાથી હળવે હળવે સુખાદિક વધતાં જઈ છેવટે પરમસુખની પ્રાપ્તિ થાય છે, તેમ નિત્યપ્રતિ ભગવદ્ભજનમાં જ તન્મયતા થવાથી ભક્તિ આદિ વધતાં જઈ અંતે પરમ ભક્તિની પ્રાપ્તિ થાય છે; માટે હે રાજા! આ પ્રમાણે અવિચ્છિન્નપણાથી ભગવાનનાં ચરણનું ભજન કરનારા વૈષ્ણવનો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રબળ થતાં અંતે સાક્ષાત્ પરમશાંતિ પ્રાપ્ત થાય છે (જુઓ ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૨, શ્લો૦ ૨૮ થી ૪૩).

નારાયણ એટલે કોણ?

હવે આ ભાગવત્ કિંવા નારાયણીય એવા વૈદિક સંપ્રદાયમાં જેને નારાયણ કહે છે તે કોણ? એ સંબંધે શાસ્ત્રમાંના કથનનો ટોડો વિચાર કરીશું.

નિમિ રાજા પૂછે છે: તમે કહી ગયા કે, નિત્યપ્રતિ આત્મસ્વરૂપ એવા નારાયણમાં જ તત્પર રહેનારો પુરુષ માયાને તરે છે, તો તે નારાયણ નામના પરમાત્મા બ્રહ્મનું સ્વરૂપ અમને કહો. તે સાંભળીને પિપ્પલાયન નામના પાંચમા યોગેશ્વર કહે છે કે, હે રાજન્! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેમાં થાય છે; જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં સાક્ષીપણાથી જે અનુસ્યૂત છે; જે ત્રણે અવસ્થાથી જુદી નિઃશેષ એવી સંધિરૂપ સમાધિ આદિ અવસ્થાઓમાં પણ અનુસ્યૂત છે તેમ જ દેહ, ઇંદ્રિય, પ્રાણ તથા મન જે આત્મચૈતન્યની સત્તાથી જ પ્રવર્તી રહ્યાં છે, તે પરમતત્ત્વ (વૃક્ષાંક ૧)ને જ નારાયણ કહે છે, એમ સમજો. એ તત્ત્વને મન, વાણી, ચક્ષુ, બુદ્ધિ, પ્રાણ અને બીજી ઇંદ્રિયો પણ જાણી શકતી નથી. જેમ અગ્નિને અગ્નિના અંશરૂપ તણખાઓ પ્રકાશ આપી શકતા નથી અને બાળી પણ શકતા નથી, તેમ જડ મન આદિની વૃત્તિઓમાં દેખાતો આત્મપ્રકાશ કે જે આ તમામ બાહ્ય વૃત્તિઓનો પ્રકાશક છે, તેનો પ્રકાશ તે વૃત્તિઓ થકી કેવી રીતે થાય? વેદ કે જે આત્મસ્વરૂપ સમજવાને માટે પ્રમાણભૂત છે તે પણ વાણીરૂપ હોવાથી આત્મતત્ત્વને સાક્ષાત્ નહિ, પણ કહી શકાય તેટલી કક્ષા સુધી જ વર્ણવે છે અને તેથી જ તે "**नेति नेति**" કહી સ્તબ્ધ થાય છે. એટલે વેદ લક્ષ્યાર્થ કિંવા તત્ત્વાર્થ વડે આત્મસ્વરૂપ જાણી શકાય એવી રીતે તેને વર્ણવે છે. કારણ કે, વેદ પોતે જ કહે છે કે, વાણી કિંવા મન, બુદ્ધિ આદિ જે જે કાંઈ છે તે પૈકી કોઈ પણ આત્મતત્ત્વને પહોંચી શકતાં નથી. આમ હોય તો પછી વેદ બ્રહ્મનું નિરૂપણ જ કરતો નથી એમ સમજવાનું નથી; કારણ કે, જે જાડું છે તે બ્રહ્મ નથી, ઝીણું છે તે બ્રહ્મ નથી, જે વાણીથી કહેવાય છે તે બ્રહ્મ નથી ઇત્યાદિ જે નિષેધ વેદે કરેલો છે તે નિષેધનો જે અવધિ છે તે જ બ્રહ્મ છે. અવધિ ન હોય તો નિષેધ જ સિદ્ધ થાય નહિ. આજે જે કાંઈ કાર્ય અને કારણોવાળું દેખાય છે તે સઘળું બ્રહ્મ જ દેખાય છે; કારણ કે, સર્વનું પરમ કારણ બ્રહ્મ જ છે. બ્રહ્મમાં માયા નામની મિથ્યા શક્તિ છે, તે થકી જ બ્રહ્મ એક છતાં પણ અનેકરૂપે ભાસે છે. અનિર્વચનીય એકરૂપ એવું જે બ્રહ્મ છે તે જ પ્રથમ વિવર્ત એવા "હું" (વૃક્ષાંક ૩) રૂપ સ્ફુરણાને પામી સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ પ્રકારના મિશ્રણવાળું થતાં આદ્ય પ્રધાન(અવ્યકૃત)તત્ત્વ (વૃક્ષાંક ૪) રૂપે પ્રતીત થયેલું છે; પછી તેને ક્રિયાશક્તિ ઉપરથી સૂત્ર વા સૂત્રાત્મા (વૃક્ષાંક ૬) તથા જ્ઞાનશક્તિ ઉપરથી મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), એવાં નામો આપેલાં છે; પછી તેને જ સૂત્રાત્મા વા જીવનો ઉપાધિરૂપ અહંકાર (વૃક્ષાંક ૮) એવું નામ આપેલ છે; તે પછીથી ઇંદ્રિયોના દેવતા, ઇંદ્રિયો, વિષયો અને વિષયોના પ્રકાશ અથવા સુખદુઃખાદિ રૂપે એક બ્રહ્મ જ ભાસે છે. આ રીતે સર્વસ્વરૂપે પોતાથી જ પ્રતીત થતા બ્રહ્મને પોતાની સિદ્ધિને માટે બીજું કાંઈ પણ પ્રમાણ વા સાધન નહિ પહોંચી શકવાને લીધે બ્રહ્મનું અસ્તિત્વ છે, એમ શા ઉપરથી કહી શકાશે? એવી શંકા લાવવાનું કારણ નથી; કેમ કે આ બ્રહ્મ કિંવા આત્મા કદી જન્મતો નથી, જન્મ્યા પછી છે પણ નહિ, મરતો પણ નથી, વધતો નથી, ફેરફારને એટલે કે વિકારાદિને પણ પામતો નથી તેમ ઘટતો જતો નથી; કારણ કે, તે આ છએ વિકારોનો તે તે વિકારના સમય પૂરતો દ્રષ્ટા છે. વિકારના દ્રષ્ટામાં તે વિકારીપણું ક્યાંથી હોય? સર્વ દેશ અને સર્વ કાળમાં અખંડ રીતે ચાલ્યું આવતું એક રસાત્મક એવું જે જ્ઞાન તે જ આત્મા છે. નીલ જ્ઞાન થયું અને પીત જ્ઞાનનો નાશ થયો એવી પ્રતીતિ ઉપરથી જ્ઞાનનો નાશ થાય છે એમ સમજવું નહિ; કારણ કે, એક જ જ્ઞાન ઇંદ્રિયોના બળ વડે નીલ, પીત ઇત્યાદિ અનેક પ્રકારનું કલ્પાયેલું છે; એટલે તેમાં નીલ કિંવા પીત આદિ આકારરૂપે ભાસતી વૃત્તિઓ જ ઉત્પન્ન થાય છે તથા નાશને પામતી રહે છે, પરંતુ જ્ઞાન તો કદી ઉત્પન્ન થતું નથી અને નાશને પણ પામતું નથી, તે તો સ્વતઃસિદ્ધ હોઈ અખંડિત જ છે.

નારાયણ, આત્મા વા બ્રહ્મ એ એક જ છે

જેમ એક જ પ્રાણ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ આદિ અનેકવિધ શરીરો ધારણ કરતો રહે છે, શરીરો બદલાઈ જાય છે પણ તેઓને ધારણ કરનારો અને તેઓમાં રહેલો પ્રાણ વા જીવ તો દરેક શરીરોમાં એકનો એક જ રહ્યા કરે છે, તેમ દેહાદિક કે જેઓ બાલ્યાદિ અવસ્થાભેદથી બદલાયા કરે છે,

તેઓમાં પણ આત્મા તો ત્રણેનો એક જ રહે છે; તે કદી બદલાતો નથી; માટે આત્મા કિંવા બ્રહ્મ જો કે સર્વાત્મક છે, તો પણ વિકારોનો તેને કિંચિન્માત્ર પણ કદી સ્પર્શ થતો નથી, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થાઓમાં આત્મા તો નિર્વિકાર જ રહે છે. જાગ્રતમાં ઇંદ્રિયો કામ કરે છે; સ્વપ્નમાં જાગ્રત સંસ્કારવાળો અહંકાર કામ કરે છે; તેથી જો કે આત્મા નિર્વિકાર હોવા છતાં સવિકાર જેવો જણાય છે. તોપણ સુષુપ્તિમાં ઇંદ્રિયોનો અને અહંકારનો લય થતાં લિંગ શરીરરૂપ ઉપાધિ પણ આચ્છાદિત થઈ જવાને લીધે ફક્ત નિર્વિકાર આત્માનો જ અનુભવ થાય છે, છતાં તેમાં આચ્છાદનને લીધે સ્મૃતિજ્ઞાન શેષ રહેવા પામતું હોવાથી સુષુપ્તિમાંથી ઊઠ્યા પછી આપણને એવી સ્મૃતિ થાય છે કે, આટલા વખતથી હું સુખેથી સૂઈ રહ્યો હતો અને કાંઈ જાણતો પણ નહોતો. આ સ્મૃતિ પરથી સિદ્ધ થાય છે કે, સુષુપ્તિમાં પણ સુખ અને અજ્ઞાનને જાણનાર તો કોઈ બીજો જ હોય છે. જે વસ્તુ અનુભવમાં આવેલી ન હોય તેનું સ્મરણ થવું કદી પણ સંભવે નહિ. સુષુપ્તિમાં આત્માનો અનુભવ થવા છતાં પાછો સંસાર કેમ થાય છે? તેનું કારણ તે સમયમાં પણ અવિદ્યા અને તેના સંસ્કારો તો શેષ રૂપે રહે છે. ધન, પુત્ર અને પ્રતિષ્ઠા આદિ એષણાઓ વા ઇચ્છાઓ છોડી દઈ કેવળ એક નારાયણસ્વરૂપ ભગવાનના ચરણરજની જ ઇચ્છા રાખવી. આ રીતની થયેલી ભક્તિથી જ્યારે અવિદ્યા તથા ગુણકર્માદિથી થયેલો ચિત્તનો સંસ્કારરૂપ મેલ ધોવાઈ જાય છે, ત્યારે ચિત્ત શુદ્ધ થતાં આત્મતત્ત્વ અપરોક્ષ અનુભવમાં આવે છે. જેમ સૂર્યનો પ્રકાશ સ્વચ્છ અને સ્વતઃસિદ્ધ હોય છે છતાં પણ જો તે વાદળાંથી આચ્છાદિત થાય છે ત્યારે અનુભવમાં આવી શકતો નથી, પણ જ્યારે તદ્દન નિર્મળ હોય ત્યારે જ અનુભવમાં આવે છે. આ રીતે જ્યારે આત્માનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે સંસારની આત્યંતિક નિવૃત્તિ થવા પામે છે. તાત્પર્ય એ કે, ભગવાન નારાયણ એટલે જ આત્મા કિંવા બ્રહ્મ (શ્લોક ૧) છે; એમ જે તેને ઐક્યરૂપે જાણે છે તે જ ખરો જ્ઞાની છે, એમ જાણ. આને જ ભાગવત કિંવા નારાયણીય ધર્મ કહે છે (જુઓ ભા૦ ૨૬૦ ૧૨, અ૦ ૩, શ્લો૦ ૩૪ થી ૪૧).

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।

तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।

अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

તને કર્મ કરવાનું કેમ કહી રહ્યો છું?

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, હે અર્જુન! તું યથાપ્રાપ્ત કર્મ કર, એમ તને હું જે વારંવાર કહી રહ્યો છું તેનું કારણ એ છે કે, કર્મ કોને કહેવું અને અકર્મ કોને કહેવું તેનો નિર્ણય કરવાના પ્રસંગે મોટા મોટા બુદ્ધિમાનો પણ ભ્રાંતિમાં પડી ગયા છે; માટે હવે હું તને એ કર્મનું રહસ્ય સારી રીતે સમજાવીને કહું છું, તે જાણીને અશુભ એટલે દ્વૈતરૂપે ભાસનારું સંસારરૂપ જન્મમરણનું ચક્ર કે જે મહાન દુઃખરૂપ છે તે ભોગત્વરૂપ પાપથકી તું મુક્ત થઈશ. જગતમાં મહાનમાં મહાન દુઃખ હોય તો જન્મવું અને મરવું એ જ એક છે. અવિવેકી કિંવા મૂઢો તો તેવું સમજવાને શક્તિમાન હોતા નથી; તેઓ બિચારા પરવશની માફક ગમે તેટલું દુઃખ આવે તોપણ હાય હાય કરીને સહન કર્યે જાય છે, તેઓને માટે બીજો કોઈપણ ઉપાય હોતો નથી, તેઓ તો બાપડાં હંમેશાં શોકસાગરમાં જ ડૂબેલા રહે છે; તેઓમાં સારાસાર વિવેકદૃષ્ટિ નહિ હોવાથી નિત્ય આ જન્મમરણરૂપ દુઃખપરંપરામાં જ સંમજ્જા કરે છે. તેમાંથી છૂટવાનો ઉપાય કદી શોધતા જ નથી, પરંતુ કેવળ પશુઓની જેમ વિષયભોગમાં જ રચ્યાપચ્યા રહી સંસાર દુઃખને જ સુખ સમજી તેને

વળગી રહે છે તથા સંસારના દુઃખો વ્યાવહારિક સાધનોદ્વારા મટશે એમ સમજીને આખો જન્મારો મોહમાં ને મોહમાં પશુઓની જેમ ભાર વહન કર્યે જાય છે, પરંતુ વિવેકીઓ તો દૈત એ અતિ દુઃખરૂપ હોઈ તે વડે થનારી જન્મમરણની પરંપરા એ મહાન અશુભ છે એમ સમજી તેમાંથી મુક્ત થવાને માટે પ્રયત્ન કરે છે, તેથી અત્રે અશુભમાંથી મુક્તિ થશે એમ કહેવામાં આવેલું છે. હવે કર્મ કોને કહે છે? અકર્મ કોને કહેવું તથા વિકર્મ એટલે શું? તેનું રહસ્ય જાણવું જરૂરી છે, કર્મની ગતિ અતિ ગહન છે, એટલે કે કર્મનું તત્ત્વ જાણવું ઘણું જ કઠણ છે. કર્મ, અકર્મ અને વિકર્મ કોને કહેવું? તે સંબંધમાં શ્રી વ્યાસાચાર્યજીએ શાસ્ત્રમાં આ પ્રમાણેનો નિર્ણય કર્યો છે.

કર્મ, અકર્મ અને વિકર્મ એટલે શું?

આવિહોંત્ર નામના છઠ્ઠા યોગેશ્વર કહે છે કે, હે રાજા! વેદમાં જે કરવાને માટે આજ્ઞા છે તે કર્મ, જે કરવાને માટે વેદ ના પાડે છે તે **અકર્મ**, તથા વેદે જે કરવાનું કહ્યું છે તે ન કરવું તે **વિકર્મ** કહેવાય છે. આ કર્મ, અકર્મ અને વિકર્મ એ ત્રણે વેદના નિશ્ચયથકી જ સમજાય તેવાં છે, લોકમાંથી એટલે વ્યવહારાદિકની દૃષ્ટિથી તે સમજાતાં નથી. વેદ કોઈ મનુષ્યે ઉત્પન્ન કરેલા નથી પરંતુ ઈશ્વરથી પ્રગટ થયેલા છે. વ્યવહારદૃષ્ટિએ પુરુષના વાક્યમાં અર્થ સમજવો હોય તો તે વક્તાના અભિપ્રાય ઉપરથી સમજી શકાય છે, પરંતુ ઈશ્વરના વાક્યમાં તો પૂર્વાપરના વિચાર કરવા આદિથી જ તાત્પર્ય ધારી શકાય તેમ છે. છતાંપણ આ ઈશ્વરનું વાક્ય અનુભવગમ્ય હોવાથી તે ધારી શકવું અતિશય કઠણ પડે છે, કેમકે તે વાચ્ય કિંવા લક્ષ્યાર્થથી પણ પર એવા તત્ત્વાર્થનો જ વિષય થાય છે; માટે આ કર્મ આદિકના વિષય સંબંધમાં તો મોટા મોટા વિદ્વાનો કે જેઓ આત્માનુભવી હોતા નથી તેઓ પણ મૂંઝાય છે, તો પછી બીજાઓની તો વાત જ શી કરવી? તમો અત્યારપર્યંત અબુદ્ધ અર્થાત્ અજ્ઞાની હોઈ આ વિષયમાંનું ગૂઢ રહસ્ય સમજવા અસમર્થ હતા, તેથી સનકાદિકોએ આજસુધી તમોને તે સંબંધમાં ઉત્તર આપ્યો ન હતો.

પરોક્ષવાદ એટલે શું?

વેદ પરોક્ષવાદી છે. અજ્ઞાનીઓની દૃષ્ટિનો વિચાર કરીને જે મૂળ વિષય સમજાવવાનો હોય તેનો મૂળ આશય ગુપ્ત રાખી પ્રકટમાં યુક્તિઓ દ્વારા તેને બીજા પ્રકારથી કહેવામાં આવે તેનું નામ પરોક્ષવાદ સમજવો આ ઘોરણે વેદમાં કર્મો કરવાની જે આજ્ઞા કરી છે તે કર્મો છોડાવવા સારુ જ છે, એટલે કે વિધિવાક્યમાં પ્રવૃત્ત કરવાને માટે જ નિયમવાક્યોની રચના વેદમાં કરેલી છે; માટે વેદ પરોક્ષવાદ રૂપ છે. જેમ પિતા પોતાના નાદાન છોકરા માટે દવા પાવાના સમયમાં ખાંડના લાડુ દેવાની લાલચ આપીને દવા પાય છે અને વળી પાછો ખાંડનો લાડુ પણ આપે છે પરંતુ તેના એમ કરવા ઉપરથી દવા પીવાનું ફળ કાંઈ લાડુ મળ્યો એ નથી પણ આરોગ્ય થવું એ છે; તેમ વેદ પણ મનુષ્યોને આત્મપ્રાપ્તિના ઉદ્દેશે તેને તેના સ્વભાવાનુસાર કર્મો કરાવવા માટે પ્રવૃત્ત કરી વચગાળે કેટલાક સ્વર્ગાદિક લોકોની ફળપ્રાપ્તિની લાલચ આપે છે અને કર્મ કર્યા પછી કલ્પ સુધ્ધાં તે તે ફળોને પણ આપે છે; પરંતુ આમ કરવામાં તેનો ઉદ્દેશ સ્વર્ગાદિક ફળો મેળવવાં એ નથી, પરંતુ કર્મપાશથી છૂટી આત્મપ્રાપ્તિ થાય એ જ એક છે. આ રીતે અજ્ઞાની બાળકોને ફોસલાવવા જેવાં વેદમાં આવેલાં નિયમવાક્યો દ્વારા વેદે કહેલા પરોક્ષવાદમાં કામ્યકર્માદિ વચનોને માટે સમજવું. આમ હોવાથી વેદનું તાત્પર્ય જાણવું કઠણ છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે, કર્મો છોડી દેવાં એ જ પુરુષાર્થ હોવાથી પ્રથમથી જ કર્મો છોડી દેવાં. અર્થાત્ કર્મોનો આરંભ જ કરવો નહિ, કારણ કે જ્યાંસુધી ઇંદ્રિયો જિતાઈ નહિ હોય અર્થાત્ આત્માનું અપરોક્ષ જ્ઞાન થયું ન હોય, તે પહેલાં વેદોક્ત એટલે વેદે કહેલાં કર્મો જો કોઈ પુરુષ કરે જ નહિ તો તે પુરુષ વિકર્મદોષને લીધે એટલે કે, વેદોએ કહેલા કર્મો નહિ કરવારૂપ અધર્મથી વારંવાર જન્મમરણને જ પામ્યા કરે છે; એટલા માટે નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરીને જ્ઞાન થતાં સુધી વેદોક્ત કર્મો કરવાં અને તે પણ દુરાગ્રહથી કિંવા સ્વર્ગાદિ ફળના ઉદ્દેશથી નહિ, પરંતુ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવાં,

આમ કરવાથી જ્ઞાનસિદ્ધિ એટલે વેદનાં વિધિવાક્યો કે જે તમામ કર્મોના બંધનમાંથી છૂટવારૂપ હોઈ જીવન્મુક્ત દશાની પ્રાપ્તિ કરાવી આપે છે તે ધ્યેયની પ્રાપ્તિ થઈ કૃતકૃત્યતા થાય છે.

વેદ અને નિષ્કામ કર્મ

હવે વેદમાં ફળ થવાનું કહ્યું છે માટે ફળની ઇચ્છા નહિ રાખતાં કર્મ કરીશું તો પણ ફળપ્રાપ્તિ થયા વગર રહેશે નહિ, એમ સમજવું નહિ. દવા પાવામાં જેમ ખાંડના લાડુની લાલચ આપવામાં આવે છે તેમ અજ્ઞાનીઓને તેમના સ્વભાવાનુસાર કર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવવા અને અંતે તે થકી નિવૃત્ત કરી આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવવા સારુ વેદમાં ફળ થવાનું કહ્યું છે, આ મુજબ પ્રથમ જ્યારે તેને કર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે એટલે છેવટે વેદના વિધિવાક્યના અર્થને મનુષ્ય સારી રીતે વિચારે છે. આમ વિચારતી જાગૃતિ થયા છતાં પણ જે પુરુષ આત્મસ્વરૂપને જાણ્યા વિના મરે છે તે કંગાલ છે. આત્માને જાણવાને માટે જ બ્રહ્મચર્ય, તપ અને યજ્ઞાદિ કરવામાં આવે છે ઇત્યાદિ પ્રકારનાં વેદવચનો જોતાં તે નિષ્કામ કર્મમાં જ પ્રવર્તાવે છે એવો વેદનો ગુહ્ય અભિપ્રાય છે. આ રીતે નિષ્કામભાવના રાખી કર્મ કરે તો તેવાં કર્મોથી કર્મ કરવા છતાં પણ વેદમાં કર્મનાં જે સ્વર્ગાદિક ફળ કહેલાં છે તે કદી પણ થાય નહિ; કારણ કે, સ્વર્ગાદિકની ઇચ્છા રાખીને કર્મો કર્યાં હોય તો જ સ્વર્ગાદિક ફળ પ્રાપ્ત થાય છે, એમ વેદમાં સ્પષ્ટ કહ્યું છે. માટે ફલાદિકની ઇચ્છા રાખ્યા વિના કર્મ કરે તો તેને સ્વર્ગાદિકની પ્રાપ્તિ નહિ થતાં ઊલટું જ્ઞાનરૂપ ફળની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આને વેદોક્ત કર્મયોગ પણ કહે છે (ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૩, શ્લો૦ ૪૨ થી ૫૫).

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી કર્મ, વિકર્મ અને અકર્મ કોને કહેવા તે સંબંધે શાસ્ત્રમાનો નિર્ણય કર્યો તથા વેદમાં કર્મ કરવાનું કેમ કહેવામાં આવ્યું છે, તેનો ઉદ્દેશ સમજાવ્યો, તે સમજાયાથી ભગવાન શ્રીકૃષ્ણ કર્મ સંબંધમાં અત્યારસુધી જે કાંઈ કહી ગયા તથા હવે જે બતાવે છે તે સર્વની વેદના સિદ્ધાંત સાથે કેવા પ્રકારે એકવાક્યતા છે, તેની કલ્પના આવી શકશે; એટલે આ ભગવદ્ગીતા પણ વેદના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરે છે, એ વાત સ્પષ્ટ થાય છે.

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।

स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत ॥१८॥

કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહી રહ્યા છે કે, હે અર્જુન! જે કર્મમાં અકર્મને દેખે છે તથા અકર્મમાં કર્મને દેખે છે, તેવો બુદ્ધિમાન મનુષ્ય જ સર્વયુક્ત એટલે યોગ્ય કર્મો કરવાવાળો છે, એમ જાણવું; એટલે કર્મમાં અકર્મને તથા અકર્મમાં કર્મને દેખે તે જ ખરો કર્મનું રહસ્ય જાણનારો તથા તમામ કર્મોને યથાર્થ રીતે કરવાવાળો છે, એમ જાણવું. ભગવાને આમાં અત્યંત ગૂઢ રહસ્ય સમજાવેલું છે. જેમ આકાશમાંથી વાયુ, વહ્નિ (તેજ), જળ અને પૃથ્વી એમ ક્રમે પાંચ મહાભૂતો વિવર્તને પામેલાં છે, એટલે ચરાચર અનંત સ્વરૂપે ભાસમાન થનારા આ તમામ દૃશ્યનું મૂળ બીજ આકાશ જ છે કિંવા જેમ વડના બીજમાંથી થનારું વૃક્ષ વડનું કહેવાય છે, તેનાં મૂળ, થડ, શાખા, પાન, ફળ વિગેરે સર્વ વડનાં જ ગણાય છે તે મુજબ આ વાયુ વહ્નિ ઇત્યાદિ મહાભૂતોનું મૂળ આકાશ હોવાથી અનંતરૂપે દૃષ્ટિગોચર થનારું આ સર્વ દૃશ્ય પણ વાસ્તવમાં આકાશરૂપ જ છે, એમ જાણવું. આમ એક આકાશ જ અનેક આકારે દૃશ્યમાન થતા છતાં તે પોતે પોતાના અસલ સ્વરૂપે તો તદ્દન અસંગ, નિર્મળ, શુદ્ધ, અત્યંત પવિત્ર, નિર્વિકાર, નિરામય, અજ, અવ્યય, શાંત તથા ચોતરફ વ્યાપેલું હોય છે, તેમાં યત્કિંચિત્ વિકાર સંભવતો નથી; તે પ્રમાણે આ સર્વ દૃશ્યજાળ તત્રૂપ એવા આત્મા (વૃક્ષાંક ૧)ના આધારે જ વિવર્તરૂપે ભાસમાન થતું હોવા છતાં તે આ દૃશ્યાદિનો આકાશની જેમ કર્તા થતો નથી. જેમ આકાશના આધારે જો આ સર્વ દૃશ્ય રહે છે, જો આકાશ ન હોય તો આ

સર્વનું અસ્તિત્વ કદાપિ સિદ્ધ થઈ શકતું નથી, તેમ આ સર્વનો આધાર આત્મા હોઈ આ દૃશ્યજાળનું અસ્તિત્વ આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્ન હોઈ શકે જ નહિ. વળી આકાશ જેમ ઘટમઠમાં હોવા છતાં તેનો કર્તા થતો નથી તેમ આત્મા સર્વત્ર હોવા છતાં તદ્દન અસંગ જ છે અથવા દોરીમાં સર્પનો ભ્રમ થયો હોય તો તે ભ્રમનો કર્તા દોરી કહેવાતી નથી, છતાં સર્પરૂપ ભ્રમની ઉત્પત્તિ, સ્થિતિ અને લય દોરીના આધાર ઉપર જ અવલંબીને હોય છે. તેમ આ સર્વ મિથ્યા દૃશ્યજાળ આત્મા ઉપર જ તેના આધારે અને તેના વડે જ વિવર્તભાવે ઉત્પન્ન થાય છે, સ્થિત રહે છે અને લયને પામે છે, એમ ભાસતું હોવા છતાં પણ આત્મા તો તે સર્વથી તદ્દન અસંગ છે; આમ જાણીને આ જે જે કાંઈ અનંતરૂપે ભાસમાન થતું દૃશ્ય પ્રતીતિમાં આવે છે તે સર્વ આત્મરૂપ જ છે, એ રીતે જે પોતાસહિત આ તમામ દૃશ્યજાળને આત્માના વિવર્તરૂપે જાણે છે તે અકર્મમાં કર્મને દેખે છે, એમ જાણવું એટલે આત્મા અસંગ હોવા છતાં પણ જાણે તે જ સર્વત્ર વિવર્તરૂપે ભાસી રહ્યો છે, એવા અપરોક્ષ અનુભવથી સિદ્ધ સર્વાત્મભાવના નિશ્ચયવાળો, અસંગ આત્મામાં કર્મને દેખનારો સમજવો; તથા આત્મા તો અસંગ, નિરાકાર, અકર્તા તથા તદ્દન નિઃસંગ છે, તેમાં અહંમમાદિ ભાવોની ઉત્પત્તિ થવી કદી શક્ય જ નથી, એવા અપરોક્ષાનુભવથી સિદ્ધ. કર્મમાં અકર્મને દેખે છે એમ જાણવું. ટૂંકમાં, સર્વાત્મભાવના નિશ્ચયવાળો કર્મમાં અકર્મને દેખનારો છે, એમ સમજવું. આમ બંને રીતે પૂર્ણતા પામેલો જ ખરો તત્ત્વવિદ્ છે; આ રીતે આત્માના પર અને અપર એમ બંને પ્રકારના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થયું હોય તે જ કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને જોનારો. સઘળાં કર્મ કરનારો તથા કર્મોના ગૂઢ અને ગહન તત્ત્વને જાણનારો અર્થાત્ જીવન્મુક્ત તત્ત્વજ્ઞાની સમજવો. તેવો એટલે આત્મસાક્ષાત્કારી પુરુષ કાંઈ નહિ કરવા છતાં સઘળું કરે છે તથા સઘળું કરવા છતાં કાંઈ પણ કરતો જ નથી, એમ જાણવું.

यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।

ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥१९॥

જ્ઞાનાગ્નિથી સર્વ કર્મો ભસ્મીભૂત થાય છે.

હે અર્જુન! આ રીતે જેના સર્વ સમારંભો એટલે કર્મોનો આરંભમાં જ વિલય થયેલો છે અર્થાત્ અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાં પૂર્વે જ પોતાસહિત આ સર્વ ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ છે, એવા પ્રકારના જ્ઞાનના દૃઢ નિશ્ચય વડે જેની તમામ વૃત્તિઓનો વિલય થયેલો છે, અથવા તો અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થવા પૂર્વે જ જેણે તમામ કર્મોનું આત્માર્પણ કરેલું છે, એવા સર્વ પ્રકારની ઇચ્છાઓ તથા સંકલ્પરહિત પુરુષનાં સર્વ કર્મો જ્ઞાનાગ્નિ વડે બળીને ખાખ થયેલાં હોય છે, તેથી એવા પુરુષને જ તત્ત્વજ્ઞ કિંવા પંડિત કહે છે. તાત્પર્ય એ કે, જે પુરુષના અંતઃકરણમાં આત્મા વ્યતિરિક્ત બીજું કોઈ પણ પ્રકારનું સ્ફુરણ થવા પામતું જ નથી અથવા અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે તુરત જ તેને તે આત્મસ્વરૂપ છે, એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે દાબી દે છે, તે જ ખરો પંડિત છે. કલ્પનાને શાંત કરનારી ક્રિયા, વિચાર, વૈરાગ્ય, ભોગનો ત્યાગ, વિવેક, વિષયો પ્રત્યે દોષદૃષ્ટિ ઇત્યાદિનો સમાવેશ પ્રતિકલ્પના કિંવા પ્રતિસંકલ્પમાં થાય છે. તેવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે સર્વ સમારંભ એટલે પ્રત્યેક ક્રિયા કિંવા ઉદ્યોગમાં સ્ફુરણા થવા પૂર્વે જ તે તેને આત્મસ્વરૂપના નિશ્ચયવાળો બનાવી દે છે આવા પ્રકારનો નિત્યપ્રતિ ઉદ્યોગ કિંવા અભ્યાસ કરનારો તેમ જ તેમાં સ્થિત થયેલો જ સર્વ આસક્તિ અને સંકલ્પથી રહિત હોય છે. તેનાં તમામ કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે ભસ્મીભૂત થઈ ગયેલાં છે, એમ જાણ; તેવાને જ જ્ઞાનીઓ પંડિત કહે છે.

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।

कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥२०॥

નિરાશ્રય એટલે શું ?

કર્મફળનો સંગ ત્યજીને એટલે આસક્તિથી રહિત બની હંમેશાં તૃપ્ત અને નિરાશ્રય એટલે જે સર્વનો આશ્રય હોવા છતાં પણ પોતાને કોઈના આશ્રયની આવશ્યકતા નથી તેવો, નિત્ય આત્મસ્વરૂપમાં જ રમમાણ થયેલો પુરુષ જોકે બહારથી કર્મમાં રચ્યોપચ્યો હોય એમ દેખાય છે, છતાં અંતરમાં તો એક આત્મા વિના બીજી કોઈ વૃત્તિનો ઉદય થવા દેતો નથી; તેથી તે ખરો નિઃસંગ હોઈ કરવા છતાં વાસ્તવિક કંઈ કરતો જ નથી, એમ જાણ.

અસંગ અને તેના પ્રકારો

સંગનો ત્યાગ કરવાના બે પ્રકાર છે : (૧) સામાન્ય અને (૨) શ્રેષ્ઠ. સામાન્ય અસંગપણું એ અભ્યાસને માટે ઉપયોગી છે; અને શ્રેષ્ઠ અસંગપણું એ અભ્યાસની પરિપક્વતાદર્શક છે. સામાન્ય અસંગપણાના અભ્યાસના મુખ્ય બે પ્રકારો છે, જે પ્રથમ અભ્યાસક્રમમાં (કિરણાંશ ૨૨ તથા અધ્યાય ૨ પાન ૧૬૭/૧૬૮ જુઓ) બતાવવામાં આવેલા છે, છતાં બોધની દૃઢતાને માટે સંક્ષેપમાં અત્રે ફરીથી જણાવું છું; (૧) આત્મામાં "હું"ની કે તેના સાક્ષીભાવની ઉત્પત્તિ કદી થયેલી જ નથી, એટલે તેમાં અહંમમાદિભાવો અથવા જગતાદિ દૃશ્યભાવો જ કદી ઉત્પન્ન થયા નથી એવો તે તો તદ્દન નિઃસંગ છે, છતાં જે જે કાંઈ ભાસે છે તે બધો ઈશ્વરની પોતાની માયા શક્તિ અથવા નિયતિના ત્રણ ગુણોનો મિથ્યા એવો વિસ્તાર છે. આત્માનો આ પૈકી કશાની સાથે કિંચિન્માત્ર પણ સંબંધ નથી. આ પ્રમાણે નિશ્ચયપૂર્વક જાણીને અંતઃકરણમાંથી 'હું' રૂપ વૃત્તિને ઉત્થાન જ થવા ન પામે એવા પ્રકારે નિઃશેષભાવનો અભ્યાસ કરવો તે પ્રથમ પ્રકાર, તથા (૨) આ સર્વ હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિરૂપે જે જે કાંઈ દૃશ્ય ભાસે છે તે સર્વ વાસ્તવિક રીતે તો અનિર્વચનીય એવો આત્મા(વૃક્ષાંક ૧)ના જ વિવર્તો છે; એટલે જેમ સુવર્ણને જ કડાં, કુંડલાદિ કહેવામાં આવે અથવા દોરીને ભ્રમથી સાપ કહેવામાં આવે અથવા પાણીને તરંગ કહેવામાં આવે તે વિવર્ત કહેવાય છે, તે પ્રમાણે વાસ્તવિક રીતે આત્મામાં નામરૂપાદિનો લેશ પણ સંભવ નહિ હોવા છતાં તેને જ વિવર્તભાવે અનેક નામરૂપાદિ વડે સંબોધવામાં આવે છે; એટલે કે જેને આત્મા કહેવો જોઈએ તેને જ 'હું' 'તું' 'તે' 'આ' ઇત્યાદિ અનેક નામરૂપો વડે સંબોધવામાં આવે છે. આ રીતે સર્વ આત્મરૂપ છે, એમ જાણવું; અંતઃકરણમાં આત્મા વિના બીજી કોઈ પણ વૃત્તિને ઊઠવા નહિ દેવી અને કદાચ અન્ય કોઈ વૃત્તિનું ઉત્થાન થવા પામે તો તે થતાંની સાથે જ સર્વ આત્મરૂપ છે એવા નિશ્ચય વડે શરીર, વાણી અને મનદ્વારા જે જે કર્મો થાય છે, તે સર્વ પોતાસહિત આત્મસ્વરૂપ જ છે, એ રીતના પ્રતિસંકલ્પ વડે તેને આત્મરૂપ બનાવી દેવા, એ પ્રમાણે અભ્યાસ કરવો તે સર્વાત્મભાવનો અભ્યાસક્રમ; તથા (૩) આ બંનેનો સમન્વય એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાં જ તે આત્મરૂપ છે એ મુજબ તેને તુરત જ દાબી દઈ આત્મામાં કદી વૃત્તિનું ઉત્થાન થવું જ શક્ય નથી એમ વિચાર કરીને એકદમ એક સાથે પણ અભ્યાસ થઈ શકે છે, પરંતુ આ અભ્યાસનો પ્રકાર ઉપર બતાવેલા બે પ્રકારનો સમન્વય હોઈ તેનો સમાવેશ ઉપર બતાવેલા બે પ્રકારોની અંતર્ગત જ થઈ જાય છે; માટે કેટલાકો આને જુદો પ્રકાર સમજતા નથી. આ બે પૈકી ગમે તે કોઈ એક પ્રકારના અભ્યાસની પરિપક્વતા થાય એટલે તે વગરપ્રયત્ને અર્થાત્ સ્વતઃસિદ્ધ થવા પામે છે, તેને જ શ્રેષ્ઠ અસંગ કહે છે. વધુ સ્પષ્ટતાને માટે શાસ્ત્રમાં આ અસંગપણાના સંબંધમાં જે વિવેચન છે તે અત્રે આપવામાં આવે તો અસ્થાને ગણાશે નહિ.

સામાન્ય અસંગ એટલે શું ?

અસંગપણાના બે ભેદો છે, તે તમો સાંભળો. (૧) સામાન્ય તથા (૨) શ્રેષ્ઠ. હું કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી, તેમ બાધ્ય કે બાધક પણ નથી, એવા દૃઢ નિશ્ચયથી સર્વ પદાર્થોમાં અસંગપણે રહેવું તે સામાન્ય અસંગ કહેવાય છે. સુખદુઃખાદિ સર્વ, પૂર્વે કરેલાં કર્મો વડે જ રચાયેલાં છે, એટલે તે ઈશ્વરને અધીન છે; વળી આ અનેક પ્રકારના ભોગો તો મહારોગોના જેવા છે, કેમકે પરિણામે તે થકી

મહારોગાદિની ઉત્પત્તિ થાય છે. સંપત્તિઓ પણ અંતે મોટી વિપત્તિરૂપ છે, સંયોગો પરિણામે વિયોગો કરાવે છે. બુદ્ધિને અનેક આધિવ્યાધિઓ આવીને વળગે છે અને કાળ તો દરેક પદાર્થને ગળી જવાને માટે નિરંતર તાકી રહ્યો છે; એ પ્રમાણે સર્વ પદાર્થોની અસ્થિરતા હોવાને લીધે તેમાંથી ચિત્તને કાઢી નાખી તેને નિરંતર અધ્યાત્મશાસ્ત્રોના અર્થમાં જ લગાડી કેવળ એક આત્મા સિવાય અંતરંગમાં બીજી કોઈ પણ ભાવનાનો ઉદય જ ન થાય એવા પ્રકારની નિશ્ચલ સ્થિતિને પ્રાપ્તિ થવી તેનું નામ સામાન્ય અસંગ કહેવામ છે.

શ્રેષ્ઠ અસંગપણું

ઉપર બતાવેલા સામાન્ય અસંગપણાના યોગથી એટલે અભ્યાસયોગથી, મહાત્મા પુરુષોના સમાગમથી, દુર્જનોના વિયોગથી, અંતરમાં આત્માકાર વૃત્તિનું નિત્યપ્રતિ રટણ કરવાથી, પોતાના પુરુષપ્રયત્નથી અને નિઃશેષ કિંવા સર્વાત્મભાવના હંમેશના અભ્યાસયોગ વડે, આ સંસારરૂપ સાગરને સામે તીરે રહેલા, સર્વના સારરૂપ અને પરમ કારણરૂપ એવા આત્મતત્ત્વનો હસ્તામલકવત્ એટલે હથેળીમાં રહેલા આમળાની પેઠે બરાબર રીતે સ્પષ્ટ અને સાક્ષાત્ અનુભવ થવાથી હું કર્તા નથી પણ ઈશ્વર કર્તા છે અથવા મારું પૂર્વે કરેલું કર્મ જ કર્તા છે ઇત્યાદિ વિકલ્પોવાળા કિંવા હું કર્તા નથી, ઈશ્વર જ કર્તા છે અથવા મારું પૂર્વનું સંચિત પ્રારબ્ધ અને ક્રિયમાણ એ બધામાંનું કશું વસ્તુતઃ છે જ નહિ ઇત્યાદિ બંને પ્રકારના વિકલ્પો અને તેના શબ્દોના અર્થો વગેરે તમામ પ્રકારની ભાવનાને ઘણે દૂર મૂકી દેવી એટલે ઉલટસૂલટ આ બંને ભાવોનો ત્યાગ કરી દઈ મૌનપણાથી મન, વાણી, ચક્ષુ આદિના વ્યવહારો દૂર કરી મોટું યાને સુષુપ્ત મૌન ધારણ કરી સ્થિર થવું તે શ્રેષ્ઠ અસંગ કહેવાય છે (સુષુપ્ત મૌન માટે આગળ અધ્યાય ૧૩ જુઓ. બ્રહ્મમાં એકરસ રૂપે ચિત્તવૃત્તિનો લય થઈ જવારૂપ જે સ્થિતિ અંદર કે બહારની કોઈ પણ વસ્તુના અવલંબન વિનાની છે, જેમાં ઉપરના લોકના કે નીચેના લોકના કોઈ પણ પદાર્થો કે બ્રહ્મ વિના બીજો કોઈ સંગ થાય તેવા પદાર્થો નથી, જે સ્થિતિ, દિશાઓ, આકાશ, (પૃથ્વ્યાદિ) પદાર્થ, અપદાર્થ એટલે વંધ્યાપુત્ર, મૃગજળ, શશશૃંગાદિ, જડ અને ચિદાભાસ ઇત્યાદિ સર્વના અવલંબનથી રહિત છે, જે આત્મસ્થિતિ સ્વતઃસિદ્ધ સ્વપ્રકાશ અને ચૈતન્યરૂપ છે, શાંત છે, બીજા કોઈ પ્રકાશનો તેમાં અંશ કદી પણ હોતો નથી તે આકાશની જેમ તદ્દન નિર્વિકાર છે. એ રીતે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિમાં રહેવું એ શ્રેષ્ઠ અસંગ કહેવાય છે (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૧૨૬).

ઇચ્છાની ઉત્પત્તિ જ થવા ન પામે તેનો ઉપાય

જ્યાંસુધી અમુક વસ્તુ આત્માથી જુદી છે એમ લાગે છે ત્યાંસુધી જ તે મેળવવાની ઇચ્છા અંદર ઉદ્ભવે છે અને અંતરની ઇચ્છાઓ રહ્યુ છે ત્યાંસુધી જ આ દૃશ્ય સંસારરૂપી મહાજેરી વિષૂચિકા (અતિસાર) પેદા થાય છે. 'હું છું અને અમુક મને પ્રાપ્ત થાઓ એવું મન થવું એ જ સંસાર હોઈ તેની શાંતિ થવી એ જ મોક્ષ છે;' એટલામાં બધું જ્ઞાન આવી જાય છે. નિર્મળ અરીસામાં જેમ તેલનું બિંદુ લાગી જાય તેમ ઇચ્છારહિત એટલે વૈરાગ્યાદિ સાધનસંપન્ન એવા નિર્મળ ચિત્તમાં જ અવિદ્યારૂપ મેલને દૂર કરી બ્રહ્માકાર વૃત્તિરૂપ પ્રસન્ન કરનારી નિર્મળ એવી ગુરુ તથા શાસ્ત્રની ઉપદેશવાણી બરાબર અસર કરે છે. તમામ સંકલ્પો છોડી દઈ જો વિષયોનું સ્મરણ જ કરવામાં ન આવે તો ઇચ્છારૂપી વૃક્ષનો અંકુર જ કદી ફૂટે નહિ; માટે અનર્થોને ઉત્પન્ન કરનારી એ ઇચ્છા જેવી ઉદયને પામે કે તુરત જ અગ્નિના તણખાઓની પેઠે તેને અસંકલ્પરૂપી શસ્ત્રો વડે છેદી નાખવી. અનંત પ્રકારના વિષયો તથા પ્રબળ ઇચ્છા વડે ઘેરાયેલો જીવ દીન અને ભયભીત બની જાય છે, પશુ જેવો તે જીવ મનના સંકલ્પવિકલ્પો છોડી નિશ્ચલ થઈ પોતાના સ્વસ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરે તો સમાધિથી પણ પર થઈ, ગાઢ નિદ્રામાં પડેલા મનુષ્ય જેવો તે તદ્દન હલનચલન કે ઇચ્છારહિત બની શકે છે; માટે હે પાર્થ! તું પ્રત્યાહાર કરી એટલે ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી ખેંચી તેને ફક્ત એક આત્મામાં જ સ્થિર કરતા રહેવાના અભ્યાસરૂપી ચીપિયાથી આ ઇચ્છારૂપ માછલીને પકડીને બાંધી લે.

સંકલ્પ અને સ્મરણમાં પડતો ભેદ

હું છું, તું છે, આ અમુક છે, અમુક મને મળો એવું જે ચિત્તનું દોડવું તેને જ ઉત્તમ પુરુષોએ કલ્પના એવું નામ આપેલું છે. તથા પોતાસહિત કોઈ પણ પદાર્થનું સ્મરણ જ નહિ હોવું એ કલ્પનાનો ત્યાગ કહેવાય છે. અહંમમાદિ કોઈ પણ પ્રકારનું સ્મરણ થવું તે પણ સંકલ્પ જ છે તથા કશાનું પણ સ્મરણ નહિ થવું તે અસંકલ્પ છે; અસંકલ્પ જ કલ્યાણકારક છે. **સંકલ્પમાં પૂર્વે અનુભવેલું અને નહિ અનુભવેલું એમ બંનેની ભાવનાઓ સ્ફુરે છે તથા સ્મરણ એટલે સ્મૃતિપથમાં તો માત્ર જે પૂર્વે અનુભવેલું હોય તે જ આવે છે; સંકલ્પ અને સ્મરણ આ બન્નેમાં આટલો ભેદ છે;** પરંતુ મુમુક્ષુને માટે તો એ બંને ત્યાજ્ય હોવાથી તે ભેદોના વિચાર કરવાપણું પણ રહેતું નથી. અનુભવેલા અને નહિ અનુભવેલા એમ બંને પ્રકારના સ્મરણને ભૂતી જઈ કાષ્ઠની પેઠે સર્વનું વિસ્મરણ કરીને તું કે જે મહામુદ્દિશાળી છે તે અનિર્વચનીય અર્થાત્ ન સમજાય તેવા તદ્દન નિશ્ચળ થઈને રહે. હું હાથ ઊંચો કરીને વારંવાર ભૂમો પાડીને કહી રહ્યો છું કે, "અસંકલ્પ જ પરમ કલ્યાણરૂપ છે, તે બોધ શા માટે અંદર દૃઢ રીતે ઉતારવામાં આવતો નથી?" પરંતુ દુર્ભાગ્યે મારી આ રાડો કોઈ સાંભળતું નથી. પોતાસહ સર્વ વ્યાપારો થકી શાંત થઈ કેવળ નિઃસંકલ્પપણે રહેવાથી જ અજ એવા પરમપદની પ્રાપ્તિ થાય છે, કે જેની આગળ સર્વથી ઉત્તમોત્તમ એવું સામ્રાજ્યપદ પણ એક ઘાસના તરણા જેવું અતિ તુચ્છ લાગે છે. જેના મનમાં અમુક સ્થળે પડોંચી જવું એવી ભાવના છે તેના પગની ગતિ જેમ સંકલ્પ વિના જ થયા કરે છે, તેમ સંકલ્પરહિત યોગીની પ્રવૃત્તિ પણ અનાયાસે જ થયે જાય છે. અરે! વધુ કહીને શું કામ છે? સંકલ્પ થવો એ જ પરમ બંધનરૂપ હોઈ નિઃસંકલ્પ અવસ્થા એ જ મુક્તપણું છે. આમ પરમાર્થદૃષ્ટિએ આરંભથી જ આ સર્વ જન્મરહિત, શાંત, અનંત, નિત્ય, નાશરહિત, ચૈતન્ય કિંવા આત્મરૂપ છે, એવી સૂક્ષ્મ દૃષ્ટિ રાખી પછી તને જેમ યોગ્ય લાગે તેમ તું રહે. લાંબા અભ્યાસથી થયેલા "હું અને મારું" ઇત્યાદિ ભેદબુદ્ધિના કોઈ પણ પ્રકારના સંકલ્પો સ્ફુરવા નહિ દેતાં કેવળ એકવૃત્તિ રાખી શાંત અને અક્ષય એવા પરબ્રહ્મ રૂપે થઈ રહેવું તેને જ બ્રહ્મવેત્તા પુરુષો **યોગ** કહે છે. તું પણ આ યોગમાં સ્થિતિ કરી વાસના વિનાનો થઈ લોકસંગ્રહ માટે સિદ્ધિ તથા અસિદ્ધિ એ બંનેમાં સમાનતા રાખી પછી યોગ્ય લાગે તો કર્મ કર કિંવા ન કર. આમ કોઈ પણ પ્રકારના સંકલ્પોની સ્ફુરણા ન થવી તેને જ વિદ્વાનો યોગ કહે છે. યોગશાસ્ત્રકારો પણ **योगश्चित्तवृत्तिनिरोधः** ॥ એટલે ચિત્તમાં ઊઠતા સંકલ્પોનો નિરોધ કરવો એટલે તેને પોતપોતાના વિષયોમાંથી રોકી કેવળ એક બ્રહ્મમાં જ સ્થિર કરવા તેનું નામ યોગ, એમ કહે છે (જુઓ પાતંજલ યોગદર્શન). જેમાં પોતા સહ સર્વ વૃત્તિઓનો તદ્દન નિરોધ થઈ જવાથી ચિત્તનો ક્ષય થઈ જાય છે અને તેમ થતાં જે સ્વભાવસિદ્ધ આત્મસ્થિતિ રહે છે, તેમાં તું જેવો છે તેવો જ અત્યંત તન્મય થઈ સદાકાળને માટે સ્થિત રહે. એવું જે આ કેવળપદ છે તે જ સાક્ષીપણે સર્વમાં રહેલું છે, તદ્દન શાંત છે, જ્ઞાનસ્વરૂપ છે, જન્મરહિત છે અને શુભ એવા મોક્ષરૂપ છે (શાસ્ત્રમાં મોક્ષને શુભ તથા જન્મમરણને અશુભ કહે છે.), તેવા આ એક અદ્વિતીય પરમતત્ત્વની જ અહર્નિશ ભાવના રાખવી તે જ સર્વત્યાગ કહેવાય છે, માટે તેવા અનિર્વચનીય પદનો એક વખતે અનુભવ લઈ પછી તું નિરંતર અંદરખાને એવી ભાવના રાખતો રહે અને બહારથી યથાપ્રાપ્ત કર્મ કર્યે જા. "હું અને મારું" એવા સંકલ્પવાળો દુઃખમાંથી કદી પણ મુક્ત થઈ શકતો નથી અને તેવા સંકલ્પ વિનાનો પુરુષ દુઃખમયથી તુરત જ મુક્ત થઈ જાય છે. હવે આ બે પૈકી તને જે યોગ્ય લાગે તે તું કર (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૧૨૬ જુઓ).

કર્મ કરવા છતાં પણ અલિપ્ત

તાત્પર્ય એ કે, આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે સંગત્યાગનો ઉપર જે અભ્યાસક્રમ બતાવવામાં આવ્યો છે તે પૈકી (૧) આત્મામાં હું નથી, તું નથી, તે નથી, આ નથી ઇત્યાદિ પ્રકારનો જે નિઃશેષભાવનો અભ્યાસ કહ્યો છે તે પહેલો પ્રકાર અને (૨) નામરૂપોથી પ્રતીત થનારું આ દૃશ્યજાળ આત્મસ્વરૂપ જ છે; એટલે

હું, તું, આ, તે, મારું, તારું વગેરે નામરૂપો વડે ભાસમાન થતું સર્વે આત્મસ્વરૂપ જ છે, એવો સર્વાત્મભાવનો અભ્યાસક્રમ એ બીજો પ્રકાર. આ મુજબ બે અભ્યાસક્રમો હોઈ તે પૈકી આ નથી, આ નથી, એવા નિઃશેષભાવરૂપ સંગત્યાગના અભ્યાસને સંન્યાસ તથા હું આત્મા છું, તું આત્મા છે, તે આત્મા છે ઇત્યાદિ પ્રકારે ચરાચર આત્મા છે એવા પ્રકારે સર્વાત્મભાવના અભ્યાસને અર્થાત્ પ્રથમ ગ્રહણ કરી પછી તેનો સંન્યાસ કરવો તેને સર્વાત્મભાવરૂપ સંગત્યાગ કહે છે. આમ સંન્યાસ અને ત્યાગ આ બંને પ્રકારનો અભ્યાસક્રમ કરી નિશ્ચલતા પ્રાપ્ત કરવી એ જ ખરો સંગત્યાગ કહેવાય છે. પરંતુ સંગત્યાગ એ પ્રથમના અવશેષરૂપ કિંવા નિઃશેષભાવના અભ્યાસને માટે જ વ્યવહારમાં વધુ પ્રચલિત છે.

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।

शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥२१॥

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, સર્વ પ્રકારની આશા કિંવા ઇચ્છાઓથી તદ્દન રહિત થયેલો અને નિત્યપ્રતિ જેનું ચિત્ત આત્મામાં જ પરોવાયેલું છે, અર્થાત્ જેના ચિત્તમાં આત્મા વિના બીજા કોઈ પણ પ્રકારના સંકલ્પવિકલ્પો ઉત્પન્ન થવા પામતા જ નથી; એવો જેણે પરિગ્રહ એટલે આત્મા સિવાય બીજા સર્વના ગ્રહણનો ત્યાગ કરેલો છે, તે આત્મારામ પુરુષના ભાસમાન થનાં શરીર વડે ગમે તેટલાં કર્મો થતાં રહે છતાં તે થકી તે તો તદ્દન અસંગ જ હોય છે. આમ કર્મ અને તેના ફળનો ત્યાગ કરીને આત્મા વગર બીજા કોઈના પણ આશ્રય વિનાનો, નિરંતર તૃપ્ત એવો પુરુષ કર્મમાં રચ્યોપચ્યો હોય છતાં પણ તે વાસ્તવિક રીતે કાંઈ કરતો જ નથી, એમ સમજ. એટલું જ નહિ પરંતુ સર્વ આશાઓથી રહિત બનેલો હોઈ જેનું ચિત્ત આત્મામાં જ નિત્યપ્રતિ પરોવાયેલું છે અને પરંતુ કોઈ પણ પ્રકારનો પરિગ્રહ એટલે આત્મા વગરનું બીજું કાંઈ પણ જેના ચિત્તમાં પ્રવેશી શકતું નથી, એવો પુરુષ શરીર વડે કર્મો કરવા છતાં પણ તેમાં લિપ્ત નહિ હોવાથી પાપને પામતો નથી, કિલ્બિષ એટલે તદ્દન સફેદ રંગમાં જેમ કિંચિન્માત્ર પણ કાળો ડાઘ રહી શક્તો નથી, તેમાં જો કિંચિન્માત્ર પણ કાળો ડાઘ હોય તો સફેદપણામાં ખામી કહેવાય છે, તેમ આ આત્મામાં કિંચિન્માત્ર પણ બીજા કોઈનો સ્પર્શ થવો કદાપિ શક્ય જ નથી; એવા નિર્મળ આત્મારામ પુરુષને પાપ કેવી રીતે સ્પર્શી શકે ?

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।

समः सिद्धावसिद्धौ च कृत्वाऽपि न निबध्यते ॥२२॥

કર્મ કરવા છતાં પણ નિર્બંધ

યદૃચ્છા વડે એટલે અનાયાસે જે વખતે જે મળે તેમાં સંતોષ માનનારો, હું અને મારું ઇત્યાદિ દ્વંદ્વોથી એટલે જોપણાની ભાવનાથી રહિત અર્થાત્ કેવળ એક આત્મસ્વરૂપ ભાવનામાં જ નિત્યપ્રતિ રમી રહેલો, કોઈના પર પણ મત્સર અથવા રાગદ્વેષ નહિ રાખનારો એવો જે ઇર્ષ્યાથી તદ્દન રહિત હોય છે; કારણ કે, જ્યાં આત્મા સિવાય બીજાપણાની ભાવના જ હોતી નથી તે પુરુષ કોની ઉપર કરે ? કાર્ય સિદ્ધ થાય યા અસિદ્ધ થાય એટલે કર્મફળ મળે કિંવા ન મળે, તોપણ બંનેમાં સમાન વૃત્તિ રાખનારો જીવન્મુક્ત આત્મારામ પુરુષ કર્મ કરવા છતાં પણ તેમાં કિંચિન્માત્ર કદી લેપાતો નથી, એટલે તે કર્મો કરવા છતાં પણ કદી બંધનને પામતો નથી.

यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥२३॥

સર્વ બ્રહ્મ જ છે એવી દૃષ્ટિથી અંતે બ્રહ્મપ્રાપ્તિ થાય છે

સંગથી રહિત એટલે હું તો આત્મા છું, આત્માવ્યતિરિક્ત બીજા કોઈ પણ પ્રકારની વૃત્તિનું જ્યાં ઉત્થાન જ થવા નહિ પામે, એવા પ્રકારના જ્ઞાનયજ્ઞના આચરણમાં જ જેનું ચિત્ત સ્થિર થયેલું છે તેવા જીવન્મુક્ત અથવા આત્મારામ પુરુષનું ફળસહિત સર્વ કર્મ વિલયને પામે છે.

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।

ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

ઉપરના શ્લોકમાં ભગવાને જ્ઞાનયજ્ઞના આચરણમાં જેનું ચિત્ત સ્થિર થયું છે તેવા જીવન્મુક્ત પુરુષના ફળસહિત સર્વ કર્મો વિલયને પામે છે એમ કહ્યું છે, તો તે યજ્ઞ કેવી રીતે કરવો તે હવે યજ્ઞના દૃષ્ટાંત સાથે સમજાવે છે. યજ્ઞમાં હવન કરવાની ક્રિયા, અર્પણ કરવાનું દ્રવ્ય, અગ્નિ, હવન કરનારો તથા સ્વાહા એટલે હવન થયું તે ઇત્યાદિ જે જે સામગ્રીની જરૂર હોય છે, તેનાં દૃષ્ટાંત સાથે શ્રીકૃષ્ણ ભગવાન અત્રે એમ સમજાવે છે કે, હે અર્જુન! આ જ્ઞાનયજ્ઞના આચરણમાં ચિત્તને સ્થિર કરવાનું જે મેં તને કહ્યું તે યજ્ઞ કેવી રીતે કરવો? તેનાં ક્રિયા અથવા મંત્રો કયા? તો ઉત્તરમાં બ્રહ્મ. અર્પણ કરવાનું પણ બ્રહ્મ, દ્રવ્ય પણ બ્રહ્મ, અગ્નિ પણ બ્રહ્મ, હવન કરનારો તથા સ્વાહા એટલે હવન થનારા પણ બ્રહ્મ આ રીતે સર્વ બ્રહ્મ જ બ્રહ્મ છે; એ પ્રમાણેનો જ્ઞાનયજ્ઞ કરનારને બીજું શું પ્રાપ્ત થશે? તેના ઉત્તરમાં પણ બ્રહ્મ જ. તાત્પર્ય એ કે કર્મ શબ્દની મૂળ શરૂઆત સૌથી પ્રથમ આરંભમાં જે વેદ થવા પામી તે અપૌરુષેય એવા વેદમાં પ્રથમનું કર્મ યજ્ઞ બતાવેલું છે, જેનું વિસ્તૃત વિવેચન ઉપર આવી ગયું છે (અધ્યાય ૨, ૩, તથા આગળના શ્લોકો ૨૫ થી ૩૦ જુઓ); તેથી દરેક ક્રિયાને શાસ્ત્રભાષા પ્રમાણે યજ્ઞ એવી સંજ્ઞા આપવામાં આવેલી છે. ટૂંકમાં, અત્રે શ્રીભગવાનનો કહેવાનો ઉદ્દેશ એટલો જ છે કે, હું, તું, તે, આ, મારું, તારું, મન વાણી અને બુદ્ધિ ઇત્યાદિ દ્વારા જે જે કાંઈ દૃશ્ય અથવા અદૃશ્ય એવો દ્વૈત પ્રપંચ પ્રતીત થાય છે તે તે સર્વ બ્રહ્મ જ છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; કર્તા, કરણ અને કાર્ય, દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય ઇત્યાદિ તમામ ત્રિપુટીઓ તથા તેનો સાક્ષી એ બધાં કેવળ એકરસાત્મક એવું બ્રહ્મ જ છે. ટૂંકમાં ભગવાન એમ કહી રહ્યા છે કે, અંતઃકરણમાં બ્રહ્મ વિના બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ ન થવા પામે એવા પ્રકારનો જે યજ્ઞ તે જ્ઞાનયજ્ઞ કહેવાય અને તેવો યજ્ઞ કરનાર અંતે બ્રહ્મરૂપને જ પામે છે, એમ નિશ્ચયપૂર્વક જાણ.+

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।

ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति । २५ ॥

+ અથર્વવેદમાં કાં૦ ૧૯, સૂ૦ ૪૨, મં૦ ૧, ૨. પણ આ જ ભાવના મંત્રો આવેલ છે, તે નીચે પ્રમાણે છે:—

ब्रह्म होता ब्रह्म यज्ञा ब्रह्मणा स्वरवो मिता ।

अध्वर्युर्ब्रह्मणो जातो ब्रह्मणोऽन्तर्हितं हविः ॥ १ ॥

ब्रह्म स्रुचो घृतवतीर्ब्रह्मणा वेदिरुद्धिता ।

ब्रह्म यज्ञस्य तत्त्वं च ऋत्विजो ये हविष्कृतः । शमितायै स्वाहा ॥२॥

વિવિધ પ્રકારના યજ્ઞો

ઉપર તને સર્વથી શ્રેષ્ઠ બ્રહ્મરૂપ જ્ઞાનયજ્ઞ કહી બતાવ્યો. કેટલાકો તેને બ્રહ્મને બદલે આ તો સર્વ દેવતારૂપ જ છે, એવા પ્રકારની બુદ્ધિ રાખી દેવાદિકોનું યજન કરે છે એટલે કે, આ સર્વ કર્તા, હર્તા, ભોક્તા, હું, તું, તે, ઇત્યાદિ, સર્વ બ્રહ્મ છે, એમ સમજવાને બદલે દેવતારૂપ સમજી બ્રહ્મની જગાએ પોતાના જે ઇષ્ટ દેવ હોય તે જ આ ચરાચરરૂપે સર્વત્ર વ્યાપેલ છે એમ સમજે છે. કેટલાકો તો આ બ્રહ્માગ્નિરૂપ અગ્નિ વડે યજ્ઞરૂપ યજ્ઞને જ હોમે છે. એટલે આ સર્વ યજ્ઞરૂપ જ છે. યજ્ઞ સિવાય બીજું કાંઈપણ નથી એવા પ્રકારની ભાવના રાખી વેદમાં બતાવેલા શ્રૌત અને સ્માર્ત યજ્ઞનું જ નિત્યપ્રતિ × યજન કરે છે.

श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ॥ २६ ॥
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

કેટલાકો તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રાઓ કે, જે શ્રોત્રાદિ સૂક્ષ્મ ઇંદ્રિયોને વિષયોપભોગ તરફ ખેંચી જાય છે, તેને સંયમ વડે બળાત્કારથી ખેંચી લઈ સંયમરૂપ અગ્નિમાં હોમે છે. તાત્પર્ય કે, જે ઇંદ્રિયોના જે જે વિષયો હોય તેને પોતપોતાના વિષયભોગ તરફ જવા નહિ દેતાં મૂળમાં જ દાબી દેવાના પ્રયત્ન એટલે સંયમરૂપ અગ્નિમાં હોમે છે, જ્યારે કેટલાક તો સંયમ નહિ કરતાં શબ્દ, સ્પર્શાદિ વિષયોને પોતપોતાની ઇંદ્રિયોમાં અર્થાત્ કાન, ત્વક્ ઇત્યાદિ સૂક્ષ્મ ઇંદ્રિયોમાં જ હોમે છે. ઉદ્દેશ એ કે, તે તે ઇંદ્રિયો દ્વારા જે જે વિષયોનું સેવન કરવામાં આવે છે તે પણ વસ્તુતઃ તો યજ્ઞ હોઈ અજ્ઞાનથી ભલે તેને વિષયો સમજીને તે ગ્રહણ કરે એમ સમજવામાં આવતું હોવા છતાં વાસ્તવિક રીતે તો તે સર્વ બ્રહ્મરૂપ જ હોય છે; વળી કેટલાકો તો સ્થૂલ અને સૂક્ષ્મ ઇંદ્રિયો વડે થતાં કાયિક, વાચિક અને માનસિક તમામ કર્મો તથા પ્રાણ વડે થનારા સર્વ કર્મોને જ્ઞાન વડે પ્રદીપ્ત થયેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે, એટલે ઇંદ્રિયોનાં તમામ કર્મોને તેમના વિષયોસહ આત્માર્પણ બુદ્ધિ વડે આત્મામાં જ અર્પણ કરે છે. અર્થાત્ અંત કરણમાં બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન થાય કે, તે થતાંની સાથે તુરત જ તેને તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના અભ્યાસ વા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે.

× કર્મનો મૂળ આરંભ યજ્ઞ વડે જ થયેલો હોવાથી શાસ્ત્રમાં કર્મ એટલે યજ્ઞ એવી પરિભાષા વાપરવામાં આવેલી છે. આ કર્મ એટલે યજ્ઞના મુખ્ય બે પ્રકાર છે. (૧) શ્રૌત અને (૨) સ્માર્ત. શ્રુતિમાં કહેલાં અગ્નિહોત્રાદિ કર્મો તે શ્રૌત કર્મો કહેવાય છે તથા વેદાજ્ઞાનુસાર સ્મૃતિમાં બતાવેલા પંચમહાભૂતાદિ યજ્ઞકર્મો તે સ્માર્ત કહેવાય છે. શ્રૌત કર્મોના પણ બે પ્રકાર છે. (૨) હવિર્યજ્ઞ અને (૨) સોમયજ્ઞ. હવિર્યજ્ઞ સાદા હોઈ ઘરમાં થઈ શકે એવા હોય છે. તેમાં દુધ, ઘી, ધાન્ય ઇત્યાદિ હવિર્દ્રવ્યોની જરૂર હોય છે, જેમકે ગૃહયજ્ઞ, ઉત્સર્જન, ઉપાકર્મ વગેરે તથા સોમયાગ એ મોટા યજ્ઞો હોઈ તેમાં અશ્વમેધ, રાજસૂય ઇત્યાદિનો સમાવેશ થાય છે. સ્માર્ત અથવા સ્મૃતિમાં બતાવેલા પંચમહાયજ્ઞોરૂપ કર્મોમાં (૧) બ્રહ્મયજ્ઞ (૨) દેવયજ્ઞ (૩) પિતૃયજ્ઞ (૪) મનુષ્યયજ્ઞ અને (૫) ભૂતયજ્ઞ આ મુજબ પાંચ પ્રકારો છે. આ પાંચ યજ્ઞો દ્વિજ એટલે બ્રાહ્મણાદિ ત્રણ વર્ણોએ નિત્યપ્રતિ કરવા જોઈએ, એવી શાસ્ત્રાજ્ઞા છે; તે પૈકી બ્રહ્મયજ્ઞની વિધિમાં ત્રણ અને વૈશ્વદેવમાં બે યજ્ઞોનો સમાવેશ થઈ જાય છે. કલ્પારંભમાં જ્યારે કર્મોની મૂળ શરૂઆત થઈ તેના શ્રૌત અને સ્માર્ત એ જ મુખ્ય બે પ્રકારો છે. કર્મ વડે ચિત્ત શુદ્ધ થઈ જ્ઞાન થાય છે તથા જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. (બ્રહ્મયજ્ઞની વિધિ માટે આશ્વલાયન અને પારસ્કરાદિ ગૃહ્યસૂત્રો તથા અધ્યાય ૩, પાનું ૨૧૧–૨૧૨ જુઓ.)

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथाऽपरे ।

स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।

प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।

सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।

नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥ ३१ ॥

અનેકવિધ પ્રકારના થતા યજ્ઞો

આ રીતે કોઈ વિવિધ પ્રકારનાં દ્રવ્યોદ્વારા, તો કોઈ ઇંદ્રિયનિગ્રહાદિરૂપ તપદ્વારા, તો કોઈ આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારે સમજીને અંતઃકરણમાંથી કોઈપણ વિષયવૃત્તિનું ઉત્થાન થવા ન પામે અને થાય કે તુરત જ તેને તે આત્મરૂપ છે એવી પ્રતિવૃત્તિ વડે દાબી દે છે. આ રીતે ચિત્તવૃત્તિને રોકવારૂપ યોગદ્વારા અર્થાત્ ચિત્તમાંથી વૃત્તિઓનું ઉત્થાન જ થવા ન પામે અને થાય તો તુરત તેને આત્માકાર બનાવી દેવી એ પ્રકારના અભ્યાસયોગરૂપ યજ્ઞદ્વારા, તો કેટલાકો આદિ અંત વિનાના જે પરમાત્મા છે તે જ આ સર્વ ચરાચર જગતાદિ દૃશ્યરૂપે છે, તેમાં કિંચિન્માત્ર પણ દૃશ્યાદિનો અંશ છે જ નહિ, એટલે આ સર્વ આત્મરૂપ છે એવી રીતનો નિત્યપ્રતિ અસાધારણ અને એકસરખો જે નિશ્ચય કે જેને યથાર્થ જ્ઞાન કહે છે તેવા જ્ઞાનરૂપી યજ્ઞ કરનારા, તો કેટલાક સ્વાધ્યાય એટલે વેદાદિ પઠનપાઠન કરી તેમાં બતાવેલા સ્વકર્મનું અનુષ્ઠાન કરવારૂપ યજ્ઞ વડે કિંવા સ્વ એટલે પોતે કોણ? તો આત્મા. એ પ્રકારના સ્વાધ્યાયના સાચા તાત્ત્વિક અર્થ પ્રમાણે આ બધું આત્મરૂપ એટલે પોતાનું સ્વરૂપ છે એવા પ્રકારનો જે અભ્યાસ તેનું અનુષ્ઠાન કરી તેવા જ્ઞાનયજ્ઞ વડે, એમ ભિન્ન ભિન્ન પ્રકારે પ્રયત્ન કરનારા અતિ દૃઢ વ્રતનો આશ્રય લઈને કર્મ કર્યે જાય છે.

આ સિવાય કેટલાક તો યોગમાર્ગમાં બતાવ્યા પ્રમાણે હઠયોગ વડે પ્રાણોપાસના કરનારાઓ હંમેશ પ્રાણાયામ કરવામાં જ તત્પર થઈને રહે છે, તો કોઈ કોઈ અપાનને પ્રાણમાં હોમે છે.

વળી કેટલાક તો આહારવિહારાદિનો સંયમ કરી પ્રાણ વડે પ્રાણને જ પ્રાણરૂપ અગ્નિમાં હોમે છે, એટલે પ્રાણનું પોષણ અન્નાદિ વડે થાય છે. આથી જો અન્નાદિનું સેવન કરવામાં નહિ આવે તો પ્રાણને કષ્ટ થાય છે, આ રીતે આહારનો સંયમ કરનારા પ્રાણરૂપ અગ્નિમાં પ્રાણનું પ્રાણ વડે હવન કરે છે. કિંવા આ સર્વ પ્રાણરૂપ જ છે એમ જાણી પ્રાણનું પ્રાણમાં હવન કરે છે, એમ સમજવું.

આ રીતે કડક એવા વ્રતોનું આચરણ કરનારા સંયમનશીલ યતિઓ કોઈ દ્રવ્ય, કોઈ તપ, કોઈ યોગ, કોઈ સ્વાધ્યાય, કોઈ સ્વકર્માનુષ્ઠાન, કોઈ પ્રાણોપાસનો, કોઈ મનોપાસના, તો કોઈ આહારવિહારાદિનો ત્યાગ, ઇત્યાદિ અનેક પ્રકારે યજન કર્યે જાય છે.

આ મુજબ વિધવિધ પ્રકારનાં યજન કરનારાઓનાં પાપો ક્ષીણ થયેલાં હોય છે. આ રીતના યજ્ઞ કર્યાને જે શેષ રહે તે અમૃતનું (અધ્યાય ૧૫ જુઓ) સેવન કરનારાઓ અંતે સનાતન એવા બ્રહ્મને જ પ્રાપ્ત કરે છે.

ભગવાને આમાં અનેક પ્રકારના યજ્ઞો કરનારાઓના પાપો નષ્ટ થાય છે, એમ સ્પષ્ટ કહેલું છે; તેનો ઉદ્દેશ તેમની ચિત્તશુદ્ધિ થવા પામે છે એમ દર્શાવવાનો છે, એમ જાણવું.

આ સર્વે યજ્ઞો જ છે

ઉદ્દેશ એ કે, યજ્ઞસ્તંભ, દર્ભ, યજ્ઞમાં ઉપયોગી દ્રવ્યો, યજ્ઞભૂમિ, વસંતાદિ કાળ, યજ્ઞપાત્ર વગેરે વસ્તુઓ, શ્રી વગેરે હવિર્દ્રવ્યો, છ પ્રકારના રસો, ધાતુઓ, માટી, પાણી, ઋક્, યજુ, સામ તથા હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા આદિ ઋત્વિજો તથા તેના ક્રમો, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞનાં નામો, સ્વાહા, સ્વધા વષટ્કારાદિ મંત્રો; દક્ષિણા, વ્રત, દેવતાઓનાં નામનો ક્રમ, આશ્વલાયન તથા સૌહાયન આદિના રચેલા ગૃહ્યસૂત્રો તથા શ્રૌતસૂત્રાદિમાં બતાવેલી કર્મ કરવાની પદ્ધતિઓ, સંકલ્પ તથા કર્મ કરવાનો પ્રકાર, સ્વર્ગ, નરક તથા વિષ્ણુક્રમાદિગતિઓ, દેવતાઓનાં ધ્યાન પ્રાયશ્ચિત્ત તથા કરેલું તમામ કર્મ ભગવાનને અર્પણ કરવું તે, આ સર્વ યજ્ઞમાં ઉપયોગી સામગ્રીઓ ગણાય છે અને રાજસૂય, વાજપેય, ગોમેધ, નરમેધ, અશ્વમેધ, લાંગલ, વિષ્ણુયજ્ઞ, યશસ્કર, ઘનદ, ભૂમિદ, પૂર્ત, ફલદ, ગજમેધ, લોહયજ્ઞ, રવર્ણયજ્ઞ, રત્નયજ્ઞ, તામ્રયજ્ઞ, શિવયજ્ઞ, રુદ્રયજ્ઞ, શક્રયજ્ઞ, બંધુકયજ્ઞ, વૃષ્ટિયજ્ઞ, વરુણયજ્ઞ, કંડકયજ્ઞ, વૈરિમર્દનયજ્ઞ, શુચિયજ્ઞ, ધર્મયજ્ઞ, પાપમોચનયજ્ઞ, બ્રહ્મણીકર્મયોગ, અંબાયજ્ઞ આદિ વિવિધ યજ્ઞો સહિત જે જે કાંઈ છે તે બધું બ્રહ્મરૂપ જ છે, એમ સમજવું; એટલું જ નહિ પરંતુ અનેકવિધ પ્રકારે થતી દેવતાઓની ભક્તિ, દ્રવ્ય એટલે વિવિધ પ્રકારની સામગ્રીઓથી થતાં હવન તથા પૂજનાદિક કર્મો, ઇંદ્રિયદમન એટલે ઇંદ્રિયનિગ્રહરૂપ થતાં કર્મો, આહારવિહારાદિના કડક વ્રતો કિંવા નિયમોનું પાલન કરી ઇંદ્રિયોને સૂકવી નાખનારું થતું તપ, તેમ જ પ્રાણનો અપાનમાં એટલે પૂરકનો રેચકમાં તથા અપાનનો પ્રાણમાં એટલે રેચકનો પૂરકમાં તથા પ્રાણાપાન બંને વાયુની ગતિનું રોધન એટલે કે કુંભક, એ પ્રમાણે અષ્ટાંગયોગ (પાતંજલ યોગ) સહિત થતી પ્રાણોપાસના, સ્વાભાવિક પ્રાણોપાસના, ધારણાભ્યાસ ઇત્યાદિ સર્વે આત્મપ્રાપ્તિને ઉદ્દેશી થનારાં જે તપો છે તે પણ બધાં યજ્ઞો જ કહેવાય છે. આ રીતે આત્મપ્રાપ્તિને માટે ગમે તે પ્રકારના માર્ગ એટલે યોગનો આશ્રય લઈ નાનાવિધ પ્રકારના યજ્ઞ કરનારાઓનું પાપ તે તે યજ્ઞ દ્વારા નષ્ટ થયેલું હોઈ જેમની ચિત્તશુદ્ધિ થયેલી છે એવા નિગ્રહી મુનિઓના યજ્ઞ થયા પછી જે અવશેષ રહે છે તે ખરેખર શુદ્ધ એવા આત્મસ્વરૂપ હોઈ તે અમૃતરૂપ જ છે. જેમ દેવતાઓ હવ્યથી સંતોષને પામે છે અને પિતૃઓ કવ્યથી સંતોષને પામે છે, તેમ મનુષ્યો પોતપોતાની પ્રત્યેક ક્રિયાઓ તેમ જ અન્નાદિ ખાદ્યો વગેરેને પ્રથમ આત્મસ્વરૂપ એવા ભગવાનને અર્પણ કરી બાદ જો તેનું સેવન કરે તોપણ તેની ક્રમેક્રમે ચિત્તશુદ્ધિ થઈ શકે છે. એટલું જ નહિ પરંતુ આ યુજ્ઞના દેવતાર્પણ થયેલા અને શુદ્ધ બનેલા અમૃતરૂપ અન્નથી તેઓ સંતોષને પામે છે. તેનું સેવન કરનારા પુરુષો અંતે દુર્ગમ એવી સનાતન બ્રહ્મસ્થિતિને પામે છે. સારાંશ એ કે, આત્મપ્રાપ્તિને માટે જે જે કર્મો કરવામાં આવતાં હોય પછી તે હવનાદિ સ્વરૂપનાં હોય, દ્રવ્યાદિ સ્વરૂપનાં હોય. આચારવિચારાદિ સ્વરૂપનાં હોય, ભક્તિમાર્ગ સ્વરૂપનાં હોય, દેવતાઓની ઉપાસના કિંવા અર્ચનાદિ સ્વરૂપનાં હોય કિંવા પ્રાણોપાસના પેઠી પ્રાણ અપાનની ગતિ રોકનારાં કે પતંજલપ્રણીત હઠયોગશાસ્ત્રનાં હોય; જ્ઞાનદૃષ્ટિનાં હોય કે પછી ભક્તિદૃષ્ટિનાં હોય વા અન્ય કોઈ સ્વરૂપનાં હોય પરંતુ જો તે આત્માર્પણની દૃષ્ટિએ કરવામાં આવતાં હોય તો તે સર્વ કર્મો એ વસ્તુતઃ તો યજ્ઞો જ છે, એટલું જ નહિ પરંતુ તે દેવપ્રીત્યર્થ, ગુરુપ્રીત્યર્થ, યજ્ઞપ્રીત્યર્થ, યાગ, તપ, જપ, ધ્યાન, ધારણા, યોગ યા દાનાદિ કોઈ પણ પ્રકારનાં હોય તે સર્વે જાણ કિંવા અજાણથી ગમે તેવી માન્યતા અથવા બુદ્ધિ રાખીને કરવામાં આવતાં હોય પરંતુ વાસ્તવિક રીતે તો તે બધું બ્રહ્મરૂપ જ છે, એમાં જરા પણ શંકા નથી. આ રીતે કરનારાઓનાં તમામ કર્મો તે યજ્ઞો કહેવાય છે. આ સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે કથન છે.

આત્મયજ્ઞની યોગ્યતા

શ્રીનારદજી યુધિષ્ઠિરને કહે છે: "હે રાજા! કેટલાક બ્રાહ્મણો કર્મમાં નિષ્ઠા રાખનારા, કેટલાકો તપમાં, કેટલાકો વેદાધ્યયનમાં, કેટલાકો સ્વાધ્યાયમાં અને કેટલાકો યોગમાં નિષ્ઠા રાખવાવાળા હોય છે. આ સર્વે યજ્ઞ

જાણનારાઓમાં ઉત્તમ અને નિષ્કામ કર્મો કરનારા કહેવાય છે. કેટલાક જ્ઞાનીઓ જ્ઞાન વડે પ્રદીપ્ત થયેલા મનના નિયહમાં કર્મરૂપ યજ્ઞોને હોમે છે. આત્મરૂપભાવના નહિ પરંતુ જેમાં કેવળ દ્રવ્યો અથવા પદાર્થોનો જ ઉપયોગ થાય છે એવી સ્થૂલ અને સકામ દૃષ્ટિથી યજ્ઞને માટે તૈયાર થયેલા વિષયેચ્છુ કામનાવાળા મનુષ્યોનો જોઈ પ્રાણીઓ ભયને પામે છે. માટે નિષ્કામ એવા આત્મભાવથી થતા યજ્ઞો જ શ્રેષ્ઠ છે, એમ સમજો (ભા૦ ૨૪૦ ૭, અ૦ ૧૫)." ભગવાન બોલ્યા: હે કુરુવંશમાં શ્રેષ્ઠ એવા અર્જુન! આ પ્રમાણે યજ્ઞ નહિ કરનારાઓને આ લોકમાં પણ સિદ્ધિ થતી નથી એટલે આ લોકમાં પણ તે સુખી થતા નથી, તો પછી પરલોકની તો વાત જ શી કરવી?

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।

कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥

યજ્ઞોનો વિસ્તાર વેદમાંથી જ થવા પામેલો છે

ઉપર બતાવેલા (૧) આ સર્વ બ્રહ્મરૂપ છે, (૨) આ સર્વ દેવતારૂપ છે, (૩) બ્રહ્માર્પણદૃષ્ટિએ હવન કરવામાં આવે છે એટલે કે હું જે આ હવન કરું છું તે સર્વ બ્રહ્મને જ પહોંચે છે એવી ભાવનાથી થતા યજ્ઞો, (૪) શ્રોત્રાદિ ઇંદ્રિયોના સંયમરૂપ અગ્નિમાં હવન કરવું તે, (૫) શબ્દાદિ વિષયોનું ઇંદ્રિયોરૂપ અગ્નિમાં હવન કરવું તે, (૬) સર્વ ઇંદ્રિયો, પ્રાણ અને તેનાં કર્મો આત્મસ્વરૂપ છે એવા દૃઢ નિશ્ચય વડે તેવા પ્રકારના આત્મરૂપ અગ્નિમાં હવન કરવું તે, (૭) કોઈ પણ સંકલ્પનું અંતઃકરણમાંથી ઉત્થાન જ થવા નહિ દેવારૂપ સંયમાગ્નિરૂપ અર્થાત્ નિઃશેષભાવના અભ્યાસરૂપ યજ્ઞ, (૮) દ્રવ્યયજ્ઞ, (૯) તપયજ્ઞ, (૧૦) યોગયજ્ઞ, (૧૧) સ્વાધ્યાય કિંવા સ્વકર્માનુષ્ઠાનરૂપ યજ્ઞ, (૧૨) જ્ઞાનયજ્ઞ; એવા આ બાર યજ્ઞો તથા પ્રાણોપાસના પૈકી (૧૩) પ્રાણનો અપાનમાં એટલે ઉચ્છ્વાસ વા પૂરક તથા અપાનનો પ્રાણમાં એટલે નિઃશ્વાસ વા રેચક અને તે બંનેનો નિરોધ એટલે કુંભક, આ પ્રમાણે ત્રણ પ્રકારનો પ્રાણાયામરૂપ થતો યજ્ઞ અને (૧૪) સ્વાભાવિક પ્રાણોપાસના અર્થાત્ સહજકુંભક, આ બે પ્રકારની ઉપાસના કરનારા પ્રાણોપાસકો તેમ જ (૧૫) ધારણાભ્યાસ; મળી કુલ પંદર પ્રકારના જે યજ્ઞો કહેવામાં આવેલા છે તે; તથા તે સિવાયના પણ બીજા અનેક પ્રકારના યજ્ઞો બ્રહ્મરૂપ એવા આ બ્રહ્મના મુખમાં જ ચાલુ છે, એટલે આવા ઘણા પ્રકારના યજ્ઞો બ્રહ્મદેવના મુખમાંથી નીકળેલા એવા વેદોમાંથી જ વિસ્તારને પામેલા છે; તે સર્વેનો ઉગમ (ઉદ્ભવ) કર્મમાંથી જ થયેલો છે, એમ જાણ. આગળ જણાવેલું જ છે કે, યજ્ઞની ઉત્પત્તિ કર્મમાંથી અને કર્મની ઉત્પત્તિ બ્રહ્મદેવમાંથી જ થયેલી હોઈ બ્રહ્મદેવની ઉત્પત્તિ અક્ષર એવા બ્રહ્મ(વૃક્ષાંક ૧)માંથી થયેલી છે; માટે વટબીજ અથવા બીજાંકુર ન્યાયાનુસાર આ સર્વ બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ જ છે, એમ જાણ. આ રીતનું જ્ઞાન થયું કે તું તરત મુક્ત થઈશ (દેહયજ્ઞને માટે પ્રાણાગ્નિહોત્રોપનિષદ જુઓ).

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ।

सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

સર્વયજ્ઞનો અંત જ્ઞાનયજ્ઞમાં જ થાય છે

ભગવાન આગળ કહે છે: હે અર્જુન! ઉપર જે અનેક પ્રકારના યજ્ઞોનો વિસ્તાર કહેવામાં આવ્યો, તે સર્વમાં દ્રવ્યમય યજ્ઞો કરતાં જ્ઞાનમય યજ્ઞ જ વધુ શ્રેષ્ઠ છે; એટલે જે યજ્ઞમાં અનેક પ્રકારની સાધન સામગ્રીઓની જરૂર છે તે યજ્ઞો કરતાં આ સર્વ બ્રહ્મ છે, એવા દૃઢ નિશ્ચય વડે બ્રહ્મવ્યતિરિક્ત અંતઃકરણમાં બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એવો યજ્ઞ કે જે જ્ઞાનયજ્ઞ કહેવાય છે તે જ શ્રેષ્ઠ છે; કારણ કે, હે પાર્થ! આ તમામ યજ્ઞની સમાપ્તિ વા અંત છેવટે તો જ્ઞાનમાં જ થાય છે. જેમ તમામ નદીઓનો સમાવેશ અંતે તો એક સમુદ્રમાં જ થાય છે તેમ ઉપર્યુક્ત સર્વ યજ્ઞોનો સમાવેશ અંતે તો જ્ઞાનયજ્ઞમાં જ

થાય છે; સારાંશ, સર્વ કર્મોનો અંત તો નદીનો સમુદ્રમાં તેમ જ્ઞાનયજ્ઞમાં જ થાય છે. જ્ઞાનની શ્રેષ્ઠતાના સંબંધમાં બ્રહ્માએ પોતે જ કહેલું શાસ્ત્રવર્ણન અત્રે સંક્ષેપમાં આપવામાં આવે છે.

જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી સત્કર્મ શ્રેષ્ઠ છે

ચુડાલા શિખિધ્વજને કહે છે: પૂર્વકાળમાં કોઈ એક દિવસ મેં બ્રહ્મદેવને એ વાત પૂછી હતી કે, હે મહારાજ! કર્મ અને જ્ઞાન એ બંનેમાં મોક્ષ થવાનું જે એક કારણ હોય તે આપ કૃપા કરીને કહો. મારો આ પ્રશ્ન સાંભળીને બ્રહ્મા બોલ્યા: જ્ઞાન એ જ મોક્ષનું મુખ્ય કારણ છે. જ્ઞાન વડે જ સંપૂર્ણ દુઃખોનો નાશ થાય છે એવો અનુભવ છે. સત્કર્મો તો સ્વર્ગાદિ ભોગોની પ્રાપ્તિના વિનોદને માટે મનુષ્યોને શુભ પ્રવૃત્તિ કરાવી કોઈ પણ જાતના નરકના અનર્થમાં નહિ રોકતાં શુભ કલ્યાણમાં જ તેમનું આયુષ્ય પસાર થાય એવા ઉદ્દેશથી કહેવામાં આવેલાં છે. હે પુત્ર! જેઓમાં જ્ઞાનદૃષ્ટિ ઉદ્ભવેલી હોતી નથી તેઓ માટે આ સત્કર્મ એ આનંદનું મુખ્ય સાધન છે; કેમકે અજ્ઞાની મનુષ્યો પણ દુઃખને ઇચ્છતા નથી; પરંતુ ઓ, પુત્ર, સંપત્તિ ઇત્યાદિ ઐશ્વર્યને જ ઇચ્છે છે અને તેની પ્રાપ્તિ સત્કર્મ વડે જ થઈ શકે છે. આથી રેશમી કિંવા જરીનાં વસ્ત્ર ન મળે ત્યાંસુધી ચામડી (કામળા)નો ત્યાગ કોણ કરે? એ પ્રમાણે જ્યાંસુધી જ્ઞાન પ્રાપ્ત થયું નથી ત્યાંસુધી સત્કર્મ શ્રેષ્ઠ છે. અજ્ઞાનીઓનું કર્મ અનેક વાસનાયુક્ત હોવાથી તે તેની ઇચ્છા મુજબ સુખ દુઃખાદિ ફળ આપવા સમર્થ હોય છે, પણ જ્ઞાનીઓ તો નિર્વાસન હોવાથી તેમનું કર્મ ફળ આપવા સમર્થ થતું નથી. જેમ પાણી નહિ મળવાથી લતાઓ ફળ આપી શકતી નથી તેમ જ્ઞાનીનાં કર્મો પણ વાસનાનો નાશ થઈ ગયેલો હોવાથી ફળ આપી શકતાં નથી. પ્રારબ્ધરૂપે ફળ આપવાને માટે તૈયાર થયેલાં કર્મો પણ વાસનાનો નાશ થયેલો હોવાને લીધે ફક્ત લૌકિક દૃષ્ટિએ દેખાવ પૂરતાં જ હોય છે, પરંતુ વાસ્તવિક હોતાં નથી. પૂર્ણ ઋતુનાં ચિહ્નો જેમ પાછળની ઋતુઓ આવતાં જ નાશ પામી જાય છે તેમ તેઓની વાસનાનો સદંતર નાશ થયેલો હોવાથી કર્મનું ફળ પણ નાશ પામી જાય છે. હે પુત્ર! વંધ્યાની વેલ જેમ સ્વભાવે જ ફળ આપતી નથી તેમ વાસના વગરની ક્રિયાઓ પણ સ્વભાવે જ ફળરહિત હોય છે. જેમ જે બાળકના મનમાં ભયને લીધે હાઉની ભાવના રહી ગયેલી હોય તે જ હાઉને દેખે છે, બીજો દેખતો નથી, તેમ દુઃખની ભાવનાવાળો પુરુષ જ દુઃખને દેખે છે; બાકી તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ તો દુઃખનું અસ્તિત્વ કદી પણ છે જ નહિ. વિકાસ પામેલી કાસડા એટલે વંધ્યાની લતાની પેઠે જ્ઞાનીની ક્રિયા આકાર વડે જોવામાં આવતી હોવા છતાં પણ જેમ ફળ આપી શકતી નથી, તેમ અજ્ઞાનદશામાં જોવામાં આવતી અહંકારાદિ રૂપે સ્ફુરેલી વાસનાઓ તત્ત્વદૃષ્ટિએ જોતાં તો કદી છે જ નહિ, પરંતુ કેવળ અજ્ઞાનને લીધે ઝાંઝવાના જળમાં સમુદ્રના જળની થનારી ભ્રાંતિની પેઠે તે વાસનાઓ જાણે કે સાચી જ ન હોય એવી દેખાય છે એટલું જ. આ સર્વ બ્રહ્મરૂપ જ છે. એવી દૃઢ ભાવના વડે અજ્ઞાનનો નાશ થઈ જતો હોવાને લીધે જેમ અનુભવીને ઝાંઝવામાં જળની ભ્રાંતિ થતી નથી તેમ જ્ઞાનીના ચિત્તમાં વાસના કદી પણ ઉત્પન્ન થવા પામતી નથી. સમસ્ત વાસનાઓનો ત્યાગ થઈ જવાથી જીવ ફરી વાર કદી પણ જન્મ લેતો નથી, પરંતુ જરામરણરહિત એવા બ્રહ્મરૂપ બની જાય છે. જ્યાંસુધી ચિત્તમાં વાસના રહે છે ત્યાંસુધી જ મનનું અસ્તિત્વ ગણાય છે અને મન વાસના વિનાનું થઈ જાય તો તે પોતે જ્ઞાનરૂપ જ છે. આમ જ્ઞાન વડે જો પોતાનું આત્મસ્વરૂપ ઓળખવામાં આવે તો જીવને કદી પુનર્જન્મ થતો નથી.

સત્પુરુષની સેવા કેમ કરતા નથી?

હે રાજર્ષિ! ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાન એ જ પરમ કલ્યાણરૂપ એવા મોક્ષનું સાધન છે, એમ જો બ્રહ્માદિક જેવા મોટા પુરુષો પણ કહે છે; તો પછી અજ્ઞાનીની પેઠે તમે આ તપને જ કેમ મોક્ષનું સાધન માની બેઠા છો? હે રાજર્ષિ! હું કોણ છું? આ સઘળું દૃશ્ય શી રીતે ઉત્પન્ન થયું? અને વળી પાછો તેનો લય ક્યાં થાય છે? તે સંબંધે શા માટે વિચાર કરતા નથી? અજ્ઞાનીની પેઠે વિચાર વિનાના થઈ શા માટે દુઃખ ભોગવી રહ્યા છો? હે રાજન્! બંધ શી રીતે થાય? અને મોક્ષ કેવી રીતે થાય? એવા પ્રશ્નો

પૂછીને તેના ઉત્તરની અભિલાષાથી પરમાનંદના સમુદ્રરૂપ પરબ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરનારા મહાત્માઓનાં ચરણોનું સેવન શા માટે કરતા નથી? કેવળ વ્રત, ઉપવાસ અને શીતોષ્ણાદિ સહન કરી દુઃખદાયક એવી ક્રિયાઓ કરતા રહી મિથ્યા આયુષ્યનો ક્ષય શા માટે કરો છો? અને શીલાની અંદર રહેલા કીડાની પેઠે આ પર્વતની ગુફા વિષે તમે કેમ પડ્યા રહો છો? આત્માનુભવી સમદૃષ્ટિવાળા સત્પુરુષોને પ્રશ્ન કરવાથી તેમની સેવા કરવાથી અને તેઓના સમાગમથી એવી નિર્બાધ યુક્તિ મળી આવે છે કે, જે વડે આ સંસાર બંધનમાંથી મુક્ત થઈ શકાય છે; માટે તમો શરીરને મિથ્યા કષ્ટ પડે એવી આ ચેષ્ટાઓને છોડી દઈ કોઈ આત્માનુભવી મહાત્મા ગુરુની સાથે રહી, જે કાળે જે કંઈ મળે તેનું સેવન કરતા રહો તથા એ ગુરુએ બતાવેલા માર્ગમાં જ દૃઢ રહી પછી જોઈએ તો આ વનની ગુફામાં સુખેથી પડ્યા રહો (ચો૦ નિ૦ પૂ૦ સ૦ ૮૭, શ્લો૦ ૧૫ થી ૬૪).

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।

उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥

આત્મજ્ઞાન સત્પુરુષ પાસેથી પ્રાપ્ત કરી લેવું જોઈએ

પ્રથમ બતાવેલું છે કે, આ ચરાચર દૃશ્યજાળ કેવળ આત્મસ્વરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એમ સાક્ષાત્કાર વડે જાણવું તે જ જ્ઞાન છે; એટલે તત્, આત્મા કિંવા બ્રહ્મને અપરોક્ષાનુભવ વડે નિઃશંક રીતે અનુભવવું એ જ ખરું જ્ઞાન કહેવાય. તે જ્ઞાનનો ઉપદેશ જ્ઞાતાઓ એટલે બ્રહ્મનિષ્ઠ મહાત્મા પુરુષોને નમ્રભાવે પ્રણામ કરવાથી, તત્ત્વજ્ઞાન સંબંધમાં વિચાર કરીને મનની તમામ શંકાઓનું પ્રશ્નો દ્વારા સમાધાન કરાવી લેવાથી તથા સેવા કરી તેમની પ્રસન્નતા કરવા થકી તેઓ કરે છે. તાત્પર્ય કે, એ જ્ઞાન તો તું ત્યારે જ પ્રાપ્ત કરી શકીશ કે, નમ્ર ભાવે તેઓને પ્રણિપાત કરી સર્વભાવે તેમને શરણે જવાથી, પ્રશ્ન કરવાથી એટલે સંસારી વિષયો સંબંધના નહિ પણ તેમાં વૈરાગ્ય ઉત્પન્ન થયા બાદ આત્મસંબંધમાં સારો વિચાર કરી પછી તત્ત્વસંબંધમાં સમાધાન થતાં સુધી પ્રશ્નો કરીને તથા તેમની યોગ્ય શુશ્રૂષા અર્થાત્ સેવા કરી તેઓને પ્રસન્ન કરીને જ તેઓની પાસેથી સંપાદન કરી શકાય છે, અર્થાત્ આત્મપ્રાપ્તિને માટે મહાત્માઓનો સત્સંગ એ જ સૌથી શ્રેષ્ઠ એવો ઉપાય છે. જેઓ હંમેશને માટે બ્રહ્મસ્વરૂપમાં જ રમમાણ થયેલા છે, બ્રહ્મ સિવાય બીજું કાંઈ દેખતા જ નથી એવા અપરોક્ષાનુભવિ મહાપુરુષોનો સંગ એ જ ખરો સત્સંગ કહેવાય. સત્સંગ શબ્દ સત્ એટલે આત્મા તથા સંગ, એ બે શબ્દો મળીને થયો છે. તેનો અર્થ આત્માની સાથે ઐક્યભાવ કરાવનારો સંગ તે સત્સંગ કહેવાય. આ પ્રકારના સત્સંગની શ્રેષ્ઠતાના સંબંધમાં દરેક શાસ્ત્રોમાં ઘણું વર્ણન આવેલું છે. તે પૈકી શ્રીકૃષ્ણ ભગવાને ભાગવતમાં સત્સંગના મહિમા સંબંધે જે વિવેચન કર્યું છે, તેનો સંક્ષેપમાં સાર નીચે પ્રમાણે છે.

સત્સંગની વ્યાખ્યા અને મહિમા

શ્રીકૃષ્ણ કહે છેઃ હે ઉદ્ધવ! સઘળા સંગોને મટાડનાર સત્સંગ વડે આત્મસ્વરૂપ એવા મને વશ કરી શકાય છે. આ યોગ, ધર્મ, વેદાધ્યયન, તપ, સંન્યાસ, યજ્ઞ એટલે છએ કર્મો; વાવ, કૂવા, તલાવ આદિ કરવારૂપ પૂર્તકર્મો; દક્ષિણા, વ્રતો, વિવિધ પ્રકારના દેવતાઓના પૂજન, મંત્રો, તીર્થો, નિયમો કે યમો ઇત્યાદિ પૈકી સત્સંગની બરોબરી કરી શકે એવું કોઈ પણ સાધન નથી. દૈત્યો, રાક્ષસો, મૃગો, પક્ષીઓ, નાગલોકો, સિદ્ધો, ગંધર્વો, ચારણો, યક્ષો, વિદ્યાધરો તથા મનુષ્યો; તેમાં પણ શૂદ્રો, સ્ત્રીઓ અને અતિશૂદ્રો, કે જેઓ રજ અને તમોગુણના સ્વભાવવાળા હતા તેઓ પણ કેવળ સત્સંગથી જ મને પામ્યા છે. હે ઉદ્ધવ! વૃત્રાસુર, પ્રહ્લાદ આદિ દૈત્યો, વૃષપર્વા, બલિ, બાણાસુર, મયદાનવ, વિભિષણ, સુગ્રીવ, હનુમાન, જાંબુવાન, ગજેંદ્ર જટાયુ પક્ષી, તુલાધાર વૈશ્ય, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજની ગોપીઓ, યજ્ઞ કરનારા બ્રાહ્મણોની સ્ત્રીઓ અને

બીજા પણ કેટલાકો કેવળ સત્સંગથી જ આત્મસ્વરૂપ એવા મને પામ્યા છે. એઓએ કાંઈ વેદાધ્યયન કર્યું ન હતું. ઉપાસના કરી ન હતી, વ્રત કે તપ પણ કર્યાં ન હતા; તોપણ તે બધા સત્ એટલે આત્મસ્વરૂપ એવો જે હું તે મારા સંગથી જ આત્મસ્વરૂપને પામેલાં છે. ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગ અને બીજા પણ કેટલાક અતિ મૂઢ બુદ્ધિવાળા ગણાતા જીવો કેવળ સત્સંગથી જ કૃતાર્થ બનેલાં છે; વૃત્રાસુર આદિકોએ તો કદાચ જપતપાદિ બીજાં કોઈ સાધનોનો આશ્રય લીધો હોય પરંતુ બિચારી ગોપી અને ગાયોને માટે તો બીજાં કોઈ સાધનો હતાં જ નહિ. યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યાન, વેદાધ્યયન અને સંન્યાસ વગેરે માર્ગોદ્વારા ગમે તેટલા યત્નો કરે તોપણ હું કે જે અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ છું તેનો પાર પામી શકવો મુશ્કેલ છે, છતાં તે કેવળ એક સત્સંગ વડે જ પામી શકાય છે; માટે હે ઉદ્ધવ! આત્મસ્વરૂપ એવા મારા ભજનનો પ્રભાવ જ એવો છે કે, સર્વ ભાવે મને અર્પણ થનાર અંતે મારા સ્વરૂપને જ પામે છે; એટલા માટે તમે શ્રુતિસ્મૃતિમાં કહેલાં વિધિવાક્યો એટલે શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રમાં ધ્યેયપ્રાપ્તિને માટે આજ્ઞારૂપ જે વાક્યો આવેલાં છે તે વિધિ કિંવા નિઃશેષ વાક્ય કહેવાય; કારણ કે, તે પહેલી શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રમાં નેતિ નેતિ કહી અનિર્વચનીયતા દર્શાવવામાં આવેલો છે તે; તથા આમ કરવું, આમ નહિ કરવું ઇત્યાદિ પ્રકારનાં નિયમવાક્યો, અને તેમાં બતાવેલું પ્રવૃત્તકર્મ, નિવૃત્તકર્મ, સાંભળવાનું અથવા સાંભળેલું ઇત્યાદિ સર્વ છોડી તજીને 'હું' કે જે સર્વ પ્રાણીઓનો અદ્વિતીય એવો એક આત્મા છું, મારે સર્વ જગત ભગવત્ એવા મારું રૂપ છે એ ભાવથી નિઃશંક થઈ એક મારું જ શરણ લો અને આત્મસ્વરૂપ એવા મને પ્રાપ્ત થઈને સંસારના સઘળા ભયથી છૂટી જાઓ (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૨ શ્લો૦ ૧ થી ૧૫).

દુઃખનિવૃત્તિનું આદિ કારણ કયું?

ખરું જોતાં તો અવિચારે જ સર્વનો ઘાત કરેલો છે. સુવિચાર વડે જ સ્વહિત સાધી શકાય છે અને તે પ્રાપ્ત કરવાને માટે અનેક પ્રકારે માહાત્મ્ય સાંભળવું એ સૌથી પ્રથમ ઉપાય છે એ વાત ખરી, પરંતુ આમાં એક એવો સંશય ઉત્પન્ન થાય છે કે, પ્રથમ આ શ્રવણની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? તેને માટે ઉપાય શો છે? અને જો તે અનાયાસે પ્રાપ્ત થશે એમ કહેવામાં આવે તો એવી રીતે તે મને આજસુધી કેમ પ્રાપ્ત થયું નહિ? વળી મારા કરતાં પણ જેઓ વધારે દુઃખી છે, જેઓ ડગલે અને પગલે આઘાતો સહન કર્યે જાય છે તેઓને પણ શ્રવણરૂપ સાધન પ્રાપ્ત થવાનું કોઈ જગ્યાએ જોવામાં આવતું નથી, તેનું કારણ શું? આ વિષય મને કૃપા કરીને સમજાવો આવી રીતે પરશુરામે દત્તાત્રેયને પ્રશ્ન પૂછ્યો.

સત્સંગ વડે જ ખરું કલ્યાણ થઈ શકે છે

પરશુરામનો પ્રશ્ન સાંભળીને દયાનિધિ દત્તાત્રેયે આનંદપૂર્વક કહ્યું: મોક્ષનું મૂળ કારણ શું છે તે હું તને કહું છું. બ્રહ્મનિષ્ઠ એવા આત્મપરાયણ સંતોની સાથે સહવાસ એ જ એક સર્વ દુઃખનિવૃત્તિનું આદિકારણ છે; પરમાર્થરૂપી ફળની પ્રાપ્તિ થવાને માટે સત્સંગ એ જ મૂળ બીજ છે; તને મહાત્મા સંવર્તનો મેળાપ થવાથી જ મોક્ષરૂપી ફળ આપનારી આ અવસ્થા પ્રાપ્ત થયેલી છે. તાત્પર્ય એ છે કે, સંતપુરુષોનો સહવાસ સાધવાથી સાચા સુખનો માર્ગ સાંપડે છે; સત્સંગ વિના ખરું કલ્યાણ કોઈ સમયે કોઈનું પણ થયું છે ખરું કે? વ્યવહારમાં પણ એવો નિયમ છે કે, મનુષ્યને જેવી સંગતિ પ્રાપ્ત થાય તેવું જ તેને ફળ મળે છે (ત્રિપુરારહસ્ય યા દત્ત પરશુરામ જ્ઞાનખંડ સર્ગ ૩)

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।

येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥

મોહનિવૃત્તિના ઉપાયો

ભગવાન કહે છે: હે અર્જુન! આ આત્મજ્ઞાન તો તત્ત્વને જાણનારા અપરોક્ષ સાક્ષાત્કારી એવા સત્પુરુષોના સહવાસ વડે, તેમની પાસે નમ્ર ભાવે જઈ નમસ્કારાદિ દ્વારા અથવા તત્ત્વવિષયક પ્રશ્નો

કરીને કિંવા સેવા કરીને, તેમને પ્રસન્ન કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. જેમના ઉપદેશ વડે ફરીથી આવા પ્રકારનો મોહ કદી પણ થતો નથી, એટલું જ નહિ પરંતુ જ્ઞાન થવાથી સમગ્ર ભૂતોને તું તારામાં એટલે પ્રથમ "હું" રૂપ (વૃક્ષાંક ૩)માં તથા પછી મારામાં એટલે હું કે જે અનિર્વચનીય એવો તત્ કિંવા આત્મરૂપ (વૃક્ષાંક ૧) છું, તેમાં જોઈશ.

સર્વ ભૂતોને પોતામાં અને પોતાને મારામાં જોઈશ

તાત્પર્ય એ કે, સૌથી પ્રથમ તત્ત્વવિદ્ એવા સદ્ગુરુનું નિઃશંક થઈ સંપૂર્ણ શરણ ગ્રહણ કરવું તથા અતિ નમ્રતાપૂર્વક તેમની પાસેથી ઉપર બતાવેલ (૧) નમસ્કારાદિ કિંવા (૨) તત્ત્વવિષયક પ્રશ્નો અથવા (૩) સેવાદ્વારા સર્વત્ર આત્મા જ છે, આત્મા સિવાય અન્ય કાંઈ છે જ નહિ એવા પ્રકારનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લેવાથી દુઃખદાયક એવા અનેક પ્રકારના દ્વૈત કિંવા ભેદાભેદની જે પ્રતીતિ થાય છે તે સર્વનો વિલય થઈ આ સમગ્ર ભૂતો કેવળ "હું" રૂપ જ છે, એટલે સર્વભૂત માત્ર પોતાને 'હું' 'હું' એમ જે કહે છે તેના ઉપર તું, તમે ઇત્યાદિ આરોપો કરવા એ સાવ મિથ્યા છે; માટે સત્યવૃત્તિનો આશ્રય કરવાથી આ સર્વ પ્રથમ 'હું'રૂપ છે, એમ નિશ્ચયપૂર્વક તારી જાણમાં આવશે. અર્થાત્ મમ, મારું, તારું, તું, તે, આ ઇત્યાદિ ભિન્ન ભિન્ન અનેક નામરૂપે થતો તમામ વ્યવહાર મિથ્યા હોઈ ખરી રીતે તો તે સર્વ 'હું' રૂપ જ છે, એમ તારી નજરમાં આવશે. જેમ સુવર્ણ એટલે સોના ઉપર અનેક દાગીનાઓનો આરોપ કરવામાં આવે છે તે વાસ્તવિક રીતે તો સાવ મિથ્યા જ છે, કેમકે જો તેમાંથી સોનું કાઢી લેવામાં આવે તો અંતે નામરૂપાદિ વડે ભાસતા દાગીનાઓનું અસ્તિત્વ બિલકુલ સંભવતું નથી. તેમ સમસ્ત ભૂતમાત્રમાંથી 'હું' એવો ભાવ જો કાઢી લેવામાં આવે તો મારું, તારું, તું, તે, આ, મમ વગેરે અનેક નામરૂપો વડે ભાસતા આ જગતનું અસ્તિત્વ રહેતું જ નથી. એટલે કે આ સર્વ દૃશ્ય 'હું' (વૃક્ષાંક ૩) જ છે એમ તું પ્રથમ નિશ્ચયથી જાણી શકીશ; બાદ તે 'હું' એટલે કોણ? એવો વિચાર તને પ્રાપ્ત થશે, અર્થાત્ 'હું'ને જ તું, તમે, આ, મારું, તારું ઇત્યાદિ નામો વડે સંબોધવામાં આવતું હતું તેનું જ્ઞાન થઈ એ તમામ નામરૂપાદિ મિથ્યા છે એમ જ્યારે તને જણાશે ત્યારે આ 'હું' કોણ છે? તે જાણવાની તને ઇચ્છા થશે. અને તેમ થતાં તું જાણી શકીશ કે. આ 'હું'નું મૂળ ઉગમસ્થાન તો જ્યાં હું એવો ભાવ છે જ નહિ એવું અનિર્વચનીય તત્ત્વ છે; કારણ કે, જ્યાંથી 'હું' 'હું' એવી સ્ફુરણા થાય છે તે તત્ત્વ 'હું'રૂપ જ હશે એમ કહેવું યોગ્ય ગણાશે નહિ. જેમ લાકડાં, ચૂનો, ઈંટ વગેરેથી ઘર તૈયાર થાય છે તે ઉપરથી ઘરનો બનાવનાર અથવા માલિક પણ લાકડાં, ઈંટ કિંવા ચૂનાનો જ હશે એમ કહેવું અયોગ્ય છે; કારણ કે, તે ઘર બનાવવાના કાર્યમાં ઉપયોગી એવા સર્વ સામાનથી તદ્દન અલગ એવો એટલે કે જેમાં આ ચૂનો, ઈંટ, લાકડાં વગેરેનો અંશ પણ હોતો નથી તેવો તે સર્વ કરતાં તદ્દન ભિન્ન હોય છે, તેમ જ્યાંથી 'હું', 'હું' એવી સ્ફૂર્તિ થાય છે તે તત્ત્વ આ 'હું'થી તદ્દન ભિન્ન છે અર્થાત્ તેમાં 'હું'નો અંશ પણ હોઈ શકે નહિ તેવા પ્રકારનું આ 'હું'નું મૂળ સ્વરૂપ હોવું જોઈએ, એ પણ નિશ્ચિત સિદ્ધ થાય છે. આ તત્ત્વને જાણવાને માટે વાણી, મન કિંવા બુદ્ધિ ઇત્યાદિ સર્વ નિરર્થક જ છે; કેમકે વાણી, મન, બુદ્ધિને જાણનાર તો 'હું' છે અને જ્યાંથી આ 'હું' ઉત્પન્ન થયો તે પદ તો અનિર્વચનીય એવું જ હોવું જોઈએ, એમ સિદ્ધ થાય છે. અજ્ઞાનીઓને સમજાવવા માટે વ્યવહારમાં આ પદને જ આત્મા, બ્રહ્મ, સત્, ચિત્, તત્ ઇત્યાદિ નામોની સંજ્ઞાઓ આપવામાં આવેલી છે. તે પદની પ્રાપ્તિને માટે 'હું' ભાવનો વિલય કરવો એજ એક ઉપાય હોવાથી તે અનિર્વચનીય હોઈ અનુભવગમ્ય છે; વળી તે પદ સ્વતઃસિદ્ધ જ છે; તે ઉપર જ આ હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ અનેક ભાવોના આરોપો વિવર્તભાવે થયેલાં છે, માટે આ સર્વને તું પ્રથમ હું(વૃક્ષાંક ૩)માં અને તે 'હું'ને અનિર્વચનીય આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧)માં જોશે. સારાંશ, આમાં ભગવાને અર્જુનને એમ કહ્યું છે કે, આ સર્વ ભૂતોને હું અર્થાત્ પોતામાં એટલે 'હું' રૂપ(વૃક્ષાંક ૩)માં અને તે 'હું'(વૃક્ષાંક ૩)એટલે પોતાને મારામાં અર્થાત્ આ હું તો અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)જ છે, એમ તું જોઈ શકીશ (**तत्त्वमसि**).

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।

सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि ॥ ३६ ॥

જ્ઞાનરૂપ વહાણથી મહાન પાપી પણ તરે છે

હે અર્જુન! વિશેષ શું કહું? આ જ્ઞાનરૂપ વહાણ વડે ગમે તેવો મહાનમાં મહાન પાપી હોય તો તે પણ પાપરૂપ મહાસાગરમાંથી સારી રીતે તરી જશે, તો પછી ઇતરની તો વાત જ શી કરવી? ઉદ્દેશ એ કે, ગમે તેવા મહાન પાપીને પણ આ જ્ઞાનરૂપ વહાણનો આશ્રય પ્રાપ્ત થાય તો તેને તે પાપરૂપ મહાસાગરમાંથી તારી શકે છે; તો પછી આ તો ધર્મયુદ્ધ છે તેમાં આ જ્ઞાનદૃષ્ટિનો આશ્રય કરીને તારે હાથે ગમે તેટલો સંહાર થાય તો પણ તને પાપ લાગવાની ભીતિ રાખવાનું શું કારણ છે? અર્થાત્ આ રીતે જ્ઞાનયોગનો આશ્રય કરીને હું ભાવનો સંપૂર્ણ રીતે વિલય કરી અપરોક્ષ અનુભવ લઈ જીવન્મુક્ત બની તું યુદ્ધ કરીશ તો તેથી તને કિંચિન્માત્ર પણ પાપ લાગશે નહિ.

यथैधाꣳसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥

જ્ઞાનાગ્નિથી તમામ કર્મો ભસ્મીભૂત થાય છે

હે અર્જુન! જેમ પ્રજ્વલિત થયેલા અગ્નિમાં ગમે તેટલાં લાકડાંઓ નાંખવામાં આવે તોપણ તે સર્વને ભસ્મ કરી નાખે છે તેમ ઉપર જણાવેલા આ જ્ઞાનરૂપ અગ્નિમાં સર્વ કર્મો ભસ્મીભૂત થઈ જાય છે. તાત્પર્ય કે, આ સર્વ દૃશ્ય વાસ્તવિક 'હું'(વૃક્ષાંક ૩) રૂપ છે તથા તે 'હું' તો આત્મા (વૃક્ષાંક ૧)માં કદી ઉત્પન્ન જ થયેલો નથી. એવા પ્રકારે જેનો પૂર્ણ નિશ્ચય થયેલો હોય છે તેનાં તમામ કર્મો પણ આત્મરૂપ જ બની જાય છે, કેમકે તેના અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું કદી ઉત્થાન જ થવા પામતું નથી; આથી તેનાં સર્વ કર્મો આ જ્ઞાનરૂપ અગ્નિ વડે ભસ્મ થઈ જાય છે.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

तत्स्वयं योगसꣳसिद्धः कालेनात्मनि विन्दति ॥ ३८ ॥

જ્ઞાનના જેવું પવિત્ર બીજું કાંઈ પણ નથી

ખરેખર, આ લોકમાં જ્ઞાનની બરોબરી કરી શકે એવું પવિત્ર બીજું એકે સાધન નથી. તે સ્વતઃસિદ્ધ હોવાથી આ સર્વ આત્મસ્વરૂપ છે, આત્મા સિવાય જે બીજું કાંઈ દેખતો નથી તેને તે પોતામાં જ અનાયાસે પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે, આ જગતરૂપ દૃશ્યભ્રાંતિને ટાળવાને માટે કોઈ પણ કાયિક, વાચિક યા માનસિક ક્રિયાઓ ઉપયોગી નથી, તેમ જ તપ, યજ્ઞ, દાન, વ્રત આદિ કોઈ પણ કામમાં આવે એમ નથી. પરંતુ અહંનો વિલય કરી પોતે પોતામાં અર્થાત્ અનિર્વચનીય એવા સ્વસ્વરૂપમાં વિશ્રાંતિ લેવી એ સિવાય તેને જાણવાને માટે બીજું કોઈ પણ સાધન વા પ્રમાણ ઉપયોગી નથી. એ સ્વરૂપવિશ્રાંતિ સત્સંગતિથી તથા તત્ત્વશાસ્ત્રોના અભ્યાસમાં તત્પર રહેવાથી જ મેળવી શકાય છે. આ મોહનારૂપ અજ્ઞાનને દૂર કરવામાં બીજી કોઈ પણ ક્રિયાઓ કામ આવતી નથી, પરંતુ ફક્ત એક જ્ઞાન જ કામમાં આવે છે. જ્ઞાન વગર ગમે તેટલાં તીર્થો, વ્રતો, દાન, જપ કિંવા તપ આદિ કરવામાં આવે તોપણ તેથી મુક્તિ થઈ શકતી નથી. જેમ અરીસા મધ્યેનાં પ્રતિબિંબો અરીસારૂપ છે, તે થકી જરા પણ ભિન્ન હોતાં નથી છતાં ભિન્ન હોય એમ દેખાય છે, તેમ આ આત્મરૂપ એવું સ્વતઃસિદ્ધ જ્ઞાન જ અભિન્ન હોવા છતાં ભિન્ન ભિન્ન આકારે પ્રતીત થતું હોય એમ અનુભવવામાં

આવે છે. ટૂંકમાં જ્ઞાન એટલે જ અનિર્વચનીય એવો આત્મા તો પછી જગતમાં આત્મસ્વરૂપ એવા જ્ઞાન કરતાં પવિત્ર બીજું શું હોઈ શકે? અને બીજું છે એમ કહેવું એ પણ વાસ્તવિક જ્ઞાન વગર કેવી રીતે સંભવે? આ ભિન્ન ભિન્ન રૂપે પ્રતીત થયેલું જે કાંઈ ભાસે છે તે પણ વાસ્તવિક અનિર્વચનીય એવું જ્ઞાન જ છે. વસ્તુતઃ તો જ્ઞાનપ્રાપ્તિને માટે સાધનનો કાંઈપણ ઉપયોગ નથી. એ તો સ્વતઃસિદ્ધ જ છે. જો તે પ્રાપ્ત થવાનું હોય તો પછી તે જ્ઞાન જ શાનું? વળી જ્ઞાન વગર તે પ્રાપ્ત છે કિંવા નથી એમ પણ કોણ જાણી શકે? જ્ઞાન તો કદી પ્રાપ્ત થતું હશે ખરું કે? જેનું નિત્યપ્રતિ ભાન થાય છે, જે સર્વ ભાવોના પણ આશ્રયરૂપ છે અને નિત્ય ભાસમાન થનાર એટલે સ્વતઃસિદ્ધ એવા આ જ્ઞાનની પ્રાપ્તિને માટે ઉપાય તો વળી શો કરવાનો રહ્યો? ઉદ્દેશ એ કે, સર્વ ચરાચરના આધાર તથા દરેક વેદ્ય એટલે જાણી શકાય એવા પદાર્થોના આધારભૂત; કાળ, દેશ અને ક્રિયાની મર્યાદા પણ જેના આધારે જ અસ્તિત્વ ધરાવી શકે છે એવા આ સ્વયંજ્ઞાનની પ્રાપ્તિ બીજે ક્યાંથી થવાની? તથા બીજું કોઈ સ્થળ છે એવી સિદ્ધતા પણ તેના આધાર વગર શી રીતે થવાની? તાત્પર્ય એ કે, શ્રીભગવાને પ્રથમ વખતોવખત કહેલું છે કે, આ અતિ ઉત્તમ એવું જ્ઞાન જ્યારે તને સત્સંગદ્વારા પ્રાપ્ત થશે ત્યારે આ સર્વ ભૂતમાત્ર તું તારામાં એટલે 'સ્વમરૂપ' એવા અહં (વૃક્ષાંક ૩) માં જોશે, તથા આ રીતે સર્વત્ર 'હું' રૂપની પૂર્ણભાવના થયા બાદ તે 'હું' એટલે અનિર્વચનીય એવો આત્મા (વૃક્ષાંક ૧) છે. એવું ભાન તને થશે. આમ કેવળ હું અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ છું એવો નિશ્ચય થવો તેનું નામ પરોક્ષજ્ઞાન તથા તેવો નિશ્ચય થયા બાદ જ્યારે સાક્ષાત્કાર થઈ પૂર્ણાવસ્થાની પ્રાપ્તિ થાય છે, તેવા અનુભવસિદ્ધ જ્ઞાનને અપરોક્ષજ્ઞાન કહે છે. આને કમે શાસ્ત્રમાં જ્ઞાન અને વિજ્ઞાન એવી સંજ્ઞાઓ પણ છે. આ જ્ઞાન હું એટલે આ હું (વૃક્ષાંક ૩)નો નહિ, પરંતુ કેવળ જ્યાં આ હું નો વિલય થાય એવો અનિર્વચનીય આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છે, એ પ્રમાણે પોતે પોતામાં જ યોગસંસિદ્ધ અર્થાત્ આ સર્વ સહ 'હું' આત્મરૂપ જ છે એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે યોગની સિદ્ધતા કર, એટલે કે અંતઃકરણમાં આત્મવ્યતિરિક્ત બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા ન પામે, એ પ્રકારના યોગની સિદ્ધતા વડે કેટલાક કાળે અભ્યાસ પૂર્ણ થઈ ઐક્યતા સંધાઈ સંપૂર્ણ તાદાત્મ્ય થતાં સુધી એટલે પરોક્ષજ્ઞાનમાંથી અનુભવસિદ્ધ એવું અપરોક્ષજ્ઞાન કિંવા આત્મસાક્ષાત્કાર થતાં સુધી હું આત્મસ્વરૂપ છું એવા પ્રકારના અભ્યાસવડે પોતે પોતામાં જ તેની પ્રાપ્તિ કરી શકે છે.

श्रद्धावाꣳल्लभते ज्ञानं तत्परः सꣳयतेन्द्रियः ।

ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

શ્રદ્ધાવાનને જ જ્ઞાન તથા શાંતિ પ્રાપ્ત થાય છે

અત્યંત નિર્મળ અને પવિત્ર એવા આ જ્ઞાનની પ્રાપ્તિ તો જે શ્રદ્ધાવાન પુરુષ ઇંદ્રિયોનું સંયમન કરી કેવળ 'તત્' એટલે આત્મામાં જ તન્મય બની રહેલો હોય છે તેને જ થઈ શકે છે. તથા જ્ઞાન પ્રાપ્ત થાય એટલે તુરત જ તે પરમ શાંતિને પ્રાપ્ત થઈ શકે છે. ઉદ્દેશ એ કે, અનેક જન્મોનાં પુણ્ય વડે આત્મદેવતા ઉપર ભક્તિ ઉત્પન્ન થાય છે. તેની દીર્ઘકાળ આરાધના થવાથી તેની કૃપા વડે વિષયો તરફ વૈરાગ્ય ઉપજી આત્મપદ મેળવવાની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. આમ વિષયો તરફ વૈરાગ્ય થવાથી પરમપદ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા થાય છે અને મનમાં તેવી તીવ્ર ઉત્કંઠા થવાથી તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે; એટલે આત્મપદ એ જ એકમેવ પુરુષાર્થનું અંતિમ ધ્યેય છે, એવા પ્રકારની દૃઢ શ્રદ્ધા અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે; તેવી શ્રદ્ધા ઉત્પન્ન થવાથી આગળ ઉપર સમય આવતાં તેને સદ્ગુરુનો મેળાપ થાય છે. નમ્રતાપૂર્વક પ્રણામ, તત્ત્વ વિષયક પ્રશ્નો તથા સેવા આદિથી તેમને પ્રસન્ન કરી લેવાથી તેમના ઉપદેશ વડે અદ્વૈત એવા પરમપદનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. તે જ્ઞાન પણ વાસ્તવિક પરોક્ષ હોય છે, એટલે કે આ અદ્વૈતપદ અમુક જાતનું જ છે, એટલી જ એક ભાવના તે વખતે મુમુક્ષુના અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે; પછી સાધકને તે અદ્વૈત આત્મસ્વરૂપનો

સમ્યક્ વિચાર કરવો પડે છે. જ્ઞાન એ તો પોતે સ્વતઃસિદ્ધ છે, તેને જ્ઞેયભાવ છે જ નહિ; અર્થાત્ તે કદી પણ દૃશ્યાદિ દ્વૈતરૂપે થઈ શકતું જ નથી, પરંતુ કેવળ અવિનાશી, વાણી, મન અને બુદ્ધિથી પણ અગોચર છે, એ રીતનો જે અંતઃકરણમાં બોધ થવો તે સમ્યક્ જ્ઞાન કહેવાય છે. આ સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ સારાસાર વિવેક કરી આ સર્વ આત્મસ્વરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવો દૃઢ નિશ્ચય કરવો પડે છે. જેમ કરોળિયો પોતાના જ મોઢામાંથી લાળ કાઢીને અહાર મોટી જાળીઓ રચી તેમાં લીલા કરી તન્મય બની જાય છે અને રમત પૂર્ણ થયે વળી પાછો તેને ખાઈ જઈ પોતામાં જ સમેટી લે છે, તેમ આ ઈશ્વર પણ પોતે પોતામાં અને પોતા વડે આ ચરાચર દૃશ્ય એકરસ એવા આત્મસ્વરૂપ હોવા છતાં પણ જાણે દૃશ્યાદિ અનંત આકારો વડે જુદું જુદું હોય તેવો ભાસ કરી બતાવે છે.

આત્મપ્રાપ્તિ એ જ એક ધ્યેય છે

વાસ્તવિક તો આ સર્વ અનિર્વચનીય એવા એક આત્મા વિના બીજું કાંઈ પણ છે જ નહિ એવા અદ્વૈત તત્ત્વનો પ્રથમ નિશ્ચય કરવો પડે છે, અને તેવો દૃઢ નિશ્ચય થયા બાદ તેનું સતત નિદિધ્યાસન કરવું પડે છે. આ રીતે દીર્ઘ પ્રયત્ન અને બળાત્કારથી જ્યારે ચિત્ત તદાકાર થાય છે ત્યારે મનનો સંપૂર્ણ નિરોધ થઈ નિર્વિકલ્પના પ્રાપ્ત થાય છે, અને આમ થવાથી તે અનિર્વચનીય તત્ત્વ એ જ 'હું' છું એવા પ્રકારની તેના ઉપર સવિકલ્પ ભાવના વડે પુનઃ તેનું નિદિધ્યાસન કરવું પડે છે, આ રીતે નિદિધ્યાસનની પૂર્ણતા થાય એટલે આ સંસારના કારણરૂપ જે અજ્ઞાન તે સમૂળ નષ્ટ થાય છે અને તે સ્થિતિ સ્વતઃસિદ્ધ થઈ જાય છે. એટલે કોઈ પણ પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે જ 'હું' આત્મા છું, એવી દૃઢતા થાય છે. આ પ્રકારની પરિપક્વતા થઈ સહેજ સમાધિ પ્રાપ્ત થતાં જ અદ્વૈતપદનો સાક્ષાત્કાર થઈ તે કૃતકૃત્ય બને છે.

આ રીતનો આત્મપ્રાપ્તિનો ક્રમ હોવાથી શ્રીકૃષ્ણ ભગવાને અત્રે અર્જુનને કહેલું છે કે, એવા પ્રકારની નિઃસંશય રીતે જેને પૂર્ણ શ્રદ્ધા થયેલી છે તેવા આત્મનિશ્ચયવાળો અને ઇંદ્રિયસંયમી, ઇંદ્રિયો અને તેના વિષયોની વૃત્તિનું અંતઃકરણમાં કદી ઉત્થાન જ થવા દેતો નથી અને થાય તો તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃત્તિથી તેને તુરત દાબી દે છે. આ રીતના ઇંદ્રિયોના સંયમરૂપ અભ્યાસમાં તત્પર રહેનાર જિતેંદ્રિય પુરુષ જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અને જ્ઞાન પ્રાપ્ત થતાં જ શાંતિના પરમ સ્થાન એવા નિર્વાણપદની પ્રાપ્તિ તેને સહેજમાં થાય છે.

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।

नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ૪૦ ॥

સંશયાત્મા વિનાશને પામે છે

જેને આ પ્રકારનું જ્ઞાન કિંવા શ્રદ્ધા પણ નથી એવો સંશયવિપર્યયમાં જ નિમગ્ન એટલે જે અંતઃકરણમાં અનેક પ્રકારના તર્કો અથવા કુતર્કો જ કર્યા કરે છે તેવો સંશયાત્મા અર્થાત્ શંકાકુશંકાવાળો મનુષ્ય વિનાશને જ પામે છે; તે આ લોકમાં પણ સુખ મેળવી શકતો નથી તેમ પરલોકમાં પણ સુખી થતો નથી. તાત્પર્ય કે જે મનુષ્ય અંતઃકરણમાં ઇંદ્રિયોના વિષયોનું ઉત્થાન થતું હોવા-છતાં પણ તેને નહિ દાબતાં અનેક પ્રકારની શંકાકુશંકાઓ કરી સંકલ્પની પછવાડે જ પડેલો હોય છે, એટલે સંકલ્પવિકલ્પોને ઉપર જણાવેલી યોગની પદ્ધતિ એટલે કે વૃત્તિનું ઉત્થાન થતાં જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે દાબી નહિ દેતા અંતઃકરણમાં અનેક કુતરણાઓને ઉઠવા દેતો રહે છે, તેવા અનેક પ્રકારના સંકલ્પો કિંવા સંશયોથી ગ્રસ્ત થયેલો મનુષ્ય તો અવશ્ય વિનાશને જ પામે છે; તેવા સંશયી આ લોકમાં પણ કદી સુખ અથવા શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી, તો પછી પરલોકમાં તો શાંતિ અથવા સુખ કેવી રીતે મેળવી શકે ? આ સંબંધમાં શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણેનો નિર્ણય છે;

શ્રદ્ધારહિત પુરુષને કરેલો ઉપદેશ નકામો છે

શિષ્યિષ્યજ કહે છે કે, હે દેવપુત્ર! આજે ઘણે કાળે આપે મને બોધ આપ્યો છે. હું આજ સુધી કેવળ અજ્ઞાનને લીધે સજ્જનોના સંગ તરફ લક્ષ નહિ આપતાં આ વનમાં આવીને રહ્યો છું. મારાં સર્વ પાપ ક્ષીણ થઈ ગયાં છે એમ હું માનું છું. કેમ કે આપ જ અહીં પધારી મને બોધ આપો છો. હે સુંદર મુખવાળા દેવપુત્ર! આપ જ મારા ગુરુ, પિતા અને મિત્ર છો. હું આપનો શિષ્ય થઈ આપના ચરણમાં નમસ્કાર કરું છું. મારા ઉપર આપ કૃપા કરો અને જે જાણ્યા થકી ફરી સંસારચક્રમાં પડી કદી શોક કરવો પડતો નથી. જે વડે પરમ સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે, એવું જે જ્ઞાન આપ જાણો છો તેના ઉત્તમપણાના બ્રહ્મજ્ઞાનનો મને હવે તુરત ઉપદેશ કરો. વડાના તથા વસ્ત્રાદિના આકારે જે જુદા જુદા જ્ઞાન વડે ભાસમાન થાય છે તેને પણ એકરૂપે જાણનારું સર્વથી અબદ્ધ એવું કયું જ્ઞાન છે કે, જેથી આ સંસારસાગર તરી જવાય? દેવપુત્ર કહે છે કે, હે રાજર્ષિ! શ્રદ્ધારહિત પુરુષને કરેલો ઉપદેશ દૂધ પાસ કરેલા કાગડાના બચ્ચાની પેઠે તદ્દન નકામો છે; માટે જો તેમ થાય એવું હશે તો હું તે ગુપ્ત રહસ્ય તને કદાપિ કહીશ નહિ, પરંતુ જો શ્રદ્ધા વડે મારાં વાક્યોને ગ્રહણ કરશો અર્થાત્ મારા ઉપર દૃઢ શ્રદ્ધા હશે તો જ તમે પૂછો છો તે જ્ઞાન જે પ્રકારનું અને જેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે તે સર્વ હું તને કહીશ. જે મનુષ્ય શ્રદ્ધા વગરનો હોઈ કેવળ વિનોદ કરવા માટે જ પ્રશ્નો પૂછે છે, પરંતુ વક્તાએ કહેલાં વચનોને ગ્રહણ કરતો નથી, એવા મનુષ્યોની પાસે કહેવામાં આવતાં વચનો જેમ અંધારામાં આંખ ફાડી ફાડીને જોવામાં આવે તોપણ તે સાર નકામું છે તેમ તે ઉપદેશ પણ નિષ્ફળ નીવડે છે, માટે શ્રદ્ધાહીન પુરુષને કદી પણ બોધ આપવો જોઈએ નહિ.

અવળો રાહ બતાવનારનો થતો નાશ

શિષ્યિષ્યજ બોલ્યો: આપ મને જે કહેશો તે હું શ્રુતિમાં કહેલા વિધિવાક્ય એટલે આજ્ઞાની પેઠે કોઈ પણ જાતનો મનમાં કુતર્ક નહિ કરતા તત્કાળ સંપૂર્ણ શ્રદ્ધાથી ગ્રહણ કરીશ. આ મારું કથન તદ્દન સત્ય છે, એમ આપ નિશ્ચયથી સમજજો. દેવપુત્ર કહે છે: જેમ પિતાનું કહેલું વાક્ય સાચું છે કિંવા ખોટું છે, એવો કુતર્ક કર્યા વિના પરિણામે હિતરૂપ સમજીને માત્ર આજ્ઞા તરીકે જ માનવામાં આવે છે, તેમ આ મારાં વચનોને પણ તેના હેતુ વિષેનું પ્રયોજન ન શોધતાં એટલે કુતર્કો નહિ કરતાં હિતબુદ્ધિથી એક આજ્ઞા તરીકે સમજી કાનને સુખ આપનારા ગાયનની પેઠે શ્રદ્ધાથી શ્રવણ કરો અને તે સાંભળ્યા પછી પણ મારું કલ્યાણ જ થયું છે એવી દૃઢ ભાવના રાખો; કારણ કે, જિજ્ઞાસુ તથા શ્રદ્ધાવાન પુરુષને જે મનુષ્ય ઊંધે રસ્તે દોરે છે અથવા દંભથી અવળો રાહ બતાવે છે તે પોતે જ સર્વ રીતે નષ્ટ થાય છે, એમ જાણવું; માટે શ્રદ્ધાવાન પુરુષને કદી પણ અસત્ય વચનો કહેવાં નહિ. જેની બુદ્ધિ મંદ હોય તેને લાંબે કાળે બોધ થાય છે તથા તીવ્ર બુદ્ધિમાનને તત્કાળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પણ શંકાકુશંકા કરનારો તો અંતે વિનાશને જ પામે છે, એમ નિશ્ચયથી સમજો (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૮૭, ૩૫ થી૪૬).

योगसंन्यस्तकर्माणं ज्ञानसञ्छिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनञ्जय ॥ ४१ ॥

આત્મામાં રત થયેલા પુરુષને કર્મો બંધનકર્તા નથી

ભગવાન આગળ કહે છે હે ધનંજય! ઉપર જણાવ્યા મુજબ આ સર્વ આત્મસ્વરૂપ છે, તેથી જુદું કાંઈ છે જ નહિ, એવા પ્રકારનો જેનો જ્ઞાનયુક્ત નિશ્ચય થયેલો છે અને તેના નિઃશંક જ્ઞાનથી જેના તમામ સંશયો છેદાઈ ગયા છે તથા જે યોગ એટલે નિઃસંશય થઈ નિત્યપ્રતિ આ આત્મસ્વરૂપ છે એવો અભ્યાસ કરે છે, તેમ જ એક નિશ્ચય અને દૃઢ શ્રદ્ધાથી તલવારની ધારની જેમ એ જ એક ધ્યેયને નજર સામે રાખી અંતઃકરણમાં બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા ન પામે એવા પ્રકારની સાવધાનતા રાખી નિત્ય આત્મામાં

રમમાણ થયેલો છે, તેવો આત્મજ્ઞાની પુરુષ ગમે તેટલાં કર્મો કરતો હોય છતાં પણ તે તેને કિંચિન્માત્ર પણ બંધન કરી શકતાં નથી.

तस्मादज्ञानसम्भूतं हृत्स्थं ज्ञानासिनाऽऽत्मनः ।

छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥

સંશયો છોડી દઈ યુદ્ધ માટે ઊઠ

તસ્માત્, હે ભારત! હૃદયમાં અજ્ઞાન વડે ઉત્પન્ન થનારા આ સંશયોને ઉપર જણાવ્યા પ્રમાણે આત્મસ્વરૂપના જ્ઞાનરૂપી તલવાર વડે છેદી નાખીને સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના દૃઢ નિશ્ચયરૂપ યોગનો આશ્રય કર. ઉદ્દેશ એ કે, અંતઃકરણમાં અનેક પ્રકારના સંશયો કિંવા સંકલ્પવિકલ્પો ઉત્પન્ન થવા એ અજ્ઞાનતાનું લક્ષણ હોઈ તેનો આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના પૂર્ણ શ્રદ્ધાયુક્ત જ્ઞાન વડે છેદ કરી તદ્દન નિઃસંશય બની જા. આમ એક આત્મા જ સર્વત્ર પરિપૂર્ણ રીતે વ્યાપેલો છે, એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે તદ્દન નિઃશંક બન્યા બાદ અનભ્યાસને લીધે અંતઃકરણમાં જે જે વૃત્તિનું ઉત્થાન થાય કે, તે વતાંની સાથે તુરંત જ તે સર્વ આત્મસ્વરૂપ છે, એ મુજબની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવારૂપ યોગનો આશ્રય કર તથા હવે ઊઠ અને યુદ્ધ કર. અર્થાત્ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જા.

અધ્યાય ૫

अर्जुन उवाच—

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।

यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥

કર્મ છોડવાં કે કરવાં તે પૈકી ગમે તે એક કહો

અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે કે, હે પ્રભો! આપ એક બાજુએ કર્મના સંન્યાસને વખાણો છો અને બીજી બાજુ યોગને; તો એ બે પૈકી ગમે તે એક કહો. તાત્પર્ય કે, આપ એક બાજુ કર્મસંન્યાસ એટલે આ "હું" નથી, આ "હું" નથી, આત્મામાં "હું"ના કદી ઉત્પત્તિ જ થયેલી નથી, તેમાં દૃશ્યાદિનો લેશ પણ નથી. એવા પ્રકારના અભ્યાસને વખાણો છો તથા બીજી બાજુએ "આ હું છે," "તે હું છે," "સર્વ આત્મરૂપ એવા હુંરૂપ છે." એવા પ્રકારના સર્વાત્મભાવરૂપ કર્મયોગની પ્રશંસા કરી રહ્યા છો, તો તે બેમાંથી જેમાં મારું નિશ્ચિત શ્રેય હોય તેવું ગમે તે એક જ કહો; ભગવન્! આપે શાસ્ત્રીય દૃષ્ટિએ યોગ્ય એવું વિવેચન કરીને મને સંન્યાસયોગ એટલે કર્મ નહિ કરવારૂપ યોગ અર્થાત્ આ "હું" નથી, આ "હું" નથી, એ મુજબ નિઃશેષભાવનો યા લયનો અભ્યાસક્રમ (અભ્યાસ માટે ઉપાસનાકાંડ કિરણાંશ ૨૨ પાન ૫૭ તથા અધ્યાય ૨, પાન ૧૬૭ થી ૧૬૯ જુઓ), તથા કર્મયોગ એટલે આ, હું, તું, તે ઇત્યાદિરૂપે ભાસતું સર્વ ચરાચર દૃશ્ય આત્મા કિંવા બ્રહ્મ જ છે બ્રહ્મ વિના બીજું કાંઈ પણ છે જ નહિ. એવા પ્રકારે સર્વાત્મભાવનો અભ્યાસક્રમ, એમ બંને ક્રમો સમજાવ્યા. પરંતુ આ બેમાંથી મારે માટે આ સમયે કયા માર્ગનું અવલંબન કરવું કલ્યાણકારી હોઈ યોગ્ય છે, તે નિશ્ચયાત્મક એવું ગમે તે એક કહો; કે, જેથી તેનું અવલંબન કરવું મારે માટે ઠીક થાય.

श्रीभगवानुवाच—

सन्न्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।

तयोस्तु कर्मसन्न्यासात्कर्मयोगो विशिष्यते ॥ २ ॥

સંન્યાસ કોને કહેવો ?

ઉપર મુજબ અર્જુનનો પ્રશ્ન સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, "હે અર્જુન! હું કાંઈ તને અત્રે શાસ્ત્રનું પાંડિત્ય કહેવા ઇચ્છતો નથી, પરંતુ તત્ત્વજ્ઞાનના અભ્યાસને માટે એટલે કે મનુષ્યને કલ્યાણકારી ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ થવાને માટે આ બે જ અંતિમ માર્ગો છે, જે તને કહેવામાં આવેલા છે; હવે તે બે પૈકી કયો માર્ગ તને અનુકૂળ છે તેનો નિશ્ચય વાસ્તવિક રીતે તો તારે જાતે જ કરવો જોઈએ, કેમકે કેટલાકને સંન્યાસ એટલે આ "હું" નથી, આ "હું" નથી, એવા પ્રકારનો નિઃશેષભાવનો અભ્યાસક્રમ અનુકૂળ લાગે છે; તથા કેટલાકને હું. તું. આ, મારું ઇત્યાદિ જુદા જુદા અનેક આકાર અને નામરૂપાદિ વડે ભાસતી આ તમામ દૃશ્યજાત આત્મસ્વરૂપ છે અને આત્મા એટલે હું પોતે જ છું, એ રીતે જાણવું તે સર્વાત્મભાવરૂપ કર્મયોગનો અભ્યાસક્રમ અનુકૂળ જણાય છે; છતાં તું મને પૂછે છે તો હું તને કહું છું કે કર્મનો સન્યાસ એટલે "આ હું નથી", "આ હું નથી," એમ કરતાં કરતાં હું ભાવનો-પણ વિલય કરી નાંખવો તે નિઃશેષભાવના અભ્યાસને કર્મસંન્યાસ કહે છે. કોઈ કોઈ આ કર્મસંન્યાસનો અર્થ ત્યાગ કરે છે અને તેનો સંબંધ બાહ્ય ત્યાગની સાથે લગાડે છે, પરંતુ સંન્યાસ અને ત્યાગ એ બને જો કે સરખા અર્થના લાગે છે ખરા, છતાં સંન્યાસ એ શબ્દ અંતિમ ધ્યેયરૂપ આત્મપ્રાપ્તિ માટેની કેવળની યુક્તિરૂપ જે નિઃશેષભાવ, તેના અભ્યાસક્રમને માટે લાગુ પડે છે તથા તે ધ્યેય પ્રાપ્ત કરવાને માટે વ્યવહાર કિંવા વર્ણાશ્રમાદિ ધર્મોની દૃષ્ટિએ તેમાં પ્રતિકૂળતા ઉત્પન્ન કરનારી વસ્તુઓ અથવા તો પ્રતિકૂળ પ્રસંગોમાંથી દૂર રહેવું તેને ત્યાગ કહેવો એવો સાધારણ રીતે વ્યવહારમાં પ્રચલિત અર્થ છે; પરંતુ તેનો વાસ્તવિક અર્થ તો એવો છે કે, કામ્યકર્મોના ત્યાગને સન્યાસ કહે છે તથા કર્મનાં ફળોના ત્યાગને ત્યાગ કહે છે (જુઓ માટે અ૦ ૧૮ શ્લોક૦ ૨ થી ૧૭ જુઓ). પરમાર્થ દૃષ્ટિએ તો ત્યાગ અને સંન્યાસ એ બને વાસ્તવિક રીતે એક જ અર્થના છે, છતાં વ્યવહારમાં અભ્યાસની દૃષ્ટિએ તેમાં જે બે સૂક્ષ્મ ભેદો પડે છે તે કહું છું.

સન્યાસાશ્રમ કેમ કહ્યો ?

જેને માટે મારું મારું એમ વ્યવહારમાં કહેવામાં આવે છે તે સર્વનો " આ હું નથી" "આ હું નથી" એ રીતે ત્યાગ કરતાં કરતાં છેવટે "હું" ભાવનો પણ તેનો સાક્ષાત્કાર વિલય કરી શેષ રહેનાર અનિર્વચનીય એવા પરમપદમાં સ્થિતિ થવાને માટે જે નિઃશેષભાવના અભ્યાસક્રમ છે તેને કર્મસંન્યાસ કહે છે; તથા હું અને આ સર્વ મમાદિ દૃશ્ય આત્મસ્વરૂપ છે, એવા પ્રકારનો જે સર્વાત્મભાવના અભ્યાસક્રમ છે તેને કર્મત્યાગ કહે છે, એમ સમજવું; આથી જ્યારે વ્યવહાર કરીને મનુષ્ય તદ્દન કંટાળી જાય છે તેમાંથી તે કદી સુખશાંતિ મેળવી શકતો નથી. આ માર્ગે સુખશાંતિ મળશે એમ સમજીને તો તેની પડાપડી હંમેશ ચાલુ હોય છે, પરંતુ તે ધ્યેયની પ્રાપ્તિ આત્મજ્ઞાન વગર બીજા કોઈ પણ સાધનથી કદી પણ શક્ય ન હોવાથી સાચી સુખશાંતિ પ્રાપ્ત કરી આપનારા આત્મજ્ઞાનરૂપ અંતિમ ધ્યેયની પ્રાપ્તિને માટે તે માર્ગમાં અડચણ ઉત્પન્ન કરનારા વ્યાવહારિક સાધનોનો, આશ્રમાદિ ધર્મોદ્વારા બાહ્ય ત્યાગ કરી સંન્યાસી થવા માટે વ્યવહારમાની વર્ણાશ્રમાદિ દૃષ્ટિનો આશ્રય જ્ઞાન શાસ્ત્રમાં કહેવામાં આવેલું છે તેનો ઉદ્દેશ ફક્ત એટલો જ છે કે વાસ્તવિક રીતે આત્મા તો કોઈ પણ ભારતા, કોઈ પણ દેશ અને કોઈ પણ કાળમા હંમેશને માટે પ્રાપ્ત જ છે, એ વાત દીવા જેવા તદ્દન સ્પષ્ટ છે; છતાં તેની પ્રાપ્તિ વ્યવહારપ્રપંચમાં રહીને આજસુધી થઈ શકી નથી; માટે હવે વ્યવહારમાં રહી આત્મપ્રાપ્તિની વાત કરવી એ તો કેવળ વિષયોની લાલચમાં સપડાઈ

પશુતુલ્ય વ્યવહાર કરવાની તારા અંતરની મનોવાંછના કિંવા મનીષાનું જ દ્યોતક હોવાથી દાંભિકતા જ ગણાય; કારણ કે, વર્ષો થયા આ વ્યવહારમાર્ગનું એટલે ગૃહસ્થી જીવનનું અવલંબન કરવા છતાં પણ તે માર્ગદ્વારા આજસુધી આત્મપ્રાપ્તિ થઈ શકી નથી; માટે આ ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મપ્રાપ્તિ કરવાને માટે તું તાલાયક પુરવાર થયો છે, એટલા માટે હવે એ માર્ગનો મોહ છોડી ધ્યેયપ્રાપ્તિમાં વિક્ષેપરૂપ નીવડનારાં અને મોહમાં ફસાવનારાં આ સર્વ ગૃહસ્થાશ્રમોચિત બાહ્ય વ્યવહારસાધનોનો ત્યાગ કરીને સન્યાસી બનવાને માટે સંન્યાસાશ્રમની વ્યવસ્થા શાસ્ત્રોમાં કહેવામાં આવેલી છે. પરંતુ જો કોઈ વ્યવહારમાં રહીને આત્મપ્રાપ્તિરૂપ ધ્યેયની પ્રાપ્તિ કરી બતાવે તો તેને માટે આ વર્ણ અને આશ્રમાદિ બંધનોના પાલનની જરૂર રહેતી નથી; કારણ કે, આત્મપ્રાપ્તિને માટે વ્યવહારપ્રપંચ બાધ કરી શકે એમ નથી. જો અંતરથી સાચો સંન્યાસ થાય તો મનુષ્ય તત્કાળ ધ્યેયની પ્રાપ્તિ કરી શકે છે. પણ તેવો સંન્યાસ તો આત્માના અપરોક્ષાનુભવ વિના શક્ય નથી, તેમ છતાં જો કોઈ વ્યવહારમાં રહીને આત્મપ્રાપ્તિરૂપ ધ્યેયની પ્રાપ્તિ કરી નહિ જતાવે તો તેવાઓને માટે પ્રથમ નડતર રૂપ એવાં આ બાહ્ય વ્યવહાર સાધનોનો સંન્યાસ કરી બાદ આંતરસંન્યાસ કરવો, એ રીતે ક્રમસંન્યાસ દ્વારા ધ્યેયના માર્ગે લઈ જવાને માટે વર્ણાશ્રમાદિ યોગ્ય એવા વ્યવહાર માર્ગની વ્યવસ્થા શાસ્ત્રમાં કહેલી છે. આ મુજબ બાહ્ય સંન્યાસનો ઉદ્દેશ પણ આત્મપ્રાપ્તિ માટે નડતી સર્વે ઉપાધિઓનો ઉચ્છેદ કરવો એ જ એક છે, એમ નિશ્ચિત સિદ્ધ થાય છે. આમ બાહ્ય ત્યાગ એ તો ત્યાગની વ્યાખ્યાનો આરંભ હોઈ ત્યારબાદ ક્રમે ક્રમે આંતર્યાગ અને તત્પશ્ચાત્ તત્ત્વના અભ્યાસની યુક્તિ પૈકી આ "હું" નથી, એવા પ્રકારે અંતે "હું" પણાનો પણ તેના સાક્ષીસહિત પ્રત્યક્ષ વિષય કરી અનુભવ લેવો, એ સર્વથી શ્રેષ્ઠ પ્રકારનો સંન્યાસ છે, આ પ્રમાણે સ્થૂળ સૂક્ષ્મનો બાહ્ય અને આંતર બંને રીતે ક્રમે ક્રમે ત્યાગ કરી તેવો ત્યાગ સિદ્ધ થયા પછી છેવટે હું છું એની ભાવનાનો પણ સાક્ષી સહ ત્યાગ થવો એ જ ખરો અને શ્રેષ્ઠ પ્રકારનો સંન્યાસ છે, એવો શાસ્ત્રમાં નિશ્ચય છે.

કર્મ સંન્યાસ એટલે શું ?

આ રીતે ત્યાગની વ્યાખ્યાની વ્યાપકતાનો વિચાર કરવા થકી આપણે સંન્યાસનું સાચું રહસ્ય જાણી શક્યા, હવે કર્મફળત્યાગ કયાં લાગુ પાડવો તેનો વિચાર કરીશું; અને તેટલા માટે કાળ, દેશ, ક્રિયા તથા વ્યક્તિની બુદ્ધિગ્રહણતા વગેરે સંજોગોને ધ્યાનમાં લેવાની ખાસ આવશ્યકતા હોય છે. જેમ ફોજદારી ગુનો હોય ત્યાં દિવાની કાયદાની કલમ લાગુ પાડી શકાય નહિ અને તેમ કરવું એ મૂર્ખતા અથવા અજ્ઞાનતારૂપ જ લેખાશે; તેવી સ્થિતિ દેશ, કાળ, ક્રિયા, પ્રસંગ તથા વ્યક્તિતત્વનો વિચાર કર્યા વગર સંન્યાસનો અર્થ કરનારની થાય તો તેમાં ખાસ કાંઈ નવાઈ જેવું ગણાશે નહિ. અરે ! જુઓ કે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન અને ઉદ્ધવ એ બંનેને ઉપદેશ કરેલો છે, પરંતુ બંનેના પ્રસંગોનો તથા વ્યક્તિતત્વનો વિચાર કરીને ઉદ્ધવને વર્ણાશ્રમોચિત ધર્મો સમજાવીને પ્રથમ બાહ્ય સન્યાસ કરવાનું જણાવ્યું છે. તું હવે આ સર્વ ભૂમિને છોડી દઈ શ્રીબદરીકાશ્રમે જા અને ત્યાં જઈ તને કહેવામાં આવેલા આત્મધર્મના વિચારરૂપ તપનો આશ્રય કર, એવી રીતનો ઉપદેશ તેને આપવામાં આવેલો છે. આમ ઉદ્ધવને તેની યોગ્યતાનુરૂપ પ્રથમ બાહ્ય સંન્યાસ અને પછી આંતરસંન્યાસ, એમ ક્રમસંન્યાસનો માર્ગ બતાવેલો છે તથા અર્જુનને તો તું યુદ્ધ કર, યુદ્ધ કર, એમ વારંવાર કહેવામાં આવેલું છે; પરંતુ તે યુદ્ધ, કર્મસંન્યાસ કિંવા કર્મયોગ એ બે પૈકી ગમે તે માર્ગનું અવલંબન કરીને કર એમ કહેલું છે, એમ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે; અર્થાત્ અર્જુનને માટે કર્મસંન્યાસરૂપ બાહ્ય ત્યાગ નહિ જણાવતા કર્મયોગરૂપ આંતરત્યાગ કે જે ત્યાગની અતિ ઉચ્ચ કક્ષા હોઈ કર્મયોગરૂપ ત્યાગ કહેવાય છે; એવા સર્વોત્તમભાવનું જ અવલંબન કરવા જણાવેલું છે. કારણ કે અર્જુને તદ્દન નિરભિમાનતા વડે ભગવાનની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી કર્તવ્ય અકર્તવ્યનો વિવેક તથા સાચો રસ્તો જાણવાની પોતાની અત્યંત ઉત્કંઠા બતાવી હતી, વળી એ સમય પણ ઘણો જ કટોકટીનો હતો વગેરે બાબતોનો વિચાર કરીને પ્રસંગને ઉચિત એવો ઉપદેશ ભગવાને તેને આપેલો છે. આ રીતે અત્યાર સુધીના વિવેચન ઉપરથી આપણે નિઃશેષરૂપ સંન્યાસ તથા સર્વોત્તમભાવરૂપ કર્મફળત્યાગ એટલે શું, તેનો ક્રમ જાણી

શકયા. આ સંબંધે શાસ્ત્રમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. તેનો વિચાર કરતાં પહેલાં આપણો કર્મયોગ એટલે શું ? તે જાણવાની આવશ્યકતા છે.

કર્મસંન્યાસ અને કર્મયોગમાં ભિન્નતા છે ?

ઉપરના વિવેચન ઉપરથી સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરનારા બુદ્ધિમાનો તો સ્પષ્ટ રીતે જાણી શકશે કે આ કર્મસંન્યાસ અને કર્મયોગ એ બંનેમાં કેવળ નામમાત્રના ભેદ વિના બીજું કાંઈ જ નથી. ઉદાહરણને માટે પાણી અને તેનાં મોજાં, ફીણ, પરપોટા વગેરે લ્યો. ખરી રીતે તો આ સર્વ પાણી જ છે; ફીણ, પરપોટા, મોજાં વગેરે તો કેવળ નામમાત્ર જેવાં સાવ મિથ્યા છે, પરંતુ અજ્ઞાનીઓ કે જેઓને પાણીનું સાચું જ્ઞાન હોતું નથી તેવાઓને સાચું જ્ઞાન થતાં સુધી સમજાવવા માટે આ બે યુક્તિઓનો આશ્રય કરવો પડે છે. (૧) પાણી એટલે જ્યાં ફીણ, પરપોટા કિંવા મોજાં વગેરે કાંઈ નથી તે, અર્થાત્ ફીણ, પરપોટા, મોજાં ઇત્યાદિ નામરૂપાદિનો નિરાસ કરતાં કરતાં છેવટે પાણીને પાણી કહેવાની પણ જરૂર રહેતી નથી; કારણ પાણી પોતે પોતાને હું પાણી છું એમ કદી કહેતું નથી. મનુષ્યો પણ નિત્યપ્રતિ વ્યવહાર કરતી વખતે પોતાને હું મનુષ્ય છું એમ કાંઈ કહેતા નથી. આ રીતે પરપોટા, ફીણ, મોજાં ઇત્યાદિ ભાવોનો ત્યાગ કરીને છેવટે રહે તે જ પાણી તે પોતે તો સ્વતઃસિદ્ધ જ છે, તેને પાણી કહેવાનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી; એ મુજબ પાણીનું સાચું સ્વરૂપ જાણવું તે પ્રથમ યુક્તિ કહેવાય; અને (૨) ફીણ એટલે પાણી છે, પરપોટા એટલે પાણી છે, તરંગો એટલે પાણી જ છે, એ રીતે દરેક નામરૂપાદિને તે પાણી છે એવા એક જ ભાવમાં સ્થિતિ કરવું તે બીજી યુક્તિ છે. આ દૃષ્ટાંત પ્રમાણે: (૧) આ સર્વ હું, તું, તે, આ ઇત્યાદિ અનેક નામરૂપાદિ વડે પ્રતીત થા ભાસમાન થતો જગતાદિ દૃશ્યજાળ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) એટલે જેને હું, હું અથવા મારું, મારું એમ કહેવામાં આવે છે તે તમામનો આ "હું" નથી, આ "હું" નથી, એ રીતે નિરાસ કરતાં કરતાં છેવટે "હું" એવા ભાવનો પણ વિલય કરી શેષ રહે તે જ અનિર્વચનીય એવું પરમપદ છે; એવા પ્રકારનો જે નિઃશેષભાવરૂપ નાહમનો અભ્યાસક્રમ તેને જ કર્મસંન્યાસ કહે છે, તથા (૨) આ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, તમો, અમો, આપ, આપણે ઇત્યાદિ સર્વે તથા અનેક નામરૂપો વડે ભાસમાન થતું તમામ દૃશ્યજાળ આત્મસ્વરૂપ જ છે, તે સિવાય બીજું કાંઈ છે જ નહિ અર્થાત્ બીજાંકુર ન્યાયાનુસાર પોતાસહ આ બધા (વૃક્ષાંક ૧ થી ૧૫ ઘ સુધીના તમામ) ભાવો આત્મારૂપ જ છે, એવી રીતે તેને સર્વાત્મભાવ વડે જાણવું તે કર્મયોગ સમજવો. આ બે અભ્યાસક્રમમાં એક પેટાભેદ પણ પડે છે, તેને ત્રાન્તે અભ્યાસક્રમ કહે છે, પરંતુ વાસ્તવિક રીતે તો તેનો સમાવેશ આ બંનેના પેટામાં થઈ જાય છે. તે પ્રકાર એવો છે કે, આ જે "હું" અને "મારું" (મમ) વગેરે મિથ્યા એવા દ્વૈતરૂપે ભાસે છે તે વાસ્તવિક તેવું દ્વૈતરૂપ નથી, પરંતુ "હું"રૂપ છે. આમ તું, આ, તે, મારું, તારું ઇત્યાદિ સર્વ નામરૂપોને પ્રથમ "હું"રૂપ છે. એવા ભાવ વડે "હું"રૂપમાં એકત્રિત કરવા, ત્યારબાદ તે હું એટલે અનિર્વચનીય એવો આત્મા છે એવા નિશ્ચય વડે તેનો પણ અનિર્વચનીય એવા આત્મપદમાં જ વિલય કરી દેવો જોઈએ. આ રીતે સર્વ ભાવનું મૂળ બીજ આત્મા હોવાથી બીજાંકુર ન્યાયાનુસાર આ સર્વ "હું" રૂપ છે અને તે "હું" એટલે આત્મા છે; એવી દૃષ્ટિનો આશ્રય તે ઉપરની બંને દૃષ્ટિઓના અભ્યાસક્રમનો સમન્વય છે. તેનો સમાવેશ પણ કર્મયોગમાં જ થાય છે. આમ આ સર્વ આત્મરૂપ છે, એ પ્રકારના સર્વાત્મભાવના અભ્યાસનો અંત પણ છેવટે તો અનિર્વચનીયતામાં જ થઈ જાય છે; જેમકે ઉપર જણાવ્યું તેમ આત્માને આત્મા કહેવાનું શું પ્રયોજન ? તે તો સ્વતઃસિદ્ધ જ છે. આ રીતે વિચારપૂર્વક સમન્વય કરીને જોઈશું તો છેવટે સંન્યાસ અને કર્મયોગ બંનેનું ધ્યેય અનિર્વચનીય પરમપદ એ જ એક છે, એમ બુદ્ધિમાનોને જણાઈ આવશે. પાણી કહો, જળ કહો, તરંગ કહો પરપોટા કે ફીણ કહો ગમે તે કહો, પણ તે તો અંતિમ જે છે તે જ હતું, હશે ને છે. તે પ્રમાણે આત્મા કહો, અનાત્મા કહો કે અનેક નામરૂપાદિ વડે જોવામાં આવતું આ જગતાદિ દૃશ્ય છે એમ કહો કિંવા હું, તું, તે, આ, મારું, તારું, વગેરે ગમે તે કહો, પરંતુ અંતે તો તે અનિર્વચનીય એવું પરમપદ જ છે, તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર

થતો નથી; તેમ કર્મસંન્યાસ કહો અથવા કર્મફળત્યાગ વા કર્મયોગ કહો, એ બે નામો ભલે જુદાં જુદાં ભાસતાં હશે પરંતુ વાસ્તવિક રીતે તો બંને એક જ છે. આને જ વ્યવહારમાં સમજાવવાને માટે કમે નિર્ગુણ અને સગુણ એવાં નામો પણ અપાયેલાં છે. કર્મસંન્યાસયોગ એ નિર્ગુણ તથા કર્મયોગ એ સગુણનો મૂળ ઘોતક છે, એમ જાણવું; અર્થાત્ સગુણ નિર્ગુણ ઉપાસનાનો લય પણ અંતે આ બે યુક્તિઓમાં જ થઈ જાય છે.

કર્મયોગની શ્રેષ્ઠતા વિશેષ કેમ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, હે અર્જુન! કર્મસંન્યાસ અને કર્મયોગ એ બંને માર્ગો મેં તને બતાવ્યા છે; તે બંને અંતે તો નિશ્ચયથી પરમ કલ્યાણસ્વરૂપ એવા આત્માની પ્રાપ્તિ કરી આપનારા છે, તેમાં શંકા નથી. છતાં સર્વસામાન્ય અજ્ઞાનીઓ કે જેઓ આત્માનું પરોક્ષજ્ઞાન થયેલું હોવું નથી તેઓને આ દૃશ્યાદિ નથી અને 'હું' પણ નથી, એવા પ્રકારનો મનમાં વિવેક થઈ તેવો નિશ્ચય થવો અતિ કઠણ હોય છે; કેમકે મોઢેથી તો કદાચ કોઈ શ્રદ્ધા વડે 'આ ના,' 'આ નથી' એમ માની લે, પરંતુ તેવો વિવેક મનમાં કાયમને માટે ટકવો કઠણ પડે અને મનમાં ગુપ્ત રીતે એની શંકા રહ્યા જ કરે છે કે, આ બધું દેખાય છે તો ખરું, છતાં તે નથી એમ કેમ કહેવાય? બીજી રીતે જોઈએ આ નામરૂપાદિના લયનું સાચું તત્ત્વ વિચારપૂર્વક સમજીને તે પ્રમાણે નિશ્ચય કરી નિઃશંક બની અભ્યાસ કરવાને માટે અશક્ત હોય છે તેવા મંદ કોટીનાઓને માટે આ જે જે કાંઈ દૃશ્યરૂપે ભાસે છે તે તમામ આત્મરૂપ વા ભગવાનનું સ્વરૂપ જ છે, એવા પ્રકારના કર્મયોગનો અભ્યાસ જ અધિક શ્રેષ્ઠ છે. અર્થાત્ કર્મસંન્યાસ કરતાં કર્મયોગ જ સર્વ સાધારણ લોકોને માટે વધુ ઉપયોગી હોવાથી જો કે બંનની યોગ્યતા, ધ્યેય અને ફળપ્રાપ્તિ વાસ્તવિક રીતે એક જ હોવા છતાં સર્વસાધારણ લોકોને માટે સરળતાની દૃષ્ટિએ કર્મસંન્યાસથી કર્મયોગની શ્રેષ્ઠતા વિશેષ છે, એમ તને અત્રે કહેવામાં આવ્યું છે.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।

निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ॥ ३ ॥

જ્ઞાની તો નિત્યસંન્યાસી જ છે

હે મહાબાહો! સંન્યાસ સંન્યાસ કહીને તું શું કરવા માગે છે, તે મને સમજાતું નથી. અરે! જેણે જ્ઞેય વસ્તુને જાણી છે એટલે જાણવાનું તે બધું જાણ્યું છે, તેવો અપરોક્ષાનુભવી જીવન્મુક્ત જ્ઞાની તો ગમે તેટલાં કર્મો કરતો હોવા છતાં પણ નિત્ય સંન્યાસી જ છે. જેને દ્વેષ કિંવા ઇચ્છા બંને હોતાં નથી અર્થાત્ જેની કોઈ પણ વિષયમાં પ્રીતિ નથી તેમ કોઈ વિષય પ્રત્યે કિંચિન્માત્ર પણ દ્વેષ હોતો નથી, એ રીતે જેના તમામ દ્વંદ્વો એટલે બેપણાની ભાવનાઓનો સહેતર વિલય થવા પામેલો છે તેવો પુરુષ સુખપૂર્વક એટલે કોઈ પણ પ્રકારના કરવાપણા કિંવા નહિ કરવાપણાના શારીરિક વા માનસિક શ્રમ વગર અર્થાત્ આપોઆપ બનાતી ગયા તેમ બુદ્ધિ કિંવા જ્ઞાનયોગના આશ્રય વડે સાક્ષાત્કાર કરી સમતા પ્રાપ્ત કરી લઈ તત્કાળ બંધનમાંથી મુક્ત થઈ શકે છે.

साङ्ख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।

एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥ ४ ॥

સાંખ્ય અને યોગ જુદા જુદા છે એમ અજ્ઞાનીઓ સમજે છે

અરે! જેઓને વિચાર નથી એવા બાળકબુદ્ધિના અર્થાત્ મૂઢો જ સાંખ્ય એટલે કર્મસંન્યાસ અને યોગ એટલે જ્ઞાન વા કર્મયોગ એ બે ભિન્ન છે એમ સમજે છે (કર્મયોગમાં જ પ્રાણોપાસનાનો સમાવેશ થઈ જાય છે)પરંતુ જ્ઞાની કિંવા પંડિતોના દૃષ્ટિએ તો તે બંને એક જ છે; કારણ કે આ બે માર્ગો પૈકી ગમે તે એક માર્ગનું અવલંબન કરનારો બને માર્ગોના આચરણનું ફળ મેળવે છે અર્થાત્ બને માર્ગોનું અંતિમ ફળ તો એકમેવ

મોક્ષ જ છે. એટલા માટે કોઈપણ એક માર્ગનો જો સારી રીતે અભ્યાસ થાય તો તેથી તેમને એક જ ફળ મળી રહે છે. આ રીતે સાંખ્ય અને યોગ બંનેની અદ્વૈતના જ સિદ્ધ થાય છે.

यत्साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।

एकं साङ्ख्यं च योगं च यः पश्यति स पश्यति ॥५॥

સાંખ્ય અને યોગ એક જ છે

જે સ્થાનની પ્રાપ્તિ સાંખ્ય એટલે જ્ઞાન વા કર્મસંન્યાસ કરનારાઓને થઈ શકે છે, તે જ સ્થાને હઠ વા કર્મયોગ કરનારાઓ પણ પહોંચી શકે છે. એટલે કર્મસંન્યાસી અથવા સાંખ્યોને કોઈ ઊંચું સ્થાન મળે છે તથા કર્મયોગનો આશ્રય કરનારાઓને કોઈ બીજું જ હલકું સ્થાન પ્રાપ્ત થાય છે એવો ભેદભાવ ત્યાં નથી, અર્થાત્ બંનેનું અંતિમ ધ્યેય તો એક જ છે. આ રીતે સાંખ્ય અને યોગ એટલે કર્મસંન્યાસ તથા કર્મયોગ એ બંને જુદા જુદા છે, એવું જોનારાઓ તો આંધળા જ સમજવા. તાત્પર્ય સાંખ્ય કિંવા કર્મસંન્યાસ અને યોગ એટલે હઠ વા કર્મયોગ એ બંને જુદા જુદા છે એવું જાણનારા અજ્ઞાનીઓ અથવા મૂઢ છે, તથા જેઓ આ બંને એક જ છે એમ અદ્વૈત દૃષ્ટિએ ઓળખે છે તે જ સાચો જ્ઞાની છે, એમ સમજો.

સાંખ્યયોગી અને યોગયોગી

+સાંખ્ય અને યોગ સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવામાં આવેલું છે, ચૈતન્યાત્મક આકાશ એટલે બ્રહ્મ કિંવા આત્મા કે જે આકાશથી પણ અત્યંત સ્વચ્છ છે, તેની પ્રાપ્તિ થવી એ જ પરમ પુરુષાર્થ છે. તે પ્રાપ્ત થવાના ઉપાયો હું કહું છું: પરમ પુરુષાર્થની પ્રાપ્તિના સાંખ્ય અને યોગ એ બે જુદા જુદા ઉપાયો છે. જેઓ વિવેક અને વિચાર વડે પ્રાપ્ત થયેલા રાજયોગથી બ્રહ્મતત્ત્વને સંપૂર્ણ રીતે જાણીને તેનું જ અભેદભાવથી નિરંતર અનુસંધાન કરે છે તેઓ સાંખ્ય વા જ્ઞાનયોગી કહેવાય છે તથા જેઓ હઠયોગ વડે પ્રાણઆદિ વાયુઓને શાંત કરીને નિર્દોષ અને આદિઅંતથી રહિત એવા પરમપદને પામ્યા છે, તેઓ યોગયોગી કહેવાય છે. સાંખ્ય અને યોગયોગી બંનેને પરમતત્ત્વના સાક્ષાત્કારથી પામવાનું પદ તો એક જ છે. જે પદ તદ્દન શાંત અકૃત્રિમ અને અનિર્વચનીય છે. કેટલાક મહાત્માઓ સાંખ્યથી એ પદને પામીને જીવન્મુક્ત થયા છે. અને કેટલાક યોગથી એ પદને પામીને જીવન્મુક્ત થયેલા છે. જે પુરુષ સાંખ્ય અને યોગથી એક જ પ્રકારનું ફળ મળે છે એમ જાણે છે તેને જ વિચક્ષણ સમજો. જે પદને સાંખ્યયોગીઓ પામે છે તે જ પદને યોગયોગીઓ પણ પામે છે. આ રીતે પ્રાણોચ્છ્વાસના કિંવા મનોપાસના એ જ ક્રમે યોગ અને સાંખ્ય સમજો. જે સ્થિતિમાં પ્રાણ કે મનની વૃત્તિનો કશો જ પત્તો જ નથી તેમ જ જ્યાં વાસનારૂપી તમામ મોહજાળ નાશ પામે છે. તેવી અનિર્વચનીય સ્થિતિ તે જ પરમપદ છે એમ સમજો, વાસનાઓનો જે સમુદાય તે ચિત્ત છે, એમ વિદ્વાનો કહે છે. એ ચિત્ત જ સંસારનું કારણ છે અને તે ચિત્ત સાંખ્ય (જ્ઞાન)થી અથવા યોગથી લય પામી જતાં ઇંદ્રિયો તથા પ્રાણ વગેરેના વ્યાપારરૂપ એવા સંસારનું કારણ રહેવા પામતું નથી (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૬૯ શ્લોક૦ ૧૮ થી ૨૩.)

सन्न्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।

योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥

કર્મયોગ વગર સંન્યાસ કેવી રીતે સિદ્ધ થાય?

હે મહાબાહો! સાંખ્ય અને યોગ આ બે નામોને લીધે જો તને તેમાં મતભેદ દેખાતો હોય તો તે ઘણું જ આશ્ચર્યની વાત છે. તું બુદ્ધિમાન હોવા છતાં નકામો શા માટે ભ્રમમાં પડે છે, તે સમજાતું નથી. અરે!

+ સાંખ્ય અને યોગ સંબંધમાં વધુ સ્પષ્ટતા માટે અધ્યાય ૨ ૩, ૬ તથા ૧૮ જુઓ

જરા વિચાર કરીને જો કે, તું જેને સંન્યાસ સંન્યાસ એમ કહે છે તેની સિદ્ધિ પણ વાસ્તવિક રીતે યોગ એટલે કોઈને કોઈ પણ પ્રકારના કર્મ વગર થઈ શકય છે ખરી કે? ઉદ્દેશ એ કે, જો તું આ સર્વ છોડી દેવું એને જ સંન્યાસ કહેવા માગતો હશે, તો તે છોડવાની જે ક્રિયા કરવી તે પણ યોગ નહિ તો વળી બીજું શું કહેવાય? તાત્પર્ય એ કે, અમુક કરવું એ જેમ યોગ કહેવાય, તેમ અમુક નહિ કરવું એ પણ યોગ જ થયો; જેમકે ખાવાનો યોગ, પીવાનો યોગ, બેસવાનો યોગ વગેરે; માટે કર્મયોગ વગર સંન્યાસ કેવી રીતે સિદ્ધ થાય? જેમકે ગોળ ચક્રવ્યૂહની રચનામાં અર્ધે રસ્તે ગયા પછી હવે મારે તો આગળ જવું નથી એમ કહી કોઈ સંન્યાસ કરવા માગે તો તેને પોતાના નિવાસસ્થાન સુધી પાછા આવવાને માટે પ્રયત્ન તો કરવાનો રહ્યો જ છતાં કોઈ કહે કે મેં તો સંન્યાસ કર્યો છે માટે આગળ પણ નહિ જાઉં અને પાછળ પણ નહિ જાઉં તો આમ કહેનારની સ્થિતિ ત્રિશંકુવત્ અર્થાત્ અધ્ધરમ્ય જેવી દુઃખરૂપ જ થઈ પડે. તે પ્રમાણે જો તારી સંન્યાસની વ્યાખ્યા હોય તો તેનો તું પોતે જ વિચાર કરી જો; અર્થાત્ જેમ ચક્રવ્યૂહમાં અર્ધે રસ્તે ગયેલાને પાછા ફરી પોતાને સ્થાને આવવાનું રહ્યું અથવા તો આગળ જઈ પુનઃ ફરીને સ્વસ્થાને આવવું પડે, એ બે પૈકી કોઈને કોઈ ક્રિયાની તો જરૂર જ હોય છે જ. તેમ કર્મસંન્યાસ એટલે "આ હું નથી" એવી રીતે ત્યાગ કરતાં કરતાં છેવટે સહજી સંચિત "હું" ભાવનો પણ વિલય કરી દેવો એવા પ્રકારનાં કર્મની અથવા તો જે જે કાંઈ છે તે તે સર્વ આત્મા કિંવા બ્રહ્મ જ છે, તે સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારે સર્વાત્મભાવના અભ્યાસરૂપ કર્મની વા પ્રાણનિરોધરૂપ હઠયોગ કે જેને શાસ્ત્રોમાં કર્મયોગ કહેવામાં આવે છે, તેવા પ્રકારના કર્મના આશ્રયની જરૂર હોય છે. આ રીતે કર્મસંન્યાસ કહો, કિંવા કર્મયોગ કહો તે બન્ને વસ્તુતઃ તો એક જ છે, એટલું જ નહિ પણ તે બંને અભ્યાસક્રમો પરસ્પર સાપેક્ષ છે; પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે તો સાંખ્યયુક્તિના અંતર્ગત જેનો સમાવેશ થાય છે. એવો કર્મયોગયુક્ત ત્યાગી એટલે આ સર્વ બ્રહ્મ કિંવા આત્મા છે એ મુજબ સર્વાત્મભાવનો નિશ્ચયી અથવા તો બ્રહ્મમાં હું, તું, તે, આ વગેરે કાંઈ નથી, એ મુજબ નિઃશેષભાવનો અભ્યાસ કરનારો સંન્યાસી, થોડા સમયમાં જ બ્રહ્મને પામે છે; છતાં સર્વસામાન્ય લોકો માટે કર્મસન્યાસનો અભ્યાસ કઠણ હોવાથી ઉપર કર્મસંન્યાસ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે, એમ કહેવામાં આવ્યું છે. અરે! વ્યવહારમાં પણ જુઓ તો જણાશે કે કોઈએ કદી કાંઈ કર્મ જ કર્યું ન હોય તો તેનો ત્યાગ કેવી રીતે સંભવે? સમજો કે, જે વસ્તુ આપણી પાસે કદી હોય જ નહિ અને મેં તેનો ત્યાગ કર્યો છે એમ જો કહેવામાં આવે તો તેનો શો અર્થ? ખેર! તે તો એક ગાંડપણ જ ગણાય. ત્યાગ તો ગ્રહણ વસ્તુનો જ થઈ શકે, તે ધોરણે એનો પણ વિચાર કર, તો તને જણાશે કે ત્યાગ તો જે વસ્તુ ગ્રહણ કર્યું હોય તેનો જ થઈ શકે. અર્થાત્ આ સર્વ દૃશ્યજાળ વગેરે અજ્ઞાનને લીધે જે સત્ય ભાસતી હતી તેને હવે જ્ઞાન વડે આત્મસ્વરૂપ કિંવા બ્રહ્મસ્વરૂપ છે એવા દૃઢ નિશ્ચયથી અને તે પ્રકારના અભ્યાસથી બ્રહ્મરૂપ બનાવી જોઈએ; આ રીતે જ તેનો ત્યાગ થઈ શકે છે. આ પ્રમાણે ભાસતી આ તમામ મિથ્યા દૃશ્યજાળનો ત્યાગ તે કર્મસંન્યાસ કિંવા કર્મયોગ બંનેમાં સિદ્ધ થાય છે.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।

सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

આત્મરૂપ થયેલો કર્મમાં લેપાતો નથી

ઉપર જણાવ્યા પ્રમાણે "હું" બ્રહ્મ અથવા આત્મા છું, એવા પ્રકારની ચરાચરમાં નિત્ય ભાવના રાખનારો સર્વાત્મભાવનાવાળો કર્મયોગી અથવા બ્રહ્મમાં 'હું' અને "મારું" વગેરે કાંઈ છે જ નહિ એવા પ્રકારે નિઃશેષની ભાવનાવાળો સંન્યાસયોગી. એ બંને પ્રકારના પૈકી કોઈ પણ એક યોગમાં દૃઢ નિશ્ચયપૂર્વક સ્થિત થયેલો વિશુદ્ધ આત્મા એટલે જેમાં આત્મવ્યતિરિક્ત બીજા કોઈ ભાવનો અંશ પણ નથી તેવો તદ્દન શુદ્ધ આત્મા; વિજિતાત્મા એટલે હું કાંઈ દેહાદિ નથી પરંતુ શરીરાદિ ભાવોનો જેમાં લેશ અંશ પણ નથી એવો આત્મસ્વરૂપ જ

છું, એવા પ્રકારના એક નિશ્ચય વડે જેણે દેહાદિ ભાવોની તમામ વાસનાઓને આત્મદૃષ્ટિની નિશ્ચળ ભાવના વડે વશ રાખેલો છે તેવો; જિતેંદ્રિય એટલે ઇંદ્રિયો અને તેના વિષયોને જેણે હંમેશને માટે આત્મસ્વરૂપમાં જ રોકી રાખેલાં છે અર્થાત્ ઇંદ્રિયો અને તેના વિષયોનું અંતઃકરણમાં ઉત્થાન જ થવા નહિ દેનારો અને થાય તો તેમ થતાંની સાથે જ તે આત્મસ્વરૂપ છે એવી દૃઢ ભાવના વડે જેણે તમામ ઇંદ્રિયોને જીતેલી છે તેવો તથા "હું" દેહાદિ નહિ પરંતુ આત્મસ્વરૂપ છું, એટલું જ નહિ પરંતુ આ સર્વ દૃશ્યાદિ ચરાચર ભૂતમાત્ર પણ આત્મસ્વરૂપ એવા "હું" રૂપ જ છે, આત્મસ્વરૂપ એવા મારાથી ભિન્ન કાંઈ છે જ નહિ, એ પ્રમાણે ચરાચર ભૂતમાત્રનો જે આત્મા તે જ પોતાનો આત્મા છે, એવી રીતના પૂર્ણ અદ્વૈતભાવને જેણે જાણ્યો છે એવો અપરોક્ષાનુભવી યોગી કર્મો કરવાં છતાં પણ તેમાં કિંચિન્માત્ર કદી લેપાતો નથી.

नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्ववित् ।

पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ८ ॥

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।

इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥

જે હંમેશાં બ્રહ્મસ્વરૂપમાં જ નિમગ્ન થયેલો છે, એવો બ્રહ્મદર્શી તત્ત્વવેત્તા અર્થાત્ જીવન્મુક્ત પુરુષ, ઇંદ્રિયો પોતપોતાના સ્વભાવાનુસાર ભલે વર્તી રહેલી હોય છતાં મારે તેની સાથે શો સંબંધ છે? હું એટલે તો જેમાં કરવું, નહિ કરવું તથા તે બંનેના સાક્ષીભાવનો લેશમાત્ર પણ અંશ નથી તેવો તદ્દન નિર્લેપ, અસંગ, અનિર્વચનીય અને અદ્વિતીય એવો આત્મા કિંવા બ્રહ્મસ્વરૂપ (શ્લોકાંક ૧) છે, તો પછી એવા મારો ઇંદ્રિયો અને તેના વિષયોની સાથે શો સંબંધ હોઈ શકે? એ મુજબ જેણે સાક્ષાત્કાર દ્વારા આત્માનુભવ લીધો છે તે જોતાં છતાં સાંભળતો છતાં, સ્પર્શ કરતો છતાં, શ્વાસ લેતો છતાં, ખાતો છતાં, ચાલતો છતાં, ઊંઘતો છતાં, સુગંધ લેતો છતાં, બોલતો છતાં, મલત્યાગ કરતો છતાં, પકડણ કરતો છતાં, આંખ ઉઘાડતો છતાં, આંખ મીંચતો છતાં પણ કાંઈ કરતો જ નથી એમ માને છે; જેમ કહેવા કરતાં તેવું નિત્ય પ્રત્યક્ષ અનુભવે છે. જેમ સુવર્ણમાં વાસ્તવિક રીતે દાગીના હોતા નથી એટલે જેમ દાગીનાઓમાંથી સોનું કાઢી લેવામાં આવે તો અનેક નામરૂપ અને આકારાદિનું અસ્તિત્વ જ રહેવા પામતું નથી, સુવર્ણની દૃષ્ટિએ તેમાં દાગીનાનો અંશ પણ નથી અને જો કાંઈ હોય તો તે સુવર્ણરૂપથી અભિન્ન જ છે, તેમ નિઃસંગ એવા મારા આત્મા અથવા બ્રહ્મસ્વરૂપમાં ઇંદ્રિયો તેના વિષયો અથવા તો તેનાં કાર્યો કિંવા એ બધાનો સાક્ષી, એ પૈકી કાંઈપણ છે જ નહિ. એટલું જ નહિ પરંતુ સુવર્ણ પોતે તેને કોઈ દાગીનાઓ કહે તો તેનો વિરોધ પણ કરતું નથી, તેમ નિઃસંગ એવા પોતાના આત્મસ્વરૂપમાં ઇંદ્રિયો, તેના વિષયો તથા તેના ચાલી રહેલા બધા વ્યાપારો, એ સર્વ છે અથવા નથી તથા તે બંને ભાવો છે એવું જાણનારો તેનો સાક્ષી કોઈક હશે, એ બધા પૈકી પણ કાંઈ છે કે નથી તેની તેને કલ્પના પણ હોતી નથી; અને હોય તો તે પોતાના બ્રહ્મસ્વરૂપથી ભિન્ન નથી અને ન હોય તો તેથી તેની કાંઈ હાનિ નથી. આ રીતે તદ્દન નિઃસંગ અને અનિર્વચનીય એવો બ્રહ્મદર્શી પુરુષ કાંઈ પણ કરતો કે કારવતો નથી; આની વધુ સ્પષ્ટતા માટે વિદેહી જનકરાજાનું દૃષ્ટાંત કહું છું:

રાજા જનકની આત્મપ્રાપ્તિ

મિથિલ વંશના આદ્ય પુરુષ વિદેહી જનક રાજા એક વખત ગરમીના દિવસોમાં રાત્રે ચંદ્રપ્રકાશથી આચ્છાદિત થયેલા પોતાના મહેલની સામેના એક બગીચામાં મંચક ઉપર પોતાની સ્ત્રી સહ બેઠા હતા; તે વખતે એકાએક આકાશમાંથી સંચાર કરતા સિદ્ધગણો અદ્વૈત પરમપદના નિર્ણય સંબંધી ચાલતું

મધુર ભાષણ તેમના કાને પડયું; તે પરમપદ સાંભળતા વેંત તુરત જ તેમના ધ્યાનમાં આવ્યું. તેનો ઉપદેશ ચાલુ હતો. તેટલા સમયમાં જ તેમણે તેનો વિચાર કર્યો, નિશ્ચય કર્યો અને ધ્યાન પણ કર્યું તથા અંતે આત્મપદને ઓળખ્યું. આમ ફક્ત અર્ધ મુહૂર્તમાં જ તે પરમપદ તેમના લક્ષમાં આવ્યું. અને ત્યારબાદ એક મુહૂર્ત સુધી તેમને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થઈ ત્યારે પોતે આ પરમાનંદના મહાસાગરમાં ડૂબી ગયા. આ મુજબ તેમની સ્થિતિ થયા બાદ સમાધિમાંથી પુનઃ જાગૃતિ આવી એટલે તેઓ વિચાર કરવા લાગ્યા; અહાહા! પરમાનંદની ભરેલું અદ્વિતીય અને અપૂર્વ પદ આજ મને પ્રાપ્ત થયું છે, હું પુનઃ ત્યાં જ સ્થિર થઈ જેમકે ઇંદ્રાદિકોનું સ્વર્ગીય સુખ આની આગળ તૃણપ્રમાણ પણ નથી. એટલું જ નહિ પરંતુ બ્રહ્મલોક પર્યંતનું કોઈ પણ સુખ આના લેશમાત્ર પણ બરાબરી કરી શકે તેમ નથી. મેં આજ સુધીનો બધો સમય નકામો ગુમાવ્યો. ચિંતામણી ભરેલો પોતાનો ખળનો ભૂકો જેમ કોઈ મુર્ખ માણસ એક મુઠી લોટને માટે આશાથી ઘેર ઘેર ભીખ માગતો ભટકે, તેમ આ સર્વ લોકો પોતાના આત્મીય પરમાનંદના સંબંધમાં અજ્ઞાત હોવાને લીધે સંસારકુપોમાં પડી ઘણા જ પરિશ્રમો કર્યા કરે છે, છતાં તેમાંથી પરિણામે શું મેળવે છે? તો કોડી મૂલ્યનું વિષયસુખ! આ કેવો ચમત્કાર છે! અરે! આજસુધી આ ક્ષુદ્ર એવા બાહ્ય સુખ માટે મેં પણ જે પરિશ્રમો લીધા તે હવે બસ થયા. હવે આ નિઃસીમ પરમાનંદનું પૂરેપૂરું સેવન કરવામાં જ હું તદ્દન તત્પર થઈને રહીશ. આ કંટાળો ઉપજાવે એવો બાહ્ય વ્યવહાર હવે બસ થયો. પિષ્ટપેષણ એટલે ચાવેલું જ ચાવવા જેવા આ વ્યવહારથી મને શો લાભ થવાનો છે? આ તમામ બાહ્ય વિષયો દુર્લક્ષ કરવા જેવા અતિ તુચ્છ છે. અરે ફરી ફરીને તેનું તે જ અનાજ, તે જ પુષ્પમાળાઓ તે જ બિછનાઓ, અલંકાર તથા ભોગવવાની સ્ત્રીઓ પણ તે જ. તેમાં નવું એવું શું છે? આ બધામાં તે વળી સ્વાદ શો? પ્રથમ મેં આ સર્વનું સેવન કર્યું અને હાલમાં પણ તે જ ચાલી રહ્યું છે, આમાં શો અર્થ છે? તાત્પર્ય એ કે, આ બધું મિથ્યા છે, છતાં પણ સર્વ લોકો તે એના એ જ માર્ગે જઈ રહ્યા છે. તેનો મને પણ આજસુધી વિચાર નહોતો, અરેરે! કેટલો બધો આ મોહ!

અંતર્મુખ થવાની તૈયારી

આ રીતના વિચાર વડે બાહ્ય જગતનો ત્યાગ કરીને ફરીથી તે અંતર્મુખ થવાની તૈયારી કરી રહ્યા હતા, તેમાંમાં એકાએક તેને વળી એક જુદો જ શુભ વિચાર સૂઝયો: તેને એમ થયું કે, ઓહો! મારા ચિત્તમાં ફરીથી આવો મોહ કેમ ઉત્પન્ન થયો હશે વારુ? આનંદ વડે પરિપૂર્ણ એવો જે આત્મા તે તો હું પોતે જ હોવા છતાં ફરીને મોહમાં પડી આમ કાંઈ કરવાનું યા નહિ કરવાનું મનમાંથી લાવી રહ્યો છું હવે મારે શું મેળવવાનું બાકી રહ્યું છે?

રાજા જનક તથા કર્મયોગ

પ્રથમ તો એ કે, મારે અપ્રાપ્ત એવું શું છે? તથા તે હવે ક્યાં, કયારે અને કેવી રીતે મળશે? વળી એમ છે કે, જે આજે અપ્રાપ્ત છે તેની કાલે પ્રાપ્તિ થઈ તોપણ શું? તે કાયમી કેવી રીતે થશે? પરંતુ પ્રથમ તો મારા અનંત ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપમાં કિંવા જ કેવી રીતે સંભવે? દેહ, ઇંદ્રિયો તથા મન એ તો સર્વ મૃગજળ વા સ્વપ્નની માફક તદ્દન મિથ્યા છે: તેવી જ રીતે હું તો કેવળ અખંડ એકરસ એવો. ચિદાત્મા હોવાથી તે સર્વ કાંઈ બીજાનાં થોડાં જ કહેવાય? તે પણ બધાં મારાં જ કહેવાય છે તો તે પછી ફક્ત એકલા એક અંતઃકરણનો જ નિરોધ કરવાથી શું વળવાનું છે? નિરોધ વિનાનાં ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરે બીજાં કોઈનાં છે કે શું? ના. તે પણ મારા જ છે. ઓહો! જગતમાંના નિરુદ્ધ અને અનિરુદ્ધ તમામ મનોભાવો મારામાં જ ભાસમાન થાય છે. જો આમ જ છે તો પછી એકલા મનને નિરુદ્ધ કરવાનો મને આ શો મોહ ઉત્પન્ન થયો છે? ઉપરાંત મારું સ્વરૂપ તો એવું આપક છે કે મન તથા તેના તમામ ભાવોનો નિરોધ કરવામાં આવે તોપણ મારો પોતાનો એટલે "હું" અર્થાત્ આત્મપદ (શ્લોકાંક ૧) નો નિરોધ થવો તો કદી સંભવનીય જ નથી, કેમકે મહાકાશ કરતાં પણ અતિ વિસ્તીર્ણ એવા મારા એટલે આત્મ કિંવા બ્રહ્મપદનો

નિરોધ કેવી રીતે સંભવે? તેવી જ રીતે મારા પરિપૂર્ણ આનંદસ્વરૂપને કેવાણે સમાધિ પણ કેવી રીતે હોઈ શકે? ચિદાનંદ વડે ભરપૂર અને ગગન કરતાં પણ વિશાળ તેમ જ ચરાચરમાં વ્યાપક એવા મારા આત્માનું શુભ વા અશુભ કરે એવી કઈ ક્રિયા છે બારુ? અગર તો તેમાં ક્રિયા જ કયાંથી હોઈ શકે? ઉપરાંત મારા જ સામર્થ્ય વડે આ બધા કરોડો ભાસો ભાસમાન થતા હોવાથી તેમાં કોઈ આભાસાત્મક ક્રિયા ભાસમાન થાય તોપણ શું અને ન થાય તો પણ શું? મને તો કર્તવ્ય અગર અકર્તવ્ય એ બંને તલમાત્ર પણ સ્પર્શી શકતાં નથી, ત્યારે આ નિરોધનો શો અર્થ?

અખંડ અનુસંધાનની પ્રાપ્તિ

સત્ય અને પૂર્ણ સ્વભાવનો એવો "હું" (વૃક્ષાંક ૧) સમાધિ કિંવા ઉત્થાન દશામાં પણ સદા આનંદથી પરિપૂર્ણ ભરેલો છે; તો હવે આ દેહ, આ ઇંદ્રિયો, આ મન આ બુદ્ધિ ઇત્યાદિ તમામ પોતપોતાના સ્વભાવ અથવા પૂર્વસંસ્કાર કિંવા પ્રારબ્ધ વડે જે જે કર્મમાં, વિષયોમાં અથવા વિચારોમાં પ્રવૃત્ત થતાં હોય તેમાં ભલે પ્રવૃત્ત થાઓ અને સ્વભાવથી જ જે થકી નિવૃત્ત થતાં હોય તેનાથી તે ભલે નિવૃત્ત થાઓ! તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિ વડે મારા અસંગ, ચિદાનંદપૂર્ણ અને સર્વત્ર ચરાચર વ્યાપક એવા આત્માને હાનિ પણ શી થવાની છે તથા લાભ પણ શું થવાનો છે? રાજા જનક કહે છેઃ એવી રીતે મને આત્મસ્વરૂપનું અખંડ અનુસંધાન પ્રાપ્ત થવાથી હું હંમેશને માટે સ્વસ્થ હોઈને પરમાનંદનો મહાસાગર જ બની રહ્યો છું મારા પ્રકાશનો અસ્ત કદાપિ પણ થતો નથી. હું અત્યંત પરિપૂર્ણ અને સર્વ સંગરહિત છું. આ પ્રમાણે મારી ઉત્તમ અધિકારીની સ્થિતિ છે (ત્રિપુ૦ જ્ઞાન૦ સર્ગ૦ ૧૭ જુઓ દત્તપરશુરામ) તાત્પર્ય કે, આ રીતે આત્મસ્વરૂપને જાણીને સ્વસ્થ, શાંત અને નિર્મળ બનેલો તત્ત્વવિત્ પુરુષ ઇંદ્રિયો અને તેના વિષયોનું ગ્રહણ કરવા છતાં પણ પોતે કાંઈ કરતો નથી, એમ યથાર્થ રીતે સમજે છે. આથી તે વ્યવહારદૃષ્ટિએ કર્મ કરે છે એમ બહાર લોકોને દેખાવા છતાં પણ વાસ્તવિક તો કાંઈ કરતો જ નથી. આ રીતે પૂર્ણ સ્થિતિમાં સ્થિત થયેલા મહાત્માનું મહત્વ શ્રીકૃષ્ણ ભગવાને અત્રે કહેલું છે; એ ધ્યાનમાં રાખવું. પરંતુ આવા કથનોનો લાભ લઈ કેટલાક શુષ્ક વેદાંતીઓ અથવા સ્વાર્થ સાધવો એ જ જેમનું ધ્યેય છે એવા જ્ઞાનને નામે ઢોંગ કરનારાઓ કોઈ પોતાને ભાક્તમાર્ગને નામે તો કોઈ જ્ઞાનમાર્ગને નામે ઇત્યાદિ ભિન્ન ભિન્ન સાંપ્રદાયના નામે ઓળખાવવા પ્રયત્ન કરે છે, તેવાઓ મહાત્મા નહિ પણ કેવળ દાનિકો જ ગણાય. આ સંબંધમાં એક પ્રસંગ યાદ આવે છે.

તમારા ભોગ છે કે તમો અન્ન ખાતા નથી

પર્યટનમાં સૌરાષ્ટ્ર દેશમાં એક સ્થાન ઉપર સંધ્યાકાળ સુધી રોકાવાનો પ્રસંગ આવ્યો. ગામ તો જોકે નાનું હતું, પરંતુ આગગાડીઓની અવરજવરનું મોટું મથક હતું. તપાસ કરતાં જણાયું કે, ગામથી થોડે દૂર કોઈ મહાત્માની સમાધિ હોઈ તેમની ગાદી ઉપર કોઈ શિષ્ય બિરાજમાન છે. ત્યાં જઈ સ્નાનાદિ નિત્યકર્મ કરી થોડો આરામ લીધો ગાદીના અધિપતિએ ભોજનના સમયે પોતાના અંતર કોઈ શિષ્યને તેડવા મોકલ્યા, પરંતુ અન્નાદિના આહારનો અભ્યાસ નથી, એમ કહી તેમને મેં વિદાય કર્યા. મહાધિપતિએ ભોજન સમાપ્તિ પછી પોતાની પાસે બોલાવ્યા. ત્યાં અન્ય પણ કેટલાક સંન્યાસી અને ગૃહસ્થાશ્રમીઓ બેઠા હતા. મહાધિપતિ તો થોડું બોલવાવાળા હતા, તેમણે ફકત ક્ષેમકુશળના તથા આગમન કયાંથી અને શા કારણે થયું? વગેરે પ્રશ્નો પૂછયા તથા ભોજનને માટે કિંવા ફરાળને માટે ઘણો જ આગ્રહ કર્યો; તેથી અને તો દહીંની લસ્સી, છાશ કિંવા તુલસી વગેરે નાખેલ ગરમ મસાલાવાળા ઉકાળાનો પ્રબંધ કરવા જણાવ્યું. તે સાંભળી નજીક બેઠેલા એક વિદ્વાન સંન્યાસી ગૃહસ્થે કહ્યું કે; " મહાત્મા તમારા ભોગ છે કે, તમો અન્નાદિ ખાતા નથી અને કપડાં પહેરતા નથી. અમે તો પૂર્વજન્મમાં ઘણું પુણ્ય કરીને આવ્યા છીએ એટલે પ્રભુનું નામ પણ લઈ એ છીએ અને ખાઈપીને આનંદ કરીએ છીએ. " મેં પ્રથમ તો તેમના કહેવા તરફ ખાસ લક્ષ ન આપ્યું, આથી ચર્ચા વધી પડી. ગાદીના મહંતે તો ઉકાળો તૈયાર કરાવ્યો. 'પરોપદેશે પાંડિત્યમ્' એ કહેવત અનુસાર ત્યાં તો મારા ઉપર ઉપદેશની ઝડીઓ વરસવા લાગી. મેં તો ઠંડે પેટે ઉકાળો પીધો અને પછી

થોડો સમય તેઓનો ઉપદેશ પણ સાંભળ્યો. તેમણે કહ્યું, " તમો હવે થોડો થોડો ખાવાનો અભ્યાસ કરો ખાવાથી શું બગડે છે? જ્ઞાનીઓ તો ખાઈપીને મોજમજા પણ કરી શકે છે વગેરે. " લાંબો સમય વ્યતીત થવાને પરિણામે તથા સાધુઓના મંડળમાં ઘણા વખત સુધી ખાવાપીવાની તથા મોજશોખ અને ભોગોની જ ચાલી રહેલી ચર્ચાઓ સાંભળી મને સહેજ હસવું આવ્યું. તે જોઈ તેઓ જરા ક્રોધે ભરાયા; એટલામાં સહેજ રમૂજ ભાવે મેં તેઓને કહ્યું કે, આપ જેવા સાધુ પુરુષોને મારે માટે લાંબો વખત સુધી આટલી બધી તરદી લેવી પડી તે માટે હું આપનો ઘણો જ આભારી છું. સિવાય આપે જે બોધ આપવાની કૃપા કરી તે માટે પણ આપનો ઉપકાર માનવો ઘટે, પરંતુ આવો ઉપકાર માનવારૂપ બોધ વગર માગ્યે મને મળે છે તેથી પરમાત્માનો પાડ માની તેના આ કૌતુકનું મને અંદરખાને સહેજ હસવું આવ્યું, એટલું જ. જો કે મારે આપને આ સંબંધમાં કાંઈ ખાસ કહેવાનું નથી, તેમ હું કાંઈ આપના જેવો વિદ્વાન પંડિત અથવા તો વ્યાખ્યાતા પણ નથી, પરંતુ ઈશ્વરની પ્રેરણાથી ગાંડાવેડા જે બે શબ્દો બોલવાનું સૂઝશે તે કહું છું.

બ્રાહ્મણ શરીરથી બનેલા મહાત્માઓની સ્થિતિ

મારી માન્યતા એવી છે કે, બ્રાહ્મણનું શરીર સર્વ શરીરો આવી ગયા બાદ સૌથી છેવટે આવે છે, એટલે જેઓને બ્રાહ્મણનું શરીર મળ્યું હોય તેઓને પૂર્વજન્મમાં ક્ષત્રિયો, વૈશ્યો તથા શૂદ્રાદિ દરેક શરીરો પ્રાપ્ત થઈ ગયેલાં જ હોય છે. તે તે શરીરો વખતે તેઓએ ક્ષુદ્ર જીવજંતુથી માંડીને કેટલા મોટા મોટા રાજા મહારાજાઓ વગેરે પર્યંતના ઐશ્વર્યો ભોગો ભોગવેલા હોય છે. આ રીતે સર્વ ઉપભોગો ભોગવ્યા બાદ સર્વની અંતે જ બ્રાહ્મણ શરીર આવે છે; આથી જે મહાત્માઓ બ્રાહ્મણ શરીર આવ્યા બાદ આત્મસ્વરૂપને પામેલા હોય તેવાઓની વ્યાવહારિક ભોગોમાં આસક્તિ હોતી નથી; તેઓ તો પ્રારબ્ધવશાત્ જે સમયે જે મળે તેમાં સંતોષ માનીને પ્રાપ્તમાં ઉપેક્ષાવૃત્તિ પણ બતાવતા નથી અને જે નહિ પ્રાપ્ત થાય તેની અપેક્ષા પણ રાખતા નથી. આ રીતે સંતોષવૃત્તિમાં સ્થિત થયેલા પૂર્ણ મહાત્માઓ અંતરમાં શીતળ અને તદ્દન શાંત હોય છે; પરંતુ જેઓ બ્રાહ્મણાદિ શરીરો વ્યતિરિક્ત અન્ય શરીરોથી મહાત્માપદને પ્રાપ્ત થતા હોય તેઓને કદાચ હવે ભવિષ્યમાં શરીર આવે કે ન આવે તેટલા માટે આ શરીરાદિ વડે ભોગો ભોગવી લેવા. પરમાત્માએ આ સર્વ ભોગો ભોગવવાને માટે જ ઉત્પન્ન કર્યા છે, નહિ ભોગવે તે દુર્ભાગી વગેરે પ્રકારની વાસના કદાચ હોઈ શકે! પરંતુ મારું માનવું તો એવું છે કે, જેઓ સાચા મહાત્માઓ હોય તેઓ આવી ક્ષુદ્ર બાબતોમાં મોટો વિચાર કરી પોતાનો અમૂલ્ય સમય શા માટે વ્યતીત કરે? આત્મસાક્ષાત્કાર થયા પછી જે કે આ બ્રાહ્મણ છે, આ ક્ષત્રિય છે ઇત્યાદિ શરીરોનો સંબંધ હોતો નથી. પરંતુ જ્યારે મહાત્માને નામે આવા અનેક પ્રકારના વાદવિવાદો ચાલેલા જોવામાં આવે છે ત્યારે તેવા જ્ઞાન બંધુઓને માટે મારે આ યુક્તિનો આશ્રય લઈ કથન કરવું પડે છે, તે માટે હું ક્ષમા ઇચ્છું! " આ સાંભળી તેઓને ઘણો ક્રોધ આવ્યો. તેઓએ પૂછ્યું: "જ્ઞાનબંધુ એટલે શું?' તેમનો પ્રશ્ન સાંભળી કહ્યું કે, આ સંબંધમાં શ્રીયોગવાસિષ્ઠ નિર્વાણ પ્રકરણમાં મહર્ષિ વસિષ્ઠજીએ કહેલું મનનીય વિવેચન આ પ્રમાણેનું છે:

શુભાશુભ જ્ઞાનબંધુતા

શ્રીવસિષ્ઠ કહે છેઃ હે રામ! ખાસ કરીને ધ્યાનમાં રાખ કે, એક તો પૂરા જ્ઞાની બનવું સારું, પણ કદાપિ જ્ઞાનબંધુ નહિ થવું એટલે મોહને લીધે સ્વાર્થપરાયણ બની કેવળ ઇંદ્રિયોની તૃપ્તિ અર્થે ભોગલંપટપણાથી જ્ઞાનને બહાને સત્કર્મો વિષે લોકોની શ્રદ્ધાનો જે થકી નાશ કરી દે તેમ જ પોતાને અને બીજાઓને પણ ખરાબ કર્મોના બંધનમાં નાખી અધઃપતન કરાવે તેવા થવું જે કદી પણ યોગ્ય નથી. જે કશું ન જાણતો હોય તેને હું હજી કાંઈક શ્રેષ્ઠ માનું છું, પરંતુ જ્ઞાનબંધુપણું તો જરા પણ સારું નથી. શ્રી રામ પૂછે છેઃ જ્ઞાનબંધુ કોને કહેવો અને જ્ઞાનીબંધુ કોને કહેવો? વળી જ્ઞાનીબંધુપણામાં અને જ્ઞાનબંધુપણામાં શું શું ફળ રહેલું છે? વસિષ્ઠ બોલ્યાઃ જે પુરુષ કારીગર લોકની પેઠે માત્ર પોતાની આજીવિકા ચલાવવાને માટે જ અધ્યયન કરે છે તથા મનમાં તેવો ઉદ્દેશ રાખીને કથાઓ, કીર્તનો, પુરાણો અને વ્યાખ્યાનો વગેરે

કરી લોકોના ઉપદેશને બહાને અંદરખાને પોતાનો ઉપજીવિકારૂપ સ્વાર્થ સાધવાનું વ્યસનાત્મક કાર્ય કરે છે, પરંતુ ધ્યેયની પ્રાપ્તિને અર્થે તેના અનુષ્ઠાનમાં એટલે જ્ઞાન થવાના ઉપાયરૂપ વિવેક, વૈરાગ્ય, શમદમાદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું ઇત્યાદિ સાધનચતુષ્ટયમાં તત્પર રહેતો નથી, તેમ જ મનનાદિ માટે પણ કશો પ્રયત્ન કરતો નથી, તે જ્ઞાનબંધુ કહેવાય છે; કારણ કે, તેનો ઉદ્દેશ ફક્ત પોતાનું તથા કુટુંબનું પેટ ભરવાને માટે અધ્યન કરીને તથા કથાઓ, પુરાણો, કીર્તનો તથા વ્યાખ્યા । વગેરે દ્વારા લોકોની પાસેથી યુક્તપ્રયુક્તિથી દ્રવ્ય અને કીર્તિ સંપાદન કરવાં એ જ એક હોય છે, તેવાઓ જ્ઞાનબંધુ કહેવાય છે. આ પ્રમાણે જે પુરુષનો શાસ્ત્રના અભ્યાસ વડે મેળવેલો ઉપર ઉપરનો શબ્દબોધ વ્યવહારના ભોગો મેળવવા પૂરતો જ ઉપયોગી હોય છે, પરંતુ તેમનો એ શબ્દબોધ વૈરાગ્ય ઉપશમ આદિ ફળો વડે સફળ થયેલો દેખાતો નથી, તેવો પુરુષ હું જ્ઞાની છું, એમ કહી લોકોને ફસાવી અંદરખાને વિષયોની લાલચમાં લપટાયેલો હોવાથી બીજાને બોધ આપવારૂપ એક જાતની પોતાની કારીગરી અથવા હાથચાલાકી કરી વેપાર ચલાવનારો હોય છે, તે જ્ઞાનબંધુ કહેવાય છે. જે પુરુષો ઉપરથી લોકકલ્યાણને બહાને અંદરખાને વિષયવાસનાની તૃપ્તિની ઇચ્છા રાખી બીજાઓને અધ્યાત્મશાસ્ત્રાદિ સંભળાવી તેમાંથી પ્રાપ્ત થતાં વિષયો અને અન્નવસ્ત્રાદિના લાભથી જ માત્ર સંતોષ માને છે તથા આ રીતે લોકોને ફસાવી તેમની અજ્ઞાનતાનો લાભ લઈ કુડકપટ વડે પોતાની આજીવિકા ચલાવવી એ જ શાસ્ત્રજ્ઞાનનું ફળ છે, એમ સમજે છે તેમને જ્ઞાનબંધુ સમજવા અને તેઓ પોતે જ્ઞાનથી તદ્દન રહિત હોવા છતાં પોતાનું ગુજરાન ચલાવવા સારું બીજાને ઉપનિષદો, શાસ્ત્રો, પુરાણો વગેરેની કથા, કીર્તન, પુરાણ તથા વ્યાખ્યાનોદ્વારા બોધ કરે છે અને ઉપરથી તો જાણે પોતે મોટા જીવન્મુક્ત વેદાંતશાસ્ત્રાકાર છે, એવો ખોટો ડોળ બતાવે છે; તેવા દંભીઓને તો નાટકમાંના નટાદિની જેમ ખાલી વેષધારી જ સમજવા. આ સર્વ જાતનું જ્ઞાનબંધુપણું અશુભ અને લજ્જાવાલાયક છે. હવે શુભ એવા જ્ઞાનીબંધુ કોને કહેવા, તે સંબંધમાં કહું છું.

આત્મજ્ઞાન વગરનું બાકીનું સર્વ જ્ઞાન નિરર્થક છે

વેદમાં બતાવેલાં યજ્ઞયાગાદિ કર્મોને ધર્મ સમજીને જે નિષ્કામ ભાવે કરે છે તે પુરુષ જ્ઞાનથી દૂર ન હોવાને લીધે જ્ઞાનીબંધુ કહેવાય છે. આ પ્રકારનું જ્ઞાનીબંધુપણું તે શુભ અને યોગ્ય ગણાય છે. આત્મજ્ઞાન એ જ ખરું જ્ઞાન છે, બાકી બીજાં બધાં જે જે જ્ઞાનો કહેવાય છે તે તો માત્ર જ્ઞાનના આભાસરૂપ જ છે; કેમકે આત્મજ્ઞાન વિના બીજા કશા વડે સર્વના સારરૂપ તથા જીવ અને જગતના અધિષ્ઠાનરૂપ એવા પરબ્રહ્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ કદી પણ જાણવામાં આવતું જ નથી. જેઓ આત્મજ્ઞાન મેળવ્યા સિવાય બીજું કાંઈ થોડું ઘણું જ્ઞાન મેળવી તેને જ આનું નામ જ્ઞાન કહેવાય, એમ માની લઈ અંતે કષ્ટદાયક એવી અનેક ચેષ્ટાઓ કરીને સંતોષ માને છે, તેઓને અધમ જ્ઞાનબંધુ સમજવા; એટલે આત્મજ્ઞાન વગર બીજું બધું જ્ઞાન અધમ હોઈ તે પ્રાપ્ત કરનારાઓને અધમ જ્ઞાનબંધુઓ જાણવા.

જિજ્ઞાસુએ ત્રિશંકુવત વચ્ચે નહિ રહેવું જોઈએ

આ સંસારમાં બહાર અને અંદરના વિષયોને અનુભવનારી વૃત્તિઓ, તેનાં કારણો, તેનો આશ્રય અને તે જાણવાના શબ્દાદિ વિષયોની જે કાંઈ પ્રતીતિ થાય છે, તે સર્વનો મુમુક્ષુ પુરુષે સંકલ્પના ક્ષયરૂપ સંન્યાસ દ્વારા વિલય કરવો અને આત્યંતિક શાંતિ મેળવવી. ઉદ્દેશ એ કે, જિજ્ઞાસુઓએ અંતિમ ભૂમિકામાં પહોંચ્યા વિના વચલી ભૂમિકામાં સંતોષ માનીને કદી પણ બેસી રહેવું નહિ જોઈએ, પરંતુ ઉત્તરોત્તર શ્રેષ્ઠ એવી ભૂમિકાઓ મેળવી ધ્યેય પ્રાપ્ત કરવારૂપ પોતાના પુરુષપ્રયત્નને જરા પણ શિથિલ થવા દેવો નહિ. હે વત્સ! તમે જ્ઞાનબંધુપણાને પ્રાપ્ત થઈ આ સંસારના ભોગરૂપી રોગોમાં કદી પણ આસક્ત થશો નહિ. આ જગતમાં હિતકર અને માફકસર આહાર મેળવવા માટે શ્રુતિસ્મૃતિનાં શ્રેષ્ઠ શિષ્ટ પુરુષોએ બતાવેલું શુદ્ધ કર્મ જ કરવું. આહારનો ઉપયોગ તો પ્રાણ ધારણ કરી રાખવા પૂરતો જ છે તથા પ્રાણનું ધારણ તો ફક્ત તત્ત્વજિજ્ઞાસાને માટે હોઈ તત્ત્વજ્ઞાનથી ફરીવાર સંસારમાં જન્મમરણનું દુઃખ ભોગવવું નહીં પડે તેને માટે છે. તાત્પર્ય,

જ્ઞાનના નામથી પોતાને અને બીજાઓને અનર્થોની જાળ વડે બાંધી અધ પતનમાં નાખી દે તે જ્ઞાનબંધુના અશુભ છે તથા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવનારું જ્ઞાનીપણું શ્રેષ્ઠ છે (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૨૧)

યોગ્ય વ્યવહાર કરવા છતાં પણ અલિપ્ત કોણ ?

જીવન્મુક્ત પુરુષ જ્ઞાન વડે સર્વત્ર કેવળ અદ્વિતીય એવા એક બ્રહ્મમાં જ નિષ્ઠા રાખી ન ઓળંગી શકાય એવા પ્રારબ્ધકર્મનાં ફળોને સમાન ભાવના વડે ભોગવે છે. છતાં અંદરખાને તો તે સારી રીતે જાણે છે કે, આ શબ્દાદિક વિષયોપભોગ ચિત્તથી જુદા હેય એમ જોવામાં આવે છે ખરા, પરંતુ સર્વ આકારે તેમ જ કામસંકલ્પ આદિ અનેક વૃત્તિઓરૂપે પરિણામ પામનારા તે એક ચિત્તના જ વિકારો હેઈ તે ચિત્ત તો જ્ઞાન થતાંની સાથે જ નાશ પામે છે. તે બધા વિકારો તો ફકત એક આભાસરૂપ હોઈ મૃગજળની જેમ તદ્દન મિથ્યા છે. એમ જે જાણે છે તે જ ખરો જ્ઞાની છે. અંતઃકરણમાંથી ઉત્પન્ન થનારા શબ્દાદિ વિષયો તથા તેનો ઉપભોગ કરનારા ચાક્ષુષ તથા શ્રાવણાદિ ઇંદ્રિયોનું પોતપોતાના ભોગ્યરૂપ વિષયોમાં પ્રવૃત્ત થવારૂપ જે જ્ઞાન એટલે કે અંતઃકરણમાં ઇંદ્રિયોનું પોતપોતાના યોગ્ય વિષયમાં પ્રવૃત્ત થવાને માટે તેમની તે તે વૃત્તિઓનું ઉત્થાન થતી વખતે જે વિષયજ્ઞાનનો ઉદય થવા પામે છે, તેમના તે તે વિષયજ્ઞાનમાં તે સર્વના અધિષ્ઠાન તથા સાક્ષરૂપે રહેલા ચિદ્રૂપ અને જ્ઞાનસ્વરૂપ એવા એક પરમાત્માને જ સત્ય જાણવા; તે સિવાયનું બાકી મિથ્યા છે. જે આ સર્વ દૃશ્ય વસ્તુને આ પ્રકારના જ્ઞાન વડે મિથ્યા જાણે છે તથા તેને વાસનાથી રહિત તદ્દન શુદ્ધ અને નિર્મળ એવા બ્રહ્મસ્વરૂપે જ અનુભવે છે, તે જ્ઞાની કહેવાય છે. આત્મતત્ત્વ તો વસ્તુતઃ સર્વદા સ્વતઃસિદ્ધ જ છે, એવા આ આત્મતત્ત્વના લાભથી જે પુરુષ શાંતિ પામ્યો હેય છે, તેવો વિવેકી પુરુષ હંમેશ યથાપ્રાપ્ત વ્યવહાર કર્યા કરતો હેય તો પણ તેમાં નિત્ય શીતળતા જ અનુભવે છે; આવો પુરુષ જ જ્ઞાની કહેવાય છે. જે બોધ પુનર્જન્મના મૂળરૂપ અજ્ઞાનને છેદી નાખે છે; પુનર્જન્મ કદી પણ થવા દેતો નથી અને મોક્ષ આપે છે. તેને જ જ્ઞાનપંથ કહેવામાં આવે છે; તે વિના કેવળ બીજાઓના કલ્યાણને નામે કથાઓ શ્રવણ કરાવવી બોધ દેવો અને પોતાની ઉપજીવિકા ચલાવવી એ ચતુરાઈ તો શિલ્પકર્મ કરનારા મજૂરોની પેઠે અન્નવસ્ત્ર મેળવવાનો એક જાતનો વેપાર છે, એમ સમજવું. જે પુરુષ અનાયાસે આવી પડેલા કાર્યોમાં ઇચ્છાઓ અને સંકલ્પથી રહિત થઈ રહે છે, જે પોતાના ચિત્તને શરદ્ઋતુના આકાશની જેમ નિર્મળ, અસંગ અને નિર્વિકાર રાખીને વ્યવહાર કરે છે, તે જ્ઞાની કહેવાય છે. આવા જ્ઞાનનિષ્ઠ જીવન્મુક્ત પુરુષો બીજાની દૃષ્ટિએ લૌકિક કર્મ કરવા છતાં અને જીવતા છતાં પણ પોતામાં કર્તાપણાનું કશું અભિમાન ન હોવાથી અકર્મી અને નહિ જન્મેલા જેવા જ છે; વળી તેઓનો દેહ બીજાઓની દૃષ્ટિએ મરણને શરણ થયેલો હેાય એમ દેખાય તોપણ પોતે અહંમમાદિરહિત હોઈ તદ્દન નિરભિમાની હોવાથી તેઓ વારંવાર અમર જેવા જ છે. સિવાય બીજાઓની દૃષ્ટિમાં તેઓ દેખાતા હોવા છતાં પણ પોતાપણાના આભમાનનાં અભાવને લીધે નહિ દેખાતા જેવા જ છે. જેમ કોઈ પુરુષનું મન ખોવાઈ ગયેલા કિંમતી દાગીનાઓ તરફ જ લાગેલું હેાય છે અને પોતે ઘરમાં બેઠો હોવા છતાં પણ ઘરના કામકાજને દેખતો નથી, તેમ જ્ઞાનપ્રાપ્ત થયેલા વિવેકી પુરુષનું મન નિત્યપ્રતિ બ્રહ્મમાં જ ચોંટેલું હોવાથી દેહયાત્રા સંબંધી કર્મો કર્યા કરતો હોવા છતાં પણ પોતે તે કર્મોને દેખતો નથી. (વધુ માટે યો૦ નિ૦ ઉ૦ સ૦ ૨૨ જુઓ).

ખરું કલ્યાણ ઇચ્છનારે દંભનો ત્યાગ કરવો

જેને ખરેખર પરમાત્મપ્રાપ્તિ કરી ખરું કલ્યાણ અથવા આત્મહિત સાધવાની ઇચ્છા હેાય તેમણે દંભનો સ્પર્શ પણ થવા નહિ દેતાં ઇંદ્રિયો, તેના વિષયો અને તેનાં કર્મો ઇત્યાદિ કશાનો મારામાં કિંચિન્માત્ર પણ સ્પર્શ નથી, એમ સર્વથી અસંગ એવા સ્વરૂપમાં જ સ્થિત થઈ રહેવું જોઈએ અને ઇંદ્રિયો સ્વભાવ અનુસાર પોતપોતાના વિષયોમાં પ્રવર્તે તો પણ શું અને નહિ પ્રવર્તે તો પણ શું? એમ બંનેને સમાન ગણી "હું" તો તે બંનેના સાક્ષીભાવથી પણ પર અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ હોવાથી "હું" કાંઈ પણ કરતો નથી અને કરાવતો પણ નથી" એમ માનવું. મુક્તિ મેળવવાને માટે ભોગોનો ત્યાગ, આત્મવિચાર

અને સૂક્ષ્મ તથા સ્થૂળ ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં પોતાનો પુરુષાર્થ એ ત્રણની જ જરૂર છે. "હું" એવો અહંકાર સ્ફૂરી આવવો તે બંધ ઉત્પન્ન કરનાર છે અને "હું" એવું કાંઈ છે જ નહિ એવું કેવળ મોઢેથી બોલીને નહિ, પરંતુ હું ભાવનો પ્રત્યક્ષ વિલય કરવો અને પછી જે પદ અવશેષ રહે તેનો રવાનુભવ લેવો. એટલો જ એક બંધ અને મોક્ષનો હેતુ છે. આવા અનુભવસિદ્ધ અપરોક્ષજ્ઞાન થકી જ દુઃખની આત્યંતિક નિવૃત્તિ થઈ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. તેની પ્રાપ્તિ કરવી એ તો પોતાના હાથની વાત છે; માટે અંતઃકરણમાં "હું" ભાવનું કદી કિંચિન્માત્ર પણ સ્ફુરણ ઉત્પન્ન થવા ન પામે એ રીતે કાયમને માટે "હું" ભાવથી રહિત થઈ રહેવું. એ આત્મસ્થની નિત્યપ્રતિ દૃઢ ભાવના રાખીને કર્મ કરનારો અપરોક્ષાનુભવી સર્વ કરવા છતાં કાંઈ પણ કરતો જ નથી.

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।

लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ १० ॥

અસંગ પુરુષ કર્મના ફળથી જરા પણ લેપાતો નથી

આ પ્રમાણે પ્રત્યેક કર્મોને બ્રહ્મમાં અર્પણ કરીને એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંજ તે બ્રહ્મરૂપ છે એ પ્રકારની નિશ્ચયાત્મક બુદ્ધિ વડે આત્મસ્વરૂપ એવા મારામાં તો ઇંદ્રિયો, તેના વિષયો, તેનાં કર્મો તથા તેનાં ફળ ઇત્યાદિ કંઈપણ છે જ નહિ એવા પ્રકારની અસંગ બુદ્ધિ રાખી જે કર્મો કરે છે તે જેવી રીતે કમળના પાનને પાણી કદી પણ સ્પર્શ કરી શકતું નથી તેવી રીતે પાપથી કદી પણ લેપાતો નથી, એટલે તેને પાપનો કિંચિન્માત્ર પણ કદી સ્પર્શ થતો નથી. જે કર્મથકી જન્મમરણરૂપ ફળ ઉત્પન્ન થાય તેને શાસ્ત્રોમાં પાપકર્મ કહે છે, પરંતુ સંગરહિત એટલે જન્મમરણાદિરૂપ ફળ નહિ ઉત્પન્ન થાય એ રીતની આસક્તિ વિનાનો પુરુષ ગમે તેટલું કર્મ કરે છતાં તે તેમાં જળકમળવત્ રહિ કિંચિન્માત્ર પણ કદી લેપાતો નહિ હોવાથી તે પાપ રહિત હોય છે, એમ ભગવાને કહ્યું છે.

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।

योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ ११ ॥

આસક્તિ છોડી યોગી કર્મ કરે છે

ઉપર જણાવી ગયા કે, જો કોઈ કર્મનો આરંભ જ કરવામાં નહિ આવે તો તેનો ત્યાગ કેવી રીતે સિદ્ધ થાય? જેમ કોઈ કહે કે મને સ્વપ્નામાં રાજ્ય મળ્યું હતું, પરંતુ તેનો મેં જાગ્રતમાં ત્યાગ કર્યો; તો તે જેમ હાસ્યરૂપ લેખાય અથવા મૃગજળનો ત્યાગ કરવામાં આવે તો તે હાંસીપાત્ર જ લેખાય; કેમ કે જે વસ્તુ કદી છે જ નહિ કે હતી પણ નહિ તેવી વસ્તુનો તે વળી ત્યાગ શી રીતે સંભવે? જો તેમ કોઈ કર્મ જ કરવામાં ન આવે તો પછી મેં તે કર્મનો ત્યાગ કર્યો એમ કેવી રીતે કહેવાય? જેઓ વેપારાદિ કરનારા હોય તેઓ કદી યુદ્ધ કરતા નથી, તેથી શું તેઓએ યુદ્ધનો ત્યાગ કર્યો છે એમ કહેવાય ખરું કે? અથવા મનુષ્યોને કદી શીંગડાં તથા પૂંછડાં હોતાં નથી, તે ઉપરથી શું એમ કહેવાશે કે તેઓએ તેનો ત્યાગ કર્યો છે? અર્થાત્ ખરો ત્યાગ કિંવા સંન્યાસ તો તે જ છે કે, જેમ જળમાં રહેવા છતાં પણ કમળના પત્રને પાણીનો કિંચિન્માત્ર પણ સ્પર્શ થતો નથી તેમ ઇંદ્રિયો સ્વાભાવિક રીતે કર્મમાં પ્રવૃત્ત થાય અથવા નિવૃત્ત થાય તો પણ જેને તેના કર્મનો લેશમાત્ર પણ કદી સ્પર્શ થતો નથી; આથી જેણે આત્માનો અપરોક્ષ અનુભવ કરેલો હોવાથી હંમેશ આત્મસ્વરૂપમાં જ રત થયેલો છે તેવો આત્મરૂપ યોગી કાયા એટલે શરીર, વાણી, મન અને બુદ્ધિ ઇત્યાદિ સૂક્ષ્મ તથા સ્થૂળ ઇંદ્રિયોદ્વારા કેવળ શુદ્ધ એવા આત્મસ્વરૂપમાં જ સ્થિત રહીને કર્મો કરતો

હોવાથી તે તદ્દન નિઃસંગ જ હોય છે, આથી કર્મ અને તેનાં ફળ ઇત્યાદિ કશાથી તે યત્કિંચિત્ પણ લેપાતો નથી. અર્થાત્ તે અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતો નથી અને જો કદાચ થાય તો તેમ થતાંની સાથે તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની ભાવના વડે તેને તે તુરત જ દાબી દે છે. તાત્પર્ય એ કે; કાયા, વાચા, મન અને બુદ્ધિ વડે થતાં તમામ વિષયોને તે આત્મસ્વરૂપ છે એવી રીતની દૃઢ ભાવના વડે તત્કાળ દાબી દેવા તે જ ખરો નિઃસંગ કહેવાય છે. આ પ્રમાણે સંગ છોડી દઈ કેવળ આત્મશુદ્ધિને માટે જ યોગીઓ કર્મ કરતા રહે છે; તસ્માત્ આસક્તિરહિત એવા આત્મનિષ્ઠ યોગીને માટે કર્મો કરવાં એ એક બાળકની રમત સમાન છે. આ રીતનાં સંગરહિત કર્મો એ જ આત્મશુદ્ધિ માટેનાં કર્મો છે, એમ કહેવામાં આવ્યું છે. આવી રીતની નિઃસંગતા આત્માના અપરોક્ષજ્ઞાન વિના વ્યવહારમાં અન્ય કોઈ પણ રીતે પ્રાપ્ત થવી શક્ય નથી.

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।

अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥ १२ ॥

યુક્ત અને અયુક્ત કર્મો

સર્વ બ્રહ્મસ્વરૂપ છે, એમ સમજીને જે કર્મ થાય છે તે યુક્ત કર્મ તથા તેવી ભાવના જેમાં હોતી નથી તે અયુક્ત કર્મ કહેવાય; આથી આ સર્વ બ્રહ્મ કિંવા આત્મરૂપ છે એવા પ્રકારની ભાવના વડે નિઃસંગ બનેલો અનાસક્ત અર્થાત્ કર્મફળનો ત્યાગ કરનારો અને બ્રહ્મ કિંવા આત્મનિષ્ઠામાં જ કાયમને માટે સ્થિત થયેલો અપરોક્ષાનુભવી બ્રહ્મવિદ્ યોગી પરમ શાંતિ એટલે નિર્વાણરૂપ મોક્ષપદની પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ આત્માનુભવ વડે પ્રાપ્ત થનારી આ રીતની શાંતિ કેવળ એક બ્રહ્મ અથવા આત્માની ભાવના કર્યા વિના શક્ય નથી; પરંતુ અજ્ઞાન વડે 'હું' અથવા 'મારું' એવી અહંકારદૃષ્ટિનો અંગીકાર કરી તથા ફળમાં આસક્તિ રાખીને ગમે તેટલાં કર્મો કરવામાં આવે તો તે હંમેશાં જન્મમરણરૂપ બંધનને જ પામી અનહદ દુઃખો ભોગવે.

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।

नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

આત્મા કાંઈ કરતો નથી અને કરાવતો પણ નથી

માટે ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ કર્મોનો મન વડે સંન્યાસ કરીને એટલે અંતઃકરણમાં વૃત્તિ ઊઠતાંની સાથે જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની મનની નિશ્ચળભાવના વડે તેનો તત્કાળ ત્યાગ કરવો. બે આંખ, બે કાન, બે નાકનાં છિદ્રો, એક લિંગ, એક ગુદા અને નવમું મુખ, આ રીતે નવ છિદ્રો અથવા દ્વારોવાળું પુર એટલે નગર કે જેમાં પુરુષ રહે છે એવું આ સ્થાન અથવા ઘર છે, તેમાં દેહી એટલે ઘટમાં જેમ આકાશ રહે તેમ આ આત્મસ્વરૂપ એવો દેહી દેહમાં રહેલો છતાં કાંઈ કરતો પણ નથી તેમ કાંઈ કરાવતો પણ નથી; તે આ બંને દ્વંદ્વોથી તદ્દન અલિપ્ત છે. ભાવાર્થ એ છે કે, પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા તેના વિષયોસહિત આ કાયિક, વાચિક અને માનસિક કર્મોવાળા શરીરમાં આકાશવત્ રહેનારો દેહી જો વાસનાને વશ થઈ આ 'હું' અને 'મારું' એવો ભાવ રાખે તો તે વાસ્તવિક રીતે નિર્લેપ એવો આત્મસ્વરૂપ હોવા છતાં પણ જાણે વાસનાથી બંધાયેલો મૂઢ અને અજ્ઞાની એવો જીવાત્મા બની જાય છે, પરંતુ જેમ ઘડામાં રહેલું આકાશ વાસ્તવિક રીતે તો અત્યંત નિર્મળ, પવિત્ર અને શુદ્ધ હોય છે, તેનો ઘરની સાથે અથવા તેમાં રહેનારા ગૃહી સાથે કિંચિન્માત્ર પણ સંબંધ હોતો નથી; તેવી રીતે આ અત્યંત નિર્મળ, પવિત્ર, શુદ્ધ, શાંત તથા અનિર્વચનીય એવા આત્માનો દેહમાં રહેવા છતાં પણ આ દેહ છે, તથા તેના ઉપર

આ મારો છે એવો અહંકાર ધારણ કરનારો જીવાત્મા અને તેની સ્થૂળ સૂક્ષ્મ ઇંદ્રિયો, તેના વિષયો, તેનાં કર્મો તથા તે કર્મોનાં ફળો ઇત્યાદિ કશાની સાથે તલમાત્ર પણ સંબંધ હોતો નથી; આથી ઘટમાંનું આકાશ જેમ ઘટ ફૂટી જવાથી અથવા રહેવાથી હર્ષશોકાદિ ભાવોને પામતું નથી તથા હર્ષશોકાદિ કરનાર કોઈક સાક્ષી છે એ રીતે તેના સાક્ષીભાવને પણ જાણતું નથી. તેમ આ ચૈતન્યઘન આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) ઘટમાંના આકાશની જેમ દેહમાં સુખેથી રહેવા છતાં પોતે કાંઈ કરતો યે નથી અને કરાવતો પણ નથી.

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।

न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

આત્મા કાંઈ કરતો નથી એ શી રીતે જાણી શકાય ?

ઉપર બતાવેલું જ છે કે, ઘટમાં રહેલું આકાશ એ કાંઈ ઘટને ઉત્પન્ન કરતું નથી, તેમ જ આ મારું ઘર છે એમ પણ કહેતું નથી, પણ તેવું અભિમાન ધારણ કરનારો માલિક તો કોઈ બીજો જ હોય છે. આ માલિક જ ઘર વડે ઉત્પન્ન થતાં સુખદુઃખાદિને જાણે છે, પરંતુ ઘર પડી જવાથી થતું દુઃખ અને રહેવાથી થનાર સુખને આકાશ તો કાંઈ જાણતું નથી. વધવું, ઘટવું ઇત્યાદિ છ પ્રકારના વિકારો એ ઘરના હોઈ તે વડે થતાં સુખદુઃખાદિ તો માલિકને હોય છે અને તે તો ઘર અને તેના માલિકને પોતપોતાના સ્વભાવાનુસાર થતાં જ રહે છે; તેમ આ પ્રભુ અર્થાત્ આત્મા (વૃક્ષાંક ૧) કર્તાપણાને, લોકને, તેનાં કર્મોને અથવા તો કર્મફળને કોઈ પણ સંજોગોમાં કદી સરજતો નથી, પરંતુ ઘરરૂપ દેહ અને જીવાત્મારૂપ માલિક મોહવશ થઈ જેના તેના સ્વભાવ પ્રમાણે જ પ્રવર્તે જાય છે. તાત્પર્ય એ કે, આત્મા (વૃક્ષાંક ૧) તો ઘરમાં રહેનારા આકાશની જેમ તદ્દન નિર્લેપ છે; તે કાંઈ કરતો, કરાવતો અથવા કરવા કરાવવાની પ્રેરણા પણ કરતો નથી, તેમ તેવું કાંઈ હશે એમ પણ જાણતો નથી. જેમ ઘટનો માલિક આકાશ નથી, પરંતુ તેથી જુદો જ કોઈ હોય છે, તેમ આ 'હું છું' એવા મિથ્યા અહંકાર ધારણ કરનાર ચરાચરનો સાક્ષી ઈશ્વર, દ્રષ્ટા અથવા પુરુષ (વૃક્ષાંક ૨) છે, અને આ પ્રતિબિંબાત્મક 'હું' (વૃક્ષાંક ૩) સર્વ કર્મોના ભોક્તા કહેવાય છે તથા ત્રણ ગુણોના મિશ્રણને એકત્રિત ધારણ કરનારી અવ્યક્ત નામની પ્રકૃતિ (વૃક્ષાંક ૪) છે, એમ સમજવું. આ ત્રણ ગુણોના આધારે જ તે કાર્ય કરવાની પ્રેરણા કરે છે. તે પ્રેરણા મુજબ આજ્ઞા કરવાનું કામ જ્ઞાન તથા ક્રિયા એમ બંને શક્તિનું જેમાં મિશ્રણ છે તેવા અર્ધનારીનટેશ્વર અથવા પ્રકૃતિ (વૃક્ષાંક ૫) નું છે. આ રીતે તમામ કાર્યને આજ્ઞા કરવાની જવાબદારી તો આ તત્ત્વની જ છે. તેની આજ્ઞા પ્રમાણે મર્યાદિત બની મમભાવ ધારણ કરી શક્તિરૂપે પ્રકટ થવાનું કાર્ય તો જીવ (વૃક્ષાંક ૬)નું છે; તે જ પ્રકૃતિ કિંવા માયાના ત્રણ ગુણોના આધારે મહત્તત્ત્વાદિનો અંગીકાર કરી તથા અનેક પ્રકારની વાસનાઓ ધારણ કરીને કર્મોના કર્તાપણાનો અહંકાર ધારણ કરતો રહે છે. આમ જે અહંકાર ધારણ કરનારું તત્ત્વ છે તે જ પ્રથમ મહત્તત્ત્વ એટલે પરમાત્માનું અંતઃકરણ છે (વૃક્ષાંક ૭), અને તે મહત્તત્ત્વમાંથી અહંકાર (વૃક્ષાંક ૮) ઉત્પન્ન થયેલો છે, એમ સમજવું. આ પ્રમાણે અધિકારવશાત્ નિયત થયેલાં કાર્યોમાં પોતપોતાના સ્વભાવાનુસાર જે તે પ્રવર્તે જાય છે. આત્મા તો આ બધાથી તદ્દન નિઃસંગ છે. સ્વભાવમાં સ્વ+ભાવ એવા બે શબ્દો હોઈ તેનો અર્થ વાસ્તવિક રીતે તો એકરૂપ એવો પોતાનો એટલે આત્માનો ભાવ એવો થાય છે, પરંતુ વ્યવહારમાં નિયત થયેલા ઘોરણે ચાલવું તેને "સ્વભાવ" એમ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, પગે ચાલવું, આંખે જોવું, કાને સાંભળવું એ જે તે ઇંદ્રિયોનો સ્વભાવ ગણાય છે. આ બાબત વધુ વિવેચન કરવા કરતાં શાસ્ત્રમાં આ સંબંધે શું કહેવામાં આવેલું છે, તેનો વિચાર કરીશું.

આ બધું નિયમિત કેવી રીતે છે ?

પ્રશ્ન : વિચિત્ર એવા અસંખ્ય પદાર્થોમાં અમુક જ એક ચોક્કસ નિયમ કેમ હોય છે ? પદાર્થોનો એક જ પ્રકારનો અચળ સ્વભાવ કેમ દેખાય છે ? દેવતાઓ અસંખ્ય હોવા છતાં સૂર્ય જ કેમ ઉગ્ર કાંતિવાળા છે ?

દિવસો લાંબા ટૂંકા શા માટે થાય છે? એટલે આ બધા પોતપોતાના સ્વભાવાનુસાર બિનચૂક કોની સત્તાથી પ્રવર્તે છે?

નિયતિ એટલે શું?

ઉત્તર : વિધાતા બ્રહ્મદેવને પ્રથમ કલ્પના આરંભમાં એટલે સૃષ્ટિના આરંભકાળમાં કાકતાલીયની પેઠે જેવા જેવા નિયમવાળું જે જે વસ્તુનું ભાન થયું અને જેવે સ્વરૂપે તથા જેવા કાર્ય કારણભાવથી તેની સ્થિતિ કલ્પવામાં આવી, તેવા જ પ્રકારે તે આજ પર્યંત જગતના નામથી ઓળખાય છે. વિધાતા સર્વશક્તિમાન છે તેથી તેને આદિકાળમાં જે જેવું ભાસ્યું તે તેવું જ જાણે સત્યરૂપે ન હોય! તેવા પ્રકારે તેના આયુષ્યની મર્યાદા પૂર્ણ થતાં સુધી દેખાવા લાગ્યું; કેમકે તે પોતે સત્ય સંકલ્પવાન હોવાને લીધે તેને જે ભાન થયું તે અન્યથા કેમ થાય? વસ્તુતઃ બ્રહ્મ પોતે જ પોતામાં પોતાની ચિત્સત્તાને લીધે જે પ્રમાણે થઈ રહ્યું છે અને જે પ્રમાણે ઘણા લાંબા સમયથી ભાસે છે તેનું જ માયાની અંદર સૃષ્ટિરૂપે ભાન થાય છે અને પ્રલયકાળમાં અભાન થાય છે. સર્વ વસ્તુની અંદર જે કાંઈ અનાદિ ચોક્કસ નિયતરૂપ વસ્તુશક્તિ રહેલી છે તેને જ **'નિયતિ'** એવું નામ આપવામાં આવ્યું છે. "આ અમુક અમુક પ્રકારનું છે તથા તમુક તમુક પ્રકારનું છે" એવા નિયમરૂપે પણ વાસ્તવિક તો બ્રહ્મ જ પોતે પોતામાં ભાસી રહેલું છે. તેને જ વિવર્તભાવે **'નિયતિ'** શબ્દ વડે કહેવામાં આવે છે અને તે જ સૃષ્ટિના ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના રૂપને ધારણ કરે છે. ચિદાકાશ એટલે બ્રહ્મ કિંવા આત્માની અંદર પોતાની મેળે જ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપી વિવર્ત ખડો થઈ જાય છે. જેમ જળની અંદર રહેનારું દ્રવપણું જળથી જુદું નથી, તેમ આ વિવર્ત પણ ચિદાકાશ એટલે બ્રહ્મથી જુદો નથી; તે સ્વચ્છ ચિદાકાશરૂપ જ છે. જેમ આકાશની અંદર શૂન્યપણું, કપૂરમાં સુગંધ અને તાપમાં ગરમી રહેલી છે તેમ ચિદાકાશરૂપ બ્રહ્મની અંદર જાગ્રતાદિ અવસ્થાઓ રહેલી છે અને તે તેનાથી કાંઈ જુદી નથી. સૃષ્ટિપ્રલયના પ્રવાહરૂપે ભાસી રહેલી ભિન્નતા વાસ્તવિક આત્માની અભિન્ન સત્તાને લીધે જ હોવાથી એ ચિદાકાશ જ સૃષ્ટિ અને પ્રલય એવા નામને ધારણ કરી રહેલું હોઈ વસ્તુતઃ ચિદાકાશરૂપ બ્રહ્મની અંદર આ સર્વ ભાસી રહ્યું છે. સર્વ સૃષ્ટિની નિયમિત વ્યવસ્થા વિધાતાના વિલાસને અનુસરીને છે. એ ચિદાકાશ ક્ષણને કલ્પ અને કલ્પને ક્ષણ હોવાનો સંકલ્પ કરીને તેમ કરી મૂકે છે, આમ વાસ્તવિક રીતે તો તે પોતે જ તુરત તે તે રૂપે થઈ જાય છે. સ્વપ્નમાં સર્વ દશ્યો જેમ સ્વપ્નચૈતન્યના જ વિવર્તો હોય છે, તે મુજબ તે તે દેશ, તે તે કાળ, તે તે ક્રિયા, તે તે દ્રવ્ય તથા તે તે ઉદય આદિ સર્વ, સ્વભાવે જ ચિન્માત્ર તત્ત્વનો એક વિવર્ત જ છે. તે તત્ત્વ વસ્તુતઃ નિરાકાર છે. તે જ પોતાની અંદર પોતાને જળરૂપાદિ બાહ્ય વિષયોના અનુભવરૂપ તથા સંકલ્પાદિ આંતર્વિષયોના અનુભવરૂપ અને દેશ, કાળ, ક્રિયા આદિરૂપ થઈ જાય છે. એવી રીતે જે વસ્તુ જે કાળે એ ચિન્માત્રતત્ત્વે પોતે જ પોતામાં હિરણ્યગર્ભરૂપે બની જેવા જેવા નિયમવાળી હોવી જોઈએ એમ પ્રથમના કલ્પમાં કલ્પી લીધેલ હોય છે, તે તેવા જ નિયમ અર્થાત્ સ્વભાવવાળી બની મહાકલ્પના અંત સુધી તેમની તેમ જ રહેલી છે, પરંતુ વસ્તુતઃ તો કાળ, દેશ અને ક્રિયાદિરૂપે ભિન્ન ભિન્ન નિયમવાળું જોવામાં આવતું આ સર્વ ચિદાકાશરૂપ હોઈ તે બ્રહ્મના એક નિમેષરૂપ છે તથા એ સઘળા પદાર્થોનો સ્વભાવ મહાકલ્પ સુધી જ એવા રૂપે થયેલો હોય છે.

આત્મા જ સર્વત્ર પોતાના મહિમા વડે સ્વભાવરૂપે ભાસે છે

સ્વભાવનું ખરું રહસ્ય જાણનારા વિવેકી પુરુષો આમ મહાકલ્પ એટલે બ્રહ્મદેવના પ્રથમ દિવસથી તે તેના આયુષ્યની મર્યાદા પૂર્ણ થતાં સુધી તેણે કરેલા સંકલ્પો મુજબ પોતપોતાના ઠરાવેલા નિયમમાં એકરૂપે રહેલું તેને જ સ્વભાવ એવા નામથી ઓળખે છે. સર્વમાં આકાશની પેઠે રહેલું જીવરૂપે ભાસતું ચિત્સ્વરૂપ જ 'સ્વભાવરૂપ' છે. જેમ એક જ અગ્નિ દેશકાળના ભેદ વડે અનેકરૂપે થઈ રહે છે, છતાં તે પોતાના મૂળ સ્વરૂપને કદી પણ છોડતો નથી; પરંતુ તે સર્વ ઉષ્ણ વસ્તુમાં અનુસ્યૂત હોય છે, એટલે ઓતપ્રોત એવા ઉષ્ણ પ્રકાશના રૂપને ધારણ કરીને રહે છે, એ જ તેનો સ્વભાવ કહેવાય છે; તેમ આ એક ચિન્માત્ર તત્ત્વ

જે સેંકડો પદાર્થોરૂપે જાણે થઈ રહી ન હોય ! એમ જોવામાં આવે છે. ચિદાકાશરૂપ જીવની અંદર વૃત્તિઓના સ્ફુરણ જેવું જે જે કાંઈ ભાસે છે તે તે વૃત્તિઓનું મૂળ અધિષ્ઠાન તો આ એક ચૈતન્યતત્ત્વ જ છે. તે તે વૃત્તિઓને માટે તેણે જેવા જેવા સ્વભાવની કલ્પના કરેલી હોય છે તેવો તેવો જ તેનો સ્વભાવ મહાકલ્પના અંત સુધી બંધાઈ રહેલો હોય એમ જોવામાં આવે છે, સ્વપ્નમાં જોવામાં આવતું જગતાદિ દૃશ્ય સ્વપ્નચૈતન્યથી ભિન્ન હોતું નથી, તેમ જાગૃતિમાં પ્રતીતિમાં આવતી આ પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશ આદિ સર્વ વસ્તુઓ પણ વાસ્તવિક ચિદ્રૂપ એવા એક આત્માથી જરા પણ ભિન્ન નથી. આત્મચૈતન્ય જ પોતાથી થતાં અનેક કાર્યોની ખાણરૂપ છે અને શબ્દબ્રહ્મ કિંવા ઈશ્વર પણ તેના ખજાનારૂપ જ છે. હે વત્સ ! પાણી અને હિમની જેમ આત્માનો સાવયવ અને કઠિન ભાગનો જે આ મોટો ખજાનો જોવામાં આવે છે તે જ આ ભૂપીઠ હોઈ જેમ મનુષ્યના સમૂહનો આધાર રાજા ગણાય છે તેમ આ ભૂપીઠ એ જ આ સર્વના આધારરૂપ છે. જળનો મુખ્ય ખજાનો મહાસાગર, તેજનો મુખ્ય ખજાનો સૂર્ય, ચપળતાનો મુખ્ય ખજાનો વાયુ અને શૂન્યતાનો મુખ્ય ખજાનો આકાશ હોઈ આ પાંચે મહાભૂતો આ જગતની અંદર વ્યાપ્ત થઈને રહેલાં છે, એમ જે જોવામાં આવે છે તે તો સ્વપ્નની જેમ બ્રહ્મના જ એક વિલાસરૂપ છે. બ્રહ્મનું 'અહમ્' 'અહમ્' (શ્લોકાંક ૩) એવા વિવર્તરૂપ જે સ્ફુરણ પ્રતીત થતું ભાસે છે તે જ આ સર્વભૂતોના મૂળ ખજાનારૂપ છે; તેથી એ પાંચે મહાભૂતોની અંદર વ્યાપ્ત થઈ રહેલો તેનો સ્વભાવ બ્રહ્મસત્તાથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. આમાં જ સૂર્ય ઉગ્ર કાંતિવાળો કેમ ? ઇત્યાદિ તારા પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે, કેમ કે તેમ થવામાં હેતુરૂપ સ્વભાવ જ કારણ મનાય છે અને તે સ્વભાવ આ સર્વ દૃશ્યાદિમાં ઓતપ્રોત રહેલી એવી બ્રહ્મસત્તાથી સહેજ પણ જુદો હોતો નથી. સર્વજ્ઞ, શબ્દબ્રહ્મ, સાક્ષી, દ્રષ્ટા વા ઈશ્વર (શ્લોકાંક ૨) પણ ચિદાકાશ, આત્મા અથવા બ્રહ્મરૂપ જ છે. તે સર્વવ્યાપી અને સર્વરૂપ છે. તેથી તે જ સર્વત્ર પોતાના પ્રકાશરૂપ મહિમા વડે સર્વ વિવેકી વિદ્વાનોને સ્વભાવરૂપે અને નિર્યતિરૂપે અનુભવમાં આવે છે.

જ્યોતિશ્ચક્રની રચના તથા દિવસ નાના મોટા થવાનું કારણ

હિરણ્યગર્ભ તો બ્રહ્મના એક બાલકરૂપ છે, તે ચૈતન્યરૂપ એવા પોતાના જ સ્વરૂપભૂત સંકલ્પ વડે ચિદાકાશરૂપ આ બ્રહ્માંડ નામની રચનાને કરોળિયાની લાળની જેમ પોતાની અંદર જ વિસ્તારી દે છે. જ્યારે આ સર્વજ્ઞ શબ્દબ્રહ્મ અર્થાત્ ઈશ્વર (શ્લોકાંક ૨) આ સર્વ સ્થૂળ સૂક્ષ્મ પ્રપંચોનો પોતાની અંદર જ લય કરી દે છે, ત્યારે હિરણ્યગર્ભના એક અવયવરૂપ એવા આ સૂર્યાદિનું ભ્રમણસ્વભાવવાળું રૂપ દેખાતું નથી; કેમ કે તે પણ સંહાર કરનાર એવો વિરાટ કિંવા પરમ પુરુષરૂપ જ બની જાય છે. કરોળિયો જેમ પોતાની જ લાળથી પોતાના સંકલ્પ મુજબ ઘરને બાંધે છે, તેમ વિધાતા પણ પોતાના સંકલ્પમાત્રથી જ ગ્રહ નક્ષત્રાદિના આશ્રયભૂત એવું શિશુમાર ચક્ર રચે છે. ધ્રુવથી લઈ ઉપર સત્ય અથવા બ્રહ્મલોક સુધીના ચક્રને શિશુમાર ચક્ર કહે છે. સૂર્યરૂપી નિમિત્ત વડે દક્ષિણાયન અને ઉત્તરાયણમાર્ગમાં ફરનારું આ બ્રહ્મ જ દિવસોના લાંબા ટૂંકાપણામાં હેતુરૂપ થાય છે. આ સર્વ એક બ્રહ્મનો જ વિવર્ત છે અને અનિર્વચનીય એવું ચિદાકાશ એટલે બ્રહ્મ જ દૃશ્યરૂપે ભાસે છે. આ જ્યોતિશ્ચક્રમાં કેટલાક પદાર્થો વિશેષ પ્રકાશવાળા છે તથા કેટલાક તો પ્રકાશથી તદ્દન રહિત છે, આમ બ્રહ્મની અંદર વિચિત્ર પ્રકારના રહેલા પદાર્થો પણ બ્રહ્મરૂપ છે. વિવેકી તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિમાં તો આ પદાર્થોના સમૂહો કદી ઉત્પન્ન પણ થતા નથી અને દેખાતા પણ નથી, પરંતુ અનિર્વચનીય એવો ચિદાકાશરૂપ આત્મા જ વસ્તુતઃ ઉત્પન્ન નહિ હોવા છતાં પણ સ્વપ્નદૃશ્યની જેમ જાણે ઉત્પન્ન થયો હોય, એમ ભાસી રહ્યો છે. આત્મા ચિન્માત્ર છે, ચિદ્રૂપ છે, સર્વેશ્વર છે અને તે જ 'તમે', 'હું' ઇત્યાદિ સર્વ દૃશ્ય આકારે પ્રત્યક્ષરૂપે ભાસે છે. દેહનો નાશ થતાં તેનો પણ જાણે નાશ થતો હોય તેવું અજ્ઞાનીઓ માને છે ખરા, પરંતુ વસ્તુતઃ જોતાં તો તેનો ભાસ પણ થતો નથી અને તેનો કદી નાશ પણ થતો નથી. આમ ચિદાકાશ એટલે બ્રહ્મ જ પોતે પોતાના સ્વરૂપમાં સ્વપ્નસૃષ્ટિની જેમ જાગૃતિમાં પણ અનુભવમાં આવે છે, તો પછી આ જગતનું ચિદાકાશ વિના પારમાર્થિક સ્વરૂપ બીજું કયું હોઈ શકે ?

આ સર્વનું તાત્ત્વિક સ્વરૂપ તો બ્રહ્મ જ છે

જે વસ્તુ જેવે સ્વરૂપે અને જેવે પ્રકારે બ્રહ્મસત્તા વડે રહુરે છે, એટલે કે, તેમાં રહેલી નિયામક એવી બ્રહ્મસત્તાએ તે વસ્તુ સંબંધમાં જેવી ભાવના દૃઢ કરી હોય છે, એ બ્રહ્મસત્તાના બળથી તે વસ્તુ તેવે રૂપે અને તેવે પ્રકારે જ્યાં સુધી નિયમિતરૂપે પ્રતીતિમાં આવે છે ત્યાં સુધી તેને જ **નિયતિ** કિંવા સ્વભાવાદિ શબ્દ વડે ઓળખવામાં આવે છે.કોતરાંવાળા ધાનની અંદર અપ્રકટરૂપે રહેલી અંકુરશક્તિની પેઠે તે બ્રહ્મસત્તા જ સૌથી પ્રથમ ઉત્પન્ન થનારા પોતાના આકાશરૂપ અંગની અંદર શબ્દતન્માત્રા જેવી સૂક્ષ્મ સ્થિતિ વડે અપ્રકટરૂપે રહે છે અને પછી તેના વડે જ આ દૃશ્યરચના ઉત્પન્ન થાય છે; એવા પ્રકારની કલ્પના પણ ફક્ત અવિવેકીઓને તત્ત્વબોધ થવાને માટે શ્રુતિ આદિ શાસ્ત્રોમાં મહર્ષિઓએ કહેલી છે, પરંતુ વાસ્તવિક રીતે એ તેનું કાંઈ તાત્ત્વિકપણું નથી; તે તો કેવળ અનિર્વચનીય એવા બ્રહ્મ ઉપર મૂર્ખાઓએ કરેલી મિથ્યા કલ્પનાના વિલયને માટે એક યુક્તિરૂપ છે, પણ વસ્તુતઃ તો મૂર્ખાઓએ કરેલી આ કલ્પનાઓ જ મૂળમાં વૃથા છે. વાસ્તવિક રીતે આ કાળ, દેશ કે ક્રિયા દ્રવ્યાદિ કશું કદી ઉત્પન્ન પણ થતું નથી અને નાશને પણ પામતું નથી, પરંતુ શિલાના ગર્ભને એટલે પથ્થરને ગમે ત્યાંથી તોડો છતાં તે અંદર પણ બહારના જેટલો જ ઘન અર્થાત્ કઠણ નીકળે છે, તેમ શાંત એકરસમય તથા બ્રહ્મસત્તારૂપે પણ એ એક આત્મા જ સત્ય હોવા છતાં તેણે પોતા ઉપર જ કરેલી મિથ્યા આરોપિત દૃષ્ટિથી પોતે જ જાણે અસત્ય છે, એમ અજ્ઞાનીઓને ભાસી રહ્યો છે. જેમ હંમેશાં એક અવયવની અંદર રહેનારા પરમાણુઓ અસ્તને કિંવા ઉદયભાવને પામતાં નથી, તેમ આત્મપદમાં રહેનાર જગતના સંબંધમાં સમજવું. આકાશ જેમ પોતાના સ્વરૂપમાં રહે છે તેમ આ જગતરૂપ આકાશ પણ ચિદાકાશની અંદર ચિદ્રૂપે જ રહેલું છે, તો પછી એ શુદ્ધ ચિદાકાશનો ઉદય કિંવા અસ્ત કયાંથી હોય? અનિર્વચનીય, અનંત, સ્વયંપ્રકાશ અને આત્મરૂપ એવા સર્વવ્યાપી ચિદ્રૂપ ચિંતામણિની સત્તા સ્વાભાવિક રીતે જ વિવર્તરૂપે થઈ રહે છે અને તે જ પોતાની મેળે પોતામાં જ જાણે દૃશ્યભાવને ધારણ કરી રહ્યું ન હોય, તેવું થઈ જાય છે.

ચિત્ત અને જીવભાવની ઉત્પત્તિ

આ ચિદ્રૂપ અથવા બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ નહિ ઓળખાયાથી જ તર્ક અને અવિચારની સ્ફૂર્તિ થાય છે. ભાવિ પદાર્થોના નામરૂપની કલ્પના કરતાં તેની અંદર પ્રથમ કાંઈક રૂપની કલ્પના થાય છે, પરંતુ એ ચિદાત્મા પોતે તો અનિર્વચનીય, આકાશ કરતાં પણ અતિ સૂક્ષ્મ, શુદ્ધ, સર્વવ્યાપી તથા ભાવિ પદાર્થોનો ઉદ્બોધ કરનારો છે. એ પરમ સત્તારૂપ આત્મા અથવા બ્રહ્મ જ્યારે જડ પદાર્થોને ચેતનરૂપ બનાવી દે છે, ત્યારે તે કાંઈક અનુભવમાં આવે છે અને તેથી તે ચિત્ એવા નામને યોગ્ય થાય છે; ત્યારપછી ઘાટા અભ્યાસને લીધે તે ભાવિ એવા જીવાદિ નામોને ધારણ કરી લે છે, પરંતુ આ સઘળી કેવળ પોતાની કલ્પના માત્ર જ છે, જ્ઞાન થયા બાદ તો તે સર્વ પરમપદરૂપ જ છે એવું અનુભવાય છે. આ પરમ સત્તારૂપ બ્રહ્મ અથવા આત્મા પોતે જ્યારે જીવ એવા નામને ધારણ કરે છે ત્યારે તેની અંદર ચિદાકાશનું આચ્છાદન કરનારી અવિદ્યા રહેલી હોવાથી તે પોતાનું ખરું સ્વરૂપ જાણી શકતું નથી, પરંતુ જીવાત્મામાં જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે તે અતિશુદ્ધ એવા પરબ્રહ્મની સાથે એકતાને પામે છે, અજ્ઞાનના આવરણવાળી જીવદશામાં આત્મા પોતે જ પોતાના અધ્યાસની અનેકત્વની તાદાત્મ્ય ભાવનામાત્રથી ખડાં થઈ ગયેલ દેહ ઇંદ્રિયાદિ વડે સંસારને પ્રાપ્ત થાય છે અને પોતાના સ્વસ્વરૂપના વિસ્મરણથી થનાર અનેક ગ્લાનિકારક કર્મો તે કર્યે જાય છે. આત્મસત્તા વસ્તુતઃ શૂન્યરૂપ હોવા છતાં પણ જ્યારે તે શબ્દાદિ ગુણોને ધારણ કરીને સવિકલ્પભાવના વડે યુક્ત બને છે, ત્યારે તે ભાવિ એવા આકાશાદિ પંચમહાભૂતોના નિદાનરૂપ અને સૂક્ષ્મભૂતરૂપે બની જાય છે; પછી કાળની સત્તા રહિત અહંતાનો ઉદય થવા પામે છે. આ કાળની સત્તા એટલે ધ્રુવરનું ધ્રુવેણ (વૃક્ષાંક ૨ તથા ૩ ની વચ્ચેનું) તથા અહમ્ (વૃક્ષાંક ૩) એ બે જ જગતની સ્થિતિનું મુખ્ય બીજ છે અને તે જ ભાવિ એવાં સર્વ નામરૂપોને ધારણ કરીને રહે છે. ચૈતન્યશક્તિ તે સર્વથી ભિન્ન છે અને આ જગતના સમૂહો એ એક

તેના સંકલ્પરૂપ જ છે. તે જગતો જો કે મિથ્યા છે, તોપણ ચિત્સત્તાના બળથી સત્ય જેવાં દેખાય છે. આ પ્રકારે તે ચૈતન્ય જ સંકલ્પરૂપી વૃક્ષોના બીજરૂપ હોઈ તે પોતે જ્યારે પોતાની અંદર 'અહં' એવી ભાવના કરે છે ત્યારે તે પોતે જ પોતાને ક્ષણવારમાં અહં એવા રૂપે બની ગયું છે એમ અનુભવે છે, જળ જેમ તરંગરૂપે જળની અંદર જ ભ્રમણ કર્યા કરે છે, તેમ એ જ ચેતનસત્તા શબલબ્રહ્મ (વૃક્ષાંક ૨) ની અંદર ભાવાભાવ આદિરૂપે ડૂબી જાય છે તથા ભમ્યા કરે છે.

ચૈતન્ય જ સર્વરૂપ બને છે

એ રીતે ભાવનાવાળું આ ચિદાકાશ (બ્રહ્મ) પોતે જ પાણીથી થતા બરફની જેમ આકાશતન્માત્રાની ભાવનાને પામી તેને તે પોતાની મેળે જ ઘટ્ટ બનાવે છે અને ધીમે ધીમે આકાશને ઉત્પન્ન કરે છે. આ આકાશ જ ભાવિ નામરૂપનું મૂળ સ્વરૂપ હોઈ તે જ શબ્દસમૂહરૂપી વૃક્ષનું બીજ છે. પદ, વાક્ય અને પ્રમાણ વડે યુક્ત એવા વેદ તથા અર્થ એ સર્વ તેનો જ વિલાસ છે, આ શબ્દરૂપ તત્ત્વમાંથી જ જગતની આ સર્વ શોભા ખડી થઈ જાય છે (શબ્દની ઉત્પત્તિ સંબંધમાં અધ્યાય ૨ તથા ૮ જુઓ); તે જ શબ્દસમૂહ વડે થતા અનેક અર્થસમૂહના પરિણામને વિસ્તારનારું છે, એવા વિચિત્ર સંકલ્પયુક્ત વ્યવસાયવાળા વિરાટ ચૈતન્યને જીવ કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) એ શબ્દ વડે કહેવામાં આવે છે અને તે પોતે જ ભાવિ એવા અનેક નામરૂપોના સમૂહો સાથે જનસમૂહરૂપી વૃક્ષના બીજરૂપ છે. આકાશ જેમ ચૌદ લોકના સર્વ પ્રાણીઓના સમૂહોથી વ્યાપ્ત છે, તેમ સર્વ સમષ્ટિ અને વ્યષ્ટિ પ્રાણીઓનો આ બધો સમૂહ એ મહાપ્રાણ કિંવા જીવ (વૃક્ષાંક ૬)થી જ પ્રસરેલો છે, અને તે સર્વ જગતને પોતાના ગર્ભની અંદર જ ધારણ કરીને રહેલો છે. શ્રોત્ર આદિ ઇંદ્રિયસમૂહ પણ તેનાથી જ પ્રસારને પામેલા છે. આ મુજબ આત્મચૈતન્ય જ જીવભાવને પ્રાપ્ત થાય છે, છતાં પણ તે આ શબ્દવ્યવહારથી અને શરીરાદિના વ્યવહારથી તદ્દન રહિત છે; પછીથી તે પોતે કાકતાલીયની પેઠે નીચે પ્રમાણે ચેતનસત્તાના બળથી પોતે પોતાને જેવું કલ્પી લે છે તેવું તેવું તુરત તે પોતે જ અનુભવે છે.

તન્માત્રાની ઉત્પત્તિ

બ્રહ્મની અંદર સર્વભૂતોની ક્રિયાશક્તિ કે જે પવન સ્પંદરૂપ છે, તે જ ત્વચા વડે અનુભવાતા સ્પર્શરૂપી વૃક્ષના એક બીજરૂપ છે. તે ચૈતન્યરૂપ એવા જીવ એટલે મહાપ્રાણ (વૃક્ષાંક ૬)માંથી જ પ્રસરે છે; વળી તેની અંદર જ આ ચિદ્વિલાસને જે પ્રકાશનો અનુભવ થાય છે તે રૂપતન્માત્રા છે. તે સૂક્ષ્મરૂપે પોતાના ભાવિ નામરૂપને ધારણ કરી રહેલ છે. આ પ્રકાશરૂપ ચેતનસત્તા જ તેજરૂપ છે અને તે તેજ કાંઈ બીજા કશાથી બનેલું નથી, પણ ચેતન (બ્રહ્મ)થી બનેલું હોઈ ચેતનરૂપ જ છે. આવી જ રીતે સ્પર્શનો અનુભવ કરનાર ચેતન જ સ્પર્શરૂપ છે. સ્પર્શ એ પણ બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ નથી. જેમ આકાશ પોતા વડે જ પોતાના સ્વરૂપની અંદર અવકાશનો આશ્રય કરી સ્થિર રહે છે અર્થાત્ બધાને તે અવકાશ આપે છે, પણ પોતાને માટે બીજા કોઈના અવકાશની તેને જરૂર હોતી નથી, પરંતુ પોતે જ પોતામાં અવકાશ કરીને રહેલું છે; તેમ શબ્દનો અનુભવ કરનાર ચિદાત્મા પોતે જ શબ્દરૂપે થઈ તેવે તેવે રૂપે અનુભવમાં આવે છે; વળી શબ્દગ્રાહક પણ તે જ છે. બીજું કોઈ પણ નથી, કેમ કે મૂળ શુદ્ધ આત્માવસ્થામાં શબ્દનો ગ્રહણ કરનારો બીજો કોણ હોય ? જેમ સૃષ્ટિના આદિકાળમાં ચૈતન્યના વિવર્તરૂપ જીવમાં બીજાપણાની કલ્પના ન હતી, તેમ હમણાં એટલે આજે પણ નથી અને ભવિષ્યમાં પણ ન હશે; કેમ કે દ્વિત્વ એકત્વાદિનો એટલે બેપણાનો અથવા એકપણાનો અત્યંત અસંભવ છે. એવી જ રીતે રસતન્માત્રા અને ગંધતન્માત્રાદિ વિષે પણ સમજી લેવાનું છે. વસ્તુતઃ એ સ્વપ્નની પેઠે તદ્દન અસત્ય હોવા છતાં પણ સત્ય હોય એમ લાગે છે, એટલે સ્વપ્નમાં વાસ્તવિક દૃશ્યાદિ છે જ નહિ, છતાં હોય એમ જોવામાં આવે છે; તેમ આ સર્વ દૃશ્યજાળ વાસ્તવમાં બિલકુલ નહિ હોવા છતાં પણ સત્યરૂપે પ્રતીતિમાં આવી રહ્યું છે. આ બ્રહ્મ જ સૂર્ય આદિના પ્રકાશ વડે ભાસતાં આ ચૌદ લોકરૂપી વૃક્ષના એક બીજરૂપ છે; તેમાંથી જ રૂપના ભેદથી સંસ્કાર પ્રસરે છે. આકાશના જેવા નિર્વિકાર, અનિર્વચનીય

અને અનેક ભાવિ નામને ધારણ કરનારા એ ચૈતન્ય એટલે બ્રહ્મતત્ત્વમાંથી સ્સતન્માત્રાની ઉત્પત્તિ પોતાની મેળે જ થાય છે; તે જ અન્ન, પ્રાણ વગેરેના સમુદાયના માધુર્ય આદિના અનુભવરૂપ કહેવાય છે. ચૈતન્યના વિવર્તરૂપ જીવ જ આ સર્વ ભાવિ રૂપો તથા નામોના સંકલ્પોને ધારણ કરનાર કાર્યકારણના સમૂહરૂપ છે. તે ચૈતન્ય પોતે જ પોતાના સંકલ્પ વડે ગંધતન્માત્રાને ઉત્પન્ન કરે છે. ભૂગોળ પણ તે થકી જ ઉત્પન્ન થાય છે, તેથી તે પણ આકાશરૂપી વૃક્ષના બીજરૂપ છે અને તે જ સર્વના આધાર એવા આત્મારૂપ છે. ચૈતન્ય વડે જ સર્વ સંસાર પ્રસરે છે. એવી રીતે પંચતન્માત્રાનો સમૂહ વસ્તુતઃ તો ઉત્પન્ન નહિ થયેલ હોવા છતાં થઈ ગયો છે અને કેવળ કલ્પનાના બળ વડે જ નિરાકાર છતાં સાકાર થઈ રહ્યો હોય એવો ભાસે છે ખરો, પરંતુ વસ્તુતઃ આ બધું અપરોક્ષાનુભવરૂપ આત્માથી અભિન્ન, એકરસાત્મક અને અનિર્વચનીય એવું પરમતત્ત્વ જ સર્વત્ર ઓતપ્રોત છે.

સ્થૂલ ઇંદ્રિયો પણ આત્મરૂપ જ છે

આ પાંચ તન્માત્રાનો સમૂહ કાકતાલીયની પેઠે પોતે જે પ્રદેશ વડે રૂપને અનુભવે છે તે પ્રદેશ (સ્થાન) એ ચક્ષુ કહેવાય છે; વળી જે પ્રદેશ વડે તે શબ્દને અનુભવે છે તે શ્રોત્ર, સ્પર્શને અનુભવે છે તે ત્વચા, રસનો અનુભવ કરે છે તે રસના અને જે પ્રદેશ વડે તે ગંધનો અનુભવ કરે છે તે ઘ્રાણેંદ્રિય કહેવાય છે. એક નિયમિત આકૃતિને ધારણ કરી રહેલું આ ચૈતન્યરૂપ બ્રહ્મ પોતે જ પોતામાં દિશા કાળ આદિના ભેદોને કલ્પી લઈ મર્યાદિત બને છે અને સર્વાત્મભાવના અભાવને લીધે સર્વને જાણી શકતો નથી. એ રીતે અનંત એવી સંસાર સંબંધી આ બધી મિથ્યા કલ્પના મહાકાશમાં રહેલા ઘટાકાશ, મહાકાશની જેમ અમર્યાદિત એવા આત્મસ્વરૂપમાં મર્યાદિત એવા આત્મસ્વરૂપે પ્રત્યેક જીવમાં રહેલી છે. એમ જે જોવામાં આવે છે તે પણ વાસ્તવિક આત્મસ્વરૂપ હોઈ તેને પોતાને જ તે તેવા તેવા અનુમાન વડે તેવી તેવી અનુભવાય છે. અનંતપણાને લીધે તે વર્ણવી શકાય તેવી પણ નથી, તેમ તે આત્મસ્વરૂપ હોઈ આત્માથી કિંચિન્માત્ર પણ જુદી નથી. પરમાર્થદૃષ્ટિએ જોતાં તે કદી પણ ઉદય કિંવા અસ્તને પ્રાપ્ત થતી નથી. પણ, શિલાની અંદરના ગર્ભની પેઠે તે એક અદ્વિતીય, આનંદઘન અને નિર્વ્યાપારપણે રહેલી છે.

જીવના સ્વરૂપનું વર્ણન

આ પ્રમાણે વસ્તુતઃ તો જીવ પણ ચિદાકાશરૂપ જ છે; તેમાં જે હું, તું, તે, આ ઇત્યાદિ ભાવોની ઉત્પત્તિ થયેલી કહેવામાં આવે છે, તે તો ફક્ત બોધ થવા પૂરતી જ છે, પરંતુ વાસ્તવિક નથી; કેમ કે તે પરબ્રહ્મથી તદ્દન અભિન્ન છે. આ ચિદાભાસ કિંવા જીવ બ્રહ્મનો એક ઉપાધિયુક્ત અવયવ હોઈ તે અકૃત્રિમ છે. વાસ્તવિક તો આ ચિદાકાશ જ દૃશ્ય અને દ્રષ્ટારૂપે એટલે હું અને મારું એવા ભાવને પામે છે ત્યારે તે મહાપ્રાણ કિંવા જીવ (વૃક્ષાંક ૬) શબ્દ વડે કહેવાય છે, ચિત્તરૂપ છતાં દૃશ્યપરાયણ થઈ રહેનાર આ જીવનાં અનેક વિચિત્ર નામો છે, તે તમે સાંભળો. તે ચિદાકાશરૂપ બ્રહ્મ પોતે પોતામાં આ બધાં મુખ્યપ્રાણ, કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોને ધારણ કરે છે, તેથી તે "જીવ" એવા શબ્દ વડે કહેવાય છે. દૃશ્યને સંકલ્પ દ્વારા અનુભવવાથી તે 'ચિત્ત' (વૃક્ષાંક ૯) શબ્દ વડે ઓળખાય છે. અમુક વસ્તુ અમુક પ્રકારની છે એવો સ્પષ્ટ બોધ એનાથી જ થાય છે, તેથી તે "બુદ્ધિ" (વૃક્ષાંક ૧૦) શબ્દ વડે પણ કહેવાય છે. સંકલ્પ કરવાથી અને મનનો પણ જ્ઞાતા હોવાથી તે "મન" (વૃક્ષાંક ૧૧) એવા નામથી ઓળખાય છે. "હું છું" એવી પ્રતીતિ ઉત્પન્ન કરવાથી તેને અહંકાર (વૃક્ષાંક ૮) શબ્દથી પણ ઓળખવામાં આવે છે. શાસ્ત્રને વિચારનારા વિવેકી પુરુષો ચિદ્રૂપ આત્મા કે જે પરમાર્થરૂપ છે તેને જ મુખ્યત્વે "ચિત્" (વૃક્ષાંક ૧) શબ્દ વડે સંબોધે છે. તે જ જીવ કહેવાઈ પ્રૌઢ એવા સંકલ્પસમૂહના સંયોગથી પાંચ કર્મેંદ્રિયો, જ્ઞાનેંદ્રિયો, તથા તેના વિષયો અને દેવતા સહિત (૧) આકાશ, (૨) વાયુ, (૩) વહ્નિ, (૪) જળ અને (૫) પૃથ્વી એ પાંચ મહાભૂતો તથા (૬) મન, (૭) બુદ્ધિ અને (૮) જીવ એ ત્રણ મળી કુલ આઠ; કે જેને પુર્યષ્ટક કહેવામાં આવે છે, તે સૃષ્ટિના આરંભકાળમાં એટલે આ બ્રહ્માંડાદિરૂપ કાર્યસૃષ્ટિની ઉત્પત્તિ થયા પૂર્વે પ્રથમ સૂક્ષ્મરૂપે હોય છે, તેથી તેને

'પ્રકૃતિ' શબ્દથી પણ ઓળખવામાં આવે છે; પરંતુ બોધ થતાં તેનું આ અષ્ટધાપ્રકૃતિવાળું ઉપાધિમય શરીર દેખાતું નથી, તેથી વિદ્વાનો તેને 'અવિદ્યા' એ નામથી પણ ઓળખે છે, આવા આવા ચિત્સ્વરૂપના જ ઉપાધિભેદ વડે અનેક નામો છે તે તમોને કહ્યા. આ ચિદ્ઘન, નિરાકાર અને નિર્વિકલ્પ જીવને જ પંડિતો આતિવાહિક એટલે સૂક્ષ્મ કિંવા લિંગદેહના નામથી પણ ઓળખે છે અને તે લિંગદેહની ઉપાધિને લીધે જ આદિઅંતવાળો છે એમ બોલાય છે. એ રીતે પ્રત્યક્ચૈતન્યમાં આ ત્રણે લોકોની ભ્રાંતિ સ્વપ્ન કિંવા મનોરાજ્યના નગરની પેઠે જ્ઞાન થતાં સુધી હંમેશાં ભાસ્યા જ કરે છે, આ રીતે તે બ્રહ્મ જ ભોગ તથા અર્થરૂપ મોક્ષને આપનારું હોવા છતાં પણ નિઃસ્વરૂપ છે, શૂન્ય છે અને નિરાકાર છે. હે નરશ્રેષ્ઠ ! આતિવાહિક એટલે લિંગ અથવા સૂક્ષ્મદેહ પોતે ચિદાકાશરૂપ હોવા છતાં તેને લિંગદેહરૂપ ઉપાધિવાળો કહેવામાં આવે છે. વસ્તુતઃ તો તે આકાશથી પણ સાવ શૂન્ય છે. આ લિંગ શરીર અથવા આતિવાહિક દેહ વાસનાવશાત્ એક શરીર છોડીને બીજું ધારણ કરે છે. આ રીતે તેનો ક્રમ મોક્ષ થતાં સુધી કાયમ જ રહે છે. ચિદ્રૂપ હોવાને લીધે વાસ્તવિક તો તેનો ઉદય વા અસ્ત કદી પણ થતો નથી. આમ ચૌદ લોકનાં સર્વે પ્રાણીઓની સૃષ્ટિનો અંકુર ચિત્તરૂપી ભૂમિમાં જ રહ્યો કરે છે. તેની અંદર જ કાળની વ્યવસ્થાને અનુસરી લાખો બ્રહ્માંડાદિ સંસારો પૂર્વે ઉત્પન્ન થઈ ગયેલા છે, ભવિષ્યમાં થશે અને હાલમાં પણ વિદ્યમાન છે. અરીસો જેમ અનેક પ્રતિબિંબોને ધારણ કરે છે તેમ આ ચિત્તરૂપી અરીસો અંદર અને બહાર અનેકવિધ જગતોને ધારણ કરે છે, છતાં પણ તે પોતે આકાશની પેઠે સાવ શૂન્ય જ છે.

બ્રહ્મા, નારાયણ, પ્રજાપતિ ઇત્યાદિ રૂપે ચિદાકાશ જ બનેલું છે

મહાકલ્પને અંતે સર્વનો નાશ થયા પછી તે સર્વ અવ્યક્ત એવા મહાશૂન્ય (વૃક્ષાંક ૪)માં જ સ્થિત રહે છે; આમ અનિર્વચનીય, પ્રૌઢ, બ્રહ્મરૂપ અને નિર્વિકાર એવા ચિદાકાશની અંદર આ ચિત્સ્વરૂપ પોતે જ પોતામાં આવરણ કરનાર એવા અજ્ઞાનયુક્ત મહાશૂન્યરૂપે બનેલું છે. એ ચિદાકાશના સ્વરૂપનું સાચું ભાન આ ઉપર વર્ણવેલા ક્રમ પ્રમાણે આતિવાહિક દેહને રૂપે ભાસે છે. વસ્તુતઃ ચિદાકાશરૂપ જીવ પોતે જ આતિવાહિક દેહરૂપે છે, તેમ તેને પોતાને જ ચિદાકાશરૂપ એવા જગતનો આ પ્રકાશ અનુભવમાં આવે છે. આ રીતે તે ચિદાકાશને અનુભવમાં આવતો પોતાનો જ એકાદ ભાગ તે "બ્રહ્મા" ના નામથી ઓળખાય છે અને કોઈ એક ભાગ "વિરાટ" એ શબ્દ વડે ઓળખાય છે; વળી કોઈ એક ભાગ "સનાતન" શબ્દથી, કોઈક ભાગ "નારાયણ" નામથી, કોઈક ભાગ "હરિ" નામથી પ્રખ્યાત છે, તો કોઈ એક ભાગ "પ્રજાપતિ" શબ્દ વડે બોલાય છે. ચિદ્રૂપ એવા આ જીવ અથવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬)ને જે ભાગમાં પોતાની પાંચ ઇંદ્રિયોનું ભાન થાય, તે ભાગમાં જાણે તે પોતે જ છે તે પ્રમાણે રહેલો છે એમ તેને ભાસે છે. એ મુજબ આ અસંત પ્રસરી રહેલી દૃશ્યની ભ્રાંતિ પ્રત્યક્ષ સિદ્ધિરૂપે પ્રતીતિમાં આવે છે છતાં તેમાં વાસ્તવિક રીતે તો કશું પણ થયું જ નથી, કેમકે વિસ્તીર્ણ એવું એ આત્મતત્ત્વ સર્વ દૃશ્યથી રહિત છે. આત્મતત્ત્વરૂપ પરબ્રહ્મ અનાદિ છે અને તેનો આવિર્ભાવ કિંવા તિરોભાવ કદી પણ થતો નથી, કેમકે તે જ પોતે સ્વરૂપના સાક્ષાત્કારના અભાવે સત્ અસતાદિ ભેદો વડે અનેક આકારે થઈ રહેલું ભાસે છે. જેમ હંમેશાં સ્ત્રીનું જ ચિંતન કરનારા પુરુષને સ્વપ્નની સ્ત્રી સ્પષ્ટપણે પ્રતીતિમાં આવે છે અને જેમ સ્વપ્ન તથા સંકલ્પમાં પોતાના સ્વપ્નાદિના દેહનો અને જગતનો મિથ્યા અનુભવ થાય છે, તેમ ઘટનો આકાર પણ શૂન્ય અને નિરાકાર હોવા છતાં પ્રતીતિમાં આવે છે. ચિદાકાશની અંદર સ્વપ્નમાં દેખાતી વસ્તુની પેઠે આ સર્વ દૃશ્ય પ્રપંચ જાણે કે ખરેખર કાર્ય સાધી આપનાર ન હોય ! તેવો દેખાય છે. તે આકાશરૂપે હોવા છતાં પણ કઠિન અને પાર્થિવાદિ પદાર્થોની પેઠે સાકારરૂપે ભાસે છે આ આતિવાહિક દેહ પોતે વાસ્તવિક નિરાકાર છે, શૂન્ય છે અને સ્વપ્નના જેવો આભાસરૂપ તથા મિથ્યા છે, છતાં તેનો ક્રમે નીચે પ્રમાણે અનુભવ થાય છે.

જીવનો વિસ્તાર કેવી રીતે બન્યો ?

આ ચિત્તરૂપ એવો આતિવાહિક દેહધારી જીવ વા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) અસ્થિઓના સમૂહ વડે સ્થૂળ, બરડો, ફેફાડાં, શિરાઓ તથા સ્નાયુઓ ઇત્યાદિ આકારે બની તે ઉપર સ્થૂળ શરીરની કલ્પના કરી લે છે;

પછી કાળ, દેશના ક્રમ વડે થતાં શબ્દાદિ વિષયોના ભોગને માટે તે જન્મ, કર્મ, ચેષ્ટા, સ્થાન, પરિણામ અને વય વગેરે સ્થિતિને કલ્પી લે છે, તેમ જ પોતાની અંદર જન્મના ભ્રમને પણ તે પોતે જ અનુભવે છે; વળી જરા, મરણ, ગુણદોષ આદિની કલ્પના; દશ દિશાઓના મંડળોમાં પોતાનું ભ્રમણ, જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય ભાવે તેમજ સર્વ વસ્તુઓના આદિ, મધ્ય અને અંત એમ સર્વને તે પોતે જ કલ્પી લે છે. આ રીતે આતિવાહિક દેહને ધારણ કરનાર જીવરૂપે બની ગયેલા પુરાતન પુરુષ એટલે ઈશ્વરે (વૃક્ષાંક ૨ એ) પોતે જ કલ્પી લીધેલા વ્યષ્ટિ સમષ્ટિના સ્થૂલ શરીરને લીધે પૃથ્વી, જળ, આકાશ, સૂર્ય, જનોના સમૂહો, અસંખ્ય પ્રાણીઓના સમૂહો, તમામ વ્યવહાર, નગર અને શિખર ઇત્યાદિ બ્રહ્માંડમાંના ચૌદ લોકમાં આવેલા તમામ બાવરૂપે તે પોતે જ બની જાય છે. અને પછી તે પૃથ્વી આદિ પોતાના આધારરૂપ છે અને પોતે તેના આધેયરૂપ છે, એવા પ્રકારની ભ્રાંતિરૂપ સંસારસ્વપ્નને પોતે જ અનુભવે છે. આ મુજબ તે આદિ પ્રજાપતિ ઈશ્વરનો આતિવાહિક દેહ ચેતનપણાને લીધે પોતાના સત્ય સંકલ્પથા જે વસ્તુ જેવા પ્રકારે કલ્પે છે તે કાકતાલીયની પેઠે તુરત જ તેવા પ્રકારના સ્વભાવરૂપે બની જાય છે. આથી જ આ ભેદકારક એવા જગતનો ભ્રમ ભાસી રહ્યો છે, તો પછી આવા અસત્ય વિષયમાં આશ્ચર્ય શું પામવાનું છે? આ વિસ્તરી રહેલી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપી ત્રિપુટીઓ વાસ્તવિક બ્રહ્મરૂપ જ છે.*

સ્વભાવથી જ સર્વ વર્તે છે, આત્મા તો અલિપ્ત છે

ટૂંકમાં, જેમ પાણી પોતે જ પોતામાં અમુક સમયને માટે ભમરીરૂપે દેખાતું હોય તથા ભમરીમાંથી વળી પાછું પોતાના અસલ સ્વરૂપમાં વિલીન થતું હોય એમ જોવામાં આવે છે. આમ તે ભમરી રૂપે દેખાઈ વળી પાછું પાણી રૂપે વિલીન થઈ જાય ત્યાં સુધીનો જે તેનો દૃશ્યાભાસ છે તેજ તેનો સ્વભાવ છે, એમ સમજો; તેમ આ જગતાદિ સર્વ દૃશ્ય પણ આત્મરૂપ મહાસાગરની એક ભમરી સમાન છે. તે જેટલા સમય સુધી દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનાદિ ત્રિપુટી તથા તેના સાક્ષી 'હું' એવા રૂપે ભાસે છે, તેટલાં સમયને માટે તે જ અમુક મર્યાદિત આવરણવાળું બની આદિઅંત રૂપે થતું હોય એમ પ્રતીતિમાં આવે છે. આ પ્રમાણે જ્યાંસુધી તે આદિઅંતવાળું અર્થાત્ મર્યાદિત હોય છે તેટલા સમયમાં તે તે રૂપે ભાસવું એવો જે તેનો સહજ સ્વભાવ અથવા નૈસર્ગિક નિયમ હોય છે તે સ્વભાવાનુસાર જ તે પ્રવર્તે છે. જેમ વાયુનો સહજ સ્વભાવ સ્પંદ કિવા ચલન, આકાશનો શૂન્ય, તેજનો પ્રકાશ, પાણીનો દ્રવપણું તથા પૃથ્વીનો જડત્વ; અથવા આંખનું કામ જોવું, કાનનું સાંભળવું વગેરે જે તે ઇંદ્રિયોનો સ્વભાવ કહેવાય; આથી ભગવાને કહ્યું છે કે સ્વભાવ અર્થાત્ નિયતિ નિયમથી નિશ્ચિત થયેલ પ્રકૃતિજન્ય સ્વભાવના ધોરણે જ આ સર્વ પ્રવર્તી રહ્યું છે. પ્રભુ એટલે આત્મા તો તે સર્વથી તદ્દન અલિપ્ત છે.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।

अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ १५ ॥

કર્મ, કર્તા, તથા ફળ તેમ જ પાપપુણ્યનો આત્મામાં સ્પર્શ નથી

આ આત્માનો કર્મ, તેના કર્તાપણા તથા ફળની સાથે તલમાત્ર પણ સંબંધ નથી, તો પછી તે વડે ઉત્પન્ન થનારાં પાપ અને પુણ્ય તો તેને શી રીતે સ્પર્શી શકે? સારાંશ, આત્મા તો તદ્દન અસંગ છે, તેમાં કર્તા, કર્મ ફળ ઇત્યાદિ કશું છે જ નહિ, એ રીતના નિઃશેષસ્વરૂપે અથવા કર્તા, કર્મ, ફળ, અને તે વડે ઉત્પન્ન થતાં પાપપુણ્યાદિ તમામ કેવળ એક આત્મસ્વરૂપ છે, એવા પ્રકારનો સર્વાત્મભાવ રાખવામાં આવે, તોપણ તે બંને ધ્યેય અંતે તો અનિર્વચનીય એવા એકરૂપ જ છે. ઉદ્દેશ એ કે, જ્યાં એક આત્મા કિંવા

* આ સંબંધે વધુ જાણવાની ઇચ્છા હોય તો યો૦ નિ૦ ૭૦ સ૦ ૧૮૭, ૧૮૮ અને ૧૮૯ જુઓ.

બ્રહ્મ વિના બીજી કોઈ ભાવનાનો તલભાર પણ સ્પર્શ થઈ શકતો નથી અને તેમ કહેવાવાળો પણ જ્યાં હોતો નથી તો પછી કર્તા, કર્મ, તેનું ફળ તથા પાપપુણ્યાદિ અન્ય ભાવનાઓ કે તેના સાક્ષી વગેરેનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

જે થકી મોક્ષ થાય તે સુકૃત

અહંમમાદિ ભાવોનો વિલય કરી તાદાત્મ્યભાવની પ્રાપ્તિ નહિ કરતાં લોકોમાં જ્ઞાની કહેવરાવી ઉપરથી જ્ઞાનનો ઢોંગ કરીને અંદરખાને અનેક વિષયોની વાસના તૃપ્ત કરવાની ઇચ્છાવાળા તથા ફક્ત આજીવિકા કિંવા લોકેષણાને માટે જ કથા, કીર્તન, વ્યાખ્યાન કિંવા ઉપદેશનો ધંધો કરનારા જ્ઞાનબંધુઓ એટલે મૂઢો આવા પ્રકારના શાસ્ત્રમાં આવેલાં વિવેચનો સાંભળી પોતે જાણે સુકૃત અને દુષ્કૃતથી પર હોય એવું બતાવી અજ્ઞાની લોકો પાસેથી કદાચ પોતાનો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરી શકે, પરંતુ તેટલા ઉપરથી તે કાંઈ પાપપુણ્યથી બચી શકતા નથી; પણ જેઓનો વાસ્તવિક રીતે ખરેખર સર્વાત્મભાવ સિદ્ધ થયેલો છે એટલે સર્વત્ર એક આત્મા જ વ્યાપેલો છે એવા પ્રકારની જેમની દૃઢ અને નિશ્ચિત ભાવના થયેલી હોય છે, જેને આત્મા વિના બીજું બધું દેખાવાનું જ તદ્દન બંધ થઈ ગયું છે, જેની અહંમમાદિ તમામ ભાવનાઓનો સદંતર વિલય થવા પામેલો છે, તેવા નિત્યપ્રતિ આત્મામાં રત થયેલા આત્મસાક્ષાત્કારી, અપરોક્ષાનુભવિ જીવન્મુક્ત આત્મજ્ઞો તદ્દન અસંગ અને નિર્લેપ હોવાથી તેમનો કર્તા, કર્મ, તેમાં પડતા સુકૃત અને દુષ્કૃત એવા ભેદો તથા તેનાં પુણ્ય કિંવા પાપરૂપ ફળો ઇત્યાદિ કશું પણ સ્પર્શી શકતું નથી. જે કર્મો જન્મમરણનું કારણ બને છે તેને દુષ્કૃત વા પાપકર્મો તથા જે વડે જન્મમરણનો ફેરો ટળે છે તેવાં કર્મોને સુકૃત કિંવા પુણ્યકર્મો કહે છે એવો શાસ્ત્રનો નિયમ છે. આ વ્યાખ્યા નિર્દોષ છે; બાકી સકામ કર્મો કે જે સ્વર્ગાદિ શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિને માટે કારણભૂત નીવડે છે, તેનું અંતિમ ફળ ક્રમે ક્રમે મોક્ષ જ હોવાથી તેવા ઉદ્દેશથી થતાં કર્મોને પણ સત્કર્મો કહેવાની વ્યવહારમાં પ્રથા છે. પરંતુ સુકૃત એટલે કે જે વડે મોક્ષ થાય એવાં સત્કર્મો તથા જે થકી જન્મમરણ થયા કરે એવાં કર્મો, એ પાપકર્મો, કિંવા દુષ્કૃત કહેવાય; એ પ્રમાણેની આ વ્યાખ્યાનો અંતિમ નિર્ણય શાસ્ત્રમાં છે. તે પ્રમાણે જીવન્મુક્ત આત્મજ્ઞાની તો કેવળ એક આત્મદૃષ્ટિમાં જ સ્થિર હોવાથી તેને પુણ્ય કિંવા પાપ કદી પણ સ્પર્શી શકતાં નથી એમ કહેવામાં આવ્યું છે.

શાસ્ત્રોદ્વારા સ્વાર્થ સાધવાની કળા

આવા કથનોનો અર્થ પોતાને બંધ બેસે એ રીતે મુજબ મનસ્વી રીતે કરીને અવિદ્યામાં ફસાયેલા અજ્ઞાની મૂઢો મિથ્યા મોહમાં ફસાઈ ખોટો ઢોંગ કરી અને શાસ્ત્રાદિકોના ખોટા આધારો બતાવી તેના પોતાને અનુકૂળ એવા ખોટા અર્થો કરી લોકો પાસેથી પોતાનો સ્વાર્થ સાધવાની કળા કરે છે; કારણ સ્પષ્ટ જ છે કે, તેમનો હેતુ આત્માનુભવ પ્રાપ્ત કરવાનો હોતો નથી, પરંતુ તે વડે પોતાનું તથા કુટુંબનું કિંવા આશ્રિતોનું ભરણપોષણ કરવું અને લોકેષણા મેળવવી એટલો જ એક હોય છે; પણ આત્માનુભવિ એવા જ્ઞાનીઓ તો ઉપર જણાવ્યા પ્રમાણે અવિદ્યા, માયા, પ્રકૃતિ અથવા અજ્ઞાન જ પોતપોતાના સ્વભાવાનુસાર આ દૃશ્યાદિરૂપે ભાસે છે તથા સ્વપ્ન કિંવા મૃગજળવત્ પ્રવર્તી રહ્યું છે, માટે તે તમામ મિથ્યા છે; આત્મસ્વરૂપ એવા મારો તેની સાથે તલભાર પણ સંબંધ નથી; એ રીતના આત્મસાક્ષાત્કારને લીધે અખંડ આત્મનિશ્ચયવાળો હોવાથી તેમાં કદી પણ મોહ પામતો નથી. તે કશાને કદી ઇચ્છતો પણ નથી અને ત્યાગતો પણ નથી, તેમ તેઓ પોતપોતાના સ્વભાવાનુસાર વર્તે તો તે થકી કદી ખેદને પણ પામતો નથી.

દૃશ્ય ભાસવાનું કારણ

અવિદ્યા વડે ભાસતું આ તમામ દૃશ્ય નિયત થયેલા ક્રમે પોતપોતાના સ્વભાવાનુસાર જ વર્તે છે, એમ ઉપર કહેલું છે, તેની સિદ્ધતા અર્થે ભગવાન શ્રીકૃષ્ણ અત્રે આ પ્રમાણે કહે છે કે વાસ્તવિક રીતે તો આ સર્વ અનિર્વચનીય એવા આત્મરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવા પ્રકારનું જે જ્ઞાન તે મિથ્યા એવા અજ્ઞાન વડે ઢંકાયેલું હોવાથી આ સમસ્ત જીવો મોહ પામેલા છે; એટલે મૃગજળ

જેમ જળનું બિંદુ પણ નહિ હોવા છતાં અજ્ઞાન વડે ભાસે છે, તેમ અદ્વૈત એવા આ આત્મામાં દૃશ્યાદિનો લેશમાત્ર અંશ પણ નહિ હોવા છતાં પણ જાણે તે અનેક નામરૂપાદિવાળું હોય તેવું ભાસે છે, તેનું કારણ કેવળ અજ્ઞાન જ છે, તે સિવાય બીજું કાંઈ પણ નથી,

અજ્ઞાન વડે જ્ઞાન શી રીતે આવૃત થાય ?

અજ્ઞાન વડે જ્ઞાન કેવી રીતે આવૃત એટલે આચ્છાદિત થવા પામેલું છે, તે વધુ સ્પષ્ટ રીતે સમજાય એટલા માટે દૃષ્ટાંત સાથે કહું છું: જેવી રીતે સૂર્ય વાદળ વડે ઢંકાઈ જવા પામે છે એટલે વાદળે સૂર્યપ્રકાશને આવૃત કર્યો હોય એમ લાગે છે, પરંતુ વસ્તુતઃ તો સૂર્ય સ્વયંપ્રકાશ હોવાથી વાદળો થકી તે કદાપિ આવૃત થઈ શકતો જ નથી. આથી વાદળાં વિખેરાતાં તે ફરી પાછો પોતાના સ્વપ્રકાશથી સમગ્ર જગતને પ્રકાશિત કરે છે; સિવાય વાદળાંઓનું અસ્તિત્વ પણ તેને આધારે જ હોય છે, છતાં જાણે તેણે જ સૂર્યને આચ્છાદિત કરી નાંખ્યો છે એમ જોવામાં આવે છે; તેવી જ રીતે અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાઈ જવા પામેલું ન હોય એમ ભાસે છે. અને તેથી જ આ બધા અજ્ઞાની ને મૂર્ખ જીવો સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય એવા જ્ઞાનને ઓળખી શકતા નહિ હોવાથી મોહ પામેલા છે.

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।

तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ १६ ॥

આત્મજ્ઞાનરૂપ સૂર્ય અજ્ઞાનનો નાશ કરે છે

પરંતુ હે વત્સ! જીવોનું આ અજ્ઞાન, સૂર્ય વડે જેમ અંધકારનો નાશ થાય છે તેમ આ સર્વ અદ્વૈત એવું એક આત્મસ્વરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના અનુભવસિદ્ધ વિજ્ઞાન વડે નાશ પામે છે; એવું શુદ્ધ આત્મજ્ઞાન જ વાદળાંઓનો નાશ કરનારા સૂર્યની પેઠે 'तत्' એટલે આત્મા અથવા બ્રહ્મ એવા પરમપદરૂપ સૂર્યને પ્રકાશમાન કરે છે. અર્થાત્ વેદાદિમાં જેનો 'तत्' એવા પદ વડે નિર્દેશ કરેલ છે તેને માટે જ આત્મા, બ્રહ્મ, પ્રભુ, વિભુ, અક્ષરપુરુષ, ભગવાન ઇત્યાદિ સંજ્ઞાઓ શાસ્ત્રમાં આપવામાં આવેલી છે. તેવા પ્રકારના આત્મજ્ઞાન વડે જેનું અજ્ઞાનરૂપ આવરણ તદ્દન નષ્ટ થયેલું છે તેવું સ્વતઃસિદ્ધ અને નિર્મળ જ્ઞાન જ આદિત્યની પેઠે પ્રકાશમાન થઈ સર્વથી પર એવા "तत्" કિંવા આત્માને પ્રકટ કરે છે.

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।

गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

આત્મરત પુરુષની સમતા

ભગવાન આગળ કહે છે: હે અર્જુન જેનો "तत्" પદ વડે વેદમાં નિર્દેશ કરેલો હોઈ તેને સમજાવવાને માટે આત્મા, બ્રહ્મ, વગેરે નામોની સંજ્ઞાઓ આપવામાં આવેલી છે તેવા "तत्" પદમાં જ જેની બુદ્ધિ કાયમને માટે તદ્દન સ્થિર થયેલી છે, 'तत्' એ જ જેનો આત્મા છે, 'तत्' એ જ જેની નિષ્ઠા છે, જે નિત્યપ્રતિ 'तत्'માં જ પરાયણ છે, આ પ્રકારના આત્મરૂપ અપરોક્ષ જ્ઞાન વડે જેનાં તમામ પાપો ધોવાઈ ગયાં છે; એટલે કે જે 'तत्' અર્થાત્ આત્માની સાથે જ તદાકાર બની અત્યંત નિર્મળ થયેલો છે, જેને આત્મા સિવાય બીજું બધું સૂઝવાનું સદંતર બંધ થયું છે, તેવો નિત્ય આત્મામાં જ રમમાણ થયેલો પુરુષ કદી પણ પુનરાવૃત્તિને કિંવા દ્વૈતભાવને પામતો નથી; એટલે તે જન્મમરણરૂપ ફેરામાંથી છૂટીને મોક્ષને પામે છે. તાત્પર્ય કે, જે 'तत्' એટલે પોતે આત્મનિશ્ચયવાળો છે, જેની બુદ્ધિ, આત્મરૂપ

બનેલી છે, જે હંમેશ આત્મપરાયણ જ રહે છે અને એ રીતે કાયમને માટે જે આત્મનિષ્ઠ બનેલો છે, તથા આ પ્રકારના આત્મરૂપ જ્ઞાન વડે જેનાં તમામ પાપો નષ્ટ થયેલાં છે, તેવો તદ્દન નિર્મળ અંતઃકરણવાળો પવિત્ર પુરુષ જન્મમરણના ફેરામાંથી છૂટીને મોક્ષને પામે છે.

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।

शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१८॥

હે રાજન્! આવા જ્ઞાની પુરુષની દૃષ્ટિમાં વિદ્યા તથા વિનયાદિ ગુણોથી સંપન્ન બ્રાહ્મણ હો, ગાય હો, હાથી હો, કૂતરો હો કે કૂતરાને મારીને તેને રાંધી ખાનાર અત્યંત નીચ એવો ચંડાળ હો, તોપણ તે સર્વે સમાન જ હોય છે અર્થાત્ ઉપર પ્રમાણે જેને સર્વત્ર એક આત્માની જ ભાવના થયેલી છે, જેની દૃષ્ટિમાં આત્મા સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ, તેવા પુરુષની દૃષ્ટિમાં સર્વ સમ જ છે; કેમ કે તે આ શુદ્ધ બ્રાહ્મણ, આ ગાય, આ હાથી, આ કૂતરો કે આ ચાંડાળ છે ઇત્યાદિ કોઈ પણ પ્રકારની દ્વૈતવૃત્તિઓનું અંતઃકરણમાં કદી ઉત્થાન જ થવા દેતો નથી અને કદાચ સ્ફુરે તો તે આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારે તત્કાળ દાબી દઈ તેને અદ્વૈત એવા એક આત્મસ્વરૂપ જ બનાવી દે છે. આ રીતે આત્માવ્યતિરિક્ત બીજું કાંઈ પણ જે દેખતો જ નથી, તે જ ખરા શુદ્ધ અંતઃકરણનો તથા સમદૃષ્ટિવાળો છે, એમ જાણ (જુઓ ઉપાસનાકાંડ કિરણાંશ ૨૮ "કૂતરાની ઉપાસના" એ મથાળું).

આત્મા, બ્રહ્મ અને પોતામાં અભિન્નતા જોવી

હે પાર્થ! આત્માનો અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરી આત્મરૂપ બનેલો સમદૃષ્ટિવાળો જીવન્મુક્ત પુરુષ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇંદ્ર, વરુણ, અગ્નિ, પ્રજાપતિ, સૂર્ય, ચંદ્ર, યમ, સ્ત્રી, પુરુષ, ઝાડ, પવન, પશુ, પક્ષી, સ્થાવર, જંગમ, જડ, ચેતન ઇત્યાદિ તમામને તે પોતાનું જ સ્વરૂપ છે એમ જુએ છે, હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ભાવો વડે પ્રતીત થતું જગતાદિ તમામ દૃશ્યજાળ પોતાનું જ સ્વરૂપ હોઈ પોતાથી અન્ય કાંઈ છે જ નહિ એ રીતે પોતામાં જગતમાં અને બ્રહ્મ યા આત્મામાં જે અભિન્નપણું દેખે છે તે જ ખરો સમદર્શી પુરુષ કહેવાય છે. પોતે બ્રહ્મ અને આત્માના એકપણાને વિષય કરનારી તદ્દન વિકલ્પરહિત એવી જે ચિન્માત્રવૃત્તિ તે જ ખરી પ્રજ્ઞા કહેવાય છે. આવી પ્રજ્ઞા જેમાં સર્વદા હોય તે જ ખરો સમદર્શી છે. દેહ અને ઇંદ્રિયોમાં હું અને મારાં એવો ભાવ અથવા આ કોઈ તેથી જુદા જ છે એવો ભિન્નભાવ જેને કદી પણ સ્પર્શ કરી શકતો નથી તે જ ખરો સમદર્શી જીવન્મુક્ત કહેવાય છે. સત્પુરુષો વડે પૂજાય યા દુર્જનોથી પીડાય છતાં તે બંને મારાં જ સ્વરૂપો છે, એવું જાણી જે હંમેશાં સમભાવમાં રહે છે તે સમદર્શી કહેવાય છે.

જીવન્મુક્ત અંતરમાં શાંત હોય છે

વિષયી મનુષ્યોનું મન જેમ હંમેશાં વિષયમાં જ આસક્ત હોય છે તેમ સમદર્શી બ્રહ્મવિદ્નું મન નિત્યપ્રતિ બ્રહ્મમાં જ તરબોળ રહે છે. તેને માટે આત્માની એક અદ્વૈતભાવના એ જ ભક્ષ્ય હોઈ દ્વૈતભાવના એ અભક્ષ્ય છે. આ જીવન્મુક્ત પુરુષ મનોરાજ્ય અને બાહ્ય તૃષ્ણાઓથી તદ્દન રહિત હોઈ દેહની અંતર બહાર કેવળ એક બ્રહ્મનો જ અનુભવ કરનારો હોવાથી સમદર્શી કહેવાય છે. દ્રષ્ટા, દર્શન અને દૃશ્યાદિ ત્રિપુટીઓને આત્મરૂપ દેખતો, તમામ પ્રકારની વાસનાઓથી તદ્દન રહિત બનેલો તથા કેવળ એક આત્માનુસંધાનમાં જ સ્થિત રહેલો પુરુષ ઉપર ઉપરથી રાગ, દ્વેષ અને ભયાદિને પ્રાપ્ત થયો હોય તેવો દેખાતો હોવા છતાં પણ તે અંતરમાં તો આકાશની જેમ સ્વચ્છનો સ્વચ્છ જ હોય છે. મનની તમામ ભાવનાઓને ત્યજી કેવળ એક સર્વોત્તમભાવમાં જ સંતોષને પામતો હોવાને લીધે ચિત્તના ધર્મોથી રહિત એવા ચિન્માત્રરૂપ પરમ અને પવિત્ર પદમાં સ્થિત રહી ફક્ત એક અવિચળ પદમાં સ્થિતિ કરીને રહેલો હોઈ જે ક્ષોભથી તદ્દન રહિત બનેલો છે તે પુરુષ જ સમદર્શી કહેવાય છે.

સમદર્શી પુરુષની સમતા

ચિત્ત એ જ સંસાર છે તેથી તેને પ્રયત્ન વડે આત્માકાર બનાવવું જોઈએ, એ જ સંસારનષ્ટતાનો સાચો ઉપાય છે. સત્ વસ્તુને જાણ્યા સિવાય બ્રહ્મજ્ઞાન થતું નથી અને બ્રહ્મજ્ઞાન થયા વિના પરમપદ મળતું નથી; આથી પુરુષ જો પોતાને હું અસંગ અને અનિર્વચનીય એવો આત્મા છું અને તેવો અસંગ આત્મા જ આ બધા દૃશ્યાદિરૂપે પ્રતીત થયેલો જોવામાં આવે છે એટલે આ દૃશ્ય, અદૃશ્ય અને તેને જાણનારો તથા તે કરતાં પણ પર એ બધું પોતાનું જ સ્વરૂપ છે, એવું જાણનારા સમદર્શી જીવન્મુક્તની દૃષ્ટિમાં શ્વાન હો, કોઈ માંસભક્ષી હો, પવિત્ર બ્રાહ્મણ હો કે પછી ગમે તે હો, તે બધું પોતાનું જ સ્વરૂપ છે એમ જોતો હોવાથી તે હંમેશાં સમતામાં જ રહે છે. તેને ઘણા શબ્દોના ચિંતનની કે ઘણા ભાષણની જરૂર પડતી નથી; કારણ કે, શરીર, વાણી, મન અને તે વડે થતો સર્વ વ્યવહાર અદ્વિતીય એવા એક આત્મસ્વરૂપ હોવાને લીધે હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, વાણી, મન ઇત્યાદિ તમામ ભાવો તેને જાણનારા સાક્ષીસહિત નિરર્થક શ્રમ આપનારા કહેવાય છે. શૂન્યવાદિઓ જેને શૂન્ય કહે છે, બ્રહ્મવેત્તાઓનું જે બ્રહ્મ; વિજ્ઞાનવાદિઓનું વિજ્ઞાન, સાંખ્ય જ્ઞાનવાળાઓનો પુરુષ, યોગવાદિઓનો ઈશ્વર, શૈવમાર્ગીઓનો શિવ, કાળવાદિઓનો કાળ; જે સર્વ શાસ્ત્રના સિદ્ધાંતરૂપ છે, જે સર્વના હૃદયમાં સ્થિત છે, જે સર્વવ્યાપક છે, તે પારમાર્થિક તત્ત્વ એ જ પોતાનું સ્વરૂપ હોવાથી સમદર્શી જીવન્મુક્ત પુરુષ હંમેશાં શાંત અને સમ જ રહે છે. સમજો કે, કદાચ સૂર્ય અત્યંત શીતળ થઈ જાય, ચંદ્ર અતિ ઉષ્ણ થાય, અગ્નિનું હિમ બની જાય, તોપણ સમદર્શી પુરુષની દૃષ્ટિમાં તો તે બધું પોતાનું જ સ્વરૂપ હોવાથી વિસ્મયતાનું પ્રયોજન નથી. આ મુજબ તે પોતે અદ્વિતીય, આદિઅંતથી રહિત, ચિન્માત્ર, અવિદ્યાદિ મલથી રહિત, વ્યાપક અને આકાશથી પણ સૂક્ષ્મ એવું જે બ્રહ્મ છે તે જ મારું પોતાનું સ્વરૂપ હોઈ આ બધા રૂપે પણ તે જ છે; એ રીતે જાણી તદ્દન નિઃશંક અવસ્થામાં જ નિત્યપ્રતિ સ્થિત હોવાથી તે સમદર્શી કહેવાય છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।

निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥

મોક્ષની તત્કાળ પ્રતીતિ

હે અર્જુન! આ રીતે જેનું મન આત્મસાક્ષાત્કાર થવાથી નિત્યપ્રતિ એક આત્મસ્વરૂપમાં જ રત થયેલું હોય છે, તેવા સમાનપણામાં રહેનારા આત્મારામ પુરુષે તો અહીં જ એટલે જીવતાં છતાં *સર્ગ યાને સંસાર જીત્યો છે, એમ સમજો; એટલે તેને મૃત્યુ થયા પછી યા સંસાર છોડ્યા પછી મોક્ષની પ્રાપ્તિ થશે એની રાહ જોવી પડતી નથી, પણ તે તો સંસારમાં રહી ત્યાં એટલે જે હાલતમાં હોય તે હાલતમાં જ તત્કાળ જીવન્મુક્ત બનેલો હોય છે; કેમ કે બ્રહ્મનું સ્વરૂપ અત્યંત નિર્મળ તથા સમ એટલે જેમાં કાંઈ "છેપણું" અથવા "નથીપણું" એમ બંને ભાવો તથા તેનો "સાક્ષીભાવ" પણ નથી, એવા પ્રકારનું તદ્દન શુદ્ધ, અત્યંત પવિત્ર, નિર્મળ અને કેવળ અનિર્વચનીય એવું છે અને આ આત્મારામ પુરુષ તો તેવા પ્રકારનું જે બ્રહ્મ એ જ પોતાનું સ્વરૂપ છે, એમ અપરોક્ષ અનુભવદ્વારા પ્રત્યક્ષ અનુભવી તેવા પ્રકારના બ્રહ્મસ્વરૂપમાં જ નિત્યપ્રતિ સ્થિત રહેલો હોવાથી પોતે સર્વ રીતે બ્રહ્મરૂપ જ બનેલો હોય છે; "તે જ બ્રહ્મ છે અને બ્રહ્મ તે જ છે" આ રીતે તેનામાં તથા બ્રહ્મમાં લવલેશ પણ ભેદ હોતો નથી. આ રીતની અભેદદૃષ્ટિવાળો આત્મારામ જીવન્મુક્ત પુરુષ કાયમને માટે બ્રહ્મમાં જ સ્થિત રહેલો હોય છે, પણ સાક્ષીભાવમાં સ્થિત રહી સમદૃષ્ટિનો આશ્રય કરેલો સમનરક અભ્યાસક તો મરણપછી મુક્ત થાય છે, એટલે વિદેહમુક્તિને પામે છે; પરંતુ સર્વત્ર સમાન દૃષ્ટિમાં જે કાયમને માટે સ્થિત થઈ ગયેલો હોય તેવો બહુમાનસ જ્ઞાની તો જીવતાં જ જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં

* સર્ગ એટલે સૃષ્ટિમાં પરમાણુ, પરમાણુમાં બ્રહ્માંડ, તે બ્રહ્માંડમાં વળી પાછા પરમાણુ: એ પ્રમાણે ભાસવું તે સર્ગપરંપરા કહેવાય સંસૃતિ કિંવા સંસાર પણ તેનું જ નામ છે.

બિલકુલ ફેરફાર નહિ થતાં તત્કાળ જીવન્મુક્ત એટલે જીવંત છતાં જ મુક્તિ પામે છે; તેને મુક્તિને માટે કાંઈ મરણપર્યંત રાહ જોવી પડતી નથી, પરંતુ તેને તો સર્વ દુઃખોની નિવૃત્તિ કરનાર એવા મોક્ષની ત્યાં ને ત્યાં તુરતાતુરત જ પ્રતીતિ થાય છે. આમ ઉપરના શ્લોકમાંનો ભેદ અત્રે ભમવાને રપષ્ટ કરીને સમજાવેલો છે.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।

स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

પ્રિયાપ્રિય દ્વંદ્વોથી પર થયેલો બ્રહ્મમાં સ્થિત છે

પ્રિય થવાથી જે કદી હર્ષને પામતો નથી અને અપ્રિય થવાથી ઉદ્વેગને પામતો નથી, એટલે જેને પ્રિય અપ્રિય દ્વંદ્વોની કલ્પના પણ નથી, એવો કેવળ એકમેવ બ્રહ્મને જાણનારો બ્રહ્મવિદ્, બ્રહ્મરવરૂપમાં જ કાયમનો સ્થિર થયેલો છે, એમ જાણવું.

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।

स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।

आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥ २२ ॥

અક્ષય સુખ કોણ મેળવે ?

જેની બાહ્ય રપર્શમાં બિલકુલ આસક્તિ નથી તેવા પુરુષને જ જે આત્મસુખ અથવા બ્રહ્મ કહેવાય છે તે મળે છે. આમ બ્રહ્મની સાથે એકરસ થયેલો તે પુરુષ અક્ષય એટલે જેનો કદી પણ ક્ષય થતો નથી તેવા સુખને પામે છે. ભાવાર્થ એ કે, જે પુરુષ પોતામાં ઉપર બતાવ્યા પ્રમાણે આત્મા અથવા બ્રહ્મ વ્યતિરિક્ત તેથી બહારના બીજા કોઈ પણ ભાવ વા પ્રકારનો યત્કિંચિત્ પણ રપર્શ થવા દેતો નથી; એટલે કે, હું અનિર્વચનીય એવો આત્મા છું અને તેવા મારામાં હું એવા ભાવનો પણ જ્યાં તલમાત્ર રપર્શ નથી તો પછી બીજા કોઈ ભાવની તો વાત જ શી ? આ રીતે જે પુરુષ આત્મરવરૂપ એવા પોતામાં આત્મા સિવાય બીજા કોઈ ભાવનો તલભાર પણ રપર્શ થવા દેતો નથી, તેવો પુરુષ જ શાસ્ત્રકારો જેને માટે પોકાર કરી કરીને કહી રહ્યા છે એવા આત્મસુખને પ્રાપ્ત કરે છે. આમ કેવળ બ્રહ્મયોગ એટલે આ સર્વ અનિર્વચનીય એવું બ્રહ્મ છે, તે સિવાય બીજું કાંઈપણ છે જ નહિ, એમ જાણી તેના અભ્યાસમાં જ નિત્યપ્રતિ યુક્ત એટલે જોડાયેલો છે, તે જ આ કદી પણ ક્ષય નહિ પામનારા એવા પરમ સુખને પામે છે. અને બાહ્ય સંરપર્શ એટલે બ્રહ્મ કિંવા આત્મા વ્યતિરિક્ત ઇતર પ્રકારના દ્વંદ્વભાવથી ઉત્પન્ન થનારા ભોગો તો દુઃખનું બીજ હોઈ આદિ અંતવાળા એટલે હંમેશ આવનારા તથા જનારા એવા નાશવંત સ્વભાવવાળા છે, એમ સારી રીતે જાણે છે; માટે હે કૌંતેય ! વિવેકી એટલે જીવન્મુક્ત જ્ઞાનીઓ તો તેમાં કદી પણ રમતા નથી. અંતઃકરણમાં આત્માસિવાય બીજા કોઈનો પણ રપર્શ થવો એટલે કે અંતઃકરણમાં અનેક વૃત્તિઓનું ઉત્થાન થવા દેવું તે તમામ વિષયભોગો દુઃખમૂલક અને આદિ અંતવાળા એટલે સુખદુઃખાદિ દ્વંદ્વવાળા હોઈ નાશવંત છે. તેઓમાં જ્ઞાની કદી પણ રમમાણ થતો નથી. ઉદ્દેશ એ છે કે અંતઃકરણમાં અનેક સંકલ્પવિકલ્પાત્મક ભાવોનું ઉત્થાન થવા કરવું એ દુઃખનું મૂળ હોઈ આત્મ સિવાય બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેતાં અદ્વિતીય એવા એક આત્મામાં જ રમમાણ થવું તે સુખનું મૂળ હોવાથી જ્ઞાનીઓ નિત્યપ્રતિ આત્મામાં જ તરબોળ રહે છે; એમ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને અત્રે પોકારી પોકારીને કહી રહ્યા છે.

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।

कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥

આત્મયુક્ત જ ખરો સુખી છે

ભગવાન કહે છે : હે અર્જુન ! આ પ્રમાણેનું જ્ઞાન પ્રાપ્ત કરીને એટલે વિષયજન્ય સુખદુઃખાદિ તો આત્માથી ભિન્ન એવા બીજાના એટલે કે, ઇંદ્રિયો તથા તેના વિષયોના વેગથી ઉત્પન્ન થનારા છે, પરંતુ "હું તો આત્મરૂપ છું," મારામાં બીજાપણાના અંશનો કદાપિ સંભવ જ નથી, એમ સમજીને ઇંદ્રિયો તથા તેના વિષયોથી તદ્દન અલિપ્ત થઈ શરીર છૂટે તે પહેલાં અર્થાત્ મૃત્યુ આવતાં પહેલાં આ કામ ક્રોધાદિ વડે ઉપજેલા વેગને આ સર્વ આત્મસ્વરૂપ છે એની એક નિશ્ચળ ભાવના વડે અંતઃકરણમાં ઉત્પન્ન થવા નહિ દેતાં તેને અત્રે જ સહન કરવાને જે શક્તિમાન હોય છે, તે જ ખરો યુક્તિવાળો છે, એમ સમજ. અર્થાત્ અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થવા નહિ પામે તથા થાય તો તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની એક નિશ્ચળ ભાવના વડે તેને તુરત દાબી દેવામાં તત્પર એવો આત્મયુક્ત પુરુષ જ ખરેખર સુખી છે.

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।

स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।

छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।

अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

બ્રહ્મનિર્વાણ કોણ પામી શકે ?

આ રીતના આત્મજ્ઞાન વડે જે નિત્યપ્રતિ અંતરમાં સુખી છે, અંતરમાં જ જેણે આરામ કર્યો છે તથા જેના અંતરમાં આત્મરૂપ જ્યોતિનો પ્રકાશ થઈ તે ચરાચરમાં સર્વત્ર પ્રસરી રહેલો છે એવા અંતરમાં પ્રકાશવાળો, આત્મજ્યોતિરૂપ બનેલો એટલે બ્રહ્મસ્વરૂપ થયેલો યોગી પરમ નિર્વાણ અર્થાત્ બ્રહ્મસ્વરૂપમાં લીન થઈ જવારૂપ મોક્ષને પામે છે. ઉદ્દેશ એ કે જેની તમામ બાહ્ય વૃત્તિઓનો નિરોધ થયેલો હોઈ અંતઃકરણમાં એક આત્મા સિવા બ્રહ્મવૃત્તિ વિના બીજા કશાનું પણ ઉત્થાન જ થવા પામતું નથી તેવો અંતરમાં સુખ તથા આરામ પામેલો તથા જેના અંતરમાં આ મુજબ એક બ્રહ્મરૂપ જ્યોતિનો ઉદય થવા પામેલો છે, તેવો નિત્ય બ્રહ્મમાં જ તદાકાર બનેલો યોગી બ્રહ્મનિર્વાણ એટલે બ્રહ્મમાં એક થઈ જવારૂપ મોક્ષને પામે છે. તમામ કલ્પનાઓ ક્ષીણ થઈ જવાને લીધે પાપપુણ્યાદિ સર્વ કર્મોનો સદંતર નાશ થઈ જે તદ્દન નિર્દોષ નિર્લેપ અને અસંગ બનેલો છે, જેના તમામ સંશયો છેદાઈ દ્વૈત વાસનાઓ તદ્દન નષ્ટ થયેલી છે, સર્વ પ્રાણીમાત્રનું જે વડે હિત થાય એવા સમભાવયુક્ત આત્મસ્વરૂપમાં જે હંમેશને માટે રત થયેલો છે, તેવો જીવન્મુક્ત ઋષિ જ બ્રહ્મમાં ઐક્ય થવારૂપ નિર્વાણપદને પામે છે. જે કામ ક્રોધાદિથી રહિત થયેલો હોઈ ચિત્તને હંમેશ આત્મસ્વરૂપમાં જ પરોવીને વશ રાખે છે તેવા આત્માને જાણનારો તથા નિત્યપ્રતિ આત્મસ્વરૂપમાં ઓતપ્રોત એટલે તન્મય બનેલો જીવન્મુક્ત યતિ હંમેશાં એક બ્રહ્મસ્વરૂપમાં જ ઐક્યરૂપ બનેલો હોવાને લીધે બ્રહ્મરૂપ નિર્વાણને પામે છે.

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥ २७ ॥
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२८॥
भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥२९॥

પ્રાણોપાસનાથી પણ મોક્ષ મળી શકે છે

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન! તને અત્યાર સુધી જ્ઞાન કિંવા સાંખ્ય અને ભક્તિયોગ ઇત્યાદિ માર્ગો સંક્ષેપમાં કહેવામાં આવેલા છે. તે માર્ગો વડે જ ફક્ત મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ સમજીશ નહિ; પરંતુ જે અંતરમાં મોક્ષની ઇચ્છા રાખીને પ્રાણોપાસના કરે છે તે પણ મુક્તિને પામે છે, એમ જાણવું. આ રીતે પ્રાણોપાસક યોગીએ બાહ્ય સ્પર્શોને બહારના બહાર જ રહેવા દઈ અંતઃકરણમાં એક આત્મા અથવા બ્રહ્મ સિવાય બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેતાં, કેવળ આત્મસ્વરૂપમાં જ સ્થિત રહેવું તથા નેત્રની દૃષ્ટિ એટલે ચક્ષુઓને ભ્રૂકુટી અર્થાત્ બે ભ્રમરની મધ્યમાં સ્થિર રાખવી, તેમ જ પ્રાણ અને અપાન એ બંનેને અંદર નાકના અગ્ર ભાગમાં જ્યાં ભ્રૂકુટી છે તે સ્થાને સમાન રાખી ત્યાં જ સ્થિર કરવા. અર્થાત્ પ્રાણ અપાન વાયુને અંદર નાકની ભ્રૂકુટીના સંધિસ્થાનથી નીચે ઊતરવા નહિ દેતાં તથા હૃદયમાંથી ઊર્ધ્વ ચઢનારા શ્વાસને નાકદ્વારા બહાર નીકળવા નહિ દેતાં અંદર બે ભ્રમરોના મધ્યસ્થાનમાં એટલે ભ્રૂકુટિ, અર્ધમાત્રા કિંવા તૃતીય નેત્રનું સ્થાન પણ કહે છે તેમાં એટલે સંધિ કિંવા કુંભકમાં સમ વા સ્થિર કરવા; તથા પ્રાણ અપાન ચાલુ હોય તે વખતે પણ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની દૃઢ ભાવના રાખી તે બેની વચ્ચે ભ્રૂકુટીમાં થનાર મધ્યસંધિમાં ધ્યાન રાખી સમાન એવી આ અનિર્વચનીય આત્મસ્થિતિમાં નિશ્ચળ બની તેમાં જ સ્થિર થવું જોઈએ. આ રીતની [1]પ્રાણોપાસના વડે જેમણે ઇંદ્રિય, મન તથા બુદ્ધિને જીતેલાં છે તથા ઇચ્છા, ભય અને ક્રોધ જેમનાં જતાં રહ્યાં છે, એવા નિત્યપ્રતિ મોક્ષમાં જ રમણ કરી રહેલા મુનિ સર્વદા મુક્ત જ છે.

બહારના સ્પર્શોને બહાર રાખવા

ઉપરના કથનમાં બહારના સ્પર્શોને બહાર જ રાખીને એમ કહેલું છે, તેની સ્પષ્ટતાને માટે થોડા વિવેચનની જરૂર જણાય છે. ઉદાહરણને માટે સુવર્ણ અને તેનાં કડાં કુંડળ વગેરે દાગીનાઓ લો. આ કડાં કુંડલાદિમાંથી જો સુવર્ણ કાઢી લેવામાં આવે તો કડાં કુંડલાદિ નામરૂપોનું અસ્તિત્વ તદ્દન નિરર્થક જ ઠરે છે. આ ન્યાયે સુવર્ણમાં કડાં કુંડલ આદિનો અંશ પણ હોતો નથી, એથી સુવર્ણથી કડાં કુંડળ આદિ બહાર એટલે ભિન્ન થયાં. વાસ્તવિક રીતે તો તે મિથ્યા ઠરે છે. તેમ આત્મામાં નામરૂપાદિનો કિંચિન્માત્ર પણ અંશ નથી; આથી અંતઃકરણમાં આત્માવ્યતિરિક્ત ઇતર કોઈપણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે તથા આત્મા સિવાયની જે જે વૃત્તિનું ઉત્થાન થાય તે તે સર્વ આત્માથી ભિન્ન હોઈ આત્મામાં તો સાક્ષીસહિત અહંમમાદિ અન્ય કોઈપણ વૃત્તિનો લેશમાત્ર પણ અંશ નથી. એવા પ્રકારના બાહ્ય વિષયોને બહારના બહાર રહેવા દઈ, અંતઃકરણમાં આત્મા વિના બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન કિંવા સ્પર્શ પણ થવા નહિ દેવો; તેનું નામ જ બાહ્ય વૃત્તિઓને બહારની બહાર રહેવા દેવી, એમ કહેવામાં આવેલું છે. આમ બાહ્ય વિષયોને

---

૧ પુસ્તક વાંચીને પ્રાણોપાસના કદી પણ કરવી નહિ, પરંતુ એમાં જે તજ્જ્ઞ હોય એવા ગુરુની આજ્ઞાથી તેમની સાન્નિધ્યમાં જ કરવી. પ્રાણોપાસના વા યોગ સંબંધી વધુ સ્પષ્ટતા આગળ અધ્યાય ૬ માં આવશે.

બહારના બહાર રહેવા દઈ તેનો અંતરમાં સહેજ પણ સ્પર્શ થવા નહિ દેતાં જે પુરુષ હંમેશ નિઃસંગ એવા એક આત્મામાં જ રત થયેલો હોય છે, જેને અંતરમાં મોક્ષ સિવાય બીજી કાંઈ ઇચ્છા હોતી જ નથી, તેવા પ્રાણોપાસક યોગીએ પ્રાણાપાનનો નિરોધ કરી તેને કુંભક વા ભ્રૂકુટીમાં સ્થિર કરેલા છે તથા નેત્રને પણ અંદરથી ભ્રૂકુટીમાં જ સ્થિર કરી, તમામ ઇંદ્રિયો, મન અને બુદ્ધિ વગેરે સર્વને જેણે કેવળ એક આત્માકાર યુક્તિ વડે જીતેલાં છે, હંમેશ આત્મામાં જ નિમગ્ન હોવાને લીધે ઇચ્છા, ભય અને ક્રોધ વગેરેનો પ્રવેશ થવા માટે જેમાં અવસર જ નથી, તેવા મુનિ હંમેશને માટે મુક્ત જ છે, એમ સમજવું; માટે હે અર્જુન! સર્વ પ્રાણીમાત્રનું ભલું કરનારો, સર્વ પ્રકારના યજ્ઞ અને તપનો ભોક્તા *મહેશ્વર એવો જે હું તે તો આત્મા વા બ્રહ્મ (વૃક્ષાંક ૧) છે, એ મુજબ આત્મરૂપ એવા મને જે જાણે છે, તે જ ખરેખર શાંતિને પામે છે.

અધ્યાય ૬

श्रीभगवानुवाच—

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।

स सन्न्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥१॥

ખરો સંન્યાસી અને યોગી

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, હે અર્જુન! ખરો સંન્યાસી તો તે જ છે કે, જે કર્મફળના આશ્રય વગર વ્યવહારપ્રપંચનાં ઉચિત કાર્યો અને શાસ્ત્રવિહિત કર્મો સમાન ભાવના વડે કરે છે. યોગી પણ તે જ કહેવાય; નહિ કે કેવળ નિરગ્નિ એટલે અગ્નિહોત્ર અથવા યજ્ઞયાગાદિ શાસ્ત્રવિહિત કર્મોને છોડી દેનારો અથવા તો તદ્દન અક્રિય એટલે સર્વ પ્રકારની કેવળ બાહ્ય ક્રિયાઓ છોડીને સ્વસ્થ રહેનારો. ભગવાન અત્રે સંન્યાસી અને યોગી કોને કહેવા તેનું સ્પષ્ટીકરણ કરી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે, હે અર્જુન! સંન્યાસ અને યોગનું લક્ષણ અત્યાર સુધી મેં તને ઘણી વખતે કહેલું છે, છતાં દૃઢતાને માટે ફરીથી કહું છું, તે તું લક્ષપૂર્વક સાંભળ. આમ ફરી ફરીને કહેવાનું કારણ ફક્ત એટલું જ છે કે, વ્યવહારમાં જેને લોકો કર્મ સમજે છે તે સાચું કર્મ પણ નથી અને તેઓ જેને સંન્યાસ માને છે તે સાચો સંન્યાસ પણ નથી, વિષયવાસનાઓના ઉપભોગને માટે કેવળ પશુવૃત્તિનો આશ્રય કરી રહેલા જેઓ પોતાની આ પશુવૃત્તિ છોડવા તૈયાર હોતા નથી એવા કેટલાક મૂઢો પોતાની અંદરખાને રહેલી વ્યાવહારિક વિષયલોલુપતાને છુપાવવાને માટે શાસ્ત્રમાં કર્મ કરવાનું જ કહ્યું છે, વ્યવહાર છોડવાથી શું થાય? એ રીતે પોતાને અનુકૂળ એવા શાસ્ત્રોના મનસ્વી અર્થો કરી અજ્ઞાનીઓને મોહજાળમાં ફસાવી, જાણે કે, પોતે મોટા મહાત્મા હોય! એવા પ્રકારનું મિથ્યા અભિમાન સેવે છે. પરંતુ પોતાની દાંભિકતા અથવા ઢોંગીપણાનું પોષણ કરનારા આ દુરાગ્રહીઓ અંતે પોતાના અનુયાયીઓ સહ અધોગતિને જ પામે છે, તેમ જ કેટલાકો તો વગર સમજ્યે દુરાગ્રહથી સંન્યાસને નામે પોતાનો સ્વાર્થ સાધી લે છે. આમ બંને પ્રકારના સ્વાર્થસાધુઓ કેવળ ઢોંગીઓ જ છે. તેવો કોઈ પ્રકારની મૂર્ખતાનો દુરાગ્રહ તારામાં ઘુસી જવા ન પામે એટલા માટે હે અર્જુન! હું તને સંન્યાસ, કર્મ વગેરેનું સાચું રહસ્ય વારંવાર સમજાવી રહ્યો છું; કેમકે આ રહસ્ય સારી રીતે તારા જાણવામાં નહિ આવે છતાં દુરાગ્રહથી "તે મારા સમજવામાં આવ્યું છે" એવા પ્રકારનું તારામાં જો ખોટું અભિમાન ઘૂસી જવા પામશે તો તે અનર્થાવહ નીવડે છે. માટે કર્મ, સંન્યાસ, યોગ, જ્ઞાન, બ્રહ્મા૫ણ બ્રહ્મ ઇત્યાદિનું રહસ્ય ઘણું સૂક્ષ્મ હોવાથી પ્રથમતઃ તો તેને સારી રીતે જાણવાની ખાસ જરૂર છે. આ સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણેનું વિવેચન છે.

---

* વૃક્ષાંક ૨ ને સાક્ષી વા ઈશ્વર, તથા વૃક્ષાંક ૧ ને આત્મા, બ્રહ્મ, મહેશ્વર, તત્ વગેરે સંજ્ઞાઓ છે. વધુ માટે વૃક્ષ ૫ ત્રિકાણાંક ૩૬ પાન ૯૭થી ૧૦૦ જુઓ આથી મહેશ્વરનો અર્થ આત્મા છે.

જ્ઞાન, યોગ, બ્રહ્માર્પણ અને સંન્યાસનું સ્વરૂપ

અર્જુન કહે છેઃ હે ભગવન્! જ્ઞાન, યોગ, બ્રહ્માર્પણ, સંન્યાસ, સંગત્યાગ, ઈશ્વરાર્પણ એ બધાનાં સ્વરૂપો મને અનુક્રમે કૃપા કરીને કહો કે જેથી મારો મોહ નષ્ટ થાય; શ્રીકૃષ્ણ બોલ્યાઃ હે અર્જુન! સાંભળ. અહંપણાનો વિલય થઈ સર્વ સંકલ્પો શાંત થયા બાદ જેમાંથી તમામ ધારણાઓ નષ્ટ થવા પામેલી છે અને જેમાં કોઈપણ પ્રકારનો સ્થૂલ આકાર કિંવા સૂક્ષ્મ માનસિક ભાવ પણ શેષ રહેવા પામતો નથી, એવું અહંમમાદિ ભાવોથી તદ્દન રહિત જે પ્રસન્નાત્મસ્વરૂપ અવશેષ રહે, તે જ 'પરબ્રહ્મ' કહેવાય છે. એ સ્વરૂપની પ્રાપ્તિને માટે જે ઉદ્યમ કિંવા પ્રયત્ન કરવામાં આવે તેને જ વિદ્વાનો 'જ્ઞાન' કહે છે. કર્મ પણ તે જ કહેવાય અને 'યોગ' પણ તેને જ કહેવામાં આવે છે. આ સઘળું જગત અને તેને જાણનારો હું પણ અનિર્વચનીય એવું બ્રહ્મ જ છીએ, એવી સર્વાત્મભાવના વડે પોતાસહ જગતના અહંકારનો પણ અંતે નાશ થવો એ જ મુખ્ય "બ્રહ્માર્પણ" છે. બ્રહ્મસ્વરૂપ અંદર બહાર આદિ દૃશ્યભાવથી તદ્દન રહિત છે. પથ્થર જેમ અંદર બહાર ઘનપણાથી વ્યાપેલો હોય છે તેમ જેનું સ્વરૂપ એકાકાર અને શાંત છે, આકાશના કોશની પેઠે તદ્દન સ્વચ્છ છે, અદૃશ્ય છે, છતાં તે પોતે પોતામાં દ્રષ્ટા દર્શનાદિ ત્રિપુટીઓથી રહિત એવા દૃશ્યરૂપે પ્રતીતિમાં આવે છે. આવા પ્રકારના બ્રહ્મસ્વભાવમાંથી અભાવાત્મક છતાં ભાવાત્મક હોય એવો જે અન્યપણાનો ભાવ પ્રગટ થયો તે જ આ જગતનો પ્રતિભાસ છે; કે, જે પ્રતિભાસ કેવળ ગંધ વગરના આકાશની પેઠે સાવ શૂન્ય જ છે. જેમ બ્રહ્મમાં જગતનો મિથ્યા અધ્યાસ થયો છે, તેમ બ્રહ્મના કરોડો અંશરૂપે ભાસતા આ પ્રત્યેક જીવોમાં પણ કોઈને કોઈ પ્રકારનો અહંભાવાત્મક મિથ્યા અધ્યાસ થવા પામેલો છે; માટે અહંભાવ ઉપર કદી પણ આગ્રહ રાખવો યોગ્ય નથી; કેમ કે આ અહંભાવ પોતાના અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી જુદા જેવો જણાતો હોવા છતાં પણ વાસ્તવિક રીતે તે જુદો નથી, પરંતુ બ્રહ્મરૂપ જ છે; કેમ કે જુદાપણું એ તો મર્યાદા એટલે માપ છે, અને તેવી મર્યાદા બ્રહ્મમાં ક્યાંથી સંભવે? એટલા માટે વિદ્વાન પુરુષો અહંભાવનો સ્પર્શ કદી પણ થવા દેતા નથી. જેમ અહંભાવ બ્રહ્મથી જુદો નથી, તેમ ઘટપટ આદિ મારાં છે એવો સારી રીતે દૃઢ થયેલો 'મમ'ભાવ પણ બ્રહ્મથી જુદો નથી. અહંતા અને મમતા એ બંને સમુદ્ર અને તરંગની પેઠે ભરપૂર એવું પોતાનું જ આત્મસ્વરૂપ છે, માટે તેમાં કોઈપણ પ્રકારે આગ્રહ કિંવા અનાગ્રહ રાખવો યોગ્ય નથી. અહંતા અને મમતાદિ ભાવો થવાથી જ વિષયોની વિચિત્રતાઓ રહે છે તથા તેથી તેઓ વાસ્તવિક અભેદ હોવા છતાં પણ જાણે ભેદવાળા ન હોય! એમ દેખાય છે, અને તે ભેદ અહંમમાદિ ભાવો શેષ રહે ત્યાં સુધી કદી પણ દૂર થતો નથી. સત્તા અને પ્રકાશ આપનાર આ આત્મા એ જ એકલો સર્વત્ર રહેલો રહ્યો છે. તે તો તદ્દન અભેદરૂપ છે; આથી તેવા અભેદભાવમાં અમુક દૂર કરવું અથવા અમુક છે કિંવા તેવું કહેનારો તેનો કોઈ સાક્ષી છે; એવો ભેદભાવ શા માટે કરવો? આ મુજબના સારાસાર વિભાગને જાણનાર પુરુષની બુદ્ધિમાં અહંતા તથા મમતારૂપ આગ્રહનો મૂળમાંથી જ ઉચ્છેદ થતાં સઘળાં કર્મોના આરંભમાં જ ફળોની સ્પૃહાનો જે ત્યાગ થાય તેને જ વિદ્વાનો "**સંન્યાસ**" કહે છે. આવો સંન્યાસ થતાં સંકલ્પવિકલ્પરૂપ સઘળી ગૂંચોનો જે ત્યાગ થાય છે તે જ "**સંગત્યાગ**" કહેવાય છે. જે કાંઈ આ બધી ઉપાદાનરૂપ દ્વૈતજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) છે તે બધી તેના નિમિત્તરૂપ એવા ઈશ્વર(વૃક્ષાંક ૨) માત્ર જ છે, એવી ભાવનાથી અહંમમાદિ દ્વૈતના તમામ પ્રતિભાસને હું અને તેના સાક્ષીભાવસહિત દૂર કરવો એ જ સાચું "**ઈશ્વરાર્પણ**" છે, એમ સમજવું.

સાકાર અને નિરાકાર એટલે?

આ દૃશ્યભેદ જાણે કે સત્ય જ ન હોય! તેમ પ્રતીતિમાં આવે છે, પરંતુ ચિદાત્મામાં અજ્ઞાનને લીધે અહંમમાદિ તથા જગતાદિરૂપે ભાસતો આ ભેદ વાસ્તવિક તો કેવળ નામમાત્ર જ છે. સઘળાં નામોનો અર્થ અનુભવરૂપ પરબ્રહ્મ એટલો જ એક છે; માટે જગત અને પરબ્રહ્મ બંને અભિન્ન હોઈ એક જ છે; તેમાં કશો સંદેહ નથી. "દિશાઓ પણ હું છું", "જગત પણ હું છું", "કર્મોનો આશ્રય પણ હું છું",

"કર્મ પણ હું છું", "કાળ પણ હું છું", "નિરાકાર પણ હું છું", "સાકાર પણ હું છું" અને સાકારરૂપને આધીન રહેનારું જગત પણ હું છું. તમે આત્મસ્વરૂપ એવા મારામાં જ મન રાખો, મારું જ ભજન કરો, મારું પૂજન કરો અને મને જ પ્રણામ કરો. સાકાર અને નિરાકાર એ બંને આત્મસ્વરૂપ એવા મારાં જ કલ્પેલાં સ્વરૂપો છે. અધિકાર પ્રમાણે મારા સાકાર એટલે હું સર્વરૂપે છું એવા પ્રકારે "સર્વાત્મભાવરૂપી" સ્વરૂપમાં અથવા નિરાકાર એટલે આ હું નથી, આ હું નથી એવા પ્રકારના "નિઃશેષભાવરૂપી" સ્વરૂપમાં ચિત્તને સ્થિર રાખીને મારામાં જ તત્પર થઈ રહેશો તો હું કે જે તમારો પણ આત્મા છું તેને પામશો (યો૦ નિ૦ પૂ૦સ૦૫૬, શ્લો૦ ૨૦ થી ૩૪).

ખરો સંન્યાસી તે જ છે

ભગવાન કહે છેઃ હે પાર્થ! એટલા માટે જ હું તને કહી રહ્યો છું કે, અનાશ્રિત એટલે જેને કિંચિન્માત્ર પણ કદી કોઈના આશ્રયની જરૂર પડતી નથી, જે પોતે સ્વતઃસિદ્ધ હોઈ તમામ દૃશ્યજાળના આશ્રયરૂપ હોવા છતાં પોતે તો તદ્દન અનાશ્રિત જ છે. એ રીતે આશ્રય કિંવા સંગથી તદ્દન અલિપ્ત એવા આત્મામાં બીજા કોઈ ભાવનો યત્કિંચિત્ પણ સ્પર્શ નથી. એ પ્રકારના અપરોક્ષાનુભવ વડે સિદ્ધ થયેલા દૃઢ નિશ્ચયથી વ્યાવહારિક અને શાસ્ત્રીય કર્મો કરનારો જ ખરો સંન્યાસી તથા યોગી છે, નહિ કે કેવળ વ્યાવહારિક અને શાસ્ત્રીય કર્મોનો બાહ્ય ત્યાગ કરનારો.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિનાં સ્વરૂપો

આ સંબંધમાં શ્રીમદ્‌ભાગવતમાં પણ ભગવાન શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહેલું છેઃ જે થકી આત્મસ્વરૂપ એવા મારી ભક્તિ થાય તે જ **ધર્મ**; સર્વત્ર એક આત્મસ્વરૂપ જ વ્યાપેલું છે એમ જોવું તે જ **જ્ઞાન**; વિષયોથી તદ્દન અસંગ રહેવું એ જ **વૈરાગ્ય**; અને અણિમાદિ સિદ્ધિઓ એ જ **ઐશ્વર્ય**; છે, એમ શાસ્ત્રમાં કહેલું છે.

ઉદ્ધવના પ્રશ્નો

ભગવાનનું આ કથન સાંભળીને ઉદ્ધવજી પૂછે છેઃ ભગવન્! ધર્માદિ સંબંધમાં લોકોમાં પ્રસિદ્ધ એવાં જે શાસ્ત્રલક્ષણો છે તેઓ થકી તમોએ આ જુદાં જ લક્ષણો કહ્યાં છે, તેથી રખેને યમનિયમાદિકની સંખ્યા કિંવા સ્વરૂપમાં પણ કાંઈ ફેરફાર હશે? એવી શંકા થવાથી પૂછું છું કે, (૧) યમ કેટલા પ્રકારનો છે? (૨) નિયમ કેટલા પ્રકારનો છે? (૩) શમ શું? (૪) દમ શું? (૫) તિતિક્ષા શું? (૬) ધૃતિ શું? (૭) દાન શું? (૮) તપ શું? (૯) શૌચ એટલે શું? (૧૦) સત્ય એટલે શું? (૧૧) ઋત એટલે શું? (૧૨) સર્વોત્તમ ધન શું? (૧૩) યજ્ઞ શું? (૧૪) દક્ષિણા શું? (૧૫) પુરુષનું બળ શું? (૧૬) ભગ (ભાગ્ય) શું? (૧૭) લાભ શું? (૧૮) વિદ્યા શું? (૧૯) લજ્જા શું? (૨૦) ઉત્તમ ભૂષણ શું? (૨૧) સુખ શું? (૨૨) દુઃખ શું? (૨૩) પંડિત કોણ? (૨૪) મૂર્ખ કોણ? (૨૫) માર્ગ કયો? કુમાર્ગ કયો? (૨૭) સ્વર્ગ શું? (૨૮) નરક શું? (૨૯) બંધુ કોણ? (૩૦) ઘર કયું? (૩૧) ધનવાન કોણ? (૩૨) દરિદ્રી કોણ? (૩૩) કંગાલ કોણ? અને (૩૪) સ્વતંત્ર કોણ? હે સત્પુરુષોમાં શ્રેષ્ઠ! આ પ્રશ્નોના ઉત્તરો જાણવાની મારી ઇચ્છા છે અને તેઓથી ઊલટા એટલે અશમ અને અદમાદિકનાં પણ સ્વરૂપો સમજવાની જિજ્ઞાસા છે તો તે કહો.

યમનિયમાદિના પ્રકારો

ઉદ્ધવના ઉપર પ્રમાણેના પ્રશ્નો સાંભળીને ભગવાન કહે છેઃ પ્રથમ યમના પ્રકારો કહું છું તે સાંભળ. અહિંસા, સત્ય, અસ્તેય એટલે કે મન વડે પણ પરાયા ધનનું ગ્રહણ નહિ કરવું તે, અસંગ, લજ્જા, અસંચય, ધર્મપ્રતિ વિશ્વાસ, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય, આ **બાર યમ** કહેલા છે. હવે **નિયમ** કહું છુંઃ આંતર શૌચ એટલે હું ચૈતન્ય કિંવા આત્મા છું એવા પ્રકારનો નિત્યપ્રતિ અંતરંગમાં વિચાર કરવો તે આંતર શૌચ કહેવાય છે; અને બાહ્ય શૌચ એટલે માટી કિંવા ગાયનું છાણ, ગોમૂત્ર વગેરેથી શરીરને સાફ કરી સ્નાનાદિ

કરવું તે બાહ્ય **શૌચ** કહેવાય છે. જપ, તપ, હોમ, ધર્મમાં આદર, અતિથિનો સત્કાર, મારું પૂજન, તીર્થાટન, મૃત્યુ પછી શુભ ગતિ પ્રાપ્ત થવાને માટે નિત્યપ્રતિ ઉદ્યોગ કરવો તે, સંતોષ તથા ગુરુ, આચાર્ય અને મહાપુરુષોની સેવા, **બાર નિયમ** કહેલા છે. મુમુક્ષુ એટલે મોક્ષની ઇચ્છાવાળાઓને માટે યમ મુખ્ય છે તથા સકામ પુરુષોને માટે નિયમ મુખ્ય છે; કારણ કે, તેનું સેવન કરવાથી મુમુક્ષુને તેની ઇચ્છા પ્રમાણે મોક્ષ અને સકામીઓને તેમની ઇચ્છા મુજબ સાંસારિક સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

શમ, દમ, તિતિક્ષા, ધૃતિ, દાન, તપ અને શૌર્ય એટલે ?

કેવળ બહારથી શાંતિ રાખવી એનું નામ જ **શમ** નહિ, પરંતુ બુદ્ધિની હંમેશ મારામાં એટલે આત્મામાં નિષ્ઠા રહે એ જ ખરો **શમ** સમજવો, ઇંદ્રિયોનો નિગ્રહ એટલે આ સર્વ આત્મસ્વરૂપ છે એવા દૃઢ નિશ્ચય વડે અંતઃકરણમાં આત્માવ્યતિરિક્ત ઇંદ્રિયોની બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન નહિ થવા દેવું અને થતાં જ તેને તત્કાળ આત્મામાં જ દાબી દેવું તે **દમ** કહેવાય છે. પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થયેલા દુઃખને આનંદ વડે સહન કરવું એ **તિતિક્ષા**. ભૌતિક અને બાહ્ય સાધનો મેળવવા માટે મનમાં ઉદ્વેગ થવા નહિ પામે એવી દક્ષતા રાખવી તે કાંઈ સાચી ધૃતિ નહિ, પરંતુ જિહ્વા તથા ઉપસ્થના વેગને રોકવો એ જ ખરી **ધૃતિ** અથવા ધીરજ સમજવી. સર્વ પ્રાણીમાત્રનો દ્રોહ છોડી દેવો એ **દાન**. ભોગોમાં ઉપેક્ષાવૃત્તિ તે જ **તપ**. વાસનાઓને રોકવી એ જ ખરું **શૌર્ય**.

સત્ય, ઋત, શૌચ, સંન્યાસ, ધન, યજ્ઞ અને દક્ષિણાની વ્યાખ્યા

બ્રહ્મ કિંવા આત્મા વગર બીજું બધું જ અસત્ય છે, માટે સતત બ્રહ્મનો વિચાર કરવો એ જ ખરું **સત્ય** છે. સાચું અને પ્રિય બોલવું એ જ **ઋત**. અંતઃકરણમાં આત્મનિશ્ચયની એકનિષ્ઠ ભાવના વડે અંતર્બાહ્ય શુદ્ધિથી કાયિક, વાચિક અને માનસિક કર્મોમાં કિંચિન્માત્ર પણ આસક્તિ નહિ હોવી તે જ ખરું **શૌચ** કહેવાય. કેવળ કોઈ વસ્તુને છોડી દેવાથી ત્યાગ સિદ્ધ થતો નથી, પરંતુ તેને આત્મસ્વરૂપ બનાવવી તે જ ખરો **સંન્યાસ** છે, ધર્મ એ જ મનુષ્યનું ઉત્તમ **ધન** સમજવું. ક્રિયારૂપ સમજીને યજન કરવામાં આવે તે યજ્ઞ નહિ પરંતુ સર્વત્ર હું આત્મરૂપ છું એવી ભાવના રાખી યજન કરવામાં આવે તે જ ખરો **યજ્ઞ** છે, સુવર્ણાદિક આપવું એ દક્ષિણા નહિ પરંતુ પરમાત્માના જ્ઞાનનો યથાર્થ ઉપદેશ આપવો એ જ ખરી **દક્ષિણા** સમજવી. આ પ્રકારનો યજ્ઞ કરવાથી જ યજ્ઞરૂપ વિષ્ણુની પ્રાપ્તિ થાય છે.

બળ, ભગ, લાભ, વિદ્યા, લજ્જા અને ભૂષણ કોને કહે છે ?

શત્રુઓને દબાવવા એ **બળ** નહિ, પરંતુ મનરૂપ શત્રુ કે જે જીતી શકાય એવો નથી તેને દબાવવાના સાધનરૂપ સાંખ્ય, ભક્તિ કિંવા પ્રાણાયામાદિ યોગ કરવો તે **બળ** સમજવું, ભાગ્ય એ **ભગ** નહિ, પરંતુ મારા એટલે અધિષ્ઠાનરૂપ આત્માના અપર વા વિરાટસ્વરૂપ સંબંધમાં રહેલા છ ઐશ્વર્યો એ જ પોતાનું સ્વરૂપ છે, એમ જાણવું; તે જ ખરું **ભગ** છે એમ સમજો. પુત્રાદિકની પ્રાપ્તિ એ **લાભ** નહિ, પરંતુ આત્મસ્વરૂપ એવા મારી (આત્માની) અખંડ ભક્તિ મળે એ જ ખરો **લાભ** સમજવો. બીજા શાસ્ત્રોને ભણવાં એ **વિદ્યા** નહિ, પરંતુ આત્મામાં પ્રતીત થયેલા ભેદનો જે વડે બાધ થાય એટલે દ્વૈત મટીને અદ્વૈતભાવની સિદ્ધિ થાય એ જ સાચી **વિદ્યા** છે, એમ જાણવું. માત્ર ઉપર ઉપરથી લજ્જાનો ડોળ કરવો એ **લજ્જા** નહિ, પરંતુ અંતઃકરણપૂર્વક દુષ્ટ કર્મનો ત્યાગ તથા દ્વૈતભાવ મટી આત્મસ્વરૂપમાં ઐક્ય નહિ થવાય તે માટે શરમ આવવી તેનું નામ **લજ્જા**. કંકણ કિંવા મુકુટ આદિ **ભૂષણો** નહિ, પરંતુ તૃષ્ણાથી રહિતપણું આદિ કરાવનારા ગુણો એ જ સાચા **ભૂષણરૂપ** સમજવા.

સુખ, દુઃખ, પંડિત, મૂર્ખ, સુમાર્ગ અને કુમાર્ગ

વિષમભોગ ભોગવવા એ **સુખ** નહિ, પરંતુ આને **સુખ** કહે છે એ રીતે તેનું અનુસંધાન જ નહિ કરવું તે **સુખ** સમજવું; એ ન્યાયે ફક્ત એક આત્મા જ **સુખરૂપ** છે તેમાં દુઃખનો લેશ પણ નથી અને હું પોતે પણ

તેવો આત્મસ્વરૂપ છું, એ મુજબ પોતે ભિન્ન નહિ રહેતાં સાક્ષીસહિત અહંમમાદિ તમામ ભાવોનો વિલય કરી દેવો; એ રીતના આત્માનુભવવડે સિદ્ધ થનારું સુખ તે જ સાચું **સુખ** સમજવું; શરીરમાં રોગાદિને લીધે થનારું દુઃખ એ સાચું દુઃખ નહિ, પરંતુ અંતઃકરણમાં વિષયસુખની ઇચ્છાનો વા સંકલ્પનો ઉદય થવા દેવો એનું નામ જ **દુઃખ** છે, એમ સમજવું. કેવળ શાસ્ત્ર ભણેલો હોય તે કાંઈ પંડિત નથી, પરંતુ જન્મમરણથી છૂટવાનું જે જાણતો હોય તેવો આત્મવિદ્ જ ખરો **પંડિત** છે. શાસ્ત્રાદિકને નહિ જાણતો હોય તે મૂર્ખ નહિ, પરંતુ જેને દેહ એટલે જ હું છું, એવી દેહ ઉપર અહંતા હોય તેને જ **મૂર્ખ** સમજવો. કંટકાદિથી રહિત હોય તે સારો માર્ગ નહિ, પરંતુ મારી એટલે આત્માની પ્રાપ્તિ કરાવનાર નિવૃત્તિમાર્ગને જ **સુમાર્ગ** સમજવો. ચોરાદિકથી ભયંકર હોય તે કુમાર્ગ નહિ, પરંતુ જે થકી ચિત્તમાં વિક્ષેપ થાય એ જ **કુમાર્ગ** સમજવો.

સ્વર્ગ, નરક, બંધુ, ઘર, ધનવાન, દરિદ્રી, કંગાલ અને સ્વતંત્રની વ્યાખ્યા

ઇંદ્રાદિકનો લોક સ્વર્ગ નહિ, પરંતુ સત્ત્વગુણનો ઉદય થવો એટલે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર બુદ્ધિ થવી તે જ **સ્વર્ગ** સમજવું. કુંભીપાકાદિ નરક નહિ, પરંતુ તમોગુણની વૃદ્ધિ થવી એ જ **નરક** છે. ભાઈભાંડુઓ ઇત્યાદિ બંધુઓ નહિ, પરંતુ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કે જે મારું એટલે આત્માનું જ સ્વરૂપ છે તેને જ સાચો **બંધુ** સમજવો. ઘર એ ઘર નહિ, પરંતુ મનુષ્યનું શરીર એ જ **ઘર** છે, એમ સમજવું. પૈસાવાળો ધનવાન નહિ, પરંતુ ગુણવાનને જ સાચો **ધનવાન** સમજવો. નિર્ધન હોય તે દરિદ્રી નહિ, પરંતુ અસંતોષીને જ **દરિદ્રી** સમજવો. જે રાંક હોય તે કંગાલ નહિ, પરંતુ અજિતેંદ્રિય હોય તે જ **કંગાલ** છે. રાજાદિક સ્વતંત્ર નહિ, પરંતુ જેની બુદ્ધિ વિષયોમાં આસક્ત નહિ હોય તે જ **સ્વતંત્ર** છે.

ગુણ અને દોષો જોવા એ જ મહાન દોષ છે

જેને વિષયોમાં આસક્તિ હોય તે **પરતંત્ર** છે. સ્વતંત્રથી ઊલટું જે આ પરતંત્રનું સ્વરૂપ તને કહ્યું તે પદ્ધતિને અનુસરીને જ ઉપરના અશમ તથા અદમાદિનાં સ્વરૂપો પણ સમજી લેવાં. હે ઉદ્ધવ! આ તારા પ્રશ્નોના સઘળા ઉત્તરો મોક્ષમાં ઉપયોગી થાય એવી ઉત્તમ રીતે મેં તને તત્ત્વદૃષ્ટિએ કહ્યા. તેં મને ગુણ તથા દોષના વિવેક સંબંધે પૂછ્યું, પરંતુ ખરું વર્ણન કરવાનું શું પ્રયોજન છે? ટૂંકમાં કહું છું કે, "ગુણ અને દોષ જોવા એ જ **મહાન દોષ** હોઈ ગુણ અને દોષ ન જોવાનો સ્વભાવ રાખવો એ જ ગુણ છે." એટલે કે "આનું નામ ગુણ છે અને આનું નામ દોષ છે, એ રીતે શાસ્ત્રમાન્ય ગુણદોષો જોવાનો સ્વભાવ રાખી દોષોનો ત્યાગ કરવો, એ જ ગુણ છે." ગુણદોષનું સંક્ષિપ્ત વર્ણન એટલું જ છે(શ્રી ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૧૯, શ્લો૦ ૨૮ થી ૪૫) આ પ્રમાણેની વ્યાખ્યાઓ સાક્ષાત્ ભગવાને જ કહેલી છે.

यं सन्न्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।

न ह्यसन्न्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥ २ ॥

સંન્યાસ એટલે યોગ

હે પાંડવ! જેને સંન્યાસ કહે છે તે જ યોગ છે, એમ સમજ; કેમ કે જેણે સંકલ્પનો સંન્યાસ કર્યો નથી, તે કદી પણ યોગી થઈ શકતો નથી. તાત્પર્ય એ કે, અંતઃકરણમાં અનેકવિધ પ્રકારના વિષયોના સંકલ્પો ઉત્પન્ન થાય કે, તુરત જ તે આત્મસ્વરૂપ છે કિંવા આત્મામાં સંકલ્પનું ઉત્થાન થવું કદી પણ શક્ય નથી એવા પ્રકારના અભ્યાસવડે અહંમમાદિસહ ચિત્તનો યથાર્થ ત્યાગ જ્યાંસુધી કરવામાં આવતો નથી ત્યાંસુધી તે કદી પણ યોગી થઈ શકતો નથી; એટલે કે અંતઃકરણમાંથી અનેકવિધ વિષયવાસનારૂપી ઉત્પન્ન થતા સંકલ્પવિકલ્પો આત્મસ્વરૂપ છે, એવા પ્રકારનું પ્રથમતઃ નિશ્ચયપૂર્વક પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લઈ ત્યારબાદ તમામ અન્ય સંકલ્પવિકલ્પનો પોતાસહિત ત્યાગ કરી અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરી નિઃશંક થવું તે જ ખરો

સંન્યાસ હોઈ, આ મુજબ સંન્યાસ કરવાને માટે જે અભ્યાસ કરવો તેનું નામ જ યોગ છે. અને આ યોગ કરનારો તે યોગી તથા તેમાં સ્થિર થયેલો યોગનિષ્ઠ કહેવાય છે. ટૂંકમાં, સંકલ્પનું ઉત્થાન થતાં જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના અભ્યાસ અથવા યોગની પૂર્ણતા થઈ એકાકારપણું કિંવા તન્મયતા પ્રાપ્ત થવી એ જ ખરો ત્યાગ અથવા સંન્યાસ હોઈ તેવો સંન્યાસ અથવા ત્યાગ કરનારો સાચો સંન્યાસી કે યોગી કહેવાય છે; બીજો કોઈ સંન્યાસી કે યોગી થઈ શકતો જ નથી; આ રીતે સંન્યાસ અને યોગ એ બન્ને વસ્તુતઃ એક જ છે તેમાં યત્કિંચિત્ પણ ભેદ નથી.

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।

योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ ३ ॥

અજ્ઞાનીઓ સાધનને જ સાધ્ય સમજીને પકડી રહે છે

હે અર્જુન! અજ્ઞાનીઓ તો શાસ્ત્રમાં જેને સાધન તરીકે બતાવવામાં આવેલું હોય છે તેને જ સાધ્ય સમજીને પકડી બેસે છે, એટલે સાધનને જ સાધ્ય માની લે છે, અને આવો સાધક જાણે કે પોતે સિદ્ધ જ થઈ ગયો ન હોય એવો મનમાં અહંકાર સેવી કેવળ લોકોમાં સ્વાર્થ સાધી પોતાની વિષયવાસનાઓ તૃપ્ત કરે છે અને અંતે અનુયાયી સહિત અધઃપતનમાં પડે છે; તેથી હું તને વારંવાર કહું છું કે, શાસ્ત્રમાં બતાવેલાં કર્મો તથા વર્ણાશ્રમાદિ ધર્મોનું આચરણ કરવાનું અંતિમ ધ્યેય શું છે? તેનો વિચાર કરતાં જણાશે કે, એ ધ્યેય તો કેવળ આત્મપ્રાપ્તિ એ જ એક છે, વસ્તુતઃ આ આત્મસ્વરૂપની પ્રાપ્તિના કામમાં કર્મ ઉપાસના, વર્ણાશ્રમાદિનું પાલન, યજ્ઞયાગાદિ કર્મો, શાસ્ત્રપઠનપાઠન અથવા તો વ્યવહારપ્રપંચનાં કોઈ પણ સાધનો ઇત્યાદિ બધું નિરર્થક હોઈ તેમાં સાક્ષીસહિત અહંમમાદિનો સંપૂર્ણ વિલય કરી આત્માના અપરોક્ષાનુભવરૂપ વિજ્ઞાન એ જ એક મુખ્ય છે. તેવું વિજ્ઞાન જ્યાંસુધી પ્રાપ્ત થયું ન હોય ત્યાંસુધી આ સર્વ સાધનોનું નિષ્કામ આચરણ કરવું જોઈએ એમ જે શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે, તેનો ઉદ્દેશ ફક્ત ચિત્તશુદ્ધિ પૂરતો જ છે. ચિત્તશુદ્ધિ થવાથી તે સાધક મટી સાધનસંપન્ન એવો મુમુક્ષુ થયો એમ કહેવાય છે. ચિત્તશુદ્ધિ થતાં સુધી તેની ગણતરી સાધક કોટીમાં જિજ્ઞાસુ તરીકે હોય છે. તીવ્ર મુમુક્ષુતા પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના ઉપદેશથી તે પાછલાં સર્વ સાધનોને છોડી આત્મરૂપ સુવિચાર વડે યુક્ત બનીને શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી તેવો દૃઢ નિશ્ચય કરી એકનિષ્ઠ થઈ આ સર્વ આત્મસ્વરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવા પ્રકારનો તે અંતરંગમાં અભ્યાસ કરે છે; આવો જે અભ્યાસક્રમ તે જ યોગ કહેવાય છે, અને તેવો યોગ કરનારો યોગી, તથા તેમાં સ્થિત થયેલો યોગનિષ્ઠ કહેવાય છે, જે ઉપર કહ્યું છે.

આ બધું મોક્ષજ્ઞાન હું તને આપી રહ્યો છું

આ રીતે અભ્યાસ કરતાં કરતાં જ્યારે તેમાં પૂર્ણ તન્મયતા પ્રાપ્ત થાય એટલે તેને આત્મા સિવાય બીજું બધું દેખાવું તદ્દન બંધ થાય છે ત્યારે તે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય એવો જીવન્મુક્ત મહાત્મા બને છે, માટે તું જો ફક્ત વર્ણાશ્રમધર્મમાં બતાવેલા સંન્યાસને જ સંન્યાસ સમજતો હોય તો તારા મનમાંથી એ ભ્રમને કાઢી નાંખ. સિવાય વિચાર કરીને જો કે, તું કદાચ આ સર્વ છોડીને જંગલમાં ભાગી જશે તો ત્યાં જઈને પણ તારે અંતે કોઈની ને કોઈની પાસેથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર તો છૂટકો જ નથી. તેવું બહુમૂલ્ય જ્ઞાન તું ખુદ્દમાન હોઈ મને અત્યંત પ્રિય હોવાથી હું તને આપી રહ્યો છું. એટલે જે જાણ્યાબાદ બીજું કાંઈ જાણવાપણું રહેતું નથી તેવો આ છેવટની કક્ષાનો ઉપદેશ હું તને આપી રહ્યો છું.

યોગની પ્રાપ્તિ થવાને માટે કર્મ એક કારણ છે

માટે, હે પાર્થ! હવે તારા મનમાં સંન્યાસ કિંવા ત્યાગ સંબંધમાં જો કોઈ બીજા પ્રકારની ભાવનાઓ હશે તો તે સર્વ છોડી દે અને નિઃશંક થઈ ત્યાગ કિંવા સંન્યાસનું અંતિમ પર્યવસાન જેમાં થાય છે તેવો

જે આ યોગનો માર્ગ મેં તને બતાવેલો છે, તેનો તું આશ્રય કર; કારણ કે, યોગની પ્રાપ્તિ થવાને માટે કર્મ એ કારણ એટલે સાધન છે. તે કર્મ એટલે (૧) આ સર્વ આત્મસ્વરૂપ છે એ રીતના સર્વાત્મભાવરૂપ અથવા (૨) આત્મામાં કાંઈ કદી ઉત્પન્ન જ થયેલું નથી એવા પ્રકારના નિઃશેષભાવરૂપ છે. આ બે પૈકી ગમે તે એકનો દૃઢ નિશ્ચય વડે નિઃશંક થઈ શુદ્ધ અંતઃકરણથી અભ્યાસ કરવો એ જ કર્મનું અંતિમ રહસ્ય છે. તાત્પર્ય કે, જ્યાંસુધી ધ્યેયની પ્રાપ્તિ થયેલી હોતી નથી ત્યાંસુધી તે મુનિને માટે આ સર્વ (ચરાચર) આત્મરૂપ છે કિંવા આત્મામાં કાંઈ ઉત્પન્ન જ થયેલું નથી, એવા પ્રકારનો અભ્યાસ કરવારૂપ કર્મ એ કારણ વા સાધન છે, તથા તે સાધનની પૂર્ણતા થઈ ઐક્ય પ્રાપ્ત થાય એવા યોગમાં આરૂઢ એટલે સ્થિર થયેલા યોગીને માટે શમ એટલે મનનો સંપૂર્ણ વિલય થવારૂપ શાંતિ એ જ એક કારણ છે, એમ જાણ.

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।

सर्वसङ्कल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

યોગારૂઢ કોણ ?

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન ! અત્યારસુધી તને આત્મપ્રાપ્તિ માટે જે શાસ્ત્રશુદ્ધ માર્ગો છે તે બધા કહ્યા અને આગળ પણ કહેવામાં આવશે. તે સર્વનો ઉદ્દેશ એટલો જ છે કે, તું બુદ્ધિમાન હોવાથી આ માર્ગો પૈકી પ્રસ્તુત પ્રસંગે તારે માટે કયો માર્ગ ઉચિત છે, તેનું તું પોતે પણ તારતમ્ય (સાર) કાઢી શકે; વળી હું તો તારા પ્રશ્ન પ્રમાણે આ સમયને માટે તારે યુદ્ધ કરવું જ ઉચિત છે એવું તને વખતોવખત કહી રહ્યો છું, પરંતુ એ યુદ્ધકાર્ય તું આ સર્વ આત્મરૂપ છે એવા પ્રકારે કેવળ અપરોક્ષ અનુભવયુક્ત સર્વાત્મભાવના નિશ્ચયથી આત્મામાં સ્થિર થયેલી બુદ્ધિ વડે કર, એટલો જ મારો કહેવાનો આશય છે; કારણ કે, જ્યાંસુધી આત્મસાક્ષાત્કારરૂપ ધ્યેયની સિદ્ધિ થયેલી હોતી નથી ત્યાંસુધીને માટે આ સર્વ આત્મરૂપ છે એવા પ્રકારના સર્વાત્મભાવરૂપ કર્મોનો કિંવા નામરૂપાદિનો વિલય કરીને આ હું નથી ઇત્યાદિ પ્રકારે હું સહ સર્વનો વિલય કરવારૂપ નિઃશેષભાવરૂપ કર્મનો આશ્રય લીધા વગર છૂટકો જ નથી. સારાંશ એ કે, આ બે પૈકી ગમે તે એક કર્મનો આશ્રય સાધકને કરવો જ પડે છે અને તે કર્મને જ યોગ કહે છે. તારે માટે આ સમયે આ સર્વ આત્મરૂપ છે એવી રીતે સર્વાત્મભાવનાનો અભ્યાસક્રમ અથવા યોગ જ વધુ સરળ અને ઉચિત હોવાથી તને તે ધોરણે કર્મ અથવા યોગ કરવા માટે વારંવાર કહેવામાં આવેલું છે, તે તું ભૂલીશ નહિ. આ પ્રમાણે વિવેકયુક્ત વિચાર વડે જેને આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેને માટે યોગરૂપ કર્મ જ કારણ છે, અને તેને જ આરુરુક્ષ કહે છે, તથા આ યોગરૂપ કર્મનું રહસ્ય સમજી તેનો નિત્યપ્રતિ અભ્યાસ કરી અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરનારો તે યોગમાં આરુઢ થયેલો છે એમ સમજવું; અને તેને માટે શમ એ કારણરૂપ છે. અંતઃકરણમાંથી આત્મા વિના બીજા કોઈ પણ પ્રકારની વિષયાદિ વૃત્તિઓનું ઉત્થાન જ થવા નહિ પામે તેવી રીતે દક્ષતા રાખવી તે શમ કહેવાય. આ મુજબ જ્યારે ઇંદ્રિયો, તેના વિષયો તથા તમામ કર્મોના સંકલ્પોને જે અંતઃકરણમાં કદી પણ સ્ફુરવા દેતો નથી તેને યોગારૂઢ એટલે તે કાયમને માટે યોગમાં જ સ્થિર થયેલો છે એમ કહે છે. ભાવાર્થ એ કે, જે આત્માવ્યતિરિક્ત અંતઃકરણમાં બીજા કોઈપણ સંકલ્પની સ્ફુરણા થવા દેતો નથી અર્થાત્ સ્થૂલ સૂક્ષ્મ ઇંદ્રિયો, તેના વિષયો, કર્મો અને તેનાં ફળો ઇત્યાદિ પૈકી જે જે સંકલ્પની સ્ફૂર્તિ થવા પામે તેનું અંતઃકરણમાં ઉત્થાન થવા નહિ દેવું કિંવા થતાં વેંત જ તે આત્મરૂપ છે એવા પ્રકારના *પ્રતિસંકલ્પો વડે તેને તત્કાળ દાબી દેવા; એટલે કે અંતઃકરણમાં આત્મા વિના બીજા કોઈ સંકલ્પને કદી ઊભવા જ દેતો નથી, તેવો આત્મસાક્ષાત્કારી જીવન્મુક્તજ યોગારૂઢ એટલે યોગમાં આરૂઢ થયેલો છે, એમ જાણવું.

---

*પ્રતિસંકલ્પ કિંવા પ્રતિકલ્પના એટલે કલ્પનાને શાંત કરનારી કોઈ પણ પ્રકારની ક્રિયા; જેમકે વિચાર, વૈરાગ્ય, ત્યાગ, ભોગ, વિષયો પ્રત્યે દોષદૃષ્ટિ રાખવી ઇત્યાદિને પ્રતિસંકલ્પ અગર પ્રતિકલ્પના કહે છે.

उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानमवसादयेत् ।

आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

આત્મા વડે જ આત્માનો ઉદ્ધાર અને પતન

ભગવાન કહે છેઃ હે અર્જુન ! સર્વત્ર એક આત્મા જ છે, એ સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ, એવા પ્રકારના યોગમાં આરૂઢ થવાથી સમુદ્રમાં રહેલા બરફની અંદર, બહાર, ઉપર, નીચે, સર્વત્ર જેમ એક પાણી સિવાય બીજું કાંઈ છે જ નહિ અથવા તરંગ, ફીણ, પરપોટા ઇત્યાદિમાં પણ પાણી સિવાય બીજું કાંઈ હોતું જ નથી; એટલે બરફ, તરંગ, ફીણ, પરપોટા વગેરે સર્વ પાણીના જ વિવર્તો, પર્યાયો, નામો કિંવા સંજ્ઞાઓ છે; તેમ શત્રુ, મિત્ર, ઉપર, નીચે, અંદર, બહાર, હું, તું, આ, તે, મારું, તારું, મને, તને ઇત્યાદિ અનેક નામરૂપોની સંજ્ઞા વડે જે જે કાંઈ દૃશ્ય દેખાય છે તે સર્વ પોતાસહ આત્મસ્વરૂપ જ છે, એવી એક જ નિષ્ઠારૂપ યોગમાં સ્થિર થયેલા યોગારૂઢ મુનિને શત્રુમિત્રાદિ ભાવો ક્યાંથી હોય? અને હોય તોપણ તે આત્મસ્વરૂપથી જુદા શી રીતે સંભવે? હવે તારું કહેવું એમ હશે કે, આત્માનું જ્ઞાન થવાથી પુરુષનો ઉદ્ધાર થાય છે તથા આત્માના અજ્ઞાનથી નાશ થાય છે, એવો તો વ્યવહારમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે; તો તે સંબંધમાં તને હવે કહું છું; જેમ પાણીને તરંગ કહેવાથી પાણીના સ્વરૂપમાં કિંચિન્માત્ર પણ ફેરફાર થતો નથી, તેમ આ શત્રુમિત્રાદિ દ્વૈતાભાસ પણ વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ જ છે; તેમાં સહેજ પણ કદી ફેરફાર થતો નથી; આથી આત્મા જ આત્માનો બંધુ છે તથા આત્મા જ આત્માનો શત્રુ છે, એમ સમજ; માટે આત્માનો આત્મા વડે ઉદ્ધાર કરવો એટલે આ સર્વ દૃશ્ય આત્મસ્વરૂપ જ છે, આત્માવ્યતિરિક્ત બીજું કાંઈ પણ છે જ નહિ અને તે આત્મા એટલે જ હું છું, એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે આત્મસ્વરૂપમાં એકરૂપ થઈ જવું તેનું નામ જ આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો; પરંતુ આથી ઊલટો નિશ્ચય એટલે હું આત્મા નહિ પણ શરીર છું, દુઃખી છું, આ શત્રુ છે, આ મિત્ર છે વગેરે હું, તું, તે, આ ઇત્યાદિ પ્રકારની દ્વૈતભાવના વડે આત્માને પોતાના અદ્વૈત એવા આત્મપદમાંથી અવસાદવો એટલે ઉતરવા દેવો નહિ અથવા ઊલટા માર્ગે જવા દેવો નહિ. તાત્પર્ય કે, આ સર્વ આત્મસ્વરૂપ જ છે અને તે હું પોતે જ છું, એવી રીતે અદ્વૈતભાવનો દૃઢ નિશ્ચય કરવો, અંતઃકરણમાં આત્માવ્યતિરિક્ત ઇતર કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું એનું નામ જ આત્મા વડે આત્માનો ઉદ્ધાર સમજવો તથા બીજાપણાની ભાવનાઓરૂપ દ્વૈત વૃત્તિઓનું ઉત્થાન થવું એ જ આત્માનો આત્મા વડે નાશ થયો એમ સમજવું*.

बन्धुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।

अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

આત્મા જ આત્માનો શત્રુ અને મિત્ર કેમ?

આ સર્વ આત્મસ્વરૂપ હોઈ તે આત્મા એટલે હું જ છું, એવી રીતે જેણે આત્મા વડે જ આત્માને એટલે પોતે પોતાને જીત્યો છે, તે આત્મા બંધુ આત્મા સમજવો; પરંતુ આ સર્વ આત્મસ્વરૂપ નથી, પણ બીજું જ કાંઈ છે એમ સમજવું તેને અનાત્મા સમજવો. આ અનાત્મારૂપ આત્મા જ આત્માની સાથે શત્રુ પ્રમાણે વર્તે છે, એટલે જેમ કોઈ વસ્તુ પોતાની હોવા છતાં અજ્ઞાનને લીધે તે પોતાની છે એમ જ્યાંસુધી જાણવામાં આવતું નથી ત્યાંસુધીને માટે તે પોતાની હોવા છતાં પણ તેના પ્રત્યે સ્વાભાવિક રીતે જેવી પ્રીતિ

* સંસ્કૃતમાં આત્મ શબ્દ (૧) આપણે પોતે, (૨) તત્ વડે સંબોધવામાં આવતું અનિર્વચનીય પદ, (૩) અંતરમાં રહેનારો સર્વનો સાક્ષી અને (૪) અંતઃકરણ, જ્ઞાન ઇત્યાદિ અર્થમાં મુખ્યત્વે આવે છે

રાખવી જોઈએ તેવી પ્રીતિ રાખવામાં આવતી નથી, પણ દ્વેષ રાખવામાં આવે છે; પરંતુ જ્યારે તેને માલુમ પડે છે કે, તે તો પોતાની જ વસ્તુ છે ત્યારે તેને તે ઉપર સ્વાભાવિક રીતે જ પ્રેમ ઉત્પન્ન થાય છે. મહાભારતમાં વર્ણન છે કે, કર્ણને ખબર ન હતી કે કુંતિ એ પોતાની માતા છે ત્યાંસુધી તે પોતાને દાસીપુત્ર તરીકે જ ઓળખતો હતો, પરંતુ જ્યારે તેને ખબર પડી ત્યારે જણાયું કે પોતે દાસીપુત્ર નહિ પરંતુ કુંતિપુત્ર છે. તે પ્રમાણે પોતા સહ આ સર્વ આત્મસ્વરૂપ હોવા છતાં પણ તેવા પ્રકારનું અપરોક્ષજ્ઞાન જ્યાંસુધી થયેલું હોતું નથી ત્યાંસુધી તે પોતે જ પોતાને હું તો શરીરધારી છું, અનાત્મા છું, એ રીતે શત્રુ સમજીને તે પ્રમાણે વર્તે છે; તથા જ્યારે પોતે હું એટલે દેહધારી જીવાત્મા નહિ પણ જેને "હું" "હું" કહેવામાં આવે છે તે તો આત્મા છે, એ રીતે જ્યારે પોતે પોતાને આત્મરૂપે ઓળખે છે ત્યારે તે પોતે પોતાનો મિત્ર બની જાય છે. ટૂંકમાં, પોતે પોતાને દ્વૈતરૂપે સમજવું તે શત્રુત્વ અને પોતે પોતાને હું આત્મા છું એ રીતે અદ્વૈતરૂપે સમજવું તે મિત્રત્વ છે.

આત્મામાં એકાકાર થવારૂપ અભ્યાસક્રમ

સમજો કે, કોઈ મનુષ્યને અમુક સ્થળે જવું છે, તો તેને તે સ્થાનનું પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું પડે છે અને પછી તે સ્થળે જવાનો મનમાં દૃઢ નિશ્ચય કરી રસ્તો કાપવાની શરૂઆત કરવી પડે છે. આમ થવાથી જ ઇષ્ટ સ્થળે પહોંચી શકાય છે. આમાં પ્રથમ જ્ઞાન, પછી નિશ્ચય, પછી રસ્તો કાપવાની ક્રિયા અને પછી ઇષ્ટ સ્થળે પહોંચી જવું; એ પ્રમાણે ચાર ક્રિયાઓની જરૂર હોય છે, તેમ આત્મસ્વરૂપ એવા ઇષ્ટ ધ્યેયમાં પહોંચવાને માટે પ્રથમ આ સર્વ આત્મસ્વરૂપ જ છે એવું પરોક્ષજ્ઞાન, પછી તેનો નિઃશંક એવો નિશ્ચય, ત્યારબાદ રસ્તો કાપવાની ક્રિયા એટલે હાલતાં, ચાલતાં, ઊઠતાં બેસતાં, શ્વાસ લેતાં, સંકલ્પવિકલ્પ કરતાં આ સર્વ આત્મા જ છે એવા પ્રકારનો યોગ કિંવા અભ્યાસ તેનું નામ જ યોગમાં આરુરુક્ષપણું અને ત્યારબાદ ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ એટલે આત્મસ્વરૂપના અપરોક્ષજ્ઞાન વડે તેમાં જ તન્મય, એકાકાર કિંવા એકરૂપ બની જવું, તેનું નામ યોગારૂઢ કિંવા જીવન્મુક્તિ છે. શાસ્ત્રકારો જેને કર્મયોગ, કર્મયોગ કરીને પોકારી રહ્યા છે તે આ જ. આ પ્રમાણે ક્રમે ક્રમે અભ્યાસ કરીને જે યોગારૂઢ વા જીવન્મુક્ત બની જાય છે, તે જ ખરો કર્મયોગી કહેવાય.

ખરો કર્મયોગી કોણ ?

ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિરૂપ અપરોક્ષ સાક્ષાત્કાર થઈ જીવન્મુક્ત દશામાં સ્થિરતા નહિ થાય ત્યાંસુધી કદી પણ સાચા કર્મયોગી થઈ શકાતું નથી; વળી આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના સર્વાત્મભાવ કિંવા આત્મામાં અહંમમાદિ ભાવો છે જ નહિ એ રીતના નિઃશેષભાવરૂપ અભ્યાસક્રમ દ્વારા આત્માના અપરોક્ષજ્ઞાનની પ્રાપ્તિ વ્યતિરિક્ત બીજા કોઈ માર્ગનો આશ્રય લઈ ગમે તેટલાં કર્મો કરવામાં આવે અને અમો કર્મયોગી છીએ એવો દાવો કોઈ કરે તો તેમાં દાંભિકતા છે, એમ સમજવું; કારણ પ્રથમ એક વખત અપરોક્ષાનુભવ દ્વારા આત્મસ્વરૂપમાં તદાકારતા પ્રાપ્ત કરી લીધા સિવાય ખરો કર્મયોગ કદાપિ સાધ્ય થતો નથી; આથી જ શ્રીકૃષ્ણ ભગવાન વખતોવખત આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, આત્માવ્યતિરિક્ત બીજી તરફ સહેજ પણ દૃષ્ટિપાત કદી કરવો નહિ, એ પ્રમાણે પોકારી પોકારીને વારંવાર કહી રહ્યા છે, જે અત્યાર સુધીના વિવેચન ઉપરથી જણાઈ આવશે (આ અધ્યાયના આરંભમાં શ્લોક ૧ થી ૪ જુઓ). આરુરુક્ષ એટલે આ અભ્યાસક્રમની ઉપર બતાવેલી ચાર કક્ષાઓમાંની ત્રણ કક્ષાઓ પર્યંતની સ્થિતિ વર્ણવેલી છે, તેમાં પ્રથમના બે શ્લોકમાં જ્ઞાન તથા ત્રણ ચાર શ્લોકમાં યોગનું કારણ કર્મ અને યોગમાં આરૂઢ થયેલો હોય તેનું કારણ શમ, એમ કહેલું છે. તેમ કહેવાનો હેતુ એવો છે કે, જેના અભ્યાસક્રમની પૂર્ણતા થયેલી હોય છે તેવા અત્યંત શમસંપન્ન યોગારૂઢ યોગીને માટે તો પરમાત્મસ્વરૂપમાં સ્થિર થવારૂપ અંતિમ નિર્વાણપદની પ્રાપ્તિ થવી એ જ એક ધ્યેય છે. તેવો સમાહિત ચિત્તવાળો પુરુષ જ સાચો કર્મયોગી કિંવા જીવન્મુક્ત બની શકે છે.

જિતાત્મા થવાનો અભ્યાસક્રમ

હે અર્જુન! સર્વ આત્મા જ છે, આત્મા સિવાય બીજું કાંઈ પણ નથી, મારા જે આ શત્રુઓ છે તે પણ આત્મા છે, હું પણ આત્મા છું, મારા શત્રુથી જે મારું કાંઈ અપ્રિય થાય તો તે પણ આત્મા જ છે, અપ્રિય સાધન પણ આત્મા જ છે, અપ્રિયનો કરનાર પણ આત્મા જ છે, જેનું અપ્રિય થયું હોય તે પણ આત્મા છે; આ મુજબ પ્રિયને માટે પણ સમજવું. આવી સમદૃષ્ટિ થાય તો પછી કહે કે કોણે કોનું શું કર્યું ગણાય? તમામ રાગદ્વેષાદિ અવસ્થાઓ કે જે આકાશની જેમ તદ્દન કલ્પિત છે તે આ પ્રમાણેના સંકલ્પ નહિ કરવારૂપ અભ્યાસથી નષ્ટ થઈ જાય છે; તેમ જ ગમન, દર્શન ક્રિયાદિ તમામ ક્રિયાઓ પણ આત્મામાં કલ્પિત હોઈ તે સર્વ આત્મસ્વરૂપ જ છે, એમ અનુભવમાં આવે છે. આમ આત્મા જ હું, તું, તે, આ ક્રિયાદિ સર્વ જગતાદિ દૃશ્યરૂપે સ્ફુરેલો છે, તો પછી સુખીપણું અથવા દુઃખીપણું ક્યાં હોય? આત્મા આત્મામાં જ નિત્ય તૃપ્ત છે, તે બીજા કશામાં નહિ પરંતુ પોતે પોતામાં જ રહેલો છે, અને તેવો આત્મા "હું" પોતે જ છું. હું રૂપ એવા મારા આત્મામાં હુંરૂપે પણ આત્મા જ સ્ફુરી રહ્યો છે; વળી તે હું કાંઈ બીજારૂપે નથી, પરંતુ આત્મરૂપે હોવાથી આ સર્વ આત્મસ્વરૂપ એવા મારામાં જ સ્ફુરી રહેલું છે અને હું સર્વમાં સ્ફુરી રહ્યો છું. ઘટાદિ પણ આત્મા જ છે, પટાદિ પણ આત્મા જ છે તથા આ જે અનેકવિધ રૂપે જગત ફેલાયેલું ભાસે છે તે સર્વ આત્મસ્વરૂપ હોઈ તેવો જે આત્મા તે જ હું પોતે છું. જો આમ છે તો પછી મારામાં રાગદ્વેષાદિની કલ્પના ક્યાં રહી શકે? વળી જન્મ મરણ ક્રિયાદિ સર્વ પણ વાસ્તવિક રજ્જુમાં થયેલી સર્પની ભ્રાંતિ સમાન આત્માના જ વિવર્તો છે એટલે તે પણ આત્મરૂપ જ છે. એક નામને બદલે બીજા નામથી બોલાવવું; જેમકે પાણીને તરંગ, રજ્જુને સર્પ કહેવો, તેનું નામ વિવર્ત કહેવાય.

અસ્તિ, ભાતિ, પ્રિય, નામ તથા રૂપ આત્મરૂપ છે

આ રીતે જ્યારે સર્વ આત્મા જ છે, ત્યારે બીજી ખોટી કલ્પનાઓ શા માટે કરવી જોઈએ? જેમ સમુદ્રમાં ગમે તેટલા તરંગો હોય તોપણ તેમાં પાણી વગર બીજું કાંઈ છે જ નહિ અને તે બધા પાણીથી ભિન્ન પણ નથી, તેમ આ હુંપણામાં અને તુંપણામાં આત્મા કિંવા બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહિ. જેમ વાસ્તવિક રીતે તો પાણીમાં તરંગો છે જ નહિ, તેમ ખરી રીતે જોતાં આત્મામાં પણ હું, તું, તે, આ ક્રિયાદિપણું કે તે બધાનું સાક્ષીપણું છે જ નહિ. જેમ પાણીમાંની ભમરી(ચકરી)નો નાશ થાય કિંવા ઉત્પત્તિ થાય તોપણ તેમાં પાણી સિવાય બીજું કાંઈ હોતું નથી, તેમ આત્મામાં પણ જન્મમરણાદિ કાંઈ છે જ નહિ અને જે છે એવું ભાસે છે, તે પણ જેને ભાસી રહ્યું છે તે સહિત આત્માથી અભિન્ન છે. આ પ્રમાણે જ્યારે અદ્વૈતભાવનાનો ઉદય થાય ત્યારે જ દ્વૈતમાં રસહીનતા જણાઈ પુરુષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને તેમ થાય ત્યારે જ "હું દેહ નથી" એમ સ્પષ્ટ રીતે જાણવામાં આવે છે, તથા આ મુજબ આત્મભાવનો ઉદય થવાથી મિથ્યા અભિમાનમાંથી પુરુષ નિવૃત્ત થાય છે. "હું આત્મા જ છું" એવી ભાવનાનો ઉદય થવાથી તેવા દૃઢ નિશ્ચય તથા અભ્યાસ વડે સત્યસ્વરૂપમાં લીન થઈ જવાય છે. 'હું આત્મા છું' એવું અખંડ રીતે અનુસંધાન થતાં 'હું' તથા 'તું' પણા વગેરેનો બાધ થઈ અસ્તિ, ભાતિ, પ્રિય, નામ તથા રૂપ એ જગતમાં રહેલાં પાંચે અંશો આત્મસ્વરૂપ જ છે, એવી દૃઢ પ્રતીતિ થાય છે.

જિતાત્મા કોણ?

આ સર્વ જગત સત્ય એવા આત્મસ્વરૂપ જ છે; તેથી મોહ, દુઃખ, કર્મો કે તૃષ્ણા વગેરે કાંઈ પણ છે જ નહિ અને હું તો તેવા પ્રકારનો આત્મસ્વરૂપ હોવાથી સમ છું, સ્વચ્છ છું અને શોકથી તદ્દન રહિત છું કલ્પનારૂપ કલંકોથી રહિત, નિર્દોષ અને સર્વરૂપ છું. આત્મસ્વરૂપ એવો હું કાંઈ છોડતો પણ નથી અને કાંઈ ધરાતો પણ નથી. રુધિર, માંસ, હાડકાં સહ આખું શરીર પણ આત્મસ્વરૂપ એવો હું જ છું; ચૈતન્ય પણ હું જ છું; ચેતના આપનાર તથા આપવાનું સાધન પણ હું જ છું; સ્વર્ગ, આકાશ, દિશા, સૂર્ય, પૃથ્વી

પણ હું છું; ઘટપટાદિ આકારો પણ હું જ છું; ખંડ પણ હું છું; પૃથ્વી પણ હું છું; જળ પણ હું છું; વન વગેરે પણ હું જ છું; વનસ્પતિ, પર્વતો, સમુદ્રો વગેરે પણ હું જ છું; અનંત પ્રાણીઓનો સમૂહ પણ હું છું; લેવું દેવું તથા સંકોચાવું ઇત્યાદિ પ્રાણીઓના ધર્મો પણ હું જ છું; ચરાચરમાં વ્યાપક એવો ચિદાત્મા પણ હું જ છું; આ સઘળું જગત જેમાં રહ્યું છે, જેના વડે થયું છે, સઘળું જગત જે રૂપ છે અને જે સર્વ સ્થળોમાં વ્યાપેલું છે તથા જે અનેક રૂપે ભાસતું હોવા છતાં એકરૂપ જ છે. એવો હું હોઈ તે હું એટલે બ્રહ્મ કિંવા આત્મા છે, એવો દૃઢ નિશ્ચય કરવો. આત્મા, બ્રહ્મ, ચિત્, સત્, ઋત તથા જ્ઞાન ઇત્યાદિ સર્વ અનિર્વચનીય અને આત્મરૂપ એવા મારાં નામોની જ સંજ્ઞાઓ છે. હું મુક્ત છતાં મુક્ત નથી, દેખતો છતાં દેખતો નથી, મન બુદ્ધિ ઇત્યાદિ દ્વારા પ્રકાશમાન છતાં પ્રકાશમાન નથી, એવો હું જ સર્વત્ર ઓતપ્રોત રહેલો છું; ઇત્યાદિ પ્રકારના નિત્યપ્રતિ અભ્યાસ વડે જેને તદાકારતા પ્રાપ્ત થયેલી છે. તે જીવન્મુક્ત પુરુષ જ જિતાત્મા કહેવાય છે. આ રીતે શાસ્ત્રમાં પણ કહેવામાં આવેલું છે.

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।

शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥

જીવન્મુક્ત યોગીનાં લક્ષણો

ભગવાન કહે છે : હે અર્જુન! જિતાત્મા એટલે અંતઃકરણમાં ઇંદ્રિયો, તેના વિષયો, કર્મો, તેનાં ફળો ઇત્યાદિ વૃત્તિઓનું ઉત્થાન થાય કે, તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની આત્મરૂપ પ્રતિવૃત્તિ વડે જેણે સર્વ વૃત્તિઓને જીતેલી છે તેવા જિતાત્મા, આત્મા સિવાય બીજું કાંઈ પણ દેખતો જ નથી. આવા સંકલ્પવિકલ્પ વિનાના પરમ શાંતિને પામેલા જીવન્મુક્ત યોગીને શીત, ઉષ્ણ, સુખ, દુઃખ, માન, અપમાન ઇત્યાદિ તમામ દ્વંદ્વોમાં પરમાત્મસ્વરૂપ એ જ એક વિષય હોવાને લીધે તે તેમાં જ હંમેશાં સમાહિત એટલે સમ અને સ્થિર રહે છે; એટલે શીત, ઉષ્ણ, સુખ દુઃખ, માન, અપમાન ઇત્યાદિ તમામ દ્વંદ્વો અને તે બધાનો સાક્ષી પણ પરમ આત્મસ્વરૂપ જ છે, તે સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ, એવી રીતે જે હંમેશ સમ અને સ્થિર રહે છે અર્થાત્ બુદ્ધિ કોઈ પણ વખતે આત્મામાંથી જરા પણ આમ કે તેમ ચલાયમાન થવા નહિ પામે એવી રીતે જેણે તેને એક આત્મામાં જ સ્થિત કરેલી હોય છે તે જ જિતેંદ્રિય, અત્યંત શાંત, સહજ સમાધિમાં સ્થિર એવો જીવન્મુક્ત છે, એમ જાણ.

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।

युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥ ८ ॥

જ્ઞાન વિજ્ઞાનની સમજ

જ્ઞાન એટલે આ સર્વ ચરાચર દૃશ્ય આત્મસ્વરૂપ જ છે, તેથી જુદું કાંઈ છે જ નહિ એવું નિઃશંક રીતે જાણવું, તે પરોક્ષજ્ઞાન કહેવાય; તથા આ પ્રમાણે આત્માનું પરોક્ષ જ્ઞાન થયા પછી મન, વાણી, કિંવા સ્થૂલ સૂક્ષ્મ ઇન્દ્રિયો વડે જે જે કાંઈ સ્વાદમાં, જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કિંવા સંકલ્પ વડે જાણવામાં કે બુદ્ધિ વડે ગ્રહણ કરવામાં આવે તે તમામ આત્મસ્વરૂપ છે, એવા એક ભાવ વડે જ્યારે પ્રત્યક્ષ દેખાય છે એટલે અનેકત્વરૂપે ભાસતા સર્વ દૃશ્યાદિમાં કેવળ એક બ્રહ્મ અથવા આત્માનું જ જ્ઞાન થાય તેવા અપરોક્ષજ્ઞાન કિંવા આત્મસાક્ષાત્કારને વિજ્ઞાન કહે છે. સમજો કે કોઈ જગાએ કોઈ વસ્તુ ભૂલથી મુકાઈ ગઈ હોય અને તેનું પાછળથી સ્મરણ થાય તે પરોક્ષ જ્ઞાન સમજવું, તથા સ્મરણ થયા પછી તે જગાએથી તે વસ્તુને મેળવી લેવામાં આવે તે અપરોક્ષજ્ઞાન સમજવું. તે પ્રમાણે આ સર્વ બ્રહ્મ અથવા આત્મસ્વરૂપ છે, એવા પ્રકારે

કેવળ પરોક્ષજ્ઞાન થવાથી આ સંસારરૂપ ભ્રાંતિ કદી મટી શકતી નથી; કેમ કે પરોક્ષજ્ઞાનવાળો પુરુષ જગતને બ્રહ્મરૂપ જાણતો હોવા છતાં પણ અંદરખાને જગતની સત્તાને બ્રહ્મથી કાંઈક જુદી જ માન્યા કરે છે, એટલે તેના મનમાં સૂક્ષ્મ રીતે દ્વૈતભાવના તો સિલક જ રહેવા પામેલી હોય છે; પરંતુ વિજ્ઞાન એટલે "હું"ભાવનો તેના સાક્ષીસહ જેણે પ્રત્યક્ષ વિલય કરેલો છે, એવા અપરોક્ષજ્ઞાનવાળો આત્મસાક્ષાત્કારી જીવન્મુક્ત પુરુષ તો આ અહંમમાદિ તમામ દૃશ્યજાળરૂપ સંસારને સ્વપ્નની જેમ તદ્દન બાધ પામી ગયું છે એવું આત્મસાક્ષાત્કાર વડે દેખે છે; એટલે કે જાગૃત થતાં જેમ સ્વપ્નનો બાધ થઈ જાય છે, પછી તે સત્ય હતું એવી ફરીથી કદી પણ ભ્રાંતિ થતી નથી, તેમ "હું" ભાવનો તેના સાક્ષી સહિત વિલય થતાં અવશેષ રહેનારું આ જગત કેવળ એક આત્મસ્વરૂપે જ પ્રતીત થાય છે. આ પ્રમાણેનું અનુભવસિદ્ધ અપરોક્ષજ્ઞાન થતાં આ જગતરૂપ ભ્રાંતિનો કાયમને માટે બાધ થઈ તે છે, હતું કિંવા હશે એવી ફરીથી કદી પણ ભ્રાંતિ થતી નથી; એટલા માટે પરોક્ષજ્ઞાનનું "જ્ઞાન" અને અપરોક્ષજ્ઞાનનું "વિજ્ઞાન" એવું નામ છે. આ વિજ્ઞાન એ જ સાક્ષાત્કાર કહેવાય. સર્વત્ર આત્મા જ છે, આત્મા વિના બીજું કાંઈ પણ છે જ નહિ એવા પ્રકારના પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત થયેલો એ જીવન્મુક્ત મહાત્મા, કૂટસ્થ એટલે સોનીની એરણની જેમ તે સ્થિતિમાં જ તદ્દન અચળ કિંવા સ્થિર થયેલો હોય છે. કૂટસ્થને સોનીની એરણની ઉપમા આપવાનું કારણ એ છે કે, તેની ઉપર સોનાના ગમે તેટલા આકાર કિંવા ઘાટ ઘડાય છતાં એરણ તો એકની એક જ હોય છે, તે જરા પણ ડગતી નથી અને તેને કાંઈ થતું પણ નથી. ઊલટું તે વધુ ચળકે છે; તેમ ગમે તેટલા આકારોનો ભાસ થવા છતાં આત્મા તો તદ્દન નિશ્ચળ જ હોય છે. આ બધાં સ્થૂળ અને સૂક્ષ્મ ઇંદ્રિયો તથા તેના વિષયો આત્મસ્વરૂપ જ છે. એ રીતના દૃઢ નિશ્ચય વડે તમામ ઇંદ્રિયોને જેણે જીતી લીધેલી છે એવો વિજિતેન્દ્રિય, તેમ જ પથ્થર અને સોનું એ બંનેને જે સમાન એટલે આત્મસ્વરૂપ જ દેખે છે, એવા પ્રકારની સર્વાત્મપણાથી યુક્ત એવી સમભાવનાવાળો અને યુક્ત અર્થાત્ નિત્યપ્રતિ આત્મામાં જ સ્થિર થયેલો હોય તે જ ખરો યોગી એટલે જીવન્મુક્ત કહેવાય છે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।

साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

સર્વત્ર સમાન દૃષ્ટિ

સુહૃદ એટલે શુદ્ધ હૃદયનો અને અકારણ ઉપકાર કરનારો, મિત્ર, શત્રુ, ઉદાસીન એટલે સંબંધ વિનાનો, મધ્યસ્થ એટલે પક્ષપાતરહિત હોય તેવો, દ્વેષ્ય એટલે દ્વેષ કરવા લાયક તથા બાંધવ એટલે સંબંધી, સાધુ કિંવા ગમે તેવો મહાનમાં મહાન પાપી હોય છતાં તે તમામની પ્રત્યે જેની બુદ્ધિ સર્વાત્મભાવને લીધે સમાન થઈ હોય તેવા એટલે હંમેશાં એક આત્મામાં જ રત થયેલા પુરુષને આ સુહૃદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ કરવા યોગ્ય, પ્રીતિ રાખવા યોગ્ય, બાંધવો, સાધુ તથા મહાનમાં મહાન પાપી છે એવી મિથ્યા ભાવના ક્યાંથી ઉદ્ભવે ? અને જો તેવું કાંઈ હોય તો તે પોતાનું જ સ્વરૂપ છે અને પોતે તો અવિનાશી, કૂટસ્થ, વિકાર રહિત, તદ્દન શુદ્ધ એવો આત્મા જ છે, તેમ આ સર્વે પણ "તત્"રૂપ જ છે, એવા પ્રકારે જેની બુદ્ધિ સર્વત્ર સમાન દૃષ્ટિવાળી થયેલી હોવાથી તે જ સર્વથી શ્રેષ્ઠ અર્થાત્ જીવન્મુક્ત છે.

જગતનો સર્વ વ્યવહાર સુખ અને શાન્તિને માટે જ ચાલુ છે

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : હે અર્જુન! આ જગતમાં જે જે કાંઈ ઉદ્યોગો થતા જોવામાં આવે છે, તે સર્વ કેવળ સુખ અને શાંતિની ઇચ્છાથી જ થાય છે; પરંતુ આ સુખ અને શાંતિનું ખરું સ્થાન માલૂમ નહિ હોવાથી પ્રત્યેક જીવ પોતપોતાના મનની ભાવના વડે અમુક કરવાથી સુખ મળશે એમ માની લઈ ઉદ્યમ કરતો રહે છે અને જીવનો સ્વભાવ છે કે, જે જેવો અભ્યાસ કરે છે તે અભ્યાસના બળ વડે તે તેવો તેવો

બની પોતાને તેવો જ અનુભવ થયાનું અનુભવે છે તથા તેમાં જ સુખ છે એમ માની લે છે; પરંતુ છેવટે તે નીરસ નીવડે છે. આ રીતે જ્યારે તેની નીરસતા સમજાય છે ત્યારે તે પોતે બીજી કોઈ કલ્પનાનુસાર પ્રયત્ન આરંભે છે, તેમાં પણ અભ્યાસને લીધે તે દિઙ્મૂઢ બની જાય છે; વળી જ્યારે તેની પણ નીરસતા સમજાય છે ત્યારે ત્રીજી જ કોઈ કલ્પના કરે છે. આ રીતે સાચું સુખ અને શાંતિનું પરમ સ્થાનક એવું પોતાનું આત્મસ્વરૂપ તેને સમજાય નહિ; ત્યાંસુધી જીવ અનેક દેહો ધારણ કરતો રહી, સુખની આશામાં ને આશામાં બિચારો ભયંકર દુઃખભોગો જ ભોગવ્યા કરે છે. તાત્પર્ય એ કે, જગતમાં પ્રત્યેક જીવ જે જે કાંઈ શુભ અથવા અશુભ ઉદ્યોગો કરે છે, તે સર્વ સુખ અને શાંતિની ઇચ્છાથી જ; પરંતુ જીવનો ખોરાક વિષય વાસના છે, તે વાસનાવશાત્ કર્મો કરતો રહે છે અને તેમાંથી જ સુખ મળશે એવી માન્યતા સેવે છે; પણ ખરી રીતે તો સુખ નિર્વાસન અવસ્થામાં છે, એવું ભાન તેને જ્યાં સુધી થતું નથી ત્યાં સુધી તે ગમે તેટલા પ્રયત્નો કર્યા કરે છતાં પણ કાયમી સુખ અથવા અખંડ શાંતિની પ્રાપ્તિ તેને કદી પણ થઈ શકતી નથી, એવો સિદ્ધાંત છે. આમ અનેક જન્મોમાં અનેક દુઃખો ભોગવ્યા બાદ નિર્વાસન અવસ્થામાં જ સુખ છે એવું જ્ઞાન જ્યારે જીવાત્માને થાય છે ત્યારે તે મેળવવાને માટે તે પુરુષાર્થ કરે છે. આ પુરુષાર્થરૂપ પ્રયત્નનો સમાવેશ તો અંતે મનોપાસના તથા પ્રાણોપાસના એવા બે માર્ગમાં જ થાય છે. વ્યવહારમાં પ્રકૃતિઅર્થને જ પુરુષાર્થ કહેવામાં આવે છે, પરંતુ તે યોગ્ય નથી. કેમ કે પુરુષ એટલે આત્મા; અને તેની પ્રાપ્તિને માટે જે પ્રયત્ન તે જ ખરો પુરુષાર્થ છે.

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।

एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥

મનોપાસના અને પ્રાણોપાસનાથી થતું જ્ઞાન

જપ, તપ, ધ્યાન, ધારણા, નવધા ભક્તિ, સાંખ્ય, વેદાંત ઇત્યાદિ ઉપાસનાના જે જે પ્રકારો છે, તે તમામનો સમાવેશ મનોપાસનાની અંદર થાય છે; તથા અષ્ટાંગયોગ (પતંજલિ પ્રણીત હઠયોગ), સ્વાભાવિક પ્રાણચિંતન અને* ધારણાભ્યાસ વગેરે માર્ગનો સમાવેશ પ્રાણોપાસનામાં થાય છે. આ બંનેનું અંતિમ ફળ તો ચિત્તશુદ્ધિ થઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી એ જ એક છે. તે જ્ઞાન બે પ્રકારનું છે; (૧) પરોક્ષ અને (૨) અપરોક્ષ. પ્રથમતઃ તો નિષ્કામ કર્મો દ્વારા ચિત્તશુદ્ધિ થયા બાદ સાધકને આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થાય છે, તે થયા પછી તે જિજ્ઞાસુને અંતઃકરણમાં આત્મપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે. આત્મપ્રાપ્તિ વિના કલ્યાણનો બીજો કોઈ માર્ગ છે જ નહિ, એ પ્રકારે જ્યારે તેની દૃઢ શ્રદ્ધા થાય છે ત્યારે તે સાધક મટી મુમુક્ષુ થયો એમ કહેવાય છે. આવો તીવ્ર મુમુક્ષુ સદ્ગુરુ પાસે જઈ પ્રથમ પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લે છે અને ત્યારબાદ તે બતાવે તે માર્ગનો અંતઃકરણમાં દૃઢ અભ્યાસ કરીને આત્માનું અપરોક્ષજ્ઞાન એટલે આત્મસાક્ષાત્કાર કરી શકે છે. તે માટે મનનો વિલય કિંવા પ્રાણનો વિલય કરવો એવા બે જ માર્ગો છે. આ બંને પરસ્પર સાપેક્ષ ભાવો છે. એક હોય તો બીજો હોય છે અને એક ન હોય તો બંને હોતા નથી તેનું નામ સાપેક્ષ ભાવ કહેવાય છે; એટલે મનનો વિલય થાય તો પ્રાણનો નિરાસ અનાયાસે જ થાય છે તથા પ્રાણનો વિલય થાય તો મનનો નિરાસ પણ અનાયાસે જ થઈ જાય છે. આત્માનુભવની પ્રાપ્તિને અર્થે કરવામાં આવતા આ યોગ કિંવા અભ્યાસક્રમના બંને માર્ગોના મૂળમાં પ્રથમતઃ તો આ સર્વ આત્મસ્વરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ એવું નિશ્ચયાત્મક અને નિઃશંક પરોક્ષજ્ઞાન હોવું જ જોઈએ. આ પ્રકારના પરોક્ષજ્ઞાનનો દૃઢ નિશ્ચય જેઓને થયેલો હોતો નથી તેઓ અપરોક્ષજ્ઞાનને માટે અધિકારી નથી. તેવાઓએ તો આ પ્રકારના સર્વાત્મભાવરૂપ જ્ઞાનનો નિશ્ચય થતાં

---

* આત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર થયા પછી જીવન્મુક્તો લીલા તરીકે જે ધારણાભ્યાસ કરે છે તેનો સમાવેશ રાજયોગમાં થાય છે તેવી ધારણાઓ એ અભ્યાસ નહિ પરંતુ લીલારૂપ છે.

સુધી ચિત્તશુદ્ધિનાં સાધનો જ ચાલુ રાખવાં જોઈએ; પરંતુ જેઓને આ પ્રકારનું પરોક્ષજ્ઞાન થયેલું છે, તેવાઓએ મનોપાસના અથવા પ્રાણોપાસના એ બે પૈકી પોતાને જે ઉચિત લાગે તે માર્ગનો આશ્રય લઈ તેનો દૃઢ અભ્યાસ કરી પ્રથમ ચિત્તશુદ્ધિ કરી લેવી અને પછી જ પરોક્ષ અને અપરોક્ષ એ ક્રમે ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.

યોગ માર્ગ શા માટે કહ્યો ?

હે અર્જુન ! મારા અત્યારસુધીના વિવેચન ઉપરથી તને આત્મસ્વરૂપ એવા મારું પરોક્ષજ્ઞાન તો સારી રીતે થયેલું છે, વળી તેનો સાક્ષાત્કાર કરી લઈ અપરોક્ષજ્ઞાનની સિદ્ધિ કેવી રીતે થશે અને તે સંબંધનો અભ્યાસ કેવી રીતે કરવો, તે ક્રમ પણ તને કહેવામાં આવેલો છે. તેમાં આ સર્વ બ્રહ્મ છે કિંવા બ્રહ્મમાં નામરૂપાદિનું અસ્તિત્વ જ નથી, એવા પ્રકારનો અભ્યાક્રમ પ્રથમ કહેલો છે (જુઓ ઉપાસનાકાંડ, કિરણાંશ ૨૨ પાન ૫૭થી૫૯ તથા અધ્યાય ૨, શ્લો૦ ૩૯ પાન ૧૬૭થી ૧૬૯); તેમ કરવા જો તું શક્તિમાન ન હો તો મને શ્રીકૃષ્ણ એટલે શરીર રૂપે નહિ લેખતાં હું એટલે આત્મા છું એવા સર્વાત્મભાવ વડે સર્વ કર્મો અર્પણ કર (ભક્તિ માર્ગ). આ રીતે સાંખ્ય કિંવા જ્ઞાનયોગ અને *ભક્તિયોગ એમ બંને પ્રકારની ઉપાસના શી રીતે કરવી તેનું રહસ્ય તને બતાવેલું છે. તેમ જ ભવિષ્યમાં પણ પ્રસંગોપાત યથાતથ્યવત બતાવવામાં આવશે. પણ હે અર્જુન! અત્યારસુધીના માર્ગોનો સમાવેશ મનોપાસનાની અંદર થાય છે, તેથી તેને રાજમાર્ગ પણ કહે છે. તાત્પર્ય એ કે, વ્યવહારમાં જ્ઞાન કિંવા સાંખ્યયોગ તથા ભક્તિયોગ એમ બંને પ્રકારના અભ્યાસકોનો સમાવેશ મનોપાસનાની અંદર થાય છે તથા સાંખ્યયોગના પેટામાં કર્મયોગ, જ્ઞાનયોગ, ઇત્યાદિ વ્યવહારમાં જે પ્રચલિત નામોનો ઉપયોગ પ્રથમ (અધ્યાય ૨થી ૫માં) કરવામાં આવેલો છે તે સર્વ આવી જાય છે. આમ આત્માનું પરોક્ષજ્ઞાન થતાં સુધી જ્ઞાન કિંવા સાંખ્યયોગનો આશ્રય લીધા વગર છૂટકો જ થતો નથી અને પરોક્ષજ્ઞાન થયા પછી પણ દૃઢ નિશ્ચય વડે આ સર્વ આત્મા (બ્રહ્મ) છે, એવો સર્વાત્મભાવ કિંવા આત્મામાં કદી કાંઈ ઉત્પન્ન જ થયેલું નથી એવો નિઃશેષભાવ ઇત્યાદિ પ્રથમ બતાવી ગયા તે પ્રકારના સાંખ્ય અભ્યાસક્રમનો એટલે જ્ઞાનયોગનો આશ્રય લેવો પડે છે. કિંવા આ સર્વ પોતાના ઇષ્ટદેવતારૂપ જ છે એવા પ્રકારના ભક્તિમાર્ગના અભ્યાસક્રમનો આશ્રય લઈ તેમાં તદ્રૂપતા એટલે અપરોક્ષજ્ઞાન વા સાક્ષાત્કાર થતાં સુધી તે અભ્યાસક્રમ ચાલુ રાખવો પડે છે. સાંખ્ય (જ્ઞાન) તથા ભક્તિયોગ એ બંને પ્રકારોનો સમાવેશ મનોપાસનામાં થાય છે, જે ઉપર જણાવેલું જ છે; એટલે કે આ પ્રમાણેના અભ્યાસ વડે મનનો સંપૂર્ણ વિલય થઈ જાય છે તથા મનનો વિલય થતાં પ્રાણનો નિરાસ પણ તેની સાથે અનાયાસે જ થાય છે.

પ્રાણોપાસનાથી પણ સાક્ષાત્કાર થાય છે

હે અર્જુન! આરંભમાં (કિરણાંશ ૨૨ અધ્યાય ૨ તથા આ અધ્યાયના શ્લોક ૧ થી ૪ સુધી) તને અપરોક્ષ જ્ઞાનનો અભ્યાસક્રમ અર્થાત્ યોગ કહેવામાં આવેલો હોઈ પ્રસંગવશાત્ આગળ પણ કહેવામાં આવશે (અ૦ ૧૨, ૧૩, ૧૫, ૧૮ જુઓ); તેમજ આ અધ્યાયમાં સર્વત્ર આત્મરૂપ જોનાર જીવન્મુક્ત શી રીતે થઈ શકે છે, તે પણ ઉપર (શ્લોક ૫ થી ૯ પર્યંત) કહેવામાં આવેલું છે. હવે હું તને પ્રાણોપાસનાથી પણ બ્રહ્મસાક્ષાત્કાર કેવી રીતે થાય છે, તેનું રહસ્ય સંક્ષેપમાં કહું છું, તે સાંભળ. તેમ કરવામાં મારો ઉદ્દેશ એ છે કે આત્મપ્રાપ્તિના શાસ્ત્રમાન્ય એવા જેટલા માર્ગો છે, તે બધા તને કહેવાથી આ સમયને માટે તારે તે પૈકી કયા માર્ગનું અવલંબન કરવું ઉચિત છે, તેનો નિર્ણય તું પોતે પણ પોતાની મેળે કરી શકશે. પરંતુ સાથે સાથે મારે કહેવું જોઈએ કે, હવે હું તને જે આ પ્રાણોપાસનારૂપ યોગમાર્ગ બતાવવાનો છું તેનો અભ્યાસ કોઈ પાસે કેવળ સાંભળીને અથવા તો પુસ્તકો વાંચીને કદીપણ કરવો નહિ, પરંતુ તજ્જ્ઞ એવા યોગીની સાંનિધ્યમાં રહીને તેમની સેવા શુશ્રૂષા કરીને તે બતાવે તે પ્રમાણે જ નિયમિત રીતે કરવો. આ માર્ગના અભ્યાસમાં પણ સાંખ્યશાસ્ત્ર નિયમાનુસાર આ સર્વ આત્મા છે એવું પરોક્ષજ્ઞાન તો પ્રથમ પ્રાપ્ત કરવું પડે છે. વાસ્તવિક રીતે તો

* ભક્તિયોગ સંબંધે આગળના અધ્યાયોમાં વિસ્તૃત વિવેચન કરી બતાવવાને સ્પષ્ટતા કરેલી છે.

મનોપાસના કિંવા પ્રાણોપાસના એ બંનેને યોગમાર્ગ જ કહે છે, પરંતુ વ્યવહારમાં પ્રાણોપાસના માટે યોગમાર્ગ એ શબ્દ તથા મનોપાસના માટે રાજયોગ વા રાજમાર્ગ એ શબ્દ વધુ પ્રચલિત છે. યોગમાર્ગ(પ્રાણોપાસના)ને જ શાસ્ત્રકારો કર્મયોગ કહે છે. કેમ કે કર્મ થવાં એ પ્રાણનું કાર્ય છે. શરીરની હલનચલનાદિ તમામ ક્રિયાઓ પ્રાણવાયુના આધારે જ થાય છે. આથી પ્રાણવાયુનો વિલય કરવાની ક્રિયા કરવી એને જ મુખ્યત્વે કર્મયોગ એવી શાસ્ત્રમાં સંજ્ઞા છે. અત્યાર સુધી (અધ્યાય ૨ થી ૫)માં જ્ઞાનયોગ અને કર્મયોગ એવી સંજ્ઞાથી જે બે ભેદો ક્રમે નિઃશેષ અને સર્વાત્મભાવના અભ્યાસની યુક્તિરૂપે કહેવામાં આવેલા છે: તે મનોપાસનાની અંતર્ગત આવેલા સાંખ્ય વા જ્ઞાન માર્ગની દૃષ્ટિએ છે, તે ધ્યાનમાં રાખવું. આ પ્રાણોપાસનાની અંદર સ્થાન, આસન, મુદ્રા, દેશ, કાળ અને ક્રિયા વગેરેની ઘણી જ આવશ્યકતા હોય છે. હવે હું તને પ્રથમ સાધકે કરવાના અભ્યાસની પદ્ધતિ સંક્ષેપમાં કહું છું

સાધકે કરવાની અભ્યાસની રીતિ

સાધકે બને ત્યાં સુધી રાત્રીના છેલ્લા પહોરે એટલે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી પરમાત્માનું ધ્યાન કરવું. જમણા પગને ડાબા સાથળ ઉપર ને ડાબા પગને જમણા સાથળ ઉપર ચત્તા રાખી વીરાસન નામના આસન ઉપર અથવા પદ્માસન, સિદ્ધાસન, સહજાસન ઇ.યાદિ પોતાને અનુકૂળ હોય એવું ગમે તે આસન લગાવી, હડપચીને છાતી સાથે અડાડી, નેત્રો બંધ કરી ચિત્તને સત્ત્વગુણમાં સ્થિત રાખી (જોડી) શરીરને તદ્દન સ્થિર કરી અત્યંત નિશ્ચલ થઈને બેસવું. આ રીતે કિંવા પોતાને જે આસન અને મુદ્રાનો અભ્યાસ હોય તે પ્રમાણે બેસવું, બાદ મન સહિત દરેક સૂક્ષ્મ અને સ્થૂલ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પરાવૃત્ત કરી કેવળ એક આત્મામાં જોડવી (આત્માકાર કરવી). આસન અતિ ઊંચું પણ નહિ ને અતિ નીચું પણ નહિ, એવું હોવું જોઈએ. સૌથી પ્રથમ દર્ભાસન, તે ઉપર મૃગચર્મ, તે ઉપર કમ્બલનું આસન અને સૌથી ઉપર ધૌત વસ્ત્ર (સુતરનું) બિછાવવું. આ પ્રકારના આસન ઉપર બેસી સાધકે બે કે ત્રણ પ્રાણાયામ કરવા. તે સમયે હૃદયમાં દીપકની જેમ રહેલા પરમાત્માનું ધ્યાન કરવું. એ મુજબ સાધકે અંતઃકરણને તદ્દન શુદ્ધ કરી કેવળ એક પરમાત્મામાં જ ધારણા કરી કંટાળ્યા સિવાય તદ્રૂપ થતાં સુધી દૃઢ નિશ્ચયથી પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો.

પ્રાણાયામમાં પડતા છ પ્રકારો

અભ્યાસને લીધે પડતા છ ભેદો વડે પ્રાણાયામ છ પ્રકારના કહ્યા છે. (૧) સધૂમ, (૨) વિધૂમ, (૩) સગર્ભ, (૪) અગર્ભ, (૫) સલક્ષ્ય અને (૬) અલક્ષ્ય; આ છ તેમાં પડતા મુખ્ય ભેદો છે. (૧) અભ્યાસની શરૂઆત કરવામાં આવે તે વખતે જે પ્રાણાયામમાં શ્વાસ એકદમ ભરાઈ જાય છે તેવા અત્યંત દૂષિત પ્રાણાયામને સધૂમ કહેવામાં આવે છે; (૨) આમ ધીરે ધીરે અભ્યાસ થવાથી શ્વાસને વધારે વાર રોકી શકાય અને ચિત્તની ચંચળતામાં પણ કંઈક અંશે સ્થિરતા થવા પામે તે વિધૂમ પ્રાણાયામ કહેવાય; આ બંને પ્રાણાયામ કનિષ્ઠ કોટીના ગણાય છે. કેમકે તેમાં ચિત્તની વ્યાકુળતા હોય છે. ત્યારબાદ અતિશય અભ્યાસ વડે ચિત્ત સ્થિર થતાં જે પ્રાણાયામ સિદ્ધ થાય છે, તે મધ્યમ પ્રાણાયામ કહેવાય છે; તેમાં (૧) સગર્ભ અને (૨) અગર્ભ, એવા બે પ્રકારો છે. જેમાં ૐ યા ઇષ્ટ દેવતાનો મંત્ર જાપ સાથે ચાલુ હોય છે તે સગર્ભ અને મંત્ર જાપ વગરનો પ્રાણાયામ અગર્ભ છે. આ મધ્યમ પ્રાણાયામની સિદ્ધતા થયા પછી અતિશય અને દૃઢ યત્નપૂર્વકનો અભ્યાસ થતાં જેમાં શ્વાસ લાંબો વખત સ્થિર થઈ શકે, તેને અંદર ને અંદર ગ્રહણ કરવો, રોકી રાખવો કે છોડવાની ક્રિયા ઇચ્છા પ્રમાણે કરી શકાય; શ્વાસોચ્છ્વાસ દીર્ઘકાળ પર્યંત ટકી શકે તથા ચિત્ત અત્યંત સ્થિર થઈ શકે છે, તે ઉત્તમ પ્રકારનો પ્રાણાયામ કહેવાય છે. તેમાં પણ (૧) સલક્ષ્ય, અને (૨) અલક્ષ્ય, એવા બે ભેદો છે. જેમાં વૃત્તિને પ્રયત્ન વડે તદાકાર બનાવી પડે છે તે સલક્ષ્ય અને કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના સ્વભાવિક રીતે જ વૃત્તિ પરમાત્મસ્વરૂપમાં સ્થિત રહે છે, તે અલક્ષ્ય પ્રાણાયામ છે. આ પ્રાણાયામ એ જ યોગનું અંતિમ લક્ષ્ય છે. આ ધ્યેયની પ્રાપ્તિ કરનારને યોગી કહેવામાં આવે છે.

પ્રાણાયામનો અભ્યાસ કેવી રીતે કરવો ?

પૂરક, કુંભક અને રેચક, એવા ભેદથી પ્રાણાયામ ત્રણ પ્રકારનો છે. આ પૂરક, કુંભક અને રેચક અનુક્રમે ॐકારના અકાર, ઉકાર અને મકાર એમ ત્રણ વર્ણરૂપ છે. પરબ્રહ્મસ્વરૂપ સચ્ચિદાનંદઘન પરમાત્મા જ પ્રણવ એટલે ॐકારરૂપ હોઈ પ્રાણાયામ પણ પ્રણવ–ॐકાર–રૂપ છે. તેથી પ્રાણાયામને પરમાત્મા કહેલ છે. ઇડા નામની નાડી ડાબા નાકદ્વારા વહી શરીરના ડાબા પડખે તથા પિંગલા નામની નાડી જમણા નાકદ્વારા વહી શરીરના જમણા પડખે વહેતી રહે છે. વચ્ચે સુષુમ્ણા નામની નાડી છે. આ ત્રણે નાડી ક્રમે ચંદ્ર, સૂર્ય, અને અગ્નિરૂપ છે. સાધકે ધીરે ધીરે અભ્યાસ વડે ઇડા નાડીદ્વારા સોળથી ચોસઠ વખત મકારનો સ્વાભાવિક રીતે ઉચ્ચાર થતાં સુધી બહારથી અંદર શ્વાસ (નિઃશ્વાસ) લઈ તે વડે હૃદયાકાશ સુધીના ભાગને પૂરી નાંખવો, અને ત્યાર પછી ઉકારનું બત્રીશથી એકસો અઠાવીસ વાર સ્વાભાવિક રીતે ઉચ્ચારણ થાય ત્યાં સુધી એ વાયુને હૃદયાકાશમાં રોકી કુંભક એટલે સુષુમ્ણામાં સ્થિર કરવો. પછી અકારનો સ્વાભાવિક રીતે સોળથી ચોસઠ વખત ઉચ્ચાર થાય એટલા વખતમાં અંદર રોકેલા વાયુને બહાર કાઢવોઃ આ વિલોમ પ્રકાર છે. આથી ઉલટો પ્રકાર અનુલોમ સમજવો (આ સંબંધમાં વધુ સ્પષ્ટતા માટે પૃષ્ઠ ૩૪૦/૩૪૧ જુઓ).

આ પ્રમાણે સહજાદિ છ પ્રકારના પ્રાણાયામો સિદ્ધ થયા પછી છ ચક્રોનો ભેદ કરી કુંડલિની શક્તિને બ્રહ્મરંધ્રમાં સ્થિત કરી ચિત્તને આત્માકાર બનાવી સંપૂર્ણપણે તદ્રૂપ બની રહેવું એ જ યોગની અંતિમ મર્યાદા છે. આ સંબંધમાં વધુ સ્પષ્ટતા નીચેના વિવેચનથી જાણી શકાશે.

પ્રાણોપાસકે પણ સતત આત્માનુસંધાન તો રાખવું જ જોઈએ

હે પાર્થ! પ્રથમ તો પ્રાણોપાસના કરનાર યોગીએ પણ પોતાના મતચિત્ત એટલે આ ચિત્તને એકાકી એટલે એક એવા આત્મામાંથી જરા પણ ચલાયમાન થવા નહિ દેતાં સતત આત્મામાં જ સ્થિર કરવું જોઈએ. આ રીતે જેને આત્મા સિવાય બીજી કોઈ પણ ઇચ્છા જ નથી એવો નિરાશી એટલે આશાથી તદ્દન રહિત જે આત્મા સિવાય બીજા કશાનો પણ પરિગ્રહ કરતો નથી અર્થાત્ આત્મા વગર બીજા કશાનું પણ ગ્રહણ કરતો નથી, તેવો પરિગ્રહ એટલે સંગ્રહથી રહિત અને જેનું ચિત્ત સતત એક આત્મામાં જ પરોવાયેલું એટલે આત્માનુસંધાનમાં જ સ્થિર થયેલું છે, એવા પ્રકારનો યોગી આ અભ્યાસને માટે યોગ્ય ગણાય છે. આવા યોગીએ એકાંતમાં એકલા રહી અંતઃકરણને નિયમમાં રાખવું, એટલે કે અંતઃકરણમાં આત્મા વિના બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે તેવી રીતની દક્ષતા રાખવી. આશારહિત અને સંગ્રહ વિનાના આ યોગીએ ચિત્તને સતત એક આત્મામાં જ સ્થિર કરવું જોઈએ.

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।

नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।

उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥

પ્રાણોપાસનાના નિયમો

શ્રીકૃષ્ણ ભગવાન કહે છેઃ હે અર્જુન! આ પ્રાણોપાસનામાં સ્થાન, કાળ, આસન, યમ, નિયમ, નિયમિતતા, યુક્ત આહાર વિહાર ઇત્યાદિની ખાસ જરૂર છે; કારણ કે તેના પાલન વડે ચિત્તશુદ્ધિ થઈ અંતે બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એવા આ (સબીજ) યોગનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છેઃ (૧) સ્વધર્મપાલન

કરવું, (૨) અધર્મનો ત્યાગ કરવો, (૩) દૈવગતિથી જે મળે તેમાં સંતોષ રાખવો, (૪) આત્માના અપરોક્ષ અનુભવી એવા મહાત્માઓના ચરણોનું સેવન કરવું, (૫) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પ્રકારના પુરુષાર્થથી નિવૃત્તિ પામવી, (૬) મોક્ષ એ જ એક ધ્યેય રાખવું, (૭) થોડું અને પવિત્ર ભોજન કરવું, (૮) નિરંતર એકાંત તથા નિર્ભયસ્થાનમાં રહેવું, (૯) કોઈને પણ પીડા કરવી નહિ, (૧૦) સત્ય બોલવું, (૧૧) અસ્તેય એટલે ચોરી નહિ કરવી, (૧૨) તદ્દન જરૂર પુરતો સંગ્રહ જ પાસે રાખવો, (૧૩) બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, (૧૪) તપ કરવામાં જ એકનિષ્ઠા રાખવી, (૧૫) પવિત્રતા રાખવી, (૧૬) સ્વાધ્યાય એટલે સત્ શાસ્ત્રના પાઠનો નિયમ રાખવો (૧૭)ભગવાનની સેવા કરવી,(૧૮)મિથ્યા ભાષણ કરવું નહિ,(૧૯)સારા પ્રકારનું આસનવાળી તેમાં ચિરકાળ બેસવાનો ધીરે ધીરે અભ્યાસ કરી તેમાં સ્થિરતા સંપાદન કરવી, (૨૦) મન વડે સર્વ ઇંદ્રિયોને વિષયોમાંથી પાછી વાળી તેમની તમામ વૃત્તિઓને અંતઃકરણમાં કેવળ એક આત્માકાર જ રાખવી, (૨૧) શરીરમાં પ્રાણ ધારણ કરવાના મૂલાધારાદિ જે સ્થાનકો છે તે પૈકી ગમે તે એકમાં પ્રાણનું ધારણ કરવું, (૨૨) આ સર્વ બાહ્ય વસ્તુઓ પણ આત્મસ્વરૂપથી અભિન્ન છે, એવા પ્રકારે હંમેશ ધ્યાન કરવું અને આ રીતે મનને નિત્ય બ્રહ્માકાર જ રાખવું એ; અને એવા પ્રકારના પોતાને અનુકૂળ એવા બીજા ગમે તે માર્ગો વડે, મન કે જે અતિ ચંચળ અને દુષ્ટ માર્ગે ચાલનારું છે, તેને બુદ્ધિના વિવેક વડે ધીરે ધીરે વશ કરવું. આળસને છોડી દઈ પ્રાણાયામના અભ્યાસથી પ્રાણોને વશ કરવા એક આસન ઉપર સ્થિરતાથી બેસવાનો અભ્યાસ કરવો.

યોગાભ્યાસ કરવાનું સ્થાનક

શહેરની વસ્તીથી દૂર એકાંતમાં સુંદર અરણ્ય અને પાણીની તાણ ન હોય તથા વધુ શ્વાપદો (શિકારી પ્રાણી)નો પણ ત્રાસ ન હોય એવા એકાંત સ્થાનમાં પર્ણકુટિ બનાવવી. જ્યાં વ્યાવહારિક અને વિષયી લોકોનો જરા પણ સંસર્ગ ન હોય એવા પવિત્ર સ્થળે નિવાસ માટેનું એ સ્થાનક તૈયાર કરી તે સ્થાનમાં એક જગાએ અતિ ઊંચું પણ નહિ અને અતિ નીચું પણ નહિ એવા પ્રકારનું બેસવાને માટે એક સ્થિર સ્થાનક બનાવવું. જ્યાં વધુ હવા પણ નહિ આવે અને હવા તદ્દન બંધ પણ નહિ હોય, પ્રકાશ વધારે પડતો ન હોય અને તદ્દન અંધકાર પણ નહિ હોય એવા પ્રકારની તૈયાર કરેલી બેઠકમાં સૌથી નીચે પ્રથમ દર્ભાસન, તેના ઉપર મૃગચર્મ (હરણ, વ્યાઘ્ર અથવા સિંહના ચામડાને પણ મૃગચર્મ કહે છે) અને સૌથી ઉપર સ્વચ્છ વસ્ત્રનું સફેદ આસન પાથરવું.

આસનોના નામો

આ રીતે આસન પાથરી તે ઉપર (૧) સિદ્ધાસન (ગુપ્તાસન, મુક્તાસન), (૨) પદ્માસન, (૩) સ્વસ્તિકાસન, (૪) ભદ્રપદ્માસન, (૫) યોગમુદ્રાસન, (૬) લોલાસન, (૭) કુક્કુટાસન, (૮) બકાસન, (૯) શક્તિઆસન, (૧૦) અર્ધઉત્તાનપાદાસન. (૧૧) ઉત્તાનપાદાસન, (૧૨) સર્વાંગાસન (વિપરીત કરણી), (૧૩) હલાસન, (૧૪) કર્ણપીડનાસન, (૧૫) પશ્ચિમોત્તાનાસન, (૧૬) ભુજંગાસન, (૧૭) અર્ધ શલભાસન, (૧૮) શલભાસન, (૧૯) ધનુરાસન, (૨૦) ઉષ્ટ્રાસન, (૨૧) વજ્રાસન, (૨૨) સુપ્ત વજ્રાસન, (૨૩) મત્સ્યાસન, (૨૪) અર્ધ-મત્સ્યેન્દ્રાસન, (૨૫) મત્સ્યેન્દ્રાસન, (૨૬) ગોરક્ષાસન (ભદ્રાસન), (૨૭) જાનુશિરાસન, (૨૮) પવન્મુક્તાસન, (૨૯) આકર્ણ ધનુરાસન, (૩૦) મયૂરાસન, (૩૧) હંસાસન, (૩૨) વૃશ્ચિકાસન, (૩૩) શીર્ષાસન, (૩૪) વૃક્ષાસન, (૩૫) તાડાસન, (૩૬) પાદાંગુષ્ઠાસન, (૩૭) કંદપીડનાસન, (૩૮) સિંહાસન, (૩૯) ગોમુખાસન, (૪૦) વીરાસન, (૪૧) મૃતાસન, (શવાસન કે શવાસન,) (૪૨) કૂર્માસન, (૪૩) મંડૂકાસન, (૪૪) ઉત્તાનમંડૂકાસન, (૪૫) દઢાસન; (૪૬) એકપાદ શિરાસન (એકહસ્ત ભુજાસન), (૪૭) દ્વિપાદશિરાસન (દ્વિહસ્ત ભુજાસન), (૪૮) એકપાદ શીર્ષાસન, (૪૯) દ્વિપાદ શીર્ષાસન, (૫૦) પ્રાણાસન, (૫૧) ભૂજંગનાસન, (૫૨) પર્વતાસન, (૫૩) ગરુડાસન, (૫૪) ત્રિકોણાસન, (૫૫) ચક્રાસન, (૫૬) ગર્ભાસન (ઉત્તાનકૂર્માસન), (૫૭) ઉત્કટાસન, (૫૮) યોન્યાસન, (૫૯) અપાનાસન, (૬૦) સમાનાસન, (૬૧) કોકિલાસન, (૬૨) મકરાસન, (૬૩) વાતાયનાસન, (૬૪) પ્રાર્થનાસન, (૬૫) પર્વકાસન, (૬૬) આનંદમંદિરાસન, (૬૭) ગ્રંથિભેદનાસન, (૬૮) વૃષાસન, (૬૯)

ચતુષ્કોણાસન, (૭૦) ઋષ્ટિકાસન, (૭૧) અધ્વાસન, (૭૨) મુક્તહસ્ત શીર્ષાસન, (૭૩) દ્વિપાદ પાર્શ્વાસન, (૭૪) ધીરાસન, (૭૫) વામશ્વાસ ગમનાસન, (૭૬) સ્થિતિવિવેકાસન, (૭૭) ઉત્થિતવિવેકાસન, (૭૮) વામતકાસન (૭૯) નિઃશ્વાસાસન, (૮૦) તોલાંગુલાસન, (૮૧) ઊર્ધ્વ પદ્માસન, (૮૨) સ્થિરાસન (શિષ્ટાસન), (૮૩) વ્યાઘ્રાનન, (૮૪) કાર્મુકાસન, ઇત્યાદિ અનેક આસનો પૈકી મુખ્ય એવા ચોરાશી આસનોમાંથી પોતાને અનુકૂળ હોય તેવા ગમે તે એક આસનથી બેસવું. ચિત્ત અને ઇંદ્રિયોની તમામ ક્રિયાઓને આત્મામાં રોકી મનને એકાગ્ર કરવું, એટલે મનને એક આત્મામાં જ રોકેલું રાખીને આત્મશુદ્ધિ એટલે આત્માના અપરોક્ષજ્ઞાનને માટે આ પ્રાણોપાસનારૂપ યોગનો અભ્યાસ કરવો પડે છે.

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३॥
प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥

યોગાભ્યાસમાં શરીર સ્થિર રાખવું

આ રીતે યોગાભ્યાસ કરનારે કાય એટલે કેડથી ગળા સુધીનો સર્વ ભાગ (બેસવું) તથા ગળું અને માથું એ સર્વને તદ્દન સમ એટલે સીધા રાખી, સહેજ પણ હાલ્યા ચાલ્યા વિના તદ્દન અચલ થઈને બેસવું અર્થાત્ શરીરને એકદમ સીધું અને પહાડની જેમ તદ્દન સ્થિર કરી દેવું. આ મુજબ કેડથી તે માથાના અગ્રભાગ (શિખા) સુધીનો તમામ ભાગ એક સરળ રેખામાં સ્થિર કર્યા બાદ દૃષ્ટિને નાકના અગ્રભાગ ઉપર જ સમ રાખવી, એટલે નાસિકાના અગ્રભાગ વગર બીજી કોઈ પણ દિશાઓ તરફ નજરને આમથી તેમ જવા દેવી નહિ. જેનું ચિત્ત તદ્દન શાંત બનેલું છે અને જે તદ્દન નિર્ભય બની ગયેલો છે તથા જે બ્રહ્મચર્ય વ્રતમાં એટલે કેવળ બ્રહ્મના આચરણમાં જ સ્થિર થયેલો છે; જે મચ્ચિત્ત છે, એટલે કે જેણે પોતાનું ચિત્ત નિત્યપ્રતિ આત્મ(બ્રહ્મ)સ્વરૂપ એવા મારા(શ્લોક ૧)માં જ પરોવેલું છે અને જે મત્પરાયણ છે; એટલે કે તત્ (આત્મ)રૂપ એવો જે હું (શ્લોક ૧) તેમાં જ નિત્ય રમમાણ થયેલો છે; તેણે પોતાના ચિત્તને આત્મામાંથી સહેજ પણ ઢળવા નહિ દેતાં નિત્ય મારામાં એટલે આત્મામાં જ જોડેલું રાખવું.

પ્રાણોપાસકે પણ સર્વત્ર આત્મભાવનો જ નિશ્ચય રાખવો

ભગવાન કહે છે: હે અર્જુન! આમ કહેવામાં મારો ઉદ્દેશ એ છે કે, પ્રાણોપાસના કરનારે પણ "હું એટલે આત્મા છું." એવા પ્રકારની ભાવનાનો નિત્યપ્રતિ મનમાં દૃઢ નિશ્ચય રાખવો જોઈએ. જ્યાંસુધી અંતઃકરણમાં તેવો નિશ્ચય ન હોય ત્યાંસુધી તે ગમે તેટલી ઉપાસનાઓ કરે, પછી તે પ્રાણોપાસના હો કે મનોપાસના હો, તોપણ તેની સિદ્ધિ કદી પણ થતી નથી; માટે પ્રાણોપાસકનો પણ પ્રથમ આ સર્વ આત્મસ્વરૂપ છે એવો દૃઢ નિશ્ચય તો હોવો જ જોઈએ, એ તું ભૂલીશ નહિ. આ પ્રમાણેની ભાવના રાખી જે ઉપાસના ચાલુ રાખે છે એટલે જે ચિત્તને નિત્ય આત્મામાં જ જોડેલું રાખે છે, આત્મા સિવાય ચિત્તમાં બીજા કશાનું મનન જ થવા દેતો નથી, આ રીતની ઉપાસના વડે મનને વશ રાખનારો યોગી, હું કે જે કેવળ અનિર્વચનીય એવો આત્મા (શ્લોક ૧) છું, તેવા મારા સ્વરૂપમાં એક થવારૂપ પરમ નિર્વાણની ઉત્કૃષ્ટ શાંતિને પામે છે. ઉદ્દેશ એ છે કે, પ્રાણોપાસના હો કે મનોપાસના હો તોપણ તે બંનેમાં અંતઃકરણની અંદર સર્વત્ર આત્મભાવનાનો દૃઢ નિશ્ચય તો હોવો જ જોઈએ, એ વાત તદ્દન નિર્વિવાદ છે; એટલે તને મેં અત્યાર સુધી જે જ્ઞાનમાર્ગ અખત્યાર કરવાનું જણાવ્યું છે તેનું અવલંબન થવાથી તારે બધી ખટપટોમાં

પડવાની જરૂર જ રહેતી નથી; વળી આ ચાલુ કટોકટીને પ્રસંગે તે કરવાનો તને સમય પણ ક્યાં છે? સિવાય તું બુદ્ધિશાળી હોઈ મારો પ્રિય *સખા છે, તેથી અત્યંત ગૂઢમાં ગૂઢ એવું આ રહસ્ય મેં તને કહ્યું છે; વળી મનોપાસના અથવા પ્રાણોપાસના કરો, આ બંને માર્ગોમાં યા તો ગમે તે માર્ગમાં સર્વત્ર આત્મદૃષ્ટિની પ્રથમ ખાસ જરૂર હોય છે; એ પણ સારી રીતે તારા જાણવામાં આવ્યું છે. આ તત્ત્વ મેં તને કાંઈ નવું જ કહ્યું એમ નથી, તમામ શાસ્ત્રો પોકારી પોકારીને એ જ કહી રહ્યાં છે; માટે તમામ સંશયોને છોડી દઈ મેં કહેલા માર્ગનું જ તું અવલંબન કર.

યોગ શબ્દની સિદ્ધતા

પ્રાણોપાસનાની અંતર્ગત આવેલા આ હઠયોગ સંબંધમાં ઉપર મુખ્ય મુખ્ય બાબતો ભગવાને કહેલી છે, સૂક્ષ્મ ભેદો કહ્યા જ નથી, તેનો સંક્ષેપમાં વિચાર કરીશું. **युज्** ધાતુ પરથી યોગ શબ્દ સિદ્ધ છે. **"युज्यतेऽसौ योगः"** જે યુક્ત કરે અર્થાત્ દ્વૈતભાવ મટાડીને એકરૂપ કરે તે યોગ; એટલે કે યોગશાસ્ત્રમાં પણ ચિત્તવૃત્તિઓના એકાકારરૂપ નિરોધને જ યોગ કહેવામાં આવેલો છે. **योगश्चित्तवृत्तिनिरोधः** (પાતંજલયોગ સમાધિપાદ સૂત્ર ૨ જુઓ) ચિત્તની વૃત્તિઓનું ઉત્થાન થવા નહિ દેતાં તેને આત્મા સાથે જોડી દેવી તેને જ યોગ કહે છે. શ્રુતિમાં પણ યોગનું લક્ષણ આ પ્રમાણેનું જ છે. જ્યારે મન સહિત પાંચ જ્ઞાનેંદ્રિયો તદ્દન એક આત્મભાવમાં જ સ્થિર થઈ જાય છે અને બુદ્ધિ આત્મામાંથી કદી પણ ચલાયમાન થતી જ નથી, ત્યારે તેને સૌથી ઉચ્ચ પરમગતિની અવસ્થા પ્રાપ્ત થઈ એમ કહેવામાં આવે છે. આ મુજબ ઇંદ્રિયોની તદ્દન નિશ્ચળ ધારણા થવી તેને જ યોગ કહે છે (કઠોપનિષદ અ૦ ૨, વલ્લી ૩, મં૦ ૧૦-૧૧ માં પણ યોગનું લક્ષણ આ પ્રમાણેનું જ છે).

યોગશાસ્ત્રમાં કહેલી ચિત્તની પાંચ ભૂમિકાઓ

યોગશાસ્ત્રમાં ચિત્તની કહેલી પાંચ ભૂમિકાઓ આ પ્રમાણેની છે : (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર તથા (૫) નિરુદ્ધ. એ પાંચેમાં પણ અંતિમ તો નિરુદ્ધાવસ્થા જ છે; વળી કલેશ ઉત્પન્ન કરનારી અને નાશ તરફ લઈ જનારી બાહ્ય વૃત્તિઓ અનેક પ્રકારની છે, પરંતુ તેમાં પણ મુખ્ય એવી પાંચ જ છે: (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ. અભ્યાસ અને વૈરાગ્ય વડે આ તમામ વૃત્તિઓનો નિરોધ થઈ શકે છે. વૃત્તિઓને આત્મામાં વશ રાખવાનો પ્રયત્ન કરવો તેનું નામ જ **અભ્યાસ.** લાંબો કાળ તેવો અભ્યાસ કરવાથી તે પાકો થાય છે. વૈરાગ્ય બે પ્રકારના છે. (૧) વશીકાર અને (૨) પર. (૧) જોવામાં આવતા તથા સાંભળવામાં આવતા વિષયોમાં કોઈપણ પ્રકારની જેને કિંચિન્માત્ર પણ તૃષ્ણા હોતી નથી તે વશીકાર વૈરાગ્ય કહેવાય છે. વેદાંત પરિભાષા પ્રમાણે આનું નામ જ પરોક્ષજ્ઞાન છે, (૨) પુરુષ એટલે આત્મા(વૃક્ષાંક ૧)ના સાક્ષાત્કાર વડે તમામ પ્રકારની તૃષ્ણાઓથી રહિત બની અંતે ત્રણ ગુણોથી પર થઈ જવું. એટલે અહં(વૃક્ષાંક ૩) એવી સ્ફૂર્તિનો પણ ઉદય થવા નહિ દેવો એ રીતની તદ્દન નિશ્ચળ ભાવનામાં સ્થિતિ થતી તે પર વૈરાગ્ય કહેવાય. વેદાંતીઓની પરિભાષા પ્રમાણે આનું નામ જ અપરોક્ષજ્ઞાન અથવા સાક્ષાત્કાર છે. જેને તીવ્રતર વૈરાગ્ય થયેલો હોય છે તેને આત્મપ્રાપ્તિનો લાભ તત્કાળ થાય છે, તેને બીજા કોઈ પણ સાધનની અપેક્ષા હોતી નથી. કોઈ કોઈ સમયે ઈશ્વરના પ્રસાદથી પણ આત્મજ્ઞાનનો લાભ થાય છે (વધુ માટે પાતંજલયોગ, સમાધિપાદ જુઓ). હઠયોગશાસ્ત્રકાર સમાધિ થવાને માટે (૧) તપ, (૨) સ્વાધ્યાય અને (૩) ઈશ્વરપ્રણિધાન એટલે ચિત્તને નિત્ય ઈશ્વરમાં જ પરોવવું કિંવા હું તમામ દૃશ્યાદિનો દ્રષ્ટા છું

---

* સખા શબ્દની વ્યાખ્યા શાસ્ત્રમાં આ પ્રમાણેની કહેલી છે: સ્વભાવથી જ હિત ઇચ્છનારો, સુહૃદ: (શુદ્ધ હૃદયનો) સ્નેહ થયા પછી હંમેશા ઉપકાર કરનારો મિત્ર અને સમાનપણાને લીધે જેની મૈત્રી બંધાય છે તે સખા કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન અનુક્રમે નારાયણ અને નરના અવતારો હતા, તેથી તે બંને સમાન જ હોવાથી સખા કહેવાય છે.

એ રીતે હંમેશ સાક્ષીભાવમાં સ્થિત થઈ રહેવું; એ મુજબ ત્રણ ઉપાયો બતાવે છે. વળી (૧) અવિદ્યા, (૨) અસ્મિતા, (૩) રાગ, (૪) દ્વેષ અને (૫) અભિનિવેશ અર્થાત્ દેહ એટલે જ "હું" એવી દૃઢભાવના, એ પાંચ ક્લેશ કહેલા છે. અવિદ્યા એટલે અનિત્યમાં નિત્યબુદ્ધિ થવી તથા નિત્યમાં અનિત્યબુદ્ધિ થવી, અપવિત્રમાં પવિત્ર તથા દુઃખને જ સુખ સમજવું તેમ જ અનાત્મામાં આત્મબુદ્ધિ થવી તે. વેદાંતીઓની જે માયા તેને જ હઠયોગ શાસ્ત્રકાર મહર્ષિ પતંજલિ[1] અવિદ્યા કહે છે. ઉદ્દેશ એ છે કે, આ પ્રાણોપાસના અને મનોપાસનામાં ફક્ત બાહ્યક્રિયામાં જ ભેદ દેખાય છે, પરંતુ આંતરક્રિયામાં તત્ત્વતઃ કિંચિન્માત્ર પણ ભેદ નથી.[2]

યોગમાર્ગમાં આવશ્યક બાબતો

આ પ્રાણોપાસના પૈકી અષ્ટાંગયોગ માર્ગનાં (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સમાધિ. એ મુજબ આઠ અંગો છે. [૧] **યમઃ** (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય, અને (૫) અપરિગ્રહ એ પાંચ પ્રકારનાં યમ છે. [૨] **નિયમ.** (૧) **શૌચ**, (૨) સંતોષ, (૩) તપ, (૪) સ્વાધ્યાય અને (૫) ઈશ્વરપ્રણિધાન વા ઈશ્વરાર્પણ એ પાંચ નિયમો છે. [૩] **આસનઃ** આસનો ઘણાં પ્રકારનાં છે, તેમાં ચોરાશી મુખ્ય હોઈ તેમાં પણ (૧) સિદ્ધાસન, (૨) પદ્માસન, (૩) સ્વસ્તિકાસન અને (૪) સિંહાસનને મુખ્ય માનવામાં આવે છે (ચોરાશી આસનોના માટે પાછલું પાનું ૬૩૬ જુઓ). [૪] **પ્રાણાયામઃ** પ્રાણાયામમાં ઉપયોગી એવી મુખ્ય ક્રિયાઓ નીચે મુજબ છે: (અ) **ષટ્કર્મઃ** (૧) **નેતિ**, (૨) **ધૌતિ**, (૩) **વસ્તિ**, (૪) **નૌલિ**, (૫) **ઘર્ષણ**, (કપાલભાતિ), અને (૬) **ત્રાટક;** આ છને ષટ્કર્મ કહે છે, (આ) **પ્રાણાયામના મુખ્ય ભેદોઃ** (૧) સૂર્યભેદન, વિલોમ, (૨) ઉજ્જયી, (૩) સીત્કારી, (૪) શીતલી, (૫) ભસ્ત્રિકા, (૬) મૂર્છા, (૭) ભ્રામરી અને (૮) પ્લાવિની. (ઇ) **વિશેષ પ્રાણાયામઃ** જેને મુદ્રા કહે છે તે મુદ્રાઓના પ્રકારઃ (૧) મહામુદ્રા, (૨) મહાબંધ, (૩) મહાવેધ, (૪) વિપરીતકરણી, (૫) તાડન, (૬) પરિધાનયુક્તિથી પરિચાલન, (૭) શક્તિચાલન, (૮) ખેચરી અને (૯) વજ્રોલી. અષ્ટાંગયોગ પૈકી (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ અને (૫) પ્રત્યાહાર, આ પાંચ અંગો શ્રમ એટલે હઠથી સાધ્ય હોવાને લીધે તેને હઠયોગ કહે છે. [૫] **પ્રત્યાહારઃ** એટલો ઊલટો આહાર (આગળ પાન ૬૬૩ જુઓ). [૬] **ધારણા**, [૭] **ધ્યાન** અને [૮] **સમાધિઃ** (૧) સંપ્રજ્ઞાત તથા (૨) અસંપ્રજ્ઞાત, એમ બે પ્રકારની સમાધિ છે આ ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણ અંગોને રાજયોગ કહેવામાં આવે છે. ધારણામાં સહાય એવી મુદ્રાઓઃ (૧) અગોચરી, (૨) ભૂચરી, (૩) ચાચરી, (૪) શાંભવી અને (૫) ઉન્મની; આ પાંચ મુદ્રાઓ તથા કેવળકુંભક, એ ધારણામાં ઉપયોગી છે. યોગમાર્ગમાં જેની જરૂર છે અથવા મુખ્ય મુખ્ય બાબતો ઉપર સંક્ષેપમાં આપવામાં આવેલી છે, તેની અંદર સર્વ હઠયોગમાર્ગનો સમાવેશ થઈ જાય છે, વિસ્તારભયે તેનું વધુ વિવેચન કરેલું નથી.

અ. પ્રમાણે આસન, મુદ્રા, ષટ્કર્મ ઇત્યાદિ થયા પછી ક્રમે ક્રમે ચક્રભેદનની રીતિ પ્રમાણે હઠ વડે પ્રાણ અપાનનો સંયોગ કરીને તેનો વિલય અંતે બ્રહ્મરંધ્રમાં કરવો પડે છે; તેમ થાય ત્યારે જ હઠયોગની પૂર્ણતા થઈ એમ કહેવાય. આ પ્રાણોપાસનાની અંતર્ગત આવેલા હઠયોગનો ઉપયોગ વાસ્તવિક રીતે તો કુંડલિનીનું ઉત્થાન થતાં સુધી જ છે; કુંડલિનીનું ઉત્થાન થયું એટલે ચિત્તશુદ્ધિ થઈ આગળ તો તેને રાજમાર્ગનું જ અવલંબન કરવું પડે છે.

આસન સ્થિરતાનું લક્ષણ

ઉપર કહેવામાં આવેલું જ છે કે, યોગીએ પવિત્ર નિવાસસ્થાનમાં આસન પાથરી તે ઉપર સિદ્ધાસન પદ્માસન, સ્વસ્તિકાસન અને સિંહાસન ઇત્યાદિ અનેક આસનોમાંથી ગમે તે એક આસન ઉપર બેસીને

૧, અત્રે સંક્ષેપમાં વિવેચન કરવામાં આવ્યું છે. વધુ માટે પાતંજલયોગદર્શન. હઠયોગપ્રદીપિકા, શિવસંહિતા, યોગશિખોપનિષદ, યોગકુંડલ્યુપનિષદ, યોગચૂડામણિ ઉપનિષદ યોગતત્ત્વોપનિષદ, ત્રિશિખિબ્રાહ્મણ ઉપનિષદ, વગેરે જુઓ.

૨, આસ ધ્યાન રાખવું કે, યોગશાસ્ત્રકારો બ્રહ્મ વા આત્માને જ ઈશ્વર એવી સંજ્ઞા વડે સંબોધે છે.

શરીરને સ્થિર રાખી પ્રાણાયામનો અભ્યાસ કરવો. આ રીતે અભ્યાસ કરતાં કરતાં પ્રયત્ન વગર જ જ્યારે અનંત અને અનિર્વચનીય એવા આત્મપદમાં સ્થિરતા થાય ત્યારે જ આસનસિદ્ધિ થઈ છે એમ જાણવું. જ્યારે દ્વૈતભાવનાઓ ત્રાસ આપતી નથી અને મન તદ્દન શાંત થઈ વૃત્તિ આત્માકાર બને છે, ત્યારે આસન સિદ્ધ થયું છે. એમ સમજવું.

રેચક અને પુરકની સમજ

આસન સિદ્ધ થયા પછી શ્વાસોચ્છ્વાસની ગતિનો વિચ્છેદ કરવામાં આવે છે તેને પ્રાણાયામ કહે છે. તેમાં (૧) રેચક (૨) પૂરક અને (૩) કુંભક, એવા ત્રણ પ્રકારો છે. કુંભકમાં અનુલોમ (લોમ) અને વિલોમ એવા મુખ્ય બે ભેદો પડે છે તેમાં વિલોમ કુંભક થતી વખતે પ્રાણવાયુની પૂરક, રેચકની ગતિઓ અનુલોમમાર્ગી હોય છે, તથા અનુલોમ કુંભક થતી વખતે, પ્રાણવાયુની પૂરક અને રેચકની ગતિઓ નીચે પ્રમાણે વિલોમમાર્ગી હોય છે. **રેચકઃ** અંદરના શ્વાસને નાસિકાદ્વારા બહાર છોડવાની જે વાયુની સ્થિતિ તેને બાહ્યવૃત્તિ અથવા રેચક કહે છે. **પૂરકઃ** બહારના શ્વાસને નાસિકાદ્વારા અંદર ખેંચવામાં આવે તેવા પ્રકારની જે વાયુની ગતિ તેને આંતરવૃત્તિ યા પૂરક કહે છે. **કુંભકઃ** જેમાં બહારના વાયુને અંદર ખેંચ્યા પછી પુનઃ બહાર કાઢવામાં આવે તે પહેલાં તેને અંદર જ રોકી રાખવામાં આવે છે, એવી જે વાયુની ગતિ તેને સ્તંભવૃત્તિ અથવા અનુલોમ કુંભક કહે છે, અને જ્યારે વિલોમ કુંભક થાય છે તે વખતે ઉચ્છ્વાસ એ પૂરક તથા નિઃશ્વાસ એ રેચક કહેવાય છે. પ્રાણવાયુની આ ગતિ તે અનુલોમ છે. સારાંશ, પ્રાણવાયુની ગતિ જ્યારે અનુલોમ હોય છે ત્યારે કુંભક વિલોમ થાય છે તેમ જ પ્રાણવાયુની વિલોમગતિ હોય છે ત્યારે કુંભક અનુલોમ થાય છે. જેમ ઘડો પૂર્ણ ભરાઈ જવાથી તેમાંનું જળ નિશ્ચળ રહે છે અને બિલકુલ છલકાતું નથી, તેવી જ રીતે શરીર વાયુથી પૂર્ણ થવાને લીધે તેમાંનો વાયુ પણ તદ્દન નિશ્ચળ થઈ જાય છે; તેની આવી સ્થિતિ એ જ સ્તંભવૃત્તિ અથવા કુંભક કહેવાય છે, તાત્પર્ય એ કે, અનુલોમ પ્રાણાયામમાં પૂરક એટલે પૂરી દેવું. પ્રાણ વા ઉચ્છ્વાસ; કુંભક એટલે ઉચ્છ્વાસ લીધા પછી તેને પકડી રાખવો તે અને રેચક એટલે ખાલી કરી નાંખવું, અપાન વા નિશ્વાસ એવો પ્રકાર હોઈ વિલોમમાં તેથી ઊલટો પ્રકાર છે.

લોમ અને વિલોમ કુંભકની સમજ

લોમ વિલોમ પ્રાણાયામ ભેદથી કુંભક પણ (૧) લોમ કિંવા અનુલોમ અને (૨) વિલોમ એમ બે પ્રકારના થાય છે; જે ઉપર જણાવેલું જ છે. તે બેમાં પ્રાણવાયુના પૂરક અને રેચક એ પ્રકારો ઊલટા સુલટી થાય છે. અનુલોમ પ્રાણાયામમાં ઉચ્છ્વાસ એ પૂરક કહેવાય નિઃશ્વાસ એ રેચક કહેવાય છે તથા વિલોમમાં નિઃશ્વાસ એ પૂરક તથા ઉચ્છ્વાસ એ રેચક ગણાય છે. આ રીતે પ્રાણવાયુના અનુલોમ પ્રકારે વિચાર કરતાં અનુલોમ અને વિલોમ કુંભકની સ્થિતિ નીચે પ્રમાણેની છે (૧) નાકદ્વારા બહારના શ્વાસને અંદર લીધા પછી રેચક ગતિએ થનારો પૂરક તથા અંદરના ઉચ્છ્વાસને બહાર છોડતાં થનારો પૂરક આ બે વચ્ચે અંદરના ભાગમાં એટલે હૃદયની અંદર વચલી સંધિમાં શ્વાસની જે સ્થિર સ્થિતિ હોય છે તે અનુલોમ પ્રકારનો કુંભક ગણાય છે, આને આંતર કુંભક પણ કહે છે; તથા (૨) પૂરક એટલે અંદરનો ઉચ્છ્વાસ બહાર છોડ્યા પછી અને ફરીથી બહારનો નિઃશ્વાસ અંદર લેવામાં આવે તે પહેલાં, આ બે ક્રિયાની વચ્ચે નાસિકાની બહારની સંધિમાં વાયુની જે નિશ્ચલ યા સ્થિર સ્થિત હોય છે તે વિલોમ કુંભક કહેવાય છે. આને બાહ્ય કુંભક પણ કહે છે. અનુલોમ એટલે સૂલટો તથા વિલોમ એટલે ઊલટો. દૃષ્ટાંત માટે જેમ દિવસ અને રાત્રિ એ બંનેની વચ્ચે પ્રાતઃકાળ (સવાર) અને સાયંકાળ (સાંજ) એ બે સંધિના સમયો હોય છે તેમાં દિવસ અને રાત્રિ વચ્ચેનો જે સંધિકાલ સાંજ, તે વિલોમ તથા રાત્રિ અને પુનઃ દિવસ થાય તે બે વચ્ચેનો જે સંધિકાલ સવાર, તે અનુલોમ સમજો.

શ્વાસોચ્છ્વાસ

પ્રાણવાયુ ગરમ હોઈ હૃદયમાંથી ઉપર ચડે છે; તેને ઉચ્છ્વાસ કહે છે; પ્રાણવાયુની આ પ્રકારની ગતિ તે અનુલોમ સમજવી. તથા અપાનવાયુ શીતળ હોઈ બહારના વાયુને અંદર દાખલ કરે છે તેને નિઃશ્વાસ

કહે છે; પ્રાણવાયુની આ પ્રકારની ગતિ તે વિલોમ સમજો. આ પ્રાણ અને અપાનની વચ્ચેની સંધિને વિલોમ કુંભક તથા અપાન ને પ્રાણની વચ્ચેની સંધિને અનુલોમ કુંભક કહેવામાં આવે છે; જે ઉપર કહેવામાં આવ્યું છે. આ ત્રણ પ્રકારનો પ્રાણાયામ જેમ જેમ યોગીનો અભ્યાસ વધે છે તેમ તેમ દેશ, કાળ અને સંખ્યાના પરિમાણથી સૂક્ષ્મ અને દીર્ઘ થતો જાય છે. આ રીતે ઉપરના રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામના અભ્યાસ વડે સ્થિરતા થયા પછી સ્થિર કુંભક અથવા કેવળકુંભક નામના ચોથા પ્રાણાયામની સહજ સિદ્ધિ થાય છે. તે ક્રમે ક્રમે કુંડલિનીનું ઉત્થાન કરી પદ્મચક્રોનું ભેદન કરે છે તથા અંતે બ્રહ્મરંધ્રમાં સ્થિત થાય છે. હવે કુંડલિની એટલે શું ? તેનું ઉત્થાન કેવી રીતે તથા પદ્મચક્રોનું ભેદન કેવી રીતે થઈ શકે ? વગેરે બાબતો જાણવાની પ્રથમ જરૂર છે. આ સંબંધે જ્ઞાનેશ્વર મહારાજે પોતે અનુભવસિદ્ધ ઘણું જ સુંદર વિવેચન કરેલું છે, તે *યોગમાર્ગના જિજ્ઞાસુઓને માટે નીચે સંક્ષેપમાં આપવામાં આવેલું છે.

યોગાભ્યાસને માટે સ્થાન કેવું હોવું જોઈએ ?

હે પાર્થ ! " હવે હું તને યોગમાર્ગ સ્પષ્ટતાથી બતાવું છું, પરંતુ તેનો ઉપયોગ તો અભ્યાસ કર્યા પછી જ થઈ શકે છે, માટે એવા પ્રકારના યોગાભ્યાસને માટે પ્રથમ તો એક સુંદર સ્થાન શોધી કાઢવું જોઈએ. તે સ્થાન એવું હોવું જોઈએ કે, જે વડે મનોરંજન થઈ ત્યાંથી ઊઠવાની ઇચ્છા ન થાય અને તેને જોતાં જ વૈરાગ્યની જાગ્રતિ અમણા પ્રમાણમાં વધે; વળી તે સ્થાનમાં પૂર્વે કોઈ સત્પુરુષનો નિવાસ થયેલો હોવો જોઈએ અને આજુબાજુ પણ મહાત્માઓનો જ નિવાસ હોવો જોઈએ; કે જેથી મનમાં સંતોષ ઉત્પન્ન થાય અને ધૈર્ય આવે. સિવાય તે સ્થાન અભ્યાસને ઉત્તેજન મળે એવું હોવું જોઈએ. એવી યોગ્યતાવાળું અતિ રમણીય સ્થાન જોઈને પાસેથી જનારા પાખંડી પુરુષના મનમાં પણ ક્ષણવારને માટે તો તપશ્ચર્યા કરવાની આસ્થા ઉત્પન્ન થવી જોઈએ, તો જ એ સ્થાનની ખરી મહત્તા. કોઈ પણ મનુષ્ય કામેચ્છાથી પોતાના ઘર તરફ જતો હોય અને તે સહેજ રસ્તે ચાલતાં અચાનક ત્યાં આવી ચડે, તોપણ તેને આ સ્થાન છોડી જવાની મનમાં ઇચ્છા ન થાય એવું જો લાગે તો જ એ સ્થાનનું ગૌરવ, અર્થાત્ જેને તે સ્થાનમાં રહેવાની ઇચ્છા ન હોય તેને પણ તે સ્થાનમાં જ રહેવાનું મન થઈ જાય તથા ભ્રમણ કરનારાઓને પણ ત્યાંથી ઊઠવાની ઇચ્છા ન થાય; તેમ જ વૈરાગ્ય ઉપજાવે અને ગમે તેવા વિલાસીને પણ એ સ્થાનને જોઈ આવા રમ્ય અને એકાંત સ્થાનમાં જ રહીએ તો કેવું સારું ! એમ લાગવું જોઈએ. આ રીતે તે અતિ ઉત્તમ, રમ્ય, એકાંત અને તદ્દન પવિત્ર સ્થાનમાં નેત્રોને બ્રહ્મસ્વરૂપ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. બીજું એ કે, એવા સ્થાનમાં નિવાસ કર્યા પછી તેમાં ફાલતુ માણસો આવીને કંટાળો ઉપજાવે નહિ, પરંતુ યોગાભ્યાસીઓનો જ ત્યાં નિવાસ હોવો જોઈએ એવી દક્ષતા રાખવી તે સ્થાનમાં ફળો આપનારા તથા કંદમૂળાદિવાળા વૃક્ષોની સુંદર વાટા હોવી જોઈએ. આજુબાજુ મીઠાં પાણીના ઝરણાંઓ હોવા જોઈએ. પાણી કદી નહિ ખૂટે એવું વિપુલ તથા ચોમાસામાં પણ નિર્મળ રહેનું હોય તેવું હોવું જોઈએ. તે વધુ ઊંચું પણ નહિ હોવું જોઈએ કે જેથી તેમાં ઉતરતાં વધુ શ્રમ વેઠવો પડે. તે સ્થાનમાં સૂર્યનો તાપ સૌમ્ય હોવો જોઈએ અને તે તાપ વડે સંતાપ ઉત્પન્ન થવો નહિ જોઈએ. ત્યાં વાયુ શીત તથા મંદ વાતો હોવો જોઈએ. ત્યાં ઘણી ગિરદી નહિ હોવી જોઈએ તથા શ્વાપદોની વિપુલતા પણ હોવી નહિ જોઈએ. કોયલ, પોપટ, ભ્રમર, કીટ વગેરે પંખીઓ તથા બતક, હંસ, ચક્રવાક, મોર વગેરે આવતાં જતાં હોય તેમાં હરકત જેવું નથી. તે સ્થાનમાં એક ગુપ્ત ગુહા અથવા શિવાલયનું અસ્તિત્વ હોવું જોઈએ: અને પછી આ ગુહાવાળું કે પોતે બનાવેલી પર્ણકુટિર, તે બે પૈકી મનને પસંદ પડે

* યોગમાર્ગ (પ્રાણોપાસના) પુસ્તકો વાંચીને અથવા અધુરા જ્ઞાનવાળાઓના કહેવા ઉપરથી કદી પણ કરવો નહિ, નહિ તો વિકૃતિ એટલે ભ્રમિતપણું થવા સંભવ છે, માટે જેને યોગમાર્ગ જાણવાની ઇચ્છા હોય તેણે જે યોગીનો કોઈપણ વિષ્ય યોગમાર્ગમાં નિપુણ થયેલ હોય અને તેણે આત્મસાક્ષાત્કાર કર્યો હોય તેવી ખાતરી કરી લીધા પછી જ તેનો અનુગ્રહ મેળવવો.

એવા એક સ્થાને બેસી મનની સ્વાભાવિક સ્થિરતા જ્યાં વધુ પ્રમાણમાં થાય ત્યાં રહી આસન દૃઢ કરવું. આ *સ્થાન । પ્રકાર થયો.

આસનનો પ્રકાર

સૌથી ઉપરના ભાગમાં બેયેલાં વસ્ત્રોની ઘડી, તેની નીચે કૃષ્ણાજિન (કાળિયાર મૃગનું ચામડું) અને તેની નીચે સાગ્ર દર્ભનું આસન હોવું જોઈએ. તે દર્ભ કોમળ, એક સરખા અને પોતાની મેળે જ એક સ્થાને રહી શકે એવા અર્થાત્ અસ્તવ્યસ્ત નહિ પણ વ્યવસ્થિત ગુંથાએલા હોવા જોઈએ; વળી તે આસન જો ઊંચું થઈ જાય તો શરીર ડોલવાનો સંભવ રહે છે અને બહુ જ નીચું હોય તો ભૂમિની શીતળતા આદિ દોષોથી શરીરને અપાય થવાનો ભય હોય છે; એટલા માટે ઊંચુ પણ નહિ અને નીચું પણ નહિ એવા પ્રકારના સમ આસનની યોજના કરવી. ત્યારબાદ તે સ્થળમાં મનની એકાગ્રતા કરી સદ્‌ગુરુના સ્મરણ સહિત આત્મસુખનો અનુભવ લેવો. તે સ્થાનમાં અહંભાવનો લોપ થઈ જાય અને અંતર્યોગ સાત્વિક ભાવ ઉત્પન્ન થતાં સુધી આદરપૂર્વક સદ્‌ગુરુનું સ્મરણ કરતાં રહેવું. વિષયોનું સ્મરણ નહિ રહે; ઇન્દ્રિયો તથા તેના વિષયોની તમામ ઇચ્છાઓનો સદંતર લોપ થાય અને મનની ચંચળતા મટી તેનો હૃદયમાં સ્થિરતા થાય, એ રીતે સહજભાવે ઐક્ય થતાં સુધી તે સ્થાનમાં રહેવું. મનની ચંચળતા મટી તે પ્રબોધને પામે ત્યારે આસન ઉપર સ્થિર થવું અને અંગ વડે અંગનો સંકોચ કરવો એટલે શરીરને તદ્દન સ્થિર કરવું, સહેજ પણ આમથી તેમ હાલવા કે પસરવા દેવું નહિ તથા અપાનવાયુ વડે પ્રાણવાયુનો નિરોધ કરવો. આ વાત અનુભવથી સિદ્ધ છે. એવા પવિત્ર સ્થાનમાં નિવાસ કરવા થકી વૃત્તિ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ સહજસમાધિ સાધ્ય થાય છે અને આવા પ્રકારે સિદ્ધ થયેલા આસન ઉપર બેસતાં સર્વ અભ્યાસ પોતાની મેળે જ પૂર્ણ થઈ જાય છે.

યોગાસન તથા મુદ્રાઓનું વર્ણન

હવે આસન તથા મુદ્રાઓની મહત્તાનું વર્ણન કરું છું તે સાંભળ. પેટની નીચેના શરીરના ભાગની સાથે પગને અડાડીને આસન જમાવવું. એક પગ ઉપર બીજો પગ વાંકો રાખીને પગની પાની ગુદાસ્થાનને અડાડી સ્થિર અને દૃઢ રાખવી. જમણો પગને નીચે રાખી તે વડે વૃષણથી તે ગુદાસ્થાનપર્યંતનો વચલી સંધિરેખાને વચ્ચે દબાવવી અને ત્યારપછી જમણો પગનો ઉપર ડાબો પગ સહજ ચઢાવવો. અપાનદ્વાર અને શિશ્નની મધ્યમાં જે ચાર આંગળ જગ્યા હોય છે, તેમાંથી આગળ પાછળ દોઢ દોઢ આંગળ જેટલી જગ્યા છોડી વચ્ચે જે એક આંગળ જેટલી જગ્યા શેષ રહે, તે જગ્યાએ શરીરને સમતોલ રાખી, પગની પાનીના ઉપરના ટેરવાવાળા ભાગ વડે તેને દાબી રાખવી. શરીરને ઊંચકી રાખેલું છે એમ નહિ જણાવતાં પોતાના અસ્થિપંજરના છેવા ભાગને ઉપાડવો (ઊંચો કરવો) અને તે જ પ્રમાણે બંને પગના ગોઠણને સરળ રાખવા. હે પાર્થ ! આમ કર્યા પછી સમસ્ત શરીર બંને ગોઠણ ઉપર આધાર વિના પોતાની મેળે જ સ્થિર રહે છે. હે અર્જુન ! એ 'મૂલબંધ' નામક આસનનું લક્ષણ છે. એને જ બીજું વજ્રાસન એવું ગૌણ નામ આપવામાં આવેલું છે. આ રીતે મૂલદ્વાર બંધ કરવાથી નીચેનો માર્ગ બંધ થાય છે અને તેથી અપાન વાયુ અંદર રહે છે એટલે કે બહાર નીકળવા નહિ પામતાં તેનું લોહચુંબકની જેમ અંદરખાને જ આકર્ષણ (ખેંચાણ) થવા માંડે છે. ત્યાર પછી ડાબા પગ પર સહજ ભાર રહે એ રીતે બંને હાથ દ્રોણાકાર (દડિયાના આકારની જેમ) કરીને રાખવા એટલે એથી સ્વાભાવિક રીતે જ સ્કંધ ભાગ ઉચ્ચ થાય છે. ત્યારપછી શરીર સ્થિર રહેવાથી શિરઃકમળ કાર્યક્રમ અંદર પેસે છે અને તેથી આંખોનો પાંપણો ઢળવા માંડે છે; ઉપરની પાંપણ નીચે આવે છે તથા નાચે તી નીચે જ સ્થિર રહે છે. એમ છતાં નેત્રોની અડધી ઉઘાડેલી અને અડધી મીંચાયેલી એવી (અર્ધોન્મીલિત) દૃષ્ટિ થાય છે. એ મુજબ ઘણે ભાગે તો દૃષ્ટિ અંદરની અંદર સ્થિર થઈ રહે છે અને જો

* શરીરના સ્વાધ્યાયમાં આવતા યોગાભ્યાસ અભ્યાસના સ્થાનકો નિરુપયોગી જ ગણાય, તે આ વિવેચન ઉપરથી સારી રીતે જાણી શકાય તેમ છે.

કદાચિત્ કૌતકથી વધારે બહાર આવે છે, તોપણ તે નાસિકાના અગ્ર ભાગે જ આવીને અટકે છે. આથી દૃષ્ટિ અંતર્મુખ થઈ જાય છે અથવા જો બહાર આવે તો નાસિકાના અગ્રભાગ ઉપર જ તેનો નિવાસ અવિચળ થાય છે; જેથી બીજી દશાઓમાં જોવાનું અથવા તો સ્વરૂપને જોવા માટે બાહ્ય જોવાપણું યા સાક્ષીભાવપણું વગેરે પોતાની મેળે જ અટકી જાય છે. ટૂંકમાં, આત્માવ્યતિરિક્ત અન્યત્ર જોવાની ઇચ્છાનો સહંતર લોપ થાય છે. એ પછી ગળાની નળી અંદર બેસી જવા પામે છે. હડપચી ગળાની નીચેના ખાડાને વળગે છે અને તેના ઉપર જ દૃઢ થઈ તે ઉરને દાબી રાખે છે. હે પાંડુકુમાર ! એ પછી કંઠમણિ દેખાતો બંધ થાય છે. એ પ્રમાણેની જે આ મુદ્રા થાય તેને "જાલંધરબંધ"ના નામથી ઓળખવામાં આવે છે. હે અર્જુન ! તે વખતે મુદ્રાદ્વારના ભાગમાં અને નાભિની નીચેના ભાગમાં જે મુદ્રા બને છે તેને "ઉડ્ડીયાનબંધ"ના નામથી કહેવામાં આવે છે.

કુંડલિનીનું ઉત્થાન થવા પૂર્વેની સ્થિતિ

આ રીતે શરીરના બાહ્ય ભાગના અભ્યાસક્રમનો આરંભ થયો એટલે મનનો ધર્મ જે ચંચળતા તેનું બળ લુપ્ત થવા પામે છે. તે સમયે થતા મનના ધર્મો વિસ્તારથી કહું છું, તે સાંભળ. કલ્પના ખૂટી જાય છે, મનની દોડાદોડ ઓછી થઈ જાય છે, મનના વિકારો પોતાની મેળે જ બંધ થયેલા દેખાય છે, ભૂખ પણ કયાંય ભાગી જાય છે, નિદ્રાનું પણ કયાંય વિસર્જન થવા પામે છે, તેનું સ્મરણ પણ અવશિષ્ટ રહેતું નહિ હોવાથી તેનો પત્તો લાગી શકતો નથી. "મૂલબંધ" વડે રોકાયેલો અપાન વાયુ પાછો ફર્યો એટલે તે એક જગ્યાએ સહજ રીતે અટકી જઈ થોડો ફૂલે છે. તેનો ક્ષોભ થવાથી એટલે તેને નીચે જવાને માર્ગ નહિ મળવાથી તે બળવાન થાય છે અને તે જે સ્થાનમાં અટકયો હોય તે સ્થાનમાં ગડગડાટ ઉત્પન્ન કરે છે તથા રહી રહીને લિંગચક્ર સાથે અથડાયા કરે છે. આ રીતે ઉત્પન્ન થયેલું અપાન વાયુનું તોફાન પેટમાં નાભિની આજુબાજુએ ઉથલપાથલ કર્યે જાય છે અને બાલ્યાવસ્થાથી શરીરના રોમે રોમની નાની મોટી તમામ નાડીઓમાં એકત્ર થયેલા મેલને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે. તે વાયુ પેટની નીચેના ભાગ તરફ નહિ વળતાં ઊલટો ઉપરના કોઠામાં પ્રવેશ કરે છે. અને કફ તથા પિત્તનો નાશ કરે છે. તે સપ્તધાતુનાં સ્થાનોનું ઉલ્લંઘન કરી જાય છે, મેદના પર્વતને ફોડી નાંખે છે, હાડકામાંના રસને બહાર કાઢે છે, તમામ નાડીઓને છૂટી પાડે છે, અવયવોને શિથિલ કરે છે અને આ યોગની સાધના કરનારને પ્રથમ તો ભયભીત બનાવી મૂકે છે. પરંતુ એથી જરા પણ ગભરાવું નહિ. આ વખતે તે શરીરમાં વ્યાધિને ઉત્પન્ન કરે છે ખરો, પરંતુ એ વ્યાધિ તો આજસુધી શરીરમાં જે મેલ એકત્ર થઈ સડી ગયેલો હોય છે તેને સાફ કરી નાખવા પૂરતો હોવાથી થોડા સમય બાદ શરીર સાવ નીરોગી બની જાય છે; તેમ જ તે કફાદિ બીનાશવાળા પદાર્થો તથા માંસાદિ જડ અથવા શુષ્ક પદાર્થોને એકત્ર કરે છે.

કુંડલિનીના ઉત્થાનની શરૂઆત

હે અર્જુન ! આ રીતે એક તરફ જ્યારે શરીરની તદ્દન શુદ્ધિ થતી જાય છે ત્યારે એની બીજી બાજુએ તો વળી જુદો જ વ્યાપાર ચાલે છે. આસનની ઉષ્ણતાને લીધે "કુંડલિની" નામની મહાશક્તિ જાગૃત થાય છે. કુંકુમ વડે મંડિત કરેલાં નાગણનાં બચ્ચાં જેવી રીતે ગૂંચળું વળીને સૂઈ જાય છે, તેવી જ રીતે આ નાના સાડાત્રણ ગૂંચળાવાળી કુંડલિની નીચે મોઢું કરીને સર્પની જેમ સૂતેલી હોય છે. તે સૌદામિની એટલે વીજળીની જેમ ચકચકાટ કરનારા હીરાના કંકણ પ્રમાણે અથવા અગ્નિજ્વાલાની ઘડી પ્રમાણે અથવા તો ઘસીને ચકચકિત કરેલા સુવર્ણનાં ગૂંચળાં પ્રમાણે નાભિકંદમાં જે દબાઈને બેઠેલી હોય છે તે મૂલાધાર અને સ્વાધિષ્ઠાન ચક્રોનું ભેદન કરી આ મણિપૂરચક્રમાં આવેલા પ્રાણાપાન વાયુનો વિલય થયા બાદ શેષ રહેનારા શુદ્ધ મહાપ્રાણવાયુરૂપ મૂલબંધની ચૂંટીથી એકાએક જાગૃત થાય છે. તે સમયે નક્ષત્ર પડતી વખતે તે જેવી રીતે ચકચકાટ કરે છે કિંવા સૂર્યબિંબ ડોલાયમાન થાય કે પછી તેજના બીજને અંકુર આવીને તેનો વિસ્તાર થવા પામે છે, તેમ એ "કુંડલિની" પોતાના ગૂંચળાને સરળ કરીને આળસને છોડી દઈ નાભિ ઉપર ઊભી રહેલી દેખાય છે.

કુંડલિની દૂષિત ભાગને સાફ કરે છે

હે કિરીટી! એ વેળાએ હૃદયકમળની નીચે જે વાયુ ભરેલો હોય છે તેને ગળે બાઝીને એ આલિંગન આપે છે અને તેના મુખમાંની જ્વાળાથી નીચે તથા ઉપરના માંસાદિકનો ગ્રાસ કરીને તેને તે ખાવા મંડી પડે છે. આ મુજબ જે જે સ્થળેથી વધેલો મેદ મળે ત્યાંના માંસનો ગ્રાસ તે સહજ કરે છે, ત્યાર પછી શરીરમાંના બાકી રહેલા દૂષિત ભાગોને પણ તે સ્વાહા કરી જાય છે એટલે બ્રહ્મરંધ્ર ભણી ઊભું થવાને નડતરરૂપ એવો મેરુદંડની આજુબાજુએ તથા અંતર સ્થળે જે દૂષિત ભાગ હોય છે તે સર્વ સફાચટ કરીને સાફ કરી નાખે છે; પછી પગનાં તળિયાં તથા હાથની હથેલીનું શોધન કરીને આઙ્ગાંગનો એટલે ઉપરના અંગનો પણ ભેદ કરે છે. આ મુજબ તે અંગમાંના સંધિના ભાગ સહ પ્રત્યેક ભાગની જડતી લઈ નાખે છે. એટલું જ નહિ, પરંતુ તે પોતાના મૂળ સ્થાનને નહિ છોડતાં નખમાંના સત્ત્વને પણ ખેંચી કાઢે છે તથા ત્વચાને ઘોઈને અસ્થિ અને શિરાઓની સાથે જઈ મેળવે છે, તેમ જ અસ્થિઓની નાડીઓમાંના રસને કાઢીને શિરામાંના ગર્ભને સુકવી નાખે છે અને તેથી બહારની લોમની નાડીઓની વૃદ્ધિનાં મૂળ કરમાઈ જાય છે. ત્યાર પછી સમ ધાતુના સાગરમાં પ્રવેશી તે પોતાની તૃષાને તૃપ્ત કરે છે અને એ સાથે શરીરને સ્વતંત્ર કોરું (શુષ્ક) રાખ જેવું બનાવી નાખે છે. નાસિકાના રંધ્રમાંથી જે વાયુ બાર આંગળ જેટલા વિસ્તારમાં બહાર નીકળે છે, તેનું ગળું દબાવીને તે તેને અંદર પેસાડી દે છે; તે વેળાએ પ્રાણ અને અપાન એ બે વાયુઓ સંકુચિત થાય છે, પ્રાણવાયુ અપાનવાયુને દાબી રાખે છે તથા એ બંનેના આલિંગન મધ્યે એટલે સંધિપ્રદેશમાં ચક્રોના પડદા અવશિષ્ટ રહે છે. પ્રાણ અને અપાન એ બંને વાયુઓ જ્યારે એક જ વખતે અને એક જ સ્થાનમાં મળી જવાનો પ્રસંગ આવે છે ત્યારે પ્રથમ તો આ "કુંડલિની" જરા ગભરાઈ તેમને પાછા જાએ, તમારું અહીં શું કામ છે? એમ કહે છે.

કુંડલિનીનું ઉત્થાન થવું

હે અર્જુન! સાંભળ. કુંડલિની શરીરમાંના પંચમહાભૂતાદિ પૈકી પૃથ્વી તત્ત્વ તથા જડ તત્ત્વોનું ભક્ષણ કરીને તૃપ્ત થયા પછી સૌમ્ય એટલે શાંત બની સ્વસ્થતાથી સુષુમ્ણા નાડી પાસે રહે છે. આ રીતે તૃપ્ત બનેલી કુંડલિની પોતાના મુખમાંથી જે વિષને ઓકે છે તે ગરલરૂપ અમૃત થઈ જ પ્રાણનું રક્ષણ થાય છે. "કુંડલિની" જાગૃત થઈ તે પૃથ્વી તથા જડ તત્ત્વના ભાગને જ્યાંસુધી સફાચટ કરવાનું કાર્ય કરે છે ત્યાં સુધીને માટે તો શરીરમાં ઘણો દાહ થાય છે અને પ્રકૃતિ ભયંકર અસ્વસ્થ બને છે; પરંતુ તે શરીરમાંના સર્વ મેલને ખાઈ જઈ તદ્દન શુદ્ધ કરીને જ્યારે તે શુદ્ધ થયેલ વિષને ઓકે છે, ત્યારે તે વિષરૂપ અગ્નિદાહ તેના મોંઢામાંથી બહાર નીકળી તે વડે પ્રાણનું રક્ષણ થાય છે તથા સર્વાંગમાં થયેલો દાહ શમી જાય છે અને તેથી અંગમાંનું ગયેલું સામર્થ્ય ફરી વાર પાછું આવે છે તથા નાડીઓનું વહન બંધ થાય છે. પ્રાણાદિ વાયુઓના વ્યાપાર બંધ થવાથી શરીરના સ્થૂળ ધર્મો અવશિષ્ટ રહેવા પામતા નથી. ઇડા, પિંગળા નાડીઓ એકત્ર થઈ જાય છે. (૧) બ્રહ્મગ્રંથિ, (૨) વિષ્ણુગ્રંથિ તથા (૩) રુદ્રગ્રંથિ, એ ત્રણે ગાંઠો છૂટે છે; તથા (૧) મૂલાધાર (૨) સ્વાધિષ્ઠાન, (૩) મણિપુર, (૪) અનાહત, (૫) વિશુદ્ધ અને (૬) આજ્ઞા, એ મુખ્ય છ ચક્રો તથા સહસ્રાર નામનું જે અંતિમ સ્થાન છે તેના સંબંધો લુપ્ત થાય છે; ત્યાર પછી અનુક્રમે જે પ્રાણાપાન વાયુઓ તથા ઇડા પિંગલા નાડીઓ કે જે સૂર્યચંદ્રના નામથી પણ ઓળખાય છે તે વાયુઓ તથા નાડીઓ અને વચ્ચે સર્વ તેજોમય અને અગ્નિસ્વરૂપ એવી જે સુષુમ્ણા નાડી કે જેના મૂળ પ્રદેશમાં ચિત્રા નામની નાડી છે તેના મધ્યમાં ઇચ્છા જ્ઞાન અને ક્રિયાશક્તિયુક્ત એવું સ્વયંભૂ લિંગ છે. તે તમામનો વિલય થઈ જાય છે, અંધારાની જેમ દીપકના પ્રકાશની સહાયતાથી શોધવા છતાં પણ દૃષ્ટિગોચર થતા નથી. બુદ્ધિની જ્ઞાનકળા પણ પોતાના સ્થાનમાં જ સમાઈ જાય છે. નાસિકામાં અવશિષ્ટ રહેલી સુગંધ પણ "કુંડલિની" સાથે જ સુષુમ્ણામાં ચાલી જાય છે. તે વેળાએ ભ્રૂકુટીચક્ર મધ્યે જે ચંદ્રામૃતના તળનો ભાગ છે, તેને ધીમો આઘાત થતાં એટલે પ્રાણવાયુ શરીરમાં નીચે નહિ ઊતરતાં કુંભકદ્વારા નાકના મૂળથી મસ્તક ઉપર ચઢવા

માંડે છે, ત્યારે આ ભ્રકુટીચક્ર મધ્યે અર્ધચંદ્રના આકારનો ચંદ્રામૃતના તળનો જે ભાગ છે, તેને ફરીથી ધીમો આઘાત લાગતાં તે વાંકો થાય છે અને તેમાંનું અમૃત "કુંડલિની"ના મુખમાં ટપકવા માંડે છે અને તેથી તેમાં આ અમૃતરસ ભરાઈ જઈ તે રસનો સર્વ અંગોમાં પ્રસાર થાય છે અને પ્રાણવાયુ વડે તેના તે સ્થાનમાં જ જીર્ણ થઈ જાય છે. તપાવેલી મૂસમાંથી પાણી નીકળી ગયા પછી રેડેલા મુખ્ય ધાતુના રસથી જેવી રીતે તે મૂસ ભરાઈ રહે છે એટલે મૂસનો આકાર જ રસને પ્રાપ્ત થાય છે, તે પ્રમાણે "કુંડલિની"નું આ રીતે ઉત્થાન થતાં શરીર અત્યંત તેજસ્વી દેખાય છે. જાણે કે મૂર્તિમંત તેજ જ ન હોય! એવો તેના શરીરની કાંતિનો ભાસ થવા માંડે છે (વધુ માટે જુઓ જ્ઞાનેશ્વરી ગીતા અધ્યાય ૬, ઓવી ૧૬૩ થી ૨૫૦).

કુંડલિની શક્તિ તથા સુષુમ્ણાનું વધુ વર્ણન

આ વિવેચન આપવાનો ઉદ્દેશ એ છે કે, આમાં પ્રસ્તુત સમયે પ્રચલિત એવા સંત શ્રીજ્ઞાનેશ્વર મહારાજનો પોતાનો અનુભવ છે. આ તો ફક્ત તેમના વ્યક્તિત્વ પૂરતું થયું. આનો અર્થ બધાને કાંઈ તેમણે બતાવેલ આ મુદ્રા કિંવા આસનના એક જ માર્ગથી "કુંડલિની"નું ઉત્થાન થાય છે એમ નથી, પરંતુ હઠયોગશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે અન્ય કોઈ પણ આસન કે મુદ્રા દ્વારા પ્રાણોપાસના કરવા થકી પણ અંતે "કુંડલિની" જાગ્રત થઈ શકે છે. "કુંડલિની"નું ઉત્થાન થઈ સુષુમ્ણા નાડીની સિદ્ધતા થવી એ જ યોગમાર્ગનું અંતિમ ધ્યેય છે; બાદ પટ્ચક્રોનું ભેદન કરી ક્રમે તે નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થાય છે. ષટ્ચક્રભેદન બાબતમાં આગળ (પૃષ્ઠ ૩૫૨ થી ૩૫૬ માં) વિવેચન આવશે. હાલમાં આ "કુંડલિની" તથા સુષુમ્ણા નાડી સંબંધમાં અન્ત્રે સભામાં બિરાજેલા શ્રીવસિષ્ઠ મહર્ષિએ શ્રીરામચંદ્રજીને આપેલા મનનીય બોધના વિવેચનનો પણ વિચાર કરવો જરૂરી છે, કેમ કે આ વિષયના બોધની પરિપક્વતાને માટે તે ઉપયોગી છે.

શ્રીવસિષ્ઠ કહે છે: શિખિધ્વજ રાજાની કથાના ચાલતા પ્રસંગમાં આવેલ સિદ્ધિ આપનારા પ્રાણાયામના અભ્યાસની ક્રિયા હું કહું છું તે સાંભળો. સાધન સંબંધી સર્વ માનસિક વાસનાઓને ત્યજી દઈ સિદ્ધાસનાદિ આસન વગેરે યોગશાસ્ત્રમાં કહેલા નિયમોથી, ગુદાદિ દ્વારને સંકુચિત કરીને ભોજન, આસન, સ્થાન આદિની શુદ્ધિ વડે, શુભ શાસ્ત્રોના ભાવનો પૂર્ણ જ વિચાર કરી સદાચારથી, સત્સંગથી, સર્વનો ત્યાગ કરવાથી, સુખાસનથી, પ્રાણાયામથી, દૃઢ અભ્યાસથી, ક્રોધ લોભ ઈર્ષ્યાદિ ત્યજી દેવાથી, ભોગનો ત્યાગ કરવાથી તથા પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામનો અત્યંત અભ્યાસ કરવાથી યોગીઓના પ્રાણાદિક સર્વ વાયુઓ પોતાના તાબામાં આવી જાય છે અને રાજાને જેમ નોકર અધીન રહે છે તેમ એ યોગી પુરુષને સર્વ પ્રાણાદિક વાયુઓ સ્વાધીન થઈ જાય છે; તેમ જ રાજ્યથી મોક્ષ સુધીની તમામ સિદ્ધિઓ પણ દેહમાં રહેલા પ્રાણવાયુને જ અધીન હોવાથી તે સર્વ યોગ્ય અધિકારીઓ અભ્યાસ વડે મેળવી શકે છે.

સુષુમ્ણા અને તેમાંથી નીકળનારી સો નાડીનો વિસ્તાર

પ્રાણની ગતિ નાડીઓદ્વારા થાય છે. સર્વ નાડીઓનું મૂળ સુષુમ્ણા નાડી છે. તેમાંથી ઝાડમાંથી નીકળતી મુખ્ય શાખાઓની જેમ મુખ્ય સો નાડીઓ નીકળે છે અને તે સર્વ મર્મસ્થાનોમાં રહેલી હોય છે. તે નાડી જળમાં ઉત્પન્ન થતી ભમરીઓની જેમ ઊભા અરધા (૮) ભાગ સમાન ગોળ છે; તેને જ આંતરડાં વીંટીને રહ્યાં છે. માટે તે આંત્રનાડી ગણાય છે. આ નાડી દેવ, અસુર, મનુષ્ય, મૃગ, મગરમચ્છ તથા પક્ષી આદિમાં અને કીટથી માંડી બ્રહ્મદેવ પર્યંત સર્વ બ્રહ્માંડભરનાં તમામ પ્રાણીઓમાં ઓતપ્રોત પ્રસરેલી છે.

કુંડલિની શક્તિ

ટાઢથી પીડાઈ ગૂંચળું વાળીને સૂતેલા સર્પના દેહની જેમ ગૂંચળું વળીને રહેલી સાડાત્રણ ગૂંચળાંવાળી ચકચકતી, સફેદ વર્ણવાળી, પ્રલયકાળના અગ્નિથી જેનો વચલો ભાગ ગળી ગયેલો હોય તેવા પ્રકારના ઝરતા ચંદ્રના વર્ણ જેવી, ગોળ આકારવાળી, મૂલાધારથી માંડી ભ્રકુટીના મધ્ય ભાગ સુધી તમામ છિદ્રોમાં

પરોવાયેલી એવી એ નાડી અંદર મનોવૃત્તિ વડે અને બહાર પ્રાણાદિક વડે ચંચળ રહે છે. એ નાડીના કેળના ગર્ભ જેવા અંદરના કોમળ ભાગમાં વીજાના વેગ જેવી અસ્કુટ ગતિવાળી જે પરમ ચૈતન્યશક્તિ સ્ફુરે છે, તે કડાં જેવા ગોળ આકારવાળી ચૈતન્યશક્તિ જ કુંડલિની એવા નામથી ઓળખાય છે (જુઓ પાન ૬૪૩-૩૪૪). સર્વ પ્રાણીમાત્રની એ પરમ શક્તિ છે અને પ્રાણ તથા ઇંદ્રિયો સહિત સર્વ શક્તિઓને સત્તા, પ્રેરણા, પ્રવૃત્તિ વગેરેથી એ જ વેગ આપે છે. છંછેડાયેલી સાપણ જેમ ફેણ ઊંચી રાખે છે તેમ આ કુંડલિની શક્તિ શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલુ રહેવાથી ઊંચી ડોક રાખીને રહે છે. જ્યારે પ્રાણવાયુ હૃદયમાં કુંડલિનીના સ્થાનમાં પહોંચે છે, ત્યારે તન્માત્રાઓનું બનેલું જે આ પંચીકૃતભૂત શરીર ભાસે છે તેમાં પ્રતિબિંબ રૂપે રહેલું જીવચૈતન્ય સ્મૃતિ, સંકલ્પ, નિશ્ચય, અભિમાન, રાગ આદિ અનેક વૃત્તિઓ રૂપે ઉદયને પામે છે. જેમ ભમરી કમળના વનમાં ભટક્યા કરે છે, તેમ આ કુંડલિની રૂપાદિ વિષયોનો મધુર સ્પર્શ થવાથી દેહમાં સ્ફુર્યા કરે છે અને એ રીતે તેને વિષયોની પ્રાપ્તિ તેમ જ તેનું ફળ પણ મળ્યા જ કરે છે. એ કુંડલિની એવી તો વેગથી સ્ફુરે છે કે પ્રથમ તો તેને ચક્ષુ આદિ સૂક્ષ્મ ઇંદ્રિયો સાથે રૂપાદિક વિષયોનો સંબંધ થાય છે અને પછી દેહયંત્રને ચલાવનાર પ્રમાતા અર્થાત્ જીવ હૃદયકોષમાંથી વૃત્તિદ્વારા બહાર નીકળીને વિષય સાથે એકરૂપ બની જાય છે; જેથી આત્મરૂપનાનો ભંગ થઈને ઘટાદિ જ્ઞાન પ્રગટ થાય છે. હૃદયકોશ સાથે સંબંધ રાખનાર સર્વ નાડીઓ એ કુંડલિની સાથે જ બંધાયેલી છે અને જેમ નદીઓ છેવટે સમુદ્રમાં મળી જાય તેમ શરીરમાંની તમામ નાડીઓ છેવટે કુંડલિનીમાં જ મળી જાય છે. પ્રાણરૂપે નિરંતર ઊંચે તથા અપાનરૂપે નિરંતર નીચે જવાથી સર્વના સાધારણ કારણરૂપ એ કુંડલિની પ્રાણશક્તિ, ઇંદ્રિયશક્તિ, બુદ્ધિશક્તિ, રૂપંદશક્તિ, જ્ઞાનશક્તિ ઇત્યાદિ સર્વ પ્રકારનાં જ્ઞાનનાં બીજરૂપ છે (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૮૦ શ્લો૦ ૩૦ થી ૪૮).

આ કુંડલિની જ બધાં શરીરોમાં સર્વત્ર વ્યાપેલી છે

હઠયોગનો અભ્યાસ ગુરુસનિધ્ય વિના કરવો નહિ જોઈએ. જો યોગના પૂર્ણ માહિતગાર ગુરુની પાસે કુંડલિનીના ઉત્થાન સુધીનો યોગાભ્યાસ કરવામાં આવે તો તે વડે શરીરમાંના સર્વ વ્યાધિઓનો નાશ થઈ શકે છે તથા આકાશગમનાદિ અનેક સિદ્ધિઓની પણ પ્રાપ્તિ સહેજમાં થાય છે; પરંતુ જો તેમાં વિકૃતિ થવા પામે તો મરણ સુધીની આપત્તિનો ભય પણ રહેલો છે. આ સંબંધે નીચેના વિવેચનથી વધુ સ્પષ્ટ થશે.

આ સ્થૂળ દેહની અંદર મૂલાધારમાં રહેલી કુંડલિની વિષે લિંગશરીરના ઉપાદાનરૂપ સૂક્ષ્મભૂત પ્રથમ પ્રાણવાયુરૂપે નિરંતર સ્ફુર્યા કરે છે. અંદર પ્રાણરૂપે રહેલી કુંડલિનીશક્તિ જ સ્પંદ, સંવિત્ કલા એવા નામો વડે અનેક રીતે કહેવાય છે, કલનાને લીધે તે કલા કહેવાય છે, ચેતનપણાને લીધે તે ચિત્ કહેવાય છે, જીવનપણાને લીધે તે જીવ કહેવાય છે, મનન કરવાથી તે મનરૂપે કહી શકાય છે, સંકલ્પ કરવાથી તે સંકલ્પરૂપે, નિશ્ચય કરવાથી તે બુદ્ધિના નામથી અને અહંભાવનાને લીધે અહંકારના નામથી ઓળખાય છે; તે પૂર્યષ્ટક એવા નામથી પણ ઓળખાય છે. એ સર્વોત્તમ કુંડલિની નામની શક્તિ હંમેશ દેહમાં અને બહાર સર્વત્ર રહે છે. એ કુંડલિની નિરંતર અપાન વાયુરૂપે નીચે રહે છે, સમાન વાયુરૂપે નાભિમાં અને ઉદાન વાયુરૂપે ઉપરના કંઠાદિ પ્રદેશમાં રહે છે. નીચે અપાન અને ઉપર ઉદાન વાયુરૂપે રહેવાથી વચમાં તે બંનેનું પોતાને ખેંચાણ થવા છતાં પણ પોતે નિરંતર નિશ્ચળ, બળવાન અને સ્વસ્થ જ રહે છે.

વિપરીત કરણીથી થતું મરણ તથા રોગોની ઉત્પત્તિ

જીવ સંવિત્ એવી આ કુંડલિની સમાનવાયુ વડે યત્નથી ધારણ ન કરી શકાય અને જો પ્રયત્નથી અપાનવાયુ વડે તેને નીચેની તરફ ખેંચવામાં આવે, તો તે નીચે ઉતરી અધોમાર્ગદ્વારા બળાત્કારથી બહાર નીકળી જતાં મનુષ્ય મરણને શરણ થાય છે; તેમ જ જો પૂરા પ્રયત્નથી ઉદાનવાયુ વડે યુક્તિથી ધારણ નહિ થઈ શકતાં ખેંચાઈ ઉપર ચડી જાય છે, તોપણ તે બળાત્કારથી બહાર નીકળી જતાં મનુષ્ય મૃત્યુને વશ થાય છે. ઊર્ધ્વ અથવા અધો ભાગ તરફ જવું આવવું ત્યજી દઈને સર્વથા એ કુંડલિનીશક્તિ દેહને વિષે સમાનવૃત્તિ વડે રહે તો જ પવનનું અંદરબાને રોકાણ થવાથી, પ્રાણાયામ વડે મનુષ્યનો જે કાંઈ રોગ

હોય તે સર્વ નાશ પામે છે. શરીરમાં એકસો નાડીઓ મુખ્ય ગણાય છે અને બાકીની બીજી નાડીઓ સામન્ય ગણાય છે. સામાન્ય નાડીઓમાં કફ, વાત, પિત્તાદ દોષો વધી જવાથી તેમાં અન્નરસ પહોંચાડનારી પ્રાણશક્તિનો વ્યાપાર જો તદ્દન બંધ પડી જાય તો તે થકી શરીરમાં સાધારણ રોગની ઉત્પત્તિ થાય છે તથા મુખ્ય નાડીઓનો વ્યાપાર જો બંધ પડી જાય તો મોટા રોગો ઉત્પન્ન થવા પામે છે.

સાચી સિદ્ધિ કઈ?

શ્રીભગવાન કહે છે: હે અર્જુન! હું તને આ યોગમાર્ગ કિંવા પ્રાણોપાસના સંબંધે જે આ બધું વિવેચન કરી રહ્યો છું, તેનું કારણ ફક્ત એટલું જ છે કે, પ્રાણાયામના અભ્યાસ વડે એક તો શરીર નીરોગી બને છે તથા અનેક પ્રકારની સિદ્ધિઓની પ્રાપ્તિ થઈ શકે છે. વ્યવહારમાં બધા લોકો આ સિદ્ધિઓ માટે જ અહોનિશ ધડપડ કરે છે, સ્વપ્નતુલ્ય એવી એ તમામ સિદ્ધિઓ અંતે તો નિરર્થક જ નીવડે છે. આત્મસિદ્ધિ વિના બીજી કોઈ પણ સિદ્ધિને વાસ્તવિક રીતે તો સિદ્ધિ કહી શકાય નહિ, પરંતુ તે તો કેવળ સિદ્ધિનો આભાસમાત્ર છે, મૂઢ લોકો જ તેવી સિદ્ધિની પાછળ પડે છે, બુદ્ધિમાનો કદી પણ પડતા નથી. ઉદ્દેશ એ છે કે, કુંડલિનીનું ઉત્થાન થવાથી એક તો શરીરમાંના ઘણા વ્યાધિઓનો નાશ થાય છે, તેમ જ તે સાથે અનેક પ્રકારની સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. વ્યાધિ કેવી રીતે ઉત્પન્ન થાય છે તથા કુંડલિનીનું ઉત્થાન થવાથી તેનું (વ્યાધિનું) શમન કેવી રીતે થાય છે, તે સંબંધમાં શ્રીજ્ઞાનેશ્વર મહારાજનું સ્વાનુભવસિદ્ધ કથન સંક્ષેપમાં ઉપર (પૃષ્ઠ ૩૪૩ થી ૩૪૫ માં) આપવામાં આવેલું છે (આધિ વ્યાધિની ઉત્પત્તિ સંબંધે આગળ અધ્યાય ૬૭, શ્લો૦ ૧૦ માં વિવેચન છે તે જુઓ). હવે સિદ્ધિઓ સંબંધે થોડો વિચાર કરીશું

કુંડલિની તથા સિદ્ધિઓ

જેમ સુગંધનો આશ્રય ફૂલ હોય છે, તેમ લિંગશરીર નામથી ઓળખાતા જીવનો પ્રાણ એવા નામથી ઓળખાતી આ "કુંડલિની શક્તિ" જ સર્વના મુખ્ય આધારરૂપ છે. એ કુંડલિનીશક્તિને પૂરક પ્રાણાયામના અભ્યાસ વડે કંઠકૂપથી નીચે રહેલી કૂર્મ નામની નાડીમાં લઈ જઈ તેમાં મનનો *સંયમ કરીને બરાબર રાખવામાં આવે તો શરીરનું ભારેપણું તથા મેરુના જેવી સ્થિરતા પ્રાપ્ત થાય છે, તેને **ગરિમા** નામની સિદ્ધિ કહે છે. પ્રાણવાયુને જ્યારે પૂરક પ્રાણાયામથી પૂર્ણ થયેલા દેહની અંદર મૂલાધારથી માંડીને બ્રહ્મરંધ્ર પર્યંત વાયુને ફેલાવી પ્રાણનિરોધથી થતી ગરમી તથા તેથી થતા શારીરિક અને માનસિક શ્રમને સહન કરવાને એ કુંડલિનીને જ્યારે ઊર્ધ્વભાગમાં લઈ જવામાં આવે છે, ત્યારે તે લાકડીને પેઠે લાંબી અને સર્પિણીની પેઠે ઉતાવળી થઈને લતાના જેવી કોમળ અને દેહમાં બંધાયેલી સર્વ નાડીઓને સાથે લઈ ઊર્ધ્વભાગમાં જાય છે. કૂવામાંથી ઊંચે ખેંચવામાં આવતો ચામડાનો કોશ પોતાની અંદર પાણીને જેમ ઊંચે લઈ જાય છે, તેમ નાડી દ્વારા અવકાશ વગરના પવનથી પણ પૂર્ણ અને હલકા થઈ ગયેલા આખા દેહને એ કુંડલિની સંયમના ધારણાભ્યાસ વડે એટલે શરીરમાંનું આકાશતત્ત્વ તથા આ બ્રહ્માંડનું આકાશતત્ત્વ તે બંનેનો જે સંબંધ છે તેમાં ઐક્ય કરવાથી શરીર આકાશરૂપ બને છે, આને જ આકાશની ધારણાથી આકાશરૂપ થવું એમ કહે છે. એ પ્રમાણે જેમાં જેમાં ધારણા કરવામાં આવે તે તે પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમ પાંચ મહાભૂતોના ઉપર વિજય મેળવી તેનો સંયમ કરવામાં આવે તો અણિમાદિ આઠ સિદ્ધિઓ સહજ પ્રાપ્ત થાય છે. આ રીતે આકાશમાં સંયમ કરવાથી **આકાશગમન** નામની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. બીજી નાડીઓમાં નહિ જવા દેતાં ફક્ત સુષુમ્ણામાં જ રેચક પ્રાણાયામ વડે પ્રાણનો પ્રવાહ ચાલુ રાખી કુંડલિની શક્તિને જ્યારે મસ્તક અને કપાળની સંધિરૂપ કમાડની (કપાલભાતિની) બહાર બાર આંગળ જેટલા ભાગમાં રહેલા એટલે બ્રહ્મરંધ્રમાં એકરૂપ થવા નહિ દેતાં આજ્ઞાચક્રથી તે બ્રહ્મરંધ્ર પર્યંતના ઉપરના ભાગમાં મૂર્ધજ્યોતિમાં અર્થાત્ નાકની ઉપર અને કપાળની નીચે એટલે એ બેના સંધિ ભાગમાં કુંભકની સ્થિરતા થવાથી **સ્વયંજ્યોતિનું દર્શન** થાય છે. આ મૂર્ધજ્યોતિમાં એક મુહૂર્ત પર્યંત સંયમપૂર્વક સ્થિરતા કરવામાં આવે તો

*ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણે અંગોનું ભેગું થવું તેનું નામ સંયમ છે.

આકાશમાં સંચાર કરનારા **સિદ્ધ પુરુષોનાં દર્શન** પણ થાય છે; એટલે કે કેવળ આકાશગમન કરવામાં આવે તો તે વડે આકાશમાંના સિદ્ધોનાં દર્શન થતાં નથી, પરંતુ સાથે સાથે આ સિદ્ધિની પ્રાપ્તિ થાય તોજ આકાશચારી સિદ્ધોનાં દર્શનનો લાભ મળે છે. રેચક પ્રાણાયામના અભ્યાસના બળ વડે મુખથી બહાર છેટે બાર આંગળ પરિમાણના પ્રદેશમાં ચિરકાળ એટલે ઘણા લાંબા સમય સુધી જે પ્રાણની સ્થિતિ રાખવામાં આવે તો **પરકાયા પ્રવેશ** થઈ શકે છે. શબ્દ, અર્થ અને જ્ઞાનના પરસ્પરના અધ્યાસને લીધે જ આ સંકર એટલે આત્મામાં ઇતર કોઈ છે એવી ભાવના હોવાનો ભાસ થાય છે, તેથી તે વિભાગોમાં કુંડલિની સાથે એકરૂપ બની સંયમ કરવાથી સર્વ **પ્રાણીમાત્રના મનનું જ્ઞાન** પ્રાપ્ત થાય છે. પૂર્વના સંસ્કારનો (સંયમ) સાક્ષાત્કાર કરવાથી **પૂર્વજન્મનું જ્ઞાન** પ્રાપ્ત થઈ શકે છે. બીજાના ચિત્તનો સંયમ કરવાથી **બીજાના મનનો ભાવો** જાણી શકાય છે તથા તેમના **પૂર્વજન્માદિનું જ્ઞાન** પણ પ્રાપ્ત થઈ શકે છે. તેમ જ તેઓની **કાયારૂપમાં** સંયમ કરવાથી તેની ગ્રાહ્ય શક્તિ સ્તંભિત થવાને લીધે નેત્રના પ્રકાશનો સંબંધ લુપ્ત થવાથી **અંતર્ધાન** પણ થઈ શકાય છે.

પરાર્થ સિદ્ધિઓ

કર્મ બે પ્રકારનું છે: (૧) સોપક્રમ; જેનો સમાવેશ પ્રારબ્ધમાં થતો હોવાથી તે ચાલુ ભોગવવાનું હોય છે તથા (૨) નિરૂપક્રમ; જેનો સમાવેશ સંચિતમાં થતો હોવાથી તે ભવિષ્યમાં ભોગવવાનું હોય છે. તે બંનેમાં સંયમ થવાથી **કયાં અરિષ્ટોથી મૃત્યુ થવાનું છે તેનું જ્ઞાન** થાય છે. મૈત્રીમાં સંયમ થવાથી **બળની પ્રાપ્તિ** થાય છે, બળમાં સંયમ કરવાથી **હાથિઓનું બળ** પ્રાપ્ત થઈ શકે છે. જ્યોતિષ્મતી પ્રવૃત્તિ અર્થાત્ જ્યોતિમાં સંયમ કરવાથી સૂક્ષ્મ એટલે અદૃશ્ય અર્થાત્ જે સર્વ સામાન્ય લોકોના જોવામાં આવતી નથી તેવી **વ્યવધાનવાળી બાબતો** જોઈ શકાય છે; એટલે કે ભૂમિની અંદર ખાણ, પાણી કેટલું ઊંડું છે તે, ભીંતમાં છુપાવેલ વસ્તુ અથવા શરીરની અંદર જે કાંઈ છે તે તથા ગમે તેટલે દૂર હોય તે બધું બેઠેલી બેઠકે જ જોઈ શકાય તેવી શક્તિ પ્રાપ્ત થાય છે. સૂર્યમાં સંયમ કરવાથી **ભુવનનું જ્ઞાન**, ચંદ્રમાં સંયમ કરવાથી **તારાઓનું જ્ઞાન**, ધ્રુવમાં સંયમ કરવાથી **તારાની ગતિનું જ્ઞાન** અને નાભિચક્રમાં સંયમ કરવાથી **શરીરની તમામ રચનાનું જ્ઞાન** પ્રાપ્ત થાય છે, કંઠકૂપ એટલે કંઠમાં કૂવાના આકાર જેવો જે ખાડાવાળો ભાગ છે, તેમાં સંયમ કરવાથી **ભૂખ અને તૃષાની નિવૃત્તિ** થાય છે. કૂર્મ નાડીમાં સંયમ કરવાથી **પહાડના જેવી અચળ સ્થિરતા** પ્રાપ્ત થાય છે. અને મૂર્ધન્યજ્યોતિમાં સંયમ કરવાથી આકાશગામી સિદ્ધોનાં દર્શન થવારૂપ સિદ્ધિ સંબંધે તો ઉપર કહેવામાં આવેલું છે. હૃદયમાં સંયમ કરવાથી **ચિત્તનું જ્ઞાન** થાય છે અને પ્રતિભજ્ઞાનમાં સંયમ થવાથી **સર્વજ્ઞ** થઈ શકાય છે. આ પ્રતિભજ્ઞાન કોઈ પણ ક્રિયા વગર અનાયસે જ સ્ફુરણ થતું રહે છે. ÷સત્ત્વ એટલે પ્રકૃતિ કિંવા બુદ્ધિ તથા પુરુષ વાસ્તવિક રીતે અત્યંત ભિન્ન છે. અવ્યક્ત કિંવા બુદ્ધિના સુખદુઃખાદિ પરિણામો પુરુષમાં પ્રતિબિંબિત થવાને લીધે તે પુરુષ પોતાને સુખદુઃખાદિથી અભેદ સમજે છે, એટલે તે પોતાના જ ભોગો છે એમ માની લે છે. પ્રકૃતિ કિંવા બુદ્ધિની અવસ્થાને પરાર્થસિદ્ધિ કહેવામાં આવે છે. એનાથી ભિન્ન અન્ય ચિત્પ્રતિબિંબને સ્વાર્થ એવી સંજ્ઞા છે ભગવાન કહે છે: હે અર્જુન ! અત્યાર સુધી તને બુદ્ધિની પરાર્થવૃત્તની સિદ્ધિઓ સંબંધમાં કહેવામાં આવ્યું છે, હવે બુદ્ધિની બીજી જે સ્વાર્થ અવસ્થા તેમાં સંયમ કરવાથી થતી સિદ્ધિઓનું વર્ણન કરું છું, જેનું અંતિમ ફળ આત્મસ્વરૂપની પ્રાપ્તિ એ જ એકમેવ છે.

સ્વાર્થ તથા પરાર્થ સર્વ સિદ્ધિઓ અંતે નિષ્ફળ જ છે

આ સ્વાર્થસંયમનું મુખ્ય ફળ તો પુરુષ પ્રકૃતિનો વિવેક થઈ પુરુષ એટલે આત્માનું યથાર્થ જ્ઞાન થવું એ જ એક છે, પરંતુ જ્યાં સુધી તેવું જ્ઞાન ઉત્પન્ન થયેલું હોતું નથી ત્યાંસુધીને માટે [૧] પ્રતિભ

÷ પાતંજલયોગશાસ્ત્રકારોએ સત્ત્વ શબ્દ પ્રકૃતિ, અવ્યક્ત કિંવા બુદ્ધિ એવા અર્થમાં વાપરેલો છે

[૨] શ્રાવણ, [૩] વેદના, [૪] આદર્શ, [૫] આસ્વાદ અને [૬] વાર્તા; એ પ્રમાણે છ પ્રકારની જ્ઞાનસિદ્ધિઓ ઉત્પન્ન થાય છે. (૧) **પ્રતિભ** એટલે મનનું, સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુને જાણવાનું સામર્થ્ય, (૨) **શ્રાવણ** એટલે શ્રવણેંદ્રિયનું દિવ્ય શબ્દ સાંભળવાનું સામર્થ્ય, (૩) **વેદના** એટલે સ્પર્શેન્દ્રિયનું દિવ્ય સ્પર્શ જાણવાનું સામર્થ્ય, (૪) **આદર્શ** એટલે ચક્ષુરિંદ્રિયનું દિવ્યરૂપ જોવાનું સામર્થ્ય, (૫) **આસ્વાદ** એટલે જિહ્વા ઇંદ્રિયનું દિવ્ય રસનો અનુભવ કરવાનું સામર્થ્ય તથા (૬) **વાર્તા** એટલે ઘ્રાણેંદ્રિયનું દિવ્ય ગંધ સૂંઘવાનું સામર્થ્ય; એ સુજ્ઞની સિદ્ધિઓ તેને પ્રાપ્ત થાય છે. ભગવાન આગળ કહે છે; હે અર્જુન! આ ઉપર કહેલી ગરિમાદિ પરાર્થસિદ્ધિઓ તથા પ્રતિભ વગેરે સ્વાર્થસિદ્ધિઓ જે તને અત્યાર સુધીમાં કહેવામાં આવી છે તે વાસ્તવિક આત્મસ્વરૂપની પ્રાપ્તિના જ્ઞાનમાં વિઘ્નરૂપ છે, તેને જરા પણ સ્પર્શ નહિ થવા દેતાં જે પુરુષ આત્મજ્ઞાનરૂપ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે તે જ ખરો પુરુષાર્થી કહેવાય. આત્મજ્ઞાન સિવાયની સર્વ સિદ્ધિઓ વૈષયિક હોઈ સંસાર અવસ્થામાં જ તે સિદ્ધિરૂપ ગણાય છે, પરંતુ વાસ્તવિક તે સાચી સિદ્ધિઓ નથી.

કર્મરૂપ ઐશ્વર્યની સિદ્ધિઓ

આમ પુરુષ એટલે આત્મસ્વરૂપનાં દર્શન થતાં સુધી પ્રાપ્ત થનારી વ્યવહારજ્ઞાનરૂપ સિદ્ધિઓનો સાર તને સંક્ષેપમાં કહ્યો; હવે પ્રાણાદિ વાયુમાં સંયમ કરવાથી કર્મરૂપ ઐશ્વર્યની સિદ્ધિઓની પ્રાપ્તિ જે વડે થાય તેનું સંક્ષેપમાં વિવેચન કરું છું; બંધના કારણની શિથિલતા થવાથી અને પ્રચાર એટલે નાડીઓમાં મનના વિચરવાના માર્ગોને જાણી તેમાં સંયમ કરવાથી યોગી પોતાના ચિત્તને **બીજા મનુષ્યના શરીરમાં પ્રવેશ** કરાવી શકે છે. ઉદાન વાયુના જય (સંયમ)થી **પાણી કાંટા અને કાદવ ઉપર ઉપદ્રવ રહિત અસંગ** રહી શકાય છે તથા તે વડે **આકાશમાં ઉડ્ડયન** પણ થઈ શકે છે. સમાન વાયુના જયથી **અગ્નિ ઉપર** સત્તા ધરાવી શકાય છે. કર્ણ અને આકાશમાં સંયમ કરીને તે ઉપર જય મેળવવાથી **દિવ્યવાણી** સાંભળી શકાય છે. શરીર અને આકાશના સંબંધમાં સંયમ કરવાથી રૂ વગેરે હલકી વસ્તુઓ સમાન બનીને **આકાશ-ગમનાદિ** સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. મનને શરીરની બહાર ધારણ કરવું તે **વિદેહાસિદ્ધિ** છે. પૃથ્વી જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોનું સ્થૂળરૂપ છે, તે પૈકી પૃથ્વીમાં કઠણતા, જળમાં કોમળતા, દ્રવત્વ અને સ્નેહપણું એટલે પિંડીકરણ કરવાનો ગુણ; તેજમાં ઉષ્ણતા; વાયુમાં સ્પંદતા અને આકાશમાં અવકાશપણું વા સર્વગતપણું એ નિયત ધર્મો હોઈ તે વડે આ પૃથ્વી છે, આ જળ છે વગેરે પંચમહાભૂતો જાણી શકાય છે; આને સ્વરૂપ પણ કહે છે. ક્રમે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ તન્માત્રાઓ કે જે સ્થૂલ ભૂતોનું કારણ છે, તે જ એ ભૂતોનું સૂક્ષ્મરૂપ કહેવાય છે. સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પોતાના પ્રકાશ, પ્રવૃત્તિ અને સ્થિતિ ધર્મો સહ પ્રત્યેક ભૂતોમાં વ્યાપ્ત છે તે ભૂતોનું અન્વયરૂપ છે તથા પ્રયોજનવાળું થવું તે અર્થતત્ત્વરૂપ કહેવાય છે. ગુણોમાં સુખદુઃખાદિ ભોગ અને અપવર્ગ એટલે પોતાની સ્વરૂપસ્થિતિને સંપાદન કરવાની જે શક્તિ છે તેને લીધે સર્વભૂતો ભૌતિક પદાર્થોના ભોગ અને અપવર્ગ સંપાદન કરવામાં જ લાગેલા રહે છે, એ તેઓનું અર્થવત્ત્વરૂપ છે. આને રૂપ પ્રયોજન પણ કહેવામાં આવે છે. આ પંચમહાભૂતોમાં સંયમ કરવાથી **પંચમહાભૂતોને વશ** કરી શકાય છે, તથા ભૂતજય થતાં (૧) અણિમા, (૨) લઘિમા, (૩) મહિમા, (૪) પ્રાપ્તિ, (૫) પ્રાકામ્ય, (૬) વશિત્વ, (૭) ઈશિત્વ, અને (૮) કામાવસાયિત્વ **એ અષ્ટસિદ્ધિઓની પ્રાપ્તિ** થાય છે; તથા **રૂપ, લાવણ્ય, બળ અને વજ્ર સમાન શરીરની** દૃઢતા પણ થઈ શકે છે; સિવાય ઇંદ્રિયો **ઉપર જય** પણ મેળવી શકાય છે; ઇંદ્રિયજય થવાથી અંતે **પ્રધાનશક્તિ ઉપર જય** મેળવી શકાય છે, એટલે ક્રમે **શિવ સ્વરૂપનું જ્ઞાન** મેળવી શકાય છે. આ રીતે પ્રકૃતિપુરુષના ભેદના જ્ઞાન વડે **ઈશિત્વશક્તિ** પ્રાપ્ત થઈ શકે છે તથા પોતે આ સર્વ દૃશ્યાદિનો કેવળ દ્રષ્ટા કિંવા સાક્ષી છે, એ રીતનું જ્ઞાન થઈ **સર્વજ્ઞપણું** પ્રાપ્ત થાય છે અને અંતે તમામ દૃશ્યજાળ ઉપર **વૈરાગ્ય** ઊપજી **બીજસહ તમામ હોવા નષ્ટ** થઈ કૈવલ્યની એટલે **મોક્ષપદની પ્રાપ્તિ** થાય છે.

સિદ્ધિઓનો આત્મપ્રાપ્તિમાં સહેજે ઉપયોગ નથી.

શ્રીભગવાન આગળ કહે છેઃ હે પાર્થ! વધુ શું કહું? આ રીતે યોગમાર્ગ દ્વારા અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ તેનો આત્મપ્રાપ્તિમાં કિંચિન્માત્ર પણ ઉપયોગ હોતો નથી, એટલું જ નહિ પણ તે સિદ્ધિઓ તો મનુષ્યને સત્યસ્વરૂપની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે; પરંતુ આ મૂઢ લોકો તો તેની પાછળ જ મંડ્યા રહે છે અને પોતે પોતાની જાતે જ પોતાનો વિનાશ કરી લે છે. આત્મસિદ્ધિ વિના બીજી કોઈ પણ સિદ્ધિને સિદ્ધિ કહી શકાય જ નહિ; માટે તેવી નિરર્થક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો મોહ તને ન થાય એટલા માટે સ્પષ્ટતાથી આ વિવેચન કરેલું છે (સિદ્ધિઓ માટે ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૧૫ જુઓ)

દેહમાં નાડીઓ દ્વારા થતી શ્વાસોચ્છ્વાસની ગતિ

હવે આ યોગમાર્ગ વડે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ કૃતકૃત્યતા શી રીતે થાય. એવા પ્રકારની પ્રાણોપાસનાના માર્ગ સંબંધે સંક્ષેપમાં વિચાર કરવાનો રહ્યો. આ દેહરૂપી ઘર કે જે કફ, વાત અને પિત્ત એ રીતે ત્રણ દોષોવાળું; પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ તન્માત્રા તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારવાળું; રુધિર, માંસ તથા વસાદિના લેપનવાળું તથા હાડકાંરૂપી લાકડાંઓવાળું તેમ જ સર્વત્ર આત્મપ્રકાશ વડે વ્યાપેલું છે. તેની અંદર રહેલું અંતઃકરણ કે જેમાં આત્માનું રહેઠાણ છે જેમ ઉપનિષદાદિ શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે, તેનું સાચું જ્ઞાન થતાં સુધીને માટે તેમાંથી નીકળતી બોતેર કરોડ, બોતેર લાખ, દશ હજાર, બસો ને એક * નાડીઓ વડે આ સપ્ત ધાતુનો બનેલો દેહ સારી રીતે મજબૂત બંધાયેલો છે. આ દેહની અંદર ડાબા પડખામાં ઇડા નામની તથા જમણા પડખામાં પિંગલા નામની કોમળ અને અતિ સૂક્ષ્મ નાડી રહેલી છે. આ બે નાડીઓ અતિ સૂક્ષ્મ હોવાને લીધે આખા દેહમાં પ્રકટરૂપે જોવામાં આવતી નથી, પરંતુ નાકના પુટોના શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ અપાનના સંચારના ચિહ્ન ઉપરથી જાણી શકાય છે.

હૃદયની વ્યાખ્યા તથા પ્રાણાપાનનો શરીરમાં પ્રવેશ

અંતઃકરણમાં (હૃદયમાં) કોમળ અને એકબીજાની સાથે મળતાં કમળાં પત્રોવાળાં, હાડકાં અને માંસ વડે ગોઠવાયેલાં, ઊંચી નાળોવાળાં અને જાણે કે કમળોની ત્રણ જોડીઓ રૂપે ત્રણ યંત્રો ન હોય! તેવાં ત્રણ કમળો હોય છે (અંતઃકરણ કિંવા હૃદયની વ્યાખ્યા આગળ આપવામાં આવશે.) આ કમળોની પાંખડીઓ સઘળા દેહમાં આકાશમાં ફરનારા નિઃશ્વાસ એટલે બહારથી અંદર લેવામાં આવતા શ્વાસરૂપ વાયુના અમૃતના સિંચનથી સહેજ ઊઘડે છે તથા ઉચ્છ્વાસ એટલે અંદરથી બહાર નીકળનારા શ્વાસરૂપ વાયુ વડે જરાક બિડાઈ જાય છે અર્થાત્ તે ઉચ્છ્વાસ એટલે પ્રાણવાયુ વડે ઘેરાઈને સહેજ સંકોચાઈ જાય છે તથા નિઃશ્વાસ એટલે અપાન વાયુથી ઘેરાઈને સહેજ ઊઘડે છે. આ રીતે દરેક શ્વાસોચ્છ્વાસ વખતે ઉઘાડવાસની થતી એ ક્રિયા ચાલ્યા જ કરે છે. જેમ અરણ્યમાં પવન વડે વેલનાં પાંદડાઓ હાલતાં ચારે બાજુએ આમથી તેમ અને તેમથી આમ ડોલંડોલ થયા જ કરે છે, તેમ આ હૃદયકમળોનો પાંદડીઓ ડોલતાં અંદરનો વાયુ વધે છે અને વધેલો એ વાયુ હૃદયમાંથી નીકળતી ઉપરથી નીચે જનારી નાની મોટી તમામ નાડીઓ દ્વારા સર્વ શરીરમાં પ્રસરી જાય છે. આ હૃદયમાંનો વાયુ જ દેહમાં જુદે જુદે સ્થળે સ્થાન કરીને જુદા જુદા પ્રકારની ચેષ્ટાઓ કરે છે. તાત્પર્ય એ કે, શરીરમાં જે હલન ચલન, પ્રસરણ, વધવું, ઘટવું, સંકોચાવું ઇત્યાદિ છ વિકારો અને તેનો તમામ ચેષ્ટાઓ થતી જોવામાં આવે છે, તે સર્વ વાયુ વડે જ થાય છે. જે ચેષ્ટાઓ ઉપરથી વિદ્વાનોએ આ એક જ વાયુના સ્થાનભેદવશાત્ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન; એ રીત મુજબ પાંચ ભેદો કરેલા છે.

---

* આત્મા અંતઃકરણમાં રહે છે અને જેમ સૂર્યમાંથી કિરણો નીકળી તે સર્વત્ર પોતાનો પ્રકાશ પ્રસાર છે, તેમ અંતઃકરણમાંથી મુખ્ય બોંતેર નાડીઓ નીકળી તે દરેકની સો સો શાખાઓ છે આ રીતે નાડીના કુલ સંખ્યા ૧૦,૧૦૦ થાય છે. આ શાખારૂપ દરેક નાડીઓની બોતેર હજાર પ્રતિ શાખાઓ છે. આ પ્રતિ નાડીઓની સંખ્યા બોતેર કરોડ, બોતેર લાખ થાય છે આ રીતે કુલ નાડીઓનો સંખ્યા ૭૨,૭૨,૦૦,૦૦૦+૧૦,૧૦૦+૧૦૧=૭૨,૭૨,૧૦,૨૦૧ બોતેર કરોડ, બોતેર લાખ, દશ હજાર, બસો ને એક થાય છે (જુઓ પ્રશ્નોપનિષદ પ્રશ્ન ૩, મંત્ર ૬)

મહાપ્રાણ જ સર્વ ક્રિયાઓ કરે છે

આ પડેલા ભેદોનાં સ્થાનકો આ પ્રમાણેનાં છે : (૧) પ્રાણનું સ્થાન હૃદયથી નાકના અગ્રભાગ સુધીનું છે, આ વાયુ શ્વાસોચ્છ્વાસ લેવાના હેતુરૂપ છે; (૨) અપાનનું સ્થાન હૃદયથી ગુદા સુધીનું હોઈ તેનું કાર્ય મળમૂત્રાદિના વિસર્જનનું છે; (૩) સમાન હૃદયથી નાભિ સુધીના સ્થાનમાં સ્થિત રહી તે આહારના રસને પોતપોતાના સ્થાનમાં સરખાં પહોંચાડવાના હેતુરૂપ છે; (૪) ઉદાન હૃદયથી મસ્તક સુધી (કંઠના અગ્રભાગ)માં સ્થિત રહી શરીરને ઊભું રાખવું, ઊંચકી રાખવું, બોલવાના તથા ગાન કરવાની પ્રવૃત્તિના હેતુરૂપ છે અને (૫) વ્યાન શરીરમાં સર્વ શિરાઓ (નાડીઓ)માં વ્યાપ્ત હોઈ આ વાયુ શરીરની સર્વ હિલચાલોના હેતુરૂપ છે. આ વાયુ શરીરમાં સર્વત્ર ઓતપ્રોત વ્યાપેલો છે. આ રીતે મૂળ એક જ વાયુ સ્થાનભેદવશાત્ મુખ્ય પાંચ ભેદને પામેલો છે; વળી તે જ વાયુ સ્થાનભેદવશાત્ નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એવા પાંચ પેટાભેદો વડે ઉપપ્રાણને પણ પામેલો છે. આમ એક જ વાયુ દશ પ્રકારનો ગણાય છે. તાત્પર્ય, એક જ વાયુ ભિન્ન ભિન્ન સ્થાન તથા કર્મો વડે ભિન્ન ભિન્ન નામ રૂપોને પ્રાપ્ત થયેલો છે. તે સર્વનો સમાવેશ મૂળ પ્રાણ કે જેને મહાપ્રાણ અથવા જીવભૂત કહે છે તેમાં જ થાય છે (વૃક્ષાંક ૬ જુઓ); અને તે મહાપ્રાણ તો અણુ, રેણુ, પરમાણુથી માંડીને મહત્તત્ત્વ સુધી વ્યષ્ટિ, સમષ્ટિ અને વિરાટમાં સર્વત્ર વ્યાપેલો છે.

પ્રાણવાયુની શક્તિ તથા શ્રેષ્ઠ પ્રાણોપાસના

જેમ ચંદ્રના બિંબમાંથી કિરણો ઊંચે તથા નીચે ફેલાય છે, તેમ ઉપર બતાવેલા હૃદયકમળના આ ત્રણ યંત્રોમાંથી સઘળી પ્રાણશક્તિઓ દેહમાં ઊંચે તથા નીચે, આમ, તેમ, આજુબાજુ એમ સર્વત્ર પ્રસરેલી છે. આ પ્રાણશક્તિઓ જ અન્નરસને દેહમાં ફેલાવવાને માટે જાય છે. આવે છે, ખેંચે છે, રહે છે, વિહાર કરે છે, ઊંચી ચડે છે તથા નીચે ઉતરે છે. આ રીતે એના સર્વત્ર થતા સંચાર વડે જ આ બધી ક્રિયાઓ થતી રહે છે. હૃદયકમળમાં રહેલાં આ વાયુને જ પંડિતો પ્રાણ કહે છે. આ પ્રાણની કોઈ શક્તિ નેત્રોને ઉઘાડવાસ કરતી છે, કોઈ શક્તિ સ્પર્શ, તો કોઈ ગંધનું ગ્રહણ કરે છે, તો કોઈ અન્નને પચાવે છે; વળી કોઈ શક્તિ વચનોને બોલે છે, ઇત્યાદિ સંક્ષેપમાં આટલું જ સમજવાનું છે કે, જેમ યંત્રોનો સૂત્રધાર યંત્રમાં રહેલી દરેક ક્રિયાઓ બરાબર રીતે ચલાવે છે, તેમ ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતાની પ્રકૃતિશક્તિ (વૃક્ષાંક ૩) નો આશ્રય લઈ આ મહાસમર્થ એવા મહાપ્રાણ વા જીવ (વૃક્ષાંક ૬) દ્વારા આ શરીરમાં અને બહાર એક તરણાથી તે મહત્ પર્યંત જે જે કાંઈ દૃશ્યરૂપે ભાસે છે તથા તેમાં જે જે ક્રિયાઓ પ્રતીત થાય છે; તે ક્રિયાઓ વ્યષ્ટિની હો, સમષ્ટિની હો યા વિરાટની હો; તે સર્વ આ મહાપ્રાણ સ્વરૂપ એવા જીવ વડે જ થતી ભાસે છે અને તેમાં ઉચ્છ્વાસ એટલે હૃદયની અંદરથી બહાર નીકળનારો શ્વાસ તથા નિઃશ્વાસ એટલે બહારથી હૃદયની અંદર જતો શ્વાસ આ બન્ને પ્રાણ અને અપાનના નામોથી જાણીતા હોઈ પ્રત્યક્ષ પ્રકટરૂપે અનુભવમાં આવે એવા છે. તેમાં ઉચ્છ્વાસ અંદરથી ઉપર આવી બહાર નીકળી જાય છે અને નિઃશ્વાસ બહારથી અંદર જાય છે. પ્રાણવાયુ ઉષ્ણ અને અપાન શીતલ છે. તેને અગ્નિસ્વરૂપ, સોમસ્વરૂપ તથા સૂર્યચંદ્ર પણ કહે છે, તે વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં તથા સમષ્ટિમાંથી વ્યષ્ટિમાં, ભૂતાકાશમાંથી સર્વના હૃદયરૂપ આકાશમાં અને સર્વના હૃદયરૂપ આકાશમાંથી વળી પાછો ભૂતાકાશમાં, એમ ખેપો (ફેરાઓ) કર્યા જ કરે છે અને દેહરૂપી મોટા ઘરયંત્રને ચલાવ્યા કરે છે. તથા એમ કરવા છતાં પણ શ્રમથી તદ્દન રહિત રહે છે, તે કદી પણ થાકતો નથી. વિરાટમાં તે ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિરૂપે હોઈ બ્રહ્માંડમાં તે અગ્નિસ્વરૂપ અને સોમસ્વરૂપ એ બે સ્વરૂપે વિભક્ત થયેલો છે તથા અંતરિક્ષમાં સૂર્ય અને ચંદ્રરૂપે સ્થિત છે; તેમ જ વ્યષ્ટિમાં અક્ષિપુરુષના દેવતા આદિત્યરૂપે નેત્રમાં, મનના દેવતા ચંદ્ર સ્વરૂપે હૃદયમાં, તેમજ પ્રાણેંદ્રિયના દેવતા પ્રાણરૂપે તથા નાભિથી ગુદામાં અપાનરૂપ યમદેવતારૂપે રહેલો છે. આ સર્વ શરીરનું રક્ષણ કરવા આ એક પ્રાણ જ પોતે ઉપર બતાવ્યા પ્રમાણે જુદા જુદા દશ વાયુરૂપે બનેલો છે અને તે જ આ શરીરરૂપ રથમાં મનરૂપ પૈડાંરૂપે છે તથા તેના જ અહંકારરૂપ રાજા; અને જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો તથા વિષયો એ સર્વ

પ્યાદા (ઘોડાઓ) રૂપે છે. તાત્પર્ય કે, પ્રાણોપાસના કરનારે આ રીતે આ પ્રાણ અપાનનું સારી રીતે જ્ઞાન મેળવી, પાપ અને આસક્તિથી રહિત બની તમામ વિષયોમાંથી આસક્તિને કાઢી નાખવી અને હું પ્રાણોપાનથી પણ પર એવો આત્મા જ છું, એ રીતેની દરેક શ્વાસોચ્છ્વાસ લેતી વખતે ધારણા કરવી એ જ મુખ્ય પ્રાણોપાસના છે, એમ જાણવું. ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ નામના આ બે વાયુઓ શરીર રહે ત્યાંસુધીને માટે એકધારી રીતે રહેલા છે તથા તે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ સર્વદા સમરૂપે જ રહે છે; તે જ સમસ્ત નાડીઓમાં ગતિ કર્યે જાય છે. આ નિરંતર ચાલનારા પ્રાણવાયુની ગતિ અત્યંત સૂક્ષ્મ હોવાને લીધે તે સાધારણ લોકોના અનુભવમાં આવતી નથી. પરંતુ સૂક્ષ્મદર્શી અભ્યાસી યોગી જ તેને જાણી શકે છે અને તેની દરેક ગતિ સાથે પોતે તદ્રૂપ અથવા આત્મરૂપ છે એવી ભાવના નિત્યપ્રતિ તે કરતો રહે છે; જેથી દુઃખદાયક એવા મૃત્યુના પાશમાંથી તે છૂટી શકે છે અને નિર્વાણરૂપ પરમપદને તથા શાંતિના સ્થાનને પ્રાપ્ત કરે છે.

કેવળકુંભક એટલે શું ?

અષ્ટાંગયોગ પૈકી (૧) યમ, (૨) નિયમ, (૩) આસન તથા (૪) પ્રાણાયામ સંબંધમાં કેટલુંક વર્ણન ઉપર આપવામાં આવેલું છે. તેમાં કહેવામાં આવેલું જ છે કે, જેમાં વાયુને શ્વાસદ્વારા અંદરથી બહાર કાઢવામાં આવે છે, તેવી વાયુની જે ગતિ તેને બાહ્યવૃત્તિ અથવા રેચક પ્રાણાયામ કહે છે તથા જેમાં વાયુને શ્વાસદ્વારા બહારથી અંદર ખેંચવામાં આવે છે એટલે આ પ્રમાણે વાયુની જે ગતિ તેને પૂરક પ્રાણાયામ કહે છે; તેમ જ વાયુને અંદર ખેંચ્યા પછી અને પુનઃ બહાર કાઢવામાં આવે તે પહેલાં અર્થાત્ એ બે ક્રિયાઓની વચ્ચેની સંધિ અવસ્થામાં તેને જે અંદર ને અંદર જ રોકી રાખવામાં આવે છે, તેને સ્તંભવૃત્તિ અથવા કુંભક પ્રાણાયામ કહે છે. પ્રાણવાયુનો આ વિલોમ પ્રકાર હોઈ અનુલોમ પ્રકાર એથી વિપરીત હોય છે (જુઓ પૃ૪ ૩૪૦-૩૪૧). ઘડો જેમ પૂર્ણ ભરાઈ જવાથી તેમાંનું જળ તદ્દન નિશ્ચળ રહે છે અને બિલકુલ રેલછેલ થતું નથી, તેમ શરીર પણ વાયુથી પૂર્ણ થવાથી તેમાંનો વાયુ પણ તદ્દન નિશ્ચળ થાય છે; આથી જ તે સ્તંભવૃત્તિ અથવા કુંભક કહેવાય છે. પ્રાણાયામના આ મુખ્ય ત્રણ પ્રકારો છે. કુંભકના અનુલોમ તથા વિલોમ પ્રકારો પણ (પૃ૪ ૩૪૦-૩૪૧) ઉપર કહેવામાં આવેલા છે. આ ત્રણ પ્રકારનો પ્રાણાયામ જેમ જેમ યોગીનો અભ્યાસ વધે તેમ તેમ દેશ, કાળ તથા સંખ્યાના પરિમાણથી સૂક્ષ્મ અને દીર્ઘ થતો જાય છે. અભ્યાસ ભેદવડે પ્રાણાયામમાં સધૂમ, વિધૂમ, સગર્ભ; અગર્ભ, સલક્ષ્ય અને અલક્ષ્ય, એવા છ ભેદો પડે છે, જે પ્રથમ કહેવામાં આવ્યું છે. (પૃ૪ ૩૩૪ જુઓ). આ પ્રાણાયામનો ક્રમે અભ્યાસ કરતાં કરતાં સાધકને પ્રથમ શરીરમાં પરસેવો છૂટવા માંડે છે; તે અધમ પ્રાણાયામ સમજવો. ત્યારબાદ વિશેષ અભ્યાસ થતાં શરીરમાં કંપ છૂટે છે, તે મધ્યમ પ્રાણાયામ હોઈ અતિશય અભ્યાસથકી જમીનથી અદ્ધર થઈ આકાશમાં ઊંચે ઉડ્ડયન થવાનો અનુભવ થાય છે, તે પ્રાણાયામને ઉત્તમ સમજવો. આ મુજબ ઉત્તમ પ્રાણાયામની પ્રાપ્તિ થતાં સુધી સાધકે સતત અભ્યાસ ચાલુ રાખવો જોઇએ. આ પ્રમાણે પ્રાણાયામની અભ્યાસ વડે સિદ્ધતા થયા પછી સ્થિરકુંભક અથવા કેવળકુંભક નામનો ચોથો સહજ પ્રાણાયામ સાધ્ય થયા છે. તે પ્રાણાયામમાં નિઃશ્વાસ દ્વારા બહારથી અંદર લીધેલો વાયુ નાસિકાદ્વારા ઉચ્છ્વાસરૂપે ફરીથી બહાર નહીં નીકળતાં અંદર ને અંદર જ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરકાદિ ચક્રોમાં પ્રવેશી કુંડલિનીનું ઉત્થાન કરી અનાહત ચક્રોમાં થઈ સીધો મેરુદંડના માર્ગે સુષુમ્ણા નાડીદ્વારા ક્રમે શરીરમાંના મુખ્ય એવાં ષટ્ચક્રોનું ભેદન કરી અંતે બ્રહ્મરંધ્રમાં જઈ આત્મસ્વરૂપમાં સ્થિત થાય છે; તે માટે હવે ષટ્ચક્રભેદનવિધિ સંબંધે વિચાર કરવો જરૂરી છે.

ષટ્ચક્રોના ભેદનની વિધિ

યોગાભ્યાસી મુનિએ પ્રથમ તો ઉપર બતાવ્યા પ્રમાણે આસન સિદ્ધ કરી પોતાનું મૂળ (ગુદા) દ્વારા પગની પાની વડે બંધ કરવું. જે પ્રાણરૂપ એક જ વાયુ સ્થાનભેદ વડે અપાનરૂપે બનેલો હોય છે, તેને ગુદાદ્વારમાંથી બહાર નીકળતો રોકી દઈ પ્રથમ મૂલાધારમાં લઈ જવો. આ મૂલાધારચક્ર ગુદા સમીપ હોઈ તેને ચાર દળો છે. વં, શં, ષં, સં, એ ચાર તેના બીજાક્ષરો હોઈ ઓગળેલા સુવર્ણ જેવું છે. તેની આકૃતિ ચતુષ્કોણ

છે અને દેવતા * ગણેશ છે. તે સર્વના મૂલ આધારરૂપ હોવાથી તેને મૂલાધાર કહે છે. તે ચક્રમાં જ્યારે આ પ્રાણવાયુનું પ્રસરણ થાય છે ત્યારે આસન ડગમગતું હોય તેમ લાગે છે, આસન ઉપરથી ઊઠી જવાનું મન થાય છે તથા જો યમ નિયમોનું પાલન બરાબર ન થયું હોય અને પેટમાં ભાર હોય તો કોઈ કોઈ વખતે ઝુલાસ વગેરે થઈ અપાન વાયુનું પ્રસરણ થઈ આવે છે; માટે યોગાભ્યાસીએ પ્રથમ તો યમનિયમાદિનું સંપૂર્ણ રીતે પાલન કરવું અત્યંત આવશ્યક છે. આ માર્ગમાં તો ફક્ત વાયુદ્વારા શરીરને શુદ્ધ કરવાનું છે. શરીરમાં જેટલો મેલ હશે તેટલી આસનસિદ્ધિમાં ત્રુટિ રહેશે તથા આવી ત્રુટિ સિલક હોવા છતાં જો ચક્રભેદનનો પ્રયત્ન કરવામાં આવશે તો તેથી વધુ ત્રાસ થવા સંભવ છે; માટે યમનિયમાદિનું સારી રીતે પાલન કરી બાદ આસનસિદ્ધિ કરવી જોઈએ. ત્યાર પછી જો વાયુને રોકી તેને ચક્રભેદનના માર્ગે લઈ જવામાં આવે તો પછી તે થકી કાંઈ પણ ભય રાખવાનું કે ત્રાસ થવાનું કારણ રહેતું નથી. અને ત્યાંસુધી આ અભ્યાસ એકલાએ જાતે કદી પણ કરવો નહિ, પણ ગુરુની સાંનિધ્યમાં રહીને જ કરવો. આ રીતે મૂલાધારચક્રમાં પ્રાણવાયુનો સંચાર થાય એટલે પરા વાણીરૂપ ૐકારની અસ્ફુટ સ્ફુરણાની શરુઆત આપોઆપ થાય છે પછી તે વાયુને થોડી હઠવડે ઉપરના સ્વાધિષ્ઠાન ચક્રમાં ચઢાવવો.

સ્વાધિષ્ઠાનચક્રનું ભેદન

સ્વાધિષ્ઠાનચક્રમાં વાયુ આવ્યા પછી વળી પાછો તે મૂલાધારમાં ઊતરી જવા પ્રયત્ન કરે છે; માટે નિશ્ચલ રાખી, નહિ ગભરાતાં તેને ત્યાં જ સ્થિર કરવો. આ સ્વાધિષ્ઠાનચક્ર લિંગની સામી બાજુએ અંદરના ભાગે મૂલાધારથી તદ્દન સાધી રેષામાં આવેલું છે. તેમાં છ દળો હોઈને તેના દેવતા બ્રહ્મા છે તથા તે અર્ધચંદ્રના આકારે છે તે બં, ભં, મં, યં, રં, લં, આ છ બીજાક્ષરોથી યુક્ત અને અગ્નિ સમું હોઈ પરલિંગના અધિષ્ઠાન રૂપ છે. ક્રમભેદથી કેટલાકોના મતે મૂલાધારનો દેવતા ગણેશ અને સ્વાધિષ્ઠાનના દેવતા બ્રહ્મા છે. આ સ્વાધિષ્ઠાનચક્રમાં જ્યારે પ્રાણવાયુ આવે છે ત્યારે પેટમાં ખળભળાટ થવા માંડે છે તથા ગભરાટ પણ કરાવે છે, પરંતુ તેથી જરા પણ ડગમગવું નહિ. ૐકારનો સ્વયંનાદ વધુ સ્પષ્ટ થતો ભાસે છે ત્યાર બાદ યુક્તિવડે સ્વાધિષ્ઠાનચક્રમાંથી તેને ઉપર મણિપૂરચક્રમાં ચઢાવવો.

મણિપૂરચક્રનું ઉત્થાન

આ ચક્ર નાભિની સામી બાજુ મેરુદંડની સરળ રેષામાં જ છે. તેમાં દશ દળો હોઈ ડં, ઢં, ણં, તં, થં, દં, ધં, નં, પં, ફં. આ દશ બીજાક્ષરોથી યુક્ત છે. તે મેઘના જેવું બહુ તેજોમય છે. તે વિષ્ણુથી અધિષ્ઠિત હોઈ વિષ્ણુના દર્શનનું કારણ છે. તેનો તેના દેવતા વિષ્ણુ કહેવાય છે. આ મણિપૂર ચક્ર ત્રિકોણાકાર છે. મણિઓ જેવું વિકસ્વર હોવાથી તે મણિપદ્મ કહેવાય છે. પશ્યન્તી વાણીનું તે સ્થાન હોઈ ૐકાર પૈકી 'અકાર" માત્રાની ઉત્પત્તિ અત્રેથી થાય છે. આ ચક્રમાં જ્યારે પ્રાણવાયુનો સંચાર થાય છે ત્યારે પ્રથમ તો પેટમાં ગડગડાટનું જોર વધે છે, આખા શરીરે પસીનો પસીનો થઈ જાય છે, ગભરાટ પણ વધે છે અને પ્રથમતઃ તો સડાવશ્ય આંટીનું ગૂંચળું વળીને અને નીચે મોઢું કરીને બેઠેલી નાગણની સાથે તેને પ્રસંગમાં આવવું પડે છે. તે નાગણ અર્થાત્ 'કુંડલિની' આ પ્રાણવાયુના તાપને લીધે સડેજ મોઢું ઉપર નીચે આમતેમ કરે છે. આ શક્તિ જેવી રીતે વીજળીનું કુંડલ હોય અને તેમાં વચ્ચે વીજળીની લત્તીઓ હોય તેવી ઝગમગાટવાળી દેખાય છે. આ દૈદિપ્યમાન કુંડલિનીનું દર્શન યોગીને પ્રથમ અત્રે જ થાય છે. મદારી જ્યારે નાગણને ટોપલામાંથી ઉઘાડે છે ત્યારે તે ફૂંફાડા મારી પાછો ગૂંચળું વળીને સૂઈ જાય છે તથા જ્યારે તે તેને પુનઃ જગાડે છે ત્યારે પુનઃ ફૂંફાડો મારે છે. તેવી રીતે આ કુંડલિનીરૂપ નાગણ પણ વાયુના ઉપર ચઢવાથી તેને ફૂંફાડાઓ મારી વખતો વખત ફરીથી નીચે ધકેલતી રહે છે, પરંતુ તે વાયુ નાગણીને જંપવા દેતો નથી; આથી છંછેડાયેલી તે નાગણ ઊઠી ક્રોધે ભરાઈ તે જીભ વડે સર્વ માંસ, મજ્જા, ત્વચા આદિ ધોવા માંડે છે તથા તે મળને સફાચટ કરતી રહે છે. આ વખતે યોગીની સ્થિતિ ઘણી જ કફોડી બને છે. તેને બેચેની ઉત્પન્ન થાય છે,

* મૂલાચક્રની નીચેના ચક્રના દેવતા ગણેશ હોઈ મૂળાધારના દેવતા બ્રહ્મા છે, એવો કેટલાકનો મત છે.

આખા શરીરે પસીનો છૂટ્યા કરે છે, વીજળીના તારને હાથ લગાડવાથી જેમ કંપ છૂટે છે અથવા એકદમ ધક્કો લાગે છે તેમ શરીરમાં કંપારી છૂટે છે અને ભૂખ, તરસ લાગતી નથી. આમ થવાનું કારણ એ છે કે, આ કુંડલિની શક્તિ જે ઘણા દિવસથી ચૂંચળું વળીને બંધ મોંએ પડી રહેલી હોય છે, તે આળસ છોડી દઈ સુષુમ્ણા નાડીદ્વારા શરીરમાં સર્વત્ર વ્યાપી જઈ તેમાં અચપણથી ઘર ઘાલી બેઠેલા મેલને બહાર કાઢી નાખે છે. જેઓના શરીરમાં મેલ વધુ હોય તેમને ત્રાસ વધુ થાય છે તથા જેમનામાં મેલ કમી હોય તેમને ત્રાસ ઓછો થાય છે. જેમ ગટરની અંદર પાણી નાખવાથી તે પાણીના જોર વડે કચરો ધસડાઈ જાય છે, તેમ આ કુંડલિનીમાં પ્રવેશનારો વાયુ સુષુમ્ણા દ્વારા શરીરમાં સર્વત્ર પ્રસરી જઈ ઉપર બતાવેલી નાની મોટી તમામ બોતેર કરોડ, બેત્રીસ લાખ, દશ હજાર, બસો ને એક નાડીઓના મેલને રોમાદિ છિદ્રોદ્વારા બહાર કાઢીને શરીરની કાંતિ દિવ્ય, સુંદર તથા સુદઢ બનાવે છે. તે સમયે ઉપર બતાવેલી સિદ્ધિઓ તો તેની પાસે આપ મેળે આવે છે, છતાં તે નિષ્કામ યોગી તેમની સામે કરી જોતો પણ નથી. આ બાબતમાં વધારે વિવેચનની જરૂર જણાતી નથી, કારણ કે સિદ્ધિઓ સંબંધમાં ઉપર વિવેચન આવેલું છે (પૃષ્ઠ ૩૪૭ થી ૩૫૦ સુધી જુઓ.)

મનોપાસના કિંવા પ્રાણોપાસના બંને વડે કુંડલિની જાગ્રત થાય છે

શ્રીભગવાન કહે છે: હે અર્જુન ! કદાચિત્ તું કહેશે કે, આ માર્ગોમાં જો આવી રીતે શરીરને ત્રાસ થતો હોય તો પછી ભાંજગડમાં શા માટે પડવું ? પરંતુ તેની શંકા નિરર્થક જ છે; કેમકે કુંડલિનીનું ઉત્થાન થતી વખતે વ્યાધિ શા માટે થાય છે, તેનું કારણ જો જાણવામાં આવે તો તે માટે શંકાને સ્થાન રહેશે નહિ. આ કુંડલિનો કેવળ યોગમાર્ગથી જ જાગ્રત થાય છે એમ નથી, પરંતુ ભક્તિ, જ્ઞાન (સાંખ્ય) વગેરે ગમે તે માર્ગથી પણ તે જાગે છે; કેમ કે મનનો લય થતાં પ્રાણનો લય અનાયાસે જ થાય છે. તથા પ્રાણનો લય થવાથી મનનો લય પણ સહેજમાં થઈ જાય છે. આથી આ બે પૈકી ગમે તે માર્ગની ઉપાસના કરવામાં આવે તોપણ કુંડલિનીનું ઉત્થાન અનાયાસે જ થવા પામે છે અને તે વખતે બંને પ્રકારના સાધકને દુઃખ થાય છે. ફરક ફક્ત એટલો જ કે, પ્રાણોપાસક યોગીને તેનું ભાન હોય છે કે, આ દુઃખ કુંડલિની જાગ્રત થવાથી થાય છે તથા મનોપાસક તે જાણી શકતો નથી. જ્યાંસુધી કુંડલિની જાગ્રત નહિ થાય ત્યાંસુધી અપરોક્ષાનુભવ (સાક્ષાત્કાર) શી રીતે થઈ શકે? તાત્પર્ય કે, જ્ઞાત કિંવા અજ્ઞાત રીતે કુંડલિનીનું ઉત્થાન તો દરેક આત્મવેત્તાને થયેલું જ હોય છે. હવે કુંડલિનીના ઉત્થાન વખતે દુઃખ થવાનું શું કારણ છે, તેનો સંક્ષેપમાં વિચાર કરીશું.

કુંડલિની જાગ્રત થતાં દુઃખ થવાનું કારણ

જેવી રીતે શરીરમાં કોઈ ભાગ સડી ગયો હોય તો પ્રથમ તે ભાગને કાપીને સાફ કરવો પડે છે, તેને કાપતી વખતે અને કાપ્યા પછી પણ રૂઝ આવતાં સુધી ભયંકર વેદનાઓ સહન કરવી પડે અને પાછળથી જ્યારે સંપૂર્ણ રૂઝ આવી જાય છે ત્યારે જ શાંતિ થાય છે. તે પ્રમાણે આજ સુધી શરીરની નાડીઓમાં સંચય કરીને રહેલા મેલનું ભક્ષણ કરી તેને આ કુંડલિની સાફ કરે છે અને ઘણા કાળ સુધી એકઠા થયેલા મેલને સફાચટ કરી શરીરને તદ્દન પવિત્ર અને શુદ્ધ બનાવે છે. આ ક્રિયા ચાલુ હોય છે તે વખતે પ્રકૃતિમાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન થવા પામે છે. વિચાર કરો કે, જેમ કોઈ જીવિત ભાગને કાપવામાં આવે તો કેટલી વેદના થાય ? તેમ કુંડલિની કે જે ઘણા સમયથી મોં બંધ કરીને પડેલી હોય છે તેનું મોં ચીરવાથી કેટલું બધું દુઃખ થતું હશે ? અર્થાત્ દુઃખ થવાનું કારણ તો આપણી અજ્ઞાનતા જ હોય છે. આમ કુંડલિનીનું ઉત્થાન થતાં અન્નમય અને પ્રાણમય બંને કોશોનું ઉલ્લંઘન કરીને યોગી મનોમય કોશમાં સ્થિત થતો હોવાથી તેને ભૂખ તથા તૃષાથી પીડા થતી નથી. આ રીતે શરીરમાંનો તમામ મેલ સાફ થતાં એ કુંડલિની નાગણની જેમ સરસર કરતી ઉપર ચઢે છે અને સુષુમ્ણા દ્વારા સીધી ઊભી થઈ મોઢું ઉપર કરી મસ્તક સુધી પહોંચી જાય છે. બીજી બાજુએ જેમ કુવારામાંથી પાણીનું ફુવારણ થાય છે તેમ ઊર્જા ધ્વનિ સ્વતઃસિદ્ધ રીતે કોઈ પણ સાધનની અપેક્ષા વગર સ્ફુરણને પામે છે. આ વખતે પ્રકાશાદિ બીજા પણ પુષ્કળ અનુભવો થાય છે, પરંતુ અત્રે

તેનો વિસ્તાર વધારવાનું કાંઈ પ્રયોજન નથી; કેમ કે એ અનુભવો દરેક સાધકના એક સરખા જ હોતા નથી સંક્ષેપમાં જેની કુંડલિનીનું ઉત્થાન થયેલું હોય છે તેવા યોગીઓનાં નેત્ર તદ્દન સ્થિર, મન શાંત, મુખ હંમેશાં પ્રફુલ્લિત તથા ચહેરો સદા આનંદિત રહે છે અને તે જાણે નશાના ઘેનમાં ન હોય! તેવો દેખાય છે. બાહ્ય વિષયો પ્રત્યે તેને સ્વાભાવિક રીતે જ કંટાળો ઉપજે છે તથા સત્ત્વાપત્તિ નામની ચતુર્થ યોગભૂમિકા કે, જે સાક્ષાત્કારની કક્ષાના આરંભરૂપ છે તેમાં તે સ્થિત થાય છે. કેટલાકો આ સ્થિતિને સાક્ષાત્કાર વા પૂર્ણ સ્થિતિ સમજી અત્રેથી અટકી જાય છે, પરંતુ તે પૂર્ણ સ્થિતિ હોતી નથી. ભગવાન કહે છે, હે અર્જુન! વધુ શું કહું? જેને વ્યવહારના વિષયો ઉપર સ્વભાવિક રીતે જ સંપૂર્ણ વૈરાગ્ય થયો છે, જે તદ્દન નિરોગી બનેલો છે તથા જેને જગતરૂપ તમામ દૃશ્યજાળ મિથ્યા છે એવો અંતરમાં પાકો દૃઢ નિશ્ચય થયેલો છે, તેમ જ જેની વૃત્તિ હંમેશને માટે આત્માના સાક્ષાત્કાર તરફ જ લાગી રહેલી હોય છે, જેને તે કરતાં બીજું કાંઈપણ વધુ પ્રિય લાગતું નથી, એવા સાધકની કુંડલિનીનું ઉત્થાન થયું છે, એમ સમજવું. આવી પરિસ્થિતિ થાય એટલે તે સાધક મટીને મુમુક્ષુ બને છે. આ લક્ષણો જેનામાં જણાય તેના સંપર્કમાં રહેનારા કિંવા તેના સમાગમમાં આવનારા પુરુષોનું પણ ધન્યભાગ્ય જ છે, એમ સમજવું.

અનાહતચક્રનું ભેદન

આ રીતે મુમુક્ષુ બનેલો યોગી અંતઃકરણમાં એક આત્મભાવનાને જ સ્થિર કરીને તથા પ્રાપ્ત થનારી સિદ્ધિઓ તરફ જરા પણ લક્ષ્ય નહિ આપતાં યુક્તિ વડે મણિપૂરચક્રમાં રહેલા પ્રાણવાયુને અનાહતચક્રમાં લાવે છે. આ ચક્ર મેરુદંડમાં મૂળાધારથી સીધી અને સરલ રેખામાં બરાબર હૃદયની સામે આવેલું છે. તે બાર દળોવાળું છે, કં, ખં, ગં, ઘં, ઙં, ચં, છં, જં, ઝં, ઞ, ટં, ઠં એ બાર બીજાક્ષરોથી યુક્ત હોઈ ઉગતા સૂર્યસમું પ્રકાશિત છે. તેની મધ્યે દશહજાર સૂર્યસમાન કાંતિથી દૈદિપ્યમાન એવું બાણ-લિંગ રહેલું છે. તેના દેવતા રુદ્ર છે. આ ચક્ર આનંદનું સ્થાનક અને રુદ્રથી અધિષ્ઠિત હોઈ તેમના દર્શનનું કારણ છે તેથી તેના દેવતા રુદ્ર કે શિવ માનવામાં આવ્યા છે. તેની આકૃતિ ષટ્કોણ હોઈ "ઉ" કારનું આરંભસ્થાન તથા 'અ'કારનું વિલયસ્થાન છે. આ પદ્મમાં શબ્દબ્રહ્મ કોઈપણ સાધન વિના સ્વાભાવિક રીતે જ નિત્યપ્રતિ સંભળાયા કરે છે તેથી તેને અનાહતપદ્મ કહ્યું છે. આ અનાહતચક્રમાં પ્રાણવાયુનું આરોહણ થતાં જ ચિત્રવિચિત્ર પ્રકારના ચિણ, ચિંચણ, ઘંટા, શંખ, તંત્રી, તાલ, વેણુ, મૃદંગ, ભેરી અને મેઘ ઇત્યાદિ નાદો કે જે શ્રુતિમાં કહેવામાં આવેલા છે તેનો અનુભવ થાય છે (જુઓ હંસોપનિષદ); પોતે આનંદસાગરમાં ડૂબી જવાથી મસ્તીમાં આવી જાય છે તથા પ્રકાશાદિ ઇતર પણ અનેકવિધ દૃશ્યાદિના પુષ્કળ અનુભવો થાય છે. મન એકદમ સ્થિર થઈ ગયું હોય એમ ભાસે છે. પરંતુ વાસ્તવિક તેમ થયેલું હોતું નથી, તે ધ્યાનમાં રાખવું. તેના ભરોસા ઉપર કોઈ આગળ જવાનું છોડશે તો તે મોહમાં ફસાઈ પુનઃ નીચે પટકાઈ જવા સંભવ છે; કારણ કે, હજુ સુધી તેમાં ત્રણ ગુણોનું સૂક્ષ્મરૂપે બીજ રહેલું હોય છે. બાદ અત્યંત પવિત્ર અને નિર્મળ બનેલો તે મુમુક્ષુ દૃઢ અભ્યાસ અને યુક્તિ વડે પ્રાણવાયુને અનાહતચક્રમાંથી અપાન માર્ગે વા મધ્ય માર્ગે વિશુદ્ધિચક્રમાં લઈ જાય છે.

વિશુદ્ધિચક્રનું ભેદન

આ વિશુદ્ધિચક્ર નીચેના મૂલાધારાદિ ચાર ચક્રોની સીધી રેખામાં કંઠની સામે હોઈ તે સોળ દળોવાળું તથા ગોળાકાર છે. અં, આં, ઇં, ઈં, ઉં, ઊં, ઋં, ૠં, ઌં, ૡં, એં, ઐં, ઓં, ઔં, અં, અઃ આ સોળ બીજાક્ષરોથી યુક્ત, ધૂમાડા જેવા આકાશી વર્ણવાળું અને મહા તેજસ્વી છે. આ મહાઅદ્ભુતપદ્મ આકાશને નામે પણ કહેવાય છે. તે સદાશિવથી અધિષ્ઠિત હોઈ તેમનાં દર્શન કરાવી જીવાત્માને વિશુદ્ધ કરે છે, એટલે તે જીવરૂપ મટી શિવરૂપ બને છે તેથી તેને વિશુદ્ધિપદ્મ કહેવામાં આવે છે. તેના દેવતા સદાશિવ હોઈ તે "ઉ'કાર માત્રાનું અંતિમ સ્થાન તથા "મ્"કારનું આરંભસ્થાન છે. આ ચક્રમાં આવતાં શરીર તદ્દન નિર્મળ, પવિત્ર અને એકદમ હલકું થઈ જાય છે. અત્રે આનંદમય કોશનો અનુભવ થઈ તે મુમુક્ષુ યોગીને ઉપર કહેવામાં આવેલા સ્વયંનાદ તથા બીજા પણ અનેક વિવિધ દૃશ્યો જોવામાં આવે છે. કોઈ કોઈ વખતે સિદ્ધોનાં તથા

દેવતાઓ ને દર્શનનો અનુભવ પણ થવા માંડે છે. તે વિષયોના પાશમાંથી તદ્દન નિર્મોહ થયેલો હોય છે. અર્ધનિદ્રામાં સૂતેલા બાળકની જેવી સ્થિતિ હોય તેવી આ યોગીની સ્થિતિ હોય છે, પરંતુ બાળક જેમ કોઈ કોઈ વખતે ઝબકીને એકદમ જાગે છે, તેમ આ યોગી કોઈ કોઈ સમયે ઝબકીને ભાનમાં પણ આવે છે. આ યોગી કોઈ વખતે પાંચમી અને કોઈ વખતે છઠ્ઠી ભૂમિકામાં સ્થિત રહે છે.

આજ્ઞાચક્રનું ભેદન

ઉપરનાં પાંચ ચક્રોનું ભેદન થયા બાદ આજ્ઞાચક્રનો ભેદ કરવો પડે છે. આ ચક્રભેદન ઘણી જ કાળજીપૂર્વક અને યુક્તિપૂર્વક કરવું પડે છે. આ આજ્ઞાચક્ર ભ્રૂકુટી (ભ્રૂમધ્ય–બે ભમરની વચ્ચે)માં અને પાંચે ચક્રોની સીધી રેખામાં આવેલું હોઈ તેમાં બે દળો છે આ પદ્મ हं અને क्षं; એ બે બીજ અક્ષરોથી યુક્ત હોઈ અતિ મનોહર અને દિવ્ય છે. આના અધિષ્ઠાતા ઈશ્વર હોઈ તેના દર્શન થકી જીવ ત્રણ ગુણોથી પર, સર્વનો દ્રષ્ટા વા સાક્ષી બની આજ્ઞાકારિત્વનો અધિકારી બને છે, આથી આને આજ્ઞાચક્ર કહે છે. બિંદુ એ જ એનું લક્ષ્ય છે. "ૐ" કારનો અંત અને અર્ધમાત્રનું આ સ્થાનક છે. ચક્રભેદનમાં સર્વથી છેવટનું ચક્રભેદન આ જ છે. વિશુદ્ધિચક્રમાંથી પ્રાણવાયુને ધીમે ધીમે સાવચેતી રાખી ધીમે ધીમે તાણવાના મૂળમાં જ્યાં પડજીભ હોય છે ત્યાં લાવી, પછી તે જીભનું ભેદન કરી ત્યથા ઘણી જ સાવચેતીથી બે ભ્રૂકુટીઓની વચ્ચે આવેલા આજ્ઞાચક્રમાં લાવવો. આ સમયે નાકનાં બે છિદ્રો, કાનનાં બે છિદ્રો, બે નેત્ર અને એક મોઢું એમ સાતે દ્વારો ચોક્કસ રીતે બંધ કરવાં પડે છે. તદ્દન નિર્વાસન બનેલો અને જેને કોઈપણ પ્રકારની એષણા રહેતી નથી તેવો યોગી જ આ આજ્ઞાચક્ર પર્યંત પહોંચી શકે છે. આ ચક્રમાં પ્રાણવાયુ સ્થિર થયા પછી કોઈપણ પ્રકારની ક્રિયા કરવાની રહેતી જ નથી. આ સ્થાન એ ક્રિયાની અંતિમ સ્થિતિ દર્શાવનારું છે. ભ્રૂકુટીના મધ્ય ભાગમાં સમાંતરે પાંચે ચક્રોની સીધી અને સરળ રેખામાં આવેલા આ ચક્રમાં સ્થિરતા થઈ એટલે કૃતકૃત્યતા જ પ્રાપ્ત થઈ એમ સમજવું, પ્રથમ પ્રથમ તો આમાં વાયુને સ્થિરતા અભ્યાસ વડે કરવી પડે છે, પરંતુ પાછળથી તે સ્વતઃસિદ્ધ જ થાય છે. આ પ્રમાણે મુખ્ય છ ચક્રો છે; તે ઉપર કૈલાસ નામનું ચક્ર હોઈ તેના ઉપર રોધિની ચક્ર આવેલું હોઈ તે ઉપર એક હજાર આરાવાળું અને પરમાત્માનું સ્થાન-અધિષ્ઠાનરૂપ સહસ્રાર ચક્ર છે. આ ચક્રમાં જીવ શિવનું ઐક્ય બનતો યોગીજનોને જે અમૃત ઉત્પન્ન થઈ તે વડે કુંડલિની શક્તિ તૃપ્ત બને છે. મોઢું ફાડીને અને ઊંચું જોઈને લટાના જેમ મેરુદંડની ઓર વીંટાયેલી કુંડલિની નામની નાગણના મુખમાં અમૃતનું ઝરણું આ સ્થાનમાંથી ટપકે છે, તેના સેવન વડે જ તે શરીરના સર્વ ભાગને પોષણ આપે છે. આ ચક્રના વર્ણનને માટે તો શું કહેવું? ચોતરફ તેજના સાગરમાં ડૂબેલા તથા છઠ્ઠી અને સાતમી ભૂમિકાઓનો વચમા રમમાણ બનેલો આ મહા યોગી નિત્ય ચૈતન્યસ્વરૂપમાં જ તન્મય થઈ રહે છે. કદી કદી પૂર્વાભ્યાસને લીધે સંકલ્પ થઈ જાય તો તે તુરત સિદ્ધ થાય છે. આ યોગી કોઈક વખતે દેવતાઓ સાથે કોઈક વખતે આકાશચારી સિદ્ધો સાથે કિંવા અનેક બ્રહ્માંડોમાં પોતાની મરજીમુજબ ગમે ત્યાં રમણ કરે છે. કોઈ કોઈ વખતે તો સ્વસ્વરૂપમાં સ્થિર થઈ નિર્વિકલ્પ સ્થિતિમાં સ્થિત થઈ બેસે છે. કોઈ વખતે બાલ, ઉન્મત્ત કિંવા પિશાચ અવસ્થાઓમાં રહ્યા હોય એમ બાહ્ય જગતની દૃષ્ટિએ તેના શરીરની સ્થિતિ દેખાય છે ખરી, પરંતુ અંદર તો તેનાં સત્ય સંકલ્પનું સામર્થ્ય પ્રાપ્ત થયેલું હોવાથી તમામ પ્રકારની રિદ્ધિસિદ્ધિઓ નિરાશ થઈ તેની આજ્ઞાના રાહ જોતી ઊભી હોય છે, છતાં આ મહાયોગી તો તેનાં સામે કદી પણ જોતો નથી. અત્રે ઊર્ધ્વ અર્ધમાત્રાનો વિલય થઈ તે "सोऽहम्" શબ્દના ધ્વનિમાં સ્થિર થાય છે, એટલે सोऽहम् ઉચ્ચારવાનું સ્વાભાવિક પ્રાકટ્ય થતું રહે છે. આ "सोऽहम्", "सोऽहम्" એવું ઉચ્ચારણ ભ્રૂકુટિથી માંડી બ્રહ્મરંધ્ર પર્યંતના ભાગમાં ઉપરથી નીચે ને નીચેથી ઉપર એમ થતું રહે છે. તે જેમ જેમ ઉપર બ્રહ્મરંધ્રના ભાગ તરફ સ્થિર થતું જાય છે તેમ તેમ એ મહાયોગી સમુદ્ર જેવો શાંત ને સ્થિર બનતો જાય છે. તત્પૂર્વે મરણક ફાટી જશે કે શું? એવી રીતનો દેહને અસહ્ય ત્રાસ થવાના અનુભવ કેટલાક સમય આવે છે. વૈકુંઠ અને કૈલાસાદિનાં દર્શનો, અનેકવિધ ચૈતન્યરૂપ પ્રત્યક્ષ દર્શનો, અંતરીક્ષમાં સર્વત્ર વિહાર ઇત્યાદિ વિવિધ પ્રકારના અનુભવો તેને થતા રહે છે, પણ પોતે

દેહથી તદ્દન અલગ છે એવો સ્વાનુભવ અંતરંગમાં પ્રત્યક્ષ થતો હોવાથી આંતરિક શાંતિ અને આનંદ વર્તાતાં જાય છે. દરેક ક્રિયાઓ નિષ્કામ ભાવે થતી હોવાનું પ્રત્યક્ષ અનુભવવામાં આવે છે. આમાં પણ સાક્ષીભાવ રહી જાય છે. ત્યાર બાદ ગુરુકૃપાથી વયર પ્રયત્ને અનાયાસે જ સહસ્રારચક્ર કે જે મૂર્ધા (કપાલની મધ્યમાં સ્થિત હોઈ એક હજાર પાંખડીઓવાળું છે તથા કેવળ મહાશૂન્ય ક્રિયા સિદ્ધરૂપ છે અને જ્યાં કોટી સૂર્યની પ્રભા સમા અનંતસૂર્યોનું દર્શન થાય છે, તેમાં સ્થિરતા થઈ આત્મસાક્ષાત્કારરૂપ **મહાસિદ્ધિની પ્રાપ્તિ** થાય છે. વચ્ચે વચ્ચે તેને **વૈકુંઠ તથા કૈલાસનાં દર્શન** થાય છે. કોઈ કોઈ સમયે આ દરેક પ્રદેશોમાં આવેલા એક પ્રદેશમાં દેવતાઓને પાંખો હોય છે એવું દશ્ય અનુભવામાં આવે છે. એ રીતના વિવિધ પ્રકારના પ્રદેશોના દશ્યો જોઈ બાદ દશ્યથી પર બને છે અને અંતે સચ્ચિદાનંદરૂપ પરમાત્મામાં એકરૂપ બનીને તે તદ્દન **નિર્વિકલ્પ સ્થિતિમાં જ સ્થિર** થાય છે. આને પરમહંસગતિની સ્થિતિ પણ કહે છે. પરમપદ પણ આ જ છે. આમ આ કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય બનેલો યોગી સાતમી ભૂમિકામાં સ્થિત થઈ જાય છે. આ મુજબ ક્રમે સાક્ષીભાવનો પણ સંપૂર્ણ વિલય કરીને તે યોગી બ્રહ્મરંધ્રમાં સ્થિત થાય છે, સાક્ષીભાવના વિલયને માટે સદ્‌ગુરુકૃપાની જરૂર હોય છે, તેઓ પોતાની સૂક્ષ્મ શક્તિ દ્વારા સાધકને નિર્વિકલ્પતામાં સ્થિત કરે છે. જેને માટે શાસ્ત્રકારો પોકાર કરી કરીને કહે છે એવું પ્રાપ્તિનું જે આખરનું ધ્યેય કહેવાય છે, તે આ જ. આ રીતે પ્રાણવાયુનું બ્રહ્મરંધ્રમાં વિલય થતાં જ સાક્ષીભાવ સહ તમામનું વિસ્મરણ અનાયાસે જ થઈ જાય છે. અને તે કેવળ એક આત્મામાં જ તદ્રૂપ બની નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત રહે છે.

પ્રાણોપાસનાનું ધ્યેય

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે : હે અર્જુન! આ રીતે *ષટ્‌ચક્રોનું ભેદન કેવી રીતે કરવું, તેનું સંક્ષેપમાં તને ફળ સહિત વર્ણન કહ્યું. આ પ્રાણોપાસનાનું અંતિમ ધ્યેય પણ આત્મપ્રાપ્તિ એ જ એક છે. આઠ અંગો પૈકી પ્રથમનાં આ ચાર અંગો કે જેમાં હઠ વડે પ્રાણનો નિરોધ કરવારૂપ કૃતિ કરવામાં આવેલી છે, તેનું નિરૂપણ અત્યારસુધી કરવામાં આવ્યું છે. તે વર્ણનનો સમાવેશ અષ્ટાંગયોગ પૈકી ફક્ત (૧) યમ, (૨) નિયમ, (૩) આસન અને (૪) પ્રાણાયામ; એ ચારમાં જ થાય છે. હવે ખરું સમજવાનું તો આગળ જ છે. હજુ હઠયોગમાં પ્રત્યાહારનું વર્ણન બાકી છે તથા ત્યાર બાદ રાજયોગ પૈકી ધારણા, ધ્યાન અને સમાધિ એ જે ત્રણે અંગો બાકી રહ્યાં છે તે વિચારીશું.

સ્વાભાવિક સ્થિતિની પ્રાપ્તિ માટે કરવામાં આવતો પ્રત્યાહાર

હઠયોગ વડે પ્રાણનિરોધ કરી ષટ્‌ચક્રભેદન થયું એટલે તે મહાત્મા કૃતકૃત્ય બની જાય છે પરંતુ તે નિર્વિકલ્પ સમાધિ છોડીને ફરીથી જ્યારે દેહભાન ઉપર આવે છે ત્યારે સર્વત્ર આત્મસ્વરૂપની ભાવનાનો દૃઢ અભ્યાસ કરી સહજસમાધિમાં સ્થિત નહિ થાય ત્યાંસુધી તેને સત્તાસામાન્યરૂપ જીવન્મુક્તનું સુખ પ્રાપ્ત થતું નથી: આથી સ્વરૂપમાં સ્વાભાવિક તન્મયતા અથવા સહજ સમાધિ પ્રાપ્ત થતાં સુધીને માટે તેઓને તે વિરુદ્ધ એટલે પ્રતિઅભ્યાસ કરવાની જરૂર હોય છે, જેને પ્રત્યાહાર કહે છે. તેનો ઉદ્દેશ આ મિથ્યા જગતાદિ દશ્યજાળ હતું અને હવે બ્રહ્મરૂપ બન્યું વગેરે પ્રકારની ભાવનાનો પણ લેશ માત્ર અંશ શેષ રહેવા ન પામે ને સહજાવસ્થા પ્રાપ્ત થાય એ જ એક છે. આ રીતના પ્રત્યાહાર યા અભ્યાસની પરિપક્વતા કરનાર જ્ઞાનીઓમાં પણ બુદ્ધિભેદને લીધે ઘણા ભેદો જોવામાં આવે છે. તેમાં બહુમાનસ, નષ્ટમાનસ તથા સમાનક, એવા ત્રણ ભેદો મુખ્ય છે; તે સંબંધે થોડો વિચાર કરવો આવશ્યક છે. તે માટે ત્રિપુરાદેવીએ કહેલું વિવેચન કહું છું.

---

* કોઈ કોઈ યોગીને આજ્ઞાચક્રભેદન પછી તુરતમાં જ નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે આજ્ઞાચક્રભેદન પછીની સ્થિતિમાં આ બતાવેલો ક્રમ જ હોય છે એમ નથી પરંતુ અત્રે સ્પષ્ટ સમજૂતી માટે આ સંક્ષિપ્તસાર વિવેચન આપવામાં આવેલ છે.

જ્ઞાનની પરિપક્વતામાં ભેદ કેમ?

પરશુરામ શ્રીદત્તાત્રેયને પૂછે છેઃ હે ભગવન્! બુદ્ધિભેદ વડે જ્ઞાનની પરિપક્વતા ઓછાવત્તા પ્રમાણમાં થાય છે, એ બાબત મને વધુ સ્પષ્ટતાથી કહેો. આત્મસ્વરૂપનું ભાન થવું તેનું નામ જ્ઞાન અને તે તો એક જ પ્રકારનું છે, તેમ મોક્ષ પણ તદ્રૂપ હોવાથી પ્રાપ્ત કરવાનું સર્વનું ધ્યેય પણ એક જ છે, તો પછી બુદ્ધિભેદ વડે જ્ઞાનના પરિપક્વપણામાં ફરક શાથી પડે છે? તો કહેો કે જ્ઞાનના સાધનમાં કાંઈ ભેદ છે કે કેમ?

જ્ઞાન એ કદી સાધ્ય હોય ખરું કે?

પરશુરામનો પ્રશ્ન સાંભળીને દયાળુ દત્તાત્રેયે તત્કાળ એ જ બાબત વધારે વિસ્તારથી કહેવાનો આરંભ કર્યો. તેમણે કહ્યુંઃ પરશુરામ! તે બધું રહસ્ય હું તને કહું છું, તે તું સાંભળ. કોઈના જ સાધનમાં ભેદ નથી, તેમ એ જ્ઞાનપ્રાપ્તિની બાબતમાં જુદાં જુદાં સાધનો પણ નથી, પરંતુ સાધનના ઓછાવત્તાપણાને લીધે જ ફળપ્રાપ્તિમાં ફરક પડેલો જોવામાં આવે છે, નહિ કે જુદાપણાને લીધે. સાધન પૂર્ણાવસ્થાએ પહોંચ્યું એટલે જ્ઞાન અનાયાસે જ પરિપક્વ થાય છે, પણ તે જ્યારે અપૂર્ણાવસ્થામાં હોય છે ત્યારે તે જેટલા પ્રમાણમાં અપૂર્ણ હોય છે, તેટલા પ્રમાણમાં પૂર્ણતા થવાને માટે તેને મહેનત પણ વધારે કરવી પડે છે. ખરું જોતાં તો જ્ઞાનપ્રાપ્તિની બાબતમાં સાધનનો કાંઈ જ ઉપયોગ નથી. જ્ઞાન એ કદાપિ સાધ્ય હોતું નથી, પરંતુ તે તો સ્વતઃસિદ્ધ જ છે. ચૈતન્ય એટલે જ જ્ઞાન અને તે તો સ્વયંપ્રકાશ જ છે; તો પછી જેનું નિત્ય ભાન થાય છે એવા આ જ્ઞાનને માટે ઉપાય તો વળી શો કરવાનો રહ્યો? પરંતુ એ જ્ઞાન હજારો વાસનારૂપી કાદવમાં દબાયેલું હોવાથી તદ્દન પાસે હોવા છતાં પણ કોઈનાથી એકદમ ઓળખી શકાતું નથી; માટે પ્રથમ મનના નિરોધરૂપી જળ વડે આ વાસનારૂપી મેલને ધોઈ નાખવાને માટે જ માત્ર સાધન કરવું પડે છે અર્થાત્ ચિત્તશુદ્ધિ એ જ સાધનનો ઉદ્દેશ છે. ચિત્તરૂપી તકતો ઘણા દિવસથી ઢાંકી રાખવામાં આવ્યો છે, તેથી પ્રયત્ન અને વિચારરૂપી તીવ્ર યંત્ર વડે તે ઘણી જ કાળજીવા ઉઘાડવો પડે છે, તે ઉઘાડ્યા બાદ નિત્ય ભાસમાન થનારું ચૈતન્ય જ દાબડામાં મૂકેલા રત્નની માફક અનાયાસે પ્રાપ્ત થાય છે; તેથી હે પરશુરામ! ચિત્તમાં ફેલાયેલી વાસનાનું નિરસન કરવાને અર્થાત્ ચિત્તશુદ્ધિને માટે જ શાસ્ત્રમાં સાધનો કહેવામાં આવેલાં છે, નહિ કે જ્ઞાનને માટે.

વાસનાના મુખ્ય પ્રકાર

વાસનાના ઓછાવત્તાપણાને લીધે સાધકની બુદ્ધિની શુદ્ધતા પણ ઓછીવત્તી હોય છે. જેની બુદ્ધિ વાસનારૂપી મેલ વડે જેટલા પ્રમાણમાં ઢંકાયેલી હોય, તેટલા પ્રમાણમાં તેને સાધનોની વધુ અથવા ઓછી અપેક્ષા હોય છે. પરશુરામ! વાસનાઓ અનેક પ્રકારની હોય છે તેમાંની મુખ્ય મુખ્ય તને કહું છું; તે તું સાંભળ. પહેલી અપરાધવાસના, બીજી કર્મવાસના અને ત્રીજી કામ્યવાસના; એમ તેના મુખ્ય ત્રણ પ્રકારો છે. (૧) **અપરાધવાસનાઃ** વેદાદિકમાં અશ્રદ્ધા એ મુખ્ય અપરાધ; પ્રથમતઃ તો એ જ આત્મવિનાશી છે અને વિપરીતગ્રાહકાત્મક એ નામનો અપરાધવાસનામાં જ બીજો એક ભેદ પડે છે. વિપરીતગ્રહ એટલે મૂળ સ્વરૂપને બદલે બીજા સ્વરૂપે જાણવું. જેમ દોરીને સર્પ સમજવું; એ પુરુષનો બીજો અપરાધ. ઘણું ફરીને અનેક કલાઓમાં કુશળ એવા પુરુષો પણ અપરાધ વડે સંત મહાત્માઓનો સહવાસ અને સત્શાસ્ત્રોના જ્ઞાનનો યોગ આવવા છતાં પણ તે પરમ શ્રેષ્ઠ સ્થાને પહોંચી શકતા નથી. 'સર્વ વિશેષ ભાવોથી રહિત એવું જે પરમતત્ત્વ તે બિલકુલ નથી અને તેવું તે સંભવતું નથી.' એવી જાતની તેમની ભળતી જ સમજ થયેલી હોય છે, એટલું જ નહિ પણ એ તત્ત્વ જાણવામાં આવે છતાં પણ એ પરમતત્ત્વ ન હોઈ શકે! તેને પરમતત્ત્વ માનવાથી મોક્ષ કેવી રીતે મળે?' વગેરે શંકાઓ તે ફરી ફરીને કર્યા કરે છે. પહેલો જે અશ્રદ્ધા નામક અપરાધ એ જ આડી આવનારી મુખ્ય વાસના છે. શાસ્ત્રવિદ્યામાં કુશળ, એવા હજારો પુરુષો તેના ઝપાટામાં સપડાઈને જન્મમરણમાં જ વધ્યા કરે છે. આ અપરાધવાસના સંબંધમાં કહ્યું, હવે કર્મવાસના સંબંધમાં કહું છું; (૨) **કર્મવાસના** ઉપર જે બીજી કર્મવાસના છે એમ કહ્યું છે, તે જેમનામાં હોય તે લોકોની બુદ્ધિમાં

પૂર્વના દુષ્કૃતજન્ય સંસ્કારો વડે મલિનતા આવેલી હોય છે; તેથી તત્ત્વોપદેશ વખતે તે તેમનો ઘાત કરે છે. ગુરુએ ઘણી ઘણી વખત યુક્તિપ્રયુક્તિથી સમજાવ્યા છતાં પણ તેમનું તેઓનાથી આકલન ગ્રહણ જ થઈ શકતું નથી, જેથી તેઓ આત્મનિશ્ચય કરી શકતા નથી; એ કર્મવાસના કહેવાય. આ વાસના તો મનનો નિરોધ કરવા છતાં પણ જીતી અત્યંત કઠણ છે; તે તો અનેક જન્મો પછી જ્યારે ઈશ્વરની કૃપા થાય ત્યારે જ જીતી શકાય છે. તે માટે ગમે તેટલા ઉપાયો વ્યર્થ નીવડે છે. છતાં તેના નિવારણાર્થે અત્યંત દૃઢતા અને નિશ્ચયથી લાંબો સમય નિષ્કામ ભાવે ઉપાસના ચાલુ રાખવી પડે છે. હવે કામ્યવાસના રહી. (૩) કામ્યવાસનાઃ કામ્ય એટલે કર્તવ્યશેષ. મારું આ અમુક કર્તવ્ય છે, તે કર્તવ્ય બાકી છે ઇત્યાદિ દૃઢ ભાવના હોવી તે કામ્યવાસના છે. તેની શાખાઓ પણ ઘણી છે, ઉપરાંત તેનો વિસ્તાર પણ અનંત છે. હે પરશુરામ! સમુદ્રનાં મોજાંની ગણતરી થઈ શકે ખરી કે? અથવા તો પૃથ્વીમાંના પરમાણુઓ અગર આકાશના તારાઓની ગણતરી કરી કોઈનાથી થઈ શકે ખરી કે? તે મુજબ આ વ્યવહારમાં તૃષ્ણાઓવાળા મનુષ્યોના કામ્યકર્મોની સંખ્યા નક્કી કરવી અશક્ય જ છે. હે પરશુરામ! તને જે કહી તે આ ત્રીજી કામ્યવાસના કહેવાય. એ આકાશ કરતાં પણ વિસ્તીર્ણ (વિશાળ) અને પર્વતો કરતાં પણ અતિશય દૃઢ છે. એ કામ્યવાસનાને આશાપિશાચિકા પણ કહે છે. તેના વડે જ આ તમામ લોક ગાંડા જેવા થયેલા છે અને દુઃખાગ્નિથી બળ્યા ઝળ્યા 'હાયહાય' કરી ઝૂમો પાડે છે. કાંઈક થોડા મહાત્માઓ જ માત્ર એક મહામંત્ર (હું કોણ એવો સુવિચાર ઉત્પન્ન થવો એ જ મહામંત્ર કહેવાય છે) અને વૈરાગ્યબળ વડે આ આશાપિશાચિકારૂપ કામ્યવાસનાના જડબામાંથી છૂટીને સર્વાંગ શીતળ થયેલા જોવામાં આવે છે.

વાસનાની નિવૃત્તિના ઉપાયો

હે પરશુરામ! આ ત્રણ પ્રકારની વાસનાઓથી મન ઘેરાઈ ગયેલું હોવાથી જ તે ચિત્તતત્ત્વ ભાસમાન થતું નથી; તત્પશ્ચાત્ વાસનાનો નાશ એ જ તમામ સાધનોનું ફળ છે. તેમાં પહેલી અપરાધવાસના વિચારપૂર્વક નિશ્ચય કરવાથી નિવૃત્ત થાય છે, બીજી કર્મવાસના એક જન્મમાં અગર કદાચ અનેક જન્મો પછી જ્યારે પરમેશ્વરની કૃપા થાય છે ત્યારે જ નિવૃત્ત થઈ શકે છે. તેને માટે બીજા બે કડક ઉપાયો પણ નકામા છે, છતાં મુમુક્ષુ નિઃશંક થઈ દૃઢ નિશ્ચયપૂર્વક શ્રદ્ધાથી શ્રવણ, મનન, નિદિધ્યાસન, સત્સંગ અને નિષ્કામ ઉપાસના ચાલુ રાખે તો તેમાં લાંબે સમયે ફળીભૂતતા મેળવી શકે છે. ત્રીજી કામ્યવાસના તો વૈરાગ્યાદિ સાધનોથી નિવૃત્ત થાય છે. એ વૈરાગ્ય વિષયમાં દોષદૃષ્ટિ રાખ્યા વિના પ્રાપ્ત થતો નથી. એ કામ્યવાસનાઓ જેટલી વધારે ઓછી હશે તેટલી દોષદૃષ્ટિ પણ ઓછીવત્તી રાખવી પડે છે; પરંતુ આ બધાંનું મુખ્ય કારણ તો મુમુક્ષુતા છે. તેના વિના શ્રવણ મનન કર્યાનો ખરો ફાયદો કદી પણ થતો નથી, પરંતુ ફક્ત ભાષણ કરવાની કલા જ આવડે છે, પરંતુ કેવળ એવી ભાષણ કરવાની કલાથી કાંઈ પરમપદની પ્રાપ્તિ થતી નથી.

મુમુક્ષુતા તીવ્ર હોવી જોઈએ

તીવ્ર મુમુક્ષુતા નહિ હોવા છતાં પુષ્કળ વિચાર કરેલો હશે અથવા શ્રવણાદિક કરેલું હશે; તે તમામ મુડદાને પહેરાવેલા અલંકારની માફક તદ્દન વ્યર્થ છે. તેમ મંદ મુમુક્ષુતા પણ વ્યર્થ છે. સામાન્ય રીતે આપણે હાથે પુણ્ય તો થાય છે ને? એટલી જ ઇચ્છા કંઈ કામની નથી. પુણ્યની લાલસાથી થતું કર્મ મોક્ષરૂપ ફળ આપી શકતું નથી; કેમ કે તેની અંતરમાં હોડપણાદિ હોય છે. સુખની ઇચ્છા કયા જીવને નથી? અર્થાત્ દરેકને છે, તો પછી તેને માટે મંદ એવી મુમુક્ષુતાનો શો ઉપયોગ? મુમુક્ષુતા અત્યંત તીવ્ર હોવી જોઈએ તો જ જલદીથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થઈ શકે છે. તીવ્ર મુમુક્ષુતા એ જ એકલી દરેક સાધન સમુદાયમાં બસ છે; કારણ કે, એ જ દરેકને સાધનોમાં પ્રવૃત્ત કરે છે; તેથી એવી પ્રવૃત્તિ થતી તેને જ તત્પરતા કહેવામાં આવે છે. આખે ડીલે દાઝેલો માણસ જેમ એક શાંતિ વિના બીજી કશાની પણ ઇચ્છા રાખતો નથી, તેમ જ્યારે સંસારમાંથી મુક્ત થવા સિવાય બાજુ બધું સૂઝવાનું બંધ થશે ત્યારે તેવી ઉત્કૃષ્ટ મુમુક્ષુતા જ મોક્ષરૂપી ફળ આપવા સમર્થ નીવડશે; પણ આ સ્થિતિ તો મોક્ષ વિના બીજાં તમામ પ્રાપ્તવ્યોને ઠેકાણે દોષદૃષ્ટિ કરવાથી જ

પ્રાપ્ત થઈ શકે છે. તીવ્ર વૈરાગ્યાદિ વડે એ મુમુક્ષુતા ક્રમે ક્રમે તીવ્ર થતી જાય છે. વિષય ઉપરની પ્રીતિ નષ્ટ કરનારો તે વૈરાગ્ય તો વિષયો પર દોષદૃષ્ટિ વડે જ ઉત્પન્ન થાય છે અને એવો વૈરાગ્ય વડે જ પુરુષને અત્યંત તત્પર કરનારી તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે. હે પરશુરામ! એવી તીવ્ર મુમુક્ષુતાની પ્રવૃત્તિ વડે જ આત્મજ્ઞાનરૂપ ઘણું અદ્ભુત ફળ મળી પુરુષ કૃતકૃત્યતા પ્રાપ્ત કરી શકે છે.

પુનઃ સંશયો

આ સાંભળીને પરશુરામનું મન ફરીથી સંશયમાં પડયું. તેથી તેણે પ્રશ્ન પૂછયોઃ 'ભગવન્! સત્સંગ એ મોક્ષનું મુખ્ય સાધન છે, એમ આપે પહેલાં કહ્યું અને હવે વળી ઈશ્વરનો અનુગ્રહ જોઈ એ એમ કહો છો, સિવાય દોષદૃષ્ટિ કરવાનું પણ કહો છો. તો પછી એ ત્રણે કારણોમાંથી મુખ્ય કયું? અને તે પ્રાપ્ત કેવી રીતે થાય? પોતાની મેળે તો કાંઈ પણ થવાનું નથી, એ વાત નિશ્ચિત છે; તેથી તે સવિસ્તર કહો.'

મોક્ષનું મુખ્ય સાધન

દયાળુ શ્રીગુરુ દત્તાત્રેય બોલ્યાઃ પરશુરામ! મોક્ષનું મુખ્ય સાધન કહું છું, તે તું શ્રવણ કર. જે પરમ ચિત્ દેવતા પોતાના સામર્થ્ય વડે પોતાના સ્વરૂપમાં જગતરૂપ ચિત્ર ભાસમાન કરે છે એ જ ચૈતન્યરૂપ એવા પરાદેવે પ્રથમ હિરણ્યગર્ભ નામક દેહ ધારણ કરીને અનાદિ અવિદ્યાથી મલિન થયેલા જીવોના કલ્યાણને માટે સર્વ મનોરથની પૂર્ણતા કરનારો વેદરૂપ જ્ઞાનનો મહાસાગર સૌથી આરંભમાં પ્રગટ કર્યો છે. જીવને સ્વભાવતઃ જ અનેક પ્રકારની વિચિત્ર ઇચ્છાઓ એટલે વાસનાઓ હોય છે. તેમનું હિત શા ઉપરથી થશે, એવો વિચાર કરીને તેણે જુદાં જુદાં ફળ આપનારાં કામ્યકર્મો નિર્માણ કરેલાં છે. એ પ્રમાણે દરેક જીવ સારાં અથવા નઠારાં કાંઈ ને કાંઈ પણ કર્મો સ્વભાવથી જ કર્યા કરે છે. તે પૈકી કેટલાંક કર્મોના ફળ જ્યારે આગળ ઉપર પાકે છે ત્યારે અનેક યોનિઓમાં ફરતાં ફરતાં તેને મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. પછી વાસનાને વશ થઈને તે કામ્યકર્મો કરવા તરફ જ દોરાય છે. બાદ તે કામના પૂર્ણ રીતે સફળ થવાની ઇચ્છાએ તે ઈશ્વર બાબતનાં શાસ્ત્રોનું અવલોકન કરે છે અને કામ્યકર્મોનાં ફળો સાંભળીને તેવાં કર્મો કરવા તરફ તે પ્રવૃત્ત થાય છે. તેમાં જ્યારે કદાચિત્ એકાદ સૂક્ષ્મદોષને લીધે તે ફળપ્રાપ્તિને ખૂંચે છે ત્યારે તેને સખત આઘાત થાય છે. એવો આઘાત થયા પછી શું કરવું એ સમજવાને માટે તે કોઈ પણ સત્પુરુષનો સમાગમ કરે છે. તે વખતે સમયાનુસાર પરમેશ્વરનું માહાત્મ્ય સાંભળ્યાથી પૂર્વ પુણ્ય ઉદય પામી તેને પરમેશ્વરનો પ્રસાદ પ્રાપ્ત થાય છે અને ત્યાર બાદ મોક્ષ મેળવવા તરફ તેની પ્રવૃત્તિ થાય છે. સારાંશ કે પૂર્વ પુણ્યના બળ વડે સત્સંગતિ પ્રાપ્ત કરી લેવાથી પુરુષ મોક્ષમાર્ગની અતિ દુર્લભ એવી સોપાનપંક્તિ સંપાદન કરે છે; તેથી મોક્ષપ્રાપ્તિને માટે સત્સંગ એ જ મુખ્ય છે, એમ સિદ્ધ થયું. કવચિત ઉત્કૃષ્ટ પુણ્યબળ વડે અથવા ઉત્કૃષ્ટ તપશ્ચર્યા થવાથી પણ અકસ્માત્ આકાશમાંથી ફળ પડે તેમ એકાએક સુવિચાર ઉત્પન્ન થઈ જ્ઞાનની પ્રાપ્તિ થયેલી જોવામાં આવે છે.

જ્ઞાનીઓની જુદી જુદી સ્થિતિનાં કારણો

હે પરશુરામ! એવાં જુદાં જુદાં અનેક કારણોને લીધે થનાર જ્ઞાનપ્રાપ્તિ જુદી જુદી હોય છે. તે જ પ્રમાણે ઓછીવત્તી બુદ્ધિ, ન્યૂનાધિક વાસના અને થોડું ઘણું સાધન ઇત્યાદિ વડે પણ જ્ઞાનીની સ્થિતિ જુદી જુદી થાય છે. જેમની બુદ્ધિ ઉપર વાસનાઓનાં પડળ સ્વભાવથી જ આછાં હોય છે, તેમને થોડાં સાધનો વડે જ સંપૂર્ણતઃ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેઓમાં સ્વભાવથી જ આવી શુદ્ધ વાસના (ભાવના) હોતી નથી, તેણે પૂર્ણ રીતે જ્ઞાન પ્રાપ્ત થવા સારુ ઘણા વખત સુધી સાધન કરવું પડે છે અને જેમનું મન સ્વભાવથી જ અશુદ્ધ વાસનાઓથી તદ્દન ભરપૂર હોય છે, તેમને જ્ઞાન થવા છતાં પણ તે દૃઢ કાર્ય થયા પ્રમાણે જ થાય છે, છતાં તેઓ પણ જો સાધન ચાલુ રાખે તો વખત જતાં તેમનું તે જ્ઞાન પરિપક્વ થાય છે. આવો પ્રકાર હોવાથી જ્ઞાનીની સ્થિતિ જુદી જુદી હોવાનું વ્યવહારમાં જોવામાં આવે છે.

વિચિત્ર જ્ઞાનીઓ

હે પરશુરામ! આમ નિર્વિકલ્પના થઈ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ પ્રત્યાહાર કિંવા અભ્યાસની પરિપક્વ દશામાં ભેદ હોવાને લીધે જ સ્થિતિમાં ભેદ થાય છે. બુદ્ધિ ઉપર વાસનાનું આવરણ ન્યૂનાધિક પ્રમાણમાં હોય તે મુજબ જ્ઞાનના નિશ્ચયમાં ભેદ થવાથી સ્થિતિ બદલાય છે. આમ એકસરીખા જ્ઞાનીઓની સ્થિતિમાં ભેદ કેવી રીતે થાય છે તે જુઓ; બ્રહ્મદેવ, વિષ્ણુ અને શંકર જન્મથી જ જ્ઞાની છે, પણ તેમના પ્રકૃતિજન્ય સ્વાભાવિક ગુણ વડે તેમનાં કાર્યો જુદાં જુદાં છે. છતાં તેમના જ્ઞાનમાં મલિનતા છે એમ કાંઈ કહી શકાય નહિ; કેમકે પ્રકૃતિના ગુણોનું સ્વરૂપ જુદું જુદું છે. જ્ઞાનીનું શરીર જેમ કાળાનું ગોરું થઈ શકતું નથી, તેમ તેમના ચિત્તનો ધર્મ પણ પલટાતો નથી. હે પરશુરામ! અમારી જ વાત જો. અત્રિ ઋષિના અમો ત્રણ પુત્રોઃ હું, ચંદ્ર અને દુર્વાસા. અમો ત્રણે પુત્રો જોકે જ્ઞાની છીએ, તોપણ એ ત્રણેના સ્વભાવમાં કેટલો ફેર છે તે જોઃ પડેલો હું તમામ સંગનો ત્યાગી. બીજો ચંદ્ર રાત દહાડો વિલાસમાં ચકચૂર અને ત્રીજો દુર્વાસા તો રાત દહાડો ક્રોધી. બીજો દાખલો જો. વસિષ્ઠ તદ્દન કર્મનિષ્ઠ, સનકાદિક સંન્યાસી અને નારદ તો ભક્તિપ્રેમમાં જ મશગૂલ; વળી શુક્રાચાર્ય કવિ અને દૈત્યોનું સરક્ષણ કરનારા છે, ગુરુ બૃહસ્પતિ દેવપક્ષના છે, વ્યાસ વાદમાં કુશળ હોઈ આખો દિવસ શાસ્ત્રો કરવામાં તન્મય રહે છે, જનક રાજ્ય કરે છે અને જડભરત તો લંગોટી લગાડીને પડી રહે છે, એવા બીજા કેટલાક જ્ઞાની પુરુષો સ્વભાવ વડે જુદી જુદી સ્થિતિમાં રહે છે. હવે આ સર્વનું ગુપ્ત રહસ્ય તને કહું છું, તે તું સાંભળ.

બહુમાનસ

પ્રથમ જે અપરાધ, કર્મ અને કામ્ય એમ ત્રણ પ્રકારની વાસનાઓ કહી, તેમાંની બીજી જે કર્મ વાસના છે અને જેનું બુદ્ધિમાંદ્ય એ લક્ષણ છે, તે આ ત્રણમાં વધુ બળવાન છે. તેનો જેમને લેશ પણ સ્પર્શ થયેલો હોતો નથી તે જ ખરા બુદ્ધિશાળી છે. તેમની અપરાધવાસના પણ પછી સડેજમાં નાશ પામે છે. હે પરશુરામ! આત્માની કામ્યવાસના અભ્યાસ વડે નષ્ટ થઈ ન હોય, તોપણ તે તેમના જ્ઞાનને પ્રતિબંધ કરતી નથી; તેથી તેમને વૈરાગ્ય વગેરેનો બહુ ઉપયોગ હોતો નથી. તેથી જ રીતે તેમને ઘણું કરીને મનન, ધ્યાન અગર સમાધિની પણ આવશ્યકતા હોતી નથી. તેમણે ગુરુ પાસેથી એક વાર તત્ત્વનું શ્રવણ કર્યું એટલે તુરત જ તેમનું મનન, નિદિધ્યાસન થઈ તે પર તેમને જ્ઞાત થતાં તેમની તમામ શંકાઓ દૂર થાય છે; પછી તેઓ જનક રાજાની માફક જીવન્મુક્ત થઈને રહે છે. તેમની બુદ્ધિ સૂક્ષ્મ અને નિર્મળ હોવાથી તેમને કામ્યાદિ વાસનાઓનો નાશ કરવાને માટે તેથી વિરુદ્ધપદ્ધતિનો અભ્યાસ કરવો પડતો નથી; કારણ કે, એક વખતે તત્ત્વનું શ્રવણ થતાં જ તત્કાલ તેમનો પોતાપણાનો આ સર્વ બ્રહ્મસ્વરૂપ છે એવા પ્રકારનો અપરોક્ષાનુભવથી સિદ્ધ એવો દૃઢ નિશ્ચય થયેલો હોવાથી તે વાસનાઓ તેમના જ્ઞાનને પ્રતિબંધ કરનારી હોતી નથી; તેથી તે નિવૃત્ત કરવાના અભ્યાસની તેમને ખાસ જરૂર પડતી નથી. એટલા માટે જ તેમનામાં પરમપદ જાણ્યા પછી પણ પોતાની પડેલાંની રહેલી તે વાસનાઓ પ્રથમની માફક જ નિરંતર પ્રવૃત્ત રહેતી હોય એવું વ્યવહારમાં જોવામાં આવે છે, પરંતુ તે થકી તેમની શુદ્ધ બુદ્ધિ જરા પણ મલિન અથવા લિપ્ત થતી નથી. એવા જ્ઞાની પુરુષોને 'બહુમાનસ' એવું નામ આપેલું છે. પરંતુ જેમનું ચિત્ત કર્મવાસનાઓથી અત્યંત મૂઢ થયેલું હોય છે, તેમને પરમપદનું જ્ઞાન પ્રત્યક્ષ મહાદેવ સમજાવે તોપણ થતું નથી.

નષ્ટમાનસ તથા સમનસ્ક

જેમની અપરાધવાસના અને કર્મવાસના એ બંને અલ્પ અને કામ્યવાસના પુષ્કળ હોય છે તેમને ઘણી વખત શ્રવણ કરવાથી, પુષ્કળ મનન કરવાથી અને સમાધિનો પુષ્કળ અભ્યાસ કર્યા બાદ ઘણાં કષ્ટ સહન કર્યા પછી જ ઘણા કાળે જ્ઞાન ઉત્પન્ન થાય છે. એમનો લાંબા વખતનો અભ્યાસ હોવાથી તેમનો વ્યવહાર ઘણો ઓછો થઈ જાય છે. તેમનું મન વાસનાક્ષય વડે નષ્ટ થયા જેવું જ હોય છે. એવા જ્ઞાની પુરુષો મધ્યમ જ્ઞાનીમાં આવે છે અને તેમને 'નષ્ટમાનસ' કહે છે. આ નષ્ટમાનસમાંના કેટલાકનો અભ્યાસ જોઈએ તેટલો

પાકો થયેલો હોતો નથી, તેથી કરીને વાસનાઓનો અંશ તેમનામાં શેષ રહેવા પામેલો હોય છે, તેમનું મન નષ્ટ થયેલું હોતું નથી તેથી તેઓ મંદ જ્ઞાની હોઈ તેમને 'સમનસ્ક' કહેવામાં આવે છે; સમનસ્ક એ માત્ર જ્ઞાની જ કહેવાય છે અને નષ્ટમાનસ તથા બહુમાનસ એ બે જીવન્મુક્ત હોય છે.

મંદ જ્ઞાનીનો વ્યવહાર

જેઓ માત્ર જ્ઞાની હોય છે તેઓ પ્રાપ્ત થયેલું સુખદુઃખ ભોગવે છે અને નિત્ય પ્રારબ્ધને આધીન રહે છે. તેમને દેહાંતે મોક્ષની પ્રાપ્તિ થઈ વિદેહમુક્તિ મળે છે.

નષ્ટમાનસનો વ્યવહાર

ઉપર જે નષ્ટમાનસ કહેવામાં આવ્યા તેવા જોઈએ તો પ્રારબ્ધને પણ જીતેલું હોય છે. હે પરશુરામ! જીવોની મનરૂપ ભૂમિમાં પૂર્વપ્રારબ્ધના બીજથી ભોગરૂપ અંકુર ઉત્પન્ન થાય છે પણ નષ્ટમાનસ પુરુષોને તો તે મનોભૂમિ જ નહિ હોવાથી *કૂસળના બીજના માફક તેમના પ્રારબ્ધની તમામ શક્તિઓ નાશ પામે છે. હવે બહુમાનસ રહ્યા.

બહુમાનસ જીવન્મુક્તોનો વ્યવહાર

જેમ કોઈ બુદ્ધિશાળી મનુષ્ય એકી વખતે પાંચ દસ કામ કોઈ પણ જાતની અડચણ વિના કરે છે અને તેવા કર્મકુશળ માણસો તો વ્યવહારમાં પણ વારંવાર જોવામાં આવે છે, તેવો જ પ્રકાર આ બહુમાનસ જ્ઞાનીનો પણ છે. સાધારણ માણસ પણ રસ્તે ચાલતો જાય છે, મોઢેથી વાતો કરતો જાય છે અને હાથ વડે ક્રિયા કરે છે, એવું તો હંમેશ જોવામાં આવે છે. મન એક જ હોવા છતાં જેમ આ ત્રણે ક્રિયાઓ એકી સાથે જ થાય છે, તેમ જ આ ઉત્તમ જ્ઞાનીઓ સ્વરૂપાનુસંધાન થકી ચલિત નહિ થતાં વ્યવહારમાં નિર્બંધતાથી વર્તે છે. ઘણા વિદ્યાર્થીઓ એકી સાથે જ્યારે અધ્યયન કરતા હોય છે ત્યારે તેમાંથી કયો અશુદ્ધ બોલે છે, કયો ઉચ્ચાર જ કરતો નથી, કયાનું બોલવું બરાબર છે તે તમામ એક જ શિક્ષક એકી વખતે જુએ છે, એ વાત તો દરેકના અનુભવની છે. અગર હે પરશુરામ! તેં મારો નાખેલો તારો હજાર હાથવાળો શત્રુ સહસ્રાર્જુન એટલા બધા હાથો વડે અનેક આયુધો પકડીને જરા પણ ભૂલ નહિ કરતાં તારી સાથે કેવી રીતે લડ્યો, તે તેં નજરોનજર જ જોયું છે ને? જેમ વ્યવહારી પુરુષોનું મન બહુવિધ થઈને ક્રમે ક્રમે આવનાર અનેક કાર્યો કરે છે, તેવી જ સ્થિતિ ઉત્તમ જ્ઞાનીઓની હોય છે. તેમનું આત્માકાર થયેલું મન બાહ્ય વિષયોના આકાર વડે વ્યવહારમાં પરિણામ પામતું જોવામાં આવે છે છતાં તેમની સ્વસ્થિતિમાં કોઈ પણ જાતનો વિરોધ આવતો નથી; તેથી તેઓ 'બહુમાનસ' કહેવાય છે. તેમનું પ્રારબ્ધ તેમની મનોભૂમિ ઉપર જેવું અંકુરિત થાય કે તુરતાતુરત તેવું ને તેવું જ તે જ્ઞાનાગ્નિથી બળી ભસ્મ થઈ જાય છે. પુનઃ અંકુર ફૂટે એટલે ફરી બળી જાય છે. પ્રારબ્ધબીજનો અંકુર એટલે સુખદુઃખની પ્રાપ્તિ અને તેને અર્થે વિચાર ચાલુ થવા એ તેનું ફળ છે, પણ જો અંકુર જ બળી જાય તો પછી ફળ જ કયાંથી થવાનું? તેથી એવા બહુમાનસ જ્ઞાનીનો જે વ્યવહાર ચાલે છે તે તો કેવળ દૃઢ પરિચિત એવા પાછલા અનુસંધાન વડે અથવા સંસ્કાર પ્રાબલ્યથી જ. જેવી રીતે કોઈ પ્રૌઢ માણસ છોકરાંની સાથે રમત રમતો જોવામાં આવે છે ત્યારે તે કોઈ કોઈ વાર ક્ષુદ્ર નિમિત્ત વડે આનંદિત થતો દેખાય છે અને વળી પાછો એકાદ પૂતળી ખોવાઈ જતાં ખેદ પામતો જણાય છે. તેવી જ રીતે આ બહુમાનસ જ્ઞાની પુરુષો વ્યવહારમાં વર્તતી વખતે આનંદ અને ખેદ પામતા હોય એમ જણાય છે. બીજા કોઈનું કાર્ય કરતી વખતે તેમાં થતી લાભહાનિથી ઊપજતા હર્ષ અને ખેદ જેવી રીતે આપણને બાહ્યોદ્ભૂત ઉપલક જ લાગે છે, પરંતુ અંતઃકરણપૂર્વક થતાં નથી, તેવી જ જાતનો બહુમાનસ જ્ઞાનીઓનો વ્યવહાર હોવાથી તેમના હૃદયમાં હંમેશને માટે પૂર્ણ શાંતિ હોય છે. આ

* ડાંગર ખાઈને બાદ તેમાંથી નીકળતી બારીક ફૂસકી કે જેમાં અત્યંત ઝીણા કણકી ના જેવું રહી જવા પામેલા હોય છે, તેવી ફૂસકીને ફૂસળ [સંસ્કૃતમાં કુસુલ] કહે છે.

બુદ્ધિમાન જ્ઞાની પુરુષોએ વાસનાનો નાશ કરવાને માટે તે વિરુદ્ધ ભાવનાઓનો અભ્યાસ અથવા તો મનનો નિરોધ ઇત્યાદિ કાંઈપણ વિશેષ કરેલું હોતું નથી; તેથી કરીને તે વાસનાઓ જ્ઞાનોત્તર (જ્ઞાન પછી) પણ જેવી ને તેવી જ પ્રકટ થાય છે; તેથી જ કોઈ કર્મમાં નિમગ્ન, કોઈ કામી, તો કોઈ ક્રોધી એમ ઉત્તમ જ્ઞાનીઓ અનેક જાતનાં આચરણ કરે છે, એવું તેઓના વ્યવહાર ઉપરથી જોઈ શકાય છે.

તત્ત્વ જાણ્યા પહેલાં અને પછીનો વ્યવહાર

ઉપર જે સમનસ્ક કરીને મંદજ્ઞાની કહેવામાં આવ્યા તેમનો પણ અખિલ દૃશ્ય જાત અસત્ય છે એવો નિશ્ચય તો થયેલો હોય છે. સમાધિમાં અથવા સ્વરૂપાનુસંધાનમાં જે કે તેમને બીજું કાંઈ પણ ભાસમાન થતું નથી, છતાં સમાધિમાંથી ઉત્થાન થયા બાદ તેમનું એ અનુસંધાન ભંગ પામે છે. ખરી રીતે તો સ્વરૂપનું અખંડ અનુસંધાન રહે, એટલે કે તે ગમે તેટલા વ્યવહાર વડે પણ ખંડિત ન થાય, એને જ ખરી (સહજ) સમાધિ કહે છે; કારણ કે મૂળ જે અનિર્વચનીય એવું નિર્વિકલ્પ સ્વરૂપ છે, તે જ આ તમામનો આધાર છે અને તે જ સર્વમાં નિરંતર રહ્યું છે, તેના સિવાય જુદું એવું કાંઈ જ નથી. પહેલાં કહેલી વ્યવહારમાંની કેટલીક અવસ્થાઓમાં પણ તેનો જ નિર્વિકલ્પતાથી અનુભવ થાય છે (પાન ૬૩-૬૪ જુઓ), એટલું જ નહિ પરંતુ જેવોને દરેક વ્યવહારમાં નિત્યપ્રતિ તેનો અનુભવ અજ્ઞાત રીતે થતો હોય છે. છતાં પણ દરેકને થનારી એ નિર્વિકલ્પ સમાધિઓ મોક્ષદાયક થતી નથી. પરંતુ જેમને જ્ઞાનયુક્ત સ્વરૂપનું અનુસંધાન અખંડ સિદ્ધ હોય છે, તેમની જ સમાધિ ખરી કહેવાય છે. વ્યવહારકાર્યમાં પણ એ શુદ્ધ ચિદ્રૂપ વેદ્ય પદાર્થોથી વિવર્જિત છે, તેનો પોતાને સહેજે પણ સ્પર્શ નથી એવો જ અનુભવ ઉત્તમ જ્ઞાનીઓને નિરંતર થાય છે. આકાશનો નીલવર્ણ એ વસ્તુતઃ તેમાં નથી, એવું જ્ઞાન થયા પછી પણ આંખો વડે તો તે જેવોને તેવો જ દેખાય છે: પરંતુ એક વખતે તેનું અસત્યપણું જાણ્યા પછી હૃદયમાંનો અનુભવમાત્ર બદલાય છે, તેવી જ રીતે તત્ત્વ ઓળખ્યા પહેલાં થતો ભાસ અને ઓળખ્યા પછી થનારો ભાસ એમાં માત્ર અંતરંગ વિના બીજો કોઈ પણ ભેદ નથી. આ રીતે તમામ વેદ્ય જાત અસત્ય છે, એમ અપરોક્ષાનુભવથી નક્કી થયા પછી તેનો સંવિત્ એટલે શુદ્ધ ચિદ્રૂપ સાથે સંબંધ કયાંથી થાય? તેથી ઉત્તમ જ્ઞાની પુરુષની સંવિત્ અર્થાત્ ચિત્કલા વ્યવહાર વખતે પણ હંમેશા વેદ્યના સંબંધ વિનાની હોય છે. ઉપર જે નષ્ટમાનસ કહેવામાં આવ્યા તેઓ પણ હંમેશાં ઉન્મની અવસ્થામાં જ રહે છે. મનનું નિઃસંકલ્પપણું હોવું એનું નામ જ ઉન્મની અવસ્થા. વેદ્ય પદાર્થોનું સત્ય સ્વરૂપે ગ્રહણ કરવું એ જ મનનું ચલન અથવા સંકલ્પપણું કહેવાય. ઉત્તમ જ્ઞાનીને આ બંને અવસ્થાઓ એકી વખતે જ હોય છે, એટલે તેઓ બહારથી તો સમાધિમાં ન હોય તેવો જ વ્યવહાર કરે છે, પણ અંતરમાં તો સદાય સમાધિમાં જ મગ્ન રહે છે; તેથી કરીને તેમની એ સંવિત્ તો હંમેશને માટે તદ્દન અસંગ જ હોય છે (દત્ત પરશુરામ, પ્રકરણ ૧૯ જુઓ).

પ્રત્યાહાર

ઉપરના વિવેચન ઉપરથી જાણી શકાશે કે, એક વખતે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ એટલે તે જ્ઞાની સમનસ્ક થયો એમ કહેવાય. તેમાંથી જાગ્રત થયા પછી તે સ્થિતિમાં સ્થિર કરવાને માટે તેને ચિત્તને હઠ પડે પોતાના વિષયોમાંથી ખેંચીને *પ્રત્યાહાર કરવો પડે છે; કેમ કે પૂર્વના સંસ્કારનો સદંતર વિલય થયેલો નહિ હોવાથી ફરીફરીથી તેનું સ્મરણ થઈ આવે છે; એટલા માટે આ સ્વરૂપાવસ્થામાં કેવળ અને સ્વાભાવિક રીતે સ્થિર થવા માટે એક વખતે નિર્વિકલ્પતાનો અનુભવ લઈ તેમાંથી જ્યારે પુનઃ ઉત્થાન થાય છે ત્યારે તેને સામાન્યચૈતન્યની સાથે તદ્રૂપ થવાને માટે એટલે સહજસમાધિમાં સ્થિતિ થવાને સારુ થોડા પ્રત્યાહારની જરૂર હોય છે. પ્રત્યાહારમાં પ્રતિ+આહાર એટલે ઊલટો આહાર, એવી શબ્દરચના છે. દૃઢાભ્યાસને લીધે ઇંદ્રિયોને નિત્યપ્રતિ સહજ વિષયોનો જ આહાર મળેલો હોય છે, તેથી તે કરતાં ઊલટો આહાર આપવો તે

* પ્રત્યાહારની વ્યાખ્યા માટે જુઓ નિ૰ પુ૰ સ૰ ૧૨૬ તથા આગળ પાન ૨૭૪-૨૭૫ 'ઇચ્છાની ઉત્પત્તિ થવા પામે તેનો ઉપાય' એ શીર્ષક તેમ જ પૃષ્ઠ ૨૫૬ જુઓ.

પ્રત્યાહાર. આ ઊલટો આહાર કયો? તો ઇંદ્રિયો અને તેના તમામ વિષયોનું ઉત્થાન થતાં જ તે આત્મસ્વરૂપ છે, એવા પ્રકારે સર્વ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી નિરુદ્ધ કરવી અને અંતઃકરણમાં આત્મા સિવાય બીજા કોઈ પણ પ્રકારનું ઉત્થાન જ થવા નહિ પામે એવી દક્ષતા રાખવી તેનું નામ જ પ્રત્યાહાર આમ તમામ ઇંદ્રિયો સહિત પોતે પણ સાક્ષીભાવ છોડી દઈ સ્વાભાવિક રીતે આત્મસ્વરૂપમાં સ્થિત થવું તેનું નામ જ ઇંદ્રિયોનું અધીનપણું સમજવું અને આ સ્થિતિની પ્રાપ્તિ થવી તે જ કૈવલ્યાવસ્થા, કૈવલ્યપદ, સહજસમાધિ, સત્તાસામાન્ય કિંવા સામાન્ય ચૈતન્ય સાથે તદ્રૂપતા થઈ એમ સમજો. ઉપર કહ્યું છે કે, એક તબક્કે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ એટલે તે કૃતકૃત્ય થાય છે એ ખરું, પરંતુ તેમાંથી ઉત્થાન થયા પછી સહજસમાધિમાં સ્થિર થવાને માટે ફરીથી 'तुं ते छे' એવા અભ્યાસથી ઊલટો એટલે " ते तुं छे " એવા અભ્યાસનો તેને જરૂર હોય છે અર્થાત્ અત્યારસુધી "હું બ્રહ્મ છું" એવો અભ્યાસ હતો તેને બદલે નિર્વિકલ્પતા પ્રાપ્ત થયા પછી હવે "બ્રહ્મ એ જ તું છું" એવો પ્રતિ આહાર કરવો પડે છે. આ મુજબના પ્રત્યાહારથી તમામ ઇંદ્રિયો બરાબર જ સારી રીતે અધીન થાય એટલે તે સહજાવસ્થાની પ્રાપ્તિ કરી શકે છે. આમ કરવામાં થોડી હદની જરૂર હોવાથી તેનો સમાવેશ પણ હઠયોગમાં થાય છે; એમ અત્રે કહેવામાં આવેલું છે.

ધારણા

એક જ દેશમાં એટલે કેવળ એક આત્મસ્વરૂપમાં જ ચિત્તને બદ્ધ કરીને રાખવું તેને શાસ્ત્રકારો ધારણા કહે છે. પ્રત્યાહારની પરિપાક અવસ્થા તે જ ધારણા. પ્રત્યાહારમાં ચિત્તને ઇંદ્રિયોના વિષયોમાંથી પરાવૃત્ત કરવાનો અભ્યાસ કરવો પડે છે. જ્યારે તે અભ્યાસની પૂર્ણતા થઈ ચિત્ત આત્મસ્વરૂપમાંથી કિંચિન્માત્ર પણ ડોલાયમાન થતું નથી ત્યારે તે સ્થિતિનું નામ જ ધારણા સમજો. આમાં હજી દ્રષ્ટાભાવનું બીજ સૂક્ષ્મ રીતે રહેવા પામેલું હોય છે.

ધ્યાન અને સમાધિ

ચિત્તની આત્મામાં તન્મયતા થવી અને સાક્ષી કિંવા દ્રષ્ટાભાવનું બીજ પણ શેષ ન રહે તેવી રીતે તદાકાર થઈ જવું તે ધ્યાન તથા ધ્યાનની આ મુજબની પરિપક્વતા એટલે ધ્યાનની આત્મામાં સહજભાવે એકાકાર સ્થિતિ થવી તે જ સમાધિ છે અર્થાત્ જ્યારે ધ્યાન કેવળ અર્થ (ધ્યેય) રૂપ બની શૂન્ય એવા એક સત્તાસામાન્યરૂપ થઈ જાય છે, એટલે પ્રયત્ન વગર જ સામાન્ય ચૈતન્ય સાથે એકરૂપ બની જાય છે ત્યારે તેને જ સમાધિ કહે છે. સહજસમાધિ તે આ જ. આ રીતે સહજસમાધિની પ્રાપ્તિ કરનારો યોગી બહુમાનપ્ર કહેવાય છે. સમાધિ કોને કહેવી, તે સંબંધે શાસ્ત્રમાં આ મુજબનું સ્પષ્ટીકરણ છે: " દ્રષ્ટાદૃશ્ય વગેરે સર્વ ચિદ્રૂપ છે, એવો જ્ઞાનને લીધે અખંડ અનુભવ રહ્યા કરવો એને જ સમાધિ શબ્દ વડે કહેવામાં આવે છે, કેમ કે તે વડે ચિત્ત વિક્ષિપ્ત ન રહેતાં સદા શાંત જ રહે છે. દ્રષ્ટાદૃશ્ય વગેરે સર્વ એક જ છે અને ચિદ્રૂપ છે, એવો જ્યારે અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે તે પોતાની મેળે જ એક અખંડ સમાધિની અંદર રહે છે" (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૪૫, શ્લો૦ ૬૭)

સહજસમાધિ

ધારણા, ધ્યાન અને સમાધિ; એ ક્રમેક્રમે એક કરતાં એક એવી પરિપક્વ દશાઓ જ કહેવાય છે. જેવી રીતે દૂધને ચૂલા ઉપર રાખીને ઉકાળવામાં આવે તો આસ્તે આસ્તે તે ઘટ્ટ બનતું જાય છે તથા આખરે તેનો માવો બની જાય તેમ આ ત્રણે ક્રમે ક્રમે ચિત્તની પરિપક્વ દશાઓ જ છે. ભિન્નભાવ છોડીને આ ત્રણનું એકત્ર થઈ જવું તે જ સંયમ. આ રીતે આત્મઅનાત્મ ભાવ તથા તેનો સાક્ષી એ સર્વ ભેદોનું નિરસન થઈ સ્વભાવસિદ્ધ એકરૂપતા થવી તે જ સહજસમાધિ કહેવાય. શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે: હે પાર્થ! મેં તને પ્રાણોપાસના પૈકી યોગમાર્ગનાં આઠે અંગનું રહસ્ય સંક્ષેપમાં કહી સંભળાવ્યું. તે ઉપરથી તું જાણી શકીશ કે, આટલું બધું

કરીને પણ અંતે અંતઃકરણ જ્યાંસુધી આત્માકારવૃત્તિરૂપ બનવું નથી ત્યાંસુધીને માટે તો તે સર્વ નિરર્થક જ છે; માટે પ્રાણોપાસના, મનોપાસના અથવા બીજા ગમે તે રસ્તે ચિત્તને આત્મસ્વરૂપમાં જ સ્થિર કરવું જોઈએ. એ જ એક સર્વશાસ્ત્રનું અંતિમ ધ્યેય છે, એમ તું નિશ્ચયાત્મક સમજ. કોઈ પણ પ્રકારની ઉપાસનાનું અંતિમ ધ્યેય તો આ જ એક છે, એ વસ્તુસ્થિતિ સારી રીતે જણવામાં આવ્યા બાદ હું તને જે સરળ માર્ગ બતાવી રહ્યો છું, તેનું શ્રદ્ધા વડે અવલંબન કર કે જેથી તું વધુ કોઈ પણ ખટપટોમાં નહિ ઊતરતાં સહેજે ધ્યેય પ્રાપ્ત કરી શકીશ. અત્યારસુધી હઠયોગ દૃષ્ટિની પ્રાણોપાસના તને કહી હવે સ્વાભાવિક પ્રાણોપાસના કેવી રીતે કરવી તેનો વિધિ સંક્ષેપમાં કહું છું: તે પૂર્વે આ સ્વાભાવિક પ્રાણોપાસનાનાં બળ વડે જેણે મૃત્યુને પણ વશ કરેલું (જીતેલું) છે એવા એક કાકભુશુંડના દૃષ્ટાંતનો સંક્ષેપમાં પ્રથમ વિચાર કરીશું કે જેથી આ પ્રાણોપાસના તથા મનોપાસના બંને ભિન્ન ભિન્ન ફળ આપનારી અથવા નાની મોટી હશે ઇત્યાદિ પ્રકારની લોકોમાં રૂઢ થયેલી ગેરસમજ દૂર થવામાં તે મદદરૂપ નીવડશે; તેમ જ સર્વસામાન્ય લોકો જે હઠયોગથી ડરે છે તેમને પણ આ પ્રાણોપાસનાની સ્વાભાવિક તથા સુલભ રીતીનું જ્ઞાન થશે. પરંતુ પ્રથમ ચિરંજીવી કાકભુશુંડના પરિચય સંબંધે સંક્ષેપમાં વિચાર કરવાની આવશ્યકતા ઊભી થાય છે.

ચિરંજીવીઓની જરૂર શા માટે છે ?

શાસ્ત્રમાં સૃષ્ટિપ્રલયોનાં મોટાં મોટાં વર્ણનો આવે છે, તે વાંચી અજ્ઞાની લોકો એવી શંકા કરે છે કે, આવો પ્રલય થાય છે તે જોયું કોણે? મોટા મોટા વિદ્વાન અને પંડિતો પણ આ શંકામાં ગોથાં ખાય છે, તો તે સંબંધે આપણે હવે સંક્ષેપમાં વિચાર કરીશું. આ મિથ્યા જગતમાં જ્યાંસુધી આત્માનું પ્રત્યક્ષ એટલે અપરોક્ષ જ્ઞાન નહિ થાય ત્યાંસુધીને માટે તેમાં જે સત્યતા જોવામાં આવે છે, તેમાં ચોક્કસ નિયમો હોવાનું માલમ પડે છે; કેમકે સૂર્ય, ચંદ્ર, વાયુ, ઋતુઓ વગેરે પોતપોતાનું કામ તદ્દન નિયમિત રીતે કરતા હોવાનું દરેકના અનુભવમાં છે, તે બધાંને ચલાવનાર ઈશ્વર (વૃક્ષાંક ૨) કોઈ તે ઈશ્વર પોતે પોતાની નિયતિ, માયા અથવા પ્રકૃતિશક્તિ (વૃક્ષાંક ૩)નો આશ્રય લઈ તે દ્વારા પોતાની ઈક્ષણરૂપ સત્તા વડે જ આ બધું તંત્ર નિયમિત રીતે ચલાવી રહેલો છે. તેણે આ તંત્રના સંચાલનને માટે જે નિયમો નિયત કરેલા છે, તે નિયતિતંત્ર કહેવાય છે. આ નિયતિના નિયમો છોડીને બ્રહ્માદિ દેવો થકા પણ યત્કિંચિત્ આમથી તેમ થઈ શકાતું નથી. તે નિયત થયેલા નિયમોમાં પ્રથમ બતાવેલા નિત્ય, નૈમિત્તિકાદિ ચાર પ્રકારના પ્રલયો જોનારાઓ પણ નિશ્ચિત કરેલા છે. પુરાણોમાં આવતાં વર્ણનો સાચાં છે કે ખોટાં? એવી શંકા થવાનો સંભવ હોય છે; કેમ કે મૂઢ લોકો ભૂતકાળની વાતોનો વિચાર પ્રસ્તુત સમયની સરખામણી સાથે કરતા મથે છે. તેઓને કલ્પના નથી હોતી કે આ જગત તો હંમેશ પરિવર્તનશીલ છે. ગઈ કાલનો દિવસ ફરીથી આજે નથી આવતો. વાસ્તવમાં અજ્ઞાની પરંતુ મનમાં પોતાને મોટા જ્ઞાની સમજનાર મૂઢ લોકો જે વ્યવહારમાં પોતાને મોટા સંશોધક ગણાવે છે, તેમના માનવીય સ્વભાવની સંકુચિત દૃષ્ટિનો વિચાર કરીને વિધાતાએ તેવાઓની ખાતરી માટે દરેક યુગમાં અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ એ સાત ચિરંજીવીઓને રાખેલા છે. તેઓ યુગ પૂર્ણ થતાં સુધી સ્વશરીરે જીવિત હોય છે. પુરાણાદિમાં આવતાં વર્ણનોની ખાતરી તેમને પ્રત્યક્ષ મળીને અગર પૂછીને કરી શકાય છે, પરંતુ જેમ કોઈ સાકરને મળવું હોય તો તેણે મળવાના ઠરેલા નિયમાનુસાર જ આપણે વર્તવું પડે છે, તેમ આ ચિરંજીવીઓને મળવાને માટે પણ શાસ્ત્રોમાં બતાવેલા જપ તપાદિ તથા ધારણાધ્યાનના માર્ગે જ તેમની સાથે એકતા કરવી પડે છે, તો જ તેમનો ભેટો થઈ શકે છે. અશ્વત્થામા, વ્યાસ અને હનુમાનજી તો ઘણાઓને મળ્યાના ઉદાહરણો આજે પણ મોજૂદ છે. ઉદ્દેશ એ કે, આ સાત ચિરંજીવીઓએ દરેક યુગમાં જે જે વાતો બની તે પ્રત્યક્ષ નજરે જોયેલી હોવાથી કોઈને સંશય હોય તો તેમને પૂછવાથી તેનું નિવારણ થઈ શકે છે. માર્કંડેય એક કલ્પ સુધી ચિરંજીવી હોય છે. કલ્પમાં એક હજાર વખત પૃથ્વી પ્રલય થાય છે, તે સર્વ તેના જોવામાં આવે છે; તેમજ કાકભુશુંડ તો દરેક કલ્પનો પ્રલય જોઈ શકે છે; તે મહાકલ્પ પર્યંત 'ચિરંજીવી' હોય છે; વળી આવાં ઘણાં બ્રહ્માંડોના પ્રલયો પણ તેના જોવામાં

આવેલા હોય છે. તેવા ચિરંજીવી કાકભુશુંડ અને મહર્ષિ વસિષ્ઠનો થયેલો સંવાદ સંક્ષેપમાં આ પ્રમાણે છે, તે તું લક્ષ્યપૂર્વક સાંભળ.

પ્રાણાપાન વાયુની ગતિ

શ્રીવસિષ્ઠજી પૂછે છે: પ્રાણવાયુની ગતિ કેવી હોય છે? તેના ઉત્તરમાં કાકભુશુંડ કહે છે; હે વસિષ્ઠ મુનિ! તમે જાણો છો છતાં મને લીલાથી પૂછી રહ્યા છો, તો હું તેનો ઉત્તર આપું છું; પ્રાણની ગતિના સંબંધમાં મારું વચન સાંભળો. પ્રાણવાયુ સર્વદા ચલનશક્તિવાળો અને હંમેશ ગતિ કરનારો છે. વ્યવહારમાં આ બહાર છે તથા અંદર છે, એવા પ્રકારના વિભાગો જે વડે થઈ શકે છે તેવો તો ફક્ત આ એક દેહ છે. દેહને આધારે જ આ અંદર છે અને આ બહાર છે એવા ભેદો પડી શકે છે. બહાર અંદરના વિભાગ પાડનાર આ દેહમાંથી ઉપર ગતિ કરનારો જે ઉચ્છ્વાસ વાયુ તે પ્રાણ કહેવાય અને બહારથી પાછો અંદર ગતિ કરનારો જે નિઃશ્વાસ તે અપાન કહેવાય છે. આ અપાન વાયુ પણ હંમેશ ચલનશક્તિવાળો અને સર્વદા ગતિવાળો છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ આ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસરૂપી ગતિથી પ્રાણીમાત્રના સ્વભાવે કરીને હરહંમેશ જે ઉત્તમ પ્રાણાયામો થતા રહે છે, તેમાં જે દશ ભેદો છે તે હું લોકોના કલ્યાણને માટે જણાવું છું:

સ્વાભાવિક રીતે થતા પ્રાણાયામના દશ પ્રકારો

(૧) **લોમ આંતર રેચકઃ** કોઈ પણ પ્રકારનો યત્ન કર્યા વગર સ્વાભાવિક રીતે (પોતાની મેળે)જ હૃદય-કમળોની ગુહાઓનો વાયુ ઉચ્છ્વાસરૂપે અંદરથી બહાર નીકળવા તૈયાર થાય છે અને તેથી હૃદયની અંદરનું આકાશ તદ્દન ખાલી થાય છે, તેને પુરુષો **લોમ આંતર રેચક** પ્રાણાયામ કહે છે એટલે નિઃશ્વાસનો સહજકુંભકમાં વિલય થવો તે જ આંતર રેચક સમજવો. આને સહજરેચક પણ કહે છે. (૨) **લોમ બાહ્ય પૂરકઃ** નાસિકા તથા મુખાદિ માર્ગથી ઉચ્છ્વાસ બહાર નીકળી નીચેના બાર આંગળના પ્રદેશમાં એટલે મુખ અથવા નાકના અગ્રથી બાર આંગળના ગોલકમાં પ્રથમ જઈ તે પ્રદેશને સંકોચી દબાવી નાખે છે અને આથી આ બહારના આકાશનો સર્વ પ્રદેશ પુરાઈ જાય છે; તેથી તેને ધીર પુરુષો **લોમ બાહ્ય પૂરક** પ્રાણાયામ કહે છે. પૂરક એટલે પૂરી કિંવા ભરી નાખવું તથા રેચક એટલે ખાલી કરી નાખવું, એવો સામાન્ય અર્થ છે. (૩) **બાહ્ય પૂરકઃ** ઉપર જે બાર આંગળ પ્રદેશનો પ્રાણાયામ કહ્યો તે બાર આંગળનો પ્રદેશ ખાલી હોય છે ત્યારે એ કક્ષાની બહાર જે (ભૂત) આકાશ હોય છે તેના વાયુ વડે તે પ્રદેશ જ્યારે ફરીથી પૂરાઈ જાય છે ત્યારે ધીર પુરુષો **તેને વિલોમ બાહ્ય પૂરક** પ્રાણાયામ કહે છે. એટલે બાહ્યપૂરકની સહજકુંભમાં સ્થિરતા થયા બાદ તે ભાગ ખાલી થઈ જાય છે અને નિઃશ્વાસરૂપે ઉદય થનાર વાયુથી જ્યારે એ બાર આંગળનો પ્રદેશ નિઃશ્વાસથી પૂરાઈ જાય છે તે બાહ્યપૂરક છે, એમ સમજો. સહજપૂરક પણ આનું જ નામ છે. (૪) **સહજકુંભકઃ** બહારથી અંદર આવેલો નિઃશ્વાસ પૂરો થયા પછી અને હૃદયમાં ઉચ્છ્વાસનો ઉદય થવા પામેલો ન હોય ત્યાંસુધી એટલે એ બે ક્રિયાની વચ્ચેની સંધિની અવસ્થા તે (વિલોમ) સહજકુંભક કહેવાય; જે કેવળ યોગીઓના જ અનુભવમાં આવે છે. નાકના અગ્રથી બહાર બાર આંગળના પ્રદેશમાં પણ રેચક, કુંભક તથા પૂરક એ રીતે પ્રાણાયામની ત્રણ અવસ્થાઓ પ્રયત્ન વિના જ થતી રહે છે.

નાકની ટોચથી બહારનો બાર આંગળ સુધીનો નીચેનો પ્રદેશ કે જે નિઃશ્વાસને આવવાનું સ્થાન છે, તેમાં પણ સર્વદા યત્ન વગર જ પૂરક, કુંભક તથા રેચક નામના ત્રણ પ્રકારો સ્વાભાવિક રીતે થતા હોવાનું વિદ્વાનોએ કહેલું છે, તે જણાવું છું. તે સાંભળો નાસિકાના અગ્રની બહાર બાર આંગળના પ્રદેશના છેડામાંથી જે નિઃશ્વાસ નામનો વાયુ ઉદય પામે છે, તે વાયુની આ બહારના પ્રદેશમાં થતી પૂરક આદિ અવસ્થાઓનું નીચે પ્રમાણે ચિંતન કરવું : (૫) **બાહ્ય કુંભકઃ** નાસિકના અગ્રથી બહાર બાર આંગળના નીચેના ખાલી આકાશના ભાગમાં જે બારમા આંગળનો છેડો કે જે નાસિકાની બરાબર ટોચની સામે હોય છે, તેમાં માટીની અંદર રહેલા પરંતુ નહિ ઉત્પન્ન થયેલા ઘડાની પેઠે નિઃશ્વાસનો ઉદય થવા પૂર્વની જે સ્થિતિ હોય છે, તેને વિદ્વાનો સ્થિર, બાહ્ય અથવા કેવળકુંભક કહે છે. (૬) **પહેલો બાહ્ય પૂરકઃ** હૃદયમાંથી

બહાર નીકળતા ઉચ્છ્વાસની હૃદયથી માંડીને નાસિકાની ટોચ સુધીની જે ગતિ થાય છે, તેને યોગી લોકો પહેલો બાહ્ય (લોમ) પૂરક કહે છે. (૭) **બીજો બાહ્ય પૂરક:** નાસિકાની ટોચમાંથી નીકળેલા ઉચ્છ્વાસની નાકના અગ્રથી બહારના બાર આંગળ સુધીના પ્રદેશમાં જે ગતિ થાય છે, તેને યોગી લોકો બીજો બાહ્ય પૂરક કહે છે. (૮) **પૂર્ણ કુંભક:** નાસિકાની ટોચમાંથી ઉચ્છ્વાસ બહાર નીકળીને નાસાગ્રથી બહારના બાર આંગળના પ્રદેશને છેડે અસ્ત પામ્યા પછી જ્યાંસુધીમાં નિઃશ્વાસ ઉદય પામ્યો નહિ હોય ત્યાંસુધીમાં પૂર્ણ સ્થિતિવાળો (લોમ) કુંભક થાય છે, એમ યોગી લોકો કહે છે. (૯) **બાહ્ય રેચક:** નાકના અગ્રથી તે બાર આંગળના છેડા સુધીમાં નીચેના પ્રદેશમાં પહેલી ક્ષણમાં જાણી શકાય એવી ગતિને માટે નિઃશ્વાસની તૈયારી થવી તેને યોગી લોકો બાહ્ય રેચક કહે છે. (૧૦) **બીજો પૂરક:** નિઃશ્વાસનું બારમા આંગળના છેડામાંથી ઊલટીને નાસિકાના અગ્ર સુધીનું જે પુષ્ટરૂપપણું થાય છે, તેને યોગી લોકો અપાનનો બીજા પ્રકારનો પૂરક કહે છે. આ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસના બહાર તથા અંદર જે નિરંતર કુંભક આદિ સ્વભાવો થયા કરે છે, તેઓની હંમેશાં ઉપાસના કરવામાં આવે તોપણ ફરીવાર જન્મ થતો નથી. હે મોટી બુદ્ધિવાળા મુનિ! મેં પ્રાણાપાનના જે આ દશ સ્વભાવો કહ્યા, તેઓનું રાત્રિ દિવસ અનુસંધાન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે (યો૦ નિ. પૂ૦ સ૦ ૨૫). આ સ્વાભાવિક થતા દશ પ્રાણાયામો સારી રીતે સમજવામાં આવે એટલા માટે તેનું સંક્ષેપમાં વિવેચન કરવું જરૂરી છે.

પ્રાણાયામમાં દશ ભેદો પડવાનું કારણ

આ દશ પ્રાણાયામની સ્વાભાવિક રીતે થનારી ક્રિયા પ્રક્રિયા સ્પષ્ટ રીતે સમજવામાં આવે તે રીતે કહું છું: આ સમજવાને માટે પ્રથમ તો નીચેના ત્રણ વિભાગોને બરાબર લક્ષ્યમાં રાખવાની જરૂર છે: (અ) હૃદયથી નાકના ઉપરના ટોચ એટલે ભ્રૂકુટિના ભાગ સુધીનો પ્રદેશ (આ) નાકના ઉપરના ટોચ એટલે ભ્રૂકુટિના ભાગથી તે નાકના અગ્ર સુધીનો પ્રદેશ અને (ઇ) નાકના અગ્રથી બહારની નીચેનો બાર આંગળનો પ્રદેશ અને ત્યારપછી બહારના મહાકાશનો પ્રદેશ આવે છે. આ રીતે મુખ્ય ત્રણ પ્રદેશોમાં થતા પૂરક તથા રેચક મળી ૭ પ્રકારો તથા ચાર સંધિ વા કુંભકો એ મળી કુલ દશ પ્રકારો છે. એટલે (૧) હૃદય અને તેમાંથી સૌથી પ્રથમ ઉચ્છ્વાસ દ્વારા દરેક નળીમાં વાયુનો પ્રચાર થાય તે બેની વચલો સાંધો કિંવા સ્થિર કુંભક, અર્થાત્ ઉચ્છ્વાસ થવા પૂર્વની સ્થિતિ. (૨) હૃદયમાંથી ઉચ્છ્વાસ નીકળીને નાકના અગ્ર એટલે ભ્રૂકુટિ (કપાળ) સુધીના ભાગમાં થનારી પ્રાણવાયુની જે ગતિ તે રેચક, (૩) ભ્રૂકુટિથી તે હૃદય સુધી થનારી પ્રાણવાયુની નિઃશ્વાસરૂપ ગતિ તે અપાન કિંવા પૂરક, (૪) નાકની ટોચ ભ્રૂકુટિથી તે નાકના અગ્ર સુધીનો પ્રદેશ આ બેની વચ્ચેનો કુંભક, (૫) નાકના ઉપરના ભાગથી નીચેના ભાગ સુધીમાં થનારી ઉચ્છ્વાસરૂપી પ્રાણની ગતિ એટલે રેચક તથા (૬) નિઃશ્વાસરૂપ અપાનની ગતિ એટલે પૂરક, (૭) નાકની અગ્રનો બહાર બાર આંગળ સુધીનો પ્રદેશ અને નાકની ટોચ એ બે વચ્ચેનો સાંધો કિંવા બાહ્ય કુંભક, (૮) આ નાકની બહારના બાર આંગળના પ્રદેશોમાંથી શ્વાસ ઉપર ખેંચવામાં આવે તે પૂરક અને (૯) નીચે છોડવામાં આવે તે રેચક મળી કુલ નવ પ્રકારો થયા, તેમજ (૧૦) આ નાકની બહારનો બાર આંગળનો પ્રદેશ અને તેની પછીનો પ્રદેશ એ બેને જોડનારો જે સંધિનો પ્રદેશ તે પણ સ્થિર વા સહજકુંભક કહેવાય. આ પ્રમાણે સ્વાભાવિક રીતે દરેક મનુષ્યોના શ્વાસોચ્છ્વાસની દશ પ્રકારની ક્રિયા પ્રક્રિયા નિત્યપ્રતિ ચાલુ જ રહે છે. શ્વાસોચ્છ્વાસના સ્વાભાવિક રીતે થતા આ દશ સ્વભાવો કિંવા ભેદો છે. તેનો હાલતાં, ચાલતાં, ઊઠતાં બેસતાં અભ્યાસ થાય તો મનુષ્યને હઠયોગ વડે જે જે પ્રાપ્ત થાય છે, તે સર્વની પ્રાપ્તિ થઈ અંતે મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

પ્રાણચિંતનનો અભ્યાસ કરવાથી થતું ફળ

હવે કાકભુશુંડનું આગળનું કથન શું છે, તે વિચારીશું. સ્વાભાવિક રીતે અત્યંત ચંચળતાવાળા આ દશ સ્વભાવવાળા વાયુના સ્મરણનો ચાલતાં, બેસતાં, જાગતાં અને સૂતાં પણ જો અભ્યાસ કરવામાં આવે તો અભ્યાસની પરિપક્વતા થતાં યથાસમયે વાયુની ગતિ બંધ પણ કરી શકાય છે તથા આ કુંભકોનું જો સારી રીતે સતત સ્મરણ રાખવામાં આવે તો જે કાંઈ કરવામાં આવે કિંવા ભોગવવામાં આવે, તેમાં પોતાને કશું

કર્તા કે ભોક્તાપણું પ્રાપ્ત થતું નથી. આ પ્રાણચિંતનના કામમાં વળગી રહેનારું મન બહારના વિષયોને પોતાની મેળે જ છોડતું જાય છે, તેથી કેટલેક દિવસે પોતાની મેળે જ કૈવલ્યપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રાણચિંતનનો અભ્યાસ કરનારા પુરુષનું મન બહારના વિષયમાં રુચિ કરતું નથી. જે વિદ્વાનો આ પ્રાણચિંતનનો અભ્યાસ રાખીને રહે છે તેઓ શોકથી રહિત થઈ ચૂક્યા છે અને તેઓ જે કાંઈ પામવાનું છે તેને સંપૂર્ણ રીતે પામી ચૂક્યા છે, એમ સમજવું. બોલતાં, ચાલતાં, ઊઠતાં, સૂતાં ને જાગતાં આ પ્રાણચિંતનનો જો અભ્યાસ રાખવામાં આવે તો બંધન પ્રાપ્ત થતું નથી. આમ પ્રાણચિંતનના અભ્યાસ વડે જેઓને બોધ પ્રાપ્ત થયો હોય તેવા પુરુષોનું ચિત્ત મોહ અને મેલથી રહિત તથા સ્વચ્છ થઈને નિત્ય આત્મામાં જ રહે છે તથા તે યોગી પ્રાણચિંતન કરવાના પ્રભાવથી સારી રીતે સ્વસ્થ થઈને સુખી અને શાંત રહે છે.

પ્રાણ અપાન એક જ વાયુના ધર્મો છે

હે વસિષ્ઠ મુનિ! હૃદયમાં રહેલા કમળપત્રમાંથી પ્રાણના ઉચ્છ્વાસનો ઉદય થાય છે અને તે પ્રાણ નાકની બહાર નીકળીને બાર આંગળના પ્રદેશના છેડામાં અસ્તને પામે છે. નિઃશ્વાસ કિંવા અપાનનો ઉદય નાકની બહારના બારમા આંગળના છેડામાંથી જ શરૂ થઈ તેનો હૃદયમાં રહેલા કમળમાં અસ્ત થાય છે. નાકની બહાર બારમા આંગળના છેડા સુધીના આકાશમાં જ્યાં પ્રાણનો અસ્ત થાય છે ત્યાંથી તરત જ અપાન ઉદય પામે છે. પ્રાણની આ ગતિ અગ્નિની શિખાની જેમ બહારના આકાશ તરફ ચાલ્યા કરે છે અને પાણી જેમ હંમેશ નીચાણવાળા ભાગ તરફ જ જાય છે, તેમ અપાનની ગતિ હૃદયના નીચાણવાળા આકાશ તરફ જ જાય છે. અપાન ચંદ્રની પેઠે શીત હોવાથી બહારથી અંદર આવીને શરીરને સંતોષ અને શાંતિ આપે છે અને પ્રાણ સૂર્યની પેઠે ઉષ્ણ હોઈ પ્રથમ શરીરના અંદરના ભાગને તપાવે છે તથા મોઢા આગળના આકાશને તપાવે છે.

અપાનરૂપ ચંદ્રના છેલ્લા ભાગને પ્રાણરૂપી સૂર્ય જે હૃદયકમલમાં એટલે કેવળકુંભક (પ્રકાર ૧૦ જુઓ)માં જે રહેજે ગળી જાય છે, તે પછી પ્રાપ્તિ થવાથી મનુષ્ય જન્મમરણમાંથી છૂટી જાય છે. વસ્તુતઃ તો પ્રાણ જ અંદર તથા બહારના આકાશમાં સૂર્યપણાને પામીને પાછો પોતે જ આનંદ આપનારા ચંદ્રપણાને પ્રાપ્ત થાય છે અને એ પ્રાણ જ શરીરને ઉત્સાહ આપનારા ચંદ્રપણાને ત્યજી દઈ ક્ષણમાત્રમાં પોષણ કરનારા સૂર્યપણાને પ્રાપ્ત થાય છે અર્થાત પ્રાણપણું અથવા અપાનપણું એ એક જ વાયુના બે ધર્મો છે.

પ્રાણ અપાનના અધિષ્ઠાનભૂત આત્માને જ જાણવો જોઈએ

પ્રાણ ઉષ્ણપણાને ત્યજીને જ્યાંસુધી શીતલપણાને પામ્યો ન હોય ત્યાંસુધી વચલી અવસ્થામાં દેહથી બહાર પ્રાણનો લય થતો હોવાને લીધે આત્માના નિર્દેહપણું, નિષ્ક્રિયપણું અને મનરહિતપણું ઇત્યાદિ વાસ્તવિક સ્વભાવો વિચારી શકાય છે અને એ વિચારને લીધે દેશકાળની મર્યાદાથી રહિત એવા આત્મામાં પ્રતિષ્ઠા પામેલા એટલે સ્થિર થયેલા યોગીને શોક કરવો પડતો નથી. હૃદયની અંદર સંધિ કિંવા સહજકુંભકના ભાગમાં પ્રાણ તથા અપાનના નિત્ય ઉદય અસ્ત થયા કરે છે એવું જે મનનું અધિષ્ઠાન આત્મા કિંવા બ્રહ્મ છે, તેને જો જાણવામાં આવે તો મનનો સદંતર વિલય થઈ જાય છે. તે ફરી વાર કદી પણ ઉત્પન્ન થતું નથી. હૃદયમાં પ્રાણના, અપાનના, તેમજ ઉદય તથા અસ્તોના અને તેમના જવાઆવવાના અધિષ્ઠાનભૂત જે સ્વયંપ્રકાશ આત્મદેવ છે, તેને જોનારા પુરુષને જ ખરો દેખતો સમજવો; બીજા પુરુષો તો આંધળા જ છે, એમ જાણવું. બહારનો અંધકાર ઓછો થાય કિંવા નહિ થાય તોપણ તેનું કશું પ્રયોજન નથી, માટે તેને છોડી દઈ હૃદયના અંધકારનો જ નાશ કરવો જોઈએ; કે જે વડે મુક્તિ પ્રાપ્ત થાય છે. વળી બહારનો અંધકાર ઓછો થાય તો તે થકી કેવળ જગતનો જ પ્રકાશ થાય છે, પણ જો હૃદયનો અંધકાર નાશ પામે તો આત્મસ્વરૂપનો પ્રકાશ થાય છે; માટે જે વડે હૃદયના અંધકારનો નાશ થાય તેવી વસ્તુને જાણવાથી જ મુક્તિ મળે છે અને તે વડે જ કાયમી સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

સૂર્ય તથા ચંદ્રના ઉદયાસ્તનું અવલોકન કરવું જોઈએ

પ્રથમ તો યત્નપૂર્વક પ્રાણરૂપી સૂર્યના ઉદય અને અસ્તનું અવલોકન કરવું જોઈએ. હૃદયકમળની પ્રભામાં જ્યાં અપાનરૂપી ચંદ્ર અસ્તને પામે છે, તે જ સ્થાનમાંથી બહાર આવતો પ્રાણરૂપ સૂર્ય ઉદય પામે છે. જેમ છાયા અસ્ત પામતાં તે જ સ્થળમાં તરત તડકો ઉદય પામે છે, તેમ અપાનનો હૃદયમાં જે સ્થળે અસ્ત થાય તે જ સ્થળમાંથી પ્રાણ ઉદય પામે છે. જેમ ચારે બાજુનો તડકો નાશ પામતાં છાયા ઉદયને પામે છે, તેમ પ્રાણ નાકની બહાર બાર આંગળના સંપૂર્ણ થતા જે પ્રદેશમાં અસ્ત પામે છે તે પ્રદેશમાંથી જ ક્ષણમાત્રમાં અપાનનો ઉદય થાય છે. આ બેની વચ્ચે જે સ્થિતિ તે જ સ્થિર, કેવળ યા સહજકુંભક કહેવાય છે. હે મહામુનિ! પ્રાણની જન્મભૂમિમાં અપાન નાશ પામે છે તથા અપાનની જન્મભૂમિમાં પ્રાણ નાશ પામે છે, એમ સમજવું.

સહજકુંભક એ જ બ્રહ્મ

પ્રાણ અસ્ત પામતાં અને અપાનનો ઉદય થતાં નાકની બહાર બાર આંગળની મર્યાદા છોડ્યા પછી જે કેવળકુંભક થાય છે, તેનું જો લાંબા કાળ પર્યંત અવલંબન કરવામાં આવે એટલે આ કુંભકમાં જો લાંબા કાળ સુધી સ્થિરતા થાય તો **તમામ દુઃખની નિવૃત્તિ** આપોઆપ જ થઈ જાય છે; તેમ જ હૃદયમાં અપાનનો વિલય થવો અને પ્રાણનું ઉત્થાન થવું એ બે વચ્ચેની સંધિનું જે સ્થાન છે, તેને પણ કેવળ કિંવા સહજકુંભક કહે છે. તેમાં જો લાંબા કાળ પર્યંત સ્થિતિ થાય તોપણ **સર્વ દુઃખોની નિવૃત્તિ** અનાયાસે જ થઈ જાય છે. અપાનના ઉદયસ્થાનથી એટલે નાસાગ્રથી બહાર બાર આંગળ જેટલા દૂરના ભાગમાં પ્રાણનો જે રેચક થાય છે, તે સ્થાનનો અર્થાત્ પ્રાણ અને અપાનની મધ્ય સંધિનો આધાર લઈ ત્યાં પ્રાણને સંપૂર્ણ ખાલી કરી નાખી શેષ રહેનારા સ્વચ્છ કિંવા સહજકુંભકનો જો અભ્યાસ કરવામાં આવે તો પણ ફરીવાર **પરિતાપ પ્રાપ્ત થતો નથી;** તેમ જ બહારના પ્રદેશને નિઃશ્વાસ વડે અંદર ખેંચી લઈ તે તદ્દન ખાલી થયા પછી અને પ્રાણની ગતિ ઉચ્છ્વાસના ઉત્પત્તિ પહેલાં દેહની અંદર જે પૂરક થાય છે, તેની ઉપાસના કરવાથી પણ દુઃખનિવૃત્તિ સહજ થાય છે. પ્રાણ અને અપાન એ બંને જેની અંદર લય પામે છે, તે શાંત આત્મપદનું અવલંબન કરવામાં આવે તો ફરીવાર **પરિતાપ થતો નથી.** પ્રાણનો અસ્ત થયા પછી અને અપાનના ઉદય વગરની જે ક્ષણ રહે છે તે પ્રયત્ન વિના જ મળે તો તે બહારનો કેવળ કિંવા ઉત્તમ કુંભક છે તથા અપાનનો અસ્ત થયા પછી અને પ્રાણનો ઉદય થતાં પૂર્વે જે ક્ષણ રહે છે, તે પ્રયત્ન વિના જ મળે તો તે પણ અંદરનો ઉત્તમ (કેવળ)કુંભક છે, એમ યોગીઓએ નિશ્ચય કરેલો છે. એ કુંભક જ આત્માનું રૂપ છે. એ જ પરમ શુદ્ધ ચૈતન્ય છે. એ જ સર્વના અધિષ્ઠાનરૂપ છે. એને પામીને ફરી વાર કદી પણ શોક કરવો પડતો નથી.

મારી ઉપાસના

કાકભુશુંડી આગળ કહે છે: પ્રાણ અપાનથી રહિત ચૈતન્યસ્વરૂપ એવા આ આત્માની જ હું સતત ઉપાસના કરું છું. આ ચિદાત્મા પ્રાણના અને અપાનના નાશ પછી પણ રહે છે તથા એ બેની સંધિના મધ્યમાં પ્રાણ અપાનરૂપે પણ તે જ છે. તેની ઉપાસના હું સતત કરું છું. આ ચિદાત્મા પ્રાણના પણ પ્રાણરૂપ, જીવનના પણ જીવનરૂપ અને દેહાદિકને પોતાનામાં જ અભિન્ન રીતે રાખનારો છે, તેનું હું હંમેશાં અનુસંધાન કરું છું. આ ચિદાત્મા જ સત્ય છે. મનના પણ મનરૂપ, બુદ્ધિની પણ બુદ્ધિરૂપ અને અહંકારના પણ અહંકારરૂપ છે. જેમાં સઘળું રહ્યું છે, જેથી સઘળું થયું છે, જે સઘળારૂપ છે, જે સર્વ સ્થળમાં રહેલું છે અને જે સર્વમય તથા નિત્ય છે, તે ચૈતન્યતત્ત્વનું જ હું નિત્યપ્રતિ અનુસંધાન કરું છું. જે સર્વોત્તમ પદ સઘળી કલ્પનાઓરૂપી કલંકોથી તદ્દન રહિત છે, આરોપની દૃષ્ટિથી જેનાં સર્વદા સઘળી કલ્પનાઓથી વ્યાપ્ત છે, યથાર્થ અનુભવરૂપ તથા નિરતિશય ઐશ્વર્યવાળું છે અને જેને સઘળા દેવતાઓ પણ પ્રણામ કરે છે, તેની હું સર્વદા ઉપાસના કરું છું.

મારી પ્રાણચિંતનની ઉપાસના કરવાની વિધિ

ભુશુંડજી કહે છેઃ હે વસિષ્ઠ મુનિ! ઉપર કહ્યું તે ક્રમે પ્રાણચિંતન કરીને તેના પ્રભાવથી મેં આપોઆપ નિર્મળ આત્મામાં ચિત્તની વિશ્રાંતિ મેળવી છે. એ વિશ્રાંતિનો આશ્રય લઈને હું રહ્યો છું, તેથી મેરુ પર્વતનું ચલન થાય તોપણ "હું" ક્ષણ માત્ર કદી ચલાયમાન થતો નથી. જતાં, ઊઠતાં, જાગતાં અને સૂતાં પણ મારી આ આત્મામાં ચિત્તની વિશ્રાંતિરૂપ સમાધિ કદી પણ ચલિત થતી નથી. ચંચળ અને ઇષ્ટ અનિષ્ટરૂપ જગતની સ્થિતિઓ ગમે તેવી પ્રાપ્ત થાય છતાં પણ હું વિક્ષેપરહિત, અંતર્મુખ અને સ્વતંત્રપણે પોતાથી પોતામાં જ રહું છું. કોઈ કોઈ સમયે જગતમાંના તમામ વાયુ રોકાઈ જતા કિંવા ગંગા આદિ મહાનદીઓના પ્રવાહો અટકી જતાં, આ મારી સહજસમાધિનો ભંગ કદી થયો હોય તેવું મને સ્મરણ નથી. હે મહાતપસ્વી! ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસની ગતિને અનુસરવાથી અને પરમાત્માના અવલોકનથી એટલે આ ઉચ્છ્વાસ, નિઃશ્વાસ તથા તે બંનેનું અધિષ્ઠાન કુંભક એ સર્વ પરમાત્મા સ્વરૂપ જ છે, એવા પ્રકારનો મારો સ્વભાવસિદ્ધ, અભ્યાસ બની ગયેલો હોવાથી, હું શોકથી રહિત એવા આત્મપદને પામેલો છું.

હું અમર કેવી રીતે થયો?

મહાપ્રલયથી માંડીને પ્રાણીઓની જે જે ઊથલપાથલો થયા જ કરે છે, તેઓને ધીરજથી જોયા કરતો હું આજ દિવસ સુધી જીવું છું. હું કદી ભૂત ભવિષ્યનું ચિંતન કરતો નથી, અને વર્તમાનમાં સર્વનો સાક્ષી હોઈ અનિર્વચનીય એવો આત્મા છું એવું અહર્નિશ અખંડ ચિંતન કર્યા કરું છું અને પ્રસંગવશાત્ આવી પડેલાં કાર્યો કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા નહિ રાખતાં નિરભિમાનપણાને લીધે કેવળ સુષુપ્ત જેવી બુદ્ધિથી કરું છું. ઉદ્વેગ અરતોથી ભરેલી તથા અનેક કર્તવ્ય અને અકર્તવ્યવાળી આ સંસારની ચિંતાને તુચ્છ ગણીને હું નિત્ય આત્મામાં જ તદાકાર રહું છું અને કોઈ પણ પ્રકારના વિધિ વગર લાંબા કાળ પર્યંત જીવ્યા કરું છું. "આજે મને આ મળ્યું અને હવે પછી હું અમુક મેળવીશ; આ વસ્તુ ઉત્તમ છે, આ અધમ છે," એવા પ્રકારની ચિંતા મને કદી પણ થતી જ નથી. આ પોતાનું છે તથા આ પરાયું છે અથવા આ સારું છે કિંવા આ નઠારું છે એવા પ્રકારે કોઈને કદી હું વખાણતો પણ નથી અને નિંદતો પણ નથી; તેથી હું અમર થયો છું. મારું મન સર્વદા સમતામાં જ રહેનારું હોવાથી સુખ પ્રાપ્ત થવાથી કદી રાજી થતું નથી અને દુઃખ પ્રાપ્ત થવાથી કદી ખેદને પણ પામતું નથી; આથી હું લાંબા જીવનને પામ્યો છું સર્વદા સર્વથી રીતે પરમ લાગનું અવલંબન કરીને મેં જીવનના આગ્રહ વગેરેને પણ છોડી દીધેલ હોવાથી હું ચિરંજીવી થયો છું. મારું મન ચપળતાથી રહિત છે, શોક વગરનું રહે છે, સ્વસ્થ છે, સમાધિવાળું અને શાંત છે; તેથી હું વિઘ્નરહિત થઈને જીવું છું. હું સર્વ સ્થળોમાં કાષ્ટને, સ્ત્રીને, પર્વતને, ખડકને, અગ્નિને, હિમને અને આકાશને બ્રહ્મરૂપ જ દેખું છું; તેથી વિઘ્નરહિત થઈને જીવું છું. આજ મને શું મળ્યું અને પાછું કાલે શું મળશે એવી રીતનો ચિંતારૂપી જ્વર મને બિલકુલ નથી; તેથી હું વિઘ્નરહિત થઈને જીવું છું હે મુનિ! આ બંધુ, આ મિત્ર, આ શત્રુ, આ મારો છે, આ પારકો છે ઇત્યાદિ કાંઈ પણ હું જાણતો જ નથી; તેમ હું શરીર છું એવું કદી સ્વપ્નને પણ ભાન થતું નહિ હોવાથી મને રોગાદિ જેવું કાંઈ છે જ નહિ. હંમેશ આત્માની દૃઢ ભાવના હોવાથી જ હું લાંબો સમય થયા જીવું છું.

હું વિઘ્નરહિત શી રીતે જીવું છું?

ચૈતન્ય કે જે સર્વરૂપ છે, સર્વ પદાર્થોના અધિષ્ઠાનરૂપ છે, આદિ-મધ્ય-અંત રહિત છે અને જેમાં દુઃખનું નામ નિશાન પણ નથી, તે હું છું એમ જાણું છું; તેથી હું નિર્વિઘ્ને જીવું છું. હું આહાર કે વિહાર કરતાં, બેસતાં, ઊઠતાં શ્વાસોચ્છ્વાસ લેતાં કે સૂતાં પણ 'હું દેહ છું" એમ કદી જાણતો નથી; તેથી ચિરંજીવી છું. સુષુપ્તિની પેઠે રહેલો હું આ સંસાર સંબંધી તમામ કાર્યો જાણે હોય જ નહિ! એવું જાણું છું; તેથી વિઘ્નરહિત થઈને રહું છું. પોતપોતાના સમય પ્રમાણે પ્રાપ્ત થયેલા અર્થ અને અનર્થોને શરીરમાં રહેલા બે હાથની જેમ સમાન જ ગણું છું, એટલે આ ડાબો હાથ ગુદાદ્વારાદિ મેલને સાફ કરે છે તથા જમણો ભોજનના

કામમાં આવે છે, તેથી એક ત્યાજ્ય છે અને બીજો ગ્રાહ્ય છે એમ ગણી તેને કાંઈ લોકો કાપી નાખતા નથી, પરંતુ સમાન જ ગણે છે; તેમ અર્થ અને અનર્થ બંને મારા હોવાથી હું તેને સમાન જ ગણું છું; તેથી નિર્વિઘ્ને જીવી રહ્યો છું. કદી પણ ચલાયમાન થાય નહિ એવી મનની સ્થિર શક્તિથી અને સર્વ પ્રાણીઓને પોતા (આત્મા) સમાન જોનારી એવી સર્વોત્તમ સ્નેહદૃષ્ટિથી સર્વ સ્થળમાં સમાન રીતે જ જોયા કરું છું. મારામાં અહંકારરૂપ કાદવનું નામનિશાન પણ નથી, તેમ મને પગથી માથા સુધી આ દેહમાં કિંચિન્માત્ર પણ મમતા નથી; તેથી લાંબો કાળ થયાં હું આનંદથી જીવું છું. જો કે શરીર વડે હું અમુક કરું છું, અમુક નથી કરતો, અમુક ભોગવું છું, અમુક નથી ભોગવતો ઇત્યાદિ લોકદૃષ્ટિએ જોવામાં આવે છે ખરું, પરંતુ તેમાં મારી અહંતા અને મમતા મુદ્દલ નહિ હોવાને લીધે મારું મન અકર્તા અને અભોક્તા છે; તેથી હું નિશ્ચિતપણે જીવું છું. હે મુનિ! હું જ્યારે જ્યારે કાંઈ જાણું છું, ત્યારે ત્યારે પણ નહિ જાણવા સમાન જ રહું છું. હું ઉદ્ધતપણાને કદી પ્રાપ્ત થતો નથી. હું સમર્થ હોવા છતાં પણ કદી કોઈને દબાવતો નથી. કોઈ એ પરિતાપ કરવા છતાં પણ હું સહનશીલતાને લીધે શોક કરતો નથી અને દરિદ્રી છતાં પણ કશું ઇચ્છતો નથી; તેથી વિઘ્નરહિત થઈને જીવું છું. આ શરીર કે જે ચેતન જેવું જણાય છે, તેમાં પણ હું ચિદાત્મદૃષ્ટિ જ રાખું છું. આ ચિદાત્મા સર્વ પ્રાણીઓમાં સમાન હોવાને લીધે હું સર્વ પ્રાણીઓના આત્મરૂપ થઈને સર્વ પ્રાણીઓને પોતાનાં અવયવો જેવાં જોઉં છું તેથી વિઘ્નરહિત થઈને જીવું છું. હું સહજસમાધિને લઈને આશાઓરૂપી પાશોથી પ્રેરાયેલી ચિત્તની વૃત્તિનો અંદર પ્રવેશ જ થવા દેતો નથી; તેથી નિર્વિઘ્ને જીવું છું. હું બહારના વિષયોમાં સુષુપ્ત જેવો રહીને, જગત તો સાવ મિથ્યા છે એમ ધાર્યા કરું છું. અને હૃદયમાં જાગ્રત રહીને આત્માની સત્તાને હસ્તામલકની પેઠે જોયા કરું છું: તેથી ચિરંજીવ છું. જીર્ણ થયેલા, તૂટેલા, શિથિલ, ક્ષીણ, ક્ષોભ પામેલા અને ક્ષય પામેલાને પણ હું નિર્વિકાર એવા આત્મતત્ત્વ સ્વરૂપે જ દેખું છું; તેથી વિઘ્નરહિત થઈને જીવું છું. લોકોને દુઃખી જોઈ દુઃખી તથા સુખી જોઈ ને સુખી થાઉં છું અને હંમેશાં સર્વના પ્રિય મિત્ર જેવો થઈને રહું છું; તેથી વિઘ્નરહિત થઈને જીવું છું. હું વિપત્તિને સમયે અચલ ધૈર્યવાળો રહું છું, સંપત્તિના સમયમાં સઘળાં જગતનો મિત્ર રહું છું અને ગમે તેવા ઉદ્ધારતો થાય તોપણ આગ્રહથી રહિત જ રહું છું; તેથી નિર્વિઘ્ને જીવી રહ્યો છું. હું દેહ નથી, "બીજો કોઈ મારો નથી અને હું બીજા કોઈનો નથી" એવા પ્રકારની ભાવના મને નિરંતર રહ્યા જ કરે છે; તેથી હું વિઘ્નરહિત થઈ જીવું છું. જગત, આકાશ, દેશ, કાળ અને ક્રિયા પણ હું જ છું, એવા પ્રકારની મને સર્વ પદાર્થોમાં આત્મપણાની બુદ્ધિ રૂઢ છે; તેથી હું વિઘ્નરહિત થઈને જીવું છું. "ઘડો, વસ્ત્ર, આકાશ, વન, ગાડું અને આ જે જે કાંઈ છે તે સઘળું કેવળ એક ચૈતન્ય જ છે" એવા પ્રકારનો મારો સંપૂર્ણ નિશ્ચય હોવાથી હું લાંબા કાળ પર્યંત નિર્વિઘ્ને જીવી રહ્યો છું. હે વસિષ્ઠમુનિ! આ ત્રૈલોક્યરૂપ કમળમાં ભ્રમર જેવો કાકભુશુંડ નામથી ઓળખાતો હું ઉપર કહેલાં કારણોને લીધે ચિરંજીવ થઈ રહ્યો છું. આ બ્રહ્મરૂપ મહાસાગરમાં ત્રણ જગતોરૂપ તરંગો છે; તે પ્રકટ થાય છે, રહે છે અને વળી પાછાં તેમાં જ લીન થઈ જાય છે એવા તેના વિચિત્ર સ્વભાવો છે. આ તરંગો વારંવાર મોટા થઈ લયને પામે છે અને ફરી પાછા પ્રકટ થાય છે. આ રીતે થતા જગતના ઉત્થાન અને લયરૂપ મિથ્યા કાર્યોને હું ઉપર કહી તેવી સહજસમાધિમાં સ્થિર થઈને જોયા કરું છું." (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૨૬ જુઓ).

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।

शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

આત્મદૃષ્ટિનો યોગાભ્યાસી અંતે આત્મસ્વરૂપને જ પામે છે

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે હે અર્જુન! આ રીતે પ્રાણોપાસનામાં: (૧) હઠયોગ અને (૨) સ્વાભાવિક પ્રાણચિંતન એમ બંનેની તથા ધારણાભ્યાસ વડે થતી પ્રાણોપાસનાની વિધિ તને કહેવામાં આવેલી છે, તે

ઉપરથી તું જાણી શકીશ કે, તેમાં પણ પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ વખતે આત્મદૃષ્ટિનું અવલંબન રાખવાની ખાસ આવશ્યકતા તો હોય છે જ; માટે આ રીતે હંમેશાં ચિત્તને આત્મામાં સ્થિર કરીને વશ રાખનારો યોગાભ્યાસી અંતે આત્મસ્વરૂપ એવો જે હું (વૃક્ષાંક ૧) તેમાં અર્થાત્ આત્મસ્વરૂપ એવા મારામાં ઉત્કૃષ્ટ પરમ શાંતિને પામે છે, એટલે કે તે પરમપદમાં લય કરી આપનારી પરમ વિશ્રાંતિને પ્રાપ્ત થાય છે.

યમ નિયમાદિમાં ભેદ કેમ ?

ભગવાન આગળ કહે છે હે અર્જુન ! આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે પ્રાજ્ઞોપાસના તથા મનોપાસનાના જે જે માર્ગો તને અત્યારસુધી કહેવામાં આવ્યા, તે માર્ગે પ્રયત્ન કરનારાઓને યમ નિયમાદિનું પાલન કરવાની આવશ્યકતા તો હોય છે જ. પતંજલિએ બતાવેલા અષ્ટાંગયોગમાં પાંચ યમ અને પાંચ નિયમો બતાવેલા છે અને મેં બાર યમ અને બાર નિયમો કહેલા છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૯ શ્લો૦ ૩૩ થી ૪૫); આ બન્નેમાં જુદાપણું કેમ ? એવી શંકા લાવવાનું કારણ નથી પૂર્વે (અધ્યાય ૨ માં) જેમ તત્ત્વની સંખ્યાના સંબંધમાં કહેવામાં આવેલું છે, તે મુજબ અષ્ટાંગયોગમા બતાવેલા આ પાંચમાં જ બારનો સમાવેશ કરવામાં આવેલો છે તથા મેં વિસ્તારથી પેટાભેદો સહ તે બાર બારની સંખ્યામાં કહેલા છે; આથી તેમાં વિરોધાભાસ જેવું કાંઈ નથી. કહેવાનો ઉદ્દેશ એ છે કે કેવળ પ્રાજ્ઞોપાસનામાં જ યમ નિયમોની જરૂર છે એમ સમજવાનું નથી પરંતુ મનોપાસનામાં જેનો સમાવેશ થાય છે એવા ભક્તિજ્ઞાન, વર્ણાશ્રમાદિ તમામ માર્ગોમાં પણ આ યમ નિયમોના પાલનની આવશ્યકતા હોય છે. તે યથાનું પાલન થવું આવશ્યક છે, તેમાં પણ ખાસ કરીને નીચેના નિયમોનું પાલન તો અવશ્ય કરવું જ જોઈએ.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।

न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ १६ ॥

અનિયમિત રહેનારને યોગ કદાપિ સાધ્ય થતો નથી

હે અર્જુન ! વિષયસુખોપભોગમાં રોગો થવાની બીક રહેતી હોય છે, વાત, પિત્ત અને કફ એ ત્રિદોષથી બનેલા આ શરીરમાં વિષમાવસ્થામાં રોગોની ઉત્પત્તિ થાય છે અને તે ઘણું કરીને આખા શરીરમાં વ્યાપીને રહેલો હોય છે. અવ્યક્ત દશામાં તેના એ દોષોનું વિષમપણું નાશ કરી શકાતું નથી. અનેક કારણોને લીધે દોષો વિષમ થાય છેઃ અન્નથી, વસ્ત્રથી, બોલવાથી, કાંઈ જોવાથી, કોઈ પદાર્થોના સ્પર્શથી, કાળના વિશેષપણાથી, સ્થાનના વિશેષપણાથી તથા કોઈ પણ જાતના પ્રમાણ કરતાં (હદ ઉપરાંત) વધુ પરિશ્રમો કરવામાં આવે તે થકી, અનેક પ્રકારની માનસિક ચિંતાઓથી ઇત્યાદિ અનેક કારણોને લીધે શરીરમાં વૈષમ્ય ઉત્પન્ન થાય છે. નિષ્કાળજીને લીધે આરંભમાં અવ્યક્ત દશામાં ઉત્પન્ન થતા આ દોષો તે સમયે બિલકુલ સમજવામાં આવતા નથી; માટે તેવા પ્રકારના દોષોનું વિષમપણું શરીરમાં ઉત્પન્ન થવા નહિ પામે એટલા માટે કાળજી રાખવી પડે છે. જો શરીર રોગી હોય તો તેની માનસિક સ્થિતિ અતિશય ચંચળ બને છે અને તેવી સ્થિતિમાં તે આત્મસ્વરૂપભૂત એવા યોગની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે ? આથી આ યમ નિયમાદિનું પાલન કરવાની ઘણી જ આવશ્યકતા છે. તેના પાલન વડે શરીર નિરોગી રહે છે. ઘણું ખાનાર અથવા તો બિલકુલ જ નહિ ખાનાર, તેમ જ ઘણી નિદ્રા લેનાર અથવા બિલકુલ જ નિદ્રા નહિ લેનારાને આ યોગની સિદ્ધતા કેવી રીતે થઈ શકે ? કારણ કે, શરીરમાં દોષ વિષમ થવાનાં જે કારણો બતાવવામાં આવેલાં છે, તેમાં આ મુખ્ય છે; માટે અનિયમિતતાનો ત્યાગ કરીને સંયમશીલ થવાની જરૂર હોય છે.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।

युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ १७ ॥

નિયમિત રહેનારને આ યોગ પ્રાપ્ત થાય છે

તમામ દુઃખને હરનારો આ યોગ જેનો આહારવિહાર યુક્ત હોય તે જ સાધી શકે છે. ભૂખ હોય તેના ત્રણ ભાગ કરીને બે ભાગ અન્ન અને એક ભાગ પાણી પીવું; આ રીતનો જે આહાર તે યુક્ત કહેવાય. જેની ચેષ્ટાઓ હદની બહાર જવા પામતી નથી, એટલે જે મર્યાદા કરતાં વધુ પરિશ્રમ કરતો નથી, નિયમિત આહારવિહારવાળો છે તથા જેની નિદ્રા અને જાગૃતિ પરિમિત એટલે પ્રમાણ કિંવા માપસર યા નિયમિત હોય છે, તેને જ આ યોગ સાધ્ય થાય છે.

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।

निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ १८ ॥

યુક્ત ચિત્તની વ્યાખ્યા

જ્યારે ચિત્ત સર્વ પ્રકારની કામનાઓમાંથી સ્પૃહા એટલે ઇચ્છા રહિત બની કેવળ એક આત્માને વિષે જ અત્યંત એકરૂપપણાને પામેલું હોય છે અર્થાત્ જેના ચિત્તમાં આત્મા સિવાય બીજા કોઈ પ્રકારનું કર્મ કિંવા અન્ય કોઈપણ વિષયની ઇચ્છાનો કિંચિન્માત્ર પણ અંશ ઉદયને પામતો નથી, ત્યારે તેનું ચિત્ત યુક્ત થયેલું છે, એમ કહેવાય છે.

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।

योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥ १९ ॥

આત્મામાં સ્થિર થયેલાને ઉપમા કોની ?

જેમ વાયુથી રહિત એવા એકાંત સ્થાનમાં રાખવામાં આવેલો દીપક (દીવાની જ્યોત) તદ્દન સ્થિર અને નિશ્ચલ જ રહે છે અર્થાત્ તે આમથી તેમ જરા પણ ડોલાયમાન થતો નથી; તે ઉપમા જેણે પોતાની ચિત્તની તમામ વૃત્તિઓને કેવળ એક આત્મામાં જ પરાયણ કરેલી હોય છે, તેવા પ્રકારના યોગમાં સ્થિર થયેલા (જોડાયેલ) યોગીની સમજવી. એટલે જે યોગીના ચિત્તમાં આત્મા સિવાય બીજા કોઈ પણ પ્રકારના સંકલ્પવિકલ્પોનો તલભાર પણ સ્પર્શ કદી થવા પામતો નથી અને જેની ચિત્તવૃત્તિ હંમેશ કેવળ એક આત્મામાં જ પર્વતની જેમ અચલ રહેલી હોય છે, આવા યોગીની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તેની અજ્ઞાનીઓને કલ્પના આવે એટલા માટે જ્યાં પવનનો બિલકુલ સ્પર્શ નથી તેવા સ્થાનમાં રાખેલા દીવાની જરા પણ ડોલાયમાન ન થનારી જ્યોતની ઉપમા તેને આપેલી છે, એવો ભગવાનનો ઉદ્દેશ આમાં સ્પષ્ટ તરી આવે છે; એટલે તે જ્યોત જેમ તદ્દન સ્થિર હોય છે, તેમ અપરોક્ષાનુભવી મહાત્મા નિત્યપ્રતિ કેવળ એક આત્મામાં જ તદ્દન સ્થિર થયેલ હોવાથી તેમાંથી આમથી તેમ સહેજ પણ ડોલાયમાન થતો નથી.

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।

यत्र चैवात्मनाऽऽत्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥

યોગસેવન વડે ચિત્તની ઉપરામતા

યોગસેવના એટલે ઉપર કહેલા આત્મામાં જ સ્થિરતા થવારૂપ યોગના સેવન યા અભ્યાસ વડે જેનું ચિત્ત નિરુદ્ધ થઈ તે જ્યારે આત્મા વડે જ આત્માને, આત્મનિ એટલે પોતામાં જ દેખીને સંતોષને પામે છે, ત્યારે તેની તમામ વૃત્તિઓનો વિલય થઈને તે સર્વે કેવળ એક આત્મામાં જ ઉપરામને પામે છે એટલે શાંત

થઈ જાય છે. સારાંશ, આ બધું આત્મસ્વરૂપ હોઈ તે આત્મા વડે આત્મામાં જ ભાસી રહ્યું છે અને તેવો આત્મા એટલે જ 'હું' છે અર્થાત્ આત્મા તે જ હું અને હું તે જ આત્મા છે, એ મુજબના નિશ્ચય વડે જેનું ચિત્ત આત્મસ્વરૂપના અભ્યાસને લીધે તદ્દન નિશ્ચળ થઈ શાંતિને પામેલું છે, તેના ચિત્તને જ ઉપરના જ્યોતના ઉદાહરણની જેમ સ્થિરતા પ્રાપ્ત થયેલી છે. એટલે તે સમાહિતચિત્તવાળો છે, એમ જાણવું.

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।

वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥ २१ ॥

આત્યંતિક સુખ કોને કહેવું ?

સ્થૂળ કિંવા સૂક્ષ્મ ઇન્દ્રિયોથી અગોચર (જાણી નહિ શકાય) અને કેવળ બુદ્ધિ વડે જ જેનું આકલન (ગ્રહણ) થઈ શકે એવું જે આત્યંતિક સુખ એટલે મોક્ષસુખ છે (મોક્ષને જ આત્યંતિક સુખ કહે છે); એમ જે તત્ત્વદૃષ્ટિ વડે સારી રીતે જાણે છે, તે ઇતર સર્વને છોડી આ આત્યંતિક સુખમાં જ સ્થિર થઈ જાય છે અને તેમાંથી કદી પણ ચલાયમાન થતો નથી; એટલે કે કર્મેંદ્રિયો, જ્ઞાનેંદ્રિયો અને તેના વિષયો વડે અનુભવાતાં આ બાહ્ય વિષયસુખો કે જેને વ્યવહારમાં સુખ કહેવામાં આવે છે, તે તો વાસ્તવિક રીતે અતિ તુચ્છ હોઈ આત્મા (तत्) વિના આત્યંતિક સુખનું બીજું એકે સ્થાન નથી અને તે પદમાં એકરૂપ બની જવું એ જ એક આત્યંતિક સુખ છે, એમ તત્ત્વદૃષ્ટિએ જે જાણે છે તે આ બાહ્ય વિષયસુખોની પાછળ કદી પણ લાગતો નથી, પરંતુ એક આત્મામાં જ તન્મય બની રહે છે. તે સ્થિતિની પ્રાપ્તિ થઈ એટલે તેમાંથી તે પુનઃ કદી પણ ચલાયમાન થતો નથી.

અંતર્દૃષ્ટિ કોને કહેવી ?

ભગવાને અત્રે અંતર્દૃષ્ટિ કોને કહેવી, તે સંબંધમાં સ્પષ્ટીકરણ કરેલું છે. જેમ વીજળીના દીવામાં પ્રકાશ આવે તો તે ઉપરથી નિર્ણય થઈ શકે છે કે, વિદ્યુત્ઘરમાં વીજળી છે. જો દીવો પ્રકાશિત જ નહિ થાય તો પછી વીજળીના ઘરમાં વિદ્યુત્ છે કે નથી, તે જાણવાનું બીજું કોઈ સાધન જ નથી. સમજો કે, તેમાં વિદ્યુત્શક્તિનો સંચાર હોય, પરંતુ જો તે દીવામાં પ્રકાશિત (પ્રકટ) થઈ ન શકે તો તેનું હોવાપણું પણ નિરર્થક જ છે, અથવા કોઈએ મનમાં મહાન અદ્ભુત કાર્ય કર્યું હોય પણ જો તે બહાર લોકના જાણવામાં ન આવે તો તે વ્યવહારમાં પણ નિરુપયોગી જ ગણાય, અથવા કોઈ ભૂખ્યા મનુષ્યને ખાવા આપવાની મનમાં ઘણી જ ઇચ્છા હોય પરંતુ જ્યાં સુધી તે બહાર ક્રિયામાં આવીને તેને અન્ન મળે નહિ ત્યાંસુધી તેની ભૂખનું નિવારણ થઈ શકતું નથી, કેમ કે કેવળ માનસિક ઇચ્છા વડે કાંઈ તેનું પેટ ભરાશે નહિ; તેમ આત્મા સ્વતઃસિદ્ધ છે એ તો તદ્દન ખરું છે, પરંતુ તે સ્વતઃસિદ્ધ છે એવા પ્રકારનું જ્ઞાન તો તેના આશ્રય વડે ઉત્પન્ન થયેલી બુદ્ધિ થકી જ થઈ શકે છે. આ રીતે બુદ્ધિને જ્ઞાન પ્રાપ્ત થયું એટલે તે સારી રીતે જાણી શકે છે કે આ મન, ચિત્ત, અહંકાર, સ્થૂળ, સૂક્ષ્મ શરીર, તેના વિષયો તથા તમામ પ્રકારના વ્યષ્ટિ સમષ્ટિરૂપ સ્થૂળ સૂક્ષ્મ કાર્યો તેમ જ તેના મહત્તત્ત્વાદિ કારણો એ સર્વે તો બુદ્ધિ વડે જ જાણવામાં આવે છે તથા તે બુદ્ધિને જાણનારો તો "હું" છે; પરંતુ જ્યાંથી બુદ્ધિને પણ જાણનારા એવા આ 'હું' ની ઉત્પત્તિ થવા પામેલી છે એવું સ્થાન પ્રાપ્ત કરવાનું છે અને તેને માટે બુદ્ધિ સહ "હું" ભાવનો વિલય કરવા સિવાય બીજો કોઈ માર્ગ નથી, તેથી જ્યારે બુદ્ધિ સહિત 'હું" ભાવનો સંપૂર્ણતઃ વિલય થાય છે ત્યારે જ તે પદ અનુભવી શકાય તેવું છે. આ રીતે બુદ્ધિ વડે પ્રથમ તે આત્મપદને તત્ત્વદૃષ્ટિએ જાણી લેવું તેને જ અંતર્દૃષ્ટિ કિંવા આત્માનું પરોક્ષજ્ઞાન કહે છે. આમ અંતર્દૃષ્ટિ વડે આત્માને જાણી લીધા પછી હુંભાવ સહિત બુદ્ધિનો વિલય કરીને તેનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરી આત્મરૂપ બની જવું તેને જ શાસ્ત્રકારો આત્યંતિક સુખ અથવા મોક્ષ કહે છે. અપરોક્ષ અનુભવ કિંવા આત્મસાક્ષાત્કાર પણ આનું જ નામ છે.

સ્વતઃસિદ્ધ એવા પરમ પદમાં સ્થિતિ

આ આત્મપદ સ્વંયપ્રકાશ તથા સ્વતઃસિદ્ધ હોઈ બીજા કશાની અપેક્ષા વગર તે પોતે જ પોતામાં પોતા વડે ભાસમાન થાય છે; કારણ કે, આ પ્રકાશ નથી પરંતુ અંધારુ છે, એવું જ્ઞાન પણ તેના આધાર વડે જ જાણી શકાય છે. પ્રકાશનો અભાવ છે એમ જે શક્તિ વડે ભાસમાન થાય છે તે પોતે દેખાતી નથી અથવા બિલકુલ નથી એમ કેમ બને? હવે તે દેખાય છે તો કેવી દેખાય છે, તેનો તદ્દન સૂક્ષ્મ દૃષ્ટિ વડે વિચાર કરવો પડે છે. ઘણા કુશળ પંડિતોની બુદ્ધિ પણ આજ સ્થળે ગોથું ખાઈ જાય છે, અંતદૃષ્ટિ નહિ હોવાને લીધે જ તેઓ મોહમાં સપડાઈ તણાઈ જાય છે. જ્યાંસુધી દૃષ્ટિ બાહ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરીને શાંત ન થાય ત્યાંસુધી અંતર્મુખપણું કદી પ્રાપ્ત થતું નથી અને જ્યાંસુધી દૃષ્ટિ અંતર્મુખ થઈ શકતી નથી ત્યાંસુધી આત્મદર્શન થવું પણ શક્ય નથી. વાસ્તવિક રીતે મનનું સંકલ્પ રહિત થવું એનું નામ જ અંતર્દૃષ્ટિ સમજો. તો પછી ચિત્તમાં જ્યાંસુધી સંકલ્પ થતા હોય ત્યાંસુધી અંતર્દૃષ્ટિ શી રીતે થાય? તેટલા માટે દરેક સંકલ્પનો ત્યાગ કરીને એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાં જ તત્કાળ તે આત્મસ્વરૂપ છે એવી અથવા તો આત્મામાં સંકલ્પ કદી છે જ નહિ એવી ભાવના રાખી દૃઢ નિશ્ચય વડે પ્રથમ તો તમામ સંકલ્પોને છોડી દઈ આત્મસ્વરૂપમાં કે જ્યાં બુદ્ધિનો પણ વિલય થઈ જાય છે, તેવા પરમપદની સાથે એકરૂપ થવું પડે છે. તે સ્થિતિનો એક વખતે અનુભવ થયો એટલે મને આત્મપદની પ્રાપ્તિ થયેલી છે એવો વિચાર પણ છોડી દઈ સ્વતઃસિદ્ધ એવા પરમપદમાં જ નિત્યપ્રતિ સ્થિર રહે છે; અને તેમાંથી તે કદી પણ ચલાયમાન થતો નથી. અત્યંત સુખનું સ્થાન તે આ જ છે.

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।

यस्मिन्स्थितो न दुःखेन गुरुणाऽपि विचाल्यते ॥ २२ ॥

અધિક અધિક લાભ

આ રીતે એક વખત પરમપદનો અનુભવ થયો એટલે તે કરતાં બીજો કોઈ શ્રેષ્ઠ પ્રકારનો લાભ બાકી રહ્યો છે એવો મોહ તેને કદી પણ થતો નથી. તે તદ્દન શાંત અને તૃપ્ત બની જાય છે. આ રીતના પરમપદમાં એક વખત સ્થિરતા થઈ એટલે ગમે તેટલું મહાનમાં મહાન દુઃખ આવે તોપણ તે આ આત્મસ્થિતિમાંથી કદાપિ ચલાયમાન થતો નથી.

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।

स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥ २३ ॥

જ્યાં દુઃખનો લેશ પણ નથી તે જ યોગ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: હે પાર્થ! મેં તને અત્યારસુધી "યોગ" "યોગ" એવા શબ્દો વડે ઘણી વખતે કહ્યું તે યોગ શબ્દનો સાચો અર્થ સંક્ષેપમાં કહું છું તે સાંભળ. અરે! જ્યાં દુઃખના સંયોગનો પણ વિયોગ છે એટલે જેમાં દુઃખનું નામનિશાન પણ નથી એવી આત્યંતિક સુખ(મોક્ષ)ની પ્રાપ્તિ કરી આપનારી જે અવસ્થા તે જ યોગ. તાત્પર્ય કે, જ્યાં દુઃખનો કિંચિન્માત્ર પણ સ્પર્શ નથી, દુઃખ એટલે શું હશે, તે ક્યાં હશે, કેવું હશે, શાથી ઉત્પન્ન થતું હશે વગેરે પ્રકારનો વિચાર જે પ્રદેશમાં આશ્ચર્યથી કરવામાં આવે છે અથવા પ્રકાશને જેમ અંધારું કેવું હશે તેવી કલ્પના પણ કદી સ્પર્શી શકતી નથી, તેમ જ્યાં દુઃખની કલ્પના પણ સ્ફરી શકતી નથી એવા નિશ્ચળ પદમાં સ્થિતિ કરાવી આપનારું જે સાધન અથવા યુક્તિ તે જ યોગ શબ્દનો સાચો તાત્ત્વિક અર્થ છે, એમ જાણ. તેવું પદ તો અનિર્વચનીય એવા એક આત્મા સિવાય બીજું

કર્યું છે? એટલા માટે જ તને વખતોવખત કહેવામાં આવેલું છે કે, અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન થવા નહિ પામે એવા પ્રકારે વૃત્તિને એક આત્મામાં તદાકાર કરી રાખવાનો જે અભ્યાસક્રમ તે જ યોગ છે. આ યોગ દઢ નિશ્ચયથી સહેજ પણ કંટાળો અથવા દુર્લક્ષ કર્યા વગર અનુષ્ઠાન કિંવા અભ્યાસ કરવા યોગ્ય છે; એટલે જરા પણ દુર્લક્ષ નહિ કરતાં અત્યંત સાવધાની રાખી અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એ રીતની દક્ષતા રાખી સહેજ પણ કંટાળો લાવ્યા વગર તેનો અભ્યાસ કરતાં રહેવું. હે અર્જુન! આ યોગનું વગર કંટાળે અને દઢ નિશ્ચય વડે સતત અનુષ્ઠાન કરવું જોઈએ. આ કરતાં બીજો કોઈ પણ પ્રકારનો શ્રેષ્ઠ યોગ નથી. વિશેષ શું કહું? યોગ એટલે અનિર્વચનીય એવા આત્માનું જ એક નામ છે, એમ તું નિશ્ચયપૂર્વક જાણ. હવે આ યોગનો અભ્યાસ કેવી રીતે કરવો, તે પુનઃ સંક્ષેપથી કહું છું.

सङ्कल्पप्रभवान्कामा ꣳस्त्यक्त्वा सर्वान्ऽशेषतः ।

मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ २४ ॥

નાહમ્ અને સોહમ્

હે અર્જુન! પ્રથમ મેં *અભ્યાસક્રમ કહેલો જ છે, છતાં દૃઢતાને માટે ફરીથી કહું છું. આ અભ્યાસક્રમના મુખ્ય બે પ્રકારો છેઃ (૧) નિઃશેષભાવ તથા (૨) સર્વાત્મભાવ; આને જ અનુક્રમે નિર્ગુણ અને સગુણ એમ પણ કહેવામાં આવે છે. પ્રથમ પ્રકારના નાહમ્ વા અનહમ્ ભાવના અભ્યાસને નિઃશેષ વા અશેષનો તથા બીજા પ્રકારના સર્વાત્મભાવના અભ્યાસક્રમને સોહમ્ વા સર્વાત્મભાવનો અભ્યાસ પણ કહે છે. (૧) અંતઃકરણની અંદર મનની ઇચ્છાઓ વડે જે જે સંકલ્પવિકલ્પોની સ્ફુરણા થાય કે તેને તુરત જ "આ હું નથી," "આ હું નથી," એવા પ્રકારે તમામ અહંમમાદિ ભાવનો સાક્ષાત્સહિત ત્યાગ કરતાં કરતાં તદ્દન નિઃશેષ થઈ જવું. આ રીતે સ્થૂળ તથા સૂક્ષ્મ ઇંદ્રિયોના જે જે વિષયોનું અંતઃકરણમાં ઉત્થાન થાય કે, તુરત તેને "આ હું નથી" એવા પ્રકારે દાબી દેવું અર્થાત્ સંકલ્પોનું અંતઃકરણમાં ઉત્થાન જ થવા નહિ દેવું. આ રીતના અભ્યાસક્રમ વડે ઇંદ્રિયોના સમુદાયને સર્વ રીતે નિયમમાં લાવી આસ્તે આસ્તે અનિર્વચનીય એવા પરમપદમાં સ્થિત થઈ જવું તે નાહમ્, અનહમ્ કિંવા નિઃશેષભાવનો અભ્યાસક્રમ સમજવો તથા (૨) "હું આત્મા છું" અને આ બધું હું, તું, તે ઇત્યાદિરૂપે જે જે કાંઈ દેખાય છે તે સર્વ પણ આત્મરૂપ છે, એવા પ્રકારે અંતઃકરણની અંદર કોઈ પણ વૃત્તિનું ઉત્થાન થાય કે તે તમામને તુરત જ આત્મરૂપ છે એ રીતના એક પ્રતિસંકલ્પ વડે આત્મરૂપ બનાવી દેવા; આ અભ્યાસને સોહમ્ વા સર્વાત્મભાવનો અભ્યાસ કહે છે. આ જે જે કાંઈ છે તે હું છું અને એ હું અનિર્વચનીય એવો આત્મરૂપ છે, એવી રીતનો જે આ અભ્યાસક્રમ તેનો "સોહમ્નો" અભ્યાસક્રમ જાણવો. નિર્ગુણ અને સગુણ કિંવા નિરાકાર અને સાકાર એવી ઉપાસનાની વ્યવહારમાં જે પ્રથા છે, તેનો મૂળ ઉદ્દેશ પણ વસ્તુતઃ તો આ રીતના નિઃશેષ અને સર્વાત્મભાવના અભ્યાસક્રમમાં જ પરિણમે છે, પરંતુ અજ્ઞાનીઓ તેવું સમજવા શક્તિમાન નહિ હોવાને લીધે મૂર્તિને સાકાર તથા મૂર્તિ રહિતને નિરાકાર કહી ખોટા ઝઘડાઓ કર્યે જાય છે. આ સંબંધે થોડો વધુ વિચાર કરવાની આવશ્યકતા જણાય છે.

સગુણ નિર્ગુણ તથા સાકાર નિરાકાર એટલે શું?

ગુણ રહિત તે નિર્ગુણ અને ગુણ સહિત તે સગુણ કહેવાય; તેમ જ આકાર સહિત તે સાકાર અને આકાર રહિત તે નિરાકાર; એવા શબ્દોના અર્થો સામાન્યતઃ વ્યવહારદૃષ્ટિએ પણ પ્રચલિત છે. પરમાત્મા સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ છે; તેમાં છે, નથી કિંવા તે બંનેનો સાક્ષીભાવ વગેરે કશાનું પણ અસ્તિત્વ

* આત્મપદ વિશ્રાંતિના અભ્યાસક્રમને માટે જિજ્ઞાસાંશ ૨૨, તથા અધ્યાય ૨, શ્લોક, ૩૯ જુઓ.

શકય નથી; આ રીતનો નિશ્ચય કરી તેવો અભ્યાસ કરનારાઓ નિર્ગુણ અથવા નિરાકારના ઉપાસક કહેવાય. જેમ મૃગજળની અંદર કિંચિન્માત્ર પણ પાણીનો અંશ છે જ નહિ, તેમ પરમાત્માની અંદર હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ રૂપે ભાસનારું તમામ દૃશ્યજાળ જોકે જોવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તો તેમાં આ દૃશ્યનો લેશમાત્ર અંશ પણ નથી. આ રીતે જાણીને અને બુદ્ધિ વડે તેવો નિશ્ચય કરી તેવા નિશ્ચય પ્રમાણે "આ નથી," "આ નથી" એવા પ્રકારે અભ્યાસ કરે તેને જ નિર્ગુણ કે નિરાકારનો ઉપાસક સમજવો. નિર્ગુણ એટલે જેમાં કોઈ પણ આકારનો કે ગુણનો લેશમાત્ર અંશ નથી તે અથવા એ સર્વે આકારોનો નિરાસ કરીને જે શેષ રહે તે; તેને જ નિરાકાર પણ કહેવામાં આવે છે; તેમ જ આકાર વા ગુણવાળું એટલે આ જે જે કાંઈ આકારવાળું અથવા ગુણવાળું ભાસે છે તે બધું સગુણ કહેવાય. આ જે જે કાંઈ ગુણવાળું અથવા આકારવાળું હોવાનું દૃશ્યમાન થાય છે, તે સર્વ આત્મસ્વરૂપ છે એવો સર્વાત્મભાવ રાખવો તે સાકાર. **સ** એટલે "**સઃ** વા **તે**", અર્થાત્ આત્મા કિંવા બ્રહ્મ; અને આકાર એટલે આ જે જે કાંઈ આકારવાળું દૃશ્યાદિ દેખાય છે તે બધું આત્મા જ છે, એમ નિશ્ચયપૂર્વક જાણવું તેનું નામ જ ખરો સાકારભાવ છે. **સાકાર=સ+આકાર**, તેમ જ **નિરાકાર=નિઃ+આકાર** એટલે જ્યાં આકાર છે જ નહિ એવું જે નિઃશેષપદ તે જ નિરાકાર. ટૂંકમાં, જે જે કાંઈ આકારવાળું ભાસે છે, તેને આત્મરૂપ બનાવી પોતે પણ તદ્રૂપ જ છે એવી રીતે તમામ દૃશ્યાદિ આકારોનો વિલય કરી પોતે પણ નિરાકાર બની જવું તે જ પરમપદ છે અથવા સર્વ આકારોનો તેના જાણનારા સાક્ષીસહિત વિલય કરી બાદ રહેનારા તદ્દન નિઃશેષપદને જ નિરાકાર પરમપદ સમજવું. આ રીતે જ સગુણ, નિર્ગુણ સંબંધમાં પણ સમજવું. આમ સાકાર, નિરાકાર અથવા સગુણ, નિર્ગુણનું સાચું સ્વરૂપ જાણવામાં આવે તો અંતે ઉપર બતાવેલી નિઃશેષભાવ તથા સર્વાત્મભાવ આ બે અભ્યાસયુક્તિઓમાં જ તેનો સમાવેશ થઈ જાય છે.

શનૈઃ શનૈરુપરમેદ્બુદ્ધયા ધૃતિગૃહીતયા ।

આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિઞ્ચિદપિ ચિન્તયેત્ ॥ ૨૫ ॥

ચિત્ત બોધને પ્રાપ્ત થતાં દ્વૈતાદ્વૈતની બુદ્ધિ નષ્ટ થાય છે

નાહમ્ એટલે 'આ નથી,' આ નથી' એ રીતના નિરાસનો અભ્યાસક્રમ ઉપર બતાવવામાં આવેલો છે, તે પ્રમાણે બુદ્ધિમાં ધીરજ રાખીને ધીરે ધીરે અભ્યાસ કરતા રહી વૃત્તિઓને શાંત (શૂન્ય) કરવી અને મનમાં આત્મા સિવાય બીજા કશાનું કિંચિન્માત્ર પણ કદી ચિંતન થવા નહિ દેવું. હે પાર્થ! માની લીધેલા આ દૃશ્ય જગતમાં સત્યપણાની ભ્રાંતિને લીધે તારી બુદ્ધિ તેના નિશ્ચયમાં જ સ્થિર રહેતી હોવાથી હજુસુધી પરમપદમાં વિશ્રાંત થઈ શકતી નથી; માટે જેમ માટી જ્યાંસુધી ઘડાના આકારના પરિવર્તનને નહિ પામે ત્યાંસુધી તેમાં જળ રહી શકતું નથી, તેમ બોધ પણ જ્યાંસુધી અભ્યાસ વડે પરમ ઉત્કૃષ્ટ એવા અંતિમ ધ્યેયને પ્રાપ્ત નહિ થાય ત્યાંસુધીને માટે સાચું બોધ કરી પણ પ્રાપ્ત થઈ શકતું નથી. સદ્ગુરુ તથા સત્શાસ્ત્રોનું નિરંતર સેવન કરવાથી તથા દૃઢ અભ્યાસથી જ ચિત્ત બોધનો અંદર વિશ્રાંત થઈ દ્વૈત અદ્વૈત સંબંધી સર્વ દૃષ્ટિ ક્ષીણ થઈ જાય છે અને અંતે નિર્ગુણરૂપ પરમપદની પ્રાપ્તિ થાય છે; માટે અત્યાર સુધીમાં કહેલા બોધને ધ્યાનમાં લઈ આત્મસંયમ એટલે આ સર્વ આત્મસ્વરૂપ છે, આત્મવ્યતિરિક્ત બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના એકધારી બુદ્ધિના નિશ્ચય વડે, ચિત્તમાં આત્મા સિવાય બીજા કશાનું પણ ચિંતન નહિ કરતાં ધીરે ધીરે અભ્યાસ કરીને આત્મપદમાં જ સ્થિત થઈ જા, હે પાર્થ! હવે સર્વાત્મભાવનો અભ્યાસક્રમ સાંભળ.

યતો યતો નિશ્ચરતિ મનશ્ચઞ્ચલમસ્થિરમ્ ।

તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્ ॥ ૨૬ ॥

સર્વાત્મભાવનો અભ્યાસ

ચંચળ અને અસ્થિર મન જે જે વૃત્તિઓ વડે બહાર એટલે બાહ્ય વિષયો તરફ નીકળી જાય, તે તે વિષયોમાંથી તેને પાછું ખેંચી લઈ કેવળ એક આત્મામાં જ વશ કરી દે, એટલે અંતઃકરણમાંથી જે જે વૃત્તિઓનું ઉત્થાન થાય કે તુરત જ આત્મસ્વરૂપ છે એવા પ્રકારની ભાવના વડે તેને તત્કાળ દાબી દેવી; મનમાં આત્મવ્યતિરિક્ત બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું; આ રીતે મનને હંમેશાં કેવળ એક આત્મામાં જ પરોવી રાખવું તેનું નામ જ સર્વાત્મભાવ યા સોઽહમ્નો અભ્યાસ છે, એમ જાણ. ઉદ્દેશ એ કે "હું" આત્મરૂપ છું તથા આ સર્વ જે જે કાંઈ દેખાય છે તે બધું પણ આત્મસ્વરૂપ જ છે. આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારનું મનમાં નિત્ય ચિંતન કરવું. મનને આત્માને છોડી બીજી કોઈ તરફ રકડવા જ નહિ દેવું અને હંમેશ આત્મામાં જ વશ કરીને રાખવું. આ અભ્યાસની બે યુક્તિઓ વડે જ ઇંદ્રિયોને વશ કરી શકાય છે. આ સિવાય બીજી કોઈ ઉપાયોથી ચિત્ત શાંત થતું નથી. ઇંદ્રિયોને જીતવાના અભ્યાસ સંબંધે મહર્ષિવર્ય શ્રીવસિષ્ઠજીનું કથન સાંભળ

ઇંદ્રિયો કેવી રીતે જીતાય?

પ્રશ્ન : ઇંદ્રિયો જીત્યા વિના અજ્ઞાનપણું શાંત થતું નથી, માટે ઇંદ્રિયો શી રીતે જીતાય તે કહો.

ઉત્તર : જેમ સળગાવેલો દીવો ટૂંકી નજરવાળા પુરુષને દૂરનો સૂક્ષ્મ વસ્તુ જોવામાં ઉપયોગી થતો નથી, તેમ અનેક ભોગોને પ્રતિપાદન કરવામાં અને જીવનના ઉપાયરૂપ ધનાદિ મેળવવામાં જ આસક્ત બની રહેલા પુરુષને બ્રહ્મજ્ઞાનમાં શાસ્ત્ર આદિ સાધનો ઉપયોગી નીવડતાં નથી; વળી તે વડે ઇંદ્રિયો ઉપર જય પણ મેળવી શકતો નથી; માટે ઇંદ્રિયો જીતવાને માટે હું એક નિર્બાધ યુક્તિ કહું છું, તે સાંભળો, આ યુક્તિ વડે થોડી પણ સાધનસંપત્તિ પોતાના પુરુષપ્રયત્નના બળ વડે સુખથી મોક્ષરૂપ સિદ્ધિને સાધી આપે છે. પુરુષ એટલે આત્મા એ ચૈતન્યમાત્ર છે, એમ તમો પ્રથમ દૃઢ નિશ્ચયથી સમજો. તે પોતે જ જ્યારે ચિત્તને આધીન થઈ જાય છે ત્યારે તે જીવ નામે કહેવાય છે. તે જીવ ચિત્તવૃત્તિઓ દ્વારા જે તરફ ખેંચાય છે તેમાં તે ક્ષણવારમાં જ આસક્ત બની જાય છે. એટલે ક્ષણવારમાં તે તેવા રૂપે પ્રતીતિમાં આવે છે. દરેક મનુષ્યે પોતાના ચિત્તનો પ્રત્યાહાર કરવો જોઈએ એટલે તેને વિષયમાંથી ખેંચીને આત્મામાં જ લગાડવું જોઈએ. આ પ્રત્યાહારરૂપ પ્રયત્ન કરવો એ ચિત્તને બહિર્મુખ થવા નહિ દેતાં અંતર્મુખ રાખવા માટે જરૂરનો છે. એ રીતના પ્રયત્નરૂપી તીક્ષ્ણ અંકુશના પ્રહાર વડે મદોન્મત્ત એવા મનરૂપી હાથીને જીતી શકાય છે. બાકી બીજા કોઈપણ પ્રકારે તેનો જય કદાપિ થતો નથી. આ બધી ઇંદ્રિયો સેનારૂપ હોઈ ચિત્ત એ જ તેનો મુખ્ય નાયક છે એમ જાણીને જો ચિત્તને આત્મરૂપ બનાવી જીતવામાં આવે તો તમામ ઇંદ્રિયો અનાયાસે જ જીતાઈ જાય છે. જેમ પગરખાં પહેરેલા પુરુષને કાંટકાદિની બાધા થતી નથી પણ તેને તો આખી પૃથ્વી ચામડાથી મઢેલી હોય તેવી ભાસે છે, તેમ પોતાના જીવને આત્માની સાથે હૃદયમાં એક કરી દઈ સ્થિર થઈ રહેનારા તત્ત્વજ્ઞ પુરુષનું મન પોતાની મેળે જ શરદ ઋતુના ઝાકળની પેઠે શમી જાય છે.

ઇંદ્રિય જીતવાનો ઉપાય

જીવચૈતન્યને આ રીતના એકધારા અભ્યાસયોગ દ્વારા બ્રહ્મમાં જ રોકી રાખવાથી જેવું ચિત્ત શાંતિને પ્રાપ્ત થાય છે, તેવું તપ, તીર્થ, અધ્યયન વિદ્યા અથવા યજ્ઞ આદિ ક્રિયાઓના સમૂહો વડે પણ તે શાંતિને પામતું નથી. જે જે કોઈ વિષય સ્મરણપથમાં આવે કે તુરત બળાત્કારથી તેને આ આત્મરૂપ છે એ મુજબ અધિષ્ઠાન એવા આત્મચૈતન્યમાં જ તેનો વિલય કરી દેવો, આમ પોતાસહ આત્મનિશ્ચય વડે તુરત જ તેનું વિસ્મરણ કરી દેવું અને આ રીતે ચિત્તના સંસ્કારોને જડમૂળથી ઉખેડી નાખવા. ફક્ત આટલા એક ઉપાય વડે જ ભોગના હેતુરૂપ વિષયો ઉપર જય મેળવી શકાય છે. આ પ્રમાણે પોતાના પુરુષાર્થ વડે જો ચિત્તને વિષયરૂપ પ્રલોભન(આમિષ)માંથી નિરંતર એક આત્મામાં જ રોકી રાખવામાં આવે તો તત્ત્વવેત્તાઓના અનુભવથી સિદ્ધ એવું સ્વરાજ્યપદ મળે છે. સ્વધર્મ એટલે પોતે કોણ? એ રીતના આત્મધર્મના વ્યવહાર

વડે જે જે કાંઈ પ્રાપ્ત થાય તે જ મને રુચે છે, બીજું રુચતું નથી એવા નિશ્ચય ઉપર તમે વજ્રના જેવા દૃઢ થઈને રહો. આત્મા સિવાય બીજા નિષિદ્ધ પદાર્થોમાં ઇચ્છાઓને ત્યજીને જે પુરુષ શમ તથા સંતોષનું સંપાદન કરે છે, તે જ જિતેંદ્રિય કહેવાય છે. અંદર ચિદાત્મામાં રસિકતાને વિષે અને બહાર વિષયાદિમાં નીરસતાને વિષે જેનું ચિત્ત ઉદ્વેગને પામતું નથી, તેનું ચિત્ત જ ઉપશમ એટલે શાંતિને પામે છે. ચિત્તનો બહિર્મુખ થવાનો જે પ્રયત્ન કરે છે તેને રોકી રાખવાથી મન વિષય તરફ દોડવારૂપ પોતાના દુર્વ્યસનો છોડી દે છે. આમ જ્યારે ચિત્ત ચપળતાથી રહિત થઈ જાય છે એટલે તે સ્વાભાવિક રીતે જ વિવેક તરફ વળે છે. વિવેકી અને ઉદાર ચિત્તવાળો પુરુષ જ જિતેંદ્રિય કહેવાય છે. તે વાસનાઓરૂપી તરંગોના વેગ વડે સંસારસમુદ્રમાં ફરી પાછો કદી પણ તણાતો નથી.

સત્ય અવલોકનથી સંસારભ્રાંતિ શાંત થાય છે

સત્સંગતિ તથા સત્શાસ્ત્રોના અવલોકન વડે જિતેંદ્રિય પુરુષ નિરંતર જગતને વાસ્તવિક એવા બ્રહ્મરૂપે જ જુએ છે. મિથ્યા વસ્તુ તરફ દોડાવનારી અને દુઃખ દેનારી એવી નિર્જળ પ્રદેશમાં થયેલી મૃગજળની ભ્રાંતિ જેમ સત્યના અવલોકન વડે નિવૃત્ત થઈ જાય છે, તેમ આ સંસારભ્રાંતિ પણ સત્યતત્ત્વના અવલોકનથી શાંત થઈ જાય છે. દૃશ્યભાવથી રહિત એવું ચિન્માત્ર તત્ત્વ જ વિવર્તભાવથી આ જગતાદિ દૃશ્યરૂપે થઈ રહેલું ભાસે છે, એવો જેને સ્વાનુભવયુક્ત અને સત્ય બોધ થયેલો હોય છે તેની દૃષ્ટિમાં બંધ અને મોક્ષ એ બંને ક્યાંથી સંભવે? શોષાઈ જવાને લીધે આકારથી રહિત થઈ ગયેલું જળ ક્ષીણતાને પામી જતાં પાછું પ્રવાહરૂપે વહેતું નથી, તે જ પ્રમાણે કારણથી રહિત એવું આ દૃશ્ય આત્માના અપરોક્ષજ્ઞાન વડે નિર્મૂળ થઈ જતાં વળી પાછું કદાપિ અંકુરિત થતું નથી. વાસ્તવમાં તો ચિદાકાશરૂપ એવો પોતાનો સંકલ્પ જ હું, તું, તે, આ, અમે, તમે ઇત્યાદિ તમામને વિવર્તરૂપે ધારણ કરી રહેલો છે. માટે કેવળ મિથ્યા અભ્યાસ વડે ખડું થઈ ગયેલું "હું, તમે" ઇત્યાદિરૂપ આ જગત જ્ઞાન વડે બાધિત થઈ જાય તો તે કેવળ એક અધિષ્ઠાનચૈતન્યરૂપે જ જણાય છે. હું, તું, તે, આ ઇત્યાદિરૂપ જગત અવિદ્યામાત્ર જ છે, મિથ્યા હોવાથી શાંત છે, શૂન્યરૂપ છે અને હંમેશ ચિદાકાશરૂપી પોતાના સાત્ત્વિક સ્વરૂપમાં જ રહેલું છે. ચિદાકાશની અંદર તેનો પોતાનો જે વિવર્ત છે તે જ આ જગતરૂપે ભાસે છે. એ ચૈતન્યરૂપ તત્ત્વ જગતથી સાવ શૂન્ય છે, એવો નિશ્ચય છે. અરે! જુઓ કે, આમાં પ્રમાણભૂત એવા સ્વપ્નના દૃષ્ટાંતનું ખંડન કોણ કરી શકે તેમ છે? જેમ સ્વપ્નસૃષ્ટિ મિથ્યા હોવા છતાં તેટલા વખત પૂરતી તો તે સાચા જેવી અનુભવમાં આવે છે, તેમ દૃશ્યપ્રપંચ પણ તદ્દન મિથ્યા હોવા છતાં અજ્ઞાન અવસ્થામાં દીર્ઘકાળ અને દેશાદિ તેમ જ અનેકવિધ ક્રિયાપ્રક્રિયાદિરૂપે જાણે સત્ય જ ન હોય! તેવો અનુભવમાં આવે છે.

સ્વપ્ન તથા જગત એકસરખું જ છે

સ્વપ્નમાં રાજવૈભવ આદિરૂપે જે જે કાંઈ પ્રતીતિમાં આવે છે, તે બધો એક સાક્ષીચૈતન્યનો જ વિવર્ત છે અને પોતાના સ્વપ્નનો પોતાને અનુભવ થવો એ જ તેનું સ્વરૂપ છે. તેમાં તેને પોતાથી જુદા કોઈ કર્તા કરણ, કર્મ આદિ કારકની કાંઈ અપેક્ષા હોતી નથી તે જ પ્રમાણે જાગ્રત જગતનું પણ સમજી લેવું. જે તત્ત્વ કર્તા, કર્મ કરણ આદિની અપેક્ષાથી રહિત છે તે સર્વ ચિદ્ઘન છે અને તે મારું પોતાનું જ સ્વરૂપ છે. સૃષ્ટિનો આરંભ થયો તે પહેલાં આ જગત કર્તા, કર્મ, કરણ આદિ સાધનસંપત્તિવાળું હોય એમ સિદ્ધ થઈ શકતું નથી, તેથી તે મારા પોતાના સ્વયંપ્રકાશ એવા આત્મરૂપ જ છે, તે કરતાં ભિન્ન કાંઈપણ નથી. જેમ સ્વપ્નની અંદર પોતાનું મરણ અનુભવમાં આવ્યા છતાં જાગીને જોઈએ તો તે હોતું નથી, તેમ આ અવિદ્યારૂપ પ્રપંચ દેખવામાં આવતો હોવા છતાં પણ વસ્તુતઃ તો તે મુદ્દલ છે જ નહિ, સૃષ્ટિના આરંભકાળની પૂર્વે નિર્વિકાર સ્વરૂપે રહેનારા તે બ્રહ્મ વા ચિદાકાશે પોતે જ પોતાના સ્વરૂપની અંદર પોતાના વિલાસને વિવર્તરૂપે જે કાંઈ વિસ્તારી દીધો છે, તે જ વાસ્તવમાં નિર્મૂળ છતાં કાકતાલીય ન્યાયની પેઠે પોતાની મેળે જ જગતરૂપ થઈ રહેલ છે તથા નિર્મૂળ એવું આ જગત નહિ હોવા છતાં પણ જાણે ભાસ્યા કરતું હોય તેવું થઈ રહ્યું

છે. જે ચિદાકાશના પ્રકાશ વડે આ સર્વ અપરોક્ષ રીતે ભાસે છે, તે જ ખરું તત્ત્વ છે, એમ વેદમાં પણ કહ્યું છે. શૂન્યતા જેમ આકાશરૂપ છે અને ચકરીઓનો વ્યાપાર જેમ જળરૂપ જ છે, તેમ જીવ આદિનો જે કાંઈ વિલાસ અહીં અધિષ્ઠાનચૈતન્યની અંદર ભાસી રહ્યો છે, તે સર્વ પરબ્રહ્મરૂપ જ છે. જેમ કોઈ એક અવયવીનું એક સ્વરૂપ અવયવો વડે યુક્ત હોય છે, અથવા સૂર્યને તેના અવયવરૂપકિરણો હોય છે તેવું જ જીવ આદિ અવયવોવાળું આ અહંમમાદિરૂપે પ્રતીત થતું તમામ દૃશ્ય અનિર્વચનીય એવા એક પરબ્રહ્મનું જ અપર સ્વરૂપ છે; તેમ છતાં વસ્તુતઃ જીવ વા સૂર્યકિરણો જેમ નિરવયવી છે તેમ બ્રહ્મ પણ નિરવયવ જ છે. આમ ખરી રીતે જગતનું સ્વરૂપ જો વિચારવામાં આવે તો તે કેવળ આભાસમાત્ર જ છે. તે શાંત, અવિનાશી અને ચિન્માત્રરૂપ હોઈ હંમેશ પોતાના સ્વચ્છ ચૈતન્યસ્વરૂપમાં જ રહેલ છે, તો પછી તેના આ સ્વચ્છ સ્વભાવની અંદર શો વિચાર કરવાનો છે? આ આત્મચૈતન્યઘન પરમપદરૂપ બ્રહ્મની અંદર આદિ, મધ્ય કે અંતની કશી પણ કલ્પના જ નથી. અવિદ્યા એ પણ એક તેનું જ વિવર્તરૂપ છે, તેનાથી જુદી એવી બીજી અવિદ્યા નામની કોઈ વસ્તુ છે જ નહિ, આ રીતે અવિદ્યાથી રહિત થઈ ગયેલા તત્ત્વજ્ઞ પુરુષમાં દ્વૈત, અદ્વૈત, હું, તું, તમે, અમે કે આ અમુક પદાર્થ છે ઇત્યાદિ કોઈ કલ્પના પણ કયાંથી હોય? અને શૂન્યભાવની તે વળી કલ્પના પણ કેવી રીતે અને કોને હોય? અવિવેકી એવા બાળકબુદ્ધિવાળાઓ જ ભ્રાંતિને લીધે દ્વૈત અદ્વૈતના પક્ષથી ઉત્પન્ન થયેલી વાકપ્રપંચતાના વિલાસ વડે આપસ આપસમાં શાબ્દિક ક્રીડાઓ કરતા રહે છે, પરંતુ તેમની એ ક્રીડાઓ તો હારયારપદ હોવાથી જ્ઞાનવૃદ્ધ પ્રૌઢપુરુષો તેને ઉપેક્ષારૂપ સમજી હસે છે. આ દ્વૈત છે, આ અદ્વૈત છે ઇત્યાદિ સંબંધે વિવાદની ઇચ્છા થવી એ તો હૃદયરૂપી આકાશની અંદર એક મંજરીના જેવી જ છે. અપરોક્ષજ્ઞાન વિના પ્રબોધરૂપ આકાશની બરાબર શુદ્ધિ થતી નથી; માટે મેં પણ એ સુહૃદ્ભાવને સ્વીકારી લઈ વિવાદ વડે દ્વૈતાદ્વૈત સંબંધે ચર્ચા કરેલી છે. તેનો ઉદ્દેશ ફક્ત હૃદયરૂપી ઘરની અંદરથી અવિદ્યારૂપ ભ્રમને દૂર કરી દેવાનો જ છે. અજ્ઞાનરૂપ નિદ્રામાં સૂતેલા આ દૃશ્ય વિષયભોગમાં બ્યાસક્ત રહેલા અવિવેકી મનુષ્યો જેમ દૃશ્યને અતિ આસક્તિથી જુએ છે, તેમ શાંત એવા તત્ત્વજ્ઞ મહાત્માઓ દૃશ્યમાં બિલકુલ આસક્તિ બાંધતા નથી. તેઓ તો સુષુપ્તિ જેવી અવસ્થામાં રહીને પ્રબોધને પ્રાપ્ત થાય છે અને નિરતિશય આનંદરૂપ એવા પરમપદને જ અતિ આસક્તિથી જુએ છે. (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૧૬૩).

અભ્યાસની આવશ્યકતા

ભગવાન કહે છે: હે પાર્થ! અતિશય યત્ન કર્યા વગર આ દુર્લભ મોક્ષપદ કોઈ દિવસ કોઈને કદી પ્રાપ્ત થતું નથી. આ મહાન અભ્યાસરૂપ વૃક્ષનું પરમપદ એ જ એક ફળ છે, એમ તું સમજ. એટલા માટે મેં તને અભ્યાસની દૃઢતા કરવા વારંવાર કહેલું છે, તો તારે તે તરફ દુર્લક્ષ નહિ કરતાં ઉપર બતાવેલા નિઃશેષ કિંવા સર્વોત્તમભાવ એ જે પૈકી ગમે તે એક અભ્યાસમાં બુદ્ધિને સ્થિર કરવી જોઈએ; કેમ કે જનકાદિ જેવા અત્યંત કુશળ અને તીક્ષ્ણ બુદ્ધિમાનને જ અભ્યાસની અપેક્ષા હોતી નથી. તેવા તો કોઈ ક્વચિત્ જ સાંપડે છે. બાકીના અવિવેકી પુરુષોનાં હૃદયમાં તો આ દુર્બોધ આત્મતત્ત્વ ગમે તેટલી વખતે વિસ્તારપૂર્વક કહેવામાં આવે તોપણ સમજાતું નથી; માટે ઉપર કહેલા અભ્યાસમાર્ગનું અવલંબન કર. મારા આ ઉપદેશનું વારંવાર નિદિધ્યાસન કરવાથી તું જરૂર તત્ત્વજ્ઞ બનીશ, પરંતુ તે તરફ જો દુર્લક્ષ કરીશ તો અધોગતિને પામીશ; માટે હું તને વારંવાર કહી રહ્યો છું તેનો અંતઃકરણમાં અભ્યાસ કરીને રજોગુણથી ઉત્પન્ન થયેલી અજ્ઞાનરૂપ મોહગ્રંથિને જડમૂળમાંથી ઉખેડી નાખ તથા કૃતકૃત્ય બની જા. હે અર્જુન! હૃદયમાં અધમ એવા અનેક પ્રકારના વિષયો તથા કામનાઓ વડે વ્યાપેલા અને કર્તવ્યરૂપ મિથ્યા બોજાને માથે ઉપાડી લઈ નિત્યપ્રતિ શોકસાગરમાં ડૂબેલા આ દુઃખમય જગતમાંથી જે વડે દુઃખની અત્યંત નિવૃત્તિ થાય એવી આત્મરૂપ ઉત્તમ જ્ઞાનસ્થિતિનો લાભ સર્વસામાન્ય લોકોને અભ્યાસ વિના કેવી રીતે થઈ શકે? તસ્માત્ નિઃશંક બની નિશ્ચય અને દૃઢ અભ્યાસરૂપ પુરુષાર્થ વડે જ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી લેવી જોઈએ, એમ સિદ્ધ થાય છે.

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।

उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

ઉત્તમ સુખની પ્રાપ્તિ

ભગવાન કહે છે : હે અર્જુન! ઉપર બતાવેલા અભ્યાસક્રમ વડે શું ફળ પ્રાપ્ત થાય છે, તે કહું છું : મારું આ કર્તવ્ય છે, મારે અમુક કરવાનું છે, અમુક મારે કરવું જ જોઈએ, અમુક નહિ કરવું જોઈએ ઇત્યાદિ અનેક પ્રકારની ઇચ્છાઓ અથવા વાસનાઓ તો પ્રકૃતિ (વૃક્ષાંક ૩)ના રજોગુણ વડે ઉત્પન્ન થવા પામે છે, પણ "હું આત્મા છું" એવા પ્રકારની કેવળ એક સત્ત્વગુણની પ્રતિવૃત્તિ વડે જેનો એ રજોગુણ તદ્દન નિવૃત્ત થયો છે તથા આ રીતના અભ્યાસ વડે જેનું મન અત્યંત શાંત થયેલું છે એવા બ્રહ્મરૂપ બનેલા અને અકલ્મષ એટલે જેમાં દોષનો લવલેશ (અંશ) પણ નથી એવા પાપપુણ્યાદિ દ્વંદ્વોથી રહિત બનેલા યોગીને જ નિશ્ચય ઉત્તમોત્તમ એવા બ્રહ્મસુખની પ્રાપ્તિ થાય છે.

युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।

सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥ २८ ॥

વગર કષ્ટે અત્યંત સુખની પ્રાપ્તિ કોણ કરી શકે?

સદા આત્મામાં જ રત થયેલો તથા કોઈ પણ પ્રકારનો દોષ કિંચિન્માત્ર પણ જેમાં નથી એવો પાપપુણ્યાદિ દ્વંદ્વોથી રહિત બનેલો તેમ જ જેમાં * કલ્મષનો સહેજ પણ અંશ નથી એવો તદ્દન શુદ્ધ થયેલો યોગી સુખથી એટલે કોઈ પણ પ્રકારના કષ્ટ વગર બ્રહ્મસંસ્પર્શ અર્થાત્ જ્યાં બ્રહ્મ વગર બીજા કશાનો પણ સ્પર્શ થઈ શકતો નથી એવા અત્યંત સુખ(મોક્ષ)ને પામે છે એટલે કે, તેને બ્રહ્મપ્રાપ્તિને માટે ઘોર તપશ્ચર્યાદિ કરવાં પડતાં નથી પરંતુ વગર કષ્ટે સહેજમાં બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે છે. સારાંશ, તેથી કષ્ટ વિના તુરત સાક્ષાત્કાર થાય છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।

ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

સમદર્શી આત્મવિદ્ની સ્થિતિ

યોગયુક્તાત્મા એટલે આ સર્વ આત્મરૂપ છે એવા પ્રકારે સર્વત્ર આત્મભાવરૂપી યોગ (અભ્યાસ) કરીને જે કેવળ તેમાં જ યુક્ત બની ગયેલો છે અર્થાત્ જે નિત્ય આત્મામાં જ પરાયણ જ બની ગયેલો છે, સર્વત્ર સમદર્શી એટલે જેની દૃષ્ટિ સર્વત્ર કેવળ એક આત્માને જ નિહાળે છે એવો આત્મરૂપ બનેલો યોગી સર્વ ભૂતોને આત્મામાં અને આત્માને સર્વ ભૂતોમાં જુએ છે, એટલે આ સર્વ ભૂતાદિ આત્મરૂપ છે અને તે આત્મા એટલે 'હું' છું એવી આત્મરૂપ નિશ્ચળ સ્થિતિમાં સ્થિત થયેલો યોગી ચરાચર ભૂતમાત્રને આત્મરૂપ એવા પોતામાં અને આત્મરૂપ એવા પોતાને સમસ્ત ભૂતોમાં જુએ છે. તાત્પર્ય કે, આ સર્વ ભૂતાદિ "હું" રૂપ હોઈ તે હું આત્મરૂપ છે, એ રીતે હું એટલે આત્મા અને આત્મા એટલે 'હું' એમ બંને પરસ્પર એકરૂપ જ છે, એવું નિશ્ચયપૂર્વક જાણનારો જ સમદર્શી કહેવાય છે.

---

* જેમ અત્યંત સફેદ વસ્તુમાં કિંચિન્માત્ર પણ જો મેશનો અંશ હોય તો તે શુદ્ધ કહી શકાતી નથી, તેમ બ્રહ્મ સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું કિંચિન્માત્ર ઉત્થાન થયું તે કલ્મષ કહેવાય છે.

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।

तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ३० ॥

સર્વને મારામાં અને મને સર્વમાં જો

ભગવાન શ્રીકૃષ્ણ આગળ કહી રહ્યા છે; હે પાર્થ! હું કહું છું તે બરાબર ધ્યાન દઈને સાંભળ. હું એટલે મને દેહધારી એવા કૃષ્ણના શરીરરૂપે નહિ દેખતાં 'હું' એટલે તો ઉપર બતાવ્યા પ્રમાણે ચરાચરમાં વ્યાપક એવો આત્મા (વૃક્ષાંક ૧) છે, એમ સમજીને જે સર્વને આત્મરૂપ એવા મારામાં જુએ છે તથા મને એટલે આત્મરૂપ એવા 'હું'ને સર્વમાં જુએ છે, તે મારાથી વેગળો નથી અને હું તેનાથી વેગળો નથી.

હું કોણ? તેનો વિચાર

ઉદાહરણને માટે સુવર્ણ અને તેના દાગીના લઈશું. જે દાગીનાને આ સુવર્ણ છે એમ જાણતો નથી, પરંતુ દાગીના છે એવું જાણે છે, તે સુવર્ણથી અંતરિત થયેલો છે તથા સુવર્ણ તેનાથી અંતરિત થયેલું છે, એમ સમજો; પરંતુ આ દાગીના નથી પણ સુવર્ણ છે એમ ઐક્યભાવે જાણવામાં આવતાં જ દાગીના એ જ સુવર્ણ અને સુવર્ણ તે જ દાગીના છે, એમ બંને પરસ્પર એકરૂપ જ છે એવું ભાન થઈ તેમાં દેખાતું અંતર નીકળી જાય છે; તેમ વ્યવહારમાં જુઓ તો દરેક પોતપોતાને માટે "હું" તથા બીજાને માટે તું, તમો, આ ઇત્યાદિ સંજ્ઞાઓ વાપરે છે. હવે જેને તું, તમો, આ, ઇત્યાદિ કહેવામાં આવે છે તે પોતે જ્યારે વ્યવહાર કરે છે ત્યારે પોતાને માટે "હું" અને બીજાઓને "તું" એમ કહે છે. આમ થોડો વિચાર કરીશું તો જણાશે કે, પોતાને હું કહે છે તેને તું, તમે, એવી સંજ્ઞાઓ આપવાનું શું કારણ? શું એ યોગ્ય કહેવાય? વ્યવહારમાં પણ એવો નિયમ જોવામાં આવે છે કે, જેનું જે નામ હોય તેને તો તે નામ વડે જ બોલાવવામાં આવે તો જ તે સત્ય સમજી તેને ઉત્તર આપવામાં આવે છે અને નામ વડે જ બોલાવવામાં નહિ આવે તો બોલનાર બોટું બોલનારો છે, એમ કહેવાય છે. આમ છે તો પછી જે પોતાને "હું" કહે છે તેને માટે તું, તમો, આ, ઇત્યાદિ સંજ્ઞાઓ વાપરવી એ શું ન્યાયી ગણાશે ખરું કે? આ રીતે સત્યતાની દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો જણાશે કે, આ સર્વ જગત વાસ્તવિક તો 'હું' રૂપ જ છે. આ "હું" એ પ્રકૃતિ(વૃક્ષાંક ૩) સમજો. આ પ્રમાણે વિચાર કરવાથી પ્રથમ તો તું, તમે, આ, મારું ઇત્યાદિ સર્વ ભાવોનો એક "હું" રૂપમાં જ સમાવેશ થઈ જાય છે. આમ આ સર્વ હું રૂપ છે, હું સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારે તું, આ મારું, તારું ઇત્યાદિ સર્વ ભાવો મિથ્યા ઠરે છે અને કેવળ એક હું ભાવ જ શેષ રહે છે. એવું દૃઢ જ્ઞાન થયા પછી પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે, આ 'હું' 'હું' એવું કહેનારો અને તેને જાણનારો કોણ હશે? તથા તેની ઉત્પત્તિનું સ્થાન કયું? આ સંબંધે અંતર્દૃષ્ટિ વડે થોડો સૂક્ષ્મ વિચાર કરવો પડે છે; તે ઉપરથી જાણી શકાય છે કે, "હું" 'હું" એમ કહેનારો અને તેને જાણનારો તો કોઈ જરૂર છે, પરંતુ તેને માટે વાણીમાં કોઈ પણ શબ્દ નહિ હોવાથી તે વાણીથી પર હોઈ કેવળ લક્ષ્યાર્થ વડે જ જાણી શકાય તેવો છે. જેમ મનુષ્ય અને તેની છાયા પરસ્પર સંલગ્ન હોય છે, તે બંને પરસ્પર એક બીજાને છોડીને કદી રહી શકતા નથી, તેમ આ "હું" રૂપ છાયા (વૃક્ષાંક ૩) તથા તેને જાણનારો તેનો સાક્ષી (વૃક્ષાંક ૨) પરસ્પર સંલગ્ન છે. આ બંને પરસ્પર સાપેક્ષભાવે છે. એક હોય તો જ બીજાનું હોવું તથા એક ન હોય તો બંને હોતા નથી, એ રીતે બંને પરસ્પર એક બીજા પર અવલંબી રહેનારા હોવાથી તેને સાપેક્ષ કહે છે. આ મુજબ "હું" (વૃક્ષાંક ૩) કે જેને શાસ્ત્રમાં માયા કિંવા પ્રકૃતિ વગેરે કહેવામાં આવે છે તથા તેને જાણનાર સાક્ષી (વૃક્ષાંક ૨) જેને ઈશ્વર, પુરુષ ઇત્યાદિ સંજ્ઞાઓ શાસ્ત્રોમાં આપવામાં આવેલી છે, બંનેના આશ્રય વડે જ આ ચરાચર મિથ્યા આરોપિત દૃશ્ય ભાસમાન થાય છે, એવાં વર્ણનો પુરાણાદિ શાસ્ત્રમાં આવે છે તથા વેદાંતશાસ્ત્રકારો તો આ પ્રકૃતિરૂપ હું (વૃક્ષાંક ૩) એ કોણ? તેનો જ નિર્ણય બતાવે છે.

હું એટલે આત્મા અને આત્મા એટલે હું

અત્યાર સુધીના વિવેચનથી આપણે હું અને તેના સાક્ષીના સાચા સ્વરૂપને જાણી શક્યા. હવે જેમ પ્રકાશ હોય તો જ મનુષ્યની છાયા પડી શકે છે અને તે છાયા મનુષ્યથી વેગળી હોતી નથી, તેમ જ તે મનુષ્યના આધાર વગર કદી રહી શકતી નથી એ વાત જો કે સત્ય છે, તોપણ છાયા તો પ્રકાશ વડે જ જુદી ભાસે છે. છાયાનું કારણ મનુષ્ય છે, મનુષ્યમાં જ છાયા સંકળાયેલી હોય છે, પણ તે પોતામાં રહેલી છાયાને પ્રકાશ વગર જુદી પાડી શકતો નથી; તેમ જ મનુષ્ય એ કાંઈ પ્રકાશને પણ ઉત્પન્ન કરી શકતો નથી. તેમ આ ચૈતન્યઘન આત્મા(વૃક્ષાંક ૧)ના પ્રકાશ વગર ઈશ્વર કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨)રૂપ "હું" અર્થાત્ પુરુષ અને તેની છાયારૂપ પ્રકૃતિ કિંવા માયા(વૃક્ષાંક ૩)નું અસ્તિત્વ કદી સંભવતું નથી. છાયાનું કારણ જેમ મનુષ્ય છે પણ પ્રકાશ નથી, કારણ કે પ્રકાશમાં મનુષ્ય અને છાયા હો યા ન હો તેથી તેનું કાંઈ હિત કે અહિત થતું નથી, તેમ આ માયા કિંવા પ્રકૃતિરૂપ "હું" (વૃક્ષાંક ૩)એ છાયા સમજો અને તેનું કારણ મનુષ્યની જેમ શુદ્ધ 'હું' રૂપ સાક્ષી વા ઈશ્વર (વૃક્ષાંક ૨) છે, પરંતુ આત્મા કિંવા બ્રહ્મ(વૃક્ષાંક ૧) નથી અને આ શુદ્ધ 'હું'રૂપ મનુષ્યની જ આ પ્રકૃતિરૂપ "હું" એવી "હું"રૂપ છાયા પડે છે. એમ સમજો. સિવાય આત્મરૂપ પ્રકાશને તો આ છાયા અને મનુષ્યની પેઠે 'હું'રૂપ આભાસની તથા તેના સાક્ષી શુદ્ધ 'હું'રૂપ ઈશ્વર વા ક્ષર પુરુષની સહેજે જરૂર નથી. છતાં તેમાં તેઓ છે એમ જો કહેવામાં આવે તો પણ જેમ કડાં કુંડળાદિ અલંકારો સુવર્ણથી ભિન્ન નથી અને સુવર્ણને જેમ કડાં કુંડળાદિ હોવાની કિંચિન્માત્ર પણ અપેક્ષા હોતી નથી તેમ આત્મા(વૃક્ષાંક ૧)ને પણ 'હું'રૂપ પ્રકૃતિ સમાન છાયા તથા તેના સાક્ષીરૂપ પુરુષ વા ઈશ્વર (વૃક્ષાંક ૨)રૂપ મનુષ્યની કિંવા તેના કાર્યની કિંચિન્માત્ર પણ અપેક્ષા હોતી નથી અને હોય એમ કહેવામાં આવે તો તે આ આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. જેમ દાગીનામાંથી સુવર્ણ કાઢી લેવામાં આવે તો દાગીનાનું કિંચિન્માત્ર પણ અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી તેમ આ "હું" પ્રકૃતિ (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી પુરુષ વા ઈશ્વર (વૃક્ષાંક ૨) અને તેના કાર્યમાંથી અધિષ્ઠાનરૂપ એવા આત્માને જો કાઢી લેવામાં આવે તો કથાનું પણ અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી, એટલે આ "હું" પ્રકૃતિનું કારણ સાક્ષી પુરુષ (વૃક્ષાંક ૨) છે, પરંતુ તે આત્મા(વૃક્ષાંક ૧)નું કારણ નથી; એટલું જ નહિ પણ આ કાર્યકારણ ભાવો પણ આત્માના અધિષ્ઠાન વડે જ પ્રતીતિમાં આવે છે તથા તે આત્મા તો સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ જ છે. તે જ સર્વનું અધિષ્ઠાન છે. જ્યારે પ્રકૃતિરૂપ આ "હું" (વૃક્ષાંક ૩) ને "હું" કોણ? મારું ઉત્પત્તિ સ્થાન કયું? તે જાણવાની ઇચ્છા થાય છે ત્યારે તે પોતાના સાક્ષી પુરુષ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)ને પૂછે છે કે, હું કોણ? મારું ઉત્પત્તિ સ્થાન કયું? તે સાંભળીને આ સાક્ષી પુરુષ કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) કહે છે કે, હે પ્રકૃતિરૂપ "હું" (વૃક્ષાંક ૩)! "ત્વમ્" એટલે તું "તે' છે. એટલે તું અનિર્વચનીય એવો આત્મા (વૃક્ષાંક ૧) છે. તે જ તારું ખરું સ્વરૂપ છે. હું જો કે તારો નિયંતા ગણાઉં છું ખરો, પરંતુ તેનો એટલે અનિર્વચનીય એવા આત્મા(વૃક્ષાંક ૧)નો નથી; તે તો સ્વતઃસિદ્ધ હોઈ કોઈ પણ સહાયના વિના પ્રગટ થનારો સ્વયંપ્રકાશ છે. તેમાં "તું"રૂપ (વૃક્ષાંક ૩) કિંવા 'હું'રૂપ (વૃક્ષાંક ૨) એમ આપણા બંનેનું અસ્તિત્વ નથી, આમ છતાં તું અને હું છીએ એવું જે કાંઈ આ તને ભાસે છે તે જેમ દાગીના અને સુવર્ણમાં અભિન્નપણું જ સિદ્ધ થાય છે તેવા પ્રકારનું વિવર્તરૂપ છે, એટલે આ "હું" અને "તું" પણ "તે" અર્થાત્ આત્મા છે અને "આત્મા એ જ હું અને તું છે" એ રીતે આપણે બંને અભેદરૂપ છીએ, એમ સમજ.

મારાથી તે ભિન્ન નથી

સત્ય સ્થિતિ આ પ્રમાણે હોવાને લીધે, હે પાર્થ! આવી રીતનો સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ આત્મસ્વરૂપ એવો જે "હું" (વૃક્ષાંક ૧) તેવા મારામાં આ સર્વ છે અને આ સર્વમાં આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) છે. એમ જે જુએ છે તે મારા એટલે આત્મા(વૃક્ષાંક ૧)થી ભિન્ન નથી અને આત્માથી હું વૃક્ષાંક ૩) ભિન્ન નથી અર્થાત્ તે સુવર્ણ અને તેના દાગીના તથા પાણી અને તેના તરંગોની જેમ અભિન્ન જ છે,

એમ જાણ્યુ. આ સમજવાની બુદ્ધિ જો ન હોય તો પછી પ્રથમ દર્શાવી ગયા તેમ 'હું' એટલે કૃષ્ણ નહિ, પરંતુ આત્મા છું એમ સમજીને મારામાં સર્વને અને સર્વમાં આત્મસ્વરૂપ એવા મને જો, એટલે તેવું જોનાર તારામાં અને મારામાં પણ અંતે અભિન્નપણું જ સિદ્ધ થશે.

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।

सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥ ३१ ॥

જીવતાં જ મુક્ત

સર્વ ભૂતમાત્રમાં ઉપર જણાવ્યા પ્રમાણે કેવળ વા એકરૂપે એટલે હું, તું, તે, આ ઇત્યાદિરૂપે ભાસતું દૃશ્ય અનિર્વચનીય એવા એક આત્મસ્વરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવા પ્રકારની એકત્વની ભાવનામાં સ્થિત રહી યામ્ એટલે આત્મરૂપ એવા મને જે ભજે છે, તે યોગી વર્તમાનમાં અર્થાત્ જીવતાં જ મયિ એટલે આત્મરૂપ એવા મારામાં જ સર્વથા રહેલો છે. ઉદ્દેશ એ કે, મારામાં ઐકયભાવ કરનારો મારાથી અભિન્ન છે તથા હું તેનાથી અભિન્ન છું એમ જે ઉપર કહેલું છે તેની પુષ્ટિને અર્થે અત્રે ભગવાન કહે છે કે, આ પ્રમાણે જે એકત્વની ભાવનામાં સ્થિર થયેલો યોગી છે તે શરીર છૂટ્યા પછી આત્મસ્વરૂપ એવા મારામાં ઐકય થવારૂપ વિદેહમુક્તિને પામે છે એવું સમજીશ નહિ, પરંતુ જીવંત હોવા છતાં પણ સર્વ રીતે મારી એટલે આત્માની સાથે સંલગ્ન થવારૂપ મોક્ષને એટલે જીવન્મુક્તિને પ્રાપ્ત થયેલો છે, એમ જાણવું. તાત્પર્ય કે, અપરોક્ષાનુભવરૂપ વિજ્ઞાન વડે કરીને એક આત્મામાં સ્થિત થયેલો યોગી શરીર વડે વર્તમાન રહી તેની અવસ્થામાં ગમે તેમ વર્તતો હોવાનું દેખાવા છતાં એટલે વ્યવહારમાં ગમે તે આશ્રમ વા વર્ણમાં રહેવા છતાં પણ તે આત્મરૂપ એવા મારી સાથે ઐકય થવારૂપ જીવન્મુક્તિને પામેલો છે, એમ જાણ; એટલે કે, તેને મુક્તિને માટે મરણ સુધી રાહ જોવાની જરૂર હોતી નથી, પરંતુ આ રીતે એકત્વની ભાવના કરનારો તો તત્કાળ એટલે વર્તમાન સ્થિતિમાં જેવી દશામાં હોય તેવી દશામાં જ જીવન્મુક્ત બને છે અર્થાત્ તે દશામાં તેને ફેરફાર કરવાની અથવા અમુક કરવું અને અમુક ન કરવું એવા પ્રકારની કોઈ પણ પ્રકારની ભાંજગડ કરવાની જરૂર રહેતી નથી; પરંતુ તે ગમે તેવી દશામાં હોય અને ગમે તે કરતો હોય તોપણ આ સર્વ એક આત્મસ્વરૂપ છે એવી એક દૃઢ અને તદ્દન અચળ ભાવના કરવાની જ માત્ર આવશ્યકતા હોય છે. તેવા પ્રકારની કદી પણ નહિ ભૂલાય તેવી નિશ્ચળ ભાવના એક વખતે અપરોક્ષ અનુભવથી સિદ્ધ થાય એટલે તે યોગી ગમે તે સ્થિતિમાં અને ગમે તેવી અવસ્થામાં સ્થિત હોય તે સ્થિતિમાં સહેજ પણ પરિવર્તન નહિ થતાં ત્યાં ને ત્યાં જ તુરત જીવન્મુક્ત બની જાય છે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।

सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ३२ ॥

જે ઉપમા આત્માને તે જ પોતાને

હે અર્જુન! સુખ હોવા દુઃખ હોવા, યા તો ઇતર કોઈ પણ પ્રકારનું દ્વંદ્વ હોવા, પરંતુ જે યોગી તરફથી તેને આત્મૌપમ્યેન એટલે હું આત્મા (શ્લોક ૧) છે તથા આત્મા એટલે હું છું અને આ સર્વ સુખદુઃખાદિ દ્વંદ્વો પણ હું એવા આત્મરૂપ અર્થાત્ મારું (આત્માનું) સ્વરૂપ જ છે, એ રીતે જે ઉપમા આત્માની તે જ ઉપમા તે બધાને પણ આપવામાં આવે છે અર્થાત્ હું આત્મા છે તથા આ સુખદુઃખાદિરૂપે ભાસતા, તમામ દ્વંદ્વો પણ આત્મસ્વરૂપ છે, એવા પ્રકારે સર્વત્ર એક આત્માની જ સમભાવના રાખી જે સર્વને સમાન દૃષ્ટિએ જુએ છે, તે યોગીને જ પરમ ઉત્કૃષ્ટ માનવામાં આવે છે.

अर्जुन उवाच—

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।

एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥३३॥

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।

तस्याऽहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

ચંચળ મનનો નિરોધ કરવો શું શક્ય છે?

ભગવાને અત્યાર સુધી કહેલું વિવેચન સાંભળી અર્જુને કહ્યું : હે મધુસૂદન! આપના કહેવાનો ભાવાર્થ મારા સમજવામાં આવ્યો કે, કોઈ પણ મનુષ્ય ગમે તે અવસ્થા, વર્ણ, જાતિ, જાતિ કિંવા આશ્રમમાં હોય, સ્ત્રી કે પુરુષ હોય, છતાં તે પોતાની વર્તમાન સ્થિતિમાં જ કોઈ પણ પ્રકારનો ત્યાગ અથવા ગ્રહણ કરવાની ભાવના છોડી દઈ બુદ્ધિને જો એક આત્મામાં જ નિશ્ચળ રાખે તો બસ છે; વળી તમે મને આ કર્મ કરવાને માટે કેમ આગ્રહ કરી રહ્યા છો, તે પણ મારા સમજવામાં આવ્યું; પરંતુ ભગવન્! મને એક મોટી શંકા છે કે આપે કહેલો એક આત્મામાં જ બુદ્ધિને સ્થિર કરવારૂપ અને કેવળ બુદ્ધિની સમતા વડે જ પ્રાપ્ત થનારો આ યોગ, મનના ચંચળપણાને લીધે કાયમનો માટે ટકે એ કાંઈ સંભવિત લાગતું નથી; કારણ હું માનું છું કે, અતિશય ચંચળ, સર્વને વિહ્વળ કરનારા, અત્યંત બળવાન અને દૃઢ એટલે જડમૂળ ઘાલીને સ્થિર થઈ બેઠેલા આ મનને વારવું અર્થાત્ તેનો નિરોધ કરવો એ તો વાયુની જેમ અતિ દુષ્કર છે; એટલે કે જેમ વાયુને એક જગ્યાએ રોકવામાં આવે તો તે બીજી જગ્યાએથી ફૂટી નીકળે છે અથવા તો દેહમાંના વાયુને રોકવામાં આવે તો તેથી જીવ આકુળવ્યાકુળ બની જાય છે, તેમ આ મનરૂપી વાયુને તે આત્મરૂપ છે એવો વિવેકયુક્ત વિચાર કરીને ત્યાં રોકવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યાં તેની ચંચળતા અને દૃઢતા એટલી બધી પ્રબળ હોય છે કે, એટલા સમયમાં તો તે બીજી બાજુએથી નીકળી જઈ વિષયોમાં ચોતરફ પ્રસરી જવા પામે છે. આટલું બધું ચંચળપણું જેમાં છે એવા આ અતિ બલવત્તર મનને માટે આપ કહો છો કે, અંતઃકરણમાં સંકલ્પ ઊઠતાંની સાથે જ તે સર્વ આત્મરૂપ છે એવા પ્રકારની દૃઢ ભાવના વડે તેને વશ કરો, એટલું જ નહિ, પરંતુ વાણી, મન, બુદ્ધિ, જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયો તથા તેના વિષયો એ દરેકને તે આત્મરૂપ છે એવી સમભાવનારૂપ યોગ વડે એક જ માર્ગમાં સ્થિર કરો, તો તેમ થવું એ તો મને લગભગ અશક્ય જ લાગે છે; વળી ભૂલેચૂકે કદાચ એકાદ ક્ષણને માટે તે સ્થિર થયું છે એમ લાગે છે, પણ એટલામાં તો વળી પાછું તે આકુળવ્યાકુળ બનીને જેમ ચામડા કિંવા રબરની કોથળીમાં વેગથી ભરેલી હવા ફૂલી જવાથી કોથળીને ફાડીને તેમાંથી જેમ બહાર નીકળી જાય છે, તેમ આ મન પણ બાહ્ય વિષયોમાં ચોતરફ ફેલાઈ જવા પામે છે. તેવા ચંચળ મનને એક જ જગાએ રોકી રાખવારૂપ નિગ્રહ એટલે નિરોધ કરવાનું જે આપ બતાવી રહ્યા છો તે કેવી રીતે શક્ય બને?

श्रीभगवानुवाच—

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥३५॥

બુદ્ધિયોગનો અધિકારી કોણ ?

અર્જુનનો આ સીધો પ્રશ્ન સાંભળીને શ્રીકૃષ્ણ આનંદથી બોલ્યા : હે મહાબાહો ! તારું કહેવું સત્ય છે. મન અતિ ચંચળ હોવાથી તેનો નિગ્રહ કરવો એ અત્યંત કઠણ છે, એમાં તો સંદેહ નથી, પરંતુ તે કોને માટે ? અનભ્યાસી મૂઢોને માટે. તેવાઓને માટે આ યોગનું આચરણ કરવાનું હું કાંઈ કહેતો નથી. તેઓને વાસ્તે તો મેં જપ, તપ, નવધા ભક્તિ, ધ્યાન, ધારણા વગેરે અનેક પ્રકારો અન્યત્ર વર્ણવેલા જ છે તથા તેનું સ્પષ્ટીકરણ વખતોવખત પ્રસંગવશાત્ તારી પાસે કર્યું છે અને હવે પછી પણ કરવામાં આવશે, પરંતુ આ સર્વ ઉપાયો તો કેવળ ચિત્તશુદ્ધિને માટે જ કરવાના હોય છે. એક જન્મમાં કિંવા હજારો જન્મોમાં જ્યારે આવાં નિષ્કામ કર્મો દ્વારા મનુષ્યની ચિત્તશુદ્ધિ થાય છે, ત્યારે હું જે આ જ્ઞાન તને કહી રહ્યો છું તે ગ્રહણ કરવાની તેમનામાં યોગ્યતા આવે છે અને પછી આખરે તો આ જ માર્ગનું અવલંબન તેઓને કરવું પડે છે. આ રીતે આત્માનું સ્વરૂપ જણાયા પછી તે સાધક મોક્ષપ્રાપ્તિ કરી આપનારો આ માર્ગ જ સત્ય છે, એવા પ્રકારનો નિશ્ચય કરે છે. આથી કેવળ એક આત્મા જ સત્ય હોઈ આત્મા સિવાય બીજું બધું મિથ્યા છે, એ રીતે તમામ દૃશ્યજાળ ઉપર તેને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આમ જ્યારે જગતાદિ સર્વ દૃશ્યજાળ મિથ્યા છે એવો તેને વિવેક થાય છે એટલે મન સ્વાભાવિક રીતે જ વિષયોમાંથી નિવૃત્ત થવા પામે છે; કેમ કે મનનો સ્વભાવ તો વિષયમાં રમમાણ થવાનો છે અને વિષયો તદ્દન અસાર હોઈ મિથ્યા છે, એવું તે વિચારને અંતે વિવેકદૃષ્ટિથી સારી રીતે જાણી શકે છે.

મુમુક્ષુની સ્થિતિ

આ સર્વ દૃશ્યજાળ તો કેવળ માયાના ત્રણ ગુણો તથા શબ્દાદિ વિષયોના વિસ્તારરૂપ હોઈ તે સર્વ મિથ્યા છે, એમ સારી રીતે જાણ્યા પછી તેના ઉપર વૈરાગ્ય ઉપજે છે. વિવેકયુક્ત વિચાર વડે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મનનો ખોરાક જે વિષયો છે તેનું જડમૂળમાંથી જ નિકંદન થઈ જાય છે. આમ જ્યારે તમામ વિષયો મિથ્યા છે એવા પ્રકારે વિષયોની નિરસતા સમજાય છે, ત્યારે મુમુક્ષુ તમામ વિષયોની બાબતમાં ઉદાસ થઈ જાય છે. પરંતુ વિષયોના સંસ્કારો મનમાં ઘણા લાંબા સમયથી દૃઢ થયેલા હોવાથી તેનો ત્યાગ થઈ શકતો નથી અને તે અસાર છે એમ સમજવામાં આવેલું હોવાથી તેનો સહેજમાં ઉપભોગ લઈ શકાતો નથી. તે પૂર્વના સંસ્કાર તથા અભ્યાસપ્રાબલ્ય વડે વાસનાને વશ થઈ વિષયોનું સેવન કરે છે અને પછી વિવેક જાગ્રત થતાં થઈ ગયેલી ભૂલને લીધે વળી પાછો પોતાને ધિક્કારે છે. સંસ્કારની પ્રબળતાને લીધે જો કે તેનું મન વિષયો તરફ ખેંચાય છે, છતાં વિષયોને જોતાં વેંત જ તેમાંના દોષો તેના મનમાં એકદમ ખડા થઈ જાય છે; આથી તેને અંતઃકરણમાં દુઃખ થાય છે તથા તે હંમેશાં ઉદાસ રહે છે. ખાવું, પીવું, વસ્ત્ર, અલંકાર, સુંદર સ્ત્રીઓ નાના પ્રકારનાં અનેકવિધ ઐશ્વર્યો કિંવા વાહનો વગેરે ઉપભોગનાં કોઈપણ સાધનો તેને સુખદાયી થતાં નથી. જાણે કે પોતાનો પ્રિયમાં પ્રિય વસ્તુ એકાએક ગૂમ થઈ ગઈ નહિ હોય ! તેવા પ્રકારે તે હંમેશાં ખેદમાં જ રહ્યા કરે છે; કારણ કે પૂર્વવાસનાઓનું જોર પ્રબળ હોવાને લીધે તેનો ત્યાગ પણ થઈ શકતો નથી અને બીજી બાજુએ તો તે અસાર છે એવા પ્રકારનો દોષ નજર આગળ આવીને ખડો થઈ જાય છે તેથી તેનો ઉપભોગ પણ લઈ શકતો નથી. આ રીતે તેની સ્થિતિ અર્ધદગ્ધ જેવી થઈ જાય છે. આ પ્રમાણે દૃશ્યાદિમાં જેને સંપૂર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થયેલો હોય તેવો મુમુક્ષુ જ મેં કહેલા આ યોગમાર્ગના અભ્યાસને લાયક હોઈ તે જ ખરો પુરુષાર્થી છે.

અભ્યાસ અને વૈરાગ્ય વડે મનનો નિરોધ થઈ શકે છે

હે અર્જુન ! જેમનામાં મોક્ષપ્રાપ્તિનું બીજ હોય છે તેવા મુમુક્ષુઓને જ આ આત્મઅનાત્મરૂપ વિવેકાત્મક જ્ઞાનનો ઉપયોગ થાય છે. પરંતુ જેઓની ચિત્તશુદ્ધિ થયેલી હોતી નથી એટલે જેઓ મુમુક્ષુ નથી વા જેઓમાં મોક્ષપ્રાપ્તિનું બીજ હોતું નથી, તેવાઓને આ સંબંધે ગમે તેટલો ઉપદેશ કરવામાં આવે છતાં તેઓ એક રતીપૂર પણ બદલાતા નથી. પૂર્વજન્મના અનેક સત્કૃત્યો વડે નિષ્કામભાવે પરમેશ્વરની આરાધના

કરી જેઓએ સ્વાત્મદેવને પ્રસન્ન કર્યા હોય તેઓને જ વિષયોમાં વૈરાગ્ય થવારૂપ આ અવસ્થાની પ્રાપ્તિ થાય છે અને તેવાઓ જ હું કહી રહ્યો છું તે યોગના અધિકારી છે, એમ જાણ; માટે તું કહે છે તે પ્રમાણે જે કે ચંચળ મનનો નિરોધ થવો એ અત્યંત દુર્ઘટ છે એ ખરું, પરંતુ આ રીતની વૈરાગ્યશીલતા તથા આ સર્વ આત્મસ્વરૂપ છે એવા દૃઢ નિશ્ચયથી ઉપર બતાવેલા અભ્યાસના અવલંબન વડે, હે કૌંતેય! તેનો નિરોધ થઈ શકે છે; તસ્માત્ તે તારા મતાનુસાર દુઃસાધ્ય હશે, પરંતુ અસાધ્ય નથી, એટલું જ નહિ પરંતુ વિવેકી તો તેને રમત સમાન સાધ્ય કરી શકે છે.

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।

वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥३६॥

આ યોગમાં નાલાયક કોણ?

અસંયતાત્મા એટલે ઉપર કહેલી રીતે જેણે આત્માને વશ રાખેલો નથી અર્થાત્ આ સર્વ આત્મસ્વરૂપ છે એવી રીતનો વિવેક થઈને જેનો સર્વત્ર આત્મભાવનો દૃઢ નિશ્ચય થયેલો હોતો નથી; પરંતુ માયાના ત્રણ ગુણો તથા શબ્દાદિ વિષયો વડે પ્રસરેલી મિથ્યા દૃશ્યજાળમાં જ જે ફસાયેલો હોય છે અને હું એટલે શરીર છું ઇત્યાદિ પ્રકારની ભાવનાવાળો હોઈ અંતઃકરણ જેના તાબામાં નથી, એવા સંકલ્પવિકલ્પાત્મક અસંયમશીલ માટે તો મેં કહેલો આ યોગ તું કહે છે તેમ સાધ્ય થવો તદ્દન અશક્ય જ છે; અને તે તારા કથન સાથે હું પૂરેપૂરો સંમત છું, એમાં તો કિંચિન્માત્ર પણ શંકા નથી.

યોગમાં લાયક કોણ?

કેવળ મોઢેથી વાતો કરીને કથું પણ નહિ કરવા છતાં 'હું' ઘણું કરું છું, એવા પ્રકારનો લોકોમાં ડોળ બતાવનારા, નહિ સમજવા છતાં જાણે કે સઘળું સમજ્યું છું એવા પ્રકારની જ્ઞાનમંડુતાવાળા (અધ્યાય ૫, શ્લો૦ ૮-૯નું વિવેચન જુઓ) અથવા તો મનમાં વિષયોની અનેકવિધ લાલસા રાખી લોકો પાસેથી કેવળ પોતાનો સ્વાર્થ સાધી લેવાને માટે જ્ઞાનનો વેપાર કરનારા મૂઢો અથવા ઢોંગીઓનું આ યોગમાં અમારે કથું પ્રયોજન નથી. તેવા અધમો તો પોતાના અનુયાયી સહ અંતે ઘોર નરકમાં જ પડે છે; માટે હે અર્જુન! આવા દાંભિકો કિંવા ડોળધાલુઓ અને કાચાપોચા અથવા અશ્રદ્ધાળુઓનું આમાં કાંઈ પ્રયોજન નથી. આમાં તો તેવા જાતવાનોનું જ કામ છે કે જેઓ ખરેખર જિજ્ઞાસુ છે, બુદ્ધિશાળી છે, પુરુષાર્થી છે, શુદ્ધ હૃદયના છે તથા વિવેકી હોઈ તારી જેમ સર્વ ભાવે સદ્‌ગુરુની સંપૂર્ણ શરણાગતિ લીધેલા એકનિષ્ઠ અનન્ય ભક્ત છે. એવા વિવેકવાન તીવ્ર જિજ્ઞાસુઓ તો આ યોગ એક નાના બાળકની રમતની જેમ સહેજમાં સાધ્ય કરી શકે છે. તેવા જિજ્ઞાસુની યોગ્યતા સંબંધે ફરીથી કહું છું.

આ યોગ કોણ સાધ્ય કરી શકે?

આ સર્વ આત્મરૂપ છે, એવા પ્રકારનો વિવેકસહ નિશ્ચય કરીને જે અંતઃકરણમાંથી એ રીતના સર્વાત્મભાવ વડે અથવા આત્મામાં હું, તું, તે, આ ઇત્યાદિ કાંઈ છે જ નહિ, એ મુજબ નિઃશેષભાવના અભ્યાસ વડે જે આત્મા વિના બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતો નથી અને એ રીતે જેણે આત્માને વશ રાખેલ છે એવા આત્મવશ્ય પુરુષને જ મેં કહેલો આ એકત્વરૂપ યોગ સુલભ રીતે સાધ્ય થાય છે, બીજાઓને નહિ.

अर्जुन उवाच—

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।

अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥३७॥

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।

अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥३८॥

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।

त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥३९॥

અયતિની ગતિ શું થાય ?

શ્રીકૃષ્ણ ભગવાનનું ભાષણ સાંભળી અને તેમનો આશય જાણી લઈ અર્જુને નમ્રતાપૂર્વક ફરીથી પૂછ્યું. ભગવન્! આપે જે બુદ્ધિની સમતારૂપ યોગનું આચરણ કરવાનું કહ્યું તે પ્રમાણે આ સર્વ આત્મસ્વરૂપ છે. એવા પ્રકારના નિશ્ચયથી મનમાં શ્રદ્ધા વડે યુક્ત થઈને જે પ્રયત્ન કરે છે, છતાં મનની ચંચળતારૂપ વેગની આગળ તેનો એ પ્રયત્ન ટકી શકતો ન હોવાથી આપે બતાવેલો યોગાભ્યાસ કરવા તે અસમર્થ નીવડે, તો આ મુજબ યોગથી ચલાયમાન થયેલો, જેની યોગસિદ્ધિની પૂર્ણતા થયેલી નથી એવો આત્માભ્યાસની પૂર્ણતા વગરનો આ અયતિ કઈ ગતિને પામે છે? ઉદ્દેશ એ છે કે, ભગવન્! આપે કહ્યું તેમ કોઈએ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારનો આપે કહેલો યોગાભ્યાસ કરવાની શરૂઆત કરી હોય, પરંતુ મનની ચંચળતાને લીધે અભ્યાસની પૂર્ણતા થઈ તેમાં તદ્રૂપતા થવા પહેલાં જ તેનો દેહ પડે અથવા તો આ સર્વ આત્મસ્વરૂપ છે અને આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવા પ્રકારનું શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી નિશ્ચયપૂર્વક આત્માનું પરોક્ષજ્ઞાન થયેલું હોય, પરંતુ મનના તીવ્ર વેગને લીધે અભ્યાસના અભાવે તેમાં જેની પૂર્ણતા થવા પામેલી ન હોય તેવો ચલિતમાનસવાળો તથા યોગસિદ્ધિને નહિ પામેલો અયતિ એટલે સાક્ષાત્કાર થયા વગરનો યતિ (યોગી) કઈ ગતિને પામે છે? તે હે શ્રીકૃષ્ણ! મને કૃપા કરીને કહો. આ 'બ્રહ્મણઃ પથિ' એટલે જ બ્રહ્મને માર્ગે પડેલો છે પણ તેમાં હજી સિદ્ધતા મેળવી શક્યો નથી તેવો, અર્થાત્ જેને બ્રહ્મનું પરોક્ષજ્ઞાન થયું છે પરંતુ અપરોક્ષજ્ઞાન થયું નથી, પણ તે પ્રાપ્ત કરવાને માટે તે માર્ગે કિંવા પંથે (રસ્તે) પડેલો છે, છતાં તેમાં હજુ અપ્રતિષ્ઠ છે એટલે જે બ્રહ્મસ્વરૂપમાં સ્થિર થયેલો નહિ હોવાથી ઉભયમાર્ગથી ભ્રષ્ટ થયેલો છે. એવો વિમૂઢ અર્થાત્ જેને આ સર્વ બ્રહ્મ (આત્મ) રૂપ છે એવું નિઃશંક અને શ્રદ્ધાયુક્ત પરોક્ષજ્ઞાન તો થયું છે, પરંતુ મનની ચંચળતા એટલી બધી છે કે, તેમાં તે સ્થિર થઈ શકતો નથી; તેમ આ બધો જગતાદિ દૃશ્ય વ્યવહાર મિથ્યા છે એવું ભાન થયેલું હોવાથી તેમાં પણ નિરસતા લાગે છે એમ બંને પ્રકારના માર્ગથી ઉભય રીતે ભ્રષ્ટ થયેલો એવો આ અત્યંત મૂઢ બનેલો પુરુષ આકાશમાં વિખૂટા પડેલા વાદળની જેમ ત્રિશંકુવત્ વચમાં જ લટકી જઈને નાશ તો પામતો નથી ને? આ મારા સંશયને નિઃશંક રીતે છેદીને નિર્મૂળ કરવા આપ જ યોગ્ય છો. નિશ્ચયપૂર્વક આ સંશયને છેદનાર આપના વિના બીજો કોઈ સંભવતો નથી.

श्रीभगवानुवाच—

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।

न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥४०॥

ઇહપરલોકમાં તેનું કલ્યાણ જ થાય છે

અર્જુનની શંકા સાંભળીને ભગવાન કહે છેઃ હે પાર્થ! અરે! તેવાનો આ લોકમાં પણ કદી વિનાશ સંભવતો નથી, તો પછી પરલોકમાં વિનાશ થવાની વાત જ ક્યાંથી હોય? કેમકે હે તાત (પુત્ર)! કલ્યાણ

કરનારા આ નિશ્ચયથી તે કદી પણ દુર્ગતિને પામતો નથી. હે અર્જુન! તારી માફક રામાવતારમાં મને પણ શંકા થયેલી હતી, તે વખતે શ્રીવસિષ્ઠ મહર્ષિને પ્રશ્ન કરતાં તેમણે આપેલો ઉત્તર બોધની પુષ્ટિને અર્થે તને કહું છું.

પૂર્ણસ્થિતિએ પહોંચ્યા અગાઉ મૃત્યુ થાય તો?

પ્રશ્ન : અસત્ કુળમાં ઉત્પન્ન થયેલો અને પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહેનારો તથા સાધુ પુરુષના સંગને નહિ પામેલો એવો મૂઢ અધમ પુરુષ આ સંસારસાગરને શી રીતે તરી જાય? હે મહારાજ! યોગની સાત ભૂમિકાઓ પૈકી પહેલી, બીજી, ત્રીજી કે તે કરતાં ઉપરની અન્ય કોઈ ભૂમિકામાં ગયેલો હોય, પરંતુ પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા પહેલાં દૈવયોગથી તે મૃત્યુને પામે, તો તેવા યોગભ્રષ્ટની ગતિ કેવી થાય?

અપૂર્ણાવસ્થામાં મરનાર પાછો યોગી થાય છે

શ્રીવસિષ્ઠજીએ કહ્યું: રાગદ્વેષાદિ દોષોમાં રચ્યાપચ્યા રહેનારા મૂર્ખ પુરુષને ત્યાંસુધી જન્મમરણાદિરૂપ *સંસાર કાયમ જ રહે છે કે, જ્યાંસુધી સેંકડો જન્મો વડે કોઈ કાકતાલીય યોગથી અથવા તો સત્પુરુષોની સંગતિથી વૈરાગ્યનો ઉદય થતો નથી. વૈરાગ્યનો ઉદય થવાથી મનુષ્યમાં અવશ્ય શુભેચ્છા આદિ ભૂમિકાનો ઉદય થાય છે. આ પછી જે વડે સંસારનો નાશ થઈ જાય એવા સત્શાસ્ત્રોના અર્થોનું રહસ્ય તે જાણે છે. આમ સાત પૈકી કોઈ પણ યોગભૂમિકામાં રહ્યા છતાં કોઈ સુધી પહોંચ્યા વિના વચમાં જ જેનું મરણ થાય છે, તેનું પૂર્વનું પાપ પોતે જે ભૂમિકામાં હોય તેટલા પ્રમાણમાં ઓછું થાય છે અને તેનું એ પાપ ક્ષીણ થયા પછી દેવતાઓના વિમાનોમાં, લોકપાળોના પુરોમાં, મેરુ પર્વતાદિના બગીચાઓમાં અને વનની વાડીઓમાં ચિત્તને રમાડનારી એવી દેવાંગનાઓ સાથે ક્રીડા કરનારો તે દેવતા કિંવા ગંધર્વ થાય છે. ત્યાર પછી અનેક ભોગો ભોગવવાથી પોતાનો પૂર્વે કરેલો પુણ્યસમૂહ તથા દુઃખને આપનારું એવું કોઈ પૂર્વનું પાપ એ બંને આપોઆપ જ્યારે ક્ષીણ થઈ જાય છે, ત્યારે આ યોગી પૃથ્વીમાં પવિત્રતાવાળા સમૃદ્ધિવાન અને ગુણવાન તથા જેને ત્યાં નોકર ચાકરો ભરપૂર છે તેવા શ્રીમાન કે સજ્જનને ત્યાં કિંવા આત્મસ્વરૂપ બનેલા યોગી ગૃહસ્થને ત્યાં જન્મ લે છે. ત્યાં જન્મ લઈ પૂર્વવાસનાને લીધે તે ફરી પાછો બાકી રહેલા યોગનો અભ્યાસ કરવા માંડે છે. આ યોગીને અભ્યાસ કરાવનારી પ્રથમની વાસનાઓ પૂર્વજન્મના સંસ્કાર કિંવા માનસિક સંસ્કાર વડે કાકતાલીય ન્યાય પ્રમાણે સ્મરણમાં આવી આગળના યોગભૂમિકાના અભ્યાસક્રમે તે ક્રમે ક્રમે ઉપલી ભૂમિકાઓમાં ચડે છે. આ રીતે આર્યતા (અધ્યાય ૨, શ્લો૦ ૨, પાન ૧૩૧ જુઓ) એટલે સદ્ધર્મના આચરણમાં મૃત્યુ પામેલો યોગી પોતાનાં સત્કર્મો વડે પ્રાપ્ત થયેલા સ્વર્ગાદિ ભોગોને ઘણા કાળ સુધી ભોગવીને વળી પાછો યોગી જ થાય છે અર્થાત્ તેનો વિનાશ કદી પણ સંભવતો નથી (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૧૨૬); માટે હે અર્જુન! ખાતરીથી સમજ કે, આવા પુરુષનો આ લોકમાં અને પરલોકમાં કદી પણ વિનાશ થતો નથી. અરે! કલ્યાણ કરનારા માર્ગને અનુસરનારો કદી દુર્ગતિને પામેલો હોવાનું સાંભળ્યું છે ખરું કે? યોગથી ચલાયમાન થયેલો એવો તે પવિત્ર યોગી યોગની પૂર્ણતા પૂર્વે જ જો મૃત્યુને પામે તો, તે પુણ્ય કરનારા લોકોને જે લોક મળે છે, તેવા સ્વર્ગાદિ લોકોને પામીને ત્યાં ઘણો કાળ રહી ઉપભોગ ભોગવી પછી આ યોગભ્રષ્ટ પુરુષ, શુચિ એટલે આચારવિચારસંપન્ન અને પવિત્ર એવા શ્રીમંતને ત્યાં જન્મે છે અથવા તો બુદ્ધિમાન એવા આત્મપરાયણ યોગીને ત્યાં જન્મે છે. આવો જન્મ તો આ લોકમાં પણ અતિ દુર્લભ હોય છે. આ પ્રમાણે પ્રાપ્ત થયેલા જન્મમાં તેને પૂર્વજન્મોના બુદ્ધિમાં રહેલા સંસ્કારોનો ઉદય થતો રહે છે અને હે કુરુનંદન! ત્યાં તો ભૂયઃ એટલે તે કરતાં પણ ઉચ્ચ એવી આગળની સિદ્ધિની પ્રાપ્તિને માટે અધિક અધિક (જોરદાર) પ્રયત્ન કરે છે.

प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥४१॥

---

* સંસારનો અર્થ: જીવાત્મા વાસનાવશાત્ અનેક શરીર ધારણ કરતો રહે છે, આમ મોક્ષ થતાં સુધી તેની ચાલતી ક્રિયા તે બધો મળીને સંસાર કહેવાય છે.

ફક્ત આ યોગને જાણનારની ઇહપરલોકમાં થતી ગતિ

શ્રીભગવાન કહે છે: હે અર્જુન! તને શંકા થયેલી છે કે, આપે કહેલી સર્વત્ર સમદૃષ્ટિની અર્થાત્ આત્મદૃષ્ટિની ભાવનાને જે શ્રદ્ધા વડે અનુસરનારો કિંવા સાંખ્ય, યોગ વા ભક્તિમાર્ગનું અવલંબન કરનારો પુરુષ પૂર્ણ સ્થિતિએ પહોંચતાં પહેલાં જો મૃત્યુને શરણ થાય તો તેની ત્રિશંકુવત્ અદ્ધર સ્થિતિ તો થતી નથી ને? તેના ઉત્તરમાં કહેવાનું કે, તેની આ લોકમાં કે પરલોકમાં પણ અધોગતિ થતી નથી. હવે પરલોકમાં અધોગતિ કેવી રીતે થતી નથી તે વિષે કહેવાનું કે, તેવા યોગમાં ચલાયમાન થયેલા એ યોગીને અતિ ઉત્કૃષ્ટ એવા લોકની પ્રાપ્તિ સહેજમાં થઈ શકે છે, કેમ કે જેઓ અનેક પ્રકારના સકામ સત્કર્મો કરીને સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ મહાન મુસીબતે કરી શકે છે તેવા સ્વર્ગાદિ લોકોની પ્રાપ્તિ તો આ યોગનું જેને સાંગોપાંગ જ્ઞાન થઈ ફક્ત તેનું આચરણ કરવાની ઇચ્છા જ થયેલી હોય તેને અનાયાસે જ થાય છે. તેઓ તે તે લોકમાં ઘણો વખત સુખોપભોગ ભોગવી ફરીથી પૃથ્વીમાં ઐશ્વર્યવાન તેમ જ નીતિ, ન્યાય તથા આચારવિચારસંપન્ન એવા મહારાજાઓ કિંવા શ્રીમાન શેઠ સાહુકારોને ત્યાં અવતરે છે. આ તો જેણે આ યોગને ફક્ત જાણ્યો છે તથા આત્મકલ્યાણનો આ જ એક માર્ગ છે એવી જેની દૃઢ શ્રદ્ધા થયેલી છે, છતાં મનની ચંચળતાને લીધે તેવા પ્રકારનો અભ્યાસ કરવા જે અશક્તિમાન છે, તેવાની ઇહ તથા પરલોકમાં કેવી ગતિ થાય છે, તે સંબંધે કહેવામાં આવ્યું; હવે જેણે અભ્યાસનો પ્રયત્ન શરૂ કર્યો છે, તેની થનારી ગતિ સંબંધે કહું છું.

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।

एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।

यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥४३॥

આ યોગના અભ્યાસીની થતી ઇહપરલોકમાં ગતિ

જેણે આ યોગના અભ્યાસને માટે પ્રયત્ન શરૂ કરેલો છે તેવો યોગી અભ્યાસની પૂર્ણતા થવા અગાઉ જો મૃત્યુ પામે તો તેવા યોગીને પરલોકમાં ઉપર કહેલા અતિશય સત્કર્માદિ કરનારા યોગીને સ્વર્ગાદિ જે લોકની પ્રાપ્તિ થાય, તેના કરતાં પણ અતિ ઉચ્ચ પ્રકારના બ્રહ્માદિ લોકની પ્રાપ્તિ સહેજમાં થાય છે તથા ત્યાં અનેક સુખોપભોગ ભોગવી તે આ પૃથ્વી ઉપર કોઈ સારા કુળવાન, પવિત્ર, બુદ્ધિશાળી અને હંમેશાં આત્મામાં જ પરાયણ રહેનારા બ્રહ્મનિષ્ઠ એવા યોગીને ઘેર જન્મ ધારણ કરે છે તેમ જ આવા પવિત્ર યોગીના કુળમાં જન્મ થવાથી શુદ્ધ વાતાવરણને લીધે ત્યાં તેના પૂર્વજન્મના સંસ્કારો પુનઃ જાગ્રત થાય છે અને ત્યાં તે બાકી રહેલી આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે ફરીથી જોરદાર પ્રયત્ન શરૂ કરે છે. જ્યારે પ્રથમ જે શ્રીમંત કુળમાં જન્મેલા યોગી સંબંધે કહેવામાં આવેલું છે તેને પણ ત્યાં અનેક સુખોપભોગ ભોગવતાં ભોગવતાં પૂર્વસંસ્કારની પ્રબળતા વડે વૈરાગ્ય ઉપજવે એવો કોઈક પ્રસંગ ઉપસ્થિત થાય છે કિંવા શ્રીરામચંદ્ર અથવા શુદ્ધ બુદ્ધ્યાદિની માફક અનાયાસે જ સુવિચાર ઉત્પન્ન થાય છે, ત્યારે આ તમામ વિષયો ઉપર દૃઢ વૈરાગ્ય ઉપજે છે; આથી તે ક્રમેક્રમે અભ્યાસમાર્ગની શુભેચ્છાદિ સાત ભૂમિકાઓમાં ચડે છે અને અંતે તેમાં પૂર્ણતા મેળવી શકે છે. આ રીતે એક જન્મમાં યા અનેક જન્મોમાં પણ અંતે ધ્યેય પ્રાપ્ત કરી શકે છે, એમ નિશ્ચિત સમજ. હવે આવા જન્મો વ્યવહારમાં દુર્લભ શા માટે છે તે કહું છું, તે સાંભળ.

વ્યવહારમાં દુર્લભ જન્મો

જગતમાં જડના પ્રમાણમાં એક તો ચેતનનો અંશ ઘણો જ થોડો છે; ચેતનમાં પણ વૃક્ષાદિ જેવા સ્થાવરનો તથા તે કરતાં જંગમનો અંશ પ્રમાણમાં ઘણો જ હોય છે, તે જતાં બાકી શેષ રહેનારમાં પશુ,

પક્ષી, કીટ, પતંગાદિનો અંશ મોટા પ્રમાણમાં હોય છે અને તે જતાં શેષ રહે તેમાં મનુષ્યો. આ રીતે ચેતનમાં પણ મનુષ્યોનો અંશ ઘણો જ ઓછો હોય છે, તેઓમાં પણ ઐશ્વર્યસંપન્ન, તેઓમાં પણ કેવળ વિષયોની પાછળ જ લાગેલાનું પ્રમાણ વધુ હોવાથી તેમાં વિવેકી તો કવચિત્ જ જોવા મળે છે, તેવાઓમાં પણ આત્મસિદ્ધિને માટે પ્રયત્ન કરનારાઓ જવલ્લે જ હોય છે અને આ બધાને બાદ કરતાં જે શેષ બચે તેવાઓમાં આ પ્રયત્નને છેવટ સુધી નભાવનારા તો કોઈ ભાગ્યે જ મળી આવે છે.

ખાનારો જુદો અને પેટ બીજાનું ભરાય ?

ભગવાને કહ્યું: મનુષ્યના જે સ્થૂળ શરીર વડે કર્મો થાય છે, તે શરીરને તો એ આ લોકમાં જ છોડી જાય છે, તો પછી તેને બીજું શરીર ધારણ થાય ત્યારે પાછલા શરીરમાં થયેલા અભ્યાસનું સ્મરણ કેવી રીતે થાય? ખાનારો જુદો હોય અને પેટ બીજાનું ભરાય એ કથનની જેમ આ કથન વિસંગત લાગે છે, એવી શંકા થવા સંભવ છે. આનો ઉત્તર પ્રસંગવશાત્ આગળ (અધ્યાય ૮)માં આપવામાં આવશે છતાં અહીં સંક્ષેપમાં કહેવાની આવશ્યકતા છે.

કર્મોનું સાચું બીજ

કોઈ સ્થૂળ કર્મ કરવું હોય ત્યારે પ્રથમતઃ મનમાં સંકલ્પ કરી પછી બુદ્ધિ વડે તેવો નિશ્ચય કરવો પડે છે. આ જ કર્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે, એમ સમજો. આટલું થયા બાદ તે કર્મ સ્થૂળ ક્રિયાદ્વારા પ્રકટ રીતે કરવામાં આવે છે; વળી કર્મ થઈ ગયા પછી પણ પાછું તે અવ્યક્ત સ્વરૂપે રહે છે; આથી સ્પષ્ટ થાય છે કે, કર્મો એ કાંઈ ફક્ત સ્થૂળ દેહની સાથે જ સંબંધ ધરાવતાં હોતાં નથી, પણ સૂક્ષ્મ શરીર વા લિંગદેહ એ જ કર્મોનું સાચું બીજ છે. તે જ્યાંસુધી હોય ત્યાંસુધી કર્મોનો નાશ થઈ શકતો નથી. આત્મા પોતે જ જ્યારે અજ્ઞાનયુક્ત બની જીવાત્મારૂપે પરિણમે છે, ત્યારે તેને પુનઃ પોતાના સ્વસ્વરૂપનું સાચું ભાન થતાં સુધી તે વાસનાવશાત્ લિંગશરીર દ્વારા અનેક સ્થૂળ શરીરોને ગ્રહણ કરતો રહે છે. એનો આ ક્રમ અજ્ઞાન નષ્ટ થઈ સ્વસ્વરૂપનું જ્ઞાન થતાં સુધી હંમેશને માટે ચાલુ હોય છે. જ્યારે તેને સ્વસ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે જાગ્રત થતાં જેમ સ્વપ્નનો સદંતર બાધ થઈ જાય, તેમ આ બધાં સ્થૂળસૂક્ષ્મ તથા કારણાદિ શરીરો દ્વારા અનેકવિધ વાસનાઓને લીધે જીવાત્માને અનુભવમાં આવતો મિથ્યા ભ્રમાત્મક આ દૃશ્ય પસારાનો સદંતર વિલય થઈ જાય છે. આની સ્પષ્ટતાને માટે શ્રીવેદવ્યાસાચાર્યજીએ કહેલું શાસ્ત્રકથન સંક્ષેપમાં કહું છું. (ભા૦ સ્કં૦ ૪ અ૦ ૨૯).

પ્રાચીન બર્હિષ રાજાનો પ્રશ્ન

એક સમયે પ્રાચીન બર્હિષ રાજાએ દેવર્ષિ નારદજીને આવો જ પ્રશ્ન કર્યો હતો કે, પુરુષ જે શરીરથી કર્મો કરે છે, તે શરીર તો આ લોકમાં જ છોડી દે છે અને પરલોકમાં તો બીજા શરીર વડે તે કર્મોનાં ફળોને ભોગવે છે; આમ વેદવેત્તાઓએ સ્થળે સ્થળે કહેલું છે; વળી કર્મો થયાં એટલે તે તુરત જ અદૃશ્ય થઈ જાય છે (મહાકાળ પુરુષ વર્ણન કિરણાંશ ૩૧, ૩૨, ૩૪ માં આ સંબંધે સ્પષ્ટતા છે તે જુઓ). તો પછી ફરી તેનું સ્થૂળ ફળ શી રીતે ઉત્પન્ન થાય છે તે કહો.

સ્થૂળ દેહનો કર્મ સાથે કશો સંબંધ નથી

નારદજી બોલ્યાઃ પુરુષ વસ્તુતઃ સૂક્ષ્મ શરીરથી જ કર્મ આરંભે છે અને તેના તે શરીરથી જ કર્મના ફળને પરલોકમાં ભોગવે છે; કેમ કે વાસનાવશાત થતાં આત્મા(જીવાત્મા)નાં દરેક કર્મો પ્રથમ મનઃપ્રધાન સંકલ્પાત્મક એવા સૂક્ષ્મ દેહથી જ થાય છે તથા વ્યવધાનરહિત સૂક્ષ્મ દેહ જ પરલોકમાં પણ કર્મોની સાથે હોઈ તે તે કર્મોનાં ફળોને ભોગવે છે; આથી એ નિશ્ચય થાય છે કે, સ્થૂળ દેહ એ કાંઈ કર્મ કરવામાં મુખ્ય નથી, પરંતુ મનઃપ્રધાન સૂક્ષ્મદેહ જ કર્મ કરવામાં મુખ્ય સાધનરૂપ છે (કારણ તથા લિંગદેહ બંને સૂક્ષ્મ છે, એમ જાણવું); આથી સ્થૂળ દેહનો નાશ થાય તો પણ સૂક્ષ્મ દેહનો નાશ કદાપિ થતો નથી. તેનો નાશ

તો કેવળ સ્વરૂપના અપરોક્ષજ્ઞાનથી જ થઈ શકે તેમ છે; જેથી સ્થૂળ શરીર મૃત થયા બાદ પણ પરલોકમાં સૂક્ષ્મ દેહ તો જીવાત્માની સાથે ને સાથે જ હોઈ તે જ કર્મફળ ભોગવે છે. આમ સૂક્ષ્મ વિચાર કરતાં એક જ શરીર વડે કર્મફળ ભોગવાય છે, નહિ કે જુદાં જુદાં શરીરો વડે. જેમ એક જ જીવાત્મા સ્થૂળ શરીર જીવતું હોવા છતાં તેનું વિસ્મરણ થઈ સૂક્ષ્મ શરીર દ્વારા સ્વપ્નસૃષ્ટિમાં બીજા શરીરથી યુક્ત થઈ અનેકવિધ અનુભવ લે છે અને સ્વપ્નમાં કર્મફળને પણ ભોગવે છે, તેમ આ એક જ સૂક્ષ્મ જીવાત્મા વાસનાવશાત્ સ્થૂળ સૂક્ષ્મ શરીરો દ્વારા ઇહ અને પરલોકમાં તે તે શરીરો દ્વારા મનની અંદર સંસ્કારરૂપે રહેલા કર્મને ભોગવે છે, આથી સ્વપ્નાવસ્થાની પેઠે સૂક્ષ્મ દેહયુક્ત જીવ કર્મનો કર્તા છે તથા એ સૂક્ષ્મ દેહયુક્ત જીવ જ તે તે કર્મફળનો ભોક્તા છે. સ્થૂળ દેહની સાથે કર્મનો કાંઈ સંબંધ નથી; માટે તમોએ શંકા કર્યા પ્રમાણે દોષનો પ્રસંગ જ આવતો નથી; વળી જીવાત્મા જાગ્રત સ્વપ્નાદિ અવસ્થામાં આ મારા પુત્રો છે, હું અમુક જાતિનો છું ઇત્યાદિ કહી તે તે અવસ્થામાં તેઓને મન વડે જ પોતાનાં કલ્પી બંને અવસ્થાઓમાં થયેલા કર્મને પણ મનથી જ ગ્રહણ કરે છે. આ રીતે બંધન નહિ હોવા છતાં કેવળ અહંકારથી ગ્રહણ કરાયેલાં એ મિથ્યા કર્મોને લીધે જ તેને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે.

પુનર્જન્મનું કારણ

વિચાર કરતાં જણાશે કે જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયો પોતપોતાના વિષયોમાં એકી સાથે જ કાંઈ પ્રવૃત્ત થઈ શકતી નથી, પરંતુ પ્રથમ જ્ઞાનેંદ્રિયો તથા પછી કર્મેંદ્રિયો એ ક્રમે પ્રવૃત્ત થાય છે. તે ઉપરથી નિશ્ચિત અનુમાન થઈ શકે છે કે, આ સર્વ ઇંદ્રિયોનું નિયમન કરનારો 'ચિત્ત' નામે કોઈ એક જુદો જ છે. તેને જ મન પણ કહે છે. આ ચિત્ત કિંવા મનની તમામ વૃત્તિઓ પણ એકી સાથે પોતપોતાનું કાર્ય કરવાને પ્રવૃત્ત થઈ શકતી નથી, તેથી એવા નિશ્ચય પર આવવું પડે છે કે, આ ચિત્તવૃત્તિઓનું પણ નિયમન કરનારો તે પૂર્વે કોઈ હોવો જોઈએ, એ જ પૂર્વજન્મના દેહનું કર્મ છે; વળી જીવે વર્તમાન શરીરે જે વસ્તુ કદી અનુભવી, જોઈ કે સાંભળી પણ ન હોય તે સ્વપ્નમાં કે મનોરાજ્યમાં સ્ફૂરી આવે છે, તે પરથી નિશ્ચિત સિદ્ધ થાય છે કે, વાસનાત્મક લિંગદેહધારી જીવાત્માને એ અનુભવ પૂર્વે કોઈ સમયે અવશ્ય થયેલો હોવો જ જોઈએ; કારણ જેનો કદી પણ અનુભવ થયો ન હોય તે કદી મનમાં આવી શકે જ નહિ; આથી પૂર્વજન્મની સિદ્ધતા થઈ શકે છે.

રાજન્! આમ મનુષ્યોનું મન જ તેનાં પૂર્વ તથા ભવિષ્યજન્મનાં સ્વરૂપોને તથા ભવિષ્યવાણીને કહી શકે છે. વર્તમાન જન્મમાં પણ સ્વપ્ન યા સંકલ્પાદિ અવસ્થાઓમાં પૂર્વજન્મમાં પણ શક્ય નહિ હોય એવું કોઈ કોઈ વખતે સ્ફૂરી આવેલું જોવામાં આવે છે, તેનું કારણ પણ કાળ, દેશ અને ક્રિયા છે તમામ ઇંદ્રિયોના સર્વ વિષયો અનુક્રમે યા સમૂહરૂપે મનની અંદર ભોગ્યપણે આવે છે અને ભોગવાઈ ને વળી પાછા ચાલ્યા જાય છે; કારણ કે, તમામ મનુષ્યો મનવાળા તો છે જ. જીવને વિષે "હું અને મારું" એવો ભાવ જ્યાંસુધી હોય છે ત્યાંસુધી બુદ્ધિ, મન, દશ ઇંદ્રિયો અને તેના વિષયો તથા ગુણ કાર્ય આદિ લિંગદેહાત્મક સંબંધ તો જેમનો તેમ જ રહે છે, તે કદી પણ નષ્ટ થતો નથી.

હે અર્જુન! આ કર્મ અને અવિદ્યાના બંધનને દૂર કરવા માટે સૂક્ષ્મ દેહનો નાશ કરાવનારા ઉપર કહેલા જન્મો આ લોકમાં અતિ દુર્લભ હોય છે, તે તું સારી રીતે જાણ. હવે તને અભ્યાસયોગની મુખ્ય ભૂમિકાઓ કેટલી છે, તે સંબંધે કહેવાનું રહ્યું.

આ આત્મસિદ્ધિના યોગમાર્ગમાં અભ્યાસની અનેક ભૂમિકાઓ છે, તે પૈકી મુખ્ય સાત છે: (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થાભાવિની અને (૭) તુર્યગા. એને જ્ઞાનભૂમિકાઓ પણ કહેવામાં આવે છે. આ ભૂમિકાઓમાં પ્રવેશ શી રીતે થાય તથા તેનાં લક્ષણો કયાં, તે સંબંધે થોડો વિચાર કરીશું.

પ્રવૃત્તિ કોને કહેવી ?

વેદમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ એવા બે પ્રકારના માર્ગો કહેલા છે. વ્યવહારમાંના સર્વ લોકો આ બે પૈકી ગમે તે એક માર્ગનું જ અવલંબન કરતા હોવાનું જણાઈ આવે છે. પ્રવૃત્તિમાર્ગ સ્વર્ગ તરફ લઈ જનારો હોઈ નિવૃત્તિમાર્ગ શ્રેષ્ઠ એવા મોક્ષસુખને આપનારો છે. "સર્વ વિષયોથી રહિત હોવાથી મોક્ષ શું છે?" "કાંઈ નથી." "મારે માટે તો સારા નરસા ભોગોથી ભરેલો આ સંસાર જ ઠીક છે," એવો નિશ્ચય કરીને તેઓ ચાર પ્રકારના કર્મો કર્યે જાય છે. એ ચાર પ્રકારનાં કર્મો આ પ્રમાણેનાં છેઃ (૧) નિત્ય એટલે જે કરવાથી ફળ ન મળે પણ ન કરવાથી પાપ લાગે, એવાં રોજ કરવાનાં કર્મો તે નિત્યકર્મો; જેમકે સંધ્યાવંદનાદિ; (૨) નૈમિત્તિક એટલે અમુક અમુક સમયે કરવાં જ પડે તે નૈમિત્તિક કર્મો; જેમકે કુળાચાર, કુળધર્મો, વ્રત, ઉપવાસ, ઉત્સવાદિ; (૩) કામ્ય એટલે શાસ્ત્રને અનુસરીને ઇચ્છા અને ફળ મેળવવાનાં ઉદ્દેશથી જે કરવામાં આવ્યાં હોય તે કામ્યકર્મો; જેમ કે પુત્ર, ધન વગેરે મળે એની ઇચ્છાથી થતાં યજ્ઞ, વ્રત, તપ વગેરે સકામ કર્મો અને (૪) ત્યાજ્ય કર્મો એટલે રાગથી પ્રેરાઈને થતાં કર્મો; જેમકે મારા મનમાં રહ્યું તેથી હું કહું છું કિંવા કરું છું ઇત્યાદિ કહેનારાઓનાં પોતાના મનમાં આવે તેમ ફાવે તેમ કરવું તે શાસ્ત્રના આધાર વિરુદ્ધ થતાં કર્મો તે ત્યાજ્ય કર્મો સમજવાં. આ રીતે જગતમાંના સર્વ લોકો નિત્ય ચાર પ્રકારનાં કર્મો જ કર્યા કરે છે, તેને પ્રવૃત્ત કર્મો કહે છે. આ ચારે માર્ગમાં વિચરનારાઓને માટે આ તો પ્રવૃત્તિવાળા છે, એમ વ્યવહારમાં કહેવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં મુખ્ય બે પ્રકાર છેઃ (૧) રાગ અને (૨) શાસ્ત્ર. રાગકૃતપ્રવૃત્તિ વ્યસનરૂપ હોવાથી ત્યાજ્ય હોઈ શાસ્ત્રકૃતપ્રવૃત્તિ ધ્યેયરૂપ હોઈ ગ્રાહ્ય ગણાય છે. (૧) શાસ્ત્રના આધાર વગર પોતાના મનમાં આવે તેમ બાળકની રમતની માફક સ્વચ્છંદતાથી જે પ્રવૃત્તિ થવી તે રાગકૃત કહેવાય. ઉપરના ચાર પૈકી ચોથા પ્રકારનાં કર્મોનો સમાવેશ આમાં જ થાય છે તથા (૨) શાસ્ત્રકૃત, આમ કરવું, આમ નહિ કરવું ઇત્યાદિ વેદશાસ્ત્રની આજ્ઞાનુસાર હિતાહિતનો વિચાર કરીને જે પ્રવૃત્તિ થાય છે તે શાસ્ત્રકૃત કહેવાય છે. આમાં પ્રથમના ત્રણ પ્રકારોનો સમાવેશ થાય છે, આ રીતે પ્રવૃત્ત સંબંધમાં તને કહ્યું. હવે નિવૃત્ત કોને કહે છે, તે સાંભળ.

નિવૃત્તિ એટલે શું ?

ઉપર પ્રમાણે પ્રવૃત્તકર્મો કરીને અનેક પ્રકારના સુખદુઃખાદિ ભોગો અને અનેક જન્મમરણરૂપ દુઃખનાં ચક્કરોમાં ફરીફરીને જ્યારે તે જીવ થાકી જાય છે ત્યારે ઘણા લાંબા કાળે તેને વિવેક ઉત્પન્ન થાય છે. એવો વિવેક ઉપજે ત્યારે આ સર્વ સંસાર અસાર છે એમ તેને સમજાય છે તથા આ ક્રિયાઓ વડે શાંતિ કેવી રીતે પ્રાપ્ત થશે ? વિકારોથી રહિત પરમશાંતિનું ધામ ક્યાં હશે ? ઇત્યાદિ વિચારો તેને સૂઝે છે અને પછી એ સ્થાનની પ્રાપ્તિ મારે અવશ્ય કરવાની જ છે; એવો અંતરમાં દૃઢ નિશ્ચય તે બાંધે છે. તેવો પુરુષ નિવૃત્ત કહેવાય છે. તેવા પુરુષને વિષયોમાં વૈરાગ્ય ઉપજી તે નિષ્કામ મંત્ર, જપ, ઈશ્વરપૂજન, ભક્તિ, તપ વગેરે સાધનો કરવા માંડે છે તથા તેમાં જ નિત્ય રાજી રહે છે. આ રીતે પ્રવૃત્તિમાંથી છૂટેલો અને ધ્યેયરૂપ નિવૃત્તિને માર્ગે વળેલો તે પુરુષ પ્રથમની ભૂમિકામાં પ્રવેશ કરે છે. આમ પ્રથમ ભૂમિકાથી માંડી સાતમી ભૂમિકા સુધીનાં તેનાં થનારાં જે કર્મો તે સર્વ નિવૃત્તકર્મો કહેવાય છે. વ્યવહારમાં તેને જ ખરો નિવૃત્ત થયેલો જાણવો.

જ્ઞાનની સાત ભૂમિકાનાં સ્વરૂપો

(૧) **શુભેચ્છાઃ** જ્ઞાનની પ્રથમ ભૂમિકા તે શુભેચ્છા છે. નિત્ય શું છે અને અનિત્ય શું છે ? હું કોણ ? આ જગતાદિ કોણે ઉત્પન્ન કર્યું અને તેનું સાચું સ્વરૂપ શું છે ? ઇત્યાદિ પ્રકારનો વિચાર ઉત્પન્ન થઈ જગતના તમામ વિષયો ઉપર વૈરાગ્ય થવો તથા કેવળ મોક્ષપ્રાપ્તિ એ જ સુખનું એક અંતિમ સ્થાન છે, તે સિવાય અન્ય કાંઈ છે જ નહિ એવા પ્રકારનો નિશ્ચય થઈ શકે તેવી તીવ્ર મુમુક્ષુતા જાગવી તે જ **શુભેચ્છા** છે. (૨) **વિચારણાઃ** મુમુક્ષુતા પ્રાપ્ત થતાં બ્રહ્મનિષ્ઠ એવા શ્રોસદ્‌ગુરુની પાસે જઈ તે કહે તે ઉપદેશ વડે 'તત્ત્વમસિ'

ઇત્યાદિ મહાવાક્યોનાં વિવરણ દર્શાવનારાં શ્રવણ મનનાદિની અંતઃકરણમાં વિવેકયુક્ત વિચારણા ઉત્પન્ન થવી તે વિચારણા કહેવાય. (૩) **તનુમાનસાઃ** ગુરુએ કરેલા આત્મોપદેશનો દૃઢ નિશ્ચય થવો; અંતઃકરણમાં સતત તેનું જ નિદિધ્યાસન કરવાથી અંતર્દૃષ્ટિ પ્રાપ્ત થઈ મુમુક્ષુની બુદ્ધિ આત્મનું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત થવાને લાયક બને છે, તે તનુમાનસા. (૪) **સત્ત્વાપત્તિઃ** ત્રીજી ભૂમિકામાં થયેલા પરોક્ષજ્ઞાનના દૃઢ અભ્યાસ વડે સાક્ષીભાવમાં સ્થિત રહીને હું આ સર્વથી રહિત એવો આત્મસ્વરૂપ છું, આ રીતે જ અપરોક્ષ સાક્ષાત્કાર કરી લેવો તે જ સત્ત્વાપતિ. આ ભૂમિકામાં કેવળ દ્રષ્ટાભાવ શેષ રહે છે. આમાં રહેનાર મહાત્માને બ્રહ્મવિદ્ કહે છે. (૫) **અસંસક્તિઃ** ચોથી ભૂમિકામાં 'હું આત્મા છું' એવા પ્રકારના અભ્યાસના પરિપાકથી ઉત્પન્ન થતી નિર્વિકલ્પતા તે જ અસંસક્તિ. આને સુષુપ્ત પણ કહે છે. આમાં સ્થિત રહેનારા મહાત્માને બ્રહ્મવિદ્વર કહે છે. આ ભૂમિકામાં 'હું' ભાવનો તેના સાક્ષીસહિત વિલય થયેલો પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. જે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે શાસ્ત્રો પોકાર કરી કરીને કહી રહ્યાં છે, તે સાક્ષાત્કારની સ્થિતિ અત્રે મુમુક્ષુના પ્રત્યક્ષ અનુભવમાં આવે છે અને તેમ કરવાથી 'હું' રહિત અવસ્થામાં પણ વ્યવહાર થઈ શકે છે, એ વાત સારી રીતે તેના અનુભવમાં આવે છે. શાસ્ત્રોમાં હું કરવા છતાં કાંઈ કરતો નથી, બોલવા છતાં બોલતો નથી ઇત્યાદિ વિરોધાભાસ જેવાં જે વર્ણનો આવે છે, તે ચૂંચ આ ભૂમિકાની પ્રાપ્તિ થતાં જ તત્કાળ નીકળી જાય છે તથા 'અનાસક્ત થઈ વ્યવહાર કરો' એવું જે સ્થળે સ્થળે શાસ્ત્રવિદો કહે છે તે સ્થિતિ કેવી હોય છે, તેનો સાક્ષાત્ અનુભવ થાય છે; આથી તેને અસંસક્તિ કહેવામાં આવે છે. આ ભૂમિકાને પ્રાપ્ત થયેલો યોગી સુખદુઃખાદિ દ્વંદ્વોથી તદ્દન રહિત બની જાય છે. તેને હંમેશાં નિર્વિકલ્પાવસ્થામાં જ રહેવાનું મન થાય છે. મનનો તો સદંતર વિલય થયેલો હોય છે, તેથી જાણે જબરાઈથી કોઈ તેની પાસે વ્યવહાર કરાવતો ન હોય! તેમ તેનો પરાણે વ્યવહાર ચાલે છે. તે ફરી ફરી નિર્વિકલ્પતામાં જ પડી રહેવાને ઇચ્છે છે. (૬) **પદાર્થાભાવિનીઃ** પાંચમી ભૂમિકામાં પ્રાપ્ત થયેલી તે નિર્વિકલ્પ અવસ્થા ઝાઝો વખત ટકતી નથી, તેથી તેમાંથી જ્યારે ઉત્થાન થાય છે ત્યારે ફરીથી તેમાં બેસી રહેવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે, પરંતુ તેમાં બેસી નહિ રહેતાં જે નિર્વિકલ્પ આત્મપદ તે જ આ સવિકલ્પરૂપે દેખાય છે, નિર્વિકલ્પ અને સવિકલ્પ એ બંનેમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી એવા પ્રકારે બંનેમાં અભેદભાવનો અભ્યાસ કરવાથી આ અદ્વૈત પરમાત્મા એટલે 'હું' જ છું, એવું સવિકલ્પ જ્ઞાન તેને પ્રત્યક્ષ અનુભવમાં આવે છે; તે જ પદાર્થાભાવિની કહેવાય. આ ભૂમિકા સહજસિદ્ધ થાય ત્યારે તેને જ તુર્યગા નામની સાતમી ભૂમિકા કહે છે. આ છઠ્ઠી ભૂમિકામાં સ્થિત રહેનારને બ્રહ્મવિદ્વરીયાન્ કહે છે. આ ભૂમિકામાં સ્થિર થવાને માટે થોડા પ્રત્યાહારની જરૂર છે, એટલે પ્રથમ હું આત્મા છું અને તેમાં હું, તું, તે આ વગેરે ભાવોનો લેશમાત્ર પણ અંશ નથી, એવા પ્રકારના દૃઢ નિશ્ચય અને અભ્યાસ વડે તમામ ભાવોનો પોતાસહિત વિલય કરીને નિર્વિકલ્પતાનો અનુભવ કરવાનો હોય છે. તેવો અનુભવ થયા પછી જેમ દાગીના અને સુવર્ણ બંને અભિન્ન છે તેમ નિર્વિકલ્પ આત્મપદ તે જ હું, તું, તે, આ ઇત્યાદિરૂપે ભાસમાન થઈ રહ્યું છે. આ મુજબ બંનેમાં અભિન્નતાનો ઊલટસુલટ અભ્યાસ પ્રયત્ન વડે કરવો પડે છે. આ ભૂમિકામાં તમામ દૃશ્યાદિ પદાર્થો એટલે જડ ભાવોનો તદ્દન અભાવ પ્રતીત થઈ તે કેવળ એક ચેતનરૂપમાં જ પ્રત્યક્ષ રીતે અનુભવમાં આવે છે; આથી તેનું પદાર્થાભાવિની એવું નામ છે. આ ભૂમિકાને પ્રાપ્ત થયેલો યોગી તમામ દ્વંદ્વો અને ગુણો વગેરે સર્વ પોતા સહ એકરૂપે જ અનુભવે છે. (૭) **તુર્યગાઃ** છઠ્ઠી ભૂમિકાના અભ્યાસની પૂર્ણતા એટલે સહજ સમાધિ; તે જ આ તુર્યગા છે. આમાં પહોંચેલો કૃતકૃત્ય તથા જ્ઞાતજ્ઞેય મહાત્મા સાક્ષાત્ બ્રહ્મરૂપ જ બનેલો હોય છે. શાસ્ત્રમાં જેને માટે આત્મા, બ્રહ્મ, પરમેશ્વર, તત્ત્વજ્ઞાની, મહાપુરુષ વગેરે સંજ્ઞા આપવામાં આવે છે તે આને માટે જ. આને બ્રહ્મવિદ્વરિષ્ઠ પણ કહેવામાં આવે છે.

આ જ્ઞાનની સાત ભૂમિકાઓ પૈકી પ્રથમની ત્રણ ભૂમિકાઓમાં વ્યવહારની સત્તાથી જાગ્રદવસ્થાની જેમ ભાન રહેતું હોવાથી તેને જાગ્રત કહે છે તથા ચોથી ભૂમિકામાં જગત સ્વપ્નવત્ પ્રાતિભાસિક સત્તારૂપ જણાય છે, તેથી તેને સ્વપ્ન એવા નામથી કહે છે. પાંચમી ભૂમિકામાં તો તમામ વાસનાઓનો વિલય થઈ જતો હોવાથી તેને સુષુપ્તિ પણ કહે છે. છઠ્ઠી ભૂમિકામાં હૃદયની સર્વ ગ્રંથિઓ છેદાઈ જાય છે. સાતમી ભૂમિકામાં

તો 'હું બ્રહ્મ છું' એવા ભાવનો પણ વિલય અનાયાસે થઈ જાય છે અને તેની પૂર્ણતા થઈ એટલે ચોથી અવસ્થા કે જેને તુર્યા કહે છે તેની પ્રાપ્તિ થાય છે; અર્થાત સહજસમાધિમાં યોગીની સ્થિતિ થવી તે જ તુર્યગા કહેવાય છે. આ રીતે જ્ઞાનની સાત મુખ્ય ભૂમિકાઓ છે તે સંબંધે તને સંક્ષેપમાં કહ્યું છે.

સમબુદ્ધિયોગ વડે એકદમ અંતિમ ભૂમિકા સાધી શકાય છે.

હે પાર્થ! મેં તને આ ભૂમિકાના અભ્યાસનો ક્રમ સંક્ષેપમાં સમજાવ્યો. તેનો ઉદ્દેશ એ કે, મોક્ષપ્રાપ્તિના મુખ્ય ત્રણ ઉપાયો છે: (૧) હંમેશાં કેવળ એક આત્માનું જ શ્રવણ મનનાદિ અનુસંધાન રાખવું. અંતઃકરણમાં આત્મા વિના બીજા કોઇપણ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન જ થવા નહિ દેવો અને સર્વત્ર એક આત્માને જ જોવો અથવા પોતાસહિત અહંમમાદિ તમામ ભાવોનો વિલય કરી દેવો તે બુદ્ધિ, સાંખ્ય અથવા જ્ઞાનયોગ; (૨) પ્રાણોપાસના (હઠયોગ, સ્વાભાવિક પ્રાણચિંતન કે સબીજ ધારણા વડે પ્રાણનો લય) તથા (૩) કેવળ ભાવયુક્ત ધારણા વડે થતી વા સર્વત્ર પોતાના ઇષ્ટદેવતારૂપ ભાવનાવડે ભક્તિમાર્ગના અવલંબનથી કરવામાં આવતો મનનો નિગ્રહ. આ ત્રણે ઉપાયો મનના નાશ દ્વારા જ મોક્ષના કારણરૂપ થાય છે. આ ત્રણે ઉપાયોમાં મનની શાંતિ એ જ મુખ્ય ધ્યેય છે. બુદ્ધિયોગનો સમાવેશ વસ્તુતઃ મનોપાસનામાં થાય છે. **જ્યાંસુધી મનમાં કોઇપણ પ્રકારનો સંકલ્પવિકલ્પ ઉત્પન્ન થવા પામે છે ત્યાંસુધીને માટે તો આત્યંતિક સુખદર્શક એવા મોક્ષની આશા રાખવી વ્યર્થ છે.** વળી હઠયોગ વડે પ્રાણોપાસના કરો કિંવા શાસ્ત્રમાં બતાવેલા માર્ગો દ્વારા મનનો નિગ્રહ કરવારૂપ રાજયોગ વડે મનોપાસના કરો, તેમાં ક્રમે ક્રમે આ સાત જ્ઞાન ભૂમિકાઓનો સમાવેશ થઈ જાય છે, તેમાં પણ મેં બતાવેલા સમતારૂપ બુદ્ધિ વા જ્ઞાનયોગના આશ્રય વડે તો તત્કાળ અંતિમ ભૂમિકામાં જ સ્થિતિ થાય છે, જો કે આનો સમાવેશ પણ મનોપાસનારૂપ રાજયોગની ઉપાસનામાં જ થાય છે, છતાં મનોપાસનાની અંતર્ગત આવેલી અન્ય ઉપાસનાઓમાં આ બુદ્ધિની સમતારૂપ યોગ અતિ શ્રેષ્ઠ છે. વળી તેનું અવલંબન કરનારા સાધકનું જો અધવચ્ચમાં જ મૃત્યુ થાય તોપણ ઇહ અને પરલોકમાં કલ્યાણ જ થાય છે, જે તને ઉપર કહેલું જ છે. તાત્પર્ય કે, જે ઘણા પ્રયત્ને સાધ્ય ન થઈ શકે અને છેવટે જેની પ્રાપ્તિ સિવાય બીજો એક પણ માર્ગ જ નથી, જેને માટે રાતદિન સર્વ પ્રયત્નો કરે છે એવા પરમપદની પ્રાપ્તિ સહેજમાં શી રીતે થઈ શકે, તેની આ ચાવીરૂપ યુક્તિઓ મેં તને બતાવેલી છે તે ધ્યાનમાં લઈ ખોટી શંકાઓ કરવાનું છોડી દે અને તે માર્ગનું તું અવલંબન કર.

અભ્યાસની પૂર્ણતા થયા સિવાય જો વચ્ચે જ કોઈનું મૃત્યુ થાય તો તેની ગતિ શી થાય છે? એવો પ્રશ્ન કરીને આડકતરી રીતે અર્જુનની જાણવાની ઇચ્છા હતી કે, ભગવાને કહેલા આ યોગનો પોતે આશ્રય કરે, પરંતુ તેની પૂર્ણતા થયા પહેલાં જ જો યુદ્ધમાં મૃત્યુ થાય તો મારી શી ગતિ થશે? તેના ઉત્તરમાં ભગવાને તેનો આ લોકમાં સદાચારી અને નીતિસંપન્ન એવા શ્રીમાન શેઠ શાહુકાર વા રાજમહારાજાઓને ત્યાં અથવા તો કોઈ આત્મજ્ઞાની યોગીના કુળમાં જન્મ થાય છે અને સાથે સાથે તેનો પૂર્વાભ્યાસ ક્રમે ક્રમે વધતો જઈ અંતે તેની પૂર્ણતા થતાં સુધી પોતાની ઇચ્છા હોય વા ન હોય પણ આ અભ્યાસમાર્ગમાં આગળ વધતો રહે છે એમ કહ્યું છે. તાત્પર્ય કે, જો તારું મૃત્યુ વચ્ચે જ થાય તો તને ઉચ્ચ એવા શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિ થશે. સિવાય તું પૂર્વજન્મનો યોગભ્રષ્ટ છે તેથી જ આવા પવિત્ર કુળમાં ઉત્પન્ન થયો છે તથા તારી ઇચ્છા નહિ હોવા છતાં પરાણે આ આત્મજ્ઞાનરૂપી અમૃત હું તને પાઈ રહ્યો છું, એમ કહે છે.

પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ ।
જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ॥ ૪૪ ॥

યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મથી અતીત થાય

ભગવાન આગળ કહે છે: એવો અપૂર્ણ યોગી પૂર્વના અભ્યાસ વડે અવશ થઈને એટલે પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પરાણે જ આગળની ભૂમિકાઓમાં ઉત્તરોત્તર ખેંચાઈ જાય છે. અરે! વધુ શું કહું? જેને

કેવળ આ યોગની ઇચ્છા થયેલી હોય છે એવો જિજ્ઞાસુ પણ વેદે કહેલા શબ્દબ્રહ્મને એટલે કે બ્રહ્મપ્રતિપાદન કરતાં કરતાં વેદો જ્યાં નેતિ નેતિ કહી ચૂપ થયા છે એવા આત્માના પરોક્ષજ્ઞાનને ઓળંગી જાય છે તથા ઉત્તરોત્તર ક્રમે અંતિમ ભૂમિકામાં પ્રવેશે છે, તો પછી જે પ્રયત્ન કરનારો છે તેને માટે તો શું કહેવું ?

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।

अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥

યોગી ક્રમે ક્રમે કૈવલ્યગતિને પામે છે

આ રીતે પ્રયત્નથી પણ અધિક પ્રયત્ન કરતો એટલે જોરદાર પ્રયત્ન તથા ઉદ્યોગ વડે એક પછી એક એમ ક્રમે ક્રમે ઉત્તરોત્તર યોગભૂમિકાઓને વટાવી અંતે જેમાં કિંચિન્માત્ર પણ મેલ નથી, જેના પાપ પુણ્યાદિ તમામ કર્મો ધોવાઈ ગયાં છે, એવો એ શુદ્ધ થયેલો યોગી અનેક જન્મને અંતે પરાગતિ એટલે કે આત્મામાં તદ્રૂપ થવારૂપ શ્રેષ્ઠ એવી કૈવલ્યગતિને અર્થાત્ મોક્ષને પામે છે.

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।

कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥४६॥

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।

श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥४७॥

બુદ્ધિની સમતારૂપ યોગ જ સર્વથી શ્રેષ્ઠ કેમ ?

હે અર્જુન! મેં તને જે આ આત્માની એકતારૂપ સમત્વબુદ્ધિયોગ કહ્યો છે, તેનું આચરણ કરનારા યોગીને તો આત્મપ્રાપ્તિને માટે જે તપશ્ચર્યા કરી રહેલો છે તેવા તપસ્વી કરતાં જેને આત્માનું પરોક્ષજ્ઞાન થયેલું છે પરંતુ અપરોક્ષજ્ઞાન થયેલું નથી એવા જ્ઞાની કરતાં તથા જે આત્મપ્રાપ્તિને માટે નિત્યનૈમિત્તિકાદિ નિષ્કામ કર્મો કરી રહેલો છે એવા કર્મઠો કરતાં પણ અધિક શ્રેષ્ઠ માનવામાં આવે છે; કેમ કે પ્રથમ જે તને સાંખ્યયોગ, યોગયોગ અને મને આત્મા સમજીને તમામ કર્મો અર્પણ કરવારૂપ ભક્તિયોગ; એમ ત્રણ પ્રકારના યોગો કહેવામાં આવેલા છે તે પૈકી યોગયોગ છોડી બીજા બેનો સમાવેશ સમબુદ્ધિયોગમાં જ થાય છે (અધ્યાય ૨–૩ જુઓ.) વાસ્તવિક રીતે તો આ ત્રણે માર્ગનો સમાવેશ મનોપાસના તથા પ્રાણોપાસનાની અંતર્ગત જ થાય છે, એટલું જ નહિ પણ તેમાંએ પ્રાણોપાસનામાં ગતાવેલા હઠયોગાદિ કરતાં બીજા બે આચરણ માટે અતિ સુલભ હોવાથી આ માર્ગના અભ્યાસમાં સ્થિર થયેલા યોગીની શ્રેષ્ઠતા વિશેષ માનવામાં આવેલી છે: માટે હે અર્જુન! તું તેવા પ્રકારનો સમબુદ્ધિમાન યોગી જ થા; કારણ કે આવી કટોકટીની પળે તારે માટે પ્રાણોપાસના કરવાનું શક્ય નથી; વળી તે સર્વ કરીને પણ અંતે તો જે મેં તને કહ્યો તે બુદ્ધિની સમતારૂપ યોગમાં સ્થિર થવાનું હોય છે; માટે તેવા પ્રકારના અભ્યાસમાં સ્થિર થયેલો યોગી જ સર્વ કરતાં શ્રેષ્ઠ છે, એમ નિશ્ચયપૂર્વક જાણ. શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે: હે અર્જુન! અત્યાર સુધી મેં સમબુદ્ધિની અંતર્ગત આવેલા સાંખ્ય, જ્ઞાન વા બુદ્ધિયોગનું વિવરણ કર્યું; હવે આ કરતાં પણ અતિશય સુલભ, સૌથી શ્રેષ્ઠ તથા અતિ ઉત્તમ ઉપાય કહું છું, તે તું લક્ષપૂર્વક સાંભળ. જે શ્રદ્ધાવાન સર્વ પ્રકારે મદ્ગતેન એટલે "આત્મસ્વરૂપ એવો હું" (વાક્યાંક ૧) તેવા મારામાં જ ગત થયેલો છે અર્થાત્ મારી સાથે એકરૂપ બનેલો છે તથા જે અંતરમાં આત્મરૂપ એવા મને જ નિરંતર ભજે છે, તેને જ મારા સાચા આત્મસ્વરૂપ એવો હું (વાક્યાંક ૧)માં યુક્ત થયેલો ઉત્તમ સિદ્ધ જાણ.

અધ્યાય ૭

શ્રીભગવાનુવાચ—

મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુઞ્જન્મદાશ્રયઃ ।

અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ ॥૧॥

મારું નિઃશંક જ્ઞાન થાય તે પ્રકાર કહું છું

શ્રીભગવાન કહે છેઃ હે અર્જુન! મેં પાછલા અધ્યાયના અંતમાં શ્રદ્ધા વડે જે નિરંતર મને જ ભજે છે તથા મારામાં જ એકરૂપ બનેલો છે તેને જ ઉત્તમ સિદ્ધ જાણવો, એમ કહેલું છે; પરંતુ આ રીતે મારામાં આસક્ત મનવાળો, કેવળ એક મારા જ આશ્રયે રહેલો અને ફક્ત મારા જ યોગને આચરનારો એટલે અંતઃકરણમાં "હું" જ સર્વ છું, એવા પ્રકારની દૃઢ ભાવના રાખીને અભ્યાસ કરનારો અર્થાત જે નિત્યપ્રતિ મારામાં જ તન્મય બનેલો છે, તેને હું એટલે કોણ? એ જાણવાની જરૂર છે. આ હું એટલે કેવળ આ શરીરધારી કૃષ્ણ નહિ, પરંતુ મારામાં જ ચિત્તને પરોવવા માટે વારંવાર જે તને કહેવામાં આવ્યું છે તે "હું" એટલે તો સર્વત્ર અને સર્વમાં વ્યાપક એવો આત્મસ્વરૂપ છે, એવું યથાર્થ અને નિઃસંશય જ્ઞાન જે વડે થાય તે પ્રકાર હવે તને કહું છું.

જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ ।

યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે ॥૨॥

જે જાણ્યા બાદ બીજું કાંઈ જાણવાનું રહેશે નહિ

જે જાણ્યા પછી બીજું કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી અર્થાત જાણવાપણાની એટલે જ્ઞાનની કક્ષા જ્યાં આગળ સંપૂર્ણ થાય છે, જે જાણ્યા બાદ આ કરતાં કાંઈ વિશેષ જાણવાનું બાકી રહ્યું છે એવા પ્રકારનો મોહ ફરીથી કદી પણ ઉત્પન્ન થતો જ નથી, તેવું વિજ્ઞાનસહિત જ્ઞાન એટલે આત્મસ્વરૂપ એવા મારું પરોક્ષ અને અપરોક્ષ એમ બંને પ્રકારનું જ્ઞાન બિલકુલ શેષ રહેવા નહિ પામે એ રીતે સંપૂર્ણપણે તને કહીશ.

જ્ઞાન વિજ્ઞાનની વ્યાખ્યા

જ્ઞાન અને વિજ્ઞાન એટલે શું? તેની વ્યાખ્યાઓ પ્રથમ આપેલી છે, છતાં અત્રે પ્રસંગવશાત્ બોધની દૃઢતાને અર્થે પુનઃ સંક્ષેપમાં જણાવવાની જરૂર જણાય છે. અદ્વૈત જ્ઞાનનું જ મુખ્યત્વે જ્ઞાન એ નામ છે તથા જે કેવળ સ્વતઃસિદ્ધ એવું પરમ ચૈતન્ય કિંવા આત્મતત્ત્વ છે, એ જ અદ્વૈત વિજ્ઞાન છે. આત્માનો સાક્ષાત્કાર થવો એનું નામ જ વિજ્ઞાન છે. અદ્વૈત એવા આત્માની શુદ્ધ અવસ્થાનું પરોક્ષજ્ઞાન તો જ્યારે દ્વૈત ભાવનાની નિવૃત્તિ અનાયાસે જ થઈ ચિત્ત કેવળ એક આત્માભિમુખ બને છે, એટલે જ્યારે મમાદિ તમામ ભાવો સહ 'હું'નો પણ તેના સાક્ષીસહિત સંપૂર્ણ વિલય થવા પામે છે ત્યારે જ થાય છે. આમ ચિત્ત આત્માભિમુખ બન્યું એટલે તે તેમાં જ તદ્રૂપ બની જાય છે. વેદવાક્યોના આધારે પ્રતિપાદન કરેલા સયુક્તિક વિચાર વડે આત્મસાક્ષાત્કાર થઈ 'દેહ જ હું છું" એવી ભાવનાનો સદંતર નાશ થઈ હું તો કેવળ એક આત્મરૂપ જ છું એવા પ્રકારે ભાન થવું તેનું નામ જ જ્ઞાન તથા જે જ્ઞાન વડે આ ભાસમાન થતું દૃશ્ય કોઈ પણ જગ્યાએ કિંચિન્માત્ર પણ કદી સ્ફુરિત થતું નથી, જે જ્ઞાન પ્રાપ્ત થયા પછી કોઈ પણ જગ્યાએ કાંઈ પણ જાણવાપણું કે કરવાપણું રહેતું જ નથી, જેના અનુભવ વડે સર્વ જાતના વિષયો કેવળ

એક આત્મસ્વરૂપે જ અનુભવવામાં આવે છે; એ રીતનો અપરોક્ષાનુભવ કિંવા આત્મસાક્ષાત્કાર થવો તેનું નામ જ વિજ્ઞાન કહેવાય. આ રીતે શાસ્ત્રમાં કહેલું છે.

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।

यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥३॥

મને તત્ત્વતઃ જાણનારો તો ભાગ્યે જ કોઈ નીકળે છે

ભગવાન કહે છે : હે અર્જુન ! હજારો મનુષ્યો પૈકી કવચિત્ કોઈક જ આ આત્મસિદ્ધિને માટે યત્ન કરે છે. અને આવી રીતે યત્ન કરનારા હજારોમાં ચિત્તશુદ્ધિ થઈ કવચિત્ જ કોઈ સિદ્ધિ એટલે અપરોક્ષાનુભવ વા આત્મસાક્ષાત્કાર કરી શકે છે. એવા આત્મસાક્ષાત્કારરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરેલા અપરોક્ષાનુભવિ મહાસિદ્ધોમાં પણ મંદમાનસ અને નષ્ટમાનસની કક્ષા વટાવી આગળ વધી તત્ત્વતઃ મને એટલે તત્સ્વરૂપ એવા આત્માને અપરોક્ષાનુભવથી પણ પર જાણનારો બહુમાનસ જીવન્મુક્ત તો કોઈ ભાગ્યે જ મળી આવે છે. અર્થાત્ "હું" એટલે શરીર નહિ પરંતુ 'તત્'રૂપ એવો આત્મા(વૃક્ષાંક ૧) છે, એવી રીતનો મારો ખરો સ્વરૂપનું સ્વતઃસિદ્ધ જ્ઞાન તો આત્મસિદ્ધિને માટે પ્રયત્ન કરનારાઓ પૈકી પણ કવચિત્ જ કોઈ પ્રાપ્ત કરી શકે છે.×

સિદ્ધિ એટલે શું ?

હે અર્જુન ! "હું" એટલે કાંઈ દેહ નથી, પણ આત્મા છે" એવો સ્વાનુભવથી નિશ્ચય થવો તેનું નામ જ સિદ્ધિ. દેહ એટલે જ હું છું એવા પ્રકારે દેહને ઠેકાણે આત્માનો થયેલો ભ્રમ સંપૂર્ણ રીતે નાશ પામે એટલે ખરી સિદ્ધિ પ્રાપ્ત થઈ એમ જાણવું. તે અપરોક્ષાનુભવ વગર શક્ય નથી. ખરી રીતે તો આત્મા સંબંધે નિશ્ચય તો તમામનો હોય છે, એટલે "હું" છું એમ તો બધા જ જાણે છે, પણ તે નિશ્ચય "હું એટલે આત્મા છે" એવા પ્રકારની કેવળ શુદ્ધ અને સત્ય ભાવનારૂપે નહિ, પરંતુ હું એટલે શરીર જ છું એવા પ્રકારની દૂષિત મિથ્યા વા અસત્ ભાવનારૂપે છે; આથી દેહાદિકને ભાસમાન કરનારું જે શુદ્ધ ચૈતન્યતત્ત્વ એ જ આત્મા હોઈ તે જ હું છું, એ મુજબની સત્ય ભાવના થવી જરૂરી છે. સારાંશ, હું એટલે આત્મા છે, એવા અપરોક્ષાનુભવદ્વારા નિશ્ચય થઈ તમામ સંશયોનો લય થવો તેને જ સિદ્ધિ કહેવામાં આવે છે. અણિમાદિ અથવા ખેચરત્વાદિ સિદ્ધિઓ તો આની આગળ એક તણખલા સમાન જ છે. તે બધી સિદ્ધિઓ મર્યાદિત હોઈ વ્યવહારદૃષ્ટિએ જો કે તેને સિદ્ધિઓ સમજવામાં આવે છે ખરી, પરંતુ તે તો અંતે દુઃખદાયક જ છે. આ સિદ્ધિઓ આત્મજ્ઞાનના સાધનમાં અનાયાસે જ પ્રાપ્ત થાય છે, પણ તે બધી આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્ન કરનારો હોવાથી નિરર્થક જ છે. મદારીનો જાદુઈ રમતની જેવી આ સિદ્ધિઓ વડે સ્વહિત કેવી રીતે સાધી શકાય ? આત્મસિદ્ધિની આગળ બ્રહ્મદેવના અધિકારનું સ્થાન પણ એક તણખલા સમાન અતિ તુચ્છ છે; માટે તે સિવાયની ઇતર કોઈપણ સિદ્ધિઓને સિદ્ધિ સમજવી એ તો કેવળ એક બાળકની રમત સમાન જ છે; માટે એક આત્મજ્ઞાન વિના બીજા કશાને સિદ્ધિ કહી શકાય નહિ. જે વડે દુઃખનો આત્યંતિક નાશ થાય; પરિપૂર્ણ અને અખંડ એવા આનંદસ્વરૂપમાં નિમગ્ન થઈ જવાય તથા અંતે મૃત્યુના મુખમાંથી પણ કાયમી છૂટકારો થાય, એટલે જે થકી અત્યંત દુઃખરૂપ એવા આ જન્મમરણના ચક્રમાંથી છૂટીને મોક્ષની પ્રાપ્તિ થાય, તે જ ખરો સિદ્ધિ કહેવાય. આવી સિદ્ધિને પ્રાપ્ત કરાવી આપનારું તો કેવળ આત્મજ્ઞાન વગર બીજું કોઈ પણ સાધન છે જ નહિ; માટે હું તથા આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારે સર્વાત્મભાવનો સંપૂર્ણ નિશ્ચય થઈ અદ્વૈતપદનો સ્વાનુભવ લેવો એ જ ખરી આત્મસિદ્ધિ છે; માટે હે પાર્થ ! ઉપર તને જે સિદ્ધિ સંબંધે કહેવામાં આવ્યું છે તે આ આત્મસિદ્ધિને માટે છે, એમ જાણ. તાત્પર્ય કે, "હું" એટલે કાંઈ શરીરાદિ નહિ પરંતુ તત્ કિંવા

×મંદમાનસ, નષ્ટમાનસ અને બહુમાનસ સંબંધના વિવેચન માટે અધ્યાય ૬ શ્લોક ૧૪:પૃષ્ઠ ૩૬૧/૩૬૨ જુઓ.

આત્મા(વૃક્ષાંક ૧) છે, એવા પ્રકારે તત્ત્વદૃષ્ટિએ જાણવું એ જ ખરી જ્ઞાનસિદ્ધિ છે અને આવા તત્ત્વદૃષ્ટિના શુદ્ધ વિજ્ઞાન સુધી તો આત્મસિદ્ધિને માટે પ્રયત્ન કરનારાઓ પૈકી પણ ભાગ્યે જ કોઈ પહોંચે છે, બાકી ઘણુખરાઓ તો અધવચ્ચ જ ગોથાં ખાવા કરે છે.

મહર્ષિ સાંખ્યાયન તથા સિદ્ધ કપિલ મુનિ

શ્રીભગવાન આગળ કહે છેઃ હે અર્જુન! મને તત્ત્વતઃ જાણનારો કવચિત જ કોઈ નીકળે છે, જે ઉપર જણાવેલું જ છે. જેની પ્રાપ્તિ થવી અતિશય દુર્ઘટ (દુર્લભ) છે એવો હું તો તત્ કિંવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છું, તેવા મારા સાચા અનિર્વચનીય સ્વરૂપનું વિજ્ઞાન સહિત જ્ઞાન થવાને માટે પ્રથમ તો પ્રકૃતિપુરુષનો વિવેક કરવો પડે છે. તેનો ઉદ્દેશ ફક્ત એટલો જ કે પુરુષ એટલે ઈશ્વરે કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨) તો પ્રકૃતિ કિંવા માયા(વૃક્ષાંક ૩)થી તદ્દન અલિપ્ત છે, આ મુજબના વિવેક વડે જ્યારે પ્રકૃતિના મિથ્યાત્વનું ભાન થાય છે ત્યારે પુરુષ એ તો નિર્વિકાર, અવ્યય, કૂટસ્થ, અનિર્વચનીય, અદ્વૈત એવો સ્વતઃસિદ્ધ આત્મરૂપ છે, એમ સ્વાભાવિક રીતે જ જાણવામાં આવી તમામ દ્વૈતભાવોનો વિલય અનાયાસે જ થઈ જાય છે. આ પ્રકૃતિ અને પુરુષના વિવેકની સમજૂતીની સરળતાને માટે સૃષ્ટિના આદિકાળમાં મહર્ષિ સાંખ્યાયન મુનિએ સંખ્યા દ્વારા અજ્ઞાનીઓને સમજ પડે એવી રીતે તત્ત્વોની વિભાગણી કિંવા પૃથક્કરણ કરી સમજાવેલું છે; આથી જ શાસ્ત્રકારો તેને "**सङ्ख्यया कृतमिति साङ्ख्यम्।**" એટલે સંખ્યા કરનાર તે જ સાંખ્ય કહેવાય, એમ કહે છે. અર્થાત્ દ્વૈતનો અંગીકાર કરી અદ્વૈત એવું તત્ત્વજ્ઞાન સમજાવવાની જે યુક્તિ તેને જ સંખ્ય કિંવા સાંખ્યયુક્તિ કહે છે. આ યુક્તિના આશ્રયી જે શાસ્ત્રો તે સાંખ્ય તથા તેના આશ્રયવડે સમજાવનારા તે સાંખ્યાચાર્યો કહેવાય છે. આ સંબંધે પ્રથમ વિસ્તૃત વિવેચન કરેલું જ છે (અ૦ ૨, શ્લો૦ ૩૯ અને અ૦ ૫, શ્લો૦ ૪ જુઓ). એટલે અત્રે વધુ વિસ્તાર કરવાની જરૂર નથી. પરંતુ સંક્ષિપ્તમાં એટલું જ જાણવું બસ છે કે, આંધળાઓને હાથીનું સ્વરૂપ સમજાવતી વખતે આ પગ, આ સૂંઢ, આ પૂંછડી, આ કાન છે એમ જુદું જુદું બતાવી આ બધું મળીને જ એક હાથી કહેવાય. એ રીતે સમજાવવામાં આવે છે, તેમ અજ્ઞાનીઓને અદ્વૈત એવા પરમતત્ત્વને હું, તું, તે, આ વગેરે ભેદો અથવા તત્ત્વની સંખ્યા કરીને સમજાવવાની જે યુક્તિ તે જ સંખ્ય કહેવાય. આ યુક્તિના કલ્પારંભના સૌથી પ્રથમ અને આદ્ય પુરુષ તે મહર્ષિ સાંખ્યાચાર્ય હોઈ તે યુક્તિને લાંબો કાળ વ્યતિત થવાને લીધે દરેક યુગ યુગમાં થનારા પૃથ્વીપ્રલયાદિને લીધે જ્યારે તેનો લોપ થઈ જાય છે ત્યારે તેને ફરીથી પ્રકટ કરીને સજીવન કરવાને માટે દરેક મહાયુગના આરંભમાં થનારો પરમાત્માનો આદ્ય અવતાર તે સિદ્ધ એવા આ મહર્ષિ કપિલ મુનિ છે; અર્થાત્ સાંખ્યાચાર્ય મહર્ષિ તો કલ્પના આદ્ય પુરુષ છે અને શ્રીકપિલ મહર્ષિ યુગના આદ્ય પુરુષ છે, એમ સમજો. આ સાંખ્યયુક્તિનો આશ્રય લઈ ત્યાર પછી બીજા પણ ઘણા ઋષિઓએ ભિન્ન ભિન્ન એવી તત્ત્વની અનેક સંખ્યાઓ કરીને સાંખ્યયુક્તિદ્વારા આત્મતત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરેલો છે, તે સંબંધે પ્રથમ વિસ્તૃત વિવેચન આપવામાં આવેલું છે (જુઓ અ૦ ૨, શ્લો૦ ૩૯ "ઉદ્ધવજીનો પ્રશ્ન તથા તેનો ભગવાને આપેલો ઉત્તર" એ શીર્ષક અને અ૦ ૫, શ્લો૦ ૪).

તત્ત્વોની ભિન્નતા સંબંધમાં વિરોધાભાસ નથી

હે અર્જુન! હું તને અત્રે પ્રકૃતિના કારણરૂપ એવાં આઠ તત્ત્વોનો અંગીકાર કરીને પ્રકૃતિ પુરુષનો વિવેક સમજાવવાનો છું; કે જેથી તને મારા સાચા સ્વરૂપનું જ્ઞાન થશે (ભિન્ન ભિન્ન તત્ત્વોનું કારણ અ૦ ૨, શ્લો૦ ૩૯ના વિવરણમાં જણાવેલું છે તે જુઓ). તત્ત્વોનો એકબીજામાં અંતર્ભાવ થઈ જતો હોવાથી કહેનારની ઇચ્છા પ્રમાણે તેમાં ન્યૂનાધિક સંખ્યાઓ થઈ શકે છે. જેમ માટીના ઘડામાં કોઈ માટી, પાણી, થાળી, ચાક અને કુંભાર એમ જુદાં જુદાં ગણીને પાંચ તત્ત્વો લઈ સમજાવશે; તો કોઈ માટી, પાણી અને કુંભાર એમ ત્રણ તત્ત્વો વડે સમજાવે; યા કોઈ માટી અને કુંભાર એ બે તત્ત્વોનો આશ્રય લઈ સમજાવે કિંવા કોઈ ઘડો તથા માટી એક જ છે એમ સમજાવે; તો આ બધાનું તાત્પર્ય જેમ એક ઘડાના

સાચા સ્વરૂપનું જ્ઞાન વા તત્ત્વના નિર્ણય પુરતું જ હોય છે, તેમ આ આત્મતત્ત્વ સમજાવવાને માટે તત્ત્વોની ગમે તેટલી સંખ્યા વડે સમજાવવામાં આવે તોપણ તે સર્વનો ભાવાર્થ અંતે એક જ હોવાથી બધું સયુક્તિક જ છે; એમ જાણવું.

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।

अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥

આઠ પ્રકારના ભેદવાળી પ્રકૃતિ

શ્રીભગવાન આગળ કહે છે : હે પાર્થ ! તું બુદ્ધિમાન હોવાથી વધુ વિસ્તાર નહિ કરતાં સમયોચિત (૧) ભૂમિ, (૨) જળ, (૩) અગ્નિ, (૪) વાયુ (૫) આકાશ, (૬) મન, (૭) બુદ્ધિ, તથા (૮) અહંકાર મળી કુલ આઠ કારણતત્ત્વનો અંગીકાર કરીને હું તને પ્રકૃતિનું સ્વરૂપ સમજાવું છું, કેમ કે જોવામાં આવતું આ સમગ્ર બ્રહ્માંડ એ તો એક કાર્ય છે, તેનું કારણ તો કોઈ જુદું જ છે. તે બ્રહ્માંડરૂપ કાર્ય ઉપર કારણરૂપ અનેક આવરણો છે (જુઓ વૃક્ષાંક ૩થી ૧૫ ઘ). આ સર્વ મહાકારણ (વૃક્ષાંક ૩ થી ૫) અને કારણ (વૃક્ષાંક ૬ થી ૧૨) તત્ત્વો કહેવાય છે. તે સર્વ જગતના ઉપાદાન કારણોમાં ગણાય છે. આ બધા અધિદેવ (વૃક્ષાંક ૬), અધ્યાત્મ (વૃક્ષાંક ૬), અધિભૂત (વૃક્ષાંક ૬) તેમ જ અહંકાર (વૃક્ષાંક ૮), ચિત્ત (વૃક્ષાંક ૯). બુદ્ધિ (વૃક્ષાંક ૧૦). મન (વૃક્ષાંક ૧૧), હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨), બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) તેમ જ અવ્યક્ત (વૃક્ષાંક ૪) થી અહંકાર (વૃક્ષાંક ૮) સુધીનાં તમામ તત્ત્વો એ બધાં સૃષ્ટિના ઉપાદાન કારણો હોઈ તેને દ્રવ્ય પણ કહે છે. આ દ્રવ્ય વડે પ્રકૃતિ એ પુરુષના અધિષ્ઠાનપણા તથા કાળશક્તિના ક્ષોભ વડે ત્રણ ગુણોના વિસ્તારને પામે છે, તેથી આ સર્વનું મૂળ કારણ તો આ પ્રકૃતિ જ ગણાય છે (જુઓ વૃક્ષાંક ૩). મેં અત્રે તને સમજાવવા માટે આ મારી પ્રકૃતિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) ને આઠ પ્રકારના ભેદોમાં જ વહેંચી નાંખી છે. તેમાંના સૂક્ષ્મ પેટાભેદો કહેલા નથી. વૃક્ષમાં આપેલા અવ્યક્ત (વૃક્ષાંક ૪)થી અહંકાર (વૃક્ષાંક ૮) પર્યંતના સર્વનો સમાવેશ ભગવાને અત્રે એક અહંકારમાં જ કરેલો છે. ચિત્ત (વૃક્ષાંક ૯) નો સમાવેશ બુદ્ધિ (વૃક્ષાંક ૧૦)ની અંતર્ગત કરેલો છે. અહંકારમાંથી ઉત્પન્ન થયેલ સત્ત્વ (વૈકારિક) અને તેના પેટામાં આવેલાં અધિદૈવાદિ તમામ કર્તા તત્ત્વો (વૃક્ષાંક ૮/ ૧, ૪, ૭, અ) નો સમાવેશ મન (વૃક્ષાંક ૧૧)માં કરેલો છે તથા અહંકારના તૈજસ તથા તામસ ભેદોના પેટામાં આવેલા તમામનો અંતર્ભાવ પાંચ મહાભૂતોમાં કરેલો છે. એમ સમજવું. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણે અત્રે આ બ્રહ્માંડને વેષ્ટન કરીને એટલે વીંટળાઈ ને રહેલા આઠ કારણતત્ત્વો કે જેને શાસ્ત્રકારો પુર્યષ્ટક પણ કહે છે તેને આધારે પ્રકૃતિનું સ્વરૂપ સમજાવેલું છે. પાંચ મહાભૂતો, મન અહંકાર અને મહત્તત્ત્વ; એ આઠને શાસ્ત્રમાં પુર્યષ્ટક કહેવામાં આવે છે. અત્રે પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર, એ રીતે કુલ આઠને પુર્યષ્ટક તત્ત્વો કહેલાં છે. બ્રહ્માંડની બહારથી આ આઠ આવરણો વડે વીંટાયેલું એ બધું મળીને આત્મસ્વરૂપ એવા ભગવાનનું સ્થૂળ કિંવા વિરાટ સ્વરૂપ કહેવાય છે. આ જ મારી અપરાપ્રકૃતિ છે. આ રીતે અનિર્વચનીય એવા પુરુષ માયા વડે કેવી રીતે ભેદને પામ્યો, તે વિવેકની પુષ્ટતાને અર્થે શાસ્ત્રનો નિર્ણય કહું છું :

અપરાપ્રકૃતિનો વિસ્તાર

બ્રહ્માંડની ઉત્પત્તિ પૂર્વે એટલે આ સ્થૂલસૃષ્ટિના આદિકાળમાં વિરાટસ્વરૂપ ધારણ કરનાર પુરુષ (વૃક્ષાંક ૨) અંડ એટલે બ્રહ્માંડ(વૃક્ષાંક ૧૪)ને ભેદીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે તેને સ્નાનની ઇચ્છા થવાથી પવિત્રરૂપ પોતે જ પવિત્ર એવું જળ ઉત્પન્ન કર્યું અને પોતે પોતાના સૂજેલા આ જળની અંદર હજારો વર્ષો સુધી રહ્યા, તેથી કરી એ પુરુષનું જ નારાયણ (વૃક્ષાંક ૬ જુઓ) એવું નામ પડ્યું. જે નારાયણ પણ ઈશ્વર(વૃક્ષાંક ૨)ની સત્તા વડે પ્રકૃતિ (વૃક્ષાંક ૩)ના આશ્રયરૂપ પંચમહાભૂતો, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ વગેરે દ્વારા ક્રિયા કરાવવામાં સમર્થ થાય છે, પણ ઈશ્વરની સત્તા વિના સ્વતંત્ર રીતે થતા નથી.

એવા એ દેવરૂપ સમર્થ ઈશ્વર (વૃક્ષાંક ૨) " **એકોઽહં બહુ સ્યાં પ્રજાયેત** ।" એક એવો "હું" જ અનેકરૂપે થાઉં, એમ જુદે જુદે રૂપે થવાની ઇચ્છાથી યોગશય્યામાંથી બાહ્યવૃત્તિ લારીને પોતાના તેજોમય (પ્રકાશરૂપ) દેહને કાળના ક્ષોભ વડે માયા (વૃક્ષાંક ૩) એ કરીને પ્રથમ સત્ત્વ, રજ, અને તમના મિશ્રણરૂપ અવ્યક્ત (વૃક્ષાંક ૪) તથા ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિયુક્ત પ્રકૃતિપુરુષ (વૃક્ષાંક ૫) અને તેમાંથી મમ એવા જીવ અથવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬)રૂપે વિકાસને પામી ક્રમે ક્રમે મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) અને પછી અહંકાર (વૃક્ષાંક ૮)રૂપ થયો અને ત્યારબાદ અહંકારસ્વરૂપ બનેલો તે ઈશ્વર જ અનુક્રમે અધિદૈવ (વૃક્ષાંક ૯), અધ્યાત્મ (વૃક્ષાંક ૯) તથા અધિભૂત (વૃક્ષાંક ૯), એમ અહંકારના ત્રણ પેટાભેદો વડે વિભાગાયો છે. હવે એક એવો તે પુરુષ(વૃક્ષાંક ૨)રૂપ ભગવાનનો આ વિરાટ દેહ ત્રણ પ્રકારે ક્ષોભને શા માટે પામ્યો તે સાંભળો. ક્રિયાશક્તિ (વૃક્ષાંક ૯)એ કરીને નાના પ્રકારની ચેષ્ટા કરતો એવો તે પુરુષ (વૃક્ષાંક ૨)જ જેમ પાણીથી બરફ બને, તેમ આત્મા કિંવા ચિદાકાશ એવા પોતે પોતાના મૂળ સ્વરૂપમાં ફેરફાર નહિ થતાં તેમાં જ ઇંદ્રિયશક્તિ, મનની શક્તિ અને દેહની શક્તિરૂપે વિવર્તભાવે ઉત્પન્ન થયો છે. તે પછી આ સર્વ શક્તિથી યુક્ત એવું અર્ધનારીનટેશ્વર નામનું સૂક્ષ્મસ્વરૂપ (વૃક્ષાંક ૫) થયું. તેમાંથી સૂત્રાત્મા નામનો મુખ્ય કે મહાપ્રાણ (વૃક્ષાંક ૬) ઉત્પન્ન થયો. તે જ આ સૃષ્ટિમાં સર્વનો પ્રાણ છે. આ બધા સમષ્ટિવ્યષ્ટિ ભેદો પણ ઘટાકાશ મહાકાશની જેમ તેના વડે જ ભાસી રહ્યા છે, જેમ રાજાના ચાકરોનો સર્વ વ્યવહાર રાજાને અધીન હોય છે, તેમ સર્વ પ્રાણીમાત્રમાં આ મહાપ્રાણને લીધે જ ઇંદ્રિયો સર્વ પ્રકારની ચેષ્ટાઓ કરે છે* અને તેના વિના ઇંદ્રિયોની તમામ ચેષ્ટાઓ બંધ પડી જાય છે.

સર્વને ચલાવનારા આ મહાપ્રાણ વા સૂત્રાત્માને લીધે મૂળ વિરાટ વા અપરસ્વરૂપ (વૃક્ષાંક ૬થી૧૫ ઘ)માં ક્ષુધા અને તૃષા આદિ ઉત્પન્ન થયાં, તે પછી પિપાસાવાન (તરસ્યા) અને ક્ષુધાવાન (ભૂખ્યા) તે વિરાટને પ્રથમ મુખ ઉત્પન્ન થયું, મુખથી તાલુ, તાલુને વિષે જિહ્વા ઇંદ્રિય ઉત્પન્ન થઈ. તે પછી જિહ્વાથી જાણી શકાય એવા નાના પ્રકારના ષડ્રસોરૂપ વિષય ઉત્પન્ન થયો અને તેના દેવતા વરુણ થયા, બોલવાની ઇચ્છા થવાથી તે વિરાટના મુખથી અગ્નિદેવ, વાણી નામની ઇંદ્રિય તથા બોલવું એ તેનો વિષય થયો. અગ્નિદેવતા હોય તો જ વાણીથી શબ્દોચ્ચાર થાય છે તે વગર થતો નથી. તે સંબંધી વ્યવહારમાં દરેકને સ્પષ્ટ અનુભવ છે કે, જે વખતે મનુષ્ય પાણીમાં ડૂબેલો હોય છે તે વખતે અંદર વાણી ઇંદ્રિય હોવા છતાં પણ અગ્નિ અને પાણી બંનેના વ્યવહારમાં પરસ્પર વિરુદ્ધ ધર્મ હોવાથી શબ્દોચ્ચાર થઈ શકતો નથી. ત્યાર પછી વિરાટ શરીરમાં પ્રાણવાયુ અતિશય ચંચળ થવાથી બહાર નીકળવાની જગા શોધવા લાગ્યો, તેથી બે નાસિકાના ગોલકો થયા. ગંધને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા વિરાટ પુરુષની નાસિકામાં ગંધવિષય સહિત વાયુ દેવતા અને ઘ્રાણ એવા નામની ઇંદ્રિય થઈ. જ્યારે દેહને દેખાતું ન હતું ત્યારે પોતાના દેહને તથા બીજા બહારના પદાર્થોને જોવાની ઇચ્છાથી તે વિરાટને બે નેત્રરૂપ બે ગોલકો ઉત્પન્ન થયા અને તેમાં સૂર્યદેવતા થયા, ચક્ષુરૂપ ઇંદ્રિય અને તેનો રૂપ વિષય થયો. વેદવાક્યો વડે પોતાના બોધને શ્રવણ કરવા ઇચ્છતા એવા વિરાટ પુરુષને બે કાનરૂપ ગોલકો ઉત્પન્ન થયા, તેમાં દિશા નામની દેવતા, શ્રોત્ર ઇંદ્રિય અને ગ્રહણ થઈ શકે એવો શબ્દ વિષય થયો. પદાર્થનું કોમળપણું, કઠોરપણું, ભારેપણું, ઉષ્ણપણું અને ઠંડાપણું વગેરે જાણવાને ઇચ્છતા એવા તે વિરાટ પુરુષને ત્વચા પેદા થઈ, તેમાં લોમ (ત્વક) ઇંદ્રિય તથા વૃક્ષ નામનો વાયુ દેવતા થયા, તે વાયુ ત્વચામાં અંદર અને બહાર રહેલો હોવાથી ત્વચા દ્વારા સ્પર્શ એ ગુણને જાણી શકાય છે. વિરાટ પુરુષને અનેક કર્મો કરવાની ઇચ્છા થઈ તેથી તેના બે હાથ ઉત્પન્ન થયા અને બળ ઇંદ્રિય તથા ઇંદ્ર એ તેના દેવતા ઉત્પન્ન થયા. ગ્રહણ કરવું એ વ્યાપાર ઇંદ્ર દેવતાને આશ્રયે છે. તેને અભિષ્ટ સંચારની એટલે મરજી અનુરૂપ

---

* અત્રેથી જે વર્ણન શરૂ થાય છે તે સર્વ સામાન્ય સમજને (૧) મૂળ કારણરૂપ વિરાટમાં પ્રથમ દેવતા પછી શબ્દાદિ તન્માત્રા, તેના વિષયો અને ઇંદ્રિયો એ પ્રમાણે ઉત્પત્તિનો વ્યુત્ક્રમ અર્થાત્ ઊલટો ક્રમ છે અને (૨) મૂળકાર્યરૂપ વિરાટમાં પ્રથમ ઇંદ્રિય પછી તેનો વિષય અને દેવતા એ ક્રમે ઉત્પન્ન થાય છે. વૃક્ષાંક ૭ થી ૧૨ કારણરૂપ વિરાટ તથા વૃક્ષાંક ૧૩ થી ૧૫મું એ કાર્યરૂપ વિરાટ છે.

પોતાની ઇચ્છા હોય ત્યાં સંચાર કરવાની ઇચ્છા થઈ ત્યારે બે પગ ઉત્પન્ન થયા, તે સાથે તેના અધિષ્ઠાતા દેવતા યજ્ઞરૂપ એવા વિષ્ણુ પોતે જ રહ્યા. ચલનશક્તિરૂપ ઇંદ્રિય ઉત્પન્ન થઈ અને જે દ્રવ્ય મનુષ્યો ચાલવાથી મેળવી શકે છે એવો હું તે દ્રવ્યરૂપ વિષય ઉત્પન્ન થયો. ચાલવાની ક્રિયા ચલનશક્તિરૂપ ઇંદ્રિય (ગતિ) એ તેના દેવતા વિષ્ણુને આશ્રયે છે. તેને પૂજા, પ્રીતિ અને સ્વર્ગ આદિની ઇચ્છા થતાં યોનિસ્થાન સહિત ગુહ્ય ઇંદ્રિય ઉત્પન્ન થઈ, તેના દેવતા પ્રજાપતિ થયા. તે બે વડે કામ સંબંધી સુખ થાય છે, તેથી રતિ એ તેનો વિષય થયો. તેને મળત્યાગની ઇચ્છા થતાં પાયુ ઇંદ્રિય સહિત ગુદાસ્થાન ઉત્પન્ન થયું અને તેના દેવતા મિત્ર થયા. તે બંનેના આશ્રય વડે જ મળ ત્યાગ થતો હોવાથી એ જ તેનો વિષય કહેવાય છે. જ્યારે તેને એક શરીર છોડી બીજું શરીર ગ્રહણ કરવાની એટલે મરણની ઇચ્છા થઈ ત્યારે નાભિરૂપ દ્વાર ઉત્પન્ન થયું તથા અપાન વાયુ અને મૃત્યુ એ તેના દેવતા થયા. આ વિરાટસ્વરૂપના અભિમાની (સાક્ષી) ભગવાન વા ઈશ્વર(વૃક્ષાંક ૨)ને અન્નપાનાદિ ગ્રહણ કરવાની ઇચ્છા થઈ ત્યારે તેને પેટ, આંતરડાં તથા નાડીઓ ઉત્પન્ન થઈ. તે પછી નાડીની દેવતા નદીઓ થઈ અને પેટ તથા આંતરડાંના દેવતા સમુદ્રો ઉત્પન્ન થયા. જેમ નદીઓ અંતે સમુદ્રને મળે છે તેમ તમામ નાડીઓ અંતે પેટ અને આંતરડાંઓને જ મળે છે અને એ બંને વડે ભરણપોષણ થાય છે (વૃક્ષ ૐ વૃક્ષાંક ૮ ના પેટાના તમામ ભાવો જુઓ).

વિરાટ અભિમાની ઈશ્વર(વૃક્ષાંક ૨)ને પોતાની આ વિરાટ માયાનું ધ્યાન કરવાની એટલે માયાના ત્રણ ગુણો વડે ઉત્પન્ન થયેલી આ પોતાની માયાશક્તિ વડે પોતાનું જ વિરાટ સ્વરૂપ જાણવાની ઇચ્છા થઈ ત્યારે તેને અંતઃકરણ વા હૃદયકમળ ઉત્પન્ન થયું, જેને મહત્તત્ત્વ પણ કહે છે (વૃક્ષાંક ૭ જુઓ). તે પછી અહંકાર અને તેના દેવતા રુદ્ર(વૃક્ષાંક ૮), બાદ મન (વૃક્ષાંક ૧૧) તેના દેવતા ચંદ્રમા તેનો વિષય સંકલ્પ તથા તજ્જન્ય અનેક કામનાઓરૂપ વિષયો ઉત્પન્ન થયા. રસ, રક્ત, માંસ, મેદ(ચરબી), અસ્થિ(હાડકાં), મજ્જા અને શુક્ર એ સાત ધાતુઓ પૃથ્વી, જળ અને તેજનાં કાર્યો છે. પ્રાણ એ આકાશ, જળ અને વાયુથી થયેલો છે. (વૃક્ષાંક ૧૪ થી ૧૫૬ સુધીનો વિસ્તાર આમાં આવી જાય છે). ઇંદ્રિયો વિષય તરફ દોડનારી છે તથા શબ્દ સ્પર્શાદિ વિષયોનું સુંદરપણું વાસ્તવિક રીતે તેવું નથી છતાં અહંકાર વડે જ કલ્પેલું છે. સર્વ વિકારનું આદિકારણ તો ફક્ત મન જ છે. બુદ્ધિને જે વસ્તુ જેવે જેવે રૂપે જણાય તેવે તેવે રૂપે તે દરેક વસ્તુનો નિશ્ચય કરનારી હોવાથી બુદ્ધિ વસ્તુના ખરા સ્વરૂપને જ ગ્રહણ કરી શકે છે એમ કહી શકાય નહિ, પરંતુ તે તો ગમે તેવું સ્વરૂપ પણ કલ્પી લે છે.

કારણ તથા કાર્યરૂપ વિરાટ

ભગવાન કહે છે: આ રીતે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર મળી આઠ કારણરૂપ આવરણોથી વીંટાયેલું મારા સ્થૂળ વિરાટસ્વરૂપનું વર્ણન જ દરેક શાસ્ત્રોમાં છે (શ્રીભા૦ સ્કં૦ ૨, અ૦ ૧૦, શ્લો૦ ૧૫થી ૪૯ જુઓ). આ જ મારી અપરાપ્રકૃતિ કહેવાય છે (જુઓ વૃક્ષાંક ૩થી ૧૫૬). આ અપરાપ્રકૃતિમાં બે પ્રકારો છે: (૧) કારણરૂપ વિરાટ તથા (૨) કાર્યરૂપ વિરાટ જેને સમષ્ટિ પણ કહે છે. આ પૈકી તને કારણરૂપ એવા મારા વિરાટસ્વરૂપની ઉત્પત્તિ કેવી રીતે થાય છે, તે અત્યાર સુધી સવિસ્તર સમજાવવામાં આવ્યું. હવે હું તને મારું કાર્યરૂપ સમષ્ટિ વિરાટસ્વરૂપ સમજાવું છું. બીજો ભેદ વાસ્તવિક રીતે તો પ્રથમના ભેદમાં જ અંતર્ગત છે, પરંતુ તને સારી રીતે સમજવામાં આવે એટલા માટે સ્પષ્ટીકરણ સહિત સમજાવીને કહું છું, તે તું હવે ધ્યાન દઈને સાંભળ.

જીવભૂત પ્રકૃતિ કોને કહેવી ?

આ બ્રહ્માંડ એ તો એક કાર્ય છે; તેથી તેને કર્મ, વિસર્ગસૃષ્ટિ, સમષ્ટિ વા કાર્યરૂપ વિરાટ પણ કહેવામાં આવે છે, તે કાર્ય જે કારણતત્ત્વોના આશ્રયે બનેલું છે તે કારણતત્ત્વોનું વર્ણન ઉપર આપવામાં આવેલું છે. મહાપ્રાણથી હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૬થી ૧૨) સુધીનાં તત્ત્વો એ કારણવિરાટ અને પ્રકૃતિથી અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૩થી ૫) સુધીનાં તત્ત્વોને મહાકારણરૂપ વિરાટ એવું નામ આપેલું છે. આ કાર્ય કિંવા

સમષ્ટિરૂપ વિરાટસ્વરૂપનું મૂળ બીજ બ્રહ્મદેવ છે. જેમ વૃક્ષની ઉત્પત્તિ બીજથી માંડીને ફળ સુધી પ્રત્યક્ષ રીતે બતાવી શકાય છે, તેમ બ્રહ્મદેવથી માંડીને તે કેક મનુષ્ય સુધી સર્વ વિરાટનો સ્થૂળ દેહ હોય તે પ્રત્યક્ષ સ્વરૂપે પ્રતીતિમાં આવી શકે. હવે બીજનું કારણ પ્રત્યક્ષ દેખાતું નથી, છતાં તેનું કાંઈ કારણ નથી એમ કહી શકાય નહિ, પરંતુ તે કારણ અદૃશ્ય હોય છે; તેમ બ્રહ્મદેવનું કારણ પણ કોઈ અદૃશ્ય એવું તત્ત્વ જ હોવું જોઈએ, એમ કલ્પી શકાય છે. તેવું સૂક્ષ્મ કારણ એ જ આ ઉપર બતાવેલાં તત્ત્વોના ભેદવાળી (વૃક્ષાંક ૬થી ૧૨ સુધીની) કારણપ્રકૃતિ છે, એમ સમજો. ઉપર બતાવી ગયા તેમ આ કારણ અને કાર્ય પ્રકૃતિ માળામાંના મણકાઓ જેમ દોરીના આધાર ઉપર જ અવલંબીને હોય છે તેમ મહાપ્રાણ (વૃક્ષાંક ૬)ના ઉપર જ આધાર રાખનારી હોવાથી તેને જીવભૂતપ્રકૃતિ પણ કહેવામાં આવે છે. તાત્પર્ય એ કે, વિરાટ પુરુષનો સ્થૂલદેહ એવું આ બ્રહ્માંડાદિ એ કાર્યપ્રકૃતિ (વૃક્ષાંક ૧૩થી ૧૫૭) કહેવાય છે, એમ સમજો. તેમાંનાં તમામ પ્રાણીઓ પ્રાણરૂપી સૂત્રાત્માના આધાર વડે જ રહી શકતાં હોવાથી તે તમામનું કારણ મહાપ્રાણ(વૃક્ષાંક ૬) છે. આ કારણ અને તેનાં કાર્ય (વૃક્ષાંક ૬થી ૧૫૭) મળીને જ જીવપ્રકૃતિ કહેવાય છે; કેમકે સમષ્ટિ અને વ્યષ્ટિનાં તમામ ભૂતોને ધારણ કરવાનું કામ વિરાટપુરુષના આ મહાપ્રાણનું છે; તેથી તેની અંતર્ગત આવેલા સમષ્ટિ અને વ્યષ્ટિ (વૃક્ષાંક ૬થી ૧૫૭ સુધી)ના તમામ ભાવો એ બધાનો જીવભૂત પ્રકૃતિમાં સમાવેશ થાય છે. તેમાં બ્રહ્મા (વૃક્ષાંક ૧૪ તથા તેની અંતર્ગત આવેલા વૃક્ષાંક ૧૫૭) સુધીનાં તમામ તત્ત્વો કાર્યપ્રકૃતિ કહેવાય છે, તથા મહાપ્રાણ (વૃક્ષાંક ૬થી હિરણ્યગર્ભ વૃક્ષાંક ૧૨) સુધીનાં તમામ તત્ત્વો એ કારણપ્રકૃતિ છે, એમ સમજવું. આ કારણનાં પણ કારણ અર્થાત્ મહાકારણ એવાં તત્ત્વોને મૂળપ્રકૃતિ કહે છે (વૃક્ષાંક ૩થી ૫). આ બધી મળી (વૃક્ષાંક ૩થી ૧૫૭ સુધીની) અપરાપ્રકૃતિ કહેવાય છે. જેમ શરીર કહેતાંની સાથે જ તેમાં હાથપગાદિ તમામ અવયવોનો સમાવેશ થઈ જાય છે, એટલે કોઈ મનુષ્યને આપણે ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું હોય ત્યારે એવી શંકા રાખવાનું કારણ હોતું નથી કે આપણે કાંઈ તેને તમારા હાથ, પગ, મોઢું વગેરે સર્વ અવયવોનો સમુદાય સાથે લઈને આવજો એમ કહ્યું નહોતું. તો કદાચ તે હાથ પગ વગેરે ઘેર મૂકીને તો નહિ આવે ને ? તેમ અપરાપ્રકૃતિ કહી એટલે તેમાં આ જીવભૂતપ્રકૃતિ (વૃક્ષાંક ૬થી ૧૨) તથા ભૂત યા કાર્યપ્રકૃતિ (વૃક્ષાંક ૧૩થી ૧૫૭) એ બંનેનો સમાવેશ અનાયાસે જ થઈ જાય છે. સ્પષ્ટતા માટે દૃષ્ટાંત કહું છું:

મારી અપરાપ્રકૃતિ

ઉદાહરણ માટે ઉમરાનું ઝાડ લો. તેને અસંખ્ય ફળો લાગેલાં હોઈ તે ફળોમાં અસંખ્ય કીડાઓ હોય છે. આ દૃષ્ટાંતમાં જણાવેલા ઔદુંબરનું વૃક્ષ એ પ્રકૃતિ (વૃક્ષાંક ૩) સમજો. તેની શાખા, પાંદડાં તથા છેવટે ફળો એ મહાપ્રાણ (વૃક્ષાંક ૬) સુધીનો વિસ્તાર સમજો. આ ફળોની અંદર જે અસંખ્ય જીવો તે દરેક બ્રહ્મદેવો (વૃક્ષાંક ૧૨) સમજો. તે બ્રહ્મદેવ પોતાના સંકલ્પબળ વડે ભાસમાન થતા ચૌદલોકથી વ્યાપેલું આ ચરાચર બ્રહ્માંડ કેવળ પોતામાં જ ઉત્પન્ન કરે છે, તે જ આ વિરાટ બ્રહ્માંડ (વૃક્ષાંક ૧૩થી ૧૫૭) સમજો. ઔદુંબર કહેતાંની સાથે જ તેમાં તેની શાખાઓ, ફળો, તેની અંદરના કીડાઓ તથા કીડાઓના કાર્યો એ તમામનો સમાવેશ થઈ જાય છે. તેમ અપરાપ્રકૃતિ કહેતાં તેનાં અંતરમાં જ (વૃક્ષાંક ૩થી ૧૫૭ સુધીના) તમામ દૃશ્યભાવોનો સમાવેશ થઈ જાય છે. મારી અપરાપ્રકૃતિ કોને કહેવી એ તને વિસ્તારથી કહ્યું, હવે પરાપ્રકૃતિ સંબંધે કહું છું:

મારી પરાપ્રકૃતિ

જેમ ઔદુંબરના ઝાડની આજુબાજુ સર્વત્ર એક આકાશ જ વ્યાપેલું હોય છે, તેમ આ મારી અપરાપ્રકૃતિની આગળ પાછળ, અંદર બહાર, આમ તેમ, સર્વત્ર કેવળ એક ચૈતન્યસ્વરૂપ આત્મા જ વ્યાપેલો છે. તેના આધારે જ આ અપરાપ્રકૃતિનું અસ્તિત્વ છે. તે સર્વનો આધાર હોવા છતાં પણ પોતે સદંતર અલિપ્ત અને તદ્દન નિર્ધર્મક છે; એટલે જેમાં ગુણ, ક્રિયા, જાતિ, તેને તેમ કહેનારો હું (વૃક્ષાંક ૩) અને તે હુંનો સાક્ષી, ઈશ્વર વા પુરુષ (વૃક્ષાંક ૨) ઇત્યાદિ કાંઈ પણ ધર્મો નથી એવો કેવળ ઉત્પત્તિસ્થિતિથી રહિત,

સદા એકરસ, વૃદ્ધિ કિંવા ક્ષયથી પણ રહિત; જેને વાણી, મન, બુદ્ધિ પહોંચી શકતાં નથી એવું મારું આ બીજું અનિર્વચનીય અને તદ્દન શુદ્ધ પરસ્વરૂપ છે, એમ જાણ. આ રીતે મેં તને મારાં (૧) અપર અને (૨) પર એમ બંને સ્વરૂપો કહ્યાં. તે બંને અવયવી અને અવયવની જેમ સંલગ્ન છે, એમ જાણ. આ સર્વનું ગુહ્ય રહસ્ય સાંભળ.

પર અને અપર બંને પ્રકૃતિ માયિક છે

શ્રીભગવાન આગળ કહે છે : હે અર્જુન! ઉપર મેં મારી પરા અને અપરા એમ બંને પ્રકૃતિનું વર્ણન કર્યું છે, પરંતુ વાસ્તવિક તો બંને માયિક છે. અજ્ઞાનીઓને પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય એટલા માટે આ માયિક એવી મિથ્યા યુક્તિનો આશ્રય લઈ સમજાવવામાં આવે છે. પરંતુ પરમાર્થદૃષ્ટિએ તો આ વર્ણન વંધ્યાપુત્ર કિંવા શશશૃંગવત્ એટલે કે જેનું કદી પણ અસ્તિત્વ નથી એવા પ્રકારના તત્ત્વનું હોઈ તદ્દન મિથ્યા જ છે, એમ જાણ. એટલા માટે વિવેકી પુરુષો આવાં વિવેચનો પરમાર્થદૃષ્ટિએ કદી ગ્રાહ્ય સમજતા નથી. અરે! જો કે મનુષ્ય કદી પોતાને હું મનુષ્ય છું એમ કહે છે ખરો કે? પાણી પોતાને કદી હું પાણી છું એમ કહે છે ખરું કે? તેમ પોતાસહ આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એમ જો કહેવામાં આવે તો પછી તેને આત્મા છે, એવો કહેનાર બીજો કયાંથી આવ્યો અને તે કયાં રહે છે? અરે! આ જાણનારો છે એવી સ્ફૂર્તિ પણ જ્યાં આત્માના આધાર ઉપર જ અવલંબન રાખે છે, તો તે જુદો કયાં રહે તેમ છે? અર્થાત્ પરમાત્મા એટલે કેવળ અનિર્વચનીય તત્ત્વ જ છે, એમ તું જાણ, હું તો આ પર અપર બંનેથી વેગળો જ છું. સ્વભાવે જ નિષ્ક્રિય છું એટલે જેમાં ક્રિયાનો સ્પર્શ નહિ હોવા છતાં માયા વડે જાણે સક્રિય ન હોઉં, એવા ભાવવાચક શબ્દરૂપ છું. વાચ્ય એટલે ક્રિયા, જાતિ, ગુણ આદિ જેનો શબ્દ વડે બોધ થઈ શકે તે ધ્વનિરૂપે શબ્દજાળને તથા અવાચ્ય એટલે જેનો શબ્દ વડે બોધ ન થઈ શકે એવે રૂપે આકૃતિ અથવા ક્રિયાને સૃજનારો છું. આ મારી મિથ્યા માયિક સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સંબંધે તને સંક્ષેપમાં કહું છું.

કાર્યપ્રકૃતિની રચના

હે અર્જુન! પ્રજાપતિ, મનુ, દેવ, ઋષિ, પિતૃગણો, સિદ્ધ, ચારણ, ગંધર્વ, વિદ્યાધર, અસુર, યક્ષ, કિન્નર, (દેવતા જેવી એક જાતિ), અપ્સરાઓ, નાગ, સર્પ, કિંપુરુષ (રાક્ષસ જેવી એક જાતિ), ઉરગ (સર્પના જેવા), માતૃકા (ડાકિની, શાકિની), રાક્ષસ, પિશાચ, ભૂત, વિનાયક, કુષ્માંડ, ઉન્માદ, વેતાળ વગેરે ભૂતે પિશાચો, યાતુધાન, ગૃહ, મૃગ, પશુ, ઝાડ, પર્વતો, પેટ વડે ચાલનારા પ્રાણીઓ, તેમ જ સ્થળચર, જળચર, અને આકાશચર પ્રાણીઓ, આ બધાં સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનાં છે તથા (૧) જરાયુજ એટલે ઓરમાં વીંટાયેલાં અવતરે છે તે (૨) અંડજ એટલે ઈંડામાંથી અવતરે છે તે, (૩) સ્વેદજ એટલે પરસેવાથી થનારાં તથા (૪) ઉદ્ભિજ્જ એટલે ફણગો ફુટીને થનારાં અથવા અનુક્રમે (૧) મૈથુન સૃષ્ટિનાં યોનિજ (૨) ઈંડામાંથી અવતરનારાં અંડજ, (૩) જળમાંથી ઉત્પન્ન થતાં સ્વેદજ (૪) જેનો આહાર તથા સંચાર ઊંચો થાય છે તે ઉદ્ભિજ્જ એમ ચાર પ્રકારનાં પ્રાણીઓને ઈશ્વર (વૃક્ષાંક ૨) સૃજે છે. આ બધી યોનિયોમાં દેવ આદિ ઉત્તમ યોનિ કેવળ પુણ્યકર્મના ફળરૂપ છે. મનુષ્યાદિ મધ્યમયોનિ પુણ્ય અને પાપ એ બંનેના મિશ્રણરૂપ છે તથા નરકાદિ અધમ યોનિઓ (નારકી શરીરો) કેવળ પાપકર્મોના ફળરૂપ છે. દેવ, ઋષિ આદિ સાત્ત્વિક યોનિ છે, મનુષ્ય રાજસ યોનિ છે તથા નારકી શરીર એ તામસ યોનિ ગણાય છે.

શાસ્ત્રોમાં પરમાત્મા કર્તાદિ છે એવાં વર્ણનોનું પ્રયોજન

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોમાં જ્યારે એક એક ગુણની સાથે બીજા બે બે ગુણોનું મિશ્રણ થાય છે, ત્યારે જ દરેક કર્મરૂપ ફળગતિનાં ત્રણ, ત્રણ ભેદો પડે છે. શુદ્ધ સાત્ત્વિક યોનિ, રજોગુણ મિશ્રિત સાત્ત્વિક યોનિ અને તમોગુણ મિશ્રિત સાત્ત્વિક યોનિ; એમ શુદ્ધ રાજસ, રાજસ સાત્ત્વિક તથા રાજસ તામસ અને શુદ્ધ તામસ, તામસ સાત્ત્વિક, તામસ રાજસ; એ રીતે યોનિઓમાં મિશ્રણો હોય છે. એ સુજ્ઞ જગતને ઉત્પન્ન કરનાર ભગવાન વા ઈશ્વર(વૃક્ષાંક ૨) પોતે જ પશુ, મનુષ્ય અને દેવ આદિ જડ ચેતન

અવતારાદિ વડે જગતની ઉત્પત્તિ અને પાલન કરવા સાથે ધર્મરૂપે તેનું પોષણ કરે છે તથા કાલાગ્નિ એવા રુદ્રરૂપે પોતેજ રચેલા આ જગતનો વાયુ જેમ વાદળાંના સમુહનો નાશ કરે તેમ કાળે કરીને પોતે પોતામાં જ સંહાર કરે છે. આ રીતે નિરતિશય ઐશ્વર્યસંપન્ન ભગવાનનું કાર્યરૂપ વિરાટસ્વરૂપે જગતના સ્રષ્ટા, પાલક અને સંહારરૂપે વર્ણન કર્યું, પરંતુ આ સર્વ માયિક હોવાથી વિવેકી પુરુષોએ, શુદ્ધ ચૈતન્યરૂપને કર્તાકારણાદિ રૂપે જાણવું યોગ્ય નથી. શ્રુત્યાદિ શાસ્ત્રો, પરમાત્માના કર્તાપણા આદિનું પ્રતિપાદન કરે છે તે કાંઈ તાત્પર્ય કે સિદ્ધાંતની દૃષ્ટિએ કરતાં નથી એટલે જેમ મૃગજળ કિંવા વંધ્યાપુત્રનું વર્ણન કરવાનો ઉદ્દેશ ત્યાં જળ અથવા પુત્ર કદી હોતો નથી એ ભાવ બતાવવા પૂરતો જ હોય છે તેમ શ્રુતિ, સ્મૃતિ, પુરાણો વગેરે શાસ્ત્રકારો પરમાત્માનું કર્તા, કારણ અને કાર્યાદિરૂપે માયાનો આધાર લઈને જે પ્રતિપાદન કરે છે, તે તો ફક્ત કર્તાપણા આદિનો નિષેધ કરવા સારુ જ કરે છે; કારણ કે ઈશ્વર(શ્લોકાંક ૨ માં) કર્તાપણા આદિ ધર્મોનો આરોપ તો સાવ અસત્ એવી માયાનો અંગીકાર કરીને જ કહેવામાં આવેલો છે તથા તે માયા તો મૂળમાં કદી ઉત્પન્ન થયેલી નહિ હોવાથી તદ્દન મિથ્યા જ છે.

શ્રીકૃષ્ણભગવાન કહે છે : હે પાર્થ! મેં તને (૧) મહાકારણપ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૫), (૨) કારણ પ્રકૃતિ (શ્લોકાંક ૬ થી ૧૨) તથા (૩) કાર્યપ્રકૃતિ (શ્લોકાંક ૧૩ થી ૧૫ ઘ) (આ કાર્ય અને કારણ પ્રકૃતિ ભૂતોને ધારણ કરનારી હોવાથી તેને જીવભૂતપ્રકૃતિ કહે છે.) એમ ત્રણે મળીને જનેલી મારી અપરાપ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ઘ) તથા તેથી પર એવી પરાપ્રકૃતિ(શ્લોકાંક ૧)ને કહી. એ રીતે પર અને અપર એમ બંને પ્રકૃતિઓનું શાસ્ત્રના આધાર સહનું વર્ણન તારી આગળ કર્યું. અપરાપ્રકૃતિ અને તેના અભિમાની ઈશ્વર (શ્લોકાંક ૨)ને જ વિરાટપુરુષ કહેવામાં આવે છે. તેમાં પણ અનુક્રમે મહાકારણવિરાટ સ્વરૂપ (શ્લોકાંક ૩ થી ૫), કારણવિરાટસ્વરૂપ (શ્લોકાંક ૬ થી ૧૨) તથા કાર્યવિરાટસ્વરૂપસમષ્ટિ (શ્લોકાંક ૧૩ થી ૧૫ઘ) એવા ત્રણ ભેદો પડે છે. આ ત્રણ ભેદો એજ ક્રમે વિરાટનો કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ દેહ છે. આ મારા પર અને અપરસ્વરૂપનું જે વર્ણન તને કહેવામાં આવ્યું છે, તે તત્ત્વદૃષ્ટિએ તો વાસ્તવિક એક વંધ્યાપુત્ર હતો, તેણે આકાશની સાથે યુદ્ધ કર્યું અને તેને જીતી લઈને મોટું રાજ્ય કર્યું ઇત્યાદિ પ્રકારનાં જે વર્ણનો કહેવામાં આવે તેવા પ્રકારનું હોઈ સાવ મિથ્યા જ છે. આ બધું પરમાત્મામાં અકર્તાપણું સિદ્ધ કરવા પૂરતું જ છે. શાસ્ત્રોમાં આવાં વર્ણનો આ ઉદ્દેશથી જ આપવામાં આવે છે, એમ નિશ્ચયપૂર્વક જાણ. તારી દૃઢતાને માટે આ વાત મેં તને ફરી ફરીને કહેલી છે. તે ઉપરથી પરમાત્મસ્વરૂપનો નિશ્ચય સારી રીતે લક્ષમાં આવશે.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।

जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥५॥

પર અને અપર જીવભૂતપ્રકૃતિ

હે અર્જુન! ઉપર કહેવામાં આવેલું છે કે, અહંકાર, બુદ્ધિ, મન, આકાશ, વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વી એ રીતના આઠ આવરણો વડે ભેદને પામેલી અને કારણરૂપે વિસ્તારને પામેલી એવી આ અષ્ટધા પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) છે, તથા તે કરતાં પર એવી જે પ્રકૃતિ તેને પરાપ્રકૃતિ (શ્લોકાંક ૧) કહે છે, એમ જાણ. હે મહાબાહો! ભૂતમાત્રના સમૂહથી ભરેલું આ બધું દૃશ્યાદિ કાર્યરૂપ જગત, કે જે તું જોઈ રહ્યો છે તે ધારણ કરનારી અપરાપ્રકૃતિની અંતર્ગત જીવપ્રકૃતિ છે, તેમાં કારણ અને કાર્યરૂપ એવી બંને પ્રકૃતિ(શ્લોકાંક ૬ થી ૧૫ઘ)નો સમાવેશ થાય છે. જે આ તમામ ભૂતોને સૂત્રાત્મારૂપે ધારણ કરીને રહેલી છે, તેથી તેને જ જીવભૂતપ્રકૃતિ કહે છે અને તે પણ વસ્તુતઃ તો આત્મસ્વરૂપ જ છે. હે અર્જુન! આ સર્વ દૃશ્ય જગત તેના વડે જ ધારણ કરાયેલું છે, એમ તું સારી રીતે જાણ; પરંતુ ધ્યાનમાં રાખ કે, તને જે આ જીવભૂતપ્રકૃતિ કહી તે કાંઈ ત્રીજી જ પ્રકૃતિ છે એમ સમજીશ નહિ, પણ તેનો સમાવેશ અપરા

પ્રકૃતિની અંતર્ગત જ થઈ જાય છે, જે સંબંધે ઉપર વિવેચન કરવામાં આવેલું છે તે હવે તને સારી રીતે સમજવામાં આવ્યું હશે. આ પર, અપરની વધુ સ્પષ્ટતા માટે ત્રિપુરારહસ્યમાં ગાયત્રી(વિદ્યા)દેવીએ જે વર્ણન બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સર્વ ઋષિગણોની સભામાં કહેલું છે, તે અત્રે આપવું ઇષ્ટ લાગે છે. સર્વ દેવતા અને મહર્ષિઓના પ્રશ્નો સાંભળીને પોતે અપૌરુષેય હોવા છતાં આકાશમાંથી પૌરુષેય એવા શબ્દરૂપે વિદ્યાદેવી ઉત્તર આપે છે કે, હે દેવતા અને મહર્ષિઓ ! સાંભળો. તમારા બધા પ્રશ્નોના જવાબો હું તમોને ક્રમે ક્રમે કહું છું; જે સાંભળી તમો નિઃશંક થશો.

મારું પર રૂપ

પ્રથમ મારું પર રૂપ કહું છું. જેમાં આ અખિલ જગત દર્પણમાંના પ્રતિબિંબની જેમ ઉત્પન્ન થાય છે, રહે છે અને લયને પામે છે, એવું જે હંમેશાં સર્વને ભાસમાન થાય છે; જેઓને આત્મજ્ઞાન નથી તેવા અજ્ઞાનીઓ તને જગતના આકારમાં જુએ છે તથા આત્મજ્ઞાની યોગીઓને જે અત્યંત શાંત તથા ગંભીર સાગરની માફક તદ્દન નિશ્ચળ એવું ભાસે છે અને કેવળ નિર્વિકલ્પ સ્વરૂપે જ અનુભવમાં આવે છે; એકનિષ્ઠ ભક્તો પ્રેમ વડે તથા કોઈ પણ પ્રકારની કામના નહિ રાખતાં જેનું નિત્યપ્રતિ સેવન કરે છે તેમ જ અનિર્વચનીય એવા અદ્વૈત પદનું જ્ઞાન થયા છતાં અત્યંત તત્પરતાથી ભગવાન તથા ભક્ત એવો મિથ્યા ભેદભાવ તેઓ જેની અંદર કરે છે; એવું મારું અનિર્વચનીય પદ કેવળ શાસ્ત્ર વડે તત્ત્વાર્થથી જ સામાન્ય રીતે અનુભવી શકાય છે. તે એટલે "तत्" પદ(વૃક્ષાંક ૧) એ જ મારી શ્રેષ્ઠ મૂર્તિ અર્થાત્ " પર " રૂપ છે. આત્મરૂપ એવા મને જ બ્રહ્મવાદીઓ " બ્રહ્મ " કહે છે.

મારું અપર રૂપ

હવે મારું અપર રૂપ કહું છું, તે સાંભળો. સમગ્ર બ્રહ્માંડોની પાર આવેલા અમૃત સમુદ્રમાં એટલે ચૈતન્યરૂપ મહાસાગરમાં રત્નોના દ્વીપરૂપ જે મહાકારણ, કારણ તત્ત્વોનું આવરણ(વૃક્ષાંક ૩ થી ૧૨) છે, તેમાંના એક કદંબના ઉપવનમાં અર્થાત્ મહત્તત્ત્વ અહંકારાદિ વૃક્ષના ઉપવનમાં ચિંતામણીએ એટલે ઇચ્છામાત્રથી સૃષ્ટિને સર્જનાર ઈશ્વરે(વૃક્ષાંક ૨ એ) બનાવેલું સમષ્ટિ બ્રહ્માંડ નામે એક સુમનોહર મંદિર છે તેમાં રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા(ક્રમે વૃક્ષાંક ૮, ૯, ૧૦) તથા ઈશ્વર(વૃક્ષાંક ૨) એ ચાર પગનો તથા સદાશિવાત્મક (વૃક્ષાંક ૩) "હું"રૂપ પૃષ્ઠભાગવાળો જે મંચ છે, તે ઉપર ત્રિપુરાજેશ્વરી, તે કરતાં પણ પર અને આત્મરૂપ એવી અનાદિ ત્રિપુરાસુંદરીની અનિર્વચનીય મૂર્તિ છે. તે જ પ્રથમ ઈશ્વર(વૃક્ષાંક ૨)રૂપે થઈ પોતાની મિથ્યા માયા(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) ને ત્રણ ગુણો દ્વારા વિસ્તારે છે. તે આમ માયાના ત્રણ ગુણો થકી વિસ્તારેલું આ બધું મારું અપર રૂપ છે, તેવી જ રીતે કે દેવ અને ઋષિઓ ! ઈશાન, સદાશિવ, બ્રહ્મદેવ, વિષ્ણુ, શંકર, ગણપતિ, ષડાનન, ઇંદ્રાદિ દિક્પાલો, લક્ષ્મી વગેરે શક્તિઓ, વસુઓ, રુદ્રાદિ ગણો, રાક્ષસો, દેવતાઓ, નાગ યક્ષ, ગંધર્વો, કિંપુરુષો ઇત્યાદિ જે જે કહીએ તે તે તમામ મારાં અપર રૂપો જ છે (વૃક્ષાંક ૩ થી ૧૫ઘ) એ મુજબ "હું" સર્વ હોવા છતાં મારી માયા વડે મોહિત થયેલા પુરુષો મને ઓળખતા નથી, પરંતુ અજ્ઞાનપણે તો તેઓ નિરંતર મારી(વૃક્ષાંક ૧ની) જ સેવા કરે છે, તેઓને પોતાનું હિત કરી આપનાર કલ્યાણકારી મારાથી જુદું બીજું કોઈ પૂજનીય તેમ ફલદાયી નથી. જે જેવી રીતે મારું સેવન કરે છે, તેને તે મુજબ મારી પાસેથી ફળ મળે છે (આગળને માટે દત્ત અને પરશુરામ પ્ર૦ ૨૦ જુઓ.)

यतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।

अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥६॥

એ પ્રકૃતિ વડે જ ભૂતમાત્રનું ધારણ થયેલું છે

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! મારા પર અને અપર સ્વરૂપનું જ્ઞાન તને હવે સારી રીતે થયું હશે જ. આ સમસ્ત ભૂતમાત્રની યોનિ એટલે ઉત્પત્તિનું કારણ આ બે પ્રકૃતિઓ જ છે, એટલે આ સર્વ

ભૂતમાત્રનું ઊપજવું, ધારણ, પોષણ અને લય થવું વગેરે આ બે પ્રકૃતિઓ વડે જ છે; તથાપિ આ બે પૈકી પરાપ્રકૃતિ તો તદ્દન નિર્લેપ અને અનિર્વચનીય હોઈ તે અપરાના અધિષ્ઠાનરૂપ છે. તેના અધિષ્ઠાન વિના અપરાપ્રકૃતિનું અસ્તિત્વ કદાપિ શક્ય નથી, છતાં પરાપ્રકૃતિ એ કાંઈ તેનું કારણ નથી; તે તો ઘટમાં રહેનારા આકાશની પેઠે તદ્દન નિર્મળ, સ્વચ્છ અને અસંગ હોઈ અનિર્વચનીય છે. તેને જે પરા, અપરા, આત્મા કિંવા અક્ષરપુરુષ વગેરે સંબોધનથી શબ્દદોષ લગાડવામાં આવે છે, તે તો કેવળ અપરાપ્રકૃતિની અપેક્ષાએ જ છે. અપરાપ્રકૃતિનો આરંભ "હું" એવા ભાવથી થયેલો છે, તેથી આ "હું"નો કોઈ સાક્ષી છે અને તે આ હું યે નહિ જાણી શકાય એવો વાચ્યાર્થથી પર હોવો જોઈએ, એ પણ નિર્વિવાદ સિદ્ધ થાય છે; તેથી તેને જ ક્ષરપુરુષ કહે છે. વળી આ સાક્ષી સહિત હુંભાવનું ઉત્પત્તિસ્થાન વાસ્તવિક રીતે તો જ્યાં આ "હું"ભાવ જ નથી એવું તદ્દન અનિર્વચનીય હોવું જોઈએ, એમ ફક્ત તત્ત્વાર્થ વડે જાણી શકાય તેમ છે અર્થાત્ તે પદ તદ્દન અનિર્વચનીય છે. આ પરાપ્રકૃતિ અક્ષરપુરુષ વા આત્મસ્વરૂપ છે, એવું દોષારોપણ પણ તે ઉપર ન થાય, એટલા માટે એ દોષથી પણ રહિત, તે કરતાં પર એવા અનુભવગમ્ય સ્થાનક સુધી આગળ જવું પડે છે, જેને શાસ્ત્રમાં ઉત્તમપુરુષ કહે છે (વૃક્ષાંક ૩૫ જુઓ). આ મુજબ પર અને અપર પ્રકૃતિ કોને કહેવી તેનો વિવેક જાણી જિજ્ઞાસુ આત્માનુભવ કરે, એવા ઉદ્દેશથી શાસ્ત્રમાં વિવેચન કરવામાં આવે છે. આ રીતે હોવાથી સર્વ દોષાદિ અથવા કલંકોથી રહિત એવો "ઉત્તમપુરુષ" (પુરુષ+ઉત્તમ=પુરુષોત્તમ) પ્રથમ મારી પ્રકૃતિમાં અનિર્વચનીયરૂપે અધિષ્ઠિત થઈ સાક્ષીસહિત અપરાપ્રકૃતિમાં "હું" "હું" (વૃક્ષાંક ૩) એવા મિથ્યા સ્ફુરણાને પામેલો છે. આ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ પ્રકૃતિરૂપ એવો આ જ હું (વૃક્ષાંક ૩) છે, એમ જાણ.

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

પરનો અવધિ સંપૂર્ણ થયો

હે ધનંજય! તને અત્યારસુધી જે બે પ્રકૃતિઓનું વિવેચન કરીને સમજાવ્યું તેનું કારણ એ કે, તને મારા સાચા સ્વરૂપનું નિઃશંક જ્ઞાન થાય, વળી ધ્યાન દઈને સાંભળ. મારા સ્વરૂપનું સાચું જ્ઞાન થવાને માટે મેં આ સાંખ્ય એટલે જ્ઞાનયુક્તિનો આશ્રય લઈ તને સમજાવ્યું છે. મારા સાચા સ્વરૂપના જ્ઞાનનો વિવેક થવાને માટે બીજી કોઈ યુક્તિ મંદાધિકારી અજ્ઞાનીઓને માટે ઉપયોગી નથી. તે યુક્તિ વડે તને જ્યારે મારા (હુંના) સાચા સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે જ તું સર્વ દુઃખોથી રહિત બની કૃતાર્થ બનીશ. એવું મારું સાચું સ્વરૂપ કેવું છે, તેનો ક્રમ સાંભળ. આ બ્રહ્માંડાદિ કાર્યરૂપ પ્રકૃતિ(વૃક્ષાંક ૧૨ થી ૧૫ ઘ)થી પર કારણરૂપ એવી જીવભૂતપ્રકૃતિ (વૃક્ષાંક ૬ થી ૧૨)છે, તે કરતાં પર મહાકારણરૂપ "હું" (વૃક્ષાંક ૩ થી ૫) એવી પ્રકૃતિ છે, એટલે આ બધા મળીને અપરાપ્રકૃતિ કહેવાય છે. અપરાપ્રકૃતિની અંતર્ગત આવેલી મહાકારણપ્રકૃતિ (વૃક્ષાંક ૩ થી ૫) એ જ આ દૃશ્યાદિમાં સર્વથી પર છે. અત્રે દૃશ્યનો અવધિ સંપૂર્ણ થાય છે. આ બધી મળીને (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીની) અપરાપ્રકૃતિ થયેલી છે. આ અપરાપ્રકૃતિથી પર એવો ક્ષરપુરુષ કિંવા સાક્ષી (વૃક્ષાંક ૨) છે, તે કરતાં પર એટલે શ્રેષ્ઠ પરાપ્રકૃતિ હોઈ તેને અક્ષરપુરુષ, આત્મા, બ્રહ્મ ઇત્યાદિ નામોની મિથ્યા સંજ્ઞાઓ વ્યવહારમાં બોધને અર્થે આપેલી છે (વૃક્ષાંક ૧); વસ્તુતઃ તો તે અનિર્વચનીય છે. હવે આ સ્થાન અનિર્વચનીય છે એવું તત્ત્વાર્થ દૃષ્ટિ વડે જાણી શકાય છે, તેટલો દોષ પણ તેમાં ન રહે તેથી તે કરતાં પર એટલે કે જેને મેં આગળ (અધ્યાય ૧૫માં) ઉત્તમપુરુષ, પુરુષોત્તમ એમ સમજાવવાને માટે સંબોધેલું છે, એવું તે સ્થાનક છે; કે, જ્યાં પરની વ્યાખ્યા સંપૂર્ણ થાય છે અને જે કેવળ અનુભવ વડે જ જાણી શકાય તેવું છે, તે જ મારું એટલે 'હું'રૂપ આત્માનું ખરું સ્વરૂપ છે. હવે તું કહેશે કે આમ એકથી પર બીજું અને બીજાથી પર ત્રીજું એમ આપણે અહીં પુરુષોત્તમ સુધી તો આવ્યા. હવે આથી પર કાંઈ હશે? તો

તારી એ શંકા નિરર્થક છે. તેથી પર કાંઈ નથી. સમજે કે આપણે પોતાને ગામ જવા નીકળ્યા, રસ્તામાં એક ગામથી પર બીજું ગામ, બીજાથી પર ત્રીજું, ત્રીજાથી પર ચોથું એમ કરતાં કરતાં જ્યારે પોતાને ગામ પહોંચ્યા એટલે તેથી પર કાંઈ રહેતું નથી; ત્યાં પરનો અવધિ સંપૂર્ણ થયો કહેવાય, તેમ આ સ્થાન એ જ મારું એટલે 'હું'રૂપ એવા આત્માનું પરમ અવધિનું સ્થાનક છે. આથી પર કાંઈ છે જ નહિ, એ જ મારું ખરું સ્વરૂપ છે. એટલા માટે જ મેં પ્રથમ કહ્યું છે કે જે મારામાં એકરૂપ બનેલો છે, જે શ્રદ્ધા વડે નિરંતર મને જ ભજે છે, તે જ સમાહિત ચિત્તવાળો ઉત્તમ સિદ્ધ જાણવો. હું એટલે કોણ? તેનું વિજ્ઞાન સહિત જ્ઞાન થાય તે પ્રકાર કહેવાનું મેં આ અધ્યાયના આરંભમાં તને કહ્યું હતું. તે 'હું' એટલે આ પાંચ કર્મેંદ્રિય, જ્ઞાનેંદ્રિય કિંવા સાત ધાતુઓ જેમાં છે એવો સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહધારી તારા જોવામાં આવતો આ શરીરધારી કૃષ્ણ નથી, પરંતુ જ્યાં પરની વ્યાખ્યાનો અવધિ સંપૂર્ણ થાય છે અને જેથી પર કાંઈ સિલક રહેતું નથી એવો પુરુષોત્તમ સંજ્ઞાવાળો કૃષ્ણ છે, એમ સમજ. એ જ મારું એટલે 'હું'રૂપ એવા આત્માનું સાચું સ્વરૂપ હોઈ તેવા મને જ પરમાત્મા, પરબ્રહ્મ વગેરે કહે છે.

હે ધનંજય! આ રીતનું મારું સાચું સ્વરૂપ તારા સમજવામાં આવ્યું કે? આ કરતાં પર (ઉપર) બીજું કાંઈ પણ છે જ નહિ, એ વાત તું હવે સારી રીતે સમજી શકીશ. એવા મારા સ્વરૂપમાં જ આ સર્વ ઓતપ્રોત પરોવાયેલું છે. જેમ દોરામાં મણિઓનો સમૂહ પરોવાયેલો હોય એટલે મણિઓનાં અનેક પ્રકારનાં તોરણો, માળાઓ વગેરે જે બધું સુશોભિત દેખાય છે તે સર્વ દોરાના આધાર ઉપર અવલંબિત હોય છે, તેમાંથી દોરી લઈ લેવામાં આવે તો મણિના સમૂહોની તમામ શોભા નિરર્થક નીવડે છે, તેમ આ બધી પ્રકૃતિની શોભા વાસ્તવિક મિથ્યા હોવા છતાં મારા વડે જ ભાસે છે. આ પ્રકારનું મારું યથાર્થ જ્ઞાન થવાને માટે પુરુષોત્તમસ્વરૂપ એવા મેં પ્રથમ બ્રહ્મદેવને જે ઉપદેશ આપ્યો હતો, તેનો સાર તને સંક્ષેપમાં કહું છું :

મને આત્મસ્વરૂપે જાણવું એ જ ભક્તિયોગનું લક્ષણ

હે બ્રહ્મદેવ! જેવો હું છું, જેવી મારી સત્તા છે અને મારાં રૂપ, ગુણ તથા કર્મ જેવાં છે, તે બધાંનું જેવું ને તેવું યથાર્થ જ્ઞાન તમોને મારા અનુગ્રહથી થાઓ. સૃષ્ટિ પહેલાં 'હું' જ એક હતો. આ સ્થૂળ કિંવા સૂક્ષ્મ પ્રપંચ અને તેનું કારણ માયા ઇત્યાદિ કાંઈ પણ ન હતું. વળી સૃષ્ટિ થયા પછી પણ સર્વરૂપે "હું" એક છું તથા અંત થયા પછી જે શેષ રહે છે તે પણ 'હું' જ એક છું. વસ્તુતઃ જે સત્ય હોય છે તે સત્યરૂપે ન દેખાય અને જે સત્ય ન હોય તે સત્યરૂપે દેખાય એનું નામ જ મારી માયા જાણવી. જેમ આકાશમાં બે ચંદ્ર છે જ નહિ, છતાં પણ આંખનો ઉપલો ભાગ દબાવ્યાથી બે ચંદ્ર દેખાય છે, તેમ આ જગત વસ્તુતઃ સાચું ન હોવા છતાં જાણે સાચું જ હોય તેમ દેખાય છે. જેમ ગ્રહોમાં રાહુ ગ્રહ હોવા છતાં તે દેખવામાં આવતો નથી, તેમ વસ્તુતઃ સર્વનો સાક્ષી અને સર્વનું અધિષ્ઠાન ચૈતન્ય એવો એક આત્મા જ સર્વત્ર વ્યાપેલો હોવા છતાં પણ તે જણાતો નથી. આ રીતે આવરણશક્તિ એટલે ચૈતન્યને ઢાંકી દેનારી શક્તિ તથા વિક્ષેપશક્તિ એટલે ચૈતન્યમાં જગતનો અંશ નહિ હોવા છતાં જાણે બ્રહ્માંડ સરજાયેલું હોય તેવું દેખાય તે શક્તિ, એ જ મારી માયા છે એમ જાણવું. જેમ ઉત્તમ અને અધમ શરીરોમાં પંચમહાભૂતો સૃષ્ટિ થયા પછી પ્રવેશ કરીને રહ્યાં હોય એમ જણાય છે, પરંતુ ખરી રીતે તો તે કાર્યની ઉત્પત્તિ પૂર્વે કારણરૂપે પ્રથમથી જ રહેલાં હોય છે, તેમ આત્મસ્વરૂપ એવો 'હું' પ્રથમથી જ સર્વના આદિ કારણરૂપે છું, પાછળથી પ્રવેશ કરીને રહેલો નથી. આત્મસ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા પુરુષે માત્ર એટલું જ જાણવાનું છે કે, અન્વયવ્યતિરેક વડે જે સદાસર્વદા અને સર્વ સ્થળે છે, તે જ આત્મા છે. કાર્યમાં કારણરૂપે અનુવૃત્તિ એ અન્વય, તથા કારણ અવસ્થા કર્મોથી વ્યાવૃત્તિ તે વ્યતિરેક સમજવો. જેમ જાગ્રતાદિ અવસ્થામાં આત્માની સાક્ષીરૂપે પ્રતીતિ થવી એ આત્માનો તે તે અવસ્થાઓમાં અન્વય, તથા સમાધિ અવસ્થામાં આત્માની પ્રતીતિ અને જાગ્રત આદિ અવસ્થાઓની અપ્રતીતિ તે વ્યતિરેક સમજવો. એવી રીતે અન્વય વ્યતિરેક વડે વિચાર કરતાં પણ સર્વ કાળમાં સર્વત્ર એક આત્મા જ છે. હે બ્રહ્મદેવ! ચિત્તને તદ્દન એકાગ્ર

કરીને આત્મસ્વરૂપ એવો જે 'હું' તેવા મને જ તમો અનુસરો કે જેથી કલ્પમાં જુદી જુદી સૃષ્ટિઓની રચના કરતી વખતે પણ 'હું' તેઓનો કર્તા છું એવો મોહ તમોને કદી પણ ઉત્પન્ન નહિ થાય. આ મુજબ મારું સાચું સ્વરૂપ જાણવું તે જ ભક્તિયોગનું લક્ષણ છે. આમ ભક્તિ અને અનુભવ સહિત મારા સ્વરૂપનું જ્ઞાન તથા સાધન તમોને કહ્યું, તેનું તમો સારી રીતે ગ્રહણ કરો (શ્રી ભા૦ સ્કં૦ ૨, અ૦ ૯).

रसोऽहमप्सु कौन्तेय प्रभाऽस्मि शशिसूर्ययोः ।

प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।

जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥९॥

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।

बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥१०॥

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।

धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥११॥

બધા મારામાં, મારા આશ્રયે અને મારા વડે જ છે

હે કૌંતેય ! સર્વથી પર એવો જે હું તેનું તને સારી રીતે જ્ઞાન થયું ને ? હવે હું એક હોવા છતાં બહુ રૂપે સર્વમાં ઓતપ્રોત કેવી રીતે રહ્યો છું, તે કહું છું, તે સાંભળ. આ પુરુષોત્તમરૂપ 'હું ' જ પ્રાણીઓમાં રસ રૂપે, સૂર્યચંદ્રમાં પ્રકાશ રૂપે, સર્વ વેદોમાં પ્રણવ એટલે ૐકાર રૂપે, આકાશમાં શબ્દ રૂપે અને સર્વ નરોમાં પુરુષત્વ રૂપે છે; વળી આ પુરુષોત્તમરૂપ એવો હું જ પૃથ્વીમાં ગંધ, અગ્નિમાં તેજ, સર્વ પ્રાણીઓમાં જીવન રૂપે તથા તપસ્વીઓના તપ રૂપે છે. હે પાર્થ ! સર્વ ભૂતોનું જે મૂળ અનાદિ બીજ કહેવાય છે તે પણ પુરુષોત્તમ એવા મને જ જાણ. એટલું તો શું પરંતુ બુદ્ધિમાનોની બુદ્ધિ, તપસ્વીઓનું તેજ, ઇચ્છા તથા દ્વેષથી રહિતપણારૂપ બળવાનોનું બળ પણ હે ભરતર્ષભ (અર્જુન) 'હું' જ છું; પ્રાણીઓમાં ધર્મથી વિરુદ્ધ નહિ એવો કામ પણ પુરુષોત્તમરૂપ એવો 'હું' જ છે.

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।

मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥१२॥

અરે ! આ મારી માયા(શ્લોકાંક ૩)ના સત્ત્વ, રજ અને તમ ગુણો વડે ઉપજેલા જે જે કાંઈ સાત્ત્વિક, રાજસ તથા તામસ ભાવો કિંવા પદાર્થો છે તે ઉત્તમપુરુષ એવા મારા આ 'હું' વડે જ છે; એટલે કે આ બધા મારામાં, મારા આશ્રયે અને મારા વડે જ છે, એમ જાણ.

આ સર્વ ભાવોમાં હું નથી

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! આ બધા દેહધારી એવા કૃષ્ણરૂપમાં નહિ, પરંતુ પુરુષોત્તમરૂપ એવો જે 'હું' તેવા મારામાં જ છે. તેઓ જો કે મારામાં છે, પણ હું કાંઈ તેઓમાં નથી, એમ જાણ. જેમ

માળામાં મણિની અંદર દોરો હોય છે, પણ દોરામાં મણિ નથી કિંવા સુવર્ણના દાગીનામાંથી જો સોનું કાઢી લેવામાં આવે તો દાગીનાનું અસ્તિત્વ રહેતું નથી; આથી જેમ સોનાના દાગીના છે, પણ દાગીનામાં સોનું નથી એમ કહેવાય. તે પ્રમાણે ભગવાન અત્રે કહી રહ્યા છે કે, માળામાં મણિના સમૂહમાં પરોવાયેલા દોરાની જેમ પરમાત્મા કિંવા પુરુષોત્તમ એવા 'હું' રૂપ દોરાની અંદર જ આ સર્વ દૃશ્ય પરોવાયેલું છે, એમ સમજો. તે કેવી રીતે ? તે દૃષ્ટાંત સાથે સમજાવીને કહું છું, તે સાંભળ. જળ એ મણિ તથા રસ એ તેનો વિષય હોઈ તે રસને પણ રસ પણું આપનાર હું તેનો દોરો છું એમ સમજો. આ રીતે સૂર્ય તથા ચંદ્ર એ મણિ અને તેજ અથવા પ્રકાશ એ તેનો સ્વભાવ છે, તેમાં પ્રકાશત્વની પ્રેરણા કરનાર આ પુરુષોત્તમરૂપ 'હું' દોરોરૂપ સમજો, તેમ જ સર્વ વેદ એ મણિ અને ૐકાર એ તેનું એટલે અક્ષર બ્રહ્મનું આદ્ય સ્થાનક હોઈ તે ૐને પ્રેરણા કરનાર 'હું' છે. આકાશનો ગુણ શબ્દ તથા નરોમાં પુરુષત્વ એ બંનેને પ્રેરણા કરનાર 'હું' પુરુષોત્તમ જ છે, તેમ જ પૃથ્વીમાં ગંધ, અગ્નિમાં તેજ, સર્વ પ્રાણીઓને જીવનની પ્રેરણા આપનાર દોરી રૂપે હું જ છે, સર્વ ભૂતો એ મણિ સમજો, તેમાં બીજ એ છિદ્ર સમજો અને તે બીજ ને પણ પોષનાર એવો દોરારૂપ સનાતન પુરુષોત્તમ હું જ છે. બુદ્ધિમાનો એ મણકા તથા તેમની બુદ્ધિ એ છિદ્ર અને એ બુદ્ધિને પ્રેરણા દેનાર દોરીરૂપ એવો હું પુરુષોત્તમ સમજો. તે જ પ્રમાણે તેજસ્વીઓના તેજનું પણ સમજો. કામરાગવિવર્જિત અર્થાત્ કામ એટલે મિથ્યા વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા તથા રાગ એટલે મિથ્યા વસ્તુમાં હોનારી તૃષ્ણા એ બેને નિવૃત્ત કરવાને માટે પ્રયત્ન કરનારાઓ જ શાસ્ત્રન્યાયે ખરા બળવાન ગણાય; તેવા બળવાનોમાં તેને નિવૃત્ત કરવાનું જે બળ અથવા સામર્થ્ય તે આપનાર પણ પુરુષોત્તમરૂપ એવો હું જ દોરી રૂપે છે. તે જ પ્રમાણે ધર્મથી વિરુદ્ધ નહિ જનારો એટલે પોતાના મનસ્વી રીતે કામોપભોગ નહિ કરનારો, પરંતુ શાસ્ત્રનિયમાનુસાર કામોપભોગ કરનારો અર્થાત્ સંયમ કરનાર એવો કામ એ મણિ તથા તેને તે સંયમમાં બળ આપનાર પુરુષોત્તમરૂપ એવો 'હું' જ છે, એમ જાણ.

વિષયમાં સંયમ કરનારાઓ શ્રેષ્ઠ કેમ ?

અત્રે એવી શંકા થવા સંભવ છે કે, શું ત્યારે જેઓ ધર્મથી વિરુદ્ધ કામોપભોગ કરતા હોય એટલે સંયમ કરતા ન હોય અથવા વિષયોમાંથી પ્રીતિને કાઢી લેવારૂપ બળનો સંયમ કરતા નહિ હોય તેવો કામ પરમાત્મા વિના બીજા કોઈની પ્રેરણા વડે થાય છે કે શું? તેના જવાબમાં છેવટે ભગવાન એવો સમારોપ કરે છે કે, હે અર્જુન ! આ જગતમાં જે જે કાંઈ સત્ત્વ, રજ અને તમોગુણના વિસ્તારરૂપ પ્રસૃતિ પામેલા ભાવો (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીના) છે તે તમામ પુરુષોત્તમ એવા મારા વડે જ છે, છતાં તેમાં પણ જેઓ સંયમ પાળનારા હોય તેની કીમત વધારે છે; કેમ કે તેમ થવાથી તેઓ મારા સાચા સ્વરૂપને જાણી શકે છે; પરંતુ જેઓ સંયમ કરનારા હોતા નથી તેઓ મારામાં હોવા છતાં પણ મને ઓળખી શકતા નથી અને વિષ્ટામાંના કીડાની જેમ વિષ્ટામાં જ રચ્યાપચ્યા રહે છે; આથી તેવાઓની કીમત ઓછી ગણાય છે. જેમ પથ્થરો, કોલસા, સોનું અને હીરા એ બધા જમીનમાંથી નીકળે છે, છતાં તેમાં સોનું અને હીરા તો ક્વચિત્ મળી આવે છે; આથી તે વધુ કીમતી ગણાય છે; તેમ વ્યવહારમાં વિષયલંપટ બનેલા અને વિષયોમાં રગદોળાતા તો પથ્થર અને કોલસા પ્રમાણે ઘણા મળી આવે છે, પરંતુ તેમાં સંયમ કરનારાઓ તો હીરા અને સોનાની જેમ કોઈક વિરલા જ નીકળે છે, તેથી તેમનું મહત્વ વિશેષ છે.

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।

मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥१३॥

આ તમામ માયા વડે મોહવશ થયેલા છે.

ભગવાન આગળ કહે છે : હે અર્જુન ! મારો એટલે "तत्"રૂપ એવા આત્મા (વૃક્ષાંક ૧)ની ઈશ્વર (વૃક્ષાંક ૨)ના ઇક્ષણથી ત્રણ ગુણ વડે પ્રસરેલી માયા(વૃક્ષાંક ૩)ના સત્ત્વાદિ મિથ્યા ભાવોના મોહ વડે જ આ

સર્વ જગત મોહવશ થયેલું છે, એટલે કે મારી મિથ્યા એવી "હું"રૂપ માયા (વૃક્ષાંક ૩) એ પ્રથમતઃ ત્રણ ગુણોના આશ્રય વડે અવ્યક્તાદિ રૂપે બની ઇંદ્રજાળવત્ આ મિથ્યા આડંબર (વૃક્ષાંક ૪થી ૧૫ ઘ પર્યંત) પ્રસારેલો છે. તેણે જ જગતમાં તમામને મોહ વડે વશ કરી દીધેલા છે; તેથી તે કરતાં એટલે માયા કરતાં પર અને અવ્યય અર્થાત્ કોઈ પણ પ્રકારનો વિકાર જ્યાં નથી એવા મને એટલે તત્રૂપ આત્મા(વૃક્ષાંક ૧)ને કોઈ જાણતું નથી. જુઓ આ માયાનો મહિમા કેવો અદ્‌ભુત છે!

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।

मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥१४॥

મમ માયા દુરત્યયા

ગુણમયી એટલે ત્રણ ગુણો વડે સર્વત્ર વિસ્તાર પામેલી આ મારી પ્રસિદ્ધ એવી દૈવી માયા દુરત્યયા છે અર્થાત્ પાર ઊતરવી અતિ દુસ્તર છે. તે દુઃખના ઉલ્લંઘન વડે જ તરી શકાય એવી છે, એટલે કે જેઓ આ માયા સુખરૂપ છે એવી ભાવના વડે તેમાં જ ફસાયેલા રહે છે, તેવાઓને માટે તે તરવી અત્યંત દુરતર મુશ્કેલ છે; પરંતુ જેઓ આ સર્વ મિથ્યા છે, દુઃખરૂપ છે એવા નિશ્ચયવાળા હોય છે તથા આત્મરૂપ એવા મારે (વૃક્ષાંક ૧ને) શરણે આવે છે, તેઓ જ આ મિથ્યા માયાને તરી જાય છે. તાત્પર્ય કે, માયાને તરવાને માટે પ્રથમ તો ત્રણ ગુણો વડે પ્રસરેલી આ તમામ દૃશ્યજાળ દુઃખરૂપ છે એવા પ્રકારનો તેના ઉપર પૂર્ણ વૈરાગ્યયુક્ત નિશ્ચય થવો જોઈએ અને આ સર્વથી પર એવો એક આત્મા, તત્ (વૃક્ષાંક ૧) એ જ સત્ય છે. એવા શ્રદ્ધાયુક્ત નિશ્ચય વડે તમામ ભાવે ઐક્ય રૂપે તેને જ સંપૂર્ણ રીતે શરણે રહેવું જોઈએ. તેને શરણે રહેવાનો પ્રકાર એવો છે કે, આ સર્વ દૃશ્યજાળ દુઃખદાયક એવી માયારૂપ નહિ પરંતુ તે કરતાં પર એવા એક આત્મરૂપ છે, તે સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ એ રીતે અથવા આ બધું દૃશ્યજાળ દુઃખરૂપ એવી માયાનું કાર્ય છે, પરમાત્મા તો તે કરતાં પર કોઈ તેજ ખરું સુખનું સ્થાનક છે, એવી રીતે દૃઢ નિશ્ચયથી તન મનાદિ દ્વારા જેઓ મારું શરણ લે છે તેઓ જ આ માયાને તરી શકે છે. આનો ભાવાર્થ એ નીકળે છે કે, શ્રીકૃષ્ણ ભગવાન એટલે શરીરધારી જે દેખવામાં આવે છે તેવા નથી, પરંતુ આત્મ(વૃક્ષાંક ૧) રૂપ છે એવો દૃઢ નિશ્ચય કરીને તે જ ચરાચરમાં સર્વત્ર વ્યાપક છે, માયા છે જ નહિ એ પ્રમાણે મન, વાણી અને શરીર વડે એક તેને જ શરણે જવું અર્થાત્ સર્વત્ર એક આત્માને જ જોવો; અંતઃકરણમાં આત્મા સિવાય બીજા કોઈ સંકલ્પનું સ્ફુરણ જ થવા નહિ પામે એવી દક્ષતા રાખવી અને કદાચ સ્ફુરણ થાય તો તરત જ તે આત્મસ્વરૂપ એવા એક ભગવાન જ છે, એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને તત્કાળ ગાળી દેવું. આનું નામ જ ભગવાનની સંપૂર્ણ શરણાગતિ છે.

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।

माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥

નરાધમો મારે શરણે આવતા નથી.

માયા વડે મૂઢ બનેલા દુષ્કૃતિ અર્થાત્ શરીર એટલે જ હું એમ માની કર્મ કરનારા મૂઢ અને નીચ નરાધમો કે જેઓનું જ્ઞાન હણાઈ ગયેલું છે એવા આસુરી સ્વભાવના આશ્રયે રહેલાઓ આત્મસ્વરૂપ એવા મારા શરણને કદી પણ પામતા નથી. ભાવાર્થ એ છે કે, જેઓ હું એટલે મને આત્મરૂપે નહિ સમજતાં હું એટલે "આ શરીર છું" એમ માને છે, તેઓ કદી પણ મારા સાચા સ્વરૂપને પામતા નથી અને હંમેશ દુઃખ જ ભોગવ્યા કરે છે. માયા વડે જેનું જ્ઞાન નષ્ટ થવા પામેલું તે એવા આ મૂઢ અને અધમ નરોને આસુરી સ્વભાવના આશ્રયી સમજવા, એમ ભગવાન ફરી ફરીને કહે છે.

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।

आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥१६॥

ચાર પ્રકારના ભજનારાઓ

હે ભરતર્ષભ (અર્જુન) ! ઉપર કહેલા નરાધમોને છોડી નીચેના ચાર પ્રકારના સુકૃત કરનારા એટલે પુણ્યશાળી જનો જ મને ભજે છે. (૧) આર્ત એટલે માનસિક તથા શારીરિક રોગોથી પીડાયેલો દુઃખમસ્ત, (૨) જિજ્ઞાસુ એટલે ઈશ્વર શું હશે ? કેવો હશે ? તેનું સાચું સ્વરૂપ જાણવાની જેના મનમાં તીવ્ર ઇચ્છા છે એવો મારા એટલે આત્મસ્વરૂપને જાણવા ઇચ્છતો સાધક; (૩) અર્થાર્થી એટલે સ્વર્ગાદિ પર્યંતના અનેક પ્રકારના વિષયો સંપાદન કરવાને માટે ઇચ્છતો તથા (૪) જ્ઞાની એટલે જેમને મારું અર્થાત્ આત્માનું પરોક્ષજ્ઞાન થયું છે, પરંતુ અપરોક્ષજ્ઞાન અર્થાત્ આત્મસાક્ષાત્કાર થયેલો નથી પણ તેને માટે જે પ્રયત્ન કરી રહ્યો છે એવો મારો એટલે આત્માનો નિષ્કામ ઉપાસક. આમ ચાર પ્રકારના પુણ્યવાનો જ મને ભજે છે, કારણ કે તેઓ સત્યપંથે પડેલા છે.

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।

प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥

જ્ઞાની મને અત્યંત પ્રિય છે,

આ ચારે પૈકી જ્ઞાની એટલે કે જે પાછળ અભ્યાસક્રમમાં બતાવ્યા પ્રમાણે અભ્યાસ કરનાર (અભ્યાસક્રમને માટે કિરણાંક ૨૨, પાના ૫૭ થી ૫૯ તથા અધ્યાય ૨. પાના ૧૬૭ થી ૧૬૯ જુઓ), નિત્યપ્રતિ કેવળ એક આત્મામાં જ જેની બુદ્ધિ પરોવાયેલી છે અને જે નિરંતર એક આત્મરૂપ એવો મારી ભક્તિમાં જ એકાકાર થયેલો છે. તેવો અપરોક્ષને માટે પ્રયત્ન કરનારો એટલે આત્મસ્વરૂપ એવા મારામાં એકરૂપ થવાને માટે પ્રયત્ન કરતો, નિષ્કામ એવો જ્ઞાની જ સર્વથી શ્રેષ્ઠ છે અર્થાત્ જ્ઞાનીની યોગ્યતા આ બધામાં વિશેષ છે, કેમકે તેને આત્મસ્વરૂપ એવો હું જ એક અત્યંત પ્રિય છે. કારણ તેની આત્મસ્વરૂપ એવા મારા વિના બીજા કશા પર પણ પ્રીતિ હોતી નથી અને તેથી આત્મસ્વરૂપ એવા મને પણ તે અત્યંત પ્રિય છે.

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।

आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥१८॥

મારામાં અને જ્ઞાનીમાં બિલકુલ ભેદ નથી.

હે અર્જુન ! ખરું જોતાં તો આ બધા ચારે પ્રકારના ઉપાસકો ઉદાર એટલે ઉત્તમ જ છે. કારણ કે, જગતમાંના તમામ વિષયાદિ સુખો, રાજપાટ, સંપત્તિ, સંતતિ કિંવા તૃણથી ઇન્દ્રલોક પર્યંતના તમામ ભોગો પ્રાપ્ત થાય તો પણ આત્મસ્વરૂપ એવો જે હું તેવા મારી પ્રાપ્તિ થયા સિવાય સુખ કિંવા શાંતિ કદી મળતી જ નથી અને અંતે તો આત્મસ્વરૂપ એવા મારી પ્રાપ્તિ કરી લીધા સિવાય છૂટકો જ થતો નથી; સર્વ જીવોનું અંતે આજ એક ધ્યેય છે, એમ નિશ્ચિત જાણ. મોડા અગર વહેલા સર્વેને અત્રે જ પહોંચવાનું છે. વાસ્તવિક રીતે તો આ બધા આ ધ્યેય પ્રાપ્ત કરવાને માટે જ પ્રયત્નો કર્યે જાય છે, પરંતુ તેઓ મારા આ સત્ય એવા આત્મસ્વરૂપથી અજ્ઞાત હોવાથી મારા સ્વરૂપ સંબંધમાં પોતપોતાની કલ્પનાનુસાર ગમે તેવી કલ્પનાઓ કરી લે છે, પણ વસ્તુતઃ તો તેઓ મોડા વહેલા આ ધ્યેયમાં જ આવીને મળે છે. જો આ રીતે વ્યવહારમાં ગણાતાં

તૃણથી બ્રહ્મદેવ સુધીના તમામ ઐશ્વર્યો પ્રાપ્ત કર્યા પછી પણ અંતે તો આજ એક ધ્યેય સાધ્ય કરવાનું રહે છે તથા મોડા વહેલા તેને જ પ્રાપ્ત કરવાનું રહે છે, એ વાત તદ્દન નિશ્ચિત છે તો પછી ગમે તે ઇચ્છાથી જેઓ આ માર્ગે લાગેલા હોય છે તેઓ સર્વ ઉદાર હૃદયના અર્થાત્ કરવાનું કાર્ય કરનારા અથવા તો જે સાધવાનું તે ધ્યેયને સાધ્ય કરવાના પંથે પડેલા એવા શ્રેષ્ઠ કોટીના છે. તેવા સર્વ ભજનિકોમાં (૧) આર્ત, (૨) જિજ્ઞાસુ, (૩) અર્થાર્થી અને (૪) જ્ઞાની એ ચાર પ્રકારના મારા સર્વે ભજનિકો જો કે ઉત્તમ જ છે; છતાં તેમાં પણ જ્ઞાનીની યોગ્યતા તો ઘણી જ ઉચ્ચ કોટીમાં થાય છે. હે પાર્થ! વધુ શું કહું? આ યુક્તાત્મા એટલે જે હંમેશાં આત્મામાં જ યુક્ત (રત) થયેલો છે તથા સર્વથી ઉત્તમ ગતિરૂપ એવો હું (વૃક્ષાંક ૧)જ છે તેવા મારામાં જ કાયમને માટે સ્થિત એટલે પર્વતની જેમ તદ્દન (અચળ) સ્થિર થઈને રહેલો છે, તેવો આ જ્ઞાની એટલે તો સાક્ષાત્ આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧)જ છે એમ નિશ્ચિત સમજ. તાત્પર્ય કે, આત્મસ્વરૂપ એવો હું એટલે જ જ્ઞાની અને જ્ઞાની એટલે જ હું એ રીતે બંનેમાં અભિન્નપણું જ છે, એમ જાણ.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।

वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥

આ સર્વ વાસુદેવરૂપ છે

હે વત્સ! આ સર્વ વાસુદેવ એવા હું(વૃક્ષાંક ૨) રૂપ છે તથા એવો વાસુદેવ એટલે જ આત્મા (વૃક્ષાંક ૧) છે, એવા પ્રકારનું જ્ઞાન થયું એ કાંઈ નાનીસૂની વાત નથી. અનેક જન્મો પછી જેનો આ છેલ્લો જન્મ હોય, પુનઃ જન્મ આવવાનો જેને કદી સંભવ હોતો નથી. તેવા જ્ઞાનવાન જ આ જે જે કાંઈ દેખાય છે વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિ દ્વારા જાણી શકાય છે. તે તમામ દૃશ્યજાળ 'વાસુદેવ રૂપ જ' છે અને હું તો તે વાસુદેવ એટલે આત્મા (વૃક્ષાંક ૧) છે એમ સમજી મને શરણ થાય છે, અર્થાત્ જે સર્વભાવે પોતાની તમામ વૃત્તિઓને મારામાં જ પરોવી રાખે છે અથવા તો વાસુદેવ એટલે આત્મા છે અને તે આત્મા એટલે હું પોતે જ છું એમ જે સમજે છે એવો મહાત્મા અત્યંત દુર્લભ હોય છે. હે પાર્થ! આવા મહાત્માનું દર્શન કિંવા સેવન એ સાક્ષાત્ મારું જ દર્શન અથવા સેવન છે એમ સમજ.

વાસુદેવ જ સર્વ રૂપે છે

હે અર્જુન! સર્વત્ર વાસુદેવરૂપ થયેલો એવો મહાત્મા અતિ દુર્લભ છે. જેમ સૂર્ય, અગ્નિ, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ તથા તારા ચૈતન્યસ્વરૂપ આત્મા વડે પ્રકાશિત થયેથી વસ્તુઓને જ પ્રકાશે છે, તેમ સ્વયંપ્રકાશ એવો વાસુદેવરૂપ હું જ પ્રથમ ઈશ્વરરૂપ બની જગતનો પ્રકાશ કરું છું. ઈશ્વરી માયાથી મોહ પામેલા તારા જેવા પુરુષો મને એટલે વાસુદેવરૂપ 'હું'ને જગતનું કારણ કહે છે, પરંતુ વસ્તુતઃ તેમ નથી. ઊલટું આ ગારૂડી ખેલ કરનારી મિથ્યા માયાનો વાસુદેવરૂપ એવા મારામાં યત્કિંચિત્ પણ અંશ નથી. આ ગારૂડીમાયા વડે મોહ પામેલા દુષ્ટ પુરુષો "આ હું અને આ મારું" એ રીતે બકયા કરે છે. દ્રવ્ય એટલે જેમાં જગતનું ઉપાદાન કારણ એવાં પંચમહાભૂતો, કર્મ, કાળ, સ્વભાવ તથા જીવ એટલે મહાપ્રાણ (વૃક્ષાંક ૨થી ૧૫ઘ) સુધીનો સમાવેશ થાય છે; તે બધું વાસ્તવિક રીતે જોતાં તો વાસુદેવરૂપ જ છે, વાસુદેવથી કિંચિન્માત્ર પણ કાંઈ ભિન્ન નથી. વેદોનું કારણ પણ વાસુદેવ એવો હું જ છે. દેવતાઓ પણ વાસુદેવ એવા મારા અંશો જ છે. સ્વર્ગાદિ લોક પણ વાસુદેવના જ અંશો છે. યજ્ઞ, યાગ, યોગ, તપ, જ્ઞાન એ વાસુદેવની પ્રાપ્તિનાં સાધનો કહેવાય છે તે અને તેના ફળરૂપ જે જે કાંઈ છે તે પણ વાસ્તવિક સર્વ વાસુદેવરૂપ જ છે. તે સર્વના દ્રષ્ટા, નિયંતા, ઈશ્વર (વૃક્ષાંક ૨)સ્વરૂપે હું સર્વાંતર્યામી અને કૂટસ્થ એવા ઈશ્વરે(વૃક્ષાંક ૨ એ)સર્જેલા આ જગતને વાસુદેવરૂપ એવો હું કેવળ તેની દૃષ્ટિની પ્રેરણા વા ઈક્ષણશક્તિવડે સર્જું છું. આ હુંરૂપ એવો જે વાસુદેવ તે જ આત્મા(વૃક્ષાંક ૧) છે, એમ સમજો. આ રીતે સર્વ વાસુદેવરૂપ છે તથા વાસુદેવ જ આ સર્વરૂપ છે,

એવું જાણનારો મહાત્મા અતિ દુર્લભ છે, એવો શાસ્ત્રનો પણ નિશ્ચય છે (જુઓ ભા૦ સ્કં. ૨ અ૦ ૫ શ્લો૦ ૫ થી ૧૦).

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।

तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥२०॥

ભક્તિમાર્ગ તે આ જ

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે : હે અર્જુન ! અલાર સુધીના વિવેચન ઉપરથી તું સારી રીતે જાણી શક્યો હશે કે, 'હું' એટલે આ દેહધારી એવો કૃષ્ણ નહિ, પરંતુ ચરાચરમાં વ્યાપક અને સર્વત્ર ઓતપ્રોત રહેલો, સર્વ દૃશ્યજાળથી પર, અદ્વૈત એવો એક આત્મા(વૃક્ષાંક ૧) છે. તે કથન તારા લક્ષ્યમાં હવે સારી રીતે આવી ગયું હશે જ. ભક્તિમાર્ગ તે આ જ. ટૂંકમાં આ પ્રમાણે મને શરીરધારી નહિ પણ અદ્વૈત એવા એક આત્મસ્વરૂપે જાણવું એ જ ખરો ભક્તિમાર્ગ કહેવાય છે. આ રીતે હું એટલે અદ્વૈત એવો આત્મા છે એવું જ્ઞાન જેઓનું નષ્ટ થયેલું છે અને જેમની બુદ્ધિ અનેકવિધ વિષયો વડે અનંત પ્રકારની કામનાઓ વાળી બનેલી હોય છે તેવાઓ પોતપોતાની પ્રકૃતિ એટલે સ્વભાવાનુસાર તે તે કામનાઓ તરફ તે તે નિયમનો આશ્રય કરીને બીજા બીજા દેવતાઓને ભજે છે. જેને બ્રહ્મતેજની ઇચ્છા હોય છે તે બ્રહ્મનું યજન કરે છે, ઇંદ્રિયોની શક્તિની ઇચ્છાવાળાઓ ઇંદ્રનું; પ્રજાની ઇચ્છાવાળાઓ દક્ષાદિ પ્રજાપતિઓનું, લક્ષ્મીની ઇચ્છાવાળાઓ દુર્ગા દેવીનું; તેજની ઇચ્છાવાળાઓ અગ્નિનું; સમૃદ્ધિની ઇચ્છાવાળાઓ અષ્ટ વસુઓનું; પરાક્રમની ઇચ્છાવાળાઓ અગિયાર રુદ્રોનું; અન્નાદિની ઇચ્છાવાળાઓ અદિતિનું; સ્વર્ગની ઇચ્છાવાળાઓ આદિત્યનું; રાજ્યની ઇચ્છાવાળાઓ વિશ્વદેવનું; દેશનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળાઓ સાધ્ય દેવોનું; આયુષ્યની ઇચ્છાવાળાઓ બંને અશ્વિનીકુમારોનું; પુષ્ટિની ઇચ્છાવાળાઓ પૃથ્વી દેવીનું યજન કરે છે; પ્રતિષ્ઠાની ઇચ્છાવાળાઓ દ્યાવાપૃથ્વી એટલે પૃથ્વી તથા અંતરિક્ષનું; સર્વના અધિપતિપણાની ઇચ્છાવાળાઓ બ્રહ્માનું; રૂપની ઇચ્છાવાળાઓ ગંધર્વનું; રતિની ઇચ્છાવાળાઓ ઉર્વશી અપ્સરાનું; યશની ઇચ્છાવાળાઓ યજ્ઞપુરુષ એવા ભગવાનનું; ભંડારની ઇચ્છાવાળાઓ વરુણનું; વિદ્યાની ઇચ્છાવાળાઓ શિવનું; સ્ત્રી પુરુષોમાં પરસ્પર પ્રીતિની ઇચ્છાવાળાઓ પાર્વતીનું; ધર્મની ઇચ્છાવાળાઓ નિષ્કામ ભાવે સર્વના સાક્ષી ઈશ્વરનું; વંશવૃદ્ધિની ઇચ્છાવાળાઓ પિતૃનું; રક્ષાની ઇચ્છાવાળાઓ યક્ષોનું; બળની ઇચ્છાવાળાઓ ઇંદ્ર દેવતાનું; રાજ્યના સાર્વભૌમપણાની ઇચ્છાવાળાઓ મનુનું; શત્રુઓના નાશની ઇચ્છાવાળાઓ રાક્ષસોનું; વિલાસની ઇચ્છાવાળાઓ ચંદ્રનું; વૈરાગ્યની ઇચ્છા કરનારાઓ પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષ(વૃક્ષાંક ૨)નું યજન કરે છે, તથા જેઓ નિષ્કામ હોય અથવા સર્વની ઇચ્છાવાળા હોય કિંવા ફક્ત મોક્ષની જ ઇચ્છા હોય તેમણે ઉદાર બુદ્ધિ એટલે સર્વત્ર આત્મભાવના રાખી તીવ્ર ભક્તિથી પૂર્ણ પુરુષ કિંવા અક્ષરપુરુષ (વૃક્ષાંક ૧) એવા આત્માનું જ યજન કરવું જોઈએ (ભા૦ સ્કં૦ ૨ અ૦ ૩ જુઓ.)

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।

तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥२१॥

અન્ય દેવતાઓના યજનથી શો લાભ ?

ભગવાન કહે છે : હે અર્જુન ! તને પ્રથમ કહેવામાં આવ્યું છે, (અધ્યાય ૪ શ્લોક ૧૧ જુઓ) છતાં બોધની પરિપક્વતાને માટે ફરીથી કહું છું કે, જે જે ભક્ત આત્મસ્વરૂપ એવા મારા જે જે સ્વરૂપ વડે મને શ્રદ્ધાથી પૂજવાને ઇચ્છે છે તેની તે તે દેવતા વિષેની શ્રદ્ધા આત્મરૂપ એવો હું જ સ્થિર કરું છું. તે તે દેવતાઓનું યજન કરનારા ભક્તોને લાભ એટલો જ એક છે કે, તેવા ભક્તો પોતપોતાની કામના પૂર્ણ થવાની ઇચ્છાથી મહાત્મા

પુરુષોની સંગતિમાં વારંવાર આવે છે તથા પ્રસંગવશાત્ તેમના મુખેથી નિષ્કામ ભક્તિનું માહાત્મ્ય સમજાઈ તેને અંતે ભગવાનમાં અચલ ભક્તિ ઉત્પન્ન થાય છે, અને ધીરે ધીરે રાગદ્વેષાદિ દોષોના સમૂહોનો નાશ થઈ શુદ્ધ એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તથા તેની પ્રાપ્તિ થતાં જ વિષયો ઉપર વૈરાગ્ય ઉપજે છે. તમામ વિષયો અસાર છે, એમ સારી રીતે સમજાયાથી ચિત્ત પ્રસન્ન રહે છે, અને ક્રમે તે સદ્‌ગુરુના બોધ વડે જેથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય એવા અપરોક્ષાનુભવરૂપ અદ્વૈત સ્વરૂપમાં સ્થિર થઈ કૃતાર્થ બને છે, આમ તેઓ ધ્યેયપ્રાપ્તિને પંથે હોય છે.

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।

लभते च ततः कामान्मयैव विहितान्हितान् ॥२२॥

મેં જ નિર્માણ કરેલા કર્મફળને પામે છે

પોતપોતાના ઇષ્ટ દેવતામાં સ્થિર થયેલી એ શ્રદ્ધા વડે યુક્ત થઈને તે સાધક પછી તે તે દેવતાઓની આરાધના કરે છે, તથા આત્મસ્વરૂપ એવા મેં જ નિર્માણ કરેલાં એ દેવતાઓ પાસેથી મારી નિયતિની સત્તા વડે નિર્માણ થયેલાં ઇચ્છિત ફળોને પામે છે.

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।

देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥२३॥

દેવતાઓનું યજન કરનારા દેવતાઓને પામે છે

આ અલ્પબુદ્ધિવાળાઓનું તે ફળ તો નાશવંત જ હોય છે. આ પ્રમાણે જુદા જુદા દેવતાઓનું યજન કરનારાઓ તે તે દેવતાને પામે છે તથા તત્સ્વરૂપ એવા મારું(વૃક્ષાંક ૧નું) યજન કરનારા આત્મનિષ્ઠ ભક્તો મને એટલે આત્મા(વૃક્ષાંક ૧)ને જ પામે છે. તાત્પર્ય કે, તેઓ આત્મસ્વરૂપ એવો જે હું તેની સાથે જ એકરૂપ બને છે.

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।

परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥२४॥

મૂઢો મને અવ્યક્તમાંથી વ્યક્ત બનેલો માને છે

અબુદ્ધયઃ એટલે બુદ્ધિહીન એવા મૂઢો તો મારા પરમ કારણરૂપ એવા અવ્યય અર્થાત્ આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ને નહિ જાણતાં જાણે કે હું અવ્યક્ત એવા આત્મા(વૃક્ષાંક ૧)માંથી વ્યક્ત થયો હોઉં એમ સમજે છે. તાત્પર્ય એ કે, મૂઢ લોકો "હું" કે જે તમામ વિકારોથી તદ્દન રહિત, અવ્યય એવો આત્મા (વૃક્ષાંક ૧) છે, એવો આત્મરૂપ હું કોઈનું કારણ બનતો નથી, તેમ મારું પણ કોઈ કારણ નથી; જ્યાં મારામાં કારણ (અવ્યક્તનું નામ જ કારણ છે) જ નથી તો પછી કારણના આધારે રહેનારું કાર્ય તો ક્યાંથી સંભવે? વળી કાર્ય કારણાદિ નથી તો પછી તેને જાણનારો સાક્ષી પણ શી રીતે હોઈ શકે? છતાં પણ આ મૂઢો આત્મસ્વરૂપ એવા મને એટલે "હું" ને અવ્યક્તમાંથી વ્યક્તરૂપ શરીરને પામેલો છે એમ માને છે. વાસ્તવિક રીતે હું એટલે ખરેખર નિર્વિકાર અને અવ્યક્ત એવો આત્મા છે, છતાં મને શરીરધારી જ સમજે છે. અર્થાત્ જેઓ 'હું' ને અવ્યક્ત હોવા છતાં વ્યક્ત થયેલો છે એમ માને છે તેઓ મારા સર્વોત્તમ ભાવને કદી પણ પ્રાપ્ત થતા નથી. મૃગજળના પાણીને નહિ જાણનારો મૂઢ પોતાની તરસ છીપાવવાને અર્થે

તેની પાછળ પડી દુઃખ ભોગવે છે, તે પ્રમાણે મૂઢો આ મિથ્યા દૃશ્યાભાસની પાછળ પડી તેને જ સત્ય માની લઈ દુઃખ ભોગવે છે, તથા સ્વપ્નવત્ દેખાતા મારા શરીરને જ કૃષ્ણરૂપ માની લે છે. પરંતુ વાસ્તવિક તો સર્વોત્તમ એવા મારા આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧)ને તેઓ ઓળખતા નથી. ભગવાને આમાં ભક્તિમાર્ગના આશ્રયીઓએ ભક્તિ કેવી રીતે કરવી તે તદ્દન સ્પષ્ટ કર્યું છે. મારી વ્યક્તિરૂપે નહિ પણ અવ્યક્ત એવા અનિર્વચનીય આત્મસ્વરૂપે ભક્તિ કરનારાઓ જ સાચા ભક્તિમાર્ગના ઉપાસક છે તથા તેમ નહિ કરનારા મૂઢો વા દાંભિકો છે, એમ અત્રે સ્પષ્ટ કર્યું છે. સર્વોત્તમ પદની પ્રાપ્તિ માટે અવ્યક્ત ભક્તિ એ જ મુખ્ય સાધન છે, એમ જે અત્રે ભગવાને કહ્યું છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।

मूढोयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥२५॥

योगमायासमावृतः

જેમ વાદળાં વડે સૂર્ય ઢંકાઈ જવાથી પોતે સ્વયંપ્રકાશ હોવા છતાં પણ તેનો પ્રકાશ દેખાતો નથી અથવા નેત્રદોષને લીધે ઘુવડ પક્ષી જેમ સૂર્યના પ્રકાશને પણ અંધકાર દેખે છે, તેમ માયારૂપ મિથ્યા યોગમાં અર્થાત મિથ્યાને સત્ય સમજવારૂપ અધ્યાસ દૃઢ થવાથી " કાંઈ નથી " એટલે નાહમ્ (વૃક્ષાંક ૪ એવા પ્રકારના મિથ્યા આભાસ વડે આવૃત થવાને લીધે મોહ પામેલા આ મૂઢ લોકો અજ એટલે જન્મરહિત, જ્યાં 'હું' એવું સ્ફુરણ (વૃક્ષાંક ૩) થવું પણ શક્ય નથી એવો, અવ્યય એટલે વ્યય રહિત કે જેમાં બીજો કોઈ પણ વિકાર કદી પણ સ્પર્શ કરી શકતો નથી એવા આત્મસ્વરૂપ મને (વૃક્ષાંક ૧)ને જાણતા નથી. તાત્પર્ય એ છે કે, વસ્તુતઃ તત્રૂપ એવો 'હું' તદ્દન અનિર્વચનીય, નિર્લેપ, વિકાર નહિ પામેલો તથા અસંગ એવો છે. મારામાં "હું" ભાવ (વૃક્ષાંક ૩)નો લેશમાત્ર પણ સંભવ નથી, છતાં મિથ્યા માયા વડે આ "હું" ભાવ (વૃક્ષાંક ૩) જાણે કે મારા સ્વસ્વરૂપમાં ઉત્પન્ન થયો ન હોય તેમ ભાસે છે. આ રીતે અનિર્વચનીય એવા મારા એટલે આત્મામાં "હું" એ ભાવ પણ નહિ હોવા છતાં "હું" એવા મિથ્યા સ્ફુરણ રૂપે ભાસવું એ જ મારી મિથ્યા માયાશક્તિ છે, એમ સમજ. આ "હું" "હું" રૂપ થનારા નિત્ય સ્ફુરણને જ યોગમાયા કિંવા અધ્યાસ કહે છે. કાંઈ પણ નહિ હોવા છતાં ફરી ફરીને તેનું તે જ ભાસવું તથા વારંવાર તેમ થવાથી તેની દૃઢતા થવી તેને અધ્યાસ કહે છે. સારાંશ, આ રીતે માયા એટલે જે વસ્તુતઃ કાંઈ છે જ નહિ છતાં આકાશના નીલવર્ણની પેઠે જાણે સત્ય હોય તેમ ભાસે છે, એ જ હું, તું, આ, તે ઇત્યાદિ રૂપે દૃશ્યમાન થયા જેવી ભાસે છે. તે જ આ સમાવૃત એટલે આત્માને આવૃત કરનારી યોગમાયા છે, એમ સમજ.

અવ્યક્ત અને અવ્યય તત્ત્વની સમજ

સમ વા આત્મા તો તદ્દન અનિર્વચનીય અને અસંગ છે, તેમાં આ "હું" રૂપ સ્ફુરણ થવું કદી પણ શક્ય નથી છતાં આ 'હું' એવું સ્ફુરણ તો સ્પષ્ટ રીતે ભાસમાન થાય છે, ત્યારે આ 'હું' "હું" કહેનારો કોણ હશે? એની શોધ કરતાં ' હું" "હું" કહેનારો તો કોઈ જરૂર છે, પરંતુ તે આત્મા નથી, પણ બીજો જ કોઈ છે; કારણ કે, આત્મા તો તદ્દન નિષ્ક્રિય છે એ નિશ્ચિત છે. ત્યારે આ "હું" કહેનારો કોણ હશે? એવો વિચાર આ "હું"ને થયો ત્યારે તેને જણાયું કે, આ "હું" "હું" રૂપ જે મિથ્યા સ્ફુરણ થયું તેને જાણનારો તો કોઈ અવશ્ય છે, પરંતુ લક્ષ્યાર્થ વડે જાણી શકાય તેવો છે. તેને જ સાક્ષી, દ્રષ્ટા, ઈશ્વર, પુરુષ (વૃક્ષાંક ૨) ઇત્યાદિ નામો વડે સંબોધવામાં આવેલો છે. અહીં ખાસ લક્ષમાં રાખવાનું છે કે, આ સાક્ષી તો મિથ્યા માયારૂપ "હું" (વૃક્ષાંક ૩)નો છે, આત્મા (વૃક્ષાંક ૧)નો નથી; કેમ કે તેનું અસ્તિત્વ આ મિથ્યા "હું" રૂપનું સ્ફુરણ થાય તો જ હોય છે અને આ 'હું' ન હોય તો તેના સાક્ષીમાત્રનો વિલય સ્વસ્વરૂપમાં અનાયાસે જ થઈ જવા પામે છે, જેમ મનુષ્ય અને તેની છાયા એ બંને ભાવો પરસ્પર એકબીજાને છોડીને કદી પણ રહી શકતા નથી, તેમ આ મિથ્યા "હું" (વૃક્ષાંક ૩) અને તેનો સાક્ષી

(વૃક્ષાંક ૨) એ બંને ભાવો પરસ્પર સંલગ્ન છે. આ દૃષ્ટાંત પ્રમાણે "હું" (વૃક્ષાંક ૩) એ છાયા તથા તેનો સાક્ષી ઈશ્વર (વૃક્ષાંક ૨)એ મનુષ્ય સમજો. આ શુદ્ધ હું વા ઈશ્વર એ મિથ્યા "હું" (વૃક્ષાંક ૩) તથા તે વડે ભાસતા તમામ દૃશ્યનો સાક્ષી વા દ્રષ્ટા છે એ વાત ખરી, પણ તે કાંઈ "હું" નું સાચું સ્વરૂપ નથી. આ મિથ્યા "હું" (વૃક્ષાંક ૩)ને તો પોતાની ઉત્પત્તિનું મૂળ સાચું સ્થાન કયું? તે જાણવાની ઇચ્છાથી તે પોતાના સાક્ષી કિંવા દ્રષ્ટા (વૃક્ષાંક ૨)ને પૂછે છે કે હે ઈશ્વર, સાક્ષી વા દ્રષ્ટા! (વૃક્ષાંક ૨) "હું" કોણ? મારું ઉત્પત્તિનું મૂળ સ્થાન કયું? મારું સાચું સ્વરૂપ શું છે? તેના ઉત્તરમાં સાક્ષી (વૃક્ષાંક ૨) કહે છે કે, હે "હું" (વૃક્ષાંક ૩)! "ત્વમ્ એટલે તું" "તત્ અસિ" અર્થાત તે (વૃક્ષાંક ૧) છે. એટલે કે, હે "હું" (વૃક્ષાંક ૩)! તું આ "હું" "હું" એમ જે કહે છે તે હું, હું એવો ભાવ જ્યાં નથી એવું જે અનિર્વચનીય આત્મસ્વરૂપ છે એ જ તારું ખરું સ્વરૂપ હોઇ તે જ તારું મૂળ સ્થાનક છે, તે જ તું છે. ઉદ્દેશ એ છે કે, તે પદ જ્યાં 'હું' એવા ભાવનો પણ વિલય થઈ જાય છે, એવું અનિર્વચનીય છે. આ સાંભળીને તે "હું" (વૃક્ષાંક ૩) સમજ્યો કે, "જ્યાં હું એવો ભાવ નથી" એવું પદ એ જ મારું સાચું સ્વરૂપ છે. આથી તેણે "હું નથી" "હું નથી" એવા પ્રકારે "નાહમ્" ભાવનો અભ્યાસ કરવા માંડ્યો. તેનું પરિણામ એ આવ્યું કે, અનિર્વચનીય આત્મા ઉપર મિથ્યા "હું" (વૃક્ષાંક ૩) ભાવનો ખોટો આરોપ તો હતો જ, તે ઉપર વળી પાછો "હું નથી" "હું નથી" એમ કહેવારૂપ બીજા અધ્યાસનો ઉમેરો થયો. આને અવ્યક્ત કિંવા કારણતત્ત્વ (વૃક્ષાંક ૪) કહે છે. જેમ કે કોઈ વસ્તુ આપણી પાસે હોવા છતાં તે મારી પાસે નથી એવું જો કહેવામાં આવે તો એમ બને છે કે એક તો તે વસ્તુ હતી અને તેના ઉપર પાછો તે મારી પાસે નથી એવો બીજો મિથ્યા આરોપ થયો. અથવા આકાશ એટલે જે કાંઈ છે જ નહિ છતાં તેમાં મિથ્યા ભ્રમ વડે નીલવર્ણ ભાસે છે પરંતુ તે કાંઈ આકાશમાં હોતો નથી, તેમાં વળી બીજા વિવિધ રંગોનો ભાસ થવો, તેમ અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧)માં પ્રથમ તો 'હું" રૂપ માયા (વૃક્ષાંક ૩)નો ભાસ મિથ્યા ભ્રમ વડે આકાશના નીલવર્ણની પેઠે ભાસતો હતો, તેમાં વળી પાછો "હું નથી" 'હું નથી" એવો "નાહમ્" (વૃક્ષાંક ૪) રૂપ બીજા મિથ્યાભાસનો ઉમેરો થયો. વાસ્તવિક રીતે 'હું નથી" "હું નથી" એમ મોઢેથી કહેવાને બદલે આ 'હું" એવા ભાવનો પ્રત્યક્ષ વિલય કરીને જો તે અનિર્વચનીય પદમાં જ સ્થિત થઈ ગયો હોત તો તે પોતાના સાચા, અવ્યય કિંવા આત્મસ્વરૂપમાં તદ્દન એકરૂપ બની સ્વસ્વરૂપનો અનુભવ કરી શકત, પરંતુ તેમ થવાને બદલે ઊલટું "હું નથી" એવા પ્રકારની જડ ભાવના થવાથી તે ઉપર પોતાના સ્વસ્વરૂપમાં જવાને બદલે નીચે સરી પડ્યો. આ રીતે ઉત્પન્ન થયેલો જડ ભાવ એ જ આ ચરાચર જગતાદિનું પ્રથમ કારણ છે. સર્વ બ્રહ્માંડાદિનો વિલય થયા પછી તે સર્વ આ અવ્યક્તતત્ત્વ (વૃક્ષાંક ૪)માં જ લયને પામે છે. આ તત્ત્વમાં જ સત્ત્વ, રજ અને તમ એ ગુણોનું તથા ક્રિયા, સ્પંદ અને જ્ઞાન ઇત્યાદિ તમામ શક્તિઓનું સંમિશ્રણ છે તેથી તેને "યોગમાયા સમ આવૃતઃ" એમ કહેવામાં આવેલું છે. હવે આવૃત એટલે શું? તેનો વિચાર કરીશું.

આવૃત અને આવરણની વ્યાખ્યા

દૃષ્ટાંત માટે ઘટ અને તેમાંનું આકાશ લ્યો. તેમાં આ ઘટ એ આવરણ તથા તેમાંનું આકાશ એ આવૃત કહેવાય છે, તેમ આત્મપ્રકાશની અંદર આ "હું" (વૃક્ષાંક ૩)રૂપ મિથ્યા દૃશ્યાભાસ એ આવરણ હોઈ ઘટની અંદરના આકાશનો જેમ અવ્યક્ત એ તેમાં આવૃત થયેલ છે, એમ જાણવું. ભગવાન આગળ કહે છેઃ હે પાર્થ! આ રીતે આત્મપ્રકાશરૂપ એવો "હું" (વૃક્ષાંક ૧) જન્માદિ વિકારોથી તદ્દન રહિત અને અવ્યય એવો હોવા છતાં મારી મિથ્યા એવી યોગમાયા વડે 'સમ આવૃત' થયેલો હોવાને લીધે મોહ પામેલા સર્વ લોકોને હું જાણતો કે દેખાતો નથી; વળી હું અવ્યક્ત હતો અને પછી વ્યક્ત થયો એમ પણ નથી, મારામાં તો અવ્યક્ત અને વ્યક્ત બંને ભાવો તથા તે બંનેના સાક્ષીનો લવલેશ પણ નથી, એ રીતે જાણવાવાળો જ મારા ખરા સ્વરૂપને જાણે છે. એ સિવાય બીજા કોઈ મૂઢો મને યથાર્થ જાણતા નથી, એમ નિશ્ચયાત્મક સમજ.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।

भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥ २६ ॥

मां तु वेद न कश्चन

હે અર્જુન! જેમ સુવર્ણમાં પ્રથમ થઈ ગયેલા, હાલમાં છે તથા ભવિષ્યમાં થશે તે તમામ દાગીનાઓનું અસ્તિત્વ રહેલું છે, પરંતુ દાગીનામાંથી જો સુવર્ણ કાઢી લેવામાં આવે તો તેમનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી; તેમ તત્ કિંવા આત્મપ્રકાશ (વૃક્ષાંક ૧) એવા અનિર્વચનીય 'હું'માં પ્રથમ થઈ ગયેલાં, હાલમાં છે તથા ભવિષ્યમાં થશે તે તમામનો સમાવેશ થાય છે. આ ભૂતમાત્રમાંથી જો સર્વના અધિષ્ઠાન આત્મરૂપ એવા હું (વૃક્ષાંક ૧)ને કાઢી લેવામાં આવે તો તે કશાનું પણ અસ્તિત્વ રહેતું નથી, તેથી "હું" તે સર્વને વેદ (જ્ઞાત) છે, પરંતુ મને એટલે 'હું' ને કોઈ કિંચિન્માત્ર વેદ (જ્ઞાત) નથી. ભાવાર્થ એ કે, આ ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં મિથ્યા એવા ભૂતમાત્રના જે જે કાંઈ સમૂહો થઈ ગયા, ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં છે તે તમામને વેદ એટલે જાણવા જેવા એક આત્મ કિંવા બ્રહ્મસ્વરૂપ એવો "હું" (વૃક્ષાંક ૧) જ છે, એટલે કે આ બધાને સૌથી છેવટે 'હું' કોણ? અર્થાત્ પોતાનું સાચું સ્વરૂપ શું છે તે જાણ્યા વગર છૂટકો જ નથી, પરંતુ આ રીતે સર્વના જ્ઞેયરૂપ વા આત્મસ્વરૂપ એવા મને પણ વળી પાછું કાંઈક જાણવા જેવું સિલક હશે એવી જો તું શંકા કરશે તો તને કહું છું કે, આ જાણવાપણારૂપ જ્ઞાનની મર્યાદા અત્રે જ પૂર્ણ થઈ જાય છે. જેમ સૂર્ય જગતમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં અનેક વસ્તુઓનું પ્રાકટ્ય કરે છે, એટલે અનેક વસ્તુઓને પ્રકટ થવા માટે સૂર્યની જરૂર હોય છે; તેથી તે વસ્તુઓને જાણવા જેવો એક સૂર્ય જ હોય છે પરંતુ આ સૂર્યને પ્રકાશવાને માટે બીજા કોઈપણ પ્રકાશની જરૂર હોતી નથી, તે તો સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ છે; તેમ આત્મા સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ હોવાથી ભગવાન કહે છે કે : હે પાર્થ! આ સર્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ભૂતોને જાણવાલાયક, જ્ઞાનની અંતિમ મર્યાદા સમાન આત્મસ્વરૂપ અને અનિર્વચનીય એવો " હું " જ એક છે, પરંતુ આત્મસ્વરૂપ એવા મને જાણવા જેવું આ કરતાં શ્રેષ્ઠ એવું બીજું કાંઈ પણ છે જ નહિ, એમ નિશ્ચયાત્મક જાણ.

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।

सर्वभूतानि सम्मोहं सर्गे यान्ति परन्तप ॥ २७ ॥

સર્વ ભૂતો દ્વંદ્વોથી જ સંમોહમાં પડેલા છે

હે ભારત! વાસ્તવિક 'હું' તો આત્મરૂપ એવો એક જ હોઈ અનિર્વચનીય છે. 'હું' એવો ભાવ તેમાં બિલકુલ નથી છતાં દ્વંદ્વમોહને લીધે તેમાં ' હું ' એવો ભાવ છે, એમ માનો લઈ તે હું (વૃક્ષાંક ૩) એટલે બીજો જ કોઈ છે, એમ માનવું એ જ મિથ્યા મોહમાં નાખનારો દ્વંદ્વ સમજવો. આમ ઇચ્છા(પ્રીતિ) અને દ્વેષ એટલે (અપ્રીતિ) વડે ઉપજનારા દ્વંદ્વ (મેપણા)ના મોહ વડે ફસાઈને હે પરંતપ! અવિનાશી એવા આ આત્મા (વૃક્ષાંક ૧) અનિર્વચનીય હોઈ તે જો કે તદ્દન નિર્લેપ છે, છતાં તેમાં જાણે કે "હું" રૂપ એવા મિથ્યા ભાવા (વૃક્ષાંક ૩)ની ઉત્પત્તિ થવા પામેલી છે તથા તેમાં સત્ત્વ, રજ અને તમ એ ગુણો વિવર્તરૂપે પરિણામને પામી પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, દશ ઇંદ્રિયો, મન, મહત્તત્ત્વ તથા અહંકાર ઇત્યાદિ સર્વે ઉત્પન્ન થયેલાં હોઈ જેને સર્ગ કહેવામાં આવે છે તેમાં ફસાઈને સર્વભૂતો સંમોહને પામે છે, એટલે તમામ ભૂતો ભ્રમમાં પડી આ મિથ્યા સર્ગ એટલે સંસારને જ સત્ય સમજીને તેમાં જ રચ્યાપચ્યા રહીને દુઃખભોગ ભોગવે છે.

येषांत्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।

ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥ २८ ॥

પુણ્યકર્મ કરનારાઓ જ દૃઢ વ્રતથી મને ભજે છે

હે પાર્થ ! પણ જેઓના પાપનો અંત આવેલો છે એવા પુણ્ય કર્મ કરનારાઓ જ આ દ્વંદ્વમોહમાંથી નિવૃત્તિને પામે છે, એટલે બેપણાની ભાવનાઓનો ત્યાગ કરીને દૃઢ વ્રત વડે આત્મસ્વરૂપ એવા મને એટલે અનિર્વચનીય એવા "હું"(વૃક્ષાંક ૧)ને ભજે છે. તાત્પર્ય એ કે, જે જનોને આ જગતાદિ દ્વંદ્વો માયામય હોઈ મિથ્યા છે એવો એક વખત દૃઢ બોધ થયો એટલે તેમનાં તમામ પાપનો અંત આવી ગયો છે, એમ જાણ. કેમ કે જે વડે જન્મમરણાદિ થયા કરે એવી ક્રિયાઓને દુષ્કૃત વા પાપ કર્મ તથા જે વડે જન્મમરણાદિમાંથી મુક્તિ થાય એવી ક્રિયાઓને સુકૃત વા પુણ્યકર્મ કહેવું એવી શાસ્ત્રોક્તિ છે. સંક્ષેપમાં દ્વંદ્વ વા બેપણાની ભાવના એ પાપ તથા એકત્વ વા અદ્વૈતની ભાવના એ પુણ્ય સમજો; આથી જેઓની દ્વૈત ભાવના નષ્ટ થયેલી છે. એવા પુણ્યશાળીઓ જ અદ્વૈત અને આત્મરૂપ એવા મને ભજે છે અર્થાત્ જેને આત્માનું પરોક્ષજ્ઞાન થયું હોય છે તે સુખદુઃખાદિ દ્વંદ્વો અથવા બેપણાની ભાવનામાંથી મુક્ત થઈ અપરોક્ષાનુભવને માટે અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવારૂપ દૃઢ વ્રત વડે કેવળ આત્મસ્વરૂપ એવા એક મને (વૃક્ષાંક ૧ને) જ ભજી આત્મસાક્ષાત્કાર કરી લે છે.

મારું સાચું સ્વરૂપ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે અર્જુન ! હું કોણ ? તે મેં તને અત્યાર સુધી વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યું. કારણકે, ભક્તને જ્યાં સુધી મારા સાચા સ્વરૂપનું જ્ઞાન નહિ થાય ત્યાં સુધી હું પાસે હોવા છતાં પણ તેને મારી પ્રાપ્તિ થવી કદી શક્ય નથી તથા જ્યાં સુધી મારી પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તે દુઃખમાંથી કદી પણ છૂટી શકતો નથી. એટલા માટે મેં મારા સાચા સ્વરૂપનું જ્ઞાન જે રીતે થાય એ ક્રમ અત્યાર સુધી તને કહ્યો; માટે હું આત્મસ્વરૂપ છું, એમ નિશ્ચયપૂર્વક જાણ. આમ મને આત્મસ્વરૂપે જાણી જે શ્રદ્ધાથી સંપૂર્ણ ભાવે શરણે આવેલો હોય છે તે જ સર્વોત્તમ ભક્ત છે, એમ સમજ.

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।

ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥ २९ ॥

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।

प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ ३० ॥

અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞને એકરૂપે જાણવું એ જ સાચું જ્ઞાન

આ હું એટલે કેવળ શરીરધારી કૃષ્ણ નહિ, પરંતુ જેને શાસ્ત્રમાં ચૈતન્ય, બ્રહ્મ, આત્મા, તત્, સત્ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે સંબોધેલું છે એવો અનિર્વચનીય આત્મ(વૃક્ષાંક ૧) છે, એમ નિશ્ચયપૂર્વક જાણી મારો આશ્રય કરીને જે જરામરણમાંથી એટલે કે દુઃખદાયક એવા જન્મમરણાદિરૂપ સર્ગના ચક્કરમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે, તેઓ જ તત્સ્વરૂપ એવા બ્રહ્મને, સર્વ અધ્યાત્મને અને સર્વ કર્મોને સંપૂર્ણ રીતે જાણે છે; તેમ જ તેઓ જ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહ મને જાણે છે. એટલે કે આ અધિભૂત, અધિદૈવ તથા અધિયજ્ઞ પ્રભૃતિ સર્વ આત્મસ્વરૂપ જ છે, આત્મામાંથી કિંચિન્માત્ર ભિન્ન કોઈ પણ છે જ નહિ, એવું

જે જાણે છે તે જ સંપૂર્ણ કર્મોને, અધ્યાત્મને તથા તત્સ્વરૂપ એવા બ્રહ્મને જાણનારાઓ છે, એમ સમજવું. અર્થાત્ આ રીતે સર્વ એકરૂપ છે એવું નહિ જાણતાં તે ભિન્નભિન્નરૂપ છે એવું જે દેખે છે તે ખરેખર અજ્ઞાની જ છે, એમ જાણવું. જેમ સોનાનાં કડાં, કુંડળ, બંગડી, વીંટી વગેરે અલંકારો ભિન્નભિન્નરૂપ નથી, પરંતુ એક સુવર્ણરૂપ જ છે, તેમ આ સર્વ અધિભૂત, અધિદૈવ તથા અધિયજ્ઞ રૂપે જે જે કાંઈ ભાસે છે તે સર્વ આત્મરૂપ જ છે, તેથી કિંચિન્માત્ર પણ જુદું નથી, એવા પ્રકારે મને કેવળ એક આત્મરૂપે જાણી જે પોતે આ રીતના મારા સ્વરૂપમાં જ નિત્યપ્રતિ યુક્ત થયેલો છે, તે પ્રયાણકાળે એટલે છેવટે પણ મને જ જાણે છે; અર્થાત્ આ શરીર, મન, બુદ્ધિ, અહંકાર, પાંચ જ્ઞાનેંદ્રિયો, કર્મેન્દ્રિયો, તેનાં કાર્યો ઇત્યાદિને જુદાં જુદાં નહિ દેખતાં સર્વને જે એક આત્મભાવે જ દેખે છે, તે અંતે તત્સ્વરૂપ એવા મારામાં જ ઐક્યભાવરૂપ વિલયને પામે છે. ભગવાન કહે છેઃ હે અર્જુન! આ પ્રમાણે મેં તને મારું વિજ્ઞાન સહિત જ્ઞાન કહ્યું. જે જાણીને મારો આશ્રય કરનારો ભક્ત આ દુઃખરૂપ સંસારમાંથી બીજાં કોઈ પણ સાધનો નહિ કરવા છતાં પણ સહેજમાં તરી મારા આત્મભાવને પામે છે.

અધ્યાય ૮

ભક્તિમાર્ગનું સાચું રહસ્ય

અર્જુને કહ્યું કેઃ હે પુરુષોત્તમ! આપે જે કહ્યું તે હું સારી રીતે સમજ્યો. હું આપને કૃષ્ણ એટલે આ શરીરધારી એવા મારા મામાના છોકરા, મારા મોટાભાઈ અથવા સખા છો, એમ નહિ સમજતાં આપ અનિર્વચનીય એવા આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) છો એમ નિશ્ચયપૂર્વક જાણી તદ્દન નિઃશંક થઈ આપને શરણે આવું તો તેથી પણ અંતે કૃતાર્થ થવાય છે એમ આપે કહ્યુંઃ એટલું જ નહિ પરંતુ જેઓ પોતે પોતાને હું એટલે શરીર નહિ પરંતુ આત્મા છે તથા આ સર્વ ચરાચર દૃશ્ય પણ આત્મસ્વરૂપ જ છે; તેમ જ તેવું જાણનારો તેનો સાક્ષી વા દ્રષ્ટા પણ આત્મા જ છે, એવી રીતે સર્વાત્મભાવ પ્રાપ્ત કરવાનો અથવા તો આત્મામાં હું વગેરે કાંઈ ઉત્પન્ન જ થયેલું નથી એવા પ્રકારે "હું અને મારું" એ બંને ભાવોને નિઃશેષ કરવાને અસમર્થ હોય છે, તેઓને માટે આપે જે આ સુગમ ભક્તિમાર્ગ બતાવ્યો છે, તે માર્ગ એટલે કે જે આપને આ શરીરધારી કૃષ્ણ નહિ, પરંતુ સર્વમાં, સર્વત્ર, સદા વ્યાપી રહેલ એવા આત્મારૂપે જુએ છે, તે પણ સહજમાં કૃતાર્થ થઈ અંતે આત્મસ્વરૂપ એવા આપને જ પામે છે, તે પણ મારા ધ્યાનમાં આવ્યું. એટલું જ નહિ. પરંતુ મૂઢ બુદ્ધિવાળાઓ કે જેઓ ઈશ્વર અને હું એ જુદા છીએ, એવા પ્રકારે દ્વૈતને માનનારા હોય છે, તેમની અજ્ઞાનતાના નાશને માટે આપે જે આ નારાયણીય કિંવા ભાગવત ધર્મ કહ્યો, કે જેને વ્યવહારમાં લોકો ભક્તિમાર્ગના નામથી સંબોધે છે, તે પણ આપના અત્યાર સુધીના વિવેચન ઉપરથી મારા જાણવામાં આવ્યો, વળી સર્વત્ર આપ જ વ્યાપેલા છો એ રીતે આપનો આશ્રય કરવાથી યજ્ઞ, યાગ, તપ, યોગ, સાંખ્ય ઇત્યાદિ પરમાત્મપ્રાપ્તિના જે જે માર્ગો શ્રુત્યાદિ શાસ્ત્રમાં કહેવામાં આવેલા છે, તે કરવાની ખટપટમાં પણ ઊતરવું પડતું નથી, એ પણ હું સારી રીતે જાણી શક્યો, પરંતુ *ભગવન્! આપે અત્યાર સુધી કહેલા સાંખ્ય, જ્ઞાન વા વેદાંત, યોગ (કર્મ) અને ભક્તિ વગેરે માર્ગો જો કે નામોની ભિન્નતા વડે ઉપર ઉપરથી જોનારને માટે કદાચ ભિન્ન ભિન્ન ભલે જણાય, પરંતુ તત્ત્વદૃષ્ટિએ તો મને આ બધામાં કિંચિન્માત્ર પણ ભેદ જણાતો નથી. (૨) તમો કૃષ્ણ નહિ પરંતુ આત્મસ્વરૂપ છો તથા આ બધું

---

* ભગ એટલે ઐશ્વર્ય, ભાગ્ય, દૃશ્યભાવ વા વિરાટપુરુષનું અપરસ્વરૂપ. (૧) ઐશ્વર્ય (૨) વીર્ય, [બળ] (૩) યશ, (૪) લક્ષ્મી, (૫) જ્ઞાન અને (૬) વૈરાગ્ય, આ ૭ ઐશ્વર્યોને ભગ કહે છે. તે ૭ જેમાં હોય તે જ ભગવાન્ કિંવા ભગવત્ કહેવાય. આ ષડ્ગુણૈશ્વર્યસંપન્ન ભગવાનની પ્રાપ્તિ કરાવી આપનારો માર્ગ તે જ ભાગવત ધર્મ કહેવાય. તે ધર્મનું પુનઃ પ્રાકટ્ય કરનાર ભગવાનનો નરનારાયણ અવતાર આદ્ય હોઈ તેમણે તે ધર્મ પ્રથમ સનકાદિકને કહેલો હોવાથી તેને નારાયણીય ધર્મ પણ કહે છે. વધુ માટે (અ૦ ૩, શ્લો૦ ૩૫ તથા અ૦ ૪, શ્લો૦ ૧૫) નીચેનું વિવરણ જુઓ.

આત્મસ્વરૂપ એવા તમારું જ રૂપ છે, તમારાથી કિંચિન્માત્ર પણ ભિન્ન કાંઈ નથી, એવા નિશ્ચયવડે પોતાને ભૂલી જવું અને અહંકારવૃત્તિનો વિલય કરી કેવળ એક તમારે શરણે આવવું તે પ્રકારનો ભક્તિમાર્ગ કહ્યો, યા (૨) આ સર્વ 'હું' રૂપ છે તથા તે હું એટલે અનિર્વચનીય એવો આત્મા છે, એવા પ્રકારની સાંખ્ય કિંવા જ્ઞાનનિષ્ઠા અને એવી જ્ઞાનનિષ્ઠા પ્રમાણે બુદ્ધિને એ જ માર્ગમાં સ્થિર રાખવારૂપ બુદ્ધિયોગ કહ્યો (સાંખ્ય અને બુદ્ધિયોગમાં બિલકુલ ફરક નથી) અથવા (૩)હું અને આ સર્વ આત્મરૂપ છે એવા પ્રકારની સાંખ્યનિષ્ઠા પ્રમાણે વેદાંતની વિવર્તયુક્તિ કહો વા (૪) આત્મામાં હું, તું, તે, આ વગેરે કોઈ ભાવો કદી પણ ઉત્પન્ન થવા પામેલા નથી, એવા પ્રકારની અજાતયુક્તિ કહો કિંવા (૫) દરેક શ્વાસોચ્છ્વાસમાં આત્મભાવ કરી તે વડે પ્રાણ અપાનનો વિલય કરવાનું કહો યા તો (૬)ૐ ની જ સર્વત્ર ભાવના કરી તેમાં તદ્રૂપ થવાનું કહો અથવા તો (૭) આ બધું પોતપોતાના ઇષ્ટદેવરૂપ છે એવી એક ભાવના કરવાને કહો; પરંતુ તે સર્વનો વાસ્તવિક અર્થ તો ફક્ત પોતાસહિત બેપણાની ભાવનાનો વિલય કરીને મનને એક જ સ્થાનમાં સ્થિત કરી અનિર્વચનીય એવું એકમેક પરમપદ કે જે વાણી, મન કિંવા બુદ્ધિનો વિષય પણ થતું નથી, તેની જ પ્રાપ્તિ કરી લેવી એવો નીકળે છે. આ જ સર્વ શાસ્ત્રનું મૂળ રહસ્ય છે, તે પણ મને સારી રીતે સમજાયું. પણ હે પુરુષોત્તમ! આપે પાછલા અધ્યાયને અંતે જે કહ્યું તે બરાબર મારી સમજમાં આવ્યું નથી, મારા મનમાં સંશય ઉત્પન્ન થયો છે તેની નિવૃત્તિ અર્થે હું આપને પૂછું છું. એકનિષ્ઠ ભક્તોને માટે આપ સ્વભાવે જ દયાળુ છો, તો તે કૃપા કરીને આપ મને સ્પષ્ટ રીતે કહેશો.

યોગ્ય પ્રશ્નો પૂછીને મનનું સમાધાન કરી લેવું

નમ્રતાથી કરેલી અર્જુનની વિનંતિ સાંભળીને ભગવાને કહ્યું: હે વત્સ! ખુશીથી પૂછ. તારો સંશય હું તુરત દૂર કરીશ. કેમકે તું હવે અજ્ઞાની રહ્યો નથી, પરંતુ પ્રબોધને પામેલો છે. જ્યાં સુધી મનનું સમાધાન થઈ તત્ત્વનિશ્ચય થયો ન હોય ત્યાં સુધી વારંવાર પ્રશ્ન કરવો એ યોગ્ય છે. મનની શંકાઓ મનમાં જ રાખવામાં આવે તો તે મનને ચંચળ બનાવે છે, અને જો પ્રશ્ન જ કરવામાં નહિ આવે તો તેના મનની શંકાઓ ગમે તેવો સમર્થ ગુરુ હોય તો પણ તે કેમ કરીને જાણી શકે? કારણ જીવોની બુદ્ધિ ભિન્ન ભિન્ન હોવાને લીધે દરેકના તર્કો (વિચારો) જુદા જુદા હોય છે. તેથી પોતાના મનનો અભિપ્રાય કહી સંભળાવ્યા વગર સંશયમાંથી કોઈપણ કદી મુક્ત થઈ શકે જ નહિ. પ્રશ્ન પૂછનારને જ દૃઢ જ્ઞાન થાય છે. પ્રશ્ન એ જ નિરૂપણનું બીજ છે. જે વિદ્યાર્થી પોતાની શંકાઓ પૂછતો નથી તેને કદી વિદ્યા આવડતી નથી; તેથી યોગ્ય પ્રશ્નો પૂછીને તેનું રહસ્ય સમજી લઈ મનનું સમાધાન કરી લેવું જોઈએ.

પાંચ પ્રકારના ક્લેશો

હે અર્જુન! તું જે રહસ્ય સમજ્યો છે તે બરોબર છે. કોઈપણ માર્ગમાં બિલકુલ ભેદ છે જ નહિ. એટલું જ નહિ પરંતુ વેદાંતી, સાંખ્યવાદી, વિજ્ઞાનવાદી, શૂન્યવાદી, ચાર્વાક, અર્હંત, સુગત, પરમાણુવાદી, સ્વભાવવાદી ઈશ્વરવાદી, આસ્તિક, નાસ્તિક, ન્યાય, તર્ક કે અણુવાદી વગેરે સર્વની પણ વાસ્તવિક એકવાક્યતા જ છે, એમ તું નિશ્ચયપૂર્વક જાણ. અજ્ઞાનીઓને સમજાવવા માટે આત્મા ઉપર મિથ્યા એવી અવિદ્યાની કલ્પના કરી તેમાં પાંચ ભેદો બતાવવામાં આવે છે; (૧) અવિદ્યા, (૨) અસ્મિતા, (૩) રાગ, (૪) દ્વેષ, અને (૫) અભિનિવેશ. આને પાંચ પ્રકારના ક્લેશો કહેવામાં આવે છે. સ્વસ્વરૂપનું વિસ્મરણ થવું તેને અવિદ્યા કહે છે; દેહ એટલે જ હું એમ માનવું તે અસ્મિતા કહેવાય છે; દેહાભિમાનને લીધે દેહને અનુકૂળ પદાર્થોમાં પ્રીતિ થવી તેનું નામ રાગ; પ્રતિકૂળ પદાર્થો તરફ અપ્રીતિ તે દ્વેષ અને અનુકૂળ પદાર્થોનો નાશ થતાં જાણે પોતાનો જ નાશ થઈ ગયો હોય એવું જે મિથ્યા અભિમાન વડે માની લેવું તે અભિનિવેશ કહેવાય છે. આ રીતે અવિદ્યાના પાંચ પ્રકારના ક્લેશો વડે અજ્ઞાનીઓ નિત્યપ્રતિ પીડાયા કરે છે તેઓને તેમાંથી બચાવવાને માટે અનેક પ્રકારની યુક્તિઓનો આશ્રય લઈ સમજાવવામાં આવે છે. આ સંબંધે શાસ્ત્રમાં પણ કહેવામાં આવેલું છે, તે કથન આ પ્રમાણેનું છે.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના દૃષ્ટિભેદો

જગતમાં પ્રકટ થતા મિથ્યા એવા જે આ દ્વૈતપ્રપંચો ભાસી રહ્યા છે, તે બધાંને દૂર કરવાને માટે જ વેદાંત શાસ્ત્રોના સિદ્ધાંતો ઘડાયેલા છે. તે અવિદ્યા કિંવા અજ્ઞાનને દૂર કરે છે અર્થાત્ તેનો ઉપાય અવિદ્યાદિ ક્લેશોને દૂર કરવા પૂરતો જ છે. જેમ પ્રતિબિંબ જોવાને માટે અરીસાને સાફ કરવો એટલી જ એક ક્રિયા કરવાની જરૂર હોય છે તેમ અત્યંત શાંત એવું એ પરબ્રહ્મ સ્વયંપ્રકાશ છે તેને શાસ્ત્રો પ્રત્યક્ષ બતાવી શકતાં નથી. કારણ કે તેમાં માયા અથવા અવિદ્યા જેવું કાંઈ છે જ નહિ (યો૦ નિ૦ પૃ૦ સ. ૧૨૫ શ્લોક ૧). આ પરમતત્ત્વ બતાવવાનો જ અનેકવિધ મતમતાંતરોનો ઉદ્દેશ હોવાથી તે સર્વમાં તત્ત્વતઃ ભિન્નપણું છે જ નહિ. આ સંસારમાં (૧) પામર દૃષ્ટિ, (૨) યૌક્તિક દૃષ્ટિ અને (૩) તત્ત્વદૃષ્ટિ એમ ત્રણ પ્રકારની દૃષ્ટિઓ છે. તે ત્રણમાં એક કરતાં એક એમ ક્રમે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. તત્ત્વદૃષ્ટિમાં પાછળથી બંને દૃષ્ટિનો વ્યાઘાત એટલે સમાવેશ કિંવા વિલય થઈ જાય છે. (૧) પામર દૃષ્ટિ એ અજ્ઞાની વા મૂઢની છે, (૨) સારમાંથી પણ અત્યંત સારનું મંથન કરી પરમ તત્ત્વને સમજવામાં શક્તિવાળા તથા પ્રમાણ પ્રમેય ઇત્યાદિની પરીક્ષા કરવામાં કુશળ એવા પુરુષોની ચપળ વ્યાપારવાળી અત્યંત તીવ્રદૃષ્ટિ તે યૌક્તિક દૃષ્ટિ કહેવાય છે. જિજ્ઞાસુ અથવા મુમુક્ષુઓને સ્વસ્વરૂપનું પરોક્ષજ્ઞાન થતાં સુધી આ દૃષ્ટિ ઉપયોગી છે અને પ્રસિદ્ધ એવી આ (૩) તત્ત્વદૃષ્ટિ જીવન્મુક્તોમાં હોય છે. આ દૃષ્ટિ સર્વ વિચાર, સત્શાસ્ત્રોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ સર્વથા સિદ્ધ થયેલી પરમતત્ત્વરૂપ અર્થાત્ સાક્ષાત્કાર કિંવા અપરોક્ષ અનુભવવાળી છે. શાસ્ત્રકારો આ દૃષ્ટિનું અવલંબન કરીને જ સમજાવે છે. તેમાં પ્રથમ દૃષ્ટિના અવલંબન કરનારાં શાસ્ત્રોના મતો વ્યવહારમાં અયુક્તિક ગણાય છે તથા બીજી બે દૃષ્ટિનો આશ્રય કરનારા શાસ્ત્રો સયુક્તિક ગણાય છે. વાસ્તવિક રીતે આત્મામાં તો આ ત્રણ દૃષ્ટિઓ પૈકી કાંઈ પણ નથી. તે તો ફક્ત વ્યવહારમાં અજ્ઞાનીઓને સમજાવવા પૂરતી યુક્તિરૂપ જ છે; કેમકે વ્યવહારમાં ગમે તે દૃષ્ટિના આશ્રય વડે સમજાવવામાં આવે તો પણ તે બધા આરોપો તો કેવળ દોરી ઉપર સર્પના કરવામાં આવતા આરોપની જેમ અનિર્વચનીય એવા એક આત્મા ઉપર જ કલ્પાએલા છે. આથી દરેક શાસ્ત્રકારોની એકતા જ સિદ્ધ થાય છે. વસ્તુતઃ બધા મતમતાંતરોમાં એકવાક્યતા જ છે. એવું દરેક શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે તેમનો કહેવો નિર્ણય આ પ્રમાણેનો છે.

જુદા જુદા મતમતાંતરોની એકવાક્યતા

આ સર્વ દૃશ્યજાળરૂપ વિશ્વ એટલે માયા વડે ભાસતું તમામ કાર્ય (શ્લોક ૩ થી ૧૫ સુ) એ એક જાતનું પરમાત્માનું સ્વપ્ન જ છે એમ સમજો. તે ચિદ્રૂપ એવા બ્રહ્મથી કિંચિન્માત્ર પણ જુદું નહિ હોવાથી જ સર્વ બ્રહ્મસ્વરૂપ છે એવો અનુભવ થાય છે. આ જગતરૂપ બ્રહ્મ જ પાણીના બરફની જેમ અત્યંત દૃશ્યરૂપે એટલે અનેકરૂપે થયું હોવાનું ભાસે છે, છતાં મહાચૈતન્યરૂપ એવું એ બ્રહ્મ તો આકાશની જેમ અદૃશ્ય છે; આથી આ દૃશ્યમાં પણ બધમાં રહેલી મીઠાશરૂપ શક્તિની પેઠે ચિદાત્મા પોતે અદૃશ્યરૂપે રહેલો છે એ વાત તેવું જોનારા અદૃશ્ય મતવાળાઓની દૃષ્ટિમાં સત્ય જણાય છે. સર્વ દૃશ્યની શાંતિ થતાં પ્રાપ્ત થનારો મોક્ષ અજ્ઞાનને લીધે મળતો નથી અને તે વિના અદ્વિતીય એવો ચિદાત્મા અલભ્ય છે; વળી મોક્ષ સમયમાં પણ તેનો અનુભવ કરનારો કોઈ જુદો હોતો નથી, આથી શૂન્યવાદી પણ પોતાના મતાનુસાર સત્ય જ હોય એમ ભાસે છે. પુરુષ પોતે તો ચિન્માત્ર હોય તદ્દન અકર્તા છે; પ્રધાનરૂપી મૂળ કારણમાંથી મહત્તત્ત્વ, અહંકાર ઇત્યાદિ ક્રમે જગત આવિર્ભાવને પામે છે, એમ માનનારાં સાંખ્ય મતવાળાઓને તેમના મત પ્રમાણે તેવો અર્થ અનુભવવામાં આવતો હોવાથી તે પણ સત્ય જ લાગે છે. દૃશ્ય એ બ્રહ્મનો એક વિવર્ત છે, એમ માનનારા વેદાંતીઓને તે મત પણ સત્ય જ જણાય છે; કારણ, તેમને સર્વત્ર આત્મા જ એવા પ્રકારે દૃષ્ટિગોચર થાય છે. જગત પરમાણુઓના સમૂહરૂપ છે એવો ગૌતમ, કણાદ વિગેરે વૈશેષિક, ન્યાય તથા અણુવાદીઓનો મત તેમના વિચારને અનુસાર સત્ય જ છે. કેમકે જેનો જેવો દૃઢ નિશ્ચય થાય છે, તેવો તેવો જ એ

આત્મા બન્યો છે એવો તેને અનુભવ થતો રહે છે. જેવું સર્વ અહીં દેખાય છે તેવું જ તે પરલોકમાં પણ છે. જગત ખરેખર અનિર્વચનીય છે, પરંતુ તે સદ્રૂપ છે કે અસદ્રૂપ છે તે કહી શકાતું નથી. જગતની પ્રતીતિ મનની પ્રૌઢ કલ્પનાને અનુસાર થાય છે, એવા **સંકલ્પ સૃષ્ટિવાદીઓના** મતનું અવલંબન કરનારાઓ પણ એક આત્મા જ તેવા પ્રકારે અનુભવવામાં આવતો હોવાથી તે પણ સત્ય જ જણાય છે. કેટલાક **ચાર્વાક** વગેરે **ભૌતિકવાદીઓ** બાહ્ય જ સત્ય છે, પૃથ્વી આદિ પંચમહાભૂતો સિવાય બીજો કોઈ અંતરાત્મા છે જ નહિ એમ કહે છે. તેમના આ ભૌતિક મત પ્રમાણે તેઓને તે વાત સત્ય લાગે છે, કેમકે અતીંદ્રિય એવા આત્માને તેઓ પોતાના દેહમાં વિચાર કરવા છતાં પણ જોઈ કે જાણી શકતા નથી. પ્રતિક્ષણે વસ્તુમાત્રનો ફેરફાર થતો જોવામાં આવે છે, તેથી **ક્ષણિકવાદીઓની** ક્ષણિકતા વિષેની બુદ્ધિ પણ તેમના પોતાનો દૃષ્ટિમાં તો યુક્ત જ ભાસે છે. કેમકે સર્વના આદિરૂપ અનિર્વચનીય એવું આ પરમતત્ત્વ જ સર્વશક્તિમાન હોવાથી, તેમાં તમામ વિકલ્પોનો સમાવેશ સંભવે છે. જેમ ઘડામાં પૂરેલું કલવિંક પક્ષી ઘડાનું મોઢું ખુલ્લું થતાં તેમાંથી ઊડી બહાર જતું રહે છે, તેમ દેહમાં પરિચ્છિન્ન આકારે રહેલો જીવ કર્મનો ક્ષય થઈ જતાં દેહમાંથી ઊડી જઈ પરલોકમાં જતો રહે છે; એવો **આર્હતમતનો** વિચાર પણ તેમ માનનારાઓના અનુભવને સાચો લાગે છે; વળી **યજ્ઞનાર્હ** મતવાળાઓની જીવ આદિનો કલ્પના પણ તેમની માન્યતા પ્રમાણે ખોટી કહી શકાતી નથી. જીવન્મુક્ત એવા સત્પુરુષો વિપ્ર, અગ્નિ, વિષ, અમૃત અને મરણ વગેરે પ્રદાર્થોમાં પણ સમાન દૃષ્ટિ રાખનારા હોય છે, કેમ કે તેવા તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં તો એક બ્રહ્મ જ સર્વરૂપ અને સર્વના આત્મારૂપ છે, તેમાં તેના ઉપર ગમે તેવા ને ગમે તેટલા આરોપો કરવામાં આવે તો તે પણ જાણે તેવે તેવે રૂપે બન્યું ન હોય તેમ અનુભવાય છે. આ સર્વ જગત સ્વાભાવસિદ્ધ જ છે એવું **સ્વભાવવાદીઓનું** કહેવું પણ તે મત સ્વીકારનારાઓને યુક્ત જ જણાય છે, કેમ કે શોધ કરવા છતાં પણ તેમના બુદ્ધિમાં આ સર્વનો કર્તા કોઈક હોવો જોઈએ એમ આવતું નથી. ઈશ્વરમાં આસક્ત ચિત્તવાળા પુરુષો કહે છે કે, સર્વત્ર એક ઈશ્વર જ કર્તા છે. આ વાત પણ સત્ય જ છે; કેમ કે તે **ભક્તિમાર્ગના** ઉપાસક પુરુષને પોતાના મતાનુસાર તેવો દૃઢ નિશ્ચય હોવાથી પરમેશ્વરને સર્વકર્તાપણું જરૂર પ્રાપ્ત થાય, એ વાત અબાધિત છે તેથી આ ઈશ્વરવાદીઓનો મત પણ તેમના ધોરણે સત્ય જ છે. કેટલાક **આસ્તિકો** તો આ લોકની પેઠે જ પરલોક છે એમ માને છે અને તીર્થસ્થાન, અગ્નિહોત્ર આદિ બીજાં કર્મો પણ પરલોકમાં સુખસાધક હોવાથી તે કરવાં જોઈએ એમ કહે છે; તો કેટલાકો અન્યનાં કર્મો પ્રમાણે તે બધાં કર્મો પણ અંતે નિષ્ફળ છે એવી ભાવના કરે છે. એ રીતના મતવાળાઓને પોતાની એ પ્રબળ ભાવના પણ સત્ય હોય એમ લાગે છે.

સર્વવાદીઓ પોતપોતાની ભાવનાનુસાર કહે છે.

આ બધું જે જે કાંઈ દૃશ્ય કે સ્થૂળ દેખાય છે તે જ્ઞાન છે, આ સિવાય સૂક્ષ્મ વગેરે બીજું કાંઈ છે જ નહિ એવું જાણનારા, કિંવા જ્ઞાન એટલે જ બુદ્ધિ, તે પોતાની અનાદિ વાસનાને લીધે અનેક રૂપે દેખાય છે, તેથી આ બધું દૃશ્ય સાચું નથી પણ બુદ્ધિનો આભાસમાત્ર છે, આવા પ્રકારના **જડબુદ્ધિવાદીઓ** એટલે કે જ્ઞાન સિવાય બીજો કોઈ ઈશ્વર કે આત્મા વગેરે છે જ નહિ એવા મતનો અંગીકાર કરનારા **અનાત્મ** કિંવા **નિરીશ્વરવાદી** બૌદ્ધો વા **ભૌતિકવાદીઓ** તથા બીજા આ સર્વ અન્ય જ છે એવા **શૂન્યવાદી** બૌદ્ધોનો મત પણ તેઓના પોતપોતાના વિચારને અનુસરી સત્ય જ લાગે છે; કેમકે તેઓના વિચાર પ્રમાણે પણ એ શૂન્યવાદમાં છેવટે કશું અવશેષ રહેતું નથી. આવી રીતે સર્વવાદીઓના ઇચ્છિત વિચારોને કેવળ એક ચિદાત્મા જ પોતપોતાના ભાવનાનુસાર ચિંતામણિ કિંવા કલ્પદ્રુપમની પેઠે પોતાની મેળે જ તત્કાળ તેવો તેવો પ્રકાર સંપાદન કરી આપે છે; એટલે સર્વવાદીઓને આ અનિર્વચનીય એવો ચિદાત્મા જ પોતપોતાની કલ્પનાનુસાર બનેલો હોવાનું જોવામાં આવે છે; બાકી તે પોતે તો ચિરંતન ચિદાકાશરૂપે પોતાના સ્વસ્વરૂપ એવા અનિર્વચનીય પદમાં જ સ્થિત છે.

આત્માનુભવી ઉત્તમ સિદ્ધનો આશ્રય લેવો

સત્ખ્યાતિ, અસત્ખ્યાતિ અને **અનિર્વચનીયખ્યાતિવાળા**ના મતો પણ તેઓની પોતપોતાની દૃષ્ટિએ સત્ય જ છે (ખ્યાતિ માટે અધ્યાય ૧૦ જુઓ); કેમ કે બ્રહ્મ સર્વશક્તિમાન હોઈ તેની માયાશક્તિ અનિર્વચનીય છે. તે શૂન્ય નથી અને અશૂન્ય પણ નથી, તેથી તેને અનિર્વચનીય કહેવામાં આવે છે. જે પુરુષ જેવા નિશ્ચયમાં સ્થિર થઈ રહ્યો હોય છે તેમાંથી જો સુવિચારદ્વારા પોતાના બાળકબુદ્ધિથી પાછો ન હઠે તો પોતાના નિશ્ચયાનુસાર તે સુખરૂપ કિંવા દુઃખરૂપ ફળ અવશ્ય મેળવે છે; માટે બુદ્ધિમાન પુરુષે અનુભવસિદ્ધ એવા તત્ત્વજ્ઞો સાથે વિવેકયુક્ત વિચાર કરી તત્ત્વરૂપ શ્રેષ્ઠ વસ્તુ વિષેના દૃઢ નિશ્ચયનું ગ્રહણ કરવું જોઈએ, પરંતુ મનસ્વી દુરાગ્રહ રાખી ગમે તેવો સિદ્ધાંત ગ્રહણ કરવો નહિ જોઈએ તત્ત્વશાસ્ત્રોનું અધ્યયન તથા સદ્વ્યવહારથી મનુષ્ય ઉત્તમ બુદ્ધિમાન બને છે; માટે જો કોઈ તેવો અનુભવસિદ્ધ આત્માનુભવી બુદ્ધિમાન મહાપુરુષ ભાગ્યયોગે મળી જાય તો ગમે તે ભોગે તેનો આશ્રય લેવો. ઉત્તમશાસ્ત્ર પ્રમાણે વ્યવહાર કરનારા અપરોક્ષાનુભવી શ્રેષ્ઠ એવા આ જીવન્મુક્ત સત્પુરુષોની સભામાં પણ દૈવયોગે વાણી તથા મનાદિ દોષવશાત્ આત્મસ્વરૂપના નિશ્ચય બતાવનારી પદ્ધતિમાં કાંઈ વિવાદ ઉત્પન્ન થાય તો તેમાં પણ સત્ય અને સ્પષ્ટ કહેનાર, નિર્ભય, સૌનું સમાધાન કરી યોગ્ય ઉત્તર આપનાર તથા સર્વને આનંદ ઉપજાવનાર તેમ જ નિષિદ્ધ આચરણથી રહિત હોય તેવા સત્પુરુષને જ શ્રેષ્ઠ સમજી જિજ્ઞાસુએ ગમે તે ભોગે તેનો જ આશ્રય કરી ધ્યેયની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.

શ્રેયનો આશ્રય જ ગ્રહણ કરવો

જળ જેમ હંમેશ નીચાણવાળા પ્રદેશ તરફ જ ગતિ કરે છે તેમ સર્વ પ્રાણીમાત્ર પણ અહોનિશ શ્રેયની ઇચ્છા મનમાં સેવી તે મેળવવાના માર્ગ તરફ જ દોડે છે; માટે દુરાગ્રહ છોડી નિરભિમાનવૃત્તિથી સાચું શ્રેય શામાં છે તેનો સંપૂર્ણ વિચાર કરીને શ્રેયનો જ આશ્રય ગ્રહણ કરવો. આ સંસારરૂપી સાગરમાં મનોરથની પરંપરાઓરૂપી તરંગો વડે પ્રાણીઓ તણાયા કરે છે, તેમના બધા દિવસો ઘાસની ઉપર પડેલા બિંદુઓની પેઠે અણદેખ્યા વૃથા જ ચાલ્યા જાય છે, પોતાનું સાચું હિત શામાં છે તે તેઓ સમજી શકતા નથી તેથી તેઓ ઉપર બતાવેલી પામર દૃષ્ટિનો જ આશ્રય કરે છે; જ્યારે કેટલાક વિચારશીલ પુરુષો યૌક્તિક અને તત્ત્વદૃષ્ટિના આશ્રય વડે સાચું ધ્યેય સાધ્ય કરી શકે છે; પરંતુ વસ્તુતઃ આત્મા તો તદ્દન અસંગ નિર્વિકાર અને અભેદ હોવાથી સર્વપ્રકારની દૃષ્ટિથી પર છે, તાત્પર્ય એ કે, ઉપર બતાવેલી પ્રથમની બે દૃષ્ટિના આશ્રય વડે જોનારાઓને આત્મામાં ભેદો હોવાનું પ્રતીત થાય છે તે કેવળ વ્યવહાર દૃષ્ટિએ સમજાવવા પૂરતું જ છે, પરંતુ અનિર્વચનીય આત્મપદમાં વાસ્તવિક દૃષ્ટિ જેવું કશું યે નથી.

સર્વ વાદીઓમાં શ્રેષ્ઠ કોણ?

સ્પષ્ટતા માટે દૃષ્ટાંત કહું છું તે સાંભળ. ધારો કે એક આંબાનું ફળ છે. તેની માહિતી જેઓને નથી તેવાઓ તેને કોઈ લીંબુ, કોઈ સંતરું, કોઈ દાડમ, કોઈ જામફળ, કોઈ મોસંબી, કોઈ ચિકુ ઇત્યાદિ ભિન્ન ભિન્ન અનેક નામો વડે ઓળખે છતાં પણ વાસ્તવિક તો તે આંબાનું જ ફળ છે તેમાં કાંઈ ફેરફાર થતો નથી. તેમજ દરેક કહેનારાઓના કથનનું મૂળ તો આમ્રફળ બતાવવાની જ સૌ સૌની મનીષા (મનની ઇચ્છા) હોવાથી સર્વ જો કે પોતપોતાની દૃષ્ટિએ સાચા જ છે; પરંતુ તેમાં યે આ આમ્રફળ છે એવું જાણનારો એ જ ખરો અનુભવી કહેવાય; તેમ ઉપર કહેલા આ સર્વ મતમતાંતરો જો કે પોતપોતાની દૃષ્ટિમાં સત્ય છે, છતાં તેમાં પરોક્ષવાદ કરનારાઓ કરતાં અપરોક્ષાનુભવીઓ જ શ્રેષ્ઠ છે, એમ જાણ. હે પાર્થ! આ જગતમાં અનંત પ્રાણીઓના સમૂહો જોવામાં આવે છે ખરા, પરંતુ તેમાં જંગલમાં જેમ ફળ અને પલ્લવોના સમૂહોવાળાં વૃક્ષો ઘણાં હોય પણ કલ્પવૃક્ષો તો ક્વચિત જ જોવામાં આવે છે, તેમ આ બધા પ્રાણીમાત્રના સમૂહોમાં

બોધવાળા આત્મજ્ઞ પુરુષો તો વિરલ જ સંભવે છે. ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન! આ રીતે આત્મ-પ્રાપ્તિના સર્વ માર્ગોની એકવાક્યતા કેવી રીતે સંભવે તે મેં તને શાસ્ત્રના નિશ્ચય સાથે કહી સંભળાવ્યું, માટે હવે તારી જે શંકા હશે, તે ખુશીથી પૂછ (આ સંબંધે વધુ સ્પષ્ટતા માટે પે૦ નિ૦ ઉ૦ સ૦ ૬૭ જુઓ.)

અર્જુન ઉવાચ—

કિં તદ્બ્રહ્મ કિમધ્યાત્મં કિમ કર્મ પુરુષોત્તમ ।
અધિભૂતં ચ કિં પ્રોક્તમધિદૈવં કિમુચ્યતે ॥ ૧ ॥
અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્મધુસૂદન ।
પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ ॥ ૨ ॥

અર્જુનના સાત પ્રશ્નો

પ્રસન્નચિત્તવાળા ભગવાને પ્રશ્ન પૂછવાનું અનુમોદન આપવાથી અર્જુને અતિ નમ્રતાથી પૂછ્યું. હે પુરુષોત્તમ! આપે પાછલા પ્રકરણના અંતે જે કહ્યું તે સારી રીતે મારા લક્ષમાં આવ્યું નથી, તો કહો કે, (૧) તત્ (તે) બ્રહ્મ એટલે શું કહેવાય? (૨) અધ્યાત્મ એટલે શું? (૩) કર્મ એટલે શું? (૪) અધિભૂત કોને કહે છે? (૫) અધિદૈવ એટલે શું કહેવાય? (૬) અધિયજ્ઞ કેવી રીતનો છે? વળી (૭) હે મધુસૂદન! આપે જે કહ્યું કે અધિયજ્ઞ સહિત જે મને જાણે છે તે પ્રયાણકાળે એટલે અંતે પણ મને જ જાણે છે, તો આ દેહમાં એવા તમે કોણ છો? અને તેવા આપ આત્માને નિયમમાં રાખનારાઓને પ્રયાણકાળે શી રીતે જાણવા યોગ્ય છો? હે પ્રભો! બોધની દૃઢતાને માટે આ બધું મને આપ કૃપા કરીને કહો.

શ્રી ભગવાનુવાચ—

અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।
ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ॥ ૩ ॥

બ્રહ્મની વ્યાખ્યા

ભગવાન કહે છેઃ હે અર્જુન! સાંભળ. પરમ એવું જે અક્ષર તે જ બ્રહ્મ છે (શ્લોકાંક ૧ જુઓ) જેનો કદી પણ નાશ થતો નથી કિંવા સર્વ નાશવાન પદાર્થોનો નાશ થયા પછી પણ જે કેવળ સ્વતઃસિદ્ધ તથા અનિર્વચનીય તત્ત્વ શેષ રહે છે તે જ બ્રહ્મ કહેવાય છે. જે તત્ત્વ દેહ, ઇંદ્રિય, પ્રાણ, બુદ્ધિ, અને અહંકારથી વીંટળાયેલું છે, તેમ જ આ બધા સ્થાવર જંગમાદિમાં અંતર્યામીરૂપે ભિન્ન ભિન્ન આકારે પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યું છે તે (શ્લોકાંક ૨થી ૧૫ ઘ); તથા જે દેશ, કાળ અને વસ્તુના પરિચ્છેદથી રહિત અનિર્વચનીય અને સ્વયંપ્રકાશ હોઈ કેવળ અંતર્દૃષ્ટિ વડે જ જાણી શકાય તેવું છે તે જ બ્રહ્મ છે (શ્લોકાંક ૧) અર્થાત્ આ બધું મળીને બ્રહ્મ કહેવાય છે.

અધ્યાત્મની વ્યાખ્યા

સ્વભાવ એ જ અધ્યાત્મ કહેવાય. સ્વભાવનો અર્થ ઈશ્વરની ઇચ્છાશક્તિ એવી નિયતિના નિયમાનુસાર જેના તેના નિશ્ચિત થયેલા જે નિયત ધર્મો તે જ સ્વભાવ એ શબ્દ વડે કહેવાય છે. જેમ પાણી પોતે જ

પોતાને અમુક સમયને માટે ભમરી રૂપે થયેલું હોય એમ જોવામાં આવે છે, આમ ભમરી રૂપે દેખાઈ ફરીથી પાછું પોતાના અસલ સ્વરૂપમાં તેનો વિલય થવો ત્યાં સુધીની તેની જે સ્થિતિ તે તેનો સ્વભાવ છે એમ સમજો. તેમ આ જગતાદિ તમામ દૃશ્ય આત્મરૂપ મહાસાગરની એક ભમરી સમાન છે, તે જ્યાં સુધી દ્રષ્ટા, દર્શન અને દૃશ્યાદિ ત્રિપુટીરૂપે ભાસે છે, તેટલા સમયને માટે તે અમુક મર્યાદિત આવરણવાળું જેની આદિ અંતરૂપે પ્રતીતિમાં આવે છે. આમ તે જ્યાં સુધી આદિ અંતવાળું અર્થાત્ મર્યાદિત હોય છે, તે તેટલા સમયમાં તે તે રૂપે ભાસવું એવો જે તેનો સ્વભાવિક ધર્મ તે જ તેનો સ્વભાવ અથવા અધ્યાત્મ કહેવાય છે. તે તે સ્વભાવને અનુસરીને જ તે પ્રવર્તે છે. જેમ વાયુનો સ્પંદ, આકાશનો શૂન્ય, તેજનો પ્રકાશ, પાણીનો દ્રવત્વ તથા પૃથ્વીનો જડત્વ ઇત્યાદિ સ્વભાવો છે તેમ નિર્યાતના નિયમાનુસાર અહંકારના રાજસ (શ્લોકાંક ૬) અંશથી ઉત્પન્ન થનારો ઇંદ્રિયોનો સમૂહ સૂક્ષ્મ તન્માત્રા તથા તેના સ્થાનકો એ જેવા કારણ તત્ત્વો એ જ અધ્યાત્મ કિંવા સ્વભાવરૂપ કહેવાય (શ્લોકાંક ૬ જુઓ). (સ્વભાવ માટે અધ્યાય ૫ શ્લોક ૧૪, પૃષ્ઠ ૩૦૫ થી ૩૧૨ જુઓ)

અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત

નિર્યતિ (શ્લોકાંક ૩)ના નિયમ પ્રમાણે ઈશ્વરના મૂળ સંકલ્પવશાત્ તેની આજ્ઞાનુસાર આ બ્રહ્માંડરૂપ કાર્ય ઉત્પન્ન કરતાં પહેલાં તેના કારણસ્વરૂપ અહંકાર (શ્લોકાંક ૮)માંથી સત્ત્વ (૬), રજ (૬) અને તમ (૬) એ ત્રણ ભેદોમાંથી કર્તા, કારણ અને કાર્ય એવા સૂક્ષ્મ તત્ત્વોની જે ઉત્પત્તિ થવી તેને જ ક્રમે અધિદૈવ (શ્લોકાંક ૬) અધ્યાત્મ (શ્લોકાંક ૬) તથા અધિભૂત (શ્લોકાંક ૬) કહેવામાં આવે છે (આ સંબંધે વધુ વિવેચન અધ્યાય ૩, શ્લો૦ ૫, પૃષ્ઠ ૧૬૭ થી ૨૦૨ જુઓ). અધિદૈવમાંથી પુરુષાંશ એવા ઇંદ્રિયોના દશ દેવતા તથા મન ઉત્પન્ન થાય છે (શ્લોકાંક ૬ આ) અને કારણ વા અધ્યાત્મમાંથી પુરુષાંશ સહિત સ્થાનકો સહ દશ સૂક્ષ્મ ઇંદ્રિયો (શ્લોકાંક ૬ આ) ઉત્પન્ન થાય છે; તથા કાર્ય વા અધિભૂતોમાંથી તેની વિષયરૂપ સૂક્ષ્મ તન્માત્રા તથા અપંચીકૃત પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થવા પામેલી છે (શ્લોકાંક ૬ ઇ).

કર્મ એટલે શું ?

ભગવાન આગળ કહે છે: ભૂતાદિની ઉત્પત્તિ કરનાર વિસર્ગની જ કર્મ એવી સંજ્ઞા છે. એટલે કે આ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવરૂપ સાધન કિંવા કારણતત્ત્વો વડે જે ઉત્પત્તિનું કાર્ય થાય છે તે વિસર્ગ કહેવાય છે (શ્લોકાંક ૧૩ જુઓ). આ વિસર્ગનું જ બીજું નામ કર્મ છે, એમ સમજ; કારણ કે ઈશ્વરની ક્ષિપ્રશક્તિ વડે માયા (શ્લોકાંક ૩) સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણો વડે વૃદ્ધિ પામી તે થકી ક્રમે અવ્યક્ત (શ્લોકાંક ૪), અર્ધનારીનટેશ્વર (શ્લોકાંક ૫), મહાપ્રાણ(શ્લોકાંક ૬), મહત્(શ્લોકાંક ૭) અહંકાર (શ્લોકાંક ૮) એમ ક્રમે ઉત્પત્તિ થયેલી છે. પછી તે અહંકાર (૧) કર્તા કિંવા અધિદૈવ(શ્લોકાંક ૬), (૨) કારણ કિંવા અધ્યાત્મ (શ્લોકાંક ૬) તથા કાર્ય કિંવા અધિભૂત(શ્લોકાંક ૬) એમ ચેટા ભેદે ત્રણ પ્રકારનો થયો; તેમાંથી ક્રમે મનોમય યા દેવતા (૬ આ) તથા ઇંદ્રિય સમૂહ (૬ આ) અને પાંચ મહાભૂત સમૂહ (૬ ઇ) ઉત્પન્ન થયા છે તથા બીજી મુખ્ય શાખા વધી મન(શ્લોકાંક ૧૧), બુદ્ધિ (શ્લોકાંક ૧૦), ચિત્ત(શ્લોકાંક ૯) અને હિરણ્યગર્ભ(શ્લોકાંક ૧૨) એ પ્રમાણેની ઉત્પત્તિ થવા પામેલી છે (જુઓ શ્લોકાંક ૩ થી ૮ ના ચેટા ભેદ સહ શ્લોકાંક ૧૨ સુધી); આ મુજબ માયા (શ્લોકાંક ૩)થી માંડી થતી સર્વની ઉત્પત્તિને જ સર્ગ કહે છે.

વિસર્ગની સૃષ્ટિ

ઉપર મુજબ સર્ગ સૃષ્ટિની ઉત્પત્તિ થયા પછી વિરાટ શરીરના અભિમાની એવા બ્રહ્મદેવની ઉત્પત્તિ થવા પામેલી છે (શ્લોકાંક ૧૩ જુઓ). આ વિરાટ શરીરના અભિમાની બ્રહ્મદેવે કરેલી સ્થાવર જંગમ સૃષ્ટિને વિસર્ગ સૃષ્ટિ કહે છે (શ્લોકાંક ૧૩ થી ૧૫ સુ) આ વિસર્ગ એટલે જ કર્મ કહેવાય છે. બ્રહ્મદેવે વેદના આધાર વડે પ્રારંભમાં પ્રથમ યજ્ઞાદિ કર્મોની જ ઉત્પત્તિ કરેલી હોવાથી આ બ્રહ્માંડ મધ્યે થનારા તમામ કાર્યો યજ્ઞ

કહેવાય છે (આ સંબંધે વધુ વિવેચન માટે અધ્યાય ૪, શ્લોક ૨૫ થી ૩૩ જુઓ); તેમ જ બ્રહ્મદેવે નિર્માણ કરેલી આ કર્મસૃષ્ટિનો આરંભ વિસર્ગ એટલે કર્મો વડે જ થયેલો હોવાથી તેના થનારા આ તમામ યજ્ઞોને પર્યાયે કર્મો જ કહેવામાં આવે છે. જેમ આકાશમાંથી ઉત્પન્ન થનારા આકાશજ કહેવાય; અંડમાંથી અંડજની ઉત્પત્તિ થાય છે તેમ કર્મમાંથી ઉત્પન્ન થનારાં સર્વ કર્મજ કહેવાય. એ ન્યાયાનુસાર બ્રહ્માંડ મધ્યે થનારા તમામને કર્મ એવી સંજ્ઞાથી સંબોધવામાં આવે છે, તથા આ વિસર્ગ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ) અને તે ઉપરની તેના સાક્ષી સહિતની સર્ગસૃષ્ટિ (વૃક્ષાંક ૩ થી ૧૨) નું મૂળ બીજ આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) હોવાથી જેવું બી તેવું અંકુર એવા બીજાંકુર ન્યાયાનુસાર આ સર્વ બ્રહ્મ જ છે. બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે નહિ, સર્ગ અને વિસર્ગસૃષ્ટિ રૂપે જે જે કાંઈ ભાસે છે તે પણ સર્વ શાંત અને ચિદેકરસ એવું અભિન્નરૂપ બ્રહ્મ જ છે એમ જાણવું (વધુ માટે અધ્યાય ૩, શ્લોક, ૮, ૯ અને ૧૨ થી ૧૫ જુઓ.)

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।

अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ४ ॥

અધિભૂત એટલે શું ?

ક્ષર એટલે નાશવાન એ જ અધિભૂત કહેવાય. સર્ગસૃષ્ટિના નિયમ પ્રમાણે નિર્મતિ નિયમાનુસાર અહંકાર (વૃક્ષાંક ૮)ના તામસ (વૃક્ષાંક ૯)માંથી પ્રાકૃત ત્રીજી સૃષ્ટિરૂપ પાંચ મહાભૂતના સમૂહની ઉત્પત્તિ થયેલી છે, (વૃક્ષાંક ૯) તે જ અધિભૂત કહેવાય. તેની અંતર્ગત પાંચ મહાભૂત-સમૂહનો તથા તેમની તન્માત્રારૂપ શબ્દાદિ વિષયનો સમાવેશ થાય છે (જુઓ વૃક્ષાંક ૯ક). આ તત્ત્વોનાં અંશોનાં મિશ્રણ વડે જ વિસર્ગ વા કર્મસૃષ્ટિ ઉત્પન્ન કરવામાં આવે છે તેથી આ સર્વ વિસર્ગસૃષ્ટિનાં કારણતત્ત્વો છે, એમ સમજવું. અધિભૂતને ક્ષર કહેવાનું કારણ એ છે કે, કર્મરૂપ એવી વિસર્ગસૃષ્ટિ(વૃક્ષાંક ૧૩ થી ૧૫ઘ)નો જ્યારે નાશ થાય છે ત્યારે તે તેના કારણરૂપ એવી સૂક્ષ્મસૃષ્ટિ (વૃક્ષાંક ૬ થી ૧૨) સુધીના તત્ત્વોમાં જ વિલયને પામે છે અને જ્યારે આ કારણરૂપ સૃષ્ટિનો પણ નાશ થાય છે ત્યારે તે તેના કારણરૂપ એવી સર્ગસૃષ્ટિ(વૃક્ષાંક ૩ થી ૫)માં વિલયને પામે છે અને ત્યાંથી જ તેની ફરી ઉત્પત્તિ થતી રહે છે. બાદ જ્યારે તેનો પ્રાકૃતિક પ્રલય થાય છે ત્યારે તે સર્ગસૃષ્ટિનો પણ તેના દ્રષ્ટા ઈશ્વર (વૃક્ષાંક ૨)માં વિલય થઈ જાય છે, અને આમ ઉપાધિનો નાશ થતાં ઈશ્વર તો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં જ તન્મય બની રહે છે, (પ્રલય માટે અ૦ ૪ શ્લો૦ ૭, ૮ પાન ૨૫૪ થી ૨૬૧ જુઓ). આ મુજબ વિસર્ગસૃષ્ટિ(વૃક્ષાંક ૬ થી ૧૫ઘ) સહિત સર્ગસૃષ્ટિ(વૃક્ષાંક ૩ થી ૫)નો વિલય થતાં તેના પુરુષાંશરૂપ સાક્ષી કિંવા દ્રષ્ટા એવા ઈશ્વર (વૃક્ષાંક ૨)નો પણ સ્વસ્વરૂપ (વૃક્ષાંક ૧)માં વિલય થતો હોવાથી તેને ક્ષર કિંવા નાશવંત એવી સંજ્ઞા હોઈ તે જ અધિભૂત છે.

અધિદૈવ કોણ ?

ઉપરના વિવેચન ઉપરથી જાણી શકાયું હશે કે, *અધિભૂત એ કાર્ય, અધ્યાત્મ એ તેનું કારણ હોઈ અધિદૈવ એ તેનો કર્તા કિંવા પુરુષાંશ એવા દેવતારૂપ છે, એટલે નિર્મતિ કિંવા ઈશ્વરની માયાશક્તિ (વૃક્ષાંક ૩)ના નિયમાનુસાર વિવર્તભાવે ઉત્પન્ન થયેલા અહંકાર (વૃક્ષાંક ૮)ના સાત્ત્વિક ભાગમાંથી ભિન્ન ભિન્ન ભાસતા દરેકમાં પુરુષાંશરૂપે દેવતા તથા મન એ પ્રમાણે જેને કર્તા કહી શકાય તેવા આ કારણતત્ત્વોની ઉત્પત્તિ થયેલી

* અધિદૈવ, અધ્યાત્મ તથા અધિભૂતની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે સંબંધમાં ઐતરેય ઉપનિષદના વર્ણનને માટે અધ્યાય ૩, પૃષ્ઠ ૨૦૯/૨૧૦ "દેવતાઓની ઉત્પત્તિ તથા શરીરની માત્રણી" એ મથાળા નીચેનો મજકુર જુઓ; તેમ જ બૃહદારણ્યક ૧/૫/૨૧ થી ૨૩; છાંદોગ્ય ૧/૨/૩ તથા ૩/૧૮/૧; કૌષીતકિ ૪/૨૨/૧૩; ઐતરેય ૧/૧/૧/૨ ઇત્યાદિ ઉપનિષદોમાં પણ વર્ણનો આવે છે તે જુઓ.

છે, તેને જ અધિદૈવ એમ કહેવામાં આવે છે(જુઓ વૃક્ષાંક ૬, ૬ તથા તેના અંતર્ગત આવેલા અ). આ મુજબ મેં તને અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એટલે શું, તે સંબંધમાં સમજાવ્યું. આ સંબંધે શાસ્ત્રમાં નીચે પ્રમાણે કથન છે, તે જાણવું જરૂરી છે.

અધિભૂત, અધ્યાત્મ તથા અધિદૈવ પરસ્પર એક બીજાથી સિદ્ધ છે.

આ ચક્ષુ આદિ ઇંદ્રિયોના અભિમાની મહાપ્રાણ કિંવા જીવાત્મા(વૃક્ષાંક ૬), પ્રકૃતિ અને પુરુષાંશ એમ બંને અંશો વડે યુક્ત છે; તેમાંનો પુરુષાંશ જ અહંકારાદિ તેમ જ તેની અંતર્ગત આવેલા અધ્યાત્મ તથા અધિભૂતના દેવતાઓ રૂપે રહેલા હોઈ તે જ ચક્ષુ આદિ ઇંદ્રિયોના અધિષ્ઠાતા એવા આ સૂર્યાદિ દેવતાઓ રૂપે બનેલો છે, તે જ અધિદૈવ કહેવાય છે. એક જ સ્વરૂપમાં અધ્યાત્મ અને અધિદૈવ એમ બે જુદા જુદા ભેદો બતાવનારો, ચક્ષુ શ્રોત્રાદિ ઇંદ્રિયોનાં ગોલકવાળો, નેત્ર કાન વગેરે શબ્દો વડે ઓળખાતો એવો કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ દેહાદિના નામરૂપો વડે ભાસનારો જે આ દૃશ્યાભાસ છે તેનું નામ જ આધિભૌતિક એટલે પાંચ મહાભૂતોના સૂક્ષ્મ સમૂહરૂપને અધિભૂત વા કાર્ય (વૃક્ષાંક ૬) તથા ઇંદ્રિયસમૂહને અધ્યાત્મ વા કારણ (વૃક્ષાંક ૬) તેમ જ તેમની દેવતાઓ તે અધિદૈવ વા કર્તા (વૃક્ષાંક ૬) કહેવાય છે. ઉદાહરણાર્થે આંખ લ્યો, રૂપ એ તેનો વિષય છે. તે આંખોને કારણ વા અધ્યાત્મ સમજો તથા તેમાં દેખાતી આ સ્થૂલ આંખ એ ગોલક કહેવાય, અને તેમાં સૂક્ષ્મ ઇંદ્રિયરૂપે રહેલ ચક્ષુ એ ઇંદ્રિય કહેવાય, આ ગોલક ને ઇંદ્રિય એ બંને મળીને કારણ વા અધ્યાત્મ છે તથા તેના દેવતા સૂર્ય એ પુરુષ કહેવાય, તે જ અધિદૈવ છે; તેમ જ રૂપ એ તેનો વિષય હોઈ તે કાર્ય વા અધિભૂત છે, એમ સમજો. એ રીતે દરેક જ્ઞાનેંદ્રિયો, કર્મેન્દ્રિયો તથા તેના ગ્રહણ થતા તમામ વિષયો સંબંધમાં જાણવું; તે જ ક્રમે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ છે, એમ સમજો. આ દેહાદિનું વિવરણ કેવળ વ્યષ્ટિ જીવો પૂરતું નહિ પણ સમષ્ટિ અને વિરાટ એ બધાને માટે લાગુ પડે છે, એમ જાણવું. ગોલક, ઇંદ્રિયો અને દેવતા તથા તન્માત્રા યા વિષય એ ત્રણેમાં એકનો પણ જો અભાવ હોય તો બીજાં બંને હોતાં નથી, એટલે કે કાર્ય વા અધિભૂત એવા દેહાદિ દૃશ્ય પદાર્થો જો નહિ હોય તો જે દેહાદિ વડે સૂક્ષ્મ ઇંદ્રિયોની પ્રતીતિ થાય છે એની કારણ વા અધ્યાત્મ રૂપ સૂક્ષ્મ ઇંદ્રિયો પણ સિદ્ધ થાય નહિ તથા તેમનો દ્રષ્ટા અધિદૈવ વા કર્તા પણ સિદ્ધ ન થાય; તેમ જ દેહાદિ દૃશ્ય વિના ઇંદ્રિયોની પ્રવૃત્તિ થઈ જાણી શકાય છે એવા ઇંદ્રિયોના અધિષ્ઠાતા અધિદૈવરૂપ સૂર્યાદિની પણ સિદ્ધિ થાય નહિ; તેમ જ સૂર્યાદિ વિના અધ્યાત્મરૂપ ઇંદ્રિયોની પણ પ્રવૃત્તિ થતી નથી; તેમ અધ્યાત્મરૂપ ઇંદ્રિયો તથા અધિદૈવ સૂર્યાદિ ન હોય તો અધિભૂતરૂપ દેહાદિ દૃશ્ય તેમ જ શબ્દતન્માત્રા સહ પાંચ મહાભૂતો છે એમ પણ સિદ્ધ થઈ શકે નહિ. તાત્પર્ય કે, એ ત્રણે પરસ્પર એકબીજાથી સિદ્ધ છે તથા એ ઇંદ્રિયો, ભૂતાદિના સમૂહરૂપ દેહાદિ તથા તેના દેવતા સૂર્ય પ્રત્યાદિક સર્વને જે સાક્ષીપણાથી જુએ છે તે જ ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ તેના અધિષ્ઠાન વા આશ્રયરૂપ એવો બ્રહ્મ કિંવા આત્મા (વૃક્ષાંક ૧)છે. આ બ્રહ્મ વા આત્માનો બીજો કોઈ આશ્રય નથી, તે તો સ્વતઃસિદ્ધ છે.

વિસર્ગસૃષ્ટિની પૂર્વે બ્રહ્મદેવ ઈશ્વરસ્વરૂપમાં લીન હતા

સૃષ્ટિના આદિકાળમાં એટલે વિસર્ગ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તે પૂર્વે આ વિરાટપુરુષ (વૃક્ષાંક ૨) પોતે જ વિસર્ગસૃષ્ટિના અભિમાની પ્રથમ નારાયણ (વૃક્ષાંક ૧૧)રૂપ બનીને બાદ જ્યારે બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) રૂપે અંડને ભેદીને બહાર નીકળ્યા, તે પૂર્વે પોતે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં એટલે ઈશ્વર (વૃક્ષાંક ૨) રૂપમાં જ લીન હતા. તે ઈશ્વરને જ્યારે સ્થાનની ઇચ્છા થઈ ત્યારે તેણે પવિત્રરૂપ પોતે પવિત્ર એવું જળ ઉત્પન્ન કર્યું તથા પોતે પોતાના સૂજેલા જળની અંદર હજારો વર્ષો સુધી રહ્યા, તે ઉપરથી તેમનું નારાયણ (વૃક્ષાંક ૧૧)એવું નામ પડ્યું છે. જે નારાયણ (ઈશ્વર વૃક્ષાંક ૨)ની સત્તાથી જ આ પંચમહાભૂત, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ વગેરે દ્વારા ક્રિયા કરવામાં સમર્થ થાય છે અને તેની સત્તા ન હોય તો થઈ શકતા નથી. તે દેવરૂપ સમર્થ એવા ઈશ્વરે જ જુદે જુદે રૂપે થવાની ઇચ્છાથી યોગશય્યામાંથી વૃત્તિને 'હું' 'હું'

(વૃક્ષાંક ૩) સ્વરૂપ "**एकोऽहं बहुस्याम्**" એ ન્યાયાનુસાર બહાર લાઈ આવી પોતાના તેજોમય દેહને આ "હું" "હું" રૂપ માયાં (વૃક્ષાંક ૩) એ કરીને પ્રથમ સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોદ્વારા અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એમ ત્રણ પ્રકારે કર્યો (ભા૦ સ્કં૦ ૨ અ૦ ૧૦ શ્લો૦ ૫ થી ૧૫ ભ૦ ગી૦ અ૦ ૭ શ્લો૦ ૨૯ જુઓ).

વૃક્ષ અને મિશ્રણક્રમની સમજૂતી

સ્પષ્ટતાને માટે દૃષ્ટાંત કહું છું. જેમ અનેક જળના બિંદુઓ મળીને ખાબોચિયું બને છે, અનેક ખાબોચિયાં મળીને તળાવ, અનેક તળાવો મળીને સમુદ્ર તથા અનેક સમુદ્રો મળી મહાસાગર બને છે; તેમ બ્રહ્માંડ (વૃક્ષાંક ૧૪ થી ૧૫ ઘ) ના ચૌદ લોકમાંના અનેક મનુષ્યાદિ વ્યષ્ટિ જીવો મળીને સમષ્ટિ સહિત તેનો અભિમાની બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) થાય છે. જેમ વૃક્ષ એ વ્યષ્ટિ તથા જંગલ એ સમષ્ટિ તેમ મનુષ્ય એ વ્યષ્ટિ અને ચૌદ લોકમાંના તમામ સ્થાવર, જંગમ, જડ ચેતન જીવો મળીને સમષ્ટિ બ્રહ્માંડ કહેવાય છે, તથા તે સમષ્ટિનું અભિમાન ધારણ કરનારો તે બ્રહ્મદેવ કહેવાય છે (વૃક્ષાંક ૧૩ જુઓ). બ્રહ્મદેવથી મનુષ્યાદિ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ જુઓ) સુધીની સૃષ્ટિને વિસર્ગસૃષ્ટિ કહેવામાં આવે છે. આ સૃષ્ટિને કાર્ય કિંવા કર્મ પણ કહે છે. હવે જેમ અનેક ખાબોચિયાં મળી તળાવ બને છે તેમ અનેક બ્રહ્મદેવો મળીને નારાયણ (વૃક્ષાંક ૧૧) થાય છે તથા અનેક તળાવો બનીને જેમ સમુદ્ર તેમ અનેક નારાયણો મળીને મહાપ્રાણ (વૃક્ષાંક ૬) બને છે. જેમ અનેક સમુદ્રો મળીને થનારો જળસમૂહ મહાસાગર કહેવાય, તેમ અનેક મહાપ્રાણો મળીને ઈશ્વરની "હું" રૂપ એવી માયાશક્તિ અથવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) કહેવાય. આ ઈશ્વરની માયાશક્તિ વા ઈશ્વરની કાળરૂપશક્તિ ઈશ્વરના ઈક્ષણદ્વારા ક્ષોભને પામી તેણે જ પ્રથમ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો વડે આ સર્વ દૃશ્યજાળ વિસ્તારેલું છે. આથી તેને સર્ગસૃષ્ટિ કિંવા કારણનું પણ કારણ એવું મહાકારણ કહે છે. આ મહાકારણ સૃષ્ટિનો વિસ્તાર ઉપરના ક્રમે પ્રથમતઃ ઈશ્વરની કાળરૂપ ઈક્ષણશક્તિ વડે થતા પામેલો હોઈ ત્યારબાદ પ્રથમ અવ્યક્ત (વૃક્ષાંક ૪), અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫) તથા સૂત્રાત્મા કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) રૂપે વિવર્તને પામેલો છે; આથી પ્રકૃતિથી તે મહાપ્રાણ (વૃક્ષાંક ૩થી ૫) સુધીનાં તત્ત્વોને મહાકારણ પ્રકૃતિ અથવા વિરાટના કારણદેહ કહેવામાં આવે છે. ઉપર માયા શક્તિમાંથી પ્રથમ સત્ત્વ, રજ અને તમ ગુણોનો વિસ્તાર થયેલો છે, એમ જે કહેવામાં આવ્યું છે તે જ મૂળ મહાકારણ પ્રકૃતિ (વૃક્ષાંક ૩ થી ૫) તત્ત્વમાંના (૧) અધિદૈવ (કર્તા,) (૨) અધ્યાત્મ (કારણ) તથા (૩) અધિભૂત (કાર્ય) રૂપ કહેવાય છે એમ સમજો; એટલે કે આ સ્થાન એ અધ્યાત્માદિ ત્રણેનું ઉગમ સ્થાનક છે, એમ જાણવું. તેમાંથી ક્રમેક્રમે વિસ્તાર થઈને તે જ્યારે મહાપ્રાણરૂપે બને છે ત્યારે તેમાંથી કારણપ્રકૃતિ કિંવા વિરાટના સૂક્ષ્મદેહરૂપ તત્ત્વનું મૂળ બીજ એવું મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) તથા અહંકાર (વૃક્ષાંક ૮) રૂપે વિવર્તને પામે છે. અત્યાર સુધી થયેલા આ વિસ્તારમાં ત્રણ ગુણો સહિત ઉપર બતાવેલા તમામ ભાવોનું મિશ્રણ તો હોય છે, એમ જાણવું. તે મિશ્રણનો ક્રમ આ પ્રમાણે છે; વૃક્ષાંક ૩માં ૨નું; ૪માં ૨, ૩નું; ૫ માં ૨ થી ૪ નું; ૬ માં ૨ થી ૫ નું; ૭ માં ૨ થી ૬ નું; ૮ માં ૨ થી ૭નું; ૯ મા ૨ થી ૮ ની અંતર્ગત આવેલા તમામ તત્ત્વોનું મિશ્રણ છે, એમ જાણવું; તેમજ ૧૦ માં ૨ થી ૯નું; ૧૧ માં ૨ થી ૧૦ નું; ૧૨ માં ૨થી ૧૧નું, ૧૩માં ૨ થી ૧૨ નું; ૧૪ માં ૨ થી ૧૩ નું તથા ૧૫ માં ૨ થી ૧૪ સુધીના તમામ ભાવોનું મિશ્રણ છે, એમ સમજવું.

સત્ત્વ, રજ, તમ, એ જ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત છે

આ મિશ્રણનો ક્રમ સારી રીતે સમજવામાં આવવાથી જણાશે કે, અહંકાર (વૃક્ષાંક ૮)માં સત્ત્વ, રજ અને તમનું મિશ્રણ છે, એટલું જ નહિ પરંતુ ઈશ્વરથી મહત્તત્ત્વ (વૃક્ષાંક ૨ થી ૭) સુધીના તમામ અંશનું મિશ્રણ પણ છે; તેથી આ અહંકાર (વૃક્ષાંક ૮) પ્રથમ સત્ત્વ, રજ અને તમ રૂપ બન્યો, તે જ ક્રમ વૈકારિક રજસ્ અને તમસ્ રૂપે કહેવાયો અને તેમાંથી ક્રમે અધિદૈવ (વૃક્ષાંક ૬), અધ્યાત્મ (વૃક્ષાંક ૬), અને અધિભૂત(વૃક્ષાંક૬)-ની

ઉત્પત્તિ થવા પામેલાં છે. આ અધિદૈવને કર્તા અધ્યાત્મને કારણ અને અધિભૂતને કાર્ય એવી સંજ્ઞા વડે શાસ્ત્રોમાં સંબોધવામાં આવેલું છે. આ તત્ત્વો સમષ્ટિના અભિમાની બ્રહ્મદેવ અને તેની આ સ્થૂલ સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વેના હોઈ બ્રહ્માંડાદિના કારણરૂપ હોવાથી તે જ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એવા નામે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, એમ સમજો. ભાવાર્થ એ કે, પ્રથમ તેઓને સત્ત્વાદિ ગુણોનું નામ હતું, પરંતુ હવે અહંકારમાંથી વિસ્તાર થતાં તેઓ અધિદૈવ કિંવા કર્તા, આધ્યાત્મ કિંવા કારણ અને અધિભૂત કિંવા કાર્ય એવા નામને ધારણ કરે છે.

વિરાટ પુરુષમાંથી થયેલો સ્થૂળ વિકાસક્રમ

પુરાણો તથા ઉપનિષદોમાં વર્ણનો આવે છે કે, પુરુષની પાસેથી ઇંદ્રિયોએ સ્થાનની માગણી કરી, તેને બોલવાની ઇચ્છા થઈ એટલે તેને મુખ, તાળવું અને જીભ ઉત્પન્ન થયાં તથા નાના પ્રકારનો રસ એ તેનો વિષય થયો અને તેના અધિપતિ વરુણ દેવતા થયા ઇત્યાદિ (જુઓ અ૦ ૩ શ્લો૦ ૯ પાન ૨૦૯–૨૧૦). આ વર્ણનો તે વિરાટ પુરુષ (વૃક્ષાંક ૨) ના કારણ દેહ (વૃક્ષાંક ૩ થી ૫) તથા સૂક્ષ્મદેહ (વૃક્ષાંક ૬ થી ૧૨) કે જેમાં આ અધિદૈવાદિનો પણ સમાવેશ થાય છે, તે ઉત્પન્ન થયા પછી અને વિરાટપુરુષના સ્થૂળ વા સમષ્ટિદેહ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ)ની ઉત્પત્તિ થઈ તે પૂર્વેના છે, એમ સમજો. સમષ્ટિદેહની ઉત્પત્તિ થઈ તે પૂર્વે એટલે કારણ અને સૂક્ષ્મ એ બંને દેહનું અર્થાત્ પ્રકૃતિથી હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૩ થી ૧૨) સુધીના તમામ ભાવોનું પ્રથમ સૂક્ષ્મ રીતે મિશ્રણ થયેલું હોય છે તે વખતે એટલે સ્થૂલ સૃષ્ટિની ઉત્પત્તિ થવા પૂર્વે આ અધિદૈવાદિકોએ પોતાના સૃજનારા વિરાટપુરુષ (વૃક્ષાંક ૨)ની પાસે સ્થાનની માગણી કરી, ત્યારે તે વિરાટપુરુષ (વૃક્ષાંક ૨) પોતે જ પ્રથમ જળ ઉત્પન્ન કરી તેમાં નારાયણ (વૃક્ષાંક ૧૧) રૂપે બની પછી તેમાં દિવ્ય એક હજાર વર્ષો (સૌર વર્ષો ૩,૬૦,૦૦૦) સુધી રહી તપશ્ચર્યા કરી ત્યાર પછી તે નારાયણસ્વરૂપ એવા ઈશ્વર પોતે જ પોતાના નાભિકમળમાંથી સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) રૂપે ઉત્પન્ન થાય છે, ત્યાર બાદ એ જળમાંથી તે પ્રથમ અંડની ઉત્પત્તિ કરે છે. એ અંડ એ આ વિરાટનો વિશ્વસંઘાતમક સ્થૂળ કિંવા સમષ્ટિદેહ (વૃક્ષાંક ૧૪ થી ૧૫ ઘ) છે; જેને બ્રહ્માંડ કહે છે. તેમાં આ દેવતાઓનો પ્રથમ (કિરણાંક ૩૬ તથા અધ્યાય ૩, શ્લોક ૯ ના વિવરણમાં) કહેવામાં આવેલા શ્રુતિના ક્રમે પ્રવેશ થવા પામે છે અને પછી સમષ્ટિ અભિમાની બનેલો તે વિરાટપુરુષ જ બ્રહ્મદેવરૂપે બની આ અનંત પ્રકારની ચિત્રવિચિત્રતાથી યુક્ત એવું ચૌદલોકવાળું બ્રહ્માંડ પોતે પોતાના સંકલ્પ બળ વડે ઉત્પન્ન કરે છે. એટલે જેમ સર્વ જળનાં બિંદુઓ એક ખાબોચિયામાં એકત્ર થાય તેમ જગતમાં જેટલા હાથ છે તે બધા મળીને આ બ્રહ્માંડરૂપ સમષ્ટિના અભિમાની બ્રહ્મદેવનો હાથ છે તથા તમામ સમષ્ટિ હાથોનું મૂળ, હાથના દેવતા ઇંદ્ર (વૃક્ષાંક ૮/૧/ઝ/૭) છે, એમ સમજો તે જ પ્રમાણે પાંચ કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેંદ્રિયોને માટે પણ સમજવું.

જેમ શરીરમાં જીવો હોય છે તેમ બ્રહ્માંડમાં આ શરીરો છે

વાણીના દેવતા અગ્નિ છે જે ઉપર કહ્યું છે તેનો અર્થ તમામનો વાણીનો મૂળ ઉગમ એક વિરાટના મુખમાંથી જ થતો હોવાથી વિરાટના મુખમાંથી નીકળતી વાણીના અભિમાની દેવતા પણ અગ્નિ છે. મનુષ્યનું શરીર અનેક જંતુઓ મળીને બનેલું છે. શરીરમાં રહેતા આ દરેક જંતુઓ ખાય છે, પીએ છે, હરે છે, ફરે છે તથા પ્રજોત્પત્તિ વગેરે સર્વ વ્યવહાર કરે છે. તેઓને પણ મોઢું, નાક, કાન વગેરે પાંચ જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયો તો હોય છે જ. તેના મુખના દેવતા પણ અગ્નિ જ છે. શરીરમાંના આ અસંખ્ય જીવો અને તેના થતા સર્વ વ્યવહારનો સમાવેશ એક મનુષ્ય શરીરનો અંતર્ગત જ થાય છે. તે પ્રમાણે આ ચરાચર બ્રહ્માંડમાં તૃણથી તે બ્રહ્મદેવ પર્યંત ચૌદલોકની અંદર જે જે કાંઈ જીવો છે તે તમામ જીવો તથા તેઓનાથી થતાં સર્વ કાર્યોનો સમાવેશ આ વિરાટના અંતર્ગત જ થઈ જાય છે. આવા અસંખ્ય સમષ્ટિનો નારાયણ (વૃક્ષાંક ૧૧) ની અંદર તથા તેવા અનેક નારાયણ તથા રુદ્રાદિનો સમાવેશ મહાપ્રાણ (વૃક્ષાંક ૧) ઇત્યાદિ ઉલટા ક્રમે માયા કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) સુધી થાય છે.

અધિદૈવનું મૂળ મૂળમાયા છે

આ વિવેચનનો ઉદ્દેશ એ છે કે, અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એટલે શું તેની સ્પષ્ટ રીતે જિજ્ઞાસુઓને સમજ પડે. અત્યાર સુધીના વિવેચન ઉપરથી આપણે એ જાણી શકયા કે આ અધિદૈવાદિનું મૂળસ્થાન પ્રકૃતિ વા મૂળમાયા(વૃક્ષાંક ૩)ના ત્રણ ગુણો છે, તથા સમષ્ટિ શરીરના અભિમાની પુરુષ બ્રહ્મદેવમાં પ્રવેશ થતાં અગાઉની તેની જે સ્થિતિ તેને ક્રમે અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત, એ પ્રકારના નામો પ્રાપ્ત થાય છે, અને તે સમષ્ટિની અંદર રહેલા ચૌદલોકના જીવોમાં મિશ્રણરૂપે હોય છે જ. આ નિયમાનુસાર મનુષ્ય શરીરની અંદર પણ તે ત્રણ ભેદો છે જ. જેમકે સ્થાન કાન, તેની ઇંદ્રિય શ્રોત્ર તથા તેના દેવતા દિશા; આમાં શ્રોત્ર અધ્યાત્મ, શબ્દ એ અધિભૂત અને દિશા યા દિક્પાળ એ અધિદૈવ છે, એમ સમજો. તે પ્રમાણે ઇતર ઇંદ્રિયો માટે પણ સમજવું. આ સંબંધે વિશેષ ખાત્રીને માટે ઉદ્ધવ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પોતે જ સ્પષ્ટતા કરેલી છે તે જ અત્રે આપું છું. જેથી સંશયને સ્થાન રહેશે નહિ.

અહંકાર વિકાર જ અધિદૈવાદિ રૂપે બનેલો છે

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: હે ઉદ્ધવ! મારી ગુણમય એવી માયાએ ત્રણ ગુણોના આશ્રય વડે અનેક પ્રકારના વિચિત્રવિચિત્ર ભેદો અને ભેદના જ્ઞાનોને રચ્યાં છે, જો કે આ દેહાદિક સંઘાત અનેક ભેદવાળો છે. તો પણ સ્થૂલ માર્ગથી તેના (૧) અધિદૈવ,(૨) અધ્યાત્મ અને (૩)અધિભૂત એવા મુખ્ય ત્રણ ભેદો ગણવામાં આવે છે. જેમકે નેત્ર ગોલક સહ ચક્ષુ તે અધ્યાત્મ તેનો વિષય જે રૂપ તે અધિભૂત તથા ચક્ષુના નેત્ર ગોલકમાં રહી ચક્ષુરિંદ્રિયદ્વારા પ્રકાશિત કરી રહેલો તેનો અધિષ્ઠાનરૂપ દેવતા સૂર્ય તે અધિદૈવ કહેવાય. તેવી જ રીતે ત્વચા, સ્પર્શ અને વાયુ; શ્રવણ, શબ્દ અને દિશાઓ; જીભ્ભો, રસ અને વરુણ; નાસિકા, ગંધ અને અશ્વિનીકુમાર; ચિત્ત, ચેતયિતવ્ય અને ચેતન કિંવા વાસુદેવ; મન, મંતવ્ય અને ચંદ્ર; બુદ્ધિ, બોદ્ધવ્ય અને બ્રહ્મા તથા અહંકાર, અહંકર્તવ્ય અને રુદ્ર એ મુજબ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એવા ત્રણ ત્રણ ભેદો સમજવા. આ રીતે દેહાદિક સંઘાત અનેક ભેદવાળો છે અને આત્મા તો કેવળ એક જ છે. આ મુજબ દેહ અને આત્મા વચ્ચે અત્યંત ભેદ છે માટે એનો પ્રથમ સારી રીતે વિવેક કરવો. હે ઉદ્ધવ! ચક્ષુ ન હોય તો રૂપ સિદ્ધ થતું નથી, અને રૂપ ન હોય તો ચક્ષુ સિદ્ધ થતાં નથી, તેમ જ તેના અધિષ્ઠાના સૂર્ય દેવતા ન હોય તો ચક્ષુની પ્રવૃત્તિ સિદ્ધ થતી નથી તથા ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો રૂપનું જ્ઞાન થતું નથી. એ જ રીતે ત્વચાદિ ત્રણ ત્રણ પદાર્થો માટે પણ જાણવું. આમ અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવની સિદ્ધિ પરસ્પરના આશ્રય વડે થાય છે અને આત્મા તો આકાશમાં રહેલા સૂર્યની પેઠે કોઇના પણ આશ્રયની અપેક્ષા નહિ રાખતાં સ્વતઃસિદ્ધ છે. માટે એ અધ્યાત્માદિક સંઘાતરૂપ દેહ અને આત્મા વચ્ચે મહદ્ અંતર છે. હે ઉદ્ધવ! આત્મામાંથી એ અધ્યાત્માદિક ઉત્પન્ન થયાં છે તથા તેઓ ભિન્ન ભિન્ન રૂપે ભાસી રહ્યાં છે; પરંતુ આત્મા તો કોઇમાંથી ઉત્પન્ન થયો નથી અને એકરૂપ છે તેથી પણ દેહ અને આત્મા વચ્ચે અત્યંત ભેદ સિદ્ધ થાય છે. હે ઉદ્ધવ! આત્મા પોતાના સ્વતઃસિદ્ધ જ્ઞાનથી એ અધ્યાત્માદિક સર્વેને જાણે છે પણ અધ્યાત્માદિક સર્વ આત્માને જાણતા નથી; તેથી દેહ અને આત્મા વચ્ચે અત્યંત ભેદ સિદ્ધ થાય છે. આ રીતે વિવેક કરવો. ભગવાન આગળ કહે છે; કે, હે ઉદ્ધવ! આત્માની પ્રાપ્તિ તો જ્યારે દેહાદિકનો અહંભાવ મટે ત્યારે જ થાય છે. કેમકે સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર કે જે ગુણોનો ક્ષોભ કરનારા ઈશ્વરના પ્રભાવરૂપ કાળના નિમિત્તકારણને લીધે અવ્યક્ત કિંવા પ્રધાનમાંથી ઉત્પન્ન થયેલા મહત્તત્ત્વ વડે ઉત્પન્ન થએલો છે તે અહંકાર તો વિકારરૂપ છે. તે જ આ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂતરૂપ* મોહમય એવા દેહાદિકના વિકલ્પનું કારણ છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૨ શ્લો૦ ૨૯ થી ૩૨).

---

* અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ સંબંધમાં મનુષ્યોની ઇંદ્રિયોનાં ઉદાહરણ સારૂ મહાભારત શાંતિપર્વ અ૦ ૩૧૭ અને અશ્વમેધ પર્વ અ૦ ૪૨ માં સ્પષ્ટીકરણ કરેલું છે તે જોવું.

અધિયજ્ઞ કોણ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ હે અર્જુન! મેં તને તત્ એવું બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત અને અધિદૈવ એટલી બાબતો રપષ્ટ રીતે સમજાવીને કહી. હવે અધિયજ્ઞ કોણ તે કહું છું(છાંદોગ્ય ઉપ૦ પ્રપા૦ ૩ ખંડ ૧૬). યજ્ઞોના કર્તા અથવા અધિદૈવ વિષ્ણુ કહેવાય છે (વૃક્ષાંક ૯ જુઓ). બ્રહ્માંડની અંદર ચૌદલોકમાં જે જે કર્મો થાય છે તે તે સર્વ યજ્ઞ કર્મો હોઈ તે સર્વનો અંતે વિષ્ણુમાં જ લય થાય છે. આથી વિષ્ણુ એ સર્વયજ્ઞનો અધિદેવ થયો. આ સ્થૂળ વ્યવહારમાં કર્મની પ્રથમ શરૂઆત યજ્ઞથી થયેલી છે તથા તે યજ્ઞના અધિદૈવ વિષ્ણુ છે; આથી બીજાંકુર ન્યાયાનુસાર સર્વ જગત વિષ્ણુમય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે (યજ્ઞ સંબંધે વિવેચન પ્રથમ અધ્યાય ૩, શ્લો૦ ૧૦ થી ૧૬ તથા અધ્યાય ૪ માં આપેલું છે, તે જુઓ). અહીં તો આપણે ફક્ત એટલું જ જાણવાનું છે કે અધિયજ્ઞ કોણ?

ઈશ્વર એ જ અધિયજ્ઞ છે

વિષ્ણુ એ સમષ્ટિ બ્રહ્માંડમાં ચાલી રહેલા તમામ યજ્ઞોમાં અધિદેવતા છે એમાં તો શંકા નથી, પરંતુ તેમને શાસ્ત્રનિયમાનુસાર અધિયજ્ઞ કહો શકાય નહિ; કારણ કે આ વિષ્ણુનું પણ કોઈ અધિષ્ઠાન છે. આ રીતે વિચાર કરતાં તેમનું અધિષ્ઠાન ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ તે જ અધિયજ્ઞ છે. એટલે ચરાચરનો સાક્ષી શુદ્ધ "હું" કે જેને ઈશ્વર, પુરુષ બ્રહ્મ્યાદિ (જુઓ વૃક્ષાંક ૨) સંજ્ઞાઓ શાસ્ત્રમાં આપવામાં આવેલી છે, તે સર્વયજ્ઞનો અધિષ્ઠાન હોવાથી તે જ અધિયજ્ઞ છે. આ ઉપર 'અધિ' એ સંજ્ઞા આપી શકાતી નથી. 'અધિ' એ સંજ્ઞાની કક્ષા અત્રે જ પૂર્ણ થાય છે. જેમ ખાબોચિયાંનો તળાવમાં, તળાવનો સરોવરમાં અને સરોવરનો સમુદ્રમાં અને સમુદ્રનો મહાસાગરમાં સમાવેશ થાય છે. મહાસાગર એ જેમ તેની અંતિમ કક્ષા છે તેમ આ યજ્ઞનો પ્રથમ તે તે દેવતાઓમાં, ત્યાંથી વિસર્ગ સૃષ્ટિકાર બ્રહ્મદેવમાં, તેનો વિષ્ણુમાં અને વિષ્ણુનો શુદ્ધ 'હું' કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨)માં વિલય થાય છે. કાળ, દેશ અને ક્રિયા બ્રહ્મ્યાદિ તમામ મર્યાદાઓનો વિલય અત્રે જ થાય છે. આ ઉપર તો કેવળ એક અનિર્વચનીય આત્મપદ કે જે મારું એટલે આ 'હું' નું પણ સાચું સ્વરૂપ છે; તેને જ આત્મા, બ્રહ્મ, તત્, સત્, ઋત્, ચૈતન્ય, ચિદાકાશ બ્રહ્મ્યાદિ સંજ્ઞાઓ શાસ્ત્રકારોએ અજ્ઞાનીઓને બોધ થતાં સુધી સમજાવવા પૂરતી આપેલી છે. પરંતુ વાસ્તવિક તો તે અનિર્વચનીય છે. ભગવાન કહે છે કે અર્જુન! તું હવે સમજી શકયો હશે કે અહિં અધિયજ્ઞ કોણ? તે તો ચરાચરનો સાક્ષી ઈશ્વર કિંવા શુદ્ધ હું (વૃક્ષાંક ૨) છે. જે આ દેહની અંદર જ નિત્યપ્રતિ સર્વનો દ્રષ્ટા વા સાક્ષીરૂપે રહે છે. આ હું એટલે જ ઉપર માયા કિંવા પ્રકૃતિરૂપ "હુ" (વૃક્ષાંક ૩) એ સંજ્ઞા વડે કહેલો છે તેનો પણ સાક્ષી (વૃક્ષાંક ૨)છે, એમ જે જાણે છે તે જ અધિયજ્ઞનું ખરું રહસ્ય સમજે છે. આ રીતનો આ અધિયજ્ઞ તો સર્વદા સર્વત્ર અખંડ ચાલી રહેલો છે.

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।

यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥ ५ ॥

આ દેહમાં એવા, તમો કોણ છો?

તારો છેવટનો પ્રશ્ન એ છે કે, અધિયજ્ઞ સહિત મને જે જાણે છે તે પ્રયાણકાળે એટલે અંતે મને જ જાણે છે. "તો આ દેહમાં એવા તમે કોણ છો? અને આત્માને નિયમનમાં રાખનારાઓને પ્રયાણકાળે શી રીતે જાણવા યોગ્ય છો?" તેનો ઉત્તર કહું છું, તે સાંભળ. જેમ ઘરમાં આકાશ રહેલું હોવા છતાં પણ તે તદ્દન અસંગ હોય છે, તેમ અધિયજ્ઞ રૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨)થી પણ તદ્દન અસંગ અને આત્મસ્વરૂપ એવો તત્રૂપ "હું" જ આ દેહની અંદર આકાશની જેમ રહેલો છે. તેને જ પરમ અક્ષર એવું બ્રહ્મ કહે છે. આ અધિયજ્ઞ

અધિદૈવ, અધિભૂત, અધ્યાત્મ, કર્મ વગેરે બધું આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧) રૂપ જ છે. એ રીતે મને એટલે "હું" ને જે આત્મસ્વરૂપે જાણે છે તે પ્રયાણકાળે એટલે જ્યાં કાળ, દેશ, ક્રિયા ઇત્યાદિ તમામનો અંત થઈ જાય છે એવા તત્ સ્વરૂપ મને (આત્માને)જ જાણે છે. અર્થાત્ એ પ્રમાણેનો જાણનારો કાળ, દેશાદિ પરિચ્છેદથી એટલે મર્યાદાથી પર એવા મારા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ને જ પામે છે એમ સમજો. ઉદ્દેશ એ કે હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ અનેકરૂપે ભાસનારું તમામ દૃશ્ય પછી તે અધિયજ્ઞ, અધિદૈવ, અધિભૂત, અધ્યાત્મ, કર્મ કે બીજા કોઈ પણ હો, તે સર્વ એક આત્મસ્વરૂપ એવા મારું જ સ્વરૂપ છે; આ રીતે મને દેહાદિરૂપે નહિ પરંતુ આત્મરૂપે જાણી આત્મરૂપ એવા મને જ જે હંમેશ નિયમમાં રાખે છે, એટલે જ્યારે જ્યારે કૃષ્ણ એટલે શરીરધારી છે, એમ લાગે ત્યારે ત્યારે તત્કાળ તે તો બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ છે એ રીતે આત્મરૂપે મને જે નિયમમાં રાખે છે તે પણ અંતે દેશકાળાદિ મર્યાદાથી પણ પર એવા મારા સ્વરૂપને જ પામે છે. હે અર્જુન! આ દેહની અંદર રહેનારો "હું" તે આવા પ્રકારનો અનિર્વચનીય અને સર્વનો અધિષ્ઠાન એવો આત્મા કોઈ તે જ "હું" પ્રયાણકાળે જાણવા યોગ્ય છે.

મારું સ્મરણ કરતો અંતે મને જ પામે છે

વ્યવહારમાં દેહ છોડવો તેને જ મરણ કિંવા અંતકાળ કહે છે. એટલા માટે મરણ સમયે પણ "હું" એટલે દેહધારી કૃષ્ણ નહિ પણ આત્મા છે; આવા પ્રકારના મારા સાચા આત્મસ્વરૂપને જાણીને મારું જ સ્મરણ કરતો કરતો જે દેહ છોડે છે તે પણ અંતે આત્મસ્વરૂપ એવા મને પામે છે; એમાં જરાપણ સંદેહ નથી. ભાવાર્થ એ કે હું શરીરધારી આ કૃષ્ણ કિંવા તારા મામાનો છોકરો છું એમ નહિ સમજતાં મને આત્મસ્વરૂપ સમજ અને તેવા નિશ્ચય વડે યુદ્ધ કરતાં કદાચ તારું મરણ થાય તો પણ તું અંતે આત્મસ્વરૂપ એવા મને જ પામીશ એવું ભગવાને અર્જુનને અત્રે સૂચવેલું છે.

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।

तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः । ॥૬॥

જે જેનું સ્મરણ કરે તે તેવા ભાવને પામે છે

હે કૌંતેય! મેં તને પ્રથમ કહેલું જ છે કે, જેઓ આ રીતે તત્રૂપ એવા મારા સાચા આત્મસ્વરૂપને જાણતા નથી તેઓ અન્ય એટલે બીજા દેવતાઓને ભજે છે (અ૦ ૭ શ્લો૦ ૨૦, ૨૧ જુઓ). હંમેશાં તે તે દેવતાઓની ભાવનાઓમાં જ તન્મય થવાને લીધે દેહ છોડતી વખતે તેઓ જે જે દેવતાઓનું સ્મરણ કરે છે તે તે ભાવને જ પામે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે, જેઓ મને આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) એવો નહિ સમજતાં અન્ય અન્ય દેવતાઓની દૃષ્ટિ વડે જુએ છે, એટલે કે તેઓ કૃષ્ણ એટલે આ શરીરધારી નહિ પણ પોતપોતાની ઉપાસનાનુસાર કોઈ વિષ્ણુ, શિવ, દેવી, સૂર્ય, ગણેશ ઇત્યાદિ ભિન્ન ભિન્ન રૂપે દેખે છે અને નિત્યપ્રતિ તેને જ ભજે છે તથા અંતકાળે પણ પોતપોતાના ઇષ્ટ દેવતાઓનું ચિંતન કરીને દેહ છોડે છે; તેઓ પણ જેમ નાની નદીનું પાણી મોટી નદીમાં અને મોટી નદીનું પાણી અંતે સમુદ્રમાં જઈને જ મળે છે તેમ પોતપોતાની ભાવનાનુસાર પ્રથમ તો તે તે દેવતાના રૂપને પ્રાપ્ત થઈ અંતે 'तत् भावभावितः' એટલે તત્રૂપ એવા મારા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ને જ પામે છે. કારણ કે, આ સર્વ ભાવો મારા તત્ એવા એક આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ના જ છે એમ જાણ.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।

मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥૭॥

અંતે આત્મસ્વરૂપ એવા મને જ પામીશ

હે પાર્થ ! હું તને વારંવાર કહી રહ્યો છું કે, તું સર્વ કાળમાં એટલે હંમેશાં તત્ ત્વિા આત્મસ્વરૂપ એવા મારું (શ્લોકાંક ૧નું) સ્મરણ કર અને યુદ્ધ કર. આ રીતે મન, બુદ્ધિને તત્ રૂપ એવા મારામાં અર્પણ કરીશ એટલે તું નિઃસંદેહ આત્મરૂપ એવા મને જ પામીશ, અર્થાત્ આત્મરૂપ જ બની જઈશ. ઉદ્દેશ એ છે કે, તું જો આત્મસ્વરૂપ એવા મારું સ્મરણ કરતાં કરતાં એટલે કે મન, બુદ્ધિને આત્મસ્વરૂપ એવા મારામાં જ નિત્યપ્રતિ પરોવી રાખી તેમાંથી કિંચિન્માત્ર પણ ઢળવા નહિ દેતાં યુદ્ધ કરીશ અને કદાચ તેમ કરતાં મૃત્યુ થાય, તો બંને બાજુએથી ભ્રષ્ટ તો થઈશ નહિ ને ? એવી જે તને શંકા (અધ્યાય ૬ શ્લોક ૩૭ ૩૮માં) થઈ હતી તે શંકા તદ્દન નિરર્થક જ છે, એમ જાણ. તેનું નિરસન તો જો કે મેં પ્રથમ કરેલું છે છતાં અત્રે ફરીથી કહું છું કે, બુદ્ધિયોગાદિનો આશ્રય નહિ લેતાં કેવળ " હું શરીરધારી એવો કૃષ્ણ નહિ પરંતુ આત્મા છું " એવા એક નિશ્ચય વડે તું યુદ્ધ કરીશ અને તેમાં જો તારું મૃત્યુ થાય તો પણ તું આત્મસ્વરૂપ એવા મને જ પામીશ અને મૃત્યુ નહિ થાય તો પણ અંતે મારા આત્મસ્વરૂપમાં જ સ્થિર થઈ જીવન્મુક્ત બનીશ, એમાં જરા પણ શંકા નથી. સિવાય પ્રસંગ પણ ઘણો કટોકટીનો હોવાથી બીજા બધા અભ્યાસને માટે તને અવસર પણ નથી તેથી આ સહેલામાં સહેલી યુક્તિ મેં તને કહેલી છે. માટે તના આશ્રય કરીને હવે વાર નહિ લગાડતાં તું યુદ્ધ કર; એમ સૂચવવાનો આમાં ભગવાનનો ઉદ્દેશ છે.

अभ्यासयोगयुक्तेनचेतसा नान्यगामिना ।

परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥૮॥

દિવ્ય એવા પરમ પુરુષની પ્રાપ્તિ

હે પાર્થ ! પરમ પુરુષ એટલે પરમાત્મા (શ્લોકાંક ૩જો) વિના ચિત્તને બીજે કોઈ પણ સ્થળે નહિ જવા દેવારૂપ અભ્યાસરૂપી યોગ વડે યુક્ત થયેલો અને નિરંતર આત્માનું ચિંતન કરનારો પુરુષ અંતે દિવ્ય એવા પરમ પુરુષને જ પામે છે. એટલે કે ચિત્તમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું કદી ઉત્થાન જ થવા નહિ પામે અને જો કદાચ થાય તો તુરત તે આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારે તેને તત્કાળ દાબી દેવામાં આવે એવા પ્રકારના અભ્યાસરૂપી યોગ વડે યુક્ત થયેલો અને 'નાન્યગામિના' એટલે ચિત્તને બીજે કોઈ સ્થળે જવા નહિ દેતાં હંમેશ એક આત્મામાં જ પરોવી રાખનારો તથા તેવા પ્રકારનું નિરંતર ચિંતન કરતો પરમાત્મધ્યાનમાં નિમગ્ન થયેલો દિવ્ય એવા પરમ પુરુષને જ પામે છે. ઉદ્દેશ એ કે, યુદ્ધમાં અન્ય યુક્તિઓ કરતાં આજ યુક્તિ શ્રેષ્ઠ છે; એવો ભક્તિયોગનો અભ્યાસક્રમ ઉપર ભગવાને અર્જુનને બતાવ્યો હોઈ અત્રે તેવા અભ્યાસનું પરિણામ શું આવે છે તે કહેવામાં આવ્યું છે. તેનો સાર એ છે કે, તું મને શરીરધારી કૃષ્ણ એવો પુરુષ નહિ સમજતાં હું એટલે આત્મસ્વરૂપ એવો દિવ્ય પુરુષ છું એમ સમજ અને પછી તેમાં જ ચિત્તને એકરસ કરીને પરોવી રાખ. આત્મા સિવાય બીજે કોઈ પણ સ્થળે દૃષ્ટિપાત પણ કરીશ નહિ. આમ કરવાથી તું અંતે મારા દિવ્ય એવા પરમપુરુષને જ પ્રાપ્ત થઈશ. આ રીતે મનોપાસકોને દિવ્ય પુરુષની પ્રાપ્તિ શી રીતે થાય તે સંબંધમાં વર્ણન કર્યું. હવે પ્રાણોપાસક પણ તે કેવી રીતે પ્રાપ્ત કરે છે તે કહું છું (સાંખ્ય, જ્ઞાન અને ભક્તિનો સમાવેશ મનોપાસનામાં થાય છે).

कविं पुराणमनुशासितार-

मणोरणीया ꣳ समनुस्मरेद्यः ।

सर्वस्य धातारमचिन्त्यरूप-

मादित्यवर्णं तमसः परस्तात् ॥૯॥

प्रयाणकाले मनसाचलेन

भक्त्या युक्तो योगबलेन चैव ।

भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्

स तं परं पुरुषमुपैति दिव्यम् ॥૧૦॥

વારંવાર આત્મસ્વરૂપનું સ્મરણ કરનારો દિવ્ય પુરુષને પામે છે

સર્વને ધારણ કરનાર તથા બધાને નિયમમાં રાખનાર અણુ કરતાં પણ અણુ અર્થાત્ સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ* એટલે જેનું કદી ચિંતન પણ થઈ શકે નહિ એવા ચિત્તવાળો, અજ્ઞાનથી પણ પર, આદિત્ય જેવા વર્ણવાળો એટલે સ્વયંપ્રકાશમાન; પુરાતન અને કવિ એટલે સર્વજ્ઞ અર્થાત આત્મસ્વરૂપ એવા મારું જે પ્રયાણકાળે અચળ ભક્તિ સહિત આત્મસ્વરૂપમાં યુક્ત થએલા મન વડે યોગબળથી પ્રાણને બે ભ્રૂકુટિ અર્થાત્ બે ભમ્મરની મધ્યમાં સમ્યક્ એટલે યથાર્થ રીતે સ્થાપન કરીને વારંવાર તેનું યાને આત્મસ્વરૂપનું જ સ્મરણ કરે છે, તે દિવ્ય એવા પરમપુરુષને પામે છે.

પરમ દિવ્યપુરુષને તે જ પામે છે

ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સર્વ ભૂતાદિકો, તેઓના ધર્મ, તેમના કર્મ અને તે કર્મના ચિત્રવિચિત્ર રૂપો, આ બધાને કોઈ પણ જાતના વ્યવધાન એટલે સાધન અથવા લક્ષ્ય વિના સ્વાભાવિક રીતે જે જાણે છે તે જ કવિ એટલે સર્વજ્ઞ એવો આત્મા (શ્લોક ૧) કહેવાય છે, અને તે જ સર્વને નિયમમાં રાખનારો છે. તે સર્વના હૃદયમાં સાક્ષીરૂપે સ્થિત હોવાથી તે પોતાની માયાશક્તિના આધારે સર્વનું શાસન કરે છે એટલે સર્વને શિસ્તમાં રાખે છે. સર્વ પ્રાણીમાત્રના અનેક કલ્પોમાં કરેલાં કર્મો અને તેનાં ફળોને ધારણ કરતો હોવાથી તે સર્વનો ધાતા કહેવાય છે. સર્વથી સૂક્ષ્મ ભૂતાકાશ હોઈ તે કરતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચિત્તાકાશ તથા તેથી પણ પર એવું ચિદાકાશ એટલે બ્રહ્મ છે. આ રીતે સૂક્ષ્મમાં સૂક્ષ્મનું પણ કારણ હોઈ અતિ સૂક્ષ્મ હોવાથી તે પુરાણ એટલે અનાદિ છે. મન વડે પણ ચિંતન ન થઈ શકે એવો અચિંત્ય છે આદિત્ય વર્ણનો એટલે સ્વર્ણરૂપ યાને સ્વયંપ્રકાશમાન છે. તમ એટલે મોહરૂપ અજ્ઞાન તેનું કાર્ય તથા તે બેના સાક્ષીમાત્રથી પણ પર એવા પરમ પુરુષને જે હંમેશાં નિશ્ચળ મન વડે અનન્ય ભક્તિથી સ્મરે કિંવા આસન, પ્રાણાયામ વગેરે યોગમાર્ગમાં બતાવેલી રીતિ પ્રમાણે યોગબળથી બે ભમ્મરની મધ્યમાં પ્રાણને યથાર્થ રીતે વિધિ-પુરઃસર સ્થાપન કરે છે, તે યોગી દિવ્ય તથા શ્રેષ્ઠ એવા પરમ પુરુષને પામે છે. આ સંબંધે શાસ્ત્રમાં નીચે પ્રમાણે કથન છે

યોગીએ દેહ ત્યાગ શી રીતે કરવો ?

જે કરતાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ પણ નીચી કોટીમાં છે એવા જગન્નિયંતા, અનિર્વચનીય તથા સર્વના દ્રષ્ટા ચૈતન્યઘન ઈશરૂપ પરમાત્મામાં દૃઢ ભક્તિ ન થાય ત્યાં સુધી યોગીઓએ પણ પોતાના પ્રાણાયામાદિના

*જાળિયામાંથી પ્રસરનારા પ્રકાશમાં જે બારીક બારીક રજકણો ઊડતાં જોવામાં આવે છે તે ત્રસરેણુ કહેવાય, તેના ૭ ભાગ કરવાથી પરમાણુ થાય છે તથા પરમાણુના બે ભાગને રેણુ અને રેણુના બે ભાગને અણુ. આ રેણુનો પણ અણુ (વધુ માટે મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ જુઓ).

અભ્યાસ વગેરે નિત્યકર્મમાંથી પરવાર્યા પછી નિયમિત રીતે ભગવાનના સ્થૂળ સ્વરૂપનું ધ્યાન કરવું. આ રીતે જેણે મનનો નિગ્રહ કર્યો છે એવો પુરુષ જ્યારે આ લોક તજવાની ઇચ્છા કરે છે ત્યારે તેણે અન્ય કોઈપણ જગાએ મનને નહિ જવા દેતાં પવિત્ર દેશ અને કાળ જોઈ સ્થિર અને સુખકારી આસન ઉપર બેસી પ્રાણની ગતિ રોકવી; પ્રાણ વશ થયો એટલે પોતાની નિર્મળ બુદ્ધિ વડે મનને વશ કરીને બુદ્ધિનો તેના માયા પ્રાકૃતિક દ્રષ્ટા વા અશુદ્ધ "હું" ભાવ(વૃક્ષાંક ૩)માં લય કરવો. દ્રષ્ટાનો પ્રાયઃ શુદ્ધ હું સ્વરૂપ(વૃક્ષાંક ૨)માં લય કરવો; તથા આ પ્રત્યગાત્મા તો હું એટલે બ્રહ્મ (વૃક્ષાંક ૧)છે, એવા મહાવાક્યના વિચારથી થયેલા સાક્ષાત્કાર વડે શુદ્ધ બ્રહ્મચૈતન્ય(વૃક્ષાંક ૧)માં લય કરવો. આટલું થયા પછી યોગીને કાંઈપણ કર્તવ્ય બાકી રહેતું નથી. આત્મસ્વરૂપમાં દેવતાઓનો અંત આણનારો એવો કાળ પણ કાંઈ ફેરફાર કરી શકતો નથી, તો પછી આ જગતને નિયમમાં રાખનારા બિચારા દેવતાઓ થકી તો શું જ થઈ શકે? આ પરમ એવા દિવ્ય પુરુષની ઉત્પત્તિ સત્ત્વ, રજ, તમ, અહંકાર તથા પ્રધાન આદિ જગતનાં ગણાતાં ઉપાદાન કારણો કરવા પણ સમર્થ નથી. સર્વ મિથ્યા એવી અનાત્મ વસ્તુને **'नेति नेति'** એ શ્રુતિમાં કહેલા પ્રકાર પ્રમાણે વિચાર વડે તજવાની ઇચ્છા રાખનારા પુરુષો શરીરાદિમાંથી આત્મબુદ્ધિનો અર્થાત્ દેહ એટલે હું છું એવી બુદ્ધિને સર્વથા ત્યાગ કરી. વિષ્ણુના પણ શુદ્ધ સ્વરૂપભૂત એવા દિવ્ય અને પરમપુરુષનું જ હૃદયમાં ક્ષણે ક્ષણે ચિંતન કરે છે, તેઓ તેમાં જ અનન્ય પ્રીતિવાળા હોવાને લીધે તે વિષ્ણુના આ નિર્ગુણ તથા અનિર્વચનીય આત્મરૂપને પામવું યોગ્ય છે એમ માને છે, એટલા માટે જેની તમામ વિષય વાસનાઓ નષ્ટ થવા પામેલી છે એવા બ્રહ્મનિષ્ઠ મુનિઓ શાસ્ત્રોક્ત માર્ગ વડે ઉપરામ પામવું જોઈએ (ભા૦ સ્કં૦ ૨ અ૦ ૨, શ્લોક૦ ૧૨ થી ૧૬).

યોગીનું ષટ્ચક્ર તથા બ્રહ્માંડભેદન

પ્રાણને વશ કરવાના સગર્ભ તથા અગર્ભ એમ બે પ્રકારો છે. તે પૈકી પ્રથમ તને અગર્ભ પ્રાણાયામ વડે દેહત્યાગ શી રીતે થાય, તે શાસ્ત્રોક્ત રીતે કહું છું.

યોગીએ પોતાનું મૂળદ્વાર પગની પાની વડે બંધ કરી શ્વાસને છ ચક્રના માર્ગે ઉપર ચઢાવવો. એ રીતે પ્રાણને મૂળાધાર ચક્રમાંથી પ્રથમ લિંગની સામેના છ દળવાળા સ્વાધિષ્ઠાનચક્રમાં લાવવો. ત્યાંથી નાભિ નજીક જ મણિપૂરક ચક્ર છે તેમાં, ત્યાંથી હૃદયમાં આવેલા અનાહત ચક્રમાં લાવીને ત્યાંથી અપાનના માર્ગે (પાછલા રસ્તે) વા મધ્યમાર્ગે કંઠ નીચેના સોળદળવાળા વિશુદ્ધિચક્રમાં લઈ આવવો અને ત્યાં થોડો સમય રોકી રાખવો. આમ વિશુદ્ધિચક્રમાં આવ્યા બાદ ત્યાંથી ઘણી ધીરજ અને સાવચેતીથી આસ્તે આસ્તે પોતાના તાળવાના મૂળમાં (પરજીભમાં) લઈ આવવો અને ત્યાંથી થોડી ટકોર કરીને એટલે નીચે ઉતરી નહિ જાય એવી રીતે થોડુંક દબાણ કરીને બે ભ્રૂકુટી વચ્ચે આજ્ઞાચક્રમાં લઈ આવવો. આજ્ઞાચક્રમાં પ્રાણવાયુને ચઢાવતી વખતે બે કાનનાં, બે નાકનાં, બે નેત્ર તથા એક મોઢું એમ સાત દ્વારો બંધ કરવાં. લોક સંબંધી એષણાથી રહિત તદ્દન નિષ્કામ બનેલા તથા કેવળ બ્રહ્મમાં જ સ્થિત થયેલા યોગીએ આજ્ઞાચક્રમાં થોડો સમય સ્થિર રહી પછી બ્રહ્મરંધ્રને ભેદીને દેહ, ઇંદ્રિય ઇત્યાદિ સર્વેને ત્યજી દેવાં. આમ સુષુમ્ણા માર્ગે દેહ વિલય કરનાર અને ક્રમ મુક્તિવાળો યોગી વ્યષ્ટિમાંથી પ્રથમ બ્રહ્માંડમાંના અગ્નિ અથવા સૂર્યલોકમાં, ત્યાંથી પ્રવાહનું ભેદન કરી શિશુમાર ચક્રને ઓળંગી ક્રમે મહ, જન, તપ અને સત્યલોક કે જ્યાં કલ્પપર્યંત રહેનારા સિદ્ધો છે, તે સ્થળપ્રતિ જાય છે. ત્યાંથી પરમેષ્ઠિ મંડળ એટલે બ્રહ્મદેવના લોકમાં, એ ક્રમે સમષ્ટિનું ભેદન કરી ત્યારબાદ બ્રહ્માંડના ઉપરના દશ દશ ઘણા પૃથ્વી, જળ, વહ્નિ, વાયુના જે શુદ્ધ વેષ્ટનો છે તેનું ભેદન કરી ભૂતાકાશની પરમ મર્યાદારૂપ આકાશને પ્રાપ્ત થાય છે. આ રીતે પંચમહાભૂતસમૂહ (જુઓ વૃક્ષાંક ૬૬)નું ભેદન કરીને પછી તે ઇંદ્રિયસમૂહનું ભેદન કરે છે (જુઓ વૃક્ષાંક ૬૭ ઞા). ત્યારબાદ મનોમયની અંતર્ગત આવેલા દેવતાઓ સહ મનોમય સાથે એકરૂપ બને છે (વૃક્ષાંક ૬૭ઞ). ત્યાંથી ક્રમે અહંકાર (વૃક્ષાંક ૮), ત્યાંથી મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) મહાપ્રાણ (વૃક્ષાંક ૬), અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫), અવ્યક્ત કિંવા પ્રધાન (વૃક્ષાંક ૪) ત્યારબાદ તેનો સર્વ ત્રિપુટીઓના દ્રષ્ટા, તથા ઈશ્વરીય આજ્ઞાનુસાર નિયમ કરનારી માયા કિંવા પ્રકૃતિ(વૃક્ષાંક ૩)માં લય થાય છે.

અત્યાર સુધીનો જે લયક્રમ કહ્યો તે સર્વ અપરાપ્રકૃતિ છે એમ સમજવું. આ અપરાપ્રકૃતિનો લય પોતાના સાક્ષી સહિત પરામાં એટલે આત્મા(વૃક્ષાંક ૧)માં થાય છે. આ રીતે લય કરનારો યોગી સત્, ચિત્, આનંદરૂપ બની તેની તમામ ઉપાધિનો નાશ થવાથી તે શાંત અને દિવ્ય એવા પરમાત્મસ્વરૂપને પામે છે. આ મુજબ લય કરીને જે પરમાત્મસ્વરૂપને પામ્યો તે પાછો આ સંસારના કારણ એવા જન્મમરણાદિને કદાપિ પ્રાપ્ત થતો નથી. આ માર્ગ સનાતન તથા વેદગ્રાહ્ય છે (યોગીએ દેહત્યાગ શી રીતે કરવો તે સંબંધમાં ભા૦ સ્કં૦ ૨, અ૦ ૨ જુઓ). ભગવાન કહે છે કે: હે પાર્થ! તને અત્યાર સુધી જે પ્રાણવિલયનો પ્રકાર કહ્યો તે અગર્ભ કહેવાય. હવે સગર્ભ પ્રાણાયામનો પ્રકાર તથા તે દ્વારા જે રીતે પ્રાણવિલય થાય તેની થતી ગતિ સંબંધમાં કહું છું, તે સાંભળ. ૐકાર સહિત જે પ્રાણાયામ તે સગર્ભ કહેવાય છે. ૐકારનું સ્વરૂપ શું છે તે સાંભળ.

यदक्षरं वेदविदो वदन्ति

विशन्ति यद्यतयो वीतरागाः ।

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति

तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥११॥

વેદવેત્તાઓ જેને અક્ષર કહે છે

જેને વેદવેત્તાઓ અક્ષર એટલે જેનો કદી નાશ થતો નથી એવું બ્રહ્મ કહે છે, રાગ અર્થાત્ તમામ આસક્તિઓથી રહિત થયેલા યતિઓનો જ જેને વિષે પ્રવેશ એટલે સ્પર્શ થઈ શકે છે, બીજાનો તો જેમાં ચંચુપ્રવેશ થવો પણ શક્ય નથી, જેને ઇચ્છનારા હંમેશ બ્રહ્મચર્યનું જ આચરણ કરે છે; શરીર, વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિદ્વારા જે જે કાંઈ દૃશ્ય ભાસે છે તે તમામ "તત્ કિંવા બ્રહ્મરૂપ છે" એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે અંતઃકરણમાં વૃત્તિઓનું ઉત્થાન થતાંની સાથે તે બ્રહ્મરૂપ છે એવી પ્રતિવૃત્તિ વડે જેઓ તેને તત્કાળ દાબી દે છે; તેવા પ્રકારના આચરણ કરનારાઓ જ ખરા 'બ્રહ્મચર્યં ચરંતિ' એટલે બ્રહ્મનું આચરણ કરવાવાળા કહેવાય. આવા પ્રકારનું જે તત્ વા આતમપદ છે તે તને હવે સંક્ષેપમાં કહું છું (આ પ્રકારનું એક વાક્ય કઠોપનિષદ્ અ૦ ૧ વ૦ ૨ મં૦ ૧૫માં છે તે જુઓ). તાત્પર્ય કે, આ અનિર્વચનીય બ્રહ્મપદમાંથી વ્યક્ત થયેલો પ્રથમ બ્રહ્મરૂપ એવો જે અક્ષર છે તેને જ શાસ્ત્રકારો ૐ કહે છે. તેની ઉત્પત્તિ સંબંધે શાસ્ત્રમાં આ મુજબ વિવેચન આવે છે.

પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીની ઉત્પત્તિનાં સ્થાનકો

અપરોક્ષ પરમાત્મા કે જે સૌથી પ્રથમ વિરાટ તથા પછી સમષ્ટિ શરીરમાંના આધારાદિ ચક્રોમાં પ્રથમ નાદાદિ રૂપે જન્મ્યા કિંવા પ્રકટ થયા હોય એમ જણાય છે, ત્યાં પ્રથમ તો નાસિકાદ્વારા પ્રાણવાયુને પૂરક વડે અંદર લઈ પ્રથમ વિરાટના ગુદા સમીપના આધારચક્રમાં પ્રવેશ કરે છે, ત્યાં પ્રથમ નાદાદિનો આરંભ શરૂ થાય છે ત્યારે તે **પરાવાણી** એ નામથી કહેવાય છે. આ મૂળાધારચક્રમાં હંમેશાં સ્વાભાવિક રીતે જ અખંડ અને અસ્ફુટ અક્ષરવાળો જે નાદ ચાલ્યા કરે છે તે જ પરાવાણી છે એમ સમજવું. તે નાદ સ્વતઃસિદ્ધ જ છે. એ રીતે આ પરમેશ્વર પ્રથમ પરાવાણીરૂપ નાદાત્મક બની પછી તે જ્યારે વિરાટના નાભિ સમીપના મણિપૂરક ચક્રમાં આવે છે ત્યારે તે **પશ્યંતી વાણી** એવા નામથી ઓળખાય છે. ઉચ્ચારણ થતાં પહેલાં જેનો ઉચ્ચાર કરવાનો હોય તે અક્ષરો પ્રથમ મનથી જોઈ લેવામાં આવે છે તેટલા માટે તેને **પશ્યંતી એટલે જોવાવાળી વાણી** એવું નામ આપવામાં આવેલું છે. આ જ પરમાત્મા ૐરૂપે વિરાટના કંઠ સમીપના વિશુદ્ધિ ચક્રમાં જ્યારે આગળના દ્વારે પ્રવેશે છે ત્યારે તે **મધ્યમાવાણી** એવા નામ વડે કહેવાય છે. આ વાણી એ પશ્યંતિ એટલે જોવાપણાથી ઉપર અને સ્પષ્ટ શબ્દોચ્ચારવાળી વૈખરીની નીચે આ બેની મધ્યમાં

જોડાણ કરનારો સાંધો છે તેથી તેને **મધ્યમા** એવું નામ આપેલું છે. ત્યાર પછી ૐરૂપ બનેલો એ જ પરમાત્મા વિરાટના મુખમાં આવે છે અને અતિસ્થૂળ થર્મ ને બહાર પડે છે ત્યારે તે **વૈખરી વાણી** એવા નામથી કહેવાય છે. વિખર એટલે અત્યંત સ્પષ્ટ વા વિખરી જવું. તે ઉપરથી જ તેને **વૈખરી** એવું નામ આપેલું છે. આ રીતે ક્રમે તે વિરાટમાંથી સમષ્ટિ અને સમષ્ટિમાંથી પછી વ્યષ્ટિમાં આવે છે.

ૐ પરંપરા

આ મુજબ વિરાટમાં વૈખરીનો પ્રથમોચ્ચાર ૐ છે. તે જ સમષ્ટિ તથા વ્યષ્ટિ ઇત્યાદિ સર્વ ચરાચર આદિ રૂપ છે. **અ-ઉ-મ્** અને અર્ધમાત્રા એમ સાડાત્રણ માત્રાનો તે ગણાય છે. તે જ પ્રથમ તો ઈશ્વરી શક્તિ માયા(વૃક્ષાંક ૩)ના ક્રમે તમ, રજ અને સત્ત્વ એ ગુણ વડે પ્રાજ્ઞ, તૈજસ અને વિશ્વરૂપે પ્રસૃતિને પામેલો છે. આ અર્ધમાત્રા એ તો ઈશ્વર (વૃક્ષાંક ૨) તથા બિંદુ એટલે આત્મ(વૃક્ષાંક ૧) છે એમ સમજો. આ રીતે પરમાત્મસ્વરૂપ એવો મૂળ તો ૐકાર છે. તે પ્રથમ માયાના ત્રણ ગુણો વડે મહાકારણ પ્રકૃતિમાં પ્રાજ્ઞ(વૃક્ષાંક ૩)રૂપે બની, પછી કારણ પ્રકૃતિ, મહાપ્રાણ વા તૈજસરૂપ (વૃક્ષાંક ૬) બને છે. બાદ અહંકારાદિના ક્રમે તામસ, તૈજસ અને વૈકારિકરૂપે તથા કાર્ય પ્રકૃતિ એટલે સમષ્ટિના વિશ્વસંજ્ઞક રૂપે ઉપર જણાવ્યા પ્રમાણે મૂલાધારાદિ સ્થાનોમાં પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી રૂપે પ્રકટ થયો છે. આમાં વૈખરી તે **અ**, મધ્યમા તે **ઉ**, પશ્યંતી **મ્** અને પરાવાણી એ અર્ધમાત્રા તથા બિંદુ એ સાક્ષાત્ અનિર્વચનીય પદ છે એમ સમજો.

વૈખરી વાણીરૂપ ચોસઠ વર્ણો

હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત એ ત્રણ માત્રાઓ; ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એમ ત્રણ સ્વરો; અકારાદિ ત્રેસઠ યા ચોસઠ વર્ણો; એટલે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ત્રણ ભેદ વડે **અ-ઇ-ઉ-ઋ**, એ ત્રણ ત્રણ પ્રકારના મળી કુલ બાર થાય છે, તથા **ઌ-એ-ઐ-ઓ-ઔ** એ પાંચ દીર્ઘ અને પ્લુત ભેદ વડે બે બે પ્રકારના બને છે મળી કુલ દશ. **ક** થી **હ** સુધી તેત્રીશ વ્યંજન-સ્વરો, ચાર યમ (યમ વેદમાં જ આવે છે), અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય અને દુઃસ્પૃષ્ટ એમ મળી કુલ ચોસઠ (પાણિનીય શિક્ષા અનુવાક ૧ જુઓ) વર્ણો એ સર્વ વૈખરી વાણીનું રૂપ છે, અને તે સર્વે મૂળ ૐકારમાંથી થવા પામેલાં છે. આ પ્રમાણે પરમાત્મા પોતે જ વાણીરૂપે ચરાચરમાં વ્યાપી રહેલો ભાસે છે. આથી પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરીરૂપે જે કાંઈ ભાસે છે તે બધું પરમાત્મારૂપ જ છે. આ ચોસઠ વર્ણોની સ્પષ્ટતા કહું છું તે સાંભળ.

વર્ણ શાસ્ત્રની ઉત્પત્તિ

મહર્ષિ પાણિનિના કથન પ્રમાણે "**अच्**" એવી સંજ્ઞામાં જેનો સમાવેશ થાય છે તેવા **અ, ઇ, ઉ, ઋ, ઌ, એ, ઐ, ઓ,**અને **ઔ** એ મુજબ કુલ નવ સ્વરો છે. આ અકારાદિ વર્ણોના જ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા નીચે પ્રમાણે અઢાર ભેદો પડે છે.

अच्ના અઢાર ભેદો

હ્રસ્વના છ પ્રકારો : અ, ઇ, ઉ, ઋ, અને **ઌ** એ પાંચ હ્રસ્વભેદવડે (૧) ઉદાત્ત અનુનાસિક, (૨) ઉદાત્ત નિરનુનાસિક, (૩) અનુદાત્ત અનુનાસિક, (૪) અનુદાત્ત નિરનુનાસિક, (૫) સ્વરિત અનુનાસિક અને (૬) સ્વરિત નિરનુનાસિક. એ મુજબ છ પ્રકારના છે; **દીર્ઘના છ પ્રકારો : આ, ઈ, ઊ, ૠ, ૡ, ઐ, ઔ** અને **ઔ** એ આઠ દીર્ઘ ભેદે (૧) ઉદાત્તાનુનાસિક, (૨) ઉદાત્ત નિરનુનાસિક, (૩) અનુદાત્તાનુનાસિક, (૪) અનુદાત્ત નિરનુનાસિક, (૫) સ્વરિતાનુનાસિક, (૬) સ્વરિત નિરનુનાસિક એ પ્રમાણે છ પ્રકારનો છે. **પ્લુતના છ પ્રકારો : અ૩, ઇ૩, ઉ૩, ઋ૩, ઌ૩, એ૩, ઐ૩, ઓ૩, ઔ૩** એ નવ પણ પ્લુત ભેદે કરીને (૧) ઉદાત્તાનુનાસિક, (૨) ઉદાત્ત નિરનુનાસિક, (૩) અનુદાત્તાનુનાસિક, (૪) અનુદાત્ત નિરનુનાસિક,(૫)સ્વરિતાનુનાસિક, અને (૬) સ્વરિત નિરનુનાસિક, એ રીતે છ પ્રકારના છે. આ રીતે કુલ બાવીશ સ્વરો હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ભેદે કરીને છે. તે દરેકમાં છ છ વિભાગો પડવાથી અઢાર ભેદો બને છે. તેમાં પણ ઉચ્ચારના ભેદો વડે **ઌ, ઐ, ઓ,** અને **ઔ** દીર્ઘ અને પ્લુત ભેદથી નીચે મુજબ બાર પ્રકારના બને છે.

ए, ऐ, ओ, औना बार भेदो

'ए'માં પડતા ચાર ભેદો : (૧) **अ+इ=ए** દીર્ઘ (૨) **आ+इ=एइ**, પ્લુત, (૩) **अ+ई=ए**, દીર્ઘ અને (૪) **आ+ई=एइ**, પ્લુત. આ પ્રમાણે એમાં ચાર ભેદો છે. **ए** દીર્ઘ અને પ્લુત જ રહે છે. તે કદાપિ હ્રસ્વ થતો નથી.

'ऐ'માં પડતા બે ભેદો : (૧) **अ+ए=ऐ** દીર્ઘ, તથા (૨) **आ+ए=ऐइ** પ્લુત એ મુજબ એમાં બે ભેદો પડે છે. **ऐ** એ પણ દીર્ઘ અને પ્લુત જ રહે છે, તે કદાપિ હ્રસ્વ થતો નથી.

'ओ'માં પડતા ચાર ભેદો : (૧) **अ+उ=ओ** દીર્ઘ; (૨) **आ+उ=ओइ** પ્લુત (૩) **अ+ऊ=ओ** દીર્ઘ અને (૪) **आ+ऊ=ओइ** પ્લુત એ રીતે એમાં ચાર ભેદો પડે છે. આ **'ओ'**નું ઉચ્ચારણ પણ દીર્ઘ અને પ્લુત જ હોય છે, તે કદાપિ હ્રસ્વ થતો નથી.

'औ'માં પડતા બે ભેદો : (૧) **अ+ओ=औ** દીર્ઘ તથા (૨) **आ+ओ=औइ** પ્લુત એ મુજબ **औ** માં બે ભેદો પડે છે. **औ** પણ દીર્ઘ અને પ્લુત જ હોય છે. હ્રસ્વ કદી પણ થતો નથી. આ રીતે **'ए'** અને **'ओ'**માં ચાર ચાર મળી આઠ તથા **'ऐ'** અને **'औ'** માં બે બે મળી ચાર, દીર્ઘ અને પ્લુત ભેદે કરીને એકંદરે બાર વિભાગો છે. કારણ તેઓનું હ્રસ્વ ઉચ્ચારણ કદી પણ થતું નથી, જે ઉપર કહેલું જ છે. તેમ **अ, इ, उ, ऋ** એ ચાર હ્રસ્વ દીર્ઘ અને પ્લુત ભેદે નીચે પ્રમાણે બાર પ્રકારના થાય છે.

अ, इ, उ, ऋ, ना बार भेदो

'अ'માં પડતા ત્રણ ભેદો : (૧) **अ=अ**, હ્રસ્વ, (૨) **अ+अ=आ** દીર્ઘ અને (૩) **अ** કિંવા **आ+३=अ३** કિંવા **आ३**, પ્લુત. **'इ'માં પડતા ત્રણ ભેદો :** (૧) **इ=इ**, હ્રસ્વ, (૨) **इ+इ=ई**, દીર્ઘ અને (૩) **इ** કિંવા **ई+३=इ३** કિંવા **ई३** પ્લુત. **'उ'માં પડતા ત્રણ ભેદો :** (૧) **उ=उ** હ્રસ્વ; (૨) **उ+उ=ऊ** દીર્ઘ અને (૩) **उ** અથવા **ऊ+३=उ३** અથવા **ऊ३** પ્લુત. **'ऋ'માં પડતા ત્રણ ભેદો :** (૧) **ऋ=ऋ** હ્રસ્વ; (૨) **ऋ+ऋ=ॠ** દીર્ઘ; અને **ऋ** અથવા **ॠ+३=ऋ३** વા **ॠ३** પ્લુત, એ રીતે **अ, इ, उ, ऋ,** એ ચાર હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ભેદે કરીને બાર થાય છે.

ऌ ना બે ભેદો

ऌ સંબંધે શાસ્ત્રકારો જુદા મત ધરાવે છે. મહર્ષિ પાણિનિ **ऌ**ને દીર્ઘ સ્વરવાળો કદાપિ માનતા નથી, તે ધોરણે **ऌ**માં બે ભેદો પડે છે. (૧) **ऌ=ऌ**, હ્રસ્વ, અને (૨) **ऌ+३=ऌ३** પ્લુત, આ મુજબ **ऌ**માં મુખ્ય બે ભેદો ગણાય છે.

વર્ણની સંજ્ઞા વા સંકેતો

વર્ણના ભેદો : **अ** હ્રસ્વ, **अ+अ=आ** દીર્ઘ અને **अ** કારની જ **आ३** એવી પ્લુત સંજ્ઞા થાય છે. એક માત્રાનો વર્ણ હોય તો હ્રસ્વ. બે માત્રાનો વર્ણ દીર્ઘ અને ત્રણ માત્રાનો વર્ણ (સ્વર) હોય તે પ્લુત કહેવાય. તાલુ વગેરે સ્થાનોમાં ઉપરના ભાગમાં જે **'अच्'** આદિ વર્ણ (સ્વરોનું) ઉચ્ચારણ થાય તે ઉદાત્ત સ્વર કહેવાય તથા તાલુ આદિ સ્થાનોમાં નીચલા ભાગોમાં જે **'अच्'** આદિ સ્વરો(વર્ણ)નું ઉચ્ચારણ થાય તે અનુદાત્ત સ્વર કહેવાય, તથા સમાન ભાગમાં જે **'अच्'** આદિ સ્વરો(વર્ણ)નું ઉચ્ચારણ થાય તે સ્વરિત કહેવાય છે. આ સંબંધમાં સિદ્ધાંતકૌમુદીમાં નીચે મુજબનું પ્રમાણ છે.

ઉદાત્તાનુદાત્ત સ્વર પ્રમાણ

उच्चैरुदात्तः "ઊંચે સ્વર હોય તો તે ઉદાત્ત" જેમકે આર્યે, "नीचैरनुदात्तः" । નીચે સ્વર હોય તો અનુદાત્ત. જેમકે आर्वाङ्ः । "समाहारः स्वरितः" સ્વર રહિત તે સ્વરિત જેમકે આસન્. " उदात्तानुदात्तत्वे वर्णधर्मौ समाहियेते यस्मिन्सोऽच् स्वरितस ञ्ज्ञः स्यात् " (સિદ્ધાંતકૌમુદી, વેદમંત્રો તથા આ ગીતા જુઓ). **अ, इ, उ, ऋ,** એ ચાર હ્રસ્વ, અને **आ, ई, ऊ, ॠ** એ ચાર દીર્ઘ તથા **आ३, ई३, ऊ३, ॠ३,** એ ચાર પ્લુત મળી કુલ બાર થયા; **अ+इ=ए; अ+ई=ऐ; अ+उ=ओ; अ+ऊ=ओ;** એ ચાર દીર્ઘ અને **ए३, ऐ३, ओ३, औ३,** એ રીતે આ ચાર પ્લુત મળી આઠ. આમ કુલ વીશ તથા હ્રસ્વ પ્લુત ભેદ વડે **ऌ, ॡ,** એ બે મળી કુલ બાવીશ.

સ્પર્શસ્વર **કથીમ** સુધી પચીશ, તથા **યથીહ** સુધી આઠ મળી કુલ તેત્રીશ. એકંદર પંચાવન. તેમજ કુઽ, ખુઽ; ગુઽ, ઘુઽ; આ ચાર યમ. આ ચાર યમવર્ણો તો ફક્ત વેદમાં જ આવે છે. (૧) અનુસ્વાર (ં) (૨) વિસર્ગ (ઃ), (૩) જિહ્વામૂલીય (ક), (૪) ઉપધ્માનીય કિંવા પરાશ્રિત (ક) એટલે ક ક, ક ખ તથા ક પ અને ક ફ પહેલાં બોલવામાં આવતો અર્ધ વિસર્ગ જેવો ઉચ્ચાર, તેમજ દુઃસ્પૃષ્ટ (ૅ૧ૅ; ૅ૨ૅ; ૅ૩ૅ. દુઃસ્પૃષ્ટ વર્ણો પણ વેદમાં જ મળી આવે છે) મળી કુલ ચોસઠ સ્વરોવાળું વૈખરી વાણીનું રૂપ છે. આ રીતે વૈખરી વાણીમાં અ, ઇ, ઉ, ઋ, ઌ એ પાંચ હ્રસ્વ; આ, ઈ, ઊ, ૠ, ઐ, ઔ, ઓ, ઔ, એ આઠ દીર્ઘ તથા આ૩, ઈ૩, ઊ૩, ૠ૩, ઌ૩, એ૩, ઐ૩, ઔ૩, એ નવ પ્લુત મળી કુલ એકવીસ સ્વરો છે.

ઉદાત્તાનુદાત્તાદિ સ્વરો

ક, ખ, ગ, ઘ, ઙ; ચ, છ, જ, ઝ, ઞ; ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન તથા પ, ફ, બ, ભ, મ; મળી કુલ પચીસ **સ્પર્શ વર્ણો** અર્થાત્ **સ્પર્શ સ્વરો** વા સ્પર્શી કહેવાય છે. ય, ર, લ, વ એ ચાર અંતઃસ્થ તથા શ, ષ, સ, હ એ ચાર ઉષ્માઓ મળી કુલ આઠ તથા ચાર યમો વગેરે જે ઉપર બતાવેલા છે, તે બધાં વૈખરી વાણીનાં રૂપો છે. આ ગીતા એ ઉપનિષદ્ હોવાથી તેમાંના મંત્રોને ઉદાત્ત, અનુદાત્તાદિ સ્વરો આપવામાં આવેલા છે. આ ગીતાના મંત્રમાં જે અક્ષરની નીચે લીટી હોય તે અનુદાત્ત સ્વર સમજવો, ઉપર લીટી કરી હોય તે ઉદાત્ત અને લીટી વિનાનો સ્વરિત સ્વર છે એમ જાણવું. અનુદાત્ત સ્વર નિમ્ન, સ્વરિત તેથી જરા મોટેથી તથા ઉદાત્ત તે કરતાં અતિ ઉચ્ચ સ્વરે બોલવામાં આવે છે.

ગીતા મંત્ર અને સ્વરો

ગીતા એ ઉપનિષદ્ હોવાથી તેમાં આવેલા અક્ષરો મંત્રો કહેવાય છે તેથી તેને ઉદાત્ત, અનુદાત્તાદિ સ્વરો આપવામાં આવેલા હોઈ તેના આધારને માટે અત્રે ઉચ્ચાર શાસ્ત્ર સમજવાની જરૂર છે. આ સંબંધે પ્રથમ (કિરણાંશ ૩૩ પાન ૮૯ ઉપર) વિવેચન આવેલું છે. પૂર્ણ ભાવનાથી ઉચ્ચારશાસ્ત્રના નિયમ પ્રમાણે જો મંત્ર બોલવામાં આવે તો જ તે સંપૂર્ણતઃ ફલદાયી નીવડે છે, આ સંબંધે શાસ્ત્રોમાં નીચે મુજબનું પ્રમાણ છે.

ઋષિ છંદાદિ જાણીને જ મંત્ર જપ કરવો

अविदित्वा ऋषिच्छन्दो दैवतं योग (गोत्र) मेव च ।
योऽध्यापयेज्जपेद्वाऽपि पापीयाञ्जायते तु सः ॥

(ऋग्वेदानुक्रमणिका अनुवाक् १)

ઋષિ, દૈવત, છંદ, ગોત્ર અને વિનિયોગ ઇત્યાદિ જાણ્યા વિના જે કોઈ પણ મંત્ર જપે છે અથવા બીજાને શીખવે છે તે પાપી બને છે. આર્ષેય બ્રાહ્મણમાં પણ આ રીતનું પ્રમાણ મળી આવે છે. " यो ह वा अविदितार्षेय च्छन्दोदैवत ब्राह्मणेन मन्त्रेण याजयति वाऽध्यापयति वा स्थाणुंवर्च्छति गर्तं वा प्रतिपद्यते । (આર્ષેય બ્રા૦ ૧). કોઈ પણ મંત્રના ઋષિ, છંદ, દૈવત ઇત્યાદિ જે તેનાં બહિરંગ સાધનો છે, તેને જાણ્યા સિવાય મંત્ર ભણવો નહિ જોઈએ." આ મંત્રોચ્ચાર પદ્ધતિનો ન્યાય ગીતા એ ઉપનિષદ્ હોવાથી તેને પણ લાગુ પડે છે; એ ભૂલવું નહિ જોઈએ. હવે શબ્દોચ્ચાર કેવી રીતે થાય છે તે સંબંધમાં વિચાર કરીશું.

શબ્દો કેવી રીતે ઉત્પન્ન થાય છે

શબ્દ કેવી રીતે ઉત્પન્ન થાય છે? સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર શી રીતે કરવો? હ્રસ્વ, દીર્ઘ તથા પ્લુત તથા ઉદાત્તાનુદાત્ત સ્વરિતાદિની જરૂર શા માટે? ઇત્યાદિ સંબંધે અપૌરુષેય એવું ઉચ્ચારશાસ્ત્ર કે જે સાક્ષાત્ શિવ એટલે ઈશ્વરે (વૃક્ષાંક ૨ એ) પોતે સતી એટલે પ્રકૃતિ (વૃક્ષાંક ૩)ને કહેલું છે અને જે બ્રહ્માંડમાં મનુષ્યોની આદ્ય ઉત્પત્તિ થઈ ત્યારે સૌથી આરંભમાં દાક્ષીપુત્ર **પાણિનિએ** પ્રગટ કર્યું છે, તે સંક્ષેપમાં તમોને કહું છું.

પાણિનીય શિક્ષા

ૐ હવે પાણિનિના મતાનુસાર શિક્ષા એટલે ઉચ્ચાર શાસ્ત્ર તમોને કહીશ, કેમ કે તે મત જ વેદશાસ્ત્રની પરંપરા અનુસારનો હોઈ લોકોમાં અને વેદમાં પણ ગ્રાહ્ય હોવાથી કહેવામાં આવે છે. એટલે તે મત અપૌરુષેય એવા વેદ સંપ્રદાય અનુસારનો હોઈ લોકમાં પણ તે ગ્રાહ્ય હોઈ તે જગતમાં આ પ્રમાણે જ પ્રસ્તુતિને પામેલો છે. આ નિયમ પ્રમાણે જ વ્યવહારમાં વાણીના ઉચ્ચારની શરૂઆત થવા પામેલી છે. શબ્દોના અર્થો તો જો કે પ્રસિદ્ધ છે, છતાં મંદ બુદ્ધિવાળાઓ તે બરાબર સમજી શકતા નહિ હોવાથી વાણીનો ઉચ્ચાર શી રીતે કરવો તે રીત હું ફરીથી વ્યક્ત કરું છું.

ત્રેસઠ વા ચોસઠ વર્ણો

ભગવાન શિવના મતાનુસાર વર્ણોની સંખ્યા ત્રેસઠ વા ચોસઠ છે અને સ્વયંભૂ એટલે અપૌરુષેય હોઈ અજન્મા એવા બ્રહ્માએ પોતે જ સંસ્કૃત અને પ્રાકૃત(ભાષા)માં કહેલા છે. અ, ઇ, ઉ, ઋ, ઌ એ પાંચ હ્રસ્વ; આ, ઈ, ઊ, ૠ, ઐ, ઔ, ઓ, ઔ; એ આઠ દીર્ઘ તથા આ૩, ઈ૩, ઊ૩, ૠ૩, ઐ૩, ઔ૩, ઓ૩, ઔ૩ એમ આઠ તથા ૠ૩ સાથે નવ પ્લુત; આ રીતે પ્લુત ૠ૩ સહિત એકંદરે સ્વરો બાવીસ થાય છે. ક, ખ, ગ, ઘ, ઙ; ચ, છ, જ, ઝ, ઞ; ટ, ઠ, ડ, ઢ, ણ; ત, થ, દ, ધ,ન; પ, ફ, બ, ભ, મ; એ પચીસ સ્પર્શો (સ્પર્શ સ્વરો) છે. ય વગેરે આઠ અર્થાત્ ય, ર, લ, વ એ ચાર અંતઃસ્થ અને શ, ષ, સ, હ એ ચાર ઉષ્માઓ મળી કુલ આઠ છે. કું, ખું, ગું, ઘું, એ ચાર યમો છે, તે ઉપરાંત અનુસ્વાર (ં) વિસર્ગ (:) જિહ્વામૂલીય (ઽ) અને ઉપધ્માનીય (ઽ), એટલે ઽ ક ઽ ખ અને ઽ પ ઽ ફ પહેલાં બોલતો અર્ધ વિસર્ગ (ઽ) જેવો ઉચ્ચાર તથા દુઃસ્પૃષ્ટો ૧ˇ; ૨ˇ; ૩ˇ; મળીને ત્રેસઠ તથા પ્લુત ૠ૩ સાથે કુલ ચોસઠ થાય છે.

વર્ણોની ઉત્પત્તિ શી રીતે થઈ ?

બુદ્ધિ સાથે જોડાઈને અનિર્વચનીય એવો આત્મા વાણીદ્વારા શબ્દો બોલવાની ઇચ્છાવડે મનને પ્રેરે છે. મન પ્રથમ વિરાટ, પછી સમષ્ટિ અને પછી વ્યષ્ટિ એ રીતે કાયા(દેહ)માં રહેલા જઠરના વૈશ્વાનર વગેરે અગ્નિને ઉત્તેજિત કરે છે. એ અગ્નિ પ્રાણાદિ વાયુને પ્રેરે છે, આમ તો વાયુ જ મૂલાધારાદિ ચક્રોમાં પ્રવેશીને બાહ્ય વક્ષઃસ્થળ કિંવા હૃદય સમીપના અનાહત ચક્રમાં આવીને મંદ્રસ્વરને ઉત્પન્ન કરે છે.* આ મંદ્રસ્વર પ્રાતઃસવન એટલે પ્રાતઃકાળ (પ્રાતઃ સંધ્યા જુઓ) સાથે યુક્ત હોઈ તે ગાયત્રી છંદને આશ્રયે રહેલો હોય છે. પછી એ વાયુ કંઠમાંના વિશુદ્ધિચક્રમાં આવીને મધ્યસ્વરને ઉત્પન્ન કરે છે, આ મધ્યસ્વર માધ્યન્દિન સવન એટલે મધ્યાહ્નકાળ (મધ્યાહ્ન સંધ્યા જુઓ) સાથે યુક્ત હોઈ તે ત્રિષ્ટુપ્ છંદને આધારે રહેલો છે તથા અંતે આ વાયુ પ્રથમ વિરાટ, ત્યાંથી સમષ્ટિ અને પછી વ્યષ્ટિના મસ્તકમાં આવીને તાર સ્વરને ઉત્પન્ન કરે છે. આ તાર સ્વર તૃતીય અથવા સાયંસવન અર્થાત્ સાયંકાળ (સાયં સંધ્યા જુઓ) સાથે યુક્ત હોઈ તે જગતી છંદને આધારે રહેલો છે. આ વાયુ ઊંચે ચઢી માથામાં આજ્ઞાચક્રની સાથે અફળાઈ ઉપર બ્રહ્મરંધ્રમાં નહિ જતાં વળી પાછો ફરીથી મુખમાં આવીને વર્ણો(અક્ષરો)ને ઉત્પન્ન કરે છે. આ રીતે આ ત્રેસઠ વા ચોસઠ વર્ણોની ઉત્પત્તિ થવા પામી છે.

વર્ણોના પાંચ વિભાગો

વર્ણોના વિભાગો પાંચ પ્રકારના ગણાય છેઃ (૧) **સ્વરતઃ** એટલે ઉદાત્ત અનુદાત્તાદિ સ્વરવડે, (૨) **કાળ** એટલે હ્રસ્વ, દીર્ઘ, પ્લુત વગેરે માત્રાથી ગણાતા કાળવડે, (૩) **સ્થાન** એટલે કંઠ તાલુ આદિ ઉત્પત્તિ સ્થાન વડે, (૪) **પ્રયત્ન** એટલે સ્પૃષ્ટાદિ આભ્યંતર પ્રયત્ન વડે અને (૫) **અનુપ્રદાન** એટલે વિવારસંવારાદિ અગીઆર બાહ્ય પ્રયત્ન વડે. આ રીતે વર્ણોના પાંચ વિભાગો વર્ણશાસ્ત્રના જ્ઞાતા(મહર્ષિ)ઓએ કહેલાં છે, તેને તું બરાબર સમજી લે.

---

*આ ઉપરથી જ સંગીતશાસ્ત્રમાં પણ મંદ્ર, મધ્ય અને તાર એ ત્રણ પ્રકારો લીધેલા છે. તે દરેકમાં વળી પાછા ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એમ સાત સાત સ્વરભેદો છે જેને સપ્તક કહે છે; તેની મૂળ ઉત્પત્તિ પણ ઉચ્ચાર શાસ્ત્રમાંથી જ થવા પામેલી છે.

સ્વરો અને તેનાં ઉચ્ચારવાનાં સ્થાનકો

વર્ણોના પાંચ વિભાગો ઉપર કહ્યા છે. તે પૈકી પ્રથમ જે સ્વર વિભાગ કહ્યો તે સ્વરોમાં પણ મુખ્યત્વે ત્રણ પ્રકારો છેઃ (૧) ઉદાત્ત, (૨) અનુદાત્ત અને (૩) સ્વરિત, એ મુજબ તેમાં ત્રણ ભેદો પડે છે. વર્ણોમાં કાળ વડે બીજો વિભાગ પડે છે. આ "અ, આ" વગેરે વર્ણો કાળભેદને લીધે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ પ્રકારના થાય છે. (પાન ૪૩૮, ૪૩૯ "વૈખરી વાણીરૂપ ચોસઠ વર્ણો તથા વર્ણશાસ્ત્રની ઉત્પત્તિ" એ શીર્ષક નીચેનો મજકૂર જુઓ)'

ઉપર જે મન્દ્ર, મધ્ય અને તાર એ ત્રણ કંઠાદિ સ્થાનોને લીધે સ્વર ઉત્પત્તિનો ત્રીજો વિભાગ કહ્યો, તેમાં પણ મન્દ્ર, મધ્ય અને તાર એમ મુખ્ય ભેદો હોઈ તે ત્રણેમાં પાછા ષડ્જ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત, અને નિષાદ એમ સાત સાત પેટા ભેદો પડે છે. તેમાં નિષાદ અને ગાન્ધાર ઉદાત્ત છે, ઋષભ અને ધૈવત અનુદાત્ત છે, તેમ જ ષડ્જ, મધ્યમ અને પંચમ એ ત્રણ સ્વરિત સ્વરો છે. આમ સ્વરિતાદિ સ્વરો ઉત્પન્ન થાય છે. સિવાય આ વર્ણોનાં ઉચ્ચારવાનાં ઉત્પત્તિ સ્થાનો આઠ છે. તે ક્રમે ઉર (વક્ષઃસ્થળ), કંઠ, શિર, જીભનું મૂળ, દાંત, નાક, બે ઓષ્ઠ અને તાળવું એ પ્રમાણેના છે. ઉષ્માની ગતિ આઠ પ્રકારની છે, એ ભાવ, વિવૃત્તિ, શ, ષ, સ, રેફ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય. આ "એ" ભાવાદિ આઠ ઉષ્માઓ જ્યારે ઉકારાદિ સાથે તાદાત્મ્ય થાય છે, ત્યારે જ પ્રકટે છે, ઇતર સમયે અવ્યક્ત (અપ્રકટ) હોય છે. આમાં અવ્યક્ત વર્ણોએ આભ્યંતર પ્રયત્ન અને વ્યક્ત એ અનુપ્રદાન સમજો; ઙ, ઞ, ણ, ન, મ એ પાંચ અનુનાસિક તથા ય, ર, લ, વ એ ચાર અંતઃસ્થ સાથે જોડાયેલો 'હ'કાર ઉર(વક્ષઃસ્થળ)માંથી ઉત્પન્ન થયેલો ગણાય છે. પરંતુ અસંયુત એટલે તેઓ સાથે જોડાયેલો હોય ત્યારે તે કંઠમાંથી પ્રકટ થયેલો હોય છે.

કંઠ તાલવ્યાદિ સ્થાનો

અ, આ, અને હ કંઠમાંથી ઉત્પન્ન થતા હોઈ કણ્ઠ્ય કહેવાય છે; ઇ, ઈ, ચ, છ, જ, ઝ, ઞ (ચવર્ગ) ય અને શ એ તાલુમાંથી ઉત્પન્ન થતા હોઈ તાલવ્ય કહેવાય છે, ઉ, ઊ, પ, ફ, બ, ભ, મ, (પ વર્ગ) એ ઓષ્ઠ વડે બોલતા હોઈ ઓષ્ઠ્ય કહેવાય છે; ઋ, ૠ, ટ, ઠ, ડ, ઢ, ણ (ટ વર્ગ) ર અને ષ એ માથામાંથી ઉત્પન્ન થતા હોઈ મૂર્ધન્ય કહેવાય છે; ઌ, ૡ, ત, થ, દ, ધ, ન (ત વર્ગ) લ અને સ નો દાંત સાથે સંબંધ હોઈ દંત્ય કહેવાય છે. તથા ક, ખ, ગ, ઘ, ઙ, (ક વર્ગ)નો જિહ્વામૂલીય (ક્) અર્થાત્ જીભના મૂલ સાથે સંબંધ છે, એવો વિદ્વાનોનો નિશ્ચય છે. "એ" અને "ઐ" નો કંઠ તથા તાલુ એ બંને સ્થાનો સાથે સંબંધ છે. "વ"કાર દાંત અને ઓષ્ઠમાંથી બોલતો હોવાથી દંત્યોષ્ઠ્ય કહેવાય છે. "ઓ" અને "ઔ" કંઠ તથા ઓષ્ઠ એ બે સ્થાનોમાંથી જન્મે છે.* અર્ધ માત્રા કંઠમાંથી બોલાય છે.

વર્ણોચ્ચાર કેવી રીતે કરવા ?

"એ, ઐ" આ બે સ્વરો અર્ધમાત્રા દર્શક હોઈ આખી માત્રા "ઓ, ઔ"ને લાગે છે. સંવૃત એટલે સાંકડો ઉચ્ચાર એક માત્રાનો અને વિવૃત એટલે પહોળો ઉચ્ચાર બે માત્રાનો ગણાય છે. સર્વ સંવૃત ઘોષવ્યંજનો હોઈ વિવૃત એ અઘોષ વ્યંજનો કહેવાય છે. સ્વરો અને ઉષ્માઓ બોલતી વખતે જેટલું મોં પહોળું કરવું પડે છે તે કરતાં ઓ અને ઔ બોલવાને માટે વધુ પહોળું કરવું પડે છે, અને એ તથા ઐ માટે તો તે કરતાં પણ વધાર પહોળું કરવું પડે છે. ફક્ત એકલો અનુસ્વાર અને ચાર યમોનું જ જ્યારે ઉચ્ચારણ કરવાનું હોય ત્યારે તેમનું સ્થાન નાસિકા કહેવાય છે. પણ અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય એ ચારનો જ્યારે બીજા કોઈ વર્ણો સાથે સંયોગ થાય છે ત્યારે ક આદિ વર્ગોનાં જે આશ્રય સ્થાનો હોય છે તે જ સ્થાનો તેનાં પણ જાણવાં.

---

*અ+ઇ મળી એ તથા અ+ઈ=ઐ, અ નું સ્થાન કંઠ હોઈ ઇનું તાલુસ્થાન છે, તેથી તે કંઠતાલવ્ય છે. તથા અ+ઉ=ઓ અને અ+ઊ=ઔ બને છે. આમાં અનું સ્થાન કંઠ હોઈ ઉનું સ્થાન ઓષ્ઠ છે તેથી તે બંને કંઠ્યૌષ્ઠ્ય તેમ જ ઔ દંત્યૌષ્ઠ્ય કહેવાય છે.

પ્રથમ કહેવામાં આવેલા એકવીશ સ્વરો પછી આવતા દંત્યવર્ણોનો અવાજ તુંબડીની બનાવેલી વીણા એટલે તંબુરાના અવાજ જેવો થાય છે. તેમજ હ ર, શ, ષ, સ પછી તો હંમેશ અનુસ્વાર જેવો અવાજ થાય છે. અનુસ્વારનો ઉચ્ચાર વિવૃત એટલે પહોળો હોય તે બે માત્રાનો મણાય છે, અને તે બંને ઓષ્ઠોમાં ગ્રહણ કરીને "ઓ" કાર અને "વ" કારની જેમ બોલાય છે.

જેવી રીતે પતન અને ભેદના એટલે પડી જવાના અને ખજા પમાડવાનાં ભયવાળી વાઘણ પોતાનાં બચ્ચાંને સાવચેતીથી દાઢમાં પકડીને તેને સહેજ પણ પીડા ન થાય તેવી રીતે ઘણીજ સંભાળપૂર્વક ઉપાડીને લઈ જાય છે, તેવી જ રીતે પતન (પડી જવાનો) તથા ભેદ (તૂટી પડવાનો) ભય રાખીને જ વર્ણોચ્ચાર કરવો જોઈએ.

કંપનો ઉચ્ચાર શી રીતે થાય છે?

જેવી રીતે સૌરાષ્ટ્ર (સોરઠ) દેશની નારીઓ "ત્કઁ" (આનો ઉચ્ચાર 'તકઁ' એવો થાય છે) એમ બોલે છે. તે ઉચ્ચાર રંગ (રઙ્ગ) ના જેવો કરવામાં આવે છે. રઙ્ગનો ઉચ્ચાર કરતી વખતે પૂર્વના રંકારને રઙ્ એ પ્રમાણે દીર્ઘસ્વરે બોલીને પછી 'ગ'ને નાસિકા વડે બોલવો એટલે રઙ્ગમ્ એવો ઉચ્ચાર થાય છે, આનો ઉચ્ચાર (સ્વરસહિત) કરતી વખતે હૃદયમાં એક માત્રા, મૂર્ધન્યમાં અર્ધમાત્રા તથા નાસિકામાં પણ અરધી એ પ્રમાણે મળી "રઙ્ગ" શબ્દનો પૂર્ણ ઉચ્ચાર કુલ બે માત્રાનો થાય છે, આ રઙ્ગ શબ્દોચ્ચાર કરતી વખતે તે જ્યારે હૃદયમાંથી ઉપલા ભાગમાં સ્થિત થાય છે એટલે ઉચ્ચ સ્વરે બોલાય છે ત્યારે તેનો કાંસ્ય (કાઙ્સ્ય) સમાન ઉચ્ચાર થાય છે. તથા આર્દ્રવ (મૃદુ) સ્વરે બોલવામાં આવે છે તે સમયે ઊઘઁઘાઁ એવો ઉચ્ચાર થવા પામે છે. અને આ "રઙ્ગમ્"નો ઉચ્ચાર વચ્ચે વચ્ચે જાણે કંપ થતો હોય તેવા પ્રકારે થવા પામે છે. આમ તકઁનો ઉચ્ચાર સંબંધે જાણવું.* આ પ્રમાણે અવ્યક્ત એટલે અસ્પષ્ટ પણ નહિ અને પીડત એટલે મોં દાબીને પણ નહિ એ રીતે વર્ણો (અક્ષરો)નો ઉચ્ચાર કરવો.

પાઠકોના છ ગુણ

ગમે તેવા રાગડાઓ કાઢીને બોલનારો, અતિ ઉતાવળથી બોલવાવાળો, માથું ધૂણાવતો અને શરીર હલાવીને બોલનારો, મુખપાઠ નહિ પણ લખેલું વાંચીને ભણવાવાળો એટલે લખનાર અને લખેલું વાંચી ભણનાર, અર્થ રહિત અને જેનું બોલ્યું બીજાઓ જાણી નહિ શકે તેવો તદ્દન ઝીણા કંઠવાળો, એ રીતે જાતના પાઠકો અધમ કહેવાય છે. તેમ જ મધુર સ્વરે, અક્ષરો સ્પષ્ટ અને સારી રીતે સમજી શકાય પદચ્છેદાદિ સહિત, ઉદાત્તાદિ સ્વરોની શુદ્ધતા સહિત, સુસ્વરે, ધૈર્ય એટલે ઉતાવળપણે નહિ તેમજ લય એટલે જે શબ્દ ઉચ્ચારવાને જેટલો કાળ જોઈએ તે કાળને જાણવાની આવડતવાળો, એ રીતે આ છ પાઠકોના ગુણો કહેવાય છે એમ સમજવું.

બોલનારમાં વાણીના દોષો

શંકાયુક્ત, ભયયુક્ત, ઉદ્વતાઈથી ભરેલું, અસ્પષ્ટ,, અનુનાસિક એટલે નાકમાંથી, કાગના જેવા સ્વરે તથા મસ્તકને હાડી નાખે એવા ઊંચા અવાજે બોલવું, તેમજ કંઠાદિ જે સ્થાનોમાંથી ઉચ્ચાર કરવો જોઈએ તે કરતાં બીજે સ્થાનેથી બોલવું, સારી રીતે સાંભળી નહિ શકાય એ રીતે બોલવું, દાંત કરડી કરડીને ખાતા હોય તેવો શબ્દોચ્ચાર કરવો, એક શબ્દ બોલ્યા પછી ઘણીવારે બીજો શબ્દ ઉચ્ચારવો, દીનતાપૂર્વક ગદ્ગદ કંઠે અને મરજીમાં આવે તેમ આડા અવળા રાગડાઓ તાણતા જવા, એ બધા દોષો હોવાથી એ રીતે બોલવું નહિ જોઈએ. તેમજ દીનતા અને નાકમાંથી ગુંગણાપણે પણ બોલવું નહિ, આવા પ્રકારના વાણીના ઉચ્ચારો દોષરૂપ છે.

---

* વેદમાં ક+ઙ=કું; ખ+ઙ=ખું; ગ+ઙ=ગું અને ઘ+ઙ=ઘું; એ મુજબ ચાર યમ ઉચ્ચાર છે તેને જ ગુજરાતીમાં કું, ખું, ગું, ઘું, એ રીતે બતાવેલા છે. આ યમો જ્યારે વર્ણયુક્ત થાય છે ત્યારે તેનો ઉચ્ચાર કરવાની રીત સમજી શકાય એટલા માટે તેને ક્રમે (૧)ઉ૯, (૨)ઊ૯-૧/૨, (૩) ૨-૧/૨ અને (૪) ∞-૧; આ પ્રમાણે નિશાનીઓ લગાડવામાં આવે છે. આમાં બતાવ્યા પ્રમાણેની કિંવા ઇતર પ્રકારની નિશાનીઓ વા ચિહ્નો જે વેદમાં જોવામાં આવે છે તેના ઉચ્ચાર કરતી વખતે કંપાદિ કરવામાં આવે છે. તે સંબંધમાં આ વર્ણન છે; એમ સમજવું.

સ્થાન, કાળ અને સ્વરોનો પરસ્પર સંબંધ

હંમેશ સવારે વક્ષઃસ્થળે એટલે ઉરમાં રહેલા સ્વર સાથે સિંહની ગર્જના જેવો અવાજ કાઢીને મંદ્રસ્વરે પઠન કરવું (પ્રાતઃસંધ્યા જુઓ); મધ્યાહ્ને કંઠમાં રહેલા સ્વર સાથે સૂર્યની રાહ જોતો ચક્રવાકપક્ષી વિયોગ વડે અવાજ કાઢે છે, તે કૂજન જેવા મધ્ય સ્વર સહિત પાઠ કરવો (મધ્યાહ્ન સંધ્યા જુઓ) અને તૃતીય(સાયં) સવન શિરમાં રહેલા તાર સ્વરવાળું હોવાથી તથા તે સાયંકાળ હંમેશ શિરમાં રહેલા સ્વર સાથે નિગડિત સંબંધવાળો હોવાથી મોર, હંસ અને કોયલના જેવા અવાજ સાથે પાઠ કરવો. સારાંશ પ્રાતઃકાળનો સ્વર મંદ્ર હોઈ તેનો સંબંધ વક્ષઃસ્થળ (ઉર) સાથે, મધ્યાહ્નનો સ્વર મધ્ય હોઈ તેનો કંઠ સાથે તથા તૃતીયસવન અર્થાત્ સાયંકાળનો સ્વર તાર હોઈ તેનો સંબંધ શિરની સાથે છે. મંદ્રસ્વર સિંહ જેવા નાદવાળો, મધ્યસ્વર ચક્રવાક પક્ષીના નાદ જેવો તથા તાર સ્વર મોર, હંસ અને કોયલના નાદ જેવો હોય છે; તેથી પાઠકે તે તે સમયે તે પ્રમાણેના અવાજે પાઠ કરવો.

પ્રયત્ન અને અનુપ્રદાન

વર્ણોના (૧) સ્વરથી, (૨) કાળથી (૩) સ્થાનથી, (૪) પ્રયત્નથી તથા (૫) અનુપ્રદાન વડે એ રીતે પાંચ વિભાગો હોવાનું પ્રથમ કહેલું છે. તે પૈકી સ્વર, કાળ અને સ્થાન એ ત્રણે વિભાગોનું તેના પેટા ભાગો સહિતનું વર્ણન ઉપર આપવામાં આવેલું છે. હવે (૪) પ્રયત્ન તથા (૫) અનુપ્રદાનથી વર્ણોના પડતા વિભાગોનું વર્ણન કહું છું.

પ્રયત્ન વડે વર્ણોમાં પડતા વિભાગો

પ્રયત્નો બે પ્રકારના છે; (૧) આભ્યંતર કિંવા અંતર અને (૨) બાહ્ય કિંવા અનુપ્રદાન. પ્રથમના એટલે આભ્યંતર પ્રયત્નના પાંચ ભેદો છે; (૧) સ્પૃષ્ટ, (૨) ઈષત્સ્પૃષ્ટ, (૩) ઈષદ્વિવૃત (૪) વિવૃત અને (૫) સંવૃત. તેમાં (૧) **સ્પૃષ્ટ પ્રયત્ન** સ્પર્શોનો હોઈ તેમાં **ક** થી **મ** સુધીના પચીશ સ્વરો વા વર્ણો (વ્યંજનો) નો સમાવેશ થાય છે. આ પ્રયત્ન વખતે જિહ્વાદિ સ્વસ્વ સ્થાનોમાં સંપૂર્ણતઃ સ્પર્શ કરીને વર્ણોચ્ચાર કરાય છે. (૨) **ઈષત્સ્પૃષ્ટ પ્રયત્ન** અંતઃસ્થોનો હોઈ તેમાં **યણ્** એટલે ય, ર, લ અને વ નો સમાવેશ થાય છે. તેનો ઉચ્ચાર સ્વસ્વ સ્થાનોને થોડો સ્પર્શ કરીને જ થઈ શકે છે. (૩) **ઈષદ્વિવૃત** કિંવા **નેમસ્પૃષ્ટ પ્રયત્ન** ઉષ્માક્ષરોનો હોઈ તેમાં **શલ્** એટલે શ, ષ, સ અને હ નો સમાવેશ થાય છે. તેનો જિહ્વાથી કિંચિત સ્પર્શ કરી શુદ્ધ ઉચ્ચાર કરાય છે. (૪) **વિવૃત** કિંવા **અસ્પૃષ્ટ*** પ્રયત્ન સ્વરોનો હોઈ તેમાં **અચ્** એટલે અ, ઇ, ઉ, ઋ, ઌ, એ, ઐ, ઓ અને ઔ નો સમાવેશ થાય છે, આનો ઉચ્ચાર કરતી વખતે કંઠાદિ સ્થાનોને નહિ અડતાં જિહ્વાને અલગ રાખી કંઠને ખુલ્લો કરી પછી જ ઉચ્ચાર કરાય છે. (૫) **સંવૃત** પ્રયત્ન હ્રસ્વ **અ** કાર સ્વર વા વર્ણનો હોઈ તેના ઉચ્ચાર વખતે કંઠને સંકોચીને બોલવાનો પ્રયત્ન કરવામાં આવે છે (અકારના હ્રસ્વભેદ સંબંધમાં પૃષ્ઠ ૪૩૮ **અ, ઇ, ઉ, ઋ** ના બાર ભેદો એ શીર્ષક નીચેનું વિવરણ જુઓ), પરંતુ ઇતર (કાર્ય) સમયે વિવૃત એટલે મોઢાને પહોળું કરીને બોલવાનો પ્રયત્ન થાય છે. આંતર પ્રયત્ન સંબંધમાં આ સંક્ષેપમાં કહેવામાં આવ્યું. હવે અનુપ્રદાન અર્થાત્ બાહ્ય પ્રયત્ન વડે વર્ણોના થતા વિભાગોનો સંક્ષેપમાં વિચાર કરીશું. તે વિભાગો નીચે મુજબ છે.

અનુપ્રદાન વડે વર્ણોમાં થતા વિભાગો

બાહ્ય પ્રયત્નના (૧) વિવાર, (૨) સંવાર, (૩) શ્વાસયુક્ત, (૪) નાદયુક્ત, (૫) ઘોષ, (૬) અઘોષ, (૭) અલ્પપ્રાણ, (૮) મહાપ્રાણ, (૯) ઉદાત્ત, (૧૦) અનુદાત્ત, અને (૧૧) સ્વરિત એ મુજબ અગિયાર વિભાગો છે.

વર્ગો એટલે કુ (ક વર્ગ), ચુ (**ચ** વર્ગ), ટુ (**ટ** વર્ગ), તુ (**ત** વર્ગ) અને પુ (**પ** વર્ગ); એ વર્ગોના તેના પ્રથમના બે વર્ણો એટલે કે **ક** વર્ગમાં ક, ખ; **ચ** વર્ગમાં ચ, છ; **ટ** વર્ગમાં ટ, ઠ; **ત** વર્ગમાં ત, થ; **પ** વર્ગમાં પ, ફ; શ, ષ, સ, હ એ ચાર ઉષ્માઓ તેમજ જિહ્વામૂલીય (ક), ઉપધ્માનીય કિંવા પરાશ્રિત (પ) તથા કં, ખું, ગું, ઘું એ ચાર યમો પૈકી પહેલો તે બીજો યમ કું (ઠ્ઠ) અને બીજો ખું (ઠ્ઠ-ખ્)એ બે યમો મળીને કુલ અઢાર વર્ણોના ઉચ્ચાર વિવૃત કંઠથી અર્થાત્ કંઠને ફેલાવીને વાને પહોળો કરીને શ્વાસાનુપ્રદાન યુક્તિથી એટલે કે ઉચ્ચારણ કર્યા પછી શ્વાસને યુક્ત કરી અને અઘોષ એટલે સૂક્ષ્મ ધ્વનિના આયોજનરૂપ ક્રિયા કરીને કરવો જોઈએ.

---

* પાણિનિએ વિવૃત પ્રયત્નની બે માત્રા અને સંવૃત પ્રયત્નની એક માત્રા કહેલી છે.

અલ્પપ્રાણ અને મહાપ્રાણથી ઉચ્ચારાતા વર્ણો

ઉપર બતાવેલા પાંચ વર્ગોના પ્રથમ, તૃતીય અને પંચમ વર્ણો એટલે ક વર્ગ પૈકી ક, ગ, ઙ, **ચ** વર્ગમાં ચ, જ, ઞ: ટ વર્ગમાં ટ, ડ, ણ; **ત** વર્ગમાં ત, દ, ન; **પ** વર્ગમાં પ, બ, મ, તેમજ **યણ્** એટલે ય, ર, લ, વ અને ચાર યમો પૈકી પહેલો કું (१/૨) તથા તૃતીય ગું (३/૩) એ બધા અલ્પપ્રાણ અર્થાત્ થોડા બલવડે, અને બાકીના ખ, ધ છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ, શ, ષ, સ, હ, (:) વિસર્ગ, (ક) ઉપધ્માનીય વા પરાશ્રિત તથા (ક) જિહ્વામૂલીય તેમ જ દ્વિતીય (१/૧) અને ચતુર્થ (∞/૩) એ બે યમો* તેમજ અ કારાદિ સ્વરો મહાપ્રાણથી એટલે અધિકબળથી ભારપૂર્વક બોલાય છે. પાંચે વર્ગોના ત્રીજા અને ચોથા વર્ણો એટલે ગ, ધ, જ, ઝ, ડ, ઢ, દ, ધ, બ, ભ તથા ય, ર, લ, વ એ ચાર અંત:સ્થ અને હ તેમજ (ં) અનુસ્વાર તથા ત્રીજો (३/૩) અને ચોથો (∞/૩) યમ તથા સાનુનાસિક અકારાદિ સ્વર એઓનું સંવૃત પ્રયત્ન એટલે કંઠનો સંકોચ કરીને નાદાનુપ્રદાન યુક્તિ અને ઘોષથી અર્થાત અવ્યક્તધ્વનિ સાથે ગંભીરતાપૂર્વક ઉચ્ચારણ કરવું જોઈએ.

વર્ગોના ત્રીજા વર્ણો પ્રમાણે પંચમ વર્ણો એટલે ઙ, ઞ, ણ, ન, મ એ પાંચ સંવૃત કંઠ, નાદાનુપ્રદાન યુક્તિથી ઘોષયુક્ત ઉચ્ચાર કરવા. તેમાં પણ બધા અનુનાસિકો પહેલાં મોં વડે બોલી પછી નાકથી બોલવા એ વધુ ઉત્તમ છે. શ, ષ, સ અને હ એ બધા ઉષ્માને મહાપ્રાણથી બોલવા અને વર્ગોના બાકીના એટલે ખ, છ, ઠ, થ, અને ફ એ બધા "ह्"કારની માફક મહાપ્રાણ પ્રયત્નથી જ બોલવા જોઈએ. વર્ગોના ચોથા ધ, ઝ, ઢ, ધ અને ભ એ પાંચે વર્ણોનો ઉચ્ચાર 'હ'કાર જેવો મહાપ્રાણથી જ થાય છે.×

---

* યમવર્ણો ચાર હોઈ તે ફક્ત વેદમાં જ આવે છે. ચાર યમોના ઉચ્ચાર કું, ખું, ગું, ઘું, એ પ્રમાણેના હોઈ તેની નિશાનીઓ અનુક્રમે (૧) १/૨, (૨) ∞/૪, (૩) ३/૩ અને (૪) ∞/૩ આ મુજબની છે.

×આભ્યન્તર અને બાહ્ય પ્રયત્નના જ્ઞાનાર્થે કોઠો

આભ્યંતર પ્રયત્ન	સ્પૃષ્ટો					ઈષદ્વિવૃતો		વિવૃતો	સંવૃત
સંજ્ઞાઓ	સ્પર્શો					અંત:સ્થો	ઉષ્માઓ	સ્વરો	
વર્ણો	ક	ખ	ગ	ઙ	ધ	ય			હ્રસ્વ અકાર પ્રયોગો
	ચ	છ	જ	ઞ	ઝ	વ	શ	અ, ઇ, ઉ	
	ટ	ઠ	ડ	ણ	ઢ	ર	ષ	ઋ, ઌ, એ	
	ત	થ	દ	ન	ધ	લ	સ	ઓ, ઐ, ઔ	
	પ	ફ	બ	મ	ભ				

બાહ્ય પ્રયત્નો	અલ્પ પ્રાણ	મહા પ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ	મહાપ્રાણ	
	વિવારો		સંવારો	સંવારો	સંવારો	વિવારો	સંવારો	ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિતો
	શ્વાસો		નાદો	નાદો	નાદો	શ્વાસો	નાદો	
	અઘોષો		ઘોષો	ઘોષો	ઘોષો	અઘોષો	ઘોષો	

આ સર્વ વાણીનું ધામ કહેવાય છે. જે ધામ એટલે વાણીનો સાંઠો કિંવા સમૂહ દાક્ષીના પુત્ર પાણિનિ વડે આખા જગતમાં વિસ્તારને પામેલો છે. સારાંશ વાણીનો ઉચ્ચાર કેવી રીતે કરવો તેનો વિસ્તાર મહર્ષિ પાણિનિએ સમસ્ત જગતમાં સૌથી પ્રથમ કરેલો છે (વાક્યના રચનાર આપ્તપુરુષ વરરુચિ છે તેનું ભાષ્ય કરનાર પતંજલિ હોઈ પાણિનિ એ સૂત્રકાર છે).

શિક્ષાદિ છ વેદનાં અંગો છે

વેદનાં છ અંગો પૈકી છંદ શાસ્ત્ર એ વેદના પગ, કલ્પ હાથ, જ્યોતિષ આંખ, નિરુક્ત કાન, શિક્ષા નાક અને વ્યાકરણ મૂળ છે, એમ સમજો. આ વેદાંગો સહિત વેદોનો અભ્યાસ કરેલો મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે.

અંગુલીનિર્દેશ તથા ઉદાત્તાદિ સ્વરો

અંગૂઠાનું ટેરવું પ્રદેશિની એટલે તર્જની વા અંગૂઠા નજીકની આંગળીના મૂલમાં રાખીને ઉદાત્ત સ્વર બોલવામાં આવે છે, અંગૂઠાનું ટેરવું બીજી આંગળી એટલે મધ્યમાના મૂલમાં રાખીને પ્રચિત્ સ્વર બોલાય છે, અને ત્રીજી અનામિકાના મૂલમાં અંગૂઠાનું ટેરવું રાખીને સ્વરિત સ્વર બોલાય છે તેમજ ચોથી કનિષ્ઠિકાના મૂલમાં અંગૂઠાનું ટેરવું રાખીને અનુદાત્ત સ્વર બોલવામાં આવે છે. અંગૂઠા નજીકની પહેલી તર્જની આંગળી તે ઉદાત્ત સ્વરની, બીજી મધ્યમા તે પ્રચિત્ સ્વરની, ત્રીજી અનામિકા એ સ્વરિતની અને ચોથી કનિષ્ઠિકા એ નિહિત એટલે અનુદાત્ત સ્વરની છે, એમ સમજવું.

વર્ણોની નવ શય્યા

(૧) અન્તોદાત્ત એટલે છેવટના વર્ણે ઉદાત્ત, (૨) આદ્યુદાત્ત એટલે પ્રથમના વર્ણે ઉદાત્ત, (૩) ઉદાત્ત, (૪) અનુદાત્ત, (૫) નીચ સ્વરિત, (૬) મધ્યોદાત્ત એટલે વચલા વર્ણોમાં ઉદાત્ત, (૭) સ્વરિત, (૮) દ્વયુદાત્ત એટલે બે વર્ણોમાં ઉદાત્ત અને (૯) ત્યુદાત્ત એટલે ત્રણ વર્ણમાં ઉદાત્ત એ રીતે વર્ણો (અક્ષરો)ની નવ પદ્ધવાળી શય્યા છે, અર્થાત્ વર્ણોની સ્વર પદ્ધતિમાં આ નવ પ્રકારના ભેદો છે. જેમ " **अग्निः सोमः प्र वो वीर्यं हविषां स्वर्बृहस्पतिरिन्द्राबृहस्पती** " આ મંત્રમાં '**अग्निः**'માં છેલ્લો વર્ણ '**ग्निः**' ને અંતે ઉદાત્ત સ્વર છે એટલે ઉપર સ્વર આવેલો છે, તેથી તે અન્તોદાત્ત કહેવાય છે. '**सोम**'માં પહેલો વર્ણ '**सो**' ને ઉપર સ્વર હોવાથી તે આદ્યોદાત્ત કહેવાય છે, '**प्र**'માં ઉદાત્ત, '**वो**'માં અનુદાત્ત, '**वीर्यं**'માં બંને વર્ણો સ્વરિત છે, કેમકે તે બંનેમાં સ્વરો નથી વળી અનુદાત્તની પછી આવતા હોવાથી, તે નીચ સ્વરિત કહેવાય, "**हविषां**" પૈકી વચલો "**वि**" ઉદાત્ત સ્વર છે તેથી તે મધ્યોદાત્ત કહેવાય છે. '**स्व**' વર્ણ એ સ્વરિત હોઈ સ્વરો રહિત છે, તેથી તેને સ્વરોની નિશાની આપવામાં આવેલી નથી, **बृहस्पति** માં **बृ** અને **ह** એ બંનેમાં ઉદાત્ત સ્વરો હોવાથી તેને દ્વયુદાત્ત (જેના બે અક્ષરો ઉપરના સ્વરોવાળા હોય છે તે દ્વયુદાત્ત છે તે) તથા **इन्द्राबृहस्पती**માં '**इन्द्रा**' અને '**बृ**' એ ત્રણે વર્ણોમાં એકી સાથે ઉદાત્ત સ્વરો આવતા હોવાથી એને ત્યુદાત્ત કહે છે; આ રીતે વર્ણો (અક્ષરો)ના ઉચ્ચારની નવ પ્રકારની શય્યા (વર્ણ પદ્ધતિ) છે, એમ સમજો.*

ઉદાત્તાદિ સ્વરોનાં સ્થાનકો

અનુદાત્ત સ્વર હૃદયમાં, ઉદાત્ત સ્વર માથામાં અને સ્વરિત સ્વર કાનના મૂલમાં રહેલો છે, તથા પ્રચય એટલે પ્રચિત સ્વર સર્વમાં રહેલો છે. અનુદાત્ત સ્વરના ઉચ્ચાર વખતે માથું નીચે હૃદય તરફ, ઉદાત્ત સ્વરના ઉચ્ચાર વખતે ઉપર અને સ્વરિત સ્વરના ઉચ્ચાર વખતે આડું તથા પ્રચિત સ્વરના ઉચ્ચાર વખતે સામે મોં રાખીને બોલવામાં આવે છે.

---

*વેદશ્રુતિનું પઠન પાઠન કરનારાઓને આ જ્ઞાન સારી રીતે હોવું જોઈએ તેમજ સામાન્ય વ્યવહારમાં પણ ભાષાશુદ્ધિને માટે તેની જરૂર છે.

સ્વરોની માત્રાનું જ્ઞાન

ચાષ પક્ષી એક માત્રાનો સુર કાઢે છે, કાગડો બે માત્રાનો, મોર ત્રણ માત્રાનો, અને નોળિયો અર્ધ માત્રાનો સૂર એટલે અવાજ કાઢે છે.

અશુદ્ધોચ્ચારથી થતી હાનિ

ઉપર કહેવામાં આવ્યું તે સિવાયના અન્ય કુતીર્થ અર્થાત્ ઉપર બતાવેલા કંઠાદિ સ્થાનના નિયમ સિવાયના અપવિત્ર સ્થાનોમાંથી ઉચ્ચારવામાં આવતો અવ્યક્ત અને અસ્પષ્ટ વર્ણવાળો તથા અરધો અક્ષર બહાર અને અરધો અંદર એ રીતે ખવાઈ ગયેલા વર્ણોવાળો ઉચ્ચાર કિંવા પઠનપાઠન જેમ દુષ્ટ એવા સર્પનો પાપમાંથી મોક્ષ થતો નથી તેમ દુઃખમાંથી છૂટકારો કરી સુખ વા શાંતિ કદાપિ પ્રાપ્ત કરાવી આપતું નથી. પરંતુ ઉપર બતાવ્યા પ્રમાણે સુતીર્થ એટલે યોગ્ય અને પવિત્ર સ્થાનોમાંથી પદ્ધતિસર સ્પષ્ટ, વ્યક્ત, શુદ્ધ સ્વર સહિત કંઠ મુખાદિ સ્થાનોદ્વારા કરવામાં આવતું વ્યવસ્થિત ઉચ્ચારણ કિંવા પઠનપાઠન જ શોભાયુક્ત છે. ટૂંકમાં અશુદ્ધ પઠનપાઠન દુઃખરૂપ હોઈ શુદ્ધ પઠનપાઠન સુખ અને શાંતિ આપનારું છે. સ્વર કે વર્ણાદિ ઉણપવાળા અથવા મિથ્યા પ્રયોગવાળા મંત્ર ઉચ્ચાર વગેરેથી હેતુ સિદ્ધ તો થતો નથી, પરંતુ ઊલટું તેવી વાણીરૂપ વજ્ર થકી તે યજમાન એટલે બોલનારનો નાશ કરે છે. જેવી રીતે 'ઇન્દ્ર શત્રુ' શબ્દના સ્વર ઉચ્ચારમાં ભૂલ થઈ જતાં વૃત્રાસુરનો પોતાનો જ નાશ થવા પામ્યો તેમ સ્વર વર્ણાદિથી રહિત ખોટો ઉચ્ચાર પોતાના જ આયુષ્યનો નાશ કરનારો નીવડે છે, એટલું જ નહિ પરંતુ ઊલટો સ્વર વ્યાધિ ઉપજાવનારો છે. વર્ણ, સ્વર અને માત્રાદિ રહિત ઉચ્ચાર શસ્ત્રરૂપ હોવાને લીધે માથામાં વજ્ર સમાન ઘાત કરે છે એટલે તે સર્વસ્વ નાશ કરનાર છે.

હાથની ક્રિયા વિના તથા સ્વર, વર્ણ અને અર્થથી વર્જિત (રહિત) જે વેદ પાઠ કરવામાં આવે છે તે ઋક્, યજુ અને સામ વડે દગ્ધ થઈ નીચ યોનિને પ્રાપ્ત થાય છે અને હાથની ક્રિયા સાથે તથા સ્વર, વર્ણ તેમ જ અર્થ સહિત થતું વેદપઠન કિંવા વ્યવહારમાં કરવામાં આવતું ઉચ્ચારણ ઋક્, યજુ અને સામવડે પવિત્ર બનીને બ્રહ્મલોકમાં પૂજાય છે. સમસ્ત શબ્દોના સાંઠારૂપ અપૌરુષેય એવા મહાન સમુદ્રમાંથી નવનીતરૂપ આ વાઙ્મયસ્વરૂપ વાગ્દેવીને પ્રથમ ભગવાન* શ્રીશંકરે ઉમાને આપી; તેમણે તે બુદ્ધિમાન દાક્ષીપુત્ર પાણિનિને આપી; એ પ્રમાણેની પરંપરા છે, તે નિશ્ચિત જાણવું. આમ સાક્ષાત્ મહેશ્વર શ્રીશંકરપરંપરાથી અકારાદિ યુક્ત સમામ્ના એટલે સંપૂર્ણ વર્ણશાસ્ત્ર શીખીને વ્યાકરણની રચના જેણે કરી છે તે પાણિનિને નમસ્કાર હો! નિર્મળ એવી શબ્દજ્ઞાન વડે સમસ્ત લોકોની વાણીને જેણે શુદ્ધ કરી છે, એટલે કેવી રીતે બોલવું તે

---

* આ શાસ્ત્ર શ્રીશંકરે પ્રથમ ઉમાને કહેલું હોઈ તે દ્વારા પાણિનિને પ્રાપ્ત થયું. એ પરંપરા બતાવવાનો શાસ્ત્રઉદ્દેશ એવો છે કે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર, સૂર્ય, દેવી, ગણેશ વગેરે સ્વયંભૂ હોઈ મહાદેવ તો કેવળ જ્ઞાનસ્વરૂપ એવી સ્વયંભૂ મૂર્તિ છે, તેથી તેઓ ઈશ્વર (વૃક્ષાંક ૨) સ્વરૂપે પોતાની પ્રકૃતિ શક્તિ સતી કિંવા ઉમા (વૃક્ષાંક ૩)ને બોધ આપે છે, અને તે અપૌરુષેય બોધ જે પરંપરાએ વ્યવહારમાં પ્રગટ થવા પામ્યો હોય તે પરંપરા બતાવવામાં આવે છે. કેમ કે પ્રત્યેક દૃશ્ય વસ્તુ પ્રથમ અવ્યક્ત સ્વરૂપમાં હોય છે, તેને તપશ્ચર્યાદિ સાધનદ્વારા પ્રથમ વ્યક્ત કરવાની જેણે શરૂઆત કરી હોય તેની પરંપરા બતાવવાની શાસ્ત્રમાં પદ્ધતિ છે. આ મુજબ દરેક જ્ઞાન, સૃષ્ટિ ઉત્પત્તિની પૂર્વે અવ્યક્ત (અમકટ) સ્વરૂપે હોય છે, તે જ્ઞાન સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી તપશ્ચર્યાદિ દ્વારા જ્ઞાનસ્વરૂપ સ્વયંભૂ દેવોને પ્રકટ કરીને તેની પાસેથી જાણી લઈ તે જગતમાં વ્યક્ત (પ્રકટ) કરવામાં આવે છે. આથી જે જ્ઞાન અપૌરુષેય હોય તેના પ્રકટ કર્તાઓ તો ફક્ત મંત્ર દ્રષ્ટા જ કહેવાય અને તેથી જ વેદાદિ ઋષિકૃત નહિ પણ ઋષિ પ્રણીત કહેવાય છે. આ નિયમાનુસાર આ ઉચ્ચાર શાસ્ત્ર કે જે પૂર્વે અપ્રકટ હતું તે સૌથી પ્રથમ શ્રીશંકરે પ્રસન્ન થઈ પોતાની શક્તિ ઉમાને કહેલું હતું અને તેજ જ્ઞાન આ બ્રહ્માંડમાં તપશ્ચર્યા વડે સૌથી પ્રથમ મહર્ષિ વરરુચિને પ્રાપ્ત થઈ તેનું ભાષ્ય તપશ્ચર્યાદિ સામર્થ્યથી પતંજલિએ કર્યું અને તેને તપશ્ચર્યાથી જાણી લઈ સૂત્ર રૂપે પાણિનિએ તૈયાર કરી લોકોમાં પ્રકટ કર્યું અને પછી શિષ્ય પરંપરાથી તે વાણી રૂપે જગતમાં સર્વત્ર વિસ્તારને પામેલું છે. આ રીતે જગતમાં ઉચ્ચાર શાસ્ત્ર શી રીતે પ્રસૃતિને પામ્યું તેનો ક્રમ કહેવામાં આવેલો છે.

બોલવાની વિદ્યા જેણે લોકોને શીખવી છે અને અજ્ઞાનજન્ય અંધકારનો જેણે નાશ કર્યો છે તે પાણિનિને નમસ્કાર હો! અજ્ઞાનવડે આંધળા બનેલા લોકોની આંખ, જ્ઞાનરૂપી આંજણની સળી વડે જેણે ઉઘાડી છે, તે પાણિનિને નમસ્કાર હો! જે દ્વિજ હંમેશાં વિનયપૂર્વક અવિદ્યાનો નાશ કરનારી ભગવાન ત્રિલોચન શંકરના મુખેથી કહેવાયેલી આ વિદ્યાનું પઠનપાઠન કરે છે તે ઇહ તથા પરલોકમાં સુખ શાંતિને પ્રાપ્ત કરે છે. (વેદાંગ શિક્ષા અનુવાક ૧ થી ૪, સિદ્ધાંતકૌમુદી તથા છાંદોગ્ય ઉપનિષદ્ પ્રપાઠક ૨, ખંડ ૨૨ જુઓ).

ॐ પરમાત્મા વાચક કેમ ?

આ રીતનું અકારાદિ ચોસઠ વર્ણોવાળું વૈખરી વાણીનું રૂપ છે. તે મૂલ પ્રથમતઃ વિરાટ પુરુષ તથા પછી સમષ્ટિના તથા ત્યાર બાદ ચરાચર વ્યષ્ટિના સમુદાયમાં પ્રસરેલું છે. આ વિરાટાદિ સર્વનું મૂલ બીજ તો અનિર્વચનીય એવો આત્મા(વૃક્ષાંક ૧) જ છે; આથી બીજાંકુર ન્યાયાનુસાર આ સર્વ પણ આત્મરૂપ જ છે. અનિર્વચનીય એવા આત્મામાં સૌથી પ્રથમ ॐ છે, તેથી તે ॐકાર જ અનિર્વચનીય એવા પરમાત્માનો વાચક ગણાય છે. જેમ વ્યવહારમાં સગુણ પરમાત્માનાં નામો રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ, દેવી વગેરે કહેવામાં આવે છે તેમ નિર્ગુણ પરમાત્માના અનિર્વચનીયતાના બોધદર્શક નામરૂપાદિ સંજ્ઞાઓથી પરસ્વરૂપનો દ્યોતક આદ્યાક્ષર એ જ ॐ છે અને તે સ્વતઃસિદ્ધ જ છે. જ્યારે સાધક તદ્રૂપ બની અપરોક્ષાનુભવના માર્ગે વળે છે ત્યારે તેને આ સ્વતઃસિદ્ધ ॐકારના કોઈપણ સાધન વગર અંદરથી નિત્યપ્રતિ જપ ચાલુ હોવાનું સ્પષ્ટ અનુભવમાં આવે છે. આ સ્થિતિની ખાતરી એ છે કે, જ્યારે તેને આ રીતે અનુભવ થવા માંડે છે ત્યારે વ્યાવહારિક બધા વિષયો ઉપર સ્વભાવિક રીતે જ અપ્રીતિ ઉત્પન્ન થાય છે, મન અંદરને અંદર ડૂબી રહેલું હોવાથી તે બાહ્ય પ્રવૃત્તિમાં રસહીન બને છે, તે નિત્ય આનંદમાં જ મગ્ન રહે છે, કોઈ પરાણે ખવરાવતો કિંવા પીવરાવતો હોય એવી રીતની તેની સ્થિતિ બને છે. ઉદ્દેશ એ કે, આ સુજ્ઞ પરમાત્મા જ સૌથી પ્રથમ ॐ રૂપે બનેલો હોઈ તે જ આ સર્વ વૈખરી વાણીના વિલાસ રૂપે પ્રતીત થયેલો છે.

પરમાત્મા સર્વરૂપ શી રીતે છે ?

જે અગ્નિ આકાશમાં અસ્ફુટ ગરમી રૂપે સર્વદા રહ્યો છે તે અગ્નિ બળથી ચકમકના પત્થર કિંવા કાષ્ઠમાં મંથન કરતાં પવનની સહાયતાથી ત્રીજા તણખા રૂપે પ્રકટ થાય છે, પછી તે જ અગ્નિ છાણાનો ભૂકો પડવાથી કાંઈ વિશેષ રૂપે પ્રજ્જ્વલિત બને છે તથા પછી ઘીની આહૂતિ પડવાથી તે ભડકારૂપે વૃદ્ધિને પામે છે, આમ એક જ અગ્નિ જેમ ચાર રૂપે પ્રકટ થાય છે તેમ પરમાત્મારૂપ એવો એક હું જ પરા પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર રૂપે પ્રકટ થાઉં છું. વાણી જેમ અતિસૂક્ષ્મ, સૂક્ષ્મ, સ્થૂળ અને અતિસ્થૂળ એ ચાર રૂપે પ્રકટ થયેલી હોઈ તે આત્મારૂપ એવા મારું (વૃક્ષાંક ૧નું) જ રૂપ છે, તેના હાથની વૃત્તિરૂપ બળ, પગની વૃત્તિરૂપ ગતિ, પાયુ અને ઉપસ્થની વૃત્તિરૂપ વિસર્ગ; સૂંઘવું, રસન, દર્શન, સ્પર્શન, શ્રવણ, મનની વૃત્તિરૂપ સંકલ્પ, બુદ્ધિ અને ચિત્તની વૃત્તિરૂપ વિજ્ઞાન, અહંકારની વૃત્તિરૂપ અભિમાન, પ્રધાનની વૃત્તિરૂપ સમષ્ટિ પ્રાણ તથા સત્ત્વ, રજ, અને તમના વિકારરૂપ સઘળો પ્રપંચ પણ અતિસૂક્ષ્મ (વૃક્ષાંક ૩), સૂક્ષ્મ (વૃક્ષાંક ૪થી ૬), સ્થૂળ (વૃક્ષાંક ૭થી ૧૨) અને અતિસ્થૂળ (વૃક્ષાંક ૧૩થી ૧૫ ઘ) એ ચાર રૂપે પ્રકટ થયેલો છે તે સર્વ ઈશ્વર સ્વરૂપ એવા મારું (વૃક્ષાંક ૨નું) જ રૂપ છે, અને તે ઈશ્વર આત્મા(વૃક્ષાંક ૧)થી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. આત્મસ્વરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨) કે જે પ્રથમ ભિન્ન ભિન્ન રૂપે પ્રકટ નહિ થયેલ અને એક રૂપ જ હતા તે જ ઈશ્વર કાળરૂપ ક્ષિપ્રણુને લીધે માયા શક્તિના મિથ્યા આવરણ વડે જાણે ઇંદ્રિયાદિક રૂપે ઘણા પ્રકારે થયેલા હોય એવા જણાય છે. આ ઈશ્વર જ જાણે ગુણોના આશ્રયરૂપ લોકાત્મક કમળના બીજરૂપ છે. જેમ એક જ બીજમાંથી અનેક બીજની ઉત્પત્તિ થાય છે, તેમ આ આદિ ઈશ્વર (વૃક્ષાંક ૨) પણ કાળ ગતિથી માયાને પામીને સઘળા પ્રપંચરૂપ થયેલો ભાસે છે છતાં તે આત્માથી જરા પણ ભિન્ન નથી. આ રીતે સમષ્ટિ, વ્યષ્ટિરૂપ મિથ્યા અવિદ્યા વડે આત્મામાં અધ્યાસ કરી રહેલું આ પ્રપંચરૂપ વૃક્ષ વાસ્તવિક રીતે આત્મસ્વરૂપજ છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૩ શ્લોક ૧૮ થી ૨૦).

શબ્દબ્રહ્મ એ વેદનું સ્વરૂપ છે

આત્મવિદ્યા શુદ્ધ અંતઃકરણવાળાઓ જ સમજી શકે છે, પણ તેવા અધિકાર વગર સમજવી શક્ય નથી. કેમ કે અધિકાર વગરના લોકો જો એ વાતમાં લાગે તો તે શુષ્ક વેદાંતી બની કર્મોનો વૃથા ત્યાગ કરીને ઉભયવિધ ભ્રષ્ટ થાય છે. એવા કારણથી વેદમાં પરોક્ષવાદ કહેલો છે (પરોક્ષવાદ માટે પાછલા અ૦ ૨, શ્લોક ૩૯ તથા અ૦ ૪, શ્લોક ૧૭ જુઓ). કર્મ કરો એમ કહેવામાં કર્મ છોડાવવું એવો ઉદ્દેશ જેમાં હોય તે પરોક્ષવાદ છે. જેમ બાળકને રમતમાંથી નિવૃત્ત કરવું હોય તો તેને એવો નિયમ બાંધી આપવામાં આવે છે કે, તારે અમુક અમુક વખતે રમવું અને અમુક અમુક વખતે અભ્યાસ કરવો. આ ઉપરથી તેને રમતમાં લગાડવાનો ઉદ્દેશ તેમાં કાંઈ હોતો નથી પરંતુ રમતમાંથી અભ્યાસમાં લગાડવાનો હેતુ સમાયેલો હોય છે, તેમ વેદમાં કર્મ કરવાનું જે કહેવામાં આવ્યું છે તે સંબંધે પણ જાણવું. આનું નામ જ પરોક્ષવાદ છે. જો કે મીમાંસકોના આચાર્ય જૈમિનિ આદિ ઋષિઓ વેદને યથાર્થ સમજવાનું અભિમાન રાખે છે, પરંતુ વેદ અને તેના અર્થને આત્મસ્વરૂપ એવા "હું" વિના બીજો કોઈ યથાર્થ રીતે જાણતો જ નથી, એવો નિશ્ચય છે. શબ્દબ્રહ્મ એ પણ વેદનું જ સ્વરૂપ છે, તથા તેનો અર્થ જાણવો અતિ મુશ્કેલ છે. પરા, પશ્યંતી, મધ્યમા નામની વાણીના શબ્દનું સૂક્ષ્મ સ્વરૂપ દેશ અને કાળથી અપરિચ્છિન્ન હોવાને લીધે તે સમજવું ઘણું જ કઠણ છે તો પછી તેનો અર્થ સમજવો એ અતિ મુશ્કેલ હોય તેમાં નવાઈ શી ? કારણ કે તેનો અર્થ ઘણો જ ગંભીર હોઈ જેમ સમુદ્રનો અંત લાગતો નથી તેમ તેમાં પ્રવેશ થવો પણ તદ્દન અશક્ય છે. આત્મસ્વરૂપ એવો હું કે જે અંતર્યામી હોવા છતાં પણ વ્યાપક, વ્યાપક હોવા છતાં પણ નિર્વિકાર અને નિર્વિકાર હોવા છતાં પણ અનંતશક્તિમાન હોવાને લીધે સર્વનો નિયંતા છું, તેની સાથે સત્તાથી રહેલું એ શબ્દનું સૂક્ષ્મ સ્વરૂપ, સૂક્ષ્મ દૃષ્ટિવડે અંતર્મુખ થઈને અંદર જોવાથી કમળના નાળના તંતુની પેઠે તે તમામ પ્રાણીઓમાં નાદરૂપે જોવામાં આવે છે. એ સૂક્ષ્મ સ્વરૂપમાંથી વૈખરી નામનું સ્થૂળ સ્વરૂપ જેમ કરોળિયો પોતાના હૃદયમાંથી મુખદ્વારા લાળના તંતુને બહાર પ્રકટ કરે છે, તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા હિરણ્યગર્ભ ભગવાન કે જે વેદમૂર્તિ અને સ્વરૂપે અમૃતમય છે, તે સૂક્ષ્મ નાદ રૂપ ઉપાદાન કારણને લીધે અક્ષરોના સંકલ્પો કરનારા મનરૂપ નિમિત્તકારણથી પોતાના હૃદયમાંથી મુખદ્વારા વૈખરી વાણીને બહાર પ્રકટ કરે છે.

ૐ એજ અક્ષર છે

હૃદયમાં રહેલા સૂક્ષ્મ 'ૐ'માંથી છાતી અને કંઠ આદિના સંગથી સ્પષ્ટ જણાયેલા સ્પર્શ, સ્વર, ઉષ્મા અને અંતઃસ્થથી શણગારેલી, ચિત્રવિચિત્ર પ્રકારની લૌકિક અને વૈદિક ભાષાઓથી વિસ્તાર પામેલી. ઉત્તરોત્તર ચારચાર અક્ષરોથી વધતાં જતાં, છંદોથી ભરપૂર, અંત અને પાર વગરની વૈખરી વાણીને વિરાટ શરીરના ધારણકર્તા આત્મસ્વરૂપ એવા બ્રહ્મદેવે (શ્લોક ૧૨ એ) સર્જેલી છે તથા કરોળિયો જેમ પોતાની લાળને પાછો ગળી જઈ પોતામાં જ લીન કરે છે તેમ આ વિસ્તારેલી વાણી પણ તે પોતે જ પોતામાં સમેટી લે છે. જેમ અંકુરમાં જે રસ હોય તે જ અંકુરના વિસ્તારરૂપ વૃક્ષની અનેક શાખાઓમાં પણ હોય છે, તેમ હૃદયમાં રહેલા સૂક્ષ્મ 'ૐ'કારનો એટલે પરમાત્માનો જે અર્થ છે, તે જ સઘળા વેદોનો કિંવા જ્ઞાનનો અર્થ છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૧ શ્લો૦ ૩૦થી ૪૧).

ૐ એ બ્રહ્મનો વાચક છે

શ્રી ભગવાન કહે છે : હે અર્જુન! આગળ તો સ્પષ્ટ કહીશ જ પરંતુ અત્રે એટલું જ સૂચવું છું કે વેદવિદો જેને અક્ષર કહે છે, જેઓ તદ્દન આસક્તિ રહિત થયેલા હોય તેમનો જ જ્યાં સ્પર્શ થઈ શકે છે તથા બ્રહ્મચર્યનું આચરણ કરનારાઓ અહર્નિશ જે (બ્રહ્મનું) જ ચિંતન કર્યા કરે છે એવું જે પદ તે જ બ્રહ્મ કિંવા આત્મા હોઈ તેનો વાચક અક્ષર એ જ ૐ છે, એ જ એક અક્ષર અર્થાત્ જેનો કદી પણ નાશ થતો નથી એવું પદ છે.

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।

मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।

यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१३॥

स याति परमां गतिम्

श्री भगवान आगळ कहे छे : हे पार्थ ! हवे तने सगर्भ प्राणत्याग करवानो क्रम कहुं छुं ते सांभळ. प्राण वश करवाना सगर्भ अने अगर्भ एम बे प्रकारो छे. आ संबंधे विवेचन प्रथम तने कहेलुं छे ते धोरणे सर्व द्वारोनुं संयमन (बंध) करीने मननो हृदयमां निरोध करवो तथा उपर बतावेला योगमार्गना धोरणे षट्चक्र भेदन करीने प्राणने आत्मरूप एटले आ सर्व पोतानुं ज स्वरूप छे एवा प्रकारनी सर्वात्मभावरूप योगधारणा वडे ब्रह्मरंध्रमां धारण करीने जे नित्य आ आत्मरूप धारणामां ज स्थिर थई रहेलो छे ते एटले सगर्भ प्राणायाम करनारो किंवा जे आत्मस्वरूप एवा मारुं नित्यप्रति स्मरण करनारो अने ब्रह्मरूप ॐकार एवा एकाक्षरनो जप करतो करतो जे देह छोडी जाय छे ते एटले ॐकारनो धारणाभ्यासी पण परम गतिने पामे छे.

ॐनुं ध्यान करवानी रीति

सगर्भ प्राणायाम संबंधे शास्त्रमां पण आ प्रमाणेनुं कथन छे. भगवान कहे छे : अति ऊंचा नहि अने नीचा पण नहि एवा कामळादिक सम अर्थात् पोताने अनुकूळ आवे तेवा गमे ते एक आसन उपर बेसी, कायाने सरखी राखतां चित्तनी स्थिरताने माटे नासाग्र दृष्टि राखवी. पछी बंने हाथ खोळामां मूकीने पूरक, कुंभक अने रेचकना क्रमथी अथवा विपरीत क्रमथी प्राणमार्गने शुद्ध करवो. विषयोमांथी इन्द्रियोने खेंची लईने धीरे धीरे ओ प्रमाणे अभ्यास वधारता जवो आथी एक सगर्भ तथा बीजो अगर्भ एम बे प्रकारनो प्राणायाम थाय छे. तेमां सगर्भ एटले ॐ सहित प्राणायाम छे ते विषे कहुं छुं : ॐकार के जे मूलाधारथी मांडीने ब्रह्मरंध्रना छेडा पर्यंत कमळना नाळना तंतु पेठे सूक्ष्म अने अविच्छिन्न छे, तेने अंतःकरणमां मननी दृढताथी प्राण रूपे प्रकट करीने पछी ते ॐकारना घंटानाद जेवो उदात्त नाद स्थिर करवो; आ प्रमाणे दररोज त्रण समये स्थिर चित्त वडे दश दशवार ॐकार सहित प्राणायामनो अभ्यास करे तो ते पुरुषने एक महिनानी अंदर प्राणवायु वश थाय छे. आ प्रमाणे ॐनुं ध्यान करवानी रीति छे. (भा० २कं० १२ अ० १४, श्लो० ३२, ३३ जुओ, तेम ज सद्गुरुध्यान करवानी रीति माटे मूळ भागवत जुओ, जे धारणाभ्यासनी कल्पनामां उपयोगी थशे). आ रीते सगर्भ प्राणायामनी पद्धति प्रमाणे प्राणत्याग करनारो पण परमगतिने केवी रीते प्राप्त करी शके छे ते जणावामां आव्युं. हवे केवळ आत्मरूपनी धारणा वडे ॐकारनो जप करतां एटले योगमार्गे नहि पण केवळ धारणाभ्यास वडे ॐकारना जप साहित जे देह त्याग करे छे तेने पण परमगतिनी प्राप्ति अनायासे ज थाय छे एम जे भगवाने उपर सूचवेलुं छे ते पैकी अगर्भ अने सगर्भ प्राणत्याग करनारना संबंधमां तो उपर विवेचन आपवामां आव्युं छे. हवे धारणाभ्यासथी प्राणत्याग केवी रीते थाय छे तथा ते वडे परमगतिनी प्राप्ति शी रीते थई शके छे, ते संबंधे विचार करवानो छे. आ संबंधमां प्रसिद्ध एवा उद्दालक मुनिनुं दृष्टांत शास्त्रप्रसिद्ध छे ते उपरथी आ धारणाभ्यासनी कल्पना आवशे.

ॐकार परब्रह्म स्वरूप छे

उद्दालक मुनि प्रौढतावाळी शुद्ध बुद्धि वडे हुं अने आ सर्व आत्मस्वरूप छे एवो निर्णय करी पद्मासन वाळी, नेत्रोने अर्धां उघाडां राखीने बेठा.

*ૐકાર એ પરબ્રહ્મનું નામ તથા સ્વરૂપ છે તથા ૐનું ઉચ્ચારણ કરે તેને પરબ્રહ્મની પ્રાપ્તિ અવશ્ય થાય છે, એવો નિશ્ચય કરીને જેમ ઘંટનું મુખ લોલકરૂપી જીભ વડે મોટો નાદ કરે તેમ ધ્વનિ ઊંચો પહોંચે એવી રીતે ઊંચા એટલે ઉદાત્ત સ્વરથી એ મુનિ ૐકારનું ઉચ્ચારણ કરવા લાગ્યા. ઉદ્દાલકનું ૐકારના આકારની વૃત્તિમાં જ પ્રતિબિંબિત થયેલું પ્રત્યક્ ચૈતન્ય તથા કૂટસ્થ જીવચૈતન્ય એમ બંનેનું ૐકારની છેલ્લી અર્ધમાત્રાની ઉપર આવેલા નિર્મળ બ્રહ્મમાં જ્યાંસુધી તલ્લીન થવાય ત્યાં સુધી તેણે એ ૐકારનું ઉચ્ચ સ્વરે ઉચ્ચારણ કર્યા કર્યું.

ૐની પ્રથમ માત્રારૂપ ધારણા

ૐકાર કે જે અકાર, ઉકાર, મકાર અને છેલ્લી અર્ધમાત્રા એ રીતે સાડાત્રણ અવયવવાળો છે, તેનો પહેલો ભાગ "અકાર" બહુ જ ઉચ્ચ સ્વરથી બોલાતો હોવાને લીધે નાક વડે પ્રાણની બહાર નીકળવાની તૈયારી થવાથી મૂલા સમીપના મૂલાધાર ચક્રથી માંડીને હોઠ સુધી આખા શરીરમાં રણકારો વ્યાપ્ત થઈ રહેતાં જેમ અગસ્ત્ય મુનિએ સઘળું જળ પી જઈને સમુદ્રને ખાલી કરી મૂક્યો હતો, તેમ એ ૐના ઉચ્ચારણ વડે પ્રાણના બહાર નીકળવાના "રેચક" નામના ક્રમે ઉદ્દાલક મુનિના સઘળા શરીરને ખાલી કરી મૂક્યું. જેમ પક્ષી પોતાનું શરીર છૂટ્યા બાદ પ્રાણરૂપે આકાશમાં જઈને રહે તેમ ઉદ્દાલકનો પ્રાણ વાયુ તેના શરીરનો ત્યાગ કરીને ચૈતન્યરૂપી રસ વડે ભરપૂર થયેલા બહારના આકાશમાં જઈને રહ્યો. આ સમયે જેમ ઉત્પાતના પવને ઉછાળેલો દાવાનળ સૂકાયેલા ઝાડને બાળી નાંખે છે, તેમ પ્રાણના બહાર નીકળવાના સંઘર્ષણથી હૃદયમાં ઉત્પન્ન થયેલા પ્રજ્વલિત જ્વાળાઓવાળા અગ્નિએ ઉદ્દાલકના સઘળા શરીરને બાળી નાંખ્યું.

ૐકારના પ્રથમ ભાગનું ઉચ્ચારણ

ૐકારના પહેલા ભાગનું ઉચ્ચારણ થતાં શરીરના શોષણરૂપ એટલે ખાલી થવારૂપ, પ્રાણની આકાશમાં સ્થિતિરૂપ, હૃદયમાંથી અગ્નિની ઉત્પત્તિરૂપ અને તે અગ્નિથી શરીરના બળી જવારૂપ વગેરે આ સઘળી દશાઓ ઉદ્દાલકે નિયમ મુજબ સમાધિની ધારણા પ્રમાણે કેવળ ભાવના વડે જ માની લીધેલી હતી, હઠયોગથી કરેલી નહોતી; કેમ કે હઠયોગથી પ્રાણને બહાર કાઢવામાં આવે તો મૂર્છા તથા મરણાદિ પ્રસંગોના દુઃખો થવાનો સંભવ હોય છે. હઠયોગમાં ફક્ત પરકાયાપ્રવેશસિદ્ધિની ધારણા કરવામાં આવે ત્યારે જ પ્રાણવાયુનું બહાર ગમન કરી શકાય છે, છતાં તે વખતે પોતાનું શરીર મૂર્ચ્છિત થઈ જાય છે. યોગધારણાના અભ્યાસમાં સત્ય એવા એક બ્રહ્મ કિંવા આત્માની જ ભાવના સર્વત્ર થવાથી તેમાં આવો પ્રસંગ આવતો નથી; આથી ઉદ્દાલકે આ સમાધિ વગેરેના નિયમ પ્રમાણેની ભાવના ધારણાભ્યાસ વડે જ કરેલી હતી, નહિ કે હઠયોગ વડે.

ૐકારની બીજી માત્રારૂપ ધારણા

ત્યાર પછી ૐકારનો બીજો ભાગ "ઉકાર" સ્વરિત સ્વર વડે બોલતાં, પ્રાણવાયુનો નિશ્ચય તથા ભરપૂર રહેવારૂપ "કુંભક" નામનો બીજો ક્રમ થયો કે જે ક્રમમાં પ્રાણવાયુ કુંભમાં મોઢા સુધી ભરેલા જળની પેઠે બહાર, વચમાં, ઊંચે, નીચે કે બીજા કોઈ પણ ભાગોમાં ક્ષોભ પામતો નથી. એ મુજબ "ઉકાર"ની ધારણા વડે જેણે શરીરને બાળી નાંખ્યું, તે અગ્નિ વીજળીના અગ્નિની પેઠે ક્ષણમાત્રમાં શાંત થઈ ગયો અને સઘળા શરીરની હિમના જેવી ધોળી સ્વચ્છ ભસ્મ દેખાવા લાગી. આ સ્થિતિમાં શરીરના અસ્થિઓ જાણે કપૂરના ચૂર્ણથી બનાવેલી શય્યામાં સુખથી સૂતા હોય એવા ધોળાં અને ગતિવિનાનાં જોવામાં આવ્યાં. ઊંચે ચાલેલા પ્રચંડ વંટોળીયા વાયુએ ઊંચી આણેલી હાડકાંવાળી તે ભસ્મને હાડકાંનું અને ભસ્મનું ધારણ કરવાના નિયમવાળા અને તપ વડે અત્યંત કૃશ થયેલા રુદ્રના કોઈ ભક્તે પોતાના અવશેષ આકારમાં જોડી દીધી. આમ પ્રચંડ પવને ઉડાડેલી એ હાડકાંની ભસ્મ આકાશને ઘેરી લઈને ક્ષણમાત્રમાં જેમ શરદ્ઋતુના મેઘનું ઝાકળ કયાંય જતું રહે છે તેમ એકદમ કયાંય અલોપ થઈ જતી રહી.

* યોગવાસિષ્ઠ ઉપ૦ સ૦ ૫૪. વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે પાછલા સર્ગ ૫૧ થી ૫૩ જોવા.

ૐકારના આ બીજા ભાગરૂપ ક્રમમાં અગ્નિના શાંત થવારૂપ, ભસ્મના દેખાવરૂપ અને વાયુથી ભસ્મના ઊંચે ચઢવારૂપ તથા ઊડી જવારૂપ જે સઘળી દશાઓ જોઈ તે ઉદ્દાલકે સમાધિના નિયમ પ્રમાણે કેવળ ધારણાભ્યાસની ભાવનાથી જ માની લીધેલી હતી, પરંતુ હઠયોગથી કરેલી ન હતી એમ સમજવું. કેમકે હઠયોગ તો અત્યંત દુઃખદાયી છે.

ૐની ત્રીજી માત્રારૂપ ધારણા વડે થયેલી દિવ્યકાંતિ

ૐકારના ત્રીજા ભાગરૂપ "મ કાર" નું અનુદાત્ત સ્વર વડે થતું ઉચ્ચારણ કે જે શાંતિ આપનારું છે તેમાં પ્રાણવાયુઓનો "પૂરક" નામનો ત્રીજો ક્રમ થયો. એ ક્રમમાં હૃદયમાંથી પ્રાણવાયુઓનું પૂરણ (પૂરાઈ જવું) થાય છે, માટે તે ક્રમ પૂરક કહેવાય છે. એ અવસરે જીવ ચૈતન્યમાં ભાવનાથી ધારેલા અમૃતના મધ્યમાં રહેલા પ્રાણવાયુઓ બહારના આકાશમાં હિમના દર્શન જેવી સુંદર શીતળતાને પ્રાપ્ત થયા. જેમ આકાશના મધ્યમાં રહેલી વરાળો અનુક્રમે શીતળ મેઘપણાને પ્રાપ્ત થાય છે, તેમ આકાશના મધ્યમાં રહેલા તે પ્રાણવાયુ અનુક્રમે ચંદ્રના મંડળને પ્રાપ્ત થયા. અમૃતમય કળાઓના સમૂહોથી સંપૂર્ણ થયેલા જાણે કે રસાયણોનો જ મહાસમુદ્ર હોય એવા અને જાણે 'ધર્મમેઘ" નામની સમાધિ હોય તેમ હર્ષ વડે ભરપુર થયેલા તે ચંદ્રમંડળમાં, જેમ ચંદ્રના કિરણો જાળિયાંઓમાં સ્ફટિકની લાકડીઓ જેવા થઈ જાય છે, તેમ તે પ્રાણવાયુઓ અમૃતમય કિરણોની ધારારૂપ થઈ ગયા. જેમ ગંગા આકાશમાંથી સદાશિવના મસ્તક પર પડી હતી તેમ આ અમૃતમય ધારા આકાશમાં શરીરની અવશેષ રહેલી ભસ્મની ઉપર પડી. એ ધારા પડવાથી જેમ જેની આજુબાજુ સમુદ્ર વિંટાયલો છે એવા મંદરાચલમાં "પારિજાત" નામનું વૃક્ષ પ્રકટ થયું હતું તેમ ચંદ્રના બિંબ સરખી શોભાવાળું, ચાર હાથવાળું શરીર પ્રકટ થયું. નારાયણના શરીરરૂપે ઉદય પામેલું, પ્રફુલ્લિત નેત્રકમળોવાળું, પ્રસન્ન મુખકમળવાળું અને સુંદર કાંતિવાળું એ ઉદ્દાલકનું શરીર શોભવા લાગ્યું. જેમ જળના સમૂહો સરોવરને પૂર્ણ કરે છે અને જેમ વસંતના રસો વૃક્ષને પૂર્ણ કરે છે તેમ અમૃતમય પ્રાણવાયુઓએ તે શરીરને પૂર્ણ કરી દીધું. જેમ જળ ફેલાએલી ચકરીઓવાળી ગંગા નદીને પૂર્ણ કરી દે, તેમ અમૃતમય પ્રાણ–વાયુઓએ ચકરીઓના આકારવાળી અને અંદર રહેનારી કુંડલિની નામની શક્તિને પૂર્ણ કરી. આ રીતે ઉદ્દાલકનું શરીર નિર્મળ થઈ સમાધિના કામમાં યોગ્ય થયું.

ઉદ્દાલકને થયેલા અનેક અનુભવો અને અંતે નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ

નિર્મળ થયેલા એ શરીર વડે ઉદ્દાલક મુનિએ પછી નિર્વિકલ્પ સમાધિનો ઉદ્યોગ (ધારણા બળ વડે) પારંભ્યો; ત્યારે તેના મનને ઘર, મિત્ર, પુત્ર વગેરેની ચિંતા ખેંચી જવા લાગી. તે સર્વને બળાત્કારથી રોકીને ૐરૂપ બનાવી દીધું, પોતાના નેત્રો અર્ધોન્મીલિત કર્યાં, તથા પ્રાણાપાનના વેગને ક્ષોભથી રહિત કર્યો. સર્વ ઇંદ્રિયોને વિષયોથી જુદી કરી સર્વ વૃત્તિઓને પોતામાં જ સંકોચી લીધી. અને સર્વ વિષયોને પોતાના આત્મરૂપ અધિષ્ઠાનમાં ખેંચી લઈ ને દૂર કરી નાખ્યા. એટલે તમામ વિષયો આત્મસ્વરૂપ જ છે એવા નિશ્ચય વડે તેને આત્મસ્વરૂપ બનાવી દીધા. પગની પાની વડે ગુદાદ્વારને દબાવી દીધું તેથી શરીરના નવદ્વારના પવનો રોકાઈ ગયા. ડોકને અક્કડ રાખી અને આત્મચિંતન વડે મનને હૃદયમાં જ પૂરી રાખ્યું તથા વચ્ચે વચ્ચે તેમાં ભાસતા અનેક વિકલ્પોને પણ દૂર કરી નાખ્યા. વિષયોના સમૂહો કપાઈ જતાં, ઉદ્દાલકે પોતાના હૃદયાકાશમાં વિવેકરૂપી સૂર્યને ઢાંકી દેનારું અને આંજણના જેવું કાળું તમોગુણના અંધારાથી થયેલું અંધારું જોયું, તેને ઉદ્દાલકે સત્ત્વગુણરૂપી સૂર્ય વડે તત્કાળ કાપી નાંખ્યું. અંધારું શાંત થતાં સત્ત્વગુણની વૃદ્ધિને લીધે થયેલો તેજનો પુંજ જોયો, તેને પણ રજોગુણના વધારાથી કાપી નાખ્યો. વેતાળ જેમલે ઠીનો પ્રવાહને વેગથી પી જાય તેમ તે આ તેજના પુંજને વેગથી પી ગયો. તેજનો પુંજ વિરામ પામવાથી રજોગુણની વૃદ્ધિને લીધે ઘુમવા લાગેલું તેનું ચપળ મન કોઈ પણ વિષય નહિ મળવાથી મદ્યથી ઘેરાયેલા માણસની પેઠે નિદ્રાને પ્રાપ્ત થયું. તે નિદ્રાને પણ ઉદ્દાલકે કાપી નાંખી. નિદ્રા જવાથી આકાશ સામે દૃષ્ટિ ફેંકતા જેમ અનેક આકારોવાળાં કુંડાળાઓ દેખાય તેમ મનને વાસનાથી કલ્પાયેલા રૂપવાળું સ્વચ્છ આકાશ દેખાયું. જેમ દીવો અંધારાને દૂર કરે તેમ

તેણે એ સ્વચ્છ આકાશને પણ દૂર કરી નાખ્યું. આથી મદિરાપાન કરેલો જેમ મૂઢ થઈ જાય તેમ તેનું મન મૂઢ બની ગયું, પ્રૌઢ વિચારવાળા ઉદ્દાલકે તે મૂઢપણું પણ દૂર કરી નાખ્યું. આ મુગ્ધપ, અંધકાર, તેજ, નિદ્રા, મૂઢપણું ઇત્યાદિકથી રહિત થયેલું ઉદ્દાલકનું મન વાણીથી વર્ણવી નહિ શકાય એવી નિર્વિકલ્પતાને પ્રાપ્ત થઈને થોડીવાર શાંત થયું. પણ પાછું વિક્ષેપના સંસ્કારપ્રાબલ્યવડે તુરત જ જાગૃત થયું.

ઉદ્દાલકને પરમ સ્વરૂપની પ્રાપ્તિ

ધ્યાનાદિના લાંબા અનુસંધાનને લીધે અને નિર્વિકલ્પ સમાધિમાં મળેલા સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય આનંદના અનુભવના સંસ્કારને લીધે, જગતના દેખાવવાળી વૃત્તિમાંથી પાછું નિર્વિકલ્પ સમાધિમાં ખેંચાવા લાગેલું એ ઉદ્દાલકનું મન, વચમાં જેમ સોનું અલંકારોને પ્રાપ્ત થાય તેમ દૃષ્ટ દેવાદિ ચેતન પદાર્થોના દેખાવવાળી સવિકલ્પ સમાધિને પ્રાપ્ત થયું. (નિર્વિકલ્પ સમાધિ પછી આત્મસ્વરૂપ અનેલાની આ પ્રથમાવસ્થા સમજવી). બાદ તે સમાધિના અભ્યાસના પરિપાક વડે મનપણાને છોડી દઈ ચૈતન્યપણાની બીજી અવસ્થાને પ્રાપ્ત થયું. ત્યારબાદ સાક્ષી ચૈતન્યપણાને પ્રાપ્ત થઈ પછી તે મહાચૈતન્યની સાથે એકરસ થતી ગયો અને પછી દૃશ્ય, દર્શન, દ્રષ્ટાદિ ત્રિપુટીઓથી રહિત, દ્વૈતાભાસથી પણ પર, શુદ્ધ મહાચૈતન્યમાં જાણે અમૃતનો મહાસાગર હોય તેવો, બ્રહ્માદિ મહાત્માઓ જેનો સ્વાદ લે છે એવા નિરતિશય આનંદને તે પ્રાપ્ત થયો. અનેક સિદ્ધિઓ, સિદ્ધો, દેવતાઓ, સાધ્યો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ મહાદેવો તેની પાસે આવીને ઉભેલા જોવામાં આવ્યા, છતાં પણ કોઈ વડે નહિ લલચાતાં તે તો અખંડ એક બ્રહ્મરૂપપણામાં જ રહ્યો. એ જ બ્રહ્મપદ ઉત્તમ છે, શાંત છે, કલ્યાણપ્રદ છે, અવિચળ અને સુખરૂપ છે. એ પદમાં જેને શાંતિ મળી હોય, તેને સંસાર સંબંધી ભ્રમ ફરીવાર કદી પણ નડતો જ નથી. આ રીતે સાતમી ભૂમિકા વટાવીને સઘળા વિક્ષેપોનો ઉપરામ થવાથી અને નિરતિશય આનંદરૂપ પરમપદની પ્રાપ્તિથી, જેનાં ચિત્ત, જન્મ તથા મરણ ગલિત થઈ ગયાં છે અને જેનો સંદેહરૂપી હિંચકો ક્ષીણ થઈ ગયો છે, એવો તે ઉદ્દાલક તદ્દન શાંત, વ્યાપક ચિત્તથી રહિત, નિર્મળ અને આવરણાદિથી રહિત, શુદ્ધ, પરબ્રહ્મરૂપ થયેલા એવા આ જીવન્મુક્ત દેહને ધરી રહ્યો.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ પણ સત્તાસામાન્યમાં જ રહે છે

સર્વ દૃશ્ય પદાર્થોનો સંપૂર્ણ વિલય થઈ પોતા સહિત ચિત્ત પણ સ્વરૂપમાં લીન થઈ જાય અને કેવળ એક સામાન્ય ચૈતન્ય જ બાકી રહે તેને સત્તાસામાન્ય કહે છે. ચિત્ત જ્યારે ચૈતન્યની સાથે તદાકાર થાય, ચૈતન્ય વિના બીજું કાંઈ રહે જ નહિ અને તે આકાશ જેવું અત્યંત નિર્મળ થઈ જાય તેને સત્તાસામાન્ય કહે છે. પૃથ્વીમાં ફરનારા જીવન્મુક્ત સત્પુરુષો, ઋષિઓ, આકાશમાં સંચાર કરનાર નારદાદિ તથા તેઓથી પણ ઉપર રહેનારા બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ મહાત્માઓ આ સત્તાસામાન્યમાં જ રહેલા છે. ઉદ્દાલક મુનિ પણ આ સત્તાસામાન્ય પદવીનો આશ્રય કરીને પોતાના પ્રારબ્ધનો ક્ષય થતાં સુધીને માટે આ જગતરૂપી ઘરમાં જીવન્મુક્ત અવસ્થામાં રહ્યો. આ પ્રમાણે સત્તાસામાન્યરૂપ બનેલા ઉદ્દાલકને ઘણા સમય પછી જીવન્મુક્ત અવસ્થામાંથી વિદેહમુક્ત થવાની એટલે કે હું દેહને છોડી દઈ વિદેહમુક્ત થઈને રહું એવો દૃઢ વિચાર થયો. વિદેહમુક્તિના દૃઢ વિચારને લીધે એ ઉદ્દાલક પર્વતની ગુફામાં આસન ઉપર પદ્માસન વાળીને નેત્રોને અડધાં ઉઘાડાં રાખી તેને સ્થિર કરી બેઠો. તેણે પગની પાની વડે ગુદાને રોકીને ચિત્તના નવે દ્વારોને રોકી દીધાં. શબ્દસ્પર્શાદિ વૃત્તિઓને હૃદયમાં હોમી દીધી એટલે તેમાં પોતાના સ્વરૂપભૂત અખંડ બ્રહ્મથી જ એકસરખાપણાની ભાવના કરીને પ્રાણવાયુને રોકી દીધો, તથા ડોકને સ્થિર રાખી જીભના મૂળને કંઠના છિદ્રમાં કમાડની પેઠે ખોસી દીધું. મનને કે દૃષ્ટિને બહાર, અંદર, ઊંચે, નીચે, વિષયમાં કે શૂન્યમાં કોઈ પણ જગાએ જોવાં નહિ, અને ઉપરના તથા નીચેનાં દાંત પરસ્પર અડે નહિ એવી રીતે મુખ રાખ્યું, પ્રાણના પ્રવાહને રોકવાને લીધે મન આદિની ચંચળતાથી રહિત થયેલો, પ્રસન્ન તથા સુશોભિત મુખવાળો અને બ્રહ્માનંદના અનુભવને લીધે રોમાંચિત થયેલા શરીરવાળો એ ઉદ્દાલક મુનિ, મનની સઘળી વૃત્તિઓના લય કરવાના અભ્યાસ વડે મનનું મનપણું ટાળીને પ્રતિબિંબ ચૈતન્યથી બિંબચૈતન્યમાં એક રસ થઈ ગયો.

ઉદ્દાલકની વૈદેહાવસ્થા

ત્યારપછી તે બ્રિગભૂત મહાચૈતન્યનું જ અનુસંધાન કરવાના અભ્યાસથી હૃદયમાં સર્વોત્કૃષ્ટ આનંદના ઝરાને પ્રાપ્ત થયો, તેના સ્વાદના લીધે દશ્યો અને દશ્યોના સંસ્કારોનો પણ સર્વશઃ નાશ થઈ જતાં, દશ્યોને પ્રકાશ આપનારા મહાચૈતન્યપણાના વ્યવહારથી પણ છૂટી જઈને તે સર્વમાં એકરસ તથા અંતથી રહિત એવા સ્વસ્વરૂપવાળો પરમ શાંતિને પ્રાપ્ત થયો. જેના સમાન બીજે કોઈ પણ આનંદ નથી એવા આનંદને લીધે સુશોભિત લાગતા મુખવાળો, અંતે જેના આનંદના ભારથી સૂચવનારા રોમાંચો પણ શાંત થઈ ગયેલા છે એવા તે ઉદ્દાલકને જીવન્મુક્તિની પ્રાપ્તિ થયા પછી પ્રારબ્ધના ભોગનો નાશ થતાં અવિદ્યાના આભાસથી પણ રહિત થયેલો અને જેનો દશ્યોના મનન આદિ સંસાર સંબંધી ભ્રમ તો ઘણા કાળથી નાશ પામેલો હતો એવો એ મહાધીર ઉદ્દાલક મુનિ, ચિત્રમાં આલેખેલા જેવો નિશ્ચળ તથા શરદ્ઋતુના સ્વચ્છ આકાશમાં સઘળી કળાઓથી પૂર્ણ થઈ રહેલા ચંદ્ર જેવો ભરપૂર થઈને રહ્યો. જેમ હેમંતઋતુમાં વૃક્ષનો રસ સૂર્યનાં કિરણોનાં નિર્મળ તેજમાં શાંત થાય છે, તેમ જન્મની દશામાંથી નીકળી ગયેલો એ ઉદ્દાલક મુનિ ધીરે ધીરે કેટલાક દિવસે પોતાના નિર્મળ સ્વરૂપમાં શાંત થયો એટલે વિદેહમુક્તિને પામ્યો. અજ્ઞાનના વિલાસરૂપી સઘળી ઉપાધિઓથી તથા કલ્પનાઓથી રહિત થયેલો, નિર્વિકાર શુદ્ધ સ્વરૂપ એ ઉદ્દાલક બ્રહ્મના ઐશ્વર્ય સુધીનાં સઘળાં સુખોનાં મૂળમૂળ એવા આત્મ સુખને પ્રાપ્ત થયો કે જે સુખમાં ઇંદ્રનું રાજ્ય તથા લક્ષ્મી સંબંધી સુખ તો જળના પૂરમાં ખડનો પેઠે તણાઈ જાય છે. એ આત્મા અંતથી રહિત એવો પરમસુખરૂપ થયો કે જે સુખ અનંત બ્રહ્માંડોની અપરિમિત આકાશોમાં વ્યાપ્ત થયેલી સઘળી દિશાઓમાં ભરેલું છે, સઘળી વસ્તુઓમાં ભરપૂર છે, સઘળા બ્રહ્માંડોમાં અધિષ્ઠાનરૂપ છે, ઘણા ઘણા મહાત્મા પુરુષો વડે સેવાય છે, જે વર્ણન કરી શકાય એવા ગુણોથી પર છે, સત્ય છે, આનંદરૂપ છે અને કાળની મર્યાદાથી પણ પર છે.

સાંખ્ય, ભક્તિ અને યોગદ્વારા દેહત્યાગ કરવાથી મળનારી પરમગતિ

ભગવાન કહે છે: હે અર્જુન! આ રીતે મેં તને અગર્ભ તથા સગર્ભ પ્રાણાયામ વડે તેમજ ધારણાભ્યાસ વડે દેહત્યાગ કરી પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય છે તે ક્રમ કહી સંભળાવ્યો. એટલું જ નહિ પરંતુ જ્ઞાનયોગ (સાંખ્ય) તથા ભક્તિયોગદ્વારા દેહત્યાગ થવાથી એટલે નિત્યપ્રતિ 'હું કૃષ્ણ નહિ પણ આત્મા (શ્લોક ૧) છું' એવા પ્રકારની ભાવના વડે મારું સ્મરણ કરી દેહત્યાગ કરનાર પણ અંતે પરમપદને જ (દિવ્ય પુરુષને જ) પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।

तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥१४॥

પરમપદપ્રાપ્તિનો સુલભ ઉપાય

જે, હું શરીરધારી કૃષ્ણ નહિ પણ આત્મા(શ્લોક ૧) છું એવા દૃઢ નિશ્ચય વડે અનન્ય (અન્=નહિ+અન્ય=બીજો) એટલે આત્મસ્વરૂપ એવા મારાથી બીજો કોઈ છે જ નહિ એ પ્રકારે ચિત્તને કેવળ એક આત્મરૂપ એવા મારામાં જ પરોવીને જે આત્મસ્વરૂપ મારું જ નિત્યપ્રતિ સ્મરણ કરે છે, શરીર, વાણી, બુદ્ધિ વગેરે દ્વારા જે જે કાંઈ વિષયાદિક સંકલ્પો અંતઃકરણમાં સ્ફુરે તે તમામને તરત જ આ સર્વ આત્મસ્વરૂપ છે એવી રીતના દૃઢ નિશ્ચય વડે દાબી દે છે અને અંતઃકરણમાંથી આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એવી રીતે નિત્ય આત્મસ્વરૂપ એવા મારા(શ્લોક ૧)માં જ ચિત્તને જોડ્યું યુક્ત કરેલું છે તેવા યોગીને હું(આત્મા) સુલભ છું. ઉપર બતાવેલા ઉપાયો પૈકી આ જ ઉપાય વગર કષ્ટે પરમપદની પ્રાપ્તિ કરાવનારો અને અત્યંત સુલભ છે.

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।

नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥१५॥

પરમ સંસિદ્ધિને પામેલો મહાત્મા

ભગવાન કહે છેઃ અર્જુન ! આ પ્રમાણે મને આત્મસ્વરૂપ સમજીને નિત્ય મારું સ્મરણ કરવા થકા તેઓને કોઈ બીજી જ ગતિ મળશે એમ સમજીશ નહિ પરંતુ તેઓ આત્મસ્વરૂપ એવા મને પામીને અશાશ્વત એવા આ દુઃખના ઘરને પુનઃ કદિ પણ પામતા નથી. તેઓ તો પરમ કૈવલ્યરૂપ સંસિદ્ધિને પામેલા હોય છે. તાત્પર્ય કે, મને પામીને પરમ સિદ્ધિને પ્રાપ્ત થયેલા મહાત્માઓને પુનઃ કદિ અશાશ્વત એવા દુઃખરૂપ સંસારમાં એટલે જન્મમરણાદિના ચક્કરમાં આવવું પડતું નથી, પરંતુ તેઓ પણ મોક્ષને જ પામે છે.

એકલી બુદ્ધિ જ અવિચળ પદમાં પહોંચાડે છે.

ભગવાન કહે છે કેઃ હે અર્જુન ! એ મુજબ વિચાર, વૈરાગ્ય તથા સમાધિના અભ્યાસક્રમથી વિહાર કરતાં, પોતાથી પોતાનો આત્માનો અનુભવ કરીને તું અત્યંત શુદ્ધ એવા આત્મપદમાં સ્થિર થા. અધ્યાત્મશાસ્ત્રના શ્રવણથી, શાસ્ત્રમાંના અર્થની તત્ત્વદૃષ્ટિએ પરીક્ષા કરવાથી, તત્ત્વજ્ઞ એવા અપરોક્ષાનુભવી સદ્‌ગુરુના ઉપદેશથી અને પોતે કોણ છે? તેની ચિત્ત વડે શોધ કરી સર્વે દૃશ્યોનો અભ્યાસ વડે ક્ષય કરીને. જ્યાંસુધી તે (દૃશ્ય વડે) થયેલ સર્વ દ્વૈતાદિ દૃશ્યોનો બાધ થઈ પરમપદમાં વિશ્રાંતિ મળે નહિ ત્યાં સુધી વિચાર કર્યો કરવો. ઉપર કહેલા વૈરાગ્યથી, અભ્યાસથી, શાસ્ત્રના શ્રવણથી, શાસ્ત્રના અર્થની પરીક્ષાથી, બુદ્ધિથી, આત્મપરાયણ એવા સદ્‌ગુરુની કૃપાથી તથા મનના નિગ્રહ ઇત્યાદિ સાધનો વડે એ પરમ પવિત્ર પદની પ્રાપ્તિ થાય છે. ફલાકાંક્ષા રહિત, જ્ઞાનયુક્ત અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા તત્ત્વદૃષ્ટિની પરીક્ષાના અર્થમાં પ્રવેશ કરાવવાની શક્તિવાળી બુદ્ધિ જેમાં છે તેઓને માટે તો બીજા કોઈ પણ સાધનોની સરહ ન હોય તો પણ ફક્ત તે જ એક મનુષ્યને અવિચળ પદમાં પહોંચાડે છે.

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।

मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥१६॥

બ્રહ્મલોક સુધીના સર્વે પુનરાવર્તનને પામે છે

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે કે, હે અર્જુન ! વધુ શું કહું ? બ્રહ્મલોક સુધીના જે જે લોકો છે તે સર્વે પુનરાવર્તનને પામનારા છે; એટલે જેઓ અત્યંત કષ્ટપ્રદ તપશ્ચર્યાદિ અથવા તો યજ્ઞયાગાદિ કરી બ્રહ્માંડની અંદર આવેલા સ્વર્ગાદિલોક કિંવા છેવટે બ્રહ્મલોકની પ્રાપ્તિ કરે છે, તેવા અત્યંત તપસ્વિઓને પણ કાંઈ મોક્ષ મળી શકતો નથી. પણ તે કરેલી તપશ્ચર્યાનું ફળ ભોગવીને પાછો જન્મમરણાદિના ચક્કરમાં જ પડે છે; પરંતુ આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) એવા મને પામનારને માટે તો પુનર્જન્મ જ નથી. અર્થાત્ તે તો પરમપદને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય, બ્રહ્માદિ લોક સુધી પહોંચેલા સકામીઓ પણ પુનરાવર્તનને પામે છે; પરંતુ મને એટલે તત્‌રૂપ એવા આત્મ (વૃક્ષાંક ૧) ને પ્રાપ્ત થયેલાને તો મોક્ષપદ જ મળે છે.

બ્રહ્મલોકમાં જનારાઓ પુનરાવર્તનને કેમ પામે છે ?

આ વિવેચનનો ઉદ્દેશ એવો છે કે, આ બ્રહ્માંડની અંદર વાસનાવશાત્ અનેક યોનિને પ્રાપ્ત થયેલા અનેકવિધ પ્રકારના વિચિત્રવિચિત્ર પ્રાણીઓ છે. કોઈ સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરે છે, તો કોઈ તે ઉપરના મન્વાદિ લોકની પ્રાપ્તિની ઇચ્છા ધરાવે છે, તો કોઈ સત્યાદિ લોકની પ્રાપ્તિની ઇચ્છા રાખે છે. તથા કોઈ કોઈ તો બ્રહ્મલોકની પ્રાપ્તિની ઇચ્છા ધરાવે છે. આ રીતે તેઓ પોતપોતાની ઇચ્છાનુસાર તે તે

માન ઉપરથી તિથિ, કરણ, વારતુ અને વિવાહાદિ કર્મો, વ્રતો, તીર્થયાત્રા, પ્રયાણ તથા સ્ત્રી ગર્ભધારણની ગણતરી ઇત્યાદિ બાબતોનો વિચાર કરવામાં આવે છે. આ મહિનાની ગણતરી સુદી ૧ થી ૦)) અમાવાસ્યા પર્યંતની ગણાય છે.

(૫) **નાક્ષત્ર કિંવા આર્ક્ષ :** જે નક્ષત્રનો પૂર્વ ક્ષિતિજમાં એક વખત ઉદય થયા પછી તેનો જ પુનઃ પૂર્વ ક્ષિતિજમાં ઉદય થતાં સુધીનો જે કાળ તેને આર્ક્ષ, નક્ષત્ર, નાક્ષત્ર કિંવા ભન્નમ કહે છે, એટલે દૈનિક ભચક્રના પરિભ્રમણને જ નાક્ષત્ર દિવસ કહે [illegible] આને પૂર્ણાંતકાળ પણ કહે છે. પૂર્ણિમાને દિવસે જે નક્ષત્ર હોય તે ઉપરથી કાર્તિકાદિ મહિનાઓનાં નામ પડેલાં છે. જેમ કાર્તિકી પૂર્ણિમાએ કૃતિકા, માગશર પૂતમે મૃગશીર્ષ, પોષે પુષ્ય, માઘે મઘા, ફાગણે ઉત્તરા ફાલ્ગુની, ચૈત્રે ચિત્રા, વૈશાખે વિશાખા, જેઠે જ્યેષ્ઠા, અષાઢે પૂર્વાષાઢા, શ્રવણે શ્રવણ, ભાદ્રપદે પૂર્વાભાદ્રપદા, આસોએ અશ્વિની ઇત્યાદિ; આ માન ઉપરથી નાક્ષત્ર દિવસ, નાક્ષત્ર માસ, નાક્ષત્ર વર્ષ, મેઘની ગર્ભધારણા, વર્ષનું પ્રમાણ અને ઉપર બતાવ્યા પ્રમાણે કાર્તિકાદિ મહિનાઓનાં નામો ઇત્યાદિ બાબતોનો નિર્ણય કરવામાં આવે છે. આ માસની ગણતરી કૃષ્ણ ૧ થી શુકલ ૧૫ પૂર્ણિમા પર્યંત ગણાય.

વ્યવહારોપયોગી માનચતુષ્ટય

કાળમાન માપવાના નવ પ્રકારો ઉપર પ્રમાણે છે. તે પૈકી ભૂલોકમાં અર્થાત્ પૃથ્વી ઉપર રહેનારા મનુષ્યાદિ લોકોના વ્યવહારમાં (૧) સૌર (૨) સાવન (૩) ચાંદ્ર અને (૪) આર્ક્ષ, એ મુજબ ચાર પ્રકારનાં કાળમાપોના સાધનનો જ નિત્યપ્રતિ ઉપયોગ કરવામાં આવે છે એટલે કે આ ચાર પ્રકારનાં મિશ્ર કાળમાપોથી જ ચરાચર મનુષ્યાદિનો વ્યવહાર ચાલે છે. આથી આને વ્યવહારોપયોગી માનચતુષ્ટય પણ કહે છે. બાર્હસ્પત્યમાનથી સંવત્સર વગેરે જાણવામાં આવે છે તથા પ્રાજાપત્ય, પિત્ર્ય, દિવ્ય અને બ્રાહ્મ એ ચાર માનો વ્યવહાર મધ્યે નિત્યપ્રતિ ઉપયોગમાં આવતાં નથી.*

---

*કેટલાકોને એવી શંકા થવા સંભવ છે કે પ્રસ્તુત સમયે વ્યવહારમાં તારીખો પ્રચલિત હોવા છતાં પણ વ્યવહારમાં નિત્યોપયોગી આ ચાર પ્રકારનાં કાળમાપો છે એમ અત્રે કેમ કહેલું છે ? તે સંબંધમાં વિચાર કરતાં બુદ્ધિમાનો જાણી શકશે કે, આ તારીખોની ગણતરી નિસર્ગસિદ્ધ અને સપ્રમાણ નથી. આજે અમુક તારીખ છે એમ જગતમાં પ્રત્યક્ષ બતાવી શકાય તેવું પ્રમાણ કોઈ પણ આપી શકે તેમ નથી. કોઈ શંકા કરે કે આજે પહેલી જનેવારી જ કેમ ગણવી ? બીજી કોઈ તારીખ અને મહિનો કહેવામાં આવે તો શી હરકત છે ? તો તેનું સમાધાન સંતોષકારક અને નિસર્ગસિદ્ધ સાધનદ્વારા પ્રત્યક્ષ રીતે થઈ શકે નહિ, પછી નિરુત્તર થવાને લીધે ભલે તેને પાગલ અથવા મૂર્ખ સમજવામાં આવે; પરંતુ ખરી રીતે તો તેવો પ્રશ્ન કરનારની સપ્રમાણ ખાતરી કરાવી આપવાની આપણી અશક્તિ એટલે કે આપણી પોતાની અજ્ઞાનતા કિંવા મૂઢતા છે, એમ બહારથી નહિ તો અંદરખાનેથી તો કબૂલ કરવું જ પડશે. વાસ્તે, પ્રાચીનકાળ પદ્ધતિને માટે પણ આ પ્રશ્ન ઉપસ્થિત કરી લોકો કહેશે કે તમો જે પંચાંગના આધારે આજે અમુક તિથિ છે તે કહો છો, તેની સપ્રમાણ અને નિસર્ગસિદ્ધ સાધનદ્વારા ખાતરી કરાવી શકો છો ? તેના ઉત્તરમાં સમુદ્રની ભરતી અને ચંદ્રની ક્ષય વૃદ્ધિ એ નૈસર્ગિક સાધનો પ્રત્યક્ષ હોઈ તે પ્રમાણરૂપ છે. એક તિથિનો ક્ષય હોય તો તુરત બે દિવસની ભરતી એક સાથે આવે છે. એ વાત તો સમુદ્ર કાંઠે રહેનારા સાધારણ માછીમારોને પણ ખબર હોય છે. વળી જનેવારી આદિ મહિનાઓના નામની પણ નિસર્ગસિદ્ધ ખાતરી કરાવી શકાય તેમ નથી. આ તો અંધ પરંપરાન્યાયે ચાલતું આવેલું અને સત્તા વડે દૃઢ થવા પામેલું જાણવું છે એટલું જ. વળી આશ્ચર્ય તો એ છે કે મહિનાનો અર્થ ત્રીસ તિથિ, ત્રીસ દિવસો કિંવા ત્રીસ અંશો એવો નિશ્ચિત સિદ્ધાંત ઠરેલો છે. પછી તે સાવનના ત્રીસ સૂર્યોદય, ચંદ્રમાનની ત્રીસ તિથિ, તથા સૌરમાન પ્રમાણે ત્રીસ અંશો ગણાય. તાત્પર્ય મહિનાનો અર્થ ત્રીસની સંખ્યા દર્શાવવી તથા વર્ષનો અર્થ ૩૬૦ દિવસો, અંશો કિંવા તિથિઓની સંખ્યા દર્શાવવી એવો સિદ્ધાંત છે. છતાં આ પાશ્ચાત્યોમાં કેટલાક મહિનો ૨૮ દિવસનો તો કેટલાક ૩૧નો, કેટલાક ૨૯નો, એ પ્રમાણે ૩૬૫ દિવસોનું વર્ષ ગણીને ગમે તેમ ખેંચતાણ કરીને મેળ બેસાડવા પ્રયત્ન કરેલો છે, જે ખરેખર હાસ્યાસ્પદ જણાશે. વાસ્તે, તેઓના પંચાંગની સ્થિતિ પણ એવી જ. તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ, એ પાંચ અંગો જેમાં હોય તેને પંચાંગ કહે છે. પરંતુ આ પાશ્ચાત્યો તો તારીખો અને અંશો વડે પંચાંગો કરી લોકોને ઉલટા માર્ગે લઈ જાય છે. અંશો તો ગણિત સિદ્ધ હોવાથી તે વિદ્વાનોનો જ વિષય છે. સર્વ સામાન્ય લોકોને

માનવી અને દિવ્ય વર્ષોમાં ત્રણસો સાઠગણું અંતર છે.

આ માનવીઓના વ્યવહારમાં ચાલતાં ચાર કાળમાપો પૈકી સૌરમાનનું જે વર્ણન ઉપર કરેલું છે તે એટલે સૂર્યને એક અંશ ચાલવાને માટે જેટલો સમય લાગે છે તે એક અંશ કિંવા દિવસ, ત્રીસ અંશ કિંવા દિવસની એક રાશિ કિંવા મહિનો. સૂર્યના કર્કથી ધનસંક્રાંતિ પર્યંત છ રાશિમાં પરિભ્રમણ થતાં સુધીનો કાળ તે દક્ષિણાયન તથા મકરથી મિથુનના અંત સુધીના છ રાશિ પર્યંતના થતા પરિભ્રમણના કાળને ઉત્તરાયણ એમ કહેવામાં આવે છે. આ જ દેવોનો રાત્રિદિવસ (અહોરાત્ર) કહેવાય છે. આને સૌર કિંવા ભૌમ વર્ષ પણ કહે છે. આ રીતે સૌરનું એક વર્ષ એટલે દેવતાનું એક અહોરાત્ર ગણાય. અર્થાત માનવીઓનું સૌરમાન પ્રમાણેનું એક વર્ષ એટલે દેવતાઓનું એક અહોરાત્ર એ પ્રમાણે થયું.

મહાયુગ તથા તેનાં વર્ષો

(૧) **કૃતયુગ કિંવા સત્યયુગ:** દિવ્ય વર્ષો ૪૮૦૦ તેના માનવીય (સૌર) વર્ષો ૧૭,૨૮,૦૦૦ (૨) **ત્રેતાયુગ:** દિવ્ય વર્ષો ૩૬૦૦ તેનાં માનવીય (સૌર) વર્ષો ૧૨,૯૬,૦૦૦ (૩) **દ્વાપરયુગ:** દિવ્ય વર્ષો ૨૪૦૦ કિંવા મનુષ્યોનાં (સૌર) વર્ષો ૮,૬૪,૦૦૦ તથા (૪) **કલિયુગ:** દિવ્ય વર્ષો ૧૨૦૦ કિંવા મનુષ્યોના (સૌર) વર્ષો ૪,૩૨,૦૦૦ નો થાય છે. આ ચારે યુગો ગણીને એક મહાયુગ કહેવાય છે. જેમાં દિવ્ય વર્ષો ૧૨૦૦૦ અને મનુષ્યોનાં (સૌર) વર્ષો ૪૩,૨૦,૦૦૦ થાય છે.

કલ્પ તથા મહાકલ્પ એટલે શું ?

૭૧$\frac{૪}{૭}$ મહાયુગો (સંધ્યાંશસહ) ૮૫૦૭૨$\frac{૪}{૭}$ દિવ્ય વર્ષો અથવા માનવીય (સૌર) વર્ષો ૩૦૮૫૭૨૮$\frac{૪}{૭}$ એટલે એક મન્વંતર થાય છે. આવા ચૌદ મન્વંતર કિંવા ૧૦૦૦ એક હજાર મહાયુગો એટલે એક કલ્પ થાય છે. અહીં કલ્પનો અર્થ બ્રહ્મદેવનો એક દિવસ એવો છે. આ બ્રહ્મદેવના એક દિવસમાં દિવ્ય વર્ષો ૧,૨૦,૦૦,૦૦૦ એક કરોડ વીસ લાખ અથવા માનવીય સૌર (ભૌમ) વર્ષો ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ ચાર અબજ બત્રીસ કરોડ થાય છે. આ તો બ્રહ્મદેવનો ફક્ત એક દિવસ થયો, તેટલો જ વખત તેની રાત્રિ હોય છે. આ રીતે ૨૦૦૦ મહાયુગો, ૨,૪૦,૦૦,૦૦૦ દિવ્ય વર્ષો તથા ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ માનવીય સૌર વર્ષો મળી બ્રહ્મદેવની એક અહોરાત્ર થાય છે. બ્રહ્મદેવનો દિવસ ઉગે ત્યારે તે આ ચરાચર બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે તથા રાત્રિ થાય ત્યારે ચૌદ લોક સહ તેનો વિલય કરે છે. આમ બ્રહ્મદેવનું આયુષ્ય તેનાં સો વર્ષોનું જ હોવું જોઈએ એ એ પણ તદ્દન નિશ્ચિત કરેલું છે.

આયુષ્ય સંપૂર્ણ થતાં સુધી આ પ્રમાણેનો તેનો સૃષ્ટિની ઉત્પત્તિ તથા લયનો ક્રમ ચાલુ જ હોય છે. આમ બ્રહ્મદેવનાં પોતાના સો વર્ષના આયુષ્યમાં ૭૨,૦૦૦ બોતેર હજાર કલ્પો, ૧૪.૪૦,૦૦,૦૦૦ ચૌદ કરોડ ચાલીશ લાખ મહાયુગો, ૮,૬૪,૦૦,૦૦,૦૦,૦૦૦ આઠ નિખર્વ, છ ખર્વ, ચાર અબજ દિવ્ય વર્ષો તથા ૩૧,૧૦૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (દશ શૂન્ય) ત્રણ જલધિ, એક શંકુ, એક મહાપદ્મ. શૂન્ય નિખર્વ, ચાર ખર્વ

તેમાં આંક નાખી તેની અજ્ઞાનતાનો લાભ લેવાની આ એક મૂર્ખતા જ કહેવાશે. આ પ્રમાણે વ્યવહારમાં લોકોને નૈસર્ગિક રીતે પ્રત્યક્ષ સપ્રમાણ ખાતરી કરાવી આપે એવું એકે પ્રમાણ તેઓ આપી શકે તેમ નથી તેથી તિથિઓ જ પ્રમાણભૂત છે. સિવાય આટલું આટલું કરવા છતાં પણ તેઓ પૃથ્વીની ઉત્પત્તિ કયારે થઈ તે વિશ્વસનીય રીતે બતાવી શકતા નથી. અર્થાત્ આ તારીખી કાળ નિસર્ગસિદ્ધ નથી અને તેની પ્રતીતિ તો હાલમાં દરેકને પ્રત્યક્ષ આવેલી છે. એક કલાક ઘડિયાળ આગળ કરવાનો હાસ્યાસ્પદ કિસ્સો તો તાજો જ છે. કારણ કે આ કાળ નિસર્ગસિદ્ધ નહિ હોવાથી તેમાં મનની ઇચ્છા પ્રમાણે ફાવે તેમ ફેરફાર કરી શકાય છે; પરંતુ સૂર્યચંદ્રની ગતિને કાંઈ બદલી શકાય છે ખરી કે ? વળી તારીખો રાત્રે બાર વાગે જ કેમ બદલવી ? તેને માટે પણ કાંઈ સપ્રમાણ ઉત્તર નથી. સમજો કે કદાચ ઘડિયાળોને બદલે ભવિષ્યમાં બીજા કોઈ સાધનની શોધ થાય તો આ ઘડિયાળી (તારીખી) કાળનો અંત પણ તે જ દિવસે આવી જાય. આ રીતે બાળકની રમત જેવું આ આધુનિક વિજ્ઞાનને નામે ગણાતું આધુનિક કાળનું અંધપરંપરા ન્યાયે ચાલતું આવેલું આ કાળરૂપી નાટક કેવળ હાસ્યાસ્પદ જ છે એમ લાગ્યા સિવાય રહેશે નહિ—(કાળની ઉત્પત્તિ વગેરે સંબંધમાં મહાકાળ પુરુષવર્ણન ભાગ ૧ પ્રકાશન ૪ જુઓ).

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।

प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥२३॥

હે ભરતર્ષભ! જે કાળમાં પ્રયાણ થવાથી યોગી પુનરાવૃત્તિને પામતો નથી એટલે જે થકી નિવૃત્ત થઈ ફરીથી જન્મના ચક્કરમાં કદી આવતો નથી, તથા જે કાળમાં પ્રયાણ થવાથી આવૃત્તિ-અર્થાત્ જન્મના ચક્કરમાં જ આવ્યા કરે છે, તે કાળ અને તે માર્ગ હું તને કહું છું તે તું સાંભળ.

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।

तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥

યોગીઓનો ઉત્તરાયણ યા દેવયાન પથ

આ બ્રહ્માંડ મધ્યે વિહાર કરવાના મુખ્ય બે માર્ગો છે (૧) દેવયાન, અર્ચિરાદિ અથવા ઉત્તર માર્ગ અને (૨) પિતૃયાણ, ધૂમાદિ અથવા દક્ષિણ માર્ગ. આને જ ક્રમે પ્રકાશ અને અંધકાર એવાં પણ નામો આપેલાં છે. બ્રહ્મને જાણનારા એટલે કે આ સર્વ બ્રહ્મરૂપ છે, તે સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ એવું જાણનારાઓ બ્રહ્મવિદો પ્રયાણ પછી અગ્નિ, જ્યોતિ (જ્વાળા), દિવસ, શુક્લ પક્ષ એટલે (પિતૃઓનો દિવસ) અને દિવ્ય દિવસ એટલે છ માસનો દેવતાઓનો દિવસ અથવા ઉત્તરાયણ એ માર્ગે જ છેવટે બ્રહ્મને પામે છે. એટલે તેઓ પુનરાવૃત્તિને પામતા નથી.

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।

तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥२५॥

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।

एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ॥२६॥

યોગીઓનો દક્ષિણાયન યા પિતૃયાણ માર્ગ

પુનરાવૃત્તિ પામનારા એટલે કે ફરી ફરીથી જન્મમાં આવનારા પ્રથમ અગ્નિના ધૂમાડામાં સાંથી રાત્રિ, કૃષ્ણપક્ષ, છ માસ દક્ષિણાયનને માર્ગે ચંદ્રમાની જ્યોતિને પામીને વળી પાછા અહીં આવે છે એટલે વિદ્યુલ્લોક સુધી જઈને ત્યાંથી ઉપર બ્રહ્મલોકમાં નહિ જતાં ફરી પાછા આ લોકમાં જન્મને પામે છે.

પ્રવૃત્ત કર્મ કયું?

આ ઉત્તરાયણ તથા દક્ષિણાયન માર્ગ સંબંધમાં શાસ્ત્રમાં નીચે પ્રમાણેનું કથન છે, તે જાણવાથી વધુ સ્પષ્ટતા થશે, પ્રવૃત્ત અને નિવૃત્ત (પ્રવૃત્ત કર્મ અને નિવૃત્ત કર્મ માટે અધ્યાય ૭મો જુઓ) એમ બંને પ્રકારનું કર્મ વેદમાં કહેલું છે. તે પૈકી પ્રવૃત્ત કર્મ વડે સંસારમાં ફેરો થાય છે, અને નિવૃત્ત કર્મથી મોક્ષ મળે છે. શ્યેન યાગાદિ, અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયજ્ઞ, સોમયાગ, વૈશ્વદેવ અને અગ્નિષ્ટોમ યજ્ઞાદિ કર્મો કે જે અન્ન, ઘૃત, તલ, પશુ ઇત્યાદિ પદાર્થોનો ઉપયોગ કરવાથી થઈ શકે એવાં હોય છે તે ઇષ્ટ કર્મો કહેવાય છે; અને દેવાલય, બગીચા, કૂવા, ધર્મશાળા તથા પરબ બંધાવવાં વગેરે કર્મો પૂર્તકર્મો કહેવાય છે, આ ઇષ્ટ અને પૂર્તકર્મો જો સકામ અને અત્યંત આસક્તિ સહ કરવામાં આવે તો તે પ્રવૃત્ત કર્મ કહેવાય છે.

ॐ तत्सत्

जगतनी शुक्ल अने कृष्ण गतिनो स्पष्टतादर्शक

वृक्ष आ




દેવયાનપથ વૃક્ષ આ
ચાલુ (૧૧ આ) બ્રહ્મલોક વા પરમેષ્ઠીમણ્ડલ
ક્રમાંક
ૐ યજ્ઞકુંડમાંથી નીકળતી જ્વાળા વા અગ્નિ
૧ સૂર્ય જ્યોતિ પ્રદેશ
૩ અહર અથવા દિવસનો પ્રદેશ
૫ શુક્લ પક્ષ પ્રદેશ
૭ ઉત્તરાયણનો પ્રદેશ
૯ અગ્નિ સ્વરૂપ અથવા ઉષ્ણ તેજ
૧૧ બ્રહ્મલોક અથવા પરમેષ્ઠી મંડળ
(આ માર્ગે જનારાઓ ઉત્તરોત્તર આગળ જઈ છેવટે આત્મામાં તન્મય બને છે. તેઓનું પુનરાગમન થતું નથી).
આ માર્ગને અર્ચિરાદિ કિંવા દેવયાન માર્ગ કહે છે.
(આ ૯)
(ઉષ્ણ તેજ)
(અગ્નિ તેજ)
આ માર્ગે જનારાઓને જન્મ મરણ નથી.
ઉત્તરાયણ (આ ૭)
શુક્લ પક્ષ (આ ૫)
દિવસનો પ્રદેશ (આ ૩)
સૂર્ય કિંવા દેવયાન પથ (આ ૧)
યજ્ઞ કુંડ
(આ ૨)
(આ ૪)
(આ ૬)
(આ ૮)
(આ ૧૦)

દક્ષિણ કિંવા પિતૃયાણ માર્ગ

પ્રવૃત્ત કર્મ કરનારો યજ્ઞમાંના પુરુષ, ચરુ કિંવા પુરોડાશાદિકના સૂક્ષ્મ ભાગથી બનેલો દેહ ધારણ કરીને પ્રથમ ધૂમના દેવ પાસે જાય છે; તે ધૂમાડાદ્વારા રાત્રિના દેવ પાસે જાય છે, ત્યાંથી કૃષ્ણપક્ષના દેવ પાસે જાય છે, ત્યાંથી દક્ષિણાયનના દેવ પાસે જાય છે તથા ત્યાંથી ચંદ્રલોકમાં જાય છે. આટલે સુધી ચઢીને વળી પાછો ભોગનો ક્ષય વડે ઉત્પન્ન થએલા શોકાગ્નિથી દુઃખો થઈ વૃષ્ટિરૂપ દ્વારથી ઔષધિ, લતા, અન્ન અને વીર્યમાં એમ અનુક્રમે આ સંસારમાં જન્મે છે. પ્રવૃત્ત કર્મનો માર્ગ આ રીતનો હોઈ તે પુનર્જન્મ આપનારો છે. ગર્ભાધાનથી માંડીને મરણ પર્યંત ષોડશ (સોળ) સંસ્કારો (ષોડશ સંસ્કારને માટે વેદાંગ કલ્પસૂત્ર જુઓ) જેને થયા હોય એવો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ પ્રવૃત્ત કર્મના અધિકારી છે. આ પ્રવૃત્ત કર્મ સંબંધમાં કહ્યું. હવે નિવૃત્ત કર્મ વિષે કહું છું તે સાંભળ.

નિવૃત્ત કર્મ તથા દેવયાન માર્ગ

જ્ઞાની પુરુષો ઇંદ્રિયોના વ્યાપારરૂપ દૃષ્ટ તથા પૂર્ત વગેરે તમામ કર્મોને ઇંદ્રિયોમાંજ હોમે છે. એટલે એ દૃષ્ટ વગેરે ધર્મો ઇંદ્રિયોથી જુદા નથી, એમ જાણે છે. ઇંદ્રિયોને તેના સંકલ્પ વિકલ્પરૂપ એના મનમાં હોમે છે, સંકલ્પ વિકલ્પાદિ વિકારવાળા મનને વૈખરીવાણીમાં અને વાણીને અક્ષરોના સમુદાયમાં હોમે છે. અક્ષરોના સમૂહોને અકારાદિ ત્રણ વર્ણ (અ, ઉ, મ્)વાળા ૐકારમાં હોમે છે. ૐકારને બિંદુમાં, બિંદુને નાદમાં, નાદને પ્રાણમાં એટલે સુત્રાત્મામાં અને પ્રાણને બ્રહ્મમાં હોમે છે. આ રીતે નિવૃત્ત કર્મ કરી જ્ઞાનમાં નિષ્ઠા રાખનાર પુરુષ પ્રથમ અગ્નિદેવની પાસે જાય છે, ત્યાંથી સૂર્યદેવની પાસે, ત્યાંથી દિવસના દેવની પાસે, ત્યાંથી દિવસના અંતમાં થઈ શુક્લપક્ષના દેવની પાસે જાય છે, શુક્લપક્ષના અંતમાં થઈ ઉત્તરાયણના દેવની પાસે, ત્યાંથી બ્રહ્માની પાસે, બ્રહ્મલોકમાં રહી ત્યાંના ભોગ ભોગવ્યા પછી પોતે કે જે સ્થૂળ શરીરની ઉપાધિવાળો વિશ્વ, વિશ્વાત્મા કિંવા વિરાટસંજ્ઞક છે, (વૃક્ષાંક ૪) તે વિરાટ જ સ્થૂલ કહેવાય છે, તે સ્થૂળનો સૂક્ષ્મમાં લય કરી સૂક્ષ્મ ઉપાધિવાળો તૈજસ બને છે (વૃક્ષાંક ૬). પછી આ સૂક્ષ્મ તૈજસનો ક્રમે કારણમાં લય કરી કારણ શરીરની ઉપાધિવાળો પ્રાજ્ઞ થાય છે. કારણ શરીરનો (વૃક્ષાંક ૩) આ ત્રણેમાં વ્યાપક એવો સાક્ષી સ્વરૂપ (વૃક્ષાંક ૨)માં લય કરી તે ચોથો એટલે સૌથી જુદો પડે છે એટલે કે સર્વ દૃશ્ય પદાર્થોનો લય થતાં તે શુદ્ધ આત્મરૂપભૂત મુક્ત(વૃક્ષાંક ૧)ને પામે છે. આ માર્ગ કે જેમાં આ ક્રમ પ્રમાણે આત્મપ્રાપ્તિ થાય છે તે માર્ગને દેવયાન કિંવા અર્ચિરાદિ માર્ગ કહે છે. આ મુજબ આત્માનું જ નિત્ય યજન કરનારો, આત્મામાંજ રહેલો અને પરમશાંતિને પામેલો પુરુષ, આ માર્ગે જઈ પાછો સંસારમાં જન્મતો નથી, અર્થાત્ મોક્ષને પામે છે.

દેવયાન પિતૃયાણ માર્ગને જાણનારો મોહને પામતો નથી

વેદે પ્રતિપાદન કરેલા આ પિતૃયાણ અને દેવયાન નામના બે માર્ગોનો સાક્ષીરૂપ દૃષ્ટિથી એટલે કેવળ દ્રષ્ટાભાવથી જે જાણે છે તે પુરુષ દેહમાં રહ્યા છતાં પણ મોહને પામતો નથી, કેમકે અનિર્વચનીય એવી એ સત્ વસ્તુ જ દૃશ્યાદિના આદિમાં કારણ રૂપે, કારણ પૂર્વે દ્રષ્ટા વા સાક્ષીરૂપે. અંતમાં અવધિરૂપે, બહાર ભોગ્યરૂપે અંદર ભોક્તારૂપે હોઈ **"ब्रह्मविद्ब्रह्मैव भवति"** એ શ્રુતિ સિદ્ધાંતાનુસાર જ્ઞાની પોતે પણ સત્ એવા બ્રહ્મરૂપ બનેલો હોય છે એટલે જ્ઞાનીમાં અને બ્રહ્મમાં કિંચિન્માત્ર પણ ભેદ હોતો નથી. આથી ઊંચ, નીચ, જ્ઞાન, અજ્ઞાન, જાણવાયોગ્ય શબ્દ, અર્થ, અપ્રકાશ અને પ્રકાશ ઇત્યાદિ સર્વ જ્ઞાની પોતે જ છે એટલે જ્ઞાની પુરુષ પોતાથી એટલે આત્મસ્વરૂપથી જુદું બીજું કાંઈ પણ દેખતો જ નથી કે જેથી તેને મોહ થાય (ભા૦ સ્કં૦ ૭ અ૦ ૧૫ શ્લો૦ ૪૭ થી ૫૬).

શ્રી ભગવાન કહે છે કે: હે પાર્થ આ દેવયાન તથા પિતૃયાણ માર્ગ સમજવાને માટે બ્રહ્માંડની રચના કેવા પ્રકારની છે તે જાણવાની ખાસ જરૂર છે.

પ્રેતને અગ્નિદાહ કેમ કરવો ?

આ બ્રહ્માંડની ઉત્પત્તિ કરનાર બ્રહ્મદેવ કે જેનો અભિમાની દેવતા વિશ્વસંજ્ઞક કહેવાય છે (વૃક્ષાંક **આ** ૧૩), તેણે જ આ વિરાટ પુરુષના સ્થૂલ દેહરૂપ સમષ્ટિ બ્રહ્માંડ (વૃક્ષાંક **અ** ૧૩ થી ૧૫ ઘ) ની ઉત્પત્તિ કરેલી છે (વૃક્ષાંક **આ** ૧૨) અને આ બ્રહ્માંડને પોતાના સંકલ્પ બળવડે પ્રથમ (૧) અગ્નિસ્વરૂપ એટલે ઉષ્ણ તેજ તથા (૨) સોમ સ્વરૂપ એટલે શીત એમ બે પ્રકારમાં વહેંચી નાખ્યું (જુઓ વૃક્ષાંક **આ** ૬ તથા **આ** ૧૦) આ સમષ્ટિ બ્રહ્માંડની અંદર પ્રથમ સૌથી ઉપર ઋત એવો બ્રહ્મલોક આવેલો છે (જુઓ વૃક્ષાંક **આ** ૧૧) તથા અગ્નિ સ્વરૂપની અંતર્ગત દેવયાન માર્ગ હોઈ તેમાં ઉપરથી નીચે ક્રમે ઉત્તરાયણ (વૃક્ષાંક **આ** ૭), શુક્લ પક્ષ (વૃક્ષાંક **આ** ૫), દિવસ(સાવન દિવસ)નો પ્રદેશ(વૃક્ષાંક **આ** ૩), સૂર્ય, જ્યોતિ કિંવા જ્વાળાનો પ્રદેશ (વૃક્ષાંક **આ** ૧) તથા અગ્નિ(વૃક્ષાંક **આ** ૦) એ પ્રમાણેનો સમાવેશ થાય છે તથા શીત તેજની અંતર્ગત પિતૃયાણ માર્ગ આવેલો હોઈ તેમાં ક્રમે યજ્ઞકુંડ(વૃક્ષાંક **આ** ૦), ધૂમાડાઓનો પ્રદેશ (વૃક્ષાંક **આ** ૨), રાત્રિનો પ્રદેશ (વૃક્ષાંક **આ** ૪) કૃષ્ણપક્ષનો પ્રદેશ(વૃક્ષાંક **આ** ૬), દક્ષિણાયન(વૃક્ષાંક **આ** ૮) તથા ચંદ્રની જ્યોતિ (ચાંદ્રજ્યોતિ) નો પ્રદેશ (વૃક્ષાંક **આ** ૧૦)નો સમાવેશ થાય છે. પિતૃયાણ માર્ગે જનારો આટલે બધે ઊંચે જઈને વળી પાછો નીચે આવે છે તથા દેવયાન માર્ગે જનારો ક્રમે ક્રમે ઉપર જઈ બ્રહ્મસ્વરૂપમાં લીન થઈ જાય છે. સારાંશ એ કે, જીવાત્મા દેવયાન માર્ગે લઈ જનારાં થતાં તમામ નિવૃત્ત કર્મો અગ્નિની જ્વાળા અથવા સૂર્યકિરણાદિ દ્વારા આ માર્ગે ગમન કરે છે તથા પિતૃયાણ માર્ગે લઈ જનારાં થતાં તમામ પ્રવૃત્ત કર્મો અગ્નિના ધૂમાડા કિંવા ચંદ્રના કિરણોદ્વારા દક્ષિણાયનમાર્ગે ચાંદ્રજ્યોતિ સુધી જઈ ફરી ફરીથી નીચે આવે છે આ રીતનો ક્રમ નિત્યપ્રતિ ચાલતો હોવાથી જ્યારે મૃત જીવાત્માના શબનું દહન કરવામાં આવે છે ત્યારે શાસ્ત્રમાં અંત્યેષ્ટિ વિધિ* કરવાની આજ્ઞા છે (આશ્વલાયન ગૃહ્યસૂત્ર અ૦ ૪ તથા પારસ્કર આદિ ગૃહ્યસૂત્ર જુઓ). તે વિધિને શબને અગ્નિદાહ કરવાનો વિધિ એવા પ્રકારે વ્યવહારમાં કહેવામાં આવે છે; પરંતુ વાસ્તવિક તો તે પ્રેતયજ્ઞ છે. વિધિ અનુસાર શબનો દાહ કર્યા પછી મંત્ર સામર્થ્યદ્વારા તેમાંનો વાસનાત્મક જીવ ઉપર બતાવ્યા પ્રમાણે જો બ્રહ્મની ભાવનાવાળો અર્થાત્ નિવૃત્ત કર્મ કરી તદ્દન નિષ્કામ થયેલો હોય તો તે ક્રમે પ્રથમ અગ્નિમાંથી જ્વાળા દ્વારા જે અધિદેવતાની શક્તિવડે જ્વાળા પ્રજ્વલિત થાય છે તે દેવતાના શરીરમાં પ્રવેશ કરે છે. અગ્નિમાંથી ધૂમાડો અને જ્વાળા એમ બે પ્રકારો હંમેશાં નીકળે છે તે તો દરેકના અનુભવની વાત છે. તેમાં જે દેવતાની શક્તિ વડે જ્વાળા પ્રકટ થાય છે તે દેવતા તથા જે દેવતાની શક્તિવડે ધૂમાડો પ્રકટ થાય છે તે બે જુદા જુદા હોય છે×. આ બંનેના અધિદેવતાઓ ભિન્ન ભિન્ન છે. તે પૈકી નિવૃત્તકર્મ કરનારો નિષ્કામ ઉપાસક પ્રથમ અગ્નિદાહ થયા પછી તેમાંથી નીકળનારી જ્વાળાઓના અધિદેવતા (વૃક્ષાંક **આ** ૧)ના સૂક્ષ્મ શરીરમાં પ્રવેશ કરીને ત્યાંથી આ સાવન દિવસ એટલે સૂર્યોદયથી સૂર્યાસ્તસુધીનો કાળ(વૃક્ષાંક **આ** ૩)ના અધિદેવતામાં, ત્યાંથી પિતૃદેશમાંના શુક્લપક્ષના અધિદેવતા(વૃક્ષાંક **આ** ૫) માં; ત્યાંથી દેવલોકમાંના પ્રદેશમાંનાં ઉત્તરાયણના અધિદેવતા(વૃક્ષાંક **આ** ૭)માં, ત્યાંથી બ્રહ્માંડમાંના ઉષ્ણ પ્રદેશ (વૃક્ષાંક **આ** ૯)માં, ત્યાંથી બ્રહ્મલોક(વૃક્ષાંક **આ** ૧૧)માં એ મુજબ આ જીવાત્મા બ્રહ્માંડ મધ્યે ઉત્તર માર્ગે પ્રયાણ કરે છે. ત્યાં બ્રહ્મલોકમાં અધિદેવતાની સાથે કેટલોક કાળ ઉપભોગ લઈ પછી બ્રહ્માંડને ભેદીને તે જીવ ઉપર વિશ્વ કિંવા સમષ્ટિના અભિમાની દેવતા બ્રહ્મદેવ(વૃક્ષાંક **આ** ૧૩)માં, ત્યાંથી ઉપર ક્રમે વિરાટનો સૂક્ષ્મદેહ તૈજસરૂપ હિરણ્યગર્ભ (વૃક્ષાંક **અ** ૬ થી ૧૧) હોઈ તેનું મૂળ મહાપ્રાણ (વૃક્ષાંક **અ** ૬) કહે છે

---

* પ્રેતને અગ્નિદાહ શા માટે કરવો ? અને પ્રેતયજ્ઞ થયા બાદ તેની ગતિ થાય છે તે સંબંધમાં આધારને માટે જુઓ બૃહદારણ્યક ઉપનિષદ્ અ૦ ૫ બ્રા૦ ૯, ૧૦.

× મારુત, પવમાન, શોભન, મંગલ, પ્રબલ, પાર્થિવ, શુચિ, સભ્ય, સમુદ્ભવ, સૂર્ય, યોજક, દ્વિજ, રુકમક, વિઠ, પાવક, હવ્ય, કવ્ય, વરદ, બલવર્ધન, મૃડ, ક્રોધ, કામદ, દુર્દૃષક, જાઠર, કવ્યાદ, વહ્નિ, હુતાશન, અપ્પરો, બ્રાહ્મણ, ચાટરો, સંવર્તક, બ્રહ્મા (ગાર્હપત્ય), ઈશ્વર (દક્ષિણાગ્નિ), વિષ્ણુ (આહવનીય) ઇત્યાદિ બોંતેર પ્રકારના અગ્નિદેવ હોઈ દરેક કાર્યમાં જુદા જુદા નામવાળા અગ્નિદેવતાનું આવાહન કરવામાં આવે છે. વેદાંત કલ્પસૂત્ર જુઓ.

તેમાં(જુઓ વૃક્ષાંક આ ૧૪); ત્યાંથી સૂક્ષ્મના કારણ તથા વિરાટ પુરુષના કારણ દેહ એવા પ્રાજ્ઞ કે જેના અભિમાની દેવતા ઈશ્વર હોઈ જેને સદાશિવ યા વાસુદેવ એ નામો વડે પણ શાસ્ત્રમાં સંબોધે છે (વૃક્ષાંક આ ૧૫ જુઓ) તેમાં; તેમાંથી પછી વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એ ત્રણેના તથા તેની અંદર આવેલા ચરાચરના દ્રષ્ટા કિંવા સાક્ષી ઈશ્વર(વૃક્ષાંક આ ૧૬)માં વિલય થાય છે. સાક્ષીમાં વિલય થયો કે તે અનાયાસે જ અનિર્વચનીય એવો 'તત્' વા આત્મ (વૃક્ષ અ વૃક્ષાંક ૧ તથા વૃક્ષ આ વૃક્ષાંક ૧૭) સ્વરૂપે બને છે. એ ક્રમે ઉત્તરાયણ ગતિવાળો અંતે પરમગતિને પ્રાપ્ત થાય છે. જ્યાં ગયા પછી તેને ફરીથી પુનરાવૃત્તિ એટલે જન્મમરણના દુઃખરૂપ ચક્કરમાં આવવું પડતું નથી. આને જ અર્ચિરાદિ કિંવા દેવયાન પથ વા માર્ગ કહે છે. શાસ્ત્રમાં યજ્ઞાદિ ક્રિયો કરવાની જે આજ્ઞા છે તેનું કારણ પણ આ જ છે. આત્મયજ્ઞ સુધીના નિષ્કામ યજ્ઞાદિ ક્રમો કરવાથી તેમાં જે જેવી વાસના કરીને યજ્ઞ કરે છે તેવો તેવો ઘનીભાવ બની તે આ અંતરાળમાં જઈ ઉપર બતાવેલા માર્ગે બ્રહ્મસ્વરૂપ જ બને છે.* આ પ્રમાણે વેદમાં બતાવેલા નિવૃત્તિ માર્ગનું અવલંબન કરનારનો યોગની પૂર્ણતા પહેલાં જ જો અંત થાય તો તે દુર્ગતિએ નહિ જતાં આ ક્રમે મુક્તિને પામે છે અથવા તો પ્રથમ બતાવી ગયા તેમ તે શ્રીમાનને ત્યાં જન્મ લઈ પોતાનો બાકીનો અભ્યાસ સંપૂર્ણ કરી અંતે મોક્ષની પ્રાપ્તિ કરી લે છે. આ નિવૃત્તિમાર્ગે જનારાઓ સંબંધે કહ્યું. હવે એક વા અનેક વાસને જન્મનારા એટલે આવર્તને પામનારાઓ પિતૃમાર્ગે પ્રયાણ કરનારા કહેવાય છે, તે સંબંધે પણ સંક્ષેપમાં વિચાર કરીશું.

ધૂમાદિ કિંવા પિતૃયાણ માર્ગ

વેદમાં બતાવ્યા પ્રમાણે પ્રવૃત્તિમાર્ગનું અવલંબન કરનારા અર્થાત્ સકામ ક્રમો કરનારા જેમનો જન્મ મરણનો ફેરો પૂરો થયો નથી એવાઓનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે તેઓ પ્રથમ અંત્યેષ્ટિ ક્રિયામાં બતાવેલા પ્રેતયજ્ઞ વિધિના મંત્ર સામર્થ્યદ્વારા ધૂમાડાની સાથે ઐક્યરૂપ થઈ તે ધૂમાડાનો જે અધિદેવતા કેરા તેની સાથે એકરૂપ થઈ જાય છે (વૃક્ષાંક આ ૨); ત્યાંથી સાવન પ્રદેશની અંતર્ગત આવેલા રાત્રિના દેવતા(વૃક્ષાંક આ ૪)માં; ત્યાંથી પિતરના પ્રદેશમાંના વદી કિંવા કૃષ્ણપક્ષના દેવતા(વૃક્ષાંક આ ૬ જુઓ)માં; ત્યાંથી અસુર પ્રદેશમાંના દક્ષિણાયન(વૃક્ષાંક આ ૮)ના માર્ગે થઈ અંતે સોમ સ્વરૂપ કિંવા શીત તેજ એવા ચંદ્રની જ્યોતિના પ્રદેશ(વૃક્ષાંક આ ૧૦)માં જાય છે અને આટલે બધે ઊંચે જઈને વળી પાછો આ ભૂલોકમાં જન્મ લે છે. વચ્ચે તેને યમાદિ શિક્ષાઓ ભોગવવી પડે છે. આને દક્ષિણગતિ, ધૂમાદિ અથવા પિતૃયાણમાર્ગ કહે છે. આ માર્ગે ગયેલા ફરી ફરીથી જન્મના ચક્કરમાં જ પડ્યા કરે છે, ઉપર દેવયાન અને પિતૃયાણ માર્ગના મુખ્ય મુખ્ય ભેદો બતાવેલા છે. આ દરેકની અંતર્ગત ઘણા સૂક્ષ્મ ભેદો છે, તે વિસ્તારભયે અત્રે બતાવવામાં આવેલા નથી. મૃત્યુ પછી જીવાત્માની કેવી ગતિઓ થાય તે તથા તેમાં મુખ્ય મુખ્ય કેટલા ભેદો પડી શકે છે, તે સંબંધે નીચે શાસ્ત્રીય કથન આપવામાં આવે છે કે જે ઉપરથી બુદ્ધિમાનોને તેની સામાન્યતઃ કલ્પના થઈ શકશે. આમાં શ્રીસરસ્વતીદેવી તથા પ્રભુહ્લલીલાનો સંવાદ છે.

મરણ પછી જીવની થતી સ્થિતિ

પ્રભુહ્લલીલાનો પ્રશ્નઃ હે દેવેશ્વરી ! જેવી રીતે પ્રાણીનું મરણ થાય છે તથા જન્મ થાય છે તે વિષે બોધ થવા માટે ફરીથી વિસ્તારપૂર્વક કહો. લીલાનો પ્રશ્ન સાંભળીને શ્રીવિદ્યાદેવી સરસ્વતી કહે છેઃ સાંભળ. નાડીનો પ્રવાહ બંધ થવાથી શરીરમાંનો વાયુ શાંત થઈ જાય છે તેથી પ્રાણીમાં હલન ચલનાદિ કરનારું જે ચેતન હોય છે તે તદ્દન શાંત બની જાય છે પણ જે શુદ્ધ ચેતન(વૃક્ષાંક ૧)છે તે તો નિશ્ચલ જ હોય છે તે કદી પણ શાંત થતું નથી એટલે મરણ પામતું નથી તેમ તેનો કદી ઉદય એટલે જન્મ પણ થતો નથી. તે સ્થાવરમાં, જંગમમાં, આકાશમાં, પર્વતમાં, અગ્નિમાં તથા પવનમાં ઇત્યાદિ તમામ જગા ઉપર રહેલું છે. શરીરમાંથી કેવળ પ્રાણવાયુનો નિરોધ થવાથી જ્યારે સ્ફુરણા થતી બંધ થાય છે ત્યારે તે જડ થયેલા શરીરને પુરુષ મરી

* યજ્ઞાદિ તથા બ્રહ્માંડની રચના સંબંધે વધુ વિવેચન માટે શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકાશન ૪ મહાકાળપુરુષ વર્ણન ભાગ ૧ કિરણાંશ ૩૧ તથા પ્રકાશન ૩, કિરણાંશ ૧ જુઓ.

ગયો એમ વ્યવહારમાં કહેવામાં આવે છે. આ મુજબ દેહ જ્યારે શબરૂપ થઈ જાય છે, તથા તેમાંથી વાસનાત્મક પ્રાણવાયુનો આ પંચભૂતોના મહાવાયુમાં લિંગ શરીરરૂપે લય થઈ જાય છે ત્યારે પણ વાસનારહિત એવું ચેતન તો આત્મતત્ત્વમાં જેમનું તેમ જ રહે છે તથા પુનર્જન્મના બીજની વાસનાવાળું જે અણુ ચૈતન્ય કે જેને મહાપ્રાણ કિંવા જીવ કહેવામાં આવે છે, તે પોતાના સંકલ્પવશાત્ સ્વપ્નની જેમ તેના તે જ સ્થળે શબના મૂહાકાશમાં જ રહે છે. આ રીતે વાસનાયુક્ત જીવાત્મામાંથી દેહ છૂટો થઈ ગયા પછી વ્યવહારમાં લોકો તે દેહને પ્રેત એવા નામથી કહે છે. પુષ્પના પરાગમાં રહેલી સુગંધને વિષે જેમ વાયુ રહેલો હોય છે તેમ તે ચેતનમાં વાસના રહેલી હોય છે. તેને જીવ કિંવા મહાપ્રાણ(વૃક્ષાંક ૬) કહે છે. જે અતિસૂક્ષ્મ હોય છે, તે ઉપર જણાવેલું જ છે. તે જ્યારે જ્યારે આ દૃશ્ય એવા સ્થૂલ દેહનો ત્યાગ કરીને બીજા સૂક્ષ્મ એવા અદૃશ્ય દેહને પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે તે સ્વપ્ન પેઠે પરલોકમાં ભોગવવા યોગ્ય અનેક પ્રકારની આકૃતિઓ ધારણ કરે છે. તે પ્રદેશમાં પણ તેને પૂર્વના જન્મની પેઠે સ્મૃતિ થાય છે. પછી જ્યારે તેની મરણની મૂર્ચ્છા મટી જાય છે, ત્યારે તે પોતાનું બીજું શરીર જુએ છે. તે મરનાર પ્રાણી પોતાના આત્મામાં જ આકાશમાં રહેલા મેઘઘટાની પેઠે આકાશ, ભૂતળ તથા આખું બ્રહ્માંડ જુએ છે; પરંતુ તે સ્થળ ક્ષતરોની દૃષ્ટિએ તો માત્ર મૂહાકાશ જ હોય એમ જોવામાં આવે છે.

પ્રેતમાં મુખ્ય છ ભેદો છે

ઉપર જણાવેલા પ્રેતમાં મુખ્ય છ ભેદો હોય છે (૧) મહાપાપી, (૨) મધ્યમ પાપી, (૩) સામાન્ય પાપી, (૪) ઉત્તમ ધર્મ કરનાર, (૫) મધ્યમ ધર્મ કરનાર અને (૬) સામાન્ય ધર્મ કરનાર. આ છમાં પણ પાછા કોઈ કોઈમાં એક, બે, અને ત્રણ સુધી ભેદો પડે છે પરંતુ આપણે તો મુખ્ય એવા છ ભેદોનો જ વિચાર કરીશું.

મહાપાપીની ગતિ

(૧) **પહેલો પ્રકાર** : મહાપાપીનો જીવ મૃત્યુ પછી એક વર્ષ સુધી મૂઢ થઈને મૂર્ચ્છાનો અનુભવ કરે છે. તેનું હૃદય પથ્થર જેવું તદ્દન જડ થઈ જાય છે, ત્યાર પછી કાળે કરીને તે પાપી જાગ્રત થાય છે અને તે ઘણા દિવસ સુધી વાસનાનુસાર હૃદયમાં ઉઠેલા નરકમાં તે અક્ષમ્ય દુઃખનો અનુભવ કરે છે. હજારો યોનિમાં જન્મ લઈને તે એક દુઃખ ભોગવ્યા પછી બીજું દુઃખ ભોગવે છે અને પૂર્ણ થયા પછી ત્રીજું, એમ અનેક દુઃખો તે ભોગવતો રહે છે. મરણનો મોહ ટળ્યા પછી આ મહાપાપી કોઈ સમયે સંસારરૂપી સ્વપ્ન સંભ્રમમાં શાંતિ પામે છે કિંવા જડતાનાં હજારો દુઃખોથી વ્યાકુળ થાય છે. આ પ્રમાણે પોતાના હૃદયાકાશમાં જ વૃક્ષપાષાણાદિથી માંડીને મનુષ્યપર્યંત અનેક સ્થાવર જંગમપણાના અનેક જન્મોનો તે અનુભવ કરે છે. એટલે વાસનાત્મક જીવ મનુષ્યથી વૃક્ષાદિ યોનિને પ્રાપ્ત થાય છે. આમ વાસના અનુસાર નરકમાં હજારો દુઃખોનો અનુભવ કર્યા પછી તે પુનઃ પૃથ્વીમાં મનુષ્યાદિનો જન્મ ધારણ કરે છે.

મધ્યમ પાપીની ગતિ

(૨) **બીજો પ્રકાર** : મધ્યમ પાપીનો દેહ પોતાના સ્થૂલ દેહના મરણ પછી કેટલાક કાળ સુધી પથ્થરની પેઠે જડતાનો અનુભવ કરે છે. પછી તે કાળે કરીને જાગ્રત થાય છે. ત્યાર બાદ તે પશુ, પક્ષીની યોનિમાં અવતાર ધારણ કરીને ફરીથી સંસારમાં આવે છે.

સામાન્ય પાપીની ગતિ

(૩) **ત્રીજો પ્રકાર** : સામાન્ય પાપી મરી ગયા પછી તરત જ પોતાની વાસનાનુસાર પ્રાપ્ત થયેલા અક્ષત દેહનો અનુભવ કરે છે એટલે કે તે જીવનો મરણ મૂર્ચ્છા તુરત જ શમી જાય છે અને પોતાને જાણે પ્રથમની માફક દેહ જ હોય એવો તેને અનુભવ થાય છે. તેનો સ્વપ્નમાંના દેહની પેઠે પોતાના સંકલ્પવશાત્ તે અનુભવ કરે છે અને પછી તુરત જ તેને તે જ ક્ષણે પ્રથમની પેઠે સ્મૃતિ ઉત્પન્ન થાય છે.

શ્રેષ્ઠ યાને ઉત્તમ ધર્મ કરનારની ગતિ

(૪) **ચોથો પ્રકાર:** જે મહાપુણ્ય કરનાર હોય છે તે મરણનો મોહ મટ્યા પછી પુણ્યરૂપી વાસનાની જાગૃતિથી સ્વર્ગમાં વિદ્યાધરનાં નગરનો અનુભવ કરે છે. આમ પુણ્ય ભોગવ્યા પછી તે ધૂલિવૃત કિંવા કિંપુરુષ ખંડમાં કર્મનું ફળ ભોગવે છે અને ત્યાર પછી મનુષ્યલોકમાં લક્ષ્મીવાન એવા સજ્જન મનુષ્યને ઘેર જન્મ ધારણ કરે છે, અથવા યોગીને ત્યાં જન્મે છે (**શુચિનાં શ્રીમતાં ગેહે** અ૦ ૬ શ્લો૦ ૪૦થી ૪૫ જુઓ).

સામાન્ય તથા મધ્યમ ધર્મ કરનારની સ્થિતિ

(૫-૬) **પાંચમો અને છઠ્ઠો પ્રકાર:** મધ્યમ અને સામાન્ય ધર્મ કરનાર પુરુષનો જીવ મરણનો મોહ છૂટ્યા બાદ તે ઔષધિઓ તથા પલ્લવોથી ભરેલા નંદન અને ચૈત્રરથાદિ વનમાં કિન્નર તથા કિંપુરુષોના શરીર થકી જાય છે. ત્યાં પોતાનું કર્મ ભોગવ્યા પછી તે વાયુ અને વરસાદ દ્વારા પૃથ્વીમાં શાલ, જવ વગેરે ઔષધિમાં પ્રવેશ કરે છે અને તે દ્વારા પુરુષના વીર્યને માર્ગે તે સ્ત્રીના ગર્ભમાં પ્રવેશ કરે છે. *સામાન્ય ધર્મ કરનારની ગતિ પણ થોડા ઘણા ફેરફારે ઘણે ભાગે આ મુજબની જ છે. આ રીતે ઉપર કહેલા છ જાતના પ્રેતોની મરણમૂર્ચ્છા મટ્યા પછી ક્રમે કરીને ઉપર પ્રમાણેની ગતિ થાય છે.

મરણ પછી સામાન્ય સ્થિતિ

મરણ પામનાર પુરુષ (જીવ)ને પ્રથમ મારું મરણ થયું એવું જ્ઞાન થાય છે. પછી બંધુઓએ આપેલા પિંડદાન કિંવા દરેક ધર્મમાં તે પ્રીત્યર્થે જે ક્રિયા કરવામાં આવેલી હોય તે વડે મારું શરીર ઉત્પન્ન થયું એવું જ્ઞાન તેને થાય છે. જીવે અનેક જન્મમાં યજ્ઞાદિ તથા આ શ્રાદ્ધાદિ ક્રિયાઓનો અનુભવ લીધેલો હોવાથી મરણ પછી તેને એ દઢ સંસ્કારોનું જ સ્મરણ થાય એવો નિયતિનો નિયમ છે. મરણ બાદ પ્રથમ તો કાળપાશને ધારણ કરનાર યમના અનુચરો આવીને મને લઈ જાય છે અને હું તેમની સાથે યમપુરીમાં જાઉં છું, એવું જ્ઞાન તેને થાય છે. ઉત્તમ પુણ્યવાન તો મૃત્યુ પછી પોતાના પુણ્યકર્મથી પ્રાપ્ત થયેલું દિવ્ય ઉદ્યાન તથા શોભિતાં વિમાનો પોતાની પાસે દેખે છે તથા તેમાં બેસીને વિહાર કરે છે. પાપી માણસ પોતાના પાપ કર્મ વડે હિમ (બરફ), કાંટા અને અસિપત્ર વનને જુએ છે, મધ્યમ પુણ્ય કરનાર તો આ પગદંડી રસ્તો સુખેથી જઈ શકાય તેવો છે, આ શીતળ લીલાં ખડ ચારે બાજુએ ઉગ્યાં છે, આ ઘાટી છાયાવાળી સુંદર વાવ છે એમ અનુભવે છે. આ બધું મૃત્યુ પછી મનના સંકલ્પ વડે પ્રથમના અનુભવ પ્રમાણે તેને પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. હું હવે યમપુરીમાં આવ્યો છું. આ પ્રાણિઓને શાસન કરનાર ન્યાયી એવા યમરાજા છે. આ સભા ચિત્રગુપ્ત વગેરે બધા મારાં કર્મોનો વિચાર કરે છે. આ રીતે આ દૃશ્ય સંસાર જેવી રીતે હાલમાં સર્વને સત્યરૂપે દેખાય છે; તેવી જ રીતે જેમ સ્વપ્નામાંનો સર્વ સંસાર તે વખતે સત્ય હોય છે તેમ આ મરણ પછીનો સંસાર પણ સમગ્ર પદાર્થ તથા તેની ક્રિયા વડે શોભતો પ્રત્યેક પુરુષ (જીવ)ને અનુભવવો પડે છે; પરંતુ ખરી રીતે વિચાર કરતાં સ્વરૂપથી રહિત એવો આ જાગ્રતિ અને સ્વપ્નાદિમાંનો જીવિત અવસ્થાનો તથા મરણ પછીનો અનુભવાતો દૃશ્ય પ્રપંચ જો કે દેશ, કાળ અને ક્રિયાની દીર્ઘતા વડે ભાસમાન થાય છે તો પણ તે સાવ શૂન્યરૂપ છે. એટલું જ નહિ પરંતુ વાસ્તવિક તો તે સર્વ વિશેષ બોધવાળા અનિર્વચનીય એવા આત્મરૂપ જ છે.

સ્વસંકલ્પથી જ જીવ વાસનાવશાત્ અનુભવ લે છે

યમરાજે કર્મફળ ભોગવવા માટે મને આ દિશામાં જવા માટે આજ્ઞા કરી છે. હું સ્વર્ગમાં જાઉં છું તથા આ બાજુએ નરકનો પ્રદેશ છે. મેં આ સ્વર્ગ કિંવા નરક ભોગવ્યું. મેં આ અનેક પ્રકારની યોનિઓ ભોગવી અને હું સંસારમાં ઉત્પન્ન થયો છું. હવે શાલ (ડાંગર કિંવા ધાન)માં જન્મી અંતે ફળરૂપે થયો છું. આવા ક્રમે મનુષ્યનું શરીર ઉત્પન્ન થયા પછી આ ઉત્પત્તિની તે જીવને શાસ્ત્ર અને

* શરીરમાં માંસ રુધિર એ માતાનો રેતસ્ અંશ કિંવા ભાગ છે, એટલે તે રેતસ્થી બનેલો હોઈ અસ્થિ આદિ ઇતર પાંચ ધાતુઓ એ પિતાનો અંશ છે. એટલે આ પાંચ પિતાના વીર્ય વડે બને છે.

પુરાણોથી ઉત્પન્ન થયેલ બોધ વડે ખબર પડે છે; પરંતુ તે જ્યારે શાલ અને ફળરૂપ જન્મમાં હોય છે ત્યારે તેને અંતઃકરણની વિચારશક્તિ હોતી નથી, તેથી તે અવસ્થામાં તેને પોતાના જન્મની ખબર પડતી નથી; પરંતુ જ્યારે તેને પુરુષ ખાય છે ત્યારે તે પ્રથમ પુરુષના શરીરમાં બીજરૂપે બને છે તથા તે બીજ વીર્યદ્વારા માતાની યોનિમાં પડવાથી માતાના ઉદરમાં ગર્ભ બંધાય છે. તે ગર્ભ જ્યારે લોકમાં જન્મ ધારણ કરે છે ત્યારે તે બાળક પૂર્વજન્મના કર્મોનુસાર સારી અથવા તો વિકૃત આકૃતિવાળો બને છે. ત્યાર પછી તેને ચંદ્રમાની કળાની જેમ વૃદ્ધિ અને ક્ષયવાળી બાલ્ય, યુવા અને વૃદ્ધાદિ અવસ્થાઓ આવે છે. તે પૈકી જ્યારે યુવાવસ્થા આવે છે ત્યારે તે કામાદિ વડે અતિ વ્યાકુળ બને છે અને વિષયભોગમાં જ લંપટ રહેવાથી હિમરૂપી વજ્રના જેવી દુઃખદ જરા અવસ્થા આવી પડે છે અને એ વૃદ્ધાવસ્થામાં તેને અનેક પ્રકારના વ્યાધિઓ થાય છે તેથી તેને મરણમૂર્ચ્છા પ્રાપ્ત થાય છે. આને જ વ્યવહારમાં મરી ગયો એમ કહે છે. આમ મરી ગયા પછી પૂર્વદેહ તથા તેના સંબંધીઓથી તે જીવ જુદો પડે છે પછી ફરીથી પ્રથમની પેઠે બંધુઓએ આપેલા પિંડદાનાદિથી તેનો દેહ બંધાય છે. ત્યાર પછી પાછું તેને યમલોકમાં જવું પડે છે અને ત્યાં અનેક પ્રકારની યોનિઓમાં અવતારનો તેને અનુભવ કરવો પડે છે. આ મુજબ મોક્ષ થતાં સુધી ઘટાકાશમાંથી મહાકાશમાં અને મહાકાશમાંથી ઘટાકાશમાં એ રીતે તેને વારંવાર જન્મમરણ થયા જ કરે છે (યો૦ ઉત્પ૦ સ૦ ૫૫ શ્લો૦ ૧ થી ૪૩; વધુ માટે મૂળમાં સર્ગ ૫૪–૫૫–૫૬ જુઓ).

જેઓ પિંડદાન કરતા નથી તેઓનું શું ?

આ વિવેચન ઉપરથી શંકા થવા સંભવ છે કે, જો પિંડદાન વડે જ મૃત જીવનો દેહ બંધાતો હોય તો પછી ચાલુ યુગમાં તેવા પ્રકારના જીવો ઘણા થોડા મળી આવશે. જગતમાં ઘણોખરો ભાગ તો પિંડક્રિયા જાણતો પણ નથી. અને તેઓ પોતપોતાના ધર્મને અનુસાર આવી ક્રિયાઓ હોવાનું માનતા પણ નથી. તો તેવાઓનું શું થાય ? આ શંકાનો વિચાર કરતાં ઘણું લંબાણ થાય તેવું છે, વળી તે પ્રસ્તુત વિષય સાથે સુસંગત પણ નથી, સિવાય આ સંબંધે અન્યત્ર (મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ માં કિરણાંશ ૨૯–૩૦–૩૧–૩૨–૩૪ જુઓ) વિવેચન કરવામાં આવેલું છે, જિજ્ઞાસુઓએ તે ત્યાં જોઈ લેવું; અત્રે સંક્ષેપમાં તેનો વિચાર કરીશું.

પૃથ્વી અને ભૂગોળ એટલે શું ?

આ શંકા કરનારાઓની વૃત્તિ વાસ્તવિક ઘણી જ સંકુચિત હોય છે. તેઓ દીર્ઘ અને વિશાળ દૃષ્ટિના હોતા નથી. તેમ તેઓને શાસ્ત્રાભ્યાસ પણ હોતો નથી. તેથી વસ્તુતઃ તેમની આ શંકા જ તદ્દન નિરર્થક હોઈ પાયા વગરની અને બુદ્ધિની મંદતા દર્શાવનારી છે, આથી જ તેઓની દિશાભૂલ થવા પામેલી છે. પ્રસ્તુત સમયે જે આ (એશિયા, યુરોપ, અમેરિકા, આફ્રિકા તથા ઓસ્ટ્રેલિયા એવા નામથી) પાંચ ખંડો કિંવા ભેદો પાડીને જેને પૃથ્વી એમ કહેવામાં આવે છે તે વાસ્તવિક શાસ્ત્રદૃષ્ટિએ કહેવામાં આવેલી પૃથ્વી નથી, પરંતુ શાસ્ત્રમાં બતાવેલી પૃથ્વી પૈકી ફક્ત એક જંબુદ્વીપ છે. શાસ્ત્રમાં જેને પૃથ્વી કહેવામાં આવે છે તે પૃથ્વી એટલે તો સર્વની મધ્યમાં મેરૂ હોઈ તેની ચારે બાજુ (૧) આ જંબુદ્વીપ આવેલો છે તેની ચારે બાજુ ખારો સમુદ્ર વીંટાયેલો છે; તે પછી (૨) પ્લક્ષદ્વીપ આવેલો હોઈ તેની ચારે બાજુ મધુ શેરડીના રસનો સમુદ્ર વીંટાયેલો છે; તેની ચારે બાજુ (૩) શાલ્મલદ્વીપ આવેલો છે, તેની સર્વ બાજુએ મદ્યનો સમુદ્ર છે તેની ચારે કોર (૪) કુશદ્વીપ હોઈ તે ચારે બાજુથી ઘૃતના સમુદ્ર વડે વીંટાયેલો છે; ત્યાર પછી (૫) ક્રૌંચદ્વીપ હોઈ તેની ચારે તરફ દુગ્ધ સમુદ્રનું વેષ્ટન છે; ત્યાર પછી (૬) શાકદ્વીપ હોઈ તેની ચોતરફ દહીંના સમુદ્રનું વેષ્ટન છે તથા છેવટે (૭) પુષ્કરદ્વીપ હોય. તેની બાજુબાજુ ચોતરફ શુદ્ધ જળનો મહાસાગર વા ક્ષીરસાગર વીંટાયેલો છે. આ બધો ભાગ પૃથ્વી ગોલકમાં ગણાય છે. એટલે આ બધું મળીને પૃથ્વી કહેવાય છે. મીઠા સમુદ્ર પછી સુમારે દોઢ કરોડ સાડાસાત લાખ યોજનની ભૂમિ આવેલી હોઈ ત્યાં સુધી જીવો રહી શકે છે. પરંતુ ત્યાર પછી આઠ કરોડ ઓગણચાલીસ લાખ યોજનની બીજી એક ધરતી આવે છે ત્યાં તો પૃથ્વી પૈકી કોઈ પણ પદાર્થ ગયો એટલે

જેમ પારો દરેકને ઓગાળી નાખે છે તેમ તે સર્વને ઓગાળી નાખે છે. તે ફરીથી હાથ લાગતો નથી. તેથી ત્યાં પ્રાણીઓ રહી શકતાં નથી. ત્યાર પછી લોકાલોક પર્વત આવે છે. આ સૂર્ય જે આપણે જોઈએ છીએ, તે તો અર્ધો ગોલક છે. તેનો પ્રકાશ નીચે જેમ જંબૂદ્વીપ સુધી પ્રસરેલો છે તેમ બીજા અડધા ગોળાનો પ્રકાશ આ લોકાલોક પર્વત સુધી પહોંચે છે. અત્રે ભૂગોળની મર્યાદા પૂર્ણ થાય છે. લોકાલોક પર્વત પૂર્વની આ બધી તે લોકભૂમિ કહેવાય છે. આ લોકાલોક પર્વત પછી એટલી જ અલોકની ભૂમિ છે અને આ અલોકની પેલી તરફ શુદ્ધ યોગેશ્વરની ગતિ છે. જે ગતિ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને બ્રાહ્મણના મૃત પુત્રોને લાવતી વખતે બતાવેલી હતી.

જંબૂદ્વીપ સિવાય બીજા દ્વીપો કેમ જાણી શકાતા નથી

ઉપરના વિવેચન ઉપરથી જાણી શકાશે કે, પૃથ્વી એટલે સાતદ્વીપ અને તેની આજુબાજુએ એકથી બમણા એવા સાત સમુદ્રો વડે વિંટાયેલા બ્રહ્માંડનો જેટલો ભાગ છે તે સર્વ મળીને પૃથ્વી કહેવાય છે(આજુનું વૃક્ષ ૬ જુઓ). ઉદ્દેશ એ કે, પૃથ્વી તથા ભૂગોળ સંબંધી શાસ્ત્રમાં જે વર્ણનો આવે છે તે આ કક્ષાનાં સમજવાં. આધુનિક લોકો જડવાદી હોવાથી ક્ષાર સમુદ્રથી ઉપર આવેલા અન્ય દ્વીપોથી તેઓ અજ્ઞાત હોય છે. જુઓ કે આધુનિક ઇતિહાસકારો અમેરીએ અમુક (અમેરિકા) ખંડ શોધી કાઢ્યો એમ ગૌરવથી કહે છે પરંતુ વાસ્તવિક રીતે તો એ એક પ્રચાર કહેવાય, કેમ કે ખંડ તો ત્યાંનો ત્યાં જ હતો. માત્ર અમો તેથી અજ્ઞાત હતા એટલું જ. મનુષ્યનો એવો સ્વભાવ છે કે તે પોતાનું અજ્ઞાન કદી પણ કબૂલ કરતો નથી; પરંતુ પોતાની અજ્ઞાનતાને છૂપાવવાનો પ્રયત્ન કરે છે. એવો માનવીય સ્વભાવ છે એવો સિદ્ધાંત છે. તે મુજબ જંબૂદ્વીપ સિવાયના ઇતર ખંડો નહિ સમજી શકવાનું કારણ આજકાલ અમારી અજ્ઞાનતા હોવાનું જ જણાઈ આવશે. પણ જો અમો શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત કરીશું તો શાસ્ત્રમાં કહેવામાં આવેલા ઇતર દ્વીપો અને તેમાં ચાલનારો તમામ વ્યવહાર જેવો છે તેવો પ્રત્યક્ષ સારી રીતે અનુભવી શકીશું, એમાં જરા પણ શંકા નથી. પરંતુ આજકાલ તે માર્ગે નહિ જતાં શિયાળની 'દ્રાક્ષ ખાટી છે' એ પ્રસિદ્ધ કહેવત પ્રમાણે અમારી અર્ધદગ્ધ જેવી સ્થિતિ થવા પામેલી છે.

શાસ્ત્રોમાંનાં વર્ણનો ન સમજવાનું કારણ

વાસ્તવિક મૂઢો છતાં પોતાને વિદ્વાન સમજનારા આચારવિચારવિહીન, પારકાંનું આંધળું અનુકરણ કર્યા કરવું એ જ ધ્યેય માની બેઠેલા, મંદબુદ્ધિના આધુનિક યુગના જડવાદીઓ, મહર્ષિઓના અંતર્જ્ઞાનાદિ વડે નિશ્ચિત થયેલા શાસ્ત્રસિદ્ધાંતો સમજવાને શક્તિમાન હોતા નથી. તેઓ સૂક્ષ્મદર્શી અને દૂરંદેશી નહિ હોવાને લીધે અંતર્દૃષ્ટિથી લખાયેલાં સૂક્ષ્મતત્ત્વો કેવી રીતે સમજી શકે? પણ મિથ્યા અભિમાનને લીધે તેમ કબૂલ કરવા તૈયાર હોતા નથી, આથી જ તેવાઓની સ્થિતિ અર્ધદગ્ધ જેવી થવા પામે છે. તેવાઓ શાસ્ત્રમાં આવેલા આ દૂધ, દહીં, ઘી, મધ, શેરડીના રસના વગેરેના સમુદ્રોના આવતા વર્ણનો વાંચીને ભ્રમમાં પડી જાય છે, તેમની આ શાસ્ત્રની અજ્ઞાનતા નષ્ટ થવાને માટે કિંચિત્ અંશે પણ ઉપયોગી થાય એટલા માટે તેનો સંક્ષેપમાં થોડો વિચાર કરવો પડશે કેમ કે આ વિષય ઘણો જ લાંબો થાય તેમ હોવાથી વિસ્તારભયે તેનો અત્રે ટૂંક સાર આપવામાં આવેલો છે એમ જાણવું.

દૂધ દહીંના સમુદ્રોનું રહસ્ય

વિચાર કરતાં જણાશે કે વ્યવહારમાં જેમ ગાય, ભેંશ વગેરે પ્રાણીઓ દૂધ આપે છે તે કાંઈ તેમના પેટમાં ભરેલું હોતું નથી, પરંતુ તેઓ જે ઘાસચારો વગેરે ખાદ્ય પદાર્થો ખાય છે તેમાંથી કેટલાક ભાગનું રક્ત, કેટલાકનું માંસ, કેટલાકની મજ્જા વગેરે બને છે તેમ કેટલાક અંશનું દૂધ બને છે. તે ઉપરથી એમ સ્પષ્ટ જાણી શકાય તેમ છે કે તેઓ જે પદાર્થો ખાય છે તે પદાર્થોમાં સૂક્ષ્મરૂપે આ અંશો હોવા જ જોઈએ કિંવા દૂધમાં જેમ સૂક્ષ્મરૂપે માખણ હોય છે તેમ આ પૃથ્વી તત્ત્વમાં ઉત્પન્ન થતા દરેક ખાદ્યાદિ પદાર્થોમાં દૂધ, દહીં વગેરે પદાર્થોના અંશો સૂક્ષ્મરૂપે હોય છે. તે સૂક્ષ્મ અંશનો સાંકડા બ્રહ્માંડ મધ્યેના જે ભાગમાં હોય છે તે ભાગો એ જ ઉપર કહેવામાં આવેલા દૂધ, દહીં, ઘી વગેરે સમુદ્રો જાણવા.

દૂધ દહીંના સમુદ્રો કયાં છે?

આ પૃથ્વીમાં જોવામાં આવતા સ્થાવરજંગમાદિ અનેકવિધ પદાર્થો પરમાણુના સમુદાય થકી બનેલા છે. તે પરમાણુઓનું મિશ્રણ દરેક પદાર્થોમાં પંચમહાભૂતવશાત્ ભિન્ન ભિન્ન હોવાથી તે પ્રકારના પદાર્થો દૃગ્ગોચર થાય છે. આમ હોવાથી જ્યારે તે પદાર્થોનું સાચું સ્વરૂપ જોવાની ઇચ્છાએ પૃથક્કરણ કરવામાં આવે છે, ત્યારે એક જ પદાર્થના અનેક રૂપાંતરો થતા ભાસે છે. જેમ કે ઘર લ્યો. તેમાં માટી, ચૂનો, ઈંટ, લોખંડ, લાકડું વગેરે ભાગોનો સમાવેશ થાય છે. તેમાં આવેલા સાધનોને જો વેગળાં વેગળાં કરી નાખવામાં આવે તો ઘરનું અસ્તિત્વ જ સિલક રહેવા પામતું નથી. તેથી ઘર બનાવવાના કારણભૂત એવાં આ માટી, ઈંટ, ચુનો, લાકડાં વગેરેનો સાંઠો જેમાંથી મળી શકે છે તે તે ભાગોને સાંઠા કિંવા સમુદ્રરૂપ સમજવા. તેમ આ પૃથ્વી એ ઘરરૂપ સમજો. તેમાં આ દૂધ, દહીં, ઘૃત વગેરે તમામ અંશોના મિશ્રણો હોય છે, જાબુ(વૃક્ષ ફ)માં બતાવ્યા પ્રમાણે સાતદ્વીપો અને તેને વીંટળાયેલા સાત સમુદ્રો મળીને જ આ સ્થૂલ પૃથ્વી બને છે. આ બધાના અંશો તેમાં હોવાથી તે પરમાણુઓ બ્રહ્માંડના જેટલા ભાગમાં પ્રસરેલા હોય છે તેટલા ભાગો સુધી પૃથ્વીની મર્યાદા છે એમ શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે. આ વિવેચન ઉપરથી જાણી શકાશે કે આ દૂધ, દહીં, ઘી, મધુ અને મદ્યાદિના સમુદ્રોનું વર્ણન શાસ્ત્રમાં આવે છે તે અંશોનો સાંઠો આ સ્થૂલ અને જડ દેખાતા પૃથ્વીના બ્રહ્માંડના જે ભાગમાંથી પૂરો પાડવામાં આવે છે તે પ્રદેશ છે એમ સમજવું. આ રીતે ક્ષીર સમુદ્રનો મર્યાદા જ્યાં સંપૂર્ણ થાય છે તેટલો ભૂપ્રદેશ એ પૃથ્વી કહેવાય તથા લોકાલોકની મર્યાદા જ્યાં સંપૂર્ણ થાય છે તે પ્રદેશ એ જ ભૂગોળની મર્યાદા છે; એમ શાસ્ત્રોમાં આવેલાં વર્ણનો સંબંધમાં સમજવું.

પ્લક્ષ શાલ્મલાદિ દ્વીપોમાં ચાલતો વ્યવહાર

કદાચ કોઈ કહેશે કે જંબૂદ્વીપ સિવાયના દ્વીપોમાં પણ લોકોનો વ્યવહાર તો ચાલે છે એવાં પુરાણોમાં વર્ણનો આવે છે, તે સંબંધે સર્ગ પરંપરાની કલ્પના માટે પ્રસંગવશાત્ યોગ્ય વિવેચન આપવામાં આવ્યું છે, છતાં અત્રે સંક્ષેપમાં એટલું જાણવું જરૂરનું છે કે આ બ્રહ્માંડની અંદર બહાર સર્વત્ર અનંત જીવોનું જાળું પથરાયેલું છે. એક પરમાણુના પણ કરોડમા ભાગમાં વાસનાવશાત્ લાખો જીવોના સમૂહો રહેલા છે. આ બ્રહ્માંડમાં જે પરમાણુ છે તે તેમાં રહેલા જીવોની દૃષ્ટિએ તો પચાસ કરોડ યોજનવાળું બ્રહ્માંડ છે. વળી તે બ્રહ્માંડમાં પણ પરમાણુ છે. આ પ્રમાણે સર્ગ પરંપરાઓનો તો અંત જ નથી. તેમ જોવામાં આવતું આ ચૌદ લોક વડે વ્યાપેલું મોટું બ્રહ્માંડ એ પણ એક બ્રહ્માંડ મધ્યે આવેલું પરમાણુ છે. આ રીતની અગણિત સર્ગપરંપરાનો તો પાર નથી.

તેમાં રહેલાં તમામ પ્રાણીઓના સમુદાયો પોતપોતાની વાસનાવશાત્ કોઈ પૃથ્વી, કોઈ જળ, કોઈ વહ્નિ, કોઈ વાયુ તો કોઈ આકાશ અને તેમાં આવેલા અનેક ચિત્રવિચિત્ર ભાસોને સ્વપ્નમાંના લોકોને આવતા અનુભવ પ્રમાણે જાણે પ્રત્યક્ષ અનુભવતા ન હોય એમ અનુભવે છે, પરંતુ વાસ્તવમાં તો તે દરેક જૂથોની પોતપોતાની વાસનાનું જ પ્રતિબિંબ હોય છે. આ પ્રત્યેક જૂથોની વાસના ભિન્ન ભિન્ન હોવાથી પાસે સૂતેલાનું સ્વપ્ન જેમ બીજાના અનુભવમાં આવતું નથી તેમ એક જૂથનો અનુભવ બીજાને આવી શકતો નથી. જેમ જમીન ખોદતાં તેમાં કેટલાક પટ્ટા કાળી માટીના, કેટલાક લાલ, કેટલાક પીળી એમ અનેકવિધ રંગોની માટીના હોવાનું જણાઈ આવે છે. તે દરેકમાં જુદા જુદા પ્રાણીઓના સમૂહો હોઈ તે પરસ્પર એક બીજાને જાણતા કિંવા ઓળખતા નથી; તેમ આ બ્રહ્માંડ મધ્યે આવેલા આ પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ અને આકાશાદિ પાંચ મહાભૂતો અને તેના અંતર્ગત આવેલા પેટા ભૂતસમુદાયોમાં અનેકવિધ પ્રાણીમાત્રોનો સમૂહો હોઈ તેઓ દરેક પોતપોતાની વાસનાવશાત તે તે સૃષ્ટિનો અનુભવ લઈ આપસઆપસમાં વ્યવહાર કરતા રહે છે. તેવા જૂથોને પોતાથી ભિન્ન જૂથવાળાના જીવોના ચાલતા વ્યવહારની કલ્પના હોતી નથી. તેમ આ પ્લક્ષ શાલ્મલાદિ સાતદ્વીપોના પ્રદેશો બ્રહ્માંડમાં જ્યાં આવેલા છે તે તે સ્થાનમાં રહેલા જીવો વાસનાવશાત્ પોતપોતાના પ્રદેશના વ્યવહારને સારી રીતે અનુભવે છે. વિશેષતા એ છે કે, આ પ્રદેશમાં રહેલા જીવો પ્રથમ મનુષ્ય યોનિમાં આવી

ॐ तत्सत्

શાસ્ત્રકારોની પૃથ્વી અને ભૂગોળની મર્યાદા દર્શક-
-વ્યાખ્યાની સમજૂતી માટે વૃક્ષ ઈ

વૃક્ષ ઈ

ગયા બાદ વાસનાવશાત્ કર્મદ્વારા બ્રહ્મલોક સુધીનાં તે તે લોકને પ્રાપ્ત થાય છે. સિવાય, મનુષ્યયોનિમાં બ્રહ્માંડ મધ્યે આવેલા તમામ તત્ત્વોનાં સંપૂર્ણ મિશ્રણો હોય છે, તેથી તે ધારે તો અભ્યાસ વડે બ્રહ્માંડની અંદર અને બહાર આવેલા ગમે તે પ્રદેશો કિંવા તત્ત્વોનો હરેલા અભ્યાસ વડે જ્ઞાન પ્રાપ્ત કરી અનુભવ લઈ શકે છે. આ અનુભવ પ્રાપ્ત કરવાને ઇચ્છનારાઓ તે તે પ્રકારના સિદ્ધિઓની પ્રાપ્તિ કરી શકે છે (સિદ્ધિ સંબંધમાં અધ્યાય ૬ જુઓ).

આ બધા જીવો ઘણી વખતે પશુપક્ષી બનીને મનુષ્યો બનેલા છે

પૃથ્વી તથા ભૂગોળ સંબંધી શાસ્ત્રમાં કોને માટે કહેવામાં આવેલું છે તે પ્રદેશની કલ્પના પૂરતું જ ઉપર વર્ણન આપવામાં આવેલું છે. કાળ અને યોજન વગેરે સૂક્ષ્મ ભેદાભેદો જોવાની ઇચ્છા હશે તેમણે તે શાસ્ત્રોમાં જોઈ લેવા.* અત્રે તો આપણને આ બધું જાણવાનું કારણ એટલા પૂરતું જ છે કે, શાસ્ત્રમાં જીવાત્મા અનેક યોનિઓમાં વાસનાવશાત્ જન્મ લે છે એમ જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ એમ સમજવો કે જીવ નામનું એક અતિ સૂક્ષ્મ તત્ત્વ છે. તેનો વ્યવહાર બે પ્રકારનો છે. (૧) એક શરીર છોડી વાસનાવશાત્ બીજાં શરીરો ધારણ કરતા રહેવું. પછી તે પશુ, પક્ષી, પાષાણ ઇત્યાદિ ગમે તે હો તથા (૨) શરીર ધારણ કર્યો પછી તેનો જન્મથી મરણ પર્યંતનો ચાલતો વ્યવહાર. આ રીતે બે પ્રકારનો વ્યવહાર મળીને જ જીવાત્માનો સંસાર કહેવાય છે. આ બધો વ્યવહારપ્રપંચ જે જીવાત્માની અનેકવિધ વાસનાઓ વશાત્ ચાલી રહ્યો છે તે જીવતત્ત્વ ઘણું જ સૂક્ષ્મ છે. આ રીતે તે જીવ અનેક શરીરો લે છે. એક નષ્ટ થાય ત્યારે બીજું અને બીજું નષ્ટ થયે ત્રીજું; એ મુજબ તેનો ક્રમ તેને આત્મસ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થઈ તેમાં એકરૂપ થતાં સુધીને માટે ચાલુ જ હોય છે. આટલું જાણ્યા પછી દુરાગ્રહ છોડીને શુદ્ધ દૃષ્ટિએ વિચાર કરવાથી બુદ્ધિમાનોના લક્ષ્યમાં આવ્યું હશે કે આ જે પૃથ્વી ઉપર મનુષ્યો કિંવા વૃક્ષ પાષાણાદિ જે જે અસંખ્ય જીવો જોવામાં આવે છે તે બધા આજ સુધી ઘણી વખતે કોઈ જન્મમાં પશુ, તો કોઈ જન્મે પક્ષી, તો કોઈ જન્મે વૃક્ષો વા પથરો, તો કોઈ જન્મે મનુષ્યો તો વળી પાછા તેમાંથી પહાડ, ઝાડ, પશુ, પક્ષી, કીટ, પતંગાદિ એ રીતે ઘણી વખતે અસંખ્ય ફેરાઓ ખાઈને આવેલા છે, તેનો પાર નથી; અને વળી પાછા તે તે યોનિમાં કેટલી વખતે જન્મ લેશે તેનો પણ પાર નથી. શાસ્ત્રનો નિયમ તો એવો છે કે, ચોરાશી લાખ યોનિઓ ક્રમથી ભોગવ્યા પછી જીવ જ્યારે છેલ્લે મનુષ્ય યોનિમાં જન્મે છે ત્યારે તે પુરુષાર્થ વડે આત્મજ્ઞાન મેળવીને કૃતાર્થ બની શકે છે અને આ જ તેનું સાચું કર્તવ્ય છે. પરંતુ તેને અનેક યોનિઓના પૂર્વ અભ્યાસથી વિષયોપભોગની વાસના જ દૃઢ હોવાથી તે પોતાનું આ ખરું કર્તવ્ય કિંવા પુરુષાર્થ ભૂલી જવા પામેલો હોવાથી વાસનાવશાત્ ફરી ફરી ઉપર નીચેની યોનિઓમાં ભટક્યા કરે છે. પ્રસ્તુત આ બધું જગત આ રીતે મનુષ્ય યોનિમાં આવીને ફરી પાછું સ્થાવર જંગમાદિ યોનિ કિંવા આકૃતિઓ રૂપે થયેલું પ્રતીતિમાં આવે છે, એ ભૂલવું નહિ.

મહાકલ્પ, કલ્પ અને આ ચાલુ પૃથ્વીની ઉત્પત્તિ થવાનો કાળ

ઉપર મુજબની અનેકવિધ વાસનાવશાત્ જીવાત્માની થતી સ્થિતિ સમજ્યા પછી સારી રીતે જાણી શકાય તેમ છે કે, જ્યાં કાળની મર્યાદા પણ કરવી શક્ય નથી તેટલા સમયથી જીવનો આ ક્રમ ચાલુ છે, છતાં જ્યારે તે બ્રહ્માંડનો કલ્પ પૂરો થાય ત્યારે તે તે બ્રહ્માંડમાંના તમામનો અવ્યક્ત(વૃક્ષાંક ૪)માં એક રૂપે વા એક સાથે વિલય થઈ જાય છે તથા પાછો કલ્પના આરંભમાં તેમનો વ્યવહાર પૂર્વની જેમ શરૂ થાય છે. તે ન્યાયાનુસાર ચાલુ મહાકલ્પનો આરંભ થયાને સૌરમાન પ્રમાણે ૧૫,૫૫,૨૧,૯૭,૨૯,૪૯,૦૪૪[૧] વર્ષો થયાં છે, તથા ચાલુ બ્રહ્મદેવના

---

* શ્રી ભા૦ સ્કં૦ ૫, અ૦ ૧૬ થી ૨૬ તથા ઇતર પુરાણોમાં પણ આ વર્ણનો આવેલાં છે તે જુઓ.

૧ આ વર્ષ ગણત્રી શાલિવાહન શક ૧૮૬૬ ના પૂર્ણ માસે પૂર્ણ થતા માસ પ્રમાણે ચૈત્ર કૃષ્ણ ૦)) કિંવા ચાંદ્રમાન પ્રમાણે ફાલ્ગુન કૃષ્ણ ૦)) સુધીની છે, ગુજરાત તથા દક્ષિણ પ્રદેશમાં ચાંદ્રમાસ ચાલે છે તથા મારવાડથી ઉપર ઉત્તર પ્રદેશમાં પૂર્ણિમાંત માસ ચાલે છે.

કલ્પ(દિવસ)ના આરંભને ૧,૯૭,૨૯,૪૯,૦૪૪ સૌર વર્ષો થયાં છે, તથા સાંપ્રત પૃથ્વીનો આરંભ થયાને આ સત્તાવીશના મહાયુગ પૈકી ૪, ૩૧, ૧૮૩ સૌર વર્ષો વિતેલાં છે, એ વાત ગણિતથી સિદ્ધ છે (વધુ માટે પ્રકાશન ૪ મહાકાળ પુરુષ વર્ણન જુઓ). આ કાળ બતાવવાનું પ્રયોજન એ છે કે, જગતમાં ચાલુ જે જે ધર્મોનું અસ્તિત્વ જણાય છે તે પૈકી કોઈ પાંચશો, તો કોઈ હજાર, કોઈ બે કિંવા અઢીહજાર વધુમાં વધુ અઢીથી ત્રણ હજાર વર્ષોનું છે. તે પહેલાંનું અસ્તિત્વ હોવાનું તો કોઈ પણ બતાવી શકતા નથી, જ્યારે જગત તો લાંબા સમયથી અસ્તિત્વ ધરાવે છે. તે પહેલાંના જગતમાં આ બધા જીવો કોઈને કોઈ રૂપે હતા જ અને તે વખતે તે તે ધર્મનું પાલન પણ કરતા જ હતા. તે આદ્ય ધર્મ એ જ વેદધર્મ છે. તેને અપૌરુષેય કહેવામાં આવે છે.[૧] આ જગતનો તમામ વ્યવહાર આરંભથી વેદધર્મ વડે જ શરૂ થયો છે. તે પૈકી આ જંબૂદ્વીપ મધ્યે આવેલા ભરતખંડમાં આરંભથી અંત થતાં સુધી તે ધર્મનું અસ્તિત્વ રહે છે. વેદ એ જ ધર્મનું સૌથી અગ્રેસર અથવા આદિસ્થાન છે. આ વેદધર્મ વડે જ ચરાચરનો વ્યવહાર અનંત કાળ થયા ચાલતો આવેલો હોવાથી તે જીવો જ્યારે મરણને પામે છે; ત્યારે તેઓ આ જંબૂદ્વીપમાંના તો શું પણ સપ્તદ્વીપા પૃથ્વીના ગમે તે ભાગમાં હો તે જીવ ઝાડ, પત્થર જેવા જડ અથવા પશુ, પક્ષી, કિંવા મનુષ્યાદિ ચેતનયોનિરૂપે હોય! છતાં પૂર્વ લાંબા કાળ પર્યંત આ પિંડાદિ ક્રિયાઓનો તેઓને અનાદિકાળથી દૃઢ અનુભવ થયેલો હોવાથી મરણ પછી તે પોતાને પિંડ મળ્યાં છે એમ માની લે છે અને ભાવના તથા વાસનાવશાત્ ઉપર બતાવેલા છ પ્રકારો પૈકી ગમે તેનો અનુભવ લે છે. કેમ કે જીવ પોતાની વાસના તથા સંકલ્પ પ્રમાણે જ જગતમાં ફળને પામે છે. આમ થવાનું કારણ એ કે, કોઈ પણ ભાવના દેશ, કાળ ક્રિયા, દ્રવ્ય[૨] અને સંપત્તિ એ પાંચ વડે જ ઉત્પન્ન થાય છે. તેમાં જે જીવની જેવી પ્રબળ ભાવના હોય છે તેવા પ્રકારે તે સ્થૂલ અનુભવ લે છે. આથી પિંડાદિક ક્રિયાઓની આવશ્યકતા વ્યવહારમાં કેટલી હોય છે, તે સમજાશે, એટલું જ નહિ પરંતુ તેવી ક્રિયાઓ આજકાલ લુપ્ત થયેલી હોવા છતાં તે પૂર્વ સંસ્કારવશાત્ પૃથ્વી ઉપર મરનાર ગમે તે જીવાત્માને શરીર ધારણ કરીને સુખદુઃખાદિરૂપે કેવી રીતે અનુભવમાં આવે છે તે સંબંધમાં લોકોને સરળતાથી સમજી શકાય એટલા માટે આ વિવેચન કરવામાં આવ્યું છે, તે ઉપરથી બુદ્ધિમાનો સત્ય પરિસ્થિતિ જાણી શકશે. આ મિથ્યા ભ્રમ વડે ભાસનારા જગતમાં જ્યાં સુધી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધીને માટે કેવા મિથ્યા ચમત્કારો પ્રત્યક્ષરૂપે થતા હોય તથા અનુભવવામાં આવતા હોય અને તે તદ્દન સત્ય છે એવા સ્વરૂપે થતા હોવાનું પ્રત્યક્ષ જોવામાં આવે છે. ચિત્ ચમત્કાર તે આ જ. આમ મરણ પછી જીવની ગતિ કેવી થાય છે તે સંબંધમાં બુદ્ધિમાનોને અત્યાર સુધીના વિવેચન ઉપરથી કાંઈક અંશે કલ્પના આવી શકશે.

શ્રુતિમાં કહેવાયેલા દેવ પિતૃયાણ માર્ગો

અર્ચિરાદિ તથા ધૂમાદિ માર્ગ સંબંધે ઉપનિષદાદિ શ્રુતિ શાસ્ત્રોમાં પણ ઘણે ઠેકાણે વિવેચનો આવેલાં છે. તે વર્ણન આ પ્રમાણેનું છે. (છાંદોગ્ય પ્રપાઠક ૪ ખંડ ૧૫ મંત્ર ૧–૫ અને પ્રપાઠક ૫ ખંડ ૧૦ મંત્ર ૧) **અ અર્ચિરાદિ માર્ગ:** (૧) અર્ચિરાદિ લોક, ત્યાંથી (૨) અહર–દિવસ લોક, ત્યાંથી (૩) પિતૃલોક શુક્લપક્ષ, ત્યાંથી (૪) ષણ્માસનો (ઉત્તરાયણ) લોક, ત્યાંથી (૫) વર્ષલોક, ત્યાંથી (૬) આદિત્ય લોક ત્યાંથી (૭) ચંદ્રલોક, ત્યાંથી (૮) વિદ્યુત્ લોક, ત્યાંથી તેને (૯) અમાનવ પુરુષબ્રહ્મલોકને વિષે લઈ જાય છે. આ માર્ગ દેવાયન કહેવાય છે. **આ ધૂમાદિ માર્ગ:** (૧) ધૂમલોક, (૨) રાત્રિલોક, (૩) કૃષ્ણપક્ષ લોક, (૪) ષણ્માસિક દક્ષિણાયન કિંવા સૂર્યલોકનો (પાછલો માર્ગ), ત્યાંથી (૫) અંતરિક્ષ લોક, (૬) ચંદ્રલોક, આ ચંદ્રનો રાજા સોમ છે. ત્યાં અન્નરૂપે બની પ્રથમ તે દેવોનું ભક્ષ્ય બને છે. બાદ યથા સમયે પ્રારબ્ધકર્મ વડે ત્યાં ચંદ્રલોકમાં

---

૧ વેદ પ્રાચીન કેમ? તે અપૌરુષેય કેમ કહેવાય? તે સંબંધે વર્ણનો શાસ્ત્રોમાં આવે છે. છતાં વધુ જાણવાની ઇચ્છા હોય તો શ્રીકૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકાશન ૪ મહાકાળપુરુષવર્ણન ભાગ ૧ આમુખ તથા કિરણાંશ ૧૧–૩૪ અધ્યાય ૨, વગેરે જુઓ.

૨ દાન કિંવા દ્રવ્ય એટલે જેમાં જગતના ઉપાદાન કારણ એવા પંચમહાભૂતો, કર્મ કાળ વગેરેનો સમાવેશ થાય છે તે.

રહી નીચેના (દક્ષિણ) માર્ગે તે પાછા આવે છે, (૧) આકાશમાંના અભ્ર (વાદળો)ને પ્રાપ્ત થઈ બાદ (૨) મેઘરૂપ, પછી (૩) વરસાદરૂપે વરસે છે, ત્યાર બાદ (૪) વ્રીહિ (ચોખા વગેરે), જવ, તલ, માષ (અડદ વગેરે કઠોળ), ઔષધિ, વનસ્પતિ ઇત્યાદિમાંથી અંતે (૫) વીર્ય અને રેતસ્‌રૂપે બની ફરીથી જન્મના ચક્કરમાં આવે છે

નૈતે સૃતી પાર્થ જાનન્યોગી મુહ્યતિ કશ્ચન ।

તસ્માત્સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥૨૭॥

વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ

દાનેષુ યત્પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।

અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા

યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્ ॥૨૮॥

બંને માર્ગનું રહસ્ય જાણનારો મોહ પામતો નથી

શ્રીકૃષ્ણ ભગવાન કહે છેઃ હે અર્જુન! એક ફરી ફરીથી જન્મમાં લાવનાર તથા બીજો મોક્ષમાં લઈ જનાર આ રીતે બંને સૃતી માર્ગોનું રહસ્ય જાણનારો યોગી કદી પણ મોહ પામતો નથી. એટલે જે આ બંને માર્ગો આત્મારૂપ છે, એ રીતનું સાચું રહસ્ય સારી રીતે જાણે છે તે ફરી ફરીથી જન્મમાં નાખનારા માર્ગનું અવલંબન કદી પણ કરતો નથી. માટે તને વારંવાર કહી રહ્યો છું કે, તું આ પ્રકારનો યોગયુક્ત થા, એટલે કે તું પોતે આત્મસ્વરૂપ છે તથા આ સર્વ પણ આત્મરૂપ છે એવા પ્રકારના યોગમાં કિંવા તો હું કૃષ્ણ નહિ પરંતુ આત્મા (વૃક્ષાંક ૧) છું તથા આ સર્વ આત્મરૂપ એવા માર્ગ જ સ્વરૂપ છે એવા પ્રકારના યોગમાં સર્વકાળમાં (નિત્યપ્રતિ) સ્થિત થઈ જા. હે પાર્થ! તારા પ્રશ્ન પ્રમાણે તને તત્ બ્રહ્મ એટલે શું? અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ, આ દેહમાં તમો એવા કોણ છો તથા મરણ સમયે ચિત્તને નિયમમાં રાખનારાઓને તેવા સર્વાત્મભાવરૂપ તમો શી રીતે જાણવા યોગ છો ઇત્યાદિ સર્વ કહી સંભળાવ્યું. ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન! મેં તારા પ્રશ્નોના ઉત્તરો કહ્યા. તે ઉપરથી તેનું સાચું રહસ્ય તારા જાણવામાં આવ્યું ને? કેમકે આ સર્વ જાણીને વેદોમાં, યજ્ઞોમાં, તપમાં તથા દાનોમાં જે ફળ મળવાનું શાસ્ત્રમાં નિર્દિષ્ટ થયેલું છે, અર્થાત્ શ્રુતિશાસ્ત્રમાં[1] કહ્યું છે કે ધર્મના મુખ્ય ત્રણ વિભાગો છે. આ દરેક વિભાગને સ્કંધ કહે છે. પ્રથમ સ્કંધ કે જેમાં (૧) યજ્ઞ (૨) અધ્યયન (વેદવિદ્યા) અને (૩) દાનનો સમાવેશ થાય છે. બીજા સ્કંધમાં તપ તથા તૃતીયસ્કંધમાં બ્રહ્મચારીએ ગુરુને ઘેર વિદ્યાભ્યાસને માટે રહેવું; આ મુજબ ધર્મના જે ત્રણ વિભાગો છે, તેનું આચરણ કરવાથી જે પુણ્યફળની પ્રાપ્તિ થવા સંબંધમાં શાસ્ત્રમાં કહેવામાં આવેલું છે તે તમામ ફળને આ સર્વને એક આત્મરૂપે જાણનારો યોગી તત્કાળ ઓળંગી જાય છે. એટલે કે તે આત્મપ્રાપ્તિ સિવાય બીજા કોઈ પણ ફળપ્રાપ્તિની કદી ઇચ્છા જ કરતો નથી, કેમકે તે કરતાં શ્રેષ્ઠ એવું પ્રાપ્ત કરવા યોગ્ય બીજું કાંઈ પણ નથી. આ રીતે તમામ કામ્ય કર્મોના પાશમાંથી છૂટેલો યોગી સર્વથી પર આવેલું આત્મ કિંવા તત્ (વૃક્ષાંક ૧) સ્વરૂપ એવા આદ્યસ્થાનને પામે છે. તાત્પર્ય, આત્મસ્વરૂપને જાણનારાં શ્રેષ્ઠ એવા પરમ સ્થાનને છોડી બીજા કોઈ સ્થાનની પ્રાપ્તિની ઇચ્છા શી રીતે ધરાવી શકે? શુદ્ધ અને સ્વચ્છ પાણીનું સરોવર જોયા પછી માલન એવા ખાબોચિયાનું પાણી પીવાની ઇચ્છા કોને થાય? પંચ પકવાનનો થાળ પાસે આવ્યા પછી ખીચડીનું સેવન કોણ કરશે?

---

૧ જુઓ છાંદોગ્ય ઉપનિષદ્ દ્વિતીય પ્રપાઠક ખંડ ૨૩.

અધ્યાય ૯ મો

श्रीभगवानुवाच ।

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।

ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

અશુભથી મુક્ત થઈશ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે અસૂયા એટલે ગુણમાં દોષદૃષ્ટિ કરવારૂપ દોષથી રહિત અર્થાત્ નિર્મળ અને શ્રદ્ધાયુક્ત અંતઃકરણવાળા અર્જુન! હજી પણ સાંભળ. અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું આ વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર કિંવા અપરોક્ષ અનુભવ સહિતનું જ્ઞાન, હવે હું તને કહું છું, તે સાંભળવાથી તું આ સર્વ અશુભમાંથી મુક્ત થઈશ* અને શુભ એવા મોક્ષપદને પ્રાપ્ત કરીશ. આ જ્ઞાન અત્યંત ગોપ્ય છે; એમ કહેવાનું કારણ એ છે કે, વેદાદિ તમામ શાસ્ત્રોએ તે કહેવાનો ઉપક્રમ આરંભ્યો પરંતુ તેઓએ તો ફક્ત પરોક્ષ જ્ઞાન બતાવી અંતે નેતિ નેતિ એટલે ઇતિ થઈ નથી, પૂર્ણતા થઈ નથી એમ કહીને મૌન ધારણ કર્યું છે. તેનો ઉદ્દેશ એટલોજ છે કે, તે પદ તો પ્રત્યક્ષ અનુભવગમ્ય હોવાથી મન, વાણી બુદ્ધિ ઇત્યાદિ તમામનો ત્યાં વિલય થઈ જાય છે. એટલા માટે તમો તેનો પ્રત્યક્ષ અનુભવ કરો. આ મુજબ જ્યાં સુધી અપરોક્ષ અનુભવ એટલે આત્મસાક્ષાત્કાર કરવામાં નહિ આવે ત્યાં સુધી તે પદની પ્રાપ્તિ કદી પણ થશે નહિ. એમ કહી તમામ શાસ્ત્રકારો મૌન બની ગયા છે. તેવું આ વિજ્ઞાન અવર્ણનીય હોવાથી જે અત્યંત ગુહ્ય (ગોપ્ય) છે, તેવું મેં પ્રત્યક્ષ અનુભવેલું આ વિજ્ઞાનયુક્ત જ્ઞાન હું તને કહું છું. વળી આ વિજ્ઞાન જેઓ ગુણને દોષરૂપે જોનારા એટલે સત્યને અસત્ય માનનારા તથા અસત્યને માટે સત્યનો નિશ્ચય કરનારા અર્થાત્ અસત્માં જ સત્ હોવાનો દુરાગ્રહ રાખનારા મૂઢોને કદી પણ કહેવા યોગ્ય નથી. કારણ કે તેઓ અસત્ના આગ્રહી હોવાથી તમને આ વિજ્ઞાન કહેવું એ તો પથ્થરને પાણી વડે ભીંજવવા સમાન છે. હે અર્જુન! તું તો સત્નો આગ્રહી છે માટે મેં પ્રત્યક્ષ અનુભવેલું એવું આ વિજ્ઞાન હું તને હવે સ્પષ્ટ કરીને કહું છું તે તું સાંભળ. જે જાણવાથી તું મોક્ષરૂપ શ્રેષ્ઠ ફળને પ્રાપ્ત થઈશ.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।

प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥२॥

રાજવિદ્યા રાજગુહ્ય

શ્રીભગવાન આગળ કહે છેઃ આને રાજવિદ્યા એટલે સર્વ વિદ્યાઓનો રાજા અને રાજગુહ્ય એટલે વ્યવહારમાં જે જે વસ્તુ અતિ ગોપ્ય છે તે સર્વ ગોપ્યોમાં પણ અત્યંત ગોપ્ય અર્થાત્ સર્વ ગુહ્યોનો રાજા એમ કહે છે. અતિ ઉત્તમ અને પવિત્ર એવા વેદ, મંત્ર, તપ, દાન ઇત્યાદિ શાસ્ત્રમાં બતાવેલા ધર્મો આત્મસ્વરૂપભૂત અંતિમ ધ્યેયની પ્રાપ્તિ કરવાને માટે પોકાર કરી કરીને કહી રહ્યા છે તે સુખપૂર્વક અને સારી રીતે પ્રાપ્ત થઈ શકે એવું ધર્મના ફળરૂપ એ આત્મસ્વરૂપ અવ્યય એટલે નાશ રહિત છે, જે અવગમ અર્થાત્ પ્રત્યક્ષ અનુભવ વડે જ જાણી શકાય તેવું હોવાથી તેને રાજવિદ્યા રાજગુહ્ય કહેલું છે. પરંતુ આ તો રાજવિદ્યા અને રાજગુહ્યનો સામાન્ય અર્થ થયો; તેને રાજવિદ્યા અને રાજગુહ્ય કહેવાનું બીજું પણ કારણ છે. સામાન્યતઃ વ્યવહારમાં અજ્ઞાની લોકો જેઓને શ્રેષ્ઠ માનતા હોય તેમના માર્ગનું જ અનુકરણ તેઓ કરે છે.

* જન્મમરણાદિ ચક્રમાં ફસાવું તેને અશુભ તથા મોક્ષની પ્રાપ્તિને શુભ એવી સંજ્ઞાઓથી શાસ્ત્રોમાં સંબોધાયેલું છે.

આ ન્યાયાનુસાર રાજા એ લોકોમાં સૌથી શ્રેષ્ઠ ગણાય છે. તેથી મહર્ષિઓએ આ અત્યંત ગુહ્ય એવી બ્રહ્મવિદ્યાનો પ્રચાર સૌથી પ્રથમ રાજામાં કર્યો. આથી વ્યવહારમાં આ જ્ઞાન રાજવિદ્યા રાજગુહ્ય નામે પ્રસિદ્ધ છે- શ્રુતિશાસ્ત્રકારો આને મધુવિદ્યા પણ કહે છે (જુઓ બૃઉ૦ અ૦ ૨/૧/૧૫ અને ૨/૫/૨૬ થી ૧૮ તથા છાંદોગ્ય પ્ર૦ ૩/૧૧/૩ તેમ જ પાછળ અ૦ ૪ શ્લોક ૪). આ જ્ઞાન જગતમાં કેવી રીતે અવતીર્ણ થયું તે સંબંધે શાસ્ત્રોમાંનો ઇતરત્ર થયેલ નિર્ણય જાણવાથી આને રાજવિદ્યા રાજગુહ્ય કેમ કહેવામાં આવે છે તે સારી રીતે સમજી શકાશે.

પૃથ્વીમાં થયેલો કર્મકાંડ તથા યજ્ઞનો વિસ્તાર

શ્રીરામ પૂછે છે કે : મહાત્મા બ્રહ્માની બુદ્ધિ, સૃષ્ટિ ઉત્પન્ન કર્યા પછી જગતમાં જ્ઞાન ઉતારવાને માટે કયા પ્રકારથી પ્રવર્તી ?

શ્રી વસિષ્ઠ બોલ્યા : જેમ સમુદ્રમાં ચલનાત્મક મોજું ઉત્પન્ન થાય તેમ બ્રહ્મમાં વાસનાને લીધે નિરંતર ક્રિયાશક્તિના અંશવાળા બ્રહ્મા પોતે ઉત્પન્ન થયા. તેમણે કેવળ પોતાના મનના સંકલ્પ વડે જ ચૌદ લોકના વિસ્તારવાળી આ બધી સૃષ્ટિઓ ઉત્પન્ન કરી. ત્યારબાદ બ્રહ્માએ તેઓનું અવલોકન કર્યું તો આ તમામ સૃષ્ટિઓ અતિશય દુઃખી છે એમ તેને જણાયું. વળી બીજી સૃષ્ટિઓ ઉત્પન્ન કરે તો પણ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળની સઘળી સૃષ્ટિઓની સ્થિતિ પણ આ પ્રમાણે જ દુઃખી હોવાનું તેને જણાયું, તેથી તેને સુખી શી રીતે કરવી તે સંબંધે તેણે વિચાર કર્યો; તે ઉપરથી તેને જણાયું કે શુભ સાધનો કરવાને યોગ્ય એવા આ સત્ય(કૃત)યુગાદિ જેવા આ કાળનો અંત જ્યારે આવશે ત્યાર પછી લોકોને ભવિષ્ય કાળમાં ઉત્તરોત્તર વધુ મોહ થશે. આથી તેમની બ્રહ્માને દયા ઉત્પન્ન થઈ, તે ઉપરથી બ્રહ્માએ સંકલ્પ વડે તરત જ મને સર્જ્યો તથા વારંવાર જ્ઞાન આપીને આ લોકનું અજ્ઞાન મટાડવાને માટે મને પૃથ્વીની પીઠ ઉપર મોકલ્યો છે. જેમ તેમણે મને મોકલ્યો તેમ સનત્કુમારો તથા નારદાદિ બીજા ઘણા ઘણા મહર્ષિઓને પણ મોકલ્યા. આ પ્રમાણે બ્રહ્માંડોમાં માનસિક તથા અજ્ઞાનરૂપી રોગ વડે પીડાતા લોકોનું અજ્ઞાન નષ્ટ કરવાના ઉદ્દેશથી બ્રહ્માએ પવિત્ર એવા કર્મકાંડાદિના ક્રમ વડે જેનો અંત છેવટે આત્મજ્ઞાનમાં જ થાય છે એ રીતના જ્ઞાનના ક્રમના વિસ્તાર માટે અને અજ્ઞાનીઓનો ઉદ્ધાર કરવા સારુ અમને સર્વને મોકલ્યા છે. જેઓ કર્મકાંડાદિમાં આસક્તિવાળા હોય તેમને કર્મકાંડમાં ક્રમથી તથા સૂક્ષ્મ બુદ્ધિશાળીઓને આનંદ આપનારા જ્ઞાનના ક્રમથી બોધ આપવામાં આવે છે. આ મુજબ સૌથી પહેલો સત્યયુગ ૧૭૨૮૦૦૦ સૌર વર્ષોનો હોઈ જેને પ્રથમ વા કૃતયુગ પણ કહે છે તે સંપૂર્ણ થયા પછી પૃથ્વીમાં કાળક્રમને લીધે શુદ્ધ કર્મકાંડ સંકોચ પામી ગયો. તેથી બ્રહ્મદેવની આજ્ઞા મુજબ મન્વાદિકોએ જગત મધ્યે મર્યાદાની સ્થાપનાને માટે દેશોના જુદા જુદા વિભાગો કર્યા અને તેમાં રાજાઓની સ્થાપના કરી (આ પૃથ્વી ઉપર સુવ્યવસ્થિત રાજ્યની સ્થાપના કરનારો સૌથી પહેલો રાજા પૃથુ છે, તે ઉપરથી જ આનું પૃથ્વી એવું નામ પડ્યું છે); ત્યારે તે દરેક મન્વાદિકો તથા મહર્ષિઓએ તે તે ક્રિયાક્રમના વિધાન માટે તેમ જ પૃથ્વીમાં ધર્મ, કામ અને અર્થની સિદ્ધિઓને માટે યોગ્ય ધર્મશાસ્ત્રો તથા વિધવિધ યજ્ઞક્રિયાઓ સંબંધી શાસ્ત્રોની રચના કરી

આને રાજવિદ્યા રાજગુહ્ય કેમ કહે છે ?

કેટલોક કાળ તો આ ક્રમ ચાલ્યો. પરંતુ જેમ જેમ સમય વ્યતીત થવા લાગ્યો તેમ તેમ વળી પાછો ધર્માદિકનો આ ક્રમ તૂટી ગયો; તમામ લોકો માત્ર વિષયમાં જ લંપટ થઈ નિત્ય ઐહિક એવા ભોગ્ય પદાર્થોને મેળવવામાં જ રચ્યા પચ્યા રહેવા લાગ્યા. રાજાઓમાં ધર્મનું રક્ષણ અને પ્રજાપાલનની ભાવના નહિ રહેતાં માલિકપણાનો ભાવ ઉત્પન્ન થયો. તેથી તેઓમાં ચોકખીજાના દેશો પડાવી લેવાને માટે પરસ્પર દ્વેષ અને વેરભાવો ઉત્પન્ન થયા- આ રીતે પૃથ્વીમાં ઘણાં માણસો શિક્ષાને યોગ્ય થયાં. આમ થતાં જે રાજાઓ પ્રથમ ધર્મ પાલન તથા પ્રજારક્ષણની દૃષ્ટિ રાખી પૃથ્વીનું પાલન કરવાને સમર્થ હતા તેઓ યુદ્ધ કર્યા વિના પૃથ્વીનું પાલન કરવાને માટે અસમર્થ બન્યા. એટલું જ નહિ પરંતુ પરિણામે રાજા અને પ્રજા બંને અત્યંત કંગાલ થઈ ગયાં. તેઓની આ દીનતા મટાડવાને માટે અને લોકોમાં આત્મજ્ઞાનના પ્રચારને માટે મેં તથા

બીજા મહર્ષિઓએ આત્મજ્ઞાન સંબંધીના ગુહ્ય અને શ્રેષ્ઠ એવા વિચારો લોકોમાં પ્રકટ કર્યા અને તે જ્ઞાન પ્રથમ રાજાઓને આપ્યું. આ મુજબ આ ગુહ્ય એવી આત્મવિદ્યાનો પ્રચાર પ્રથમ રાજાઓમાં થયો અને પછી તે વિદ્યા લોકોમાં વિસ્તારને પામી, આથી આ ઉત્તમ એવું આત્મજ્ઞાન રાજવિદ્યા અને રાજગુહ્ય કહેવાવા લાગ્યું (યો૦ મુ૦ સ૦ ૧૨ શ્લો૦ ૩થી ૧૮).

જાણ્યા પછી આચરણમાં આવે તે જ ખરું જ્ઞાન

ભગવાન કહે છે: હે અર્જુન ! જગતમાં ઉપર મુજબની પરિસ્થિતિ જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે મહાપુરુષો દ્વારા જગતમાં આત્મજ્ઞાનનો પ્રચાર થવા પામે છે. આજે પૂર્વ પુણ્યનો મોટો ઉદય થવાને લીધે એ ઉત્તમ જ્ઞાન સાંભળવા માટે તું અધિકારી બન્યો છું. તમામ વાસનાઓનો વિલય થઈ પ્રયત્ન વગર જ આત્મા સિવાય બીજું બધું સૂઝવાનું તદ્દન બંધ થયું, તે જ અપરોક્ષજ્ઞાન અથવા મોક્ષ છે. હે અર્જુન ! આત્માનું ઉપલબ્ધિયું જ્ઞાન અથવા શાબ્દિક વા શુષ્ક જ્ઞાન તો થોડા પરિશ્રમ વડે પણ થાય છે; પરંતુ વિષયો ઉપર વૈરાગ્ય થઈ વૃત્તિનું આત્મામાં તદાકાર થયું એટલે સાક્ષાત્કારયુક્ત અપરોક્ષ અનુભવ પ્રાપ્ત થવો, એ તો ઘણા પરિશ્રમથી જ થઈ શકે છે. પરમતત્ત્વનું સત્યસ્વરૂપ જાણવામાં જેટલી ન્યૂનતા હોય તેટલી વૈરાગ્યની ન્યૂનતા રહે છે. પરમતત્ત્વનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરનારો તો તે જ કહેવાય કે, જે જાણ્યા પછી તેનો અપરોક્ષ અનુભવ એટલે સાક્ષાત્કાર કરે, આ પ્રમાણે જેની બુદ્ધિ અપરોક્ષઅનુભવ લેવા તરફ કદી પણ પ્રવૃત્ત થતી નથી તેવાઓ મને આત્માનું જ્ઞાન થયું છે વા આત્મસ્વરૂપ સમજાયું છે એમ કહે તો તેમ કરનારની સ્થિતિ ગધેડાની પીઠ ઉપર જેમ હાથીની અંબાડી મૂકવામાં આવે તે પ્રમાણેની જ સમજવી. આથી હે પાર્થ ! તારામાં મને હવે જ્ઞાન થયું છે એવી રીતનું ખોટું અભિમાન ઘૂસી જવા નહિ પામે એટલા માટે તથા તું અસૂયા અર્થાત્ દોષદૃષ્ટિ એટલે નિઃશંક અને દુરાગ્રહ વિનાનો હોવાથી આ પરમગુહ્ય વિજ્ઞાન(અનુભવ)યુક્ત જ્ઞાન તને કહી રહ્યો છું, તે તું લક્ષ્યપૂર્વક સાંભળ. સજ્જનના શબ્દમાં અવિશ્વાસ રાખવો એ મહાન શત્રુ સમાન છે. તેવા મુર્ખાઓને લક્ષ્મી, કીર્તિ તથા સુખ વગેરે તમામ છોડીને ચાલ્યાં જાય છે. શ્રદ્ધા એ જ જગતનો આધાર છે. શ્રદ્ધા વગર જે કાંઈ સાંભળવામાં આવે છે તે સર્વ નિરર્થક જ છે. વળી સાંભળ્યા પછી તે વર્તનમાં નહિ આવે તો પણ વ્યર્થ જ ગણાય. માટે હવે હું તને આ જે ગુહ્ય વિજ્ઞાન સહિત જ્ઞાન કહું છું તે તું ઘણી જ દક્ષતાથી સાંભળ.

વારંવાર બોધ કેમ કરવો પડે છે ?

હે પાર્થ ! હું તને વારંવાર એનો એ જ ઉપદેશ યુક્તિ પ્રયુક્તિ વડે આપું છું એમ સમજીને તું તે તરફ અનાસ્થા કિંવા દુર્લક્ષ નહિ કર, કારણ કે હું તને જે વારંવાર કહી રહ્યો છું તે તારા બોધની દૃઢતાને માટે જ છે. દેવતાઓને ફક્ત એક જ વખત આત્મજ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે તો પણ બસ થાય છે; પરંતુ મનુષ્યોને તો વારંવાર (નિત્યપ્રતિ) અભ્યાસ વિના આત્મસ્વરૂપની ભાવના ખીલતી નથી. જેનું અવિદ્યા એવું બીજું નામ છે તે અજ્ઞાનને લીધે અતિ અણવત્તર બનેલું હોઈ હજારો જન્મોથી સર્વત્ર દૃશ્યસ્વરૂપે ઓતપ્રોત પ્રસરેલું હોવાને લીધે બહુ જ વાંકું થઈ ગયેલું છે. તેના નાશ કિંવા નિવારણને માટે એકવારના ઉપદેશથી મનુષ્યોને બોધ થતો નથી. અરે ! મનુષ્યોમાં પણ જનકાદિ જેવો કવચિત્ કોઈ અતિ સૂક્ષ્મ બુદ્ધિશાળી મળી આવે છે કે જે એક વખત સાંભળતાની સાથે જ આત્મસ્વરૂપનો નિશ્ચય કરી અપરોક્ષઅનુભવ પ્રાપ્ત કરી કૃતાર્થ બને છે; પરંતુ એવા ઉદાહરણો તો અપવાદાત્મક કવચિત્ જ જોવા મળે છે, તે તું ધ્યાનમાં રાખ. તને આ જ્ઞાનનો ઉપદેશ કરવાનું કારણ તું નિર્દોષ, પવિત્ર અને નિર્મળ અંતઃકરણવાળો હોઈ મને અત્યંત પ્રિય છે, માટે હું તને તે વારંવાર સમજાવીને કહી રહ્યો છું. તરમાટ હવે નિઃશંક થઈ તદ્દન એકાગ્રચિત્ત વડે હું કહું છું તે અનુભવયુક્ત જ્ઞાન તું સાંભળ, તથા અનાત્મદૃષ્ટિનો ત્યાગ કરી આત્મદૃષ્ટિમાં જ સ્થિર થા. વળી હું આ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ આત્મા છું, એવું જે તને વખતોવખત કહેવામાં આવેલું છે, તે ઉપરથી તને શંકા થઈ હતી કે કદાચ શ્રદ્ધાથી તેમ માનવામાં આવે તો અધઃપતન તો થતું નથીને ? તારી

એ શંકાનું સમાધાન પ્રથમ કરવામાં આવ્યું છે, તેમજ અંતકાળના સમયે આત્મસ્વરૂપ એવા મને જાણવા થકી મનુષ્ય પરમ ગતિને જ પામે છે એમ પણ કહેવામાં આવ્યું છે; તો તેવું મારું વિજ્ઞાન એટલે અપરોક્ષ અનુભવ સહિતનું જ્ઞાન તને કહું છું. તે ઉપરથી તારી ખાતરી થશે કે હું એટલે કેવળ આ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ આત્મા છે (અધ્યાય ૭ શ્લો૰ ૩૦ થી ૩૨ માં આ વિષય ઉપર વિવેચન છે તે જુઓ)

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परन्तप ।

अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३॥

અશ્રદ્ધાળુઓ મૃત્યુવાળા સંસારના માર્ગમાં જ ભટકે છે

હે પરંતપ! એટલું તો ખાસ ધ્યાનમાં રાખ કે જેઓ હું શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ આત્મા છું એવા પ્રકારની મનમાં દૃઢ શ્રદ્ધા વગર હું એટલે આ દેહધારી જ છું એમ સમજી કેવળ મોઢેથી તેવું કહી મને ભજે તો તે વડે કાંઈ તેઓ મોક્ષને માર્ગે જઈ શકતા નથી. એ તો શું પરંતુ આ તેમ જ પ્રથમ બતાવેલા મનોપાસના કિંવા પ્રાણોપાસનારૂપ ધર્મ (માર્ગ) ઉપર શ્રદ્ધા નહિ રાખનારા પુરુષો આત્મા અર્થાત્ આત્મસ્વરૂપ એવા મને (તત્ વૃક્ષાંક ૧ ને) નહિ પામતાં સંસારમાં જન્મમરણના માર્ગમાં જ ભટકે છે એટલે હંમેશાં પરિવર્તનને જ પામ્યા કરે છે.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।

मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ॥४॥

મારામાં સર્વભૂતો છે પરંતુ તેઓમાં હું નથી

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહી રહ્યા છે કે: હે પાર્થ! આત્મસ્વરૂપ એવા મેં (વૃક્ષાંક ૧ જુઓ) મારા (વૃક્ષાંક ૩ ના) અવ્યક્ત સ્વરૂપ (વૃક્ષાંક ૪ જુઓ) વડે આ સર્વ જગત વિસ્તારેલું અથવા પ્રસારેલું છે. હું રૂપ (વૃક્ષાંક ૩) એવા મારે ઠેકાણે આ સર્વ ભૂતો (વૃક્ષાંક ૪ થી ૧૫ સુધીનાં) રહેલાં છે, પરંતુ તે હું (વૃક્ષાંક ૩) તેઓમાં (વૃક્ષાંક ૪ થી ૧૫ માં) રહેલો નથી. આની સ્પષ્ટતા માટે પ્રથમ સુવર્ણનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે (અધ્યાય ૭ જુઓ) છતાં અત્રે સંક્ષેપમાં વિચાર કરીશું.

મારું અવ્યક્ત શરીર કયું?

શ્રીકૃષ્ણ ભગવાન અત્રે ઘણી જ યુક્તિ વડે સમજાવી રહ્યા છે તે રહસ્ય સમજવાને માટે પ્રથમ તો વૃક્ષ જ્ઞાનું સારું જ્ઞાન હોવું જોઈએ. આમાં પ્રથમ ભગવાને સાક્ષીભાવ(વૃક્ષાંક ૨)માં સ્થિત રહીને અર્જુનને સમજાવેલું છે કે આ સર્વ જગતાદિ દૃશ્ય (વૃક્ષાંક ૩ થી ૧૫ઘ) મારા આત્મા(વૃક્ષાંક ૧)ના અવ્યક્ત મૂર્તિના એટલે આત્માના અવ્યક્ત સ્વરૂપ (વૃક્ષાંક ૪ જુઓ) વડે સર્જાયેલું છે. જેમ સુવર્ણ એ આ મા (વૃક્ષાંક ૧) છે. તેને આ સુવર્ણ છે એમ કહેવું તે "હું" (વૃક્ષાંક ૩) સમજો તથા તે "હું"નો પ્રેરણાત્મક અપ્રકટ અને સૂક્ષ્મ સાક્ષીરૂપ શુદ્ધ "હું." તે ઈશ્વર (વૃક્ષાંક ૨) સમજો. હવે તે સુવર્ણ પૈકી જેટલા ભાગના દાગીના બનાવવાના હોય તેનો એક ગોળો કિંવા લગડી જુદી કાઢવામાં આવે તે અવ્યક્ત (વૃક્ષાંક ૪) સમજો. આ ગોળામાંથી જ અનેક પ્રકારના ચિત્રવિચિત્ર દાગીનાઓ કારીગર (સોની) પાસે બનાવી લેવામાં આવે છે. તે કારીગરની પાસે બેસીને બનાવરાવી લેનારો તે ક્રિયા જ્ઞાનશક્તિયુક્ત એવું અર્ધનારીનટેશ્વર કિંવા પ્રકૃતિપુરુષ (વૃક્ષાંક ૫)નું મિશ્રણાત્મક તત્ત્વ છે, એમ સમજો, આને શિવશક્તિ પણ કહેવામાં આવે છે. અને કારીગર સોની એ તો જીવ કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) છે, એમ સમજો. આ જીવ વાસનાવશાત્ અનેક ચિત્રવિચિત્ર ઘાટો ઘડે છે, પરંતુ આ સર્વકાર્ય તે પોતાની અંદર વસેલા જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિના બળવડે અર્થાત્ પુરુષ અને પ્રકૃતિના મિશ્રણાત્મક અંશોની પ્રેરણા અનુસાર કરે જાય છે. માયા પ્રકૃતિ

(વૃક્ષાંક ૩)થી માંડી બ્રહ્માંડ (વૃક્ષાંક ૪ થી ૧૫ઘ) સુધી તમામ દૃશ્યનો સમાવેશ જગતમાં જ થાય છે. આટલી બાબતો સારી રીતે સમજ્યા પછી ઉપરનું કથન સમજવાને માટે સરળતા થશે. જેમ સુવર્ણના ગોળા અથવા લગડીમાં સુવર્ણના અનેક દાગીનાઓ થાય છે તેમ આત્મસ્વરૂપ ભગવાન એવા સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિત થઈને કહે છે કે, આ સર્વ જગત મેં મારા અવ્યક્ત (વૃક્ષાંક ૪) સ્વરૂપમાંથી વિસ્તારેલું છે. ઉપરના દૃષ્ટાંતમાં જેમ સુવર્ણને સુવર્ણ કહેવાની જરૂર નથી તે તો સ્વતઃસિદ્ધ છે, તેમ આત્મા (વૃક્ષાંક ૧) સ્વતઃસિદ્ધ જ છે. તેને હું આત્મા છું કિંવા કોઈ મને આત્મા કહેનારો અથવા જાણનારો છે તેની કિંચિન્માત્ર પણ કલ્પના હોતી નથી, તેથી તે સ્વતઃસિદ્ધ કહેવાય છે. આ "હું" "હું" એવા થતા સ્ફુરણને લીધે જ આત્મા જેવું કાંઈક અનિર્વચનીય તત્ત્વ છે એમ કલ્પી શકાય છે. અર્થાત્ આત્મામાં હુંરૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) છે એમ કહેવું તે જ સુવર્ણને સુવર્ણ કહેવા સમાન છે એમ સમજો. લગડી કિંવા ગોળો એ જેમ તમામ દાગીનાઓનું આદ્યકારણ કહેવાય અને તેને સોનું કહેવું તે ગોળાનું પણ મહાકારણ થયું તેમ આ અવ્યક્ત (વૃક્ષાંક ૪)નું મહાકારણ "હું" એવું સ્ફુરણ (વૃક્ષાંક ૩) છે. આથી ભગવાન કહે છે કે આત્મસ્વરૂપ એવો જે હું (વૃક્ષાંક ૧) તે તો અનિર્વચનીય છે. મારા આ આત્મસ્વરૂપમાં તો આ "હું" "હું" (વૃક્ષાંક ૩) રૂપ સ્ફુરણનો કિંચિન્માત્ર પણ અંશ નથી. એવા મારા (આત્મા)માં મિથ્યા " હું " એવા થનાર સ્ફુરણરૂપ સ્થાન(વૃક્ષાંક ૩)માં સર્વભૂતોના આદિ કારણ અવ્યક્તથી માંડીને તમામ ભૂતો (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ સુધી) રહેલાં છે પરંતુ આ સ્ફુરણરૂપ એવો હું (વૃક્ષાંક ૩) તેમાં નથી.

દાગીનામાંથી સુવર્ણ કાઢી લેવામાં આવે તો શું રહે ?

જેમ પૃથ્વી આદિ તમામ વસ્તુઓ આકાશમાં રહેલી છે પરંતુ આકાશ તેમાં નથી અથવા તો તપાવેલા લાલ લોખંડની અંદર અગ્નિ હોય છે પરંતુ તે અગ્નિમાં લોખંડનો અંશ પણ હોતો નથી. દાગીનામાંથી સુવર્ણનો અંશ કાઢી લેવામાં આવે તો શું રહે ? એ ન્યાયે સુવર્ણમાં દાગીના રહેલા છે પરંતુ દાગીનાઓમાં સુવર્ણનો અંશ પણ નથી. તેમજ આ સર્વ ભૂતાદિ તથા તેનું આદ્યકારણ અવ્યક્ત (વૃક્ષાંક ૪ થી ૧૫ઘ) સુધીનું તમામ, આત્મસ્વરૂપ એવાં મારાં "હું" "હું" રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)ના ઠેકાણે સર્વભૂતમાત્ર રહેલાં છે પરંતુ મારા એટલે આત્મા (વૃક્ષાંક ૧)ના સ્ફુરણરૂપ એવો હું (વૃક્ષાંક ૩) તેઓમાં રહેલો નથી.

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।

भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥५॥

મારામાં ભૂતો છે અને નથી એમ વિરોધી વિધાનો કેમ સંભવે ?

ભગવાન આગળ કહે છે : હે અર્જુન ! વળી તને આશ્ચર્યજનક રહસ્ય કહું છું તે તું સાંભળ. જેમ મૃગજળ દેખાતું હોવા છતાં તેમાં પાણીનો કિંચિન્માત્ર પણ અંશ હોતો નથી કિંવા સ્વપ્નામાં મોટાં મોટાં વિશાળ નગરાદિ દેખવામાં આવતાં હોવા છતાં પણ તેમાં જડાંશનો લેશ હોતો નથી. તેમ આ દૃશ્યાદિરૂપે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનાં) ભાસતાં તમામ ભૂતો મારામાં રહેલાં છે એમ પણ નથી. જો આ મારા યોગનું ઐશ્વર્ય કિંવા અદ્‌ભુત પ્રભાવ કેવો વિચિત્ર છે ? અરે, તું કદાચ અત્રે એવી શંકા કરીશ. કે ઉપર તો આપે કહ્યું છે કે મારામાં ભૂતો છે અને વળી આપ કહો છો કે મારામાં ભૂતો પણ રહેલાં નથી. આ બે પરસ્પર વિરોધી કથનો એક સાથે જ અને એક જ વખતે કહી રહ્યા છો તો તે અમારે કેવી રીતે સત્ય સમજવાં ? સિવાય આપે શ્રદ્ધા રાખવાનું કહ્યું પરંતુ આમ એક જ વખતે એક બીજાથી તદ્દન વિરુદ્ધ એવું વિધાન આપ કહી રહ્યા છો તો આપનું કહેવાનું સાચું રહસ્ય શું છે તે અમોએ કેવી રીતે સમજવું ? તેના ઉત્તરમાં હવે હું તને કહું છું તે તું લક્ષપૂર્વક સાંભળ.

મારામાં ભૂતો છે એમ કહેવાનું કારણ

હે વત્સ ! મેં ઉપર કહેલું જ છે કે આ સર્વ જગત મારા અવ્યક્ત (વૃક્ષાંક ૪) રૂપ વડે વ્યાપેલું છે. તેથી અવ્યક્ત (વૃક્ષાંક ૪) એ જ આ જગતાદિ તથા તેમાંનાં તમામ ભૂતો (વૃક્ષાંક ૫ થી ૧૫ ઘ) નું આદિ કારણ ગણાય છે અને તેનું પણ મૂળ "હું" (વૃક્ષાંક ૩) હોવાથી તેને મહાકારણ એમ કહે છે. આ રીતે આ કારણરૂપ અવ્યક્ત (વૃક્ષાંક ૪ તથા તે વડે વ્યક્ત થનાર કાર્યકારણભાવવાળી જગતાદિ તમામ દૃશ્યજાળ (વૃક્ષાંક ૫ થી ૧૫ ઘ) આ "હું" રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)ના આધાર ઉપર જ અસ્તિત્વ ધરાવી શકે છે, એટલે કે આ "હું" (વૃક્ષાંક ૩) જો ના હોય તો અવ્યક્તાદિ કશાનું પણ અસ્તિત્વ સંભવતું નથી. તેથી ઉપર મેં સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિર રહીને તને સમજાવેલું છે કે, આ બધી મિથ્યા દૃશ્યજાળનું કારણ અવ્યક્ત (વૃક્ષાંક ૪) હોઈ તે અવ્યક્ત પણ "હું" રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)ના આધાર વડે જ અસ્તિત્વ ધરાવે છે. એવા મિથ્યા હું (વૃક્ષાંક ૩) રૂપ મારામાં આ સર્વ ભૂતો રહેલાં છે, પરંતુ તે ભૂતાદિમાં "હું" રહેલો નથી, કેમકે તેઓમાંથી જો હું (વૃક્ષાંક ૩)ને કાઢી લેવામાં આવે તો અવ્યક્તાદિ તમામ ભાવોનો વિલય અનાયાસે જ થઈ જાય છે. આટલે સુધી મેં તને સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)નો આશ્રય લઈને ક્રમે સમજાવ્યું હતું, હવે આગળ સમજાવું છું. કારણ કે જેને મેં મારામાં ભૂતો છે એમ કહેતી વખતે "હું" એવી સંજ્ઞાથી સંબોધ્યું હતું તે હું એટલે (વૃક્ષાંક ૩) છે તે હવે તારા લક્ષ્યમાં સારી રીતે આવ્યું હશે. આ "હું" રૂપ મિથ્યા સ્ફુરણ થવું એને જ માયા, પ્રકૃતિ, અવિદ્યા, અજ્ઞાન ઇત્યાદિ નામો શાસ્ત્રકારોએ આપેલાં છે ('વૃક્ષ' અમાં વૃક્ષાંક ૩' જુઓ).

આત્માને મારામાં કાંઈ છે એવી કલ્પના પણ નથી

હે પાર્થ ! મેં સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિત રહી જેને "હું" "હું" એવી સંજ્ઞાથી સંબોધેલું છે તેનું સાચું રહસ્ય તને સમજાવ્યું. હવે, મારું સાચું સ્વરૂપ તો શાસ્ત્રકારો આત્મા, તત્ અથવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) ઇત્યાદિ સંજ્ઞાઓ જેનું ભાન કરાવે છે તેનું અનિર્વચનીય છે. તે પદની અંદર તો આ "હું" "હું" રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) તથા તેના સાક્ષીભાવ શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) નો કિંચિન્માત્ર પણ કદી પ્રવેશ જ થતો નથી. તે પદ તો સ્વતઃસિદ્ધ, કોઈની અપેક્ષા વગરનું, કૂટસ્થ, આકાશની પેઠે સર્વમાં હોવા છતાં પણ નિર્લેપ, તદ્દન અસંગ, નિરામય, શુદ્ધ, શાંત, અજ (જન્મરહિત), અવિકારી (વિકારાદિથી તદ્દન રહિત), અવ્યય અને અવિનાશી જેવું છે. જેમ સુવર્ણને સુવર્ણ કહેવાની જરૂર હોતી નથી તેમ જ વ્યવહાર કરતી વખતે હું મનુષ્ય હોઈશ કે નહિ એવી કોઈને કદી પણ શંકા હોતી નથી તેમ આત્મા સ્વતઃસિદ્ધ હોવાથી તેને કોઈ આત્મા છે એમ કહે તો જ તેની સિદ્ધતા થાય છે એવું નથી, કેમકે તેને કોઈ આત્મા કહે યા અનાત્મા કહે તો પણ તે તો પોતાના અસલ સ્વરૂપમાં જ સ્થિત રહે છે. તેને કલ્પના પણ હોતી નથી કે મને કોઈ આત્મા કહે છે, યા અનાત્મા કહે છે અથવા તો તેવું કહેનારો તેનો કોઈ સાક્ષી છે, જેમ પાણીને સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટા કિંવા હિમ કહેવામાં આવે છે તેની તેને ખબર હોતી નથી એટલું જ નહિ પરંતુ તેવું કહેનાર કોઈક હશે એવી કલ્પના પણ કદાપિ હોઈ શકે નહિ તેમ આ આત્મા (વૃક્ષાંક ૧) નું સમજો. તેને પોતામાં આ "હું" રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) તથા તેના સાક્ષી (વૃક્ષાંક ૨)નું અસ્તિત્વ છે કે નથી તેની પણ કલ્પના નથી. આ પદ એ જ મારું એટલે "હું" નું સાચું સ્વરૂપ છે. હે પાંડવ. આ પ્રકારે મેં તને મારું સાચું આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

અંધપરંપરા ન્યાય એટલે શું ?

જેમ એક આંધળાએ સાંભળ્યું કે અહીં આ ઝાડમાં ભૂત છે, તે ઘણું ખરાબ છે તથા બધાને ખાઈ જાય છે તેણે તે વાત પોતાના બીજા ભાઈને કહી, બીજાએ ત્રીજાને કહી, આ રીતે વાત સઘળા આંધળાઓને કાને પહોંચી ગઈ. તે સાંભળી બધા ઘણા જ ભયભીત બની આક્રોશ કરવા લાગ્યા. તેમનો

આક્રોશ સાંભળીને એક દેખતા બુદ્ધિશાળીએ તેઓનું સાંત્વન કરીને કહ્યું કે ભાઇઓ આમાં ભૂત રહે છે તે તમારા પૈકી કોણે જોયું ? તે ઉપરથી આસપાસમાં જ એક જણે કહ્યું કે મને તો આમણે કહ્યું, બીજાએ કહ્યું મને તો આ ત્રીજાએ કહ્યું, એમ કરતાં કરતાં જેણે પ્રથમ આ વાત કરી હતી તેનો વારો આવ્યો, તેણે કહ્યું કે મેં જોયું તો નથી કેમકે મને આંબો નથી. પરંતુ એક રોજ સંધ્યાકાળે હું આ ઝાડ નીચે વિશ્રાંતિ માટે બેઠો હતો, તે વખતે અંધારું થયેલું હતું ત્યારે કેટલાક છોકરાઓ અરે જલ્દી નાસો નહીં તો અહીં આ ઝાડ નીચે ભૂત બેઠું છે, તે બધાને પકડીને ખાય જાય છે. એમ કહી તેઓ દોડી ગયા. તેમનું સાંભળી મેં પણ હાંફતાં હાંફતાં તેમની પછવાડે પછવાડે નાસવા માંડ્યું. છોકરાઓ તો અરે આ ભૂત આવ્યું એમ કહી પાછળ પથ્થરો ફેંકતા જાય અને નાસતા જાય. સદ્‌ભાગ્યે એ પથ્થરો મને વાગ્યા નહીં. આ રીતે હું મહામુશીબતે એ ભૂતના પંજામાંથી બચીને મારા સ્થાન ઉપર આવી પહોંચ્યો તથા મારા મિત્રોને એ સંબંધી વાત કરી. તેની આ વાત સાંભળીને આ અંધપરંપરા ન્યાય સંબંધી તેને હસવું આવ્યું અને તેણે કહ્યું કે ત્યાં ભૂત વગેરે કાંઈ હતું જ નહિ, પરંતુ તે છોકરાઓ તને જ ભૂત સમજ્યા અને તેં બીજું કોઈ ભૂત બેઠું હશે એમ માની લીધું. વાસ્તવિક તમો પૈકી કોઈએ ભૂત દીઠું નથી અને તમારી ભૂતની એ વાત પણ સાવ ખોટી છે, એમ કહી તેઓનો સંશય નષ્ટ કર્યો.

મારામાં ભૂતો નથી એમ કહેવાનું કારણ

આ અંધપરંપરા ન્યાયના દૃષ્ટાંત મુજબ આ સર્વ જગત શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨)ના અશુદ્ધ "હું" (વૃક્ષાંક ૩)રૂપ સ્ફુરણાના આધારે મારી અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪) વડે વ્યાપેલું છે પરંતુ ઉપરના દૃષ્ટાંતમા મૂળમાં જેમ ભૂત જ ન હતું તેમ મારું સાચું સ્વરૂપ તો 'તત્' રૂપ એવો આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) હોઈ તે તદ્દન અનિર્વચનીય છે તેમાં આ હું રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)નું કદી અસ્તિત્વ જ નથી. આમ આ હું રૂપ સ્ફુરણાનું જ જ્યાં અસ્તિત્વ નથી તો પછી તેના સાક્ષી (વૃક્ષાંક ૨)નું અસ્તિત્વ પણ કયાંથી હોય ? દૃશ્ય જ ના હોય તો દ્રષ્ટા ક્યાંથી સંભવે ? દૃશ્ય વગર દ્રષ્ટાનું અસ્તિત્વ હોઈ શકે જ નહિ કેમ કે તે પરસ્પર સાપેક્ષ ભાવો છે. એક હોય તો જ બંને હોય છે અને જો એક ના હોય તો બંને મિથ્યા ઠરે છે તેમ આ હું રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)ના અસ્તિત્વના અભાવે તેના સાક્ષી (વૃક્ષાંક ૨) ભાવનો તો અનાયાસે જ વિલય થઈ જાય છે. આ રીતે મારા સ્વરૂપ (વૃક્ષાંક ૧)માં તો જ્યાં આ 'હું' રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી (વૃક્ષાંક ૨) નથી તો પછી તેના આધાર વડે રહેનારા અવ્યક્તાદિ કિંવા ભૂતાદિ ભાવો (વૃક્ષાંક ૪થી ૧૫ ઘ) સુધીનાં અસ્તિત્વની તો વાત ક્યાં રહી ? આટલા માટે હે અર્જુન ! હું તને કહી રહ્યો છું કે આત્મસ્વરૂપ અનિર્વચનીય એવા મારા (વૃક્ષાંક ૧)માં ભૂતો રહેલાં નથી અને અહં રહિત એવું આ અનિર્વચનીય પદ તે જ મારું ખરું સ્વરૂપ છે. હું એટલે આ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ અનિર્વચનીય એવો તે (આત્મ) સ્વરૂપ (વૃક્ષાંક ૧) છે, એમ જાણ. વેદ આને જ **'तत्त्वमसि'** તું (વૃક્ષાંક ૩) તે (વૃક્ષાંક ૧) છે એમ કહે છે. **'अहं ब्रह्मास्मि'**નો ઉદ્દેશ પણ આ હું (વૃક્ષાંક ૩) બ્રહ્મ (વૃક્ષાંક ૧) છે, એમ કહેવાનો જ છે. **अयमात्मा ब्रह्म'** એ આત્મા (વૃક્ષાંક ૧) જ બ્રહ્મ છે. **'प्रज्ञानं ब्रह्म'** જ્ઞાન એ જ બ્રહ્મ છે અર્થાત્ જ્ઞાન એ સ્વતઃસિદ્ધ છે માટે જ્ઞાન એટલે જ આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) છે. એ રીતે મહાવાક્યો વડે સમજાવે છે. આ વિવેચન ઉપરથી તું સમજી શક્યો હશે કે મારામાં ભૂતો છે અને ભૂતો નથી એમ જે ઉપર કહેવામાં આવ્યું છે તે પરસ્પર વિરોધી નથી પરંતુ તેમ કહેવામાં ઘણું જ ગૂઢ રહસ્ય હોઈ તે મેં તને યુક્તિ વડે સમજાવેલું છે. તે પણ તારા ધ્યાનમાં આવ્યું હશે.

ભક્તિમાર્ગ કોને કહે છે ?

હે પાર્થ ! વળી પણ ગુહ્ય રહસ્ય તને કહું છું તે સાભળ. જેઓ ઉપર કહ્યા મુજબ જ્ઞાનદૃષ્ટિ વડે પોતાના સ્વરૂપ (વૃક્ષાંક ૧)ને જાણવા શક્તિમાન હોતા નથી તેવાઓ પોતાને હું તો શરીરધારી છું તથા આત્મા મારાથી કોઈ જુદો જ છે એવી રીતના દ્વૈત ભાવને જ વળગી રહે છે તેવાઓને સમજાવવાને માટે તેઓની સમજ પ્રમાણે હું આ શરીરધારી કૃષ્ણ કિંવા જે દેવતાનો જે ઉપાસક હોય તે દેવ એટલે કોઈ

શરીરધારી અથવા આકૃતિવાળો છે એમ નહિ સમજતાં તે આત્મસ્વરૂપ છે એમ સમજીને તેની નિષ્કામભાવે ઉપાસના કરવી અને તન, મન, ધનાદિ સહિત સર્વસ્વ રીતે તેને જ શરણે જવું જોઈએ, એવા પ્રકારનો ભાવ રાખવા માટે આ કથન કહેવામાં આવેલું છે. આ રીતના ભાવને જ ભક્તિ કહે છે. ભક્તનો અર્થ તો જ્યાં જુદાપણાનો લવલેશ પણ નથી તે જ ખરો ભક્તભાવ કહેવાય. એવો ભક્ત શબ્દોનો અર્થ વ્યવહારમાં સ્પષ્ટ છે.

ભક્તિમાર્ગની અભ્યાસ રીતિ

ભક્તિમાર્ગની રચના શાસ્ત્રકારોએ એવા ઉદ્દેશ વડે કરેલી છે કે વાસ્તવિક રીતે તો પરમાત્મા ચરાચરમાં વ્યાપક છે. આ બ્રહ્માંડમાં સ્થૂળ વા સૂક્ષ્મ કોઈ પણ કાળ, દેશ, ક્રિયા કે વસ્તુ એવી નથી કે જે પરમાત્મસ્વરૂપ ન હોય એટલે કે સર્વ પરમાત્મા સ્વરૂપ જ છે, એવો નિશ્ચિત સિદ્ધાંત છે. છતાં જેઓની આ શ્રદ્ધામાં ભિન્ન(દ્વૈત)પણાની દૃષ્ટિ હોય છે તેઓના દ્વૈત ભ્રમના નિવારણ અર્થે જ વેદાદિ તમામ શાસ્ત્રોનું પ્રાકટ્ય થયેલું છે. શાસ્ત્રનો અભ્યાસ કરનારાઓ તો આ વાત સારી રીતે જાણી શકે છે પરંતુ આ દ્વૈત વ્યવહારમાં સ્ત્રી, શૂદ્રાદિકો કે જેઓને બ્રાહ્મણાદિ વર્ગોની જેમ શાસ્ત્ર અભ્યાસ કરવાને અવસર હોતા નથી, તેવાઓને માટે પ્રથમ આત્માનું પરોક્ષજ્ઞાન મેળવી પછી વિચાર દ્વારા તેનો અપરોક્ષ સાક્ષાત્કાર કરવો, એ રીતની શાસ્ત્રપદ્ધતિનું અવલંબન અશક્ય હોય છે, તેવાઓને પરમાત્મપ્રાપ્તિને માટે આ બધી ખટપટો કિંવા પરિશ્રમોને છોડી દઈ કેવળ શ્રદ્ધા વડે જેઓ આત્મનિષ્ઠ બન્યા હોય એવા મહાત્માઓ યા રામકૃષ્ણાદિ દેવતાઓ કિંવા ૐકાર ઇત્યાદિ પોતપોતાના ઉપાસ્યો જ સર્વત્ર વ્યાપક છે, એ મુજબના દૃઢ નિશ્ચય વડે ઉપાસના કરવાનું કહેવામાં આવ્યું છે અને તેને તું જ સર્વનો કર્તા છે, તું જ હર્તા છે, તું જ ૐ છે, સગુણ તું જ છે, નિર્ગુણ પણ તું જ છે, હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ રૂપે જે જે કાંઈ ભાસે છે તે સર્વ પણ તું જ છે, એ રીતે પોતા સહિત સર્વને ભૂલી જવું કિંવા આ બધું તેની પ્રેરણાથી જ હું કહી રહ્યો છું; એ પ્રમાણે કાયા, વાચા અને મન વડે થતાં તમામ કર્મો પોતપોતાના ઇષ્ટદેવનાં હોય તે રૂપ જ સર્વત્ર વ્યાપેલું છે એ રીતની સમર્પણ બુદ્ધિ વડે કરવાં, તદ્દન નિઃશંક થઈ દૃઢ નિષ્ઠા વડે અહંભાવ કાઢી એટલું જ એક કાર્ય કરવાનું હોય છે કે જેથી તેઓને કોઈ પણ પ્રકારની ખટપટો નહિ કરતાં જ્ઞાન, કર્મ, યોગ વગેરે કરનાર યોગીઓ જે સ્થાનની પ્રાપ્તિ કરી શકે છે તે સ્થાનની પ્રાપ્તિ સહેજમાં થઈ શકે છે. એ તો શું પરંતુ સર્વ પરમાત્માનું જ સ્વરૂપ હોવાથી જગતમાંની કોઈપણ વસ્તુની ઉપાસના દૃઢ નિશ્ચય વડે તન્મયતા પ્રાપ્ત થતાં સુધી આ મુજબની એકત્વની ભાવનાથી કરવામાં આવે તો પણ એવી ભાવના સિદ્ધ થતાં તત્ક્ષણે ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ થઈ મનુષ્ય કૃતાર્થ બને છે. આ રીતે ઐક્યભાવ કરનારો જ ખરો ભક્ત કહેવાય છે. તસ્માત્ ભક્ત બનનારે તો ફક્ત હું અને મારું એવા ભાવોને અંતઃકરણમાં કદી ઊઠવા જ નહિ દેવા જોઈએ અને જો કદાચ ઊઠવા પામે તો તે પોતાના ઉપાસ્ય ઇષ્ટદેવ ભગવાનરૂપ જ છે, એમ જાણવું. એ પ્રમાણેના દૃઢ નિશ્ચય વડે તેને અર્પણ કરવા. એટલી જ એક પરેજી આમાં પાળવાની હોય છે. જેમ પારકાની વસ્તુ પ્રત્યે કોઈ આસક્તિ રાખતો નથી તેમ જેના પર મારું મારું એવો ભાવ હોય તે તમામ મારું નહિ પરંતુ ભગવાનનું જ છે એમ સમજીને અહંકાર રહિત થઈ પછી જે કાયિક, વાચિક અને માનસિક વ્યવહાર કરવામાં આવે છે તેને ભક્તભાવ કહે છે, અને આ માર્ગનું અવલંબન કરનાર ભક્તિમાર્ગવાળા ગણાય છે. આ માર્ગમાં જ્યાં સુધી પોતાસહ સર્વભાવે મને અર્પણ નહિ થાય ત્યાં સુધીને માટે તેઓને મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ કદાપિ થતી નથી, તે ધ્યાનમાં રાખવું. જેઓ આ સર્વ ભગવાનનું જ છે એમ કહી પોતે તો ભગવાનથી જુદા ને જુદા જ રહે છે તેઓ સાચા ભક્ત નથી. સાચા ભક્ત તો તે જ છે કે જે પોતાસહ મારું મારું એવા સર્વભાવને ભગવાનરૂપ સમજે છે તથા સમજનારો પોતે પણ તેથી અળગો ન રહે. આથી જ મેં તને અનેક પ્રકારની યુક્તિઓ કહી તે સર્વને અંતે મને આ શરીરધારી કૃષ્ણ છે અથવા તો આ મારા, મામાનો છોકરો છે એમ નહિ સમજતાં હું એટલે અનિર્વચનીય એવો આત્મા છે, એવા નિશ્ચય વડે દૃઢ ભાવનાથી સમજપૂર્વક સર્વભાવે આત્મસ્વરૂપ એવા મારે શરણે આવવાને માટે મેં તને કહેલું છે. ભક્તિમાર્ગ તે આ જ. નારાયણીય ધર્મ પણ આજ છે એમ સમજો.

ભક્તિમાર્ગ વેદના સિદ્ધાંતોથી યત્કિંચિત્ પણ ભિન્ન નથી

વિચાર કરવાથી જણાશે કે, ભક્તિમાર્ગ એ વેદના સિદ્ધાંતોથી યત્કિંચિત્ પણ ભિન્ન નથી. ગણિતશાસ્ત્રમાં તાળો મેળવવાનો નિયમ છે. જેવી રીતે એકમાં બે ઉમેરીયે તો ત્રણ થાય તેમ ત્રણમાંથી બે કાઢી લેવામાં લાવે તો એક રહે. આમ બંને રીતે જ્યારે બરાબર તાળો મળે તો જ ઉદાહરણ બરાબર ગણાય. તેમ હું અને મારું આ બંને ભાવોનો વિલય પ્રથમ હું (વૃક્ષાંક ૩)માં કરવો અને એ હું (વૃક્ષાંક ૩) એટલે અનિર્વચનીય એવો આત્મા (વૃક્ષાંક ૧) છે એમ જાણવું તે. હું આત્મા છું, બ્રહ્મ છું. જ્ઞાનરૂપ છું, તત્(તે)રૂપ છું, એવા પ્રકારના ભાવનો આ અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે. હવે તેથી વિપરીત અભ્યાસ એટલે જ્યારે હું (વૃક્ષાંક ૩) આત્મા (વૃક્ષાંક ૧) છે તો આત્મા (વૃક્ષાંક ૧) પણ હું (વૃક્ષાંક ૩) છે. આ મુજબ 'હું આત્મા' અને 'આત્મા હું' એમ પરસ્પર બંને ભાવોનો અનુભવ થાય ત્યારે જ પૂર્ણતા થઈ એમ કહેવાય છે; પરંતુ સાધકે પ્રથમ આ બે પૈકી કોઈપણ એક ભાવનો અભ્યાસ કરી તેનો અપરોક્ષાનુભવ કરી લેવો પડે છે. જ્યાં સુધી તેવો અનુભવ ના થાય ત્યાં સુધી બંને માર્ગોવાળા દંભી જ ગણાય છે.

જ્ઞાનમાર્ગની સિદ્ધિનાં લક્ષણો

પ્રથમ માર્ગમાં હું આત્મા (ભગવાન) છું એવા પ્રકારની ભાવના વડે હું ભાવનો પણ વિલય કરીને નિર્વિકલ્પતાનો અનુભવ કરી લઈ તેમાં તદાકારતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. આ રીતની તદાકારતા થઈ તેને જ્યાં સુધી અપરોક્ષાનુભવ ના થાય ત્યાં સુધીને માટે તે વ્યવહારદૃષ્ટિએ ગમે તેટલો જ્ઞાની ગણાતો હોય યા તો મોટા મહાત્મા તરીકે પૂજાતો હોય તો પણ કેવળ ઢોંગ છે એમ જાણવું. તેમાં શુષ્ક વેદાંત વગર બીજું કાંઈ પણ છે જ નહિ, પરંતુ જેણે હું ભાવનો સંપૂર્ણ વિલય કરી નિર્વિકલ્પતાનો અનુભવ લીધો હોય છે અને તેમાંથી ફરીથી ઉત્થાન થઈ જે નિર્વિકલ્પ આત્મ(વૃક્ષાંક ૧) સ્થિતિ તે જ આ સવિકલ્પ (વૃક્ષાંક ૩થી ૧૫૫૧) છે એ પ્રમાણે બંનેમાં અભેદ દૃષ્ટિ થતાં સુધી દૃઢ અભ્યાસ કરી સહજસમાધિમાં સ્થિત રહેવું જોઈએ. આમ થાય ત્યારે જ તે પૂર્ણ સ્થિતિએ પહોંચ્યો છે એમ સમજવું. આ અભ્યાસ 'હું આત્મા છું' તથા 'આત્મા હું છે' એવા પ્રકારનો એટલે કે પ્રથમ મારી મારી કરીને કહેવાતી તમામ વસ્તુઓથી હું ભિન્ન છું એવો નિશ્ચય કરી ત્યાર પછી એવો 'હું' ભાવ પણ જ્યાં નથી એ જ આત્મપદ છે, એ રીતે જાણી પુરુષાર્થ વડે હું ભાવનો પણ વિલય કરી નાખવો તેને નિરાસભાવનો અભ્યાસ પણ કહે છે. આને જ વ્યવહારમાં નિર્ગુણ કહે છે, જે ઉપર કહેવામાં આવ્યું છે. આમ ધ્યેયપ્રાપ્તિ થતાં સુધી એ પૈકી ગમે તે એક ભાવના અભ્યાસનો આશ્રય લઈ ત્યારબાદ પોતે પોતાને પણ ભૂલી જવું એટલે પોતાસહ અહંમમાદિ ભાવોનો વિલય થતાં જે કેવલાવસ્થા શેષ રહે છે તેવી સ્થિતિમાં જ સ્થિત થઈ રહેવું જોઈએ.

ભક્તિમાર્ગની સિદ્ધિનાં લક્ષણો

જેઓ પોતાને ભક્તિમાર્ગવાળા સમજે છે, તેઓએ પણ જે જે કાંઈ આ સર્વ દૃશ્ય દેખાય છે તે તથા કાયિક, વાચિક અને માનસિક જે જે કર્મો થાય છે તે સર્વ (વૃક્ષાંક ૩થી ૧૫૫૧) ભગવાનનું જ રૂપ છે, તે સિવાય બીજું કાંઈ પણ છે નહિ, એવા પ્રકારની દૃઢ નિષ્ઠા રાખી તેનો સાક્ષાત્ અનુભવ નહિ થાય એટલે જેઓ જેના ઉપાસક હોય તે ભગવાનનાં તેને સગુણરૂપે પ્રત્યક્ષ દર્શન જ્યાં સુધી નહિ થાય અને ત્યારબાદ સર્વત્ર ભગવાન હોવાનો જ પ્રત્યક્ષ અનુભવ નહિ આવે* ત્યાં સુધી આ ભક્તિમાર્ગની સિદ્ધતા થઈ એમ કહી શકાય નહિ. આમ તમામ દૃશ્ય વસ્તુમાં ભગવાન કિંવા આત્માનાં દર્શન થાય તો જ મનુષ્ય કૃતકૃત્ય થાય છે. જ્યાં સુધી આવી રીતનો તેને પ્રત્યક્ષ અનુભવ થતો નથી ત્યાં સુધીને માટે તો તે પૂર્ણ દંભી છે, એમજ જાણવું. મને સ્વપ્નામાં દર્શન થયાં, પ્રકાશ દેખાયો, જાગૃતિમાં અમુક પ્રકારનો ભાસ થયો ઇત્યાદિ

* અર્જુનને વિરાટ સ્વરૂપનું દર્શન થયું તે ભાગ આગળ અધ્યાય ૧૧ માં જુઓ. ભક્તિમાર્ગની પૂર્ણાહુતિ આ સ્થિતિ થાય ત્યારે થઈ શકે છે એમ જાણવું.

કહેનારા સ્થળે સ્થળે નજરે પડે છે અને તેવા અર્ધદગ્ધો પૈકી કેટલાકો તો જાણે મોટા મહાત્મા બની ગયા હોય એમ લોકોમાં ભક્ત કહેવરાવી નશાના ઘેનમાં ચકચૂર થએલાઓની જેમ વિચરતા જોવામાં આવે છે પરંતુ તે તો એક પ્રકારનું પાખંડ ગણાય. વાસ્તવિક તો આ પ્રમાણેની પ્રત્યક્ષ સ્થિતિ સ્વભાવસિદ્ધ રીતે જ્યાં સુધી થતી નથી ત્યાં સુધીને માટે તે નિરર્થક જ છે આ રીતે સર્વત્ર ભગવાન(આત્મા)નો સાક્ષાત્કાર થાય એટલે પછી ફરીથી પોતે તે થકી અલગ નહિ રહેતાં એટલે સાક્ષીભાવમાં સ્થિત નહિ રહેતાં તેની સાથે એકરૂપ થતાં સુધી તેને અભ્યાસ કરવો પડે છે અને જ્યારે આમ પોતાનો ભગવાનમાં પૂર્ણ તાદાત્મ્યભાવ સિદ્ધ થાય ત્યારે જ તે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય બને છે આનું નામ જ ભક્ત. શાસ્ત્રમાં જેને જીવન્મુક્ત કહે છે તેને જ ભક્તિમાર્ગમાં ભક્ત કહે છે; પરંતુ ઘણાખરા મૂઢો તો ભક્ત બનવાને બદલે અભક્ત બને છે તથા તેને જ ભક્ત એમ સમજે છે. તેવાઓ તો કેવળ દયાને પાત્ર જ ગણાય.

સગુણ સાક્ષાત્કારની પદ્ધતિ

વેદની પરિભાષાની દૃષ્ટિએ વિચાર કરીશું તો પણ જણાશે કે આ ભક્તિમાર્ગનો સમાવેશ પ્રથમ જે સર્વાત્મભાવ અને નિઃશેષભાવ એવા બે અભ્યાસમાર્ગો બતાવેલા છે, તે પૈકી 'સોઽહમ્' એટલે સર્વાત્મભાવ અર્થાત્ હું, તું, આ, તે ઇત્યાદિ સર્વ આત્મસ્વરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના અભ્યાસક્રમના* પેટામાં થાય છે. આ 'સોઽહમ્' વા સર્વાત્મભાવનો અભ્યાસ તથા ભક્તિમાર્ગનો અભ્યાસ એ બંનેમાં ભેદ ફક્ત એટલો જ છે કે આ 'હું, તું, આ, તે' ઇત્યાદિરૂપે ભાસતું ચરાચરદૃશ્ય તથા તેના સાક્ષી ઇત્યાદિ તમામ આત્મરૂપ છે, આવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે નિઃશંક બની અભ્યાસ કરવો પડે છે; ત્યારે ભક્તિમાર્ગવાળાઓની દૃષ્ટિએ પોતપોતાના ઇષ્ટ જેમકે રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ, દેવી, ગણેશ, સૂર્ય ઇત્યાદિ પૈકી જેના જે પ્રિય દેવતા હોય તે જ આ હું, તું, તે, આ ઇત્યાદિ સર્વરૂપે છે, એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે તદ્દન નિઃશંક બની જઈ તેમાં એકાગ્રતા થતાં સુધી અભ્યાસ કરવો પડે છે. આથી પરિણામ એ આવે છે કે જેમના જે ઉપાસ્ય દેવતા હોય તે દેવતા ઉપાસકની દૃષ્ટિએ તો ઉપાસકને સગુણરૂપ છે એમ જણાય છે પરંતુ તે તે દેવતા પોતાને માટે તો હું પોતે દેહધારી કિંવા ગુણોવાળો નહિ પણ આત્મરૂપ છું એવા દૃઢ નિશ્ચયવાળો હોય છે, એટલે કે તે તે દેવતાઓ પોતે તો આત્મસ્વરૂપ જ હોય છે, તેથી તેઓની સાથે તદ્રૂપ થવાથી ભક્ત પ્રથમ તે તે દેવતારૂપ બને છે, અને તેમાં પૂર્ણ તદ્રૂપતા થવાથી તેના સાચા અનિર્વચનીય એવા આત્મસ્વરૂપમાં જ તે વિલયને પામે છે. જ્યારે સાધકને આકાશ, પાતાળ, પૃથ્વી, વગેરેમાં હું, તું, તે, આ ઇત્યાદિ તમામ ભાવોનો પોતાસહ વિલય થઈ સર્વત્ર એક પોતાનો ઇષ્ટદેવતા જ જોવામાં આવે છે, તેના સિવાય બીજો કોઈ પણ ભાવ દેખવામાં આવતો નથી, અને આ રીતનો જ્યારે તેને પ્રત્યક્ષ અનુભવ થાય છે, ત્યારે જ તે ઉપાસક ભક્ત થયો એમ જાણવું. ત્યારબાદ પોતે તે દેવતાને સાક્ષીભાવ વડે પોતાનાથી અલગ જોતો હતો તે સાક્ષીભાવનો પણ વિલય કરી જ્યારે તે પૂર્ણ એકાકાર બની જાય છે, ત્યારે તેને પોતાના ઇષ્ટ દેવ, આ બધું દૃશ્ય અને પોતે, એ ત્રણેમાં ભિન્નતા છે એવો સ્વપ્નમાં પણ કદી ખ્યાલ આવતો નથી. એટલે આ બધું દૃશ્ય, પોતે અને દેવતા એમ ત્રણે ભાવનો વિલય કોઈ પણ પ્રયત્ન વગર સહજભાવે જ્યારે સિદ્ધ થાય છે, ત્યારે જ આ ભક્તિયોગની સમાપ્તિ થઈ એમ જાણવું. આવો ઉપાસક એ જ ખરો ભક્ત કહેવાય. જેને સગુણ ઉપાસના કિંવા ભક્તિમાર્ગ કહે છે, તે દ્વારા સાક્ષાત્કાર કરવાની આ મુજબની પદ્ધતિ છે.

સર્વાત્મભાવ વડે સાક્ષાત્કાર

જેઓ આ, હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ભિન્ન ભિન્ન રૂપે જે જે કાંઈ ભાસે છે તે તમામ આત્મસ્વરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવી રીતે દૃઢ નિશ્ચય કરી નિઃશંક બનીને અભ્યાસ કરે છે તથા તેવો પ્રત્યક્ષ અનુભવ લઈ બાદ સાક્ષીભાવનો પણ વિલય કરીને સ્વાભાવિક રીતે એટલે વગર

*અભ્યાસક્રમને માટે કિરણાંશ ૨૨ પૃષ્ઠ ૫૭ થી ૫૯ તથા અધ્યાય ૨ શ્લોક ૩૯ પાન ૧૬૭ થી ૧૬૯ જુઓ.

પ્રયત્ને જ્યારે તેમાં સિદ્ધતા મેળવે છે ત્યારે જ તે પૂર્ણસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. સહજસમાધિ તે આ જ. આ સ્થિતિ પ્રાપ્ત કરનારો જીવન્મુક્ત ગણાય છે. ઉપર બતાવેલો ભક્તિમાર્ગ અને આ સર્વત્ર આત્મભાવ જોવાનો જ્ઞાનમાર્ગ (સોઽહમ્નો અભ્યાસ) એ બેમાં આ મુજબનો ભેદ છે. જ્ઞાનમાર્ગમાં પોતાસહ સર્વ આત્મભાવ દેખવો અને ભક્તિમાર્ગમાં પોતાસહ સર્વત્ર પોતાના ઇષ્ટદેવને દેખવા, એ રીતે નામનો જ ભેદ છે અને આ ભેદ કેવળ નામમાત્ર જ છે. બંનેનું પર્યવસાન તો 'હું'ના વિલયમાં જ થાય છે. જે સારી રીતે ધ્યાનમાં આવવાથી આ બંને માર્ગો અંતે એક જ છે એટલું જ નહિ પરંતુ વેદગ્રાહ્ય છે, એમ જાણી શકાશે, તેમ જ ભગવાન તથા આત્મા એ બંનેમાં અજ્ઞાનદૃષ્ટિએ જોવામાં આવતો ભેદભ્રમ નિર્મૂળ થઈ જશે, આથી જ સર્વાત્મભાવ (સોઽહમ્)ના અભ્યાસનો સમાવેશ સગુણોપાસનામાં થઈ જાય છે. એમ પ્રથમ કહેવામાં આવેલું છે.

નિઃશેષ કિંવા નિર્ગુણભાવ વડે સાક્ષાત્કાર

સગુણ ઉપાસના સંબંધી ભ્રમ નીકળી ગયા પછી નિર્ગુણ સંબંધમાં થોડો વિચાર કરીશું. જેમાં ગુણ નથી તે નિર્ગુણ તથા ગુણસહ તે સગુણ, એવો અર્થ વ્યવહારમાં પ્રચલિત છે; જે પ્રથમ જણાવેલું જ છે. સગુણ અભ્યાસમાં જે જે કાંઈ રૂપવાળું દેખાય છે, તે સર્વ આત્મસ્વરૂપ છે અથવા પોતપોતાના ઇષ્ટ દેવતાનું રૂપ છે, એવા પ્રકારનો અભ્યાસ કરવામાં આવે છે, જેનું વિવેચન ઉપર આવેલું જ છે; તથા નિર્ગુણનો સમાવેશ નિઃશેષ કિંવા નાહમ્ના અભ્યાસક્રમમાં થાય છે. જે જે કાંઈ હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિરૂપે ભાસે છે, તે સર્વથી હું જુદો છું, એ મુજબ નિઃશેષભાવનો અભ્યાસ કરીને અંતે 'હું' ભાવનો પણ વિલય કરી નિર્વિકલ્પતા પ્રાપ્ત કરી લેવી. આ રીતે તેમાં અપરોક્ષ અનુભવ લેવો પડે છે. ઉપર બતાવેલા ભક્તિ કિંવા સર્વાત્મભાવના અભ્યાસમાં પણ અપરોક્ષાનુભવ થાય છે અને અપરોક્ષાનુભવ પછી સહજસમાધિમાં સ્થિરતા થવા માટે આગળનો જે અભ્યાસક્રમ છે તે પણ બધા માર્ગમાં ઊલટસૂલટ એક સરખો જ કરવો પડે છે. ઉદ્દેશ એ કે અપરોક્ષાનુભવ થતાં સુધીના અભ્યાસ કિંવા યોગને માટે જે માર્ગનો અંગીકાર કરવામાં આવે છે તેની પૂર્ણતા થયા પછી તેથી વિપરીત (ઊલટા) માર્ગનો ફરીથી દૃઢ અભ્યાસ કરવો પડે છે અને આ રીતે બંને અભ્યાસની જ્યારે પૂર્ણતા થાય ત્યારે જ કૃતકૃત્યતા થઈ શકે છે.

જ્ઞાન વિનાની સમાધિ પણ નિરર્થક છે

હે અર્જુન ! ભૂલીશ નહિ કે અપરોક્ષ જ્ઞાનનો ઉદય થયા વિનાની નિર્વિકલ્પ સમાધિ સુષુપ્તિની જેમ જડતારૂપ છે તથા અપરોક્ષજ્ઞાન વિનાની સવિકલ્પ સ્થિતિ એ જ જાગૃતિ રૂપ એવો આ સંસાર છે, તેથી કદાચ કોઈને ધ્યાન કિંવા સમાધિનો લાભ થાય તો પણ જ્ઞાન થયા વિના તે મોક્ષરૂપ પુરુષાર્થનું કારણ થઈ શકતું નથી. જ્ઞાન થયા વગરની જે નિર્વિકલ્પ સમાધિ થાય તો તે પાષાણના જેવી જડતારૂપ જ છે, એમ સમજવું. કેમ કે મોક્ષ એ કાંઈ પાષાણની જેમ જડ કિંવા વિકલ્પાત્મક સંભવતો નથી. જેમ નિદ્રા થકી પરમ શ્રેય પ્રાપ્ત થઈ શકતું નથી તેમ પાષાણવત્ જડ એવી નિર્વિકલ્પ સમાધિથી પણ કાંઈ વળે તેમ નથી. વાસ્તવિક રીતે તો તમામ દૃશ્યજાળરૂપ એવી આ સૃષ્ટિનો અત્યંત અસંભવ છે તેથી સારી રીતે જ્ઞાનનો ઉદય થયેલા વિવેકી પુરુષની દૃષ્ટિમાં આ સર્વ દૃશ્ય ભ્રાંતિમાત્ર જ ભાસે છે. જીવન્મુક્તપણાનો ઉદય થવો એનું નામ જ વાસ્તવિક રીતે નિર્વિકલ્પ સમાધિ કહેવાય. તે જ અનંત એવા નિર્વાણરૂપ છે. મોક્ષ પણ તે જ કહેવાય. તુરીય અવસ્થા પણ તેને જ કહે છે. તેમાં કેવળ યથાસ્થિતપણે રહી સહેજ પણ ક્ષોભને નહિ પામતાં સર્વના પ્રકાશક એવા આત્મરૂપમાં સ્થિતિને નિશ્ચળ રાખવામાં આવે છે. આ મુજબ જ્ઞાનમાં સારી રીતે એકરસ થઈ સ્વાભાવિક સ્થિતિમાં તન્મય બની જવું તે ધ્યાન કહેવાય. વળી આ દૃશ્યાદિનો તો વાસ્તવિક અત્યંત અસંભવ છે તેથી આત્મસ્વરૂપને યથાર્થ ઓળખવું તેને જ શ્રુતિઓ તથા તત્ત્વવેત્તાઓ પરમપદ કિંવા પરમપુરુષાર્થ કહે છે. તે સ્થિતિ કાંઈ પાષાણના જેવી જડ નથી, તેમ સુષુપ્તિના જેવી મૂઢતાવાળી પણ નથી, તે નિર્વિકલ્પ કિંવા સવિકલ્પ પણ નથી, તેમ તદ્દન શૂન્ય પણ નથી, પરંતુ તે આ દૃશ્યાદિના અત્યંત

અસંભવરૂપ હોઈ અનુભવજન્ય છે. અધ્યારોપ દૃષ્ટિએ જોઈએ તો તે બ્રહ્મ જ સર્વરૂપ છે તથા આરોપિત દૃષ્ટિવડે જોઈએ તો તે કશારૂપ છે જ નહિ. જે બ્રહ્મના જેવો નિર્વિકાર હોય તે જ તેનો અનુભવ કરી શકે છે. આ પ્રમાણે જ્યારે સારી રીતે પ્રબોધનો ઉદય થાય ત્યારે જ આ પરમ નિર્વાણપદની પ્રાપ્તિ થઈ એમ કહી શકાય. આ દશામાં જગત યથાસ્થિતપણે જેમનું તેમ રહ્યા છતાં પણ પ્રલયના જેવી તદ્દન અભાવ સ્થિતિને પ્રાપ્ત થયા જેવું અનુભવમાં આવે છે. તેમાં એકતા કિંવા અનેકતાની સહેજ પણ કલ્પના નથી. તેમાં કશું પણ નથી અને કશાનો સંભવ પણ નથી. સર્વ સત્, અસત્ વસ્તુઓની સીમા કિંવા અંતરૂપ તત્ત્વ તે આ જ છે. દૃશ્યનો અત્યંત અભાવ છે એમ માનવાથી શુદ્ધ બોધનો ઉદય થાય છે અને તેથી સર્વ વિક્ષેપથી રહિત થવાય છે. ત્યાર પછી શાંતપણે જે કાંઈ નિરતિશય આનંદરૂપે સ્થિતિ રાખીને રહેવું તે જ પરમપદરૂપ છે, એમ તમે સમજો. આ શુદ્ધ બોધ સર્વોત્તમ ધ્યાનરૂપ છે. શાસ્ત્રપરિચયથી પદ અને પદના અર્થને એટલે વેદના મહાવાક્યો અને તેના અનુભવસિદ્ધ અર્થને જાણી શકનાર બુદ્ધિમાન અને નિરંતર મોક્ષના ઉપાયરૂપ સત્શાસ્ત્રનું અધ્યયન કરનાર શુદ્ધ અધિકારી પુરુષ આ પરમપદને અધ્યાત્મશાસ્ત્રના વિચારથી થએલા જ્ઞાનરૂપ ઉપાય વડે મેળવી શકે છે, બીજા કોઈ ઉપાયથી તે પદની પ્રાપ્તિ થઈ શકતી નથી. તીર્થાટન, દાન, સ્નાન, અધ્યાત્મ વિના બીજી કોઈ વિદ્યા, ધ્યાન, તપ, યોગ કે યજ્ઞ ઇત્યાદિ વડે તેની પ્રાપ્તિ થઈ શકતી નથી. સત્યરૂપે ભાસતું આ દૃશ્ય વાસ્તવિક તો અનિર્વચનીય હોઈ મિથ્યારૂપ હોવા છતાં ભ્રાંતિને લીધે સત્ય જેવું ભાસે છે.

એક જ આત્મતત્ત્વ અનંતરૂપે શી રીતે થવા પામે ?

ભગવાન કહે છેઃ હે અર્જુન ! જેમ સ્વપ્નની અંદર જોવામાં આવતી તમામ દૃશ્યજાળ વાસ્તવિક મિથ્યા છે છતાં એ જાણે સત્ય જ ના હોય તેમ અનુભવવામાં આવે છે, એ તો દરેકના અનુભવની વાત છે. તે મુજબ આ જગત આત્માની અંદર મિથ્યા હોવા છતાં મૃગજળની જેમ પ્રતીતમાં આવે છે. સ્વપ્નના દૃશ્યમાં કોઈ પણ વસ્તુઓ નહિ હોવા છતાં સ્વપ્ન વખતે એ સ્વપ્નચૈતન્ય જ જાણે કે ભોક્તા ભોગ્યાદિ ત્રિપુટીરૂપે બન્યું હોય એમ જોવામાં આવે છે તથા જાગ્રત થતાં જ વળી પાછો ભોક્તા ભોગ્યાદિ તમામ સ્વપ્નચૈતન્યનો એક રૂપમાં જ વિલય થઈ જાય છે. તેમ આ એક આત્મા (વૃક્ષાંક ૧)જ અજ્ઞાન અવસ્થામાં જાણે અનંતરૂપે ભાસમાન થતો હોય તેમ ભાસે છે તથા જ્ઞાન થતાં કાચબાની જેમ વળી પાછો આ અનંત દૃશ્યને પોતામાં એટલે એક આત્મસ્વરૂપમાં જ સમેટી લે છે. આ રીતે આત્માના નિર્ણય સંબંધે શાસ્ત્રમાં કથન છે.

યજ્ઞ, જપ, તપાદિ ચિત્તશુદ્ધિના ઉપાયો છે

હે અર્જુન ! એક જ આત્મા અનંતરૂપે કેમ ભાસે, છે, તે તારા લક્ષમાં આવ્યું ને ? તેની પ્રાપ્તિ યજ્ઞ, યોગ, જપ, તીર્થ, તપ, દાન, સ્નાન, અધ્યાત્મ વિનાની બીજી કોઈ વિદ્યા, ધ્યાન, તપ કે યોગ ઇત્યાદિ કોઈ પણ સાધનથી થવી સંભવતી નથી. આ બધાં સાધનો ચિત્તશુદ્ધિ માટેનાં છે. તે બધાં કાંઈ પ્રત્યક્ષ પરમાત્માની પ્રાપ્તિરૂપ ફળના કારણભૂત થતાં નથી. પરમાત્મપ્રાપ્તિને માટે તો કેવળ એક આત્મજ્ઞાનની જ જરૂર છે. એ તો શું પણ જ્ઞાન વગરની સમાધિ પણ પાષાણની માફક વ્યર્થ જ છે. એટલા માટે જ હું તને સર્વના પરમાવધિરૂપ એવું મારું અનુભવસિદ્ધ જ્ઞાન આપી રહ્યો છું, કે જે જાણ્યા પછી તે કરતાં બીજું કાંઈ પણ જાણવાપણું રહેતું જ નથી.

હું કાંઈ શરીરી નહીં પરંતુ આત્મનિશ્ચયવાળો છું

ભગવાને અર્જુન પ્રતિ અત્યાર સુધી કહેલા વિવેચનનો ઉદ્દેશ એ છે કે, મેં તને સર્વ ભાવે મારે શરણે આવ, નિત્યપ્રતિ મારું સ્મરણ કર, એમ જે વારંવાર કહ્યું છે, તે હું એટલે શરીરધારીકૃષ્ણ નહિ પરંતુ ચરાચરમાં વ્યાપી પહેલો આત્મનિશ્ચયવાળો અને તેવો પ્રત્યક્ષ અનુભવ લીધેલો અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ જ છું. જેથી સર્વ ભાવે આત્મસ્વરૂપ એવા મારી ઉપાસના કરીશ અથવા સર્વકાળમાં મારું સ્મરણ કરીને તું યુદ્ધ કરીશ, તો તેથી હું એટલે આ શરીરાદિવાળો નહિ પરંતુ આત્મસ્વરૂપના અનુભવસિદ્ધ

એવા નિશ્ચયવાળો હોવાથી તું પણ અંતે આત્મસ્વરૂપ એવા મને જ પ્રાપ્ત થઈશ અને તે વાત હું તને પ્રત્યક્ષ અનુભવમાં લાવી આપીશ, એટલા માટે આ સ્વાનુભવ કરાવી આપનારું વિજ્ઞાન(અપરોક્ષ) સહિત જ્ઞાન (પરોક્ષજ્ઞાન) હું તને કહી રહ્યો છું. હવે તું ખાતરીથી પૂર્ણ રીતે સમજ કે મને ભજ, મારે શરણે આવ, મારું સ્મરણ કર, મારું ઐશ્વર્ય જો ઇત્યાદિ શબ્દપ્રયોગ વડે તને હું વખતો વખત જે સમજાવી રહ્યો છું તે હું એટલે આ શરીર નહીં પરંતુ આત્મા કિંવા બ્રહ્મ છે, એમ નિશ્ચિત જાણ.

'મારામાં ભૂતો છે અને નથી'નું કારણ

ભગવાન કહે છેઃ હે પાર્થ! હવે તને સારી રીતે સમજાયું હશે કે મારામાં ભૂતો રહેલાં છે પણ હું તેમાં નથી તેમ જ મારામાં ભૂતો પણ રહેલાં નથી. અરે! મારા આ યોગનું અદ્‌ભુત ઐશ્વર્ય તો જો કે એ કેવો ચમત્કાર છે? અવ્યક્ત સ્વરૂપ (વૃક્ષાંક ૪)માંથી ભૂતોને ઉત્પન્ન કરતો તથા "હું" "હું" એવા સ્ફુરણ (વૃક્ષાંક ૩)રૂપે સર્વ ભૂતોને ધારણ કરતો હોવા છતાં મારો સાક્ષી(વૃક્ષાંક ૨નો) આત્મા(વૃક્ષાંક ૧) ભૂતોમાં રહેલો નથી, તે તો તદ્દન અસંગ તથા નિર્લેપ જ છે. ચિત્ ચમત્કાર તે આનું નામ જ.

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।

तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ ६ ॥

મારામાં ભૂતોનું ધારણ કેવી રીતે થયેલું છે?

જેમ હંમેશાં સર્વત્ર ગતિ કરનારો મહાન વાયુ આકાશમાં સ્થિત છે અર્થાત્ વાયુ જેમ આકાશ વડે ધારણ કરાયેલો જ હોય છે તે પ્રમાણે આ સર્વ ભૂતો આત્મસ્વરૂપ એવા મારા(વૃક્ષાંક ૧)માં સ્થિત છે, એમ સમજ. અર્થાત્ વાયુ અને તેનું ચલનાદિ કાર્ય આકાશ વગર હોઈ શકે નહિ એટલું જ નહિ પરંતુ આકાશ વિના વાયુની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કદી પણ સંભવતો નથી, છતાં આકાશ તો તદ્દન અસંગ, અવિકારી તથા નિશ્ચળ હોય છે. તેમ આ સર્વ ભૂતમાત્રરૂપ કાર્ય (વૃક્ષાંક ૫ થી ૧૫ ઘ) અને તેનું આદિ કારણ અવ્યક્ત (વૃક્ષાંક ૪), તેનું મૂળ કારણ માયારૂપ મિથ્યા અહં(વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી શુદ્ધ "હું" કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) ઇત્યાદિ સર્વ મારા એટલે આત્મા(વૃક્ષાંક ૧)માં જ સ્થિત રહેલું છે, છતાં આત્મા તો તદ્દન નિર્વિકાર, અસંગ અને નિશ્ચળ જ છે. આ મુજબ અસંગ આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧)માં આ સર્વ ધારણ કરાયેલું છે, એમ સમજો.

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।

कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥ ७ ॥

આ સર્વ ભૂતસમુદાય કલ્પને અંતે પ્રકૃતિમાં જ વિલય પામે છે

ભગવાન કહે છેઃ જેમ સ્વપ્નામાં દેખાતા મોટા મોટા પહાડો, સમુદ્રો, નગરો, અરણ્યો, નાનાવિધ પ્રકારનાં પ્રાણીઓના સમૂહો, મનુષ્યો તથા કાળ ઇત્યાદિ અનંત સ્વરૂપે પ્રતીત થનારું સ્વપ્નચૈતન્ય જાગૃત થતાંની સાથે જ કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ જાય છે, તેનો લેશ પણ કોઈ જગાએ મળતો નથી, છતાં ફરી પાછો સ્વપ્ન પડતાં જ તે એકદમ ખડો થઈ જાય છે, તેમ હે કૌંતેય! આ સર્વ ભૂતોનો સમુદાય કલ્પને અંતે એટલે બ્રહ્મદેવનો દિવસ પૂરો થાય ત્યારે મારી અવ્યક્ત પ્રકૃતિને પામે છે તથા કલ્પના આરંભમાં એટલે બ્રહ્મદેવના દિવસના આરંભમાં ફરી પાછો હું(વૃક્ષાંક ૩) તેને સર્જું છું. તાત્પર્ય, કલ્પ બે પ્રકારના છે તે પ્રથમ (અધ્યાય ૨, ૪ અને ૮માં) કહેવામાં આવેલું છે.

(૧) બ્રહ્મદેવના દિવસને કલ્પ કહે છે, તથા (૨) બ્રહ્મદેવનું પોતાની ગણત્રી મુજબ સો વર્ષનું આયુષ્ય પૂર્ણ થાય તેને પણ કલ્પ કહે છે. સરળ અને સ્પષ્ટ રીતે સમજી શકાય એટલા માટે બ્રહ્મદેવનો અહોરાત્ર તે કલ્પ અને તેનું પોતાના કાળની દૃષ્ટિએ સો વર્ષોનું આયુષ્ય પૂર્ણ થાય તેને મહાકલ્પ કહેવામાં આવે છે. જ્યારે બ્રહ્મદેવના કલ્પની પૂર્ણતા થાય છે ત્યારે એટલે બ્રહ્મદેવની રાત્રીએ બ્રહ્મદેવ વિષ્ણુની નાભિ (વૃક્ષાંક ૧૨)માં લીન થાય છે તથા ચૌદ-લોકો સહ આ સમગ્ર બ્રહ્માંડમાંના જીવો અને આ બધું સ્થાવર જંગમાદિ સર્વ, અવ્યકત (વૃક્ષાંક ૪)માં લીન થઈ રહે છે અને જ્યારે તેના દિવસની શરૂઆત થાય છે ત્યારે બ્રહ્મદેવ આ અવ્યકતમાં લીન થયેલા જીવોને પ્રથમના કલ્પની જેમ ફરીથી પોતાના સંકલ્પબળે નિર્માણ કરે છે. આ રીતનો તેનો કાર્યક્રમ તેનાં સો વર્ષોનો આયુષ્યકાળ પૂર્ણ થતાં સુધી ચાલ્યા જ કરે છે તેને દૈનંદિન, નિત્ય કિંવા કલ્પપ્રલય કહે છે. આમ જ્યારે બ્રહ્મદેવનાં સો વર્ષો પૂર્ણ થાય છે ત્યારે મહાપ્રલય થાય છે તે સમયે બ્રહ્મદેવ પોતે તો આત્મા(વૃક્ષાંક ૧)માં એકરૂપને પામે છે તથા સમગ્ર બ્રહ્માંડ તેમાંના તમામ જીવોસહ સ્વપ્નની જેમ અવ્યકતપ્રકૃતિ (વૃક્ષાંક ૪)માં લીન થઈ રહે છે. અવ્યકતમાં લીન થઈ રહેલા તે જીવો થકી જેમની હું બ્રહ્મદેવ થાઉં એવા પ્રકારની દૃઢ વાસના હોય છે તે જીવ વાસ્તવિક અનિર્વચનીય એવો આત્મા હોવા છતાં મિથ્યા વાસનાવશાત્ હું(વૃક્ષાંક ૩)ના રૂપ નિયતિ સ્વરૂપે બની તેણે નિયત કરેલા નિયમાનુસાર જ બ્રહ્મદેવ(વૃક્ષાંક ૧૩) રૂપે બની કલ્પના (બ્રહ્મદેવના પ્રથમ દિવસના) આરંભમાં ફરીથી અવ્યકત (વૃક્ષાંક ૪)માં રહેલા તમામ જીવોને જેમની તેમની વાસનાવશાત્ સંકલ્પરૂપે સર્જું છું. આ રીતે આ મારી સંકલ્પિત યા માનસિક સૃષ્ટિ વાસ્તવિક મિથ્યા હોવા છતાં જાણે સત્ય જ ન હોય એ મુજબ તે સૃષ્ટિમાં રહેનારા જીવોને ભાસે છે. બાકી વાસ્તવિક રીતે તો જેમ સ્વપ્નસૃષ્ટિ સ્વપ્નચૈતન્યથી ભિન્ન નથી તેમ આ દૃશ્યસૃષ્ટિ પણ આત્મચૈતન્યથી તદ્દન અભિન્ન જ છે.

કલ્પના આરંભમાં ફરીથી હું આ ભૂતસમુદાયને સર્જું છું.

બ્રહ્મદેવનું તેના પોતાના સો વર્ષનું આયુષ્ય પૂર્ણ થાય છે એટલે તે પોતે આત્મસ્વરૂપમાં લીન થઈ વિદેહ કૈવલ્યને પામે છે, પરંતુ સર્વ અજ્ઞાની જીવોનો જ્યાં સુધી દૃશ્યરૂપી મિથ્યા ભ્રમ નષ્ટ થતો નથી ત્યાં સુધીને માટે તેઓ અનેક પ્રકારની વાસનાઓ મનમાં રાખ્યા કરે છે. આમ જ્યાં સુધી વાસનાઓ શેષ રહેલી હોય ત્યાં સુધી તેઓનો મોક્ષ કદી પણ થતો નથી. અર્થાત્ તેવાઓનો આ મિથ્યા મોહ ભ્રમ કદી પણ મટતો નથી. તેવા અસંખ્ય વાસનાત્મક જીવો બ્રહ્મદેવનો સ્વસ્વરૂપમાં વિલય થતાં આ અવ્યકત પ્રકૃતિ (વૃક્ષાંક ૪)માં રહે છે. તે પૈકી જે જીવની વાસના હું બ્રહ્મદેવ થાઉં એવા પ્રકારની દૃઢ અને તીવ્રતર ભાવનાવાળી હોય તે દ્વારા તેની તેવી વાસનાવશાત્ હું વાસ્તવિક રીતે તો અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ હોવા છતાં પણ "હું" "હું" એવા પ્રકૃતિ(વૃક્ષાંક ૩)રૂપ સ્ફુરણ તથા તેના સાક્ષી વા ઈશ્વર(વૃક્ષાંક ૨)રૂપ બની પછી તે ઈશ્વરાંશ વડે પ્રથમ બ્રહ્મદેવ રૂપે પ્રકટ થયો હોઉં તેમ તે તે સૃષ્ટિમાંના જીવોને ભાસે છે, તથા અવ્યકત(વૃક્ષાંક ૪)ની અંદર રહેલા અનંત જીવો પૈકી જે જીવાત્માના આ બ્રહ્મદેવ બનેલા જીવાત્માને અનુરૂપ સંકલ્પો હોય, તે તમામના સંકલ્પ સમૂહ વશાત્ બ્રહ્મદેવરૂપે પ્રગટેલો સર્વનો સાક્ષી ઈશ્વર(વૃક્ષાંક ૨)ના અંશયુકત અનિર્વચનીય એવો હું જ પ્રથમ સર્વાત્મરૂપ સંકલ્પ કરું છું તથા તે સંકલ્પ પ્રમાણે મારી અવ્યકતપ્રકૃતિ (વૃક્ષાંક ૪)માં વાસનારૂપે રહેલા તમામ જીવોને પોતપોતાની વાસનાવશાત્ ફરીથી જાણે પોતે ઉત્પન્ન થયા હોય એવા વ્યષ્ટિ ભાવનો અનુભવ કરાવું છું. આ મુજબ આ સ્વપ્નવત્ દૃશ્યજાળનો વાસ્તવમાં આત્મરૂપ એવા મારા(વૃક્ષાંક ૧)માં કિંચિન્માત્ર પણ અંશ નહિ હોવા છતાં મિથ્યાભાસ ખડો થઈ જાય છે અને જેમ સ્વપ્નમાં જણાતું પોતાનું શરીર તથા પારકાનાં શરીરો તેમ જ સ્થાવર જંગમાદિ તમામ દૃશ્યો સ્વપ્નનું ચૈતન્ય કે જેને સ્વપ્નચૈતન્ય કહેવામાં આવે છે, તે થકી કિંચિન્માત્ર પણ ભિન્ન હોતાં નથી તેમ આ તમામ દૃશ્યજાળ વાસ્તવિક રીતે તો ચૈતન્ય કિંવા આત્મરૂપ હોઈ તેથી જરા પણ ભિન્ન નથી. સ્વપ્ન જેમ સ્વપ્નદૃષ્ટિએ સત્ય તથા જાગૃતદૃષ્ટિએ મિથ્યા ભાસે છે, તેમ આ તમામ દૃશ્યજાળ અજ્ઞાન દૃષ્ટિએ

અનંત સ્વરૂપવાળું તથા અજ્ઞાન સમય પૂરતું તો તદ્દન સત્ય હોય એમ ભાસે છે, પરંતુ પ્રબોધનો ઉદય થતાં જ તે અસત્ય હોઈ કેવળ એક આત્મસ્વરૂપે જ અનુભવમાં આવે છે. આથી જ હે કૌંતેય! આ સર્વ વાસનાત્મક ભૂતો કલ્પના અંતે નદી જેમ અંતે સમુદ્રને જ મળે છે તેમ મારી અવ્યક્ત પ્રકૃતિને આવીને મળે છે; તથા કલ્પના આરંભમાં પ્રકૃતિ, તથા તેના સાક્ષી ઈશ્વર(વૃક્ષાંક ૨)ના અંશવડે બ્રહ્મદેવ સ્વરૂપ બનીને હું જ તેમને એટલે અવ્યક્તમાં રહેલા બધા જીવોને સર્જું છું, એમ કહેવામાં આવ્યું છે. એટલે કે કલ્પમાં અવ્યક્ત(વૃક્ષાંક ૪)માંથી આ બ્રહ્માંડાદિરૂપ સૃષ્ટિ રચવાનું કાર્ય આત્મસ્વરૂપ એવા હું(વૃક્ષાંક ૧) જ બ્રહ્મદેવરૂપ વિવર્તરૂપે બનીને કરું છું તથા મહાકલ્પ સંપૂર્ણ થયા પછી મારી અવ્યક્ત શક્તિ(વૃક્ષાંક ૪)માંથી પુનઃ બ્રહ્મદેવાદિની ઉત્પત્તિ કરવાનું કાર્ય ઈશ્વર(વૃક્ષાંક ૨)સ્વરૂપે કાળની પ્રેરણા વડે મારી માયાશક્તિના આધારે આત્મસ્વરૂપ એવો "હું" જ કરું છું. આ રીતે હું પોતે આત્મસ્વરૂપ હોવાથી તે તમામ કાર્યો મારાથી યત્કિંચિત્ પણ ભિન્ન નથી.

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।

भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥ ૮ ॥

પ્રકૃતિના પાશમાં પરતંત્ર બનેલો ભૂતસમુદાય

આ રીતે સર્વે પ્રકૃતિવશ્ય એટલે પ્રકૃતિના પાશમાં સપડાઈને અવશ(પરતંત્ર) બનેલા ભૂતસમુદાયને આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) અનિર્વચનીય તથા નિઃસંગ હોવા છતાં પણ પોતાની પ્રકૃતિના આશ્રયે ફરી ફરીથી સર્જું છું. ભગવાન કહે છે કે, જોયું આ મારું યોગસામર્થ્ય? તદ્દન અસંગ, નિર્વિકાર, નિરામય, અવ્યય અને અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ "હું" ગુણાતીત હોવા છતાં પણ જાણે કે, મિથ્યા માયા કિંવા પ્રકૃતિના આશ્રયે આ સર્વ ભૂતોના સમુદાયને પુનઃ પુનઃ સર્જું છું. જેમ કે સ્વપ્નની અંદર જોવામાં આવતો તમામ ભાસ સ્વપ્ન પડનારની માનસિક કલ્પનાશક્તિ મુજબ ખડો થઈ જાય છે છતાં જેને સ્વપ્ન થયું હોય તે મનુષ્ય કાંઈ સ્વપ્નનો કર્તા થઈ શકતો નથી, તેમ આ બધું દૃશ્યજાળ આત્મ કિંવા ચૈતન્યસ્વરૂપ એવા મારા અધિષ્ઠાન ઉપર મારી માયાશક્તિના આધાર વડે જ રચાયેલું હોવા છતાં પણ ઘરમાં રહેલા આકાશની પેઠે હું તો તદ્દન અલિપ્ત જ છું, એમ નિશ્ચિત સમજ. મારા યોગનું અદ્ભુતપણું કિંવા કર્મકુશળતા તે આ જ.

પ્રકૃતિ તમારે આશ્રયે છે કે તમારામાં નથી?

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છેઃ હે ધનંજય! તું કદાચ એમ કહેશે કે તમો એક બાજુ કહો છો કે મારી પ્રકૃતિનો આશ્રય કરીને હું આ સર્વ પરતંત્ર એવા ભૂત સમુદાયને સર્જું છું તથા બીજી બાજુ કહો છો કે મારો તેની સાથે યત્કિંચિત્ પણ સંબંધ નથી. આ બંને પરસ્પર વિરોધી વિધાનો(કથાનો) શી રીતે સંભવે? કાં તો કહો કે હું અનિર્વચનીય આત્મા હોવાથી કાંઈ નિર્માણ કરતો જ નથી, મારા (આત્મ)સ્વરૂપમાં પ્રકૃતિ કિંવા તેનું કાર્ય વગેરે કાંઈ હોઈ શકે જ નહિ, અથવા તો કહો કે 'હું' આ પ્રકૃતિને નિર્માણ કરીને તેના આશ્રયે આ બધું સર્જું છું. પંણ પ્રકૃતિના આશ્રયવડે હું આ બધું સર્જું છું, છતાં તેની સાથે મારો યત્કિંચિત્ પણ સંબંધ નથી, આમ કહેવું એ કાંઈ બરોબર સંબંધેસતું નથી. તો આ શંકાના સંબંધમાં મારું કહેવું હવે તું સાંભળ, કે જેથી મારું વિધાન પરસ્પર વિરોધી નથી, પરંતુ અતિશય ગહન અને સૂક્ષ્મ અર્થવાળું છે, એમ તારા ધ્યાનમાં આવશે. જીવન્મુક્તપણું પ્રાપ્ત થતાં જ કર્મો બાબતનું ખરું રહસ્ય સારી રીતે સમજવામાં આવે છે અને પછી આવા સંશયને સ્થાન રહેતું નથી.

અહેતુક કિંવા અનાસક્ત કર્મો એ અકર્મો છે

હે પાર્થ! તું પોતે બુદ્ધિમાન છે; માટે થોડો વિચાર કરીને જો કે પાણીની અંદર આ નદી છે, આ તળાવ છે, આ સરોવર છે, આ સમુદ્ર છે; તેમાં પણ વળી પાછાં ફીણ, પરપોટા, તરંગો; આ રાતું, પીળું,

ધોળું, કાળું વગેરે રંગો તેમજ મીઠું, ખારું, તૂરું, (કષાય) ઇત્યાદિ ષડ્રસો; આ ખરાબ, આ ચોખ્ખું છે વગેરે અનેકવિધ ભેદો જોવામાં આવે છે; તો તે બધા ભેદો શું પાણીએ ઉત્પન્ન કરેલા છે ? અથવા તો મારામાં આ અનેક પ્રકારના ભેદો પડેલા છે કિંવા તે ભેદોનાં અમુક નામો યા રૂપો છે અથવા તો તેને જાણનારો વા ભેદો પાડનારો કોઈક હશે એવી તેને એટલે પાણીને તો તલભાર પણ કલ્પના હોય છે ખરી કે ? તેમજ સુવર્ણ અને તેના અલંકારો સંબંધમાં પણ કહી શકાય. વળી પાણી પોતે આ ભેદાભેદોને જાણતું નથી તેથી કાંઈ એમ ન કહી શકાય કે આ બધા ભેદો પાણીના નથી. અરે ! જો કે, આકાશ સર્વત્ર વ્યાપક હોઈ ચરાચરનો આધાર છે, જો આકાશ ના હોય તો પૃથ્વ્યાદિનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી છતાં પણ તેનો આ જડાદિ સાથે તલમાત્ર પણ સંબંધ નથી. તે તો તદ્દન અસંગ, સર્વવ્યાપક અને સર્વનો આધાર હોઈ જડાદિની ઉત્પત્તિ કિંવા નાશ થવા છતાં પણ તેનો તો કદી નાશ થતો નથી. તેમ તેમાં કિંચિન્માત્ર પણ વિકાર સંભવતો નથી. તેમ જ માટી મેં ઘડા બનાવેલા છે એમ કદી પણ કહેતી નથી અથવા તેવું કાંઈ જાણતી પણ નથી, તે મુજબ જ આ આત્માનું પણ સમજ.

આત્મસ્વરૂપ એવો હું તદ્દન અસંગ છું

આત્મામાં છે, નથી અને તે બંનેના સાક્ષી ઇત્યાદિ કશું પણ નથી અને હોય તો તે કદી આત્માથી ભિન્ન હોતું નથી, તેમ જ તે બધાનો સાક્ષી પણ આત્મસ્વરૂપ જ છે. આ રીતે આત્મસ્વરૂપની અનિર્વચનીયતાનું સારી રીતે જ્ઞાન થવાથી સમજી શકાશે કે "છે" રૂપે આત્મા છે, "નથી" રૂપે પણ આત્મા છે, તેમ જ છે અને નથીને જાણનારા સાક્ષીરૂપે પણ આત્મા જ છે. ઉત્પન્ન થયું છે એવી સમજ હોય તો નિશ્ચિત જાણ કે આત્મા જ આત્માને આત્મામાંથી ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ પણ તે પોતે જ સાક્ષી, હું, તું, તે, આ, મારા તારા ઇત્યાદિ નામરૂપે પ્રતીત થયેલો હોઈ વળી પાછો આકાશની જેમ નિસંગરૂપે પણ તે જ રહેલો છે. આ સિવાય પર એટલે ઉપર જણાવ્યા પૈકીનું કાંઈ છે જ નહિ એવા પ્રકારનો તે આકાશની જેમ તદ્દન અસંગ, નિરામય, શુદ્ધ, શાંત, અવ્યય, કૂટસ્થ અને નિર્વિકાર છે. આ જ તેનું સર્વ દૃશ્યના નિરાસ પછી અવશેષ રહેનારું સર્વના અધિષ્ઠાનરૂપ અસલી અને મૂળ સ્વરૂપ છે. આ છે નથી તથા તે બંનેનો સાક્ષી ઇત્યાદિ તમામનો તેમાં અને તેના વડે જ ભાસ થાય છે, એ જ મોટું ગૂઢ વા વિચિત્રતા છે. ટૂંકમાં શરીર કહેતાંની સાથે જેમ હાથ, પગ વગેરે તમામ ઇંદ્રિયોનો તેમાં સમાવેશ થઈ જાય છે તેમ આત્મા કહેતાંની સાથે જ તેનું શુદ્ધ સ્વરૂપ અને તેમાં થતા મિથ્યા ભાસો વગેરે તમામનો સમાવેશ થઈ જાય છે, એમ જાણવું. અરે ! જો કે, વ્યવહારમાં પણ બાળકો વગર સમજ્યે અને કોઈ પણ પ્રકારના હેતુ સિવાય કર્મો કરે છે, તે કર્મો શું તેમને મોટા પુરુષોની જેમ બાધક થાય છે કે ? બાળકો પોતાની રમતમાં ઘરો બનાવે છે, તોડી પાડે છે તેમ જ તેઓ અનેક પ્રકારની ખાવાની વસ્તુઓની કલ્પના કરીને જાણે પેટ ભરાયું હોય એવો દેખાવ કરે છે, તો તેથી શું તેને અજીર્ણ થવાનો સંભવ હોય છે ખરો કે ? કિંવા ઘરો બનાવવાથી કિંવા તોડવાથી તેની કાંઈ હાનિ થાય છે ખરી કે ? તાત્પર્ય, અહેતુક કિંવા આસક્તિ સિવાય થનારાં કર્મોને વાસ્તવમાં કર્મો એવી સંજ્ઞા આપી શકાતી નથી. માટે તને હું વારંવાર કહી રહ્યો છું કે આત્મસ્વરૂપ એવો હું તદ્દન અલગ અને આસક્તિ વગરનો હોઈ કર્મો, તેનો કર્તા, તેનાં ફળો તથા તે સર્વનો સાક્ષી ઇત્યાદિ સર્વ છે કે નથી તેની મને કદી કલ્પના પણ નથી. એટલું જ નહિ પણ તરંગાદિ જેમ પાણીથી ભિન્ન નથી અને પાણી કાંઈ તેને ઉત્પન્ન કરતું નથી, આથી પાણીમાં તરંગાદિ છે યા નથી અને તેમ કહેવું, યુક્ત વા અયુક્ત છે, એ બેઉ કથનો અનિર્વચનીયતા જ માગી લે છે તેમ આ સર્વ આત્માથી સહેજ પણ ભિન્ન નથી અને તે તેનો ઉત્પન્નકર્તા પણ નથી. આ રીતે આત્માના પરઅપર સ્વરૂપનું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરેલા જીવન્મુક્ત પુરુષ કર્મો કરવા છતાં પણ તેમાં કિંચિન્માત્ર પણ કદી આસક્ત થતો નથી. જગતાદિ દૃશ્યજાળનો માલિકી હક્ક ધારણ કરનાર તો ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ તે આ દૃશ્ય અદૃશ્યાદિ સર્વ મિથ્યાતંત્ર ત્રણ ગુણો ધારણ કરીને પ્રકૃતિ કિંવા માયા (વૃક્ષાંક ૩)ના આધારે ચલાવે છે, એમ તત્ત્વનિશ્ચય કરવાને માટે તને યુક્તિવડે કહેવામાં આવેલું

છે, તેનો ઉદ્દેશ આત્મા સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય છે એ કથન સારી રીતે તારા ધ્યાનમાં આવી શકે એટલા પૂરતું જ છે, એમ સમજ.

આત્મા, મન, વાણી કે બુદ્ધિનો વિષય નથી

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! આત્મા તો વાણી, મન કે બુદ્ધિનો વિષય નથી. સંકલ્પનો અંશ પણ જેમાં નથી, એવા પ્રકારના જ્ઞાનને લીધે ચિત્તનો ક્ષય થઈ ઉદય પામેલી નિર્મળ અને શુદ્ધ એવી આત્મસત્તામાં સ્થિર રહીને તું કાર્ય કરે કિંવા નહિ કરે એ બંને સરખું જ છે. તું જાગ્રતાવસ્થામાં પણ સુષુપ્તિ જેવો રહી પ્રાપ્ત વ્યવહાર કર. આ રીતે જાગ્રત તથા સુષુપ્તાદિ ભેદને જુદા પાડનારાં અજ્ઞાન તથા તેના કાર્યોનો જ્ઞાન વડે બાધ થતાં આ બંને અવસ્થાનું કેવળ એક આત્મપણામાં જ અક્ય થવા પામે છે તથા સર્વના અવધિરૂપ જે ચિન્માત્ર પરમ તત્ત્વ અવશેષ રહે છે તે જ ખરું સ્વસ્વરૂપ કિંવા આત્મસ્વરૂપ હોઈ તે તું પોતે જ છે. આ રીતે વિવેક દૃષ્ટિએ વિચાર કરીને અભ્યાસદ્વારા અનંત એવા અદ્વિતીય પરમપદમાં સ્થિરતા કરી લેવી જોઈએ. આ પરમપદ સર્વ વસ્તુમાત્રથી વિલક્ષણ તથા લોકોત્તર છે. જગતનું અવસ્તુપણું હોવાથી તત્ત્વદૃષ્ટિએ જોતાં જગત અને પરમાત્મા એ બંનેમાં દ્વૈત કિંવા અદ્વૈતપણું એકે સંભવતું નથી પરંતુ અનિર્વચનીયપણું જ સિદ્ધ છે. આવો દૃઢ નિશ્ચય કરી તું આકાશની પેઠે વિશાળ અને નિર્વિકાર હૃદય રાખી પરમ શાંતિની પ્રાપ્તિ કરી લે.

અજ્ઞાની તથા જ્ઞાનીને ઉત્તર આપવાની પદ્ધતિ

હે અર્જુન ! વળી પણ સાંભળ. પ્રશ્ન કરનારા પુરુષો બે પ્રકારના હોય છે; (૧) જ્ઞાની અને (૨) અજ્ઞાની. તેમાં અજ્ઞાનીને અજ્ઞાન કોટીમાં રહીને યુક્તિઓદ્વારા ઉત્તર આપવો પડે છે તથા જ્ઞાનીઓને જ્ઞાનની કોટીમાં રહીને ઉત્તર આપવો પડે છે. કેમ કે જ્ઞાનીઓને વિકલ્પાત્મક ઉત્તર આપવો ઠીક નથી. જેમ જાળિયામાંથી પડનારો તડકો સૂક્ષ્મ એવા ત્રસરેણુ વડે વીંટાયેલો હોય છે, તેમ વાણીનો વિષય પણ તે સૂક્ષ્મ અર્થવાળો હોય કે વિશેષ અર્થવાળો હોય, થોડો હોય કે અધિક હોય, પરંતુ આત્મામાં (૧) આ સર્વનો અભાવ હોવા છતાં તે છે એવા ભાવને ગ્રહણ કરવાપણું; (૨) અસાધારણ ધર્મને લીધે આત્મામાં પરિચ્છેદ એટલે દેશાદિરૂપ મર્યાદિતપણું નહિ હોવા છતાં પરિચ્છેદપણું; (૩) દ્વૈત એટલે આત્મામાં દ્વૈત વા જુદાપણું બિલકુલ નહિ હોવા છતાં તે છે એમ પરસ્પર પોતાનું એક બીજાથી ભિન્નપણું; (૪) આત્મામાં સંખ્યાપણું નહિ હોવા છતાં શૂન્ય એક, બે ઇત્યાદિ સંખ્યાપણું તેમ જ (૫) આત્મામાં કાળપણું નહિ હોવા છતાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન આદિ કાળપણું વગેરે પ્રકારના દોષો વડે તે વીંટાયેલો હોય છે. તત્ત્વવિદોને કલંકવાળો ઉત્તર આપવો ઉચિત નથી. વળી ઉપર કહ્યા મુજબ બુદ્ધિ, મન અને વાણીનો સર્વ વ્યવહાર તો કલંકવાળો હોવાને લીધે કલંક વગરની વાણી તો છે જ નહિ. તત્ત્વવિત્ અને વિવેકીઓને તો યથાર્થ કહેવું જોઈએ અને યથાર્થ વાત તો ફક્ત એક સુષુપ્તમૌન જ છે (મૌન માટે અ૦ ૧૦, શ્લોક ૩૮ તથા અ૦ ૧૩, શ્લોક ૧૨ નું વિવરણ જુઓ).

વાણી વડે કરવામાં આવતા ઉપદેશોનો હેતુ શો ?

બ્રહ્મતત્ત્વ યા પરમપદ અનિર્વચનીયરૂપ છે અને તત્ત્વજ્ઞાન એટલે અપરોક્ષ અનુભવ થતાં સુધી શિષ્યોને બોધ કરવાને માટે અજ્ઞાનતાનો મિથ્યા આરોપ કરી ગુરુશિષ્યાદિ પરંપરા દ્વારા સત્યબોધ અર્થે તેને વાણીના વિષયરૂપે કલ્પી લેવામાં આવે છે. બાકી એક વખત વિચાર વડે એ પરમતત્ત્વ સારી રીતે ઓળખવામાં આવે અર્થાત્ આત્માનું પરોક્ષજ્ઞાન સારી રીતે થાય એટલે તો તે તત્ત્વ વાણીનો વિષય જ નથી એમ વિવેકીઓને સારી રીતે સમજાય છે, આથી તેમાં સુષુપ્ત મૌન એ જ શ્રેષ્ઠ છે, એમ સમજ (સુષુપ્ત મૌન સંબંધમાં અ૦ ૧૩, શ્લોક ૧૨ જુઓ). હે પાર્થ ! પુરુષ અહોરાત્ર ચિત્તના અનુસંધાનને લીધે પોતે જેવે જેવે રૂપે થઈ રહ્યો હોય તેવું જ તે બોલે છે, તો જે પદ તત્ત્વસાક્ષાત્કાર એટલે અપરોક્ષાનુભવ વડે જ અનુભવમાં આવે છે અને જે નિર્વિકલ્પ યા અનિર્વચનીય હોઈ વાણી વડે અગમ્ય, એવા પરમપદમાં સ્થિર થયેલો તે

જીવન્મુક્ત પુરુષ વાણી વગેરેના મેલને શી રીતે ગ્રહણ કરે એટલે આત્મવિત્ એવા પ્રકારની પરમપદની સ્થિતિમાં સ્થિત રહેલો હોવાને લીધે તેને દોષયુક્ત એવી વાણી વડે ઉત્તર આપવો યોગ્ય ગણાતો નથી. હું તને જે ઉપદેશ આપી રહ્યો છું તે તો વાણીનો અભાવ, એકબીજાથી ભિન્નપણું, સંખ્યા, કાળ, પરિચ્છેદ ઇત્યાદિ જે જે દોષો ઉપર કહ્યા છે, તેનો આશ્રય લઈને જ સમજાવી રહ્યો છું, માટે તેવી કલંકયુક્ત વાણીનો વિચાર નહિ કરતાં તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય ધ્યેય શું છે તે જાણવા પૂરતો જ તેનો ઉપયોગ છે. એવા પ્રકારનો સ્તુત્ય ઉદ્દેશ ધ્યાનમાં રાખીને હું તને કહું છું, તે તું સારી રીતે લક્ષમાં રાખ. આમ તત્ત્વદૃષ્ટિ વડે વિચાર કરવાથી તને જણાશે કે "હું" પોતે તો આ દેહાદિ દૃશ્ય વર્ગથી રહિત, સર્વ કલ્પનાવડે અગમ્ય, અગોચર, નિર્વિકાર, નિરાકાર અને તદ્દન શુદ્ધ એવો આત્મા છે અને પરમાત્મા પણ હું જ છે. અરે! હું એકલો જ આત્મરૂપ છું એમ નથી પરંતુ તું પણ સ્વચ્છ અને નિર્મળ એવા આત્મસ્વરૂપ છે તેમ આ આખું જગત પણ સ્વચ્છ, નિર્મળ, પવિત્ર એવા ચૈતન્ય (આત્મ)સ્વરૂપ છે. એટલું જ નહિ પરંતુ જે જે કાંઈ છે તે તમામ આત્મસ્વરૂપ જ છે. હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું અને એવા મારા શુદ્ધ જ્ઞાન(આત્મ)સ્વરૂપમાં આત્માથી જુદું એક અણુમાત્ર પણ કાંઈ બીજું છે એમ હું કહી શકતો નથી, કેમકે હું તો તદ્દન ભેદદૃષ્ટિથી રહિત છું. એવા મારામાં છે કિંવા નથી તથા તેના સાક્ષીપણાનો અંશ પણ કેવી રીતે સ્પર્શી શકે? આ સિદ્ધાંતને સારી રીતે ધ્યાનમાં રાખીને મારા આગળના કથનનો તું સારી રીતે વિચાર કર.

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે: હે અર્જુન! મેં તને પહેલા કહ્યું છે કે મારી પ્રકૃતિનો આશ્રય કરીને હું પણ જાણે પ્રકૃતિના સ્વભાવ અનુરૂપ બની જઈ આ સમગ્ર અવશ એવા ભૂત સમુદાયને ફરી ફરીને ઉત્પન્ન કરું છું. તે ઉપરથી તને કદાચ શંકા થશે કે આમ હશે, તો પછી તમો હું અકર્તા છું એમ કહો છો તે સિદ્ધ થતું નથી. તે શંકાના નિવારણને માટે મેં તને અત્યાર સુધી સારી રીતે સમજાવેલું છે, તે ઉપરથી તારા ખ્યાલમાં આવ્યું તો હશે જ, છતાં બોધની પરિપક્વતા અર્થે ફરીથી કહું છું, તે સાંભળ.

न च मां तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ।

उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥ ९ ॥

તે કર્મો મને બંધનકારક નથી

હે ધનંજય! ઉપર જણાવ્યા પ્રમાણે આ સર્વ દૃશ્યાદિ વિવર્તરૂપ એવું મિથ્યા જગત નિર્માણ કરવાના કાર્યમાં આસક્તિ રહિત એવો જે 'તત્' રૂપ "હું" (વૃક્ષાંક ૧) તેવા મને તે કર્મો સહેજ પણ બંધન કર્તા નથી; એટલું જ નહિ પરંતુ મારામાં તેનો કદી સ્પર્શ પણ થતો નથી, કારણ કે હું તે કર્મોમાં આસક્તિ વિનાનો હોઈ ઘરમાં જેમ આકાશ રહે તે પ્રમાણે ઉદાસીનની પેઠે રહેલો છું, આમ કહેવાનો ઉદ્દેશ તો એ છે કે તત્ (આત્મા વૃક્ષાંક ૧)માં તત્ત્વતઃ "હું" એ શબ્દ (વૃક્ષાંક ૩) તથા તેના લક્ષ્યાર્થનો જે હેતુ કિંવા સાક્ષાભાવ(વૃક્ષાંક ૨) છે એ બંને છે જ નહિ, એટલે આ "હું" તેમાં છે જ નહિ. આ "હું"નું પ્રાકટ્ય તો ખરેખરી રીતે "હું" "હું" એવી સ્ફુરણા(વૃક્ષાંક ૩)થી જ શરૂ થાય છે અને "મારું" "મારું" એવા શબ્દો વડે કહેવામાં આવતા તમામ મમાદિ ભાવો (વૃક્ષાંક ૪થી ૧૫૬સુધી)ને આ 'હું' (વૃક્ષાંક ૩)નો જ આધાર છે. જેમ કડાં, કુંડળ, બંગડી ઇત્યાદિ અલંકારો સુવર્ણ વિના હોતા નથી તેમ મમાદિ સર્વ ભાવોનું અસ્તિત્વ આ 'હું' (વૃક્ષાંક ૩)રૂપ સામાન્ય ભાવ વિના કદી પણ હોતું નથી. આમ સર્વ મમાદિ ભાવોને જાણનારો જેમ આ "હું" (વૃક્ષાંક ૩) મળી શકે છે, તેમ આ "હું" (વૃક્ષાંક ૩)ને જાણનારો 'હું' વિના બીજો કોઈ મળી શકતો નથી એટલે કે "મારું" "મારું" કહેનારો કોણ? તો 'હું' છું, એમ મારું કહેનારનું અસ્તિત્વ તો આપણને મળી શકે તેમ છે પરંતુ આ 'હું' 'હું' (વૃક્ષાંક ૩) એવું કહેનારો કોણ? તેનું જુદું અસ્તિત્વ મળી શકતું નથી. તે ઉપરથી એમ માલૂમ કરવું પડે છે કે એક "હું" "હું" એવી સ્ફુરણા કરનારો

'હું' (વૃક્ષાંક ૩)છે તથા તેને જાણનારો બીજો કોઈ શુદ્ધ "હું"(વૃક્ષાંક ૨) હોવો જ જોઈએ અને એ શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) તો કેવળ લક્ષ્યાર્થ વડે જ જાણી શકાય તેવો છે. અર્થાત્ આ 'હું' 'હું' રૂપે સ્ફુરણા પામનારો આ મિથ્યા 'હું' (વૃક્ષાંક ૩) એ સાક્ષી કિંવા દ્રષ્ટા એવા શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨)નો વિવર્ત, આદિ સ્ફુરણ કિંવા સામાન્ય "હું" (વૃક્ષાંક ૩) કહેવાય છે, તથા તેને જાણનારો સર્વના અધિષ્ઠાન કિંવા સાક્ષીરૂપ એવો શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) છે, એમ ફકત લક્ષ્યાર્થ વડે જ સમજી શકાય છે. તેને જ શુદ્ધ 'હું', ઈશ્વર, પુરુષ દ્રષ્ટા કિંવા સાક્ષી ઇત્યાદિ નામોની સંજ્ઞાઓ વડે શાસ્ત્રકારો સંબોધે છે. આ સાક્ષીભાવરૂપ ઈશ્વર કિંવા શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨)ને લીધે જ 'હું' રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩)ને પોતે तत् પદ અર્થાત્ અનિર્વચનીય એવો આત્મ(વૃક્ષાંક ૧)છે એવું ભાન થાય છે એટલે કે આ ઈશ્વર જ તેને ભાન કરાવી આપે છે કે 'હે' 'હું' ! (વૃક્ષાંક ૩) તું જે આ 'હું' 'હું' અમ સ્ફુરણ કરે છે તે તારું સત્ય સ્વરૂપ નથી પરંતુ તું તો જ્યાં આ 'હું' 'હું' એવા સ્ફુરણનો લવલેશ પણ નથી, એવો અનિર્વચનીય तत् કિંવા આત્મા(વૃક્ષાંક ૧) છે." એ રીતે તેને લક્ષ્યાર્થથી પણ પર અને કેવળ તત્ત્વાર્થ વડે જ જાણી શકાય એવા પોતાના સાચા સ્વરૂપનું ભાન થતાં જ તે પોતાના આ "હું"પણારૂપ સ્ફુરણને છોડી દઈ પોતાના અનિર્વચનીય એવા સ્વસ્વરૂપમાં જ લીન બની જાય છે. જ્યાં સુધી આ રીતે ઐકયભાવનો અનુભવ તેને થતો નથી ત્યાં સુધીને માટે તે પોતે પોતાને મર્યાદિત કિંવા ત્રણ ગુણોનું ધારણ કરનારી 'હું' રૂપ મિથ્યા માયારૂપે સમજે છે.

મને કર્મ બંધન કેમ નથી ?

સત્ય પરિસ્થિતિ આ મુજબની હોવાને લીધે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : હે ભારત ! શુદ્ધ "હું" એટલે સાક્ષી કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨)નું પ્રથમનું સ્ફુરણ અથવા વિવર્તરૂપ જે આ અશુદ્ધ "હું" (વૃક્ષાંક ૩) છે તે જ આ સર્વ દૃશ્યાદિ ભાવોની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયાદિ કરનારનું પણ આદિકારણ છે. આને જ પ્રકૃતિ, માયા, નિયતિ, આદ્યશકિત, મૂળ અવિદ્યા ઇત્યાદિ સંજ્ઞાઓ વડે શાસ્ત્રમાં સંબોધવામાં આવેલું છે. આ આદ્યશકિત એ જ ઈશ્વરના કાળરૂપ ઈક્ષણ એટલે પ્રેરણાશકિતને લીધે ક્ષોભને પામી, સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના આશ્રય વડે મિથ્યા એવી આ વિચિત્ર અને અઘટિત માયા કે જેનો કદી પણ પાર નહિ આવે એવી સ્વપ્નવત્ વિલક્ષણ દૃશ્યજાળ ખડી કરી દીધી છે અને તે જાણે તદ્દન સાચી જ ન હોય એમ ભાસે છે. તેવા આદ્યશકિતરૂપ મિથ્યા 'હું' રૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩) મારામાં એટલે આત્મા (વૃક્ષાંક ૧)માં નથી. આથી આસકિત રહિત, ઉદાસીન અને અનિર્વચનીય એવા તત્રૂપ મને અર્થાત્ આત્મા (વૃક્ષાંક ૧)ને દૃશ્યાદિ સર્વ કર્મો (વૃક્ષાંક ૩થી ૧૫ ઘસુધી) માં મારી એટલે હું રૂપ આત્મા (વૃક્ષાંક ૧)ની જરાપણ આસકિત નહિ હોવાથી આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) એવા મને તે પ્રકૃતિરૂપ હું (વૃક્ષાંક ૩)ના ત્રણ ગુણોના વિસ્તાર વડે થએલા આ કર્મોનું બંધન બિલકુલ નથી એટલે આ तत् પદ એવો હું (આત્મા વૃક્ષાંક ૧) તો તદ્દન અનિર્વચનીય, અસંગ તથા નિર્લેપ જ છે, કારણ કે કર્મબંધનને કારણભૂત એવો હું તો ઉપર જણાવ્યા પ્રમાણે માયા કિંવા પ્રકૃતિવાળો અશુદ્ધ "હું" (વૃક્ષાંક ૩) છે અને તે 'હું' (વૃક્ષાંક ૩)નું તો તત્સ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧)માં નામ નિશાન પણ નથી. આ રીતે કર્મના બંધનના મૂળ કારણોનો જ આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧)માં જ્યાં ગંધ નથી તો પછી કર્મના લેપની તો વાત જ શી કરવી !

જીવન્મુક્તોના ચિત્તને સત્ત્વ ને કર્મને સત્ કહે છે

અરે ! જરા વિચાર કરીને જો કે, વ્યવહારમાં પણ એવો નિયમ છે કે જેણે ગુનો કર્યો હોય તે જ શિક્ષાને પાત્ર ઠરે છે પરંતુ જેણે કદી ગુનો તો કરવાની વાત દૂર રહી પરંતુ ગુનો એ શું વસ્તુ છે તે પણ જે જાણતો ન હોય તેના ઉપર ગુનો કર્યાનો આરોપ કરવો યોગ્ય ગણાશે ખરો કે ? તો પછી આત્મસ્વરૂપ એવા મારામાં જ્યાં પ્રકૃતિનો જ લવલેશ નથી ત્યાં તેના કાર્યો સંબંધની વાત જ કયાં રહી ? આ રીતે તે કર્મો મને બંધનકર્તા કેમ નથી, એ તને હવે સારી રીતે સમજાયું ને ? શાસ્ત્રમાં આ ગૂઢ રહસ્ય તો ઘણી

જ યુક્તિ વડે સમજાવેલું છે. જ્યાં સુધી વિદ્યાભ્યાસ કરવામાં આવતો હોય ત્યાં સુધી તેને વિદ્યાર્થી એવી સંજ્ઞા હોય છે તથા જ્યારે વિદ્યાભ્યાસ સંપૂર્ણ થાય ત્યારે તેને પોતે વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસ કરેલા પુસ્તકોનો જ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં ઉપયોગ થાય છે. જે પુસ્તકનું વિદ્યાર્થી અવસ્થામાં પણ વાચન થાય છે તે જ પુસ્તકોનું શિક્ષકને પણ પોતાના વિદ્યાર્થીઓને સમજાવવાને માટે ફરીથી વાચન કરવું પડે છે. બંને વાચન કરે એમ કહેવામાં આવે છે. છતાં તે બંનેની ક્રિયામાં સામ્ય જ છે એમ ન કહી શકાય, તેમ જીવન્મુક્તિ પ્રાપ્ત થતાં અગાઉ થનારી ક્રિયાઓને કર્મ કહેવામાં આવે છે. વિસર્ગસૃષ્ટિનો મૂળ ઉત્પાદક બ્રહ્મદેવ સૌથી પ્રથમ કર્મ કરનારો કહેવાય છે કેમકે અજ્ઞાનીઓ તેના સંકલ્પરૂપ કર્મને વશ થઈને જ કર્મ કરે જાય છે. આથી તેનું નામ જ કર્મ છે. કેમ કે નિયતિતંત્રમાં પરવશ હોવાથી તેના નિયમમાં રહેનારા તમામના થતા કાયિક, વાચિક અને માનસિક કર્મોને તે કર્મો કરે છે એમ કહેવામાં આવે છે, પરંતુ જેઓ તે પાશમાંથી છૂટી જીવન્મુક્ત બનેલા છે તથા દેહ છૂટ્યા બાદ ફરીથી જેઓને જન્મમરણના ચક્કરમાં ફસાવાનો પ્રસંગ આવતો નથી; તેવા અપરોક્ષાનુભવીઓ તો દેહ હોવાં છતાં પણ આત્મસ્વરૂપને પામી કૃતાર્થ થએલા હોય છે, તેથી તેઓને જીવન્મુક્ત કહેવામાં આવે છે. તેઓનું ચિત્ત વાસનારહિત બનેલું હોય છે. છતાં કર્મોમાં તો સંસારી તથા જીવન્મુક્તો બનેનું જાણે સામ્ય હોય એમ જોવામાં આવે છે. તેથી જ વાસનારહિત એવા જીવન્મુક્તોના ચિત્તને ચિત્ત નહિ પરંતુ સત્ત્વ કહે છે અને તેમના કર્મોને પણ કર્મ નહિ, પરંતુ "સત્" એવી સંજ્ઞા છે. તથા વાસનાયુક્ત ચિત્તવાળાઓનાં થતાં કર્મોને કર્મ એવી સંજ્ઞા આપેલી છે. આ મુજબની યુક્તિ વડે શાસ્ત્રકારોએ સમજાવેલું છે. માટે મારામાં કર્મોનો અંશ પણ નથી એમ જે કહેવામાં આવ્યું છે, તે તને હવે સારી રીતે સમજાયું હશે.

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।

हेतुनाऽनेन कौन्तेय जगद्विपरिवर्तते ॥ १० ॥

આ જગત મારી અધ્યક્ષતા નીચે છે.

દ્રષ્ટા, ઈશ્વર કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨)ની અધ્યક્ષતા નીચે તથા તેના હેતુ, પ્રેરણા વા ઈક્ષણને લીધે આ ચરાચર જગત(વૃક્ષાંક ૪થી ૧૫ ઘ સુધી)ને તે પ્રકૃતિ અથવા માયા (વૃક્ષાંક ૩) રૂપે ઉપજાવે છે. હે કૌંતેય ! આ સાક્ષીરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨)ના નિમિત્તને લીધે જ આ જગતાદિ તમામ દૃશ્ય પ્રવર્તી રહ્યું છે, એમ નક્કી સમજ. ઉદ્દેશ એ કે તત્ કિંવા આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) તો તદ્દન અનિર્વચનીય હોઈ નિર્લેપ છે, તે જગતના હેતુ અથવા નિમિત્તરૂપ કદી પણ બનતો નથી, એવો એ તદ્દન અસંગ છે. કેમ કે વ્યવહારમાં પણ એવો નિયમ જોવામાં આવે છે કે કોઈ પણ કાર્ય કરતાં પહેલાં તે કરવા વિષે પ્રથમ મનમાં હેતુ ઉત્પન્ન થાય છે. પછી તે હેતુના ધોરણે કાર્ય કરવાની સ્ફૂર્તિ જાગ્રત થવા પામે છે, અને ત્યારબાદ સ્થૂળ શરીરાદિ દ્વારા કાર્ય થાય છે, તેમ જ કાર્ય થયા પછી તેનું ફળ ઉત્પન્ન થવા પામે છે, એવો નિયમ છે. તે ધોરણે કોઈ શંકા કરે કે આત્મા કાર્યથી રહિત ભલે હોય, પરંતુ તેના નિમિત્ત કિંવા હેતુ વડે તો આ સર્વ કાર્ય થતું હશે અને આમ જો તે પ્રકૃતિના કાર્યના હેતુ રૂપ બને તો પછી તે પ્રકૃતિવડે થતાં સુખદુઃખાદિ દ્વંદ્વોના પાશમાંથી કદાપિ છૂટી શકે નહિ અને પછી આત્માને માટે તે તદ્દન અસંગ છે એવું જે કહેવામાં આવે છે તે કથન ટકી શકતું નથી. ભગવાને અર્જુનને પ્રથમ કહ્યું કે આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) તો તદ્દન નિર્લેપ છે. મારામાં પ્રકૃતિ, તેનું કાર્ય અને તેનો હેતુ ઇત્યાદિ કશાનો પણ સંબંધ નથી, આ કથનની સિદ્ધતા અર્થે ભગવાન આ રીતે કહી રહ્યા છે કે, હે પાર્થ ! આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) તો અનિર્વચનીય હોઈ અસંગ અને તદ્દન નિર્લેપ છે, પરંતુ સાક્ષી અથવા ઈશ્વર (વૃક્ષાંક ૨) રૂપ જે શુદ્ધ હું તેની અધ્યક્ષતાને લીધે પ્રકૃતિ અથવા માયારૂપ "હું" (વૃક્ષાંક ૩) આ સાક્ષીના નિમિત્ત કિંવા પ્રેરણા વડે જ આ ચરાચર દૃશ્યાદિ જગત પ્રકટ કરે છે અને તેમાં નિત્યપ્રતિ ઉથલપાથલો થતી હોવાનું જોવામાં આવે છે.

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।

परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ ११ ॥

राक्षसी तथा आसुरी प्रकृतिवाळा मूढो कोण ?

भगवान आगळ कहे छेः हे पार्थ ! उपर कह्या प्रमाणे हुं सर्वभूतोनो महेश्वर वा परम ईश्वर એટલે तद्दन असंग तथा निर्लेप એवो आत्मा(वृक्षांक १) होवा छतां मारा आ परमभावने नहि जाणतां मूढो हुं मनुष्य शरीरनो ज आश्रयी छुं એम समजी अवजानन्ति अर्थात् ઊલટी रीते ज पिछाने छे. એટલે मारा साचा स्वरूपने नहि ओळखतां खोटा अने मिथ्या मायाणी स्वरूपे ज ओळखे छे. જેમ हीराने नहि ओळखनारा तेने आ काच छे એम जाणे छे, तेम भगवान आमां घणुं ज गूढ रहस्य समजवी रह्या छे. भगवान कहे छे के हे अर्जुन सांभळ ! तद्दन निर्लेप अने असंग એવો हुं आत्मस्वरूप (वृक्षांक १) छे छतां सर्व भूतोना परम ईश्वर स्वरूप એવા मारा आ परम स्वरूप (वृक्षांक १)ने नहि जाणवावाळा मूढ पुरुषो मने એટલે तत्स्वरूप किंवा आत्मस्वरूप अथवा अनिर्वचनीय એવા हुं (वृक्षांक १)ने मानुषी शरीरनो आश्रयी समजे छे એટલે मने आत्मस्वरूपे नहि जाणतां हुं એટલે शरीर ज छुं એम देहभावथी जाणे छे. आ कथनमां भगवाने आसुरी स्वभाववाळा कोने कहेवा तेनी स्पष्टता करी समजावेलुं छे. तेमनो आशय એવો छे के જેઓ मने એટલે तत्स्वरूप वा आत्मस्वरूप એવા हुं (वृक्षांक १)नुं साचुं स्वरूप जाणता नथी अर्थात् दरेक मनुष्य જે पोते पोताने माटे 'हुं', 'हुं' એમ જે कहे छे ते हुं कोण छे? तेनुं साचुं स्वरूप समजतो नथी अने वास्तविक रीते पोते तत्स्वरूप એટલે आत्मस्वरूप (वृक्षांक १) होवा छतां पण पोताने आत्मस्वरूपे नहि जाणतां हुं એટલે तो आ शरीर ज छे એम समजे छे अर्थात् पोते पोताने हुं એટલે अनिर्वचनीय એવો महेश्वर किंवा आत्मस्वरूप छे એम नहि जाणतां हुं એટલે तो आ सात धातुनुं बनेलुं शरीर छुं એम मानी लई तेने ज गमे ते प्रकारे सुखी करवुं એम समजीने तेनी पाछळ ज हंमेशां रच्योपच्यो रहे छे, तथा पोताना साचा आत्मस्वरूपने भूली जाय छे. એ रीते हुं ने अवजानन्ति એટલે अवमाने छे. अवमानवुं એટલે असल आत्मरूपे मानवाने बदले तेने बीजी रीते એટલે देहरूपे माननारा खरेखर राक्षसी अने आसुरी संपत्तिवाळा मूढो ज छे એम जाणवु.

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।

राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ १२ ॥

राक्षसी अने आसुरी संपत्तिवाळानी आशा अने कर्मो व्यर्थ छे

आत्मस्वरूप એવા मारी अवज्ञा करनारा अने मिथ्या એવी आ प्रकृति(वृक्षांक ३)ना मोहपाशमां सपडायेला राक्षसी तथा आसुरी वृत्तिवाळा मूढ अने अविचारी पुरुषोनी आशाओ व्यर्थ छे, अने तेमनां थतां तमाम कर्मो निरर्थक छे. हुं सगजु छुं એम જે જે कांई तेओ मानता होय तेओनुं ते ते तमाम जाणवापणुं किंवा ज्ञान वांझणीना पुत्रनी જેમ साव मिथ्या छे. आ अविचारीओनुं चित्त मोहने लीधे भ्रमित थयेलुं होय छे. केम के तेओ राक्षसी तथा आसुरी स्वभावना आश्रय करनारा छे એम जाणु. तात्पर्य के, જે हुं (वृक्षांक ३)ने आत्मा (वृक्षांक १)रूपे नहि समजतां शरीररूपे समजे छे એટલે दरेक मनुष्य पोते पोताने हंमेश हुं हुं એम જે कहे छे ते हुं એટલે वास्तविक आत्मा होवा छतां हुं એટલે शरीर ज छुं એम समजे छे तेवा अविचारी मूढोने भगवाने राक्षसी किंवा आसुरी कहेला छे. व्यवहारमां पण એવો नियम छे के ईष्ट स्थळे पहोंचवाना उद्देशथी ते करतां ઊલટी दिशामां गमे तेटलुं दूर जवामां आवे अथवा तो

ઊલટી સમજ વડે ગમે તેટલી મહેનત કરી હોય છતાં પણ તે સર્વ નિરર્થક જ ગણાય છે; તો પછી મૂળમાં જ જ્યાં હું અને આત્માને બદલે શરીર સમજવામાં આવે અને પછી ગમે તેટલી આશાઓ પ્રયત્નો કિંવા જાણવાપણાનું અભિમાન સેવવામાં આવે તે સત્ય કેવી રીતે નીવડે? આથી આવા પ્રકારના લોકો આસુરી તથા રાક્ષસી સ્વભાવવાળા છે. કારણ કે અવિચાર અને મૂઢતા એ જ આ સ્વભાવવાળાનું લક્ષણ છે. આ મુજબ આસુરી પ્રકૃતિવાળાઓનું લક્ષણ તને કહ્યું, હવે દૈવી પ્રકૃતિવાળાઓનું લક્ષણ કહું છું તે સાંભળ (શ્લોક ૧૧ અને ૧૨માં આસુરી કિંવા રાક્ષસી સંપત્તિવાળા કોને કહેવા તેનાં લક્ષણો કહ્યાં છે).

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।

भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥१३॥

દૈવી પ્રકૃતિવાળા મહાત્મા કોણ?

હે પાર્થ! જે મહાત્મા મને આ શરીરધારી શ્રીકૃષ્ણ નહિ પરંતુ અનિર્વચનીય એવો આત્મા સમજે છે અર્થાત્ "હું" એટલે શરીરધારી નહિ પરંતુ સર્વભૂતોના આદિકારણરૂપ આકાશ સમાન અવ્યય એવો આત્મા (વૃક્ષાંક ૧) છે એમ–સમજે છે, તેને દૈવી પ્રકૃતિનો આશ્રયી સમજવો. આ રીતે દૈવી પ્રકૃતિનો આશ્રય કરીને જે અનન્યભાવે અર્થાત આ શ્રીકૃષ્ણ એટલે આત્મા છે અને તે આત્મા એટલે જ હું છે એ મુજબ જેમાં કિંચિન્માત્ર પણ ભેદભાવ નહિ રાખતાં ઐક્યરૂપ એવા મનવાળો થઈને મને ભજે છે એટલે કે હું વડે નિર્દેશાયેલા બ્રહ્મ, આત્મા તત્ કિંવા ચૈતન્ય (વૃક્ષાંક ૧) એવી સંજ્ઞાઓવાળા અવ્યય એટલે નાશરહિત, આદિ અથવા અવિનાશી અને અનિર્વચનીય એવા પદનું અર્થાત્ "હું"ના સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈને જે મહાત્મા જરાપણ મનને બીજી તરફ ઢળવા નહિ દેતાં આત્મસ્વરૂપ એવા મને એકનિષ્ઠાથી અનન્યભાવે ભજે છે તે દૈવી પ્રકૃતિનો આશ્રયી કિંવા અવલંબી કહેવાય છે. આ મુજબ ભગવાને મનુષ્યો પોતે પોતાને 'હું હું' એમ જે નિત્યપ્રતિ કહે છે તે હું એટલે શરીર છે એવા નિશ્ચયવાળા જેઓ હોય તેઓને રાક્ષસ, અસુર, અવિચારી મૂઢ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે સંબોધેલા હોઈ જેઓ હું એટલે આત્મા છે અર્થાત્ પોતે પોતાને શરીર રૂપે નહિ સમજતાં આત્મસ્વરૂપ સમજે છે, તેવા આત્મનિશ્ચયવાળાઓને દૈવીપ્રકૃતિના તથા મહાત્મા કહીને સંબોધેલા છે. ટૂંકમાં હું એટલે શરીર છું, એમ સમજનારા મૂઢો, અસુર કિંવા રાક્ષસ છે તથા હું એટલે આત્મા છે એમ સમજનારા દૈવી સંપત્તિમાન મહાત્મા છે, એમ જાણવું.

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।

नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥

સતત કીર્તન કોનું કરવું

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે: હે ધનંજય! સાંભળ. ઉપર કહ્યા મુજબ આત્મસ્વરૂપના નિશ્ચયવાળા દૈવી પ્રકૃતિના મહાત્માઓ આત્મસ્વરૂપ એવા મારું નિત્યપ્રતિ કીર્તન કરતા રહીને દૃઢ ભક્તિવડે આ આત્મરૂપ વ્રતને સતત યત્નપૂર્વક આચરે છે, તે નિત્યયુક્ત એટલે હંમેશા યુક્ત થયેલા આત્મસ્વરૂપ એવા મને જ ઉપાસે છે. અર્થાત્ જે સતત મારું એટલે તત્સ્વરૂપ એવા આત્મા (વૃક્ષાંક ૧)નું જ હંમેશાં કીર્તન કરે છે, તથા સ્વીકારેલા આ વ્રતનું અહોનિશ એકનિષ્ઠા વડે ભક્તિયુક્ત અંતઃકરણથી દૃઢ રીતે પાલન કરે છે તે ઉપાસક તરફથી આત્મામાં એકરૂપ થતાં સુધી અર્થાત્ ઐક્યભાવના પ્રાપ્ત થતાં સુધીને માટે નમસ્કારાદિ જે જે યત્નો કરવામાં આવે છે તે સર્વ ક્રિયાઓ દ્વારા તે મારી એટલે તત્ સ્વરૂપ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ની જ ઉપાસના કરે છે. તાત્પર્ય એ કે, તેની ઉપાસના કરનાર કાયા, વાચા, અને મન વડે જે જે કર્મો આ તત્પદની દૃઢતાને માટે કરે છે, તે તમામ કર્મો સહ તે પોતે આત્મસ્વરૂપભૂત હોવાથી તેનાં

તમામ કર્મોને કર્મો એવી સંજ્ઞા નહિ જાણતાં આત્મસ્વરૂપભૂત જ જાણવાં એટલે તે કાયિક, વાચિક અને માનસિક થતાં તમામ કર્મોને પોતાસહ સર્વભાવે આત્મસ્વરૂપે જોતો હોવાથી અર્થાત્ અંતઃકરણમાં આત્મા વિના બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા નહિ દેનારો જ ખરો આત્મસ્વરૂપનો ઉપાસક છે એમ જાણવું.

એકત્વની ભાવનાથી થતાં કર્મોની સ્થિતિ

હે અર્જુન ! દેહ એટલે જ પોતે છે એમ માનનારા આસુરી કિંવા રાક્ષસી પ્રકૃતિવાળા ઉપાસકોના સર્વ કર્મો, આશા અથવા જ્ઞાન ઇત્યાદિ તમામ વ્યર્થ હોય છે એમ ઉપર કહેવામાં આવ્યું છે, તેથી ઊલટું દૈવી સંપત્તિમાન મહાત્માનાં તમામ કર્મો, સઘળી આશાઓ અને જ્ઞાન ઇત્યાદિ સહિત સર્વ આત્મસ્વરૂપ હોવાને લીધે વ્યર્થ હોતાં નથી. સારાંશ એ છે કે, દૈવી સંપત્તિમાનનાં શરીર, વાણી અને મનવડે થતાં તમામ કર્મો, તે કરનારો અને તેને જાણનારો ઇત્યાદિ સર્વ કેવળ એક આત્મસ્વરૂપ જ હોય છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એવા પ્રકારની એક આત્માની જ દૃઢ ભાવના રાખી અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાનઃજ થવા નહિ પામે એવી રીતે દૃઢ વ્રત ધારણ કરીર અનન્યભાવે એટલે જુદાપણાની ભાવનાનો ત્યાગ કરીને પ્રયત્ન કરનારા દૈવી સંપત્તિમાનના તેવા ઉદ્દેશ વડે થતાં નમસ્કારાદિ તમામ સ્થૂલ કિંવા સૂક્ષ્મ કર્મો પણ આત્મસ્વરૂપ બનેલા હોય છે. તેનું હલન, ચલન, પ્રસરણ, શ્વાસોચ્છ્વાસ અથવા સંકલ્પ વિકલ્પ ઇત્યાદિ તમામ કાયિક, વાચિક અને માનસિક કર્મો આત્મસ્વરૂપ હોવાને લીધે સાર્થકરૂપ જ છે. આ રીતે દૈવી પ્રકૃતિના આશ્રિત મહાત્માની એકત્વથી થતી આત્મોપાસનાની શ્રેષ્ઠતા ભગવાને અત્રે દર્શાવેલી છે. હવે પૃથગ્ભાવથી યજન કરનારાઓ સંબંધે કહું છું, તે તું સાંભળ.

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।

एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

મારી એક રૂપે, જુદાજુદા રૂપે કિંવા અનેક રૂપે થતી ઉપાસના

શ્રીકૃષ્ણ કહે છેઃ હે કૌંતેય ! હું એટલે કૃષ્ણ નહિ પરંતુ આત્મા છે, એવા પ્રકારની દૃઢ ભક્તિ વડે અનન્ય એટલે એકત્વની ભાવનાથી મારું સતત કીર્તન કરનારા ભક્ત વિષે કહ્યું. હવે કેટલાકો જ્ઞાનયજ્ઞ વડે એટલે પોતે પોતાને હું હું એમ જે કહે છે તે હું એટલે આત્મા છે એવા પ્રકારની જ્ઞાનદૃષ્ટિ વડે અંતઃકરણમાં બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા દેતા નથી, અથવા તો ઉત્થાન થતાંની સાથે જ તે આત્મસ્વરૂપ છે, એવા પ્રકારની એકત્વની ભાવના વડે આત્મસ્વરૂપ એવા મને જ ભજે છે વળી કેટલાકો તો ભિન્નપણાની ભાવના વડે એટલે હું આત્માથી જુદો જ કોઈ છું એવા પ્રકારની ભાવના વડે તથા કેટલાકો ચરાચર વિશ્વના મુખે અનેક પ્રકારે આત્મસ્વરૂપ એવા મને જ ઉપાસે છે. સારાંશ એ કે, કેટલાક ઉપાસકો હું અને ભગવાન જુદા છે એમ સમજીને ઉપાસના કરે છે તથા તે સિવાયના બીજા કેટલાકો તો વળી વિશ્વમાં અનેક પ્રકારના મુખેથી જે 'હું' 'હું' એમ કહેવામાં આવે છે અર્થાત્ દરેક મનુષ્યો જે પોતાને 'હું હું' એવા પ્રકારે કહે છે તે હું આત્મભાવે એકરૂપ હોવા છતાં પણ દરેકના 'હું' જુદા જુદા છે એમ સમજીને ઉપાસે છે.

કોઈનો "હું" કાળો કિંવા ધોળો છે ખરો કે ?

વિચાર કરો કે, દરેક મનુષ્ય પોતપોતાને માટે 'હું' એવો શબ્દપ્રયોગ કરે છે. તે 'હું' વાસ્તવમાં તો એક રૂપ જ છે. કેમકે વ્યવહારમાં પણ કાંઈ એમ જોવામાં નથી આવતું કે કોઈનો હું લાલ રંગવાળો, તો કોઈનો પીળો, કોઈનો ધોળો રંગનો; અથવા કોઈનો હું ચોરસ, કોઈનો ત્રિકોણ, કોઈનો ગોળ કિંવા કોઈનો અર્ધગોળ ઇત્યાદિ ભિન્ન ભિન્ન આકૃતિવાળો; કિંવા કોઈનો હું નાનો, તો કોઈનો મોટો, તો કોઈનો હું બાળક, તો કોઈનો જુવાન અને કોઈનો વૃદ્ધ અવસ્થાનો. આ રીતે હુંમાં જાતિ, વર્ણ, રંગ, આકાર ઇત્યાદિ જુદાપણાનો લવલેશ પણ હોતો નથી. વૃદ્ધ પણ બોલશે 'હું', જુવાન પણ 'હું' અને બાળક પણ 'હું છું',

એમ જ બધા બોલે છે. અર્થાત્ બધામાં રહેલો આ 'હું' તો કેવળ એકરૂપ જ છે, છતાં દરેક તે 'હું' ને જુદો જુદો સમજી વિશ્વમાં અનેક મુખથી 'હું, હું' એમ કહીને તેને જ ભિન્ન ભિન્ન રૂપે ઉપાસે છે ખરા, પરંતુ વાસ્તવિક રીતે જ્ઞાનયજ્ઞ વડે અર્થાત્ જ્ઞાનદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તે પર્યાયે ઐક્યત્વ અથવા એકભાવ વડે સ્થિત એવા મારું એટલે તત્રૂપ હું (વૃક્ષાંક ૧)નું જ યજન કરે છે. કારણ આ હું' એટલે જ આત્મા છે. આ મુખ્ય એક રૂપની અથવા જુદા રૂપની અથવા તો અનેક રૂપોની કલ્પના કરીને જે જે કાંઈ કરવામા આવે છે તે તત્ત્વતઃ તત્રૂપ એવા 'હું' (વૃક્ષાંક ૧)ની જ ઉપાસના થાય છે એમ સમજવું. જેવી રીતે નદી, નાળાં, ખાબોચિયાં વગેરે તમામનું જળ અંતે તો એક સમુદ્રમાં જ એકત્ર થાય છે તેમ એકત્વ, પૃથકત્વ કિંવા બહુરૂપત્વવડે જગતમાં જે જે કાંઈ કરવામાં આવે છે, તે તમામ વસ્તુતઃ તો આત્મરૂપ એવા હું વા મારાથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી.

અજ્ઞાનોપાસના અથવા જ્ઞાનોપાસના

સુવર્ણનાં કડાં, કુંડળ, બંગડી, વીંટી ઇત્યાદિ આભૂષણોનાં નામો અથવા વિશેષ ભાવો જેમ સામાન્યભાવ એવા સુવર્ણરૂપ જ છે, સામાન્ય(અધિષ્ઠાન)ભાવ વિના વિશેષ ભાવનું અસ્તિત્વ કદી હોતું નથી તેમ તત્રૂપ 'હું' (વૃક્ષાંક ૧) એ સામાન્ય(અધિષ્ઠાન) ભાવ હોઈ તે વિના દરેક મનુષ્ય પોતાને 'હું, હું' એમ જે કહે છે તેનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી. તાત્પર્ય એ કે, તત્રૂપ 'હું' (વૃક્ષાંક ૧) એ જ લક્ષ્યાર્થથી પર હોઈ તત્ત્વાર્થ કિંવા ધ્યેયબિંદુ છે એમ ધ્યાનમાં રાખીને તેવા નિશ્ચયવડે કેવળ તેની જ અભિન્ન ભાવે ઉપાસના કરવામાં આવે તેને જ જ્ઞાનયજ્ઞ અથવા વિધિસરની ઉપાસના કહે છે તથા હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ભાવો વડે જે ઉપાસના કરવામાં આવે છે તેને ભિન્નરૂપ તથા અજ્ઞાનયુક્ત અથવા અવિધિસરની ઉપાસના એમ કહેવામાં આવે છે.

કોઈપણ ઉપાસના પર્યાયે તો આત્માની જ ઉપાસના છે

જેમ પ્રથમ દોરીમાં સર્પનો આભાસ થાય છે પણ જેમને દોરીનું સાચું ભાન થાય તે તો તેને દોરીરૂપ જ સમજે છે તેમ આત્માને આ આત્મા છે, એ રીતે જ્ઞાન પરિપક્વ થતાં સુધીના કાળમાં થતી ઉપાસના તે જ્ઞાનોપાસના સમજો, તથા જેઓ તે દોરીને સર્પરૂપથી જ જુએ છે તે અજ્ઞાનોપાસના સમજવી. હવે દોરીને સર્પ કહેવાથી તે સર્પ બની જતી નથી, તેમ સર્પ નથી પરંતુ દોરી છે એમ કહેવાથી કાંઈ પુનઃ દોરી બની ગઈ એમ પણ નથી. તેને સર્પ કહો યા દોરી કહો, તે તો જેમની તેમ દોરીની દોરી જ છે. તે પ્રમાણે આ તત્રૂપ આત્મા(વૃક્ષાંક ૧)ને, મારામાં 'હું' ભાવની ઉત્પત્તિ જ કદી થયેલી નથી એમ સમજીને અથવા આ 'હું' 'હું' રૂપ બનારું સકુરણ એ આત્મા જ છે એવા પ્રકારે જ્ઞાનયુક્ત ઉપાસના કરે અથવા તો હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ વિવર્તભાવે અનેક નામરૂપો વડે સમજીને અનાત્મભાવે ઉપાસના કરે; પરંતુ પર્યાયે તો તે બંને એક આત્માની જ ઉપાસના થાય છે.

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।

मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥१६॥

ક્રતુ તથા યજ્ઞાદિ પણ હું જ છું

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : હે અર્જુન ! ક્રતુ એટલે શ્રુતિની આજ્ઞાનુસાર અગ્નિષ્ટોમમાં અથવા સોમયાગાદિ શ્રૌત યજ્ઞરૂપ પણ હું જ છું; તેમ યજ્ઞ એટલે સ્મૃતિમાં બતાવેલા સ્માર્ત કે જેમાં પંચમહાયજ્ઞો (દેવ, ઋષિ યા બ્રહ્મ, પિતૃ, ભૂત અને મનુષ્ય યજ્ઞ) પણ હું જ છું.

શ્રૌત અને સ્માર્ત યજ્ઞો

હે પાર્થ ! આ યજ્ઞકર્મના મુખ્યત્વે બે પ્રકારો છે: (૧) શ્રૌત અને (૨) સ્માર્ત. વેદાજ્ઞાનુસાર શ્રુતિમાં કહેલા અગ્નિહોત્રાદિ કર્મો એ શ્રૌત કર્મો કહેવાય (શ્રૌત સૂત્ર જુઓ) તથા વેદાજ્ઞાનુસાર સ્મૃતિમાં કહેલા કર્મો તે સ્માર્ત કર્મો કહેવાય (ગૃહ્ય સૂત્ર જુઓ). અહીં કર્મ શબ્દ એ યજ્ઞની બીજી સંજ્ઞા સમજવી.

શ્રૌત કર્મોના મુખ્ય બે પ્રકારો છે : (૧) હવિર્યજ્ઞ અને (૨) સોમયાગ. હવિર્યજ્ઞ સાદા અને ઘરમાં થઈ શકે તેવા હોય છે; તેમાં ઘી, દૂધ, દહીં, ધાન્ય, તલ ઇત્યાદિ હવિર્દ્રવ્યોની જરૂર હોય છે. જેમ કે ઉત્સર્જન, ઉપાકર્મ, ગ્રહયજ્ઞ, અગ્નિહોત્ર વગેરે; (૨) સોમયાગ મોટા હોઈ તેમાં રાજસૂય, અશ્વમેધ ઇત્યાદિનો સમાવેશ થાય છે. (યજ્ઞોના કેટલાક નામો માટે અધ્યાય ૪/૩૧ નીચેનું વિવરણ જુઓ. પૃ૪ ૨૭૮). અશ્વમેધ સિવાયના બીજા યજ્ઞોમાં દેવતાઓને ઉદ્દેશીને આપવાનું હુતદ્રવ્યપાત્ર કે જેને હવિર્પાત્ર કહે છે તે તેમજ સ્રુક્સ્રુવાદિ નામના પાત્રો પણ પ્લક્ષ નામના વૃક્ષની શાખાના જ બનાવેલા હોય છે, જ્યારે અશ્વમેધયજ્ઞમાં હુત દ્રવ્ય એટલે અગ્નિમાં હોમવાના પાત્રો સોનાના પાત્રમાં રાખીને અપાય છે; અશ્વમેધયજ્ઞમાં સવન ત્રણ દિવસ કરવામાં આવે છે; તેમાં (૧) અગ્નિષ્ટોમયાગ, (૨) ઉક્થ્યયાગ, (૩) અતિરાત્રયાગ એ ક્રમ હોય છે. (૧) જ્યોતિષ્ટોમ, (૨) અગ્નિષ્ટોમ, (૩-૪) બે વાર કરવામાં આવતો અતિરાત્ર, (૫) અભિજિત્ (૬) વિશ્વજિત્ (૭-૮) બે વાર થતો આપ્તોર્યામ; એ આઠ મહાક્રતુ કહેવાય છે. આ બધા શ્રૌત યજ્ઞો છે. સ્માર્ત યજ્ઞમાં ઉપર કહેવામાં આવેલા દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને ભૂત, એ પ્રમાણે મુખ્ય પાંચ પ્રકારો છે. આ પાંચ યજ્ઞો બ્રાહ્મણાદિ દ્વિજોએ નિત્યપ્રતિ કરવાની શાસ્ત્રાજ્ઞા છે(કલ્પ સૂત્ર જુઓ). આ રીતે ક્રતુ અને યજ્ઞના મુખ્ય ભેદો છે. આ બધા વૈદિકકર્મો કહેવાય અને તે જગતશાંતિ ઉપરાંત ચિત્તની શુદ્ધિ કરનારા છે. ચિત્તશુદ્ધિ કરનારા નિષ્કામ કર્મ વડે જ્ઞાન અને જ્ઞાન વડે મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે. સ્વસ્વરૂપનું શુદ્ધજ્ઞાન એટલે જ આત્મસાક્ષાત્કાર, આત્મસાક્ષાત્કાર એ જ તમામ જીવોનું અંતિમ ધ્યેય છે. હે અર્જુન ! આ બધા યજ્ઞ અને ક્રતુ પણ વાસ્તવિક આત્મસ્વરૂપ એવા હું રૂપ જ છે. મારાથી ભિન્ન નથી. વળી **સ્વધા** એટલે પિતરોને નિમિત્તે અર્પણ કરવામાં આવતું, તેમ જ **ઔષધ** એટલે દેવતાઓને અર્પણ કરવામાં આવતાં અન્નાદિક દ્રવ્યો કે જે અર્પણ કરતી વખતે **સ્વાહા** એવો ઉચ્ચાર કરવામાં આવે છે તે, તેમજ પિતરોને નિમિત્તે અર્પણ કરવામાં આવતા અન્નને **સ્વધા** શબ્દ વડે કહેવામાં આવે છે તે, **સ્વાહા** (ઔષધિ) તેમ જ **સ્વધા** પણ હું જ છું; યજ્ઞની અંદર હવન કરતી વખતે બોલવામાં આવતા મંત્રો પણ હું જ છું; હોમવામાં આવતાં દ્રવ્યો કે જેને હુતદ્રવ્યો કહે છે તે સર્વમાં મુખ્ય એવું ઘી પણ હું જ છું; અગ્નિ પણ હું જ છું તથા હવન પણ હું જ છું; યજ્ઞોની અંદર દ્રવ્ય; મંત્ર, વિધિ, યજ્ઞ, યજમાન, ઋત્વિજ, ધર્મ, દેશ અને કાળ તથા દક્ષિણાનો સમાવેશ થાય છે, તે સર્વ પણ હું જ છું; એમ ભગવાન અત્રે કહે છે. આમ કહેવાનું પ્રયોજન શું છે તેનો હવે આપણે સંક્ષેપમાં વિચાર કરીશું.

યજ્ઞપુરુષ, વિષ્ણુ તથા ઋત્વિજ બ્રહ્મદેવ

ઉપનિષદાદિ શાસ્ત્રકારો ઈશ્વર(વૃક્ષાંક ૨)ને જ યજ્ઞપુરુષ કહે છે (છાં૦ તૃ૦ પ્રપાઠક, ખંડ ૧૭, મંત્ર ૫) તે જ આ ચરાચર દૃશ્યાદિનું મૂળ છે. સાંખ્ય શાસ્ત્રકારો આને જ પુરુષ તથા માયાવાદીઓ ઈશ્વર કહે છે. આ યજ્ઞપુરુષ જ સમસ્ત દૃશ્યાદિનું આરંભસ્થાન હોવાથી બીજાંકુર ન્યાયાનુસાર તે જ સર્વરૂપ છે, એવો ભાવ આમાં બતાવવામાં આવેલો છે. જેમ કે વડનું બીજ રોપવામાં આવે તો તેમાંથી ઉત્પન્ન થતાં અંકુર, મૂળ, થડ, શાખા, પ્રતિશાખા, પાન, ફળ અને ફૂલ એ તમામનો સમાવેશ વડનું ઝાડ એમ કહેવાની સાથે જ થઈ જાય છે તેમ આ યજ્ઞ કહેતાંની સાથે જ ક્રતુ, યજ્ઞ, સ્વધા, ઔષધ, મંત્ર, ઘી, અગ્નિ અને હવનકર્મ ઇત્યાદિ તમામનો સમાવેશ થઈ જાય છે. અને તે સર્વ પણ આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) એવો હું રૂપ જ છે. મારાથી એટલે આત્મસ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન કાંઈ નથી. એવો શ્રીકૃષ્ણ ભગવાનનો કહેવાનો આશય છે આ આત્માના અધિષ્ઠાન વડે જ યજ્ઞપુરુષ(વૃક્ષાંક ૨) ચરાચરના હૃદયમાં નિત્યપ્રતિ સાક્ષી સ્વરૂપે રહેલો હોઈ પોતાની

ક્ષિપ્ણુ શક્તિ એટલે પ્રેરણા શક્તિના પ્રભાવવડે પોતાની માયા (વૃક્ષાંક ૩)માં સત્ત્વ, રજ અને તમ ગુણોમાં ક્ષોભ કિંવા ગતિ (૨૫૬) ઉત્પન્ન કરે છે તથા તે દ્વારા પ્રથમ મહાકારણ તત્ત્વો (વૃક્ષાંક ૩ થી ૫ સુધી) અને ત્યારબાદ કારણ તત્ત્વો (વૃક્ષાંક ૬ થી ૧૨) ઉત્પન્ન થઈ, પછી કાર્ય કિંવા કર્મ સૃષ્ટિ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ)ની રચના થવા પામેલી છે. આ રીતે આત્માના અધિષ્ઠાન વડે આ યજ્ઞપુરુષ (વૃક્ષાંક ૨)જ ચરાચર રૂપે જલતરંગ ન્યાયાનુસાર વિવર્તક્રમને પામેલો છે. વળી કાર્ય કિંવા કર્મસૃષ્ટિની ઉત્પત્તિ થઈ તે પૂર્વે તે સ્થૂલસૃષ્ટિ કારણરૂપ એવાં મન (વૃક્ષાંક ૧૧) સ્વરૂપે સૂક્ષ્મ બીજ રૂપે હતી. આમ આ યજ્ઞપુરુષ ઈશ્વર જ વિવર્તભાવે મન સ્વરૂપે (વૃક્ષાંક ૧૧), અને પછી હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) રૂપ બનેલો હોવાથી તેને પણ યજ્ઞ જ કહે છે. આ હિરણ્યગર્ભનું ઉત્પત્તિસ્થાન ચિત્ત(વૃક્ષાંક ૯) હોઈ તેના દેવતા ક્ષેત્રજ્ઞ કિંવા વિષ્ણુ છે. આ વિષ્ણુ જ ક્રમે ક્રમે સ્થૂલ ઉત્પત્તિના પ્રત્યક્ષ કારણરૂપ ગણાય છે અને તે જ આ કાર્ય સૃષ્ટિના આદિ બીજરૂપ છે. જેવી રીતે બીજને જમીનમાં રોપવામાં આવે તો તેમાંથી ક્રમે અંકુર, થડ, શાખા, પલ્લવ વગેરે ફૂટે છે તેમ આ પ્રત્યક્ષ કાર્યરૂપ સૃષ્ટિનું મૂળબીજ હિરણ્યગર્ભરૂપ મનઃશક્તિ(વૃક્ષાંક ૧૨) છે. તથા તેનો અંકુર વિષ્ણુ (વૃક્ષાંક ૯)ના નાભિકમળમાંથી બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) રૂપે પ્રકટ થવા પામેલો છે, આથી જેમ મહાકારણ (વૃક્ષાંક ૩) ની ઉત્પત્તિ પૂર્વે સર્વનો અધિષ્ઠાતા એવો આત્મા (વૃક્ષાંક ૧) સૌથી પ્રથમ યજ્ઞપુરુષ કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) સ્વરૂપે વિવર્તભાવને પામેલો ભાસે છે, તેજ ક્રમે કારણ પ્રકૃતિના આરંભ પૂર્વે સૂત્રાત્મા (મહાપ્રાણ વૃક્ષાંક ૬)સ્વરૂપે બનેલો હોય છે. ત્યાર પછી ક્રમે ક્રમે તેજ મહત્તત્ત્વ, અહંકાર, ચિત્ત, બુદ્ધિ, મન(વૃક્ષાંક ૭ થી ૧૧) અને છેવટે હિરણ્યગર્ભરૂપે (વૃક્ષાંક ૧૨) બની અંતે તે કાર્ય કિંવા કર્મ સૃષ્ટિની પ્રત્યક્ષ ઉત્પત્તિ કરનારા બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) સ્વરૂપે પ્રકટ થાય છે. અને ત્યાર પછી તે સમષ્ટિની રચના કરે છે. આ વિવેચન ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે, જેનું અધિષ્ઠાન આત્મા (વૃક્ષાંક ૧) છે એવો યજ્ઞપુરુષ, ઈશ્વર (વૃક્ષાંક ૨)જ પ્રથમ મહાકારણ અથવા કરણ (વૃક્ષાંક ૩ થી ૫) તથા બાદ કારણ(વૃક્ષાંક ૬ થી ૧૨) અને પછી કાર્ય કિંવા કર્મ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ઘ) એમ ક્રમે ક્રમે વિવર્તભાવને પ્રાપ્ત થયેલો છે. મહાકારણ પૂર્વે તે ઈશ્વર જ યજ્ઞપુરુષ કહેવાય છે, કારણ પૂર્વે તે યજ્ઞપુરુષ સૂત્રાત્મા અને કાર્ય પૂર્વે તે યજ્ઞપુરુષ ક્ષેત્રજ્ઞ એટલે વિષ્ણુ સ્વરૂપે કહેવાય છે. આથી વિષ્ણુ એજ યજ્ઞ દેવતા છે, એવું પુરાણાદિમાં વર્ણન આવેલું છે. ત્યારબાદ તેના અંશના મિશ્રણ સહિત ઉત્પન્ન થનારા ચિત્ત, મન, હિરણ્યગર્ભ ઇત્યાદિ તત્ત્વો સૂક્ષ્મ હોઈ આ વિસર્ગ સૃષ્ટિરૂપ પ્રત્યક્ષ કાર્યની રચના કરનારા બ્રહ્મદેવ હોવાથી તે ઋત્વિજ કહેવાય છે. યજ્ઞની અંદર કાર્ય કરાવનારા ચાર મુખ્ય બ્રાહ્મણોને ઋત્વિજો કહે છે, તેમ આ બ્રહ્માંડરૂપ વેદીમાં ચૌદ લોક સર્જવાનું વિશાળ કાર્ય બ્રહ્મદેવને હાથે કરાતું હોવાથી તેને શાસ્ત્રસંજ્ઞાનુસાર ઋત્વિજ કહેવામાં આવેલ છે. જેમ આ મહાકારણ તથા કારણ સૃષ્ટિ એ સર્વ યજ્ઞ સ્વરૂપ જ છે એમ ઉપર કહેવામાં આવ્યું છે તેમ આ કારણ સૃષ્ટિના આદ્ય પ્રણેતા બ્રહ્મદેવ તથા તેમનું આ બધું વિરાટ કાર્ય એ તમામ યજ્ઞરૂપ જ છે તથા એ યજ્ઞ તો આત્મરૂપ જ છે, એવા પ્રકારનો સર્વોત્તમભાવ આમાં ભગવાને કહેલો છે. બ્રહ્મા વગેરે સર્વે યજ્ઞરૂપ હોવા સંબંધી શ્રુતિશાસ્ત્રમાં નીચે મુજબ કહેવામાં આવેલું છે.

યજ્ઞપુરુષની માતા કોણ ?

"બ્રહ્મારૂપ ઋત્વિજ સ્વરૂપે તથા ચંદ્રરૂપ મને કરી મનુષ્ય સ્વર્ગલોકને વિષે ચડી શકે છે. યજ્ઞ(વૃક્ષાંક ૨) બ્રહ્મારૂપ છે, મન (વૃક્ષાંક ૧૧) બ્રહ્મારૂપ છે, તેમજ મનના દેવતા ચંદ્ર (વૃક્ષાંક ૧૧) પણ બ્રહ્મારૂપ છે. બ્રહ્મા (વૃક્ષાંક ૧૨) તો અતિમુક્ત વા આત્મા (વૃક્ષાંક ૧) રૂપ છે, આ અતિમુક્તિ એટલે અતિમોક્ષ યા આત્મા (વૃક્ષાંક ૧) સંબંધે કહેવામાં આવ્યું" (અશ્વત્ત તથા યાજ્ઞવલ્કયનો સંવાદ બૃ૦ ઉપ૦ અ૦૩, બ્રા, ૧ મં૦૬) પુરુષ (વૃક્ષાંક ૨) યજ્ઞરૂપ હોવાથી માતા (પ્રકૃતિ વૃક્ષાંક ૩) તે બાળકરૂપ યજ્ઞને જન્મ આપશે, આમ શ્રુતિમાં કહેવામાં આવ્યું છે. તેનો ભાવાર્થ એ છે કે પ્રકૃતિ કિંવા માયારૂપ હું (વૃક્ષાંક ૩)ની ઉત્પત્તિ થવાથી જ એમ જાણી શકાય છે કે, આ હુંને જાણનારો તેનો કોઈ ગુપ્ત સાક્ષી હોવો જોઈએ અને તે કેવળ લક્ષ્યાર્થથી જ જાણી શકાય તેવો છે. જેમ દીવામાંથી પ્રકાશ પ્રકટ થયા પછી જ જાણી શકાય છે કે દીવામાં પ્રકાશ છે,

જ્યાં સુધી તેનો પ્રકાશ ન થાય ત્યાં સુધી તે પ્રકાશમાન છે એમ જાણી શકાતું નથી, તેમ આ માયા અથવા પ્રકૃતિરૂપ હું (વૃક્ષાંક ૩)ના પ્રાકટ્ય ઉપરથી જાણી શકાય છે કે આ હું નો કોઈ સાક્ષી હોવો જોઈએ. આ સાક્ષી એજ યજ્ઞપુરુષ (વૃક્ષાંક ૨) હોઈ માતા યા પ્રકૃતરૂપ "હું" (વૃક્ષાંક ૩) આ યજ્ઞરૂપ બાળકને જન્મ આપશે એમ કહેવામાં આવેલું છે તથા આગળ જ્યારે માતા (વૃક્ષાંક ૩ રૂપ હું) પ્રસૂતા થાય છે ત્યારે કહે છે કે તેણે યજ્ઞરૂપ બાળકને જન્મ આપ્યો. આ પ્રમાણે આ યજ્ઞરૂપ પુરુષ (વૃક્ષાંક ૨)નું ફરીથી ઉત્પન્ન થવું તે મરણરૂપ છે તથા તેજ અવભૃથરૂપે અર્થાત્ યજ્ઞની સમાપ્તિરૂપે છે, એમ કહેવામાં આવેલું છે. એનો ઉદ્દેશ એવો છે કે જેમ મનુષ્ય અને તેની છાયા એ બંને પરસ્પર સાપેક્ષ હોવાથી એક બીજાને છોડીને કદી રહી શકતાં નથી તેમ આ હું (વૃક્ષાંક ૩) એવા ભાવની ઉત્પત્તિ થવાથી તે પરથી જાણી શકાય છે કે આ હું કહેવાની પ્રેરણા કરનારો કોઈક હોવો જોઈએ* એ સ્પષ્ટ થાય છે. હવે વાસ્તવિક રીતે આ હું નો પ્રેરણા કરનારો તો સ્વતઃસિદ્ધ છે, છતાં જ્યાં સુધી આ હુંરૂપ પ્રકૃતિ (વૃક્ષાંક ૩)નું અસ્તિત્વ હોતું નથી ત્યાં સુધી તેને પ્રેરણા કરનારો કોઈ સાક્ષી છે, એની સિદ્ધિ પણ થતી નથી. આ ન્યાયાનુસાર ઉપર કહેવામાં આવેલું છે કે જ્યારે માતા (વૃક્ષાંક ૩)હું રૂપે પ્રસૂતા (પ્રકટ) થાય છે ત્યારે તેણે યજ્ઞરૂપ બાળક (વૃક્ષાંક ૨)ને જન્મ આપ્યો એમ કહેવાય છે. હવે જ્યારે આ હુંરૂપ પ્રકૃતિ (વૃક્ષાંક ૩)ને પોતે આત્મા (વૃક્ષાંક ૧) છે એવી રીતે પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય છે ત્યારે આ સાક્ષી કિંવા યજ્ઞરૂપ બાળકનો વિલય અનાયાસે જ થઈ જાય છે. આનું નામ જ આ યજ્ઞ પુરુષનું ફરીથી ઉત્પન્ન થવું. એટલે આત્મા(વૃક્ષાંક ૧)માં હું ભાવ (વૃક્ષાંક ૩) વસ્તુતઃ નહિ હોવા છતાં પણ તેમાં હું ભાવનો ભાસ થવો અને તે ઉપરથી તેનો કોઈ પ્રેરણાત્મક સાક્ષી શુદ્ધ હું હોવો જોઈએ એવા ભાવની ઉત્પત્તિ થતી તથા તેનો વિલય તો જ્યારે આ હું (પ્રકૃતિ વૃક્ષાંક ૩)ને પોતે આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) છે, એવું જ્ઞાન થાય ત્યારે જ થાય છે. આમ તેનો વિલય હોવો એ જ તેના મરણરૂપ હોઈ તે જ અવભૃથ અર્થાત્ યજ્ઞની સમાપ્તિરૂપે છે. એટલે હું એ આત્મા છે એમ જાણી તેનો સ્વરૂપમાં વિલય કરવો. આમ અપરોક્ષાનુભવ એજ યજ્ઞની સમાપ્તિરૂપ છે. (મંત્ર ૫) આ યજ્ઞરૂપી જ્ઞાન તથા તેનું ફળ અંગિરસના પુત્ર ઘોર દેવકીના પુત્ર શ્રીકૃષ્ણને કહ્યું તથા તેઓ આ સાંભળીને તૃષ્ણા રહિત થયા એવી શ્રુતિ-પરંપરા છે (મંત્ર ૬, જુઓ છાંદો ઉપ૦તૃ૦પ્ર૦ખં૦૧૭, મંત્ર ૫, ૬ શાંકરભાષ્ય). આ વિવેચનથી ખાત્રી થશે કે સાક્ષી, ઈશ્વર, પુરુષ ઇત્યાદિ નામોની સંજ્ઞાઓથી સમજાવવામાં આવેલા ઈશ્વર(વૃક્ષાંક ૨)નેજ યજ્ઞપુરુષ કહેવામાં આવે છે. તેનો પ્રકૃતિ (વૃક્ષાંક ૩)રૂપ હુંના વિલયની સાથે જ વિલય થતો હોવાથી તેને ભગવાન શ્રીકૃષ્ણે ક્ષર પુરુષ કહેલો છે. સિવાય આ બધું યજ્ઞ સ્વરૂપ જ છે એવો સ્થળે સ્થળે ભગવાને જે ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે. તેનું મૂળ કારણ પણ આ ઉપરથી સમજી શકાશે. છતાં વધુ સ્પષ્ટતાને માટે પુરાણ શાસ્ત્રકારો આ યજ્ઞપુરુષને જ વાસુદેવરૂપે વર્ણવે છે તથા યજ્ઞના તમામ કાર્યોનો એક વાસુદેવમાં જ અંતર્ભાવ કરે છે, તેનું સાધાર વિવેચન જાણવાથી સમજી શકાશે કે જેને શાસ્ત્રોમાં વાસુદેવ, સદાશિવ, યજ્ઞપુરુષ, ક્ષરપુરુષ, સાક્ષી, ઈશ્વર, પુરુષ વગેરે સંજ્ઞાઓ વડે સમજાવવામાં આવે છે તે તત્ત્વ ભિન્નભિન્ન નથી પરંતુ એક જ છે (વૃક્ષાંક ૨ જુઓ).

ભરત રાજાનો યજ્ઞ તથા કૃષ્ણાર્પણ

આ ખંડ પૂર્વે અજનાભ નામ વડે ઓળખાતો હતો તેજ આ ભરત રાજાના વખતથી ભરતખંડ એવા નામથી ઓળખાય છે. સર્વજ્ઞ અને સ્વધર્મને અનુસરતા આ ભરત રાજાએ પોતાના વડીલોની પેઠે સ્વધર્મથી ચાલનારી પ્રજાઓનું પાલન કર્યું તેમજ વખતો વખત નાના મોટા અનેક યજ્ઞો જેવા કે અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ તથા સોમયાગ ઇત્યાદિનું પ્રકૃતિ એટલે સમગ્ર અંગો સહિત તથા વિકૃતિ એટલે કમી અંગોવાળા તથા યજ્ઞો-યજ્ઞ એટલે સ્મૃતિધર્માનુસાર થતા યજ્ઞો તથા ક્રતુ એટલે શ્રુતિ ધર્માનુસાર થતા યજ્ઞો-વડે ભગવાન યજ્ઞપુરુષ, ઈશ્વર(વૃક્ષાંક ૨)નું હંમેશાં (૧) હોતા, (૨) ઉદ્ગાતા, (૩) અધ્વર્યુ અને (૪) બ્રહ્મા, એ

* જેમ છાયા હોય તો મનુષ્ય હોવો જોઈએ તેમ આ હું કહેનાર તેનો પ્રેરણાત્મક કોઈ હોવો જ જોઈએ એ સ્પષ્ટ થાય છે.

ચાર ઋત્વિજો વડે કરાતું ચાતુર્હોત્રરૂપ યજ્ઞકર્મ બરાબર શાસ્ત્રવિધિ અનુસાર ભરત રાજાએ કર્યું હતું. યજ્ઞમાં હોતાનું કર્મ તે શસ્ત્રકર્મ કહેવાય છે, જે સ્વરાનુપૂર્વી રહિત મંત્રો વડે સ્તુતિકરવારૂપ હોય છે; ઇજ્યા કર્મ એ અધ્વર્યુનું હોઈ તે દેવતાઓને ઉદ્દેશી દ્રવ્યયાગ રૂપ હોય છે; સ્તુતિસ્તોમ એ ઉદ્ગાતાનું કર્મ છે જે સ્વરાનુપૂર્વી સહિત મંત્રો વડે સ્તુતિરૂપ હોય છે, આને સામગાન પણ કહે છે; અને પ્રાયશ્ચિત તે બ્રહ્માનું કર્મ છે. આ રીતે યજ્ઞોમાં ચાતુર્હોત્ર કર્મ કરવામાં આવે છે. એ પ્રમાણે ક્રિયાનુષ્ઠાનથી જેઓની અંગક્રિયા સંપાદન કરવામાં આવી હતી એવા અનેક યજ્ઞો જ્યારે ચાલી રહ્યા હતા ત્યારે યજમાન ભરત રાજા તે તે યજ્ઞોનું જે જે ક્રિયાફળ તથા ધર્મ નામનું ફળ ઉત્પન્ન થતું હતું, તેનું યજ્ઞપુરુષ વાસુદેવ ભગવાન વિષે જ ચિંતન અર્થાત્ અર્પણ કરતા હતા. આ વાસુદેવ ભગવાન સર્વ દેવતાઓના પ્રકાશક, વેદમંત્રોનો ઇંદ્રાદિ દેવતાઓરૂપ જે અર્થ છે તેના નિયામક હોઈ સર્વના સાક્ષાત્ કર્તા અને પરમદેવ છે. આ મુજબ ચરાચરમાં રહેલા આત્મસ્વરૂપ એવા વાસુદેવના ચિંતનમાં જ જેઓ નિત્યપ્રતિ નિમગ્ન છે તથા ચિંતન કરવારૂપી પોતાની નિપુણતાથી જેમના રાગાદિ કષાયો (મેલો) નાશ પામેલા છે એવા આ ભરત રાજા જે વેળા અધ્વર્યુ એટલે યજ્ઞ કરાવનારા યાજ્ઞિકો હાથમાં હોમના દ્રવ્યો ગ્રહણ કરતા ત્યારે તે હોમદ્રવ્યો (હુત દ્રવ્યો) તથા યજ્ઞભોગનો ઉપયોગ કરનારા સૂર્યાદિ દેવતાઓને પણ યજ્ઞપુરુષ, ઈશ્વર(વૃક્ષાંક ૨)ના નેત્રાદિ અવયવોમાં જ ચિંતતા હતા. ઉપર જે યજ્ઞો વડે ક્રિયાફળ તથા ધર્મ ફળ ઉત્પન્ન થાય છે એમ જણાવ્યું, તે યજ્ઞફળોને પૂર્વમીમાંસકો(શાસ્ત્રકારો) અપૂર્વ કહે છે અને તેના બે ભેદો પાડે છે: (૧) જે ફળ સૂક્ષ્મ રૂપે યજ્ઞ કરતી વખતે જ ઉત્પન્ન થાય છે તેને ક્રિયાફળ કહે છે તથા (૨) જે કાળાંતરે ઉત્પન્ન થાય છે તેને ધર્મફળ કહે છે. જેમ કે યજ્ઞક્રિયાઓ થવાથી તેના હવિર્ભાગો દેવતાઓને મળે છે અને તે થકી યજ્ઞ કરનારને શુભ ગતિરૂપ ફળની ઉત્પત્તિ થાય છે તેમ જ યજ્ઞથી વરસાદ પડી લોકોમાં સુખશાંતિ પ્રવર્તે છે. આમ લોકોમાં જે થકી સુખશાંતિ ઉત્પન્ન થાય તેવું કર્મ જ ધર્મરૂપ કહેવાય અને આવું નિષ્કામ કર્મ જ અંતે ચિત્તશુદ્ધિદ્વારા પરમશ્રેયની પ્રાપ્તિ કરાવી આપે છે. તાત્પર્ય એ કે, ભરત રાજા પોતે આ રીતે યજ્ઞની તમામ ક્રિયાઓ કરાવનારા ઋત્વિજો, તેને લાગનારા હવ્ય તથા કવ્ય દ્રવ્યો, તેનો ભાગ ગ્રહણ કરનારા દેવતા તથા પિતરો ઇત્યાદિ તમામને યજ્ઞપુરુષ, ઈશ્વર(વૃક્ષાંક ૨)નું વાસુદેવરૂપે ચિંતન કરીને તેમનામાં જ અર્પણ કરતા હતા. આ મુજબ કર્મની વિશુદ્ધિને લીધે એટલે ઈશ્વરાર્પણ બુદ્ધિને લીધે જેમનું અંતઃકરણ તદ્દન શુદ્ધ થયેલું છે તેવા ભરતરાજાને પોતાના હૃદયાકાશરૂપી સ્થાનમાં પ્રકટ થનારા આત્મસ્વરૂપ એવા વાસુદેવ વિષે દિનપ્રતિદિન વધતી જતી અતિ ઉત્કૃષ્ટ એવી પરમ ભક્તિ ઉત્પન્ન થઈ (ભા૦ સ્કં૦ ૫ અ૦ ૭ શ્લો૦ ૨ થી ૭).

યજ્ઞપુરુષ આત્મરૂપ જ છે

આ વિવેચન ઉપરથી સમજી શકાશે કે, સર્વના મૂળ યજ્ઞપુરુષ હોઈ તે વ્યવહાર એટલે કાર્યનો આરંભ પણ બ્રહ્મદેવે પ્રથમ યજ્ઞ વડે જ કરેલો છે. યજ્ઞની અંદર ક્રતુ, યજ્ઞ, સ્વધા, ઔષધ(સ્વાહા), મંત્ર, ઘી, અગ્નિ અને આહૂતિ(હવન કર્મ) ઇત્યાદિ ક્રિયાઓની જરૂર હોય છે, તે પ્રથમ જણાવેલું છે. દેવતાઓને અર્પણ કરતી વખતે સ્વાહા બોલાય છે તથા તે યજ્ઞ દ્વારા ક્રમે વૃષ્ટિ, ઔષધિ, રેત અને અસંખ્ય મનુષ્યો ઉત્પન્ન થાય છે તેમ પિતરોને અર્પણ કરતી વખતે સ્વધા કહેવામાં આવે છે. દેવતાઓ પ્રીત્યર્થ હવન થનારા દ્રવ્યોને હુત દ્રવ્ય તથા પિતરો પ્રીત્યર્થ થતા હવનદ્રવ્યોને કવ્ય કહે છે. તાત્પર્ય એ કે, પ્રત્યેક પ્રાણીમાત્રની થતી તમામ ક્રિયાઓ પછી તે કાયિક, વાચિક કિંવા માનસિક હો પરંતુ તે તમામ યજ્ઞરૂપ છે, એવા પ્રકારની દૃઢભાવના કરવી કે જેથી તેનો પ્રથમ વિલય યજ્ઞપુરુષમાં થશે તથા આ યજ્ઞપુરુષ આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧)એવા હું રૂપ હોવાથી તેનો વિલય આત્મામાં થશે. ટૂંકમાં આ સર્વ અનિર્વચનીય એવા આત્મસ્વરૂપ જ છે, તે સિવાય બીજું કાંઈ છે જ નહિ, એમ ભગવાન અર્જુન પ્રત્યે અત્રે કહાં રહ્યા છે આની વધુ સ્પષ્ટતા આગળ કરવામાં આવી છે.

पिताहमस्य जगतो माता धाता पितामहः ।

वेद्यं पवित्रमोङ्कार ऋक्साम यजुरेव च ॥१७॥

પિતા, માતાદિ પણ હું જ છું

હે પાર્થ ! વિશેષ શું કહું ? આ સમસ્ત જગતનો પિતા, માતા, ધાતા(ધારણ કરવાવાળો), પિતાનો પણ પિતા અને પિતામહ તથા સર્વજ્ઞેય (જાણવાની વસ્તુઓમાં જાણવા જેવો) એક હું જ છું અને એ હું એટલે આત્મા(વૃક્ષાંક ૧) છે. એટલે આત્મસ્વરૂપ એવા મને જાણ્યા પછી બીજું કાંઈ પણ જાણવાનું બાકી રહેતું જ નથી એવો એક હું જ છે, મારાથી બીજો કોઈ પવિત્ર નથી. ૐકાર, ઋક્, યજુસ્ અને સામવેદ પણ હું જ છે, અને તેવો હું તો અનિર્વચનીય એવા આત્મા(વૃક્ષાંક ૧)રૂપ છે. તાત્પર્ય એ કે, સર્વ બ્રહ્માંડાદિ(જગતાદિ) કાર્ય પ્રકૃતિને ઉત્પન્ન કરનારો બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) હોવાથી તે સર્વનો પિતા કહેવાય છે, પરંતુ હું તો કાર્ય પ્રકૃતિને સૃજનાર કારણપ્રકૃતિ(વૃક્ષાંક ૬ થી ૧૨) તથા આ કારણ પ્રકૃતિની પણ સર્જક એવી મહાકારણ પ્રકૃતિ(વૃક્ષાંક ૩થીપ)ને પણ સૃજનારો સર્વ પિતાઓનો પણ પિતામહ અર્થાત્ આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧)છે. આ આત્મસ્વરૂપ એવા મને સૃજનારો બીજાને કોઈ નથી તેથી હું જ સર્વનો પિતામહ છું. વળી મહાકારણરૂપ પ્રકૃતિ અથવા માયા (વૃક્ષાંક ૩) એ સર્વ જગતને ત્રણ ગુણો વડે સર્જે છે, તેથી તે સર્વની માતા ગણાય છે તથા ઈક્ષણ શક્તિરૂપ કાળસ્વરૂપે તેનો પ્રેરક ઈશ્વર (વૃક્ષાંક ૨) હોવાથી તે સમસ્તનો પિતા ગણાય છે તેમજ આ પ્રકૃતિ એટલે માતા અને પુરુષ એટલે પિતા એ રીતના વિવેક વડે જાણવામાં આવતું તત્ત્વ વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ એવા હું (વૃક્ષાંક ૧)રૂપ જ છે; અને જે બધાં કરતાં પવિત્રમાં અતિ પવિત્ર ગણાય છે એ જ અક્ષરોનું પણ આદ્ય બીજ એવો ૐકાર છે. તે અક્ષર છે તેમ જ તે સર્વજ્ઞાનસમૂહ અને યજ્ઞના મૂળ બીજ રૂપ ઋક્, યજુ તથા સામવેદ આદિ સર્વ પણ આત્મસ્વરૂપ એવા હું(વૃક્ષાંક ૧)રૂપ જ છે.

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।

प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥१८॥

ગતિ, ભર્તા વગેરે પણ હું જ છું

ગતિ, ભર્તા (પોષક), પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, સુહૃદ (અકારણ ઉપકાર કરનારો સખા), પ્રભવ (ઉત્પત્તિ), પ્રલય (નાશ), સ્થાન એટલે સ્થિતિ, નિધાન એટલે અંતિમ સ્થાન તથા સર્વના બીજ રૂપ અવ્યય એટલે નાશ રહિત એવો આત્મસ્વરૂપ હું(વૃક્ષાંક ૧) જ છે. તાત્પર્ય એ કે, ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતાની કાળરૂપ ઈક્ષણ શક્તિવડે પ્રકૃતિ યા માયા(વૃક્ષાંક ૩)ના ત્રણ ગુણોમાં ક્ષોભ કરે છે. ઈશ્વરની પ્રેરણાત્મક એવી જે આ કાળશક્તિ તે જ ગતિ કહેવાય, અર્થાત્ સર્વની ગતિ આ ઈશ્વર (વૃક્ષાંક ૨) છે. ભર્તા એટલે સર્વેનો પોષણકર્તા, સર્વેનો પ્રભુ, ચરાચરનો સાક્ષી, વાસ્તવ્યસ્થાન, સર્વેનું શરણ; સમસ્ત ઉપર અકારણે ઉપકાર કરનારો સુહૃદ, ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું પણ નિધાન અર્થાત્ અંતિમ સ્થાનક; સમસ્ત દૃશ્યનું બીજમાત્ર, નાશરહિત એટલે અવ્યય એવો આત્મરૂપ (વૃક્ષાંક ૧) જ છે, એમ જાણ.

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।

अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥१९॥

શ્રીકૃષ્ણ ભગવાન આગળ નિશ્ચયપૂર્વક કહે છે કે: હે અર્જુન ! તું મને હું આ શરીરધારી એવો કૃષ્ણ કિંવા તારા મામાનો છોકરો હું એમ નહિ સમજ. તારી તેવી સમજ દૂર કરવાને માટે હું કોણ છું

તે તને કહી રહ્યો છું કે જે જાણી તેવા મારા સ્વરૂપનો નિશ્ચય કરીને તું યુદ્ધ કરીશ તો પણ તું મારા આત્મસ્વરૂપમાં જ મળી જઈશ. એમાં કિંચિન્માત્ર પણ શંકા નથી. આત્મસ્વરૂપ એવો હું જ તપી રહ્યો છું, હું જ જળને આકર્ષું છું તથા છોડું છું, એટલું જ નહિ પરંતુ અમૃત તથા મૃત (મૃત્યુ), સત્ અને અસત્ પણ હું જ છું, ભાવાર્થ એ કે સૂર્ય, વહ્નિ વગેરે રૂપે હું જ તપું છું. મારા આ તપવાથી જળમાંથી સૂર્યકિરણ દ્વારા પાણીનું આકર્ષણ થઈ (તેના) અંતરાળમાં વાદળાં બંધાય છે તથા તેને ફરીથી વૃષ્ટિરૂપે હું છોડું છું. સંક્ષેપમાં એટલું જ કે, આ ચરાચરમાં જે જે કાંઈ અમૃત (અમર) કિંવા મૃત (મૃત્યુ)રૂપે કિંવા સત્ યા અસત્ રૂપે ભાસે છે તે તમામ આત્મસ્વરૂપ એવા હુંરૂપ જ છે, એમ નિશ્ચયપૂર્વક સમજ.

त्रैविद्या मां सोमपाः पूतपापा

यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।

ते पुण्यमासाद्य सुरेन्द्रलोक-

मश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥२०॥

ઋક, યજુ અને સામ એ ત્રણ વેદોમાં બતાવેલા અગ્નિષ્ટોમાદિ યજ્ઞો વડે વાસ્તવિક તો આત્મસ્વરૂપ એવા મારું (વૃક્ષાંક ૧)નું પૂજન થાય છે, તથા તેવા પ્રકારે પૂજન કરીને મનુષ્ય પોતાના ઇષ્ટ ધ્યેયને એટલે સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિને જ ઇચ્છે છે, તેથી તેવા પાપરહિત થયેલા સકામ પૂજકો ભાવનાવશાત્ પોતપોતાના ઇષ્ટ ધ્યેય અર્થાત્ સ્વર્ગાદિક લોકને જ પ્રાપ્ત થાય છે તથા પુણ્યરૂપ એવા દિવિ(સ્વર્ગલોક)ને પામીને ત્યાં દિવ્ય દેવતાઓના વિવિધ ભોગોને ભોગવે છે. ઉદ્દેશ એ કે, જેમ રૂપિયાની પ્રાપ્તિ થતાં તેમાં પાઈ, પૈસો, આનો, બે આની, ચાર આની વગેરે તમામનો સમાવેશ થઈ જાય છે તેમ અનેક પ્રકારની વાસનાઓ રાખી ઉપાસના કરનારા ઉપાસકોને શ્રેષ્ઠ એવું મેળવવાનું સ્થાનક તો કેવળ સ્વર્ગલોક જ છે. તે સકામીઓની અતિમ કક્ષા ગણાય છે. આ કથનનો ભાવાર્થ એવો છે કે સકામીઓ કે જેઓ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવાને શક્તિમાન હોતા નથી તેવાઓ પોતપોતાની ઇચ્છાવશાત્ ઉપાસનાદ્વારા એક તરણાથી માંડીને ઠેઠ ઇન્દ્રલોક સુધીના ભોગોને જ પ્રાપ્ત કરે છે, એટલે કે તેઓ અશાશ્વત એવા સ્થાનને જ મેળવે છે, કે જે પરિણામે નાશવંત છે.

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं

क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।

एवं त्रयीधर्ममनुप्रपन्ना

गतागतं कामकामा लभन्ते ॥२१॥

સકામીઓની ગતિ

વિવિધ પ્રકારની કામનાઓવશાત્ અતિ વિશાળ બનેલા સ્વર્ગાદિ પર્યંતના જેમનો અંત નથી એવા લોકોની પ્રાપ્તિ ઇચ્છનારા સકામીઓ પોતપોતાની કામનાવશાત્ સ્વર્ગાદિ લોક સુધીના તે તે ભોગોને ભોગવીને જ્યારે તેઓના પુણ્યનો ક્ષય થાય છે ત્યારે ફરીથી આ મૃત્યુલોકમાં આવે (પ્રવેશે) છે. આ રીતે વેદોનું ખરું તાત્પર્ય નહિ સમજનારા અને ફક્ત બાળકને આમિષ બતાવનારા વેદોમાં કહેવામાં આવેલા ધર્મ, અર્થ અને કામ એ ત્રણ કામ્ય કર્મોના ભામનો જ અંગીકાર કરે છે. તેવાઓને પોતપોતાની કામનાવશાત્ તે તે લોકની પ્રાપ્તિ થઈ પુણ્ય ક્ષીણ થતાં વળી પાછા મનુષ્ય લોકમાં આવવું પડે છે. આ રીતે સકામીઓનું ઉપર

જવું તથા નીચે આવવું એ મુજબનું ગમનાગમન ચાલુ જ હોય છે. તાત્પર્ય એ કે, જ્યાં સુધી તેઓ વેદનું ખરું તાત્પર્ય સમજીને નિષ્કામભાવે આત્મસ્વરૂપ એવા મારી ઉપાસના કરતા નથી, ત્યાં સુધી તેઓ આ દુઃખરૂપ એવા સંસારના પાશમાંથી કદી પણ મુક્ત થતા નથી. તેઓ કદી સ્વર્ગલોકમાં તો વળી પાછા મૃત્યુલોકમાં, એ પ્રમાણે ઉપરથી નીચે, અને નીચેથી ઉપર એમ ફેરાઓ ખાતા જ રહે છે. વાસ્તવિક રીતે વેદનો ખરો ઉદ્દેશ તો આત્મસ્વરૂપ એવા મારું જ્ઞાન પ્રાપ્ત થવું એ જ એક છે. આ સંબંધમાં આધારને માટે નીચે મુજબ શાસ્ત્રીય કથન આપવું યોગ્ય લાગે છે.

શાસ્ત્રોમાં આવતું ગુણદોષોનું નિરૂપણ

ગુણદોષો પ્રતિપાદન કરનારાં શાસ્ત્રવચનોનું તાત્પર્ય તો પ્રવૃત્તિને ઓછી કરાવીને નિવૃત્તિમાં લઈ જવા ઉપર જ હોય છે. મનુષ્ય જેમ જેમ નિવૃત્તિ તરફ ઢળતો જાય છે તેમ તેમ તે બંધનોમાંથી મુક્ત થતો જાય છે. એકદમ સઘળી વસ્તુઓનો ત્યાગ થવો શક્ય નથી માટે જેટલું મૂકાય તેટલું સારું એવું વલણ રાખી અનેક યુક્તિ પ્રયુક્તિ વડે વેદ શાસ્ત્રોમાં ગુણદોષનું નિરૂપણ કરેલું છે એટલે શાસ્ત્રોનું અંતિમ લક્ષ્ય તો નિવૃત્તિ ઉપર જ છે. આ નિવૃત્તિરૂપ મોક્ષ ધર્મ જ મનુષ્યોને પરમ કલ્યાણરૂપ હોઈ શોક, મોહ તથા ભયને મટાડનારો છે. વિષયો સારા છે એવી ભાવના વડે તેમાં અધ્યાસ થવાથી પુરુષને તે પ્રત્યે આસક્તિ થાય છે આમ વિષયોમાં આસક્તિ થતાં કામના ઉત્પન્ન થાય છે, કામના ઉત્પન્ન થતાં જ તેની પૂર્ણતા થવામાં અડચણ કરનારાઓ પ્રત્યે દ્વેષ (અપ્રીતિ) ઉત્પન્ન થઈ ઝઘડો થાય છે; કજીયો થવાથી તીવ્ર ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી સંમોહ થઈ તુરત જ બુદ્ધિમાં વ્યાપી રહેલી કાર્ય અકાર્યની સ્મૃતિ નષ્ટ થાય છે, સ્મૃતિ નષ્ટ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, આમ બુદ્ધિભ્રમને લીધે સ્મૃતિ રહિત થયેલો પુરુષ પોતે પોતાનો સર્વસ્વ ઘાત કરી લે છે, એટલે પોતે નહિ હોવા જેવો બની જાય છે. આમ મૂર્ચ્છિતપણું કિંવા મૃતતુલ્ય અવસ્થા પ્રાપ્ત થતાં તેનો અર્થો રીતે વિનાશ થાય છે. તેના તમામ પુરુષાર્થની હાનિ થાય છે. વિષયોમાં અભિનિવેશ થવાથી એટલે વિષયો નહિ છોડવાના દુરાગ્રહને લીધે પુરુષને પોતાનું કે બીજા કોણ છે તેનું સાચું ભાન રહેતું નથી, એટલે તે મનુષ્યોનું જીવન વૃક્ષમાં રહેલા જીવાત્મા જેવું બની જવાને લીધે મૂર્ચ્છિત જેવો જ હોય છે અને ધમણની પેઠે વ્યર્થ શ્વાસ લેવાથી મૂવા જેવો થઈ જતાં તેના સર્વ પ્રકારના પુરુષાર્થનો નાશ થાય છે.

સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ સંબંધે વેદનું લક્ષ્યબિંદુ

"પ્રવૃત્ત કર્મ કરનારને સ્વર્ગાદિક ફળ પ્રાપ્ત થાય છે, એવું વેદમાં કહેવામાં આવ્યું છે; માટે તેના પુરુષાર્થની હાનિ કેમ થાય?" એવી શંકા રાખવી નહિ. કેમકે સ્વર્ગાદિ ફળ મેળવવા એ જ પરમ પુરુષાર્થ છે એવો વેદનો અભિપ્રાય બિલકુલ નથી. પરંતુ બહિર્મુખ મનુષ્યોને મોક્ષને માર્ગે લઈ જવા સારુ વેદે આ સ્વર્ગાદિ પર્યંતના વચલા ફળોની લાલચ દેખાડીને માત્ર કર્મોમાં રુચિ ઉત્પન્ન કરાવી છે. જેમ કે રોગ મટાડવાને માટે બાળકને ઓસડ પાતાં તેમાં રુચિ ઉત્પન્ન કરાવવા સારુ ખાંડના લાડુ દેવાની લોલચ આપવામાં આવે તેમ સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ સંબંધમાં વેદનું કથન છે (વધુ માટે અધ્યાય ૨ શ્લોક ૩૯ તથા અધ્યાય ૩ શ્લોક ૩૫ જુઓ).

વેદનો સાચો અર્થ ઘણો ગૂઢ છે

"કર્મકાંડમાં મોક્ષનું તો નામ પણ સાંભળવામાં આવતું નથી, તે છતાં આપ આમ શા માટે કહો છો?" એમ તું કહેશે તો તેનું કારણ એ છે કે કર્મકાંડના મંત્રો કાને પડતાં તુરત તેનો જેવો અર્થ સમજવામાં આવ્યો છે એમ જે માનવામાં આવે છે તેવો તેનો અર્થ ઘટતો નથી. અર્થાત્ વેદનો શબ્દાર્થાદિ જે અર્થ વ્યવહારમાં સમજવામાં આવે છે તે ખરો અર્થ હોતો નથી. વેદનો સાચો અર્થ તો ઘણો ગૂઢ છે. વિષયો, પ્રાણાદિક અને પુત્રાદિક સ્વજનો કે જેઓ અંતે પોતાને દુઃખના જ કારણરૂપ છે તેઓમાં તો મનુષ્યો જન્મથી જ આસક્ત હોય છે, તેવાઓ પરમસ્વરૂપને નહિ જાણતાં દેવાદિકના અવતારમાં ભટકી ભટકીને પુણ્ય ક્ષય થયે

વળી પાછા મનુષ્યાદિ તથા તેમાંથી પુનઃ વૃક્ષાદિકના અવતારમાં પડતા અને વેદ જે સમજાવશે તે જ ખરું કલ્યાણકારી છે, એવો વિશ્વાસ રાખીને રહેનારા મનુષ્યોને વેદરૂપ મહાપંડિત પાછા તે જ વિષય, જીવન અને પુત્રાદિક પદાર્થોમાં ફસાવે એ વેદને છાજે ખરું કે ? માટે વેદનો અભિપ્રાય કિંવા સાચો અર્થ તો નિવૃત્તિ માર્ગ ઉપર જ છે, એમ સિદ્ધ થાય છે.

કેવળ કર્મ કરનારાઓ

આ રીતે વેદના સાચા અભિપ્રાયને નહિ જાણતા જેઓ કર્મ (મીમાંસકો) માત્ર ઉપરથી સારા જણાતાં અને અંદરથી સારે વગરના સકામીઓને માટે વેદે કહેલા આમિષરૂપ ફળોને જ પરમ પુરુષાર્થરૂપ માને છે તેઓ ખરેખર કુબુદ્ધિમાન છે. કારણ કે વેદને યથાર્થ રીતે જાણનાર વ્યાસાદિકો તે પ્રમાણે કહેતા નથી. કામી, કંગાળ, તૃષ્ણાઓથી વ્યાકુળ અને ઉપર ઉપરથી સારા લાગે પરંતુ અંદરખાને નિઃસાર ફળોને પરમ ફળરૂપ સમજનારા અજ્ઞિથી થતાં યજ્ઞાદિક કર્મો કરવાના દુરાગ્રહથી વિવેકભ્રષ્ટ થયેલા અને પરિણામે ધૂમમાર્ગને જ પ્રાપ્ત કરનારા કર્મકાંડી મીમાંસકો આત્મતત્ત્વને કદી પણ જાણતા નથી. જેઓના કર્મો પશુઓની હિંસા કરવામાં જ સાધનરૂપ છે એવા એ પેટભરા લોકો ઝાકળના અંધારાથી વ્યાપ્ત થયેલી આંખોવાળા મનુષ્યો જેમ સમીપની વસ્તુને પણ જાણતા નથી, તેમ હૃદયમાં આત્માના સ્વરૂપભૂત "હું" કે જેમાંથી આ સર્વ જગત ઉત્પન્ન થયેલું હોય એમ ભાસે છે તથા જે વાસ્તવિક આત્માથી સહેજ પણ ભિન્ન નથી તેને જાણતા નથી.

વેદના તાત્પર્યરૂપ ગંભીર અર્થ વા પરિસંખ્યા

માંસનું ભક્ષણ કરવામાં અને તેના ફળમાં જે પ્રીતિ હોય તો તે ફક્ત યજ્ઞમાં જ કરવું એવી અનુજ્ઞા (આજ્ઞા) આપીને વેદે આ પરિસંખ્યા કરેલી છે. પરિસંખ્યા વિધિના સંબંધમાં આગળ શાસ્ત્રીય વિવેચન આવશે તે જોવું. અત્રે સંક્ષેપમાં એટલું જ જાણવાની જરૂર છે કે જ્યારે બંને ક્રિયાની એક સામટી પ્રાપ્તિ થતી હોય ત્યારે તે પૈકી એકની નિવૃત્તિ કરવા ઉપર જ જેનું તાત્પર્ય હોય તેને પરિસંખ્યા વાક્ય કહે છે. આથી યજ્ઞ કરીને બાકી સિલક રહે તે માંસાદિનું ભક્ષણ કરવું એમ કહેલું છે, પરંતુ તેનો અર્થ તે અવશ્ય કર્તવ્ય છે એટલે કરવું જ જોઈએ એવું વિધિવાક્ય નથી. આ મુજબના વેદના તાત્પર્યરૂપ મારા ગંભીર મતને નહિ જાણતા વિષયોમાં જ લાગી રહેલા તથા હિંસાને એક જાતના વિહારરૂપ માનતા એ ખલ લોકો પશુઓને મારી નાખીને પોતે સુખ મેળવવાની ઇચ્છાથી દેવતા, પિતૃ અને ભૂતપતિઓનું યજ્ઞોથી પૂજન કરે છે. જેમ કોઈ વાણિયો દુસ્તર સમુદ્રાદિનું ઉલ્લંઘન કરીને ઘણું ધન મેળવવાની લાલચથી પોતાની પાસેની મૂડીને પણ ખોઈ બેસે છે, તેમ કર્મકાંડીઓ માત્ર કાનને વ્હાલા લાગે એટલે પોતાને પસંદ પડે એવા અને વાસ્તવિક રીતે સ્વપ્નની પેઠે મિથ્યાભૂત પરલોકના તથા ઇહલોકના સુખની અભિલાષા સેવી તેવા પ્રકારના વ્યર્થ કાર્યમાં દ્રવ્ય અને તપશ્ચર્યાદિ ગુમાવી બેસે છે.

વેદો પ્રવૃત્તિપરાયણ નથી ?

સત્ત્વ, રજ અને તમોગુણની નિષ્ઠાવાળા આ લોકો સત્ત્વાદિ ગુણો જ જેમાં મુખ્યત્વે કરીને હોય છે એવા ઇંદ્રાદિ દેવોની જ ઉપાસના કરે છે, પરંતુ ગુણાતીત એવા મારી એટલે આત્માની ઉપાસના કરતા નથી. આ કર્મકાંડીઓ (મીમાંસકો) આ પ્રમાણે સંકલ્પો કરે છે કે અમો આ લોકમાં યજ્ઞાદિદ્વારા દેવતાઓનું યજન કરીને સ્વર્ગમાં જઈશું અને ત્યાં આનંદ કરીશું, તથા પુણ્યભોગને અંતે પાછા આ લોકમાં મોટા કુળવાન અને સંપત્તિમાન ગૃહસ્થ થઈશું. આવી રીતે વેદની પુષ્પ જેવી ફળ દર્શાવનારી વાણીથી લલચાઈ પડેલા મનવાળા અભિમાની અને અત્યંત અક્કડ એવા કર્મકાંડીઓને મારી એટલે (હું રૂપ) આત્માની વાત પણ ગમતી નથી. તેથી તેઓ મારે પરાયણ નહિ થતાં સંસારમાં ભટકી જન્મમરણના ફેરાઓ ફર્યા જ કરે છે. આ રીતે વેદો પ્રવૃત્તિપરાયણ નથી પરંતુ નિવૃત્તિપરાયણ જ છે. કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડરૂપ સઘળા વેદો "જીવ બ્રહ્મરૂપ છે, સંસારી નથી" એવો જ પોતાનો વાસ્તવિક અને ખરો અભિપ્રાય ધરાવે

છે. પરંતુ એ અભિપ્રાય લોકોના સમજવામાં આવતો નથી. તેનું કારણ એ છે કે, આત્મા આનર્વચનીય હોવાથી તેનું જ્ઞાન પરોક્ષવાદ વડે સમજાવ્યા સિવાય વેદને માટે બીજો કોઈ ઉપાય જ નથી તેથી મને પરોક્ષવાદ જ અત્યંત પ્રિય છે. આ પરોક્ષવાદ વડે આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લઈ અપરોક્ષ માટે પુરુષાર્થ કરવાનો હોય છે. પરોક્ષવાદ એટલે વેદમાં જે કર્મ કરવાનું કહ્યું છે તે કર્મ છોડાવવાને માટે જ છે જેમ કે નાના બાળકને રોગ મટાડવાના ઉદ્દેશથી દવા પાવી હોય તો સાકર મળશે એવી લાલચ આપવી પડે છે તેમ આ પરોક્ષવાદ સંબંધમાં પણ સમજો (આગળને માટે અધ્યાય ૨, પૃષ્ઠ ૧૫૫/૧૫૬ તથા શ્રી ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૧ શ્લો૦ ૧૮ થી ૩૫ ઉદ્ધવગીતા જુઓ).

વર્ણો, આશ્રમધર્મો તથા ગુણોની ઉત્પત્તિ

પુરુષરૂપ ઈશ્વરના મુખ, બાહુ, સાથળ તથા પગમાંથી, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમો સહ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર વર્ણો ઉત્પન્ન થયા છે. આ વર્ણો ગુણોવશાત જુદાજુદા છે, સત્ત્વગુણથી બ્રાહ્મણ, સત્ત્વ રજના મિશ્રણ વડે ક્ષત્રિય, રજ તમના મિશ્રણ વડે વૈશ્ય અને તમમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા. તેમજ મુખમાંથી બ્રાહ્મણો, બાહુથી ક્ષત્રિય, ઉરૂ (સાથળ)માંથી વૈશ્ય તથા પગથી શૂદ્ર ઉત્પન્ન થયા. ગૃહસ્થાશ્રમ જાંઘમાંથી, બ્રહ્મચર્ય હૃદયમાંથી, વાનપ્રસ્થ છાતીમાંથી, સંન્યસ્ત મસ્તકમાંથી ઉત્પન્ન થયો. આવી રીતે આ આશ્રમો તેમ જ વર્ણો પુરુષરૂપ એવા ભગવાનમાંથી જ ઉત્પન્ન થયેલા છે. આ વર્ણોમાંથી જેઓ પોતાને ઉત્પન્ન કરનાર પુરુષ(ભગવાન)ને નહિ જાણતા તેનું ભજન કરતા નથી અને જેઓ જાણતા છતાં તેનું અપમાન કરે છે તેઓ પોતાના આશ્રમ અને વર્ણરૂપ સ્થાનમાંથી ભ્રષ્ટ થઈ અધોગાતમાં પડે છે.

કેટલાક દ્વિજાદિકો, સ્ત્રીઓ તથા શૂદ્રાદિકો તો અજ્ઞાનને લીધે આત્મસ્વરૂપ એવા ભગવાનને જાણતા નહિ હોવાને લીધે ભજતા જ નથી; તેઓની ઉપર રાજાઓએ કૃપા કરીને તેમને સામ, દામ, દંડ, ભેદ આદિ નીતિ અનુસાર સુધારી સન્માર્ગે દોરવા જોઈએ વળી કેટલાક દ્વિજો એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો જો કે ઉપનયન સંસ્કારથી અને વેદાધ્યયનથી ઉત્તમ અધિકારને પામેલા હોય છે, તો પણ વેદના ફળશ્રુતિના વચનોમાં મોહ પામીને જાણતા છતાં આત્મસ્વરૂપ ભગવાનને ભજતા નથી અને અનેક કામનાઓ વડે સકામ કર્મો કરવામાં જ આસક્ત થઈ રહેલા હોય છે. તેવા અર્વાગ્દર્શોને સુધારવાનો કશો પણ ઉપાય જ નહિ હોવાથી તેવાઓ તો ઉપેક્ષાને જ પાત્ર છે.

મૂઢો પરમેશ્વરના સ્વરૂપને ઓળખતા નથી

કર્મ કરવા છતાં પણ તે બંધન કરનાર થાય નહિ એવા પ્રકારને નહિ જાણનારા તેમ જ નમ્રપણાથી વિદ્વાનોને પણ નહિ પૂછનારા અને મૂર્ખો છતાં પણ પંડિતાઈનું અભિમાન ધરાવનારા આ અર્વાગ્દર્શ લોકો વેદના ફળશ્રુતિનાં મીઠાં વચનોથી ઉત્સુક બનીને "અમો અપ્સરાઓ સાથે વિહાર કરીશું" ઇત્યાદિક મીઠી મીઠી વાતો કેવળ મૂર્ખપણાથી કહે છે. રજોગુણની બુદ્ધિને લીધે આવા કર્મજડ પુરુષો અભિચારાદિક નહિ કરવા યોગ્ય ભયંકર સંકલ્પો કરવાવાળા ભારે તૃષ્ણાવાળા, સર્પ જેવા ક્રોધવાળા, ઠોંગી, અભિમાની અને દુષ્ટ સ્વભાવવાળા અને અર્વાગ્દર્શ કર્મકાંડીઓ કેવળ કર્મને જ પ્રધાન માનનારા લોકો આત્મસ્વરૂપ એવા ભગવાનની હાંસી કરે છે. વૃક્ષો કિંવા પૂજ્યોની નહિ પરંતુ સ્ત્રીઓની ઉપાસના કરનારા આ લોકો કે જેઓ મૈથુનના સુખને જ મુખ્ય માને છે. તેઓ ઘરમાં રહીને "આજ મેં આટલું તો મેળવ્યું, આ મારો મનોરથ પૂર્ણ થશે, મારી પાસે આટલું ધન છે અને અને ફરી આટલું થશે" ઇત્યાદિ પ્રકારોમાં જ સુખ માની લઈ તેની વાતો જ આપસઆપસમાં કરે છે. પૂરેપૂરી દક્ષિણા કિંવા અન્નદાન નહિ આપતાં દંભને માટે યજ્ઞ કરે છે અને હિંસાના દોષને નહિ જાણીને કેવળ આજીવિકાને માટે જ પશુઓ મારી નાખે છે. સંપત્તિ, ઐશ્વર્ય, ઉત્તમ કુળમાં જન્મ, વિદ્યા, દાન, રૂપ, બળ અને કર્મથી થયેલા અભિમાનને લીધે આંધળાં બનેલા આ ખલ (દુષ્ટ) લોકો ઈશ્વર તથા ઈશ્વરના અનન્ય ભક્તો અપરોક્ષાનુભવી એવા સત્પુરુષોનું અપમાન કરે છે.

જે પરમેશ્વર સર્વ પ્રાણીમાત્રના આત્મારૂપે અને ઈશ્વરરૂપે રહેલા છે, છતાં આકાશની પેઠે તદ્દન નિઃસંગ છે, પ્રિય એવા પુરુષાર્થરૂપ છે અને વેદે પણ એ રીતે જ ગાયેલા છે. પરમેશ્વરના આવા સ્વરૂપને અભિમાન અને મદમાં સપડાયેલા મૂઢો સાંભળતા નથી. મૈથુન, માંસ, મદિરાનું સેવન તથા વિષયોપભોગોના સેવનના મનોરથોની જ વાતો કરીને વેદ નિવૃત્તિપરાયણ હોવા છતાં તે તો પ્રવૃત્તિપરાયણ છે એમ બકયા કરે છે. મૈથુન કરવાની, માંસ ખાવાની અને મદ્ય પીવાની રુચિવાળા હોઈ તેઓ ' વેદ પ્રવૃત્તિનું જ નિરૂપણ કરે છે ' એમ કહે છે.

વિધિ અને નિયમવાક્ય

" ઋતુમાં સ્વસ્ત્રીનો સંગ કરવો, હોમમાંથી બાકી રહેલા માંસનું ભક્ષણ કરવું તથા સૌત્રામણિનામના યજ્ઞમાં મદ્યપાન કરવું " આવા વચનો હોવા છતાં તમો મૈથુનાદિ વગેરેની નિંદા શા માટે કરો છો? તો તે પ્રશ્ન સંબંધમાં કહેવાનું કે આવા અર્થવાળા વેદના વચનોમાં જો કે મૈથુન, માંસભક્ષણ અને મદ્યપાન કરવાનું કહેલું છે એમ ઉપર ઉપરથી તો જણાય છે પરંતુ ખરી રીતે તો તેઓ થકી નિવૃત્તિ કરાવવી એ વેદનો અભિપ્રાય છે, એમ સિદ્ધ થાય છે. આવા વાક્યો એ વિધિવાક્યો છે એમ કહી શકાય નહિ. જે વસ્તુ અત્યંત અપ્રાપ્ત હોય તેને પ્રાપ્ત કરાવનારા જે વાક્યો હોય તે વિધિવાક્યો કહેવાય. જેમ કે સંધ્યા કરવી, અગ્નિહોત્ર હોમવું ઇત્યાદિ ક્રિયાઓ કે જેઓ બીજી કોઈ રીતે પ્રાપ્ત થતી નથી તે પ્રાપ્ત કરવા માટેનાં જે વેદનાં વાક્યો તે વિધિવાક્યો કહેવાય. મૈથુન, માંસભક્ષણ અને સુરાપાન તો વેદનાં વચનો વિના પણ મનુષ્યોને સ્વાભાવિક પ્રીતિથી જ પ્રાપ્ત છે, એટલે કે વેદમાં લખ્યું છે તેથી જ તે કરવા મનુષ્ય પ્રેરાય છે એમ નથી. તે ઉપર તો કોઈના પણ કહેવા સિવાય સ્વાભાવિક રીતે જ પ્રીતિ થાય છે તેથી સંધ્યાવંદનાદિ (નિત્યકર્મો) કર્મોમાં થતી નથી. આથી સુરાપાન તથા માંસાદિભક્ષણવાળા જે વાક્યો વેદમાં આવેલાં હોય છે તે વિધિવાક્ય કહી શકાય નહિ. આ વાક્યો જેમ વિધિવાક્યો નથી તેમ નિયમવાક્યરૂપ પણ નથી. જે ક્રિયા એક પક્ષમાં અપ્રાપ્ત હોય તેને પ્રાપ્ત કરવાતા જે વાક્યો તે નિયમવાક્ય કહેવાય. જેમ યજ્ઞમાં ઉપયોગી વ્રીહિ(શાળ)ને છડવી એવા અર્થનું જે વેદમાં વચન છે તે નિયમવાક્ય છે; કેમ કે ફોતરાં કાઢી નાંખવાને માટે પ્રથમ વ્રીહિને નખવડે ફોલવા એ પ્રથમ પક્ષ હોઈ તેમાં છડવાની ક્રિયા અપ્રાપ્ત છે. એટલે કે વેદમાં વ્રીહિને છડવા કહ્યું છે પણ ફોલવા કહ્યું નથી માટે ફોતરાં સાથે છડવી એવો આનો અર્થ થતો નથી પરંતુ વ્રીહિને ફોલીને જ છડવી જોઈએ. આ રીતે એ વાક્યમાંથી ફોલવાની અપ્રાપ્ત ક્રિયાને પ્રાપ્ત કરી કે "વ્રીહિને ફોલીને જ છડવી જોઈએ;" માટે આ નિયમવાક્ય કહેવાય. તેમ મૈથુન, માંસભક્ષણ, સુરાપાન ઉપર તો સ્વાભાવિક રીતે જ પ્રીતિ હોય છે તેથી તે સર્વદા પ્રાપ્ત છે. આમ તેઓ એક પક્ષમાં અપ્રાપ્ત નહિ હોવાને લીધે મૈથુન, માંસભક્ષણાદિ કરવાનું કહેનારા વાક્યોને નિયમવાક્યો પણ કહી શકાય નહિ; તો પછી તેને વિધિવાક્યો તો ક્યાંથી કહેવાય?

પરિસંખ્યા વાક્યનો અર્થ

મૈથુન, માંસભક્ષણ તથા સુરાપાનાદિ વાક્યોનો સમાવેશ વિધિવાક્ય અથવા નિયમવાક્યોમાં થઈ શકતો નથી તેમ પરિસંખ્યા વાક્યમાં કરવો પણ અયોગ્ય છે. બંને ક્રિયાની એક સામટી પ્રાપ્તિ થતી હોય ત્યારે તે પૈકી એકની નિવૃત્તિ કરવા ઉપર જ જેનું તાત્પર્ય હોય તે પરિસંખ્યા વાક્ય કહેવાય. જેમ કે સ્વાભાવિક પ્રીતિથી સઘળાં પાંચ નખવાળાં જંતુઓનું ભક્ષણ કરનારાઓને તેમાંથી નિવૃત્ત કરવાને માટે શેઢાઈ, શેળો, ઘો, સસલો અને કાચબો, એ પાંચ વિના બીજાઓનું ભક્ષણ ન જ કરવું અથવા કોઈ કામ બીજો કરે એવી અંતરની ઇચ્છાથી તે કામ કરનાર મનુષ્યને એમ કહેવામાં આવે કે આ કામ અમુક કરશે. આમાં કામ કરવાની તથા એકની નિવૃત્તિની એમ બંને ક્રિયાઓ એક સાથે જ સાધ્ય થતી હોવાથી તે પરિસંખ્યા થઈ કહેવાય. એવા અભિપ્રાયવાળાં જે વાક્યો વેદમાં આવેલાં હોય છે તે જ પરિસંખ્યા વાક્યો કહેવાય. આ મુજબ જો કે " ઋતુકાળે સ્વસ્ત્રીનો સંગ કરવો, હોમાઈને અવશેષ રહેલું માંસ ખાવું તથા સૌત્રામણિ યજ્ઞમાં મદ્યના પ્યાલા પીવા" એવા અર્થનાં વાક્યોને પરિસંખ્યા વાક્ય કહેવામાં પણ અડચણ

આવે છે. કેમ કે ઋતુમાં અને ઋતુ વગર પણ સ્ત્રી સંગ સ્વાભાવિક પ્રીતિથી જ પ્રાપ્ત જ છે, તેમ હોમ કરીને તથા હોમ કર્યા વગર પણ માંસભક્ષણ તો સ્વાભાવિક રીતે જ થઈ શકે તેમ છે અને યજ્ઞ વગર પણ સુરાપાન પ્રાપ્ત છે. આથી ઋતુકાળે જ સ્ત્રીસંગ, હોમમાંથી અવશેષ રહેનાર માંસનું જ ભક્ષણ તથા યજ્ઞ કાળે જ સુરાપાન કરવું ઇત્યાદિ નિયમોથી તેમ કરવામાં અંતરાયો નાંખવાનો વેદનો હેતુ તે થકી ધીરે ધીરે નિવૃત્તિ તરફ જ લઈ જવાનો છે એ સ્પષ્ટ થાય છે. વળી ઋતુ વગર સ્ત્રી સંગ, હોમ વગર માંસભક્ષણ અને યજ્ઞ વગર સુરાપાન કદી થઈ શકતું જ નથી એમ નથી તેથી તેમ કર્યા સિવાય કદી પણ કરવું જ નહિ એવો અર્થ કરવામાં આવે તો પણ તે અયોગ્ય કહી શકાશે નહિ.

સ્વાર્થત્યાગ, પરાર્થકલ્પના અને પ્રાપ્તબાધ એટલે શું ?

ઉપરના વેદમાં કહેવાયેલા આ વાક્યોમાં પરિસંખ્યા માનીએ તો તેઓનું નિર્દોષપણું મટી જાય છે અને તેમાં સ્વાર્થત્યાગ, પરાર્થકલ્પના અને પ્રાપ્તબાધ એવા ત્રણ દોષો આવી પડે છે. કેમ કે "ઋતુમાં સ્ત્રી સંગ કરવો," એ વાક્યોનો વ્યવહારમાં પોતાનો જે પ્રચલિત અર્થ છે તેનો ત્યાગ થયો એ સ્વાર્થત્યાગનો દોષ આવ્યો. "ઋતુ વગર સ્ત્રી સંગ ન કરવો" એવો જે બીજો અર્થ થયો તેમાં પરાર્થદોષ એટલે વાસ્તવિક અર્થ નહિ નીકળતાં લક્ષ્યાર્થથી ભિન્ન પ્રકારે અર્થ કરવામાં આવ્યો, એવા પ્રકારનો દોષ તેમાં આવ્યો અને "ઋતુ વગર સ્ત્રીનો સંગ ન કરવો" એવા વેદ વાક્યને લીધે ઋતુ વગર પણ સંગ થઈ શકે છે એવો સ્વાભાવિક રીતે જે પ્રાપ્ત છે તેનો બાધ થયો, માટે પ્રાપ્તબાધ નામનો દોષ આવ્યો. " હોમ કરીને શેષ રહેલા માંસનું ભક્ષણ કરવું તથા યજ્ઞ કરી સુરાપાન કરવું," એ બે વાક્યોમાં પણ આ મુજબ જ ત્રણ ત્રણ દોષો ઉત્પન્ન થાય છે. આ કારણને લીધે તેવાં વાક્યોને પરિસંખ્યા વાક્યરૂપ કહેવાં પણ અયોગ્ય છે. આ પ્રમાણે એ વાક્યોને વેદમાં કહેલાં વિધિરૂપ, નિયમરૂપ કે પરિસંખ્યારૂપ કાંઈ પણ કહી શકાતાં નથી, માટે તે વાક્યોની વ્યવસ્થા આ પ્રમાણે થાય છે. એ વાક્યો નિયમરૂપ છે પણ તેઓમાં એક પક્ષમાં અપ્રાપ્તની પ્રાપ્તિ કરવારૂપ ફળ નહિ હોવાથી તે નિયમદ્વારા ફલિતાર્થ પરિસંખ્યા થાય છે. આથી એમ સિદ્ધ થયું કે ઋતુમાં પણ સ્ત્રી સંગ કરે જ નહિ, હોમવાથી અવશેષ રહેલું માંસ ખાય જ નહિ તથા સૌત્રામણિ યજ્ઞ કરીને પણ સુરાપાન જો કરે જ નહિ તો દોષ લાગે છે; એવી દૃઢ આજ્ઞા રૂપ કાંઈ આ વાક્યો વેદમાં આવેલાં નથી. પરંતુ તે કાંઈક અંશે છૂટ આપી તેમાંથી ધીરે ધીરે યુક્તિપ્રયુક્તિ દ્વારા નિવૃત્ત કરાવવા માટે છે.

વેદોમાં શું માંસાદિકની છૂટ છે ?

જે પુરુષને મૈથુન વગર ચાલતું જ ના હોય તેને પોતાની સ્ત્રીમાં મૈથુન કરવાની અને તે પણ ઋતુકાળમાં જ કરવાની છૂટ છે; જે પુરુષને માંસ ખાધા વગર ચાલતું જ ના હોય તેને દેવના હોમ(યજ્ઞ) કર્યા પછી અવશેષ રહેલું માંસ ખાવાની છૂટ છે અને જેને સુરાપાન કર્યા વગર ચાલતું જ ના હોય તેને સૌત્રામણિ યજ્ઞ કરીને તેમાં જ સુરાપાન કરવાની છૂટ છે. આવી રીતના નિર્બંધો રાખીને કહેવાનો વેદનો આંતરિક ઉદ્દેશ તો બની શકે ત્યાં સુધી મૈથુન, માંસભક્ષણ અને સુરાપાન છોડી જ દેવાં જોઈએ એ એવો છે. આ મુજબ વેદમાં આવેલાં આ વાક્યોનો અભિપ્રાય છે એમ સ્પષ્ટ થાય છે. જેમ કે કોઈ છોકરો ઘણો રમતિયાળ હોઈ ભણવામાં લક્ષ આપતો ન હોય તેને તેનો બાપ કહે કે " તારે દરરોજ અમુક વખત જ રમવું " એ વાક્યનો અર્થ " જો તું દરરોજ તને ઠરાવી આપેલા વખતે રમીશ નહિ તો હું તને મારીશ," એવો થતો નથી પરંતુ તારે જો રમત કર્યા વગર ન જ ચાલતું હોય તો પછી મેં ઠરાવી આપેલા વખત પૂરતી તને રમવાની છૂટ છે માટે બની શકે તો રમત છોડી દેવી જોઈએ; એવો અર્થ જ તેમાંથી નીકળી શકે છે. અર્થાત્ આ વાક્ય જેમ નિવૃત્તિનું નિરૂપણ કરે છે તેમ વેદ પણ નિવૃત્તિનું નિરૂપણ કરે છે પરંતુ પ્રવૃત્તિનું નિરૂપણ કરતાં નથી. એમ જાણવું; " જે પુરુષ પોતે પાસે છતાં પણ ઋતુમાં સ્નાન કરેલી ભાર્યાનો સંગ કરતો નથી તેને ગર્ભહત્યા જેટલું ભયંકર પાપ લાગે છે." ઇત્યાદિ સ્મૃતિમાં આવેલાં વચનો તો જે પુરુષ મનમાં કામના હોવા છતાં પણ સ્ત્રી ઉપર અરુચિ કિંવા દ્વેષાદિકથી તેનો સંગ ન કરે તો તેને લાગુ પડે છે, એમ સમજવું. પુરાણ કરતાં સ્મૃતિ અને સ્મૃતિથી શ્રુતિ વધુ પ્રમાણભૂત છે.

ધર્મને માટે જ ધનની જરૂર હોય છે

મૈથુન, માંસભક્ષણ, સુરાપાનાદિ મનોરથો વડે વ્યાકુળ થયેલા લોકો પ્રિય એવા આત્માનું શ્રવણ કરતા નથી તથા ધનનો અયોગ્ય ઉપયોગ કરે છે. ધર્મ કરવો એ જ ધનનું ખરું ફળ છે કારણ કે ધર્મ કરવાથી પરોક્ષજ્ઞાન થઈ બાદ ક્રમે તુરત શાંતિ આપે એવું અપરોક્ષજ્ઞાન (સાક્ષાત્કાર) થાય છે. આ રીતે ધન કમાવવાના મૂળ ઉદ્દેશને ભૂલી જઈ આ લોકો ધનને પોતાના દેહાદિકના સુખનું સાધન સમજીને તેને દેહના પોષણના કામો માટે જ વાપરી નાખે છે, તથા દેહાદિકને માથે ફર્યા કરતા પ્રબળ એવા મૃત્યુને ધ્યાનમાં પણ લેતા નથી. જાણે દેહ અમર જ છે એવી માન્યતા તેઓની હોય છે.

વેદમાં હિંસાની છૂટ નથી

વેદમાં જે સુરાપાન આદિની યજ્ઞાદિકમાં છૂટ આપેલી છે તે ઉપર કહેલા ધર્મના પ્રકારો પૈકી બીજા એટલે જે વડે ધર્મ થાય અને ક્રમે આત્મસાક્ષાત્કાર થાય તે પ્રકારની છે એમ સમજવું. સુરાપાન કરવું એટલે નાક વડે સુરાને સુંઘવી એટલી જ વેદની આજ્ઞા છે નહિ કે પીવાની. તેમજ યજ્ઞમાં પશુનું પણ માત્ર આલંભન (આલંભન એટલે દેવતાઓને ઉદ્દેશીને યજ્ઞમાં પશુનો વધ કરવામાં આવે છે તે)જ કરવાનું કહ્યું છે. આવી હિંસા તે હિંસા નથી કારણ તે હિંસાવડે મરનાર પશુને સૂર્યાદિ શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિ થાય છે; જે જન્મ તો મનુષ્યાદિ શ્રેષ્ઠ યોનિને માટે પણ અત્યંત દુર્લભ હોય છે. તાત્પર્ય એ કે, દેવતાઓને ઉદ્દેશીને યજ્ઞમાં હિંસા કરવા માટે જે કહેવામાં આવેલું છે તે હિંસા નથી પરંતુ પોતાના માટે માંસભક્ષણ કરવાની ઇચ્છાથી જે હિંસા કરવામાં આવે છે તે જ હિંસા કહેવાય છે અને તેવા પ્રકારની હિંસાની વેદમાં છૂટ નથી. મૈથુન કરવાની છૂટ આપી છે તે પણ પ્રજા ઉત્પન્ન કરવા પૂરતી જ; નહિ કે ઇંદ્રિયને તૃપ્ત કરવા માટે. આ રીતે મનોરથવાદીઓ એટલે પોતાના મનને અનુકૂળ એવો વેદનો અર્થ માની લેનારા અથવા સગવડિયો ધર્મ માનનારા તેમ જ પોતાને કર્મકાંડી કિંવા વેદવાદી સમજનારાઓ, પવિત્ર અને અત્યંત શુદ્ધ એવા આ ધર્મને નહિ જાણવા છતાં ઉદ્ધતપણાથી પોતામાં સત્પુરુષપણાનું અભિમાન ધરાવનારા હોઈ પાપાદિને નહિ માનતા જે લોકો નિઃશંક રહીને આમ કરવાથી અમારા મનોરથો પૂર્ણ થશે એવો વિશ્વાસ રાખીને પશુઓનો દ્રોહ કરી તેની હિંસા કરે છે, તે લોકોના મરણ પછી તેમને તે પશુઓ જ ખાય છે. "मां" એટલે હું કે જે માંસ ખાનારો છું તેને "सः" એટલે જેનું માંસ ખાધું છે તે (પશુ)પરલોકમાં ખાશે, એવો આ "માંસ" શબ્દનો અર્થ છે, એમ વિદ્વાનો કહે છે. પોતાના આત્મસ્વરૂપ એવા ભગવાન કે જેઓ પશુપક્ષ્યાદિના શરીરમાં પણ વાસ્તવ્ય કરીને રહેલા છે તેનો દ્વેષ કરનાર તથા પોતાના શત્રુતુલ્ય શરીરમાં અને તેના પુત્રાદિક પરિવારમાં જ સ્નેહ બાંધનારા એ મૂર્ખ લોકો ખરેખર અંતે દુર્ગતિમાં જ પડે છે.

અર્ધદગ્ધોની સ્થિતિ

અજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનીઓના અનુગ્રહ વડે તરી જાય છે તથા તત્ત્વજ્ઞાનીઓ તો પોતાથી જ તરે છે; પરંતુ અધવચ લટકતા એટલે જેઓ અત્યંત અજ્ઞાની પણ નથી અને તત્ત્વજ્ઞાની પણ નથી એવા અર્ધદગ્ધ લોકો ધર્મ, અર્થ અને કામને જ મુખ્ય માને છે તથા ઉપશમ એટલે શાંતિનું ક્ષણમાત્ર પણ અવલંબન નહિ લેવાથી પોતાના હાથે જ પોતાનો વિનાશ કરે છે અર્થાત્ સ્વસ્વરૂપને નહિ જાણવાથી જન્મમરણને જ પામ્યા કરે છે. આ રીતના આત્મવિનાશકો શાંતિ રહિત કર્મને જ જ્ઞાનરૂપ માનનારા અને જેઓના નશ્વર મનોરથો પ્રાપ્ત થયા પછી પણ કાળથી નાશ પામનારા હોઈ એવા લોકો પોતાનું જે અવશ્યમેવ કર્તવ્ય હોય છે તેને કર્યા વિના જ મરી જાય છે. આ રીતે આત્મસ્વરૂપ એવા ભગવાનથી વિમુખ રહેનારા આ લોકોને પોતે આખો જન્મારો પરિશ્રમ કરીને મેળવેલા ઘર, સંતાન, સંબંધીઓ વગેરે પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પણ છોડવા પડે છે તથા તેવાઓ અંતે અધમ યોનિમાં પડે છે(ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૫ શ્લોક૦ ૨ થી ૧૮).

સકામીઓ ગમનાગમનને પામતા રહે છે

આત્મસ્વરૂપ એવા ભગવાન શ્રીકૃષ્ણ કહી રહ્યા છે કે: હે અર્જુન! આમ વેદનું ખરું તાત્પર્ય નહિ સમજનારા તથા ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થોની સિદ્ધિ બતાવી આમિષ એટલે પ્રલોભન

દેખાડનારા આ ત્રણ વેદોનાં વાક્યોમાં ભૂલા પડેલા સકામ પુરુષો પોતપોતાની ઇચ્છાવશાત્ સ્વર્ગાદિ પર્યંતના વિશાળ વિસ્તારવાળા તે તે લોકોને પામી પુણ્ય ક્ષીણ થયે વળી પાછા મનુષ્ય લોકમાં આવે છે. આ રીતે તેઓ નિત્યપ્રતિ ગમનાગમનને પામતા રહે છે.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥

અનન્ય ભક્તનું યોગક્ષેમ હું જ ચલાવું છું

શ્રીકૃષ્ણભગવાન આગળ કહે છે : હે અર્જુન ! ઉપર તને ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થો સાધ્ય કરનાર સકામીઓની ચાલતી ઉપાસના સંબંધે કહેવામાં આવ્યું છે; હવે જેઓ કેવળ મોક્ષરૂપી પુરુષાર્થ કે જે સમસ્ત જીવોનું અંતિમ ધ્યેય છે તેના ઉપાસકોના સંબંધમાં કહું છું તે સાંભળ. જે જનો અનન્યભાવે આત્મસ્વરૂપ એવા મારું ચિંતન કરતા રહી કોઈ પણ રીતે તૂટ પડ્યા સિવાય પરિ અર્થાત્ અખંડ અને સર્વ રીતે આત્મસ્વરૂપ એવા એક મને જ નિત્યપ્રતિ ઉપાસે છે, એવા હમેશ મારા (આત્મા)માં જ યુક્ત થયેલા (જોડાયલા) સમાહિત ચિત્તવાળા નિષ્કામ ભક્તોનો યોગક્ષેમ "હું" એટલે આત્મા (વૃક્ષાંક ૧) જ વહું છું. આમ કહેવામાં ભગવાનનો ઉદ્દેશ એવો છે કે, પ્રથમ શ્રીમદ્ભગવાને વખતો વખત કહેલું છે કે, હું એટલે આ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ ચરાચરમાં વ્યાપક અને અવ્યય એવો આત્મા(વૃક્ષાંક ૧) છે. તેવા આત્મરૂપ હું નું એટલે મારું (વૃક્ષાંક ૧ નું) જે જનો અનન્ય(અન્=નહિ, અન્ય=બીજો)અર્થાત્ આત્મરૂપ એવા હું (મારા) વિના બીજો કોઈ છે જ નહિ, એવાં પ્રકારના ઐક્ય કિંવા એકત્વની ભાવના રાખીને અથવા જુદાપણાનો ભાવ વીસરી જઈ આ તમામ દૃશ્યજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ પર્યંત) આત્મસ્વરૂપ એવા એક મારું (વૃક્ષાંક ૧ નું) સ્વરૂપ છે એમ સમજીને કેવળ એક મારા આત્મસ્વરૂપનું જ અહર્નિશ ચિંતન કરે છે, તેવા તત્ સ્વરૂપ "હું" (વૃક્ષાંક ૧)રૂપ થયેલા નિષ્કામ ભક્તોનો યોગક્ષેમ આત્મરૂપ એવો હું (વૃક્ષાંક ૧)જ વહું છું. એટલે કે એકનિષ્ઠા વડે જે કેવળ આ પ્રમાણે નિત્યપ્રતિ આત્મરૂપ હું(વૃક્ષાંક ૧)ની જ ઉપાસના કરતા હોય છે; તે ઉપાસક પોતે પણ આત્માથી ભિન્ન નહિ હોવાને લીધે તેમના મિથ્યાસ્ફુરણથી દૃશ્યમાન થતા વિવર્તરૂપ દરેક મમાદિ દ્વૈત ભાવો(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) અર્થાત્ કાયિક વાચિક અને માનસિક તમામ કર્મો આત્મસ્વરૂપ જ બની જાય છે. આ રીતે તેનો યોગ એટલે જે પણ્ણામાંથી એકપણું રૂપે થવું અર્થાત્ અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે તુરત જ તે "આત્મસ્વરૂપ" છે એવા પ્રકારના એક ભાવમાં જ તેનો વિલય કરવો. આ મુજબ આત્માકાર વૃત્તિમાંથી જરા પણ ચલાયમાન ન થવું તે યોગ કહેવાય. આત્માનું પરોક્ષજ્ઞાન થયા પછી અપરોક્ષ અનુભવની પરિપક્વતા થતાં સુધી આ સર્વ આત્મરૂપ છે, આત્માથી બીજું કોઈ છે જ નહિ એવા પ્રકારના અભ્યાસ વડે આત્મસ્વરૂપમાં એક થવા રૂપ યોગ તથા આ મુજબ એકતા થઈ તેમાં તન્મયતા અથવા સ્થિરતા થયે તે ક્ષેમ; આ રીતે આત્મસ્વરૂપ એવા મને(વૃક્ષાંક ૧ને)અનન્યભાવે ભજનારા નિષ્કામ ભક્તો મારા અનિર્વચનીય આત્મસ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન નહિ હોવાને લીધે તેઓનો મારામાં પૂર્ણ તદાકાર થતાં સુધીના યોગરૂપ અભ્યાસનો તથા આત્મરૂપ એવા મારામાં તદાકાર થવારૂપ ક્ષેમનું તત્ રૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ વહન કરું છું. એટલે આ તત્રૂપ હું જ વિવર્તરૂપે મિથ્યા મમાદિ દૃશ્યભાવ(વૃક્ષાંક ૨ થી ૧૫ ઘ)નું વહન કરે છે, એમ કહેવાનો આમાં ઉદ્દેશ સમાયેલો છે.

યોગક્ષેમ એટલે શું ?

આ પ્રમાણે સર્વત્ર એક આત્મદેવતા કિંવા તત્રૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ હોઈ તેનાથી અન્ય બીજું કોઈ છે જ નહિ એવી રીતે અથવા તો તેને બદલે જે જેનો ઉપાસ્ય દેવ હોય તે ઉપાસ્ય દેવ એટલે શરીરધારી એવો મર્યાદિત નહિ પરંતુ અમર્યાદિત એવો આત્મસ્વરૂપ છે, એવા પ્રકારની દૃઢ ભાવના વડે પોતાના

ઉપાસ્યની જ સર્વત્ર અનન્ય ભાવવડે ભાવના કરે એટલે વસ્તુતઃ અન્ય નહિ એવું આ સર્વ એકરૂપ જ છે, એવું આત્મસ્વરૂપનું પરોક્ષજ્ઞાન થયા છતાં પણ તેવા પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ લઈ ઐક્ય કિંવા તન્મયતા પ્રાપ્ત થાય તે દરમિયાનની સાધકાવસ્થામાં તમામ દ્વૈત ભાવોનો અંતઃકરણમાંથી ઉદય થાય કે તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવો, આ મુજબની જે સાધના અથવા અભ્યાસ તે જ યોગ કહેવાય. આ રીતની અદ્વૈત સાધના ચાલુ રાખી તેના દૃઢ અભ્યાસ વડે નિઃસંશય બની અંતે અદ્વૈત એવા પરમ પદની અનુભવયુક્ત પ્રાપ્તિ જ્યારે તેને થાય છે ત્યારે તે સાધક મટી સિદ્ધ થયો એમ જાણવું. આ પ્રમાણે સાક્ષાત્કાર થતાં સુધીનો જે અભ્યાસક્રમ તે યોગ તથા સાક્ષાત્કાર થતાં અદ્વૈત ભાવની પ્રાપ્તિ થઈ તેમાં એકરૂપે તદાકાર બની જવું તે ક્ષેમ* કહેવાય. જ્યાં સુધી સાધક સિદ્ધ અવસ્થા પ્રાપ્ત ન કરી લે એટલે સંપૂર્ણ રીતે તાદાત્મ્ય ભાવને પ્રાપ્ત થયો ન હોય ત્યાં સુધી તે નિત્યપ્રતિ અનન્યભાવે કેવળ એક તત્સ્વરૂપ એવા હું (વૃક્ષાંક ૧)ની અર્થાત્ આત્માની જ અદ્વિતીય ભાવે ઉપાસના કરતો હોવાથી તેનો કાયિક, વાચિક, માનસિક ઇત્યાદિ તમામ વ્યવહાર પણ તત્ એવા હું (આત્મ)રૂપ જ બની જાય છે અને આ રીતે અભ્યાસની પૂર્ણતા થતાં જ અંતે તે પરમ અદ્વૈત પદમાં સ્થિર કિંવા એકાકાર થાય છે. આ મુજબ તેના યોગ અને ક્ષેમનું વહન આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ કરું છું, એમ શ્રીકૃષ્ણ ભગવાને અત્રે સ્પષ્ટપણે કહ્યું છે.

વહામ્યહમ્

શ્રીકૃષ્ણ ભગવાને અત્રે વહામ્યહમ્ એટલે હું વહન કરું છું એમ કહેલું છે. વહનને માટે વહેવું, ભાર વહેવો એવો અર્થ વ્યવહારમાં પ્રચલિત છે. જેમ ભરેલા ગાડાની નીચે ચાલનારો કૂતરો મિથ્યા અહંભાવ (અભિમાન)વડે આ ગાડાનો સર્વ બોજો હું જ વહન કરી રહ્યો છું, એમ પોતે મનમાં માની લઈ ગાડાની નીચે નીચે ચાલ્યા જ કરે છે; પરંતુ જ્યારે ચાલતાં ચાલતાં થાકી જઈ એક જગાએ સ્થિર થઈ બેસે છે ત્યારે જ સમજી શકે છે કે હું તો મિથ્યા અભિમાનમાં સપડાઈને થાકી ગયો પણ ભાર વહેનારો તો કોઈ જુદો છે; તેમ આ સંસારરૂપ શકટના મોહમાં સપડાઈને હું, તું, મારું, તારું ઇત્યાદિ કરીને મિથ્યા ભાર વહન કરનારો તમામ દ્વૈત ભાવોનો ત્યાગ કરીને પોતે પોતાને હું(વૃક્ષાંક ૩) નથી એટલે મિથ્યાભાર વહેનારો એવો હું નથી; પરંતુ હું તો તત્સ્વરૂપ એવો આત્મા(વૃક્ષાંક ૧)છે. એ પ્રમાણે તે પદમાં સ્થિત થતાં સુધી જુદાપણાની ભાવનાનો ત્યાગ કરી દઈ પોતાના સાચા આત્મસ્વરૂપનું જ અનન્યભાવે જે અહર્નિશ ચિંતન કર્યા કરે છે તેવા સાધકનો આ મિથ્યા અહંભાવવડે માનેલો મિથ્યાભાર અથવા સાધકને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થતાં સુધી જે દ્વૈતભાવની પ્રતીતિ થાય છે તે સર્વનું વહન તત્ વા આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ કરું છું; એવું કહેવાનો ભગવાન શ્રીકૃષ્ણનો આશય સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આથી જ વ્યવહારમાં પણ સંસારરૂપ શકટ ચલાવવાને માટે એ જ "યોગક્ષેમ" શબ્દની પ્રથા પ્રચલિત છે.

યોગક્ષેમનો વ્યવહારમાં થતો અર્થ

શ્રીકૃષ્ણ ભગવાને હું ભક્તોને યોગક્ષેમ વહામિ એટલે વહું છું એમ કહ્યું છે નહિ કે ચલાવું છું. આનો અર્થ કેટલાકો તરફથી સામાન્યતઃ લોકવ્યવહારમાં એવા પ્રકારે પ્રચલિત હોવાનું જણાય છે કે; ભગવાન પોતાના ભક્તોના ખાવાપીવાનો તથા તેના સંસાર પ્રપંચ ચલાવવાનો બોજો જ ફક્ત ઉપાડી લે છે, પરંતુ વિચાર કરતાં જણાશે કે આ અર્થ તો ઘણો જ સંકુચિત હોઈ ક્ષુદ્ર છે. આમાં એવો સંશય ઉત્પન્ન થવા સંભવ છે કે શું ભગવાન પણ એવા સ્વાર્થી હશે કે જેઓ તેમની ભક્તિ કરતા હોય તેમનો જ ખાવાપીવા વગેરેરૂપ યોગક્ષેમ તે ચલાવે છે? તો પછી વ્યવહારમાં જેઓ ભક્ત ગણાતા નથી તે સર્વનો ખાવાપીવાનો તથા સંસારપ્રપંચનો ક્રમ પણ ચાલુ જ હોય છે, તો પછી તે કોણ ભગવાન સિવાય બીજો

---

*પ્રાપ્તવ્ય ધ્યેયની પ્રાપ્તિ થતાં સુધી પ્રયત્ન કરી જે સાધ્ય કરવામાં આવે છે તેને યોગ તથા ધ્યેય પ્રાપ્ત કરી લીધા પછી તેનું રક્ષણ કરવું અથવા તેમાં સ્થિર રહેવું તે ક્ષેમ. ન મળેલી વસ્તુ મેળવવી તે યોગ તથા મળેલાનું સંરક્ષણ તે ક્ષેમ; યોગક્ષેમનો વ્યવહારમાં આવો અર્થ પ્રચલિત છે, જે તત્ત્વદૃષ્ટિએ યોગ્ય નથી.

જ કોઈ ચલાવે છે કે શું ? વારુ, વ્યવહારમાં જોઈશું તો જેને ભક્ત કહે છે તેની ઐહિક સ્થિતિ મોટે ભાગે તો ઘણી જ નબળી હોવાનું જણાય છે, જેમ કે નરસિંહ મહેતા, તુકારામ, સુરદાસજી વગેરે જેઓ ખરેખર સાચા ભક્ત હતા તેઓ વ્યવહાર દૃષ્ટિએ શું કદી કરોડપતિઓ બન્યા છે કે ? તેઓને જો કે કદી તેવી ઇચ્છા પણ હોતી નથી. કરોડપતિની વાત તો જવા દો પરંતુ ઊલટું કોઈ કોઈ સમયે તો તેઓને એક ટંક ખાવાના પણ સાંસાં હતાં. આ પરથી જાણી શકાશે કે આ યોગક્ષેમનો વ્યવહારમાં જે સંકુચિત અર્થ કરવામાં આવે તે તો વ્યવહાર દૃષ્ટિએ પણ અનુભવમાં આવી શકતો નથી; પરંતુ તત્ત્વદૃષ્ટિએ જોતાં જણાશે કે જે ખરેખર વિભક્ત(અભક્ત) નહિ તેવો ભક્ત જ આત્મસ્વરૂપ એવા ભગવાન (શ્લોકાંક ૧)ની સાથે એકરૂપ થવા પામેલો છે; આ રીતે જે આત્મસ્વરૂપ એવા હું (શ્લોકાંક ૧)ની સાથે તદ્દન એકાકાર થયેલો છે, તેઓથી કિંચિન્માત્ર પણ જુદો નથી, એવો જે ભગવાનની સાથે એકરૂપ થયેલો હોય તે જ ખરો ભક્ત કહેવાય. વ્યવહારમાં પણ ભક્તનો અર્થ જ્યાં જુદાપણું કિંવા બે પણું નથી તે, એવો કરવામાં આવે છે. તેવો ભક્ત આત્મસ્વરૂપ એવા ભગવાન (શ્લોકાંક ૧)ની સાથે એકરૂપ થયેલો હોવાથી તેના એકલાના ખાવાપીવાનો તો શું પણ તમામ કાર્યનો એટલે અનંત બ્રહ્માંડો ઉત્પન્ન થવા તથા તેનો નાશ કરવો ઇત્યાદિ વિશાળકાર્ય કે જે ઈશ્વર(શ્લોકાંક ૨)ના ક્ષિણ (પ્રેરણાશક્તિ વડે પોતાની માયા કિંવા પ્રકૃતિ(શ્લોકાંક ૩)દ્વારા સત્ત્વાદિ ગુણો વડે થઈ રહેલું છે તે (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ સુધી) તમામનું વહન આત્મસ્વરૂપ એવા ભગવાન(શ્લોકાંક ૧) જ કરે છે. આમ અભિન્નતાને લીધે જે ભગવાનનું કાર્ય તે જ ભક્તનું બને છે તથા ભક્તનું કાર્ય તે જ ભગવાન (શ્લોકાંક ૧)નું છે, એમ સમજવું.

સુવર્ણ અને તેના અલંકારનું દૃષ્ટાંત લો. જ્યાં સુધી અલંકારો પોતાને અલંકારરૂપે સમજે છે ત્યાં સુધી વાસ્તવિક સુવર્ણથી ભિન્ન નહિ હોવા છતાં પણ ભિન્નરૂપે અને મર્યાદિત થયાનું માને છે પરંતુ તે જ્યારે પોતે સુવર્ણ છે એવું જાણે છે ત્યારે સુવર્ણરૂપ બની જઈ અનંત પ્રકારના દાગીનારૂપે પોતે જ બન્યા છે એમ જાણી શકે છે. આ દાગીના સુવર્ણરૂપે એકયભાવે બનેલા હોવાથી જે સુવર્ણનું કાર્ય તે જ દાગીનાનું બને છે તેમ જ આત્મરૂપમાં ઐકયરૂપ બનેલા ભક્તનું પણ સમજો.

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः ।

तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥२३॥

મારી વિધિસરની ઉપાસના

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! તને અત્યાર સુધી હું એટલે આત્મા છે, એવા પ્રકારના નિશ્ચયવડે મારું યજન કરનારા ભક્તો સંબંધમાં કહેવામાં આવ્યું. આ રીતે ઉપાસના કરનારાઓ જ વિધિપુરઃસર એટલે પદ્ધતિસર મારી ઉપાસના કરી રહ્યા છે એમ નિશ્ચયાત્મક સમજ. કારણ કે આત્મસ્વરૂપ એ જ મારું સાચું સ્વરૂપ હોઈ તે જ ખરો દેવ છે. તેની ઉપાસના એ જ સાચી ઉપાસના હોઈ તેને વિધિસરની ઉપાસના કહે છે (વિધિસરની ઉપાસના માટે આત્મપદ વિશ્રાંતિનો અભ્યાસક્રમ કિરણાંશ ૨૨ તથા અધ્યાય ૨, શ્લોક ૩૯ જુઓ). સાંખ્ય(જ્ઞાન)યોગ માર્ગ દ્વારા થતી તમામ ઉપાસનાઓ કે જેનું વર્ણન પ્રથમ વિસ્તારપૂર્વક કરવામાં આવેલું છે તે દૃઢતા માટે સંક્ષેપમાં ફરીથી કહું છું. (૧) આ સર્વ આત્મસ્વરૂપ છે એવા સર્વાત્મભાવ વડે કિંવા (૨) આત્મામાં નામરૂપાદિનું નામનિશાન પણ નથી તેથી તમામ નામરૂપાદિનો પોતાસહિત વિલય કરી રહેનારી નિઃશેષ અવસ્થા ' આ હું નથી ' ' આ હું નથી ' એવા પ્રકારના નિઃશેષ ભાવ વડે અથવા (૩) પ્રાણોપાસનામાં બતાવેલા વિધિ અનુસાર થતી ઉપાસના અગર (૪) હું એટલે આ શરીરધારી કૃષ્ણ, રામ, શંકર, વિષ્ણુ ઇત્યાદિરૂપવાળો નહિ પરંતુ તે તે શરીરને બદલે અમર્યાદિત એવો આત્મા છું એમ સમજીને તેની ઉપાસના કરવી તે ભક્તિમાર્ગની સાચી ઉપાસના છે. આ ઉપાસના એ જ વિધિસરની ઉપાસના કહેવાય.

મારી અવિધિથી થતી ઉપાસના

આ અનેકરૂપે ભાસનારું તમામ દૃશ્ય વસ્તુતઃ તો એક આત્મસ્વરૂપ જ છે, આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી, એવું એકરસાત્મક આત્મસ્વરૂપ એ જ મારું સાચું સ્વરૂપ છે, તેને જ લોકો અનેક પ્રકારનાં નામરૂપોની કલ્પના વડે વાસ્તવમાં એક હોવા છતાં અસંખ્યરૂપે કલ્પી લે છે; પરંતુ સાચી પરિસ્થિતિ તો તે કેવળ એક અદ્વૈતરૂપ જ છે. આમ હોવાને લીધે જેઓ શ્રદ્ધાથી યુક્ત થઈને મને આત્મસ્વરૂપ સમજવાને બદલે અન્ય એટલે બીજા કોઈ રૂપવાળો જેમ કે રામ, કૃષ્ણ, વિષ્ણુ, શંકર, દેવી ઇત્યાદિ દેવતારૂપે અથવા હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, અમો, તમો ઇત્યાદિ સ્વરૂપવાળો સમજીને યજે છે યા ઉપાસે છે, તો તેવા ઉપાસકો (પૂજકો) પણ વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ એવી મારી (વૃક્ષાંક ૧ ની)જ ઉપાસના કરે છે, એમ સમજવું. પરંતુ આ પ્રકારની તેમના તરફથી થતી ઉપાસના કિંવા પૂજન અવિધિસરની હોય છે, એટલું જ. જેમ સમુદ્રને મળવાની ઇચ્છાવાળો શ્રદ્ધાપૂર્વક નદીને સમુદ્ર સમજીને તેના વહેણની દિશામાં કાંઠે કાંઠે ચાલ્યો જાય તો અંતે તે સમુદ્રને મળી શકે છે, તેમ ભગવાનને આત્મસ્વરૂપે નહિ જાણતાં પોતપોતાના ઇષ્ટદેવરૂપે માનીને મૂર્તિદ્વારા જે તેની ઉપાસના કરે છે, તેવા ઉપાસકો પણ નદી અંતે જેમ સમુદ્રને જ મળે છે તેમ ઉપાસક ભલે અજ્ઞાની હોય પણ ઉપાસ્ય પોતે તો આત્મસ્વરૂપ જ હોવાને લીધે તે ઉપાસક પણ અંતે તો પોતાના ઉપાસ્ય એવા ઇષ્ટદેવતાના મૂળ આત્મસ્વરૂપને જ પામે છે, એમાં શંકા નથી. તાત્પર્ય એ કે, જેઓ આ, હું, તું, મારું, તારું, મને, તને ઇત્યાદિ દ્વૈતભાવ વડે મને એટલે આત્મા(વૃક્ષાંક ૧)ને જ બીજે એટલે મૂર્તિ આદિ ઇષ્ટરૂપે સમજીને શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી ઉપાસે છે તે પણ હે કુંતીપુત્ર! પર્યાયે તો મારું એટલે આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)નું જ પૂજન કરે છે, પરંતુ તેમનું પૂજન કિંવા ઉપાસના અજ્ઞાનયુક્ત હોવાથી તે અવિધિસરનું કહેવાય છે (અવિધિસરની ઉપાસના સંબંધે શ્લોક ૧૫ પૃષ્ઠ ૪૯૬ જુઓ). હે કૌંતેય! તેમનું આ પૂજન વિધિપુરઃસરનું ભલે ન હોય પરંતુ પર્યાયે તો તે આત્મસ્વરૂપ એવા મારું(વૃક્ષાંક ૧)નું જ યજન કરે છે; એમ નિશ્ચયપૂર્વક જાણ. એટલું જ નહિ પરંતુ આ સમસ્ત બ્રહ્માંડમાં હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ તમામ વ્યવહાર જેમ સુવર્ણને કડાં, કુંડલ, બંગડી, વીંટી ઇત્યાદિ અનેક નામરૂપો વડે ભાસનારા દાગીનાઓ કહો છતાં તે સર્વ એક સોનાના જ પર્યાયો છે. દાગીના કહેવાથી તેમાંથી સુવર્ણભાવ જરા પણ ઓછો થતો નથી પણ સુવર્ણને જ દાગીનાઓ કહેવામાં આવે છે તેમ સમસ્ત વિશ્વમાં હું, તું, તે, આ, તારું, મારું ઇત્યાદિ ભિન્ન ભિન્ન અનેક નામરૂપો વડે ચાલી રહેલો તમામ વ્યવહાર અજ્ઞાત રીતે તો બ્રહ્મ કિંવા આત્માને ઉદ્દેશીને જ કરાતો હોવાથી તે અવિધિસર એવી આત્માની જ ઉપાસના થઈ રહી છે, એમ જાણવું.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।

न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥२४॥

મને તત્ત્વતઃ નહિ જાણનારા પતિત થાય છે

હે પાર્થ! મેં તને વખતોવખત જણાવેલું છે કે આ દૃશ્યાભાસ(વૃક્ષાંક ૩થી ૧૫૫)રૂપી ચાલનાર તમામ યજ્ઞનો ભોક્તા ઈશ્વરસ્વરૂપ(વૃક્ષાંક ૨) એવો હું જ હોઈ તે હું પ્રભુ એટલે તતરૂપ એવો અનિર્વચનીય આત્મા(વૃક્ષાંક ૧) છે, છતાં પણ અજ્ઞાનદૃષ્ટિવાળા મને તત્ત્વતઃ જાણતા નહિ હોવાથી તેઓ સ્વરૂપમાંથી ટળી પડે છે એટલે મને આત્મસ્વરૂપ સમજવાને બદલે અન્યરૂપે સમજે છે. આ આત્મસ્વરૂપને બદલે બીજું જ કાંઈ છે એવાં પ્રકારે આત્મનિષ્ઠામાંથી બુદ્ધિનું ચલાયમાન થવું તે જ આત્મામાંથી ચ્યવંતિ એટલે પતન થયું એમ જાણવું. તાત્પર્ય એ કે, ઉપર જણાવ્યા પ્રમાણેના અવિધિસરના ઉપાસકો, અનિર્વચનીય આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ આ સર્વ દૃશ્યાદિ યજ્ઞોનો ભોક્તા, યજ્ઞપુરુષ કિંવા ઈશ્વર, પ્રભુ તથા આત્મા(વૃક્ષાંક ૧)

સ્વરૂપે છું; આ ચરાચર દૃશ્ય અનિર્વચનીય તત્ સ્વરૂપ એવા મારા એક આત્મસ્વરૂપ જ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારે મને* તત્ત્વતઃ જાણતા નહિ હોવાથી બીજે જ કાંઈ માની લઈ સ્વસ્વરૂપમાંથી સરી પડે છે.

यान्ति देवव्रता देवान्पितॄन्यान्ति पितृव्रताः ।

भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥૨૫॥

જે જેને પૂજે તે તેને પામે

ઉપર પ્રમાણેના પૂજકોથી એમ બને છે કે, દેવોને પૂજનારા દેવો પ્રતિ ગમન કરે છે. પિતૃઓને પૂજનારા પિતરોને, ભૂતોને પૂજનારા ભૂતોને તથા મને એટલે આત્મા(વૃક્ષાંક ૧) ને પૂજનારા મને યાને આત્માને પામે છે, અર્થાત્ આત્મસ્વરૂપ બને છે. એટલે જેમ મોરીનાં પાણી ખાળકુંડીમાં મળે છે, ખાળકુંડીનાં પાણી ઝરણાંઓને મળે છે, ઝરણાંઓ ખાબોચિયાને મળે છે, મોટાં ઝરણાંઓ નાની નદીઓને મળી તળાવ કિંવા સરોવરને મળે છે તથા મોટી નદીઓ નાની શાખા અને પ્રતિશાખાઓ સહ અંતે સમુદ્રમાં મળે છે; તે પ્રમાણે ભૂતોને પૂજનારા મોરીના ગંદા પાણીની જેમ ખાળકુંડીમાં ભટકી ભટકીને અંતે નાની નદીઓ તથા છેવટે મોટી નદીઓ દ્વારા લાંબા કાળે સમુદ્રને જ મળે છે; તેમ તેઓ ભૂતાદિક યોનિઓને પ્રાપ્ત થઈ અનેક જન્મો સુધી ભટકી ભટકીને મહાન દુઃખભોગ ભોગવે છે અને અંતે તો આત્મસ્વરૂપ એવા મને જ પામે છે. તેમ જ પિતૃઓને ભજનારાઓ પિતૃલોકને પામી વળી પાછા સંસારચક્રમાં ભટકે છે તથા દેવતાઓને ભજનારા મોટી નદીની જેમ પ્રથમ તે તે દેવતાઓમાં એક રૂપ થઈ પછી છેવટે આત્મસ્વરૂપ એવા મારામાં જ લયને પામે છે; પરંતુ તેના આ માર્ગો એકદમ સીધા અથવા સરળ નહિ હોવાથી તેઓ તો ક્રમે ક્રમે લાંબા કાળે અસંખ્ય જન્મો સુધી અનેક પ્રકારના અતિશય કષ્ટો અને દુઃખો ભોગવ્યા પછી જ આત્મસ્વરૂપ એવા મને પામે છે; પણ આત્મસ્વરૂપ એવા મારું એટલે તત્ (વૃક્ષાંક ૧) નું સીધું પૂજન કરનારાઓ તો વખત નહિ ગુમાવતાં તત્કાળ મારા આત્મસ્વરૂપને પામે છે. ઉપાસકોને પોતપોતાની ઉપાસના પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે. તે સંબંધે શાસ્ત્રમાં આ મુજબનું વિવેચન છે.

મારા પૂજકો મને જ પામે છે

જેમ માબાપનું આવવું બાળકોના શુભને માટે જ હોય છે તેમ આત્મસ્વરૂપ એવા ભગવાન (વૃક્ષાંક ૧)ના માર્ગરૂપ મહાત્માઓનું આવવું દીન લોકોના શુભને માટે જ છે. તે મુજબ આપ એટલે નારદજી કે જે સાક્ષાત્ નારાયણ સ્વરૂપ જ છો તેમનું આવવું સર્વ પ્રાણીઓના કલ્યાણ માટે જ છે. દેવો પણ મહાપુરુષોની ઉપમાને યોગ્ય નથી, કેમ કે દેવતાઓની વર્તણૂંક તો પ્રાણીઓને માટે કદી સુખકારક પણ હોય છે, તો કાંઈ કાંઈ વખતે દુઃખકારક પણ નીવડે છે; પરંતુ ભગવાન એટલે આત્મા(વૃક્ષાંક ૧)માં નિત્યપ્રતિ ચિત્ત રાખનારા આપ જેવા મહાત્માઓની વર્તણૂંક તો કેવળ સુખને જ આપે છે. દેવતાઓ સુખ આપે તો પણ જેણે જેટલું ભજન કર્યું હોય તેને તેના ભજનના પ્રમાણમાં જ આપી શકે છે, કેમ કે પુરુષ જેટલું કામ કરે તેટલું જ તેનો પડછાયો પણ કરે છે; તેમ મનુષ્ય જેવાં જેવાં કર્મો કરે તેવાં તેવાં ફળો જ દેવતાઓ આપી શકે છે પરંતુ આત્મસ્વરૂપ એવા મહાત્મા તો સેવા વગર સર્વોત્તમ ફળ આપે છે. તાત્પર્ય એ કે, જે જેની જેવી ઉપાસના કરે છે તે તેના સ્વરૂપે જ બને છે પરંતુ આત્મરૂપે ભગવાનની ઉપાસના કરનારાઓ તો આત્મસ્વરૂપ જ બને છે. આથી દેવતાનું વ્રત ધારણ કરનારા દેવોને, પિતરોના વ્રતી પિતરોને અને ભૂતોના પૂજકો ભૂતોને પામે છે તથા આત્મસ્વરૂપ એવા મારા પૂજકો તો મને જ પામે છે, એમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે.

* હું એટલે તત્રૂપ એવો આત્મા (વૃક્ષાંક ૧) છે એમ જાણવું તે જ ખરો તત્ત્વને જાણવાવાળો છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।

तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥

પત્રં પુષ્પં ફલં તોયં

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છેઃ હે પાર્થ! હું આત્મસ્વરૂપ હોવા છતાં મને તે રૂપે નહિ જાણનારા અને અન્ય દેવતારૂપ સમજીને કાં ન હો, પરંતુ જો ભક્તિ વડે ઉપાસના કરે તો તેવા ઉપાસકોની શી ગતી થાય છે, તે તને કહી સંભળાવી. હવે તેઓ જે સાધનો થકી મારું પૂજન, અર્ચન કરે છે તે સાધન સંબંધમાં કહું છું તે સાંભળ. પ્રયતાત્મા એટલે જેનું ચિત્ત નિત્યપ્રતિ એક આત્મામાં જ નિયત થયેલું છે, સતત આત્મનિષ્ઠામાં જ જેની બુદ્ધિ નિત્યપ્રતિ પરોવાયેલી છે, એવા પ્રકારની ભક્તિ વડે જે મને પત્ર, પુષ્પ, ફળ કે જળ ઇત્યાદિ અર્પે છે તે આત્માર્પણ બુદ્ધિરૂપ ભક્તિ વડે અર્પણ થયેલાનો પણ આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) જ અંગીકાર કરું છું. આ સંબંધે શાસ્ત્રમાં પણ આમ કહેવામાં આવ્યું છે.

મારા ભક્તે અર્પણ કરેલું ભાવથી હું ગ્રહણ કરું છું

મારા ભક્તોએ આત્મસ્વરૂપ એવા મને પ્રેમ વડે થોડું પણ અર્પણ કર્યું હોય તો તે મને ઘણું થઈ પડે છે પરંતુ અભક્ત પુરુષોએ મને ગમે તેટલું અર્પણ કર્યું હોય છતાં પણ તેઓ મને પ્રસન્ન કરી શકતા નથી. જે પુરુષ પત્ર, પુષ્પ, ફળ કે જળ મને ભક્તિથી અર્પણ કરે છે, તો ભક્તિથી અર્પણ કરેલી તેની એ વસ્તુઓ સ્વીકારી લઉં છું. કારણ કે તેવા ભક્તનું મન અતિ શુદ્ધ હોય છે (ભા૦ સ્કં૦ ૧૦, અ૦ ૮૧, શ્લોક૦ ૩, ૪.)

આડંબર રહિત પૂજન જ મને પ્રિય છે

તાત્પર્ય એ કે, ભક્ત એટલે જે મારાથી વિભક્ત અથવા જુદો નથી તે. આ પૂજન મારી સાથે ઐક્યરૂપ બની જઈ ભક્તિ કરનારો ભક્ત મારું પૂજન યજન કરવાના ઉદ્દેશથી પત્ર, પુષ્પ, ફળ કે પાણી વગેરે જે જે કાંઈ મને અર્પણ કરે છે, તે તમામ આત્મરૂપ જ બની જાય છે. એટલે જેમ અગ્નિમાં ઘી, તલ વગેરે ગમે તે હવિર્દ્રવ્ય નાખવાથી તમામ એક અગ્નિરૂપ જ બની જાય છે, તેમ આત્મસ્વરૂપ એવા મારી સાથે ઐક્યરૂપ બનેલો ભક્ત તેની શારીરિક, વાચિક, માનસિક ક્રિયાઓ તથા તેનું થતું તમામ કાર્ય પણ આત્મસ્વરૂપ જ બની જાય છે. કેમ કે તેવો ભક્ત તો આત્મસ્વરૂપ એવા એક ભગવાન વિના બીજું કાંઈ પણ દેખતો જ નથી. અંતઃકરણમાં વૃત્તિઓનું ઉત્થાન થાય કે તુરત જ તે ભગવાન સ્વરૂપ જ છે એવા પ્રકારની અર્પણ બુદ્ધિ વડે તમામને ભગવાન(વૃક્ષાંક ૧) માં જ અર્પણ કરી દે છે. આથી જેમ અગ્નિમાં લાકડાં નાખવાથી તે અગ્નિરૂપ જ બની જાય છે તેમ આ ભક્ત પોતે તથા તેનાં તમામ કાર્યો એક એવા ભગવાન અર્થાત્ આત્મા(વૃક્ષાંક ૧)રૂપ જ બની જાય છે; પરંતુ જેઓ આ પ્રમાણે ભક્તભાવના રાખ્યા વિના વિભક્ત એટલે દ્વૈતપણાની ભાવનાનું સેવન કરી ગમે તેટલા ઉપચારો કિંવા સામગ્રીઓ અર્પણ કરવાનો પ્રયત્ન કરે છે તેઓ જેમ તેલ અને પાણીનું મિશ્રણ થઈ તે એકરસ થઈ શકતું નથી કિંવા પ્રકાશ અને અંધકારનું ઐક્ય કદી પણ થવું શક્ય હોતું નથી તેમ અંતર એટલે જુદાપણાનો ભાવ રાખીને ભક્તિ કરનારની તમામ ક્રિયાઓ તથા ગમે તેટલા ઉપચારો આત્મસ્વરૂપ એવા મને કદી પણ સ્પર્શી શકતાં નથી. ઉદ્દેશ એ કે, આત્મસ્વરૂપ ભગવાન(વૃક્ષાંક ૧)થી અભિન્ન ભાવે ઉપાસના કરનાર એટલે કે જે પોતાની બુદ્ધિને આત્મસ્વરૂપ એવા ભગવાનમાંથી બીજે કોઈ તરફ કિંચિન્માત્ર પણ ચલાયમાન થવા દેતો નથી, તે જ ખરો ભક્ત હોઈ તેવા ભક્તોની તમામ ક્રિયાઓ આત્મસ્વરૂપ જ હોય છે. એટલું જ નહિ પરંતુ તેની પાસે ઉપાસનાદિને માટે બીજી કોઈ બાહ્ય સામગ્રી ન હોય અથવા તો એકાદ પાન, ફૂલ, ફળ કે પાણી ઇત્યાદિ ગમે તે હોય તે પણ મને સ્વીકાર્ય છે. પરંતુ દ્વૈતની ભાવનાવડે ગમે તેટલા બાહ્ય ઉપચારોથી પૂજન કરવામાં

આવે તો પણ તે આડંબરરૂપ હોવાથી મને સ્વીકાર્ય નથી; આ મુજબ શ્રીકૃષ્ણ ભગવાનનું અત્રે કથન છે. સાંખ્ય અથવા જ્ઞાનયોગમાં બુદ્ધિને એક આત્મનિષ્ઠામાં જ અચળ રાખવી એવો અભ્યાસક્રમ બતાવેલો છે (જુઓ અધ્યાય ૨ શ્લોક ૩૬ તથા અ૦ ૩, ૪ વગેરે) તે પ્રમાણે ભક્તિયોગમાં બુદ્ધિને એક ભગવાનમાં જ અચળ રાખવી એવું દર્શાવવાનો ભગવાનનો ઉદ્દેશ છે, એ ખાસ ધ્યાનમાં રાખવું.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।

यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥२७॥

તું જે જે કરે છે તે મને અર્પણ કર

હે કૌંતેય! તને જે ભક્તિમાર્ગનું રહસ્ય ઉપર કહ્યું તે તું સારી રીતે સમજ્યોને? એટલા માટે જ તને હું કહું છું કે તું જે કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે, જે તપ કરે છે, તે સર્વ આત્મસ્વરૂપ એવા મનોવૃક્ષાંક ૧ ને)અર્પણ કર. આમાં ભક્તિ કેવી હોવી જોઈએ તથા કેવી રીતે કરવી જોઈએ એ સંબંધે વિવેચન છે. ભક્તિમાર્ગની સ્પષ્ટતાને માટે મુખ્ય જે ભાગવત ધર્મ ઉપર આધાર રાખવામાં આવે છે તે ભાગવત ધર્મ બાબતનો શાસ્ત્રમાં બતાવેલો નિર્ણય નીચે મુજબનો છે:

ભાગવત ધર્મનો મુખ્ય સિદ્ધાંત

નિમિરાજા પૂછે છે: આયુષ્યમાં અડધી ક્ષણનો સત્સંગ પણ મનુષ્યોને માટે મોટો મજાનાનો ભંડાર પ્રાપ્ત થવાની બરાબર આનંદરૂપ થઈ પડે છે. માટે અમો જ્ઞે સાંભળવાને અધિકારી છીએ એમ આપને લાગે તો સર્વનું કલ્યાણ કરનારા ભગવત્ સંબંધી ધર્મો કહો.

કવિયોગેશ્વર કહે છે: આ સંસારમાં દેહાદિકના ઉપર આત્મભાવના અર્થાત્ દેહ એટલે જ આત્મા છે એવી બુદ્ધિ થવાને લીધે નિત્ય ભય વડે વ્યાપેલા પુરુષોને માટે આત્મસ્વરૂપ એવા ભગવાનનાં ચરણારવિંદની ઉપાસના એ જ સર્વ પ્રકારના ભયની નિવૃત્તિ કરનારું સર્વોત્તમ કલ્યાણકારી સાધન છે, એમ હું માનું છું. અજ્ઞાની પુરુષોને પણ અનાયાસે આત્મવસ્તુની પ્રાપ્તિ થાય તે માટે ભગવાને મનુ તથા યાજ્ઞવલ્ક્યાદિ ઋષિઓ દ્વારા અતિરહસ્યરૂપ વર્ણાશ્રમ વગેરે જે ધર્મો સ્વમુખે પોતે જ કહેલા છે તેને તમારે ભાગવત ધર્મ જાણવા. હે રાજન્! ભાગવત ધર્મોનો આશ્રય કરનારો પુરુષ કદી પણ પ્રમાદી થતો નથી. યોગસાધન જ્યાદિમાં જેવાં વિઘ્નો નડે છે તેવાં ભાગવત ધર્મમાં કદી પણ નડતાં નથી. આ ભાગવત ધર્મમાં કોઈ આંખો મીંચીને દોડી જાય છતાં પડતોએ નથી અને ડોકર પણ ખાતો નથી. ઉદ્દેશ એ કે, શ્રુતિ તથા સ્મૃતિઓ એ બે નેત્રો કહેવાય અને તે પૈકી એકને ન જાણનારો કાણો તથા બેને ન જાણનારો આંધળો કહેવાય; જેથી જેઓને વેદ તથા ધર્મશાસ્ત્રનું અર્થાત્ શ્રુતિ, સ્મૃતિ શાસ્ત્રનું જ્ઞાન ન હોય તેવાઓને માટે આ ભાગવત ધર્મનું પાલન કરવાથી પણ આત્મસ્વરૂપનો પ્રાપ્તિ થઈ શકે છે. મનુ તથા યાજ્ઞવલ્ક્યાદિ દ્વારા કહેવાયેલા વર્ણાશ્રમાદિ ધર્મો કે જે ભગવાને પોતે જ કહેલા છે(ઉદ્ધવગીતા ભા૦ સ્કં૦ ૧૧, અ૦ ૭) તે સર્વ ભાગવત ધર્મો છે, એમ મેં પ્રથમ કહ્યું છે. પરંતુ ભાગવત ધર્મનું સારરૂપ રહસ્ય સંક્ષેપમાં હું તને કહું છું તે સાંભળ. "તમામ કર્મો પરમેશ્વર એટલે આત્મસ્વરૂપ એવા ભગવાન(વૃક્ષાંક ૧)ને સમર્પિત કરવાં." તે જ મુખ્ય ભાગવત ધર્મ છે. કેવળ શાસ્ત્રવિધિ અનુસાર કરવામાં આવતાં કર્મો જેવાં સંધ્યા, પૂજન, વૈશ્વદેવાદિ યા તો નિત્યનૈમિત્તિકાદિ કર્મો જ પરમેશ્વરને સમર્પણ કરવાં એમ નહિ પરંતુ કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોવડે, અહંકારથી તથા અધ્યાસથી માની લીધેલા જેમ કે હું બ્રાહ્મણાદિ વર્ણવાળો અથવા બ્રહ્મચર્યાદિ આશ્રમવાળો છું ઇત્યાદિ સ્વભાવાનુસાર જે જે કાંઈ કર્મ કરવામાં આવે છે તે સઘળું આત્મા કિંવા પરમેશ્વરને અર્પણ કરી દેવું, એ જ પરમ ભાગવત ધર્મ છે. આ પ્રમાણે ભાગવત ધર્મનું આચરણ કરનારની સર્વ પ્રકારની કાયિક, વાચિક અને માનસિક આદિ તમામ ક્રિયા પણ ભગવત્ સંબંધી ધર્મરૂપ જ

થાય છે. જો કે અજ્ઞાનથી કલ્પેલો ભય તો જ્ઞાનવડે જ મટે છે તો પણ ઈશ્વરથી વિમુખ એટલે ઈશ્વરને નહિ જાણનાર પુરુષને ઈશ્વરના જ્ઞાનના અભાવે તેની જ માયાથી આ અજ્ઞાન થયેલું હોઈ અજ્ઞાન વડે જ "હું દેહ છું" એવી બુદ્ધિ થઈ છે અને એવી દેહબુદ્ધિ થવાથી જ ભય ઉત્પન્ન થયેલો છે. માટે ગુરુમાં ઈશ્વર અને આત્માની દૃઢ ભાવના રાખી ભયના મૂળ કારણરૂપ માયાના નિયંતા ઈશ્વરનું અનન્ય ભક્તિથી સમજુ પુરુષે ભજન કરવું જોઈએ.

આ દ્વૈત પ્રપંચ વસ્તુતઃ અવિદ્યમાન છે.

વિષયો વડે ચિત્તમાં વિક્ષેપ થતો હોવાથી અનન્ય ભક્તિ શી રીતે થઈ શકે તથા અનન્ય ભક્તિ ન થાય તો પછી અભય થવાની તો વાત જ કયાંથી? એવી શંકા થવા સંભવ છે, પરંતુ તેવી શંકા કરવાનું પ્રયોજન નથી. કારણ કે આ વિષયવાળો દૃશ્ય વા દ્વૈત પ્રપંચ વાસ્તવિક રીતે તો અવિદ્યમાન છે એટલે વસ્તુતઃ છે જ નહિ. છતાં પણ ચિંતન કરનારા પુરુષને સ્વપ્ન કિંવા મનોરાજ્યની પેઠે તો જાણે તે સત્ય જ હોય એમ મન વડે ભાસે છે. માટે બુદ્ધિમાન પુરુષે મિથ્યા કર્મોના સંકલ્પવિકલ્પ કરનારા મનને રોકવું જોઈએ એટલે મનમાં ઉત્પન્ન થતો દરેક સંકલ્પ આત્મસ્વરૂપ એવા ભગવાનરૂપ છે એ રીતે અંતઃકરણમાંથી સંકલ્પ ઊઠતાંની સાથે જ તેને તુરત દાબી દેવો જોઈએ. આ યુક્તિ મનને રોકવારૂપ અનન્ય (અન=નહિ+ અન્ય=બીજો; બીજો નહિ એ અનન્ય) ભક્તિથી નિત્યપ્રતિ ભગવાનનું ભજન થતાં અભયતા પ્રાપ્ત થાય છે.

અવિચ્છિન્ન ભગવાનની જ ભક્તિ કરવી

આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નક્ષત્રાદિક, તેજ, સમસ્ત પ્રાણીઓ, દિશાઓ, સમુદ્રો તથા જે જે કાંઈ દેખાય છે તે તમામ પદાર્થો એ સઘળું ભગવાનનું જ રૂપ છે એમ સમજીને તે સર્વને પ્રણામ કરવા જોઈએ. આવી ગતિ યોગીઓને માટે પણ ઘણા જન્મો થવા છતાં દુર્લભ છે તો પછી કેવળ આ રીતે અનન્ય ભાવે કીર્તનમાત્રથી અને એક જ જન્મમાં તે શી રીતે પ્રાપ્ત થાય? એવી શંકા રાખવી નહિ; કેમ કે જેમ ભોજન કરનાર પુરુષને કોળિયે કોળિયે નહિ પરંતુ કણીએ કણીએ ઉદર પોષણ થઈ તે ક્ષુધાની નિવૃત્તિ કરે છે તથા સુખ આપે છે તેમ આત્મસ્વરૂપ એવા ભગવાનનું ભજન કરનારા પુરુષને નિત્યપ્રતિ ભગવત્ પ્રેમમાં નિમગ્ન બનવારૂપ ભક્તિ, ભગવત્ સ્વરૂપની સ્ફૂર્તિ તથા ગૃહાદિ પ્રત્યે વૈરાગ્ય એ ત્રણે બાબતો એક સાથે જ થાય છે. જેમ ઘણા કોળિયા જમવા થકી સુખાદિક વધતાં જતાં અંતે પરમ સુખાદિક થાય તેમ નિત્યપ્રતિ દરેક દૃશ્યાદિમાં ભગવાનની ભાવના કરી તેનું જ સતત ભજન કરવાથી ભક્તિ વગેરે વધતાં પરમપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે અવિચ્છિન્ન એટલે જરા પણ ખંડ પડ્યા સિવાય અચ્યુત અર્થાત્ જે કદી આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) સ્થાનેથી ચ્યુત થતો નથી અર્થાત્ નીચે પડતો નથી, તેવા ભગવાનનું ભજન કરનારા ભક્તને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રબળ થતાં અંતે સાક્ષાત્ પરમ શાંતિ પ્રાપ્ત થાય છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨ શ્લો૦ ૨૮થી૪૩).

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।

सन्न्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥२८॥

કર્મબંધનમાંથી છૂટી મોક્ષને પામીશ

ભગવાન આગળ કહે છે : હે પાર્થ! તને ઉપર દરેક કર્મોને આત્મસ્વરૂપ એવા ભગવાનમાં અર્પણ કરવારૂપ સંન્યાસયોગ કહ્યો. તે પ્રમાણે તમામ કર્મોને આત્મા:ર્પણ કરનારો એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને દાબી દેનારો જે હંમેશ આત્મામાં જ યુક્ત છે એવો યુક્તાત્મા; કર્મ થતાં રહેવા છતાં પણ તે કર્મ અને તેનાં શુભાશુભ ફળોના બંધનોથી હંમેશ મુક્ત જ રહે છે માટે તું પણ જો આ પ્રમાણે આચરણ કરીશ તો તેથી વિમુક્ત

એટલે તમામ પાશમાંથી સર્વ રીતે છૂટી અંતે આત્મસ્વરૂપ એવા મને જ પામીશ અર્થાત્ મારા સાચા આત્મસ્વરૂપ સાથે એકરૂપ બની જઈશ.

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥૨૯॥

મને કોઈ દ્વેષ્ય કિંવા પ્રિય નથી

આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) સર્વ ભૂતોમાં સમાન છું. મારે કોઈ દ્વેષ્ય એટલે અપ્રિય નથી કે કોઈ પ્રિય નથી, છતાં જેઓ મને એટલે આત્મા (વૃક્ષાંક ૧)ને એકનિષ્ઠ ભક્તિ વડે ભજે છે તેઓ મારામાં છે અને હું પણ તેઓમાં છું. ઉદ્દેશ એ કે, આત્મસ્વરૂપ એવો હું(વૃક્ષાંક ૧) સર્વ ભૂતમાત્રમાં સમાન એટલે સરખો જ છે. જેમ ઘર કિંવા મઠની અંદર રહેલું આકાશ તો એક સરખું જ હોય છે. ઘડામાં રહેલું આકાશ એક પ્રકારનું તથા ઘરમાં રહેલું બીજા પ્રકારનું હોય છે એમ બનતું નથી. આકાશને ઘટ નાનો હોવાથી અપ્રિય અને મઠ મોટો હોવાથી પ્રિય છે એમ હોતું નથી. તેમ આત્મસ્વરૂપ એવા મારામાં આ દ્વેષ કરવા યોગ્ય અથવા આ પ્રીતિ કરવા યોગ્ય એવા પ્રકારના બંને ભાવો કદીપણ હોતા નથી. છતાં ઉપર જણાવ્યા પ્રમાણે જે આત્મસ્વરૂપ એવા મારામાં જ વૃત્તિને સર્વ રીતે રોકી રાખી આત્મસ્વરૂપમાંથી અન્ય કોઈપણ જગાએ સહેજે ચલાયમાન થવા નહિ દેનારા એકનિષ્ઠમક્તો મને ભક્તિથી ભજે છે, તેઓ તે એટલે આત્મસ્વરૂપ એવા હું (વૃક્ષાંક ૧) વિષે છે તથા તેમાં (વૃક્ષાંક ૨થી ૧૫ ઘ)ના વિષે આત્મસ્વરૂપ એવો હું (વૃક્ષાંક ૧) છે, એમ સમજો. સ્પષ્ટતા માટે દૃષ્ટાંત કહું છું.

પરસ્પર એક બીજાની ઓળખનું દૃષ્ટાંત

એક સદ્ગૃહસ્થ સંસારથી કંટાળીને પોતાની સ્ત્રી તથા એક વર્ષના પુત્રને છોડીને નાસી ગયા. આમ ઘણાં વર્ષો સુધી ભિક્ષાવૃત્તિ કરી વિચરતા હતા ત્યારે ફરતા ફરતા એક વખતે કોઈ મોટા શહેરમાં આવી ચઢ્યા. ત્યાં તેમને દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. ઈશ્વર કૃપાથી તેઓ સારા શ્રીમંત બન્યા. આ મુજબ પંદર, સત્તર વર્ષનો લાંબો કાળ વહી ગયો. તે પછી તેમને પુત્ર અને સ્ત્રીને મળવાની ઉત્કંઠા થઈ. તેથી તેઓ પોતાના દેશ તરફ જવા નીકળ્યા. આ તરફ તેઓ સંસાર છોડી ગયા પછી તેમની સ્ત્રી અને પુત્ર નિરાધાર બન્યાં તથા ગામમાં ભિક્ષાવૃત્તિ કરીને જ પેટ ભરવા લાગ્યાં. છોકરો ધીરે ધીરે મોટો થયો અને દસ, બાર વર્ષની ઉંમરે નોકરી કરવા લાગ્યો. તે જે ગૃહસ્થને ત્યાં નોકરીએ રહ્યો હતો તે ગૃહસ્થ વેપારને અંગે આ શહેરમાં જ રહેતા હતા તેથી તેઓ પોતાની સાથે આ છોકરાને પણ ત્યાં લાવ્યા. કેટલાએક વર્ષો પછી શેઠની સ્થિતિ તંગ બનવાથી તેમને નોકરોને રજા આપવી પડી. પછી તે છોકરો નોકરીની શોધ કરવા લાગ્યો અને કોઈકની ભલામણથી છેવટે આ શ્રીમંત ગૃહસ્થ કે જે તેના પિતા હતા તેમને ત્યાં નોકરીમાં રહ્યો. કેટલોક સમય વિત્યા બાદ શેઠ જ્યારે પોતાના દેશ તરફ જવા નીકળ્યા ત્યારે પોતાની સાથે આ નવા નોકરને પણ લીધો હતો. ગામમાં પહોંચ્યા પછી તપાસ કરતાં સ્ત્રી પુત્રના ખૂરા હાલ થયેલા જાણી તેને ઘણું દુઃખ થયું. તેમણે પોતાની સ્ત્રીની શોધ કરાવી અને પોતાની પાસે બોલાવી મંગાવી, તેને જોતાં જ શેઠની સાથે આવેલો છોકરો 'એ મારી મા' એમ કહીને તેને વહાલથી ભેટી પડ્યો. શેઠ વસ્તુસ્થિતિ તરત જ સમજી ગયા. તેમણે પોતાના પુત્રને ઓળખ્યો તથા પુત્રે પિતાને ઓળખ્યા. આ રીતે પરસ્પર એકબીજાની ઓળખાણ થઈ.

આ હું એટલે શરીર જ

ભગવાન કહે છે કે : હે અર્જુન! આ પ્રમાણે હું એટલે આ શરીરધારી કિંવા મર્યાદિત એવો કૃષ્ણ નહિ પરંતુ ચરાચરમાં વ્યાપક એવો આત્મા(વૃક્ષાંક ૧)છું; એવા પ્રકારના જ્ઞાન વડે જે ભક્ત મને ભજે

છે તેવા એકનિષ્ઠ ભક્તમાં આત્મસ્વરૂપ એવો હું છું તથા મારામાં તે છે. તાત્પર્ય એ કે, દરેક દરેક ભૂતમાત્ર પોતાને માટે હું છું એમ કહે છે. પણ આ હું, હું એવું કહેનાર કોણ છે, તેને નહિ ઓળખતાં આ હું એટલે શરીર જ એમ કલ્પી લઈ તેવો અધ્યાસ દૃઢ કરે છે. આ મુજબ જગતમાં સર્વત્ર 'હું'ના સાચા સ્વરૂપની ઓળખાણ થયા વગર મિથ્યા અધ્યાસ વડે હું એટલે દેહ જ એમ માની લઈ વ્યવહાર ચાલી રહેલો જોવામાં આવે છે. આ સર્વના હૃદયમાં સ્ફુરણ પામનારો એવો આ હું(વૃક્ષાંક ૩) છે એમ સમજો. હવે આ હું કોણ? એવો વિચાર કરી તે હું એટલે શરીર નહિ પરંતુ આત્મા કિંવા ભગવાન(વૃક્ષાંક ૧) છે એમ સમજીને જે ભક્ત આત્મસ્વરૂપ એવા મારી(વૃક્ષાંક ૧)ની ઉપાસના કરે છે, તેવા ભક્તરૂપ હું (વૃક્ષાંક ૩)ને પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન થવાથી તે ભક્તરૂપ હું (વૃક્ષાંક ૩) આત્માને તથા ભગવત્ સ્વરૂપ આત્મા (વૃક્ષાંક ૧), આ ભક્તરૂપ હું (વૃક્ષાંક ૩)ને ઓળખે છે, એમ જાણવું. આ રીતે જ્ઞાન થવાથી તે પરસ્પર એક બીજાને ઓળખી શકે છે, પરંતુ હીરાની પરીક્ષા નહીં હોવાને લીધે તે પાસે પડેલો હોવા છતાં પણ કાચ છે એમ માનવામાં આવે છે તે પ્રમાણે સ્વસ્વરૂપના જ્ઞાનના અભાવથી આત્મા સર્વત્ર વ્યાપક હોવા છતાં પણ તેને આત્મસ્વરૂપે નહીં ઓળખતાં હું, તું, આ, તે ઇત્યાદિ મર્યાદિત એવા અનેક આકારો વડે પ્રતીત થનારા દૃશ્ય જગતાદિરૂપે જુએ છે.

'હું' માં 'તે' અને 'તે' માં 'હું'

ઉદ્દેશ એ કે, કોઈપણ વસ્તુનું અસ્તિત્વ હોવા છતાં તેનું જો જ્ઞાન ન હોય તો તે નિરર્થક જ છે. તેમ આત્મા ચરાચરમાં વ્યાપક હોવા છતાં પણ તેનું જ્ઞાન નહિ હોવાને લીધે આ મિથ્યા સંસારરૂપ મોહ તથા તેમાંના સુખદુઃખાદિની નિવૃત્તિ થતી નથી. આથી ભગવાને અત્રે કહ્યું છે કે જે ભક્ત મને ભજે છે એટલે આત્માને જાણે છે, તેમાં 'હું' તથા 'હું' માં તે છે, એમ ભગવાને અહીં સાપેક્ષ ભાવે કહેલું છે. અર્થાત્ અજ્ઞાનીઓ આ સર્વ દૃશ્ય આત્મસ્વરૂપ હોવા છતાં તેને આત્મસ્વરૂપે નહિ ઓળખતાં જગતરૂપે સમજે છે, પરંતુ જ્ઞાનીઓ તો તત્ત્વથી જાણવા યોગ્ય એવું આત્મસ્વરૂપ એટલે તત્ રૂપ "હું"(વૃક્ષાંક ૧) સર્વમાં સમભાવે રહેલો છે, તેને તો કોઈ પ્રિય અથવા દ્વેષ્ય નથી એમ જાણે છે. આ મુજબ આત્માની સ્થિતિ હોવા છતાં પણ જે ભક્તો મને એટલે આત્માને "હું" (વૃક્ષાંક ૧)ને જ્ઞાનયુક્ત ભક્તિથી ભજે છે તેઓ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) તે તત્ રૂપ "હું"(વૃક્ષાંક ૧)માં હોય છે અને હું અર્થાત્ તત્(વૃક્ષાંક ૧) તેઓ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)માં હોય છે, એમ સમજ.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।

साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥३०॥

દુરાચારી કે સાધુ

ભગવાન કહે છે કે: હે પાર્થ! જે મને એટલે આત્માને અનન્ય અર્થાત્ દ્વૈતભાવ છોડી ઐક્ય ભાવથી ભજે છે તે ગમે તેવો દુરાચારી પણ કાં ન હોય, છતાં પણ તેને સાધુ જ સમજવો જોઈએ. કેમ કે તે સમ્યક્ એટલે આત્મસ્વરૂપના ઉત્તમ પ્રકારના નિશ્ચયવાળો છે. તાત્પર્ય એ કે, વ્યવહારદૃષ્ટિમાં અતિનિંદિત ધંધો કરનારો અતિશય ક્રૂર, ચાંડાળ કિંવા જેનો આચાર અત્યંત ખરાબ છે તેવો દુરાચારી કેમ ના હોય પરંતુ જો તે ઉપર બતાવી ગયા તેમ અનન્ય એટલે જુદાપણાની ભાવના નહિ રાખતા ઐક્ય ભાવવડે આત્મસ્વરૂપ એવા મને ભજે, તો તેને પણ મહાન સાધુ જાણવો કેમ કે તે આત્મસ્વરૂપના ઉત્તમ નિશ્ચયવાળો છે. સારાંશ વ્યવહારમાં કોઈ ગમે તે ધંધો કરનારો હોય, પૂર્વ પ્રારબ્ધ અનુસાર યથાપ્રાપ્ત જે કર્મ કરવાનું માથે આવી પડ્યું હોય તે કરવા છતાં બુદ્ધિને ભગવાનમાં જોડીને તેવા એક નિશ્ચય વડે તમામ કાર્યો આત્માર્પણ દૃષ્ટિએ જે કરવામાં આવે તો ન્યાતિ, જાતિ કુળ, ઉંચ નીચ કર્મ ઇત્યાદિ કથાનો પણ બાધ

આવતો નથી. ભાગવત્ ધર્મમાં દરેક કાર્ય ઈશ્વરાર્પણ કરવું એમ જે ઉપર કહેવામાં આવ્યું છે તેની સિદ્ધિ એટલે કે ભક્તિમાર્ગનું મુખ્ય લક્ષણ ભગવાન અત્રે બતાવી રહ્યા છે. આ ભક્તિમાર્ગમાં હું તથા મારું ઇત્યાદિ તમામ ભાવોનો ત્યાગ કરી દેવો જોઈએ તથા આ દેહ, વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિ વડે ભાસતું તમામ દૃશ્યમાત્ર(જગત) આત્મસ્વરૂપ એવા ભગવાનનું જ રૂપ છે, ભગવાન સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારનો દૃઢ નિશ્ચય કરી અંતઃકરણમાં ભગવાન વગર બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા નહિ પામે કિંવા જે જે સંકલ્પ વિકલ્પોની સ્ફુરણા થાય તેની ઉત્પત્તિ થતાંની સાથે તરત તે આત્મસ્વરૂપ એવા ભગવાનનું જ રૂપ છે, એ રીતની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવી જોઈએ. આટલું જ એક કાર્ય કરવાનું હોય છે. આનું જ નામ ઈશ્વરાર્પણ. ભક્તિ માર્ગ તે આ જ. આ ભક્તિમાર્ગનું અવલંબન કરનારને જાતિ, કુળ, વર્ણ, નીચઊંચપણું કિંવા ઊંચાપ્રકારનો ધંધો ઇત્યાદિ કશાની પણ અડચણ આવતી નથી.

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।

कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥३१॥

મારો ભક્ત કદી પણ વિનાશને પામતો નથી

ઉપર બતાવ્યા પ્રમાણે એક ભગવાનના જ નિશ્ચયમાં સ્થિર થયેલો તત્કાળ ધર્માત્મા એટલે આત્મધર્મવાળો થાય છે. અર્થાત્ જેમ અગ્નિમાં નાખવામાં આવેલાં લાકડાં જેમ અગ્નિરૂપ બને છે તેમ આત્માને ધારણ કરવાવાળા તે ધર્માત્માનાં શરીર, વાણી, મન અને બુદ્ધિ વગેરે દ્વારા થતાં તમામ કર્મો આત્મસ્વરૂપ જ બની જાય છે, આથી તે હંમેશને માટે એટલે કાયમી શાંતિને પામે છે. હે કુંતિપુત્ર! હું તને પ્રતિજ્ઞાથી કહું છું કે આત્મસ્વરૂપ બનેલો એવો મારો એકનિષ્ઠ ભક્ત કદી પણ વિનાશને પામતો નથી; પછી તે વ્યવહારદૃષ્ટિએ ગમે તેવું હલકું યા શ્રેષ્ઠ કાર્ય કરનારો હોય.

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।

स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥३२॥

મારી ભક્તિ કરવા માટે જ્ઞાતિવર્ણાદિની અડચણો નથી

હે પાર્થ! ફરીથી કહું છું તે સાંભળ. દૃઢ નિશ્ચય વડે આત્મસ્વરૂપ એવા મારો આશ્રય કરીને રહેનાર પછી તે પાપયોનિમાં જન્મેલો મહાન નીચ કિંવા ચંડાળ હો, સ્ત્રી હો, વૈશ્ય એટલે વ્યવહાર દૃષ્ટિએ હલકો અથવા તો ઉત્તમ પ્રકારનો ગમે તેવો ધંધો કરનારો હો, બાળક હો, અથવા વૃદ્ધ હો અથવા શુદ્ર હો અર્થાત્ શાસ્ત્ર વગેરે કાંઈ જાણતો ન હો, તે પણ પરમગતિને પામે છે. ઉદ્દેશ એ કે, આ ભક્તિ માર્ગમાં કાંઈ ભણવાની, જાણવાની, કાંઈ છોડવાની, અમુક કરવાની કિંવા અમુક નહિ કરવાની ઇત્યાદિ કથાની જરૂર નથી તેમ જ તેમાં જ્ઞાતિ, જાતિ, વર્ણ, ધંધો ઇત્યાદિ કશા ભેદભાવની અડચણ પણ આવતી નથી. વળી તેમાં અમુક અધિકારી છે અને અમુક અધિકારી નથી વગેરેનો ભેદભાવ પણ નથી તેમ જ તેમાં શાસ્ત્રના અભ્યાસની કિંવા ઇતર કોઈ પણ પ્રકારની કિંચિન્માત્ર અડચણો આવી શકતી નથી.

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥३३॥

મને ભજવામાં કોઈને પણ પ્રતિબંધ નથી

આ મુજબનો ગમે તેવો અધમમાં અધમ અને નીચમાં નીચ યોનિમાં જન્મેલો મનુષ્ય પશુ આ એકનિષ્ઠાયુક્ત ભક્તિમાર્ગનું અવલંબન કરવાથી પરમગતિને પામે છે. તો પછી બ્રાહ્મણો તથા જેઓનું આચરણ

આત્મરૂપ બનેલા તત્ત્વવિદ્ ઋષિઓ સમાન છે એવા રાજર્ષિઓ તથા પરમ પવિત્ર ભક્તો માટે તો શું કહેવું? અર્થાત્ તેઓ પરમ પવિત્ર ગતિને પામે તેમાં શી નવાઈ? અનિત્ય ને દુઃખવડે વ્યાપી રહેલા એવા આ લોકને પામેલા કોઈ પણ જીવો આત્મરૂપ એવા મને ભજી શકે છે. તાત્પર્ય એ કે, જેઓ અનિત્ય એટલે કાયમ નહિ રહેનારા, અસુખ એટલે સર્વત્ર દુઃખ જ વ્યાપેલું છે એવા આ મૃત્યુલોકમાં જન્મેલા કોઈ પણ મનુષ્યો આત્મસ્વરૂપ મને એટલે કે ભગવાન (વૃક્ષાંક ૬)ને ભજીને પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. ઉદ્દેશ એ કે, મને ભજવામાં કોઈ પણ મનુષ્યને પ્રતિબંધ નથી. અજ્ઞાનતાથી પણ આત્મસ્વરૂપ એવા નારાયણનું નામ લેનાર અજામિલ જેવા મહાપાપીનો ઉદ્ધાર નિત્યપ્રતિ પુત્રને ઉદ્દેશી કાં ન હો, પરંતુ નારાયણ નામમાં જ પરાયણ થવાથી કેવી રીતે થયો તે સંબંધમાં યમદૂતો પ્રત્યે વિષ્ણુદૂતોએ કહેલું ભક્તિનું રહસ્ય સંક્ષેપમાં નીચે આપવામાં આવે તો તે અયોગ્ય ગણાશે નહિ.

આત્મસ્વરૂપ ભગવાનના નામનો મહિમા

વિષ્ણુદૂતો બોલ્યા: અહો! મોટા ખેદની વાત છે કે ધર્મરાજની સભામાં પણ અધર્મ જોવામાં આવે છે, કેમ કે જ્યાં પાપરહિત અને શિક્ષાપાત્ર નથી એવા લોકોને પણ વૃથા શિક્ષા કરવામાં આવે છે. જે ધર્મનો ન્યાય કરનારા ન્યાયાધીશો પ્રજાઓના પિતા ગણાય છે તેઓ તો શિક્ષાપાત્રને જ શિક્ષા કરે છે અને સર્વત્ર સમાન દૃષ્ટિવાળા હોય છે, તેઓમાં પણ જો આ રીતે વિષમતા થાય તો પછી પ્રજા કોને શરણે જાય? આ જગતમાં જે કોઈ શ્રેષ્ઠ પુરુષ હોય છે તે જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા સામાન્ય લોકો પણ કરે છે તથા શ્રેષ્ઠ પુરુષ જે વસ્તુને માન્ય કરે છે તેને જ બીજા પ્રમાણભૂત ગણીને માન્ય કરે છે. આ અજામિલે તો પોતાના કરોડો જન્મનું પ્રાયશ્ચિત કરી નાંખ્યું છે. કારણ કે તેણે પરાધિન અવસ્થામાં (વગર સમજે) પણ સર્વ કલ્યાણોના આધાર અને આત્મસ્વરૂપ એવા શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યું છે. આ અજામિલે પુત્રને ઉદ્દેશીને માત્ર આભાસથી કાં ન હો પણ **'નારાયણ આવ।'** હે નારાયણ! તું આમ આવ' એમ કહી ચાર અક્ષરવાળું આત્મસ્વરૂપ એવા ભગવાનનું નામ અંતકાળના સમયે ઉચ્ચાર્યું છે તે સમયના નામોચ્ચારણથી પાપીના તમામ પાપોનું પ્રાયશ્ચિત થઈ ચૂકયું છે. પાપકર્મોનો સમૂળગો વિનાશ ઇચ્છતા પુરુષોએ તો શ્રીહરિના ગુણાનુવાદરૂપે પ્રાયશ્ચિત જ કરવું જોઈએ. કારણ કે એ પ્રાયશ્ચિત ચિત્તની શુદ્ધિ કરનારું છે. માટે જેણે આ પ્રમાણે સર્વ પાપનું પ્રાયશ્ચિત કર્યું છે એવા આ અજામિલને હે યમદૂતો! તમોએ યમદેવ પાસે લઈ જવો જોઈએ નહિ. આણે મરતાં મરતાં અંતે ભગવાનનું નામ લીધું છે. વિદ્વાનો કહે છે કે પુત્રાદિકના નામ ઉપરથી, મશ્કરીથી, ગાવાનો આલાપ કરવા સારુ, ગાળ દઈને અથવા ગમે તે નિમિત્તથી અંતકાળે જો આત્માથી અભિન્ન ભાવે ભગવાનનું નામ લેવાય તો કેવળ તેના એક નામ વડે જ સર્વ પાપો બળીને ભસ્મ થઈ જાય છે, એવો સિદ્ધાંત છે. પડતાં, ઠેશ વાગતાં, હાડકાં ભાંગતાં, સર્પદંશ થતો હોય તે વખતે, તાવ વગેરેની પીડા થતી હોય ત્યારે અથવા લાકડી વગેરેના માર વખતે, આ રીતે જે મનુષ્ય હતાશ થઈને પરવશ અવસ્થામાં પણ આત્માથી જુદા નથી એવા ભગવાનનું ઐક્યભાવે નામ લે તો તેને યમપુરીનાં કષ્ટો ભોગવવાં પડતાં નથી. અંતકાળે જ્ઞાનથી કિંવા અજ્ઞાનથી કોઈ પણ વ્યાવહારિક કામના સિવાય લેવાયેલું ભગવાનનું નામ જેમ બાળકે અજ્ઞાનથી નાખેલો અગ્નિ પણ ઘાસના ગંજને બાળી નાંખે છે તેમ મનુષ્યનાં સઘળાં પાપોને બાળીને ભસ્મ કરી નાખે છે. જેમ કોઈ દિવ્ય ઔષધિનો અજાણતાં અને અશ્રદ્ધાએ પણ ઉપયોગ કર્યો હોય તો પણ તે પોતાનો ગુણ દેખાડ્યા વગર રહેતી નથી તેમ આત્મૈકયરૂપ એવા ભગવાનના નામરૂપી મંત્ર, અંતકાળે કોઈના ઉપદેશ વગર અને શ્રદ્ધા વગર બોલાઈ જાય તો પણ તે પોતાનું કાર્ય કર્યા વગર રહેતો નથી. હે યમદૂતો! અમોએ કહેલા નામની મહત્તારૂપ ધર્મ વિષયમાં જો તમોને કાંઈ શંકા હશે તો તે તમારા સ્વામી યમદેવ(ધર્મરાજા)ને પૂછી જોજો; કેમ કે તે ધર્મરાજ યમદેવ ધર્મનાં પરમ ગુહ્ય રહસ્યોને જાણે છે (શ્રી ભા૦ સ્કં૦ ૬ અ૦ ૨).

ઇંદ્રિયોને વિષયોમાંથી પરાવૃત્ત કરી ઈશ્વરપરાયણ કરવી

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : હે અર્જુન! જ્યારે આમ અજ્ઞાનતાથી આત્મસ્વરૂપ એવા ભગવાનનું નામ અંતકાળે લેવામાં આવે તો પણ તેનાં તમામ પાપો નષ્ટ થાય છે તો પછી સમજપૂર્વક અને બુદ્ધિને બીજે ક્યાંય પણ નહિ જવા દેતાં નિત્યપ્રતિ કેવળ એક આત્મસ્વરૂપ એવા મારામાં જ પરોવવામાં આવે તથા યથાપ્રાપ્ત વ્યવહાર કરવામાં આવે તો તે પરમગતિને પ્રાપ્ત થાય તેમાં તો શંકા જ શી? મન, વચન, દૃષ્ટિ તથા બીજા સર્વ ઇંદ્રિયોના વ્યાપારોનું સાક્ષાત્ ફળ તો એ જ છે કે, તેવા થતા તમામ વ્યાપારો થકી કેવળ એક ચિદેકરસ એવા મારું(આત્માનું) જ આરાધન થતું હોવું જોઈએ. કેમ કે એ રીતે સર્વ વ્યાપારને તેમના વિષયોમાંથી પરાવૃત્ત કરીને આત્મસ્વરૂપ એવા મારામાં જ અર્પણ કરવારૂપ મારું(આત્માનું) સ્મરણ કર્યા વિના પુરુષ મહામોહરૂપી આ કાળના પાશમાંથી મુક્ત થવાને સમર્થ થતો નથી એવો શાસ્ત્રસિદ્ધાંત છે (ભા૦ સ્કં૦ ૫ અ૦ ૫ શ્લો૦ ૨૭).

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।

मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

મારા વડે યુક્ત થયેલો અંતે તું મને જ પામીશ

ભગવાન આગળ કહે છે : હે મહાબાહો! હું તને જે વારંવાર કહી રહ્યો છું તે તું લક્ષ્યપૂર્વક સાંભળ. આત્મસ્વરૂપ એવા મારામાં જ મનવાળો થા, મારાથી કિંચિન્માત્ર પણ જુદો નહિ એવો ઐક્યરૂપ મારો ભક્ત થા. મારું જ યજન કર અને મને જ નમસ્કાર કર. આ રીતે હંમેશાં આત્મરૂપ એવા મારા વડે યુક્ત થઈ મારે પરાયણ થયેલો તું અંતે મને(આત્માને) જ પામીશ. કહેવાનો આશય એ છે કે, મન વડે જે જે સંકલ્પો ઉત્પન્ન થાય તે તમામને અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે તરત જ તે આત્મસ્વરૂપ છે એવી રીતે સમજી મારામાં જ અર્પણ કર, આત્મસ્વરૂપ એવા મારાથી જુદો નહિ એવો મારામાં જ ઐક્ય પામેલો મારો ભક્ત થા, આત્મસ્વરૂપ એવા મારું યજન પૂજન કર અને આત્માથી અભિન્ન એવા મને જ પ્રણામ કર. સંક્ષેપમાં એટલું કહેવાનું કે તું જે જે ક્રિયા શરીર, વાણી, મન કે બુદ્ધિ વડે કરે તે તમામ મત્ પરાયણ એટલે આત્મસ્વરૂપ એવા મારામાં જ એકરૂપ થઈને કર, તથા તેવો હું એટલે આત્મા છે, આત્માથી કિંચિન્માત્ર પણ કાંઈ ભિન્ન નથી એવા પ્રકારે તું જ્યારે આત્માની સાથે યુક્ત અર્થાત્ જોડાઈને વા તદ્રૂપ થઈને કરીશ એટલે અંતે આત્મસ્વરૂપ એવા મને જ પામીશ. અર્થાત્ તું આત્મસ્વરૂપની સાથે જ તદાકાર થઈ જઈશ. જેમ નદી સમુદ્રને મળવાથી સમુદ્રરૂપ થઈ જાય છે તેમ તું પણ આત્મસ્વરૂપ એવા હું(વૃક્ષાંક ૧)રૂપમાં જ ઐક્યને પામીશ.

અત્યાર સુધી બતાવી ગયા તે સર્વ કથનનો ભાવાર્થ ભગવાને આ શ્લોકમાં સ્પષ્ટ કરેલો છે. મારામાં એટલે તત્રૂપ એવા હું (વૃક્ષાંક ૧)માં મને સ્થિર રાખ. મારો એટલે તત્રૂપ હું(વૃક્ષાંક ૧)નો જ ભક્ત થા. જે તત્રૂપ એવા આત્મપદથી વિભક્ત નથી તે જ ભક્ત કહેવાય; એ વ્યવહારના પ્રચલિત અર્થાનુસાર પણ હું રૂપ એટલે તત્ કિંવા આત્મસ્વરૂપ જ થા. મારું એટલે તત્નું જ યજનપૂજન કર તથા આત્મસ્વરૂપ એવા મને (વૃક્ષાંક ૧ ને) જ નમસ્કાર કર. આ પ્રમાણે તત્ પરાયણ એટલે તત્રૂપ એવા હું(વૃક્ષાંક ૧)રૂપ થવાથી તું (ત્વમ્ વૃક્ષાંક ૩નો હું) અંતે મને અર્થાત્) તત્રૂપ હું(આત્મા વૃક્ષાંક ૧) ને જ પ્રાપ્ત થઈશ. આ સુજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને સાક્ષી કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨ ભાવમાં સ્થિર રહીને તથા અર્જુનને ત્વમ્ (તું) એટલે હું(વૃક્ષાંક ૩)ના ભાવમાં સ્થિત કરીને આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧ તત્રૂપ) થવાને માટે સ્થળે સ્થળે ઉપદેશ આપેલો છે.

અધ્યાય ૧૦

શ્રી ભગવાનુવાચ—

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।

यत्ते हं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥

પરમ અને હિતકારી વચન સાંભળ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે મહાબાહો! અત્યાર સુધી તને જે કહેવામાં આવ્યું તે તારી સમજમાં આવ્યું કે? વળી બીજું પણ પરમ ઉત્તમ બોધરૂપ વચન કહું છું તે લક્ષપૂર્વક સાંભળ, કેમ કે તું મને અત્યંત પ્રિય હોવાથી તારા હિતની ઇચ્છાથી હું તને તે કહી રહ્યો છું. આ વિષય એ કે અત્યંત ગૂઢ છે એટલે કે સમજી ન શકાય એવો અત્યંત ગહન છે છતાં તારા ઉપર મને અત્યંત પ્રીતિ હોવાથી હું તને તે સમજાવી રહ્યો છું, માટે તું તેનું અત્યંત કાળજીથી અને લક્ષપૂર્વક શ્રવણ કર. જેમની બુદ્ધિ તદ્દન નિર્મળ અને શુદ્ધ હોય તે જ મારું આ વચન સમજી શકશે. અરે આત્મસ્વરૂપ એવા મારા સ્વરૂપનો ઉપદેશ તો કોઈ થકી પણ થઈ શકે તેમ નથી, એવું તે અનિર્વચનીય છે, છતાં હું પોતે જ તને તે કહી રહ્યો છું. માટે મારું આ પરમ હિતકારક વચન તું ધ્યાન દઈ સાંભળ.

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।

अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥

દેવતા અને મહર્ષિઓ પણ મારા મૂળને જાણતા નથી

મારા પ્રભવ એટલે મૂળને દેવતાઓના ગણો અથવા મહર્ષિઓ પણ જાણતા નથી. કેમ કે આ દેવતાઓ અને મહર્ષિઓનો આદિ તો સર્વ પ્રકારે આત્મસ્વરૂપ અર્થાત્ અનિર્વચનીય એવો હું જ છે. સૂર્યનો પ્રકાશ જોવાને માટે શું મશાલનો ઉપયોગ થઈ શકે ખરો કે? કિંવા પ્રતિબિંબો શું બિંબને જોઈ શકે છે ખરાં કે? તેમ સર્વ રીતે આદિ એવો હું(વૃક્ષાંક ૨) આ સમગ્રના કેવળ એક સાક્ષીરૂપ છું તથા તે હું એટલે તત્ કિંવા આત્મા (વૃક્ષાંક ૧) છે. 'હું' જ સર્વનું આદિકારણ હોઈ મારું કોઈ કારણ છે જ નહિ. હું તો સ્વતઃસિદ્ધ જ છે. આ દેવતાઓના સમૂહો યા તો મહર્ષિઓ વગેરે સર્વ આત્મસ્વરૂપ એવા મારું કાર્ય હોવાથી પ્રતિબિંબ જેમ બિંબને જોઈ શકે નહિ તેમ તેઓ મારા આદિસ્થાનને કેવી રીતે જાણી શકે? શું રમકડાંઓ તેના બનાવનારને કદી ઓળખી શકે ખરાં કે? તાત્પર્ય એ કે, મારું આ આત્મસ્વરૂપ સમસ્તનું મૂળ હોઈ તેને આદિ, મધ્ય અને અંત ઇત્યાદિ કાંઈ નથી તેમ જ તેને કાળ તથા દેશાદિની મર્યાદા પણ નથી. તે શુદ્ધ અને અખંડ એકરસ છે. અરિસામાંના પ્રતિબિંબની જેમ આ જગત જેના ઉપર ભાસમાન થયેલું છે એવું તે આત્મતત્ત્વ જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયાદિ ત્રિપુટીઓથી તથા તે સર્વના સાક્ષીભાવથી પણ પર હોઈ તદ્દન અસંગ, નિર્લેપ, સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય છે; મારું આત્મસ્વરૂપ એ ચક્ષુનો વિષય નથી, વાણીનો વિષય નથી તેમ બીજી કોઈ ઇંદ્રિયોનો પણ વિષય નથી, તેમ જ તે તપાદિ કિંવા કર્માદિનો પણ વિષય નથી પરંતુ જેનું ચિત્ત આત્માકાર બનેલું હોય એવા બ્રહ્મવિદો આત્મા વડે જ આત્માને જોઈ શકે છે. બાકી પ્રવચન દ્વારા કિંવા બળવડે તે લભ્ય નથી. આ રીતે ઉપનિષદોમાં પણ મારું એટલે આત્મસ્વરૂપનું વર્ણન છે (મુંડક ૩, ખંડ ૧, મંત્ર ૮). સારાંશ એ કે, આત્મા અનિર્વચનીય હોઈ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય તથા જ્ઞાતા, જ્ઞાનાદિ ત્રિપુટીથી પણ પર હોવાથી મહર્ષિઓ અથવા દેવતાઓ અમો તો તેને સમજીએ છીએ એ

પ્રમાણે સમજવાનો દાવો કરે તો તે શી રીતે શકય છે? માટે ભગવાને અત્રે આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧)માં સ્થિત રહીને કહ્યું છે કે મારા મૂળ સ્થાનને દેવતાઓના ગણો યા તો મહર્ષિઓ પણ જાણી શકતા નથી, કેમ કે તે જાણવાપણાથી પર છે, એટલું જ નહિ પરંતુ તેમનું સર્વ પ્રકારનું આદિ મૂળ હું જ હોવાથી તેઓ મને કેવી રીતે જાણી શકે?

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।

असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥३॥

મારા સાચા સ્વરૂપની ઓળખ

હું અજન્મા એટલે જેનો કદી જન્મ જ થયો નથી અર્થાત્ વંધ્યાપુત્ર જેવો અનાદિ એટલે જ્યાં આદિનો પણ સંભવ નથી, સર્વ લોકોનો મહેશ્વર અર્થાત્ સાક્ષીરૂપ ઈશ્વર(વૃક્ષાંક ૨) ભાવથી પણ પર એવો પરમેશ્વર કિંવા આત્મા(વૃક્ષાંક ૧) છે. એવા પ્રકારે જે મને અર્થાત્ મારા સાચા આત્મસ્વરૂપને જાણે છે તે અમૂઢ કિંવા મોહપણાથી રહિત થની સર્વ પાપો થકી છૂટી જઈ મર્ત્યલોકમાંથી અત્યંત મુકત થાય છે. સારાંશ એ કે, જેઓ મને આ કૃષ્ણ એટલે શરીરધારી દેખાય છે એવો નહિ પણ જેનો કદી જન્મ જ થયો નથી તથા જેમાં આદિપણાનો પણ કિંચિન્માત્ર અંશ નથી, જે અનિર્વચનીય અને સર્વ લોકોનો મહેશ્વર છે (મહેશ્વર એ આત્માની સંજ્ઞા છે વૃક્ષાંક ૧ જુઓ), એમ જે જાણે છે તે જ સર્વ પ્રકારનાં પાપોથી મુકત થઈ આ મર્ત્યલોકમાંથી મોહ રહિત થઈ શકે છે. આમાં ભગવાને જેઓ પોતાને આત્મસ્વરૂપે નહિ જાણતાં આકૃતિધારી કૃષ્ણરૂપે જાણે છે તેવાઓ અતિ મૂઢ તથા પાપીઓ હોઈ જન્મમરણનાં પાશમાં બંધાયેલાં છે એમ કહેલું છે અને જેઓ મને અજન્મા, આદિનો પણ જ્યાં અભાવ છે એવા, સર્વ લોકોના મહેશ્વર અર્થાત્ અનિર્વચનીય આત્મા(વૃક્ષાંક ૧)રૂપે જાણે છે તેઓ પાપ તથા મોહથી રહિત બની જન્મમરણના પાશમાંથી છૂટી જીવન્મુકત થઈ શકે છે, એમ જણાવી પોતાનું સાચું સ્વરૂપ આત્મા છે એવું સ્પષ્ટ રીતે કહેલું છે.

बुद्धिर्ज्ञानमसम्मोहः क्षमा सत्यं दमः शमः ।

सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥४॥

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।

भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥५॥

તમામ ભાવો મારાથી જ થયા છે

બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ એટલે મૂઢતારહિતપણું, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ભવ એટલે ઉત્પત્તિ, અભાવ એટલે નાશ, ભય, અભય, અહિંસા, સમતા, તુષ્ટિ એટલે સંતોષ, તપ, દાન, યશ, અયશ* ઇત્યાદિ ભિન્ન ભિન્ન પ્રકારના ભાવો પ્રાણીમાત્રને મારાથી જ થાય છે. ભાવો એટલે અવસ્થા, સ્થિતિ અથવા વૃત્તિ. સાંખ્ય શાસ્ત્રકારો બ્રહ્મનું સ્વરૂપ બતાવવાને માટે પ્રકૃતિ પુરુષના વિવેકનો આશ્રય કરે છે તથા સંખ્યાદ્વારા સમજાવે છે (આ માટે અધ્યાય ૨ તથા ૫ માં વિસ્તૃત વિવેચન આપેલું છે). ભાવોમાં બુદ્ધિના અને

* બુદ્ધિ, જ્ઞાન ઇત્યાદિના અર્થો ઇતરત્ર આપેલા છે તથા આમાં કહેલા ઘણાખરા અર્થો તો વ્યવહારમાં પ્રસિદ્ધ હોવાથી અત્રે આપવામાં આવ્યા નથી. જિજ્ઞાસુએ તે અન્યત્ર જોવા.

શરીરના એવા બે પ્રકારના ભેદો કહેલા છે કેમ કે બ્રહ્મનું સાચું સ્વરૂપ સમજાવવાને માટે સાંખ્ય વા સંખ્યા યુક્તિનો આશ્રય લઈ તેઓએ પુરુષ(વૃક્ષાંક ૨)ને અકર્તા તથા બુદ્ધિ(અવ્યક્ત વૃક્ષાંક ૪ ને બુદ્ધિ કહેવામાં આવેલી છે)ને પ્રકૃતિ(વૃક્ષાંક ૩)નો એક વિકાર માનેલો છે. આથી અવ્યક્ત(વૃક્ષાંક ૪)થી, હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) સુધીનાં કારણ તત્ત્વ એ અવ્યક્ત એવા બુદ્ધિતત્ત્વ(વૃક્ષાંક ૪)ના જ વિકારો કિંવા ભાવોરૂપે પ્રસૃતિને પામેલાં છે. અર્થાત્ અવ્યક્તરૂપ બુદ્ધિતત્ત્વ(વૃક્ષાંક ૪)થી હિરણ્યગર્ભ(વૃક્ષાંક ૧૨) સુધીના તમામ વિકારો યા ભાવો બુદ્ધિના જ ગણાય છે તથા બ્રહ્મદેવ(વૃક્ષાંક ૧૨)થી માંડીને ચૌદ લોકવાળું ચરાચર બ્રહ્માંડ(વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ સુધીનું) તે સર્વ કાર્ય કિંવા કર્મસૃષ્ટિ કહેવાય છે. આજ બ્રહ્મદેવનું સમષ્ટિરૂપ શરીર છે એમ સમજવું. આ વિરાટ કિંવા સમષ્ટિ શરીરનો વિકાસ પ્રથમતઃ બ્રહ્મદેવે ભાવ એટલે વૃત્તિ કિંવા સંકલ્પ વડે કરેલો છે, પછી તે ભાવ(સંકલ્પ) વૃદ્ધિને પામીને ક્રમે પ્રથમ માનસિક સૃષ્ટિ ઉત્પન્ન કરનારા મહર્ષિઓ સનત્કુમારો, પ્રજાપતિઓ, મનુઓ ઉત્પન્ન થયા છે તથા મનુઓની ઉત્પત્તિ બાદ મૈથુની સૃષ્ટિની ઉત્પત્તિ થવા પામેલી છે. આ રીતે બુદ્ધિના ભાવવાળી મહાકારણ તથા કારણરૂપ સૂક્ષ્મ સૃષ્ટિ(વૃક્ષાંક ૩ થી ૧૨ જુઓ) તથા શરીરભાવવાળી કાર્યસૃષ્ટિ(વૃક્ષાંક ૧૩થી૧૫ ઘ)ની ઉત્પત્તિ આત્મસ્વરૂપ એવા મારામાંથી જ થવા પામેલી છે; એમ સૂચવવાનો ભગવાનનો હેતુ આમાં સ્પષ્ટ જણાય છે. અર્થાત્ ઈશ્વર(વૃક્ષાંક ૨) સ્વરૂપ થકી પ્રતિબિંબિત થયેલ પ્રકૃતિ(વૃક્ષાંક ૩)માંથી અવ્યક્ત કિંવા બુદ્ધિ (વૃક્ષાંક ૪)ના ભાવો યા વિકારો જ ક્રમે કારણ તથા કાર્યરૂપે (વૃક્ષાંક ૫ થી ૧૫ ઘ સુધી) બનેલા છે. આ બુદ્ધિના ભાવો (વિકારો)માં જેનો સમાવેશ થાય છે એવાં સૂક્ષ્મ તત્ત્વોનું વર્ણન ભગવાને અત્રે (શ્લોક ૪ થી ૬ સુધી) કરેલું છે. આ વર્ણન તેમણે પોતાની સૂક્ષ્મ વિભૂતિઓનું કરેલું છે. આથી ભગવાન કહી રહ્યા છે કે બુદ્ધિ, જ્ઞાનાદિ ઉપર કહેવામાં આવેલા મુખ્ય વીસ ભાવો તથા બીજા પણ ભિન્ન ભિન્ન એવા અનેક જે ભાવો પ્રાણીમાત્રને થાય છે તે તમામ આત્મસ્વરૂપ એવા મારાથી જ થાય છે. તાત્પર્ય, આ બ્રહ્માંડમાંના સમગ્ર પ્રાણીમાત્રના વ્યવહારનો આરંભ બ્રહ્મદેવના ભાવ એટલે સંકલ્પ વડે જ શરૂ થયેલો હોઈ તે વ્યવહાર કેવળ પોતપોતાની ભાવના અનુસાર જ ચાલી રહ્યો છે, એટલે જીવોને કોઈપણ કાર્ય કરતાં પહેલાં પ્રથમ મનમાં સંકલ્પ કરવો પડે છે. મનમાં જો સંકલ્પ એટલે ભાવના જ ન થાય તો પછી વ્યવહાર થવો કદી પણ શક્ય નથી તેથી ભાવના એ જ જગતનું મૂળ છે. આ ભાવનાઓમાં અનેક ભેદો છે પરંતુ તેમાં પણ મુખ્ય વીસ છે, જે ઉપર જણાવેલા છે. ભગવાન આગળ કહે છે, હે ભારત! અત્યાર સુધી તને બુદ્ધિના સૂક્ષ્મ ભાવો કહ્યા કે જે આદ્યકારણરૂપ છે. હવે મારા કાર્યરૂપ એવા શરીરના મુખ્ય ભાવો કહું છું, એટલે કે આ સ્થૂલ શરીરાદિ મારા પ્રકૃતિના વિકારરૂપ જ છે તે સાંભળ.

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।

मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥६॥

महर्षयः सप्तपूर्वे

આત્મસ્વરૂપ એવા મેં જ્યારે વિવર્તભાવે વિરાટપુરુષના કાર્ય એવા બ્રહ્માંડના અભિમાની બ્રહ્મદેવરૂપ થઈ સૃષ્ટિ રચવાનો આરંભ કર્યો એટલે જેમ મનુષ્યો મારું શરીર એમ કહી દેહ ઉપર મારાપણાનું અભિમાન રાખે છે, જેને શાસ્ત્રમાં વ્યષ્ટિ અભિમાની કહે છે તેમ બ્રહ્માંડરૂપ વિરાટના કાર્યરૂપ એવું ચૌદલોકવાળું આ બ્રહ્માંડ એ તો મારું છે એવું અભિમાન ધારણ કરનાર બ્રહ્મદેવ હોવાથી તે સમષ્ટિનો અભિમાની છે, એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે આ બ્રહ્મદેવે પૂર્વે એટલે સૃષ્ટિ રચવાનો આરંભ કર્યો તેના પહેલા જ દિવસે કે જેને કલ્પ એવું નામ છે તેમાં; (૧) મહર્ષિઓ (૨) કુમારો (૩) પ્રજાપતિ અને (૪) મનુઓ કે જેમનાથી આ ચરાચર લોકપ્રજાની વૃદ્ધિ થવા પામેલી છે તેઓને ઉત્પન્ન કર્યા; તે તમામ મારા માનસ

અર્થાત્ મનના સંકલ્પ વડે ઉત્પન્ન થયેલા ભાવો છે. તાત્પર્ય એ કે, વેદનું સાચું સ્વરૂપ જાણનારા (૧) ભૃગુ (૨) મરીચિ (૩) અત્રિ (૪) પુલસ્ત્ય (૫) પુલહ (૬) ક્રતુ અને (૭) વસિષ્ઠ એ સાત સર્વજ્ઞ અને વિદ્યા સંપ્રદાયના પ્રવર્તક મુખ્ય મહર્ષિઓ; (૧) સનત્કુમાર (૨) સનક (૩) સનંદન અને (૪) સનાતન એ ચાર કુમારો; (૧)ભૃગુ (૨) વસિષ્ઠ (૩) ક્રતુ (૪) અંગિરા (૫) મનુ (સ્વાયંભુવ) (૬) પુલસ્ત્ય (૭) પુલહ (૮) ગૌતમ (૯) વૈન્ય (૧૦) મરીચિ (૧૧) ચ્યવન અને (૧૨) દક્ષ, એ બાર પ્રજાપતિઓ છે. આ પ્રજાપતિ પૈકી જેઓનાં નામ સપ્તર્ષિઓમાં તથા પ્રજાપતિ એમ બંનેમાં છે, તેઓ બંને અધિકાર ભોગવનારા છે, એમ જાણવું. તથા ચૌદ મનુઓ (૧) સ્વાયંભુવ (૨) સ્વારોચિષ (૩) ઔત્તમિ (૪) તામસ (૫) રૈવત (૬) ચાક્ષુષ (૭) વૈવસ્વત (૮) સાવર્ણિ (૯) દક્ષસાવર્ણિ (૧૦) બ્રહ્મસાવર્ણિ (૧૧) ધર્મસાવર્ણિ (૧૨) રુદ્રસાવર્ણિ (૧૩) રૌચ્ય કિંવા દેવસાવર્ણિ અને (૧૪) ઇન્દ્રસાવર્ણિ આ બધા મારા સાચા આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવી આપનારું એકમેવ એવું સાધન જે વેદ જ છે, તેનો અર્થ સારી રીતે જાણનારા અને વિદ્યાના ચૌદ પ્રસ્થાનોના જ્ઞાનવાળા તથા વેદ સંપ્રદાયની પ્રવૃત્તિ કરનારા છે. બ્રહ્માંડ મધ્યે આવેલી આ બધી તેઓની જ પ્રજા છે. તે બધા આત્મસ્વરૂપ એવા મારા(શ્લોક ૧)ના મનના સંકલ્પવડે ઉત્પન્ન થયેલા ભાવો કિંવા મારી વૃત્તિઓ રૂપ હોવાથી વાસ્તવમાં મારા સ્વરૂપભૂત જ છે.

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।

सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥७॥

મારી વિભૂતિને આત્મરૂપે જાણનારો જ ખરો જ્ઞાની છે

યોગ એટલે આ બધું આત્મસ્વરૂપ છે. આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારે મને જાણનારી મારી આ વિભૂતિઓને તત્ત્વદૃષ્ટિએ અર્થાત્ આ બધું તત્ એવા આત્મા વા બ્રહ્મસ્વરૂપ છે એવા પ્રકારની દૃષ્ટિ વડે જે જાણે છે તે અવિકંપ યોગ સાથે એટલે આત્મા સાથે ઐક્ય થવારૂપ અચલ યોગ સાથે જોડાયેલો છે, એમ નિઃશંક જાણવું. તાત્પર્ય એ કે, ઉપર જે મહર્ષિ, કુમાર, પ્રજાપતિ તથા મનુ વગેરે કહેવામાં આવ્યા છે, તેઓ હું એટલે આત્મા હોઈ આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવી રીતે મારા યથાર્થ સ્વરૂપને જાણતા હોવાથી મારાથી અભિન્ન છે. એ રીતે જેઓ મારી વિભૂતિને યથાર્થ રીતે જાણે છે તેઓ હું એટલે આત્મા છે એમ સારી રીતે અનુભવે છે. અર્થાત્ પોતે પોતાને શરીરધારી નહિ સમજતાં આત્મસ્વરૂપે જાણે છે તે જ યથાર્થ જ્ઞાનવાળો છે એમ સમજવું. આ પ્રમાણે આત્મસ્વરૂપ યોગને વિષે તે અચલ એટલે જરા પણ ચલાયમાન ન થતાં પોતાસહ આ બધું આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવા પ્રકારે આત્મા સાથે જ નિત્યપ્રતિ તદાકાર થવા પામેલો છે; તે જ મારી આ બધી વિભૂતિઓ આત્માથી અભિન્ન છે એમ યથાર્થ રીતે જાણી શકે છે. સારાંશ એ કે, જે પોતે પોતાને, મને તથા આ જગતાદિ તમામ દૃશ્ય આત્મરૂપ છે, તે કરતાં ભિન્ન કાંઈ છે જ નહિ એ પ્રમાણે મારા આત્મસ્વરૂપના વિસ્તાર તથા તે વિસ્તાર કરવાના યોગ અર્થાત્ વાણી, મન અને બુદ્ધિ વડે જે જે સ્ફુરણા થાય તે તમામને આ આત્મસ્વરૂપ હોઈ આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવા પ્રકારની યુક્તિ વડે એકત્ર કરવારૂપ યોગને યથાર્થ રીતે જાણે છે તે જ ખરો જાણકાર કહેવાય તથા જે તે પ્રમાણે જાણતો નથી તે અજ્ઞાની કિંવા મૂઢ કહેવાય. આ રીતે મારી વિભૂતિને જાણનારો જ મને યથાર્થ જાણે છે એમ સમજવું.

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।

इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥८॥

આ સર્વનું પ્રભવસ્થાન હું જ છું

ભગવાન આગળ કહે છે કે : હવે હું તને ઉપરના વિધાનની સ્પષ્ટતા કહું છું. હું જે કે અજન્મા છું એમ પ્રથમ વખતો વખત કહેલું જ છે છતાં મને આત્મસ્વરૂપે જાણનારો ભક્ત આ બધું ઉત્પન્ન થયેલું માનીને આત્મસ્વરૂપ એવો હું જ તે સર્વનો પ્રભવ અર્થાત્ મૂળ કિંવા ઉત્પત્તિનું સ્થાનક છું, આત્મસ્વરૂપ એવા મારાથી જ આ બધું પ્રવર્તે છે, એમ માની બુદ્ધિયુક્ત ભાવના વડે શ્રદ્ધાથી આત્મસ્વરૂપ એવા મને જ હંમેશ ભજે છે. તાત્પર્ય એ કે, તે સર્વત્ર કેવળ એક આત્મસ્વરૂપની જ ભાવના રાખે છે.

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।

कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥९॥

મારામાં ચિત્ત પરોવી સંતુષ્ટ રહેલા ભક્તો

આ પ્રમાણે મચ્ચિત્ત એટલે આત્મસ્વરૂપ એવા જે હું તેમાં જ ચિત્તને હંમેશાં પરોવનારા, માતાનો જીવ હંમેશાં જેમ પોતાના બાળકમાં જ હોય છે તેમ મારામાં જ નિત્યપ્રતિ જીવને રાખનારા, જરાકવાર પણ બાળક નજરે નહિ પડતાં માતાનો જીવ આકુળવ્યાકુળ થઈ જાય છે તેમ વ્યવહારમાં શરીર, વાણી અને મનવડે કામ કરતી વખતે મારામાંથી મન જરા પણ હઠે તો જેનો પ્રાણ આકુળવ્યાકુળ થઈ જાય છે તેવા મારામાં જ ગતપ્રાણ થયેલા અર્થાત્ પ્રાણને મારામાં જ ગત કરેલા એટલે જેણે આત્મસ્વરૂપ એવા મારામાં જ પ્રાણનો લય કરેલો છે એવા, દરેક શ્વાસોચ્છ્વાસમાં નિત્યપ્રતિ મારું જ રટણ કરનારા ભક્તો પરસ્પર વાતો કરતી વખતે પણ મારું (આત્માનું) જ કથન કરતા હોઈ તેવા પ્રકારના નિશ્ચયવડે રમમાણ થઈ સંતુષ્ટ થયેલા હોય છે. ઉદ્દેશ એ કે, તું, તે, આ, મારું, તારું વગેરે અનેકવિધ પ્રકારના ભેદો વડે પ્રતીત થનારું દૃશ્યમંડળ કેવળ એક આત્મસ્વરૂપ જ છે. આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, અને તે આત્મા એટલે હું છે એવા પ્રકારે મારું એટલે પોતાનું સાચું સ્વરૂપ જાણી લઈ તેવા નિશ્ચય વડે કાયા, વાચા, મન કિંવા બુદ્ધિ વડે જે જે કાંઈ કામ કરવામાં, સાંભળવામાં, જોવામાં, ચિંતવવામાં અથવા તો બુદ્ધિ વડે નિશ્ચય કરવામાં આવે તે તમામ આત્મસ્વરૂપ એવા મારાથી ભિન્ન નથી તથા એ આત્મા એટલે હું જ છે. એવા પ્રકારે જે નિત્ય આત્મામાં જ રમમાણ થઈને રહે છે, તેને હવે આ કરતાં બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું, ધ્યાન કરવાનું કે જાણવાનું બાકી હશે એ રીતનો અસંતોષ કદી રહેતો જ નથી. આથી તે કેવળ એક આત્મનિશ્ચયવડે જ સંતોષને પામેલો હોય છે.

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।

ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०॥

હું બુદ્ધિયોગ આપું છું

હે પાર્થ! ઉપર મુજબ આત્મસ્વરૂપ એવા મારામાં જ નિત્ય રમમાણ થઈ સંતુષ્ટ થયેલા અને પ્રીતિપૂર્વક મને(આત્માને) ભજનારા તેઓ અંતે મને જ પામે છે, એટલે આત્મસ્વરૂપ એવા મારામાં જ એકરૂપ થઈ જાય છે, તેમને એવા પ્રકારનો બુદ્ધિયોગ પણ હું જ આપું છું. ભગવાન કહે છે કે, મેં તને બુદ્ધિયોગ સંબંધમાં પ્રથમ કહેલું જ છે. ("બુદ્ધિયોગના આશ્રયનું પ્રયોજન" એ મથાળાનો મજકુર જુઓ અ૦ ૨ શ્લો૦ ૩૯) માટે તેનો વધુ વિસ્તાર નહિ કરતાં અત્રે ફક્ત સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે, સર્વત્ર એક આત્મા છે અને તે આત્મા એટલે પોતે જ હું છે, આત્મસ્વરૂપ એવા મારાથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારે બુદ્ધિનો દૃઢ નિશ્ચય કરીને તેને તેમાંથી જરાપણ ચલાયમાન થવા નહીં દેવી એ જ બુદ્ધિયોગનું મુખ્ય લક્ષણ છે.

પ્રીતિપૂર્વક ભજનારાઓ અંતે મને જ પામે છે

આ બુદ્ધિયોગનો આશ્રય કરનારને માટે કર્મનો આરંભ, સ્થિતિ કિંવા અંત ઇત્યાદિ કાંઈ પણ છે જ નહિ વળી તેને કર્મ કરવાથી કાંઈ લાભ નથી અને નહિ કરવાથી કાંઈ હાનિ પણ નથી તેમ જ તેમાં કોઈ પણ પ્રકારનો દોષ કિંવા ભય પણ હોતો નથી. આ રીતના બુદ્ધિયોગરૂપ કર્મ વડે પરમશ્રેય પ્રાપ્ત થઈ શકે એવા શ્રેયરૂપ ધર્મનું (બુદ્ધિયોગનું) કિંચિન્માત્ર પણ જો અવલોકન થાય તો તે વડે મહાન ભય થકી પણ રક્ષણ થાય છે. જેઓ નિરંતર મારામાં જ જોડાયેલા અને પ્રીતિપૂર્વક મને જ ભજનારા છે, તેઓને આ ભજનનો બુદ્ધિયોગ પણ હું જ આપું છું કે જે વડે તેઓ મને જ પામે, એટલે કે મારાથી સહેજ પણ જુદા નહિ રહેતાં મારા આત્મસ્વરૂપમાં ઐક્ય થવારૂપ અવિનાશી ભાવને પ્રાપ્ત થાય. આ વિવેચનની પુષ્ટિ અર્થે શાસ્ત્રમાં આવેલું વર્ણન નીચે પ્રમાણેનું છે.

ઇંદ્રિયોનું ઈશ્વરાર્પણ કેવી રીતે કરવું

જેમ હાથમાં દીવો હોવા છતાં જેમની નજર બગડેલી હોય છે તેમને પાસે પડેલી વસ્તુ જોવામાં પણ તે ઉપયોગી થઈ શકતો નથી, તેમ અનેક વિષયભોગો વડે જ પોતાનો ઉત્કર્ષ થશે એમ માની તેનું જ પ્રતિપાદન કરનારા અને જીવનના ઉપાયરૂપ ધન આદિ મેળવવામાં જ આસક્ત રહેનારા પુરુષને બ્રહ્મજ્ઞાન થવામાં શાસ્ત્ર આદિ સાધનો ઉપયોગી થતાં નથી. વળી એ થકી ઇંદ્રિયો ઉપર પણ જય મેળવી શકાતો નથી, માટે ઇંદ્રિયો જીતવાની એક નિર્બાધ યુક્તિ કહું છું, તે સાંભળ. આ યુક્તિ વડે થોડી પણ સાધનસંપત્તિ પોતાના પુરુષાર્થના બળવડે સુખથી મોક્ષરૂપ સિદ્ધિને સાધી આપે છે. વાસ્તવિક રીતે તો પુરુષ પોતે જ ચિન્માત્ર છે એમ તમો નિશ્ચયાત્મક સમજો. તે જ્યારે ચિત્તને આધિન થઈ જાય છે ત્યારે "જીવ" નામને ધારણ કરે છે. આ જીવ ચિત્તવૃત્તિઓ દ્વારા જે જે તરફ ખેંચાય છે તે રૂપે તત્કાળ થઈ જાય છે (वृत्तिसारूप्यमितरत्र પા૦ યો૦ સ૦ સૂ૦ ૪). આ રીતે આસક્ત થયેલા જીવને ચિત્તના પાશમાં સપડાઈને બહિર્મુખ થતા નહિ દેતાં અંતર્મુખ રાખવા માટે પ્રત્યાહાર કરવાની જરૂર છે. આ પ્રત્યાહાર स्वविषयासम्प्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः પા૦ યો૦ સા૦ સૂ૦ ૫૪) એટલે ચિત્ત જે જે વિષયમાં જાય તે તે વિષય 'આત્મસ્વરૂપ છે, એવા પ્રકારે નિશ્ચય કરી તેને બાહ્ય વિષયોમાંથી પરાવૃત્ત કરી અંતર્મુખ કરતા રહેવું એટલે આત્મસ્વરૂપમાં જ ખેંચી લેવું. આ રીતે પ્રત્યાહાર કરવો એ જ પુરુષાર્થ કહેવાય. આ પ્રકારના પુરુષાર્થરૂપ તીક્ષ્ણ અંકુશના પ્રહાર વડે જ મદોન્મત્ત એવા ચિત્તરૂપ હાથીને જીતી શકાય છે, બીજા કોઈ પણ પ્રકારે તેનો જય થઈ શકતો નથી. આમ જીવ ચૈતન્યને પુરુષાર્થ વડે યોગદ્વારા બ્રહ્મ(આત્મા)માં રોકી રાખવાથી ચિત્ત જેવું શાંતિને પ્રાપ્ત થાય છે તેવું તપ, તીર્થ, વિદ્યા અને યજ્ઞ આદિ ક્રિયાઓના સમૂહો વડે તે શાંતિને પ્રાપ્ત થતું નથી. જે જે કાંઈ વિષય સ્મરણપથમાં આવે એટલે કે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થાય કે તુરત જ તે ચૈતન્ય, આત્મા કિંવા બ્રહ્મ છે એવા પ્રકારે તેનો અધિષ્ઠાન ચૈતન્યમાં જ લય કરી દેવો. પોતાના આવા આત્મનિશ્ચય વડે તેનું વિસ્મરણ કરી દેવું તથા જડમૂળથી તેના સંસ્કારોને ઉખેડી નાખવા; એકલા આ ઉપાય વડે જ ભોગના હેતુરૂપ એવા વિષયોનો જય કરી શકાય છે. પોતાના પુરુષપ્રયત્ન વડે જ જો ચિત્તને વિષયરૂપ આમિષ(લાલચ)માંથી નિરંતર આત્મામાં જ રોકી રાખવામાં આવે તો તત્ત્વવેત્તાઓના અનુભવથી સિદ્ધ એવું સ્વારાજ્યપદ એટલે પરમપદ મળે છે. માટે આવા સ્વધર્મરૂપ નિશ્ચયમાં તમે વજ્રના જેવા દૃઢ થઈને રહો. આ મુજબ નિષિદ્ધ પદાર્થોની ઇચ્છાને ત્યજીને જે પુરુષ શમ એટલે મનને આત્મામાં જોડવું તથા સંતોષ એટલે આત્મા સિવાય બીજું કાંઈ સંપાદન કરવા લાયક છે જ નહિ એમ જાણી તેમાં જ સંતુષ્ટ રહેવું. તેનું સંપાદન કરી રહ્યો હોય તે જીતેંદ્રિય કહેવાય છે. ચિત્તનો બહિર્મુખ થવાનો જે સ્વભાવ છે તેને રોકી રાખવાથી મન વિષયો તરફ દોડવારૂપ પોતાના દુર્ભાવસનને છોડી દે છે. આ પ્રમાણે જ્યારે ચિત્ત ચપળતાથી રહિત થઈ જાય છે ત્યારે તે વિવેક તરફ વળે છે. વિવેકી અને ઉદાર ચિત્તવાળો પુરુષ જિતેંદ્રિય

કહેવાય છે. તે વાસનારૂપ તરંગોના વેગ વડે સંસારમાં તણાતો નથી. સત્સંગ અને સત્ શાસ્ત્રોના અવલોકન વડે જિતેંદ્રિય પુરુષ નિરંતર જગતને પોતાના વાસ્તવિક એવા બ્રહ્મ વા આત્મસ્વરૂપે દેખે છે. ચિદાકાશરૂપ એવા પોતાનો સંકલ્પ જ 'હું', 'તમે', ઇત્યાદિ રૂપને ધારણ કરી રહેલો છે. માટે અધ્યાસ વડે ભ્રાંતિથી બહુ થઈ ગયેલું 'હું', 'તમે', ઇત્યાદિ રૂપે ભાસતું આ જગત અવિદ્યા માત્ર જ છે, મિથ્યા હોવાથી શાંત છે, શૂન્ય માત્ર છે અને ચિદાકાશ એટલે આત્મરૂપ(વૃક્ષાંક ૧) છે. તે ચિદાકાશ જ પોતાના તાત્ત્વિક સ્વરૂપમાં નિશ્ચલ રહેલું છે. આ ચિદાકાશની અંદર તેનો પોતાનો જ જે વિવર્ત છે તે જ આ જગતરૂપે ભાસે છે. એ રીતે ચિત્તની તમામ વૃત્તિઓને કેવળ એક આત્મામાં અર્પણ કરતા રહેવું તેને જ ધ્રુવિરાર્પણ, આત્માર્પણ કિંવા સમર્પણ કહે છે.

દ્વૈત અદ્વૈતવાદ અજ્ઞાનીઓને માટે છે

આ સર્વ આત્મસ્વરૂપ જ છે, આત્માથી બીજું કાંઈ છે જ નહિ, પરમેશ્વર તે આ જ કહેવાય; તેમાં આદિ, મધ્ય, અંત, જગત, અવિદ્યા, હું, તું, આ, મારું, તારું, મને, તને, ઇંદ્રિયો, તેના વિષયો કે દેવતાઓ ઇત્યાદિ કાંઈ છે જ નહિ. આ પ્રમાણે તત્ત્વબોધ થયેલા પુરુષની દૃષ્ટિમાં અવિદ્યા છે જ નહિ, તે દ્વૈત પ્રપંચમાં રહ્યો છે એમ લાગે છે છતાં નિત્ય અદ્વૈતમાં જ રહે છે. અદ્વૈતથી રહિત થઈ ગયેલા તત્ત્વજ્ઞ પુરુષમાં દ્વૈત, અદ્વૈત, હું, તમે, અને આ અમુક પદાર્થ એવી કોઈ કલ્પના પણ ક્યાંથી ઉદ્ભવે? તેમ જ અત્યંત શૂન્યની પણ કલ્પના શી રીતે ઉદ્ભવે? દ્વૈત અદ્વૈત પક્ષથી ઉત્પન્ન થયેલી વાક્યરચનાના વિલાસ વડે કિંવા ભ્રાંતિ વડે તો અવિવેકી બાળકો જ ક્રીડા કરે છે પરંતુ જ્ઞાનવૃદ્ધ પ્રૌઢો તો તેને હસે છે. આ દ્વૈત અદ્વૈતરૂપ વિવાદ તો હૃદયની એક વૃત્તિરૂપ છે સારી રીતે સમજવામાં આવ્યા સિવાય પ્રબોધ(જ્ઞાન)ની શુદ્ધિ થતી નથી, માટે મેં પણ સુહૃદભાવે તે દ્વૈતાદ્વૈતરૂપ મિથ્યા વિવાદનો સ્વીકાર કરી અત્રે ચર્ચા કરેલી છે. તે હૃદયની અંદર રહેલા અવિદ્યારૂપ ભ્રમને સાવરણીની પેઠે ઝાડીને દૂર કરી દે છે.

બુદ્ધિયોગ વડે અવિનાશી પદની પ્રાપ્તિ

અધિકારી પુરુષો અવિદ્યારૂપી કચરો નીકળી ગયા પછી બ્રહ્મમાં ચિત્તને પરોવીને રહે છે. પ્રાણને પણ બ્રહ્મમાં જ ધારણ કરી રહે છે. બ્રહ્મસ્વરૂપ ભગવાનનો પરસ્પર બોધ કરે છે, બ્રહ્મસ્વરૂપ એવા ભગવત્ ગુરુનું જ વર્ણન કરે છે, વાર્તાલાપ પણ તેનો જ કરે છે અને પ્રસન્ન થઈ હંમેશ તેમાં જ સંતુષ્ટ થઈને રહે છે. આવી રીતે અવિચ્છિન્ન ભક્તિ વડે પ્રીતિપૂર્વક ભજનારા અને નિરંતર બ્રહ્મસ્વરૂપ ભગવાનના વિચારમાં જ યુક્ત એવા વિવેકી અધિકારીઓને હું એવી ઉત્તમ બુદ્ધિનો યોગ આપું છું કે જેથી તેઓ બ્રહ્મસ્વરૂપ એવા મારા અવિનાશી પદને પ્રાપ્ત થાય (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૧૩૬ જુઓ).

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥११॥

હું નિત્ય આત્મભાવમાં સ્થિત એવો છે

શ્રીભગવાન કહે છે કે: ઉપર જણાવી ગયા તેમ પ્રીતિપૂર્વક સતત મારું ચિંતન કરનારાઓને અવિનાશી પદની પ્રાપ્તિ કરાવી આપનારો એવો બુદ્ધિયોગ હું આપું છું, એમ જે મેં કહ્યું તે તેઓની ઉપર કૃપા કરવાને માટે જ. આત્મભાવસ્થ અર્થાત્ હું એટલે આત્મા છે એવા પ્રકારના આત્મભાવમાં સ્થિર થયેલો હું આ સર્વ આત્મા જ છે; હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ચરાચર આત્મસ્વરૂપ જ છે; આત્માવ્યતિરિક્ત કાંઈ છે જ નહિ, એ રીતે પ્રકાશનારા જ્ઞાનરૂપી દીપક વડે તેના અજ્ઞાનરૂપી તમ અર્થાત્ અંધકારનો નાશ પણ આત્મસ્વરૂપ એવો હું જ કરું છું. આમાં શ્રીકૃષ્ણ પોતે કોણ છે તે આત્મભાવસ્થ એટલે હું નિત્યપ્રતિ આત્મભાવમાં સ્થિત થયેલો આત્મા છે એવા પ્રકારના શબ્દ વડે કહેલું છે તથા

'ज्ञानदीपेन भास्वता' એટલે આ રીતના જ્ઞાનરૂપી પ્રકાશમાન દીપક વડે હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ અનંતરૂપે ભાસતું તમામ દૃશ્ય આત્મસ્વરૂપ છે, આ પ્રકારે સર્વાત્મભાવના અભ્યાસ વડે અહમ્નો વિલય કરી સ્વાનુભવથી જાણવું તે જ અપરોક્ષજ્ઞાન છે, આ મુજબના અપરોક્ષજ્ઞાનરૂપ દીપવડે નિત્યપ્રતિ આત્મસ્વરૂપમાં સ્થિત થયેલો એવો જે હું તેવા મારામાં જ હંમેશ યુક્ત થયેલાઓને તેમની ઉપર અનુગ્રહ કરીને તેઓના અજ્ઞાનજન્ય તમ વા અંધકારનો નાશ હું કરું છું, એમ સમજાવેલું છે.

अर्जुन उवाच ।

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।

पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥१२॥

आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।

असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ॥१३॥

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।

न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ॥१४॥

આપના સ્વરૂપને દેવ કે દાનવ જાણી શકતા નથી

શ્રીકૃષ્ણ ભગવાનનું અત્યાર સુધીનું કથન સાંભળીને અર્જુને અતિ આનંદપૂર્વક કહ્યું: ભગવન્ આપ આ શરીરધારી અથવા મર્યાદિત એવા કૃષ્ણ નહિ પરંતુ બ્રહ્મથી પણ પર એવા પરબ્રહ્મ પરમધામ (શ્રેષ્ઠ સ્થાન) તથા જે અત્યંત પરમ પવિત્ર વસ્તુ કહેવાય છે, એવા અમર્યાદિત છો. તેમજ દિવ્ય એટલે ચૈતન્યરૂપ અને શાશ્વત અર્થાત્ કાયમના આદિદેવ, અજન્મા એટલે જેનો કદી જન્મ જ થયો નથી તથા વિભુ અર્થાત્ સર્વવ્યાપી એવા પ્રકારના છો. સર્વે ઋષિઓ(મહર્ષિઓ), દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસ, ઇત્યાદિ સર્વ પણ આપને એમ જ કહે છે, અર્થાત્ આપ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે સર્વના આદિકારણરૂપ અજન્મા એવા છો. આપ એવા પ્રકારના છો એમ તેઓ પણ સર્વ જણાવે છે. વળી આપ પોતે પણ મને તેમ જ કહો છો, તો હે કેશવ! આપ મને જે કહો છો તે સર્વ હું નિઃશંક રીતે તદ્દન સત્ય છે એમ માનું છું. કારણ કે મને આપના પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા તથા પ્રેમ છે. વળી આપની વ્યક્તિ એટલે એકમેવ સર્વત્ર વ્યાપેલા સ્વરૂપને દેવો કે દાનવો પણ જાણી શકતા નથી, તો પછી મારા જેવા પામરની વાત જ શી?

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।

भूतभावनभूतेश देवदेव जगत्पते ॥१५॥

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।

याभिर्विभूतिभिर्लोकानिमां स्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥

આપની દિવ્ય વિભૂતિઓ કહો

હે પુરુષોત્તમ! હે ભૂતભાવન! હે ભૂતેશ! હે દેવદેવ! હે જગત્પતે! આત્મસ્વરૂપ એવા આપ પોતે, આત્મા(પોતા) વડે, આત્મા(પોતા)ને જાણો છો. ઉદ્દેશ એ કે, આત્મસ્વરૂપ એવા ભગવાનનું સ્વરૂપ જાણવાની ઇચ્છા હોય તેમણે પ્રથમ તો ભગવાનના આત્મસ્વરૂપ સાથે તાદાત્મ્ય કરવું જોઈએ. એટલે પૂર્ણ રીતે ઐક્ય કરીને જ અર્થાત્ આત્મા વડે જ આત્માને ઓળખી શકાય છે. આથી અર્જુને અત્રે ભગવાનને કહ્યું છે કે આપ પોતે, પોતા વડે જ પોતાને પોતામાં જ (ઐક્યભાવ વડે) ઓળખી શકો છો, નહિ કે બીજાપણાથી એટલે દ્વૈતની ભાવના વડે; માટે ભગવન્! મારી નમ્રભાવે એવી પ્રાર્થના છે કે જે વાસ્તવિક દિવ્ય એટલે ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ જ છે એવી આપની વિભૂતિઓ બિલકુલ શેષ નહિ રહે એવા પ્રકારે કહેવાને આપ જ યોગ્ય છો, કે જે વિભૂતિઓ વડે તમો આ લોકને વ્યાપીને રહેલા છો. આ પ્રમાણે આપની આત્મસ્વરૂપ એવી આ વિભૂતિ જાણવાનું પ્રયોજન એટલા માટે છે કે આપ તો અજન્મા, અચિંત્ય, અનિર્વચનીય, મન, વાણી, તથા બુદ્ધિથી પણ પર એવા છો. આત્મસ્વરૂપ એવા આપના સ્વરૂપનો પાર તો મારા જેવો પામર શી રીતે પામે? પરંતુ આપ આ લોકની અંદર, આત્મસ્વરૂપે જ બિરાજેલા છો. અર્થાત્ જેમાં આપનો (આત્માનો) અંશ છે એવી સર્વ વિભૂતિઓ અશેષેણ એટલે બિલકુલ શેષ નહિ રહે એ પ્રકારે કહો. આપની આવી દિવ્ય અર્થાત્ ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ વિભૂતિઓ આપના સિવાય બીજો કોણ કહી શકે તેમ છે?

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।

केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥ १७ ॥

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।

भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥ १८ ॥

યોગ તથા વિભૂતિઓ વિસ્તારપૂર્વક કહો

અર્જુન નમ્રભાવે કહી રહ્યો છે કે: હે યોગિન્! આપના નિર્ગુણ કિંવા અનિર્વચનીય સ્વરૂપનું ધ્યાન કરવા અશક્ત એવા મારા જેવા પામરને માટે આ જગતની અંદર કઈ કઈ સગુણ વિભૂતિઓમાં આપનું ધ્યાન કરવું ઇષ્ટ છે કે જે ધ્યાન કરવાથી પણ પર્યાયે આપના અનિર્વચનીય એવા સાચા સ્વરૂપને જાણી શકાશે? માટે આપે પ્રથમ કહ્યા પ્રમાણે આપનું નિત્યપ્રતિ ચિંતન કરી હું આપના સાચા સ્વરૂપને શી રીતે જાણી શકું? તત્માત્ હે ભગવાન્! કયા કયા રથળે આપ ચિંતન કરવા યોગ્ય છો, તે બધી આત્મસ્વરૂપ એવી તમામ વિભૂતિઓ મને વિસ્તારપૂર્વક કહો. કેમ કે હે જનાર્દન! આપે પ્રથમ (અધ્યાય ૮, શ્લો૦ ૧૬ થી ૧૯)માં આપની આત્મસ્વરૂપ એવી કેટલીક સૂક્ષ્મ વિભૂતિઓ ઘણી સંક્ષેપમાં કહેલી છે. સિવાય તે તમામ વિભૂતિઓ આત્મસ્વરૂપ જ છે એવા પ્રકારે જે જાણે છે તે જ તત્ત્વ દૃષ્ટિએ ખરો જાણનારો છે, એવા પ્રકારે જાણનારો જ વાસ્તવિક મારા યોગને જાણનારાવાળો છે એમ આપે પ્રથમ કહ્યું છે; તો આપ આપના આત્મસ્વરૂપભૂત યોગ અને સર્વ વિભૂતિઓને કૃપા કરીને વિસ્તારપૂર્વક કહો. કેમ કે આપનાં અમૃત જેવાં આ વચનો સાંભળતાં મને તૃપ્તિ થતી નથી.

श्रीभगवानुवाच—

हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।

प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ॥ १९ ॥

મારા વિસ્તારનો તો અંત નથી

અર્જુનનો ઉપર પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા : હે વત્સ! તેં ઘણો સારો પ્રશ્ન કર્યો. આત્મસ્વરૂપ એવી મારી દિવ્ય વિભૂતિઓ જાણવાની તારી ઇચ્છા છે, પરંતુ 'હન્ત' એટલે અરે! આવા કોટાકોટીના વખતે હું મારી સર્વ વિભૂતિઓ તને શી રીતે કહું! છતાં પણ તારી ઇચ્છા છે તેથી હમણાં તો મારી મુખ્ય મુખ્ય પ્રસિદ્ધ એવી દિવ્ય એટલે પ્રકાશ કિંવા ચૈતન્યરૂપ વિભૂતિઓ જ હું તને કહીશ. કેમ કે હે કુરુશ્રેષ્ઠ! મારા વિસ્તારનો તો અંત જ નથી, તો પછી સ્થૂળ વાણી વડે હું પોતે પણ તેનું વર્ણન શી રીતે કરી શકું? વિરાટ પુરુષ કે વિભૂતિ સંબંધમાં પ્રત્યક્ષ બ્રહ્માજીએ નારદને કહેલું શાસ્ત્રકથન નીચે પ્રમાણે છે, તે ઉપરથી વિરાટ પુરુષ કોને કહે છે તે સારી રીતે સમજી શકાશે.

વિરાટ પુરુષનો મહિમા*

એ વિરાટ પુરુષ(વૃક્ષાંક ૨)નું મુખ સર્વ વ્યષ્ટિ તથા સમષ્ટિ જીવોની વાક્ ઇંદ્રિય(વૃક્ષાંક ૮/૨/આ–૬)નું તથા તે ઇંદ્રિયના દેવતા અગ્નિ (વૃક્ષાંક ૮/૧/અ–૬)નું ઉત્પત્તિસ્થાન છે; તેમજ તેમની રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર એ સાત ધાતુઓ; ગાયત્રી, ઉષ્ણિક, બૃહતી, પંક્તિ, જગતી, ત્રિષ્ટુપ્ અને અનુષ્ટુપ્ એમ સાત છંદોનું ઉત્પત્તિસ્થાન છે; (આ સંબંધમાં અધ્યાય ૨ માં વર્ણન આવેલું છે તે જુઓ). તેમની જીભ (વૃક્ષાંક ૮/૨/આ–૪) પિતૃઓના અને મનુષ્યોના અન્નના મધુર, તીખા, ખાટા, કડવા, તૂરા, અને ખારા એ છ રસોની ઉત્પત્તિનું સ્થાન છે. તેમની ઘ્રાણેંદ્રિય (વૃક્ષાંક ૮/૨/આ–૫) બે અશ્વિનીકુમારોનું, સર્વ ઔષધિઓનું તથા સામાન્ય અને વિશેષાદિ સર્વ ગંધનું ઉત્પત્તિસ્થાન છે. તેમના બે નેત્ર ગોલક (વૃક્ષાંક ૮/૨/આ–૩) સૂર્યનું તથા સર્વ જ્યોતિશ્ચક્રનું ઉત્પત્તિસ્થાનક છે. તેમના બે કાન (વૃક્ષાંક ૮/૨/આ–૧) દિશાઓ તથા તીર્થોનું તથા શ્રોત્રેંદ્રિય આકાશ તથા શબ્દની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. વિરાટ પુરુષ (વૃક્ષાંક ૨)નું શરીર દરેક વસ્તુઓના સારાંશ (ભાવાર્થ)નું તથા સૌંદર્યનું એક ઉત્પત્તિસ્થાન છે તથા તેમની ત્વચા (વૃક્ષાંક ૮/૨/આ–૨) સ્પર્શ ગુણનું, વાયુનું તથા યજ્ઞનું ઉત્પત્તિસ્થાનક છે. તેમનાં રુંવાટાં સર્વ વૃક્ષોની ઉત્પત્તિનું સ્થાનક છે, કે જે વૃક્ષો વડે યજ્ઞ થઈ શકે છે; તેને ઔષધિ નામનો વાયુ પણ કહે છે તથા તેમના કેશ, મેઘોનું; દાઢી, મૂછ, વીજળીઓનું તથા હાથપગના નખ એ પત્થરો તથા તમામ પ્રકારના લોખંડની ઉત્પત્તિનું સ્થાન છે. તેમના બાહુઓ એ લગભગ સઘળાઓનું પાલન કરનારા લોકપાલોનું સ્થાન છે. તેમના પગ ભૂર્લોક, ભુવર્લોક તથા સ્વર્લોકનું સ્થાન છે. તેમના ચરણ (પગ) ક્ષેમ અર્થાત ઉત્પન્ન થયેલી તમામ વસ્તુઓની સંભાળ તથા શરણ એટલે ભય થકી તેનું રક્ષણ કરવું તે તેમ જ સર્વ ઇચ્છિત પદાર્થોનાં વરદાનોનું સ્થાન છે. એ વિરાટ પુરુષનું લિંગ પાણી, વીર્ય, ઉત્પત્તિ, વરસાદ તથા પ્રજાપતિનું સ્થાન છે. એમની ઉપસ્થ ઇંદ્રિય સંતાનને માટે કરવામાં આવતા સંભોગ દ્વારા થતી શાંતિનું સ્થાન છે. પુરુષની પાયુ ઇંદ્રિય યમનુ (મિત્રતું) તથા મળત્યાગનું સ્થાન છે. વિરાટ પુરુષનું ગુદાસ્થાન હિંસા, અલક્ષ્મી (દરિદ્રતા), મૃત્યુ તથા નરકનું સ્થાન છે. તેમનો વાંસો પરાભવ, અધર્મ તથા અજ્ઞાનનું સ્થાન છે. તેમની નાડીઓ નદ અને નદીઓનું સ્થાન છે. હાડકાં એ પર્વતોનું સ્થાન છે. ઉદર (પેટ) પ્રકૃતિ (માયા)નું, અજાદિ રસોનું, સમુદ્રો તથા પ્રાણીઓના લયનું સ્થાન છે, તેમનું હૃદય એ સર્વ વ્યષ્ટિ જીવોના લિંગ (સૂક્ષ્મ) શરીરનું સ્થાન છે; એ વિરાટ પુરુષનું ચિત્ત ધર્મનું, તારું, મારું, સનત્કુમારોનું, શંકરનું, બુદ્ધિનું તથા સત્ત્વગુણનું શ્રેષ્ઠ સ્થાન છે. હું, તું, વિષ્ણુ, મહાદેવ તથા આ મરીચ્યાદિ મુનિઓ, સનકાદિક કુમારો, દેવો, અસુરો, મનુષ્યો, હાથીઓ, પક્ષીઓ, મૃગો, પોપટો, સરકીને ચાલનારાં પ્રાણીઓ, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતગણો, સર્પો પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો તથા જળચર (જળમાં રહેનારાં), સ્થળચર (પૃથ્વી ઉપર રહેનારાં), અગ્નિચર (અગ્નિમાં રહેનારાં), વાયુચર (વાયુમાં રહેનારાં) અને ખેચર (આકાશમાં રહેનારાં)

* આ વિરાટ પુરુષનું વર્ણન વેદમાં આવેલા પુરુષસૂક્તના આધારનું છે. આ મજકુરના વિવેચન માટે ઉપાસના કાણ્ડ કિરણાંશ ૩૬, પૃષ્ઠ ૯૭ જુઓ.

અનેક જાતનાં પ્રાણીઓ, ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુઓ, તારાઓ, વીજળીઓ, મેઘો તથા જે જે કાંઈ આ ભૂત, વર્તમાન, અને ભવિષ્યમાં જોવામાં આવે છે તે સર્વ એ વિરાટ પુરુષરૂપ જ છે. વિરાટ પુરુષથી ભિન્ન કાંઈ નથી. આ વિરાટ પુરુષ આખા જગત(વૃક્ષાંક ૨ થી ૧૫ ઘ સુધી)ને વ્યાપીને તે કરતાં પણ પર (વૃક્ષાંક ૧), એ રીતે સર્વત્ર રહેલો છે. જેમ સૂર્ય પોતાના મંડળને (સૂર્યમંડળને) પણ પ્રકાશિત કરે છે તથા તે મંડળની બહારની વસ્તુઓને પણ પ્રકાશમાન કરે છે તેમ એ વિરાટપુરુષ (વૃક્ષાંક ૨) પણ આ વિરાટ શરીરરૂપ બ્રહ્માંડ (વૃક્ષાંક ૧૪ થી ૧૫ ઘ)ને તથા તેની બહાર (વૃક્ષાંક ૩થી ૧૩ સુધી) સર્વને પ્રકાશિત કરે છે. વળી એ વિરાટ પુરુષ નાશવંત એવા કર્મફળરૂપે તથા તે કરતાંએ પર એવા અવિનાશી કર્મફળરૂપે પણ પોતે જ વ્યાપેલા હોવાથી તે કેવળ સર્વાત્મા છે એટલું જ નહિ પરંતુ અમૃતરૂપ આત્માનંદ અર્થાત્ મોક્ષના પણ અધિષ્ઠાતા (વૃક્ષાંક ૧) છે. હે બ્રહ્મન્! એ વિરાટ પુરુષનો મહિમા અગાધ છે (જુઓ પુરુષસૂક્ત મંત્ર ૧થી ૬).

બ્રહ્મદેવે બ્રહ્માંડ કેવી રીતે સર્જ્યું ?

આ વિરાટપુરુષ (વૃક્ષાંક ૨)ના અંતર્યામી મહાન આત્મરૂપ એવા નારાયણ (વૃક્ષાંક ૧૧)ની નાભિમાં પ્રથમ હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) રૂપે રહેલો હું એટલે બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) ઉત્પન્ન થયો, ત્યારે આ પરમ પુરુષના[1] (ઉપર બતાવેલા) અવયવો[2] સિવાય બીજી કોઈ પણ યજ્ઞની સામગ્રી મારા જોવામાં આવી ન હતી (બ્રહ્મદેવે આ બ્રહ્માંડ નિર્માણ કરવાની શરૂઆત કરી તે કર્મ કિંવા ક્રિયાને યજ્ઞ કહે છે. આ બ્રહ્માંડ મધ્યે થતાં કાયિક, વાચિક અથવા માનસિક તમામ પ્રકારનાં કર્મને યજ્ઞકર્મો કહેવામાં આવે છે. વધુ માટે અધ્યાય ૩ તથા ૪ જુઓ), પછી યજ્ઞની સામગ્રીઓ તો મારે તૈયાર કરવાની હતી તેથી પશુઓ, વનસ્પતિઓ સહિત દર્ભો, યજ્ઞભૂમિ (યોનિસહ કુંડ), ઘણા ગુણોવાળો વસંતાદિક કાળ, સ્રુક્સ્રુવાદિ પાત્રો, ડાંગર વગેરે ધાન્યો, ઔષધિ ઇત્યાદિ હોમવાનાં દ્રવ્યો, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો, મધુર રસાદિકો, લોખંડાદિ ધાતુઓ; માટી, જળ, ઋક્, યજુ, સામવેદો, ચાતુર્હોત્ર, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞોનાં નામો; સ્વાહાકાર વગેરે મંત્રો, દક્ષિણાઓ, દેવતાઓ, વ્રતો, ઉદ્દેથી, કલ્પાદિ વેદાંગ, કે જે આધારે શ્રૌત તથા ગોભિલાયન અને આશ્વલાયન ઋષિઓએ કર્મકાંડની પદ્ધતિ બતાવેલી છે તે; હું આના વડે યજ્ઞ કરીશ એવો સંકલ્પ; યજ્ઞ કરવાના પ્રકાશરૂપ તંત્ર; વિષ્ણુક્રમાદિ ગતિઓ; દેવતાનું ધ્યાનાદિ કરવાની મતિઓ; પ્રાયશ્ચિત અને યજ્ઞનું સમર્પણ ઇત્યાદિ યજ્ઞમાં જોઈતી તમામ સામગ્રીઓને એ પરમ પુરુષ(વૃક્ષાંક ૐ)ના અવયવોથી જ તૈયાર કરી. આ રીતે પરમ પુરુષના અવયવોથી જ સર્વ સામગ્રી એકઠી કરીને મેં સર્વના ઈશ્વર એવા તે જ યજ્ઞપુરુષનું તેના વડે જ યજન કર્યું, તે પછી મરીચ્યાદિ નવ પ્રજાપતિઓએ મનને એકાગ્ર કરીને ઇન્દ્રાદિક રૂપે પ્રકટ તથા પોતે અપ્રકટ એવા તે ભગવાન(વૃક્ષાંક ૐ)નું યજન કર્યું. ત્યાર પછી મનુઓ, ઋષિઓ, પિતૃઓ, દેવો, દૈત્યો તથા મનુષ્યોએ પોતપોતાના સમયમાં તે ભગવાનનું યજ્ઞવડે પૂજન કર્યું. આ રીતે આ જગત ભગવાન નારાયણ(વૃક્ષાંક ૧૧) વિષે રહેલું છે. પરંતુ તે મૂળ પરમપુરુષ (વૃક્ષાંક ૐ) તો પોતે નિર્ગુણ છે છતાં તે જ ઈશ્વર(વૃક્ષાંક ૨) રૂપે પોતાની મિથ્યા માયા(વૃક્ષાંક ૩) શક્તિ દ્વારા અનેક ગુણો ધારણ કરે છે. હું એટલે બ્રહ્મદેવ વૃક્ષાંક ૧૩) તેમની અર્થાત્ ઈશ્વર(વૃક્ષાંક ૨)ની આજ્ઞાથી જ આ જગતને ઉત્પન્ન કરું છું. રુદ્ર તેમની આજ્ઞાને વશ રહીને જ જગતનો સંહાર કરે છે તથા માયાશક્તિને ધારણ કરનાર તે ઈશ્વર (વૃક્ષાંક ૨)ની આજ્ઞાનુસાર વિષ્ણુ જગતનું રક્ષણ કરે છે. પરંતુ હું, વિષ્ણુ અમર રુદ્ર તો વાસ્તવિક તેનાં જ અભિન્ન સ્વરૂપો હોઈ આ કારણાત્મક જે જે કાંઈ ભાવો છે તે તમામ વિરાટ પુરુષથી ભિન્ન નથી. હું વેદમય છું, તપમય છું, પ્રજાપતિઓ મને વંદન કરે છે અને હું સર્વનો સ્વામી છું છતાં અંગસહિત યોગનો

૧: વૃક્ષાંક ૨ને સાક્ષી કિંવા ક્ષર પુરુષ; વૃક્ષાંક ૧ને આત્મા કિંવા અક્ષર પુરુષ તથા તે ઉપરના પુરુષને પરમ કિંવા ઉત્તમ પુરુષ કહે છે. વૃક્ષાંક ૐ જુઓ, અત્રે કહેલો પરમ પુરુષ એટલે તે જ સમજવો.

૨: અત્યાર સુધી પરમ પુરુષમાંથી થયેલી ઉત્પત્તિ મહાકારણ તત્ત્વો(વૃક્ષાંક ૩થી ૫) તથા કારણ તત્ત્વો (વૃક્ષાંક ૬થી ૧૨) સુધીની સમજવી. તેથી તેને પરમાત્માના સૂક્ષ્મ અવયવો આ ભાવો કહ્યા છે. કારણ વિરાટમાં પણ પ્રથમ આ કારણ તત્ત્વો ઉત્પન્ન થઈ અને ત્યારબાદ જ કાર્યસૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.

એકાગ્રચિત્તે આશ્રય કરવા છતાં તેમ જ અષ્ટાંગયોગ વડે પણ જે થકી મારી ઉત્પત્તિ થવા પામેલી છે એવા મારા સ્વરૂપભૂત પરમપુરુષ ભગવાનને હું જાણી શક્યો નથી. કારણ કે, તેમને જાણવા જતાં જ મારા હું ભાવનો વિલય થઈ તે તત્રૂપ બની જાય છે તો પછી બીજાની વાત તો શું કહું ? જેમ આકાશ પોતે પણ પોતાના અંતને જાણતું નથી તેમ જ ભગવાન પોતે પોતાની માયાના વિસ્તારને પૂર્ણ પ્રમાણમાં જાણતા નથી તો પછી બીજાઓ કયાંથી જાણે? કારણ કે તે મિથ્યા હોવાથી અનિર્વચનીય છે. આમ તેમના માયિક સ્વરૂપને જાણવું એ પણ જ્યાં દુર્ઘટ છે ત્યાં તેમના પારમાર્થિક સ્વરૂપની તો વાત જ શી ? હું, તમે તથા મોટામોટા દેવો પણ તેમના પરમાર્થ સ્વરૂપને જાણતા નથી, તેમની માયા વડે મોહિત થયેલા હોવાથી આપણે આપણા જ્ઞાનના પ્રમાણમાં એટલું જ જાણીએ છીએ કે આ પ્રપંચરૂપ જગત ભગવાનની મિથ્યા માયાથી જ બનેલું હોઈ તે અનિર્વચનીય છે. બસ, આટલું જ આપણે જાણીએ છીએ એથી વધુ આપણે કાંઈ જાણી શકતા નથી. તે આદ્ય પુરુષ ભગવાન અજન્મા હોવા છતાં પણ દરેક સૃષ્ટિ સમયે પોતે પોતાના વિષે, પોતા વડે, પોતાને સર્જે છે, પાળે છે તથા સંહારે છે. તે ભગવાન જ કેવળ જ્ઞાનરૂપ સત્ય તત્ત્વ છે, વિષયાકારથી રહિત છે, સર્વના અંતર્યામી છે, સંદેહથી રહિત છે, સ્થિર છે, સત્યસ્વરૂપ છે, પૂર્ણ છે, જન્મ અને મરણથી રહિત છે, નિર્ગુણ છે અને સર્વકાળે અદ્વય છે, જે આ બધું દ્વૈત છે એમ ભાસે છે તે મિથ્યા હોઈ વાસ્તવિક તો આ સર્વ અદ્વૈત છે. માયાથી તે બ્રહ્માંડ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) તથા તેની અંદર આવેલું જે જે કાંઈ મન, વાણી કિંવા બુદ્ધિવડે ભાસે છે તે તેમજ જે જે કાંઈ ઐશ્વર્યવાળું, તેજવાળું, ઇંદ્રિયશક્તિવાળું, બળવાળું, ક્ષમાવાળું, શોભાવાળું, લજ્જાવાળું, સંપત્તિવાળું, બુદ્ધિવાળું, અદ્‌ભુતવર્ણવાળું, રૂપવાળું અથવા રૂપ વગરનું જ્ઞેય તત્ત્વ છે, તે સર્વ પણ આ પરમાત્માની વિભૂતિ છે (ભા૦ ૨૬૦ ૨, અ૦ ૬).

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।

अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ २० ॥

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।

मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥ २१ ॥

હું આત્મા છું

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે: હે ગુડાકેશ અર્થાત્ આળસને જીતનાર અર્જુન ! આત્મા(વૃક્ષાંક ૧) હું જ છું. સર્વ ભૂતના આશયરૂપે સ્થિત રહેલો અર્થાત્ સર્વને હું હું એવી જે સ્ફૂર્તિ થાય છે તે સ્ફૂર્તિને પ્રેરણા કરનાર એટલે ઈશ્વર, દ્રષ્ટા કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨) પણ હું જ છું; સર્વ ભૂતમાત્રનો આદિ, મધ્ય તથા અંત એવો માયા પ્રકૃતિ કિંવા પ્રથમ સ્ફુરણરૂપ પ્રકૃતિ હું(વૃક્ષાંક ૩) પણ હું જ છું. એટલે જે સર્વ પોતપોતાને "હું" "હું" એમ કહે છે તે હું જ આદિને, મધ્યને તથા અંતને પણ જાણે છે એ પ્રમાણે ત્રણે ભાવોના સાક્ષીસ્વરૂપે કેવળ "હું" "હું" એવા ભાવનું જે સ્ફુરણ થવા પામે છે તે ભાવનો પણ સાક્ષી ઈશ્વર વા શુદ્ધ "હું"(વૃક્ષાંક ૨) કે જે કેવળ લક્ષ્યાર્થથી જ જાણી શકાય છે તે 'હું' પણ આત્મસ્વરૂપ એવો 'હું' જ છું. તેમાંથી આદિ સ્ફુરણરૂપ એવા વાચ્યાર્થદર્શક હું(વૃક્ષાંક ૩) કે જે આદિ સ્ફુરણરૂપ કહેવાય છે તે હું પણ અનિર્વચનીય એવો આત્મા જ છું. બ્રહ્માંડ મધ્યે આદિ એવા અદિતિથી ઉત્પન્ન થયેલા તે આદિત્ય કહેવાય છે. એ આદિત્ય બાર છેઃ (૧) ધાતા, (૨) અર્યમા, (૩) મિત્ર, (૪) વરુણ, (૫૬) (૫) ઇન્દ્ર, (૬૬) (૬) વિવસ્વાન, (૭) ત્વષ્ટા, (૮) વિષ્ણુ,(ઉરુક્રમ) (૯) અંશુ (વિધાતા, સૂર્ય) (૧૦) ભગ, (૧૧) પૂષા, અને (૧૨) પર્જન્ય કિંવા સવિતા, આ બાર આદિત્યો ક્રમે મેષાદિ રાશિઓના અધિપતિઓ છે. તે મેષાદિનો ક્રમ ચાંદ્રમાસમાં ચૈત્ર વૈશાખાદિના ક્રમે હોય છે. તે હોરાએ કાર્તિકના અંતમાં તથા માગશીર્ષના આરંભમાં વૃશ્ચિકનો સૂર્ય હોઈ

તેનો આદિત્ય વિષ્ણુ છે અને આ સર્વ આદિત્યોમાં વિષ્ણુ નામનો આદિત્ય શ્રેષ્ઠ હોઈ તે હું છે તેમ જ તે આદિત્ય સંક્રમણ નાક્ષત્રિકમાન પ્રમાણે માર્ગશીર્ષ માસના આરંભમાં હોવાથી તે માસ પણ શ્રેષ્ઠ છે. એમ ભગવાને અત્રે કહેલું છે 'मासानां मार्गशीर्षोऽहम्' (આગળ શ્લોક ૩૫, પૃષ્ઠ ૫૪૧ જુઓ). સર્વ પ્રકાશમાનોમાં પ્રકાશરૂપ કિરણોવાળો અતિ દૈદિપ્યમાન અને તેજઃપુંજ સૂર્ય હું જ છે.અદિતિના ઓગણપચાસ પુત્રો કે જે ઇન્દ્રના મરુદ્‌ગણો થઈ સોમરસનું પાન કરનારા યજ્ઞના લાલુદેવો થયા તે પૈકી મરીચિ નામનો શ્રેષ્ઠ મરુત્ હું જ છે. આ ઓગણપચાસ મરુતોની ઉત્પત્તિ શી રીતે થવા પામી તે સંબંધમાં શ્રી વ્યાસાચાર્યજીએ કહેલા વર્ણનનો સાર નીચે પ્રમાણે છે.

ઓગણપચાસ મરુતોની ઉત્પત્તિ

દિતિના પુત્રો દૈત્યોને ઇંદ્રે મારી નાખવાથી દિતિએ કશ્યપમુનિનો પ્રાર્થના કરી. ઇંદ્રને મારનાર પુત્ર થાય તેવા પ્રકારના વ્રતની માગણી કરી. તે ઉપરથી તેને વ્રતનો વિધિ સમજાવી કશ્યપે કહ્યું કે, જો આ વ્રતનું બરાબર પાલન થશે તો ઇંદ્રનો શત્રુ અને તેને મારનારો એવો પુત્ર થશે; પરંતુ તેમાં જરા પણ ત્રુટી રહેશે તો ઇન્દ્રનો મિત્ર એવો એક પુત્ર થશે. તે પ્રમાણે વ્રતની શરૂઆત દિતિએ કરી, પરંતુ એક દિવસે કાળ ગતિના બળે દૈવવશાત્ શુચિર્ભૂતપણાનો ત્યાગ થઈ તેને સંધ્યા સમયે નિદ્રા આવી. આનો લાભ લઈ ઇન્દ્રે યોગ વડે દિતિના પેટમાં પ્રવેશ કર્યો અને તેમાં જે ગર્ભ હતો તેના પ્રથમ સાત ટુકડા કર્યા છતાં તે જ્યારે મર્યો નહિ ત્યારે વળી પાછા દરેક ટુકડાના સાત સાત ટુકડા કર્યા છતાં પણ તેઓ નહિ મર્યા ત્યારે તે કુમારો ઇન્દ્રને કહેવા લાગ્યા કે "અમોને શા માટે મારે છે? માતાના વ્રતમાં અપૂર્ણતા થવાથી હવે અમે તમારા ભાઈઓ છીએ," આથી ઇન્દ્રે તેઓનો ભાઈઓ તરીકે સ્વીકાર કર્યો તથા તેમને પોતાની સાથે યજ્ઞમાં સોમરસનું પાન કરનારા પાર્ષદો–મરુદ્‌ગણો કર્યા. નિદ્રામાંથી ઊઠ્યા પછી આ વાત માતા દિતિના જાણવામાં આવી. આ પ્રમાણે ઓગણપચ્ચાસ મરુદ્‌ગણો ઉત્પન્ન થયા; તેમનાં નામોઃ (૧) એકજ્યોતિ, (૨) દ્વિજ્યોતિ, (૩) ત્રિજ્યોતિ, (૪) જ્યોતિ, (૫) એકશક, (૬) દ્વિશક, (૭) ત્રિશક (૮) મહાબળ, (૯) ઇન્દ્ર, (૧૦) ગલદશ્વ, (૧૧) પતિસકૃત, (૧૨) પર, (૧૩) મિત, (૧૪) સંમિત, (૧૫) સુમિત, (૧૬) ઋતજિત, (૧૭) સત્યજિત, (૧૮) સુષેણ, (૧૯) સેનજિત, (૨૦) અંતિમિત્ર, (૨૧) અનમિત્ર, (૨૨) પુરમિત્ર, (૨૩) અપરાજિત, (૨૪) ઋત, (૨૫) ઋતવાહ, (૨૬) ધર્તા, (૨૭) ધરુણ, (૨૮) ધ્રુવ, (૨૯) વિધારણ, (૩૦) દેવદેવ, (૩૧) ઇદિક્ષ, (૩૨) અદક્ષ, (૩૩) વ્રતિન, (૩૪) પ્રસદ (૩૫) સભર, (૩૬) ધાતા, (૩૭) દુર્ગ, (૩૮) ધિતિ, (૩૯) ભીમ, (૪૦) અભિયુક્ત, (૪૧) અપાત, (૪૨) સહ, (૪૩) દ્યુતિ, (૪૪) વપુર, (૪૫) અન્નાય, (૪૬) કામ, (૪૭) વાસ, (૪૮) જય અને (૪૯) વિરાટ એ પ્રમાણેના છે. તે પૈકી કેટલાકો ધ્રુવને કેટલાકો જયને તથા કેટલાકો વિરાટને મરીચિ કહે છે; પરંતુ જેમ **'नक्षत्राणामहं शशी'** એ વાક્યમાં સત્તાવીસ નક્ષત્રોમાં ચંદ્રનું નામ નથી પરંતુ તે સર્વનો અધિષ્ઠાતા છે તેમ આ ઓગણપચાસ મરુદ્‌ગણો મૂળ એકમાંથી જ થયેલા હોવાથી તે એક દિતિના પેટમાંનો પ્રથમ ગર્ભ કે જેના ઇન્દ્રે ટુકડા કર્યા તે પૂર્વે જે પ્રથમ એકરૂપે હતો તેને જ મરીચિ કહેલું છે. આથી ભગવાન કહે છે કે મરુદ્‌ગણોમાં મરીચિ હું જ છે.

ચંદ્ર હું જ છે

તારાગણો પૈકી મુખ્ય એવા (૧) અશ્વિની, (૨) ભરણી, (૩) કૃતિકા, (૪) રોહિણી, (૫) મૃગ, (૬) આર્દ્રા, (૭) પુનર્વસુ, (૮) પુષ્ય, (૯) આશ્લેષા, (૧૦) મઘા, (૧૧) પૂર્વાફાલ્ગુનિ, (૧૨) ઉત્તરાફાલ્ગુનિ, (૧૩) હસ્ત, (૧૪) ચિત્રા, (૧૫) સ્વાતિ, (૧૬) વિશાખા, (૧૭) અનુરાધા, (૧૮) જ્યેષ્ઠા, (૧૯) મૂળ (૨૦) પૂર્વાષાઢા (૨૧) ઉત્તરાષાઢા (૨૨) અભિજિત, (૨૩) શ્રવણ, (૨૪) ધનિષ્ઠા, (૨૫) શતતારકા, (૨૬) પૂર્વા ભાદ્રપદા, (૨૭) ઉત્તરા ભાદ્રપદા, (૨૮) રેવતિ (અભિજિત, ઉત્તરાષાઢાનો અંત ચરણ તથા શ્રવણની પ્રથમ પંદર ઘટી એટલો ભાગ મળીને થાય છે તે સ્વતંત્ર નથી તેથી કુલ નક્ષત્રો સત્તાવીશ ગણાય છે.) આ નક્ષત્રોનો અધિપતિ જે ચંદ્રમા છે તે હું જ છે.

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।

इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ २२ ॥

દેવતાઓનો ઇન્દ્ર હું જ છે

ઋક્, યજુ, સામ અને અથર્વ એ ચાર વેદો પૈકી મહત્ત્વનો સામવેદ હું છે. દેવતાઓમાં શ્રેષ્ઠ ઇંદ્ર હું છે. ઇન્દ્રિયોમાં બળવાન એવું મન હું જ છે. સર્વ ભૂતમાત્રને ચેતના આપનારો મહાપ્રાણ (શ્લોક ૬) પણ હું જ છે.

रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।

वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥ २३ ॥

રુદ્ર, કુબેર પણ હું જ છે

અગીઆર રુદ્રોમાં શ્રેષ્ઠ એવા શંકર હું જ છે; (૧) અજૈકપાત્, (૨) વિરૂપાક્ષ, (૩) અહિર્બુધ્ન્ય, (૪) પિનાકી, (૫) અપરાજિત, (૬) ત્ર્યંબક, (૭) મહેશ્વર (સુરેશ્વર), (૮) વૃષાકપિ (જયંત), (૯) શંભુ (બહુરૂપ) (૧૦) હર શંકર (હરણ) અને (૧૧) ઈશ્વર (સાવિત્ર). આમાં હર કિંવા શંકર નામનો મુખ્ય રુદ્ર તે હું જ છે (રુદ્રનાં નામો સંબંધે કેટલાક સ્થળોએ ભિન્નતા જોવામાં આવે છે. અત્રે ખાસ કરીને મહાભારત અને મત્સ્યપુરાણમાંના નામો લીધાં છે) યક્ષ રાક્ષસોમાં ધન ભંડારનો પતિ કુબેર હું જ છે. આ યક્ષ રાક્ષસોનું નામ પડવાનું કારણ એવું છે કે બ્રહ્માએ જ્યારે પ્રથમ સૃષ્ટિ રચનાનો શરૂઆત કરી અને આ યક્ષ, રાક્ષસો ઉત્પન્ન થયા ત્યારે તેઓએ રાત્રિનું અધિપત્ય મેળવ્યું હતું. તેઓ ભૂખ તરસ વડે પીડાવા લાગ્યા અને બ્રહ્માને જ ખાવા માટે દોડ્યા. તેઓએ કહ્યું કે આ બ્રહ્માને જ "ખાઈ જાઓ" તેમાં જેઓએ ખાઈ જાઓ એમ કહ્યું તે યક્ષ તથા 'રક્ષણ કરો મા' એમ કહેનારા રાક્ષસો એવા નામથી કહેવાયા. તે પૈકી સર્વમાં શ્રેષ્ઠ અલકાપુરી નિવાસી કુબેર હું જ છે. ધર, ધ્રુવ, સોમ, (ચંદ્રમા) અહ (આપ, સાવિત્ર, વિષ્ણુ), અનલ (હુતાશન), અનિલ(શ્વસન), પ્રત્યૂષ, અને પ્રભાસ એ આઠ વસુઓમાં શ્રેષ્ઠ એવો અનલ એટલે હુતાશન કિંવા પાવક તે હું છે. સર્વ પર્વતોમાં ઊંચામાં ઊંચા શિખરવાળો ભૂગોળની મધ્યમાં આવેલો અને જંબૂદ્વીપ વડે વિંટાયેલો જે મુખ્ય મેરુ તે હું જ છે.

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ।

सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥ २४ ॥

સાગર પણ હું જ છે

હે પાર્થ! મને જ પુરોહિતોમાં મુખ્ય અને સર્વથી શ્રેષ્ઠ એવો મુખ્ય પુરોહિત બૃહસ્પતિ જાણ. સેનાપતિઓમાં કાર્તિકસ્વામી કે જેઓ દેવતાઓના મુખ્ય સેનાની છે તે હું જ છે. સગર રાજાએ અશ્વમેધ યજ્ઞના ઘોડાની શોધને માટે પૃથ્વીને સ્થળે સ્થળે ખોદેલા તેથી તેના નામ ઉપરથી જે સાગર કહેવાય છે એવાં સર્વ સરોવરોમાં શ્રેષ્ઠ એવો સાગર હું જ છે.

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।

यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥ २५ ॥

સર્વયજ્ઞોમાં જપયજ્ઞ હું જ છે

મહર્ષિઓમાં અત્યંત તેજસ્વી એવા ભૃગુઋષિ હું જ છે. વાણીઓનું મૂળ સ્થાનક અને પરમાત્માનો વાચક એવો એકાક્ષર ૐ (અધ્યાય ૮ શ્લોક ૧૧ પૃષ્ઠ ૪૪૮ જુઓ) હું જ છે. યજ્ઞ, હવિ, અગ્નિ, મંત્ર, સમિધ, દર્ભ, પાત્ર, સભાસદ, ઋત્વિજ, યજમાનદંપતી, દેવતા, અગ્નિહોત્ર, સ્વધા, સોમરસ, ઘી, પશુ ઇત્યાદિ તેમ જ કાળ, દેશ, અનુષ્ઠાન, યજમાન, સ્રુક્સ્રુવાદિ સાધન, યજ્ઞાદિ ક્રિયા, મંત્રાદિક, વ્રીહિ આદિ ધાન્યો તથા તેઓ વડે થતાં સ્વર્ગાદિ ફળો એ મુજબ નવ પ્રકારનાં કર્મો વડે થતાં અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ અને સોમયાગ એ પાંચ પ્રકારના યજ્ઞો તથા 'શ્રોષ, શ્રાવય, અસ્તુ, ઔષટ્, યજયે, યજામહે અને વષટ્' એ પાંચ મંત્રો વડે પૂજ્ય તથા અગ્નિમાં નાંખેલા ઘી વડે ભીંજાયેલું તમામ હવિર્દ્રવ્ય દેવતાઓને મળે છે; એવા તમામ યજ્ઞો કરતાં કલિયુગમાં જપયજ્ઞ જ વિશેષ છે, કેમ કે તેમાં કોઈ સામગ્રીની કિંવા દેશકાળ ઇત્યાદિ કશાની જરૂર હોતી નથી. વળી બીજા કોઈના ઉપર આધાર પણ રાખવો પડતો નથી. વળી તેમાં હિંસાદિ દોષ થવાનો સહેજ પણ સંભવ હોતો નથી. તેવો કલિયુગમાં સર્વથી શ્રેષ્ઠ એવો જપયજ્ઞ પણ હું જ છે. સર્વ સ્થાવર એટલે જગતમાંના સ્થિર રહેનારા તમામ ભાવોમાં અચળ અને યુગની પૂર્ણતા સુધી રહેનારો એવો હિમાલય પર્વત હું જ છે.

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।

गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥ २६ ॥

સિદ્ધોમાં કપિલમુનિ પણ હું જ છે

સર્વ વૃક્ષોમાં અશ્વત્થ (પીપળો), વડ, આંબો, ઉમરો, ખરાદિ મહાવૃક્ષો કહેવાય છે. તેમાં પણ પીપળો વિશેષ શ્રેષ્ઠ છે તે હું જ છે. દેવર્ષિઓમાં નારદ હું છે. ઋષિઓ મંત્રદર્શી હોઈ તેમનું એ આપ્તવાક્ય છે. તેવા મંત્રદ્રષ્ટા મહર્ષિ (આર્ષ), રાજા છતાં ઋષિપણાને પામેલા એટલે આત્મસાક્ષાત્કારી તે રાજર્ષિ તથા દેવતા છતાં ઋષિપણાને પામેલા તે દેવર્ષિ કહેવાય. આ મુજબ જનકાદિ રાજર્ષિ તથા નારદ દેવર્ષિ છે, રાજાઓ કરતાં પણ શ્રેષ્ઠ યોનિવાળા એવા ગંધર્વોમાં ચિત્રરથ નામનો ગંધર્વ, સિદ્ધમાં જેમણે સ્ત્રી શરીર પણ સમજી શકે એવા પ્રકારે સંખ્યાઓ દ્વારા આત્મતત્ત્વ સમજાવ્યું તેના આદ્ય પ્રવર્તક, મન્વંતરમાં થતા અવતારિક એવા સિદ્ધ કપિલમહર્ષિ મુખ્ય હોઈ આ સર્વ પણ હું જ છે.

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।

ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥ २७ ॥

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।

प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥ २८ ॥

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।

पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥ २९ ॥

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।

मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥ ३० ॥

દૈત્યોમાં પરમ ભક્ત પ્રહ્લાદ હું જ છે

દેવદૈત્યોએ સમુદ્રમંથન કર્યું તેમાંથી નીકળેલો બધા અશ્વોથી શ્રેષ્ઠ ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ(ઘોડો); હાથીઓમાં મુખ્ય પુણ્યશાળી એવો જે ગજેન્દ્ર હાથી કે જેની સ્તુતિ પરથી મેં અવતાર ધારણ કર્યો છે તે તથા નરો(મનુષ્યો)માં શ્રેષ્ઠ, સ્વધર્મી, સત્ત્વસંપન્ન અને પ્રજાપાલક એવો રાજા પણ મને જ જાણ. આયુધોમાં ઇંદ્રનું વજ્ર મુખ્ય છે તે; ગાયોમાં વાછરડા વગર ગમે ત્યારે દૂધ દે એવી કામધેનુ ગાય મુખ્ય છે તે; ઇંદ્રિયોની તૃપ્તિની ઇચ્છાવાળો કામ નહિ પરંતુ જગતમાં સત્સંતતિ નિર્માણ કરવાના ઉદ્દેશથી તપશ્ચર્યાદિ કરીને પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળો કામ કે જેને કંદર્પ કહે છે તે તથા સર્પોમાં મુખ્ય એવો સર્પોનો રાજા વાસુકિ પણ હું જ છે. પાતાળનિવાસી નવ નાગોમાં અનંત નામનો શ્રેષ્ઠ નાગ કે જેના ઉપર નારાયણ (વિષ્ણુ) વિરાજમાન થએલા છે તે; સર્વ જલ દેવતાઓમાં મુખ્ય એવા વરુણદેવ પણ હું જ છે. સંયત પિતૃઓમાં શ્રેષ્ઠ એવો 'અર્યમા' નામનો પિતૃઓનો રાજા તેમ જ સંયમન કરનારાઓમાં એટલે ન્યાય કરવામાં પક્ષપાત રહિત એવો ન્યાયાધીશ અને દરેક જીવોનાં કર્મો પ્રમાણે બરોબર રીતે ફળ આપનારો તથા સર્વ શાસન કરનારાઓમાં શ્રેષ્ઠ એવો જે જીવન્મુક્ત સમદર્શી યમરાજ તે પણ હું જ છે. દૈત્યોમાં મારો પરમ ભક્ત એવો પ્રહ્લાદ; સર્વને સફાચટ કરી નાખનારો એવો અખંડ એટલે જે ગણનાથી પર છે તથા ખંડ એટલે જેની ગણના થઈ શકે છે તે આ બંને રીતનો જે કાળ તે પણ હું જ છે. મૃગોમાં મૃગેન્દ્ર અર્થાત્ વનના પશુઓમાં વનરાજ એવો સિંહ અને પક્ષીઓમાં સર્વનો રાજા, સર્વથી અત્યંત વેગવાળો તથા વૈકુંઠ લોક સુધી ગમન કરી શકે તેમ જ વિષ્ણુના વાહનરૂપ એવો ગરુડ પક્ષી પણ હું જ છું.

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।

झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥ ३१ ॥

શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવો રામ પણ હું જ છે

સર્વને પવિત્ર કરનારો જેનો વેગ કદીપણ રોકી ન શકાય એવો વેગવાનોમાં શ્રેષ્ઠ પવન હું જ છે. સર્વે શસ્ત્રધારીઓમાં જેનું બાણ કદીપણ નિષ્ફળ નહિ જાય એવો એકબાણી શ્રીરામાવતાર કે જેણે નીતિશાસ્ત્રાદિનું પ્રત્યક્ષ આચરણ કરીને જગતમાં મર્યાદાની પુનઃ સ્થાપના કરી છે એ પૂર્ણાવતારી રામ હું જ છે. જળમાં રહેનારાં માછલાંઓ વગેરે જળચરોમાં શ્રેષ્ઠ એવો જે મગરમચ્છ તે પણ હું જ છે, તેમ જ વહેનારી નદીઓમાં પરમ પવિત્ર તથા અત્યંત વેગવાળી જાહ્નવી એટલે જહ્નુઋષિએ પ્રાશન કરેલી અને ભગીરથ રાજાના તપ વડે પ્રસન્ન થઈ પુનઃ પોતાની જંઘ ચીરીને તેમાંથી કાઢેલી તથા સગર રાજાના પુત્રોના ઉદ્ધારને માટે સ્વર્ગમાંથી આવેલી તે શ્રી ગંગા નદી પણ હું જ છે.

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।

अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥ ३२ ॥

વિદ્યાઓનો રાજા એવી અધ્યાત્મવિદ્યા હું જ છે

હે અર્જુન ! તું જે જે કાર્યોની ઉત્પત્તિ થયેલી છે અર્થાત્ આ સર્વ સર્ગ કિંવા દૃશ્ય સૃષ્ટિ (વૃક્ષાંક ૪ થી ૧૫) છે તેનો આદિ, મધ્ય અને અંત એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને લય પણ હું જ છે. વિદ્યાની પ્રાપ્તિ જ્ઞાન મેળવવાના હેતુરૂપ છે અર્થાત્ જ્ઞાનની પ્રાપ્તિ માટે વિદ્યા ભણવામાં આવે છે અને દુઃખની અત્યંત નિવૃત્તિ થવી એ જ તેનો હેતુ છે; આવી રીતે દુઃખનિવૃત્તિ કરનાર વિદ્યાના ચૌદ પ્રસ્થાનો

છે, એટલે જેને વિદ્યા એ નામ વડે કહી શકાય એવા આ ચૌદ સાધનો કોઈ બાકીની બધી અવિદ્યા છે. ચાર વેદ : (૧) ઋક્, (૨) યજુ, (૩) સામ, (૪) અથર્વવેદ; આમાં કમે આયુર્વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ તથા અર્થવેદ એ ચારે ઉપવેદ તથા સર્વ ઉપનિષદોનો સમાવેશ થઈ જાય છે; છ વેદાંગો (૧) શિક્ષા (ઉચ્ચારશાસ્ત્ર) (૨) જ્યોતિષ, (૩) છંદ, (૪) નિઘંટુ, (૫) કલ્પ (કર્મકાંડની વિધિ બતાવનારું શાસ્ત્ર) અને (૬) વ્યાકરણ તેમ જ ચાર ઉપાંગો; (૧) ન્યાય, (૨) મીમાંસા, (૩) ધર્મશાસ્ત્રો, અને (૪) પુરાણો. ધર્મશાસ્ત્રોમાં સાંખ્ય યોગાદિ ષડ્દર્શન તથા સ્મૃતિશાસ્ત્રો તેમ જ શાકત પથ (દક્ષિણમાર્ગ), પંચરાત્રતંત્ર, પાશુપત તંત્ર વગેરેનો સમાવેશ થાય છે અને પુરાણોમાં શ્રી વ્યાસાચાર્યે બનાવેલાં અઢાર મુખ્ય પુરાણો, અઢાર ઉપપુરાણો, પૌરુષેય રામાયણ, મહાભારતાદિ ઇતિહાસ, ચમ્પુ, પૌરુષેય ઉપનિષદો અર્થાત્ ગીતા વગેરેનો સમાવેશ આ પુરાણની અંતર્ગત જ થઈ જાય છે. આ રીતે મુખ્ય ચૌદ એવાં વિદ્યાનાં પ્રસ્થાનો છે. આ બધી વિદ્યાઓનો અંતિમ ઉદ્દેશ આત્મજ્ઞાન કરી આપવાનો છે. એવી સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ કે જેને વિદ્યાઓનો રાજા કહેવામાં આવે છે, તે અધ્યાત્મવિદ્યા હું જ છે, એમ ભગવાન કહે છે.

જલ્પ, વિતંડા અને વાદોમાં વાદ હું જ છે.

વિવાદ કરનારાઓમાં શ્રેષ્ઠ એવો વાદ હું જ છે. વિદ્યા એ જ્ઞાનનો હેતુ છે તથા જ્ઞાન એ આત્યંતિક સુખ પ્રાપ્ત કરી આપનારું મોક્ષનું સાધન હોવાથી તેવા તત્ત્વના નિશ્ચયને માટે અપરોક્ષજ્ઞાન(સાક્ષાત્કાર) થતાં સુધી પરોક્ષજ્ઞાનીઓ આપસઆપસમાં સભાઓમાં ચર્ચાઓ કરી યોગ્ય તર્ક, ન્યાય ઇત્યાદિ ઉપર બતાવેલા વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનોના આધારે વિવાદો કરે છે તથા તેમાંથી તત્ત્વબોધની પ્રાપ્તિ થાય છે. આમ તત્ત્વનો નિર્ણય એ જ વાદનું વાસ્તવિક ફળ છે. આ વિવાદોમાં ત્રણ પ્રકારો છે, (૧) વાદ, (૨) જલ્પ અને (૩) વિતંડા. રાગદ્વેષ વિના તથા જય પરાજયની ઇચ્છા વિના કેવળ સત્ય તત્ત્વના નિર્ણયને માટે જ શુદ્ધ અંતઃકરણપૂર્વક પરસ્પર જે તત્ત્વનિર્ણયપર્યંત સામસામા પ્રશ્નોત્તરો કરવામાં આવે તેને વાદ કહે છે. બંને વિવાદ કરનારાઓ જેમાં પોતપોતાના પક્ષનું સ્થાપન કરી એક બીજાના પક્ષના ફકત દૂષણ બતાવે છે તે જલ્પ(વાદ) કહેવાય તથા જેમાં એક કેવળ પોતાના પક્ષનું જ સ્થાપન કરે છે, સામાના પક્ષમાં દૂષણ કયાં અને શા માટે છે તે સયુક્તિક બતાવતો નથી અને બીજો તો સામાના પક્ષના કેવળ દૂષણ જ બતાવે છે તથા પોતાના મતનું સ્થાપન પણ યોગ્ય રીતે કરતો નથી તેને વિતંડા(વાદ) કહે છે. જલ્પ અને વિતંડાવાદ કરનારાઓ દુરાગ્રહી તથા મૂઢ હોય છે. અને તેમની ઇચ્છા પરસ્પર એક બીજાને જીતવા કિંવા ગમે તે રીતે સામા પક્ષવાળાને ચૂપ કરવા એવી હોય છે. તેઓ તત્ત્વને કદી પણ જાણતા નથી. જય કિંવા પરાજય માની લેવો એ જ તેનું અંતિમ ફળ તેઓ પ્રાપ્ત કરે છે, પરંતુ વાદમાં તત્ત્વજ્ઞાનનો નિશ્ચય થતો હોવાથી તેવા પ્રકારનો જે વાદ તે હું જ છે એમ ભગવાને કહ્યું છે.

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ।

अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥

દ્વંદ્વ સમાસ હું છે

આકાશ જેમ સર્વત્ર વ્યાપક છે તેમ અકાર એ વર્ણ શાસ્ત્રમાં આકાશની જેમ સર્વવ્યાપક છે. અકાર વિના કોઈ પણ સ્વર, વ્યંજનાદિ વર્ણમાલાનું અસ્તિત્વ હોઈ શકે જ નહિ, આથી સર્વનો આદિ એવો જે અકાર જેનો કદી ક્ષર થતો નથી એવો 'અ' હું જ છે. 'अकारो वै सर्वा वाक्' । અકાર એ જ સર્વવાણી છે' એમ શ્રુતિમાં પણ કહેલું છે. વ્યાકરણના નિયમનો મુખ્ય આધાર સમાસ છે. દ્વંદ્વ, બહુવ્રીહિ અવ્યયી, તત્પુરુષ ઇત્યાદિ સમાસોમાં મુખ્ય એવો દ્વંદ્વ સમાસ હું જ છે. . દ્વંદ્વ સમાસ ઉભયપદપ્રધાન છે, સમાસોના સમૂહમાં પૂર્વપદપ્રધાન અવ્યયીભાવ તથા ઉત્તર પદપ્રધાન તત્પુરુષ છે તથા અન્યપદપ્રધાન

બહુવ્રીહિ સમાસ કહેવાય છે તે સર્વમાં જે ઉભયપદપ્રધાન અર્થાત્ સમાન ભાવવાળો સમાસ દ્વંદ્વ કહેવાય છે તે હું જ છે. એમ ભગવાન કહે છે. તાત્પર્ય કે, સમ અવસ્થા એ જ મારું સ્વરૂપ છે.

અક્ષયકાળ પણ હું જ છે

અક્ષય એવો જે કાળ તે પણ હું જ છે. કાળના બે પ્રકારો છે (૧) અંતકારી એટલે અનાદિ જેને અખંડ અથવા અવિનાશી કિંવા અક્ષય કાળ કહે છે તે તથા (૨) કલ નામનો એટલે કે જેની ગણત્રી થઈ શકે છે તે તેને ખંડ કિંવા નાશ પામનારો કાળ કહે છે. આ ખંડ કાળમાં મૂર્ત અને અમૂર્ત એવા બે પ્રકારો છે, તેમાં શ્વાસોચ્છ્વાસ (પ્રાણાદિ) દ્વારા નિશ્ચિત થયેલા કાળને મૂર્ત તથા નેત્રની પાંપણ પરથી ત્રુટિતત્પરાદિ દ્વારા નિશ્ચિત થયેલા કાળને અમૂર્ત એવી સંજ્ઞાઓ છે. મૂર્તકાળ સર્વસામાન્ય લોકો પણ જાણી શકે છે તે ગણિતગમ્ય છે તથા ત્રુટિતત્પરાદિ નિમેષાત્મક કાળ કેવળ યોગીઓ જ જાણી શકે છે. તે ગણત્રીથી પર છે. આ ખંડ કાળ (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ સુધી) તમામનો નાશ કરનારો છે. આ રીતે સર્વનો નાશ થયા પછી જે શેષ રહે છે તે કાળને અખંડ કિંવા અક્ષયકાળ કહે છે. આ કાળ એ જ ઈશ્વર(વૃક્ષાંક ૨)ની ક્ષણશક્તિરૂપ પ્રકૃતિ યા માયા(વૃક્ષાંક ૩)ના સત્ત્વાદિ ગુણોમાં ક્ષોભ કરનારો કાળ સમજવો. માયાનો વિલય અર્થાત્ આત્યંતિક પ્રલય(મોક્ષ) થયો કે આ કાળ પણ ભગવાનસ્વરૂપ(વૃક્ષાંક ૧)માં જ લીન બને છે. આથી આવો જે અક્ષયકાળ તે હું જ છે, એમ ભગવાને કહ્યું છે.

धाताऽहं विश्वतोमुखः

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે કે, હે પાર્થ! સારી રીતે સાંભળ કે: -વિશ્વતો મુખઃ એટલે આ વિશ્વની અંદર તમામ પ્રાણીઓ પોતે પોતાને માટે હું હું એમ જે કહે છે. જેમ કે તું તારે પોતાને માટે હું એમ કહે છે, વળી આ ભીષ્મ, દ્રોણ, ભીમ, ધર્મ ઇત્યાદિ તમામ યોદ્ધાઓ પણ પોતે પોતાને માટે હું હું એમ જ કહે છે. સિવાય તારી માતા કુંતિ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, વિદુર, અને હું પણ પોતાને "હું હું" એમ જ કહે છે. આ ઉપરથી જગતમાં તમામ લોકો પોતે પોતાને તો હું હું એમ કહે છે એ સિદ્ધ થયું, એટલું જ નહિ પરંતુ આ હાથી, ઘોડા ઇત્યાદિ પશુ પક્ષીઓ પણ જ્યારે આપસઆપસમાં વ્યવહાર કરતાં હોય ત્યારે પોતપોતાની ભાષામાં પોતાને માટે "હું" "હું" એમ જ કહેતા હશે, એ પણ તારા ધ્યાનમાં આવી શકે તેમ છે, એ તો શું પરંતુ આ જડાદિ ભાવો પણ જો તેઓમાં કોઈ પ્રકારની વાણી કિંવા સંકેત કરવાની શક્તિ હોત તો તેઓ પણ પોતાને માટે હું હું એમ જ કહેત; એમાં તો જરાપણ શંકા નથી. આ ઉપરથી નિશ્ચિત સિદ્ધ થાય છે કે વિશ્વનાં અંદર સર્વ "હું" રૂપ જ છે. તેના ઉપર તું, તમો, નામરૂપાદિ આરોપો વ્યવહારની સરળતાને માટે ભલે કલ્પવામાં આવ્યા હોય પરંતુ તે તમામ વાસ્તવિક તો સાવ મિથ્યા જ ઠરે છે. કેમ કે વ્યવહારમાં તારાં નામો અર્જુન, પાર્થ વગેરે છતાં તને તારા આ હરાવેલા નામો સિવાય ભીમ કિંવા દુર્યોધન ઇત્યાદિ ગમે તે નામ વડે કોઈ બોલાવે તો તું તેને ઉત્તર આપશે ખરો કે? અર્થાત્ વ્યવહારની વ્યાખ્યા પ્રમાણે પણ તે અસત્ય કહેવાય છે તો પછી હવે તું વિચારી જો કે તું તથા આ બીજાઓ પોતે પોતાને માટે જે "હું" "હું" એમ કહેતા હોય તો તેઓને તું, તમે અર્જુન ઇત્યાદિ નામો વડે બોલાવવાનું શું પ્રયોજન? ભગવાન કહે છે, હે કૌંતેય! મારું કથન તારા ધ્યાનમાં આવ્યું ને? આ ઉપરથી તું જાણી શકીશ કે આ તમામ લોક વ્યવહાર કેવો મિથ્યા અને નિરર્થક ઠરે છે. તાત્પર્ય એ કે, જગતમાં તમામ નામરૂપાદિ મિથ્યા ઠરતા હોઈ કેવળ એક હું-જ સત્ય છે. તો પછી આ "હું" ને "હું હું" એવી પ્રેરણા કરનારો કોણ? એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય એ શક્ય છે. તેના ઉત્તરમાં હવે કહું છું તે તું લક્ષ્યપૂર્વક સાંભળ. આ સર્વ વિશ્વમાં "હું" "હું" એવો કહેનારો 'एकोऽहम् बहुस्याम्' એક હું જ બહુરૂપે થાઉં એમ જે શ્રુતિમાં કહેવામાં આવ્યું છે તે "હું" છે. આ "હું"ને હું એવી પ્રેરણા કરનારો બીજો કોઈ તેનો સાક્ષી કિંવા દ્રષ્ટા કહેવાતો શુદ્ધ "હું"(વૃક્ષાંક ૨) છે અને તે લક્ષ્યાર્થ વડે જ જાણી શકાય તેવો ગુપ્ત છે અને તે જ વિશ્વમાં બધાના મુખમાં હું(વૃક્ષાંક ૩) એવા સ્ફુરણને પામેલો છે. હવે તેનો

ધાતા કિંવા ધારણ કરનારો તો અનિર્વચનીય આત્મસ્વરૂપ હું(વૃક્ષાંક ૧) છે. તસ્માત્ આ જગતમાં 'હું' નો ધાતા કિંવા ધારણ કરનારો આત્મા છે અને હું તને જે આ વિભૂતિઓ કહી રહ્યો છું, તે સર્વ આ આત્મસ્વરૂપ એવા હું(વૃક્ષાંક ૧)ની જ હોઈ તે તમામ આત્મરૂપ જ છે, એમ સમજ. હવે તને સારી રીતે સમજાયું હશે કે વિશ્વની અંદર બધાઓનાં મુખેથી નીકળનારો જે 'હું' તે આ અર્જુન, કૃષ્ણ ઇત્યાદિ નામધારી 'હું' નહિ પરંતુ જ્યાં 'હું' એવો ભાવ છે જ નહિ એવો અનિર્વચનીય આત્મા(વૃક્ષાંક ૧) છે. તે જ ધાતા છે અને આ ધાતા તે જ 'હું' છે.

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।

कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ ३४ ॥

જે છે તે, તેનો નાશ તથા ભવિષ્યમાં થશે તે સર્વ હું જ છે

ભગવાન અચ્યુત કહે છે કે હે ભરતશ્રેષ્ઠ ! અત્યાર સુધી તો મેં તને આ વિશ્વમાં જે છે તે સર્વ આત્મસ્વરૂપ એવા મારું સ્વરૂપ છે એમ કહ્યું, પરંતુ ઉપરના કથન ઉપરથી તું સારી રીતે જાણી-શકીશ કે આ વિશ્વમાં જે જે કાંઈ સ્થિત છે તે સર્વ આત્મસ્વરૂપ એવા 'હું' રૂપ છે એમાં તો શંકા નથી પરંતુ આ સર્વને હરનાર એવો મૃત્યુ તથા ભવિષ્યમાં જેઓનો ઉદ્ભવ થશે એટલે જેની ઉત્પત્તિ થવાની છે તે તમામ પણ 'હું' રૂપ જ છે. તાત્પર્ય કે, જે જે કાંઈ આજ સુધી થઈ ગયા, ભવિષ્યમાં થશે અને આજે છે તે તમામ આત્મસ્વરૂપ એવો 'હું' જ છે. મારાથી રહેજે પણ કાંઈ ભિન્ન નથી. એટલું જ નહિ પરંતુ જગતમાં શ્રેષ્ઠ ગણુયમાં આવતા કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા ઇત્યાદિ ગુણો તથા ઐશ્વર્યાદિકો જે જે સ્ત્રી પુરુષોમાં જોવામાં આવે છે તે તમામ અનિર્વચનીય એવા 'હું' રૂપ જ છે. ઉદ્દેશ એ કે, જગતમાં જેને જેને સદ્ગુણો એટલે ઐશ્વર્ય કિંવા શ્રેષ્ઠ પ્રકારના ગુણો માનવામાં આવે છે તે જે જે સ્ત્રી કિંવા પુરુષોમાં હોય તે તમામ સદ્ગુણો આત્મસ્વરૂપ એવા 'હું' રૂપ જ છે. કીર્તિ, શ્રી ઇત્યાદિ શબ્દો સ્ત્રી વાચક છે. તેનું કારણ એ કે ભગવાનનું પર એટલે આત્મસ્વરૂપ તો તદ્દન અનિર્વચનીય હોઈ ગુણો એ પ્રકૃતિના વિસ્તારરૂપ હોઈ આ બધું દૃશ્ય જે વિસ્તારને પામેલું છે તેને ભગવાનનું વિરાટ કિંવા અપર સ્વરૂપ કહે છે, વળી ભગવાનનું પર એટલે આત્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) તો તદ્દન અનિર્વચનીય છે, માટે અપરસ્વરૂપ (વૃક્ષાંક ૨ થી ૧૫ ઘ સુધી)નો ભાવ દર્શાવવાને અર્થે અત્રે પ્રકૃતિરૂપ સ્ત્રી વાચક શબ્દો યોજેલા છે. વ્યવહારમાં શત્રુભાવથી રહિત એવા આ કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા ઇત્યાદિ સદ્ગુણો આત્મસ્વરૂપ એવા 'હું' રૂપ જ છે અને તેનો શત્રુ રહિત ભાવ તો કેવળ એક આત્મપદમાં જ હોઈ શકે. સારાંશ, આ બધું 'હું' રૂપ જ હોઈ તેવો હું તો આત્મા(વૃક્ષાંક ૧) છે, એવો હેતુ જ આમાં સમાયેલો છે (આ બધા શબ્દો પ્રચલિત હોવાથી તેનો જુદો જુદો અર્થ કરીને વિસ્તાર વધાર્યો નથી. જેમને તેના અર્થ જાણવાની ઇચ્છા થઈ હોય તેમણે તે અન્યત્ર જોઈ લેવા).

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ।

मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ ३५ ॥

બૃહત્સામ હું કેમ ?

સામોમાં બૃહત્સામ તથા છંદોમાં ગાયત્રી હું છે. સામ એ શબ્દમાં વાણી તથા પ્રાણ એમ બંનેનો સમાવેશ થાય છે, આથી શબ્દો તથા વાક્યોમાં રહેલા વર્ણોના સમુદાયરૂપ ગાનને જ સામ કહે છે અને તે પ્રાણને અધીન છે, કારણ દરેક સ્વરનો ઉદ્ભવ પ્રાણથી જ થઈ શકે છે (અધ્યાય ૮ શ્લોક ૧૧ જુઓ) તેથી તે પ્રાણને અધીન છે. જેમ પ્રાણ સામરૂપ છે તેમ વાણી પણ સામરૂપ છે, કારણ તે સામની પુનરાવૃત્તિ

દર્શાવે છે. (બૃ૦ ૧/૩/૨૨ શાંકરભાષ્ય જુઓ). યજ્ઞની અંદર શાસ્ત્રના કાર્ય પહેલાં આ સામનું ગાન કરે છે તે શુદ્ધ અને સ્પષ્ટ સ્વરવાળું હોવું જોઈએ. સામવેદના મંત્રો એ સામરૂપ છે. ઇતર વેદના મંત્રો પણ સામરૂપ જ છે. સામનું ગાન ઉદ્‌ગાતાનું છે. ગાન શી રીતે કરવું તે સંબંધમાં શાસ્ત્રમાં (છાંદોગ્ય ઉપનિષદ દ્વિતીય પ્રપાઠક ખંડ ૨૨ અનુવાક ૧ માં) આ પ્રમાણે કહ્યું છે; "ઉદ્‌ગાતાએ કહ્યું કે વિનર્દિ એટલે સ્વર વિશેષવાળા સામની હું ઇચ્છા કરું છું. જે પશુને માટે હિતકારી ગણાય છે. (યજ્ઞીય પશુ સામના ગાનથી સૂર્યલોકમાં પહોંચી શકતાં હતાં. જે લોક મનુષ્યોને મળવો પણ મુસ્કેલ છે.) અગ્નિના દૈવતરૂપે, પ્રજાપતિના અનિરુક્ત (અસ્પષ્ટ) રૂપે, સોમના નિરુક્ત (સ્પષ્ટ) રૂપે, જે સામગાન વાયુના નરમ તથા અવચ્છેદથી રહિત એટલે કંપ વગરનું, જે ઇન્દ્રના મધુર તથા ઉચ્ચ સ્વરવાળા રૂપે તથા જે બૃહસ્પતિને ક્રૌંચ પક્ષીના નાદ સરખું તેમ જ વરુણને અપધ્વાંત (ફૂટેલા કાંસ્યમાંથી નીકળતા) સ્વરવાળું છે, તેવા સામનું સેવન કરવું જોઈએ. અર્થાત્ સર્વત્ર શુદ્ધ સામનું જ સેવન કરવું, પરંતુ બોખરા સ્વરવાળા સામનો હંમેશ ત્યાગ કરવો."

સામોની સંખ્યા ૮૦૧૪ આઠ હજાર ચૌદ હોઈ તે પૈકી કેટલાક ઈશ્વરનું સ્તવન કરે છે અને કેટલાક ચિત્ત પ્રસાદન કરે છે. સામોપાસના ઘણી રીતે કરવામાં આવે છે. (જુઓ છાંદોગ્ય ઉપનિષદ દ્વિતીય પ્રપાઠક). તે પૈકી બૃહત્સામ આદિત્યને વિષે પ્રોત છે (છાંદોગ્ય ઉપનિષદ દ્વિતીય પ્રપાઠક ખંડ ૧૪ જુઓ).

બૃહત્સામ એટલે શું ?

સવારનો યજ્ઞક્રિયા વસુઓને, મધ્યનો રુદ્રને અને અપરાહ્ણ કાળની ક્રિયા વિશ્વદેવ તથા આદિત્યને લાગુ પડે છે. તે જ બૃહત્સામ છે. અગ્નિ પૃથ્વીરૂપ હોઈ ઋગ્વેદ છે. વરુણ યજુર્વેદ હોઈ અંતરિક્ષરૂપ છે તથા સામવેદ આદિત્યરૂપ હોઈ સૂર્ય યા સ્વર્લોકરૂપ છે, આથી આદિત્ય એ બૃહત્સામ છે. ઋચાઓના અક્ષરમાં આરૂઢ જે ગીતિવિશેષરૂપ ઋચાઓ છે તે સામ છે. એ સામોમાં પણ **त्वामिद्धि हवामहे** આ ઋચામાં ગીતિવિશેષરૂપ તથા સર્વના ઈશ્વર-ઇંદની સ્તુતિરૂપ જે આ સ્વર્લોકરૂપ ઋચાઓ તે બૃહત્સામ કહેવાય છે (છાં૦ પ્રપા૦ ૨ શાંકરભાષ્ય તથા કિરણાંશ ૩૩ પૃષ્ઠ ૮૯ જુઓ).

ગાયત્રી છંદ હું જ છું

સર્વ છંદોમાં શ્રેષ્ઠ એવો ગાયત્રી છંદ હું છું (જુઓ વેદાંગ પાણિનીય શિક્ષા અનુ૦ ૪). જેનાં અક્ષરો તથા પદો નિયમિત હોય છે તે છંદ કહેવાય. તેઓમાં ગાયત્રી છંદ મુખ્ય હોઈ તે હું જ છું. કેમ કે તે દ્વિજોના બીજા જન્મના હેતુરૂપ છે. પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં એમ ત્રણ સંધ્યનાદિમાં તે વ્યાપેલો છે. વળી ત્રિષ્ટુપ, જગતી ઇત્યાદિ છંદો સામને લાગી શકયા નથી પણ ગાયત્રીએ તે સંપાદન કર્યો છે માટે તે હું જ છું (જુઓ શતપથ બ્રાહ્મણ). "**गायत्री वा इदं सर्वम्**। આ સર્વ ગાયત્રી છે" એવી શ્રુતિ પણ છે. સર્વ છંદોનો પાયો ગાયત્રી છે. (અ૦ ૩ શ્લો૦ ૩૫ પૃષ્ઠ ૨૨૬ ટિપ્પણ સહિત જુઓ) આથી ગાયત્રી છંદ હું છું, એમ અત્રે કહ્યું છે.

માર્ગશીર્ષ

મહિનાઓમાં માર્ગશીર્ષ માસ હું છું. આમાં આપેલો માર્ગશીર્ષ માસ નાક્ષત્રિક કિંવા પૂર્ણિમાંત છે. મહિનાઓ બે પ્રકારના છે (૧) પૂર્ણિમાંત અને (૨) અમાંત. વદિ ૧ થી સુદિ ૧૫ પુનમ સુધીનો જે માસ તે પૂર્ણિમાંત હોઈ આને જ નાક્ષત્રિક માસ પણ કહે છે તથા સુદિ ૧ થી વદિ ૦)) અમાવાસ્યા સુધીનો જે માસ તે અમાંત કહેવાય. આને ચાંદ્રમાસ પણ કહે છે. ગુજરાત, મહારાષ્ટ્ર તથા દક્ષિણ ભાગમાં અમાંત માસ ચાલે છે તથા કુરુક્ષેત્ર, મારવાડ, મેવાડ, નૈમિષારણ્ય વગેરે ઉત્તર ભાગમાં પૂર્ણિમાંત માસ ચાલે છે.

પૂર્ણિમાંત અને અમાંત

સુદિ ૧ થી આરંભ થઈ ૦)) અમાસે પૂર્ણ થતો જે માસ તે અમાંત કિંવા ચાન્દ્રમાસ કહેવાય છે તથા વદિ ૧ થી આરંભ થઈ સુદિ ૧૫) પૂર્ણિમાએ પૂર્ણ થનારો મહિનો તે પૂર્ણિમાંત કિંવા નાક્ષત્રિક માસ કહેવાય છે. આ બંને મહિનાઓ જો કે સરખા છે છતાં પણ તેમાં ભેદ એટલો જ છે કે અમાંત

માસમાં પ્રથમ સુદિ પક્ષ અને પછી વદિ પક્ષ આવે છે તથા પૂર્ણિમાંત માસમાં પ્રથમ વદિ પક્ષ અને પછી સુદિ પક્ષ એવો ક્રમ છે. આ બેમાં નીચે પ્રમાણે ભેદ છે. બંને મહિનાઓનો સુદિ પક્ષ એક સરખો જ હોય છે પરંતુ વદિ પક્ષમાં એટલો ભેદ છે કે જ્યારે અમાંત એટલે ચાન્દ્ર મહિનાની ગણત્રીનો ફાલ્ગુન કૃષ્ણપક્ષ કહેવાય છે તેને જ પૂર્ણિમાંત એટલે નાક્ષત્ર માસની ગણત્રીવાળાઓ ચૈત્ર કૃષ્ણપક્ષ કહે છે. આ રીતે ચાન્દ્રમાસના ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, અષાઢ, શ્રાવણ, ભાદ્રપદ, આસો, કાર્તિક, માર્ગશીર્ષ, પૌષ, માઘ, ફાલ્ગુન એ બારે માસના વદિ પક્ષોને પૂર્ણિમાંત એટલે નાક્ષત્રિક ગણત્રીવાળા લોકો ક્રમે વૈશાખ, જ્યેષ્ઠ, અષાઢ, શ્રાવણ, ભાદ્રપદ, આસો, કાર્તિક, માર્ગશીર્ષ, પૌષ, માઘ, ફાલ્ગુન અને ચૈત્ર વદિ પક્ષો કહેશે. એટલે ચાંદ્ર મહિનાની ગણત્રી પ્રમાણે જે ચૈત્ર વદ હશે તે નાક્ષત્રમાસવાળાની ગણત્રી પ્રમાણે વૈશાખ વદ કહેવાશે. આ મુજબ ચાન્દ્રના ચૈત્ર મહિનામાં પ્રથમ ચૈત્ર શુક્લ પક્ષ અને પછી ચૈત્ર કૃષ્ણપક્ષ એ ક્રમ આવશે, ત્યારે પૂર્ણિમાંત માસવાળાની ગણત્રી પ્રમાણે ચાન્દ્રમાસવાળા જેઓને ફાલ્ગુન કૃષ્ણપક્ષ કહેશે તેને પૂર્ણિમાંત માસવાળા ચૈત્ર કૃષ્ણ પક્ષ કહેશે. તે ક્રમે પ્રથમ ચૈત્ર શુક્લપક્ષ અને પછી ચૈત્ર કૃષ્ણપક્ષ એ પ્રમાણે અમાંત મહિનાવાળાની ગણત્રામાં ક્રમ રહેશે, જ્યારે તેને જ પૂર્ણિમાંત ગણત્રીવાળાઓના ક્રમે પ્રથમ ચૈત્ર શુક્લપક્ષ તથા પછી વૈશાખ કૃષ્ણપક્ષ એમ કહેવામાં આવશે. શુક્લ પક્ષો તો બંનેના એકસરખા જ રહેશે જે ઉપર બતાવ્યું જ છે આ રીતે દરેક મહિનાઓ માટે સમજવું. આથી આમાં ભગવાને 'માસાનાં માર્ગશીર્ષોઽહમ્' એમ જે કહ્યું છે તે કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ચાલતા નાક્ષત્રિક કાળને અનુસરીને કહેલું છે; એટલે તેની અમાંત (ચાન્દ્ર) માસ પ્રમાણે જે ગણત્રી કરવામાં આવે તો ચાન્દ્ર માસમાં જે કાર્તિક વદ ગણાશે તે જ પૂર્ણિમાંતવાળાની ગણત્રી પ્રમાણે માર્ગશીર્ષ મહિનાને વદિપક્ષ કહેવાશે, અને તે મહિનામાં નિશ્ચિત વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય છે. તેનો અધિપતિ વિષ્ણુ આદિત્ય હોઈ તે સર્વ આદિત્યોમાં શ્રેષ્ઠ છે, જે પ્રથમ કહેલું જ છે. આથી બાર મહિનામાં શ્રેષ્ઠ એવો માર્ગશીર્ષ મહિનો હું જ છે. ઋતુઓમાં યજ્ઞકાળને અનુકૂળ એવી વસંતઋતુ કે જેમાં નૂતન પલ્લવાદિ ફૂટે છે તથાં જે અતિમાન્ય છે, તે વસંત ઋતુ પણ હું જ છે.

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।

जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥ ३६ ॥

દ્યૂત એટલે શું ?

છળ કરનારાઓમાં દ્યૂત જુગટું હું જ છું એટલે અમુકની સાથે મેં છળકપટ કર્યું એમ જે વ્યવહારમાં કહેવામાં આવે છે તેનો પ્રેરક પણ હું જ છે, કેમ કે શુદ્ધ અંતઃકરણથી કરવામાં આવતા દ્યૂતનો ઉદ્દેશ વ્યવહાર અર્થ સાધી લઈને અધઃપતનમાં પાડવાનો હોતો નથી, પરંતુ પ્રામાણિકપણે પારમાર્થિક માર્ગ તરફ લઈ જઈ અંતે આત્મસાક્ષાત્કારમાં જ તેનું પર્યવસાન થાય એવો હોવો જોઈએ, અને એટલા માટે જ અજ્ઞજનસમાજ અજ્ઞાની હોવાથી તેઓના હિતની દૃષ્ટિનો વિચાર કરીને પૂર્વે મહર્ષિઓએ રાજનીતિની સ્થાપના કરેલી છે તથા તેમાં સામ, દામ, દંડ અને ભેદ એ ચારે નીતિનો આશ્રય લેવાનું કહેવામાં આવેલું છે. આ નીતિ એટલે જ દ્યૂત વા છળકપટ છે એમ જાણવું.

જગતમાં સત્ત્વવાળું સર્વ હું જ છે

અમુક પ્રભાવશાળી છે, બળવાન છે, તેજસ્વી છે, એમ જે કહેવામાં આવે છે તે સર્વ તેજસ્વીઓમાં જે તેજ છે તે હું છું. અમુકે જય મેળવ્યો, એમ જે વ્યવહારમાં કહેવામાં આવે છે તે જય હું જ છે. અમુક મોટો વ્યવસાયી-ઉદ્યમી છે એવું જે વ્યવહારમાં લોકો કહે છે તે ઉદ્યમ હું જ છે. સત્ત્વવાળાઓનું સત્ત્વ હું જ છે. વાસના રહિત ચિત્તને સત્ત્વ કહે છે કિંવા દૂધનું સત્ત્વ જેમ માખણ છે તેમ આ જગતની અંદર જે જે કાંઈ સત્ત્વરૂપે છે તે બધું હું જ છે.

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।

मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥ ३७ ॥

પાંડવોમાં ધનંજય પણ હું જ છે

યાદવોમાં વૃષ્ણિકુળમાં વસુદેવને ત્યાં ઉત્પન્ન થએલો વાસુદેવ એટલે શ્રીકૃષ્ણના નામથી તારી સામે જે બેઠેલો છે તે પણ હું છે કિંવા અતિશય શુદ્ધ એવું જે અંતઃકરણ તે વસુદેવ કહેવાય છે કેમ કે તે શુદ્ધ અંતઃકરણરૂપી વસુદેવમાં ઇંદ્રિયોથી અગોચર એવો વાસુદેવ પ્રકટપણે પ્રકાશે છે, આથી જ તે વસુદેવ ઉપરથી વાસુદેવ કહેવાય છે (ભા૦ સ્કં૦ ૩-૩-૨૩). આ વાસુદેવ તે હું છે. અરે! એટલું તો શું પરંતુ પાંડવોમાં મુખ્ય એવો ધનંજય એટલે અર્જુન તે પણ હું જ છે કારણ કે, અર્જુન પોતે પોતાને માટે તો હું હું એમ જ કહે છે. તે હું હું કહેનાર આત્મા હોઈ તે હું એટલે તો આત્મસ્વરૂપ એવો છે. મુનિઓમાં શ્રેષ્ઠ એવા વ્યાસાચાર્ય તથા કવિઓમાં શ્રેષ્ઠ એવા શુક્રાચાર્ય પણ હું જ છે.

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ॥

मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥ ३४ ॥

શાસન કરનારાઓમાં દંડ એટલે શિક્ષા હું જ છે. જયની ઇચ્છાવાળામાં જે નીતિ અર્થાત્ સલાહ મસલત તથા સામદામાદિ પણ હું જ છે. સર્વ ગુહ્યમાં ગુહ્ય એવું જે મૌન તે હું જ છે એટલે અમુક વસ્તુ અત્યંત ગુપ્ત રાખવી એમ જે માનવામાં આવે છે તેને બહાર પ્રગટ નહિ કરવા રૂપ મૌન શક્તિ તે હું જ છે કિંવા જીવન્મુક્તોનું સુષુપ્તમૌન હું જ છે. સર્વે જ્ઞાનીઓ મને જ્ઞાન છે એવું જે સમજે છે તે જ્ઞાન પણ હું જ છે. વેદ અને તંત્રશાસ્ત્ર પ્રમાણે ભગવાનની જે જે વિભૂતિઓ કહેલી છે તે બધી પણ હું જ છે(જેઓને આ સંબંધે વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે શ્રી ભા૦ સ્કં૦ ૧૨ અ૦ ૧૧ માં જોવું).

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।

न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥ ३९ ॥

મારા વિના બીજું કાંઇ છે જ નહિ

હે અર્જુન! સર્વ ભૂતોનું જે બીજ તે પણ હું જ છે. જે ચરાચર ભૂતમાત્ર છે તે બધા મારા (હું) વિના નથી. ઉદ્દેશ એ કે, આ ચરાચર ભૂત માત્રનું બીજ તત્ કિંવા આત્મા (વૃક્ષાંક ૧) હોઈ તે જ હું છે. આ ચરાચર ભૂત મારા તે એટલે તત્ એવા આત્મસ્વરૂપથી અભિન્ન છે. એટલે કે, આ ચરાચરમાં મારા—આત્મસ્વરૂપ વિના બીજી કોઈપણ વસ્તુ છે જ નહિ.

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ।

एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥

મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી

હે પરંતપ! મારી દિવ્ય એટલે ચૈતન્ય સ્વરૂપ વિભૂતિઓનો અંત નથી. છતાં વિભૂતિઓનો આ વિસ્તાર તો મેં કેવળ એકદેશીય અર્થાત્ સાધારણ રીતે તારા લક્ષ્યમાં આવે એટલા પૂરતો જ કહેલો છે. સારાંશ એ કે, જેમ કોઈ મનુષ્ય દ્વારકા નગર જોઈ આવ્યો તેને ઘેતર લોકો પૂછે છે કે દ્વારકામાં શું શું

હતું અને તું શું શું જોઈ આવ્યો ? તેના ઉત્તરમાં તે બેટ, શંખોદ્ધાર, ગોપીતલાવ, નાગનાથ, ગોમતી, સિદ્ધનાથ, શ્રીદ્વારકાધીશનું મંદિર, શારદાપીઠ, શંકરાચાર્યની ગાદી, બંદર વગેરે હતું અને તે મેં જોયું એમ કહેશે. તો તે ઉપરથી એમ સમજવાનું નથી કે આટલું જોતી વખતે જ તેણે આંખો ઉઘાડી રાખેલી હતી અને બીજી વખતે બંધ કરી દીધી હતી એટલે આ સિવાય રસ્તામાં બીજું બધું કાંઈ તેના જોવામાં આવ્યું નહિ, એમ કાંઈ કહી શકાય નહિ; પરંતુ આમ કહેવામાં તેનો ઉદ્દેશ તેણે તમામ જોયું એટલો જ સમજવાનો છે. તેણે તો તે પૈકી મુખ્ય મુખ્યનું જ વર્ણન કર્યું એટલો જ ભાવ તેમાં હોય છે તેમ આ વિભૂતિનો અર્થ ફક્ત વિભૂતિઓમાં કહ્યું તેટલું જ ભગવાનનું સ્વરૂપ છે એમ નહિ સમજતાં ચરાચરમાં જે જે કાંઈ દૃશ્ય અદૃશ્ય રૂપે વ્યાપેલું છે, જે ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળમાં તથા જે જે કાંઈ શરીર, વાણી, નેત્ર, મન, બુદ્ધિ હૃદયાદિ દ્વારા જાણી શકાય છે તે તમામ આત્મસ્વરૂપ એવા ભગવાનનું સ્વરૂપ હોઈ તેને જાણનારો પોતે પણ તેનાથી કિંચિન્માત્ર ભિન્ન નથી. આમ આત્મસ્વરૂપ વિના બીજું કાંઈ છે જ નહિ, એ રીતનો સર્વાત્મભાવ બતાવવો એ જ આ વિભૂતિઓ કહેવાનો મુખ્ય આશય છે.

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।

तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥ ४१ ॥

આ બધું મારા તેજથી જ પ્રગટેલું છે

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! ટૂંકામાં એટલું જ જાણ કે આ સર્વ દૃશ્યાદિમાં જે જે વૈભવ કિંવા ઐશ્વર્ય, લક્ષ્મી, બળ અથવા સત્ત્વ એટલે સાર અને અસારરૂપ એવું હોય તે તે સર્વ મારા તેજના અંશથી જ ઉપજેલું વા પ્રકટેલું છે, એમ જાણ. એટલે કે સૂર્ય જેમ પોતાના અંશોને કિરણોદ્વારા પ્રકટ કરીને તે વડે જગતને પ્રકાશમાન કરે છે તેમ આત્મા કિંવા ચૈતન્યસ્વરૂપ એવો જે હું તે ચૈતન્યના પ્રકાશવડે જ આ સર્વ પ્રકાશિત થયેલું છે એમ સમજ.

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ४२ ॥

આ બધું મારા એક અંશમાં જ સ્થિત છે

અથવા હે અર્જુન ! આ બધો લાંબો પસારો જાણીને તારે શું પ્રયોજન છે ? સંક્ષેપમાં એટલું જ સમજ કે આ બધો જગતાદિરૂપ જે દૃશ્યાદિ પસારો (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનો) છે તે સર્વને "હું" રૂપ એવા એક અંશ અથવા સ્ફૂર્તિ (વૃક્ષાંક ૩) વડે જ આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) એવો હું ધારણ કરી રહ્યો છું. તાત્પર્ય કે, મારી (આત્મા વૃક્ષાંક ૧ની) હું એવી સ્ફૂર્તિ કિંવા હું એવા એક અંશ (વૃક્ષાંક ૩) વડે જ આ સર્વનું ધારણ થયેલું છે. આ હું રૂપ એવા એક અંશ વડે વિસ્તારેલી દૃશ્યજાળને શાસ્ત્રમાં અપરાપ્રકૃતિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) કહે છે. તેનો જ આ સર્વ વિસ્તાર છે. મારી આ અપરાપ્રકૃતિ પણ વાસ્તવિક અનિર્વચનીય છે, તેનું વર્ણન થવું પણ જ્યાં શક્ય નથી તો પછી અપરા તથા પરા પ્રકૃતિથી પણ પર એવા મારા વર્ણનની તો વાત જ શી કરવી. આ વિભૂતિઓના સંબંધમાં ઉદ્ધવે શ્રીકૃષ્ણ ભગવાનને આવી રીતે જ પ્રશ્ન કર્યો હતો તે ઉપરથી ભગવાને તેને પોતાની વિભૂતિનું વર્ણન ત્યાં પણ કહેલું છે તે આની સાથે સંબદ્ધ તથા બંધ બેસતું હોવાથી નીચે આપવામાં આવે છે.

આપની વિશેષ શક્તિવાળી વિભૂતિઓ કહો

શ્રીઉદ્ધવ કહે છે : ભગવન્! પૃથ્વી પર, આકાશમાં, સ્વર્ગમાં, રસાતળમાં અને દિશાઓમાં જે કોઈ વિભૂતિઓને આપે કોઈ વિશેષ શક્તિવડે યોજી હોય તે સર્વ આપ કૃપા કરીને મને કહો. આપની એ તમામ વિભૂતિઓ જાણવાની મારી ઇચ્છા છે.

આ જ પ્રશ્ન રણભૂમિ પર મને અર્જુને કર્યો હતો

શ્રીભગવાન બોલ્યા : હે ઉદ્ધવ! કુરુક્ષેત્રની અંદર શત્રુઓ સાથે યુદ્ધ કરવા ઇચ્છતા અર્જુને મને આ પ્રમાણે જ પ્રશ્ન પૂછ્યો હતો. તારો આ પ્રશ્ન નરના અવતારરૂપ અર્જુનના પ્રશ્ન સાથે મળતો હોઈ તે ઘણો ઉત્તમ છે. રાજ્યના કારણે પોતાના જ્ઞાતિલાઓનો વધ કરવો એ અધર્મ છે એમ જાણીને અર્જુન જ્ઞાતિલાઓનો વધ કરતાં અટકી પડ્યો હતો અને "આ લોકોને હું મારીશ તો તેઓ માર્યા જશે," એવી પ્રાકૃત બુદ્ધિવડે તે યુક્ત બન્યો હતો. તે વેળા પુરુષવ્યાઘ્ર અર્જુનને મેં અનેક યુક્તિથી સમજાવ્યો હતો અને જેમ તેં હમણાં પ્રશ્ન કર્યો છે તેમ અર્જુને પણ તે વખતે યુદ્ધભૂમિ ઉપર મને પ્રશ્ન કર્યો હતો. તે વેળા મેં અર્જુનને જેવા અર્થવાળો ઉત્તર આપ્યો હતો તે હું તને કહું છું તે સાંભળ.

રાજર્ષિઓમાં મનુ હું છું

હે ઉદ્ધવ! હું આ સર્વ પ્રાણીઓનો આત્મા* છું, સાક્ષી છું અને ધ્રુવ છું એટલું જ નહિ પણ આ સર્વ પ્રાણીમાત્ર તે હું જ છું. આ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ હું રૂપ એવા મારાથી જ થાય છે. હું ગતિવાળાઓની ગતિ તથા વશ કરનારાઓમાં કાળ છું. ગુણોની સમાન સ્થિતિ હું છું. તથા ગુણવાન પદાર્થોમાં રહેલા સ્વાભાવિક ગુણો પણ હું જ છું. ગુણવાળા પદાર્થોનું પ્રથમ કાર્ય પણ હું છું સર્વથી મોટામાં મોટું મહત્તત્ત્વ હું છું. સૂક્ષ્મ પદાર્થોમાં સૂક્ષ્મ જીવ હું છું, કુર્જેય પદાર્થોમાં મન હું છું. વેદોના મુખ્ય અધ્યાપક બ્રહ્મા હું છું. મંત્રોમાં શ્રેષ્ઠ ત્રણ અક્ષરવાળો મંત્ર ૐ હું છું. અક્ષરોમાં અકાર હું છું. છંદોમાં ગાયત્રી હું છું. સર્વ દેવોમાં ઇન્દ્ર, વસુઓમાં હવ્યવાહ, આદિત્યોમાં વિષ્ણુ, રુદ્રોમાં નીલલોહિત, બ્રહ્મર્ષિઓમાં ભૃગુ, રાજર્ષિઓમાં મનુ, દેવર્ષિઓમાં નારદ, ગાયોમાં કામધેનુ, સિદ્ધોમાં કપિલદેવ પક્ષીઓમાં ગરુડ, પ્રજાપતિઓમાં દક્ષ તથા પિતરોમાં અર્યમા હું છું.

મનુષ્યોમાં ધર્મી રાજા હું છું

હે ઉદ્ધવ! દૈત્યોમાં પ્રહ્લાદ, નક્ષત્રો તથા ઔષધિમાં ચંદ્ર, યક્ષ તથા રાક્ષસોમાં કુબેર, હાથીઓમાં શ્રેષ્ઠ ઐરાવત, જળમાં વરુણદેવ, તાપનારા અને તેજસ્વી પદાર્થોમાં સૂર્ય, મનુષ્યમાં ધર્મી રાજા, ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા, ધાતુઓમાં સુવર્ણ, શિક્ષા કરવામાં યમદેવ તેમજ સર્પોમાં વાસુકિ હું છું. હે નિર્દોષ! નાગોમાં શ્રેષ્ઠ શેષનાગ હું છું. વનચરોમાં સિંહ, આશ્રમોમાં શ્રેષ્ઠ એવો સંન્યાસ, વર્ણોમાં બ્રાહ્મણ, પ્રવાહરૂપ તીર્થોમાં ગંગા, સ્થિર જળાશયોમાં સમુદ્ર, આયુધોમાં ધનુષ, ધનુર્ધારીઓમાં ત્રિપુરનો નાશ કરનાર શંકર, સૌથી ઊંચામાં ઊંચું શિખર મેરુ, પર્વતોમાં હિમાલય, વૃક્ષોમાં પીપળો, ઔષધિઓમાં જવ [સાળ], પુરોહિતોમાં વસિષ્ઠ, વેદાર્થ નિષ્ણોમાં બૃહસ્પતિ, સર્વ સેનાનીઓમાં દેવસેનાના અગ્રણી એવા કાર્તિકસ્વામી અને સન્માર્ગને પ્રવૃત્ત કરનાર બ્રહ્મા હું છું. યજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ (સર્વ બ્રહ્મરૂપ છે એવી ભાવના કરવી તે) વ્રતોમાં અહિંસા, શુદ્ધ પદાર્થોમાં વાયુ, અગ્નિ, જળ, સૂર્ય તથા વાણીરૂપ હું છું. અષ્ટાંગ યોગમાં સમાધિ, જીતવાની ઇચ્છા રાખનારાઓમાં ગુપ્ત મસલત(વિચાર), વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું. અખ્યાતિ, અન્યથાખ્યાતિ, શૂન્યખ્યાતિ, અસત્ખ્યાતિ, તથા અનિર્વચનીયખ્યાતિ આ પાંચ પ્રકારની ખ્યાતિ તેમજ વાદોમાં વિકલ્પ

* આત્માને માટે હું છે એવો નરઋતિનો પ્રયોગ ઇતરત્ર કર્યો છે. આ વર્ણનમાં પણ હુથી આત્મા દર્શાવવાનો જ ઉદ્દેશ છે, એટલે હું છે એવો પ્રયોગ હોવો જોઈએ પરંતુ આ વર્ણન ભાગવતમાંનું હોવાથી ત્યાં જેવું વર્ણન છે તેમાં ફેરફાર નહિ કરતાં જેવું ને તેવું જ અમે રાખ્યું છે; આથી 'હું છું' એવો પ્રયોગ અત્રે આવશે.

વાદ હું જ ધું. હવે થોડું વિષયાંતર કરીને વચ્ચે આપણને ખ્યાતિઓ એટલે શું તેનો વિચાર કરવો પડશે. કારણ ખ્યાતિઓ કોને કહે છે, તે જાણ્યા સિવાય કેવળ ખ્યાતિ નામ માત્રથી જ સમજી શકાશે નહિ અને ખ્યાતિઓ સમજવાથી તત્ત્વબોધમાં વૃદ્ધિ થશે.

પાંચ પ્રકારની ખ્યાતિઓ

શાસ્ત્રવેત્તા વિદ્વાનોમાં જ્યારે જ્યારે પરમાત્મતત્ત્વના નિશ્ચયમાં ભ્રમ થાય છે ત્યારે વાદો ઉત્પન્ન થઈ તેનું નિવારણ થવામાં નીચે પ્રમાણે મુખ્ય પાંચ ભેદો નીકળી શકે છે. (૧)**અખ્યાતિઃ** જેમ દોરીમાં સર્પનો ભ્રમ થયો કહેવાય છે, તેમાં દોરીનું સામાન્યતઃ પ્રત્યક્ષજ્ઞાન તથા સર્પનું સ્મૃતિજ્ઞાન હોય છે. એટલે આ ભ્રમમાં દેખવામાં તો દોરીજ હોય છે છતાં તેવા આકારવાળો સર્પ સ્મૃતિમાં આવી તે ઉપરથી એ સર્પ છે એવાં પ્રકારનું સ્મૃતિજ્ઞાન હોય છે. આ બંને પ્રકારનું મિથ્યાજ્ઞાન થવાનું કારણ અંધકાર હોઈ સર્પના સ્મૃતિજ્ઞાનને લીધે દોરીમાં સર્પભ્રમથી ભય ઉત્પન્ન થાય છે. આમ ભયને લીધે તે પ્રત્યક્ષ સર્પ છે એવી સ્મૃતિ થઈ તેવા પ્રકારનું ભ્રમાત્મક જ્ઞાન થવાથી તે સંબંધે અનુભવયુક્ત એવો સાચો વિવેક થતો નથી; આથી જ દોરી હોવા છતાં તે ઉપર સર્પભ્રમ થાય છે. આ બંને જ્ઞાન તે સમયને માટે તો ભ્રમરૂપ નથી પણ યથાર્થ છે એવા પ્રકારની આ ભ્રમ સંબંધે જે માન્યતા તે અખ્યાતિ કહેવાય. સાંખ્ય અને પ્રભાકરવાદી મીમાંસકોના મતમાં આ અખ્યાતિના ધોરણે માયા અને બ્રહ્મ બંને અનાદિ છે એમ જે માનવામાં આવે છે તેનું કારણ આ જ છે. (૨) **અન્યથાખ્યાતિઃ** જેમ કે છીપમાં ચાંદીનો ભાસ થવો. તેમાં પહેલાં કયાંક જોવામાં આવેલી ચાંદીનો અનુભવ લીધેલ એવા સંસ્કારી પુરુષને દોષયુક્ત નેત્રનો ચમકતા છીપના ટૂકડાની સાથે સંબંધ થતાં પાછલા અનુભવરૂપ ચાંદીનું સ્મરણ થઈ આવવાથી સામે રહેલી છીપમાં છીપને બદલે ચાંદીપણાનું ભાન થાય છે. આ રીતે નૈયાયિકો તથા વૈશેષિકોએ આ ભ્રમસ્થાનમાં અન્યથા ખ્યાતિનો સ્વીકાર કરેલો છે. (૩) **શૂન્યખ્યાતિઃ** જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેયરૂપ સૃષ્ટિ બિલકુલ અસત્ છે, જેથી વિષયદર્શનરૂપ જે આ બધો ભ્રમ થાય છે તે પણ સર્વ સાવ શૂન્યરૂપ છે; આ મુજબ માનવું તે શૂન્યખ્યાતિ કહેવાય. શૂન્યવાદી બૌદ્ધોએ આ શૂન્યખ્યાતિને માન્ય કરેલી છે. (૪) **અસત્ખ્યાતિઃ** દોરીમાં સર્પના ભાસને અસત્ય કહે છે. એટલે સંસારમાં જે જે ભ્રમમૂલક જ્ઞાન છે તે બધા વિષયો જેમ કે મૃગજળ, રજ્જુ, સર્પ, છીપમાં ચાંદી વગેરેને સસલાંના શિંગડા પ્રમાણે તુચ્છ માને છે તે અસત્ખ્યાતિ છે, એમ જાણવું. (૫) **આત્મખ્યાતિઃ** વાસ્તવિક ખ્યાતિ શબ્દ પ્રત્યયવાળો હોઈ તે શબ્દથી રહિત એવા સ્વયંપ્રકાશ આત્માને સંબોધીને કહેવામેલો છે. તેને જ વિદ્વાનો આત્મખ્યાતિ કિંવા અનિર્વચનીયખ્યાતિ એવા શબ્દ વડે કહે છે. ખ્યાતિ એટલે ભાન કિંવા કથન તથા અનિર્વચનીય એટલે સત્ અને અસત્થી વિલક્ષણ, ત્રણે કાળમાં જે એકજ સમાન સ્થિતિમાં રહે છે તે સત્ તથા જે ત્રણે કાળમાં નથી તે અસત્ જેમ કે વંધ્યાપુત્ર, શશશૃંગ વગેરે. એથી વિલક્ષણ "છે અને નથી" એવા ઉત્પત્તિ નાશવાળા તમામ સંસારના પદાર્થો પણ અનિર્વચનીય કહેવાય. અસત્ પદાર્થો કદી અનુભવમાં આવતાં જ નથી અને જે જે ઇંદ્રિયો વડે અનુભવવામાં આવે છે તે સર્વ મિથ્યા જ હોય છે. જ્યાં દોરીમાં સર્પનો ભ્રમ થાય છે ત્યાં સર્પની પ્રતીતિ અને જ્ઞાન થાય છે પણ તે સર્પ સત્ય નથી, જેથી માનવું પડે છે કે અવિદ્યા જ સર્પના આકારપણાને પામે છે. આથી તે જ સમયે સાક્ષી સ્વરૂપે રહેલી અવિદ્યા મટી જઈ આ પ્રકારે સત્યજ્ઞાનરૂપ બોધ થાય છે કે, આ સર્પ નહિ પણ રજ્જુ છે. આ રીતે રજ્જુરૂપ સર્પ અને સાચા સર્પનું જ્ઞાન થતાં એ બંને અનિર્વચનીય બને છે. સારાંશ એ કે, આ જગત અવિદ્યા (અજ્ઞાન)થી જગતરૂપે ભાસે છે તથા જ્ઞાન થતાં તે જ આત્માકાર હોવાનો અનુભવ આવે છે અને તેવું જ્ઞાન સાક્ષી ભાવ વડે જ થઈ શકે છે તથા તે સાક્ષી પણ આ બંને પ્રકારના જ્ઞાન પછી અંતે સ્વસ્વરૂપમાં જ સ્થિર થઈ રહે છે અને આ પ્રકારના જ્ઞાનની પૂર્વે પણ તે પોતાના મૂળ આત્મસ્વરૂપમાં જ હોય છે; આથી જગતાદિને પણ અંતે અનિર્વચનીય કહેવું પડે છે. આ રીતની કથાત્મક ખ્યાતિ તે જ અનિર્વચનીય કિંવા આત્મખ્યાતિ કહેવાય. વસિષ્ઠાદિ મહર્ષિઓ તથા શ્રીશંકરાચાર્ય આ

આત્મખ્યાતિનો આશ્રય લઈ આત્મસ્વરૂપ સમજાવે છે. આ સંબંધે મહર્ષિ વસિષ્ઠજીના કથનનો સારાંશ નીચે પ્રમાણે છે (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૧૬૬, ૧૬૭ જુઓ).

સર્વ ખ્યાતિઓ આત્મસ્વરૂપ જ છે

સાર્થક એવો આત્મ શબ્દ તથા ખ્યાતિ શબ્દ બંનેથી રહિત એવી આ અનિર્વચનીય કિંવા આત્મખ્યાતિ છે, એમ તમો સમજો. તે શિલાના અંદરના ગર્ભ જેવી એકરસાત્મક છે. બ્રહ્મ વા ચિદાકાશ જ આવે રૂપે પ્રસરી રહેલ છે. ખ્યાતિ અને તે શબ્દના અર્થથી રહિત એવા સ્વયંપ્રકાશ આત્માને જ વિદ્વાનો આત્મરૂપ સમજે છે, આ આત્મા જ સર્વ જગતાદિ રૂપ હોઈ તેને વિષે કશી પણ ખ્યાતિ રહેલી નથી. વળી કોઈપણ ખ્યાતિ તેને દેશ, કાળાદિની મર્યાદામાં લઈ શકતી નથી તેથી તેને અખ્યાતિ (ખ્યાતિથી પર) એવું પદ જ ઘટી શકે છે. બ્રહ્મમાં ખ્યાતિ કિંવા અખ્યાતિ એ બંને પદો ઘટી શકતાં નથી. આ બંને પ્રકારની વાણીવાળી યુક્તિ ખરી નથી. કારણ કે આ અદ્વિતીય વસ્તુની અંદર ખ્યાતિ કે અખ્યાતિ ક્યાંથી હોય? અખ્યાતિ, અન્યથાખ્યાતિ, અસત્ખ્યાતિ (શૂન્યખ્યાતિ) અને આત્મખ્યાતિ એ સર્વ ચિન્માત્રરૂપ પ્રકાશની ચેતન સત્તાવડે પ્રતીતિમાં આવતો એક ચિત્ ચમત્કાર હોઈ તે આત્મસત્તા વડે જ અનુભવવામાં આવે છે. આ સર્વ ખ્યાતિઓ આત્માનો વિવર્ત છે. તે ચિદાકાશ, બ્રહ્મ વા આત્માના ચમત્કાર રૂપ અને આત્મસ્વરૂપ એવા તેની જ વિભૂતિઓ છે. આત્મખ્યાતિ એવા અંતિમ નામના પદને પણ છોડી દઈ તેનો જે મૂળ અર્થ છે કે જે છેવટે અનાદિ અને અનંત એવા નિષ્પ્રપંચ બ્રહ્મની અંદર પર્યવસાનને પ્રાપ્ત થાય છે તે હું રૂપ આત્મા કિંવા બ્રહ્મ જ અહીં અભિન્ન એવા એકરસરૂપે રહેલું છે અને એ મૂળઅર્થ પણ છેવટે નિષ્પ્રપંચ બ્રહ્મની અંદર જ વિલયને પામે છે. આત્મખ્યાતિ, અસત્ખ્યાતિ, ખ્યાતિ, અખ્યાતિ અને અન્યથાખ્યાતિ, એ સર્વ શબ્દ તથા તેના અર્થ સંબંધી દૃષ્ટિઓ, તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિએ તો કેવળ સસલાનાં શિંગડાં કિંવા વંધ્યાપુત્રની જેમ મિથ્યા જ ભાસે છે. નિર્વિકલ્પ ચિદાકાશ, આત્મા કિંવા બ્રહ્મની અંદર કદી એ કલ્પના પણ સંભવતી નથી. અદ્વિતીય એવા ચિદાકાશની અંદર આ આત્મા છે અને આ ખ્યાતિ છે, એવી કલ્પનાનો ભ્રમ કદી પણ સંભવતો નથી; માટે એ શબ્દોને છોડી દઈ કેવળ પરમાર્થ પરાયણ થઈને રહેવું. આવા પ્રકારના નિશ્ચય પર આવી જતાં ગતિ, સ્થિરતા અને ભક્ષણ ઇત્યાદિ તમામ ક્રિયા, તેનો કરનાર અને આ સર્વ જગત પણ પ્રવૃત્તિથી તદ્દન રહિત એવા આકાશના જેવું નિઃસંકલ્પ, સ્વચ્છ અને અવિચ્છિન્ન જ ભાસે છે. આ મુજબ સર્વ ખ્યાતિઓ આત્મસ્વરૂપ જ છે, તે થકી સહેજ પણ ભિન્ન નથી, એ વાત આપણે સ્પષ્ટ રીતે જાણી શક્યા. હવે આપણે વિરાટ વિભૂતિઓનાં ચાલુ વિષય સંબંધે ભગવાનના કથનનો આગળ વિચાર કરીશું.

સર્વ ઇન્દ્રિયોની તે તે વિષય ગ્રહણ કરવાની શક્તિ હું જ છે

ભગવાન કહે છે: હે ઉદ્ધવ! સ્ત્રીઓમાં શતરૂપા સ્ત્રી તથા પુરુષોમાં સ્વાયંભુવ મનુ કે જે જોડલાની સર્વ મૈથુની સૃષ્ટિમાં સૌથી પ્રથમ ઉત્પત્તિ થવા પામેલી છે તે હું છું. મુનિઓમાં નારાયણ, બ્રહ્મચારીઓમાં સનત્કુમાર, ધર્મોમાં સર્વ પ્રાણીમાત્રને અભય આપનારો આત્મધર્મ, નિર્ભયસ્થાનોમાં આત્મનિષ્ઠા, અભિપ્રાયને ગુપ્ત રાખવામાં પ્રિય વચન અને મૌન, જોડલાંઓમાં પ્રજાપતિ, કદી પણ પ્રમાદ(આલસ્ય) નહિ કરતો અને થાક્યા વગર નિત્યપ્રતિ પોતાનું કાર્ય કરી રહેલો કાળ, ઋતુઓમાં વસંત, મહિનાઓમાં માર્ગશીર્ષ, નક્ષત્રોમાં અભિજિત્, યુગોમાં સત્યયુગ, ધીર પુરુષોમાં દેવલ અને અસતિ મુનિ હું છું, વેદોના વિભાગ કરનારાઓમાં વેદવ્યાસ, વિદ્વાનોમાં બુદ્ધિશાળી ભૃગુ ઋષિ, ભગવાન રૂપ વાસુદેવ તથા ભક્તોમાં તમો ઉદ્ધવ પણ હું જ છું. વાનરોમાં શ્રેષ્ઠ એવો હનુમાન, વિદ્યાધરોમાં સુદર્શન વિદ્યાધર, રત્નોમાં પદ્મરાગ મણી-માણેક, સુંદર વસ્તુઓમાં કમળદોડો, દર્ભની જાતિઓમાં કુશદર્ભ, હવિષ પદાર્થોમાં ગાયનું ઘી, ઉદ્યમીઓમાં લક્ષ્મી, જુગારીઓમાં છળ, ક્ષમાવાળાઓમાં ક્ષમા, સાત્ત્વિકોમાં સત્ત્વ, બળવાનોમાં બળ(શક્તિ) એટલે શારીરિક, વાચિક, માનસિક તથા આધ્યાત્મિક બળ, ભક્ત પુરુષોનું ભક્તિયુક્ત થતું કર્મ, વાસુદેવ, સંકર્ષણ

પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ, હયગ્રીવ, વરાહ, નરસિંહ તથા બ્રહ્મા એ શ્રેષ્ઠ નવ મૂર્તિઓમાં પ્રથમની વાસુદેવ એ મૂર્તિ હું છું, ગંધર્વોમાં વિશ્વાવસુ, અપ્સરાઓમાં પૂર્વચિત્તિ નામની અપ્સરા, પર્વતોમાં સ્થિરતા, પૃથ્વીની તન્માત્રા ગંધ, જળની રસ, તેજની રૂપ, વાયુની સ્પર્શ તથા આકાશની શબ્દ, તેજસ્વી પદાર્થોમાં અગ્નિ, સૂર્ય, ચંદ્ર અને તારામાં જે કાંતિ છે તે, દાતાઓમાં શ્રેષ્ઠ એવો બલિ, વીર પુરુષોમાં અર્જુન, દરેક પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ; જવું, બોલવું, ત્યાગ કરવો, ગ્રહણ કરવું અને આનંદ લેવો, એ પાંચ કર્મેન્દ્રિયોનો તથા સ્પર્શ કરવો, જોવું, સ્વાદ લેવો, સાંભળવું અને સૂંઘવું, એ પાંચ જ્ઞાનેંદ્રિયોનો વ્યાપાર પણ હું છું તથા સર્વ ઇંદ્રિયોની તે તે વિષય ગ્રહણ કરવાની શક્તિ પણ હું જ છું.

સર્વ શ્રેષ્ઠ બ્રહ્મ પણ હું જ છું

મહત્તત્ત્વ, અહંકાર, પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ અને આકાશની તન્માત્રાઓ; પાંચ મહાભૂતો, પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો અને મન મળી અગિયાર ઇંદ્રિયો, જીવ, પ્રકૃતિ, સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ અને તે સૌથી પર એવું જે 'બ્રહ્મ' તે પણ હું જ છું, તેમ જ આ સર્વ તત્ત્વોની ગણત્રી (સાંખ્યતત્ત્વ), તેઓનું લક્ષણપૂર્વક જ્ઞાન તથા ફળ રૂપ જે તત્ત્વનો નિશ્ચય તે પણ હું જ છું, વળી જીવ-ઈશ્વર, ગુણ-ગુણી તથા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ એમ જે જે કાંઈ દ્વૈતાદ્વિરૂપ પદાર્થ છે તે સર્વ ઈશ્વર, સર્વાત્મા અને સર્વ રૂપ એવા મારાથી કોઈપણ રથળે ભિન્ન નથી અર્થાત્ સર્વ કાંઈ હું એટલે આત્મસ્વરૂપ એવા મારા રૂપ જ છે. કાળે કરીને કદાચ પરમાણુની ગણતરી કરી શકાય પરંતુ હું પોતે જ અસંખ્ય બ્રહ્માંડોને સૃજનારો હોવા છતાં તેની ગણતરી મારાથી પણ કરી શકાય તેમ નથી. ટૂંકમાં એ જ કે જ્યાં જ્યાં પ્રભાવ, સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌંદર્ય, ભાગ્ય, બળ, ક્ષમા, તથા વિજ્ઞાન હોય તે તે સર્વ આત્મસ્વરૂપ એવા મારી વિભૂતિ છે.

મારી મુખ્ય વિભૂતિઓ તને સંક્ષેપમાં કહી

આ સર્વ મારી મુખ્ય મુખ્ય વિભૂતિઓ મેં તને સંક્ષેપમાં કહી. તે સર્વ મનના વિકાર રૂપ જ છે, એટલે જેમ સ્વપ્ન એ મનનો એક વિકાર છે તેવા પ્રકારનો જ છે એમ જાણવું. જેમ આકાશપુષ્પાદિ એ માત્ર કહેવા પુરતાં હોય છે પણ વાસ્તવિક હોતાં નથી તેમ આ સર્વ વિભૂતિઓ કહેવા માત્ર જ છે. માટે તમો વાણી, મન, પ્રાણ, ઇંદ્રિય તથા બુદ્ધિને સત્ત્વગુણસંપન્ન એવા એક નિશ્ચય વડે જ વશ કરો કે જેથી તમો ફરી સંસાર કરવા છતાં પણ અલિપ્ત રહેશો અર્થાત્ જીવન્મુક્ત બની રહેશો. જે યોગી વાણી તથા મનને આત્મરૂપ બુદ્ધિવડે વશ કરતો નથી તેનાં વ્રત, તપ અને દાન ઇત્યાદિ તમામ કાચી માટીના ઘડામાંથી જેમ પાણી ચાલ્યું જાય છે તેમ નાશ પામે છે. માટે હંમેશાં નિઃસંગ, નિષ્ક્રિય તથા નિષ્પ્રપંચ અને આત્મસ્વરૂપ એવા મારામાં જ પરાયણ રહી બુદ્ધિ, મન, વાણી તથા પ્રાણો વડે નિત્યપ્રતિ આત્મરૂપ એવા મારું જ ચિંતન કરી તેને વશ કરવાં જોઈએ. તાત્પર્ય એ કે આ સર્વ આત્મસ્વરૂપ એવા મારું જ રૂપ છે, મારાથી ભિન્ન કાંઈ છે જ નહિ; એવા પ્રકારે મન, વાણી, બુદ્ધિ તથા પ્રાણોને તેમાં જ વશ કરી રાખવારૂપ અને તેમાંથી કિંચિન્માત્ર પણ અન્ય રથળે જવા નહિ દેવારૂપ સાધન વડે જ કૃતકૃત્ય થવાય છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૯, ૧૭ જુઓ).

ઉપર કહેવામાં આવેલ બંને વિભૂતિઓનાં વર્ણનોમાં કેટલેક રથળે થોડો ફેરફાર છે, વળી આ ઉદ્ધવને કહેવામાં આવેલી વિભૂતિઓમાં કેટલીક મહત્ત્વની વિભૂતિઓ પણ છે પરંતુ આ સર્વનો અંત તો આ બધું આત્મસ્વરૂપ છે એવા પ્રકારના સર્વાત્મભાવરૂપ જ્ઞાનમાં જ થતો હોવાથી આ વિભૂતિઓ પણ અજ્ઞાન નષ્ટ થતાં સુધી ફક્ત કહેવા પુરતી જ છે. અર્થાત્ અદ્વૈત સ્થિતિમાં મુમુક્ષુની સ્થિરતા થઈ ના હોય ત્યાં સુધીને માટે તે અભ્યાસમાં ઉપયોગી છે. તેથી અપરોક્ષાનુભવ થયા પછી તો તે આકાશના પુષ્પ તથા સ્વપ્નની માફક જ મિથ્યા ઠરે છે, એમ કહેવામાં આવેલું છે. એ રીતનું આ વિભૂતિ યોગના અંતે જે વિવેચન છે તેનો બારીકાઈથી વિચાર કરવાથી આ સર્વ વિવેચનનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે જણાઈ આવશે.

અધ્યાય ૧૧

ભક્તિમાર્ગ અને ચિત્તશુદ્ધિ

ભગવાને પાછલા અધ્યાયમાં અર્જુનના પ્રશ્ન ઉપરથી પોતાની વિભૂતિઓનો વિસ્તાર કહી સંભળાવ્યો તે ઉપરથી અર્જુનનો ઘણો ખરો મોહ તો નિવૃત્ત થયો. તેને ભગવાન ઉપર પૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને આ સર્વ જગત તેમનો જ વિસ્તાર છે એવું નિઃશંક જ્ઞાન થયું. આ મુજબ નિઃશંક જ્ઞાન થવું એ જ ભક્તિમાર્ગ દ્વારા ચિત્તશુદ્ધિ થયાનું મુખ્ય લક્ષણ સમજવું. જેવી રીતે અષ્ટાંગ યોગ સાધનારા હઠયોગીઓની કુંડલિનીનું ઉત્થાન થાય ત્યારે જ તેની ચિત્તશુદ્ધિ થયેલી ગણાય અને ચિત્તશુદ્ધિ થયા પછી તે જ્યારે નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થાય ત્યારે તેની સાધના પૂર્ણ થઈ એમ કહી શકાય. આ મુજબ સાધના પૂર્ણ થયેલા સાધકનું જ્યારે ફરી પાછું સમાધિમાંથી ઉત્થાન થાય છે ત્યારે તેને ફરીથી જાગ્રદવસ્થામાં ભાસનારું આ તમામ દૃશ્યજાળ પણ નિર્વિકલ્પ એવા અપરોક્ષ આત્માથી અભિન્ન એવું પરમ તત્ત્વ જ છે; એ રીતનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થઈ સહજ સમાધિની પ્રાપ્તિ થતાં સુધી તેને આ રીતે પ્રત્યાહારરૂપ અભ્યાસ કરવો પડે છે અને તેમાં જ્યારે સહજ રીતે સ્થિરતા થાય છે એટલે તે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય એવો જીવન્મુક્ત બની જાય છે. આ મુજબની તદાકારતા પ્રાપ્ત થઈ હોય તે જ ખરો પરમ ભક્ત સમજવો. બ્રહ્મના ઉપાસકોને પણ જ્યારે આ સર્વ દૃશ્ય પ્રત્યક્ષ બ્રહ્મરૂપે જ દૃગ્ગોચર થાય છે ત્યારે જ તેની ચિત્તશુદ્ધિ થયેલી ગણાય. બાકી આ બધું બ્રહ્મ છે એવું મોં વડે ગોખવા થકી કાંઈ વળતું નથી તેમ ભક્તિમાર્ગવાળાઓ આ બધું ભગવાનનું સ્વરૂપ છે એમ કેવળ મોઢેથી બોલે તે નિરુપયોગી છે, પરંતુ જ્યારે તે પ્રમાણે તેને આ બધું પોતાના ઇષ્ટદેવનું જ સ્વરૂપ છે એમ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે અને તેની ઐક્યભાવરૂપ મસ્તીમાં જ તે તન્મય બની જાણે કે પોતાનો ઇષ્ટદેવ જ પોતાને પોતાનું દ્રષ્ટાભાવ વડે જોઈ શકાય એવા પ્રકારનું માયાના ત્રણ ગુણવાળું વિરાટ કિંવા અપર સ્વરૂપ બતાવે છે અને પોતે તે સ્વરૂપનો જોનાર દ્રષ્ટા અર્થાત્ ઈશ્વર(વૃક્ષાંક ૨) બને છે. આવી દૃષ્ટિ પ્રાપ્ત થવી એ દિવ્યદૃષ્ટિ કહેવાય, કારણ કે ભગવાનનાં બે સ્વરૂપો છે (૧) પર અને (૨) અપર.

દિવ્યદૃષ્ટિ વા ચૈતન્ય

ભગવાનનાં કહેલાં આ બે સ્વરૂપો પૈકી પર સ્વરૂપ તો જ્યારે ભગવાનની સાથે તદ્દન એકતા પ્રાપ્ત થાય ત્યારે જ અનુભવમાં આવે છે, તેમાં દ્રષ્ટાભાવ પણ શેષ રહેતો નથી. આ પ્રમાણેનું ભગવાનનું પર સ્વરૂપ છે (વૃક્ષાંક ૧). હવે ભગવાનનું અપર સ્વરૂપ કે જે માયાના ત્રણ ગુણોના વિસ્તારવાળું હોઈ જે આ સમગ્ર બ્રહ્માંડ અને તેની અંદર આવેલા ચૌદ લોકમાં ચરાચર વ્યાપેલું છે તે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) જોવાને માટે દિવ્યદૃષ્ટિની જરૂર હોય છે. દિવ્ય એટલે પ્રકાશ, ચેતના કિંવા ચૈતન્ય. આને પ્રત્યગાત્મા પણ કહે છે. આ રીતે સાક્ષી ભાવમાં સ્થિત થઈ જોનારો ભક્ત જ્યારે પ્રત્યગાત્મસ્વરૂપ એવા સર્વ દૃશ્યના દ્રષ્ટા(વૃક્ષાંક ૨) ભાવમાં સ્થિત થાય છે ત્યારે જ નિર્વિકાર ભગવાનનું માયાવડે ધારણ કરાયેલું (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનું) અપર સ્વરૂપ તેને દૃશ્યમાન થઈ શકે છે. આ રીતે દ્રષ્ટા, સાક્ષી પ્રત્યગાત્મા અથવા ઈશ્વરભાવમાં સ્થિત થવું એટલે હું આ શરીરાદિ રૂપવાળો નથી પરંતુ સર્વ દૃશ્યાદિનો દ્રષ્ટા કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨) છું, એવા પ્રકારની સત્યભાવનામાં જ્યારે ભક્ત સ્થિર થાય છે ત્યારે જ તેને માયાના ત્રણે ગુણો વડે ધારણ કરાયેલું એવું ભગવાનનું અપર વિરાટ સ્વરૂપ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનું) અનુભવમાં આવે છે. આ વિરાટ સ્વરૂપ વાસ્તવમાં મિથ્યા હોઈ તેમાં અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનાં કાર્યો થતાં જ રહે છે, એટલું જ નહિ પરંતુ આ વિરાટ સ્વરૂપ કિંવા અપરા પ્રકૃતિ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)નો પણ અંતે દ્રષ્ટા (વૃક્ષાંક ૨)માં જ વિલય થઈ જાય છે અને ત્યાર પછી જે નિઃશેષ પ્રત્યક્ આત્મસ્વરૂપ રહે છે તે જ ખરું સ્વસ્વરૂપ છે (વૃક્ષાંક ૧). સચ્ચિદાનંદ સ્વરૂપ તે આ જ.

ભગવાનનું વિરાટ સ્વરૂપ ભયંકર કેમ ?

વિચાર કરી જુઓ તો જણાશે કે વિરાટ સ્વરૂપ જોઈને અર્જુન ગભરાઈ ગયો. દરેક શાસ્ત્રો તો પોકારી પોકારીને કહે છે કે ભગવાનનું સ્વરૂપ તો અતિ આનંદદાયક છે, ભયાનક નથી. રાક્ષસો તથા અસુરાદિનાં સ્વરૂપો ભયંકર હોય છે પરંતુ ભગવાનનું વિરાટ સ્વરૂપ જોતાં જ જે અર્જુનને ગભરાટ ઉત્પન્ન થયો તો તે ઉપરથી શું સમજવું ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે ભગવાનનું સાચું સ્વરૂપ જોવું હોય તેણે ભગવાનની સાથે ઐકયતાનો અનુભવ લેવો જોઈએ, અર્થાત ભગવાનની સાથે એક થવારૂપ અનુભવ વડે જ ભગવાનના સાચા સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ થઈ શકે છે અને તેવો અનુભવ કરનારો તે જ ખરો ભક્ત કહેવાય. પરંતુ જ્યાં સુધી ભગવાનને ભેદ દૃષ્ટિ રાખી જોવાની ઇચ્છા કરવામાં આવે છે ત્યાં સુધી તેનું સાચું સચ્ચિદાનંદ સ્વરૂપ નહિ પરંતુ મિથ્યા એવું માયાવી સ્વરૂપ જ જોવા મળે છે કે જે અતિ ભયંકર છે. તેમાં અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય પ્રલયાદિ અનેકવિધ ઉથલપાથલો નિત્યપ્રતિ થયા જ કરે છે. વસ્તુતઃ ભગવાનનું ખરું સ્વરૂપ અનિર્વચનીય, નિર્ગુણ, નિરાકાર અને અવર્ણનીય છે. તેનું વર્ણન જ થઈ શકતું નથી. આથી વિરુદ્ધ વચનીય, ગુણવાળું, આકારવાળું અને વર્ણન થઈ શકે એવું જે સ્વરૂપ છે તે તો તેની મિથ્યા માયાનું જ દ્યોતક હોવાથી મહાભયંકર, ક્રૂર અને પરિતાપ ઉત્પન્ન કરનારું છે, માટે તેવા માયાવી સ્વરૂપને છોડી હંમેશ ભગવાનના સાચા સ્વરૂપમાં જ તન્મય બની જવું જોઈએ, એવો આત્મબોધ આમાંથી મળે છે. હવે આવી પૂર્ણતા થતાં સુધી ભક્ત આરંભમાં ભગવાનને ભિન્ન ભાવથી દેખે છે એટલે પોતે તમામ દરપનો દ્રષ્ટા(જોનારો) બની છે અને સમસ્ત દૃશ્યજગત એ ભગવાનનું અપર યા વિરાટ સ્વરૂપ છે, એ રીતના ભાવમાં અભ્યાસ વડે સ્થિર થઈ તેવો અનુભવ લે છે. આમ જ્યારે તે તદ્દન નિઃશંક બની દ્રષ્ટાભાવમાં જ સ્થિર બને છે ત્યારે તેને સર્વનો નાશ કરનારો, ઉત્પન્ન કરનારો, કરોડો બ્રહ્માંડ જેના પેટમાં સમાઈ રહ્યાં છે એવો આ ચાલતો સર્વ વ્યવહાર ભગવાનનો જ ખેલ યા લીલારૂપ છે, એવા પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ આવે છે. પાતંજલ યોગાદિના અભ્યાસકોની ચિત્તશુદ્ધિનું લક્ષણ જેમ કુંડલિનીનું ઉત્થાન ગણાયું છે તેમ ભક્તિમાર્ગવાળાઓને પોતાની ભાવના પ્રમાણે જ્યારે આ બધું ભગવાનનું જ સ્વરૂપ છે એવું કેવળ મોઢે બોલવા માત્ર જ નહિ પણ પ્રત્યક્ષ રીતે અનુભવમાં આવે છે ત્યારે જ તેની ચિત્તશુદ્ધિ થઈ એમ જાણવું. ત્યાં સુધીને માટે તો તેની જપતપાદિ સર્વ ક્રિયા નિરર્થક છે. આ રીતે જ્યારે તેને દ્રષ્ટાભાવમાં રહીને સર્વત્ર ભગવાનના વિરાટ સ્વરૂપનો અનુભવ આવે છે, ત્યારે તે પોતાના આ દ્રષ્ટાભાવને છોડી દે છે અને પછી આ રીતની ભેદદૃષ્ટિ છોડીને ભગવાનની સાથે ઐકયરૂપ બની જઈ તેના નિર્વિકલ્પ અને અનિર્વચનીય એવા સચ્ચિદાનંદ સ્વરૂપમાં એકરૂપ થઈ રહે છે; કે જેની પ્રાપ્તિ થવાથી કોઈપણ પ્રકારનો ભય રહેવા પામતો નથી તેમ પાછું કંઈ કરવાપણું કે જાણવાપણું સિલક પણ રહેતું નથી. આ પ્રમાણે ભક્તિમાર્ગનો ઉદ્દેશ છે. હવે આપણે જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગમાં કેટલો ભેદ છે તે સંબંધમાં થોડો સંક્ષેપમાં વિચાર કરીશું.

ભક્તિ અને જ્ઞાનમાર્ગમાં ભેદ નથી

ભગવાનના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપનાર (૧) સાંખ્ય કિંવા જ્ઞાન (૨) યોગ (પ્રાણોપાસના) તથા (૩) ભક્તિ એમ મુખ્ય ત્રણ જ માર્ગો છે. બીજા બધા માર્ગોનો સમાવેશ આ ત્રણમાં જ થઈ જાય છે. તે પૈકી યોગમાર્ગમાં તો પ્રાણોપાસના દ્વારા મનનો વિલય કરવો પડે છે. તે ક્રિયાત્મક હોવાથી બાકીના બે માર્ગોથી ભિન્ન પડે છે, પરંતુ જ્ઞાન અને ભક્તિમાર્ગમાં તો નજીવો ભેદ છે. તે એવો કે જ્ઞાન માર્ગ બુદ્ધિગમ્ય હોવાથી તેમાં પ્રથમ આત્માનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લઈ પછી અપરોક્ષ અનુભવવડે આત્મા વૃક્ષાંક (૧)ના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરી લેવી પડે છે અને તેનો અનુભવ થયા પછી આ જગત પણ તેથી અભિન્ન છે એવા પ્રત્યાહાર વડે તન્મયતા પ્રાપ્ત કરવી જોઈએ એવો ક્રમ છે; એટલે જેમ પ્રથમ સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટા વગેરે કશું છે જ નહિ, પરંતુ પાણી છે અને તેનો જાણનાર પોતે પણ પાણીરૂપ છે. એ રીતના જ્ઞાન વડે પ્રથમ પાણીનું સાચું સ્વરૂપ જાણી લઈ તેવો અભ્યાસથી પાણી ભાવમાં તદ્દન સ્થિરતા થઈ એટલે પછી આ સમુદ્ર, તરંગ, ફીણ,

પરપોટા, ઝાંઝવાદિ સર્વ પાણીથી અભિન્ન છે એવા પ્રકારનો અભ્યાસક્રમ કરવાની આવશ્યકતા હોય છે. અને ભક્તિમાર્ગ શ્રદ્ધાગમ્ય છે. તેમાં પ્રથમ, તરંગ, ફીણ, પરપોટા, સમુદ્ર પાણી જ છે અને તેનો દ્રષ્ટા તું તે સર્વથી તદ્દન ભિન્ન છે એવા પ્રકારનો ભાવ દૃઢ કરવો પડે છે અને તેવો દૃઢ ભાવ થાય કે પછી તું પોતે પણ તે થકી જુદો નથી, પણ પાણીરૂપ છે એવા પ્રકારે ક્રમે ક્રમે ઐક્યભાવ કરવા જણાવેલું છે. અર્થાત્ યોગ એટલે કર્મગમ્ય, સાંખ્ય એટલે જ્ઞાન કિંવા બુદ્ધિગમ્ય અને ભક્તિ એટલે શ્રદ્ધા કિંવા ભાવનાગમ્ય છે. આ ત્રણે માર્ગોમાં વાસ્તવિક રીતે તાત્ત્વિક ભિન્નતા નથી. કેમ કે તે બધામાં મનનો વિલય કરવો એજ એક હેતુ સમાયેલો છે.

આ કથન ઉપરથી બુદ્ધિમાનો જાણી શકશે કે જે વિરાટ સ્વરૂપ અર્જુનના જોવામાં આવ્યું તે તેની તેવા પ્રકારની સિદ્ધ ભાવનાનું જ દ્યોતક હતું. તેનો દ્વૈતભાવ નષ્ટ થયો ન હતો તેથી તે આ ભયંકર સ્વરૂપ જોઈ ગભરાટમાં પડી ગયો. તેણે ભગવાનની આ અપરા પ્રકૃતિમાં જે જે કાંઈ જોયું તે સર્વે ભગવાનનું અપર રૂપ જ છે એમ તેના જાણવામાં આવતાં જ તેણે તેવા ભાવ વડે ભગવાનની પ્રાર્થના કરેલી છે. આ બધું તો તેની માનસિક સિદ્ધ ભાવનાનું દ્યોતક હોવાને લીધે તેની દ્વૈત ભાવનાનો વિલય થતાં સુધી તે નિઃશંક બન્યો ન હતો. આથી વિશ્વરૂપ જોયા પછી પણ તેણે પ્રશ્નો કરેલા છે, તે ઉપરથી આ વાત સ્પષ્ટ જણાઈ આવે છે. સિવાય અત્યાર સુધીના વિવેચન ઉપરથી અર્જુનની ભગવાન ઉપર અચળ શ્રદ્ધા બેઠી હતી. તે અત્યાર સુધી આ કૃષ્ણ એટલે મારા મામાનો દિકરો કિંવા શરીરધારી આકૃતિવાળો મારો સખા છે એમ માનતો હતો. તેનો એ ભ્રમ નીકળી ગયો અને નિઃશંક રીતે તે જાણી શક્યો કે આ કૃષ્ણ એટલે દેહધારી સામાન્ય વ્યક્તિ નહિ પરંતુ જેનું સર્વ વેદ, ઋષિ, દેવતા વગેરે વર્ણન કરે છે એવા પરમ સ્વરૂપ છે. પરંતુ તે ભગવાનના અદ્વૈત સ્વરૂપની સાથે તાદાત્મ્યભાવની અર્થાત્ પૂર્ણ ઐક્યભાવ કરવાની કલ્પનાથી અજ્ઞાત હોવાથી, તેને તેના વિરાટ સ્વરૂપ એટલે ભગવાને વર્ણવેલી વાણી દ્વારા વર્ણવી શકાય એવી પોતાની 'હું' એવા એક અંશ વડે વિસ્તારને પામેલી અપરા પ્રકૃતિ કે જે ભગવાનના માયાના ત્રણ ગુણો વડે જ વિસ્તારને પામેલી છે તે જોવાની જ ઇચ્છા વ્યક્ત કરી હતી. આથી તેને દિવ્ય ચક્ષુ આપીને એટલે દ્રષ્ટાભાવ(વૃક્ષાંક ૨)માં સ્થિત કરીને પોતે માયાના ગુણો વડે ધારણ કરેલી તમામ અપરા પ્રકૃતિ(વૃક્ષાંક ૩ થી ૧૫મા) કે જે જોવામાં અંતિમ છે એટલે તે સ્વરૂપથી આગળ દ્રષ્ટા ભાવનો અવધિ સંપૂર્ણ થાય છે તેથી દ્રષ્ટાભાવ વડે જોઈ શકાય એવા આ માયાવી સ્વરૂપનું દર્શન અર્જુનને કરાવ્યું છે, પણ વસ્તુતઃ તો તે અર્જુનની સત્ય ભાવનાનું દ્યોતક હતું એમ જાણવું. જેમ અસત્ સ્વરૂપની ભાવનાનો સત્ સ્વરૂપની ભાવનામાં વિલય થતાં સત્ય ભાવના પરિણમે છે તેમ જ્યારે આ બંને ભાવોનો તેના સાક્ષી સહ વિલય થઈ આત્મસ્વરૂપમાં જ સ્થિરતા થાય ત્યારે જ વાસ્તવિક એવું ખરું સ્વરૂપ અનુભવમાં આવી શકે છે, (સત્ય વા સિદ્ધ ભાવના કોને કહેવી તે માટે દત્ત પરશુરામ ખંડ ૨ પ્રકરણ ૧૪માં વર્ણન છે તે જુઓ). જ્યાં સુધી દ્વૈત છે ત્યાં સુધી કદાપિ નિર્ભય થવાતું નથી એવો શ્રુતિનો પણ સિદ્ધાંત છે. માટે આ વિરાટ સ્વરૂપથી અર્જુનને ભાંતિ કેમ ઉત્પન્ન થઈ તે બાબત હવે જિજ્ઞાસુઓના લક્ષ્યમાં સારી રીતે આવી શકશે.

अर्जुन उवाच —

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसञ्ज्ञितम् ।

यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।

त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

एवमेतद्यथाऽऽत्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥ ३ ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥ ४ ॥

આપના વિરાટ સ્વરૂપનું દર્શન કરવાની મારી ઇચ્છા છે

શ્રીભગવાનના મુખેથી વિભૂતિ યોગ સાંભળ્યા પછી ભગવાનનું તેવું સ્વરૂપ આપણને જોવા મળે તો કેવું સારું ! એવી રીતે અર્જુનના મનમાં ભાવના ઉત્પન્ન થવાથી તે બોલ્યો કે ભગવન્ ! મારા ઉપર અનુગ્રહ(કૃપા) કરવાના હેતુથી આપે પરમ ગુહ્ય અર્થાત્ અનિર્વચનીય કિંવા અવર્ણનીય કે જેને આત્મરૂપસંજ્ઞાવડે સંબોધવામાં આવે છે એવું અત્યંત ગૂઢ વચન (જ્ઞાન) અત્યારસુધી કહ્યું તે વડે મારા આ મોહનો નિશ્ચિત નાશ થયો છે એટલે મારા મોહનું સંપૂર્ણ રીતે નિવારણ થયું છે; વળી હે કમલાક્ષ ! ભૂતોની ઉત્પત્તિ તથા પ્રલયનાશ એ બંનેનો નિશ્ચય પણ મેં વિસ્તારપૂર્વક આપની પાસેથી સાંભળ્યો છે; સિવાય આપનું મહાત્મ્ય એટલે વર્ણવી શકાય એવું અને અંતે મિથ્યા ભાવવાળું અપર સ્વરૂપ તથા અવ્યય એટલે અવર્ણનીય, નાશરહિત એવું પરસ્વરૂપ એ બંનેનો નિશ્ચય પણ વિસ્તારપૂર્વક સાંભળ્યો. હે પરમેશ્વર ! આપ જેવી રીતે પોતાને કહો છો એ પ્રમાણે હે પુરુષોત્તમ ! આપના ઐશ્વર્યરૂપને અર્થાત્ અપરરૂપને હું જોવાને ઇચ્છું છું; એટલે આપના એક અંશમાંથી સ્થિત થયેલા આ ઈશ્વર એટલે દ્રષ્ટા કિંવા સાક્ષી ભાવવડે જોઈ શકાય એવું જે રૂપ તે કિંવા વિરાટ વિભૂતિઓવાળું અપરરૂપ (શ્લોક ૨ થી ૧૫ ઘ સુધીનું) જોવાની મારી ઇચ્છા છે; તો હે પ્રભો ! તે જો મારાથી એટલે મમભાવવડે જોવાને શક્ય હોય અર્થાત્ તે જોવાની મારી લાયકાત છે એમ જો આપ માનતા હો તો હે યોગેશ્વર ! અવ્યય અર્થાત્ નાશરહિત એવા આત્માનું તે રૂપ એટલે જે તત્ત્વતઃ તો અવ્યય એવો આત્મા હોવા છતાં અહં (હું) એવા એક અંશ વડે સ્થિત હોઈ દર્શય એટલે દ્રષ્ટાભાવ વડે જ જોઈ શકાય એવું જે આપનું અપરરૂપ (શ્લોક ૨થી ૧૫ ઘ)છે તેનું મને આપ દર્શન કરાવો.

શ્રીભગવાનુવાચ—

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ ५ ॥
पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥ ६ ॥
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥ ७ ॥
न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ८ ॥

વિરાટ સ્વરૂપ જોવાને અધિકારી કોણ ?

આ પ્રમાણે અર્જુનનો પ્રશ્ન સાંભળીને તથા તેના મનનો ભાવ ઓળખીને ભગવાને વિચાર કર્યો કે અર્જુન પૂર્ણ શ્રદ્ધાળુ હોઈ તદ્દન નિઃશંક થયેલો છે. મારું આ અપર સ્વરૂપ તો જે ભક્તિમાર્ગનો અભ્યાસક ભક્ત પોતે કેવળ દ્રષ્ટા ભાવમાં સ્થિત રહી શરીર, મન, વાણીવડે જે જે કાંઈ કર્મ થાય છે તે તમામ કર્મ તેમજ બુદ્ધિ વડે થતો તમામ નિશ્ચય એટલે કે અંતઃકરણમાં જે જે વૃત્તિનું ઉત્થાન થાય તે સર્વમાં કેવળ આત્મસ્વરૂપ એવા એક મારી જ ભાવના નિત્યપ્રતિ કરે છે, આ પ્રમાણે સાક્ષી ભાવમાં રહી જે તન્મય થયેલો હોય છે, તેવો ભક્ત જ મારા અપર સ્વરૂપને જોવાને માટે સમર્થ છે, બાકી બીજા કોઈપણ જોઈ શકતા નથી. આ અર્જુન આ રીતની સંપૂર્ણ એકનિષ્ઠાવડે મારે શરણે આવેલો સાચો ભક્ત છે. વળી સગુણ ઉપાસકો જ્યારે વાસ્તવિક રીતે સંપૂર્ણ રીતે સર્વત્ર મને જ દેખે અને જ્યારે તેઓને તેવો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જ તેઓ ભક્તિમાર્ગમાં સાચા સ્થિર થયા એમ કહી શકાય, ત્યાં સુધી તો ગમે તે હોય પણ તેને મારો સાચો ભક્ત તો કહી શકાતો જ નથી. જ્યારે ભક્તિ કરતાં કરતાં ભક્તની ચિત્તશુદ્ધિ થઈ તેની આ મુજબની સ્થિતિ થાય છે એટલે પોતે દ્રષ્ટા ભાવમાં રહી તમામ દૃશ્યભાવમાં તે એક મને જ જુએ છે અને એ મુજબની તેની ભાવના જ્યારે સિદ્ધ થાય છે અર્થાત્ ખરેખર તેને મારા સિવાય બીજું બધું દેખાતું બંધ થઈ જાય છે, જ્યાં જુએ ત્યાં હું જ એક તેના જોવામાં આવું છું, જ્યારે તેની આવી સ્થિતિ થાય છે ત્યારે જ ભક્તિમાર્ગની પૂર્ણતા થઈ એમ સમજવું. આ રીતે ભક્તની સ્થિતિ થયા પછી તે દ્રષ્ટાભાવનો પણ વિલય કરી મારામાં જ એકરૂપ થઈ જાય છે. આને રાજયોગ પણ કહે છે. આ પ્રમાણે એકરૂપ થયો કે તે કૃતકૃત્ય બને છે, પછી તેને ત્રૈલોક્યમાં કાંઈ કરવાનું કે જાણવાનું કે મેળવવાનું બાકી રહેતું નથી. શાસ્ત્રમાં કહેલી સહજ સમાધિ તે આ જ. અર્જુનની ચિત્તશુદ્ધિ તો થયેલી છે માટે તેને દિવ્ય નેત્ર આપી એટલે દ્રષ્ટાભાવમાં સ્થિત રહીને મારું વિરાટ સ્વરૂપ જોવાનું કહેવામાં આવશે તોજ તે જોઈ શકશે, નહિ તો જોઈ શકશે નહિ. એ મુજબ મનમાં વિચાર કરીને ભગવાને નીચે પ્રમાણે કહ્યું:

હવે મારું વિરાટ સ્વરૂપ જો

હે પાર્થ ! મારા જુદી જુદી જાતના તથા નાના પ્રકારનાં વર્ણ અને આકૃતિઓવાળા સેંકડો હજારો દિવ્ય એટલે ચૈતન્ય અથવા આત્મસ્વરૂપ એવાં રૂપોને જો. હે ભારત ! આ બાર આદિત્યોને જો. ધર, ધ્રુવ, સોમ, અહ યા વિષ્ણુ, અનિલ, અનલ, પ્રત્યૂષ, અને પ્રભાસ, એ આઠ વસુઓને, અગિયાર રુદ્રોને, બે અશ્વિનીકુમારોને અને ઓગણપચાસ મરુતોને જો; તથા પૂર્વે કદી નહીં જોયેલા ઘણા આશ્ચર્યને પણ જોઈ લે. (આદિત્ય, રુદ્ર, મરુત્ના નામો માટે અધ્યાય ૧૦ શ્લોક ૨૧ થી ૨૩ પૃષ્ઠ ૫૩૪થી ૫૩૬ જુઓ.) હે ગુડાકેશ (અર્જુન) ! આ મારા દેહમાં સચરાચર એટલે સ્થાવર જંગમમાં વ્યાપેલા બધા અનંત જગતોના સમૂહોને હમણાં એકસ્થ એટલે મારા આ દેહમાં એક જગાએ જ જોઈ લે અને વળી તારે બીજું જે જે કાંઈ જોવાની ઇચ્છા હોય તે તમામ જોઈ લે. અરે ! હું તો તારી સામે વિરાટ સ્વરૂપે જ ઉભેલો છું. પરંતુ તું તારા આ વ્યષ્ટિગત બાહ્ય ચક્ષુવડે મને જોવાને કદી પણ શક્તિમાન થઈશ નહિ. માટે તને દિવ્યદૃષ્ટિ એટલે પ્રકાશ કિંવા ચૈતન્યરૂપ એવી દ્રષ્ટા ભાવમાં સ્થિત રહેવારૂપ દૃષ્ટિ આપું છું. અર્થાત્ સર્વના સાક્ષી કિંવા દ્રષ્ટા ભાવમાં સ્થિત રહીને જોવાની દૃષ્ટિવડે જ તું મારા આ ઐશ્વર્યરૂપ યોગને જોઈ શકીશ. માટે દ્રષ્ટાભાવમાં સ્થિત રહી આ બધું ઈશ્વર સ્વરૂપે જ છે, તેથી ભિન્ન નથી એવા પ્રકારના યોગને એટલે મારા અપરસ્વરૂપને જો.

દિવ્યદૃષ્ટિ સંબંધે લોકમાં પ્રચલિત માન્યતા

ભગવાને અર્જુનને જ્યારે દિવ્યદૃષ્ટિ આપી ત્યારે તે આ પરમ ઐશ્વર એવા રૂપને જોઈ શક્યો. આ સંબંધે લોકોમાં ઘણા પ્રકારના તર્કો પ્રસરેલા જોવામાં આવે છે. કેટલાકોની માન્યતા એવા પ્રકારની હોય છે કે ભગવાનની પાસે આવી કોઈ પ્રકારની દૃષ્ટિ હતી અને તેમણે તે અર્જુનને આપી. અર્થાત્ ચશ્મા વગેરે જેવી કોઈ દૃષ્ટિ

ભગવાન પોતાની પાસે રાખે છે તથા ભક્તને જ્યારે પોતાનું અપર સ્વરૂપ બતાવવાનું હોય ત્યારે તે તેને આપે છે એવું માની લે છે, કેટલાકો આને રૂપક છે એમ કહે છે, કેટલાકો તો લોકોને વિશ્વરૂપની કલ્પના આવે એટલા માટે કવિઓએ આ વર્ણન ઘુસાડેલું છે એમ કહે છે. ઇત્યાદિ પ્રકારે લોકોમાં વિશ્વરૂપ સંબંધમાં અનેક તર્કવિતર્કો પ્રચલિત હોવાનું જણાઈ આવે છે. ભાવિકોની માન્યતા છોડી પોતાને નાસ્તિક માનનારાઓ તો આ વિશ્વરૂપનો આધાર લઈ એમ કહેવા સહેજ પણ અચકાતા નથી કે આ પ્રકારના ભગવાનને તો એક મહાન રાક્ષસથી પણ રાક્ષસ કેમ નહિ કહેવા? આ સંબંધે આ પ્રકરણના આરંભમાં પણ વિવેચન કરેલું છે (પૃષ્ઠ ૫૫૦ થી ૫૧૨ જુઓ) છતાં અત્ર સંક્ષેપમાં તે સંબંધે થોડો વિચાર કરવો આવશ્યક છે.

દિવ્યદૃષ્ટિ કોને કહેવી

શાસ્ત્રમાં અંતર્દૃષ્ટિ કિંવા સૂક્ષ્મદૃષ્ટિ, દિવ્યદૃષ્ટિ, જ્ઞાનદૃષ્ટિ તથા આત્મદૃષ્ટિ વા તત્ત્વદૃષ્ટિ એવા પ્રકારે દૃષ્ટિઓ સંબંધમાં ઉલ્લેખ હોવાનું જણાઈ આવે છે. અંતર્દૃષ્ટિ સમજવાને માટે દીવાનું ઉદાહરણ લઈશું. દીવો, તેનો પ્રકાશ તથા તે પ્રકાશમાં પ્રકાશિત થતા પદાર્થો, એ પ્રમાણે આમાં આ ત્રણનો સંબંધ હોય છે. તેમાં દીવો એ સ્વતઃસિદ્ધ છે, તેને બીજા કોઈ દીવા તરફથી પ્રકાશ મળતો નથી, એ વાત તેના પ્રકાશમાં પ્રકાશિત થનારા પ્રકાશ્ય પદાર્થોને સિદ્ધ કરવાની હોય છે. તે પ્રકાશ્ય પદાર્થો દીવો સ્વયંપ્રકાશ શી રીતે છે એમ જે વિચારની દૃષ્ટિવડે જાણે છે તે વિચારદૃષ્ટિને જ અંતર્દૃષ્ટિ કહે છે; તથા દીવો પોતે તો સ્વયંપ્રકાશ છે, એવો દૃઢ નિશ્ચય થઈ તે વડે જ આ સર્વ પ્રકાશિત થયેલું છે એમ જ્યારે નિશ્ચયપૂર્વક સમજવામાં આવે છે ત્યારે તેને જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ એમ સમજવું તથા આ દીવાને તેજ આપનારો તો બીજો જ કોઈ છે અને આ પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય વસ્તુઓનો વિસ્તાર પણ તે રૂપ જ છે; આ સર્વ દ્રષ્ટા, દર્શન, દૃશ્યરૂપ પસારો દીવાને પ્રકાશિત કરનાર અનિર્વચનીય તથા અવર્ણનીય એવા તત્ત્વનો જ છે; એ મુજબ દ્રષ્ટા વા સાક્ષીભાવમાં સ્થિત રહી આ ત્રિપુટીનો તમામ ખેલ દ્રષ્ટારૂપે જોવો તે દૃષ્ટિ એ દિવ્યદૃષ્ટિ કહેવાય. તેમ જ દીપકને પ્રકાશિત કરવામાં આ પ્રકાશાદિ ત્રિપુટીઓ અથવા તેને જાણનારો દિવ્યદૃષ્ટિવાન દ્રષ્ટા ઇત્યાદિ કશું પણ છે જ નહિ અથવા તો તે તમામ અનિર્વચનીય એવા પરમપદરૂપ હોઈ તેથી અભિન્ન છે એમ સમજવું; તે જ આત્મ વા તત્ત્વદૃષ્ટિ છે એમ સમજો. ઉદ્દેશ એ કે આત્મા પોતે સ્વયંપ્રકાશ છે, તેમાં દ્રષ્ટા, દર્શન તથા દૃશ્યાદિ ત્રિપુટીઓનું તેમ જ તેને જાણનારા સાક્ષી અથવા દ્રષ્ટાભાવનું કિંચિન્માત્ર પણ અસ્તિત્વ સંભવતું નથી એ પ્રમાણે હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ ભિન્ન ભિન્ન રૂપે ભાસતા તમામ દૃશ્યાદિનો તેને જાણનારા સાક્ષી (દ્રષ્ટા)સહ વિલય કરી આત્મામાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્યાદિનો કિંચિન્માત્ર પણ અંશ નથી એવું તે પદ અનિર્વચનીય છે કિંવા તેને જાણનારા સાક્ષી સહ આ બધું આત્મસ્વરૂપથી અભિન્ન અને એકરસાત્મક અનિર્વચનીય એવું આત્મરૂપ જ છે. એ રીતે આત્મા જ આત્મામાં આત્માને આત્મરૂપે આત્માદ્વારા ભાસી રહ્યો છે. તસ્માત્ આત્માથી ભિન્ન કંઈ છે જ નહિ. એ રીતે તદ્દત દૃઢ અને એક નિશ્ચયવડે જાણવું, તેવી દૃષ્ટિ એ જ આત્મ વા તત્ત્વદૃષ્ટિ સમજવી. આ દૃષ્ટિ આત્માનુભવી જીવન્મુક્તોમાં જ મળી શકે છે. આત્મા(વૃક્ષાંક ૧) પોતે તો અનિર્વચનીય છે છતાં પોતાની માયાશક્તિરૂપ હું(વૃક્ષાંક ૩) વડે ત્રણ ગુણોને ધારણ કરી આ સર્વ મિથ્યા મોહજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધી)ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કર્યા જ કરે છે. એ રીતે દ્રષ્ટા કિંવા સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિત રહો તે સર્વનો દ્વૈત(ભેદપણાની) ભાવના વડે પ્રત્યક્ષ અનુભવ લેવો તે દૃષ્ટિને દિવ્યદૃષ્ટિ કહે છે; તેમ જ આ સર્વ દૃશ્યાદિ પ્રકાશનું મૂળ તો હુંરૂપ માયા(વૃક્ષાંક ૩) હોઈ તેની ઉત્પત્તિનું મૂળ સ્થાન કયું? તે સૂક્ષ્મ વિચાર વડે જાણી લેવું કે આ હુંની ઉત્પત્તિ તો જ્યાં 'હું' એવા ભાવનું અસ્તિત્વ જ કદી સંભવતું નથી એવા અનિર્વચનીય સ્થાનમાંથી થયેલી છે. એવી રીતે શુદ્ધ 'હું'(વૃક્ષાંક ૨) ભાવમાં સ્થિર રહીને કેવળ વિચાર દ્વારા જાણવું તે સૂક્ષ્મ દૃષ્ટિ હોઈ તેવા પ્રકારે જાણ્યા પછી તે જ આ હું (વૃક્ષાંક ૩)નું ખરું સ્વરૂપ છે, તેને જાણનાર દ્રષ્ટા(વૃક્ષાંક ૨) એવા મારું પણ તે જ મૂળ સ્થાનક છે; એ રીતે નિશ્ચયપૂર્વક

જાણવું તે જ્ઞાનદૃષ્ટિ કહેવાય. આ બંને દૃષ્ટિઓને યૌક્તિક દૃષ્ટિ પણ કહે છે. આ રીતે જ્ઞાનદૃષ્ટિ થયા પછી આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના દૃઢ નિશ્ચયને લીધે અભ્યાસવડે તમામ દૃશ્ય, તેના દ્રષ્ટા એવા ઈશ્વરસ્વરૂપમાં જ લીન બની જાય છે. આથી તેવા પ્રકારે અનુભવમાં આવનારું તમામ દૃશ્ય એ દ્રષ્ટાનું ઐશ્વર્ય કહેવાય છે. આમાં બતાવેલી ચાર દૃષ્ટિ પૈકી અંતર્દૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિ એ બે પરોક્ષજ્ઞાનને માટે ઉપયોગી હોઈ દિવ્યદૃષ્ટિ એ અપરોક્ષજ્ઞાન પૈકી ભગવાનના અપર સ્વરૂપના સાક્ષાત્કારની દર્શક છે. પણ આમાં દ્રષ્ટાભાવ સિલક રહેતો હોવાથી તે પૂર્ણ અવસ્થા કહી શકાતી નથી તેથી તેવો અપર સ્વરૂપનો સાક્ષાત્કાર થયા પછી પણ પરસ્વરૂપનો એટલે ભગવાનમાં ઐક્ય થવારૂપ અપરોક્ષાનુભવ વા સાક્ષાત્કાર કરવાની જરૂર હોય છે. આ પ્રમાણે બંને રીતે જ્યારે મુમુક્ષુની પૂર્ણતા થવા પામે છે ત્યારે જ તે પૂર્ણભક્ત થયો એમ સમજવું. જો આ મુજબ ના હોત તો અર્જુનને વિરાટ સ્વરૂપ જોયા પછી પણ શાંતિ કેમ પ્રાપ્ત થઈ નહિ ? તે નિઃશંક કેમ ન બન્યો ? તેને ફરીથી પ્રશ્નોત્તરો પૂછવાની શી જરૂર પડી ? પરંતુ આ દ્વૈત કિંવા દ્રષ્ટાભાવ વડે જોયેલું ભગવાનનું અપરસ્વરૂપ વાસ્તવિક માયાની હોઈ અતિ ભયાનક હોય છે જ્યારે દ્રષ્ટાભાવનો પણ વિલય થઈ જાય છે ત્યારે જ ભગવાનના ખરા સચ્ચિદાનંદ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)નો તેને અનુભવ થાય છે; અને તેવો પુરુષ જ કૃતકૃત્ય થયેલો ગણાય. આ સ્થિતિએ પહોંચેલો તે જ ખરો ભક્ત કહેવાય. જે ભગવાનથી જરાપણ વિભક્ત નથી, ભગવાનની સાથે જ સંપૂર્ણ રીતે તાદાત્મ્ય પામેલો છે, તે જ ખરો ભક્ત છે. આ સિવાયના બીજા બધા અભક્તો છે એમ જાણવું. કેવળ મોઢે બોલવાથી કાંઈ ભક્ત બની શકાતું નથી પરંતુ ભગવાનની સાથે આ રીતની એકતા થવાથી જ ભક્તપણું પ્રાપ્ત કરી શકાય છે. આવા ભક્તો એ જ પરમભક્તો હોઈ ભગવાનને અત્યંત પ્રિય છે.

ભગવાનનું વિરાટ સ્વરૂપ ગુપ્ત છે ?

આ વિવેચન ઉપરથી બુદ્ધિમાનોને કલ્પના આવી હશે કે ભગવાનનું વિરાટ સ્વરૂપ કાંઈ ભગવાને છુપાવી રાખેલું નથી પરંતુ તે જોવાની યોગ્યતા ધરાવનાર કોઈપણ ભક્ત દિવ્યચક્ષુ દ્વારા જ તેને જોઈ શકે છે. વ્યવહારમાં પણ જેને કમળો થયો હોય તેને તમામ વસ્તુઓ પીળી જ દેખાય છે. વસ્તુતઃ વસ્તુઓ કાંઈ પીળી હોતી નથી પરંતુ જોનારના નેત્રદોષને લીધે જ તે પીળી દેખાય છે. જો નેત્રદોષ મટી જાય તો તે વસ્તુઓ પોતાના અસલ સ્વરૂપમાં જેવી ને તેવી જ જોવામાં આવે છે. તે પ્રમાણે અજ્ઞાનીઓને વિષયવાસનારૂપ દોષને લીધે યા અસત્ સંકલ્પને લીધે આ તમામ વસ્તુઓ જગતસ્વરૂપે એટલે કે અસલ સ્વરૂપને બદલે ઊલટારૂપે જોવામાં આવે છે, પરંતુ જ્યારે તેનો આ અજ્ઞાનરૂપ દોષ મટી જાય છે અર્થાત્ પોતે પોતાને દેહ નહિ પરંતુ હું તો સર્વનો દ્રષ્ટા કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨) છું, એવી રીતે તે પોતાસહ સર્વને જ્યારે સાક્ષીભાવે દેખે છે ત્યારે તેવા નિશ્ચયવાળો પુરુષ સત્ય સંકલ્પરૂપ બની જાય છે. અને તે દિવ્ય ચક્ષુવાળો પુરુષ પ્રથમ પ્રત્યગાત્મા, શબલબ્રહ્મ કિંવા ભગવાનના મિથ્યા માયાની એવા મહાન વિરાટ અપર સ્વરૂપને જુએ છે તથા પછી પોતે દ્રષ્ટાભાવનો પણ ત્યાગ કરીને અંતે આત્મસ્વરૂપ એવા ભગવાનની સાથે ઐક્યરૂપ બની કાયમને માટે સુખ અને શાંતિના સ્થાનમાં નિવાસ કરે છે, કે જે સ્થાન અત્યંત નિર્ભય હોઈ જ્યાં ગયા પછી ફરી પાછું આવવાનું, જવાનું કે દુઃખનું પ્રયોજન રહેતું જ નથી. આ મુજબ હોવાથી ભગવાને અર્જુનને પ્રથમ દિવ્યદૃષ્ટિ આપી પોતાનું અપર સ્વરૂપ દેખાડ્યું છે, એ સારી રીતે સમજી શકાશે કે જેથી આ સંબંધમાં હવે ભગવાન આગળ શું કહે છે તે વિચાર કરવો આપણને અનુકૂળ થઈ પડશે.

सञ्जय उवाच—

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।

दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥ ९ ॥

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।

अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥ १० ॥

दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।

सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।

यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥ १२ ॥

વિરાટ સ્વરૂપ

સંજય કહે છે કે: હે રાજા ધૃતરાષ્ટ્ર! મહાયોગેશ્વર હરિ અર્થાત્ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પરમ ઐશ્વરરૂપ અર્થાત્ પોતાનું અપર કિંવા ષડૈશ્વર્ય વડે સંપન્ન એવું સ્વરૂપ બતાવ્યું. અનેક મુખો, અનેક નેત્રો તથા અનેક અદ્‌ભુત દર્શનવાળું, અનેક દિવ્ય આયુધોવાળું તથા અનેક દિવ્ય અલંકારો (આભૂષણો) વાળું, દિવ્યમાળા તથા દિવ્ય વસ્ત્ર ધારણ કરેલું, દિવ્ય ગંધનું લેપન કરેલું, સર્વ આશ્ચર્યો વડે ભરપૂર, પ્રકાશરૂપ, અનંત વિશ્વરૂપી મુખોવાળું એવું તે સ્વરૂપ હતું. આકાશમાં એક સાથે હજારો સૂર્યની પ્રભા પ્રકટ થાય તો તે કદાચ આ મહાત્માના તેજની પ્રભાની કાંઈક બરાબરી કરી શકે; એવું એ દિવ્ય એટલે ચૈતન્ય કિંવા પ્રકાશરૂપ શરીર હતું દેવતાઓના શરીરો જો કે દેખવામાં તો મનુષ્યાદિના આકાર જેવાં જ જણાય છે, પરંતુ તેઓ તો કેવળ ચૈતન્ય વા પ્રકાશના અંશથી જ ઓતપ્રોત હોય છે. મનુષ્યોનાં શરીરોમાં પૃથ્વી તત્ત્વનો અંશ વધુ પ્રમાણમાં હોય છે તેથી તેમાં છાયા તેમ જ પસીનો વગેરે દુર્ગંધયુક્ત પદાર્થો અનુભવાય છે પરંતુ આ પાંચે મહાભૂતોમાં મનુષ્યની ઉપર ગંધર્વ, સિદ્ધ, દેવતાઓ વગેરે લોકોની ભિન્ન ભિન્ન સ્વરૂપે અનંત પ્રકારની વિસ્તારેલી જે જે સૃષ્ટિઓ છે તે સર્વ સૃષ્ટિઓમાં ઘણી વિચિત્રતા છે. તે દરેકમાં શરીરો તો આવાં જ હોય છે. ઝાડ, પાન, પશુ, પક્ષી વગેરે બધી સૃષ્ટિઓમાં ઘણે ભાગે આ સૃષ્ટિ જેવી જ સામ્યતા હોય છે, તો કેટલીકમાં આનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારનાં હોવાનું જોવામાં આવે છે. આ વિષય ઘણો ગહન, કૂટ તથા વિચિત્ર છે. આધુનિક વિદ્વાનો ઘણે ભાગે તે થકી અજ્ઞાત છે, માટે તેનો સંક્ષેપમાં વિચાર કરીશું (અધ્યાય ૮ શ્લોક ૨૫, ૨૬, પૃ૪ ૪૬૭ થી ૪૭૨ જુઓ).

વિરાટ સ્વરૂપની અંદર અનંત બ્રહ્માંડોના વિચિત્ર સમૂહો

ભગવાનના અપર સ્વરૂપ કિંવા વિરાટ સ્વરૂપની અંદર આ બ્રહ્માંડમાંની તમામ ચૌદ લોકવાળી કાર્યસૃષ્ટિ (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ જુઓ) તથા તે ઉપરની કારણ સૃષ્ટિ (વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીની) અને તે ઉપરની મહાકારણ સૃષ્ટિ (વૃક્ષાંક ૩ થી ૫ સુધી); એ રીતે મહાકારણ, કારણ તથા કાર્યાદિ સર્વે સૃષ્ટિઓનો સમાવેશ થઈ જાય છે. મહાકારણ સૃષ્ટિઓ શૂન્યરૂપે છે. જેમ કે અંક શાસ્ત્રમાં પ્રથમ શૂન્યની ઉત્પત્તિ થઈ, તે શૂન્યરૂપે બહાર પ્રગટ થાય તે પહેલાંની તેની સ્થિતિ જાણી શકાતી નથી પણ પ્રગટ થયા પછી તે શૂન્ય છે એટલો જ બોધ થાય છે, તેમ આ મહાકારણ પ્રકૃતિ પ્રથમ સૂક્ષ્મ સ્વરૂપમાંથી ઘનરૂપે બનવાની શરૂઆત થતાં પ્રથમ શૂન્ય એવા અર્ધનારીનટેશ્વર સ્વરૂપે પ્રકટ થયેલી છે, તેથી તે શૂન્ય થયું; પછી શૂન્યથી એક બન્યો. તે વચ્ચેની ક્રિયા અપ્રકટ હોય છે. એકનું પ્રાકટ્ય થયું એટલે જાણી શકાય કે આ શૂન્ય અને આ એક છે તેમ મહાપ્રાણ કિંવા સૂત્રાત્માથી તે વિષ્ણુના નાભિકમળ હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૬ થી ૧૨) સુધીને માટે સમજવું. તેમ જ એક અને એક મળી બે થાય અને

ત્યાર પછી તમામ સંખ્યાશાસ્ત્ર પરાર્ધ સંખ્યા સુધીનું ઉત્પન્ન થાય છે તેમ બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩)થી માંડીને બ્રહ્માંડ અને તેમાં આવેલા ચરાચર લોકો (વૃક્ષાંક ૧૪ થી ૧૫૬)મહી તમામ બ્રહ્માંડ કાર્યને માટે સમજવું. બ્રહ્માંડની અંદર મિશ્રણાત્મક પાંચ મહાભૂતો છે એટલે તે દરેકમાં પાંચે મહાભૂતોનું મિશ્રણ છે. જેમ આકાશ વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ મૂળ શુદ્ધ મહાભૂતો પૈકી ક્રમે આકાશમાં પાંચ, વાયુમાં, તેજમાં, જળમાં અને પૃથ્વીમાં એમ બધામાં પાંચ પાંચ મળી પચીશ તત્ત્વો થાય છે તે પૈકી આ સ્થૂળ દેખવામાં આવતી સૃષ્ટિ તો પૃથ્વીની અંદર જે ચોવીશ તત્ત્વોના મિશ્રણ સહિત પૃથ્વી તત્ત્વ છે તેનો અંશ છે. તે જ પ્રમાણે પૃથ્વીનાં પેટાનાં જળાંશમાં, તેજાંશમાં તથા વાયુ અને આકાશાંશમાં અલગ અલગ અનેક સૃષ્ટિઓ છે. ત્યારબાદ જળના પેટામાં આવેલાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, અને આકાશ એ પાંચમાં, ત્યાર પછી એ તેજના પેટામાં આવેલાં પાંચ તત્ત્વોમાં, બાદ વાયુના પેટાના પાંચમાં અને આકાશના પેટામાં આવેલા પાંચમાં. આ પ્રમાણે દરેક પાંચ પાંચ ભાગોમાં જુદી જુદી અનંત સૃષ્ટિઓ છે, તેનો પાર નથી. જેમ જેણે કદી શહેર કિંવા સમુદ્ર જોયો ન હોય તેને તેની કલ્પના પણ હોતી નથી તેમ પૃથ્વીમાં એ પચીશે તત્ત્વોના મિશ્રણો છે. પૃથ્વીમાં પૃથ્વી તત્ત્વને છોડી બાકી રહેલા ચોવીશ તત્ત્વોને આ પચીશમા તત્ત્વની કલ્પના પણ હોતી નથી, તે પ્રમાણે એકથી તેવીશ તત્ત્વો સુધીને માટે પણ સમજવું. આ જગત કેવળ ભાવનામય છે. મન એ જ તેનું સ્વરૂપ છે. એના પ્રકારે જે કહેવામાં આવે છે તેની સત્યતા આ સર્ગની પરંપરા જે જાણે છે તે જ સારી રીતે સમજી શકે છે. પચીશ તત્ત્વોયુક્ત જે સૃષ્ટિ છે તેમાં આવેલા સર્વેની કલ્પના પણ આ બધું પોતે જુએ છે તે પ્રમાણે જે જડ અને ઘન રૂપ હશે એવી જ હોય છે; તેઓ બુદ્ધિ વડે વિચાર ન કરે તો તેઓને એ સિવાય બીજું કાંઈ પણ દેખાય જ નહિ. ચોવીશ તત્ત્વોના મિશ્રણાત્મક સૃષ્ટિવાળાઓને તો તેમાં આ જડ અને ઘનભાવવાળું કોઈક પચીશમું તત્ત્વ હશે એવી સ્વપ્ને પણ કલ્પના આવી શકતી નથી, તે પ્રમાણે જ તેવીશ તત્ત્વોવાળાને ચોવીશ અને પચીશ તત્ત્વોની કદી કલ્પના હોતી નથી, તે તો બધું તેવીશ તત્ત્વોથી જ બનેલું છે એમ અનુભવે છે. આ મુજબ એકથી બાવીશ તત્ત્વોવાળાનું પણ સમજવું. આથી જ શાસ્ત્રોમાં વર્ણનો આવે છે કે ગંધર્વો, સિદ્ધો, આકાશચારીઓ, કિંનરો, કિંદેવો, સ્વર્ગાદિનિવાસી દેવતા અને દેવીઓ વગેરે વિમાનમાં બેસી ઊડે છે. તો પછી તે આપણા જોવામાં કેમ આવતા નથી એવો પ્રશ્ન સ્વાભાવિક ઊઠે છે; તેનું કારણ તેઓ પાંચ આકાશ, પાંચ વાયુ અને ત્રણ તેજનાં મળી તેર તત્ત્વોના મિશ્રણથી બનેલા હોવાથી તેઓને આ સિવાય બીજાં કોઈ તત્ત્વો હશે એવી કદી કલ્પના પણ હોતી નથી તેઓ પોતાના વિમાનો સાથે પૃથ્વી ઉપર પહાડો તથા ઘરોની અંદરથી પણ ચાલ્યા જાય છે છતાં તેમનું વિમાન કદી ભટકાતું નથી કે ભાંગતું પણ નથી, કેમ કે તેઓના સંકલ્પમાં તો આ ઘન નામનો કોઈક પદાર્થ હશે એવી કદી સ્વપ્ને પણ કલ્પના હોતી નથી. આ બધું ઘન કિંવા જડ છે એવી જેને ભાવના થએલી હોય તેવાઓને જ તે તેવા રૂપે અનુભવમાં આવીને પ્રતિબંધ ઉત્પન્ન કરે છે. તેથી જ ભીંત એ ઇતર લોકોને માટે પ્રતિબંધ કરનારી છે, પરંતુ સત્ય સંકલ્પવાન યુક્તકાદિ યોગી અથવા જેઓ ચૈતન્યરૂપની ધારણામાં જ સ્થિર થયેલા હોય છે તેઓને તે પ્રતિબંધ કરી શકતી નથી; એટલે તેની ધારણાવાળો કિંવા યુક્તકાદિ યોગી ભીંતમાંથી વગર અડચણે વિચરી શકે છે. આ સંબંધે એક અનુભવિક પ્રસંગ યાદ આવે છે.

મહાત્માનો ભીંતમાં પ્રવેશ

હિમાલયની તળેટીના એક ભાગમાં પ્રાચીન સમયે કોઈ મોટું શહેર હતું. હાલમાં તો તે તદ્દન પડી ગયું હોઈ ત્યાંના પુરાણા રાજમહેલ પૈકી કાળા પથ્થરની બનેલી જ મજબૂત એક ભીંત જે સુમારે ત્રણ ચાર હાથ ઊંચી અને દોઢ બે હાથ પહોળી તથા ત્રણ ચાર હાથ લાંબી છે તેના ખંડીએર રહી જવા પામેલા હતા. તે ભીંતની સાથે એક તપસ્વી દરરોજ માથું ફોડતો, મુક્કીઓ મારતો તથા હાથનો દંડો પણ મારતો. થાકે ત્યારે ત્યાં જ ઈંટો ઉપર સૂઈ જતો, ભૂખ લાગે ત્યારે ત્યાંથી આશરે અડધો ગાઉ દૂર એક નાનું ગામ હતું ત્યાં જઈ ભિક્ષા માગી લાવતો અને પાછો અત્રે આવીને ભીંતની સાથે ઝગડવાનો પોતાનો આ ક્રમ

અઠોરાત્ર ચલાવતો. લોકો પૂછતા ત્યારે તેઓ કહેતા કે મારે તો આ ભીંતની પેલે પાર જવું છે. જ્યારે લોકો 'ફરીને જાવ, આમ ભીંતની સાથે નાહકની માથાફોડ શા માટે કરો છો?' એમ કહેતા એટલે પત્થરો મારી તથા ગાળો દઈ તેઓને હાંકી મૂકતો. સર્વે તેને ગાંડો સમજતા. થોડા ઘણા તેને આ મહાત્મા છે એમ માનતા અને રોજ દર્શનાર્થે આવતા હતા. આમ સત્તર અઢાર વર્ષનો સમય વ્યતીત થઈ ગયો ત્યારે એક દિવસે દર્શનાર્થે આવેલા લોકોની સમક્ષ પેલો યોગી ભીંતમાં પેસી ગયો અને પેલી બાજુ જઈ નિર્વિકલ્પ સમાધિમાં બેઠો. આ વાત ગામમાં સર્વત્ર ફેલાઈ અને આ મહાન યોગી છે એવી લોકોને ખાત્રી થઈ. તાત્પર્ય કે, જીવ જેવો જેવો આરોપ દૃઢ કરે તેવું તેવું જગત તેને પોતાના સંકલ્પવશાત્ અનુભવમાં આવે એવો નિયતિ નિયમ છે. આથી જ જગત સંકલ્પમય છે, એમ શાસ્ત્રોમાં કહેલું છે.

વિરાટમાં અનંત બ્રહ્માંડોનો થતો વિસ્તાર

ઉદ્દેશ એ કે, આ રીતે દરેક તત્ત્વમાં ભિન્ન ભિન્ન પ્રકારના અનેક ચિત્રવિચિત્રતાવાળા અસંખ્ય ચિત્ ચમત્કારોરૂપ જગતો છે. આ તો આ કાર્યસૃષ્ટિરૂપ બ્રહ્માંડનું થયું, પરંતુ કારણસૃષ્ટિમાં તો આવાં અનેક બ્રહ્માંડોના સમૂહો આકાશના પરમાણુઓની માફક ઊડી રહ્યાં છે તેનો તો પાર નથી. તે દરેકના બ્રહ્મદેવ, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર, વરુણ, ઇત્યાદિ દિક્પાલો, ઋષિઓ, ગંધર્વો, સિદ્ધો ઇત્યાદિકોનો તો પાર જ નથી. આ તો શું પરંતુ તમો જેને પરમાણુ કહો છો તે તમારી દૃષ્ટિએ પરમાણુ છે કેમ કે તેના ઉપર પરમાણુની તમારી ભાવના દૃઢ થએલી છે. પણ તે પરમાણુની અંદર અસંખ્ય સૂક્ષ્મ જીવો હોઈ તે જીવોની દૃષ્ટિમાં તો તે દરેક પરમાણુ એટલે પચાસ કરોડ યોજનના વિસ્તારવાળું અફાટ એવું બ્રહ્માંડ છે. તે દરેક પરમાણુઓમાં ચોદ લોકો હોઈ તેમનો સર્વ વ્યવહાર તમારી જેમ જ ચાલુ હોય છે, તે પ્રમાણે તમારું ચૌદ લોકવાળું આ બ્રહ્માંડ પણ એક સૃષ્ટિના જીવોમાં પરમાણુ રૂપ છે. આ રીતે બ્રહ્માંડમાં પરમાણુ તથા પરમાણુમાં બ્રહ્માંડ વળી પાછાં તેમાં પરમાણુ અને પરમાણુમાં વળી પાછાં બ્રહ્માંડો; એ મુજબ સર્ગ પરંપરાનો તો પાર નથી. આવા પ્રકારનું ભગવાનનું અપર સ્વરૂપ ભગવાને અર્જુનને બતાવેલું છે. તે વાસ્તવિક તો અવર્ણનીય છે. તેમાં કેટલાંક બ્રહ્માંડોના સમૂહોનો તો એક બીજા સાથે અથડાઈ કચ્ચરઘાણ થઈ જાય છે, તો કેટલાંક બ્રહ્માંડો પતંગની માફક ઉપર જ ઊડ્યા કરે છે, કેટલાંક તો નીચે જ ઊતર્યા કરે છે, કેટલાંક આડાં તો કેટલાંક ઊભાં અને કેટલાંક તો ગોળ ફરે છે છતાં તે સ્વરૂપનાં આદિ, મધ્ય અને અંતનો પાર નથી; આ મુજબ આ ભગવાનના માયાયુકત અપર સ્વરૂપનો પાર નથી. જ્યાં તેનું પણ વર્ણન થઈ શકતું નથી, ત્યાં તેમના પર સ્વરૂપના વર્ણન માટે શું કહેવું?

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।

अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥ १३ ॥

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनञ्जयः ।

प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥ १४ ॥

વિરાટ સ્વરૂપ જોઈ વિસ્મય પામ્યો

સંજય ભગવાનના અપર સ્વરૂપનું વર્ણન આગળ કહે છે કે: હે રાજા ધૃતરાષ્ટ્ર! દેવોના પણ દેવ, પ્રકાશને પણ પ્રકાશ આપનારા, ચૈતન્યરૂપ એવા ભગવાનના આ શરીર એટલે સ્વરૂપમાં, અનેક પ્રકારનાં અને અનેક વિભાગોવાળાં એક જ જગ્યાએ એકઠાં થયેલાં અસંખ્ય બ્રહ્માંડોના સમૂહો રૂપ સમસ્ત જગતો અર્જુનના જોવામાં આવ્યાં. ઉદ્દેશ એ કે, આ બ્રહ્માંડમાંની પૃથ્વી પૈકી થોડો અંશ જોનારાઓને પણ તેનો પાર લાગતો નથી ત્યારે આવાં અનંત બ્રહ્માંડોના સમૂહો જેમાં પરમાણુની પેઠે ઊડી રહેલાં છે તથા તેમાં ભિન્ન ભિન્ન પ્રકારે જે વ્યવહાર ચાલી રહ્યો છે, એ દૃશ્ય જોનારની સ્થિતિ દિગ્મૂઢ બને તો તેમાં શંકા

શી ? આ દૃશ્ય જોતાં જ જે વિસ્મયથી તદ્દન વ્યાપ્ત થયેલો છે એટલે જે આશ્ચર્ય વડે સ્તબ્ધ બનેલો છે અને જેના શરીર ઉપરના રોમાંચ (રુંવાડાં) ખડાં થઈ ગયાં છે, એવો ધનંજય, આ દેવને મસ્તક વડે નમન કરીને બે હાથ જોડીને નીચે પ્રમાણે કહે છેઃ

अर्जुन उवाच—

पश्यामि देवाꣳस्तव देव देहे
सर्वाꣳस्तथा भूतविशेषसङ्घान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ-
मृषीꣳश्च सर्वानुरगाꣳश्च दिव्यान् ॥ १५ ॥
अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।
नान्तं न मध्यं न पुनस्तवादिं
पश्यामि विश्वेश्वर विश्वरूप ॥ १६ ॥

આપના વિશ્વરૂપ પ્રકાશની પ્રભા જ સર્વત્ર પ્રસરેલી છે.

અર્જુન કહે છેઃ હે દેવ! આપના આ દેહમાં હું સર્વ તેત્રીસ કરોડ દેવોને જોઉં છું તથા સ્થાવર જંગમાદિ તમામ ભૂતો (જીવો)ના સમૂહોને, કમળ ઉપર બેઠેલા અને બ્રહ્માંડાદિ કાર્ય સૃષ્ટિના નિયંતા વા ઈશ એવા અસંખ્ય બ્રહ્મદેવોને, સર્વ ઋષિઓ તથા વાસુકી પ્રમુખ સર્પોદિ સર્વને દિવ્ય અર્થાત્ ચૈતન્ય કિંવા પ્રકાશ સ્વરૂપે જોઈ રહ્યો છું. હે વિશ્વના ઈશ્વર! આપનો આદિ, મધ્ય અને અંત ક્યાં છે? આપના આ અનંત એવા વિશ્વરૂપમાં અનેક હાથો, અનેક પેટો તથા અનેક નેત્રો જ જ્યાં ત્યાં હું જોઈ રહ્યો છું; પણ આપના આદિ, મધ્ય અને અંતને તો હું ક્યાંય દેખતો જ નથી ("सहस्र शीर्षा पुरुषः" પુરુષસૂક્ત જુઓ). એટલે કે જ્યાં ત્યાં હાથો, પગો, પેટો અને નેત્રો વગેરે જોવામાં આવે છે, પણ આપનાં આદિ, મધ્ય અને અંત તો હું ક્યાંયે જોતો જ નથી, કેમ કે તમોને આદિ, મધ્ય અને અંત છે જ નહિ. તમારું વાસ્તવ સ્વરૂપ તો આદિ, મધ્ય અને અંતથી રહિત છે અને આ બધું રૂપ તો આદિમધ્યાંતવાળું હોઈ માયાવી જણાય છે કેમ કે તમારું સાચું સ્વરૂપ તો આદિ, મધ્ય અને અંત વગરનું છે અથવા જેમ સ્વપ્ન આદિ, મધ્ય અને અંતમાં નહિ હોવાથી તે મિથ્યા ઠરે છે તેમ આપના આ માયાવી સ્વરૂપ સંબંધમાં હોય એમ મને લાગે છે.

किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ताद्
दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

આપ આંખો વડે જોવાને પણ શક્ય નથી

માથા ઉપર કિરીટ, હાથમાં ગદા તથા ચક્રને ધારણ કરનારા, તેજોરાશિ એટલે પ્રકાશના સમૂહરૂપ સર્વ બાજુએથી પ્રકાશવાવાળા અર્થાત ચારે બાજુએ જ્યાં ત્યાં પ્રકાશની પ્રભા પ્રસરેલી છે એવા તેજઃપુંજ ચમકવાળા, દુર્નિરીક્ષ્ય અર્થાત્ આંખો વડે જોવાને પણ અશક્ય એવી અગ્નિ તથા સૂર્ય સમી દેદીપ્યમાન કાંતિવાળા, અપ્રમેય એટલે પ્રમાણમાં ન આવી શકે અર્થાત સર્વત્ર અપરંપાર ભરેલા એવા આપને જ હું જ્યાં ત્યાં ઓતપ્રોત જોઈ રહ્યો છું.

त्वमक्षरं परमं वेदितव्यं

त्वमस्य विश्वस्य परं निधानम् ।

त्वमव्ययः शाश्वतधर्मगोप्ता

सनातनस्त्वं पुरुषो मतो मे ॥ १८ ॥

જાણવાનું સૌથી પરમ સ્થાન તમે જ છો

આપ જાણવા યોગ્ય અર્થાત્ જ્ઞાનયોગ્ય એવા પરમ, સૌથી શ્રેષ્ઠ તથા જેનો કદી નાશ થતો નથી એવા અક્ષર છો(વૃક્ષાંક ૧ જુઓ) એટલે અક્ષરરૂપ એવા આપના કરતાં પરમ (વિશેષ) એવું બીજું કાંઈ પણ જાણવાનું બાકી રહેતું જ નથી. આપ જ આ વિશ્વનો અંતિમ આશ્રય છો, અર્થાત્ પ્રકાશ થતાં અંધકાર જેમ એકાએક અદૃશ્ય થઈ જાય છે તેમ આ અનંત બ્રહ્માંડોવાળા વિશ્વનો વિલય થયા પછી તે બધું આપનામાં જ અદૃશ્ય (ગડપ) થઈ જાય છે. તેઓને આપનો જ એક આશ્રય છે. આપ અવ્યય એટલે નાશ રહિત એવા આત્મસ્વરૂપ હોઈ શાશ્વત એવા ધર્મરક્ષક પણ આપ જ છો. એટલું જ નહિ પણ શાસ્ત્રોમાં વર્ણવેલા સનાતન અર્થાત્ અનાદિ પુરુષ પણ મારા મતે આપ જ છો.

अनादिमध्यान्तमनन्तवीर्य-

मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।

पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं

स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥ १९ ॥

તમો સૂર્યચંદ્ર રૂપ અનંત નેત્રોવાળા છો

આદિ, મધ્ય અને અંત વિનાના, અનંત પ્રભાવવાળા, અનંતબાહુ અર્થાત્ બળવાન એવા ઇન્દ્રાદિ દેવતાના સમૂહોવાળાં, જેને સૂર્યચંદ્રરૂપ અનેક નેત્રો છે, મુખોમાં પ્રજ્વલિત એવા તેમના દેવતા અગ્નિદેવવાળા, સ્વતેજસા એટલે પોતાના જ તેજ વડે આ સમસ્ત વિશ્વાદિને જે તપાવી કિંવા પ્રકાશી રહ્યા છો એવા પણ તમો જ છો, એમ હું જોઈ રહ્યો છું. આમાં અર્જુને સંક્ષેપમાં કારણ સૃષ્ટિની ઉત્પત્તિરૂપ અધિદૈવાદિના રૂપનું વર્ણન કર્યું છે. જે સૃષ્ટિ અહંકારના સત્ત્વભેદમાંથી પ્રથમ દેવતા રૂપે ઉત્પન્ન થયેલી છે (વૃક્ષાંક ૬ ના પેટામાંના તમામ ભાવો જુઓ) તેમાં મનના દેવતા ચંદ્ર; નેત્ર(ચક્ષુ)ના સૂર્ય; મુખના અગ્નિ; બાહુના ઇન્દ્ર ઇત્યાદિ જે દેવતાઓ છે તે સર્વને તપાવનાર એટલે પોતપોતાના રથો સ્થાપી તેમની પાસે નિમિતના ઘોરણે નિયમિત રીતે કાર્ય લેનાર આપ જ છો, એમ હું જોઉં છું.

द्यावापृथिव्योरिदमन्तरं हि

व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।

दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं

लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥

આપનું આ ઉગ્ર સ્વરૂપ જોઈને સર્વ લોક ભયભીત બન્યા છે

દ્યાવાપૃથિવી એટલે સ્વર્ગ અને પૃથ્વી એ બેની મધ્યે જે આ અંતરિક્ષ કહેવાય છે તે તમામ તથા મર્યાદાનું જે અંતિમ સ્થાન દિશાઓ છે તે સર્વ પણ આપ એકલા વડે જ વ્યાપેલી છે. હે મહાત્મન્ ! આપનું આ અદ્ભુત અને ઉગ્રરૂપ જોઈને ત્રૈલોક્ય એટલે બ્રહ્માંડમાંના તમામ લોકો વ્યથા એટલે વ્યગ્રતાને પામેલા છે, અર્થાત્ ભયભીત થઈ થરથર કંપી રહ્યા છે.

अमी हि त्वां सुरसङ्घा विशन्ति

केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ।

स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः

स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥ २१ ॥

દેવતાઓના સમૂહો આપમાં જ પેસે છે

આ દેવતાઓના સમૂહો જુઓ, તે સર્વે આપમાં જ પેસે છે. કેટલાક ભય પામેલા મારી પેઠે હાથ જોડીને આપની સ્તુતિ કરે છે. મહર્ષિ અને સિદ્ધોના સમૂહો સ્વસ્તિ, સ્વસ્તિ એટલે સ્વસ્વરૂપના અસ્તિત્વને જાણી લઈ કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, એમ કહીને અનેક પ્રકારનાં સ્તુતિ વચનો વડે આપનું જ સ્તવન કરી રહ્યા છે.

रुद्रादित्या वसवो ये च साध्या

विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।

गन्धर्वयक्षासुरसिद्धसङ्घा

वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥

બધા દેવતા અસુરો વિસ્મય પામીને આપને જ જુએ છે

અગિયાર રુદ્રો, બાર આદિત્યો, આઠ વસુઓ ક્રતુ, દક્ષ, વસુ, સત્ય, કામ, કાલ, ધ્વનિ, રોચક, આદ્યવા અને પુરૂરવા એ દશ વિશ્વેદેવો; મન, મંતા, પ્રાણ, નર, અપાન, વીર્યવાન, વિનિર્ભય નય, હંસ, નારાયણ, વૃષ અને પ્રભુ એ બાર સાધ્યદેવો; બે અશ્વિનીકુમારો એટલે દેવતાઓના ધન્વંતરી વૈદ્યો; ઓગણપચાસ મરદ્ગણો તથા ઉષ્મપા એટલે પિતૃઓના નિમિત્તે શ્રાદ્ધાદિમાં પકાવવામાં આવતા અન્નમાંથી નીકળનારી

વરાળો થકી જેનું પોષણ થાય છે તે ઉષ્મપા પિતૃઓ એટલે કે શ્રાદ્ધાદિકનું ગરમ અન્ન ખાઈને તૃપ્ત પામતા પિતૃઓ; ગંધર્વો, યક્ષો, અસુર અને સિદ્ધોના સમૂહો કે જે પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે અંતરાળમાં વ્યાપેલા છે તથા અસુરો પૃથ્વીની નીચે પાતાલોમાં વ્યાપેલા છે, તેઓના આ બધા સંઘો વિસ્મય પામીને આપની તરફ જ જોયા કરે છે. *

रूपं महत्ते बहुवक्त्रनेत्रं
महाबाहो बहुबाहूरुपादम् ।
बहूदरं बहुदंष्ट्राकरालं
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥ २३ ॥

હું તથા મારું એવી ભાવના વડે જોનારને દુઃખ પ્રાપ્ત થાય છે

હે મહાબાહો! આપનાં આ અનેક મુખો તથા નેત્રોવાળા, બહુ હાથ, જાંઘ, પગ તથા ઉદરવાળા તેમ જ અતિશય વિકરાળ એવી દાઢો વડે ભયંકર એવા આપના આ મહાન રૂપને જોઈને લોકો તથા હું એમ બંને વ્યથાને પામ્યા છીએ. તાત્પર્ય એ કે આપના મહત્ (વૃક્ષાંક ૬ થી ૧૨ જુઓ) કિંવા કારણ પ્રકૃતિવાળા આ રૂપને અહમ્ તથા મમાદિ ભાવો વડે જોનારા સર્વ લોકો દુઃખને પામી રહ્યા છે, એટલે તમારું સ્વરૂપ તો અહંમમાદિ ભાવો છોડીને જોનારને જ સુખદાયક છે. સારાંશ એ કે ભગવાનનું સાચું સ્વરૂપ જોવાની ઇચ્છા હોય તેમણે હું તથા મારું એવા બંને ભાવોનો તેના સાક્ષી સહિત ત્યાગ કરી ઐક્ય ભાવ પ્રાપ્ત કરી લેવો જોઈએ, તો જ ભયમાંથી મુક્ત થઈ શકાય છે; કારણ જ્યાં સુધી બીજાપણાનો ભાવ છે ત્યાં સુધીને માટે તો ભય હોય છે જ.

नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा
धृतिं न विन्दामि शमं च विष्णो ॥ २४ ॥

दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥ २५ ॥

× મરુદ્ગણો, આદિત્યો, રુદ્રો અને વસુઓના નામો માટે: અધ્યાય ૧૦ શ્લોક ૨૧ થી ૨૩ નું વિવરણ જુઓ.

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः

सर्वे सहैवावनिपालसङ्घैः ।

भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ

सहास्मदीयैरपि योधमुख्यैः ॥ २६ ॥

वक्त्राणि ते त्वरमाणा विशन्ति

दंष्ट्राकरालानि भयानकानि ।

केचिद्विलग्ना दशनान्तरेषु

सन्दृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥ २७ ॥

यथा नदीनां बहवोऽम्बुवेगाः

समुद्रमेवाभिमुखा द्रवन्ति ।

तथा तवामी नरलोकवीरा

विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ २८ ॥

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा

विशन्ति नाशाय समृद्धवेगाः ।

तथैव नाशाय विशन्ति लोका-

स्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥ २९ ॥

આ બધા શૂરવીરો આપના મુખમાં પ્રવેશે છે

આકાશને સ્પર્શ કરેલા એટલે આકાશને અડી ભીડેલા, પ્રદીપ્ત એટલે અતિશય તેજસ્વી, અનેક વર્ણોવાળા, વ્યાત્તાનનં અર્થાત્ જડબાં ફાડેલા, મોટા અને તેજસ્વી નેત્રયુક્ત એવા આપને જોઈને જ હે વિષ્ણો ! મારા અંતરાત્મામાં ગભરાટ ઉત્પન્ન થયો છે. મારી ધીરજ પણ ખૂટી ગઈ છે તથા શાંતિ નાશ પામેલી છે. દાઢો વડે વિકરાળ તથા પ્રલયકાળના અગ્નિજેવાં આપનાં આ ભયંકર મુખોને જોઈને જ મને દિશાઓનું પણ સ્મરણ રહ્યું નથી તેમ સુખ પણ થતું નથી. માટે હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ. વળી ધૃતરાષ્ટ્રના સમૂહો સહિત આ ધૃતરાષ્ટ્રના સર્વે પુત્રો તેમ જ અમારા મુખ્ય મુખ્ય યોદ્ધાઓ સાથે આ ભીષ્મ, દ્રોણ તથા કર્ણ વગેરે પણ આપનામાં જ પ્રવેશી રહ્યા છે. આ બધા દાઢો વડે વિકરાળ અને અતિશય ભયાનક એવા આપના મુખોમાં વેગથી પેસે છે. કેટલાકોના તો મસ્તકોસહ ચૂરેચૂરા થઈ ગયા છે

તથા કેટલાકો તો આપના બંને દાંતોના વચલા ભાગમાં જ ચોટેલા દેખાય છે. જેમ ઘણી નદીઓના જળપ્રવાહો સમુદ્ર ભણી મુખ કરીને એક સરખા તે તરફ જ દોડે છે તેમ આ મનુષ્યલોકમાંના વીરપુરુષો સર્વ બાજુએથી આપના પ્રજ્વલિત મુખોમાં જ પેસે છે. જેમ પ્રદીપ્ત (બળતા) અગ્નિમાં પતંગીયાઓ પોતાના નાશને માટે જ અત્યંત વેગ વડે પેસે છે તેમ પોતાના નાશને માટે આ લોકો અત્યંત વેગવાળા થઈને આપના મુખોમાં પેસે છે.

लेलिह्यसे ग्रसमानः समन्ता-
ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रं
भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ॥ ३० ॥

आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥

ઉગ્ર રૂપવાળા આપ કોણ છો ?

હે વિષ્ણો ! સમંતાત્ એટલે બધી બાજુએથી આ બધા લોકોનું જાજવલ્ય (જ્વાળાયુક્ત)મુખો વડે ભક્ષણ કરીને તમો પોતાની જીભોને ચાટી રહ્યા છો, તેમ જ પોતાના તેજ વડે જગતને સર્વ બાજુએથી વ્યાપી નાખી આપના તેજની આ ઉગ્ર પ્રભા વા કાંતિઓ સંતાપ ઉત્પન્ન કરે છે. હે દેવવર ! પ્રસન્ન થાઓ. ઉગ્રરૂપવાળા આપ કોણ છો ? તે મને કહો. આપને નમસ્કાર છે. સર્વના મૂળકારણરૂપ આદ્ય એવા આપ કોણ છો ? તેના આપને હું સારી રીતે જાણવા ઇચ્છું છું. કારણ કે આપની પ્રવૃત્તિ એટલે આ અકળિત કરણી મને કાંઈ સમજાતી નથી, તો કૃપા કરીને કહો.

श्रीभगवानुवाच—

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥ ३२ ॥

તારી સામે ઉભેલો હું કોણ ?

શ્રી ભગવાન કહે છે હે પાર્થ ! સાંભળ. હું લોકોનો સંહાર કરનારો અને પ્રવૃદ્ધ એટલે ઘણા પ્રાચીન સમયથી વૃદ્ધિને પામેલો એવો કાળ છું અને આ સમયે લોકોના સંહાર કિંવા ભક્ષણ માટે નિયતિ

નિયમાનુસાર અત્રે પ્રવૃત્ત થયેલો છું. પ્રત્યનીકેષુ અર્થાત્ બંને પક્ષોમાં જે આ બધા યોદ્ધાઓ સ્થિત થયેલા છે, તે સર્વ તારા વિના પણ જીવતા રહી શકશે નહિ. તાત્પર્ય કે, તારી સામે ઉભેલો હું ઈશ્વર (વૃક્ષાંક ૨)ની ઈક્ષણ શક્તિરૂપ એવો કાળપુરુષ છું; કે જે કાળશક્તિ વડે જ માયા (વૃક્ષાંક ૩)ના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોમાં ક્ષોભ થવા પામેલો છે. આ કાળ સ્વરૂપ એવો હું સર્વને નિયમમાં રાખું છું. હું જ મારી માયાશક્તિનો આશ્રય લઈ ત્રણ ગુણોદ્વારા પ્રધાન, મહત્તત્ત્વ, અહંકારાદિ રૂપે બની આ અસંખ્ય બ્રહ્માંડો નિર્માણ કરું છું અને તેનું પાલન પણ હું જ કરું છું તથા સર્વનો નાશ પણ હું જ કરું છું (વૃક્ષાંક ૩ થી ૧૫૬ સુધીનું). ટૂંકમાં આ તમામ કાર્ય કાળસ્વરૂપ એવો હું જ કરું છું. મારા જડબામાંથી કોઈ છૂટી શકતો નથી. કરોડો બ્રહ્મદેવ, વિષ્ણુ, મહેશ તથા તેમાંના અસંખ્ય બ્રહ્માંડો, તેની અંદર આવેલાં ચૌદ ભુવનોમાંના સ્થાવર, જંગમાદિ તમામ ભૂતો મારી આજ્ઞા પ્રમાણે તથા મેં નિયત કરી આપેલી મર્યાદા પ્રમાણે જ વર્તે છે. મારા નિયમનું ઉલ્લંઘન કરવાને કોઈપણ શક્તિમાન નથી. આ ઈશ્વરની ઈક્ષણ શક્તિરૂપ એવા કાળપુરુષરૂપ મેં આજ સુધી કેટલાયે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવો તથા તેમના અસંખ્ય બ્રહ્માંડોનો સંહાર કરેલો છે, હાલ પણ કરું છું તથા ભવિષ્યમાં પણ કરીશ, તેનો તો અંત નથી. આમ છતાં કાળ પુરુષ એવો હું તો હંમેશ તાજોને તાજો જ રહું છું. હું કદી પણ ક્ષયને પામતો નથી. આ કાળ પુરુષ સંબંધી વર્ણન શાસ્ત્રમાં પણ આ પ્રમાણેનું આવે છે.

કાળ હંમેશ બધાનું ભક્ષણ કર્યા કરે છે

વડવાનલ એટલે પાણીનું ભક્ષણ કરનાર અગ્નિ જેમ મહાન સમુદ્રને પણ ગળી જાય છે તેમ સર્વભક્ષી કાળ આ જગતમાં વાણી, મન, બુદ્ધિ કે નેત્રવડે દેખવામાં આવતી તમામ વસ્તુનું ભક્ષણ કરે છે. કાળરૂપી ભયંકર મહેશ્વર એક સરખી રીતે આ સઘળા દૃશ્ય પદાર્થોની સ્થિતિનો કોળિયો કરી જવા માટે હંમેશ સજ્જ થઈ રહેલો છે. અનંત બ્રહ્માંડોને ગળી જનારો તથા જગતમાં સર્વત્રવ્યાપી રહેલો આ કાળરૂપી દેવ મોટા મોટા પુરુષોને તોડવામાં પણ ક્ષણવારની ઢીલ કરતો નથી. વાસ્તવિક રીતે અલક્ષ્ય એટલે જાણી નહીં શકાય એવો હોવા છતાં તે વર્ષ, માસ, દિવસ, ઘટિ, પળ, વિપળ, ક્ષણ, નિમેષ, કલા, કાષ્ઠા, પરમાણું, ત્રસરેણું, તથા સંવત્સર, યુગ, કલ્પ ઇત્યાદિ રૂપો વડે કાંઈક પ્રગટ થયેલો હોય એમ ભાસે છે. એવા આ કાળ સર્વ જગતને વશ કરીને રહેલો છે. જેમ ગરુડ સર્પોને ગળી જાય કિંવા અનેક નદીઓનું પાણી એક સરખું સમુદ્રમાં મળતું રહેવા છતાં પણ જેમ તે કદી ધરાતો જ નથી તેમ જેઓ રૂપવાળા હતા, જેઓ સારા કામ કરનારા કહેવાતા હતા અને જેઓ મેરુ જેવા મહાન હતા તે સર્વને પણ આ કાળ ગળી ગયો છે. નિર્દય, પત્થર સમાન કઠણ, વાઘ જેવો ક્રૂર, કરવત જેવો કર્કશ, કંગાળ અને અધમ એવા સર્વેનું આ કાળ હંમેશ ભક્ષણ કર્યા કરે છે.

કાળને શરણ ન થાય એવી કોઈ વસ્તુ નથી

આ કાળ જેને ગળી જતો નથી એવી કોઈ વસ્તુ આજ સુધી થઈ નથી, થવાની નથી અને થશે પણ નહિ. સર્વનો તત્કાળ કોળિયો કરી જનાર બહુભક્ષી એવો આ કાળ પર્વતોને પણ ખાઈ જાય છે, તેમ અનંત બ્રહ્માંડોને ખાતાં છતાં પણ ધરાતો નથી. નટની પેઠે અનેક રૂપો ધારણ કરીને આ કાળ સંસાર રૂપી નાટકમાં તે તે વસ્તુઓનું હરણ કરે છે, વિનાશ કરે છે અને તેમની નવેસર ફરીથી ઉત્પત્તિ પણ કરે છે, તેમને ખાઈ જાય છે તથા તેમનું છેદન કરે છે. પોપટ જેમ દાડમનાં બીજોને ફોલી ફોલીને ખાઈ જાય છે તેમ કાળ પણ જગતમાં રહેલા જુદા જુદા ચિત્ર વિચિત્ર પદાર્થોને વીંખી પીંખીને ખાયા કરે છે. જેમનું 'મૂળ બ્રહ્મા છે અને ફળ મોટા દેવતાઓ છે,' એવા બ્રહ્માંડરૂપી વૃક્ષોવાળા બ્રહ્મરૂપી વિશાળ વનમાં કાળ ચારે બાજુએ વ્યાપીને રહ્યો છે. આ કાળપુરુષ કલ્પ, યુગાદિ રચના કરતાં કદી પણ કાયર થતો નથી. આ કાળપુરુષ કદી ભેદતાં ભેદાતો નથી, બાળતાં બળતો નથી અને દેખાવા છતાં પણ દેખાતો નથી. આ કાળપુરુષ મોટા મોટા મનોરથોની પેઠે એક પલકારામાં જ કોઈ વસ્તુનો નાશ કરી નાખે છે. પ્રાણીઓના કષ્ટથી જ પુષ્ટ થતી

પોતાની ચેષ્ટાથી આ કાળ દેહાદિકના અધ્યાસવાળા જીવોને હંમેશ સ્વર્ગ તથા નરકાદિકમાં જ ફેરવ્યા કરે છે. આ કાળ ઘાસ (ખડ), ધૂળ, પાંદડાં, ઇન્દ્ર, મેરુ, અને સમુદ્રો વગેરે સઘળા પદાર્થોને ગળી જવાને માટે હંમેશ સજ્જ રહે છે. દડાની જેમ સૂર્યચંદ્રને આકાશમાં ઉછાળીને રમે છે. આ કાળ જ રુદ્ર થઈને પાછો ઇન્દ્ર, બ્રહ્મા, શુક્ર તથા કુબેરરૂપ થાય છે તથા વળી પાછો કાંઈ નથી એવો થઈ જાય છે. જેમ કોઈ મનુષ્ય વૃક્ષોમાંથી પાકાં ફળો પાડ્યા કરે તેમ આ કાળ મહાકલ્પોમાંથી પાકેલા દેવ તથા દૈત્યોના સમૂહોને પાડ્યા કરે છે.

કાળ કદી પણ કાયર થતો નથી

જેને બ્રહ્માંડરૂપી ફળો આવેલાં છે એવા પ્રકારનું ઊંબરાનું એક મહાવૃક્ષ છે, તેમાંથી આ કાળ આ બ્રહ્માંડરૂપ ફળો વારંવાર પાડ્યા કરે છે અને તેમાં પ્રાણીઓરૂપી મચ્છરો ગણગણ્યા કરે છે. જેમ પર્વત પાયા વડે પોતાને ટકાવી રાખે છે તેમ આ કાળ પણ અનંત અને અપાર એવા બ્રહ્મરૂપી પાયા વડે પોતાના ઊંચા શરીરને ટકાવીને રહ્યો છે. જેમ મનુષ્ય બહુ ભાર સહન કરનારી પૃથ્વી ઉપર પગ ટેકાવી તેના આધાર ઉપર ઊભો રહે છે તેમ કાળ પણ જેમાં અનંત પ્રાણીઓના સંસારોનો લય થાય છે, એવી બ્રહ્મની દૃઢ સત્તા ઉપર જ સ્થિર રહેલો છે. એ કાળ કોઈપણ રીતે કાયર થતો નથી કોઈના ઉપર પ્રેમ કરતો નથી, દયા કરતો નથી, માયા કરતો નથી, કે લોભ કરતો નથી તેમ પ્રીતિ કિંવા અપ્રીતિ પણ કરતો નથી. તે કોઈ સ્થળે અંધારા જેવું કાર્ય કરે છે, કોઈ સ્થળે વિસ્તારવાળું ઉજળું કાર્ય કરે છે અને કોઈ સ્થળે તો તે બંનેથી જુદા જ સ્વભાવવાળું કાર્ય કર્યા કરે છે. આ કાળ આવતો પણ નથી તેમ જતો પણ નથી અને સેંકડો મહાકલ્પો વીતી જાય તો પણ તે ઉદય કે અસ્તને પામતો નથી. તે ચિંતા કર્યા વગર અને કોઈની પણ દરકાર રાખ્યા સિવાય જગતમાં ફેરફાર કરવા રૂપ રમત કરી રહ્યો છે.

કાળ પરમાત્મારૂપ રાજાનો પુત્ર છે

આ કાળ રૂપ કાપાલિક પર્વત, સમુદ્ર, સ્વર્ગ અને પૃથ્વી રૂપ ચાર શિંગડાંવાળા જગતરૂપી ઘેટાંઓને માર્યા કરે છે અને પ્રત્યેક દિવસે તારાઓ રૂપી છાંટાઓને જોઈને તેમણે પણ ચાટી જાય છે. આ કાળ જેનું હરણ કરતો નથી એવી નામ રૂપ ધારણ કરેલી તુચ્છ કે અતુચ્છ કોઈપણ વસ્તુ આ વિશ્વમાં નથી. તમામ જીવોને ચૂર્ણરૂપ કરીને મૃત્યુના મુખમાં નાખનાર પ્રલયરૂપી ક્રીડા વિલાસ કરીને કાળ પોતે જ કાર્ય પદાર્થોના અભાવવાળો થાય છે. પ્રલય વખતે તે અજ્ઞાનરૂપ પદાર્થોને પ્રકાશિત કરનાર બ્રહ્મ ચૈતન્યરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨)ની જ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ લે છે એટલે તેની સાથે એકરૂપ બની જાય છે. આમ પ્રલયમાં વિશ્રાંતિ લઈ વળી પાછો સૃષ્ટિનિર્માણ કરવાના સમયમાં પોતે જ ઈશ્વરની ઈક્ષણશક્તિ યા પ્રેરણાત્મક રૂપે બનો માયાશક્તિ (વૃક્ષાંક ૩)ના ત્રિગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરનારો થાય છે. આમ સૃષ્ટિસમયમાં તે પોતે જ જગતનો કર્તા અને ભોક્તા તેમજ સંહાર કરનાર, અને રમણ કરનાર આદિ સઘળા સ્વરૂપવાળો થાય છે. બુદ્ધિ (અક્કલ) વડે પણ જેમના રહસ્યને કોઈ કળી શકતું નથી એવાં સારાં નરસાં સઘળાં પ્રકારના શરીરોને પ્રકટ કરતો અને વળી તેમને તુરત જ લીન કરી નાખતો આ કાળ અહિં પોતાની ક્રીડા કર્યા જ કરે છે, આ કાળ પરમાત્મરૂપ રાજાનો પુત્ર છે. (યો૦ વૈ૦ પ્ર૦ સ૦ ૨૩ જુઓ).

ક્રિયાકાળ તથા ફળકાળનું વર્ણન

ઉપર કહેલા મહાકાળથી ભિન્ન એવો એક કાળ છે. જે બે પ્રકારનો છે. તે મેળ વગરની રીતિઓવાળામાં શિરોમણિ છે. આ જગતમાં જે કાળ ફળને ભોગવાવે છે તેને દૈવકાળ કહે છે અને જે કાળ ફળને ઉત્પન્ન કરનારી ક્રિયા કરાવે છે તે ક્રિયાકાળ કહેવાય છે તથા ક્રિયા થયા પછી પરિપક્વ થાય તે ફળકાળ કહેવાય છે. માત્ર પોતાની ચલનરૂપ એવી ક્રિયા વિના ક્રિયાકાળનું બીજું કાંઈ રૂપ, બીજું કાંઈ કામ કે બીજું કાંઈ ધારેલું જાણવામાં આવતું નથી. જેમ ગરમી હિમના સમૂહને ઓગાળી નાખે છે તેમ એ ક્રિયાકાળ આ સઘળાં કૃણાં પ્રાણીઓને ઓગાળી નાખે છે. જે કાંઈ આ ભારે વિસ્તારવાળું જગતમંડળ જોવામાં આવે છે તે આ ક્રિયાકાળની નાચવાની થાપ્પા છે. ક્રિયાની પરિપક્વતા એ જ ફળકાળનું સ્વરૂપ છે. બીજો ફળને ભોગવાવનારો જે દૈવ નામનો કાળ

કહેવામાં આવ્યો તેનું મહાન, દારુણ વા 'કૃતાંત' એવું પણ નામ છે. તે પણ કાપાલિક જેવો વેશ ધારણ કરીને ઉન્મત્તપણાથી જગતમાં નાચ્યા જ કરે છે. રાગી પુરુષની પેઠે બહુ નાચ્યા કરતા એ 'કૃતાંત'નું નિયતિ કિંવા માયારૂપ (વૃક્ષાંક ૩ જુઓ) સ્ત્રીમાં અત્યંત કામીપણું જોવામાં આવે છે. સંસારરૂપી વક્ષઃસ્થળ ઉપર ચંદ્રની કળા જેવો ધોળો શેષ નાગ અને ત્રણેલોકમાં વહેંચાયેલો ગંગાનો પ્રવાહ એ બંને દૈવરૂપી કાપાલિકના સવ્ય તથા અપસવ્ય જનોઈ રૂપ છે. ચંદ્રમંડળ તથા સૂર્યમંડળ એ તેના બે હાથનાં મૂળોમાં સોનાનાં કડાંરૂપ છે. તારાઓ રૂપ છાંટણાઓથી વ્યાપેલું પ્રલયના સમુદ્રના જળમાં ધોવાયેલું તથા પ્રલયના મેઘરૂપી છેડાઓવાળું આકાશ એ એના એક વસ્ત્ર રૂપ છે. કાપાલિક લોકો વચ્ચે છિદ્રવાળી એક ગોદડી ગળામાં પહેરી જ રાખે છે બીજું કાંઈ વસ્ત્ર રાખતા નથી, એવા રૂપવાળા આ દૈવરૂપી કાપાલિકની આગળ તેની નિયતિ રૂપિણી કામિની વા માયા (વૃક્ષાંક ૩) નિરંતર ચાલતા આડંબરપૂર્વક અનેક કાર્યો કરતી કરતી નાચ્યા કરે છે.

દૈવરૂપ કાળ અને નિયતિનું વર્ણન

પ્રાણીઓના નિરંતર જવા આવવાથી ચંચળતાવાળા જગતરૂપી માંડવાની અંદર નાચ્યા કરતી અને જેની ક્રિયાશક્તિ કદી બંધ પડતી નથી એવી એ સ્ત્રીનાં અંગોમાં અનેક ભૂઃ ભુવઃ ઇત્યાદિ ભુવનોની પંક્તિ ઘરેણાંરૂપે શોભે છે તથા પાતાળ સુધી લાંબુ આ આકાશ તો એના મોટા ચોટલાના મંડળ સમાન છે. પ્રાણીઓના કલ્લોલથી દીપતી તથા પાપરૂપી દોરાથી પાતાળરૂપી પગમાં બાંધેલી નરકોની પંક્તિ એ એની ઘૂઘરીઓ જેવી છે. યમરાજા એના લલાટરૂપ છે અને તેમાં પ્રાણીઓની સંખ્યા જણાવનાર ચિત્રગુપ્ત એ તો એક કસ્તુરીની ટીપકી લગાડેલી હોય તેવો શોભે છે. આ નિયતિ દેવી પોતાના પતિ દૈવરૂપ કાપાલિકના અભિપ્રાયને અનુસરીને પ્રલયના સમયમાં ભારે આડંબરથી પર્વતો ફાડવાના મોટા કડાકા કરીને નાચે છે. આમ સર્વનો સંહાર કરનારી એ નિયતિ નૃત્ય કરી રહી છે ત્યારે તેની પાછળ કાર્તિકસ્વામીના મરી ગયેલા મોરનાં ખડકી રહેલાં પિંછાંઓ ઉડા ઉડ કરે છે, ત્યાં રુદ્રના વિખરાયેલા છિદ્રવાળા પાંચ મસ્તકો પર જટાઓના ચંદ્રો લાંબા થઈને લહેર્યા કરે છે, ત્યાં ત્રણે નેત્રોના મોટા છિદ્રમાંથી ભારે સૂસવાટા ઊઠી રહ્યા છે અને તેથી તે મસ્તકો ભયંકર લાગે છે, ત્યાં પર્વતો જેવા ભૈરવોના પેટરૂપ ઊંચાનીચા થતા તૂંમડાઓ છે, ત્યાં સેંકડો છિદ્રોમાંથી ધ્વનિ કરતાં ઇન્દ્રના શરીરરૂપી ભિક્ષાપાત્ર છે, ત્યાં મુકાઈ ગયેલા મનુષ્યોની હાડકાંરૂપ ખટ્વાંગો છે. આમ એ કાપાલિકની સ્ત્રી નિયતિ કિંવા માયાશક્તિ (વૃક્ષાંક ૩) ગગન સુધી વ્યાપેલા પોતાના શરીરને પણ જાણે ભય પમાડતી હોય એવી ભાસે છે. મહાકલ્પોમાં સર્વનો સંહાર કરનારી એ કાળ કામિની પોતાના નૃત્યોમાંથી આમ તેમ ચલાયમાન થતી નથી અને અનેક આકારવાળા માયાઓના સમૂહોરૂપ મોટા કમળોની માળાથી શોભી રહી છે.

કાળરૂપ કાપાલિકનું નૃત્ય

દૈવરૂપ કાપાલિક પણ જગતરૂપી નૃત્યશાળામાં નાચ્યા જ કરે છે. હિમાલય તથા મેરુ એ બંને પહાડો તેના કાનના કુંડળોમાં લટકતા લોલકો છે. ચંદ્ર સૂર્ય એ બે કાનના કુંડળરૂપ છે. આથી તેનું ગંડસ્થળ શોભી રહ્યું છે. લોકાલોક નામના પર્વતની પંક્તિ એના કરતી કટીમેખલા સમાન છે. વિદ્યુત્ એ તેના હાથમાં કંકણ રૂપ છે. પવનવડે વિખરાયેલાં વાદળાંની પંક્તિ એ તેની અનેક રંગી કંથા (ફાટેલા ચિંથરાની ગોદડી)રૂપ છે. મહાકાળના હાથથી નંખાયેલા શેષનાગના શરીરરૂપ મોટા દોરાથી સંબંધ રાખતા અને સઘળો સંસાર જેથી બંધાઈ જાય એવા લાંબા માયારૂપ પાશમાં ગૂંથાયેલી, ક્ષય પામેલા બ્રહ્માંડોમાંથી નીકળેલાં મૃત્યુઓથી બનેલી માળા એ કાપાલિકના બળામાં જાણે એકઠાં કરેલાં તીક્ષ્ણ મુસળ, ખડ્ગ, પ્રાશ, ત્રિશુળ, તોમર અને મુદ્ગરોથી બનેલી માળા હોય એમ શોભે છે. સાત સમુદ્રોરૂપ પંક્તિ તે કાપાલિકના હાથ સમાન છે. વ્યવહારોરૂપી મોટાં ચૂંચળાવાળી, રજ (ધૂળ) અને રજોગુણવડે ખરડાયેલી તથા અંધારા જેવી કાળી સુખદુઃખોની પરંપરા એ કાપાલિકના રુવાંટાંની પંક્તિરૂપ છે. ઘણાખરા આવા ગુણોવાળો તે દૈવરૂપ કાપાલિક પ્રલયકાળમાં પોતાના તાંડવવાળા નાચને ઘણા કાળ સુધી બંધ પાડી વિશ્રાંતિ લે છે અને વળી પાછા તે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર આદિને ઉત્પન્ન કરીને જેમાં ઘણા દેખાવો કરવામાં આવે છે

એવી ચિત્રવિચિત્રતાવાળી જરા, શોક, દુઃખ તથા પરાભવથી શોભતી આ સૃષ્ટિરૂપ નાચની લીલા કરવા માંડે છે. જેમ બાળક ગારામાંથી પૂતળાં આદિની રચનાને કાયર થયા વગર કર્યા કરે છે તેમ એ દૈવરૂપ કાપાલિક પણ પાછો જળસમૂહો, વનો, જુદાં જુદાં બ્રહ્માંડો, પ્રાણીઓના સમૂહો અને તે તે સમયને અનુસરતી સ્થિર તથા ચંચળ એવી અનેક પ્રકારની ચિત્રવિચિત્ર અવનવી રીતભાતોને કાયર થયા વિનો ઉત્પન્ન કર્યા જ કરે છે (યો૦ વૈ૦ સ૦ ૨૫ જુઓ).

સર્વને નિયમનમાં રાખનારો એવો હું કાળ પુરુષ છું

ભગવાન કહે છેઃ જેમ અગ્નિ ગરમ પ્રકાશવાળી જ્વાળાઓથી લોકોને અંદર તથા બહાર બાળે છે તેમ આ કાળરૂપ હું પોતાની દારુણ ચેષ્ટાવડે લોકોને અસત્ કિંવા દુષ્ટ આશાઓથી અંદર તથા બહાર બાળ્યા કરું છું. ઇંદ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિરૂપ જે મર્યાદા કરેલી છે તે નિયમરૂપી કાળ રૂપ એવી નિયતિ રૂપ મારી સ્ત્રી છે. સ્ત્રીપણાને લીધે તે ચપળ સ્વભાવવાળી છે. જિતેંદ્રિય લોકોને પણ ભમાવનારી છે તથા ધીરજને રહેવા પણ દેતી નથી. કામરૂપ હું એક ક્ષણમાં યુવાનને વૃદ્ધ અને વૃદ્ધને યુવાન બનાવી દઉં છું. આ સઘળા પદાર્થો જન્માવાવાળા એટલે ઉત્પત્તિનાશવાળા છે. વસ્તુતઃ મિથ્યારૂપ વાસના જ લોકોને સંસારમાં બાંધ્યા કરે છે અને કાળરૂપ હું તો તેવા પ્રાણીઓના સમૂહોને નિરંતર પોતામાં જ ખેંચ્યા કરું છું. ખરેખર આ મૂઢ લોકો સદુપદેશોને સાંભળવા ઇચ્છતા નથી તેમ સારી વાતોને સાંભળવાનો તેમને અવકાશ પણ મળતો નથી. પર્વતો વિખેરાઈ જાય છે, આકાશ પણ લયને પામે છે, ભુવનો ખવાઈ જાય છે અને પૃથ્વી પણ પ્રલયને પામે છે. સમુદો પણ સુકાઈ જાય છે, તારાઓ વિખરાઈ જાય છે, સિદ્ધ લોકોનો પણ નાશ થાય છે. અરે! જ્યાં ધ્રુવનું જીવિતપણ અધ્રુવ થઈ જાય છે, દેવતાઓ પણ માર્યા જાય છે, આ કાળરૂપ એવા મારા મોમાં ઇન્દ્ર સુદ્ધાં ચવાઈ જાય છે, યમ પણ કાળરૂપ એવા મારા સપાટામાં આવી જાય છે, વાયુ સત્તા રહિત બની જાય છે, ચંદ્ર શૂન્ય થઈ જાય છે, સૂર્ય ખંડિત થઈ જાય તથા અગ્નિ પણ અભાવને પ્રાપ્ત થાય છે, બ્રહ્મા પણ સમાધિને પામે છે, અજન્મા હરિ પણ હરાઈ જાય છે તથા ભવ પણ અભાવને પામે છે. કાળ પણ લયને પામે છે, નિયતિ પણ તણાઈ જાય છે તથા અનંત આકારો પણ ક્ષયને પામે છે, જેનું સ્થૂળ રૂપ જાણવામાં આવતું નથી, સૂક્ષ્મરૂપ સાંભળી, બોલી કે જોઈ શકાતું નથી, એવો હું અર્થાત્ અનિર્વચનીય આત્મારૂપ પુરુષ જ પોતાના સ્વરૂપમાં માયાથી આ બધાં બ્રહ્માંડોનો મિથ્યા ખેલ દેખાડી રહ્યો છું; પરંતુ મારું સ્વરૂપ તો અનિર્વચનીય, અગોચર, અવર્ણનીય તથા અજ એવું છે. તે તો જ્યારે તું મારી સાથે તદ્દન એકરૂપપણાને પામીશ ત્યારે જ અનુભવી શકીશ; પરંતુ તે મારું વિરાટરૂપ કે જે આ વખતને માટે મેં મારી માયા શક્તિવડે લોકોના સંહાર અર્થે ધારણ કરેલું છે તે જોવાની ઇચ્છા કરી તેથી તારી ઇચ્છાનુસાર તે મેં તને બતાવ્યું છે પરંતુ આવાં મારા રૂપોનો તો પાર નથી. આ રૂપ બતાવવાનો ઉદ્દેશ એટલો જ છે કે વિશ્વમાં આ બધો જે જે કાંઈ વ્યવહાર ચાલી રહ્યો છે તે તમામ આત્મસ્વરૂપ એવા મેં કાળરૂપે પ્રથમથી જ નિયત કરી રાખેલો હોય છે. મારી આજ્ઞા વગર વાયુ વિહાર કરી શકતો નથી, આકાશ કોઈને અવકાશ આપી શકતું નથી, સૂર્ય એક ડગલું પણ ભરવાને શક્તિમાન નથી, બ્રહ્મા વિષ્ણુ કે મહેશ, મહામાયા કે મૂળમાયા વગેરે કોઈપણ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા શક્તિમાન નથી, તો પછી બીજાઓની વાત જ શી ? ચરાચરને નિયમમાં રાખનારા, પરમાત્માના પુત્રરૂપ તથા ઈશ્વર (શ્લોક ૨ જી) ક્ષણશક્તિરૂપ કાળપુરુષરૂપે હું તારી ઇચ્છાનુસાર તને દર્શન આપવા તારી સામે ઊભો છું.

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ३३ ॥

હે અર્જુન ! તું કેવળ નિમિત્તરૂપ થા

કાળરૂપ કાપાલિક સ્વરૂપ ધારણ કરેલા ભગવાન આગળ કહે છે કે : હે અર્જુન ! હું મારીશ તો જ આ બધા મરશે કિંવા હું નાસી જઈશ તો તેઓ બચી જશે એવો મોહ છોડી દે ! આ બધા તો તું ન હશે તો પણ મરવાના જ છે. અરે મરી, ચૂકેલા જ છે. તેટલા માટે તને કહું છું કે તું ઊઠ, કેવળ નિમિત્તરૂપ બનીને યશ મેળવ તથા શત્રુઓને જીતીને શત્રુઓથી રહિત નિષ્કંટક એવું રાજ્ય ભોગવ. ફરીથી પણ કહું છું કે આ બધાઓને મેં પ્રથમથી જ હણી મૂકેલા છે અર્થાત્ નિયતિના નિયમાનુસાર આ બધાનું મૃત્યુ આ રણભૂમિમાં તારા નિમિત્ત વડે થવાનું પ્રથમથી જ સર્જાઈ ચૂકેલું છે; માટે તું કેવળ નિમિત્તરૂપ થા.

द्रोणं च भीष्मं च जयद्रथं च

कर्णं तथाऽन्यानपि योधवीरान् ।

मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा

युध्यस्व जेतासि रणे सपत्नान् ॥ ३४ ॥

તું યુદ્ધમાં શત્રુઓને જીતીશ

વિરાટ શરીરધારી કાળ સ્વરૂપ ભગવાન આગળ કહે છે : આ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, અને કર્ણ જેવા અજિંક્ય ગણાતા યોદ્ધાઓને તથા બીજા પણ વીર યોદ્ધાઓને મેં પ્રથમથી જ હણી રાખેલા છે તેને તું માર, વ્યગ્રચિત્તવાળો મા થા અને યુદ્ધ કર. હું તને ભવિષ્ય કહું છું કે આ સંગ્રામમાં તું શત્રુઓને અવશ્ય જીતીશ; એમાં જરા પણ સંદેહ રાખીશ નહિ. કેમકે એવો નિયતિનો નિયમ નિશ્ચિત ઠરી ચૂકેલો છે. આ મુજબ ભગવાને અત્રે નિયતિ એટલે પ્રારબ્ધની તદ્દન સ્પષ્ટતા કરેલી છે, જે આ ભગવાનના કથન ઉપરથી જ સ્પષ્ટ રીતે સમજી શકાશે. અહીં આપણને ભગવાનના આ વિરાટ સ્વરૂપ સંબંધે થોડો વધુ વિચાર કરવો પડશે.

અર્જુન તથા વિરાટ સ્વરૂપનાં દર્શન

આગલા વિવેચન ઉપરથી જાણી શકાશે કે ભગવાન એટલે પરમાત્મા (વૃક્ષાંક ૩૯)નાં બે સ્વરૂપો છે; (૧) અનિર્વચનીય કિંવા પર (વૃક્ષાંક ૧ જુઓ) તથા (૨) વચનીય કિંવા માયાના ત્રણ ગુણોના વિસ્તારવાળું અનાદિ, અનંત નામરૂપોના ભેદોવાળું કિંવા અપર (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનું તમામ). આ બે સ્વરૂપો પૈકી પ્રથમનું પર સ્વરૂપ તો અનિર્વચનીય હોવાથી તે વાણી, મન કિંવા દ્રષ્ટાભાવનો પણ વિષય નથી તથા બીજું માયાવી સ્વરૂપ દ્રષ્ટાનો વિષય થઈ શકે છે. તે અપર સ્વરૂપના ઉત્પત્તિકારને જ દ્રષ્ટા સાક્ષી અથવા ઈશ્વર કહે છે; આને પ્રત્યગાત્મા, શબ્દબ્રહ્મ ઇત્યાદિ નામો પણ શાસ્ત્રમાં આપેલાં છે (વૃક્ષાંક ૨ જુઓ). આ ઈશ્વર (વૃક્ષાંક ૨) પણ સ્થૂળ દૃષ્ટિ વડે પ્રત્યક્ષ જોઈ શકાતો નથી. પરંતુ માયાના અહંભાવ (વૃક્ષાંક ૩) માં સ્થિત રહીને કેવળ લક્ષ્યાર્થ વડે જ જાણી શકાય એવો છે. તે પોતે આ માયા (વૃક્ષાંક ૩) ની ઉત્પત્તિ થાય ત્યારે જ છે એમ જાણી શકાય તેવો છે. જેમ છાયા હોય તો જેની છાયા પડી તે હોવો જ જોઈએ એમ સિદ્ધ થાય છે તેમ આ માયારૂપ હું (વૃક્ષાંક ૩) નું પ્રાકટ્ય થાય છે તે ઉપરથી એમ જાણી શકાય છે કે તેનો કોઈ કર્તા હોવો જોઈએ. આ રીતે લક્ષ્યાર્થવડે જ તે જાણી શકાતો હોવાથી તે પોતે દૃષ્ટ કેવી રીતે થાય? તે તો સર્વને જોનારો દ્રષ્ટા છે, તે દ્રષ્ટાને જોનાર તે વળી બીજો કોણ હોઈ શકે ? તેનો બીજો કોઈ દ્રષ્ટા છે એમ જો કહેવામાં આવે તો તેનો ત્રીજો; તેનો ચોથો એ પ્રમાણે અનવસ્થિતિ દોષ આવે અને આમ કહેવું તે તો કેવળ મૂઢપણું જ ગણાય. તેથી આ દ્રષ્ટા તો પોતાના દ્રષ્ટાભાવને છોડીને કદી પણ રહી શકતો

નથી. તેને તે દ્રષ્ટા છે એમ કહેનારો તો પોતે તે દ્રષ્ટાના જ આધારે રહેલો હું (વૃક્ષાંક ૩) એવા દૃશ્યરૂપ છે. આમ હોવાથી દ્રષ્ટા પોતે પણ પ્રત્યક્ષ દૃશ્યમાન નથા પરંતુ કેવળ લક્ષ્યાર્થદર્શક છે, એમ સિદ્ધ થાય છે. આથી તે દ્રષ્ટા સ્વરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતાની ઈક્ષણશક્તિ દ્વારા એટલે જોવા રૂપ ક્રિયાવડે જ પોતાનાં માયારૂપ હું ભાવ(વૃક્ષાંક ૩)નાં સત્ત્વાદિ ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે. આ ઈક્ષણશક્તિ કિંવા જોવારૂપ ક્રિયાશક્તિ એ જ કાળપુરુષ કહેવાય. અહીંથી જ દર્શન શબ્દની શરૂઆત થાય છે. તે કાળરૂપ ઈક્ષણશક્તિથી દૃશ્યરૂપે પ્રકટેલો હું કિંવા માયાભાવરૂપ પ્રથમ વિતર્ત થયા બાદ તેની દૃશ્યરૂપ થતી ક્રિયા પૂર્વેનો અદૃશ્યભાવ સમો જે વિવર્ત તે દર્શન શબ્દવડે વ્યવહારમાં પ્રચલિત છે તથા તે પહેલાંની એટલે ઈશ્વર અને માયા એ બે અવસ્થાઓનું જોડાણ કરનારી બંને વચ્ચેની અવસ્થામાં તે ઈશ્વરની ઈક્ષણશક્તિરૂપ એવો કાળ પુરુષ કહેવાય છે. આ કાળ પુરુષ જ્યારે નિયતિ કિંવા માયા (વૃક્ષાંક ૩)નો આશ્રય લઈ તેના ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે ત્યારે પ્રથમ ત્રણ ગુણોનું જે ઐકય થાય છે તે જ અવ્યકત કિંવા પ્રધાન તત્ત્વ કહેવાય છે (વૃક્ષાંક ૪). ત્યાર પછી જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ યુક્ત એવું તત્ત્વ કે જે અર્ધનારીનટેશ્વર કહેવાય છે (વૃક્ષાંક ૫) તે રૂપ બની બાદ ક્રમે મહાપ્રાણ કિંવા સૂત્રાત્મા(વૃક્ષાંક ૬), મહત્તત્ત્વ(વૃક્ષાંક ૭), અહંકાર(વૃક્ષાંક ૮) અને તેના સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ભેદો તથા તેની અંતર્ગત આવેલા અધિદૈવતાદિ તમામ પેટા ભાવોરૂપે બનેલો છે. બાદ તે ચિત્ત વા ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૯), બુદ્ધિ બ્રહ્મા (વૃક્ષાંક ૧૦) તથા મન ચંદ્ર (વૃક્ષાંક ૧૧), હિરણ્યગર્ભ કિંવા વિષ્ણુનું નાભિકમળ (વૃક્ષાંક ૧૨) અને બ્રહ્મદેવ તથા તેનું બ્રહ્માંડાદિ તમામ કાર્ય (વૃક્ષાંક ૧૩ થી ૧૫ઘ) ઇત્યાદિ તમામ રૂપો આ કાળપુરુષની અંતર્ગત આવેલા હોઈ તે ઈશ્વર જ પોતાની માયાશક્તિ વડે સત્ત્વાદિ ગુણોદ્વારા ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કાર્યરૂપ આ લીલા કરી રહ્યો છે. આ રીતે ભગવાનનું અપર સ્વરૂપ જ સર્વત્ર વિસ્તારાયેલું છે. ભગવાનના આ અપર સ્વરૂપનાં જ દર્શન દ્રષ્ટાભાવે થઈ શકે છે. અર્જુનને દિવ્યદૃષ્ટિ આપીને એટલે દ્રષ્ટા કિંવા સાક્ષી ભાવ (વૃક્ષાંક ૨)માં સ્થિત રાખીને આ અપર સ્વરૂપનાં જ દર્શન ભગવાને કરાવેલાં છે.

ભગવાને અર્જુનને કાળ સ્વરૂપે દર્શન કેમ આપ્યાં ?

ભગવાનના અપરસ્વરૂપમાં સૌમ્ય, ક્રૂર અને એ બંનેના મિશ્રણાત્મક તેમ જ શાંત અને ગંભીર ઇત્યાદિ ઘણા પ્રકારના ભાવો એકી સાથે ચાલુ હોય છે. પ્રલય કાળના ભાવમાં ક્રૂરતા, સ્થિતિ ભાવમાં શાંતતા તથા ઉત્પત્તિભાવમાં ગંભીરતા. એ રીતે અનેક પ્રકારના ભાવો તેમાં હંમેશ ચાલુ હોવાથી ભકતને પોતાની ઇચ્છાવશાત્ તે પૈકી કોઈ પણ ભાવે દર્શન થઈ શકે છે. જો કે આવા દર્શનનો યોગ કેવળ દેહાધ્યાસાદિ તમામ ભાવો છોડીને સર્વત્ર ભગવાન જ વ્યાપેલો હોઈ પોતે તે બધાના દ્રષ્ટા છે એવી દૃઢ ભાવના જે રાખે છે એવા પરમનિષ્ઠ ભકતો પૈકી પણ ઘણા જ થોડાને આવે છે, કારણ એવા પ્રકારની નિષ્ઠામાં પૂર્ણ રીતે સ્થિત થયેલા સાચા ભકતો તો ભાગ્યે જ મળે છે, અર્જુન રણભૂમિ પર હતો તે વખતે તેણે સર્વ ભાવે શરણાગતિ સ્વીકારી ભગવાનના સ્વરૂપના દર્શનની ઇચ્છા કરી તેથી કાળરૂપ ભગવાન તે વખતે રણભૂમિ ઉપર આવ્યા હતા કેમકે આત્મસ્વરૂપ એવા ભગવાને કાળસ્વરૂપે આ રીતે દરેક દ્વાપરયુગને અંતે આ મહાભારત યુદ્ધ થઈ તેમાં સંહાર કરવાનો સંકલ્પ પ્રથમથી પોતે જ કરી રાખ્યો હતો તે નિયત થયેલા નિયતિ નિયમ પ્રમાણેનું જ આ યુદ્ધ હતું. તેથી જ જ્યારે અર્જુને વિરાટ સ્વરૂપ ભગવાનને આપ કોણ છો એમ પૂછયું, ત્યારે તેમણે કહ્યું કે 'હું કાળ છું.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે બીજો કોઈ પ્રસંગ હોત તો તે વખતે નિયતિ નિયમાનુસાર નિશ્ચિત થએલા ઘોરણે જ તેને દર્શન થાત. જો કે તેમાં પણ આ સર્વ સંહારનું કાર્ય તો ચાલુ જ રહેત પરંતુ દર્શનેચ્છુ ભકતને પોતાની સત્યભાવનાવશાત્ સૌમ્ય કિંવા શાંતભાવ જ વધુ પ્રમાણમાં જણાત કે જેથી તેને ગભરાટ થવા ન પામત. ઉદ્દેશ એ છે કે, સગુણ ભકિત કરનારાઓને પ્રથમ ભગવાનના અપર સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો આવશ્યક જ હોય છે. તે જ્યાં સુધી થાય નહિ ત્યાંસુધી તે ખરો ભકત નથી.

૫૨ સ્વરૂપનો સાક્ષાત્કાર

જે ભક્તને આ પ્રમાણે સગુણ સાક્ષાત્કાર થયો એટલે તેને ભગવાનના પરસ્વરૂપના સાક્ષાત્કારને માટે ભગવાનની સાથે એકરસ થવા રૂપ ભક્તિ એટલે અભ્યાસદ્વારા તદ્રૂપતા પ્રાપ્ત કરવી પડે છે. આ રીતે જ્યારે તે પૂર્ણ તદ્રૂપ થઈ જાય છે ત્યારે જ તે ભગવાનના પરમધામને પહોંચે છે. તે વાત અર્જુનને થયેલા આ અપર સ્વરૂપના સાક્ષાત્કાર ઉપરથી સિદ્ધ થાય છે. કેમ કે વિરાટ સ્વરૂપનું દર્શન થવા છતાં પણ અર્જુનને શાંતિ થઈ ન હતી; તેથી ત્યાર પછી પણ જ્ઞાનસ્વરૂપ એવા તે ભગવાને તેને પોતાના પર સ્વરૂપનો ઉપદેશ કર્યો છે, તથા તેમાં સ્થિરતા થવાને માટે આગળ (અધ્યાય ૧૨માં) અભ્યાસક્રમ પણ બતાવવામાં આવેલો છે. તે અભ્યાસની પૂર્ણતા થઈ ત્યારે જ તેને પર સ્વરૂપનો સાક્ષાત્કાર થયો હતો. આમ ભગવાન સાથે એકરૂપ બની પછી પ્રતિબિંબ કિંવા છાયા પ્રમાણે યુદ્ધાદિ તમામ કાર્યો તેણે કેવળ નિમિત્તરૂપે કર્યાં હતાં એટલે કે તે અહંકાર રહિત એવો નિષ્કામ બની ગયો હતો. આ મુજબનો આત્મસાક્ષાત્કારી જ નિષ્કામ કર્મયોગી થઈ શકે છે. આવી અદ્વૈતભાવના થાય ત્યારે જ ભક્તિમાર્ગની પૂર્ણતા થઈ શકે છે. એવો ભક્ત જ સાચો ભક્ત છે એમ સમજવું. હવે અર્જુનને વિરાટસ્વરૂપ ભગવાને પોતે કાણ છે તે કહ્યું તથા સર્વને મેં પ્રથમથી જ હણી રાખેલા છે એટલે દુષ્ટ મનુષ્યો પોતાના કર્મ વડે જ મરે છે, તેનો મારનારો તો કેવળ નિમિત્તરૂપ જ છે. એમ કહી નિયતિ કિંવા પ્રારબ્ધવાદની નિશ્ચિતતા બતાવી તું તો કેવળ નિમિત્તરૂપ જ થા, એમ ઉપર કહ્યું છે; ત્યાર પછી આગળ શું બન્યું છે તે જોઈશું.

सञ्जय उवाच—

एतच्छ्रुत्वा वचनं केशवस्य

कृताञ्जलिर्वेपमानः किरीटी ।

नमस्कृत्वा भूय एवाह कृष्णं

सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

ગદ્ગદ કંઠે અર્જુન પુનઃ બોલ્યો

સંજય કહે છે: હે રાજા ધૃતરાષ્ટ્ર! કેશવના આ વચનો સાંભળીને કાંપતે સ્વરે, બીતાં બીતાં બે હાથ જોડીને અર્જુન શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને અતિ નમ્ર થઈ ગભરાટ સહિત ગદ્ગદ કંઠે ફરીથી ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:

अर्जुन उवाच—

स्थाने हृषीकेश तव प्रकीर्त्या

जगत्प्रहृष्यत्यनुरज्यते च ।

रक्षा ंसि भीतानि दिशो द्रवन्ति

सर्वे नमस्यन्ति च सिद्धसङ्घाः ॥ ३६ ॥

પરમાત્માના પર સ્વરૂપની સ્તુતિ

અર્જુન બોલ્યો : હે હૃષીકેશ ! આપની અત્યંત કીર્તિ વડે એટલે આપના કીર્તિના ગુણાનુવાદ વડે જગત અતિ હર્ષ વા આનંદને પામે છે તેમ જ આપનામાં પ્રીતિને અર્થાત્ આપમાં જ અનુરક્ત થઈ રહે છે. તથા આપનું સ્મરણ નહિ કરનારા રાક્ષસો, અસુરો તો ભય પામીને દશે દિશાઓમાં નાસી જાય છે તથા સર્વ સિદ્ધોના સમૂહો આપને નમસ્કાર (પ્રણામ)કરે છે તે ખરેખર યોગ્ય જ છે.

કસ્માચ્ચ તે ન નમેરન્મહાત્મન્
ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।
અનન્ત દેવેશ જગન્નિવાસ
ત્વમક્ષરં સદસત્તત્પરં યત્ ॥ ૩૭ ॥

આપ જ અક્ષર પુરુષ છો

હે મહાત્મન્ ! આ સિદ્ધાદિકો આપને નમસ્કાર શા માટે નહિ કરે ? કિંતુ તેઓને નમસ્કારને માટે આપના સિવાય બીજો કોઈ છે જ નહિ. કેમકે હે અનંત ! હે જગન્નિવાસ ! આપ બ્રહ્માના પણ આદિ કર્તા અને ગુરુરૂપ છો, તેમ જ હે દેવેશ ! આપ સત્ એટલે આત્મા(વૃક્ષાંક ૧)તથા અસત્ રૂપ માયા (વૃક્ષાંક ૩ થી ૧૫૬)ના ઉત્પત્તિકાર ધ્રુવના પણ ધ્રુવ અર્થાત્ કાળના પણ નિર્માતા(વૃક્ષાંક ૨) તથા સત્ અસત્ બંનેથી પણ પર એવા તત્ કિંવા અક્ષર પુરુષ વા ઉત્તમ પુરુષ(વૃક્ષાંક ૐ)રૂપ છો.

ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણ—
સ્ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ
ત્વયા તતં વિશ્વમનન્તરૂપ ॥ ૩૮ ॥

તમામ જગત તમારું રૂપ છે

હે અનંતરૂપ ! આદિદેવ પણ આપ જ છો. પુરાણ પુરુષ પણ આપ જ છો. વિશ્વના પરંનિધાન અર્થાત્ તમામ વિશ્વનો વિલય થયા પછી તેનું જે આશ્રય સ્થાનક તે પણ આપ જ છો. આપ જ સર્વના વેત્તા(જાણનારા) છો તેમ વેદ્ય એટલે જાણવા યોગ્ય એવા પણ આપ જ છો તથા તે સર્વથી પરમધામ એટલે શ્રેષ્ઠ સ્થાનવાળા પણ આપ જ છો. એવા આપે પોતા વડે જ આ ચરાચર વિશ્વ વ્યાપ્ત કર્યું છે. આપનાથી કોઈ પણ વસ્તુ ભિન્ન નથી પરંતુ સર્વ આપરૂપ જ છે. આ પ્રમાણે અર્જુને અત્યાર સુધી ભગવાનના પરમરૂપની અર્થાત્ આત્મસ્વરૂપની સ્તુતિ કરેલી છે.

વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાઙ્કઃ
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ
પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે ॥ ૩૯ ॥

વિરાટ ભગવાનના અપર સ્વરૂપની સ્તુતિ

વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્રમા, પ્રજાપતિ અને પ્રપિતામહ (બ્રહ્મદેવ) પણ આપ જ છો. એવા આપને હજારોવાર નમસ્કાર હો. હે ભગવન્! આપને ફરી ફરીને વારંવાર નમસ્કાર હો. ઉદ્દેશ એ કે આ વ્યષ્ટિ, સમષ્ટિ (એકેક અલગ અલગ તે વ્યષ્ટિ તથા સર્વનો એકત્ર સમૂહ મળી સમષ્ટિ; જેમ ઝાડ એ વ્યષ્ટિ તથા જંગલ એ સમષ્ટિ સમજો) એ બંનેનો સમાવેશ બ્રહ્માંડરૂપ કાર્યસૃષ્ટિ વા સમષ્ટિમાં થાય છે (વૃક્ષાંક ૧૩ થી ૧૫ ધ્યાનમાં લ્યો) તથા તેનું કારણ (વૃક્ષાંક ૬ થી ૧૨) અને મહાકારણ (વૃક્ષાંક ૩ થી ૫) એ સર્વ મળીને વિરાટ સ્વરૂપ કહેવાય છે. આ કાર્યરૂપ સમષ્ટિ બ્રહ્માંડની ઉત્પત્તિ પૂર્વે સૂક્ષ્મ એવા દેવતાઓની ઉત્પત્તિ કારણ રૂપે થતા પામેલી છે. તે ઉપર બતાવેલા વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્રમા, પ્રજાપતિ અને પ્રપિતામહ બ્રહ્મા એ ક્રમે બ્રહ્માંડના ઉત્પન્ન કર્તા વિરાટ પુરુષના ક્રમે, ત્વચા, નાભિ, વાણી, જિહ્વા, મન, શિશ્ન અને બુદ્ધિ ઇત્યાદિના અધિદેવતાઓ સમજવા (જુઓ વૃક્ષાંક ૮/૨/અ) આમ કહેવાનો આશય તો ફક્ત કાર્ય કારણરૂપ સર્વ વિશ્વ ભગવાનનું જ સ્વરૂપ છે, એવો ભાવ દર્શાવવા પૂરતો જ છે, એમ સમજવું.

नमः पुरस्तादथ पृष्ठतस्ते

नमोऽस्तु ते सर्वत एव सर्व ।

अनन्तवीर्यामितविक्रमस्त्वं

सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥ ४० ॥

આપને સર્વ બાજુએથી નમસ્કાર હો.

હે સર્વ! આપ અનંત વીર્યવાળા, અમિત એટલે જેની સીમા નથી એવા પરાક્રમવાળા હોઈ સર્વમાં વ્યાપ્ત છો અને તેથી સર્વ છો, એવા આપને આગળથી પણ નમસ્કાર અને પાછળથી પણ નમસ્કાર હો, આપને સર્વ બાજુએથી નમસ્કાર હો. તાત્પર્ય, આપ અણુ રેણુ પરમાણુથી લઈ ઠેઠ બ્રહ્માંડ તથા મહત્ અને તેથી પણ પર ચરાચર સર્વત્ર વ્યાપેલા છો. આવા આપ બધે જ હોવાથી હું આપને દશ દિશાઓમાં તથા તેથી પર એવી સઘળી જગાએ નમસ્કાર કરું છું.

सखेति मत्वा प्रसभं यदुक्तं

हे कृष्ण हे यादव हे सखेति ।

अजानता महिमानं तवेदं

मया प्रमादात्प्रणयेन वापि ॥ ४१ ॥

यच्चावहासार्थमसत्कृतोऽसि

विहारशय्यासनभोजनेषु ।

एकोऽथवाप्यच्युत तत्समक्षं

तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

વિરાટ સ્વરૂપ પ્રત્યે અર્જુનની ક્ષમા યાચના

અર્જુન આગળ કહે છેઃ હે ભગવન્! આપના આ મહિમાને નહિ જાણતાં પ્રમાદ અથવા સ્નેહ કિંવા વિનોદને લીધે આપને સખા માનીને અજાણપણાથી હે કૃષ્ણ! હે યાદવ! હે સખા! એ રીતે ભૂલથી કિંવા અત્યંત બરવટ યા સભ્યતા વડે હું મર્યાદા છોડીને જે જે કાંઈ બોલ્યો હોઈશ તેમ જ હે અચ્યુત! આહાર, વિહાર, શય્યા, આસન એટલે ખાતી વખતે કે વિહાર કરતી વખતે; સૂતી વખતે, કે બેઠકમાં; સર્વ સમક્ષ કિંવા એકલા આપનું મશ્કરી વડે મેં જે જે કાંઈ અપમાન કર્યું હશે તે બધા માટે હું આપની પાસે ક્ષમા માગું છું. હે અપ્રમેય એટલે પ્રમાણમાં ન આવી શકે એવા પ્રભુ! મને ક્ષમા કરો, એવી યાચના હું આપને કરું છું.

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥ ४३ ॥

तस्मात्प्रणम्य प्रणिधाय कायं
प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥ ४४ ॥

મારા સર્વ અપરાધોની ક્ષમા કરો

હે અપ્રતિમ પ્રભાવવાળા! જેને બીજાની ઉપમા આપી શકાતી નથી એવા આપ જ આ ચરાચર લોકોના પિતા છો, આપ જ પૂજ્ય છો, ચરાચરના આપ જ ગુરુ છો, તેમ ગુરુના પણ ગુરુ અતિ મહાન પણ આપ જ છો. આપની બરોબરી કરી શકે એવો આ ત્રૈલોક્યમાં એટલે બ્રહ્માંડમાં કોઈ નથી તો પછી તેથી અધિક એટલે શ્રેષ્ઠ તો કયાંથી હોય? તસ્માત્ દેહને અત્યંત નીચે ધારણ કરીને એટલે સાષ્ટાંગ પ્રણામ કરીને સ્તુતિ કરવા યોગ્ય ઈશ્વર સ્વરૂપ એવા આપને પિતા જેમ પુત્રના, સખા જેમ પોતાના સખાના તથા જેના ઉપર અત્યંત પ્રેમ હોય તે પ્રિયાના અપરાધોને પ્રિય એટલે પ્રેમ કરનારો જેમ ક્ષમા કરે છે તેમ હું કે જે આપને અત્યંત પ્રિય છું, આપ મારા પર અત્યંત વહાલ રાખો છો એવા આપની પાસે હું મારા તમામ અપરાધોની ક્ષમા ચાહું છું. આપ જ સર્વ અપરાધોને ક્ષમા કરવા યોગ્ય છો, માટે મને આપ મારા સર્વ અપરાધોની ક્ષમા કરશો.

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं
प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

મને આપનું સાચું આત્મસ્વરૂપ બતાવો

અર્જુન કહે છેઃ હે જગન્નિવાસ ! પૂર્વે કદી પણ નહિ જોવામાં આવેલું એવું આ બધું આપનું સ્વરૂપ જોઈને મને અત્યંત હર્ષ થયો છે પણ આવું ભયંકર સ્વરૂપ જોવાથી ભયવડે મારું મન તો ઘણુંજ આકુળ વ્યાકુળ બની ગયું . માટે હે દેવ ! તત્ એટલે તે કિંવા આત્મા (વૃક્ષાંક ૧)રૂપ જ મને દેખાડો, ભાવાર્થ એ કે, જે સ્વરૂપ સત્, ચિત્, આનંદ રૂપ છે, જે સ્વરૂપના દર્શન વડે આ રીતનો ભય કદીપણ ઉત્પન્ન થતો નથી તેવું આપનું અભય તત્ એટલે તે કિંવા આત્મપદ (વૃક્ષાંક ૧) જેને પરરૂપ કિંવા અક્ષર પુરુષ પણ કહે છે તેનું દર્શન કરાવો. આમ કહેવામાં ઘણો જ ગૂઢ હેતુ રહેલો છે. તેનો વિચાર કરવાથી જણાશે કે આ અક્ષર એવું આત્મપદ બતાવો એમ જે અર્જુને કહ્યું તે સ્વરૂપ કાંઈ નેત્રો વડે જોઈ શકાય તેવું નથી પરંતુ તે ફક્ત પરોક્ષજ્ઞાનવડે જાણી લઈ બાદ તેમાં એકરૂપ થઈ જવાથી અનુભવી શકાય તેવું છે, તેથી તેવા રૂપના દર્શનને અર્થે એટલે અપરોક્ષ સ્વરૂપનું પરોક્ષ જ્ઞાન આપવાને માટે તમો ફરીથી પૂર્વવત્ અર્થાત્ પ્રથમના જેવા શરીરધારી ઉપદેશક થાઓ, એમ સૂચવવાને માટે નીચે પ્રમાણે પ્રાર્થના કરે છે.

किरीटिनं गदिनं चक्रहस्त—
मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

પુનઃ પૂર્વવત્ થવાને માટે વિરાટ સ્વરૂપની પ્રાર્થના

હે સહસ્રબાહો ! માથા ઉપર મુગટ પહેરેલા, હાથમાં ગદા તથા ચક્ર ધારણ કરેલા, આપનું હું તે મુજબ જ એટલે મને આત્માનો ઉપદેશ આપી રહેલા એવા પ્રથમ પ્રમાણે જ જોવા ઇચ્છું છું; માટે હે વિશ્વમૂર્તે ! તેવા અર્થાત્ આપ પ્રથમની માફક ચતુર્ભુજ રૂપે જ થાઓ.

श्रीभगवानुवाच—
मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥
न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ॥
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ४८ ॥

મારું આ સ્વરૂપ જોવાને બીજો કોઈ શક્તિમાન નથી

શ્રીભગવાન કહે છેઃ હે અર્જુન! તારા ઉપર પ્રસન્ન થઈ મેં તને મારું આ શ્રેષ્ઠ એવું સ્વરૂપ આત્મયોગના સામર્થ્યથી બતાવ્યું છે. તેજોમય, અનંત અને આદિ એવું જે મારું આ વિશ્વરૂપ તે તારા વિના બીજા કોઈએ પૂર્વે કદીપણ જોયેલું નથી. હે કુરુપ્રવીર (કુરુવંશમાં અતિ શૂરવીર)! આ નર(મનુષ્ય) લોકોની અંદર તારા વિના બીજો કોઈ મને વેદોના અધ્યયન વડે કિંવા યજ્ઞોવડે અથવા તો ઉગ્ર તપો વડે પણ જોવાને સમર્થ થઈ શકતો નથી. આ કથનમાં ભગવાને ગૂઢ રહસ્ય બતાવેલું છે. એક તો તેમાં એવો ભાવ છે કે નિષ્કામ વેદાધ્યયન અથવા યજ્ઞો, દાનો, ક્રિયાઓ કિંવા ઉગ્ર તપ વિના, આ મનુષ્ય લોકમાં મારા આ સ્વરૂપનું દર્શન કોઈને પણ કદી થવું શક્ય જ નથી. ફક્ત તને જ ઉપરના કોઈપણ સાધનોનો આશ્રય કર્યા વગર પણ મેં પ્રસન્ન થઈને મારા આ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે, તેથી મારું વિરાટ સ્વરૂપ આ રીતે તો તારા વિના બીજા કોઈના પણ જોવામાં કદી આવ્યું નથી; એવો ભાવ અત્રે ભગવાને સૂચવેલો છે. બીજી વાત આત્મસ્વરૂપ એવો જે હું તે તો તદ્દન અનિર્વચનીય હોવાથી વેદ, યજ્ઞ, અધ્યયન, દાન ક્રિયા કિંવા ઉગ્ર તપાદિ વડે તે કદી જોઈ શકાતો નથી પરંતુ આ સાધનો દ્વારા ચિત્તશુદ્ધિ કરી લઈ ત્યારપછી તેનું પરોક્ષજ્ઞાન શાસ્ત્ર તથા બ્રહ્મનિષ્ઠ એવા સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત કરી લીધા બાદ અનન્ય ભાવે તેનો અંતઃકરણમાં દૃઢ નિશ્ચય વડે પોતાને જ અભ્યાસ કરવો પડે છે. આમ અભ્યાસ કરતાં કરતાં જ્યારે ત્રિપુટીનો વિલય થઈ પોતાસહ સર્વભાવે એકરૂપ થઈ જવાય છે ત્યારે જ તેને અદ્વૈત અને અનિર્વચનીય એવા આત્મપદની પ્રાપ્તિ થઈ શકે છે, આને જ સાક્ષાત્કાર કહે છે. માટે આવા આત્મપદમાં વેદ, યજ્ઞાદિ તમામ અંતે નિરુપયોગી હોઈ કેવળ અનન્ય એટલે આત્માથી જુદાપણાની ભાવનાનો ત્યાગ કરી એકરૂપે તેમાં રમમાણ થનારા એવા તારા જેવા ભક્ત વિના બીજા કોઈને એટલે જુદાપણાની ભાવનાવાળા કોઈને પણ તેની પ્રાપ્તિ થવી કદાપિ શક્ય નથી.

मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

મારું પૂર્વનું સ્વરૂપ જો

ભગવાન આગળ કહે છેઃ હે પાર્થ! મારું આ પ્રકારનું ઘોર એટલે અતિશય ભયંકર રૂપ જોઈને તને દુઃખ ના થાઓ તેમજ તે જોવાથી તને અતિમૂઢપણું પણ ના થાઓ. એટલે કે ભગવાનનું સ્વરૂપ આવું ભયંકર હોય છે એવી રીતની મૂઢતા નહિ થાઓ. હે અર્જુન! ગભરાટ છોડી નિર્ભય અને પ્રસન્ન ચિત્તવાળો થઈ તું ફરીથી મારા તે જ (પૂર્વના) રૂપને સારી રીતે જો.

सञ्जय उवाच—

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

ભગવાનનું પ્રથમનું સ્વરૂપ

સંજય કહે છેઃ રાજા ધૃતરાષ્ટ્ર ! આ પ્રમાણે અર્જુનને કહી વાસુદેવ એવા શ્રીકૃષ્ણ તેની ઇચ્છા પ્રમાણે તેવા પ્રકારના પોતાના રૂપને ફરીથી દેખાડવા લાગ્યા. આ રીતે મહાત્મા શ્રીકૃષ્ણે પોતાનું વિરાટ સ્વરૂપ સમેટી લીધું અને અર્જુનની પ્રાર્થનાનુસાર ફરીથી પોતે હતા તેવા એટલે વસુદેવને ત્યાં ધર્મના પુનરુત્થાન તથા સાધુના રક્ષણ અને દુષ્ટોના સંહારને માટે જન્મ ધારણ કરેલો હતો તેવા સૌમ્ય મનુષ્ય શરીરવાળા બની ભય પામેલા અર્જુનને આશ્વાસન રૂપ થયા એટલે ગભરાટ-વડે જેનો શ્વાસ મંદ થઈ જીવ આકુળવ્યાકુળ બની ગયો હતો તેવા અર્જુનને દિલાસારૂપ થયા.

अर्जुन उवाच—

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।

इदानीमस्मि सꣳवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

આપનું માનવ રૂપ જોઈને હવે હું પૂર્વવત્ સાવધ થયો છું.

અર્જુન બોલ્યોઃ હે જનાર્દન ! આપનું સૌમ્ય એવું માનવદેહ ધારણ કરેલું રૂપ જોઈને હું હમણાં સંવૃત એટલે સચેતન થયો છું. મારું મન હવે ઠેકાણે આવ્યું છે. મારો ગભરાટ શમી ગયો છે તથા હવે હું પૂર્વવત સાવધ થયો છું.

श्री भगवानुवाच—

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।

देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥ ५२ ॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।

शक्य एवꣳविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥

આપના દર્શન તો દેવતાઓને પણ દુર્લભ છે

અર્જુનનું કથન સાંભળીને ભગવાન કહે છે કે, હે પાર્થ ! તેં જે મારું આ એટલે અપર અર્થાત્ વ્યક્ત સ્વરૂપ જોયું તે સ્વરૂપના દર્શન થવાં અત્યંત દુર્લભ છે. મોટા મોટા દેવો પણ હંમેશાં તે સ્વરૂપના દર્શનની ઇચ્છાવાળા છે એટલે દેવતાઓ પણ તેમના દર્શનની ઇચ્છા રાખે છે. પરંતુ તેઓને પણ હજુ સુધી તેનાં દર્શન થયાં નથી. ભગવાન આગળ કહી રહ્યા છે કે,-હે અર્જુન ! ફરીથી કહું છું કે તું જે મારા આ સ્વરૂપના દર્શન કરી શક્યો તેવાં દર્શન તો વેદોના અધ્યયન વડે, તપ વડે, કિંવા દાન વડે પણ શક્ય નથી.

भक्त्या त्वनन्यया शक्य अहमेवꣳविधोऽर्जुन ।

ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुंच परन्तप ॥ ५४ ॥

ભગવાનના વિરાટ સ્વરૂપના દર્શનની પદ્ધતિ

ભગવાન કહે છેઃ હે અર્જુન ! હે પરંતપ તેં જે જોયું તેવું મારું વિરાટરૂપ ઉપર બતાવેલા કોઈપણ સાધનો વડે જોઈ શકાતું નથી કારણ કે તે સાધનો કરતી વખતે ભેદ દૃષ્ટિ એટલે જુદાપણાની ભાવના તે

કરનારના મનમાં હોય છે. અથવા તો હું કરું છું એવી રીતે મનમાં મિથ્યા અહંકાર સેવે છે. પરંતુ આ રીતના મારા વિરાટ સ્વરૂપનાં દર્શન કરનાર જ્યારે અનન્ય ભક્ત્યા એટલે જુદાપણાની ભાવનાનો સદંતર ત્યાગ કરે છે અર્થાત્ હું તથા ઈશ્વર જુદા છે એવા પ્રકારની માન્યતા જેને સ્વપ્ને કદી પણ સ્પર્શી શકતી નથી તેવી અનન્ય (અન્=નહિ, અન્ય=જુદાપણું) ભક્તિ વડે જ જાણવાને શક્ય છે એટલે કે તેવાઓ જ મારા આ અપરરૂપનાં દર્શન કરી શકે છે. કેમકે મારી સાથે ઐક્યરૂપ થયેલા તેવા મારા પરમ ભક્તને જ શુદ્ધ 'હું' ઈશ્વર કિંવા દ્રષ્ટા (વૃક્ષાંક ૨) સ્વરૂપમાં સ્થિત કરી અર્થાત્ દિવ્યદૃષ્ટિ આપીને આત્મસ્વરૂપ એવા મારા ક્ષિણુ શક્તિરૂપ કાળ સ્વરૂપવાળું માયાવી અપર સ્વરૂપ (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ સુધીનું) કૃપાવંત થઈને હું જ બતાવું છું તથા હે પરંતપ ! આ સ્વરૂપથી પણ પર એવા મારા તત્ત્વને એટલે તત્ત્વતઃ જેનો તત્ પદ વડે નિર્દેશ થઈ શકે છે એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) નો સાક્ષાત્કાર કરવાને અને મળવાને અર્થાત્ આત્મસ્વરૂપ એવા મારા સાચા સ્વરૂપની સાથે અભેદ થવારૂપ પૂર્ણ પદની પ્રાપ્તિ તો તેવા અનન્ય ભક્તને માટે જ શક્ય હોય છે, એમ નિશ્ચત જાણવું.

પોતાના દર્શનનો ભગવાને બતાવેલો ઉપાય

આમાં ભગવાન પોતે જ પોતાના મુખે પોતાના અપર એટલે વિરાટ સ્વરૂપનાં દર્શન કેવી રીતે થાય તે તથા ત્યાર પછી પોતાના પર એટલે અંતિમ સ્વરૂપનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે તે, એ રીતે બંનેના ઉપાયો કહ્યા છે. તેમાં પ્રથમ તો ભેદ દૃષ્ટિનો આશ્રય છોડી દઈ જે ઐકયરૂપે ભગવાનની ભક્તિ કરે છે તે અનન્ય ભક્ત જ આ પ્રકારનાં વિશ્વરૂપ કિંવા વિરાટ સ્વરૂપનાં દર્શન કરી શકે છે. કારણ કે પોતે દ્રષ્ટાભાવ (વૃક્ષાંક ૨) માં સ્થિત રહી માયાના ત્રણ ગુણ વડે ચાલતો આ બધો વિસ્તાર (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ પર્યંત) કે જે કાળને અધીન છે તે તમામ ભગવાનનું વિશ્વ કિંવા વિરાટ સ્વરૂપ કહેવાય છે, તેનાં દર્શન થયા પછી આ દ્રષ્ટાભાવનો પણ વિલય કરીને ભગવાનના પર એટલે આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) નો તે પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરે છે તથા સચ્ચિદાનંદરૂપ એવા તે પદનો અનુભવ કરી તેની સાથે ઐકરૂપ બની જાય છે. આ મુજબ ભગવાને અત્રે સાક્ષાત્કારની પદ્ધતિનો સ્પષ્ટ બોધ પોતે જ કરેલો છે.

સગુણ સાક્ષાત્કાર ક્યારે થાય ?

ભગવાનના અપર એટલે વિશ્વ કિંવા વિરાટ સ્વરૂપનાં દર્શનનો અનુભવ દરેક ભક્તોને પોતપોતાના સત્યસંકલ્પવશાત્ જુદા જુદા પ્રકારે થાય છે. એમ પ્રથમ કહેવામાં આવેલું છે. જુઓ પ્રહ્લાદને નૃસિંહરૂપે, ધ્રુવને શંખચક્ર ગદા ધારણ કરેલા ચતુર્ભુજ વિષ્ણુરૂપે, ગજેન્દ્રને ગરુડધારી વિષ્ણુરૂપે, ભરતરાજાને યજ્ઞ નારાયણ વિષ્ણુરૂપે, કેટલાકને જલ નિવાસી નારાયણરૂપે, કેટલાકને વરાહ રૂપે, કેટલાકને મત્સ્યાવતાર, કેટલાકને વામન સ્વરૂપે, તો કેટલાકને રામ, કૃષ્ણ, શિવ, દેવી ઇત્યાદિ ભિન્ન ભિન્નરૂપે પ્રત્યક્ષ રીતે જોવામાં આવે છે. આ ભક્તોમાં બે પ્રકારો છે (૧) પોતાને અમુક જ પ્રકારનાં ભગવાનનાં દર્શન કરવાં છે એવો સંકલ્પ રાખી ઉપાસના કરનારો તથા (૨) પોતે કોઈપણ પ્રકારનો સંકલ્પ ભગવાનના સ્વરૂપ સંબંધમાં કરતા જ નથી પરંતુ નિષ્કામભાવે ભગવાનની ઉપાસના બ્રહ્મવિદ્ ગુરુએ બતાવેલી હોય તે પ્રમાણે પૂર્ણ શ્રદ્ધા વડે ચાલુ રાખે છે. આ બે પ્રકારો પૈકી પ્રથમ પ્રકારના ઉપાસકો તેવી ઉપાસના કરતાં કરતાં છેવટે પોતાનો દુરાગ્રહ છોડી દઈ નિષ્કામ બને છે. તથા જે ઉપાસ્યને દ્વૈત ભાવ વડે જોતો હતો તેને સર્વત્ર ઐક્યરૂપે અને ઐક્યભાવના વડે જુએ છે તેમજ આમ કરતાં કરતાં જ્યારે તે તદ્દન અનન્ય વા તન્મય બની જાય છે ત્યારે તેને પોતાના પ્રથમના સત્ય સંકલ્પના ફળરૂપ પોતાના ઇષ્ટ કિંવા ઉપાસ્ય દેવતાનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કિંવા દર્શન થાય છે. આ માર્ગમાં થોડો દુરાગ્રહયુક્ત હઠ કરવાની જરૂર હોવાથી તે ઘણે લાંબે કાળે સાધ્ય થાય તેવો છે. પરંતુ દુરાગ્રહ રહિત બની પોતાના ઇષ્ટદેવની નિષ્કામ તથા અનન્યભાવે ઉપાસના કરનારો તો તત્કાળ તન્મય બની જાય છે, તેના પોતાપણાના તમામ ભાવોનો વિલય કેવળ એક પોતાના ઇષ્ટદેવતામાં જ થાય છે. આમ થવાથી વાસ્તવિક રીતે તો તે ઉપાસક પોતાના ઉપાસ્ય દેવતાથી ભિન્ન રહેતો નથી પરંતુ પૂર્વની દ્વૈત ભાવનાને લીધે તથા ઉપાસનાની પરિપક્વતાની નિશાનીરૂપ તેને ભગવાન

પોતે જ નિયતિ નિયમાનુસાર ગમે તે પ્રકારનું કાળ તથા સ્થાનાદિ નિયમયુક્ત પોતાનું અપરસ્વરૂપ એટલે જ વિરાટ કિંવા વિશ્વરૂપનું દર્શન કરાવે છે. આ રીતે ભક્તિમાર્ગ વડે થતા સગુણ સાક્ષાત્કારની પદ્ધતિ કહેલી છે. આ પ્રમાણે તેને સાક્ષાત્કાર થયા પછી તે ઉપાસક ક્રમે ભગવાનના પર અર્થાત્ આત્મસ્વરૂપ સાથે તાદાત્મ્ય ભાવને પ્રાપ્ત થાય છે. તે જ કૃતકૃત્ય તથા જ્ઞાત જ્ઞેય એવો પરમભક્ત કિંવા પરમ વૈષ્ણવ ગણાય છે; વેદાંતીઓ આને જ જીવન્મુક્ત સ્થિતિ કહે છે. તાત્પર્ય એ કે ભક્તિમાર્ગ દ્વારા સાક્ષાત્કાર કરવાની ઇચ્છા ધરાવતા ઉપાસક ભક્તો પછી તે કહેવામાં આવેલા આ બે પ્રકારો પૈકી ગમે તે પ્રકારના હો, પરંતુ તેઓને અંતે તો ભગવાનની સાથે એકરૂપ અર્થાત્ તન્મય બનીને જ ભક્તિ કરવી પડે છે. જ્યાં સુધી તેઓ આ રીત ભેદભાવ છોડી દઈ અનન્યભાવ પ્રાપ્ત નહિ કરી શકે અર્થાત્ જુદાપણાનો ભાવ રાખે છે ત્યાં સુધીને માટે તો તેને સાક્ષાત્કાર થવાની આશા રાખવી શક્ય નથી, એમ પ્રત્યક્ષ ભગવાનના કથન ઉપરથી જ સિદ્ધ થાય છે.

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।

निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥ ૫૫ ॥

તને હવે મારા સાચા સ્વરૂપની ખાતરી થઈ કે ?

ભગવાન આગળ કહે છે કે હે પાંડવ ! તને મારા સાચા-આત્મસ્વરૂપની ખાત્રી થઈ ને ? હવે તો કાંઈ શંકાને સ્થાન નથી ને ? મેં તને વખતોવખત કહ્યું હતું કે, હું આ શરીરધારી શ્રીકૃષ્ણ એટલે તારા મામાનો છોકરો નહિ પરંતુ ચરાચરમાં વ્યાપક એવો આત્મા જ છે. તો હવે મારા સાચા સ્વરૂપ સંબંધનું એ કથન તને સ્પષ્ટ રીતે સમજાયું ને ? એટલા જ માટે હું તને વારંવાર કહું છું કે જે હંમેશાં આત્મસ્વરૂપ એવા મારે માટે જ કર્મ કરનારો છે તથા આત્મસ્વરૂપ એવો હું જ જેને મુખ્ય છું, મારાથી જુદો નથી એવો મારો પરમભક્ત કે જેણે મારા વગર બીજા તમામ સંગોને વર્જ્ય કરેલા છે, નિર્વૈરી એટલે સર્વભૂત માત્રમાં વૈર વિનાનો, સર્વ ભૂતમાત્રમાં કેવળ એક મને જ જોનારો એવો સમાન દૃષ્ટિવાળો હોય છે, તે મને જ પામે છે અને તેવો હું તો આત્મસ્વરૂપ છે; એ તત્ત્વ વારંવાર કહેવામાં આવેલું જ છે. ઉદ્દેશ એ કે કાયિક, વાચિક તથા માનસિક કૃત્યાદિ તમામ પ્રકારના કર્મો મારે અર્થે એટલે સર્વ આત્મસ્વરૂપ એવા મારું રૂપ છે એમ સમજીને જે અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતો નથી તથા જગતમાં જે જે કાંઈ જુએ છે, સાંભળે છે, કરે છે, વિચરે છે, મનદ્વારા વિચાર કરે છે, તથા બુદ્ધિદ્વારા નિશ્ચય કરે છે તે તમામ ક્રિયાઓ આત્મસ્વરૂપ એવા મારું જ સ્વરૂપ છે, મારાથી ભિન્ન બીજું કોઈ છે જ નહિ, એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે કર્મો કરે છે તેનાં સર્વ કર્મો મારે માટે થતાં કર્મો સમજવાં. આ મુજબનો સર્વસંગ પરિત્યાગી અર્થાત્ આત્મા સિવાય બીજા કોઈ પણ સંગનો અંતઃકરણમાં સ્પર્શ પણ થવા દેતો નથી તેવો સંગવર્જિત એટલે તમામ સંગોને જેણે વર્જ્ય કરેલા છે એવો તદ્દન અસંગ, સર્વભૂત માત્રમાં આત્મસ્વરૂપ એવા મારા સ્વરૂપને જ જોનારો નિર્વૈર પુરુષ અંતે મને જ પામે છે.

ભગવાનનું શ્રુતિમાન્ય વિરાટ સ્વરૂપ

આ રીતે ભગવાને અત્યાર સુધી ભક્તિમાર્ગ કોને કહેવો તથા તેનું નિષ્કામભાવે આચરણ કરનાર અંતે કેવી રીતે મારા પરમપદને પ્રાપ્ત કરી શકે છે એટલું જ નહિ પરંતુ તેને સગુણ તથા નિર્ગુણ બંને પ્રકારનો સાક્ષાત્કાર ક્રમે શી રીતે થવા પામે છે તે જણાવ્યું છે. શ્રુતિમાં પરમાત્માના વિરાટ સ્વરૂપનું વર્ણન આ પ્રમાણેનું છે. "જે પરમાત્માનું મસ્તક અગ્નિ (સ્વર્ગ) છે, ચક્ષુ ચંદ્રમા તથા આદિત્યરૂપ છે, જેના શ્રોત્ર રૂપે દિશાઓ છે, વાણીરૂપે પ્રગટ થયેલા વેદો છે, જેના પ્રાણ વાયુરૂપ છે, જેનું હૃદય વિશ્વરૂપ છે તથા જેના પાદમાંથી આ પૃથ્વીની ઉત્પત્તિ થઈ છે તે વિરાટ ઈશ્વર જ સર્વભૂતોના અંતરાત્મા છે." આ મુજબ શ્રુતિમાં પણ વિરાટ સ્વરૂપના વર્ણન સંબંધી કહેવામાં આવેલું છે (ભગવાનના પર અને અપર સ્વરૂપ (વિદ્યા) ના સંબંધમાં મુંડકોપનિષદ્ પ્રથમ મુંડક પ્રથમ ખંડ મંત્ર ૪ થી ૬ તથા દ્વિતીય ખંડ જુઓ.)

અધ્યાય ૧૨

જ્ઞાન અને યોગમાર્ગનું રહસ્ય

અર્જુને પૂછ્યું: ભગવન્! આપે અત્યાર સુધી મને ક્રમે તત્ત્વજ્ઞાનીઓની સાંખ્યનિષ્ઠા અનુસાર પ્રથમ પ્રકૃતિપુરુષનો વિવેક સમજાવી સત્ અને અસત્ એટલે શું તેની વ્યાખ્યાઓ કહી તથા એક આત્મા જ સત્ હોઈ આ તમામ દૃશ્યાદિ અનાત્મરૂપ છે એવો નિર્ણય કહ્યો. આમ આત્મા અનાત્મા સંબંધમાં મારો સારી રીતે નિશ્ચય થયો, ત્યાર પછી આપે સાંખ્ય વા જ્ઞાન નિષ્ઠાની જ અંતર્ગત આવેલી, (૧) નિઃશેષભાવદર્શક સંન્યાસ વા જ્ઞાનયોગની નાહમ્ રૂપ અભ્યાસયુક્તિ તથા (૨) કર્મયોગદર્શક સર્વાત્મભાવરૂપ સોહમ્ની કર્મનિષ્ઠા રૂપ અભ્યાસ યુક્તિ; એ બંને અભ્યાસ યુક્તિઓ પણ વિસ્તારપૂર્વક સમજાવી તથા તેનો અભ્યાસ કેવી રીતે કરવો તે પદ્ધતિઓ પણ બતાવી. આ મુજબ પ્રકૃતિપુરુષનો વિવેક થયા બાદ જિજ્ઞાસુએ બુદ્ધિવડે પ્રથમ સત્ અને અસત્ એટલે શું ? તેનો નિર્ણય કરી લેવો જોઈએ. સારાસાર વિવેક બુદ્ધિવડે સદસત્નો નિર્ણય થઈ જ્યારે આત્મા જ સત્ છે તથા તે વ્યતિરિક્ત તમામ અનાત્મરૂપ હોઈ અસત્ છે, એ રીતનો તેનો દૃઢ નિશ્ચય થાય એટલે તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તે સંબંધમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ આ સર્વ મિથ્યા વિષયો ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આમ જ્યારે વિષયોમાં સંપૂર્ણ રીતે વૈરાગ્ય ઉત્પન્ન થાય એટલે તે યત્નનિષ્ઠ સદ્‌ગુરુના શરણે જઈ તેઓ જે માર્ગ બતાવે તેનો અંતઃકરણમાં દૃઢ નિશ્ચયથી સતત અભ્યાસ કરે છે. આ અભ્યાસની મુખ્ય બે પદ્ધતિઓ છે, જેનો સમાવેશ સાંખ્યનિષ્ઠા એટલે તત્ત્વજ્ઞાનીઓની આત્મજ્ઞાન સમજાવવાની યુક્તિની અંતર્ગત જ થાય છે. તે પૈકી (૧) આ હું નથી, તે હું નથી, તું હું નથી, મારું, તારું, મને, તને, ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાસે છે તે તમામ હું નથી, એવા પ્રકારે સંન્યાસ એટલે ત્યાગ કરતાં કરતાં અંતે જે નિઃશેષ પદ સિલક રહે છે તે જ આત્મા; એ રીતે સર્વનો નિરાસ કરવાનો જે અભ્યાસક્રમ કહ્યો જેને સાંખ્ય કિંવા જ્ઞાનયોગની અંતર્ગત આવેલો સંન્યાસયોગ વા નાહમ્નો અભ્યાસ કહે છે તથા (૨) આ હું છું, તે હું છું, તું હું છું, મારું, તારું, મને, તને ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાસે છે તે તમામ આત્મસ્વરૂપ છે, આત્મસ્વરૂપથી કાંઈ ભિન્ન છે જ નહિ, આ રીતના સર્વાત્મભાવના અભ્યાસક્રમને સાંખ્ય વા જ્ઞાનયોગની અંતર્ગત આવેલો કર્મયોગ વા સોહમ્નો અભ્યાસ કહે છે તેમજ ત્રીજો અભ્યાસ જાગ્રત આદિ અવસ્થામાં દેખવામાં આવતું આ સર્વ જે જે કાંઈ છે તે સર્વ આત્મરૂપ છે તથા સ્થિર ચિત્તે બેસીને ઉપાસના થાય તે વખતે નિઃશેષનો અભ્યાસ, એ રીતે બંને એક સાથે પણ થઈ શકે છે. આ ત્રીજો ભેદ પ્રથમના બંને અભ્યાસક્રમનો સમન્વય હોવાથી તે જુદો પડી શકતો નથી; એ પણ મારા જાણવામાં સારી રીતે આવ્યું. સિવાય આ સાંખ્યનિષ્ઠાના માર્ગમાં પ્રથમ પ્રકૃતિપુરુષનો વિવેક તથા સત્ અસત્ શું તેનો નિશ્ચય જિજ્ઞાસુને બુદ્ધિવડે વિચાર કરીને કરવો પડે છે અને તેવો પૂર્ણ નિશ્ચય થાય ત્યારે જ તે (૧) સંન્યાસ અને (૨) કર્મયોગ એ બંને પ્રકારના અભ્યાસને લાયક બને છે. આ અભ્યાસક્રમો તો જેઓ બુદ્ધિમાનો હોય તેઓ જ વિચાર દ્વારા કરી શકે એવા હોવાથી તેને સાંખ્ય, જ્ઞાનયોગ અથવા બુદ્ધિયોગ પણ કહે છે. એટલે લોકોને તત્ત્વ સમજાવવાને માટે પ્રકૃતિપુરુષનો નિર્ણય કરીને સત્ અસત્નો નિશ્ચય કરાવનારી તત્ત્વજ્ઞાનીઓની જે પદ્ધતિ તે સાંખ્યનિષ્ઠા કહેવાય તથા સત્ અસત્નો નિશ્ચય થયા પછી સત્ની પ્રાપ્તિને માટે એક આત્મસ્વરૂપમાં સ્થિત થવા રૂપ જે અભ્યાસ યુક્તિ તેને જ સાંખ્યયોગ, બુદ્ધિયોગ કિંવા જ્ઞાનયોગ કહેવામાં આવે છે, તથા તેમાં પણ (૧) જ્ઞાન એટલે સંન્યાસયોગ અથવા (૨) ત્યાગ એટલે કર્મયોગ એવા બે પેટા પ્રકારો છે. જેને જેને મારું એમ કહી શકાય તે સર્વનો ત્યાગ કરીને છેવટે "હું" પણાનો તથા હું છું એમ કહેનાર સાક્ષી વા દ્રષ્ટા ભાવનો પણ ત્યાગ કરી દેવો એ મુજબ જે નિઃશેષ અવસ્થાનો અભ્યાસક્રમ તે સંન્યાસ તથા આ સર્વ આત્મસ્વરૂપ છે અને તે આત્મા હું પોતે જ છું એવી રીતે પોતા સહિત સર્વત્ર એક આત્મરૂપ જ વ્યાપેલું છે, તેથી કાંઈ ભિન્ન છે જ નહિ એવો સર્વાત્મભાવનો અભ્યાસક્રમ તે કર્મયોગ આ રીતે બે માર્ગને

સંખ્ય, સાંખ્ય, બુદ્ધિ કિંવા જ્ઞાનયોગ કહે છે. આ સર્વ બાબતો તો મને સારી રીતે સમજાઈ. સિવાય પ્રાણોપાસના પૈકી અષ્ટાંગયોગ વા હઠયોગ, સ્વાભાવિક પ્રાણોપાસના તથા ધારણાભ્યાસ એવા ત્રણ ભેદો પણ મારી જાણમાં આવ્યા. વળી જ્ઞાનયોગમાં પણ આ નથી, તે નથી એવા સંન્યાસ કરતાં સર્વત્ર આત્મા છે; એવા સર્વાત્મભાવનો અભ્યાસક્રમ કે જેને ત્યાગ વા કર્મયોગ કહે છે. તે વધુ સરળ છે એ પણ સમજાયું.

સુલભ ભક્તિમાર્ગ

હે ભગવન્! આપે કહેલા સાંખ્યનિષ્ઠા, સાંખ્યયોગ, સંન્યાસયોગ અથવા કર્મયોગ કિંવા કર્મમાર્ગ તથા જ્ઞાનમાર્ગ એટલે શું? તે સંબંધે મારી તમામ શૂંચો તો નીકળી જવા પામેલી છે. સિવાય આ જ્ઞાનમાર્ગ તો જે જિજ્ઞાસુ બુદ્ધિશાળી હોય, સારાસાર વિચાર કરવા શક્તિમાન હોય, તેઓને માટે જ ઉપયોગી છે; તેમજ પ્રાણોપાસના કરવી કઠણ હોવાથી યોગમાર્ગ પણ સર્વ સાધારણ લોકોને માટે સહેલો નથી. એટલા માટે કોઈ પણ મનુષ્ય ગમે તે વર્ણનો, ગમે તે જાતિનો તથા ગમે તે ઉદ્યોગ કરતો હોય, સ્ત્રી હો, શૂદ્ર હો, કિંવા અતિ શૂદ્ર હો પરંતુ જેમની પરમાત્મપ્રાપ્તિની તીવ્રતર ઇચ્છા હોય, તે તમામને માટે ઉપયોગી અને ફળમાં જ્ઞાન તથા યોગમાર્ગથી જે મળી શકે તેની જ બરોબરી કરી શકે એવો સાદો, સરળ અને સુલભ ભક્તિમાર્ગ આપે બતાવ્યો તે પણ મને સમજાયો.

ભક્તિમાર્ગ કોને કહેવો?

આ ભક્તિમાર્ગમાં તો જે પ્રત્યક્ષ આત્મા કિંવા બ્રહ્મસ્વરૂપ બની ગયેલી છે, તેવી વ્યવહારમાં જણાતી અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરેલી કોઈ પણ વ્યક્તિઓની જ ઉપાસના કરવામાં આવે છે; પછી તે હાલમાં હો કે પૂર્વે થઈ ગયેલી હો. તેવા જીવન્મુક્તો જ સર્વરૂપ છે એવા પ્રકારે તેની અનન્યભાવે ઉપાસના કરવામાં આવે છે. જેમકે આપ શ્રીકૃષ્ણ એટલે આ શરીરધારી મારા મામાના પુત્ર નહિ પરંતુ આત્મસ્વરૂપ ચરાચરમાં વ્યાપેલા છો. આ પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોમાં કોઈ પણ જગ્યા આપના વિના ખાલી નથી. વાણી, નેત્ર, મન, બુદ્ધિ ઇત્યાદિ વડે જે જે કાંઈ જાણવામાં આવે તે તમામ આપનું જ સ્વરૂપ છે. હું પણ આપનું જ રૂપ છું. કેમકે જેવી રીતે બધે આપની વ્યાપ્તિ છે તેવી જ રીતે આપ મારા શ્વાસોચ્છ્વાસ અને રગેરગમાં પણ વ્યાપેલા છો. હું જે જે કાંઈ કરું છું, કરાવું છું, બોલું છું, ચાલું છું, સંકલ્પ વિકલ્પો કરું છું કિંવા બુદ્ધિ વડે જે જે નિશ્ચય કરું છું તે તમામ આપનારૂપ છે. આપના સિવાય બીજું કાંઈ છે જ નહિ. આપની આજ્ઞા વડે જ સૂર્ય પ્રકાશ રહ્યો છે, ચંદ્ર શિતળ છે, વાયુ વાય છે, વહ્નિ ગરમ હોય છે, મહાસાગર પોતાની મર્યાદામાં સ્થિર રહે છે. પૃથ્વી ઉપર એક તણખલું પણ આપની આજ્ઞા વગર હાલી શકતું નથી. એવી રીતે અહંકાર અથવા અહંભાવને છોડી દઈ જે તમારે કિંવા રામ, વિષ્ણુ, શિવ, સૂર્ય, દેવી, ગણપતિ, હનુમાન, દત્ત કિંવા બ્રહ્મનિષ્ઠ એવા આત્મારામ સત્પુરુષો અથવા સદ્‌ગુરુઓ ઇત્યાદિ પૈકી ગમે તે ઇષ્ટદેવને પોતે જેને માનતા હોય, જેના પ્રત્યે સંપૂર્ણ રીતે શ્રદ્ધા ધરાવતા હોય તે, ઇષ્ટદેવ જ ઉપર મુજબ સર્વત્ર વ્યાપેલો છે, તેના સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારની અનન્ય એટલે જુદાપણાની ભાવના નહિ રાખતાં એકપણાની ભાવનાવડે તેની શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી ઉપાસના કરવી. સારાંશ એ કે, ભક્તિમાર્ગ એટલે વ્યક્ત ઉપાસના એવો અર્થ વ્યવહારમાં પણ રૂઢ છે. પછી તે ઉપાસ્ય દેવતા ગમે તેના અને ગમે તેટલા હોય, તેમાં મોટા નાનાનો ભેદ છે જ નહિ. જેને જે પ્રિય હોય, જેના ઉપર પોતાને સંપૂર્ણ શ્રદ્ધા હોય અને જે શાસ્ત્રમાન્ય હોય કિંવા જેણે પોતે સાક્ષાત્કાર કરેલો હોય એવો વ્યવહારમાં જણાતો કોઈ પણ બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત તે હાલમાં હો કે પૂર્વે થઈ ગયેલો હોય તેની પ્રત્યક્ષ કિંવા પ્રતિમારૂપે અનન્ય ભાવપૂર્વક દૃઢ શ્રદ્ધા વડે ઉપાસના કરવી એ જ ભક્તિમાર્ગનું સાચું લક્ષણ છે. તાત્પર્ય એ કે, ઉપાસના કરનાર ઉપાસકને પોતાને જે દેવતા ઉપર શ્રદ્ધા હોય તેની અથવા આત્મસાક્ષાત્કારી કિંવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુની ઉપાસના કરવાની છૂટ છે. તેને તેમ કરવામાં કાંઈ પ્રતિબંધ નથી પરંતુ એક

વખતે આ રીતે ઉપાસના શરૂ કરી એટલે ઉપર બતાવ્યા પ્રમાણે એ જ ચરાચરમાં વ્યાપક છે એવી દૃઢ શ્રદ્ધાવડે સર્વત્ર એક તેની જ ભાવના કરી અનન્ય ભાવે તેમની ઉપાસના કરવી, તેના સિવાય ભૂલથી પણ અન્યરૂપે દૃષ્ટિપાત કરવો નહિ. જગતમાં હું ઉપાસના કરું છું તે જ દેવ શ્રેષ્ઠ છે તથા બીજા કનિષ્ઠ છે એવી બુદ્ધિ થવી એ ઉપાસનાનું લક્ષણ નથી પરંતુ દ્વેષ કિંવા દાંભિકપણું છે એમ જાણવું. આ રીતે એક ભાવનાવડે જે ભક્તિ કરવામાં આવે તે જ ખરી વ્યક્તોપાસના ગણાય છે અને આ જ સાચો ભક્તિમાર્ગ કહેવાય છે.

ભક્તિમાર્ગ સુલભ કેમ ?

ભગવન્! આપે બતાવેલા આ વ્યક્ત ઉપાસના કિંવા ભક્તિમાર્ગ મને જ્ઞાન તથા યોગમાર્ગ કરતાં પણ ઘણો જ સીધો, સાદો, સરળ અને સહેલો જણાયો. આમાં બુદ્ધિની સારાસાર વિચારણા કિંવા હઠ વગેરે કશાની જરૂર નથી. સર્વ સામાન્ય લોકોને માટે તો એ ઘણો જ સુલભ છે. વળી આમાં કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી તેમ જ વ્રતો, તીર્થો, દાનો, યજ્ઞ, યાગ, યોગ, વેદાધ્યયન કિંવા ઇતર કોઈપણ સાધનો કરવાની આવશ્યકતા નથી. ફક્ત પોતાના ઇષ્ટદેવ જ ચરાચરમાં વ્યાપક છે, તે જ ભગવાન વા આત્મા છે, તેમના સિવાય આ જગતમાં બીજું કાંઈ છે જ નહિ, હું અને આ બધું પણ તેમનું જ સ્વરૂપ છે એ રીતે ચાલતાં, બોલતાં, ઊઠતાં, બેસતાં, સૂતાં, વિચાર કરતાં, સંકલ્પવિકલ્પ કરતાં, નિશ્ચય કરતાં, દેખતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં તથા શ્વાસોચ્છ્વાસ લેતાં, પોતાના ઇષ્ટ દેવતા વિના અંતઃકરણમાં બીજો કોઈ સંકલ્પ જ ઊઠવા નહિ દેવો તથા જે ઊઠે તો તરત જ તે પોતાના ઇષ્ટદેવ વા ભગવાનરૂપ જ છે એવી રીતે તત્કાળ તેને દાબી દેવો એટલું જ એક કાર્ય આમાં કરવાનું છે. આ જ ઈશ્વરાર્પણ કહેવાય અને આથી જ આપે પાછળ (અધ્યાય ૬ ને અંતે) તમામ કર્મો મારાં એટલે ભગવાનનાં જ છે એવા પ્રકારની બુદ્ધિથી કર્મ કરનારો હંમેશાં મારામાં જ પરોવાઈ અથવા પરાયણ થઈ રહેલો છે એમ કહેલું છે, વળી સંગવર્જિત એટલે બુદ્ધિ, મન, વાણી તથા શરીર ઇત્યાદિ દ્વારા જે જે કર્મો થાય છે તે તમામ ભગવાન સ્વરૂપ જ છે; એ રીતે દૃઢ નિશ્ચય રાખી ભગવાન સિવાય બીજા કશાનો પણ સંગ અંતઃકરણમાં ઉત્પન્ન જ થવા દેતો નથી તે સંગવર્જિત. તથા ચરાચરમાં જે આત્મસ્વરૂપ એવા મને જ દેખે છે એવો મારો નિર્વૈર ભક્ત અંતે આત્મસ્વરૂપ એવા મને જ આવીને મળે છે એમ જે કહેલું છે તે મારા ધ્યાનમાં સારી રીતે આવ્યું છે.

સજ્ઞાની અને અજ્ઞાની એવા ભેદ કેમ

ભગવન્! હું સમજી શકયો છું કે જે અર્થે ચરાચરમાં પરમાત્મા જ વ્યાપક છે, તેના સિવાય બીજું કાંઈ છે જ નહિ, જગતમાં અપરોક્ષ સાક્ષાત્કાર વડે સજ્ઞાન થઈ જેઓ આમ સત્ય તત્ત્વને પીછાને છે તેવા જીવન્મુક્ત પુરુષોના રૂપે પણ સર્વવ્યાપી એવા એ પરમાત્મા જ પોતે પોતાને પીછાની પોતામાં જ સ્થિત હોય છે તથા જગતમાં અજ્ઞાનીઓને અજ્ઞાનરૂપે જે કાંઈ જોવામાં આવે છે તે બધું પણ તેવે તેવે રૂપે સર્વવ્યાપી એવા પરમાત્માનું જ સ્વરૂપ છે છતાં તે બેમાં અપરોક્ષાનુભવી તો સાક્ષાત્ પરમાત્માનું જ સ્વરૂપ છે. એમ કહેવાનું કારણ એટલું જ કે હીરાની પરીક્ષા જેને નહિ હોય તેવો મનુષ્ય સામે પડેલા હીરાને જોવા છતાં તેને ઓળખી શકતો નથી તથા હીરાનો પરીક્ષક ઝવેરી તેને તત્કાળ ઓળખી શકે છે તેથી તેની શું કિંમત છે તે સારી રીતે જાણી શકે છે. આથી હીરાના પરીક્ષકની યોગ્યતા વ્યવહારદૃષ્ટિએ વધુ ગણાય છે. એટલું જ નહિ પરંતુ જ્યાં સુધી અજ્ઞાની મનુષ્ય હીરાનો પરીક્ષક બની શકે નહિ ત્યાંસુધી તેને પારખનાર ઝવેરીની કિંમત વધુ જ કહેવાય પણ જ્યારે તે હીરાને ઓળખી શકે છે ત્યારે તે બંને સમાન દરજ્જાના બને છે. એ રીતે અજ્ઞાની જનો આ બધું દૃશ્યજાળ જો કે આત્મસ્વરૂપ હોવા છતાં પણ જ્યાં સુધી તેવો અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરી શકતા નથી ત્યાંસુધી અજ્ઞાની, લાચાર, મૂઢ, દીન તથા પામર કોટીમાં ગણાય છે. પરંતુ જ્યારે તેઓ આત્માનુભવ પ્રાપ્ત કરે છે ત્યારે જ સજ્ઞાન થઈ અપરોક્ષાનુભવી જીવન્મુક્ત મહાપુરુષોની સાથે સમાનપણું પ્રાપ્ત કરી પરમાત્મા સ્વરૂપ બની શકે છે, આ દૃષ્ટિએ જ સજ્ઞાની અને અજ્ઞાની આ રીતના બેમાં પડતા ભેદોની કલ્પના શાસ્ત્રોમાં કરવામાં આવેલી છે, તે વાત પણ સારી રીતે મારા સમજવામાં આવી.

સાચા ભક્તિમાર્ગનું રહસ્ય

પ્રભો! સિદ્ધાંતશાસ્ત્રમાં પણ નિયમ છે કે, બેમાં એક ઉમેરીએ તો ત્રણ થાય અને ઉત્તર બરોબર છે યા નહિ તેની ખાતરીને માટે ત્રણમાંથી બે બાદ કરતાં એક રહે અને એક બાદ કરતાં બે શેષ રહે છે, એ રીતે જ્યારે અરસપરસ મેળ (તાળો) મળે ત્યારે જ ઉત્તર બરોબર છે એવી પાકી ખાતરી થઈ શકે છે તેમ આ તમામ દૃશ્ય પરમાત્મા સ્વરૂપ હોઈ હું પોતે પણ તે રૂપ જ છે અને એ પરમાત્મા એ જ શ્રીકૃષ્ણ નામવાળા મારી સામે સાક્ષાત્ ઉભેલા છે. આમ પરમાત્મા એટલે કૃષ્ણ અને કૃષ્ણ એટલે જ પરમાત્મા એ રીતે બંનેમાં પરસ્પર અભેદ દૃષ્ટિ રાખવી અને પોતાને પણ ભૂલી જવું. આ મુજબ પોતાને ભક્તિમાર્ગના અનુયાયી કહેવરાવનારા દરેક ઉપાસકે પોતપોતાના ઇષ્ટદેવતા જ પરમાત્મા છે તથા તે પરમાત્મા એટલે જ પોતાના ઇષ્ટદેવ હોઈ તે જ આ ચરાચરમાં વ્યાપક છે એ રીતે પરસ્પર અભેદ દૃષ્ટિ રાખીને તેવા એક ભાવે મને ભજે અને પોતાને એટલે હું એવા ભાવને પણ સાક્ષીસહ ભૂલી જવાનો પ્રયત્ન કરે તો જ તેને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ તે સાચો ભક્ત બની શકે છે. જ્યાં સુધી આવા પ્રકારની દૃઢ ભક્તિ થઈ શકતી નથી ત્યાં સુધી પરમાત્માનો સાક્ષાત્કાર થવો કદાપિ શક્ય નથી. આમ સાચો ભક્તિમાર્ગ કયો એનું રહસ્ય પણ હું સ્પષ્ટ રીતે આપના કથન ઉપરથી સારી રીતે સમજી શક્યો છું.

ધણીનું ધાર્યું જ થાય

ભગવન્! દરેક શાસ્ત્રો અને મહાનુભાવો કંઠશોષ કરી પોકારી પોકારીને કહી રહ્યા છે કે, જગતમાં ચરાચર એક પરમાત્મા જ વ્યાપેલો છે. તેની આજ્ઞા વગર એક તણખલું સરખુંએ હાલી શકતું નથી. પરમાત્મા સર્વવ્યાપી છે, સર્વકર્તા છે, સર્વહર્તા છે, સર્વભોક્તા છે, સર્વજ્ઞાતા છે, અખિલ બ્રહ્માંડ તેની સત્તા અને આજ્ઞાથી જ ચાલી રહ્યું છે. એવું એવું અમો સર્વ પણ ઉપર ઉપરથી તો ઘણું બોલ્યા કરીએ છીએ પરંતુ અંતરમાં તો તેવી શ્રદ્ધા અને દૃઢ નિશ્ચય હોતો નથી, પણ મોહ વડે ફસાઈ અમો અજ્ઞાનથી મિથ્યા અહંમમાદિ ભાવો રાખી આ મારું છે, આ મારું નથી, આમ થવું જોઈએ, આમ થવું નહિ જોઈએ, હું સારો છું, તું ખરાબ છે ઇત્યાદિ પ્રકારે મારું, તારું કર્યા જ કરીએ છીએ પરંતુ ખરેખર જો વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે આ બધું જ પરમાત્માનું અને પરમાત્મારૂપ છે, તો પછી અમારે માટે હું અને મારાપણાદિ ભાવો કરવાને અવસર અને સ્થાનક જ સિલકમાં ક્યાં રહે છે? તેમ જ આમ થવું નહિ જોઈએ અને આમ થવું જોઈએ ઇત્યાદિ કહેવાનો પણ અમોને શો અધિકાર છે? શું અમો તેનાથી વધારે ડાહ્યા છીએ? તેની સત્તા અને આજ્ઞા વડે વાયુ વહે છે, સૂર્ય તપે છે, ચંદ્રની ક્ષયવૃદ્ધિ થતી રહે છે, સમયસર વરસાદ પડે છે અને ઋતુઓ પોતપોતાનું કાર્ય નિયમિત રીતે કરે જાય છે. આ મુજબ સમસ્ત બ્રહ્માંડમાંનો સર્વ વ્યવહાર જેની સત્તા અને આજ્ઞાવડે આટલો બધો નિયમિત અને બિનચૂક ચાલી રહેલો જોવામાં આવે છે. અરે! આ ચાલી રહેલા નિસર્ગના નિયમ આગળ મનુષ્યોની બુદ્ધિનો ચંચુપ્રવેશ થવો પણ શક્ય નથી. વાણી, મન અને બુદ્ધિ આદિનો પણ પ્રેરક, બુદ્ધિની બાણરૂપ, વાણી, મન વા બુદ્ધિથી પણ અગોચર અવર્ણનીય અનિર્વચનીય એવો આ પરમાત્મા અમોને જે આપે છે કિંવા લે છે તે શું અમારું હિત નહિ સમજી શકતો હોય કે જેથી અમો મિથ્યા અહંમમાદિ ભાવો રાખી, આમ થવું જોઈએ, આ સારું થયું, આ નઠારું થયું, આ મળવું જોઈએ, આ નહિ મળવું જોઈએ વગેરે પ્રકારનો ખોટો બકવાદ શા માટે કર્યા કરીએ છીએ? અને તેમ કરવાથી શું વળે તેમ છે? 'ધણીનું ધાર્યું જ થાય' એવો પોકાર તો અમે રોજ કરીએ છીએ પરંતુ તે તો ફક્ત વાણીના વિલાસરૂપ જ છે કેમકે અમો અંદરખાને ગાડાની નીચે ચાલનારા કૂતરાની જેમ મિથ્યા અહંમમાદિભાવોનું સેવન કરી રહ્યા છીએ. જુઓ વ્યવહારમાં પણ આપણા કાર્યમાં કોઈ દખલગીરી કરે તો તે આપણને પરવડતું નથી, તો પછી પરમાત્માની સત્તા અને આજ્ઞાથી ચાલી રહેલા આ જગતાદિરૂપ કાર્યમાં અમોને દખલગીરી કરવાનો અધિકાર પહોંચે ખરો કે? અર્થાત્ બિલકુલ નહિ. તેણે જ કર્યું છે, કરે છે અને તે જે કરશે તે બધું પણ બરોબર જ છે. અમે ગમે તેટલા પોકાર

કરીશું તો પણ તે વ્યર્થ જ છે. તે તો પોતાનું ધાર્યું જ કરશે. એ રીતના દૃઢ નિશ્ચયવડે 'હું' ભાવનો મૂળમાંથી જ તેના સાક્ષીસહિત ઉચ્છેદ કરી નાંખી, અંતઃકરણમાં ભૂલેચૂકે પણ અહંમમાદિ ભાવોનું ઉત્થાન જ થવા નહિ પામે એ રીતની દક્ષતા રાખવી જોઈએ. આનું નામ જ સાચું સર્વાર્પણ યા ઈશ્વરાર્પણ છે એમ જાણવું. આ રીતે સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું એવું જે શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે તે પણ હવે સારી રીતે મારા સમજવામાં આવ્યું છે.

વગર કષ્ટે પરમાત્મપ્રાપ્તિનો માર્ગ

હે પ્રભો ! આ અતિ સુલભ એવો માર્ગ બતાવીને મારા ઉપર આપે ઘણો જ અનુગ્રહ દર્શાવ્યો છે. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને જ સર્વસ્વ માનીને નિર્ધારત(ધારણા રહિત) રહે છે, નાનાં બાળકો જેમ પોતાની માતાને પોતાનું સર્વસ્વ માનીને સામે ગમે તેવો મહાનમાં મહાન શત્રુ હોય તો તેને પણ હું મારી માને કહી દઈશ એમ કહીને પોતે નિર્ભય રહે છે, કુટુંબમાં જે કર્તા પુરુષ હોય તેની પ્રીતિ જે સંપાદન કરવામાં આવે તો વગર પ્રયત્ને બેઠા બેઠા નિર્ભય રીતે ખાઈ પી મોજમજા ભોગવી શકાય છે અથવા બાપદાદાઓએ કમાઈને રાખેલા ધનનો ઉપભોગ કરીને વગર મહેનતે બેઠા બેઠા આનંદ ભોગવવામાં આવે છે કેમકે ધનની પ્રાપ્તિને માટે કષ્ટ તો વડવાઓ વેઠી ગયા હોય છે તેમ આ ભક્તિમાર્ગમાં તો અત્યંત કષ્ટે આત્મસ્વરૂપ બનેલા એવા બ્રહ્મનિષ્ઠ સત્પુરુષો, મહાત્માઓ અથવા આપ સમા રામ, વિષ્ણુ, શિવ, દેવી, સૂર્ય, ગણેશ ઇત્યાદિ અવતારિકોને જ સર્વસ્વ ગણીને તેમના ખોળે રહીને નિર્ભય બનેલાઓને માટે પૂછવું જ શું ? શું રાજાની રાણી કદી ભીખ માગે ? કલ્પતરુના નીચે બેઠેલાને કોઈ વાતની ખોટ હોય ખરી કે ? અરે ! જેની પાસે ચિંતામણી હોય તેને જગતમાં શું અપ્રાપ્ય છે ? તો પછી અનેક બ્રહ્માંડોના નાયક એવા આત્મસ્વરૂપ બનેલા બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ કિંવા અવતારિકોને જ જેમણે સર્વભાવે પોતાના કરી લીધા હોય તેમને માટે તો અધોગતિની વાત જ ક્યાંથી ?

તમારી ખોળે નિર્ભય રહી શકાય છે

હે કૃષ્ણ ! હું આપને ભલે કૃષ્ણ સમજીને ગમે તેમ વર્તીશ પરંતુ જેમ દાગીનાને દાગીના સમજીને વ્યવહાર કરવામાં આવે તો પણ તેમાંના સુવર્ણપણાને કાંઈ હાનિ પહોંચતી નથી કિંવા નદીમાં પડેલી વસ્તુ તણાતી તણાતી અંતે સમુદ્રમાં જ જઈને મળે છે, તે સિવાય તેને જવાને બીજું કોઈ સ્થાન છે જ નહિ તેમ હું તથા આ જગતમાંના લોકો અને તેમનો કાયિક, વાચિક અને માનસિક ચાલતો તમામ વ્યવહાર તો જાણે અજાણે આત્મસ્વરૂપ એવા આપનામાં જ ચાલી રહ્યો છે. આમ છતાં મિથ્યાભિમાનીઓ હું કરું છું એમ માને તો ખરેખરે તે તદ્દન મૂર્ખપણું જ છે. જ્ઞાની અને અજ્ઞાની એ બેમાં ભેદ એટલો જ છે કે જેઓ આ મુજબનું સાચું રહસ્ય સમજીને અભિમાનથી રહિત થાય છે તેઓ તમારામાં જ આવીને તમારી સાથે એકરૂપતાનો અનુભવ લે છે તથા જેઓ મિથ્યા અભિમાન પકડી હું, તું, તે, આ, મારું, તારું, વગેરે એમ માને છે તેને વાસ્તવિક તેવી રીતે તમો જ તેવે તેવે રૂપે અનુભવમાં આવો છો છતાં જેમ કોઈ પારકાનો બોજો પોતે ઉઠાવી લઈ દુઃખને પામે છે તેમ તેઓ સત્ ચિત્ આનંદરૂપ એવા આપના સાચા સ્વરૂપનો અનુભવ નહિ લેતાં મિથ્યા અભિમાનને લીધે અવળે રાહે ચઢેલા હોઈ દુઃખમાં જ ડૂબેલા હોય છે. આ રીતે તમારી માયા વડે મોહ પામેલા આ મૂઢ લોકો વસ્તુતઃ આપ સર્વત્ર હોવા છતાં આપને નહિ ઓળખતાં પોતે મિથ્યા અહંકાર ધારણ કરી દુઃખ ભોગવી રહ્યા છે; જે ઘણું જ આશ્ચર્યની વાત છે. આ રીતે મને હવે આપની કૃપાથી આપના સાચા સ્વરૂપનું ભાન થયું છે તથા આપે મને ભક્તિમાર્ગનું અવલંબન કરવાને શા માટે આગ્રહ કર્યો તે પણ હું હવે સારી રીતે સમજી શક્યો છું. સિવાય, હે અનંત ! આપે મારા પર વરસાવેલી કૃપાનો તો પાર જ નથી. જે રૂપ મોટા મોટા તપસ્વીઓ, દાનેશ્વરીઓ, વેદાધ્યન કરનારાઓ તથા દેવાદિકો પણ જોવા સમર્થ થઈ શકતા નથી તે સ્વરૂપનો મને સાક્ષાત્કાર કરાવી આપે મારા ઉપરનો પ્રેમ ખરેખર પ્રકટ કર્યો છે. માટે મારી પાસે સ્તુતિ તથા નમસ્કાર વિના બીજું શું હોય ? મારો તમામ મોહ નષ્ટ થયો

છે તથા મને આપ પરબ્રહ્મરૂપ એવા સાક્ષાત્ ભગવાન જ છો, એની નિઃશંક ખાતરી થઈ ચૂકી છે. પરંતુ હે ભગવન્! મારા મનમાં એક શંકા ઉત્પન્ન થયેલી છે, જે માટે આપની આજ્ઞા હોય તો હું પ્રશ્ન પૂછું. આ રીતે અર્જુનનું નમ્રતાયુક્ત વચન સાંભળી ભગવાન શ્રીકૃષ્ણ અતિ પ્રસન્ન થયા અને બોલ્યાઃ હે પાર્થ! આનંદથી પૂછ. હું તારી શંકાનું તુરત સમાધાન કરીશ. કારણ કે તું હવે અજ્ઞાની રહ્યો નથી પણ પ્રબોધને પામ્યો છે.

अर्जुन उवाच—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।

ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

શ્રેષ્ઠ ઉપાસક કોણ ગણાય ?

ભક્તવત્સલ ભગવાને પ્રશ્ન પૂછવાનું અનુમોદન આપ્યા પછી અર્જુને ઘણી જ નમ્રતાથી પૂછ્યું: હે શ્રીકૃષ્ણ! આપ કે જે સાંખ્ય, યોગ તથા ભક્તિ એ ત્રણે માર્ગના આચાર્ય હોઈ સાક્ષાત્ ઈશ્વર છો, આપે મને અત્યારસુધી સાંખ્ય(જ્ઞાન), યોગ તથા ભક્તિ એ ત્રણે માર્ગનું નિરૂપણ કર્યું તે પૈકી જ્ઞાનમાર્ગમાં "આ હું નથી" તથા "આ સર્વ આત્મસ્વરૂપ છે" એ મુજબ બે પ્રકારના અભ્યાસક્રમો આપે કહ્યા તથા ભક્તિમાર્ગમાં હું શરીરધારી કૃષ્ણ* નહિ પરંતુ આત્મસ્વરૂપ અને ચરાચરમાં વ્યાપક એવો ભગવાન છે, એ પ્રમાણે માની ઉપાસના કરવા કહ્યું. આ રીતે સાંખ્ય કિંવા જ્ઞાનમાર્ગમાં અક્ષર એવા વ્યક્ત (શ્લોક ૧) અર્થાત્ આત્માની ઉપાસના બે પ્રકારે બતાવવામાં આવેલી છે પરંતુ વિચાર કરતાં તો તે બંને અંતે એક જ છે તેમ જ આ જ્ઞાનમાર્ગમાં બતાવેલી અવ્યક્ત એવી અક્ષરોપાસના પૈકી પણ સર્વ આત્મસ્વરૂપ છે, એવી ઉપાસના સરળ અને શ્રેષ્ઠ છે તથા "આ હું નથી" એવી નિરાસભાવની ઉપાસના વધુ કષ્ટદાયક છે, એમ આપે જણાવ્યું તે પણ મારી સમજમાં આવ્યું; પરંતુ આપે બતાવેલી આ સાંખ્ય વા જ્ઞાનમાર્ગની સર્વાત્મભાવ એટલે આ સર્વ હું જ છે એવા પ્રકારના કર્મયોગરૂપ ઉપાસના તથા ભક્તિમાર્ગની વ્યક્ત ઉપાસના કે મને શરીરધારી એવો કૃષ્ણ નહિ સમજતાં હું આત્મસ્વરૂપ ભગવાન છે એવા પ્રકારે આપની ઉપાસના કરવા કહ્યું. આ બેમાં મને વાસ્તવિક તો કંઈ ફરક જણાતો નથી, વળી અક્ષરોપાસનામાં પણ આ બધું અવ્યક્ત એવું આત્મસ્વરૂપ હોઈ તે પદ અનિર્વચનીય છે એવા પ્રકારના જ્ઞાનની જરૂર હોય છે તથા વ્યક્ત ઉપાસનામાં પણ આપ કેવળ આ શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ આત્મસ્વરૂપ એવા ભગવાન છો એમ સમજી આપની મૂર્તિને હંમેશાં નજર સામે ખડી રાખીને તે સ્વરૂપ જ સર્વત્ર વ્યાપેલું છે એવા જ્ઞાનની જરૂર છે. કારણ કે એવા પ્રકારનું સર્વાત્મભાવરૂપ જ્ઞાન ન હોય અને કેવળ વ્યષ્ટિભાવ વડે જ જો આપની ઉપાસના કરવામાં આવે તો તે પણ નિરર્થક ગણાય. તમો અહીં વ્યક્તિરૂપે જેમ ભારી રહ્યા છો તેમજ વાસ્તવિક સર્વત્ર સમષ્ટિ રૂપે પણ પ્રસરેલા છો, ચરાચરમાં આત્મસ્વરૂપ એવા આપ જ વ્યાપક છો, એવી રીતે આપની મૂર્તિને અધિષ્ઠાનરૂપ આત્મા પ્રતિનિધિ તરીકે સરળતાને માટે નજર સામે રાખીને સર્વાત્મભાવ વડે જો તેની ઉપાસના કરવામાં આવે તો જ આપના ખરા આત્મસ્વરૂપને જાણી શકાય છે, એ પણ આપના કથન ઉપરથી હું સારી રીતે જાણી શકયો. સિવાય આપે પ્રથમ (અધ્યાય ૭ તથા ૮ જુઓ) અવ્યક્ત અક્ષરની જ ઉપાસના શ્રેષ્ઠ છે, એમ કહ્યું. વળી પાછલા અધ્યાય ૧૧ ના અંતમાં આપે પોતાના આ અપર સ્વરૂપથી પણ શ્રેષ્ઠ એવું પર કિંવા આત્મારૂપ છે તથા એવા મારામાં

---

* શ્રીકૃષ્ણ ભગવાન એટલે શરીરધારી યા દેહધારી, યદુવંશમાં ઉત્પન્ન થયેલ અર્જુનના મામાનો દિકરો નહિ પણ તે અનિર્વચનીય એવા આત્મસ્વરૂપ જ છે એ રીતે મહાભારત ભીષ્મ પર્વ અધ્યાય ૬૫-૬૬ "વિશ્વોપાખ્યાન" માં પણ આપેલું છે તેમ જ ભાગવત વગેરે પુરાણોમાં પણ એ મુજબનાં વર્ણનો આવે છે તે જોવાં.

જ સર્વ કર્મોને અર્પણ કરવા જણાવ્યું છે, તો તે આપે અવ્યક્તા એવા અક્ષર સંબંધમાં કહ્યું કે, આપના વ્યક્ત સ્વરૂપની ઉપાસના સંબંધે કહ્યું, તેનો સ્પષ્ટ બોધ મને થતો નથી; માટે કહો કે, આ પ્રમાણે સતતયુક્ત એટલે નિરંતર આપનામાં જ યુક્ત થએલા જે ભક્તો હંમેશાં આપની જ ઉપાસના કરે છે એટલે જે આપના વિના બીજું કાંઈ જોતા જ નથી, જે હંમેશાં વ્યક્ત એવા આપના ધ્યાનમાં જ પરાયણ થએલા છે તે ભક્તિમાં તથા જે અક્ષરની અવ્યક્ત ભાવે ઉપાસના કરે છે એટલે આત્મામાં અહંમમાદિ દૃશ્યજાળ છે જ નહિ, એ રીતે ઉપાસના કરે છે તે બંને પૈકી યોગવિત્તમ અર્થાત્ યોગ જાણનારાઓ! અતિશય કુશળ એવા કોણ ગણાય ? ઉદ્દેશ એ કે, અક્ષરની અનહમ્ ભાવે નિર્ગુણ ઉપાસના કરનારા તથા તમારી સર્વાત્મભાવે સગુણ ઉપાસના કરનારા એ બે પૈકી શ્રેષ્ઠ ઉપાસક કોણ કહેવાય ? જો કે યોગ શબ્દ અષ્ટાંગયોગને માટે વ્યવહારમાં વધુ પ્રચલિત છે પરંતુ યોગ શબ્દ વાસ્તવમાં સાંખ્ય(જ્ઞાન) ભક્તિ તથા અષ્ટાંગયોગ એ બધાને માટે શાસ્ત્રોમાં વપરાયેલો છે.

અવ્યક્ત ઉપાસના શ્રેષ્ઠ કે વ્યક્ત

સારાંશ એ કે, જે પ્રમાણે જ્ઞાનમાર્ગમાં આ હું નથી, તે હું નથી ઇત્યાદિ નિઃશેષ ભાવની ઉપાસના કિંવા આ હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ સર્વાત્મભાવની ઉપાસના કરવામાં આવે છે તેમ ભક્તિમાર્ગની અંદર પણ નિર્ગુણ તથા સગુણ એમ બે પ્રકારની ઉપાસના થઈ શકે છે. (૧) અક્ષર બ્રહ્મની (ૐ રૂપે) જે ઉપાસના તે જ નિર્ગુણ કિંવા અવ્યક્ત ઉપાસના છે તથા (૨) પોતાના ઇષ્ટદેવ જ ચરાચર સર્વત્ર વ્યાપેલા હોઈ તેમના સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારની પોતે એકનિષ્ઠ ઉપાસના કરવી તે સગુણ અથવા વ્યક્ત ઉપાસના કહેવાય. આ રીતે ભક્તિમાર્ગમાં પણ ઉપાસનાના બે ભેદો પડી શકે છે. એ બે ભેદો મને તો જ્ઞાનમાર્ગની ઉપાસના કરતાં કિંચિન્માત્ર પણ ભિન્ન જણાતા નથી છતાં તેમાં જેમ "આ નહિ" "આ નહિ" એવી નિરાસરૂપ કિંવા સંન્યાસરૂપની ઉપાસના કરવા કરતાં " સર્વ આત્મરૂપ જ છે." એવા પ્રકારની સર્વાત્મભાવરૂપ ત્યાગ કિંવા કર્મયોગની ઉપાસના જ સામાન્ય વ્યવહારમાં વધુ સરળ અને શ્રેષ્ઠ છે એમ આપે કહ્યું છે. તો ભક્તિમાર્ગની એ બે ઉપાસના પૈકી અક્ષરબ્રહ્મની નિર્ગુણ એવી અવ્યક્ત ઉપાસના શ્રેષ્ઠ સમજવી કે સગુણ એવી વ્યક્ત ઉપાસના શ્રેષ્ઠ ગણવી ? જે ભક્ત અક્ષર એવા અવ્યક્તનું (શ્લોક ૧)નું જ નિત્યપ્રતિ ચિંતન કરે છે તથા જે વ્યક્ત એવા ઈશ્વરરૂપે આપનામાં હંમેશા યુક્ત થઈને નિરંતર આપ (શ્લોક ૨)નું જ ચિંતન કરે છે, તે બે પૈકી યોગવિદ્ એટલે યોગમાં શ્રેષ્ઠ કોણ ગણાય ! કારણ આપે પ્રથમ અક્ષર ઉપાસનાનું મહત્ત્વ વર્ણવ્યું છે તથા નિરંતન મારામાં જ યુક્ત થા એમ વ્યક્તોપાસનાનું શ્રેષ્ઠત્વ પ્રતિપાદન કરેલું છે તો તે બે પૈકી શ્રેષ્ઠ પ્રકાર કયો ? તે મને કૃપા કરીને કહો.

જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગની ઉપાસનાનો ભેદ

અર્જુનનો યોગ્ય પ્રશ્ન સાંભળીને ભગવાન સંતુષ્ટ થયા. તેમણે કહ્યું: હે વત્સ ! તું ખરેખર બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ હોવાથી જ તને આજે મોક્ષ કરાવી આપનારો આ સુવિચાર ઉત્પન્ન થયો છે. હવે તારા પ્રશ્નોનો ઉત્તર કહું છું તે સાંભળ. તું જે સમજ્યો છે તે બરોબર છે. વાસ્તવમાં ભક્તિ કિંવા જ્ઞાનમાર્ગમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી વળી નિઃશેષ વા વિલયનો અભ્યાસક્રમ તે જ નિર્ગુણ કિંવા અવ્યક્ત અક્ષરની ઉપાસના કહેવાય તથા સર્વાત્મભાવનો અભ્યાસક્રમ તે જ સગુણ કિંવા વ્યક્ત ઉપાસના કહેવાય. એ બંનેમાં જરા પણ ભિન્નતા નથી. એ વાત તદ્દન નિઃશંક છે. ભેદ તો ફક્ત નામનો જ છે. જે મેં તને પ્રથમ વખતો વખત કહેલું જ છે છતાં અજ્ઞાનીઓની દૃષ્ટિએ આ બેમાં શો ભેદ છે, તે તને વધુ સ્પષ્ટ રીતે કહું છું. જ્ઞાન માર્ગની અંદર બતાવેલા નિઃશેષ અભ્યાસક્રમમાં હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ કોઈ ભાવો છે જ નહિ એવા પ્રકારના નિશ્ચય વડે બુદ્ધિને તદ્દન શુદ્ધ અને નિર્મળ રાખવી પડે છે તથા અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાંની સાથે જ આત્મામાં કોઈપણ વૃત્તિનું ઉત્થાન વા અસ્તિત્વ જ કદી શક્ય નથી એ પ્રમાણે તેને તત્કાળ દાબી દેવી તથા વૃત્તિને જાણનાર પોતાનો પણ સાક્ષી ભાવ સહ વિલય કરવો પડે છે

અને ભક્તિમાર્ગની દૃષ્ટિએ નિર્ગુણ ઉપાસનામાં પરમાત્માનો વાચક કિંવા સંજ્ઞા દર્શાવનારો આદ્ય અક્ષર ॐ છે તે અનિર્વચનીય હોઈ તેના એટલે ॐ સિવાય બીજું કાંઈ પણ છે જ નહિ એ રીતે હું, તું, તે, આ, ઇત્યાદિ તમામ વૃત્તિઓને પ્રથમ ॐ રૂપ બનાવવી તથા પછી તેના સાક્ષીભાવનો પણ વિલય કરવો. આ રીતે પોતાસહ સાક્ષીભાવનો વિલય પણ ॐમાં જ કરવો પડે છે. અને તે ॐ તો અવ્યક્ત એવા અક્ષર સ્વરૂપ હોઈ અનિર્વચનીય જ છે, આ રીતે વાસ્તવિક જ્ઞાનમાર્ગની નિઃશેષ (नाहम्) ભાવના અભ્યાસની ઉપાસના તથા ભક્તિમાર્ગની નિર્ગુણ કિંવા અવ્યક્ત અક્ષરની ઉપાસનામાં ભેદ બિલકુલ નથી. હવે જ્ઞાનમાર્ગની સર્વાત્મભાવની (सोऽहम्) ઉપાસના તથા ભક્તિમાર્ગની વ્યક્ત કિંવા સગુણ ઉપાસના એ બંનેનો શો ભેદ છે તેનો વિચાર કરીશું.

સગુણ અને સર્વાત્મભાવની ઉપાસના એક જ છે

જ્ઞાનમાર્ગની સર્વાત્મભાવની ઉપાસના 'હું' 'તું' 'તે' 'આ' 'મારું' 'તારું' ઇત્યાદિ તમામ ભાવો આત્મસ્વરૂપ જ છે તથા તેને જાણનાર સાક્ષીસહ પોતે પણ આત્મસ્વરૂપ જ છે. આત્મરૂપથી ભિન્ન કાંઈ છે જ નહિ એવા પ્રકારે પોતાસહ સર્વત્ર આત્મભાવના કરવી પડે છે. અંતઃકરણમાં આત્મા વ્યતિરિક્ત અન્ય કોઈ પણ વૃત્તિનું કિંચિન્માત્ર પણ ઉત્થાન થવા નહિ પામે અને થાય તો તે આત્મસ્વરૂપ જ છે, એવી દૃઢ ભાવના વડે તેને તત્કાળ દાબી દેવું જોઈએ. એ રીતના અભ્યાસવડે બુદ્ધિને આ એક માર્ગમાં જ સ્થિર રાખવી પડે છે. તથા તેમાંથી કિંચિન્માત્ર પણ ચલાયમાન નહિ થાય તે માટે હંમેશ (સતત) સાવચેતી રાખવી પડે છે. તે પ્રમાણે ભક્તિમાર્ગની વ્યક્ત કિંવા સગુણોપાસનામાં પોતાનો જે ઇષ્ટદેવ હોય તે જ સર્વત્ર વ્યાપક છે એવો દૃઢ નિશ્ચય કરી તે જ આ સર્વરૂપે છે; જેમ કે કૃષ્ણરૂપી હું તારી સામે ઉભો છું તો તે કૃષ્ણ જ ચરાચરમાં વ્યાપક છે, તેના સિવાય બીજું કાંઈ છે જ નહિ; જે જે વસ્તુ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં કે સ્વાદ લેવામાં આવે તેમ જ કાયા, વાચા અને મન વડે જે જે કાર્યો થાય તે તમામ કૃષ્ણરૂપ હોઈ હું પણ કૃષ્ણથી અભિન્ન છું, આ રીતે અંતઃકરણમાંથી કૃષ્ણ વિના બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન સ્વપ્નમાં પણ નહિ થવા દેવું અથવા થાય તો તુરત જ તે કૃષ્ણ રૂપ છે એવી પ્રતિવૃત્તિ વડે તેને દાબી દેવું; આ રીતે સાક્ષી ભાવ સહ પોતે પોતાને પણ વિસરી જઈ સર્વત્ર કેવળ એક કૃષ્ણની જ ભાવના કરવી એટલો જ એક વિધિ આમાં કરવો પડે છે. વિચાર કરતાં જણાશે કે જ્ઞાનમાર્ગની સર્વાત્મભાવની તથા ભક્તિમાર્ગની આ સગુણોપાસના એ બેમાં વાસ્તવિક ભેદ બિલકુલ છે જ નહિ. એટલું જ નહિ પરંતુ આ જ્ઞાનમાર્ગના નાહમ્ સોહમ્ના અભ્યાસક્રમો તથા ભક્તિમાર્ગની સગુણ, નિર્ગુણ ઉપાસનામાં यत्किंचित् પણ ભેદ નથી, વળી તે સર્વનું ફળ પણ એક જ છે, એમ નિશ્ચયાત્મક સમજ.

श्रीभगवानुवाच—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।

श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥

સગુણ ઉપાસના શ્રેષ્ઠ કેમ ?

ભગવાન આગળ કહે છે કે, હે પાર્થ! ઉપર મેં તને અવ્યક્ત એવા અક્ષરની ઉપાસના કરનાર અર્થાત્ નિર્ગુણ ઉપાસક તથા વ્યક્ત કિંવા સગુણ ઉપાસના કરનાર ઉપાસક આ બંને ઉપાસકોની ઉપાસનાઓ વાસ્તવિક રીતે તો એક જ છે, તેમાં કિંચિન્માત્ર ભેદ નથી એમ જણાવ્યું છે. પરંતુ તું પૂછે છે તો તને હવે સ્પષ્ટ રીતે કહું છું કે, પુરાણકારો જેને વાસુદેવ કહે છે, યોગશાસ્ત્રકારો જેને ઈશ્વર કહે છે, સાંખ્યશાસ્ત્રકારો જેને પુરુષ કહે છે, વેદાંતીઓ જેને આત્મા, તત્ કિંવા બ્રહ્મ કહે છે તેમજ ઉપનિષદાદિ શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રોમાં જેને બ્રહ્મ, સત્, તત્, વિભુ, આત્મા, ઈશ ઇત્યાદિ નામો વડે સંબોધવામાં આવેલું છે તે જ હું હોઈ એવા

મારામાં મનને પરોવીને જેઓ હંમેશ યુક્તચિત્ત થઈ એટલે મારી સાથે જ જોડેલા ચિત્તવાળા અર્થાત્ તદાકાર થઈને પરમ શ્રદ્ધા વડે યુક્ત બની એટલે એકરૂપ થઈ અનન્યભાવે વ્યક્ત એવા મારી ઉપાસના કરે છે તેઓ બધા મારા મતે 'યુક્તતમા' એટલે શ્રેષ્ઠ યોગવેત્તાઓ છે.

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।

सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥

सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।

ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ ४ ॥

નિર્ગુણ તથા સગુણ ઉપાસકોને એક જ સ્થાનની પ્રાપ્તિ થાય છે

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! વળી જેઓ સર્વત્રગમ એટલે આકાશની પેઠે સર્વત્ર વ્યાપક, જેનું કદી ચિંતન પણ થઈ શકે નહિ એવા અચિંત્ય, કૂટસ્થ એટલે ગમે તેટલા આકારો ઘડાય પરંતુ એરણની જેમ વિકાર રહિત તથા નિત્યપ્રતિ સ્થિર ને સ્થિર જ રહેનારા, કદી પણ ચલાયમાન નહિ થનારા, ધ્રુવ એટલે કદી પણ સ્થાનભ્રષ્ટ નહિ થનારા અથવા પરિણામ ભાવથી રહિત, જે વ્યક્ત અર્થાત્ પ્રકટ નથી એવા અવ્યક્ત તથા અનિર્દેશ્ય એટલે જેનો કદિ નિર્દેશ થતો પણ શકય નથી એટલે જે સર્વ સંજ્ઞાઓથી રહિત હોઈ અનિર્વચનીય છે, એવા પ્રકારના નિર્ગુણ અક્ષરની નિત્યપ્રતિ ઉપાસના કરે છે, જેઓ ઇંદ્રિયોના સમૂહને એટલે સ્થૂલ તથા સૂક્ષ્મ ઇંદ્રિયો, તેના વિષયો તથા તે ગ્રહણ કરવાનાં સાધનો એ બધાને ઇંદ્રિયોનો સમૂહ કહે છે, તે સર્વને સંયમમાં લાવીને એટલે તે તમામ અનિર્વચનીય એવા અક્ષરરૂપ જ છે, એ પ્રકારે તેને પોતપોતાના વિષયો થકી પરાવૃત્ત કરીને કેવળ એક અવ્યક્ત સ્વરૂપમાં જ વિલીન રાખે છે અને અંતઃકરણમાં બીજી કોઈપણ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતા નથી. એ રીતે તમામ ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા અને જેઓ હંમેશ પ્રાણીમાત્રના હિતમાં જ રત થયેલા છે, જેમની બુદ્ધિ સર્વત્ર અક્ષર સ્વરૂપ એવા એક જ ભાવવાળી થયેલી છે, એવા સર્વત્ર સમબુદ્ધિવાળા ભક્તો પણ અંતે મને જ પામે છે. એટલે જેમ સાંખ્ય કિંવા યોગ એ બંને માર્ગના ઉપાસકો એક જ સ્થાનમાં જાય છે, સાંખ્યમાર્ગે જનારને માટે કોઈ નાનું સ્થાનક છે, તથા યોગમાર્ગે જનારાઓ માટે કોઈ મોટું સ્થાનક છે એવો ત્યાં ભેદાભેદ નથી તેમ અવ્યક્તરૂપે અક્ષરબ્રહ્મની નિર્ગુણ ઉપાસના કરનારાઓ તથા મૂર્તિરૂપે મારી સગુણ ઉપાસના કરનારાઓ એ બંને આત્મસ્વરૂપ એવા મને જ પામે છે. અર્થાત્ બંનેને એક જ સ્થાનની પ્રાપ્તિ થાય છે. તે બંનેને ધ્યેયપ્રાપ્તિ જુદી જુદી થતી હશે એમ સમજીશ નહિ.

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।

अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગના ઉપાસકોની યોગ્યતા

હે પાર્થ ! તને હવે સાચું રહસ્ય કહું છું કે, જેઓ અવ્યક્તમાં જ આસક્ત ચિત્તવાળા હોય છે તેઓને એટલે અક્ષર કિંવા નિર્ગુણ ઉપાસના કરનારાઓને અત્યંત કલેશ થાય છે, કેમકે દેહાભિમાનીઓ અર્થાત્ દેહ એટલે જ હું એવા નિશ્ચયવાળા ભક્તોને માટે અવ્યક્ત ઉપાસના ઘણા જ દુઃખવડે પામી શકાય તેવી છે. અવ્યક્ત કિંવા નિર્ગુણ ઉપાસના દુઃખદાયક તથા કષ્ટસાધ્ય કેમ અને વ્યક્ત કિંવા સગુણ ઉપાસના શ્રેષ્ઠ કેમ તેનો સંક્ષેપમાં વિચાર કરવો આવશ્યક છે.

સાંખ્ય કિંવા જ્ઞાનમાર્ગના ઉપાસકો તો બુદ્ધિમાન હોય છે. તેઓએ સારી રીતે વિચાર પૂર્વક સદસત્નું મનન કરી પ્રથમ હું એટલે કોણ તેનું સાચું જ્ઞાન મેળવેલું હોય છે. તેઓને હું એટલે દેહ છે એવો ભ્રમ કદી પણ હોતો નથી, કારણ કે વિવેકવડે તેઓને આત્મા કિંવા બ્રહ્મસ્વરૂપ એવા મારું પરોક્ષજ્ઞાન થયેલું હોય છે તેથી તેઓને અનહમ્ એટલે આ નહિ એવા નિઃશેષભાવનો અથવા સોહમ્ એટલે હું આત્મા છું તથા આ સર્વ પણ આત્મસ્વરૂપ એવા હું રૂપ જ છે, એવી રીતના સર્વાત્મભાવનો અભ્યાસ સુગમ પડે છે છતાં તેઓમાં પણ અનહમ્ને બદલે સર્વાત્મભાવનો અભ્યાસ વધુ સુલભ છે. તેમ ભક્તિમાર્ગના ઉપાસકો પૈકી કેટલાકો ભગવાનને નિર્ગુણ તથા કેટલાકો સગુણ હોવાનું માને છે. તેઓનો દેહાધ્યાસ ગયેલો હોતો નથી તેમ તેઓ સારાસાર વિચાર કરવાને પણ શક્તિમાન નહિ હોવાથી આ ભક્તિમાર્ગની યોજના પુરાણાદિ શાસ્ત્રોમાં કરવામાં આવેલી છે. પરમ શ્રદ્ધા અને ભક્તિવડે યુક્ત થઈ અનન્યભાવે તેનું અવલંબન કરવાથી પણ સાંખ્ય (જ્ઞાન) કિંવા યોગમાર્ગવાળો જે પદની પ્રાપ્તિ કરી શકે છે તે પદની પ્રાપ્તિ જ તેને થાય છે. આ દૃષ્ટિએ જ મેં પ્રથમ કહેલું છે કે અનન્ય ભાવવડે યુક્ત થઈ સતત મારામાં પરાયણ થનારા પછી તે જ્ઞાન(સાંખ્ય), યોગ કે ભક્તિમાર્ગવાળા હો તે સર્વે જ 'યુક્તતમા' અર્થાત ઉત્તમ યોગવેત્તાઓ જ છે.

સગુણોપાસનાની શ્રેષ્ઠતા કેમ ?

હવે બધા જ માર્ગવાળા શ્રેષ્ઠ કેમ એવી શંકા થવા સંભવ છે, તે માટે કહું છું. અવ્યક્ત કિંવા નિર્ગુણ ઉપાસના કરવાને માટે લાયક એવા બુદ્ધિમાનો કૃતયુગમાં વધુ પ્રમાણમાં હોય છે, ત્યાર બાદ જેમ જેમ કાળ વ્યતિત થાય છે તેમ તેમ ક્રમે ક્રમે લોકોની બુદ્ધિમંદતામાં વધારો થતો રહે છે, આથી તેમની મલિન થયેલી એ બુદ્ધિ પરમાર્થતત્ત્વ સમજવાને માટે લાયક રહેતી નથી અને કલિયુગમાં તો લોકો કેવળ જડ બુદ્ધિના જ બની જાય છે. આ (ગીતા કહેવામાં આવી તે) કાળ તો દ્વાપર યુગનો અંત અને કલિયુગનો આરંભ એ બેની વચલી સંધિનો છે. આ કલિયુગમાંના લોકો વેદાંત તથા શ્રુતિસ્મૃત્યાદિ ધર્મપાલન કરવાને માટે તદ્દન અશક્ત હોય છે. તેઓ પુરાણધર્મનું પાલન પણ મહા મહેનતે કરી શકે છે. તેવા મંદ બુદ્ધિવાળાઓને માટે અવ્યક્ત એવા અક્ષરની નિર્ગુણ ઉપાસના થવી ઘણી જ કઠણ પડે છે. આ રીતે કાળ અને સંજોગોને ધ્યાનમાં લેતાં આધુનિક યુગને માટે સગુણ ઉપાસના શ્રેષ્ઠ છે એવો મારો મત છે, એમ મેં ઉપર કહેલું છે. વળી ગમે તે માર્ગનું અવલંબન કરવામાં આવે તો પણ દરેક માર્ગે એક જ ધ્યેય પ્રાપ્ત થાય છે. વિશેષ સ્પષ્ટતાને માટે આકાશના દૃષ્ટાંતની સાથે સમજાવવામાં આવે તો સમજવામાં વધુ સરળતા થશે.

જ્ઞાનમાર્ગીઓને આકાશના સ્વરૂપના જ્ઞાનનું દૃષ્ટાંત

સમજો કે તદ્દન અજ્ઞાની બાળકોને આકાશનું જ્ઞાન આપવાનું છે. તે અજ્ઞાનીઓમાં પણ જે તીવ્ર બુદ્ધિવાળા હોય તેઓને તો તને જે આ કઠણ અને જડત્વનો ભાગ દેખાય છે તે પૃથ્વીતત્ત્વ કહેવાય છે. તેની ઉત્પત્તિ તે કરતાં પણ સૂક્ષ્મ એવાં જળ તત્ત્વમાંથી થયેલી છે. જળ વહ્નિમાંથી થયું છે. વહ્નિ (તેજ) વાયુમાંથી થયો છે તથા વાયુ આકાશમાંથી ઉત્પન્ન થાય છે. માટે તારે આકાશના સાચા સ્વરૂપનો અનુભવ લેવાની જરૂર હોય તો જ્યાં પૃથ્વી નથી, જળ નથી, વહ્નિ (તેજ) નથી તથા વાયુ પણ નથી એ રીતે આ બધા તત્ત્વોનો વિલય કરીને જે તત્ત્વ શેષ રહે છે તે જ આકાશ છે એમ જાણવું. આ રીતે આકાશનું શુદ્ધ સ્વરૂપ સમજાવી તેનું પરોક્ષજ્ઞાન થયા પછી આકાશનો અપરોક્ષ અનુભવ લેવાનું જણાવવામાં આવશે તથા જેઓ તીવ્ર બુદ્ધિશાળી હોતા નથી તેવા બીજાઓને તો પ્રથમ આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી વહ્નિ (તેજ), વહ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી એ પ્રમાણે ક્રમે આ બધો વિસ્તાર થયેલો જોવામાં આવે છે. તે સર્વનું મૂળ બીજ આકાશ હોઈ બીજાંકુર ન્યાયાનુસાર આ બધું પણ આકાશરૂપ જ હોવાથી સર્વત્ર આકાશની જ ભાવના કરી તેનો અનુભવ લેવાનું કહેવામાં આવે છે. આ બે અભ્યાસને જ સાંખ્યશાસ્ત્ર દ્વારા પ્રકૃતિપુરુષનો વિવેક થયા પછી બતાવવામાં આવતા જ્ઞાનમાર્ગવાળાઓના અનહમ્ અને

સર્વાત્મભાવરૂપ સોઽહમ્‌ના અભ્યાસક્રમો કહેવામાં આવ્યા છે, એમ સમજો. કારણ કે બંનેને આકાશ એટલે શું તેનું પ્રથમ યુક્તિપ્રયુક્તિદ્વારા જ્ઞાન કરાવ્યું તથા તું તો તે સર્વનો જાણનારો સાક્ષી કિંવા દ્રષ્ટા છે; એ પ્રમાણેનો સારી રીતે વિવેક કરાવ્યો. ત્યારબાદ આકાશને જેવું હોય તો જેમ સર્વમહાભૂતોનો વિલય કરવો પડે છે તેમ જોનારનો એટલે તારો અર્થાત્ હું ભાવનો પણ વિલય કરવો જોઈએ; એ રીતની યુક્તિવડે તીવ્ર બુદ્ધિમાનોને સમજાવવું પડશે, તથા બીજાને આ બધું પણ આકાશ રૂપ જ છે તેમ તારું શરીર પણ પાંચ મહાભૂતોનું જ છે અને તેમાં રહેનારો તું પણ તે રૂપ જ છે. આ પ્રમાણે અહં(હું) પછી તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ તમામ ભાવોનો નિરાસ સર્વાત્મભાવવડે કિંવા નિઃશેષ પદ્ધતિ વડે કરાવી નાખવો પડે છે. એ રીતે જ્ઞાનમાર્ગના અભ્યાસકોને સમજાવવાની પદ્ધતિ છે એમ સમજો.

ભક્તિમાર્ગવાળાઓને આકાશના સ્વરૂપના જ્ઞાનનું દૃષ્ટાંત

હવે નિર્ગુણ અને સગુણ ઉપાસકોને આકાશનું સ્વરૂપ પ્રાપ્ત કરી આપવાનું છે પરંતુ તેઓ જ્ઞાનમાર્ગવાળા જેવા યોગ્ય ચિકિત્સકો કિંવા બુદ્ધિમાનો હોતા નથી તેથી તેઓને પ્રકૃતિપુરુષનો વિવેક સમજવો મુશ્કેલ પડે છે. તેઓ તો ભાવિક તથા શ્રદ્ધાળુઓ હોય છે તેથી જ વ્યવહારમાં તેઓનો લાભ દાંભિકો પણ લઈ શકે છે તથા તેઓને અવળે માર્ગે ચઢાવી પોતાના પંથાભિમાનના ફંદમાં ફસાવી શકે છે. તેવા પ્રકારના સ્વાર્થસાધુ અને દંભી દુરાગ્રહીઓ દયાને પાત્ર છે. તે સંબંધે અત્રે વિચાર કરવો અસ્થાને ગણાશે. આપણે તો સાચા ભક્તિમાર્ગના પ્રણેતાઓ કે જે ધર્મ, પુરાણમાં ભાગવતધર્મના નામે પ્રસિદ્ધ છે, તે માર્ગના સાચા જિજ્ઞાસુઓનો જ વિચાર કરવાનો છે, તેવાઓને પરમાત્મસ્વરૂપનું સાચું જ્ઞાન શી રીતે થાય તે સંબંધે વિચાર કરવાનો હોઈ તેમાં સગુણ ભક્તિ જ કેમ વિશેષ શ્રેષ્ઠ કહેવાય તે આકાશના ઉદાહરણ સાથે સિદ્ધ કરવાનું છે.

અવ્યક્ત ઉપાસના કષ્ટસાધ્ય કેમ ?

વ્યવહારમાં કોઈ બાળક પૂછે કે આકાશ કયાં છે ? તો તેને જ્યાં ઊંચામાં ઊંચે નજર પહોંચી શકે છે અને જે ભાગમાં વાદળી રંગ જેવું દેખાય છે તે તરફ આંગળી વડે બતાવવું પડશે એટલે તુરત બાલક શ્રદ્ધા વડે પાલકે બતાવેલું એ જ આકાશ છે તથા તેનો રંગ વાદળી હોય છે એમ માની લઈ નિઃશંક રીતે તેનો અભ્યાસ કરે છે. તેમ આ ભક્તિમાર્ગના નિર્ગુણ ઉપાસકોને તો ભગવાનનું સાચું સ્વરૂપ અવ્યક્ત છે, નિર્ગુણ છે, અક્ષર એટલે જેનો કદી નાશ થતો નથી એવું છે, તેને જ ૐકાર કહે છે. આ રીતે સમજાવતાંની સાથે જ તે શંકા રહિત થઈને શ્રદ્ધાવડે તત્કાળ ભગવાન નિર્ગુણ હોઈ તેનું ૐ એ જ સ્વરૂપ છે, એમ માની લઈ તે ઘોરણે અભ્યાસ કરવા મંડી પડે છે, પરંતુ પોતે વ્યક્ત તથા દેહાભિમાની હોવાથી અવ્યક્ત ઉપાસના કરતી વખતે મનમાં ફરીફરીથી તેને ભ્રમ ઉત્પન્ન થતો રહે છે, છતાં શ્રદ્ધાવડે ભગવાન નિર્ગુણ જ છે અને ૐ એ જ તેનું સ્વરૂપ છે, આ મુજબ નિઃશંક થઈને ફરીફરીથી તે ઉપાસના દૃઢ કરતો રહે છે. આમ ઉપાસના પૂર્ણ થતાં સુધીને માટે તેને વચ્ચે વચ્ચે શંકા થઈ ભ્રમ પેદા થતો રહે છે અને તે ફરીફરીથી શંકાઓનો ત્યાગ કરીને પોતાની ઉપાસના દૃઢ રીતે આગળ ધપાવે જાય છે. આ રીતે વ્યક્ત અવ્યક્તના માનસિક ઝઘડાઓમાંથી તેને ઉપાસના પૂર્ણ થતાં સુધી વખતો વખત પસાર થવું પડે છે. આમ ઘણાં જ કષ્ટોને અંતે પોતે તેમાંથી તદ્દન નિઃશંક બની પાર ઉતરે છે. કારણ દેખીતું જ છે કે ઉપાસક પોતે વ્યક્ત છે અને તે જેની ઉપાસના કરે છે તે અવ્યક્ત છે. આ બંને પરસ્પર વિરુદ્ધ તત્વો હોવાથી તેમાં પૂર્ણ ઐક્યભાવ થતાં સુધી ઘણી કપરી પરીક્ષાઓમાંથી તેને પસાર થવું પડે છે. વળી દેહાધ્યાસ પણ અતિશય દૃઢ હોય છે. ભગવાન અને હું જુદા છીએ તથા હું એટલે આ શરીરધારી છું એવો ભેદાભેદ તો ઊભો જ હોય છે; આથી અવ્યક્તની ઉપાસના કરનારાઓને આ ભેદભાવ નષ્ટ થતાં સુધી મનમાં અનેક પ્રકારની ચંચળતા અને વિહ્વળતા ઉત્પન્ન થતી જ રહે છે, તેને મન તથા ઇંદ્રિયોને તાબામાં રાખવી કઠણ થઈ પડે છે. આ રીતે અભ્યાસ કરતાં પોતે પણ ભગવાન છે એ મુજબ તે જ્યાં સુધી ઐક્યભાવને પ્રાપ્ત

થાય નહિ ત્યાં સુધી તેને અનેક પ્રકારનાં કષ્ટોમાંથી પાર ઉતરવું પડે છે. સગુણ ઉપાસનામાં પણ જો કે અનન્યભાવ થતાં સુધી કષ્ટ તો થાય છે પરંતુ તેના ઉપાસ્ય સગુણ હોવાથી તેની મૂર્તિનું ધ્યાન કરવાનું તુરત ખ્યાલમાં આવી જાય છે. વળી વિચાર કરીને જો કે આ બધું આકાશ છે, એ અભ્યાસ જેટલો સુગમ પડે તેટલો આ બધું આકાશ નથી એ અભ્યાસ વ્યવહારદૃષ્ટિએ પણ વધુ કઠણ, કલેશદાયક અને દુઃસાધ્ય છે. એટલા માટે જ અવ્યક્ત ઉપાસના ઘણા જ શ્રમ વડે સાધ્ય થઈ શકે તેવી હોય છે એમ કહેવામાં આવ્યું છે, હવે સગુણ ઉપાસના કેમ સુગમ છે તેનો વિચાર કરવો રહ્યો [૧]

સગુણ ઉપાસનાની પદ્ધતિ

આ સગુણ ઉપાસનામાં તો એક જ વાત. જેમ લાકડાં તોડવાને માટે તે લાકડાં પૈકી ગમે તે એક મજબૂત લાકડાનો દાંડો લઈ કુહાડી તૈયાર કરવામાં આવે છે તથા પછી તે કુહાડી વડે જ સર્વ જંગલો તોડીને સફાચટ કરી શકાય છે તેમ જેઓ આત્મસ્વરૂપ બનેલા છે તેવા કોઈ પણ મહાત્મા અથવા કૃષ્ણ, રામ, વિષ્ણુ, શિવ, ગણેશ, રુદ્ર, સૂર્ય, દેવી, ભૈરવ, હનુમાન ઇત્યાદિ પુરાણપ્રસિદ્ધ વિભૂતિવિશેષો પૈકી પોતાને જે મૂર્તિ કિંવા આત્મવિદ્ મહાત્મા ઉપર ભાવના હોય તે પૈકી કોઈ પણ એક મૂર્તિને દૃઢ ભાવનાવડે આ જ સર્વવ્યાપી ભગવાન છે એમ નિશ્ચયપૂર્વક માની તે જ આ સર્વરૂપે છે, તેના સિવાય બીજું કંઈ છે જ નહિ. એવી રીતે ચરાચરમાં તેની જ એક દૃઢ ભાવના કરવી, તેના સિવાય બીજી કોઈપણ ભાવના નહિ કરવી. એવી રીતે જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સંકલ્પમાં કે બુદ્ધિવડે જાણવામાં આવે તે સર્વને આ બધું પોતાના ઇષ્ટદેવતા રૂપ જ છે, તેના સિવાય બીજું કાંઈ છે જ નહિ, ચાલતાં, બોલતાં, શ્વાસ લેતાં, સૂતાં, બેસતાં કે ગમે તે ક્રિયા કરતી વખતે તે સર્વ પોતાના ઉપાસ્ય એવા ભગવાનરૂપ જ છે, તેમનાથી જુદું કાંઈ પણ છે જ નહિ એવી રીતે દૃઢ શ્રદ્ધા અને ભક્તિવડે તદ્દન નિઃશંક થઈ પોતાના ઇષ્ટની અનન્યભાવે ભક્તિ કરવી, એ જ એક સગુણ ઉપાસનાનું મુખ્ય રહસ્ય છે. ઉદેશ એ કે, જેમ હજારો લાખો ચોખાના દાણા હોય તે પૈકી એકને હાથમાં લઈ આ બીજો દાણો પણ મારા હાથમાં રહેલા પ્રથમ દાણાનું જ રૂપ છે, જે આ છે તે જ આ છે, ત્રીજો પણ તે જ છે. એ રીતે હજારો દાણાઓને એક રૂપે જ બનાવી દેવા તે પ્રમાણે સર્વત્ર ચરાચર વ્યાપક એવા એક પરમાત્મા કે જે પોતે જ ચરાચર રૂપે બનેલા છે, આ પાંચ મહાભૂતો અને તેમાંનો અનેકવિધ નામરૂપાદિ વડે ચાલી રહેલો તમામ વ્યવહાર પણ તેનું જ સ્વરૂપ છે, તે ભગવાનના ચરાચરત્વમાંની કોઈપણ એક વ્યક્તિ કે જેણે આત્મસાક્ષાત્કાર કરેલો હોય તેને તે ભગવત્ સ્વરૂપ છે એવા દૃઢ નિશ્ચય વડે માની લઈ તેની જ સર્વત્ર ભાવના કરવી, આ જ એક ભક્તિમાર્ગની સાચી રીત છે. ખાતાં, પીતાં, વાંચતાં, ચાલતાં, નિઃશ્વાસ અથવા ઉચ્છ્વાસ લેતાં પોતાના ઇષ્ટ વગર બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના દૃઢ નિશ્ચયવડે અનન્યભાવે ઉપાસના કરવી. કોઈનો પણ દ્વેષ નહિ કરવો, કોઈને પણ મોટા નાનો નહિ ગણવો ઇત્યાદિ. અમુક દેવ મોટા, અમુક નાના, અમુક ત્યાજ્ય અને અમુક ગ્રાહ્ય એવી દૃષ્ટિથી થતી ભક્તિ એ સાચી ભક્તિ નહિ પરંતુ દંભ કહેવાય છે. માટે રાગદ્વેષાદિ તમામ દ્વૈતભાવનાનો ત્યાગ કરીને અનન્ય ભાવે સર્વત્ર એક પોતાના ઇષ્ટદેવતાની જ ભાવના કરવી. એ જ સગુણ ઉપાસનાનું રહસ્ય હોવાથી તેમાં વ્રત, તપ, ઉપવાસ કે બહાર કોઈપણ કષ્ટો સહન કરવાં પડતાં નથી, તેમ જ ગમે તે, ગમે ત્યારે અને ગમે તેવી રીતે કરી શકે છે. તેમાં જ્ઞાત, જાત, વર્ણ, ઊંચ, નીચ, સ્થાન, કાળ, દેશ, ક્રિયા ઇત્યાદિ કશો પણ ભેદભાવ હોતો નથી સ્ત્રી, શૂદ્ર, અતિશૂદ્ર, મહાશૂદ્ર, ઇત્યાદિ ગમે તેને કરવાની છૂટ છે. આ સુજ્ઞ આ સગુણોપાસના અતિવિસ્તૃત હોઈ તદ્દન સરલ અને સુલભ છે. એટલું જ નહિ પણ કલિયુગમાં જડવાદ અને બુદ્ધિમંદતામાં ફસાયેલા લોકોને શાંતિને માટે આ માર્ગ જ વધુ શ્રેયસ્કર છે, તે સારી રીતે સમજી શકાશે. વળી તેને શાસ્ત્રકારો શ્રેષ્ઠ કેમ કહે છે તેની કલ્પના પણ આથી આવી શકશે. વસ્તુતઃ તો ભક્તિમાર્ગ તથા જ્ઞાનમાર્ગ એક જ છે. એ સંબંધે શાસ્ત્રમાં નીચે પ્રમાણે કથન છે.

---

૧ ઉપાસના સંબંધમાં વધુ વિવેચન માટે દત્તપરશુરામ ઉપાસનાખંડ જુઓ.

જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ એક જ છે

પરમેશ્વર કે જેમના ચરણકમળ ભજવા યોગ્ય છે તેમનું સર્વભાવે ગુણોના આશ્રયવાળી ભક્તિથી એટલે સગુણભક્તિ વડે સતત ભજન કરવું જોઈએ. કેમ કે આત્મરૂપ એવા આ વાસુદેવ ભગવાનની સારી રીતે કરેલી ભક્તિ જ વૈરાગ્ય તથા બ્રહ્મસ્વરૂપને ઓળખાવી આપનારા જ્ઞાનને ઉત્પન્ન કરે છે વિષયો વાસ્તવમાં બ્રહ્મરૂપ હોવાથી સમાન જ છે છતાં તેઓમાં ઇંદ્રિયોની વૃત્તિઓ થકી આ પ્રિય છે અને આ અપ્રિય છે, એવી વિષમતાની દ્વૈત વૃત્તિઓ વગર કારણે પેદા થવા પામે છે. તેવી વિષમતા જ્યારે ભક્તના ચિત્તમાં કદી પણ ઉદ્ભવે નહિ એટલે અંતઃકરણમાંથી બ્રહ્મવ્યતિરિક્ત બીજી કોઈ પણ દ્વૈત વૃત્તિનું ઉત્થાન જ થવા પામે નહિ અને જ્યારે પોતા સહિત સર્વનું વિરમરણ સ્વાભાવિક રીતે જ થવા પામે છે, ત્યારે જ પોતાનો પરમાનંદ સ્વરૂપ પ્રાપ્ત થવાનો નિશ્ચય થાય છે કે જે સ્વરૂપ સર્વમાં સમાન, જ્ઞાનમય, સંગરહિત તથા ગ્રહણ અને ત્યાગ એ બંને પ્રકારો તેમ જ કોઈ પણ અન્ય વિભાગોથી રહિત છે. માત્ર જ્ઞાનસ્વરૂપ એવા આ એક પરબ્રહ્મ પરમાત્મા જ ઈશ્વર, પુરુષ, ભગવાન, દ્રષ્ટા અને દૃશ્ય આદિ શબ્દોથી પ્રસિદ્ધ હોઈ જીવ, શરીર, વિષયો અને ઇંદ્રિયાદિ ભિન્ન ભિન્ન રૂપે હોય એમ ભાસે છે. સર્વ પ્રપંચનો સંગ મટી જવો એટલું જ એક યોગીને સઘળા યોગોવડે પામવાનું વાંછિત ફળ છે. નિર્ગુણ અને જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ જ ભ્રાન્તિને લીધે બહિર્મુખ ઇંદ્રિયોથી જુદા જુદા શબ્દાદિક ધર્મોવાળા પદાર્થરૂપે દેખવામાં આવે છે. વસ્તુતઃ બ્રહ્મથી ભિન્ન એવો કોઈ પણ પદાર્થ છે જ નહિ. જેમ પ્રથમ એકરૂપે રહેલ પરબ્રહ્મ પરમાત્મા જ પ્રધાન, મહત્તત્ત્વ, અહંકાર, અહંકારના ત્રણ ગુણો, પાંચ મહાભૂતો, તેની સૂક્ષ્મ તન્માત્રા તથા અગિયાર ઇંદ્રિયો, અધિદેવતા અને જીવ ઇત્યાદિરૂપે થયો. ત્યારપછી તે સૂક્ષ્મમાંથી વિરાટના સ્થૂલ દેહના અભિમાની એવા સમષ્ટિ પુરુષ સ્વરૂપે થયો. તે વિરાટ પુરુષનું શરીર તે જ આ બ્રહ્માંડ તથા જગતરૂપે જોવામાં આવે છે. આ વિરાટ શરીર ધારણ કરનારો અભિમાની જીવ એટલે સમષ્ટિ જીવ બ્રહ્મદેવ કહેવાય છે, તેનું આ સ્થૂલ વિરાટ એવું શરીર મહત્તત્ત્વ અહંકાર આદિ કારણતત્ત્વો વડે ઉત્પન્ન થયેલું છે, ઉદ્દેશ એ કે, સર્વ સમષ્ટિ વ્યષ્ટિ, જગત જીવ તથા તેનાં મહત્તત્ત્વાદિ કારણતત્ત્વો પરબ્રહ્મ એવા પરમાત્મારૂપ જ છે. શ્રદ્ધા, ભક્તિ, વૈરાગ્ય અને નિરંતર આ સર્વ પરબ્રહ્મરૂપ પરમાત્મા જ છે એવા પ્રકારના યોગ્ય અભ્યાસવડે જેનું ચિત્ત એકાગ્ર અર્થાત્ એક જ ધ્યેયમાં લાગેલું હોય છે, એવો સંગરહિત પુરુષ જ આ વાતને યથાર્થ રીતે જાણે છે, બ્રહ્મસ્વરૂપને પડોંચાડનારું આ જ્ઞાન મેં તારી પાસે કહ્યું કે જેથી પ્રકૃતિપુરુષનું તત્ત્વ જાણવામાં આવે તેમ જ નિર્ગુણ જ્ઞાનયોગ તથા મારા ભક્તિયોગ એ બંને એક જ હોઈ તેમનું પ્રયોજન પણ દ્વૈતભાવ મટાડવો એ જ એક છે કે જે બ્રહ્મરૂપ ઈશ્વરે પોતેજ સ્વમુખેથી કહેલું છે.

એક જ ભગવાન સગુણ અને નિર્ગુણરૂપે જાણવામાં આવે છે

જેમ રૂપ અને રસાદિ ઘણા ગુણવાળો દૂધ જેવો એકજ પદાર્થ જુદી જુદી ઇંદ્રિયોથી અનેક પ્રકારનો જણાય છે; જેમ કે તે આંખો વડે ધોળો દેખાય છે, જીભવડે મધુર વા સ્વાદિષ્ટ લાગે છે તથા ત્વચા વડે શીતળ જણાય છે, તેમ બ્રહ્મરૂપ ભગવાન સ્વયં એક જ હોવા છતાં જુદાં જુદાં શાસ્ત્રો વડે જુદે જુદે રૂપે જણાવાય છે. પૂર્ત એટલે કૂવા, વાવ ઇત્યાદિ કરાવવાં તથા દૃષ્ટ એટલે યજ્ઞયાગાદિ જેવાં કર્મો કરવાં. યજ્ઞ, દાન, તપ, વેદાધ્યયન, વેદના અર્થનો વિચાર, વેદે નિષિદ્ધ કરેલી વસ્તુઓનો અને કર્મનો ત્યાગ, અનેકાંગી યોગાભ્યાસ તથા ભક્તિમાર્ગ, સકામ અને નિષ્કામ ધર્મ, પ્રવૃત્તિ કિંવા નિવૃત્તિમાર્ગ, જ્ઞાન વા સાંખ્યમાર્ગ તથા દૃઢ વૈરાગ્ય ઇત્યાદિ અનેક માર્ગો વડે સ્વયંપ્રકાશ અને બ્રહ્મસ્વરૂપ એવા એક જ ભગવાન સગુણ કિંવા નિર્ગુણરૂપે જાણવામાં આવે છે. (ભા૦ સ્કં૦ ૩, અ૦ ૩૨, શ્લોક ૨૨ થી ૩૬).

કાર્યકારણરૂપે પણ સર્વત્ર એક જ પરમાત્મા વ્યાપેલો છે

મૌન, વ્રત, સચ્છાસ્ત્રશ્રવણ, તપ, અધ્યયન, સ્વધર્મ, વ્યાખ્યાન, એકાંતવાસ, જપ અને સમાધિ, એ દશ મોક્ષના ઉપાયો છે એ વાત તો ખરી પરંતુ એ ઉપાયો તો અજિતેંદ્રિય એટલે જેણે પોતાની ઇંદ્રિયોને

જીતેલી નથી અર્થાત ઇંદ્રિયો તથા તેના તમામ વિષયોને એક આત્મસ્વરૂપ એવા પરમાત્મામાં હોમેલા નથી તેવાઓને માટે તો કેવળ પેટ ભરવાના સાધન કિંવા વ્યાપારરૂપે નીવડે છે અને દાંભિક લોકોને માટે તો તે પેટ ભરવાના સાધનરૂપ થાય છે કે નહિ તે કાંઈ કહી શકાતું નથી. કેમ કે બીજમાંથી અંકુર તથા અંકુરમાંથી ફરીથી બીજ એ પ્રમાણે પ્રવાહરૂપે ચાલ્યા કરતા આ અંકુર એટલે કાર્યરૂપ બ્રહ્માંડ તથા તેના બીજરૂપ મહત્તત્ત્વાદિ કારણતત્ત્વો, એ રીતે ચાલી રહેલા આ બને પ્રવાહો પણ બ્રહ્મસ્વરૂપ એવા એક જ ભગવાનનાં રૂપો છે, તેનાથી કિંચિન્માત્ર પણ જુદા નથી એમ વેદ કહે છે. બે લાકડાંના ઘર્ષણ વડે જેમ લાકડામાં અગ્નિ દેખાય છે તેમ જિતેંદ્રિય એવા ભક્તિયોગી પુરુષોને આ કાર્ય કારણ બન્નેમાં ફક્ત એક ભગવાન જ જોવામાં આવે છે. આ કાર્યકારણાદિની ઉત્પત્તિ, અસ્તિત્વ તથા લય પણ બ્રહ્મસ્વરૂપ ભગવાન સિવાય બીજું કાંઈ છે જ નહિ તેમ તે બધા રૂપે પણ એ ભગવાન જ છે. માટે હે પરમાત્મન્! વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ, જળ, શબ્દાદિ વિષયો, પ્રાણ, ઇંદ્રિયો, મન, ચિત્ત, અહંકાર દેવતાઓ, સ્થૂલ અને સૂક્ષ્મ ભૂતાદિ સઘળું આપ જ છો. મન અને વચનથી જે જે કંઈ પ્રકાશે છે તે સર્વ પણ આપ જ છો. ગુણો, ગુણવાન, મહત્તત્ત્વાદિક, મન, બુદ્ધિ વગેરે દેવતાઓ અને મનુષ્યો એ બધા આદિ તથા અંતવાળા છે તથા આપ તો આદિઅંતથી રહિત છો તેથી તે સર્વથી પર છો. તે પૈકી કોઈ પણ આપના સાચા સ્વરૂપને જાણી શકતા નથી, એ રીતે વિચારીને જ્ઞાની લોકો અધ્યયનાદિ સઘળું છોડી દઈ ચિત્તની એકાગ્રતાપૂર્વક બ્રહ્મસ્વરૂપ એવા એક આપની ઉપાસના જ અહર્નિશ કર્યા કરે છે. માટે હે પૂજ્ય! સર્વભાવે આપને જ પ્રણામ, આપની જ સ્તુતિ, આપનામાં જ સર્વકર્મોનું અર્પણ, આપનું જ પૂજન, આપના ચરણોનું જ નિત્યપ્રતિ સ્મરણ અને અહર્નિશ આપની જ કથાનું શ્રવણ; એ રીતે છ અંગોવાળી આપની સેવા વિના પરમહંસની ગતિરૂપ એવા આપની ભક્તિ લોકો કેવી રીતે સંપાદન કરી શકે? તાત્પર્ય કે, આપની ભક્તિ ઉપરના છ પ્રકાર વડે જ થઈ શકે છે (ભક્ત પ્રહ્લાદની સ્તુતિ ભા૦ સ્કં૦ ૭ અ૦ ૯ શ્લો૦ ૪૬ થી ૫૦ સાકાર નિરાકાર એક જ છે તે માટે જુઓ અધ્યાય ૬ શ્લો૦ ૧, પૃષ્ઠ ૩૨૧).

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ ६ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥७॥

ભક્તિ થયેલાનો ઉદ્ધાર હું જ કરું છું

ઉપરના વિવેચન ઉપરથી પણ સ્પષ્ટ રીતે જાણી શકશો કે સાકાર અને નિરાકાર બન્ને એક જ પરમાત્માનું સ્વરૂપ છે, એટલું જ નહિ પરંતુ જ્ઞાન ઉપાસના તથા ભક્તિમાર્ગની ઉપાસનામાં યત્કિંચિત્ પણ ભેદ નથી. વ્યવહારમાં કોઈ વીંટી કહે કિંવા સોનું કહે અથવા કોઈ મણ કહે કે કોઈ ચાળીશ શેર કહે, તે બંનેમાં યત્કિંચિત્ પણ ભેદ નથી, તેમ બ્રહ્મ, આત્મા, સત્, ચિત્, આનંદ, પરમેશ્વર, ભગવાન, વાસુદેવ ઇત્યાદિ કોઈ પણ નામ વડે સંબોધવામાં આવે તો તે તમામ એક જ છે, તેમ જ નિર્ગુણ વા સગુણ વગેરે સર્વ પણ એક જ છે, તેમાં યત્કિંચિત પણ ભેદ નથી છતાં અવ્યક્ત કિંવા નિર્ગુણ ઉપાસના કરતાં સર્વસામાન્ય લોકોને માટે સગુણ ઉપાસનાનો અભ્યાસ સુગમતા ભરેલો અને સરળ હોવાને લીધે તેને અત્રે શ્રેષ્ઠ કહેવામાં આવેલો છે. કેમ કે કલિયુગમાં ઘણાખરા લોકોની બુદ્ધિમાં જડતા હોવાને લીધે તેઓને નિર્ગુણ ઉપાસના કષ્ટસાધ્ય છે પરંતુ સર્વકર્મોનો મારામાં સંન્યાસ કરીને એટલે શરીર, વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિવડે થતાં તમામ કર્મોનું આત્મસ્વરૂપ એવા મારામાં સમર્પણ કરનારો એટલે અંતઃકરણમાં કોઈપણ

વૃત્તિનું ઉત્થાન થાય કે તુરત જ તે આત્મસ્વરૂપ છે એ રીતના પ્રતિસંકલ્પ વડે તેને પોતાસહ તત્કાળ આત્મસ્વરૂપ એવા મારામાં જ સમર્પણ કરનારો તથા એ રીતના અનન્ય યોગવડે અર્થાત્ પોતે પણ મારાથી જુદો નથી એવા પ્રકારે મારા પરાયણ થઈ નિત્યપ્રતિ મારું જ ચિંતન કરતો મને જ ઉપાસે છે. અર્થાત્ આ શરીરધારી કૃષ્ણ જે તારી સામે ઉભેલો તારા જોવામાં આવે છે તે શરીરધારી નથી પણ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ એવો પરમાત્મા હોઈ સર્વ ચરાચરમાં તે જ વ્યાપેલો છે; હું, તું, તે, આ ઇત્યાદિ સર્વ તેનું જ રૂપ છે, એમ સમજીને સર્વાત્મભાવે જે નિત્યપ્રતિ મારું ચિંતન કરી મને જ ઉપાસે છે અને હે પાર્થ! આ મુજબ જેનું ચિત્ત નિત્ય મારામાં જ પરોવાયેલું છે એટલે જેના ચિત્તમાં બ્રહ્મસ્વરૂપ એવા મારા સિવાય બીજું કાંઈ દેખવામાં આવતું જ નથી, તેને હું મૃત્યુવડે યુક્ત એવા આ દુઃખરૂપ સંસારસાગરમાંથી અર્થાત્ મરણના મુખમાંથી વગર વિલંબે છોડાવી તત્કાલ તેનો ઉદ્ધાર કરનારો થાઉં છું, એટલે તેને મારી સાથે ઐક્ય થવારૂપી મોક્ષની પ્રાપ્તિ તત્કાળ થાય છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।

निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ८ ॥

મનબુદ્ધિને મારામાં જ પરોવ

ભગવાન કહે છે: હે અર્જુન! તું આ આત્મસ્વરૂપ એવા મારામાં જ મનને સ્થિર કર અને બુદ્ધિને પણ મારામાં જ પરોવી દે. આમ મન બુદ્ધિને મારામાં જ સ્થિર કરી દેશે તો પછી તું પણ મારાથી અળગો નહિ રહેતાં મારામાં જ નિવાસ કરશે, એમાં શંકા નથી. અર્થાત્ મનબુદ્ધિને મારામાં પરોવવાથી તારામાં હું પણું સિલક રહેવા પામશે નહિ, જેથી તારો નિવાસ મારામાં જ થશે, એટલે તું અને હું એવા બંને ભેદો ટળી જઈ તું રૂપ બની આત્મસ્વરૂપ એવા મારામાં જ તારી અભિન્નતા થશે અને પછી તું અને તારું એવું કાંઈ રહેશે જ નહિ. આ રીતે સગુણ ઉપાસના દ્વારા પણ અંતે તું મારા નિર્ગુણ એવા આત્મસ્વરૂપની સાથે એકરૂપતાને પામીશ, એમ નિઃશંક જાણ. સાકાર નિરાકારના નિર્ણય સંબંધે શાસ્ત્રનો એક વધુ આધાર નીચે આપવામાં આવે છે, તે ઉપરથી સ્પષ્ટતા થશે.

સાકાર પૂજન વડે થતી ચિત્તશુદ્ધિ

અર્જુન કહે છે કે: હે દેવાધિદેવ! આપે આપનાં સાકાર અને નિરાકાર એમ બે સ્વરૂપ હોવાનું કહ્યું, તેમાં હું કયારે અને કયા રૂપનો આશ્રય કરીને રહું કે જેથી મને સિદ્ધિ પ્રાપ્ત થાય? ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા: સાકાર એટલે અપર અને નિરાકાર એટલ પર, એ રીતે મારાં બે સ્વરૂપો છે, તેઓમાં હાથ પગ આદિ અવયવોવાળું, શંખ, ચક્ર અને ગદાને ધરનારું જે મારું રૂપ છે તે સાકાર વા અપર સ્વરૂપ સમજ, તેમ જ આદિ તથા અંતથી રહિત એક, અવ્યય, અદ્વય અને નિર્દોષ એવું મારું જે બીજું સ્વરૂપ છે તે જ નિરાકાર વા પર સ્વરૂપ સમજ; કે જે સ્વરૂપ બ્રહ્મ, આત્મા, પરમાત્મા ઇત્યાદિ શબ્દો વડે કહેવાય છે. જ્યાં સુધી તું, અજ્ઞાનને લીધે આત્માને ન જાણી શકે ત્યાં સુધી આ ચાર ભુજાવાળા સાકાર સ્વરૂપનું જ પૂજન કર્યા કર પછી ક્રમે તારા ચિત્તની શુદ્ધિ થઈ તું જ્યારે જ્ઞાની થઈશ ત્યારે મારું આદિ તથા અંતથી રહિત એવું જે નિરાકાર રૂપ છે તે તારા અનુભવમાં આવશે, કે જે જાણવાથી ફરીવાર જન્મ લેવો પડતો નથી. હે શત્રુઓનું મર્દન કરનાર અર્જુન! તારું ચિત્ત શુદ્ધ થયેલું છે એમ જો તું માનતો હશે તો પછી તારે મારા સાકાર સ્વરૂપની ઉપાસના કરવાની જરૂર નથી, પરંતુ ફક્ત મારા પારમાર્થિક આત્મસ્વરૂપની સાથે તારા આત્માને એટલે તને પોતાને જુદો નહિ ગણતાં એકરૂપ કરી અખંડ સ્વરૂપને જાણી તુરત તેમાં નિષ્ઠા રાખ. મેં તને પાછળ જે વિભૂતિયોગનો વિસ્તાર કહ્યો છે તેનું તાત્પર્ય તો ફક્ત તે વિભૂતિઓના

અધિષ્ઠાનરૂપ પોતાના સ્વ(આત્મ)તત્ત્વને જાણવા પૂરતું જ છે. હું ધારું છું કે તું હવે સારી રીતે પ્રબુદ્ધ થયો છે, સ્વરૂપમાં શાંત થયો છે અને તમામ સંકલ્પોથી રહિત થયો છે. તો સત્ય એવા આત્મામાં જ અખંડ સ્થિત રહેજે. (યોગવાસિષ્ઠ નિર્વાણ પૂર્વાર્ધ સર્ગ ૫૩ શ્લોક ૩૫ થી ૪૨.)

મારામાં જ બુદ્ધિને સ્થિર કરવી જોઈએ

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! આ રીતે સહેલામાં સહેલો એવો આ સગુણ ઉપાસનાનો માર્ગ તને બતાવ્યો. આ કરતાં સુગમ, સુક્ષમ, અને સરલ બીજો કોઈ માર્ગ નથી, માટે મન બુદ્ધિને નિત્યપ્રતિ આત્મસ્વરૂપ એવા મારામાં જ સ્થિર કરી દે. આ કહેવાનું કારણ એટલું જ છે કે, આવા કટોકટીના સમયે તને બીજા કોઈ પણ પ્રકારનો અભ્યાસ કરવાનો સમય નથી તેથી મેં તને જ્ઞાનમાર્ગની દૃષ્ટિએ બુદ્ધિને એક આત્મામાં જ સ્થિર એટલે આત્મનિશ્ચયવાળી કરવા બદલ તથા આ ભક્તિમાર્ગમાં હું આત્મસ્વરૂપ એવો કૃષ્ણ છું એમ સમજીને એક મારામાં જ પરોવી રાખવા રૂપ યોગ કહ્યો, તેમ જ્ઞાનયોગ કરતાં આ ભક્તિયોગ વધુ સુલભ છે એ પણ તને વખતો વખત સમજાવ્યું; માટે હવે બ્હતર તમામ વિચારોને ત્યજી દઈ એક મારામાં જ મન બુદ્ધિને સ્થિર કરી દે.

સર્વ શાસ્ત્રોનો ઉદ્દેશ મારામાં જ એકરૂપ થવું એવો છે

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે કે: હે અર્જુન ! તને જે કહેવામાં આવ્યું કે મન બુદ્ધિને દૃઢ નિશ્ચય વડે કેવળ એકભાવે આત્મસ્વરૂપ એવા મારામાં તદ્દન નિશ્ચલ (સ્થિર) કરી દે, તે પ્રમાણે જો તું કરીશ તો પછી તારે કોઈ પણ બ્હતર સાધનો અથવા તો અભ્યાસ કરવાની આવશ્યકતા રહેશે નહીં. કેમ કે યજ્ઞ, યાગ, જપ, તપ, ધ્યાન, ધારણા, યોગ બ્હત્યાદિ અનેક પ્રકારના માર્ગો જે શાસ્ત્રોમાં કહેવામાં આવેલા છે તે સર્વનો ઉદ્દેશ તો તમામ પ્રકારની દ્વૈતભાવનાઓને મટાડી તેને કેવળ આત્મસ્વરૂપ એવા મારામાં જ એકરૂપ કરી દેવી એટલો જ એક છે. અર્થાત્ આ સાંખ્યનિષ્ઠામાં બતાવેલો જ્ઞાનમાર્ગ અથવા યોગમાર્ગ કિંવા ભક્તિમાર્ગ, આ ત્રણે માર્ગો અને તે માર્ગોમાં પડતા પેટાભેદો સહ તમામ માર્ગોનો ઉદ્દેશ તો ફકત સર્વ દ્વૈતભેદોનો નિરાસ કરીને અંતે આત્મસ્વરૂપ એવા એક મારામાં જ એકરૂપ થઈ જવું એટલું સમજાવવા પૂરતો જ છે. આ મુજબ શાસ્ત્રમાં બતાવેલા મૂળ ધ્યેયને છોડી દઈ બ્હતર દૃષ્ટિનું અવલંબન કરીને ગમે તેટલા મનસ્વી પ્રયત્નો દીર્ઘકાલ પર્યંત કરવામાં આવે તો તે તમામ આકાશના ટુકડા કરવાના ઉદ્યોગની જેમ તદ્દન વ્યર્થ જ છે. અને એટલા માટે જ હું તને આ અંતિમ કોટીનો ઉપદેશ કરી રહ્યો છું કે, જો તું મન બુદ્ધિને એક નિશ્ચયવડે આત્મરૂપ એવા મારામાં સ્થિર કરીશ તો બ્હતર કોઈ પણ સાધનની કિંવા અભ્યાસની અપેક્ષા નહિ રહેતાં મારા અવ્યક્ત એવા અક્ષરસ્વરૂપને સહેજમાં પામીશ.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।

अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय ॥ ९ ॥

મારામાં ચિત્તને સ્થિર કરવા શક્તિમાન ન હો તો ?

હે ધનંજય ! પણ જો તું મેં ઉપર કહ્યા મુજબ બુદ્ધિનો નિશ્ચય કરીને ચિત્તને આત્મસ્વરૂપ એવા મારામાં દૃઢ રીતે નિશ્ચલ (સ્થિર) કરી દેવાને માટે શક્તિમાન ન હશે, તો પછી તું તેવો સ્થિરતા પ્રાપ્ત થતાં સુધી અભ્યાસયોગ વડે મારી પ્રાપ્તિને બ્હચ્છ, એટલે મેં કહ્યા પ્રમાણે નિઃશંક થઈ બુદ્ધિ વડે દૃઢ નિશ્ચય કરીને આત્મસ્વરૂપ એવા મારામાં ચિત્તને સ્થિર કરવાને તું જો શક્તિમાન ન હશે તો પછી તારે પ્રથમ વખતોવખત કહેવામાં આવ્યું છે તેમ, કાયા, વાચા, મન, બુદ્ધિ વડે જે જે કાંઈ કર્મ થાય તે તમામ આત્મસ્વરૂપ એવા

મારું (હું નું) રૂપ છે, મારા સિવાય બીજું કંઈ છે જ નહિ એ રીતે અંતઃકરણમાંથી જે જે વૃત્તિઓનું ઉત્થાન થાય તે તે વૃત્તિઓને તુરત જ આત્મસ્વરૂપ એવા મારામાં એકનિશ્ચય વડે દાબી દેવાનો સતત પ્રયત્ન કરવો પડશે. આ રીતનો અભ્યાસ કરીને તેમાં જ્યારે પૂર્ણતા થશે, ત્યારે જ તું મારા સાચા એટલે આત્મસ્વરૂપને પામી શકીશ. આમ મારી પ્રાપ્તિ કરવાની મનમાં તીવ્ર ઇચ્છા રાખીને સતત અભ્યાસયોગનો આશ્રય કર કે જેથી અભ્યાસની પૂર્ણતા થયે તેમાં સિદ્ધતા પ્રાપ્ત કરી શકાશે.

અભ્યાસ કરનાર માટે શું અશક્ય છે ?

હે પાર્થ ! આ જગતમાં એવું કશું પણ નથી કે જે નિત્યપ્રતિ ઉદ્યોગ કરનારો અભ્યાસ વડે પ્રાપ્ત કરી ના શકે. અભ્યાસવડે જે વિષય જે વખતે બળવાન હોય તેનું જ જોર તે વખત માટે હોય છે. આજ સુધી તું આ જગતના મિથ્યા વિષયરૂપ અભ્યાસમાં દૃઢ નિશ્ચયવાળો હતો તેથી તેનો અનુભવ થયો પણ જ્યારે તું આત્મસ્વરૂપ એવા મારામાં દૃઢ અભ્યાસવાળો થશે એટલે તને મારામાં ઐક્ય થવારૂપ અનુભવ પ્રાપ્ત થશે. અભ્યાસવડે પામવાનું આ કરતાં વિશેષ શ્રેષ્ઠ એવું બીજું કાંઈ છે જ નહિ. જેઓ પોતાના કલ્યાણ કરનારા ઇષ્ટ ધ્યેયને ઇચ્છે છે, તેઓએ તો બ્રહ્મવિદ્ એવા સદ્‌ગુરુએ ઉપદેશેલા માર્ગને અનુસરીને આ પ્રકારની આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય ત્યાં સુધી તેને દૃઢ રીતે વળગી રહેવું જ જોઈએ, તે સિવાય તેમને માટે બીજો કોઈ માર્ગ છે જ નહિ. જ્ઞાનવડે સર્વત્ર આત્મા હોવાનો નિશ્ચય કરીને અભ્યાસ કરવાથી આ મિથ્યા અહંકારરૂપી અજ્ઞાનનો ભ્રમ તત્કાળ શાંત થઈ જાય છે. આ અભ્યાસનો પ્રકાર કેવો વિલક્ષણ છે, તે જો. આ જેવા વિદ્વાન અને સમર્થ ગુરુઓ તેમજ ભીષ્મદ્રોણાદિ જેવા સર્વજ્ઞો પણ મારા વિરાટ સ્વરૂપનું દર્શન કરી શક્યા નહિ, જ્યારે તું તે કરી શકયો. દૃઢ ભાવના અને અભ્યાસનો આ અદ્‌ભુત પ્રકાર જો. તદ્દન અજ્ઞાની હોય તો તે પણ અભ્યાસ વડે ધીરે ધીરે મહાન જ્ઞાની બની શકે છે. કઠોર પદાર્થ પણ અભ્યાસ વડે ભાવતો થઈ જાય છે, અબંધુ પણ બંધુતુલ્ય થઈ જાય છે તથા બંધુ હોય છતાં તે જો દૂર હોય તો સહવાસના અભાવે અબંધુ સમાન થઈ જાય છે. આ આધિભૌતિક એવો સ્થૂળ દેહ જો કે જડ છે એમ જોવામાં આવે છે પરંતુ ધારણાના અભ્યાસ થકી તે પક્ષીની પેઠે આકાશમાં ઊડી શકે છે. કદાચ પુણ્યો પણ નિષ્ફળ થાય, દેવાદિ પણ નિષ્ફળ જાય તથા ધન પણ કદાચ નષ્ટ થઈ જાય પરંતુ કરેલો અભ્યાસ કદી નિષ્ફળ જતો નથી. નિરંતરના અભ્યાસના યોગવડે દુઃસાધ્ય કાર્યો પણ સિદ્ધ થાય છે. શત્રુઓ પણ મિત્રભાવને પ્રાપ્ત થઈ જાય છે. તથા ઝેર પણ અમૃતભાવને પ્રાપ્ત થઈ શકે છે, તેમજ મૃત્યુને પણ જીતી શકાય છે. જે પુરુષ પોતાના આત્મોન્નતિરૂપ અંતિમ ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરતો નથી તે ખરેખર અધમ જ છે. ધન, પુત્ર, સ્ત્રી, મિત્ર આદિ હલકરો વસ્તુઓ પ્રયત્ન વડે જ મેળવવામાં આવે છે. તેનો પણ પ્રખર વૈરાગ્ય થતાં કોઈ સહસા ત્યાગ કરતો નથી, પણ વિવેકી પુરુષે ક્રમે કરીને તે વસ્તુઓમાંથી યુક્તિપૂર્વક આસક્તિ છોડી દેવી જોઈએ. આ સુજ્ઞ અભ્યાસ વડે ધીરે ધીરે સંસારને અસારરૂપ બનાવી આપનાર વિવેકને સેવનાર જે વિવેકી પુરુષો આત્મવિચારરૂપી અભ્યાસને છોડતા નથી, તેઓ જ આ માયારૂપી વિશાળ નદીને તરી શકે છે. આ બધું આત્મસ્વરૂપ છે એવા શ્રેષ્ઠ ધ્યેયનું વારંવાર ચિંતન કર્યા કરવું તેને અભ્યાસ કહે છે; આ રીતે થતો અભ્યાસ જ પુરુષાર્થ કહેવાય છે. અભ્યાસ કર્યા વિના મનુષ્ય પરમ ગતિને પ્રાપ્ત થતો નથી. પોતાના વિવેકબળવડે ઉત્પન્ન થયેલા અને દૃઢ અભ્યાસના નામથી ઓળખાતા કે જેને યત્ન એ નામે વ્યવહારમાં ઓળખવામાં આવે છે તેવા સતત યત્નરૂપ પોતાના કર્મથી જ સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. ઇચ્છિત પદાર્થ પૃથ્વીમાં હો, જળમાં હો, અંતરિક્ષમાં હો કે ગમે ત્યાં હો, તો પણ તેનો એકાગ્ર થઈ દૃઢ નિશ્ચયવડે જો અભ્યાસ કરવામાં આવે તો સિદ્ધ ન થાય એવું જગતમાં કાંઈ પણ નથી. આ પ્રમાણે અભ્યાસનો મહિમા અગાધ છે માટે તું જો બુદ્ધિના નિશ્ચયવડે સ્થિર થઈ ચિત્તને આત્મસ્વરૂપ એવા મારામાં દૃઢ રીતે સ્થિર (અચળ) કરી દેવા શક્તિમાન ના હશે તો પછી અભ્યાસયોગવડે તેમ કરી મને પામવાની ઇચ્છા રાખ. અભ્યાસની આવશ્યકતા સંબંધમાં શાસ્ત્રમાં આવેલું કથન આ પ્રમાણેનું છે.

અભ્યાસ વિના સુખશાંતિમય નિર્વાણપદની પ્રાપ્તિ થતી નથી

મુનિ બોલ્યા : આ તમામ આત્મરૂપ છે એવો મેં તમોને વારંવાર બોધ આપેલો છે. તમો ડાહ્યા છો, વિવેકી છો અને સર્વ જાણો છો માટે હવે તમો તમારી મરજીમાં આવે તેમ સુખેથી કરો. હું તમોને આ બોધ આપ્યા કરું છું, પરંતુ હે પુરુષવ્યાઘ્ર ! તમે માની લીધેલી જગતની સત્યપણાની ભ્રાંતિમાં જ તમારી બુદ્ધિ સ્થિર થઈ રહેલી છે. જો કે ક્ષણવાર પ્રબોધનો ઉદય થતાં તેટલા વખત પૂરતી તેમાં તે વિશ્રાંત થાય છે પરંતુ હજુ દૃઢ રીતે તે પરમપદમાં તમે વિશ્રાંત થયા નથી. જ્યારે લાકડું કમંડલના આકારને પ્રાપ્ત થાય છે અથવા માટી જ્યારે ઘડાના આકારે બને છે ત્યારે જ તેમાં પાણી રહી શકે છે, તેમ આ બોધ પણ જ્યાં સુધી નિઃશંક બનીને શુદ્ધ અંતઃકરણથી બુદ્ધિના નિશ્ચયમાં પરિણામને નહિ પામે ત્યાં સુધી તે ચિત્તની અંદર કદી પણ પ્રવેશી શકતો નથી અને તેથી જ દૃઢ અભ્યાસ વિના તે પરમ ઉત્કૃષ્ટપદને પામવાને શક્તિમાન નીવડતો નથી. માટે અત્યનિષ્ઠ સદ્‌ગુરુ તથા સત્‌શાસ્ત્રના સેવનને લીધે અને દૃઢ અભ્યાસ વડે જ્યારે ચિત્ત બોધની અંદર વિશ્રાંત થાય છે તથા તેની દ્વૈત અદ્વૈત સંબંધી તમામ દૃષ્ટિઓ ક્ષીણ થઈ જાય છે, ત્યારે જ તેનું ચિત્ત નિર્વાણદશાને પ્રાપ્ત થાય છે એમ અનુભવીઓનું કહેવું છે. માન અને મોહથી રહિત, સંગદોષને જીતેલા, નિરંતર અધ્યાત્મ વિષયમાં એટલે આ સર્વ આત્મા છે એવા પ્રકારના નિશ્ચયમાં જ સ્થિર રહેલા, કામના રહિત, સુખદુઃખાદિ દ્વંદ્વોનો સમ્યક્ અનુભવ કરાવનારા, દ્વંદ્વોથી મુક્ત અને મૂઢતાથી રહિત એવા તત્ત્વવેત્તાઓ તે અવિનાશી એવા પરમપદને પામે છે. તાત્પર્ય, આત્મતત્ત્વ નિઃશંક થઈ શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી દૃઢ નિશ્ચયવડે અભ્યાસ કરવાથી જ પ્રાપ્ત થઈ શકે છે (યોગવાસિષ્ઠ નિર્વાણ ઉત્તરાર્ધ સર્ગ ૫૪ શ્લોક ૧૪થી ૧૮).

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।

मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥ १० ॥

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।

सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥ ११ ॥

કર્મો કરતાં પહેલાં તે ભગવાનના છે એમ સમજીને કર

ભગવાન આગળ કહી ગયા છે કે : હે પાર્થ ! મેં તને હંમેશાં આત્મસ્વરૂપ એવા મારામાં જ ચિત્તને પરોવીને સતત તેનો દૃઢ અભ્યાસયોગ કરવા ઉપર જણાવ્યું છે. પરંતુ જો તે અભ્યાસ કરવાની પણ તારામાં શક્તિ ન હોય અર્થાત્ આ રીતે અભ્યાસ કરવાને માટે જો તું અસમર્થ હશે તો મત્‌કર્મ પરાયણ થા, એટલે આ બધાં કર્મો તારા પોતાને માટે નહીં પણ આત્મસ્વરૂપ એવા મારા છે એમ સમજીને કર. આમ મારે માટે કર્મો કરતાં છતાં પણ તું સિદ્ધિને પામીશ. ઉદ્દેશ એ કે, જો તું અભ્યાસ કરવાને પણ શક્તિમાન ન હશે તો પછી આ તમામ કર્મો મારાં છે એટલે જેમ નોકર શેઠે કહેલાં કર્મો શેઠનાં સમજીને કરે અથવા વેઠે લગાડેલો મનુષ્ય તે કર્મો પોતાનાં છે એમ કદી માનતો નથી અથવા તો ધર્મશાળામાં યા ભાડાના ઘરમાં રહેનારો મનુષ્ય આ ઘર ભાડાનું છે પોતાનું નથી એમ સમજીને તેમાં પોતાપણાનું અભિમાન રાખતો નથી, તેમ તું જે જે કર્મ કરે પછી તે શારીરિક, વાચિક અથવા માનસિક કિંવા ગમે તે સ્વરૂપનાં હો તે સર્વ કર્મો આત્મસ્વરૂપ એવા મારાં જ છે; એવા પ્રકારના નિશ્ચય વડે કરતો રહે. આ રીતે મારાં સમજીને મારે અર્થે કર્મો કરવાથી પણ તું સત્ત્વશુદ્ધિને પામીશ (આ કર્મો મારાં નથી પરંતુ ભગવાનનાં છે એવા નિશ્ચય વડે જ્ઞાનયુક્ત કર્મ કરનારા અપરોક્ષાનુભવી જીવન્મુક્ત પુરુષના ચિત્તને સત્ત્વ કહે છે). એટલે આ રીતે કર્મ કરવાથી તારી ચિત્તશુદ્ધિ થશે અને કર્મે આત્મસ્વરૂપ એવા મારામાં એક થવારૂપ સિદ્ધિને પામી તું જીવન્મુક્ત બનીશ.

ઉપરના અને આ વિવેચનમાં ભેદ એટલો જ છે કે, પ્રથમના ક્રમમાં જ્ઞાનમાર્ગની દૃષ્ટિએ પોતે અને આ સર્વ આત્મસ્વરૂપ એવા મારું જ સ્વરૂપ છે એવી રીતનો નિશ્ચય કરીને અભ્યાસ કરવાનો હોય છે એટલે મૂળમાંથી જ દ્વૈતભાવનો ઉચ્છેદ કરી નાખવાનો છે તથા ભક્તિમાર્ગની દૃષ્ટિએ તમામ કર્મો ભગવાનનાં છે અને હું તો તેમનો એક સેવક છું એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે કોઈ પણ કર્મ કરવાની શરૂઆત કરતાં પહેલાં જ તે કૃષ્ણાર્પણની ભાવના રાખી કરવાનાં છે તથા નીચે બતાવેલા પ્રકારમાં તો તેમ કરવાને પણ સામર્થ્ય ન હોય તો કર્મ કર્યા પછી પણ તે બધાં મને અર્પણ કરતો રહે. આ મુજબ કૃષ્ણાર્પણની પદ્ધતિ અભ્યાસની સરળતાને માટે ભગવાને અત્રે કહેલી છે. હવે કર્મ કરવાના આરંભમાં જ કૃષ્ણાર્પણ કરવા જેઓ અશક્ત છે તેઓને માટે કર્મ કર્યા પછી તેને કૃષ્ણાર્પણ કરવાં એવો બીજો પ્રકાર કહેવામાં આવ્યો છે; પરંતુ આ બંને પ્રકારોમાં સેવ્યસેવક ભાવરૂપ દ્વૈત રહે છે તેથી તે પ્રકારો સાક્ષાત્ ભગવાનના નિર્વાણપદની પ્રાપ્તિ કરાવી આપવા સમર્થ નથી પરંતુ તે વડે ચિત્તશુદ્ધિ થઈ ક્રમે ક્રમે પરમપદ પ્રાપ્ત કરી શકાય છે, આથી તે માર્ગો ક્રમમુક્તિ દર્શાવનારા છે. આમાં ભગવાને કર્મ કરતાં પહેલાં તમામ કર્મો મારાં છે એવી દૃઢ બુદ્ધિનો આશ્રય કરવા જણાવેલું છે.

હવે શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે કે: હે અર્જુન! એમ કરવાને પણ જો તું અશક્ત હોય તો મારા યોગના આશ્રયવાળા સ્વાધીન ચિત્તવાળો થઈ તું સર્વ કર્મફળોનો ત્યાગ કર. ભાવાર્થ એ કે, કર્મ કરતાં પહેલાં આ સર્વ કર્મો આત્મસ્વરૂપ એવા મારાં એટલે ભગવાનનાં જ છે એવી રીતે દૃઢ નિશ્ચય કરીને કર્મ કરવાને માટે પણ જો તું અશક્ત હોય તો કર્મ કર્યા પછી પાછળથી પણ આ બધું યતાત્મવાન એટલે આત્મરૂપ એવા ભગવાન રૂપ જ છે, એ પ્રમાણે મદ્યોગ અર્થાત્ મારામાં જ અર્પણ કરવા રૂપ યોગના આશ્રય વડે આ સર્વ કર્મ ફળનો ત્યાગ કર. એટલે ઉપર આ કથનમાં કર્મ કરતાં પહેલાં જ તે સર્વ આત્મસ્વરૂપ એવા મારાં છે એમ સમજીને આરંભમાં જ તે મને અર્પણ કરી દેવા રૂપ નિશ્ચય કરવાનું કહેવામાં આવેલું છે, તથા આમાં જો તેમ કરવાને માટે પણ તું અસમર્થ હોય તો કર્મ કર્યા પછી પણ આ કરેલું તમામ કર્મ આત્મસ્વરૂપ એવા ભગવાનનું (મારું) જ છે, એ રીતે દરેક કર્મો થયા પછી તેને કૃષ્ણાર્પણ કરવાં; કે જેથી તે વડે ઉત્પન્ન થતાં સારાં કિંવા માઠાં ફળો તથા તે થકી ઉત્પન્ન થનારાં સુખદુઃખાદિ અથવા તો અમુક કર્મનું અમુક ફળ મળવું જ જોઈએ ઇત્યાદિ પ્રકારના તમામ દુરાગ્રહથી તું છૂટી શકીશ. આમ કરવાથી પણ ક્રમે ચિત્તશુદ્ધિ થઈ કર્મમાં નહિ બંધાતાં અંતે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી શકાશે.

ભક્તિમાર્ગ તથા તેમાં સગુણ નિર્ગુણ ઉપાસના કરવાના પ્રકારો

શ્રીકૃષ્ણ ભગવાને અત્યાર સુધી ક્રમેક્રમે પોતાના આત્મસ્વરૂપની પ્રાપ્તિના માર્ગો બતાવેલા છે. (૧) જેઓ તદ્દન કનિષ્ઠ અધિકારીઓ હોય છે, તેમણે તમામ કર્મો કર્યા પછી તે ફળ સહિત ભગવાનને અર્પણ કરી દેવાં, (૨) તે કરતાં શ્રેષ્ઠ પાયરીના અધિકારીઓ માટે કર્મ કરતાં અગાઉ જ તે સર્વ પરમાત્માનાં છે એવા પ્રકારના દૃઢ નિશ્ચયવડે પ્રથમથી જ ભગવાનને અર્પણ કરી પછી કર્મ કરવાં; (૩) તેથી શ્રેષ્ઠ અધિકારીઓને માટે હું તથા આ જે જે કાંઈ અહંમમાદિ દૃશ્ય વાણી, નેત્ર, મન, બુદ્ધિ ઇત્યાદિ વડે પ્રતીતિમાં આવે છે તે સર્વે આત્મસ્વરૂપ એવા ભગવાન જ છે; આ રીતનો દૃઢ નિશ્ચય કરી અંતઃકરણમાંથી કોઈપણ પ્રકારની વૃત્તિઓનું ઉત્થાન થાય કે તુરત જ તેને અભ્યાસવડે આ સર્વ આત્મસ્વરૂપ એવા ભગવાનનું સ્વરૂપ છે એવી એક પ્રતિવૃત્તિ વડે દાબી દેવું. આ મુજબ એકરૂપ થતાં સુધી અભ્યાસ કરવો જોઈએ; (૪) આથી પણ શ્રેષ્ઠ કોટીના અધિકારીઓને માટે તો પોતાસહ આ તમામ દૃશ્યજાળ આત્મસ્વરૂપ છે, એવા પ્રકારનો એક વખતે નિશ્ચય થયો કે તેઓ તત્કાળ નિઃશંક બની જઈ આ સર્વ આત્મસ્વરૂપ કિંવા પોતાના ઇષ્ટ ભગવાનનું જ સ્વરૂપ છે એવા નિર્ણયમાં નિશ્ચલ એટલે સ્થિર થઈ જાય છે, તેઓને ઝાઝો અભ્યાસ કરવાની જરૂર પડતી નથી. આ મુજબ આ સગુણ ઉપાસનામાં ચાર પ્રકારના અભ્યાસક્રમો અધિકારવશાત્ ભગવાને કહેલા છે અને તેથી શ્રેષ્ઠ કોટીના અધિકારીઓને માટે ૐ ની અક્ષર કિંવા પરબ્રહ્મ પરમાત્માની નિર્ગુણ ઉપાસના

કહેવામાં આવેલી છે. ઉપાસનાનો ઉદ્દેશ તો ફક્ત એટલો જ છે કે આ નિર્ગુણ, નિરાકાર, અવ્યય એવો પરમાત્મા તદ્દન વિકાર રહિત હોઈ જગતાદિ કોઈ પણ દૃશ્ય તેમાં છે જ નહિ; આ સર્વ જે જે કાંઈ દેખાય છે તે તો ગારુડીની જાદુની રમત માફક કિંવા સ્વપ્નવત્ મિથ્યા માયા વડે ભાસે છે, વાસ્તવિક રીતે ભગવાનમાં કાંઈ છે જ નહિ, તે ભગવાનની જ ૐ એવી સંજ્ઞા શાસ્ત્રમાં આપેલી છે; આ રીતે શ્રેષ્ઠ અધિકારીઓને માટે નિર્ગુણ ઉપાસના પણ સમજાવવામાં આવેલી છે. આ આમ ભક્તિમાર્ગની અંતર્ગત આવેલા સગુણ, નિર્ગુણ ઉપાસનાના ભેદોનું ભગવાને રપષ્ટીકરણ કરેલું છે. સર્વ સામાન્ય લોકો ભગવાન અને પોતે ભિન્ન છે એવી ભેદદૃષ્ટિના આગ્રહી હોય છે, તેઓ પ્રકૃતિપુરુષનો ભેદ કિંવા સારાસાર વિવેક કરવાને શક્તિમાન હોતા નથી પરંતુ પોતાની દૈતની માન્યતા અનુસાર ભાવના વડે શ્રદ્ધા અને ભક્તિથી ભગવાનને ઉપાસે છે. તેવા ઉપાસકોને માટે ભક્તિમાર્ગ સરળ હોઈ તેમાં પણ અધિકારવશાત્ ઉપર કહ્યા પ્રમાણે મુખ્ય મુખ્ય ભેદો અભ્યાસની દૃષ્ટિએ કહેવામાં આવેલા છે, પરંતુ જેઓ બુદ્ધિમાન હોઈ સારાસાર વિવેક કરી શકે છે તેવાઓને માટે તો તત્ત્વજ્ઞાન સમજાવવાની મુખ્ય સાંખ્યયુક્તિ અનુસાર પ્રથમ પ્રકૃતિપુરુષનો વિવેક સમજાવવામાં આવે છે તથા તે વિવેક સારી રીતે સમજાય એટલે આત્માના સાચા સ્વરૂપનું પરોક્ષજ્ઞાન આપવામાં આવે છે, આમ આત્મા એટલે અસંગ, નિર્વિકલ્પ, નિરાકાર કેમ કહેવાય છે તે સારી રીતે સમજવામાં આવે એટલે તે આત્માના તેવા સ્વરૂપનું પોતે વિચાર અને વિવેકબુદ્ધિ વડે આકલન કરી લે છે. આવી રીતે આત્માના સાચા સ્વરૂપનું આકલન થયું એટલે કે આત્માનું પરોક્ષજ્ઞાન સારી રીતે નિશ્ચયપૂર્વક દૃઢ થયું કે એ મુમુક્ષુ તદ્દન સંશયથી રહિત બની તે પદની પ્રાપ્તિને માટે તેના મનમાં શ્રદ્ધા સાથે દૃઢ નિશ્ચય ઉત્પન્ન થાય છે, ત્યાર પછી બ્રહ્મનિષ્ઠ એવા સદ્ગુરુ તેને ઉપર બતાવેલા નિઃશેષ તથા સર્વ આત્મા છે એવા પ્રકારના સર્વાત્મભાવનો અભ્યાસક્રમ બતાવે છે. તેમના ઉપદેશ પ્રમાણે અભ્યાસક આ બે પૈકી પોતાને યોગ્ય લાગે એવો અભ્યાસક્રમ અંતર્દૃષ્ટિ વડે કરે છે. આ જ્ઞાન માર્ગ કહેવાય છે. આમાં પણ સર્વ આત્મસ્વરૂપ છે, એવા પ્રકારના અભ્યાસ કરતાં નિઃશેષભાવનો અભ્યાસ કરણ હોઈ તે કરનારા શ્રેષ્ઠ બુદ્ધિશાળી ગણાય છે. સિવાય ભક્તિમાર્ગની પેઠે જ્ઞાનમાર્ગમાં પણ એક વખતે આત્મતત્ત્વનું પરોક્ષજ્ઞાન સારી રીતે થયું એટલે તે પોતાની બુદ્ધિમાં તેવો નિશ્ચય કરીને તદ્દન નિશ્ચલ બની નિર્વિકલ્પ બની જાય છે.

શ્રેષ્ઠ અને મંદ અધિકારીઓ માટેનો અભ્યાસક્રમ

જેઓ સૌથી શ્રેષ્ઠ કોટિના અને અત્યંત તીવ્રબુદ્ધિશાળી કહેવાય છે, તેઓ તો આત્મસ્વરૂપ જ્ઞાન સાંભળતાં સાંભળતાં જ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને નિશ્ચય એ બધું એક સાથે તરત જ કરી નાખે છે અને ઉપદેશ પૂર્ણ થાય એટલામાં તો આત્મસ્વરૂપમાં સ્થિત થઈ નિર્વિકલ્પ બની જાય છે તથા તેમાંથી પુનઃ ઉત્થાન થયું એટલે થોડા વિચાર વડે જ તેઓ બ્રહ્મભાનસ જીવન્મુક્ત બની જાય છે પરંતુ આવા પુરુષો ક્વચિત્ જ હોય છે. તેવા અત્યંત તીવ્ર બુદ્ધિમાનોને કોઈ પણ પ્રકારના અભ્યાસ કિંવા શમદમાદિ સાધનો કરવાની કે ત્યાગાદિની સહેજ પણ જરૂર હોતી નથી. તેઓ તો જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં જ જીવન્મુક્ત બની જાય છે. પરંતુ મંદબુદ્ધિવાળાઓને ક્રમે ક્રમે પ્રથમ અભ્યાસક્રમમાં બતાવી ગયા તેમ આ હું નથી, આ હું નથી, એવી રીતના નિઃશેષભાવનો કિંવા આ હું, તું, તે ઇત્યાદિ સર્વ આત્મસ્વરૂપ છે એવી રીતના સર્વાત્મભાવનો અભ્યાસ કરવો પડે છે. આને આત્મસ્વરૂપમાં વિશ્રાંતિનો અભ્યાસક્રમ કહે છે (અભ્યાસક્રમને માટે કિરણાંશ ૨૨ તથા અધ્યાય ૨ પૃષ્ઠ ૧૬૭ થી ૧૬૯). આ રીતે આ ભક્તિમાર્ગ તથા જ્ઞાનમાર્ગનું મૂળ પ્રાપ્તવ્ય ધ્યેય તો એક જ છે. આ ભેદો તો ઉપાસકોના અધિકારવશાત્ શાસ્ત્રકારોએ કરાવેલા છે. વળી કેટલાકને યોગમાર્ગ–અષ્ટાંગયોગાદિ પ્રાણોપાસનાનો માર્ગ જ અનુકૂળ હોય છે તેમને તે યોગનો અભ્યાસ બતાવવામાં આવે છે (અધ્યાય ૬ જુઓ). આમ શાસ્ત્રોમાં જે અનેક માર્ગો કહેવામાં આવેલા છે તે તમામ માર્ગનો સમાવેશ (૧) જ્ઞાન(સાંખ્ય)માર્ગ, (૨) યોગમાર્ગ અને (૩) ભક્તિમાર્ગ; એ ત્રણ માર્ગના અંતરમાં જ થઈ જાય છે. આથી આ ત્રણેનો જાણનારો આચાર્ય કહેવાય છે. વેદ, વેદાંગાદિ વિદ્યાના

ચૌદ(ઉપવેદ સહ અઢાર)પ્રસ્થાનો છે તે તમામનો જ્ઞાન, યોગ અને ભક્તિમાર્ગમાં સમાવેશ થઈ જાય છે. એ બધાં શાસ્ત્રોએ બતાવેલું ધ્યેય એક જ હોઈ તે ત્રણ પૈકી ગમે તે એક માર્ગના અવલંબનમાત્રથી જ તે ધ્યેય સાધી શકાય છે. તાત્પર્ય કે, તમામ શાસ્ત્રોનો સમાવેશ આ ત્રણ માર્ગમાં જ થઈ જાય છે. આથી ભગવાને પ્રથમ જ્ઞાનમાર્ગ પછી યોગમાર્ગ ત્યારબાદ ભક્તિમાર્ગ એ રીતે આચાર્ય પદ્ધતિને ક્રમે સમજાવેલું છે.

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।

ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२॥

અંતરરહિત એવી શાંતિ પ્રાપ્ત થાય છે

અભ્યાસથી જ્ઞાન શ્રેયસ્કર છે, જ્ઞાનથી ધ્યાન જ વિશેષ છે, ધ્યાનથી કર્મફળ ત્યાગ અને ત્યાગથી શાંતિ પ્રાપ્ત થાય છે. આગાં શ્રીકૃષ્ણ ભગવાન એમ સૂચવી રહ્યા છે કે: હે ધનંજય! ઉપર તને જે ભક્તિમાર્ગના અભ્યાસના ચાર પ્રકારો કહેવામાં આવ્યા (પૃષ્ઠ ૫૯૯) તે પૈકી કર્મ કર્યા પછી તથા કર્યા પૂર્વે જ તેનો ત્યાગ કરવાના પ્રથમના બે પ્રકારો કહ્યા તે તો કેવળ ચિત્તશુદ્ધિ કરાવનારા હોઈ ક્રમે ક્રમે મુક્તિની પ્રાપ્તિ કરાવી આપનારા છે; પરંતુ ત્રીજો અને ચોથો પ્રકાર એટલે કે મન અને બુદ્ધિને કેવળ આત્મસ્વરૂપ એવા એક મારામાં જ સ્થિર કરવા સંબંધે જે અભ્યાસ કહ્યો તે કે જેને જ્ઞાનનિશ્ચયનો અભ્યાસક્રમ પણ કહે છે તે; તથા તેવા પ્રકારની સ્થિરતા કિંવા બુદ્ધિમાં નિશ્ચય કરવાની જો તારામાં શક્તિ ન હશે તો પછી તેવી સ્થિરતા દૃઢ અભ્યાસ વડે પ્રાપ્ત કરી લેવી જોઈએ, એમ કહેવામાં આવેલું છે. આ બન્ને માર્ગો પ્રત્યક્ષ ધ્યેયપ્રાપ્તિ કરાવી આપનારા છે, પરંતુ સાંભળ કે તેવા અભ્યાસ કરતાં જ્ઞાનનિશ્ચય એટલે જ્ઞાનમાં સ્થિરતા થવી એ જ શ્રેષ્ઠ છે અને આ જ્ઞાનનિશ્ચય કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે કેમ કે જ્ઞાનમાં સારી રીતે એકરસ થઈ જવું તેનું નામ જ ધ્યાન કહેવાય છે. આ રીતે ધ્યાનની પરિપક્વતા થતાં અનાયાસે જ કર્મફળત્યાગ થાય છે અને કર્મફળત્યાગ થતાં જ અનંતર એટલે તુરત જ એવી ઐક્યસ્વરૂપની પ્રાપ્તિરૂપ શાંતિ સહજ રીતે થવા પામે છે એટલે તે અપરોક્ષ અનુભવ લે છે. આ કથન જેઓને ચિત્તશુદ્ધિ થઈ સંસારપ્રપંચ ઉપર સંપૂર્ણ વૈરાગ્ય ઉપજી આત્મસ્વરૂપનું પરોક્ષજ્ઞાન સારી રીતે થયેલું છે તેવા અભ્યાસકોને માટે આગળના એટલે અપરોક્ષાનુભવ (સાક્ષાત્કાર) થતાં સુધીને માટે જે અભ્યાસપદ્ધતિની જરૂર હોય છે તેવાઓને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે ગમે તે દૃષ્ટિએ જ અભ્યાસથી જ્ઞાન અને જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ હોઈ તેથી અનંતર શાંતિ પ્રાપ્ત થઈ શકે છે એમ અત્રે કહેલું છે. આમ કહેવાનું શું રહસ્ય છે તેનો થોડો વિચાર કરવો પડશે.

અભ્યાસથી જ્ઞાન તથા ધ્યાન શ્રેષ્ઠ કેમ ?

પ્રથમ ભગવાને સગુણ ભક્તિમાર્ગમાં ચાર પ્રકારના અભ્યાસકો કહ્યા. તેમાં (૧) પ્રથમ આ સર્વ આત્મસ્વરૂપ એવું મારું સ્વરૂપ છે એ પ્રકારના જ્ઞાનનિશ્ચયવાળો કે જેની બુદ્ધિમાં આત્મા સિવાય ઇતર કોઈ પણ સંકલ્પ ઊઠતો જ નથી તેવા જ્ઞાનનિશ્ચયમાં તદ્દન નિશ્ચલ અને સ્થિર થયેલો શ્રેષ્ઠ કહેલો છે; પણ (૨) જે આ મુજબ જ્ઞાનનિષ્ઠામાં નિશ્ચલ રહી શકતો નથી, પરંતુ તેને પરોક્ષજ્ઞાન તો નિઃસંશય રીતે થવા પામેલું છે તેવા પુરુષને માટે જ્ઞાનનિશ્ચયમાં પૂર્ણ રીતે નિશ્ચલતા પ્રાપ્ત થતાં સુધી અભ્યાસ કરવાની જરૂર હોય છે. આ બે પ્રકારો જેઓને આત્મસ્વરૂપ એવા ભગવાનનું નિઃશંક પરોક્ષજ્ઞાન થયેલું છે પરંતુ હજી અપરોક્ષ અનુભવ થયો નથી તેવા અધિકારીઓ માટે છે તથા તેથી ઊતરતાને માટે (૩) કર્મ કરવા અગાઉ તે ભગવાનનું જ સ્વરૂપ છે એવા નિશ્ચય વડે કરવાં તથા તેથી પણ કનિષ્ઠ પ્રકારના અધિકારીઓ માટે (૪) કર્મ કર્યા પછી પણ તે સર્વે આત્મસ્વરૂપ એવા ભગવાનનું જ સ્વરૂપ છે એવા પ્રકારની ભાવના રાખવી; એ રીતનો વ્યાવહારિક કર્મફળત્યાગ કહેવામાં આવેલો છે પરંતુ અત્રે કહેવામાં આવેલો ત્રીજો અને ચોથો એ બંને પ્રકારો તો ચિત્તશુદ્ધિ કરાવનારા હોવાથી તેનો ઉપયોગ કેવળ ભગવાનનું પરોક્ષજ્ઞાન કરી આપવા પૂરતો જ હોય છે કેમ કે ચિત્તશુદ્ધિ

થયા સિવાય ભગવાનનું પરોક્ષજ્ઞાન થતું નથી અને પરોક્ષજ્ઞાન વિના અપરોક્ષાનુભવ વા સાક્ષાત્કાર થવો કદાપિ શક્ય નથી. આથી ચિત્તશુદ્ધિ, પરોક્ષજ્ઞાન અને અપરોક્ષાનુભવ એ રીતનો ક્રમ પરમાત્મપ્રાપ્તિને માટે નિશ્ચિત કરેલો છે, એ વાત નિઃશંક છે. એટલા માટે પરોક્ષજ્ઞાન થયા પછી અપરોક્ષ અનુભવ એટલે આત્મસાક્ષાત્કાર કરવાની જિજ્ઞાસા ધરાવનારા મુમુક્ષુઓને માટે તો આ ચાર પૈકી પ્રથમના બે પ્રકારો જ ઉત્તરોત્તર ઉપયોગમાં આવે છે. તેથી ભગવાન કહે છે કે, આ તમામ આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કંઈ છે જ નહિ તેવા પ્રકારના નિશ્ચયથી પરોક્ષજ્ઞાનવાળા જ્ઞાની અભ્યાસકોમાં પણ આ બધું આત્મા છે એવા પ્રકારે અભ્યાસબળ વડે તમામ વૃત્તિઓને રોકવી પડે છે એટલે આ પ્રકારમાં પણ જ્યારે અંતઃકરણમાં આત્માવ્યતિરિક્ત બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા પામે છે ત્યારે તેને તે આત્મરૂપ છે એ પ્રમાણેની પ્રતિવૃત્તિ વડે દાબી દેવારૂપ અભ્યાસ કરવો પડે છે એટલું આમાં પણ કમીપણું છે. આત્મામાં તો વસ્તુતઃ કોઈ વૃત્તિનું ઉત્થાન છે જ નહિ છતાં તેવા એક નિશ્ચય વડે તે આત્મામાં સ્થિર વા નિશ્ચલ રહી શકતો નથી તેથી અંતઃકરણમાં પ્રથમ વૃત્તિનું ઉત્થાન થવા પામે છે અને પછી પ્રતિવૃત્તિ વડે તે આત્મસ્વરૂપ છે એ રીતે તેને દાબવું પડે છે. માટે તેવા યોગ કિંવા અભ્યાસ કરનારા કરતાં જેનો નિશ્ચય જ્ઞાનમાં સ્થિર થયેલો છે એટલે આ સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારે જેનો જ્ઞાનનિશ્ચય તદ્દન સ્થિર, નિશ્ચલ અને દૃઢ થયેલો હોય છે, જેના અંતઃકરણમાં કદાપિ વૃત્તિનું સ્ફુરણ જ થવા પામતું નથી તે શ્રેષ્ઠ કહેવાય છે. આમાં પણ સૂક્ષ્મ રીતે સાક્ષીભાવ રહી જવા પામે છે તેથી આ મુજબના જ્ઞાનનિશ્ચયમાં એકરસ થઈ જવારૂપ ધ્યાન વિશેષ એટલે શ્રેષ્ઠ છે અર્થાત્ આ બધું આત્મરૂપ છે તથા હું પણ આત્મસ્વરૂપ છું, આ પ્રમાણે સાક્ષીભાવ સહિત પોતાનો પણ વિલય થઈ જવો તેનું નામ ધ્યાન હોઈ તે શ્રેષ્ઠ છે. આ પ્રકારે ધ્યાનમાં એકાગ્રતા અથવા તન્મયતા પ્રાપ્ત થાય એટલે તેવા ધ્યાન વડે તમામ કાર્યોનો તેના ફળ સહિત ત્યાગ સિદ્ધ થાય છે. સારાંશ એ કે, આ મુજબ ધ્યાનમાં એકાગ્રતા થવાથી તેના હું ભાવનો જ જ્યાં વિલય થઈ જાય છે તો પછી તેવા હુંપણા વડે થતાં કર્મો અને તેનાં ફળોની તો વાત જ ક્યાં રહી! અર્થાત્ તેવા ધ્યાનપરાયણ થયેલાનાં સઘળાં કર્મોનો મૂળમાંથી જ ઉચ્છેદ થઈ જાય છે, તેથી તમામ કર્મો અને તેનાં ફળો સાથે તેને કંઈ પણ લાગતું વળગતું નથી. આ રીતે કર્મફળનો ત્યાગ થયો એટલે તેને તુરત અંતરરહિત એટલે જેમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી એવી સ્વતઃસિદ્ધ, નિશ્ચલ અને અનિર્વચનીય શાંતિ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે નિર્વાણપદને પામે છે. આથી આમાં ભગવાને અભ્યાસથી નિશ્ચય જ્ઞાન શ્રેયરૂપ હોઈ તેથી ધ્યાનની મહત્તા વિશેષ છે, ધ્યાન વડે કર્મફળત્યાગ અનાયાસે જ થઈ જાય છે તથા તેવો ત્યાગ થતાં જ કાયમી શાંતિ મળે છે, એમ કહેલું છે. ધ્યાન એટલે શું? તેની વિશેષ સ્પષ્ટતાને માટે શાસ્ત્રમાં આપવામાં આવેલું કથન આ મુજબ છે.

જ્ઞાનમાં એકરસ થઈ જવું તે જ ધ્યાન કહેવાય

નિર્વિકલ્પ સમાધિ એ અપરોક્ષાનુભવનું સાક્ષાત્ કારણ છે ખરું, પરંતુ જ્ઞાનનો ઉદય થયા વિના નિર્વિકલ્પ સમાધિ થાય તો તે પણ પરમ જડતારૂપ જ છે, તથા સવિકલ્પ સમાધિ તો સંસાર રૂપ છે. તેથી કદાચિત્ ધ્યાન કે સમાધિનો લાભ થાય તો પણ જ્ઞાન થયા વિનાનું તે કંઈ પરમ પુરુષાર્થરૂપ સંભવતું નથી અને જો સવિકલ્પ ધ્યાન હોય તો તે પણ સંસારના જેવું જ છે. અને જ્ઞાન થયા વગરની નિર્વિકલ્પતા હોય, તો તે પણ પાષાણના જેવી પરમ જડતારૂપ છે. મોક્ષ એ કાંઈ પાષાણ જેવા જડ સ્થિતિરૂપ કિંવા વિકલ્પાત્મક સંભવતો નથી. તરમાત્ જ્ઞાન રહિત પાષાણ જેવી નિર્વિકલ્પ જડ સમાધિ વડે કશું પણ પ્રાપ્ત થતું નથી. તે થકી આત્યંતિક દુઃખની નિવૃત્તિ કદી પણ થતી નથી. સુષુપ્તિ વડે શું વળે છે? સૃષ્ટિનો અત્યંત અસંભવ છે, તેથી સારી રીતે જ્ઞાનનો ઉદય થતાં વિવેકી પુરુષની દૃષ્ટિમાં સર્વ દૃશ્ય ભ્રાંતિમાત્ર જ ભાસે છે. જીવન્મુક્તિ એ જ વાસ્તવિક રીતે નિર્વિકલ્પ સમાધિ કહેવાય. તે જ અનંત નિર્વાણરૂપ અને મોક્ષરૂપ છે. તુરીયાવસ્થા પણ તેને જ કહે છે. તેમાં યથાસ્થિતપણે રહીને કિંચિન્માત્ર પણ ક્ષોભને પ્રાપ્ત નહિ થતાં તે પુરુષ હમેશાં સર્વના પ્રકાશક એવા આત્મરૂપે જ રહે છે. **"જ્ઞાનમાં સારી રીતે એકરસ થઈ જવું**

તે જ ધ્યાન કહેવાય છે." વળી દૃશ્યનો અત્યંત અસંભવ છે તેથી આત્મસ્વરૂપને યથાર્થ રીતે ઓળખવું તેને જ શ્રુતિઓ તથા તત્ત્વવેત્તાઓ પરમપદરૂપ કે પરમ પુરુષાર્થરૂપ કહે છે. આ સ્થિતિ કાંઈ પાષાણ જેવી જડ કિંવા સુષુપ્તિ જેવી પણ નથી. તે નિર્વિકલ્પ કે સવિકલ્પ બંને પૈકી એકે નથી તેમ સાવ શૂન્ય પણ નથી. તે દૃશ્યના અત્યંત અસંભવરૂપ તથા કેવળ અનુભવરૂપ છે. એ બ્રહ્મ જ સર્વરૂપ છે તથા કશારૂપ પણ નથી. જે બ્રહ્મના જેવો નિર્વિકાર હોય તે જ તેને સર્વત્ર અનુભવે છે. આ મુજબ જ્યારે સારી રીતે પ્રબોધનો ઉદય થાય છે ત્યારે જ તે પરમ નિર્વાણપદની પ્રાપ્તિ થઈ એમ કહી શકાય. તે નિર્વાણ દશામાં આ જગત યથાસ્થિત (જેમનું તેમ) રહ્યા છતાં પણ પ્રલય જેવી અભાવની સ્થિતિને પ્રાપ્ત થઈ જાય છે. તેમાં આ એકતા કિંવા અનેકતાની બિલકુલ કલ્પના જ નથી. તેમાં કશુંએ નથી તેમ કશાનો સંભવ પણ નથી. તેમ સર્વ સદસત્ વસ્તુઓની સીમાના અંતરૂપ પણ તે જ કહેવાય છે. દૃશ્ય અત્યંત અસંભવિત છે એમ નિશ્ચયપૂર્વક માનવાથી શુદ્ધ બોધનો ઉદય થાય છે અને તેવા પ્રકારના બોધનો ઉદય થવાથી સર્વ વિક્ષેપોથી રહિત થવાય છે. આમ સર્વ વિક્ષેપોથી રહિત થયા પછી શાંતપણે જે કાંઈ નિરતિશય આનંદરૂપે સ્થિતિ રાખી રહેવું તે જ પરમપદ છે, એમ તમે સમજો. એ શુદ્ધ બોધ જ સર્વોત્તમ ધ્યાનરૂપ છે. શાસ્ત્રપરિચયથી પદ તથા પદના અર્થને જાણી શકનાર બુદ્ધિમાન નિરંતર મોક્ષના ઉપાયરૂપ સત્શાસ્ત્રનો અભ્યાસ કરનાર શુદ્ધ અધિકારી પુરુષ જ પોતાને અધ્યાત્મશાસ્ત્રના વિચારથી થયેલા જ્ઞાનરૂપી ઉપાય વડે તે પદ મેળવી શકે છે બીજા કશા ઉપાય વડે તેની પ્રાપ્તિ થતી નથી. તીર્થાટન વડે, દાન વડે, અધ્યાત્મ વિના બીજી કોઈ વિદ્યા વડે, યોગ વડે, ધ્યાન વડે, તપ વડે કે યજ્ઞ વડે તેની પ્રાપ્તિ કદાપિ થતી નથી. અરે! કોઈને જો ભ્રાંતિ થઈ હોય તો તેને કોઈ દિવસ તપ, જપ વા તીર્થાદિ વડે તે કદી શાંત થાય ખરી કે? આ જગતમાં જો સારી શુદ્ધ બુદ્ધિ વડે અધ્યાત્મશાસ્ત્રનો વિચાર કરવામાં આવે તો તેથી થયેલા આત્મજ્ઞાનરૂપ મોક્ષના ઉપાયથી જ એ ભ્રાંતિ શાંત થાય છે, બીજા કશા ઉપાયથી પણ તે શાંત થતી નથી (યો૦ વા૦ નિ૦ ઉ૦ સ૦ ૧૭૪/૧૦ થી ૨૭નો સારાંશ).

ત્યાગથી અનંતર શાંતિ પ્રાપ્ત થાય છે

આત્મસ્વરૂપ એવા મારા (શ્લોકાંક ૧)માં દૃશ્યાદિ કાંઈ છે જ નહીં, એવા પ્રકારના દૃઢનિશ્ચય વડે આગળ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે નિર્ગુણ અથવા નિઃશેષભાવના ઉપાસના કરનાર કિંવા પોતે તથા આ સર્વ દૃશ્ય આત્મસ્વરૂપ એવા ભગવાન(શ્લોકાંક ૧)નું જ રૂપ છે, એ પ્રકારે સગુણ અથવા સર્વાત્મભાવની ઉપાસના કરનારો તમામ કર્મો કરે છે, છતાં તેમાંથી તદ્દન અલિપ્ત જ હોય છે, અર્થાત્ કર્મ કરવાં છતાં પણ તે કર્તાપણાના અહંકારથી રહિત હોય છે. એ રીતે કર્મ કરનારો જ કર્મ કરવા છતાં પણ તેના ફળનો ત્યાગી કહેવાય. કેમકે તેનું ધ્યાન તો કેવળ એક આત્મભાવમાં જ તાદાત્મ્ય પામેલું હોય છે. તેથી તેને તો આત્માથી બીજું કાંઈ હરો એવો ખ્યાલ સ્વપ્નને પણ હોતો નથી. આ પ્રકારનો કર્મફલત્યાગ આત્મસ્વરૂપના ધ્યાનમાં તાદાત્મ્ય થનારને એ પ્રકારના ધ્યાન થકી અનાયાસે જ પ્રાપ્ત થાય છે. આ રીતે કર્મફલત્યાગ થતાં જ તેની અનિર્વચનીય એવા પરમપદમાં કાયમને માટે ઐક્યભાવે તદ્રૂપતા થાય છે, આવી નિર્વાણ શાંતિ તે જ અનંતર શાંતિ કહેવાય. નિષ્કામ કર્મયોગ તે આ જ. તે આવી સ્થિતિમાં સ્થિત થયેલા યોગીને જ લાગુ થઈ શકે. જેને આ સ્થિતિ પ્રાપ્ત થયેલી છે, તે જ ખરો ભક્ત કિંવા જીવન્મુક્ત છે અને આવો ભક્ત જ મને અત્યંત પ્રિય છે. એમ હવે ભગવાન આગળ કહી રહ્યા છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।

निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥१३॥

જીવન્મુક્ત ભક્ત જ મને પ્રિય છે.

ભગવાન બોલ્યા: જેને સર્વ પ્રાણીમાત્રમાં કોઈ પણ પ્રકારનો દ્વેષ રહેલો નથી એવો 'અદ્વેષ્ટા' એટલે અમુક ત્યાજ્ય છે, એવી રીતનો ભાવ જેમાં રહેલો નથી, પરંતુ આ સર્વ આત્મસ્વરૂપ એવું મારું જ સ્વરૂપ

છે એવા એક જ ભાવમાં તદ્દન નિશ્ચલ થયેલો હોવાથી જેની સર્વભૂતમાત્રમાંથી દ્વેષબુદ્ધિ નષ્ટ થવા પામેલી છે અને તેથી તે તમામનો મિત્ર બનેલો છે; કરુણાવાળો એટલે આ સર્વભૂતો આત્મસ્વરૂપ હોઈ આત્મરૂપ એવા મારી સાથે એકસ્વરૂપ હોવા છતાં તેવું જ્ઞાન નહિ હોવાથી તેઓ બિચારા પોતાને આત્મસ્વરૂપથી ભિન્ન માની બેઠા છે તે ખરેખર દયાને પાત્ર છે, એવા પ્રકારની અંતઃકરણમાં જેને કરુણા ઉત્પન્ન થયેલી છે તેવો કરુણ; નિર્મમ અર્થાત્ આ મારું છે અને આ હું છું એવી જુદાપણાની સહેજ પણ ભાવના જેનામાં રહેવા પામેલી નથી પરંતુ જે આ હું અને મારું એવી રીતના ભેદ વડે જોવામાં આવે છે તે તમામ આત્મસ્વરૂપ એવા મારું જ રૂપ છે, મારા સ્વરૂપથી કિંચિન્માત્ર પણ કાંઈ ભિન્ન છે જ નહિ; એવા પ્રકારની નિર્મમતા તથા આત્મસ્વરૂપને નહિ જાણનારા આ બધા અજ્ઞાની અને મૂઢ લોકોને સ્વસ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી બાપડા દુઃખાદિ અનેક ભોગો ભોગવી રહ્યા છે તે ખરેખર ક્ષમાને પાત્ર છે એ રીતનો ક્ષમાવાળો; જેમાં અહંભાવનો લેશ પણ નથી એટલે હું એવી ભાવનાનો અંશ જ નથી તેવો નિરહંકાર થયેલો તથા સુખ અને દુઃખ એ બંને આત્મસ્વરૂપ જ છે એવી ભાવના વડે તે બંનેમાં સમાનતા જોનારો અર્થાત્ સર્વ ભૂતમાત્રમાં દ્વેષ નહિ કરનારો એવો સર્વનો મિત્ર કરુણા વડે વ્યાપ્ત, ક્ષમાધારી, અહંતામમતા રહિત તથા જેને સુખદુઃખ સમાન જ છે એવો જીવન્મુક્ત ભક્ત જ મને પ્રિય છે. અહીંથી ભગવાને બહુમાનસ જીવન્મુક્ત ભક્તનાં લક્ષણો કહેવાની શરૂઆત કરી છે.

सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।

मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥१४॥

અભિન્ન ભાવવાળો ભક્તયોગી જ મને પ્રિય છે

નિરંતર સંતોષી, સમાહિત ચિત્તવાળો, શરીર તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનારો, દૃઢ નિશ્ચયથી જેણે મન અને બુદ્ધિ મારામાં જ અર્પણ કરેલાં છે એવો જે મારો ભક્ત છે, તે જ મને પ્રિય છે. ઉદ્દેશ એ કે, જે યતાત્મા અર્થાત્ આ બધું પણ આત્મસ્વરૂપ જ છે અને તે આત્મા હું જ છું એ રીતે નિરંતર આત્મામાં જ રમી રહેલો છે, શરીર, ઇંદ્રિયો, તથા તેના વિષયો ઇત્યાદિ તમામને એક આત્મરૂપ નિયમમાં જ જેણે વશ કરેલાં છે, જેનું ચિત્ત આ રીતની સમતાને પ્રાપ્ત થયેલું છે અને જે તેવા પ્રકારના દૃઢ નિશ્ચયવાળો છે તથા જેણે હંમેશ આત્મસ્વરૂપ એવા મારામાં જ મન તથા બુદ્ધિને અર્પણ કરેલાં છે એવા દૃઢ નિશ્ચયવાળો (જ્ઞાન નિશ્ચયવાળો) તથા હંમેશાં તેમાંજ સંતુષ્ટ રહેનારો મારો ભક્ત એટલે મારાથી અભિન્ન ભાવનાવાળો જીવન્મુક્ત યોગી જ મને અત્યંત પ્રિય છે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।

हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥

લોકો વડે જે ઉદ્વેગ પામતો નથી તે ભક્ત મને પ્રિય છે

જે થકી કોઈ લોકો ઉદ્વેગ પામતા નથી તથા જે કોઈ લોકોથી ઉદ્વેગ પામતો નથી, જે હર્ષ, ઈર્ષ્યા, (અદેખાઈ) ભય તેમજ ઉદ્વેગથી મુક્ત છે તે મને પ્રિય છે. સારાંશ એ કે જેનાથી લોકોને કંટાળો અગર પરિતાપ(ત્રાસ) થતો નથી તથા જે લોકોથી પરિતાપ(ત્રાસ)ને પામતો નથી, એટલે લોકો તેનો ત્યાગ કરવા ઇચ્છતા નથી અને તે લોકોનો ત્યાગ કરવાની ભાવના સેવતો નથી. કેમ કે આ લોક છે તથા હું છું, એવા પ્રકારની ભાવનાનો તેમાં કદી ઉદય જ થતો નથી, તે તો સર્વત્ર કેવળ એક પોતાનું (આત્મ) સ્વરૂપ જ જુએ છે, તો પછી તેને ઉદ્વેગ થવાનું શું પ્રયોજન તથા બીજાઓને પણ તેના વડે ઉદ્વેગ થવાનું શું કારણ? આ મુજબ

આત્મસ્વરૂપ એવી એક મારી ભાવનામાં નિશ્ચલ થયેલો કે જે હર્ષ, ઈર્ષ્યા (અદેખાઈ), ભય કિંવા ઉદ્વેગ (પરિતાપ)થી તદ્દન મુક્ત છે, તે જ મારો અત્યંત પ્રિય ભક્ત અર્થાત્ જીવન્મુક્ત કિંવા પરમ ભક્ત છે એમ સમજો.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।

सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

સર્વ આરંભનો પરિત્યાગ કરનારો મને પ્રિય છે

અનપેક્ષ એટલે જેને કોઈ પણ જાતની અપેક્ષા નથી એવો ફક્ત એક આત્મામાં જ એકાગ્ર બનેલો, તદ્દન નિઃસ્પૃહ, શુચિ અર્થાત્ અત્યંત પવિત્ર, નિરંતર હું અને આ બધું મારું આત્મસ્વરૂપ છે તેથી ભિન્ન કાંઈ છે જ નહિ એવી રીતનો અખંડ ભાવ રહેવો તે જ ખરું શૌચ કિંવા પવિત્રપણું કહેવાય. આત્મામાંથી કિંચિન્માત્ર પણ જે કદી ચલાયમાન થતો નથી તેવો હંમેશાં આત્મામાં જ દક્ષ, જે આત્મા સિવાય ઇતર તમામ વસ્તુઓ પ્રત્યે ઉદાસીન રહે છે તેવો; ગતવ્યથઃ એટલે જેની તમામ વ્યથાઓ નાશ પામેલી છે, જે તમામ પ્રકારની પીડાઓથી તદ્દન રહિત બનેલો છે; સર્વારંભપરિત્યાગી અર્થાત્ જે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થતાં પૂર્વે જ તે આત્મસ્વરૂપ છે એ રીતના દૃઢ નિશ્ચયવાળો હોવાથી અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન જ થવા દેતો નથી અગર કદાચ થાય તો તેને તત્કાળ દાબી દે છે, આ મુજબ જે આરંભમાં જ અન્યાદિ ભાવનાઓનો પરિત્યાગ કરનારો છે, એટલે અંતઃકરણમાં કોઈ પણ વૃત્તિનું સ્ફુરણ જ થવા દેતો નથી અને જો કદાચ થાય તો તે આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારની દૃઢભાવના વડે તેને તત્કાળ દાબી દે છે, એ રીતે સર્વ આરંભનો જ પરિત્યાગ કરનારો, આત્મસ્વરૂપ એવા મારામાં જે એકરૂપ બનેલો છે તેવો મારો જીવન્મુક્ત-ભક્ત જ પ્રિય છે.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।

शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥१७॥

શુભાશુભ પરિત્યાગી ભક્ત

જે કદી હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, કે કાંઈ ઇચ્છતો પણ નથી, શુભ અને અશુભનો પરિત્યાગ કરનારો જે ભક્તિમાન, તે જ મારો પ્રિય ભક્ત છે. તાત્પર્ય એ કે, કોઈ પ્રકારનો લાભ થવાથી જે કદી હર્ષ પામતો નથી અને હાનિ થવાથી તેનો દ્વેષ કરતો નથી તેમ ઉદ્વેગ પણ કરતો નથી. તેમ જ જેને કશાની પણ ઇચ્છા નથી, આ શુભ છે, આ અશુભ છે એવી બંને પ્રકારની ભાવનાઓનો જેણે સર્વ રીતે ત્યાગ કરેલો છે અર્થાત્ આ શુભ અને આ અશુભ એવી બંને પ્રકારની ભાવનાઓનું જેની ચિત્તવૃત્તિમાં કદી ઉત્થાન જ થવા પામતું નથી, આ બધું અદ્વૈત એવું આત્મસ્વરૂપ જ છે, આ પ્રકારની એકાકાર વૃત્તિ સિવાય બીજી કોઈ વૃત્તિ ભલે અહમ્ (હું) એવું સ્ફુરણ પણ જેના અંતઃકરણમાં થવા પામતું નથી, આત્મસ્વરૂપ એવા મારા (વૃક્ષાંક ૧) સિવાય જેને બીજું બધું સૂઝવાનું બંધ થઈ ગયું છે અને હું એવો ભાવ પણ ઊઠવા પામતો નથી, આ રીતની એકનિષ્ઠારૂપ અનન્ય ભાવના વડે મારી ભક્તિમાં નિશ્ચળ થયેલો અતિમાન્ય એવો જે મારો ભક્ત છે, તે જ મને અત્યંત પ્રિય છે; નહિ કે બેપણાની ભાવના રાખનારો,

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।

शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥१८॥

तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।

अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥१९॥

સાચો ભક્તિમાન કોને કહેવો ?

શત્રુ તથા મિત્ર, માન અને અપમાન, શીત અને ઉષ્ણ, સુખ તથા દુઃખ જેને સમાન છે, જે સંગથી અત્યંત રહિત છે, એટલે જે શત્રુ કિંવા મિત્ર એ બંનેને આત્મસ્વરૂપ જુએ છે તેમ માન તથા અપમાન એ બંનેમાં પણ આત્મસ્વરૂપને જ દેખે છે, તેમ જ શીત કિંવા ઉષ્ણ એ બેઉ આત્મસ્વરૂપ જ છે, તથા સુખ અને દુઃખ આ બંને ભાવો પણ પોતાનું સ્વરૂપ જ છે, એમ જાણે છે; સારાંશ તમામ દ્વૈત ભાવનાઓમાં જે કેવળ એક પોતાનું સ્વસ્વરૂપ જ દેખે છે, એવી સમભાવનાવાળો તથા જે આત્મવ્યતિરિક્ત બાહ્ય સર્વ સંગોથી અત્યંત રહિત વા અલિપ્ત છે, જેને નિંદા કિંવા સ્તુતિ બંને સમાન છે એટલે નિંદા પણ આત્મસ્વરૂપ છે તથા સ્તુતિ પણ આત્મસ્વરૂપ છે; આ પ્રકારના મૌનવાળો અર્થાત્ આત્મવ્યતિરિક્ત બાહ્ય બધામાં જેણે મૌનનું સેવન કરેલું છે, એવો મૌની (મૌન સંબંધમાં જુઓ અધ્યાય ૧૩), યેનકેન એટલે જે વડે જે સમયે જે મળે તે ઉપર સંતુષ્ટ રહેનારો, અનિકેત એટલે જેનું કોઈ પણ ઠેકાણે સ્થાનક જ નથી અર્થાત્ આ હું છું, આ હું નથી, આ મારું છે, આ મારું નથી, આ તું છો, આ તમે છો, આ તે છે, આ તારું છે ઇત્યાદિ કોઈ પણ ઠેકાણે જે સ્થિત નથી; સંક્ષેપમાં જેનામાં હું અને મારું ઇત્યાદિ કોઈ પણ ભાવોને સ્થાન જ નથી કિંવા આ બંને ભાવોનો જ્યાં સ્પર્શ પણ નથી એવો સ્થાન વિનાનો; સ્થિરમતિ અર્થાત્ જેની બુદ્ધિ કેવળ એક આત્મામાં જ તદ્દન નિશ્ચળ(સ્થિર) થયેલી છે એવા પ્રકારનો; સાચો ભક્તિમાન નર જ મારો અત્યંત પ્રિય છે. સારાંશ એ કે અત્રે ભગવાને સાચો ભક્તિમાન કોને કહેવો તેનું લક્ષણ કહેલું છે. જે તમામ દ્વન્દ્વોથી મુક્ત થયેલો હોઈ જેની મતિ કેવળ એક આત્મામાં જ સ્થિર છે એ જ સાચો ભક્તિમાન જીવન્મુક્ત કહેવાય છે અને તે મને અત્યંત પ્રિય છે એમ કહ્યું છે.

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।

श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

મારાથી અભિન્ન ભક્તો જ મને પ્રિય છે

ટૂંકમાં એટલું જ કે, સર્વથી પર અને આત્મસ્વરૂપ એવો જે હું તે મારામાં પરાયણ થઈ શ્રદ્ધા વડે ઉપર કહેલા આ ભક્તોનાં લક્ષણવાળા ધર્મરૂપ અમૃતને જે સંપાદન કરે છે, તે જ મારા અત્યંત પ્રિય ભક્તો છે એમ જાણ. આમાં ભગવાને શ્રદ્ધા વડે મારામાં પરાયણ એટલે મારાથી ભિન્નપણું રાખીને નહિ પરંતુ મારારૂપ જ બની જઈને ઐક્યભાવે મારી ઉપાસના કરનારાઓને મુખ્ય ભક્તો માનેલા છે. જેઓ આ રીતે અભિન્નભાવ વડે ભક્તિ કરતા નથી તેઓ સાચા ભક્તો નથી, એમ ભગવાનનો કહેવાનો ઉદ્દેશ આમાંથી સ્પષ્ટ રીતે તરી આવે છે. દ્વૈતપદ તો તદ્દન કાલ્પનિક હોઈ એક આત્મા જ સત્ય છે.તે સંબંધમાં શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે કહેવામાં આવ્યું છે.

સુખદુઃખ છે જ નહિ

શ્રીકૃષ્ણ કહે છે : હે કુંતીપુત્ર ! વિષયો સુખ કિંવા દુઃખરૂપ છે એવી બંને પ્રકારની ભ્રાંતિને છોડી દે, કેમ કે ઉનાળામાં ઠંડો પદાર્થ સુખદાયી અને ગરમ પદાર્થ દુઃખદાયી થાય છે ત્યારે શિયાળામાં એથી ઊલટો અનુભવ આવે છે. આથી પદાર્થમાં સુખ તથા દુઃખનું નિશ્ચિત સ્થાન ક્યાં રહ્યું ? માટે વિષયો સુખદુઃખરૂપ નથી પણ દરેકને પોતપોતાની ભાવનાવશાત્ સુખદુઃખાદિ રૂપે અનુભવમાં આવનારા અને કાલ્પનિક હોઈ

નિત્યપ્રતિ જનારા અને આવનારા હોવાથી અનિત્ય છે. માટે પ્રિય વિષયો પ્રાપ્ત થતાં વૈરાગ્ય રાખવો તથા અપ્રિય વિષયો પ્રાપ્ત થતાં સહનશીલતા ધારણ કરવી. આ સુખદુઃખ આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી, માટે દુઃખ પણ ક્યાં રહ્યું અને સુખ પણ ક્યાં રહ્યું ? પોતાની પ્રિય વસ્તુ પ્રાપ્ત થાય કે હું પૂર્ણ છું એમ માની લેવારૂપ ભ્રાંતિ વડે અને અભિમાનને લીધે સુખ થાય છે તથા તેનો વિયોગ થતાં દુઃખ થાય છે. પણ વાસ્તવિક જુઓ તો આત્મા કે જે આદિઅંતથી રહિત તથા અવયવોથી પણ રહિત છે તેને પૂર્ણ કિંવા અપૂર્ણપણું સંભવે જ કેમ ? જેને વિષયો તથા ઇંદ્રિયોના સાચાપણાની ભાવના ટળી જાય છે તે જીવ ધીર, તત્ત્વદર્શી અને સુખદુઃખોમાં સમાન દૃષ્ટિવાળો થઈને જીવન્મુક્ત થાય છે. 'આત્મા સર્વરૂપ છે' એમ સમજવામાં આવે તો, સુખદુઃખાદિ ભેદો આત્મસ્વરૂપ હોવાને લીધે પ્રતિકૂળ લાગે જ નહિ. વળી 'દુઃખાદિ ભેદો મિથ્યા જ છે,' એમ સમજવામાં આવે તો પણ મોટો લાભ એ છે કે મિથ્યાભૂત પદાર્થો સહન કરી શકાય તેવા છે. આત્મા જ સર્વરૂપે દેખાય છે, માટે સુખ કિંવા દુઃખ મુદ્દલ છે જ નહિ. અધિષ્ઠાનભૂત આત્મામાં કલ્પિત અનાત્મ પદાર્થોની સત્તા શી રીતે સંભવે ? સુખદુઃખાદિ અસત્ પદાર્થો છે માટે તેઓની સત્તા નથી અને આત્મા સત્ પદાર્થ છે તેથી તેની અસત્તા નથી, તસ્માત સુખદુઃખાદિ કંઈ છે જ નહિ અને જે કાંઈ છે તે આત્મા જ છે. હે અર્જુન ! તું જગતના સત્પણાની બુદ્ધિને તથા આત્માના અસત્પણાની બુદ્ધિને છોડી દઈ સત્ તથા અસત્ના સંબંધમાં નિમિત્તભૂત મનને પણ તુચ્છ જાણી છોડી દે અને આત્મામાં જ દૃઢ નિષ્ઠા રાખ.

સુખદુઃખાદિ તો આત્મરૂપ જ છે

હે અર્જુન ! દેહાદિ, સુખદુઃખાદિ કે જગતાદિ કોઈ પણ પદાર્થ આત્માથી જુદો નથી, માટે કોણ કોનો અનુભવ કરે ? જે આ સુખદુઃખ છે, તે તો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો ભ્રાંતિ છે અને તે યથાર્થ બોધ વડે જ નષ્ટ થાય છે. જેમ આ દોરી પર થયેલો સર્પનો ભ્રમ અજ્ઞાનની નિવૃત્તિ વિના બીજા કોઇપણ ઉપાયે શાંત થઈ શકતો નથી તેમ આ દુઃખાદિ અબોધ(અજ્ઞાન) વડે જ ઉત્પન્ન થયેલું છે તે જ્ઞાનવડે નષ્ટ થાય છે. આ આખું જગત પૂર્ણબ્રહ્મ(આત્મા) છે માટે કંઈ નષ્ટ પણ થતું નથી અને ઉત્પન્ન પણ થતું નથી એમ સમજવું, એ જ સાચો પરમબોધ છે. જેમ સમુદ્રમાં થોડો વખત તરંગપણાદિ જેવું પ્રતીત થઈને તે પાછું વિલીન થઈ જાય છે તેમ બ્રહ્મમાં આ જગતાદિ ભાસો ક્ષણમાત્ર દેખાઈ પાછા લીન થઈ જાય છે. જેમ ચકરીમાં જળ રૂપે છે તેમ આત્મસ્વરૂપ એવા તારામાં પણ બ્રહ્મ જ રૂપરો રહ્યું છે માટે તું નિર્દોષ એવું બ્રહ્મ છે. જે જે કંઈ કાળ જેવું, ક્રિયા જેવું, દેશ જેવું, તુંપણા જેવું, હુંપણા જેવું અને સેનાઓ જેવું આ બધું દેખાય છે, તે સર્વ ખરેખર બ્રહ્મ જ છે, માટે તેમાં ભાવ કે અભાવની કલ્પના જ ઘટતી નથી. તું માન, મદ, શોક, ભય, તૃષ્ણા, સુખ અને દુઃખ ઇત્યાદિને છોડી દે કેમ કે એ તમામ દ્વૈત મિથ્યા છે, માટે તું તો સઘળા દ્વૈતના અધિષ્ઠાનરૂપે એક એવા તત્ (સત્) રૂપ થા. આ સેનાઓમાં જે માણસો તથા પશુઓ વગેરે છે તેઓ પણ બધા અનુભવરૂપ અનિર્વચનીય એવું બ્રહ્મ જ છે. તેઓનો તારા હાથથી જે ક્ષય થશે એમ તું માને છે તે પણ અનુભવરૂપ બ્રહ્મ જ છે. માટે શુદ્ધ બ્રહ્મને બુદ્ધરૂપ સ્વધર્મથી બ્રહ્મમય કર.

સુખદુઃખાદિ દ્વંદ્વોનો નાશ

હે અર્જુન ! સુખમાં સુખબુદ્ધિ, દુઃખમાં દુઃખબુદ્ધિ, લાભમાં લાભબુદ્ધિ, હાનિમાં હાનિબુદ્ધિ, જયમાં જયબુદ્ધિ, પરાજયમાં પરાજયબુદ્ધિ નહિ રાખતાં આ સર્વ દ્વંદ્વોનો ત્યાગ કરી કેવળ એક બ્રહ્મબુદ્ધિ રાખીને શુદ્ધ બ્રહ્મરૂપ થા. તું પોતે બ્રહ્મરૂપ મહાસાગર હોવાથી તારામાં તો બ્રહ્મરૂપ તરંગો જ ઊઠે, બીજું ક્યાંથી આવે: માટે તું લાભહાનિમાં પણ સમાન બુદ્ધિવાળો થઈ દેહાદિકમાંથી અહંભાવના છોડી દઈ આવી પડેલું કાર્ય કર. હે અર્જુન ! તું જે કરે છે, ભોગવે છે, હોમે છે, આપે છે અને હવે પછી જે કંઈ કરશે તે સર્વ આત્મા જ છે, એવા પ્રકારની દૃઢ ભાવના રાખીને સ્થિર થા. તું લાભની લાલચથી કર્મ નહિ કર અને

પ્રાપ્ત થયેલાં કર્મોને નહિ કરવામાં પણ આસક્તિ નહિ રાખ, પરંતુ ફળમાં સિદ્ધિ અને અસિદ્ધિ બંને સરખાં ગણીને પ્રાપ્ત થયેલાં કર્મો કર. આ રીતે કર્મમાં આસક્તિ છોડનાર કર્મરહિત બને છે. જે પુરુષ કર્મોના ફળોમાં આસક્તિ નહિ રાખતાં સર્વદા તૃપ્ત રહે છે અને અભિમાનથી રહિત થાય છે તે પુરુષ કર્મોમાં ખૂબ રચેાપચ્યેા હેાય તેા પણ કશું કરતેા જ નથી. આસક્તિ એ જ કર્તાપણું કહેવાય છે. જો મનમાં અનેક પ્રકારની વાસનાત્મક સંકલ્પવિકલ્પરૂપ મૂઢતા હેાય તેા કર્મો નહિ કરવા છતાં પણ કર્તાપણું થાય છે માટે તેવી મૂર્ખતાનેા ત્યાગ કરવેા જોઈએ. પરમતત્ત્વને જાણનારા સદ્‌ગુરુનેા આશ્રય કરી આસક્તિથી રહિત રહેનારેા મહાત્મા પુરુષ સઘળા કર્મો કરે તેા પણ તેને કદી કર્તાપણું પ્રાપ્ત થતું નથી, કર્તાપણાનેા ભાવ મટી જવાથી ભેાક્તાપણાનેા ભાર પણ દૂર થાય છે અને તેથી એકતા પ્રાપ્ત થાય છે. આ રીતે સંપૂર્ણ એકયભાવ પ્રાપ્ત થતાં જીવન્મુક્તપણું પ્રાપ્ત થાય છે અને જીવન્મુક્તપણાથી વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. માટે હે અર્જુન ! તું ભેદબુદ્ધિનેા ત્યાગ કરી પરમાત્માની સાથે એકતા પામીને પછી આ કરવાનું કે આ નહિ કરવાનું એમ બંને પ્રકારનું કામ કરશે તેા પણ તેનેા કર્તા થશે નહિ.

આસક્તિ વગરનેા પુરુષ જ શાંતિને પામે છે

જે પુરુષનાં સઘળાં કર્મો કામનાઓના સંકલ્પેાથી રહિત હેાય, તે જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગયેલાં કર્મોવાળા પુરુષને વિદ્વાનેા પંડિત કહે છે. જે પુરુષ સમ, સૌમ્ય, સ્થિર, સ્વસ્થ, શાંત અને કેાઈપણ વિષયેામાં સ્પૃહા વગરનેા હેાય તે પુરુષ ક્રિયાઓ કરતાં છતાં કેાઈ પણ જાતની ક્રિયાઓ કરતેા જ નથી. માટે હે અર્જુન ! તું સુખદુઃખાદિ દ્વન્દ્વોથી રહિત થા, ભરણપેાષણની ચિંતાથી રહિત થા, ધીર થા, સર્વદા સ્વરૂપમાં જ સ્વસ્થ રહે અને વ્યવહારની પ્રકૃતિથી આવી પડેલા કાર્યને અનુસર. જે પુરુષ કર્મેન્દ્રિયોનેા નિગ્રહ કરી મનથી વિષયેાનું ચિંતન કર્યા કરે છે તે મૂઢ પુરુષ ઢોંગી કહેવાય, પણ જે પુરુષ મનથી ઇન્દ્રિયોને નિયમમાં રાખી કર્મેન્દ્રિયેાથી કર્મ કરે છે તેવેા આસક્તિ વિનાનેા પુરુષ શ્રેષ્ઠ ગણાય છે. જેમ નદીઓ ભરપૂર રહેનારા સમુદ્રમાં પ્રવેશ કરે છે તથા તે નદીપણું મટી સમુદ્રપણાને પામે છે અને પછી સદાને માટે સમુદ્રમાં જ લીન થઈ જાય છે. તેમ મિથ્યાત્વ બુદ્ધિ દૂર થતાં સઘળા વિષયેા આત્મારામ પુરુષમાં જ પ્રવેશે છે તથા તે આત્મસ્વરૂપ જ બની જાય છે અને તેવેા પુરુષ જ શાંતિને પામે છે, અનંત કામનાવાળેા પુરુષ કદી પણ શાંતિને પામતેા નથી (યે૦ નિ૦ પૂ૦ સ૦ ૫૪ જુઓ).

દેહની ચેષ્ટાઓનેા ત્યાગ એ કાંઈ જીવન્મુક્તિ નથી

આ સર્વ આત્મસ્વરૂપ છે એમ સમજીને વાસનાનેા સર્વથા ત્યાગ કરશે તેા તું જીવન્મુક્ત બની અંતઃકરણમાં અવશ્ય કાયમી શાંતિને અનુભવીશ. આકાશ જેવેા નિર્મળ અંતઃકરણવાળેા થઈ પેાતાને ગમતાં હેાય કે ન ગમતા હેાય તે સર્વ સંકલ્પેાને દૂર કરીને રાગદ્વેષાદિનેા ત્યાગ કર અને શિષ્ટ લેાકેાના સંપ્રદાયને અનુસરીને વ્યવહારપરંપરાથી પ્રાપ્ત થયેલા આ યુદ્ધરૂપ આવશ્યક કાર્યને અને બીજા પણ પ્રસંગવશાત્ આવી પડે તે યજ્ઞયાગાદિ કાર્યો, રાગ(આસક્તિ)નેા ત્યાગ કરીને કર. કર્મો કરવાથી તત્ત્વજ્ઞાનને કેાઈ હાનિ થતી નથી. ફકત દેહની બાહ્ય ચેષ્ટાઓનેા ત્યાગ કરવેા એ કાંઈ જીવન્મુક્તપણું નથી પરંતુ શિષ્ટ લેાકેાના વ્યવહારની પરંપરાથી પ્રાપ્ત થયેલું સ્વધર્મરૂપ કર્મ આત્મસ્વરૂપની ભાવનાથી કર્યા કરવું એ જ ખરું જીવન્મુક્તપણું છે. આ અમુક કર્મનેા ત્યાગ કરું અને આ કર્મને ગ્રહણ કરું એવી રીતનેા ભેદ તેા મૂઢના મનમાં જ રહ્યા કરે છે. જ્ઞાનીના મનની સ્થિતિ તેા બંને વખત એક સરખી જ રહે છે. શિષ્ટ લેાકેાના વ્યવહારની પરંપરાથી આવી પડેલાં કર્મોને કર્યા કરતાં છતાં શાંત ચિત્તવાળા જીવન્મુક્ત પુરુષો પેાતાના સંકલ્પથી રહિત થઈને સુષુપ્તિ અવસ્થામાં વસતા હેાય તેમ હંમેશ આત્મારૂપે જ રહ્યા કરે છે. વિષયેામાંથી પાછી વળેલી ઇંદ્રિયેા કાચબાનાં અંગેાની પેઠે જે પુરુષની અંદર જ પેસીને પેાતાની મેળે સ્વાભાવિક રીતે જ એકરસપણાથી સ્થિર થાય છે તે પુરુષને જીવન્મુક્ત સમજવેા અને એવેા જીવન્મુક્ત જ ખરેા ભક્ત કહેવાય (યે૦ નિ૦ પૂ૦ સ૦ ૫૬ શ્લેાક૦ ૧ થી ૭).

બદ્ધ અને મુક્તની ક્રિયાઓમાં ભેદ છે

ભગવાન કહે છે : હે ઉદ્ધવ ! સાચા ભક્તો કોને કહેવા તેનાં લક્ષણો તારા પ્રશ્ન ઉપરથી મેં પ્રથમ તને કહેલાં છે; છતાં બોધની પરિપક્વતાને માટે ફરીથી સંક્ષેપમાં કહું છું. જ્ઞાની પુરુષ સુખદુઃખથી રહિત અને નિરભિમાન થઈને દેહમાં વર્તે છે તથા અજ્ઞાની પુરુષ હું જ દેહાદિક છું એવી માન્યતા રાખી અભિમાન સહિત દેહમાં વર્તે છે, તેથી સુખદુઃખ ભોગવ્યા કરે છે; એ બદ્ધ તથા મુક્ત પુરુષની વર્તણૂકમાં ભેદ છે. આ બધું વાસ્તવિક ઇંદ્રિયો જ કર્યા કરે છે અને હું તો અલિપ્ત હોવા છતાં જાણે તે બધું હું જ કરી રહ્યો છું એવી રીતે આ ઇંદ્રિયો મને બાંધતી હોય એમ દેખાય છે, પરંતુ વાસ્તવિક રીતે હું તો તદ્દન અસંગ એવો આત્મરૂપ છે એમ સમજી વિરક્ત થયેલો જ્ઞાની પુરુષ જોે કે શયન, આસન, ફરવું, નાહવું, જોવું, અડવું, સૂંઘવું, જમવું તથા સાંભળવું ઇત્યાદિ ક્રિયાઓ ઇંદ્રિયો વડે કરતો હોય એમ દેખાય છે, છતાં તે ક્રિયાઓને પોતામાં નહિ માનતો હોવાથી તેથી અલિપ્ત એવા સાક્ષીપણામાં જ રહે છે, તેથી અજ્ઞાનીની પેઠે તેમાં બંધાતો નથી. જેમ આકાશ સર્વત્ર રહેવા છતાં તે કોઈમાં પણ બંધાતું નથી તેમ જ્ઞાની પુરુષ દેહમાં રહ્યા છતાં પણ દેહમાં બંધાતો નથી. આ બદ્ધ અને મુક્તની ક્રિયાઓ દેખાવમાં એક સરખી લાગવા છતાં તે બે વચ્ચેનો ભેદ આ પ્રમાણેનો છે, તે તને કહ્યો.

જ્ઞાની પુરુષ ઇંદ્રિયોવડે ચેષ્ટા કરવા છતાં મુક્ત કેમ ?

આ મુજબ વૈરાગ્યથી તીક્ષ્ણ એવી બ્રહ્મવિદ્યાથી જેના અસંભાવનાદિ તમામ સંકલ્પોનો નાશ થયો છે, જેના તમામ દોષો કપાઈને જે નિઃસંકલ્પ બની ગયો છે, એવા જ્ઞાની પુરુષને અપરોક્ષજ્ઞાન થતાંની સાથે જેમ સ્વપ્નનો ભ્રમ જાગૃત થતાં જ નિવૃત્ત થઈ જાય તેમ આ મિથ્યા પ્રપંચનો બાધ તુરત જ થઈ જાય છે. એટલે મુક્ત પુરુષ દેહ ઉપરનું મમત્વ છોડી નિરભિમાની બની જાય છે. જે પુરુષની પ્રાણ, ઇંદ્રિય, મન અને બુદ્ધિની તમામ વૃત્તિઓ સંકલ્પથી રહિત એટલે એક આત્મરૂપ જ બનેલી હોય છે, તે પુરુષ દેહમાં હોવા છતાં પણ તેથી મુક્ત છે. આમ બદ્ધ અને મુક્ત પુરુષમાં જે ભેદ જોવામાં આવે છે તે અભ્યાસકને પોતાની પરીક્ષામાં ઉપયોગી થાય એટલા માટે કહેવામાં આવ્યો છે. હવે મુક્ત પુરુષોનાં કેટલાંક બાહ્ય લક્ષણો કે જે બીજાઓ પણ જાણી શકે તેવાં છે તે કહું છું.

આત્માની સાથે તાદાત્મ્ય અનેલો જ ખરો ભક્ત છે

હે ઉદ્ધવ ! જીવન્મુક્ત જ્ઞાની પુરુષોનાં લક્ષણોની ગણતરી થવી શકય જ નથી છતાં તને થોડાંક કહું છું. જ્ઞાની પુરુષને કોઈ દુર્જનો પીડા કરે કિંવા કોઈ તેનું પૂજન કરે એ બંનેમાં તે વિકારને પામતો નથી. કોઈ સારું કરે કિંવા સ્તુતિ કરે તેમ જ કોઈ નઠારું કરે યા નિંદા કરે તો પણ જે હંમેશ સમ રહે છે તે મુક્ત સમજવો. જેને સારું નરસું બંને સમાન છે તથા જે હંમેશ સમભાવના રાખી કેવળ આત્મારામપણાની ભાવના વડે જડની પેઠે ફરે છે તેને મુક્ત સમજવો; તાત્પર્ય કે, જે તમામ ભાવે કેવળ એક આત્મામાં જ નિત્યપ્રતિ પરાયણ થયેલો હોય છે, આત્મા સિવાય જેને બીજું કંઈ ભાસતું જ નથી, જેને સારું કિંવા નરસું એ બંને દ્વંદ્વોમાં એક જ આત્મસ્વરૂપની સમભાવના હોય છે તે પુરુષ મુક્ત સમજવો. આ રીતે જે આત્મસ્વરૂપની સાથે તાદાત્મ્ય બનેલો હોય છે તે જીવન્મુક્ત જ ખરો ભક્ત કહેવાય. આ લક્ષણો તેમને ઓળખવા માટે નહિ પરંતુ પોતામાં સાધુત્વનો અંશ કેટલો છે તે સમજવા માટે ઉપયોગી છે એમ જાણવું. હવે તને ભક્તિનાં લક્ષણો કહું છું, જે સગુણ ઉપાસના કરનારાઓને માટે અત્યંત ઉપયોગી છે. આ લક્ષણો સર્વસામાન્ય લોકોને માટે અભ્યાસમાં પ્રથમ પગથિયા રૂપ છે.

મહાત્મા કિંવા મૂર્તિની ઉપાસના કરવાની રીતિ

આત્મસ્વરૂપ એવા મારી મૂર્તિઓનાં કિંવા મારા ઉપર જણાવેલા જીવન્મુક્ત પરમ ભક્તોનાં દર્શન કરવાં, સ્પર્શ કરવો, પૂજન કરવું, સેવા, સ્તુતિ, અને પ્રણામ કરવા, તેઓના ગુણકર્મોનું કીર્તન કરવું,

શ્રદ્ધાપૂર્વક મારી જ કથા સાંભળવી તથા કરવી, હંમેશ મારું જ ધ્યાન કરવું, જે કાંઈ મળે તે મને જ અર્પણ કરવું. પોતાનો દેહ ભગવાનનો જ છે એમ સમજીને દેહાભિમાન પણ અર્પણ કરવો અને પોતે નિરભિમાની થઈ જવું. મારા જન્મકર્મોનું વર્ણન કરવું, મહોત્સવો તથા વ્રતાદિ કરવાં; વેદમાં બતાવ્યા પ્રમાણે મંત્રની કિંવા તંત્રની દીક્ષા લેવી. વેદના આધાર વગરનાં હોય તે મંત્ર કિંવા તંત્ર ત્યાજ્ય છે એવો આ કથનનો ભાવ છે, દેવાલયાદિ બંધાવવાં અને તેમાં મારી મૂર્તિનું સ્થાપન કરવું, મારા મંદિરોમાં નિષ્કપટપણે વાસીદું વાળવું, લીંપવું, જળાદિથી પ્રોક્ષણ કરવું વગેરે કર્મો અભિમાન રહિત બનતે કરવાં; મને અર્પણ કરેલા પદાર્થોનો પોતે ઉપયોગ કરવો નહિ, પોતાની પ્રિય વસ્તુ અર્પણ કરવી. આ રીતે મારી પ્રીત્યર્થે તમામ ક્રિયાઓ કરતા રહેવી એટલે આ બધું ભગવાનનું જ છે, મારું કાંઈ છે જ નહિ, એવી દૃઢ શ્રદ્ધા રાખીને મને સમર્પણ થનાર અક્ષય ફળને પાગે છે. આ મહાત્મા કિંવા મૂર્તિઓ સંબંધે આત્મનિવેદનનો સ્થૂળ પ્રકાર કહ્યો.

ભગવાનના પૂજનના અગિયાર સ્થાનકો

હે ઉદ્ધવ ! (૧) સૂર્ય (૨) અગ્નિ (૩) બ્રાહ્મણ (વેદાધ્યયન કરેલા કિંવા બ્રહ્મને જાણનારા) (૪) ગાયો (૫) આત્મસ્વરૂપના અભ્યાસકો (વૈષ્ણવો) (૬) અંતઃકરણ (૭) વાયુ (૮) જળ (૯) પૃથ્વી (૧૦) પોતાનો આત્મા અને (૧૧) સઘળાં પ્રાણીઓઃ એ અગિયાર મારાં પૂજન કરવાનાં સ્થાનકો છે. ત્રણ વેદમાં કહેલા સૂક્તોથી ઉપસ્થાનાદિક સન્ધ્યાવન્દનના અંતભાગમાં ગાયત્રી જપ થયા પછી સૂર્યની સામે ઊભા રહીને સૂર્યની પ્રાર્થનાના મંત્રો બોલવામાં આવે છે તે; ઇજ્યાદિ કરવાથી સૂર્યમાં મારું પૂજન થાય છે. અગ્નિમાં હવિષ્યાદિનો હોમ કરવાથી અગ્નિમાં મારું પૂજન થાય છે. વેદાધ્યયન કરેલા ઉત્તમ બ્રાહ્મણોના આતિથ્ય વડે બ્રાહ્મણોમાં મારું પૂજન થાય છે. ગાયોને ખોળ કે ઘાસ ખવરાવવું, તેની સેવા કરવી કે જેથી ગાયો દ્વારા મારું પૂજન થાય છે. આત્મસ્વરૂપના અભ્યાસકો એટલે વૈષ્ણવોમાં તેઓનો બંધુ તરીકે સત્કાર કરીને તે દ્વારા પણ મારું પૂજન કરવું. તેઓને અભ્યાસમાં મદદ રૂપ થાય એવી રીતે તેઓનો પરસ્પર સત્કાર કરવો. હૃદયાકાશમાં ધ્યાન નિષ્ઠા રાખીને એટલે અંતઃકરણમાં જ્યાંથી વૃત્તિનું ઉત્થાન થાય છે તે સ્થાનમાં ધ્યાન કરીને અંતઃકરણરૂપે મારું પૂજન કરવું. વાયુમાં પ્રાણદૃષ્ટિ અર્થાત્ દરેક શ્વાસોચ્છ્વાસમાં હું જ વ્યાપેલો છું એવા પ્રકારની દૃષ્ટિ તે પ્રાણદૃષ્ટિ કહેવાય તેવી દૃષ્ટિ વડે મારું પૂજન કરવું, એનો ભગવાનનો ઉદ્દેશ છે. જળમાં જઈને અર્ઘ્ય તથા તર્પણ આપવાથી તે દ્વારા પણ મારું પૂજન થઈ શકે છે. પૃથ્વીમાં રહસ્યમંત્રના ન્યાસાદિ વડે એટલે માહાત્મ્યપઠન કિંવા કરન્યાસ વા હૃદયાદિન્યાસ કરવાથી પૃથ્વીનું પૂજન થાય છે (આથી સપ્તશતિ, ગીતા વગેરે ધાર્મિક ગ્રંથોના આરંભમાં માહાત્મ્ય અને ન્યાસાદિ આપવાની શાસ્ત્રપદ્ધતિ છે). સર્વત્ર પોતાનો જ આત્મા વ્યાપેલો છે એવો સર્વાત્મભાવ રાખવાથી આત્મા વડે મારું પૂજન થાય છે. સર્વ પ્રાણીમાત્રમાં સમતા રાખી હું એવા ક્ષેત્રજ્ઞરૂપે સર્વમાં રહ્યો છું એટલે આ સર્વ પ્રાણીઓમાં આત્મા જ આ બધું કરાવે છે તેથી તેઓ સર્વ પોતાના સમાન જ છે એવા ભાવ વડે ઊંચનીચપણું નહિ રાખતાં તેઓ પ્રત્યે માન રાખવું તથા દ્વેષાદિ કરવા નહિ; તેમ કરવાથી સઘળાં પ્રાણીઓ રૂપે મારું પૂજન થઈ શકે છે.

સત્સંગદ્વારા પ્રાપ્ત થતી ભક્તિ વડે જ ઉદ્ધાર થાય છે

આ પૂજામાં જે અગિયાર સ્થાનકો કહ્યાં છે તેમાં પૂજન કરતી વખતે તે સર્વેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ (કમળ)થી યુક્ત એવા મારા ચતુર્ભુજ તથા શાંત સ્વરૂપનું ધ્યાન કરતાં રહેવું, એટલે આ તમામ ચાર ભુજાઓવાળા તથા શંખચક્રાદિ ધારણ કરેલા ભગવાનનું જ સ્વરૂપ છે, એવું મારું સગુણસ્વરૂપ દૃષ્ટિ સામે રાખીને હું તેનું પૂજન કરું છું, એ રીતે નિશ્ચય વડે સર્વત્ર ધ્યાનની ભાવના કરવી. આ મુજબ ધ્યાન કરતી વખતે જિતેન્દ્રિયપણું એટલે કોઈપણ ઇન્દ્રિય તથા તેના વિષયાદિમાં આ સગુણમૂર્તિ સિવાય બીજા કશાની પણ ભાવના થવા નહિ દેવી; તેવું જિતેન્દ્રિયપણું રાખીને મંત્રમાં કહેલા પ્રકારથી મારું

પૂજન કરવું. આવો જિતેન્દ્રિય પુરુષ પૂર્તકર્મો જેવાં કે કૂવા, વાવ તથા વાડી વગેરે બનાવી તેમ જ ઇષ્ટકર્મો જેવાં કે યજ્ઞયાગાદિ કરી તેમાં પણ એ બધું ભગવાનનું જ રૂપ છે એમ સમજીને મારું જ પૂજન કરે છે. આમ જિતેન્દ્રિય થઈ મારું યજન કરનારને ધીરેધીરે સગુણ અભ્યાસદ્વારા મારામાં દૃઢ ભક્તિ થાય છે. ભક્તિ પ્રાપ્ત થયા પછી તે સત્પુરુષોની સેવા કરીને મારું જ્ઞાન મેળવે છે. હે ઉદ્ધવ! સત્સંગદ્વારા પ્રાપ્ત થતા ભક્તિયોગ વિના ઘણું કરીને સંસાર તરવાનો બીજો કોઈ ઉત્તમ ઉપાય નથી. કેમ કે, હું સત્પુરુષ રૂપે પ્રકટ એટલે પ્રત્યક્ષ એવો સર્વના આશ્રયરૂપ છું. તાત્પર્ય કે, બ્રહ્મવિદ્ સત્પુરુષ એ જ મારું વ્યવહારમાં સગુણ એવું સાક્ષાત્ પ્રકટરૂપ છે એમ સમજો, માટે સત્સંગથી તુરત મારી પ્રાપ્તિ થાય છે. આસન, પ્રાણાયામ વગેરે યોગ; તત્ત્વના વિચારરૂપ સાંખ્ય; અહિંસાદિ સામાન્ય ધર્મ; વેદ પાઠ કરવા રૂપ સ્વાધ્યાય; કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપ; સંન્યાસ રૂપ ત્યાગ, અગ્નિહોત્રાદિ (યજ્ઞ કરાવવા કરવા વગેરે) ઇષ્ટકર્મ; વાવ, કૂવા, દેવાલયો, બગીચા બંધાવવા વગેરે પૂર્તકર્મ; દક્ષિણા, વ્રત, દેવપૂજન, મંત્ર, તીર્થ, નિયમો કે યમો આ બધા જેવા મને વશ કરી શકતા નથી તેવો સર્વ સંગોનો નાશ કરનારો સત્સંગ મને વશ કરી શકે છે. આમ માયાવડે અનેકરૂપે ભાસતા એક જ પરમાત્માને બ્રહ્મનિષ્ઠ એવા સદ્ગુરુ દ્વારા જે જાણે છે તે વેદને તથા તેના તાત્પર્યને યથાર્થ રીતે જાણે છે. માટે હે ઉદ્ધવ! તું પણ અપ્રમાદી થઈને ગુરુની સેવા કરીને તે દ્વારા પ્રાપ્ત કરેલી એકાંતિક ભક્તિ વડે તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપી કુહાડા વડે જીવને ઉપાધિરૂપ એવા ત્રિગુણાત્મક લિંગ(આતિવાહિક) દેહને છેદી નાખ અને પછી આત્માને પ્રાપ્ત કરી તે જ્ઞાનરૂપી અસ્ત્રનો પણ ત્યાગ કર.

વ્યાપક એવા મારા આત્મસ્વરૂપમાં જ એકનિષ્ઠા રાખો

હે ઉદ્ધવ! જે વાણીમાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનારા મારા પવિત્ર કર્મનું તથા લીલા વડે મેં ધારણ કરેલા અનેક અવતારો પૈકી પોતાને પ્રિય હોય એવા અવતારોનું વર્ણન ન આવે તે વાણી વાંઝણી સમજી, બુદ્ધિમાને તેનો ત્યાગ કરવો. એટલે હંમેશાં આ સર્વ આત્મસ્વરૂપ એવા ભગવાનનું જ સ્વરૂપ છે એમ સમજવું તથા એ સિવાયની બીજી બધી વાતોને ત્યજી દેવી. આ પ્રમાણે નિશ્ચય કરી વિચારના બળથી દેહાદિકના અધ્યાસને દૂર કરીને સર્વવ્યાપક એવા મારા આત્મસ્વરૂપમાં મન રાખીને તેમાં જ વિરામ પામવો પરંતુ કેવળ પાણિતલ ધરીને તૃપ્તિ પામવી નહિ. આ રીતે બુદ્ધિને પરબ્રહ્મ સ્વરૂપમાં નિશ્ચલ રાખવાની જો તારી શક્તિ ન હોય તો તમામ કર્મો મને અર્પણ કરી દેવાનું ભૂલીશ નહિ તથા તેના ફળની ઇચ્છા ન રાખ એટલે આ તમામ કર્મો પરમાત્માનાં છે એવા દૃઢ નિશ્ચય વડે નિષ્કામ થઈ કર્મ કર અર્થાત્ ફળની ઇચ્છા રાખ્યા સિવાય આ સર્વે કર્મો મારા નિમિત્તે કર અને કર્યા પછી પણ તે મને જ અર્પણ કરી દે. હે ઉદ્ધવ! શ્રદ્ધા વડે જે પુરુષ લોકોને પવિત્ર કરનારી પરમ કલ્યાણકારક આત્મસ્વરૂપ એવી મારી કથાઓનું નિત્યપ્રતિ શ્રવણ કરે છે, તેને મારા સિવાય બીજું કશું જ રુચતું નથી. તે હંમેશાં મારાં કર્મો તથા જન્મોને જ ગાયા કરે છે એટલે આ બધું કાર્ય પરમાત્માનું જ છે અને આ તમામ જન્મો પણ પરમાત્મારૂપ જ છે એવી રીતે ગાય છે, નિત્ય મારું જ સ્મરણ કરે છે અને વારંવાર તેનું તે જ રટણ વા અનુકરણ કરે છે, અર્થાત્ નિત્યપ્રતિ મને જ ભજે છે; તે મનુષ્ય મારે માટે જ ધર્મ, અર્થ અને કામનું સેવન કરતો છતો કેવળ મારામાં જ આશ્રયવાળો હોઈને આત્મસ્વરૂપ અને સનાતન એવા મારા વિષે નિશ્ચળ ભક્તિને પામે છે. એ રીતે સત્સંગથી પ્રાપ્ત કરેલી મારે વિષેની ભક્તિવડે તે પુરુષ સતત મારું જ ધ્યાન કરે છે અને તે વડે સંતપુરુષોએ જતાવેલા મારા સ્વરૂપને અવશ્ય પામે છે. આ રીતની ભક્તિ વડે તે કૃતાર્થ થાય છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૧).

ભક્તિમાર્ગની ઉપાસનાનો આરંભથી અંત સુધીનો સંક્ષેપ ક્રમ

આ કથન ઉપરથી બુદ્ધિમાનો જાણી શક્યા હશે કે, સગુણ મૂર્તિનું ધ્યાન, પૂજન, અર્ચન, ઉત્સવ, વ્રત, જપ વગેરે તો કેવળ ભક્તિમાર્ગનું પ્રથમ પગથિયું છે અને પછી વાવ કૂવા બંધાવવા, મંદિરો વગેરે

બનાવવાં, યજ્ઞયાગાદિ કરવા વગેરે ઉદ્યમો ક્રમે ભક્તિમાર્ગમાં નિષ્ઠા થવા પૂરતા જ છે. આ બધાં આરંભનાં સાધનો હોઈ તે જો નિષ્કામ રીતે એટલે સંસાર પૈકી કોઈપણ વાસનાની ઇચ્છા નહિ રાખતાં કરવામાં આવે તો તે થકી ચિત્તશુદ્ધિ થઈ શકે છે, માટે તે કર્મો સર્વત્ર એક ઇષ્ટદેવની ભાવના રાખીને કરવાં અને પછી તેને કૃષ્ણાર્પણ કરવાં અથવા તો કર્મ કરતા પૂર્વે જ તેને કૃષ્ણાર્પણ કરવાં, અર્થાત્ પ્રથમથી જ નિષ્કામ બની જવું. આ રીતે જ્યારે તેની પૂર્ણ તૈયારી થાય છે એટલે તેની ચિત્તશુદ્ધિ થવા પામે છે અને ચિત્તશુદ્ધિ થઈ એટલે તે સત્પુરુષના ઉપદેશને લાયક બને છે ત્યારબાદ સેવા વગેરે દ્વારા તેમને પ્રસન્ન કરીને તે આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન સમજી લે છે. એ જ્ઞાન પરોક્ષ હોય છે. પરોક્ષજ્ઞાન થયા બાદ તે સદ્ગુરુએ બતાવેલા સર્વોત્તમ યા નિઃશેષભાવના સતત અભ્યાસવડે તેમાં નિશ્ચલ બને છે. આમ જ્ઞાનમાં નિશ્ચલતા થઈ એટલે ધ્યાતા અને ધ્યેય એ બે સિવાય તેને બીજું કાંઈ જણાતું નથી. એ રીતે જ્યારે ધ્યાનની પણ પરિપક્વતા થાય છે એટલે ધ્યાતા અને ધ્યેય પણ એકરૂપ થઈ જાય છે. આવી તદ્રૂપતા થાય ત્યારે જ ધ્યાનની પરિપક્વતા થઈ એમ જાણવું. આમ તે ભક્ત અને ભગવાન એવા વિભક્ત એટલે જુદાપણામાંથી મુક્ત થઈ ભક્ત એટલે એકરૂપ બને છે. આ મુજબ ઐક્યભાવ થતાં જ તે તદ્દન નિષ્કામ બની જાય છે. તેને કર્મ તથા તેનાં ફળો સાથે તલભાર પણ સંબંધ હોતો નથી, એ રીતે કૃતકૃત્ય અને જ્ઞાતજ્ઞેય બનેલો જીવન્મુક્ત પુરુષ અંતરરહિત એટલે ઐક્યરૂપ એવી અનંતર કિંવા સ્વાભાવિક શાંતિને પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ પ્રાપ્ત થયેલો જ ખરો ભક્ત કહેવાય. ભક્ત સંજ્ઞા આને માટે જ આપવામાં આવેલી છે. આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ ભક્તિમાર્ગની કક્ષા પૂર્ણ થઈ એમ જાણવું. જ્ઞાનની પરિપક્વતા તે જ ધ્યાન એમ જે ઉપર કહેવામાં આવ્યું છે તે વખતે ભક્તિમાર્ગી આ સગુણ ઉપાસકને પોતાના ઇષ્ટના સગુણ સ્વરૂપે સાક્ષાત્ દર્શન થાય છે. અને ત્યારબાદ ધ્યાનની પણ પરિપક્વતા થતાં તે ભગવાનના નિર્ગુણ સ્વરૂપ સાથે તદાકાર બની જાય છે તથા અખંડ એવી નિર્વાણ શાંતિને પામે છે. આ સ્થિતિની પ્રાપ્તિને માટે જ આ બધું કરવાનું હોય છે. આમ આદિથી અંત સુધી ભક્તિમાર્ગના અંગો ઉપાંગો સહિત સગુણ નિર્ગુણનો અભ્યાસક્રમ શ્રીકૃષ્ણ ભગવાને અત્રે સંક્ષેપમાં કહેલો છે. વસ્તુતઃ આત્મા, પરમેશ્વર કે ભગવાન ઇત્યાદિમાં બિલકુલ ભેદ નથી. ફક્ત નામ માત્રનો જ ભેદ છે, છતાં મંદ કોટિના અધિકારીઓ કે જેઓ જ્ઞાન (સાંખ્ય) માર્ગ પ્રમાણે નિત્યાનિત્ય વિવેક સમજવાને શક્તિમાન હોતા નથી, તેવાઓને વિવેક થતાં સુધી આ ભક્તિમાર્ગનું અવલંબન કરવાનું કહેવામાં આવેલું છે. ઉપર મુજબની પરમભક્તિવડે પ્રસન્ન થયેલા પરમેશ્વર ક્રમે અંતઃકરણની શુદ્ધિ થતાં જ વિવેકરૂપ દૂતને મોકલી આપે છે તેથી એ જિજ્ઞાસુને સ્વસ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ સંબંધે શાસ્ત્રમાં નીચે મુજબનું વિવેચન આપવામાં આવેલું છે.

પરમેશ્વર તે જ આત્મા છે

વ્યવહાર કે સંસારપ્રપંચ પૈકી કોઈ પણ પ્રકારની વાસના કિંવા ઇચ્છા નહીં રાખતાં નિરંતર લાંબા કાળ સુધી કરેલી નિષ્કામ એવી પરમભક્તિવડે પ્રસન્ન કરાયેલા પરમેશ્વર પરમ દુર્લભ એવા મોક્ષપદને આપે છે. વસિષ્ઠજીના કથન ઉપરથી શ્રીરામચંદ્રજીએ પૂછ્યું: હે મુને! ઈશ્વર કોણ અને તેને ભક્તિવડે કઈ રીતે પ્રસન્ન કરાય તે કહો. વસિષ્ઠ કહે છે: હે રામ! ઈશ્વર કાંઈ દૂર નથી અને બહુ દુર્લભ પણ નથી. મહાજ્ઞાનમય એવો સ્વતઃસિદ્ધ પોતાનો જે આત્મા એ જ પરમેશ્વર છે. આ સર્વે તે ચિદ્રૂપ એવા આત્માને અર્થે જ છે. તેનાથી જ થયેલું છે. તે પોતે જ સર્વરૂપ અને સર્વત્ર ભરપૂર છે. સર્વની અંદર બહાર પણ તે જ રહેલો છે અને એ જ સર્વમય છે. સર્વદા સર્વના આત્મરૂપ એવા એ ચૈતન્યરૂપ પરમેશ્વર તત્ત્વને નમસ્કાર હો! જેમ પવનમાંથી ગતિ થાય છે તેમ સર્વના કારણરૂપ એ ચૈતન્ય તત્ત્વમાંથી સ્વાભાવિક રીતે જ આ સર્વ સૃષ્ટિ, પ્રલય આદિ ઉત્પન્ન થાય એમ ભાસે છે. નિરંતર આ સર્વ સ્થાવર જંગમ જીવ જાતિઓ યથેચ્છ પૂજન સામગ્રો અર્પણ કરીને તેની જ પૂજા કરતા રહે છે. જ્યારે ઘણાં વર્ષો સુધી પોતે પોતાની મરજી પ્રમાણે કેવળ એવા એ એક પરમેશ્વર પ્રાપ્તિની ઇચ્છા વડે તેનું પૂજન કરવામાં આવે છે ત્યારે જ તે

પ્રસન્ન થાય છે. આમ પવિત્ર કર્મો વડે પ્રસન્ન થયેલા એ આત્મસ્વરૂપ દેવાધિદેવ મહેશ્વર–ઈશ્વર આત્મસ્વરૂપનું જ્ઞાન ઉત્પન્ન કરવાને માટે પોતાની મેળે જ એક વિવેક નામના પવિત્ર દૂતને મોકલે છે એટલે નિષ્કામ પૂજનાદિ વડે અંતઃકરણમાં વિવેક જાગ્રત થાય છે. વિવેકવડે જાગ્રત થતાં જ સદ્‌ગુરુના ઉપદેશથી તેને ક્રમે પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન થાય છે. એમ ક્રમે તે અજ્ઞાની પુરુષને સંસારમાંથી તારે છે. સર્વથી ઉત્કૃષ્ટ આ અંતરાત્મા જ ઈશ્વરરૂપ છે અને તેનો વાચક પ્રણવ છે, એમાં વેદ પણ સમંત છે. એને જ મનુષ્યો, નાગ, દેવતાઓ અને દૈત્યો જપ, હોમ, તપ, દાન અને ક્રિયાઓના ક્રમથી પ્રસન્ન કરે છે. આ વિરાટ એ તેનું શરીર છે, એમ સમજો. વિકારોને તજી દઈ તમો પોતે જ પોતાના પુરુષાર્થ વડે એ પરમાત્માને પ્રસન્ન કરો, કે જેથી પોતપોતાના મનની ઇચ્છા મુજબ નિષ્કામભાવે પૂજનથી પ્રસન્ન થયેલો એ ઈશ્વર વિવેકરૂપ દૂતને મોકલી જીવને સત્સંગતિ, સત્‌શાસ્ત્ર શ્રવણ અને પરમાર્થરૂપ ઉત્તમ જ્ઞાનનો લાભ કરાવી આપે છે અને પછી તેને નિર્મળ અને સર્વના આદિરૂપ એવા પરમપદમાં પહોંચાડી દે છે (યો૦ નિ૦ ઉ૦ સ૦ ૪૮ જુઓ), ખરો દેવ કોણ? ઉત્તમ દેવાર્ચન કયું? મૂર્તિમાં દેવાર્ચન કરવાનું પ્રયોજન? દેવ કયાં રહે છે? વગેરે સંબંધે શાસ્ત્રકથન ભક્તિ કરનારા ઉપાસકોની ભેદ દૃષ્ટિનો નિરાસ થાય એટલા માટે નીચે સંક્ષેપમાં આપવામાં આવે છે. જે દેવાર્ચન સાક્ષાત્ ઈશ્વરે પોતે જ કહેલું છે.

ઉત્તમ દેવાર્ચન

ઈશ્વર કહે છેઃ હે વસિષ્ઠમુનિ! હું તમોને સર્વોત્તમ દેવાર્ચનનો પ્રકાર કહું છું. ખરો દેવ કોણ, એ શું તમો જાણો છો? આદિ અંતથી રહિત એવો જે અકૃત્રિમ ચૈતન્ય પ્રકાશ છે, તે જ ખરો દેવ છે. કાળ, દેશ કે વસ્તુથી જેનો પરિચ્છેદ થતો હોય તેમાં દેવપણું કયાંથી સંભવે? પણ આદિ અંતથી રહિત એવો જે અકૃત્રિમ ચૈતન્ય પ્રકાશ છે તે જ દેવ એ શબ્દથી કહેવાય છે, માટે તેવા મુખ્ય દેવનું જ પૂજન કરવું. આ આખું જગત કેવળ ચૈતન્ય સ્વરૂપ એવા પરમાત્માનું જ રૂપ છે તથા એ પરમાત્મા જ પરબ્રહ્મ છે. તે જ સર્વોત્તમ છે. એ દેવનું પૂજન જ સર્વથી શ્રેષ્ઠ છે.

મૂર્તિમાં દેવાર્ચન કરવાનું પ્રયોજન

હે મહામુને! તમો મોટા વિવેકી છો તેથી હું તમને ખરું રહસ્ય કહું છું. વિષ્ણુ ખરા દેવ નથી, હું પણ ખરો દેવ નથી, બ્રહ્મા પણ ખરા દેવ નથી તેમજ વાયુ, સૂર્ય, અગ્નિ, ચંદ્ર, બ્રાહ્મણ, રાજા, રુદ્ર કે તમે પણ ખરા દેવ નથી. જે દેહ કિંવા ચિત્ત (મન)રૂપ હોય તે દેવ સંભવે જ નહિ તેમ શોભારૂપ અથવા બુદ્ધિથી ગ્રહણ થઈ શકે તે પણ દેવ હોય જ નહિ. પુષ્પો કે ધૂપનો મોટો સમૂહ પરમાત્માના પૂજનમાં કશો ઉપયોગી નથી. જેઓ અનુત્પન્ન અર્થાત્ મંદ બુદ્ધિવાળા તથા બાળકની પેઠે મુગ્ધ ચિત્તવાળા એટલે નાદાન હોય છે તેવાઓને માટે જ શાસ્ત્રોમાં આ કૃત્રિમ મૂર્તિઓમાં દેવાર્ચન કરવાનું કહેલું છે. જેમ ભાત ન મળે તો કોદરા ખાવામાં આવે છે તેમ જેને ઉપશમ, બોધ તથા સમતા આદિ હોય નહિ તે અજ્ઞાનીઓને સુખ તથા શાંતિ આપનાર ખરું પરમાત્મસ્વરૂપ કદી પણ પ્રાપ્ત થતું નથી.

સાચું દેવાર્ચન

ઉપશમ, બોધ અને સમતા આદિ પુષ્પોથી આત્મરૂપ દેવનું અર્ચન કરવું એ જ સાચું દેવાર્ચન છે, એમ નિશ્ચયપૂર્વક સમજો. કેવળ આકારની ભાવના વડે થતું પૂજન એ સાચું દેવાર્ચન નથી પરંતુ સર્વાત્મભાવે થતું પૂજન એ જ ખરું દેવાર્ચન છે.

આત્મા જ પૂજ્ય છે

તમો આ જીવાદિ તમામ દૃશ્યને વેગળો નહિ સમજતાં તેને અકૃત્રિમ, અવિનાશી તથા ચૈતન્ય પ્રકાશ એવા બ્રહ્મરૂપ જ સમજો. આ આત્મા જ પૂજ્ય છે નહિ કે અનાત્મા. આ રીતે જે બોધરૂપ આત્મપૂજન તે જ મુખ્ય છે.

તે જ હું છે

જે કેવળ ચૈતન્યમાત્ર છે, સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય એવું પરમપદ છે તે જ સંસારના સારરૂપ છે. સર્વના સારપણાને પામેલો એવો નિઃશેષ અવસ્થામાં સ્થિત રહેલો આત્મા એ જ ખરો દેવ છે અને એવો જે પૂર્ણદેવ તે જ "હું" છે.

દેવ ક્યાં છે?

હે મુનિ! આ ચૈતન્યરૂપ આત્મદેવ કોઈથી દૂર નથી તેમ જ કોઈને દુર્લભ પણ નથી. તે તો સર્વદા દેહમાં, આકાશમાં અને સર્વત્ર સર્વમાં રહે છે. એ દેવ જ સઘળું કરે છે, એ જ સઘળું ભોગવે છે, એ જ સઘળું ધારણ કરે છે, એ જ જાય છે અને એ જ નિઃશ્વાસ લે છે. એ દેવ જ પ્રત્યેક અંગ પ્રત્યંગને જાણે છે અને સર્વજ્ઞ પણ એ જ છે.

પરમાત્મામાં બેપણું છે જ નહિ

જેમ પત્થરમાંથી તેલ નીકળતું નથી તેમ ચૈતન્યસ્વરૂપ પરમાત્મામાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય; જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય; કર્તા, કરણ અને કાર્ય; પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય; બોદ્ધા, બુદ્ધિ અને બોધવ્ય; મંતા, મન અને મંતવ્ય; હું, તું અને તેપણું; નામ રૂપપણું; દ્વૈત અદ્વૈતપણું; સ્વદેહ કિંવા અન્ય દેહપણું; વિધિ કિંવા નિષેધપણું; શૂન્ય અશૂન્ય, દોષ અદોષ, વસ્તુ અવસ્તુ, ધર્મ અધર્મ, સુખ દુઃખ, ખંડ અખંડ ઇત્યાદિ કાંઈ પણ દ્વંદ્વ નથી. આ સર્વવ્યાપક ચૈતન્ય એ જ માત્ર એક અદ્વિતીય, નિર્વિકલ્પ, પરમ, સર્વથી પર, અતિસ્વચ્છ, સૂર્યાદિ પ્રકાશોને પણ મહાપ્રકાશ આપનાર સ્વયંપ્રકાશ એવું પરમ સંવિત્ રૂપ છે (જુઓ યોગવાસિષ્ઠ મહારામાયણ નિર્વાણ પૂર્વાર્ધ સર્ગ ૩૦ થી ૪૦, અત્રે તો ફક્ત ટૂંક સાર આપ્યો છે).

આ વિવેચન ઉપરથી સાચા ભક્તિમાર્ગની કલ્પના આવી ખોટો દુરાગ્રહ છૂટી જિજ્ઞાસુઓ સાચી ઉપાસના કરવા પ્રેરાશે તેમ જ ભક્તિમાર્ગ એટલે દ્વૈત ભાવના જ રાખવી એવા પ્રકારનો દુરાગ્રહ તો તદ્દન નિરર્થક જ છે, એટલું જ નહિ પરંતુ તેવા દુરાગ્રહીઓ તો ભક્ત નહિ પરંતુ દાંભિક જ ગણાય અને તેવા પ્રચાર કરનારાઓ પણ મૂઢ ગણાશે એવું પ્રત્યક્ષ ભગવાનને જ કહેલા કથન ઉપરથી તથા શાસ્ત્રના આધારો ઉપરથી સારી રીતે જાણી શકાશે.

અધ્યાય ૧૩મો

શાસ્ત્રોનો ઉદ્દેશ શો?

ભગવાને કહ્યું કે: હે પાર્થ! આ તમામ અદ્વૈત એવા આત્મસ્વરૂપ જ છે, તેથી ભિન્ન કાંઈ છે જ નહિ એ રહસ્ય વિસ્તારપૂર્વક તને સાંખ્ય (જ્ઞાન) માર્ગ, યોગમાર્ગ તથા ભક્તિમાર્ગ દ્વારા સારી રીતે સમજાવ્યું, તેમ જ તેવા ઐક્યભાવનો અનુભવ કેવી રીતે થઈ શકે છે, તે સંબંધમાં કરવાનો અભ્યાસક્રમ પણ તને કહેવામાં આવ્યો. આ પરમ નિર્વાણરૂપ એવું આત્મતત્ત્વ એ વાસ્તવિક તો પોતાનું જ સ્વરૂપ છે, પોતાના સ્વરૂપથી ભિન્ન એવું બીજું કાંઈ છે જ નહિ, છતાં કરોળિયો જેમ પોતે જ પોતામાંથી મોં દ્વારા લાળ બહાર કાઢીને તેનું જાળું બનાવે છે તથા તેને પોતાનું ઘર સમજીને તેમાં જ રહે છે અને જ્યારે તેને તે સ્થાન છોડવાની ઇચ્છા થાય છે ત્યારે પોતે જ ઉત્પન્ન કરેલા તમામ જાળાને આખું જઈ પોતામાં જ પાછું વિલીન કરી દે છે; આ રીતે આ કરોળિયો પોતે જ પોતામાંથી અનેક તંતુઓને ઉત્પન્ન કરીને તેમાં પોતે જ રમમાણ થાય છે તથા વળી પાછો તે તમામને પોતે જ સહાચટ કરીને પુનઃ પોતામાં જ સમેટી લે છે; આ રીતે તે પોતે ખેલ કરતો રહે છે, જાળું વગેરે તમામ વસ્તુતઃ તેનાથી કિંચિન્માત્ર પણ ભિન્ન હોતું નથી તેમ પરમાત્મા પોતે જ આત્મસ્વરૂપ કિંવા સ્વસ્વરૂપભૂત એવી આ તમામ દૃશ્યજાળ (દૃક્ષાંક ૨ થી

૧૫ ઘ સુધી) પોતે પોતામાં જ અનંતરૂપે વિસ્તારી તેમાં તે પોતે જ જાણે મર્યાદિત જેવો થઈ રહેતો હોય તથા સુખદુઃખાદિ ભોગો ભોગવતો હોય અને અનેક જન્મમરણાદિ અનુભવી રહ્યો હોય એવી રીતે ભાસે છે, તેમ જ વળી પાછો-તમામ વિશ્વોને પોતામાં જ એકરૂપે કરી જીવન્મુક્તિનો અનુભવ લઈ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

શાસ્ત્રોનો હેતુ

આ રીતે પરમાત્મા પોતે જ અજ્ઞાની તથા જ્ઞાની બની પોતામાં જ રહેલો આ સુખદુઃખાદિરૂપ સંસાર કે જે સ્વસ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી, તેનો પોતે જ પોતામાં અનંતરૂપે વિસ્તાર કરીને વળી પાછો તેને એક રૂપે પોતામાં જ સમેટી લે છે. આમ આ બધું અદ્વૈત એવા પરમાત્માથી અભિન્ન એવું એકરસાત્મક તત્ત્વ જ સર્વત્ર વ્યાપેલું છે, તે અનિર્વચનીય છે. જે આ અનિર્વચનીય તત્ત્વ છે તે તત્ત્વ જ આ સર્વનું સાચું સ્વરૂપ હોઈ, તે એકરૂપ હોવા છતાં પોતે જ પોતાને મિથ્યાભ્રમ વડે બે રૂપ માની લઈ, અજ્ઞાન વડે દુઃખરૂપે પોતે જ પોતામાં પ્રતીતિ લેતો રહે છે. તેમાંથી નિવૃત્ત કરીને તેઓને પોતાના સાચા સ્વરૂપનું ભાન કરાવવાના ઉદ્દેશથી પ્રવૃત્ત થવું એ જ તમામ શાસ્ત્રોનો મૂળ હેતુ છે. આવો સ્તુત્ય હેતુ નજર સામે રાખીને શાસ્ત્રની ઉત્પત્તિ થવા પામેલી છે, તે પૈકી આ મિથ્યા અને સ્થૂલ એવો આડંબર ભાસવાનો આરંભ થયો એટલે વિરાટપુરુષની ઉત્પત્તિ થઈ તે સાથે જ આ સર્વ આડંબર સ્વપ્ન કિંવા મૃગજળવત્ મિથ્યા છે, એવા પ્રકારનું ભાન કરાવી આપનાર વેદ પણ ઉત્પન્ન થયા છે અને ત્યાર પછી વિરાટ પુરુષના સ્થૂલ દેહના અભિમાની આ વિશ્વ કિંવા સમષ્ટિના ઉત્પત્તિકાર સ્વસ્વરૂપભૂત અને અનાયાસે જ ઉત્પન્ન થયેલા બ્રહ્મદેવે, આ વ્યષ્ટિ જીવોવાળી બ્રહ્માંડરૂપ સ્થૂલ સૃષ્ટિની રચના કરોળિયાની જાળની જેમ પોતે પોતામાંથી જ કરી તેમાં ચૌદલોક સર્જ્યા છે અને તે સર્વમાં અંતે મનુષ્ય યોનિ ઉત્પન્ન કરેલી છે અને તેમાં આ બધું આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારનું સાચું જ્ઞાન ગ્રહણ કરવાની બુદ્ધિ હોવાનું જોઈ તેને ઘણો જ આનંદ થયો. તેથી તેણે પોતા સાથે સ્વયં ઉત્પન્ન થયેલ વેદોનું સાચું જ્ઞાન આપી પોતાના માનસપુત્ર વસિષ્ઠ, નારદ, સનત્કુમાર પ્રભૃતિ અનેક મહર્ષિ, દેવર્ષિ તથા રાજર્ષિઓને તે જ્ઞાનની પ્રસૃતિને માટે આ ભૂતળમાં મનુષ્યલોકમાં જ્ઞાનના પ્રચાર અર્થે મોકલ્યા (આ જ્ઞાન જગતમાં કેવી રીતે આવ્યું તે સંબંધમાં અધ્યાય ૪ શ્લોક ૧ થી ૩ માં વિવેચન આપેલું છે તે જુઓ). તેઓએ કાળ, દેશ અને મનુષ્યબુદ્ધિનો વિચાર કરીને યજ્ઞાદિ ભિન્ન ભિન્ન કર્મોથી માંડીને છેક આત્મસ્વરૂપ સુધી આ લોકોમાં તે જ્ઞાનનો વિસ્તાર કર્યો. તે જ્ઞાનવિસ્તારના મૂળ ચૌદ પ્રસ્થાનો છે (ચૌદ પ્રસ્થાનો કયાં તે માટે અધ્યાય ૨, પૃષ્ઠ ૧૬૧ ની ટિપ્પણમાં કહેવામાં આવ્યું છે તે જુઓ). આ ચૌદ પ્રસ્થાનો એ જ જ્ઞાનવિસ્તારનાં મૂળ સાધનો છે. આ વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનોમાં બતાવેલા ધોરણે જ લોકોમાં તેમની બુદ્ધિનો વિચાર કરીને અધિકારવશાત્ જ્ઞાન આપવામાં આવે છે. આ રીતે આ અપૌરુષેય એવા વેદોનો જ્ઞાનસ્વરૂપે જગતમાં વિસ્તાર થવા પામ્યો છે, જેથી આ ચૌદ પ્રસ્થાનોના આધાર સિવાયનું જે જ્ઞાન તે અવિદ્યા કહેવાય છે. અર્થાત્ વિદ્યાનો હેતુ તો અંતે જે વડે અદ્વૈત એવા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય એવા ઉપાયો બતાવવાનો જ છે અને તેટલા માટે જ આ વિદ્યાના પેટામાં જેનો સમાવેશ થાય છે એવાં વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો (ઉપવેદોસહ અઢાર)નો વિસ્તાર જગતમાં સર્વત્ર પ્રસરેલો છે.

જગતમાં શાસ્ત્રનો વિસ્તાર કેમ થયો ?

આ રીતે શાસ્ત્રનો શુદ્ધ હેતુ ધ્યાનમાં રાખી લોકોને પ્રતીત થનારા આ દ્વૈતભ્રમમાંથી એટલે જોવામાં આવતી આ ભેદપણાદિની ભાવનામાંથી નિવૃત્ત કરીને આ બધું કેવળ શુદ્ધ અને ચૈતન્ય એવા એક આત્મસ્વરૂપ જ છે, એટલું જ નહિ પરંતુ આ પોતાને મિથ્યા સંકલ્પ વડે દ્વૈતભાવથી માનનારાઓ પોતે પણ શુદ્ધ આત્મસ્વરૂપ હોવા છતાં અમો જુદા છીએ એવું મિથ્યાભ્રમ વડે માની બેઠા છે. તે અધ્યાસમાંથી તેમને પોતાના શુદ્ધ એક સ્વરૂપમાં લઈ જવામાં આવે તો, તેઓ બિચારા પોતાની જ અજ્ઞાનતા વડે જે અનેક પ્રકારનાં મિથ્યા દુઃખો ભોગવીને તથા વિષયપાશમાં ફસાઈને વિષ્ટાના કીડાની જેમ તેમાં સબડી રહ્યા છે, તેમાંથી તેને

શી રીતે ઉગારવા કે જેથી તેઓ આ દુઃખરૂપ ગર્ત (ખાડા)માંથી સુખરૂપ એવા પોતાના આત્મસ્વરૂપમાં જ સ્થિત થાય. એવી રીતની કરુણા વડે તેઓને સમજાવવાને માટે કયા માર્ગોનું અવલંબન કરવું તે સંબંધમાં મહર્ષિ, રાજર્ષિ અને દેવર્ષિઓએ વિચાર કર્યો. વિચારમાં તેઓને જણાયું કે આ સર્વ લોકો અજ્ઞાન વડે જ આમ ભ્રમમાં પડેલા છે. તેઓની દ્વૈત એટલે ભેપણાની ભાવના તો એટલી બધી દૃઢ થયેલી છે કે, તેઓને જો આ સર્વ આત્મસ્વરૂપ છે તથા તું પણ પોતે આત્મસ્વરૂપ જ છે, એમ કહેવામાં આવે અને તે કથન ગમે તેટલું સાચું હોય તો પણ તેનો વિચાર તેઓ કદી કરશે નહિ, અને ઊલટા હાંસીપાત્ર ઠેરવશે, એટલા માટે જેમ અજ્ઞાની બાળકને ભણાવનાર શિક્ષક પોતે ગમે તેટલો જ્ઞાની હોય તો પણ તેને પોતાનું જ્ઞાન બાજુ પર મૂકીને પ્રથમ તો બાળકબુદ્ધિ અનુસાર તેની સાથે એકડે એક બગડા ગોખવાનું અને કક્કો ઘૂંટવાનું કામ કરવું પડે છે, તેમ શાસ્ત્રો તથા શાસ્ત્રકારોએ પોતામાં અજ્ઞાનતાનો આરોપ લઈ આ બધું દ્વૈત છે, તો તે કેવા પ્રકારનું છે; તેમાં પ્રકૃતિપુરુષ, ક્ષેત્રક્ષેત્રજ્ઞ બગડા ભેદો પાડીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આવા જ્ઞાનદાતા મહર્ષિઓએ (૧) વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો અને તેમાં બતાવવામાં આવેલાં અનેક પ્રકારનાં કર્મો તથા તે નિયમો તે સર્વનું અંતિમ ધ્યેય તો અદ્વૈત એવા આત્મજ્ઞાનનું પરોક્ષજ્ઞાન કરી આપવું એટલું જ એક છે. ઉદ્દેશ એ કે, જેથી તેઓ અનુભવ લઈ કૃતાર્થ બને તથા (૨) અજ્ઞાની લોકો કે જેઓની આ સર્વ વિશ્વ દ્વૈતરૂપ છે એવી રીતે તેમની જગત તથા પરમાત્મા વિષે ભેદબુદ્ધિ દૃઢ થયેલી હોવાથી તેમને આ અદ્વૈતજ્ઞાન સંબંધી ઉપદેશ એકદમ શી રીતે પચે ? તેથી તેવા લોકો કે જેઓ કેવળ વિષયની પાછળ મંડ્યા રહી જગતના સુખને જ સાચું માની બેઠા છે તેઓને માટે યજ્ઞયાગાદિ ક્રિયાઓ તથા તે વડે થતા સ્વર્ગાદિ ઉપભોગોની તથા ઐશ્વર્યોની પ્રાપ્તિના માર્ગો બતાવ્યા છે. વળી કેટલાક તે કરતાં શ્રેષ્ઠ બુદ્ધિવાળાઓ ભગવાનની પ્રાપ્તિ કરી લેવી એ જ ખરું કર્તવ્ય માનતા હોવાથી તેમને માટે નિષ્કામ જપતપાદિ માર્ગો બતાવ્યા છે. કેટલાકો તેમની બુદ્ધિ તથા તર્ક પ્રમાણે પરમાણુ, વિજ્ઞાન સાંખ્ય, યોગ, વેદાંત તથા નાસ્તિકોને માટે અર્હત, બૌદ્ધ, શૂન્ય, ચાર્વાકાદિ એમ અનેક માર્ગો તે તે લોકો માટે પ્રકટ કર્યા છે અને લોકોએ તેમાંથી પોતપોતાની બુદ્ધિ અનુસાર જેમને જે પ્રિય અને યોગ્ય લાગ્યા તેનું ગ્રહણ કર્યું છે, આ રીતે જગતમાં સર્વત્ર શાસ્ત્રનો વિસ્તાર થવા પામેલો છે.

અનેક સાંપ્રદાયો નીકળવાનું કારણ કેવળ અજ્ઞાન જ છે.

જગતમાં આ મુજબ શાસ્ત્રનો વિસ્તાર થયા બાદ તે તે માર્ગના અવલંબી લોકોને તે તે માર્ગના દર્શાવનારા આદ્યપુરુષોએ તેમની સાથે એકરૂપ થઈ, તેઓને તેમાંથી ઉગારવાને માટે ઉપદેશાદિ તથા વાદવિવાદોની શરૂઆત કરી અને સાચું તથા ખોટું શું, એવો વિવેક તેમના મનમાં જાગૃત કરાવ્યો. આ સર્વ મતોમાં વેદાંતે અગ્રસ્થાન લીધું તથા તમામ વાદોનું ખંડન કરીને આ બધું અદ્વૈત જ કેવી રીતે છે, તે સારી રીતે ખંડનમંડનાદિદ્વારા સિદ્ધ કરી બતાવ્યું. આમ લોકોને પરોક્ષજ્ઞાન આપી ક્રમે અપરોક્ષજ્ઞાનનો અનુભવ કરાવ્યો. આ રીતે ભિન્ન ભિન્ન માર્ગો(મતો)ની જગતમાં જે પ્રસિદ્ધિ થઈ તેમાં સત્યમાર્ગ બતાવનારા ગૌતમ, કણાદ, કપિલ, પતંજલિ, જૈમિનિ, વ્યાસ બગડાદિ તે તે માર્ગના મુખ્ય આચાર્યો હોઈ તેઓ તો વેદનો અર્થ સારી રીતે જાણનારા, અનુભવસિદ્ધ એવા જીવન્મુક્ત તત્ત્વજ્ઞો હતા. તેઓનો ઉદ્દેશ વેદના મૂળ સિદ્ધાંત તરફ લોકોને પ્રવૃત્ત કરવા એટલો જ હતો. આમ જો કે આ પડ્દર્શનો અજ્ઞાનીઓને જ્ઞાન થવાને માટે ઉપયોગનાં છે એ વાત ખરી પરંતુ જેઓ અત્યંત તીવ્ર બુદ્ધિશાળી તથા તત્ત્વના અભ્યાસકો હોય તેઓને માટે તે ભ્રમ ઉત્પન્ન કરાવનારાં હોવાથી અપરોક્ષાનુભવી એવા તત્ત્વવિદો એટલે વેદાંત યુક્તિવાદીઓએ તેનું પણ ખંડન કરેલું છે. આ મુજબ વ્યવહારમાં જેમ બને પરમમિત્રો કોઈ એવા પ્રસંગે જાણે બને પરસ્પર શત્રુઓ હોય એવું વર્તન કરે છે તથા તેવી પદ્ધતિથી કાર્ય સાધી લે છે તેવી રીતે આ આચાર્યોને માટે પણ સમજો.

આચાર્ય બનવાનો મોહ

એક દૃષ્ટાંત છે કે, એક ગામડામાં એક મહાત્મા રહેતા હતા. તેઓ સ્વભાવે અતિશય શાંત હતા. તેઓ કોઈના ઉપર કદી પણ ક્રોધ કરતા ન હતા. તે ગામમાં એક વહેમાર્યું બ્રાહ્મણ પૈસાની જરૂર હોવાથી

ઉધરાણા માટે આવી ચઢયો. આ મહાત્માના કેટલાક હિતશત્રુઓ ઈર્ષ્યા વડે બળતા હતા. તેઓ તો મહાત્મા ઢોંગી છે એમ સમજતા; તેથી તેમનો ઢોંગ લોકોમાં ખુલ્લો કરવો એવા ઉદ્દેશથી તેમણે આ ભૂદેવને કહ્યું કે, તમારે જેટલા પૈસાની જરૂર હોય તે અમો આપીશું પરંતુ તેમાં શરત એ છે કે, અહીં એક ઢોંગી મહાત્મા રહે છે, તેઓ પોતે કદી ક્રોધ કરતા નથી, એમ બહારથી લોકોમાં બતાવે છે, તો તમો તેને આખા ગામમાં ક્રોધી બનાવીને ફેરવો તો તમને પૈસા મળશે. આ સાંભળી આપડા બ્રાહ્મણે મહાત્મા પાસે જઈ તેમને ક્રોધ લાવવાના ઘણા પ્રયાસો કર્યા પરંતુ તે સર્વ નિષ્ફળ ગયા. અંતે તેને પશ્ચાત્તાપ થયો. તેણે મહાત્માને સાષ્ટાંગ પ્રણામ કર્યા તથા ક્ષમા માગી અને બનેલો સર્વ પ્રકાર કહ્યો. તે સાંભળીને મહાત્માએ કહ્યું કે, એટલું જ ને ? જો તારું કામ થતું હોય તો પ્રથમ તેમની પાસેથી પૈસા લઈ લે અને તેઓને કહે કે હું મહાત્માને ક્રોધાવેશમાં આખા ગામમાં ફેરવીને પછી નાસી જઈશ. માટે તમો મને પ્રથમ પૈસા આપો. તેમ જો ન કરું તો મારી પાસેથી પૈસા પાછા છીનવી લેજો. આમ થશે એટલે હું તારી પાછળ જોડો હાથમાં રાખીને ક્રોધ વડે દોડીશ અને આખા ગામમાં ફરીશ પછી તું તે પૈસા લઈને પોતાના ગામ તરફ ચાલ્યો જજે નહિ તો આ લોકો તારી પાસેથી પૈસા ફરીથી ઝૂંટવી લેશે. આ રીતે સંકેત કરીને કર્યા પ્રમાણે મહાત્માએ કર્યું, આથી બ્રાહ્મણનું કામ થયું. તેમ કપિલ, ગૌતમ, કણાદ, પતંજલિ, વ્યાસ વગેરે મહર્ષિઓ તો વેદના તાત્પર્યને યથાર્થ રીતે જાણનારા તથા સાક્ષાત્ અનુભવસિદ્ધ મહાત્માઓ હતા; પરંતુ લોકોને સમજાવવા માટે તેમણે દ્વૈતવાદનો અંગીકાર કરી તેને ફરીથી અદ્વૈતમાં જોડી દીધું છે, તથા વેદાંતના સિદ્ધાંતો પૈકી અદ્વૈતસિદ્ધાંતનું જ પ્રસ્થાપન કર્યું છે. પરંતુ અજ્ઞાનીઓ કે જેઓ તેઓના સિદ્ધાંતો પૂર્ણાંશે સમજવાને શક્તિમાન નથી, તેઓએ તો તેમણે યુક્તિ માટે બતાવેલી દ્વૈત બાબુ જ વગર સમજે પકડી લઈ અનુભવગમ્ય માર્ગને છોડી ખોટા દુરાગ્રહ વડે આચાર્ય બનવાના મોહમાં ફસીને પોતાનો વિનાશ કરી લીધો તથા તેવા પ્રકારના અનુયાયીઓ તૈયાર કરવા માંડ્યા, પરંતુ તે તો કેવળ એક અજ્ઞાનતા જ છે. આમ અપરોક્ષ અનુભવ વડે જ આત્મ પ્રાપ્તિ થઈ કલ્યાણ થઈ શકે છે, એવો આ સાચો રાહ છોડી દઈ કેવળ પોતપોતાની કલ્પના વડે આચાર્યાદિ બનવાના તથા આશ્રમાદિ સ્થાપવાના મોહમાં ફસાઈ ભ્રમ વડે અનેક કુતર્કો કરી, પોતાનો સાંપ્રદાય જ સત્ય છે એવું કહી મિથ્યાભિમાન વડે પોતાને જ્ઞાની માની બેઠેલા પરંતુ વસ્તુતઃ અજ્ઞાનીઓ ખરેખર દયાને જ પાત્ર ગણાશે. આવા દુરાગ્રહીઓ તો અંતે પોતાના અનુયાયી સહ અધોગતિને જ પામે છે, કારણ કે તેઓ અદ્વૈતવાદનો ઉદ્દેશ સમજતા નથી તેમ તેમનામાં અનુભવનો લેશ પણ હોતો નથી. જ્યાં પરોક્ષજ્ઞાનનો જ અભાવ હોય ત્યાં અપરોક્ષ (અનુભવ)ની તો વાત જ ક્યાંથી સંભવે ? ઉદ્દેશ એ કે, અનુભવની ઇચ્છા ધરાવનારાઓએ પ્રથમ પ્રકૃતિપુરુષ ઇત્યાદિના વિવેક દ્વારા પોતાના આત્મસ્વરૂપનું યથાર્થ પરોક્ષજ્ઞાન સંપાદન કરી, પછી અપરોક્ષાનુભવ મેળવવા માટે પુરુષાર્થ કરવો જોઈએ અને કોઈ પણ પંથાભિમાનને વશ ન થતાં પોતાનું સ્વહિત સાધી કૃતાર્થ થવું જોઈએ. ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, જેમ આકાશની પાંચ મહાભૂતોમાં ગણત્રી થવા છતાં તે પ્રત્યક્ષ બતાવી શકાય તેવું નથી પરંતુ ચારે મહાભૂતોને અવકાશ આપનારું કોઈ એક તત્ત્વ હોવું જોઈએ એવી રીતની કલ્પના વડે જ તેનું અસ્તિત્વ છે એમ કહી શકાય છે તેમ જ્યાં બધા વાદવિવાદો મટી નિર્વિવાદ (વાદરહિત) બને છે એવી યુક્તિ તે જ વેદાંત યા અદ્વૈતવાદને નામે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ વિવેચન સારી રીતે જાણવામાં આવવાથી બુદ્ધિમાનોની અદ્વૈત વા વેદાંતમત વા વાદ સંબંધની માન્યતા અને શંકાઓ દૂર થશે.

ભગવાન ક્યાં અને આપણે ક્યાં ?

જે વાત એક અજ્ઞાનીમાં અજ્ઞાની ગણાતો મૂઢ પણ જાણે છે કિંવા બાળકને પણ ખબર હોય છે કે, ભગવાન અને આપણે અલગ છીએ. તાત્પર્ય, આ રીતે બે પણું છે એવું જ્ઞાન તો વ્યવહારમાં એક મૂઢને પણ હોય છે, તો પછી આટલી બધી સાદી વાતને સિદ્ધ કરવાને માટે શાસ્ત્રોની કિંવા વ્યાખ્યાનોની શી જરૂર છે ? આથી તો ઊલટું લોકોની અજ્ઞાનતામાં વધારો કરી તેઓને ભ્રમમાં નાખવામાં આવે છે. એક ક્ષેત્રના રથાને હજારો મનુષ્યોની સભા ભરાઈ હતી. તેમાં વ્યાખ્યાન થવાનું હતું. તેમાં "ભગવાન તથા ભક્ત

એ બંને જુદા છે એવા દ્વૈતવાદની સિદ્ધતા" એ વિષય હતો. ત્યાં એક મહાત્મા આવી ચઢ્યા. તેમણે આ હજારોની માનવમેદની એકત્ર થવાનું કારણ પૂછ્યું, તો જણાયું કે સામેથી આવનાર પેલા સદ્‌ગૃહસ્થ આજે 'ભગવાન અને ભક્ત એવા બેપણાની સિદ્ધતા' એ વિષય ઉપર વ્યાખ્યાન કરવાના છે. તે સાંભળી તેઓ વ્યાખ્યાતા પાસે ગયા, નજીકમાંથી લાકડાનો ભારો વેચવા એક કઠિયારો જતો હતો તેને મહાત્માએ પાસે બોલાવીને પૂછ્યું કે, ભાઈ, તું તો મોટો સર્વશક્તિમાન એવો ભગવાન છે ખરું ને? તે સાંભળતાં જ ભારો વેચનારે નમસ્કાર કરીને કહ્યું, "શેઠસાહેબ! આવું શું બોલો છો? સર્વશક્તિમાન ભગવાન ક્યાં અને હું પામર ક્યાં? હું તો ગરીબ, દીન અને રાંક છું." તેનો આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને પાસે ઊભેલા વ્યાખ્યાતાને કહ્યું, "જોયું! ભગવાન અને આપણે જુદા છીએ એ વાત તો આ એક તમારી દૃષ્ટિએ મૂઢ ગણાતો માણસ પણ જાણે છે, તો આપ આ હજારો લોકોની મેદની વચ્ચે તે સંબંધમાં વ્યાખ્યાન કરીને શો પુરુષાર્થ સાધવા નીકળ્યા છો?" તાત્પર્ય એ કે, આ રીતે દ્વૈતવાદની સિદ્ધતા કરવાનો પ્રયત્ન કરનારા અને તેમાં જ પુરુષાર્થ સમજનારા શાસ્ત્રો કિંવા શાસ્ત્રજ્ઞો તદ્દન નિરર્થક જ ગણાય, કારણ કે જે વાત એક બાળક પણ જાણે છે તેને સિદ્ધ કરવાનું તે કેવું હોય? કોઈ કહે કે સમુદ્રમાં જળ છે તેની મારે આ લોકોમાં સિદ્ધતા કરવાની છે. પણ તે વાત પ્રચલિત હોવાથી તેની તો નાનાં બાળકોને પણ ખબર છે, તેથી તેની સિદ્ધતા કરવાનો પ્રકાર જેમ હાસ્યાસ્પદ ગણાય તેમ આ દ્વૈતની સિદ્ધતા માટે પ્રવૃત્ત થનારાં શાસ્ત્રો તથા શાસ્ત્રજ્ઞોને માટે પણ જાણવું. સિદ્ધતા તો તેની જ થઈ શકે છે કે, દેખવામાં જેવા પ્રકારે આવે છે તેવું ત્યાં વસ્તુતઃ હોતું નથી જેમ મૃગજળ; ત્યાં પાણી હોય એમ પ્રત્યક્ષ દેખાય છે ખરું પરંતુ તેમાં વાસ્તવિક રીતે પાણીનું એક બિંદુ પણ હોતું નથી, તેમ આ જગત જેવું દેખાય છે તેવું જ જો હોત તો પછી તેને માટે શાસ્ત્રો કિંવા કહેનારાઓની શી જરૂર? તેમાં તો ફક્ત તમે કહો છો તેવું તે નથી, પણ અમે કહીએ છીએ તેવું તે છે, એવું લોકોમાં મનાવવાનો દુરાગ્રહ જ તરી આવે છે. જો આમ ન હોય તો પછી જે જેને જેવું દેખાય અને જેને જેવું લાગે તેવું તે તેના અનુભવ પ્રમાણે બરાબર જ છે, તો પછી બીજાએ તેમાં દખલગીરી કરવાની કિંવા પાંડિત્ય બતાવવાનો કંઈ જ જરૂર રહેતી નથી. પછી તો નિયમ, શાસ્ત્રો, રાજ્યકાયદાઓ વગેરે કશાની પણ જરૂર જણાતી નથી. આ દૃષ્ટિએ વિચાર કરતાં આ દ્વૈતવાદીઓની પણ શી જરૂર રહે? આથી એમ નિઃશંક સિદ્ધ થાય છે કે, જે જેવું જોવામાં કે જાણવામાં આવે તેવું તે ન હોય પણ બીજા જ કોઈ પ્રકારનું હોય, તો તેનું મૂળ સાચું સ્વરૂપ બતાવવાને માટે જેણે તેનો સાક્ષાત્ અનુભવ લીધો હોય તેવાઓ જ અધિકારી છે અને એટલા માટે જ આવા અનુભવસિદ્ધ શાસ્ત્રજ્ઞો, શાસ્ત્રો તથા તેમાં બતાવેલા શાસ્ત્રીય પ્રયત્નની જરૂર છે. મનસ્વી, આધાર અને અનુભવ વગરના લૂખા તર્કો તથા વિતંડાવાદો વડે કોઈ સાચું રહસ્ય કદી સમજી શકાય નહિ. સારાંશ કે, જે દ્વૈત શાસ્ત્રકારોનો હેતુ અદ્વૈત એવા પરમતત્ત્વના અનુભવ તરફ લઈ જનારો હોતો નથી, તેવા દુરાગ્રહી શાસ્ત્રકારોનાં શાસ્ત્રો એ ખરાં શાસ્ત્રો નહિ પરંતુ મિથ્યા આડંબરો છે એમ સમજવું. એટલું જ નહિ પરંતુ "વેદનો ખરો અર્થ (ઉદ્દેશ) નહિ સમજતાં જે મલિન બુદ્ધિવાળા પુરુષો વેદનો અભિપ્રાય તો ફક્ત કર્મપરાયણતા છે એમ કહે છે, તેવાઓ પોતાને જો કે વેદના આધારે ચાલનાર અને જ્ઞાની સમજે છે પરંતુ તેઓ વેદના સાચા રહસ્યને જાણતા નથી; કેમ કે તેમની બુદ્ધિ ધુમાડાથી જેમ અગ્નિવાળા મલિન થયેલી હોય છે, તે પ્રમાણે અજ્ઞાનના પડળને (આવરણને) લીધે મલિન થવા પામેલી હોય છે. આથી અદ્વૈત એવું આત્મસ્વરૂપ કે જેનું જ્ઞાન આપવું એ જ એક વેદનું ખરું તાત્પર્ય કિંવા રહસ્ય છે તથા જેઓ પોતામાં જગત અને આત્મા કિંવા ભગવાનમાં ભિન્નતા નથી અર્થાત્ બંને એક જ છે એવું સમજતા નથી, તે વેદનો સાચો અર્થ જાણતા નથી એમ જાણવું (જુઓ અધ્યાય ૨ શ્લોક ૩૬ તથા અધ્યાય ૯ શ્લોક ૨૧ નીચેનું વિવરણ). તાત્પર્ય એ કે, જે વસ્તુ જેવા સ્વરૂપમાં દેખાય છે, તેવી જ હોય તો પછી શાસ્ત્રનું કિંવા તેનો ઉદ્દેશ સમજાવનારાઓનું કોઈ પ્રયોજન નથી. આ જગતમાં દ્વૈતભાવના તો દરેક પ્રાણીમાત્ર, જડ, જંતુ તથા વૃક્ષપાષાણાદિકમાં પણ દૃઢતા પામેલી હોવાનું સ્પષ્ટ જણાય છે; તો પછી આવી રીતે દ્વૈતભાવનાની સિદ્ધતા કરનારાઓને માટે, અજ્ઞાનતા વિના બીજું શું કહેવું? જેવું જોવામાં આવે તેવું તે હોય છે જ એવો

વ્યવહારમાં પણ નિયમ જોવામાં આવતો નથી. જેમ સ્વપ્ન, દોરી ઉપર થયેલો સાપનો ભ્રમ, મૃગજળ વગેરે જોવામાં તો આવે છે પરંતુ તે વાસ્તવમાં હોતાં નથી તેથી તેને વ્યવહારમાં પણ ભ્રમ વા ભાસ કહે છે. તેવી રીતે જ મનુષ્યને આત્મજ્ઞાન થઈ જ્યારે આ જગતના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે તે પોતે પણ આત્મસ્વરૂપ બની જાય છે, તેમ આ તમામ જગત તથા તેમાંનો ચાલતો સર્વ વ્યવહાર એ એક દીર્ઘકાળનું સ્વપ્ન હતું અને તે તદ્દન મિથ્યા જ હતું એવો પ્રત્યક્ષ અનુભવ આવે છે. જાગ્રત થતાં જેમ સ્વપ્નનો બાધ થઈ જાય છે તેમ જ અદ્વૈત એવા આત્મપદનો અનુભવ થતાં જ આ તમામ દૃશ્યાદિભાવોનો બાધ અનાયાસે જ થઈ જાય છે.

જે જેવું દેખાય તે તેવું હોય તો પછી બોધની શી જરૂર છે?

ભગવાન કહે છેઃ હે અર્જુન! તું જો કે, હું એટલે આ શરીરધારી કૃષ્ણ નહીં પરંતુ ચરાચરમાં વ્યાપક એવો આત્મા છે, એમ મેં તને મારા સાચા સ્વરૂપના જ્ઞાન સંબંધમાં વખતો વખત કહ્યું હતું અને તને જ્યારે તેનો અનુભવ આવ્યો ત્યારે જ તે તારી જાણમાં આવ્યું કે આ દેખાય છે તેવા કૃષ્ણ નથી પણ ચરાચરમાં વ્યાપક એવા આત્મા જ છે. વળી તેં મારું આટલું મોટું વિરાટ સ્વરૂપ આ બન્ને અક્ષૌહિણી સૈન્યની વચ્ચે જોયું પરંતુ તે બીજા કોઈના પણ જોવામાં આવ્યું નહિ. ફક્ત સૂક્ષ્મ દૃષ્ટિવાળા જ મને હું આત્મસ્વરૂપ છે એવી રીતે ઓળખે છે, પરંતુ અન્ય સર્વેની દૃષ્ટિમાં તો હું એક સાધારણ શરીરધારી કૃષ્ણ અને તારા મામાનો દીકરો જ છું, એવી માન્યતા પ્રચલિત છે. જો આ બધું જગતાદિ દૃશ્ય અને મારું સાચું સ્વરૂપ તને દેખાય છે તેવું જ હોત તો પછી તને હું એટલે દેખવામાં આવું છું તેવો કૃષ્ણ નથી પણ આત્મા છે એવો બોધ વખતો વખત આપવાની શી જરૂર હતી? આમ જે વસ્તુ જે રૂપમાં હોય તે રૂપમાં જ જો તે જોવામાં આવે તો પછી તેને માટે બોધ કિંવા વિચાર કરવાની જરૂર જ રહેતી નથી તથા શાસ્ત્રો અથવા શાસ્ત્રકારો તેમ જ અનેક પ્રકારના યુક્તિવાદોની પણ શી જરૂર? એટલે સાચું સ્વરૂપ એક હોય અને જોવામાં કે સમજવામાં બીજા જ પ્રકારો આવે તો જ તેના મૂળસ્વરૂપનું જ્ઞાન કરી આપવાને માટે અનેક પ્રકારની યુક્તિઓનો આશ્રય લઈ સમજાવવામાં આવે છે. આ રીતે સર્વ ચરાચર અદ્વૈત એવું એક આત્મતત્ત્વ જ વ્યાપેલું છે ભિન્ન ભિન્ન અનેક રૂપે ભાસતું આ તમામ દૃશ્ય જાળ મૃગજળની જેમ કિંવા દોરી ઉપર ભાસનારા સર્પની પેઠે સાવ મિથ્યા છે, એવા પ્રકારે તે અદ્વૈત એવું આત્મતત્ત્વ જ અનેક પ્રકારની યુક્તિઓનો આશ્રય લઈ મહર્ષિવર્યોએ સમજાવેલું છે. તેવી શાસ્ત્રમાન્ય યુક્તિઓ પૈકી દ્વૈતભાવનાવાળાઓને તેમની દ્વૈત ભાવનાની દૃષ્ટિનો અંગીકાર કરીને પ્રકૃતિપુરુષ કિંવા ક્ષેત્રક્ષેત્રજ્ઞના વિવેકદ્વારા સાંખ્યશાસ્ત્રકારે સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. સર્વસાધારણ લોકોને માટે તે યુક્તિવાદ સર્વમાન્ય હોઈ અત્યંત સુગમ છે. આ સિવાય વૈશેષિક, ન્યાય, યોગ, મીમાંસા વગેરે શાસ્ત્રના પ્રણેતાઓ ક્રમે કણાદ, ગૌતમ, પતંજલિ, જૈમિનિ, વ્યાસ ઇત્યાદિકોએ પણ તે અદ્વૈત એવું આત્મતત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરેલો છે, પરંતુ સર્વસામાન્ય લોકોને માટે તેઓએ બતાવેલા માર્ગો જરા કઠણ પડે છે, પણ સાંખ્ય શાસ્ત્રકારે બતાવેલી પ્રકૃતિપુરુષની યુક્તિ દ્વારા જ્યારે આત્મ અને અનાત્મ વસ્તુનો સારી રીતે વિવેક થાય છે ત્યારે આત્મસ્વરૂપના નિશ્ચય માટે તે બધાં શાસ્ત્રો અતિ ઉપયોગી નીવડે છે, ત્યાર બાદ તેને આત્મા અદ્વૈત કેમ તેનું ભાન થાય છે તથા પછી વેદાંત સિદ્ધાંતના ઉપનિષદો દ્વારા અદ્વૈત એવો એક આત્મા જ સર્વત્ર કેવી રીતે વ્યાપેલો છે, તેનું પરોક્ષજ્ઞાન થઈ તેવો નિશ્ચય થાય છે, ત્યારપછી તે વેદાંતની વિવર્તયુક્તિ કિંવા અજાત યુક્તિ વડે અપરોક્ષજ્ઞાનના અભ્યાસને માટે પ્રયત્ન આરંભે છે તથા છેવટે તેના તમામ સંશયો છેદાઈ તે આત્મસ્વરૂપની સાથે તદાકાર બની અદ્વૈતપદનો સાક્ષાત્ અનુભવ કરીને જીવન્મુક્ત બની જાય છે.*

---

*સાંખ્યમત તથા વેદાંતની એકવાક્યતા શી રીતે છે, ભિન્ન ભિન્ન મતોનો ઉદ્દેશ એક આત્મતત્ત્વનું પ્રતિપાદન કરવું એ જ એક કેવી રીતે છે તથા અભ્યાસ કેવી રીતે કરવો ઇત્યાદિ સંબંધમાં વિસ્તારપૂર્વક વિવેચન પ્રકૃતિપુરુષના વિવેક સાથે સમજૂતીને માટે પ્રથમ વૃક્ષોસહ આપવામાં આવેલું છે તે જુઓ. આત્મસ્વરૂપના નિર્ણય સંબંધમાં અધ્યાય ૨, શ્લોક ૩૯, પાનાં ૧૫૧ થી ૧૬૪, સંખ્યા અને સાંખ્ય પાનાં ૧૪૭ થી ૧૫૧, યોગ પાનાં ૧૬૫ થી ૧૬૭, વિવર્ત અને અજાત તથા આત્મવિશ્રાંતિના અભ્યાસક્રમને માટે પાનાં ૧૬૭ થી ૧૬૯ તથા કિરણાંશ ૨૨ જુઓ. સાંખ્ય પ્રકૃતિપુરુષનો વિવેક સમજવા માટે પાછલા અધ્યાયોમાં પણ પ્રસંગવશાત્ વખતોવખત વિવેચન આપેલું છે તે જોવું.

શું સર્વે શાસ્ત્રોનો હેતુ અદ્વૈતતત્ત્વ સમજાવવાનો છે ?

આ વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે, જે આ બધું દેખાય છે તેવું જ હોય તો પછી શાસ્ત્રોની કિંવા સમજાવનારાઓની કશી પણ જરૂર રહેતી નથી. જેઓ 'આ છે ખરું', પણ તમો કહો છો તેવું નથી, પરંતુ હું કહું છું તેવું તે છે', એમ કહેવા માગે તો તેવું કહેવું એ તો કહેનારના મનની એક ઊર્મિ વા તરંગ છે એમ જાણો. આથી તેવું કહેનારો કંઈ શ્રેષ્ઠ ગણાશે નહિ પરંતુ દુરાગ્રહી જ ગણાય. કેમ કે લોકોએ આ જગતાદિને પોતપોતાના મન વડે કલ્પી લીધેલું હોય છે તેવું તેણે પણ હું સમજ્યું છું તેવું તે છે, એમ પોતાની કલ્પના વડે માની લીધેલું હોય છે. પરંતુ એ બંને અનુભવ વગરના લૂખા તર્કવાદીઓ જ ગણાય. માટે તર્ક કરવા તે પણ અપૌરુષેય એવા ઉપનિષદોના આધારે જ અને તેણે બતાવેલી પદ્ધતિ પ્રમાણે જ કરવા જોઈએ, એવો નિયમ છે. મનમાં આવ્યું તે કહું છું, અંતરનો અવાજ છે તેથી કહી રહ્યો છું, એ રીતે કહેવું એ તો દંભ જ કહેવાય. માટે જ્યાં સુધી આત્માનું પરોક્ષજ્ઞાન થયેલું હોતું નથી ત્યાં સુધીને માટે પ્રથમ પ્રકૃતિપુરુષના વિવેકદ્વારા આત્માનો સંપૂર્ણ નિશ્ચય કર્યા પછી વેદાંતશાસ્ત્રના ધોરણે તેનો ઐક્યભાવ સમજી લેવો જરૂરી છે. આમ જ્યારે આત્માનું સારી રીતે પરોક્ષજ્ઞાન થયું એટલે પછી તમામ શાસ્ત્રોનો ત્યાગ કરી અંતરંગમાં તેનો અભ્યાસ કરીને તદાકારતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. આમ કરવાથી આત્માનો અપરોક્ષ અનુભવ એટલે સાક્ષાત્કાર થાય છે. ઉદ્દેશ એ કે, દ્વૈત સમજાવનાર શાસ્ત્રકારો તથા શાસ્ત્રોનો હેતુ જિજ્ઞાસુઓ અંતે અદ્વૈત એવું પરોક્ષજ્ઞાન મેળવી કૃતાર્થ થાય એ જ હોવો જોઈએ અને એ જ સાંખ્ય, યોગ, ન્યાય, વેદાંત ઇત્યાદિ સમસ્ત શાસ્ત્રોનો સાર છે, કપિલાદિ વેદવેત્તા સર્વ મહર્ષિઓએ આ ઉદ્દેશ ધ્યાનમાં લઈને જ સમજાવ્યું છે. પરંતુ જેઓએ આ રીતે વેદના સાચા તાત્પર્યને નહિ સમજતાં પોતે પોતાના દુરાગ્રહ વડે સમજ્યાનો મત બાંધી દીધો હોય એવા અનુભવ વગરના લૂખા તર્કવાદીઓ નાસ્તિક કહેવાયા અને વેદાંતદૃષ્ટિએ તો કાંપલ કણાદાદિઓને પણ "તમોએ પ્રથમ દ્વૈતનો સ્વીકાર કર્યો છે; પછી ભલે તે ગમે તે ઉદ્દેશ વડે હોય પરંતુ આત્મામાં દ્વૈતબુદ્ધિનો અંગીકાર કરવો એ પણ તેને દ્વાણુ સમાન છે," એમ કહીને આત્માનું પરોક્ષજ્ઞાન થવા બાદ સૈદ્ધાંતિક રીતે તે મતોનો પણ ત્યાગ કરવા જણાવ્યું છે. અર્થાત્ વેદાંતના અનુભવીઓની દૃષ્ટિએ આત્મામાં કંઈ છે એવો સહેજ પણ સ્વીકાર કરવામાં આવતો નથી. આમ ક્રમે ક્રમે ઉચ્ચ કોટિનું જ્ઞાન મહર્ષિઓએ સ્વાનુભવયુક્ત તથા અપૌરુષેય શાસ્ત્રોના આધાર સાથે જગતમાં લોકકલ્યાણની દૃષ્ટિએ પ્રગટ કરેલું છે. જે તને પ્રથમ પણ પ્રસંગવશાત્ કહેવામાં આવેલું છે.

अर्जुन उवाच—

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।

एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥१॥

પ્રકૃતિપુરુષ, ક્ષેત્રક્ષેત્રજ્ઞ તથા જ્ઞાનજ્ઞેય કહો

ભગવાન શ્રીકૃષ્ણનું ઉપર મુજબનું અપૂર્વ વચન સાંભળીને અર્જુનને પ્રશ્ન કરવાની ઇચ્છા થઈ. તેણે કહ્યું: ભગવન્! આપે કહ્યું તે હું સારી રીતે સમજ્યો, વળી મારા તમામ સંશયો નષ્ટ થયા છે, છતાં બોધની પરિપક્વતાને માટે જાણવાની ઇચ્છા થાય છે, તો આપ કૃપા કરીને મને કહો; કે હે કેશવ! પ્રકૃતિપુરુષ તથા ક્ષેત્રક્ષેત્રજ્ઞ તેમ જ જ્ઞાન અને જ્ઞેય એટલે શું? તે જાણવાની મારી ઇચ્છા છે. આપે જો કે પ્રથમ કહેલું છે, પરંતુ બોધની પરિપક્વતાને માટે વિસ્તારથી સમજવાને ઇચ્છું છું.*

* કેટલીક ગીતાઓમાં આ શ્લોક નથી તથા કેટલાકો તેને પ્રક્ષિપ્ત-પાછળથી ઉમેરી દીધેલો અથવા ક્ષેપક કહે છે. ગીતામાં શ્લોક સંખ્યા ૭૦૦ થાય તો તેવા ભયથી આને ક્ષેપક ઠેરવવો યોગ્ય નથી. સર્વસામાન્ય વેદાંત સમજાવવાનો એવો નિયમ છે કે, પ્રશ્નના ઉત્તરમાં જ તે સમજાવવામાં આવે છે. પ્રશ્ન વગર આ વિષય સમજાવવાનું ભગવાનને શું પ્રયોજન હોય ? તેથી અને તે આવશ્યક હોઈ મૂલ છે.

श्रीभगवानुवाच—

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।

एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥२॥

ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ

અર્જુનનો પ્રશ્ન સાંભળીને ભગવાન પ્રસન્ન વદને બોલ્યા: હે પાર્થ! તેં ઘણો સારો પ્રશ્ન કર્યો. ક્ષેત્રક્ષેત્રજ્ઞ પ્રકૃતિપુરુષ તથા જ્ઞાન અને જ્ઞેયનો નિશ્ચય સારી રીતે જાણવામાં આવે એટલે આત્મસ્વરૂપનો નિશ્ચય તત્કાળ થઈ શકે છે. આત્મસ્વરૂપના વિવેક અને નિશ્ચયમાં તે ઘણો જ ઉપયોગી છે, માટે તારા પ્રશ્નનો ઉત્તર કહું છું તે સાંભળ. હે કૌંતેય! આ શરીર એ ક્ષેત્ર કહેવાય છે તથા એને જે જાણનારો એટલે આ હું છું કિંવા આ મારું શરીર છે એવું કહેવાવાળો છે તેને ક્ષેત્રજ્ઞ કહે છે. આ મુજબ તેને જાણનારા તજ્જ્ઞોએ નિશ્ચય કરેલો છે. આ ક્ષેત્રક્ષેત્રજ્ઞના જ્ઞાનને જાણવાવાળા વિદ્વાનોએ આ શરીર એ જ ક્ષેત્ર હોઈ તેને આ શરીર છે એવું જે જાણનારો છે તે જ ક્ષેત્રજ્ઞ છે એમ કહેલું છે. તાત્પર્ય એ કે, અનિર્વચનીય તથા સર્વવ્યાપક એવો જે આત્મા છે, તે તો સર્વ કલંકોથી તદ્દન રહિત અપર, જન્મરહિત અને ભ્રાંતિ વગેરેથી રહિત હોઈ સ્વપ્રકાશ કિંવા કેવળ ચૈતન્યસ્વરૂપ છે. જેમ સમુદ્રમાંનું જળ એકાદ પ્રદેશમાં નિશ્ચલ હોય છે તથા કોઈ કોઈ પ્રદેશમાં ચલાયમાન થાય છે તેમ સર્વશક્તિમાન એવું આ આત્મચૈતન્ય હંમેશાં નિશ્ચલ હોવા છતાં કોઈ કોઈ પ્રદેશમાં પોતે પોતામાં અને પોતાવડે ચલણવાળું થયું હોય તેમ ચંચળતાવાળું ભાસે છે. જેમ આકાશ કોઈ જગ્યાએ વાદળાંવાળું હોય છે તથા કોઈ જગ્યાએ વાદળાંઓથી રહિત, શુદ્ધ એવા પોતાના સ્વરૂપમાં જ રહે છે, તેમ આ શુદ્ધ આત્મસ્વરૂપ પોતે જ પોતામાં જાણે અવિદ્યારૂપ ઉપાધિમાં આવેલું હોય તેમ હું રૂપે મર્યાદાભાવને પામેલું હોય એમ ભાસે છે. આ મહાચૈતન્ય સર્વશક્તિમાન, સ્વયં, સ્વતઃસિદ્ધ અને સ્વતંત્ર હોવાને લીધે ક્ષણમાત્રમાં હું રૂપ એવી માયાશક્તિ(વૃક્ષાંક ૩) રૂપે સ્ફુરે છે. આ અમર્યાદિત એના આત્મસ્વરૂપમાં મર્યાદિત જેવો પ્રતીત થનારો હું એવો ભાસ(વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી ઈશ્વર, પુરુષ અથવા દ્રષ્ટારૂપી શુદ્ધ હું (વૃક્ષાંક ૨) આ અવિદ્યા કિંવા માયાશક્તિરૂપ હું એવી સ્ફુરણા (વૃક્ષાંક ૩) ને પ્રેરણા કરનારો કહેવાય છે. આમ આત્મા જ આત્મામાં ઈશ્વરરૂપ શુદ્ધ હું (વૃક્ષાંક ૨) તથા તેની ઈક્ષણ યાને કાળશક્તિ વડે માયા કિંવા અવિદ્યારૂપ હું એવા પ્રતિબિંબરૂપ સ્ફુરણ (વૃક્ષાંક ૩), એમ બંને રૂપે પોતે જ પોતામાં પોતા વડે સ્ફુરે છે. આ મુજબ આત્મા પોતે જ પોતામાં પોતારૂપ ઉપાધિવાળો તથા મર્યાદિત બનેલો છે. આ આત્મામાંથી ઉદય પામેલી હું રૂપ માયાશક્તિ (વૃક્ષાંક ૩)માં ઈશ્વર કિંવા પુરુષ પોતાની ઈક્ષણશક્તિ (કેવળ આંખો વડે જોઈને શક્તિનો સંચાર કરવો તે પ્રેરણા કિંવા દ્રષ્ટૃત્વશક્તિ) વડે અવિદ્યા કિંવા માયારૂપ 'હું' (વૃક્ષાંક ૩) માં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનો ક્ષોભ કરે છે. આમ માયામાં ત્રણ ગુણોનો ક્ષોભ થઈને તેનું સમમિશ્રણ થાય એટલે તે જ શક્તિ અવ્યક્ત કિંવા પ્રધાનતત્ત્વ (વૃક્ષાંક ૪) રૂપે બને છે. આ મુજબ માયા (વૃક્ષાંક ૩) માં ગુપ્ત રૂપે રહેલી કાળશક્તિ, ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિ વગેરે શક્તિઓનો પ્રાદુર્ભાવ પણ ત્રણ ગુણોના ક્ષોભની સાથે સાથે થતો જ રહે છે. આ માયાશક્તિરૂપ હું એવું સ્ફુરણ (વૃક્ષાંક ૩) જે પોતાના સાચા રૂપને જાણે એટલે હું તો આત્મસ્વરૂપથી અભિન્ન એવો છું એવું જે તે જાણે તો તેનો સ્વસ્વરૂપમાં વિલય થઈ તે સચ્ચિદાનંદરૂપને પામે છે; પરંતુ તે પોતાને જ્યારે "હું" "હું" એવા પરિચ્છેદ (માપ)વાળો કોઈ તુચ્છ છું એમ માન્યા કરે છે ત્યારે તેમાં ઈશ્વર (વૃક્ષાંક ૧)ની ઈક્ષણરૂપ કાળશક્તિ વડે ક્ષોભ થઈ તે પોતે સૌથી પ્રથમ મર્યાદિત એવા અવ્યક્ત (વૃક્ષાંક ૪) સ્વરૂપે બને છે. તેમાં જ્ઞાન, ક્રિયા અને કાળ ઇત્યાદિ તમામ શક્તિઓનો સાંઠો ગુપ્તરૂપે હોય છે જ, જે ઉપર કહેવામાં આવ્યું છે;

ત્યારબાદ તે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિયુક્ત એવા અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫) રૂપે બને છે. પશ્ચાત્ મહાપ્રાણ (વૃક્ષાંક ૬), મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), અહંકાર દેવતા રુદ્ર (વૃક્ષાંક ૮), ચિત્ત દેવતા ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૯), બુદ્ધિ દેવતા બ્રહ્મા (વૃક્ષાંક ૧૦), મન દેવતા ચંદ્ર (વૃક્ષાંક ૧૧), વિષ્ણુનું નાભિકમળ કિંવા હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨), બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) તથા તેણે રચેલું ચૌદ લોકથી વ્યાપેલું વિરાટ પુરુષના સ્થૂલ દેહરૂપ એવું આ બ્રહ્માંડ; એ રીતના વિસ્તારરૂપે ક્રમેક્રમે ક્ષણમાત્રમાં પ્રતીત થઈ જાય છે. પરંતુ આ બધું વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ જ હોય છે. આ રીતે ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતે પોતાની ઈક્ષણશક્તિ વડે જે પ્રકૃતિ (વૃક્ષાંક ૩) ના સત્ત્વ, રજ અને તમ ગુણોના ક્ષોભને પામી તેનો જે ક્રમે આ બધો વિસ્તાર (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) થવા પામેલો છે તે વિરાટ સ્વરૂપ જ ભગવાનનું શરીર કહેવાય અને તેને જ ક્ષેત્ર કહેવામાં આવે છે તથા તેનો જાણનારો સાક્ષી, દ્રષ્ટા કિંવા પ્રેરક ઈશ્વર (વૃક્ષાંક ૨) એ જ ક્ષેત્રજ્ઞ કહેવાય છે એમ જાણ.

ઈશ્વર ક્ષેત્રજ્ઞ તથા માયા ક્ષેત્ર કેમ ?

શરીરમાં ત્રણ ભેદો છેઃ (૧) વ્યષ્ટિ શરીર, (૨) સમષ્ટિ શરીર (બ્રહ્માંડ) અને (૩) વિરાટ વા મહત્ શરીર. આ ત્રણમાં વ્યષ્ટિ શરીરાભિમાની તે જીવ, સમષ્ટિ શરીરાભિમાની તે ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૯) અને મહત્ યા વિરાટ શરીરનો અભિમાની કિંવા સર્વનો સાક્ષી વા દ્રષ્ટા તે ઈશ્વર (વૃક્ષાંક ૨) એવી સંજ્ઞા વડે કહેવાય છે. વાસ્તવિક ઈશ્વર જ ખરો ક્ષેત્રજ્ઞ છે, કેમકે વિરાટના શરીરમાં જ સમષ્ટિ અને સમષ્ટિમાં આવેલા તમામ વ્યષ્ટિ, એ રીતે બંનેમાં આવેલા તમામ શરીરોનો સમાવેશ થઈ જાય છે; જેમ મનુષ્ય કહેતાંની સાથે જ તેમાં હાથપગાદિ તમામ અવયવોનો સમાવેશ અનાયાસે જ થઈ જાય છે તેમ મહત્ કિંવા વિરાટશરીર કહેતાંની સાથે જ તેમાં અનેક વ્યષ્ટિ જીવો સહિત તમામ સમષ્ટિ જીવોનો સમાવેશ અનાયાસે જ થઈ જાય છે. આથી આ ઈશ્વર (વૃક્ષાંક ૨) એ જ ખરો ક્ષેત્રજ્ઞ હોઈ પ્રકૃતિ, માયા કિંવા અવિદ્યા અને તેનો તમામ વિસ્તાર મહત્ યાને વિરાટશરીર (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનો) હોઈ તેને જ ક્ષેત્ર કહે છે. આથી 'इदं शरीरम्' એટલે આ શરીર કે જે મેં તને વિરાટ દર્શન વખતે બતાવ્યું હતું તે ક્ષેત્ર કહેવાય અને તે શરીરને જાણવાવાળો એવો જે તેનો દ્રષ્ટા, સાક્ષી કિંવા ઈશ્વરરૂપ શુદ્ધ હું (વૃક્ષાંક ૨) એ ક્ષેત્રજ્ઞ છે, એમ વિદ્વાનો કહે છે; એ પ્રમાણે ભગવાને અત્રે સ્પષ્ટ રીતે કહ્યું છે. આ ક્ષેત્રજ્ઞ એવો ઈશ્વર પોતે જ પોતાના સંકલ્પવશાત્ ક્ષેત્રરૂપે બનેલો છે. ક્ષેત્રક્ષેત્રજ્ઞ સંબંધે શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે નિર્ણય છે.

ક્ષેત્રજ્ઞ જ સંકલ્પવશાત્ વિકારરૂપ એવા આ ક્ષેત્રરૂપે બનેલો છે

હે મહાબાહો ! દેશ, કાળ અને ક્રિયાઓ વડે ઘેરાયેલું તથા કલ્પનાઓને લીધે પોતાને પરિચ્છન્ન એટલે મર્યાદિત માનતું, હું રૂપ માયા કિંવા પ્રકૃતિનો સાક્ષી શુદ્ધ હું વા ઈશ્વર (વૃક્ષાંક ૨) રૂપ એવું જે આત્મચૈતન્ય તે જ ક્ષેત્રજ્ઞ કહેવાય છે (વૃક્ષાંક ૨) તથા ક્ષેત્ર એ તેના શરીર એટલે મહત્રૂપ માયા, પ્રકૃતિ વા વિરાટદેહ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધી)નું નામ છે. તે ક્ષેત્રજ્ઞ પોતાના તમામ શરીર એટલે ક્ષેત્રને તેમ જ તેની અંદર તથા બહારના સમગ્ર પદાર્થોને જાણે છે, અર્થાત્ તે માયારૂપ પ્રકૃતિના આદ્યંત સર્વ વિસ્તારને જાણે છે તેથી તેને એ તમામનો દ્રષ્ટા કિંવા સાક્ષી પણ કહે છે. એવું તે આત્મચૈતન્ય જ ક્ષેત્રજ્ઞ, સાક્ષી, ઈશ્વર (વૃક્ષાંક ૨) કહેવાય છે. આ ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૨) સૌથી પ્રથમ 'હું છું' એવી દૃઢ કલ્પનાઓથી એટલે માયારૂપ 'હું' (વૃક્ષાંક ૩) એવી રકુરણા વડે કલંકિત થઈને, ક્રમેક્રમે તે પોતે જ મહાપ્રાણ કિંવા જીવાદિ (વૃક્ષાંક ૬) તથા મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) આદિ ભાવોને પ્રાપ્ત થઈ, ત્યારબાદ અહંકારપણાને પ્રાપ્ત થાય છે (જુઓ વૃક્ષાંક ૮). આ અહંકાર નિશ્ચયાત્મક કલ્પનાઓ વડે કલંકિત થઈ સત્ત્વાદિ રૂપે અધિદૈવ, અધિભૂત તથા અધ્યાત્મ ઇત્યાદિ હોવાનો નિર્ણય કરી લે છે તથા પછી તે ક્રમે ચિત્ત કિંવા નારાયણ (વૃક્ષાંક ૯) અને બાદ બુદ્ધિપણાને પ્રાપ્ત થાય છે (વૃક્ષાંક ૧૦). બુદ્ધિ સંકલ્પવિકલ્પોથી કલંકિત થઈને મનપણાને પ્રાપ્ત થાય છે (વૃક્ષાંક ૧૧), મન ધીરે ધીરે બાદ વિકલ્પોવાળું બની પછી જાણે સ્થૂલ ઇન્દ્રિયપણાને પ્રાપ્ત થતું હોય એમ પ્રથમ હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) તથા પછી સમષ્ટિના કર્તારૂપ બની પોતાના જ સ્થૂલ શરીરરૂપ એવા અંડને ભેદીને બ્રહ્મદેવરૂપે

પ્રગટ થાય છે (શ્લોકાંક ૧૩). આમ આત્મચૈતન્યરૂપ ક્ષેત્રજ્ઞ એવો ઈશ્વર, પોતે જ મનરૂપે બની તે મન રાગદ્વેષાદિ અનેક શક્તિઓને પ્રાપ્ત થઈ સ્થૂલ ઇન્દ્રિયો દ્વારા વિરાટના સમષ્ટિરૂપ સ્થૂલ શરીરને ધારણ કરે છે (શ્લોકાંક ૧૪); અને કોશેટાના કીડાની જેમ હાથે કરીને બંધનને પામે છે. આ રીતે જેમ ખાવાની લાલચને લીધે મત્સ્ય હાથે કરીને જ જાળમાં સપડાય છે તેમ પોતાના સંકલ્પોનું વારંવાર સ્મરણ કરવાને લીધે મન પણ ભૂંડે હાલે આ સંસારમાં બંધાઈને પરિતાપને પામે છે. હું ખરેખર બંધાયો છું એમ માનીને મિથ્યા બંધનને સાચું માન્યા કરતું અને ધીરે ધીરે પોતાના બ્રહ્મપણાને છોડી દેતું એ મન પોતાની અંદર ચૌદ લોકવાળા જગતમાં અનેક ભ્રાંતિરૂપ રાક્ષસોને ઉત્પન્ન કરે છે. આ મુજબ તે પોતે ધીરેધીરે શબ્દ સ્પર્શાદિક વિષયોરૂપી અગ્નિઓની રાગદ્વેષાદિક જ્વાળાઓની અંદર સપડાઈ, સાંકળથી બંધાયેલા સિંહની પેઠે તે અત્યંત પરવશ બની જાય છે અને અનેક વાસનાઓને લીધે તે પોતાનાં સંકલ્પાત્મક વિચિત્ર કાર્યોના કર્તાપણાને સંપાદન કરે છે. આમ તે ઈશ્વર(શ્લોકાંક ૨) પોતે પોતાની ઇચ્છામાત્રથી જ રચાએલી આ અનેક દશાઓમાં પડ્યો હોય એમ ભાસે છે. આ રીતનું તેનું જે કાર્ય તે જ ક્ષેત્ર કહેવાય છે, તેને જ પ્રકૃતિ કિંવા માયા કહેવામાં આવે છે. એ જ ક્ષેત્રજ્ઞ વા ઈશ્વર(શ્લોકાંક ૨) પોત પોતાના સંકલ્પ વડે કોઈ અવસ્થામાં મન કોઈમાં બુદ્ધિ, કોઈમાં જ્ઞાન તેમ જ કોઈમાં ક્રિયા, તો કોઈ સ્થળમાં અહંકાર તથા કોઈ જગ્યાએ લિંગશરીર કહેવાય છે. માયા કિંવા પ્રકૃતિ પણ તે જ બનેલો છે. મૂળ, કર્તા, તથા કર્મ પણ તે જ છે. તે જ કોઈ સ્થળમાં બંધ તો કોઈ સ્થળમાં ચિત્ત, કોઈ સ્થળે અવિદ્યા તથા કોઈ સ્થળે ઇચ્છા દ્વેષાદિ અનેક રૂપે પ્રકટ થયેલો છે એમ કહેવાય છે. આ પ્રમાણે તે જ સંસારમાં બંધાએલ છે, દુઃખી છે, તૃષ્ણાથી તથા શોક વડે ઘેરાયેલું અને રાગના વિસ્તીર્ણ સ્થળરૂપે પણ તે જ છે. તાત્પર્ય, તે જ પોતાની મેળે મિથ્યા એવા આ સંસાર નામના ઝેરી ઝાડપણાને પામેલું છે તથા પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયેલ હોવાથી સંતાપ પામ્યા કરે છે (યો૦ સ્થિ૦ સ૦ ૪૨).

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।

क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥३॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞ આત્મરૂપ છે એવું યથાર્થ રીતે જાણવું તે જ જ્ઞાન

હે ભારત ! ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ સંબંધે શાસ્ત્રમાં ઉપર મુજબ નિર્ણય છે, તે તારી સમજમાં આવ્યું હશે જ, પણ શાસ્ત્રમાં આવેલું આ વિવેચન તો મારા જેવા શાસ્ત્રના અનભ્યાસીને શી રીતે સમજવામાં આવે એમ જો તું કહેવા ઇચ્છતો હોય તો હું તને સ્પષ્ટ કહું છું કે સર્વ ક્ષેત્રોમાં આત્મસ્વરૂપ એવા મને જ ક્ષેત્રજ્ઞ જાણ, એટલે તમામ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞરૂપે આત્મસ્વરૂપ એવા એક ' હું ' જ છે. ભાવાર્થ, ઉપર કહેલું જ છે કે આ ક્ષેત્રજ્ઞ જ સર્વ ક્ષેત્રરૂપે બનેલો છે. ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞમાં વાસ્તવિક કોઈ ભેદ નથી. આ મુજબનો જે ક્ષેત્રજ્ઞ તે તો આત્મસ્વરૂપ એવો હું જ છે, એટલે મિથ્યા વિકારવાળું જણાતું આ ક્ષેત્ર(શ્લોકાંક ૩ થી ૧૫ઘ) તથા તેનો સાક્ષી ક્ષેત્રજ્ઞ(શ્લોકાંક ૨), એ બંને વાસ્તવિક તો આત્મસ્વરૂપ જ છે. આત્મસ્વરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. આ રીતે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ બંનેનું સાચું જ્ઞાન થવું એટલે તે બંને આત્મસ્વરૂપ છે તેથી ભિન્ન નથી એમ જાણવું, તે જ ખરું જ્ઞાન છે એવો મારો મત છે. પરંતુ આવો વિવેક જેને થયેલો હોતો નથી તેવાઓને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતાં સુધીને માટે જ ક્ષેત્રક્ષેત્રજ્ઞ એવા મિથ્યા ભેદો પાડીને સમજાવવાનો શાસ્ત્રકારોનો ઉદ્દેશ હોય છે. આ ક્ષેત્રજ્ઞને સાક્ષી, દ્રષ્ટા, ઈશ્વર વા પુરુષ(શ્લોકાંક ૨) તથા ક્ષેત્રને અવિદ્યા, માયા, પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) ઇત્યાદિ અનેક નામો સમજાવવાને માટે આપવામાં આવેલાં છે.

तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ।

स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥४॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞનું સ્વરૂપ કહું છું

તત્ એટલે જેને 'તે' એવા પદ વડે સમજાવવામાં આવે છે તે અનિર્વચનીય કિંવા આત્મસ્વરૂપ એવું જે આ ક્ષેત્ર યાદૃક્ અર્થાત્ આ દૃશ્ય જેવું અને જેવા વિકારવાળું હોય તેમ જ તેને જાણનાર ક્ષેત્રજ્ઞ જેવા પ્રભાવવાળો હોય તે સંક્ષેપમાં કહું છું તે સાંભળ. તાત્પર્ય, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બંને વાસ્તવિક તો આત્મસ્વરૂપ જ છે છતાં તેવો બોધ જેમને થયેલો હોતો નથી તેવા અજ્ઞાનીઓને માટે જે આ તમામ દૃશ્યરૂપ ક્ષેત્ર જેવું છે, જેવા વિકારવાળું છે તથા જેવા પ્રકારે જોવામાં આવે છે, તે જેથી ઉપજ્યું છે તેમ જ તે અર્થાત્ ક્ષેત્રજ્ઞ જે સ્વરૂપે ભાસે છે અને જેવા પ્રભાવવાળો છે તે સર્વ હું તને સંક્ષેપમાં કહું છું.

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।

ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥५॥

ઋષિઓએ જુદેજુદે રૂપે અનેક પ્રકારે વર્ણવેલું આત્મતત્ત્વ

આનો એટલે બ્રહ્મસ્વરૂપનો સ્થૂલ વર્ણન સંબંધમાં ઋષિઓએ જુદે જુદે અનેક પ્રકારે નિરૂપણ કર્યું છે, વેદોએ નાના પ્રકારે વિવેકથી ગાયું છે અને સાક્ષીભાવમાં સ્થિત રહીને સમજાવનારા અને બ્રહ્મસ્વરૂપ તથા કેવળ અનિર્વચનીય એવા બ્રહ્મપદનો જ નિશ્ચિત ભાવ બતાવનારા ઉપનિષદોમાં પણ આ બધું બ્રહ્મરૂપ જ છે એ મુજબ અનેક પ્રકારે કહેવાયું છે. તાત્પર્ય એ કે, આ અનિર્વચનીય એવા આત્મપદને સમજાવવાને માટે ભિન્ન ભિન્ન પ્રકારના યુક્તિવાદો વડે શાસ્ત્રકારોએ આ બધું બ્રહ્મસ્વરૂપ જ છે, એ રીતે સમજાવવાને માટે અનેક પ્રકારની યુક્તિઓ દ્વારા તેનું વર્ણન કરેલું છે (મતોની ભિન્નતાના ઉદ્દેશ સંબંધમાં અધ્યાય ૨ પૃષ્ઠ ૧૭૨ તથા અધ્યાય ૯ માં વિસ્તૃત વિવેચન કરવામાં આવેલું છે તે જોવું), પરંતુ હું તને આ ક્ષેત્રનું સ્વરૂપ ટૂંકમાં કહું છું.

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।

इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥६॥

इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतना धृतिः ।

एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥७॥

વિકારવાળા ક્ષેત્રનું સ્વરૂપ

પાંચ મહાભૂતો તેની પાંચ તન્માત્રા, દશ ઇન્દ્રિયો, તેના વિષયો તથા અહંકાર બુદ્ધિ અને અવ્યક્ત એ કારણતત્ત્વો તેમ જ ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, ચેતના, ધૈર્ય, ઇત્યાદિ સંઘાતયુક્ત વિકારવાળું આ બધું ક્ષેત્ર કહેવાય છે, જે તને સંક્ષેપમાં કહ્યું : જેમ પ્રકૃતિનું સ્વરૂપ સમજાવનારા શાસ્ત્રવિદોએ અનેક પ્રકારનાં ભિન્ન ભિન્ન તત્ત્વોની સંખ્યા વડે તેને સમજાવેલું છે, જેનું વર્ણન પ્રથમ વખતો વખત (અધ્યાય ૨ પૃષ્ઠ ૧૫૫ થી ૧૫૮) આપવામાં આવેલું જ છે તે કેવળ યુક્તિરૂપ છે. તે યુક્તિઓનો અર્થ ફક્ત આત્મા વા બ્રહ્મનું સાચું જ્ઞાન કરી આપવું એટલો જ હોવાથી લોકોની બુદ્ધિનો વિચાર કરી કોઈએ વિસ્તારપૂર્વક તથા કેટલાકોએ તેને સંક્ષેપમાં સમજાવ્યું છે. તે બધી યુક્તિઓ સયુક્તિક હોઈ તેમાં જેમ તત્ત્વોનો પરસ્પર એક બીજામાં સમાવેશ થઈ જાય છે, તેમ ભગવાને અત્રે માયા વા પ્રકૃતિને જ ક્ષેત્રરૂપે વર્ણવેલી હોઈ તેમાં પાંચ મહાભૂતો, તેની તન્માત્રા, દશ ઇંદ્રિયો અને તેના વિષયો તથા બુદ્ધિ, અહંકાર અને અવ્યક્ત, એટલાં

કારણતત્ત્વો જ ગણેલાં છે. આમાં ભગવાને હું રૂપ પ્રકૃતિ (વૃક્ષાંક ૩)નો સમાવેશ અવ્યક્ત (વૃક્ષાંક ૪)માં જ કરેલો છે. જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિયુક્ત પ્રકૃતિપુરુષ (વૃક્ષાંક ૫) તથા મહાપ્રાણ કિંવા સૂત્રાત્મા (વૃક્ષાંક ૬) અને મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭)નો સમાવેશ અહંકાર (વૃક્ષાંક ૮)માં જ કરેલો છે. આ અહંકારમાંથી ઉત્પન્ન થતા ત્રણ પેટા ભેદો અધિદૈવ (વૃક્ષાંક ૯), અધ્યાત્મ (વૃક્ષાંક ૬) અને અધિભૂત (વૃક્ષાંક ૯)ના અંતર (પેટા)માં આવેલાં તત્ત્વો પૈકી દશ ઇંદ્રિયો તથા તેનાં સ્થાનકો (વૃક્ષાંક ૮/૮/આ) તથા પાંચ મહાભૂતો તથા તેની તન્માત્રા (વૃક્ષાંક ૮/૯/ઇ) એમ બે જ ભેદો પાડેલા છે. તેમ જ તમામ અધિદેવતાઓ કિંવા કર્તા (વૃક્ષાંક ૮/૭/અ)નો સમાવેશ મન (વૃક્ષાંક૧૧)માં જ કરેલો હોઈ ચિત્ત તથા તેના દેવતા ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૬)નો બુદ્ધિ (વૃક્ષાંક ૧૦)માં જ સમાવેશ કરેલો છે. તેમ જ હિરણ્યગર્ભ કિંવા વિષ્ણુના નાભિકમળ (વૃક્ષાંક ૧૨)નો સમાવેશ પણ મન (વૃક્ષાંક૧૧)માં જ કરેલો છે. આ રીતે ભગવાને કાર્ય તથા મહાકારણ સૃષ્ટિઓને ઉપરનાં તત્ત્વોથી સંક્ષેપમાં વર્ણવેલી છે; તેમ જ ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, ચેતના એટલે પ્રાણીમાત્રને વ્યાપારમાં પ્રવૃત્ત કરાવનારી શક્તિ તથા ધૈર્ય એટલાં તત્ત્વોનો સંઘાત યાને સમુદાય એ બધા કારણ, મહાકારણ પ્રકૃતિના વિકારો હોઈ તે વિકારોનો આશ્રય લઈને જ આ કાર્યસૃષ્ટિ એટલે સમષ્ટિ બ્રહ્માંડરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. કાર્યકારણમાં કારણ જ મુખ્ય હોવાથી બ્રહ્માંડાદિ તેના કાર્યનો સમાવેશ કારણતત્ત્વમાં જ ભગવાને અત્રે કરેલો છે, એમ સમજવું. આ મુજબ વ્યવહારમાં જેને વિકારવાળું કહે છે, એવા ક્ષેત્રનું સ્વરૂપ સંક્ષેપમાં તને કહેવામાં આવ્યું, પરંતુ વાસ્તવિક તો તે આત્મસ્વરૂપ જ છે, એમ નિશ્ચિત સમજ.

અખંડ બ્રહ્મમાં વિકારની કલ્પના શી રીતે સંભવે?

ભગવાન આગળ કહે છે કે : હે પાર્થ! વળી તું કદાચ એમ કહેશે કે આ બધું અખંડ અને એકરસાત્મક એવું બ્રહ્મતત્ત્વ જ છે અને તેને જ ભિન્ન ભિન્ન પ્રકારે ઋષિઓ, વેદો તથા બ્રહ્મસૂત્રો વર્ણવે છે તથા આપે પણ મને એ પાંચ મહાભૂત, તેની પાંચ તન્માત્રા, દશ ઇંદ્રિયો, તેના દશ વિષયો, એક મન, બુદ્ધિ, અહંકાર અને અવ્યક્ત એવાં ચોત્રીસ કારણતત્ત્વો તથા ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, ચેતના, ધૈર્ય એ સર્વનો સંઘાત એ સાત વિકારો મળી કુલ એકતાલીસ તત્ત્વોવડે સમજાવ્યું છે. બ્રહ્મ તો અખંડ અને પૂર્ણ છે; તો તેમાં કારણાદિ તત્ત્વો તથા વિકારો કેમ સંભવે? તે સંબંધે હું તને શાસ્ત્રનો નિર્ણય કહું છું. આ સંબંધે પાછલા અધ્યાયોમાં પણ જ્યાંતો ત્યાંત કહેવામાં આવ્યું છે, (અધ્યાય ૨ થી ૫, ૭, ૮ જુઓ) છતાં જ્ઞાનની પરિપક્વતાને માટે ફરીથી કહું છું તે સાંભળ.

પરમાત્મામાં વિકાર ક્યાંથી સંભવે?

પરમાત્મા અખંડ અને પૂર્ણ છે તો પછી તેમાં પ્રદેશનું હોવાપણું સંભવે જ કેમ? પરમાત્મામાં વિકાર તથા જોજ્ય પદાર્થોનું સંકલન એટલે જીજ્ઞપણાની ભાવનાનો પ્રવેશ શી રીતે ઘટે?

કાર્યકારણની પરંપરા કેવળ અજ્ઞાનીઓને સમજાવવા પૂરતી જ છે

ઉત્તર : જીવની અને બ્રહ્મની એકરૂપતા જ છે; વાસ્તવિક રીતે દ્વૈત બિલકુલ છે જ નહિ, પરંતુ આ વિષયમાં શિષ્યોની બુદ્ધિને વ્યુત્પન્ન એટલે તેઓ આત્મતત્ત્વ સમજવાને માટે સમર્થ બને એવી બનાવવાને માટે આ આત્મપ્રદેશમાં મલિન થવા આદિ વ્યવહાર શાસ્ત્રમાં કલ્પેલો છે, તે કેવળ યુક્તિરૂપ હોઈ સમજાવવા પૂરતો જ છે, માટે વસ્તુતઃ કશો વિરોધ છે જ નહિ. જગત બ્રહ્મનિમિત્તથી ઉત્પન્ન થયું છે તથા બ્રહ્મરૂપ ઉપાદાનથી થયું છે ઇત્યાદિ વચનોની રચના તો અજ્ઞાનીઓને જ્ઞાન થવાને માટે શાસ્ત્રમાં કહેવામાં આવેલી છે. તે તો ફક્ત યુક્તિરૂપ હોઈ વ્યવહારદૃષ્ટિ સમજાવવા પૂરતી જ છે, પણ વાસ્તવિક નથી. વિકારીપણું, અવયવો, દિશાઓ તથા પ્રદેશો ઇત્યાદિ પ્રકારો જે કે પ્રત્યક્ષ દેખવામાં આવે છે ખરા છતાં પણ તેઓ આત્મસ્વરૂપમાં સંભવતા નથી. પરમાત્મામાં ચૈતન્યની કલ્પના વિના બીજી કોઈ કલ્પના છે જ નહિ અને થશે પણ નહિ. આમ છે તો પછી કાર્ય શબ્દનો અર્થ તથા બીજી પણ વ્યવહાર સંબંધી વાતો અને કલ્પનાઓ તેમાં ક્યાંથી

હોઈ શકે ? અહીં જે જે કલ્પના, જે જે શબ્દ, જે જે અર્થ અને જે જે વાક્યો છે, તે સઘળાં બ્રહ્મથી જ થયેલાં છે અને બ્રહ્મરૂપ જ છે. બ્રહ્મવ્યતિરિક્ત કાંઈ છે જ નહિ એમ સમજવું. જેમ આગ્નિથી ઉત્પન્ન થયેલો અગ્નિ પણ અગ્નિ જ છે, તેમ જે પદાર્થ જે થકી ઉત્પન્ન થયો હોય તે તે રૂપ જ છે. આ ઉત્પન્ન કરનાર છે અને આ ઉત્પન્ન થયેલો છે, એવું જે કહેવામાં આવે છે, તે બધું તો કેવળ ભેદની કલ્પના કરીને જ કહેવામાં આવે છે. આ જગતમાં અમુક પદાર્થથી અમુક પદાર્થ ઉત્પન્ન થયો છે, એવો જે કાર્યકારણરૂપ વ્યવહાર ચાલે છે, તે તો આત્મસ્વરૂપ એવા એક પદાર્થમાં પોતે પોતામાં અનેક સ્વરૂપો બનાવવાની જે ક્રિયાશક્તિ છે તેનો જ એક જાતનો વિવર્તરૂપ ચિત્ ચમત્કાર છે. માટે જે આ એકમેવ એવો આત્મા છે, તે જ ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થયેલો એમ બે પ્રકારે ભાસે છે. "આ પદાર્થ જુદો છે અને એ પદાર્થ જુદો છે" એ રીતે નામરૂપના વ્યવહારનો શ્રમ તો કેવળ બોલવા માત્ર જ છે પણ વાસ્તવિક રીતે પરમાત્મામાં તે નથી, છે જ નહિ કેમકે જો પરમાત્મામાં એવો ભેદ હોત તો તેનું અખંડપણું તૂટી જાત. વસ્તુતઃ પરમાત્મારૂપ એવું આ મન જ ક્રિયાશક્તિથી ઉત્પન્ન થયું છે અને તેવા મનની શક્તિથી આ બધા નામનો વ્યવહાર ચાલે છે તથા તે નામોનો વ્યવહારમાં દૃઢ અભ્યાસ થવાથી આજે બધો વ્યવહાર વાસ્તવિક બ્રહ્મરૂપ હોવા છતાં જાણે તે કરતાં બીજે જ હોય એમ જુદાપણાવડે ભાસી રહ્યો છે. આ રીતે એક શિલામાંથી બીજી ઉત્પન્ન થઈ એમ બોલવું એ એક જાતની બોલવાની જ વિચિત્રતા છે પરંતુ તેના અર્થમાં કાંઈ સત્યતા નથી; તેથી પરમાત્મામાંથી અમુક ઉત્પન્ન થયું છે અને પરમાત્માએ અમુકને ઉત્પન્ન કર્યું ઇત્યાદિ જે જે કાંઈ કહેવામાં આવે છે, તે બધું એક જાતની બોલવાની જ વિચિત્રતા છે પરંતુ તેના અર્થમાં કાંઈ સત્યતા નથી. પરમાત્મામાં જન્ય કિંવા જનકભાવની ઉક્તિઓ સંભવતી નથી. પરમાત્મા એક જ હોઈ સર્વત્ર પરિપૂર્ણ છે. માટે કયા પદાર્થને ઉત્પન્ન કરે અને કેમ કરે ? એકમાંથી બીજાની અને બીજામાંથી ત્રીજાની ઉત્પત્તિ થાય છે એમ કહેવું એ તો કેવળ એક જાતનો વાણીનો વિલાસમાત્ર જ છે, છતાં તેમ કહેવાથી પણ મૂળ તત્ત્વમાં કાંઈ વિરોધ કે સંખ્યા આદિ ભેદ પડવો શક્ય નથી. સમુદ્રમાં જોવામાં આવતા તરંગોના કલ્લોલો જેમ સમુદ્રરૂપ જ છે તેમ આ પરમાત્મા કિંવા બ્રહ્મમાં જોવામાં આવતાં નામરૂપાદિ તમામ બ્રહ્મસ્વરૂપ જ છે, એવો અપરોક્ષાનુભવી બ્રહ્મનિષ્ઠ વિદ્વાનોએ નિશ્ચય કરેલો છે.

જીવ, ઈશ્વર, માયા ઇત્યાદિ તમામ બ્રહ્મ છે

'જીવ બ્રહ્મ છે, મન બ્રહ્મ છે, બુદ્ધિની વૃત્તિઓ બ્રહ્મ છે, સઘળા પદાર્થો બ્રહ્મ છે, તે તે પદાર્થોનાં નામો પણ બ્રહ્મ છે, ઈશ્વર પણ બ્રહ્મ છે, અહંકાર તથા પાંચ મહાભૂતાદિ સઘળાં તત્ત્વો પણ બ્રહ્મ જ છે. આ તમામ જગત બ્રહ્મ હોવા છતાં જેમ દોરડી સર્પથી જુદી ભાસે છે, તેમ બ્રહ્મ જગતથી જુદું ભાસે છે, વાસ્તવિક તો આ જગત આદિ કાંઈ પણ છે જ નહિ; પરંતુ જગતાદિરૂપે જે જે કાંઈ ભાસે છે, તે સઘળું બ્રહ્મ જ છે. આ બ્રહ્મરૂપ પરમાત્મામાં આ પદાર્થ અન્ય છે અને આ પદાર્થ અન્ય નથી એવી રીતના વિભાગોની કલ્પના કરીને જે જે બોલવું તે બધું એક જાતની અજ્ઞાનરૂપ ભ્રાંતિમાત્ર જ છે. વાસ્તવિક રીતે તો એ મુજબ બોલવામાં શી સત્યતા છે ? જેમ અગ્નિમાં અગ્નિશિખા (જ્વાળા) છે તેમ બ્રહ્મમાં જગત છે, જેમ અગ્નિ અને તેની શિખામાં બિલકુલ ભેદ નથી તેમ બ્રહ્મ અને જગતમાં પણ ભેદ નથી, આમ હોવા છતાં પણ જે ભિન્ન ભિન્ન પદાર્થોની કલ્પના થયેલી છે, તે સાવ મિથ્યા હોઈ મનની ચપળતા વડે જ છે, તે કેવળ ભ્રાંતિમાત્ર જ છે. બ્રહ્મ નિત્ય, સિદ્ધ અને કૂટસ્થ છે, તેમાં કોઈ પણ પ્રકારનો ભેદ સિદ્ધ થતો નથી. જેમ નેત્રદોષને લીધે ચંદ્રમાના બેપણાનું જ્ઞાન થાય છે તથા તે જ્ઞાન વડે બે ચંદ્ર છે એમ કહેવામાં આવે છે પણ તે સર્વ મિથ્યા જ છે, તેમ અજ્ઞાનરૂપ દોષથી આત્મામાં પદાર્થોના ભેદનું જ્ઞાન થાય છે અને તે અજ્ઞાનયુક્ત જ્ઞાનવડે "આ પદાર્થો જુદા જુદા છે" એમ કહેવામાં આવે છે પણ એ સઘળું મિથ્યા જ છે. જેમ દૃષ્ટિદોષવાળાઓને એક ચંદ્ર જ બે રૂપે પ્રતીત થાય છે, તેમ અજ્ઞાન વડે જ બ્રહ્મમાં મિથ્યા બેપણું હોવાનું ભાસે છે. બ્રહ્મસ્વરૂપ સર્વરૂપ છે, સર્વવ્યાપક છે અને આદિ અંત વગરનું જ છે. તેનાથી જુદું

કાંઈ પણ સંભવતું જ નથી અને જે બ્રહ્મથી જુદું કાંઈ ઉત્પન્ન થયેલું છે એમ માનવામાં આવે છે તે પણ બ્રહ્મ જ છે તથા એમ માનનારો પોતે પણ બ્રહ્મરૂપ જ છે. બ્રહ્મતત્ત્વ વિના બીજું કાંઈ પણ હોવું સંભવતું જ નથી. જે કાંઈ આ જગતાદિરૂપ દૃશ્ય છે તે સર્વ બ્રહ્મ જ છે, એમ સમજવું એ જ વાસ્તવિક છે.

સ્વરૂપનો નિશ્ચય થાય ત્યાં સુધી જ દ્વૈતયુક્તિઓની જરૂર હોય છે

હે મહાબુદ્ધિશાળી! ઘણો ખરો આવા પ્રકારનો સિદ્ધાંત જ્યારે તારી બુદ્ધિમાં ઠસી જશે ત્યારે જ તું આત્મતત્ત્વનાં સૈદ્ધાંતિક રહસ્યો સમજવાને શક્તિમાન થઈશ, અને તમામ શંકાઓથી મુક્ત થઈ નિઃશંક બનીશ. પરંતુ જ્યાં સુધી તેવાં સૈદ્ધાંતિક રહસ્યો સમજી ન શકે ત્યાં સુધી આ દ્વૈતાદિની મિથ્યા કલ્પના કરીને તને સમજાવવામાં આવશે, જે વાસ્તવિક રીતે સાવ મિથ્યા જ છે. માયા આદિ કોઈ પણ બ્રહ્મથી ભિન્ન નથી છતાં જ્યારે તને આ સત્‌રૂપ વિષયનું અજ્ઞાન મટી જશે, ત્યારે સઘળા રહસ્યો સંપૂર્ણ રીતે તારા જાણવામાં આવશે. જેમ રાત્રિના અંધારાનો ક્ષય થતાં જ સ્થાવર જંગમ જગત સ્પષ્ટ, રીતે જોવામાં આવે છે તેમ મિથ્યા પદાર્થોનો બાધ થાય ત્યારે જ એ બ્રહ્મતત્ત્વ યથાર્થ રીતે જાણવામાં આવે છે. હે વત્સ! જ્યારે અજ્ઞાનથી દૂષિત થયેલી દૃષ્ટિ વડે સઘળી દિશાઓમાં વિસ્તીર્ણ થયેલું આ સઘળું જગત જે તારા જોવામાં આવે છે તેનો તેના અજ્ઞાન સહિત જ્યારે નાશ થશે ત્યારે નિર્મળ દર્પણ જેવા અને વાસ્તવિક સત્યતાવાળા નિર્મળ એવા તે પરમપદમાં તને અખંડ નિર્મળતા જ જણાશે, એમ નિઃસંશય સમજ (યો૦ સ્થિ૦ સ૦ ૪૦, શ્લોક ૧૬ થી ૩૯).

બોધનો ઉદય થતાં સુધી મિથ્યા માયાનો અંગીકાર કરવો પડે છે

પ્રશ્ન : પરમાત્મા અનંત છે, તે કોઈ પ્રમાણોના માપમાં આવે તેવો નથી, તે પૂર્ણ છે, એક છે, સર્વદા સ્વયપ્રકાશ છે, તો તેમાં આ માપમાં આવી શકે એવા દૃશ્યજગતની કલ્પના જ શી રીતે સંભવે? ઉત્તર : હે વત્સ! આ બ્રહ્મ છે અને આ માયા છે, એવી મિથ્યા કલ્પનાઓ પણ વાસ્તવિક બ્રહ્મરૂપ જ છે, પરંતુ જ્યાં સુધી શિષ્યને સાચો બોધ થાય નહિ ત્યા સુધીને માટે તેને ખરા માર્ગે ચઢાવવાના ઉદ્દેશથી બ્રહ્મના એક દેશમાં માયા છે તથા તે માયાથી બ્રહ્મમાં આ સઘળું જગત થયું છે, એવા પ્રકારની કલ્પિત અને મિથ્યા વા કપોળકલ્પિત વાતો કરવી પડે છે. આવી કપોળકલ્પિત વાતો અને યુક્તિઓ જ અજ્ઞાનીઓને અકલ્પિત એવી સાચી વસ્તુનું ભાન કરાવી આપે છે. પરંતુ જ્યારે તું સત્ય અને અત્યંત નિર્મળ એવા પરબ્રહ્મને જાણશે ત્યારે તને માયાની કિંવા જગતની કાંઈ પણ ગરબડ આત્મસ્વરૂપમાં કદાપિ પ્રતીત થશે નહિ. માયા તથા તેનું કાર્ય જગત અવિદ્યમાન હોવા છતાં પણ હજુ સુધી તારા મગજમાં તેના અસ્તિત્વના વિચારો ઘૂમ્યા કરે છે એટલે આ બધું જગત સ્પષ્ટ દેખાય છે છતાં તે નથી એમ કેમ કહેવાય? એ રીતનો સંશય જે તારા મનને ગુંચવ્યા કરે છે તે ટાળી નાખી તારા મનમાં સાચી સમજણ ઠસાવવાને માટે માયા અને તેના કાર્યરૂપ આ દૃશ્યાદિ જગત એટલે શું, તેનું વિવેકદ્વારા સાચું સ્વરૂપ સમજાવવાની જરૂર છે અને તેથી જ તે સમજાવવાને માટે મારે આ સત્ છે અને આ અસત્ વા મિથ્યા છે એવો કલ્પિત શાસ્ત્રપ્રપંચ કરવો પડે છે કેમ કે તને હજુ બ્રહ્મમાં ભેદ હોવાની શંકા થયા કરે છે.

પ્રક્રિયારૂપે મિથ્યા યુક્તિની જરૂર

સામાન્યતઃ એવો નિયમ છે કે જ્યાં સુધી દ્વૈતનો અધ્યારોપ સમજાયો ન હોય ત્યાં સુધી તેનો અપવાદ પણ સમજી શકાય નહિ તેથી અધ્યારોપ એટલે શું, તેની સ્પષ્ટતા કરવાને માટે જ બ્રહ્મમાં માયા તથા તેનું કાર્ય જગત હોવા વિષેનો મિથ્યા વાક્પ્રપંચ શાસ્ત્રકારોએ ઉઠાવેલો છે, અને મેં પણ તેનું જ અવલંબન કરેલું છે. જ્યાં સુધી જ્ઞાનની પરિપક્વતા થતી નથી ત્યાં સુધી કાચા શિષ્યની પાસે પ્રક્રિયારૂપે આવી કલ્પિત વાતો કર્યા વિના છૂટકો જ થતો નથી; જો કે વિદ્વાનો એટલે જીવન્મુક્તોની દૃષ્ટિથી માયા કિંવા તેનું કાર્ય જગત ઇત્યાદિ કાંઈ છે જ નહિ. આત્મામાં માયા, વાસના, કર્મ કે કલ્પના કાંઈ પણ છે જ

નહિ, અને અત્યંત શુદ્ધ એવા પરબ્રહ્મમાં અને આ માયા કિંવા તેના કાર્યરૂપ જગતમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી. જે બ્રહ્મ છે તે જ આ જગત છે તથા જે જગત છે તે જ બ્રહ્મ છે, એમ આ બંને અભિન્ન છે એમ સમજ. આ વિચિત્રતાવાળી વાત મેં તને ઘણી ઘણી યુક્તિઓથી સિદ્ધાંતના સમયમાં વિસ્તારપૂર્વક કહેલી છે અને આગળ પણ કહીશ, પરંતુ જ્યાં સુધી તેવા પ્રકારનો બોધ ગ્રહણ કરવાની તારામાં શક્તિ નથી ત્યાં સુધી બ્રહ્મમાં માયા હોવાનો સ્વીકાર કરીને જ આગળ સમજાવવું પડે છે. આમ જ્યારે ધીરે ધીરે તારામાં સ્વતઃસિદ્ધ વિવેક જાગૃત થઈ તું અદ્વૈત બોધ ગ્રહણ કરવાને લાયક થઈશ ત્યારે જ માયા અને માયાવડે થયેલા તેના કાર્યરૂપ આ જગત આદિ તમામ દૃશ્યજાળ તદ્દન મિથ્યા છે એ સારી રીતે સમજી શકીશ. મિથ્યા હોવા છતાં પણ જાણે સારી રીતે જાગી ગયા હોય એમ સાચા દેખવામાં આવતા માયા અને તેના કાર્યને તોડવાનું તથા તે તોડવાનાં સાધનોમાં યત્ન કરવાનું હમણાં તો ગાયાનો અંગીકાર કરીને ચલાવેલી આ મિથ્યા યુક્તિરૂપ પ્રક્રિયા વિના બીજા કોઈ પણ ઉપાય વડે એ શક્ય બની શકે જ નહિ.

જે કાંઈ નહિ તેનું નામ શું ?

ખોટા પદાર્થને નષ્ટ કરવાને માટે ખોટા ઉપાયની જ જરૂર હોય છે, તેમ અવિદ્યમાન એવી માયાને નષ્ટ કરવાને માટે જો કે આ કલ્પિત પ્રક્રિયારૂપ ઉપદેશ પણ એક જાતનું મિથ્યા એવી માયાનું જ સ્વરૂપ છે છતાં એ સાધન એવું ઉત્તમ છે કે આ માયા પોતે જ પોતાનો નાશ કરાવવાના ઉદ્દેશથી તે જ્ઞાનની માગણી કરે છે અને આ રીતે ઉત્પન્ન થતું જ્ઞાન સઘળા દોષોને હરે છે. આ જગતરૂપે મિથ્યા અનુભવમાં આવતી માયા પોતે જ પોતાના નાશથી આનંદમય એવા પરમ સ્થાનની પ્રાપ્તિ કરી આપે છે. આ માયાનો સ્વભાવ જાણી શકાતો નથી, કેમ કે સૂક્ષ્મ દૃષ્ટિએ જોવા જતાં તે તુરત જ નાશને પામે છે. આ મિથ્યા માયા કિંવા પ્રકૃતિ વિવેકરૂપ સાચા બોધને ઢાંકી દે છે અને બીજાં અનેક મિથ્યા જગતોને ઉત્પન્ન કરે છે છતાં એ કેવી છે તે સમજાતું નથી. અરે, આ ભારે આશ્ચર્ય તો જુઓ ! કે જેમ પ્રકાશ થતાં જ અંધારું નાશ પામે છે તેમ આ માયા જ્યાં સુધી પરીક્ષા ન કરીએ ત્યાં સુધી હું રૂપે સ્ફુર્યા કરે છે અને પરીક્ષા કરીએ કે તુરત જ નષ્ટ થઈ જાય છે. જ્યાં સુધી તેનું સ્વરૂપ જાણવામાં નહિ આવે ત્યાં સુધી સાચી હોય એમ લીલા કરે છે તથા તેનું સ્વરૂપ જાણતાં જ એકદમ કયાંક અલોપ થઈ જાય છે. અહો ! આ માયા મિથ્યા હોવા છતાં અત્યંત સાચી હોય એવી લાગે છે, એ જ મોટી વિચિત્રતા છે. આ સંસાર સંબંધી માયા જ ભેદ વગરના આત્મસ્વરૂપમાં જીવ તથા દેહાદિ ભેદભાવને વિસ્તારી દે છે અને આવા ભેદને લીધે જ આત્મા પુરુષોત્તમ કહેવાય છે. આ માયા અને તેના સાક્ષીરૂપ ક્ષરપુરુષ તથા આત્મરૂપ અક્ષરપુરુષ ન હોય તો બ્રહ્મને પુરુષોત્તમ પણ કેવી રીતે કહી શકાય? આ માયા વાસ્તવિક રીતે છે જ નહિ એવી ભાવનાને દૃઢ કરી જ્યારે તત્ત્વવેત્તા થઈને તું સ્વસ્વરૂપને પ્રાપ્ત થશે ત્યારે જ આ મારા કહેવાનો આશય તારા જાણવામાં સારી રીતે આવશે. પરંતુ જ્યાં સુધી પાકો બોધ થયો ન હોય ત્યાં સુધી મારાં વચનો ઉપર વિશ્વાસ રાખીને આ માયા જેવું કાંઈ છે જ નહિ અને કદી હતું પણ નહિ, એવો નિત્યપ્રતિ ભારે અવિચળ અને દૃઢ નિશ્ચય રાખ. આ માયારૂપ કલ્પના ખરેખર સાવ મિથ્યા જ છે, આ જે કાંઈ છે તે સર્વ બ્રહ્મ જ છે. એવો જેના મનમાં પરોક્ષ નિશ્ચય થયો હોય તેને પણ મુક્તિની પ્રાપ્તિ અવશ્ય થાય છે. આ કાળદેવાદિ બાહ્ય આકારો વડે હું બંધાયો છું અને તે બધા આત્માથી ભિન્ન છે, એવી જે ભાવના તે જ જગતના તમામ જીવોને પોતામાં સપડાવનારું જાળરૂપ મિથ્યા જગત છે. આ માયા કિંવા પ્રકૃતિ તથા તેનું કાર્યકારણરૂપ જે આ જગત છે તે તમામ બ્રહ્મરૂપ છે અથવા તો તે સર્વ સાવ ખોટું જ છે; એ બે નિશ્ચયોમાંથી ગમે તે એક નિશ્ચયને દૃઢ રાખીને આસક્તિ રહિત થયેલો જે પુરુષ જગતને સ્વપ્ન, મૃગજળ કિંવા ભ્રાંતિ જેવું જાણે છે તે પુરુષ કદી પણ દુઃખમાં ડૂબતો નથી. આ મિથ્યાભૂત એવી દેહ ઇંદ્રિયાદિની ભાવનાઓમાં જેને અહં એટલે હું એવી બુદ્ધિ હોય છે તે પુરુષ વાસ્તવિક રીતે તો પોતે પરબ્રહ્મ હોવા છતાં પણ મિથ્યા અવિદ્યામાં જ ગોથાં ખાયા કરે છે એમ જાણવું.

શાસ્ત્રોની શી આવશ્યકતા ?

નિર્વિકાર અને સર્વવ્યાપક એવા પરમાત્મામાં વિકારીપણું યા અવિકારીપણું આદિ દોષો છે જ નહિ. જગતના વિષયોમાં જે નામરૂપાદિની કલ્પના જોવામાં આવે છે તે તો કેવળ મિથ્યા હોઈ કપોળકલ્પિત એવા વ્યવહારને માટે જ કલ્પાયેલી છે, વસ્તુતઃ તે આત્માથી કિંચિન્માત્ર પણ જુદી નથી. જેમ તંતુ વગર વસ્ત્ર હોતું નથી તેમ નામરૂપાદિના કલ્પિત વ્યવહાર વિના શાસ્ત્રોની સ્થિતિ પણ શક્ય નથી. આમ અવિદ્યામાં તણાતો જતો આત્મા આત્મજ્ઞાન વિના અનુભવમાં આવતો નથી અને તે આત્મજ્ઞાન આત્માના ઉપદેશાત્મક શાસ્ત્રો વિના કદી પણ મળતું નથી. આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના અવિદ્યારૂપી નદીનો છેડો (અંત) આવતો નથી. આ અવિદ્યારૂપ નદીનો જે છેડો કિંવા અંત તે જ અક્ષયપદ કહેવાય છે. મલિન કરી દેનારી આ મિથ્યા એવી અવિદ્યા ગમે ત્યાંથી ઉત્પન્ન થઈ હોય તો પણ તેણે ઉત્પન્ન થઈને એવી સ્થિતિ પકડી છે કે જ્યાં આત્મસ્વરૂપને ઢાંકી દીધું છે. માટે તમે આ અવિદ્યારૂપ ભ્રાંતિ ક્યાંથી ઉત્પન્ન થઈ છે ? એવો વિચાર ના કરો, પરંતુ એ અવિદ્યાનો ઉચ્છેદ કયા ઉપાય વડે હું કરું ? એ જ એક વિચાર રાખો. હે તાત ! આ અવિદ્યા જ્યારે ક્ષીણ થઈને અસ્ત પામી જશે ત્યારે એ ક્યાંથી થઈ હતી, કઈ રીતની હતી, અને કેવી રીતે નષ્ટ થઈ ઇત્યાદિ સઘળું સંપૂર્ણ રીતે તારા જાણવામાં આવી જશે. વાસ્તવિક તો આ અવિદ્યા જેવું કાંઈ છે જ નહિ. વિચારનો ઉદય થતાં જ તે એકદમ ક્યાંય નષ્ટ થઈ જાય છે, તેનો પત્તો પણ લાગતો નથી. જાગ્રત થયા પછી જેમ સ્વપ્ન ક્યાં ગયું ? ક્યાંથી આવ્યું હતું અને કેવી રીતનું હતું ? ઇત્યાદિ તમામ જાણી શકાય છે તેમ અવિદ્યારૂપ એવી આ મિથ્યા માયાનો નાશ થતાં જ તેનું સર્વસ્વરૂપ કોણ જાણે ક્યાં સમાઈ જાય છે, તેનો પત્તો પણ લાગતો નથી. માટે એવી ખોટી અને ભ્રાંતિરૂપ અવિદ્યાને સાચી માનીને તે કોના વંશની છે ? ઇત્યાદિ જાણવાની ઇચ્છા કયા વિવેકી પુરુષને થાય ? આ અવિદ્યાના ભાવતરની ચિંતા કરવી એ તો સ્વપ્નમાં દેખાયેલા પુરુષના ભાવતરની ચિંતા કરવા સમાન વૃથા છે. હમણાં તમો એ અવિદ્યા ઉત્પન્ન થઈ છે, વિસ્તાર પામેલી છે અને વિસ્તાર પામીને બહુ અડચણો ઉત્પન્ન કરે છે તથા ઘણી દુઃખદ છે, ઇત્યાદિ કલ્પેલું હોવાથી બળાત્કાર વડે તેનો નાશ કરો એટલે તે શાથી ઉત્પન્ન થઈ હતી, કેવી હતી વગેરે સમજી શકશો. મોટા મોટા સમર્થ પુરુષોને પણ આ અવિદ્યાએ પરવશ બનાવીને જેર કરી દીધા છે, માટે તમો આ અવિદ્યાનો નાશ કરવાના યત્નમાં જ લાગો (યો૦ સ્થિ૦ સ૦ ૪૧ જુઓ).

બોધ થતાં સુધી આત્મતત્ત્વ સમજાવવાની યુક્તિ

ભગવાન કહે છે : હે અર્જુન ! આમ જ્યાં સુધી અદ્વૈત એવા શુદ્ધ બોધનો ઉદય થતો નથી ત્યાં સુધી માયાનો અંગીકાર કરી જિજ્ઞાસુને આત્મસ્વરૂપ સમજાવવાને માટે અનેક પ્રકારની યુક્તિઓનો આશ્રય લેવો પડે છે, તે તો ઉપરના કથન ઉપરથી તારા ધ્યાનમાં સારી રીતે આવ્યું હશે જ. આ માયાને જ અવિદ્યા, પ્રકૃતિ અથવા ક્ષેત્ર (વૃક્ષાંક ૩) કહે છે. તે તું સારી રીતે ધ્યાનમાં રાખ. તેનું સ્વરૂપ સમજાવવાને માટે મેં અવ્યક્ત અને અહંકારાદિ ચોવીસ તત્ત્વો તથા ઇચ્છા દ્વેષાદિવિકારો એવા પ્રકારની યુક્તિથી સમજાવ્યું છે જ્યારે ઋષિઓએ તેને જ વિવિધ પ્રકારની યુક્તિ અને મતો વડે સમજાવેલું છે, પરંતુ આ સર્વ યુક્તિઓ કિંવા મતો અજ્ઞાનીઓને સમજાવવા પૂરતા જ હોઈ તે મિથ્યા એવી અવિદ્યાને દર્શાવતા હોવાથી તે પૈકી કોઈ ત્યાજ્ય નથી તેમ ગ્રાહ્ય પણ નથી. હવે આ માયા કિંવા ક્ષેત્રને જાણનારા સાક્ષી કિંવા દ્રષ્ટાને જ ઈશ્વર કિંવા ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૨) કહે છે અને તે ઈશ્વર કિંવા ક્ષેત્રજ્ઞ એટલે વાસ્તવિક તો આત્મા (વૃક્ષાંક ૧) છે એમ સમજ. વસ્તુતઃ આ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ બંનેને જે અભિન્ન રૂપે દેખે છે તે જ ખરો દેખતો સમજવો. સર્વશક્તિમાન અનંત અને અદ્વિતીય એવો જે ચૈતન્ય કિંવા આત્મસ્વરૂપ હું (વૃક્ષાંક ૧) તે જ આ સર્વમાં રહેલો છે એમ જે જાણે છે તે જ ખરો જ્ઞાની સમજવો. આધિઓ તથા વ્યાધિઓના ભયવડે ઉદ્વેગ પામનારો તથા જન્મ, જરા અને મરણવાળો આ દેહ હું નથી પરંતુ હું તો આત્મા છે એમ જે વિવેકવડે જાણે છે તે જ ખરો, વિચક્ષણ બુદ્ધિમાન સમજવો. મારો વિસ્તાર ઉપર, નીચે, આમ, તેમ ઇત્યાદિ બધે વ્યાપેલો છે, મારાથી બીજા કોઈ છે

જ નહિ એમ જે જુએ છે તેને જ દેખતો સમજવો. દોરામાં જેમ મણિઓનો સમુહ રહે છે તેમ આ સર્વ દૃશ્ય મારામાં જ પરોવાયેલું છે તથા હું તો અનિર્વચનીય એવો આત્મા જ છે એવું જે જાણે છે તે જ ખરો જ્ઞાતા છે. હું નથી, જીવ નથી, જગત નથી, પરંતુ આ ભૂત, વર્તમાન અને ભવિષ્યની અંદર કેવળ એકરસાત્મક એવું આત્મ ચૈતન્ય જ છે, એવું જે જુએ છે તેને જ ખરો દેખતો સમજવો. જેના હું તથા તું પણાદિ ભાવો નિવૃત્તિને પામેલા છે કિંવા આત્મામાં જ લયને પામ્યા હોય તે જ ખરો દેખતો સમજવો. સુખ, દુઃખ, જન્મ, મરણ, ઇચ્છા, દ્વેષ, નિત્યાનિત્ય વિવેકને લીધે ઉત્પન્ન થયેલો આત્મવિચાર, એ સઘળું હું જ છું: એ રીતે જે સર્વ ભ્રાંતિથી તદ્દન રહિત થયો હોય તે જ ખરો જ્ઞાની છે. આ જગતાદિ સમસ્ત દૃશ્યજાળ આત્મસ્વરૂપ જ છે, એવા દૃઢ નિશ્ચયને લીધે જે પુરુષ સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ કરતાં છતાં પણ કોઈ પ્રવૃત્તિમાં આસક્તિને પામતો નથી, તેવો પુરુષ જ સાક્ષાત્ મહેશ્વર છે. જે પુરુષ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી છૂટ્યો છે, મૃત્યુના પણ આત્મરૂપ થયેલો છે, સૌમ્ય છે, સમતાવાળો છે અને હમેશાં તુર્યપદમાં જ સ્થિત રહે છે, તેવો પુરુષ જ ઉત્તમ પદને પામી ચૂક્યો છે એમ જાણવું. આમ ઉત્તમ પદમાં સ્થિત થયેલો ચૈતન્યસ્વરૂપ એવો હું જ છે અને આ ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ પણ અહંમમાદિથી રહિત આત્મસ્વરૂપ એવા મારું જ મારાપણાથી રહિત અને અભિન્ન એવું સ્વરૂપ છે અને જે આવા જ્ઞાનવાળો છે તે જ ખરો જ્ઞાતા છે એમ જાણ, એમ મેં ઉપર કહ્યું છે. હવે તેં જ્ઞાન તથા જ્ઞેય સંબંધમાં જે પૂછ્યું છે તે કહું છું.

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम्।

आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥૮॥

इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च।

जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥૯॥

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु।

नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥૧૦॥

જ્ઞાનના ઉપાયો

અમાનિત્વ એટલે માનની ઇચ્છા ન હોવી, અદંભિત્વ એટલે મિથ્યા ડોળ કિંવા દંભથી રહિતપણું અર્થાત્ લોકો પાસેથી માન, મરતબો મેળવવાનો લોકૈષણારૂપ ખોટા ડોળનો સહેજ પણ સ્પર્શ થવા નહિ દેવો તે; શરીર વાણી કિંવા મન થકી પણ કદી હિંસા કરવી નહિ તે અહિંસા; ક્ષાંતિ એટલે ક્ષમા: જેવું અંદર હોય તેવું જ બહાર વર્તન રાખવું એટલે અંદર એક અને બહાર જુદું એવું વર્તન ન હોવું તે આર્જવ કિંવા સરળતા, તત્ત્વજ્ઞાનના માર્ગદર્શક આચાર્યો, ગુરુઓની ઉપાસના એટલે સેવા શુશ્રૂષા કરવી તે; આ બધું કેવળ ચૈતન્ય જ છે એવી મનમાં નિત્યપ્રતિ દૃઢ ભાવના રાખવી તે આંતરશૌચ તથા માટી, છાણ વગેરે લગાડી શરીરને સાફ કરવું તે બાહ્ય શૌચ; સ્થૈર્ય એટલે સ્વસ્વરૂપમાં જ સ્થિરતા રહેવી તે; અંતઃકરણમાં સારી રીતે આત્માનો નિગ્રહ રાખવો એટલે આ બધું આત્મસ્વરૂપ જ છે એવો નિગ્રહ રાખવો, આત્મા સિવાય અન્ય વૃત્તિનું કદાપિ ઉત્થાન જ થવા ન દેવું તે આત્મવિનિગ્રહ; ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય એટલે કે સર્વ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી નિવૃત્ત કરી આ સર્વ આત્મસ્વરૂપ છે એ રીતના એક આત્મનિશ્ચયમાં જ જોડવી તેનું નામ જ ખરો ઇન્દ્રિય વૈરાગ્ય; અહંકારથી રહિત બનવું તથા જગતનો તમામ વ્યવહાર અર્થાત્ આ સર્વ દૃશ્યજાળ સંસાર, જન્મ, મૃત્યુ, જરા (વૃદ્ધાવસ્થા), વ્યાધિ ઇત્યાદિથી

ભરેલો હોઈ દુઃખરૂપ છે, ક્ષણિક છે, નાશવંત છે, એવા પ્રકારે તેમાંના દુઃખો તથા દોષોને વારંવાર વિચારવા. આમ થવાથી ઇન્દ્રિયોના વિષયોમાં વૈરાગ્ય ઉપજે છે. ભોગોમાં કિંચિન્માત્ર પણ કદી પ્રીતિ થવી નહિ તે જ અસક્તિ કહેવાય. જે વસ્તુ પોતાની નહિ હોવા છતાં મારી છે, એમ માની લેવું તે અભિષ્વંગ કહેવાય છે; જેમ કે શરીર મારું, ઘર મારું, પુત્ર, સ્ત્રી વગેરે મારાં છે એમ માનવું તે અને આ રીતે નહિ માનવું તે અનભિષ્વંગ, અર્થાત્ શરીર, સ્ત્રી, પુત્ર, ઘર વગેરેને કેકાણે મોહ વડે તે મારું છે એમ નહિ માનતાં તે ઉપરનું મમત્વ છોડવું. ટૂંકમાં વ્યવહારના ભોગોમાં વિષયલંપટ નહિ બનતાં વૈરાગ્યશીલ થવું તેનું નામ જ અનભિષ્વંગ. ઇષ્ટની પ્રાપ્તિ થવાથી હર્ષ નહિ કરવો તથા અનિષ્ટની પ્રાપ્તિ થતાં દુઃખ નહિ કરવું, ઇષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિમાં નિત્યપ્રતિ સમચિત્તપણું હોવું અર્થાત્ આ ઇષ્ટ અને અનિષ્ટ બંને આત્મસ્વરૂપ જ છે, એ રીતે બંને ભાવોમાં સર્વદા કેવળ એક આત્મસ્વરૂપની જ ભાવના રાખવી, ચિત્તને આત્મામાંથી કિંચિન્માત્ર પણ કદી ટળવા નહિ દેવું તે જ ચિત્તનું સમપણું છે.

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।

विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥११॥

અનન્ય તથા અવ્યભિચારિણી ભક્તિની વ્યાખ્યા

આત્મસ્વરૂપ એવા મારા (શ્લોકાંક ૧)માં અનન્ય એટલે જુદાપણાની ભાવના નહિ રાખતાં ઉપાસ્ય અને ઉપાસક બંને એક જ છે એવી રીતનો દૃઢ નિશ્ચય કરી તેવા યોગ અથવા અભ્યાસવડે અવ્યભિચારિણી ભક્તિ કરવી એટલે કે ગમે તેવાં પ્રતિકૂળ કારણો કિંવા સંજોગો ઉત્પન્ન થવા પામે છતાં પણ અંતઃકરણમાં જુદાપણાની ભાવનાનો લેશ પણ કદી ઉદય થવા નહિ પામે એવી સાવચેતી રાખવી, તેનું નામ જ અવ્યભિચારિણી ભક્તિ છે. તાત્પર્ય કે હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ કોઈ ભાવોને અંતઃકરણમાં કદિ પણ ઉત્પન્ન થવા નહિ દેવા તથા જો કદાચ થાય તો તે આત્મસ્વરૂપ એવા મારું જ રૂપ છે, મારાથી ભિન્ન એવું કાંઈ છે જ નહિ એટલું જ નહિ પરંતુ ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ દ્વૈતપણાની ભાવનાનો કદી ઉદય થવા પામે નહિ તેનું નામ જ અવ્યભિચારિણી તથા અનન્યભક્તિ કહેવાય. સારાંશ એ કે ગમે તેવા પ્રસંગમાં મનુષ્ય મૂકાયો હોવા છતાં જે પોતાના ચિત્તને આ રીતે અનન્યભાવે આત્મસ્વરૂપ એવા ભગવાન સ્વરૂપમાંથી કિંચિન્માત્ર પણ ચલાયમાન થવા દેતો નથી તે જ ખરી અવ્યભિચારિણી ભક્તિ કરનારો કહેવાય. આ સિવાયની ભક્તિ તે સર્વ વ્યભિચારિણી કિંવા દાંભિક કહેવાય. આ અવ્યભિચારી ભક્ત શાંત, પવિત્ર અને મનને આનંદ ઉત્પન્ન કરે એવા શુદ્ધ વાતાવરણમાં જ્યાં વધુ ગરમી કિંવા વાયુથી ત્રાસ થાય નહિ, વધુ પ્રકાશ પણ ના હોય તેમ તદ્દન અંધકાર પણ ના હોય, નજીક મીઠા પાણીનાં ઝરણાંઓ વગેરે હોય, તદ્દન શુદ્ધ, પવિત્ર, મનને આનંદ ઉત્પન્ન કરે તથા વિષયી લોકોના ધોંધાટથી રહિત હોય એવા એકાંત સ્થાનનું જ સેવન કરે છે અને વિષયી જનોનાં ટોળાં પ્રત્યે તેને સ્વાભાવિક રીતે જ અપ્રીતિ એટલે કંટાળો હોય છે.

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।

एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥१२॥

આનું નામ જ્ઞાન અને આનાથી ઊલટું તે અજ્ઞાન

આત્મા અને અનાત્માના વિવેકવડે આત્મા જ નિત્ય છે એ પ્રમાણે જેનો દૃઢ નિશ્ચય થયેલો હોઈ એવા અધ્યાત્મજ્ઞાનમાં જ જે નિત્યપ્રતિ રમમાણ થયેલો હોય છે તે અધ્યાત્મજ્ઞાનનિત્યત્વપણું, તેમ જ તત્

એટલે આત્મ કિંવા બ્રહ્મના સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન તેનું નામ જ તત્ત્વજ્ઞાન અને તેનું દર્શન એટલે સાક્ષાત્કાર કરવો તેનું નામ તત્ત્વજ્ઞાનાર્થદર્શન કહેવાય. તાત્પર્ય એ કે, આત્માનાત્મવિવેક વડે પ્રથમ નિત્ય શું અને અનિત્ય શું તેનો સારી રીતે વિચાર કરીને આત્માનું નિત્યપણું જાણી લઈ સતત અધ્યાત્મજ્ઞાનમાં જ એકનિષ્ઠા રાખવી. આ મુજબ વિવેકવડે જેનો આત્મસ્વરૂપ સંબંધમાં જ સત્યપણાનો નિશ્ચય થયેલો હોય તે પરોક્ષજ્ઞાન સમજવું. આમ સત્શાસ્ત્ર તેમ જ સત્સંગ વડે ઉત્પન્ન થયેલા અને વિવેકયુક્ત વિચાર વડે નિશ્ચિત કરવામાં આવેલા આત્માના પરોક્ષજ્ઞાનમાં નિત્યપ્રતિ રત થવું, વેદમાં જે અનિર્વચનીય પદને માટે तत्(વૃક્ષાંક ૧) એવી સંજ્ઞા છે તે આત્માના અર્થનું દર્શન કરવું અર્થાત્ આત્મા સિવાય તમામ ભાવોનો વિલય કરી અપરોક્ષાનુભવ એટલે આત્મસાક્ષાત્કાર કરી લેવો એને જ જ્ઞાન એવા નામથી સંબોધેલું છે. અને આ કરતાં જે જુદું હોય તે બધું અજ્ઞાન છે. આમ જ્ઞાનનો ખરો અર્થ તો આત્માનો સાક્ષાત્કાર એ જ એક છે; પરંતુ (૧) અમાનિત્વ, (૨) અદંભિત્વ, (૩) અહિંસા, (૪) ક્ષમા, (૫) આર્જવ, (૬) આચાર્યોપાસના, (૭) શૌચ, (૮) સ્થૈર્ય, (૯) આત્મવિનિગ્રહ, (૧૦) ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય, (૧૧) અનહંકાર, (૧૨) જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ ઇત્યાદિ પ્રત્યક્ષ દુઃખોનો સારી રીતે પ્રત્યક્ષ વિચાર કરીને તેવા પ્રકારની દોષદૃષ્ટિનો આશ્રય કરવો તે, (૧૩) અસક્તિ, (૧૪) પુત્ર, દાર, ઘર આદિમાં અનભિષ્વંગપણું, (૧૫) ઇષ્ટાનિષ્ટમાં ચિત્તની હંમેશ સમતા, (૧૬) મારામાં અનન્યભાવના, (૧૭) અવ્યભિચારિણી ભક્તિ (૧૮) વિવિક્ત દેશનું સેવન, (૧૯) જનોની સભામાં વૈરાગ્ય, (૨૦) અધ્યાત્મજ્ઞાનમાં નિત્યત્વબુદ્ધિ. આ મુજબ જે વીશ પ્રકારો ઉપર કહેવામાં આવ્યા તે સર્વનું ફળ ચિત્તશુદ્ધિદ્વારા ક્રમે આત્માનું પરોક્ષજ્ઞાન થવું એટલું જ છે અને પરોક્ષજ્ઞાનનો ઉદ્દેશ પણ અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરી લેવા માટે જ છે. આમ પરોક્ષાનુભવ કિંવા આત્માનો સાક્ષાત્કાર થવો એ જ ખરું જ્ઞાન કહેવાય; છતાં ઉપરનાં વીશ સાધનો તેને ક્રમે મદદરૂપ થતાં હોવાથી તેને પણ વ્યવહારમાં જ્ઞાનનું સાચું સ્વરૂપ સમજવામાં નહિ આવે ત્યાંસુધી અભ્યાસને માટે "આ સર્વજ્ઞાન છે" એમ કહેવામાં આવ્યું છે. આ વીશ સાધનોથી જે વિપરીત એટલે ઊલટું જેમ કે માનીપણું, દંભીપણું, હિંસા કરવી ઇત્યાદિ તે બધું અજ્ઞાન છે એમ જાણવું. સંક્ષેપમાં આત્માથી વિપરીત જે જે કાંઈ ભાસવું તે તમામ અજ્ઞાન છે, એમ જાણવું. આમ જ્ઞાનનો સાચો અર્થ તો આત્માનુભવ એ જ એક છે.

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।

अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥१३॥

જ્ઞેય એટલે તત્ છે

ભગવાન કહે છે : હે પાર્થ! જ્ઞાન સંબંધે તને કહેવામાં આવ્યું. હવે જ્ઞેય એટલે અત્યંત ગૂઢ અને જાણવા યોગ્ય એવું જે तत् કિંવા આત્મસ્વરૂપ છે તે તને સ્પષ્ટપણે કહીશ. જેને જાણીને પુરુષ જન્મમરણના પાશમાંથી છૂટી અમૃત એટલે પુનઃ કદી મૃત થવું પડતું નથી તેવા મોક્ષપદને પામે છે; તાત્પર્ય ઉપર જે કહેવામાં આવ્યું છે કે 'तत्त्वमसि'ના અર્થરૂપનું દર્શન એટલે તત્ત્વસાક્ષાત્કાર કરવો એ જ ખરું જ્ઞાન છે. વાસ્તવિક તો તત્ત્વ જ જ્ઞાતાજ્ઞાનાદિ ત્રિપુટીરૂપે ભાસે છે તેથી તેને તે જ્ઞાન છે કિંવા જ્ઞેય છે એમ કહેવું પણ અનુચિત છે; છતાં જ્યાં સુધી આ રીતના અદ્વૈત જ્ઞાનને સમજવાની બુદ્ધિ જિજ્ઞાસુઓમાં આવતી નથી ત્યાં સુધીને માટે એક આ પરમતત્ત્વ જ જાણવા યોગ્ય છે, આવા પ્રકારની દૃષ્ટિ રાખીને મુમુક્ષુના મગજમાં તે વાત જ્યાં સુધી સારી રીતે ઉતરે નહિ અર્થાત્ તેને આત્માનું પરોક્ષજ્ઞાન થાય નહિ ત્યાં સુધીને માટે અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિઓ દ્વારા સમજાવનારો સારાસારનો નિર્ણય તેને કહેવામાં આવે છે. આ મુજબ એક વખત તેને આ જ્ઞેય એટલે જાણવા યોગ્ય એવા આત્માનું પરોક્ષજ્ઞાન થયું કે પછી તે તેનો અદ્વૈત સાક્ષાત્કાર કરી કૃતાર્થ બને છે. આમ પરોક્ષ અને અપરોક્ષ એમ બંને પ્રકારના જ્ઞાનની પૂર્ણતા થઈ

એટલે તેને સમજાય છે કે હું જેને જ્ઞેય સમજતો હતો તે તો સ્વતઃસિદ્ધ એવું પરમપદ જ છે. તે અદ્વૈતપદ જ જ્ઞાતા એટલે મારું સ્વસ્વરૂપ હોઈ જ્ઞાન પણ તે જ છે. વાસ્તવિક'તે સ્વસ્વરૂપ જ મારા જ્ઞાતારૂપે હતું તથા જ્ઞાનરૂપે પણ તે જ હતું. અર્થાત્ જ્ઞાતા અને જ્ઞાનનું અસ્તિત્વ પણ તેના આધાર ઉપર હોઈ તે બંને પણ તદ્રૂપ જ છે. તે તેનાથી કદિ પણ ભિન્ન હોતાં જ નથી. તેથી આ જ્ઞાતા, આ જ્ઞાન અને આ જ્ઞેય કિંવા આ સત્ અસત્ ઇત્યાદિ તમામ ભેદાભેદ દૃષ્ટિએ પણ તે પોતે જ પોતામાં વિવર્તને પામેલું છે, તેનાથી ભિન્ન કાંઈ છે જ નહિ. આમ તે એકરસાત્મક હોવાને લીધે તેમાં કાંઈ છે જ નહિ, તે આદિનું પણ આદિ અને પરનું પણ પર છે. હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ નામરૂપો વડે જે જે કાંઈ ભાસે છે તે સર્વ તેનું જ સ્વરૂપ હોઈ તે રૂપ જ છે, તેનાથી ભિન્ન કાંઈ પણ સંભવી શકે જ નહિ. સિવાય તેમાં કશું પણ છે જ નહિ. આમ તે એકરસાત્મક હોવાને લીધે તેમાં કાંઈ છે યા નહિ એ બંને ઉક્તિઓ પણ વ્યર્થ જ છે. આ પ્રમાણેનું તે જ્ઞેય એટલે આત્મપદ (વૃક્ષાંક ૧) અનાદિમત એટલે આદિ કિંવા ઉત્પત્તિથી રહિત, અલ્પસંજ્ઞા પણ જ્યાં લાગુ પાડી શકાતી નથી એવું તથા તેથી પણ પર હોવાથી તેને એટલે તત્, આત્મા કિંવા જ્ઞેય (વૃક્ષાંક ૧)ને સત્ પણ કહી શકાતું નથી અને અસત્ પણ કહી શકાય તેવું નથી.

જ્ઞેય પદ સત્ કિંવા અસત્ કેમ કહેવાતું નથી ?

સુવર્ણના બધા આકારો સુવર્ણરૂપ જ હોવાથી સુવર્ણથી જરા પણ ભિન્ન કહી શકાતા નથી, તથા સુવર્ણમાં અનેક આકારો પ્રતીત થાય છે અને તે બધા સુવર્ણમય જ હોય છે એટલે સુવર્ણમાં આકારો નથી એમ પણ કહી શકાય નહિ તેમ આ દૃશ્ય, દર્શન અને દ્રષ્ટારૂપે તથા તેના સાક્ષીરૂપે પણ તે એટલે એક આત્મા જ પ્રકટ હોવાથી તેમાં આકારાદિ નથી એમ પણ કહી શકાય નહિ. જેને કે તે બધા આકારો તેનાથી ભિન્ન નથી તેમ જ તેમાં દ્રષ્ટા દૃશ્યાદિ ત્રિપુટીઓ તથા તેનો સાક્ષી છે કે નહિ તેની તેને કલ્પના પણ નહિ હોવાથી તે અનિર્વચનીય એવું જ્ઞેય યા આત્મ કે બ્રહ્મપદ નામરૂપાદિથી તદ્દન અલિપ્ત જ છે, એમ પણ કહી શકાય છે. આથી તેમાં છે, નથી કિંવા તે બંનેના સાક્ષીભાવોનું અસ્તિત્વ છે એમ પણ કહી શકાય નહિ. તેમ કાંઈ નથી એમ પણ કહી શકાય નહિ, એટલું જ નહિ પરંતુ તે છે અને નથી એવું જાણનારા સાક્ષીભાવનું પણ જ્યાં અસ્તિત્વ છે અથવા નથી તે પણ તે જાણતો નથી તો પછી તેણે જાણેલા છે, નથી અને તેવું જાણનારા સાક્ષી વગેરેની તો વાત જ ક્યાં રહી ? આ રીતે આત્માની સત્ય પરિસ્થિતિ હોવાને લીધે તે જ્ઞેય એટલે તત્ રૂપ તથા અનિર્વચનીય એવા આત્મસ્વરૂપને નથી સત્ કહી શકાતું કે નથી અસત્ કહી શકાતું. આમ આ બંને ભાવોમાં અંતે અનિર્વચનીયતા અર્થાત્ મૌન જ ધારણ કરવું પડે છે. આ મૌન કિંવા અનિર્વચનીયતાનો અર્થ મૂંગાપણું કિંવા કાષ્ઠમૌન નથી, પરંતુ આત્મસાક્ષાત્કારરૂપ સુષુપ્ત મૌન એવો છે. એટલે બોલવા છતાં નહિ બોલવું, કરવા છતાં પણ કર્તાપણાના ભાવનો લવલેશ પણ ન હોવો એ મુજબ જળકમળવત્ રહેવું અને યથાપ્રાપ્ત વ્યવહાર કરવો તે જ જીવન્મુક્તોનું સુષુપ્ત મૌન છે. હવે મૌન સંબંધે થોડો વિચાર કરવો પડશે.

ચાર પ્રકારનું મૌન

મુનિઓ બે પ્રકારના હોય છે. (૧) કાષ્ઠ તપસ્વી તથા (૨) જીવન્મુક્ત. આત્મતત્ત્વના જ્ઞાન કિંવા નિશ્ચય વગરનો તથા સ્વસ્વરૂપના અનુભવ વિનાનો અને કેવળ વ્રતાદિ અથવા શુષ્ક ક્રિયાઓમાં આગ્રહવાળો તથા કેવળ હઠથી જ ઇન્દ્રિયોના સમૂહને જીતનારો જે મુનિ હોય તે કાષ્ઠ તપસ્વી કહેવાય છે. તથા આ જગતના તત્ત્વને બરાબર સમજીને આત્માનું અનુસંધાન કરનારો, નિત્યપ્રતિ આત્મામાં જ રહેનારો અને વ્યવહારમાં બીજાઓની પેઠે વર્તતો છતાં પણ અંદર નિરતિશય આનંદથી તૃપ્ત રહેનારો જે પુરુષ હોય

તે જીવન્મુક્ત મુનિ કહેવાય છે. તે શાંત મહામુનિના ચિત્તમાં આત્મરૂપ નિશ્ચયનો અપરોક્ષ અનુભવવડે સિદ્ધ એવો જે ભાવ તે જ "મૌન" એ શબ્દથી કહેવાય છે. મૌનને જાણનારા શાસ્ત્રકારોએ ચાર પ્રકારનું મૌન કહેલું છે. (૧) વાઙ્મૌન, (૨) ઇંદ્રિયમૌન, (૩) કાષ્ઠમૌન અને (૪) સુષુપ્તમૌન. (૧) કેવળ વાણીને રોકી રાખવી તે વાઙ્મૌન. (૨) બળાત્કારથી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે ઇંદ્રિયમૌન, (૩) કેવળ શરીરની ચેષ્ટાઓનો જ ત્યાગ કરવો તે કાષ્ઠમૌન તથા (૪) જગતનો બાધ એટલે જાગ્રત થતાં જેમ સ્વપ્નનો બાધ થાય તેવી રીતે આત્માનુભવ થતાં જગતાદિ તમામ દૃશ્યના બાધપૂર્વક નિત્ય આત્માનું જ અનુસંધાન રહેવું એ સુષુપ્તમૌન કહેવાય. જો કે મનોમૌન નામનું એક પાંચમું મૌન છે, પરંતુ તે કાષ્ઠતપસ્વીમાં, મૂર્છામાં અને મરણમાં જ સંભવે છે, માટે તેને જુદું ગણવામાં આવતું નથી. આત્મતત્ત્વનો અનુભવ થતાં જે સુષુપ્ત નામનું મૌન થાય છે, તેને જીવન્મુક્તો જ ધારણ કરી શકે છે.

ગ્રાહ્ય અને ત્યાજ્ય મૌન

વાઙ્, ઇંદ્રિય તથા કાષ્ઠ એ ત્રણ મૌનનો અધિકારી કાષ્ઠ તપસ્વી છે તથા ચોથા સુષુપ્ત મૌનનો અધિકારી જીવન્મુક્ત છે. આ મૌન એ જ તુરીયાવસ્થા છે. વાઙ્, ઇંદ્રિય તથા કાષ્ઠ એ ત્રણેને વ્યવહારમાં મૌન કહેવામાં આવે ખરાં પરંતુ તે મૌન ધારણ કરનારા મુનિઓનો આત્મનિશ્ચય હોતો નથી, તેઓ દેહાદિક મલિન નિશ્ચયવાળા જ હોય છે તેથી તેઓ ફરી ફરી જન્મ મરણની પરંપરામાં જ પડે છે, માટે તે અનર્થાવહ હોઈ નિરર્થક છે. એ ત્રણે કિંવા ત્રણ પૈકી કોઈ પણ એક મૌનવાળો કાષ્ઠ તપસ્વી કહેવાય છે. આ તપસ્વીઓનું સમાધિમાંથી ઉત્થાન થયા પછી ફરી પાછું ચિત્તનું ચલન થાય છે અને આત્માનુભવી જીવન્મુક્તોને તો સર્વદા આત્મા વિના બીજી કોઈ ચિત્તાદિની ચંચળતા ઉત્પન્ન થવી શક્ય જ હોતી નથી. આમ પોતાના સ્વરૂપમાં જ સ્થિતિરૂપ લીલાથી સર્વદા રહેનાર જીવન્મુક્ત પુરુષો વાઙ્, ઇંદ્રિય અને કાષ્ઠમૌન આદિ ત્રણે મૌનો બંધનરૂપ હોવાથી તેને તજી દેવા યોગ્ય જાણી તેના ઉપર અરુચિ રાખે છે અથવા તો એ મૌનો પણ આત્મસ્વરૂપ જ છે એમ સમજી અરુચિ નહિ રાખતાં તેઓ તેનું કદી ગ્રહણ જ કરતા નથી, કેમ કે તેઓ તો નિત્ય સુષુપ્તમૌનમાં જ સ્થિત હોય છે. આ સુષુપ્તમૌન કે જે જીવન્મુક્તોના અનુભવમાં રહેલું છે તેનું વૈશિષ્ટ્ય આ પ્રમાણેનું છે.

સુષુપ્ત મૌનનું વૈશિષ્ટ્ય

આ મૌનમાં શરીરની અંદર, બહાર, ઊંચે, નીચે કે મધ્યમાં પ્રાણનો નિરોધ કરવો પડતો નથી. પ્રાણની કોઈ જાતની ક્રિયા પણ કરવી પડતી નથી. સર્વે ઇંદ્રિયો વિષયોનો લાભ થવા ઉલ્લાસને પણ પામતી નથી તેમ શાંત પણ થતી નથી. સમાધિ હો યા ન હો તો પણ આ મૌનમાં ચિત્ત ચિત્તરૂપે રહેવા પામતું જ નથી તેમ અચિત્તરૂપે પણ થઈ જતું નથી પરંતુ હંમેશાં આત્મસ્વરૂપે સમ અવસ્થામાં જ તદાકાર રહે છે. વળી સત્ પણ રહેતું નથી અને અસત્ પણ થઈ જતું નથી અને કોઈ બીજા પ્રકારનું પણ થઈ જતું નથી; પરંતુ વિકલ્પોનો જ સદંતર ક્ષય થઈ જવાને લીધે વિભાગો વિનાનું, અભ્યાસની અપેક્ષાથી પણ રહિત અને સર્વવ્યાપક એવા આત્મરૂપ અનેલ હોવાને લીધે તે આદિ તથા અંતથી રહિત બની જાય છે. આ સુષુપ્તમૌનનું લક્ષણ છે. આ જ્ઞેય એવું આત્મતત્ત્વ કે જેમાં જગતરૂપી ભ્રમ દેખાય છે તેને શંકારહિત યોગ્ય સ્વરૂપમાં જાણીને રહેવું એ સુષુપ્તમૌન કહેવાય. પરબ્રહ્મ કે જે અનેક-સવિકલ્પ જ્ઞાનોના અધિષ્ઠાન રૂપ છે, તે વડે પૂર્ણ થઈને મર્યાદારહિત એવી સ્થિતિમાં રહેવું એ સુષુપ્તમૌન કહેવાય છે. આ સઘળું જગત શૂન્ય હોવા છતાં પણ અધિષ્ઠાનની સત્તાથી શૂન્ય નથી અને અધિષ્ઠાનની સત્તાથી અસ્તિત્વ ધરાવતું હોય એવું જણાતાં છતાં પણ પોતાની સત્તાથી નથી, એવા નિશ્ચયથી ચિત્ત હંમેશાં સમ અને શાંત રહે તે સુષુપ્ત મૌન કહેવાય છે. આ સઘળું જગત સત્ પણ નથી તેમ અસત્ પણ નથી, પોતાની સત્તાથી શૂન્ય તથા નિરાધાર છે અને અધિષ્ઠાનરૂપે જોતાં શાંત અને જ્ઞાનમાત્ર જ છે; એવી નિશ્ચયાત્મક સ્થિતિ તે સુષુપ્તમૌન સમજો. જે સ્થિતિમાં આત્મા વ્યતિરિક્ત બીજા કોઈ ભાવો, અભાવો, દિશાઓ, દેશ, કાળ, હું, તું, તે, આ જગત્ આદિ કોઈપણ

પ્રકારનો વિશેષરૂપે વિવર્ત થવા પામે નહિ અર્થાત્ પ્રયત્ન નહિ કરવા છતાં પણ અનાયાસે અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા પામે નહિ અને જે જે કાંઈ ઉત્થાન થાય તે સર્વ આત્મસ્વરૂપ જ છે એવો સહજભાવ સિદ્ધ થાય, તેવા વૃત્તિઓથી તદ્દન રહિત ચિત્તથી હંમેશાં અત્યંત સમતા જ રહે છે અને આ મુજબ આત્મતત્ત્વનો કોઈપણ પ્રકારે કદાપિ વિવર્ત જ થવા નહિ પામે તે સુષુપ્તમૌન છે. હું પણ નથી, બીજો પણ નથી, કલ્પના પણ નથી, મન પણ નથી, તેમ નથી પણ નથી, છતાં જે કાંઈ છે તે વિષયોથી રહિત એવા જ્ઞાનસ્વરૂપ જ છે અને તેમ કહેનારો પોતે પણ તદ્રુપ જ છે; એવા પ્રકારની જે અખંડ એકધારી અને દૃઢ નિશ્ચયવાળી સ્થિતિ તે જ સુષુપ્તમૌન કહેવાય. "જેમાં આ જગતની અંદરના સઘળા શબ્દો, અર્થો તથા શરીર, મન, વાણી, અને બુદ્ધિ વડે જે જે કાંઈ કરવામાં, જાણવામાં, સંકલ્પમાં કિંવા નિશ્ચયોમાં આવે તે સર્વ પોતાસહ એકરસ એવું આત્મસ્વરૂપ જ બની જાય છે એવું જે સત્તાસામાન્યરૂપ જ્ઞેય કિંવા પરમતત્વ છે તે જ હું છે એવી રીતની કદાપિ સહેજ પણ ખંડિત નહિ થનારી જે સ્વરૂપસ્થિતિ તે જ સુષુપ્તમૌન કહેવાય. તાત્પર્ય એ કે, જીવન્મુક્તો લોકોની જેમ બહારથી સર્વ વ્યવહાર કરતા હોવા છતાં પણ અંદરખાને તો તદ્દન શાંત, શીતળ, નિશ્ચલ અને નિર્મળ હોવાથી તેઓ વ્યવહાર કરવા છતાં જળકમળવત્ હોવાને લીધે તેઓનાં થતાં તમામ કર્મો તદ્દન નિષ્ફળ જ છે. આ સ્થિતિમાં નિશ્ચલ રહેવું એ જ ખરું સુષુપ્તમૌન સમજવું. અનિર્વચનીયતા તે આ જ (યો૦નિ૦પૂ૦સ૦ ૬૮ જુઓ). આથી આ બ્રહ્મને સત્ પણ નથી કહેવાતું અને અસત્ પણ કહી શકાતું નથી, પરંતુ ઉત્પત્તિથી રહિત એવું તે અનિર્વચનીય છે એમ ભગવાને અત્રે કહ્યું છે, તે સારી રીતે સમજમાં આવશે.

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।

सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥१४॥

બ્રહ્મ સર્વત્ર હાથ, પગ, નેત્ર ઇત્યાદિવાળું છે ?

આ તત્ એવું બ્રહ્મ યા આત્મપદ જ સર્વત્ર હાથપગવાળું, સર્વત્ર આંખો, શિર અને મુખવાળું, સર્વત્ર કાનવાળું તથા આકાશની જેમ સર્વ લોકોમાં સર્વત્ર વ્યાપીને રહેલું છે (ભગવાનના વિરાટ સ્વરૂપના વર્ણનને માટે ઋ૦ મંડળ ૧૦ સૂ૦ ૯૦ મંત્ર ૧ થી ૧૬ જુઓ). અર્થાત્ સર્વ લોકોમાં આ જે જે કાંઈ આવૃત્ત એટલે મર્યાદિત થયા જેવું ભાસે છે; સર્વત્ર હાથ, પગ, નેત્ર, મુખ તથા કાનવાળું એટલે જગતમાં સર્વત્ર જે જે કંઈ સાંભળી શકાય, જોઈ શકાય, કહી શકાય, જાણી શકાય એવું જે આ બધું પરમાત્માનું વિરાટ વા અપરસ્વરૂપ સર્વત્ર વ્યાપેલું જોવામાં આવે છે તે સર્વ પણ આ તત્ કિંવા આત્મસ્વરૂપ જ છે, એમ નિશ્ચયાત્મક સમજો. તાત્પર્ય કે, જેમ પાણી કહેતાં જ તેની અંદર મહાસાગર, સમુદ્ર, સરોવર, તલાવ, નદી, નાળાં, બિંદુ તથા તરંગો, ફીણ, બુદ્બુદો, મોરી, વરસાદ, વગેરે તમામનો સમાવેશ થઈ જાય છે કિંવા શરીર કહેતાંની સાથે જ તેમાં હાથ, પગ, કાન, નાક, આંખો, હાથપગની આંગળીઓ અને તેના નખો, રુવાંટાં, ગુદા, શિશ્ન, ચામડી ઇત્યાદિ બાહ્યાંગો તથા માંસ, મજ્જા, હાડકાં, ત્વક્, રકત ઇત્યાદિ અંતરંગો તેમજ મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર ઇત્યાદિ સૂક્ષ્માંગો વગેરે સર્વનો સમાવેશ થઈ જાય છે કિંવા વીંટી, બંગડી, નુપૂર, કુંડળ, હાર વગેરે અનેક નામરૂપોવાળા દાગીનાનો સમાવેશ સોનું કહેતાંની સાથે જ થઈ જાય છે. આ સર્વ દાગીનાઓ સોનાના છે એમ વ્યવહારમાં કહેવામાં આવે છે પણ તેમાંથી સોનું કાઢી લો તથા પછી કડાંકુંડલાદિ જે દાગીનાઓ શેષ રહે તે રાખો એમ જો કોઈ કહે તો જેમ કડાંકુંડલાદિ નામરૂપાદિનું અસ્તિત્વ જ રહેતું નથી તથા દાગીના વખતે પણ એ સોનું હતું, દાગીના બન્યા તે પહેલાં પણ તે સોનું હતું અને દાગીનાના આકારો નષ્ટ થયા પછી પણ સોનું તો જેમને તેમ જ હતું. સુવર્ણમાં તો કિંચિન્માત્ર પણ વિકાર, આકાર

કે નામરૂપાદિનું અસ્તિત્વ હોતું નથી પરંતુ તેના નિર્વિકાર અને નિર્મળ સુવર્ણના ઘાટ ઘડાયા પછી જેમ વિવિધ પ્રકારનાં નામો તથા આકારો હોય તેવું અનુભવમાં આવે છે, એટલે નામરૂપ અને આકારાદિથી રહિત એ જ સોનાનું શુદ્ધ અને મૂળ સ્વરૂપ કહેવાય. ધારો કે કોઈ દાગીનો પોતાના મૂળ સ્વરૂપની શોધ કરવાનો પ્રયત્ન કરે તો તેને પોતાનો, નામરૂપાદિનો અને તેના સાક્ષીભાવનો પણ વિલય કરવો પડશે. આમ જ્યારે તેનું પોતાપણું મટી જાય છે ત્યારે જ તેને પોતાના મૂળ શુદ્ધ સ્વરૂપની શોધ થઈ શકે છે. આ મુજબ તેને સુવર્ણનું ખરું સ્વરૂપ સમજ્યા પછી જ ખબર પડે છે કે હું પણ તે રૂપ જ હોઈ તેથી કદી પણ ભિન્ન હતો જ નહિ. તેના સિવાય મારું અસ્તિત્વ જ કદાપિ શક્ય નથી. હાલમાં પણ સુવર્ણરૂપ જ છે, પૂર્વે પણ તે જ રૂપ હતો અને ભવિષ્યમાં પણ હોઈશ. તેમ જ ભૂત, ભવિષ્ય અને વર્તમાન આદિ કાળ તથા નામરૂપ અને આકારાદિ સમયે પણ તે જ રૂપ હતો. આ રીતે અજ્ઞાનજન્ય ભ્રાંતિને લીધે પોતાને નામરૂપાદિ માની બેઠેલા દાગીનાને જ્યારે પોતાના મૂળ સ્વરૂપનું ભાન થાય છે ત્યારે જ તેની તમામ ભ્રાંતિઓ એકદમ વિલીન થઈ જાય છે તથા બંને સ્વરૂપો અને તેને જાણનારો હું પોતે પણ એકરૂપ જ હતા અને છીએ આ રીતનું જ્ઞાન થયું એટલે પછી તેને હું સોનું છું એવું કહેવાની પણ જરૂર રહેતી નથી. આમ જાણનારે જ જ્ઞેય વસ્તુને જાણી એમ કહી શકાય. તેવી જ રીતે મનુષ્યના ઉદાહરણ સંબંધમાં પણ સમજવું. કોઈ મનુષ્ય હાથપગાદિ અવયવોવાળો હોય તો પણ તેને મનુષ્ય જ કહે છે અને હાથપગ વગેરે તૂટેલા હોય તો પણ તે મનુષ્ય જ કહેવાય. આમ મનુષ્ય એ સંજ્ઞા તો અવયવોના એક સમૂહને જ હોય છે, જેથી મનુષ્ય એ સામાન્ય નામ કહેવાય, તે જ પ્રમાણે પાણીનું પણ સમજી લેવું. આ ઉદાહરણો પ્રમાણે મિથ્યાભ્રમ વડે ભાસેલા નામરૂપો તથા આકારાદિની ભાસમાન થતી મિથ્યા એવી આ સ્થૂળ આત્મસ્વરૂપ એવા પોતા વડે જ વિસ્તરાયેલી છે, છતાં તે પોતે જ પોતાના અને પોતામાં ઉત્પન્ન કરી લીધેલા અજ્ઞાનરૂપ ભ્રમવડે પોતાના અસલ સ્વરૂપને ભૂલી જઈને હું નામરૂપાદિવાળો અને મર્યાદિત છું એમ માની બેઠો છે, તેથી તેને આ નામરૂપાદિ મિથ્યા છે એવું દૃઢ જ્ઞાન પોતાના વિવેકબળ વડે જ્યારે થવા પામે છે ત્યારે જ તે પોતાનું મૂળ શુદ્ધ સ્વરૂપ કેવું છે તે જાણી તેનો પ્રથમ પરોક્ષ અનુભવ કરે છે. આ મુજબ પોતે પોતાને થયેલા પરોક્ષજ્ઞાન વડે અંતર્મુખ થઈ નામરૂપાદિના વિલયનો અભ્યાસ કરીને નિર્વિકલ્પ એવું જે પોતાનું શુદ્ધ સ્વરૂપ કિંવા આત્મપદ છે તેનો તેને અપરોક્ષ અનુભવ એટલે સાક્ષાત્કાર થાય છે. આ રીતે જ્યારે તેને સાક્ષાત્કાર થાય છે ત્યારે જ તે પોતાના સ્વસ્વરૂપને જાણી શકે છે. આમ નિર્વિકલ્પ સ્થિતિનો અનુભવ લીધા પછી ફરીથી જ્યારે તેને પોતે પોતાના નામરૂપાદિવાળા સ્વરૂપની સ્મૃતિ થાય છે એટલે કે પુનઃ સવિકલ્પ સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે જે પોતાનું સ્વસ્વરૂપ નિર્વિકલ્પ દશામાં અનુભવમાં આવ્યું તે જ આ સવિકલ્પરૂપે ભાસે છે તથા તેને જાણનારો જે સાક્ષી તે પણ એક આત્મરૂપ જ છે. આ મુજબ જે નિર્વિકલ્પ સ્થિતિ તે આ સવિકલ્પ હોઈ તેને જાણનારો સાક્ષી પણ તે જ છે. હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, બધાદિ આકારો વડે પ્રતીત થતું જે જે કંઈ નામરૂપાદિ આકારોવાળું અથવા આકારો વગરનું, જાણી શકાય એવું અથવા જાણી ન શકાય એવું તથા તેને જાણનારો વગેરે સર્વ એકરસાત્મક પોતાનું અનિર્વચનીય સ્વસ્વરૂપ જ ચરાચરરૂપે વ્યાપેલું છે, એમ તેના જાણવામાં આવે છે. આ મુજબ દરેક દ્વંદ્વાદિ સાકાર ભાવો પછી તે શરીર વડે, વાણી વડે, મન વડે કે બુદ્ધિ વડે જણાતા હોય, સુખદુઃખાદિરૂપે અનુભવમાં આવતા હોય, શત્રુમિત્રરૂપે સામે ઊભા હોય, ચાંડાળમાં ચાંડાળ તથા શુદ્ધમાં શુદ્ધ અને પવિત્ર બધાદિ રૂપે હોય તે તમામ એકરસાત્મક એવું પોતાનું જ સ્વસ્વરૂપ છે એવું તેને સારી રીતે અનુભવમાં આવે છે. આ રીતે સાક્ષી સહિત તમામ દૃશ્યમંડળ(વૃક્ષાંક ૨ થી ૧૫૫) કે જેને ભગવાનનું અપર અથવા વિરાટ સ્વરૂપ કહે છે તે તથા તે કરતાં પર એવું અનિર્વચનીય આત્મપદ (વૃક્ષાંક ૧) કે જેને ભગવાનનું પર સ્વરૂપ કહે છે તે, બંને એકરૂપ જ છે અર્થાત્ જે અપર છે તે જ પર છે તથા જે પર છે તે જ અપર છે, તેમ જ અપરનો સાક્ષી પણ તે સ્વરૂપ જ છે અને હું એટલે જ તે છે તેથી આ બધું પણ મારું સ્વરૂપ છે એવું જાણનારો જ ખરો જ્ઞાની કહેવાય. સાચો ભક્ત કે જીવન્મુક્ત તે આ જ. સત્તાસામાન્ય સ્થિતિ તે આ જ. સુષુપ્તમૌન તે આ જ. પરમપદ પણ આ જ. આ સ્થિતિ પ્રાપ્ત

કરનારનું નામ જ કૃતકૃત્ય કિંવા જ્ઞાતજ્ઞેય હોઈ પરમેશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા ઇત્યાદિ બધી શાસ્ત્રસંજ્ઞાઓ તેને માટે જ લાગુ પડી શકે છે. આવા અનિર્વચનીય અને પરબ્રહ્મસ્વરૂપ પરમભક્ત એવા જીવન્મુક્તનું વર્ણન કરવા કોણ સમર્થ છે?

પરમપદ અનિર્વચનીય કેમ?

ભગવાન કહે છે: હે પાર્થ! અત્યાર સુધી કરેલા વિવેચન ઉપરથી આ પરમપદ અનિર્વચનીય કેમ કહેવાય? તેનું સાચું રહસ્ય તું સારી રીતે સમજી શકયો હશે. જ્યાં સુધી આ પરમપદનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયેલું હોતું નથી ત્યાં સુધી આ મિથ્યા ઉદ્‌ભવેલો દ્વૈતભ્રમ વસ્તુતઃ આત્મસ્વરૂપ હોવા છતાં ભ્રમને લીધે પોતે જ પોતાથી જુદો પડી દ્વૈતરૂપે બન્યો હોય એવો ભાસે છે. આ જગતાદિ સમસ્ત દૃશ્યજાળ આ રીતના તેના પોતાના ભ્રમને જ આભારી છે. તે ભ્રમનો નિવૃત્તિ થતાં સુધી સત્‌શાસ્ત્ર અને સત્‌સંગતિની અત્યંત જરૂર હોવાનું શાસ્ત્રમાં વર્ણવેલું છે. જિજ્ઞાસુને આત્માનું પરોક્ષજ્ઞાન કરાવી આપવું, એ જ એક શાસ્ત્રનો કિંવા સદ્‌ગુરુનો હેતુ હોય છે. જ્યારે તેને આત્માનું પરોક્ષજ્ઞાન થાય છે ત્યારે તે જિજ્ઞાસુએ પોતે પોતાના વિવેકબળ, વિચાર અને દૃઢ નિશ્ચય વડે અંતર્મુખ થઈ સતત્ અભ્યાસ સ્વપુરુષાર્થ વડે પોતે જ પોતાના સ્વસ્વરૂપનો અનુભવ અર્થાત્ અપરોક્ષાનુભવ કિંવા આત્માનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી લેવો પડે છે. જિજ્ઞાસુને આત્માનું પરોક્ષજ્ઞાન કરી આપવું એટલું જ એક સમગ્ર શાસ્ત્રો તથા સદ્‌ગુરુનું કામ છે તથા જ્યાં સુધી અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞેય એટલે જાણવાલાયક એવી એક આત્મવસ્તુ છે, એવી રીતના શાસ્ત્રકારોએ બતાવેલા યુક્તિવાદ વડે સમજવવું પડે છે. આ ન્યાયે જ તે પરમપદને જ્ઞેય કહેવામાં આવે છે. આ જ્ઞેયની પ્રાપ્તિને માટે જ સર્વ શાસ્ત્રકારો તથા અનુભવીઓ પોકાર કરી કરીને કહી રહ્યા છે. હે અર્જુન! હું પણ તને તે જ્ઞેયનું સાચું સ્વરૂપ સમજાવી રહ્યો છું, માટે તમામ સંશયો છોડી દે અને વાસનાનો તત્કાળ ત્યાગ કરીને જીવન્મુક્ત બની જા.

જ્ઞેય અને ધ્યેય વાસનાત્યાગ

હે ધનંજય! વાસના ત્યાગના બે પ્રકારો છે: (૧) ધ્યેયરૂપ અને (૨) જ્ઞેયરૂપ. આ મુજબ બે પ્રકારનો વાસનાત્યાગ શાસ્ત્રમાં કહેવામાં આવેલો છે. આ દેહ અન્નાદિ વડે પોષાય છે તેથી તે અન્નાદિનો જ બનેલો છે, અન્નાદિ જ દેહનું જીવન છે, અન્ન વિના દેહાદિક તથા દેહ વિના અન્નાદિ કશા ઉપયોગનાં નથી, બંને પરસ્પર સાપેક્ષ છે, તેઓ એક બીજાને છોડીને કદાપિ રહી શકતાં નથી એવો નિશ્ચય કર્યા પછી અંતઃકરણમાં પોતાની સાથે પોતાના સ્વરૂપનો વિચાર કરવો કે, "હું કાંઈ દેહાદિક નથી અને દેહાદિક મારાં નથી" એવી દૃઢભાવના રાખવી તથા અંદરથી અત્યંત શીતળ અને શાંત બુદ્ધિનો આશ્રય કરી સાક્ષીભાવમાં રહી અથવા અહંભાવનો પણ સાક્ષીસહ વિલય કરી કેવળ લીલામાત્રથી જ સર્વ ક્રિયાઓ કરવામાં આવે એનું નામ "ધ્યેય" નામનો વાસનાત્યાગ કહેવાય. સર્વ જગત બ્રહ્મરૂપ છે એમ સમજી ભૂમિકાઓના અભ્યાસક્રમે ઉપર ચઢી અહંતા, મમતા અને સમસ્ત વાસનાનો ત્યાગ કરી પ્રારબ્ધસમાપ્તિ પછી દેહત્યાગ કરવામાં આવે તે "જ્ઞેય" નામનો વાસનાત્યાગ કહેવાય. જે પુરુષ દેહપણામાં હું રૂપી વાસનાને તજી દઈ લોકદૃષ્ટિએ અનાયાસે થતો ઉચિત વ્યવહાર સહજ ભાવે કરતો રહે છે અર્થાત્ જેણે ધ્યેયવાસનાત્યાગ કરેલો હોય છે તે બહુમાનસ જીવન્મુક્ત કહેવાય, તથા જે મૂલાજ્ઞાનની સાથે તમામ કલ્પનાઓ રૂપ વ્યવહારને તજી દઈને કેવળ નષ્ટમાનસ થઈને રહે છે, તે જ્ઞેયવાસનાનો ત્યાગી ગણાય છે. કારણ કે તે દેહપ્રારબ્ધ પૂર્ણ થતાં સુધી પોતાના માનસને નષ્ટ કરીને જ રહે છે. તે બહુમાનસ જીવન્મુક્તની જેમ વ્યવહારમાં રહેતો જ નથી; જેમ ઋષભદેવ, જડભરત ઇત્યાદિ મહાત્માઓ જ્ઞેયવાસના ત્યાગી કહેવાય. જેણે જ્ઞેયવાસનાનો ત્યાગ કર્યો હોય છે તે નષ્ટમાનસ હોઈ વિદેહમુક્ત કહેવાય છે. જનક, રામ તથા હું વગેરે "ધ્યેય" વાસનાનો ત્યાગ કરી જીવન્મુક્તિને ભોગવી રહ્યા છીએ વાસ્તવિક "ધ્યેય અને જ્ઞેય" આ બંને પ્રકારના વાસના ત્યાગો મુક્તિના વિષયમાં તો એક સરખા જ છે તેમાં કોઈ ઊંચનીચ એવા ભેદાભેદો નથી. એક દેહ પ્રારબ્ધવશાત્

વ્યવહાર કરે છે તથા બીજો નિત્યસમાધિમાં જ રહે છે છતાં તે બંને મહાત્માઓએ પરમ વિશ્રાંતિરૂપ નિર્મળ એવા પરમબ્રહ્મમાં જ સ્થિતિ કરેલી હોય છે એમ સમજો. આ સમજાવવાનો ઉદ્દેશ એ કે તને કદાચ શંકા થશે કે જીવન્મુક્તિ થયા પછી શરીરનો વિનાશ પણ થઈ જાય છે કે શું ? તો તે માટે તને સ્પષ્ટતા કરીને આ કહ્યું છે. જીવન્મુક્તિ કહો યા વિદેહમુક્તિ કહો, તેની સાથે શરીર છૂટવાનો કે રહેવાનો કાંઈ પણ સંબંધ જ નથી.

જીવન્મુક્તોનો વિહાર

આમ જેણે જ્ઞેય વસ્તુની પ્રાપ્તિ કરી લીધેલી હોય છે એવો સાક્ષાત્કારી જીવન્મુક્ત મહાત્મા પુરુષ ઇચ્છા અને દ્વેષથી રહિત થયેલો હોઈ કોઈપણ જાતની આસક્તિ વિના જ વ્યવહાર કરે છે. જેના મનમાં " આ ગ્રાહ્ય છે તથા આ ત્યાજ્ય છે " તથા " હું છું તથા આ મારું છે " એવી કોઈ કલ્પનાઓનો અંશ પણ હોતો નથી; જેની તમામ કલ્પનાઓ નાશ પામેલી હોય છે, તે પુરુષ જ જીવન્મુક્ત કહેવાય છે. જેના મનમાં હર્ષ, શોક, ઈર્ષ્યા, ભય, ક્રોધ, કામ, દીનતા કે ઉદ્વેગ કરાવનો અભિનિવેશ જ થતો નથી તે જીવન્મુક્ત કહેવાય. જે જાગ્રત અવસ્થામાં સુષુપ્તિની પેઠે પદાર્થોની સઘળી આસક્તિઓને શાંત કરીને વર્તે છે તેમ જ જે સ્વચ્છતાથી ભરપૂર ષોડશકલાપૂર્ણ એવા ચંદ્રની પેઠે સદાસર્વદા સ્વાભાવિક અવસ્થામાં જ આનંદથી ભરપૂર રહે છે તે જ જીવન્મુક્ત કહેવાય. આ રીતે જ્ઞેયને જાણનારો પણ જીવન્મુક્ત થઈ જગતમાં સર્વત્ર વિહાર કરે છે. તાત્પર્ય એ કે, ધ્યેય વસ્તુને સંપૂર્ણ રીતે જાણી લઈ જીવન્મુક્ત થનારો જ ખરો જ્ઞાની છે. આમ ધ્યેયની બંને બાજુઓ સારી રીતે જાણવામાં આવ્યા પછી જ જીવન્મુક્ત થઈ શકાય છે, તેથી જ હું તને જ્ઞેય કોને કહે છે તે વિસ્તારપૂર્વક કહી રહ્યો છું. તે એક વખતે સારી રીતે જાણવામાં આવ્યા પછી કદીપણ મોહ થતો નથી તેમ તે કરતાં વિશેષ કંઈ જાણવાપણું પણ રહેતું નથી. જ્ઞેયરૂપ એવા આ બ્રહ્મને જાણનારો પણ જ્ઞેયરૂપ જ બની જાય છે. હવે આ જ્ઞેયપદનું સ્વરૂપ આગળ કહું છું તે સાંભળ.

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।

असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥१५॥

શું જે આ તમામ દ્વંદ્વવાળું ભાસે છે તે પણ આત્મા છે ?

સર્વ ઇંદ્રિયોના ગુણોવડે ભાસતું, સર્વે ઇંદ્રિયોથી અત્યંત રહિત, કોઈની સાથે જેને તલભાર પણ સંબંધ નથી એવું, તદ્દન અસક્ત, સર્વને ધારણ કરનાર અને નિર્ગુણ છતાં ગુણોને ભોગવનાર એવું આ પરમજ્ઞેયતત્ત્વ છે. તાત્પર્ય એ કે, આ સર્વ જે જે કાંઈ ઇંદ્રિયોના ગુણોના સંબંધવડે દૃશ્યાદિરૂપે ભાસે છે તે તથા જેમાં કદી ઇંદ્રિયોનું નામનિશાન પણ નથી એવું સર્વ ઇંદ્રિયોથી વર્જીત; તદ્દન આસક્તિ વિનાનું તથા સર્વને ધારણ કરનારું અને નિર્ગુણ તથા ગુણોને ભોગવનારું એવી રીતના દ્વંદ્વવાળું જે જે કંઈ આ ભાસે છે તે તમામ અનિર્વચનીય એવું બ્રહ્મસ્વરૂપ છે એમ જાણ.

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।

सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥१६॥

આ જ્ઞેય અવિજ્ઞેય કેમ ?

ભૂતોની અંદર અને બહાર, અચર અને ચર એટલે સ્થિર તથા ચલાયમાન, અત્યંત દૂર અને અત્યંત સમીપ ઇત્યાદિ જે જે કાંઈ ભાસે છે તે સર્વ તત્ એવું બ્રહ્મસ્વરૂપ જ છે. આમ હોવા છતાં આ અતિ સૂક્ષ્મપણાને લીધે નહિ જાણી શકાય એવું અર્થાત્ અવિજ્ઞેય પણ તે જ છે. અત્રે ભગવાને તે પદ અવિજ્ઞેય

છે એમ કહેલું છે. વાસ્તવિક રીતે તો ઉપર જ્ઞેયનું વિવેચન ભગવાન કરી રહ્યા છે. વળી અત્રે કહે છે કે અતિ સૂક્ષ્મપણાને લીધે તે નહિ જાણી શકાય એવું અવિજ્ઞેય છે. આ બંને વિધાનો સામાન્ય વ્યવહારની દૃષ્ટિએ તો પરસ્પર અત્યંત વિરોધી દેખાય છે તેનું કારણ શું? તેનો થોડો વિચાર કરવો પડશે. સોનું અને તેના દાગીનાનું દૃષ્ટાંત ઉપર આપેલું જ છે. આમાં દાગીના પોતાનું સાચું સ્વરૂપ જાણવાનો વિચાર કરે તો તે જાણી શકશે કે મારું સાચું સ્વરૂપ તો જ્યાં નામ, રૂપ તથા આકારાદિનું અસ્તિત્વ જ નથી તે છે. અત્રે તે દાગીનાની દૃષ્ટિએ જ્ઞેય થયું એમ કહેવાય; પરંતુ સોનું તો સ્વતઃસિદ્ધ જ છે તેને કંઈ દાગીના હો યા ન હો અથવા કોઈ અન્ય જાણનારો હો યા ન હો, તે કશાની આવશ્યકતા હોતી નથી. વળી તેને કોઈએ જાણવાથી તેનું અસ્તિત્વ હોય છે એમ પણ નથી. તે તો સ્વસંવેદ્ય હોઈ સ્વતઃસિદ્ધ જ છે તેથી તે પોતાની દૃષ્ટિએ અવિજ્ઞેય છે, એમ પણ કહી શકાય. આ રીતે આત્મરૂપ એવું જ્ઞેયપદ પરોક્ષજ્ઞાનની ઇચ્છાવાળાને અંતર્દૃષ્ટિ વડે જાણવામાં આવે છે તથા મહા મહેનતે સદ્ગુરુ તે સમજાવી શકે છે માટે તે દૃષ્ટિએ તેને જ્ઞેય કહે છે તથા તે સ્વતઃસિદ્ધ હોવાથી તેને કોઈ જાણનારની અપેક્ષા હોતી નથી આ દૃષ્ટિએ તે અજ્ઞેય છે. કેમ કે આ જ્ઞેયાદિ ભાવો તથા તેને જાણનાર સાક્ષીનું અસ્તિત્વ તો તેના આધાર ઉપર જ હોવાથી તે પોતે નથી એમ શી રીતે કહી શકાય?

અંતર્મુખ દૃષ્ટિ કોને કહેવી?

જેમ દીવો બીજા પદાર્થોને પ્રકાશમાં લાવે છે પરંતુ પોતે બીજા કોઈ દીવા વડે પ્રકાશમાન થતો નથી એટલે તે વ્યવહારદૃષ્ટિએ સ્વયંપ્રકાશ કહી શકાય છે. કેમ કે તેને બીજા કોઈ દીવાની જરૂર નહિ હોવાથી તે બિલકુલ નથી અથવા તો પ્રકાશ આપતો નથી એમ કહેવામાં આવે તો તે યોગ્ય ગણાશે ખરું કે? તેમ બીજા કોઈની પણ અપેક્ષા રાખ્યા સિવાય આ પરમતત્ત્વ પોતે જ સર્વ દૃશ્યાદિને અરીસાની જેમ પ્રતિબિંબ રૂપે પોતામાં જ ભાસમાન કરે છે તેથી તે સ્વતઃસિદ્ધ હોઈ કોઈ પણ જાણવાવાળાની તેને અપેક્ષા હોતી નથી અને આથી જ તે અવિજ્ઞેય કહેવાય છે તથા જેમ પ્રકાશ્ય પદાર્થો જો પોતાને પ્રકાશ આપનાર પ્રકાશકને જોવાનો પ્રયત્ન કરે તો તે ફક્ત બુદ્ધિ વડે જ તેનું ગ્રહણ કરી શકે છે. આ રીતની અંતર્દૃષ્ટિ વડે કિંવા અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિ વડે તે પદ જાણી શકાય છે, માટે એ દૃષ્ટિએ તે જ્ઞેય છે. બીજા કશાની અપેક્ષા વગરનું અનિર્વચનીય એવું તે આત્મતત્ત્વ પોતે સ્વયંપ્રકાશ જ છે, કેમ કે આ પ્રકાશ છે અને આ પ્રકાશનો અભાવ છે ઇત્યાદિ ભાસો પણ જેના વડે જ ભાસમાન થાય છે એવું તે પદ પોતે જ દેખાતું નથી અથવા ન હોઈ શકે એવું કેમ બને? હવે જો તે જાણી શકાય છે તો કેવી રીતે? તેનો તદ્દન સૂક્ષ્મ દૃષ્ટિએ તું વિચાર કર. આ જ સ્થળે મોટા મોટા કુશળ પાંડતોની મતિ પણ કુંઠિત થાય છે. અંતર્દૃષ્ટિ નહિ હોવાને લીધે તેઓ મિથ્યા મોહમાં સપડાઈ જાય છે. જ્યાં સુધી દૃષ્ટિ બાહ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરીને શાંત ન થાય ત્યાં સુધી અંતર્મુખપણું કદી પણ પ્રાપ્ત થઈ શકતું જ નથી અને જ્યાં સુધી અંતર્દૃષ્ટિ આવતી નથી ત્યાં સુધી આત્મદર્શન પણ થતું નથી. " જ્યાં મન તેના સાક્ષી સહિત અહંમમાદિ તમામ સંકલ્પોથી રહિત થઈ જાય છે એવી નિશ્ચલ અવસ્થામાં સ્થિતિ થવી એનું નામ જ અંતર્દૃષ્ટિ. " તો પછી જ્યાં સુધી સંકલ્પો ચાલુ હોય ત્યાં સુધી અંતર્દૃષ્ટિ કેમ કરીને થાય? એટલા માટે અહંમમાદિ અને તેના સાક્ષી સહિત દરેક સંકલ્પનો ત્યાગ કરીને તું પ્રથમ સ્વસ્વરૂપનો અનુભવ લે અને તે સ્થળે થોડો વખત સ્થિર રહીને તે વિચારને પણ છોડી દે; પછી તે અવસ્થામાં એટલે સત્તારૂપ સામાન્ય ચૈતન્યમાં એકરૂપ થઈ જા એટલે તે જ તત્ત્વ જ્ઞેય તથા અજ્ઞેય કેવી રીતે છે તે તારા ધ્યાનમાં સારી રીતે આવી શકશે. કારણ કે અનુભવ વગર લૂખા તર્કો વડે તે કદી પણ સમજી શકાતું નથી, તેમ તેની ખાતરીને માટે અંતર્મુખ થઈ અનુભવ લીધા સિવાય બીજો કોઈ માર્ગ પણ નથી. આ સંબંધે વધુ સ્પષ્ટતા નીચેનાં જનક અને અષ્ટાવક્રના સંવાદ ઉપરથી થશે.

તે પદ જ્ઞેય કે અજ્ઞેય છે?

જનકે કહ્યું : હે અષ્ટાવક્ર! હું કહું છું તે સાંભળ તે પદ જ્ઞેય અને અજ્ઞેય કેવી રીતે છે એવો તારો પ્રશ્ન છે. પ્રથમ તો તું એમ નક્કી સમજ કે તે સ્વતત્ત્વ હંમેશાં અજ્ઞેય પણ નથી અને હંમેશાં જ્ઞેય પણ નથી.

કારણ કે જો તે કાયમને માટે અજ્ઞેય હોત તો તેના સંબંધમાં ઉપદેશ શી રીતે થઈ શકે? અજ્ઞેય પદનો ઉપદેશ તે વળી કેવો ? પણ સદ્‌ગુરુ તે પદ સંબંધે તત્ત્વોપદેશ તો કરે છે અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સંબંધમાં સાધકને સદ્‌ગુરુનો આશ્રય પણ જરૂર લેવો પડે છે. માટે, અષ્ટાવક્ર ! તે પદને જાણવું એ ઘણું સરળ પણ છે અને ઘણું કઠણ પણ છે. જેની દૃષ્ટિ બાહ્ય પદાર્થો ઉપરથી પાછી ફરી હોય છે અર્થાત્ અંતર્મુખ થયેલી છે તેને માટે તો તે અત્યંત સુલભ છે અને જેમની દૃષ્ટિ હંમેશ બહાર જ ફેલાયેલી છે એટલે બહિર્મુખ જ છે, તેને માટે તો તે અતિદુર્લભ છે.

જ્ઞાનકળાનું મૂળ સ્થાન

ખરું કહીએ તો તેનું નિરૂપણ કરી શકાય તેવું કિંવા તે જાણી શકાય તેવું પણ નથી; છતાં પણ મહાન પ્રયત્ન વડે જેમ તેમ અપ્રત્યક્ષ રીતે તે કહી શકાય છે તથા જાણી પણ શકાય છે. તું જે આ બધું દૃશ્ય જુએ છે તે આધારે જ તે છે એમ જાણી શકાય છે અને તેથી જ તેને વેદ્ય એટલે તે જાણી શકાય તેવું છે એમ કહી શકાય છે, એટલા માટે તને આ બધું જે જે કાંઈ ભાસમાન થાય છે તે સર્વનો તું સૂક્ષ્મ રીતે વિચાર કરીને જો. એ રીતે અનિર્વચનીય એવા પદને જાણવાની જે શક્તિ તે જ જ્ઞાનકળા કહેવાય. આ જ્ઞાનકળા કિંવા જાણવાની શક્તિ ભાસમાન થતા જુદા જુદા આકારો વડે જુદી જુદી પ્રતીતિમાં આવે છે, દરેક જાતના સાકાર ભાન એટલે જ્ઞાનને તેનો જ આશ્રય હોય છે, એટલે આ અનેક આકારોનું થતું જ્ઞાન તે જ્ઞાનકળારૂપ એવી આ સંવિત્ કિંવા ચૈતન્યના આધાર વડે જ થાય છે, તેના આધાર વિના થઈ શકતું નથી. આ જ્ઞાનકળા જ્યાંથી પ્રગટ થાય છે એટલે તેનું અનિર્વચનીય એવું જે મૂળ સ્થાન છે અર્થાત્ જ્યાંથી આ બધા સાકાર જ્ઞાન થનારી જ્ઞાનકળાને પ્રેરણા મળે છે તે સ્થાન એ જ પરમપદ છે.

તમામ નામરૂપાદિનો નિઃશેષ થયા બાદ શું રહે છે તેની શોધ

હે અષ્ટાવક્ર ! બરાબર ધ્યાનમાં રાખ કે જે જ્ઞેય છે તે કાંઈ જ્ઞાન ન હોઈ શકે ! કેમ કે જ્ઞેયના આધાર વડે પ્રકટ થનારું જ્ઞાન એ કદી પણ સ્વયંપ્રકાશ હોતું નથી એટલે તે પોતાની મેળે જ પ્રકાશમાન થઈ શકતું નથી, આથી જેના વડે આ બધા વેદ્ય પદાર્થો જાણવામાં આવે છે તે જ્ઞાનકળારૂપ સંવિત્ પોતે વેદ્ય નહિ પરંતુ તે કરતાં તદ્દન જુદી જ હોય, એ સ્વાભાવિક છે. વેદ્યનું સ્વરૂપ તો પ્રત્યેક વેદ્ય એટલે જ્ઞેયરૂપે ભિન્ન ભિન્ન અર્થાત્ જુદું જુદું હોય છે. છતાં તે સંવિત્ તો કેવળ એકરસાત્મક અને નામરૂપાદિની સંજ્ઞાથી પર હોઈ તેના વિવર્તથી વેદ્યનાં ભિન્ન ભિન્ન રૂપોનો ભાસ થવા છતાં તે પોતે કોઈ પણ જગાએ ભેદ અર્થાત્ દ્વૈતભાસને પામતી નથી. ભિન્ન ભિન્ન ગમે તેટલા આકારો પ્રતીત થાય છતાં તે તો એકરૂપે જ રહે છે. ભેદ એ તો વેદ્યનો સ્વભાવ છે તેથી તે અવેદ્ય એવી સંવિત્નો કદી પણ સ્પર્શ કરી શકાતો નથી, કેમ કે વેદ્યમાં અનેક આકારો જોવામાં આવે છે. તેથી વિવેકદૃષ્ટિ વડે વેદ્ય પદાર્થોને પૃથક્ કરીને અર્થાત્ તમામ નામરૂપાદિનો નિઃશેષ એટલે વિલય કરીને કોઈ પણ આકાર કે અહંમમાદિ ભાવો તથા તેને જાણનારો સાક્ષી, એ બધાનો નિરાસ થયા પછી શેષ રહેનારી અનિર્વચનીય એવી પરમ સંવિત્નું જ તું બરાબર રીતે શોધન કરી તેનો અનુભવ લઈ જો. એટલે વેદ્યત્વને બાજુએ મૂકીને નિઃસંકલ્પ અવસ્થામાં તે જ સંવિત્ પોતાના મૂળ નિર્વિકાર સ્વરૂપમાં વેદ્ય થશે અર્થાત્ અનુભવમાં આવશે. આમ તમામ આકારો તથા હું, તું, તે, આ ઇત્યાદિ તમામ ભાવોનો તેનાં સાક્ષી સહ નિરાસ કર્યા વિના તે કદી પણ જ્ઞેય (વેદ્ય) થતી નથી, અર્થાત્ અનુભવી શકાતી નથી. અરીસો જેમ પ્રતિબિંબોને ગ્રહણ કરે છે તેમ આ શુદ્ધ ચિતિ જ મિથ્યા દૃશ્ય વસ્તુના આકારો ધારણ કરીને અનેકરૂપ થાય છે; પરંતુ જેમ દીપકને જોવો હોય તો બીજા કોઈ દીપકની જરૂર પડતી નથી તેમ આ સંવિત્ એ જ જાણનારનું એટલે સાક્ષીભાવનું પણ મૂળ હોવાથી તે જ્ઞેય કહી શકાતી નથી, તે વાત પણ તદ્દન સ્પષ્ટ જ છે. માટે હે અષ્ટાવક્ર ! તું પ્રથમ તો તારા આ પ્રકારના મૂળ અનિર્વચનીય સ્વરૂપની સૂક્ષ્મ દૃષ્ટિવડે શોધ કરીને જો. આ મુજબ જ્યારે તને તે નિર્વિકલ્પ સંવિત્નો અનુભવ થશે, ત્યારે તે જ જ્ઞેય અને અજ્ઞેય કેવી રીતે છે, તે તને સારી રીતે સમજાશે (દત્ત પરશુરામ પ્રકરણ ૧૬ જુઓ).

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।

भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥१७॥

અવિભક્ત અને વિભક્ત પણ આત્મા જ છે

ભગવાન આગળ કહે છેઃ હે અર્જુન! આ સ્વરૂપ જ્ઞેય તથા અજ્ઞેય એમ બંને પ્રકારે શી રીતે છે તે તને હવે સારી રીતે સમજાયું હશે. આથી જ મેં તને આ દૃશ્યાદિ તમામ જ્ઞેય પણ આત્મસ્વરૂપ જ છે તે વખતોવખત સારી રીતે સમજાવ્યું છે. આ તમામ દૃશ્યાદિ તથા તે કરતાં પર એ બંને તેનું એટલે આત્માનું સ્વરૂપ છે એમ હું તને વારંવાર કહી રહ્યો છું. વળી પણ કહું છું કે તે અવિભક્ત એટલે જેના કદી વિભાગ થઈ શકતા નથી એવું તથા ભૂતોમાં વિભક્ત છે અર્થાત્ ભૂતમાત્રમાં તે જુદા જુદા વિભાગોવાળું હોય તેમ સ્થિત છેઃ તેમ જ આ ભૂતોને ધારણ કરનાર, ઉત્પન્ન કરનાર અને સંહાર કરનાર વગેરે રૂપે પણ આત્મસ્વરૂપ એવું તે એક જ્ઞેય જ છે; એટલે જેમ એક જ સુવર્ણ નામરૂપાદિ અનેક ભેદો વડે અનંતરૂપે હોય એમ ભાસે છે તેમ આ અનિર્વચનીય એવું જ્ઞેયરૂપ સ્વસ્વરૂપ જ એકરૂપે, અનેકરૂપે તથા તે કરતાં પણ પરરૂપે થયેલું ભાસે છે તેમ જ ભૂતોની ઉત્પત્તિ પણ આત્મરૂપ જ છે, સ્થિતિ પણ આત્મરૂપ છે અને લય પણ આત્મરૂપ જ છે.

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।

ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥१८॥

આ સર્વ દ્વન્દ્વ પણ આત્માથી અભિન્ન છે

તે એટલે જ્ઞેય એવું આ બ્રહ્મ જ જ્યોતિઓનું પણ જ્યોતિરૂપ તથા જ્યાં તમસ એટલે અંધકારનો કિંચિન્માત્ર પણ સંબંધ નથી એવું અને તે કરતાં પણ પર કહેવાય છે. જ્ઞાન પણ તે જ છે, જ્ઞેય પણ તે જ છે અને જ્ઞાન વડે જાણી શકાય એવું જે જે કંઈ વેદ્ય હોય તે બધું પણ તે જ છેઃ તેમ જ સર્વના હૃદયમાં સાક્ષીરૂપે સ્થિત રહેલું પણ તે જ છે. તાત્પર્ય એ કે, જેના વડે આ તમામ દૃશ્ય પ્રકાશિત થાય છે, તેવો દ્રષ્ટા પોતે તથા તેણે પ્રકાશિત કરેલું આ સર્વ દૃશ્યરૂપ એવું જ્ઞેય પણ એક આત્મસ્વરૂપ જ છે તેમ જ તેના દ્રષ્ટાસહ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવો અંધકાર કિંવા અજ્ઞાન (વૃક્ષાંક ૨થી ૧૫ ઘ) અને અંધકારથી પર એટલે જ્ઞાન (વૃક્ષાંક ૧) એ બંને રૂપે પણ આ એક આત્મસ્વરૂપ જ ભાસી રહ્યું છે, અર્થાત્ અંધકાર તથા તેથી પર એવું જે કંઈ છે તે સઘળું પણ કેવળ એક આત્મસ્વરૂપ જ છે. વળી જ્ઞાન પણ તે જ છે, જ્ઞેય એટલે જાણવા યોગ્ય પણ તે જ છે તથા જ્ઞાન વડે જાણી શકાય એવું જે કંઈ છે તે તમામ પણ તે જ છે. સર્વના હૃદયમાં અધિષ્ઠિત થયેલો અર્થાત્ સર્વના હૃદયમાંથી થનારા "હું" "હું"ને પ્રેરણા કરનારો જે તેનો પ્રેરક એટલે તમામનો દ્રષ્ટા વા ઈશ્વર (વૃક્ષાંક ૨) છે તે પણ તે જ છે. સંક્ષેપમાં જે જે કાંઈ દૃશ્યાદિ ભાવો છે તે તથા દૃશ્યાદિ તમામ ભાવોનો જ્યાં વિલય થાય છે તે તેમ જ તેને જાણનારો સાક્ષી, એ બધા આ જ્ઞેય કિંવા બ્રહ્મ અર્થાત્ આત્મસ્વરૂપ છે, તેથી ભિન્ન કાંઈ છે જ નહિ. આ એકરૂપે કહેવામાં આવતું પણ તેનું જ સ્વરૂપ છે તથા અનેકરૂપે ભાસમાન થતું પણ તે જ છે. તમામ દ્વન્દ્વ પણ તેજ છે અને દ્વન્દ્વથી પર પણ તે જ છે. આ મુજબ આ એક જ્ઞેયતત્ત્વ જ ચરાચરમાં વ્યાપક હોઈ તેની જ બ્રહ્મ, આત્મા આદિ સંજ્ઞાઓ છે.

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।

मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१९॥

ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને જાણનારની સ્થિતિ

એ પ્રમાણે ક્ષેત્ર તેમ જ જ્ઞાન અને જ્ઞેય એટલે શું? તે તને સંક્ષેપમાં કહ્યું. ટૂંકમાં આ ક્ષેત્ર કહો, જ્ઞાન કહો યા જ્ઞેય કહો, તે બધું અનિર્વચનીય આત્મસ્વરૂપ એવા મારું જ સ્વરૂપ છે. આ રીતે જાણનારો જ મારો એટલે આત્મા (વૃક્ષાંક ૧)નો પરમ ભક્ત છે. અર્થાત્ જે પોતે પોતાને તથા આ બધું ક્ષેત્ર, જ્ઞાન તથા જ્ઞેય રૂપે જે ભાસી રહેલું છે તે સર્વને આત્માથી અભિન્ન છે એમ સમજે છે, તે મારો પરમભક્ત હોઈ તે જ આત્મસ્વરૂપ એવા મારા ભાવને અર્થાત્ મોક્ષરૂપ એવા ઐક્યભાવને માટે યોગ્ય થાય છે. આ રીતે તને જ્ઞેયનો નિર્ણય કહ્યો. હવે તને પ્રકૃતિપુરુષના સંબંધમાં કહેવાનું છે તે સાંભળ.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।

विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥૨૦॥

પ્રકૃતિપુરુષ એ બે જુદાં નથી પણ એક આત્મરૂપ જ છે

હે પાર્થ! આ પ્રકૃતિ અને પુરુષ એ બંનેને અનાદિ જાણ તેમ જ વિકારો અને ગુણો, એ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે એમ જાણ. ઉદ્દેશ એ કે અત્રે ભગવાને કહેલી પ્રકૃતિ તે જ ઉપર કહેવામાં આવેલું ક્ષેત્ર છે. આને અપરાપ્રકૃતિ પણ કહે છે (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ જુઓ) અને આ પુરુષ એટલે જ ક્ષેત્રજ્ઞ, ઈશ્વર કિંવા સાક્ષી (વૃક્ષાંક ૨) છે. આમાં ભગવાને પુરુષ અને પ્રકૃતિ બંનેને અનાદિ કહેલાં છે અને સર્વ આદિઅનાદિથી પર એવો તો એક આત્મા જ છે. આ પ્રકૃતિ અને પુરુષ એ બંને ભિન્ન નહિ પણ એક આત્મસ્વરૂપ જ છે, એવો ભાવાર્થ તેમાં સૂચવ્યો છે. આ રીતે ભગવાને અર્જુન પ્રતિ કરેલા ઉપદેશમાં વિશેષ ધ્યાનમાં લેવા જેવી વાત તો એ છે કે તેમણે પ્રથમ આત્માનું પરોક્ષજ્ઞાન થતાં સુધી અર્જુનને પ્રકૃતિપુરુષ બંનેને જુદા જુદાં કરીને તેનો વિવેક કરવાને કહ્યું. આમ યુક્તિઓદ્વારા વિચાર ઉત્પન્ન થઈ અર્જુનને જ્યારે વિવેક ઉત્પન્ન થયો ત્યારે તેને આત્માનું પરોક્ષજ્ઞાન થયું. બાદ અપરોક્ષજ્ઞાનને માર્ગે લઈ જવાને માટે તેને દિવ્યદૃષ્ટિ આપી એટલે તેને સાક્ષીભાવની દૃષ્ટિમાં સ્થિત રાખી પોતાના અપર એવા માયાવી વિરાટસ્વરૂપનું દર્શન કરાવ્યું. ત્યાર પછી તેના દ્રષ્ટાપણાનો પણ વિલય થઈ તેને તદ્દન અનિર્વચનીય એવા પરમપદનો અપરોક્ષાનુભવ થયો. આમ અપરોક્ષાનુભવ થયા પછી હવે ભગવાન અત્રે અર્જુનને કહે છે કે, જે અનિર્વચનીય સ્વરૂપનો તેં અનુભવ કર્યો તે જ આ પ્રકૃતિ અને પુરુષરૂપે છે. તેનાથી ભિન્ન કયું છે જ નહિ એટલે પ્રથમ જે કેવળ અજ્ઞાનની ભ્રાંતિ મટાડવાને માટે મિથ્યા યુક્તિનો આશ્રય લઈ આત્માનું પરોક્ષજ્ઞાન સમજાવ્યું, તે ઉપદેશ તો કેવળ અજ્ઞાનની ભ્રમનિવૃત્તિ કરવા પૂરતો જ હતો અને અપરોક્ષજ્ઞાન થયા પછી તે સાવ મિથ્યા જ ઠરે છે. એટલે અર્જુનને અપરોક્ષાનુભવ થયા પછી હવે આ અને તે પદ જુદું છે એવો ભ્રમ રહેવા નહિ પામે એટલા માટે ભગવાન અત્રે કહે છે કે, હે અર્જુન! હવે તું પ્રબોધને પામેલો હોવાથી તને મિથ્યા યુક્તિઓદ્વારા નહિ સમજાવતાં સત્ય અને સૈદ્ધાંતિક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હું આપી રહ્યો છું. આ પ્રકૃતિ તથા પુરુષ ભિન્ન નથી પરંતુ એકરૂપ જ છે અને તે બંને વાસ્તવિક અભિન્ન એવા આત્મરૂપ જ છે. માટે એ મુજબનું હું તને જે આ નિશ્ચયાત્મક અને સૈદ્ધાંતિક જ્ઞાન આપી રહ્યો છું, તે તું ધ્યાનમાં રાખ અને નિઃશંક બની જા.

આદિ શબ્દ ક્યાંથી શરૂ થયો?

પ્રથમ તો તું નિશ્ચયાત્મક સમજ કે આ પ્રકૃતિ અને પુરુષ અનાદિ એટલે આત્મસ્વરૂપ જ છે, કેમ કે આ ભ્રમમૂલક જગતમાં જો કોઈને માટે અનાદિ શબ્દ લાગુ પડે તો તે અવિકારી છતાં વિકારવાળી એવી જે આ દૃશ્યપ્રકૃતિ (વૃક્ષાંક ૩થી ૧૫ઘ) જોવામાં આવે છે તેને જ લાગુ પડે છે. જેમ ઝાડના બીજમાંથી અંકુર, થડ, શાખા, પાન, ફૂલ, ફળ ઇત્યાદિનો વિસ્તાર થતો હોવાથી બીજ એ જ તેનું આદિ કારણ ગણાય તેમ આ જે વિકારો છે તે બધા બીજરૂપ એવી પ્રકૃતિના ત્રણ ગુણો વડે ઉત્પન્ન થયેલા છે એમ

જાણો. સારાંશ એ કે, પ્રકૃતિ કે જેને માયા, ક્ષેત્ર, અપરાપ્રકૃતિ, શુદ્ધ હુંનું આદ્ય સ્ફુરણ ઇત્યાદિ નામોની સંજ્ઞા (વૃક્ષાંક ૩ જુઓ) સમજાવવાને માટે શાસ્ત્રમાં આપવામાં આવેલી છે તે પોતે ઈશ્વર (વૃક્ષાંક ૨)ની ઈક્ષણશક્તિથી પ્રથમ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના આશ્રય વડે અવ્યકત (વૃક્ષાંક ૪)રૂપે બની પછી ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિયુક્ત પ્રકૃતિપુરુષના સમમિશ્રણવાળી બને છે, જેને અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫) કહે છે. ત્યારબાદ મહાપ્રાણ કિંવા સૂત્રાત્મા (વૃક્ષાંક ૬) કે જે આ ચરાચરમાં અહંકારભાવના ઉત્પન્ન કરાવનારો છે તે રૂપ બની પછી તે સૂત્રાત્મા જ અહંકારના ઉત્પત્તિસ્થાન કિંવા ભગવાનના અંતઃકરણરૂપ એવા મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭) રૂપે બને છે અને આ મહત્તત્ત્વરૂપ ભગવાનના અંતઃકરણમાંથી જ સૌથી પ્રથમ અહંકાર (વૃક્ષાંક ૮)નું પ્રત્યક્ષ પ્રાકટ્ય થવા પામેલું છે. પછી તે અહંકાર જ સત્ત્વ, રજ અને તમોગુણના પ્રાબલ્યે કરીને ક્રમે વૈકારિક, તૈજસ અને તમસ એવા ત્રણરૂપે બની તે જ અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂતરૂપે બને છે અને તેમાંથી દેવતાઓ, ગોલક તથા વિષયો સહ ઇન્દ્રિયો તેમ જ તન્માત્રાસહ પાંચ મહાભૂતો ઉત્પન્ન થવા પામેલાં છે. બાદ તે અહંકારમાંથી જ ચિત્ત(વૃક્ષાંક ૯) તેના દેવતા ક્ષેત્રજ્ઞ–કે જેનું વસ્તવ્ય તપશ્ચર્યા અર્થે એક હજાર દિવ્ય વર્ષો સુધી જળમાં થવાથી તેનું નારાયણ એવું નામ પડેલું છે–તેની ઉત્પત્તિ થવા પામેલી છે. તે વિશ્વમાં ચાલી રહેલા તમામ યજ્ઞનો અધિષ્ઠાતા હોવાથી વિષ્ણુ એવા નામે પણ કહેવાય છે. ત્યારપછી એ ચિત્તરૂપ તત્ત્વ(વૃક્ષાંક ૯)માંથી બુદ્ધિ તથા તેના દેવતા બ્રહ્મા(વૃક્ષાંક ૧૦) અને તત્પશ્ચાત્ મન તથા તેના દેવતા ચંદ્ર(વૃક્ષાંક ૧૧) એ પ્રમાણેની ઉત્પત્તિ થયેલી છે; ત્યારબાદ વિષ્ણુનું નાભિકમળ કિંવા સ્થૂલ બ્રહ્માંડનો ઉત્પત્તિના બીજરૂપ અને ઉપરના તમામ મહાકારણ (અતિસૂક્ષ્મ વૃક્ષાંક ૩ થી ૫) અને કારણ (સૂક્ષ્મ વૃક્ષાંક ૬ થી ૧૨) તત્ત્વોનું જેમાં મિશ્રણ છે એવા હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) તથા તેમાંથી આ સ્થૂલ બ્રહ્માંડ ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩)નું પ્રાકટ્ય થયેલું છે અને તેણે જ વિરાટપુરુષના સ્થૂળ દેહસમી સમષ્ટિરૂપ એવી તમામ સ્થૂલ એવી આ કાર્યસૃષ્ટિ(વૃક્ષાંક ૧૪ થી ૧૫ ઘ) કે જેને વિશ્વ એવી સંજ્ઞા છે તે ઉત્પન્ન કરી છે. એ રીતે બ્રહ્માંડરૂપ અનેક વિકારોવાળી આ કાર્ય કિંવા સ્થૂલ સૃષ્ટિ(વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ) એ તથા તેનાં કારણરૂપ મહત્તત્ત્વાદિ કારણ કિંવા સૂક્ષ્મ સૃષ્ટિ (વૃક્ષાંક ૬ થી ૧૨) અને તે મહત્તત્ત્વાદિનું પણ કારણ એટલે સૃષ્ટિનું મહાકારણ કિંવા જેને કરણ પણ કહેવામાં આવે છે તે અતિસૂક્ષ્મસૃષ્ટિ (વૃક્ષાંક ૩ થી ૫)ની ઉત્પત્તિ થવા પામેલી છે. આમ આ સર્વનું મૂળ કારણ એવી આ આદ્યપ્રકૃતિ (વૃક્ષાંક ૩) જ ત્રણ ગુણો દ્વારા વિકારયુક્ત થવા પામેલી છે.

આ કારણ છે અને આ કાર્ય છે એવું જાણનાર કોણ?

તમામ દૃશ્ય વ્યવહારનું મૂળબીજ આ પ્રકૃતિ(વૃક્ષાંક ૩) જ છે પરંતુ તે બ્રહ્માંડરૂપે દૃશ્યમાન થતાં પૂર્વે અપ્રકટ સ્વરૂપે હોય છે. તેનું સ્થૂલ પ્રાકટ્ય થવાનું મૂળ તો બ્રહ્મદેવ(વૃક્ષાંક ૧૩) હોઈ હિરણ્યગર્ભ(વૃક્ષાંક ૧૨) એ બીજ કહેવાય છે. આથી બ્રહ્માંડનું આદિસ્થાન બ્રહ્મદેવ હોઈ તેને આદિપુરુષ કહે છે. હવે બ્રહ્મદેવ આદિ થયા તો આદિનું પણ આદિસ્થાન આ કરણરૂપ એવી અનાદિ પ્રકૃતિ(વૃક્ષાંક ૩) છે. આ રીતે દૃશ્ય વ્યવહારમાં પ્રકૃતિ એ જ આદિની પણ આદિ હોવાથી શાસ્ત્રકારોએ તેને પણ અનાદિ કહેલી છે. અહીં કાર્ય અને કરણની પરંપરા (મર્યાદા) પૂર્ણ થઈ જાય છે, એમ જાણવું. કેમ કે કાર્યસૃષ્ટિનું આદિસ્થાન બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) છે તથા તેનું કારણ મહાપ્રાણાદિ (વૃક્ષાંક ૬ થી ૧૨) અને તે કારણનું પણ મહાકારણરૂપ આદિસ્થાન એ આ પ્રકૃતિ(વૃક્ષાંક ૩ થી ૫) છે. એવી રીતની પરસ્પર કાર્યકરણની પરંપરા અહીં પૂર્ણ થઈ જાય છે. ત્યારપછી એવો પ્રશ્ન ઉત્પન્ન થાય કે કારણના પણ કારણરૂપ એવા આ કરણથી કાંઈ પર છે કે નહિ? કે બધું અત્રે જ પૂર્ણ થાય છે? તેના ઉત્તરમાં થોડો વિચાર કરવાથી જાણી શકાશે કે આ કાર્ય છે તથા આ કારણ છે એમ કોણે જાણ્યું? જો કોઈ જાણનારો જ ના હોય તો પછી આ કાર્ય છે અને આ તેનું કારણ છે એવા વિભાગો પાડવાનું કિંવા તેવો વિચાર કરવાપણું પણ કયાંથી રહે? અને આ વિભાગો છે તથા આ વિચાર કરવાનો છે એ પણ કયાં રહે? પરંતુ વ્યવહારમાં આ સંબંધે વિચાર થતો

હોવાનું તો સર્વત્ર દેખાય છે તેમ જ કાર્ય અને કારણને જાણનારો તે કરતાં કોઈ જુદો જ હોય છે, એવું વ્યવહારમાં પણ જોવામાં આવે છે. પોતે જ પોતાના કાર્યને જાણે છે એવું જો કહેવામાં આવે તો પછી તે બીજાઓની દૃષ્ટિએ નિરર્થક જ ગણાય અને આત્મદૃષ્ટિમાં તો પોતે જ સર્વરૂપ બની જાય છે. સ્વપ્નમાં કોઈએ મોટાં મોટાં કાર્યો કર્યાં હોય અને તે બીજાઓને વ્યવહારમાં કહેશે કે મેં તો સ્વપ્નામાં મોટાં મોટાં ઘણાં કાર્યો કર્યાં હતાં તો તેનું એ કથન બીજાઓની દૃષ્ટિએ તદ્દન નિરર્થક અને હાંસીપાત્ર જ ગણાય. તેમ જ તે પોતાની દૃષ્ટિએ પણ મિથ્યા વિલાસરૂપ જ ગણાય અથવા તો ગમે તેટલું મહાન કાર્ય કર્યું હોય પરંતુ તે વ્યવહારમાં કોઈએ કદી જોયું જ ના હોય અને લોકોને કહેવામાં આવે કે મેં તો ઘણું મોટું કાર્ય કર્યું હતું તો તે લોકોની દૃષ્ટિએ સત્ય ગણાશે નહિ. એટલે વ્યવહારમાં પણ કાર્ય, કારણ અને તેના કર્તા એ ત્રણની સિદ્ધતા થાય ત્યારે જ તે કાર્યની ખાતરી કરાવી શકાય છે. વળી કાર્ય હોય તો તેનું કારણ કોઈ હોવું જ જોઈએ તથા તેનો કર્તા પણ અવશ્ય હોવો જ જોઈએ. સિવાય આ અમુક તેનો કર્તા જ છે એવી ખાતરીને માટે કોઈ સાક્ષી પણ હોવો જ જોઈએ. આમ તર્કદૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે આ કાર્ય છે તથા આ તેનું કારણ છે એવું કહેનારો તેનો સાક્ષી અવશ્ય છે અને તેની દૃષ્ટિએ તો આ સર્વ કારણસહિત કાર્ય આદિ કહેવાશે અને તે આદિની અપેક્ષાએ પોતે અનાદિ કહેવાશે.

અનાદિ એટલે આત્મા કેમ?

એ રીતે આ કરણકાર્યવાળું પ્રકૃતિરૂપ ક્ષેત્ર(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)ને જાણનારો તેનો સાક્ષી કિંવા દ્રષ્ટા અવશ્ય છે અને તેને જ ઈશ્વર કિંવા પુરુષ(વૃક્ષાંક ૨) કહે છે. ક્ષેત્રજ્ઞ પણ આ જ છે. તે પુરુષ કિંવા ઈશ્વર પોતે જ પોતાની કાળરૂપ ક્ષણિશક્તિ એટલે કેવળ દ્રષ્ટૃત્વ શક્તિથી પ્રકૃતિના ત્રણ ગુણોમાં ક્ષોભને ઉત્પન્ન કરે છે પરંતુ તે સારી રીતે જાણે છે કે આ પ્રકૃતિનો અધિષ્ઠાતા તો તદ્દન અલિપ્ત એવો જુદો જ છે. તેમાં પ્રકૃતિ વા ક્ષેત્ર (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) તથા તેનો દ્રષ્ટા શુદ્ધ હું(વૃક્ષાંક ૨) એ બંનેનું અસ્તિત્વ નથી. જો કે હું તેનાથી જુદા સ્વરૂપનો નથી. સિવાય પ્રકૃતિના ત્રણ ગુણોમાં ક્ષોભ થવાને માટે મારી કાળરૂપ ક્ષણિશક્તિ જ કારણ હોઈ પ્રકૃતિને લીધે જ હું તેનો સાક્ષી કહાવું છું અને તેથી જ પ્રકૃતિની અપેક્ષાએ હું અનાદિ ગણાઉં છું, પરંતુ વિકારાત્મક એવી આ પ્રકૃતિ પણ વાસ્તવિક જેવી દેખવામાં આવે છે તેવી વિકારવાળી નથી પણ તે તો કેવળ શુદ્ધ એવા આત્મસ્વરૂપ જ છે. એ રીતના સમ્યક્ જ્ઞાન વડે એટલે અપરોક્ષાનુભવ વડે જ્યારે તેનો વિલય થાય છે એટલે મારો વિલય પણ તેની સાથે અનાયાસે જ થવા પામે છે. વાસ્તવિક આ આદિ છે, આ અનાદિ છે, આ કાર્ય છે, આ કર્તા છે, આ કારણ છે, આ કરણ છે અને આ તેનો દ્રષ્ટા કિંવા સાક્ષી છે ઇત્યાદિ કોઈ ભાવો ત્યાં નથી. એવું તે પરમપદ અનિર્વચનીય છે. આ બધું જે જે કાંઈ જોવામાં આવે છે તે સર્વ સ્વસ્વરૂપ જ છે. સ્વસ્વરૂપથી ભિન્ન એવું કાંઈ છે જ નહિ. આ પ્રકૃતિ એ જ ક્ષેત્ર છે અને તે ત્રણ ગુણોના વિકારવાળું છે તેમ જ આ પુરુષ વા ક્ષેત્રજ્ઞ તેનો દ્રષ્ટા છે ઇત્યાદિ વિભાગો તો કેવળ ભ્રમમૂલક છે. જેઓને સ્વસ્વરૂપમાં ઉત્પત્તિ થવાનો ભ્રમ થયેલો હોય છે અને જે પોતાનું સાચું સ્વરૂપ જાણી શકતા નથી તેવા અવિવેકીઓને સમજાવવા પૂરતી જ આ વિભાગોની વા ભેદાભેદોની મિથ્યા કલ્પનાઓ થયેલી છે. હું કાંઈ આત્માનો દ્રષ્ટા નથી, પ્રકૃતિનું દ્રષ્ટાપણું મને જે પ્રાપ્ત છે તે પણ આત્માને લીધે જ. પ્રકૃત્યાદિ સર્વના દ્રષ્ટારૂપ હું તથા આ પ્રકૃતિ એમ અમો બંને પણ વાસ્તવમાં તો અભિન્ન એવા એક આત્મરૂપ જ છીએ, આમ તે દ્રષ્ટા સારી રીતે સમજે છે. આ દૃષ્ટિએ વિચાર કરવાથી જણાશે કે આ પ્રકૃતિનો પણ આદિ તેનો દ્રષ્ટા (વૃક્ષાંક ૨) છે. અહીં આદિની વ્યાખ્યા પૂર્ણ થઈ. આદિનું આદિ એવી પરંપરા અનવસ્થિતિ દોષ ઉત્પન્ન કરે છે; પરંતુ શાસ્ત્રમાં કહેવામાં આવતું મૂળ આદિ સ્થાન કર્યું તેની અજ્ઞાનીઓને કલ્પના આવે એટલા માટે સમજાવવા પૂરતી આ દૃષ્ટિનો આશ્રય કર્યો છે; આથી આદિ એક જ છે અને તે આદિની અપેક્ષાએ જ આત્મા કિંવા બ્રહ્મને અનાદિ એવી, સંજ્ઞા આપી શકાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે અનાદિ એ તો અનિર્વચનીય એવા આત્મા

(શ્લોકાંક ૧)ની જ સંજ્ઞા છે અને આ પુરુષ તથા પ્રકૃતિ એ બંને આત્મરૂપ હોવાથી અનાદિ જ છે. એનો અર્થ એ બંને તેના તમામ કાર્ય સહિત આત્મસ્વરૂપ જ છે એમ જાણ. એ રીતે ભગવાને અત્રે અર્જુનને કહેલું છે, છતાં પણ વ્યવહારમાં જેને માટે આ બધું વિકારવાળું તથા ગુણોવાળું છે એમ જે માનવામાં આવે છે તે ગુણો અને તેના વિકારોનો સંભવ પ્રકૃતિ (શ્લોકાંક ૩) વડે જ છે. આત્માનો તો તેમાં તલભાર પણ સંબંધ નથી એમ જાણ.*

कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।

पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥२१॥

કર્તાપણાનો હેતુ પ્રકૃતિનો તથા ભોક્તાપણાનો હેતુ પુરુષનો છે

કાર્યકરણના કર્તાપણામાં હેતુ પ્રકૃતિ (શ્લોકાંક ૩) કહેવાય તથા સુખદુઃખાદિના ભોક્તાપણામાં હેતુ પુરુષ (શ્લોકાંક ૨) કહેવાય છે. ઉદ્દેશ એ કે, વ્યવહારમાં જે આ બધું ઉત્પન્ન થવું, રહેવું તથા નષ્ટ થવું એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને લય થવો ઇત્યાદિ જે જે કાંઈ કર્તા, કરણ અને કાર્યરૂપે પ્રત્યક્ષ પ્રતીત થતું જોવામાં આવે છે તે બધાનો મૂળ હેતુ પ્રકૃતિ છે એમ સમજ; તથા આ નષ્ટ થયું અને આ ઉત્પન્ન થયું છે, આ મારું છે, આ હું છું, આ મારી વસ્તુનો નાશ થયો, એવી રીતે પ્રકૃતિના કર્તા, કરણ, કાર્ય ઉપર તે મારું જ છે એમ વાસનાવશાત્ માનીને ભોક્તાપણા વડે જે મિથ્યા સુખદુઃખાદિનો આરોપ કરવામાં આવે છે તે માનનારો જીવાત્મા કિંવા મહાપ્રાણ (શ્લોકાંક ૧) હોઈ એ પુરુષ (શ્લોકાંક ૨)ના હેતુરૂપ કહેવાય છે. અર્થાત્ આ દૃશ્ય જગતમાં પ્રકૃતિનું કાર્ય કયું અને પુરુષનું કાર્ય કયું એમ ભિન્ન ભિન્ન રીતે સમજાવવાને માટે ભગવાન આમાં સ્પષ્ટતા કરે છે કે જ્યાં કર્તા, કરણ ને કાર્ય એ ત્રિપુટીઓ લાગુ પાડી શકાય છે તે સર્વ પ્રકૃતિના અંશવાળું એટલે હેતુવાળું કહેવાય, એટલે કર્તાપણું એ પ્રકૃતિનું કાર્ય છે તથા તેને મેં કર્યું, હું જ ભોગવું છું, એમ ભોક્તાપણું માની લેવું તે પુરુષના અંશ કિંવા હેતુરૂપ છે એમ સમજવું. આ રીતે પ્રકૃતિપુરુષના વિવેક માટે અવિવેકીઓને સુગમ પડે એટલા સારુ આ વિભાગો કર્યા છે.

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।

कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२२॥

ગુણોના સંગથી પુરુષ બંધનને પામે છે

હે પાર્થ ! આ પુરુષ પ્રકૃતિથી કાંઈ અલગ જ રહેલો હશે એમ સમજીશ નહિ, પરંતુ તે પ્રકૃતિમાં જ સ્થિત રહેલો હોઈ આ પુરુષ જ પ્રકૃતિમાં ઉત્પન્ન થયેલા ભોગોને તે મારા જ છે અને તેને હું જ ભોગવું છું એવી રીતે મિથ્યા માની લે છે, તેથી વાસ્તવિક તે અલિપ્ત હોવા છતાં જીવરૂપે બની જાય છે. આમ તેને (જીવને) મિથ્યા ભ્રમ વડે સારી માઠી યોનિઓમાં થતા ભ્રમણમાં કારણ આ પુરુષનો પ્રકૃતિના કાર્યમાં તે કાર્ય મારું જ છે એમ માની લેવારૂપ મિથ્યા સંગ જ છે, એમ નિશ્ચયાત્મક જાણ. એટલે જેમ ગાડાની નીચે ચાલનારું કૂતરું ગાડામાંનો સર્વ બોજો હું જ ઉપાડું છું તેમ માની લે તેમ આ ત્રણ ગુણો વડે વિકારને પામેલાં દૃશ્યાદિ તમામ કાર્યો વાસ્તવિક રીતે પ્રકૃતિનાં હોવા છતાં અને પોતે તે કરતાં તદ્દન અલિપ્ત હોવા છતાં પણ આ પુરુષ તે મારાં જ છે, હું જ તેનો ભોક્તા છું, એમ મિથ્યા અભિમાન વડે માની લેવાને લીધે જીવરૂપ બની જાય છે; અને આકાશ જેમ ઘટમાં રહેવાથી ઘટાકાશ બની જાય છે તેમ તે આત્મરૂપ હોવા છતાં ભ્રમ વડે પોતે પોતાને હાથે જ ભોક્તાપણાના અભિમાનમાં બંધાઈ જઈ વિષયોના

* આ પ્રકૃતિપુરુષના ભિન્નપણા સંબંધમાં વિસ્તૃત વિવેચન શાસ્ત્રાધારસહ પાછલા અધ્યાયોમાં આપવામાં આવેલું છે. તે પૈકી મુખ્યત્વે અધ્યાય ૨, ૩, ૭, ૮, અને ૯ જુઓ.

સંગને લીધે સત્ અને અસત્ એટલે સારી નરસી અનેક યોનિયોમાં જન્મ લેતો રહે છે. આમ તેને સારા માઠા અનેક જન્મો લેવામાં મિથ્યા સંગ યા પ્રીતિ જ કારણભૂત છે. સારાંશ, આત્મા પોતે જ પોતામાં મિથ્યા ભ્રમ વડે મિથ્યા પ્રકૃતિ વા માયાના ગુણોના સંગ વડે બંધાઈ જીવરૂપ બની અનેક પ્રકારનાં જન્મમરણાદિ દુઃખો ભોગવે છે તથા પ્રકૃતિના ગુણોના સંગનો ત્યાગ કરી ભ્રમમાંથી નિવૃત્ત થતાં મુક્ત થાય છે. તસ્માત્ આ બધું ત્રણ ગુણોના વિકારવાળું જે જે કાંઈ જણાય છે તે તથા તેનો સાક્ષી કિંવા દ્રષ્ટા એ સર્વ આત્મસ્વરૂપથી અભિન્ન એવું પરમતત્ત્વ જ છે એમ નિશ્ચયથી જાણ.

उपद्रष्टाऽनुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।

परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥૨૩॥

આ દેહમાં રહેલો પુરુષ પરમાત્મા જ છે

પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) એ જ જેનો દેહ છે એવો તે પરમપુરુષ પ્રકૃતિરૂપ દેહમાં ઉપદ્રષ્ટા એટલે દ્રષ્ટા (શ્લોકાંક ૨)નો પણ દ્રષ્ટા, અનુમંતા અર્થાત્ અનુમતિ કિંવા પ્રેરણા આપનારો, ભર્તા, ભોક્તા અને મહેશ્વર છે. પરમાત્મા પણ તેને જ કહેવામાં આવે છે. તાત્પર્ય એ કે, ઉપર કહ્યું તેમ આ પુરુષ પ્રકૃતિમાં સ્થિત રહીને તેના ગુણોને પોતાના સમજીને પોતાપણાના માની લીધેલા મિથ્યા સંગને લીધે શુભાશુભ અનેક જન્મમરણાદિનું કારણ બને છે. આ પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) રૂપ દેહમાં ઓતપ્રોત રહેલો એ પુરુષ (શ્લોકાંક ૨) જ વસ્તુતઃ પોતાથી એટલે પુરુષથી પણ પર એવો આત્મા (શ્લોકાંક ૧) હોઈ પોતે જ દ્રષ્ટા બની એ દ્રષ્ટાપણારૂપ ક્ષિણુશક્તિ વડે પ્રકૃતિના ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે; તે દ્રષ્ટાપણાને પણ જ્યાંથી દ્રષ્ટાભાવની પ્રાપ્તિ થાય છે અર્થાત્ આ દ્રષ્ટાપણાને દ્રષ્ટાપણું જેની પ્રેરણા વડે પ્રાપ્ત થયેલું છે, એવો તેનો પણ અનુમંતા અર્થાત્ અનુમતિ કિંવા પ્રેરણા કરનારો, ભર્તાપણાનો તથા ભોક્તાપણાનો પણ આદ્ય પ્રેરક અને મહેશ્વર એટલે ઈશ્વરનો પણ ઈશ્વર એવો જે છે તે જ પરમાત્મા કહેવાય છે. તે પરમાત્માથી ભિન્ન કાંઈ નથી, એમ નિશ્ચયાત્મક જાણ.

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।

सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥૨૪॥

પુરુષ અને ગુણો સહિત પ્રકૃતિને જાણનારો શ્રેષ્ઠ છે

જે એ પ્રકારે પુરુષને અને ગુણો સહિત પ્રકૃતિને જાણે છે, તે સર્વ પ્રકારે વર્તમાન અર્થાત્ અસ્તિત્વરૂપે હોવા છતાં પણ ફરીથી જન્મને પામતો નથી. ઉદ્દેશ એ છે કે, ઉપર જણાવ્યા મુજબ પ્રકૃતિ પોતાના ત્રણ ગુણો વડે આ કાર્ય સૃજે છે તેની સાથે પુરુષનો કિંચિન્માત્ર પણ સંબંધ નથી.* તે પોતે તો પરમાત્મા જ છે એવા પ્રકારના દૃઢ નિશ્ચયવાળો બનીને અસંગ દૃષ્ટિએ પ્રકૃતિમાં રહીને ગમે તે પ્રકારે વર્તતો હોવા છતાં પણ ફરીથી જન્મને પામતો નથી; પરંતુ પ્રકૃતિના ગુણો મારા જ છે એમ માની લઈ જો તેના મિથ્યા સંગ વડે પોતે તેમાં આસક્ત થાય તો જીવરૂપ બની જન્મમરણાદિ દુઃખરૂપ ચક્કરમાં પડે છે, તે ઉપર જણાવ્યું છે. પરંતુ આ પ્રકૃતિ અને પુરુષ બંને અભિન્ન એવા આત્મસ્વરૂપ જ છે, એવું માનનારો ફરીથી પરિવર્તનને પામતો નથી, અર્થાત્ મોક્ષને પામે છે.

* આ સંબંધે અધ્યાય ૩ માં સુવર્ણના દૃષ્ટાંત સાથે વિવેચન પૃષ્ઠ ૧૯૯, ૨૦૦ ઉપર છે તે જોવું.

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાઙ્ખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥૨૫॥

આત્મપ્રાપ્તિના અભ્યાસકોના ભેદ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે : આ રીતે મેં તને તારા પ્રશ્ન પ્રમાણે ક્ષેત્રક્ષેત્રજ્ઞ, જ્ઞાનજ્ઞેય તથા પ્રકૃતિપુરુષનો વિવેક કહ્યો તથા તે દ્વારા આત્મસ્વરૂપનું ભાન કરાવ્યું. પરંતુ આ સિવાય આત્મપ્રાપ્તિના અભ્યાસને માટે બીજા પણ કેટલાક માર્ગો છે તે તને કહું છું તે સાંભળ. કેટલાકો 'ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ' એટલે આત્માને ધ્યાન વડે જુએ છે, એટલે તમામ વાહ્ય વિષયોનો ત્યાગ કરીને ચિત્તને એક આત્મામાં જ પરોવીને સાક્ષીભાવે તેનું જ ધ્યાન કરતા બેસે છે. કેટલાકો 'આત્માનમાત્મના' એટલે આત્મા વડે જ આત્માને જુએ છે. અર્થાત્ પોતે પણ આત્મા છે તથા આ સર્વ જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, વાણી વડે, મન વડે કિંવા બુદ્ધિ વડે જાણવામાં આવે છે, તે સર્વ આત્મરૂપ જ છે, આત્મા વ્યતિરિક્ત કાંઈ છે જ નહિ એ રીતે આત્મા વડે જ આત્માને જુએ છે. કેટલાકો સાંખ્યયોગ વડે એટલે પ્રકૃતિપુરુષનો વિવેક કરી આત્મામાં નામરૂપાદિનો કિંચિન્માત્ર પણ લેશ નથી એવા પ્રકારના "આ હું નથી" "આ હું નથી" એમ નિઃશેષભાવના અભ્યાસ વડે અને બીજાઓ તો શાસ્ત્રમાં બતાવેલા માર્ગે યજ્ઞયાગાદિ તથા વર્ણાશ્રમાદિ ઉચિત કર્મો કર્યા કરી તે સર્વ આત્મરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવા પ્રકારે બુદ્ધિને આત્મામાંથી સહેજ પણ ઢળવા નહિ દેતાં સર્વાત્મભાવ વડે તે તમામ કર્મો કર્યે જાય છે. અર્થાત્ આ સર્વ આત્મસ્વરૂપ છે, એવી સર્વાત્મભાવના વડે થતાં કર્મો તે જ કર્મયોગ કહેવાય. ઉપર કહેલી 'આત્માનમાત્મના' તથા આ કર્મયોગના અભ્યાસમાં ભેદ એટલો જ કે તે અભ્યાસમાં પ્રથમ જ્ઞાનદૃષ્ટિ દ્વારા આત્માનાત્મવિવેક કરી આ સર્વ હુંરૂપ છે તથા તેવો હું તે આત્મા છે એવી પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે તથા આમાં તો ઉપર કહેવા પ્રમાણે તમામ કર્મો સર્વાત્મભાવ વડે પોતાના ઇષ્ટદેવતાને ઉદ્દેશીને આત્માર્પણ કરવાં પડે છે. આ વિવેચન જેઓ પોતે બુદ્ધિશાળી હોઈ સ્વતઃ વિચાર કરીને આત્મનિશ્ચય કરી શકે છે, તેવા તીવ્ર બુદ્ધિમાનોના સંબંધે કહેવામાં આવ્યું પરંતુ જેઓ પોતે વિચાર કરી આત્મસ્વરૂપનો પોતાની બુદ્ધિ વડે નિશ્ચય કરી શકતા નથી તેઓના સંબંધમાં કહું છું તે સાંભળ.

અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે ।
તેઽપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥૨૬॥

બીજાઓનું સાંભળીને આત્મપ્રાપ્તિના અભ્યાસીઓ

જેઓ પોતે પોતાની બુદ્ધિ વડે આત્મનિશ્ચય કરવાને સમર્થ હોતા નથી; તેવા કેટલાકો તો બીજાઓ એટલે શ્રી સદ્ગુરુ, આચાર્યો અર્થાત્ જેઓને સાંખ્ય (જ્ઞાન) યોગ, અષ્ટાંગયોગ, તથા ભક્તિયોગ એ ત્રણેનું સમ્યક્ જ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન હોય તેઓની પાસેથી આત્માનો ઉપદેશ સાંભળીને તેમણે બતાવેલા માર્ગે શ્રદ્ધા રાખીને આત્માની ઉપાસના કરે છે, તેવા શ્રુતિપરાયણો પણ મૃત્યુને તરી જાય છે, એટલે પુનઃ કદી પણ જન્મ થવા પામે નહિ એવી રીતે તેને તરી જાય છે અર્થાત્ મુક્તિને પામે છે, હવે આત્મપ્રાપ્તિને માટે લાયક જિજ્ઞાસુઓ અને સદ્ગુરુ કિંવા આચાર્યો કેવા હોવા જોઈએ, તેનો સંક્ષેપમાં વિચાર કરવો પડશે. તે સંબંધે શાસ્ત્રમાં નીચે મુજબનું વિવેચન છે :

વિષયો તો કૂતરાં અને ભૂંડને પણ બળતા નથી કે ?

જીવાત્માને જ્યાં સુધી આત્મતત્ત્વ જાણવામાં આવતું નથી ત્યાં સુધી તેનો અજ્ઞાનને લીધે સ્વરૂપમાં થયેલો મોહભ્રમ કદી પણ નષ્ટ થતો નથી અને જ્યાં સુધી અન્યપણાના ભાવરૂપ ક્રિયાઓ ચાલુ હોય ત્યાં

સુધી મન પણ હંમેશાં વિષયરૂપ કર્મમાં જ આસક્ત રહે છે, તે થકી દેહરૂપી બંધન ઘટવાને બદલે ઊલટું વધુને વધુ દૃઢ થાય છે. આમ અવિદ્યાને લીધે પોતાનું આત્મસ્વરૂપ ઢંકાઈ જતાં દ્વૈતભાવનાને લીધે તે કર્મો મનને વશ કરી લે છે અને મન જીવાત્માને વશ કરી લે છે. આથી તે હંમેશ વિષયભોગોમાં જ રચ્યોપચ્યો રહી અનેક પ્રકારનાં દુઃખો ભોગવતો રહે છે. તેને જ્યાં સુધી આત્મસ્વરૂપમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી દેહનું બંધન કદી પણ છૂટતું નથી. ઇંદ્રિયોની તમામ ચેષ્ટાઓ ખોટી છે અને તે વાસ્તવિક રીતે આત્મસ્વરૂપભૂત એવા પોતામાં નથી, એ પ્રમાણેનો વિવેક થઈ જ્યાં સુધી આત્માનું સાચું રહસ્ય તેના જાણવામાં આવે નહિ ત્યાં સુધી સ્વસ્વરૂપને ભૂલી અજ્ઞાની બની જતાં આ સંસાર કે જેમાં મૈથુનસુખ જ મુખ્ય ગણાય છે તેને પામીને તેમાં જ તે સંજ્ઞા કરે છે. સ્ત્રી તથા પુરુષ બંનેને પોતપોતાના એકેક દેહનું અભિમાન હોય છે. પરંતુ તેઓ જ્યારે દંપતી ભાવથી જોડાય છે ત્યારે પરસ્પરના દેહના અભિમાનરૂપ બીજી મજબૂત હૃદયની ગાંઠ બંધાય છે; જેને લીધે લોકોને ઘર, ખેતર, પુત્ર, સગાં, સ્નેહી અને ધન ઇત્યાદિમાં "હું અને મારું" એવું મિથ્યા અભિમાન બંધાઈ તેમાં ખોટો મોહ ઉત્પન્ન થાય છે. તેઓ કેવળ ઇંદ્રિયપ્રીતિ માટે જ કર્મો કરે છે. આમ પ્રમાદી બની તેઓ પાપના ભાગીદાર થઈ પોતાનાં કર્મ વડે હંમેશ દુઃખસાગરમાં જ ડૂબેલા હોય છે. જે દુઃખદાયી વિષયભોગો તો વિષ્ઠા ખાનારાં કૂતરાં, ભૂંડ વગેરે પ્રાણીઓને પણ મળે છે, માટે તેવા વિષયભોગો ભોગવવાને માટે મનુષ્ય લોકમાં મનુષ્યોનો આ દેહ યોગ્ય કહેવાય નહિ, પરંતુ આ મનુષ્ય દેહ વડે તો દિવ્ય તપદ્વારા ચિત્ત શુદ્ધ કરી લેવું જોઈએ કે જેથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને અંતઃકરણની શુદ્ધિ થતાં જ અનંત સુખરૂપ એવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આથી વિદ્વાનો કહે છે કે, આત્મવેત્તા મહાપુરુષોની સેવા એ જ મોક્ષનું દ્વાર છે તથા સ્ત્રીઓનો સંગ, દેહાધ્યાસ યાને પ્રકૃતિની સેવા એ દુઃખમય એવા સંસારરૂપ નરકનું જ દ્વાર છે.

એષણાની ભાવના નિવૃત્ત થતાં જ સુખ પ્રાપ્ત થાય છે

જેઓ હું એટલે આત્મસ્વરૂપ એવા પરમેશ્વર છે તેમાં જ હંમેશાં સ્નેહ રાખનારા અને તેમાં ઐક્યભાવે સ્થિર રહેવારૂપ પ્રયત્ન કરનારા હોય એટલે આત્મસ્વરૂપ એવા મારાથી કદી પણ ભિન્ન નહિ થવાની ઇચ્છા રાખતા હોય તેઓ કેવળ જ્યાં પેટ ભરવાની અને પશુવૃત્તિની જ વાતો ચાલતી હોય તેવા લોકોની સાથે તેમ જ સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન અને ઘરમાં પ્રીતિ રાખતા નથી તથા દેહના નિર્વાહ કરતાં વધારે કશાની ઇચ્છા પણ કરતા નથી, તેવાઓને મહાત્મા જ સમજવા. વિષયી મનુષ્યો તો ઇંદ્રિયોને પોષવાને અર્થે જ કર્મો કરે છે અને તેમ કરવા જતાં જાણે કિંવા અજાણે પાપ થયા વગર રહેતું જ નથી. જે પાપને લીધે જ આ ખોટા કલેશો આપવાવાળો દેહ ઉત્પન્ન થઈ તે વડે તેઓ અનેક દુઃખો તથા સંકટો ભોગવે છે એટલા માટે વિષયરૂપ મોહમાં ફસાઈને કર્મો કર્યા કરવાં તથા તેને બહારથી કર્તવ્ય કહેવું એ તો નરી મૂર્ખતા જ ગણાય. વિષયો ઉપર સંયમ કરી નહિ શકતા હોવાને લીધે આ દાંભિકો તેને જ વ્યવહારમાં કર્તવ્યકર્મના નામે સંબોધે છે, પરંતુ ખરી રીતે તે મોહ હોઈ પશુવૃત્તિનું જ દ્યોતક છે. જ્યારે સત્સંગાદિ દ્વારા મનુષ્યની આ મોહરૂપી કર્મની ગાંઠ શિથિલ થઈ જાય છે ત્યારે જ તે મનુષ્ય દંપતીભાવમાંથી નિવૃત્તિને પામે છે અને પછી પોતાપણાનો અહંકાર સુદ્ધાં છોડી દઈને મોક્ષને પામે છે. તાત્પર્ય જ્યારે મમત્વાદિ એષણાનો ભાવ છૂટે છે ત્યારે જ અહંભાવ પણ છૂટી શકે છે. અહંભાવ છૂટતાં જ સુખમય એવા પરમપદની પ્રાપ્તિ અનાયાસે જ થાય છે.

અહંકારત્યાગનાં સાધનો

હંસ સમાન વિવેકી પુરુષો હંસ જેમ દૂધ તથા પાણીને જુદું કરી તેમાંથી દૂધનું જ ભક્ષણ કરે છે તેમ સદસતનો વિવેક, સદ્‌ગુરુની સેવા, પરમાત્મા વિષે તત્પરતાયુક્ત ભક્તિ, તૃષ્ણાના ત્યાગ થકી પ્રાપ્ત થતી સુખદુઃખાદિ સહન કરવારૂપ (તિતિક્ષા) ઇહ અને પરલોક બંને સ્થળે દુઃખ જ છે એવો નિશ્ચય, જ્ઞાન મેળવવાની તીવ્રતર ઇચ્છા, તપ, સકામ કર્મોનો ત્યાગ, હું કે જે મિથ્યા માની લીધેલા પોતાપણાના અહંભાવનો ત્યાગ કરી

આત્મસ્વરૂપ એવા મારે અર્થે જ કર્મો કરવાં, નિત્ય આત્મસ્વરૂપ એવા મારી જ કથા શ્રવણ કરવી, આત્મસ્વરૂપ એવા મારા જ ગુણો ગાવા, આત્મનિષ્ઠ એવા મારા ભક્તોનો જ સંગ કરવો, રાગ, દ્વેષ અને વૈરભાવથી રહિત થવું, સમતાયુક્ત શાંતિ રાખવી, દેહ તથા ઘરાદિમાંથી "હું અને મારા" પણાનો ત્યાગ કરવાની જ ઉત્કંઠા સેવવી, વેદાંતશાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કરવો, એકાંત સ્થળનું સેવન કરતા રહેવું, પ્રાણ, ઇંદ્રિય અને મનને તમામ કર્મો આત્મસ્વરૂપ જ છે એવી એક સર્વાત્મભાવની ભાવનાવડે જ જીતવાનો હરહંમેશ પ્રયત્ન કરવો, ઉત્તમ પ્રકારની શ્રદ્ધા, નિરંતર બ્રહ્મચર્યનું પાલન, જે કર્મો શાસ્ત્રથી વિપરીત ન હોય તેવાં યથાપ્રાપ્ત કર્મોનો ત્યાગ નહિ કરવો, કદાપિ જૂઠું નહિ બોલવું, ધીરજ અને પ્રયત્નપૂર્વક શાંતિથી સર્વત્ર આત્મસ્વરૂપ એવો "હું જ" એક વ્યાપેલો છે, એ રીતે બધે એક મારી જ ભાવના કરવાથી પ્રાપ્ત થતી સમતા વડે દૃઢ થયેલું સાક્ષાત્કાર પર્યંતનું જ્ઞાન તેમ જ સહજસમાધિ ઇત્યાદિ સાધનો વડે ચતુર પુરુષે અહંકારનો ત્યાગ કરવો. કર્મોને રહેવાના સ્થાનરૂપ અને અવિદ્યાથી પ્રાપ્ત થયેલા એ હૃદયની ગાંઠરૂપ તમામ બંધનોને સાવધાનપણે ઉપરના ઉપાયો વડે એક વખતે સારી રીતે છેદી નાંખીને આત્માનો સાક્ષાત્કાર કરી લેવો અને પછી શાસ્ત્રમાં કહેવામાં આવેલાં સાધનો કરવાના પરિશ્રમરૂપ મોહનો પણ ત્યાગ કરવો તથા સ્વાભાવિક અને નિશ્ચલ સ્થિતિમાં સ્થિર રહી જીવન્મુક્ત દશા ભોગવવી.

પિતા, ગુરુ અને રાજાએ આત્મતત્ત્વનો જ ઉપદેશ કરવો

જેઓને કેવળ આત્મસ્વરૂપ એવો મારો લોક પામવાની અથવા કેવળ આત્માનુગ્રહની જ ઇચ્છા હોય એવા પિતા, ગુરુ તથા રાજાએ પોતાના પુત્રો, શિષ્યો તથા પ્રજાઓને શાંત ચિત્ત વડે આ રીતનો આત્મોપદેશ જ કરવો જોઈએ; પરંતુ આત્મતત્ત્વને નહિ જાણનારા તથા વિષયોમાં મૂઢ બનેલા એ પુત્ર, શિષ્ય અને પ્રજાઓને કામ્યાદિ કર્મો કરવામાં જોડવા નહિ કેમ કે અજ્ઞાનીઓને કામ્યકર્મોમાં યોજીને દુઃખદ એવા સંસારના ખાડામાં નાખનારો મનુષ્ય કયો પુરુષાર્થ મેળવે?

મનુષ્ય પોતાનું હિત શામાં છે તે જાણી શકતો નથી

પ્રથમ તો મનુષ્ય પોતાનું હિત શામાં છે, એ સમજવામાં આંધળો હોય છે. કેમ કે તે અનેક પ્રકારની તૃષ્ણાઓ સેવી ધનને ઇચ્છે છે. મૂઢ બનીને એક બીજાઓ સાથે વૈર રાખે છે અને વિષયોપભોગમાં ઉપર ઉપરથી દેખવામાં આવતું થોડું સુખ મેળવવાની અભિલાષા સેવે છે; પરંતુ તે થકી પરિણામે અત્યંત દુઃખ જ આવી પડે છે તેની તેને કલ્પના પણ હોતી નથી. તે હંમેશ કામભોગની તથા વિષયોની જ ઇચ્છા કર્યા કરે છે. જે બુદ્ધિશાળી અને વિવેકી પુરુષ પોતે વિષયો પરિણામે દુઃખરૂપ છે, એ વાતને સારી રીતે જાણનારો હોય એટલે વિષયો ત્યાજ્ય હોઈ કેવળ એક આત્મા જ પ્રાપ્ત કરવાને લાયક છે, એમ જે 'આત્મવિદ્' જાણે છે, તેને તો આવા મૂઢ લોકોને જોઈ ખરેખર દયા ઉપજે છે; તેથી તેવો જ્ઞાની પુરુષ આ અજ્ઞાનમાં ભટકતા કુબુદ્ધિમાન મનુષ્યોને જોઈ ને તેને પાછો સંસારના માર્ગોમાં જ કેમ જોડે? સ્વભાવથી જ અજ્ઞાની એવા મનુષ્યોને અજ્ઞાનનો માર્ગ બતાવવો એ તો અવળે માર્ગે ચાલ્યા જતા આંધળાને તે માર્ગે જ આગળ ચાલ્યો જા એમ કહેવા સમાનછે.

ગુરુ, પિતા, માતા અને પતિ થવાને માટે નાલાયક કોણ?

આ સંસારમાં પડેલા અને અજ્ઞાન વડે દુઃખી થતા પુત્રને ભક્તિમાર્ગનો ઉપદેશ આપી તેને તેના અજ્ઞાનયુક્ત સંસારમાંથી છોડાવવાની જેમની શક્તિ ના હોય તેમણે પિતા કિંવા માતા પણ થવું ન જોઈએ. એટલે જેઓ પોતાના પુત્રને અંતર્બાહ્ય શાંતિ પ્રાપ્ત કરાવવા અસમર્થ હોય છે, તેવાઓને પુત્ર ઉત્પન્ન કરવાનો અધિકાર જ નથી. તેવાઓએ કદાપિ પુત્ર ઉત્પન્ન કરવો નહિ જોઈએ, એ પ્રમાણે પોતાના સંબંધીઓને કાયિક, વાચિક અને માનસિક દુઃખોમાંથી છોડાવવાની શક્તિ ન હોય તેણે સંબંધી થવું નહિ જોઈએ. જેની તીવ્ર જિજ્ઞાસુ એવા શિષ્યને અજ્ઞાનબંધમાંથી છોડાવવાની શક્તિ ન હોય તે ગુરુ પણ નાલાયક જ ગણાય એટલું જ નહિ પરંતુ જેઓની અજ્ઞાનજન્ય એવા દુઃખરૂપ સંસારમાંથી ભક્તને છોડાવવાની શક્તિ ન હોય

તેવાઓને દેવતાઓ પણ કહી નહિ શકાય. એકનિષ્ઠ બનવાની જેની શક્તિ ન હોય તે પુત્ર, શિષ્ય કિંવા ભક્ત કહેવરાવવાને માટે પણ નાલાયક છે, તેમ જ અજ્ઞાનરૂપ બંધનમાંથી પોતાની સ્ત્રીને છોડાવવાની જેની શક્તિ ન હોય તેણે પતિ પણ બનવું નહિ જોઈએ. જે દંપતિઓ કેવળ ઇંદ્રિયોના પોષણના ઉદ્દેશથી જ પતિપત્ની ભાવ રાખે છે તેઓને તો દંપતિ નહિ પણ પશુઓ જ જાણવા. ઉદ્દેશ એ કે, જે મનુષ્ય મૃત્યુરૂપ એવા આ અજ્ઞાનજન્ય સંસારમાં સપડાઈ પડેલા અને તીવ્ર જિજ્ઞાસુ હોય તેવા અજ્ઞાનીઓને મોહપાશમાંથી છોડાવી શકતો નથી તે ગુરુ કહેવાતો હોય તો પણ સાચો ગુરુ નથી, સ્વજન કહેવાતો હોય તો પણ સાચો સ્વજન નથી, પિતા હોય તો પણ પિતા કહેવરાવવાને નાલાયક છે, માતા હોય તો પણ સાચી માતા નથી, દેવ કહેવરાવતો હોય તો દેવ પણ નથી અને પતિ કહેવરાવતો હોય તો સાચો પતિ પણ નથી. અથવા તો જે તે મોહરૂપ સંસારપાશમાંથી છોડાવવાની જેમનામાં શક્તિ ન હોય તેણે ગુરુ ન થવું, સ્વજન ન થવું, પિતા ન થવું, માતા ન થવું, પુત્રની ઉત્પત્તિ ન કરવી, દેવ થઈને કોઈની પૂજા સ્વીકારવી નહિ તેમ જ પતિ પણ થવું નહિ જોઈએ (ભા૦ સ્કં૦ ૫, અ૦ ૫ શ્લો. ૧ થી ૧૮ જુઓ).

સદ્ગુરુના ઉપદેશથી મૃત્યુ ઓળંગી શકાય છે.

આ વિવેચન ઉપરથી જાણી શકાશે કે જેઓ આત્મપ્રાપ્તિ કરાવી શકતા નથી તેવા સાચા ઉપદેશકો, ગુરુઓ, આચાર્યો, પિતા, માતા, સ્વજનો, શિષ્યો, પુત્ર, પતિ, પત્ની કે દેવતા કહેવાતા નથી, પરંતુ જેઓએ આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય અને અનન્યભાવે શરણે આવેલાઓને જે અજ્ઞાનમાંથી છોડાવી આ દુઃખરૂપ સંસારમાંથી ઉગારી શકે છે તે જ ખરા ગુરુ, આચાર્ય, પિતા, માતા, સ્વજન, શિષ્ય, પુત્ર, પતિ, સ્ત્રી વા દેવતા કહેવાય. આવા અપરોક્ષાનુભવી આચાર્ય કિંવા ગુરુની સેવા વગેરે દ્વારા પ્રસન્નતા મેળવીને તેમના ઉપદેશામૃતનું શ્રવણ કરી તે પ્રમાણે આચરણ કરનારાઓ પણ આ મૃત્યુરૂપ સંસારને તત્કાળ ઓળંગી શકે છે.

यावत्सञ्जायते किञ्चित्सत्त्वं स्थावरजङ्गमम् ।

क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥२७॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞથી ઉપજેલું આત્મસ્વરૂપ છે

હે ભરતર્ષભ! આ સ્થાવર જંગમરૂપ જે જે કાંઈ ઉત્પન્ન થયેલું છે તે સર્વ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ થાય છે. તે બધું પણ સત્ય એટલે આત્મરૂપ છે એમ જાણ. સારાંશ એ કે, આ તમામ વસ્તુઓ ક્ષેત્રક્ષેત્રજ્ઞના સંયોગ વડે જ ઉત્પન્ન થાય છે અને તે સર્વ આત્મસ્વરૂપ જ છે એમ નિશ્ચયાત્મક જાણવું.

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।

विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥२८॥

વિનાશી તથા અવિનાશી એ બંને પરમેશ્વરરૂપ જ છે

ભગવાન આગળ કહી રહ્યા છે કે: આમ વિનાશ પામનારાં સર્વ ભૂતોમાં પણ કેવળ એક અવિનાશી એવો પરમેશ્વર અર્થાત્ આત્મા જ વ્યાપેલો છે, એ પ્રમાણે જે વિનાશીમાં સમાનભાવે અવિનાશીપણાને જુએ છે, તે જ ખરું જુએ છે, અથવા જે આ વિનાશ પામનારાં ભૂતો છે તે તો અવિનાશી એવા પરમેશ્વર કિંવા આત્મા (શ્લોકાંક ૧)રૂપ છે એવી રીતે જુએ છે તે જ ખરો જોનારો છે, પરંતુ જે તેવું જોઈ શકતો નથી તેને અંધ સમજવો. તાત્પર્ય એ કે, ક્ષેત્રક્ષેત્રજ્ઞના સંયોગથી ઉત્પન્ન થતું વિનાશવાળું એવું જે આ બધું ભાસે છે તે તમામ આત્મસ્વરૂપ છે એમ જે ઉપર કહેવામાં આવ્યું છે તેની સ્પષ્ટતા ભગવાને અત્રે કરેલી છે વિનાશ પામનાર એટલે ક્ષેત્ર તથા તેની અપેક્ષાએ ક્ષેત્રજ્ઞ એ અવિનાશી કહેવાય, કેમ કે આ બંને

ભાવો પરસ્પર સાપેક્ષ છે. તેથી આ ક્ષેત્ર કે જેને પ્રકૃતિ પણ કહે છે તે તો નાશવંત છે અને તેની અપેક્ષાએ ક્ષેત્રજ્ઞ કિંવા પુરુષ અવિનાશી ગણાય, તેથી અત્રે ભગવાને સ્પષ્ટતા કરેલી છે કે, આ સર્વ ભૂતોમાં એટલે ક્ષેત્રમાં જે વિનાશીપણું જોવામાં આવે છે તે તથા અવિનાશી એટલે ક્ષેત્રજ્ઞ એ બંનેમાં આત્મસ્વરૂપ એવો એક પરમેશ્વર જ વ્યાપેલો છે એવી રીતે સમાનદૃષ્ટિથી જુએ છે તે જ ખરો જોનારો કિંવા જ્ઞાની છે. સારાંશ, જે વિનાશીમાં એટલે દ્વૈતભાવમાં અવિનાશીપણું એટલે અદ્વૈતભાવ દેખે છે તેજ ખરો દેખતો છે તથા બાકીના બધા અંધ છે એમ જાણવું.

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।

न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥२९॥

તે પરમ શાંતિને પામે છે.

ભગવાન શ્રી કૃષ્ણ કહે છેઃ હે અર્જુન! ઉપર કહ્યા મુજબ સમભાવનાવાળો જીવન્મુક્ત પુરુષ ઉત્તમ ગતિને પામે છે, કેમકે સર્વત્ર સમાનપણે રહેલા ઈશ્વરને સમાનપણે જોનારો આ આત્મારામ પુરુષ આત્મા વડે આત્માને હણતો નથી એટલે આત્માને અનાત્મરૂપ માની પોતાનો વિનાશ (ઘાત) કરી લેતો નથી. ઉદ્દેશ એ કે, પોતે પોતાને આત્મરૂપ નહિ માનતાં હું શરીર છું એમ માની લઈને દેહાભિમાન વડે બંધાય છે અર્થાત્ દેહ એટલે જ હું એવી દૃઢ ભાવનાવાળો હોય છે તે પોતાને હાથે જ પોતાનો વિનાશ કરનારો છે એમ જાણવું. પરંતુ જે આ બધું આત્મરૂપ હોઈ હું પણ આત્મા જ છે એવા એક નિશ્ચય વડે સ્થિત હોય છે તે આત્મારામ પુરુષ પોતે પોતાનો વિનાશ નહિ કરતાં ઉત્તમ એવી પરમગતિને પામે છે. હવે આત્મા જ આત્મા વડે કેવી રીતે બંધને પામે છે તથા પાછો મુક્ત થાય છે તે કહું છું.

આત્માને જ બંધ મોક્ષ કેવી રીતે?

આત્મા પોતે જ સંકલ્પોની કલ્પના કરવાથી મલિન થાય છે તથા પાછો પોતે જ વાસનામય લિંગ શરીરનો આકાર લઈ જીવસ્વરૂપે બને છે એમ સમજો, આ રીતે જાણે આત્મા જ પોતે પરાધીન થયો હોય એમ ભાસે છે. વાસ્તવિક રીતે બીજાને અધીન નહિ રહેનારું, સર્વ સંકલ્પોથી રહિત, અનિર્વચનીય અને અવિનાશી એવું જે આત્મતત્ત્વ છે, તે જ પોતાની અવિદ્યાવડે ઢંકાઈને જીવપણાને પામેલા જેવું જણાય છે.અને જ્યારે એ આત્મતત્ત્વ જ પોતાની વાસ્તવિક અને શુદ્ધ સ્વરૂપના બોધના પ્રભાવને લીધે વાસનાઓથી મુક્ત થાય છે ત્યારે તેને જ મોક્ષ કહે છે, એમ સમજો. જે પુરુષ વાસનારૂપી જાળથી સદંતર છૂટેલો હોય તે મુક્ત કહેવાય છે તથા જે વાસનાઓથી રહિત થયેલો ન હોય તે પુરુષ સઘળા ધર્મો પાળતો હોય અને સર્વજ્ઞ હોય તો પણ પાંજરામાં રહેતા પક્ષીની માફક ચારે બાજુએથી બંધાએલો જ છે, એમ જાણવું. અવિદ્યાથી ઢંકાએલા અને જેને વેદાંતનો પરિચય નથી એવા જે પુરુષને ઇંદ્રજાળવાળાએ કરેલી આકાશમાં મોરનાં પીંછાં જેવી અનેક ભ્રમ દેનારી સૂક્ષ્મ વાસના અંદર રહે છે, તે પુરુષ જ્યારે આ શરીરમાં જ વેદાંતનો અભ્યાસ કરી તત્ત્વજ્ઞાન મેળવે છે ત્યારે તે વાસનારૂપ બંધનથી સમૂળ મુક્ત થાય છે. માટે હે અર્જુન! વાસના જ બંધ છે તથા વાસનાનો ક્ષય તે જ મોક્ષ છે (યો૦ નિ૦ પૂ૦ સ૦ ૫૬ શ્લો૦ ૪૧ થી ૪૫)

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।

यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥३०॥

આત્મા તો અકર્તા છે

હે પાર્થ! આ કથન ઉપરથી તારા જાણવામાં આવ્યું હશે કે આત્મા જ આત્માનો ઉદ્ધાર કરે છે. વાસ્તવિક તો આ આત્મા જ પ્રકૃત્યાદિ અનેકરૂપે પ્રતીત થયેલો છે છતાં એ રીતે સર્વાત્મભાવનો વિવેક થઈ શકતો ન હોય તો આ તમામ કર્મો પ્રકૃતિનાં જ છે, સર્વ કર્મો પ્રકૃતિ વડે જ થાય છે તથા આત્મા તો તદ્દન અકર્તા છે તેમાં પ્રકૃતિ અને તેના કર્મોની ગંધ સરખી પણ નથી. આ મુજબના વિવેક વડે જે જુએ છે, તેને જ ખરો દેખતો સમજવો. આમાં શ્રીકૃષ્ણ ભગવાને આત્મામાં કાંઈ છે જ નહિ એ રીતનો નિઃશેષભાવ બતાવેલો છે. પરોક્ષજ્ઞાન થયા પછી આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે અભ્યાસ કરવાના જે મુખ્ય બે પ્રકારો છે તે વખતોવખત કહેલા છે (જુઓ કિરણાંશ ૨૨ તથા અધ્યાય ૨ શ્લોક ૩૯) છતાં બોધની પરિપક્વતાને માટે અત્રે ભગવાન ફરીથી સમજાવી રહ્યા છે. ઉદાહરણને માટે સુવર્ણ અને તેના દાગીનાઓ લ્યો. આ દાગીનામાંથી કડાં, કુંડળ, વીંટી, બંગડી, બાજુબંધ ઇત્યાદિ આકારો તથા નામરૂપોનો વિલય કરવામાં આવ્યા બાદ જે શેષ રહે તે જ સુવર્ણ કહેવાય તેમ આ નામરૂપાદિ તમામ દૃશ્યકાર્ય (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) એ પ્રકૃતિનું જ છે. આત્મામાં તો નામરૂપાદિનો અંશમાત્ર પણ નથી. એ રીતે દૃઢ નિશ્ચય કરી હું, તું, તે, આ, મારું, તારું, તને મને ઇત્યાદિ તમામ નામરૂપાદિનો વિલય કર્યા બાદ છેવટે જે શેષ રહે તે જ અનિર્વચનીય એવું પરમપદ છે એમ સમજવું. આમ પ્રકૃતિ જ આ સર્વ કર્મોની કર્તા છે તથા આત્મા તો તદ્દન અકર્તા છે એમ જાણવું. અર્થાત્ હું, તું, તે, આ ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાસે છે તે બધું પ્રકૃતિનું રૂપ હોઈ આત્મા તો તે સર્વથી અસંગ છે તેમાં આ નામરૂપાદિ કાંઈ છે જ નહિ એમ જે જુએ છે તે જ ખરો જોનારો છે અને જે એ પ્રમાણે જોતો નથી તેને આંધળા જેવો જ જાણવો. આમ ભગવાને આમાં પ્રકૃતિપુરુષનો વિવેક કરીને નિઃશેષ (નાહમ્) ભાવનો અભ્યાસક્રમ બતાવ્યો છે. હવે આગળ સર્વાત્મભાવનો અભ્યાસક્રમ બતાવે છે.

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।

तत एव च विस्तारं ब्रह्म सम्पद्यते तदा ॥३१॥

જુદા જુદા ભાવોને એકરૂપે જોનારો જ બ્રહ્મભાવને પામે છે

હે ધનંજય! જ્યારે ભૂતોના જુદા જુદા સઘળા ભાવોને જે એકસ્થ એટલે એક એવા આત્મામાં જ સ્થિત રહેલા તથા તે સર્વ આત્મા વડે જ વિસ્તારને પામેલા છે એમ દેખે છે ત્યારે જ તે બ્રહ્મરૂપ થાય છે. ભગવાને ઉપર આત્મા તદ્દન અસંગ છે, તેમાં નામારૂપાદિનો કિંચિન્માત્ર પણ અંશ નથી, એવી રીતે નિઃશેષભાવનો નિશ્ચય કહ્યો છે. જેમ સોનાનું કાચું સ્વરૂપ જાણવું હોય તો તેમાં કડું નથી, કુંડળ નથી, બંગડી નથી, વીંટી નથી, બાજુબંધ નથી, આ પ્રમાણે તમામ નામરૂપોનો વિલય કરવો જરૂરી છે. તેમ આત્મામાં આ નથી, તું નથી, તે નથી અને હું અને હુંને કહેનારો દ્રષ્ટા વા સાક્ષી પણ નથી ઇત્યાદિ તમામ ભાવોનો નિરાસ કર્યા પછી જે નિઃશેષ અને તદ્દન અસંગ એવી નિર્વિકલ્પ અવસ્થા રહે તે જ આત્મા છે એમ જે જાણે છે તે જ ખરો જ્ઞાતા છે એમ કહેવું છે. હવે અત્રે સર્વાત્મભાવનો નિશ્ચય કહે છે. કડાં એ સોનું છે, કુંડળ પણ સોનું છે, વીંટી પણ સોનું છે, બંગડી પણ સોનું છે તથા બાજુબંધ પણ સોનું જ છે. આ મુજબ તું પણ આત્મા છે, આ પણ આત્મા છે, તે પણ આત્મા છે, હું પણ આત્મા છે, તેમ કહેનારો તેનો સાક્ષી પણ આત્મા છે. ટૂંકમાં અંતઃકરણમાં જે જે વૃત્તિઓનું ઉત્થાન થાય તેને તુરત જ તે આત્મા છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવી રીતના પ્રતિસંકલ્પ વડે તત્કાળ દાબી દેવી એટલે ભૂતમાત્રના નામરૂપાદિ તમામ ભેદોને એક એવા આત્મસ્વરૂપ જ બનાવી દેવી. આ સર્વ આત્મરૂપ જ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ કિંવા આ આત્મા જ ("एकोऽहम् बहुस्याम्"—"એક (એવો) હું અનેક (રૂપે) થાઉં," એ શ્રુતિન્યાયે)

અનંતરૂપે વિસ્તારને પામેલો છે. આ તમામ વિસ્તાર આત્માનો હોઈ તે આત્માથી તદ્દન અભિન્ન એવો છે એ પ્રમાણે પૃથક્‌રૂપે ભાસતા તમામ ભાવોને જે એક આત્મામાં જ જુએ છે અને જ્યારે આ રીતની સર્વાત્મદૃષ્ટિ થાય છે ત્યારે જ તે પોતે પણ આત્મા કિંવા બ્રહ્મ સાથે સંપૂર્ણ રીતે તાદાત્મ્યભાવને પામે છે.

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।

शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥३२॥

પરમાત્મા અવ્યક્ત કેમ ?

હે કૌંતેય ! અનાદિપણા તથા નિર્ગુણપણાને લીધે આ અવ્યય એવો પરમાત્મા શરીરમાં રહ્યો છતાં કાંઈ કરતો પણ નથી કે લેપાતો ય નથી. આદિથી રહિત તે અનાદિ કહેવાય. આદિ શબ્દ તો ઉત્પત્તિની શરૂઆતને લાગુ પાડી શકાય અને ઉત્પત્તિની શરૂઆત તો પ્રકૃતિ(વૃક્ષાંક ૩) વડે થાય છે તેથી તે આદિ ગણાય; પરંતુ આત્મા (વૃક્ષાંક ૧)માં આ પ્રકૃતિ (વૃક્ષાંક ૩)નો અંશ પણ નથી તેથી જ્યાં આદિ જ નથી એવો એ આત્મા છે, એમ દર્શાવવાના ઉદ્દેશથી આત્માને અનાદિ શબ્દ વડે સંબોધવામાં આવેલો છે. અર્થાત્ આ અનાદિ શબ્દ એ આત્માનો જ વાચક છે. વિકાર એ તો પ્રકૃતિનો ધર્મ છે. આત્મામાં વિકારીપણું નહિ હોવાથી પ્રકૃતિનો લવલેશ પણ નથી. માટે નિર્વિકારીપણાને લીધે આ પરમાત્મા અવ્યય અને ગુણાતીત હોઈ તે આકાશની પેઠે શરીરમાં રહેવા છતાં પણ કાંઈ કરતો ય નથી અને લેપાતો પણ નથી.

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।

सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३३॥

આકાશના દૃષ્ટાંત વડે સમજાવેલું આત્માનું સ્વરૂપ

જેવી રીતે આકાશ સર્વત્ર વ્યાપેલું હોવા છતાં અતિશય સૂક્ષ્મપણાને લીધે તે લેપાતું નથી, તેમ આત્મા દેહમાં બધે રહેલો હોવા છતાં પણ તે કશાથી કિંચિન્માત્ર પણ લેપાતો નથી. ઉદ્દેશ એ કે, આકાશ દૃશ્યાદિ ચારે મહાભૂતોમાં ઉપર, નીચે, અંદર, બહાર એમ બધે વ્યાપેલું હોવા છતાં કશામાં લેપાતું નથી એટલું બધું તે સૂક્ષ્મ છે. વળી આમ નિત્યપ્રતિ તે સર્વ જગાએ અને સર્વમાં વ્યાપેલું હોવા છતાં કોઈ કહે કે મને આકાશ બતાવો, તો તે કોઈ પણ સાધન દ્વારા બતાવી શકાય તેવું નથી; પરંતુ પૃથ્વીમાંના તમામ જડ પદાર્થો તેમ જ પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચારે મહાભૂતોનો વિલય થયા પછી જે શેષ રહે તે જ આકાશ કહેવાય, એવી રીતે કેવળ બુદ્ધિ વડે જ તેની પ્રતીતિ કરાવી શકાય છે. પૃથ્વી તો જડ, કઠણાશવાળી હોવાથી તે આકારાદિ વડે પ્રત્યક્ષ જ હોય છે, પાણીને આકાર વગેરે નથી પણ દ્રવપણું હોવાથી કોઈપણ વસ્તુ દ્વારા જ તેની ખાતરી કરાવી શકાય તેમ છે, તેજની ખાતરી તો નેત્રદ્વારા આ બધું જે જે જોવામાં આવે છે તે ઉપરથી કરાવી શકાય તેમ છે, એટલે તેજની ખાતરી કોઈ વાસણમાં લઈ પીને કિંવા ખાઈને થઈ શકતી નથી અથવા તેનું ગૂંચળું કરીને જાળવામાં કિંવા તિજોરીમાં મૂકી શકાતું નથી પરંતુ ફક્ત તે નેત્ર દ્વારા જ જોઈ શકાય તેવું હોય છે, તેમ જ વાયુ તો નેત્રથી પણ જોઈ શકાતો નથી, તેની ખાતરી તો ત્વચાના શીતઉષ્ણાદિ સ્પર્શરૂપ ધર્મો વડે કિંવા ઝાડપાનના હલનચલન ઉપરથી કરાવી શકાય છે. આમ વાયુ સુધીનો અનુભવ તો સર્વ પ્રાણીઓ (ભૂતો) લઈ શકે છે પરંતુ આકાશ તો કોઈ પણ સાધન વડે બતાવી શકાતું નથી કે શીતઉષ્ણાદિ કોઈ પણ સાધનદ્વારા તેનો અનુભવ થઈ શકતો નથી, પરંતુ ફક્ત એટલું જ કહી શકાય છે કે આ વાયુ કે જેનો અનુભવ આવે છે, તેને કોઈ પણ તત્ત્વમાં અવકાશ મળેલો હોવો જોઈએ અર્થાત્ આ વાયુને વિચરવાની મર્યાદાનું પણ કોઈ સ્થાન હોવું જોઈએ અને તે વાયુ કરતાં

પણ અતિ સૂક્ષ્મ હોવું જોઈએ તે જ આકાશ છે, એમ નક્કી સમજો. આમ આકાશ તત્ત્વ તો કેવળ બુદ્ધિથી જ કલ્પી શકાય તેવું અતિ સૂક્ષ્મ છે; આથી જો તેનો અનુભવ લેવો હોય તો પૃથ્વ્યાદિ ચારે મહાભૂતોનો નિરાસ કરવો એટલું જ એક કાર્ય કરવાનું હોય છે. અરીસાની અંદર જે જે પદાર્થોનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા હોય તે તે પદાર્થો અરીસાની સામે મૂકવાથી તેનું પ્રતિબિંબ જોઈ શકાય છે પરંતુ જો આકાશનું જ પ્રતિબિંબ જોવાની ઇચ્છા હોય તો આકાશને બીજા પદાર્થોની જેમ કાંઈ અરીસાની સામે લાવી શકાતું નથી, પરંતુ અરીસાની સામેના તમામ પદાર્થો ખસેડી લેવા એટલું જ એક કામ કરવાનું હોય છે કિંવા ઘરમાંથી બહાર ખુલ્લા મેદાનમાં અરીસાને મૂકવાથી વ્યવહારમાં જેને આકાશ કહે છે તેનું પ્રતિબિંબ બતાવી શકાય છે તેમ આકાશની જેમ આત્મા પણ ચરાચરમાં ઉપર, નીચે, અંદર, બહાર, આમ તેમ એમ બધે વ્યાપેલો હોવા છતાં મન, બુદ્ધિ, અહંકાર ઇત્યાદિ સર્વ કરતાં પણ અતિ સૂક્ષ્મ હોવાને લીધે તે કશાથી પણ લેપાતો નથી. આથી તેનો અનુભવ કરવાની ઇચ્છા હોય તેમણે શરીર, વાણી, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ઇત્યાદિ વડે થતાં કાયિક, વાચિક અને માનસિક વગેરે વિષયો સહ તમામ કર્મો તથા તેના નિશ્ચયો વગેરેનો ત્યાગ કરી વિકલ્પોથી રહિત બની તદ્દન નિઃશેષ અને શાંત થવું પડે છે, તો જ તે અનિર્વચનીય એવા આત્મપદમાં સ્થિત થઈ શકે છે. અંતઃકરણમાં હું, તું, તે, આ, મારું, તારું, મને તને ઇત્યાદિ સંકલ્પ વિકલ્પો હોય ત્યાં સુધીને માટે આત્માનો અનુભવ શી રીતે આવી શકે? આથી શાસ્ત્રકારો હું નથી, તું નથી, તે નથી, આ નથી, મારું નથી તથા મને કહેનારો નથી, ટૂંકમાં હું, મારું, તું, તારું ઇત્યાદિ કાંઈ પણ ભાવ આત્મામાં નથી; એ રીતે નાહમ્નો દૃઢ અભ્યાસ કરીને સર્વ સંકલ્પોથી રહિત થઈ નિઃશેષ એવા આત્મપદનો અનુભવ લેવો જોઈએ એમ પોકારી પોકારીને કહે છે. આ જ એક અભ્યાસનો સર્વોત્તમ પ્રકાર છે અથવા બીજો પ્રકાર એવો છે કે જેમ આકાશમાંથી વાયુ, વાયુમાંથી વહ્નિ (તેજ), તેજમાંથી જળ, જળમાંથી પૃથ્વી અને પૃથ્વીમાંથી પ્રતીત થતાં આ અનેક આકારો તથા નામરૂપાદિ જોવામાં આવે છે. એવું આ ચરાચર સ્થૂલ, સૂક્ષ્મ જગત ઉપરના ક્રમે ઉત્પન્ન થાય છે, એટલે આ બધાનું મૂળ બીજ આકાશ હોવાથી બીજાંકુર-ન્યાયાનુસાર આ બધું આકાશરૂપ જ છે એમ પણ કહી શકાય. તે વૈરાજે આ શરીરવડે જે જે ક્રિયાઓ થાય છે, મનવડે જે જે સંકલ્પો થતા પામે છે, પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી વાણી વડે જે જે કાંઈ ઉચ્ચાર થતો રહે છે, બુદ્ધિવડે જે જે કાંઈ નિશ્ચયો કરવામાં આવે છે, આંખો વડે જે જે કાંઈ જોઈ શકાય છે, ત્વચા વડે સ્પર્શાદિનો જે અનુભવ આવે છે ઇત્યાદિ હું, તું, તે, આ, મારું, તારું, મને, તને વગેરે અનેક ભિન્ન ભિન્ન નામરૂપ તથા આકારાદિરૂપે જે જે કાંઈ હર્ષ, શોક, સુખ, દુઃખ, ભય, અભય, ઇત્યાદિ દ્વન્દ્વો પ્રતીતિમાં આવતા હોય તે તમામ આત્માથી અભિન્ન એવું એકરસાત્મક આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે હું એ આત્મા જ છે, તું પણ આત્મા છે, તે પણ આત્મા જ છે, આ પણ આત્મા છે, મારું પણ આત્મા છે, તારું પણ આત્મા છે, મને પણ આત્મા છે અને તને પણ આત્મા હોઈને તે સર્વને કહેનારો તથા જાણનારો પોતે પણ આત્મા જ છે. આ રીતે સર્વત્ર એક આત્માની જ ભાવના કરી પોતે પોતાને પણ વિસરી જવું જોઈએ. આમ આત્મપ્રાપ્તિના મુખ્ય જે બે અભ્યાસક્રમો છે તે પૈકી પ્રથમ આત્માનું સાચું સ્વરૂપ સમજી લીધા બાદ તેનો અપરોક્ષ અનુભવ કેવી રીતે કરવો એની સ્પષ્ટતા માટે ભગવાને અત્રે આકાશનું દૃષ્ટાંત આપેલું છે. હવે સર્વાત્મભાવના અભ્યાસક્રમની કલ્પના જો કે ઉપર કહેવામાં આવેલી છે છતાં ક્ષેત્રક્ષેત્રજ્ઞનું સ્વરૂપ સમજાવવાની દૃષ્ટિએ સૂર્યના દૃષ્ટાંતસહ ભગવાન નીચે પ્રમાણે કહે છે.

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।

क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥३४॥

સૂર્યના દૃષ્ટાન્તવડે આત્મસ્વરૂપનો નિર્ણય

હે ભારત! જેમ એક સૂર્ય આ તમામ લોકોને પ્રકાશિત કરે છે તેમ હે પાર્થ! આ સમગ્ર ક્ષેત્રને એક ક્ષેત્રજ્ઞ જ પ્રકાશે છે. કહેવાનો આશય એ છે કે, ઉપર સર્વાત્મભાવને માટે આકાશના દૃષ્ટાંત વડે આત્મપદવિશ્રાંતિના અભ્યાસનો બીજો પ્રકાર સમજાવવામાં આવેલો છે છતાં તેની દૃષ્ટાંત સાથે ભગવાન વધુ સ્પષ્ટતા અત્રે એવી રીતે કરે છે કે જેમ એક જ સૂર્ય આખા જગતને પ્રકાશે છે તેમ એક આત્મા જ ચરાચર સર્વને પ્રકાશી રહ્યો છે. જેમ દીપકની ચોતરફ પ્રસરેલા પ્રકાશની અંદર જે જે વસ્તુઓ હોય તે જ બધી પ્રકાશિત થયેલી જોવામાં આવે છે અને પ્રકાશની બહાર એટલે જે પ્રકાશમાં નથી તેવી વસ્તુઓ જોઈ કિંવા જાણી શકાતી નથી, આથી આ સર્વ વસ્તુઓ પ્રકાશની અંદર જ ગણાય છે. હવે આ પ્રકાશ તો દીવાની જ્યોતિ વડે પડે છે, તેને પ્રકાશવાને માટે બીજા કોઈ દીવાની જરૂર હોતી નથી; તે તેથી સ્વયંપ્રકાશ છે એમ કહેવાય. વળી આ પ્રકાશિત થનારી વસ્તુઓને દીવાની બહાર ગણવી કે અંદર તેનો વિચાર કરવાથી જણાશે કે દીવો આવ્યો કે તેની સાથે પ્રકાશ પણ અનાયાસે જ આવે છે અને પ્રકાશ થયો કે તેમાં જે જે વસ્તુઓ હોય તે તમામ દેખાવાની જ એમાં તો કિંચિન્માત્ર પણ શંકા નથી. અર્થાત્ પ્રકાશક (દીવો), પ્રકાશ (સાધન) અને પ્રકાશ્ય (વસ્તુઓ) એ ત્રણે એક બીજાને છોડીને કદાપિ રહી શકતી નથી. જો ત્રણમાંથી એકનો પણ અભાવ થાય તો તે ત્રણેનો લય અનાયાસે જ થઈ જાય છે એટલે દીપકના પ્રકાશ વડે પ્રકાશમાન થતી આ વસ્તુઓ દીવાની અંદર કે બહાર છે એ કહી શકાતું નથી. કેમ કે દીવાની બહાર જો કાંઈ હોઈ શકે તો તે એક અંધારું અને તે દીવાથી તદ્દન વિરુદ્ધ ધર્મનું હોવાથી તેનું અસ્તિત્વ કદાપિ પ્રકાશિત થઈ શકે જ નહિ, એટલે પ્રકાશિત થનારી તમામ પ્રકાશ્ય વસ્તુઓ દીવાની બહાર છે એમ કાંઈ સિદ્ધ થઈ શકતું નથી. કદાચ કોઈ કહે કે, આ બધી પ્રકાશ્ય વસ્તુઓ દીવાની જ્યોતિની બહાર છે, તો જ્યોત એ પોતે પણ દીવાની બહાર હોઈ તે પ્રકાશરૂપ જ છે. આથી જો તે પોતે જ બહાર છે તો તે બીજાને બહાર કહેવાનું કારણ શી રીતે બને અને આમ કહેવું એ તો તર્કશાસ્ત્રના નિયમ વિરુદ્ધ ગણાશે. અર્થાત્ આ બહાર અને અંદર એવા ભેદાભેદો નિરર્થક જ ઠરે છે. હવે પ્રકાશની અંદર પ્રકાશનારા સઘળા પદાર્થો પ્રકાશની બહારના છે એમ જો કહેવામાં આવે તો તે પણ મોટી મૂર્ખતા જ ગણાશે. કેમ કે પ્રકાશની બહાર તો ફક્ત તેથી વિરુદ્ધ ધર્મવાળું એક અંધારું જ હોઈ, તે પ્રકાશમાં કદી પણ રહી શકતું નથી, જે ઉપર કહેલું જ છે. એ ન્યાયે આ સર્વ પદાર્થો પ્રકાશની બહાર એટલે તે કરતાં વિરુદ્ધ ધર્મના છે એમ જો કહીએ તો તે યોગ્ય ગણાશે નહિ; સિવાય આ અનેક વસ્તુઓને પ્રકાશિત કરવાને માટે તે દરેક વસ્તુ દીઠ કાંઈ જુદા જુદા દીવાઓ હોતા નથી પરંતુ અનેક વસ્તુઓને પ્રકટ કરવાને માટે એક જ દીવો હોઈ તેમાં જ અનેકવિધ પદાર્થો પ્રકાશિત થાય છે. તસ્માત્ આ બધું પ્રકાશની અંદર છે, એટલું જ નહિ પણ પ્રકાશથી ભિન્ન ધર્મનું નહિ પણ પ્રકાશરૂપ જ છે. અર્થાત્ તે તમામ પ્રકાશ ધર્મવાળું છે એમ સિદ્ધ થાય છે; તેથી ભગવાને અત્રે સૂર્યનું દૃષ્ટાંત આપીને કહેલું છે કે સ્વયંપ્રકાશ એવો એક આત્મા (શ્લોકાંક ૧) પોતે જ ક્ષેત્રજ્ઞ એટલે દ્રષ્ટા કિંવા સાક્ષી (શ્લોકાંક ૨) રૂપે બની જેમાં અનેક પ્રકારના ચિત્રવિચિત્ર ભાસો ભાસી રહ્યા છે, એવા ક્ષેત્ર કિંવા પ્રકૃતિ અથવા માયાને તેના કાર્ય (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) સહ પ્રકાશિત કરે છે, એમ પ્રતીત થાય છે ખરું, પરંતુ વાસ્તવમાં તો તે સર્વ આત્માથી અભિન્ન એવું એકરસાત્મક બ્રહ્મ જ છે, એમ જે નિશ્ચયાત્મક સમજે છે તે જ ખરો જ્ઞાતા છે એમ જાણવું. જ્ઞાનચક્ષુ તે આનું નામ.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।

भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥३५॥

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ જાણનારો પરમપદને પામે છે

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે કે: ઉપર કહેવામાં આવ્યાં તે પ્રમાણેનાં જ્ઞાનચક્ષુ વડે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના અંતર એટલે ભેદ કિંવા રહસ્યને જેઓ જાણે છે તથા જ્યાં સર્વ ભૂતોનાં આદિકારણરૂપ એવી પ્રકૃતિ

(વૃક્ષાંક ૩) નો પણ મોક્ષ થાય છે એટલે આ પ્રકૃતિનું અસ્તિત્વ પણ જ્યાં છે જ નહિ, અર્થાત્ જ્યાં પ્રકૃતિનો જ અત્યંત અભાવ છે એવું જે વિવેક દૃષ્ટિ વડે જાણે છે, તેઓ પરમપદને એટલે પરમબ્રહ્મ પરમાત્માને પામે છે. અત્રે કહેવામાં આવેલા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ તથા પ્રકૃતિ અને પુરુષ એ બંનેમાં વાસ્તવિક ભેદ બિલકુલ નથી, છતાં જો તેનો ભેદદૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો આ બંનેમાં ભેદ ફક્ત એટલો જ છે કે ક્ષેત્ર ક્ષેત્રજ્ઞની દૃષ્ટિના આશ્રયે જે સમજાવેલું હોય છે તેનો ઉદ્દેશ આ ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ બંને એક આત્મસ્વરૂપ જ છે, આત્માથી ભિન્ન નથી એવા સર્વોત્તમભાવની સિદ્ધતા પૂરતો જ છે તથા પ્રકૃતિપુરુષના વિવેકની દૃષ્ટિએ જે સમજાવેલું છે તેમાં પ્રકૃતિ તથા તેનું તમામ કાર્ય નાશવંત હોઈ અવિનાશી એવો આત્મા જ એક સત્ય છે; તેનો સંબંધ પ્રકૃતિ કિંવા તેના કાર્યની સાથે કિંચિન્માત્ર પણ નથી, એવી રીતનો વિવેક કરી આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે નિઃશેષભાવની સિદ્ધતા કરેલી છે. આ રીતનો ભેદ અજ્ઞાનીઓને સમજાવવાની દૃષ્ટિએ આકાશ અને સૂર્યના ઉદાહરણ સાથે આ અધ્યાયમાં ભગવાને સ્પષ્ટ કહેલો છે; પરંતુ વાસ્તવિક તો એ બંને દૃષ્ટિઓનો આશય અનિર્વચનીય આત્મપદની સિદ્ધતાને માટે યુક્તિ પૂરતો જ છે એમ જાણવું.

અધ્યાય ૧૪

श्रीभगवानुवाच—

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।

यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१॥

પરમોત્તમ જ્ઞાન ફરીથી કહું છું

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે અર્જુન ! તારી દૃઢતાને માટે જ્ઞાનોમાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ એવું જ્ઞાન હું તને ફરીથી કહીશ. જે જાણીને સર્વે મુનિઓ અહીંથી એટલે આ દૃશ્યના મોહપાશમાંથી છૂટીને પરમસિદ્ધિ અર્થાત્ નિર્વાણપદને પામ્યા છે. સારાંશ, જ્ઞાનોથી શ્રેષ્ઠ જ્ઞાન કે જે, જાણ્યા પછી આગળ કાંઈ જાણવાપણું રહેતું જ નથી એવું પરમોચ્ચ જ્ઞાન હું તને તારી દૃઢતાને માટે ફરીથી કહું છું તે તું સાંભળ, એમ ભગવાને અર્જુન પ્રતિ કહેલું છે. આ પરમજ્ઞાન જાણવાથી જ મુનિઓ આ મિથ્યા એવી મોહમયી દૃશ્યજાળમાંથી છૂટીને પરમ કૈવલ્યપદને પામ્યા છે.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।

सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥२॥

ઉત્પત્તિ તથા લયને કોણ પામતા નથી ?

આ પરમોચ્ચ જ્ઞાન કે જે પૂર્વે કહેવામાં આવ્યું છે તથા હવે પછી કહેવામાં આવશે તે જ્ઞાનનો આશ્રય કરનારા વા અભ્યાસો મારા "साधर्म्यमागताः" એટલે આત્મસ્વરૂપ એવા મારા જેવા સમભાવને પામે છે અર્થાત્ મારી સાથે જ એકરૂપ (તદાકાર) બની જાય છે. આથી જેમ હું અજન્મા છું, તેમ તેઓ પણ મારા જેવા જ બની આ સર્ગમાં એટલે માયાના ત્રણ ગુણો વડે ઉત્પન્ન થયેલી સૃષ્ટિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)માં કદી ઉત્પન્ન પણ થતા નથી અને પ્રલયમાં નષ્ટ પણ થતા નથી. તાત્પર્ય કે જેઓ આ અત્યંત ઉચ્ચ

કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈ હંમેશાં તેનો જ આશ્રય કરીને રહેલા હોય છે એટલે જેઓ આત્માનું પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી લીધા પછી તેનો આશ્રય લઈ અભ્યાસદ્વારા અપરોક્ષાનુભવને માટે તેમાં જ ઐક્ય થવાનો હરહંમેશ પ્રયત્ન કરે છે તેઓ અંતે આત્મસ્વરૂપમાં જ તદાકાર બની જાય છે. અર્થાત્ કેવળ એક આત્મસ્વરૂપ જ બની જાય છે, કે જે આત્મા આ મિથ્યા પ્રકૃતિના ગુણો વડે ઉત્પન્ન થતી સર્ગપરંપરા એટલે સૃષ્ટિની ઉત્પત્તિમાં કદી ઉત્પન્ન થતો નથી અને લયને પણ પામતો નથી. ટૂંકમાં, આ જ્ઞાતના આશ્રયીઓ પણ આત્માની જેમ અજન્મા જ બની જાય છે કેમકે આત્મામાં કદી ઉત્પત્તિ કિંવા લયાદિનો અંશ પણ સ્પર્શી શકતો નથી.

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।

सम्भवः सर्वभूतानां ततो भवति भारत ॥३॥

મહદ્ બ્રહ્મ એ મારી યોનિ કેમ ?

આત્મસ્વરૂપ એવો જે હું (વૃક્ષાંક ૧) તે મારી યોનિ એટલે પ્રકૃતિ(વૃક્ષાંક ૩) છે. જે ત્રણ ગુણો વડે મહદ્બ્રહ્મ અર્થાત્ મહદાદિ કે જે વાસ્તવિક રીતે તો બ્રહ્મરૂપ જ છે તે વડે ધારણ કરાયેલી છે. એટલે વસ્તુતઃ બ્રહ્મરૂપ એવી મારી યોનિમાં પ્રથમ 'હું' રૂપ (વૃક્ષાંક ૩) એવા ગર્ભને આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧) એવો હું જ ઈશ્વરરૂપ એવા શુદ્ધ હું (વૃક્ષાંક ૨) વડે ધારણ કરું છું. હે ભારત! આ તમામ ભૂતોની ઉત્પત્તિ તે આત્મ-સ્વરૂપ એવા મારા આ "હું"રૂપ ગર્ભ (વૃક્ષાંક ૩) વડે જ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે આમાં ઘણું જ ગૂઢ રહસ્ય કર્યું છે. તેમના કથનનો ઉદ્દેશ એવો છે કે, હું તો વાસ્તવિક બ્રહ્મ કિંવા આત્મા (વૃક્ષાંક ૧) જ છે બ્રહ્મરૂપ એવા મારી ઉત્પત્તિ કદી પણ સંભવતી નથી; છતાં કોઈ કહેશે કે, આ બધી જગતાદિ દૃશ્યજાળ તો પ્રત્યક્ષ પ્રતીત થાય છે તો તેવા અજ્ઞાનીઓને માટે હું કહું છું કે આ જે કંઈ મિથ્યા દૃશ્યજાળ પ્રતીત થયેલી જોવામાં આવે છે તે તમામ હું કે જે બ્રહ્મ છે તેવા મારા બ્રહ્મરૂપથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી; તે સર્વની ઉત્પત્તિ બ્રહ્મમાંથી જ થયેલી છે અર્થાત્ આત્મસ્વરૂપ એવો હું જ ઈશ્વર કિંવા શુદ્ધ હું (વૃક્ષાંક ૨) રૂપે અપ્રકટ વા સૂક્ષ્મરૂપે રહી બ્રહ્મરૂપે એવી મારી યોનિ એટલે પ્રકૃતિ, માયા કિંવા પ્રતિબિંબિત હું (વૃક્ષાંક ૩) રૂપે પ્રથમ સંભવું છું, તથા પછી પ્રતિબિંબિત સ્ફુરણારૂપે બનેલા હું હું એવા આ ગર્ભને એટલે યોનિ કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) ને ઈશ્વરસ્વરૂપ એવો શુદ્ધ હું જ ધારણ કરું છું એટલે કે, આત્મા તો તદ્દન અસંગ અને અજન્મા છે તેમાં આ હું એવી સ્ફુરણાનો અંશ પણ નથી. તે પોતે પોતામાં જ હું એવા શુદ્ધ સ્વરૂપે પ્રથમ અપ્રકટરૂપે હોય છે. જેને સર્વ દૃશ્યાદિનો સાક્ષી, દ્રષ્ટા કિંવા ઈશ્વર એમ શાસ્ત્રોમાં કહેવામાં આવેલું છે તે પણ વાસ્તવિક બ્રહ્મરૂપ જ છે. આ રીતે અપ્રકટ એવો ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતે પોતાની ઈક્ષણરૂપ કાળશક્તિરૂપે બની એટલે જેમ વ્યવહારમાં કોઈ કામ હું કેવળ આ કાર્યનો દ્રષ્ટા છું એવી દ્રષ્ટાપણાની ભાવના વડે જ અર્થાત્ ક્રિયા કર્યા સિવાય કેવળ નેત્રના ઇશારાથી જ કરવામાં આવે છે તે પ્રમાણે આ ઈશ્વર પોતે પોતાની કાળરૂપ ઈક્ષિણ વા દ્રષ્ટૃત્વશક્તિ વડે જ પોતે પોતાનામાં અપ્રકટ રહેલા શુદ્ધ 'હું'માં જ "હું" "હું" એવી પ્રકટ સ્ફુરણારૂપે અર્થાત્ હું એવા પ્રતિબિંબરૂપે તે જાણે બહાર હોય એવી રીતે પ્રકટ કરે છે. જેમ કરોળિયો પોતામાંથી ઉત્પન્ન થયેલી લાળ થકી જાળું બનાવે છે તથા રમત પૂરી થયે વળી પાછું તેને પોતે પોતામાં જ સમેટી લે છે, તે પ્રમાણે આ શુદ્ધ હું સ્વરૂપ એવો ઈશ્વર અથવા ક્ષરપુરુષ (વૃક્ષાંક ૨) પોતે પોતામાં પોતાની ઈક્ષણરૂપ કાળશક્તિ વડે "હું" "હું" (વૃક્ષાંક ૩) એવી સ્ફુરણારૂપે પ્રકટ થાય છે. આમ તેનું "હું" "હું" રૂપે પ્રથમ પ્રકટ થવાનું જે આદ્ય સ્થાન તે જ તેની યોનિ, પ્રકૃતિ, માયા કિંવા અવિદ્યા સમજો (વૃક્ષાંક ૩ જુઓ), આથી તેને એટલે ઈશ્વરને પોતાને શુદ્ધ હું (વૃક્ષાંક ૨) તથા તેના સ્ફુરણરૂપ આ બીજા અશુદ્ધ

"હું" (વૃક્ષાંક ૩) ને મારું એવું નામ પ્રાપ્ત થયું છે. આમ વાસ્તવિક બ્રહ્મરૂપ હોવા છતાં પરમાત્મા પોતામાં જ પ્રથમ દ્વૈતરૂપે પ્રકટ થયો. વસ્તુતઃ આ રીતનો તેનો ઉત્પત્તિક્રમ છે છતાં જ્યાં સુધી હું હું એવી પ્રતિબિંબરૂપ સ્ફુરણા (વૃક્ષાંક ૩) બહાર પ્રકટ થતી નથી ત્યાંસુધી તેને પોતાને જાણનારો કોઈ હશે એવી કલ્પના પણ ક્યાંથી થઈ શકે? અર્થાત્ કલ્પના કરવાવાળાની જ જ્યાં ઉત્પત્તિ નથી તો પછી કલ્પનાથી પર કોઈકે હશે એ સંબંધે વિચાર કરવાપણું પણ ક્યાં રહ્યું અને કોણ કરે? જેમ વીજળીનો દીવો જ્યાં સુધી પ્રકાશિત ન થાય ત્યાં સુધી વિદ્યુત્ઘરમાં વીજળી છે તેની ખાતરી શું? તે તો જ્યારે દીવો પ્રકાશમાન થાય ત્યારે જ જાણી શકાય છે કે વિદ્યુતઘરમાં પ્રકાશનો જથ્થો જરૂર હોવો જ જોઈએ; આમ તે દીવાનું પ્રાકટ્ય થયા પછી જ અનુમાન વડે સિદ્ધ કરી શકાય છે, પ્રત્યક્ષ જોઈ શકાય એવો તો દીપકનો પ્રકાશ જ હોય છે; તે પ્રમાણે જ્યાં સુધી આ "હું" "હું" એવી સ્ફુરણા સ્ફુરીને બહાર નહિ પ્રકટે ત્યાં સુધી તે હું ને કહેનારો કોઈ છે એમ પણ સિદ્ધ થઈ શકે નહિ તેથી ઈશ્વરરૂપ શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) નું પોતાની જ દ્રષ્ટાભાવરૂપ (ઈક્ષણ) શક્તિ વડે જે "હું" એવા સ્ફુરણનું આદ્ય સ્થાન છે તે જ યોનિ, માયા કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) કહેવાય, તેથી આ યોનિ કિંવા પ્રકૃતિ તે જ શુદ્ધ "હું" નું પ્રથમનું પ્રતિબિંબ, એવી તેને સંજ્ઞા છે (વૃક્ષાંક ૩ જુઓ). આથી ભગવાને અત્રે આત્મભાવ (વૃક્ષાંક ૧) માં સ્થિર રહીને કહ્યું છે કે, મારી યોનિ યાને પ્રકૃતિમાં "હું" એવા ગર્ભને હું જ ધારણ કરું છું. તે જ મારું ગર્ભનું સ્થાનક છે. આ માયા વા પ્રકૃતિ "હું" "હું" એવા વિસ્તારને પામ્યા બાદ તેમાંથી સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણોનો ક્ષોભ થાય છે, પછી તે ત્રણે ગુણોના સમાંમશ્રણવાળી અવ્યક્તપ્રકૃતિ (વૃક્ષાંક ૪) રૂપે બને છે, ત્યાર પછી તે આ ત્રણ ગુણોના અંશ સહ ક્રિયા અને જ્ઞાનશક્તિના સમમિશ્રણવાળી અર્ધનારીનટેશ્વર(વૃક્ષાંક ૫)રૂપે બને છે, પશ્ચાત્ સર્વ ભૂતમાત્રોમાં સૂત્રરૂપે રહેલા સૂત્રાત્મારૂપ મહાપ્રાણ કિંવા જીવભાવ (વૃક્ષાંક ૬) સ્વરૂપે તે જ પ્રકટ થાય છે અને પછી મહત, અહંકાર, ચિત્ત,બુદ્ધિ મન, હિરણ્યગર્ભ, બ્રહ્મદેવ તથા બ્રહ્માંડ (વૃક્ષાંક ૭ થી ૧૪) એ ક્રમે વિસ્તારને પામી ત્યારબાદ બ્રહ્માંડની અંદર આવેલા ચૌદ લોક (વૃક્ષાંક ૧૫ થી ૧૫ ઘ) રૂપે બની સર્વત્ર સ્થૂલ સ્વરૂપે પ્રતીતિમાં આવે છે. એ રીતે આત્માજ પોતે પોતામાં કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ ઇત્યાદિ રૂપે ક્રમે ક્રમે વિવર્તભાવને પામે છે. આ મુજબ બ્રહ્મરૂપ એવી આ પ્રકૃતિનો મહદાદિરૂપે થયેલો જે વિસ્તાર તે સર્વ વાસ્તવિક રીતે તો બ્રહ્મરૂપ જ છે, બ્રહ્મથી ભિન્ન કોઈ છે જ નહિ, એવો ભાવ જતાવવાના ઉદ્દેશથી ભગવાને કહ્યું છે કે, મહત્તત્ત્વાદિના વિસ્તારવાળી જે મારી આ યોનિ કિંવા પ્રકૃતિ છે તે પણ વાસ્તવિક બ્રહ્મરૂપ જ છે. સંક્ષેપમાં આ બધું બ્રહ્મનું જ અપર કિંવા વિરાટ સ્વરૂપ છે અને તે બ્રહ્મથી કિંચિત્ અંશે પણ ભિન્ન નથી. એવો ભાવ દર્શાવવાને માટે ભગવાને અત્રે કહ્યું છે કે આ મહદાદિરૂપે પ્રતીત થતી મારી યોનિ વસ્તુતઃ બ્રહ્મરૂપ જ છે. તેમાં બ્રહ્મરૂપ એવો હું જ બ્રહ્મરૂપ એવા "હું" "હું" રૂપ ગર્ભને મૂકું છું, જે વાસ્તવિક આત્મસ્વરૂપ છે. આત્મસ્વરૂપ એવા "હું" વડે જ આ સર્વ ચરાચરની ઉત્પત્તિ થાય છે અને તે જ સર્વની ઉત્પત્તિ અને લયરૂપ છે (પ્રકૃતિનો વિસ્તાર કેવી રીતે થયો તે જાણવાની વિશેષ ઇચ્છા હોય તો કિરણાંશ ૩૬ થી ૪૧ તથા અધ્યાય ૨-૩-૪ અને ૭-૮-૯ જુઓ).

મહત્ બ્રહ્મ એ જ વિરાટ કિંવા અપર સ્વરૂપ છે

આ વિવેચન ઉપરથી જાણી શકાશે કે, માતા તે યજ્ઞરૂપ બાળકને જન્મ આપશે, ઇત્યાદિ પ્રકારના શ્રુતિશાસ્ત્રોમાં જે વર્ણનો આવે છે તે શ્રુતિકથનનો ઉદ્દેશ પણ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થાય છે. અનિર્વચનીય એવું બ્રહ્મ (વૃક્ષાંક ૧) પોતે જ પ્રથમ શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) રૂપે અપ્રકટ હોય છે, પણ તે જ્યારે આ પ્રકૃતિરૂપ "હું" "હું" એવાં સ્ફુરણ (વૃક્ષાંક ૩) રૂપે પ્રકટ થવા પામે છે, ત્યારે જ તે લક્ષ્યાર્થ વડે સમજી શકાય છે, કે આ "હું" "હું" એવું કહેનારો તેનો બીજો કોઈ સાક્ષી જરૂર છે અને એ સાક્ષી એટલે યજ્ઞપુરુષ (વૃક્ષાંક ૨) પોતે સ્વતઃસિદ્ધ એવા આત્મરૂપ (વૃક્ષાંક ૧) હોવા છતાં પણ પ્રકૃતિ કે જે ચરાચર જગતની માતા કહેવાય છે તેની ઉત્પત્તિ થયા પછી જ જાણી શકાય તેવો છે. કેમકે આ પ્રકૃતિરૂપ

"હું" ને જાણનારો તેનો સાક્ષી તો જરૂર કોઈ છે અને તે સૂક્ષ્મ હોવાથી અપ્રકટ છે. તેનું જ્ઞાન લક્ષ્યાર્થથી જ થવા પામે છે. આ રીતે તેનું જે જ્ઞાન થવું એ જ માતા પછી બાળકની ઉત્પત્તિ થઈ એમ જાણવું. આ મુજબ તેની ઉત્પત્તિ તે જ તેના અવભૃથ અર્થાત્ મરણરૂપ વા ક્ષરરૂપ છે, કેમ કે આ સર્વ પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) નાશવંત છે તેથી તેનો વિલય થતાંની સાથે જ તેનો સાક્ષી જે આ ક્ષરપુરુષ (શ્લોકાંક ૨) છે તેનો પણ વિલય અનાયાસે જ થઈ જાય છે. કારણ કે, આ ક્ષર પુરુષ તથા પ્રકૃતિ બંને પરસ્પર મનુષ્ય અને તેની છાયાની પેઠે એક બીજા સાથે સંકળાયેલાં હોય છે, તેથી તેઓ એકબીજાને છોડીને કદાપિ રહી શકતાં નથી. તાત્પર્ય કે, સર્વ દૃશ્યસૃષ્ટિની આદિ માતા આ પ્રકૃતિ (શ્લોકાંક ૩) જ છે. તે અને તેનું સૂક્ષ્મ તથા સ્થૂલ કાર્ય, એ બધું મળીને બ્રહ્મનું વિરાટરૂપ કહેવાય છે. બ્રહ્મદેવે ઉત્પન્ન કરેલી આ સ્થૂલ એવી બ્રહ્માંડરૂપ કાર્યસૃષ્ટિ (શ્લોકાંક ૧૪ થી ૧૫ ઘ) ને સમષ્ટિ કહેવામાં આવે છે. આ સમષ્ટિરૂપ કાર્યસૃષ્ટિ (શ્લોકાંક ૧૪ થી ૧૫ ઘ) તથા મહદાદિ કારણતત્ત્વો વડે જેનો વિસ્તાર થવા પામેલો છે, એવી કારણસૃષ્ટિ (શ્લોકાંક ૬ થી ૧૩) તેમ જ મહાકારણસૃષ્ટિ (શ્લોકાંક ૩ થી ૫) એ ત્રણે સૃષ્ટિઓ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) મળીને દૃશ્યસૃષ્ટિ કહેવાય છે અને તેને જ બ્રહ્મ વા પરમાત્માનું વિરાટ યા અપર સ્વરૂપ કહે છે તથા તે કરતાં પર એટલે અનિર્વચનીય એવું આત્મસ્વરૂપ (શ્લોકાંક ૧) તે બ્રહ્મ વા પરમાત્માનું પર સ્વરૂપ છે. આ અપર સ્વરૂપ પણ બ્રહ્મથી અભિન્ન જ છે. આ રીતે વાસ્તવિક બ્રહ્મરૂપ એવું જે આ મહત્ (વિરાટ) બ્રહ્મ એ મારી યોનિ અર્થાત્ પ્રકૃતિ છે, એમ અત્રે ભગવાને વર્ણવેલું છે (આ સંબંધે વધુ સ્પષ્ટતાને માટે અધ્યાય ૯, શ્લોક ૧૬, પૃષ્ઠ ૪૯૯ તથા છાં૦ ઉ૦ પ્રપા૦ ૩, ખંડ ૧૭, મંત્ર ૫-૬ કારિકા સહિત જુઓ).

सर्वयोनिषु कौन्तेय मूर्तयः सम्भवन्ति याः ।

तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥

પ્રકૃતિનો પણ બીજપ્રદ પિતા હું છું

હે કૌંતેય! સર્વ યોનિઓમાં જે કાંઈ મૂર્ત એટલે દૃશ્ય કિંવા પ્રકટભાવ સંભવે છે, અર્થાત્ ઉત્પન્ન થતો ભાસે છે અગર જોવામાં આવે છે, તે તમામનું મૂળ બ્રહ્મરૂપ એવી આ મહત્યોનિ અથવા પ્રકૃતિ હોઈ તેનો બીજપ્રદ એટલે બીજરૂપ એવો પિતા હું જ છું. તાત્પર્ય એ કે, આ અહંમમાદિરૂપે જે જે કાંઈ પ્રકટ થયેલું દૃશ્ય (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) પ્રતીતિમાં આવે છે તે તમામનું આદિ કારણ અથવા મૂળ વાસ્તવિક રીતે બ્રહ્મરૂપ એવી આ મારી મહત્યોનિ યાને પ્રકૃતિ જ છે. તે સર્વદૃશ્યભાવનું આદિકારણ હોવાને લીધે તેને આદિમાતા પણ કહે છે અને તે પણ વસ્તુતઃ તો બ્રહ્મસ્વરૂપ જ છે. શ્રુતિ શાસ્ત્રકારો બ્રહ્મના આ સ્વરૂપને જ અપરસ્વરૂપ કહે છે અને પુરાણાદિકો આનું જ વિરાટસ્વરૂપે વર્ણન કરે છે, જે વખતોવખત જણાવેલું છે. આ મુજબ સર્વ દૃશ્યાદિનું મૂળ અથવા આદિકારણ આ બ્રહ્મરૂપ એવી મારી મહત્ પ્રકૃતિ છે, પરંતુ હું તો તેનો પણ બીજપ્રદ અર્થાત્ મહત્ પ્રકૃતિનો પણ બીજરૂપ એટલે મૂળ પ્રેરક એવો પિતા અર્થાત્ ઈશ્વર (શ્લોકાંક ૨) છું, કે જે હું પણ વાસ્તવિક રીતે તો અવ્યય, અગોચર તથા અનિર્વચનીય એવો આત્મા (શ્લોકાંક ૧) જ છે.

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ।

निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥५॥

દેહીને પ્રકૃતિવડે થતું બંધન

હે મહાબાહો! દેહમાં રહેલા અવ્યય અર્થાત્ અવિનાશી એવા દેહીને પ્રકૃતિવડે ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોથી બંધન થાય છે. ઉદ્દેશ એ કે, જેમ આકાશ ઘરમાં તથા ઘરની આજુબાજુ સર્વત્ર વ્યાપેલું હોવા છતાં પણ તદ્દન અસંગ અને નિર્વિકાર હોય છે, છતાં તેના પર ઘરની ઉપાધિને લીધે આ તો મહાકાશ છે એવા પ્રકારે મર્યાદિતપણાનો અને વિકારીપણાનો આરોપ કરે છે તેમ આત્મા વસ્તુતઃ અવ્યય અને અવિકારી હોવા છતાં આ પ્રકૃતિવડે ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોને લીધે પોતે જાણે આ પ્રકૃતિની ઉપાધિ વડે બંધાઈ ગયો ન હોય તેમ જણાય છે. ભગવાન કહે છેઃ હે પાર્થ! નિર્મળ આત્માને બંધન નહિ હોવા છતાં જાણે પ્રકૃતિના આ ત્રણ ગુણો તેને જ બંધનકર્તા ન હોય એમ અજ્ઞાનીઓની દૃષ્ટિએ ભાસે છે, એમ જે તને કહેવામાં આવ્યું છે, તો હવે તે અજ્ઞાનીઓની દૃષ્ટિએ કયા ગુણો કોને કેવી રીતે બંધન કરે છે તે કહું છું (પ્રકૃતિના ત્રણ ગુણો તથા તેના વિસ્તારના વિવેચન માટે અધ્યાય ૨, ૩, ૭, ૮, ૯ અને ૧૮ જુઓ).

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ॥૬॥

સત્ત્વગુણ વડે દેહીને કેવી રીતે બંધન થાય છે?

હે નિષ્પાપ અર્જુન! ત્રણ ગુણો પૈકી સત્ત્વગુણ કે જે નિર્મળપણાને લીધે દુઃખથી રહિત અને સર્વનો પ્રકાશક છે, તે સુખના અને જ્ઞાનના સંગવડે અનિર્વચનીય એવા દેહીને બંધન કરે છે; એટલે આ પ્રકૃતિથી ઉપજેલો સત્ત્વગુણ, નિર્મળપણાને લીધે જાણે બીજું ચૈતન્ય કિંવા આત્મા જ ન હોય, તેવું આત્મપ્રતિબિંબ પોતામાં ગ્રહણ કરવાને શક્તિમાન હોય છે, અર્થાત્ આ સત્ત્વગુણ એટલે મૂર્તિમંત એવું આ આત્માનું પ્રતિબિંબ હોય તેમ ભાસે છે. આમ સર્વનો પ્રકાશક અને અનામય એટલે કોઈપણ પ્રકારના વિક્ષેપ કિંવા દુઃખથી રહિત, એવા નિર્મળરૂપે ભાસવું એ સત્ત્વગુણનું લક્ષણ છે. તાત્પર્ય કે, આ સત્ત્વગુણ દેહીને જાણે પોતે બીજો આત્મા જ ન હોય એવી રીતે ભ્રમ કરાવે છે, તેથી વાસ્તવિક અલિપ્ત એવો આ દેહી પોતાને હું જ્ઞાની છું, હું સુખી છું, હું કોઈપણ પ્રકારના વિક્ષેપ વિનાનો છું, હું બધું સમજું છું, એમ સમજીને તેમાં આસક્ત થાય છે પરંતુ આ તો પ્રકૃતિના સાત્ત્વિક અહંકારનું લક્ષણ છે, એમ તેના લક્ષ્યમાં પણ આવતું નથી, આથી તે દેહીને સુખ અને જ્ઞાનના સંગ કિંવા અહંકાર વડે બંધનમાં નાખે છે.

रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ॥૭॥

રજોગુણ વડે કર્મસંગથી દેહીને થતું બંધન

હે કૌંતેય! પ્રકૃતિવડે ઉત્પન્ન થનારો રજોગુણ રાગાત્મક એટલે કામની આસક્તિવાળો તથા તૃષ્ણાઓમાં સંગ ઉત્પન્ન કરનારો હોઈ તે દેહીને કર્મના સંગવડે બંધન કરે છે. એટલે કે, મારી આ ફરજ છે, મારું આ કર્તવ્ય છે, મારે આ કામ કરવાનું છે, તે કરવાનું છે, આજે આ કર્યું, કાલે તે કરીશ, મારા સિવાય આ બધું કોણ કરશે? ઇત્યાદિ અનેક કામનાઓ અને તૃષ્ણાઓથી વ્યાકુળ બનાવી તેમાં જ રંગાવી દેવું એ રજોગુણનું કાર્ય છે. તે વડે આ દેહીને અનેક કર્મોમાં પ્રવૃત્ત કરીને તેને પોતે કર્મની જાળ વડે બાંધી દે છે અને સંસારમાં જ રચ્યો પચ્યો રાખે છે. આવી રીતની માન્યતારૂપ અહંકાર વડે આ વાસ્તવિક અલિપ્ત જેવો દેહી રજોગુણવડે બંધનને પામે છે.

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।

प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥૮॥

દેહીને તમવડે ઉત્પન્ન થતું બંધન

હે ભારત! વળી તમોગુણ તો અજ્ઞાનવડે ઉત્પન્ન થયેલો હોઈ સર્વને મોહ પમાડનારો છે એમ જાણ. સર્વ દેહીઓને પ્રમાદ, આળસ અને નિદ્રાવડે તે બંધન કરે છે એટલે તમોગુણનું સ્વરૂપ તો અજ્ઞાન જ છે. અજ્ઞાનવડે સર્વ પ્રાણીમાત્રને નશામાં ચકચૂર કરીને વિષયોની પ્રાપ્તિમાં જ દોરવવા તથા કદીપણ સ્વરૂપનું જ્ઞાન થવા પામે નહિ એવી દક્ષતા રાખવી એટલે આ તમોગુણ સારું શું અને ખોટું શું એનો કદી વિવેક જ ઉત્પન્ન થવા દેતો નથી. અર્થાત્ અભિમ એવા દેહીને સુખનો માર્ગ નહિ બતાવતાં, એક કરતાં એક, એમ કમે વધુ ને વધુ વિષયરૂપ નશામાં ચકચૂર બનાવી અનેકવિધ સાંસારિક દુઃખભોગોમાં નાખવા, એ જ આ તમોગુણનું કાર્ય છે. તે દેહીને વિષયી, પ્રમાદી, સ્વચ્છંદી, આળસુ અને નશામાં ચકચૂર હોય તેવો બનાવી દે છે. તેવો મનુષ્ય ઘોર નિદ્રામાં જ સુખ સમજે છે. આ રીતે મોહ ઉત્પન્ન કરનારો અને અજ્ઞાનથી જેની ઉત્પત્તિ થવા પામેલો છે એવો તમોગુણ પ્રમાદ, આળસ અને નિદ્રા વડે દેહીને મિથ્યા અભિમાનમાં નાખી તે વડે બંધન ઉત્પન્ન કરે છે.

सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ।

ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ॥૯॥

દેહીનું સત્ત્વ, રજ અને તમવડે બંધાવું

હે ભારત! આમ સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં પ્રવૃત્ત કરે છે તથા તમોગુણ જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદાદિમાં જ જોડે છે. તાત્પર્ય એ કે, સુખ મળશે એવી અભિલાષાવડે દેહીને સત્ત્વગુણ બંધનમાં બાંધી લે છે. આ કર્યું, આ કરવું છે, આ કરીશ, મારું અમુક કર્તવ્ય છે, અમુક કર્તવ્ય બાકી છે, અમુક કર્તવ્ય હું કરી રહ્યો છું ઇત્યાદિ કર્મના પાશવડે રજોગુણ દેહીને બંધનમાં ફસાવે છે તથા તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈ એટલે સૂર્ય જેમ વાદળાંઓથી ઢંકાઈ જાય તેમ જ્ઞાનને આવૃત્ત કરી દે છે તથા અજ્ઞાન વડે મોહ ઉત્પન્ન કરી પ્રમાદ અને આળસ વડે દેહીને બંધનયુક્ત કરી દે છે, એટલે દેખતો છતાં આંધળાની જેમ કરી મૂકે છે.

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।

रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥૧૦॥

શુદ્ધ સત્ત્વ, રજ અને તમોગુણ કોને કહે છે?

હે ભારત! રજ અને તમોગુણનો પરાભવ કરીને સત્ત્વગુણ પ્રબળ થાય છે તેમ જ સત્ત્વગુણ તથા તમોગુણનો પરાભવ કરીને રજોગુણ તથા સત્ત્વ અને રજનો પરાભવ કરીને તમોગુણ પ્રબળ થાય છે. એટલે રજોગુણ તથા તમોગુણ ઉપર તિરસ્કારની ભાવના કરવાથી તે બંનેનો ત્યાગ થઈ સત્ત્વગુણનું પ્રમાણ વિશેષ રહે છે, તે જ પ્રમાણે સત્ત્વ અને તમોગુણનો તિરસ્કાર કરવાથી રજોગુણ અને સત્ત્વ તથા રજોગુણનો તિરસ્કાર કરવાથી તમોગુણનું પ્રમાણ વિશેષ રહે છે. અર્થાત્ પોતાને છોડી બીજા બે ગુણોનો નિરાસ થાય તો જ શુદ્ધ એવા સત્ત્વ, રજ કે તમોગુણનું પ્રમાણ વધુ રહી શકે છે. આમ શુદ્ધ સત્ત્વ, રજ અને તમોગુણ કોને કહેવા તે સમજાવવામાં આવ્યું છે, હવે તેને ઓળખવાનાં ચિન્હો સંબંધે કહું છું.

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।

ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥

સત્ત્વગુણના ઉદયનાં લક્ષણો

દેહમાંના સર્વ દ્વારોમાં જ્યારે સર્વ બાજુએથી જ્ઞાનરૂપ પ્રકાશનો જ ઉદય થાય છે ત્યારે શુદ્ધ સત્ત્વગુણની વૃદ્ધિ થયેલી છે એમ જાણવું. અર્થાત્ જેમાં શુદ્ધ સત્ત્વગુણનો ઉદય થયો હોય તેને દેહમાંના બે કાન, બે નાકનાં છિદ્રો, બે આંખો, એક મોઢું, મુત્રા અને શિશ્ન એ નવ સ્થૂળ દ્વારોમાં તથા જ્ઞાનેન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અંતઃકરણ ચતુષ્ટય મળી નવ સૂક્ષ્મ દ્વારોમાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. જ્યારે જ્ઞાન એટલે આ સર્વ આત્મા જ છે એવી રીતનો દૃઢ નિશ્ચય થઈ આ સૂક્ષ્મ નવ દ્વારોમાં સંપૂર્ણ વૈરાગ્ય ઉપજી આત્મા સિવાય બીજી કોઈ પણ વિષયવૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એટલે તેમાં સત્ત્વગુણનો ઉદય થયો છે, એમ જાણવું. આમાં ભગવાને શુદ્ધ સત્ત્વગુણના ઉદયનાં લક્ષણો કહેલાં છે. સૂક્ષ્મ ઇંદ્રિયોની પ્રેરણા વડે જ સ્થૂળ ઇંદ્રિયો વ્યાપાર કરી શકે છે. એવો નિયમ છે. તેથી સૂક્ષ્મ ઇંદ્રિયોની આત્મામાં એકાગ્રતા થઈ એટલે તમામ સ્થૂળ વ્યવહારનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. આ રીતના શુદ્ધ સત્ત્વગુણના ઉદયનાં લક્ષણો સમજવાં.

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।

रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥१२॥

રજોગુણની વૃદ્ધિનાં લક્ષણો

હે ભરતર્ષભ ! જ્યારે રજોગુણની વૃદ્ધિ થવા પામે છે ત્યારે લોભ, પ્રવૃત્તિકર્મોનો આરંભ, અશમ એટલે મનનો નિગ્રહ નહિ હોવો તે, અશાંતિ તથા અનેક પ્રકારની વૈષયિક ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે એટલે કે, તેની તમામ પ્રવૃત્તિઓ લોભથી ભરપૂર હોય છે. અનેક પ્રકારની પ્રવૃત્તિઓ જ કર્યા કરવા એ તેને વધુ પ્રિય લાગે છે. તે હંમેશાં નવીન નવીન કર્મો કે જેમાં કામ્ય, નિષિદ્ધ અને લૌકિક ઇત્યાદિનો જ સમાવેશ થાય છે તેવાં કર્મોના સમારંભો જ કર્યા કરે છે અને તે વડે લોકૈષણા મેળવી કિંવા લોકો તરફથી પ્રતિષ્ઠા મેળવી રાજી થાય છે. અશમ એટલે મનાદિ ઇંદ્રિયોનો કિંચિન્માત્ર પણ સંયમ જેમાં હોતો નથી તે; નિત્યપ્રતિ અનેક પ્રકારનાં કર્મો કરવા સંબંધીના વિચારો જ કર્યા કરવા, આજે આ કર્યું, કાલે અમુક કરીશ, ઇત્યાદિ એક પછી એક અનેક કાર્યોનું મનવડે ચિંતન કર્યા કરવું, આ રીતની અનેક પ્રકારની વૈષયિક ઇચ્છાને લીધે તેની કદી પણ તૃપ્તિ થતી નથી. તે નિત્યપ્રતિ ઉદ્વેગ જ કર્યા કરે છે, એટલું જ નહિ પરંતુ માનસિક ચિંતાઓને લીધે તે હંમેશ અશાંત જ રહે છે. આમ અનેક પ્રકારની ઇચ્છા અને બીજાઓની સાથે પરસ્પર સ્પર્ધા જ કર્યા કરવી, અમુક કરતાં હું વધુ શ્રીમાન થઈશ, અમુક મારાથી કનિષ્ઠ છે ઇત્યાદિ પ્રકારની ઇર્ષ્યાયુક્ત માન્યતા વડે પરખનાદિ તથા અનેક વિષયભોગાદિની ઇચ્છાઓ થવી વગેરે, આ સર્વ ગુણોનું પ્રાબલ્ય રજોગુણની વૃદ્ધિ થયે વધેલું જોવામાં આવે છે.

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।

तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥१३॥

તમોગુણ વૃદ્ધિનાં લક્ષણો

હે કુરુનંદન ! તમોગુણની વિશેષ વૃદ્ધિ થયે અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ અને મોહ ઉત્પન્ન થાય છે. એમ તેટલો ઉપદેશ કરવા છતાં પણ જેની બુદ્ધિમાં તે કદી ઉતરતો નથી તેનું નામ અપ્રકાશ, અપ્રવૃત્તિ એટલે શામાં પ્રવૃત્ત થવું અને શામાંથી નિવૃત્ત થવું, કયાં કર્મો કરવાં અને કયાં નહિ કરવાં, તેનો સારાસાર વિવેક જે કરી શકતો નથી તે; પ્રમાદ એટલે આળસુપણું તથા મોહ એટલે ખોટાને જ સાચું સમજી લેવું તે, આ ગુણો તમોગુણની વૃદ્ધિનાં ચિન્હો છે. આમ માયાવડે અનેકરૂપે ભાસતા એક જ પરમાત્માને સદ્‌ગુરુની સેવા દ્વારા પ્રાપ્ત કરેલી એકાંતિક ભક્તિવડે તીક્ષ્ણ કરેલા જ્ઞાનરૂપ કુહાડાથી દેહોના ઉપાધિરૂપ એવા ત્રિગુણાત્મક સૂક્ષ્મદેહને છેદીને પ્રથમ તો સત્વગુણની વૃદ્ધિ કરી તે વડે આત્માનું યથાર્થ રીતે પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લેવું તથા ત્યાર પછી તે સત્ત્વગુણનો પણ ત્યાગ કરવો જોઈએ. આ રીતે ક્રમે ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. સત્ત્વાદિક ગુણોની વૃદ્ધિ કેવી રીતે કરવી તે સંબંધમાં શાસ્ત્રનું કથન આપવામાં આવે તો તે અસ્થાને ગણાશે નહિ.

ધર્મની વૃદ્ધિ તથા અધર્મનો નાશ શી રીતે થાય ?

ભગવાન બોલ્યા: સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોની વૃત્તિઓ જ્યાં સુધી સિલક હોય ત્યાં સુધી આત્મજ્ઞાનરૂપ બ્રહ્મવિદ્યા કદી પણ પ્રાપ્ત થતી નથી. આ ગુણોની વૃત્તિઓ જ આત્મજ્ઞાનમાં નડતરરૂપ છે. માટે એ વૃત્તિઓને નિવૃત્ત કરીને બ્રહ્મવિદ્યા ઉત્પન્ન કરનારો પ્રકાર કહું છું. આ સત્ત્વ, રજ અને તમોગુણ એ ત્રણે પ્રકૃતિ (શ્લોક ૩) ના છે આત્માના નથી. આત્મામાં તો પ્રકૃતિ અને તેના ત્રણ ગુણોનો અંશ લેશમાત્ર પણ નથી. તે તો તદ્દન અસંગ છે. માટે આત્મ (બ્રહ્મ) પ્રાપ્તિને માટે પ્રથમ સત્ત્વગુણની વૃદ્ધિ કરીને રજ તથા તમોગુણનો નાશ કરવો અને પછી સત્ત્વગુણનો સત્ત્વગુણ વડે જ નાશ કરી નાખવો. વૃદ્ધિ પામેલા સત્ત્વગુણ વડે આત્મસ્વરૂપ એવા મારી ભક્તિરૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવાથી પ્રથમ સત્ત્વગુણની વૃદ્ધિ થઈ પછી તે વડે આત્મરૂપ એવા મારી ભક્તિરૂપ ધર્મ પ્રવર્તે છે. સત્ત્વગુણની વૃદ્ધિના કારણરૂપ એવો આ ભક્તિરૂપ ધર્મ રજ તથા તમોગુણનો નાશ કરે છે. આ બે ગુણોનો નાશ થતાં જ રજોગુણની વૃદ્ધિરૂપ રાગદ્વેષાદિ તથા તમોગુણની વૃદ્ધિરૂપ પ્રમાદ અને આલસ્યાદિનો નાશ પણ અનાયાસે જ થઈ જતો હોવાથી, આ રજ તથા તમોગુણ વડે ઉત્પન્ન થતા અધર્મનો નાશ પણ સહજ થાય છે.

ગુણો વડે જ ગુણોનો નાશ કરવો

(૧) શાસ્ત્ર, (૨) **જળ,** (૩) **લોક,** (૪) **દેશ,** (૫) **કાળ,** (૬) **કર્મ,** (૭) **જન્મ,** (૮) **ધ્યાન,** (૯) **મંત્ર,** તેમ જ (૧૦) **સંસ્કાર;** એ દશ ગુણોની વૃદ્ધિનાં કારણો છે. આ દશ પદાર્થોમાં વિદ્વાનો એટલે અપરોક્ષાનુભવીઓ જેનાં વખાણ કરે છે તે સાત્ત્વિક પદાર્થ સમજવો, વિદ્વાનો જેની નિંદા કરે છે તે તામસ અને વિદ્વાનો જેની સ્તુતિ કિંવા નિંદા બે પૈકી કંઈ પણ કરતા નથી તેને રાજસ જાણવો. સત્ત્વગુણની વૃદ્ધિને માટે સાત્ત્વિક પદાર્થોનું સેવન કરવું જોઈએ. જેમ કે (૧) **શાસ્ત્રઃ** વેદની આજ્ઞારૂપ વિધિ વાક્યો યા મહાવાક્યોનું જ જેમાં વિવરણ આવેલું છે એવા તત્ત્વજ્ઞાન દર્શાવનારાં શાસ્ત્રો તે સાત્ત્વિક શાસ્ત્રો હોઈ, તેનું સેવન કરવું પરંતુ પ્રવૃત્તિપરાયણ એવાં પાખંડી શાસ્ત્રોનું સેવન કદીપણ નહિ કરવું જોઈએ તેમજ (૨) **જળઃ** નદી વગેરેનું વહેતું જળ કિંવા કૂવાવાવડીનું શુદ્ધ જળ તે સાત્ત્વિક સેવન છે પણ મદિરાપાનાદિ તામસ છે; (૩) **લોકોઃ** આત્મસ્વરૂપનું જ ચિંતન કરનારા નિવૃત્તિપરાયણ લોકો સાત્ત્વિક છે અને તેમનું સેવન જ ગ્રાહ્ય છે તથા ક્રામી અને પ્રવૃત્તિપરાયણ દુરાચારી લોકોનું સેવન અગ્રાહ્ય છે; (૪) **દેશઃ** દેશમાં પણ શુદ્ધ તથા પવિત્ર એકાંત દેશ ગ્રાહ્ય તેમ જ જુગારખાનાદિ ત્યાજ્ય છે; (૫) **કાળઃ** કાળમાં પણ પ્રાતઃકાળાદિ સાત્ત્વિક છે તથા મધ્યરાત્રિ, સાંજકાળ ઇત્યાદિ ત્યાજ્ય છે; (૬) **કર્મઃ** કર્મોમાં પણ આત્મપ્રાપ્તિ પ્રીત્યર્થ થતાં કર્મો જ ગ્રાહ્ય છે બાકીનાં ત્યાજ્ય છે; (૭) **જન્મઃ** જન્મ પણ શુદ્ધ સદાચારી અને આત્મધર્મમાં પરાયણને

ત્યાં શ્રેષ્ઠ છે તથા અન્યત્ર કનિષ્ઠ છે; (૮) **ધ્યાનઃ** આત્માનું ધ્યાન શ્રેષ્ઠ છે તથા સ્ત્રી, પુત્ર અને ધનાદિ વિષયોનું ધ્યાન ત્યાજ્ય છે; (૯) **મંત્રઃ** ૐ એટલે પ્રણવનો મંત્ર તથા હું આત્મા છે, આ બધું આત્મા છે અથવા પોતાનો ઇષ્ટદેવ જ ચરાચરમાં સર્વત્ર વ્યાપેલો છે, એવા સર્વાત્મભાવના નિશ્ચયાત્મક ઉદ્દેશ વડે થતો જપ શ્રેષ્ઠ છે, ઇતર દેહાધ્યાસ વધારનારા ત્યાજ્ય છે; (૧૦) **સંસ્કારઃ** નિત્યપ્રતિ આત્મનિશ્ચયમાં સ્થિર રહેવું એ જ ચિત્તશુદ્ધિ કરવાનો સાચો ઉપાય છે, પરંતુ હું દેહ છું ઇત્યાદિ દેહમાં આસક્તિ વધારનારા સંસ્કારો ત્યાજ્ય છે. આમ શાસ્ત્રમાં જેને ગ્રાહ્ય કહ્યા છે તે સત્ત્વગુણની વૃદ્ધિ કરનાર હોઈ તેના આચરણથી આત્મભક્તિરૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે અને આવી ભક્તિરૂપ ધર્મથી જ્ઞાન પ્રાપ્ત થતાં અંતે પરમાત્મપ્રાપ્તિ થાય છે. જો કે વાસ્તવિક રીતે તો મહાવાક્યના શ્રવણ અને સેવનથી જ આત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો પણ આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થતાં સુધી સ્થૂલ અને સૂક્ષ્મ એ બંને દેહના કારણભૂત સત્ત્વાદિ ગુણોનો નાશ ન થાય ત્યાં સુધી તો આ સાધનના ઉપયોગ વડે જ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે અર્થાત્ આત્માના પરોક્ષજ્ઞાનને માટે આ સાધનો ઉપયોગી છે. જેમ પરસ્પર વાંસના ઘર્ષણ વડે ઉત્પન્ન થયેલો અગ્નિ જ વાંસના વનને બાળીને સાફ કરી નાખે છે તેમ ગુણોના ક્ષોભને લીધે ઉત્પન્ન થયેલા દેહીનો દેહરૂપ લોભ પણ સત્ત્વગુણની વૃદ્ધિ થતાં અગ્નિની પેઠે પોતા વડે પોતાને ઉત્પન્ન થયેલા જ્ઞાન થકી જ પરસ્પર એક બીજા ગુણોનો નાશ કરીને છેવટે પોતે પણ વિલયને પામે છે.

મનનો નિરોધ કરી તેને આત્મામાં જ જોડવું

આ સાંભળી ઉદ્ધવજીએ પૂછ્યું : હે શ્રીકૃષ્ણ ! નિર્તેદ્રિયપણાથી સાત્ત્વિક પદાર્થોને સેવવામાં આટલો બધો પુરુષાર્થ છે અને રજોગુણી તેમ તમોગુણી વિષયો દુઃખરૂપ છે એમ જાણવા છતાં મનુષ્યો કૂતરા, ગધેડા, બળદો આદિ પશુઓની પેઠે વિષયભોગમાં જ કેમ રચ્યાપચ્યા રહે છે ? તેના ઉત્તરમાં ભગવાન કહે છે કે વિવેક રહિત મનુષ્યોને દેહ એટલે જ હું છું એવો ખોટો નિશ્ચય સંપૂર્ણ રીતે ઓતપ્રોત ઘુસી જવા પામેલો છે અને તેની ખોટી સમજને લીધે જ મન (શ્લોક ૧૧) વાસ્તવિક સત્ત્વગુણ પ્રધાન હોવા છતાં પણ તેમાં દુઃખરૂપ રજોગુણ વ્યાપ્ત થાય છે અને રજોગુણ વ્યાપ્ત થવાથી મનમાં અનેક વૈષયિક તર્કવિતર્ક ઊઠે છે. આ રીતે વિષયોના સંકલ્પવિકલ્પો ઉત્પન્ન થવાથી દુર્મતિ મનુષ્યોને કદીપણ પકડમાં નહિ આવે એવી આ ભયંકર તૃષ્ણા ઉત્પન્ન થાય છે. તૃષ્ણાને લીધે રજોગુણના વેગથી મોહ પામેલા અજિતેંદ્રિય પુરુષો કર્મો પરિણામે દુઃખરૂપ છે એમ જાણવા છતાં પણ તૃષ્ણાને વશ બની વિષયોને ભોગવવા સારુ તે તે કર્મોને જ કરતા રહે છે. માટે દેહાદિકમાં મિથ્યા અભિનિવેશ અર્થાત્ દેહ એટલે જ હું, એની મિથ્યા અહંબુદ્ધિ રાખનારો, એ જ વિષયોને ભોગવનારો જીવાત્મા છે, એમ સમજવું. વિવેકી પુરુષો તો કોઈ સમયે પોતામાં રજોગુણ વધી વિક્ષેપ ઉપજાવે અથવા તમોગુણ મોહ પમાડે તો પણ પ્રમાદ છોડીને મનને પ્રયત્નવડે સતત આત્મામાં જ રોકયા કરે છે તથા વિષયોમાં દોષદૃષ્ટિ કર્યા કરે છે, તે કદી વિષયોમાં આસક્ત થતો નથી. આમ વિષયોમાં દોષદૃષ્ટિ કર્યા છતાં પણ જેઓ મનનો વિરોધ કરી શકતા ન હોય તેવાઓને માટે સહેલો ઉપાય કહું છું તે ધ્યાન દઈને સાંભળ.

તમામ વૃત્તિઓને એક આત્મામાં સ્થાપવી તે જ યોગ

આળસ છોડી દઈ દરરોજ ત્રણવાર આસન અને ઉપર કહેવા મુજબ પ્રણવ વા અન્ય કોઈ જપનો તથા પ્રાણાયામ કરવાનો નિયમ રાખી સાવધાનપણાથી ધીરેધીરે આત્મસ્વરૂપ એવા મારામાં જ મનને લગાડી દેવું કે જેથી મન વિષયો તરફ જતું અટકી જાય. તમામ વિષયોમાંથી મનને ખેંચી લઈ તેને સાક્ષાત્ આત્મસ્વરૂપ એવા મારામાં જ પરિપૂર્ણ રીતે લગાડી દેવું એ જ યોગ છે. એ મુજબ મારા શિષ્યો સનકાદિક તત્ત્વવિદોએ નિર્ણય કરેલો છે. માટે ત્રણ ગુણોને નિવૃત્ત કરી તમામ વિષયો તરફથી મનને આકર્ષી લઈ આત્મસ્વરૂપ એવા એક મારે વિષે જ સ્થાપવાનો બુદ્ધિમાનોએ પ્રયત્ન કરવો જોઈએ (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૩ શ્લો. ૧ થી ૧૪)

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।

तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥१४॥

સત્ત્વગુણની વૃદ્ધિવાળાની ગતિ

શ્રીભગવાન કહે છેઃ આ મુજબ શાસ્ત્રનિર્ણય તને કહેવામાં આવ્યો, તે ઉપરથી પણ તારી સમજમાં આવ્યું હશે. હવે તું કહેશે કે કોઈ અભ્યાસકનું ત્રણ ગુણથી પર થયા સિવાય જો કદાચ વચ્ચે જ મૃત્યુ થાય તો તેની શી સ્થિતિ થવા પામે ? તે સંબંધમાં કહું છું તે સાંભળ. જ્યારે દેહ ધારણ કરનાર દેહી સત્ત્વગુણની વૃદ્ધિમાં મરણ પામે છે ત્યારે તે ઉપાસકોના મલરહિત એવા ઉત્તમ લોકને પામે છે એટલે ઉપર કહ્યા મુજબ જેનામાં સત્ત્વગુણનો ઉદય થવા પામ્યો હોય તેવા સાધકને જો મૃત્યુ પ્રાપ્ત થાય તો તે ઉત્તમ ઉપાસકોના મલરહિત એવા શ્રેષ્ઠ લોકોને જ પામે છે.

रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।

तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥१५॥

રજોગુણ તથા તમોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પછીની ગતિ

રજોગુણમાં મૃત્યુ પામનારો ફરીથી મનુષ્યાદિ લોકમાં જ જન્મ પામે છે તથા તમોગુણમાં મૃત્યુ પામનારો મૂઢ યોનિઓમાં જ જન્મ લે છે. અર્થાત્ રજોગુણનું જોર હોય તેવી હાલતમાં જો દેહીનું મૃત્યુ થાય તો તે પોતાના કર્મો પ્રમાણે ચાંડાલાદિ અધમ યોનિથી માંડીને શ્રેષ્ઠ એવા આત્મદર્શી બ્રાહ્મણને ત્યાં જન્મ લે છે તથા તમોગુણની વૃદ્ધિની હાલતમાં મૃત્યુ પામનારો પોતાના કર્મોવશાત્ મનુષ્યાદિથી નીચે આવી પાષાણાદિકથી તે ઠેઠ ઝાડ, પાન, પશુ, પક્ષી ઇત્યાદિ સ્થાવરજંગમ મૂઢ યોનિઓમાં જ જન્મે છે.

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।

रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥१६॥

સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોનાં ફળો

સત્ કર્મો અર્થાત્ સાત્ત્વિક કર્મોનું ફળ પવિત્ર અને સાત્ત્વિક થાય છે; રજોગુણનું ફળ દુઃખ તથા તમોગુણનું ફળ અજ્ઞાન છે. અર્થાત્ ઉપર જે સાત્ત્વિક કર્મો કહેવામાં આવ્યાં તે કરનારાઓને પાપથી અત્યંત રહિત, નિર્મળ તથા તદ્દન શુદ્ધ એવા ફળની પ્રાપ્તિ થાય છે રાજસકર્મો કરનારાઓને તો અનેક પ્રકારની વાસનાઓવશાત્ દુઃખરૂપ ફળની પ્રાપ્તિ જ થાય છે તથા તમોગુણવાળાં કર્મો કરનારાઓને મૂઢપણું અજ્ઞાનતા તથા મોહ ઇત્યાદિ તમરૂપ ફળોની પ્રાપ્તિ થાય છે.

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।

प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥१७॥

સત્ત્વથી જ્ઞાન, રજથી લોભ અને તમથી અજ્ઞાન

સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે તથા તમોગુણથી પ્રમાદ અને મોહ ઉત્પન્ન થાય છે તેમ અજ્ઞાનની ઉત્પત્તિ પણ તમોગુણ વડે જ થાય છે. ભાવાર્થ એ કે, સત્ત્વગુણની વૃદ્ધિ થાય તો જ્ઞાન ઉત્પન્ન થઈ તે વડે અમે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે છે; રજોગુણવડે તો લોભ ઉત્પન્ન

થઈ અનેક પ્રકારની તૃષ્ણાઓને લીધે કામ્ય કર્મોમાં જ તે રચ્યોપચ્યો રહે છે તથા પુત્ર, વિત્ત અને લોકૈષણામાં ફસાઈ ફરી ફરીથી જન્મમરણાદિ દુઃખો જ ભોગવ્યા કરે છે તથા તમોગુણથી તો આળસ, નિદ્રા, પ્રમાદ, મોહ, અજ્ઞાનતા અને મૂઢતા ઇત્યાદિને લીધે સારાસાર વિવેકબુદ્ધિ નષ્ટ થતી હોવાથી તે સારું કિંવા નરસું કાંઈ સમજતો જ નથી અને હંમેશાં નશાના ઘેનમાં ચકચૂર હોય તેવી રીતની મૂઢતાને લીધે અહંકારમાં જ રગદોળાયા કરે છે. તેઓ પાપબુદ્ધિવાળા અને પાપકર્મવાળા હોવાથી અંતે પત્થરાદિ મૂઢ યોનિને પામે છે.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।

जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥૧૮॥

સત્ત્વસ્થ ઉપર, રાજસ મધ્યમાં અને તામસ નીચે પડે છે.

હે પાર્થ ! ઉપર તો સંક્ષેપમાં કહેવામાં આવેલું છે. છતાં ફરીથી કહું છું તે સાંભળ. સત્ત્વગુણની વૃત્તિમાં સ્થિર થનારાઓ ઊર્ધ્વ એટલે ઉપરની ગતિને કિંવા મનુષ્ય કરતાં શ્રેષ્ઠલોકને પામે છે, રજોગુણની વૃત્તિઓમાં રહેલા મધ્યે એટલે વચલા મનુષ્યાદિ લોકમાં રહે છે તથા તમોગુણની વૃત્તિમાં સ્થિર રહેલાઓ તો નીચે જાય છે એટલે પતનને પામે છે. અર્થાત્ જેઓ સત્ત્વગુણની વૃત્તિઓમાં સ્થિર રહેલા હોય છે તેઓ મનુષ્યાદિથી ઉપરની એટલે સિદ્ધ, ગંધર્વ, કિન્નર, યક્ષ તથા દેવ ઇત્યાદિ કોટીમાં ચાલ્યા જાય છે, રજોગુણમાં સ્થિર થયેલા મધ્યમ અર્થાત્ પોતાના સમાન એવી મનુષ્યાદિકની કોટીમાં જ રહે છે તથા જેઓ તામસ વૃત્તિઓમાં જ સ્થિર થયેલા હોય છે તેઓ તો પોતાથી નીચી કોટીમાં એટલે મનુષ્યાદિ કરતાં નીચેની પશુ, પક્ષી, ઝાડ, પહાડ ઇત્યાદિ કોટીઓમાં પડે છે. આ વિવેચનની સ્પષ્ટ સમજૂતિને માટે શાસ્ત્રોમાં આવેલાં વર્ણનો પૈકીનો કેટલોક ભાગ અત્રે આપવામાં આવે તો તે અસ્થાને ગણાય નહિ.

ગુણોના નિરૂપણનું પ્રયોજન

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે : હે ઉદ્ધવ ! પ્રકૃતિ અને પુરુષ બન્ને એક બીજાથી તદ્દન જુદાં જુદાં છે એવા પ્રકારના વિવેક વડે જ્ઞાન ધરાવનારો પુરુષ પણ જ્યાંસુધી પ્રયત્ન કરીને ત્રણે ગુણોની વૃત્તિઓને જીતવાનો પુરુષાર્થ કરતો નથી ત્યાંસુધી તેનાં સુખદુઃખાદિ દ્વંદ્વોની નિવૃત્તિ કદી પણ થતી નથી; આથી તે વૃત્તિઓને જીતી લઈ ગુણોથી પર થવાની આવશ્યકતા છે એટલા માટે હું ગુણોની વૃત્તિઓનું અહીં નિરૂપણ કરું છું. ઉદ્દેશ એ કે, કોઈને આત્માનું પરોક્ષજ્ઞાન થયું હોય પરંતુ તેને જ્યાંસુધી અંતર્દૃષ્ટિ વડે અહંનો વિલય થઈ આત્માનો અપરોક્ષાનુભવ એટલે સાક્ષાત્કાર થતો નથી, ત્યાં સુધીને માટે તો તેની દુઃખમાંથી નિવૃત્તિ કદી પણ થતી નથી. આમ સારાસાર વિવેક થતાં અપરોક્ષાનુભવને માટે ઉપયોગી હોવાથી પ્રકૃતિના ગુણોમાંથી જે જે ગુણ વડે પુરુષ જેવે જેવે રૂપે પ્રતિબિંબિત થાય છે તે વિષે કહું છું, તે ધ્યાનપૂર્વક સાંભળ.

સત્ત્વ, રજ અને તમોગુણની વૃત્તિઓ

સત્ત્વગુણની વૃત્તિઓ : શમ એટલે માનસિક સૂક્ષ્મ ઇંદ્રિયોનો નિગ્રહ, દમ એટલે શરીરાદિ સ્થૂલ ઇંદ્રિયોનો બાહ્યનિગ્રહ, સહનશીલતા, વિવેક, સ્વધર્મમાં જ વર્તવું, સત્ય, દયા, પૂર્વાપરનું અનુસંધાન, સંતોષવૃત્તિ ધનાદિનો વ્યય કયા માર્ગે કરવો તે જાણવાનો સ્વભાવ, વિષયો તરફ વૈરાગ્ય, આસ્તિકપણું અગોગ્ય કર્મો તરફ કદી જોવું પણ નહિ તેનું નામ લજ્જા, દાન, સરળતા, વિનય તેમ હંમેશાં આત્મસ્વરૂપ ઉપર જ પ્રીતિ રાખવી અર્થાત્ આત્મા સિવાય બીજે બધે અપ્રીતિ રાખવી; આ બધી સત્ત્વગુણની વૃત્તિઓ છે.

રજોગુણની વૃત્તિઓ : સ્વર્ગાદિક અનેક પ્રકારની ઇચ્છાઓ, સકામ વ્યાપાર એટલે અનેક પ્રકારનાં કર્મો કર્યા જ કરવાં તે, મદ, લાભ થયા છતાં પણ અસંતોષ, ગર્વ, ધન યા સ્ત્રી, પુત્રાદિક વ્યવહાર્ય વિષયો મેળવવાની ઇચ્છાથી દેવતા વગેરેની પ્રાર્થના, ભેદબુદ્ધિ એટલે દ્વૈતપણાની ભાવના, નિત્યપ્રતિ વિષયભોગમાં જ

રચ્યાપચ્યા રહેવું, મદને લીધે યુદ્ધ વગેરેનો આવેશ આવવો, પોતાની સ્તુતિમાં જ પ્રીતિ, ઉપહાસ એટલે હિતની ખરી વાતો નહિ સાંભળતાં તેને હસી કાઢવી તે અને ફળની આસક્તિ રાખીને તે મેળવવાને માટે બળજબરીથી ઉદ્યમ કરવો તે (આત્માની પ્રાપ્તિને માટે થતો નિષ્કામ ઉદ્યમ સાત્ત્વિક કહેવાય છે) આ સઘળી રજોગુણની વૃત્તિઓ છે.

તમોગુણની વૃત્તિઓ : ક્રોધ, લોભ, મિથ્યાભાષણ એટલે ખોટું બોલવું, હિંસા કરવી, યાચના એટલે દીનપણે કોઈ પાસે માગવું, દંભ, નહિ કરવાના ખોટા શ્રમો કરવા, કલહ એટલે ઝઘડાઓ કરવા, શોક, મોહ, દુઃખ, દીનતા, નિદ્રા, આશા, ભય અને આળસ એટલે ઉદ્યમ નહિ કરવો તે કિંવા જડતા આ બધી તમોગુણની વૃત્તિઓ છે. આ સત્ત્વ, રજ અને તમોગુણની ઘણીખરી વૃત્તિઓનું મેં અલગ અલગ વર્ણન કર્યું છે. હવે ત્રણે ગુણો જેમાં મિશ્ર હોય છે તેવી વૃત્તિઓ કહું છું.

ત્રણે ગુણોનું મિશ્રણ કિંવા સન્નિપાત

હે ઉદ્ધવ ! હું અને મારું એવી બુદ્ધિ થવી તે ત્રણે ગુણોનો સન્નિપાત એટલે મિશ્રણ છે એમ સમજવું. મન, સૂક્ષ્મ ઇંદ્રિયોના શબ્દ સ્પર્શાદિ વિષયો તથા પ્રાણો વડે જે વ્યવહાર થાય છે તે બધો ત્રણે ગુણોના સન્નિપાત એટલે મિશ્રણથી જ ઉત્પન્ન થવા પામેલો છે. પુરુષ જ્યારે ધર્મ, અર્થ અને કામમાં આસક્ત એટલે પ્રીતિવાળો થઈ રહ્યો હોય ત્યારે તેની આ સ્થિતિ ત્રણે ગુણોના મિશ્રણથી જ થએલી છે એમ સમજવું. તેવો શ્રદ્ધાવાળો નિત્ય રતિ તેમ ધનને જ પ્રાપ્ત કરતો રહે છે. પુરુષ જ્યારે પ્રવૃત્તિરૂપી લક્ષણવાળા કામ્ય ધર્મમાં જ પ્રીતિ રાખે છે, ગૃહસ્થાશ્રમમાં જ આસક્ત થઈને રહે છે તથા નિત્યપ્રતિ નિત્યનૈમિત્તિક કર્મો કરવારૂપ ધર્મમાં જ નિષ્ઠા રાખે છે ત્યારે પણ ત્રણ ગુણોનું તેમાં મિશ્રણ થયેલું છે એમ જાણવું.

સત્ત્વ, રજ, તમોગુણવાળા કેવી રીતે ઓળખવા

ઉપર કહેવામાં આવેલી શમદમાદિની વૃત્તિઓ ઉપરથી પુરુષ સત્ત્વગુણવાળો છે એમ અનુમાન કરવું, કામ વગેરે વૃત્તિઓ ઉપરથી પુરુષ રજોગુણવાળો છે એવું અનુમાન કરવું અને ક્રોધાદિ વૃત્તિઓ ઉપરથી તમોગુણવાળો છે એવું અનુમાન કરવું.

સત્ત્વ, રજ, તમવાળાનો સ્વભાવ

જે પુરુષ અથવા સ્ત્રી નિષ્કામ એટલે કોઈ પણ પ્રકારની ઇચ્છા યા વાસનારહિત થઈને કર્મ કરે છે એટલે જે તમામ કર્મો વડે અત્યંત એકનિષ્ઠાથી આત્મસ્વરૂપ એવા મારું જ પ્રેમ અને ભક્તિપૂર્વક ભજન કરે છે, તેવા પુરુષ કિંવા સ્ત્રીને સત્ત્વગુણી જાણવા; કોઈ પણ વિષયની આશાઓ મનમાં રાખીને સકામપણે કર્મો કરી મારું એટલે આત્માનું ભજન કરે તેને રજોગુણી સ્વભાવવાળા તથા કોઈને પીડા કરવાની ઇચ્છા વડે કર્મ કરીને મને ભજે તેઓ તમોગુણી સ્વભાવવાળા છે એમ જાણવું.

ત્રણ ગુણોથી પર કોણ ?

સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણો પ્રકૃતિના જ છે,આત્માના(મારા) નથી, કારણ કે તે ગુણો પંચમહાભૂતોના કાર્યરૂપ ચિત્ત (વૃક્ષાંક ૯) માં પ્રકટ થાય છે અને આ પંચમહાભૂતાદિની ઉપાધિ ધારણ કરનારો તે જીવ કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) કહેવાય છે. જીવ ગુણો વડે પંચમહાભૂતાદિમાં આસક્ત બની જાય છે. વાસનાવશાત્ તે તે રૂપે તથા તેવે તેવે આકારે પ્રતીત થઈ તેમાં જ બંધાઈ જાય છે. આત્મસ્વરૂપ એવો હું તો ઈશ્વરાદિ (વૃક્ષાંક ૨) રૂપે નિયંતાપણાથી સૃષ્ટિ આદિ કાર્ય કરું છું તો પણ તેમાં કદી આસક્તિ પામતો નથી, તેથી નિત્યમુક્ત છું. એટલા માટે જ હું તને આત્મસ્વરૂપ એવા મારું ભજન કરવાનું જ વારંવાર પોકાર કરીને કહી રહ્યો છું, તે તું સારી રીતે ધ્યાનમાં લે.

બીજા બે ગુણોને દબાવી એક ગુણ વધે તેનાં લક્ષણો

પ્રકાશક, સ્વચ્છ અને શાંત સત્ત્વગુણ બીજા બે ગુણોને દબાવીને જ્યારે વધી જાય છે ત્યારે પુરુષ સુખ, ધર્મ, જ્ઞાન તથા શમાદિ વડે જોડાય છે. સંગ (પ્રીતિ) તથા ભેદના કારણરૂપ અને પ્રવૃત્તિ સ્વભાવવાળો રજોગુણ જ્યારે બીજા બે ગુણોને દબાવીને વધી જાય છે ત્યારે તે પુરુષ દુઃખ યશ અને લક્ષ્મીયુક્ત થાય છે: વિવેકભ્રષ્ટ કરનારો, આવરણરૂપ અને અનુદ્યમરૂપ તમોગુણ જ્યારે બીજા બે ગુણોને દબાવીને વધી જાય છે ત્યારે પુરુષ, શોક, મોહ, નિદ્રા, હિંસા તથા આશાવડે જોડાય છે.

કયો ગુણ વધ્યો તે જાણવાનાં લક્ષણો

જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, તમામ ઇંદ્રિયો શાંત થાય, દેહમાં નિર્ભયતા જણાય તથા મન સંગરહિત થાય ત્યારે તારે જાણવું કે આત્મરૂપ એવા મારી પ્રાપ્તિના સ્થાનરૂપ સત્ત્વગુણ વધ્યો છે; જ્યારે ક્રિયાથી વિકાર પામતો પુરુષ ચોતરફથી લિપ્સાબુદ્ધિવાળો થાય તથા જ્ઞાનેંદ્રિયોને શાંતિ ન જણાય, કર્મેંદ્રિયો અસ્વસ્થ બને, તેઓમાં વિકાર વધી પડે તથા મન ચંચળ બની જાય ત્યારે રજોગુણ વધી ગયો છે એમ જાણવું અને જ્યારે ચરત પામેલું ચિત્ત ચિદાભાસનું ગ્રહણ કરવામાં પણ અસમર્થ થઈ લય પામે છે, સંકલ્પરૂપ મન પણ મૂઢ બની જાય છે, અજ્ઞાન ઉપજે છે તથા ખેદ થાય છે ત્યારે તમોગુણ વધ્યો એમ જાણવું.

ત્રણ ગુણોમાં દેવાદિક બળ

હે ઉદ્ધવ! પ્રસંગને લીધે કહું છું કે, સત્ત્વગુણ વધ્યો હોય ત્યારે દેવતાઓનું બળ વધે છે, રજોગુણ વધ્યો હોય ત્યારે અસુરોનું તથા તમોગુણ વધતો હોય ત્યારે રાક્ષસોનું બળ વધે છે.

ત્રણ ગુણો તથા જાગ્રદાદિ અવસ્થાઓ

જાગ્રત અવસ્થા સત્ત્વગુણથી, સ્વપ્ન અવસ્થા રજોગુણથી તથા સુષુપ્તિ કિંવા મૂઢ એવી શૂન્ય અવસ્થા તમોગુણથી થાય છે. ત્રણે અવસ્થાઓમાં અને તે દરેકની સંધિમાં અનુસ્યૂત એટલે ઓતપ્રોત એવું જે ચોથું (તુર્ય) શુદ્ધસ્વરૂપ છે તે જ આત્મા છે.

ત્રણ ગુણોથી થતાં ઉચ્ચનીચ જન્મો

સત્ત્વગુણવાળા જીવો બ્રહ્મલોક સુધી ઊંચા ઊંચા લોકમાં જાય છે, તમોગુણ વડે મનુષ્યથી નીચી કોટીમાં આવેલા સ્થાવરજંગમાદિ પર્યંત નીચા નીચા લોકમાં પડે છે તથા રજોગુણ વડે પાછા મનુષ્યલોકમાં જ જન્મે છે.

સત્ત્વાદિગુણોવાળાની મરણ પછીની ગતિ

સત્ત્વગુણ વધ્યો હોય તે સમયે મરણ પામેલા જીવો સ્વર્ગમાં જાય છે, રજોગુણ વધ્યો હોય તે સમયમાં મરણ પામનાર જીવો નરક લોકમાં જાય છે તથા તમોગુણ વધેલો હોય તેવે વખતે જેઓનું મૃત્યુ થાય તે જીવો નરક લોકમાં જાય છે તથા ત્રણે ગુણોથી પર થયેલા જીવો તો જીવતા જ આત્મસ્વરૂપ એવા મને પામે છે અર્થાત્ જીવન્મુક્ત બની જાય છે.

સત્ત્વાદિ કર્મો

જે કર્મ કેવળ મારી એટલે આત્માની પ્રીતિ મેળવવાના ઉદ્દેશથી અથવા ફક્ત પરમાત્માના દાસભાવથી જ કરવામાં આવે છે તે કર્મ સાત્ત્વિક છે, જે કર્મ ફળ મેળવવાની ઇચ્છાથી કર્યું હોય તે રાજસ છે તેમ જ જે કર્મ અનેક હિંસાઓ વડે યુક્ત હોય તથા દંભ અને હિંસાદિકથી કર્યું હોય તે તામસ કર્મ સમજવું.

સત્ત્વાદિ જ્ઞાનો

"હું" આત્મા હોઈ તે દેહાદિથી તદ્દન અલિપ્ત છે એવા પ્રકારનું જે જ્ઞાન હોય છે તે સાત્ત્વિક સમજવું. આત્મા દેહરૂપ છે અથવા દેહ એટલે જ આત્મા, એવું જે જ્ઞાન તે રજોગુણી તથા જે જ્ઞાન

બાળક કિંવા મૂંગાઓ વગેરેના જ્ઞાન જેવું પ્રાકૃત એટલે પોપટિયું કિંવા પુસ્તકિયું હોય તે જ્ઞાન તમોગુણી સમજવું તથા આત્મસ્વરૂપ એવા મારું અપરોક્ષ અનુભવસિદ્ધ જ્ઞાન થવું તે નિર્ગુણ જ્ઞાન સમજવું.

સત્ત્વાદિનાં વાસ્તવ્ય સ્થાનકો

વનમાં રહેવું એ સત્ત્વગુણી વાસ છે, ગામમાં રહેવું એ રજોગુણી વાસ છે તથા જુગારસ્થાનમાં રહેવું તે તમોગુણી વાસ છે, એમ સમજવું; તથા પવિત્ર દેવાલયાદિ જેવા શુભ અને ઐકાંતિક પવિત્ર સ્થાનોમાં રહેવું તે નિર્ગુણ વાસ છે.

સત્ત્વાદિ ગુણોનું કર્તવ્યપણું

આસક્તિ રહિત થઈને જે કર્મ કરે છે તેને સત્ત્વગુણી કર્તા સમજવો. આસક્તિમાં અત્યંત આંધળો બનીને કર્મ કરે છે તે રજોગુણી કર્તા સમજવો તથા પૂર્વાપરની સ્મૃતિથી ભ્રષ્ટ થઈને જે કર્મ કરે છે તેને તમોગુણી કર્તા સમજવો અને જે કેવળ આત્મરૂપ એવા મારું જ શરણ લઈ કર્મ કરનારો હોય તેને નિર્ગુણ કર્તા સમજવો.

સત્ત્વાદિ શ્રદ્ધાઓ

કેવળ વેદાંતશાસ્ત્રમાં જ શ્રદ્ધા હોવી તે સાત્ત્વિક શ્રદ્ધા છે, જેઓની કર્મ કરવામાં જ શ્રદ્ધા હોય તે રાજસી તેમજ વગર સમજે પારકાઓનું આંધળું અનુકરણ કર્યે જવું, તથા અધર્મને જ ધર્મ સમજીને તે ઉપર જે શ્રદ્ધા રાખવી તે તમોગુણી શ્રદ્ધા સમજવી અને આત્મરૂપ એવા મારી સેવામાં જ જે શ્રદ્ધા થાય છે તે નિર્ગુણ શ્રદ્ધા સમજવી.

સત્ત્વાદિ આહાર

હિતકારી, પવિત્ર એવો જે અનાયાસે જ પ્રાપ્ત થાય તે આહાર સત્ત્વગુણી સમજવો; ઇંદ્રિયોને જ અત્યંત પ્રિય લાગે તેવો અને કેવળ ભોગની ઇચ્છાથી ખાટો, તીખો, ખારો, મીઠો, વગેરે ઇંદ્રિયોની રુચિને માટે જ ખાવામાં આવે છે તે રાજસ અને જે આહાર દીનતા કરાવનારો હોઈ અશુદ્ધ હોય તે તામસ કહેવાય છે તેમજ જે શુદ્ધ આહાર આત્મસ્વરૂપ એવા મને અર્પણ કરવામાં આવ્યો હોય તે નિર્ગુણ કહેવાય છે.

સત્ત્વાદિ સુખો

આત્માનું સુખ તે સાત્ત્વિક, વિષયોથી થનારું સુખ તે રાજસ તથા કરુણા, દયાર્દ્રતા વા દીનતાથી ઉત્પન્ન થનારું જે સુખ તે તામસ કહેવાય છે તેમ જ આત્મસ્વરૂપ એવા મારી સાથે તન્મયતા થઈ જવાથી થનારું જે આત્યંતિક સુખ તે નિર્ગુણ છે.

તમામ દૃશ્ય સત્ત્વાદિ ગુણો વડે જ ભાસે છે

ઉપર મુજબ આહારાદિક પદાર્થો, વનાદિક સ્થળ, સુખરૂપ ફળ, સત્ત્વાદિ ગુણો, બીજા બે ગુણોને દબાવવાનો સમય ઇત્યાદિ કાળ, જ્ઞાન, કર્મ, કર્તા, શ્રદ્ધા, જાગ્રતાદિ અવસ્થા દેવપણું આદિ આકૃતિ અને સ્વર્ગાદિક પ્રાપ્તિરૂપ નિષ્ઠા વગેરે તમામ ત્રણ ગુણો વડે યુક્ત છે. હે પુરુષશ્રેષ્ઠ! કેવળ આ ઉપર જણાવેલા પદાર્થો જ ત્રણ ગુણો વડે યુક્ત છે એમ નથી પરંતુ જે જે કાંઈ જોવામાં આવે છે, સાંભળવામાં આવે છે, બુદ્ધિ વડે નિશ્ચય કરવામાં આવે છે તથા મન વડે સંકલ્પ કરવામાં આવે છે તે તમામ દૃશ્યાદૃશ્ય પદાર્થો અને ભાવો ત્રણ ગુણોવાળા છે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ જુઓ). જીવાત્માને દેવ, મનુષ્ય વગેરે સર્વ સ્થાવરજંગમ જન્મો, ગુણ તથા કર્મોના અભિમાન વડે જ પ્રાપ્ત થાય છે તથા તે સર્વ ચિત્તમાં જ પ્રકટે છે. હે સૌમ્ય! જીવાત્માએ ચિત્ત વડે કલ્પેલા એ ગુણોને જેણે જીત્યા હોય તે જીવ જ અવિચ્છિન્ન એટલે હંમેશ આત્મામાં જ એકરૂપ થઈ રહેવાય તેવા પ્રકારની અખંડ ભક્તિ વડે આત્મસ્વરૂપ એવા મારામાં જ નિષ્ઠા પામીને

મુક્તિ પામવાને યોગ્ય થાય છે. એટલા માટે આ મનુષ્ય દેહ કે જેમાં જ્ઞાન, વિજ્ઞાન અર્થાત્ આત્માનું પરોક્ષ અને અપરોક્ષજ્ઞાન એટલે આત્મસાક્ષાત્કાર થવાનો સંભવ હોય છે તેવો આ મનુષ્યદેહ જેઓને પ્રાપ્ત થયો હોય તેઓએ ઉપર્યુક્ત ત્રણ ગુણોમાંથી સર્વથા આસક્તિ છોડી દઈ અખંડ આત્મસ્વરૂપ એવા મારું જ ભજન કરવું. ઉદ્દેશ એ કે, શરીર, મન, વાણી, બુદ્ધિ, નેત્ર, સ્પર્શ અને શ્રોત્રાદિથી જે જે કાંઈ કર્મ થાય છે તે તમામ આત્મસ્વરૂપ છે એવા પ્રકારના નિશ્ચય વડે અંતઃકરણમાંથી વૃત્તિનું ઉત્થાન થતાં જ તેને તુરત તે આત્મા છે એવી રીતની પ્રતિવૃત્તિ વડે દાસી દઈ આત્માકાર બનાવી હંમેશ આત્મામાં જ રત રહેવું જોઈએ. બુદ્ધિમાન અને વિદ્વાન પુરુષે અપ્રમાદિ થઈ અંતઃકરણમાં કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એ માટે નિત્યપ્રતિ સાવચેતી રાખવી જોઈએ. આ રીતે સર્વસંગનો પરિત્યાગ કરીને એટલે આળસને ત્યજી દઈ જિતેંદ્રિય થઈને નિત્યપ્રતિ આત્માનું જ ભજન કરવું જોઈએ. પ્રથમ સત્ત્વગુણના સેવન વડે રજ અને તમોગુણને જીતવા; પછી ઉપશમરૂપ એવા સત્ત્વગુણ વડે શાંત થયેલા એ બુદ્ધિમાન મુનિએ સાવધાન થઈ તે સત્ત્વગુણને પણ જીતી લેવો, અર્થાત્ સત્ત્વગુણ વડે જ સત્ત્વગુણને જીતવો. આ પ્રમાણે ગુણોથી મુક્ત થયેલો દેહી જીવપણાના કારણરૂપ એવા સૂક્ષ્માદિ દેહોનો પણ ત્યાગ કરીને આત્મસ્વરૂપ એવા મને પ્રાપ્ત થાય છે. આ રીતે અંતઃકરણમાં ઉત્પન્ન થનારા ગુણોથી તથા લિંગ શરીરથી મુક્ત થયેલો દેહી, બ્રહ્મસ્વરૂપ એવા મારામાં જ પૂર્ણ તદ્રૂપ બની જઈ પછી કદી બહાર પણ ઘૂમતો નથી અને અંદર પણ વિચરતો નથી એટલે તેના અંદર અને બહાર એવા ભેદાભેદનો સંપૂર્ણપણે વિલય થઈ તે જીવન્મુક્ત બને છે (ભા૦૨૬૦૧૧૦અ૦૨૫).

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।

गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥१९॥

ગુણો કર્તા છે તથા આત્મા અકર્તા છે

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે: હે પાર્થ! આ રીતે ત્રણ ગુણોનું વર્ણન મેં વિસ્તારપૂર્વક તને કહ્યું. તેનો આશય એટલો જ કે પ્રકૃતિ અને પુરુષનો વિવેક થઈ પુરુષ ગુણોથી પર છે તથા આ સર્વગુણો એ તો બધો પ્રકૃતિનો જ પસારો છે, આ પ્રમાણે જાણી લઈ જ્યારે દ્રષ્ટા ગુણો સિવાય બીજા કોઈને કર્તા જોતો નથી તથા આત્માને ગુણોથી પર જાણે છે ત્યારે જ તે આત્મસ્વરૂપ એવા મારા ભાવને પામે છે. તાત્પર્ય એ કે, આ સર્વ પસારો તો પ્રકૃતિના ત્રણ ગુણો વડે જ વિસ્તારને પામેલો હોઈ આ ગુણો જ પરસ્પર એક બીજાની વૃદ્ધિ તથા પરાભવ કરી પોતાનું સામ્રાજ્ય પ્રસારે છે, તેઓ જ પરસ્પર કર્તા છે. તેમના સિવાય બીજો કોઈ કર્તા છે જ નહિ, આ રીતે ગુણોને જ કર્તા સમજીને આત્મતત્ત્વ ગુણોથી પર છે એ રીતે જે જાણે છે, તે આત્મસ્વરૂપ એવા મારા નિર્ગુણભાવને પામે છે અર્થાત્ તેને જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।

जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

પ્રકૃતિથી પર આત્મા

હે પાર્થ! આ સુજ્ઞ દેહની ઉત્પત્તિના બીજરૂપ એવા આ સત્ત્વાદિ ગુણોનો ત્યાગ કરીને જન્મ, મૃત્યુ, જરા અને દુઃખમાંથી મુક્ત થયેલો પુરુષ મોક્ષને પામે છે. સારાંશ એ કે, આ જે જે કાંઈ નેત્ર વડે જોવામાં આવે છે, કાન વડે સાંભળવામાં આવે છે, સ્પર્શ વડે જાણી શકાય છે, કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિય વડે જે જે કાંઈ સ્થૂલ સૂક્ષ્મ કર્મ થાય છે, મન વડે જેનો સંકલ્પ વિકલ્પ થઈ શકે છે તથા બુદ્ધિ વડે જેનું ગ્રહણ કરી શકાય છે, એવું જે જે કાંઈ આ દૃશ્યાદિ છે, તે સર્વ ત્રણ ગુણોના વિસ્તારવાળું પ્રકૃતિ (વૃક્ષાંક ૩)નું જ કાર્ય હોઈ તેનો દ્રષ્ટા તો(વૃક્ષાંક ૨) છે, અને આત્મા તો આ સર્વથી પર હોઈ તેમાં પ્રકૃતિ

અને તેના ગુણો, તે ગુણોનું સઘળું કાર્ય તેમ જ તેનો દ્રષ્ટા ઇત્યાદિ કશાનો યત્કિંચિત અંશ પણ નથી, એવો તે તદ્દન અસંગ છે. આ સ્થૂલ તથા સૂક્ષ્મ દેહાદિની ઉત્પત્તિનું મૂળ બીજ પણ આ ત્રણ ગુણો જ છે. આત્મા (વૃક્ષાંક ૧)માં તો ત્રણ ગુણોનો લેશ પણ નથી, તો દેહાદિની વાત જ ક્યાં રહી અને સર્વનું વાસ્તવિક તથા સાચું સ્વરૂપ તો ગુણોથી પર, અનિર્વચનીય એવો આ આત્મા જ છે. તેથી ગુણાદિનો પરિત્યાગ કરીને એટલે આત્મામાં હું નથી, તું નથી, આ નથી, મારું નથી, તારું નથી, તને નથી, મને નથી, તથા તે સર્વને જાણનારો સાક્ષી પણ નથી. એ રીતના ગુણોના ત્યાગરૂપ પરમ પુરુષાર્થ વડે હું સહિત તમામ ભાવોનો વિલય કરીને તદ્દન નિઃશેષ અને અસંગ બની જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ અને દુઃખોથી અત્યંત મુક્ત થઈ મોક્ષની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.

અર્જુન ઉવાચ—

કૈર્લિઙ્ગૈસ્ત્રીન્ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।

કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ગુણાનતિવર્તતે ॥૨૧॥

ગુણાતીતનાં લક્ષણો, આચાર તથા સાધન કહો

શ્રીકૃષ્ણ ભગવાનનું વિવેચન સાંભળીને અર્જુને પૂછ્યું : હે પ્રભો! આપે જે ત્રણ ગુણોને ઓળંગી જવાનું કહ્યું તે મારા સમજવામાં આવ્યું: પરંતુ એ ત્રણ ગુણોને જે ઓળંગી ગયો છે તેનાં લક્ષણો કયાં તથા તેનો આચાર કેવો હોય છે તેમ જ તે આ ત્રણ ગુણોને કેવી રીતે ઓળંગી જાય છે તે મને કૃપા કરી કહો. આપનાં વચનામૃત સાંભળવાથી તૃપ્તિ થતી નથી.

શ્રીભગવાનુવાચ—

પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ ।

ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાઙ્ક્ષતિ ॥૨૨॥

ગુણાતીતનાં લક્ષણો

અર્જુનનો પ્રશ્ન સાંભળીને દયાળુ શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા : હે પાંડવ! મેં તને તેવા જીવન્મુક્તનાં લક્ષણો તો પૂર્વે વખતોવખત કહેલાં છે છતાં બોધની દૃઢતા અર્થે ફરીથી પણ કહું છું, તે સારી રીતે ધ્યાન દઈને સાંભળ. ગુણાતીત પુરુષ કેવા લક્ષણવાળો હોય છે તે પ્રથમ કહું છું. પ્રકાશ, પ્રવૃત્તિ, અને મોહ સારી રીતે પ્રવૃત્ત થયાં હોય છતાં પણ જે તેનો દ્વેષ પણ કરતો નથી અને તે નિવૃત્ત થયેલાં હોય તો જે તેને ઇચ્છતો પણ નથી. ભાવાર્થ એ કે, ઉપર કહેવામાં આવ્યું છે કે, પ્રકાશ એ સત્ત્વગુણનું લક્ષણ છે, પ્રવૃત્તિ એટલે કામનાઓ એ રજોગુણનું લક્ષણ છે, તથા મોહ એ તમોગુણનું લક્ષણ છે; પ્રકૃતિનાં ત્રણ ગુણોનાં જે આ મુખ્ય લક્ષણો કહ્યાં છે, તે લક્ષણો તેઓ સંપ્રવૃત્તાનિ એટલે પોતપોતાના સ્વભાવાનુસાર પોતપોતાનું કાર્ય કરવામાં સારી રીતે પ્રવર્તી રહ્યાં હોય અર્થાત્ તે પોતાનું કાર્ય કર્યા કરે તો પણ જે દ્વેષ કરતો નથી એટલે તે પોતામાંથી નિવૃત્ત થાય એમ ઇચ્છતો નથી તેમ જ તે અથવા જો પોતાના કાર્યમાંથી નિવૃત્ત થયાં હોય તો તેઓ પોતાનું કાર્ય કરે એવી ઇચ્છા કદી પણ રાખતો નથી સારાંશ, જે તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને સ્થિતિમાં સમાન જ હોય છે તે પુરુષ ગુણાતીત કહેવાય છે.

ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।

ગુણા વર્તન્ત ઇત્યેવ યોઽવતિષ્ઠતિ નેઙ્ગતે ॥૨૩॥

ગુણાતીતનો આચાર

ઉદાસીનની પેઠે રહેલો હોઈ તે એટલે ગુણાતીત કદી ગુણોવડે ચલાયમાન થતો નથી, ગુણો જ પરસ્પર વર્તે છે અને હું તો ગુણોથી પર હોઈ તદ્દન અસંગ એવો આત્મા છું, એવી રીતના દૃઢ નિશ્ચયવડે તે કોઈ પણ પ્રકારની ચેષ્ટાઓથી તદ્દન રહિત એવી સહજ અવસ્થામાં સ્થિત રહેલો હોય છે, આવો પુરુષ જ ગુણાતીત કહેવાય છે. તાત્પર્ય એ કે, તે કદી ગુણોથી ચલાયમાન થતો નથી કેમ કે ગુણો જ પરસ્પર આપસ આપસમાં પ્રવર્તે છે પરંતુ હું તો આત્મા જ છું. આત્મસ્વરૂપ એવા મારામાં આ ગુણો તથા તેના કાર્યનો કિંચિન્માત્ર પણ સંબંધ નથી; તે તો તદ્દન અસંગ છે. આ પ્રકારના નિશ્ચય વડે થતી તમામ પ્રકારની ચેષ્ટાઓથી તે તદ્દન રહિત બની જાય છે એટલે બોલવું, ચાલવું, સૂવું, બેસવું, શ્વાસોચ્છ્વાસ લેવો, આંખોનો ઉઘાડ વાસ કરવો; આ રીતે કાયા, વાચા, મન તથા બુદ્ધિ ઇત્યાદિ વડે થતી તમામ ક્રિયાઓ ત્રણ ગુણોની હોઈ હું તો તેથી પર અસંગ અને અનિર્વચનીય એવો આત્મા જ છું. એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે જે સર્વ ચેષ્ટાઓથી રહીત થઈને ઉદાસીનની પેઠે રહે છે તે ગુણાતીત કહેવાય છે.

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।

तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥२४॥

જેને નિંદાસ્તુતિ તુલ્ય છે તે ગુણાતીત છે

જે સ્વસ્થ એટલે આત્મસ્વરૂપ એવા પોતામાં જ સ્થિત થયેલો છે, અર્થાત્ જે આત્મસ્વરૂપમાંથી કદી પણ ચલાયમાન થતો નથી, જે પહાડની જેમ આત્મામાં જ તદ્દન અચળ છે, જેને સુખ અને દુઃખ બંને સમાન છે, માટીનું ઢેકું, પત્થર, સોનું, એ બધું પણ જેને સમાન છે, પ્રિય, અને અપ્રિય, પણ તુલ્ય જ છે તથા નિંદા અને સ્તુતિ પણ જેને સમાન છે, એવો ધીર પુરુષ ગુણાતીત કહેવાય છે. ઉદ્દેશ એ કે, સુખ; દુઃખ, માટી, પત્થર, સોનું, પ્રિય, અપ્રિય, નિંદા; સ્તુતિ ઇત્યાદિ સર્વ તો પ્રકૃતિ વડે ઉત્પન્ન થનારાં સત્ત્વ, રજ અને તમોગુણનાં કાર્યો છે. હું તો પોતે આત્મસ્વરૂપ છું અને આત્મા તો તદ્દન અસંગ છે. તેમાં આ પ્રકૃતિના ગુણો તથા તેના કાર્યોનો તલભાર પણ સંબંધ નથી; તેથી એ ગુણાદિ પ્રવૃત્ત થાય કિંવા નિવૃત્ત થાય તો પણ તે બંનેમાં પોતે તો ઉદાસીન હોવાથી સમાન જ હોય છે, તેથી તે સુખ, પ્રિય, સ્તુતિ, સોનું વગેરેને ઇચ્છતો પણ નથી અને દુઃખ, લોઢું ઢેકું, એટલે માટી, અપ્રિય, નિંદા ઇત્યાદિ ન હોય એવી રીતે તેનો દ્વેષ પણ કરતો નથી; આથી આ બંને હો યા ન હો તેની દૃષ્ટિએ તો તે બધાં આત્મસ્વરૂપ હોવાથી સમાન જ છે અને તેથી જ તે ગુણાતીત કહેવાય છે.

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।

सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥ २५ ॥

સર્વારંભપરિત્યાગી

સર્વારંભપરિત્યાગી એટલે જેણે સર્વના આરંભ એવા પ્રકૃતિ અને તેના ગુણોનો પરિત્યાગ કર્યો છે, એટલે હું તો તદ્દન નિસંગ, નિર્વિકાર અને અનિર્વચનીય એવો આત્મા છું. મારો તો પ્રકૃતિ તેના ગુણો તથા કાર્યો ઇત્યાદિ કશાની સાથે તલભાર પણ સંબંધ નથી કેમકે આ બધા દૃશ્યાદિનો આરંભ પ્રકૃતિ (શ્લોકાંક ૩ થી ૧૫ ઘ) પોતે જ ત્રણ ગુણો દ્વારા કરે છે, પરંતુ હું તો આત્મા (શ્લોકાંક ૧) છું. મારામાં તો જ્યાં પ્રકૃતિનો જ લવલેશ નથી તો પછી તેના સત્ત્વાદિ ગુણો અને કાર્યોની કલ્પના વા સંબંધ ક્યાંથી હોઈ શકે? આવી રીતના નિશ્ચયમાં સ્થિત થઈ જેણે આ સર્વ આરંભનો ઉચ્છેદ કરી નાખ્યો છે,

તે સર્વ આરંભના પરિત્યાગીને પ્રકૃતિ અને તેના ગુણો હો યા ન હો તેથી દ્વેષ કિંવા પ્રીતિ હોવાનું પ્રયોજન જ રહેતું નહિ હોવાને લીધે પ્રકૃતિના ગુણો વડે ઉત્પન્ન થનારા આ માન કિંવા અપમાન ઇત્યાદિ બંને તુલ્ય જ છે. તે મિત્ર તથા શત્રુ એ બેઉને પણ આત્મરૂપ એવી ભાવના વડે સમાન જ દેખે છે. આ મુજબ ગુણોથી પર થયેલો સર્વારંભનો પરિત્યાગી ગુણાતીત કહેવાય છે.

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।

स गुणान्समतीत्यैताम्ब्रह्मभूयाय कल्पते ॥२६॥

ગુણાતીતના સાધન

ભગવાન કહે છે: હે પાર્થ ! તને ગુણાતીતનાં લક્ષણો તથા આચાર કેવાં હોય તે કહી સંભળાવ્યું, હવે ગુણાતીત કેવી રીતે થવાય ? એટલે ત્રણે ગુણોને કેવી રીતે ઓળંગી શકાય તે કહું છું તે સાંભળ.

ત્રણ ગુણો ઓળંગવાનો પ્રકાર

જે બ્રહ્મ વા આત્મરૂપ એવા મને અનન્ય ભક્તિયોગ વડે સેવે છે, તે આ ત્રણે ગુણોને ઓળંગી જઈ બ્રહ્મ થવાને યોગ્ય થાય છે. આમાં ભગવાને "**माम्**" એટલે હું શરીરધારી એવો આ કૃષ્ણ નહિ પરંતુ આત્મસ્વરૂપ એવા મને જે અવ્યભિચારી ભક્તિયોગ વડે સેવે છે, એમ કહ્યું છે. ચિત્તની વૃત્તિમાં અખંડ એક જ પ્રવાહ સતત્ ચાલુ હોઈ તેમાં બીજી વૃત્તિઓ વડે તૂટ પડવી એટલે ભંગ થવો તેનું નામ વ્યભિચાર તથા એવી તૂટ નહિ પડતાં એક સરખો અખંડ પ્રવાહ ચાલે તેનું નામ અવ્યભિચાર છે, તથા જેમ નદીનાં પાણી સમુદ્રમાં મળતાં તે સમુદ્રની સાથે એકાકાર થઈ જાય છે તેમ નદીના પ્રવાહની જેમ અખંડ એકરૂપતાથી પરમાત્માની સાથે જોડી તદાકાર બનાવી દે એવું જે સાધન તે જ ભક્તિયોગ કહેવાય છે. એટલે હું બ્રહ્મ છે. બ્રહ્મ કિંવા આત્મા વિના બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે જરા પણ ખંડ પડ્યા સિવાય ચિત્તને નિરંતર એક આત્મામાં યા પોતાના ઇષ્ટદેવતામાં જ જોડી દેવું અર્થાત્ આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું અંતઃકરણમાં ઉત્થાન જ થવા નહિ દેવું અને થાય તો તુરત જ તે આત્મરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવું એનું નામ જ અવ્યભિચારી ભક્તિયોગ છે. સ્પષ્ટતા માટે શાસ્ત્રમાં પ્રહ્લાદે કરેલા ભક્તિમાર્ગના વર્ણનનો સાર સંક્ષેપમાં કહું છું જેથી ખોટા દુરાગ્રહ છૂટી અનન્ય ભક્તિયોગની સ્પષ્ટ કલ્પના આવશે.

અવ્યભિચારિણી ભક્તિ

જે દેવ વેદનાં અને વેદાંતનાં વચનો એટલે વાક્યો તથા મહાવાક્યો વડે ગવાયો છે અને તે વચનો વડે જ જાણવામાં આવે છે, તે "આત્મા" નામનો દેવ કેવી રીતે ભૂલી જવાય ? હે આત્મા ! તારા વિના અત્યંત પ્રિય ત્રિલોકમાં એવો આ બીજો કોણ છે ? અર્થાત્ કોઈ નથી. તું સર્વરૂપ હોવાને લીધે મારનાર પણ તું છે, રક્ષણ કરનાર પણ તું છે, આપનાર પણ તું છે, સ્તુતિ કરનાર પણ તું જ છે. જનાર પણ તું જ છે અને ગતિ કરનાર પણ તું જ છે. તે તું મને હવે પ્રાપ્ત થયો છે અર્થાત્ અપરોક્ષ અનુભવમાં આવ્યો છે. તારા સિવાય બીજું કાંઈ છે જ નહિ. વળી તને છોડીને ક્યાંયે જવાય તેમ નથી, પોતાની સત્તાથી સમગ્ર બ્રહ્માંડને પૂરનારા હે આત્મા ! હે સર્વનું હિત કરનારા ! તું સર્વ સ્થળે સર્વદા પરિપૂર્ણ વ્યાપેલો છે, એમ મારા પ્રત્યક્ષ અનુભવમાં આવ્યું છે; માટે હવે તું ક્યાં નાસી શકે એમ છે ? તારા અને મારા વચ્ચે ઘણા જન્મોથી બહુ અંતર પડી ગયું હોય એમ ભાસતું હતું તે ટળી જઈ ને હવે "તું" અને "હું" એક થયા છીએ, માટે હવે તું કે જે કૃતાર્થ છે, સર્વ જગતાદિનો કર્તા છે, પાલક છે તથા સઘળા પદાર્થોથી ન્યારો હોઈ તદ્દન અસંગ એવો છે, તેને "હું" અનન્યભાવે પ્રણામ કરું છું. હે દેવ ! તું કે જે સંકલ્પાદિ તમામ વિષયોને પણ પ્રેરણા કરનારો છે તથા શરીરના રોમેરોમમાં વ્યાપી રહેલો છે તેમ જ બ્રહ્માંડાદિ

વિરાટમાં પણ રગેરગમાં વ્યાપ્ત છે, તે આત્મદેવ દૂર કેમ હોય? હે આત્મા! તુંજ આ બધા દૃશ્યરૂપે થયો છેઃ સર્વનું અધિષ્ઠાન પણ તું જ છે. સૂર્યરૂપે પણ તું જ છે. શીતળારૂપ પણ તું જ છે. તેં જ આ મોટામોટા પર્વતોને ધારણ કર્યા છે, તે જ વાયુ આદિને ગ્રહણ કર્યા છે. તારાથી જ પૃથ્વી અચિંચળ રહેલી છે. આકાશ પણ તારી સત્તાથી જ સર્વને અવકાશ આપી રહેલું છે. હે આત્મદેવ! "તું" "હું"પણાને પ્રાપ્ત થયો તથા "હું" "તું" પણાને પ્રાપ્ત થયો, એ ઘણું સારું થયું. હવે તું અને હું એક થઈ ગયા એ પણ ઘણું સારું થયું. આપણા વચ્ચેનો ભેદ નીકળી જતા પામ્યો અને આપણે હવે અભેદ થયા છીએ, એ પણ ઘણું સારું થયું. તારી ઉપાધિરૂપ 'તું' એ શબ્દ તથા મારી ઉપાધિરૂપ 'હું' એ શબ્દ કે જેઓ લક્ષ્યરૂપ પરમાત્માના પર્યાય શબ્દો છે, તેઓને હું વારંવાર પ્રણામ કરું છું; હું કે જે અંત વિનાનો છે અને અહંકાર વિનાના રૂપવાળો છે તેને હું જ પ્રણામ કરું છું. હે આત્મા! હું તો સ્વચ્છ, શમ નિરાકાર, સાક્ષીભૂત, દેશ અને કાળના માપથી રહિત એવા તારું જ સ્વરૂપ છે. હું માં જ તું રહ્યો છે તથા તું માં જ હું રહ્યો છે. મન નિત્યપ્રતિ સંકલ્પો અને વિકલ્પો કર્યા કરે છે, ઇંદ્રિયોની વૃત્તિઓ રહ્યા કરે છે, પ્રાણ તથા અપાન વાયુનો ભારે પ્રવાહ હંમેશ ચાલ્યા જ કરે છે અને આશારૂપી દોરી વડે ખેંચાતા મનરૂપી સારથિવાળા તથા ચર્મ, માંસ અને અસ્થિઓથી ગોઠવાયેલા શરીરરૂપી યંત્રો ચાલ્યા જ કરે છે; એ સઘળું આત્મસ્વરૂપ એવા મારી પ્રેરણાથી જ થાય છે. હું કાંઈ કોઈ શક્તિરૂપ કિંવા દેહમાં રહેનારા અહંકારાદિરૂપ પણ નથી પરંતુ હું તો કેવળ અખંડ અનુભવરૂપ જ છે. ચાહે દેહ પડી જાય કિંવા રહે તેની સાથે મારો કિંચિન્માત્ર પણ સંબંધ નથી. ઘણા કાળે મને આ મારા પોતાના સ્વરૂપનો અનુભવ થયો છે. હવે મારો ભ્રમ દૂર થયો છે. હે આત્મા! હું રૂપ તું કે જે સર્વરૂપ પણ છે અને સર્વથી તદ્દન જુદા પણ છે, તેને હું વારંવાર પ્રણામ કરું છું. જેઓ મને તુંરૂપ કહે છે કિંવા હુંરૂપ કહે છે, તેઓને પણ હું પ્રણામ કરું છું. તેઓ પણ મારાથી ભિન્ન નથી. સઘળા સંયોગોને પ્રકાશ કરનારું છતાં પણ જેને દોષોની વૃત્તિઓનો કદી સ્પર્શ થતો નથી તથા જેમાં કોઈપણ પ્રકારનો આગ્રહ થતો નથી, એવું પરમાત્માનું સાક્ષીભાવપણું ભારે ચમત્કારવાળું છે. હે આત્મા! જેમ પુષ્પમાં સુગંધ રહે, ઘમણમાં પવન રહે અને તલમાં તેલ રહે, તેમ તું સઘળા બ્રહ્માંડોમાં રહ્યો છે. હે આત્મા! તું અહંકારથી રહિત હોવા છતાં પણ મારે છે, રક્ષણ કરે છે, ગ્રહણ કરે છે, ગડગડાટ કરે છે અને સઘળો વ્યવહાર કરે છે, માટે તારું આ માયાવીપણું ઘણું જ વિચિત્ર છે. હે આત્મા! સર્વદા સર્વનો પ્રકાશક આત્મારૂપ એવો હું કાંઈ પણ વ્યાપાર નહિ કરતો હોવા છતાં સર્વ જગતને પ્રકટ કરું છું, કર્ણ પક્ષી વશ કરીને પાળું છું અને પાળીને વળી પાછો તેનો લય કરી દઉં છું, માટે સર્વોત્તમ છું, આ "હું" અને આ "તું" ઇત્યાદિ શબ્દોથી તું જ લીલા કરવા પોતે પોતાથી પોતાને જ કહે છે. તું જે કોઈનાં વખાણ કિંવા નિંદા કરે છે, તે પણ પોતે પોતાનાં જ વખાણ કિંવા નિંદા કરે છે. તુંપણારૂપી દ્વૈતભાવના વડે ઉત્પન્ન થતી અને તારું સાચું સ્વરૂપ જોવામાં આવતાં જ તુરત નષ્ટ થઈ જતી સુખદુઃખાદિની ભાવના જાણે મુએલી જ જન્મતી ના હોય અથવા જન્મીને તરત જ મરી જતી ના હોય એવી છે. આમ હોવાને લીધે તે હર્ષશોક આપનારી છે એમ કયો મૂઢ પુરુષ સમજે? અવિવેકી પુરુષોના ચિત્તમાં તો અનંત અને અનિયત વાસનાઓ હોય છે, તેનો પાર નથી. એ ચિત્તમાં પણ તું જ તેવા તેવા રૂપે બની અનંતરૂપે પ્રતીત થાય છે. તેવાઓના ચિત્તમાં તું જ પોતે કેવા પ્રકારના વિસ્તારને પામે છે તેનું વર્ણન કરવા તુંરૂપ એવી મારી બુદ્ધિ સમર્થ નથી; પરંતુ 'તું' વ્યાપારથી રહિત છે, અંશોથી રહિત છે અને અહંકારથી પણ રહિત છે, છતાં જાણે તેં જ જાગ્રતમાં તથા સ્વપ્નમાં મિથ્યા કર્તાપણાનો આડંબર સ્વીકાર્યો ન હોય તેવો પ્રતીતિમાં આવે છે. અવિવેકીની દૃષ્ટિમાં જેનો કદી પણ પાર ન આવે એવા આ દૃશ્યાદિ ઘણા આકારે ફેલાયેલા જણાતા હે આત્મા! તારો જય હો! વિવેકીની દૃષ્ટિથી દ્વૈત વિનાના શાંત અને એકરસ જણાતા હે આત્મા! તારો જય હો! અવિવેકીની દૃષ્ટિએ સઘળાં પ્રમાણોના વિષયભૂત જણાતા તથા વિવેકીની દૃષ્ટિથી કોઈ પણ પ્રમાણના વિષયભૂત નહિ દેખાતા; આ અવિવેકીની દૃષ્ટિએ જન્મવાળા ખંડિત, અનેક સંકલ્પવિકલ્પોવાળા તથા વિવેકીની દૃષ્ટિએ પ્રમાણોથી રહિત, અજન્મા, અખંડિત, એકરસ, મનના

અવિષયરૂપ સંકલ્પ રહિત એવા હે આત્મા! તારો જય હો. હું તારા દર્શનથી શાંત, પ્રફુલ્લિત અને જ્ઞાનસ્વરૂપ થયો છું. હું હવે જીવન્મુક્તિરૂપી જયને પ્રાપ્ત થયો છું અને વ્યવહારદૃષ્ટિએ ફક્ત બાકી રહેલા પ્રારબ્ધને જીતી લેવા માટે જ જીવું છું તથા હું કે જે તું રૂપ જ છે તેને પ્રણામ કરું છું તથા તું કે જે 'હું' રૂપ છે તેને પ્રણામ કરું છું. વિષયરૂપી રોગોથી રહિત થઈને વિષયોની વાસનાઓના રંગોથી પણ રહિત તથા સ્વસ્થ એટલે પોતે પોતામાં જ સ્થિતિ કરવી તેવા સ્વરૂપવાળો થઈને 'હું' પણ તારામાં જ રહ્યો છું, માટે મને બંધન ક્યાં? વિપત્તિઓ પણ ક્યાં? સંપત્તિઓ પણ ક્યાં? જન્મમરણ પણ ક્યાં? અને સુખદુઃખાદિ પણ ક્યાં છે? સંસારનું નિવારણ કરનારા વિષ્ણુ ભગવાને મને કહ્યું કે 'આત્મવિચારવાન્ ભવ' એટલે કે તું "આત્મવિચારવાળો થા," આથી મને તેમના પ્રસાદવડે આ આત્મવિચાર સ્ફુર્યો તથા આત્મસ્વરૂપ એવા તારી પ્રાપ્તિ થઈ છે. અરે, આ દૃશ્યાદિ જગતમાં જે કાંઈ છે તે સઘળું આત્મા જ છે. અતિ સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ પરમાણુથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ સર્વે આત્મા જ છે કે જે આત્મા વિકારોથી તદ્દન રહિત, સર્વરૂપ અને સર્વના સાક્ષી ઇત્યાદિ સ્વરૂપવાળો છે. હે આત્મા! તું તથા આત્મરૂપ એવો હું અને તેના સાક્ષીને હું આત્મસ્વરૂપ એવા મારામાં જ પ્રણામ કરું છું. આ રીતે તારું આત્મસાક્ષાત્કારથી સિદ્ધ એવું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત થવાથી હવે મત્સ્વરૂપ એવો જે હું તે પણ અવિચળ એવા આત્મપદને પ્રાપ્ત થયો છે (પ્રહ્લાદે કરેલી ભક્તિનો ટૂંક સારાંશ યો૦ ઉપ૦ સ૦ ૩૬)

અનન્ય ભક્તિયોગ તે આ જ

અવ્યભિચારિણી ભક્તિ કોને કહેવી? તેની સ્પષ્ટતા માટે આ આધારભૂત કથન ભક્તિમાર્ગના પ્રણેતા એવા પરમભક્ત પ્રહ્લાદે કરેલી ભક્તિની ખરી કલ્પના લોકોને આવે એટલા માટે અહીં આપવામાં આવેલું છે; આવી ભક્તિ એ જ સાચી ભક્તિ છે. આ સ્તુતિ ભક્ત પ્રહ્લાદે શ્રીવિષ્ણુનાં દર્શન થયા પછી તેમણે "આત્મવિચારવાન્" થાઓ એવા આપેલા વરદાન ઉપરથી વિચાર સ્ફૂર્તિ થઈ ઐકયસ્વરૂપમાં સ્થિતિનો અનુભવ આવ્યા પછી કરેલી છે, તે ખાસ ધ્યાનમાં રાખવું. તાત્પર્ય એ કે, અવ્યભિચારિણી ભક્તિ તે જ છે કે જેના ચિત્તમાં અખંડ એક આત્માનો જ પ્રવાહ સતત્ વહી રહ્યો હોય, જેના અંતઃકરણમાં આત્માથી વ્યતિરિક્ત બીજા કોઈ પણ પ્રકારની વૃત્તિનું ઉત્થાન જ થવા પામતું નથી તથા જે ચિત્તમાં આત્મા સિવાય અન્ય વૃત્તિનું ઉત્થાન થવા પામે તો તરતજ તે આત્મા છે એવા પ્રકારની પ્રતિવૃત્તિ વડે તેને દાબી દેવું તે યોગ કહેવાય; આનું નામ જ અવ્યભિચારી કિંવા અનન્ય ભક્તિયોગ કહેવાય. ટૂંકમાં એક આત્મા વિના બીજું કાંઈ છે જ નહિ એવો પ્રથમ દૃઢ નિશ્ચય કરી આત્માનુભવને માટે તે નિશ્ચયને પ્રત્યક્ષ અભ્યાસમાં લાવવો તે જ અનન્ય ભક્તિયોગ કહેવાય. આ મુજબના અવ્યભિચારી ભક્તિયોગ વડે તે(મુમુક્ષુ) ત્રણ ગુણોથી પર થઈ અર્થાત્ ત્રણ ગુણોને ઓળંગી જઈ બ્રહ્મ થવાને સમર્થ થાય છે.

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।

शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥२७॥

હું જ બ્રહ્મનું સ્થાનક છે

ભગવાન કહે છે : આ રીતે હું જ અમૃત, અવ્યય, શાશ્વત, ધર્મરૂપ તથા ઐકાંતિક સુખરૂપ એવું બ્રહ્મ (શ્લોકાંક ૧)સ્થાન છે. અમૃત એટલે મૃત નહિ એવું અવિનાશી, જન્મથી રહિત અજન્મા, અવ્યય અર્થાત્ વ્યય રહિત એટલે જેમાં કિંચિન્માત્ર પણ પરિણામ કિંવા વિકાર યા વ્યય સંભવતો નથી, જેનો કદી ક્ષય થતો નથી તેવું, સ્થિર અથવા કાયમનું રહે એવા ધર્મવાળું, સુખરૂપ અને જે એક અંતવાળું છે એટલે જેમ અનેક નદીઓના સમૂહોનો અંત છેવટે એક સમુદ્રમાં જ થાય છે, એટલે તે બધી એક સમુદ્રના અંતવાળી કહેવાય તેમ ગમે તેટલા ભેદો પ્રતીત થાય છતાં પણ તે સર્વનો છેવટે તો એક આત્મામાં જ સમાવેશ

થાય છે. જેમ કે એક જમીનના પાંચ, પચાસ કે સો ટુકડા કરવામાં આવે અથવા એક જ ઘરની વહેંચણી થતાં તેના પાંચ ભાગલાઓ પડવાથી જુદા જુદા પાંચ માલિકો બનતાં પાંચ ઘરો કહેવાય. આમ જેમ એક જ ઘર પાંચ રૂપે ગણાય કિંવા એક જ જમીન સો રૂપે થયેલી ગણાય એ રીતે એકમાં જ અનેકત્વની કલ્પના કરવામાં આવે છે અથવા પૃથ્વી, જળ, વહ્નિ અને વાયુ એ ચારે મહાભૂતો તથા તેમાંના અસંખ્ય ભેદોને અંતે એક આકાશમાં જ અવકાશ મળે છે કિંવા ગમે તેટલી નદીઓ હોય પરંતુ તે સર્વનો અંત તો એક સમુદ્રમાં જ થઈ જાય છે, તેમ આ જુદા જુદા અનંતરૂપે ભાસનારા તમામ દૃશ્યનો સમાવેશ તો છેવટે એક આત્મા કિંવા બ્રહ્મમાં જ થાય છે; એવા આ બ્રહ્મનું પ્રતિષ્ઠા એટલે અસ્તિ યા સ્થિતિપણાનું સ્થાન હું જ છે અને આ હું તો બ્રહ્મ(વૃક્ષાંક ૧)રૂપ જ છે. ઉદ્દેશ એ છે કે, જેમ પાણી પોતે તો તદ્દન અનિર્વચનીય છે તેને પોતાને ખબર પણ નથી કે હું પાણી છું તથા મને કોઈ સમુદ્ર, નદી, તળાવ, સરોવર, ઝીણુ, પરપોટા કિંવા તરંગો કહે છે અથવા મારામાં તેવું કાંઈ છે, તે તો બધું સાક્ષી જાણે છે. જો આમ જાણનારો સાક્ષી ન હોત તો તેને પાણી છે એમ કહેવાપણું પણ રહેત જ નહિ, પરંતુ આ પાણી છે એવું ભાન તો સાક્ષી વડે જ થાય છે; તેમ જ જળતરંગાદિ પાણી રૂપ છે એવું પણ તેના વડે જ જાણી શકાય છે, તેમ આ બ્રહ્મ પોતે તો નિર્વિકાર,અવ્યય, અમૃતરૂપ, શાશ્વત ધર્મવાળું, તદ્દન સ્થિર અને સુખરૂપ અને બ્રહ્મરૂપ એવા પોતે પોતામાં, પોતાપણાના એક જ અંતવાળું અને તદ્દન નિરુપાધિક એવું છે; છતાં તે પોતે જ પોતામાં જ્યારે હું એવા દૃશ્ય કિંવા સાક્ષીભાવને પ્રાપ્ત થાય છે ત્યારે જ જાણી શકાય છે, કે આ બધું જગતાદિ દૃશ્ય પાણીમાંના તરંગાદિની જેમ બ્રહ્મરૂપ જ છે તથા અનિર્વચનીય એવું સર્વનું આંતિમ સ્થાન બ્રહ્મ કરીને કાંઈ છે અને હું પોતે પણ તે બ્રહ્મસ્વરૂપ જ છે. આ રીતે પોતાની અને બ્રહ્મની એકતા જાણી લઈ આ બધું પણ બ્રહ્મરૂપ છે અને હું પણ તે રૂપ છે તેમજ આ દૃશ્યાદિરૂપે ભાસતું પ્રકટ સ્વરૂપ પણ બ્રહ્મરૂપ એવો હું જ છે. આ પ્રમાણે બ્રહ્મનું વાસ્તવ સ્વરૂપ જાણવામાં આવે તો પણ ત્રણ ગુણોને ઓળંગી શકાય છે.

હું કોણ તે તેં જાણ્યું ને?

હે અર્જુન! હવે 'હું' કોણ છે તે તું સારી રીતે જાણી શક્યો ને? તેં જે મારું સ્વસ્વરૂપ જાણવાની ઇચ્છા વ્યક્ત કરી હતી તે હવે તારા જાણવામાં આવ્યું ને? અરે! જેને વિષે આ જગત રહ્યું છે તે બ્રહ્મ છે, જેના થકી આ જગત ઉત્પન્ન થયું છે તે પણ બ્રહ્મ છે, જે સાધન વડે આ જગત ઉત્પન્ન થાય છે તે સાધન પણ બ્રહ્મ છે, જેના સંબંધમાં આ જગત રહ્યું છે તે પણ બ્રહ્મ છે, જેને ઉદ્દેશીને અહીં જે જે કાંઈ બલિદાનાદિ આપવામાં આવે છે તે સર્વ પણ બ્રહ્મ છે, જે કોઈ સ્વતંત્ર કર્તારૂપે પોતે કરે છે તે પણ બ્રહ્મ છે તથા પ્રયોજક કર્તા એટલે બીજા પાસે કરાવે છે તે પણ બ્રહ્મ છે, કેમ કે તે બ્રહ્મ જ સર્વનું આદિ કારણ છે, સર્વથી પહેલાં પ્રસિદ્ધ છે, પર તથા અપર આદિના પણ પરમ કારણરૂપ છે, સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે. જેમાં સર્વ છે, જે સર્વમાં છે તથા જેમાં કાંઈ પણ છે જ નહિ એવું નિઃશેષપદ ઇત્યાદિ બધું બ્રહ્મ જ છે તથા તે બ્રહ્મ એ જ હું છે. આમ 'હું'રૂપ એવું બ્રહ્મ જ બ્રહ્મમાં બ્રહ્મવડે બ્રહ્મને ભાસી રહ્યું છે, એમ નિઃશંક જાણ.

અધ્યાય ૧૫

જગતમાંથી મિથ્યાબુદ્ધિનો ત્યાગ કેવી રીતે કરવો?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ હે ભારત! અત્યંત ગુહ્યમાં ગુહ્ય અને જાણવાપણાના પરમાવધિરૂપ એવું સર્વોત્તમ શ્રેષ્ઠ જ્ઞાન દૃઢતાને અર્થે તને ફરીથી કહું છું, તે તું સારી રીતે લક્ષ્ય દઈને સાંભળ. આ અત્યંત ગોપ્યજ્ઞાન વા ગુહ્યજ્ઞાન સમજવાને માટે પ્રથમ તો બંધ કરનારા નિશ્ચયો તથા મુક્ત કરનારા નિશ્ચયોનું સ્વરૂપ સારી રીતે જાણવું જોઈએ. હે બુદ્ધિશાળી! પ્રથમતઃ તો તું આત્મા અજન્મા હોઈ તે વધવું ઘટવું વગેરે

છ પ્રકારના વિકારોથી તદ્દન રહિત છે, તો પછી જરા અને મરણનો તો તેમાં સંભવ ક્યાંથી હોય ? એવો નિઃશંક બનીને દૃઢ નિશ્ચય કર. આ જે જે કાંઈ સઘળા દૃશ્ય પદાર્થો જોવામાં આવે છે, તેની સાથે તારો કિંચિન્માત્ર પણ સંબંધ નથી અને તેનો પણ તારી સાથે તલભાર સંબંધ નથી. કેમ કે તમામ દૃશ્ય પદાર્થો રજ્જુમાં(દોરડીમાં) કલ્પાયેલા સર્પની જેમ તદ્દન મિથ્યા છે અને તું તો તે સર્વથી તદ્દન જુદો અને અસંગ એવો આત્મસ્વરૂપ છે. આ ભાસતું તમામ દૃશ્ય જગત મિથ્યા હોવા છતાં અજ્ઞાનથી જ સાચા જેવું પ્રતીત થાય છે, તેથી તું તેમાં એટલે જગતમાં સત્યબુદ્ધિ નહિ રાખતાં બ્રહ્મબુદ્ધિ રાખ એટલે આ સર્વ દૃશ્ય આત્મા અથવા બ્રહ્મસ્વરૂપ(વૃક્ષાંક ૧) જ છે એવી દૃઢ બુદ્ધિ રાખ. આમ જો તું તેમાં બ્રહ્મબુદ્ધિ રાખીશ તો પછી તને તેમાં મિથ્યા મૃગતૃષ્ણા થવાનો કદી પણ સંભવ રહેશે નહિ.

ચાર પ્રકારના નિશ્ચયો

ચાર નિશ્ચયો પૈકી વિચારશીલ અને આત્મસ્વરૂપ એવા મારી પ્રાપ્તિની ઇચ્છા કરનારા નિષ્કામ ભક્તોના મનમાં ત્રણ પ્રકારના નિશ્ચયો હોય છે તથા તે સિવાયના સર્વ લોકોમાં 'હું' પગથી માંડીને ઠેઠ માથા સુધી (નખશિખાંત) માતપિતાનો જ બનાવેલો છું અર્થાત્ માતાના ઉદરમાંથી પેદા થયેલો એવો હું એટલે આ શરીર જ છું એવા પ્રકારનો નિશ્ચય હોય છે. એ રીતે એકંદરે ચાર નિશ્ચયો છે. આ શરીર એટલે જ હું એવો નિશ્ચય અવિચારવાળાઓનો જ હોય છે. ખોટા વિચાર વડે થયેલો હોવાને લીધે તે નિશ્ચય પુરુષને બંધનમાં નાંખે છે. આ નિશ્ચય તે પ્રથમ નિશ્ચય કહેવાય છે. દેહ ઇંદ્રિયાદિ સહ સઘળા દૃશ્ય પદાર્થોથી હું તદ્દન ભિન્ન છું તથા સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ એવો છું, એ મુજબ તમામના સાક્ષી કિંવા દ્રષ્ટાભાવનો જે નિશ્ચય તે બીજો નિશ્ચય છે. આ નિશ્ચય શુદ્ધ એવા સ્વસ્વરૂપને જણાવનારો હોવાથા ક્રમે ક્રમે મોક્ષ આપનારો જ નીવડે છે અને તે વિચારશીલ એવા સુજ્ઞોને થાય છે. ત્રીજો નિશ્ચય 'હું' એટલે આ અનંત પદાર્થોથી ભરેલા દૃશ્ય એવા જગતરૂપ હોઈ અવિનાશી છે. અર્થાત્ અહંમમાદિ સર્વભાવે હું જ છે, એવા પ્રકારનો સર્વાત્મભાવરૂપ સમજવો. આ નિશ્ચય શરીર એટલે જ આત્મા એવી સંકુચિત ભાવનારૂપ ભ્રાંતિને છોડાવી આત્માના વ્યાપકપણાને સિદ્ધ કરનારો હોવાને લીધે એ પણ મોક્ષને માટે ઉપયોગી છે તથા ચોથો નિશ્ચય આ દેહાદિક સહ જગતાદિ તમામ દૃશ્ય કદી પણ છે જ નહિ, આત્મામાં કદી કાંઈ ઉત્પન્ન થવા પામેલું જ નથી પરંતુ તે તમામથી રહિત જે અખંડ સત્સ્વરૂપી પરબ્રહ્મ છે તે જ હું છે. એવો નિઃશેષભાવરૂપ જે નિશ્ચય તે ચોથો નિશ્ચય છે. આ નિશ્ચય સર્વ દૃશ્યોના બાધપૂર્વક એટલે (જાગ્રત થતાં સ્વપ્નનો બાધ થાય છે તેમ) દૃશ્યાદિનો બાધ થઈ પોતાના વાસ્તવિક સ્વરૂપને જણાવનારો હોવાથી મોક્ષની સિદ્ધિને માટે છે, એમ સમજવું.

જગત મિથ્યા છે તો તે કેવી રીતે દેખાય છે ?

આ ચાર નિશ્ચયોમાં "હું" માતાપિતાથી ઉત્પન્ન થયેલો એવો દેહજ છું, એવો જે પ્રથમનો નિશ્ચય કહેવામાં આવ્યો તે મલિન ભાવનાવાળો હોવાથી બંધનમાં પાડનારો છે અને તે જેઓ વિચારશીલ હોતા નથી એવા અવિચારીઓમાં જ હોય છે. હે સૌમ્ય ! આ જગતમાંના તમામ જીવો મોટે ભાગે આ નિશ્ચય વડે જ સ્થાવર, જંગમાદિ તેમ જ પશુપક્ષ્યાદિ અને મનુષ્યાદિ અનેક જડચેતન યોનિઓમાં પડી દુઃખભોગ ભોગવ્યા કરે છે અને અનંત વિષયવાસનાઓ કે જે મૃગજળવત્ છે તેનું ચિંતન કરી પરાધિન થઈ પોતાને હાથે જ નરકવાસમાં સબડી રહેલા છે. આ બધું દૃશ્યજાળ જે તારા જોવામાં આવે છે તે સર્વ આ પ્રકારના અવિચારી, અવિવેકી અને મૂઢ જીવોનું સ્વપ્નવત્ તથા ભ્રમમૂલક એવું મિથ્યા મૃગજળ છે, એમ તું સમજ. પોતપોતાના મિથ્યા સંકલ્પ વડે ચાલી રહેલો આ ગારુડી ખેલ સ્વપ્ન પ્રમાણે મિથ્યા અને અસત્ હોવાને લીધે અનિર્વચનીય થઈ પડ્યો છે. તૃષ્ણારૂપી મિથ્યા મોહજાળમાં પોતાના હાથે જ ફસાયેલા મૂઢ જીવો, અનેક પ્રકારના સ્વપ્નો પોતાના મનમાં સંકલ્પવિકલ્પો વડે જોયા જ કરે છે અને મૃગતૃષ્ણારૂપ વિષયોની પાછળ જ સતત ભમતા રહે છે અને થાકી જાય છે. મનરૂપી મિથ્યા માની લીધેલા ભ્રમ વડે આ સમસ્ત ઇંદ્રજાળ

સ્વપ્નવત્ ખડી થઈ ગયેલી છે. ખરી રીતે તો તે છે જ નહિ. ઘણા મનુષ્યો પાસે પાસે સૂતેલા હોય અને તેઓને દરેકને જુદાં જુદાં સ્વપ્નાઓ આવે તથા તે પૈકી સાચું કયું અને ખોટું કયું, એ સંબંધમાં વિચાર કરીને તેઓ ગમે તેટલા ઝગડાઓ કરે કિંવા સ્વપ્નની વસ્તુઓ મેળવવા માટે ગમે તેવો દીર્ઘ ઉદ્યોગ કરે, તો પણ તે કદી પ્રાપ્ત થશે ખરી કે? વળી એવાઓના વાદનો નિર્ણય પણ કેવી રીતે થઈ શકે અને કોણ કરી શકે? તેમ આ અનંત એવા આત્મચૈતન્યમાં મિથ્યાભ્રમ વડે ભાસતા અસંખ્ય જીવો, અવિચાર વડે પોતપોતાના મનરૂપી માનસિક સંકલ્પવિકલ્પો કરી, આ જગતરૂપ સમષ્ટિ તથા વ્યષ્ટિરૂપ અનેક સ્વપ્નોનો દીર્ઘ કાળથી અનુભવ લઈ રહ્યા છે; પરંતુ વાસ્તવિક તો તે સર્વ મન વડે માની લીધેલો મિથ્યા સ્વપ્નરૂપ એવો ચિદાભાસ છે.

હાથી અને આંધળાઓ

જેમ કેટલાક આંધળાઓ હાથીના સ્વરૂપનો નિર્ણય કરવા બેઠા તે પૈકી કેટલાકોના હાથમાં પગ આવ્યા, તેથી તેઓ હાથી થાંભલા જેવો જાડો છે એવા પક્ષનો સ્વીકાર કરી બેઠા. વળી બીજા કેટલાકોના હાથમાં સૂંઢ આવી, આથી તેઓ હાથી જાડા અજગર જેવો અને નરમ છે એમ માની બેઠા. કેટલાકો કાન ઉપરથી હાથી સૂપડા જેવો છે એવા પંથનો સ્વીકાર કરી બેઠા અને કેટલાકો તો વળી પૂંછડા પરથી તે દોરડી જેવો છે એવા પક્ષનો સ્વીકાર કરી લઈ પછી આપસઆપસમાં વાદવિવાદ કરવા મંડી પડ્યા; તેમ આ જગતની સ્થિતિ પણ અનેક જીવોનાં સ્વપ્નો પૈકી જેઓનાં સ્વપ્નો દૈવવશાત્ એક સરખાં જ હોય અને તેવાઓ પોતપોતાના પક્ષને સત્ય માની લે તથા બીજાઓ પણ જેઓનાં સ્વપ્નો પરસ્પર મળતાં આવે તેવા પોતપોતાનાં જૂથો તૈયાર કરી તેને જ સત્ય માની બેસે તેવા પ્રકારની છે. આવા મિથ્યા અને સ્વપ્નવત્ અનિર્વચનીય જગત સંબંધમાં વિશેષ શું કહેવાનું હોય? પરંતુ સંક્ષેપમાં એટલું જ સમજ, કે, જેમ દૈવવશાત્ જેઓને એક જ પ્રકારનાં સ્વપ્નો આવેલાં હોય તેઓ પોતાના જૂથને સાચાં માની લે તેમ આ ચિદાભાસરૂપ મિથ્યા જીવ વાસનાને લીધે પોતપોતાના સંકલ્પોવશાત્ જગત સંબંધે જેવી જેવી કલ્પનાઓ કરી લે છે, તેવું તેવું તેને તે સ્વપ્ન અનુસાર અનુભવમાં આવે છે. આ પ્રમાણે જે જીવોના સંકલ્પો વાસનાનુસાર એક જ પ્રકારના હોય તેવાઓનું એક જૂથ બની તે સર્વના મૂળ સમષ્ટિ મનરૂપ બ્રહ્મદેવ હોય છે તથા તે જ વિરાટરૂપમાં વિષ્ણુ, મહેશ, મહત્તત્ત્વ વગેરેનો કારણ તત્ત્વરૂપે અનુભવ લે છે, બાદ તે પોતપોતાના સંકલ્પવશાત્ આ ચૌદ લોક વડે વ્યાપેલા એવા અસંખ્ય જીવોવાળા વ્યષ્ટિરૂપનો પોતે પોતામાં જ સ્વપ્નવત્ અનુભવ લે છે. એ રીતે આ તમામ વ્યષ્ટિ જીવો તે બ્રહ્મદેવના સ્વપ્નમાંના હોવાથી મિથ્યારૂપ છે. આ મુજબ બ્રહ્મદેવને વિરાટના મન વડે જાણે તે કારણ અને કાર્યસૃષ્ટિને દ્વિવિધરૂપે અનુભવતો હોય તેવી રીતે ભાસમાન થાય છે. આમ અજ્ઞાનને લીધે અને પોતાની મૂર્ખતા વડે, આ અનેકવિધ વિષયોને લીધે વિશાળ બનેલું એવું દીર્ઘ સ્વપ્ન વસ્તુતઃ નહિ હોવા છતાં પણ પોતપોતાની દૃષ્ટિએ જાણે સત્ય જ ન હોય એવા પ્રકારે ભાસે છે. હે પાર્થ! આ બધો અજ્ઞાન કિંવા મોહનો પ્રકાર જો. અવિવેકીઓની આ મિથ્યા વિષયોરૂપી મૃગતૃષ્ણાના સંબંધમાં વધુ શું કહું? આ વિચારનું માહાત્મ્ય શી રીતે વર્ણવી શકાય? મન જીત્યું ન હોય તેવા અવળે માર્ગે વહી રહેલા આ મૂર્ખ અને વિષયી લોકો વૈરાગ્યાદિકની ઉપેક્ષા કરે છે અને સાચું જ્ઞાન પ્રાપ્ત કરી લેતા નથી તથા આત્મજ્ઞાની વિદ્વાનોનો સમાગમ થવા છતાં પણ તેઓની પાસેથી પોતાનું હિત સાધી શકતા નથી. મન નહિ હોવા છતાં પણ મનપણું માની લઈ અનેકવિધ તૃષ્ણાઓ વડે મૃગજળની પાછળ દોડતાં જ રહે છે, થાકી જાય છે, હાય હાય કરે છે, રાડો પાડે છે, રાતદિન ચિંતામાં ને ચિંતામાં જ નશાના ઘેનની જેમ બેબાકળા હોય છે પરંતુ વિવેકી મહાત્માઓ પાસે જઈ સાચો માર્ગ કિંવા પોતાનું કલ્યાણ શામાં છે તે સમજી લેતા નથી. આવા પોતાને હાથે જ દાવાગ્નિમાં ઝંપલાવનારા અને કોઈથી પણ રોકયા નહિ રોકાય એવા અજ્ઞાની કિંવા અવિવેકી મૂઢોના સંબંધમાં કેટલું કહીએ? ખરેખર તેવાઓ તો બિચારા ઉપેક્ષાને જ પાત્ર છે. આ સંબંધમાં વધુ વિવેચન કરવા કરતાં શાસ્ત્રમાં આવેલા કથનનો સાર અત્રે આપવામાં આવે છે તે ઉપરથી ખાતરી થશે.

મૂર્ખને શિખામણ કોણ આપી શકે ?

સંસારરૂપી સમુદ્રમાં વિષયોની ઇચ્છાઓ રૂપ તરંગોથી જેઓ તણાઈ રહ્યા છે તથા મહાત્માઓનો સમાગમ થવા છતાં પણ જેઓ વૈરાગ્યાદિકના અભાવને લીધે પોતાની બુદ્ધિને મૂંગી રાખીને તાળું લગાવીને બેઠા હોય તેવા લોકોને હું આ શાસ્ત્રમાં કહેલા આત્મપ્રાપ્તિ કરવાના ઉપાયરૂપ વિચારનાં વચનોથી ઉપદેશ આપતો નથી. જે તદ્દન આંધળો છે તેને સુંદર ઉપવન હોય તો પણ કોણ અને શી રીતે બતાવે ? મદિરાના નશાના ઘેનમાં ઘૂમતાં નેત્રોવાળા અને ભાન વિનાની ઇંદ્રિયોવાળા મત્ત પુરુષને જે ધર્મનિર્ણય સંભળાવવા અધિકારી ગણે છે તે તો સ્મશાનમાં પડેલા શબને ઉપદેશ આપવા સમાન જ છે. મૂર્ખને શિખામણ કોણ આપે ? મનરૂપી સર્પ કે જે ખરેખર મૂંગો, આંધળો અને અપંગ છે છતાં તેને પણ જેણે છત્યો ના હોય તેવા દુર્બુદ્ધિ પુરુષને ઉપદેશ કોણ આપે ?

મન છે જ નહિ

વાસ્તવિક રીતે તો મન છે જ નહિ. તે તદ્દન મિથ્યા જ છે. આમ હોવા છતાં પણ જે મૂર્ખે તેને પણ જીત્યું ના હોય તે મૂર્ખ વિષ પીધા વિના જ તેની મૂર્છા પડે મરી જાય છે એમ સમજવું. વિષયોનો પ્રકાશ હંમેશાં જ્ઞાનરૂપ આત્મા વડે જ થાય છે, ચલન પ્રાણવાયુથી થાય છે અને વિષયોનું ગ્રહણ તો ઇંદ્રિયોથી થાય છે તો પછી આપણને મનની શી જરૂર પડે છે કે જેથી 'મન' કરીને કાંઈ છે એમ સ્વીકારીએ ? ચલનશક્તિ પ્રાણવાયુની છે, જ્ઞાનશક્તિ આત્મપ્રાપ્તિ કરાવી આપનારી છે અને વિષયોનું ગ્રહણ કરવાની શક્તિ ઇંદ્રિયોની છે, તો પછી એ સઘળી શક્તિવાળો 'મન' નામનો કોઈ એક પદાર્થ છે એમ માની લેવાની આપણને શી જરૂર છે ? વ્યવહાર સંબંધી જે જે શક્તિઓ છે તે સર્વ ખરી રીતે તો પરમાત્માનાં જ કિરણો છે. આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ તો પછી તમો તે તે શક્તિઓનું જુદાપણું તથા તે તે શક્તિઓનાં મન આદિ જુદાં જુદાં નામો શા માટે સ્વીકારો છો ? અરે 'મન' નામનો એવો તે કયો પદાર્થ છે કે જેણે આ સર્વ જગતને આંધળું બનાવી દીધું છે ? અરે જ્યાં 'મન' એવું કશું છે જ નહિ તોપછી તેમાં શક્તિપણું તે વળી ક્યાંથી આવ્યું ? વસિષ્ઠ બોલ્યાઃ સત્ય પરિસ્થિતિ આમ હોવા છતાં પણ જે મૂઢ લોકો મન વડે આંધળા થઈ ગયા છે તેમનાં પાર વિનાનાં આ દુઃખોને જોઈને મારી બુદ્ધિ કરુણા વડે વ્યાપ્ત થઈ ગઈ છે અને એ લોકોનાં દુઃખોને શી રીતે મટાડવાં તે સંબંધમાં કોઈ ઉપાય જડતો નથી. કેમ કે દુઃખ કોઈ કારણના નિમિત્તવડે ઉત્પન્ન થયું હોય તેનું નિવારણ તો કારણનું નિવારણ કરવાથી કરી શકાય છે પરંતુ મૂર્ખ લોકોનું આ દુઃખ તો કારણ વગર જ ઉત્પન્ન થયું છે, માટે તે કેવી રીતે ટળે ? એવો વિચાર કરીને હું મારી બુદ્ધિના તે પરિતાપને શાંત કરું છું.

વગર કારણે દુઃખ કરનારાઓ માટે શો ઉપાય ?

કોઈ મૂર્ખ માણસ સાચા કારણથી નહિ પરંતુ કારણ વગર જ ખોટી રીતે ખેદ પામ્યા કરે તો તેમાં આપણે શો ખેદ રાખવો તથા શા કારણથી રાખવો ? ગધેડાઓ અને મૂર્ખ લોકો દુઃખને માટે જ જન્મે છે તેમાં આપણે શું કરીએ ? તેઓ જો પોતાનું હિત જાણી લેવા પ્રયત્ન કરે, તો આપણે તનતોડ મહેનત કરીએ; પરંતુ તેઓ તો તે સાંભળવા તૈયાર જ હોતા નથી તો બીજું શું થાય ? સામે આવેલું પંચપકવાન્ન છોડી જે પોતે ખાવાને માટે રાખ જ માગે તો તેવાઓને માટે શો ઉપાય ? જેમ સમુદ્રની અંદર ઊઠનારા તરંગો વિનાશને માટે જ ઊઠે છે તેમ સંસારમાં હંમેશાં અવતર્યા કરતા આ પાપી જીવો મરવાને માટે જ અવતર્યા કરે છે. આ પૃથ્વીમાં ઉત્પન્ન થતા જીવોમાં પવન દરરોજ અસંખ્ય કાંસોને તથા મચ્છરોને મારી નાખે છે તો તેને માટે શું રોયા કરવું ? આ રીતે જ પૃથ્વી જલાદિ દરેકમાં અસંખ્યાત કીટ, પતંગાદિ જીવોનો નિત્યપ્રતિ નાશ થતો રહે છે, તો તે માટે શું કરવું ? મોટા મગરમચ્છ નિર્દય થઈને પાણીમાં ઝીણા ઝીણા કરોડો જળજંતુઓને ખાવાને માટે મારી નાખે છે તો તેમાં આપણે શી વેદના કરવી ? અરે ! હાલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં તથા શ્વાસોચ્છ્વાસ લેતી વખતે અસંખ્ય સૂક્ષ્મ જીવોનો સંહાર થતો રહે છે તો તેને માટે શું થાય ?

મોટા જીવો નાના જીવોને મારી નાખે છે

માખી ઝીણા ઝીણા કણ જેવી પાતળી જૂને ખાઈ જાય છે, ત્યારે કરોળિયો માખીને ખાઈ જાય છે, ડાંસ કરોળિયાને ખાઈ જાય છે, ડાંસને દેડકો ખાઈ જાય છે, દેડકાને સર્પ ખાઈ જાય છે, તથા સર્પને નોળિયો કાપી નાખે છે, નોળિયાને બિલાડો મારી નાખે છે, બિલાડાને કૂતરો મારી નાખે છે, કૂતરાને રીંછ, રીંછને વાઘ, અને વાઘને સિંહ મારી નાખે છે. સિંહને શરભ મારી નાખે છે તથા શરભ તો ગાજતાં વાદળાંની અસહનતાને લીધે પોતે જ ઉછળીને શિલા ઉપર પડીને ચીરાઈ જાય છે. એ રીતની ઘટમાળમાં કોને વારતે શોક કરીએ ?

પૃથ્વી, જળ ઇત્યાદિમાં ઉત્પન્ન થતાં અસંખ્ય પ્રાણીઓ

વાદળાંઓને વાયુ દૂર કરી નાખે છે, વાયુને પર્વતો રોકી રાખે છે, વજ્ર પર્વતોનું પણ ચૂર્ણ બનાવે છે, વજ્રને ઇંદ્ર વશ કરે છે, ઇંદ્રને વિષ્ણુના તાબામાં રહેવું પડે છે, વિષ્ણુને તો મત્સ્યકચ્છપાદિના અવતારો ધારણ કરવા પડે છે અને પછી તે અવતારોમાં તેને સુખદુઃખની અનેક વિપત્તિઓ ભોગવવી પડે છે, તથા આ અવતારોમાં વૃદ્ધાવસ્થા અને મરણની રાહ જ જોવાયા કરે છે. વિદ્યાઓથી તથા આયુધોથી સંપન્ન એવા મોટી કાયાવાળાં પ્રાણીઓને પણ તેમનાં અંગોમાં લાગેલી લીખો કરડી ખાય છે. આ પ્રમાણે પ્રાણીઓરૂપી જગત અત્યંત મોહને લીધે પરસ્પરથી નિરંતર છેદાયા કરે છે, વીંખાયા કરે છે, ખવાયા કરે છે, અને વળી પાછળથી ખાવાને માટે રાખી મૂકવામાં પણ આવે છે. લીખ, જૂ, કીડી આદિ અનેક પ્રાણીઓની જાતો નિરંતર ઉત્પન્ન થયા કરે છે, અને મરણ પામ્યા કરે છે. જળાશયમાં પણ માછલાં, હાથી આકારના મોટા મત્સ્ય તથા મગરાદિ અનેક પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. પૃથ્વીમાં પણ અનેક કીડીઓ ઉત્પન્ન થાય છે. અંતરિક્ષમાં પણ કેટલાએક ક્ષુદ્ર પક્ષીઓ ઉત્પન્ન થાય છે. અને તેઓ તો અંતરિક્ષમાં જ ભમ્યા કરે છે, તેમણે મૂકેલાં ઇંડાંઓ ધરતી પર પણ પડ્યાં ન હોય ત્યાં તો તુરત તે ઇંડાંઓમાંથી તેઓનાં બચ્ચાંઓ પણ નીકળે છે અને તેઓ તરત ઊડીને અંતરિક્ષમાં ભમ્યા કરે છે. વનોની ઝાડીઓમાં પણ સિંહ, દીપડા અને મૃગાદિ અનેક પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. પ્રત્યેક સ્થળમાં તેમ જ પ્રાણીઓના અંગોમાં પણ અનેક કીડાઓ ઉત્પન્ન થાય છે. વૃક્ષ આદિ સ્થાવરોમાં પણ ઘુણ, ઉધઈ, અને ભમરીઓ વગેરે ઉત્પન્ન થાય છે તથા હંમેશ ઝાડોને જ કોતર્યા કરે છે. પથ્થરોની મધ્યમાં પણ કેટલાક કીડા, દેડકા અને ઘુણાદિ ઉત્પન્ન થતાં જ રહે છે તથા વિષ્ટામાં પણ અનેક જાતના કીડાઓની ઉત્પત્તિ થતી રહે છે. આ રીતે અસંખ્યાત પ્રાણીઓ જન્મ્યા કરે છે તથા મરણને શરણ થાય છે; તો તેમને માટે દયાળુ પુરુષે રાજી થવું પણ યોગ્ય નથી અને દુઃખી થવું પણ યોગ્ય નથી; પરંતુ ઉપેક્ષા કરવી જ યોગ્ય છે (યો૦ ઉપ૦ સ૦ ૧૪ શ્લો૦ ૧–૩૪).

મિથ્યા વિષયવાસનાને લીધે અસંખ્ય જીવોની ઉત્પત્તિ

હે વત્સ! આ મિથ્યા મન જ વિષયવાસનાઓને લીધે સંસારમાં બંધાએલું છે, દુઃખી છે, તૃષ્ણા અને શોક વડે ઘેરાયેલું છે, રાગના વિસ્તીર્ણ સ્થળરૂપ છે. આ મિથ્યા મન જ સંસારની ભાવના વડે વાસનાવશાત્ વૃદ્ધાવસ્થા, મરણ અને મોહમાં ફૂટાયા કરે છે. સંકલ્પવિકલ્પોથી વ્યાપ્ત છે અને અવિદ્યાના રંગથી રંગાયેલું છે. વિષયોની ઇચ્છાઓને લીધે તે ક્ષોભ પામ્યા કરે છે. તે પોતાની મેળે જ બંધાયેલું છે. આ રીતે આત્મચૈતન્યમાં મિથ્યા મનરૂપ ઉપાધિ વડે અનેક જાતના આવિર્ભાવરૂપ અસંખ્ય જીવોની ઉત્પત્તિ થયેલી છે અને તેમનો આ મિથ્યા મૃગતૃષ્ણાવત્ વિષયવાસનાઓને લીધે જ અનેક કલ્પિત નામ, રૂપ અને આકારાદિ ભાસમાન થયેલાં છે. આ રીતે નિર્વિકાર આત્મસ્વરૂપ એવા મહાચૈતન્યમાંથી લાખો અને કરોડો જીવો ઉત્પન્ન થતા હોઈ જાણે તે સત્ય જ ન હોય એમ ભાસી રહ્યા છે તેનો પાર નથી. જેમ મોટા ઘોષમાંથી અસંખ્યાત જળકણો પૂર્વે ઉત્પન્ન થઈ ગયા, હાલમાં પણ ઉત્પન્ન થઈ રહ્યા છે, અસ્તિત્વમાં પણ છે તથા ભવિષ્યમાં ઉત્પન્ન થશે તેમ જ આ મહાચૈતન્યમાં મિથ્યા વિષયોના પ્રાબલ્ય વડે અસંખ્ય જીવો પૂર્વે ઉત્પન્ન થઈ ગયા છે, હમણાં ઉત્પન્ન થાય છે તથા હવે પછી પણ થશે. એ સમસ્ત જીવો પોતપોતાની વાસનાઓની દશાના આવેશને લીધે

આશાઓને વશ થયા છે, તેમનાં અંતઃકરણો અતિવિચિત્ર દશાઓમાં પોતાની મેળે જ બંધાઈ ગયાં છે. એ જીવો જળમાંના પરપોટાઓની પેઠે નિરંતર પ્રત્યેક દશામાં, પ્રત્યેક દેશમાં, પ્રત્યેક કાળમાં અને પ્રત્યેક સ્થળમાં અને પ્રત્યેક ક્રિયાઓમાં જન્મમરણ પામ્યા જ કરે છે.

કેટલાક જીવો એક જ યોનિમાં જન્મ્યા કરે છે

કેટલાએક જીવોનો તો આ કલ્પમાં પહેલો જ જન્મ છે, કેટલાએકના અનંત જન્મો થઈ ગયા છે તેનો પાર નથી, કેટલાએકના સૌથી વધુ જન્મો થઈ ગયા છે તથા કેટલાએકના બે ત્રણ જન્મો જ થયા છે. કેટલાએક હમણાં જ જન્મ્યા છે, કેટલાએક આ કલ્પમાં તેમ જ પાછલા કેટલાએ કલ્પો થયા છતાં હજી સુધી જન્મ્યા જ નથી, કેટલાએક તો જીવન્મુક્ત બની ગયા છે અને કેટલાએક વિદેહમુક્ત થઈ આત્મા સાથે તદાકાર પણ બની ગયા છે. કેટલાએક જીવો હજારો કલ્પોમાં વારંવાર એક યોનિમાં જ જન્મ્યા કરે છે. કેટલાએક જીવો તો મોટાં મોટાં દુઃખોને જ હંમેશ ભોગવ્યા કરે છે. કેટલાએક થોડું ઘણું સુખ મેળવે છે. કેટલાકો અત્યંત આનંદ ભોગવે છે. કેટલાક સત્યલોકમાં રહ્યા છે. કેટલાક જન, મહર્ ઇત્યાદિ લોકોમાં પણ રહ્યા છે.

કેટલાક શિવ, વિષ્ણુ તથા બ્રહ્મા થયા છે

કેટલાક જીવો ઇંદ્ર, કિન્નર, ગંધર્વ, વિદ્યાધર, સૂર્ય, વરુણ, ચંદ્ર ઇત્યાદિરૂપે થયા છે. તો કેટલાક શિવ, વિષ્ણુ તથા બ્રહ્મા થયા છે. કેટલાક કૂષ્માંડ, વેતાળ, યક્ષો, રાક્ષસો અને પિશાચો થયા છે. કેટલાક બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો તો કેટલાક અંત્યજો, ચંડાળ, ભીલ અને ચમાર ઇત્યાદિરૂપ થયા છે. કેટલાકો ફળ, ખડ, ઔષધિ અને મૂળિયાંરૂપે; તો કેટલાક પતંગિયારૂપે થયા છે. કેટલાક વિચિત્ર લતાઓ, ગુચ્છો, પથ્થરો, પહાડો ઇત્યાદિરૂપે થયા છે. કેટલાક કદંબ, લીંબુ, તાડ, તમાલરૂપે; કેટલાકો રાજા, મંત્રી, વૈભવવાળા તથા કેટલાકો ફાટેલાં વસ્ત્રો પહેરનારા મુનિરૂપ થયા છે; કેટલાક નાગ, સર્પ, અજગર, કીડા, કરમિયારૂપે; તો કેટલાક સિંહ, વાઘ, પાડા, મૃગ, બકરા, ચમરીગાય, કાલિયાર ઇત્યાદિરૂપે તથા કેટલાક જીવો મોર, સારસ, ચક્રવાક, જંગલી, બળીકા, કોયલ, કબૂતર, કાગડા ઇત્યાદિરૂપે; તો કેટલાકો ધોળા રાતા કમળ, પોયણાં તથા નીલકમળરૂપે થયા છે. કેટલાક જીવો હાથીઓ, સૂવર, ગધેડા, કૂતરા, બિલાડા; તો કેટલાક જીવો ભમરા, મચ્છર, મગતરાં, ડાંસ ઇત્યાદિ રૂપે થયા છે. આ રીતે અસંખ્ય જીવજાતિઓ હોઈ તેનો પાર નથી.

કેટલાક જીવો સૂર્યકિરણોમાં છે

કેટલાક જીવો આપદા ભોગવે છે, કેટલાક સંપતિ ભોગવે છે, કેટલાક સ્વર્ગમાં તો કેટલાક નરકમાં પડ્યા છે, કેટલાક જીવો નક્ષત્રના ચક્રમાં,તો કેટલાકો વૃક્ષોના છિદ્રોમાં,કેટલાક વાયુમાં,કેટલાક આકાશમાં,કેટલાક સૂર્યનાં કિરણોમાં. કેટલાક ચંદ્રના કિરણોમાં, કેટલાક ખડ,લતા તથા ગુચ્છોના મીઠા રસમાં રહ્યા છે. કેટલાક જીવો જીવન્મુક્ત થઈને વિચરે છે, તો કેટલાકનું તો કલ્યાણ થવાની અણી ઉપર છે. કેટલાકો લાંબા કાળ થયા વિદેહમુક્તિને પામ્યા છે અને કેટલાકો તો હમણાં જ વિદેહમુક્તિ પામ્યા છે તથા કેટલાકો લાંબા કાળે વિદેહમુક્ત થશે અને કેટલાક તો મુક્તિનો દ્વેષ જ કર્યા કરે છે. કેટલાક જીવો વિશાળ એવી દિશાઓરૂપ થયા છે. કેટલાક જીવો નદીરૂપે થયા છે. કેટલાક જીવો સુંદર સ્ત્રીરૂપે, કેટલાક નપુંસકરૂપે, તો કેટલાક અર્ધાં નપુંસક અને કેટલાક પૂરા નપુંસક થયા છે, કેટલાકો ઉત્તમ બુદ્ધિવાળા અને કેટલાક જડબુદ્ધિવાળા અને કેટલાક તો જ્ઞાનોપદેશ કરનારા થયા છે. વળી કેટલાકો તો તદ્દન નિર્વિકલ્પ સમાધિમાં જ બેઠા છે. આ રીતે પોતપોતાની વાસનાના આવેશથી પરવશ થયેલા જીવો તે તે વાસનાઓને લીધે બંધનમાં આવી પડવાને લીધે જ ઉપર કહેલી ચિત્રવિચિત્ર અનેક તરેહની જુદી જુદી સ્થિતિઓમાં પડ્યા છે.

આ જગતરૂપ ઇન્દ્રજાળને વિસ્તીર્ણ કરતા જીવો

આશાઓરૂપી સેંકડો પાશોથી બંધાએલાં અને વાસનાવશાત્ દેહાદિક ધારણ કરનારા જીવો એક કાયામાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ અનેક કાયાઓ ધારણ કરતા જ રહે છે. અનંત વિષયો અને અનેક સંકલ્પોની કલ્પનાને ઉત્પન્ન કરનારી અવિદ્યાને લીધે આ જગતરૂપ મહા ઇન્દ્રજાળને વિસ્તીર્ણ કરતા મૂઢ જીવો જ્યાં સુધી પોતાના નિર્દોષ એવા સ્વસ્વરૂપને જોતા નથી ત્યાં સુધી પાણીમાં ઉત્પન્ન થતી ચકરીની પેઠે આ મિથ્યા સંસારમાં તેઓ ભટક્યા જ કરે છે. જેઓ પોતાના સ્વસ્વરૂપને જોઈ મિથ્યા વસ્તુઓનો ત્યાગ કરે છે તથા સાચા અનુભવને મેળવીને આત્માનુભવને માટે ક્રમે જ્ઞાનની ભૂમિકાઓમાં ચઢે છે તેઓ ફરીવાર સંસારમાં જન્મતા નથી અને તેવાઓ જ આ મિથ્યા ભ્રમમાંથી છૂટી શકે છે.

કેટલાએક મૂર્ખ જીવો હજારો જન્મો ભોગવીને કોઈ સજ્જનના સમાગમથી વિવેકીપણાને પામે છે, પરંતુ તેથી વળી પાછા ભ્રષ્ટ થઈ ને સંસારરૂપી સંકટમાં જ પડે છે. કેટલાક જીવો તો બ્રાહ્મણાદિ ઉચ્ચ યોનિને પામી સત્સમાગમાદિનો યોગ આવી ઊંચી સ્થિતિએ પામ્યા છતાં પણ વિષયલંપટ બુદ્ધિને લીધે પશુપક્ષીઓના અવતારને જ પામે છે તથા એ અવતારોમાંથી પડી નરકોમાં પણ જાય છે. કેટલાક ઊંચી બુદ્ધિવાળા જીવો સીધા પરમાત્માથી જ ઉત્પન્ન થઈ ને તે જ જન્મમાં તુરત પાછા પરમાત્મામાં જ પ્રવેશ કરે છે, તે અવતારિકો કહેવાય છે. કેટલાએક જીવો પોતાના ઉત્પત્તિસ્થાનરૂપ એક જ બ્રહ્માંડમાં કિંવા અન્ય બ્રહ્માંડોમાં બ્રહ્મપણાને પ્રાપ્ત થાય છે; કેટલાક જીવો વિષ્ણુપણાને તો કેટલાક મહાદેવપણાને પ્રાપ્ત થાય છે. કેટલાક જીવો દેવપણાને અને કેટલાક સર્વપણાને પ્રાપ્ત થાય છે; કેટલાક પોતે જે બ્રહ્માંડમા પ્રથમ હોય છે તેના તે બ્રહ્માંડોમાં કિંવા બીજા બ્રહ્માંડોમા પણ તે તે અવતારોને પામે છે. હે પ્રિય ! બીજાં કેટલાંક બ્રહ્માંડોની સ્થિતિ પણ આ બ્રહ્માંડના જેવી જ છે. જેમાં આ વિસ્તીર્ણ બ્રહ્માંડો છે તેવાં જ તથા બીજાં કેટલાંક તો તેથી તદ્દન જુદાં પ્રકારનાં જ છે; એવાં અસંખ્ય બ્રહ્માંડો પ્રથમ થઈ ગયાં, હાલમાં પણ છે તથા હવે પછી થવાનાં છે, આમ જુદા જુદા ક્રમોવાળી બ્રહ્માંડોમાંની વિચિત્ર સૃષ્ટિઓ પ્રકટ થાય છે અને ફરી પાછો તિરોહિત પણ થઈ જાય છે. જેમ મોજાંઓ સમુદ્રમાંથી પ્રકટ થઈ થઈ ને થોડીવાર રહીને ફરી પાછાં સમુદ્રમાં જ લય પામે છે, તે જ પ્રમાણે આ મિથ્યા જીવોના સમૂહો વિષય વાસનાવશાત્ મહાચૈતન્યરૂપ સમુદ્રમાંથી મોજારૂપે પ્રગટ થઈ કેટલાક કાળપર્યંત જુદા જુદા દેહાદિનો અનુભવ લઈ પ્રલયકાળે વળી પાછા મહાચૈતન્યમાં જ લયને પામે છે અને વાસ્તવિક રીતે તો તે સ્થિતિ સમયે પણ તેઓ ચૈતન્યથી ભિન્ન હોતા નથી. આ બ્રહ્માંડોની રચના અનાદિકાળથી ભ્રાંતિરૂપ માયાની અંદર સમુદ્રમાં ઉત્પન્ન થતી લહરીની પેઠે બ્રહ્મમાં નિરંતર નિરર્થક જ વિસ્તીર્ણ થાય છે. નિરર્થક જ વધ્યા કરે છે. નિરર્થક જ ફેરફાર પામ્યા કરે છે અને નિરર્થક જ પાછી લયને પામ્યા કરે છે. જેવી રીતે સમુદ્રમાં લહેર મિથ્યા છે તેવી રીતે પરબ્રહ્મમાં આ સર્વ રચના પણ સાવ મિથ્યા જ છે(યો૦ ૧૨૫૦ પ્ર૦ સ૦ ૪૩ સારાંશ).

અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા બ્રહ્માંડો

આત્માના અપર કિંવા વિરાટ સ્વરૂપમાં લાખો બ્રહ્માઓ, લાખો વિષ્ણુ, લાખો શંકરો, લાખો ઇંદ્રો તથા લાખો નારાયણો થઈ ગયા છે, થશે અને હાલમાં પણ છે. આ બ્રહ્માંડમાં તથા બીજા બ્રહ્માંડોમાં પણ જુદા જુદા આચારવાળા અને જુદા જુદા વિહારોવાળા બ્રહ્માઓ, શંકરો, ઇંદ્રો, નારાયણો અને બીજા પણ અનેકવિધ દેવો તથા મનુષ્યાદિ અસંખ્ય પ્રાણીઓ છે. ભૂતકાળમાં થઈ ગયેલાં, વર્તમાનમાં રહેલાં અને હવે પછી થવાના અનંત બ્રહ્માંડોમાં એકી વખતે ઘણા ઘણા જીવોના સમૂહો થઈ ગયા છે, ઘણા ઘણા જીવો હાલમાં છે અને ભવિષ્યમાં બીજા પણ ઘણા થશે. હે મહાબાહો ! બ્રહ્માંડોમાં આ બ્રહ્માદિક દેવતાઓની ઉત્પત્તિઓ જાણે ઇંદ્રજાળની પેઠે થતી ન હોય તેવી રીતની એટલે ગારુડી કિંવા માયાવી રીતે જ થયા કરે છે. કોઈ સમયે બ્રહ્માથી સૃષ્ટિઓ ઉત્પન્ન થાય છે, કોઈ સમયે શિવથી, તો કોઈ સમયે વિષ્ણુથી તથા કોઈ સમયે મુનિઓથી પણ સૃષ્ટિઓની ઉત્પત્તિ થતી રહે છે. બ્રહ્મા કોઈ સમયે કમળમાંથી, કોઈ સમયે પાણીમાંથી,

કોઈ સમયે ઈંડામાંથી તથા કોઈ વખતે તો આકાશમાંથી પણ ઉત્પન્ન થાય છે. કોઈ બ્રહ્માંડના અધિપતિ શિવ, તો કોઈના સૂર્ય, કોઈના ઇંદ્ર, તો કોઈ બ્રહ્માંડના અધિપતિ વિષ્ણુ જ છે. કોઈ બ્રહ્માંડમાં એકેક દેવ જ સર્વમય હોય છે. કોઈ કોઈ બ્રહ્માંડમાં પૃથ્વી પ્રથમ ગીચ ઝાડોથી વ્યાપ્ત હતી, તો કોઈ મનુષ્યોથી અને કોઈ સૃષ્ટિ તો પ્રથમ પર્વતોથી જ વ્યાપ્ત હતી. કોઈ કોઈ પ્રથમ માટીમય, કોઈ કોઈ પાષાણમય અને કોઈ કોઈ સૃષ્ટિ તો સુવર્ણ કિંવા તામ્રાદિ ધાતુમય હતી. આ બ્રહ્માંડમાં પણ ઘણી વિચિત્ર વસ્તુઓ છે તથા બીજા બ્રહ્માંડોમાં પણ જુદા જુદા પ્રકારના અનેકવિધ ચિત્રવિચિત્ર પદાર્થો છે. કેટલાંક બ્રહ્માંડો એક જ પ્રકારના પ્રકાશવાળા એટલે તેમાં શીત કિંવા ઉષ્ણ પૈકી એક જ પ્રકાશ હોય છે. કેટલાકો તો પ્રકાશથી તદ્દન રહિત એટલે ગાઢ અંધકારવાળા પણ છે. જેમ મહાસાગરમાં અનંત તરંગો પ્રકટ થાય છે અને તે સર્વે પાછા તેમાં જ શમી જાય છે તેમ આ બ્રહ્મતત્ત્વરૂપી મોટા આકાશમાં અનંત બ્રહ્માંડો પ્રકટ થાય છે તથા શમી પણ જાય છે. જેમ સમુદ્રમાં તરંગો કિંવા નિર્જળ પ્રદેશમાં ઝાંઝવાનાં પાણી ભાસમાન થાય છે તેમ બ્રહ્મમાં આ બ્રહ્માંડોનો ભાસ થાય છે. સૂર્યના કિરણોમાં દેખાતી ઝીણી ઝીણી રજકણો કોઈ કાળે કદાચ ગણી શકાય પરંતુ બ્રહ્મતત્ત્વમાં જે આ ચપળ આકારવાળાં બ્રહ્માંડોના સમૂહો પ્રકટ થાય છે તેમની તો કોઈ કાળે પણ ગણના થતી શક્ય જ નથી. જ્યાં સુધી સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરીને 'આ બધું કાંઈ છે જ નહિ' એવી રીતે તેનો બાધ કરવામાં નહિ આવે ત્યાં સુધી આ પરબ્રહ્મરૂપ ચિદાકાશમાં મોટા આકારોવાળાં તથા મોટા વિકારોવાળાં આ અસંખ્ય બ્રહ્માંડો થયા જ કરશે. આ સઘળી સૃષ્ટિઓ અજ્ઞાનીઓએ પોતપોતાની વાસનાવશાત્ કલ્પી કાઢેલી છે. તે બધી આકાશમાં જણાતી વેલની જેમ વિસ્તારને પામે છે, ઉદય પામે છે અને અસ્ત પામે છે. સાચી પણ નથી અને ખોટી પણ નથી; પરંતુ અનિર્વચનીય છે. આ સઘળી સૃષ્ટિઓ સમુદ્રમાંના તરંગોની પેઠે વારંવાર દેખાઈને તુરત નાશ પામતી જાય છે, સર્વ બ્રહ્માંડોની અંદર આવેલી સૃષ્ટિઓ પણ વિચિત્ર આકારવાળી છે, અસંખ્ય પ્રાણીઓની વિચિત્ર ચેષ્ટાવાળી, વિચિત્ર વિકારોવાળી અને વિચિત્ર રૂપોવાળી છે; તેમ છતાં વૃષ્ટિ જેમ પાણીથી જુદી નથી તેમ આ સઘળાં બ્રહ્માંડો અને તેમાંની તમામ સૃષ્ટિઓ આત્મતત્ત્વથી યત્કિંચિત પણ ભિન્ન નથી, એવો તત્ત્વવેત્તાઓનો અનુભવસિદ્ધ નિર્ણય છે. છતાં મૂર્ખ લોકો તો જેમ વાદળાંમાંથી વૃષ્ટિઓ આવે છે તેમ ઈશ્વરમાંથી આ બધી સૃષ્ટિઓ આવે છે એમ માને છે. જેમ શીમળાના ઝાડની શીંગો, શાખાઓ, પાંદડાંઓ, અને ગાંઠો શીમળાથી ભિન્ન નથી તેમ વિદ્વાનોના જોવામાં આવતી તથા અવિદ્વાનોના જોવામાં આવતી આ સર્વ સૃષ્ટિઓ પણ વાસ્તવિક રીતે તો આત્મતત્ત્વથી જરા પણ ભિન્ન નથી. હે વત્સ! જ્ઞાનીની દૃષ્ટિથી આ સઘળું જગત બ્રહ્મ જ છે એટલા માટે સંસાર છે જ નહિ એમ કહેવું પણ ઘટે છે તથા અજ્ઞાનીઓની દૃષ્ટિમાં તો આ સંસાર કદી પણ વિચ્છિન્ન થતો નથી એટલે મટતો નથી એટલા માટે સંસાર ખોટો હોવા છતાં પણ સર્વદા છે એમ કહેવું પણ ઘટે છે, તરમાત્ તે અનિર્વચનીય છે એમ જ કહેવું પડે તેમ છે. આ જગત અજ્ઞાન વડે જ ઉદય પામેલા બે ચંદ્રના ભ્રમની જેમ નદીના અવિચ્છિન્ન પ્રવાહની જેમ વિકલ્પોથી વિસ્તીર્ણ થયેલું છે. જે કર્તા પોતે કદી પણ વિદ્યમાન જ નથી તેણે તે બનાવેલું છે એટલે કર્તા વગર જ તે થયેલું છે અને અધિષ્ઠાનરૂપ એવા બ્રહ્મની સત્તા વડે જ તે ભાસી રહેલું છે, એમ સમજો. તો પછી હવે તમને શા કારણથી મોહ રહે છે? તમો જે મોહનું કારણ ધારો છો તેનું જ મૂળમાં અસ્તિત્વ નથી અને આ જે જે કાંઈ છે તે અખંડ એકરસ એવું બ્રહ્મ જ છે. તરમાત્ વગર કારણે અજ્ઞાન વડે ઉત્પન્ન થયેલો તમારો આ મોહ યોગ્ય નથી. (યો૦ સ્થિ૦ પ્ર૦ સ૦ ૪૭).

ઉપદેશના અધિકારીઓ

ભગવાન કહે છે: હે પાર્થ! અત્યાર પર્યંત કહેવામાં આવેલા આ શાસ્ત્રવિવેચન ઉપરથી તું સારી રીતે સમજી શક્યો હશે, કે જેમાં નિરંતર જન્મ અને મરણો થયા જ કરે છે અને વિષયોની અનંત વાસનાથી બનેલી તથા મિથ્યા એવી સંસારજાળની અજ્ઞાનરૂપ મિથ્યા મોહ વડે ચાલી રહેલી આ ગરબડમાં રાજી થવું

પણ યોગ્ય નથી અને કચરાવું પણ યોગ્ય નથી. જેમ ઝાડની ઉપર અનેક પાંદડાંઓ ઉત્પન્ન થઈ તેનો હંમેશા નાશ થતો રહે છે તેમ આ સંસારવૃક્ષમાં ઉપર કહેવામાં આવેલા તમામ જીવો ફરી ફરી ઉત્પન્ન થઈ મરણને શરણ થયા જ કરે છે, તેમાં કુબુદ્ધિપુરુષો કે જેઓ પોતાનું હિત કદી ઇચ્છતા જ નથી પરંતુ વિષયરૂપ વાસનામાં જ સડી રહેલા હોય છે, તેવાઓને માટે તો આ આત્મજ્ઞાનનો ઉપદેશ વનમાંના ટુંઠાની પાસે કથા વાંચવા સમાન જ થઈ પડે છે. આવા વિષયલંપટ પુરુષોમાં અને પશુઓમાં શું અંતર છે? પશુઓ દોરડા વડે બંધાઈને ખેંચાયા કરે છે તેમ વિષયલંપટ પુરુષો મનરૂપી મિથ્યા દોરડા વડે બંધાઈને અનેકવિધ વિષયોના પાશ વડે બંધાય છે- આવા લોકોની મૂર્ખતા જોઈને તો પરેપર પથ્થરોને પણ કદાચ રડવું આવે; પરંતુ આ મૂર્ખાઓ પોતે વિષયપાશમાંથી છૂટવાની કદી પણ ઇચ્છા જ ધરાવતા નથી તો તેવાઓને માટે શું થાય? વાસ્તવિક રીતે મન, અને તેના આ વિષયાદિ વગેરે બિલકુલ નહિ હોવા છતાં મિથ્યા માની બેઠેલા મૂઢો વિવેક કરવાને માટે પણ જ્યાં તૈયાર ના હોય તો તેવાઓને માટે શો ઉપાય? આમ પૃથ્વીમાં પશુસમાન મનુષ્યોને ઉપદેશ આપી તેનું દુઃખ મટાડવું એવું જે સમજતો હોય તે પુરુષ પોતાના હાથમાં રહેલી એક છત્રી વડે આખા આકાશને તડકાથી રહિત કરવાનો વ્યર્થ પરિશ્રમ કરે છે એમ કહેવું જોઈએ. તસ્માત્ હે ભારત! તું તો હવે સારી રીતે પ્રબોધને પામી ચૂક્યો છે, માટે "આ મન કિંવા દેહાદિ, ઇંદ્રિયાદિ વા વિષયાદિ ઇત્યાદિ કાંઈ છે જ નહિ" એવો હંમેશ વિચાર કર્યા કર. "હું છું અને આ જગત છે" એવી બેપણાની કલ્પનાનો સમૂળ ત્યાગ કર. તું આત્મા જ છે, જેમાં આ સર્વ બ્રહ્માંડરૂપ સંસાર સમાઈ જાય છે તેવા તારા સ્વરૂપથી લેશમાત્ર કાંઈ પણ ભિન્ન નથી.

આત્માનું સ્વરૂપ અનિર્વચનીય કેમ

હે અર્જુન! આ બધું દૃશ્યજાળ આત્મા કિંવા બ્રહ્મમાં એકપણું અથવા બેપણું કે અનેકપણું ઇત્યાદિ કાંઈ છે જ નહિ એવું નિશ્ચયાત્મક જાણ. જેમ સમુદ્ર તળેટીથી તે ઉપર સુધી પાણી વડે જ ભરપૂર છે તેમ આ તમામ ઓતપ્રોત એવા એક આત્મ વડે જ ભરપૂર હોઈ આત્મરૂપથી તદ્દન અભિન્ન છે. આ આત્મા જ સત્ય છે, નિત્ય છે. જેમ તરંગો સમુદ્રોને છોડીને રહી શકતા નથી તેમ આ જગત પણ આત્માથી ભિન્નપણે કદી પણ રહી શકતું જ નથી. આમ એક એવું તે બ્રહ્મ જ માયા વડે જગતરૂપે બનીને એકપણા તથા બેપણા કે અનંતપણા તથા તેના સાક્ષી આદિ ભેદોથી પ્રતીત થયેલું ભાસે છે. વાસ્તવિક રીતે તો બ્રહ્મમાં બેપણું અથવા એકપણું કે સાક્ષીપણું એવી કોઈ કલ્પના પણ છે જ નહિ. કેમકે આ એકપણું તથા બેપણું ઇત્યાદિ સ્વસ્વરૂપ સમજાવાને માટે સાક્ષીભાવ વગેરેની કલ્પના કરી અંતે તેનો નિષેધ કરવો એટલા માટે જ કલ્પવામાં આવેલું છે, તેથી તે પણ સાવ મિથ્યા જ છે. આત્મામાં દ્વૈત, અદ્વૈતની કલ્પનાઓ સાચી નથી, તે તો મન વડે કલ્પાયેલી કલ્પનારૂપ મિથ્યા યુક્તિઓ છે; તેમ આત્મામાં એકપણારૂપી સંખ્યા પણ ક્યાંથી હોઈ શકે? કેમકે બેપણાનો નિષેધ કરવાને માટે જ તે કલ્પાયેલી હોવાથી એક છે એમ કહેવું એ પણ વાસ્તવિક દ્વૈત જ થાય છે. જેને પોતાની સિદ્ધતાને માટે કોઇની પણ અપેક્ષા નથી એવું સર્વદા સત્ય અને સ્વયંપ્રકાશ આત્માનું સ્વરૂપ એકતાથી રહિત હોવાથી સર્વરૂપ પણ છે અને દ્વૈતપણાથી રહિત હોવાથી કોઈ રૂપ પણ નથી એમ કહેવાય છે. આ દેહાદિક કિંવા જગતાદિ કાંઈ પણ છે જ નહિ અને હોય તો તે સર્વ આત્મસ્વરૂપ જ છે. આ જે દૃશ્ય સંસાર મિથ્યા ભ્રમ વડે ભાસે છે તે સર્વ આત્મસાક્ષાત્કાર થતાં જ શાંત થઈ જાય છે માટે તે સત્ પણ નથી અને અસત્ પણ નથી પરંતુ અનિર્વચનીય છે, એમ જાણ. સર્વથી પર, અજન્મા, સૂર્યાદિક સઘળા પ્રકાશકોનો પણ પ્રકાશક, જરાથી રહિત, પરમ આનંદસ્વરૂપ, જેને વાણી, મન કે બુદ્ધિ પહોંચી શકતી નથી એવો, વિભાગો વગરનો, અવિકારી, ઇંદ્રિયોના સમૂહોથી રહિત, સર્વજીવોના મહાપ્રાણનું પણ જીવન, સર્વ કલ્પનાઓથી રહિત, કારણોનું પણ કારણ, નિરંતર સ્વયંપ્રકાશ, સર્વનું અધિષ્ઠાન અતિ વિસ્તીર્ણ ચૈતન્યમાં જ મર્યાદિત ચૈતન્યરૂપે રહેલો, સઘળા અનુભવોના મૂળરૂપ, 'तत्त्वमसि' (તે તું છે) એવી રીતે કેવળ અપરોક્ષપણાની ભાવના વડે જ ઉપદેશ કરવા યોગ્ય, ત્રિકાલાબાધિત અને

અનુભવરૂપ એવો તે આત્મસ્વરૂપ હોઈ તું પોતે પણ તે જ છે, હું પણ તે જ છે, તે પણ તે જ છે, આ પણ તે જ છે, તારું પણ તે જ છે અને મારું પણ તે જ છે. આ રીતે હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ વડે જે જે કાંઈ વ્યવહાર થાય છે, તે તમામ અને તેનો જ્ઞાતા સાક્ષી પણ આત્મસ્વરૂપ જ છે, એમ નિશ્ચયાત્મક જાણ.

આ મિથ્યા સંસારવૃક્ષ કેવી રીતે વૃદ્ધિને પામ્યું તેની સમજૂતિ

શ્રીકૃષ્ણ ભગવાન કહી રહ્યા છે: હે ધનંજય! મેં તને અત્યાર સુધી આત્માનું અનિર્વચનીય એવું સાચું પરસ્વરૂપવર્ણન તથા અનેક પ્રકારની ચિત્રવિચિત્રતા વડે ભરપૂર અને ભ્રમરૂપ એવું મિથ્યા સંસારવૃક્ષ કે જે કર્તા વગર જ ઉત્પન્ન થવા પામેલું છે તે અપર સ્વરૂપ; એ મુજબ બંને સ્વરૂપો યથાર્થ રીતે સમજાવ્યાં. વળી આ મિથ્યા સંસારવૃક્ષ કેવી રીતે વૃદ્ધિને પામેલું છે તે સંબંધમાં પણ આગળ વખતોવખત સમજાવવામાં આવ્યું છે, છતાં વધુ સ્પષ્ટતાને માટે ફરીથી કહું છું તે સાંભળ.

આત્મા કે જે અનિર્વચનીય છે તેમાં મિથ્યા ભ્રમવડે પ્રથમ હું રૂપ એવો જે સૂક્ષ્મ આભાસ થયો તે જ શુદ્ધ હું કહેવાયો. આને જ ઈશ્વર, દ્રષ્ટા, સાક્ષી, ક્ષરપુરુષ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું છે (વૃક્ષાંક ૨ જુઓ). આ શુદ્ધ હું વાસ્તવિક અપ્રકટ જ હોય છે. જેમ મનુષ્યમાં તેની છાયા અપ્રકટરૂપે રહેલી હોય તેમ આ શુદ્ધ 'હું' અથવા સાક્ષી (વૃક્ષાંક ૨)માં 'હું હું' એવું પ્રતિબિંબરૂપ સ્ફુરણ કરવાની શક્તિ ગુપ્ત રહેલી હોય છે. આ 'હું હું' રૂપ સ્ફુરણ કિંવા પ્રતિબિંબ પ્રકટ કરવાની જે તેની શક્તિ તેને જ કાળરૂપ ક્ષિણુશક્તિ કહે છે. આ કાળરૂપ અત્યંત સૂક્ષ્મ અને અપ્રકટ એવી ક્ષિણુશક્તિ વડે કરોળિયો જેમ પોતામાંથી લાળને બહાર ખેંચી કાઢીને તેના તંતુઓ વડે જાળું બનાવી તેમાં જ લીલા કરતો રહે છે તેમ આ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) પોતામાંથી જ પોતાની ક્ષિણુશક્તિ વડે 'હું હું' એવા પ્રકારનું પ્રતિબિંબરૂપ જે પ્રથમનું સ્ફુરણ બહાર પ્રકટ કરે છે તેને જ માયા, અવિદ્યા, પ્રકૃતિ ઇત્યાદિ નામો વડે શાસ્ત્રમાં સંબોધવામાં આવે છે (જુઓ વૃક્ષાંક ૩). આમ ઈશ્વર પોતે જ પોતાના આત્મસ્વરૂપ એવા અધિષ્ઠાનને લીધે પોતામાં જ માયારૂપે પ્રકટ થાય છે. આ જ તેનો પ્રથમનો આભાસ હોઈ તેને આભાસ પણ કહે છે. પછી આ માયાશક્તિ (વૃક્ષાંક ૩) ક્ષિણુશક્તિરૂપ એવા ઈશ્વર (વૃક્ષાંક ૨) ની પ્રેરણા વડે પોતામાં જ રહેલા સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના ક્ષોભને પામે છે અને જેમાં આ ત્રણે ગુણોનું સમભાગે મિશ્રણ છે તેવું અવ્યક્તપ્રકૃતિ (વૃક્ષાંક ૪) નામનું તત્ત્વ ઉત્પન્ન કરે છે; કારણ કે આ 'હું હું' એવું સ્ફુરણ કયાંથી થયું એ જાણવા જતાં માયાને સાક્ષીએ કહ્યું કે જ્યાં 'હું' એવો ભાવ નથી તે તારું સાચું સ્વરૂપ છે, તે ઉપરથી તેણે આ 'હું હું' એવા સ્ફુરણનો વિલય કરવાને બદલે તે ઉપર તેણે 'હું નથી', 'હું નથી' એવો અભ્યાસ દૃઢ કરવા માંડ્યો અને એ જ મારું ખરું સ્વરૂપ છે એમ તે સમજવા લાગી. આથી એમ બન્યું કે 'હું'નો વિલય કરી અનિર્વચનીયતા પ્રાપ્ત થવાને બદલે 'હું નથી (અનહમ્)' નામનું એક જુદું જ તત્ત્વ નિર્માણ થયું. તે તત્ત્વને જ શાસ્ત્રમાં અવ્યક્તપ્રકૃતિ (વૃક્ષાંક ૪) કહે છે. ત્યાર પછી તે માયાતત્ત્વ ત્રણ ગુણના મિશ્રણવાળા અવ્યક્તમાંથી જ્ઞાન ક્રિયાશક્તિ વડે યુક્ત એવા પ્રકૃતિપુરુષ અથવા અર્ધનારીનટેશ્વરરૂપે થઈ. જેમ અવ્યક્ત પ્રકૃતિમાં ત્રણ ગુણોનું સમભાગે મિશ્રણ છે તેમ આ અર્ધનારીનટેશ્વરમાં જ્ઞાનશક્તિ એ પુરુષ કિંવા ઈશ્વરનો અંશ તથા ક્રિયાશક્તિ એ માયાનો અંશ એ મુજબનું મિશ્રણ હોય છે જ, એ રીતે ત્રણે ગુણોની સમતા સાથે ભાવિદૈતરૂપે પ્રકટ થવાના જે તત્ત્વરૂપે માયા પ્રકટ થઈ તે તત્ત્વ જ અર્ધનારીનટેશ્વર છે (વૃક્ષાંક ૫ જુઓ). ત્યારબાદ ઉપર જણાવેલો સંસાર કે અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર ઇત્યાદિ જીવો ઉત્પન્ન થયેલા છે તથા તેમના ચિત્રવિચિત્ર અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થયાં છે તેવું મહાપ્રાણ કિંવા સૂત્રાત્મારૂપ તત્ત્વ ઉત્પન્ન થયું (જુઓ વૃક્ષાંક ૬). આ મહાપ્રાણ એ જ આત્માને મિથ્યા સ્વપ્ન પ્રતીત કરાવનારો જીવ કિંવા ચિદાભાસ કહેવાય છે (જુઓ વૃક્ષાંક ૬). મિથ્યા એવા અનેક વિચિત્ર ભ્રમરૂપ સંસારોના આભાસો કે જે ઉપર કહેવામાં આવ્યા છે તે સર્વ આને લીધે જ

ભાસમાન થઈ રહ્યા છે. આમ મમભાવના પ્રાકટ્યનું મૂળ એટલે મમભાવ પ્રકટરૂપે જણાવા લાગ્યો તેનું ઉગમનું જે સ્થાનક તે આ જ છે (વૃક્ષાંક ૬). ત્યાર પછી મહત્તત્ત્વ કે જે પરમાત્માનું અંતઃકરણ કહેવાય છે તેની ઉત્પત્તિ થઈ (વૃક્ષાંક ૭) પછી અહંકાર (વૃક્ષાંક ૮) અને તે અહંકારના વૈકારિક, તૈજસ અને તામસાદિ પેટા પ્રકારો ઉત્પન્ન થયા(જુઓ વૃક્ષાંક ૯ થી ૧૬ પેટા વિભાગો સહ). ત્યાર પછી ભગવાનના ચિત્તરૂપ એવા નારાયણ કિંવા ક્ષેત્રજ્ઞ (વૃક્ષાંક ૯)ની ઉત્પત્તિ થઈ, બાદ પરમાત્માની બુદ્ધિ અને તેના દેવતારૂપ બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૦) અને બાદ ભગવાનના મનરૂપ સોમદેવતાની ઉત્પત્તિ થઈ (વૃક્ષાંક ૧૧), ત્યારબાદ નારાયણનું નાભિકમળ કિંવા હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) અને તેમાંથી બ્રહ્મદેવ કે જે ચૌદલોકવાળું આ ચરાચર સમષ્ટિ બ્રહ્માંડરૂપ કાર્ય (પ્રગટરૂપે કાર્ય થયું તે) ઉત્પન્ન કરે છે તેની ઉત્પત્તિ થવા પામેલી છે (વૃક્ષાંક ૧૩). આ બ્રહ્મદેવ પોતે પોતાના સત્ય સંકલ્પના બળવડે ચૌદ લોકવાળું ચરાચર બ્રહ્માંડ નિર્માણ કરે છે (વૃક્ષાંક ૧૪ થી ૧૫ ઘ સુધી જુઓ)જેની રીતે વ્યષ્ટિ જીવો (મનુષ્યો) પોતાના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર વડે અનેક પ્રકારના સંકલ્પો વિકલ્પો કરે છે પણ તે પૈકી ઘણા થોડાની સિદ્ધિ થવા પામે છે, કારણ કે મનુષ્યો અસત્ય સંકલ્પવાળા હોઈ બ્રહ્મદેવના સંકલ્પની મર્યાદામાં રહેલા હોય છે, પરંતુ ઈશ્વર સત્ય સંકલ્પરૂપ હોવાને લીધે તેના અંતઃકરણરૂપ મહત્તત્ત્વ (વૃક્ષાંક ૬)માં તો જેટલા જેટલા સંકલ્પો રહુરે તેટલા બ્રહ્મદેવો જ ઉત્પન્ન થાય, જેટલા નિશ્ચયો થાય તેટલા તેટલા નારાયણ (વિષ્ણુ) તથા અહંઅહં એવી ભાવના રહુરે તેટલા તેટલા રુદ્રો નિર્માણ થાય છે. આ રીતે નિત્યપ્રતિ કરોડો રુદ્રો, વિષ્ણુઓ, બ્રહ્મદેવો ઉત્પન્ન થતા જ રહે છે, તેનો અંત નથી. વળી પાછા તે પ્રત્યેકના સંકલ્પવડે અસંખ્ય બ્રહ્માંડો નિર્માણ થતાં રહે છે. આ રીતે જેમ ઝાડના મૂળમાંથી શાખાપ્રતિશાખાઓની ઉત્પત્તિ થતી રહે છે તેમ આ સંસારવૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશાદિ જેવા દેવતાઓનો પણ જ્યાં પાર નથી તો પછી તેમણે બનાવેલાં બ્રહ્માંડો અને તેમાંનાં ચૌદલોક અને તેમનો પ્રત્યેકનો ચાલતો વિચિત્રવિચિત્ર વ્યવહાર એ બધાની વાત જ શી પૂછવી ? આ સુજ્ઞ મિથ્યા માયા (વૃક્ષાંક ૩) કે જેનો આત્મા (વૃક્ષાંક ૧)માં લવલેશ પણ નથી તેણે સત્ત્વ, રજ, અને તમ એવા ત્રણ ગુણો વડે જેનો અંત નથી એવું ઉપર બતાવેલાં વર્ણનોવાળું આ મિથ્યા માયાવી સંસારરૂપી વૃક્ષ ખડું કરી દીધું છે. વસ્તુતઃ તે બધું આત્માથી અભિન્ન હોવા છતાં પણ જાણે આત્માથી અત્યંત જુદું જ ન હોય એવા પ્રકારે ભાસમાન થાય છે.

ચાર પ્રકારના નિશ્ચયોના સ્વરૂપની સ્પષ્ટતા

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! હવે તું આ સંસારરૂપી વૃક્ષનું સ્વરૂપ સારો રીતે સમજી શકયો હશે. માટે આત્માના સ્વરૂપની દૃઢતા અર્થે મારે તને જીવોના ચાર નિશ્ચયો સંબંધમાં જે કહેવાનું છે, તે આગળ કહું છું જે તું ધ્યાન દઈને સાંભળ. ઉપર જે તને અસંખ્ય બ્રહ્માંડો તથા જીવોયુક્ત એવા સંસારવૃક્ષનું વર્ણન કહેવામાં આવ્યું તે સંસાર ઉપર બતાવી ગયા તેમ ચાર પ્રકારના જીવો વડે જ વ્યાપેલો છે એટલે આ સમગ્ર સંસાર ચાર પ્રકારના નિશ્ચયવાળા જીવોથી જ ભરેલો છે, (૧) દેહાધ્યાસી એટલે 'હું દેહ છું, એવા નિશ્ચયવાળા, (૨) હું અને મારું ઇત્યાદિ સર્વ ભાવોને દ્રષ્ટા કિંવા સાક્ષીપણા વડે જોનારા, (૩) હું એને મારું તથા સાક્ષી ઇત્યાદિ સર્વ આત્મસ્વરૂપ જ છે એવી રીતના સર્વોત્તમભાવના નિશ્ચયવાળા તથા (૪) આત્મામાં હું, મારું, તેનો સાક્ષી ઇત્યાદિ કોઈ ભાવોની કદી ઉત્પત્તિ જ થયેલી નથી, એવા નિશ્ચયવાળા. આ પ્રકારના ચાર નિશ્ચયો પૈકી હું એટલે માતા પિતા વડે ઉત્પન્ન થયેલો એવો આ શરીરધારી એવો દેહ જ છું એવા પ્રકારનો જે પહેલો નિશ્ચય છે તે મલિનભાવનાવાળો હોવાથી બંધન કરનારો છે. અનેક પ્રકારની મિથ્યા વિષયવાસનાઓવાળી ત્રણ ગુણની માયામાં સપડાયેલા અને અનેક વિચિત્રવિચિત્ર યોનિઓને પ્રાપ્ત થયેલા એવા આ નિશ્ચયવાળા જીવોથી જ આ બધો વિશાળ સંસાર વિસ્તારને પામેલો જોવામાં આવે છે. બાકીના ત્રણ નિશ્ચયો તો ક્રમે આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન કરાવી આપનાર હોઈ બંધનમાંથી છોડાવનારા હોવાથી તેને શાસ્ત્રમાં ગ્રાહ્ય ગણવામાં આવ્યા છે. પહેલો નિશ્ચય તો અનેકવિધ તૃષ્ણાઓ ઉત્પન્ન કરાવી

વિષયવાસનારૂપી જળમાં ફસાવનારો છે. બાકીના ત્રણ નિશ્ચયો શુદ્ધ તૃષ્ણાવાળા હોવાથી તેની પૂર્ણતા તો જ્યારે જીવન્મુક્તિ પ્રાપ્ત થાય ત્યારે જ થાય છે. આમ તે ત્રણ નિશ્ચયો મિથ્યા મોહ (ભ્રમ) છોડાવવાના કારણભૂત હોવાને લીધે સ્વચ્છ અને શુદ્ધ તૃષ્ણાવાળા ગણાય છે. પરંતુ હે પાર્થ ! ધ્યાનમાં રાખ કે આ નિશ્ચયો કાંઈ કેવળ મોઢે બોલવા પૂરતા જ નથી; પરંતુ સારાસાર વિવેક કરી જગતની અસત્યતા તથા આત્માની સત્યતાનો જ્યારે અંતઃકરણમાં પૂર્ણ નિશ્ચય થાય છે, ત્યારે જ તે અભ્યસનીય હોય છે. જ્યાં સુધી તેવો વિવેક થયેલો હોતો નથી ત્યાં સુધીને માટે તો કેવળ વાણીવડે બોલવામાં આવતા એ નિશ્ચયો પણ તદ્દન નિરર્થક જ છે. સંસારની અસારતા સારી રીતે સમજાય અને એક આત્મા જ સર્વત્ર વ્યાપક છે એવી રીતનો દૃઢ નિશ્ચય થાય તે જ ખરો નિશ્ચય. સિવાય કેટલાકો જો પૂર્ણ શ્રદ્ધા વડે યુક્ત થઈ તેવો અભ્યાસ નિઃશંક થઈને કરે તો તેઓ પણ સ્વરૂપની પ્રાપ્તિ અવશ્ય કરી શકે છે; પરંતુ કેવળ મોઢેથી બોલનારા પણ અંદરખાને શંકાઓમાં ડૂબેલાઓ તો ખરેખર મૂઢો જ કહેવાય. તેવા દેહના અર્થાત્ દેહ એટલે જ હું એવા નિશ્ચયવાળા દેહાધ્યાસી મૂઢો આ આત્મજ્ઞાનરૂપી યોગને લાયક નથી; પણ છેલ્લા ત્રણ નિશ્ચયો જે જીવન્મુક્તિ કરાવનારા છે તે તો સંશયથી રહિત બનેલા અને આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરેલા વિવેકીઓ જ કરી શકે છે અને તેવાઓ જ આ આત્મજ્ઞાનને માટે લાયક છે. હે બુદ્ધિમાન ! આ સર્વ દૃશ્ય આદિ 'હું' જ છે એવો સર્વોત્તમભાવનો નિશ્ચય જેનો થયેલો હોય છે તેની બુદ્ધિ કદી પણ ફરીવાર ઉદ્વેગ પામતી નથી. ઉપર નીચે, આમતેમ, હું, તું, તે, આ ઇત્યાદિ જે જે કાંઈ છે તે બધું આત્મસ્વરૂપ જ વ્યાપેલું હોઈ તે વડે જે જે કાંઈ હોય તે પણ આત્મા જ છે તથા તેવું જાણનારો પોતે પણ આત્મા જ છે એવો દૃઢ નિશ્ચય જેનો થયેલો હોય તેને ફરીથી બંધનમાં પડવાનું રહેતું જ નથી. ચોથા પ્રકારના નિશ્ચયમાં સર્વથી રહિત નિઃશેષ એવું જે પરમતત્ત્વ અવશેષ રહે છે, તેને જુદા જુદા વાદીઓએ શૂન્ય, પ્રકૃતિ, માયા, બ્રહ્મ, વિજ્ઞાન, શિવ, પુરુષ, ઈશાન, નિત્ય અને આત્મા ઇત્યાદિ નામો આપેલાં છે.

શું બ્રહ્મા વિષ્ણુ પણ જીવો છે ?

આમ ત્રણ પ્રકારના નિશ્ચયવાળા જીવો ઉપર કહેલા સંસારભ્રમની ચાલતી ઘટમાળમાંથી છૂટી જીવન્મુક્તિ પામેલા હોય છે. આથી ઉપર કહેલા સંસારચક્રના વિવેચનમાં કેટલાક જીવો જીવન્મુક્ત થયા છે, કેટલાક થવાની અણી ઉપર છે, કેટલાક થશે, કેટલાક થઈ ગયા ઇત્યાદિ વર્ણનો આવેલાં છે, બીજી વાત એ કે તું કદાચ શંકા કરશે કે શું બ્રહ્મદેવ, વિષ્ણુ, નારાયણ, મહાદેવ, ઇંદ્ર વગેરે મોટા મોટા દેવો પણ સંસારમાં જ કહેવાય ? તો તે સંબંધે નિશ્ચયાત્મક જાણ કે, આ સંસારમાંના જીવો જ્યારે વ્યષ્ટિ મટીને સમષ્ટિનો અહંકાર ધારણ કરે છે તથા તેવા તેવા ભજનોનો દૃઢ સંકલ્પ કરીને જ્યારે તેમની તે ઉપાસના સિદ્ધ થાય છે, એટલે તેઓ જ આ બ્રહ્મદેવાદિકરૂપે બને છે, કે જેઓ સ્વાભાવિક રીતે મુક્ત જ હોય છે. આમ જેઓએ જીવન્મુક્તિ પ્રાપ્ત કરેલી હોય તેઓ અનિર્વચનીય એવા બ્રહ્મનું જ સાકારસ્વરૂપ છે એમ સમજો. તેઓ તો પોતે આકારવાળા દેખાતા છતાં પણ આકારવાળા નથી પરંતુ બ્રહ્મથી અભિન્ન છે. જો કે આ સર્વ બ્રહ્મ જ છે છતાં જેઓ પોતાને બ્રહ્મથી ભિન્ન માને છે તેવા અજ્ઞાનીઓની દૃષ્ટિએ તો તે બ્રહ્મથી અભિન્ન હોવા છતાં પણ જાણે ભિન્નજ હોય તેમ જણાય છે અને તેથી તે પૈકી જેઓ આત્માનો અપરોક્ષાનુભવ લઈને આત્મસ્વરૂપ બનેલા હોય છે તેવા જીવન્મુક્તો ખરેખર આત્માથી અભિન્ન એવા મહાદેવો જ છે, એમ નિશ્ચયાત્મક સમજ. તેથી તેમની ભક્તિ કરનારાઓ પણ અંતે તેઓ જે સ્વરૂપમાં સ્થિત છે તેવા આત્મસ્વરૂપને જ પામે છે. એટલા માટે હે તાત ! તું સારી રીતે નિશ્ચય કર કે વાસ્તવિક આત્મા તો તદ્દન અનિર્વચનીય જ છે. તે કદી જન્મેલો જ નથી, તેમાં હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ભાવોનો અંશ પણ નથી. જેમ પાણીને હું પાણી છું એવી ખબર પણ પડતી નથી તેમ આત્માને હું આત્મા છું તથા મારામાં હું તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ કાંઈ હશે એવી કિંચિન્માત્ર પણ ખબર નથી. એટલું જ નહિ પરંતુ તેવું કહેનારો અથવા જાણનારો કોઈ હશે તેની પણ કલ્પના હોતી નથી. એટલે હું જીવ હતો ને હવે આત્મા થયો, હું

પ્રથમ બંધાયેલો હતો અને હવે મુક્ત થયો એવી કલ્પના પણ હોતી નથી. આ રીતે જીવન્મુક્તિની કલ્પના જે પ્રથમ કહેવામાં આવેલી છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ દેવો તેવા પ્રકારના સ્વભાવસિદ્ધ જીવન્મુક્તો છે. એ પ્રમાણે કરવામાં આવતો બોધ પણ અજ્ઞાનની નિવૃત્તિ પૂરતો જ છે. આથી વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિ દ્વારા થતાં વર્ણનો તથા તે કક્ષામાં આવતો તમામ વ્યવહાર સંસારકક્ષામાં આવી જાય છે. આત્માને માટે તો પ્રથમ કહ્યા પ્રમાણે ફક્ત સુષુપ્ત મૌન જ છે. (અધ્યાય ૧૩ શ્લોક ૧૩ પૃષ્ઠ ૬૩૩, ૬૩૪ જુઓ) આ સર્વ તારા લક્ષમાં આવ્યું એટલે હવે હું તને જે ગુહ્યમાં ગુહ્ય જ્ઞાન કહેવાનો છું તે તને સ્પષ્ટ રીતે સમજાશે,

श्रीभगवानुवाच--

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।

छन्दा ꣳसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥१॥

મૂળ ઊંચે તથા શાખા નીચે કેમ ?

શ્રીભગવાન બોલ્યાઃ જેનું મૂળ ઊંચે, શાખા નીચે, પાંદડાં છંદો છે જેને અશ્વત્થ એટલે ક્ષણિક કહે છે તેને જે વાસ્તવિક અવ્યય એટલે આત્મરૂપ છે એમ જાણે છે તે જ વેદવિત્ એટલે ખરો જાણનારાઓ અર્થાત્ જ્ઞાની છે. આવા પ્રકારનું એક વાક્ય શ્રુતિ (કઠોપનિષદ્)માં પણ કહેવામાં આવ્યું છે. ઊંચે કિંવા ઉત્કૃષ્ટ મૂળવાળું, અનેક શાખાઓવાળું, આ સતત પ્રવાહરૂપે ચાલી રહેલું સનાતન એવું અશ્વત્થ એટલે જે કદી પણ શાશ્વત રહેનારું નથી તે વસ્તુતઃ અમૃતરૂપ એવું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ કહેવાય છે અર્થાત્ બ્રહ્મરૂપ છે. તે બ્રહ્મના આશ્રયે જ આ સર્વલોકો રહેલા છે. તે અર્થાત્ આ બ્રહ્મનું કોઈપણ અતિક્રમણ કરી શકતું નથી એટલે બ્રહ્મને છોડીને કાંઈ પણ રહી શકતું નથી. આ તે છે (કઠ૦ અ૦ ૨ વલ્લી ૩ મંત્ર ૧) આ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ એમ કહી રહ્યા છે કે હે પાર્થ! જો કેવી વિચિત્રતા છે! વ્યવહારમાં જે વૃક્ષો તારા જોવામાં આવે છે તેનું મૂળ નીચે તથા શાખાઓ ઉપર હોય ત્યારે આ મિથ્યા એવા સંસારરૂપી વૃક્ષનું મૂળ ઉપર અને શાખાઓ નીચે છે આ કેવો ચમત્કાર! (આરંભમાં આપવામાં આવેલું વૃક્ષ આ જુઓ એટલે ઉપર મૂળ અને નીચે શાખા કેવી રીતે છે તે જાણવામાં સરળતા થશે.) જો કે વ્યવહારમાં જોવામાં આવતા આ રથૂળ પંચમહાભૂતોની ઉત્પત્તિ આકાશથી થયેલી છે, તે આકાશ સૌથી પ્રથમનું હોઈ ચારે મહાભૂતોનું મૂળ છે. તે જો ન હોય તો બીજા ચારે મહાભૂતોનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી. આ મૂળ આકાશમાંથી પ્રથમ વાયુ વાયુમાંથી વહ્નિ કિંવા તેજ વહ્નિ (તેજ)માંથી જળ અને જળમાંથી પૃથ્વીતત્ત્વ બનેલું છે. એ ક્રમે આકાશનો પૃથ્વીતત્ત્વ સુધી વિકાસ થવા પામેલો છે. આ પૃથ્વીની અંદર પહાડો, વૃક્ષો, તથા લતા, પત્રો ઇત્યાદિ અસંખ્ય આકારો બની વળી પાછા નીચેથી ઉપર એમ વધે છે. આ પૃથ્વીની અંદર ઉગેલાં વૃક્ષો જુઓ તો જણાશે કે તેનું બીજ પૃથ્વીમાં હોઈ તેઓ નીચેથી ઉપર આકાશ તરફ વધે છે, તેવી રીતે આ સંસારરૂપી વૃક્ષનું મૂળ સૌથી ઉપર એવો ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ ત્યારપછી માયા (વૃક્ષાંક ૩) તેના ત્રણ ગુણોઃ તથા અવ્યક્ત પ્રકૃતિ (વૃક્ષાંક ૪) ત્યારપછી જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિયુક્ત અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫) ત્યારપછી મહાપ્રાણ જીવ (વૃક્ષાંક ૬), પછી મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), ત્યારપછી અહંકાર (વૃક્ષાંક ૮) આ અહંકાર (૧) તામસ (૨) તૈજસ અને (૩) વૈકારિક, એમ ત્રણ પ્રકારનો થયો. અને પછી તે જ ક્રમે કર્તા, કારણ અને કાર્યરૂપે તથા ક્રમે અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એવા ત્રણ પ્રકારે વિભાગને પામ્યો. કર્તા કિંવા અધિદૈવમાંથી મનોમય સૃષ્ટિમાં ક્રમે (૧) દિશા (૨) ઔષધિ (વૃક્ષ નામનો વાયુ) (૩) સૂર્ય (૪) વરુણ (૫) અશ્વિનીકુમાર (વાયુ) (૬) અગ્નિ (૭) ઇન્દ્ર (૮) વિષ્ણુ (૯) પ્રજાપતિ (૧૦) મિત્ર એવી અધિદેવતાઓની ઉત્પત્તિ થઈ છે. કારણ વા અધ્યાત્મમાંથી ઇંદ્રિય સમૂહ ઉત્પન્ન થયો. તેમાં બે પ્રકાર પડે છે (૧) स्थानके। (૨) इंद्रियोः (૧) કાન (૨) ત્વચા (૩) નેત્ર

(૪) જિહ્વા, (૫) નાક, એ પાંચ જ્ઞાનેંદ્રિયોનાં પ્રાગટ્ય અને (૬) મોઢું (૭) બે હાથ (૮) બે પગ (૯) શિશ્ન અને (૧૦) ગુદા એ પાંચ કર્મેન્દ્રિયો તથા તેનાં સ્થાનકો મળી કુલ દશ સ્થાનકો ઉત્પન્ન થયાં. તેની ઇંદ્રિયો ક્રમે (૧) શ્રોત્ર (૨) રોમ (૩) ચક્ષુ (૪) જિહ્વા (૫) ઘ્રાણ (૬) વાણી (૭) બાહુ (૮) ગતિ (૯) રેત અને (૧૦) પાયુ; એ રીતે સ્થાનકો સહ દશ ઇંદ્રિયોનો સમાવેશ અધ્યાત્મમાં થાય છે. અધિભૂતમાંથી પંચમહાભૂત સમૂહ (૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રૂપ (૪) રસ અને (૫) ગંધ એ પાંચ તન્માત્રાઓ તથા (૬) આકાશ (૭) વાયુ (૮) વહ્નિ (તેજ) (૯) જળ અને (૧૦) પૃથ્વી એમ પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થઈ (જુઓ વૃક્ષાંક ૮) ના પેટામાં આવેલા ભાગો), ત્યારપછી તમોગુણમાંથી દેવતા ક્ષેત્રજ્ઞ કિંવા નારાયણસહ ચિત્ત (વૃક્ષાંક ૯), રજોગુણમાંથી દેવતા બ્રહ્માસહ બુદ્ધિ (વૃક્ષાંક ૧૦) તથા સત્ત્વગુણમાંથી તેના દેવતા ચંદ્રસહ મન (વૃક્ષાંક ૧૧)ની ઉત્પત્તિ થવા પામેલી છે. ત્યારપછી હિરણ્યગર્ભ કિંવા વિષ્ણુના નાભિકમળ (વૃક્ષાંક ૧૨)ની ઉત્પત્તિ થયેલી છે. અત્યાર સુધીના વિસ્તારને સર્ગસૃષ્ટિ કહેવામાં આવે છે; (જુઓ વૃક્ષાંક ૩ થી ૧૨). આ દરેકમાં ઉપરના અંશોનું મિશ્રણ હોય છે જ એમ સમજવું. જેમ કે વૃક્ષાંક ૩માં ૨નું; ૪માં ૨ ને ૩ નું; ૫ માં ૨ થી ૪ નું; ૬ માં ૨ થી ૫ નું; ૭ માં ૨ થી ૬ નું; ૮ માં ૨ થી ૭ નું; ૯ માં ૨ થી ૮ તથા આઠના પેટામાં આવેલા સર્વ અંશોના મિશ્રણનો સમાવેશ થઈ જાય છે; ૧૦ માં ૨ થી ૯ નું; ૧૧ માં ૨ થી ૧૦ નું તથા ૧૨ માં ૨ થી ૧૧ સુધીના તમામ અંશોનું મિશ્રણ આવી જાય છે. આ સર્વ કારણસૃષ્ટિઓ છે. હજુ સુધી પ્રત્યક્ષ સ્થૂલ કાર્યની શરૂઆત થવા પામેલી નહિ હોવાથી તે તમામ સૂક્ષ્મરૂપમાં છે. તેમાં પણ વૃક્ષાંક ૨ થી ૫ એ એકેકા વિવર્તભાવને પામેલા હોવાથી તદ્દન શુદ્ધ તત્ત્વો કહેવાય છે. આથી અહીં સુધીના વિસ્તારને શાસ્ત્રમાં શુદ્ધતત્ત્વપંચક કહેલું છે. શુદ્ધ હોવાને લીધે તેને મહાકારણ તત્ત્વો (વૃક્ષાંક ૨ થી ૫ જુઓ) કહેવામાં આવેલા છે. આ દરેકમાં પુરુષાંશ તથા પ્રકૃતિ અંશ એમ બંને અંશોનું મિશ્રણ છે. વૃક્ષાંક ૩માં માયા એ પ્રકૃતિનો અંશ તથા સદાશિવ કિંવા વાસુદેવ એ પુરુષાંશ છે. વૃક્ષાંક ૪ માં અવ્યક્ત એ પ્રકૃતિનો અંશ તથા શિવ એ પુરુષાંશ છે, જ્ઞાનશક્તિ એ પુરુષાંશ તથા ક્રિયાશક્તિ એ પ્રકૃતિ અંશ હોવાથી નટેશ્વર તથા અર્ધનારી, શિવશક્તિ, પુરુષપ્રકૃતિ એ બેનું ઐક્ય આમાં છે. આની અંતર્ગત આવેલા આ દરેકમાં આ બંને અંશો એક સાથે જ હોય છે. આ રીતે આ મહાકારણ પ્રકૃતિનું થયું. હવે કારણ પ્રકૃતિના સંબંધે કહું છું. વૃક્ષાંક ૬ થી ૧૨ સુધી તમામ તત્ત્વો કારણતત્ત્વો કહેવાય છે. તેમાં પણ પ્રકૃતિ પુરુષાંશ બંને યુક્ત હોય છે જ. વેદાંતીઓ આ અંશોને માયા કિંવા ઈશ્વર એવા નામે સંબોધે છે. વૃક્ષાંક ૬ મુખ્ય પ્રાણ કિંવા સૂત્રાત્મા છે, તેમાં જીવ એ પુરુષાંશ તથા શક્તિ એ પ્રકૃતિ અંશ સમજવો. આ શક્તિ અંશને મમભાવ પણ કહે છે. આને જીવલોક પણ કહે છે(વૃક્ષાંક ૬ જુઓ). ત્યારપછી મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), તેમાં અંતઃકરણ એ પુરુષાંશ તથા મહત્તત્ત્વ, ભૂતપ્રકૃતિ કિંવા મહામાયા એ પ્રકૃત્યાંશ સમજવો. અહંકાર (વૃક્ષાંક ૮)માં પણ અહંકાર એ પ્રકૃતિ અંશ અને દેવતા રુદ્ર એ પુરુષાંશ, આ રીતે જ અહંકારની અંદર આવેલા તમામ પેટા અંશોમાં દિશાદિ દેવતાઓ પુરુષાંશ તેમ જ ઇંદ્રિય સમૂહ તથા તન્માત્રા સહ પાંચમહાભૂતો એ બધા પ્રકૃતિઅંશો સમજવા. ચિત્ત(વૃક્ષાંક ૯)માં ક્ષેત્રજ્ઞ, નારાયણ કિંવા વિષ્ણુ એ પુરુષાંશ અને ચિત્ત એ પ્રકૃત્યાંશ; બુદ્ધિ પ્રકૃતિ અંશ તથા તેના દેવતા બ્રહ્મા એ પુરુષાંશ (વૃક્ષાંક ૧૦) મન એ પ્રકૃતિ અંશ તથા દેવતા ચંદ્ર એ પુરુષાંશ (વૃક્ષાંક ૧૧ જુઓ). તેમ જ હિરણ્યગર્ભ એ પુરુષાંશ તથા વિષ્ણુનું નાભિકમળ એ પ્રકૃતિઅંશ. આ રીતે મિશ્રણો સહ સ્થૂળ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની સામગ્રી સહિત વિરાટનો અભિમાની બ્રહ્મદેવ ઉત્પન્ન થયો અને તેણે પોતામાં જ પોતાના સંકલ્પ વડે કાર્યસૃષ્ટિની ઉત્પત્તિ કરેલી છે. જ્યારે બ્રહ્મદેવની ઉત્પત્તિ થઈ ત્યારે તેની પાસે કોઈ પણ પ્રકારનાં સ્થૂલ સાધનો વા સામગ્રી ન હતી; કારણ આ સામગ્રી વા સાધનાદિક તો તેના સંકલ્પ વડે જ ઉત્પન્ન થવા પામે છે. આમ બ્રહ્મદેવની કરેલી સૃષ્ટિને વિસર્ગસૃષ્ટિ કિંવા કાર્યસૃષ્ટિ કહે છે, આમાં બ્રહ્મદેવ પુરુષાંશ તથા સમષ્ટિ બ્રહ્માંડ એ તેનો દેહ કોઈ તે પ્રકૃતિ અંશ સમજવો.

છંદોની ઉત્પત્તિનું મૂળ

વ્યવહારમાં ઝાડનું મૂળ બીજ હોઈ તે ઝાડનું કારણ ગણાય છે, તેમ આ બ્રહ્માંડરૂપ કાર્યસૃષ્ટિનું બીજ હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨) કહેવાય છે; અને તે બીજનો પ્રથમનો અંકુર ધારણ કરનાર જે મૂળ તે જ બ્રહ્મદેવ(વૃક્ષાંક ૧૩) સમજો. હવે કોઈ પૂછે કે બીજનું કારણ શું ? તો તે પ્રત્યક્ષ બતાવી શકાતું નથી, પરંતુ દૃષ્ટિ બ્રહ્માંડકમાંથી ઝરતા અમૃતને તે જ્યારે ધારણ કરે છે ત્યારે જ તે ઊગી નીકળે છે, એવી રીતની સૂક્ષ્મદૃષ્ટિ વડે, અનુમાનથી જ તેના કારણની કલ્પના જાણવામાં આવી શકે છે; તેમ આ બીજનું કારણ શું ? તો મહાપ્રાણાદિ તત્ત્વો (વૃક્ષાંક ૬ થી ૧૨ સુધીનાં) છે એમ અનુમાનથી જાણવામાં આવે છે. આ મુજબ બીજનું કારણ સૂક્ષ્મ છે. હવે કોઈ દૃષ્ટિ બ્રહ્માદિનું કારણ પૂછે તો તેને એમ જ કહેવું પડે કે તે તો સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ હોઈ અનુમાનથી પણ પર છે તેમ આ મહત્તત્વાદિનું કારણ અનુમાનથી પણ પર હોવાથી તેને મહાકારણ એવું નામ બોધને માટે આપવામાં આવેલું છે. કારણનો મર્યાદા અત્રે પૂર્ણ થઈ એમ સમજવું (વૃક્ષાંક ૩ થી ૫ જુઓ). પ્રકૃતિનો મર્યાદાનો પ્રારંભ પણ અત્રેથી જ શરૂ થાય છે એમ જાણો. હવે કાર્યસૃષ્ટિ સંબંધમાં જે ઉપર કહેવામાં આવ્યું છે તેની શરૂઆત બ્રહ્મદેવથી થાય છે, તે બ્રહ્મદેવ પોતામાંથી જ ઉત્પન્ન થયેલા વેદને આધારે સંકલ્પવશાત્ આ સમષ્ટિ બ્રહ્માંડને સ્વપ્નની જેમ પોતામાં જ ઉત્પન્ન કરે છે. તે સમષ્ટિ વિરાટના શરીરમાંથી પ્રથમ ૐરૂપ પરાવાણી ઉત્પન્ન થઈ ને મૂલાધારાદિ ચક્રો દ્વારા છંદોરૂપે બહાર પડે છે. તેનું વર્ણન અહીં સંક્ષેપમાં આપવામાં આવેલું છે (આ સંબંધે વધુ સ્પષ્ટતાને માટે અધ્યાય ૨ તથા અધ્યાય ૮ શ્લોક ૧૧, પૃષ્ઠ ૪૩૭ થી ૪૫૬ માં જુઓ).

શબ્દબ્રહ્મ કિંવા વેદનું સૂક્ષ્મ સ્વરૂપ

આ ચરાચર વ્યાપક એવા બ્રહ્માંડની શરૂઆત આકાશથી થયેલી હોઈ તે આકાશનો ગુણ શબ્દ છે. આ રીત પ્રથમતઃ સમષ્ટિ દેહનો અભિમાની જે બ્રહ્મદેવ તેમાંથી સૌથી આરંભમાં શબ્દબ્રહ્મ એટલે વેદનું પ્રાકટ્ય થયેલું છે. આ સમષ્ટિ વા કાર્યસૃષ્ટિની ઉપરની કારણસૃષ્ટિમાં એવો નિયમ છે કે પ્રથમ શબ્દસ્પર્શાદિ તન્માત્રાની ઉત્પત્તિ થવા પામે છે તથા ત્યારપછી પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે, પણ આ વિરાટરૂપ સ્થૂળસૃષ્ટિમાં તો પ્રથમ શબ્દતન્માત્રા અને પછી આકાશની ઉત્પત્તિ થઈ, તે પછી આ શબ્દ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ક્રમે સ્થૂળ સ્વરૂપે પ્રકટ થાય છે. આ રીતે કાર્યસૃષ્ટિ ઉત્પન્ન થવા પામી તે પૂર્વે સૂક્ષ્મ તન્માત્રારૂપ એવો જે શબ્દ તે જ વેદ હોઈ તે તો પ્રથમ સૂક્ષ્મરૂપે હતા એટલે સમષ્ટિનો અભિમાની જે બ્રહ્મદેવ તેની ઉત્પત્તિ પૂર્વે કારણસૃષ્ટિમાં શબ્દતન્માત્રારૂપે તથા સૂક્ષ્મ પંચમહાભૂતોમાં અપ્રગટ હતા જ (જુઓ વૃક્ષાંક ૮ ના પેટામાં). તેથી જ તે અપૌરુષેય ગણાય છે અને અપૌરુષેય એવા આ વેદનું સ્વરૂપ તથા અર્થ જાણવો ઘણોજ કઠણ છે. પરા, પશ્યંતિ અને મધ્યમા નામનું શબ્દબ્રહ્મ એટલે વેદનું સૂક્ષ્મસ્વરૂપ કાળ અને દેશાદિની મર્યાદાથી રહિત હોય છે, કારણ કે વેદનું વૈખરી વાણીમાં પ્રકટ થયેલું જે આ સ્વરૂપ છે તે સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવના મુખમાંથી કરોળિયાના મોંમાંથી નીકળનારા તાંતણાની જેમ સ્વાભાવિક રીતે જ પ્રકટ થવા પામેલું છે. આમ વેદનું મૂળ સ્વરૂપ સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી તેનો અર્થ ઘણો જ ગંભીર હોઈ સમુદ્રની પેઠે જેમાં પ્રવેશ થવો પણ અશક્ય છે એવો છે. તે એટલે જેનું અધિષ્ઠાન આત્મા છે તેવા અનંતશક્તિ વાળા ઈશ્વરરૂપી વિવર્તરૂપે સર્વનો નિયંતા 'હું' કહેવાઉં છું (વૃક્ષાંક ૨) તેની સાથે અધિષ્ઠાનની સત્તાથી રહેલું એ શબ્દબ્રહ્મનું પરા, પશ્યંતિ અને મધ્યમારૂપ સૂક્ષ્મસ્વરૂપ અંતર્દૃષ્ટિએ જોવાથી કમળના નાળના તંતુની પેઠે પ્રાણીમાત્રમાં નાદરૂપે જોવામાં આવે છે. એવા સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મરૂપમાંથી આ વૈખરી નામનું જે વેદનું સ્થૂળ સ્વરૂપ છે તે નીચે પ્રમાણે ઉત્પન્ન થયું છે.

છંદોને પાંદડા કેમ કહ્યા ?

જેમ કરોળિયો પોતાના હૃદયમાંથી મુખદ્વારા લાળના તંતુને બહાર પ્રકટ કરે છે તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા હિરણ્યગર્ભરૂપ મૂર્તિમાન બ્રહ્મદેવ કે જે વાસ્તવિક વેદમૂર્તિ એટલે જ્ઞાનસ્વરૂપ તથા અમૃતમય છે

તે પોતે સૂક્ષ્મ એવા ઉપાદાનકારણને લીધે અક્ષરોનો સંકલ્પ કરનારા પોતાના મનરૂપ નિમિત્તના કારણથી પોતાના હૃદયમાંથી આ અપ્રકટ અને અતિ સૂક્ષ્મ એવા શબ્દબ્રહ્મ અર્થાત્ વેદને મુખ દ્વારા વૈખરી વાણીરૂપે બહાર પ્રકટ કરે છે. આમ હૃદયમાં રહેલા સૂક્ષ્મ ૐકારમાંથી છાતી અને કંઠ આદિના સંગથી સ્પષ્ટ જણાયેલા સ્પર્શ, સ્વર, ઉષ્મા અને અંતઃસ્થ ઇત્યાદિ સ્વરોથી શણગારાયેલી તથા વિચિત્ર પ્રકારની લૌકિક અને વૈદિક ભાષાઓથી વિસ્તારને પામેલી ઉત્તરોત્તર ચાર ચાર અક્ષરોથી વધતાં જતાં (૧) ગાયત્રી, (૨) ઉષ્ણિક, (૩) અનુષ્ટુપ, (૪) બૃહતી, (૫) પંક્તિ, (૬) ત્રિષ્ટુપ, (૭) જગતી, (૮) અતિજગતી, (૯) શક્વરી, (૧૦) અતિશક્વરી, (૧૧) અષ્ટિ, (૧૨) અત્યષ્ટિ, (૧૩) વિરાટ અને (૧૪) અતિવિરાટ; એ છંદો ક્રમે ચોવીસ અક્ષરથી શરૂ થઈ ઉત્તરોત્તર એકેક છંદથી ચાર ચાર અક્ષરો વધારતા જવાથી છેવટે છોત્તેર અક્ષરોની પંક્તિથી ભરપૂર તથા આ રીતના છંદો વડે સર્વત્ર પ્રસરેલી અંત અને પાર વગરની આ વેદરૂપ વૈખરીવાણીનો વિસ્તાર સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવના મુખમાંથી થવા પામેલો છે. આમ કરોળિયાની લાળની જેમ વૈખરી વાણી તેણે જ સર્જેલી હોઈ તે કરોળિયો જેમ પોતાની લાળને ફરીથી પોતે જ ગળી જાય છે, તેમ આ વૈખરી વાણીને કલ્પ પ્રલયાદિ સમયે તે પોતે પોતામાં જ સમેટી લે છે. આ પ્રમાણે અત્યંત વિસ્તૃત હોવાને લીધે વેદની છંદો વડે સર્વત્ર પ્રસરેલી વિશાળ એવી વૈખરીવાણી સંપૂર્ણ રીતે જાણી શકાતી નથી. જેમ તેનું સ્વરૂપ સંપૂર્ણ રીતે જાણી શકાતું નથી તેમ અર્થ જાણવો પણ ઘણો મુશ્કેલ છે. આવી રીતના વેદનો સંક્ષેપમાં અર્થ એટલો જ છે કે ગાયત્ર્યાદિ છંદો વડે વિસ્તરેલો આ સઘળો વૈખરી (પ્રકટ) વાણીનો વિલાસ કે જેમાંથી બ્રહ્માંડમાં આવેલાં આકાશાદિ પાંચ મહાભૂતો તથા તેમાંના ચૌદલોકમાં ચાલી રહેલા માયાવી પ્રપંચોમાંનું ખરું રહસ્ય તો આત્મસ્વરૂપ એવા હું વિના બીજો કોઈ જાણવા સમર્થ નથી. સઘળા વેદોનો સાર એટલો જ છે કે, આ બધું માયાવી એવું જે જે કાંઈ દૃશ્ય વિસ્તાર પામેલું ભાસે છે, તે તમામ આત્મસ્વરૂપ જ છે; આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ અને આ બધો આત્મસ્વરૂપનો વિસ્તાર છંદો કે જેનું મૂળ પરા પશ્યંત્યાદિ વાણી છે, તે વડે જ વિસ્તૃત થવા પામેલો છે. આ પ્રમાણેની મૂળ સ્થિતિ હોવાથી ભગવાને વૃક્ષમાં જેમ પાંદડાંઓ હોય તેમ આ સંસારરૂપ વૃક્ષમાં છંદોને પાંદડાંની ઉપમા આપેલી છે. હવે બાકી ફૂલ અને ફળ રહ્યાં. તે ફળ ફૂલ કયાં? તો છંદોનો સાચો અર્થ કે, આ સર્વ આત્મરૂપ એવા મારાથી અભિન્ન એવું મારું જ સ્વરૂપ છે, એવા સર્વાત્મભાવરૂપ પરોક્ષજ્ઞાનના સંપૂર્ણ નિશ્ચયને ફૂલ તથા અનુભવસિદ્ધ અપરોક્ષજ્ઞાન કિંવા સાક્ષાત્કાર તે ફળરૂપે કહેલું છે. આમ ભગવાને કહેલા આ વૃક્ષનું અંતિમફળ આત્મસ્વરૂપના સાક્ષાત્કારમાં જ પરિણમે છે.

સંસારની પીપળાના વૃક્ષની સાથે સરખામણી કેમ?

ભગવાને ઊંચે મૂળ, નીચે શાખા તથા છંદો એ પાંદડાં છે એમ શા માટે કહ્યું? તેનો આશય અત્યાર સુધીના વિવેચન ઉપરથી બુદ્ધિમાનોના જાણવામાં આવ્યો હશે જ, હવે આને અશ્વત્થ કેમ કહ્યું? તે જાણવાની જરૂર છે. અશ્વત્થ એટલે વીજળીની જેમ ક્ષણમાત્ર પછી જેનું અસ્તિત્વ હશે કે નહિ તે કહી શકાય નહિ એવું અર્થાત્ જેનો ક્ષણવારમાં નાશ થઈ જાય છે તેને વિદ્વાનો અશ્વત્થ કહે છે. વળી વ્યવહાર દૃષ્ટિએ વિચાર કરતાં પણ જણાશે કે સંસારને અશ્વત્થવૃક્ષની ઉપમા આપવામાં પણ ખાસ હેતુ સમાયેલો છે. જુઓ કે આંબા, આંબલી, લીમડો, સંતરા, દાડમ વગેરેની વાડીઓ બનાવવા માટે બીજને રોપવામાં આવે છે તથા તેની યોગ્ય સંભાળ રાખીને તેને ઉછેરવામાં આવે છે. આ ઝાડો બી કિંવા કલમ બનાવીને જે જમીનમાં સારું ખાતર હોય ત્યાં જ થાય છે. પથ્થર કે ભીંતો ઉપર ગમે ત્યાં થતાં નથી. પરંતુ અશ્વત્થનું ઝાડ બીજ લગાડીને કોઈએ ઉગાડ્યું હોય એવું કદી પણ જોવામાં આવતું નથી, કારણ કે આ ઝાડની ઉત્પત્તિ તો એવા પ્રકારની છે કે પક્ષીઓ તેનાં ફળો (પેપડી)ને ખાય છે અને પછી તેઓ જ્યારે ચરકે છે એટલે શૌચ કરે છે ત્યારે તેમની હગાર જ્યાં પડી હોય ત્યાં જ આ ઝાડ ફૂટી નીકળે છે; પરંતુ લીંબુ, સંતરા, દાડમ વગેરે ઝાડોનાં બીજ ખાવામાં આવે અને તે હગાર મારફતે આખાંને આખાં નીકળે તથા તેને જો ફરીથી

જમીનમાં લગાડીને ઉગાડવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે નિરુપયોગી જ નીવડે છે, એટલે એક વખતે ખાવામાં આવેલું બીજ ફરીથી ઊલટીમાર્ગે પણ જો નીકળી જાય તો તે પણ અંકુર ફૂટવાને માટે નિરુપયોગી નીવડે છે તેમાંથી અંકુરના બીજનો નાશ થઈ જાય છે; ત્યારે આ અશ્વત્થ વૃક્ષનું બીજ તો પક્ષીઓના ખાવામાં આવે અને તે ફરીથી વમન (ઊલટી) માર્ગે કિંવા ઝાડા માર્ગે નીકળે તો ત્યાં ને ત્યાં જ વગર પ્રયત્ને અને વગર રોપ્યે જ મોટું પીપળાનું ઝાડ ઉત્પન્ન થઈ જાય છે. તેથી જ કોઈ સ્થળે ભીંત ઉપર; તો કોઈ સ્થળે પત્થર ઉપર; તો કોઈ સ્થળે કોટ, કિલ્લા ઉપર અને કોઈ કોઈ સ્થળે તો ઝાડોની બે ડાળીઓ વચ્ચે જ વગર જમીને અદ્ધર જ પીંપળાનાં ઝાડો ઊગેલાં જોવામાં આવે છે. આથી આ ઝાડ બીજ વગરનું તથા વગર મહેનતે ઉત્પન્ન થયેલું ગણાય છે. જો કોઈ પીપળાનું બીજ લઈને કિંવા ગાંઠ વગરની ડાળીની કલમ કરીને પીપળો લગાડવાનો પ્રયત્ન કરે તો તે કદી પણ ઉગાડી શકાતો નથી; પરંતુ તે કોઈ જગ્યાએ ઊગી નીકળ્યો હોય તો તેને ત્યાંથી મૂળ અથવા ગાંઠ સહિત કાઢીને લગાડવામાં આવે તો જ કદાચ ઊગી શકે. આ સંસારરૂપી વૃક્ષ કે જેનું વિસ્તૃત વિવરણ ઉપર આપેલું છે તેની પણ સ્થિતિ આવી જ છે. એટલે આ સંસાર વૃક્ષ પણ બી વગર જ વિસ્તારને પામેલો હોઈ હુંકાર એટલે નરકરૂપ અને અશાશ્વત છે. એવો ખ્યાલ હંમેશાં આવે એટલા માટે તેની શાસ્ત્રકારોએ અશ્વત્થ* વૃક્ષની સાથે સરખામણી કરેલી છે.

આ સંસારવૃક્ષનું કોઈ કારણ કિંવા બીજ છે જ નહિ

વાસ્તવિક જોતાં તો આ સંસારરૂપી વૃક્ષનું કાંઈ કારણ કિંવા બીજ જ નથી. અજ્ઞાનદૃષ્ટિ વડે આ બધો આડંબર સ્વપ્નવત્ દેખાય છે ખરો! પરંતુ જો વિવેકદૃષ્ટિ વડે વિચાર કરવામાં આવે તો, જાગૃત થતાં જેમ સ્વપ્ન એકદમ ક્યાં અદૃશ્ય થઈ જાય છે તે જણાતું નથી તેમ આત્મસાક્ષાત્કાર થતાં આ તમામ દૃશ્યજાળ અદૃશ્ય થઈ જાય છે તે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ સમજી શકાતું નથી. જેમ દીવો ન હોય ત્યાં સુધીને માટે તો અંધારાનું અસ્તિત્વ જોવામાં આવે છે પરંતુ હાથમાં દીવો લઈને તેનો ગમે તેટલી શોધ કરવામાં આવે તો પણ તે કદી જડતું નથી; તેમ આ ભ્રમરૂપ માયાવી અને સ્વપ્નવત્ મિથ્યા જગદાડંબર અજ્ઞાન વડે ગમે તેટલું વિશાળ અને વિચક્ષણ ભાસતું હોય છતાં પણ એક વખતે આત્માનું અપરોક્ષજ્ઞાન થાય એટલે પછી આ વિશાળ અને અનેક ચિત્રવિચિત્ર ભાસોવાળું જગત ક્યાં હશે તેની જો શોધ કરવામાં આવે તો તેમાં કદી પણ સફળતા મળવી શક્ય જ નથી; કિંવા કોઈ મનુષ્યને ખાસ કારણથી મળવા જવું હોય અને તે જ માણસ જો તેને સામો મળે છતાં પણ તેની ઓળખ નહિ હોવાથી તેને જ પૂછે છે કે, અમુક માણસ ક્યાં છે? તેને મારે મળવું છે; એમ પૂછવામાં આવે છે, પરંતુ જ્યારે આ પોતે જ તે છે એવી તેને ઓળખ થાય ત્યારે જ તે જાણી શકે છે કે હું આને જ અજ્ઞાનતાને લીધે તે બીજો જ કોઈ હશે એમ પોતે સમજતો હતો, પરંતુ તે ખરેખર પોતાની મૂર્ખતા જ હતી અથવા તો અજ્ઞાનતાને લીધે પાસે હીરો હોવા છતાં તેને પોતે આ કાચ છે એમ માને છે, પરંતુ જ્યાર તેનો પરીક્ષક તેને કહે છે કે આ તો અમૂલ્ય વસ્તુ એટલે હીરો છે ત્યારે જ તેની કીંમત સમજાઈ પોતાની અજ્ઞાનતા પર હસવું આવે છે કિંવા પાસે પડેલાં સંતરાને જ અજ્ઞાન વડે તે મોસંબી માનતો હોય પરંતુ જ્યારે પોતાની અજ્ઞાનતા તેને સમજાય એટલે તે પૂર્વે પણ મોસંબી જ હતી, હાલમાં પણ તે જ છે અને ભવિષ્યમાં પણ તે જ રહેશે; હું તેને જ સંતરું કહેતો હતો પરંતુ તે સંતરું કદી હતું જ નહિ એવી તેને ખાતરી થાય છે તથા પોતાની મૂર્ખતાનો પણ નાશ થઈ જાય છે; તે પ્રમાણે આ સંસારરૂપ મિથ્યા દૃશ્યજાળ કે જે કદી છે જ નહિ અથવા તમામ આત્મરૂપ જ છે, પ્રથમ પણ આત્મરૂપ જ હતી અને ભવિષ્યમાં પણ આત્મરૂપ જ રહેશે, તે ત્રણે કાળમાં આત્માથી ભિન્ન હતી જ નહિ; એવી રીતે જ્યારે તેનું ખરું સ્વરૂપ સમજાય છે ત્યારે પોતાની અજ્ઞાનતાનું પોતાને જ હસવું આવે છે તથા આ અજ્ઞાનતા પણ વસ્તુતઃ આત્મસ્વરૂપ જ

* વડ, પીપળો ઇત્યાદિ બધાં મહાવૃક્ષો પણ અશ્વત્થ વૃક્ષો કહેવાય. તેમની ઉત્પત્તિ આમાં બતાવ્યા પ્રમાણેની જ છે.

છે, અને તેનો જાણનારો પણ તત્ રૂપ જ છે, એ પ્રમાણે તે સારી રીતે જાણી શકે છે. તાત્પર્ય એ કે, આ ભ્રમરૂપ મિથ્યા સંસારવૃક્ષ બીજ વગરનું અને કોઈના પણ ઉછેર્યા સિવાયનું, ક્ષણિક અને આદિ તથા અંતવાળું હોઈ વીજળીની જેમ ક્ષણમાત્રમાં નાશ પામનારું હોઈ જેની આત્મામાં કદી ઉત્પત્તિ જ થવા પામેલી નથી એવું બીજરહિત છે. એવા પ્રકારનું ભાન હંમેશાં થાય એટલા માટે પીપળાનું ઝાડ કે જે વગર બીજે અને વગર પ્રયત્ને જ ઉત્પન્ન થવા પામેલું છે તથા અશાશ્વત છે તેની ઉપમા ભગવાને આ ભ્રમિત સંસાર કેવી રીતે મિથ્યા છે તે બતાવવાને માટે આપેલી છે.

મિથ્યા હોય તો કારણ, મહાકારણ તત્ત્વોનું નિરાકરણ કેમ કરો છો ?

આ વિવેચન ઉપરથી પ્રશ્ન થવા સંભવ છે કે, ઉપર તો કહ્યું છે કે આ બ્રહ્માંડાદિ કાર્યસૃષ્ટિનું કારણ મહત્તત્ત્વાદિ (વૃક્ષાંક ૬ થી ૧૨) તથા તેનું કારણ અને બ્રહ્માંડાદિનું મહાકારણ માયા કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩ થી ૫) છે અને આ માયાના ત્રણ ગુણોમાં ઈશ્વર (વૃક્ષાંક ૨)ની કાળરૂપ ઈક્ષણશક્તિ વડે ક્ષોભ ઉત્પન્ન થઈ આ ચરાચર મહાકારણ, કારણ તથા કાર્યરૂપ દૃશ્યજાળ ઉત્પન્ન થવા પામેલી છે અને હવે વળી પાછી આ મિથ્યા દૃશ્યજાળ કારણ વગર જ ખડી થઈ ગયેલી છે એમ કહો છો તો તે સુસંગત નથી. આ શંકાના સમાધાન સંબંધમાં વિચાર કરો તો જણાશે કે જેમ આકાશમાંથી વાયુ ઉત્પન્ન થયો, વાયુમાંથી વહ્નિ (તેજ), તેજમાંથી જળ અને જળમાંથી પૃથ્વી અને પૃથ્વીમાંથી અનંત ભેદાભેદો ઉત્પન્ન થયા હોય એમ પ્રતીત થાય છે પરંતુ આકાશ તો તદ્દન શાંત, સ્વચ્છ, સ્વસ્થ અને નિષ્ક્રિય છે; તેમાંથી પ્રથમ વાયુરૂપ ગતિ શી રીતે થવા પામે ? જો કે તે વાયુ આદિનું અધિષ્ઠાન હોવા છતાં પણ તે કાંઈ વાયુનું કારણ થઈ શકતું નથી. વળી આકાશ તો તદ્દન નિશ્ચળ છે અને વાયુ તો તે કરતાં તદ્દન વિરુદ્ધ ધર્મનો એટલે કે અતિશય ચંચળ અને અશાંત હોય છે; આમ છે તો પછી આકાશ પોતાનાથી વિરુદ્ધ ધર્મના તત્ત્વને કેવી રીતે ઉત્પન્ન કરે ! અને જો આમ થાય તો અજવાળું અંધારાને અને અંધારું અજવાળાને ઉત્પન્ન કરે છે એમ કહેવાનો પ્રસંગ આવશે પણ વ્યવહારમાં તેવો અનુભવ તો કદી આવતો નથી; માટે આકાશે વાયુને ઉત્પન્ન કર્યો છે એમ કહેવું એ તો વંધ્યાના પુત્ર જેવું જ ગણાય. તસ્માત્ આકાશ એ કાંઈ વાયુનું કારણ થઈ શકતું નથી પરંતુ વાયુને તે અવકાશ આપે છે એટલે જો આકાશ ન હોય તો વાયુનું અસ્તિત્વ જ સંભવે નહિ તેથી એમ માનવું જ પડે છે કે આકાશ એ વાયુનું અધિષ્ઠાન છે, પણ કારણ નથી; જો આમ છે ત્યારે વાયુમાં ચંચળતા શી રીતે ઉત્પન્ન થઈ એ વિચાર કરવાનો રહ્યો; જે અર્થે વ્યવહારમાં, વાયુમાં ચંચળતા સ્પષ્ટ અનુભવાય છે, તો પછી તેને ઉત્પન્ન કરનારો તો કોઈ અવશ્ય હોવો જ જોઇએ એવું અનુમાન પ્રથમ કરવું પડશે, પણ તેનો ઉત્પત્તિકાર આકાશ નથી એ વાત પણ નિર્વિવાદ સિદ્ધ થાય છે, તેનો જે પ્રેરક છે તે તો જ્યારે વાયુમાં સ્પંદન થાય ત્યાર પછી જ જાણમાં આવી શકે એવો છે એટલે વાયુમાં ચલન થાય તે ઉપરથી કહી શકાય છે કે તેને સ્પંદન કરનારો કોઈક છે અને તેની પ્રેરણાશક્તિ વડે જ વાયુમાં આ રીતે ચંચળતારૂપ ક્ષોભ ઉત્પન્ન થવા પામેલો છે. આમ એક વખતે વાયુનો ચંચળતાનો નિર્ણય થયો કે પછી તેજ (વહ્નિ), જળ અને પૃથ્વી એ ચારે મહાભૂતોનાં સંગતિ ભૌતિક જ્ઞાન વિજ્ઞાનવડે લાગી શકે છે. હવે ધ્યાનમાં રાખો કે આ રીતે વાયુ ચંચળ છે તથા આકાશ નિશ્ચળ છે એનું જ્ઞાન મેળવનારો તો આ પૃથ્વી તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલો કોઈ મનુષ્ય જ હોય છે, આકાશને તો તે વાતની કાંઈ ખબર પણ હોતી નથી; તેમ આ આત્મા તો આકાશની જેમ તદ્દન નિશ્ચળ, શાંત, ઉત્પત્તિથી રહિત, ઉપાધિ કિંવા મર્યાદાની કક્ષામાં નહિ આવનારો, અવ્યય અને કૂટસ્થ છે. તે આત્મા તો આ દૃશ્યાદિ વગેરે મારા છે કિંવા મારામાં છે અથવા તે છે અને નથી એવું તેને જાણનારો કોઈ સાક્ષી છે ઇત્યાદિ કાંઈ પણ જાણતો જ નથી; તેમ તે ઈશ્વર તથા તેની કાળરૂપ ઈક્ષણશક્તિ વડે ક્ષોભ પામનારી માયા અને તે માયાનાં સત્ત્વાદિગુણોની સાથે યત્કિંચિત પણ સંબંધ ધરાવતો નથી. તે તો તદ્દન અસંગ અને નિર્મળ જ હોય છે. આ આત્મા અસંગ છે તથા આ જગતાદિ દૃશ્યજાળ સસંગ છે ઇત્યાદિ

જાણનારો તથા તેને જ્ઞાન અને અજ્ઞાન કહેનારો પણ આ મિથ્યા માયા (વૃક્ષાંક ૩) અને તેનો પ્રેરક ઈશ્વર (વૃક્ષાંક ૨)ની કક્ષામાંનો જ કોઈ હોય છે, આત્મા પૈકીનો નથી; કેમકે આત્મામાં તો જ્યાં માયા (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ) અને તેના સાક્ષી ઈશ્વર (વૃક્ષાંક ૨)નો જ લવલેશ નથી તો પછી એ માયાના કાર્ય પૈકી જ કોઈ આ માયા છે, આ ઈશ્વર છે, આત્મા છે અને તે આ અસંગ છે વા આ સસંગ છે; ઇત્યાદિ ભેદાભેદો જાણનારો હોય તો તે જેમ સ્વપ્નમાં દેખાતો આપણો દેહ સ્વપ્નની સાથે જ વિલયને પામે છે તેમ માયા અને તેનું કાર્ય તથા તેના કાર્ય પૈકીનો જ કોઈક કહેવાતો આ માયાનો દ્રષ્ટા તેમ જ માયાને જાણનારો ઈશ્વર (વૃક્ષાંક ૨) પોતે પણ નિરર્થક જ ઠરે છે.સારાંશ એ કે, જે જે કાંઈ આ વાણીનો વિલાસ છે, તે તો પ્રથમ જણાવી ગયા તેમ તમામ મિથ્યા છે. પ્રબોધ થતાં સુધી અજ્ઞાનમાંથી જ અજ્ઞાનનો આશ્રય લઈ આ અજ્ઞાનનો કાંટો કાઢવાની તે એક શાસ્ત્ર કલ્પિત યુક્તિ છે એટલું જ; વાસ્તવિક રીતે આત્માનું સ્વરૂપ તો તદ્દન અનિર્વચનીય જ છે એમ નિશ્ચયપૂર્વક જાણ (સાચું જ્ઞાન થતાં સુધી મિથ્યા યુક્તિઓનો આશ્રય લઈ સમજાવવાની પ્રથા છે; આ સંબંધે વધુ વિવેચનને માટે અધ્યાય ૨ પૃષ્ઠ ૧૫૩થી ૧૬૭ તથા અધ્યાય ૧૩ જુઓ).

સંસાર મિથ્યા છતાં સત્ય કેમ લાગે છે ?

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : હે પાર્થ ! આ મુજબની સત્ય પરિસ્થિતિ હોવાથી જ હું તને કહી રહ્યો છું કે હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાસમાન થાય છે તે સર્વ આત્માને આત્મામાં આત્મરૂપ સાધન વડે અને આત્મરૂપે જ ભાસે છે, એમ નિઃશંક જાણ. એવો જ્યારે તારો સંપૂર્ણ નિશ્ચય થશે અને આત્મા વિના બીજું કાંઈ દેખવાપણું રહેશે નહિ ત્યારે આ બધું જાણવાનું, જાણેલું તેમ જ જે જે કાંઈ ભાસમાન થાય છે એવું તમામ દૃશ્ય, ઇન્દ્રજાળવત્ મિથ્યાભ્રમરૂપ કેવી રીતે હતું તે તું સારી રીતે અનુભવી શકીશ. પછી કોઈપણ પ્રકારની શંકા તારા મનમાં રહેવા પામશે નહિ એટલે તું તદ્દન નિઃશંક થઈ શકીશ; કેમ કે જ્ઞાન પોતે તો સ્વતઃસિદ્ધ છે, તેને બીજા કોઈના આધારની અપેક્ષા નથી. જેમ દીવાને પ્રકાશવાને માટે બીજા કોઈ દીવાની અપેક્ષા હોતી નથી તેમ વ્યવહારમાં તે જ્ઞાન છે એવો તેના ઉપર જે આરોપ કરવામાં આવે છે તે પણ અજ્ઞાનમાંની જ જ્ઞાન નામની એક શાખા છે, એમ જાણવું. તેથી પ્રકાશની પ્રાપ્તિ થઈ એટલે ફક્ત અંધારું નષ્ટ થયું એવો ભાવ જ તેમાંથી લેવાનો હોયછે તેમ જ્ઞાનની પ્રાપ્તિનો અર્થ અજ્ઞાનની નિવૃત્તિ કરવી એટલો જ એક સમજવો. આથી જેમ કાંટા વડે કાંટો કાઢી નાંખવાનો તેમ અજ્ઞાન (વ્યવહારનું જે જ્ઞાન તે અજ્ઞાનની અંતર્ગત આવતું હોવાથી તે અજ્ઞાન છે) વડે અજ્ઞાનને નિવૃત્ત કરી નાંખવું; બસ એટલું જ એક તમામ શાસ્ત્રોનું કાર્ય છે, એમ સમજ. મેં આ મિથ્યા સંસારવૃક્ષની અશ્વત્થવૃક્ષની સાથે તુલના કેમ કરી તે હવે આથી તારા ધ્યાનમાં સારી રીતે આવ્યું હશે. હવે તું કહેશે કે આ વાત તો હું સારી રીતે સમજ્યો. આ સંસારવૃક્ષ કારણ વગર જ ઉત્પન્ન થયેલું હોઈ ક્ષણિક અને તદ્દન મિથ્યા છે એટલું જ નહિ પરંતુ ત્રણે કાળમાં કદી છે જ નહિ. આ રીતે અવિદ્યમાન છતાં પણ ભ્રમ વડે મને તો તે તદ્દન સાચા જેવું જ ભાસે છે તો તે ભ્રમ કેવી રીતે દૂર કરવો, તે માટે કાંઈ ઉપાય છે ? તો તે સંબંધે તને હવે કહું છું તે તું સારી રીતે સાંભળ.

આને જે અવ્યય (આત્મા) રૂપે જાણે છે તે જ ખરો જ્ઞાની

જેનું મૂળ ઊર્ધ્વ એટલે ઉપર, શાખા નીચે તથા છંદો એ જેનાં પાંદડાંઓ કહેવાય છે, તે વીજળી કિંવા સ્વપ્નની માફક ક્ષણવારમાં નાશ પામનાર અર્થાત્ બીજી ક્ષણે પણ જેનું અસ્તિત્વ રહે એવી જેને માટે ખાતરી નહિ આપી શકાય એવા આ સંસારરૂપી અશાશ્વત વૃક્ષને અશ્વત્થવૃક્ષ એટલે બીજ લગાડ્યા વગર એટલે કારણ વગર અને કોઈપણ પ્રકારનો પ્રયત્ન કર્યા સિવાય જ વધેલું એવું પીપળાનું ઝાડ કહેવામાં આવે છે, કેમ કે આ સંસારવૃક્ષ પણ તદ્દન નશ્વર અર્થાત્ ક્ષણમાત્ર પણ રહેશે એવી જેને માટે કદી પણ ખાતરી નહિ આપી શકાય એવું, કોઈ પણ કારણ અને પ્રયત્ન વગર જ ઉત્પન્ન થયેલું તથા વાસ્તવિક મિથ્યા હોવા છતાં પણ સ્વપ્નની માફક જાણે સત્ય જ ના હોય તેવું ભાસે છે, તેને ક્ષણિક અને નાશવંત નહિ સમજતાં

તે તમામ તત્ત્વતઃ અવ્યય એટલે આત્મા કિંવા બ્રહ્મરૂપ જ છે એમ જે જાણે છે તે જ ખરો વેદ્ય વસ્તુને જાણવાવાળો એટલે કે જે જાણવાનું છે તેને જાણવાવાળો અર્થાત્ આત્મતત્ત્વને જાણનારો ખરો જ્ઞાની સમજવો. તાત્પર્ય એ કે, આ ભ્રમ વડે ભાસનારો મિથ્યા સંસારરૂપી વિશાળ દૃશ્યભ્રમ જે જોવામાં આવે છે તે તમામ આત્માથી અભિન્ન એવા આત્મારૂપ જ છે એવા પ્રકારે જે તેને કેવળ એક આત્મરૂપે જાણે છે તે જ ખરો જ્ઞાની છે. માટે હે અર્જુન ! મેં તને પ્રથમ વખતોવખત કહેલું છે તે પ્રમાણે તું પ્રથમ આ બધું આત્મસ્વરૂપ જ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ અને તેવું જાણનારો "હું" પોતે પણ આત્મા જ છે; એવી રીતનો દૃઢ નિશ્ચય કરીને પછી કાયા, વાચા, મન બુદ્ધિ ઇત્યાદિ વડે જે જે કાંઈ કર્મો, સંકલ્પો અથવા તો નિશ્ચયો થાય કિંવા જે જે કાંઈ જોવામાં, સાંભળવામાં, સ્પર્શવામાં, સૂંઘવામાં આવે તે તમામ આત્મરૂપ છે. ટૂંકમાં એટલું કે, અંતઃકરણમાંથી આત્મા વિના બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા દેવું નહિ અને જો બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા પામે તો તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારની આત્મરૂપ પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવું; આ મુજબ જ્યાં સુધી આ મિથ્યા સંસાર ભ્રમની પ્રતીતિ થયા કરે ત્યાં સુધી દૃઢ નિશ્ચય અને એક નિષ્ઠા વડે હું, તું, તે, આ, મારું, તારું, મને, તને ઇત્યાદિ વડે જે જે કાંઈ ભાસે છે તે સર્વ આત્મસ્વરૂપ છે એવા પ્રકારનો સર્વાત્મભાવનો અભ્યાસ સતત કરવો પડે છે. આ રીતના અભ્યાસની દૃઢતા વડે છેવટે તેને મિથ્યા જગતની પ્રતીતિ થવી બંધ થઈ તે પુણ્યતાદાત્મ્યભાવની પ્રાપ્તિ કરી શકે છે. માટે જ્યાં સુધી કિંચિન્માત્ર પણ દ્વૈતની પ્રતીતિ થવા પામે ત્યાં સુધી આવા પ્રકારનો અભ્યાસ કર્યા સિવાય આ મિથ્યા પ્રપંચનો ભ્રમ કદી પણ મટતો નથી. હવે આ સંસારવૃક્ષને છેદવાનો બીજો ઉપાય કહું છું તે તું સાંભળ.

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा

गुणप्रवृद्धा विषयप्रवालाः ।

अधश्च मूलान्यनुसन्ततानि

कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥

જે કદી પણ છે જ નહિ એવું શું હશે ?

મનુષ્યલોકમાં કર્મબંધનને ઉત્પન્ન કરનારાં, જેનાં મૂળો નીચે રોપાયેલાં કિંવા પરોવાયેલાં છે અને ગુણો વડે અત્યંત વૃદ્ધને પામેલી તથા વિષયોરૂપી કુમળાં પાંદડાંવાળી તેની શાખાઓ ઊંચે અને નીચે ચોતરફ પ્રસરેલી છે એવો આ અવિરૂઢ મૂળવાળો જે અશ્વત્થ, તે તત્ત્વતઃ કદી ઉપલબ્ધ જ નથી તથા આનું રૂપ પણ નથી તેમ જ આદિ, મધ્ય અને અંત પણ નથી. તેને અસંગરૂપ શસ્ત્ર વડે છેદીને તદ્દન નિર્મૂળ કરવો. ત્યાર પછી અત્યંત શોધવા લાયક તત્ (તે) એવા પદ વડે સંશોધવામાં આવતું જે આત્મપદ છે કે જેમાં ગયેલા ફરીથી કદી પણ પાછા આવતા જ નથી તથા જેનાથી આ પુરાણી પ્રવૃત્તિ (મિથ્યા માયા) વિસ્તારને પામેલી છે તે આદ્ય પુરુષનું શરણ પ્રાપ્ત કરવું જોઈએ.

પ્રથમ ઊંચે અને હવે નીચે મૂળ છે એમ ઊલટું કેમ કહો છો ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : હે પાર્થ ! તું કદાચ કહીશ કે ઉપર તો તમોએ હમણાં જ કહ્યું કે જેનું મૂળ ઊંચે છે તથા શાખા નીચે છે એવો આ અશ્વત્થ અવ્યય એટલે આત્મસ્વરૂપ જ છે અને હવે કહો છો કે નીચે ઊંડાં ઊતરેલાં અને ચોતરફ પ્રસરેલાં જેનાં મૂળો છે તથા શાખાઓ ઉપર નીચે સર્વત્ર પ્રસરેલી છે તેમ જ વિષયરૂપ સુંદર અને ત્રીજાં ત્રીજાં કુમળાં પાંદડાંઓ જેને ફૂટેલાં છે એવો આ અશ્વત્થ છે. આ બંને વિધાનો પરસ્પર વિરુદ્ધ અને તે પણ એકી સાથે જ કહો છો. કેમ કે ઉપર, ઊંચે મૂળ નીચે શાખા,

એમ કહ્યું અને તરત પાછા અહીં તેથી વિરુદ્ધ કહો છો તો એ બન્ને પરસ્પર વિરુદ્ધ વિધાનો કેમ સંભવે? આ શંકાના સમાધાન માટે કહું છું તે તું સાંભળ. વાસ્તવિક રીતે તો આમાં વિરોધાભાસ જેવું કાંઈ નથી. ઉપર જે તને અશ્વત્થનું દૃષ્ટાંત આપીને સંસારવૃક્ષનું વર્ણન કર્યું તે તો અપરાપ્રકૃતિ, સર્ગસૃષ્ટિ કિંવા મહાકારણ સૃષ્ટિનો ત્રણગુણો વડે વિસ્તાર (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ સુધી) થયો છે એવી જેમની દૃઢ માન્યતા હોય તેવાઓને ઉદ્દેશીને હોઈ તે કેવી રીતે થવા પામ્યો તે પ્રથમ સમજાવવામાં આવ્યું છે અને પછી બીજાંકુર ન્યાયાનુસાર તે સર્વ અભિન્ન એવા અવ્યય કિંવા આત્મરૂપ જ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એ રીતે ઐક્યભાવની પરિપક્વતા થતાં સુધી અભ્યાસ કરવાને માટે કહ્યું. એ તો અનિર્વચનીય એવા અવ્યય (વ્યયરહિત) આત્મસ્વરૂપમાંથી વિવર્તરૂપ આ બધો મિથ્યા આભાસ કેવી રીતે ઉત્પન્ન થયો તેનું રહસ્ય તને યુક્તિવડે સમજાવેલું છે. હવે આ સર્વ સંસારવૃક્ષ, ભ્રમને લીધે જે ત્રણ ગુણોના મિશ્રણો દ્વારા અનેક આભાસોને પ્રાપ્ત થઈ તદ્દન સત્ય જ છે એવી રીતે તેની દૃઢતા જેઓને અત્યંત રૂઢ થયેલી છે એવા અવિવેકીઓ કે જેઓ તો તેને તદ્દન સત્ય માની આ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના પાશમાં સપડાઈ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ઇત્યાદિ વિષયો કે જે ઉપર ઉપરથી જોવામાં મધુર જણાય છે અને જેમાં અસંખ્ય પ્રકારનાં મિશ્રણો થવા પામેલાં હોઈ જે અંતે વિષ રૂપ હોઈ વસ્તુતઃ સાવ મિથ્યા જ છે તેમાં રચ્યાપચ્યા રહે છે અને તેવાઓ ત્રણ ગુણોના પાશમાં સપડાઈ પોતપોતાની વાસનાવશાત્ અનેક પ્રકારની ઉચ્ચ એટલે મનુષ્યમાંથી બ્રહ્મલોક પર્યંતની યોનિઓ તથા નીચ એટલે મનુષ્યમાંથી પશુ, પક્ષી, વૃક્ષ, પાષાણ ઇત્યાદિ યોનિઓમાં ભટકયા જ કરે છે. સ્પષ્ટતાને માટે દૃષ્ટાંત કહું છું.

પ્રથમ ઝાડ કે બીજ ?

જેમ વ્યવહારમાં કોઇ કહેશે કે ઝાડ પહેલું કે બીજ પહેલું તો તેનો ઉત્તર આપવો કઠણ છે. કેમ કે બીજ વગર ઝાડની ઉત્પત્તિ કદી પણ થતી નથી તથા ઝાડમાં ફળો થાય ત્યારે જ તેમાં બીજ ઉત્પન્ન થાય છે એવો વ્યવહારમાં સ્પષ્ટ અનુભવ છે. હવે જો ઝાડ પ્રથમ છે એવા પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો અડચણ એ આવે છે કે જગતમાં સૌથી પ્રથમ ઝાડ ઉત્પન્ન થયું ત્યારે બીજ ક્યાંથી આવ્યું? અથવા તે બીજ વગર જ કેવી રીતે ઉત્પન્ન થયું? આ શંકાનું નિવારણ થાય કે પછી તે ઝાડમાંથી શાખા, પાન, ફૂલ, ફળ અને તે ફળમાં બીજ ઇત્યાદિ તેમ જ તે બીજોમાંથી ફરી પાછા અનેક વૃક્ષો તથા તેની શાખા પાન, ફૂલ, ફળો વગેરે; એ રીતે અનંત ઝાડોનો ઉત્પત્તિ, સ્થિતિ અને લય કેવી રીતે અને કયા આધારે થાય તે સર્વ જાણી શકાય છે. પરંતુ સૌથી પ્રથમ બીજ જ ક્યાંથી આવ્યું તેની સિદ્ધતા થતી નથી. વળી જો બીજ પ્રથમ હોય એમ માનીએ તો તે બીજ જમીન વગર ઉગી શકતું નથી. માટે તે બીજ પડવાની ભૂમી પણ પહેલેથી હોવી જોઈએ તથા બીજ નાખનારો પણ કોઈ અવશ્ય હોવો જોઈએ. આટલી બાબતોનો સ્વીકાર થાય તો જ આગળ ચાલી શકાય. તેના નિર્ણયને માટે શાસ્ત્રમાં કાકતાલીય ન્યાયનો આશ્રય લઈ પીપળના વૃક્ષના દૃષ્ટાંત દ્વારા સમજાવવાની પદ્ધતિ છે અને મેં પણ તેનું જ અવલંબન કરેલું છે. વ્યવહારના અનુભવ ઉપરથી જણાય છે કે બીજ વગર વૃક્ષનું અસ્તિત્વ કદી પણ શકય નથી, આથી એવું અનુમાન કરવું પડે છે જે અર્થે બીજ વગર વૃક્ષનું અસ્તિત્વ કદી પણ શકય નથી તે અર્થે પ્રથમ બીજ તો હોવું જ જોઈએ. પરંતુ તે બીજનું કારણ પ્રત્યક્ષ જોવામાં આવતું નથી, તેથી તે કારણ કેવળ લક્ષ્યાર્થ વડે જ જાણી શકાય એવું હોઈ જ્યારે તેમાંથી અંકુર ફૂટ્યો ત્યારે જ તે જાણી શકાયું કે આ અંકુર ફૂટ્યો છે તો જરૂર તેનાં મૂળમાં બીજ હોવું જોઈએ. કારણ મૂળિયાં, થડ, શાખા વગેરે બધું તો જાણી યા પ્રત્યક્ષ જોઈ શકાય છે. પરંતુ બીજ તો પોતાનું બીજત્વ છોડીને મૂળિયાં અને અંકુરાદિરૂપે વિસ્તારને પામેલું હોવાથી તેનો પત્તો શી રીતે મેળવી શકાય? જો બીજનો શોધ કરવાને માટે ઝાડનાં મૂળિયાંદિ ઉખેડવામાં આવે તો આખું ઝાડ જ મરી જાય છે અને તેની શોધ કરનારો પણ આ ઝાડનો જ દૃષ્ટા હોવાથી ઝાડનો જ અંશ ગણાય. એટલે તેનું પોતાનું જે દૃષ્ટૃત્વપણું તેનો પણ વિલય અનાયાસે જ થઈ જાય છે.

એક કે અનેક પુરુષ ?

સામાન્યતઃ એવો નિયમ છે કે સત્યને જાણનારો સત્ય તથા અસત્યનો જાણનારો પણ અસત્યરૂપ જ હોઈ શકે, કેમ કે સત્ય ને અસત્ય એ બંને ભાવો પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પર વિરુદ્ધ છે. આથી જેમ પ્રકાશ હોય ત્યાં અંધારું કદી પણ હોઈ શકે નહિ તેમ જ્યાં સત્ય હોય ત્યાં અસત્યનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી, તો પછી તે પરસ્પર એકબીજાને શી રીતે જાણી શકે ? આ ન્યાયાનુસાર સત્યને જાણનારો અસત્ય કેવી રીતે હોય ? અર્થાત્ સત્યને જાણનારો તે કરતાં વિરુદ્ધ એવા અસત્ય ધર્મવાળો નહિ પરંતુ સત્યરૂપ અને અસત્યને જાણનારો અસત્યરૂપ જ હોવો જોઈએ આ સિદ્ધાન્તાનુસાર ઝાડને જાણનારો દ્રષ્ટા પણ ઝાડ પૈકીનો જ ગણાય એમ અત્રે કહેવામાં આવ્યું છે, તેનો ઉદ્દેશ એવો છે કે આ વ્યવહારમાં મુખ્ય પ્રાણ કિંવા મહાપ્રાણ(વૃક્ષાંક ૬) જ અનેક શાખા પ્રતિશાખાઓરૂપે પ્રસરેલો છે. તે જ્યારે વાસનાવશાત્ જે જે વિષયોના વિવિધ પ્રકારના જ્ઞાનને અનુભવે છે ત્યારે તે દરેક જ્ઞાન વખતે તે પોતે જ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપે બને છે. જેમ જળાશયમાં સંચય કરેલું પાણી પ્રથમ મોટા નળોમાંથી નાના નાના નળ દ્વારા સર્વત્ર પ્રસારવામાં આવે છે અને જ્યારે નાના નળો બંધ કરવામાં આવે ત્યારે તેમાંનું પાણી પુનઃ મોટા નળમાં જ મળી જાય છે તે વખતે નાના નળનો જાણનારો* પણ નાનો નળ બંધ થતાં મોટા નળ સાથે એકરૂપ થઈ જાય છે. તેમ વ્યવહારવિષયમાંના દરેક જ્ઞાન વખતે તેનો જાણનારો, જાણવાપણું તથા તે બંને જાણે છે તે આ બધું વેગળું વેગળું જ હોય છે અને તે તે પદાર્થના જ્ઞાનનો જ્યારે વિલય થઈ જાય છે ત્યારે તેના જ્ઞાતાભાવનો પણ વિલય તે સાથે અનાયાસે જ થઈ જાય છે. જેમ કે વ્યવહારમાં આ પુસ્તક છે એવું જ્ઞાન થયું એટલે મૂળજ્ઞાનમાંથી એક શાખા પ્રગટીને તે પોતે પુસ્તકના જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપે બની ત્યાર પછી પુસ્તકનું જ્ઞાન મટી ફળનું જ્ઞાન થયું ત્યારે પુસ્તકનો જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયભાવ પુનઃ મૂળજ્ઞાનમાં મળી ગયો અને મૂળજ્ઞાનમાંથી ફળનો જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવી શાખારૂપ ત્રિપુટી પ્રકટ થઈ; આ રીતે કાયા, વાચા, મન ,બુદ્ધિ ઇત્યાદિ વડે વ્યવહારમાં જે જે કાંઈ જ્ઞાન થાય છે, તે તમામ વ્યવહારજ્ઞાન વખતે આ મૂળજ્ઞાન જ વિવિધ પદાર્થોના જ્ઞાતાદિ ત્રિપુટીરૂપ શાખા, પ્રતિશાખાઓરૂપે પ્રતીતિમાં આવે છે તથા તે જ જ્યારે આ સર્વને કેવળ એક આત્માકારરૂપે અનુભવે છે ત્યારે તે સ્વતઃસિદ્ધ એવું મૂળ જ્ઞાન જ એકાકારરૂપે અનુભવવામાં આવે છે અને જ્યારે તે અનંતાકાર કિંવા એકાકારરૂપે પણ પ્રતીતિમાં આવતું નથી ત્યારે તે પોતાના સ્વતઃસિદ્ધ સ્વરૂપમાં જ સિદ્ધ હોય છે. આમ આ એક કિંવા અનેક તત્ત્વથી પર એવું બ્રહ્મ વા આત્મસ્વરૂપ જ એકના જ્ઞાતાદિ ત્રિપુટીરૂપે, એકસ્વરૂપે તથા અનંતાકારના જ્ઞાન વખતે જ્ઞાતાદિ ભિન્ન ભિન્ન અનંત ત્રિપુટીરૂપે અનુભવમાં આવે છે. જ્યારે તે એકાકાર ભાવે પ્રતીતિમાં આવે છે ત્યારે તેને જ્ઞાન એવી સંજ્ઞા લાગુ પડે છે. અને જ્યારે તે અનંતાકારે પ્રતીત થાય છે ત્યારે તે અજ્ઞાન એવી સંજ્ઞાને પાત્ર બને છે. આ રીતે સ્વતઃસિદ્ધ અને સ્વસંવેદ્ય એવું એ મૂળજ્ઞાન જ જ્ઞાનાજ્ઞાનરૂપે, એકાકાર અને અનેકાકારે, જ્ઞાતા અને દ્રષ્ટાદૃશ્યાદિ ભાવો વડે વ્યવહારમાં પ્રતીત થતું હોવાથી અત્રે ઝાડોના દ્રષ્ટા ઝાડના જ્ઞાનની સાથે જ વિલયને પામે છે એમ કહેવામાં આવેલું છે. આ વ્યવહાર ન્યાયના જ્ઞાનવાળા દ્વૈતવાદીઓ પુરુષ વા આત્મા અનેક છે એમ કહે છે તેનું કારણ પણ આ જ છે. તેઓએ આ કોટીમાં સ્થિત રહીને તે સિદ્ધાંત કહેલો છે, એમ સમજવું.

પ્રથમ ઊંચે અને પછી નીચે મૂળ કહેવાનું કારણ

સારાંશ એ કે ઝાડ ઊગી નીકળ્યા પછી વાવેલા બીજની શોધ કરવા જતાં મૂળ ઊખેડી નાખવું પડશે, અને તેમ કરવા જતાં પોતાસહ તમામ ઝાડ મરી જાય છે એટલે ઝાડ મરી જતાં પોતે પણ ઝાડની

* અહીં બે નળોનું જોડાણ કરનારા સાંધાને જ દ્રષ્ટા વા જાણનારો સમજવો અને તેમાંના પાણીને દર્શનરૂપ જાણવું તથા નળથી માંડીને નળની ચકલી સુધીનું તેમ જ પાણીનો વિવિધ પ્રકારે ઉપયોગ કરનારાઓ એ બધું દૃશ્યરૂપ જાણવું. આ બધું દ્રષ્ટા, દર્શનાદિનું અધિષ્ઠાન પાણી છે.

ઉપાધિમાંથી મુક્ત બને છે. આ ઉપરથી એવો નિશ્ચય થાય કે જો બીજની શોધ કરવી હોય તો પોતાસહ તેમાંથી ઉત્પન્ન થયેલા મૂળિયામાંથી માંડીને તે ફળ સુધીના તમામ ઝાડનો જ્યારે વિલય થઈ જાય છે ત્યારે જે શેષ રહે છે તેવું સ્થાન એ જ આ વૃક્ષના બીજનું પણ બીજ છે. વૃક્ષના મૂળથી તે શાખા, પ્રતિશાખા, પાંદડા, ફૂલ ફળ વગેરેનો ઉત્પત્તિક્રમ તો મળી શકે છે. તે સર્વ જેવું બીજ તેવો જ અંકુર એટલે જેનું બીજ તેનું જ ઝાડ એ ન્યાયાનુસાર જેમ આંબાના બીજમાંથી આંબાનું ઝાડ જ ઉત્પન્ન થાય છે, તેનાં મૂળિયાં, થડ, ડાળીઓ, પાંદડાં, ફૂલ, અને ફળ તથા તેમાંનું બીજ, એ સર્વ આંબાનાં જ છે એમ કહી શકાય છે તેમ આ સંસારવૃક્ષના બીજની શોધ કરવાથી જ્યાં મૂળિયાં સહ તમામ સંસારવૃક્ષનો વિલય થાય છે, એવું તે અનિર્વચનીય હોવું જોઈએ, એમ નિશ્ચિત સિદ્ધ થાય છે. આ અનિર્વચનીય એવું આત્મરૂપ બીજ જ્યારે "હું" "હું" એવા સ્ફુરણરૂપ અંકુરને પ્રાપ્ત થયું ત્યારે જ જાણી શકાયું કે "હું" "હું" એવા સ્ફુરણરૂપ અંકુરનું કોઈક બીજ જરૂર હોવું જ જોઈએ, આમ તત્ત્વદૃષ્ટિએ તેના એટલે બીજના પણ બીજરૂપ અનિર્વચનીય એવું એ આત્મપદ છે. તેને 'तत्' એવી સંજ્ઞા હોઈ જેને આદ્યપુરુષ કહેવામાં આવે છે તે પણ આ જ છે; એ રીતે બીજનો નિર્ણય ફક્ત તત્ત્વદૃષ્ટિ વડે જ થઈ શકે તેમ છે; તેનો સાક્ષાત્ અનુભવ કરી પ્રત્યક્ષ ખાતરી કરી લેવાને માટે અંકુરરૂપ થયેલા "હું" "હું" એવા સ્ફુરણ (વૃક્ષાંક ૩)નાં મૂળિયાં કે જેને ઈશ્વર, દ્રષ્ટા કિંવા સાક્ષી (વૃક્ષાંક ૨) ઇત્યાદિ કહેવામાં આવે છે તે સહ આ સર્વનો જ્યારે વિલય થાય છે અને ત્યાર પછી જે અવશેષ રહે તેનો અનુભવ લેવો જોઈએ. તો જ આ સંસારવૃક્ષના બીજની સાચી શોધ થઈ એમ કહી શકાશે. આ ઉપરથી આ સંસારવૃક્ષને અશ્વત્થ એટલે ક્ષણિક અથવા નાશવંત શા માટે કહે છે તે તું સારી રીતે જાણી શકીશ. વળી તારા ધ્યાનમાં એ પણ આવ્યું હશે કે આ સંસારરૂપ વૃક્ષનું સાચું સ્વરૂપ તો ત્યારે જ અનુભવી શકાય છે કે જ્યારે આ સર્વ અનિર્વચનીય એવું આત્મસ્વરૂપ છે એવો સર્વાત્મભાવનો તન્મયતા પ્રાપ્ત થતાં સુધી અભ્યાસ થાય. પોતાસહ સર્વનો વિલય કરી સંપૂર્ણ રીતે તાદાત્મ્યભાવ પ્રાપ્ત થતાં સુધી એકનિષ્ઠા વડે દૃઢ નિશ્ચયથી સર્વાત્મભાવનો જ સતત અભ્યાસ કરવો જોઈએ કિંવા પોતાસહ સંપૂર્ણ દૃશ્યને આ નથી, આ નથી એવા પ્રકારના દૃઢનિશ્ચય વડે નિઃશેષ કરી નાખવાને માટે તેવા નિઃશેષભાવનો સતત અભ્યાસ કરવો જોઈએ. એટલા માટે જ મેં તને પ્રથમ બીજાંકુરન્યાયાનુસાર આ તમામ સંસારવૃક્ષનું મૂળ ઊંચે (વૃક્ષાંક ૨) હોઈ તેની શાખા તથા છંદાદિરૂપ પાંદડાં નીચે છે (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ). તે બધું જાણે દૃશ્યરૂપે જ ન હોય એમ મૃગજળવત્ જોવામાં આવે છે ખરું પરંતુ વાસ્તવમાં તેવું નથી પરંતુ અવ્યય એટલે આત્મસ્વરૂપ જ છે તથા એવું જાણનારો જ ખરો જ્ઞાની છે એમ કહેલું છે. હવે નિઃશેષ અવસ્થા સંબંધના અભ્યાસને માટે આ જ અશ્વત્થરૂપ સંસારવૃક્ષનું વર્ણન તને કહેવાનું હોવાથી મેં નીચે મૂળ તથા ઊર્ધ્વ અને અધઃશાખા છે એમ કહેલું છે. તેનો ઉદ્દેશ એ છે કે તને ઉપર ઝાડના દૃષ્ટાંતમાં કહ્યું તે પ્રમાણે સૌથી પ્રથમ બીજનો નિર્ણય થયા પછી તેમાંથી ઝાડની ઉત્પત્તિ થવા પામે છે, ઝાડમાં ફળો ઉત્પન્ન થઈ તેનાં અસંખ્ય બીજો તથા તે બીજોમાંથી ફરી પાછાં અસંખ્ય ઝાડો ઉત્પન્ન થતાં રહે છે, એ પ્રમાણેનો જે ક્રમ ચાલે છે તે પણ સર્વ મિથ્યા અને ક્ષણિક છે. કેમ કે અશ્વત્થની જેમ આ સંસારવૃક્ષ પણ બીજ વગર અથવા તો જેમાંથી વૃક્ષની ઉત્પત્તિ થઈ ન શકે એવા પ્રકારના (બ્રહ્મરૂપ) બીજમાંથી કોઈ પણ કારણ અને સ્થાન વગર વિના ઉદ્યોગે અનાયાસે ઉત્પન્ન થયેલું હોવાનું ભાસે છે; તેથી પાછલા અનુસંધાનને ધ્યાનમાં રાખી મેં તેનું અશ્વત્થરૂપે જ વર્ણન કર્યું છે, એમ સમજ. આથી આ બંને વિધાનોમાં ખાસ કંઈ વિરોધાભાસ નથી પરંતુ શાસ્ત્રમાન્ય એવી તત્ત્વજ્ઞાન સમજવાની આ એક યુક્તિ છે, ઉપનિષદોમાં પણ તે પદ આવી યુક્તિઓ વડે જ સમજાવાયેલું છે, એમ જાણ.

कर्मानुबंधीनि मनुष्यलोके

ભગવાન આગળ કહે છે : હે અર્જુન! હવે તારા ધ્યાનમાં આવ્યું હશે જ છતાં દૃઢતાને માટે કહું છું. ઉપર કહ્યા પ્રમાણે એક વખત સૌથી પ્રથમના બીજનો નિર્ણય થયો એટલે અનિર્વચનીય એવા

આત્મસ્વરૂપમાંથી અર્થાત્ બીજ વગર જ ભાસમાન થનારું આ સંસારવૃક્ષ ક્રમે મૂળિયાંરૂપ દ્રષ્ટા કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) અને તેની ઈક્ષણશક્તિ વડે માયારૂપ ક્ષેત્રમાં "હું" "હું" (વૃક્ષાંક ૩) રૂપ અંકુર તથા અવ્યક્ત, શિવશક્તિ, જીવ (મહાપ્રાણ), મહત્તત્ત્વ, અહંકાર અને તેના પેટામાં આવેલા સત્ત્વ, રજ, તમાદિ ગુણોનો વિસ્તાર તેમ જ ચિત્ત સહ નારાયણ, બુદ્ધિ સહ બ્રહ્મા, મન સહ ચંદ્ર અને હિરણ્યગર્ભ, બ્રહ્મદેવ, બ્રહ્માંડ તથા તેની અંદર આવેલા ચૌદલોકોમાંના સ્થાવર, જંગમ, પશુ, પક્ષી, કીટ પતંગાદિથી તે મનુષ્યપર્યંતના તમામ જીવો, એ ક્રમે આ વૃક્ષનો વિસ્તાર થવા પામેલો છે (જુઓ વૃક્ષાંક ૨ થી ૧૫ ઘ). જેમ બીજમાંથી મૂળ, અંકુર, થડ, ડાળીઓ, પાંદડાં, ફૂલ અને ફળ સુધીનો વિસ્તાર સ્વાભાવિક રીતે જ થવા પામે છે; પણ ફળ પછી તેનું સ્વાભાવિક પરિવર્તન થતું અટકે છે, અને તે ફળમાંનું બીજ જ્યારે જમીનમાં પડે ત્યારે જ ફરીથી અંકુરાદિને પ્રાપ્ત થાય છે, પછી તે બીજ ફળ સડી નહિ જતાં જમીનમાં પડે કિંવા કોઈની કૃતિ વડે રોપવામાં આવે પરંતુ જો તેને યોગ્ય પોષણ મળે તો જ તે પાછું ઊગીને પ્રથમ વૃક્ષાદિરૂપે બને છે ત્યાર પછી ફૂલ, ફળ ઇત્યાદિરૂપે બની વળી પાછું બીજ અને તેમાંથી ફરીથી વૃક્ષ એ પ્રમાણે તેનો ક્રમ અવ્યાહત ચાલ્યા જ કરે છે, તેમ આ મિથ્યા સંસારવૃક્ષનું મનુષ્યજીવ એ ફળ હોઈ તે પોતે ત્રણ ગુણોના પાશમાં સપડાઈ વાસનારૂપી કર્મબીજને લીધે અનેક પ્રકારના કર્મો કરતો રહી નાનાવિધ પ્રકારની યોનિઓ ધારણ કરતો રહે છે તથા હંમેશાં જન્મ અને મરણરૂપ ચકકરમાં ફસાઈ ઉપરના લોકથી નીચે અને નીચેના લોકમાંથી ઉપર એ રીતે ઉપર નીચે ખેપો કર્યા કરે છે. જેમ દડો સામે ભીંત ઉપર અફાળવામાં આવે તો તે ભીંતની સાથે અફળાઈને ફરીથી પાછો ફેંકનાર પાસે આવે છે તેમ આ બીજ વગરના (કારણથી રહિત) એવા મિથ્યા સંસારવૃક્ષનું ઈશ્વર (વૃક્ષાંક ૨) ની દ્રષ્ટૃત્વશક્તિ એટલે ઈક્ષણરૂપ કાળશક્તિ વડે માયા (વૃક્ષાંક ૩) ના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન થઈ તેનું સ્વાભાવિક રીતે જ પરિવર્તન થવા પામ્યું. આ મુજબ તે ગુણો વૃદ્ધિને પામ્યા અને તેણે જ આ ચરાચર દૃશ્યમાન જગતરૂપ મિથ્યા ચિત્ર ખડું કરી દીધું છે. આમ તેના સ્વાભાવિક પરિવર્તનની મર્યાદા મનુષ્ય સુધીની છે. જેમ જમીનમાં નાંખેલા બીમાં ખાતર અને પાણી નાંખવાથી અંકુર, થડ, શાખા, પ્રતિશાખા, પાન, ફુલ, અને અંતે ફળ એ રીતે સ્વાભાવિક પરિવર્તન થતું જ રહે છે, એટલે ઝાડને ખેંચીને કે બીજી કોઈ ક્રિયા દ્વારા ઊંચું કરવામાં આવતું નથી તેમ મનુષ્યયોનિ પ્રાપ્ત થઈ એટલે પછી સ્વાભાવિક પરિવર્તન બંધ થાય છે. આ યોનિમાં આવ્યા પછી તેને માટે ત્રણ ઉપાયો છે; એક તો કર્મોતીત થઈ સ્વસ્વરૂપમાં જ એકરૂપ થઈ જવું કિંવા બીજો સારાં (પુણ્ય) કર્મો કરીને મનુષ્ય યોનિની ઉપર આવેલા સ્વર્ગાદિ કિંવા બ્રહ્માદિ લોકની પ્રાપ્તિ કરી લેવી અથવા તો ત્રીજો નઠારાં એટલે પાપ કર્મો કરીને મનુષ્ય યોનિમાંથી પુનઃ નીચે એટલે પશુ, પક્ષી, વૃક્ષ, પહાડ, પાષાણ ઇત્યાદિ સ્થાવરજંગમ યોનિઓમાં પડવું. આ મુજબ પોતપોતાનાં કર્મો પ્રમાણે તે બંધનને પામે છે એટલે આ મિથ્યા સંસારવૃક્ષના આરંભ પૂર્વે આત્મા જ પોતાના મૂળ સ્વરૂપે હોય છે તથા તેના બીજથી માંડીને ફળરૂપ મનુષ્યયોનિ સુધીના સમયે પણ તે પોતાનું સ્વરૂપ કદાપિ છોડતો નથી અને સ્વાભાવિક પરિવર્તન પછી પણ તે (આત્મા) જ પોતાના સ્વરૂપમાં સ્થિત હોય છે. આ રીતે આ સંસારરૂપ મિથ્યા વૃક્ષના આદિ, મધ્ય અને અંતમાં એક આત્મા જ વ્યાપેલો છે. જેમ મહાસાગરના પાણીની અંદર રહેલા બરફના પહાડની ઉપર, નીચે, આજુબાજુ સર્વત્ર એક પાણી જ હોય છે, તથા અંદરનો બરફ પણ પાણી રૂપ જ છે તેમ આ મિથ્યા સંસારરૂપી વૃક્ષના આરંભરૂપ ઈશ્વર (વૃક્ષાંક ૨) થી માંડીને ફળરૂપ મનુષ્ય સુધી તથા તેના આદિ અંતે એક બ્રહ્મ કિંવા આત્મા જ વ્યાપેલો છે. આમ હોવાથી મનુષ્ય જો કર્મોતીત થઈ જીવન્મુક્તિ પ્રાપ્ત કરી લે તો જ તે પોતાના સ્વરૂપનો સુખાનુભવ કરી શકે છે, પરંતુ તે જ્યાં સુધી સ્વસ્વરૂપાનુભવ લઈ ને કર્મોતીત થતો નથી ત્યાં સુધી આ મિથ્યા માયાના ત્રણ ગુણોના મોહપાશમાં સપડાઈ ને અનેક પ્રકારની વિષયવાસનાઓને લીધે હંમેશાં પુણ્ય કિંવા પાપ (સારાં યા નઠારાં) કર્મો કરતો રહીને કોઈ વખતે નીચેની તો કોઈ વખતે ઉપરની યોનિઓમાં ઉપરથી નીચે અને નીચેથી ઉપર એમ ભટક્યા જ કરે છે. આમ ઈશ્વરાદિથી મનુષ્ય સુધી ઉપરથી નીચે આવનારો એટલે ઊર્ધ્વ મૂળવાળો કહેવાય તેમજ મનુષ્યલોકથી ઊપર

ઈશ્વરાદિ સુધી અર્થાત્ નીચેથી ઉપર જનારો અધઃમૂળવાળો કહેવાય છે. એવો આ મિથ્યા અશ્વત્થ એટલે જેનો ક્ષણ માત્ર પણ ભરોસો રાખી શકાય નહિ, એવું આ સંસારવૃક્ષ છે. એમ ઊલટાસુલટું કહેવામાં આવ્યું છે, તે તને હવે તો સારી રીતે સમજાયું હશે. હવે આ મિથ્યા સંસારપાશમાંથી છૂટીને મનુષ્યે આદિપુરુષના પરધામ અર્થાત્ આત્મસ્વરૂપ એવા મારા ધામ (શ્લોકાંક ૧) માં કેવી રીતે પહોંચી શકે તેનો ઉપાય બતાવવાને માટે જ મેં તને આ બધું કથન કહેલું છે.

હે પાર્થ ! આત્મસ્વરૂપ એવા મારા પરમધામની પ્રાપ્તિ કરાવી આપનારા સર્વાત્મભાવ તથા નિઃશેષભાવ એવા ફક્ત બે જ અભ્યાસમાર્ગો છે, જે તને વખતોવખત કહેલું છે. તે પૈકી આ સર્વ અશ્વત્થરૂપ સંસારવૃક્ષ આત્મસ્વરૂપ એવા મારાથી અભિન્ન છે, એ રીતના સર્વાત્મભાવના અભ્યાસ સંબંધમાં તને ઉપર કહેલું જ છે. હવે નિઃશેષ ભાવ સંબંધમાં કહેવાનું છે કારણ કે કેટલાકોને સર્વાત્મભાવનો નિશ્ચય કરી અભ્યાસ કરવો સહેલ હોય છે, તો કેટલાકોને નિઃશેષ ભાવનો નિશ્ચય કરી અભ્યાસ કરવો સરળ પડે છે, માટે હવે તને તે પ્રકાર કહું છું.

न रूपमस्येह तथोपलभ्यते

नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा ।

अश्वत्थमेनं सुविरूढमूल-

मसङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥

અસંગ શસ્ત્ર વડે છેદી નાંખવું

આ મનુષ્યલોકમાં કર્મબંધનને ઉત્પન્ન કરનારા અજ્ઞાનરૂપી મૂળો જેનાં નીચે એટલે ઘણાં જ ઊંડાં રોપાયલાં છે અને સત્ત્વ, રજ તથા તમાદિ ગુણો વડે અત્યંત વૃદ્ધિને પામેલી જેની અનંત શાખાઓ અસંખ્ય વિષયોરૂપી કુમળાં પાંદડાંવાળી ઉપર નીચે એમ ચોતરફ બધે પ્રસરેલી છે તેવું. અજ્ઞાન વડે અતિ દૃઢ થયેલું એટલે નીકળતાં પણ નીકળે નહિ એવા પ્રકારે ઊંડું જડમૂળ ઘાલીને બેઠેલું અને કેવળ મિથ્યાભ્રમ વડે ભાસનારું આ સંસારરૂપી પીપળાનું ઝાડ કે જેનું સ્વરૂપ કદીપણ ઉપલબ્ધ જ નથી એટલે જે આ બધું દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપે દેખાય છે તેવું તે નથી પરંતુ ખરી રીતે તો જે સ્વરૂપ વિનાનો છે, જેને આદિ પણ નથી મધ્ય પણ નથી અને અંત પણ નથી, એવા પ્રકારનો આ અશ્વત્થ છે; એમ સમજીને અસંગરૂપ દૃઢ શસ્ત્ર વડે તેને છેદવો જોઈએ. એટલે અશાશ્વત ક્ષણિક, એવો આ સંસારવૃક્ષ કે જે અજ્ઞાનરૂપી દૃઢ મૂળીયાં ઘાલીને બેઠેલો છે એમ ભાસે છે તે તો ખરેખર આદિ, મધ્ય એટલે સ્થિતિ અથવા અંતથી તદ્દન રહિત હોઈ જેનું રૂપ ઉપલબ્ધ એટલે કદી પ્રકટ થયેલું જ નથી, એવા પ્રકારનો હોવાથી તેને અસંગરૂપશસ્ત્ર વડે અર્થાત્ જ્યાં કોઈ પણ પ્રકારનો સંગ જ નથી, એવા નિઃશેષભાવરૂપ દૃઢ શસ્ત્રવડે જડમૂળમાંથી છેદી નાંખો. સારાંશ અજ્ઞાનરૂપી જડ ઘાલીને બેઠેલું અશાશ્વત અને મિથ્યા સંસારરૂપ એવું આ અશ્વત્થવૃક્ષ વાસ્તવિક રીતે તે અત્રે જેવું જોવામાં આવે છે તેવા પ્રકારનું નથી પરંતુ જેનાં આદિ, અંત ને મધ્ય પણ નથી તેમ જ જેનું રૂપ પણ કદી ઉપલબ્ધ નથી એટલે જે રૂપથી અને આદિઅંતથી તદ્દન રહિત એવા આત્મરૂપ જ છે, માટે અત્યંત જડ ઘાલી બેઠેલા આ અજ્ઞાનમય સંસારરૂપ અશ્વત્થ વૃક્ષને અસંગરૂપ દૃઢ શસ્ત્રવડે એટલે શરીર વાણી, મન, નેત્ર, કાન, શ્વાસ (નાક),રસના, સ્પર્શ (ત્વચા) તથા બુદ્ધિ ઇત્યાદિ વડે જે જે કંઈ જાણવા કિંવા અનુભવમાં આવે છે તે સર્વનો આ નથી, આ નથી એવા પ્રકારના નિઃશેષ અભ્યાસ વડે પોતાસહ તમામનો વિલય કરી નાંખવો. એટલે આત્મા તો તદ્દન નિઃસંગ, નિરાકાર, નિર્વિકલ્પ, નિરામય, અવ્યય, અનિર્વચનીય એવો હોઈ તેમાં હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ કોઈ ભાવોનો લવલેશ પણ નથી. એવા દૃઢ નિશ્ચયવડે અંતઃકરણમાં કોઈ પણ સંકલ્પનું ઉત્થાન જ થવા નહિ પામે એવી રીતે સાવધાની રાખીને

આ અસંગરૂપ દૃઢ શસ્ત્ર વડે તેનો ઉચ્છેદ કરી નાખવો જોઈએ. (અસંગ કોને કહે છે તે સંબંધમાં અધ્યાય ૪ શ્લોક ૨૦ પૃ૪ ૨૭૩ થી ૨૭૪ જુઓ).

ततः पदं तत्परिमार्गितव्यं

यस्मिन्गता न निवर्तन्ति भूयः।

तमेव चाद्यं पुरुषं प्रपद्ये

यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

ફરીને પાછા આવતા નથી

શ્રીભગવાન કહે છેઃ હે અર્જુન ! તને આત્મસ્વરૂપ એવા મારી (શ્લોક ૧ની) પ્રાપ્તિ કરાવી આપનાર આ મિથ્યાસંસારરૂપી અશ્વત્થવૃક્ષનો નાશ કરનારા સર્વોત્મભાવ તથા નિઃશેષભાવ એમ બે અભ્યાસક્રમો ઉપર કહ્યા. તે પૈકી કોઈ પણ એક માર્ગનું અવલંબન કરી તેમાં જ્યારે પૂર્ણતા થાય એટલે પોતાસહ સર્વભાવોને વિસરી જઈ જ્યારે પૂર્ણ તાદાત્મ્યભાવની પ્રાપ્તિ થાય છે ત્યારે જ અત્યંત શોધવાલાયક એવું જે 'તત્' પદ એટલે અનિર્વચનીય એવા આત્મપદને માટે તત્ એવી સંજ્ઞા વડે શાસ્ત્રોમાં સંબોધવામાં આવેલું છે તેવા આત્મપદની પ્રાપ્તિ થાય છે. જ્યાં ગયેલા ફરી પાછા આવતા નથી; અર્થાત્ નદી જેમ સમુદ્રને મળી ગયા પછી જુદી થઈ શકતી નથી તેમ અનિર્વચનીય એવા આત્મસ્વરૂપની સાથે તદ્રૂપ થયેલાઓ ફરીથી કદીપણ પાછા આવી શકતા નથી તથા જેના વડે આ પુરાણી અર્થાત્ પુરાણમાં કહેવાયેલી પ્રાચીન પ્રકૃતિપુરુષના વિવેકાદિરૂપ જે આ મિથ્યા પ્રવૃત્તિ પ્રસરેલી કિંવા ફેલાયેલી ભાસે છે તે આદ્યપુરુષને (હું) પ્રાપ્ત (તદ્રૂપ) થયો છે. અર્થાત્ આ પ્રકૃતિ પુરુષના વિવેક વડે પુરાણાદિમાં દર્શાવાયેલી અનાદિ એવી મિથ્યા સંસારરૂપી અશ્વત્થની પ્રવૃત્તિને પ્રસૃત કરનાર બીજના પણ બીજરૂપ આત્મસ્વરૂપ આદ્યપુરુષની સાથે આત્મસ્વરૂપ એવો હું એકતાને પ્રાપ્ત થયો છે. તાત્પર્ય એ કે, આ રીતે પોતાસહ તમામ ભાવનાઓનો ત્યાગ કરીને ઉપર જણાવેલા બે પૈકી કોઈ પણ એક અભ્યાસ વડે આત્મસ્વરૂપ એવા મારી સાથે તદ્રૂપતા પ્રાપ્ત કરી લેવી જોઈએ, કે જેથી એક વખતે જેઓ ત્યાં પહોંચ્યા એટલે તેઓ ફરી પાછા આ દુઃખરૂપ એવા સંસારચક્રમાં આવતા નથી.

આત્મામાં જગતનું બીજ છે કે નથી ?

હે પાર્થ ! તને ઉપર બીજસહ અશ્વત્થ વૃક્ષનું દૃષ્ટાંત આપીને જે આત્મતત્ત્વ સમજાવ્યું છે, તે તો ફક્ત અજ્ઞાનની નિવૃત્તિ થવા પુરતું જ છે. એ ઉપરથી આત્મા એ ચરાચર દૃશ્યનું બીજ હશે એવું સમજીશ નહિ. આ બધું અજ્ઞાનીઓને સમજાવવાને માટે કેવળ યુક્તિરૂપ છે એમ જાણ. કેમકે વાસ્તવિક રીતે તો આત્મામાં જગત છે કિંવા નથી તે તથા તેને જાણનારો સાક્ષી એ પૈકી કશાનું પણ અસ્તિત્વ નથી. અરે ! અસ્તિત્વ છે કે નથી તે પણ સાક્ષીભાવના અભાવે કોણ જાણી શકે ? આથી તે આત્મપદ અનિર્વચનીય છે એટલુંજ તેનું વર્ણન થઈ શકે તેમ છે. તેથી જેમ એક ઘરમાંનું એક આકાશ, બીજામાંનું બીજું, ત્રીજામાંનું ત્રીજું, એમ ગમે તેટલા આકાશની ગણત્રી કરવામાં આવે તો પણ તેથી કાંઈ આકાશ ભિન્ન ભિન્ન થતું નથી અને તેમાં કાંઈ વિકાર કે આકાર ઉત્પન્ન થતા નથી તેમ અવ્યય એવા તે આત્મપદમાં છે અને નથી તથા જે બંને ભાવોને જાણનારો સાક્ષી આ ત્રણેનો જ જે અભાવ છે તો પછી તેને બીજરૂપે છે એમ કહેવું પણ શી રીતે ઘટી શકે ? દૃષ્ટાંતો તો કેવળ તત્ત્વ સમજાવવા પૂરતાં એકતરફી જ હોય છે, તે સર્વાંશે કદી પણ મળતાં નથી, જે સર્વાંશે મળે તો પછી તેને દૃષ્ટાંત નહિ કહેતાં તેને સિદ્ધાંતરૂપ જ કહેવાં પડશે. આથી

આત્માને બીજરૂપ પણ કહી શકાય નહિ. જ્ઞાનનો ઉદય થાય એટલે આ જગત છે તથા આ બ્રહ્મ છે એવી ભેદકલ્પના અનાયાસે જ શાંત થઈ જાય છે. આથી જેમ બીજમાં સૂક્ષ્મરૂપે આખું ઝાડ હોય છે તેમ આત્મા કિંવા બ્રહ્મમાં પણ જગતાદિ હશે અને તે તેનું બીજરૂપ હશે એમ સમજીશ નહિ.

આત્મા સંસારવૃક્ષનું બીજ કેમ નહિ ?

શંકાઃ જેમ વડના બીજની અંદર ભાવિ મહાન વડનું ઝાડ સૂક્ષ્મરૂપે રહેલું જ છે તેમ પરમ સૂક્ષ્મ બ્રહ્મ (આત્મા)ની અંદર આ સંસારવૃક્ષ જગત શા માટે રહ્યું નથી ?

ઉત્તરઃ જ્યાં બીજ હોય ત્યાંજ શાખા આદિ પોતાના રૂપને તે વિસ્તારે છે અને જળ પૃથ્વી આદિ સહકારી કારણોનો સંયોગ થતાં તે ઉત્પન્ન થાય છે, પણ જ્યારે સર્વપ્રાણીમાત્ર તથા પંચમહાભૂતાદિનો પ્રલય થઈ જાય છે ત્યારે જેમ પ્રકાશ થતાં અંધારું ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે તેમાં અંધારાનું બીજ પણ રહેવા પામતું નથી, તેમ આ સઘળો દૃશ્ય પ્રપંચ ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે તેનો પત્તો જ હોતો નથી. તો પછી એવા શાંત અને નિરવયવ તત્ત્વમાં તેનાથી વિરુદ્ધ ધર્મવાળું આ જગતાદિ ઉત્પન્ન થાય એવું બીજ શું હોય અને તેનું સહકારી કારણ પણ શું હોઈ શકે ? અને તે રહે પણ ક્યાં ? આ નિર્ગુણ, નિરાકાર, અવ્યય, શાંત અને નિરવયવ આત્મતત્ત્વની અંદર તો વળી આકારની કલ્પના જ કેવી રીતે સંભવી શકે ? જ્યાં એક પરમાણુના પણ પરમાણુના અંશનો લેશ પણ રહી શકતો નથી એવા આ પરમ શુદ્ધ સ્વરૂપમાં જગતાદિનું બીજ હોવાની તો વાત જ ક્યાં રહી ? આ બીજ અને તેનું કાર્ય એવી રીતનો કરવામાં આવતો કાર્યકારણનો વિવેક તો ફક્ત સત્ય અસત્યપણાનો વિવેક સિદ્ધ કરવામાં એક હેતુરૂપ છે પરંતુ વાસ્તવમાં આ કાર્યકારણનો સંબંધ તથા સદસદ્નો વિવેક અને તેને જાણનારો સાક્ષી એ સર્વ અવિદ્યાનું જ કાર્ય ગણાય છે, આત્માની સાથે તેનો તલભાર પણ સંબંધ નથી. જેમ અંધારા વડે જ અંધારાનો નાશ કરી નાંખવાનો પ્રયત્ન થાય અથવા તો તેને સાચવી રાખવાનો પ્રયત્ન થાય તો તેથી પ્રકાશની સાથે તેનો યત્કિંચિત્ પણ સંબંધ હોતો નથી તેમ અવ્યય, નિરામય, નિરવયવ, શાંત અને ચૈતન્યઘન આત્માને તો આ દૃશ્યાદિ કાર્યરૂપવૃક્ષ અને તેના કારણરૂપ બીજ ઇત્યાદિ કશાની સાથે કિંચિન્માત્ર પણ સંબંધ નથી; એટલું જ નહિ પરંતુ આકાશને જેમ એક છે, બે છે, ત્રણ છે ઇત્યાદિરૂપે કહેનારો કોઈ હશે તેની પણ કલ્પના હોતી નથી અને હોય તો તેની સાથે આકાશનો તલભાર પણ સંબંધ હોતો નથી તથા ગમે તેટલી સંખ્યાઓ કહેવામાં આવે તો તેથી તે કદી વિકારવશ થતું નથી, તેમ આ આત્મા પણ સ્વતઃસિદ્ધ હોવાથી તેમાં આ બધું જન્યજનકભાવવાળું કિંવા કાર્યકારણભાવવાળું દૃશ્ય એવું સંસારવૃક્ષ ક્યાંથી સંભવે ? આ રીતે બીજનો જ જ્યાં લવલેશ નથી તો પછી વૃક્ષની વાત જ ક્યાં રહે ? તસ્માત્ આ, જેમાં કોઈ છે કિંવા નથી એમ કહેવામાં આવે છે તે અને તેના સાક્ષી ઇત્યાદિરૂપે પ્રતીતિમાં આવે છે એવું જે કહેવા માગે છે તે કહેનારો; એ સઘળું આત્માથી તદ્દન અભિન્ન એવું પરમતત્ત્વ જ વિવર્તભાવે જગતને આકારે થઈ રહેલું ભાસે છે. બાકી વસ્તુતઃ કશું ઉત્પન્ન પણ થતું નથી અને કશાનો નાશ પણ થતો નથી. આ આત્મા જ પોતામાં, પોતા વડે, પોતાથી અને પોતે જ ભાસી રહ્યો છે, એવા પ્રકારની યુક્તિ વડે જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ કલ્પીને જ્ઞાન થતાં સુધીને માટે આ કલ્પના કરવામાં આવેલી છે. વસ્તુતઃ આત્મા એટલે તો કેવળ અનિર્વચનીયપદ અર્થાત્ કાષ્ઠમૌન નહિ પરંતુ સુષુપ્તમૌન અર્થાત્ બોલવું અને નહિ બોલવું તથા તે બંનેનો સાક્ષી ઇત્યાદિ સર્વભાવોનો વિલય થઈ શેષ રહેનારું તે જ પરમપદ કહેવાય છે. ભાવ અને અભાવ, મહત્ત્વ અને ત્યાગ, સ્થૂળ અને સૂક્ષ્મ, ચર અને અચર, એ સર્વ દૃશ્યાદિ એવા ઉપર કહેલા સંસારરૂપ વૃક્ષના આદિ એટલે પૂર્વ, કદી પણ ન હોવાથી વાસ્તવિક બીજ વગરનું મિથ્યા એવું જે આ સંસાર વૃક્ષ ભાસી રહ્યું છે તે વસ્તુતઃ તો છે જ નહિ, પરંતુ અભિન્ન એવો એક આત્મા જ વિવર્તરૂપે પોતે પોતાનામાં ભિન્નભિન્નરૂપે થયો હોય એમ ભાસી રહ્યો છે. આ ઉપરથી દૃશ્યાદિ સંસારવૃક્ષ બીજ વગરનું હોઈ તે આત્મસ્વરૂપ જ કેવી રીતે છે ! તે તને હવે સારી રીતે સમજાયું હશે. માટે હવે નિઃશંક થઈ ઉપર બતાવેલ સર્વોત્તમ કિંવા

નિઃશેષભાવના નિશ્ચય વડે અભ્યાસ દ્વારા જ્યાં પહોંચ્યા પછી ફરીયાં પાછું અવાતું નથી એવા મારા આત્મસ્વરૂપની સાથે સંપૂર્ણ રીતે ઐક્યભાવને પ્રાપ્ત થા. હવે અનિર્વચનીય એવા મારા આ અવ્યયપદની પ્રાપ્તિ કોણ કરી શકે તે કહું છું.

निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसञ्ज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

અમૂઢો જ અવ્યય પદને પ્રાપ્ત કરી શકે છે

માન અને મોહથી રહિત, સંગદોષાઃ એટલે આસક્તિરૂપી દોષો જેણે જીત્યા છે એવા, હંમેશાં આત્મપરાયણ, જેમની કામના એટલે તમામ ઇચ્છાઓ નિવૃત્ત થઈ ગયેલી છે, જે સુખદુઃખ નામના તમામ દ્વંદ્વોથી તદ્દન મુક્ત થયેલા છે, એવા અમૂઢ (જેઓ મોહને લીધે હું શરીર છું એમ માને છે તેઓ મૂઢ, અસુર કિંવા અવિવેકીઓ કહેવાય છે તથા જેઓનો મોહ નિવૃત્ત થઈ હું આત્મા છે એવા પ્રકારનો નિશ્ચય હોય છે, તે અમૂઢ કહેવાય છે) એટલે વિદ્વાનો જ તત્ અર્થાત્ આત્મરૂપ અવ્યયપદ તરફ જાય છે. સારાંશ એ કે, જેઓનો વિવેક વડે 'હું' એટલે આત્મા જ છે એવા પ્રકારનો દૃઢ નિશ્ચય થયેલો હોય તેવા નિર્મોહ તથા હું એટલે શરીર છું એવો અહંભાવ તદ્દન છૂટી જવા પામેલો છે એવા માનરહિત બનેલા, સંગ એટલે આસક્તિ અર્થાત્ આત્મામા હું, તું, તે આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ કોઈ પણ ભાવનો યત્કિંચિત્ પણ લવલેશ નથી એમ જાણીને જેમણે તમામ આસક્તિરૂપી દોષોને જીતેલા છે અર્થાત્ જેમને કશા પર પણ પ્રીતિ હોતી નથી એવા તદ્દન અલિપ્ત એટલે જ સંગદોષ જીતેલાઃ જે નિત્યપ્રતિ આત્મામાં જ રમમાણ થયેલા છે એટલે જે હંમેશ આત્મા સિવાય બીજું કાંઈ દેખતા નથી, જેઓ અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતા નથી એવા નિત્ય આત્મપરાયણઃ વિનિવૃત્તકામાઃ એટલે જેની તમામ કામનાઓ અથવા ઇચ્છાઓ સદંતર નિવૃત્તિ (લય)ને પામી ગઈ છે, તેમ જ સુખ તથા દુઃખ ઇત્યાદિ સંજ્ઞાઓ વડે કહેવામાં આવતા જે જે કાંઈ દ્વંદ્વો છે તે તમામ બેપણાની ભાવનાઓમાંથી જે અત્યંત મુક્ત થયેલા છે અર્થાત્ વ્યવહારમાં સુખદુઃખ, લાભાલાભ, હું અને મારું ઇત્યાદિ બેપણાનો સંજ્ઞા વડે જે જે કાંઈ ભાસમાન થાય છે તે તમામ દ્વૈતરૂપ નહિ પરંતુ એક આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારની કેવળ એક ભાવનામાં જ જે હંમેશ યુક્ત છે એવા સુખદુઃખાદિ દ્વંદ્વોથી અત્યંત વિમુક્ત થયેલા અમૂઢ અર્થાત્ આ સર્વ આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારના જ્ઞાન નિશ્ચયવાળા જ્ઞાનીઓ જ અવ્યય એવા તે આત્મપદની પ્રાપ્તિ કરી શકે છે.

અહંકારના વિલયથી સંસારવૃક્ષનો થતો નાશ

શ્રીભગવાન કહે છેઃ હે પાર્થ! હું કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમાં વાસ્તવિક માન એટલે અહંકારાદિનો અંશમાત્ર પણ નથી, માટે એ મિથ્યા અહંકારની ભાવના જ તું ન કર અને કેવળ આત્મસ્વરૂપ એવા મને જ સર્વત્ર જો. આત્મસ્વરૂપ એવા મારે તને ફક્ત એટલું જ કહેવાનું છે કે મારા સિવાય આ જગતમાં બીજું કાંઈ છે જ નહિ. એટલો જ સર્વનો ખરો સાર છે. શુદ્ધ ચિત્તમાં જ આ ઉપદેશ બરાબર ઉતરે છે. તું શુદ્ધ ચિત્તવાળો છે. આ સંસારરૂપી વૃક્ષનું બીજ અહંભાવના જ છે, આ હું તથા અમુક મારું છે એવો ભાવ આ સંસારવૃક્ષના અંકુરાદિથી માંડી, ફૂલ, ફળ અને તેમાંના બીજાદિ સુધીના સર્વ ભાવોમાં ફેલાયેલો છે.

પ્રથમ તો માન એટલે 'હું' એવો ભાવ પેદા થાય છે તથા પછી બીજમાંથી જેમ અંકુરાદિ ઉત્પન્ન થાય તેમ તેમાંથી મારું એવો ભાવ ઉત્પન્ન થઈ પછી તેને અનેક શાખાઓ, પ્રતિશાખાઓ તથા પલ્લવો ફૂટે છે. આમ હોવાથી પ્રથમ તો 'હું' નામની ચૈતન્યથી જુદી કોઈ વસ્તુ છે જ નહિ, એ પ્રમાણે નિરહંકારનું જ હંમેશાં અવલંબન રાખવું કે જેથી મોહવડે બંધાયેલી અને સુખદુઃખાદિ દ્વંદ્વોરૂપી ફળ આપનારી ઇચ્છા જ અંદરથી શાંત થઈ જાય છે. આમ નિરહંકારતાનો અભ્યાસ થવાથી લોહું, પથ્થર, માટી, સોનું ઇત્યાદિ મારું, તારું, સુખદુઃખ, શીતઉષ્ણ વગેરે તમામ દ્વંદ્વ ભાવનાઓ શમી જઈ સમાનતા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે અહંકારનો નાશ થતાં જ આ બધું સંસારરૂપ વૃક્ષ અનાયાસે જ શાંત થાય છે. આ રીતે મોહવડે માનવામાં આવેલો દેહાધ્યાસ એટલે હું દેહ છું એવો અભ્યાસ છોડી દઈ હું ભાવનો પણ વિલય કરી નાખવો જોઇએ અને તેથી હું આત્મા છે એવા નિશ્ચય વડે હું, કર્તાભોક્તા, સુખદુઃખ, પુણ્યપાપ ઇત્યાદિ સર્વથી પર સર્વ કામનાઓ કિંવા ઇચ્છાઓથી રહિત, આસક્તિ વગરનો તદ્દન અસંગ એવો, કેવળ એક આત્મભાવનામાં જ સ્થિર થયેલો, અમૂઢ એટલે વિવેકી વા જ્ઞાની જ બ્રહ્મવેત્તાઓએ સેવેલા નિર્વિકાર શાંત, અક્ષય્ય જન્માદિ ભાવવિકારોથી રહિત, સર્વત્ર સમાન રહેલા, નિત્યસિદ્ધ તથા સ્વપ્રકાશ અને અવ્યય એવા પરમપદની પ્રાપ્તિ કરી શકે છે.

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।

यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ६ ॥

આત્માને સૂર્ય ભાસમાન કરી શકતો નથી

तत् અર્થાત્ આત્મપદ (વૃક્ષાંક ૧)ને નથી સૂર્ય ભાસમાન કરી શકતો કે નથી ચંદ્ર અથવા નથી અગ્નિ ભાસમાન કરી શકતો, અર્થાત્ તે સ્વતઃસિદ્ધ જ છે. જેને પામેલા કદી ફરી પાછા આવી શકતા જ નથી એટલે પુનરાવર્તનને પામતા નથી, એવું આ મારું તે એટલે આત્મસ્વરૂપ જ પરધામ છે. આ અર્થનું શ્રુતિમાં પણ વાક્ય છે. સર્વ જગતને પ્રકાશ આપનારા પ્રસિદ્ધ એવા આ સૂર્ય, ચંદ્ર ને તારા પણ બ્રહ્મને પ્રકાશમાન કરી શકતા નથી તો પછી અગ્નિ તો શી રીતે કરી શકે? એટલું જ નહિ પરંતુ તે એટલે આત્મા કિંવા બ્રહ્મના અધિષ્ઠાનરૂપ પ્રકાશ વડે જ આ સૂર્ય, ચંદ્ર, તારા અને અગ્નિ ઇત્યાદિ સર્વ પ્રકાશિત થાય છે. સ્વયંપ્રકાશ એવા બ્રહ્મના પ્રકાશ વડે જ આ સર્વ ચરાચર દૃશ્ય પ્રકાશમાન થયેલું છે (કઠોપનિષદ્ અધ્યાય ૨ વલ્લી ૫ મંત્ર ૧૫). જેમ દીવો દરેક વસ્તુઓને પ્રકાશિત કરે છે પરંતુ વસ્તુઓ કાંઈ દીવાને પ્રકાશિત કરી શકતી નથી; વળી દીવાને પ્રકાશિત કરવા માટે બીજા કોઈ દીવાની જરૂર હોતી નથી તેથી તે સ્વયંપ્રકાશ છે એમ જાણો. વળી દીવો પોતે તો કાંઈ જાણતો નથી કે હું સ્વયંપ્રકાશ છું અને આ બધી વસ્તુઓ મારા વડે પ્રકાશમાન થયેલી છે. આથી પ્રકાશિત વસ્તુઓ અને તેને જાણનારા સાક્ષીને લીધે દીવો સ્વયંપ્રકાશ છે અને વસ્તુઓ પર પ્રકાશિત છે. એવો ભેદ થઈ શકે છે, વસ્તુતઃ તે ભેદ દીવાની દૃષ્ટિએ નથી; તેમ આ આત્મા કિંવા બ્રહ્મ, શૂન્યરૂપ પણ નથી અને પ્રકાશ્ય કિંવા પ્રકાશરૂપ પણ નથી, તમ પણ નથી, જ્ઞાતાપણાથી રહિત હોઈ જીવરૂપ, બુદ્ધિરૂપ કિંવા મનરૂપ પણ નથી. એ તત્ત્વ કોઈપણ રૂપ નથી અને સર્વરૂપ છે. કેમ કે શબ્દ, રૂપર્શ, રૂપ, રસ, ગંધ ઇત્યાદિ અંતઃકરણદ્વારા જે જે કાંઈ અનુભવવામાં કિંવા જાણવામાં આવે છે તે સર્વ વસ્તુતઃ આત્મસ્વરૂપ જ છે, તેમ જ જે વડે આ સઘળું જાણી શકાય છે તે પણ એ આત્મસ્વરૂપ જ છે. પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ ત્રણેમાં અખંડિત એકરૂપે રહેલું એવું જે આત્મસ્વરૂપ તે જ મારું પરમ સ્વરૂપ છે. એમ તું નિશ્ચયપૂર્વક સમજ. એ બ્રહ્મ જન્મથી અને જરાથી રહિત છે, અનાદિ છે, અવિચળ છે, નિત્ય છે, સુખરૂપ છે, નિર્મળ છે, તે એક વખતે અનુભવમાં આવ્યા પછી ફરી પાછું કદી પણ જુદું થઈ શકે તેવું નથી. તે જ અત્યંત વંદનીય હોઈ તદ્દન શુદ્ધ છે, સર્વ

રચનાઓથી રહિત છે, કારણોનાં પણ પરમ કારણરૂપ છે, અનુભવરૂપ છે. અન્યપણાથી જણાય તેવું નથી, સ્વયંજ્ઞાનરૂપ તથા સર્વરૂપ છે છતાં આકાશની પેઠે તદ્દન અસંગ અને અતિ સૂક્ષ્મતર એવું છે, એમ નિશ્ચયાત્મક સમજ.

આપના દ્વિઅર્થી જેવા વચનથી હું શંકાશીલ બન્યો છું.

ભગવાનનું આ મુજબનું દૂધમાં અને દહીંમાં એમ બન્નેમાં પગ રાખનું દ્વિઅર્થી જેવું વચન સાંભળીને અર્જુન શંકામાં પડી ગયો. તેણે કહ્યું: ભગવન્! તમારા આ વિચિત્ર ઢબના વચનોથી તો ઊલટો મારા મનમાં ગૂંચવાડો ઊભો થવા પામ્યો છે. આ આત્મતત્ત્વ પરપ્રકાશિત નથી, વળી તે સૂર્યચંદ્રાદિને પણ પ્રકાશ કરનારું છે છતાં તે પ્રકાશ્ય કિંવા પ્રકાશક અથવા પ્રકાશરૂપ પણ નથી તેમજ જ્ઞાતાથી પણ રહિત કેવી રીતે છે? તેમ તે જીવ, બુદ્ધિ કિંવા મનરૂપ અથવા કોઈ પણ રૂપ નથી અને સર્વરૂપ પણ છે, એમ શી રીતે સંભવે? તે મને આપ કૃપા કરીને સમજાવો. અર્જુનનું આ વચન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, હે પાર્થ! હવે તું સારી રીતે પ્રબોધને પામેલો હોવા છતાં નિરર્થક ગૂંચવાડામાં કેમ પડે છે? છતાં સૂર્ય જેમ પ્રયત્ન વગર રાત્રીના અંધકારને ભેદી નાખે છે તેમ હું તત્કાળ તારી શંકાને છેદી નાખીશ. આવા જ પ્રશ્નો મેં રામાવતારમાં વસિષ્ઠ મહર્ષિને પૂછેલા હતા તેનો તે વખતે તેમણે મને જે સમ્યક્ ઉત્તર આપ્યો હતો તે હું તને કહું છું કે જેથી તારી તમામ શંકાઓનું નિવારણ થશે. પરંતુ તે પૂર્વે સંક્ષેપમાં એટલું જ કહું છું કે આ જ્ઞાતા, પ્રકાશક, જીવ, બુદ્ધિ, મન, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, અગ્નિ ઇત્યાદિ તમામનો પ્રકાશક જે આ આત્મા છે તે પોતે તમરૂપ કેવી રીતે હોઈ શકે? જેના વડે આ પ્રકાશ છે કિંવા આ તમ (અંધારું) છે એવું જાણી શકાય છે તે તત્ત્વ પ્રકાશ્ય, તમ કિંવા તેને જાણનાર પૈકીનું જ હોય એમ શી રીતે કહેવાય? જેમ માટીનો ઘડો લ્યો. કોઈ પૂછે કે આ માટીનો ઘડો બનાવનાર કોણ? તો તે માટી અને તેનો ઘડો એ બે પૈકી કિંવા તેને જાણનાર સાક્ષી પૈકી કોઈ નથી પરંતુ તે કરતાં કોઈ જુદો જ છે એમ વ્યવહારમાં પણ સિદ્ધ થાય છે, અર્થાત્ વ્યવહારમાં પણ જે વસ્તુઓ બનાવવામાં આવે છે તેનો કર્તા તે વસ્તુઓ થકી તદ્દન ભિન્ન એવો જ હોય છે તો પછી જેના વડે આ પ્રકાશક, જ્ઞાતા, જીવ, બુદ્ધિ, મન, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, અગ્નિ, તેમજ ઇંદ્રિયો અને તેના વિષયોને પ્રકાશ આપનારા દેવતાઓ વગેરે જેના આધાર ઉપર આ જગતાદિ અન્ય દશ્યોને પ્રકાશિત કરી શકે છે તે પ્રકાશક પોતે જ આ દશ્યાદિ પૈકી કોઈ પ્રકારનો હોય કિંવા મિલકત ન હોય એમ શી રીતે બને? અરે! જો કે દીવો તમામ પદાર્થોને પ્રકાશિત કરે છે તેમાં પ્રકાશમાન થયેલા પદાર્થો પૈકી જ કોઈ પદાર્થ જેવો જ તે દીવો છે એવી તુલના શી રીતે કરી શકાય? કિંવા સઘળા પદાર્થોને તે પ્રકાશમાન કરનારો નથી એમ કહેવું પણ શી રીતે સંભવે? વળી તે પોતાથી વિરુદ્ધ ધર્મના પદાર્થોને પ્રકાશમાન કરે છે એમ પણ શી રીતે કહેવાય? શું દીવો તે કરતાં વિરુદ્ધ ધર્મવાળા અંધારાને કદી ઓળખી શકશે ખરો કે? કિંવા પ્રકાશમાં અંધારું રહી શકે ખરું કે? આથી દીવો અંધારાને પ્રકાશમાન કરે છે એમ બનવું કદી શક્ય નથી, કેમ કે પ્રકાશથી તદ્દન ભિન્ન એવું અંધારું કે જે પ્રકાશ થતાંની સાથ તુરત જ ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે અર્થાત્ જે પ્રકાશથી તદ્દન વિરુદ્ધ ધર્મવાળું છે તેને જ પ્રકાશક પ્રકાશમાન કરે છે એમ કહેવું એ "હું" કોલસાને કિંવા કાજળને સફેદ બનાવી રહ્યો છું એવું કહેનારની જેમ મૂર્ખપણું લેખાશે. આ ઘોરણે સર્વ પ્રકાશકોનો પણ પ્રકાશક અને સર્વ પ્રકાશોથી રહિત એવું આ સ્વયંપ્રકાશ આત્મતત્ત્વ પ્રકાશરૂપ કિંવા તમરૂપ કે મન, બુદ્ધિ, જીવ, જ્ઞાતા ઇત્યાદિરૂપે કેમ નથી, તે હવે તારા લક્ષમાં સારી રીતે આવ્યું હશે જ; છતાં બોધની દૃઢતાને માટે શાસ્ત્રીય કથન તને કહું છું.

આત્માનું મહત્ સ્વાતંત્ર્ય

શ્રીમહર્ષિ વસિષ્ઠ શ્રીરામચંદ્ર પ્રત્યે કહે છે કે, હે વત્સ! મહાન પ્રલયમાં આ બ્રહ્માંડાદિ તમામ દશ્યજાળ જાગૃત થતાં સ્વપ્ન કિંવા પ્રકાશ થતાં અંધકાર ક્યાં નાસી જાય તે જેમ સમજાતું નથી, તેમ એકદમ ક્યાંય ગાયબ થઈ જાય છે તે જાણી શકાતું નથી અને તે વખતે ફક્ત વ્યવહારમાં સમજાવવા

પૂરતી કહેવા માત્ર સત્ એવી સંજ્ઞા વડે કહેવાતું અનિર્વચનીય એવું એક આત્મપદ જ શેષ રહે છે. તે શૂન્ય કેમ નથી તે કહું છું. જો કોઈ-લાકડાની પૂતળી બનાવવી હોય ત્યારે પૂતળી બનાવનારો પ્રથમ જેવા પ્રકારની પૂતળી બનાવવાની હોય તેવી કલ્પના પોતાના મનમાં કરી લે છે અને તેવે આકારે લાકડું કોતરીને તૈયાર કરે છે. આ રીતે પૂતળી બનતાં અગાઉ જેમ લાકડામાં તે રહેલી જ હોય છે તેમ આ દૃશ્યજાળ તેમાં રહેલું છે તેથી તે તેનું અધિષ્ઠાન છે, એમ સમજો. જ્યારે લાકડાની પૂતળી બનાવનારો કલ્પક તેથી જુદો હોય છે ત્યારે આ દૃશ્યાદિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)નો કલ્પક ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ તે પણ બ્રહ્મ પોતે જ છે. વળી વ્યવહારમાં લાકડામાંથી પૂતળી બનાવવાની કલ્પના કરનારો અને લાકડું, એ બંને જુદા જુદા હોય છે જ્યારે બ્રહ્મમાં લાકડું એટલે આ સ્થૂલ સમષ્ટિરૂપ વિશ્વ, કિંવા ચૌદ લોકથી વ્યાપેલું ચરાચર એવું આ બ્રહ્માંડ(વૃક્ષાંક ૧૩ થી ૧૫ ઘ), તેનો કલ્પક એ ઈશ્વર (વૃક્ષાંક ૨) હોઈ તેનો જે સંકલ્પ એટલે સ્થૂલરૂપે ક્રિયા થવા પૂર્વે સૂક્ષ્મરૂપે તેનું જે સ્વરૂપ કલ્પવામાં આવે છે તે સૂક્ષ્મ(વૃક્ષાંક ૬ થી ૧૨) અને કારણ વા અતિસૂક્ષ્મ (વૃક્ષાંક ૩ થી ૫) એ બધું પણ બ્રહ્મ જ પોતે, પોતામાં, પોતાવડે અને પોતારૂપે બનેલું છે. આ મુજબનો બ્રહ્મમાં અને બાહ્ય લાકડાના દૃષ્ટાંતમાં ભેદ સમજવો. આથી પૂતળીનું અધિષ્ઠાન જેમ લાકડું તેમ આ દૃશ્યાદિનું મૂળ અધિષ્ઠાન બ્રહ્મ છે, તેથી તે શૂન્ય કહેવાતું નથી. તે જો શૂન્ય હોય તો તે કોઈનું અધિષ્ઠાન હોઈ શકે જ નહિ. આમ વિચાર કરવાથી જણાશે કે આટલો બધો જગદાડંબર પછી તે સાચો હોય કે ખોટો હોય તો પણ તે જેમાં રહેતો હોય તે શૂન્ય હોઈ શકે જ નહિ. જેમ લાકડું પોતામાં પૂતળી કોતરાયેલી નહિ હોવા છતાં પણ પૂતળી વિનાનું નથી તેમ બ્રહ્મ પણ પ્રલયકાળમાં જગતના પ્રકાશથી રહિત હોવા છતાં પણ જગત વિનાનું નથી અને છે પણ ખરું. માટે આત્મતત્ત્વ શૂન્ય છે એમ કહી શકાય નહિ. જેમ જળમાં તરંગ છે પણ ખરા અને નથી પણ ખરા તેમ બ્રહ્મમાં જગત નથી પણ ખરું અને છે પણ ખરું. જો દેશ, કાળ, કોતરનારો અને કોતરવાનાં સાધનો હોય તો જ થાંભલામાં પૂતળીની રચના થઈ શકે છે પરંતુ બ્રહ્મમાં તો દેશ, કાળ અને ક્રિયા આદિ સામગ્રીનો સંબંધ નથી તેથી તેમાં જગતની રચના થવી સંભવતી નથી; આમ માનીને વાદીઓ મિથ્યા ગૂંચવાયા કરે છે. કારણ કે બ્રહ્મમાં જગતની સ્થિતિ વિષે થાંભલાની પૂતળીનું જે દૃષ્ટાંત આપે છે તે એક દેશથી સરખું લેવાનું હોય છે, સઘળી રીતે સરખું લેવાનું હોતું નથી. જગતની ઉત્પત્તિની સત્તા બ્રહ્મની સત્તાથી જુદી નથી અને તેની પ્રલયની સત્તા પણ બ્રહ્મની સત્તાથી જુદી નથી. કેવળ સત્ અને સ્વસ્વરૂપસ્થિત એવા બ્રહ્મનો અંદર જગતની ઉત્પત્તિ થવામાં બીજી કોઈ સામગ્રીની જરૂર હોતી નથી એ જ તેનું મહત્ સ્વાતંત્ર્ય છે.

બ્રહ્મમાં પ્રકાશ, તમ, મન, બુદ્ધિ કિંવા જીવાદિ કેમ નથી ?

અશૂન્યને લઈને જ શૂન્યનો અર્થ કલ્પી શકાય છે અને શૂન્યને લીધે અશૂન્યના અર્થની કલ્પના થઈ શકે છે પરંતુ જ્યાં અનિર્વચનીય એવા બ્રહ્મથી જુદો કોઈ પદાર્થ જ નથી તો તેને શૂન્ય કિંવા અશૂન્ય શી રીતે કહી શકાય ? અને તેવો કલ્પક પણ કોણ હોય ? તસ્માત્ કલ્પકથી રહિત એવા આ બ્રહ્મને શૂન્ય કિંવા અશૂન્ય કેમ કહેવાય ? જે પ્રકાશ કહેવાય છે તે તો સૂર્ય, ચંદ્ર, તારા કિંવા અગ્નિનો ધર્મ છે, તેમના પ્રકાશ વડે જ આ બધું પ્રકાશેલું ભાસે છે અને તે ઉપરથી જ તેમને કદાચ પ્રકાશક એવું નામ આપી શકાય પણ આ પ્રકાશકોના પણ પ્રકાશક, એવા બ્રહ્મને પ્રકાશક કે પ્રકાશમાન શી રીતે કહી શકાય ? માટે બ્રહ્મને પ્રકાશ કહી શકાય નહિ તેમ જ સૂર્યચંદ્રાદિ કોઈ પણ પ્રકાશ બ્રહ્મમાં નથી અને તે બ્રહ્મને પ્રકાશિત પણ કરી શકતા નથી પરંતુ ઊલટા અધિષ્ઠાનરૂપ એવા બ્રહ્મને આધારે જ તેઓ પ્રકાશી રહ્યા હોય એમ ભાસે છે. માટે બ્રહ્મ પોતે પ્રકાશવાળું પણ નથી. સૂર્ય, ચંદ્ર આદિ પ્રકાશનો જે અભાવ તેને તમ કહે છે પરંતુ જ્યાં સૂર્યાદિનું જ અસ્તિત્વ નથી તેવા બ્રહ્મને તમરૂપ કેમ કહી શકાય ? માટે બ્રહ્મ કાંઈ તેવા પ્રકાશના અભાવરૂપ નહિ હોવાથી તમરૂપ પણ નથી. આકાશની પેઠે સ્વચ્છ અને નિર્મળ એવો જે બ્રહ્મનો પ્રકાશ કહેવામાં આવે છે તે તો એના પોતાના જ અનુભવરૂપ છે. તે પ્રકાશનો એ પોતે જ અનુભવ કરે

છે પણ જુદાપણાથી તેનો અનુભવ થઈ શકતો નથી તેથી તે સ્વયંપ્રકાશ છે. આમ હોવાથી બ્રહ્મ જ્ઞાતાથી પણ રહિત છે. જે તમથી અને પ્રકાશથી રહિત એવું અવિનાશી બ્રહ્મપદ છે, તે આકાશની પેઠે નિર્મળ અને નિઃસંગ છે. તથા તેમાં સઘળું જગત ભ્રાંતિથી કલ્પાયેલું છે. માટે તે બ્રહ્મને જીવરૂપ, બુદ્ધિરૂપ કે મનરૂપ પણ કહી શકાતું નથી. પત્થર અને તેના મધ્યમાં જેમ કશો ભેદ નથી તેમ બ્રહ્મમાં અને જગતમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી. માટે બ્રહ્મ કોઈ રૂપે પણ નથી તેમ તે સર્વરૂપ છે એમ પણ કહેવાય છે. જેમ જળની અંદર તરંગ અને માટીની અંદર ઘડો છે તેમ જેની અંદર જગત છે તે બ્રહ્મ શૂન્ય કેમ જ હોય ? જેમ પૃથ્વીની અંદર રહેલું જળ પૃથ્વીરૂપ નથી તેમ બ્રહ્મની અંદરનું જગત બ્રહ્મરૂપ નહિ હોય એવી શંકા રાખવાનું કારણ નથી, કારણ કે પૃથ્વી આદિ સાકાર પદાર્થોની ઉપમા નિરાકાર બ્રહ્મમાં યથાર્થ રીતે કદી પણ લાગુ પડે નહિ; તેથી બ્રહ્મ જેમ આકાશની પેઠે તદ્દન નિર્મળ છે તેમ તેની અંદર રહેલું આ જગતાદિ તમામ દૃશ્ય પણ આકાશની પેઠે તદ્દન નિર્મળ જ છે, એમ નિઃશંક રીતે જાણ. જેમ બ્રહ્મ આકાશ કરતાં પણ અધિક નિર્મળ છે તેમ તેની અંદર રહેલું જગત પણ આકાશથી અધિક નિર્મળ એવું જ છે. એટલે જેવું બ્રહ્મ છે તેવું જ આ જગત છે અને જે આ જગત છે તે પણ બ્રહ્મ જ છે, બંને શુદ્ધ, સ્વચ્છ, શાંત અને નિર્મળ એવા ચૈતન્યસ્વરૂપ જ છે. જેમ આકારવાળા નિશ્ચલ જળમાં મોટાં મોજાં જળરૂપે રહેલાં છે. તેમ આકાર વગરના પરબ્રહ્મમાં બ્રહ્મરૂપે જગત રહેલું છે. પૂર્ણ એવા બ્રહ્મમાં અપૂર્ણ જેવાં જણાતાં જે આ જગત અને જીવરૂપે પ્રસરેલા હોવાનું જણાય છે, તે પણ વાસ્તવિક પૂર્ણ એવા બ્રહ્મરૂપ જ છે, કેમ કે પૂર્ણમાં અપૂર્ણ શી રીતે સંભવી શકે ? માટે જગત તથા જીવ પણ પૂર્ણ અને નિરાકાર જ છે. બ્રહ્મમાંથી જગતનું સ્ફુરણ થયાનું માનવામાં આવ્યું તેથી તેના દ્રષ્ટારૂપે ઈશ્વર તથા કર્તારૂપે જીવનું સ્ફુરણ પણ માનવામાં આવ્યું છે. વાસ્તવિક રીતે તો ભાસમાન થતું આ તમામ દૃશ્ય પૂર્ણમાંથી પૂર્ણરૂપે પ્રસરેલું છે અને પૂર્ણરૂપે જ રહેલું છે. માટે જગત ઉત્પન્ન થયું નથી અને જો ઉત્પન્ન થયું એમ કહેવામાં આવે તો તે બ્રહ્મથી અભિન્ન એવું બ્રહ્મ જ છે. પ્રલયમાં જીવને દ્રષ્ટાપણું નહિ હોવાથી દૃશ્યપણું પણ રહેતું નથી તો પછી જગતમાં જગતપણું ક્યાંથી રહે ? મરીનો સ્વાદ લેનારો જ જો ન હોય તો પછી તેમાં તીખાશ છે એમ કેમ કહેવાય ? બ્રહ્મમાં ચિત્ત કિંવા દૃશ્યપણું વગેરે કાંઈ છે જ નહિ છતાં તે મિથ્યા જ પ્રતીત થાય છે. બ્રહ્મમાં કોઈ ઉપાધિ છે જ નહિ તો પછી તે ઉપાધિમાં બ્રહ્મનું જીવરૂપે પ્રતિબિંબ થવું પણ કેમ કહેવાય ? બ્રહ્મ પરમાણુના પણ કારણ રૂપ છે, સૂક્ષ્મ કરતાં પણ અતિસૂક્ષ્મ છે, શુદ્ધ છે, પર છે અને આકાશના ગર્ભ કરતાં પણ અત્યંત શાંત છે. તે દેશકાળાદિ વિભાગોથી રહિત છે તેથી તે અત્યંત વિસ્તીર્ણ છે. તે આદિ તથા અંતથી રહિત છે. પ્રકાશમાત્ર છે અને પ્રકાશ્ય પદાર્થોથી પણ રહિત છે. બ્રહ્મમાં જ્યાં દૃશ્ય (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) થયું જ નથી, તો પછી દ્રષ્ટા (વૃક્ષાંક ૨) ક્યાંથી હોય ? તેમ ચિત્તમાં પ્રતિબિંબિત થયેલો અને નિરંતર વાસનાઓના સમૂહરૂપે રહેલો કહેવામાં આવતો આ જીવ વા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) પણ ક્યાંથી જ હોય ? આમ દૃશ્યનો ઉદય નહીં થવાથી બ્રહ્મમાં જીવપણું નથી, બુદ્ધિપણું નથી, ચિત્તપણું નથી, ઇંદ્રિયપણું નથી કે વાસના પણ નથી. આ રીતે આ આત્મા કિંવા બ્રહ્મ બીજાઓને જગતરૂપી મોટા આડંબરવાળું ભલે લાગતું હોય પરંતુ અનુભવ વડે અમોને તો તે તદ્દન શાંત, આકાશ કરતાં પણ અધિક શૂન્ય અને અનિર્વચનીય એવું લાગે છે (યોગ૦ ઉ૦ સ૦ ૧૦ જુઓ).

तद्धाम परमं मम

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કેઃ હે પાર્થ ! જેને સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર કે અગ્નિ ઇત્યાદિ પ્રકાશો પ્રકાશમાન કરી શકતા નથી પરંતુ ઊલટું તે જ આ સૂર્યચંદ્રાદિને પ્રકાશિત કરે છે તે આત્મ કિંવા બ્રહ્મસ્વરૂપ એવું આ મારું પરમધામ તારા ધ્યાનમાં આવ્યું ને ? મારા આ આત્મસ્વરૂપને જેઓ પ્રાપ્ત થયા તેઓ ફરી પાછા આવતા નથી એટલે બ્રહ્મસ્વરૂપ એવા મારી સાથે જ એકરૂપ બની જાય છે અર્થાત્ નદી જેમ સમુદ્રને મળ્યા પછી તેનાથી પાછી વેગળી કરી શકાતી નથી તેમ આત્મસ્વરૂપ એવા મારી સાથે એકરૂપ થયેલો પુનઃ કદી વિભક્ત થઈ શકતો નથી.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

પ્રકૃતિમાં રહેલી ઇન્દ્રિયોને પોતામાં જ માની લે છે

હે પાર્થ ! આ પ્રમાણે આત્મસ્વરૂપ એવો મારો મમરૂપ સનાતન અંશ જીવલોક મહાપ્રાણ (વૃક્ષાંક ૬) રૂપ હોઈ તે, જેમાં મન છઠું છે એવી જીવભૂતા પ્રકૃતિ (વૃક્ષાંક ૭થી ૧૫ ઘ)માં રહેલી ઇન્દ્રિયોને, આકર્ષે છે. ઉદ્દેશ એ કે, આ દૃશ્ય વ્યવહાર મિથ્યા "હું" અને મારું એવા બે પ્રકારના અધ્યાસ વડે ખોટો થવા પામેલો છે. તેમાં પ્રથમ 'હું' હું' રૂપે મિથ્યા સ્ફુરણ થવા પામેલું છે. આ હું રૂપ સ્ફુરણનો પ્રેરણા કરનારો તે ઈશ્વર (વૃક્ષાંક ૨) તથા 'હું' 'હું' એવા સ્ફુરણરૂપે પ્રકટ થનારી અને ત્રણ ગુણોના ક્ષોભને પામનારી મારી માયા કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) કહેવાય છે. આમ હું'નો ઉત્પત્તિ થયા પછી મારું મારું, એવું અભિમાન ધારણ કરનારની ઉત્પત્તિ થયેલી હોઈ તે જ જીવલોક કિંવા મહાપ્રાણ કહેવાય છે; એટલે મારું મારું, એવું કહેનારો તે જ જીવ (વૃક્ષાંક ૬) કહેવાય છે. તે તમામ લોકોમાં, માળામાં પરોવાયેલા મણકાની જેમ દોરીરૂપે રહેલો હોવાથી તેની અંતર્ગત રહેનાર (વૃક્ષાંક ૬થી ૧૫ ઘ સુધીના) સર્વ જીવલોક કહેવાય છે. તેમાં મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), અહંકાર (વૃક્ષાંક ૮), તથા તેમાંથી પાંચ મહાભૂતો; તેની શબ્દસ્પર્શાદિ તન્માત્રાઓ, ઇન્દ્રિયો, તેનાં ગોલકો, તથા તેના વિષયો (જુઓ વૃક્ષાંક ૮ના પેટામાં); તેમ જ આ સર્વના અધિદેવતાઓ વગેરે અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એ તમામ તેમ જ ચિત્ત (વૃક્ષાંક ૯), બુદ્ધિ (વૃક્ષાંક ૧૦), અને મન (વૃક્ષાંક ૧૧) ઇત્યાદિ સર્વનો સમાવેશ થાય છે. તેની ઉત્પત્તિ થયેલી હોઈ તે સર્વ ભૂતપ્રકૃતિ કહેવાય છે (વૃક્ષાંક ૭થી ૧૨). આ પછી સ્થૂલસૃષ્ટિ (વૃક્ષાંક ૧૩થી૧૫ ઘ)ની ઉત્પત્તિ થાય છે. આ ભૂતપ્રકૃતિની અંદર આવેલા સઘળા પદાર્થોમાં મારું કહેનારો આ જીવ સૂત્રાત્મારૂપે માળામાંના મણકાની જેમ પરોવાયેલો હોય છે. તે જ મહાપ્રાણરૂપ સૂત્રાત્મા જીવ (વૃક્ષાંક ૬) અનંત વાસનાઓવશાત્ શ્રોત્ર, ચક્ષુ, સ્પર્શ, રસના, ઘ્રાણ એ પાંચ સૂક્ષ્મ ઇંદ્રિયો, તેના વિષયો તથા શબ્દાદિ તન્માત્રાઓ તેમ જ મન એ તમામને પોતાના તરફ જ ખેંચે છે એટલે કે જાણે તે (જીવ) વિષયોમાં રચ્યો પચ્યો રહી જન્મ, મરણ, જરા, આધિ, વ્યાધિ ઇત્યાદિ અનેક પ્રકારનાં દુઃખોનો અનુભવ લઈ રહ્યો હોય એમ જોવામાં આવે છે ખરું, પરંતુ વાસ્તવિક રીતે તો તે આત્મસ્વરૂપ એવો મારો જ અંશ છે એટલે તે મારાથી જુદો કેવી રીતે હોઈ શકે ? વળી જો તે મારાથી જુદો નથી તો પછી તેનું કાર્ય પણ મારાથી ભિન્ન કયાંથી હોય ? જેમ સુવર્ણ એ મારો પ્રથમ એટલે હું રૂપ એવો અંશ સમજો. કેમ કે સુવર્ણ પોતે પોતાને કાંઈ આ સુવર્ણ છે એમ કહેતું નથી પરંતુ તેમ કહેનારો તો તેનો સાક્ષી કિંવા દ્રષ્ટા બીજો જ કોઈ હોય છે. તેમ આ હુંને જાણનારો જે દ્રષ્ટા તે જ ઈશ્વર કિંવા સાક્ષી સગજ, આત્માને હું કહેવાની જરૂર નથી તેમ આત્મા તો પોતે જાણતો પણ નથી કે મારામાં હું કરીને કાંઈ છે, છતાં આ 'હું' રૂપ મિથ્યા સ્ફુરણ જે ભાસમાન થતું હોય એમ પ્રતીત થાય છે તે આત્મસ્વરૂપ એવા મારો એક અંશ છે, એ એક અંશમાં જ આ સમસ્ત દૃશ્યજાળની (વૃક્ષાંક ૩ થી ૧૫ઘ સુધી) સ્થિતિ છે એમ સમજો. જેમ સુવર્ણ પોતાના સ્વરૂપથી ભિન્ન નથી, તેમ આ હું પણ વસ્તુતઃ તો મારાથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. તે હું સૂક્ષ્મરૂપે તેના દ્રષ્ટા ઈશ્વરની કાળરૂપ ક્ષણશક્તિ વડે ત્રણ ગુણોથી વિસ્તારને પામેલો છે પરંતુ જેમ સુવર્ણમાંથી દાગીના તૈયાર નહિ થાય ત્યાં સુધીનું તેનું ઘાટ ઘડવાનું કાર્ય અદૃશ્યરૂપે જ હોય છે, તેમ આ પ્રકૃતિના ગુણોનો ક્ષોભ થઈ તે ક્રમે અવ્યક્ત (વૃક્ષાંક ૪) તથા શિવશક્તિ કિંવા અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫) રૂપે સૂક્ષ્મ અને અહંકા ભાવવાળો જ હોય છે, ત્યાર પછી તે "મારું" એટલે મમ એવા દ્વૈતભાવને પ્રાપ્ત થાય છે. જેમ દાગીનો તૈયાર થયો એટલે તે મારો છે એમ કહેનારો પણ હોય છે તેમ મારું એવો ભાવ થયો તે જ જીવ કહેવાય. આથી ભગવાને હું અને મારા એ બંને જુદા જુદા ભાવો બતાવવાના ઉદ્દેશથી હુંમાંથી નહિ પરંતુ મમ એટલે મારું.

મારું, કહેનારો જે અંશ તે 'મમૈવાંશઃ' એવો જીવ છે એમ કહેલું છે. આમ કહેવામાં બંને ભાવો એક સાથે જ બતાવવામાં આવ્યા છે કે આ મારું કહેનારો અંશ જે જીવલોક તે પણ આત્મસ્વરૂપ એવા મારું રૂપ જ છે. મારા (આત્મા)થી તદ્દન અભિન્ન હોવાથી તે સનાતન કિંવા ચિરંતન કાયમનો રહેનારો અનાદિ એવો કહેવાય છે. આમ વ્યવહારમાં તેને જુદો ગણવામાં આવે છે અને તે જીવ વાસનાવશાત્ અનેક વિષયોનું સેવન કરતો રહે છે. તે સેવન કરવાને માટે શ્રોત્ર, સ્પર્શ, ચક્ષુ, રસના અને ઘ્રાણ, પાંચ સૂક્ષ્મ ઇંદ્રિયો તથા મન એ મુજબ આ છ ઇંદ્રિયો મુખ્ય છે; કેમ કે આ સૂક્ષ્મ ઇંદ્રિયો ક્રમે કાન, ત્વચા, નેત્ર જીભ અને નાક, એ પાંચ ગોલકો દ્વારા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ એ સૂક્ષ્મ તન્માત્રાઓ તથા તેમાંથી ઉત્પન્ન થતાં આકાશ, વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ મહાભૂતો; આમ, અધિદેવતાઓ જ્ઞાનેંદ્રિયો, તથા કર્મેંદ્રિયો વડે બાહ્ય અને આંતર વિષયોપભોગ મેળવે છે. આ રીતે સર્વ વિષયોપભોગ ભોગવવામાં આ પાંચ સૂક્ષ્મ ઇંદ્રિયો તથા મન એ જ મુખ્ય છે. તે વડે જ સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે મિથ્યા મોહભ્રમમાં પડેલો આ જીવાત્મા અનેક પ્રકારના વિષયોપભોગ ભોગવતો રહી રાગ અને દ્વેષાદિ વડે જાણે બંધનમાં પડ્યો ન હોય એવી રીતે તે પ્રકૃતિમાં રહેલા વિષયોને પોતે પોતામાં ખેંચી લે છે; એટલે કે આ જીવ વસ્તુતઃ આત્મસ્વરૂપ જ હોવા છતાં જાણે કે હું બીજો જ કોઈ છું એમ પોતાને જુદો જ માની લે છે તથા આ બધી ઇંદ્રિયો, તેના વિષયો તથા તેના ગોલકો તથા તે દ્વારા થતાં કાયિક, વાચિક અને માનસિક સ્થૂળ અને સૂક્ષ્મ કર્મો વાસ્તવિક રીતે તો પ્રકૃતિના ત્રણ ગુણોનાં છે, તેની સાથે જીવાત્માને વસ્તુતઃ કાંઈ પણ સંબંધ જ નથી. છતાં જેમ ગાડાની નીચે ચાલનારું કૂતરું મિથ્યા અહંકાર વડે ગાડામાંનો બોજો હું જ ઊઠાવું છું એમ માની બેસે છે તેમ આ જીવ વસ્તુતઃ આત્મસ્વરૂપ હોવા છતાં આ પ્રકૃતિ કે જેનો સાથે પોતાનો તલભાર પણ સંબંધ નથી તેમાં રહેલી ઇંદ્રિયોનાં કાર્યોને તે તો મારાં જ છે એમ સમજીને પોતામાં આકર્ષી લે છે, અર્થાત્ મિથ્યા અભિમાન વડે તે પોતાનાં જ છે એમ માની બેસે છે. આથી વાસ્તવિક બંધનમાં નહિ હોવા છતાં પણ પોતે જાણે બંધાઈ ગયો હોય એમ પ્રતીત થાય છે. આ મિથ્યા સંસાર આ રીતના તેના ભ્રમવડે જ ખડો થઈ ગયેલો છે. આમ ખરી રીતે તો તે આત્મસ્વરૂપ જ છે તેમાં વિકારાદિનો લેશમાત્ર પણ નથી તેમ જ તેમાં પ્રકૃતિ અને તેના દ્રષ્ટા સાક્ષી કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨) નો પણ અંશ નથી, છતાં તેમ માનવાનું તો દૂર રહ્યું. તે પોતાને પ્રકૃતિનો નિયંતા કિંવા સાક્ષી એવો ઈશ્વર (વૃક્ષાંક ૨) માની લેત તો પણ કાંઈક યોગ્ય ગણાત પણ પોતાને હું એવા રજોગુણરૂપપ્રકૃતિ (વૃક્ષાંક ૩)ના નિયંતા ઈશ્વર (વૃક્ષાંક ૨) રૂપે પણ નહિ માનતાં મારું કહેનારો એવો મમભાવ કે જે વાસ્તવિક પ્રકૃતિનો જ છે તેને પોતાનો માનો લઈ એટલે બીજાની નાથ પોતાના નાકમાં પરોવી લઈ સારી રીતે બંધનને પામેલો હોય એમ ભાસે છે. આ સંબંધમાં એક દૃષ્ટાંત યાદ આવે છે.

જીવાત્માના બંધન સંબંધે દૃષ્ટાંત

એક મૂર્ખ મનુષ્ય જંગલમાં લાકડા કાપવા ગયો અને પોતે જે ડાળી ઉપર બેઠેલો હતો તે ડાળીને તેના મૂળમાંથી કાપતો હતો. તે એક વટેમાર્ગુના જોવામાં આવ્યું. તેણે તેને સૂચવ્યું કે ભાઈ! તું આ ડાળી કાપશે એટલે પડી જઈશ પણ તેણે તો તેને ગણકાર્યું નહિ. થોડા સમય પછી ડાળીની સાથે તે પણ ભોંય ઉપર ગબડી પડ્યો. ત્યારે પેલા વટેમાર્ગુએ કહેલું તેને યાદ આવ્યું. તેણે વિચાર્યું કે આ તો કોઈ મહાન ભવિષ્યવેત્તા જણાય છે, કેમકે તેણે આ બાબત મને પહેલેથી જ કહી દીધી હતી. એવો વિચાર કરીને તે તેની શોધમાં નીકળ્યો અને તેને પકડી પાડ્યો. તેને પગે પડીને કહ્યું કે આપ તો મોટા ભવિષ્યવેત્તા છો માટે મારું મરણ કયારે છે તે કૃપા કરીને કહો. વટેમાર્ગુએ ઘણી વખત ના કહેવા છતાં એણે તો પોતાની હઠ મૂકી જ નહિ, ત્યારે આખરે કંટાળીને વટેમાર્ગુએ કહ્યું કે આજથી બારમે દિવસે બપોરે સૂર્ય માથાપર આવે ત્યારે તારે મરવાનું છે. તે સાંભળીને પોતે ઘેર ગયો અને બાર દિવસ સુધી દરરોજ રોટલાઓ બનાવી તેને સૂકવી રાખ્યા. ઉદ્દેશ એ કે, મરતી વખતે તે સાથે રાખીશ. કેમ કે જો મર્યા પછી ભૂખ લાગે તો હું

શું કરીશ ? આમ બારમે દિવસે બરોબર મધ્યાહ્ન સમયે તેણે પોતાના હાથે જ જંગલમાં એક ઝાડની નીચે ખોદી રાખેલા ખાડામાં તે સૂઈ ગયો અને પોતે મરી ગયો છે એમ તેણે માની લીધું તથા ભૂખ લાગે એટલે પાસેના પોટલામાંથી ભાખરી ખાતો જાય. આમ કેટલોક વખત ગયા પછી તેને તરસ લાગી એટલે તે મોટે મોટેથી બૂમો પાડવા લાગ્યો. રસ્તે જનાર એક વટેમાર્ગુ તે સાંભળી તેની પાસે આવ્યો. તેને પૂછ્યું કે: હે ભાઈ! તું બૂમો કેમ પાડે છે? તને શું થયું છે? તેણે વટેમાર્ગુને કહ્યું કે, જોતો નથી કે હું આજે સૂર્ય માથા પર આવ્યો ત્યારથી મરી ગયો છું? ભાખરીઓ તો મેં સાથે બાંધી લીધી હતી પણ મને તરસ બહુ લાગી છે માટે પાણી આપ. તેનું આ કથન સાંભળીને વટેમાર્ગુએ કહ્યું: અરે! મરેલો તો વળી કદી બોલે કે? અને ભાખરીઓ પણ ખાય ખરો કે? તું તો મરેલો નથી પણ જીવતો છે, માટે ઊઠ અને પાસેના ઝરણામાંથી પાણી પી લે. તેણે કહ્યું કે, મને તો મોટા ભવિષ્યવેત્તાએ કહ્યું છે તે પ્રમાણે આજે બપોરથી હું મરી ગયો છું, તારે પાણી પાવું હોય તો પા નહિ તો પાછો જા. તારે પાણી પાવું નથી અને વળી પાછો હું મરેલો નથી એમ કહેવું છે? પણ હું તારું માનું એમ નથી. હું તો મરેલો જ છું, માટે જીવતો છું એમ કરીને બોલીશ નહિ. તાત્પર્ય, આ પ્રમાણે 'જીવાત્માની' દશા થવા પામેલી છે. પોતે આત્મસ્વરૂપ હોવા છતાં પણ પોતાને જીવરૂપ માની લઈ વગર કારણે તે જન્મમરણાદિ મિથ્યા દુઃખો ભોગવ્યે જાય છે.

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।

गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ ८ ॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।

अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

જીવાત્મા દેહ હો યા ન હો છતાં ઇંદ્રિયોના પાશમાંથી છૂટતો નથી

હે પાર્થ ! આમ પોતાને જીવાત્મા માનવાથી એવું બને છે કે વાસ્તવિક આત્મસ્વરૂપ એવો ઈશ્વર છતાં પોતાને ભ્રમ વડે જીવ માનનારો જ્યારે શરીરને પ્રાપ્ત કરે છે અને છોડી જાય છે ત્યારે પણ એ વિષયોનું ગ્રહણ કરીને જ જાય છે; જેમ સ્થાનોમાંથી વાયુ ગંધનું ગ્રહણ કરી તેને પોતાની સાથે લઈ જાય છે તેમ. સારાંશ એ કે, વાસ્તવિક આત્મસ્વરૂપ એવો આ જીવાત્મા જ્યારે ઉપર કહ્યા પ્રમાણે પ્રકૃતિમાં રહેલી ઇંદ્રિયોનું પોતામાં જ ગ્રહણ કરી લે છે એટલે તે મારી જ છે એમ માની લે છે, ત્યારે પરિસ્થિતિ એવી બને છે કે તે સૂક્ષ્મ ઇંદ્રિયો અને મન એ જેમાં મુખ્ય છે એવા વિષયાદિકના પાશમાં મિથ્યા અહંકાર વડે જ્યાં સુધી પૂરેપૂરો ફસાયેલો હોય ત્યાં સુધીને માટે તો વાસનાત્મક સૂક્ષ્મ દેહને લીધે તે અનંત શરીરો ધારણ કરતો રહે છે. આમ જ્યારે તે શરીર મેળવે છે, એટલે તેને શરીર હોય ત્યારે તે સૂક્ષ્મ ઇંદ્રિયો તથા મન પોતપોતાના વિષયો ભણી તેને આકર્ષ્યા જ કરે છે. આમ જ્યાં સુધી તે સ્વસ્વરૂપને ઓળખતો નથી ત્યાં સુધી આ મન સહિત ઇંદ્રિયોના વિષયપાશમાંથી મુક્ત થવા પામતો નથી. આ સ્થૂલ શરીર હોય ત્યાં સુધી કદાચ તે વિષયપાશમાંથી મુક્ત થવા નહિ પામે; પરંતુ શરીર છૂટ્યા પછી તો તેમાંથી છૂટી શકશે એમ જો તું કહે તો તેમ પણ નથી, કેમ કે જ્યારે જીવાત્મા દેહ છોડીને જાય છે ત્યારે પણ જેમ વાયુ કોઈ પણ સ્થાનમાં રહેલો ગંધ પછી તે સુગંધ હો યા દુર્ગંધ હો તેનું ગ્રહણ કરીને સૂક્ષ્મરૂપે પોતાની સાથે લઈને વહે છે, તેમ દેહ છૂટ્યા પછી આ જીવાત્માની સાથે આ શ્રોત્ર, ચક્ષુ, સ્પર્શ, રસના, ઘ્રાણ એ પાંચ સૂક્ષ્મ ઇંદ્રિયો જે કે તે પાંચ કર્મેન્દ્રિયો તથા પાંચ જ્ઞાનેન્દ્રિયોના ગોલકવાળું આ સ્થૂલ શરીર તો અત્રે જ છોડી દે છે, છતાં જેમ વાયુ પોતે પોતાનાં સ્થાનો જેમ કે પુષ્પાદિક જેવા સુગંધી કિંવા વિષ્ઠાદિ જેવા દુર્ગંધીવાળા પદાર્થોને ત્યાંને ત્યાં જ રહેવા દઈ તેમાંથી સુગંધ કિંવા દુર્ગંધને પોતાની સાથે ગ્રહણ કરીને જ વહે છે તેમ સ્થૂલ શરીર છોડી જવા છતાં

પણ તેમાં ભોગવેલા અનેક વિષયોનાં તથા કર્મોના બંધન તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ ઇત્યાદિ સૂક્ષ્મ વિષયોને સાથે લઈ જઈ આ શ્રોત્ર, ચક્ષુ, સ્પર્શ, રસના, ઘ્રાણ અને મનનો આશ્રય કરીને આ જીવાત્મા વિષયોનું જ સેવન કર્યા કરે છે. ઉદ્દેશ એ કે, જ્યાં સુધી સ્વસ્વરૂપનું ભાન થઈ મન સહિત આ પાંચ મુખ્ય એવી જ્ઞાનેંદ્રિયોનો વિલય થતો નથી, ત્યાં સુધી જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં અને બીજામાંથી ત્રીજા, સમષ્ટિમાંથી વ્યષ્ટિ અને વ્યષ્ટિમાંથી સમષ્ટિ કિંવા વિરાટ ઇત્યાદિ પેઠી મિથ્યા એવા આ સંસારચક્રમાંથી તે કદી પણ છૂટી શકતો નથી.

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।

विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥ १० ॥

વિમૂઢો જોઈ શકતા નથી

ઉત્ક્રામન્તમ્ એટલે બહાર જતા અર્થાત્ દેહ વિનાના કિંવા સ્થિત એટલે દેહવાળા, ગુણો વડે યુક્ત ભોગવનારા (દેહી) ને વિમૂઢો જોતા નથી, પરંતુ જ્ઞાનચક્ષુવાળા જ દેખે છે, અર્થાત્ શરીરમાંથી નીકળી ગયેલા અથવા રહેલા અથવા તો ગુણો પ્રકૃતિના હોવા છતાં પણ મારા જ છે એવી રીતે મિથ્યા અભિમાન વડે માની લઈ તેની સાથે યુક્ત થયેલા વિમૂઢો, આ સર્વ ત્રણ ગુણોનો પસારો તો મિથ્યા માયા કિંવા પ્રકૃતિ (શ્લોકાંક ૩) નો હોઈ તેનો ભોક્તા, સાક્ષી અથવા દ્રષ્ટા તો ઈશ્વર (શ્લોકાંક ૨) છે. અર્થાત્ હું દેહાદિક નથી પરંતુ જેને મારું, મારું એમ કહેવામાં આવે છે તે તમામનો દ્રષ્ટા છું, તથા તે 'હું' નો પણ દ્રષ્ટા શુદ્ધ હું છું. એ રીતે પોતાને જોતા નથી પરંતુ હું એટલે શરીર જ છું અને આ ત્રણ ગુણો વડે ચાલનારો તમામ વ્યવહાર શરીરધારી એવા મારા વડે જ ચાલી રહેલો છે. એ મુજબ હું એટલે શરીર જ એવા પ્રકારની ક્ષુદ્ર દૃષ્ટિવાળા અત્યંત મૂઢો હંમેશાં દેહાસક્તિમાં જ રચ્યાપચ્યા રહેલા હોય છે. આ સર્વ દૃશ્યાદિનો સાક્ષી તો તે સર્વથી ભિન્ન એવો ઈશ્વર કિંવા ક્ષર પુરુષ (શ્લોકાંક ૨) હોઈ તે સૌથી અલિપ્ત છે. આ સર્વ દૃશ્યાભાસ તો પ્રકૃતિ કિંવા માયા (શ્લોકાંક ૩)ના સત્ત્વ, રજ અને તમાદિ ગુણો વડે વૃદ્ધિને પામેલો છે, તેની સાથે આ દ્રષ્ટા, સાક્ષી કિંવા ઈશ્વર (શ્લોકાંક ૨) નો કિંચિન્માત્ર પણ સંબંધ નથી. એવી રીતનો પ્રકૃતિપુરુષનો વિવેક આ અત્યંત મૂઢ બનેલાઓમાં હોતો નથી. તેઓની તો દેહ એટલે જ હું એવી દૃઢ માન્યતા થયેલી હોય છે. તેવા મલિન અને આસુરી બુદ્ધિવાળા મૂઢ અવિવેકીઓ દેહાદિકથી અલિપ્ત એવા દેહીને દેખી શકતા નથી પરંતુ જ્ઞાનચક્ષુવાળા વિવેકીઓ જ વિચાર વડે પ્રકૃતિપુરુષનો સારાસાર વિવેક કરીને તેને સત્યસ્વરૂપે જોઈ શકે છે. આવા વિવેકીઓ જ મેં ઉપર કહ્યા પ્રમાણે જીવ ખરેખર આત્મસ્વરૂપ એવા મારો અંશ હોઈ મારાથી અભિન્ન કેમ છે, તે સારી રીતે સમજી શકે છે. જીવ અને આત્મામાં કિંચિન્માત્ર પણ ભેદ નથી. આ જીવ અને આ આત્મા એવી દૃષ્ટિએ શાસ્ત્રોમાં જે વર્ણનો આવે છે તે કેવળ અજ્ઞાનીઓને સમજાવવા પૂરતાં જ છે, વાસ્તવિક નથી. આ સંબંધે શાસ્ત્રમાં આવેલા વર્ણનોનો સાર નીચે પ્રમાણે છે.

જીવ અને આત્મા અભિન્ન છે

જીવ અને આત્મા એકરૂપ છે, બંનેમાં ભેદ બિલકુલ છે જ નહિ; આ રીતે ઐક્યભાવની શાસ્ત્રમાં સ્તુતિ કરવામાં આવેલી છે તથા જીવ અને આત્મા ભિન્ન ભિન્ન છે; એવા પ્રકારે અનેકપણાની નિંદા કરવામાં આવી છે. કારણ કે આત્મા સદ્રૂપ છે, જીવ અને આત્માની માનવામાં આવેલી પૃથક્તા ઉત્પત્તિ પહેલાં તથા ભવિષ્યની વૃત્તિ વડે ગૌણ રૂપ છે, તે મુખ્યરૂપે નથી. અર્થાત્ ઉત્પત્તિ પહેલાં જીવ અને આત્મા એવો ભેદ હોતો નથી તેમ ભવિષ્ય એટલે જીવાત્માનો વિલય થયા પછી પણ એ ભેદ રહેતો નથી એટલે મધ્યમાં માનવામાં આવતા આત્મા અને જીવના ભિન્નપણા સંબંધી વર્ણનો અજ્ઞાનીઓને સમજાવવા પૂરતાં

યુક્તિરૂપ હોવાથી મુખ્ય નથી પણ ગૌણરૂપે છે. પૃથ્વી, લોહ અને અગ્નિના તણખારૂપે સૃષ્ટિનું જે વર્ણન કરવામાં આવેલું છે તે અન્ય કારણોનો અંગિકાર કરીને એટલે બે પણાની ભાવનાને કલ્પીને કરાયેલું છે. આ સર્વ દૃષ્ટાંતો દર્શાવવાનો ઉદ્દેશ ફક્ત અદ્વૈત એવા એક નિર્ગુણ અને સત્યસ્વરૂપની પ્રાપ્તિના ઉપાયો પૂરતો જ છે, વાસ્તવિક નથી. ખરી રીતે તો જીવાત્મામાં કોઈપણ પ્રકારનો ભેદ એટલે આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્નપણું નથી (માં૦ ઉપ૦ અદ્વૈત પ્રકરણ મં૦ ૧૩ થી ૧૫). આ શ્રુતિ વચનથી પણ જાણી શકાશે કે જીવ અને આત્મામાં કેવળ ભ્રમને લીધે જ ભિન્નતા કલ્પેલી છે, તે વાસ્તવિક નથી, પરંતુ આ રીતની જીવ અને આત્માનો અભેદતા અવિવેકી એવા અત્યંત મૂઢો જાણી શકતા નથી. પણ વિવેકીઓ જ જ્ઞાનચક્ષુઓ વડે જાણી શકે છે.

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।

यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ ११ ॥

વિવેકી આત્મામાં પોતાને જ સ્થિત જુએ છે

પોતામાં એટલે આત્મામાં યત્ન કરનારા યોગીઓ જ એને જુએ છે, પરંતુ જેમની બુદ્ધિ અકૃતાત્મા એટલે આત્માકાર થયેલી હોતી નથી એવા ચેતનારહિત, અવિવેકીઓ તો પ્રયત્ન કરવા છતાં પણ એને દેખતા નથી. ઉદ્દેશ એ કે, આ હું, જીવ અને જગત ઇત્યાદિરૂપે ભાસનારું તમામ દૃશ્ય આત્મરૂપ છે. આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એ રીતે દૃઢ નિશ્ચય વડે જે પોતા સહ આ સઘળા જગતને કેવળ એક આત્મરૂપે જ દેખે છે તેવા દૃઢ નિશ્ચયમાં સ્થિત થયેલો યોગી પોતામાં જ સ્થિત છે એવા આ આત્માને યત્ન એટલે અભ્યાસ વડે પોતે પોતા વડે અને પોતામાં જ જુએ છે એટલે ઓળખે છે; પરંતુ જેઓ અકૃતાત્મનઃ એટલે આત્માકાર થયેલા હોતા નથી પરંતુ અન્યાકાર હોય છે તેવા અકૃતાત્માઓ, અચેતસઃ એટલે ચેતના રહિત અથવા પાષાણ જેવા અવિવેકીઓ, ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ તેને દેખી કિંવા જાણી શકતા નથી. આ સંબંધે શાસ્ત્રમાં પણ કહેવામાં આવેલું છે કે, "જેઓ સત્ત્વ એટલે આત્મરૂપ બુદ્ધિવાળા હોય છે તેવાઓ તો થોડા ઉપદેશ વડે પણ કૃતાર્થ બની જાય છે પરંતુ જેઓ દ્વૈત બુદ્ધિવાળા હોય છે તેવાઓ તો આખો જન્મારો જિજ્ઞાસુ હોવા છતાં પણ કોરા ને કોરા જ રહે છે." (અષ્ટા૦ ગી૦ અ૦ ૧૫ શ્લો૦ ૧).

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।

यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ १२ ॥

અખીલ જગત ભાસમાન શાથી થાય છે

જે આદિત્યગત એટલે આદિત્યમાં, ચંદ્રમાં, અગ્નિમાં અને જે અખિલ જગતને ભાસમાન કરે છે તે જ આત્મસ્વરૂપ એવા મારું તેજ છે એમ જાણ. ભાવાર્થ એ કે, ભગવાન કહે છે કે, હે પાર્થ ! હું સ્વયંપ્રકાશ છું. મને જાણવાને કિંવા પ્રકાશવાને અન્ય કોઈ સાધનની જરૂર નથી. અરે ! જો કે આ મિથ્યા જગત ભાસમાન થઈ રહ્યું છે તે તો સૂર્ય, ચંદ્ર અને અગ્નિના તેજને લીધે છે, એટલે જેમ દીવો પોતાના પ્રકાશ વડે અનેક પદાર્થોને ભાસમાન કરે છે તેમ આ વિચિત્રતાવાળું અખિલ જગત, સૂર્ય, ચંદ્ર, તથા અગ્નિરૂપી પ્રકાશ વડે ભાસમાન થાય છે. આમાં ભગવાને અખિલ જગત ભાસમાન થયું છે એમ કહેલું છે. ઉત્પન્ન થયેલું છે કિંવા પ્રકાશમાન થયેલું છે એમ કહેલું નથી; તે વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. કેમ કે પ્રકાશિત થવા કિંવા ઉત્પન્ન કરવાને માટે તો પ્રકાશ કિંવા કર્તાની જરૂર હોય છે, તથા તે પ્રકાશકો કિંવા કર્તાઓ સાધન વડે તે કાર્ય કરી શકે છે. પરંતુ ભાસમાન

થનારને માટે નિમિત્ત કિંવા ઉપાદાનાદિ સહકારી કારણોની આવશ્યકતા હોતી નથી. જેમ સ્વપ્નને ભાસમાન થયું એમ કહે છે તેનું પ્રયોજન એ જ કે સ્વપ્ન થવાને માટે રાત્રે સૂતી વખતે કોઈ પણ પ્રકારનાં સાધનો સાથે રાખીને સૂવામાં આવે તો જ તેવા પ્રકારનું સ્વપ્ન થાય એમ કદી બનતું નથી, તેથી તે કોઈ પણ કારણ વગર જ તેટલા પૂરતું તો તદ્દન સાચું જ ના હોય તેવા પ્રકારનો ભાસ થાય છે, આથી તે કાર્ય મિથ્યા છે એમ વ્યવહારમાં પણ કહેવામાં આવે છે, તેથી તે ભાસમાન થયું એમ કહેવાય. તેમ જ મૃગજળ, આકાશમાં નીલવર્ણ દેખાવો ઇત્યાદિ સર્વે ભાસમાન થાય છે એમ કહેવામાં આવે છે. હવે આ સ્વપ્નાદિનો ભાસ તો મનના કિંવા નેત્રાદિના વિકારો વડે થાય છે પરંતુ જગત તો પ્રત્યક્ષ જોવામાં આવે છે, તો તે એનું સામ્ય કેવી રીતે ગણાય? એવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રનો એવો નિશ્ચય છે કે જે આ સ્વપ્નજગત ભાસમાન થાય છે તે તો મન જેના આધાર ઉપર અસ્તિત્વ ધરાવે છે તેના વડે જ છે. નહિ કે સ્વતંત્ર રીતે અર્થાત્ મનનું મનપણું જેના આધાર વડે જ ટકી રહેલું છે તે જ પોતે આ મનાદિ સાધન વડે જુદા જુદા આકારે ભાસમાન થાય છે, કેમ કે જો મન સ્વતંત્ર હોત તો તેના તે જ સ્વપ્નો હંમેશને માટે મનુષ્ય કેમ નથી જોઈ શકતો? કદી સ્વપ્નસૃષ્ટિ તો કદી જાગૃતસૃષ્ટિ તો કદી સુષુપ્તિ એવી જુદી જુદી અવસ્થાઓનો તેને ક્યાંથી અનુભવ થાય? આ ઉપરથી સિદ્ધ થાય છે કે મનને મનપણું જે વડે આવેલું છે એવો એક ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે જ મનરૂપી દીપક વડે કદી સ્વપ્નજગતરૂપે તો કદી જાગ્રત જગતરૂપે, તો કદી સુષુપ્તિનો તો કદી એ સર્વના સાક્ષીપણાનો અનુભવ જુદો જુદો કિંવા એક સાથે લેતો રહે છે, એમ જ કહેવું પડશે. કારણ કે જ્યારે સાક્ષીમાત્રથી પણ પર અવસ્થામાં એટલે પોતાના મૂળ નિર્વિકલ્પ સ્વરૂપમાં જ તે સ્થિત હોય છે ત્યારે આ પૈકી તેને કોઈ પણ પ્રકારનો કે મૂઢપણાનો પણ અનુભવ હોતો નથી પરંતુ કેવળ આકાશની જેમ શાંત અને ગંભીર એવા પોતાના સ્વરવરૂપમાં જ તે નિમગ્ન હોય છે, કેમ કે તે પોતે જ અનુભવરૂપ છે. આ વાત સાક્ષીસહ અહમ્નો વિલય કરી નિર્વિકલ્પ સમાધિ કરનારાઓ તથા અપરોક્ષાનુભવી જીવન્મુક્તોના અનુભવથી સિદ્ધ છે. વ્યવહારમાં પણ અજ્ઞાન અવસ્થામાં તમામ લોકોને તેનો અનુભવ તો આવે છે પરંતુ તેઓ આ પરમપદને ઓળખી શકતા નથી તેથી તે અવસ્થાથી તેઓ અજ્ઞાત હોય છે છતાં આનો અનુભવ કરવાની ઇચ્છા હોય તેવાઓને માટે તે પરમપદને ઓળખવાનો સહેલો ઉપાય કહું છું તે ધ્યાન દઈને સાંભળ.

વ્યવહારમાં પણ મારા પરમ સ્વરૂપનાં નિત્યપ્રતિ થતાં દર્શન

હે પાર્થ! હું તને આ અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું રહસ્ય સમજાવી રહ્યો છું કારણ કે તું મને અત્યંત પ્રિય છે. આ ગુપ્ત રહસ્ય અતિ ગહન છે. તેને મારી કૃપાને પાત્ર થયેલા પરમ ભક્તો વિના બીજો કોઈ જાણવા સમર્થ નથી. આ જાણવાથી મારું સાચું તેજ અર્થાત્ પરમપદ કયું તે તને સારી રીતે સમજાશે. મારું પરમપદ અનુભવવાનાં અનેક સ્થાનકો છે તે પૈકી મુખ્ય મુખ્ય કહું છું. દિવસ અને રાત્રો એ બેની વચ્ચે સવાર અને સાંજ એ બે સંધિઓ હોય છે, એટલું જ નહિ પરંતુ વ્યવહારમાં કોઈપણ કાર્ય સંધિ વગર થતું નથી. ઘરની અંદર જગા જગાએ સાંધાઓ હોય છે એટલું જ નહિ પરંતુ શરીરમાં પણ હાથ પગ વગેરેના મળી મોટા મુખ્ય સોળ સાંધાઓ, બોતેર પ્રતિસાંધાઓ અને તે કરતાં નાના તો અસંખ્ય છે. આ બધું જોડાણ સાંધાઓને લીધે જ જોડાઈ રહેલું હોવાથી જાણે બધું મળીને એક જ છે એવો ભાસ થાય છે. જો દરેક નાના મોટા સાંધાઓને જુદા જુદા કરી નાંખવામાં આવે તો મનુષ્ય અથવા ઇતર કશાનું પણ અસ્તિત્વ જ રહેશે નહિ આથી તે સાંધાઓ જ મુખ્ય છે એમ સિદ્ધ થયું. આમ સાંધાની બાબત બરાબર સમજવામાં આવી એટલે મારા પરમતત્ત્વના અનુભવનાં સ્થાનકો રહેજમાં સમજી શકાશે. સંધિ કિંવા સાંધાઓ વડે જ ભિન્ન ભિન્ન વસ્તુઓ એક થઈ શકે છે તથા સાંધાના અભાવે જુદી જુદી થઈ જાય છે. તે જ્યારે એક થાય છે ત્યારે તેને સાંધેલી છે એમ કહે છે તથા જુદી જુદી હોય છે ત્યારે તેને સંધાયેલી નથી એમ કહેવામાં આવે છે એટલે આ બેની વચ્ચે સાંધો તો હોય છે જ, તે વાત તો તદ્દન નિશ્ચિત છે;

કેમકે એકપણું કિંવા જુદાપણું એ બંને સાંધાના અંતર ઉપર અવલંબન રાખે છે પરંતુ વ્યવહારમાં બે વસ્તુની વચ્ચે શુદ્ધ આકાશરૂપ સાંધાઓ તો હંમેશ જોડાયેલા જ હોય છે. તેમ આ મારા શુદ્ધ, શાંત અને પરમપદનો અનુભવ પણ સંધિની અવસ્થાઓમાં જ પ્રાપ્ત થઈ શકે છે. તે પૈકી મુખ્ય મુખ્ય સ્થાનકો સમજવાને માટે તને કહું છું. નિદ્રા અને જાગૃતિ એ બે અવસ્થાની વચ્ચે મારું પરમપદ જ પોતાના શાંત અને શુદ્ધ સ્વરૂપમાં હોય છે એમ આ જાગૃતિ પૂર્ણ થાય એટલે તે પ્રથમ મારા આ શુદ્ધ એવા પરમપદમાં સ્થિત થઈ જાય છે. તથા પાછી ક્ષણવારમાં પાછી ત્યાંથી સ્વપ્નમાં કિંવા સુષુપ્તિ અવસ્થામાં આવી જાય છે. આ રીતે નિદ્રામાંથી જાગૃત થતાં પણ મારા પરમપદની અવસ્થાનો અનુભવ ક્ષણમાત્રને માટે તો હંમેશાં આવે છે. આ મુજબ જાગ્રત અને સ્વપ્ન, સ્વપ્ન અને સુષુપ્તિ, સુષુપ્તિમાંથી ફરીથી જાગૃત થવું, એ દરેક ક્રિયાઓની વચ્ચે સંધિની અવસ્થા તો અનાયાસે જ અનુભવમાં આવે છે. તે જ મારું શુદ્ધ, નિર્મળ, શાંત એવું પરમપદ છે. તે જ પ્રમાણે એક સંકલ્પનો વિલય થઈ બીજો સંકલ્પ અંતઃકરણમાં ઉત્પન્ન થાય તે બે ક્રિયાની વચ્ચેની અવસ્થા તે પણ તદ્દન શાંત અને નિર્વિકલ્પ સ્વરૂપ જ હોય છે અને તે જ મારું સાચું સ્વરૂપ છે. પરમપદ તે આ જ છે. આનો તો ક્ષણે ક્ષણે દરેક મનુષ્યને અનુભવ આવે છે. એક પણ ક્ષણ તેના વગર જતી નથી. અરે! જો કે વાણીમાંથી નીકળતા બે અક્ષરો કિંવા શબ્દોની વચલી સંધિ; નેત્રની પાંપણ ઉઘાડવાસ કરતાં બે ક્રિયાની વચલી સંધિ; શ્વાસ છોડતાં અને ફરીથી લેતાં તે બે ક્રિયાની વચલી સંધિ; આ રીતે તમામ ક્રિયાઓની વચ્ચે મારા પરમસ્વરૂપનો અનુભવ પ્રત્યેક પ્રાણી માત્ર ઊઠતાં, બેસતાં, ચાલતાં, બોલતાં, સૂતાં, જાગતાં, આંખો ઉઘાડવાસ કરતાં અથવા કોઈપણ ક્રિયાઓ કરતી વખતે કરતાં હોવા છતાં દુર્લક્ષને લીધે તેઓ તેને જાણી શકતા નથી અને મિથ્યા દુઃખભોગ ભોગવી રહ્યા છે (ઉપાસનાકાણ્ડ કિરણાંશ ૩૫ પૃષ્ઠ ૯૩/૯૪ જુઓ).

સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે, વ્યવહારમાં ગમે તે ભાન લઈએ તો પણ તેમાં મન કદી નદીના પ્રવાહની માફક અખંડ એકાકાર રહેતું જ નથી પણ તરંગોની માફક અનેકો ભાન પૂરતું જ તદાકાર હોય છે. અનેક જુદા જુદા ખંડિત ભાનનો એટલે જ્ઞાનનો સમૂહ થઈને મનનો બધો વ્યવહાર ચાલે છે અને તેથી જ સુગત કણાદાદિ મતવાળાઓ કહે છે કે આત્મા અગર બુદ્ધિ દરેક વખતે ભિન્ન ભિન્ન થાય છે. તાત્પર્ય એ કે, ક્ષણિક અથવા ખંડ જ્ઞાનના મધ્ય સમયે અર્થાત્ તે બંનેની વચ્ચેની સંધિના સમયમાં એટલે કે ચિત્તમાં એક પદાર્થ જાય અને બીજો પ્રવેશ કરે નહિ ત્યાં સુધીમાં જે કિંચિત્ ક્ષણ હોય છે તે વખતે આ નિર્વિકલ્પ અવસ્થા હોવાનું જ અનુભવમાં આવે છે. જે વિચારપૂર્વક જાણશે તેને તો દરેક ક્ષણે સમાધિ જ છે અને જે વિચારવાન નથી તેને તો સસલાનાં શિંગડાં મુજબ કોઈ જગાએ અને કોઈપણ વખતે સમાધિ છે જ નહિ. આ સંબંધે શાસ્ત્રમાં નીચે મુજબ વિવેચન આવેલું છે.

પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનાં સ્થાનકો

હે રાજપુત્ર! તે પરમપદનાં સ્થાનકો હવે કહું છું કે જેથી તે પદની આપને પ્રાપ્તિ થશેઃ (૧) નિદ્રા અને જાગૃતિ એ બેની વચ્ચેની અવસ્થામાં અર્થાત્ આ બે અવસ્થાઓનાં વચ્ચેની સંધિમાં; (૨) એક વસ્તુના આકારને છોડી ચિત્ત બીજા પદાર્થ ઉપર જવાની અગાઉના સંધિ સમયમાં; (૩) હૃદયમાંથી નીકળેલી વૃત્તિ પદાર્થ ઉપર પહોંચતા સુધીના સમયમાં જે નિઃશેષ અવસ્થા હોય છે તેને આપ સૂક્ષ્મદૃષ્ટિથી લક્ષ્યમાં લો. એ જ પરમપદ કિંવા આત્મસ્વરૂપ છે. તે પદની એક વખતે પ્રાપ્તિ થતાં ફરી કદીપણ અવિદ્યારૂપ મહામોહમાં મોહિત થવાતું નથી. આ સંબંધમાં અજ્ઞાન હોવાને લીધે જ આ ભ્રમિત જગત આટલું બધું વિશાળ થયેલું ભાસે છે. હે રાજન્! તે આત્મસ્વરૂપમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ઇત્યાદિ પૈકી કાંઈ પણ નથી તેમ જ ત્યાં સુખ અને દુઃખ એ બંનેમાંથી પણ કાંઈ જ નથી. તે આત્મસ્વરૂપ ગ્રાહ્ય અથવા ગ્રાહકમાંનું એકે નથી. તે જ આ સર્વસ્વનો આધાર છે. તે જ આ બધાં ભિન્ન ભિન્ન રૂપો વડે ભાસમાન થયેલું છે અથવા તો તે તેમાંનું એકે નથી, એમ પણ કહી શકાય છે. એ જ સર્વેશ્વર છે. વિષ્ણુ, શંકર, બ્રહ્મદેવ તથા

મહેશ્વર પણ એ જ છે. આમ ચિત્તને સ્થિર અને એકાગ્ર કરીને કેવળ સદ્રૂપ આત્માથી જ આત્માને જુઓ. ચિત્તને તમામ વિષયોમાંથી હઠાવી લઈ તેનો એક આત્મામાં જ વિલય કરવો, ત્યાર પછી હું તેને જાણું છું, કિંવા જોઉં છું, એવા દ્રષ્ટાપણાસહ હુંભાવનો પણ ત્યાગ કરી દેવો; કારણ કે આ આત્મસ્વરૂપ દૃશ્ય, દ્રષ્ટા અને દર્શનથી પણ પર છે. માટે તદ્દન નિશ્ચળ થઈ જોવું અને નહિ જોવું એ બંને પ્રકારની ભાવનાઓનો તેના સાક્ષીભાવ સહ વિલય કરી જે કાંઈ શેષ રહે તે જ પરમાત્મસ્વરૂપ કહેવાય. એ જ આપનું ખરું સ્વસ્વરૂપ છે, એમ નિશ્ચયાત્મક સમજો (દત્ત પરશુરામ પ્ર૦ ૯ જુઓ).

મારું તેજ તે છે

આ વિવેચન ઉપરથી તું જાણી શકીશ કે મારું પરમ અને સાચું સ્વરૂપ આ રીતનું તદ્દન અસંગ, નિરાકાર, નિર્વિકલ્પ, શાંત અને આકાશની પેઠે ગંભીર હોઈ તે જ અનેક સંકલ્પવિકલ્પવાળું, અશાંત અને મનાદિ ભાવોવાળું તેમ જ પત્થરની માફક જડ જેવું આ દૃશ્યરૂપે ભાસી રહ્યું છે; એટલે જેમ અરીસામાં આકાશ જોવું હોય તો અરીસાની સામેથી તમામ પદાર્થો ખસેડી લેવા પડે છે, સર્વે પદાર્થો ખસેડ્યા કે આકાશ તો છે જ, તેને કાંઈ અરીસાની સામે લાવીને ગોઠવવાનું હોતું નથી અને તે ગોઠવી શકાય પણ નહિ. તેમ આ મારું પરમસ્વરૂપ જાણવા ઇચ્છનારે પણ પોતાસહ તમામ ભાવોનો વિલય કરવો એટલું જ એક કાર્ય કરવાનું હોય છે. એવા પ્રકારનો એક વખતે નિર્વિકલ્પ અવસ્થાનો અનુભવ લીધો એટલે પછી તે મારું નિર્વિકલ્પ સ્વરૂપ જ આ મિથ્યા દૃશ્યાદિરૂપે ભાસમાન થયેલું છે, એટલે આ દૃશ્યાદિ, તેને જાણનારો હું અને હુંનો પણ દ્રષ્ટા અથવા સાક્ષી, એ સર્વ પાણી અને બરફના ગોળાની માફક તદ્દન એકરૂપ જ છે; એમ સારી રીતે જાણી શકાય છે. આ સર્વનો પ્રેરક તદ્દન અસંગ અને નિર્વિકાર એવો હું જ છે. ભગવાને કહ્યું કે હે વત્સ! આથી જ મેં તને કહ્યું કે આદિત્ય, ચંદ્ર અને અગ્નિ ઇત્યાદિના તેજે વડે જે આ બધું દૃશ્ય જગત ભાસમાન થયેલું છે તેઓને તેજ આપનાર તદ્દન અસંગ આત્મસ્વરૂપ એવો હું જ છે. અર્થાત્ આ સૂર્યાદિકો જે વડે પ્રકાશમાન થાય છે એવો તે સર્વને તેજ આપનારો હું સ્વતઃસિદ્ધ છે. તે જ મારું તેજ અર્થાત્ આત્મસ્વરૂપ જાણ. આમ મારું સાચું સ્વરૂપ તારી સમજમાં આવ્યું ને? તે જ આ ચરાચરરૂપે ભાસક અને ભાસ્યરૂપે ભાસી રહેલું છે, એમ નિશ્ચયપૂર્વક જાણ. હું, હું, એમ જે હું તને કહી રહ્યો છું તે હું આ પ્રકારનો ચરાચરમાં વ્યાપક એવો આત્મા છે, એમ તું સમજ.

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।

पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥ १३ ॥

પૃથ્વીમાંના ભૂતોને હું જ ધારણ કરું છું

શ્રીકૃષ્ણે કહ્યું: હે અર્જુન! ઉપર પ્રમાણેનું મારું સાચું આત્મસ્વરૂપ તારી જાણમાં આવ્યું ને? 'તત્' એટલે આત્મસ્વરૂપ એવા તે તેજ વડે જગતને ભાસમાન કરનારા અગ્નિ, ચંદ્ર અને આદિત્યને, હું જ તેજ આપું છું અને પૃથ્વીમાં પ્રવેશ કરીને તેમાંના ભૂતોને જે વડે ધારણ કરવામાં આવે છે તે ઓજસ્ બળ પણ આત્મસ્વરૂપ એવો હું જ છે તેમ જ સર્વને અમૃત આપનાર રસ સ્વભાવવાળાં સોમ અર્થાત્ પ્રાણરૂપ એવો ચંદ્ર થઈને સર્વ ઔષધિઓનું પોષણ પણ હું જ કરી રહ્યો છે. ભાવાર્થ એ કે, જેમ સૂર્યચંદ્રાદિને તેજ આપનારો આત્મરૂપ એવો હું જ છે તેમ આ પૃથ્વીની અંદર તમામ ભૂતોને ધારણ કરનારું જે ઓજસ્ અથવા બળ તે પણ મારા વડે જ ધારણ કરવાને શક્તિમાન હોવાથી આત્મસ્વરૂપ એવો હું જ તે તમામનું ધારણ કરીને રહેલો છે તેમ જ આત્મરૂપ રસ સ્વભાવવાળો એવો હું જે ચંદ્રરૂપે થઈને ઔષધિ વડે જગતમાં દ્વૈતરૂપે બનેલો છે તથા ત્યાર પછી જ મનુષ્યોની ઉત્પત્તિ થવા પામે છે તે ઔષધિઓમાં ચંદ્રરૂપે હું જ અમૃત વરસાવું છું કે જે વડે ઔષધિઓમાં પ્રાણ ધારણ કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે અને પ્રાણ ધારણ થવાથી તેમનું પોષણ થઈ તેમાંથી રોત તથા અનેક જીવાદિની ઉત્પત્તિ થતી રહે છે.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥

વૈશ્વાનર એટલે કોણ

હું વૈશ્વાનર થઈને પ્રાણીઓના દેહનો આશ્રય કરીને રહેલો છે તથા પ્રાણ અને અપાન સાથે યુક્ત થઈને ચાર પ્રકારના અન્નને પચાવવાનું કામ પણ આત્મસ્વરૂપ એવો હું જ કરે છે. આમ કહેવાનો ઉદ્દેશ એ છે કે ઉપર કહેવામાં આવ્યું છે કે, સૂર્ય, ચંદ્ર તથા અગ્નિને તેજ આપનાર આત્મસ્વરૂપ હું જ તે અર્થાત્ સૂર્યાદિરૂપે પ્રકટ થયો છે અને પૃથ્વીમાં પ્રવેશ કરીને ઓજસ્ એટલે આત્મરૂપ એવા મારા તેજ વડે ભૂતોનું ધારણ હું જ કરી રહ્યો છે, અર્થાત્ પૃથ્વ્યાદિ મારા તેજ વડે જ ભૂતોનું ધારણ કરી રહેલી હોવાથી વાસ્તવિક તે રૂપે પણ હું જ છે. તેમ જ સોમ એટલે જેમાંથી અમૃતનો સ્રાવ ઝરે છે તે અને ઔષધિ નામની (ત્વગીંદ્રિયની) દેવતા વડે ઝાડો, ઘાસ, વેલાઓ વગેરે તમામમાં પાણી કિંવા વરસાદ વગેરે દ્વારા હું જ પ્રાણ અર્પણ કરે છે,—ડાંગર, યવ, ગોધૂમાદિ અન્ન તથા વૃક્ષ, લતા તેમ ઘાસથી માંડીને તે ઠેઠ મોટા મોટા પીપળા, વડ ઇત્યાદિ પર્યંતના તમામને ઔષધિ કહે છે,—આ રીતે ઔષધિઓને ચંદ્ર રૂપે હું જ પોષણ આપી રહ્યો છે. અર્થાત્ આત્મસ્વરૂપ એવો હું જ આ સર્વરૂપે થઈ રહ્યો છે એવો સર્વાત્મભાવ આમાં કહેલો છે. હવે આગળ એમ કહે છે કે, આમ ઔષધિરૂપે બનેલો આત્મરૂપ એવો હું જ વૈશ્વાનરરૂપે થઈ સર્વ પ્રાણીઓના દેહમાં જઠરાગ્નિરૂપે આશ્રય કરીને રહેલો છે. તેને જ પ્રાણ અને અપાન વડે યુક્ત થઈ એટલે ચક્ષુ ઇન્દ્રિય, તેના દેવતા આદિત્ય અને બ્રહ્માંડમાંના તમામ લોકની તૃપ્તિ થાય એટલા માટે 'प्राणाय स्वाहा' એમ કહી પ્રાણ વાયુને ઉદ્દેશીને આહુતિ અર્પણ કરવામાં આવે છે. 'अपानाय स्वाहा' એમ કહીને અપાન વાયુને આહુતિ આપવામાં આવે છે, તેથી વાણી અને તેમના દેવતા અગ્નિ તૃપ્ત થાય છે તેથી સમસ્ત પૃથ્વી તૃપ્ત થાય છે, તથા પૃથ્વી તૃપ્ત થતાં જ તેને અધીન રહેલા સર્વ તૃપ્તિ પામે છે. 'व्यानाय स्वाहा' એમ કહીને વ્યાનને અર્પણ કરાતી આહુતિ વડે શ્રોત્રેંદ્રિય તૃપ્ત થાય છે, તેથી દેવતા દિશા તથા ચંદ્રાદિ પણ તૃપ્તિને પામે છે, તેમ થવાથી તેમાં રહેલા તમામ તૃપ્ત થાય છે. 'समानाय स्वाहा' કહી સમાન વાયુને આહુતિ આપવામાં આવે છે, તેથી મન તૃપ્ત થાય છે મન તૃપ્ત થતાં જ મેઘ અને મેઘ તૃપ્ત થતાં જ વિદ્યુત્ તૃપ્ત થાય છે અને તેમ થવાથી તેના આધારે રહેલી તમામ વસ્તુઓ તૃપ્તિ પામે છે. 'उदानाय स्वाहा' એમ કહીને ઉદાનને આહુતિ અર્પણ કરવાથી ઉદાન તૃપ્ત થાય છે તેથી ત્વચા, ત્વચા તૃપ્ત થતાં જ વાયુ (આ વાયુનું નામ ઔષધિ છે અને તે ત્વચાના દેવતા છે. ઉપર ઔષધિ સંબંધે કહ્યું છે તે જુઓ), વાયુ તૃપ્ત થવાથી આકાશની પણ તૃપ્તિ થાય છે તથા આકાશ તૃપ્ત થતાં વાયુ અને આકાશ વિષે રહેલી તમામ વસ્તુઓ તૃપ્તિ મેળવે છે; અને તેમ થવાથી પ્રજ્ઞિર, પ્રજા, પશુ, અન્નાદિ તથા તેજ ઇત્યાદિ સર્વ બ્રહ્મતેજરૂપ અર્થાત્ તે બ્રહ્મરૂપ બની જાય છે. આ રીતે વૈશ્વાનર કે જે વાસ્તવિક રીતે તો આત્મરૂપ જ છે તે પોતે જ પ્રાણાપાનાદિ રૂપે બની ઘલોક (સ્વર્ગલોક, વેદમાં બ્રહ્માંડને ત્રિલોકી કહે છે. તેમાં સૌથી ઉપર જે બ્રહ્મલોક તે જ દ્યુ કિંવા સ્વર્ગલોક કહેવાય છે.) આદિત્ય, વાયુ (ઔષધિ), આકાશ (ચિત્તાકાશ અને ભૂતાકાશ), જળ અને પૃથ્વી એ તમામ વૈશ્વાનર એવા આત્મરૂપ જ છે. આ વિશ્વાત્મા કે જે પ્રાદેશમાત્ર એટલે કે જે આદિત્ય, સ્વર્ગ, પૃથ્વી ઇત્યાદિ વિષે વ્યાપ્તરૂપે છે તથા જે આત્મા અહં (હું) એવા શબ્દથી નિર્દિષ્ટ મુખ્ય વસ્તુરૂપ છે અર્થાત્ જે હું એવા સ્વરૂપને લીધે જ છે એમ જાણી શકાય તેવો છે તે વૈશ્વાનર આત્માને પ્રત્યક્ષ બ્રહ્મ અર્થાત્ સાક્ષી વડે જે ઉપાસે છે તે ઉપાસક પણ સર્વ લોક વિષે તથા સર્વ ઇન્દ્રિય વિષે સ્થિતિ કરીને રહેલો છે (૫/૧૮/૧ છા૦ પંચમ૦ પ્ર૦ ખં૦ ૧૮ થી ૨૩).

આ અહમ્ વૈશ્વાનર છે

આ રીતે 'અહમ્' એવા ભાવ વડે કિંવા આત્મસ્વરૂપ એવા હુંરૂપે પ્રતીત બનારો આ વૈશ્વાનર વસ્તુતઃ તો આત્મસ્વરૂપ જ છે, તે જ શરીરના મધ્ય ભાગને વિષે (જઠરમાં) અગ્નિરૂપે રહેલો જણાય છે. તેને જ

વૈશ્વાનર કહેવામાં આવે છે. આ અગ્નિ જ જે જે અન્નનું ભક્ષણ કરવામાં આવે તેનું તત્કાળ પાચન કરે છે. આ અગ્નિમાંથી થતો અવાજ એટલે હૃદયમાંથી થતું "હું હું" એવું સ્ફુરણ જ્યારે તમામ બાહ્ય સાધનો બંધ થાય ત્યારે જ સાંભળી શકાય છે અર્થાત્ તમામ બહિર્મુખ દૃષ્ટિનો વિલય થાય ત્યારે જ તે સ્વયં કોઈ પણ સાધન વિના સાંભળવામાં આવે છે (પ્રથમ ॐ અને પછી સોહમ નાદ પણ સ્પષ્ટ રીતે સંભળાય છે), પરંતુ જ્યારે અગ્નિ સુખદુઃખના ભોક્તા એવા આ શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે ઘોષ પણ સંભળાતો નથી. એટલે જ્યારે હું ભાવનો તેના સાક્ષીભાવ સહ વિલય થઈ જાય છે ત્યારે જ તે સર્વ સુખદુઃખાદિથી પર થઈ શકે છે. જ્યારે કેવળ સર્વ દૃશ્યના સાક્ષી દ્રષ્ટા (વૃક્ષાંક ૨)માં સ્થિત થઈને દૃશ્યને જોવામાં આવે છે અને ખતર સર્વ ભાવોનો વિલય કરવામાં આવે છે ત્યારે આ આત્મરૂપ વૈશ્વાનર "હું હું" એવા સ્ફુરણ વડે જ પ્રતીત થતો હોવાનું અનુભવાય છે; પરંતુ જ્યારે આ દ્રષ્ટાભાવનો પણ વિલય થઈ જાય છે, ત્યારે દ્વૈતભાવની સંપૂર્ણપણે નિવૃત્તિ થઈ પોતાના સ્વરૂપમાં સ્થિતિ થઈ શકે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ ઘોષ સંભળાતો બંધ થઈ જાય છે. આમ આ હું રૂપે પ્રતીત થનારો પણ વાસ્તવિક તે આત્મસ્વરૂપ એવો વૈશ્વાનર જ છે. (બૃ૦ ઉપ૦ અ૦ ૫ બ્રા૦ ૯ જુઓ.)

અહમ્ વૈશ્વાનરો ભૂત્વા

ઉપરના શ્રુતિના કથન ઉપરથી જાણી શકાશે કે વૈશ્વાનર એટલે આત્મા જ છે. આ આત્મા પોતે જ આદિત્યાદિને તેજ આપી રહ્યો છે, પૃથ્વ્યાદિને બળ અર્પે છે અને ઔષધિને ચન્દ્રરૂપે અમૃત આપે છે તથા દરેક પ્રાણીઓનાં હૃદયમાં વૈશ્વાનર નામના અગ્નિરૂપે "હું હું" એવા સ્ફુરણ વડે સ્થિત હોઈ તે (૧) **ભક્ષ્યઃ** એટલે જે પદાર્થો દાંત વડે ચાવીચાવીને ખવાય છે, તેને ચર્વ્ય પણ કહે છે જેમ રોટલા રોટલી પુરી વગેરે જેવાં; (૨) **ભોજ્ય** : એટલે જે દાંતોની ક્રિયા વિના ફક્ત જીભ વડે જ ચાળવી ચાળવીને એટલે હલાવીને ગળી જવામાં આવે છે તે, જેમ કે ખડીસાકર, માવો, બરફી, પેંડા વગેરે જેવા પદાર્થો; (૩) **લેહ્ય** ; એટલે જે જીભને અડકતાં જ રસના સ્વાદમાત્રથી જ ગળી જવાય છે તે; જેમ કે શિખંડ, ગોળની ચાસણી, ચટણી વગેરે જેવા પદાર્થો; (૪) **ચોષ્ય** : એટલે જે પદાર્થોને દાંતો વડે ચાવીને ફક્ત તેમાંનો રસ અંદર ઉતારી કૂચાઓ બહાર ફેંકી દેવામાં આવે છે તેવા કેવળ ચુસીને જ ખાવાના ઉપયોગમાં આવતા શેરડી જેવા પદાર્થો, અન્નભક્ષણના મુખ્ય આ ચાર પ્રકારો છે. (અહીં અન્ન એ શબ્દનો અર્થ જગતમાંના કિટકાદીથી તે મનુષ્ય સુધી શરીર પોષણને માટે ખાવામાં આવનારી તમામ વસ્તુઓ સમજવી.) આ સર્વ વસ્તુઓ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારે જ ખાઈ શકાય છે તથા તે વડે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ શરીરમાં રહેલા પાંચ વાયુઓનું પોષણ થતું રહે છે. આ પાંચ વાયુઓ જેમ વ્યષ્ટિ શરીરમાં હોય છે તેમ સમષ્ટિ શરીર એટલે આખા બ્રહ્માંડને તેના અભિમાની બ્રહ્મદેવમાં પણ હોય જ છે, આ પ્રાણાદિ જ પરસ્પર સમષ્ટિમાંથી વ્યષ્ટિ અને વ્યષ્ટિમાંથી પુનઃ સમષ્ટિમાં એમ ખેપો કર્યા કરે છે. અત્રે આપવામાં આવેલું વર્ણન સમષ્ટિની ભાવના માટેનું છે, એમ જાણવું. કારણ કે ઉપર સમષ્ટિમાં આદિત્ય, ચંદ્ર, ઔષધિ તથા પૃથ્વી, એટલે બ્રહ્માંડ એવા પ્રકારના ભાવને દર્શાવેલું છે તે જ પ્રમાણે વ્યષ્ટિ માટે પણ સમજવું; કેમકે જે રચના વ્યષ્ટિમાં તે જ સમષ્ટિમાં છે. અધિદેવતાઓ બંનેમાં એક જ છે. આમ હોવાથી સમાષ્ટ પ્રાણિઓના દેહોનાx આશ્રય આ વૈશ્વાનરરૂપ આત્મા જ હું હું એવા મિથ્યા સ્ફુરણ રૂપે પ્રતીત થઈ ચાર પ્રકારના અન્નનું પ્રાણાપાનાદિ દ્વારા સેવન કરે છે. તાત્પર્ય કે આ રીતે જઠરમાં રહેલા વૈશ્વાનર અગ્નિમાં ભક્ષ્ય ભોજ્યાદિ જે ચાર પ્રકારનાં અન્નાદિનું પ્રાણ અપાનાદિ વાયુઓ દ્વારા અર્પણ થાય છે તે વૈશ્વાનર એવો આ જઠરાગ્નિ નહિ પરંતુ આત્મસ્વરૂપ એવો હું જ ભક્ષણ કરે છે. તેમ જ આત્મસ્વરૂપ એવો વૈશ્વાનર અગ્નિરૂપે પ્રગટ થયેલો અને દેહના આશ્રયે રહેલો એવો હું જ આ પ્રાણાપાનાદિરૂપ આહુતિ વડે આ ભક્ષ્યાદિ ચારે પ્રકારનાં અન્નોને પચાવે છે. આનો સારાંશ એ કે વ્યષ્ટિ હો, સમષ્ટિ હો, યા વિરાટ હો, પરંતુ આ પૈકી ગમે

---

x જેમ સમષ્ટિમાં વ્યષ્ટિ જીવો અનેક હોય છે તેમ વિરાટમાં આવા બ્રહ્માંડો ઉત્પન્ન કરનારા અસંખ્ય બ્રહ્મદેવાદિ જીવો હોય છે, એમ સમજો. વિરાટમાંથી ઉત્પત્તિ શી રીતે થવા પામી તે માટે અધ્યાય ૭ જુઓ.

તે દેહને ધારણ કરનાર વૈશ્વાનર અર્થાત્ આત્મસ્વરૂપ એવો હું જ છે. તેઓના પોષણનાં ચાર પ્રકારનાં અન્નો વ્યષ્ટિને માટે ધાન્યાદ અન્ન; સમષ્ટિને માટે વેદમાં બતાવેલાં યજ્ઞ યાગાદિ કર્મો તથા સમષ્ટિમાં થતી તમામ ક્રિયાઓ અને વિરાટને માટે વેદમાં બતાવેલા આ " હું " એટલે બ્રહ્મ છે અને તે બ્રહ્મ જ વ્યષ્ટિ, સમષ્ટિ અને વિરાટરૂપે તથા તેમાં થતી કાયિક, વાચિક, માનસિક વા ભક્ષણાત્મક સ્થૂલ સૂક્ષ્મ અને કારણરૂપ સઘળી-ક્રિયાઓરૂપે પ્રતીત થયેલું ભાસે છે, એવા પ્રકારના જ્ઞાનયજ્ઞ વડે તમામ કર્મોનું અર્પણ કરવું તે. આમ વ્યષ્ટિ સહ સમષ્ટિ અને વિરાટમાં થતી તમામ ક્રિયાઓનો સમાવેશ કેવળ એક બ્રહ્મમાં જ થઈ જાય છે. આ પ્રમાણેના તેઓના ખોરાકને પ્રાણ અપાન વડે યુક્ત થઈને બ્રહ્મસ્વરૂપ એવો હું જ પચાવે છે. આમ આ વૈશ્વાનર એટલે આત્મા જ છે, એવા દૃઢ નિશ્ચય વડે આ વૈશ્વાનરને આહુતિ આપનારા તથા ઉપર કહેલા ચાર પ્રકારના અન્નોને પચાવનારા આ પ્રાણાપાનાદિ વાયુઓ રૂપે પણ આત્મસ્વરૂપ એવો હું જ તેમની સાથે યુક્ત થઈ તેને પચાવે છે, સંક્ષેપમાં એટલું જ કે, આ મુજબના નિશ્ચયવાળાનાં તમામ કર્મો પણ આત્મસ્વરૂપ જ બને છે. આ રીતે ભૂતોની ઉત્પત્તિ પણ હું જ કરે છે. તેમની સ્થિતિ અર્થે પોષણને માટે ઔષધિ (અન્ન) પણ હું જ ઉત્પન્ન કરે છે તથા તેને પચાવનારો પણ હું જ છે અને તે હું તો આત્મસ્વરૂપ છે એમ જાણ.

વ્યષ્ટિ, સમષ્ટિ અને વિરાટમાં થતી ક્રિયાઓ વૈશ્વાનરરૂપ કેમ ?

જેમ અગ્નિની અંદર ગમે તે વસ્તુ નાખવામાં આવે તો તે સર્વ અગ્નિરૂપ બની ભસ્મ થઈ જાય છે તેમ અનંત વ્યષ્ટિઓ વડે બનેલું સમષ્ટિ (બ્રહ્માંડ) અથવા અનંત સમષ્ટિઓના સમૂહોથી યુક્ત એવું વિરાટ શરીર અર્થાત્ સ્થૂલ એટલે સમષ્ટિ શરીરનો અભિમાની બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૨) તથા સૂક્ષ્મ દેહ એટલે મહત્તત્ત્વાદિ કારણ તત્ત્વોનો અભિમાની સૂત્રાત્મા કિંવા મહાપ્રાણ (વૃક્ષાંક ૬) અને વિરાટ એટલે કારણદેહ કિંવા કારણનું પણ કારણ હોવાથી મહાકારણ તત્ત્વોનો અભિમાની ઈશ્વર, દ્રષ્ટા કિંવા ક્ષર પુરુષ (વૃક્ષાંક ૨) એ ત્રણે તથા તેમાં થતાં તમામ કાર્યો અગ્નિમાં જેમ લાકડાં અને હુત-દ્રવ્યો અર્પણ કરવામાં આવે છે તેમ આ હુંરૂપ એવા વૈશ્વાનર અગ્નિમાં અર્થાત્ આત્મરૂપમાં જ અર્પણ થાય છે. તમામ અન્ન શરીરમાં જતાં જ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ પાંચ મુખ્ય વાયુઓ ઉપવાયુઓની સહાયતાથી જ તેને શરીરની રગેરગમાં પહોંચાડીને પાચનાદિ ક્રિયા કરીને શરીરરક્ષણનું કાર્ય કરે છે, એટલું જ નહિ પણ ખાવાની ક્રિયા પણ આ પ્રાણાપાનાદિ વાયુઓ વડે જ થાય છે. શરીરમાંની તમામ ક્રિયા આ પ્રાણાદિ વાયુઓ વડે જ ચાલે છે તેથી જ પ્રાણવાયુને ક્રિયાશક્તિવાળો તથા મનને જ્ઞાનશક્તિવાળું, એમ કહેવામાં આવે છે. વસ્તુતઃ આ વાયુ તો એક જ છે, છતાં સ્થાનભેદ તથા ક્રિયાભેદને લીધે પ્રાણાપાનાદિ પાંચ પ્રકારનો થયો હોય એમ ભાસે છે. જો પ્રાણ ન હોય તો શરીરની તમામ ચેષ્ટાઓ નિરર્થક જ બને છે એવો વ્યવહારમાં પણ અનુભવ છે. આથી ભગવાને અત્રે કહ્યું છે કે આ પ્રાણ જે કે અન્નને પચાવે છે તથા તે વડે દેહનું પોષણ થઈ વ્યષ્ટિ, સમષ્ટિ કિંવા વિરાટ દેહાદિકમાં તમામ ક્રિયાઓ ચાલે છે એમ પ્રતીતિમાં આવે છે એ વાત ખરી, પરંતુ તે પ્રાણવાયુને પણ પ્રેરણા કરનારો આત્મસ્વરૂપ એવો વૈશ્વાનર હું જ છે. આથી તેમાં થનારી તમામ ક્રિયાઓ અગ્નિમાં નાખવામાં આવતી તમામ વસ્તુઓ જેમ અગ્નિરૂપ જ બને કિંવા સમુદ્રને મળનારી અનંત નદીઓ સમુદ્ર રૂપ જ બની જાય છે તેમ આ સર્વ ક્રિયાઓ આત્મસ્વરૂપ જ બની જાય છે. એવો ગૂઢ અર્થ આ કથનમાં સમાયેલો છે.

सर्वस्य चाहं हृदि सन्निविष्टो

मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।

वेदैश्च सर्वैरहमेववेद्यो

वेदान्तकृद्वेदविदेवचाहम् ॥ १५ ॥

સર્વસ્ય ચાહમ્

હે પાર્થ ! વળી સર્વના જ હૃદયમાં હું એ રૂપે સન્નિવિષ્ટ થએલો છે એટલે પેઠેલો છે. સ્મૃતિ, જ્ઞાન અને અપોહન અર્થાત્ હું છું એવું જ્ઞાન તથા તે હું એટલે આ મિથ્યા દેહાદિ નહિ પરંતુ અનિર્વચનીય એવો આત્મા છે એ મુજબની સ્મૃતિ અને તે બંનેનું વિસ્મરણ પણ મારા વડે જ થાય છે. સિવાય સર્વ વેદો વડે જાણવા યોગ્ય એવો હું જ છું. વેદને જાણવાવાળો અને વેદનો અંત કરનારો એટલે જ્યાં જાણવાપણાનો વિલય થઈ જાય છે એવો પણ હું જ છે.

હું ખરો કે તું ખરો ?

ભગવાન કહે છે : હે ભારત ! હું એટલે કોણ ? તે હવે તને સારી રીતે સમજાયું ને ? અરે, જરા વિચાર કરીને જો કે દરેક મનુષ્ય પોતે પોતાને માટે હું છું અને બીજાને માટે તું છે એવી સંજ્ઞાઓ વડે વ્યવહાર કરતો નજરે પડે છે, એ વાત તો સ્પષ્ટ રીતે તારા ધ્યાનમાં આવે તેવી છે ખરી ને ? પ્રશ્ન : તું તારે પોતાને માટે શું કહે છે ? ઉત્તરઃ "હું". આ ભીષ્મ, દ્રોણ, જયદ્રથ, કર્ણ ઇત્યાદિ યોદ્ધાઓ પણ પોતપોતાને માટે શું કહેશે ? હું જ કહે છે ખરું ને ? આ રીતે તું અને આ બધાઓ પોતપોતાને માટે જો 'હું' એવી સંજ્ઞા વાપરે છે તો પછી તને અર્જુન, ધનંજય, પાર્થ ઇત્યાદિ નામોની સંજ્ઞાઓ વડે બોલાવવામાં આવે છે તે શું ન્યાય દૃષ્ટિએ યોગ્ય ગણાય ? તેમ જ આ ભિષ્માદિ પણ સર્વ પોતપોતાને માટે હું હું એમ કહે છે તથા તેને તું, તમો, ભીષ્મ, દ્રોણ વગેરે નામો વડે બોલાવાય છે. તો શું તે તને યોગ્ય અને ન્યાયી લાગે છે ? અરે ! આ વ્યવહારમાં પણ જો તારું અર્જુન એવું નામ છે તો તને કોઈ અજાણતાથી દુર્યોધન, કર્ણ કિંવા બીજા કોઈ નામ વડે બોલાવે તો તું તેને 'ઓ' એવો ઉત્તર આપશે ખરો કે ? અથવા તો તું તેને કહેશે કે મારું નામ અર્જુન છે, મને બોટાં નામ વડે કેમ બોલાવે છો ? વળી કોઈ જાણી જોઈને તને બીજાં નામો વડે બોલાવે તો, તેને આ મશ્કરી કરે છે અથવા તો તે જુઠું બોલે છે એમ કહીશ, ખરું ને ! આમ વ્યવહારમાં પણ પોતાના ઠરેલા નામ વગર બીજા કોઈ નામો વડે બોલાવવાવાળા જો બોટા ગણાય છે તો પછી આ વ્યવહારમાંની જ સત્ય ને અસત્યની વ્યાખ્યાના આધાર વડે જો તું વિચાર કરે તો પણ તને જણાશે કે તું અને આ બધા જે પોતાને હું હું એમ કહે છે તો તેમને તું, તમો, દ્રોણ, ભીષ્મ વગેરે કહેવામાં આવે છે તે શું સાચું કહેવાય ? કે તેને જાણી જોઈ ને આ બધાની મશ્કરી કરવામાં આવે છે એમ કહેવું ? આમ થોડો વિચાર કરી જોવાથી જણાશે કે હું, તું, આ શત્રુ સૈન્યના તમામ યોદ્ધાઓ પોતે પોતાને માટે હું જ કહે છે તો પછી તેમને તું, તમો એવી સંજ્ઞાઓ આપવી એ જ પ્રથમ તો તેમની મશ્કરી કરવા સમાન છે. સાચી વસ્તુસ્થિતિ જો આમ છે તો પછી તેમને તમો ભીષ્મ છો, દ્રોણ છો, શરીર છો, વૃદ્ધ છો, કાકાઓ છો, ગુરુઓ છો, ઇત્યાદિ છો એમ કહેવું એ શું ન્યાયી ગણાય ? આ રીતે થોડો વિચાર કરવાથી જણાશે કે જગતમાં આ કેવી ગમ્મત ચાલી રહેલી છે ! જેમ દાગીના અને સુવર્ણ વસ્તુતઃ એક જ છે છતાં દાગીનામાંથી જો સુવર્ણ કાઢી લેવામાં આવે તો દાગીના જેવી કોઈ વસ્તુ રહેવા પામશે જ નહિ એટલે સુવર્ણ એ સત્ય હોઈ તેને દાગીના કહેવું એ તદ્દન અસત્ય ઠરે છે, એમ કહો અથવા સુવર્ણમાં દાગીના છે જ નહિ અથવા તો એમ કહો કે અમો સુવર્ણને જ દાગીના એવું નામ આપીએ છીએ એટલે સુવર્ણ કહેવાને બદલે તેને જ દાગીના કહીએ છીએ એમ કહેવું પડશે, તેમ આ સર્વે કે જે પોતપોતાને હું હું એમ કહે છે તે હું ને જો કાઢી લેવામાં આવે તો પછી તું, તમો, મારું, તારું, નામ, રૂપ વગેરે કાંઈ રહેવા પામતું જ નથી. હવે તું પોતે જ તારો વિચાર કરીને જો અને તું જે પોતાને હું એમ કહે છે તે 'હું' નો વિલય કરી દે એટલે હું અર્જુન છું, આ મારું શરીર છે, હું ક્ષત્રિય છું, હું પાંડુનો પુત્ર છું, હું પિતા છું, હું પતિ છું, મારું અમુક કર્તવ્ય છે, આ મારા શત્રુઓ છે, આ મારા મિત્રો છે, આ મારા સંબંધીઓ છે, આ મારી માતા છે, આ મારા ભાઈઓ છે, હું અમુક કરી રહ્યો છું, હું અમુક નથી કરતો, હું અમુક જાણું છું, હું અમુક

નથી જાણતો ઇત્યાદિ અધા ભાવો કયાં ચાલ્યા જશે તેની તને કલ્પના પણ આવશે નહિ. જેમ દાગીનાને ગાળી નાખવાથી તે ઉપરની તમામ નકશીઓ સહ એકરૂપ બની જાય છે, તેમ આ હું નો વિલય થતાંની સાથે જ તમામ મારું એવા ભાવો કયાં અદશ્ય થઈ જાય છે તેનો કલ્પના પણ થઈ શકે તેમ નથી, કારણ કે કલ્પના કરનારનો જ જ્યાં વિલય થઈ જાય છે, તો પછી તેના આધાર ઉપર અવલંબન રાખનાર ભાવોની તો વાત જ કયાં રહી! જેમ પ્રકાશ થતાં અંધારું કયાં અદશ્ય થઈ જાય તે જાણી શકાતું નથી તેમ આ હું નો વિલય થતાં મારું ઇત્યાદિ સર્વ ભાવો કયાં અદશ્ય થઈ જાય તે જાણવું મુશ્કેલ છે. વળી વિચાર કરવાથી તું સારી રીતે જાણી શકીશ કે તું જે પોતાને હું એમ કહે છે તે હું લાલ રંગનો કિંવા ચોરસ આકૃતિવાળો છે અને આ બધા કહે છે તે પૈકી કોઈનો હું ધોળો, કોઈનો હું કાળો, તો કોઈનો હું લીલો ઇત્યાદિ વિવિધ રંગવાળો અથવા કોઈનો ત્રિકોણાકાર, કોઈનો ગોળાકાર તો કોઈનો લંબગોળ ઇત્યાદિ ભિન્ન ભિન્ન આકારવાળો છે એમ પણ નથી. અર્થાત્ આ હું માં આકાર, વર્ણ, રંગ, જાતિ, જ્ઞાતિ વગેરે કાંઈ પણ છે જ નહિ. આ હું નું સ્વરૂપ એટલે હું એવા ભાવે પ્રતીત થવું એ જ એક છે. જેમાં મારું એવો ભાવ નથી તેવું જે સ્વરૂપ તે જ 'હું' અને તે હું જ સર્વમાં એકરૂપે રહ્યુરી રહ્યો છે. એટલે જેમ સુવર્ણ કહેતાં જ તેમાં દાગીનાઓ તથા તે ઉપરની નકશી ઇત્યાદિ તમામનો સમાવેશ થઈ જાય છે કિંવા સમુદ્ર કહેતાં જ તેમાં તરંગો, ફીણ, પરપોટાઓ ઇત્યાદિ હશે કે નાહ અને પાણીથી ભિન્ન હશે, એવી રીતની શંકા રાખવાનું પણ કાંઈ ખાસ પ્રયોજન હોતું નથી તેમ આ હું કહેતાંની સાથે જ મારું એવી સંજ્ઞા વડે ભાસનારું આ તમામ મિથ્યા હોઈ તે 'હું'થી બિલકુલ ભિન્ન નથી. અર્થાત્ 'હું'ને જ તું, મારું ઇત્યાદિ સંજ્ઞાઓ આપવામાં આવે છે એમ સિદ્ધ થાય છે. જેમ તું પોતાને હું કહે છે પણ લોકો તને અર્જુન, ભારત, ધનંજય, પાર્થ વગેરે સંજ્ઞાઓથી બોલાવે છે તેનો અર્થ એટલો જ કે વાસ્તવિક રીતે તને 'હું' કહેવું જોઈએ પરંતુ હું કહેવાને બદલે તેઓ તારા ઉપર અર્જુનાદિ સંજ્ઞાઓનો મિથ્યા આરોપ કરે છે, અને તેને જ વ્યવહાર એવું નામ આપે છે, આ રીતે પરસ્પર એક બીજાઓ આપસઆપસમાં મિથ્યા એવી સંજ્ઞાઓ વડે વ્યવહાર કરતા જોવામાં આવે છે, જેમકે તું મને તું કહે છે તથા પોતાને માટે હું એમ કહે છે અને હું પણ તને તું કહું છું અને પોતાને માટે હું એવી સંજ્ઞા વાપરું છું, આમ વિચાર કરનારાઓ તો સારી રીતે જાણી શકશે કે આ તમામ વ્યવહાર તદ્દન મિથ્યા હરે છે. કેમ કે વ્યવહાર ન્યાય પ્રમાણે પણ 'હું' ને તું કહેવું એ અયોગ્ય, અન્યાયી અને તદ્દન ખોટું છે. શાસ્ત્રમાં આ વાત સમજાવવાને માટે જ નામરૂપના આરોપવાળું આ જગત સાવ મિથ્યા છે, ઇત્યાદિ જે વર્ણનો આવે છે, તેનું રહસ્ય પણ હવે તને સારી રીતે સમજાશે. એટલું જ નહિ પરંતુ તું, આ મારું તારું ઇત્યાદિ બધા આરોપો 'હું' પર જ કરવામાં આવતા હોવાથી, આ હું નું સાચું સ્વરૂપ જાણવામાં આવે નહિ ત્યાં સુધી તે પણ હું રૂપ જ છે એવા વિવર્તભાવનો અથવા અજાતયુક્તિઓનો આશ્રય લઈ ને કિંવા અધ્યારોપ તથા અપવાદદૃષ્ટિનો આશ્રય કરીને તે વડે વેદાંતીઓ સમજાવે છે. જેમ પાણીને તરંગ અથવા દોરીને સર્પ કહેવું એ વિવર્ત સમજો અને વંધ્યાપુત્ર, શશશૃંગ ઇત્યાદિ એ અજાત સમજો; તેમ હું ને જ તું, આ ઇત્યાદિ કહેવું તે વિવર્ત સમજો તથા હું માં તું, આ ઇત્યાદિની ઉત્પત્તિ કદી થયેલી નથી અને થવી પણ શકય નથી, એમ જાણવું તે અજાત સમજો. સારાંશ, હું ને જ તું કહે છે એમ જાણવું, તે વિવર્ત અને હું માં તું ભાવની કદી ઉત્પત્તિ જ થયેલી નથી એમ જાણવું તે અજાત. આ બધું માયાથી દેખાય છે અને તે માયા તો મિથ્યા છે એવી રીતે સ્વસ્વરૂપ જાણવાને માટે જે યુક્તિનો આશ્રય કરવો તે અધ્યારોપ તથા અપવાદ જાણો. આ રીતે વેદાંત શાસ્ત્રકારો યુક્તિઓદ્વારા આત્મસ્વરૂપ સમજાવે છે. આમ આ બધું હુંરૂપ જ છે, તું મારું, ઇત્યાદિ ભાવો છે જ નહિ, હું પણ હું જ છે, તું પણ હું જ છે, તે પણ હું જ છે અને આ પણ હું છે. જેમ વ્યવહારમાં તને કોઈ અર્જુન કોઈ ધનંજય, કોઈ પાર્થ, કોઈ ભારત, કોઈ પિતા, કોઈ પુત્ર, કોઈ શિષ્ય, કોઈ ભાઈ, કોઈ પતિ, કોઈ સાળો, કોઈ જમાઈ, તો કોઈ મામો, કોઈ કાકો, કોઈ ભત્રીજો, કોઈ ભાણેજ ઇત્યાદિ અનેક નામો તથા સંબંધો વડે ઓળખે છે છતાં તું પોતે તો એકનો એક જ છે, આ બધાં નામોનો

તારા એકલા ઉપર જ આરોપ થયેલો ગણાય, તેમ આ એક એવા હું ઉપર જ તું, તે, હું, આ, મારું, તારું, હું અમુક જાતિનો છું, હું અમુક વર્ણનો છું, હું ક્ષત્રિય છું, હું શરીરધારી છું, હું ગૃહસ્થાશ્રમી છું, હું અમુક આકૃતિવાળો છું, હું મજબૂત છું, હું શૂર છું, હું દીન છું, હું અમુક રંગનો છું ઇત્યાદિ અનેક નામરૂપ, વર્ણ, જાતિ, જ્ઞાતિ, આકારાદિનો આરોપ કરવામાં આવે છે, તે સર્વ આ એકનો એક એવો હું જ છે એમ સમજ.

આ સાંભળીને અર્જુને પૂછ્યું: ભગવન્! સર્વ મનુષ્યો પોતપોતાને માટે તો હું હું એમ કહે છે એ વાત તો સાવ સાચી જ છે અને તે હું એક હોઈ વ્યાપક છે તથા તેનો અનુભવ પણ મને આવે છે તેમ જ સર્વવ્યવહાર મિથ્યા કેવી રીતે ઠરે છે એ પણ હું સારી રીતે સમજ્યો પરંતુ મને એક શંકા છે કે નામરૂપ વગર એકલા હું વડે વ્યવહાર કેવી રીતે ચાલી શકશે?

સત્યમાં અસત્ય ક્યાં રહેશે એવી ચિંતા નિરર્થક છે

ભગવાને કહ્યું: અરે! આપણે તો સત્યની શોધ કરવાની છે તેમાં વળી અસત ક્યાં રહેશે એની ચિંતા રાખવાનું કાંઈ પ્રયોજન નથી. સિવાય ઉપરના કથન ઉપરથી તારા ધ્યાનમાં આવ્યું જ છે કે સર્વ વ્યવહાર તો તદ્દન મિથ્યા એટલે ખોટો ઠરે છે. કારણ આકાર, રંગ, વર્ણ, જાતિ, નામ, રૂપ, આશ્રમ ઇત્યાદિ ભેદાભેદો તો 'તું', આ ઇત્યાદિ મમ ભાવોના જ છે જે ભાવોનું અસ્તિત્વ આ હું'માં છે જ નહિ. વ્યવહારમાં જે તું, તારું, મારું, ઇત્યાદિ ભેદો ભાસે છે તેની કલ્પના કરવાને માટે પ્રથમ 'હું'ની જરૂર પડે છે, પરંતુ હું'ને જાણવાને માટે 'હું' શબ્દ વગર બીજું કોઈ (દૃશ્ય) સાધન જણાતું નથી. તેથી હું'નું સ્વરૂપ 'હું' શબ્દથી વેગળું એવું બિલકુલ હોતું જ નથી. તેને જાણવાને માટે હું કહેવું એટલું જ એક સાધન છે. આ રીતે વિચાર કરતાં આપણે આ 'હું'ના સ્વરૂપ સુધી પહોંચ્યા. માયા, અવિદ્યા, અસત, અજ્ઞાન, જીવ, મન, બુદ્ધિ ઇત્યાદિ સર્વ દ્વૈતરૂપ મિથ્યાભાવોનો આરોપ આ "હું"' ઉપર જ વિવર્તરૂપે કરવામાં આવેલો છે.

મિથ્યા વ્યવહાર કેવી રીતે ચાલશે તેની ચિંતા અયોગ્ય છે

આત્માની પ્રાપ્તિ કરી લ્યો એમ સર્વ વેદ, વેદાંગો, શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્રો તથા પુરાણાદિ કંઠશોષ કરીને મોટે મોટેથી પોકારી રહ્યા છે, પરંતુ મૂઢ અથવા અજ્ઞાની જીવો તો શાસ્ત્રકારો જેના નિર્દેશને માટે આત્મા, પરમાત્મા ઇત્યાદિ સંજ્ઞાઓ વડે પોકાર કરી કરીને કહી રહ્યા છે તે આત્મા એટલે શરીર અને આ શરીરને કોઈપણ ઉપાય વડે સાચવતાં રહેવું તેમ જ ઐહિક વિલાસો કિંવા વિષયભોગો ભોગવતા રહેવું, એ જ એકમાત્ર પોતાના કર્તવ્યની સમાપ્તિ સમજે છે. શરીરનો કિંવા શરીરમાંના કોઈ પણ અવયવ પ્રત્યવયવોનો નાશ થવો એટલે જાણે આત્માનો જ નાશ થયો ન હોય એવી તેમની દૃઢ માન્યતા હોય છે, તેથી તેઓ બિચારા આ ભ્રમમાં ને ભ્રમમાં આખો જન્મારો આંધળાની જેમ પશુવૃત્તિમાં જ એટલે કે કેવળ ઉદરપોષણ તથા ઇંદ્રિયોની તૃપ્તિને અર્થે જ ગુમાવે છે. વારુ, આટલું આટલું કરવા છતાં પણ જેના ઉપર કદી વિશ્વાસ રાખી શકાય નહિ, એવું આ અવિશ્વસનીય શરીર વખત આવતાં એક ક્ષણમાત્રને માટે પણ કોઈની શરમ રાખ્યા સિવાય છોડીને તત્કાળ ચાલ્યું જાય છે અને અનંત વાસનાઓને લીધે ભ્રમિત બનેલા જીવને ફરીથી જન્મ ધારણ કરવો પડે છે આ પ્રમાણે આ ચક્રરૂપ ક્રમ જે અનાદિ કાળથી ચાલી આવેલો જોવામાં આવે છે તેનું કારણ ફક્ત એ છે કે આ 'હું' એટલે કોણ તેની ઓળખ જોકોને હોતી નથી. આથી મિથ્યા હોવા છતાં પણ આ બધો વ્યવહાર આટલો બધો ચિરસ્થાયી અને વિશાળ થવા પામેલો દેખાય છે અર્થાત તે તદ્દન અસત, હોઈ મિથ્યા છે તેથી આ મિથ્યા વ્યવહાર કેવી રીતે ચાલશે તેની ચિંતા કરવાનું કાંઈ પ્રયોજન નથી, મિથ્યા વસ્તુની તે વળી ચિંતા શી કરવી? જાગ્રત થયા પછી સ્વપ્ન ક્યાં ગયું તેની કોઈ પાછળથી ચિંતા અથવા શોધ કરે છે ખરું કે? સ્વપ્નમાંના આટલા બધા આપણા ભાઈબાંધુઓ તથા બદેશો વગેરે ક્યાં ગયા તેમને જરા મળી આવીએ અથવા તો બિચારું તે સ્વપ્નું ક્યાં ગયું હશે? આપણે જાગી ગયા એ ઘણું ખોટું થયું ઇત્યાદિ પ્રકારે તેની કોઈ ચિંતા કરે છે ખરા કે? તાત્પર્ય એ કે, આ મુજબ આપણે

અશાસ્ત્રીય એવા મિથ્યા વિચારો કરીને સત્યની શોધ કર્યા સિવાય વચ્ચે જ અટકી જવું નહિ જોઇએ. કેમ કે આપણે 'અહમ્' (હું) પણા સુધી આવ્યા. હવે તે હું કયાંથી ઉત્પન્ન થયો તે જાણવું જરૂરી છે. આપણને 'હું' એટલે કે આપણો પોતાનો જ પત્તો ન હોય અર્થાત્ જ્યાં આપણું જ ઠેકાણું ન હોય ત્યાં પછી બીજાની તો વાત જ કયાં રહી? આમ જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં બીજાનું અસ્તિત્વ માની લઈ તેની ચિંતા કરવી એ શું ડહાપણભરેલું ગણાશે ખરું કે? માટે જો તને એક વખત સત્યની સારી રીતે ભાળ લાગશે તો પછી કોઈ પણ સ્થળ અને કોઈ પણ કાળમાં અસત્યનું અસ્તિત્વ જ રહેશે નહિ એટલું જ નહિ પરંતુ સત્ની અંદર મિથ્યા અસત્ અને મિથ્યા એવું જગત કેવી રીતે હોઈ શકે? સત્માં અસત્ કયાંયે પણ રહી શકે જ નહિ. એવી રીતે સત્નો વિવેક થતાં જ મિથ્યા અને અસત્ મટી જઈ કેવળ એક સત્નો જ અનુભવ આવશે. આમ સત્ના પ્રકાશ વડે અસત્ એવા મિથ્યા ભાવોનો વિલય થાય એટલે પછી ચિંતા કરવાનું કોઈ પ્રયોજન રહેશે નહિ.

સ્થાવરજંગમાદિ હું રૂપ શી રીતે?

પ્રશ્ન : મનુષ્યમાત્ર તો પોતપોતાને હું કહીને સંબોધે એ વાત તો ખરી પરંતુ મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓ અથવા સ્થાવરજંગમાદિ પણ હું રૂપ છે એમ કેવી રીતે કહી શકાય? અને જો તેમ ન થાય તો પછી 'હું' નો સર્વાત્મભાવ કેવી રીતે સિદ્ધ થશે?

ઉત્તર : બ્રહ્માંડ મધ્યે તથા તેની બહાર આવેલા આ સર્વે ચૌદ લોકમાંનો સ્થાવર, જંગમ, અંડજ, જરાયુજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જાદિ પ્રાણીઓ, સપ્તર્ષિ મનુ ઇત્યાદિ દિક્પાળો, ધ્રુવમંડળ, દેવતાગણો, ગંધર્વો, સિદ્ધો ઇત્યાદિ વિસર્ગ કિંવા કર્મસૃષ્ટિના કર્તા બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) તથા તે ઉપર કારણસૃષ્ટિ (વૃક્ષાંક ૬ થી ૧૨) અને તેથી પણ પર એવી મહાકારણ કિંવા સર્ગસૃષ્ટિ (વૃક્ષાંક. ૩ થી ૫) અર્થાત્ પરમાત્માના અપરસ્વરૂપના આદ્યપ્રેરક ક્ષરપુરુષ કિંવા ઇશ્વર (વૃક્ષાંક ૨)ની અંતર્ગત આવેલા વિરાટ, સમષ્ટિ કિંવા વ્યષ્ટિ ભાવો કે જેમાં આ સર્વ સ્થાવરજંગમાદિ તેમ જ સૂક્ષ્મ અને સ્થૂલ ભાવોનો સમાવેશ થઈ જાય છે, તે સર્વનું મૂળ જે ઉપર કહેવામાં આવ્યો તે હું (વૃક્ષાંક ૩) છે. વ્યવહારમાં પણ સર્વસામાન્ય એવો નિયમ છે કે જેવું બીજ તેવું વૃક્ષ ઉત્પન્ન થાય છે. જેમ આંબાના બીજમાંથી આંબાનું ઝાડ તથા વડના બીજમાંથી વડનું ઝાડ ઉત્પન્ન થાય છે, તેમ જેનું મૂળ બીજ 'હું' (વૃક્ષાંક ૩) છે તેમાંથી વિવર્તરૂપે ઉત્પન્ન થયેલું હોય એમ ભાસતું આ મૂળ, શાખા, પાંદડાં ઇત્યાદિવાળું "ઝાડ" હું રૂપ જ હોય તેમાં શંકા કિંવા આશ્ચર્યને સ્થાન જ કયાંથી હોય!

મનુષ્યેતરોમાં 'હું' નો સર્વાત્મભાવ સિદ્ધ થઈ શકે કે?

આ જગતની અંદર સ્થળ તથા કાળભેદથી અનેક પ્રકારની ભિન્ન ભિન્ન ભાષાઓ તથા ભિન્ન ભિન્ન આચારવિચારાદિનું પાલન થતું સર્વ સ્થળે જોવામાં આવે છે એટલે મનુષ્ય જીવોના આ વ્યવહારમાં પણ સર્વત્ર એકવાક્યતા નથી. આમ છતાં સર્વનો મૂળ ઉદ્દેશ તો એક જ હોય છે. જેમ સંસ્કૃત જાણનારા પોતાને માટે 'અહમ્' કહેશે, તો ગુજરાતીમાં 'હું' કહેશે, મરાઠીમાં 'मी' હિંદીમાં 'मैं' ઇત્યાદિ એક હુંને જ જુદા જુદા અનેક નામથી સંબોધશે, પરંતુ તે સર્વનો મૂળ ઉદ્દેશ તો એક જ ભાવ દર્શાવવાનો હોય છે. છતાં પણ ભિન્ન ભિન્ન ભાષાના મનુષ્યો પરસ્પર એક બીજાની ભાષાઓ સમજી શકતા નથી એવો વ્યવહારમાં પણ પ્રત્યક્ષ અનુભવ થાય છે તો પછી મનુષ્યેતરમાં કોઈ ભાષા નથી એવું અનુમાન કરવું એ શું યોગ્ય ગણાશે ખરું કે? મનુષ્યેતર પ્રાણીઓ પણ આપસઆપસમાં પોતપોતાનો સર્વ વ્યવહાર સારી રીતે કરતા હોવાનું જોવામાં આવે છે અને જે પ્રમાણે મનુષ્યોમાં આહાર, નિદ્રા, ભય અને મૈથુન ઇત્યાદિ વ્યવહાર ચાલતો હોવાનું જણાય છે તેવો જ વ્યવહાર પશુપક્ષ્યાદિ દરેક જીવજંતુમાં પણ થતો હોવાનુ નજરે પડે છે. એટલું જ નહિ પરંતુ સ્થાવર ગણાતા વૃક્ષોમાં પણ સમયસર પલ્લવાદિ ફૂટવા, નિદ્રા લેવી ઇત્યાદિ ગુણધર્મો જણાય છે. વધવું, ઘટવું, ક્ષય પામવું ઇત્યાદિ ક્રિયાઓ મનુષ્યોની જેમ મનુષ્યેતર તથા સ્થાવર, જંગમાદિમાં

પણ થતી હોવાનું જણાઈ આવે છે. જેમ મનુષ્યોમાં આસન લગાવીને કિંવા નિદ્રાના સમયે સ્થિર અને નિશ્ચેષ્ટ બેસી વા પડી રહેવાની ક્રિયા થતી હોવાનું જણાય છે તેમ સ્થાવર ગણાતા પહાડો પણ લાંબા કાળ સુધી સ્થિર બેસી રહેવાની (નિદ્રા જેવી) ક્રિયા કરી રહેલા દેખાય છે. તાત્પર્ય એ કે, ક્રિયા વગેરેની દૃષ્ટિએ વિચાર કરીશું તો પણ મનુષ્યો અને તે કરતાં અન્ય એવા સ્થાવરજંગમ તથા પશુપક્ષ્યાદિમાં સમાનતા જ જણાઈ આવશે. તેમાં ફક્ત ભેદ એટલો જ જોવામાં આવે છે કે મનુષ્ય આ સર્વ ક્રિયાઓ પોતપોતાના મન પ્રમાણે એકદમ એક સાથે અથવા જુદી જુદી પણ કરી શકે છે; ત્યારે મનુષ્યેતર પ્રાણીઓ તથા સ્થાવરજંગમાદિ વગેરેમાં કોઈમાં એક તો કોઈમાં અનેક ક્રિયાઓ થતી હોવાનું જણાય છે. વિચારશીલ પુરુષો સમજી શકશે કે આમ ક્રિયાઓમાં સર્વાંશે અથવા એકાંશે પણ જે સામ્ય જણાય તો તે થવાને માટે ખાસ કાંઈ સંકેત તો હોવો જોઈએ; પરંતુ મનુષ્યેતર સ્થાવરજંગમાદિના એ સંકેતોથી મનુષ્યો અજ્ઞાત હોય છે, એટલું જ. જેમ મનુષ્યેતરની ભાષા કિંવા સંકેતો મનુષ્યાદિને માટે નિરર્થક છે તે પ્રમાણે આ મનુષ્યોની ભાષા અને વર્ણાદિની વ્યવહારરચના મનુષ્યેતરોને માટે તદ્દન નિરુપયોગી છે; કારણ કે તેઓ તેથી અજ્ઞાત હોય છે, અને મનુષ્યેતરની વ્યવહારરચનાથી મનુષ્યો અજ્ઞાત હોવાથી તેને તે નિરર્થક ગણે છે એટલું જ. આમ એક બીજાની દૃષ્ટિએ બંને પરસ્પર નિરર્થક ઠરે છે.

મનુષ્યરૂપી ઠૂંઠાં ઝાડો

પરસ્પર એક બીજા સાથે પોતાનો વ્યવહાર આપસઆપસમાં સરળતાથી થઈ શકે એટલા માટે મનુષ્યોએ જે કાંઈ આ જગતની અંદર વ્યવહારરચના કરેલી હોવાનું જોવામાં આવે છે તેમાં તેણે કેવળ પોતાનો સધાય તેટલો સ્વાર્થ સાધવા તરફ જ વધારે ધ્યાન આપ્યું છે. આ મનુષ્યરચિત વ્યવહાર ખરેખર એકતરફી હોઈ તે કેવળ એક પોતાની સ્વાર્થદૃષ્ટિનો જ વિચાર કરીને કરેલો છે. તેને એકતરફી શા માટે કહેવામાં આવે છે તેનો વિચાર કરવાની જરૂર છે. આ મનુષ્યોએ પોતાને માટે "મનુષ્ય" શબ્દની તથા અન્યને માટે પહાડ, ઝાડ, પશુ, પક્ષી ઇત્યાદિ નામોના આરોપની યોજના કરેલી છે, પરંતુ મનુષ્યોએ આપણે માટે સ્થાવર જંગમાદિ તથા પશુપક્ષ્યાદિક એવાં નામો વાપરેલાં છે, એમ મનુષ્યેતરો કાંઈ જાણતાં નથી અથવા તો તેઓ એમ પણ સમજતાં નથી કે આ મનુષ્યો કહેવાય અને અમો પશુ, પક્ષ્યાદિ છીએ; કિંવા તેથી ઊલટું પશુપક્ષ્યાદિઓ પણ પોતપોતાની ભાષામાં પોતાને માટે કાંઈ સંજ્ઞા ધરાવતા હશે તથા મનુષ્યાદિને માટે કોઈ પણ સંજ્ઞા તેમની ભાષામાં હશે, તેની મનુષ્યોને કલ્પના પણ હોતી નથી. વ્યવહારમાં પણ આરોપ તો ત્યારે જ સિદ્ધ થાય છે કે, જ્યારે ન્યાયાધિશ બંને પક્ષોનું કહેવું સાંભળી લીધા પછી જ યોગ્ય ન્યાય આપે છે એટલે જેના ઉપર ગુનાનો આરોપ કર્યો હોય તે આરોપી પોતે કબૂલે અથવા પુરાવાઓ ઉપરથી તે સિદ્ધ થાય તો જ તે શિક્ષાને પાત્ર ઠરે છે. આમ બંને પક્ષોનું સાંભળી લીધા પછી જ આરોપ સિદ્ધ થઈ શકે છે એવો વ્યવહારમાં પણ ન્યાય છે પરંતુ મનુષ્યોએ તો પોતાના વ્યવહારમાં કેવળ એકતરફી નિશ્ચય કરીને આમને પશુપક્ષ્યાદિકો કહેવા એમ ઠેરવી વ્યવહાર શરૂ કરેલો છે. પશુ પોતે એમ નથી કહેતાં કે "હા" તમો મનુષ્યો છો અને અમે પશુ છીએ. કદાચ કોઈ મનુષ્ય પશુને બદલે તેમને બીજું કોઈ નામ, રૂપ કે વર્ણાદિથી સંબોધે, તો તેથી તેઓ કાંઈ એમ પણ નથી કહેતાં કે, અમો તો પશુ છીએ માટે તમો બીજું નામ શા માટે કહો છો? એટલું જ નહિ પરંતુ મનુષ્યેતરોને તો કલ્પનાએ હોતી નથી કે મનુષ્ય નામથી ઓળખાતું કાંઈ જગતમાં છે અથવા તેમનામાં કોઈ ભાષા અથવા વ્યવહારરચના છે. મનુષ્યો માટે મનુષ્યેતર વૃક્ષાદિકો એવા વિચારો નહિ કરતાં હોય કે આ પાંદડાં અને ફળફૂલ વગરનાં ઠૂંઠાં ઝાડો એક જગા ઉપર અમારા જેમ સ્થિર કેમ ઊભાં નથી રહેતાં? આમથી તેમ ને તેમથી આમ કેમ ફર્યા કરો છો? આ ઠૂંઠાં ઝાડોનાં મૂળિયાં જમીનમાં કેમ દટાતાં નથી?

વેદવેદાંગાદિ મનુષ્યોને માટે જ કેમ?

આ મનુષ્યવ્યવહારમાં પણ સર્વ સામાન્ય રીતે એવો નિયમ જોવામાં આવે છે કે કોઈ કુટુંબમાં ઘણાં મનુષ્યો હોય છે. તેમાં કોઈ સત્ત્વ, કોઈ રજ તો કોઈ તમોગુણવાળાં હોય છે. તે સર્વની સાથે હળીમળીને

જ કાર્ય લેવું પડે છે. જો બધાની સંમતિ અનુસાર વ્યવહાર કરવામાં આવે તો જ તેમનો ઘરકારોબાર શાંતિથી અને સરળ રીતે ચાલી શકે છે. આ નિયમ સમષ્ટિ જીવોના વ્યવહારમાં વિસારે મૂકવામાં આવ્યો છે. સમષ્ટિમાં ચોરાશી લાખ યોનિ કિંવા સ્થૂળ આકારરૂપે જીવાત્મા પોતપોતાની વાસનારૂપ બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. આ તો સ્થૂળ આકારોની વાત કહી. સૂક્ષ્મની વાત તો દૂર જ રહી. આ સ્થૂળનો વ્યવહાર ચાલવાને માટે પણ તેમાંથી ત્યાશીલાખ નવાણું હજાર નવસો નવાણું યોનિ અર્થાત્ આકારોની સંમતિ લીધા સિવાય કેવળ એક મનુષ્ય યોનિએ જે નિયમો અથવા વ્યવહાર ઠરાવ્યો હોય તે સત્ય કેવી રીતે કહી શકાય?

વ્યવહારનિયમો ઘડતી વખતે મનુષ્યો પશુઓની સલાહ કેમ લેતા નથી?

મનુષ્યો આ વ્યવહાર નિયમો ઘડતી વખતે પશુપક્ષી આદિની કદી પણ સંમતિ લેતા હોય એમ જણાતું નથી. ખરેખર જ જો તેમની એવી વ્યાપક ભાવના હોત તો તેઓ મનુષ્યેતર સર્વ યોનિના વ્યવહારોને સમજી લઈને તે ઉપરથી શાસ્ત્રરચના કરત અને જો તેમ થાત તો પછી મનુષ્યો ઉપર પશુપક્ષ્યાદિકોનું જ રાજ હોત. કારણ કે બહુમતિનો વિચાર કરતાં, મનુષ્યો કરતાં ઇતર યોનિઓ જ સંખ્યામાં પુષ્કળ છે; અને જો આમ થાય તો પછી આજે ધારાસભાઓ અને રાજસભાઓ વગેરેમાં પહાડોનો રાજા હિમાલય, ઝાડોનો પ્રતિનિધિ વડ, પિપળ; પક્ષીઓનો રાજા ગરુડ, વનનો રાજા સિંહ, સર્પાદિનો રાજા અનંત નાગ વગેરે બિરાજ્યા હોત; તેમજ મ્યુનિસિપલ જેવી સ્થાનિક સંસ્થાઓ અને કહેવાતી લોકસભાઓમાં કૂતરાં, બિલાડાં, ઉંદરો, મચ્છરો, કીડીઓ વગેરેના મુખ્યો જ બિરાજમાન થયેલા જોવા મળત. તાત્પર્ય એ કે, આમ વ્યાપક અને વિરાટ ભાવનાનો વિચાર છોડી દઈ દુરાગ્રહ વડે મનુષ્યરચિત વ્યવહાર કાયદાઓ રચવામાં આવેલા છે, જે પોતાનો સ્વાર્થ સાધવા પૂરતાં જ છે એમ નિરભિમાન વૃત્તિ વડે કબૂલ કરવું પડશે. આ રીતે દુરાગ્રહ છોડી દઈ સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવે તો મનુષ્યો અને તેમનો ઠરાવેલો સર્વ વ્યવહાર કેવળ હાંસીપાત્ર જ ગણાશે. સારાંશ એ કે, આ સર્વ વિરાટ વ્યવહારની યોજના તો વિધાતા બ્રહ્મદેવે દરેકની યોગ્યતાનુસાર પૂર્વકર્મવશાત્ સારી રીતે કરેલી છે. તે વ્યવસ્થાનું પ્રયોજન એ છે કે મનુષ્યો પોતે પોતાની મરજીરૂપ નહિ વર્તતાં નિયતિક્રમ જાણી અપૌરુષેય એવા જ્ઞાનસ્વરૂપ વેદવેદાંગાદિ શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે વર્તે. કારણ મનુષ્યોમાં બુદ્ધિનો અંશ પૂર્ણપણે હોવાથી જગતનું માયાતીપણું સમજી આત્મપ્રાપ્તિ કરી તેઓ કૃતાર્થ બની શકે છે. મનુષ્યેતરો તે પ્રાપ્ત કરવા શક્તિમાન નથી. મનુષ્યયોનિમાં જ એ અંતિમ ધ્યેય કે જેને માટે જગતાદિનો આ સર્વ વ્યવહાર સ્વપ્નવત્ પ્રતીત થયેલો ભાસે છે તે ધ્યેય પ્રાપ્ત થઈ શકે છે; તેથી તેમની યોગ્યતા વિશેષ ગણેલી હોઈ તે ધ્યેયને નજર સામે રાખીને અને મનુષ્યોના હિતનો વિચાર કરી ધ્યેયપ્રાપ્તિ કરી તેઓ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકે એટલા માટે તે પ્રસ્તુત કરેલી છે.

બુદ્ધિનો ઉપયોગ નહિ કરનાર પશુઓ જ છે.

આ રીતે મનુષ્યજીવોમાં બુદ્ધિનો અંશ પૂર્ણપણે હોવાથી સારાસાર વિવેક કરી સત્યસ્વરૂપ જાણવાની તેઓના ઉપર મોટી જવાબદારી રહેલી છે. પશુપક્ષ્યાદિકો તો કદાચ આ મિથ્યા એવા અજ્ઞાની વ્યવહારમાં ફસાય, પરંતુ જો મનુષ્યો પોતાની જવાબદારી શું છે તે નહિ સમજતાં આત્મતત્ત્વરૂપ ધ્યેય પ્રાપ્ત કરી લેવાનો પ્રયત્ન નહીં કરે અને કેવળ આજીવિકા, નિદ્રા, ઐશઆરામ, ભય તથા વિષયોપભોગમાં જ રચ્યાપચ્યા રહી આખો જન્મારો પશુઓની જેમ જ વિતાવશે તો પછી પોતાને બુદ્ધિશાળી માનનારા એવા તેઓને શિંગડાં અને પૂંછડાં વિનાના નરપશુઓ જ સમજવા; તેમનામાં અને પશુઓમાં શો ભેદ? મનુષ્યેતરથી મનુષ્યો કાંઈ શરીરબળમાં શ્રેષ્ઠ હોતા નથી પરંતુ કેવળ બુદ્ધિબળમાં જ શ્રેષ્ઠતા ધરાવે છે અને બુદ્ધિબળની શ્રેષ્ઠતાને લીધે જ તેઓ વ્યાઘ્રાદિ જેવાં બળવાન અને હિંસક પ્રાણીઓને જેર કરી બંધનમાં રાખી શકે છે. એ તો સામાન્ય સંસારની વાત કરી પરંતુ જો મનુષ્યો ધારે તો પોતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ બની આવા કરોડો બ્રહ્માંડો પણ ઉત્પન્ન કરી શકે છે એટલું જ નહિ પરંતુ આત્મસ્વરૂપ બની સર્વ બળવાનોને પણ બળનો આશ્રય આપનારા મહાન સમર્થ થઈ શકે છે અથવા તો દીનમાં દીન બની જઈ દયાને પાત્ર બને છે. આ બધું બુદ્ધિનો સદુપયોગ કિંવા દુરુપયોગ કરવો તેના ઉપર અવલંબે છે.

આ મુજબ ઉંડાણમાં ઉતરીને અત્યંત સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કરવાથી એ સિદ્ધ થાય છે કે પ્રથમ તો મનુષ્યોનો ઠરાવેલો આ સર્વ વ્યવહાર કેવળ સ્વાર્થ પૂરતો મર્યાદિત હોઈ તદ્દન મિથ્યા ઠરે છે અને જો આ મનુષ્યવ્યવહારને સાચો માનવામા આવે તો તે પ્રમાણે મનુષ્યેતરોમાં પણ કાંઈ વ્યવહારરચના હોવી જ જોઈએ, તથા જો આ પક્ષનો સ્વિકાર થાય તો પછી તે દરેક (મનુષ્યેતરો) પોતપોતાની ભાષામાં પોતાને માટે અહમ્ (હું) એવી સંજ્ઞાનો કોઈ શબ્દપ્રયોગ કરતા હોવા જ જોઈએ, એ પણ સ્પષ્ટ છે. આ રીતે ચરાચર સ્થાવર જંગમાત્મક, વ્યષ્ટિ, સમષ્ટિ, વિશ્વ કિંવા વિરાટ, "હું" રૂપ જ છે, એમ નિઃસંશય કહેવું પડશે. ઉપર કહી ગયા તેમ પ્રત્યેક મનુષ્ય પોતાને "હું" તથા બીજાને માટે 'તું' તમે, મારું, તારું ઇત્યાદિ ભાવવડે સંબોધે છે. જેમ સ્ત્રી મારી, પુત્ર મારો, શરીર મારું, મન મારું, બુદ્ધિ મારી, એ બધાને મારું મારું કહેવામાં આવે છે તે જ પ્રમાણે આ સ્થાવરજંગમાત્મક જગતના વ્યવહાર સમયે પણ તે આ મારું, તારું ઇત્યાદિ શબ્દોનો જ પ્રયોગ કરે છે. જેમ ઘર મારું, જમીન મારી, ડુંગર મારો, રાજ મારું, ઝાડ મારું, ઘોડો મારો વગેરે વગેરે. આ બેમાં મારો પુત્ર કહેતી વખતે તથા મારો ઘોડો કહેતી વખતે "મારો" એ શબ્દ તો સરખો જ હોય છે. આ રીતે મારો હાથ અને મારો શત્રુ એ બંને સમાન જ ઠરે છે તો પછી તેમાં ભેદ કેવી રીતે ગણવો? આ મમાદિ શબ્દો પોતાની ભાષાના હોવાથી મનુષ્યો તેને સારી રીતે સમજી શકે છે અને તાત્કાલિક તેનો પ્રત્યુત્તર પણ આપી શકે છે પરંતુ મનુષ્યેતર યોનિઓ મનુષ્યોની આ ભાષાથી અપરિચિત હોવાથી તે સમજી શકતો નથી. આ સંબંધે કેટલુંક વિવેચન દત્ત પરશુરામમાં આવેલું છે તે પૈકી નીચેનો ભાગ અક્ષરશઃ આપવામાં આવે છે.

વ્યાઘ્રાદિ પશુઓની શોધ

મનુષ્યેતર પ્રાણિઓમાં બુદ્ધિતત્ત્વનો અંશ પૂર્વકર્માનુસાર મનુષ્યો કરતાં ઓછા પ્રમાણમાં હોય છે, આથી મનુષ્યયોનિએ તેનો ગેરલાભ લઈને પોતાને અનુકૂળ થાય એવા સ્વાર્થી કાયદાઓની રચના કરી છે. જેમ કે કોઈ સ્ત્રી નાના બાળકને મૂકી મરી જાય તો તે બાળકને જીવતો રાખવાને સારુ મનુષ્યોએ તેને ગાય કિંવા બકરીનું દૂધ આપવાની વ્યવસ્થા કરેલી છે પરંતુ જો ગાય કિંવા બકરી મરી જાય તો તેનાં બચ્ચાંને માટે મનુષ્યો પોતાનું દૂધ કદી આપતાં નથી, જો આ પ્રમાણે અરસપરસ થતું હોત તો મનુષ્યરચિત કાયદો એકતરફો ગણાત નહિ, પરંતુ મનુષ્યોના બાળકને જીવવાનો અધિકાર છે પણ ગાય બકરીના બાળકોની મનુષ્યોને શી પડી? અર્વાચીનકાળમાં મનુષ્યોએ શોધ કરી છે કે, જો આયુષ્ય વધારવું હોય તો વાંદરા કે સસલાના કાળજાનો ઉપયોગ કરવો. એક મનુષ્યનું જીવન ટકાવવાના પ્રયત્નને માટે કેટલા વાંદરા કે સસલાનો ભોગ લેવામાં આવે છે તેની મનુષ્યોને તો કશી પડી જ નથી તેમ જ કસાઈખાનાઓની સંખ્યાઓનો તો પાર જ નથી એટલું સારું છે કે પશુપક્ષ્યાદિ મનુષ્યેતર યોનિઓમાં બુદ્ધિતત્ત્વનો અંશ ઓછો છે. કદાચ વ્યાઘ્રાદિને મનુષ્ય જેવી બુદ્ધિ હોત તો તેઓ પણ મનુષ્યોની જેમ મોટી મોટી શોધો કરત; તેવી શોધો કરતાં કરતાં તેઓને જણાયું હોત કે પોતાને વધુ જીવવાને માટે મનુષ્યોના કાળજાની જરૂર છે અથવા આયુષ્ય લાંબુ કરવાને માટે મનુષ્યોએ બાંધેલાં મકાનોમાં રહેવું કિંવા તેમનાં ઐશ્વર્યાદિ સાધનો ઉપયોગી છે, તો આજે મનુષ્યોના હાલ કેવા થાત? તેઓ ન રહી શકત ગામમાં કે ન જઈ શકત જંગલમાં, કારણ કે એક બાજુએ એકલા મનુષ્યો અને બીજી બાજુએ ત્યાંથી લાખ નવાણું હજાર નવસો નવાણું જીવ જાતિઓ અને તે દરેકની નવી નવી શોધો! આમ થાત તો આ મનુષ્યોની કલ્પનાનો પાર રહેત નહીં, પરંતુ આ માનુષીમ વ્યવહારની, તેમની શોધોની કે ઐશ્વર્યની મનુષ્યેતરોને સહેજે પડી નથી. તેઓ તો કેવળ નિયતિના વ્યવહાર મુજબ વિચરે છે. પૂર્વકર્માનુસાર આવેલા દેહના ભોગ ભોગવે છે અને ઉપર જતાવેલા આહારનિદ્રાદિ ભોગોમાં પ્રવૃત્ત રહી આયુષ્ય પૂર્ણ થયે મરણને શરણ થાય છે અને વળી પાછા જન્મે છે. આ રીતનો તેઓનો ક્રમ મનુષ્યયોનિ પ્રાપ્ત થતાં સુધી રેંટમાળની જેમ ચાલુ જ હોય છે. મૂઢ મનુષ્યો પણ બુદ્ધિતત્ત્વનો દુરુપયોગ કરી પોતાના ખરા સ્વરૂપને ઓળખતા નથી અને આ પશુપક્ષ્યાદિની જેમ જ વ્યવહાર કરીને એક દિવસ મરી જાય છે તથા કરેલાં કર્મોનું ફળ ભોગવવાને માટે પુનર્જન્મ લેતા રહે છે.

કોઈ સમયે પશુ, પક્ષી કે વૃક્ષ, પાષાણ, પહાડ ઇત્યાદિ યોનિઓમાં, તો ત્યાંથી ચઢતાં વળી પાછા મનુષ્યયોનિમાં તો કદી સ્વર્ગાદિ લોકમાં, તો પાછા સ્થાવરજંગમાદિ એમ ઉપર નીચેની યોનિઓમાં ભટકતા રહે છે. આ પ્રમાણેની દુઃખપરંપરામાં રખડ્યા કરવું એ કેવું શોચનીય છે? (દત્ત પરશુરામ ભાગ ૧ માંથી).

જગત ઉત્પન્ન થયું નથી ?

શાસ્ત્રકારો જગત મિથ્યા છે કિંવા કદી ઉત્પન્ન જ થયું નથી એમ કંઠશોષ કરી કરીને પોકારી રહ્યા છે અને મિથ્યા માયાજાળમાં ફસાઈ આ અતિભયંકર દુઃખપરંપરાથી બચવાને માટે 'હું કોણ' ? તેનો વિચાર કરવાનો ઉપદેશ આપી રહ્યા છે. તેનું કારણ સૂક્ષ્મ બુદ્ધિવાળાઓના લક્ષમાં હવે સહેજમાં આવશે. કારણ કે આ હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ અનેક નામરૂપો વડે ચાલતા સર્વ દશ્યવ્યવહાર કેવળ મનુષ્યયોનિઓ જ ઠરાવેલા હોઈ તે એકતરફી છે. વાસ્તવિક તો તે સર્વ 'હું' રૂપ જ છે. આ 'હું' એ જ તમામ મિથ્યા દશ્યજાળનું મૂળસ્થાન છે (વૃક્ષાંક ૩ જુઓ). આ 'હું' જ અનેક નામરૂપાદિ વડે વિવર્તભાવે પ્રતીતિમાં આવે છે. તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિરૂપે ભાસનારું તમામ દશ્યજાળ કેવળ એક 'હું'નાં જ જુદાં જુદાં નામો યા સંજ્ઞાઓ છે એમ સમજો. આ 'હું' એટલે માયા, પ્રકૃતિ કિંવા પ્રથમનું રજુરણ કહેવાય છે (વૃક્ષાંક ૩ જુઓ).

'હું' એવી સ્ફૂર્તિનો પ્રેરક તે જ ક્ષર પુરુષ

અત્યાર સુધીના વિવેચન ઉપરથી આપણને આ બધું દશ્ય 'હું' રૂપ કેમ છે તે સારી રીતે સમજાયું. આમ 'હું' નું ખરું જ્ઞાન થતાં તેથી આગળ વધીને 'હું' કોણ? તેની શોધ કરવાની છે. એટલે આ 'હું'નું ઉત્પત્તિસ્થાન કયું? અને તે ક્યાંથી ઉત્પન્ન થયો? તે જાણવું પડશે. કારણ કે સર્વ 'મમ' અથવા દ્વૈતભાવનો તો વિલય થયો અને કેવળ એક 'હું' ભાવ રહ્યો. જેમ તમામ 'મમ' ભાવ તો 'હું' ના આધાર ઉપર વિવર્તરૂપે મિથ્યા ભાસમાન થતો હતો એટલે દોરી ઉપર સર્પનો મિથ્યાભાસ થાય તેમાં જેમ દોરી એ અધિષ્ઠાન છે, તેમ 'મમાદિ'નો મિથ્યાભાસ થયો, તેનું અધિષ્ઠાન તો 'હું' ભાવ છે, એ તો સારી રીતે જાણી શકાય. અર્થાત્ 'મમ' (મારું) કહેતી વખતે 'હું' ભાવ તો હોય છે જ. જો આ 'હું' જ ન હોય તો મમભાવદર્શક 'તું'નું અસ્તિત્વ જ કદી સંભવે નહિ એટલે 'તું' ભાવનું આ 'હું' એ જ અધિષ્ઠાન છે એ સ્પષ્ટ છે પણ આ 'હું' 'હું' એમ કહેનારો કોણ? તેનું અધિષ્ઠાન કયું? એવો કોણ છે જે પોતાને 'હું' એમ કહે છે? તે જાણવું જોઈએ. જ્યાં સુધી તે જાણી શકાય નહિ ત્યાં સુધી સાચું જ્ઞાન પ્રાપ્ત થયું એમ કહી શકાય નહિ કેમ કે 'તું' કહેતાં જ તેમાં જેમ 'હું' અને 'તું' એ બંને ભાવો એક સાથે જ રહેલા હોય છે, તેમ 'હું' કહેતાં પણ તેનો કહેનારો તો કોઈ હોવો જોઈએ એમ કબૂલ કરવું પડશે. કારણ કે જો તેમ ન હોય તો પછી 'હું' કોના આધાર વડે રહે? આમ 'હું' નું અસ્તિત્વ કોઈ પણ સાધન દ્વારા સિદ્ધ થઈ શકે તેમ નથી. તેથી લક્ષ્યાર્થથી એમ માનવું પડશે કે 'હું' ને 'હું' એમ કહેનારો તેનો સાક્ષી તો કોઈ અવશ્ય છે અને તે પણ 'હું' એવા પ્રાકટ્ય પછી જ પ્રતીતિમાં આવતો હોવાથી પ્રથમ તો એમ માનવું પડે છે કે 'હું' ને 'હું' કહેનારો 'હું' વિના બીજો કોઈ નથી. જેમ 'તું' ને કહેનારો 'હું' જુદો મળી આવે છે તેમ 'હું" ને 'હું' કહેનારો 'હું' વિના બીજો કોઈ મળી શકતો નથી. આથી એક આ પ્રતિબિંબરૂપ અશુદ્ધ 'હું' (વૃક્ષાંક ૩) તથા બીજો તેનો સાક્ષી બિંબરૂપ એવો શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨ જુઓ), એવા તેમાં બે સૂક્ષ્મ ભેદો નીકળી શકે છે એમ વિચાર કરતાં જણાશે. તેથી જેમ 'તું' કહેવું એ દ્વૈત જ છે, તેમ 'હું' કહેવું એ પણ દ્વૈત જ છે, એમ આથી સિદ્ધ થાય છે. કારણ કે 'તું' કહેતી વખતે તેમ કહેનારો 'હું' તો અવશ્ય હોય છે જ; તેમ 'હું' ને હું એમ કહેનારો પણ લક્ષ્યાર્થદર્શક 'હું' હોય છે. કારણ કે હું છું એમ 'હું" જ 'હું"ને જાણે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, જેમ અરીસામાં સામે આવનારનું પોતાનું જ પ્રતિબિંબ પડે છે તેમ એક 'હું' પ્રતિબિંબ તથા બીજો 'હું' બિંબરૂપ છે. એમ સિદ્ધ થયું. અર્થાત્ આ તું, મારું ઇત્યાદિ ભાવોને જાણનારો જે 'હું" (વૃક્ષાંક ૩) તે પ્રતિબિંબરૂપ હોઈ તેનો સાક્ષી કિંવા 'હું' 'હું' એવી પ્રેરણા કરનારો શુદ્ધ એવો જે હું

(વૃક્ષાંક ૨) તે બિંબરૂપ છે, એમ સમજવું. આ રીતે એક શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) તથા બીજો તેનું જ પ્રથમનું 'હું' એવું પ્રતિબિંબ સ્ફુરણ (વૃક્ષાંક ૩) છે એમ સમજવું. આ બિંબરૂપ શુદ્ધ 'હું'ને જ શાસ્ત્રમાં સાક્ષી, દ્રષ્ટા, ઈશ્વર, ક્ષરપુરુષ ઇત્યાદિ નામોની સંજ્ઞા આપવામાં આવેલી છે અને તે કેવળ લક્ષ્યાર્થથી જ જાણી શકાય છે. આ રીતે ક્ષર પુરુષ શુદ્ધ 'હું' (વૃક્ષાંક ૨) તથા તેના પ્રતિબિંબ કિંવા સ્ફુરણ રૂપ 'હું' (વૃક્ષાંક ૩)ની ઓળખ આપણને સારી રીતે થઈ. અત્રે ખાસ લક્ષમાં રાખવું જરૂરી છે કે જે આ લક્ષ્યાર્થ વડે જાણી શકાય છે, એવો 'હું' રૂપ પ્રેરણા કરનારો શુદ્ધ 'હું' કે જેને ક્ષર પુરુષ કહેવામાં આવે છે તે તો જ્યારે આ પ્રતિબિંબ કિંવા સ્ફૂર્તિરૂપ 'હું' (વૃક્ષાંક ૩)નું પ્રાકટ્ય થાય છે ત્યારે જ જાણી શકાય છે અને જ્યારે આ 'અહં' એવી સ્ફૂર્તિનો વિલય થાય છે ત્યારે સાથે સાથે તેનો પણ વિલય થઈ જાય છે. તેથી આ બંનેની ઉત્પત્તિ એક સાથે જ થાય છે. તથા બંનેનો વિલય પણ એક સાથે જ થાય છે. જેમ મનુષ્ય અને તેની છાયા એ બંને પરસ્પર સંલગ્ન હોય છે એટલે તે પરસ્પર એક બીજાને છોડીને રહી શકતાં નથી, તેમ આ સાક્ષીરૂપ કિંવા બિંબરૂપ એટલે પ્રેરણાત્મક 'હું' (વૃક્ષાંક ૨) તથા સ્ફૂર્તિરૂપ 'હું' (વૃક્ષાંક ૩) એ બંને પરસ્પર સંકળાયેલાં છે. આમ 'હું' (વૃક્ષાંક ૩) ને 'હું'' એવી પ્રેરણા આપનાર બિંબાત્મક 'હું" (વૃક્ષાંક ૨) જો કે આ 'હું' એવી પ્રેરણા કરાવનારો છે પરંતુ તે કાંઈ 'હું'ની મૂળ ઉત્પત્તિનો કારક નથી. તે સ્થાન તો આ બંનેથી જુદું જ કોઈ છે અને તે સ્થાન તો આ "હું" તથા તેના સાક્ષીભાવનો પણ વિલય થઈ જાય એવું હોવું જોઈએ એ પણ જાણી શકાશે. કારણ કે આ સ્ફૂર્તિરૂપ "હું" (વૃક્ષાંક ૩) તથા તેને સ્ફુરણા આપનારો શુદ્ધ "હું" (વૃક્ષાંક ૨) એ તો પરસ્પર સંકલિત થયેલા હોઈ પરસ્પર એકબીજાના આધારે જ રહી શકે છે. વળી જેમ દીવો સળગાવ્યા પછી જ તેમાં તેજપણું છે કે નહિ તે જાણી શકાય છે તેમ આ લક્ષ્યાર્થ વડે જાણવામાં આવતો સાક્ષી કિંવા ઈશ્વર પુરુષ (વૃક્ષાંક ૨) જ્યારે "હું" એવી સ્ફૂર્તિ (વૃક્ષાંક ૩) રૂપ થાય ત્યારે જ જાણી શકાય છે. જેમ અરીસાની સામે બિંબ હોય તો જ તેમાં પ્રતિબિંબ પડે છે અને તે પણ જેવું બિંબ હોય તેવું જ આબેહૂબ પડે છે, તેમ પ્રતિબિંબરૂપ "હું" (વૃક્ષાંક ૩) જ્યારે 'હું" એવા ભાવ વડે પ્રગટ થાય છે ત્યારે જ લક્ષ્યાર્થ દૃષ્ટિવડે જાણી શકાય છે કે 'હું" રૂપ પ્રતિબિંબ પક્ષું છે એટલે તેનું કોઈ બિંબ અવશ્ય હોવું જ જોઈએ અને તે પણ પ્રતિબિંબના જેવું 'હું" રૂપવાળું જ હોય, એ સ્વાભાવિક છે. આ રીતે આ બિંબ અને પ્રતિબિંબ પરસ્પર એક બીજાના આધાર ઉપર જ અવલંબન રાખે છે. એક હોય તો બંને હોય છે અને એક ના હોય તો બંને હોતા નથી, તેથી તે બંને સાપેક્ષ છે. આમ હોવાથી જ આ બિંબરૂપ 'હું" (વૃક્ષાંક ૨)ને ક્ષર પુરુષ કહેલો છે.

ક્ષર પુરુષ કેમ કહે છે ?

ક્ષર એટલે નાશવંત. તેને નાશવંત કહેવાનું કારણ એ કે પ્રકૃતિ, માયા અથવા પ્રતિબિંબરૂપ એવું આ 'અહમ્'રૂપ મિથ્યા સ્ફુરણ પ્રતીત થયેલું હોવાથી તેની મિથ્યા ઉપાધિને લીધે જ આ સાક્ષીરૂપ ઈશ્વરને માયોપાધિક એવું નામ આપવામાં આવેલું છે. તેથી જેમ ઘરનો નાશ થતાં તેમાંના આકાશનો પણ નાશ થઈ ગયો એમ કહેવાય છે તે પ્રમાણે આ મિથ્યા માયારૂપ 'હું' ભાવ(વૃક્ષાંક ૩)નો નાશ થતાં જ તેના સાક્ષીરૂપે કહેવાતા નિરુપાધિક છતાં ઉપાધિરૂપ એવા બિંબરૂપ શુદ્ધ 'હું' વા ઈશ્વર (વૃક્ષાંક ૨)નો પણ અનાયાસે નાશ થયો એમ વ્યવહાર દૃષ્ટિએ માનવામાં આવ્યું છે. આથી તેને શાસ્ત્રમાં ક્ષર પુરુષ કહેલો છે. વાસ્તવિક રીતે તો જેમ ઘટાકાશનો નાશ થતો નથી; પરંતુ તે તો પોતાના અસલ સ્વરૂપમાં મહાકાશ સાથે વિલીન થઈ જાય છે તેમ આ ક્ષરપુરુષ પણ માયારૂપ ઉપાધિનો વિલય થતાં જ પોતાના સ્વસ્વરૂપમાં સ્થિત થઈ જાય છે.

હું એટલે શરીર નથી તો કોણ ?

આ પ્રમાણે વિચાર કરતાં આપણે વાચ્યાર્થરૂપ 'હું' કે જેને માયા, શુદ્ધ અહમ્‌નું પ્રથમનું પ્રતિબિંબ, પ્રથમનું સ્ફુરણ, જ્ઞાભાસ, પ્રકૃતિ ઇત્યાદિ નામોની સંજ્ઞાઓ આપવામાં આવેલી છે તે 'હું' (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી કિંવા સ્ફુરણા કરનારો બિંબરૂપ 'હું" (વૃક્ષાંક ૨), આ બેનું સ્વરૂપ જાણ્યું પરંતુ તે કાંઈ 'હું'નું સાચું સ્વરૂપ કહી શકાય નહિ. આ 'હું"ને જ્યાંથી પોતાની ઉત્પત્તિ થઈ એવું મૂળ સ્થાનક જાણવાની જરૂર હોવાથી

તેણે પોતાના સાક્ષીરૂપ 'હું' (વૃક્ષાંક ૨)ને પૂછ્યું: હે સાક્ષીરૂપ 'હું' (વૃક્ષાંક ૨) હું કોણ? મારું મૂળ સ્થાન અને સ્વરૂપ કયું? આ પ્રશ્ન સાંભળીને સાક્ષી તેને કહે છે: હે હું (વૃક્ષાંક ૩)! તું (त्वम्),* તે (तत्), છે (असि) એટલે તું તે અર્થાત્ આત્મા કિંવા બ્રહ્મ(વૃક્ષાંક ૧) છે. આમ તું જે તારું પોતાનું મૂળસ્થાન અથવા સ્વરૂપ જાણવાની ઇચ્છા રાખે છે તે સ્થાન તો અનિર્વચનીય હોઈ તે કેવળ તત્ત્વાર્થ વડે જ જાણી શકાય તથા અનુભવ વડે જ કળી શકાય તેવું છે. તેને વ્યવહારમાં આત્મા, બ્રહ્મ, જ્ઞાન, તત્, સત્, ચિત્ કિંવા અક્ષર પુરુષ ઇત્યાદિ મિથ્યા નામોની સંજ્ઞા વડે આરોપિત શબ્દોથી સમજાવવામાં આવેલું છે; એવું જે અનિર્વચનીય સ્થાન તે જ તું છે. કારણ કે કર્તા, કરણ, કાર્ય; જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય, દ્રષ્ટા, દર્શન, દૃશ્ય ઇત્યાદિ તમામ ત્રિપુટીઓનો વિલય તો તારામાં એટલે સ્ફુરણરૂપ હું(વૃક્ષાંક ૩)માં જ થયેલો છે તથા તારો એટલે આ 'હું' (વૃક્ષાંક ૩)નો વિલય મારામાં એટલે સાક્ષી(વૃક્ષાંક ૨)માં થયેલો છે, પરંતુ તે (तत्, વૃક્ષાંક ૧) સ્થાનમાં તો તુંરૂપ 'હું' (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી જે હુંરૂપ શુદ્ધ હું (વૃક્ષાંક ૨) એમ આપણે બંને નથી, એવું તે પદ તદ્દન અનિર્વચનીય છે. જેમ અરીસામાં પ્રતિબિંબ પડે છે. આથી બિંબ પ્રતિબિંબનું મૂળ અધિષ્ઠાન તો અરીસો છે. અરીસો ન હોય તો બિંબનું પ્રતિબિંબ પડી શકે જ નહિ. વળી બિંબ એ તો પ્રતિબિંબનું પ્રેરક ગણાય, અરીસાનું નહિ. અરીસાની સાથે તો આ બિંબ અને પ્રતિબિંબ બંનેનો લેશમાત્ર પણ સંબંધ હોતો નથી. એ બંને હોવા ન હો; અરીસો આ બિંબ અને પ્રતિબિંબ હોવાં જ જોઈએ એવું કદી ઇચ્છતો પણ નથી અને ન હોવાં જોઈએ એવી રીતે તેને ત્યાગવાનો પણ ઇચ્છા કરતો નથી તેમ તે જાણતો પણ નથી કે મારામાં પ્રતિબિંબ પડેલું છે. વળી હોય તો તે પ્રતિબિંબ કાંઈ અરીસાથી ભિન્ન પણ હોઈ શકતું નથી પરંતુ અરીસારૂપ જ હોય છે, તેમ આ અનિર્વચનીય એવા આત્મામાં તો આ સ્ફૂર્તિરૂપ હું (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી (વૃક્ષાંક ૨) કરીને કોઈક છે કે નથી તેનો તેને કલ્પના પણ નથી. વેદો આ અનિર્વચનીય, શાંત, નિર્મળ, સ્વચ્છ અને ચૈતન્યઘન એવા તત્ત્વને સમજાવવાને માટે જ "प्रज्ञानंब्रह्म" જ્ઞાન એ જ બ્રહ્મ છે (ઋગ્વેદ ઐતરેય ઉપ૦); "अहंब्रह्मास्मि" હું બ્રહ્મ છે (યજુર્વેદ બૃહદારણ્યક ઉપ૦), "तत्त्वमसि" તે તું છે (સામવેદ છાંદોગ્ય ઉપ૦), "अयमात्मा ब्रह्म" આ આત્મા બ્રહ્મ છે (અથર્વવેદ માંડૂક્ય ઉપ૦) એમ ચાર મહાવાક્યો વડે નિર્દેશ કરીને "नेति नेति" એટલે હજી ઇતિ થયું નથી, પૂર્ણ થયું નથી એમ કહીને મૌન થઈ ગયા છે. શાસ્ત્રનો નિયમ એવો છે કે જે વિષય સમજાવવાનો હોય તેના આરંભમાં "अथ" અમુક વિષય આરંભ એમ કહેવામાં આવે છે, અને સમાપ્તિ સમયે "इति" અમુક વિષય સમાપ્ત, એમ કહી તેની પૂર્ણતા કરવામાં આવે છે. એ ન્યાયાનુસાર વેદ કહે છે કે મેં આ અનિર્વચનીય એવું તે પરમતત્ત્વ સમજાવવાનો 'અથ' આરંભ તો કર્યો પરંતુ તેની હજી 'ઇતિ' પૂર્ણતા થઈ નથી; પૂર્ણતા થઈ નથી. તે પદની પૂર્ણતા તો તું જ્યારે આ મુજબ સહજભાવે આ અહમ્ (વૃક્ષાંક ૩)નો તેના સાક્ષી (વૃક્ષાંક ૨) સહિત વિલય કરીશ ત્યારે જ અનુભવી શકીશ. આમ જ્યારે તું અહંભાવનો વિલય કરીને પ્રત્યક્ષ અનુભવીશ ત્યારે જ તે પદમાં તારી સ્થિતિ થશે. અનુભવ સિવાય અન્ય કોઈ ઉપાય વડે તે લક્ષ્ય નથી, આ અનિર્વચનીય પદ તે જ અક્ષર પુરુષ છે. આ સાંભળી તે હું (વૃક્ષાંક ૩) જાણી શકયો કે હું એટલે આ મિથ્યા તું, મારું ઇત્યાદિ કહેવાવાળો નહિ તેમ જ આ હુંનો પ્રેરક અથવા સાક્ષીરૂપ(વૃક્ષાંક ૨) એવો ક્ષર પુરુષ પણ નહિ; પરંતુ જ્યાં આ 'હું'રૂપ સ્ફૂર્તિ (વૃક્ષાંક ૩) તથા તેનો સાક્ષી કિંવા ક્ષર પુરુષ (વૃક્ષાંક ૨) એ બંને નથી; જે આકાશની જેમ તદ્દન અસંગ, નિર્લેપ, નિરાકાર, નિર્ગુણ, વ્યય રહિત, અચળ તથા અનિર્વચનીય છે તથા જેને માટે શાસ્ત્રમાં આત્મા, બ્રહ્મ, સત્, તત્ ઇત્યાદિ સંજ્ઞાઓની કલ્પના કરવામાં આવેલી છે, તે જ પોતાનું સાચું સ્વરૂપ છે. એક આકાશ જ, ઘટાકાશ, મહાકાશ, મહાકાશ ઇત્યાદિ ભિન્ન ભિન્ન રૂપે ભાસે છે પરંતુ વાસ્તવિક તો તેમાં ભેદ બિલકુલ છે જ નહિ એટલું જ નહિ પરંતુ આ આકાશ જ વિવર્તરૂપે વાયુ, તેજ, જળ અને પૃથ્વીરૂપે જાણે બનભાવને પામ્યું નહિ હોય એવી રીતનું જોવામાં આવે છે એટલે બધું તથા

* જેમ વ્યવહારમા મનુષ્ય પોતાને હું તથા બીજાને તું કહે છે તેમ સાક્ષીનો આ 'હું' એ તું થાય છે તેથી તે તેને તું એમ કહીને સંબોધે છે.

મહાદિરૂપે પણ આકાશ જ બનેલું હોઈ તેમાં ઘટાકાશ, મહાકાશરૂપે પણ તે જ રહેલું છે તથા તેની ચારે તરફ આકાશ જ વીંટાયેલું હોય છે. આમ આ સર્વ આકાશમાં, આકાશ વડે, આકાશરૂપે અને આકાશે જ ઉત્પન્ન કરેલું હોઈ તે આકાશથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી તેમ આ આત્મા જ પોતે, પોતામાં, પોતાવડે, પોતારૂપ 'હું' એવા સ્ફુરણરૂપે તથા તેનો સાક્ષી ઇત્યાદિ ચરાચરરૂપે થયેલો ભાસે છે.

હું એટલે આત્મા

જેમ મૃગજળ સૂર્યકિરણની અંદર જ પાણીરૂપે ભાસે છે છતાં ત્યાં પાણીનો તો કિંચિન્માત્ર પણ અંશ હોતો નથી, પરંતુ કેવળ સૂર્યનાં કિરણો જ હોય છે તેમ અનિર્વચનીય એવા આ આત્મામાં 'હું' 'હું' એવા સ્ફુરણનો લેશમાત્ર અંશ પણ નહિ હોવા છતાં પણ સૌરાભિક ન્યાયવત્ એટલે સૂર્યકિરણમાં પાણીની જેમ આત્મા પોતે જ પોતામાં હું એવા રૂપે ભાસે છે. આથી જેનો **'अहम्'** (હું) એવા શબ્દ વડે જ નિર્દેશ થઈ શકે છે તે વૈશ્વાનરરૂપ આત્મા જ પ્રત્યક્ ચૈતન્ય એટલે સાક્ષી (વૃક્ષાંક ૨) રૂપે છે. અર્થાત્ આ 'હું' એટલે આત્માથી અભિન્ન એવો ચૈતન્યરૂપ છે (વૈશ્વાનર સંબંધે છાં૦ ઉપ૦ પંચમ૦ પ્ર૦ ખંડ૦ ૧૮ જુઓ). બુદ્ધિ આદિ તમામ ત્રિપુટીનો જે સાક્ષી તેને **'अहम्'** એટલે હું (વૃક્ષાંક ૩) એમ કહેવામાં આવે છે. તે આ સર્વ દૃશ્યનું મૂળ કહેવાય એટલે દૃશ્યની શરૂઆત આ હું થી જ થયેલી છે. આથી આ **'अहम्'** (હું) અને તે વડે દૃશ્યમાન થતા તમામ ભાવોને **'त्वम्'** (તું) કહે છે. આ ન્યાયે આ **'अहम्'** (હું) તેને જાણનારા સાક્ષીનો **'त्वम्'** (તું) થાય છે. આમ **'त्वम्'** (તું) પદનું જે જ્ઞાન તે જેને થાય છે એવો જે સાક્ષી તે જ વાસ્તવિક રીતે **'अहम्'** એટલે શુદ્ધ હું (વૃક્ષાંક ૨) રૂપ છે અને આ સાક્ષી તો વસ્તુતઃ એક અદ્વિતીય એવો **'तत्'** એટલે **"तत्"** વા આત્મા (વૃક્ષાંક ૧) રૂપ છે; તું એટલે અશુદ્ધ હું (વૃક્ષાંક ૩) પણ **'तत्'** (આત્મા)રૂપ છે. આ રીતે સર્વત્ર એક તથા અદ્વિતીય એવો આત્મા જ વ્યાપેલો છે. દૃશ્યની પૂર્વે આત્મસ્વરૂપ એવો તે જ હું છે તથા હાલ પણ તે જ હું છે. એટલે દૃશ્યની પ્રથમ આત્મા જ હતો, હાલ પણ તે જ છે અને ભવિષ્યમાં પણ તે જ છે. એ રીતના त्वं પદના જ્ઞાનને અર્થાત્ તું આત્મા છે, એવા જ્ઞાનને તત્પદ કરીને કહે છે અર્થાત્ હે 'त्वम्' તું આત્મા છે એવો ઐક્યભાવ કરે છે. આ 'त्वंपद' એવી સંજ્ઞા વડે નિર્દેશ કરવામાં આવતી વસ્તુને ' त्वम्, तत्, असि, तुं તે છે" એ રીતે ઐક્યનો અનુભવ કરાવાય છે. સારાંશ એ કે, હું (વૃક્ષાંક ૩) ને त्वम् (તું) તથા તેના સાક્ષી (વૃક્ષાંક ૨) ને 'अहम' (હું), એવી સંજ્ઞાઓ હોઈ અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧) ને 'तत्' તે એવી સંજ્ઞા છે. એ રીતે વાચ્ય, લક્ષ્ય અને તત્ત્વદૃષ્ટિઓ વડે 'તું તે છે' એવી એકતાનો અનુભવ કરાવી આપનાર એ 'असि' પદ છે. આત્માને 'तत्' એટલે તે એવી સંજ્ઞા આપવાનું કારણ એ છે કે, આ દૃશ્યાદિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) પૂર્વે નિઃસંગ અને શુદ્ધ, શાંત એવું જે પરબ્રહ્મતત્ત્વ (વૃક્ષાંક ૧) હતું તે જ આ ચરાચર દૃશ્યાદિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) રૂપે આજે પણ આ રૂપે તેવું ને તેવું જ ભાસે છે. આવો ભેદમાં ઐક્યભાવ દર્શાવવાને માટે શાસ્ત્રકારો તે તત્ત્વને 'तत्' (તે) એવી સંજ્ઞા વડે સમજાવે છે (શુક અને શિવનો સંવાદ, શુકરહસ્ય કિંવા રહસ્યોપનિષદ્ જુઓ).

सर्वस्य कृष्णः केम न कहुं ?

આ વિવેચન ઉપરથી સારી રીતે જાણી શકાશે કે ભગવાન શ્રીકૃષ્ણે "હું સર્વના હૃદયમાં 'હું' એવા રૂપે બિરાજેલો છે", એમ જે કહ્યું છે તે 'હું' એટલે અનિર્વચનીય એવો આત્મા જ છે, એમ સિદ્ધ થાય છે. ઉપર કહ્યા પ્રમાણે જેમ આકાશ જ એક બાજુએ વાયુ, તેજ (અગ્નિ), જળ અને પૃથ્વીરૂપે બની તેમાં દેખાતા ઘટપટાદિ વિવિધ આકારો તથા અનેક નામરૂપાદિ ભેદો વડે ભાસમાન થયેલું છે તેમજ ઘટપટાદિમાંના ઘટાકાશ, મહાકાશરૂપે પણ તે પોતે જ રહેલું છે અને તેની બહાર પણ તે જ સર્વત્ર વ્યાપેલું છે. એટલે અંદર બહાર, ઉપર નીચે, એમ તમામ રૂપે તે જ છે. આ સર્વના હૃદયમાં પ્રવેશેલો આત્મરૂપ એવો હું (વૃક્ષાંક ૧) હોઈ એવા મારા વડે જ સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિ વગેરેનું અસ્તિત્વ છે. સર્વ વેદો વડે જાણવા યોગ્ય એવો પણ એ હું જ છે, વેદનો અંત કરનારો એટલે વેદ જ્યાં નેતિ, નેતિ કહીને રહ્યગિત એટલે

ચૂપ નિશ્ચલ કિંવા અનિર્વચનીય થઈ ગયાં છે તે સ્થાન પણ હું જ છે તથા વેદોનું સાચું રહસ્ય જાણનારો પણ આ હું જ છે; એમ કહેલું છે. આમ કૃષ્ણ ભગવાન પોતે પોતાને હું એટલે આ શરીરધારી કિંવા આકારવાળો કૃષ્ણ નહિ પરંતુ આત્મા છે; એમ સમજાવવાને માટે સ્થળે સ્થળે પોકારી પોકારીને કહી રહ્યા છે અને તેથી જ તેમણે 'सर्वस्य चाहम्' એવો શબ્દ પ્રયોગ અત્રે કરેલો છે તથા તેનો અર્થ સર્વના હૃદયમાં આત્મસ્વરૂપ એવો હું સ્થિર છે એવો થાય છે એમ સ્પષ્ટ રીતે જણાવે છે.

હું કૃષ્ણ કે ધનંજય ?

અત્રે ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે ભગવાન **सर्वस्य कृष्णः** એમ કહેતાં નથી, પણ **'सर्वस्य च अहम्'** સર્વમાં હું છું એમ કહે છે. પોતાને વિદ્વાન કહેવરાવનારાઓ "હું" નો અર્થ શરીરધારી કૃષ્ણ એવો કરે છે તે ખરેખર અજ્ઞાનતા ઉપરાંત પોતાનો અને લોકોની દિશાભૂલ કરાવનારું છે, કારણ કે તે અનુભવથી વિરુદ્ધ છે. મૂઢ લોકો તો 'હું' એટલે શરીર એમ કલ્પી લે છે, તેમ જ હું એટલે કોણ તેનો કદી વિચાર સરખો પણ કરતા નથી તથા ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતે પોતાને શરીર જ માની લેતા હતા એવો અર્થ પોતાની અજ્ઞાનતા કિંવા મૂર્ખપણાનો આરોપ તેમના પર કરી તેમને મૂઢ લોકોની કોટિમાં લાવવાનો પ્રયત્ન કરનારા વિદ્વાનો કિંવા પોતાને ભક્ત કહેવરાવનારાઓ કરે તો કેટલો મોટી મૂર્ખતા કહેવાય! આ કૃષ્ણ નામ તો દરેક મહાયુગના ત્રીજા ચરણને અંતે ભરતખંડમાં શ્રી ક્ષેત્ર મથુરાપુરીમાં વસુદેવને ત્યાં દેવકીના ઉદરે અષ્ટમ ગર્ભે જન્મ ધારણ કરનારા પરમ યોગેશ્વર એવા કૃષ્ણના આકાર અને રૂપ માટે વપરાય છે. તેઓ પોતે પોતાને હું શરીરધારી છું એમ કદી પણ માનતા ન હતા. તે શરીર દ્વારા પોતાના સાચા આત્મસ્વરૂપને પૂરેપૂરી રીતે ઓળખી લઈ પોતે તો આત્માની સાથે તદ્રૂપ બની ગયેલા હતા, આથી તેઓએ પોતાને સ્થળે સ્થળે હું આત્મસ્વરૂપ છે એવી રીતે હંમેશાં કહેલું છે. વેદ, ઉપનિષદો, શ્રુતિ, ગીતા ઇત્યાદિ દરેકમાં આ 'હું' એટલે કોણ ? તેના સાચા સ્વરૂપના સિદ્ધાંતોનું જ પ્રતિપાદન કરેલું છે તથા અહીં પણ હું સર્વના હૃદયમાં સ્થિત છે. વેદાદિ પણ આ 'હું'નું જ વર્ણન કરે છે, વેદાદિરૂપ પણ હું જ છે; તેમ પાછલા વિભૂતિયોગ (અધ્યાય ૧૦)માં તો ધનંજય પણ હું જ છે, એમ કહેલું છે તેનો ઉદ્દેશ શો ? એક બાજુ આ ગીતારૂપી જ્ઞાનનો ઉપદેશ ધનંજયને જ આપી રહ્યા છે અને વળી પાછા તે જ કહે છે કે ધનંજય પણ હું જ છે અને અર્જુન પણ તે મૂંગે મોઢે કબૂલે છે. આનો શો અર્થ ? વ્યવહારદૃષ્ટિએ આ બધો વિરોધાભાસ જણાશે. પરંતુ વાસ્તવિક રીતે તો અર્જુન જો પોતાને હું અર્જુન છું એમ માનતો હતો તે જ મૂર્ખતા હતી તે હું કોણ ? ક્યાંથી ઉત્પન્ન થયો તેનો જો તે વિચાર કરે તો સારી રીતે જાણી શકે કે તે આ હું એટલે શરીરધારી ધનંજયરૂપ નહિ પરંતુ આત્મરૂપ (વૃક્ષાંક ૧) છે અને તેને જ વિવર્તરૂપે અર્જુનાદિ નામો વ્યવહારમાં લોકો કહે છે. આ રીતે અર્જુનને હું કોણ ? તેનું એટલે પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન થયું. આ સંબંધે ઉપર વિસ્તૃત વિવેચન આપેલું છે, આ રીતે 'હું' એટલે આત્મા એ વાત તદ્દન નિશ્ચિત થઈ. હવે વેદને જાણવા જેવો પણ હું જ છે તથા વેદને પણ હું જ જાણું છે, તથા વેદનો અંત થાય છે તે પણ હું જ છે, એમ જે કહ્યું છે તેનો આપણે સંક્ષેપમાં વિચાર કરીશું.

શાસ્ત્રો કેમ ઉત્પન્ન થયાં?

નાનાં અજ્ઞાની બાળકોને ગમે તેટલા મોંઘા જવાહીરના દાગીનાઓ પહેરાવીને જો એકલાં છોડવામાં આવે અને રસ્તામાં જો કોઈ તેને પ્રિય એવી ખાવાની વસ્તુ આપે તો તેને તે પોતાના કીમતી અલંકારો પણ કાઢીને આપી દે છે એવો વ્યવહારમાં અનુભવ છે. અજ્ઞાની અને મૂઢ બાળકો દાગીનાની કીમત શું છે તે સમજી શકતાં નથી, તેમ મીઠાઈ ખાવાથી પરિણામ શું આવશે તેની પણ તેને કલ્પના હોતી નથી. તેમની સંભાળ રાખવાની સર્વ પ્રકારની જવાબદારી વડીલો અથવા પાલકો ઉપર હોવાને લીધે તેઓ રાતદિન તેમની સંભાળ લેતા રહે છે. આમ બાળકો શેની ઇચ્છા કરે ? આના ઉત્તરમાં ખાવાના પદાર્થો અથવા મીઠાઈની. તેમ આ જગતમાં અજ્ઞાની લોકોને પ્રિય શું છે ? આના ઉત્તરમાં વિષયો. બસ આટલો એક જ

ઉત્તર મળી શકે છે. તરણાથી પણ તુચ્છ એવા વિષયોનું સંપાદન કરવામાં તેઓ રાતદિન રચ્યાપચ્યા રહે છે અને તે સંપાદન કરવામાં મદદ કરનારને પોતાના સમજી બીજાને શત્રુ માને છે. તેમ જ સત્ય, અહિંસા, અસ્તેય, વિવેક, વિચાર, વૈરાગ્ય ઇત્યાદિ અમોલ અલંકારોને તેઓ ફેંકી દે છે. વારુ, આ અમૂલ્ય એવા વિવેકવૈરાગ્યાદિને નાખી દઈને તુચ્છ એવા વિષયો સંપાદન કરવાથી અંતે પરિણામ તો ભયંકર કષ્ટ અને દુઃખરૂપ જ આવે છે તેની પણ આ મૂઢોને કલ્પના હોતી નથી. આથી તેવા વિષયલંપટો કિંવા કામુકો અર્થાત્ અનેક પ્રકારની કામનાઓમાં ચકચૂર બનેલા નશાંધો પોતાના હિતેચ્છુઓ અથવા પાલકો કિંવા આપ્ત એવા ઋષિ, મુનિ, સિદ્ધ, મહાત્મા તથા અવતાર ઇત્યાદિકોએ સમસ્ત બ્રહ્માંડના મૂળ આધારભૂત એવા જે વેદ, વેદાંગ, ઉપનિષદો, શ્રુતિ, ન્યાય, મીમાંસા, પુરાણો સ્મૃત્યાદિ ધર્મશાસ્ત્રો વગેરે મૂળ અપૌરુષેય તથા પૌરુષેય એવાં અનેક શાસ્ત્રોનું લોકકલ્યાણને અર્થે જ પ્રાકટ્ય કરેલું છે તે શાસ્ત્રોની પણ અવગણના કરે છે. તે શાસ્ત્રોનો મૂળ ઉદ્દેશ તો વાસ્તવિક વિષયો લોકોને વિષયનિષ્ઠામાંથી હઠાવી આત્મનિષ્ઠામાં સ્થિત કરી તેઓને દુઃખમાંથી બચાવવા એ જ એક છે.

પૌર્વાત્યો કિંવા પાશ્ચાત્યોમાં વેદની પ્રાચીનતા સિદ્ધ છે

આરંભના બિંદુથી માંડીને જે રેખા આમ, તેમ, ડાબી, જમણી, આડી અવળી કિંવા વાંકી ચૂંકી ન જતાં છેવટના બિંદુ સુધી એક સરખી અને તદ્દન સીધી ચાલી જાય છે તેને ભૂમિતિ શાસ્ત્રમાં શિરત કહે છે. આ ન્યાય દરેક શાસ્ત્રને પણ લાગુ પડે છે. જે શાસ્ત્ર આરંભ અને અંત અર્થાત્ ઉપક્રમ અને ઉપસંહારને નહિ છોડતાં આ બે બિંદુઓની વચ્ચે બરાબર એકાગ્રતાથી સ્થિત હોય, એટલે જે વિષય પ્રતિપાદન કરવાની ઇચ્છા હોય તે વિષય સમજાવવા દૃષ્ટિકોણ નહિ બદલતાં તેની જ પુષ્ટિને માટે પ્રયત્ન કરે તે જ તે તે શાસ્ત્રોનો મૂળ ઉદ્દેશ જાણવો. આ રીતે ઉપક્રમ અને ઉપસંહાર નહિ છોડતાં પોતાનું મૂળ દૃષ્ટિબિંદુ સમજાવવાને માટે વચ્ચે જે અનેક પ્રકારનાં દૃષ્ટાંતો કિંવા વિવેચનો દ્વારા તેનો વિસ્તાર કરવામાં આવે છે, તે સર્વને આદિ અને અંતની વચમાં આવેલાં બિંદુઓ અથવા ભાગો સમજવા, પરંતુ મૂળ ઉદ્દેશ છોડી દઈ ઇતર ભાગોનું અવલંબન થાય તેને આડાઅવળા માર્ગો કહે છે. તેથી લક્ષ્યબિંદુને ધ્યાનમાં રાખી આદિઅંતનો વિચાર કરીને જ દરેક શાસ્ત્રનું તાત્પર્ય શું છે તેનો નિર્ણય થઈ શકે છે. આ ન્યાયાનુસાર વિચાર કરવાથી જણાશે કે અર્વાચીન યા પ્રાચીન એટલે પાશ્ચાત્યો કિંવા પૌર્વાત્યો, સર્વ શાસ્ત્રકારો, વિદ્વાનો તથા પંડિતોમાં વેદની પ્રાચીનતા સંબંધમાં મતભેદ છે જ નહિ. મતભેદ તો કાળનિર્ણય પૂરતો જ છે; આ વાત તો નિઃશંક સિદ્ધ છે.

તમામ શાસ્ત્રોનું મૂળ વેદ કેમ ?

આ મુજબ વેદ એ સૌથી પ્રાચીન છે, એવો પ્રથમ નિશ્ચય થયો એટલે આરંભબિંદુની સિદ્ધતા થઈ. હવે વેદનો અંતિમ હેતુ કિંવા ઉદ્દેશ શો છે તેનો વિચાર કરતાં જણાય છે કે તમામ વેદનો અંત કિંવા ઉપસંહાર (૧) प्रज्ञानं ब्रह्म, (૨) अहं ब्रह्मास्मि (૩) तत्त्वमसि (૪) अयमात्मा ब्रह्म આ ચાર વાક્યોમાં જ આવી જાય છે. આથી તેને મહાવાક્યો કહે છે, એટલે આ સિવાયનાં બીજાં બધાં વેદવાક્યો છે તથા આ વેદનાં મહાવાક્યો છે. જેને વિધિ કિંવા આજ્ઞાવાક્યો પણ કહેવામાં આવે છે; કેમ કે તેમાં અનિર્વચનીય, સ્વતઃસિદ્ધ અને સ્વયંપ્રકાશ એવું જે જ્ઞાન સમજાવવાને માટે વેદનું પ્રાકટ્ય થવા પામેલું છે તે જ્ઞાનની કક્ષાનો અંતિમ હેતુ પરોક્ષ રીતે સંપૂર્ણપણે બતાવવામાં આવેલો છે. આ રીતે જગતમાંના તમામ શાસ્ત્રોનું મૂળ આરંભસ્થાન વેદ હોઈ તેનો અંતિમ ઉદ્દેશ આ મહાવાક્યોમાં વિપરિણમે છે. આ રીતે ઉપક્રમ અને ઉપસંહાર અર્થાત્ આરંભબિંદુ અને અંતબિંદુ આ બંને બિંદુઓની નિશ્ચિતતા થયા પછી તે સમજાવવાને માટે જે અનેક પ્રકારના માર્ગો, વિવેચનો અથવા શાસ્ત્રો હોય તેનો વિચાર આ ચાર મહાવાક્યોમાં બતાવ્યા પ્રમાણેના સિદ્ધાંતોને અનુસરતો છે કે નહિ તેનો એકાગ્ર એટલે જેમ અગ્ર એક જ હોય છે, તેવા પ્રકારના દૃષ્ટિકોણ વડે અર્થાત્ સીધો રેખાના નિયમ પ્રમાણે કરવો જોઈએ. એટલે જેમ વ્યવહારમાં પણ છોકરાંઓને નિશાળમાં ભણવા મોકલતી વખતે

પ્રથમ પહેલા વર્ગમાં મૂકવામાં આવે છે અને સાતમો વર્ગ એ સૌથી છેલ્લો હોય છે. તેથી પ્રથમ ઘોરણમાં દાખલ કરતી વખતે લક્ષ્યબિંદુ તો છેલ્લા ઘોરણમાં ઉત્તીર્ણ થવા તરફ જ કેન્દ્રિત કરવામાં આવે છે. જ્યારે તે આરંભથી અંત સુધી આમ તેમ નહિ જોતાં એટલે વચ્ચે જ આ અભ્યાસ છોડી દઈ ઊલટા માર્ગે નહિ ભણતાં સાતમા ઘોરણમાં ઉત્તીર્ણ થાય છે ત્યારે જ તેની પૂર્ણતા થઈ એમ ગણાય છે, તેમ જો વેદ(જ્ઞાન)નો આરંભ તેના અંત તરફ દૃષ્ટિ રાખી કરવામાં આવે અને અને પછી તે ધ્યેયને નજર સામે રાખીને આગળ વધવામાં આવે તો જ અંતિમ ધ્યેયની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ ઝાડમાં અનેક શાખા પ્રતિશાખાઓ હોય છે અને તે સર્વનાં શાખાવાર અગ્રો પણ જુદાં જુદાં હોય છે છતાં તે બધામાં સૌથી ઊંચામાં ઊંચી એવી શાખા તો એક જ હોય છે તથા તેનો અગ્ર ભાગ એ જ ઝાડનો અગ્રભાગ ગણાય છે અને તે શાખાને જ મુખ્ય ગણવામાં આવે છે. તે પ્રમાણે આ વેદરૂપી વૃક્ષની એકાગ્રતાનો વિચાર કરવામાં આવે તો આ સિવાયનાં બહાર તમામ શાસ્ત્રો કિંવા પ્રસ્તુત સમયે જેટલાં જેટલાં જ્ઞાનનાં સાધનો ઉપલબ્ધ કિંવા અનુપલબ્ધ હોય, પ્રકટ કે અપ્રકટ હોય તે સર્વ, તેમ જ ભવિષ્યમાં થશે અને ભૂતમાં થઈ ગયેલાં હોય તે તમામ જ્ઞાનસાધનો; પછી તે સામાજિક, વ્યાવહારિક; પ્રાપંચિક ઇત્યાદિ ગમે તે સ્વરૂપનાં હો યા તો રાજકીય કિંવા ધાર્મિક સ્વરૂપનાં હો, પૌર્વાત્ય યા પાશ્ચાત્ય પદ્ધતિનાં હો, તે સર્વનું મૂળ આ એક વેદ જ હોવાનું સિદ્ધ થાય છે. આ રીતે દુરાગ્રહ અથવા વિતંડાવાદોનો ત્યાગ કરીને મૂળ પાયાનો જ જો વિચાર કરવામાં આવે તો અનેક મતમતાંતરો અને શંકા કુશંકાઓ નિર્મૂળ થશે.

વેદમાંથી જ તમામ વિસ્તાર થવા પામેલો છે

ઉપર કહ્યા મુજબ સર્વજ્ઞાનનું મૂળ બીજ વેદ છે, એમ સિદ્ધ થતાં તેનો મૂળ આશય કિંવા ઉદ્દેશ લક્ષમાં લેવાની આવશ્યકતા ઊભી થાય એ પણ સ્વાભાવિક જ છે, સિવાય ત્યારપછીનાં થયેલાં કિંવા થનારાં સર્વશાસ્ત્રોનો મૂળ આધાર પણ વેદ જ છે, એ પણ નિશ્ચિત સિદ્ધ થયું. છતાં કોઈ એમ કહેવા માગે કે, વેદની પ્રાચીનતા ભલે હોય પરંતુ અમુક શાસ્ત્રો તો બીજા કશાયી ઉત્પન્ન થયાં છે. અંદરથી એકાએક વિચાર યા સ્ફુરણા ઉત્પન્ન થઈ તેથી અમો આ જગતમાં નવી નવી શોધો કરી બતાવીએ છીએ તેને બીજા કોઈનો આધાર નથી અથવા તેના આધારભૂત શાસ્ત્રોની શોધ અમોને હજી લાગી નથી વગેરે; આમ કહેનારાઓના કથનમાં કેવળ દાંભિકતા જ જણાય છે. કેમ કે તેઓને માથે તેની સાધાર શોધ કરી આપવાની જે જવાબદારી રહેલી છે તે ટાળવાનો તેમ જ લોકોમાં નામના મેળવવાનો ઉદ્દેશ તેમાં રહેલો છે; તેથી તેઓ આ રીતે લોકોની આંખમાં ધૂળ નાખે છે. માટે જ્યાંસુધી તેઓ પોતાની શોધનો આધાર નહિ બતાવે ત્યાંસુધી તો તેને વેદને જ માન્ય રાખવો પડે. કારણ વ્યવહારમાં પણ કોઈ વસ્તુનું વિસ્મરણ થયું હોય અને તે ઘરમાં છે કિંવા હશે એવો ખ્યાલ ન હોય અને જો અકસ્માત્ કોઈ સ્ફુરણાને લીધે અથવા બીજી કોઈ વસ્તુની શોધ કરતાં તે વસ્તુ અનાયાસે મળી આવે તો તેને કાંઈ નવી શોધ કરી એમ ન કહી શકાય કેમ કે એ વસ્તુ ઘરમાં હતી જ, માત્ર તે થકી પોતે અજ્ઞાત હતો એટલું જ. પૂર્વજોને તો તેની ખબર પણ હતી તેથી જો તે તેના જાણકારને પૂછે તો તે વસ્તુ ઘરમાં અમુક જગાએ મૂકેલી હતી અને તે વાતની તેમને જાણ પણ હતી એમ સમજી શકાશે. તે પ્રમાણે ચાલુ યુગમાં થઈ રહેલી નવી નવી શોધો સંબંધે જાણવું. જેમ કે વિષારી પદાર્થો કિંવા જે થકી વિનાશ થાય એવા પદાર્થો બાળકોના હાથમાં નહિ આવે એવી રીતની સંભાળથી તેને ગુપ્ત રીતે મૂકવામાં આવે છે, તેમ આધુનિક ગણાતી શોધો જગતનો નાશ કરનારી હોઈ તે વાત પૂર્વજોને માલૂમ હોવાને લીધે તેમણે તે ગુપ્તાવસ્થામાં જ રાખેલી હતી; જેને આજકાલ પોતાને બુદ્ધિમાન માનનારા વૈજ્ઞાનિકો શોધોના અને સુધારણાના નામે જગતના વિનાશને માટે પ્રકટ કરી પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરી રહ્યા છે.

ભૌતિક વિજ્ઞાનના મૂઢ સિદ્ધાંતો

જેમ વ્યવહારમાં કોઈ બાપના ચાર છોકરાઓ હોય અને તેમને ત્યાં પણ છોકરા તથા છોકરાના પણ છોકરા એમ ત્રણ ચાર પેઢીઓ થઈ હોય અને તે પૈકી કોઈ છોકરો કહે કે, મારો દાદો તો આ નહિ પણ

જુદો જ કોઈ છે. તો જ્યાં સુધી તે પોતાના દાદાની ખાતરી કરી બતાવી શકતો નથી ત્યાં સુધી તો કુટુંબમાં જે દાદાને ઓળખતા હોય તેમના કહેવા મુજબ દાદા તરીકે તેમને જ માન્ય કર્યા વગર છૂટકો નથી. વળી આધુનિક ભૌતિક વિજ્ઞાનીઓ પોતાનો એ સિદ્ધાંત જ જગત આગળ રજૂ કરે છે કે, શાસ્ત્રમાં બતાવેલા વિધાનો તથા સ્વર્ગાદિની કલ્પનાઓ ખોટી છે કારણ તે પ્રત્યક્ષ જોવામાં આવતા નથી પરંતુ અમો તો તમોને વધુ ભૌતિક સાધનો દ્વારા પ્રત્યક્ષ કરી બતાવીએ છીએ; તેમ મરણ પછી સ્વર્ગમાં જવાય છે ઇત્યાદિ બાબતો બતાવી શકતા નથી માટે તે બધી શાસ્ત્રકલ્પનાઓ જ છે. એટલે " પ્રત્યક્ષ બાપ બતાવો નહિ તો શ્રાદ્ધ કરો." એ કહેવત પ્રમાણે પોતાનો પ્રત્યક્ષતાનો સિદ્ધાંત જ જે તેઓ જગતમાં પ્રતિપાદન કરે છે તો પછી પોતાનાં શાસ્ત્રો કયાંથી આવ્યા? આ નવું કયાંથી લાવ્યા? વગેરે જ્યાં સુધી તેઓ પ્રત્યક્ષ પ્રમાણથી પૂરવાર કરી બતાવી ન શકે ત્યાં સુધી આ પ્રત્યક્ષ પ્રાચીન એવા માન્ય થયેલા વેદનો જે સમગ્ર જગતાદિ શાસ્ત્રોના પિતા તરીકે સ્વીકાર કર્યા વગર છૂટકો જ નથી. આમ જ્યારે પોતાની અશક્તિ થાય ત્યારે અમારા શાસ્ત્રનું મૂળ મળતું નથી, અમો તેની શોધ કરી રહ્યા છીએ ઇત્યાદિ કલ્પનાઓનું સામ્રાજ્ય કરવાનું કહેવું એ લોકોની આંખોમાં ધૂળ નાખવા સમાન હોઈ તે નાદાનગીરી કિંવા નરી દાંભિકતા જ છે. આ રીતે ભૌતિક વિજ્ઞાનીઓના લોકોના વિનાશ કરનારા અને મૂઢપણાના સિદ્ધાંતો કે જે સિદ્ધાંતોનું જ સામ્રાજ્ય આજે જગતમાં ચોમેર પ્રસરેલું જોવામાં આવે છે, તેવા મૂઢવાદીઓની દૃષ્ટિએ પણ વેદની પ્રાચીનતા હોવા સંબંધે તો આજે પણ કાંઈ વાદ નથી. તેઓમાં જોવામાં આવતા મતમતાંતરો તો વેદના કાળનિર્ણય પૂરતાં જ છે આમ વેદની આદ્યતા બાબત નિઃશંક રીતે આજે પણ એકવાક્યતા જ સિદ્ધ છે.

વેદની પ્રાચીનતા સંબંધે બે મત નથી

જેમ કુટુંબમાંથી નાનપણથી છૂટા પડેલા હોવાને લીધે પોતાના બીજા ભાઈબહેન તથા તેમના કુટુંબકબીલાદિ પરીવારની ઓળખ માતા કરી આપે છે એટલે આ બધાનો મૂળ ઉત્પત્તિકાર પોતનો બાપ જ છે એમ મૂળ પુરુષનું અસ્તિત્વ જાણવા બાદ વ્યવહારમાં પણ નિઃશંક રીતે તેને જ માનવામાં આવે છે, તેમ આ ચૌદ લોકવડે વ્યાપેલાં સમસ્ત બ્રહ્માંડની રચના કરનાર સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવ હોઈ તેણે પોતાનો પણ પૂર્વે ઉત્પન્ન થયેલા અપૌરુષેય એવા આ વેદોના આધાર વડે જ સમસ્ત બ્રહ્માંડની રચના કરેલી છે, એટલે આધુનિક શોધ કરનારાઓ જ કાયિક, વાચિક, માનસિક કે બૌદ્ધિક ઇત્યાદિ વ્યવહાર કરી રહ્યા છે તે તથા તેઓ જે સાધનોદ્વારા આ શોધો કરી રહ્યા છે તે બધાં સ્થૂલ અને સૂક્ષ્મ સાધનો તો બ્રહ્મદેવે પ્રથમથી જ ઉત્પન્ન કરેલા હોઈ તે જ સર્વનો આદ્ય પિતા છે, એટલે એક જ માતાપિતાથી ઉત્પન્ન થયેલાં બધાં ભાઈબહેનો ગણાય તેમ આ પહાડો, પાષાણો, મૃત્તિકા, ઝાડો, વનસ્પતિ, પૃથ્વ્યાદિ પંચમહાભૂતો, પશુ, પક્ષી, કીટ, પતંગથી માંડીને મનુષ્યો સુધીનો બ્રહ્માંડમાં જોવામાં આવતો અને સ્થૂલ કિંવા સૂક્ષ્મરૂપે ચાલી રહેલો તમામ વ્યવહાર, એક બ્રહ્મદેવનો જ વિસ્તાર હોવાથી સમષ્ટિમાં આવેલાં આ બધાં પોતાના જ ભાઈબાંધુઓ હોઈ સર્વને ઉત્પન્ન કરનારા આદ્યપિતા તરીકે આ બ્રહ્મદેવનો સ્વીકાર કર્યા વગર છૂટકો જ નથી અને તે આ બધું અપૌરુષેય એવી શ્રુતિગાતા એટલે વેદના આધારે જ ઉત્પન્ન કરે છે. એટલે વેદ એ બ્રહ્મદેવને પણ બ્રહ્માંડ ઉત્પન્ન કરવાને માટે પ્રમાણભૂત શાસ્ત્ર હોવાથી તેને સર્વનું આદ્ય પ્રમાણ માન્યા સિવાય છૂટકો જ નથી, અર્થાત જે વેદમાં નથી તે બ્રહ્માંડમાં પણ નથી, એ વાત તદ્દન નિઃશંક રીતે સિદ્ધ થાય છે. સારાંશ એ કે, વાસ્તવિક રીતે વેદ એ સોથી આદિ જ્ઞાન સ્વરૂપે સ્વતઃસિદ્ધ એવા પરમાત્મસ્વરૂપ જ હોઈ અપૌરુષેય છે એમાં તો જરા પણ શંકા છે જ નહિ. વળી અર્વાચીન લોકોની દૃષ્ટિએ પણ તેની પ્રાચીનતા સંબંધે બે મત નથી, જે વાત પ્રસિદ્ધ જ છે અને તે આ વિવેચનથી પણ સ્પષ્ટ રીતે સમજી શકાશે. આમ જગતમાં આજે જે જે શાસ્ત્રો છે, હશે અને પૂર્વે હતાં, તે સર્વ વેદરૂપી એક વૃક્ષનો જ જુદી જુદી શાખા-પ્રતિશાખારૂપે છે, એમ નિઃશંક જાણી શકાશે.

વેદનું અંતિમ ધ્યેય

આ પ્રમાણે વિતંડાવાદો કિંવા મિથ્યા અહંકાર અથવા દુરાગ્રહનો ત્યાગ કરીને શુદ્ધ બુદ્ધિ યા નિર્મળ અંતઃકરણથી વિચાર કરવામાં આવશે તો પ્રાચીન કિંવા અર્વાચીન દરેક ગ્રંથો અથવા ગ્રંથકારોએ કિંવા જગતમાંનું તમામ વાઙ્મય અને તેના કર્તાઓએ જે જે સિદ્ધાંતોનું પ્રતિપાદન અથવા વિવેચન કરેલું હોય, આજે કરે છે તથા ભવિષ્યમાં કરશે તે સર્વનો આદિ, મધ્ય અને અંત તો વેદમાં જ થઈ જાય છે, એ વાત તો નિઃસંશય સિદ્ધ છે. ભેદ એટલો જ કે કેટલાકો વેદે માન્ય કરેલા અને કેટલાકો વેદે નિષેધ કરેલા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. આ વેદ રૂપી વૃક્ષની સૌથી ઊંચામાં ઊંચી એવી જે શાખા કિંવા ઉપસંહાર અર્થાત્ સરલ રેષાના નિયમ પ્રમાણે વેદના અંતિમ ધ્યેયદર્શક ઉપસંહાર રૂપ એવાં જે ચાર મહાવાક્યો છે તેનો જે હેતુ છે ત્યાં સુધી પહોંચાડનારા શાસ્ત્રો કિંવા શાસ્ત્રકારો ઘણા જ થોડા હોય છે. આ ચાર મહાવાક્યોના સિદ્ધાંત તરફ લઈ જનારા શાસ્ત્રો તે વેદાન્ત શાસ્ત્રો એટલે જેમણે વેદનો અંત જોયો છે તેવાં શાસ્ત્રો ગણાય તથા તે પરંપરાને જાણનારા શાસ્ત્રવિદોને વેદાન્તી એવું નામ હોઈ તેને જ સૌથી શ્રેષ્ઠપદ અથવા અગ્રસ્થાન પ્રાપ્ત થયેલું છે. કેમકે તે જ વૃક્ષનું સૌથી ઊંચામાં ઊંચું એવું અંતિમ બિંદુ છે તથા ઇતર શાસ્ત્રો તો તેની જ આડીઅવળી શાખાઓ રૂપ છે. આ પ્રમાણે વેદનું મૂળત્વ કિંવા અનાદિપણું સિદ્ધ થયા પછી આ તમામ વિસ્તાર એ તેનો જ પરિવાર છે, એમ નિશ્ચિત સિદ્ધ થાય છે. પુત્ર, પૌત્રાદિકોના અસ્તિત્વ ઉપરથી પિતા હશે કે કેમ તેની શંકાને સ્થાન જ હોતું નથી.

વેદ એટલે જાણવું

ઉપરના વિવેચન ઉપરથી બ્રહ્માંડાદિ સર્વનું મૂળ વેદ છે એમ નક્કી થયા પછી તેની અંદરના દરેક પદાર્થો કિંવા કાર્યો તેણે એટલે વેદે બતાવેલી શિસ્ત, દિશા, પ્રણાલિકા, શ્રેણી કિંવા માર્ગદર્શન પ્રમાણે જ થવું જોઈએ, એ પણ દેખીતું જ છે. એટલે આ દૃશ્ય જગતમાં જે જે કાંઈ ચાલી રહેલું છે એમ જોવામાં આવે છે અથવા તો કાયિક, વાચિક અને માનસિક કિંવા બૌદ્ધિક વગેરે જે જે કર્મો યા ક્રિયાઓ થતી જોવામાં આવે છે તે સર્વ વેદની આજ્ઞાનુસાર જ છે. સારાંશ, આ જ્ઞાન વા અજ્ઞાન એવી સંજ્ઞા યા સંબોધનથી જગતમાં જે જે કાંઈ પ્રચલિત છે તે સર્વનું અસ્તિત્વ વેદના આધારે જ છે. એટલે બ્રહ્માંડમાં પ્રથમ વેદશાસ્ત્ર અને પછી વ્યવહારમાં ગણાતું જ્ઞાન એ પ્રમાણેનો ક્રમ અવતીર્ણ થયેલો છે. જ્ઞાનનો સાચો અર્થ તો પ્રથમ વખતોવખત કહ્યું તેમ અનિર્વચનીયતા છે. એવી અનિર્વચનીયતા તો આત્માનું અપરોક્ષજ્ઞાન કિંવા સાક્ષાત્કાર થવાથી જ થઈ શકે છે અને ત્યાં જ જ્ઞાનની અંતિમ કક્ષા પરિપૂર્ણ થાય છે; પરંતુ અત્રે કહેવામાં આવેલી જ્ઞાન અજ્ઞાન નામની બે શાખાઓ એ વ્યવહાર જ્ઞાન સંબંધમાં છે એમ જાણવું. જેમ કે આ મનુષ્યો છે, આ પશુઓ કહેવાય, આ ઝાડ, પહાડાદિકો છે, અમુકને પૃથ્વી, અમુકને જળ, અમુકને તેજ, વાયુ, આકાશ વગેરે કહેવું ઇત્યાદિ તેમને માટે જે જે નામોની સંજ્ઞા વ્યવહારમાં વાપરવામાં આવે છે, તે તે બધાં નામ, રૂપો અને તેના કાર્યકારણાદિ વગેરે સર્વ વ્યવહારજ્ઞાન આ વેદમાં જ પ્રથમ કહેવાએલું હોઈ તેને જ વ્યવહારમાં આપ્ત માની લોકોનો આ બધો વ્યવહાર ચાલી રહ્યો છે. જેમ બાળકનો જન્મ થાય ત્યારબાદ અગિયાર કે બારમે દિવસે તેનું જે નામ માતાપિતા રાખે છે તે જ મરણ સુધી વ્યવહારમાં આપ્ત રાખવામાં આવે છે તેમ આ બધો વ્યવહાર પણ વેદે કહેલી યા રાખેલી સંજ્ઞા, નામ, રૂપ ઇત્યાદિ વડે જ ચાલી રહ્યો છે. આ વ્યવહારજ્ઞાનમાં મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) જ્ઞાન અને (૨) અજ્ઞાન. વેદનો મૂળ અર્થ તો જાણવું એવો થાય છે અર્થાત્ અજ્ઞાન અને જ્ઞાનને જાણનાર તે મુખ્ય જ્ઞાન અને તેને દર્શાવનારા તે વેદ કિંવા જ્ઞાન. એ સ્વતઃસિદ્ધ હોઈ તેનું જગતમાં અવતરણ કરનારા અથવા જ્ઞાનને જાણનારા તે જ વેદ હોઈ વેદ એટલે જાણવાપણાને પણ જાણવું, અર્થાત્ જ્યાં જાણવાપણાનો પણ વિલય થાય છે તે જ વેદ. એ મુજબ વેદનો સાચો અર્થ તો વેદ એટલે અનિર્વચનીયતા કિંવા સ્વતઃસિદ્ધતા જ છે, જે વખતોવખત કહ્યું છે. તે જ સાક્ષી રૂપે સર્વના હૃદયમાં નિત્યપ્રતિ રહ્યો છે. તેને ઉત્પન્ન કરનારો કિંવા જાણનારો બીજો કોઈ નહિ હોવાથી તે સ્વયં અથવા સ્વતઃસિદ્ધ જ છે, આથી જ તે અપૌરુષેય કહેવાય છે.

વેદની અંદર સર્વ જ્ઞાનનો સમાવેશ શી રીતે થાય છે ?

આ વિવેચનનું કારણ એ છે કે બ્રહ્માંડમાં ચૌદે લોકમાં ચાલતો સર્વ વ્યવહાર કોઈને કોઈ પ્રકારના જ્ઞાનના આશ્રય વડે જ ચાલી રહ્યો છે; પછી તે વ્યવહાર દેવતાઓનો હો, અસુરોનો હો, મનુષ્યોનો હો યા પશુપક્ષ્યાદિકો વગેરે ગમે તેનો હો; સિવાય મનુષ્યોની અંદર પણ તે સાત્ત્વિક, રાજસ વા તામસ પ્રકારનો હો, વ્યાવહારિક, પ્રાપંચિક, ભૌતિકવિજ્ઞાન, રાજનીતિ, કુટુંબનીતિ, કુટિલનીતિ, શારીરિક, વાચિક, માનસિક કિંવા બૌદ્ધિક ઇત્યાદિ ગમે તે નીતિનો હો અથવા તો પરમાર્થતત્ત્વના સંબંધમાં હો; ટૂંકમાં, આ તમામ દૃશ્ય જગતની અંદર જ્ઞાન અને અજ્ઞાન એવા નામો વડે જે જે કાંઈ વ્યવહાર ચાલેલો જોવામાં આવે છે તે સર્વનું મૂળ બીજ વેદ જ છે તથા આ બધી તેની જ અનંત શાખાઓ છે એમ સમજો. આથી શ્રી વેદવ્યાસાચાર્ય* બે હાથ ઊંચા કરીને પોકાર કરી કરીને કહે છે કે હું સત્ય કહું છું કે વેદથી પર એટલે વેદ કરતાં પણ આગળ કિંવા મોટું કોઈ શાસ્ત્ર જ નથી; હું જે આ કહી રહ્યો છું તે સત્ય છે, સત્ય છે, ત્રિવાર સત્ય છે. ભગવાને પણ અત્રે એ જ કહ્યું છે કે સર્વ વેદો વડે જાણવા જેવો હું જ છે. વળી વેદોનો અંત પણ હું જ છે તથા વેદને જાણનારો પણ હું જ છે. એટલે જેમ ઝાડ કહેતાંની સાથે તેમાંની તમામ શાખા થડ, ફળ, ફૂલો, રેષા, મૂળિયાં વગેરેનો સમાવેશ તેમાં થઈ જાય છે અને તે સર્વનો અંતે એક આકાશમાં જ લય થાય છે અર્થાત્ ઝાડ વા તેની શાખાઓનો અંત થયો એટલે તેની આજુબાજુ અને ઉપર ફક્ત એક આકાશ જ શેષ રહે છે. ઝાડની ઉત્પત્તિ બીજમાંથી થાય છે, આ બીજને પ્રેરણા કરનાર તો કોઈ જુદો જ હોય છે; આમ ઝાડનું આદિ, બીજ અને અંત આકાશ છે તેમ આ વેદો (જ્ઞાન)રૂપી વૃક્ષ અંતે તો આત્મસ્વરૂપ એવા મારો જ બોધ આપી રહ્યાં છે. આ વેદોને જાણવા જેવું જો કોઈ હોય તો તે એક હું જ છે. હવે જેમ ઝાડ બીજમાંથી થવા પામે છે તેમ વેદનો સાક્ષી કિંવા પ્રેરક અર્થાત્ વેદને જાણનારાવાળો પણ હું જ છે તથા ઝાડનો અંત વધી વધીને અંતે જેમ આકાશમાં જ થાય છે તેમ આ વેદનો અંત કરનારો વેદવિત્ અર્થાત્ જ્ઞાનના અર્થને જાણનારો પણ જ્યાં જ્ઞાનનો અવધિ સમાપ્ત થાય છે તેવો આત્મસ્વરૂપ હું જ છે. હે પાર્થ ! મારા સાચા આત્મસ્વરૂપના નિશ્ચય સંબંધમાં તને વખતોવખત કહેવામાં આવેલું છે, છતાં બોધની દૃઢતાને માટે શાસ્ત્રનું વર્ણન ફરીફરીથી કહું, તે સાંભળ.

હું'નું સાચું સ્વરૂપ

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓમાં આ આત્મા, ભોક્તા, ભોગ્ય અને ભોગરૂપે બનવા છતાં પણ સર્વથી વિલક્ષણ એટલે તદ્દન અલગ છે તે જ સાક્ષીરૂપે, ચિન્માત્રરૂપે, નિત્યરૂપે, શિવરૂપે તથા હું'રૂપે છે. આત્મસ્વરૂપ એવા મારામાંથી જ આ સર્વનો પ્રભવ થયો છે, મારામાં જ આ સર્વનો લય થાય છે અને આ સર્વની સ્થિતિ પણ મારામાં જ રહે છે. આ અદ્વય એટલે બેપણું જેમાં નથી તે પણ હું પોતે જ છે. હું જ અણુથી પણ અણુ છે તેમ મહાનથી પણ મહાન છે અને વિચિત્રવિચિત્ર વિશ્વરૂપે પણ હું જ છે. હું જ પુરાતન, હું જ પુરુષ, ઈશરૂપે, હિરણ્યમયરૂપે તથા શિવરૂપે પણ હું જ છે. અવયવોથી રહિત એવા આત્મરૂપે પણ હું જ છે, અચિન્ત્ય શક્તિવાળો પણ હું જ છે, ચક્ષુથી રહિત છતાં જોનારો વા સર્વનો દ્રષ્ટા પણ હું છે તથા કર્ણથી રહિત છતાં સાંભળનારો પણ હું જ છે. વિવિક્ત એટલે અનેકવિધ રૂપવાળો હું જ છે, વિવિધ જ્ઞાનરૂપે પણ હું છે. મારો કોઈ પણ વેત્તા નથી. વળી હું જ ચિત્તરૂપ તથા નિત્યરૂપ છે, અનેક વેદો વડે જાણવા યોગ્ય હું જ છે, વેદાંતનો કરનાર તથા વેદ જાણનાર પણ હું જ છે. આત્મસ્વરૂપ એવા મને પુણ્ય નથી, પાપ નથી, મારો નાશ નથી કે મારો જન્મ નથી, તેમ મારામાં દેહ, ઇન્દ્રિય કે બુદ્ધિ પણ નથી, હું ભૂમિરૂપ નથી, હું વહ્નિરૂપ નથી, હું જળ નથી, હું વાયુ નથી અને આકાશ નથી; એમ જે જાણે છે તે કાળથી રહિત, અદ્વિતીય, હૃદયાકાશમાં રહેલા આત્મારૂપ સર્વના સાક્ષી, સદસત્થી રહિત તથા શુદ્ધ પરમાત્મરૂપને પામે છે (કૈવલ્યોપનિષદ્ ૧૮ થી ૨૪).

---

* વેદની અપૌરુષેયતા સંબંધનાં વિવેચન માટે અધ્યાય ૨, શ્લો૦ ૩૯ તથા પૃષ્ઠ ૧૮૦, ૧૮૧ તેમ જ મહાકાલ પુરુષ વર્ણન ભાગ ૧, કિરણાંક ૧૧ તથા ૩૫ જુઓ.

સ્મૃતિ, જ્ઞાન, વિસ્મૃતિ પણ હું જ છે

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : સર્વ જ્ઞાનનું મૂળ ઉગમ કિંવા આદ્યસ્થાન કે જેને જ્ઞાનના ભંડારરૂપ એવા વેદ જાણવાનો કિંવા બતાવવાનો જે પ્રયત્ન કરે છે તે આત્મસ્વરૂપ એવો એક હું જ છે, વેદનો પણ જ્યાં અંત થાય છે તે સ્થાન પણ હું જ છે તેમ આ વેદને જાણનારો પણ હું જ છે. એટલું જ નહિ પરંતુ આ સ્મૃતિ કહેવાય, આ વિસ્મૃતિ કહેવાય, આ જ્ઞાન કહેવાય એવું જ્ઞાન પણ મારા વડે જ થઈ શકે છે, એવો આત્મસ્વરૂપ હું જ સર્વના હૃદયમાં હું હું એવી સ્ફૂર્તિરૂપે સંકલિત થયો છે, એમ નિશ્ચયાત્મક સમજ. મારાથી બીજું કોઈ જ્ઞાન નથી તેમ જ આ જ્ઞાન અને તેને જાણનારો એ બંને પણ હુંથી અભિન્ન હોઈ આત્મસ્વરૂપ એવા મારું જ રૂપ છે.

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે : હે પાર્થ! સર્વના હૃદયમાં હું હું એવે રૂપે જે નિત્યપ્રતિ સ્ફુરણ થાય છે એટલે આ બધા જે પોતપોતાને હું એમ કહે છે તે હું એટલે કોણ? તે તને હવે સારી રીતે સમજાયું ને? તે હું એટલે જ અનિર્વચનીય એવો આત્મા. આ આત્મસ્વરૂપ એ જ મારું સાચું સ્વરૂપ છે, તેને જ આત્મા, બ્રહ્મ ઇત્યાદિ સંજ્ઞાઓ છે. હવે આગળ કહું છું તે સાંભળ.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।

क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥

અક્ષર પુરુષ, પુરુષોત્તમ કિંવા પરમાત્મા એટલે શું ?

આ લોકમાં ક્ષર અને અક્ષર એવા બે જ પુરુષો છે. સર્વ ભૂતો ક્ષર અને કૂટસ્થ તે અક્ષર કહેવાય છે. જેમ આકાશની બે શાખાઓ છે. (૧) આકાશમાંથી વાયુ, વાયુમાંથી વહ્નિ, વહ્નિમાંથી જળ તથા જળમાંથી પૃથ્વી તત્ત્વની ઉત્પત્તિ થાય છે તથા તે પૃથ્વી તત્ત્વમાંથી આવાં અનેક સ્થૂલ બ્રહ્માંડો ઉત્પન્ન થતાં રહે છે અને તે દરેક બ્રહ્માંડની અંદર વ્યાપેલા ચૌદ લોકો કે જેમાં દેવ, પિતર, ગંધર્વ, યક્ષ, રાક્ષસો, અસુર, નાગ, કિન્નર, મનુષ્યો, પશુપક્ષ્યાદિકો, અનેક પ્રકારના વૃક્ષો તથા પહાડ, પત્થરો વગેરે સર્વનો સમાવેશ થાય છે. આ પ્રમાણે સ્થૂલ ઉત્પત્તિનો ક્રમ છે. આ મુજબ મૂળ એવા એક આકાશમાંથી જ ઉત્પત્તિ થતા પામેલી હોઈ જ્યારે તેનો વિલય થાય છે તે ક્રમ પણ પૃથ્વીનો જળમાં, જળનો વહ્નિમાં, વહ્નિનો વાયુમાં અને વાયુનો આકાશમાં, એ રીતનો છે; એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે (જુઓ સૂર્યસિદ્ધાંત). આ મુજબ ઉત્પત્તિ થતી તથા નાશ થવો એવો ક્રમ નિત્યપ્રતિ ચાલુ જ હોય છે. આ આકાશમાંથી નીકળનારી એક શાખાનું વર્ણન થયું; (૨) જેમાંથી વાયુ, વહ્નિ આદિ પાંચમહાભૂતોની કદી ઉત્પત્તિ જ થયેલી નથી એવું બીજું શુદ્ધ આકાશ તો તદ્દન અસંગ અને નિર્મળ જ હોય છે. તે પોતે નિરુપાધિક અને અત્યંત શુદ્ધ હોવા છતાં પણ ઘટમઠની ઉપાધિને લીધે ઘટમાં ઘટાકાશ અને મઠમાં મહાકાશરૂપે તથા તેમના અધિષ્ઠાનરૂપે, એ મુજબ નામરૂપની મિથ્યા ઉપાધિવાળું અને જાણે અશુદ્ધ બન્યું ના હોય એવી રીતે ભાસે છે અને તે કરતાં પર એવું બીજું આકાશ તદ્દન શુદ્ધ, અસંગ અને આકાશ એવા નામરૂપાદિની કે અન્ય કશાની પણ ઉપાધિથી તદ્દન મુક્ત જ છે. તે જ ચરાચરમાં સર્વત્ર વ્યાપેલું હોઈ સર્વનો આધાર હોવા છતાં પણ સર્વથી તદ્દન અસંગ છે. ઘટ હો યા ન હો તેની તેને કાંઈ પડી નથી તેમ તેના વગર ઘટ, મઠ કે તેમાંના ઘટાકાશ વા મહાકાશ ઇત્યાદિ કશાનું અસ્તિત્વ પણ હોતું નથી. તેને અંદર કે બહાર એવી કોઈ ઉપાધિઓ નથી. કેમકે ઘટની ઉપાધિને લીધે આ ઘટની અંદરનું આકાશ અને આ ઘટની બહારનું આકાશ એવી સંજ્ઞાઓ આપી શકાય પરંતુ સર્વત્ર ચરાચર વ્યાપક એવા આકાશને બહાર અંદર શી રીતે કહી શકાય? કેમ કે આ અંદર બહારની ઉત્પત્તિ તો ઘટપટાદિ ભેદો વડે પ્રતીતિમાં આવે છે અને તેનું અસ્તિત્વ તો આકાશ વગર કદાપિ સંભવતું નથી. આમ તે સર્વનો આધાર હોવા છતાં પણ મર્યાદાથી પર છે. આવા અમર્યાદને તો વળી

બહાર કે અંદર એવી મર્યાદા કમાંથી સંભવે? આ દૃષ્ટાંત પ્રમાણે વાસ્તવિક આકાશના મૂળ બે વિભાગો થયા: (૧) કોઈ પણ ઉપાધિથી તદ્દન રહિત, અતિશય શુદ્ધ, શાંત, સ્વતઃસિદ્ધ, અનિર્વચનીય વગેરે; તેમ જ (૨) આકાશમાંથી વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વીરૂપે બની તે પૃથ્વીમાં અસંખ્ય સ્થૂલસૂક્ષ્માદિ ભેદો વડે તથા આકારાદિરૂપે પ્રતીત થનારું તેમ જ ઘટ, પટ, મઠ ઇત્યાદિરૂપે ભાસનારું તથા તેમાં ઘટાકાશ અને મઠાકાશરૂપે અસંગ રીતે રહેનારું એવું ઉપાધિયુક્ત આકાશ. આ બીજા પ્રકારમાં મુખ્યત્વે નીચે મુજબ ત્રણ ભેદો પડે છે: (૧) મઠ, (૨) મઠની અંદરનું આકાશ તથા (૩) મઠની બહાર સર્વત્ર વ્યાપેલું મહાન આકાશ. વાસ્તવિક તો મઠની અંદરનું આકાશ તથા બહારનું આકાશ એ બંને એક જ છે પરંતુ જે આકાશ મઠની અંદર છે તેના ઉપર મઠની ઉપાધિને લીધે આ મઠાકાશ છે એવી મિથ્યા ઉપાધિનો આરોપ થયો છે. વળી ઘર બાંધ્યા પછી જેમ બીજી સામગ્રીઓને ઘરમાં લાવવી પડે છે તેમ આકાશને કોઈ સાધન વડે ઘરમાં દાખલ કરવામાં આવતું નથી, અથવા તો ગાડાંઓમાં ભરીને ઘરની અંદર ઠાલવવામાં આવતું નથી, પરંતુ ઘર બાંધ્યું કે તેમાં તે હાજર જ હોય છે. વળી ઘર પડી ગયું કે તે પાછું પોતાના અસલ સ્વરૂપમાં જ મળી જાય છે. ઘરમાં આવ્યું એટલે તે જ મઠાકાશ કહેવાય છે પરંતુ વાસ્તવિક તો તે સમયે પણ તે મઠથી તદ્દન અસંગ હોય છે. ઘર પડી જાઓ કે રહો એ બંનેને તે જાણતું નથી. તેમ પોતાને કોઈ ઘટાકાશ વા મઠાકાશ કહે છે તેની પણ તેને કાંઈ ખબર હોતી નથી. તે તો હંમેશાં શુદ્ધ ને શુદ્ધ જ છે. તરમાત્ જેમ એક જ તદ્દન શુદ્ધ આકાશ મઠ, મઠાકાશ અને મઠની બહાર વ્યાપેલા મહાકાશ એ રીતે એક શાખાને તથા બીજું આકાશ, આકાશ એ નામથી પણ તદ્દન પર ને અસંગ હોય છે; એ બંને વિભાગો મળીને જ વસ્તુતઃ આકાશ કહેવાય.

આત્મા અસંગ શી રીતે છે?

આ ઉદાહરણ પ્રમાણે આ મહાકાશ એ અસંગ કિંવા કૂટસ્થ એવો આત્મા સમજો. સોનીની એરણ ઉપર ગમે તેટલા દાગીનાઓ ઘડવામાં આવે તો પણ તે જેમ એકની એક જ હોય છે. દાગીનાઓ ગમે તેટલા તૈયાર થાય, તેને ફરીફરીથી ગમે તેટલી વખત તોડવામાં કે ઘડવામાં આવે તો પણ એરણ તો એકની એક જ હોય છે એથી તેને કૂટસ્થની ઉપમા આપી શકાય, તેમ ગમે તેટલા ઘટપટાદિ ઉત્પન્ન થાય કિંવા નાશ પામે છતાં પણ આ મહાકાશને તો તેની સાથે કાંઈ લેવાદેવા નથી, તેમ આ આત્માના સંબંધમાં પણ સમજો. ગમે તેટલા આકારો ઉત્પન્ન થાય કે નષ્ટ થાય છતાં તેને તો તેની કલ્પનાયે નથી. તે તો અખંડ ને અખંડ જ રહે છે; તેનો ક્ષર એટલે નાશ કદાપિ થતો નથી, તેથી તેને અક્ષર પુરુષ કહે છે (વૃક્ષાંક ૧ જુઓ). આને ભગવાનનું પરસ્વરૂપ પણ કહે છે; તેમ જ મઠાકાશની ઉપાધિને લીધે તેની બહાર રહેલા આ આકાશને મહાકાશ એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ રીતે તેના ઉપર થયેલા મિથ્યા મહાકાશના આરોપ જેટલું પણ કલંક રહેવા નહિ પામે તેવું એટલે મઠનો વિલય વા નાશ થયા પછી તેમાં મહાકાશરૂપે રહેલું આકાશ જ્યારે મહાકાશની ઉપાધિથી પણ મુક્ત થઈ મઠની બહાર રહેલા મહાકાશમાં મળી જાય છે અર્થાત્ મહાકાશ અને મહાકાશ એ બંને એકત્ર થઈ ગયા પછી જે અભેદ સ્થિતિ થાય તે જ ઉત્તમ પુરુષ કિંવા પુરુષોત્તમ સમજો (વૃક્ષાંક ૐ જુઓ). કેમ કે આત્મા તો તદ્દન અસંગ અને નિર્વિકાર હોઈ તેને આત્મા કિંવા અક્ષર કહેવું એ વ્યવહારદૃષ્ટિએ સમજાવવા પુરતું હોઈ આત્મદૃષ્ટિએ તે દોષરૂપ ગણાય તેથી તેને આત્મા કહેવો એટલો પણ વિકાર નહિ રહેવા પામે, તેને એ અનિર્વચનીય એવું કહેવાપણારૂપ દોષ પણ ઉત્પન્ન નહિ થાય એટલા માટે તેને આત્માથી પર એટલે પરમાત્મા, પુરુષોથી પર એટલે શ્રેષ્ઠ કિંવા ઉત્તમ એવો ઉત્તમ પુરુષ કિંવા પુરુષોત્તમ એવી સંજ્ઞા ભગવાને અર્જુનને સમજાવવાને માટે અત્રે આપેલી છે. આ રીતે આત્મા કિંવા અક્ષર પુરુષ અથવા બ્રહ્મ (વૃક્ષાંક ૧) તથા તેથી પર એવા ઉત્તમ પુરુષ પુરુષોત્તમ કિંવા પરમાત્મા (વૃક્ષાંક ૐ) એટલે શું તે તને સમજાવ્યું. હવે ક્ષર પુરુષ એટલે શું તે સમજાવવાની જરૂર રહે છે (' અક્ષર એટલે બ્રહ્મ છે ' એ સંબંધે અ૦ ૮ શ્લો૦ ૩ પૃષ્ઠ ૪૨૫ જુઓ).

ક્ષર પુરુષ કયો?

જેમ આકાશમાંથી (૧) ઉપાધિથી તદ્દન રહિત તથા (૨) ઉપાધિયુક્ત એવી બીજી એક શાખા વાયુ, વહ્નિ, જળ અને પૃથ્વી તથા તેમાંના અનેક આકારોરૂપે પ્રતીત થયેલી છે, એમ ઉપર કહેલું છે. તે પૈકી પ્રથમ શાખાના દૃષ્ટાંતવડે ભગવાનના પરસ્વરૂપનું વર્ણન સમજાવ્યું. હવે અપર સ્વરૂપનું વર્ણન સ્પષ્ટ રીતે કહું છું. આ સર્વ દૃશ્યજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધી) પણ નિઃસંગ એવા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)માંથી જેમ આકાશમાં એકાએક વાયુની ઉત્પત્તિ થવા પામે તેમ અકસ્માત્ ઈશ્વરરૂપ હું (વૃક્ષાંક ૨) એવો વિવર્ત ભાવ સૂક્ષ્મરૂપે પ્રકટ થાય છે, જે લક્ષ્યાર્થ વડે જ જાણવામાં આવે છે. તે સર્વ દૃશ્યનો પ્રેરક કહેવાય છે. તેમાંથી પછી હું એવો બીજો વિવર્ત (વૃક્ષાંક ૩) પ્રગટ થાય છે. આમ પ્રકટ થયેલો જે હું એ જ તમામ દૃશ્યનું બીજ માયા, પ્રકૃતિ કિંવા હુંનું પ્રથમનું સ્ફુરણ કિંવા પ્રતિબિંબ (વૃક્ષાંક ૩) કહેવાય છે. તેમાંથી સત્ત્વ, રજ, તમ એવા પોતામાં જ રહેલા ત્રણ ગુણોમાં ઈશ્વર કિંવા હું(વૃક્ષાંક ૨)ની કાળશક્તિરૂપ ઈક્ષણ એટલે પ્રેરણાત્મક શક્તિદ્વારા ક્ષોભ થવાથી પ્રથમ અવ્યક્ત (વૃક્ષાંક ૪) સ્વરૂપે બને છે તથા ત્યાર પછી વિવર્તક્રમે શિવશક્તિ કિંવા અર્ધનારીનટેશ્વર (વૃક્ષાંક ૫), પછી સૂત્રાત્મારૂપ મહાપ્રાણ (વૃક્ષાંક ૬) તથા પછી ક્રમે મહત્તત્ત્વ (વૃક્ષાંક ૭), અહંકાર અને તેની અંદરના તમામ પેટાભાવો (વૃક્ષાંક ૮), મન(વૃક્ષાંક ૧૧), બુદ્ધિ(વૃક્ષાંક ૧૦), ચિત્ત(વૃક્ષાંક ૯), હિરણ્યગર્ભ (વૃક્ષાંક ૧૨), બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩), વિરાટ (વૃક્ષાંક ૧૪) અને તેની અંદર આવેલા ચૌદલોક (વૃક્ષાંક ૧૫ થી ૧૫ ઘ) ઇત્યાદિ વિસ્તાર વિવર્તક્રમે થયેલો છે. વસ્તુતઃ તો આ સર્વ વિવર્તરૂપ જ છે. હવે જે ઝાડનું જેવું બીજ હોય તેમાંથી તેવું જ ઝાડ પ્રકટ થાય છે. જેમ આંબાના બીમાંથી આંબાનું, લીંબુના બીમાંથી લીંબુનું, વડના બીમાંથી વડનું; એ મુજબ ઝાડની ઉત્પત્તિ થવા પામે છે તેમ આ સર્વ દૃશ્યનું મૂળ બીજ ઈશ્વર (વૃક્ષાંક ૨) છે. તેમાંથી આ મિથ્યા માયારૂપ ત્રિગુણથી ભરેલો મિથ્યા ભ્રમરૂપ અને નાશવંત એવો તમામ દૃશ્યાભાસ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધીનો) સ્વપ્નની જેમ પ્રકટ થયેલો હોવાથી બીજાંકુરન્યાયાનુસાર તે સર્વ ઈશ્વર કિંવા ક્ષર પુરુષ જ છે(આ સર્વ ઈશ્વરરૂપ છે. જુઓ ઈશોપનિષદ્ મંત્ર ૧). આને ક્ષર કહેવાનું કારણ એ છે કે જેમ દાળીનાને બાળી નાંખતાં જ તેમાંનો તમામ નકશીઓનો પણ અનાયાસે જ નાશ થઈ જાય છે તેમ આ બધા દૃશ્ય (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)નો નાશ થતાંની સાથે જ તેમના સાક્ષીભાવ (વૃક્ષાંક ૨)નો વિલય પણ અનાયાસે જ થઈ જાય છે કિંવા જેમ જાગૃત થતાંની સાથે જ સ્વપ્ન અને તેમાંની તમામ વસ્તુઓ એકદમ ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે તેમ આ દૃશ્યનું મૂળ જે હું (વૃક્ષાંક ૩) તેનો વિલય થતાં જ તેના આધાર ઉપર રહેલા દ્રષ્ટા, દર્શન, દૃશ્યાદિ ત્રિપુટી વડે ભાસતા તમામ કાર્ય, કારણ સૃષ્ટિરૂપ(વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ)નો તથા તેના એટલે માયા (વૃક્ષાંક ૩)ના પોતાના સાક્ષી કિંવા ઈશ્વર (વૃક્ષાંક ૨)નો પણ વિલય થઈ જાય છે. આ રીતે માયારૂપે હું ઉત્પન્ન થાય ત્યારે તેની સાથે તુરત સાક્ષી, દ્રષ્ટા કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)ની ઉત્પત્તિ થાય છે તથા તમામ દૃશ્યજાળ જેના આધારે રહે છે એવી આ માયારૂપ હું (વૃક્ષાંક ૩)નો વિલય થતાં જ તે ઈશ્વર પણ પોતાના સ્વરૂપમાં જ સ્થિત થઈ જાય છે. જેમ ઘરની ઉપાધિને લીધે ઘરની અંદરના મહાકાશ તેમ જ ઘરની બહાર સર્વત્ર પ્રસરેલું મહાકાશ, આમ એક જ આકાશ ઘરની ઉપાધિભેદને લીધે મહ અને મહાકાશ એમ બે પ્રકારે બને છે. તે બંને (મહાકાશ અને મહાકાશ) આકાશ મઠ (ઘર)નો નાશ થતાં જ એકરૂપ બને છે અને પછી મહાકાશ અને મહાકાશ એવા ભેદાભેદો રહેવા પામતા નથી; તેમ આ હું રૂપ માયા(વૃક્ષાંક ૩)નો તેના કાર્ય (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ) સહિત વિલય થતાંની સાથે જ તેનો સાક્ષી કિંવા દ્રષ્ટા, ઈશ્વર (વૃક્ષાંક ૨)નો વિલય પણ આત્મામાં અનાયાસે જ થાય છે. આમ વ્યવહારદૃષ્ટિએ જોતાં માયા (વૃક્ષાંક ૩)ના અસ્તિત્વની સાથે જ તે ક્ષર પુરુષ(વૃક્ષાંક ૨)નું અસ્તિત્વ કિંવા નાસ્તિત્વ અવલંબેલું હોવાથી જ્યારે અનિર્વચનીય એવા આત્મા (વૃક્ષાંક ૧)માં હું રૂપ એવી મિથ્યા સ્ફૂર્તિ થાય ત્યારે તે સાક્ષીરૂપે એકદમ ખડો થઈ જાય છે તથા જ્યારે હું ભાવનો વિલય થાય ત્યારે તેનો પણ અનાયાસે જ સ્વસ્વરૂપ સાથે વિલય થઈ જાય છે. આમ વસ્તુતઃ તો બરફનો ગાંગડો કિંવા મીઠાનું ઘર સમુદ્રમાં મળી જતાં તે જેમ સમુદ્રરૂપ જ બની જાય છે તેમ આ સર્વે વસ્તુતઃ એકરૂપ જ બને છે પરંતુ

તેનું અપરોક્ષજ્ઞાન થતાં સુધી તે તત્ત્વ જ ભ્રમરૂપે આ જગતાદિ નાનાવિધ દૃશ્યરૂપે સત્ય હોવાનું ભાસે છે, તેથી તે ભ્રમના નિવારણના અર્થે ભગવાને આ યુક્તિના આશ્રય વડે અત્રે સમજાવ્યું છે કે વસ્તુતઃ આત્મરૂપ એવા તેના આ સાક્ષી તત્ત્વનો માયાની સાથે જ ઉત્પત્તિ અને નાશ થતો હોવાથી તેને ક્ષરપુરુષ કહે છે. એટલે આ સર્વનો સાક્ષી, દ્રષ્ટા કિંવા માયોપાધિક એવો ઈશ્વર (વૃક્ષાંક ૨) એ જ ક્ષરપુરુષ કહેવાય છે. આ સર્વ દૃશ્યાદિ આના આધાર ઉપર જ અવલંબે છે. જો ઈશ્વર ન હોય તો માયા તથા તેના કાર્યરૂપ ભૂતો વગેરેનું કિંચિન્માત્ર પણ અસ્તિત્વ સંભવતું નથી, તેથી તે સર્વનું મૂળ બીજ હોઈ બીજાંકુરન્યાયાનુસાર આ કાર્ય અને કારણરૂપ ચરાચર દૃશ્યજાળ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) પણ ઈશ્વરથી અભિન્ન જ હોવાથી ભગવાને આ સર્વ ભૂતમાત્ર ક્ષરપુરુષ જ છે એમ કહેલું છે. જેમ આકાશમાંથી ઉત્પન્ન થયેલા વાયુ, જળ, વહ્નિ અને પૃથ્વ્યાદિ પાંચ મહાભૂતો આકાશરૂપ જ છે તેમ ઈશ્વર કિંવા ક્ષરપુરુષ (વૃક્ષાંક ૨) માંથી ઉત્પન્ન થયેલું આ સર્વ દૃશ્યજાળ ઈશ્વર કિંવા ક્ષરપુરુષરૂપ જ છે. જેમ સુવર્ણમાંથી બનાવેલા દાગીનાઓ સુવર્ણરૂપ જ છે અથવા પાણીમાંથી બનેલો બરફ (હિમ) પાણીરૂપ જ છે તેમ ઈશ્વર એવા ક્ષરપુરુષમાંથી ઉત્પન્ન થયેલો આ સર્વ માયારૂપ પ્રકૃતિનો ખેલ પણ ઈશ્વર કિંવા ક્ષર (વૃક્ષાંક ૨)રૂપ જ છે, એમ નિશ્ચિત જાણ.

ક્ષર અક્ષર પુરુષ લોકમાં કેમ ગણાય ?

શ્રીભગવાન બોલ્યાઃ ક્ષર અને અક્ષર એવા બે પુરુષો આ લોકમાં જ કહેવાય છે, એટલે આ બે પુરુષોની ગણતરી લોકમાં જ થાય છે. જેમ આકાશમાં ભેદ નહિ હોવા છતાં મઠની ઉપાધિને લીધે તેમાં રહેલું મહાકાશ અને મઠની બહાર રહેલા આકાશમાં મહાકાશ એવા મિથ્યા ભેદાભેદથી કલ્પવામાં આવે છે અને તેને જ આ બંને આકાશ છે એમ લોકોમાં એટલે વ્યવહારમાં કહેવામાં આવે છે; તેમ જ માયાની ઉપાધિને લીધે તેનો સાક્ષી વા દ્રષ્ટા એ માયોપાધિક ઈશ્વર કિંવા પુરુષ કહેવાયો, અને તે કરતાં પર એવો આત્મા એ અક્ષર કહેવાયો. આ રીતે લોકોની દૃષ્ટિએ સમજાવવાને અર્થે તેને ક્ષર અને અક્ષર એવા નામોની સંજ્ઞાઓ શાસ્ત્રમાં આપેલી હોવાથી તે બંને લોકોમાં ગણાય છે. આ સર્વ લોકવ્યવહાર નામરૂપાદિ ભેદો વડે જ ચાલી રહેલો જોવામાં આવે છે, અર્થાત્ આ સર્વ લોકવ્યવહારનું સ્વરૂપ નામરૂપ જ છે, તેમ આત્મા કે જે વાસ્તવિક તદ્દન અનિર્વચનીય છે છતાં જેમ ઘટ અને મઠની ઉપાધિ વડે એક આકાશને જ ઘટાકાશ અને મહાકાશ એમ કહે છે તેમ આ અનિર્વચનીય પરમાત્માને જ મિથ્યા દૃશ્યવ્યવહારની માયિક ઉપાધિને લીધે સાક્ષી કિંવા ક્ષરપુરુષ એવા નામ વડે તથા આત્મા કિંવા અક્ષર પુરુષ એવા નામ વડે સંબોધવામાં આવે છે. આ નામો વ્યવહારમાંના હોવાથી તે બંનેને લોકમાં જ ગણેલાં છે. ઉદ્દેશ એ કે, પરમાત્માને આ ક્ષરપુરુષ(વૃક્ષાંક ૨) છે કિંવા અક્ષરપુરુષ (વૃક્ષાંક ૧) છે એવા નામની ઉપાધિ પણ સ્પર્શી શકતી નથી, એવો તે તદ્દન અનિર્વચનીય છે. એ પ્રકારનો ભાવ બતાવવાનો શ્રીકૃષ્ણ ભગવાનનો હેતુ આમાં સ્પષ્ટ તરી આવે છે.

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

ઉત્તમ પુરુષ અથવા પરમાત્મા

હે પાર્થ ! આ બેથી ઉત્તમ પુરુષ તો અન્ય એટલે જુદો જ છે (જુઓ વૃક્ષાંક ૐ), જે પરમાત્મા એવા નામથી કહેવાય છે. એટલે ઉપર કહેલા ક્ષર અને અક્ષર પુરુષ એવા લોકનામનો પણ કલંક નહિ રહે એવું તે આત્મપદ તદ્દન નિર્લેપ તથા અત્યંત શુદ્ધ હોવાથી તે આથી પણ પર છે, એવી અનિર્વચનીયતા અથવા સુપુત્ર મૌનની કલ્પના દર્શાવવાને માટે તેને પરમાત્મા અર્થાત્ પરમ આત્મા એવી સંજ્ઞા આપવામાં આવેલી છે, તેમ જ તે ક્ષર અને અક્ષર પુરુષથી પણ પર કિંવા ઉત્તમ છે એવી સંજ્ઞા દર્શાવવાને માટે તેને ઉત્તમ પુરુષ (પુરુષ+ઉત્તમ=પુરુષોત્તમ)એ નામથી સંબોધેલું છે (જુઓ વૃક્ષાંક ૐ). જેમ મઠનો નાશ

થતાં તેમાંના મહાકાશ અને તેની બહાર રહેલા મહાકાશ એ ભેદાભેદો મટી જવાથી જે અનિર્વચનીયતા થવા પામે છે તેવી જ સ્થિતિ મિથ્યા માયા, પ્રકૃતિ કિંવા અશુદ્ધ હું (વૃક્ષાંક ૩)નો તેના કાર્ય (વૃક્ષાંક ૪ થી ૧૫૫) સાથે વિલય થતાં જ તેનો સાક્ષી, દ્રષ્ટા વા માયોપાધિક એવો ઈશ્વર યા ક્ષરપુરુષ (વૃક્ષાંક ૨)ની, તેને લીધે જુદો ગણવામાં આવતા બ્રહ્મ, આત્મા કિંવા અક્ષરપુરુષ (વૃક્ષાંક ૧)ની સાથે તદ્રૂપતા થઈ ક્ષરાક્ષર બંને એકરૂપ બની જવાથી અનિર્વચનીય સ્થિતિ નિર્માણ થાય છે. તેવી સ્થિતિ એ જ પરમાત્મા, પરબ્રહ્મ, પુરુષોત્તમ, ઉત્તમ પુરુષ (વૃક્ષાંક ૐ) સમજ.

આત્માને જ પરમાત્મા તથા ઈશ્વર એવી સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે

હે વત્સ ! જેમ આકાશ મહની અંદર પ્રવેશે છે ત્યારે તે મહની ઉપાધિને લીધે મહાકાશ કહેવાય છે, તેમ આ અવ્યય એટલે આત્મા (વૃક્ષાંક ૧) ત્રણ લોકમાં એટલે દશ્યાદિ મિથ્યા માયા પ્રપંચમાં પ્રવેશે છે ત્યારે તે માયોપાધિક ઈશ્વર એવી સંજ્ઞાવડે કહેવાય છે. સારાંશ, જેવી રીતે એક જ આકાશ ઘર બાંધવાથી મહની ઉપાધિને લીધે મહાકાશ અને મહાકાશ એવા બે ભેદોને પામે છે અને ઘર પડી જવાથી તે મહાકાશની ઉપાધિથી રહિત થતાં આ મહાકાશ અને મહાકાશ છે એવા ભેદાભેદોથી પર બની જાય છે તેમ આ અવ્યય એવો આત્મા કિંવા અક્ષરપુરુષ (વૃક્ષાંક ૧) ક્ષરપુરુષનો વિલય થતાં જ્યારે આત્મા એવા નામની મિથ્યા ઉપાધિને પણ છોડીને નામરૂપાદિથી પર, તદ્દન નિઃસંગ અને કલંકરહિત છે, એવા ભાવવડે દર્શાવવાનો હોય ત્યારે તેનું અનિર્વચનીયપણું દર્શાવવાના ઉદ્દેશથી તેને ઉત્તમ પુરુષ કિંવા પરમાત્મા એવી સંજ્ઞાવડે સંબોધવામાં આવે છે તથા જ્યારે તે ત્રણ લોકોમાં એટલે આ માયાની તમામ દશ્યજાળ (વૃક્ષાંક ૩ થી ૧૫૫) સુધીમાં ઓતપ્રોત વ્યાપેલો છે એવા ભાવને ધારણ કરે છે ત્યારે તેને ઈશ્વર (વૃક્ષાંક ૨) એવી સંજ્ઞા વડે સંબોધવામાં આવે છે. જેને ક્ષર પુરુષ કહે છે તે ઉપર કહ્યું છે.

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।

अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥

હું પુરુષોત્તમ છે

આ રીતે હું ક્ષરને ઓળંગી ગયેલો અને અક્ષરથી પણ ઉત્તમ હોવાથી લોકમાં અને વેદમાં પુરુષોત્તમ એવા નામથી પ્રસિદ્ધ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : હે ભારત ! તેં મારું ખરું સ્વરૂપ જાણ્યું ને ? હું તને વારંવાર હું એટલે કોણ તે સમજાવી રહ્યો છું; તેની હવે તને સારી રીતે સમજ પડીને ? આ હું એટલે શરીરધારી કૃષ્ણ નહિ પરંતુ ઉપર કહેલા ક્ષર અને અક્ષરથી પણ પર તથા સૌથી ઉત્તમ હોઈ 'પુરુષોત્તમ' એ નામે વેદમાં અને લોકમાં પ્રસિદ્ધ છે. અર્થાત્ જેને માટે જોઉં હું કોણ ? તે સંબંધે શોધ કરવા પોકાર કરી કરીને કહે છે તથા લોકમાં જેઓએ હું'ની શોધ કરીને તેનો પ્રત્યક્ષ અનુભવ લઈ સાક્ષાત્કાર કરી લીધો છે, તેવા જીવન્મુક્તો પણ અનુભવથી એમ જ કહે છે કે, અનિર્વચનીય એવો હું એટલે આ શરીરાદિ અથવા દશ્યાદિ નહિ પરંતુ "પુરુષોત્તમ" છે. ટૂંકમાં હું એટલે પુરુષોત્તમ સમજ. આને જ પરબ્રહ્મ, પરમાત્મા પણ કહેવામાં આવે છે (જુઓ વૃક્ષમાં ૐ).

यो मामेवमसम्मूढा जानाति पुरुषोत्तमम् ।

स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

હું કર્તા અને અકર્તા શી રીતે છે ?

હે ભારત ! જે મને આ પ્રમાણે દેહાભિમાનથી રહિત એવો પુરુષોત્તમ જાણે છે, તે સર્વ જાણનારો સર્વભાવે મને જ ભજે છે, અથવા જે આ મુજબ દેહાભિમાનથી રહિત થઈ મને પુરુષોત્તમરૂપે જાણે છે તે જ

સર્વભાવે મને ભજે છે. ભાવાર્થ એ કે, જેઓ હું નામરૂપથી ભાસનારો દેહધારી એવો આ કૃષ્ણ નહિ પરંતુ ક્ષર તથા અક્ષરથી એટલે નાશ તથા અનાશથી પણ રહિત, જ્યાં અક્ષર કિંવા આત્મા એવા પ્રકારના કલંકનો લવલેશ પણ નથી એવો; તદ્દન શુદ્ધ, શાંત, નિર્મળ, પવિત્ર અને અનિર્વચનીય એ શબ્દની પણ જ્યાં પૂર્ણતા થાય છે એવો, સ્વતઃસિદ્ધ પરમાત્મા કિંવા પુરુષોત્તમ છે, એમ જે જાણે છે તે જ યથાર્થ જાણવાવાળો છે. હે બુદ્ધિશાળી! જેમ સ્વપ્નમાંના દશ્યને, પોતાના સંકલ્પવડે ખડું કરી દીધેલ માનસિક જગતને તથા મૃગજળને જેવું જણવામાં આવે છે તેવું જ આ જગત મારામાં છે એવી ભાવના કર. અકર્તાપણાની કિંવા કર્તાપણાની તથા તેમના સાક્ષીપણાની ઇચ્છા(ભાવના)નો પણ મૂળમાંથી ઉચ્છેદ કર. પુરુષોત્તમ એવો હું સર્વવ્યાપક હોવા છતાં સર્વથી રહિત છે. જેમ દીવાની ઇચ્છા કિંવા કલ્પના વિના પણ તેના પ્રકાશમાંની વસ્તુઓ પ્રકાશિત થાય છે કિંવા સ્વપ્નનો વિલય થઈ જવો એવી કોઈની ઇચ્છા નહિ હોવા છતાં પણ તે જાગ્રત થતાં જ એકદમ કયાંયે અદશ્ય થઈ જાય છે તેમ આ સર્વ દશ્યજાળ ઇચ્છા વગર અને કલ્પના વગર જ જાણે અનિર્વચનીય આત્મરૂપ એવા મારામાં જ ખડું થઈ ગયું ન હોય તેમ અને જ્ઞાન થતાં જ જાણે એકદમ કયાંય અલોપ (અદશ્ય) થઈ જાય છે તે સમજી શકાતું નથી, એટલું જ નહિ પરંતુ આ દશ્યરૂપી કાર્યનું મૂળ અજ્ઞાન તથા જ્ઞાન પણ કયાંય અલોપ થઈ જાય છે, તેની પુરુષોત્તમ એવા મને તો કલ્પના પણ હોતી નથી. આ પ્રમાણે આત્મરૂપ મારામાં સ્વપ્નવત કર્તાપણું, અકર્તાપણું અને તેના અભિમાનીઓ, એ બધું ભાસતું હશે છતાં પણ હું તો આકાશની માફક સર્વથી તદ્દન અસંગ અને ઇચ્છાઓ કિંવા સંકલ્પોથી તદ્દન રહિત છે. મને તો તે બંનેની કિંવા તેને જાણનારા અભિમાનીની પણ કલ્પના નથી, તેથી હું અકર્તા છે. આ રીતે મારા અધિષ્ઠાનમાત્રથી જ આ દશ્યાદિનો સર્વ વ્યવહાર ચાલતો હોવાનું ભાસે છે છતાં હું તો સઘળી સૂક્ષ્મ કિંવા સ્થૂળ ઇંદ્રિયાદિથી રહિત અને આકાશની જેમ સર્વ પદાર્થોથી તદ્દન અસંગ છે એટલા માટે જ અકર્તા અને અભોક્તા છે તથા આ બધું સ્વપ્નના જેમ મારામાં ઇચ્છા કિંવા સંકલ્પ વિના જ ભાસમાન થાય છે, તેથી મને કર્તાભોક્તા પણ કહેવામાં આવે છે. જેમ આકાશ તદ્દન અસંગ હોવા છતાં તેમાં આ પૃથ્વી ઇત્યાદિ ચાર મહાભૂતો તેના અધિષ્ઠાન અને આધાર વડે જ રહેલા ભાસે છે છતાં આકાશને તો તેની કલ્પના પણ હોતી નથી. આ સર્વ પૃથ્વી કિંવા સમુદ્રો નષ્ટ થાય કિંવા રહે, એ રીતની બંને ભાવના અથવા તેવી ભાવના કરીને કાંઈક હશે તેની આકાશને કલ્પના પણ હોતી નથી. છતાં આ ચાર મહાભૂતોનું અસ્તિત્વ આકાશ વગર કદી પણ સંભવતું જ નથી. કેમ કે જો તેઓને રહેવા અવકાશ એટલે સ્થાન જ ન મળે તો તેઓ રહે જ કયાં? આમ સર્વને અવકાશ આપનારું નિઃસંગ એવું આ આકાશ જ ભૂતાદિરૂપે ચરાચરમાં પણ બધે વ્યાપેલું જોવામાં આવે છે, છતાં તે જેમ તદ્દન અસંગ છે તેમ પુરુષોત્તમ એવો હું પણ ચરાચરમાં સર્વત્ર વ્યાપેલો છે છતાં કશામાં કિંચિન્માત્ર પણ મારી આસક્તિ નહિ હોવાથી હું તદ્દન અસંગ છે. આ મુજબ મારામાં કર્તાપણું, અકર્તાપણું તથા તેના સાક્ષીપણું એ બધું છે પણ ખરું અને નથી પણ ખરું. આમ છે, નથી; છેમાં નથી અને નથીમાં છે તથા આ બધાનો સાક્ષી એમ સર્વ ભાવોનો જ્યાં વિલય થાય છે કિંવા સર્વભાવો જ્યાં એક સાથે અને એકરૂપે જ છે એવો હું પુરુષોત્તમ છે, એમ સમજ.

હું પુરુષોત્તમ કેમ ?

આ રીતે હું પુરુષોત્તમ એવો પરમાત્મા સર્વના અધિષ્ઠાનરૂપ હોઈ કર્તા છતાં પણ અકર્તા છે, ભોક્તા છતાં પણ અભોક્તા છે, તે 'હું' જ સર્વનો ઈશ્વર છે, સર્વમાં વ્યાપક છે, ચૈતન્યમાત્ર છે અને નિર્મળરૂપ છે, સર્વ પદાર્થોના મૂળ તત્ત્વરૂપ છે, પ્રકાશમાન છે, સર્વ પ્રાણીઓમાં રહેલો છે, ઉદાસીન છે, ઇચ્છાથી રહિત છે; માટે કશું ભોગવતો પણ નથી અને કશું કરતો પણ નથી તેમ સર્વને પ્રકાશ આપનાર હોવાથી સર્વને ભોગવે છે પણ ખરો અને કરે છે પણ ખરો. આ મુજબ આ બધું દશ્ય સાચું પણ છે અને ખોટું પણ છે, આ હું સર્વરૂપ પણ છે અને સર્વથી ભિન્ન પણ છે, એમ સમજ, હે પાર્થ! અરે!

સૂર્યમાં કદી અંધારું હોઈ શકે ખરું કે? તેમ અનિર્વચનીય એવા મારામાં માયા, અજ્ઞાન અને તેનું ત્રિગુણાત્મક કાર્ય કેવી રીતે સંભવે? આથી જ હું ક્ષર અક્ષર એ બંનેનું ઉલ્લંઘન કરીને તે કરતાં પણ પાર પહોંચેલો હોવાથી જીવન્મુક્ત છે તથા વેદોમાં હું પુરુષોત્તમ એવા નામ વડે પ્રસિદ્ધ છે, એમ મેં પ્રથમ કહ્યું છે. માટે હે ભારત! દેહાદિ રહિત એવા પુરુષોત્તમરૂપ મને જે જાણે છે તે જ સર્વવિદ્ એટલે જેને હવે કશું જાણવાપણું રહ્યું નથી એવો સર્વજ્ઞાનનો ભંડારરૂપ છે એમ જાણ. માટે હે પાર્થ! હું સર્વમાં રહેલો છે અને નથી પણ રહ્યો તેમ જ હું કર્તા પણ છે તથા અકર્તા પણ છે, એ રીતે ઉપર વર્ણવ્યા પ્રમાણે પુરુષોત્તમની જ જો પોતાસહ સર્વમાં ભાવના રાખવામાં આવે તો સંસારમાં પ્રસંગવશાત્ આવી પડેલાં તમામ કાર્યો કરવા છતાં તેનામાં યત્કિંચિત્ પણ અહંતા અને મમતા થતી નથી. કારણ કે અંતઃકરણમાં હું એટલે આ પુરુષોત્તમ છે એ સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેનાર અર્થાત્ આ વગર બીજી કોઈ પ્રવૃત્તિ જગતમાં છે જ નહિ એ રીતે જાણનાર મનુષ્યને જ ખરો વૈરાગ્યશીલ સમજવો. જે પુરુષને હું કાંઈ કરતો નથી એવો દઢ નિશ્ચય હોય, તે પુરુષ ભોગોના સમૂહોની કામનાથી કાંઈ તજે કે ગ્રહણ કરે એમ સંભવતું નથી. હું હંમેશા અકર્તા જ છે એવી નિશ્ચયાત્મક ભાવનાના દઢપણાને લીધે પરમસુખ નામની સમતા જ અવશેષ રહે છે અથવા હું તમામ દૃશ્યાદિનો કર્તા છે એમ બંને વિશાળપણાની અર્થાત્ સર્વોત્તમપણાની ભાવનાથી રહેવાની જો તારી ઇચ્છા હોય તો તેમ રહેવું, એ પણ ઉત્તમ જ છે. સારાંશ કે સર્વોત્તમભાવની કિંવા નિઃશેષભાવની, આ બે પૈકી ગમે તે એક ભાવના કરી તેમાં જ તદ્દન નિશ્ચલ થઈ રહેવું. અહો! હું આ સઘળા દૃશ્યાદિ ભ્રમનો કદી કર્તા જ નથી એટલે મારામાં આ દૃશ્યાદિનો લેશમાત્ર પણ નથી અને આ ભ્રમ જે વડે થઈ શકે એવો જુદો કોઈ મારાથી સંભવતો પણ નથી, એવો જો દઢ નિશ્ચય થાય તો પછી કોઈના ઉપર રાગદ્વેષ થવો સંભવનીય નથી. કેમ કે આ શરીરને કોઈ લાડ લડાવે કે ત્રાસ દે તો તે ત્રાસ પણ મેં જ દીધો અને લાડ પણ મેં જ લડાવ્યાં, એવો દરેક દ્વંદ્વો માટે તેનો પાકો નિશ્ચય હોય તો પછી તેને કોઈના ઉપર રાગ અથવા દ્વેષ કેમ જ થાય? આ દૃશ્યરૂપી જળનો ક્ષય મને દુઃખરૂપ છે અને ઉદય મને સુખરૂપ છે, એ રીતે નાશને માટે દુઃખભાવના તથા ઉત્પત્તિને માટે હર્ષભાવના, એ બંને ભાવનાનો કર્તા હું જ છે એવો જો નિશ્ચય હોય તો પછી હર્ષ કિંવા દુઃખનો પ્રસંગ જ કયાંથી આવે? સુખને ઉત્પન્ન કરનારો પણ હું જ છે અને દુઃખને ઉત્પન્ન કરનારો પણ હું જ છે તેમ સુખદુઃખ પણ હું જ છે; એ રીતે પોતામાં જ સર્વનું કર્તાપણું માનવામાં આવે તો ખેદ અને હર્ષ પોતાની મેળે જ શાંત થાય છે અને પછી સમતા જ અવશેષ રહે છે. આ સમતા એ જ સાચી આત્મસ્થિતિ છે. માટે તું સર્વના કર્તાપણાને તથા અકર્તાપણાને પણ છોડી દે તેમ જ તે બંનેને જાણનારા સાક્ષીભાવનો પણ ત્યાગ કરી દે અને પછી શેષ રહેનારી સ્વાભાવિક સ્થિતિમાં જ સ્થિર રહે. કર્તા અને અકર્તાપણાના નિશ્ચયથી રહેવા કરતાં પણ તે બંને નિશ્ચયના સાક્ષીભાવનો પણ વિલય કરીને અખંડ પૂર્ણાનંદ અને એકરસરૂપે રહેવું એ જ નિશ્ચય સર્વથી અતિશ્રેષ્ઠ છે. હું તને વારંવાર તેની જ ભલામણ કરી રહ્યો છું. તેનું કારણ એ છે કે હું સર્વનો કર્તા છે અને તેથી સર્વરૂપ છે એવા સર્વોત્તમભાવનો નિશ્ચય જો રાખવામાં આવે તો તેમાં કર્તાપણાના અભિમાનરૂપ તેમજ અનંત બ્રહ્માંડો કિંવા તમામ દૃશ્યજાળ પોતાનું સ્વરૂપ છે એવું પોતાના સ્વરૂપમાં મર્યાદિત થવારૂપ કલંક સૂક્ષ્મરીતે રહી જવા પામે છે અને હું કોઈનો કર્તા નથી અને કર્તા નહિ હોવાથી દેહ સહ દૃશ્યાદિનો મારામાં કિંચિન્માત્ર પણ સંબંધ નથી એટલું જ નહિ પણ તેને જાણનાર સાક્ષી સાથે પણ મારો તલભાર સંબંધ નથી. આવા નિશ્ચય વડે જો કે જીવનું સ્વરૂપ શુદ્ધ થાય છે પરંતુ તેમાં પણ કિંચિત્ કલંક તો ગુપ્ત રીતે શેષ રહેવા પામે છે. છતાં આ બે પૈકી ગમે તે એક નિશ્ચય રાખવામાં આવે તો અભ્યાસ વડે ભવિષ્યમાં તે થકી પર જઈ શકાય છે. એટલે જ અભ્યાસને માટે આ બે નિશ્ચયો પૈકી ગમે તે એક રાખવાને માટે તને વારંવાર કહેવામાં આવેલું છે, છતાં આ બંને નિશ્ચયોમાં સૂક્ષ્મ રીતે થોડું કલંક રહેવા પામે છે. જેમ આકાશને આકાશ કહેવું એટલે આકાશ છે એમ કહેનારો તે થકી ભિન્ન રહે છે અને આકાશમાં હું અને આ દૃશ્યાદિ નથી

એમ કહેવું એમાં પણ તેવું કહેનારો રહી જવા પામે છે અથવા આ સર્વ આકાશ જ દશ્યાદિરૂપે થવા પામેલું છે તેમાં પણ સાક્ષીભાવ તો રહે છે; તેવો ભાવ રોપ હોય ત્યાં સુધી તે આકાશની સાથે તદ્રૂપ થયો એમ ગણાય નહિ પરંતુ આ છે કિંવા નથી તેમ જ છેમાં નથી અને નથીમાં છે; આ બંને ભાવોનો તેમાં સાક્ષી સહ વિલય કરવો એ જ કલંક રહિત એની શુદ્ધ ભાવના કહેવાય છે. એટલા માટે જ હે ભારત! 'હું ક્ષર એટલે સાક્ષી (શ્લોકાંક ૨) તથા અક્ષર એટલે આત્મા (શ્લોકાંક ૧) એ બંને ભાવોથી પર એવો ઉત્તમ પુરુષ અર્થાત્ પરમાત્મા કિંવા પુરુષોત્તમ (શ્લોકાંક ૧૭) છે' એમ હું તને વારંવાર કહી રહ્યો છું. તેનું કારણ પણ એ જ છે કે જેમાં કોઈ પણ પ્રકારના કલંકનો કિંચિન્માત્ર પણ અંશ રહી જવા ન પામે અને નદી જેમ સમુદ્રને મળી ગયા બાદ સમુદ્રરૂપે જ બની જાય છે તેમ તું પણ મારા સત્તાસામાન્યમાં એકરસ થઈ સર્વભાવે મારી ઉપાસના કરી શકે એટલા માટે હું કોણ છે તેવા મારા સાચા સ્વરૂપનું જ્ઞાન જો તને સારી રીતે થાય તો પછી તને બીજું કાંઈ જાણવાપણું રહેશે નહિ એટલે તું સર્વવિદ્ થઈ એકનિષ્ઠા વડે કોને ભજવું તે સારી રીતે સમજી શકીશ.

હે ભારત! સર્વભાવે મને ભજ

તરભાત, હે ભારત! હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, આ રીતે હું એટલે આ શરીરધારી કિંવા દશ્યાદિ રૂપવાળો નહિ પરંતુ ઉપર બતાવ્યા પ્રમાણે પુરુષોત્તમ છે કે જેને પરમાત્મા, પરબ્રહ્મ કહે છે; તેને જે જાણે તે જ સર્વવિત્ અર્થાત્ બધું જાણનારો સર્વભાવે એટલે કાયિક, વાચિક અને માનસિક કૃત્યાદિ તમામ ભાવના વડે મને જ ભજે છે. અર્થાત્ પુરુષોત્તમ એવા મારા સ્વરૂપનું તેને સાચું ભાન થયેલું હોવાને લીધે તે શરીર, વાણી અને મન વડે જે જે કાંઈ વ્યવહાર કરે છે તે તમામ આ પુરુષોત્તમ એવા હું રૂપ જ છે. અંતઃકરણમાં જે જે વૃત્તિનું ઉત્થાન થાય કે તેને તે પુરુષોત્તમરૂપ છે, પુરુષોત્તમ એવા હુંથી અભિન્ન કાંઈ છે જ નહિ આવી રીતે જે જે કાંઈ વ્યવહાર વર્તમાનમાં કરે છે, ભવિષ્યમાં કરશે અને ભૂતકાળમાં કર્યા હશે તે તમામ હું એવા પુરુષોત્તમરૂપ જ હતા, છે અને હશે; એવો તેનો દૃઢ નિશ્ચય હોવાથી તે સર્વભાવે આ પુરુષોત્તમ એવા મને જ ભજે છે. એટલું જ નહિ તે ભજનારો પોતે પણ તેથી જુદો નહિ રહેતાં પોતે પણ પુરુષોત્તમ છે એવા પ્રકારના અભિન્ન નિશ્ચય વડે સર્વભાવે પુરુષોત્તમરૂપ એવા મને જ ભજે છે. આ રીતે ઉપાસના કરનાર તે ઉપાસક પોતે હિમ કિંવા મીઠું જેમ પાણીની સાથે એકરસ થઈ જાય તેમ અંતે હું એવા પુરુષોત્તમ રૂપમાં જ મળી જઈ મારા (હું'ના) પરમધામને જ પ્રાપ્ત થાય છે. આ સિવાય સંસારમાંથી તરવાનો બીજો એક પણ ઉપાય નથી.

સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ઉપદેશ કરે તો પણ તે નિરર્થક બને

હે પાર્થ! અત્યાર સુધી મેં તને જે કહ્યું તે તારા ધ્યાનમાં આવ્યું ને? આમ છે એટલા માટે જ તું શરીર, વાણી અને મન કૃત્યાદિ દ્વારા જે જે કર્મો કરે તે સર્વને પુરુષોત્તમરૂપ ગણીને અને સઘળી ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાં જતી રોકીને અર્થાત્ અંતઃકરણમાંથી ઉત્પન્ન થતા તમામ સંકલ્પો ઉત્પન્ન થતાંની સાથે જ તે હું એવા પુરુષોત્તમરૂપ છે, એવા પ્રકારના જ્ઞાન વડે તે સિવાયના તમામ ભાવો ઉપર વૈરાગ્ય કરી સૂક્ષ્મ અને સ્થૂલ એવી તમામ ઇન્દ્રિયોનું તેના વિષયો સહ નિયમન કરીને, તમામ ભાવનાઓનો ત્યાગ કર એટલે સર્વ ભાવનાઓને કેવળ એક પુરુષોત્તમરૂપમાં એકઠી કરી દે. આ રીતે પોતાસહ સર્વ ભાવનાઓને હું એવા પુરુષોત્તમમાં જ એકરૂપ કરી દે. આમ કરનારો જ સર્વભાવે મને ભજે છે એમ સમજવું. આ પ્રમાણે પોતાસહ સર્વત્ર અદ્વૈત એવા એક મારી એટલે પુરુષોત્તમની દૃઢ નિશ્ચય વડે ભાવના કર્યા વગર અર્થાત્ પોતાસહ બીજું બધું ભૂલી જવાય નહિ ત્યાં સુધીને માટે અર્થાત્ દ્વૈત(બે)પણાની ભાવના કાયમ રાખીને તે વડે કિંવા આ વ્યતિરિક્ત બીજા કોઈ પણ માર્ગનું અવલંબન કરીને હું સુખ અને શાંતિ મેળવીશ એમ જો કોઈ કહે તો તે કદાપિ શક્ય જ નથી અથવા તે માટે જો તું હજારો વર્ષ પર્યંત દારુણ તપશ્ચર્યા કરીશ કિંવા તારા દેહના ટુકડે ટુકડા કરીશ વા તેના ચૂરેચૂરા બનાવીશ તથા અગ્નિમાં કે

તેથી મોટા દાવાગ્નિ કિંવા વડવાગ્નિમાં પ્રવેશ કરીશ કે ખાડામાં પડીશ કે ખડ્ગની ધાર ઉપર ચાલીશ કિંવા તારા દેહને મહાસાગરોમાં ડુબાવીશ અથવા સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, દત્તાત્રેય, દુર્વાસા, વસિષ્ઠ, વિશ્વામિત્ર કિંવા બીજા કોઈ તત્ત્વવિદ્ મહાન મહર્ષિઓ અત્યંત કરુણાથી વ્યાકુલ થઈ તને ઉપદેશ આપશે, અથવા તું પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં રહીશ કિંવા પાતાળમાં ઘૂસી જઈશ તો પણ સર્વ પ્રકારના વિસ્મરણ વિના એટલે પોતાસહ સર્વભાવનું વિસ્મરણ થયા વિના દુઃખની આત્યંતિક નિવૃત્તિ થઈ કદી પણ આત્યંતિક સુખની પ્રાપ્તિ થશે જ નહિ. આ દુસ્તર સંસારમાંથી તરવાનો ઉપર કહ્યો એના સિવાય બીજો એક પણ ઉપાય નથી.[1] એટલા માટે હે વત્સ! સંકલ્પનો ક્ષય કે જે બાધરહિત છે, નિર્વિકાર છે, સુખરૂપ છે અને પરમપાવન છે; તેની પ્રાપ્તિને માટે શરીર, વાણી, સ્થૂલ સૂક્ષ્મ ઇન્દ્રિયો તેના ગોલકો, વિષયો, મન, બુદ્ધિ તથા અંતઃકરણમાં જે જે સંકલ્પવિકલ્પોનું ઉત્થાન થવા પામે કે તુરત તે સર્વ પુરુષોત્તમરૂપ છે, એવા પ્રકારના દૃઢ નિશ્ચય અને ભાવના વડે તેને તુરત દાબી દેવા, અંતઃકરણમાંથી બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેતાં પોતાસહ સર્વને ભૂલી જઈ કેવળ એક અદ્વૈતભાવે પુરુષોત્તમ એવા મને ભજ, એમ હું તને વખતોવખત કહી રહ્યો છું. કારણ કે આમ સર્વભાવે મને ભજનારા ભક્ત સિવાય બીજાને કદી પણ સુખ મળવું શક્ય જ નથી. હું નિશ્ચય અને પ્રતિજ્ઞાથી તને કહું છું કે જે અસંમૂઢ હું દેહાદિક નહિ પરંતુ પુરુષોત્તમરૂપ જ છે એવા પ્રકારે દૃઢ નિશ્ચય વડે મને જાણે છે તે જ સર્વ ભાવે પુરુષોત્તમ એવા મને જ ભજે છે પણ મૂઢોને ગમે તેટલી વખત બોધ આપવામાં આવે તો પણ તે મને ઓળખી શકતા નથી.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।

एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ॥ २० ॥

આ ગુહ્યમાં ગુહ્ય શાસ્ત્ર તને કહ્યું

હે અનઘ એટલે નિષ્પાપ અર્જુન! આ પ્રકારે અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું આ શાસ્ત્ર મેં તને કહ્યું. હે ભારત! બુદ્ધિમાનો તો તેને જાણીને તુરત જ કૃતકૃત્ય થાય છે. તાત્પર્ય એ કે, અતિ ગુહ્યમાં ગુહ્ય રહસ્યપૂર્ણ એવું આ જ્ઞાન મેં તને સ્પષ્ટ રીતે કહ્યું. શ્રેષ્ઠ બુદ્ધિમાનો તો તે સાંભળનારની સાથે જ કૃતકૃત્ય થાય છે તથા મંદ બુદ્ધિમાનોને તેનો અભ્યાસ કરવો પડે છે. હે પાર્થ! તું બુદ્ધિશાળી છે, પાપથી રહિત છે.[2] વળી આવા કટોકટીના પ્રસંગે તને અભ્યાસ કરવાનો પણ સમય નથી તેનો વિચાર કરીને ગુપ્તમાં ગુપ્ત એવું શાસ્ત્રરહસ્ય સ્પષ્ટ રીતે તને કહી સંભળાવ્યું છે. માટે તું પણ જ્ઞાતજ્ઞેય અને કૃતકૃત્ય એવો થા. જેણે જાણવાનું તે સર્વ જાણી લીધું છે તે જ્ઞાતજ્ઞેય કહેવાય છે તથા જેને કાંઈ કરવાનું કે નહિ કરવાનું બાકી રહેતું નથી તે કૃતકૃત્ય કહેવાય છે. વિશેષ શું કહું?

અધ્યાય ૧૬

આત્મામાં ભાસતી બે શાખાઓ

શ્રીભગવાન કહે છેઃ હે પાર્થ! જે કાંઈ જાણવા જેવું છે તે બધું મેં તને કહી સંભળાવ્યું. આ કરતાં વિશેષ એવું બીજું જાણવા જેવું કાંઈ છે જ નહિ અને તે બધું તું સારી રીતે સમજ્યો છે. છતાં

---

૧ પોતા સહ સર્વનું વિસ્મરણ થયા સિવાય પરમાત્માની પ્રાપ્તિ થવી કદી પણ શક્ય નથી. આ સંબંધે ઘણુ વિવેચનો ઉપનિષદોમાં છે તથા યોગવાસિષ્ઠ સ્થિતિ પ્રકરણ સર્ગ ૫૩ શ્લોક ૩૮ થી ૪૩ તથા અષ્ટાવક્ર ગીતા અ૦ ૧૬ શ્લોક ૧૧ જુઓ.

૨ આત્માની સાથે એકયભાવના થવી તે પુણ્ય તથા ભેદપણાની ભાવના તે પાપ, એવી શાસ્ત્રદૃષ્ટિએ પાપપુણ્યની સાચી વ્યાખ્યા છે.

હવે ભેદદૃષ્ટિનો અંગિકાર કરીને હું તને ફરીથી એટલા માટે સમજાવું છું કે જેથી તારી ખાતરી થશે કે તું દૈવી પ્રકૃતિવાળો હોઈ આ જ્ઞાનને માટે સંપૂર્ણ અધિકારી છે. આગલા અધ્યાયમાં તને કહેલું જ છે કે, આકાશમાંથી વાયુ, વાયુમાંથી વહ્નિ,વહ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી એ રીતે આકાશ જ જાણે વિકારને પામેલું હોય તેમ જણાય છે, છતાં પોતે શુદ્ધનું શુદ્ધ જ રહેલું હોઈ તે જ આ સર્વને અવકાશ આપે છે. આ સર્વ તેના આધાર વડે જ છે અને તદ્રૂપ જ છે. તે જો ન હોય તો વાય્વાદિ ચાર મહાભૂતોનું અસ્તિત્વ કદાપિ સંભવતું નથી. તે વિકારને પામેલું હોય એમ લોકદૃષ્ટિએ દેખાવા છતાં અને તે સર્વના આધારરૂપે તથા અધિષ્ઠાનરૂપે હોવા છતાં પણ તે પોતે તો વળી પાછું શુદ્ધનું શુદ્ધ, અસંગ અને નિર્વિકારરૂપે જ રહેલું છે. સિવાય પુનઃ: તે જ આ આકારાદિરૂપે પ્રતીત થનારાં દૃશ્યોમાં ઘટાકાશ, મહાકાશરૂપે રહેલું હોય છે. આ પ્રમાણે આ એક મહાકાશની જ (૧) વાયુ, વહ્નિ, જલ, પૃથ્વી, અને તેમાંના અનંત આકારાદિરૂપે જોવામાં આવતી એક શાખા નીકળેલી છે તથા (૨) તે આકાશાદિમાં મહાકાશ, ઘટાકાશ ઇત્યાદિ ઉપાધિરૂપે ગણાતી બીજી શાખા નીકળેલી છે. આ રીતે બંને શાખાઓ વાસ્તવિક શુદ્ધ અને અસંગ એવા એક મહાકાશની જ હોઈ તે પણ વસ્તુતઃ મહાકાશરૂપ જ છે. વળી ઘટાકાશ, મહાકાશરૂપે કહેવામાં આવતું આકાશ તો વાસ્તવિક નિર્વિકાર, નિઃસંગ, નિરાકાર, નિરામય એવું જ છે. છતાં ઘટમઠની ઉપાધિને લીધે તેને ઘટાકાશ, મઠાકાશ એવી મિથ્યા સંજ્ઞાઓ આપવામાં આવે છે. આમ અસંગ આકાશને જ ઘટમઠની અપેક્ષાએ ઘટાકાશ, મઠાકાશ એવા મિથ્યા દોષો લગાડવામાં આવે છે. એટલે આ વાયુ, વહ્નિ, જલ અને પૃથ્વી તથા તેનાં બનેલાં ઘટમઠાદિ આકારરૂપે બનેલું એવું જે આ સ્થૂલ ઘનીભાવરૂપ આકાશ વિકારવાળું ગણાય છે તથા આ ઘટમઠની ઉપાધિને લીધે તેમાં ઘટાકાશ, મઠાકાશરૂપે રહેલું આકાશ અવિકારી ગણાય છે, એમ સમજ. કિંવા જેમ એક જ વૃક્ષમાંથી સારાં અને નઠારાં એમ બન્ને પ્રકારનાં ફળો પાકે છે, તેમ કેવળ એક પરમાત્મસ્વરૂપ એવા મારામાંથી અને મારા થકી અભિન્ન હોવા છતાં જાણે જુદે જુદે રૂપે બનેલાં ન હોય એમ મિથ્યા ઉપાધિભેદ વડે પોતાને જુદા જુદા માનનારા આ અસંખ્ય પ્રાણીઓના સમૂહમાં (૧) દૈવી સંપત્તિવાળા તથા (૨) આસુરી સંપત્તિવાળા એ મુજબ ફક્ત બે જ ભેદો પડે છે. જો કે દૈવી અને આસુરી સંપત્તિવાળા કોને કહેવા તે તો તને પ્રથમ કહેવામાં આવેલું જ છે; પરંતુ તેનું વિવરણ ત્યાં અતિ સંક્ષેપમાં કહેલું છે માટે આવા ભેદો મનુષ્યાદિથી માંડીને તે ઠેઠ બ્રહ્મલોક પર્યંત ઉપર ગુણોના પ્રાધાન્ય વડે પડેલા જોવામાં આવે છે તેનું વિશેષ સ્પષ્ટિકરણ કરીને હવે હું તને કહું છું કે જેથી આસુરી સંપત્તિ લઈ જન્મેલા કોણ તથા દૈવી સંપત્તિ લઈ જન્મેલા કોણ તે તું સ્પષ્ટ રીતે સમજી શકીશ. *

श्रीभगवानुवाच—

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥

તપ શબ્દની ઉત્પત્તિ

શ્રીભગવાન બોલ્યા : અભય એટલે ભય રહિત. જ્યાં સુધી બેપણાની ભાવના હોય છે ત્યાં સુધી જ ભય હોય છે, તેથી બેપણાની ભાવના મટતી નથી ત્યાં સુધી કદી પણ અભય થવાતું નથી. માટે પોતા સહ સર્વત્ર એક આત્મસ્વરૂપની ભાવના કરવી એ જ એક અભયતાનું લક્ષણ છે, એવો શાસ્ત્રસિદ્ધાંત છે. જીવન્મુક્તોના ચિત્તને સત્ત્વ કહે છે, કારણ કે તેઓ હંમેશાં એક આત્મામાં જ રમમાણ થઈ રહેલા હોય

* દૈવી અને આસુરી સંપત્તિવાળા કોને કહેવા તે સંબંધે અધ્યાય ૯ શ્લોક ૧૧, ૧૨ માં કહેવામાં આવેલું છે. અત્રે તે વ્યાખ્યા વ્યવહાર દૃષ્ટિએ સમજી શકાય એવી રીતે વિસ્તારથી કહી છે.

છે; આથી સત્ત્વશુદ્ધિ એટલે અંતઃકરણ શુદ્ધ થઈ જેનું ચિત્ત કેવળ એક આત્મામાં જ રમમાણ થયેલું હોય છે તે. જ્ઞાન એટલે જેઓને આ તમામ દૃશ્યજાળ આત્મસ્વરૂપ છે, એવું અભિન્નપણાનું જ્ઞાન થયું હોય તે પરોક્ષજ્ઞાન. યોગ એટલે પરોક્ષજ્ઞાન થયા પછી અપરોક્ષજ્ઞાનના અનુભવને માટે અંતઃકરણમાં જે જે વૃત્તિઓનું ઉત્થાન થાય કે તે આત્મસ્વરૂપ જ છે, એવી રીતે તેને તુરત દાબી દેવી; આમ આત્મસ્વરૂપના નિશ્ચયની પરિપક્વતા થઈ અપરોક્ષાનુભવ એટલે સાક્ષાત્કાર થતાં સુધીનો જે અભ્યાસક્રમ તે યોગ. સંક્ષેપમાં દ્વૈતભાવ મટીને અદ્વૈતભાવ થવો એનું જ નામ યોગ. આ રીતે જ્ઞાન અને યોગમાં જેની સ્થિરતા થવા પામેલી છે તે "જ્ઞાનયોગવ્યવસ્થિતિ" કહેવાય. યથાશક્તિ અન્નદાન, ગુપ્તદાન કરવું તે કિંવા મોહ નિવૃત્તિને માટે મારું એવું ગણાતું તમામ ઈશ્વરાર્પણ કરવું તેનું નામ દાન. દમ એટલે ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી હઠાવીને તેને કેવળ એક આત્મામાં જ જોડવી તે ઇંદ્રિયનિગ્રહ. યજ્ઞ એટલે સર્વ આત્મસ્વરૂપ છે એવી ભાવના વડે અહંમમાદિ ભાવનો વિલય કરીને સર્વ કર્મો કરવાં તે કિંવા તે ચિત્તશુદ્ધિને માટે કરવામાં આવતા નિષ્કામ યજ્ઞો. સ્વાધ્યાય એટલે જે વડે સ્વ એટલે પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેટલા માટે ધર્મશાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે વેદાદિનું અધ્યયન કરવું તેમ જ હું કોણ છે તેનો વિચાર કરી નિશ્ચયપૂર્વક હું એટલે દેહાદિ નહિ પણ આત્મા છે એવો સતત અભ્યાસ કરવો તે. ધર્મના ત્રણ વિભાગો છે એમ શાસ્ત્રમાં કહ્યું છે : પ્રથમ વિભાગમાં યજ્ઞ, સ્વાધ્યાય અને દાન એ ત્રણનો સમાવેશ થાય છે; બીજામાં તપ અને ત્રીજામાં બ્રહ્મચારીએ ગુરુને ઘેર રહી તેની સેવા શુશ્રૂષા કરવી તે (છાંદો૦ પ્રપા૦ ૨, ખં૦ ૩ મં૦ ૪). તપ એટલે આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે શારીરિક, વાચિક કે માનસિક, સર્વ ભારો વડે સ્થૂલ અને સૂક્ષ્મ ઇત્યાદિ તમામ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પરાવૃત્ત કરીને કેવળ એક આત્મસ્વરૂપમાં સ્થિર કરવા માટે સંયમ કરતા રહેવું તે. શાસ્ત્રમાં "તપ" શબ્દની ઉત્પત્તિ આ પ્રમાણે કહેવી છે. આ સ્થૂલ બ્રહ્માંડ કિંવા સમષ્ટિના ઉત્પત્તિકાર આદિ પુરુષ એવા બ્રહ્મદેવ પોતે જ્યારે વિષ્ણુના નાભિકમળમાંથી ઉત્પન્ન થયા ત્યારે પોતા સિવાય બીજું કંઈ હતું જ નહિ, તેઓ એકલા જ હતા. તેથી પોતે જે કમળમાંથી ઉત્પન્ન થયા ત્યાં બેસીને હું કયાંથી ઉત્પન્ન થયો અને મારે શું કરવું, તેનો વિચાર કરવા લાગ્યા; પરંતુ કોઈ પણ વિચાર જ સ્ફુર્યો નહિ. એક વખત શુદ્ધ જળ કે જે પોતાની પહેલાં જ ઉત્પન્ન થયેલું હતું, તેમાં તેણે સ્પર્શ સ્વરો એટલે "क" થી "म" સુધીના પચીશ સ્વરો પૈકી સોળમો એટલે "त" અને એકવીશમો એટલે "प" આ બે અક્ષરો કોઈએ "तप तप" એમ બે વખતે ઉપરા ઉપરી ઉચ્ચાર્યા હોય એ પ્રમાણે તેમના સાંભળવામાં આવ્યા. "तप" "तप" એવા શબ્દો જ નિર્ધન પુરુષોના ધનની માફક બ્રહ્મદેવને તે વખતે મહાઉપયોગી થઈ પડ્યા. તેણે આ "तप" "तप" એવું કહેનારો કોણ તે જાણવાની ઇચ્છાએ ચારે તરફ નજર કરી પરંતુ ત્યાં પાણી સિવાય બીજું કાંઈ પણ દીઠું નહિ ત્યારે તેણે તે શબ્દોને આજ્ઞા રૂપ માનીને પ્રાણ, મન, જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયોને નિયમમાં રાખી તપ કરવાની શરૂઆત કરી. આ પ્રમાણે આ સ્થૂલ બ્રહ્માંડની ઉત્પત્તિ થયા પૂર્વે આ તપની શરૂઆત વિરાટ વા સમષ્ટિ બ્રહ્માંડના સ્થૂલ ઉત્પત્તિકાર બ્રહ્મદેવથી થયેલી હોવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે 'તપ'ની જરૂર હોય છે (ભા૦ ૨ સ્કં૦ ૨, અ૦ ૬ શ્લો૦ ૩ થી ૮). આ રીતે આત્મપ્રાપ્તિ થતાં સુધીને માટે બાહ્ય અને આંતર તમામ ઇંદ્રિયોને પોતપોતાના વિષયમાંથી પરાવૃત્ત કરીને તેનો સંયમ કરવો તેનું નામ તપ. આર્જવ એટલે સરળતા; જેવું હૃદયમાં હોય તેવું જ બહાર વર્તન કરવું, મનમાં કોઈ પણ પ્રકારની આંટીઘૂંટીઓ નહિ રાખતાં અંતર્બાહ્ય શુદ્ધ અંતઃકરણપૂર્વક વર્તન કરવું તે, આ બધું દૈવી સંપદ્રૂપ છે.

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।

दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥

અહિંસા કોને કહેવી ?

અહિંસા એટલે જીવાત્મા પોતે વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ હોઈ જન્મમરણાદિથી રહિત છે છતાં અવિદ્યારૂપી ભ્રમને લીધે મોહવશ થઈ હું ઉત્પન્ન થયો છું, એવી ભાવના કરી વિષયો એ જ મારું અંતિમ ધ્યેય છે એમ માની લે છે. અને તેની પ્રાપ્તિને માટે વાસનાવશાત્ અનેક યોનિઓમાં જન્મે છે તથા વારંવાર મરણ પામે છે. આ રીતે અજ્ઞાન વડે પોતાના હાથે જ તેની થતી આ જન્મમરણરૂપ હિંસામાંથી તેને બચાવવું તે જ સાચી અહિંસા કહેવાય. વ્યવહારમાં પેટ ભરવાના ઉદ્દેશથી મોહમાં ફસાઈ પશુની થતી હિંસા થકી જ્યારે આપણને ઘૃણા કિંવા તિરસ્કારભાવ ઉત્પન્ન થતા પામે છે તો પછી પોતાની મૂર્ખતાને લીધે પોતાના હાથે જ પોતાની થતી આ હિંસા સંબંધે જો કદી વિચાર ઉત્પન્ન ન થાય તો તે ખરેખર એક પ્રકારનું ઢોંગીપણું વા પાખંડ જ ગણાય. આમ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી લેવી એ જ હિંસામાંથી મુક્ત થવાનો સાચો ઉપાય છે. અને અંતે આ પ્રકારની અહિંસાની પ્રાપ્તિ થાય એટલા માટે કોઈ ને પણ શરીર, વાણી અને મન વડે કિંચિન્માત્ર પણ દુભાવવો નહિ તેને અહિંસા કહેવાની વ્યવહારમાં પ્રથા છે. તેનો અંતિમ અને ગૂઢ ઉદ્દેશ તો જગતમાં જોવામાં આવતું બેપણું વસ્તુતઃ છે જ નહિ; જેને સંસારમાં બેપણાની ભાવનાથી જોવામાં આવે છે, તે પણ વાસ્તવિક તો અદ્વૈત એવું પોતાનું જ સ્વસ્વરૂપ છે, એવી ભાવના થાય તો જ વ્યવહારમાં કહેલી કાયિક, વાચિક અને માનસિક એ ત્રણે પ્રકારની હિંસામાંથી બચી શકાય છે. સત્ય એટલે ખોટું અને સાચું શું છે તેનો નિર્ણય કરીને અસત્યનો ત્યાગ કરવો તથા સત્યનો સ્વીકાર કરવો તે અર્થાત્ આત્મા વગર બીજું બધું અસત્ય છે; માટે કાયિક, વાચિક અને માનસિક વ્યવહારમાં આત્મા સિવાય બીજી કોઈ પણ ભાવના થવી તે અસત્ય અને સર્વત્ર એક આત્મભાવના થવી તેનું નામ જ સત્ય સમજવું. આ રીતના સત્યતાના અંતિમ ધ્યેયની પ્રાપ્તિને માટે જ કાયિક, વાચિક અને માનસિક વ્યવહારમાં પણ સત્યતાનું જ અવલંબન કરવા શાસ્ત્રકારો જણાવી રહ્યા છે. જ્યાં બીજાપણાની ભાવના હોય ત્યાં જ ક્રોધ રહી શકે. આ હું છું, આ મારું છે અને આ મારું નથી, આ મને મળવું જોઈએ ઇત્યાદિ પ્રકારની કામનાઓ મનમાં ઉત્પન્ન થતાં તે મેળવવાને માટે પ્રયત્ન કરવામાં આવે છે અને તેમાં જો વચ્ચે બીજો કોઈ અડચણ ઉપન્ન કરે તો ક્રોધ ઉપજે છે, પરંતુ જ્યાં એકત્વની જ ભાવના હોય ત્યાં ક્રોધ કયાંથી હોય? આથી તેવી ભાવના થવી એ જ અક્રોધ કહેવાય; એટલા માટે જ વ્યવહારમાં બીજાઓ તરફથી તિરસ્કાર થાય કિંવા પોતાને ત્રાસ થાય તો પણ મૂંગે મોઢે સહન કરી લેવું, તેને વ્યવહારમાં અક્રોધ કહ્યો છે. તેનો ઉદ્દેશ વસ્તુતઃ તો બીજો કોઈ છે જ નહિ અને જે છે તે સર્વ પોતાનું જ સ્વરૂપ છે એ રીતે પોતે પોતાપર ક્રોધ કરવો તે અયોગ્ય છે; એ મુજબનું સાચું જ્ઞાન થતાં અંતે તે એકત્વની ભાવનામાં જ પરિણમે છે. ત્યાગ એટલે આત્મામાં બીજું કાંઈ છે જ નહિ એવા નિશ્ચય વડે તેમાં બીજું કાંઈ છે, એમ જણાય તો તુરત જ તેનો ત્યાગ કરવો તે. આથી જ વ્યવહારમાં પણ જે વસ્તુઓ ઈશ્વરપ્રાપ્તિને માટે અડચણ કરે એટલે નડતરરૂપ લાગે તે એટલે પ્રિય એવા સ્ત્રી પુત્રાદિ સહ સર્વનો ત્યાગ કરવો અને છેવટે પોતાપણાનો પણ ત્યાગ કરવો, આ રીતના ત્યાગને જ સર્વત્યાગ કહ્યો છે. ક્ષાંતિ એટલે અંતઃકરણમાં કોઈ પણ પ્રકારનું ચિંતન જ ન હોય, તેવું ચિંતનરહિત જે નિર્મળ અને શુદ્ધ અંતઃકરણ અર્થાત્ તમામ વિકલ્પોનું શમન કિંવા સમતા એ જ ક્ષાંતિ. અપૈશુન એટલે બીજાને હલકો પાડવાની સંકુચિત અને ક્ષુદ્રદૃષ્ટિનો ત્યાગ કરીને સર્વત્ર વિશાળ એવી એક આત્મદૃષ્ટિનો આશ્રય લેવો તે; કોઈએ મને તેટલું દુઃખ દીધું હોય કિંવા ઉપકારનો બદલો અપકારથી વાળ્યો હોય છતાં પણ ગુપ્ત રીતે કિંવા છળકપટથી તેનો પીછો ન પકડવો અને તેવી વૃત્તિ પણ નહિ રાખવી તે અપૈશુન કહેવાય તથા તેવાનો પીછો પકડી તેને છળકપટથી ગુપ્ત યા પ્રકટ રીતે હેરાન કરવો તે પૈશુન કિંવા પિશાચવૃત્તિ કહેવાય, એવો તેનો વ્યવહારમાં પ્રચલિત અર્થ છે. દયા એટલે જેઓ અજ્ઞાની છે, પોતાના સ્વસ્વરૂપને નહિ ઓળખતાં મિથ્યા મોહજાળમાં ફસાઈ હંમેશાં વિષયોની પાછળ જ મંડ્યા રહે છે, તથા પોતાના સાચા હિતને સમજતા નથી, તેવાઓ બિચારા આ અજ્ઞાનતામાંથી કેવી રીતે છૂટશે એ રીતે તેમના ઉપર દયાની દૃષ્ટિ રાખવી અર્થાત્ તેવાઓ ઉપર તિરસ્કારભાવના નહિ રાખતાં

ઉપેક્ષાવૃત્તિ રાખવી તે જ ભૂતદયા છે. આથી જ વ્યવહારમાં પણ પૂર્વપ્રારબ્ધવશાત્ શારીરિક, વાચિક કિંવા માનસિક આધિવ્યાધિઓથી પીડાએલાં સર્વભૂતો પ્રત્યે દયાભાવ રાખવો, તેમનાં પૂર્વ કર્મોમાં ઉપેક્ષાબુદ્ધિ કરવી, એવો શાસ્ત્રમાં નિયમ કહેવામાં આવ્યો છે તથા તેનો અંત તો છેવટે ઉપર કહેવામાં આવી તેવી ભૂતદયારૂપ ભાવનામાં જ પરિણમે છે. અલોલુપતા એટલે આ હું છું તથા આ મારું છે, એવી અહમ્ મમ બુદ્ધિ કિંવા પ્રીતિ નહિ રાખવી અર્થાત્ આત્મામાં હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ કોઈ પણ ભાવનાઓનો લેશમાત્ર પણ અંશ નથી, આ રીતનું પોતાનું સ્વરૂપ તદ્દન નિર્મળ અને અસંગ છે; એવી રીતનો દૃઢ નિશ્ચય કરવો તથા હું, તું, ઇત્યાદિ ભાવોનો ઉદય પણ થવા દેવો નહિ તે અલોલુપતા કહેવાય. આથી જ વ્યવહારમાં પણ વિષયો પાસે હોય અને તે ભોગવવાનું સામર્થ્ય હોય છતાં પણ તે વગર ચલાવ્યું અગર જરૂર કરતાં વધુ ઉપભોગ નહિ લેવો તે અલોલુપતા કોઈ તેમાં જ રચ્યાપચ્યા રહેવું તે લોલુપતા કહેવાય છે. અને તેનો અંત તો અહમ્ મમાદિ બુદ્ધિના ત્યાગમાં જ થાય છે. માર્દવ એટલે નમ્રપણું કિંવા મૃદુતા અર્થાત્ અહમ્ મમાદિ ભાવનાઓની ઉત્પત્તિ થવા પામે કે હઠ વડે નહિ પણ વિચારયુક્ત નમ્રપણે તુરત જ આ બધું એક આત્મરૂપ છે એવા પ્રકારના વિવેકથી તેને આત્મરૂપ જ બનાવવી તે; આથી જ વ્યવહારમાં પણ સ્ત્રીઓની સાથે નમ્રપણાથી વર્તવું એવો શાસ્ત્રમાં નિયમ કહેલો છે. હ્રી એટલે અકાર્યમાં લાજ રાખવી એટલે પ્રથમ કાર્ય શું અને અકાર્ય શું તેનો મનસ્વી નહિ પણ શાસ્ત્રાધાર સહ વિવેક કરી નિશ્ચય કરવો અને પછી જે અકાર્ય કરવામાં લાજ ઉત્પન્ન થવી જોઇએ તે. આ રીતે જો વાસ્તવિક વિચાર કરવામાં આવે તો આત્મપ્રાપ્તિ એ જ ખરું કાર્ય હોઇ તે સિવાયનું બધું જ અકાર્ય કહેવાય, આથી વ્યવહારમાં પણ હ્રીનો અર્થ શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવામાં લજ્જા રાખવી એમ કહેવામાં આવ્યું છે. ટૂંકમાં, વ્યવહારમાં જે કર્મો ખુલ્લાં અંતઃકરણથી અને વગર સંકોચે લોકોને કહી શકાય તે પુણ્યકર્મો તથા જે લોકોને કહેતાં શરમ આવે તે પાપકર્મો સમજવાં. એવી વ્યાવહારિક તદ્દન સરળ વ્યાખ્યા છે; તેથી તેવાં પાપકર્મોનો ત્યાગ કરવો જોઇએ. જેમ કે સત્કાર્ય, દાન, યજ્ઞ ઇત્યાદિ લોકોને ખુલ્લી રીતે અને વગર સંકોચે કહી શકાય તેવાં હોય છે તેથી તે પુણ્યકર્મો હોઈ ચોરી, વ્યભિચાર વગેરે કર્મો છૂપાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેથી તે પાપ કર્મો જાણવાં. વાસ્તવિક રીતે " હ્રી " નો અંત તો એક આત્મા સિવાય બીજા બધામાં લજ્જા ઉત્પન્ન થવી એમાં જ થાય છે. અચપળપણું એટલે સ્થિરતા, કિંવા ચંચળતાથી રહિત થવું. નિત્યપ્રતિ એક આત્મસ્વરૂપમાં જ સ્થિર થવું, આત્મામાંથી વૃત્તિને જરા પણ ચલાયમાન થવા નહિ દે તે અચપળતા કહેવાય, આ બધા દૈવી સંપદ્રૂપ છે.

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।

भवन्ति सम्पदं दैवीमाभिजातस्य भारत ॥ ३ ॥

આ ગુણો દૈવી સંપત્તિવાળામાં હોય છે

તેજ એટલે ઓજસ, પ્રભાવ, જ્ઞાન અથવા પ્રકાશ; સર્વ દૃશ્યને હું જ પ્રકાશમાન કરે છે. એવી રીતે બુદ્ધિની સૂક્ષ્મતારૂપ સ્વયંપ્રકાશતા કિંવા સ્વપ્રભાવ અર્થાત્ મૂઢતા કિંવા અજ્ઞાનતાને નહિ પામવું તે તેજ. ક્ષમા એટલે વિષયોમાં ફસાયેલા અને મૂઢ છતાં પોતાને જ્ઞાની સમજનારા અજ્ઞાનીઓનો સામર્થ્ય હોવા છતાં પણ પરાભવ નહિ કરતાં તેમના પ્રત્યે ક્ષમા, દયાભાવ કિંવા ઉપેક્ષાવૃત્તિ રાખવી એટલે જેમ નાનું બાળક માતાપિતાને મારે તો સામર્થ્યવાન્ હોવા છતાં પણ તે અજ્ઞાની બાળક છે એમ સમજીને માતાપિતા તેને ક્ષમા કરે છે અથવા તો વિષયોમાંથી દુઃખવડે વ્યાકુળ થઈ શાંતિની ઇચ્છાથી આવનાર મુમુક્ષુને તેના પાછળના ગુણદોષોની ક્ષમા કરી તેને મહાત્મા પુરુષોએ અધિકારવશાત્ શાંતિને માર્ગે લઈ જવું તે ક્ષમા. ધૃતિ એટલે ધીરજ, ગમે તેવા પ્રસંગમાં વૃત્તિને આત્મામાંથી સહેજ પણ ચલાયમાન થવા નહિ દેવી તેનું નામ જ ખરી ધીરજ છે; આથી વ્યવહારમાં પણ ગમે તેવા ભોગે પોતાના ધ્યેયમાંથી બુદ્ધિને ચલાયમાન

થવા નહિ દેવી તેને જ ધીરજ કહે છે; આનું અંતિમ ધ્યેય તો આત્મપ્રાપ્તિમાં જ પરિણમે છે. શૌચ એટલે પવિત્રતા કિંવા શુચિભૂતપણું. આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ; હું, તું, તે, આ ઇત્યાદિરૂપે ભાસતું આ બધું દૃશ્યજાળ પણ આત્મરૂપ જ છે, એવો મનમાં નિત્યપ્રતિ દૃઢ નિશ્ચય થવો તે આંતરશૌચ કહેવાય તથા ગોમય, માટી વગેરેથી શરીરને સાફ કરવું, એ બાહ્યશૌચ છે. આ બાહ્યશૌચનો અંતર્ભાવ અંતરશૌચમાં થાય છે. જો આંતરશૌચ ન હોય તો એકલું બાહ્યશૌચ નિરર્થક નીવડે છે. અદ્રોહ એટલે કોઈનો પણ દ્રોહ નહિ કરવો, બીજો હોય તો જ દ્રોહ થઈ શકે પરંતુ જ્યાં બીજો કોઈ છે જ નહિ પણ આ સર્વ એક આત્મા જ છે એવી નિઃશંક રીતે દૃઢભાવના હોય તો પછી દ્રોહ કયાંથી સંભવે ? નાતિમાનિતા એટલે માનપણાનો જ જ્યાં અત્યંત અભાવ છે એવી નિરભિમાનવૃત્તિ રાખવી તે. જ્યાં હું પૂજ્ય છું, મોટો છું એવી ભાવનાનો પણ વિલય થાય છે, તે જ નાતિમાનિતા કહેવાય. તાત્પર્ય કે, હું આત્મા છે એવું સર્વાત્મભાવનું અભિમાન રાખી મનમાં મને બધા પૂજે એવા પ્રકારે મનમાં જોને પૂજવાની ઇચ્છા હોય તે દાંભિકતા કહેવાય પરંતુ જ્યાં એવી ઇચ્છા પણ હોતી નથી અર્થાત્ અમુક થવું જોઈએ અને અમુક નહિ થવું જોઈએ એ બંને પ્રકારની બુદ્ધિમાં ઉપેક્ષાવૃત્તિ હોવી તે નાતિમાનિતા કહેવાય છે. હે ભારત ! આ ગુણો દૈવી સંપત્તિ મેળવીને જન્મેલાઓને પ્રાપ્ત થાય છે, અર્થાત્ જેઓ દૈવી સંપત્તિમાં જન્મેલા હોય તેઓમાં ઉપર જણાવ્યા પ્રમાણેના તેજ, ક્ષમા આદિ છવ્વીસ (૨૬) ગુણો હોય છે (દૈવી સંપત્તિ સંબંધમાં અ૦ ૬ શ્લો૦ ૧૩,૧૪ જુઓ). હવે તને આસુરી સંપત્તિમાં જન્મેલાઓના ગુણો સંક્ષેપમાં કહું છું.

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।

अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ॥ ४ ॥

આસુરી સંપત્તિવાળાના ગુણો

ભગવાન આગળ કહે છે હે પાર્થ ! તને આસુરી સંપત્તિવાળા કોને કહેવા તે પ્રથમ પણ કહેલું જ છે (અ૦ ૬ શ્લો. ૧૧, ૧૨, જુઓ). હવે તેના લક્ષણો સ્પષ્ટ રીતે કહું છું. દંભ એટલે દાંભિકતા, દર્પ એટલે ગર્વ કિંવા અક્કડપણું, અભિમાન, ક્રોધ, પારુષ્ય એટલે ભડેણાં મારવાં, અત્યંત નિષ્ઠુર (કઠણ)વચન બોલવું તે, તથા અજ્ઞાન એટલે હું દેહ છું એવા પ્રકારે સમજવું તે; આ ગુણો આસુરી સંપત્તિને મેળવી જન્મેલાઓને પ્રાપ્ત થાય છે અર્થાત્ આસુરી સંપત્તિમાં જન્મેલાઓમાં આ ગુણો હોય છે.

दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ।

मा शुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ॥ ५ ॥

તું દૈવીસંપત્તિવાળો છે

દૈવી સંપત્તિ મોક્ષને માટે તથા આસુરી સંપત્તિ બંધને માટે માનેલી છે. એટલે જેઓમાં દૈવી સંપત્તિના ઉપર કહ્યા પ્રમાણેના ગુણો હોય છે, તેઓ આ સંસારરૂપી દુઃખમાંથી છૂટવાના માર્ગે લાગેલા છે, એમ સમજવું તથા આસુરી સંપત્તિવાળાઓ તો નર્કના કીડાની જેમ વિષયવાસનામાં જ રગદોળાયેલા જ હોવાથી ફરીફરીથી અત્યંત દુઃખદાયક એવા આ જન્મમરણના ચક્કરમાં જ પડ્યા કરે છે. હે પાંડવ (અર્જુન) તું દૈવી સંપત્તિ સંપાદન કરીને જન્મેલો છે, માટે શોક નહિ કર અર્થાત્ તું નરકના કીડાઓની જેમ વિષયમાં ફસાઈ ફરી ફરીને ગર્ભવાસમાં રગદોળાઈને જન્મમરણાદિ દુઃખપરંપરામાં જ ફસાયા કરશે એવી ચિંતા ન કર કેમકે તું દૈવી સંપત્તિમાન હોઈ મોક્ષની કક્ષા પૈકીનો છે. જન્મ મરણાદિના કારણરૂપ ગર્ભવાસને વિષ્ટામાં સબડતા કીડાની ઉપમા શાસ્ત્રોમાં કેમ આપવામાં આવે છે ? ગર્ભમાં પિંડ શી રીતે બંધાય છે તથા તેને ત્યાં કેવી યાતનાઓ ભોગવવી પડે છે, તે સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે વર્ણન આવેલું છે.

જીવાત્માને શરીરની ઉત્પત્તિ કેવી રીતે થાય છે

આ શરીર પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાભૂતોનું બનેલું છે. શરીરમાં જે કાણ ભાગ છે તે પૃથ્વીનો, દ્રવ ભાગ જળનો, ઉષ્ણ ભાગ તેજનો, ગતિવાળો ભાગ તે વાયુનો અને પોલાણવાળો ભાગ તે આકાશનો છે. પૃથ્વીનો ગુણ ધારણ કરી રહેવું તે છે, જળનો ગુણ સર્વને એકઠું રાખવાનો છે; જેમ પાત્રમાં પાણી કિંવા ધાન્ય ભરવામાં આવે તો તે એકઠું રહે છે તેમ પૃથ્વી એ પાત્રરૂપે તથા તેમાં પાણી એ અંદર એકત્ર રહેલું છે, એમ સમજો. તેજનો ગુણ પ્રકાશવાનો છે; વાયુનો વહન એટલે સંચાર કરવાનો તથા આકાશનો ગુણ આ સર્વ વસ્તુઓને અવકાશ આપવાનો છે. કાનનો વિષય શબ્દપ્રાપ્તિ એટલે કાન વડે શબ્દ સાંભળી શકાય છે, ચામડીનો વિષય સ્પર્શ, ચક્ષુનો રૂપ, જિહ્વાનો સ્વાદ તથા નાસિકાનો સુંઘવાનો છે, ઉપસ્થ ઇન્દ્રિયનો વિષય આનંદ લેવાનો, ગુદાનો મલત્યાગ, બુદ્ધિનો જ્ઞાન, મનનો સંકલ્પ, અને વાણીનો બોલવાનો છે. મીઠું, ખાટું, ખારું, તૂરું, કડવું અને તીખું એ છ રસોના આશ્રયે તે જીવાત્મા સૂક્ષ્મરૂપે રહે છે. આ રસો જળમાંથી ઉત્પન્ન થયેલા છે, તેથી પ્રાણને જળતત્ત્વનો અંશ કહેવામાં આવે છે; ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ, ઇષ્ટ, અનિષ્ટ અને પ્રણિધાન એટલે સ્વયંનાદ એમ દશ પ્રકારના શબ્દના ગુણો છે. તે આ પ્રાણમાં સૂક્ષ્મરૂપે રહેલા હોય છે. ધોળું, કાળું, લાલ, ધુમ્ર(ધુમાડા જેવું). પીળું, કપિલ, (આકાશી કાળું મિશ્ર સફેદ) તથા પાંડુ (સફેદ મિશ્ર સહેજ પીળું) આ સાત રસના ગુણો છે. આ બધાના ત્રિગુણ સહિત જીવાત્મા સ્થૂલરૂપે પ્રગટ થયા પૂર્વે પ્રથમ સૂક્ષ્મરસરૂપે રહેલો હોય છે ત્યારે આ બધાં મિશ્રણો પણ તેમાં સૂક્ષ્મરૂપે એકત્રિત હોય છે. આમ તે રસરૂપ બનેલો જીવાત્મા જ્યારે સંભોગ દ્વારા વીર્ય અને રેતાદિના સંયોગથી સ્થૂલ વા બદ્ધ થવા પામી ક્રમે શરીર ધારણ કરે છે ત્યારે તેમાં જે રસનો અંશ વધુ પ્રમાણમાં હોય તેવો શરીરનો રંગ જોવામાં આવે છે. વળી આ સૂક્ષ્મ એવો પ્રાણતત્ત્વ ધારણ કરેલો રસરૂપ જીવાત્મા એકબીજાની સરખામણી (સરખે ભાગે મિશ્રણ) થવાથી ૭ પ્રકારનો થાય છે. તે રસમાંથી રક્ત, રક્તમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી હાડકાં, હાડકાંમાંથી મજ્જા; મજ્જામાંથી શુક્ર(વીર્ય), એમ ક્રમે ક્રમે તે બદ્ધ બની સ્થૂલ બનીભાવને પામે છે, તે જ આ સ્થૂલ શરીર કહેવાય છે. તે વાસનાત્મક એવો જીવાત્મા જ સૌથી પ્રથમ કર્મવશાત્ ઈશ્વરી પ્રેરણા અનુસાર પ્રથમ લિંગદેહવડે (સૂક્ષ્મરૂપે) પોતાની વાસનાને અનુકૂળ થાય એવા શરીરની શોધ કરી અંતરાળમાં વિચરતો હોય છે. તે જીવ પોતાની વાસનાને અનુકૂળ શરીર મળતાં જ વૃષ્ટિ, સૂર્ય, કિરણો ઇત્યાદિ દ્વારા પ્રથમ અન્નમાં પ્રવેશે છે અને ઉપર કહ્યું તેમ છ રસોનું સેવન થતાં જ તે પ્રથમ સૂક્ષ્મરૂપે પુરુષ શરીરમાં બીજરૂપે દાખલ થાય છે તથા તેનાં વીર્યમાં સૂક્ષ્મરૂપે રહેલો હોય છે. જ્યારે પુરુષનું વીર્ય અને સ્ત્રીનો રજ આ બેનો સંયોગ થાય છે ત્યારે ઉપર કહ્યા પ્રમાણે ગર્ભ બંધાય છે. ત્યાં તેને સ્ત્રી શરીરમાંથી જ પોષણ મળતું રહે છે. આમ જે પિંડ બંધાય છે તે પહેલાં આ વાસનાત્મક સૂક્ષ્મ જીવની સાથે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તથા તેનું સ્થાન અંતઃકરણ(હૃદય) એ બધા સૂક્ષ્મરૂપે હોય છે અને તેની વ્યવસ્થા તે જીવાત્મા હૃદયમાં નીચે પ્રમાણે કરે છે, માતાના જઠરાગ્નિના સ્થાનમાં મનને, પિત્તના સ્થાનમાં ચિત્તને, વાયુમાં અહંકારને તથા હૃદયમાં બુદ્ધિને રાખે છે તેમ જ માતાના તે તે સ્થાનો અનુસાર બાળકના તે તે સ્થાનોનું નિર્માણ થઈ તેને પોષણ મળતું રહે છે. આ સંબંધમાં નીચેના કથનથી વધુ સ્પષ્ટતા થશે.

જીવ ગર્ભમાં કેવી રીતે પ્રવેશ કરે છે

એ રીતે કર્મને લીધે ઈશ્વરે પ્રેરેલો અને દેહ ધારણ કરવાને માટે પુરુષ શરીરના બીજમાં આવેલો તે જીવ ઋતુકાળે સ્ત્રીસંગ થતાં પ્રથમ સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવેશ કરે છે ત્યાં જ્યારે એક રાત વિતે છે ત્યારે શુક્ર અને શોણિત(રજ) મળી જઈ તે કલેળું બને છે. પાંચ રાતે પરપોટા જેવું ગોળ થાય છે, દસ દિવસે બોર જેવી માંસની કણ જેવી બંધાય છે તથા અંડજ યોનિમાં ઈંડું બંધાય છે, અર્ધ માસમાં તે પિંડરૂપે બને છે, જેમ બીજને પાણી નાંખતાં જ તેમાંથી અંકૂર, થડ, પાન વગેરે ફૂટે છે તેમ આ ગર્ભમાંથી

પણ આ પ્રમાણે સ્વાભાવિક રીતે પરિવર્તન થતું જાય છે તેમ સમજવું. એક માસમાં તે વટ જેની કણ થાય છે, બીજા માસમાં તેને શિરની ઉત્પત્તિ થાય છે, ત્રીજા માસમાં પગ, ચોથા માસમાં ગુહ્ય એટલે કંદના જેવી ગાંઠો, જઠર તથા કટી પ્રદેશ થાય છે. તે ગર્ભને પાંચમા માસમાં બરડો તથા સાત ધાતુઓ પ્રકટ થાય છે અને ભૂખ, તરસ લાગવા માંડે છે. છઠ્ઠા માસમાં મુખ, નાસિકા, ચક્ષુ તથા શ્રોત્ર વગેરેવાળો થઈ પુત્ર હોય તો જમણી કૂખે તથા કન્યા હોય તો ડાબી કૂખે ફરે છે. આમ માતાએ ખાધેલા અન્નપાનાદિ વડે જેની સાત ધાતુઓનું પોષણ થઈ દેહ વધતો જાય છે એવો આ જીવ ગર્ભાશય એટલે કે જે વિષ્ટા અને મૂત્રનો ખાડો હોઈ જેમાં મચ્છર અને ડાંસ જેવા ઘણા જીવજંતુઓ પેદા થયેલા હોય છે તથા જે ખાડો, મોરી કે કૂવા સંડાસની ખાળ જેમ અપ્રિય અને અત્યંત દુર્ગંધવાળો હોય છે તેમાં તે સૂવે છે. આ વેળા ત્યાંના કૃમિઓ નામનાં ભૂખ્યાં જીવડાંઓ એ જીવના આખા અંગને કરડી કરડીને ઘાવાળું કરી મૂકે છે. તેથી કોમળતાને લીધે ઘણું જ કષ્ટ પામીને તે જીવ વારંવાર મૂર્છા પામે છે. માતાએ ખાધેલા કડવા, તીખા, ખારા, લૂખા-ખાટા ઇત્યાદિ ઉગ્ર પદાર્થોના સ્પર્શ થતાં આખા શરીરે તેને વેદના થતી રહે છે; અજ્ઞાનતાને લીધે તે બોલી પણ શકતો નથી. વળી ત્યાં કહે પણ કોને? માતા તો બહાર આવ્યા પછી ચિંતા કરે પણ ત્યાં તેનો કોણ બેલી? આ રીતે અંદરના ભાગમાં ઓરથી અને ઉપરના ભાગે માતાના આંતરડાઓથી વિંટાઈને માતાના મળમૂત્રથી ભરેલા ગર્ભાશયના અતિશય સાંકડા ભાગમાં જેની પીઠ અને ડોક વાંકી વળી ગયેલી હોય છે, એવો તે જીવ માતાની કૂખમાં મસ્તક રાખીને પેટમાં માથું ઘાલીને અને બરડાને અર્ધચંદ્રકાર કરીને બંને સ્કંધમાં ઘાલીને પિંજરમાં પૂરાયેલા પક્ષી જેમ પોતાના અંગની ચેષ્ટા કરવામાં પણ અસમર્થ, દીન અને તદ્દન પરતંત્ર બને છે. શ્વાસ લેવાય પણ નહિ અને છોડાય પણ નહિ એવી રીતે તે જીવ મહાન દુઃખરૂપ સંકટમાં ફસાઈ પડે છે. આમ દેહમાં રહી પૂર્વ પ્રારબ્ધાનુસાર કર્મો કરી તેના વડે થતાં અસંખ્ય સુખદુઃખાદિનો તેને અનુભવ થાય છે એવા પ્રકારનો આ દેહાભિમાની જીવ ગર્ભવાસમાં જ એકેક અંગ પ્રત્યંગની વૃદ્ધિ થઈને સાતમા મહિનામાં દાખલ થાય છે અને આઠમા મહિનામાં તો તે સર્વ લક્ષણ વડે સંપૂર્ણ બને છે.

જીવાત્માને ગર્ભમાં અનંત જન્મોનું થતું જ્ઞાન

ઉપર કહ્યું છે કે જીવનો પ્રવેશ સાતમે મહિને માતાના ગર્ભમાં રહેલા તે પિંડમાં થાય છે. તે વખતે તેને પૂર્વપ્રારબ્ધના યોગથી સ્વસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થઈ પાછલા સેંકડો અવતારોનું સ્મરણ થાય છે, જેમ કે કોઈ વૃદ્ધ મનુષ્યને પોતાના બાળપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી શું શું બન્યું તેનું જ્ઞાન હોય છે તેમ આ વાસનાત્મક જીવ કે જે વાસ્તવિક રીતે તો શુદ્ધ નિર્વિકાર અને અસંગ એવો આત્મસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનતાને લીધે અનેક જન્મમરણોના ચક્કરમાં ફસાયેલો હોય છે તે જ્યારે જ્યારે ગર્ભમાં પ્રવેશે છે ત્યારે ત્યારે પોતે આજ સુધી કેટલા જન્મો લીધા તેનું તેને ભાન થાય છે. જેમ જાગૃત અવસ્થામાં ગમે તેટલા પરિશ્રમો કર્યા હોય તો પણ નિદ્રામાં તે તમામ પરિશ્રમોનો પરિહાર થઈ જાય છે, કારણ કે જાગૃતિ અને નિદ્રા એ બેની વચ્ચે એક સૂક્ષ્મ સંધિની અવસ્થા આવી જાય છે, તે જ વાસ્તવિક પરમાત્મસ્વરૂપની શુદ્ધ અવસ્થા છે, તે અવસ્થા જ સત્, ચિત્ અને આનંદરૂપ હોવાથી સર્વ પ્રકારનાં દુઃખો તેમાં ભસ્મિભૂત થઈ જાય છે તથા જાગૃત થતાં પૂર્વ સંસ્મરણને લીધે તે સુખદુઃખાદિ ફરી પાછાં તેના અનુભવમાં આવે છે. તે પ્રમાણે જ્યારે જ્યારે જીવ સ્થૂલ દેહને છોડી સૂક્ષ્મ દેહદ્વારા અંતરિક્ષમાં જાય છે ત્યારે ત્યારે તે બેની વચ્ચે અજ્ઞાત રીતે ક્ષણવારને માટે આ પરમાત્મારૂપ એવી સંધિ અવસ્થાનો અનુભવ પ્રત્યેક જીવને આવી જાય છે. તે અવસ્થા છોડી તે જ્યારે સાક્ષી અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે તેને પોતાનાં કર્મો કેટલાં બાકી છે તથા ભવિષ્યમાં ક્યાં ક્યાં જન્મો લેવાનાં છે ઇત્યાદિ ભવિષ્યનાં તમામ જન્મોનું જ્ઞાન થાય છે તથા જ્યારે તે તે અવસ્થા છોડી યમરાજની શિક્ષાઓ ભોગવી કૃતકર્મોનું ફળ ભોગવવાને માટે ફરીથી સ્થૂલ દેહ ધારણ કરે છે એટલે સૂક્ષ્મ દેહમાંથી સ્થૂલ દેહમાં પ્રવેશ કરે છે ત્યારે પણ આ સંધિ અવસ્થાનો સ્વાનુભવ તેને આવી

જાય છે તથા ત્યારબાદ દેહ ગર્ભમાંથી બહાર આવે ત્યાં સુધી સાક્ષીભાવે તેને આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તથા આજ પર્યંત થઈ ગએલા પૂર્વના અનંત જન્મોનું પણ સ્મરણ થાય છે. જો કે આ પ્રમાણે ગર્ભવાસમાં જીવાત્માને આત્માનું ભાન થાય છે ખરું પરંતુ બહાર આવ્યા પછી તે જ્ઞાનની પરિપક્વતા થઈ જ્યાં સુધી તે જીવન્મુક્ત ન બને ત્યાં સુધી તો જેમ દરેક જીવોને તેની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓની વચ્ચે નિત્યપ્રતિ પરમાત્મસ્વરૂપનું દર્શન થતા છતાં પણ તેઓ તેથી અજ્ઞાત જ રહે છે તેમ ગર્ભવાસમાં થએલા પણ બહાર આવ્યા બાદ વિસ્મૃત થએલા એ જ્ઞાન થકી તે જીવન્મુક્ત થઈ શકતો નથી એટલે સંસાર પાશમાંથી છૂટી શકતો નથી. જેમ અજ્ઞાત અવસ્થામાં થતું એ આત્મદર્શન નિરર્થક નીવડે છે તેમ જીવાત્માને ગર્ભવાસમાં થએલું જ્ઞાન પણ નિરર્થક જ છે. જેમ કે કોઈએ હીરાનું વર્ણન સાંભળ્યું હોય અથવા કોઈ સ્થળે જોયો પણ હોય છતાં જ્યારે તે તેની પાસે આવે અને તે જો તેને પારખી શકે તો જ તેનું જ્ઞાન પક્વ થએલું ગણાય નહિ તો તે નિરર્થક જ છે તેમ બહાર આવ્યા પછી જીવાત્મા જ્યાં સુધી આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરીને જીવન્મુક્ત બની શકતો નથી ત્યાં સુધી તો તેનું એ જ્ઞાન તદ્દન નિરર્થક જ છે. આથી જો કે જીવાત્માને ગર્ભમાં અનંત જન્મોનું જ્ઞાન થાય છે છતાં બહાર આવ્યા પછી તેનું પણ વિસ્મરણ થઈ જાય છે. તે સ્થૂલ દેહમાં સત્યસંકલ્પ વા ધારણાધ્યાસાદિ પ્રયત્નદ્વારા જો જાણવામાં આવે તો જ જાણી શકાય છે. આમ જીવાત્માને પ્રારબ્ધયોગથી ગર્ભવાસમાં ઈશ્વરીય જ્ઞાન અને આગલા તથા પાછલા સેંકડો અવતારો સ્મરણમાં આવે છે છતાં તે બધું નિરર્થક નીવડે છે. ત્યાં તો આપડો તે સારી રીતે શ્વાસોચ્છ્વાસ પણ લઈ શકતો નથી અને લાંબા વખત સુધી તેને આવી અતિશય દુઃખદ પરિસ્થિતિમાં ત્યાંનું ત્યાં જ રહેવું પડે છે. જો કે સાતમા મહિનાથી આ જીવાત્માને જ્ઞાન તો પ્રાપ્ત થાય છે પરંતુ પોતે પરાધીન હોવાથી પ્રસવ નામનો વાયુ કે જેને વૈષ્ણવ નામનો વાયુ પણ કહે છે. તે તેને ઉપરથી નીચે અને નીચેથી ઉપર આમથી તેમ ધસડ્યા કરે છે. જેમ સમુદ્રમાં પડેલા શ્રીફળને તેનાં મોજાંઓ આમથી તેમ ધસડ્યા જ કરે છે તેમ આ પ્રસવવાયુ કે જેનું વૈષ્ણવવાયુ એવું પણ નામ છે તે ધસડતો હોવાથી બિચારો આ લાચાર જીવ હંમેશ થર થર કંપ્યા જ કરે છે, તેનાથી એક સ્થળે રહી શકાતું નથી. જેમ વાયુ મચ્છરોને તેમની ઇચ્છા ન હોવા છતાં ફાવે ત્યાં ધસડી જાય છે. તેમ આનાથી પણ પ્રસવવાયુના ઝપાટાને લીધે એક સ્થળે સ્થિર રહી શકાતું નથી અને તેની સ્થિતિ વિષ્ટામાં રહેલા કીડા જેવી થાય છે. આમ સાત ધાતુથી વિંટાઈને દુઃખી થનારો અને શરીર તથા આત્માના સ્વરૂપના વિવેકને જાણનારો તે જીવ આ ગર્ભવાસના દુઃખથી અતિશય કંટાળી જઈ ફરીથી તેમાં સપડાવાનો પ્રસંગ નહિ આવે એટલા માટે આકુળવ્યાકુળ બનીને પરમેશ્વરની સ્તુતિ કરે છે. હવે આપણે પ્રથમ આઠ માસ પછી જીવાત્માની ગર્ભમાં શી સ્થિતિ થાય છે તેનો થોડો વિસ્તારપૂર્વક વિચાર આગળ ચલાવીશું.

આંધળાં, પાંગળાં, છોકરાઓની ઉત્પત્તિનું કારણ

ઉપર કહેલું જ છે કે આઠ માસે ગર્ભ જ્યારે સર્વ લક્ષણ વડે પૂર્ણ બને છે ત્યારે જો પિતાનું વીર્ય વધુ પ્રમાણમાં હોય તો પુત્ર અને માતાનું રજ (શોણિત) વધારે પ્રમાણમાં હોય તો પુત્રીની ઉત્પત્તિ થાય છે અને બંનેનું સરખું હોય તો નપુંસકની ઉત્પત્તિ થાય છે; શરીરમાં માંસ અને રુધિર એ માતાનો અંશ તથા અસ્થિ, મેદ ઇત્યાદિ પિતાનો અંશ છે. જો સંભોગકાળમાં મન વ્યાકુળ હોય તો આંધળું, બોબું, બહેરું, કાણું, પાંગળું અથવા હીંગણું ઇત્યાદિ પ્રકારનું બાળક અવતરે છે. સ્ત્રી, પુરુષના અપાનવાયુના દોષો લીધે એટલે અપાનવાયુ અને વિર્યસ્ત્રાવ બંને જો સાથે થાય તો શુક્રના બે ભાગો પડી જોડકાંની ઉત્પત્તિ થવા પામે છે. આ રીતે તે ગર્ભ પંચાત્મકતાને પ્રાપ્ત થાય છે એટલે પાંચભૂતોના પૂર્ણ મિશ્રણને યોગ્ય એવો બને છે. આમ મન વડે પાંચ મહાભૂતોને પામેલી બુદ્ધિ, ગંધ રસાદિજ્ઞાનને લીધે તે જીવ અક્ષરથી પણ આદ્ય એવા ૐરૂપ પ્રણવનું ચિંતન કરે છે. આ મુજબ એકાક્ષરનું જ્ઞાન થયા પછી જીવ તે ગર્ભના દેહને પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર મળી આઠ પ્રકૃતિ તથા પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો, પાંચ

તન્માત્રા મન મળી સોળ વિકારો થાય છે. ત્યાર પછી માતા જે કાંઈ અન્નાદિનું ખાન પાન કરે છે, તે નાડીના સૂત્ર દ્વારા એટલે કે બાળકની નાભીમાં જે નાડી હોય છે અને જેને જન્મ થયા પછી કાપી નાખવામાં આવે છે તેને નાડી સૂત્ર કિંવા દોરી કહે છે તે નાડીના સૂત્ર દ્વારા ગર્ભને પહોંચી તેના પ્રાણનું રક્ષણ થાય છે. આમ જ્યારે તે ગર્ભ નવ મહિનામાં સર્વ લક્ષણોથી પરિપૂર્ણ બને છે ત્યારે તેને પોતાની પૂર્વ જાતિનું સ્મરણ થાય છે અને તે જ્યારે પોતાના એ શુભાશુભ કર્મને જાણે છે ત્યારે નીચે પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરે છે.

જીવાત્માને ગર્ભવાસમાં થયેલું જ્ઞાન

મેં પૂર્વે હજારો યોનિઓમાં પ્રવેશ કર્યો. અનેક પ્રકારના ભોગો ભોગવ્યા. અનેક પ્રકારનાં સ્તનપાન કર્યા. હું વારંવાર જન્મને તથા મૃત્યુને પામ્યો. મારા કુટુંબને અર્થે મેં જે જે કાંઈ શુભાશુભ કર્મો કર્યાં તેનાં ફળો હું હવે એકલો ભોગવી રહ્યો છું. મારા કર્મ વડે જેઓ સુખ ભોગવતા હતા તેઓએ તો મને એકલો મૂકી દીધો. હું આ ભયંકર દુઃખરૂપ મહાસાગરમાં ડૂબેલો છું. આમાંથી તરી શકાય એવો કોઈ ઉપાય હું જોતો નથી. માટે હવે જ્યારે હું આ યોનિમાંથી બહાર નીકળીશ ત્યારે જન્મમરણરૂપ અશુભ કર્મોનો ક્ષય કરનારા અને શુભ ફળ એટલે મુક્તિ આપનારા આત્મસ્વરૂપ એવા નારાયણ કિંવા પુરુષોત્તમ ભગવાનને શરણે જઈશ. જ્યારે હું આ યોનિમાંથી બહાર નીકળીશ ત્યારે અશુભના ક્ષયને આપનારા તથા ફળરૂપ મુક્તિને આપવાવાળા તત્ત્વજ્ઞાનને મેળવીશ અને હું નિરંતર સનાતન એવા બ્રહ્મનું જ ધ્યાન કરીશ.

જીવાત્માએ ગર્ભવાસમાં કરેલી ભગવાનની સ્તુતિ

હે ભગવન્! હું આપને શરણે આવ્યો છું. મારે આપના સિવાય બીજું કોનું શરણ હોય? હે પ્રભો! દેહમાં જ અહંતા, મમતા રાખનારા મારા જેવા પાપીને આ ગર્ભવાસરૂપી યોગ્ય શિક્ષા આપે કરેલી છે. વાસ્તવિક હું આત્મસ્વરૂપ હોવા છતાં પણ માયાના ત્રણ ગુણોના આવરણ વડે ઢંકાઈને ત્રણે કર્મોથી બંધાઈ ગયો હોઉં તેમ અહીં આ વિષ્ટાના ઘરમાં એટલે માતાના ઉદરમાં જ્યાં વિષ્ટા રહે છે તે જ સ્થળે ગર્ભાશયમાં વાસ્તવ્ય કરીને રહેલો છું, પરંતુ વસ્તુતઃ તો તે હું આત્મસ્વરૂપ છે. તેથી મારા આત્મસ્વરૂપ પરમાત્માને હું જ નમસ્કાર કરું છું. હું આ પાંચ મહાભૂતો તથા સાત ધાતુઓના તેમ જ જ્ઞાનેંદ્રિય કર્મેંદ્રિયોવાળા શરીરથી તદ્દન અસંગ હોવા છતાં મોહ અને મિથ્યા ભ્રમ વડે આમાં ફસાઈ ગયો છું અને વારંવાર અનેક દુઃખો ભોગવી રહ્યો છું. તેવા મને આ દુઃખમાંથી તારનાર આત્મસ્વરૂપ એવા તારા વિના બીજો કોણ હોઈ શકે? તેમ જ મારા સાચા સ્વરૂપનું ભાન પણ કોણ કરાવી શકે તેમ છે? આ સમયે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનું જ્ઞાન મને કયા દેવે આપ્યું? આત્મસ્વરૂપ એવી તારી કૃપાનું જ તે ફળ છે. મિથ્યા ઉપાધિ વડે કર્મપાશમાં બંધાએલા મને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવા ત્રણે પ્રકારના તાપની શાંતિને માટે તારા ભજન વિના બીજો કયો ઉપાય છે? માતાના શરીરરૂપી ગુફામાં લોહી, વિષ્ટા અને મૂત્રના ખાડામાં પડેલા તથા અત્યંત દુઃખી થતા તેમ જ અહીંથી નીકળવાને માટે પોતાના મહિનાઓ ગણતા આ કંગાળ જીવને હે પરમેશ્વર! આપ કયારે બહાર કાઢશો? આપ જેવા દયાળુએ આ લાચાર અવસ્થામાં પણ મને આવું જ્ઞાન આપ્યું, તેનો બદલો પ્રણામ સિવાય બીજા કયા ઉપાય વડે આપી શકાય તેમ છે? પશુ, પક્ષી આદિકોને તો કેવળ પોતાના શરીરનાં સુખદુઃખાદિની જ ખબર પડે છે પરંતુ હું તો મનુષ્ય હોવાથી આપે આપેલી સ્વતંત્ર બુદ્ધિ વડે વિવેક કરીને શમદમાદિ પાળી શકું તેવી સ્થિતિમાં છું અને તેથી જ પોતાના સ્વસ્વરૂપ એવા આપને હું અંદર બહાર પરિપૂર્ણ રીતે દેખી શકું છું. હે પ્રભો! જો કે હું આજે ઘણા જ દુઃખની પરિસ્થિતિમાં છું છતાં ગર્ભથી બહાર નીકળવાને ઇચ્છતો નથી. કેમ કે મારે તો આ અંધકૂપમાંથી છૂટી આપની માયા વડે વ્યાપેલા એ બહારના અંધકૂપમાં જઈને પડવાનું છે. ત્યાં દેહાભિમાન અને સ્ત્રી પુત્ર વગેરેના સંબંધો પ્રાપ્ત થવાથી આપના સ્વરૂપને ભૂલી જવાય છે એટલા માટે મારે ફરી ફરી પાછું આવા કરુણ ગર્ભવાસમાં ફસાવું પડે છે. આ રીતે હું તેનો કદી પણ

અંત જોતો નથી. માટે મને પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે ધીરજ રાખી હું અહીં જ આપના ચરણને હૃદયમાં રાખી બુદ્ધિની સહાયતાથી આત્મવિચાર કરીને મારો આ સંસારમાંથી ઉદ્ધાર કરીશ કે જેથી અતિ ઘોર એવી વિષ્ટામાં રાતદિન રગડાવા રૂપ આ ભયંકર નરકવાસમાં (ગર્ભવાસમાં) નિવાસ કરવા રૂપ દુઃખ મને ફરીથી કદી પણ પ્રાપ્ત થશે નહિ.

જીવાત્માની કરુણ કહાણી

આ રીતે કરુણા વડે અત્યંત વ્યાપ્ત થયેલો, લાચાર તથા અસહાય બનેલો, ભચડાઈ ભચડાઈને ભયંકર દુઃખોથી દુઃખિત થયેલો, બાપડો નિરાધાર અને પરાધીન એવો તે જીવ ડૂસકે ને ડૂસકે રુદન કરી ભગવાનની કરુણા ભાખી રહ્યો હોય છે, ત્યાં તો પ્રસવ નામના વાયુના વેગને લીધે તે યોનિદ્વાર આગળ આવે છે અને પછી એ વાયુ વેગથી તેને યોનિદ્વારમાંથી ઊંધે માથે બહાર ફેંકી દેવાની જ્યાં તૈયારી કરે છે એટલામાં તો તેને વૈષ્ણવ નામના વાયુનો સ્પર્શ થાય છે, આથી તેને પૂર્વ જન્મનું સ્મરણ જતું રહે છે તથા તે પોતાના પૂર્વના શુભાશુભ કર્મને તે ભૂલી જાય છે અને બહાર નીકળતી વખતે શ્વાસ રુંધાવાને લીધે તેને અસહ્ય વેદના થાય છે. આમ પ્રસવવાયુએ ધરતી ઉપર ઊંધે માથે પછાડેલો અને વૈષ્ણવ નામના વાયુથી સ્પર્શ પામેલો તે જીવ લોહી, મૂત્ર અને વિષ્ટામાં કીડીઓની પેઠે ટળવળે છે અને જ્ઞાનનો નાશ થતાં અજ્ઞાની દશામાં રુદન કરે છે. પોતાનો અભિપ્રાય નહિ જાણનારા તથા પારકાઓથી પોષણ થતાં તે જીવને જે ન જોઈતું હોય તે મળે છે અને જોઈતું હોય તે મળતું નથી છતાં અજ્ઞાનને લીધે તે પોતાનું દુઃખ બીજાને કહી શકતો નથી. માખીઓ અને મંકોડા વગેરેથી ખરાબ થયેલા અને અપવિત્ર ખાટલામાં સુવાડેલો તે જીવ શરીર ખંજવાળવામાં, બેસવામાં, ઊઠવામાં કે અન્ય ચેષ્ટાઓ કરવામાં પણ અસમર્થ હોય છે. ડૂસકે ને ડૂસકે રોતાં આ કોમળ ચામડીવાળા અજ્ઞાની જીવને ડાંસ, મચ્છર, માંકડ, ચાંચડ વગેરે બચકાંઓ ભરે છે. આ રીતે અત્યંત દુઃખો સહન કરીને મહામુશ્કીલતે બાલ અવસ્થામાંથી તે પૌગંડ અવસ્થામાં પ્રવેશે છે. ચંચલ સ્વભાવ, અશક્તિ, આપદાઓ, ખાવાપીવાની તૃષ્ણા, મૂંગાપણું, મૂઢપણું, લાલચુપણું, આશાપણું, દીનપણું, ભૂખમાં, ભયમાં તથા આહારમાં તત્પરતા એ સઘળું બાલ્યાવસ્થામાં અનુભવવું પડે છે. ગુરુની, માતાપિતાની, લોકોની અને છાયા વગેરેને જોઈ પોતાથી પોતાની પણ બીક રહે છે.આમ બાળકપણું ભયોનું ઘર છે. ત્યાર પછી અનેક વિપત્તિઓમાં રાખનારી અને અહંકારયુક્ત એવી યૌવનાવસ્થા પ્રાપ્ત થાય છે. તેમાં અનેક પ્રકારની કામનાઓ ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓ એ જ આ અવસ્થાનો મુખ્ય વિષય હોય છે. વિષયો નહિ મળતાં આ અવસ્થામાં ઘણું જ દુઃખ થાય છે. શોક અને અજ્ઞાન વડે ક્રોધ ઉત્પન્ન થાય છે. તેમ જ ઈર્ષ્યા, અભિમાન અને કામક્રોધાદિ દેહની સાથે વધી જાય છે. તે બીજાઓ સાથે વિષયો મેળવવાને માટે સ્પર્ધા કરી આપસઆપસમાં ઝઘડાઓ વધાર્યે જાય છે. આ મુજબ આ પાંચ મહાભૂત તથા સાત ધાતુના બનેલા દેહમાં "હું અને મારું" એવું મિથ્યાભિમાન રાખી જેમાં સત્ય, પવિત્રતા, દયા, મૌન, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, યશ, ક્ષમા, દમશમાદિ સામર્થ્યનો ક્ષય થયો છે એવા દેહને જ આત્મા માનનારા તથા પત્નિઓની પાસે મદારીના વાંદરા જેવા થઈને રહેતા આ આસુરી સંપત્તિવાળા નીચ પુરુષો દેહ એટલે જ "હું" છું એમ માની મોહમાં સપડાઈને આ અવિદ્યારૂપ અતિ દુઃખરૂપ અને ભયંકર જન્મમરણરૂપી મોહજળમાં સપડાયા કરે છે.

આસુરી સંપત્તિમાનો દુઃખી કેમ થાય છે ?

ભગવાન કહે છેઃ હે પાર્થ! આસુરી સંપત્તિવાળાઓ પોતે આત્મસ્વરૂપ હોવા છતાં પણ અવિદ્યાને વશ થઈને નિત્યપ્રતિ જન્મમરણમાં સપડાયા કરે છે અને જન્મમરણ તો પાપરૂપ છે, તેની કલ્પના તને ઉપરનાં શાસ્ત્રોના વિવેચન ઉપરથી સારી રીતે આવી શકશે. નિત્યપ્રતિ જન્મમરણમાં જ પડ્યા કરતાં આસુરી સંપત્તિવાળાઓની આવી કરુણ હાલત સાંભળીને ગમે તેવો પાષાણ હૃદયવાળો પણ પીગળી જાય તેમ છે છતાં આ આસુરી સંપત્તિમાં જન્મેલા અવિવેકી મૂઢો તો વિષ્ટાના કીડાઓની જેમ વિષયોમાં આનંદ સમજી તેમાં જ રચ્યાપચ્યા રહે છે. પરંતુ પ્રથમ કહેલા દૈવી સંપત્તિવાળાઓ તો આ દુઃખરૂપ એવા

સંસારના પાશમાંથી મુક્ત થાય છે. હે પાર્થ ! તું તો આવી દૈવી સંપત્તિનાં ગુણો લઈને જન્મેલ છે, માટે શોક મા કર. તું જરૂર આ સંસારસાગરને તરી જઈશ, એમ નિઃશંક જાણ.

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च ।

दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु ॥ ६ ॥

આ લોકમાં બે ભૂતસર્ગો છે

હે પાર્થ ! આ લોકમાં દૈવ અને આસુર એવા બે જ ભૂતસર્ગો છે. સર્ગ એટલે ઈશ્વર (શ્લોકાંક ૨) થી પોતાની ઈક્ષણરૂપ કાળશક્તિ વડે પ્રકૃતિના ગુણોમાં ક્ષોભ યાને વિષમતા થતાં અવ્યક્ત યા શિવશક્તિ, સૂત્રાત્મા, મહત્તત્ત્વ, અહંકાર, ક્ષત્યાદિ સર્વેની જે ઉત્પત્તિ થવી તે સર્ગસૃષ્ટિ કહેવાય (શ્લોકાંક ૩ થી ૧૨) તથા સમષ્ટિ અભિમાની બ્રહ્મદેવે કરેલી ચૌદ લોકવાળી જે સ્થાવરજંગમ સૃષ્ટિ તે વિસર્ગ કહેવાય છે (શ્લોકાંક ૧૩ થી ૧૫ ઘ જુઓ). આ સર્ગસૃષ્ટિ એ કારણ મહાકારણવાળી સૃષ્ટિ હોઈ તેની અંતર્ગત કાર્યસૃષ્ટિનો સમાવેશ પણ અનાયાસે જ થાય છે તેથી ભગવાને અત્રે કહ્યું છે, કે આ લોકની એટલે તમામ દૃશ્યજાળ (શ્લોકાંક ૩થી ૧૫ ઘ) પર્યંતની અંદર દૈવ અને આસુર એવા બે જ ભૂતોના સર્ગો એટલે વિભાગો છે. તેમાં દૈવી સંપત્તિનાં લક્ષણો તો પૂર્વે વિસ્તારપૂર્વક કહ્યાં છે; હવે આસુરીનાં કહું છું, તે સાંભળ.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ।

न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥ ७ ॥

આસુરી સંપત્તિમાં તો સત્યના અંશનું નામ પણ હોતું નથી

પ્રવૃત્તિ એટલે કરવા યોગ્ય શું છે તથા નિવૃત્તિ એટલે નહિ કરવા યોગ્ય શું છે, અર્થાત્ ધર્મ કોને કહેવો અને અધર્મ કોને કહેવો એ બંનેને તેઓ જાણતા નથી. તેઓમાં શૌચ એટલે પવિત્રતા કિંવા શુદ્ધતા હોતી નથી પરંતુ અપવિત્રતા હોય છે. કારણ કે હું શરીર છું એવો તેનો ખોટો નિશ્ચય દૃઢ થયેલો હોવાથી તેઓ અશુદ્ધ અને મલિન અંતઃકરણવાળા હોય છે. તેઓમાં આચાર પણ હોતો નથી. કુળધર્મ, કુળાચારને તેઓ સમજતા જ નથી અને સત્ય તો તેઓમાં કદી વિદ્યમાન જ હોતું નથી, એટલે સત્યના અંશનું તો તેઓમાં નામનિશાન પણ જણાતું નથી; કેમ કે તેઓ સત્યને ઓળખતા નહિ હોવાથી અસત્યને જ સત્ય માને છે.

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।

अपरस्परसम्भूतं किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

આ જગતનો કામોપભોગ વિના બીજો શો હેતુ હોય

આ આસુર લોક, જગત અસત્ય છે એટલે જગતમાં તો અસત્યતાથી જ વર્તવું જોઈએ, કારણ કે તે તો અસત્ય વર્તનથી જ ચાલે છે, એમ માને છે. આ જગત અપ્રતિષ્ઠિત એટલે કોઈના પણ આધાર વગરનું અર્થાત્ નિરાધાર; અનીશ્વર એટલે જેમાં ઈશ્વર જેવું કાંઈ છે જ નહિ એવું; અપરસ્પરસંભૂત એટલે પરસ્પર એકબીજા વડે જ ઉત્પન્ન થનારું છે, અર્થાત્ યજ્ઞાદિ દ્વારા દેવતાઓને તુષ્ટ કરી તેઓ મનુષ્યને પોતપોતાનાં ઈચ્છિત ફળો આપે છે કિંવા પુરુષપ્રકૃતિ વડે તે ઉત્પન્ન થવા પામ્યું છે, એવા પ્રકારની શ્રુતિને નહિ માનતાં તેવું તો કાંઈ છે જ નહિ એવું માનનારા; મનુષ્યોનો આપસઆપસમાં થનારો સર્વ વ્યવહાર કેવળ વિષયોપભોગોને માટે જ છે, તેમાં આ સિવાય બીજો કોઈ હેતુ તે વળી શો હોય, એમ કહે છે.

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।

प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

જગતના નાશને માટે પેદા થતા નષ્ટાત્માઓ

આ પ્રકારની દૃષ્ટિનો આશ્રય કરીને અલ્પ બુદ્ધિવાળા એટલે જે દેખાય તે જ સત્ય છે એમ માની વિષયમાં જ રચીપચી રહેલી બુદ્ધિવાળા અર્થાત્ દીર્ઘ કિંવા સૂક્ષ્મ દૃષ્ટિના અભાવવાળા, ઉગ્ર એટલે ક્રૂર અને હિંસાત્મક કર્મ કરનારા તેમ જ ભયંકર ઘાતકી એવા આ નષ્ટાત્માઓ પોતે વાસ્તવિક રીતે આત્મસ્વરૂપ હોવા છતાં પણ હું શરીર છું એમ માની દેહાધ્યાસને જ વળગી રહેલા છે. તેમણે પોતાના હાથે જ પોતાનો નાશ કરી લીધો છે; પોતાને આત્મા સમજવું તે આત્માનું રક્ષણ તથા આત્મા નહિ પરંતુ શરીરાદિરૂપે માનવું તે આત્માની નષ્ટતા. આમ દેહાધ્યાસને લીધે પોતાના હાથે જ પોતાનો વિનાશ કરી લેનારા, પોતાનું અને જગતનું અહિત કરનારા, એ નષ્ટાત્માઓ જગતનો ક્ષય એટલે નાશ કરવાને માટે જ ઉત્પન્ન થાય છે.

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।

मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ॥ १० ॥

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।

कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥ ११ ॥

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।

ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥ १२ ॥

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।

इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥ १३ ॥

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।

ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ १४ ॥

आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।

यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।

प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ १६ ॥

વિષયોપભોગ કર્તવ્યની ભ્રાંતિ

દુષ્પૂર એટલે કદી પણ પૂરો ના થાય એવો કામનો આશ્રય કરીને એટલે વિષયોપભોગોનો આશ્રય લઈને મારે અમુક કર્તવ્ય છે, એ કરવું જ જોઈએ, આ બધાં મારા વગર શું કરશે, એમ માને છે.

વસ્તુતઃ આ અવિચારી કિંવા આસુરી સંપત્તિમાન એવા મૂઢો પોતે માની લીધેલા કર્તવ્યને કર્તવ્ય એવા નામે બરાડે છે ખરા પરંતુ વાસ્તવિક અમો જે કરીએ છીએ તે કર્તવ્ય છે કે નહિ તેનો વિચાર સરખો પણ કરતા નથી. સિવાય પોતે જગકલ્યાણાદિના નામે જે કર્તવ્ય કરી રહ્યા છે તેની ખરેખર જગતને જરૂર છે કે નહિ તેનો વિચાર સરખોએ કરતા નથી. જો ખરેખર જગતને તેની જરૂર હોત તો અમારી ઉત્પત્તિ પૂર્વેની પેઢીવાળાઓ, અમો જ્યારે ઉત્પન્ન થયા નહોતા ત્યારે જગતમાં અમુક ત્રુટી હતી એમ અનુભવતા હોય એમ લાગતું નથી. વળી ભવિષ્યની પેઢીમાં પણ અમારા જેવા જગકલ્યાણના નામે કર્તવ્યો કરનારા અને તે તે વખતે મહાન ગણાતા પુરુષો ઉત્પન્ન થશે એ વાત પણ ચોક્કસ છે. તો તેઓ આજે નથી તેથી જગતમાં શું અપૂર્ણતા ભાસે છે? તેમના વગર આજે જગતમાં આકાશનો કકડો ઓછો છે કે વાયુમાં ત્રુટી છે કે તેજ ઓછું લાગે છે? વળી તેઓ કોણ હશે તેમનું આજે નામ નિશાન પણ અમોને ખબર નથી તેમ જ પૂર્વની પેઢીમાં અમારી સ્થિતિ પણ એવી જ હતી. સારાંશ, આ મુજબ વિચાર કરવાથી જણાશે કે આ જગત એ એક એવી વસ્તુ છે કે તેમાં સમુદ્રમાં જેમ સર્વનો સમાવેશ થાય છે તેમ જે ક્રિયા કાયિક, વાચિક, માનસિક, બૌદ્ધિક ઇત્યાદિ થતી હોય જે જે કાંઈ સાત્ત્વિક, રાજસ કે તામસ વ્યવહાર ચાલતો હોય તે તમામનો સમાવેશ થઈ જાય છે અને કાંઈપણ ન હોય તો તેને કરવી જરૂર પણ નથી. આ મુજબ જગતને અમારા કર્તવ્યની સહેજે જરૂર જણાતી નથી. અમો હોઈએ તો પણ ઠીક અને ન હોઈએ તો પણ ઠીક. આમ જે જગકલ્યાણના નામે અમારી ક્રિયાઓ થઈ રહી છે તેને અમારી જરૂર છે કે નહિ તે પણ આ આસુરી સંપત્તિમાનો સમજતા નથી. આમ કર્તવ્ય, કર્તવ્ય તેમ જ જગકલ્યાણાદિના ઓઠા નીચે જગતનો વિનાશ તેઓના હાથે જેટલો થઈ રહ્યો છે તેટલો વિનાશ તેઓ જો જગતનો નાશ કરવાનો ખુલ્લે ખુલ્લી રીતે એકરાર કરીને પ્રયત્ન કરત તો પણ કદી થાત નહિ. નિદાન વગરનું ઔષધ રોગવૃદ્ધિ કરે એમાં શી નવાઈ? આ મુજબ હોવા છતાં પણ તેઓ સમજતા નથી કે જ્યાં સુધી કર્તવ્ય શેષ રહેવા પામશે, ત્યાં સુધી જગતમાંથી દુઃખ ઓછું નહિ થતાં વધતું જ રહેશે. જ્યાં સુધી કર્તવ્ય શેષ રહેલું હોય છે ત્યાં સુધી દુઃખ પુરુ થતું જ નથી. સંસારમાં મિથ્યા એવો કર્તવ્યોનો બોજો માથે ઉપાડી લેવો એ જ મહાનમાં મહાન આપત્તિ છે. જેમ આખા શરીરે દાહ થઈ રહેલો હોય એને ફક્ત પગ ઉપર જ જો ચંદનનો લેપ લગાડવામાં આવે તો તેની જેમ કાંઈ અસર થતી નથી તેમ કર્તવ્યને શેષ રાખી એટલે મારે અમુક કરવું જોઈએ, મારું આ કર્તવ્ય છે ઇત્યાદિ પ્રકારે સમજનારાઓનું સમજવું. કોઈ મરવા પડ્યો હોય અને તે વખતે તેને સંગીત સંભળાવીને આનંદિત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેનો શો ઉપયોગ? એવો જ પ્રકાર આ કર્તવ્યનો બોજો માથે લઈને સુખી થવા ઇચ્છતા આસુરી વૃત્તિવાળાઓનો સમજવો. અરેરે! આ સેંકડો આશાઓ અને કર્તવ્યોરૂપી પિશાચની મોહજાળમાં ફસાઈ પડેલાઓ પણ સુખની જ આશાઓ રાખે છે તે એક મોટો ચમત્કાર જ જાણવો. આવા અનંત પ્રકારના આશાપાશમાં બંધાઈ કર્તવ્યના પાશરૂપી પર્વતની નીચે ચગદાઈ મરતા અવિચારીઓ પોતે પોતાને સુખી સમજે છે, તે કેવો ચમત્કાર છે? સાર્વભૌમ રાજાનો જેવો પ્રયત્ન ચાલુ હોય છે તેવો જ ઉદ્યોગ એક ભિખારીનો પણ ચાલુ છે. તેઓ પણ પોતપોતાના પ્રયત્નાનુસાર ફળ મેળવીને પોતાને મોટા સુખી સમજે છે; તો તે પૈકી કોના કર્તવ્યને સાચું ગણવું? આનો અંત ક્યાં આવશે કિંવા પરિણામે આનો શો ઉપયોગ છે તે તરફ તેઓ કદી પણ દૃષ્ટિ રાખતા નથી અને આંધળાની પાછળ પાછળ ચાલનારા આંધળાઓની જેમ આ આસુરી સંપત્તિવાળા વિચારશૂન્ય અને અવિવેકી મૂઢો અનંત આશાપાશવડે બંધાઈ જેનો કદી પણ છેડો આવવો શક્ય નથી, એવા વિષયરૂપી કર્તવ્યની મોહજાળમાં ફસાઈ પડેલા હોય છે.

જેનો કદી અંત આવતો નથી એવી આશાઓ

ભગવાન કહે છેઃ હે પાર્થ! આ રીતે આસુરીસંપત્તિમાં તો કદી પણ પૂરી ન થનારી કામનાઓનો બોજો મિથ્યા મૃગજળવત્ ભાસતા આ વિષયોપભોગોનો આશ્રય કરીને મોહને લીધે દંભ, માન અને

મદ વડે યુક્ત થઈ અસદ્ગ્રહ એટલે અસંગત કિંવા ફાલતુ એવી મનસ્વી, ગમે તેવી ખોટી કલ્પનાઓ કરી તેને જ સાચી માની લઈ તેવા નિશ્ચય વડે અશુચિવ્રતા એટલે અપવિત્રપણું કિંવા પાપી આચરણમાં જ પ્રવર્તે છે. એટલે આવા અવિવેકી મૂઢો તો મોહને–લીધે દાંભિકતા, અભિમાન, અહંકાર તથા મદવડે યુક્ત થઈ શાસ્ત્રવિરુદ્ધ પોતાના મનમાં આવે તેવાં ફાલતુ શાસ્ત્રવિહીન પાપકર્મો જ કર્યા કરે છે. જે લોકોને તેમ જગતને દુઃખ આપનારા હોઈ પોતાને પણ અધોગતિમાં જ પાડે છે. પ્રલયના અંતે એટલે (૧) નિદ્રા, (૨) મૃત્યુ, (૩) પૃથ્વી, (૪) બ્રહ્માંડ અને (૫) બ્રહ્મદેવનો પણ અંત થાય છતાં પણ જેનો કદી અંત નહિ આવે એવી અપરિમિત (પ્રલય માટે અધ્યાય ૪ શ્લોક ૮ પૃષ્ઠ ૨૫૪ થી ૨૬૧ જુઓ), અર્થાત્ જેની કદી ગણતરી પણ ન થઈ શકે એવી અપાર ચિંતાઓ કિંવા સંકલ્પવિકલ્પોનો આશ્રય કરનારા અને કામોપભોગમાં રચ્યાપચ્યા રહી તેને જ સર્વસ્વ માનનારા એટલે જે કાંઈ પુરુષાર્થ કિંવા ધ્યેય છે, તે આ છે, એ રીતની માન્યતાવાળા અને એવી વિષયજન્ય દૃષ્ટિના જ આશ્રયી, તેમ જ સેંકડો આશાપાશ વડે બંધાએલા એવા આ અવિચારી લોકો કામ અને ક્રોધપરાયણ થઈ વિષયભોગને માટે જ એટલે શાસ્ત્રમાં ધર્મને માટે ધન કમાવાનું કહેલું છે છતાં ધર્મને માટે નહિ પરંતુ અનેક પ્રકારના વિષયોપભોગને માટે જ અન્યાય વડે ધનનો સંચય કરે છે.

મારા જેવો કોણ છે ?

"મેં આજે આ મેળવ્યું, આને હું હજી પ્રાપ્ત કરીશ, આટલું ધન તો મારી પાસે છે, વળી બીજું પણ આટલું મળશે એટલે હું મોટો ધનાઢ્ય થઈશ; આ રીતે તેઓ અનેક મનોરથો પોતાના મનની અંદર સેવે છે. મેં આ શત્રુને કેવો હણ્યો! બેલો પણ મારી સાથે શત્રુભાવ રાખતો હતો કેમ? તેનો મેં કેવો નાશ કરી નાંખ્યો! અને આ બાકી રહેલા બીજાઓને પણ હું પતાવી આપીશ; એટલું જ નહિ પરંતુ તેમનાં ઘરબાર , સ્ત્રી, પુત્ર વગેરે બધાને પણ લૂંટી લઈશ, શું મારી સાથે શત્રુતા રાખવી સહેલ છે? અરે હું કોણ છું? તેઓ મને પિછાને છે? હું ઈશ્વર છું. મારાથી બીજો કોઈ ઈશ્વર છે જ નહિ, આ બધાં શાસ્ત્રો તથા પોથાં થોથાં તો ગપ્પાં મારે છે. હું ભોગી છું. હું સિદ્ધ છું. હું બળવાન છું. મારી સામે થવાની કોની તાકાત છે? હું સુખી છું. હું ધનવાન છું. હું કુળવાન છું. હું મોટો રાજા છું. હું ચક્રવર્તી રાજા બનીશ. હું લોકોનું કલ્યાણ કરીશ. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞયાગ કરીશ. હું દાન આપીશ કે જેથી મારી કીર્તિ ચોતરફ ફેલાશે. બધા લોકો મારી સ્તુતિ કરશે અને તે સાંભળીને હું હર્ષ પામીશ. આમ હું મોજશોખ તથા ચેનચાળા કરતો રહીશ," આ રીતે અજ્ઞાનતાને લીધે મોહ પામેલા અને પોતે આત્મસ્વરૂપ હોવા છતાં હું શરીર છું એવી ભાવનાવાળા અવિચારી આસુરી કિંવા અવિવેકી મૂઢો અનેક પ્રકારની દુષ્ટ કલ્પનાઓ વડે જેનું ચિત્ત ભ્રમિત થઈ ગયું છે, એવા ચિત્તવિભ્રાંત થએલા અને મોહરૂપી જાળમાં જ આવૃત થયેલા અર્થાત્ જેમ ઘટરૂપ આવરણ વડે તેમાંનું આવૃત થયેલું આકાશ પોતે શુદ્ધ, સ્વચ્છ અને શાંત હોવા છતાં પોતે પોતાને હું આકાશ નહિ પરંતુ હું એટલે આ ઘટ જ છું એમ માની લે તેનું નામ જ મોહજાલસમાવૃત કહેવાય. કામ એટલે વિષયોપભોગમાં જ અત્યંત આસક્ત બનેલા અર્થાત્ વિષયરૂપી નશાના ઘેનમાં જ ચકચૂર બની ગયેલા; અપવિત્ર અર્થાત્ દુર્ગંધયુક્ત અતિશય ખરાબ એવા નરકમાં જ પડે છે.

आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः ।

यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥ १७ ॥

મદવડે નામના માટે થતા યજ્ઞો

શાસ્ત્રોમાં જેને માટે આત્મા એમ કંઠશોષ કરીને કહેવામાં આવેલું છે, તે આત્મા એટલે આ શરીર એવી રીતે દેહને જ આત્મા માનવો તે આત્મસંભાવિતા એટલે જગતમાં બધા મને મોટો સમજે છે, પૂજ્ય

માને છે, બુદ્ધિશાળી ગણે છે ઇત્યાદિ પ્રકારે પોતાની મેળે જ પોતે પોતાને પૂજ્ય માની બેઠેલા. સ્તબ્ધ એટલે નમ્રતાશૂન્ય તાઠર એટલે અક્કડપણાથી રહેનારા, ધન માન અને મદ વડે યુકત બનેલા આ ઉદ્ધતો નામમાત્રૈઃ એટલે કેવળ નામના કિંવા કીર્તિને માટે જ યજ્ઞ કરનારા હોય છે. વાસ્તવિક તો તેવા યજ્ઞોને યજ્ઞ કહી શકાય જ નહિ, પરંતુ વિધિથી રહિત અને ફકત કહેવા પૂરતા નામમાત્ર એવા એ યજ્ઞો તેઓ કેવળ દંભને માટે જ કરે છે; નહિ કે પરમાત્માનું યજન કરવાના ઉદ્દેશથી. આમાં કહેવામાં આવેલા યજ્ઞો એટલે કેવળ યજ્ઞો જ નહિ પરંતુ મૂઢોના થતાં તમામ કર્મો પ્રતિષ્ઠાની ઇચ્છાથી અને કેવળ ઢોંગ વડે જ ભરેલાં હોય છે એવો આશય છે. તેઓ ગરીબગરબાના ઉદ્દેશથી નહિ પણ પોતાને હાજી હા કહેનારા તથા લોકોમાં કીર્તિનો ફેલાવો કરનારા એવા પોતાના આડતિયા કિંવા દલાલોને જ દાન આપે છે તથા તેવા લોકોને જ પાસે રાખે છે. આ મુજબ તેમની સર્વ ક્રિયાઓ ઢોંગીપણા વડે જ ભરેલી હોય છે.

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।

मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥१८॥

આસુરીઓને હું હંમેશાં નારકી યોનિમાં ધકેલું છું

ભગવાન કહે છે : હે પાર્થ ! અહંકાર, બળ, ગર્વ કામક્રોધથી ફૂલાઈ જઈ તેનો જ આશ્રય કરનારા તથા પોતાના અને બીજાઓના દેહોમાં રહેલો આશ્રયરૂપ આત્મારૂપ એવો જે હું તેનો અત્યંત દ્વેષ અને અસૂયા એટલે ધૃણા કરનારા એટલે 'હું" અને આ સર્વ આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એમ સમજવાને બદલે અવિવેક વડે આત્મા એટલે આ શરીર અને તેને સુખી કરવા અને પોષવાને માટે ગમે તે પ્રકારે વિષયોપભોગ મેળવવા તથા તે વડે જ તેને પુષ્ટ કરતા રહેવું, શરીરની કિંવા તેના અવયવ પ્રત્યવયવની કિંચિન્માત્ર પણ હાનિ થતી એટલે જાણે પોતાની જ હાનિ થઈ ગઈ એમ સમજીને મોહ વડે પોતાસહ આ બધું આત્મસ્વરૂપ છે, એવું ભાન ભૂલી જઈ ઊલટો તેના ઉપર અત્યંત દ્વેષ કરે છે; આ રીતે દેહ એટલે જ આત્મા, બીજો કોઈ આત્મા છે જ નહિ એવા નિશ્ચયવાળા અને આત્મસ્વરૂપ એવા મારા દ્વેષ્ટા, ક્રૂર અને અશુભ કર્મો કરનારા નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ ફેંકું છું એટલે તેઓને હું આ આસુરીસંપત્ કે જે જન્મમરણાદિ અનેક પ્રકારનાં દુઃખોથી ભરપૂર છે, તેમાં જ હંમેશાં ધકેલ્યા કરું છું. આ મુજબ કામાસક્તિથી વ્યાકુળ ચિત્તવાળા આસુરી સંપત્તિમાન મૂઢો હંમેશાં નારકી યોનિમાં જ પ્રવેશ કરે છે. તેઓ ઉચ્ચતર યોનિઓને કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી.

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।

क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥

કોઈ પણ યોનિમાં જીવ મરણની ઇચ્છા રાખતો નથી

સર્વ સફાચટ કરી જનારો કાળ કે જેણે આજપર્યંત અનંત બ્રહ્માંડોનું પણ ભક્ષણ કરેલું છે, કરે છે અને કર્યે જાય છે તેનું પરાક્રમ નહિ જાણતાં આ મનુષ્યો સુખ પામવાની ઇચ્છાથી અનેક દુઃખો વેઠીને પણ જે જે વસ્તુઓ મેળવે છે તે સર્વ વસ્તુને કાળ એક ક્ષણમાં જ સાફ કરી નાખે છે અને પછી તેને માટે તેઓ શોક કરે છે. આ સ્ત્રી પુત્રાદિ સહિત દેહ અનિત્ય હોવા છતાં પણ તેને તથા તેના સંબંધના ઘર બહેતર અને ધન વગેરે અસ્થિર તથા નાશવંત પદાર્થોને દુર્બુદ્ધિ મનુષ્યો મૂર્ખપણાથી અવિચળ માને છે.

અને તેથી જ તે નષ્ટ થાય એટલે શોક કરે છે. આ સંસારમાં જીવ* જે જે યોનિઓમાં જાય તે તે યોનિઓમાં કોઈને કોઈ જાતના સુખને માની લે છે અને તેથી વૈરાગ્યને પામતો નથી. એક રાજાની વાત છે. તેને મરી ગયા પછી હું ભૂંડની યોનિમાં જન્મનાર છું એવું જ્ઞાન થવાથી તેણે પોતાના છોકરાને કહ્યું કે મારા મરણ પછી આ રાજમહેલની આજુબાજુએ મારો ભૂંડની યોનિમાં જન્મ થવાનો છે; માટે છ માસ પછી તું જે ભૂંડને મોઢા ઉપર સિંદુરના રંગની નિશાની હશે તે મારા એ યોનિના જન્મની નિશાની હોવાથી તેને જોતાવેંત મારી નાખજે કે જેથી મારી સદ્ગતિ થશે. આ મુજબ રાજાના મરણ પછી પુત્રે શોધ કરાવી તો કેટલાક દિવસો પછી આ નિશાનીવાળો એ ભૂંડ તેના જોવામાં આવ્યો. રાજાએ તેને ઘેરી લીધો અને તેને મારવાનો પ્રયત્ન કરે છે, એટલામાં પૂર્વસંસ્કારવશાત્ તે ભૂંડને વાચા ફુરી અને તેણે કહ્યું કે, હે રાજા ! તું મને માર નહિ. મને તે વખતે આ વિષ્ટા ખાનારો ભૂંડની યોનિ ઘણી જ નંદી અને ખરાબ હશે એમ લાગતું હતું પરંતુ હવે મને તે ઘણી જ પ્રિય લાગે છે. જો કે મેં તને મારવા કહ્યું હતું છતાં હું નિરપરાધી છું, માટે મને કૃપા કરીને જીવવા દે. તાત્પર્ય કે, આ રીતે જીવ નરકમાં પડ્યો હોય તો પણ આત્મસ્વરૂપ એવા મારી માયાને લીધે નરકના આહારમાં એટલે નરક ખાવામાં પણ મોટું સુખ જ છે એમ માની કદાપિ મરણને ઇચ્છતો નથી. આ સંબંધે શાસ્ત્રનો નિર્ણય કહું છું.

કર્તવ્યરૂપી દાવાનળ

દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુ, ધન અને બંધુઓમાં દૃઢ આસક્તિ બંધાઈ જવાથી જે પોતાને કૃતાર્થ માની લે છે અને એઓના ભરણપોષણની ચિંતાથી જેનાં સઘળાં અંગો કર્તવ્યરૂપી દાવાનળમાં રાતદિન બળ્યા કરે છે, તેવો એ દુર્બુદ્ધિ અને મૂઢ મનુષ્ય નિરંતર પાપકર્મો જ કર્યા કરે છે. સ્ત્રીઓ વ્યભિચારિણી હોવા છતાં પણ તેઓએ એકાંતમાં રચેલી માયાથી તથા બાળકોનાં મધુર ભાષણોથી જેનાં મન અને ઇંદ્રિયો આકર્ષાયેલાં છે, એવો આ પોતાને ગૃહસ્થાશ્રમી માનનારો પુરુષ જેમાં કૂડકપટો ઘણું છે અને દુઃખ જ મુખ્ય છે, એવા ઘરમાં આળસ છોડીને પોતે સુખની ઇચ્છાએ દુઃખના જ ઉપાયો કરે છે અને દુઃખને જ સુખ સમજે છે, મોટી મોટી હિંસાઓ કરી એટલે સાચા ખોટા કરી જ્યાં ત્યાંથી મેળવેલા ધન વડે તે સ્ત્રીપુત્રાદિ કુટુંબીઓનું જ ભરણપોષણ કરે છે અને તેઓને પોષતાં બાકી રહેલા ભોગનો પોતે ઉપયોગ કરે છે અને તે વડે છેવટે પોતાને તો નરકમાં જ પડવું પડે છે. સંપાદન કરેલી આજીવિકા વારંવાર તૂટી જતાં લોભ વડે દુઃખી થયેલો એ શક્તિહીન અને અશક્ત મનુષ્ય પછી પરાયા ધનની ઇચ્છા કરે છે. આમ તે દુર્બુદ્ધિ પોતાના કુટુંબનું ભરણપોષણ કરવામાં પણ અપમર્થ બને છે. ભાગ્યહીન, લક્ષ્મીરહિત, ઉદ્યોગમાં નિષ્ફળ અને કંગાલ બની તે ચિંતાઓથી નિસાસા મૂકે છે. એ રાતે જ્યારે તે કુટુંબ પોષણ કરવામાં અશક્ત બને છે ત્યારે જેમ ઘરડા બળદને ખેડૂતો આદર આપતા નથી તેમ સ્ત્રીપુત્રાદિકો પણ આદર આપતા નથી. આટલું આટલું થવા છતાં પણ તેને કદી વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. આજ સુધી જેઓનું પોતે પોષણ કરેલું હોય છે તેઓથી જ પોતાનું પોષણ થવાનો પ્રસંગ આવે છે. ઘડપણને લીધે રૂપ બગડી જાય છે. કુટુંબીઓ તરફથી વારંવાર અપમાન થાય છે. અનેક પ્રકારની ચિંતાઓથી ઘેરાઈ જાય છે અને ઘણી વખત આપઘાત કરવાને કિંવા મરવાને તૈયાર થાય છે. કુટુંબીઓ તેને પાંજરાપોળમાં મૂકવા લાયક ડોસા ઢોર જેવો ગણે છે; દાસો, પુત્રો, સ્ત્રીઓ, બાંધવો તથા સંબંધીઓ ગાંડા મનુષ્યની પેઠે તેની હાંસી કરે છે; આંખોમાંથી અને કાનમાંથી પરૂ વહે છે. નાકમાંથી લીંટ વહે છે. મોઢામાંથી લાળ પડે છે. આખા અંગે કરચલીઓ પડી ગયેલી હોય છે. આ રીતે જોવા પણ નહિ ગમે તેવા વિષ્ટા અને મૂત્રથી લેપાઈ ગયેલા, રાંકપણું પામેલા, સદ્ગુણ તથા શક્તિથી રહિત તથા જીર્ણ બનેલા, એ વૃદ્ધની હાલત ઘણી જ કરુણ થાય છે. બીજી બાજુ તેને પરલોકની ચિંતા થાય છે. હાય હાય મેં આ લોકમાં આજપર્યંત જે કાંઈ કર્યું તે વ્યર્થ ગયું. પરલોકને માટે તો મેં

*જીવ એક દેહમાંથી બીજો દેહ ધારણ કર્યા કરે છે તેનું નામ સંસાર કહેવાય, તથા જીવે દેહ ધારણ કર્યા પછી મરણ સુધીનું તેનું જે કાર્ય તે વ્યવહાર કહેવાય. આમ શાસ્ત્રમાં આવેલા સંસાર વ્યવહાર શબ્દની વ્યાખ્યા સમજવી. વસ્તુતઃ સંસારમાં વ્યવહારનો સમાવેશ થઈ જાય છે.

કાંઈ જ કર્યું નથી. હવે હું શું કરું? કેવી રીતે કરું? એવા પ્રકારની દીનતા ઘડપણમાં આવવા લાગે છે. વળી ઘડપણમાં ખાવાની તૃષ્ણા તો બહુ વધે છે, પણ ખાઈ શકાતું નથી. મારા સંબંધીઓ મને કેવી રીતનું ખાવાનું આપશે? ક્યારે આપશે? અને કેવું આપશે ઇત્યાદિ ચિંતાઓથી અને અશક્તપણાને લીધે એ વૃદ્ધનું હૃદય બળ્યા જ કરે છે. સંબંધીઓએ અપમાનથી નાખેલા ટુકડાને કૂતરાની પેઠે ખાવા પડે છે. જઠરાગ્નિ મંદ પડી જતાં થોડું જ ખવાય છે તથા કામકાજ થતું નથી અને શરીરમાં અનેકવિધ રોગોની ઉત્પત્તિ થાય છે. આમ ધીરે ધીરે મરણની અવસ્થાની નજીક આવતાં તે મનુષ્યનો શ્વાસ ઊંચો ચાલવા માંડે છે, તેની આંખો બહાર નીકળે છે, નાડીઓ કફથી રોકાઈ જાય છે, તે ઉધરસ અને શ્વાસથી થાકી જાય છે અને ગળામાં ઘરઘરાટ અવાજ ચાલે છે. આ સુજ્ઞ તે કાળના પાશને વશ થઈને મોતની પથારીએ પડે છે. શોક કરતાં સંબંધીઓ આજુબાજુએ વીંટાયેલા હોય છે. તેઓ બોલાવે તો પણ બોલી શકાતું નથી. મરણ જેવું ભયંકર દુઃખ જગતમાં બીજું કયું હોય? આ પ્રમાણે કુટુંબના પોષણમાં લાગેલા અને અજિતેંદ્રિય મનુષ્યની બુદ્ધિ મૃત્યુની અનંત વેદનાઓને લીધે બહેર મારી જાય છે તથા સ્થૂળ અને સૂક્ષ્મ દેહની તે તે ઇન્દ્રિયોના દેવતા તે તે ઇન્દ્રિયમાંથી અંતઃકરણમાં એકત્રિત થાય છે. આ રીતે અસંખ્ય વેદનાઓ સહ આખરે જીવાત્મા એ જર્જરિત બનેલો દેહ છોડી દે છે.

યમપુરી ક્યાં અને કેટલે દૂર છે?

દેહ છૂટતી વખતે ભયંકર અને અતિ વિકરાળ એવા શરીરધારી બે યમદૂતોને તે પોતાની સામે જુએ છે. તેમને જોતાં જ ભય વડે ત્રાસ પામી જઈને પોતે વિષ્ટા કરવા અને મૂતરવા લાગે છે. આ યમદૂતો પાશ વડે બાંધીને તેને યમપુરીના લાંબા માર્ગે લઈ જાય છે. આ બાજુએ દેહમાંથી તેનો જીવ નીકળી જતાં કુટુંબીઓ રોવા માંડે છે. યમદૂતોના તિરસ્કારથી હૃદય ભેદાઈ જાય છે અને તેથી તે ગ્રસવા લાગે છે. માર્ગમાં કૂતરાં ફાડી ખાવા માંડે છે અને અત્યંત પિડા પામવાથી કરેલાં પોતાનાં પાપોનું તે સ્મરણ કરવા લાગે છે. ભૂખ અને તરસ વડે ઘેરાઈ જાય છે. જેમાં રેતી અત્યંત તપેલી છે, તેવા માર્ગમાં સૂર્યના સખત તાપ, દાવાનળ અને પવનથી તે અત્યંત દુઃખી થાય છે. બીજી બાજુ જલદી ચાલો એમ કહી યમદૂતો વાંસામાં ચાબખાઓ મારે છે. આમ આશ્રય અને પગથી (કેડી) વગરના એ માર્ગમાં તેને મહાકષ્ટથી ચાલવું પડે છે. માર્ગમાં જ્યાં ત્યાં પડી જાય છે, થાકી જાય છે, મૂર્છિત થઈ જાય છે અને તેમાંથી વળી પાછો ઊઠે છે એટલે ફરીથી ચાલે છે. આ રીતે પોતાના મૂર્ખપણાને લીધે જ તેને અત્યંત દુઃખ અને કષ્ટ સાથે યમલોકમાં જવું પડે છે. આ ભૂલોકથી યમપુરી દક્ષિણે ૯૯૦૦૦ નવાણું હજાર યોજન (૨ માઈલ=૧ ગાઉ, ૨ ગાઉ=૧ કોષ, ૪ કોષ=૧ યોજન) દૂર છે. ત્યાં ફક્ત ચાર કિંવા છ ઘડીમાં તેને લઈ જવામાં આવે છે. મૃત્યુ પછી પૂર્વ વાસનાને લીધે તેને શરીરનો અનુભવ થાય છે અને તે દ્વારા ઉપર પ્રમાણે સુખદુઃખ અનુભવમાં આવે છે. જેવી રીતે સ્વપ્નમાં સ્વપ્નશરીર વડે સુખદુઃખાદિ અનુભવવામાં આવે છે અને તે સ્વપ્ન સમયને માટે તો તદ્દન સાચાં જ હોય છે તેમ આ શરીરનું પણ સમજો. જ્યારે તે પાછો મનુષ્ય શરીરમાં આવે છે ત્યારે તે બધું ભૂલી જાય છે, પરંતુ જો ધારણાભ્યાસ કરે તો તેને મનુષ્ય શરીરમાં પણ આ બધું સ્મરણ થઈ શકે છે. સૂક્ષ્મશરીરની શક્તિ સ્થૂળ શરીરથી વધુ હોય છે તેથી ચાર કિંવા છ ઘડીમાં તે ત્યાં પહોંચી શકે છે. જેમ સ્વપ્નની બહાર તો એક પળ જ થઈ હોય છે જ્યારે સ્વપ્નમાં તો દશ વીશ વર્ષોનો અનુભવ થઈ જાય છે એટલે અહીંની એક ક્ષણમાં ત્યાં વીશ વર્ષો જેટલો કાળ થઈ રહે છે તેમ આ યમ લોક સંબંધમાં પણ સમજવું.

યમપુરીનાં વર્ણનો સાચાં હશે?

શાસ્ત્રોમાં આવતાં યમપુરીનાં વર્ણનો સાચાં છે? એવો પ્રશ્ન કેટલાકો તરફથી પૂછવામાં આવે છે. આ પ્રશ્ન પૂછનારાઓ વાસ્તવિક અજ્ઞાની હોવા છતાં પોતે મોટા ડાહ્યા છે એવું માની બેઠેલા હોય છે કેમ કે તેઓએ જો આત્મવિચાર કર્યો હોત અને એક આત્મા જ સત્ય હોઈ પોતા સહિત તમામ દૃશ્યજાળ

અનંકમરૂપ હોવાથી સાવ મિથ્યા છે એવો સ્વાનુભવ લીધો હોત અને પછી આમ કહેત તો વાત જુદી હતી. પરંતુ રક્તમાંસાદિકના ગોળાને જ હું માનનારા આ દેહાધ્યાસીઓ પોતે અતિ મૂઢ હોવા છતાં પોતાને જ્ઞાની માની બેસે છે અને આવા નિરર્થક પ્રજ્ઞાદિરૂપે પોતાની એ મૂર્ખતા જગત સામે પ્રકટ કરે છે, તેવાઓએ શાસ્ત્રાભ્યાસ કરવાની જરૂર છે. આ સંબંધમાં પ્રથમ (અધ્યાય ૮ શ્લોક ૨૫, ૨૬ માં) યોગ્ય વિવેચન આપેલું છે છતાં અત્રે થોડો સંક્ષેપમાં વિચાર કરીશું.

શરીરમાં વસતા ચિત્રવિચિત્ર અસંખ્ય જીવો

જુઓ કે આ પૃથ્વી ઉપર કીડીથી માંડીને હાથી પર્યંતના નાના મોટા અસંખ્ય જીવો ઉત્પન્ન અને નષ્ટ થાય છે. આ તો જે જીવો મનુષ્યો દેખી શકે છે તેનું થયું; તે કરતાં પણ અતિ સૂક્ષ્મ એવા અનેક જીવો જે અંતરીક્ષમાં હોય છે તેનો તો પાર જ નથી. આ ફક્ત પાંચ મહાભૂતો પૈકી પૃથ્વી તત્ત્વનું થયું. તે જ પ્રમાણે જલમાં, તેજમાં, વાયુમાં અને આકાશમાં કેટલા અને કેવા પ્રકારના ચિત્ર વિચિત્ર જીવો છે તેની તો કલ્પના થવી પણ શક્ય નથી. આ મુજબ આ ચૌદ લોક વડે વ્યાપેલું સમગ્ર બ્રહ્માંડ અનેક પ્રકારના પાંચ મહાભૂતોના મિશ્રણો વડે રચાયેલું હોઈ તે દરેક મિશ્રણોમાં જુદા જુદા પ્રકારે પૃથ્વ્યાદિ પાંચ મહાભૂતોના અંશો તો હોય છે જ; એટલું જ નહિ પણ તે દરેક પંચમહાભૂતોમાં પણ અનેક પ્રકારના ચિત્રવિચિત્ર અસંખ્ય જીવોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયાદિ થતાં રહે છે. ઉદાહરણને માટે મનુષ્ય શરીર લઈએ. તે નાના મોટા અસંખ્ય જીવોના એકત્ર સમૂહનું બનેલું છે. જેમ ઘણા બારીક બારીક કણો મળીને પાષાણ બને છે તેમ આ શરીર પણ અસંખ્ય જીવો મળીને બને છે. તેમાં અંદર અને બહાર ભિન્ન ભિન્ન પ્રકારના અસંખ્ય જીવો પ્રસરેલા છે. તે જીવો શરીરમાં મુખ્યત્વે રસ, રક્ત, માંસ, મેદ, હાડકાં, મજ્જા, ધાતુ વા વીર્ય એ પ્રમાણે સાત વિભાગમાં વહેંચાઈલા હોય છે. તેઓ મનુષ્ય જે ખાય છે અગર પીએ છે તેમાંથી જે તત્ત્વો પોતપોતાને પોષક હોય તે મેળવી લઈ તેના રક્ત, માંસ, મજ્જાદિ સાત ધાતુઓ બનાવતા રહે છે. જેવી રીતે સમુદ્રમાંના કેટલાક કીડાઓ પત્થરનાં પરવાળાં બનાવે છે અને કેટલાક પાણીના પરમાણુઓમાંથી મોતી બનાવે છે તેમ આ શરીરની અંદર રહેલા અસંખ્ય જીવો શરીરને પુષ્ટિદાયક એવી સપ્તધાતુઓ હંમેશ બનાવ્યા કરે છે. આ બધા મળીને આખા શરીરનો એક મોટો જીવાત્મા બને છે, તેને મનુષ્ય જીવ કહે છે. આ જ રીતે પૃથ્વી પર આવેલા પશુ, પક્ષી, વૃક્ષ, પાષાણાદિ તમામ સ્થાવરજંગમ અને જડચેતનાદિ વિભાગોને માટે સમજવું.

વ્યષ્ટિસમષ્ટિ જીવો એટલે શું?

જેમ અનેક પાતરાઓનો સમૂહ મળીને જ કેળનો ઝાંખરો બને છે તેમ અનેક પ્રકારના ચિત્રવિચિત્ર અસંખ્ય જીવો મળીને આ ચૌદ લોક વડે વ્યાપેલું બ્રહ્માંડ બનેલું છે. જેમ અનેક જીવોના સમૂહો મળીને બનેલા આ સાત ધાતુના શરીરને વ્યષ્ટિ જીવ યા મનુષ્ય શરીર કહે છે તેમ સ્થાવર, જંગમ, જડ, ચેતન, સ્થૂળ, સૂક્ષ્માદિ અનેક ભેદો મળી બનેલા આ સમગ્ર બ્રહ્માંડને ધારણ કરનારા મહાન યા સમષ્ટિ જીવને બ્રહ્મદેવ કહે છે. આ જ વિરાટ પુરુષનો સ્થૂલ દેહાભિમાની (વૃક્ષાંક ૧૩) કહેવાય છે. આવાં અનેક બ્રહ્માંડોના સમૂહો જેમાંથી ઉત્પન્ન થાય છે, જેમાં રહે છે અને જેમાં વિલયને પામે છે તે મહાપ્રાણ (વૃક્ષાંક ૬) કહેવાય છે. આ વિરાટ પુરુષનો સૂક્ષ્મ દેહ છે. આવા મહાપ્રાણોના અસંખ્ય સમૂહોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેમાં થાય છે તે વિરાટ પુરુષનો કારણ દેહ કહેવાય છે. આને જ ઈશ્વરની માયા કિંવા પ્રકૃતિ (વૃક્ષાંક ૩) આદિ અનેક નામો વડે શાસ્ત્રમાં સંબોધવામાં આવેલું છે.

જગતાદિ છે કે નથી?

મનુષ્યાદિ વ્યષ્ટિ જીવો કહો કે બ્રહ્માદિ સમષ્ટિ જીવો કહો તે પ્રત્યેક સ્થૂલ દેહ, સૂક્ષ્મ યા લિંગ દેહ તથા કારણ દેહ વગર કદાપિ અસ્તિત્વ ધરાવી શકતો નથી. એટલે કે સ્થૂલ દેહ હોય તો તેને સૂક્ષ્મ

(લિંગ) અને કારણ દેહ હોવો જ જોઈએ એ તદ્દન નિર્વિવાદ છે અને તેનો દ્રષ્ટા કિંવા સાક્ષી પણ અવશ્ય હોવો જોઈએ. જેમ વ્યષ્ટિ દેહનો સાક્ષી મનુષ્યાદિ જીવાત્મા અને સમષ્ટિ દેહનો સાક્ષી ઋતધ્રેવ કહેવાય છે તેમ વિરાટપુરુષના ઉપર બતાવેલા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણાદિ દેહોનો જે સાક્ષી કિંવા દ્રષ્ટા છે તે ઈશ્વર (વૃક્ષાંક ૨) કહેવાય છે. આને તુર્ય પણ કહે છે. હવે જેમ મનુષ્ય કહેતાં જ તેમાં મન, બુદ્ધ્યાદિ અંતઃકરણ પંચક, પાંચ કર્મેંદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય, સાત ધાતુયુક્ત શરીર અને તેમાંના તમામ સ્થૂલ સૂક્ષ્મ જીવોનો સમાવેશ થઈ જાય છે, તેમ ઈશ્વર કહેતાં જ તેમાં વ્યષ્ટિ અને સમષ્ટિ જીવોનો તથા તેઓના ચાલતા સર્વ વ્યવહારાદિનો સમાવેશ થઈ જાય છે. આ વિરાટપુરુષ એ આ દૃશ્યાદિની અંતિમ મર્યાદારૂપ છે. તે કરતાં આગળનું સ્થાન તદ્દન અનિર્વચનીય હોઈ તેને જ તુર્યાતીત, આત્મા, ઋત, અક્ષર, પુરુષ, સત્, ચિત્, આનંદ ઇત્યાદિ અનેક સંજ્ઞાઓ વડે શાસ્ત્રમાં સંબોધેલું છે. આ પદ આકાશની જેમ સર્વનું અધિષ્ઠાન હોવા છતાં તદ્દન અસંગ, નિર્મલ, અત્યંત શુદ્ધ, પવિત્ર, જેમાં કદી પણ વિકાર થવો શક્ય નથી એવું અવિકારી અવ્યય, નિર્ગુણ, નિરાકાર, સ્વયંભૂ જેને કોઇના પણ આધારની જરૂર નથી છતાં જે સર્વનો આધાર છે એવું સ્વતઃસિદ્ધ અને અનિર્વચનીય છે. તે જ ચરાચરમાં વ્યાપેલું છે, તેના વડે જ આ બધું છે અને તે રૂપ જ છે. ટૂંકમાં આ પદ એ જ જ્ઞાનની અંતિમ મર્યાદા હોઈ તેનો સ્વાનુભવ થયા બાદ આ બધું મિથ્યા શી રીતે છે તે સારી રીતે જાણી શકાય છે પરંતુ જેઓને આત્માનો સાક્ષાત્કાર થયો નથી તેઓ આ બધું જગત છે અને અમો પણ છીએ એમ કહી પછી નરક વગેરેને કાલ્પનિક કહેવા માગે તો એક પ્રકારની ઘેલછા જ સમજવી. કેમ કે આત્મદૃષ્ટિએ તો પોતા સહિત આ બધું કાલ્પનિક છે, પરંતુ પોતે સિવક રહીને આ બધી કલ્પના છે એમ જો કોઈ કહેવા માગે તો તે નરી મૂર્ખતા જ ગણાશે. પોતે છે તો આ બધું જ છે. પણ જો પોતાપણું જ મટી જાય તો પછી પારકાપણાનું કે આ બધાના નાસ્તિત્વ કે અસ્તિત્વનો વિચાર કરવાપણું રહેતું નથી.

સારાંશ એ કે, જો તમો આત્માનો સાક્ષાત્કાર કરશો તો એકલા શાસ્ત્રોમાં આવતા નરકાદિ વર્ણનો જ નહિ પરંતુ તમારા પોતાસહિત આ બધું જગતાદિ દૃશ્ય પણ સાવ મિથ્યા છે એમ સારી રીતે અનુભવી શકશો અને જો તમો પોતાને અને જગતાદિ દૃશ્યને સત્ય માનતા હશો તો પછી શાસ્ત્રમાં આવેલા નરકાદિ તમામ વર્ણનો પણ તેટલા જ સત્ય છે, પરંતુ તે જાણવાને માટે તમો અજ્ઞાની હોવાથી તમારે શાસ્ત્રમાં બતાવેલા ધારણાભ્યાસાદિ કરવાની જરૂર છે કે જેથી તમો તેને જાણી તેની સત્યતા અનુભવી શકશો. અનભ્યાસે તે નથી એમ કહેવું એ ખરેખર મૂર્ખતા જ ગણાય. જેમ કે વ્યવહારમાં જેણે ગુજરાત પ્રદેશ કદી જોયો ન હોય અને જોવાને માટે પ્રયત્ન નહિ કરતાં જો તે જોનારાઓને કહે કે મને તમે ગુજરાત અહીં બતાવો તો હું તમારું ખરું માનું તો તે જેમ મૂર્ખપણું જ લેખાય તે જ ન્યાયે શાસ્ત્રમાંનાં નરકાદિ જેવાં વર્ણનો સંબંધે શંકા કરનારા અજ્ઞાની અને મૂઢોને માટે લાગુ પડી શકે છે (આ સંબંધે અધ્યાય ૮ શ્લોક ૨૫, ૨૬ માં વિવેચન છે). હવે આપણે જીવ યમપુરીમાં ગયા બાદ ત્યાં તેને કેવાં કેવાં દુઃખો ભોગવવાં પડે છે તેનો વિચાર આગળ ચલાવીશું.

જીવને યમપુરીમાં ભોગવવા પડતાં અનેક દુઃખો

યમપુરીમાં ગયા પછી જીવને કર્મ પ્રમાણે ત્યાંના દુઃખો ભોગવવાં પડે છે. ત્યાં યમદૂતો તેનાં ગાત્રોને બળતણમાં નાંખીને સળગાવી દે છે. પોતે હાથે કાપેલું કિંવા બીજાએ કાપી આપેલું પોતાનું જ માંસ ખાવું પડે છે. યમપુરીમાંના કૂતરાં અને ગરજો (ગીધ) યમલોકમાં જીવતાં જ આંતરડાંને ખેંચી કાઢે છે. ત્યાંના સર્પો, વિંછી અને ડાંસ વગેરે કરડવાથી અસહ્ય વેદનાઓ થાય છે. અંગોના ટુકડે ટુકડા કરી નાંખવામાં આવે છે. હાથીઓ વડે ચગદાવી નાંખવામાં આવે છે. રક્ત તથા પરૂની નદીઓમાં ધકેલી મૂકે છે. ગરમ પાણી અને ખાડાઓમાં શેકી નાખે છે, આ રીતે તામિસ્ર, અંધતામિસ્ર અને રૌરવ વગેરે જે અનેક પ્રકારનાં નરકો છે તે પુરુષ અને સ્ત્રીને પરસ્પર સંગ કિંવા વિષય ઉપરની આસક્તિને લીધે ભોગવવાં જ પડે છે.

વિદ્વાનો કહે છે કે સ્વર્ગ અને નરક બધું અહીં જ છે તેમની આ અહીં એ શબ્દોની વ્યાખ્યા એટલે સ્વર્ગથી પાતાળ સુધીની મર્યાદા સમજવી. આને જ શાસ્ત્રોમાં ભૂગોળ કહે છે (અધ્યાય ૮ શ્લોક ૨૫, ૨૬ પૃષ્ઠ ૪૬૮ થી ૪૭૧ જુઓ). તેમાં ૪૬ લોકોનો સમાવેશ થઈ જાય છે, એમ જાણવું. આ લોકમાં જ આ બધું જોવામાં આવે છે. નરકની પાતનાઓ પણ અહીં જ જોવામાં આવે છે. એ પ્રમાણે પોતાના કુટુંબનુ પોષણ કરનાર કિંવા કેવળ એકલા પોતાનું જ પેટ ભરનારા મનુષ્યોને, કુટુંબને તથા દેહને અહીં જ મૂકીને મરણ પછી આવાં આવાં અનેક કષ્ટદાયક ફળો ભોગવવાં પડે છે અને પછી પહાડ, વૃક્ષ, પક્ષી, પશુ ઇત્યાદિ સ્થાવરજંગમ યોનિઓમાં જન્મમરણાદિ તથા મોહ અને અજ્ઞાનતાના અનેક ક્લેશો ભોગવીને તે અંતે મનુષ્ય યોનિમાં જન્મે છે. જીવ ગર્ભવાસમાં કેવી રીતે આવે છે તથા ત્યાં તેને કેવું દુઃખ ભોગવવું પડે છે, તે સંબંધમાં તો પ્રથમ વિવેચન કરેલું જ છે (ભા૦ સ્કં૦ ૩, અ૦ ૩૧ જુઓ).

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।

मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥२०॥

જીવોમાં આસુર અને દૈવ એમ બે વિભાગો પડે છે

હે કૌંતેય ! પોતાના સ્વસ્વરૂપનું જ્ઞાન જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દૃશ્યાભાસની અંદર આવેલા તમામ જીવો પોતે પોતાના હાથે જ આમ દૈવી અને આસુરી એવી બે યોનિઓમાં ભટકે છે, એટલે જીવોમાં આ બે જ પ્રકારના વિભાગો પડી શકે છે; તે પૈકી દૈવી સંપત્તિવાળા જીવો તો મોક્ષમાર્ગના અધિકારીઓ છે પરંતુ આ આસુરી યોનિને પામેલા મૂઢ તો આત્મસ્વરૂપ એવા મને નાહે પામીને જન્મોજન્મમાં તેનાથી અધમ એટલે એક કરતાં બીજી વધુ ખરાબ એ રીતે અધમાધમ યોનિઓને જ પામતા રહે છે. આ આસુરી સંપત્તિવાળાઓની થનારી ગતિ સંબંધમાં તને કહ્યું અને આ સંબંધે પ્રથમ (અધ્યાય ૯ શ્લોક ૧૧ થી ૧૪ માં) કહેવામાં આવ્યું છે.

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।

कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥२१॥

કામ, ક્રોધ, અને મોહનો ત્યાગ કરો

હે પાર્થ ! નાશનમાત્મન્ એટલે આત્માનો નાશ કરનારા અર્થાત્ પોતે આત્મસ્વરૂપ હોવા છતાં પણ અજ્ઞાન વડે હું શરીર છું એ મુજબ પોતાના ખરા સ્વરૂપને બદલે ખોટી રીતે "હું અને મારું" એવો આત્મામાં મિથ્યા અભિનિવેશ (આગ્રહ) કરાવનારા તો કામ, ક્રોધ અને લોભ છે, માટે ત્રણ પ્રકારનું નરકનું એટલે અધઃપતનનું દ્વાર હોવાથી તેનો ત્યાગ કરવો જોઈએ. આત્માને હું અને મારું એવી રીતે જાણવું તે અવિદ્યા કિંવા અધર્મ કહેવાય. અધર્મથી દંભ અને માયાની ઉત્પત્તિ થાય છે (અધ્યાય ૩, શ્લોક ૩૭ થી ૪૩ જુઓ). આ પ્રમાણે આત્માનો નાશ કરનારા ગુણો જેમનામાં હોય છે તે નિઋતિ એટલે અસુરો કિંવા રાક્ષસો કહેવાય. તેઓ અધર્મના વંશ જ હોઈ કેવળ દંભી હોય છે; તેમની ઉત્પત્તિ આ મુજબની છે. દંભ અને માયા થકી લોભ અને શઠતાની ઉત્પત્તિ થવા પામે છે અને તે બેમાંથી લોભ અને હિંસા ઉત્પન્ન થયેલાં છે. તે થકી કવિ અને દુરુક્તિ એવાં બે ભાર્યાહિન અર્થાત્ કામ અને અનાચાર ઉત્પન્ન થયાં તથા તે બંનેના વ્યભિચારથી (સંગથી) ભય તથા ભયંકર એવું મૃત્યુ અને તેમાંથી નરક (અંધતમ) અને અત્યંત તીવ્ર વેદના ઉપજે છે, એટલે આ ભયંકર દુઃખજાળ ઉત્પન્ન થવા પામેલી છે. આ મુજબ આ અધર્મના વંશની વૃદ્ધિ થવા પામેલી છે એવો શાસ્ત્રમાં પણ નિર્ણય છે (ભા૦ સ્કં૦ ૪ અ૦ ૮ શ્લો૦ ૨).

આમ વિનાશી અને આસુરીસંપત્તને ઉત્પન્ન કરનારા અધર્મરૂપ એવા આ કામક્રોધાદિકો આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. એટલું જ નહિ પરંતુ તે મિથ્યા એવા મૃગજળમાં ફસાવી મનુષ્યના પુરુષાર્થનો નાશ કરી નાખે છે. આ તુચ્છ વિષયોમાં મનુષ્ય જીવ કેવી રીતે ફસે છે તથા તેમાંથી તેને કામ, ક્રોધ, તથા મોહ શી રીતે થવા પામે છે, તે સંબંધમાં થોડો વિચાર કરવો અનુચિત ગણાશે નહિ.

કામીઓની ભ્રષ્ટતા

અજ્ઞાનને લીધે સ્વસ્વરૂપનું વિસ્મરણ થતાં મિથ્યા અહંમમાદિ ભાવની ઉત્પત્તિ થઈ, અમુક સૌંદર્યવાળું છે તેમ જ અમુક સૌંદર્યથી રહિત છે ઇત્યાદિ દ્વંદ્વપણાના ભાવોની કલ્પના થાય છે, પરંતુ વાસ્તવિક સૌંદર્ય એ તો મન વડે કરવામાં આવતી એક પ્રકારની કલ્પના છે. સૌંદર્યાદિની કલ્પના કરવાથી કામના ઉત્પન્ન થઈ વિષયોપભોગોની ઇચ્છા થાય છે. જગતમાંના સર્વ વિષયોપભોગોમાં રતિભોગના સુખને મુખ્ય માનવામાં આવે છે અને તેની ઇચ્છા સૌંદર્યની કલ્પનાને લઈને જ થાય છે અને તેથી જ સુંદર સ્ત્રીઓના શરીરથી પુરુષને અને સુંદર પુરુષના શરીરથી સ્ત્રીઓને વિષયવાસનાવશાત્ જેટલું સૌંદર્ય અને રતિભોગનું સુખ પ્રાપ્ત થતું જણાય છે તેટલું જ યા તો તે કરતાં પણ વધુ સુખ કદરૂપી સ્ત્રીઓની સાથે પુરુષો કિંવા કદરૂપા પુરુષો સાથે સ્ત્રીઓ પણ મેળવે છે. આ સંબંધમાં એકાગ્રતાથી વિચાર કરશો તો જણાશે કે જગતમાં ઝાડ, પહાડ, પશુ, પક્ષી ઇત્યાદિની માફક સ્ત્રી નામની જે એક વસ્તુ જોવામાં આવે છે, તે તો તેનું બાહ્ય સ્વરૂપ થયું. તેનું પ્રથમ તો ચિત્તમાં સંકલ્પરૂપે કોઈ એક પ્રકારનું કલ્પના કરેલું સૂક્ષ્મ પ્રતિબિંબ પડે છે. જ્યાં તે રૂપાળી છે એવું ચિત્ર આલેખાય છે, પછી ચિત્તમાં ઉપરાઉપરી એનો એ જ વિચાર આવતો રહે છે. તેથી તેના સંભોગની ઇચ્છા પુરુષને ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે સ્ત્રીના મનમાં પણ પુરુષ સંબંધી ઇચ્છા પ્રવર્તે છે. આ રીતે જ્યારે પુરુષ કામથી વ્યાકુળ બની જાય છે, ત્યારે જ તેને રતિસુખ અનુભવમાં આવે છે. જો મન જરા પણ વ્યાકુળ થાય નહિ તો સ્ત્રી સુંદર હોવા છતાં પણ રતિસુખ અનુભવમાં આવતું નથી. આ ક્ષુબ્ધના ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ એટલે સ્ત્રી સૌંદર્ય આદિ વિષયોનો સંગ, સ્ત્રીના નેત્ર, સ્તન, નિતંબાદિ અવયવોનું ચિત્તમાં ફરી ફરીને પડવું એ જ એક વિષય ઉત્પત્તિનું કારણ છે. તેથી તદ્દન નાનાં બાળકોને કિંવા ચિત્તનો એકાગ્રતા કરનાર યોગીને આવો ક્ષોભ કદી પણ થતો નથી; આથી જ તેને સ્ત્રીસુખની લાલસા(કામની ઇચ્છા)ઉત્પન્ન થતી નથી. તાત્પર્ય કે, સ્ત્રી સુંદર હો કે ન હો પરંતુ તેના વડે પુરુષ જેમ જેમ સૌંદર્યની કલ્પના કરી રતિસુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તેમ તેમ પોતાના મનરૂપી પડદા ઉપર પ્રથમ તો તે સ્ત્રી છે અને સુંદર છે, એવું તેનું સૂક્ષ્મ ચિત્ર પાડી લે છે. તેમ સ્ત્રીઓ પણ પુરુષો સંબંધી તેવી જ કલ્પના કરી લે છે. અરે! જેના શરીરની સ્થિતિ વાસ્તવિક તો તદ્દન ગંદી હોય છે એવા તરુણો સાથે સ્ત્રીઓ પણ રમમાણ થઈ આનંદ મેળવે છે, એ તો તેમને થનારી સંતતિ ઉપરથી સહેજે સિદ્ધ થાય તેમ છે. તેઓ કદરૂપી છે, એવું મનમાં આવ્યા પછી કિંવા તેમને વિષે મનમાં જો કલ્પના જ ઉદ્ભવે નહિ તો સ્ત્રીઓને કેકાણે પુરુષને રતિસુખ કેવી રીતે પ્રાપ્ત થઈ શકશે? અને આવી વિરુદ્ધ ભાવના થવી એ કંઈ અશક્ય નથી. કામી પુરુષની આ મનો ભ્રષ્ટતા બાબત કેટકેટલું કહીએ? એ મુખોઓને સ્ત્રીઓના આ અતિશય ગંદા અને તુચ્છ એવા સ્તન, નિતંબ તથા યોનિ ઇત્યાદિ જેવા નરકસમા તુચ્છ ભાગો ઉપર સૌથી વધુ સૌંદર્ય દેખાય છે. અરે! આ મળમૂત્રથી ભરેલા શરીર ઉપર પણ જેમને સૌંદર્ય છે એમ લાગતું હોય તેમને બીજી કઈ જગ્યાએ સૌંદર્ય દેખાય નહિ! માટે વિચારો જોતાં જણાશે કે સૌંદર્ય એ તો એક મનની રહુરેની કલ્પના જ છે. ઉપર જણાવ્યા પ્રમાણે મનમાં સૌંદર્યની ભાવના કર્યા સિવાય અર્થાત્ આ સારી છે આ ખરાબ છે એવી ભાવના થઈ તેમાં આસક્ત થયા સિવાય કોઈ પણ વસ્તુ કોઈ પણ સ્થળે સુખદાયક જણાશે નહિ.

સૌંદર્ય એ કાંઈ નૈસર્ગિક નથી

મધમાં રહેલી મીઠાશની માફક સૌંદર્ય એ જો કુદરતી રીતે જ સંભવતું હોય તો તે નાનાં બાળકોને પણ કેમ અનુભવમાં આવતું નથી તે કહો. જુદા જુદા દેશમાં જુદી જુદી આકૃતિના લોકો મળી આવે છે.

કોઈને પગ એક, તો કોઈને આંખ એક, તો કોઈને કાન એક, કોઈના કાન ગધેડા જેવા, તો કોઈનું મોઢું ઘોડા જેવું, કોઈનો કાન લાંબો, તો કોઈની દાઢ હાથી જેવી, કોઈના દાંત મુખની બહાર આવેલા, કોઈ નાક વિનાના, તો કોઈનું નાક મોઢું અને કોઈના શરીર ઉપર વાળનું જાણું જ બંધાયેલું હોય છે ત્યારે કેટલાકોના શરીર પર તો વાળ જ હોતા નથી, તો કોઈના વાળ માંજરા, કોઈના ધોળા, કોઈના પીંગળા, તો કોઈના તીક્ષ્ણ હોય છે. કેટલાકો તો કોઢ નીકળેલા, કોઈ કાગડા જેવા કાળા રંગના, કોઈ ભૂખરા રંગના અને કોઇ કોઈ તો લાલ શરીરના હોય છે. તાત્પર્ય કે, આવી જાતના અનેક પ્રકારના લોકો પોતપોતાની જાતની સ્ત્રી અને પુત્રો વિષે આપની જેમ પ્રેમ અને સુખનો અનુભવ મેળવે છે. ઉપરાંત આ જગતની અંદર સુખના સાધનભૂત માનવામાં આવેલી બધી વસ્તુઓમાં સ્ત્રી શરીર એ મુખ્ય હોઈ તે દરેકને ઘણું જ પ્રિય લાગે છે અને જેના ઉપર મોટા મોટા ડાહ્યા અને બુદ્ધિમાનો પણ મોહિત થાય છે તેવું જે આ સ્ત્રી શરીર અને સ્ત્રીઓને અત્યંત પ્રિય એવું આ પુરુષ શરીર, ખરી રીતે વિચારી જોતાં કેવું છે! તેનો જરા સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરો. તે માંસથી લપેટાયેલું છે, લોહીથી ખરડાયેલું નસોથી બંધાયેલું છે અને ચામડીથી મઢેલું છે. અંદર હાડકાંનો માળો છે અને બહાર તો ઝીણી ઝીણી રુંવાટીઓ ચોટેલી છે. તે કફ, વાત અને પિત્તથી ભરપૂર હોઈ મળ-મૂત્રથી ખરડાયેલું છે. અરે શુક્ર અને શોણિત વડે બનેલા અને યોનિ દ્વારા જન્મેલા એવા આ અમંગળ દેહને પણ અતિ પ્રિય ગણવામાં આવે છે, એ કેવો ચમત્કાર છે! અત્યંત ચિતરી ચડે કિંવા સાંભળતાં વેંત જ ધ્રુજારી ઉપજે એવા આ અમંગળ દેહ ઉપર પણ જે પ્રેમ કરે છે તેમનામાં અને વિષ્ટામાંના કીડાઓમાં શો ફરક છે? હે રાજન્ જે આ શરીર આપને અત્યંત પ્રિય લાગે છે તેની ત્વચા, માંસ, લોહી વગેરેની જુદી જુદી સ્થિતિઓ સારી રીતે ધ્યાનપૂર્વક વિચારમાં લો. એવો જ પ્રકાર બીજા તમામ વિષયો કિંવા ભોગ્ય વસ્તુઓને માટે પણ સમજવો. ગળ્યું, ખાટું વગેરે ભોજનના જે છ રસો છે તેનું પરિણામ શું થાય છે? તેનો પણ જરા સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરી જુઓ. કોઈ પણ વસ્તુનું ભક્ષણ કરો પરંતુ છેવટે તો તેની વિષ્ટા જ થવાની એવો બધાનો અનુભવ છે. માટે હે રાજપુત્ર! જગતમાં આવો પ્રકાર જ જ્યાં ત્યાં જોવામાં આવતો હોવાથી તેમાં પ્રિય શું અને અપ્રિય શું ?(જુઓ દત્ત પરશુરામ હૈમલેખા અને હૈમચૂડનો સંવાદ) આ મુજબ કામ ઉત્પન્ન થવાથી ક્રમે ક્રોધ, સંમોહ તથા છેવટે બુદ્ધિનાશ થાય છે.

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।

आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥२२॥

અધર્મના દ્વારરૂપ આ ત્રણનો ત્યાગ

આ પ્રમાણે વિષયો એ કેવળ વિષરૂપ હોઈ મિથ્યા છે, તેનો અધર્મને લીધે વારંવાર અભ્યાસ થવાથી મનુષ્ય તેમાં આસક્ત બની જાય છે, તેમ થતાં તેને તે વિષયભોગ મેળવવાની ઇચ્છા એટલે વાસના કિંવા કામના જાગ્રત થાય છે. આ રીતે કામાસક્ત બનેલાને તે વિષયો પ્રાપ્ત નહિ થતાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધને લીધે તે મોહવશ થાય છે અને મોહવશતાને લીધે તેની સારાસાર વિવેકબુદ્ધિ નષ્ટ થતા પામે છે. આમ નશાના ઘેનમાં ચકચૂર થયેલો અર્થાત્ સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થયેલો તથા વિષયોમાં જ આસક્ત બનેલો આ અધાર્મિક પુરુષ આસુરી સંપત્તિવાળો કહેવાય છે. આ રીતે પુરુષ પોતે પોતાના હાથે જ પોતાનો વિનાશ કરી લે છે. તરમાત્ હે પાર્થ! આત્મરૂપ પ્રકાશથી વિરુદ્ધ અશાસ્ત્રીય એવા અંધકાર કિંવા અધર્મના દ્વારરૂપ આ ત્રણ એટલે કામ, ક્રોધ અને લોભનો તું ત્યાગ કર.

શાસ્ત્ર અને અશાસ્ત્ર કોને કહેવું

હે કૌંતેય! તમ અર્થાત્ અંધકાર, અજ્ઞાન,અધર્મ કિંવા અશાસ્ત્રીય અને નરકમાં નાખનાર કામ, ક્રોધ અને લોભ એ ત્રણના જડબામાંથી તદ્દન છૂટેલો પુરુષ ધર્મરૂપ એવા આત્મશ્રેયને જ આચરે છે અને

તેથી તે પરમગતિને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ કે, કામ, ક્રોધ અને લોભ એ ત્રણ પુરુષને મોહમાં ફસાવી નિત્યપ્રતિ જન્મમરણરૂપ એવી દુઃખપરંપરામાં જ ભટકાવ્યા કરે છે, તેવા આસુરી સંપત્તિવાળા અવિવેકીઓ અધર્મનું આચરણ કરનારા કિંવા અશાસ્ત્રીય વર્તન કરનારા મૂઢ કહેવાય છે તથા જેઓ શ્રેય એટલે કલ્યાણકારી એવા આત્મધર્મમાં જ સ્થિત રહે છે તેવાઓ ધર્માચરણ કરવાવાળા વિવેકી તથા શાસ્ત્રમાર્ગે ચાલનારા કહેવાય છે. જેઓ આ રીતે કલ્યાણકારી એવા આત્મધર્મના એટલે હું દેહાદિક નહિ પરંતુ આત્મા છે એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે સતત અભ્યાસ કરે છે, તેવા દૈવી સંપત્તિમાન પુરુષ દુઃખપરંપરામાં નાખનાર અજ્ઞાનના દ્વાર સમાન આ ત્રણમાંથી વિમુક્ત એટલે તદ્દન છૂટીને પરમગતિને એટલે આત્મામાં એક થવા રૂપ ગતિને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ એ કે, હું આત્મા છે એવા પ્રકારે આત્મધર્મને જાણવું એ જ ખરો શાસ્ત્રવિહિત કર્મ કરનારો કહેવાય છે અને જે પોતાને આત્મરૂપે નહિ જાણતાં હું એટલે દેહ છું એવી રીતે જાણે છે તે શાસ્ત્રનિષિદ્ધ કર્મ કરનારો કહેવાય. ટૂંકમાં આત્મનિશ્ચયવાળો દૈવી સંપત્તિમાન કોઈ ધર્મમાર્ગનું આચરણ કરનારો છે તથા હું દેહ છું, તેવા નિશ્ચયવાળો આસુરી સંપત્તિવાળો કોઈ અશાસ્ત્રીય આચરણ કરનારો છે એમ સમજવું.

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।

न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥૨૩॥

શાસ્ત્રવિધિનો ત્યાગ કરનારા અધોગતિમાં પડે છે

જે અવિવેકી શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે જ સ્વચ્છંદતાથી વર્તે છે તે કદી પણ સિદ્ધિને, સુખને કે ઉત્તમગતિને પણ પામતો નથી. તાત્પર્ય એ છે કે, જે અવિવેકી અને મૂઢ પુરુષ ગુરુપ્રતીતિ અને શાસ્ત્રપ્રતીતિથી સિદ્ધ એવા આત્મરૂપનો વિચાર નહિ કરતાં, સર્વ શાસ્ત્રના અંતિમ ધ્યેયરૂપ એવું જે આત્મશાસ્ત્ર તે વિધિનો પરિત્યાગ કરીને એટલે પ્રથમતઃ વિવેકયુક્ત વિચારવડે આ સર્વ આત્મરૂપ છે એવા દૃઢ નિશ્ચયવડે શરીર, વાણી અને મન વડે થતું તમામ કર્મ આત્મરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, એ રીતે અંતઃકરણમાં જે જે સંકલ્પનું ઉત્થાન થાય તેને તુરતજ આત્મરૂપ બનાવી દઈ તેમાં એકરૂપ થતાં અભ્યાસ કરવારૂપ વિધિનો પરિત્યાગ કરીને અવિવેકીપણાથી પોતાના મનમાં જેમ આવે તેમ ઇચ્છાનુસાર (ફાવે તેવી રીતે), સ્વચ્છંદપણાથી વર્તે છે, તેને આ લોકમાં અને પરલોકમાં કોઈ પણ પ્રકારની સિદ્ધિ મળતી નથી, તો પછી અંતિમ એવી આત્મસિદ્ધિની વાત તો દૂર જ રહી. વળી તે આ લોકમાં કે પરલોકમાં કદી પણ સુખને પામતો નથી, તેમજ તેને સર્વ કરતાં શ્રેષ્ઠ એવી પરમગતિની પ્રાપ્તિ પણ થતી નથી. અર્થાત્ શાસ્ત્રવિધિને છોડી મનમાં આવે તેમ ફાવે તેવું વર્તન કરનારાઓ અંતે અધોગતિમાં જ પડે છે. તેથી શાસ્ત્રવિધિને શ્રેષ્ઠ માનવી જોઈએ. તે સંબંધમાં વધુ સ્પષ્ટતાની જરૂર હોવાથી તેનો વિચાર કરીશું.

શાસ્ત્ર અને વિદ્યા એટલે શું ?

શાસ્ત્ર શબ્દની મૂળ ઉત્પત્તિ 'શાસ્' ધાતુ ઉપથી થયેલી છે. તેની વ્યુત્પત્તિ 'शिष्यतेऽनेनेति शास्त्रम्' એટલે જેના વડે શાસન કરવામાં આવે છે, કરી શકાય છે યા થઈ શકે છે તે શાસ્ત્ર; એ પ્રમાણેની છે. વ્યવહારમાં શાસ્ત્રના અનેક અર્થો રૂઢ છે તે પૈકી વિદ્યા પ્રાપ્ત કરી આપનારું તે જ ખરું શાસ્ત્ર છે, આ અર્થ પ્રધાન છે. પ્રસ્થાન એટલે ગમન કરવું, જે વિદ્યાના માર્ગે ગમન કરાવે છે તે પ્રસ્થાનો કહેવાય છે. સાધનો કિંવા માર્ગો એ અર્થે પણ તે વપરાય છે. ગતિની નિવૃત્તિ, સ્થિતિ કિંવા સ્થિરતા થવી ઇત્યાદિ પ્રસ્થાનના અનેક અર્થો રૂઢ છે. તેનો ભાવાર્થ એવો છે કે, એક એવું પદ છે કે જ્યાં વાણી, મન કે બુદ્ધિ વગેરે પ્રવેશી શકતાં નથી, તેમની ગતિ જ્યાં સ્થિર થાય છે, એવા પરમપદની જે પ્રાપ્તિ કરાવી આપે તેનું નામ જ વિદ્યા અને તે કરતાં વિપરીત એ બધી અવિદ્યા સમજવી. "सा विद्या या विमुक्तये" તેનું નામ જ વિદ્યા છે

કે જે મોહવડે ઉત્પન્ન થતાં અજ્ઞાનજન્ય દુઃખોમાંથી છોડાવે, દુઃખરૂપ એવા આ સંસારચક્રમાંથી મુક્ત કરાવે, એવું વિધાન જેમાં બતાવવામાં આવ્યું છે તેને જ વિદ્યા કહે છે. જ્ઞાન એ તેનું જ બીજું નામ હોઈ તે સ્વતઃસિદ્ધ જ છે. કોઇની પણ અપેક્ષાથી રહિત છે. પોતે સર્વજ્ઞ સર્વવ્યાપક અને સર્વનું અધિષ્ઠાન હોવા છતાં પણ જે તદ્દન નિઃસંગ છે. વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિનો પણ જ્યાં ચંચુપ્રવેશ થતો નથી એવા સ્વતઃસિદ્ધપદની પ્રાપ્તિ થવી તે જ વિદ્યાનો ઉદ્દેશ હોઈ તેવી વિદ્યા પ્રાપ્ત કરવાનું વિધાન જેમાં બતાવવામાં આવ્યું હોય તે જ ખરું શાસ્ત્ર કહેવાય. આ મુજબ વિદ્યાપ્રાપ્તિનાં ચૌદ પ્રસ્થાનો છે, તેમાં ઉપનિષદો અને ઉપવેદસહિત ચાર વેદ, છ વેદાંગ અને ચાર ઉપાંગનો સમાવેશ (અધ્યાય ૨ શ્લોક ૩૯ પૃષ્ઠ ૧૬૧/૧૬૨ જુઓ) થાય છે તે બધાં વિદ્યાપ્રાપ્તિના સાધનો હોવાથી તેઓને શાસ્ત્ર એવી સંજ્ઞા આપવામાં આવેલી છે.

કોઇને મનસ્વી રીતે વર્તવાનો અધિકાર નથી.

વ્યવહારમાં શાસ્ત્રનાં વિદ્યા, શ્રુતિ, સ્મૃતિ, વ્યાકરણાદિ ધર્મપુસ્તકો, આજ્ઞા, નિયમ, કાયદો, વિધાન ઇત્યાદિ ઘણા અર્થો પ્રચલિત છે. જ્યાં સુધી મનુષ્ય આત્માનો સાક્ષાત્કાર કરી શકે નહિ ત્યાં સુધી તેની અજ્ઞાનતા કદાપિ નષ્ટ થતી નથી. અજ્ઞાનતાને લીધે જ મોહ ઉપજે છે અને તેથી સાચ મિથ્યા તથા નાશવંત વસ્તુઓ પ્રત્યે સત્ય અને શાશ્વતતાની ભાવના થાય છે. આવી વિપરીત ભાવનાને લીધે તેને ડગલે અને પગલે અત્યંત દુઃખો જ ભોગવવાં પડે છે. જેને લીધે તે દરેક કાર્યને અંતે હતાશ બની જાય છે. આ મુજબ પુનઃ પુનઃ ગર્ભવાસથી માંડીને મૃત્યુપર્યંત તે અનેક પ્રકારના કર્મો સુખ મેળવવાની આશાએ કરે છે અને મોહને લીધે હું કરું છું એ જ બરોબર છે એમ મન વડે માની લે છે, પરંતુ તે તો ખોટો દુરાગ્રહ છે એવું તેને ભાન પણ હોતું નથી. તેવા પોતાને બુદ્ધિશાળી સમજનારા પણ વાસ્તવિક બાળકબુદ્ધિની જેવા અજ્ઞાનીઓનાં કર્મો સિદ્ધાંતસ્વરૂપના હોતા નથી પણ પ્રયોગાવસ્થાના હોવાથી તે પરિણામે શૂન્યરૂપ અને દુઃખદ નિવડે છે. તેઓ જગતમાં કલ્યાણના નામે અકલ્યાણ, સુખ સુખ કહી દુઃખ, શાંતિ શાંતિને નામે અશાંતિ, કર્તવ્યને નામે કર્તવ્યશૂન્યતા ઇત્યાદિનો જ ફેલાવો કરે છે. આમ તેઓ તરફથી શાસ્ત્રના બહાને અશાસ્ત્રીય કર્મો થતાં રહે છે. તે થકી પોતાનો અને સમાજનો એમ બંનેનો વિનાશ થાય છે કેમ કે તેઓનાં આ કર્મો નાદાનીભર્યાં હોય છે. તસ્માત્ બુદ્ધિમાનોએ મનસ્વી કર્મો નહિ કરતાં તે શાસ્ત્રવિધિ અનુસાર જ છે એવી પૂરેપૂરી ખાતરી કરીને જ કરવાં જોઈએ; છતાં જે શાસ્ત્ર સમજ્યા વગર અને શાસ્ત્રવિધિ અનુસાર એટલે જગતાદિ નિર્માતા ઈશ્વરે નિર્માણ કરેલા શાસ્ત્રોનાં વિધાન અથવા આજ્ઞાનો ત્યાગ કરી પોતે મનસ્વી રીતે જ કર્મો કરે છે કિંવા વર્તે છે, તેઓ પોતે જે ઉદ્દેશ યા ફળ મળવાની ઇચ્છા રાખતા હોય તે સિદ્ધિને કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી, તો પછી શ્રેષ્ઠ એવી પરમગતિ અને સુખ ક્યાંથી મેળવી શકે ? કારણ કે પરમપદની પ્રાપ્તિ વિના સાચું સુખ અને અખંડ શાંતિ કદાપિ પ્રાપ્ત થઈ શકે જ નહિ, એવો સિદ્ધાંત છે. માટે શાસ્ત્ર આધારને છોડીને કેવળ મને સ્ફૂર્તિ કિંવા પ્રેરણા થઈ તેથી હું આમ વર્તું છું અથવા આમ વર્તવા લોકોને કહી રહ્યો છું, એવું જે કોઈ કહે તો તે અજ્ઞાનતાનું લક્ષણ હોઈ એક પ્રકારનું વ્યસન અથવા નશો છે એમ જાણવું. અર્થાત્ એવું કહેવાનો કે મનસ્વી વર્તન કરવાનો કોઈ ને પણ અધિકાર પહોંચતો નથી, એવું અત્રે ભગવાને સ્પષ્ટ રીતે કહેલું છે.

શાસ્ત્ર આજ્ઞા અનુસાર વર્તન કેમ રાખવું ?

અત્રે એવી શંકા થવાનો સંભવ છે કે શાસ્ત્રવિધિને અનુસરીને વર્તન કેમ રાખવું ? અને ઉપર કહેલાં વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનોને જ શાસ્ત્રો કેમ કહેવાં ? તેના ઉત્તરમાં કહેવાનું કે, જ્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થઈ પરમપદની પ્રાપ્તિ થયેલી હોતી નથી, ત્યાં સુધી થનારાં દરેક કર્મોને માટે કોઈપણ નિયમો કિંવા કાયદાઓની અત્યંત જરૂરિયાત હોય છે. વ્યવહારમાં પણ જુઓ કે જ્યાં સુધી કામદેસર સાબિતી થઈ ન શકે, ત્યાં સુધી સરકાર પણ તે વાતને માન્ય કરતી નથી, જેમ કે કોઈ પણ સ્થાવરજંગમના માલિકી હક્ક સંબંધે આપસઆપસનો ઝઘડો ઉપસ્થિત થાય અને તેમાં દરેક પક્ષ પોતપોતાની મનસ્વી રીતે એ મારી માલિકીની

છે એમ માની લે તો તેથી કાંઈ સરકાર તે કબૂલ નહિ કરે પરંતુ સરકારે ઠરાવેલા નિયમ અનુસાર જે તેનો કાયદેસર માલિક છે એવું પૂરવાર કરીને બતાવે તે જ તેનો ખરો વારસ યા હકદાર થઈ શકે છે. એ પ્રમાણે કોઈ ચોરી કરે અને કહે કે મારા મનમાં ઈશ્વરે પ્રેરણા કરી કિંવા મને સ્ફૂર્તિ થઈ આવી એટલા માટે તે મેં કરી અથવા બીજાને મદદ કરવા માટે કરી કિંવા જગતના કલ્યાણને અર્થે કરી તો તેનો એ બચાવ સરકાર માન્ય કરી શકશે ખરી કે? તે તો સરકારના કાયદાની દૃષ્ટિએ ગુન્હેગાર ઠરે છે. એ જ રીતે કોઈ સરકાર વિરોધી સંસ્થા હોય પછી તેનો ઉદ્દેશ ગમે તેટલો સાચો હશે તો પણ તે ગેરકાયદેસર જ ગણાય છે. આ રીતે સાધારણ દેહધર્મમાં પણ હાથ વડે કામ કરવું, પગવડે ચાલવું, આંખ વડે જોવું, મોં વડે ખાવું, મનવડે સંકલ્પો કરવા ઇત્યાદિ કાયિક, વાચિક અને માનસિક તમામ ક્રિયાઓ પૂર્વપરંપરાથી જે શાસ્ત્ર આધારે નિશ્ચિત થઈ ચૂકેલી છે તેનું જ અવલંબન સર્વ મનુષ્યોને કરવું પડે છે. આંખનું કામ નાક વડે કે નાકનું કામ આંખ વડે થઈ શકતું નથી. એટલું જ નહિ પણ હિસાબ જેવા સામાન્યતઃ વ્યાવહારિક બાબતનો વિચાર કરશું તો પણ જણાશે કે તમો તમારો હિસાબ પછી ગમે તેટલો સાચો હશે પરંતુ જો તે કેવળ મોઢેથી જ સરકાર આગળ રજૂ કરશો તો તે કદી ખરો માનશે નહિ. તે તો તેણે ઠરાવેલા નિયમાનુસાર લેખિત રજૂ કરો તો જ માને છે. બોલવામાં પણ એમ જ. સરકારી નિયમ વિરુદ્ધ એક પણ શબ્દ બોલો તો તત્કાળ શિક્ષાને પાત્ર થવાય છે. મને કાયદાની-માહિતી ન હતી તેથી મેં ચોરી કરી એવા બહાના તળે તે નિર્દોષ ઠરતો નથી પરંતુ કાયદો જાણી લેવો એ તેની ફરજ ગણાય છે. આમ નિત્યપ્રતિ ચાલતા વ્યવહારમાંની નાની મોટી દરેક બાબતોને માટે પણ કાયદાઓ કિંવા નિયમના આધાર વિના એક પણ ડગલું આગળ વધી શકાતું નથી તો પછી જેનું ધ્યેય સત્યના ઉદ્દેશ વડે ઐહિક અને પરલૌકિક કલ્યાણ કરવું એ જ એક હોય, તેનાં હિતકારક શાસ્ત્રોની આજ્ઞાને છોડીને કિંવા અમો શાસ્ત્ર જાણતા નથી એવું બહાનું બતાવીને મનસ્વી વર્તન કરનારાઓ પોતે તેમના આધાર ઉપર અવલંબન કરી રહેલા બીજા બધાઓ સહિત વિનાશને પામે તો તેમાં નવાઈ શી? એટલા માટે જ ભગવાને અત્રે પરમપદરૂપ ધ્યેયની પ્રાપ્તિને માટે મનસ્વી વર્તન નહિ કરતાં તમામ કર્મો શાસ્ત્રવિધિને અનુસરીને જ કરવાં જોઈએ; તહીં પણ મનસ્વી નહિ પણ શાસ્ત્રમાન્ય જ હોવા જોઈએ, એમ સ્પષ્ટ સૂચવ્યું છે.

વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો જ શાસ્ત્રો કેમ કહેવાય?

હવે ઉપર કહેલાં વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનોને જ શાસ્ત્રો કેમ કહ્યાં, એ પ્રશ્નનો ઉત્તર કહું છું તે સાંભળ. જુઓ કે વ્યવહારમાં પણ ગુનાઓ થયા પછી રાજકાયદાઓ તૈયાર કરવામાં આવતા નથી પણ તે તો પ્રથમથી જ બનાવેલા હોય છે તેથી ગુનો કયા કાયદાની કઈ કલમ નીચે આવે છે એટલું જ ફક્ત જોવાનું રહે છે તે પ્રમાણે આ બધા અનેક બ્રહ્માંડો જેમાં ઉત્પન્ન થયાં છે એવું આ જગત્ જેણે ઉત્પન્ન કર્યું છે તે ઈશ્વરે જ આ મનુષ્યાદિ જીવોની ઉત્પત્તિ થતાં પૂર્વે લાખો વર્ષો *અગાઉથી તે નિર્માણ કરેલા છે. આ રીતે ઈશ્વરપ્રણીત એવા એ વેદો સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા છે, તેથી તે અપૌરુષેય કહેવાય છે. મનુષ્યસર્જિત શાસ્ત્રોને શાસ્ત્રો નહિ પણ માનસિક કલ્પના જ કહી શકાય; કેમ કે મનુષ્યજીવ એ અજ્ઞાની અને અપૂર્ણ હોઈ અતિમર્યાદિત છે. તે અમર્યાદ અને પૂર્ણ એવા પરમપદની પ્રાપ્તિ કરાવી જોકોને કાયમી સુખશાન્તિનો માર્ગ કેવી રીતે બતાવી શકે? તેથી મનુષ્યરચિત શાસ્ત્રો કદાપિ હોઈ શકે જ નહિ. તે તો ફક્ત મનસ્વી ઉપજાવી કાઢેલી અને જેમાં પોતાનો સ્વાર્થ ઉપરાંત એષણાઓ સાધી શકાય એવી પામર દૃષ્ટિનું અવલંબન કરીને નિયમ વા શાસ્ત્રના નામે તૈયાર કરાયેલી

*આ જગતમાં મનુષ્યજીવની ઉત્પત્તિ થઈ તે પૂર્વે સૌર માન પ્રમાણે ૧,૭૦,૬૪,૦૦૦ વર્ષો પૂર્વે વેદાદિ ધર્મશાસ્ત્રો પ્રકટ થયેલાં હતાં એ ગણિતસિદ્ધ હોવાથી તે કાળના નિયમ પ્રમાણે નિશ્ચિત પૂરવાર થયેલી છે. પરંતુ તે પૂર્વે તે ક્યારે ઉત્પન્ન થયા તે પ્રમાણ કાળથી પર જાય છે. આથી વેદો એ કોઈ મનુષ્યકૃતિના નહિ પરંતુ ઈશ્વરપ્રણીત કહેવાય છે. તે કોઈ મનુષ્યના બનાવેલા નહિ હોવાને લીધે અપૌરુષેય કહેવાય છે.

કલ્પિત કાદંબરીઓ જ છે એમ સમજવું. પરંતુ જેઓએ અપૌરુષેય એવા વેદશાસ્ત્રમાં કહેલા વિધિ અનુસાર પરમપદની પ્રાપ્તિ કરી લીધા બાદ પોતામાં સ્વાનુભવસહિત તે શાસ્ત્ર આજ્ઞાઓનો અર્થ લોકો સહેલાઈથી અને સરળતાથી સારી રીતે સમજી શકે એટલા માટે પ્રયત્ન કરેલો છે તેવા મહર્ષિઓએ યુગારંભમાં તપશ્ચર્યાદિ સાધનો દ્વારા એ વેદો અંતઃકરણમાં સાંભળી તેને શાસ્ત્રવિધિ અનુસાર જ વિસ્તૃત કરેલાં છે. તેનો ઉદ્દેશ એ કે વેદશાસ્ત્રની આજ્ઞાઓનો હેતુ સ્પષ્ટ અને અને સારી રીતે સમજી શકે અગર તો મંદબુદ્ધિમાનો શાસ્ત્રકારોએ બતાવેલી એ વિધિ અનુસાર વર્તે તો તે થકી પણ અંતે તે પરમપદની પ્રાપ્તિ કરી કાયમી સુખશાંતિ મેળવી શકે, એવા હેતુથી વેદને આધારે જ એ શાસ્ત્રવિધિનો વિસ્તાર કરેલો છે. આ રીતે વિસ્તાર કરેલા અપૌરુષેય અને પૌરુષેય મળી શાસ્ત્રનાં કુલ ચૌદ પ્રસ્થાનો છે, જે ઉપર કહેલાં છે. અન્ય સમયે પણ જેઓ આત્મસાક્ષાત્કાર થયા બાદ પોતાના સ્વાનુભવયુક્ત આર્ષવાક્યો કાલદેશાદિનો વિચાર કરીને જગતમાં પ્રકટ કરે છે, તે બધા પણ આના જ વિસ્તાર કિંવા ટીકારૂપ હોવાથી ચૌદ પ્રસ્થાનોમાં જ આવી જાય છે. તેથી તેને પણ શાસ્ત્ર એવી સંજ્ઞા વ્યવહારમાં છે એટલે કે જગતમાં શાસ્ત્રવિધિ અનુસાર થતો વ્યાવહારિક, પ્રાપંચિક, સાંસારિક, યા પારમાર્થિક સર્વ વ્યવહારનો સમાવેશ આ ચૌદ પ્રસ્થાનોમાં જ સમાઈ જાય છે. જેમ કે કોઈ ગ્રંથ ઉપર હજારો ટીકાઓ થાય પણ તે બધીનો સમાવેશ મૂળ એક જ ગ્રંથમાં થઈ જાય છે તેમ પરમપદની પ્રાપ્તિના ઉદ્દેશથી આત્માનુભવ સહિત જે જે કાંઈ કહેવામાં કે કરવામાં આવે છે તે તમામનો સમાવેશ આ ચૌદ પ્રસ્થાનોમાં જ થઈ શકે છે, પરંતુ જેઓ શાસ્ત્રવિધિઓ, શાસ્ત્ર આજ્ઞા કિંવા નિયમોને છોડી મનસ્વી રીતે વર્તે તેઓ તો જરૂર વિનાશને પામે છે; એ મુજબ ભગવાને અત્રે સ્પષ્ટ રીતે જણાવેલું છે.

शास्त्रविधि એટલે ?

ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાને આમાં એકલું શાસ્ત્ર એમ કહ્યું નથી પણ **"शास्त्रविधि"** એમ કહ્યું છે. તેનો ઉદ્દેશ શાસ્ત્રની આજ્ઞાનું આચરણ કરવાનું છે. કેવળ શાસ્ત્ર સમજવાની કિંવા પઠનપાઠન થકી પણ ધ્યેય પ્રાપ્ત થઈ શકતું નથી, પરંતુ શાસ્ત્રની આજ્ઞાનુસાર વર્તન કરવાથી જ ધ્યેયની પ્રાપ્તિ થઈ શકે છે, આથી વ્યવહારમાં પણ વિધિ એટલે ગ્રહણ કરવા યોગ્ય અને નિષેધ એટલે ત્યાગવા યોગ્ય, એ મુજબ આ બે સાપેક્ષ શબ્દોનો અર્થ છે. વેદમાં પણ વિધિવાક્યો અને નિયમવાક્યો એ રીતે બે વાક્યોનો સમાવેશ થાય છે. તેમાં વિધિ એ આજ્ઞાવાક્યો છે. પોતાનું કર્તવ્ય સમજીને જે તે વાક્યોનું વિશ્વાસથી પાલન કરે છે તે પરમપદને અવશ્ય પ્રાપ્ત થાય છે. વેદનાં વિધિવાક્યોનું એટલે આજ્ઞાનું પાલન કરનારાઓ વિહંગમની જેમ તત્કાળ પરમપદની પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ તેવા તીવ્ર બુદ્ધિમાનો તો ઘણા જ થોડા પ્રમાણમાં હોય છે. જગતમાં ઘણો મોટો સમૂહ તો એ માર્ગનું ગ્રહણ કરવાને અશક્તિમાન હોવાથી તેમની બુદ્ધિનો વિચાર કરીને જ વેદમાં નિયમવાક્યોની પણ યોજના કરવામાં આવેલી છે, એટલે જેમ નાના નાના વહેળાઓ પ્રથમ મોટી નદીને મળી પછી સમુદ્રને મળે છે તેમ આ નિયમવાક્યો લાલચ બતાવનારાં હોવાથી તેમાં લોભાઈ લોકો તેનો અંગીકાર કરે છે. પરંતુ છેવટે તો વિધિવાક્યનું અવલંબન કરી પરમપદને પામે છે. એટલે એક જન્મે યા હજારો જન્મો પછી નિયમવાક્યો વડે પણ છેવટે તો વિધિવાક્યમાં જ જવાય છે.

આ વિધિવાક્યોનો અંત વેદનાં ચાર મહાવાક્યોમાં થાય છે (મહાવાક્યો માટે અધ્યાય ૧૫ શ્લોક ૧૫ પૃષ્ઠો ૭૨૭–૭૩૫ જુઓ)* સર્વ જીવોને છેવટે પરમપદની પ્રાપ્તિ કર્યા સિવાયં છૂટકો નથી. એક જન્મે યા અનેક જન્મો પછી રાજ્યાદિ કે સ્વર્ગાદિ જેવા અનેક પ્રકારના વૈષયિક સુખો ભોગવ્યા પછી કિંવા અંધતમાદિ જેવાં નરકવાસાદિ અતિદારુણ દુઃખો ભોગવ્યા પછી પણ છેવટે તે જ પદની પ્રાપ્તિ કરવી પડે છે. જ્યાં સુધી તે પદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે આ સુખદુઃખાદિ જેવાં દ્વંદ્વના ચક્કરો અને ભયાદિમાંથી કદી પણ મુક્ત થઈ

* વિધિ અને નિયમવાક્યોના વધુ વિવરણને માટે કિરણાંશ ૧૧, અ૦ ૨, શ્લો૦ ૪૯ અ૦ ૩ શ્લોક ૨૯ તથા અધ્યાય ૧૫ શ્લોક ૧૫ વગેરે જુઓ.

શકે જ નહિ. કેમ કે તે બધાં સુખો વૈષયિક હોવાને લીધે મૃગજળની જેમ ક્ષણિક હોય છે. તે દેખવામાં સુખરૂપ પરંતુ પરિણામે ભયંકર દુઃખરૂપ નીવડે છે. પરમપદની પ્રાપ્તિ થઈ જ કાયમી અને અખંડ સુખશાંતિ મેળવી શકાય છે તથા તે પરમપદ પ્રાપ્તિને માટે વેદમાં આજ્ઞારૂપમાં બતાવેલી અંતિમ વિધિનો બોધ પ્રાપ્ત કરી લઈ આચરણ વા અભ્યાસ કરવાની અત્યંત જરૂર છે. આ અંતિમ વિધિ સંબંધમાં બંને વખતોવખત કહેવામાં આવેલું જ છે છતાં પરિપકવતાને માટે પ્રસંગવશાત્ ફરીથી કહું છું.

શાસ્ત્રવિધિ કિંવા વેદની અંતિમ આજ્ઞા

આ સઘળું દૃશ્ય આત્મસ્વરૂપ હોઈ હું પોતે પણ આત્મા જ છે અને આ આત્મા એ જ બ્રહ્મ છે. જ્ઞાન પણ એ જ છે તથા તે સ્વતઃસિદ્ધ છે; એ રીતે પ્રથમ દૃઢ નિશ્ચય કરવો અને પછી અંતઃકરણમાં કોઈપણ વૃત્તિને ઊઠવા જ નહિ દેવી તથા જો કદાચ ઊઠે તો તેને તત્કાળ આત્મસ્વરૂપમાં જ દાબી દેવી તેમ જ એવો દાબનારો હું પોતે પણ તદ્રૂપ જ છે, એ મુજબ પોતા સહિત તમામ ભાવોનો વિલય કરી નાંખવો તથા અનિર્વચનીય થવું. આ જ તે વેદોમાં કહેલી અંતિમ આજ્ઞા કિંવા ભગવાને કહેલી શાસ્ત્રવિધિ છે. પરંતુ જ્યાં સુધી આ ઉચ્ચતર શાસ્ત્રવિધિની માહિતી હોતી નથી ત્યાં સુધી ઉપર કહેવામાં આવેલાં શાસ્ત્રોનાં ચૌદ પ્રસ્થાનોમાં કહેવાયેલી વિધિનું અવલંબન કરવાથી છેવટે આ અત્યુચ્ચતર ધ્યેયને પ્રાપ્ત કરી આપનારી અંતિમ વિધિની પ્રાપ્તિ થઈ શકે છે. આ રીતે ધ્યેય પ્રાપ્ત કરી જીવન્મુક્ત થયેલો ફક્ત શાસ્ત્રવિધિથી પર થઈ શકે છે, સારાંશ શાસ્ત્રવિધિ યા શાસ્ત્ર આજ્ઞાને છોડી કિંવા શાસ્ત્રનો અભ્યાસ નહિ કરેલો, પોતાના મનમાં આવે તેવું સ્વચ્છંદી વર્તન કરનારો પછી તે પોતાને ગમે તેવો બુદ્ધિશાળી સમજતો હોય અથવા જગતમાંના લોકો તેને મહાન બુદ્ધિશાળી માનતા હોય છતાં પણ તે એક ધ્યેય ચૂકેલો નાદાન છે, એમ સમજવું. આથી તે કદી પોતે માની લીધેલી સિદ્ધિને પણ પ્રાપ્ત કરી શકતો નથી તો પછી તેને પરમગતિની પ્રાપ્તિ કયાંથી થાય? અને પરમગતિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કાયમી સુખની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? અત્રે ભગવાને વ્યવહારમાં મનસ્વી વર્તન કરવાનો કોઈને પણ અધિકાર નથી એવું નિશ્ચિત સિદ્ધ કરી બતાવ્યું છે.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ ।

ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

કાર્યાકાર્યમાં શાસ્ત્ર જ પ્રમાણ છે

તસ્માત્ હે પાર્થ! કાર્ય અને અકાર્યની અવસ્થામાં તારે માટે તો શાસ્ત્ર જ પ્રમાણ છે. માટે શાસ્ત્રોમાં વિધાન કરેલા વિધિને જાણ. તે મુજબ અહીં કર્મો કરવાં એ જ યોગ્ય છે. ભાવાર્થ એ છે કે, ઉપર કહી ગયા તેમ આસુરી સંપત્તિવાળાઓ પોતાના મનમાં આવે તેમ વગર વિચાર્યે કાર્યો કરતા રહે છે અને તેથી તેઓ કાર્યસિદ્ધિ, પરમપદ કે સુખ કિંવા શાંતિ કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી; માટે કાર્યાકાર્યવ્યવસ્થિત એટલે કર્તવ્ય કોને કહેવું અને અકર્તવ્ય કોને કહેવું? તે સંબંધમાં નિર્ણય કરવાને માટે આત્માનો સાક્ષાત્કાર થતાં સુધી વેદમાન્ય એવા શાસ્ત્રનું જ પ્રમાણ માન્ય કરવું જોઈએ. કેમ કે બાળકને પોતાનું હિત શામાં છે તેની ખબર હોતી નથી; તેથી તેનાં દરેક કર્મો ઉપર દેખરેખ રાખીને તેને ખાવાપીવા વગેરે તમામમાંથી વખતોવખત પરાવૃત્ત કરવામાં આવે છે. જો તેને મનસ્વી રીતે વર્તવા દેવામાં આવે તો તે પોતાનો વિનાશ જ કરી લે છે તે જ સ્થિતિ પોતાના મનમાં આવે તેવું સ્વચ્છંદી વર્તન કરનારની થાય છે. માટે મનુષ્ય કે જે પોતાને મોટો બુદ્ધિશાળી સમજે છે વા નિરહંકારી માને છે, તે વાસ્તવિક બુદ્ધિશાળી હોતો નથી પરંતુ દુરાગ્રહી તથા દુરભિમાની હોય છે અને તેવા મિથ્યા અભિમાન વડે તે પોતાના સાચા સ્વરૂપને નહિ પિછાનતાં દેહાદિક એટલે જ હું એમ માની બેસે છે, એવાઓ આસુરી કિંવા અધમ વૃત્તિના કહેવાય છે. જેનું અંતિમ ધ્યેય આત્મપ્રાપ્તિ હોઈ તે ધ્યેયની પ્રાપ્તિનો ઉદ્દેશ જેમાં સમાયેલો હોય છે, તેને જ શાસ્ત્ર

કહે છે. આવું જે મૂળ આદ્ય શાસ્ત્ર તે અપૌરુષેય એવા એકમેવ વેદ જ છે અને તેનું તાત્પર્ય અજ્ઞાનીઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી આપવી એ જ એક છે; જે ઉપર વખતોવખત કહેલું જ છે.* સર્વ બ્રહ્મરૂપ છે એમ સમજીને જે કર્મ થાય છે તે યુક્તકર્મ કહેવાય તથા તેની ભાવના જેમાં હોતી નથી તે અયુક્તકર્મ કહેવાય એવો શાસ્ત્રમાં અંતિમ નિર્ણય છે.

ધર્મ અને અધર્મ

ભાગવત ધર્મના મૂળ પ્રવર્તક શ્રી નારાયણ અવતારે કહેલી શાસ્ત્રપ્રમાણની વ્યાખ્યા પણ આ પ્રમાણેની છે. સર્વ વેદરૂપ આત્મસ્વરૂપ એવા એક ભગવાન જ ધર્મ વિષયમાં પ્રથમ પ્રમાણ છે તથા જે વડે તે આત્મસ્વરૂપ જાણી શકાય એટલા માટે સ્વયં ભગવાને પોતે જ પ્રકટ કરેલા અપૌરુષેય એવા વેદ તથા તેના સિદ્ધાંતો પ્રતિપાદન કરનારાં શ્રુતિસ્મૃત્યાદિ શાસ્ત્રો (વિદ્યાનાં ચૌદ પ્રસ્થાનો જુઓ અધ્યાય ૨, ૧૫) એ જ મૂળ પ્રમાણ છે, એટલે ધર્મમાં વેદ જ મુખ્ય પ્રમાણ છે (ભા૦ ૭–૧૧–૭) વેદે જેની આજ્ઞા કરી છે તે ધર્મ છે અને વેદે જેનો નિષેધ કર્યો છે તે અધર્મ કહેવાય છે. વેદ એ સ્વયંભૂ (અપૌરુષેય) સાક્ષાત્ નારાયણ સ્વરૂપ છે. આ વેદ જ સ્વસ્વરૂપમાં સત્ત્વ, રજ અને તમ ગુણમય પ્રાણીઓ, પદાર્થો, તેઓના ગુણો, નામો, ક્રિયાઓ, રૂપ તથા વર્ણાશ્રમ ઇત્યાદિ સર્વને જુદા પાડીને અથથી ઇતિ પર્યંત વર્ણન કર્યું છે (ભા૦ ૬,૧,૪૦–૪૧). વેદમાં જે કરવાનું કહ્યું તે કર્મ, વેદમાં જે કરવાની ના પાડી હોય તે અકર્મ અને વેદમાં જે કરવા કહ્યું તે ન કરવું તે વિકર્મ કહેવાય છે. કર્મ કોને કહેવું, અકર્મ કોને કહેવું તથા વિકર્મ કોને કહેવું તે વેદ વડે જ નિશ્ચિત થયેલું છે, બીજા કોઈ પ્રમાણ કિંવા સાધન વડે તે નિશ્ચિત થઈ શકતું નથી. વેદ કોઈ પુરુષે ઉત્પન્ન કરેલા નથી પણ ઈશ્વરથી પ્રકટ થયેલા છે, તેથી જ તે અપૌરુષેય ગણાય છે. વેદે પરોક્ષવાદનો અંગીકાર કરીને વર્ણન કર્યું છે. પરોક્ષવાદ એટલે કોઈ જુદા પ્રકારના અર્થને ગુપ્ત રાખવાને માટે કોઈ જુદા જ પ્રકારે વર્ણવે છે. જેમ વ્યવહારમાં કોઈ અનાડી માણસ મિથ્યા ભાર વહેતો હોય અને તેને તેમ નહિ કરવા જણાવવું હોય તો તેના દુરાગ્રહી સ્વભાવને લક્ષમાં લઈ આ આપણું સીધું કહેવું સાંભળે તેમ નથી તેથી તેને યુક્તિ વડે એમ કહેવામાં આવે છે કે : તું તો આ બધા કરતાં મોટો બળવાન છે. તો બાયલા જેવો આટલો જ બોજો કેમ ઉઠાવે છે? આ કરતાં વધુ બોજો ઉઠાર; આમ કહેવાથી તે અભિમાનમાં પોતાની શક્તિ બહાર બોજો ઉઠાવવાનો પ્રયત્ન કરે છે અને અંતે જલદી થાકી જઈ તે છોડી દે છે તેમ વેદમાં જે કર્મો કરવાનું કહ્યું તે કર્મો થકી મુક્ત થવાને માટે જ છે. આ સંબંધમાં બાળકને લાલચ આપીને દવા પાવાનું દૃષ્ટાંત તો પ્રખ્યાત છે (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૩ શ્લો૦ ૪૩, ૪૪). સારાંશ એ કે, જો કે અંતિમ ધ્યેય તો આ સર્વ આત્મસ્વરૂપ છે, એમ સમજી તેવા નિશ્ચય વડે અંતઃકરણમાં બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા નહિ દેવું અને ઉત્થાન થાય તો તત્કાળ તેને દાબી દેવું એ જ છે પરંતુ જ્યાં સુધી આ પ્રકારે આત્માનું સ્વરૂપ સમજવામાં આવ્યું ન હોય ત્યાં સુધી તેનું પરોક્ષજ્ઞાન થવાને માટે કયું કાર્ય કરવા યોગ્ય છે ને કયું તજવા યોગ્ય છે, તે સમજવાને માટે વિદ્યાના ચૌદ પ્રસ્થાનો કે જેનો અંતિમ ઉદ્દેશ વેદના મહાવાક્યનો જ બોધ કરાવી આપવાનો છે, તેવા શાસ્ત્રના આધાર વડે જ ઉકેલ કરી તેમણે બતાવેલા સર્વોત્મભાવ અથવા નિઃશેષભાવરૂપ વિધિ પ્રમાણે જ ચાલવું જોઈએ. અહીં આ સિવાય બીજો માર્ગ જ નથી; ટૂંકમાં આત્માનું નિશ્ચયાત્મક પરોક્ષજ્ઞાન થતાં સુધીને માટે પોતાના મનમાં આવે તે પ્રમાણે સ્વચ્છંદતાથી ચાલવાનું નથી પરંતુ અમુકને કર્મ કહેવું અને અમુકને અકર્મ કહેવું તથા અમુકને વિકર્મ કહેવું ઇત્યાદિ સિદ્ધાંત કે જે વેદશાસ્ત્રના આધાર વડે જ જગતમાં પ્રસિદ્ધ થવા પામેલો છે, તેના આધારે જ ચાલવું જોઈએ. મારા મનમાં આમ આવ્યું તેથી મેં આ કર્મ કર્યું એવું કહેનારા મૂઢોને પૂછી શકાશે કે હું આ 'કર્મ કરું છું' એમ જે તું

* વેદનું તાત્પર્ય અધ્યાય ૨ શ્લોક ૩૯ ની ટીકા સયુક્તિક અયુક્તિક શાસ્ત્રો, ગીતામાં પણ વેદનો જ આધાર છે, ઇત્યાદિ શીર્ષકો, અધ્યાય ૩ તથા અધ્યાય ૧૫, અદૃષ્ટ વિષયમાં પ્રમાણ કયું, વેદનું પ્રમાણ શા માટે માન્ય કરવું જોઈએ, વેદનો મૂળ ઉદ્દેશ, ઇત્યાદિ શીર્ષકો જુઓ.

બોલે છે તો કહે કે આનું નામ "કર્મ" છે એમ તું શી રીતે અને કયા આધાર વડે કહે છે? તે શબ્દ પણ મૂળ વેદે જ નિશ્ચિત કરી આપ્યો છે કે બ્રહ્મદેવથી માંડીને તૃણ સુધીના જગતમાં ચાલતા તમામ વ્યવહારને કર્મો કહેવાં. આમ શાસ્ત્રે બતાવેલા આ કર્મ શબ્દનો જો તું પ્રથમ સ્વીકાર કરે તો તે શાસ્ત્રનો સ્વીકાર કર્યો એમ જ સિદ્ધ થયું. આમ કર્મ શબ્દને માટે જો શાસ્ત્રને માન્ય રાખવામાં આવે તો પછી તે કર્મ શી રીતે કરવું તે સંબંધમાં જો કોઈ પોતાની મનસ્વીતાની વાતો કરે તો તે એક પ્રકારનો દંભ કિંવા મૂર્ખતા જ કહેવાય. જો તેણે શાસ્ત્રરચિત આ કર્મ શબ્દને બદલે બીજી કોઈ નવી જ શોધ કરી હોય તો તે વાત જુદી ગણાત પણ પ્રથમ શાસ્ત્રમાન્ય પાયાનો અંગીકાર કરી પછી મિથ્યાભિમાન વડે મેં આમ કર્યું, એવા પ્રકારે પોતાની બડાશ હાંકવી તે તો કેવળ મૂર્ખતા જ લેખાય, આવું કહેનારાઓને જ ભગવાને આસુરી સંપત્તિવાળા એટલે અધર્મધ્યો કહેલા હોઈ તેઓ પોતાના મિથ્યાભિમાન વડે અધમાધમ યોનિમાં પડી પોતાના હાથે જ પોતાનો વિનાશ કરી લે છે, એટલા માટે જ આ કાર્ય છે અને આ અકાર્ય એવા નિશ્ચયને માટે અહીં વેદશાસ્ત્ર જ પ્રમાણ છે **"न वेदाच्च परं शास्त्रम्"** (વ્યાસાચાર્ય). માટે વેદે કહેલા વિધિને સમજીને અહીં આત્મજ્ઞાન થતાં સુધી તેનું પાલન કરવું એ જ એક ખરો માર્ગ છે.

અધ્યાય ૧૭

अर्जुन उवाच—

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विता ।

तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥१॥

શાસ્ત્રવિધિ નહિ જાણનારા શ્રદ્ધાવાનોની નિષ્ઠા

ભગવાન શ્રીકૃષ્ણનું કથન સાંભળીને અર્જુનને શંકા ઉત્પન્ન થઈ. તેણે પૂછ્યું : હે ભગવાન ! આપે અત્યાર સુધી કરેલું વિવેચન પૂર્ણ રીતે મારા લક્ષ્યમાં આવ્યું છે. પોતાને હું શરીર છું, એવું માનનારા આસુરી સંપત્તિવાળા કહેવાય છે તથા હું એટલે આત્મા છે એમ માનનારા દૈવી સંપત્તિવાળા કહેવાય છે; એ પણ હું સારી રીતે સમજ્યો. વળી દૈવી સંપત્તિવાળા પુરુષો જગતમાં સુખશાંતિ ધનધાન્યાદિ સમૃદ્ધિની વૃદ્ધિ કરનારા હોય છે અને આસુરી સંપત્તિવાળા પુરુષો જગતનો વિનાશ કરવાને માટે જ પેદા થાય છે. કારણ કે, તેઓ મિથ્યાભિમાની, દુરાગ્રહો, દંભી અને કેવળ કામ, ક્રોધ અને લોભમાં સપડાયેલા તેમ જ સારાસાર વિવેકથી રહિત હોય છે, તે પણ મારા ધ્યાનમાં આવ્યું. પરંતુ હે પ્રભો! આપે કહ્યું કે કાર્ય અને અકાર્ય એટલે શું ? તેનો પ્રથમતઃ શાસ્ત્રવિધિ પ્રમાણે જ નિર્ણય થવો જોઈએ, પણ પોતાની મેળે અર્થાત્ મનમાં આવે તેવો એટલે ફાવે તેવો મનસ્વી નિર્ણય કરી લઈ સ્વચ્છંદતાથી કર્મ કરવું નહિ જોઈએ, પરંતુ મને એક શંકા થાય છે કે જેઓ જાણી જોઈને અભિમાન વડે શાસ્ત્રનો અભ્યાસ કર્યા સિવાય જ શાસ્ત્ર વગેરે કાંઈ છે જ નહિ એમ સમજીને એટલે શાસ્ત્ર જાણવાની દરકાર નહિ કરતાં પોતાના મનસ્વી ધોરણે વર્તન કરનારા દાંભિક, અવિવેકી અને અવિચારી એવા આસુરી સંપત્તિવાળા છે તેવાઓને માટે તો આપે કહ્યું તે બરોબર છે, પણ જ્યારે તેવી કોટિના નથી; પરંતુ કારણવશાત્ શાસ્ત્રાભ્યાસ નહિ થવાથી અથવા તો બધાં શાસ્ત્રો જાણીને શું કરવું, દેહ ક્ષણભંગુર છે માટે બને તેટલી ત્વરાથી ભગવાનની પ્રાપ્તિ કરી લેવી જોઈએ, એ રીતની શ્રદ્ધાવાળા અંતઃકરણથી યુક્ત થઈને શાસ્ત્રવિધિને નહિ જાણવા છતાં પોતાના અંતઃકરણમાં આવી દૈવી ભાવના હોવાને લીધે આ સંસારચક્રમાં પાડનારા વિષયભોગોને કિંચિન્માત્ર ઇચ્છતા નથી પણ તેમાં નિષ્કામ હોય છે અને પોતાના મનના ઉલ્લાસ પ્રમાણે પરમાત્માનું યજન કરે છે, તો હે

શ્રીકૃષ્ણ ! એવા શાસ્ત્રવિધિને છોડીને એટલે શાસ્ત્રને નહિ જાણતાં ચિકિત્સક બુદ્ધિથી રહિત થઈ તદ્દન નિઃશંક બની નિષ્કપટપણે સંપૂર્ણ શ્રદ્ધાથી જેઓ યજે છે અર્થાત્ આ પ્રમાણે પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે માટે આપણે પણ કરવું જોઈએ એવી રીતે એકનિષ્ઠાવડે યજનપૂજન ઇત્યાદિ કર્મો કર્યે જાય છે, તો તેવાઓની તે નિષ્ઠા કેવી ગણવી સાત્ત્વિક, રાજસ કે તામસ? મારી આ શંકાનું આપ કૃપા કરીને નિવારણ કરો.

વિધિ નહિ જાણનારા ભક્તોની ગતિ

અર્જુનનો પ્રશ્ન સાંભળીને ભગવાનને અતિ હર્ષ થયો. તેમણે કહ્યું કે: હે વત્સ! તું ખરેખર બુદ્ધિશાળી છે તેથી જ તારામાં આ સદસદ્ વિચારદૃષ્ટિ ઉત્પન્ન થવા પામેલી છે. હવે તારા પ્રશ્નનો ઉત્તર કહું છું તે તું ધ્યાન દઈને સાંભળ. અરે! જેઓ તદ્દન નિષ્કામ એટલે સંસારવ્યવહાર પૈકી કોઈ પણ પ્રકારની કામના રાખતા નથી તેવા મારા શ્રદ્ધાળુ ભક્તો તો શાસ્ત્રવિધિ સમજે કે નહિ સમજે પરંતુ પરમ શ્રદ્ધા વડે એકનિષ્ઠ થઈને તેઓ વાસ્તવિક મારું જ યજન કરે છે. તો શું તેવા ભક્તો કદી અધોગતિને પામે ખરા કે? જેઓ આમ સંપૂર્ણ શ્રદ્ધા વડે યુક્ત થઈ આત્મસ્વરૂપ એવા મારું જ યજનપૂજન કરનારા હોય છે તેઓ વ્યવહારદૃષ્ટિએ અણઘડ જેવા ભલે લાગે પરંતુ વાસ્તવિક રીતે તો સર્વ ધર્મને જાણનારા છે એમ જાણ. તેમનાં કર્મો શાસ્ત્રવિહીન કહેવાય નહિ; પરંતુ ઉપર મેં તને જે આસુરીવૃત્તિવાળા કહ્યા તેઓ તો પોતાથી પર બીજો કોઈ ઈશ્વર છે જ નહિ અને હું એટલે શરીર તથા તે શરીરના ભરણપોષણ અને મોજશોખને માટે અહર્નિશ પ્રયત્ન કરનારા હોવાથી ભયંકર દુઃખભોગો ભોગવવાના માર્ગમાં જ પડે છે. કેમકે તેઓ તદ્દન અશ્રદ્ધાળુ અને અધર્મી હોઈ માન, મોહ, મદ અને અહંકારને લીધે વિષયોની જાળમાં જ ગૂંથાએલા હોય છે તેવા અધર્મીઓ કે જેઓ શાસ્ત્રની વિધિનો ત્યાગ કરીને પોતાના મન પ્રમાણે વર્તન કરતા રહે છે તેવાઓને જ હું અધમાધમ એવી નીચ યોનિઓમાં ફેંકું છું; પરંતુ જેઓ શ્રદ્ધાવાળા થઈને નિષ્કામભાવે મને જ ઉપાસે છે તેઓ તો શાસ્ત્રવિધિ સમજતા હોય યા ન હોય છતાં તે સર્વ ધર્મને જાણનારા જ છે, એમ સમજ. આ સંબંધે મેં જ શાસ્ત્રમાં અન્યત્ર કહેલું કથન પ્રથમ તને કહું છું કે જેથી તને આ બાબત સારી રીતે ધ્યાનમાં આવશે.

સુત, વૈદેહક તથા ચાંડાલાદિની ઉત્પત્તિ

એક વખતે મને એવી રીતે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે અમુક કરવું અને અમુક ન કરવું, એવો વિધિ અને નિષેધ તો વેદમાં કહ્યો છે અને તે વેદ તો ઈશ્વરરૂપ એવા આપની આજ્ઞા છે. તેમાં જે કર્મો કરવાના કહ્યા તેથી પુણ્ય થાય અને મના કરેલાં કર્મો કરવાથી પાપ થાય, વર્ણ અને આશ્રમમાં પણ અમુક ઉત્તમ અને અમુક નિકૃષ્ટ, જાતિઓમાં પણ અમુક શ્રેષ્ઠ અને અમુક કનિષ્ઠ; સિવાય ઉત્તમ જાતિની સ્ત્રીઓમાં હલકા વર્ણના પુરુષથી સંતતિ ઉત્પન્ન થાય, જેમ કે બ્રાહ્મણ સ્ત્રીમાં ક્ષત્રિય પુરુષથી ઉત્પન્ન થનાર સંતાનને સૂત, વૈશ્યથી થનાર વૈદેહક અને શૂદ્રથી થનાર ચાંડાલ અને બાકીના તો યવનાદિ અધમાધમ જાતિના ગણાય છે એમ વેદ કહે છે. તેમજ બ્રાહ્મણ પિતાથી ક્ષત્રિય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ સંતાન મૂર્ધાવ્યશક્તિ, વૈશ્ય સ્ત્રીમાં થયેલ અંબષ્ઠ તથા શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થાય તેને માટે નિષાદ અથવા પારશવ ઇત્યાદિ સંજ્ઞાઓ જણાવેલી છે તેમજ દ્રવ્ય, દેશ, અવસ્થા અને કાળ ઇત્યાદિ પણ અમુક શ્રેષ્ઠ અને અમુક નિકૃષ્ટ એવા ભેદાભેદો છે. વળી પુણ્યથી સ્વર્ગ અને પાપથી નરકરૂપી ફળ મળે છે. આમ ગુણ અને દોષનો વેદમાં પણ સ્વીકાર કર્યો હોવાનું જણાય છે; જો તેમ ન હોય તો પછી તમારી આજ્ઞારૂપ વેદના વિધિ અને નિષેધવાક્યો એવા વિભાગ જ થવા ન જોઈએ. ગુણ અને દોષ સમજવામાં કિંવા કાર્ય અને અકાર્ય સમજવામાં વેદ વિના બીજું કોઈ શ્રેષ્ઠ શાસ્ત્ર જ નથી, તે જ સૌથી પ્રથમનું હોઈ પ્રમાણભૂત છે. તેના કહેવા વડે જ આ ચરાચર લોકોમાં ભેદદૃષ્ટિ પ્રચલિત થવા પામેલી છે છતાં આપ કહો છો કે વેદ અભેદબુદ્ધિ રાખવી એવું નિરૂપણ કરે છે તો તે કેવી રીતે સંભવે? તેનો ઉત્તર કહું છું તે સાંભળ એટલે તારી એ શંકા નિર્મૂળ થશે.

વેદે સાંખ્ય, કર્મ અને ભક્તિ એ ત્રણની વ્યવસ્થા શા માટે કરી?

અજ્ઞાની જીવોના કલ્યાણને માટે તથા આત્માનું યથાર્થ જ્ઞાન થતાં સુધી તેઓનો વ્યવહાર સારી રીતે ચાલે અને તેઓ ઉત્તરોઉત્તર શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિને માર્ગે જ જાય. તેમ જ અધમ યોનિઓમાં પડી દુઃખો નહિ ભોગવે એટલા માટે મેં વેદમાં બ્રહ્મકાંડ, કર્મકાંડ અને દેવકાંડ એમ ત્રણ માર્ગો કહ્યા છે, તે ત્રણેનો (૧) સાંખ્ય કિંવા જ્ઞાનયોગ, (૨) કર્મયોગ કિંવા યોગયોગ અને (૩) ભક્તિયોગમાં સમાવેશ થઈ જાય છે. આ ત્રણ વિના બીજો કોઈ પણ ઉપાય કોઈ પણ શાસ્ત્રમાં નથી. તાત્પર્ય કે, તમામ શાસ્ત્રોનો આ ત્રણમાં જ અંતર્ભાવ થઈ જાય છે. જ્ઞાન એ મનઃશક્તિનું દ્યોતક છે તથા પ્રાણ એ ક્રિયાશક્તિનું દ્યોતક છે. દેહની થતી તમામ ક્રિયાઓ પ્રાણ વડે જ થાય છે તેથી તે કર્મયોગ કહેવાય છે. તે વ્યવહારમાં યોગ એવા નામે પ્રસિદ્ધ છે તેથી તેને યોગ કહે છે. કેમ કે પ્રાણોપાસનાનાં પણ પ્રાણનો વિલય કરવા રૂપ ક્રિયા કરવાની હોવાથી તેનો સમાવેશ કર્મયોગમાં જ થઈ જાય છે. ભક્તિ યોગમાં તો જગત શું છે, ક્યાંથી આવ્યું, હું કોણ છું વગેરે જ્ઞાનમાર્ગની જેમ વિચાર કરીને નિશ્ચય કરવાનો હોતો નથી પરંતુ પોતાને જે ઇષ્ટદેવ ઉપર કિંવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ ઉપર શ્રદ્ધા હોય તેણે તે દેવ કિંવા સદ્‌ગુરુ જ સર્વમાં વ્યાપક છે એવી રીતે પોતાસહ તમામ વસ્તુને પોતાના ઇષ્ટદેવતારૂપ ગણવી. એ રીતની અનન્ય શ્રદ્ધાની જ જરૂર હોય છે. આ ત્રણ ભેદો અભ્યાસદૃષ્ટિ પૂરતા જ કલ્પેલા છે પરંતુ તે વાસ્તવિક નથી. એ ત્રણેનું પ્રાપ્તવ્ય ધ્યેય તો એક જ છે. આ ત્રણમાં જેઓ કર્મો અને તેના ફળો તો અત્યંત દુઃખરૂપ છે એવી રીતે વિવેક કરી વિચારયુક્ત બુદ્ધિ વડે તેમાંથી વિરક્ત થયેલા હોય છે તેઓ તો આ ફળ ઉત્પન્ન કરનારાં તમામ કર્મોનો તત્કાળ ત્યાગ જ કરે છે, તેવા સત્યાસત્યનો વિવેક દ્વારા નિશ્ચય કરનારા વિચારવાનોને જ્ઞાનયોગ વડે જ ઇષ્ટ ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત થાય છે પણ જેઓનાં ચિત્ત કર્મો થકી કંટાળેલાં ન હોય તેઓ તો કર્મો કરવાની ઇચ્છા રાખે છે તેથી તેવાઓ કર્મફળને પ્રથમથી જ ઈશ્વરને અર્પણ કરવાના નિશ્ચયથી કર્મો કરે અને જેઓ કર્મના ફળ સંબંધે પણ વિરક્ત થયા ન હોય તેવાઓએ કર્મો થયા પછી તે સર્વ કર્મો અને તેનાં ફળોને ઈશ્વરાર્પણ કરવાં. એ પ્રકારની નિશ્ચયાત્મક ભાવના વડે કર્મો કરવા જણાવેલું છે અને જેઓની અનેક પ્રકારની વ્યવહારસિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેઓને માટે હઠયોગનો માર્ગ જ શ્રેયસ્કર છે. કર્મોમાં અત્યંત આસક્ત બુદ્ધિવાળાઓને માટે જે કર્મયોગ કહેવામાં આવ્યો તેમાં આ રીતે ત્રણ પેટા ભેદો પડે છે, તેઓને માટે આ પ્રમાણેનો કર્મ કરવા રૂપ યોગ જ સિદ્ધિ આપનારો થાય છે અને ત્રીજો પ્રકાર તો જે પુરુષ પૂર્વના કોઈ ભાગ્યવશાત્ આત્મસ્વરૂપ એવી મારી કથા, સત્સંગ વગેરે ઉપર સંપૂર્ણ શ્રદ્ધાવાળો થયો હોય, વિષયોમાં અત્યંત વિરક્ત પણ ન હોય અને આસક્ત પણ નહિ હોય તેવાને માટે વેદમાં કહેલો દેવતાકાંડ એટલે ભક્તિયોગ જ સિદ્ધિ આપનારો થાય છે. સારાંશ, (૧) કર્મથી અત્યંત વિરક્ત થયેલા બુદ્ધિમાનોને માટે જ્ઞાનકાંડ અર્થાત્ સાંખ્ય કિંવા જ્ઞાનયોગ, (૨) જેઓ કર્મોમાં અત્યંત આસક્ત બુદ્ધિવાળા હોય તેવાઓને માટે ઉપર કહ્યા મુજબ કાયિક, વાચિક અને માનસિક તમામ કર્મો અને તેનાં ફળો કર્મ કરતાં પહેલાં જ ઈશ્વરાર્પણબુદ્ધિથી કરવાં અથવા તો તેમ શક્ય ન હોય તેવાઓને માટે થયા પછી તે ઈશ્વરાર્પણ કરવાં અને જેઓને ઐશ્વર્યની ઇચ્છા હોય તેઓએ તો પ્રાણોપાસનામાં કહેવામાં આવેલા હઠયોગ, સ્વાભાવિક પ્રાણોપાસના અથવા ધારણાભ્યાસ કરવારૂપ કર્મયોગ તેમ જ (૩) જેઓ વિષયોમાં અતિશય વિરક્ત પણ નથી અને પ્રીતિવાળા પણ નથી એવા મધ્યમ વર્ગને માટે દેવતાકાંડ કિંવા ભક્તિમાર્ગ; એ રીતે વેદમાં કહેલો બ્રહ્મકાંડ એટલે જ્ઞાનમાર્ગ, કર્મકાંડ એટલે કર્મમાર્ગ તથા દેવતાકાંડ એટલે ભક્તિમાર્ગ, એ મુજબ ત્રણ માર્ગોની વ્યવસ્થા વેદમાં કરેલી છે. આ ત્રણે માર્ગો પૈકી ત્રીજો માર્ગ ચિકિત્સક બુદ્ધિ નહિ રાખનારા એવો અતિભાવિક વર્ગનો છે. તેમને માટે તો બીજા બધા ઉપાયો છોડી ફક્ત બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કિંવા ઇષ્ટ દેવતા ઉપર શ્રદ્ધા રાખવા જણાવેલું છે, પરંતુ તેમાં સાચા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કિંવા ઇષ્ટ દેવતાની વ્યાપકતાની ભાવના ભૂલી જવાઈ વ્યક્તિત્વના દુરહંકારમાં ફસાઈ જવાય નહિ તે માટે ખાસ દક્ષતા રાખવી પડે છે, એટલે હું જે દેવતાની કિંવા સદ્‌ગુરુની

ઉપાસના કરું છું તે દેવતા વા સદ્‌ગુરુ જ ચરાચરરૂપે સર્વત્ર વ્યાપક છે એવી વિશાળ ભાવના રાખવી પરંતુ કેવળ એક વ્યક્તિત્વની ભાવના રાખી ઇતરો પર દ્વેષબુદ્ધિ રાખવી નહિ. કેમ કે આવા પ્રકારની મત્સરયુક્ત ભાવના રાખવી તે સાચી ભક્તિ કહી શકાય નહિ પણ નર્યું દંભપણું જ કહેવાય છે અને તેવા પ્રકારની ભક્તિ થકી કદાપિ ઈશ્વરપ્રાપ્તિ થવી શક્ય જ નથી.

કર્મયોગનું ફળ જ્ઞાન કિંવા ભક્તિ છે

મનુષ્યને જ્યાં સુધી કર્મોમાં વૈરાગ્ય ઉપજ્યો નથી અથવા આત્મસ્વરૂપ એવા મારા ઉપર પૂર્ણ શ્રદ્ધા થઈ ન હોય ત્યાં સુધી તેણે વેદાજ્ઞાનુસાર નિત્યનૈમિત્તિક કર્મો કરવાં જ જોઈએ. સ્વધર્મમાં રહેનારો અને આત્મસ્વરૂપભૂત ધ્યેયને પ્રાપ્ત કરનારો મનુષ્ય કામ્ય અને શાસ્ત્રનિષિદ્ધ કર્મ કદી પણ ન કરે પરંતુ ફળની ઇચ્છા રાખ્યા વિના ઈશ્વરાર્પણ બુદ્ધિ રાખી કર્મોરૂપ યજ્ઞોથી મારું પૂજન કરે. આ રીતે સ્વધર્માનુસાર સઘળાં નિત્યનૈમિત્તિક કર્મો કરે તો તેવો પુરુષ સ્વર્ગ કિંવા નરકને નહિ પામતાં તેની ચિત્તશુદ્ધિ થઈ આ દેહમાં જ તે આત્મસ્વરૂપ એવા મારું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અથવા તો ઉત્તમોત્તમ એવી મારી પરમભક્તિને પામે છે. કેમ કે જ્ઞાન પ્રાપ્ત થયા પછી વિવેકયુક્ત સારાસાર વિચાર કરવાથી મારા સ્વરૂપનો નિશ્ચય થઈ શકે છે પણ મારી ભક્તિની પ્રાપ્તિ ઇચ્છનારાઓ તો શ્રદ્ધા વડે સર્વત્ર એક હું જ વ્યાપેલો છે એવો તત્કાળ નિશ્ચય કરવાથી જ મારા પરમપદને પ્રાપ્ત કરી શકે છે. માટે આવી અનન્ય ભક્તિ થવી એ તો જ્ઞાનથી પણ દુર્લભ છે પરંતુ તે કરનારા કવચિત જ હોય છે. ઉદ્દેશ એ કે, કર્મ કરવાથી ચિત્તશુદ્ધિ થઈ તેનું ફળ અંતે જ્ઞાન કિંવા ભક્તિમાં જ પરિણમે છે.

દેહમાં આસક્તિ નહિ રાખતાં ધ્યેયપ્રાપ્તિ કરી લેવી જોઈએ

આ મનુષ્યદેહ જ જ્ઞાન અને ભક્તિના સાધનરૂપ છે. માટે આ દેહ જ સર્વદેહોથી ઉત્તમ છે. આથી નરકના જીવો જેમ મનુષ્યદેહને ઇચ્છે છે તેમ સ્વર્ગાદિમાં વસનારા જીવો પણ આ મનુષ્યદેહની જ ઇચ્છા રાખે છે. કેમ કે જ્ઞાન અને ભક્તિનો લાભ તો આ મનુષ્ય શરીરથી જ થાય છે, અન્ય દેહોમાં થતો નથી. માટે મનુષ્યે સ્વર્ગ કિંવા નરકની ઇચ્છા રાખવી નહિ. તેમ મનુષ્યદેહ શ્રેષ્ઠ હોવાથી ફરીથી તે મનુષ્ય દેહ પ્રાપ્તિની ઇચ્છા રાખવી નહિ કેમ કે જો દેહમાં આસક્તિ થાય તો આત્મપ્રાપ્તિરૂપ ખરો સ્વાર્થ ચૂકી જવાય છે. આ રીતે મનુષ્યદેહ જો કે જ્ઞાન અને ભક્તિના સાધનરૂપ હોઈ ઉત્તમ છે છતાં ક્ષણભંગુર અને નાશવંત હોવાથી તેનો કદી પણ વિશ્વાસ કરવો નહિ અને આળસને છોડી દઈ મૃત્યુ પૂર્વે જ મોક્ષને માટે ઉદ્યોગ કરવો જોઈએ. જેમ કે કોઈ ઝાડમાં પક્ષીએ માળો કર્યો હોય અને તે ઝાડને કાળ સમાન નિર્દય પુરુષ જોઈ કાપવા માંડે તો તે પક્ષીએ તેમાં આસક્તિ નહિ રાખતાં તુરત જ પોતાનો માળો છોડીને ત્યાંથી ચાલ્યા જવું જોઈએ તો જ તે સુખી થઈ શકે છે તેમ આ કાળરૂપી યમરાજ મનુષ્યોના આયુષ્યને અહોરાત્રએ કાપી રહ્યો છે એમ સમજી ભયગ્રીન થઈ દેહમાં આસક્તિ નહિ રાખતાં પોતાના આત્મસ્વરૂપને જાણી લઈ જીવનની તૃષ્ણા છોડીને જો જીવન્મુક્ત થાય તો જ તે શાંતિને પામે છે.

અધમો મનુષ્યદેહ મળ્યા છતાં પોતે પોતાનો વિનાશ કરી લે છે

આ મનુષ્યદેહ એ એક ઉત્તમ વહાણ છે, કરોડો ઉદ્યમોથી પણ નહિ મળે એવું છે. દૈવવશાત્ પ્રાપ્ત થયું છે, તે સદ્‌ગુરુરૂપ ખલાસી અને હું રૂપી અનુકૂળ વાયુથી પ્રેરાયેલું છે, છતાં દુર્લભ એવા આ મનુષ્યદેહરૂપી વહાણને પ્રાપ્ત થઈને પણ જે ભવસાગરને ન તરે તો તે પુરુષ ખરેખર આત્મહત્યારો છે એટલે પોતે જ વિનાશ કરનારો છે, એમ જાણવું.

મનને આત્મામાં શી રીતે વશ કરવું ?

વૈરાગ્ય વગરના મનુષ્યને માટે કર્મો કેવી રીતે કરવાં તે ઉપર કહ્યું છે. હવે સારી રીતે વૈરાગ્ય પામેલાને માટે જ્ઞાન પ્રાપ્ત થવા માટે જ્ઞાન મળ્યા પહેલાં શું છોડવાનું ને શું કરવાનું તે કહું છું. કર્મો તો અંતે દુઃખવું

જ કારણ છે, એ રીતે કર્મોમાં દુઃખ દેખીને જ્યારે ઉદ્વેગ થાય છે તથા કર્મફળોમાં જ્યારે સારી રીતે વૈરાગ્ય ઉપજે ત્યારે યોગીએ જિતેન્દ્રિય બની એટલે દરેક ઇન્દ્રિયો, તેનાં કાર્યો અને વિષયો આત્મરૂપ જ છે એ રીતે દઢ નિશ્ચય વડે અંતઃકરણમાં સંકલ્પવિકલ્પનું ઉત્થાન થતાંની સાથે તુરત જ તેને દાબી દઈ અવિચ્છિન્ન આત્મવિચારથી મનને અચળ રાખવું. પહેલાં પહેલાં તો મન આત્મામાં સ્થિર થવું સંભવતું નથી, માટે પ્રથમ તો કંઈક તેના સ્વભાવને અનુસરીને તેને વશ કરવું. તેને ધીરે ધીરે વિવેક વડે આ મિથ્યા પદાર્થોના ગુણદોષો બતાવવા તથા સર્વ આત્મસ્વરૂપ શી રીતે છે તે સમજાવવું. આમ જ્યારે યત્નથી નિશ્ચળ રાખ્યા છતાં જો તે ફરીથી ભટકવા માંડે અને સ્થિર નહિ રહે ત્યારે સાવધાન રહીને તેની કંઈક ઇચ્છા પરિપૂર્ણ કરતા તેને પાછું પોતાને સ્વાધીન કરવું. આ રીતે ધીરે ધીરે તેને વશ કરતાં રહેવું. યોગીએ મનની ગતિને છેક છૂટી નહિ મૂકવી જોઈએ, પરંતુ પ્રાણવાયુ તથા ઇન્દ્રિયોને આત્મરૂપવૃત્તિ વડે જીતી લઈને તેને વિવેક અને વિચારદ્વારા સત્ત્વગુણ વડે વશ કરવું જોઈએ. જેમ કોઈ નહિ કેળવાયેલા ઘોડાને કેળવવો હોય ત્યારે તે ઘોડો મારી ઇચ્છા પ્રમાણે ચાલે તો ઠીક એમ મનમાં ઇચ્છીને કોઈ ઘોડેસ્વાર પ્રથમ પ્રથમ તો તે ઘોડો જેમ ચાલે તેમ ચાલવા દે છે પરંતુ તે વેળા ઘોડાની લગામ તો પોતે જ પકડી રાખે છે અને તે ઘોડો જ્યાં જાય ત્યાં તેની પાછળ પાછળ પોતે પણ ઉપેક્ષા કર્યા વગર ચાલ્યો જાય છે; તે પ્રમાણે યોગીએ ધીરે ધીરે સત્ત્વગુણથી ભરપૂર એવી બુદ્ધિરૂપ દોરીવડે પકડીને આત્મરૂપ સંયમ વડે મનને વશ કરવું. આ મુજબના પુરુષાર્થ વડે ધીરે ધીરે તે વશ થવા માંડે છે. આ પ્રમાણે મનને અન્ય સંકલ્પોમાંથી નિવૃત્ત કરી કેવળ એક આત્મામાં વશ કરવું એનું નામ જ મોટો યોગ કહેવાય છે, ત્યારપછી તેને અત્યંત વશ કરવાને માટે આગળનો ઉપાય કરવો. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પાસેથી તત્ત્વને યથાર્થ રીતે સમજી લઈ એટલે આત્મા કિંવા બ્રહ્મ તદ્દન અસંગ છે; એવા પ્રકારે તેનું સારી રીતે પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થયા પછી મહત્તત્ત્વાદિ કારણતત્ત્વોનો તથા બ્રહ્માંડથી માંડી દેહશુદ્ધિના સઘળા કાર્ય પદાર્થોનો પ્રકૃતિના ત્રણ ગુણો વડે જ વિસ્તાર થવા પામેલો છે તથા આ સર્વ દૃશ્યજાળ નાશવંત છે, ક્ષણિક છે, એ રીતે ઉત્પત્તિ તથા નાશનો વારંવાર વિચાર કર્યા કરવો. એ પ્રમાણે જગત ક્ષણિક છે અને વિકારી છે તથા એક આત્મા જ નિર્વિકારી અને સત્ય છે, એવો નિશ્ચય થવાથી મન નિર્મળ થાય છે. આમ જગતાદિની વિકારિતા કિંવા નશ્વરતા અને એક આત્માની જ સત્યતા ધ્યાનમાં આવી આત્માનાત્મરૂપ પ્રાપ્ત થયેલા વિવેક વડે સંસાર ઉપર ઉદ્વેગ થતાં તે થકી જેને વૈરાગ્ય થયો હોય તથા સદ્‌ગુરુએ ઉપદેશેલા તત્ત્વબોધના અર્થનો જ જે વિચાર કરતો હોય તેવા પુરુષનું મન સદ્‌ગુરુના કહેવાયેલા ઉપદેશનું વારંવાર ચિંતન કરવાથી પોતાના દુષ્ટાત્મા પ્રાણને એટલે દેહાભિમાનને ત્યજી દે છે

પરમાત્માના નિત્ય સ્મરણના ઉપાય જ્ઞાન, યોગ અને ભક્તિ છે

શમદમાદિ યોગમાર્ગોથી કિંવા તત્ત્વમસિ વાક્યમાંનો **તત્** કોણ ? **ત્વમ્** કોણ ? એવી શોધ જેમાં કરવામાં આવે છે તે આન્વિક્ષિકી બ્રહ્મવિદ્યાથી અથવા આત્મસ્વરૂપ એવી મારી પૂજા, ધ્યાન વગેરેથી મન હંમેશાં પરમાત્માનું જ સ્મરણ કરે છે. આ ત્રણ સિવાય બીજા કોઈ ઉપાયોથી મન પરમાત્મામાં એકરૂપ થતું નથી. આ રીતે નિત્યપ્રતિ જેનું મન આત્મામાં જ પરોવાયેલું છે એવા યોગીના હાથે કદાચ અજ્ઞાતપણે કિંવા ભૂલથી કાંઈ દોષ થઈ જાય તો તે આ જ્ઞાનાભ્યાસરૂપ યોગ વડે અથવા ભક્તપુરુષોના નામસંકીર્તનથી જ તે પાપનો તત્કાળ નાશ કરે છે. તેને બીજાં કોઈ કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો કરવાની જરૂર પડતી નથી. પરંતુ જાણી જોઈને દોષ કરે અને પછી તેના ક્ષાલનને માટે મોટા દાન, યજ્ઞો કે કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો કરે છતાં કરેલું પાપ ભોગવ્યા વગર છૂટકો જ થતો નથી. માટે દરેકે આ સિદ્ધાંત સારી રીતે સમજી પોતપોતાના અધિકારમાં રહેવું તે જ ખરો ગુણ છે, બીજો કોઈ ગુણ નથી. કર્મો તો ઉત્પત્તિથી જ અશુદ્ધ છે, તે માટે કર્મો તથા તેના સંગનો ત્યાગ કરવાની ઇચ્છાથી વેદમાં આ ગુણ અને દોષના વિધાન દ્વારા કર્મોનો નિયમ કર્યો છે નહિ કે કર્મોમાં રુચિ કરાવવા માટે.

સંયમ નહિ કરી શકે માટે ભક્તિમાર્ગનું આચરણ

હવે ભક્તિના અધિકારીઓને માટે ભક્તિયોગ કહું છું જે પુરુષને આત્મસ્વરૂપ એવા મારામાં શ્રદ્ધા થઈ હોય અને તે સિવાયનાં બીજાં બધાં કર્મોનો ઉદ્વેગ થયો હોય તથા કર્મના ફળરૂપ વિષયોને દુઃખરૂપ જાણવા છતાં પણ તેઓનો ત્યાગ કરવાની શક્તિ ન હોય તેણે તો ફક્ત પૂર્ણ શ્રદ્ધાવાન રહીને ભક્તિથી જ સધળું થશે, એવો, દૃઢ નિશ્ચય રાખી પ્રીતિથી હંમેશાં આત્મસ્વરૂપ એવા મારું પૂજન તથા ભજન કરવું અને વિષયો સેવતી વખતે પણ તેઓ તો પરિણામે દુઃખદાયક છે, એમ સમજીને તેઓમાં કદી પણ પ્રીતિ રાખવી નહિ. આમ ભક્તિ વડે નિરંતર મારું જ ભજન કરનાર મુનિના હૃદયમાં નિરંતર આત્મસ્વરૂપ એવા મારું જ વાસ્તવ્ય હોવાથી તેના હૃદયમાં રહેલી સધળી કામનાઓ વિનાશને પામે છે અને હું કે જે આત્મસ્વરૂપ હોઈ સર્વાત્મક છે તેનું દર્શન થતાં જ દેહાભિમાન ભેદાઈ જાય છે. તેના અસંભાવના અને વિપરીતભાવના આદિ સર્વ સંશયો છેદાઈ જાય છે. માત્ર એક પ્રારબ્ધ જ શેષ રહે છે. તેના સંચિત અને ક્રિયમાણનો તો સદંતર નાશ જ થઈ જાય છે. આ પ્રમાણે જુદા જુદા અધિકાર પરત્વે અજ્ઞાની લોકોના અજ્ઞાનની નિવૃત્તિના ઉદ્દેશ વડે જ જ્ઞાન, યોગ અને ભક્તિ આ ત્રણે પ્રકારો શાસ્ત્રમાં આપવામાં આવ્યા છે. તેનો હેતુ તો કેવળ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવી એ જ એક છે, એમ સમજ. આ રીતે મેં જ શાસ્ત્રમાં નિર્ણય કહ્યો છે. (ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૨૦).

શ્રીભગવાનુવાચ—

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।

સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ ॥૨॥

જીવની સત્ત્વાદિ શ્રદ્ધાઓ સ્વભાવતઃ જ હોય છે

શ્રીભગવાન આગળ કહે છેઃ હે પાર્થ ! આ રીતે તને શાસ્ત્રનો સાચો ઉદ્દેશ શો છે, તે સમજાવવામાં આવ્યો. હવે તારા પ્રશ્નાનુસાર પ્રાણીમાત્રની શ્રદ્ધામાં સત્ત્વાદિ ગુણો વડે ભેદો કેવી રીતે પડે છે, તે હું તને આગળ કહું છું. દેહનું અભિમાન ધારણ કરનારા દેહીઓ એટલે જીવોની તે શ્રદ્ધા સ્વભાવતઃ જ સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની થાય છે. ઉદ્દેશ એ કે, જીવાત્મા વાસનાવશાત્ એક દેહને છોડી બીજો એમ અનેક દેહોને ધારણ કરે છે, તેનો સ્વભાવ નિયતિ એટલે ઈશ્વરની શક્તિના સત્ત્વ, રજ અને તમ ગુણો વડે થયેલી પ્રેરણાનુસાર પ્રથમથી જ બંધાયેલો હોય છે. આ સ્વભાવ એટલે જ અધ્યાત્મ કહેવાય. આ સંબંધમાં પ્રથમ વિવેચન આપવામાં આવેલું છે (સ્વભાવ સંબંધે અધ્યાય ૫ શ્લોક ૧૪, અધ્યાય ૮ શ્લોક ૩ તથા અધ્યાય ૧૧ શ્લોક ૩૨ થી ૩૫ જુઓ). સંક્ષેપમાં ઈશ્વરની (વૃક્ષાંક ૨) નિયતિશક્તિ (વૃક્ષાંક ૩) એ જીવાત્માને માટે સત્ત્વાદિ ગુણો (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘ) વડે નિશ્ચિત કરી આપેલા જે નિયમો તે જ તેના સ્વભાવરૂપે બનેલા હોય છે. તે સ્વભાવ જન્મ પૂર્વે જ જ્યારે જીવાત્મા ગર્ભમાં પ્રવેશ કરે છે ત્યારથી જ બંધાયેલો હોય છે. એટલે તેણે જન્મ કયારે અને કયાં લેવો ? જન્મ પછી શું શું કર્મ કરવું ? જન્મ લીધા પછી દેહ વડે તેને શાં શાં સુખદુઃખાદિ ભોગવવાનાં છે ? વિદ્યા કેટલી મેળવવાની અને આ શરીરમાં કયાં સુધી રહેવાનું ઇત્યાદિ તમામ બાબતો જન્મ પૂર્વે જ પૂર્વ સંસ્કારવશાત્ નિશ્ચિત થઈને જ એ જીવ ગર્ભમાં પ્રવેશે છે અને જન્મમાં આવીને તે પ્રમાણે તેને વર્તવું પડે છે. આ પ્રમાણે જીવ જન્મતઃ જ સાત્ત્વિક, રાજસ અને તામસ એવી ત્રણ પ્રકારની શ્રદ્ધા લઈને જન્મેલો હોય છે. આ સત્ત્વાદિ શ્રદ્ધાઓનો નિયમ શરીરને નહિ પરંતુ વાસનાવશાત્ અનેક દેહો ધારણ કરનાર દેહી (જીવાત્મા)ને માટે લાગુ છે. કારણ કે દેહ તો જડ હોઈ તે બિચારા અંદર રહેલા જીવાત્માની પ્રેરણાનુસાર સૂક્ષ્મ ઇંદ્રિયોની આજ્ઞા

પ્રમાણે વર્તનારો કેવળ એક યંત્રરૂપ છે. માટે આ મારો દેહ છે એવું અભિમાન ધારણ કરનાર એ દેહીરૂપ જીવાત્માની એ શ્રદ્ધા સ્વાભાવિક રીતે જ સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ પ્રકારની હોય છે, તે સાંભળ.

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।

श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥३॥

પુરુષ જેવી જેવી શ્રદ્ધા વડે યુક્ત થાય તેવો તેવો બને છે

હે ભારત ! સર્વની શ્રદ્ધા સત્ત્વ અનુરૂપ થાય છે. એવી શ્રદ્ધાવાળો આ પુરુષ જ છે. તે જે જે શ્રદ્ધાવાળો થાય તે તે જ કહેવાય છે, ભાવાર્થ એ કે, શાસ્ત્રોમાં રથળે રથળે જે પુરુષ આમ કરે તો આમ થાય એવું વર્ણન આપેલું હોય છે, તે દેહને ઉદ્દેશીને નહિ પરંતુ દેહી (જીવ)ને ઉદ્દેશીને હોય છે; જે તને વખતોવખત કહેવામાં આવેલું છે. વસ્તુતઃ પુરુષ તો આત્મસ્વરૂપ હોઈ તદ્દન નિર્વિકાર, નિર્ગુણ અને શાંત છે, છતાં આકાશ જેમ મઠની ઉપાધિ વડે મહાકાશ કિંવા ઘટની ઉપાધિ વડે ઘટાકાશ કહેવાય છે કિંવા અરીસો શુદ્ધ હોવાથી તેમાં ગમે તેટલાં પ્રતિબિંબો પડે તો પણ તે કાંઈ કદી મલિન થતો નથી તેમ વાસ્તવિક રીતે આત્મસ્વરૂપ એવો આ પુરુષ તદ્દન શુદ્ધ, શાંત અને નિર્મળ હોવા છતાં જાણે વિષયોની ઉપાધિને લીધે જીવરૂપે બનીને અનંત પ્રકારના સુખદુઃખાદિ ભોગ ભોગવી રહ્યો હોય તેવો પ્રતીતિમાં આવે છે. અરીસાને કિંવા ઘટાકાશ, મહાકાશને તો બીજા કોઈ આવરણ કરનારાં સાધનોની આવશ્યકતા હોય છે. પરંતુ આ પુરુષ તો સ્વતઃસિદ્ધ, તદ્દન સ્વતંત્ર, કોઈની પણ અપેક્ષા વગર સ્વયંપ્રકાશ અને અનિર્વચનીય હોવાથી તે પોતાની મેળે જ જેવી જેવી શ્રદ્ધાવાળો થાય છે તેવો તેવો કહેવાય છે. જેમ માટી ઘડાના આકારે થાય તો ઘડો, સગડીના આકારે થાય તો સગડી, રમકડાંને આકારે થાય તો રમકડાં, ઈંટના આકારે ઈંટ ઇત્યાદિ જુદા જુદા આકારે પ્રતીતિમાં આવે છે તેમ આ દશ્યાદિ ત્રિપુટીઓ તથા તેનો સાક્ષી ઇત્યાદિ સર્વરૂપે આ આત્મા પોતે પોતામાં અને પોતા વડે જ જેવો જેવો થાય છે તે તે રીતે બનેલો પ્રતીતિમાં આવે છે. આથી સત્ત્વ એટલે આત્મસ્વરૂપ બનેલા એવા આત્મારામ જીવન્મુક્તનું ચિત્ત કિંવા આત્મા જ પોતે ઈશ્વર, માયા અને તેના ત્રણ ગુણાદિ તથા જીવાદિરૂપે એટલે સ્વભાવ વા નિયતિરૂપે બની જેવી જેવી ભાવના(શ્રદ્ધા)વાળો બને છે તેવી તેવી ભાવનાવાળો તે પોતે જ પોતાને પોતામાં અનુભવે છે, એટલે વ્યવહારમાં તે પોતે જ તેવા રૂપે થયેલો જોવામાં આવે છે. આથી સર્વની શ્રદ્ધા પોતપોતાના પ્રકૃતિજન્ય સ્વભાવાનુરૂપ જ થાય છે. જો શાસ્ત્રમાં કહેલાં કેટલાંક વ્રતો તો ફક્ત સ્ત્રીઓએ જ કરવાનાં હોય છે છતાં તેમાં બતાવેલી ફળશ્રુતિમાં તો જે પુરુષ આ વ્રત કરે છે તેને જન્મોજન્મ અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે તથા પતિનું સુખ મળે છે, આવાં વર્ણનો આવે છે. તે વાંચી પુરુષની વ્યાખ્યા નહિ સમજનારા મૂઢો તેને ઠારપાત્રપદ ગણે છે, પરંતુ જો વિચાર કરે તો જણાઈ આવશે કે તે તો પોતાની અજ્ઞાનતા કિંવા મૂઢતા છે. અરે! જુઓ કે વ્યવહારમાં ગણાતા પુરુષ કિંવા સ્ત્રીઓ પણ આપસઆપસમાં ખબર અંતર પૂછે તો તે સામાને એમ જ કહે છે કે તમારી પ્રકૃતિ(તબિયત) કેમ છે ? કદી કોઈ તમારો પુરુષ કેમ છે એવું પૂછે છે ખરા કે? એટલે આ બધું જે જે કાંઈ જોવામાં આવે છે તે તો પ્રકૃતિ જ છે, એમ વ્યવહાર ઉપરથી પણ સિદ્ધ થાય છે. આથી એ નિશ્ચિત છે કે પ્રકૃતિથી પુરુષ તો કોઈ વેગળો કોઈ તે જ આ પ્રકૃતિને ચલાવી રહ્યો છે. અર્થાત્ કાયિક વાચિક અને માનસિક થતાં તમામ કાર્યનો પ્રેરક તે હોવાથી જેમ મજૂરો ગમે તેટલું કામ કરતા હોય છતાં પણ તેનો માલિક તો કોઈ જુદો જ હોય છે તેમ આ દેહ તથા ઇંદ્રિયો તો મજૂરરૂપે હોઈ જે માલિકની આજ્ઞાનુસાર તેઓ વર્તે છે તે તો કોઈ જુદો જ છે. તેને જ "પુરુષ" એવી સંજ્ઞા વડે શાસ્ત્રકારો સંબોધે છે, તે ખાસ ધ્યાનમાં રાખવું.

પુરુષ નામ પાડવાનું કારણ

સર્વ પાત્રોમાં આત્મસ્વરૂપ એવા ભગવાન જ શ્રેષ્ઠ પાત્ર છે, તે કરતાં શ્રેષ્ઠ પાત્ર કોઈ પણ નથી. કેમ કે આ બ્રહ્માંડરૂપી મહાન વૃક્ષ કે જે અનંત જીવોના સમૂહો વડે વ્યાપ્ત છે તેનું મૂળ ચિદાકાશરૂપ એવા એક ભગવાન જ છે. માટે તેમને ઉદ્દેશીને થનાર યજનપૂજન જ સર્વ જીવો તથા પોતાને પણ તૃપ્ત કરનારું છે. આત્મસ્વરૂપ એવા ભગવાને જ મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, ઋષિ અને દેવાદિ તમામ સ્થાવરજંગમાદિ પુરો એટલે શરીરો ઉત્પન્ન કર્યાં છે અને આ પુરોમાં જીવસ્વરૂપે પણ તે પોતે જ વિરાજે છે તેથી તે પુરુષ કહેવાય છે. આ મુજબ શાસ્ત્રમાં પણ નિર્ણય છે(ભા૦ ૨૬૦ ૭, અ૦ ૧૪ શ્લો૦ ૩૭ જુઓ). તે પુરુષ જ જેવી જેવી ભાવના(શ્રદ્ધા)વાળો થાય તે તે રૂપે પોતે પોતાને પોતામાં જ અનુભવે છે. આ રીતે તે પુરુષ જ સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારની શ્રદ્ધાવાળો બને છે. પુરુષ પોતાની મેળે જ અનેક પ્રકારે કેવી રીતે થાય છે અને તેમાં મુખ્ય કેટલાક પ્રકારોના જીવોનો સમાવેશ થાય છે તેની સ્પષ્ટતા માટે શાસ્ત્રનિર્ણયમાં કહેલા ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પદાર્થોની ઉત્પત્તિના વિભાગો કિંવા જીવમાં સત્ત્વ, રજ તથા તમોગુણવડે પડતા ભેદો અને મિશ્રણનો ક્રમ તને કહું છું.

આ કલ્પમાં મનુષ્યયોનિમાં જન્મેલા જીવજાતિના ભેદો

ચાલુ કલ્પની શરૂઆત થઈ અને તે પૂર્વના કલ્પનો જ્યારે અંત થયો ત્યારે જે જીવોના તે કલ્પનો (કલ્પ એટલે બ્રહ્મદેવનો દિવસ જુઓ અધ્યાય ૮ શ્લો૦ ૧૭ પૃષ્ઠ ૪૫૬/૪૬૦) અંત થતાં સુધી જ્ઞાન પ્રાપ્ત થવાનાં શમદમાદિ સાધનો ચાલુ હોય પરંતુ કોઈ પૂર્વપ્રતિબંધને લીધે તેઓને જ્ઞાન થયું ન હોય તેવા જીવો તો આ કલ્પમાં જન્મ થયા પછી પહેલા જ જન્મમાં પૂર્વસંસ્કારવશાત્ જ્ઞાન પ્રાપ્ત થવાને યોગ્ય બને છે, તેને **ઇદંપ્રથમતા** નામના જીવો કહે છે. આ જીવ જાતિમાં જન્મેલા એક જ જન્મમાં મોક્ષને પામે છે. આ ઇદંપ્રથમતા જાતિની કક્ષા પૈકીના બીજા કેટલાક જીવો કે જેનો એક જન્મમાં નહિ પરંતુ દશ પંદર જન્મ પછી મોક્ષ થાય છે તેવાઓને **ગુણપીચરી** કહે છે. આ કલ્પમાં જન્મ્યા પછી સો જન્મે જેનો મોક્ષ થાય તેવા પ્રકારના જન્મેલા જીવો **સસત્ત્વા** કહેવાય છે તથા આ કલ્પમાં હજારો જન્મો દુઃખ ભોગવ્યા પછી જે જીવોનો મોક્ષ થાય છે તેને **અધમસત્ત્વા** કહે છે. જે જીવો આ અધમસત્ત્વાની કક્ષામાં આવેલા હોય પરંતુ અધ્યાત્મજ્ઞાનવિમુખતાને લીધે ઘણા જન્મ પછી પણ જ્યારે મોક્ષમાં સંદેહવાળા હોય છે તેવા જીવો અત્યંત **સત્ત્વાતામસી** કહેવાય છે. આ રીતે જેઓ પૂર્વ કલ્પની વાસનાવશાત્ આ કલ્પમાં બીજી કોઈ પણ યોનિઓમાં નહિ જન્મતાં મનુષ્યયોનિમાં જ જન્મને પામે છે તેવાઓના સંબંધમાં કહ્યું.

એક કલ્પમાં જ મોક્ષ થનારી જીવજાતિઓના ભેદો

પૂર્વકલ્પની વાસનાને અનુસરીને જે જીવો આ કલ્પમાં પ્રથમ મનુષ્યેતર યોનિમાં જન્મ્યા હોય પરંતુ બે ત્રણ જન્મ થયા પછી જ્યારે મનુષ્ય જન્મમાં આવે છે ત્યારે પણ તેઓ સ્વર્ગનરકાદિની પ્રાપ્તિ થાય તેવાં કર્મો જ કર્યા કરે છે એટલે મોક્ષને માટે તેમને સંદેહ હોય છે, તેથી તેઓ હંમેશ સકામ કર્મોમાં જ રચ્યાપચ્યા રહે છે તેવા એટલે સકામ કર્મો કરનારા જીવોને **રાજસી** કહે છે. આ રાજસી જીવોને પોતાનાં રાજસ કર્મો વડે અત્યંત દુઃખ થઈ તે ઉપર જ્યારે સંપૂર્ણ રીતે વૈરાગ્ય ઉપજે છે ત્યારે આત્મજ્ઞાન તો થાય છે પરંતુ તેવા જીવો કદી જીવન્મુક્ત બની શકતા નથી, પરંતુ વિદેહમુક્ત થાય છે એટલે તેઓ દેહ છોડ્યા પછી જ મુક્તિને મેળવી શકે છે; તેવા જીવો મંદજ્ઞાની કિંવા સમનરક કોટીના હોવાથી **રાજસસાત્ત્વિકી** કહેવાય છે. એવા રાજસસાત્ત્વિકી જીવો પૈકી જેઓની દેહ છોડ્યા પછી એકદમ મુક્તિ નહિ થતાં તેઓને મનુષ્યથી ઉચ્ચ કોટીના યક્ષ અને ગંધર્વાદિ યોનિઓમાં જન્મ મળે છે અને ત્યાં ક્રમે જ્ઞાનપ્રાપ્તિ થઈ તેઓ મોક્ષના અધિકારી બને છે; તેવા ક્રમ મુક્તિના માર્ગે જનારા જીવો **રાજસરાજસી** કહેવાય છે. આ રાજસરાજસીને સેંકડો હજારો જન્મો રાજસ અને તામસ કર્મોનાં ફળો ભોગવવાં પડે છે તથા ત્યાર પછી જ તેઓને મોક્ષનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેને **રાજસતામસી** કહે છે અને આ રાજસતામસી

જીવો પણ મોક્ષમાં સંદેહવાળા થઈ જ્યારે જેમાં લાખો જન્મો થયા જ કરે તેવાં કર્મો કરે છે તેને **રાજસાત્યંતતામસી** કહે છે અને એક કલ્પમાં અનંત જન્મો ભોગવ્યા પછી જ્યારે કલ્પને અંતે જેનો મોક્ષ થાય છે તે **તામસી** જીવજાતિ જાણવી. આ મુજબ એક કલ્પમાં જ જેઓને મોક્ષ થાય છે તેવી જીવજાતિના ભેદોનું વર્ણન કર્યું. હવે બીજા કલ્પમાં મોક્ષ થનારી જીવજાતિના ભેદો સંબંધમાં કહું છું.

બીજા કલ્પમાં મોક્ષ થનારી જીવજાતિના ભેદો

ઉપર કહેવામાં આવ્યા તે તામસી જીવો એવાં કર્મોનો આરંભ કરે કે જેઓનો બીજા કલ્પમાં એક જ જન્મમાં મોક્ષ થાય છે તે જીવજાતિને **તામસસત્ત્વા** કહે છે. આ તામસસત્ત્વો પૈકી રજોગુણ તથા તમોગુણના ફળથી યુક્ત થવાને લીધે જેઓનો ઘણા જન્મો પછી મોક્ષ થવા પામે એવી જીવજાતિને **તમોરાજસી** કહે છે. આ તમોરાજસી પૈકી જે જીવોના પૂર્વે તો હજારો લાખો વાર જન્મો થયા હોય છે તથા ભવિષ્યમાં લાખો જન્મો થયા પછી મોક્ષની યોગ્યતા થાય છે, તે જીવજાતિને **તામસતામસી** કહે છે.

અનેક કલ્પોમા પણ મોક્ષ નહિ પામનારા જીવો

જે જીવોના પ્રથમના કલ્પોમાં પણ અનંત જન્મો થયા છે તથા ભવિષ્યના કલ્પોમાં થતા જ રહેશે, એ રીતે જેઓને મોક્ષને માટે સંદેહ હોય છે, એવા કલ્પકલ્પાંતરમાં પણ જેઓનો મોક્ષ થવા પામતો નથી, તેવી જીવજાતિને **અત્યંતતામસી** કહે છે.

પુરુષ પોતે પોતાના હાથે વિનાશ કિંવા ઉદ્ધાર કેવી રીતે કરે ?

આ પ્રમાણે સર્વ જાતિ વાસ્તવિક તો પુરુષનું પણ અધિષ્ઠાન એવા આત્મા કિંવા બ્રહ્મથી જ ઉત્પન્ન થયેલી છે. જેવી રીતે સમુદ્રોમાં મોજાંઓ ઉત્પન્ન થાય છે, તે મુજબ આ સર્વ જીવજાતિ બ્રહ્મમાંથી ઉત્પન્ન થવા પામેલી છે. અગ્નિમાંથી જેમ તણખા, સૂર્યમાંથી પ્રભા, ચંદ્રમાંથી શીતળમંજરી (કિરણ), સુવર્ણમાંથી અલંકારો, જળનાં ઝરણાંઓમાંથી જળના તુષારો ઉત્પન્ન થાય છે તેમ આ તમામ જીવમાત્રના સમૂહો આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, આત્મામાં જ રહે છે, આત્મામાં જ વિલયને પામે છે અને પરમાત્મારૂપ જ છે. તે પરમાત્મા તો અજન્મા છે તેમાં જ આ સર્વ કલ્પનારૂપ છે. ઘટમાં રહેલું આકાશ (ઘટાકાશ) તથા થાળીના છિદ્રની અંદર જેવી રીતે આકાશનો ભાગ રહેલો હોય છે તેવી રીતે સર્વ લોકની આકલતા બ્રહ્મના પદથી જ થયેલી છે. જળમાંથી જેમ બારીક અને શીતળ કણો, ચકરી, ઘૂમરી, મોજાં તથા બિંદુઓ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે બ્રહ્મમાંથી આ અસંખ્ય જીવજાતિની ઉત્પત્તિ થવા પામેલી છે. છતાં જેમ તેજ અને પ્રકાશ ભિન્ન નથી તેમ ઉત્પન્ન થયેલો આ સર્વભૂતમાત્રનો સમૂહ આત્માથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. જેમ તરંગોનો સમુદ્રમાં જ વિલય થાય છે તથા તરંગો કિંવા સમુદ્રો પાણીરૂપ જ છે તેમ આ અનેક પ્રકારની ભૂતમાત્રની સ્થાવરજંગમાદિ જીવજાતિ એ બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે, બ્રહ્મમાં જ રહે છે, બ્રહ્મરૂપ જ હોય છે તથા વળી પાછી બ્રહ્મમાં જ વિલયને પામે છે. કોઈ જાતિ હજારો કલ્પો સુધી જન્મો પામીને પછી, તો કોઈ થોડા જન્મો ભોગવીને અંતે પુરુષાર્થ કરી બ્રહ્મમાં જ વિલીન થાય છે. બ્રહ્મ વિના તેને માટે બીજો કોઈ માર્ગ હોતો નથી. એ મુજબ અગ્નિમાંથી ઉત્પન્ન થયેલા તણખાની પેઠે વિવિધ પ્રકારના જગતમાં પરમાત્માની ઇચ્છાથી ઈશ્વરના વ્યવહારવાળી ઉપર લખેલી આ ભૂતસમૂહની જાતિઓ આવે છે, જાય છે, ઊંચી ચડે છે અને પડે છે. આ રીતનો આત્માનો મિથ્યા ભ્રમાત્મક વ્યવહાર અપરોક્ષાનુભ થતાં સુધી સ્વપ્નવત્ ચાલ્યા જ કરે છે. આમ પુરુષ પોતાના હાથે જ પુરુષાર્થ વડે આ દુઃખમય મોહજાળમાંથી મુક્ત થઈ શકે છે કિંવા અજ્ઞાનતાનો અંગીકાર કરી પોતે પોતાનો, પોતાના હાથે જ વિનાશ કરી લે છે અને તે જ ક્રમે દૈવી તથા આસુરી સંપત્તિવાળો ગણાય છે એ મુજબ શાસ્ત્રમાં નિશ્ચય છે, એમ સમજ. હવે સાત્ત્વિકી, રાજસી અને તામસી શ્રદ્ધા સંબંધમાં કહું છું.

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।

प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥४॥

દૈવી નિશ્ચયમાં શ્રદ્ધાવશાત્ પડતા ત્રણે ભેદો

સાત્ત્વિકો દેવોને યજે છે, રાજસો યક્ષ અને રાક્ષસોને, બીજા તામસ જનો ભૂતો અને પ્રેતગણો ઇત્યાદિને ભજે છે. અર્થાત્ સાત્ત્વિક શ્રદ્ધાવાળા જનો દેવાદિકોનું જ પૂજન અર્ચન કરતા હોવાથી તેઓ ક્રમે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે, રાજસો હું દેહ છું એવી માન્યતાવાળા હોવાથી રાક્ષસોનું યજન કરનારા તથા દેહપુષ્ટિને માટે દ્રવ્યાદિની ઇચ્છાવાળા હોવાથી યક્ષોનું યજન કરે છે (દેવતાઓના દ્રવ્યના ભંડારી મુખ્ય ખજનચી યક્ષો હોઈ તે સર્વમાં મુખ્ય કુબેર છે) તથા તામસી જનો તો મૂઢ હોવાથી ભૂતપ્રેતાદિ નીચ ગણોની ઉપાસના કરે છે કેમ કે આ ઉપાસના તેઓ લોકોના વૈરભાવ માટે જ કરતા હોવાથી તે પારકાને તો પીડારૂપ નીવડે છે, પરંતુ સાથે સાથે પોતાને પણ અધમ યોનિમાં ધકેલનારી છે. ભગવાને કહ્યું: હે અર્જુન! જે દૈવી નિશ્ચયવાળા શાસ્ત્રના વિધિનો પરિત્યાગ કરીને શ્રદ્ધાવડે યજન કરે તેમની શ્રદ્ધામાં પણ આ રીતે ત્રણ ત્રણ પ્રકારના ભેદો છે. આ તને દૈવી નિશ્ચયવાળા ઉપાસકોના સંબંધમાં કહ્યું.

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ।

दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।

मां चैवान्तः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥६॥

અશાસ્ત્રીય તપ કરનારા આસુરી નિશ્ચયવાળાઓ

જે જનો દંભ અને અહંકાર વડે યુક્ત થઈ કામ એટલે અનેક પ્રકારની ઇચ્છાઓ તથા રાગ એટલે સંગ, આસક્તિ કિંવા પ્રીતિના બળવડે યુક્ત થઈને શાસ્ત્રમાં નહિ કહેલાં એવાં ઘોર તપો કરે છે તથા શરીરમાં રહેલા ભૂતોના સમૂહને અને તેની અંદર રહેલા શરીરસ્થ એટલે વસ્તુતઃ હું આત્મસ્વરૂપ હોવા છતાં પણ શરીરરૂપે સ્થિત છું અર્થાત્ હું એટલે શરીર જ છું એવું માનીને આત્મરૂપ એવા મને પણ કર્ષયન્ત; એટલે કષ્ટ આપે છે કિંવા દુભવે છે તેવા અવિવેકીઓને આસુરી નિશ્ચયવાળા જાણ. ઉદ્દેશ એ કે અચેતસઃ એટલે હું ચૈતન્ય કિંવા આત્મરૂપ છે એમ નહિ સમજતાં હું શરીર છું એમ પોતાને જડરૂપે માનનારા ચેતન વગરના અર્થાત્ જીવંત છતાં પણ મરેલા જેવા જે લોકો દંભ અને અહંકાર વડે યુક્ત થઈ કામ અને આસક્તિના જોર ઉપર વગર સમજે શાસ્ત્રવિરુદ્ધ એવું ઘોર તપ કરી શરીર કે જે પાંચ મહાભૂતોનો સમૂહ છે તેને વગર કારણે કૃશ કરે છે. એટલું જ નહિ પરંતુ શરીરની અંદર નિવાસ કરનારા અને વાસ્તવિક આત્મસ્વરૂપ એવા મને આ અચેતસઃ દેહરૂપ જ સમજે છે, એટલે કે જેઓ હું દેહ છું એમ માની લે છે, તેઓને આસુરી નિશ્ચયવાળા સમજ. આ રીતે મેં તને અશાસ્ત્રીય એટલે મનસ્વી રીતે યજન કરનારા દૈવી તથા આસુરી નિશ્ચયવાળાનું સ્વરૂપ સમજાવ્યું. હવે આગળ કહું છું.

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।

यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥७॥

આહાર, યજ્ઞ, તપ અને દાનમાં પણ ત્રણ ત્રણ પ્રકારો છે

ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! ઉપર મેં તને દૈવી અને આસુરી નિશ્ચયવાળાના સંબંધમાં કહ્યું. વળી આ સર્વનો આહાર પણ ત્રણ પ્રકારનો થાય છે તેમ, યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારનાં જ હોય છે. એટલે આ લોકમાં પ્રિય એટલે પોતપોતાનો મનગમતો આહાર પણ ત્રણ પ્રકારનો હોય છે. તેમજ તેઓના યજ્ઞ, તપ અને દાનાદિમાં પણ શ્રદ્ધા પ્રમાણે ત્રણ ત્રણ ભેદો જ છે.

आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिराहृद्या आहाराः सात्त्विकप्रियाः ॥८॥

સાત્ત્વિકનો પ્રિય આહાર

આયુષ્ય, સત્ત્વ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનારા, રસવાળા, સ્નિગ્ધ એટલે સ્નેહવાળા, સ્થિર રહેનારા અને હૃદયની પ્રસન્નતા કરાવનારા એવા આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે. એટલે સાત્ત્વિકોને જે વડે આયુષ્યની વૃદ્ધિ થાય, સત્ત્વ એટલે જેમાં કસ હોય એવા પદાર્થો, પુષ્ટિદાયક, આરોગ્ય, સુખ અને અભિરુચિ ઉત્પન્ન કરનારા, રસાદિષ્ટ અને મધુરરસવાળા, સ્નિગ્ધ એટલે અન્નને શુદ્ધ કરનારા ઘી જેવા પદાર્થો, સ્થિર એટલે શરીરની સાથે એકરસ થઈ જનારા અર્થાત્ ઉલટી વિગેરે દ્વારા નીકળી નહિ જતાં રક્તાદિ સાત ધાતુઓ રૂપે બનનારા, જેમાંથી મેલ ઓછો ઉત્પન્ન થાય એવા અને હૃદયને પ્રસન્નતા આપે એવા આહાર પ્રિય હોય છે. સંક્ષેપમાં જે આહાર અંતે હૃદયને આનંદ ઉપજાવે અને સન્માર્ગે લઈ જઈ આહ્લાદ ઉત્પન્ન કરે એવો હોય તે જ સાત્ત્વિકને પ્રિય હોય છે.

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।

आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥

રાજસનો પ્રિય આહાર

કડવા, ખાટા, ખારા, અત્યંત ઊના, તીખા, લૂખા, અને દાહ કરનારા તથા દુઃખ, શોક અને રોગ ઉપજાવનારા આહારો રાજસને પ્રિય છે. એટલે રાજસ લોકો એકદમ ગરમ, ખાટા, કડવા, તીખા ઇત્યાદિ વિવિધ પ્રકારના રસોવાળા, ચિત્રવિચિત્ર પ્રકારના અને ભાત ભાતના તળેલા, શેકેલા, ઉકાળેલા, વઘારેલા અને મોઢું ભરચું ભભરાવેલા એવા મોંને ઝણઝણાટ અને પાણી ઉત્પન્ન કરનારા પદાર્થોનો આહાર કે જે અંતે રોગ ઉપજાવનારો હોઈ દુઃખ અને શોક કરાવનારો હોય છે, તેની ઉપર જ વધુ પ્રીતિ ધરાવે છે.

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।

उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥

તામસનો પ્રિય આહાર

બેહું કાચું અને બેહું પાકું, રસ વિનાનું, દુર્ગંધવાળું, ટાઢું કિંવા, વાસી, છંડાયેલું અને યજ્ઞમાં અયોગ્ય એવું ભોજન તામસને પ્રિય હોય છે. અર્થાત્ યાતયામ એટલે પહોર વીતી ગયો હોય તેવું ટાઢું હોવાથી મોટી મુશ્કેલી વડે પચે તેવું અધું કાચું અને પાકું, રસ વિનાનું, કાંદા લસણ, દુંગળી, ગાજર, માંસ, માંછલાં સડેલું અને દુર્ગંધવાળું, વાસી અથવા સડાવેલું એટલે કે આથેલું, એઠું તથા જેનું ભક્ષણ કરવા શાસ્ત્રમાં મના કરી હોય છે તેવા પદાર્થોવાળું, તદ્દન અપવિત્ર, યજ્ઞ માટે અપવિત્ર (અધ્યાય ૩ શ્લોક ૯ પૃ. ૨૦૫/૨૦૬ જુઓ.)

એવું અન્ન તામસી જનોને પ્રિય હોય છે. રાજસ અને તામસ આહારો આધિવ્યાધિ ઉત્પન્ન કરનારા હોવાથી શરીરમાં આધિ અને વ્યાધિઓ શી રીતે ઉત્પન્ન થવા પામે છે તથા તેનો નાશ કેવી રીતે થાય છે, તે સંબંધે અત્રે થોડો વિચાર કરવો આવશ્યક છે.

આધિ વ્યાધિનું મૂળ કારણ

આધિ અને વ્યાધિ એ બંને દુઃખનું કારણ છે, ઔષધ કરવાથી તો તેટલા પૂરતું સુખ મળે છે પરંતુ જ્ઞાન વડે તો દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય છે. એટલે ફરીને કદી દુઃખ ઉત્પન્ન થવા પામતું નથી તેથી તે મોક્ષ કહેવાય છે. આ આધિ અને વ્યાધિઓ બંને કોઈ વખતે એક બીજાના નિમિત્તરૂપ થઈને શરીરમાં એક પછી એક એમ ક્રમે કરીને ઉત્પન્ન થવા પામે છે. કોઈ સમયે બંને એક સાથે જ પેદા થાય છે તો કોઈ સમયે એકના શમન પછી બીજો એ ક્રમે થવા પામે છે. દેહ સંબંધી જે કાંઈ દુઃખ છે તે વ્યાધિ તથા વાસના વડે થનારી માનસિક વ્યથા તે આધિ એવા નામથી કહેવાય છે. એ બંનેનું વાસ્તવિક (ખરું) મૂળ તપાસતાં અજ્ઞાન જ છે એમ જણાઈ આવે છે અને તેનો સંપૂર્ણ નાશ તો તત્ત્વજ્ઞાન વડે જ થઈ શકે છે. આત્માની અજ્ઞાનતાને લીધે અને પોતાની ઇંદ્રિયોનો સંયમ નહિ થવાને લીધે ચિત્તમાં સ્વસ્થતા રાખનારા સૂક્ષ્મભાવને છોડી દઈ રાતદિવસ રાગદ્વેષમાં રૂંધાઈ જઈ આ મળ્યું અને આ ન મળ્યું એવા ચિંતાઓથી ગાઢ અંધકારરૂપ મહામોહને આપનારી આધિઓ વર્ષાઋતુમાં ઉત્પન્ન થતી ઝાકળની પેઠે કેવળ આત્માના અજ્ઞાનથી જ ઉત્પન્ન થાય છે.

આધિ વ્યાધિ ઉત્પન્ન થવાનાં કારણોની ચિકિત્સા

અજ્ઞાનને લીધે મનમાં અનેક પ્રકારના વિષયોની ઇચ્છાઓ રહુરવાથી, ચિત્ત ન જીતવાથી, દુષ્ટ અન્ન ખાવામાં આવવાથી, સ્મશાનાદિ અશુભ ગણાતાં સ્થળોમાં ફરવાથી, સાયંકાલાદિ અથવા ગ્રહણાદિ જેવા કવખતે અને અનિયમિત ભોજન કરવાથી, મૈથુનાદિ વ્યવહારથી, દુષ્ટ કર્મોનું નિત્યપ્રતિ ચિત્તમાં ચિંતન કરવાથી દુર્જનોના સંગદોષથી, વિષ, સર્પ, વ્યાઘ્ર તથા ભૂતાદિની શંકાઓ આવવાથી, ભૂત, પ્રેત પિશાચાદિના ભયોથી, વિષયોપભોગો ભોગવવાથી વસ્તુથી, કોઈના અશુભ સંસર્ગથી, ચેપી રોગોવાળાના સંગથી કાંઈ સારું નરસું જોવાથી, કોઈક પદાર્થના સ્પર્શથી કાળના અને સ્થળના વિશેષપણાને લીધે, હદથી વધુ પ્રમાણમાં પરિશ્રમો કરવાથી, અનેક પ્રકારની ચિંતાઓને લીધે, શરીરમાં નાડીઓનાં છિદ્રોમાં અન્નનો રસ સારો રીતે જઈ નહિ શકવાને લીધે કિંવા ક્ષિણ થઈ ગઈ હોય એવી નાડીઓને જરૂર કરતાં વધુ રસ મળવાથી, અતિ આહારથી અને બિલકુલ આહાર નહિ લેવાથી, વધારે પડતા રસાદિથી નાડીઓ પૂર્ણ થઈ જવાને લીધે રક્તાભિસરણની ક્રિયા બરાબર નહિ ચાલવાથી, કફ, પિત્ત કિંવા, વાત દોષથી, પ્રાણ આકુળ વ્યાકુળ થઈ શરીરનું અત્યંત વિકળ થઈ જવું ઇત્યાદિ દોષોની વૈષમ્ય અવસ્થાને લીધે પ્રથમતઃ અવ્યક્તદશામાં આધિ વ્યાધિઓ શરીરમાં ઉત્પન્ન થવા પામે છે. આ અવ્યકત દશામાં ઉત્પન્ન થતા આ દોષોનો નાશ થઈ શકતો નથી. આધિ વ્યાધિઓ વડે શરીરનો આકાર તદ્દન સુકાઈને બદલાઈ જાય છે. પૂર્વ જન્મની હોય યા આ જન્મની હો, શુભ હો યા અશુભ હો, પરંતુ તે બે પૈકી જે બુદ્ધિ વધુ બળવાળી હોય છે તેવા આધિ વ્યાધિના ક્રમ તરફ તે મનુષ્યને ઘસડી જાય છે. પંચમહાભૂત વડે બનેલા આ સાત ધાતુવાળા સ્થૂળ દેહમાં તથા પાંચ જ્ઞાનેન્દ્રિય, તેના પાંચ વિષયો, પાંચ શબ્દતન્માત્રા તથા મન બુદ્ધ્યાદિ વડે બનેલા સૂક્ષ્મ દેહમાં એ રીતે આધિઓ અને વ્યાધિઓ ઉત્પન્ન થવા પામે છે. સ્થૂળ દેહમાં ઉત્પન્ન થનારો વ્યાધિ અને સૂક્ષ્મ દેહમાં ઉત્પન્ન થનારો આધિ કહેવાય છે.

વ્યાધિના પ્રકારો અને તેના નાશના રામબાણ ઉપાયો

વ્યાધિ બે પ્રકારનો છે, એક સામાન્ય અને બીજો દંતર. ભૂખ, તરસ અને સ્ત્રી પુત્રાદિની ઇચ્છા વડે ઉત્પન્ન થયેલો વ્યાધિ સામાન્ય ગણાય છે અને જન્મમરણાદિ વિકાર આપનારો, સૂક્ષ્મ દેહની વૃદ્ધિ કરનારો,

વાસનામય વાયુવ્યાધિ દૃઢતર કહેવાય છે. અન્નપાન તથા સ્ત્રીપુત્રાદિક ઇચ્છિત વસ્તુઓ મળી જવાથી વ્યાવહારિક સામાન્ય આધિ વ્યાધિ તો નાશ પામે છે અને એ આધિઓ નાશ પામતાં મનમાં પણ તેટલા પૂરતો સંતોષ લાગે છે. પરંતુ જેમ દોરીમાં થયેલી સર્પની ભ્રાંતિ દોરીના સાચા જ્ઞાન વગર કદી પણ મટતી નથી તેમ અજ્ઞાન વડે ઉત્પન્ન થયેલો દૃઢતર એવો વ્યાધિ કે જે વાસનામય હોઈ અનેક જન્મમરણ આપનારો છે અને જેને ભવરોગ પણ કહે છે, તે તો આ અજ્ઞાનને નિવૃત્ત કરનારા આત્માના અપરોક્ષજ્ઞાન વિના કદી પણ મટતો નથી. આ મુજબ જો દૃઢતર એવા આ જન્મમરણાદિરૂપ આધિનો ક્ષય થાય તો જ સર્વ આધિ વ્યાધિઓનો જડમૂળથી નાશ થઈ જાય છે. જે વ્યાધિઓ આધિ વિના જ ઉત્પન્ન થાય છે તે તો વૈદકમાં કહેલા ઔષધ અને મંત્રાદિના શુભ ક્રમોથી અથવા વૃદ્ધપરંપરાના ઉપાયોથી દૂર થાય છે.

આધિમાંથી વ્યાધિ શી રીતે ઉત્પન્ન થાય ?

હવે આધિમાંથી વ્યાધિ શી રીતે ઉત્પન્ન થાય છે, તે સંબંધે સંક્ષેપમાં કહું છું. પ્રથમ તો ચિત્તમાં અનેક વિષયવાસનાઓ ભોગવવાની ઇચ્છાથી ચિત્ત આધિ વડે પીડા પામે છે અને તેથી શરીરમાં ક્ષોભ થાય છે. ભૂલો પડેલો મનુષ્ય જેમ પાસે રહેલા માર્ગને પણ જોતો નથી અને તે નહિ દેખાવાથી અવળે માર્ગે ચાલ્યો જાય છે કિંવા શસ્ત્રથી વિંધાયેલું હરણ સીધો માર્ગ છોડી દઈ આડે અવળે માર્ગે નાસવા માંડે છે, તેમ શરીરમાં ક્ષોભ થવાથી પ્રાણાદિ પવનો પોતાના સમાન ભાવને છોડી, આડે અવળે માર્ગે, ગમે તેમ ગતિ કરવા માંડે છે. પ્રાણની ગતિ આડીઅવળી થવાથી સઘળી નાડીઓ કફ, પિત્તાદિ દોષો વડે પુરાઈ જવાને લીધે વૈષમ્ય એટલે વિષમ અવસ્થાને પ્રાપ્ત થાય છે. આમ પ્રાણો વડે દેહ ચોતરફ વિહ્વળ થઈ જવાથી કેટલીક નાડીઓ અન્નરસથી પૂરી ભરાઈ જાય છે તથા કેટલીક નાડીઓ તો તદ્દન ખાલી જ રહી જવા પામે છે. પ્રાણની ગતિ બદલાઈ જવાથી કાં તો અન્નનો રસ જ ખરાબ થાય છે અથવા તો તે અન્ન નહિ પચવાથી અજીર્ણ થાય છે કિંવા અન્નરસ ઘણો જ જીર્ણ થઈ સુકાઈ જાય છે, તો તે વડે પણ શરીરમાં વિકાર ઉત્પન્ન થાય છે. જેમ નદીનો પ્રવાહ તેમાંની વસ્તુઓને પોતાની સાથે સમુદ્ર તરફ જ ખેંચી જાય છે તેમ પ્રાણવાયુઓ ખાધેલા અન્નને રસરૂપ બનાવી દઈ શરીરની અંદર તમામ નાડીઓ દ્વારા પોતપોતાના સ્થાનમાં પહોંચાડી દે છે, પણ જે અન્ન પ્રાણવાયુના વિષમપણાથી શરીરના અંદરના ભાગમાં કોઈક સ્થળે રુંધાઈ રહે છે તે સ્વાભાવિક રીતે કફ આદિ ધાતુઓને બગાડીને વ્યાધિ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે પ્રથમ આધિમાંથી વ્યાધિ ઉત્પન્ન થવા પામે છે અને આધિ મટી જતાં વ્યાધિનો પણ નાશ થાય છે.

મંત્રો વડે થતો વ્યાધિનો નાશ

મંત્રો વડે વ્યાધિઓનો નાશ શી રીતે થવા પામે છે તે સંક્ષેપમાં કહું છું. જેમ હરડેનો સ્વભાવ જુલાબ થવો એવો છે, તેમ યં, રં, લં, વં, શં, ષં, ઇત્યાદિ બીજાત્મક મંત્રો તથા વર્ણો જે શાસ્ત્રમાં કહેવામાં આવેલા છે તેનો જપ કરવાથી તે તેવા તેવા પ્રકારની મનની શુદ્ધિ કરે છે અને મનની શુદ્ધિ થતાં વ્યાધિઓને મટાડે છે. આથી જેની જેવી જેવી ભાવના હોય તે તે ભાવનાનુસાર તેમાં તેમાં કાર્યો તે કરી આપે છે, કારણ કે સર્વ આધિવ્યાધિઓનું મૂળ વાસના છે. તેની મલિનતાને લીધે જ સર્વ આધિવ્યાધિની ઉત્પત્તિ થયેલી હોવાથી તે વાસના વડે મલિન થયેલું ચિત્ત જ્યારે અને જેટલા પ્રમાણમાં શુદ્ધ થાય તેટલા કાળ અને પ્રમાણમાં તેનો આધિવ્યાધિ દૂર થાય છે. જેમ કસોટી પર ઘસવાથી સુવર્ણ પોતાનું નિર્મલપણું પ્રકાશિત કરે છે તેમ શુદ્ધ

---

૧. મંત્રના સામર્થ્યના સંબંધમાં શ્રી કૃષ્ણાત્મજ વાક્સુધા પ્રકાશન ૪ મહાકાલ પુરુશ વર્ણન ભાગ ૧ કિરણાંશ ૩૧—૩૪ જુઓ.

૨. તીર્થોમાં સ્નાન કરવાથી, મંત્ર ઔષધાદિ ઉપાયો અને લોકોમાં વૃદ્ધ પરંપરાગત ચાલતા ઉપાયો વગેરે સંબંધમાં શાસ્ત્રોમાં વર્ણનો છે. ઇચ્છા હોય તેમણે આર્યભિષક, ભાવપ્રકાશ, સુશ્રુત, બૃહત્સંહિતા ઇત્યાદિ આયુર્વેદ-શાસ્ત્રો જોઈ લેવાં. અત્રે તો મૂળ આધિવ્યાધિ શી રીતે થવા પામે છે તથા તેનો મૂળમાંથી જ કેવી રીતે નાશ કરી શકાય છે તે સંબંધે સંક્ષેપમાં આ વિવેચન છે.

અને પુણ્ય કર્મ કરવાથી તથા સત્પુરુષોની સેવાથી પણ ચિત નિર્મલ થાય છે. ચિત્ત શુદ્ધ થવાથી શરીર આનંદિત બને છે તથા પ્રાણવાયુનો સંચાર પોતાના ક્રમ પ્રમાણે જ થયા કરે છે અને તે અન્નોને રસરૂપ કરી તેને બરોબર યોગ્ય સ્થળે પહોંચાડી સારી રીતે પચાવે છે જેથી વ્યાધિઓ નાશ પામે છે. આ પ્રમાણે શાસ્ત્રમાં પણ નિર્ણય છે. માટે જેને આધિવ્યાધિનો નાશ કરવાની ઇચ્છા હોય તેમણે અત્રે કહેવામાં આવેલા આ ઉપાયો વડે તેનો મૂળમાંથી જ નાશ કરવો જોઈએ.

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।

यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥ ११ ॥

સાત્ત્વિક યજ્ઞ

યજ્ઞ કરવા એ યોગ્ય જ છે અર્થાત યજ્ઞ કરવો એ પોતાનું કર્તવ્યકર્મ છે. એ પ્રમાણે મનના નિશ્ચય વડે કોઈપણ પ્રકારના ફળની ઇચ્છા રાખ્યા વિના જેઓ તરફથી આ શાસ્ત્રવિહિત યજ્ઞ કરવામાં આવે છે તે સાત્ત્વિક કહેવાય છે. એટલે આ તો એક પોતાનું કર્તવ્ય કર્મ છે, તે મારે અવશ્ય કરવું જોઈએ, એ રીતે મનનો નિશ્ચય કરીને જે શાસ્ત્રમાં બતાવેલી પદ્ધતિ અનુસાર યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેવા નિષ્કામ અર્થાત્ ફળની અપેક્ષાથી રહિત થતાં યજ્ઞકર્મો સાત્ત્વિક કહેવાય છે.

अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् ।

इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥

રાજસ યજ્ઞ

હે અર્જુન! વળી ફળની ઇચ્છા વડે અને દંભને માટે જે યજ્ઞ કરવામાં આવે છે તે યજ્ઞને રાજસ જાણ. એટલે જેમાં વેદમાં કહેલાં સ્વર્ગાદિક ફળોની ઇચ્છા હોય છે તેવા પ્રકારના દંભ અને ફળની આકાંક્ષા રાખીને કરાતા યજ્ઞકર્મોનાં અનુષ્ઠાનોને રાજસ જાણ.

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।

श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १३ ॥

તામસ યજ્ઞ

વિધિરહિત, અન્નદાન વિનાનાં, મંત્રરહિત, દક્ષિણારહિત અને શ્રદ્ધાનો જેમાં અંશ પણ નથી એવા યજ્ઞને તામસ કહે છે. ઉદ્દેશ એ કે, દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર, તેમ જ કર્મ, એ છ પદાર્થ શુદ્ધ હોવાથી ધર્મ થાય છે તથા અશુદ્ધ હોય તો અધર્મ કહેવાય; એવો શાસ્ત્રનો નિર્ણય છે. આશ્વલાયન તથા બોધાયનાદિ સ્મૃતિઓમાં પણ કહ્યું છે કે, દેશ, કાળ, આત્મા, દ્રવ્ય, દ્રવ્યનું પ્રયોજન, યોગ્યતા અને અવસ્થા જાણીને જ શુદ્ધિની કલ્પના કરી લેવી એટલે શુદ્ધિ માટે આટલા સાધનોનો વિચાર કરવો જોઈએ. વળી યજ્ઞની અંદર પણ કાળ, દેશ, અનુષ્ઠાન, યજમાન, સ્રુક્સ્રુવાદિ યજ્ઞ પાત્રો, વજ્રાદિ ક્રિયા, મંત્રાદિક, વ્રીહિ આદિ પદાર્થો તથા તે વડે થતાં સ્વર્ગાદિ ફળો ઇત્યાદિની જરૂર હોય છે તેમ જ તેનાં અંગભૂત, ઋત્વિજોજન, અન્નદાન તથા દક્ષિણા વગેરેની પણ આવશ્યકતા હોય છે; આ પ્રમાણે શાસ્ત્રાજ્ઞા છે. માટે જે યજ્ઞો આ પ્રકારનાં સાધનવાળા હોતા નથી તે શાસ્ત્રથી વિરુદ્ધ પ્રકારનાં કહેવાય. સિવાય તમામ કર્મોમાં ચાતમભાવના કિંવા ધ્રુવિરાપંચ શુદ્ધિ રાખવી એ મહાયજ્ઞ છે. પરંતુ જે યજ્ઞો શાસ્ત્રમાં બતાવેલી વિધિથી રહિત, અન્નદાન વગરના, મંત્ર

વિનાના, દક્ષિણા આપ્યા વગરના અને શ્રદ્ધાનો તો જ્યાં અંશ પણ નથી એવા હોય તે યજ્ઞો તામસ જાણવા. આ મુજબ યજ્ઞના ત્રણ પ્રકારો છે. હવે તપના ત્રણ પ્રકારો કહું છું.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।

ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ १४ ॥

શારીરિક તપ

દેવ, દ્વિજ એટલે જેઓને ઉપનયનનો અધિકાર છે એવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણોમાં વેદાદિ અધ્યયન કરનારા સહુથી શ્રેષ્ઠ બ્રાહ્મણ, ગુરુ અને પ્રાજ્ઞ એટલે જ્ઞાનવાન આત્મજ્ઞ એવા વિદ્વાનોનું પૂજન કરવું; શૌચ એટલે આન્તર સહ બાહ્ય પવિત્રતા (અધ્યાય ૧૬ શ્લોક ૩ પૃષ્ઠ ૭૪૮/૭૪૯ જુઓ), સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા; એ શારીરિક તપ કહેવાય છે. દેવ, દ્વિજ, ગુરુ અને પ્રાજ્ઞ એટલે જ્ઞાનીઓનું પૂજન કરવા સંબંધે શાસ્ત્રમાં આ પ્રમાણે કથન છે.

મૂર્તિનું પૂજન શ્રેષ્ઠ કે મનુષ્યનું ?

स्थावरजंगमादि तथा पशुपक्ष्यादि अंतर सर्व शरीरो (પુરો) કરતાં મનુષ્યનાં શરીરમાં ભગવાનનો અંશ વધુ પ્રમાણમાં હોય છે અને આત્માનો સાક્ષાત્કાર કરેલા મહાત્મા તો પ્રત્યક્ષ ભગવાનરૂપ જ હોય છે, માટે એવા મનુષ્યો પૂજન કરવાને પાત્ર છે, પરંતુ જે આત્માને નહિ ઓળખતાં કેવળ ઉદરપોષણ કરનારા અને વિષયોમાં જ નિમગ્ન હોઈ શિશ્નોદરપરાયણ હોય એવા અધમો તો પશુ કરતાં પણ નીચ કોટીના ગણાય છે, માટે જેઓમાં તપાદિનો કિંવા આત્મજ્ઞાનાદિનો ભાગ વધુ હોય તેવાઓ જ પૂજનને પાત્ર છે, એમ જાણવું. સૌથી પ્રથમના સત્યયુગમાં તો આત્મજ્ઞ એવા મનુષ્યોનાં શરીરમાં જ ભગવાનની પૂજા કરવાનો રિવાજ હતો, મૂર્તિ વગેરે કાંઈ ન હતું, પરંતુ વખત જતાં અજ્ઞાની લોકોમાં દાંભિકતા વ્યાપી જવાથી પરસ્પર વાંધાઓ ઊઠીને અપમાન થવા લાગ્યાં. તે જોઈને આત્મવિદ્ એવા તત્ત્વજ્ઞોએ પ્રતિમાઓમાં જ ભગવાનનું પૂજન કરવાનો નિર્ણય ઠરાવેલો છે. તેથી કેટલાક પુરુષો મૂર્તિમાં જ ભગવાન છે એમ માનીને તેની જ ઉપાસના કરે છે પરંતુ આમ મૂર્તિનું પૂજન કરવા છતાં જેઓ આત્મસ્વરૂપ એવા પવિત્ર જીવન્મુક્તો કિંવા અન્ય મનુષ્યોનો દ્વેષ કરે તો તેઓનું તે પૂજન તદ્દન નિરર્થક જ છે. તે મૂર્તિ તેઓને કદી પણ ફળ આપતી નથી. કોઈપણ મનુષ્યનો દ્વેષ નહિ કરતાં એટલે સર્વ આત્મા કિંવા ભગવાનસ્વરૂપ છે એવા પ્રકારની સમાનતાની દૃઢ ભાવના રાખીને મૂર્તિની ઉપાસના કરી હોય અર્થાત્ આ સર્વે મનુષ્યો પોતાના ઇષ્ટ એવા ભગવાનરૂપ જ છે એમ સમજીને ઉપાસના કરવામાં આવે તો તે મૂર્તિ મંદ અધિકારીઓને પણ પુરુષાર્થરૂપી ફળ આપે છે. મનુષ્યોમાં પણ જે દ્વિજ (બ્રાહ્મણ) તપ, વિદ્યા અને સંતોષયુક્ત હોઈ ભગવાનના શરીરરૂપ વેદનો અભ્યાસી હોય તે ઉત્તમ પાત્ર છે, એમ મહાત્માઓએ નિશ્ચય કર્યો છે (ભા૦ સ્કં૦ ૭ અ૦ ૧૪ શ્લોક૦ ૩૮/૪૨).

વિષયો તો વિષ્ઠા ખાનારને પણ મળે છે

દુઃખદાયી એવા આ વિષયો કે જેઓ વિષ્ઠા ખાનારાં ભૂંડોને પણ મળે છે તેવા વિષયો ભોગવવા એ આ મનુષ્યદેહને માટે યોગ્ય નથી. આવા મનુષ્યદેહમાં તો કેવળ તપ કરવું જ શ્રેષ્ઠ છે. કેમ કે તપ વડે અંતઃકરણ શુદ્ધ થાય છે અને અંતઃકરણ શુદ્ધ થવાથી પરબ્રહ્મ સંબંધી અનંત સુખ મળે છે. મહાત્મા પુરુષોની સેવા એ મોક્ષનું દ્વાર છે (ભા૦ સ્કં૦ ૫ અ૦ ૫ શ્લો૦ ૧). જે મનુષ્ય સંસારપાશના બંધનમાં પડેલાને તેની ઇચ્છા હોવા છતાં પણ છોડાવી શકતો નથી તે મનુષ્ય ગુરુ, પિતા, માતા, સ્વજન કે દેવ થવા લાયક જ નથી (ભા૦ સ્કં૦ ૫ અ૦ ૫ શ્લોક ૧૮).

કેવા ગુરુ પૂજનીય છે?

બ્રહ્મનિષ્ઠ એવા મહાત્મા ગુરુ જો દૈવયોગે મળે તો શાસ્ત્રમાં કહેલા સઘળા માર્ગો કરતાં પણ પુરુષ કેવળ એક ગુરુભક્તિથી જ પૂર્વોક્ત સર્વ ફળાદિને અનાયાસે જીતી શકે છે. એકનિષ્ઠા વડે કરાયેલી બ્રહ્મનિષ્ઠ સાચા ગુરુની સેવા થકી તે સમગ્ર પુરુષાર્થ સાધ્ય કરી શકે છે. જે મનુષ્યને સાક્ષાત્ ભગવાનસ્વરૂપ અને પોતાને જ્ઞાનરૂપી દીપક અર્પણ કરનારા આવા સાંપડેલા બ્રહ્મનિષ્ઠ સાચા ગુરુ વિષે "આ ગુરુ તો એક સાધારણ માનવી જ છે" આવા પ્રકારની દુર્બુદ્ધિ હોય તેનું તમામ શાસ્ત્રશ્રવણ હાથીના સ્નાનની પેઠે કેવળ વ્યર્થ જ છે. ગુરુ એ જ પ્રકૃતિપુરુષના પણ નિયંતા અને મોટા મોટા યોગીઓ પણ જેમનાં ચરણોને શોધી રહ્યા છે એવા સાક્ષાત્ ભગવાન છે છતાં તેમને મૂર્ખ લોકો મનુષ્ય સમજે છે(ભા૦ સ્કં૦ ૭ અ૦ ૧૫ શ્લો૦ ૨૪/૨૭).

દ્વિજ કોણ?

વેદાદિની આજ્ઞા અનુસાર વેદનાં મંત્રો વડે જેને (૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) સીમન્ત, (૪) જાતકર્મ, (૫) નામકરણ, (૬) નિષ્ક્રમણ, (૭) અન્નપ્રાશન, (૮) ચૌલકર્મ, (૯) વ્રતબંધ, (૧૦ થી ૧૩) ચારે વેદ વ્રત, (૧૪) કેશાન્ત, (૧૫) સમાવર્તન અને (૧૬) વિવાહ આદિ સોળ સંસ્કાર અવિચ્છિન્ન કરવામાં આવે તે જ દ્વિજ કહેવાય છે (આ દ્વિજત્વના અધિકારી બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એમ ત્રણ વર્ણવાળા છે). આ દ્વિજના સંસ્કારો જેમને માટે સ્વયંબ્રહ્માએ વેદની આજ્ઞાનુસાર કહેલા છે, તેને જ થઈ શકે છે. જે દ્વિજો કુળથી અને આચારથી શુદ્ધ હોય તેઓને યજ્ઞ, વેદાધ્યયન અને દાન એ ત્રણ કર્મો તથા આશ્રમધર્મ સંબંધી ક્રિયાઓ કરવાની આજ્ઞા છે. બ્રાહ્મણ સર્વ વેદમય છે. મનનો નિગ્રહ, ઇંદ્રિયોનો નિગ્રહ, વ્રત, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા અને હંમેશાં આત્મપરાયણપણું એ બ્રાહ્મણ ધર્મ હોઈ જેઓ આ ધર્મનું આચરણ કરે છે તેઓ પણ બ્રાહ્મણ સમાન જ છે, એવો શાસ્ત્રનો નિયમ છે(ભા૦ સ્કં૦ ૭ અ૦૧૧ શ્લો૦ ૮ થી ૧૩ તથા ૨૧ જુઓ). આ મુજબ દેવ, દ્વિજ, ગુરુ અને જ્ઞાનીઓનું પૂજન; શૌચ એટલે આંતરબાહ્ય પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।

स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ १५ ॥

વાઙ્મય તપ

અનુદ્વેગ એટલે સંતાપ નહિ કરાવનાર, સાચું, પ્રિય અને હિત કરાવનારું એવું જે વાક્ય તથા સ્વાધ્યાય એટલે અંતે જેનું ધ્યેય આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપવી એ જ એક છે તેવા વેદાદિનો અભ્યાસ, એ વાચિક તપ કહેવાય છે; ટૂંકટલે સાચું અને હિત કરનારું વચન કહેવા ચૂકવું નહિ, પછી તે લોકોને ખોટું નહિ લાગે એવા પ્રકારે સૌમ્યતાથી અથવા તો શુદ્ધ હૃદયે કડકપણાથી સ્પષ્ટ અને ખુલ્લેખુલ્લી રીતે જડબા તોડ કહી દેવું, સામાની શરમને લીધે અથવા તો તેને ખોટું લાગશે એમ સમજી અંદરખાને એક અને બહારથી જુદું એ મુજબનું વર્તન કદી પણ રાખવું નહિ. કેમ કે તે પોતાને છેતરવા સમાન છે. આમ લોકો સાથે કેવી રીતે બોલવું કે જેથી તેઓનું પ્રિય અને હિત થાય તથા પોતાનું વાઙ્મય તપ અનાયાસે જ થાય; એવો પ્રકાર બતાવ્યા પછી ભગવાને આમાં એક શરત રાખેલી છે. તે એ કે સ્વાધ્યાય એટલે કે જે વડે પોતાનું આત્મસ્વરૂપ જણાઈ શકાય એવા ઉદ્દેશવાળા વેદાદિનો અભ્યાસ કિંવા સ્વ એટલે પોતે શરીર નહિ પરંતુ આત્મા છે એવા પ્રકારનો નિત્યપ્રતિ અભ્યાસ કરનાર તે જ વાઙ્મય તપને લાયક છે. સારાંશ એ કે, જેમ પોતાને તરતાં આવડતું નહિ હોય તો તે બીજાને શી રીતે તારે, તેમ જે પોતે જ આત્મસ્વરૂપમાં સ્થિર થયેલો નહિ

હોય તે બીજાઓને સત્ય અને હિત કયાંથી બતાવી શકે? માટે ભગવાને આ શરીર, વાણી અને માનસિક તપ સંબંધમાં જે કહ્યું છે તે તો જેઓને આત્મસ્વરૂપનું પરોક્ષજ્ઞાન થયેલું હોય તેવાઓ જ કરી શકે છે. આમાં પ્રથમ કહેલાં શારીરિક તપ વડે ગુરુને પ્રસન્ન કરીને આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લેવું અને તેવો સર્વાત્મભાવનો નિશ્ચય થયા પછી તેનો અપરોક્ષ અનુભવ એટલે સાક્ષાત્કાર થવા માટે આ વાણી અને માનસ તપ કરવાનું કહેવામાં આવેલું છે. અર્થાત્ આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લીધા બાદ તેનો પ્રથમ પોતે નિત્યપ્રતિ અભ્યાસ કરતા રહી તે જ સત્ય અને હિતકારક છે. આ સિવાય બીજું કલ્યાણકારી સાધન ત્રિલોકમાં પણ નથી. એવા પ્રકારનો નિશ્ચય કરીને તે સાચું અને હિત કરનાર તત્ત્વ અજ્ઞાનીઓને ઉદ્વેગ વગર વા કડકપણાથી પરંતુ સામાને તુચ્છ ગણીને નહિ પણ બને ત્યાં સુધી પ્રિય લાગે તેવા પ્રકારે કહેવાનો પ્રયત્ન કરવો તે જ વાચિક તપ છે. આવું તપ આત્મનિશ્ચયવાળા એટલે આત્માનું પરોક્ષજ્ઞાન થયેલાઓ જ કરી શકે છે. જે થકી તેઓ ક્રમે અપરોક્ષાનુભવ પ્રાપ્ત કરી શકે છે. આત્મનિશ્ચય વિનાનો જો કોઈ કહે કે હું લોકોને સાચું અને હિતકારી વચન જ કહી રહ્યો છું તો તે કેવળ દાંભિકતા જ ગણાશે, કેમ કે જે પોતે જ પોતાનું હિત જાણતો નથી તે બીજાને હિત બતાવે છે એમ કહેવું તે તો ડૂબતાએ બીજાને પણ પોતાની સાથે ડૂબાડવા જેવું જ ગણાય; માટે તેવું કહેવું એ કેવળ ઢોંગ જ ગણાશે. તરમાત કેવળ એક આત્મા જ સત્ય છે એવું તેનું પરોક્ષજ્ઞાન થાય ત્યારે જ એક સત્ય અને હિતકારી હોઈ બીજું બધું અસત્ય અને અહિતકારી છે એ રીતે સમજીને એક આત્મામાં સત્યતાની દૃઢ ભાવના અને તે સિવાયના તમામ વિષયોમાં અસત્યની ભાવના થઈ હોય તે જ વાચિક તપને લાયક છે એમ નિશ્ચયપૂર્વક જાણવું. પ્રિય અને હિતકારી વચનો સાચો જિજ્ઞાસુ જ ગ્રહણ કરી શકે છે. બીજાઓને તો તે કડવા લાગે છે. જેઓ સામાને ખોટું નહિ લાગે એવા ઉદ્દેશથી તેને સારું લગાડવા માટે અથવા તો તેના તેજમાં અંજાઈ જઈ મીઠું મીઠું બોલે છે તે સત્ય અને પ્રિયભાષી નથી, પરંતુ ખુશામતીઓ કિંવા હિતશત્રુ છે, તેવાઓ જગતનો અવશ્ય વિનાશ જ કરે છે, એમ જાણવું.

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।

भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

માનસ તપ

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્માનો અત્યંત નિગ્રહ અને શુદ્ધ ભાવના એ માનસ તપ કહેવાય છે. તાત્પર્ય એ કે, આત્મવિનિગ્રહમાં એટલે કે મનમાં જે જે સંકલ્પ ઉઠે કે તુરત જ તે આત્મસ્વરૂપ છે એ સિવાય બીજી કોઈપણ વૃત્તિનું અંતઃકરણમાંથી ઉત્થાન જ નહિ થવા દેવું; એ રીતની જે ભાવના તે શુદ્ધ ભાવના કહેવાય તથા આત્મા સિવાય બીજા સંકલ્પોનું ઉત્થાન થવું તે અશુદ્ધ ભાવના કહેવાય. મૌન એટલે આત્મા સિવાય બીજી સર્વ બાબતોને ભૂલી જવી, આત્મા વિના બીજી બધી બાબતોમાં મૌન રાખવું, તે જ ખરું સુષુપ્ત મૌન કહેવાય છે (મૌનના પ્રકારો તથા સુષુપ્ત મૌન કોને કહેવું તે સંબંધે અધ્યાય ૧૩ શ્લોક ૧૩ ઉપર વિવેચન છે તે જુઓ). સૌમ્યત્વ એટલે સમભાવના; આ ગ્રાહ્ય છે, આ ત્યાજ્ય છે, આ સુખરૂપ છે, આ દુઃખરૂપ છે, એવા પ્રકારના દ્વન્દ્વ એટલે બેપણાની ભાવનાનો ત્યાગ કરી તે બંને ભાવો આત્મસ્વરૂપ જ છે એવી રીતે જુદાપણાની ભાવના વિસરી જઈ એક આત્માની જ ભાવના કરવી તે સૌમ્યપણું. આત્માકારવૃત્તિ એ જ મનઃપ્રસાદ કહેવાય છે. ટૂંકમાં મનમાં જે જે સંકલ્પો ઉત્પન્ન થવા પામે કે તુરત જ તે આત્મસ્વરૂપ છે એવી ભાવના વડે તેનો અત્યંત નિગ્રહ કરવો એટલે આ સંકલ્પ ઉત્પન્ન થયો અને તે આત્મસ્વરૂપ છે એવી સાક્ષીભાવની ભાવનાનો પણ વિલય કરી દેવો તે જ માનસ તપ કહેવાય છે. આ પ્રમાણે તને કાયિક, વાચિક અને માનસિક તપના પ્રકારો કહેવામાં આવ્યા, તેમાં પણ પાછા વ્યવહાર દૃષ્ટિએ સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ ભેદો પડે છે, આત્મ વા તત્ત્વદૃષ્ટિએ નહિ.

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।

अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

સાત્ત્વિક તપ

શરીર, વાણી અને મન આ ત્રણ પ્રકારનું ઉપર કહેવામાં આવ્યું તે તપનું અનુષ્ઠાન જે નરો પરમ શ્રદ્ધા વડે યુક્ત થઈને ફળની આકાંક્ષાથી રહિત બની કરે છે તે સાત્ત્વિક તપ કહેવાય છે. સારાંશ કે 'तत्' તપ એટલે વાસ્તવિક આત્મસ્વરૂપ એવા તે ત્રણ પ્રકારના તપનું અનુષ્ઠાન કિંવા આચરણ જે પુરુષ ફળની ઇચ્છાથી રહિત બની પરમ શ્રદ્ધા વડે યુક્ત થઈને કરે છે તેને સાત્ત્વિક તપ કહે છે.

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।

क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

રાજસ તપ

સત્કાર, માન અને પૂજવાને માટે દંભ વડે તપ કરવામાં આવે છે તે રાજસ હોઈ ચલ અને અધ્રુવ કહેવાય છે એટલે જે તપ લોકોમાં મારો સત્કાર થાય, માન મળે, લોકો મારી વાહવાહ બોલે અને મને પૂજે એવા પ્રકાર-ની દાંભિક ભાવના વડે કરવામાં આવેલું હોય છે તે રાજસ કહેવાય છે. જેમ મજૂરને કામ કરાવી લઈ તેની મજૂરી આપી દેવામાં આવે તો પછી તેનો અને આપણો કાંઈ સંબંધ રહેતો નથી તેમ આ રાજસ તપવાળાઓનો જગતમાંના થોડા ઘણા લોકોએ વાહવાહ કરી સત્કાર કર્યો તથા માન અને પૂજાઓ થઈ એટલે તે તપના ફળની પરિસમાપ્તિ થઈ જાય છે. એટલે જેમ આજે કમાયેલું ધન સંભાળીને નહિ રાખતાં બેડકી નાખનારો બીજે દિવસે કમાવાની અશક્તિને લીધે લાચાર બની જાય છે તેવા પ્રકારે આ રાજસ તપવાળાની સ્થિતિ પણ સમજવી.

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।

परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

તામસ તપ

મૂઢગ્રાહેણ એટલે મૂઢપણાનું મકણ કરીને ખોટો દુરાગ્રહ કિંવા હું દેહ છું એમ માનીને મિથ્યા અભિમાન વડે બીજાઓના નાશના ઉદ્દેશ વડે થતું અને પોતાને હાથે જ પોતાને પીડા કરનારું એવું જે તપ તે તામસ કહેવાય છે. એટલે કેવળ ખોટા દુરાગ્રહ વડે બીજા ના નાશનો ઉદ્દેશ જેમાં સમાયેલો છે એવું અહંમમત્વભાવાળું ગાંડપણ વડે બનારું અવિચારી એવું એ તપ કે જે પોતાને પણ પીડા કરનારું નીવડે છે તેને તામસ તપ કહેવામાં આવ્યું છે. આ રીતે તપના ત્રણ પ્રકારો કહેવામાં આવ્યા તે ત્રણે પણ વાસ્તવિક રીતે તો આત્મરૂપ જ છે. હવે દાનના પ્રકારો સાંભળ.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।

देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥ २० ॥

સાત્ત્વિક દાન

દાન દેવું જોઈએ, એ પોતાની ફરજ છે એમ સમજીને યોગ્ય સ્થળ, કાળ અને પાત્ર જોઈને તેમજ હું કાંઈ કોઈના ઉપર ઉપકાર કરતો નથી એવી સમજથી તથા સામો પણ પોતાનો ઉપકાર નહિ માને

એવાને ગુપ્ત રીતે જે દાન કરવામાં આવે છે તે સાત્ત્વિક દાન સમજવું. ઉદ્દેશ એ કે, જેઓ પોતે વ્યવહારદૃષ્ટિએ તો નિષ્કિંચન છે, તદ્દન નિર્ધન છે, ગરીબ છે પરંતુ જ્ઞાન અને તપમાં નિષ્ણાતો છે, કેવળ એક પરમાત્મા ઉપર જ આધાર રાખનારો છે. જે જરૂર પૂરતાં અન્નવસ્ત્રાદિ વિના હાલતુ સંગ્રહને પોતાની પાસે રાખતો નથી, આવા નિષ્કામીઓને કિંવા વેદપઠનપાઠન કરનારા સ્વાધ્યાયી દ્વિજ કિંવા બ્રાહ્મણોને અથવા જે શરીરાદિથી તદ્દન અપંગ છે તેવાઓ જ દાન આપવાને સુપાત્રો કહેવાય છે. નિર્જન અરણ્ય વા પુણ્ય ક્ષેત્રોમાં જ્યાં લોકવસ્તીનો યત્કિંચિત્ સંબંધ ના હોય તેવું એકાંત સ્થળ કે જ્યાં સદાચારી અને આત્મચિંતન કરનારા જિતેન્દ્રિય રહે છે તે સ્થળ દાનને માટે યોગ્ય કહેવાય છે; તથા પુણ્યકાળ, સંક્રાંતિ, ગ્રહણાદિ પર્વકાળો તથા શાસ્ત્રમાં બતાવેલા પુણ્ય સમયો તેમ જ આત્મચિંતન કરનારા તપસ્વીઓને તેમના નિયત વખતે જે દાન કરવું તે કાળ દાનને માટે યોગ્ય કાળ મનાય. આ રીતે કાળ, દેશ અને સુપાત્રને જોઈને જે દાન ગુપ્ત રીતે કરવામાં આવે છે તે દાન સાત્ત્વિક કહેવાય છે. આવા પ્રકારનું દાન સામે જઈને કરનારાઓ દૈવી સંપત્તિવાળા કહેવાય છે. આ પ્રકારનું દાન કરવું તે પોતાનું કર્તવ્ય છે એમ સમજીને જે દાન કરે છે તે બીજા કોઈ પણ સાધનની અપેક્ષા વગર જ ચિત્ત શુદ્ધ થઈ અંતે કૃતાર્થ બની શકે છે. આ વ્યતિરિક્ત વ્યવહારમાં ગણાતાં બીજાં તમામ દાનો આસુરી સંપત્તિવાળાં હોઈ તે અધમ કોટિનાં છે.

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥ २१ ॥

રાજસ દાન

હે પાર્થ ! વળી ફળને ઉદ્દેશીને અથવા સામા ઉપર ઉપકારને માટે અને અતિ કલેશવાળું જે દાન અપાય છે તે દાન રાજસ કહ્યું છે. તાત્પર્ય એ કે, જે દાન સામા ઉપર હું ઉપકાર કરું છું કિંવા અત્રે દાન આપવામાં આવે તો તેનો બદલો મને બીજી રીતે મળે એમ છે અથવા આથી મને ભવિષ્યમાં લાભ થવાનો સંભવ છે કિંવા મારી નામના થશે, એવા ઉદ્દેશ વડે દેવાય છે કિંવા પરિક્લિષ્ટ એટલે જો હું અહીં દાન નહિ આપું તો અમુક ગૃહસ્થને ખોટું લાગશે અને તેથી મારું અનિષ્ટ થશે, એમ સમજીને મનમાં ઇચ્છા નહિ હોવા છતાં પણ સામાના તથા લોકના ભયને કે સિફારસને લીધે બળજબરીથી અને અત્યંત કલેશ પામીને જે દાન આપવામાં આવે છે અથવા તો આ દાન દેવાથી મને પરલોકમાં મોટું સુખ મળશે કિંવા ભવિષ્યમાં મોટો લાભ થશે વા લોકોમાં મારું નામ પ્રસિદ્ધ થશે, હું મોટો દાની છું એમ બધા લોકો મને કહેશે. એ રીતની લોકૈષણા અને પરલોકૈષણા કિંવા ફળપ્રાપ્તિની ઇચ્છાથી જે દાન દેવાય છે તે રાજસ કહેવાય છે. જેમકે ધર્મના નામે અને સ્મારક આદિને નામે એકઠા કરાતા ફંડફાળાઓ, દેવમંદિરોમાં અપાતાં સકામ દાનો, નામના માટે કૂવા, વાવ, તળાવાદિ થતાં પૂર્ત અને ઇષ્ટ કર્મો (અધ્યાય ૧૨ શ્લોક ૨૦ જુઓ) ફળની ઇચ્છાથી થતાં સકામ યજ્ઞાદિ કર્મો વગેરે.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

તામસ દાન

હે અર્જુન ! જે દાન દેશ અને કાળનો વિચાર કર્યા વગર સત્કારની ભાવનાથી રહિત અગર અવહેલનાપૂર્વક અપાત્રોને જ આપવામાં આવે છે તેને તામસ કહે છે એટલે જેમાં કાળ, દેશ અને પાત્ર ત્રણે અયોગ્ય છે, જે વાસ્તવિક સત્કૃત્ય નહિ હોવા છતાં તે સત્કૃત્ય છે એવું સ્વાર્થી લોકોએ તેને ઠેરવેલું હોય

છે તેવું શાસ્ત્રના આધાર વગરનું અસત્ કૃત (સત્કૃત્યો કોને કહેવાં તે આગળ શ્લોક ૨૬, ૨૭માં કહેવામાં આવશે) અને અવજ્ઞાત એટલે અજ્ઞાનીઓને પોતાને તો દાન કેમ આપવું, આ સત્ કાર્ય છે કે અસત્ છે, ખરેખર આ દાન યોગ્ય છે કે અયોગ્ય તેની ખબર હોતી નથી પરંતુ દાન લેનારા સ્વાર્થીઓએ આ કાળ, સ્થાન અને પાત્ર યોગ્ય છે એમ કહી તેની અજ્ઞાનતાનો લાભ લઈને એટલે સામાને ફસાવીને યુક્તિપ્રયુક્તિ વડે તેની પાસેથી પડાવેલું દાન તામસ કહેવાય છે. જેમકે દેશમાં નાની મોટી અનેક સંસ્થાઓના નિત્યપ્રતિ નીકળતા નવા નવા ફંડફાળાઓ, પરકીય વિદ્યાના સ્થાનકો તથા મોજશોખનાં સાધનો અને સાર્વજનિક સંસ્થાઓમાં રમારકો મૂકવા પ્રીત્યર્થે અપાતાં મોટાં મોટાં દાનો, તેમ જ સત્તા વડે એકઠા કરવામાં આવતાં ફંડફાળાઓ તથા લોકોની અજ્ઞાનતાનો લાભ લઈ પાશ્ચાત્ય ઢંગની શાળા, વસતીમૂકો ઇત્યાદિ માટે અર્વાચીન સમયના ધર્મના નામે ગણાતાં તમામ દાનો તામસ ગણાય છે.*

ત્યાજ્ય અને ગ્રાહ્ય એ કલ્પના શા માટે ?

ભગવાને કહ્યું : હે પાર્થ ! આ પ્રમાણે તને યજ્ઞ, તપ અને દાનમાં શાસ્ત્રને જાણનારા નહિ, પરંતુ પોતાની મરજી પ્રમાણે શ્રદ્ધા વડે ચાલનારાઓના નિશ્ચયોમાં થતા ભેદો સંબંધમાં કહ્યું. આનો સર એટલો જ કે જેઓ શાસ્ત્ર નહિ જાણતાં કિંવા શાસ્ત્રનો ત્યાગ કરી શ્રદ્ધા વડે યુક્ત થઈને પૂજન કરે છે તેઓ આ ત્રણ પ્રકારના નિશ્ચયવાળા હોય છે. આ ત્રણ પૈકી જે જેવા નિશ્ચયવાળા-હોય તેવાં તેવાં ફળને તે પામે છે. હવે આ સંબંધમાં તું એમ કહેશે કે આ સર્વ આત્મસ્વરૂપ છે છતાં તેમાં આમ ત્યાજ્ય અને ગ્રાહ્યની કલ્પના શા માટે કરવામાં આવે છે? એક જ વસ્તુમાં એક ત્યાજ્ય અને એક ગ્રાહ્ય, અમુક કાળ ગ્રાહ્ય અને અમુક કાળ ત્યાજ્ય, અમુક કર્મ ગ્રાહ્ય અને અમુક કર્મ ત્યાજ્ય, અમુક દેશ ગ્રાહ્ય અને અમુક ત્યાજ્ય, આવા પ્રકારના ભેદાભેદો શા માટે કરવામાં આવે ? તો તે સંબંધમાં તારી શંકાના સમાધાનમાં સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે જ્યાં સુધી આત્માને દ્વૈતભાવ વડે જોવામાં આવે છે અને આ રીતનું અજ્ઞાન જેઓને હોય છે તેઓનો વ્યવહાર સરળતાથી ચાલી શકે તેટલા માટે આ વર્ણાશ્રમાદિ ધર્મોની વ્યવસ્થા તથા અમુક ત્યાજ્ય છે અને અમુક ગ્રાહ્ય છે એવા ભેદાભેદો કહેવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ ધીરે ધીરે તેઓ ભેદાભેદથી પર એવા આત્મસ્વરૂપને પામે એ છે. આ સંબંધે ખાતરીને માટે શાસ્ત્રનું વિવેચન કહું છું.

સંન્યાસીએ પ્રવૃત્તિમાં પડવું તે વમનનું ભક્ષણ કરવા સમાન કેમ ?

ભગવાને કહ્યું : જેઓ જ્ઞાન, ભક્તિ કિંવા કર્મયોગ વડે આત્મસ્વરૂપમાં તદાકાર બની ગયા છે તેવા જીવન્મુક્તોને માટે તો ગુણ કિંવા દોષ ઇત્યાદિ કાંઈ પણ નથી પરંતુ જેઓ જ્ઞાન, ભક્તિ કિંવા કર્મયોગનો ત્યાગ કરીને નાશવંત એવા પ્રાણો તથા ઇંદ્રિયોથી ક્ષુદ્ર વિષયોનું જ સેવન કરે છે તેઓ તો આ સંસારને જ પામ્યા કરે છે. ઠરાવેલી શાસ્ત્ર મર્યાદારૂપ પોતપોતાના અધિકારમાં દરેકે રહેવું તેને જ ગુણ કહેવામાં આવ્યો છે અને તેથી ઊલટું વર્તવું તેને દોષ કહેવામાં આવ્યો છે. આ મુજબ ગુણદોષનો નિર્ણય છે. નિયમો પાળવાની સઘળી શાસ્ત્રાજ્ઞાઓ તો ઇંદ્રિયો, તેના વિષયો તથા મનને જીતવાને અર્થે જ છે. માટે પોતપોતાની ઠરાવેલી મર્યાદામાં રહીને વર્તવું એ ગુણ તથા વિરુદ્ધ વર્તવું એ દોષ ગણાય છે. જેમ કે ચિત્તને જીતવાના ઉદ્યોગને માટે સર્વ વ્યવહાર છોડી દઈ સંન્યાસ લીધેલા મનુષ્યે એકલા ફરવું. કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, આશ્રમો કે સંસ્થાઓ કરવી નહિ, એકાંતમાં રહેવું અને ભિક્ષા માગીને ખાવું તથા મન આત્મામાં તદાકાર થઈ અપરોક્ષાનુભવ થાય ત્યાં સુધી એકનિષ્ઠા વડે સતત્ અભ્યાસ કર્યા કરવો. આ સિવાય બીજી કોઈ પણ પ્રવૃત્તિ કરવી નહિ, પરંતુ જે પ્રથમ ધર્મ, અર્થ અને કામના પાશમાંથી છૂટી સંન્યાસ લે

* દેશમાંથી જ્યારે આવા દાનની પદ્ધતિ બંધ થશે અને લોકો શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે પોતાનું કર્તવ્ય સમજીને શાસ્ત્રમાન્ય દાનાદિ ક્રિયાઓ કરશે ત્યારે જ દેશનું ભલું થવા સંભવ છે.

અને વળી પાછો ધર્મ, અર્થ અને કામનું જ સેવન કરે તો તે સંન્યાસીને વમન કરેલું એટલે ઓકેલું ફરીથી ખાનારો અને નિર્લજ્જ સમજવો. તેમ ગૃહસ્થ થઈને નિત્યનૈમિત્તિક ક્રિયાનો ત્યાગ કરે, બ્રહ્મચારી થઈને બ્રહ્મચર્યનું પાલન નહિ કરે અને સંન્યાસી થઈને વળી પાછા પ્રવૃત્ત કર્મો કરી ઇંદ્રિયોના સ્વાદમાં લોલુપતા રાખે તેવો માયાના મોહમાં ફસાયેલો ખરેખર દયાને જ પાત્ર છે. (ભા૦ ૭/૧૫/૩૦ તથા ૩૬) તેમ દરેક પોતપોતાનાં કરેલાં કર્મો અનુસાર મર્યાદામાં રહેવું એ ગુણ અને તે પ્રમાણે નહિ રહેવું તે દોષ છે. આમ ગુણ અને દોષનો નિશ્ચય છે.

સર્વ પદાર્થો સરખા જ છે

હે વત્સ! આ જગતમાં સર્વ વસ્તુઓ વા દ્રવ્યો વસ્તુતઃ સમાન એટલે એક આત્મરૂપ જ છે; છતાં તે તે દ્રવ્યમાં "આ યોગ્ય છે કે અયોગ્ય છે" એવા પ્રકારનો અજ્ઞાનીઓને સંદેહ હોય છે. તેઓ તેની સમાનતાથી અજ્ઞાત હોવાથી પોતપોતાના મનમાં આવે તેવી તે તે વસ્તુઓ સંબંધમાં કલ્પનાઓ કરી બેસે છે તેથી તેઓને સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી તેમની આ ગમે તેવી મનસ્વી પ્રવૃત્તિઓને અટકાવવાને માટે તે તે દ્રવ્યનું યોગ્ય અયોગ્ય, ગુણ દોષ, ગ્રાહ્ય અગ્રાહ્ય, શુભ અશુભ, નામ, રૂપ, ગુણ ધર્મો ઇત્યાદિ સ્વરૂપના નિર્ણયો કરેલા હોઈ તે બધા મેં જ મનફરે બની શાસ્ત્રમાં જણાવેલા છે. વસ્તુની આ યોગ્યતા અને અયોગ્યતા સત્યધર્મને માટે જ દર્શાવવામાં આવી છે. તે અજ્ઞાનીઓનો વ્યવહાર સરળતાથી ચાલે એટલા પૂરતી જ ઉપયોગી છે. ઉદાહરણ તરીકે જેમ સૂતકાદિ અશુદ્ધિમાં પણ રાજાઓથી ન્યાયનું કામ થઈ શકે પણ અન્ય કામ ના થઈ શકે ઇત્યાદિ નિયમરચના વ્યવહારની વ્યવસ્થા માટે જ કલ્પેલી છે. તેમ જ શુભ અને અશુભ, ગ્રાહ્ય અને અગ્રાહ્યપણાને લીધે થનારો અર્થ અને અનર્થો સીધી રીતે, યોગ્ય અને ન્યાયી નિર્વાહ ચલાવવાને માટે કલ્પેલા છે. જેમ કે અભક્ષ્યનું ભક્ષણ કરવું એ મોટું પાપ છે; તો પણ જ્યારે કાંઈ ખાવા નહિ મળવાથી પ્રાણ જતા હોય ત્યારે તેનું ભક્ષણ કરવામાં પાપ નથી; ઇત્યાદિ બધું વ્યવહારવ્યવસ્થાને માટે જ કલ્પેલું છે. આ સઘળી વ્યવસ્થા પોતાના સ્વરૂપને નહિ જાણનાર અને અહંકાર વડે પોતાને માથે વગર કારણે કર્તવ્યતારૂપ બોજો ઉપાડી લેનારા અજ્ઞાનીઓ માટે છે. માટે આ શુદ્ધિ અને અશુદ્ધિ એ વેદોક્ત નથી અર્થાત્ તે વેદનું અંતિમ ધ્યેય છે એમ માનવું નહિ. કેમકે સ્થાવરથી તે બ્રહ્મા સુધીનાં સઘળાં શરીરોમાં ઉપાદાન કારણ તો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો જ છે. અને આત્મદૃષ્ટિએ તો સર્વ એકરૂપ જ છે; અર્થાત્ સઘળા પદાર્થો સરખા એટલે એક આત્મરૂપ જ છે. વાસ્તવિક રીતે તો કોઈમાં પણ શુદ્ધપણું કે અશુદ્ધપણું છે જ નહિ પરંતુ સર્વત્ર કેવળ એક નિર્મળ એવું આત્મસ્વરૂપ જ છે.

ગુણદોષોનું શોધન

આ મુજબ સર્વ પદાર્થો એક સરખા આત્મરૂપ હોવા છતાં તેમાં કહેવામાં આવતી ભિન્નતા આ અજ્ઞાની પ્રાણીઓ કે જેઓ પોતે પોતાને અજ્ઞાની માની બેઠેલા હોય છે તેઓની અજ્ઞાનની નિવૃત્તિને માટે છે. અર્થાત્ પ્રવૃત્તિનો ત્યાગ કરી તે દ્વારા ક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરુષાર્થની પ્રાપ્તિ કરી શકે એવા ઉદ્દેશ વડે તેઓને માટે જુદા જુદા વર્ણો, આશ્રમો તથા નામરૂપાદિની કલ્પના વેદમાં કરેલી છે. એ પ્રમાણે દેશ, કાળ આદિ હોય વડે લઈ શકાય અને નહિ લઈ શકાય એવી તમામ વસ્તુઓ પણ એક સરખી જ છે છતાં પ્રવૃત્તિનો સંકોચ કરવાને માટે મેં વેદ અને ધર્મશાસ્ત્ર દ્વારા તેઓમાં ગુણદોષો ઠરાવ્યા છે, કે જે ઠરાવવાથી અજ્ઞાનીઓની અનિયમિત રીતે થતી પ્રવૃત્તિનો મોટો ભાગ અટકી શકે છે. આ રીતે આપણે ગુણદોષોનું શોધન કર્યું. હવે ગુણદોષોનું મૂળ શુદ્ધિ અને અશુદ્ધિ જ છે તેથી તે વિષે વિસ્તારથી કહું છું.

દેશશુદ્ધિ

પ્રથમ દેશશુદ્ધિને માટે કહું છું. જે દેશમાં કાળિયાર મૃગ ન હોય તે દેશ અપવિત્ર છે; તેમાં પણ ચામડાં ઉપર બેઠા વગરનો દેશ અત્યંત અપવિત્ર છે. વળી કાળિયાર મૃગ હોવા છતાં પણ અંગ, બંગ

અને કલિંગાદિક કીટક દેશ કે જેમાં માર્ગાદિકની સ્વચ્છતા રહેતી ન હોય તે દેશ, જેમાં મ્લેચ્છ ઘણા હોય તે દેશ અને ખારો પૃથ્વીવાળો દેશ અપવિત્ર છે, પરંતુ એવા દેશમાં પણ જો સત્પુરુષનો નિવાસ હોય તો તે દેશ ગમે તેવો હોય તો પણ અત્યંત પવિત્ર છે એમ જાણવો.

કાળશુદ્ધિ

જે કાળમાં જે દ્રવ્યની સંપત્તિ ભરપૂર હોય તે કાળ તે તે દ્રવ્યથી થતાં શુભ કર્મો કરવામાં પવિત્ર છે. પ્રાતઃકાળાદિ કાળ તો સત્ કર્મો કરવામાં યોગ્ય હોવાથી સ્વતઃસિદ્ધ પવિત્ર છે; જે કાળમાં દ્રવ્ય નહિ મળવાથી અથવા દેશ ભંગ થવા આદિ કારણથી સત્ કર્મ થતું અટકે તે કાળ અપવિત્ર છે. સૂતકાદિ કાળ સત્ કર્મ કરવામાં અયોગ્ય હોવાથી જાતે જ અપવિત્ર છે. આ મુજબ કાળની શુદ્ધિ કહી હવે દ્રવ્યોની શુદ્ધિ અશુદ્ધિ વિષે કહું છું.

દ્રવ્ય શુદ્ધિ

વસ્ત્રાદિ દ્રવ્યો જળરૂપ દ્રવ્યોથી શુદ્ધ થાય છે તથા મૂત્રાદિ દ્રવ્યોથી અશુદ્ધ થાય છે, તેમ જ પુષ્પાદિ દ્રવ્યો જળસિંચનથી શુદ્ધ તથા સુંઘવાથી અશુદ્ધ થાય છે. જ્યારે કોઈ દ્રવ્યના સંબંધમાં આ શુદ્ધ છે કિંવા અશુદ્ધ છે એવો સંદેહ થાય ત્યારે બ્રાહ્મણના મંત્ર વડે તેની શુદ્ધિ અશુદ્ધિનો નિર્ણય જણાય છે. આમ દ્રવ્ય વડે દ્રવ્યની શુદ્ધિ થાય છે તેમ કાળ વડે પણ દ્રવ્યની શુદ્ધિ થાય છે. જેમ કે નવું પડેલું વરસાદનું પાણી ચોમાસામાં ત્રણ દિવસ પછી શુદ્ધ અને ત્રણ દિવસ સુધી અશુદ્ધ ગણાય છે. માવઠાનું પાણી દશ દિવસ પછી શુદ્ધ અને તે પહેલાં અશુદ્ધ ગણાય છે. અન્ન તરતનું રાંધેલું હોય તે પવિત્ર અને વાસી થયેલું હોય તો તે અપવિત્ર ગણાય છે. દ્રવ્યની શુદ્ધિ અને અશુદ્ધિ તેના મહત્ત્વ અને અલ્પત્વ ઉપરથી પણ ગણવામાં આવે છે. જેમ કે નદી કિંવા તળાવના પાણીને ચાંડાલાદિક અડી જાય તો પણ તેને દોષ નથી પણ જે ઘડામાં ભરેલા પાણીને અડે તો અપવિત્ર મનાય છે. દ્રવ્યની શુદ્ધિ અશુદ્ધિ શક્તિ અશક્તિ ઉપરથી પણ ગણવામાં આવે છે.જેવી રીતે સૂર્યગ્રહણાદિ તથા સુતકાદિનું અન્ન સશક્તોને માટે અશુદ્ધ અને અશક્તોને માટે શુદ્ધ ગણાય છે. દ્રવ્યની શુદ્ધિ જાણવા ઉપરથી પણ થાય છે. જેમ કે પુત્રનો જન્મ થયાનું દશ દિવસ થયા પછી જાણવામાં આવે તો જન્મશૌચ લાગતું નથી અને દશ દિવસની અંદર જાણવામાં આવે તો જન્મશૌચ લાગે છે. દ્રવ્યશુદ્ધિ અશુદ્ધિ સમૃદ્ધિ પરથી જાણવામાં આવે છે. જેમ કે જૂનું ઓ ફાટેલું મેલું કપડું શ્રીમંતોને માટે અશુદ્ધ અને ગરીબો માટે શુદ્ધ કહેવાય છે.

દેશ અને અવસ્થાને આધારે થતી દ્રવ્યશુદ્ધિ

ઉપર કહેલાં દ્રવ્ય, કાળ આદિ પદાર્થો કોઈ પદાર્થોને અપવિત્ર કરી તે દ્વારા મનુષ્યને જે દોષ ઉત્પન્ન કરે છે તે દોષ પણ દેશ અને અવસ્થાદિને અનુસરીને જ લગાડેલાં છે પણ સઘળાં દેશમાં અને સઘળી અવસ્થાઓમાં એક સરખી રીતે લગાડી શકાતાં નથી, જેમ નિર્ણય દેશમાં જે અશુદ્ધિનો દોષ માનવામાં આવેલો હોય છે તે જ જ્યારે ચોરાદિનો કિંવા અન્ય ઉપદ્રવ હોય ત્યારે માનવામાં આવતો નથી. તેમ જ જુવાની અને આરોગ્યના સમયે જેને અશુદ્ધ માનવામાં આવે છે તે વૃદ્ધ અને અનારોગ્યવાળાને માટે અશુદ્ધ હોતો નથી. તેમ જુવાની અને આરોગ્યના સમયે જે અશુદ્ધ માનવામાં આવે છે તે બાલ્ય કે રોગાદિની અવસ્થામાં માનવામાં આવતો નથી. વળી ધાન્ય, કાષ્ઠ, સાબરસીંગ, હાથીદાંતાદિ હાડકાંઓ, તેમ જ ઘી તેલ ઇત્યાદિ સ્નિગ્ધ રસો, સોનું, રૂપું વગેરે તૈજસ પદાર્થો, ચામડાં તથા રસ્તાનો કાલ્વ ઘડા તથા ઈંટ વગેરેની શુદ્ધિ કાળ, વાયુ, અગ્નિ, માટી અને જળ વડે પણ થાય છે. વળી તેમાં કેટલીક જગાએ એ પદાર્થો એક સામટા એટલે મિશ્રણમાં લેવાયો તો કેટલાકમાં જુદા જુદા લેવાથી શુદ્ધિ થાય છે, તેમાં પણ ચામડા તથા ચાંડાલાદિકનો સ્પર્શ થવાથી અને દેશ, કાળ તથા અવસ્થા વગેરેના અનુમાન ઉપરથી શુદ્ધિ અશુદ્ધિ થાય છે. આસન, પાત્ર કે વસ્ત્રાદિ પદાર્થોને કોઈ અપવિત્ર પદાર્થોનો લેપ થયો હોય તો તેટલો ભાગ છોલવાથી કિંવા

ખારા ખાટા પાણીનો ઉપયોગ કરવાથી તે પદાર્થોનો ગંધ અને લેપ મટી જતાં તે પદાર્થ પાછો જ્યારે અસલ સ્થિતિમાં આવે છે ત્યારે વળી પાછો શુદ્ધ થાય છે, એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. (વધુ માટે નિર્ણયસિંધુ કિંવા ધર્મસિંધુ અને જૈમિનીકૃત કર્મ વા પૂર્વ મીમાંસા જુઓ). આ પ્રમાણે દ્રવ્યશુદ્ધિ તને કહી. હવે કર્તાની શુદ્ધિ વિષે કહું છું.

કર્તા, કર્મ અને મંત્રની શુદ્ધિ

સ્નાન, દાન, તપ, બાલ્યાદિ અવસ્થા શક્તિ ઉપનયનાદિ સંસ્કાર, સંધ્યોપાસનાદિ કર્મ અને આત્મસ્વરૂપ એવા મારા સ્મરણથી પણ કાર્યની શુદ્ધિ થાય છે. બ્રાહ્મણ ક્ષત્રિય તેમ જ વૈશ્યે શુદ્ધ થઈને જ શાસ્ત્રીય કાર્ય કરવું જોઈએ. મંત્રને આત્મનિષ્ઠ સદ્‌ગુરુના મુખેથી યથાર્થ જાણવો તે મંત્રશુદ્ધિ છે અને દરેક કર્મ ઈશ્વરને અર્પણ કરી દેવાં એ કર્મશુદ્ધિ છે. આ રીતે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર તેમજ કર્મ એ છ શુદ્ધ હોય તો જ ધર્મ થાય છે તથા અશુદ્ધ હોય તો અધર્મ થાય છે, એ મુજબ વેદનાં નિયમ વાક્યોમાં કહેવામાં આવ્યું છે.

ગુણદોષો વ્યવહારસિદ્ધિને માટે છે

આ રીતે બતાવેલા ગુણદોષનો વિભાગ વાસ્તવિક સત્ય નથી, કારણ કે શાસ્ત્રના બળવડે કોઈ સમયે ગુણને પણ દોષ અને દોષને ગુણ માનવામાં આવે છે. જેમ કે દાન લેવું એ દોષ છે પરંતુ આપદ્ કાળમાં તે ગુણરૂપ છે. કુટુંબત્યાગ દોષરૂપ છે પરંતુ વૈરાગ્યકાળમાં તે જ ગુણરૂપ છે. આ પ્રમાણે એક જ પદાર્થમાં તે દેશકાળાદિથી જે જે ગુણદોષપણું હરાવેલું છે તે જ પદાર્થ તે તે ગુણદોષને ખોટા પણ હરાવી આપે છે. જો ગુણદોષાદિ વાસ્તવિક હોય તો જે ગુણ છે તે ગુણ જ રહેવો જોઈએ પરંતુ તે ફક્ત વ્યવહારની વ્યવસ્થા માટે કલ્પાયેલો છે એવો વેદમાં કહેવાયેલાં નિયમવાક્યોનો હેતુ છે એમ સિદ્ધ થાય છે. (ભા૦ ૧૧/૨૧/૧૪થી૧૬.)

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिता पुरा ॥ २३ ॥

ॐ तत् सत्

ભગવાન કહે છેઃ હે પાર્થ ! આ રીતે શાસ્ત્રમાં ગુણદોષની વ્યવસ્થા વ્યવહારસિદ્ધિને માટે અધિકાર પરત્વે કરવામાં આવેલી છે. ॐ तत् सत् એ રીતે બ્રહ્મનો નિર્દેશ ત્રણ પ્રકારનાં સ્મરણવાળો છે. તે વડે પુરા એટલે બ્રહ્મદેવના પ્રથમ કલ્પના પ્રથમ દિવસે અર્થાત્ આદિકાળમાં બ્રાહ્મણો વેદ તથા યજ્ઞો ઋષિરાજાથી બ્રહ્માએ સૃજેલાં છે. ભાવાર્થ એ કે, બ્રહ્મ કિંવા આત્મા તો વાણી, મન અને બુદ્ધિથી પણ અગોચર છે. તેને માટે તો નામરૂપ આકાર, વિકાર, વિધિ યા નિષેધ ઇત્યાદિની કલ્પના પણ થઈ શકય નથી. વળી જેમ આકાશ અસંગ હોવા છતાં પણ તેના અસ્તિત્વ વિના વાયુ, વહ્નિ (તેજ), જળ કિંવા પૃથ્વીનું અથવા પૃથ્વીમાં આવેલા ચરાચર ભેદોનું અસ્તિત્વ કદી પણ સંભવતું નથી, આ ચારે મહાભૂતો તેના આધારે તેનામાં અને તે વડે જ અસ્તિત્વને પામેલાં હોવા છતાં તે તો તદ્દન અસંગ છે, તેને નામરૂપ ગુણધર્મ ઇત્યાદિ કંઈ છે જ નહિ; છતાં આ સર્વ ચરાચરને અવકાશ આપવાવાળું એક તત્ત્વ છે અને તેનું સાચું સ્વરૂપ તો જ્યાં આ ચારે તત્ત્વોનો વિલય થાય અને ત્યાર પછી જે શેષ રહે તે જ છે એમ અનુમાન વડે જાણી શકાય છે પણ પ્રત્યક્ષ દૃષ્ટિવડે કિંવા વાણી વડે તે જાણી શકાતું નથી; તેથી તને આકાશ એવી જે સંજ્ઞા આપવામાં આવે છે, તેને નિર્દેશ કહે છે. વ્યવહારમાં પણ વિદ્યાર્થીઓને ભગજમાં ઠસાવવા માટે જ્યારે કોઈ ઉદાહરણ સમજાવવામાં આવે છે ત્યારે એક અ નામના મનુષ્ય પાસે આ નામના મનુષ્યે અમુક વસ્તુ અમુક ભાવે લીધી કિંવા અ બિંદુથી આ બિંદુ અમુક અંતર ઉપર છે ઇત્યાદિ સંજ્ઞાઓ આપીને સમજાવવામાં આવે છે. કોઈ

વિદ્યાર્થી કહે કે અ, આ નામના માણસો કયા દેશમાં રહે છે તે કહો એટલે હું તેને મળીને પૂછી આવું કે જેથી આપને આ બધું સમજાવવાની માથાકુટ કરવાની જરૂર રહેશે નહિ તો તેમ કહેનાર મૂર્ખ ગણાશે. આ અ, આ ઇત્યાદિ માણસ કિંવા બિંદુઓનો ઉદ્દેશ તો સાચો સિદ્ધાંત વિદ્યાર્થીઓના મગજમાં ઠસાવવા પુરતો જ ઉપયોગમાં લેવાનો હોઈ તે કાલ્પનિક હોવાથી નિર્દેશાત્મક જ છે; આથી એ સિદ્ધ થાય છે કે મૂળ વસ્તુનું સાચું સ્વરૂપ અથવા જ્ઞાન આપવાને માટે તેને જે કાલ્પનિક સંજ્ઞાઓના આધાર વડે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેને નિર્દેશ કહે છે. નિર્દેશને પર્યાય, સંજ્ઞા કિંવા વિવર્ત ઇત્યાદિ નામો વડે પણ સંબોધે છે તેમ આ વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિથી અગોચર એવું અનિર્વચનીય પદ સમજાવવાને માટે તેને બ્રહ્મ એવી સંજ્ઞા આપેલી હોઈ તેનો ૐ તત્ સત્ એવા ત્રણ પ્રકારે શાસ્ત્રોમાં નિર્દેશ કરવામાં આવેલો છે. તેનો સાર એટલો જ કે તે સ્મૃતઃ એટલે જે સ્મરણ કિંવા બુદ્ધિ ઇત્યાદિથી પણ પર છે, એવા પ્રકારની વિસ્મૃતિરૂપ કલ્પના વડે જ જાણી શકાય છે. જે સ્થૂળ રીતે બતાવી નહિ શકાય પરંતુ વાણી વડે જ તેનું વર્ણન થઈ શકે છે તેને વાચ્યાર્થ કહે છે અને જે વાણી વડે પણ વર્ણવી શકાય નહિ પરંતુ બુદ્ધિ વડે ફક્ત અનુમાનથી સમજવામાં આવે તે લક્ષ્યાર્થ કહેવાય, તેમજ આ પ્રકારે અનુમાનથી પણ પર કાંઈક છે એવા પ્રકારે જે આભાસાત્મક જાણવું તેને તત્ત્વાર્થ કહે છે. જેમ જ્યાં પૃથ્વી, જલ, તેજ(વહ્નિ) અને વાયુ એ ચાર મહાભૂતો નથી તે આકાશ સમજવું તેમ જ "આ, તું, અને હું" એવી ત્રણ સંજ્ઞાઓ જગતમાં જેને જેને માટે લાગુ પડી શકે છે તે બધું અને આ ત્રણ સંજ્ઞાઓ જ્યાં નથી એવું જે પદ તેને માટે જ "તે" (तत्) એવી સંજ્ઞા વા નિર્દેશ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યો છે. આ રીતે આત્મા કિંવા બ્રહ્મને તત્ત્વાર્થ વડે જાણી શકાતું હોવાથી તેને तत् એવી સંજ્ઞા આપવામાં આવેલી છે. આ ઉદ્દેશથી જ વેદમાં तत्त्वमसि મહાવાક્યની રચના થયેલી છે, તેમ જ અજ્ઞાનીને સમજાવવાને માટે જ તેના ઉપર આ બધી દૃશ્યજાળ असत् છે માટે અમુકને सत् કહેવું એવા પ્રકારે સમજાવેલું છે (ૐની વ્યાખ્યા માટે અધ્યાય ૩ શ્લોક ૩૫ તથા અધ્યાય ૮ શ્લોક ૧૧ જુઓ, सत् असत्ની વ્યાખ્યા માટે અધ્યાય ૨ શ્લોક ૧૬ જુઓ).

ૐ तत् सत् तथा બ્રહ્મા, વેદ અને યજ્ઞો

આ ૐ तत् सत् વડે જ બ્રહ્મદેવે પ્રથમ કલ્પમાં એટલે બ્રહ્મદેવના આયુષ્યની શરૂઆત થઈ તેના આરંભના પ્રથમના જ દિવસે બ્રાહ્મણ (બ્રહ્મણઃ ઉપરથી બ્રાહ્મણાઃ જેમ પરાશર ઉપરથી પારાશર) વેદો અને યજ્ઞો સર્જ્યા એટલે બ્રહ્મને જાણી શકાય એવાં આ ત્રણ મેં સર્જેલાં છે; એટલે બ્રહ્મને જાણી શકે એવા આ ત્રણ માર્ગ જ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. વેદ શું છે તે આ સાધનો વડે જ જાણી શકાય છે, તેથી ૐ સંજ્ઞામાંથી બ્રહ્મનું સ્વરૂપ દર્શાવનારો બ્રાહ્મણ અર્થાત્ બ્રહ્મદેવ, तत् સંજ્ઞા વડે બ્રહ્મનું સ્વરૂપ દર્શાવનારા વેદો અને सत् સંજ્ઞા વડે બ્રહ્મનું સ્વરૂપ દર્શાવનારા યજ્ઞો; એમ ત્રણના દર્શક ત્રણને સર્જ્યા છે. ઉદ્દેશ એ કે, આ ત્રણ રૂપે બ્રહ્મ પોતે પોતામાં જ પ્રકટ થયું, એટલે પ્રથમ આ અનિર્વચનીય એવા તત્ત્વને બ્રહ્મ એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ ત્યાર પછી તે ૐ तत् सत् એવા ત્રણ પ્રકારના નિર્દેશરૂપે જણાવાયું અને તત્પશ્ચાત્ તે નિર્દેશ જાણનારા બ્રાહ્મણો એટલે બ્રહ્મદેવો, વેદો અને યજ્ઞો સર્જ્યાં, અર્થાત્ આ બ્રહ્મ પોતે પોતામાં ૐ એ અક્ષરરૂપે પ્રકટ થયું. અક્ષરમાંથી બ્રહ્મદેવ, * બ્રહ્મદેવમાંથી વેદો અને વેદોમાંથી યજ્ઞો. આ રીતે આકાશ અસંગ હોવા છતાં જેમ તે પૃથ્વી આદિ ચાર મહાભૂતોના વિસ્તારને પામેલું ભાસે છે તેમ આ બ્રહ્મ જ ઉપર મુજબ વિસ્તારને પામેલું છે. આ યજ્ઞો વડે જ ચરાચર બ્રહ્માંડ વ્યાપેલું છે. આ

* બ્રહ્મદેવની ઉત્પત્તિ પૂર્વે કોઈ પણ ક્રિયા વગર જ સૃષ્ટિનો વિકાસ સૂક્ષ્મ રીતે થતો રહે છે, પરંતુ બ્રહ્મદેવની ઉત્પત્તિ થયા પછી તેને કર્મનો નિયમ લાગુ પડે છે એટલે તેને બ્રહ્માંડાદિ નિર્માણ કરવાને માટે સંકલ્પરૂપી કર્મ કરવું પડે છે અને પછી માનસિક કર્મમાંથી સ્થૂલ કર્મો થયેલાં છે. આ રીતે બ્રહ્મદેવનું પ્રથમ સંકલ્પરૂપ કર્મ વેદની આજ્ઞાનુસાર યજ્ઞ હોવાથી ચરાચર બ્રહ્માંડમાં ચાલતાં કર્મો તે યજ્ઞકર્મો કહેવાય. આથી બ્રહ્મદેવને કર્મ એવી પણ સંજ્ઞા છે.

રીતે આ મિથ્યા માયાવી જગત્ વાસ્તવિક અનિર્વચનીય એવા બ્રહ્મરૂપ છે, બ્રહ્મથી ભિન્ન નથી. આ જે જે કાંઈ ભાસે છે તે બ્રહ્મ પોતે પોતામાં અને પોતા વડે જ ભાસમાન થઈ રહેલું છે, એવા પ્રકારનું અપરોક્ષજ્ઞાન થતાં સુધીને માટે બ્રહ્મને ઉદ્દેશીને ૐ તત્ સત્ એવી ત્રણ સંજ્ઞાઓ તથા બ્રાહ્મણ, વેદ અને યજ્ઞોનો વિસ્તાર પ્રસૃત થવા પામેલો છે.

तस्माद्ओमित्युदाहृत्य यज्ञदानतपः क्रियाः ।

प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥

દરેક ક્રિયાના આરંભમાં ૐ ઉચ્ચાર શા માટે કરવો ?

હે પાર્થ ! એટલા માટે જ ૐ એ પ્રમાણે ભોગીને બ્રહ્મવાદીઓએ કહેલી યજ્ઞ, દાન અને તપની દરેક વિધિઓ નિરંતર પ્રવર્તે છે; તાત્પર્ય આ રીતે ૐ એ સર્વ સૃષ્ટિ ઉત્પન્ન કરનારા બ્રહ્મદેવનું પણ મૂળ હોવાથી બ્રહ્મવેત્તાઓએ વટપીજ ન્યાયનો સિદ્ધાંત બુદ્ધિમાનોના જાણવામાં આવે એવા હેતુથી યજ્ઞ, દાન અને તપ ઇત્યાદિ કોઈ પણ પ્રકારની જગતમાં શાસ્ત્રવિધિ અનુસાર થતી તમામ ક્રિયાઓનો આરંભ ૐ એ શબ્દોચ્ચારણ વડે જ શરૂ કરવો એમ ફરમાવ્યું છે. સારાંશ એ કે, જગતમાં થતી તમામ ક્રિયાઓ પછી તે ગમે તે ઉદ્દેશથી કરવામાં આવે, પરંતુ જો તે શાસ્ત્રવિધિ અનુસાર પરમશ્રદ્ધા વડે યુક્ત થઈને કરવામાં આવે તો જેમ નદી છેવટે સમુદ્રમાં જ જઈને મળે છે તેમ તે બ્રહ્મરૂપમાં જ જઈને મળે છે અને અંતે ક્રિયા કરનાર પોતે પણ ચિત્તશુદ્ધ થઈ ક્રમે પરમપદને જ પામે છે. સંક્ષેપમાં એટલું જ કે નદીની અંદરની વસ્તુ સમજે કે વગર સમજે અંતે સમુદ્રને જ મળે છે તેમ વેદવેત્તાઓએ કહેલી શાસ્ત્રવિધિ અનુસાર શ્રદ્ધા વડે યુક્ત થઈને ક્રિયાઓ કરનારો પરમપદને પ્રાપ્ત થાય છે. આ તો કેવળ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખીને તેણે કહેલી ક્રિયાઓ કરવાની પોતાની ફરજ છે એવું સમજીને શાસ્ત્રવિધિ અનુસાર ક્રિયાઓ કરનારાની મતિ સંબંધે કહેવામાં આવ્યું. પરંતુ હવે જેઓ મોક્ષ એ જ એક ધ્યેય છે એમ સમજીને એટલે બ્રહ્મ કિંવા આત્માનું અપરોક્ષજ્ઞાન જેઓને થયેલું હોય તેવાઓની ક્રિયાઓ સંબંધે કહું છું.

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।

दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥ २५ ॥

તત્ વડે થતી સર્વ ક્રિયાઓ

તત્ ઇતિ એટલે તત્ યાને આત્મા તથા ઇતિ એટલે અંતિમ વા છેવટ યા સમાપ્તિ. અર્થાત્ આત્મા જ અંતિમ ધ્યેય છે એમ સમજીને કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા વગર જ યજ્ઞ અને તપરૂપ ક્રિયાઓ, દાનક્રિયાઓ તથા વિવિધ પ્રકારની ક્રિયાઓ મોક્ષને ઇચ્છનારાઓ તરફથી કરાય છે એટલે જેઓને મોક્ષ વગર આ લોક કે પરલોક પૈકી કોઈ પણ પ્રકારની ઇચ્છા જ નથી તેવાઓ તરફથી જે જે યજ્ઞ, તપ, દાન ઇત્યાદિ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવામાં આવે છે તે સર્વ તત્ રૂપ જ છે એવી ભાવના વડે જ થાય છે અર્થાત્ આ તમામ દૃશ્યજાળ આત્મરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ. એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે વાણી, મન, બુદ્ધિ ઇત્યાદિ સ્થૂળ કિંવા સૂક્ષ્મ ઇન્દ્રિયો વડે જે જે ક્રિયાઓ થાય છે તે સર્વ તત્ એવા આત્મરૂપ છે; એવા પ્રકારના દૃઢ અભ્યાસ વડે જ કરવામાં આવે છે. સારાંશ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ વડે જે જે કાંઈ વ્યવહાર થાય છે કિંવા જે જે કાંઈ ક્રિયાઓ કરવામાં આવે છે તે તમામ આત્મરૂપ જ છે. આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવી રીતે આ સર્વ દૃશ્યોનો તેના સાક્ષી સહ વિલય કરી આત્મામાં તદાકાર બની જવું. અંતઃકરણમાં કોઈ

પણ દાત્તનું ઉત્થાન થાય કે તુરત જ તે તત્ એવા બ્રહ્મ કિંવા આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને તુરંત જ દાખી દેવી. આ રીતે જેઓ મોક્ષની ઇચ્છાવાળા હોય છે તેઓ વેદમાં કહેલા "तत्त्वमसि" એ મહાવાક્યના અર્થને ધ્યાનમાં લઈ પોતાની તમામ ક્રિયાઓ તત્ને ઉદ્દેશીને કિંવા તત્માં અર્પણ કરીને જ કરે છે.

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।

प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥ २६ ॥

सत् શબ્દની યોજના

હે પાર્થ ! વાસ્તવિક રીતે તો કેવળ તત્રૂપ એવો એક આત્મા જ સત્ય છે. તત્ રૂપ આત્મા સિવાય બીજું કંઈ સત્ય છે જ નહિ. એટલા માટે સદ્ભાવમાં અને સાધુભાવમાં सत् એ શબ્દ લગાડવામાં આવે છે તથા પ્રશસ્ત એટલે યોગ્ય નહિ એવાં કર્મોમાં પણ सत् શબ્દનો જ પ્રયોગ કરવામાં આવે છે. તાત્પર્ય એ કે, આ ચરાચર જગતાદિ તમામ દૃશ્યજાળ અનિર્વચનીય એવા બ્રહ્મરૂપ જ છે. બ્રહ્મથી ભિન્ન છે જ નહિ. અનિર્વચનીય એવું તે બ્રહ્મ જ ॐ तत् सत् એવાં નામો વડે પ્રસિદ્ધ છે. આ બ્રહ્મ જ સૌથી શ્રેષ્ઠ છે, બ્રહ્મથી શ્રેષ્ઠ કાંઈ છે જ નહિ એવા પ્રકારનો ખ્યાલ નિત્યપ્રતિ લોકોમાં આવે એટલા માટે આ સારો છે, એ સાધુ છે, આ સારાં કર્મ કરનારો છે ઇત્યાદિ પ્રકારનો ભાવ જ્યારે બતાવવાનો હોય છે ત્યારે "सत्" શબ્દ લગાડવામાં આવે છે. સંક્ષેપમાં એટલું જ કે વ્યવહારમાં ચાલનારી પ્રવૃત્તિઓ પૈકી જે પ્રવૃત્તિ આત્મસ્વરૂપના જ્ઞાન તરફ લઈ જનારી હોય તે પ્રવૃત્તિ સૌથી શ્રેષ્ઠ પ્રકારની ગણાય છે અને આવી પ્રવૃત્તિ જ વેદવેત્તાઓએ વ્યવહારમાં લોકોને પરમપદને માર્ગે ચઢાવવાને માટે જ શાસ્ત્રમાં કહેલી છે. તેવા પ્રકારનાં કર્મો કરનાર પ્રત્યે વ્યવહારમાં સદ્ભાવ, સાધુભાવ દાખવવાનો હોય તો આ સારો છે, સાધુ છે, સારાં કર્મો કરનારો છે એવા પ્રકારે તેને માટે सत् શબ્દ જ જોડવામાં આવે છે, એટલે તેવાને માટે सत् શબ્દનું જ વિશેષણ લગાડવામાં આવે છે. તથા જે પ્રવૃત્તિ વિષયમાર્ગે એટલે અધમતાને માર્ગે લઈ જનારી હોય તેને માટે આ સારો નથી, દુરાચારી છે એવો ભાવ બતાવવાને માટે असत् શબ્દ લગાડવામાં આવે છે. કારણ કે, જે વસ્તુ જેવા સ્વરૂપમાં હોય તેવા સાચા રૂપમાં તેને ઓળખીને તેવા પ્રકારે તેની સાથે વ્યવહાર કરવો એ सत् કહેવાય અને તેથી વિપરીત તે असत् કહેવાય. જેમ કોઈ મનુષ્યનું રામ એવું નામ હોય છતાં તેને ઓળખ્યા વગર બીજા કોઈ નામ વડે બોલાવવું તે असत् અને રામ નામ વડે જ બોલાવવું તે सत्; આ રીતે વ્યવહારમાં પણ નિયમ છે. તેમ સર્વ શાસ્ત્રનો ઉદ્દેશ આ સર્વ सत् એવા બ્રહ્મરૂપ છે માટે તેને તેના પોતાના એક સાચા સ્વરૂપે ઓળખવું તે सत् અને બ્રહ્મ હોવા છતાં તેને હું, તું, તે, આ ઇત્યાદિરૂપે કહેવું તે असत्, આથી શાસ્ત્રકારોએ જે ક્રિયાઓ બ્રહ્મનું સાચું ભાન કરાવી આપનારી હોય તે ક્રિયાઓને सत् કહેલી છે તથા તે ક્રિયાઓને અનુસાર ચાલનારાઓને માટે ઉચ્ચ ભાવના બતાવવાને અર્થે सत् શબ્દ લગાડવામાં આવે છે તથા सत्માં જ નિત્યપ્રતિ સ્થિત રહેવાને માટે સાધુભાવ દર્શાવવાના ઉદ્દેશથી પણ सत् શબ્દ જ લગાડવામાં આવે છે, એટલે જેમ જ્યાં અંધારું નથી તે જ અજવાળું કહેવાય તેમ જ્યાં असत् ખોટો કિંવા વિપરીત ભાવ નથી તે જ सत् ભાવ.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।

कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

તે 'સત્' એમ કહેવાય છે

યજ્ઞમાં અને તપમાં તથા દાનમાં જે સ્થિતિ તે પણ સત્ કહેવાય છે તેથી જ તદર્થીય કર્મ પણ સત્ જ કહેવાય છે. સારાંશ એ કે, યજ્ઞ, તપ અને દાનમાં જે સ્થિતિ એટલે સ્થિરતા કિંવા નિષ્ઠા તેને પણ સત્ કહે છે તથા તેના ઉદ્દેશ વડે થતાં કર્મો પણ સત્કર્મો જ કહેવાય છે. એટલે વ્યવહારમાં પણ યજ્ઞ, તપ, દાન કરવાની ઇચ્છાવાળાઓને માટે આ સત્ ભાવનાવાળા છે એમ કહેવામાં આવે છે તથા જેઓ આ યજ્ઞ, તપ અને દાનાદિ ક્રિયાઓનું આચરણ કરે છે તેને પણ આ સત્કર્મ કરનારા છે એમ વ્યવહારમાં કહે છે, પરંતુ આથી પણ વિશેષતા તો એ છે કે યજ્ઞ, તપ, દાનમાં જેઓ નિષ્ઠાવાળા હોય તે પણ સત્ કહેવાય છે એટલું જ નહિ પણ તત્ અર્થીય અર્થાત્ તત્ એટલે તે અર્થાત્ આત્મા કિંવા બ્રહ્મ એવા અર્થે એટલે કે જેઓ આ સર્વ આત્મસ્વરૂપ છે એવા નિશ્ચયવડે સ્થિર થઈને અંતઃકરણમાં તત્ (આત્મા) વિના બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા દેતા નથી, તેવાઓ પણ સત્ જ કહેવાય છે. અર્થાત્ ઉપર ૐ તત્ સત્ એવા શબ્દનું ઉચ્ચારણ કરીને જેઓ યજ્ઞ, દાન અને તપરૂપ ક્રિયાઓ કરનારા કહ્યા તે તથા તત્રૂપ છે એવા પ્રકારની ભાવના વડે જે મોક્ષાર્થીઓ ફળની ઇચ્છા રહિત બનીને યજ્ઞ, તપ કિંવા દાનાદિરૂપ વિવિધ ચેષ્ટાઓ કિંવા ક્રિયાઓ કરે છે, તે બંને સત્ જ કહેવાય છે, એવો ભગવાને અત્રે બંનેનો સમન્વય કર્યો છે. સારાંશ એ કે, કોઈ પણ કર્મ ૐ તત્ સત્ એવા પ્રકારે ત્રણ કિંવા તે પૈકી કોઈ પણ એક નામનું અવલંબન કરીને શ્રદ્ધા વડે કરવામાં આવે તો તે સર્વ રીતે શાસ્ત્રવિધિ પ્રમાણે પરિપૂર્ણ થયું હોય અથવા શાસ્ત્રવિધિ અનુસાર પરિપૂર્ણ ન થઈ શકયું હોય, અર્થાત્ તેમાં કોઈ ન્યૂનતા રહેવા પામી હોય છતાં પણ તે શાસ્ત્રવિધિ અનુસાર જ થયેલું છે એમ સમજવું.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।

असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥ २८ ॥

શ્રદ્ધા વિનાનું સર્વ અસત્ છે.

હે પાર્થ! અશ્રદ્ધા વડે હોમેલું, દીધેલું, તપ કરેલું અને જે કરેલું હોય છે તે સર્વ અસત્ એમ કહેવાય છે. તે આ લોકમાં કે મરણ પછી પરલોકને માટે પણ નિરુપયોગી છે. સારાંશ એ કે, અશ્રદ્ધા વડે કરેલા યજ્ઞો, દાન, કિંવા તપ તે સર્વ અસત્ એવી સંજ્ઞાને પાત્ર છે. ઉપર કહેવામાં આવ્યું છે કે શ્રદ્ધા વડે કરેલું તે સર્વ સત્, તે સિવાયનું એટલે અશ્રદ્ધાવાળું સર્વ અસત્ કહેવાય. જેમકે વ્યવહારમાં પણ જે વસ્તુનું જે નામ હોય તે વસ્તુને તેના સાચા નામ વડે બોલાવવું તે સત્ અને વિપરીત નામ વડે બોલાવવું તે અસત્ કહેવાય છે, ખરું ને? તેમ આને માટે પણ સમજો. સારાંશ, આ સર્વ દૃશ્યમૂળ અનિર્વચનીય એવું બ્રહ્મ નથી પરંતુ તે તો વિષયભોગ ભોગવવાના સાધનરૂપ છે એવી વિષયદૃષ્ટિ વડે તેને જોવું તે સૌથી પ્રથમ મોટામાં મોટી અશ્રદ્ધા છે. અર્થાત્ વેદશાસ્ત્ર ઉપર અને તેના સિદ્ધાંત ઉપર વિશ્વાસ ન હોવો એ જ પ્રથમ મોટામાં મોટી ઘાત એટલે વિનાશ કરનારી અશ્રદ્ધા હોવાથી તેવી અશ્રદ્ધાનો ત્યાગ કરી સર્વત્ર અનિર્વચનીય એવું એક આત્મરૂપ જ વ્યાપેલું છે એ રીતની ઐકત્વની ભાવનારૂપ દૃઢ શ્રદ્ધાના અવલંબન વડે આત્મહિત સાધી લેવું જોઈએ. કેમ કે આ સિવાય કોઈપણ પ્રકારે આત્મહિત સાધી શકવું શકય નથી અને આ સિવાયની બીજી બધી ભાવનાઓ અશ્રદ્ધારૂપ જ છે. માટે દ્વૈતરૂપ એવી આ અશ્રદ્ધાનો ત્યાગ કરી ઐકત્વરૂપ શ્રદ્ધાનો આશ્રય કરવો જરૂરી છે.

અધ્યાય ૧૮

અર્જુનની નિર્વિકલ્પતા

શ્રીકૃષ્ણ ભગવાનનું અત્યાર સુધીનું કથન સાંભળીને અર્જુન મોહમાંથી બહોળખરો મુકત થયો, તેને તમામ જગત અસાર કેવી રીતે છે તે સારી રીતે સમજાવ્યું અને શ્રીકૃષ્ણ ભગવાન એટલે કોઈ, શરીરધારી મનુષ્ય વ્યક્તિ નહિ પરંતુ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા જ છે; એવું તેને નિઃશંક જ્ઞાન થયું અને પોતાની આજ સુધીની થયેલી અજ્ઞાનતા સંબંધે તેને અતિશય પશ્ચાત્તાપ થયો. આનંદાતિરેકને લીધે તેનો કંઠ ભરાઈ ગયો. નેત્રમાંથી ચોધાર આનંદાશ્રુ વહેવા લાગ્યાં અને તે ગદ્‌ગદિત થયો. ક્ષણવાર તો તે તદ્દન નિશ્ચળ બની ગયો. આમ ક્ષણવાર ભગવાનના પરમસ્વરૂપની સાથે એકરૂપપણાનો અનુભવ થવાથી તે નિર્વિકલ્પ સમાધિમાં તદ્રૂપ બની ગયો. કેટલોક સમય બાદ દેહભાન ઉપર આવી તેણે ભગવાનની અતિ નમ્રભાવે ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરી કહ્યું : હે પ્રભો ! મેં આપના સાચા પર સ્વરૂપનો અનુભવ લીધો છે અને તેમાં જ તન્મય બની ગયો. હવે હું કૃતાર્થ થયો. હે પરાત્પર ગુરો ! હું આપના સ્વરૂપનું વર્ણન કેવી રીતે કરું ? મોટા મોટા દેવ, ઋષિઓ તથા સહસ્રફણધારી શેષ પણ અનંતમુખે આપનું વર્ણન કરતા થાકી ગયા છે. વેદ પણ ' નેતિ નેતિ' કહી ચૂપ થયા છે. આપ પોતે જ અહીં બિરાજેલા સાક્ષાત્ બ્રહ્મમૂર્તિ એવા શ્રીગણેશ સ્વરૂપે બની અષ્ટસિદ્ધિ અને નવનિધિઓ સહતું છ પ્રકારનું ઐશ્વર્યવર્ણન જગત સમક્ષ પ્રગટ કરવાની ઇચ્છા કરી છતાં આપ પોતે પણ પોતાના આ ઐશ્વર્યનો પાર પામી શકતા નથી. સાક્ષાત્ વિદ્યાદેવી સરસ્વતીરૂપે આપે જ અહર્નિશ પોતાના ગુણોનું વર્ણન પામર અને અજ્ઞાની જીવોને સમજાવવાના ઉદ્દેશ વડે લખવાનો આરંભ કર્યો; પરંતુ અનંત મહાકલ્પો વહી જવા છતાં પણ જેનો પાર (અંત) પામી શકાતો નથી, એવા આપે મારા જેવા પામર, અજ્ઞાની અને મૂઢને પોતાના પર, અપર અને તેથી ઉત્તમ એવા પુરુષોત્તમરૂપની સાથે એકરૂપ બનાવી દીધો. હે સ્વામિન્ ! પારસ લોખંડને અડકતાં જ તેને સુવર્ણ બનાવે છે પરંતુ પોતાનો જેમ કાંઈ પારસ બનાવી શકતો નથી, પરંતુ આપે તો મને આપના અને મારામાં કિંચિન્માત્ર પણ ભેદભાવ નહિ રહે એવો સાચો અનન્ય ભકત બનાવી દીધો છે એટલે આપને પારસની ઉપમા આપવી પણ વ્યર્થ છે. આમ છે તો હવે હું સ્તુતિ કોની અને કેવી રીતે કરું ? આપે તો મારી પાસેથી મારાપણું તથા તારાપણું ઇત્યાદિ સર્વસ્વનું હરણ કર્યું છે. આપની જેના ઉપર કૃપા થાય તેનું તો આપ હું પણું, તું પણું, તે પણું, આ પણું, ઇત્યાદિ સર્વસ્વ હરણ કરી લો છો, નવદ્વારોના પૂરમાં રહેલા પુરુષના સર્વ પ્રકારના ભાવોનું હરણ કરનારા હોવાથી જ શાસ્ત્રકારો આપને નવનીતપ્રિય કહે છે એટલે મારે તો ફકત સુષુપ્તમૌનનો જ આશ્રય લેવાનો રહ્યો. જેમ ઘોર નિદ્રા (સુષુપ્તિ)માં પડેલો મનુષ્ય પથારીમાં આળોટે છે, મોં વડે મોટેથી કાંઈ બબડે છે વગેરે અનેક પ્રકારની ક્રિયાઓ કરતો હોવા છતાં પણ પોતે તે ક્રિયાઓ પૈકી કાંઈ પણ જાણતો નહિ હોવાથી તે તદ્દન નિષ્ક્રિય અને મૌનવાળો જ ગણાય છે, તેમ હું હવે આપના કટાક્ષથી તદ્દન અસંગ બની ગયો છું. તું હું રૂપ અને હું તું રૂપ બની ગયો છે. એ રીતે પરસ્પર અભિન્નભાવ થવાથી હવે તારી સ્તુતિ કેવી રીતે કરું ? વળી આ બધા સ્તુતિ, નિંદા, હર્ષ, શોક, સુખ, દુઃખ ઇત્યાદિ વિકારો તો મિથ્યા એવા માયાના કલેવરાપ છે તથા તેનો તો તારામાં લેશ પણ નથી. જેમ પ્રકાશને 'અંધારું' એ નામની કોઈ વસ્તુ હશે એનો કદી માહિતી હોતી નથી તેમ તારામાં તો માયા કયાં અને કેવી હશે તેની કલ્પના પણ શી રીતે સ્પર્શી શકે ? માટે હું હવે શિષ્ટ સંપ્રદાય પ્રમાણે ફકત વ્યવહાર દૃષ્ટિએ તને પ્રણામ કરીને દ્વૈત અદ્વૈતાદિ ભાવોનો તેમાં સાક્ષીભાવસહ વિલય કરીને સુષુપ્તમૌનની પેઠે તદ્દન નિશ્ચળ સ્થિતિમાં જ સ્થિત થાઉં, એટલું જ એક તારા-ગુણાનુવાદનું સાધન મારી પાસે છે.

अर्जुन उवाच—

सन्न्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।

त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥ १ ॥

સંન્યાસ અને ત્યાગનું તત્ત્વ કહો

હે દીનવત્સલ, દીનદયાળુ પ્રભો! આપે સંન્યાસ અને ત્યાગ સંબંધે પ્રથમ જે કે કહેલું છે છતાં મને તે સારી રીતે સમજાયું નથી, તો હે મહાબાહો! હે હૃષીકેશ! આ સંન્યાસ અને ત્યાગના તત્ત્વને ભિન્નપણે જાણવાને હું ઇચ્છું છું. અર્થાત્ ખરો સંન્યાસ અને ત્યાગ કોને કહેવો તે બંનેનું પૃથક્કરણ એટલે ભિન્ન ભિન્ન રૂપે સ્પષ્ટીકરણ જાણવાની મારી ઇચ્છા છે તો તે આપ કૃપા કરીને મને કહો કે જેથી હું તે સારી રીતે સમજી શકું.

શ્રીભગવાનુવાચ—

કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।
સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥ ૨ ॥

ન્યાસ એટલે શું?

ભગવાન બોલ્યાઃ હે વત્સ! તેં ઘણો સારો પ્રશ્ન કર્યો. જો કે તું તત્ત્વ તો સારી રીતે સમજ્યો છે છતાં વ્યવહારમાં આ સંન્યાસ અને ત્યાગ સંબંધે લોકોમાં પોતપોતાની મનની કલ્પના અનુસાર અર્થોને બદલે અનર્થો જ થવા પામેલા છે; માટે તેનું નિશ્ચિત અને સ્પષ્ટ સ્વરૂપ જાણવાની ઇચ્છાએ તેં કરેલો આ પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે માટે તેનું રહસ્ય હું કહું છું તે તું સાંભળ. "કામ્ય કર્મોના ન્યાસને વિદ્વાનો સંન્યાસ જાણે છે તથા વિચારકુશળ પંડિતો સર્વ કર્મના ફળના ત્યાગને ત્યાગ કહે છે." આમાં ભગવાને કામ્યકર્મોના ન્યાસને સંન્યાસ કહેલો છે. ન્યાસમાં નિ+અસ એ પ્રમાણે બે શબ્દો છે. સ્થાપન કરવું, સ્મરણમાં રાખવું, પોતાની વસ્તુ વિશ્વસનીય એવા કોઈને ત્યાં રાખવી, કોઈ વસ્તુ જેને આપવી હોય તેને પ્રત્યક્ષ નહિ આપતાં તેના ઘરના બીજા કોઈ મારફતે આ વસ્તુ માલિકને આપો એમ કહીને આપવામાં આવે છે તે, જે મંત્રનો જપ કરવાનો હોય તે મંત્રના બીજનું પોતાના શરીરનાં અંગો (અવયવો)માં અધિષ્ઠાન કલ્પીને તે તે શરીરાવયવોને સ્પર્શ કરવો; જેમ કે ૐ અંગુષ્ઠાભ્યાં નમઃ, ૐ હૃદયાય નમઃ ઇત્યાદિ કર કિંવા અંગન્યાસ કરવામાં આવે છે અથવા મંત્રો વડે દેવતાની મૂર્તિના અવયવો ઉપર દેવત્વભાવની સ્થાપના કરવી. જેમ કે આ મૂર્તિની આંખમાં સૂર્ય, હાથમાં ઇન્દ્ર વગેરે છે એમ કલ્પવું તે ન્યાસ કહેવાય છે. સિવાય છાપ (મીંચો), છોડવું, ત્યાગ કરવો અથવા સ્વીકાર નહિ કરવો ઇત્યાદિ ન્યાસના પુષ્કળ અર્થો વ્યવહારમાં વિવક્ષિત છે, પરંતુ અહીં તો ભગવાને કામ્યકર્મોના ન્યાસને સંન્યાસ એમ કહેલું છે તેનો ઉદ્દેશ એટલો જ છે કે પ્રથમ યથાતથ્યત કહેવામાં આવેલું જ છે કે (અધ્યાય ૨, શ્લોક ૩૯ તથા ૪૨ થી ૪૪, પૃષ્ઠ ૧૫૫/૧૫૬ અને ૧૭૬ થી ૧૭૯ અને અધ્યાય ૩ શ્લોક ૩૫ પ્રથમ અધ્યાય ૪ શ્લોક ૧૬, ૧૭, ૨૦ તેમ જ સંન્યાસ માટે અધ્યાય ૫ શ્લોક ૨–૩ અને ૬ જુઓ) વેદ જો કે નિવૃત્તિપરાયણ છે છતાં તેનો સાચો અર્થ નહિ સમજતાં બાળકના બાઉની જેમ તેણે કહેલા સ્વર્ગાદિ ફળની લાલચ આપનારા અને ત્રણ ગુણોના પાશમાં સપડાવનારા યજ્ઞ, દાન, તપ, વગેરે ફળની ઇચ્છા વડે થતાં તમામ કર્મો મિથ્યા હોઈ ત્યાજ્ય છે એવી રીતે નિત્યપ્રતિ સ્મરણમાં રાખવું કિંવા મનમાં દૃઢ નિશ્ચય વડે તેનું સ્થાપન કરવું. આ રીતે નિશ્ચય કરીને ફળની ઇચ્છા વડે થનારાં તમામ કર્મો નાશવંત હોઈ અવિશ્વસનીય છે એમ જાણીને વિષયપાશમાંથી મુક્ત થઈ બુદ્ધિને વિશ્વસનીય એવા એક આત્મસ્વરૂપમાં જ સ્થિર રાખવી એટલે નાશવંત અને અવિશ્વસનીય એવા વિષયોમાંથી વૃત્તિને ખેંચી લઈ શાશ્વત એવા એક આત્મામાં જ તેને સ્થિર કરવી. અર્થાત્ હૃદયમાં આત્મા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું. તેમ જ કોઈ વસ્તુ માલિકને પ્રત્યક્ષ નહિ આપતાં તેના માણસોના હવાલે કરી માલિકને પહોંચાડવી એવું જે ઉપર કહ્યું છે તેનો અર્થ, પોતપોતાના

ઇષ્ટદેવતાની નિષ્કામ ઉપાસના કરી તે દ્વારા તદ્રૂપતા પ્રાપ્ત કરી લેવી અથવા તો આ નામરૂપાદિ જે જે કાંઈ છે તે તમામ આત્મા છે. એક આત્મા ઉપર જ ભિન્નભિન્ન નામરૂપાદિનો આરોપ કરવામાં આવે છે. એવી રીતના દૃઢ નિશ્ચય વડે જાણવું તેનું નામ જ ખરો ન્યાસ છે. જેમ સોનાનાં કડાં, કુંડળ, વીંટી, બંગડી ઇત્યાદિને આ બધું સુવર્ણ જ છે છતાં તેને જ હું વીંટી, બંગડી, કડાં, કુંડળાદિ કહું છું એમ સમજવું તેનું નામ માલિકને બદલે તેના નોકર મારફતે મૂળ વસ્તુ માલિકને પહોંચાડવી. કર તથા હૃદયાદિ ન્યાસના તથા દેવતાના મૂર્તિના અવયવ ઉપરના ન્યાસનો ઉદ્દેશ પણ એ જ છે કે આ સર્વ અંગ ઉપાંગો આત્મસ્વરૂપ છે કિંવા પોતપોતાના ઇષ્ટદેવતારૂપ છે એ પ્રકારની ભાવના નિત્યપ્રતિ જાગૃત રહે એટલે મારા હૃદયમાં મારા અમુક ઇષ્ટ દેવતા છે તેમ જ શિર, કર ઇત્યાદિ સર્વમાં પણ ઇષ્ટદેવતા છે તે જ આ બધો શારીરિક, વાચિક અને માનસિક થતો તમામ વ્યવહાર ચલાવે છે એવી દૃઢ ભાવના હંમેશાં જાગૃત રહેવાને માટે આ ન્યાસપદ્ધતિ શાસ્ત્રમાં કહેલી છે. જેમ બીબામાં જે આકૃતિ હોય તે જ છાપમાં પડે છે, તેમ આ બધું પણ મૂળ આત્મસ્વરૂપ એવી છાપ કિંવા બીબામાંથી પ્રગટ થયેલું છે તેથી આ તમામ દૃશ્યજાળ આત્મસ્વરૂપ જ છે એવી રીતે દૃઢ નિશ્ચય વડે જાણવું. છોડવું કિંવા તેનો ત્યાગ કરવો અથવા સ્વીકાર નહિ કરવો આનો અર્થ પણ સ્પષ્ટ છે કે અનાત્મ વસ્તુને છોડવી કિંવા તેનો ત્યાગ કરી દેવો, ઉદાહરણને માટે સ્વપ્ન કિંવા મૃગજળ લ્યો, તે મિથ્યા હોવાથી જાગૃત થયા પછી સ્વપ્નમાંની વસ્તુઓ મેળવવાને માટે પ્રયત્ન નહિ કરવો અથવા મૃગજળ ભ્રમ વડે ભાસે છે પરંતુ વસ્તુતઃ સત્ય નથી એમ જાણીને તે દેખાય છતાં પણ તેની પાછળ પડી વ્યર્થ પરિશ્રમ નહિ કરવો તેનું નામ ન્યાસ છે તે જ પ્રમાણે આ તમામ દૃશ્યજાળ પણ આત્મરૂપ હોવાથી સ્વપ્ન કિંવા મૃગજળવત્ સાવ મિથ્યા છે. એમ સારી રીતે જાણી લઈ તેનો સ્વીકાર નહિ કરવો તેને ન્યાસ કહેવામાં આવે છે,

આ જ ખરો સંન્યાસ

સારાંશ કે, તૃણથી માંડીને રાજપાટાદિક ઐહિક તથા સ્વર્ગાદિથી તે બ્રહ્મલોક સુધીના પારલૌકિક વિષય એ બધા ઇહપરલોકના તમામ વિષયો પ્રાપ્ત કરવાની બુદ્ધિનો સ્વીકાર નહીં કરવો અર્થાત્ આ સર્વ વિષયો મિથ્યા છે એવો દૃઢ નિશ્ચય કરીને અંતઃકરણમાં ઉત્પન્ન થતી હું, તું, તે, આ, મારું, તારું, તને, મને વગેરે સર્વ વૃત્તિઓનો સ્વીકાર નહિ કરવો, તેને સંન્યાસ કહે છે. તાત્પર્ય એ કે, આત્મા તદ્દન અસંગ હોઈ તેમાં હું, તું, તે ઇત્યાદિ ભાવોનું કિંચિન્માત્ર પણ અસ્તિત્વ નથી. જેમ પ્રકાશમાં અંધકાર છે નહિ તેમ આત્મા તદ્દન નિર્લેપ હોઈ તેમાં ભ્રમરૂપ એવી આ મિથ્યા માયા અને તેના વિષયાદિ દૃશ્યજાળનો કિંચિન્માત્ર પણ અંશ નથી. આ રીતના નિશ્ચય વડે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન જ થવા પામે નહિ એ પ્રમાણેના અભ્યાસક્રમની જે પૂર્ણતા તે જ ખરો સંન્યાસ છે. સંન્યાસ, સંન્યાસ એમ કહીને જે શાસ્ત્રો પોકાર કરી કરીને કહે છે તેની અંતિમ કક્ષા આ જ છે. આ કક્ષાએ પહોંચે એટલે જ તેનો ખરો સંન્યાસ સાધ્ય થયો એમ જાણવું. સંન્યાસની વ્યાખ્યા પણ અત્રે જ પૂર્ણ થાય છે.

વિષયભોગોમાં ભાવિ મહાન દુઃખોનાં બીજ છે

આ પ્રમાણે ખરા સંન્યાસની પ્રાપ્તિ થવી એ ઘણું જ દુર્લભ છે, કેમ કે જીવનો સ્વભાવ સ્વાભાવિક રીતે જ વિષયવાસના મેળવવા રૂપ પ્રવૃત્તિ કરવા તરફ જ આકર્ષાયા કરે છે. અને ત્યાં સુધી તે વિષયોમાંથી નિવૃત્ત થવા કદી પણ ઇચ્છતો જ નથી અને તે જેની પાછળ અહર્નિશ દોડે છે તે તમામ વિષયો તો મૃગજળ પ્રમાણે મિથ્યા ભ્રમરૂપ હોવાને લીધે જો કે જીવાત્માની ઇચ્છા તો સુખ મેળવવાની હોય છે છતાં પણ તે અંતે દુઃખ ભોગ જ ભોગવે છે. આમ તેની મિથ્યા પ્રવૃત્તિ જ્યાં સુધી મટતી નથી ત્યાં સુધીને માટે તે કદી પણ સાચું સુખ પ્રાપ્ત કરી શકતો જ નથી. જો કે આ બધા વિષયો નશાની જેમ તાત્કાલિક થોડા સમયને માટે મોટાં સુખ આપનારા જણાય છે, પરંતુ વસ્તુતઃ તો જણાતા તે સુખમાં જ ભાવિ

મહાન દુઃખોનાં બીજ અદૃશ્ય રૂપે રોપાયેલાં હોય છે; તેની બિચારા વિષયવાસનાના મોહપાશમાં સપડાએલા આ કામી જીવને સહેજ પણ કલ્પના હોતી નથી. જેમ પતંગિયાઓ રૂપવિષયના મોહપાશમાં સપડાઈ પ્રકાશને જોતાં જ દીવામાં કૂદી પડી પોતાનો વિનાશ પોતાને હાથે કરી લે છે પરંતુ દીપકથી નિવૃત્ત થવામાં જ પોતાનું હિત છે એમ સમજવા શક્તિમાન થતાં નથી ત્યાં સુધી પોતે પોતાને હાથે જ અનર્થરૂપ એવો વિનાશ વહોરી લે છે, તેમ આ જીવાત્મા પણ મિથ્યા મૃગજળ જેવા શબ્દ, રૂપસ્પર્શાદિ વિષયોના મોહમાં સપડાઈ પોતાને હાથે જ પોતાનો વિનાશ કરી લે છે. મરણ પછી પણ તેમાંથી તે છૂટી શકતો નથી, કેમ કે મરણ તો કાંઈ જીવાત્માનું થતું નથી. તે તો શરીરનું થાય છે પરંતુ જીવાત્મા તો વિષયવાસનાવશાત્ એક શરીર છૂટે કે બીજું અને બીજું છૂટે કે ત્રીજું એમ અસંખ્ય શરીરો ધારણ કરતો રહે છે તથા તેમાં ગર્ભવાસાદિ તથા નરકવાસાદિ જેવાં અનેક પ્રકારનાં દુઃખોને ભોગવ્યા કરે છે એટલું જ નહિ પણ શરીર લીધા પછી પણ તેમાં શારીરિક અને માનસિક એમ અનંત પ્રકારનાં દુઃખો ભોગવ્યા જ કરે છે, તેનો અંત નથી. આ મુજબ જીવાત્માને વિષયો મેળવવા પ્રત્યે સ્વાભાવિક રીતે જ પ્રીતિ હોય છે તથા જ્યાં સુધી વિષયોમાંથી સંન્યાસ કરી સંપૂર્ણપણે તે મુક્ત થતો નથી ત્યાં સુધીને માટે તેના દુઃખની નિવૃત્તિ કદાપિ થતી નથી. સિવાય જ્યારે આ જગત દિ સર્વ દૃશ્યજાળ અસાર હોઈ મૃગજળ કિંવા સ્વપ્નવત્ છે એવું આત્માનું નિઃશંક જ્ઞાન તેને થાય છે ત્યારે જ વિષયોમાંથી સંન્યાસ થઈ શકે છે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વેદે પરોક્ષવાદનો અંગિકાર કરી, જીવાત્માને નિવૃત્તિપરાયણ કરવાનો માર્ગ કહેલો છે. આ સંબંધમાં વિશેષ વિવેચન અગાઉ આપવામાં આવેલું જ છે (જુઓ અધ્યાય ૨–૪–૮–૧૫).

સંન્યાસનો મૂળ કિંવા અંતિમ હેતુ

આ વિવેચન ઉપરથી જાણી શકાશે કે શાસ્ત્રકારોનો મૂળ ઉદ્દેશ જીવાત્માના કલ્યાણને અર્થે તેને પોતપોતાની બુદ્ધિ અનુસાર યુક્તિપ્રયુક્તિથી ક્રમે ક્રમે નિવૃત્તિપરાયણ કરવાનો જ છે. આથી જ સાધારણતઃ વ્યવહારમાં પણ પ્રતિકૂળ સંજોગો ઉત્પન્ન થતાં જ વ્યાવહારિક ગણાતા સુખની ઇચ્છાને માટે પણ ગમે તેવો સંન્યાસ કરવામાં આવે છે. ઉદાહરણને માટે શરીરમાં કોઈ ભાગ સડી જાય તો તુરત જ તેને કાપી નાખવામાં આવે છે. કારણ કે, જો તેમ નહિ કરવામાં આવે તો તે બીજા ભાગોની ખરાબી કરે છે. પ્રથમ તે ભાગ જ્યારે સારો હોય ત્યારે તો તેની ઘણી જ સંભાળ રાખવામાં આવે છે, પરંતુ તે શરીરના બીજા ભાગને અપાય એટલે ખરાબી કરનારો નીવડવાનો સંભવ જણાતાં જ તેને કાપીને તેનો ત્યાગ કરવામાં આવે છે, પણ બુદ્ધિમાનો તો તે સડીને કાપવાની પરિસ્થિતિ ઉત્પન્ન થવા પામે તે પહેલાં જ તેની યોગ્ય સંભાળ લઈને પ્રથમથી જ સાવચેત રહે છે એટલે જે કારણથી તે ભાગ સડી જાય તેવાં કારણોને તે આરંભમાં ઉત્પન્ન જ થવા દેતા નથી. આને સંન્યાસ કહે છે.[1] સારાંશ એ કે, શરીરમાં રોગની ઉત્પત્તિ થવા નહિ પામે એ રીતે પ્રથમથી જ તેની સંભાળ રાખી તેને શ્રેષ્ઠ સંન્યાસ જાણવો તથા રોગનું બીજારોપણ થવા પામ્યું હોય તો તેની નિવૃત્તિને માટે ઔષધિ કિંવા યોગ્ય પરેજીનું પાલન કરવું ઇત્યાદિ ઉપાયો એ ગૌણ સંન્યાસ સમજવો. આમ શ્રેષ્ઠ અને ગૌણ એવા બે સંન્યાસક્રમો છે તથા રોગ થઈ હાથપગાદિ કોઈ ભાગ સડી જવા પામ્યો હોવાથી હવે કાપ્યા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી, નહિ તો તે શરીરના બીજા ભાગોને નુકશાનકર્તા થશે, એમ જાણીને તેને કાપી નાખવો તે ત્યાગ સમજો, એટલે ખરો સંન્યાસ તો મૂળમાંથી જ મનમાં સંકલ્પવિકલ્પ થવા નહિ દેવો તે જ છે. તેમ જો ના બની શકે તો મૂળમાંથી જ તેની સિદ્ધિને માટે પોતપોતાની બુદ્ધિ અનુસાર ઓછામાં ઓછાં સાધનો વડે નિભાવ કરવાની ટેવ પાડવી તેમ જ ઉપભોગની ઇચ્છાએ કોઈ પણ પ્રકારના વ્યાવહારિક વિષયો મેળવવાનો પ્રયત્ન નહિ કરવો અર્થાત્ કોઈ પણ કાર્ય વ્યાવહારિક વિષયો પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખી નહિ કરવાં પરંતુ આ સર્વ ઈશ્વરરૂપ છે એવી દૃઢ ભાવના રાખી કરવાં. આમ સાચો સંન્યાસ પ્રાપ્ત થતાં

1 સંન્યાસની વ્યાખ્યા માટે અધ્યાય ૫ શ્લોક ૨, ૩, ૨૯૧/૨૯૪ અને અધ્યાય ૬ શ્લોક ૧, ૨, ૩૨૦૩/૨૪.

સુખને માટે ધીરે ધીરે તેનો અભ્યાસ કરવા સંબંધે શાસ્ત્રાજ્ઞા છે. જેમ કોઈનું દેવું હોય તે એકદમ આપી દઈ તેમાંથી મુક્ત થવું તે સૌથી ઉત્તમ કહેવાય પરંતુ જેની પાસે આવી શક્તિ ન હોય તેણે ધીરે ધીરે હપ્તાઓ આંધીને તેમાંથી મુક્ત થવું, બંનેનું અંતિમ ધ્યેય તો એક જ છે. એકદમ આપો યા ધીરે ધીરે આપો પણ શાહુકારના દેવામાંથી મુક્તિ મેળવવી એ જ તેનું ધ્યેય છે. તેમ સંન્યાસનો મૂળ કિંવા અંતિમ હેતુ તો અહંમમાદિ ભાવોનો મૂળમાંથી જ ઉચ્છેદ કરી નાખવાનો છે. પછી તે ધ્યેય કોઈ બુદ્ધિશાળી આ મિથ્યા વિષયોરૂપ અહંમમાદિ ભાવોનો એકદમ સંન્યાસ કરીને સાધ્ય કરે અથવા તો વર્ણાશ્રમોચિત કર્મો કરીને ધીરે ધીરે સાધ્ય કરે. ઉદ્દેશ એ કે, આ પ્રમાણે વિષયોમાંથી નિવૃત્ત થવાને માટે શાસ્ત્રોમાં વર્ણાશ્રમાદિ ધર્મોની વ્યવસ્થા કરેલી છે કે જેના પાલન વડે મનુષ્યનું બાહ્ય અને પરલોકમાં કલ્યાણ થઈ અંતે મોક્ષ વહેલો પણ નિવૃત્તિને પામી તે આત્મસ્વરૂપમાં સ્થિત થાય છે. આની સ્પષ્ટતાને માટે શાસ્ત્રમાં કહેલા વર્ણાશ્રમધર્મનો સંક્ષેપમાં વિચાર કરીશું.

ધર્મનાં મુખ્ય ત્રીસ લક્ષણો [1]

સર્વ ધર્મનું મૂળ આત્મસ્વરૂપ એવા ભગવાન શ્રી હરિ છે. તેના સ્વરૂપને જાણવાને માટે વેદ, શ્રુતિ, સ્મૃતિ આદિ શાસ્ત્રો; નિત્યપ્રતિ આત્મસ્વરૂપમાં જ રમમાણ થયેલા આત્મારામ જીવન્મુક્ત મહાત્માનો સદાચાર; આત્મતુષ્ટિ એટલે હંમેશાં આત્મામાં જ રમમાણ થવું, આત્મામાં જ તૃપ્ત થવું તે આત્મસંતોષ, એ સર્વ વર્ણધર્મનું મૂળ છે. અર્થાત્ ધર્મનાં આ ચાર મુખ્ય પ્રમાણો છે. સત્ય, દયા, તપ અને શૌચ એટલે બાહ્યાભ્યંતર પવિત્રતા, સહનશીલતા, સારાસાર વિચાર શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, સ્વાધ્યાય, સરળતા, સંતોષ, મહાત્મા પુરુષોની સેવા, પ્રવૃત્તિમાર્ગનાં કર્મો થકી ધીમે ધીમે નિવૃત્ત થવું, મનુષ્યો વિષયોની ઇચ્છા વડે જે ક્રિયાઓ કરે છે તે સર્વ અંતે કેવી રીતે નિષ્ફળ નીવડે છે તેનો વારંવાર વિચાર કરવો, મિથ્યાભાષણ નહિ કરવું, આત્મા દેહાદિથી તદ્દન ભિન્ન છે એવું નિત્ય ચિંતન, પોતાની પાસેના અન્નાદિ તથા ઇતરમાં પોતાનો એકલાનો જ ભાગ નથી પરંતુ કુટુંબીઓ સિવાય બીજા લોકોનો પણ ભાગ છે એમ સમજીને બીજા પ્રાણીઓને યોગ્ય ભાગ આપવો, સર્વ પ્રાણીમાત્રમાં એક જ આત્મરૂપ દેવ બિરાજે છે એવી દૃઢ બુદ્ધિ રાખવી અને મનુષ્યોમા તો તે વધારે પ્રમાણમાં છે માટે તેમનામાં દેવબુદ્ધિ રાખવા ચૂકવું નહિ, મહાપુરુષો જે પરમપદને પ્રાપ્ત કરે છે. તેવા આત્મસ્વરૂપ ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એટલે હું અને આ બધું આત્મસ્વરૂપ છે એવો દૃઢ નિશ્ચય તે; આ ત્રીસ લક્ષણવાળો ઉત્તમ ધર્મ સર્વસામાન્ય હોઈ સર્વ મનુષ્યો માટે તે સાધારણતઃ ઉપયોગી હોવાથી અત્રે કહેવામાં આવ્યો છે. તેના પાલન વડે સર્વોત્મા ભગવાન પ્રસન્ન થાય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની ઉપજીવિકાઓ

જેઓને ઉપનયનાદિ ષોડશ સંસ્કારો કરવામાં આવે તે દ્વિજ કહેવાય. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણોને તેનો અધિકાર છે. આ દ્વિજો જો જન્મ (જાતિ) તથા કર્મ વડે શુદ્ધ હોય તો જ તેઓને આ યજ્ઞ, વેદાધ્યયન, દાન અને બ્રહ્મચર્યાદિ આશ્રમધર્મમાં કહેલી ક્રિયાઓનો સંપૂર્ણતઃ અધિકાર છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. બ્રાહ્મણને માટે ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, કરાવવો, તથા દાન લેવું અને આપવું, આ છ કર્મો કરવાનાં કહ્યાં છે; તે પૈકી ભણાવવું, યજ્ઞ કરાવવો અને દાન લેવું એ ત્રણ કર્મો બ્રાહ્મણને આજીવિકાને માટે કહ્યાં છે. ક્ષત્રિઓ માટે દાન લેવા સિવાયનાં પાંચ કર્મો કરવાનાં કહ્યાં છે, છતાં આપત્તિકાળમાં ક્ષત્રિયોને પણ ભણાવવાની તથા યજ્ઞ કરવાની છૂટ છે. જો ક્ષત્રિય રાજા હોય તેણે બ્રાહ્મણ સિવાય બીજાઓ પાસેથી સ્મૃતિધર્મમાં બતાવ્યા પ્રમાણે કર અને દંડ લેવો વગેરે તેની આજીવિકા માટે છે. વૈશ્યે ખેડ અને વેપારથી પોતાની આજીવિકા ચલાવવી અને નિરંતર બ્રાહ્મણોને અનુસરીને રહેવું તથા

---

૧ આ આત્મમાદિ ધર્મનું વિવરણ ભાગવત સ્કંધ ૭ અ૦૧૧ થી ૧૪ માંથી સારરૂપે અત્રે આપવામાં આવેલું છે.

શૂદ્રે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યરૂપી દ્વિજ વર્ણ કે જે પોતાના સ્વામી છે તેની સેવા કરીને આજીવિકા કરવી. (૧) ખેડ વગેરે ધંધા, (૨) યાચના કર્યા વગર જે અનાયાસે મળે તે, (૩) દરરોજ ધાન્ય માગી લાવવું અને (૪) ખેતરમાંથી માલ ઉઠાવી ગયા પછી પડેલા દાણાઓ વીણી લાવવા અથવા હાટના (ગૂજરી) વેપારીઓની દુકાન આગળ પડેલા દાણાઓ વાણી લાવી ગુજરાન ચલાવવું; આ ચાર પ્રકારની વૃત્તિઓ બીજા યુગોમાં હતી. પ્રથમ યુગમાં તો મુખ્યત્વે બતાવેલી છ પ્રકારની વૃત્તિ જ હતી. તે સમયે આ ચાર જ વૃત્તિઓ ઉત્તરોત્તર એક કરતાં એક શ્રેષ્ઠ ગણાતી હતી. નીચ વર્ણવાળાઓએ આપત્તિકાળ વિના ઉત્તમ આજીવિકાનો આશ્રય કરવો નહિ; પરંતુ આપત્તિકાળમાં ક્ષત્રિય વિના ઇતરોને માટે ઉપર કહેલી સર્વ આજીવિકાઓ કરવાની છૂટ હોઈ ક્ષત્રિયને તો એક પ્રતિગ્રહ સિવાય બાકી સઘળા દ્વિજોની આજીવિકાનું ગ્રહણ કરવાની છૂટ છે. **ઋત, અમૃત, મૃત, પ્રમૃત** અને **સત્યાનૃત** એટલા પ્રકારો આજીવિકામાં છે. તે વડે જીવવું પરંતુ નીચની સેવા વગેરે પોતાથી હલકા પ્રકારની આજીવિકાથી જીવવું તે શ્વાનવૃત્તિની આજીવિકા કહેવાય છે. તેની આજીવિકા મરણ સમાન જ હોવાથી તેવી આજીવિકા વડે જીવવું નહિ જોઈએ. (૧) ખેતરમાં કે હાટના વેપારીની દુકાન આગળ પડેલા દાણાઓ વીણી લાવીને આજીવિકા કરવી તે **ઋત** કહેવાય, (૨) માગ્યા વગર મળે તે **અમૃત**, (૩) રોજ ભીખ માગવી તે **મૃત**, (૪) ખેડ કરવી તે **પ્રમૃત**, (૫) સ્મૃતિ ધર્મમાં કહેલા ધોરણે સચ્ચાઈથી વેપાર કરવો તે **સત્યાનૃત** અને (૬) પોતાથી નીચ હોય તેની સેવા કરવી એ **શ્વાન** કિંવા **કૂતરાની** વૃત્તિ સમજવી. આ શ્વાનવૃત્તિ (શ્વવૃત્તિ) અત્યંત નિંદિત હોઈ તેનો બ્રાહ્મણ કિંવા રાજાએ ત્યાગ કરવો કેમ કે સર્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ સર્વવેદમય છે અને સદ્ધર્મી રાજા સર્વદેવમય છે.

બ્રાહ્મણાદિનાં લક્ષણો

બ્રાહ્મણનાં લક્ષણો : મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, તપ, શૌચ (આંતરબાહ્યપવિત્રતા), સંતોષ, ક્ષમા, સત્ય, સરલતા, જ્ઞાન, દયા અને નિત્યપ્રતિ આત્મપરાયણતા (ભગવાનમાં જ પરાયણપણું.) **ક્ષત્રિયનાં લક્ષણો :** યુદ્ધમાં ઉત્સાહ, શૌર્ય વા પ્રભાવ, ધીરજ, તેજ, દાન, મનનો જય, ક્ષમા, બ્રાહ્મણો પ્રત્યે પ્રેમ અને ભક્તિ, પ્રસન્નતા અને સર્વનું રક્ષણ કરવું. **વૈશ્યનાં લક્ષણો :** દેવ, ગુરુ, અને આત્મસ્વરૂપ એવા ભગવાનની ભક્તિ, ધર્મ, અર્થ અને કામમાં વૃદ્ધિ, આસ્તિકતા, નિત્ય ઉદ્યમ કરવો અને કાર્યકુશળતા. **શૂદ્રનાં લક્ષણો :** પોતાથી ઉત્તમ વર્ણનાં ધર્મપાલન કરનારા સજ્જનોને પ્રણામ કરવા, બાહ્ય અને આંતર પવિત્રતા રાખવી, નિષ્કપટપણાથી માલિકની સેવા કરવી, મંત્રોચ્ચાર કર્યા વગર જ પાંચ મહાયજ્ઞો, (દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને ભૂતયજ્ઞો) કરવાં, ચોરી નહિ કરવી, સત્ય બોલવું અને ગાયો તથા બ્રાહ્મણોની રક્ષા કરવી. **સ્ત્રીઓના ધર્મો :** પતિની સેવા, પતિને અનુકૂળ વર્તવું એટલે કોઈ પણ પ્રકારે પતિના હિતમાં પોતાનું હિત સમજી તેને દુઃખ થાય તેવું વર્તન નહિ કરવું, પતિના આપ્ત સ્વજનો તથા બંધુઓ વગેરેની સાથે યોગ્ય વર્તાવ રાખવો અને નિત્યપ્રતિ પતિવ્રત ધર્મને ધારણ કરવું. સારાંશ, પતિ સ્ત્રીઓનો મુખ્ય દેવ છે, તેથી પતિવ્રતા સ્ત્રીઓને માટે આ ચાર મુખ્ય લક્ષણો અને ધર્મ છે. ઉપરાંત ઘરમાં વાસીદું વાળવું, લીંપવું, મંડળ પૂરવાં, રાચરચીલું વગેરે સારું રાખવું, ઘરની સાફસફાઈ રાખવી, નાની મોટી મુખની તજવીજ જેમ કે ઘરકામ, વિનય, ઇંદ્રિયનિગ્રહ તેમ યથોચિત્ સત્ય અને પ્રિય વચનોથી પતિની સેવા કરવી, પોતે સૌભાગ્યથી શણગારેલું રહેવું, ઘરનો સર્વ સરસામાન સ્વચ્છ રાખવો, જે કાંઈ મળે તે વડે સંતોષ રાખવો, મળેલા પદાર્થો ભોગવવામાં પણ લોલુપતા નહિ રાખવી, આળસ રાખવું નહિ, ધર્મને અનુસાર વર્તવું, પવિત્રપણાથી તથા સ્નેહથી પતિભક્તિમાં તત્પર રહેવું. પતિએ પણ પતિત નહિ થવું. આદર્શપુરુષ પતિને માટે ઉપરનો પતિવ્રત ધર્મનો ઉલ્લેખ છે. પતિત પતિ અધર્મી હોવાથી સ્ત્રી પોતાના ધર્મનું પાલન કેવી રીતે કરી શકે? આથી પતિત નહિ થનારા પતિની લક્ષ્મીની જેમ સેવા સ્ત્રી કરી શકે છે. પરંતુ જે સ્ત્રી કેવળ આત્મપ્રાપ્તિની જ ઇચ્છા ધરાવતી હોય, જેને વ્યવહાર વિષયાદિની કિંચિન્માત્ર પણ ઇચ્છા ન હોય તેને આ નિયમો લાગુ નથી. તેને માટે તો પોતાના ધ્યેયમાં અડચણરૂપ થતાં તમામ

સાધનોનો ત્યાગ કરવો એ જ એક ધર્મરૂપ છે. **વર્ણસંકરોનાં ધર્મો :** વર્ણસંકર જાતિએ પણ ચોરી તથા પાપ નહિ કરવાં, ધર્મને નહિ છોડતાં પોત પોતાના કુળની ચાલતી આજીવિકા તેઓના જીવનના સાધનરૂપ છે. ચાંડાળ, ધોબી, ચમાર, ઢેઢ, ભંગી વગેરેએ પણ ચોરી અને પાપકર્મ સિવાયની પોતાની કુળપરંપરાની આજીવિકા કરવી.

અંત્યજોની ઉત્પત્તિ

વર્ણસંકરો બે પ્રકારના હોય છે (અધ્યાય ૧૭ શ્લોક ૧ જુઓ), ઉચ્ચવર્ણના પુરુષથી નીચ વર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા અનુલોમ વર્ણસંકર તથા ઉચ્ચ વર્ણની સ્ત્રીઓમાં નીચ વર્ણના પુરુષથી ઉત્પન્ન થયેલા પ્રતિલોમ વર્ણસંકર. ધોબી, મોચી, ઢેઢ, ભંગી, ચમાર, નટ, મચ્છીમાર, મેદ, ભીલ ઇત્યાદિ પ્રતિલોમ વર્ણસંકરો હોય તેને અંત્યજો કહેલા છે. વર્ણસંકરોની ઉત્પત્તિનું કારણ વર્ણાશ્રમ તથા નીતિપાલન નહિ કરનારા અનીતિમાન પુરુષો અને સ્ત્રીઓ છે. તેઓ પોતની ઇંદ્રિયોની તૃપ્તિને માટે જ વર્ણાશ્રમાદિ શાસ્ત્રમાન્ય ધર્મને ફગાવી દઈ જગતમાં આ વર્ણસંકરોની ઉત્પત્તિ કરી તેઓને દુઃખમાં નાખે છે, માટે ખરેખર જેઓને અંત્યજો પ્રત્યે પ્રેમ હોય તેમણે અનીતિનો ત્યાગ કરવો જોઈએ, કેમ કે અનીતિથી તો વર્ણસંકરની પ્રજામાં ઉલટી વૃદ્ધિ થાય છે, એવો શાસ્ત્રસિદ્ધાંત છે.

શુદ્ધ સંતતિ નિર્માણ કરવાની જરૂર

માટે વર્ણસંકરોનું ભલું તો જ્યારે અનીતિનો ત્યાગ થઈ જગત સંયમી બનશે ત્યારે જ થઈ શકશે; આ કાર્યમાં તે સિવાયના બીજા બધા ઉપાયો નકામા છે. અન્ય ઉપાયો થકી અંત્યજોનું ભલું કરવાને બહાને લોકોની અજ્ઞાનતાનો લાભ લેવો તે તો ખરેખર દાંભિકતા છે એમ સમજવું. આ બાબતમાં લોકોમાં અનેક પ્રકારના ભ્રમો પ્રસરેલા જોવામાં આવે છે, તે સર્વના નિવારણનું અત્રે સ્થળ નથી (મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ કિરણાંશ ૩૦ જુઓ), પરંતુ સંક્ષેપમાં એટલું જ જાણવાની જરૂર છે કે શરીરોના સંયોગથી જાતિ ઉત્પન્ન થાય છે અને વર્ણ તો કર્મથી ઉત્પન્ન થયેલાં છે. પૂર્વ કાળમાં વ્યાવહારિક લોકોને કામ્ય કર્મોમાંથી નિવૃત્ત કરવાના ઉદ્દેશથી જે વર્ણાશ્રમાદિના ધર્મોની સ્થાપના ભગવાન મનુએ કરી તે સમયે જાતિ અને વર્ણ એક જ હતા કેમ કે જે જાતિને માટે જે નિયમ મનુએ ઠરાવી આપ્યો હતો તેનું જ તે સમયે અક્ષરશઃ પાલન થતું હોવાથી વર્ણ અને જાતિમાં ભેદ નહોતો ત્યાર પછીના કાળમાં લોકોએ પોતાનો વર્ણાશ્રમ છોડી દઈ પશુવૃત્તિ વડે કેવળ ઇંદ્રિયપોષણ માટે ગમે તેવા અત્યાચારો કર્યા, જેનું પરિણામ એ આવ્યું કે પ્રસ્તુત સમયે અંત્યજાદિ વર્ણસંકરોનું પ્રમાણ વધી ગયું અને વધે જાય છે. માટે લોકોએ વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરવાને બદલે શુદ્ધ સંતતિ નિર્માણ કરવી જોઈએ; અને તે માટે પોતાના કુલપરંપરાને અનુસરીને વર્ણાશ્રમોચિત ધર્મનું પાલન કરવું ઇષ્ટ છે. વર્ણસંકરોએ પણ પોતાના પરંપરાગત ચાલતા આવેલ, જાતિપરંપરાને અનુસારના શુદ્ધ આચારવિચારાદિના સેવન વડે ચોરી અને પાપકર્માદિ નહિ કરતાં ઉચ્ચ વર્ણને અનુરૂપ આજીવિકાનો આશ્રય કરવો કે જેથી તે પોતે ઉચ્ચ કોટીમાં ગણાય. મનુષ્ય વર્તનથી જ ઉચ્ચ કોટી પ્રાપ્ત કરી શકે છે નહિ કે બળજબરીથી.

કામ્ય કર્મો કરતાં અંતે કંટાળો ઉપજે છે

પરધર્મ કરતાં પોતાનો ધર્મ ગમે તેવો વિગુણ હોય તો પણ તે જ સુખકારી છે. પ્રકૃતિના સત્ત્વાદિક ગુણો ઉપરથી પ્રત્યેક યુગમાં મનુષ્યોને માટે જે જે ધર્મ, શાસ્ત્રવેત્તાઓએ કહ્યો છે તે જ ધર્મ તેમને આ લોક અને પરલોકમાં સુખ આપે છે. જે મનુષ્ય સત્ત્વાદિ સ્વભાવથી નક્કી કરવામાં આવેલી વર્ણાનુસાર પોતપોતાની આજીવિકા મુજબ પોતાનું ગુજરાન ચલાવે છે અને પોતાના વર્ણધર્મના કર્મો કર્યા કરે છે તે મનુષ્ય ધીરે ધીરે સત્ત્વાદિ ગુણોના સ્વભાવથી થયેલાં કર્મોનો ત્યાગ કરીને નિર્ગુણપણાને પ્રાપ્ત થાય છે; બેદલે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિને પ્રાપ્ત કરી શકે છે. વારંવાર ખેડાઈને વવાતું ખેતર જેમ પોતાની મેળે જ રસહીન બને છે તથા ફરીથી ધાન્યની ઉત્પત્તિને માટે લાયક રહેતું નથી અને તેમાં વાવેલું બીજ પણ

નાશને પામે છે તેમ કામનાઓથી ભરેલું જીવાત્માનું ચિત્ત ઘણા વિષયોપભોગો ભોગવતાં ભોગવતાં તૃપ્ત થઈ વિચાર વડે વા કંટાળીને પછી પોતાની મેળે જ વૈરાગ્યને પામે છે. તાત્પર્ય એ કે, અનંત વાસનાવાળાઓથી એકદમ વાસનાનો ત્યાગ થઈ શકતો નહિ હોવાથી તેવાઓએ વેદોમાં કહેલા નિયમ અનુસાર નિત્ય, નૈમિત્તિક અને કામ્યાદિ કર્મો કરવાં. તે કરતાં કરતાં તેને લીધે છેવટે વિષયોમાં દોષ દેખાવાથી યયાતિ રાજા અને સાભરિ ઋષિની પેઠે ધીરે ધીરે પોતાની મેળે જ એક યા બન્નારે જન્મે વિષયો પર વૈરાગ્ય ઉપજે છે. જેમ બળતો અગ્નિ ઘીનાં ટીપાંઓથી શાંત ના થાય પરંતુ ઊલટો પ્રજ્વલિત બને છે પણ મોટી ધારા કરીએ તો તે બુઝાઈ જાય છે તેમ જીવાત્મા ચિત્ત વડે થોડા વિષયો ભોગવવાથી શાંત થતો નથી, પરંતુ વેદમાં કહેલાં કામ્યાદિ કર્મો કરી એક કિંવા અનેક જન્મે જ્યારે તેને પુષ્કળ વિષયભોગ પ્રાપ્ત થાય છે ત્યારે તે ભોગવતાં ભોગવતાં તેના ઉપર કોઈ કારણસર તિરસ્કાર ઉત્પન્ન થાય છે, આથી કામ્યકર્મોમાં જ દિગ્મૂઢ બનેલાઓને માટે વેદે પ્રથમ તેવા પ્રકારના કર્મો તરફ પ્રવૃત્તિ કરી છેવટે કંટાળીને તેમાંથી નિવૃત્તિ થાય એવો માર્ગ કહેલો છે તેમ જ વિચારશીલ અને સંયમીઓને માટે તો પ્રથમથી જ નિવૃત્તિ રાખવા કહેલું છે. તેની વ્યવસ્થા વાસનાના મંદ કિંવા તીવ્રપણાના ધોરણે છે એમ સમજવું.

બ્રાહ્મણાદિ વિભાગો લક્ષણો વડે જ મુખ્ય છે

ઉપર કહેવામાં આવ્યા તે બ્રાહ્મણાદિ વિભાગો શમદમાદિ લક્ષણો વડે જ મુખ્ય છે. કેવળ જાતિથી નહિ, આથી પ્રથમ કહેવામાં આવેલા આ બ્રાહ્મણાદિનાં લક્ષણો ક્ષત્રિયાદિ અન્ય જાતિમાં જોવામાં આવે તો તે મનુષ્ય ગમે તે જાતિનો હોય પરંતુ તેનો સમાવેશ આ વર્ણની કોટીમાં જ થાય છે એમ સમજવું, એવો શાસ્ત્રમાં નિર્ણય છે. આ તને સર્વસાધારણ નિયમો કહ્યા. હવે આશ્રમધર્મોના સામાન્ય ધર્મો(નિયમો) કે જે શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે તે સંક્ષેપમાં કહું છું.

બ્રહ્મચારીના નિયમો

બ્રહ્મચારીએ ગુરુને ઘેર વાસ કરવો, જીતેંદ્રિય થવું, ગુરુનું હિત જે વડે થાય તેમ વર્તવું, ગુરુ પાસે દાસની જેમ નમ્રતાથી રહેવું, ગુરુ ઉપર દૃઢ પ્રેમ રાખવો, સવાર સાંજ ગુરુ, અગ્નિ, સૂર્ય અને ઉત્તમ દેવોની ઉપાસના કરવી, ત્રિકાળ સંધ્યા કરી મૌન વડે જ ગાયત્રીનો જપ કરવો, ગુરુ જ્યારે બોલાવે ત્યારે તેમની પાસે અત્યંત સંયમ જાળવીને ધ્યાન દઈ વેદાધ્યયન કરવું, વેદાધ્યયનના આરંભમાં અને અંતમાં ગુરુના ચરણોમાં શિરસા પ્રણામ કરવા. શાસ્ત્રાજ્ઞાનુસાર મેખલા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, કમંડલુ, કૌપિન, યજ્ઞોપવિત ધારણ કરવાં અને હાથમાં દર્ભ રાખવો; સવાર સાંજ ભિક્ષા માગી લાવીને તે પ્રથમ ગુરુને આપવી અને તેઓ આપે તો જમવું, નહિતર કોઈ વખત ઉપવાસ પણ કરવો, સ્વભાર ઉત્તમ રાખવો, મિતાહાર એટલે જેટલી ભૂખ લાગી હોય તે પૈકી બે ભાગ ખાવું અને એક ભાગ પાણી પીવું, ચતુરાઈથી રહેવું, શ્રદ્ધા રાખવી, જીતેંદ્રિય રહો જરૂર જેટલો જ સ્ત્રીઓ તથા સ્ત્રીવશ ગૃહસ્થાશ્રમીઓ સાથે વ્યવહાર રાખવો, એકલા બ્રહ્મચારીએ જ નહિ પરંતુ ગૃહસ્થે પણ પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓ સાથે તથા વાનપ્રસ્થ કિંવા સંન્યાસીઓએ પણ સ્ત્રી અને સ્ત્રીવશ ગૃહસ્થો સાથે જરૂર કરતાં વધુ સંપર્કમાં આવવું નહિ. સ્ત્રીઓ સંબંધી વાતોનો પણ ત્યાગ કરવો, કેમ કે ઇંદ્રિયો બળવાન હોવાથી સાધકોના મનનું હરણ કરી લે છે. બ્રહ્મચારીએ ગુરુની યુવાન સ્ત્રીઓ પાસે કેશનો સુધારો, મર્દન, સ્નાન કે અંજનાદિ કરાવવાં નહિ કેમ કે, સ્ત્રી અગ્નિરૂપ તથા પુરુષ ઘીરૂપ છે માટે દિકરીની સાથે પિતાએ પણ એકાંતમાં રહેવું નહિ એવી શાસ્ત્રાજ્ઞા છે. આ સમગ્ર દૃશ્યજાળ મિથ્યા છે એવો નિશ્ચય થઈ જ્યાંસુધી સાક્ષાત્કાર કરી પૂર્ણ તટ્રૂપતા પ્રાપ્ત થઈ ન હોય ત્યાંસુધી અભ્યાસ કર્યા કરવો, કારણ કે સાક્ષાત્કાર વગર દ્વૈત મટતું નથી અને દ્વૈત હોય ત્યાંસુધી વિષયાદિકની લાલચ થવાનો સંભવ હોય છે, માટે સ્ત્રીથી દૂર જ રહેવું.

ચારે આશ્રમોને માટે સર્વ સામાન્ય નિયમો

સ્વભાવ સારો રાખવો ઇત્યાદિ ઉપર જે બ્રહ્મચારીના નિયમો કહ્યા છે તે નિયમો તો ગૃહસ્થ વાનપ્રસ્થ અને સંન્યાસીને પણ લાગુ પડે છે. ગૃહસ્થે ઋતુ સમયે સ્વસ્ત્રીનો સંગ કરવો અને બને તેટલી ગુરુની સેવા અને ઉપજીવિકાની વ્યવસ્થા કરવી એટલું વિશેષ છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીઓએ આંજણ આંજવું નહિ, શરીરને તેલ વગેરે ચોપડવું નહિ, મર્દન કરવું નહિ, સ્ત્રી તથા સ્ત્રીનાં ચિત્રો વગેરે પણ જોવાં નહિ. મદ્ય, માંસ, ફુલની માળા, લેપન, સુગંધ અને અલંકાર વગેરેનો ત્યાગ કરવો. એ પ્રમાણે ગુરુને ઘેર રહી અંગ અને ઉપનિષદો સહિત પોતાની શક્તિ અને અધિકાર મુજબ વેદોનો અભ્યાસ કરી, અર્થ સમજી લઈ, શક્તિ હોય તો ગુરુ માગે તે દક્ષિણા આપી પછી ગુરુની રજા લઈ અધિકાર પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં વનમાં કે સંન્યાસાશ્રમમાં જવું અથવા નૈષ્ઠિક બ્રહ્મચારી થવું એટલે આખો જન્મ ગુરુને ઘેર રહી તેમની સેવા કરવી તથા સર્વત્ર આત્મા છે. આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના નિશ્ચય વડે દૃઢ ભાવના રાખવી. આ રીતે હંમેશાં આત્મચિંતન કરવાથી ચારે આશ્રમોવાળા છેવટે પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે.

વાનપ્રસ્થના નિયમો

હવે વાનપ્રસ્થના ધર્મો(નિયમો) કહું છું કે જેના આચરણ વડે મુનિ મહર્લોકમાં અનાયાસે જ જાય છે. સકામ કર્મો કરનારા ગૃહસ્થાશ્રમી વધુમાં વધુ સ્વર્ગલોક સુધી જ જઈ શકે છે. પણ વાનપ્રસ્થ તો તેથી ઉપર આવેલા મહર્લોકમાં જઈ શકે છે. વાનપ્રસ્થે ખેડવાથી થયેલું ધાન્યાદિ કદી પણ ખાવું નહિ. વગર ખેડેલા પૈકી પણ જે ઋતુમાં જે પાકવું જોઈએ તે ઋતુ સિવાયના ઇતર સમયે જો તે પાકયું હોય તો તે પણ ખાવું નહિ. અગ્નિથી પકવેલું પણ ખાવું નહિ અને કાચું પણ ખાવું નહિ પરંતુ જે સૂર્યથી પાકે તે ખાવું. વનમાં ઉત્પન્ન થયેલો સામો, મોરૈયો વગેરે તૃણ ધાન્યથી તૈયાર કરેલા ચરુ પુરોડાશાદિને શાસ્ત્રનિયમાનુસાર અગ્નિને અર્પણ કરવા અને નવું અન્ન મળી આવે ત્યારે જૂનાનો ત્યાગ કરી દેવો. માત્ર અગ્નિના રક્ષણને માટે જ ઝૂંપડા કિંવા પર્વતની ગુફાનો આશ્રય કરવો. બાકી પોતે તો ટાઢ, વાયુ, અગ્નિ, વરસાદ અને તડકાને સહન કરી રહેવું. કેશ, રુંવાડાં, દાઢી, નખ, મૂછ અને મેલને એમનાં એમ જ ધારણ કરવાં. જટા રાખવી, કમંડળ, મૃગચર્મ, દંડ, વલ્કલ અને અગ્નિહોત્રની સામગ્રી દર્ભ, સમીધ વગેરે રાખવાં. આ પ્રમાણે વનમાં બાર, આઠ, ચાર, બે કે એક વર્ષ સુધી રહેવું. ત્યાર પછી તપના ક્લેશ વડે બુદ્ધિ નાશ નહિ પામે તે માટે નીચે કહેલા પૈની ગમે તે એક પક્ષનો સ્વીકાર કરવો. રોગ કિંવા વૃદ્ધાવસ્થાને લીધે પોતાની વાનપ્રસ્થ આશ્રમની ક્રિયા પાળવામાં કિંવા જ્ઞાનાભ્યાસમાં જો તે અસમર્થ હોય તો અનશનાદિ વ્રત કરીને ધારણાભ્યાસ વડે દેહનો ત્યાગ કરવો, પણ જો જ્ઞાનાભ્યાસ કરવા સમર્થ હોય તો વાનપ્રસ્થે દેહત્યાગ નહિ કરતાં સંન્યાસ ગ્રહણ કરવો.

સંન્યાસીના ધર્મો(નિયમો)*

સંન્યાસીએ ફક્ત એક દેહને જ બાકી રાખી ઇતર સર્વનો ત્યાગ કરવો. સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને એક સ્થળે એક રાત્રિ કરતાં વધુ નિવાસ નહિ કરવો. કેવળ નિરપેક્ષ વૃત્તિથી પૃથ્વી ઉપર વિચરવું, સંન્યાસીને વસ્ત્ર રાખવાની જરૂર પડે તો તેણે સ્વસ્થતાના સમયમાં ફક્ત એક કૌપિન(લંગોટી) જ રાખવી, પરંતુ બીજું કાંઈ પણ રાખવું નહિ અને દંડ કે જે સંન્યાસની નિશાની છે તે સિવાય બીજું કાંઈ પણ પાસે રાખી શકાય નહિ. સંન્યાસીએ સર્વભૂતો સાથે મૈત્રી, શાંતિ અને આત્મસ્વરૂપ એવા નારાયણની પરમભક્તિ રાખીને હંમેશ એક આત્મામાં જ પ્રીતિ રાખવી. આત્મા સિવાય બીજા કશાનો આશ્રય કરવો નહિ, એકલા જ ફરવું. કાર્ય કારણ ઇત્યાદિ ભાવથી પર એવા એક આત્મામાં જ આ સઘળું જગત રહ્યું છે અને આ સર્વમાં એક આત્મા જ રહ્યો છે, એવો નિશ્ચય કરીને તેનો સતત્ અભ્યાસ

* સંન્યાસીના ધર્મોના વધુ વિવેચન માટે ભાગ૦ સ્કંધ૦ ૧૧/૧૮ જુઓ.

કરવો. સુષુપ્તિમાં તમોગુણને લીધે આત્મસ્વરૂપ ઢંકાયેલું રહે છે તથા જાગૃત અને સ્વપ્નમાં વિક્ષેપને લીધે તો તે પ્રકાશતું જ નથી, પરંતુ આ અવસ્થાઓની સંધિમાં (કિરણાંશ ૩૫ પૃષ્ઠ ૯૩ તથા અધ્યાય ૧૫ શ્લોક ૧૨, પૃષ્ઠ ૭૧૩ થી ૭૧૫ જુઓ) તમોગુણ કે વિક્ષેપ હોતાં નથી; તેથી તેવી શુદ્ધ સંધિ અવસ્થા એ જ આત્માનું સાચું સ્વરૂપ છે. એવી રીતે તે સ્વરૂપને લક્ષમાં લઈ તેમાં જ નિત્યપ્રતિ સ્થિતિ કરવી અને તે જ આત્મસ્વરૂપ સર્વત્ર વ્યાપક હોઈ બંધ અને મોક્ષ તો કેવળ માયામાત્ર છે, એવો વિચાર કરીને સંન્યાસીએ સર્વત્ર એક આત્માની જ વ્યાપકતાની ભાવના કરવી. આમ જે સર્વત્ર હંમેશ એક આત્માની જ ભાવના કરનારો છે તેને જ ખરો સંન્યાસી જાણવો. પછી તે કોઈ પણ વર્ણ કે આશ્રમનો હો. આ દેહનું મરણ કે જે અવશ્ય થનારું જ છે તેની પણ ઇચ્છા કરવી નહિ અને જીવિત કે જે રહેવાનું નથી તેને પણ ઇચ્છવું નહિ. કેવળ પ્રાણીમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જેના વડે થયા કરે છે એવા કાળની જ રાહ જોવી. આધ્યાત્મિક સિવાય બીજો કોઈ વિષય કિંવા શાસ્ત્રને લક્ષમાં નહિ લેવું. જ્યોષીપણાની વૃત્તિથી આજીવિકા તો કરવી નહિ, પરંતુ તેવી પ્રવૃત્તિ પણ કદી કરવી નહિ જલ્પ અને વિતંડાવાદોનો ત્યાગ કરવો, તર્કવિતર્કોનો ત્યાગ કરવો. કોઈ પણ પક્ષ કે સાંપ્રદાયનો દુરાગ્રહ રાખવો નહિ. બળજબરીથી લલચાવી કે ફોસલાવીને શિષ્યો કરવા નહિ. ઘણા ગ્રંથોનો અભ્યાસ કરવો નહિ. સભા ભરી વક્તાપણાનું કામ કરવું નહિ. મઠ, આશ્રમો કે મંદિરો બાંધવા ઇત્યાદિ વ્યાપારો કદી પણ કરવા નહિ. આ રીતે જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી એટલે આત્માનો સાક્ષાત્કાર થતાં સુધી સંન્યાસનિયમોનાં ચિહ્નોનું યથાર્થ રીતે પાલન કરવું જોઈએ. પરંતુ સાક્ષાત્કાર થયેલો સંન્યાસી પરમહંસ અને મહાત્મા કહેવાય છે. તે સર્વ આશ્રમ અને ધર્મથી અતિત એટલે પર થયેલો હોય છે; આથી પરમહંસને કોઈ ચિહ્નોની જરૂર નથી. તે આશ્રમને ધારણ કરે યા તજી દે, એ તેની મરજી ઉપર છે. તે બાહ્ય ચિહ્નોને રાખવાથી પરમહંસને કોઈ ખાસ ધર્મ થાય તેમ નથી તેમ નહિ રાખ્યાથી અધર્મ થતો નથી. તે તો અંતરમાં સતત આત્માનુસંધાનમાં જ મસ્ત રહે છે, આ પરમહંસ વિદ્વાન હોવા છતાં બહારથી તો બાળક અને ઉન્મત્તની જેમ જણાય છે. મહાન વક્તા હોવા છતાં પણ જાણે લોકદૃષ્ટિએ મુંગો નહિ હોય એવો જણાય છે. આ રીતે આત્મનિષ્ઠ એવા મહાત્મા પરમહંસ સિદ્ધને ઓળખવાને માટે કોઈ પણ બાહ્ય ચિહ્નો નથી. નિત્ય આત્મામાં જ પરાયણ, કોઈ વખતે બાળક, કોઈ વખતે ઉન્મત્ત તથા કોઈ સમયે પિશાચાદિ જેવી અવસ્થામાં વિહાર કરનારા એ સિદ્ધ પરમહંસને અવધૂત કહે છે.

ગૃહસ્થધર્મમાં રહેવા છતાં સંન્યાસી

હવે ગૃહસ્થ ધર્મમાં રહેવા છતાં પણ તે સંન્યાસીની પદવી મેળવી પરમહંસને પ્રાપ્ત થનારી ગતિને પ્રાપ્ત કરી શકે તે પ્રકાર કહું છું. ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થે પોતાના આશ્રમને યોગ્ય તમામ ક્રિયાઓ આત્મસ્વરૂપ એવા વાસુદેવને અર્પણ કરતા રહેવું અને હંમેશ આત્મનિષ્ઠ મુનિની સેવા કરવામાં જ તત્પર રહેવું. તેણે હંમેશાં આત્મસ્વરૂપ એવા ભગવાનની કથારૂપ અમૃતનું શ્રવણ કરવું અને અનન્ય ભાવના વડે આત્મામાં સ્થિત થયેલા શાંત મહાત્માઓનો યથાયોગ્ય સમયે સમાગમ કરવો. જેમ સ્વપ્નમાંથી જાગૃત થયેલો મનુષ્ય, સ્વપ્નની અંદર જોયેલાં ધન તેમ જ સ્ત્રીપુત્રાદિની આસક્તિ ઉપરનો ત્યાગ કરે છે, તેમ સત્સંગના પ્રભાવ વડે પુરુષ પોતાના સાચા આત્મસ્વરૂપથી તદ્દન અલગ એવા શરીર, સ્ત્રી, પુત્ર ઇત્યાદિની આસક્તિમાંથી ધીરે ધીરે છૂટો થાય છે. વિચારશીલ અને બુદ્ધિમાન પુરુષે દેહ અને ઘરમાં ખાસ જેટલી જરૂર હોય તેટલો જ સંબંધ રાખવો અને અંતરંગમાં આ સર્વ સંસાર મિથ્યા છે, એવો વૈરાગ્ય રાખીને બહારથી આસક્ત હોય તેની રીતે વ્યવહાર કર્યે જવો. જ્ઞાતિ, માતા, પિતા, પુત્ર, ભાઈબાંધુઓ અને બીજાં સંબંધીઓ જે કહે તેમાં આગ્રહ નહિ રાખતાં મમતાથી રહિત બની ઉપર ઉપરથી સંમતિ આપતા જવી. પૃથ્વીમાંથી જે કોઈ અનાયાસે મળી આવે અથવા વૃષ્ટિ વગેરેથી જે ધાન્યાદિ પાકે અને જે કાંઈ અકસ્માત્ મળી આવે તે સર્વ સ્વતઃ ઈશ્વરે નિર્માણ કરેલા દૈવ વડે જ પ્રાપ્ત થયેલું છે એમ નિશ્ચયપૂર્વક સમજીને

તેનો યોગ્ય ઉપયોગ કરવો. એટલે ઉપર કહ્યા પ્રમાણે તમામ કર્મો વાસુદેવને અર્પણ કરતાં રહેવું. વાસ્તવિક રીતે જેટલાથી પેટ ભરાય તેટલું જ પ્રાણીનું પોતાનું છે માટે તે કરતાં અધિક ઉપર જે અભિમાન રાખે તે ચોર સમાન હોવાથી શિક્ષાને યોગ્ય છે. મૃગ, ઊંટ, ગધેડાં, વાંદરાં, ઉંદરો, સર્પ, પક્ષિઓ અને માખી તથા કિટકાદિને પોતાના પુત્રની સમાન જ ગણવાં કેમ કે તેમનામાં અને પુત્રાદિકમાં કાંઈ અંતર નથી. ગૃહસ્થે પણ અતિકષ્ટથી ધર્મ, અર્થ અને કામનું સેવન કરવું નહિ; પરંતુ દેશકાળને અનુસરી દૈવવશાત્ જેટલું મળે તેટલાથી જ ચલાવવું. કૂતરા, પતિત અને ચાંડાળાદિ તમામ પ્રાણીઓને પોતાના અન્નમાંથી વહેંચી આપવું, પણ એકલા જ ખાવું નહિ. સ્ત્રી કે જે મુખ્યત્વે કરીને પોતાની સેવા કરવા માટે હોઈ જેમાં મનુષ્યો 'આ તો મારી છે' એવો આગ્રહ રાખે છે, તેને પણ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અતિથી સત્કારાદિમાં લગાડવી. જે સ્ત્રીને માટે મનુષ્યો પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે છે અને જેને માટે પિતા કિંવા ગુરુનો પણ વધ કરે છે તે સ્ત્રી વિષે પુરુષોએ મમત્વનો ત્યાગ કરી દેવો જોઈએ. આમ જેણે સ્ત્રી વિષે મમતા છોડી હોય તેણે અજિત એવા ઇન્દ્રિયને પણ વશ કરી લીધા છે, એમ સમજવું. જેની અંતે માટી કે ભસ્મ જ થવાની છે એવો આ તુચ્છ દેહ અને દેહના સુખને માટે જેના પર પ્રીતિ થાય છે એની સ્ત્રી કયાં? તથા પોતાના માહાત્મ્ય વડે આકાશને પણ ઢાંકી દેનારો સર્વવ્યાપક નિઃસંગ એવો આત્મા કયાં? તસ્માત્ આત્મપ્રાપ્તિ એ જ ધ્યેય નજરની સામે રાખીને વિવેકી ગૃહસ્થે પ્રારબ્ધ યોગથી જે અન્નાદિક મળે તેમાંથી પંચયજ્ઞાદિ કરીને બાકી રહેલા અન્નાદિથી પોતાની આજીવિકા ચલાવવી જોઈએ અને ત્યાર પછી પણ જે વધે તેમાંથી મમતાને તજવી જોઈએ. આ પ્રમાણે કરવાથી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ સંન્યાસની પરમાવધિરૂપ એવી પરમહંસ ગતિની પ્રાપ્તિ થઈ શકે છે. પોતાની યોગ્ય આજીવિકાથી જે ધન મળે તેથી રોજ દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને બીજાં પ્રાણીઓનું પણ પૂજન કરવું અને પોતાનું પણ પોષણ કરવું. પણ આ બધું આત્માર્પણ બુદ્ધિથી કરવું કે જેથી તે અંતર્યામી ભગવાનનું પૂજન કર્યા સમાન થાય છે. જો અધિકાર તથા યજ્ઞાદિ સર્વ સંપત્તિઓ હોય તો વેદના કહેલા અગ્નિહોત્રાદિક વિધિ અનુસાર પરમાત્માનું પૂજન કરવું. સર્વ યજ્ઞોના ભોક્તા આત્મસ્વરૂપ એવા ભગવાન અગ્નિ ના મુખમાં હોમેલા ઘી હવ્યાદિ પદાર્થોથી જેટલા તૃપ્ત થાય છે, તેથી પણ અધિક તૃપ્તિ વેદાધ્યયનાદિ એટલે સ્વાધ્યાય તથા તપાદિ કરનારા બ્રાહ્મણને ખવરાવવાથી થાય છે માટે તેવા બ્રાહ્મણો, દેવતાઓ તથા દરેક પ્રાણીમાત્રના હૃદયમાં રહેલા ક્ષેત્રજ્ઞરૂપ ભગવાનનું તેઓની તે તે કામનાઓ પૂરી કરવાથી પણ પૂજન થાય છે અને મનુષ્યાદિનું પૂજન કરો ત્યારે પ્રથમ જીવન્મુક્ત મહાપુરુષો અને પછી વેદવિત્ બ્રાહ્મણાદિનું કરવું. ગૃહસ્થોએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શ્રાદ્ધાદિ કરીને પિતૃઓનું યજન કરવું તેમ જ શક્તિ અનુસાર પુણ્યકર્મ કરવું જોઈએ. એ જ પોતાના આયુષ્યનું સાફલ્ય છે. સંક્રમણ પર્વકાળાદિ સમયે યોગ્ય રીતે શ્રાદ્ધાદિ વડે પિતરોનું તથા સ્નાન, દાન, જપ, વ્રત, હોમ, દેવપૂજન કે બ્રહ્મપૂજનાદિ કર્યું હોય અથવા પિતૃ, ભૂત કે મનુષ્યોને જે આપ્યું હોય તે અક્ષય્ય થાય છે, વળી તીર્થાદિક ક્ષેત્રો એ પવિત્ર દેશો છે, તેની યાત્રાઓ કરવી તથા યોગ્ય દાનધર્મ કરવો. પુરાણપ્રસિદ્ધ ગંગાદિ પવિત્ર નદિઓ, પુષ્કરાદિ તળાવો, પર્વતો, વનો, મહાત્માઓના નિવાસસ્થાનો વગેરે સ્થળોનું વારંવાર સેવન કરવું જોઈએ; પરંતુ આ બધું આત્મસ્વરૂપની ભાવના વડે નિષ્કામ રીતે થાય તો જ શ્રેષ્ઠ ફળદાયી નીવડે છે. સારાંશ કે, આ સઘળું દૃશ્યજાળ કેવળ આત્મસ્વરૂપ એવા એક ભગવાનનું જ રૂપ છે તેથી ભિન્ન કાંઈ છે જ નહિ એવો અંતઃકરણમાં દૃઢ નિશ્ચય કરીને અહંતામમતારહિત જે ગૃહસ્થ ઉપર કહેલાં કર્મો કરતો હોય તે ગૃહસ્થ ધર્મમાં રહેવા છતાં પણ મહાન પરમહંસગતિરૂપ સંન્યાસી છે એમ જાણવું. આ રીતે ધર્મશાસ્ત્રોમાં ધીરે ધીરે યુક્તિપ્રયુક્તિદ્વારા પ્રવૃત્તિમાર્ગમાંથી નિવૃત્તિ* માર્ગ તરફ લઈ જવાને માટે જ વર્ણાશ્રમધર્મની યોજના શાસ્ત્રમાં કરેલી છે. તે સર્વનો મૂળ ઉદ્દેશ જીવાત્મા તેના આચરણ વડે આત્મસ્વરૂપ બને એ જ છે. આ મુજબ આત્માકાર વૃત્તિ બનવી અને આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે એ જ ખરું સંન્યાસનું

* પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહેવી તે સંબંધમાં અધ્યાય ૬ શ્લોક ૪૩, પૃષ્ઠ ૩૯૩/૩૯૪ જુઓ.

અંતિમ ધ્યેય છે. આત્મા સિવાય બીજું કાંઈ છે એવી વૃત્તિનું ઉત્થાન થવું તે જ કામ્યકર્મો કહેવાય. માટે કામ્યકર્મોનો ત્યાગ એટલે આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું અંતઃકરણમાં ઉત્થાન જ થવા નહિ પામે તે જ ખરો સંન્યાસ છે, એવો શાસ્ત્રનો સિદ્ધાંત છે.

કામ્યકર્મોનો ન્યાસ કોને કહેવો ?

ભગવાન કહે છે: હે પાર્થ ! ઉપરના વિવેચન ઉપરથી જાણી શકાશે કે વેદમાં બતાવેલાં કામ્યકર્મો તથા વર્ણાશ્રમાદિ ધર્મનો મૂળ ઉદ્દેશ જીવાત્માને કર્મમાંથી નિવૃત્ત કરીને આત્મસ્વરૂપના સાચા સુખ તરફ લઈ જવાનો છે. કેમ કે વિષયો કે જે પુરુષના સર્વસ્વનો ઘાત કરે છે તેમાંથી એકદમ નીકળવું એ તો ઘણું જ દુર્લભ છે. જેમ દૃષ્ટ સ્થળે જવાને માટે ઘણાં મનુષ્યો નીકળે તે પૈકી કોઈ શક્તિમાન હોય તે વિમાન દ્વારા તત્કાળ ત્યાં પહોંચે છે, તો કોઈ અગ્નિરથમાં બેસીને, તો કોઈ પગે જ ચાલે છે, તે બધા મોડાં વહેલાં એક જ સ્થળે પહોંચે છે, તેમાં સર્વ સંન્યાસનો મૂળ ઉદ્દેશ આત્મામાં જ વૃત્તિ સ્થિર રહે, અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન થવા નહિ પામે એવા પ્રકારનો છે. બુદ્ધિમાનો તો તે ધ્યેયને તત્કાળ પહોંચી શકે છે. તો કેટલાકો વર્ણાશ્રમાદિ નિષ્કામકર્મો દ્વારા પ્રથમ બાહ્ય સંન્યાસ અને પછી આંતર સંન્યાસ કરી ત્યારબાદ બંને સંન્યાસોનો પણ સંન્યાસ કરે છે. આ રીતે જ્યારે પોતાસહ સર્વનો સંન્યાસ કરે છે ત્યારે જ ખરો કામ્યકર્મોનો ન્યાસ કિંવા સંન્યાસ થયો કહેવાય. આવો સંન્યાસ તો અહં એવી વૃત્તિનું કદી ઉત્થાન નહિ થવા પામે, એ રીતે જ્યારે તેનો મૂળમાંથી જ ઉચ્છેદ થવા પામે છે ત્યારે જ થઈ શકે છે. આમ અત્યાર સુધી મેં તને કામ્ય કર્મો અને તેના ન્યાસ એટલે સંન્યાસનું સાચું રહસ્ય કહી સંભળાવ્યું. હવે ત્યાગ સંબંધી કહું છું તે સાંભળ.

કર્મફળત્યાગ

સર્વ કર્મોના ફળોના ત્યાગને બુદ્ધિમાન પુરુષો ત્યાગ કહે છે. વૃત્તિનું 'હું' (વૃક્ષાંક ૩) રૂપે ઉત્થાન થવું તે કર્મ કહેવાય. તે 'હું' જ પછી મારું એવા ભાવના પરિવર્તનને પામે છે આમ હું અને મારું એવા ભાવોના વિવર્તો થતાં જ હું એટલે આત્મા છે એવો ભાવ ભૂલી જઈ હું એટલે દેહ છું એવો નિશ્ચય તે કરે છે. આથી હું એટલે દેહાદિક છે એવો ભાવ ઉત્પન્ન થતાં તેને તુરત જ આત્મસ્વરૂપે દાબી દેવો તેનું નામ જ કર્મફળત્યાગ કહેવાય. તાત્પર્ય એ કે, અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું તેનું નામ કામ્ય કર્મોનો સંન્યાસ અને વૃત્તિનું ઉત્થાન થયું કે તે આત્મરૂપ છે એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને તુરત જ દાબી દેવું તે કર્મફળ ત્યાગ કહેવાય છે. આ ત્યાગ જ સર્વશ્રેષ્ઠ છે. આ સંબંધે શાસ્ત્રનો નિશ્ચય આ પ્રમાણે છે.

હું એવી કોઈ વસ્તુ નથી તે જ ત્યાગ

હું એવી કોઈ વસ્તુ જ નથી. આત્મા સિવાય સર્વ મિથ્યા હોવાથી કર્મ કરીને કાંઈ છે જ નહિ એમ દૃઢ નિશ્ચય વડે જાણવું એ જ ખરો કર્મત્યાગ છે અને તે તો જ્ઞાન વડે જ સિદ્ધ થાય છે. બાકી પ્રારબ્ધવશાત્ દેહાદિ વડે સ્વાભાવિક રીતે થતાં કર્મો કે જે અવસ્તુ એટલે મિથ્યા જ છે તે કરવાથી પણ શું અને નહિ કરવાથી પણ શું ? તમામ દૃશ્ય પદાર્થોનો અભાવ થતાં જ સર્વે સંકલ્પો મટી જાય છે અને તેથી વાસનાથી રહિત થઈ અમુક કર્યું અને અમુક ન કર્યું એ બંને પ્રકારના સંબંધને પણ છોડી દઈ શાંતપણાથી નિર્વિકારપણે સ્થિતિ રાખવી તે જ ખરો ત્યાગ કહેવાય, ઘણો વખત થઈ જવાથી જેમ ઘણાં ખરાં પાછળનાં કર્મો ભૂલાઈ જવાય છે તો સર્વ દૃશ્યનું પાછું ચિત્તમાં કોઈ પણ દિવસે સ્મરણ ન થાય અર્થાત્ અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ પામે તેવી રીતે તેને ભૂલી જવું તે કર્મત્યાગ કહેવાય છે. આત્મજ્ઞાન વગરના પુરુષો પૈકી જેઓ વિષયોમાં સંયમ નહિ રાખતાં વિષ્ટામાંના કીડાની જેમ વિષયોમાં રચ્યાપચ્યા રહે છે તેવા મૂર્ખાઓ કરતાં જેઓ સંયમ વડે કેવળ કર્મેન્દ્રિયોને જ રોકી રાખવારૂપ બાહ્યત્યાગ કરે છે તેઓ વ્યવહારમાં શ્રેષ્ઠ મનાય છે છતાં તેમાં કર્મોનાં મૂળનો ઉચ્છેદ થતો નથી; આથી તેવાઓનો ત્યાગ કદી

સિદ્ધ થતો નથી, તેઓનો તે ત્યાગ અંતે નિરર્થક જ નીવડે છે. એટલું જ નહિ પરંતુ તેવા બાહ્ય ત્યાગીઓ કંટાળીને આખરે તેને પણ છોડી દઈ ઊંધે રસ્તે દોરાઈ જવાથી પોતાના અને જગતના વિનાશને જ કારણભૂત બને છે. કેમ કે અવિવેકીઓનો એ ત્યાગ ઉદ્દેશ સમજ્યા વગરનો હોઈ મિથ્યા અહંકાર વડે તે જ ખરો ત્યાગ છે એમ માની લીધેલો હોય છે. આમ તેઓ પોતાને અને જગતને છેતરે છે. તસ્માત્ બાહ્યત્યાગનો ઉદ્દેશ અંતઃત્યાગ કરી છેવટે કર્મને જડમૂળથી જ ઉખેડી નાખી નિત્યપ્રતિ એક પરમતત્ત્વમાં જ ચિત્તને એકાગ્ર કરવાનો હોવો જોઈએ, એ ખાસ ધ્યાનમાં રાખવું. આ રીતની સાધનાને માટે જ બાહ્યાદિ ત્યાગોના માર્ગો શાસ્ત્રમાં કહેલા છે. કેવળ એક આત્મામાં સ્થિતિ રાખનારાઓ જ સાચા ત્યાગી હોઈ, જેમ યંત્રથી બનાવેલાં પૂતળાં અને નિદ્રાવશ થયેલા પુરુષોને ભાન હોતું નથી છતાં તેઓ કાર્ય તો કરે છે તેમ આ આત્મવિદોનાં કાર્યો પણ તેમાં લોલુપ થયા સિવાય સહજભાવે આપોઆપ થતાં રહે છે. આમ "અહં" એવા સંકલ્પનો જ જેણે મૂળમાંથી જ ત્યાગ કરેલો છે એવા વિવેકીઓ અર્ધી જાગ્રત અને અર્ધી સુષુપ્તિ જેવી સંધિ અવસ્થામાં એટલે અનિર્વચનીય એવી યોગભૂમિકાને પ્રાપ્ત થયેલા હોય છે. જેમ વૃક્ષના મૂળને છેદી નાખવું એ જ તેનો ખરો નાશ અથવા ત્યાગ કહેવાય પરંતુ મૂળ રાખી ફક્ત ઉપર ઉપરથી શાખા વગેરે કાપી નાખવી એ સાચો ત્યાગ નથી, કેમ કે તેમાંથી ફરી પાછું મહાન વૃક્ષ ઉત્પન્ન થઈ જાય છે, તેમ અહંભાવનો જ મૂળમાંથી ઉચ્છેદ કરી નાખવો એ જ ખરો કર્મત્યાગ હોઈ અહંભાવ સિલકમાં રાખીને બાકી મમાદિ ભાવોનો ત્યાગ કરવામાં આવે તે સાચો કર્મત્યાગ કહેવાતો નથી. આ સુજ્ઞ આત્મામાં હું એવું કાંઈ છે જ નહિ, તો પછી તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિની તો વાત જ ક્યાં રહી ? બ્રહ્મમાં આ તમામ દૃશ્યપ્રપંચાદિ કશું છે જ નહિ, અથવા જે ભાસમાન થાય છે તે બધું અભિન્ન એવું એક આત્મસ્વરૂપ જ છે, એવું જ્ઞાન થતાં જ કર્મોનો ત્યાગ સિદ્ધ થાય છે; આ સિવાય બીજી કોઈ પણ રીતે તે સિદ્ધ થતો નથી, માટે આત્માનો અપરોક્ષ અનુભવ થાય ત્યાં સુધીને માટે આ પ્રમાણેનો દૃઢ નિશ્ચય કરીને સતત અભ્યાસ વડે નિર્વિકલ્પતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. જેઓ આ રીતે મૂળસહ કર્મત્યાગ નહિ કરતાં કેવળ બાહ્ય ત્યાગ કરવાનો પ્રયત્ન કરી તેને જ કર્મત્યાગ માને છે તે સાચો કર્મત્યાગ નહિ હોવાથી તેઓના દુઃખની નિવૃત્તિ કદાપિ પણ થતી નથી. આ સર્વ એક આત્મરૂપ છે, આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ, આત્મા સિવાય જે જે કાંઈ પ્રતીતિમાં આવે છે તે બધું મિથ્યા ભ્રમરૂપ છે, એવા પ્રકારના દૃઢ નિશ્ચયાત્મક જ્ઞાન વડે પોતાની મેળે જ કર્મત્યાગ સિદ્ધ થાય છે. આ રીતે થનારી ક્રિયા વાસનારહિત કહેવાય છે. જેમ સુષુપ્તિ અવસ્થામાં મનુષ્ય કાંઈ બબડે છે, આમથી તેમ આળોટે છે, પરંતુ તેને તે ક્રિયાનું કિંચિન્માત્ર પણ ભાન હોતું નથી, તેથી તેની તે ક્રિયાઓ વ્યર્થ હોઈ કર્યા છતાં પણ નહિ કર્યા સમાન જ છે, તેમ આત્મા વિના બીજું કાંઈ છે જ નહિ; હું, તું, તે, આ, મારું, તારું અને આ બધાનો સાક્ષી ઇત્યાદિ સર્વ આત્મસ્વરૂપ જ છે, જેની વૃત્તિ નિત્યપ્રતિ આત્માકાર જ થયેલી છે, આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા પામતું નથી તેવો પુરુષ વાસના વગરનો કહેવાય છે. આ રીતે વાસના વગરની થતી ક્રિયા ભલે તેટલી મહાન હોય અથવા ક્ષુદ્ર હોય પરંતુ તેનું મૂળ જ બળી ગયેલું હોવાથી તે અક્રિયારૂપ જ છે, અર્થાત્ ભોગોની આસક્તિથી થનારું કર્મ બંધનરૂપ છે, પણ સર્વાત્મભાવની દૃષ્ટિ વડે થનારું દેહની ચેષ્ટારૂપ ભાસતું સર્વ કર્મ નિષ્ફળ હોવાથી તે બંધનરૂપ થતું નથી. આમ જ્ઞાન વડે કર્મત્યાગ થઈ જતાં વાસનારહિત થએલો જીવન્મુક્ત પુરુષ ઘરમાં રહે, અરણ્યમાં રહે, દ્રવ્ય આદિ સંપત્તિથી રહિત થઈ જાય કે મોટો સમૃદ્ધિવાળો થઈ જાય છતાં તે સદાકાળ સમાન જ હોય છે.

આ જ ખરો કર્મત્યાગ

તેલ વિના ઓલવાઈ જનારા દીવાની પેઠે અજ્ઞાનનો નાશ થઈ અહંમમાદિ સહિત જગતાદિ તમામ દૃશ્ય બળનું મિથ્યાપણું જણાતાં તે સર્વના સાચા અને મૂળ સ્વરૂપ એવા આત્માનું જ્ઞાન થવાથી જ ખરો ત્યાગ સિદ્ધ થાય છે, તે વિના બીજી કોઈ પણ રીતે તે સિદ્ધ થતો નથી, કેવળ કર્મોનો ત્યાગ

એ કાંઈ ખરો ત્યાગ નથી પરંતુ જ્યાં કદી અહંભાવનું અસ્તિત્વ છે જ નહિ એવું જે આત્મસ્વરૂપ હોઈ તે જ એક સત્ય છે, એવો નિઃશંક રીતે બોધ થવો તેનું નામ જ ખરો સર્વત્યાગ કહેવાય છે. આ, હું, તું, તે, આ ઇત્યાદિ દૃશ્યરૂપે દેખવામાં આવતું દેહાદિ દૃશ્ય જ હું છું અને દેહાદિ સાથે સંબંધ રાખનારું જગતાદિ મારું ભોગ્ય છે એ રીતે હું અને મારું એવી ભાવનાનો દૃઢ થયેલો મિથ્યા અધ્યાસ તેલ વગરના દીવાની પેઠે શાંત થઈ જતાં બાકી રહેનારું નિઃશેષ એવું શુદ્ધ ચૈતન્ય કે જે સર્વના આત્મા કિંવા મૂળરૂપ છે તે જ બાકી રહે છે. 'હું' અને 'મારું' એવા પ્રકારનો ભ્રમ જેઓનો શાંત થયો નથી તેમને કદી પણ જ્ઞાન થતું નથી અને સાચો ત્યાગ પણ કદી સિદ્ધ થતો નથી તેમ જ નિવૃત્તિ પણ કદી પ્રાપ્ત થતી નથી અને શાંતિ પણ મળતી નથી. 'હું અને મારું' એટલાનો જ નાશ થઈ જાય તો પછી તે સર્વના અધિષ્ઠાનરૂપ શાંત, આનંદમય અને જ્ઞાનસ્વરૂપ એવો એક આત્મા જ શેષ રહે છે. તે વિના બીજું કશું જ રહેતું નથી. આ રીતના તત્ત્વજ્ઞાન વડે જો અહમ્ નાશ પામી જાય તો મમતાના સ્થાનરૂપ સર્વ દૃશ્યજાળનો અનાયાસે જ વિલય થઈ જાય છે અને તત્ત્વદૃષ્ટિએ જોતાં કશાની કદી ઉત્પત્તિ જ હોતી નથી તો નાશ કયાંથી હોય? "હું" એવી કોઈ વસ્તુ અને તેનો જાણનારો સાક્ષી, વસ્તુતઃ અનિર્વચનીય રૂપ એવો પરમાત્માની સત્તાથી ભિન્ન છે જ નહિ, એવી નિરહંકારબુદ્ધિની ભાવના કરવાથી અહં એવો ભાવ કે જે સર્વ અવિદ્યાનું મૂળ છે તે નિર્બિજ પોતાની મેળે જ શાંત થઈ જાય છે અને માત્ર એટલા જ એક પ્રયત્નથી ખરી સુખશાંતિ મળી શકે તેમ છે તો પછી તેમાં શા માટે કંટાળી જવું જોઈએ? 'હું" અહંરૂપ છું એવા અધ્યાસનું અધિષ્ઠાન પણ ચૈતન્યરૂપ આત્મા સિવાય બીજું કોઈ નથી અને ચૈતન્યરૂપ આત્મા તો આકાશની પેઠે તદ્દન નિર્વિકાર, અરૂપ, શુદ્ધ અને અનંત છે; તેમાં એ અધ્યાસની સ્થિતિ પણ કયાંથી સંભવે?

ખરા કર્મત્યાગ વડે મળતી શાંતિ

ભ્રાંતિ, ભ્રાંતિનું સાધન, ભ્રાંતિનો આશ્રય અને ભ્રાંતિનું ફળ તથા તેનું અધિષ્ઠાન ઇત્યાદિ કશું વાસ્તવિક રીતે છે જ નહિ અને છે કે નથી એમ જે કહેવું એ બધો પણ એક વાચારંભણ કાર્યરૂપ વાણીનો વિલાસ જ છે આ બધો અજ્ઞાનનો વિલાસ હોવાથી જ્ઞાન થતાં તે પૈકી કાંઈ છે જ નહિ એમ જણાય છે. જે સત્તા વડે આ મિથ્યા અજ્ઞાનાદિ મૃગજળ પ્રમાણે ભાસે છે તે સત્તાનું જ સ્વરૂપ વસ્તુતઃ નહિ હોવાથી તે સત્તાને આધારે અનુભવમાં આવતું આ સર્વ દૃશ્યજાળ રૂપથી રહિત એવું એક સર્વવ્યાપી પરમતત્ત્વ (શ્લોક ૧) જ છે. માટે અંતઃકરણમાં 'અહમ્' એવું સ્ફુરણ જ નહિ થવારૂપી અનિર્વચનીય એવા મૌનને ધારણ કરીને રહેવું, કેમ કે આ સર્વ તે એટલે અહમ્ની સ્ફૂર્તિ પૂર્વે જે રૂપ હોય છે તે જ રૂપ છે અર્થાત્ જે તે છે તે જ આ અહમ્મમાદિ પણ છે; અર્થાત્ આ અને તે બન્ને એકરૂપ જ છે. માટે જે ક્ષણમાં 'હું' એવો અહંભાવ સ્ફુરે કે તે જ ક્ષણે 'હું' એવી કોઈ વસ્તુ છે જ નહિ એમ ચિત્તમાં લાવવાથી ખરો ત્યાગ સિદ્ધ થઈ શકે છે. તથા તેવા ત્યાગ વડે જ ખરી આત્મશાંતિ પ્રાપ્તિ થઈ શકે છે અને અનર્થોમાં પડીને કદી પણ દુઃખ કિંવા શોક કરવો પડતો નથી. આ મુજબ અહંકારનો ત્યાગ કરવો એટલે નિરંતર અહંકારની ભાવનાને છોડી દઈ "અહમ્"રૂપ સ્ફુરણ જ થવા નહિ દેવું કિંવા 'અહમ્' એવું જે સ્ફુરણ પ્રતીતિમાં આવે છે તે આકાશને ફૂલો હોય છે કિંવા વંધ્યાના પુત્રે અમુક એક કાર્ય કર્યું એમ કહેવા સમાન તદ્દન મિથ્યા છે.

સંન્યાસને માટે અસમર્થ કોણ?

આ રીતે મૂળમાંથી જ અહંભાવનો સંપૂર્ણ પણે ઉચ્છેદ કિંવા ત્યાગ કરી સર્વ વિકારોથી રહિત અને તદ્દન અસંગ થઈ આ મિથ્યા સંસારને તરી જવું એ જ ખરો સંન્યાસ છે. જે પુરુષ આટલી સાદી વાત કરવાને પણ શક્તિમાન થતો નથી, તે નરપશુ સમજવો. જો કોઈ આ રીતે અહંકારનો વિલય કરવા શક્તિમાન ના હોય તો તેણે અહમ્ એવી સ્ફુરણા થતાંની સાથે જ તુરત તે આત્મા છે એવા પ્રકારની

પ્રતિવૃત્તિ વડે તેને તત્કાળ દાબી દેવી અને આત્મા એટલે તો જ્યાં અહમ્ છે જ નહિ એવું આકાશની જેમ તદ્દન નિઃસંગ સ્વરૂપ છે અને તે જ હું છે, એવો દૃઢ નિશ્ચય રાખવો. માટે આત્મસ્વરૂપ એવા મારામાં "હું" એવો કોઈ પદાર્થ છે જ નહિ આ મુજબ આત્મા કે જે આકાશની જેમ તદ્દન અસંગ છે તેને ઓળખી તે ભાવથી તદ્દન અસંગ રહેવું. આ સર્વ દૃશ્યરૂપ ભ્રાંતિ તો જ્યારે હું એવા ભાવને તદ્દન ભૂલી જવાય છે ત્યારે પ્રકાશ થતાં જેમ અંધારું એકદમ ક્યાંય અદૃશ્ય થઈ જાય તેમ એકાએક ક્યાંય અલોપ થઈ જાય છે. તેનો પુનઃ કદી પત્તો પણ લાગતો નથી. માટે 'હું' એવો કોઈ પદાર્થ જ નથી અને જે છે તે એક ચૈતન્યઘન એવો આત્મા જ છે એવી વૃત્તિ વડે તેને આધાર વગરનો બનાવી દેવો. આ પ્રમાણે અહંકારને જીતવાને યાને સંન્યાસ કરવાને સમર્થ નથી એવો અસંયમી પુરુષ ત્યાગ કિંવા સંન્યાસને લાયક જ નથી તેવા મૂઢોએ વેદાંતશાસ્ત્રની પ્રવૃત્તિમાં પડવું નિરર્થક જ છે. અરે! જુઓ કે, અજ્ઞાની મૂર્ખાઓ આ મિથ્યા વ્યવહારમાં મોટાં મોટાં શાસ્ત્રોના ઘા સહન કરે છે તથા અસહ્ય એવી આધિ વ્યાધિની વેદનાઓ પણ સહન કરે છે. રાતદિવસ શોકસાગરમાં અને ચિંતામાં જ ડૂબેલા રહે છે. આ રીતે બાપડા જો અનેક અસહ્ય યાતનાઓ સહન કર્યે જાય છે તો પછી હું એવું કાંઈ છે જ નહિ એટલું એક સહન કરી લેવામાં તે મોટી શી પીડા છે? હે મૂઢો! તમો આનંદરૂપ અને શાંત હોવા છતાં પણ આ 'હું અને મારું" એવી કલ્પનાઓએ તમારો ઘાત કરેલો છે. આ 'હું' એવો અહંકાર જ તમામ દૃશ્યજગતના પદાર્થસમૂહના અક્ષય્ય અંકુરરૂપ છે, તે અંકુરનો જો સમૂળગો ઉચ્છેદ થઈ જાય તો આ સર્વ જગત્સહિ દૃશ્ય પોતાની મેળે જ નિર્મૂળ બની જાય છે. આ અહંભાવની પૂર્વનું નિશ્ચલ, તદ્દન શાંત, દૃશ્યાદિ આભાસથી રહિત, અનંત, જન્મરહિત અને નાશથી પણ રહિત એવું એક પરમ આકાશરૂપ જે તત્ત્વ છે, તેને જ શાસ્ત્રમાં અજ્ઞાનીઓને સમજાવવાને માટે બ્રહ્મ, આત્મા, ચૈતન્ય, અક્ષર પુરુષ, સત્, તત્ ઇત્યાદિ શાબ્દિક મિથ્યા સંજ્ઞાઓ આપેલી છે, પરંતુ તેનો ઉદ્દેશ તો ફક્ત એક અનિર્વચનીય ભાવ દર્શાવવા પૂરતો જ છે, એમ જાણવું.

સંન્યાસ અને ત્યાગની વચ્ચે અંતર

આ મુજબનું તે પરમપદ હોવાથી અહંભાવની ઉત્પત્તિ થવા નહિ દેવી તેનું નામ જ કામ્યકર્મોનો સંન્યાસ કહેવાય. કેમ કે હું ભાવની ઉત્પત્તિ થાય તો પછી તેમાંથી મારું, તું, તે, આ વગેરે ભાવોનો વિસ્તાર થઈ અનંત કામ્યકર્મોનો વિસ્તાર થાય છે. માટે કામ્યકર્મોનું મૂળ એવા હું ભાવની ઉત્પત્તિ થવા નહિ દેવી તેનું નામ જ સંન્યાસ હોઈ હું ભાવની ઉત્પત્તિ થયા પછી તું, તે, આ, મારું, તારું વગેરે ભાવો એ તેના ફળરૂપ છે. અર્થાત્ હું ભાવની ઉત્પત્તિ થવી તે જ સૌથી પ્રથમનું કામ્યકર્મ છે અને તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ ભાવો તે કર્મફળ કહેવાય છે. જુઓ કે વ્યવહારમાં પણ અમુક એક વસ્તુ બીજાની હોય ત્યાં સુધી તે મેળવવાને માટે પ્રયત્ન કરવામાં આવે છે પરંતુ તે પોતે મેળવે એટલે આ વસ્તુ મારી છે એમ થયું કે પછી પોતે કરેલાં કર્મનું ફળ મેળવ્યું એમ તે માને છે, અર્થાત્ મારી નથી એમ માનવું એ ભાવ કર્મ કરાવવાને માટે કારણભૂત હોવાથી તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ સર્વ ભાવોનો વિલય કરી નાખવો જોઈએ. એટલે આ સર્વ ભાવો 'હું'રૂપથી તદ્દન અભિન્ન હોઈ તે હું એટલે નિઃસંગ અને અનિર્વચનીય એવો આત્મસ્વરૂપ છે, એવા પ્રકારનો જે નિશ્ચય તે જ ખરો કર્મફળત્યાગ છે. સારાંશ એ કે, આત્મામાં હું એવા ભાવની કદી ઉત્પત્તિ જ થવા પામેલી નથી. આ પ્રમાણે દૃઢ નિશ્ચય વડે જાણીને હું ભાવનો વિલય કરી નાખવો. હું ભાવની સ્ફૂર્તિને ઉત્પન્ન થવા નહિ દેવી તેનું નામ જ કર્મત્યાગ અથવા સંન્યાસ છે અને હું તથા મારું એવા ભાવો ઉત્પન્ન થયા પછી તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ જે જે ભાવો ઉત્પન્ન થવા પામે છે તે સર્વ ભાવો આત્મરૂપ છે અને તે જાણનારો હું પોતે પણ આત્મસ્વરૂપ છે એવી રીતે હું, તું, તે, આ ઇત્યાદિ ભાવોની અંતઃકરણમાં સ્ફુરણ ઉત્પન્ન થવા પામે કે તુરત જ તે તે સર્વ ભાવો આત્મસ્વરૂપ છે એવા પ્રકારની પ્રતિવૃતિ કિંવા ભાવના વડે તેને તત્કાળ દાબી દેવી તેનું નામ જ ખરો કર્મફળત્યાગ છે. આ મુજબનો સાચો કર્મત્યાગ એટલે સંન્યાસ અને કર્મફળત્યાગ સાધ્ય થતો નથી ત્યાં સુધીને

માટે યોગ્યતાનુસાર બાહ્ય અને આંતર સંન્યાસ અથવા ત્યાગ કરવાની રીતિઓ વર્ણાશ્રમાદિ ધર્મોમાં શાસ્ત્રકારોએ બતાવેલી છે.

સંન્યાસ અને ત્યાગ

ભગવાન કહે છે : હે અર્જુન ! આ રીતે સંન્યાસ અને ત્યાગ કોને કહેવો તે સંબંધી શાસ્ત્રમાં નિર્ણય છે (જુઓ યો૦ નિ૦ ઉ૦ સ૦ ૩/૪). આથી કામ્ય કર્મોના ન્યાસને સંન્યાસ કહે છે તથા સર્વકર્મ ફળોના ત્યાગને ત્યાગ કહેલો છે. આ કર્મફળના ત્યાગના સંબંધમાં મેં પણ તને પ્રથમ કહેલું છે (જુઓ અધ્યાય ૧૨ શ્લોક ૧૧, ૧૨ પૃષ્ઠ ૫૯૮ થી ૬૦૩). તે તું સારી રીતે ધ્યાનમાં રાખ કે જેથી તારા મનમાંથી ગુંચવાડો નીકળી જશે. હવે તું કદાચ કહેશે કે આ સંન્યાસ અને ત્યાગની જે આવી વ્યાખ્યાઓ છે તો પછી મારે વ્યવહારદૃષ્ટિએ કર્મો કરવાં કે નહિ કરવાં ? કારણ કે આ બધાં કર્મો તો આપે બતાવેલા સંન્યાસ અને ત્યાગની વ્યાખ્યા અનુસાર નિરુપયોગી જ ગણાશે, તો તે સંબંધે તને કહું છું તે સાંભળ. આ વિષયમાં મેં તને પ્રથમ વખતોવખત નિયતિ વા પ્રારબ્ધવાદને આધારે સમજાવેલું છે છતાં દૃઢતાને માટે ફરીથી કહું છું. મેં કહેલો સંન્યાસ કિંવા ત્યાગ જેણે કર્યો હોય તે તો જીવન્મુક્ત બની જાય છે, આથી તેમાં જેમ સુષુપ્તિ (ગાઢ નિદ્રા)માં પડેલો મનુષ્ય મારામાં હલનચલનાદિ ક્રિયાઓ થાય એમ પણ ઇચ્છતો નથી અને ન થાય એમ પણ ઇચ્છતો નથી, તેમ જ કોઈ ક્રિયાઓ થાય તો પણ તેને તેની કશી માહિતી હોતી નથી. તેના શરીરની હલનચલનની ક્રિયાઓ તો બીજાઓની દૃષ્ટિમાં હોય છે તેની પોતાની દૃષ્ટિમાં તો તે ફક્ત એટલું જ જાણે છે કે મેં ઘોર નિદ્રા લીધી. તેને બીજો કોઈ પુછે કે તું તો નિદ્રામાં આમથી તેમ આળોટવાની ક્રિયાઓ કરતો હતો. કિંવા બબડતો હતો તેની તને ખબર છે ? તો તે કહેશે કે મને તો તેની કશી ખબર નથી, પરંતુ ફક્ત એ નિદ્રા લીધી એટલું જ હું કહી શકું છું. અર્થાત્ નિદ્રા લેનારની દૃષ્ટિએ તો તેમાં થયેલી તમામ ક્રિયાઓનો સમાવેશ પણ ઉંઘની અંદર જ થઈ જાય છે, તેમાં મેં કહ્યા પ્રમાણે ખરો સંન્યાસ કરનારો અથવા ત્યાગી જીવન્મુક્ત હોવાથી તેને કલ્પના પણ હોતી નથી કે મારામાં કોઈ ક્રિયા હશે. જ્યાં હું ભાવ જ નથી તો પછી ક્રિયાઓની વાત જ ક્યાં રહી ? સારાંશ કે, તે પોતે તો કેવળ આત્મસ્વરૂપમાં જ તદ્દન નિશ્ચળ હોય છે. તેનામાં આત્મા સિવાય બીજી કોઈ ભાવના રહી શકતી જ નથી. એટલે જેમ સમુદ્રમાં તરંગો, ફીણ, પરપોટાઓ છે એમ કાંઈ તે જાણતો નથી પરંતુ આ તરંગાદિ છે અને આ સમુદ્ર છે એવો ભેદભાવ તેને જોનારા બીજા કોઈની દૃષ્ટિએ હોય છે, તેમ અદ્વૈત એવા આત્મચૈતન્યરૂપ મહાસાગરમાં જ તદ્રૂપ બનેલો જીવન્મુક્ત મહાયોગી, જેઓનો દ્વૈતભાવના નષ્ટ થયેલી હોતી નથી તેવા અજ્ઞાનીઓની દૃષ્ટિએ સર્વ કર્મો કરતો હોવા છતાં પોતાની દૃષ્ટિથી તે કાંઈ પણ કરતો કે જાણતો નથી, એટલે તે જીવન્મુક્ત યોગી કર્મ કરે છે કિંવા નથી કરતો તે ભેદાભેદ અજ્ઞાનદૃષ્ટિનો છે, તત્ત્વદૃષ્ટિનો નથી. જેમ સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટા વગેરે રૂપ ક્રમો કરે તો પણ તેની તે લીલા પાણીથી અભિન્ન હોય છે, વળી સમુદ્રની ઇચ્છા હોય કે ન હોય પણ આ તરંગાદિ તેમાં હંમેશ રહ્યાં જ કરે છે, સમુદ્ર તે ન હોય તેમ પણ ઇચ્છતો નથી અને હોવાની પણ ઇચ્છા કરતો નથી અને તેવું કાંઈ જાણતો પણ નથી તેમ આ આત્મારામ પુરુષ ગમે તો મહાન સામ્રાજ્ય પ્રાપ્ત કરવાની ક્રિયા કરે કિંવા નિર્વિકલ્પ સમાધિમાં જ બેસી રહે, તે બંને તેની દૃષ્ટિએ તો આત્મસ્વરૂપથી અભિન્ન હોવાથી એક્સરખાં જ છે. ફક્ત તેના શરીરનું હલનચલન યા ક્રિયાની વાત તો શું પણ તરંગરૂપ એવાં આ મિથ્યા અનેક બ્રહ્માંડો ઉત્પન્ન કિંવા નષ્ટ થવા રૂપ જે આ માયાનું ભ્રમરૂપ વિરાટ કાર્ય અજ્ઞાન વડે પ્રતીત થાય છે તે સર્વ આત્મસ્વરૂપ એવો જીવન્મુક્ત પોતે પોતામાં પોતા વડે અને પોતાં રૂપે જ લીલા વડે કરી રહેલો હોવાથી તે સર્વ કાર્ય પણ આત્મરૂપ એવા તેનાથી તદ્દન અભિન્ન છે. તાત્પર્ય કે, જેમ સમુદ્રમાં અનેક તરંગો ઉત્પન્ન થતા રહે એવો તેનો સ્વભાવ છે પરંતુ સમુદ્ર અને તરંગો પાણીથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી તેમ આ જીવન્મુક્ત એટલે આત્મારામ પુરુષ પોતે આત્મરૂપ બનેલો હોવાથી તેમાં ઈશ્વરીય શક્તિરૂપ મિથ્યા માયા અને તેનું અજ્ઞાન વડે થતું વિશાળ

કાર્ય સમુદ્રતરંગન્યાયાનુસાર અજ્ઞાનીઓની દૃષ્ટિએ થતું જ રહે છે, છતાં તત્ત્વવિત્ એવા જીવન્મુક્તની દૃષ્ટિએ તો કાંઈ થતું પણ નથી અને તેવું કાંઈ હોય તો તે આત્માથી એટલે પોતાના સ્વરૂપથી અભિન્ન જ છે તેથી કર્મ કરવાં કે નહિ કરવાં એ બન્ને તથા તેનો સાક્ષી ઇત્યાદિ કાંઈ હશે એવી તત્ત્વદૃષ્ટિએ કલ્પના છે જ નહિ તથા સર્વસામાન્ય લોકોને સમજાવવાને માટે અજ્ઞાનની દૃષ્ટિએ કયાં કર્મો ત્યાજ્ય અને કયાં ગ્રાહ્ય છે તે સંબંધમાં પ્રથમ શાસ્ત્રોનો મત શું છે તે તને કહું છું. વળી લક્ષમાં રાખ કે આ અજ્ઞાનદૃષ્ટ આત્માનો સાક્ષાત્કાર થતાં સુધીને માટે જ ઉપયોગી છે.

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।

यज्ञदानतपः कर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

કર્મો કરવાં કે નહિ કરવાં

મનીષિણ એટલે વિવિધ મતવાળા વિદ્વાનો કર્મ દોષવાળું હોવાથી ત્યાજ્ય છે અને બીજા કેટલાકો યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ ત્યાજ્ય નથી એમ કહે છે. સારાંશ એ કે, કર્મ તજવું કે નહિ તજવું તે સંબંધમાં કેટલાક પંડિતો તમામ કર્મો દોષયુક્ત છે, કર્મ થયું એટલે તે દોષ વગરનું થવું કદી પણ શક્ય નથી અને આત્મા તો તદ્દન નિર્દોષ હોવાથી કાયિક, વાચિક, માનસિક તમામ કર્મોનો ત્યાગ કરવો જોઈએ એમ કહે છે, ત્યારે કેટલાકનું કહેવું એમ છે કે, કર્મો દોષયુક્ત છે છતાં યજ્ઞ, દાન અને તપાદિ કર્મો શ્રુતિમાન્ય હોઈ તેઓનો આમરણાંત ત્યાગ કરવો જોઈએ નહિ કેમકે તે વડે ચિત્તશુદ્ધિ થઈ અંતે આત્મસ્વરૂપભૂત ફળની પ્રાપ્તિ થઈ શકે છે. આ સંબંધમાં શાસ્ત્રનું એક કથન કહું છું.

મોક્ષનું સાધન કર્મ કે જ્ઞાન ?

પ્રશ્ન : જીવતાં સુધી અગ્નિહોત્રાદિ તથા સંધ્યોપાસનાદિ કર્મો કરવાં ઇત્યાદિ કેટલીક શ્રુતિ સ્મૃતિઓમાં પ્રવૃત્તિરૂપ ધર્મ કહેલો છે તથા કેટલીક શ્રુતિ સ્મૃતિઓ કહે છે કે ધનથી, કર્મથી કે પ્રજા ઉત્પન્ન કરવાથી મોક્ષ થતો નથી પરંતુ કેવળ તે સર્વના ત્યાગ વડે જ આત્મપદની પ્રાપ્તિ થઈ મોક્ષ થાય છે અને તે પ્રમાણે આચરણ કરીને ઘણાઓ મોક્ષને પામ્યા છે. તો મોક્ષનું સાધન કર્મ છે કે જ્ઞાન છે અથવા બંને છે તે સંબંધે નિશ્ચય કહો.

કર્મથી ચિત્તની શુદ્ધિ થાય છે

ઉત્તર : આકાશમાં જેમ પક્ષીઓ બંને પાંખો વડે ઊડી શકે છે તેમ જ્ઞાન અને કર્મ એ બંને સાધનો તત્ત્વનિશ્ચય થતાં સુધી ઉપયોગી હોવાથી એકલા કર્મથી કિંવા એકલા જ્ઞાનથી મોક્ષ સિદ્ધ થતો નથી; કેમ કે તમામ ઐહિક વિષયભોગની અભિલાષાઓને છોડી દઈ કેવળ પોતાનું કર્તવ્ય છે એમ સમજીને જે શાસ્ત્રવિહિત કર્મ કરવામાં આવે તો તેવાં નિષ્કામ કર્મો દ્વારા ચિત્તશુદ્ધિ થાય છે અને ચિત્તશુદ્ધિ થઈ એટલે પછી આત્માનું પરોક્ષજ્ઞાન થઈ શકે છે. આમ પરોક્ષજ્ઞાન થયા પછી તે કર્મની અપેક્ષા હોતી નથી, પણ બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુએ બતાવ્યા પ્રમાણે અહંમમાદિ ભાવોનો વિલય સર્વાત્મભાવના કિંવા નિઃશેષભાવના-અભ્યાસ વડે કરવો પડે છે, કે જેથી સાક્ષાત્કાર થઈ અંતે મોક્ષરૂપ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે. આમ આત્મસ્વરૂપ થયેલા કૃતકૃત્ય એટલે જેણે જે કરવાનું તે સર્વ કર્યું છે તથા જ્ઞાતજ્ઞેય એટલે જે જાણવાનું તે સર્વ જાણ્યું છે એવા તે મહાત્માનાં અજ્ઞાની લોકોની દૃષ્ટિએ થતાં કર્મો ઘોર નિદ્રામાં રહેલા મનુષ્યની થતી બોલવાની તથા હલનચલનાદિક ક્રિયાઓની જેમ નિષ્ક્રિયરૂપ છે એમ સમજવું. જેમ સ્વપ્નનો અંદર વંધ્યાનો પુત્ર જોવામાં આવેલો હોય પરંતુ જાગૃત થયા પછી તેની સ્મૃતિ, તેની સાથે સ્વપ્નાવસ્થામાં થયેલો વાણીનો વ્યવહાર અને સ્વપ્નમાં જોવામાં આવેલા વંધ્યાપુત્રની દર્શનરૂપ સત્તા, તેમ તેની સાથે થયેલો વાણીનો વ્યવહાર

દર્શન અને સ્મૃતિરૂપ સર્વ વ્યવહાર નિર્વિષય થઈ જાય છે, કેમ કે કોઈ કદાચ એમ કહેવા માગે કે મેં આજે સ્વપ્નમાં એક વંધ્યાનો પુત્ર જોયો હતો અને તેની સાથે વાતો કરી હતી તો તે મૂર્ખપણું ગણાય. કેમ કે જાગૃતિમાં પણ કદી વંધ્યાનો પુત્ર હોતો નથી તો પછી સ્વપ્નના વંધ્યાપુત્રની તો વાત જ કયાંથી ? ખોટામાં ખોટું, અંધારામાં અંધારું હતું એ કહેવું જેમ મિથ્યા છે તેમ આ સર્વ વ્યવહાર નિરર્થક કરે છે, તે પ્રમાણે આત્મસાક્ષાત્કાર થયા પછી પણ સ્વપ્નમાંના વંધ્યાપુત્રવત અહંમમાદિ તમામ દૃશ્યના સંબંધમાં પણ સ્મૃતિ, વાણીનો વ્યવહાર તથા દૃષ્ટિ સત્તા એ ત્રણે નિર્વિષય થઈ જાય છે. આત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર થતાં જ આ સર્વ દૃશ્યરૂપ સાંસારિક સ્થિતિ નિર્જળ પ્રદેશમાં દેખાતા ઝાંઝવાના જળ (મૃગજળ) ની પેઠે તદ્દન ભ્રાંતિમાત્ર જ ભાસે છે. આથી આત્મસાક્ષાત્કારી મહાત્માને તત્ત્વદૃષ્ટિએ તો કશું કરવાનું પણ પ્રયોજન નથી અને નહિ કરવાનું પણ પ્રયોજન નહિ હોવાથી તે કદી કાંઈ કરતો પણ નથી અને કરાવતોએ નથી. લોકોની દૃષ્ટિએ દેહ હોય ત્યાં સુધીને માટે જે વખતે જે પ્રાપ્ત થાય તેવા યથાયોગ્ય વર્ણાશ્રમોચિત વ્યવહારમાં તે સ્થિતિ રાખીને રહેલો જોવામાં આવે છે, તેને કર્મ કરવામાં કિંવા નહિ કરવામાં પણ આગ્રહ રાખવાનું પ્રયોજન રહેતું નથી. આથી આત્મપ્રાપ્તિને માટે પ્રત્યક્ષ તો જો કે જ્ઞાન જ કારણભૂત છે પરંતુ કર્મ સિવાય ચિત્તની શુદ્ધિ થતી નથી. વ્યવહારમાં પણ જે માપો વડે વ્યવહાર કરવામાં આવે છે તે માપો શુદ્ધ છે કે નહિ તેના પ્રમાણની ખાત્રી પ્રથમ કરવી પડે છે કેમ કે જો પ્રમાણ જ શુદ્ધ ન હોય તો પછી તેવા અપ્રમાણિક માપો દ્વારા થયેલો સર્વ વ્યવહાર નિરર્થક નીવડે છે, તેમ અનેક વાસનાઓને લીધે ચિત્ત જ્યાં સુધી અજ્ઞાનરૂપી દોષથી મલિન હોય ત્યાં સુધી આત્મજ્ઞાનનો પ્રવેશ તેમાં થઈ શકતો નથી તેથી ચિત્તશુદ્ધિને માટે સર્વ કામ્ય કર્મોનો કિંવા તમામ કર્મોનાં ફળોનો ત્યાગ કરવો આવશ્યક છે. ચિત્તશુદ્ધિ થતાં જ જ્ઞાન થાય છે અને જ્ઞાન વડે મોક્ષ થાય છે એમ જાણવું, આ મુજબ શાસ્ત્રમાં પણ નિર્ણય છે.

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।

त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः सम्प्रकीर्तितः ॥ ४ ॥

ત્યાગ ત્રણ પ્રકારનો છે

ભગવાન આગળ કહે છે : હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! કર્મ ત્યજવાં કે નહિ, તે સંબંધમાં શાસ્ત્રનિર્ણય તને કહ્યો. હવે તેના ત્યાગ સંબંધમાં હું કહું છું તે સાંભળ, એટલે ત્યાગના સંબંધે પેટા ભેદો સહ વિસ્તારપૂર્વક હું તને કહું છું. તે મારા નિશ્ચયને તું સાંભળ. હે પુરુષવ્યાઘ્ર ! ત્યાગ પણ ત્રણ પ્રકારના છે એટલે પ્રથમ (અધ્યાય ૧૭)માં તને શ્રદ્ધા, આહાર, યજ્ઞ, દાન, તપ ઇત્યાદિમાં જેમ સત્ત્વાદિ ગુણો વડે ત્રણ ત્રણ ભેદો કહ્યા છે તેમ આ ત્યાગમાં પણ ત્રણ ભેદો પડે છે. તે ભેદો કહેવા પૂર્વે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મો કેમ કરવાં તે તને કહું છું.

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।

यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥

યજ્ઞ, દાન તપરૂપ કર્મો કેમ કરવાં ?

યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ તજવા યોગ્ય નથી, પરંતુ તે તો કરવા યોગ્ય છે, કેમ કે આ યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ તો મનીષિણામ્ એટલે વિવિધ પ્રકારના મતવાદીઓએ અર્થાત્ મનમાં અનેક પ્રકારની તૃષ્ણાવાળાઓએ આત્માનું અપરોક્ષજ્ઞાન થતાં સુધીને માટે પોતાનું કર્તવ્ય છે એમ સમજીને કરવાં જ જોઈએ, કારણ કે તે કરવાથી અંતે ચિત્તશુદ્ધિ થાય છે. માટે આ પાવન એટલે ચિત્તશુદ્ધિ કરનારાં યજ્ઞ, દાન અને તપરૂપ કર્મો જ્યાં સુધી મનમાં અનેક અભિલાષાઓ છે, જ્યાં સુધી એક આત્મસ્વરૂપનો નિશ્ચય દૃઢ

થયેા નથી ત્યાં સુધી વિદ્વાનેાએ પણ તે કર્મ કરવાં જ જોઈએ. પછી તે (ઇચ્છાઓ)શુભ કિંવા અશુભ હેા પણ જ્યાં સુધી દ્વૈતભાવનાનેા-લેશ પણ સિલક છે ત્યાં સુધી તે અવશ્ય કરવાં જ જોઈએ. જ્યારે આત્માનેા સાક્ષાત્કાર થાય છે ત્યારે અહંમમાદિ તમામ દ્વૈતભાવ સહ મનની તમામ ઇચ્છાઓનેા વિલય થઈ જાય છે. તે પહેલાં સારી યા માઠી કોઈને કોઈ પ્રકારની ઇચ્છાઓ તેા મનમાં હેાય છે જ, તેથી આ કર્મોનેા ત્યાગ નહિ કરતાં તે કરવાં જ જોઈએ કે જેથી ચિત્તશુદ્ધિ થઈ જ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે.

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत्।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥

યજ્ઞાદિ કર્મો સંગ અને ફલેચ્છારહિત કરવાં

હે પાર્થ! જો કે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મો તજવા યેાગ્ય નથી એમ તને ઉપર કહેવામાં આવ્યું છે, પરંતુ ખાસ ધ્યાનમાં રાખ કે આ બધા કર્મો પણ સંગ અને ફળ ત્યજીને કરવાં એ ઉત્તમ છે એવેા મારેા નિશ્ચિત મત છે. ભાવાર્થ એ કે, આત્મસાક્ષાત્કાર થતાં સુધીને માટે આ કર્મો કોઈ પણ વ્યવહાર અર્થે એટલે ફળપ્રાપ્તિની ઇચ્છા નહિ રાખતાં ફકત પેાતાનું એક કર્તવ્યકર્મ છે એમ સમજીને કરવાં જોઈએ. જેમ નાટકમાંનેા રાજા ઉપરથી વેશ ભજવીને લેાકેાનું મનરંજન કરતેા હેાવા છતાં પણ અંદરખાને હું રાજા નથી એમ પાકું જાણે છે, તેમ જ નાટકની અંદર બીજા દેશેા ઉપર ચઢાઈ કરીને તે જીતી લેવા સંબંધે આજ્ઞાઓ કરે છે છતાં અંદરખાને તેા રાજ્ય જીતાયા રૂપેા ફળ મળશે અને હું તેનેા ખરેખર રાજા થઈશ એવી ફલેચ્છા તે કદી રાખતેા નથી પણ ફકત પેાતાનું કર્તવ્ય માનીને વેશ ભજવે છે; તેમ આ યજ્ઞ, દાન અને તપરૂપ કર્મો પણ વ્યવહાર પેઠી કોઈ પણ પ્રકારની ઇચ્છા નહિ રાખતાં નિષ્કામપણે કેવળ પેાતાનું કર્તવ્ય સમજીને ઈશ્વરાર્પણ બુદ્ધિ વડે જ કરવાં, અર્થાત્ આ બધું આત્મસ્વરૂપ છે અને હું તેા કેવળ તેની આજ્ઞામાં રહેનારેા અને વેશ ભજવનારેા નટ છું. એવા પ્રકારની ભાવના વડે તે કરતાં રહેવું, તેમજ તે વડે થતાં સુખદુઃખાદિ સંબંધમાં પણ તે પેાતાનાં નથી એવેા નિશ્ચય રાખવેા. આ પ્રમાણે કર્તાપણાના અભિમાનથી રહિત અર્થાત્ સંગનેા ત્યાગ કરીને તથા વ્યાવહારિક ફળેાની ઇચ્છા વગર કેવળ પેાતાનું કર્તવ્યકર્મ છે એમ સમજીને કર્મ કરવાં એ ઉત્તમ છે, એવેા મારેા નિશ્ચિત મત છે. કેમ કે તે વડે ઉપર કહ્યા પ્રમાણે ચિત્તશુદ્ધિ થઈ ક્રમે આત્માનું પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે તથા છેવટે તે અહંમમાદિ ભાવેાનેા પણ વિલય કરીને પરેા સંન્યાસી કિંવા ત્યાગી (જીવન્મુક્ત) બની શકે છે. એમ તું નિશ્ચયપૂર્વક જાણ. હવે તને ત્યાગના ત્રણ પ્રકારેા કહું છું તે સાંભળ.

नियतस्य तु सन्न्यासः कर्मणो नोपपद्यते।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥ ७ ॥

તામસ ત્યાગ

નિયત એટલે નિયતિ નિયમાનુસાર નિશ્ચિત થયેલું; જેમ કે આંખે જોવું, કાને સાંભળવું, નાકે સૂંઘવું, પગે ચાલવું વગેરે તે તે જ્ઞાનેંદ્રિયેા અને કર્મેંદ્રિયેાનાં કર્મો નિયત એટલે નિશ્ચિત થયેલાં છે; માટે તેનેા સંન્યાસ કેવી રીતે સંભવે? કોઈ કહે કે પગ વડે ચાલવાનું કામ નિયત છે છતાં પણ હું તેા તે કામ હાથ જ કરીશ કિંવા નેત્ર જોવાનું કામ કરે છે પણ હું તેા તે કાન વડે જ કરીશ તેમ જ મેાઢાનું કામ ગુદાવડે અને ગુદાનું કામ મેાં વડે કરીશ તેા તે અશક્ય છે. જ્ઞાની હેા કે અજ્ઞાની હેા પરંતુ તેમની બાહ્ય ક્રિયાઓ તેા એક સરખી જ થાય છે. જ્ઞાની પણ અજ્ઞાનીની પેઠે મેાઢા વડે જ બેાલે છે. આમ બાહ્ય ક્રિયાઓ તેા બન્નેની

એક સરખી જ હોવાનું જણાઈ આવે છે, તરમાત્ નિયત અર્થાત્ પ્રકૃતિ(વૃક્ષાંક ૩)ના ત્રણ ગુણો વડે નિશ્ચિત થયેલાં કર્મોનો* સંન્યાસ કદાપિ સંભવતો નથી. છતાં કોઈ નિયત થયેલા નિત્યનૈમિત્તિકાદિ કર્મોનો ત્યાગ કરવાની વાત કરે તો તે જ્ઞાન નહિ પણ મોહ કહેવાય છે. જેમ પોતાને આત્મસ્વરૂપે નહિ જાણતાં હું દેહ જ છું એમ કહેવું તે મોહ કહેવાય છે તેમ આ અજ્ઞાની વ્યવહારમાં પણ નિયતિનિયમાનુસાર થયેલું નિયત કર્મ હું કરીશ અથવા આ હું નહિ કરું એમ કહેવું તે બંને કથનો જ્ઞાનયુક્ત નહિ પરંતુ મોહયુક્ત કહેવાય છે. અમુક કરવું અને અમુક નહિ કરવું એ બંને મોહવડે થયેલા વિકારો જ છે કેમ કે તે બીજે કરી રહ્યો હોય તે કાર્ય હું જ કરું છું એમ માની લેવા બરાબર છે. તેથી જેમ તેનો ત્યાગ સંભવતો નથી તેમ મનુષ્યની ઉન્નતિ અર્થે શાસ્ત્રકારોએ પોતપોતાના વર્ણાશ્રમોચિત ધર્માનુસાર ચિત્તશુદ્ધિને માટે મનુષ્યની સ્વતંત્ર બુદ્ધિનો વિચાર કરી અમુક અંશે કરવા યા નહિ કરવા એવી મર્યાદિત છૂટ મૂકી નિયત કરેલાં નિત્યનૈમિત્તિક કર્માદિનો ત્યાગ કરવો યોગ્ય નથી, છતાં કોઈ એ તેનો ત્યાગ કર્યો છે એમ કહેવા માગે તો તે ત્યાગ જ્ઞાનયુક્ત કહેવાતો નથી પરંતુ મોહયુક્ત કહેવાય છે અને તે મનુષ્યને અધોગતિમાં જ નાંખે છે, આમ મોહ વડે થનારો ત્યાગ તામસ પ્રકારની સજ્ઞાને પાત્ર છે, અર્થાત્ મોહ વડે થનારો ત્યાગ તામસ કહેવાય છે.

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।

स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥૮॥

રાજસ ત્યાગ

જે આ કર્મો કરવાથી શરીરને કલેશ થશે માટે તેનો ત્યાગ કરવો એવા પ્રકારના ભય વડે કર્મત્યાગ કરે છે, તે રાજસ ત્યાગ કહેવાય છે. તેવો ત્યાગ કરનારો ત્યાગના આત્મજ્ઞાનરૂપ સાચા ફળને કદી પણ પ્રાપ્ત કરી શકતો નથી. એટલે શરીરાદિકને કલેશ થશે એમ સમજીને કેવળ પ્રમાદ(આળસ)ને લીધે જે નિત્યનૈમિત્તિકાદિ કર્મો તથા સંયમાદિનું પાલન નહિ કરતો હોવાથી તેઓનો ત્યાગ કરે છે તેવો પ્રમાદ વડે થનારો ત્યાગ રાજસ હોવાથી તે સાચો ત્યાગ કહી શકાતો નથી. જેમ કેટલાક પોતાને વ્યવહારદૃષ્ટિએ ધનાદિકનો લાભ થવાનો સંભવ હોય તો તેની આશાએ રાતદિન પરિશ્રમ ઉઠાવે છે પરંતુ શાસ્ત્રકારોએ ઠરાવી આપેલાં પોતપોતાનાં વર્ણાશ્રમોચિત કર્મો તથા સંયમાદિ કરવાને માટે આ કર્મો કરીને કોમળ શરીરને શા માટે કષ્ટો આપવાં અથવા વ્યવહારમાં આખો દિવસ થાકી જવાય છે માટે હવે આરામ લેવો જોઈએ, એવી દૃષ્ટિ રાખીને જે શાસ્ત્ર નિયત કર્મોનો ત્યાગ કરે છે તે રાજસ પ્રકારનો ત્યાગ હોવાથી, તે ત્યાગનો જે આશય શાસ્ત્રમાં કહેવામાં આવેલો છે તેને તે કદી પણ પ્રાપ્ત થઈ શકતો નથી. એટલે કર્મોદ્વારા ચિત્તશુદ્ધિ થઈ તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ કદાપિ પણ થઈ શકતી નથી.

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ।

सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥૯॥

સાત્ત્વિક ત્યાગ

હે અર્જુન! આ કર્મ કરવા યોગ્ય છે એટલે કરવાની પોતાની ફરજ છે એમ કેવળ કર્તવ્ય બુદ્ધિ વડે કોઈપણ પ્રકારના વ્યાવહારિક ફળની અથવા બહેતર કક્ષાની પણ ઇચ્છા વગર કેવળ જે શાસ્ત્રકારોએ નિયત કરી આપેલું વર્ણાશ્રમોચિત નિત્યનૈમિત્તિકાદિક કર્મ સંગરહિત, ફક્ત નિષ્કામ ભાવના વડે જ કરવામાં આવે

* નિયતિ અથવા પ્રારબ્ધવાદ સંબંધમાં અધ્યાય ૩, શ્લોક ૫, ૨૮, ૨૯, તથા અધ્યાય ૪, શ્લોક ૮, અધ્યાય ૫ શ્લોક ૧૪, અધ્યાય ૭, ૮, ૧૧, ૧૫ વગેરે જોઈ લેવાં.

છે તે ત્યાગ સાત્ત્વિક માનેલો છે. સારાંશ એ કે, જે કર્મ નાટકમાંના નટની પેઠે સંગ અને ફળની ઇચ્છા રહિત બની, આસક્તિ છોડીને માત્ર પોતાનું કર્તવ્યકર્મ છે એમ સમજીને શાસ્ત્રમાં નિયત થયેલું એ કર્મ બરાબર દક્ષતાથી કરવામાં આવે છે તેવું કર્મ એ કર્મ કરવા છતાં પણ ત્યાગરૂપ જ કહેવાય છે. આવો ત્યાગ તે સાત્ત્વિક ત્યાગ સમજવો.

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।

त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥

ખરો ત્યાગી તો જીવન્મુક્ત જ છે

ભગવાન આગળ કહે છેઃ સૌમ્ય! આ તને સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ પ્રકારના ત્યાગનું સ્વરૂપ કહ્યું; પરંતુ જેઓની ચિત્તશુદ્ધિ થયેલી હોતી નથી તેવાઓને માટે શાસ્ત્રકારોએ પોતપોતાના વર્ણાશ્રમાદિની દૃષ્ટિએ ઉચિત એવાં નિત્યનૈમિત્તિક કર્મો નિયત કરી આપેલાં છે, કેમ કે તેનું આચરણ કરવાથી તેઓની ચિત્તશુદ્ધિ થઈ કમે આત્માના પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનનો અનુભવ તેઓ કરી શકે છે, પરંતુ પ્રથમ જે તને સૌથી ઉત્તમ પ્રકારનો સંન્યાસ અને ત્યાગ કોને કહેવો એ સંબંધે શાસ્ત્રવિવેચન સહિત કહેવામાં આવેલું છે તેવા ત્યાગ કિંવા સંન્યાસવાળા જીવન્મુક્તોની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તે કહું છું. "તત્ત્વજ્ઞાન વડે જેના તમામ સંશયો છેદાઈ ગયા છે એવો સત્ત્વસમાવિષ્ટ* બુદ્ધિમાન ત્યાગી, અકુશળ કર્મોનો દ્વેષ પણ કરતો નથી અને કુશળ કર્મોમાં પ્રીતિ પણ કરતો નથી. એટલે આ, હું, તું, તે આ, મારું તારું, તને, મને ઇત્યાદિ રૂપે ભાસનારી તમામ દૃશ્યજાળ આત્મસ્વરૂપ જ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારના નિશ્ચય વડે જે તદ્દન શંકારહિત બનેલો હોઈ જેની તમામ દ્વંદ્વોમાં એક આત્મરૂપ એવી સમભાવના થયેલી છે તેવો સત્ત્વસમાવિષ્ટ બુદ્ધિમાન જીવન્મુક્ત આ કર્મ અકલ્યાણકારી હોવાથી ત્યાજ્ય છે એમ સમજી તેનો કદી દ્વેષ પણ કરતો નથી, તેમ આ કર્મ કલ્યાણ કરનારું હોવાથી ગ્રાહ્ય છે એમ માની તેના ઉપર કદી પ્રીતિ વડે આસક્ત થતો નથી. કારણ કે તેની દૃષ્ટિએ તો તે પોતાસહ સર્વ એક આત્મસ્વરૂપ હોવાથી સારું કિંવા નરસું, ગ્રાહ્ય કિંવા ત્યાજ્ય ઇત્યાદિ ભાવનાઓ કયાંથી ઉદ્ભવે? અર્થાત્ નિત્યપ્રતિ આત્મામાં જ સ્થિત થયેલો નિઃસંશય એવો જીવન્મુક્ત એ જ ખરો ત્યાગી હોવાથી તેમાં પ્રિય અપ્રિયાદિ દ્વૈતભાવનાઓનો અંશ કદી પણ હોતો નથી. તે તો વ્યવહારદૃષ્ટિએ બહારથી જાણે કર્મ કરતો હોય એમ ભાસે છે છતાં અંતરમાં તો વાસ્તવિક રીતે કાંઈ પણ કરતો નથી. તેનાં થતાં કર્મો અજ્ઞાનીઓની દૃષ્ટિએ છે, તેની પોતાની દૃષ્ટિએ તો તે અંતઃકરણમાં તદ્દન નિષ્ક્રિય અને શાંત હોય છે. આથી ખરો ત્યાગી તો આત્મારામ એવો જીવન્મુક્ત જ છે, એમ સિદ્ધ થાય છે. ત્યાગ સંબંધમાં શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે કથન છે.

રાજ્ય, સ્ત્રી, પુત્ર, ધનાદિનો ત્યાગ ખરો ત્યાગ છે કે?

શિખિધ્વજ નામનો રાજા રાજપાટ, સ્ત્રી, પુત્ર, ધન, દોલત વગેરે સર્વનો ત્યાગ કરી જંગલમાં ઝૂંપડી બાંધીને ત્યાં વલ્કલાદિ ધારણ કરીને અને વાયુ ભક્ષણ કરીને રહ્યો હતો. આ પ્રમાણે સુમારે અઢાર વર્ષો સુધી તેણે ઘણી જ ભયંકર તપશ્ચર્યા કરી. તેની સ્ત્રી ચૂડાલા તત્ત્વજ્ઞાની હોઈ જીવન્મુક્ત હતી. તેણે રાજાને બોધ કરવાની ઇચ્છાથી બીજા રૂપમાં જઈને પૂછ્યું કે તમો કોણ છો? અને અત્રે જંગલમાં કેમ રહ્યા છો? શિખિધ્વજ રાજાએ કહ્યું કે હું રાજા હતો પરંતુ રાજ્યપાટ વગેરે સર્વનો ત્યાગ કરીને વર્ષો થયા

* જીવન્મુક્ત મહાત્માના ચિત્તને સત્ત્વ કહે છે એવો શાસ્ત્રનો નિયમ છે તેથી સત્ત્વસમાવિષ્ટ એટલે જેનું ચિત્ત કેવળ એક આત્મતત્ત્વમાં જ સ્થિર થયેલું હોવાથી તે દરેક દ્વંદ્વમાં જેની સમભાવના થયેલી છે તેવો આત્મજ્ઞ વા જીવન્મુક્ત સમજવો.

આત્મવિશ્રાંતિને માટે વાયુભક્ષણાદિ કરીને તપશ્ચર્યા કરી રહ્યો છું. રાજાનું વચન સાંભળીને તત્ત્વજ્ઞાની ચુડાલાએ કહ્યું: હે રાજન્! તમોએ હજુ કશું ત્યાગેલું જણાતું નથી. તમોએ જે રાજ્યપાટાદિનો ત્યાગ કર્યો એમ કહ્યું તે તો તમારું ક્યારે હતું? આજે જે ગાદી ઉપર બેઠો હશે તે કહેશે કે આ મારું રાજ્ય, તમારા વડીલો પણ મારું રાજ્ય એમ જ કહેતા આવ્યા, તો તે તમારું ક્યારે અને શી રીતે હતું? માટી તમોએ કાંઈ કરવો જોઈએ તેવો ત્યાગ કર્યો નથી. આ વચન સાંભળીને ચિત્તશુદ્ધ થયેલા રાજાએ પોતાની ઝૂંપડી, માળા, વલ્કલ, કમંડલુ વગેરે સર્વને બાળીને કહ્યું કે હવે તો મારો સર્વત્યાગ થયો ને? ચૂડાલાએ કહ્યું કે: ના, તગોએ હજુ જેનો ત્યાગ કરવો જોઈએ તેનો ત્યાગ તો કર્યો નથી. આથી વિચાર કરીને રાજાએ દેહનો નાશ કરવાના ઉદ્દેશથી પૂછ્યું: આ શરીરનો ત્યાગ કરવાથી તો સર્વત્યાગ સિદ્ધ થશે ને? ચૂડાલાએ કહ્યું કે: શરીરનો ત્યાગ કરવાથી કાંઈ તમારો સર્વત્યાગ સિદ્ધ થશે નહીં કેમ કે જેનો ત્યાગ કરવો જોઈએ તેનો ત્યાગ નહીં કરતાં બીજા ગમે તેનો ત્યાગ કરો તો તે સર્વ નિરર્થક છે. હે રાજા! દેહનો કે રાજ્યનો ત્યાગ કર્યાથી કે ઝૂંપડી વગેરેને બાળી નાખ્યાથી સર્વત્યાગ કદાપિ સિદ્ધ થતો નથી, પરંતુ જે અહંરૂપ સ્ફૂર્તિ વડે આ તમામ દૃશ્યાદિ ખડું થઈ જાય છે તેનો ત્યાગ એ જ ખરો સંન્યાસ અથવા ત્યાગ છે. રાજન્! સર્વને પોતાની નિયત કરેલી સત્તા વડે નિયમનમાં રાખનારું મિથ્યા ભ્રાંતિરૂપ, શુદ્ધ ચૈતન્યથી જાણે જુદું હોય તથા જડ શરીરાદિકથી પણ ભિન્ન અને જે જીવ(પ્રાણ) આદિ નામોને ધારણ કરે છે એવું આ અહમ્ (હું)રૂપ સ્ફુરણ જ ચિત્ત એવી સંજ્ઞા વડે શાસ્ત્રોમાં સંબોધેલું હોઈ સર્વરૂપ થયેલું છે તથા તેને જ સર્વપદ એવા નામે સંબોધેલું છે. સર્વ ભ્રાંતિઓનું મૂળ આ અહંરૂપ એવું ચિત્ત જ છે. પુરુષરૂપે પ્રેરણા કરનાર અને પ્રકૃતિરૂપે વ્યવહાર કરનાર પણ આ હું રૂપ ચિત્ત જ છે. તે સર્વ દૃશ્યાદિરૂપે હોવાથી તેને જ સર્વપદ વડે સંબોધેલું છે. તે જ ત્રણ ગુણોના આશ્રયે અવ્યક્ત, શિવશક્તિ, મહાપ્રાણ, મહત્તત્ત્વ અહંકાર, દેવતા, ઇંદ્રિય, તન્માત્રા અને પંચમહાભૂતો, વિષ્ણુ (ક્ષેત્રજ્ઞ), બ્રહ્મા, મન, હિરણ્યગર્ભ, બ્રહ્માંડ અને તેનો અભિમાની બ્રહ્મદેવ તથા બ્રહ્માંડ મધ્યે ભાસતા ચૌદ લોકો અનેક આકારો વિકારો વડે ભાસી રહ્યું છે. આ બધા અહંરૂપ ચિત્તની જ ક્રિયાઓને અનુકૂળ એવાં નામો છે. આમ આ અહંરૂપ ચિત્ત જ સર્વરૂપે પ્રતીતિમાં આવતું હોવાથી તેને જ સર્વ શબ્દ વડે કહેવામાં આવ્યું છે. તેનો ત્યાગ થતાં જ સર્વ આધિવ્યાધિઓનો અંત આવીને સર્વત્યાગ સિદ્ધ થાય છે.

હું રૂપ ચિત્તનો ત્યાગ તે જ ખરો ત્યાગ છે

આ અહંરૂપ ચિત્ત સ્ફુરણાનો ત્યાગ તે જ ખરો સર્વત્યાગ છે. તેનો ત્યાગ થવાથી જ આત્માનંદનો અનુભવ થાય છે. આ કારણમાંથી કાર્ય ઉત્પન્ન થયું છે એમ માનીને બેપણાની ભાવનાઓ તે દ્વૈતબુદ્ધિ તથા કાર્યોનો કારણમાં લય થાય છે એમ માનીને તેમાં એકપણાની બુદ્ધિ રાખવી તે ઐક્ય બુદ્ધિ કહેવાય છે. તે બેપણાની અને એકપણાની એમ બંને ભાવનાઓ ચિત્તનો ત્યાગ થવાથી તદ્દન વિરામ પામે છે અને કેવળ એક પરમ શાંત, સ્વચ્છ, નિર્વિકાર, બ્રહ્મતત્ત્વ જ બાકી રહે છે. હે રાજા! જેમ મારું મારું એવો ભાવ તજવા યોગ્ય છે તેમ હું એવો ભાવ પણ બીજા કોઈનો મમ ભાવ હોવાથી, તેની દૃષ્ટિએ આ 'હું'રૂપ અહંકાર પણ ત્યાગ કરવા યોગ્ય છે અને તે ત્યાગ કરવા યોગ્ય એવા 'અહમ્' ભાવને તમો ગ્રહણ કરી રાખેલો હોવાથી તમારો સર્વત્યાગ સિદ્ધ થતો નથી. સંસારના સઘળા પદાર્થોનો ત્યાગ કરવો એટલે અંતઃકરણમાં આત્મા સિવાય બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું. આમ પોતાસહ અહંમમાદિ ભાવોનો વિલય કરી નાખવો તેનું નામ જ સર્વ ત્યાગ છે. જેમ રાજ્ય, વન, મૃગચર્મ, કમંડલુ, માળા, ઝૂંપડી, કૌપીન વગેરે સર્વ વસ્તુઓનો ત્યાગ કરવાથી તમો પોતે એકલા જ બાકી રહ્યા છો એમ માનો છો તેમ આ હું અને મમાદિ ભાવોનો પોતાસહ ત્યાગ કરવાથી જે તત્ત્વ અવશેષ રહે છે તે જ પરમાત્મા છે. તે જ વિવર્તરૂપે ચરાચરમાં ભાસી રહ્યો છે. તેનાથી ભિન્ન બીજું કાંઈ છે જ નહિ. જેમ સમુદ્ર, તરંગ, ફીણ, પરપોટા ઇત્યાદિ સર્વ પાણીરૂપ હોઈ પાણીથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી તેમ

પોતાસહ હું, તું, તે, આ, મારું, તારું, તને. મને ઇત્યાદિ તમામ ભાવો આત્માથી અભિન્ન છે. આ રીતે સર્વત્યાગ એ જ આત્માનો સાક્ષાત્કાર કરાવનારું પરમ જ્ઞાન છે. માટે તમો સર્વનો ત્યાગ કરીને આકાશની જેમ અસંગ, સ્વસ્થ અને શાંત રહી નિઃશેષ એવું જે બાકી રહે તે જ તમારું પોતાનું ખરું સ્વરૂપ છે એમ સમજો. હે રાજન્! આ અહં એવો ભાવ ઉત્પન્ન થવો એ જ પરમાત્માને પ્રતિબિંબ રૂપે આશ્રય આપનારી માયા(વૃક્ષાંક ૩ જુઓ) હોઈ સઘળા દૃશ્યક્ષેત્રનું તે જ મૂળ છે. આ મૂળને ઉખાડી નાખવું જોઈએ એટલે કે, આ 'અહમ્'ભાવ(વૃક્ષાંક ૩)નો વિલય કરી નાખવો જોઈએ તો જ સર્વત્યાગ સિદ્ધ થાય છે(યોગ૦ નિ૦ પૂ૦ સર્ગ ૯૩–૯૪).

તે જ ખરો ત્યાગ કહેવાય

પૃથ્વી અને વનસમૂહોથી સુશોભિત આ જગતાદિ હું નથી, તેમ પર્વતની તળેટી, જંગલ, હલનચલનાદિ ક્રિયાઓ, પંચમહાભૂતો, ઇન્દ્રિયો તેના વિષયો, દેવતાઓ વગેરે પણ હું નથી. દેહાદિક તો લોહી માંસ, હાડકાં ઇત્યાદિ સાત ધાતુઓનો બનેલો હોઈ જડ છે તે પણ હું નથી. તેમ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, અહંકાર આ સર્વ જડ હોવાથી તે પણ હું નથી. જેમ સુવર્ણમાં કડાં, કુંડળાદિ કલ્પાયેલાં છે તેમ આ અનંત ચૈતન્યરૂપ આત્મામાં હું, તું, આ, તમે ઇત્યાદિ અનેક મિથ્યા વિકલ્પો કલ્પાયેલા છે. આ અહં મમાદિ સર્વ દૃશ્યાદિનું મૂળ તપાસો જેનાં તદ્દ। મિથ્યા હોવાથી વાસ્તવમાં ત્રિલકુલ છે જ નહિ. હું, તું, તે, આ, મારું, તારું ઇત્યાદિ તમામ ભાવો આરોપિત દૃષ્ટિએ પરમાત્માના જ વિવર્તો હોવાથી પરમાત્માથી જુદાં પાડી શકાતાં નથી. આ રીતે વિચાર અને નિશ્ચય વડે અહંકારનો સાક્ષીભાવ સહ વિલય કરવો જોઈ એ. આ મુજબ મૂળ 'અહમ્'ભાવનો ઉચ્છેદ થતાં જે અનંત, જન્મરહિત, અદૃશ્ય, શાંત, પોતાના સ્વરૂપથી કદીપણ ભ્રષ્ટ નહિ થનારું, આકાશના જેવું સર્વવ્યાપક અને તદ્દન અસંગ એવું એક બ્રહ્મ છે, તે જ અવશેષ રહે છે. તે જ પોતાનું સાચું સ્વરૂપ છે. તરમાત્ અહંમમાદિ સર્વ ભાવોનો ત્યાગ કરીને તે સ્વરૂપમાં સ્થિતિ થવી એનું નામ જ સર્વ ત્યાગ છે. આ સર્વત્યાગ સંબંધે દેવગુરુ બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને કહેલો ઉપદેશ અતિ મહત્વનો છે, તે બોધની દૃઢતાને માટે અત્રે આપવામાં આવે તો અયોગ્ય ગણાશે નહિ.

નેત્ર ઉઘાડવાસ કરતાં પણ હુંનો ત્યાગ સહેલો છે

કચે પૂછ્યું 'હે મહારાજ! ચિત્ત શું છે? તેનું સ્વરૂપ શું અને તેનો ત્યાગ શી રીતે કરવો? બૃહસ્પતિ બોલ્યા: 'અહમ' એવા ભાવને જ ચિત્ત કહે છે. 'હું' એવો જે ભાવ સ્ફુરે છે તેને ચિત્ત એવી સંજ્ઞા વડે પણ સંબોધે છે. કચે ફરી પૂછ્યું: આ 'હું' ભાવ ચિત્ત કેવી રીતે છે? વળી આ હું રૂપ ચિત્તનો ત્યાગ થવો એ બહુ દુષ્કર હોઈ કદાપિ પણ સિદ્ધ થાય એમ લાગતું નથી. તો હે યોગીઓમાં શ્રેષ્ઠ, તેત્રીશ કોટિ દેવતાઓના ગુરુ! એ ચિત્તનો ત્યાગ શી રીતે કરવો, તે કૃપા કરીને કહો. બૃહસ્પતિ કહે છે: પુષ્પને તોડવા અને નેત્રને ઉઘાડમીંચ કરવા કરતાં પણ આ અહંભાવરૂપ સ્ફૂર્તિનો ત્યાગ બહુ જ સહેલો છે. તેમાં જરા પણ કલેશ નથી. હવે તે ત્યાગ કેવી રીતે સિદ્ધ થાય તે કહું છું. જે વસ્તુ કેવળ અજ્ઞાન વડે જ ભાસતી હોય તે જ્ઞાન થતાં જ નાશ પામી જાય છે. હે પુત્ર! ખરી વસ્તુનો વિચાર કરતાં મિથ્યા થયેલા ભ્રમની નિવૃત્તિ જેમ અનાયાસે જ થઈ જાય છે તેમ વાસ્તવિક રીતે આ અહંકાર કે જે કદી છે જ નહિ તે તો સાવ મિથ્યા છતાં પણ બાળકે કલ્પી લીધેલા વેતાળની જેમ જાણે સત્ય જ હોય તેમ અજ્ઞાન વડે ભાસી રહ્યો છે. જેમ રજ્જુમાં સર્પપણું અને ઝાંઝવાંનાં જળમાં જળની બુદ્ધિ આભાસમાત્ર તદ્દન મિથ્યા જ હોય છે તેમ આ અહંભાવ(વૃક્ષાંક ૩) પણ માત્ર મિથ્યા અભાવરૂપે જ સ્ફુરે છે. તે સત્ પણ નથી અને અસત્ પણ નથી, તેમ જ સત્ અને અસત્ એમ બંને યુક્તધર્મવાળો પણ નથી; જ્યાં જ્યાં અભાવ છે તો પછી સત્ અસત્પણું ક્યાં રહ્યું? તે અનાદિ, અનંત, સર્વનું અધિષ્ઠાન, આકાશ કરતાં પણ અતિનિર્મળ, મિશ્રણ વગરનું, તદ્દન સ્વચ્છ અને શુદ્ધ, સર્વમાં અને સર્વત્ર રહેલું, સર્વને પ્રકાશ આપનારું કેવળ ચૈતન્યમાત્ર એવું એક બ્રહ્મ જ છે, અને એક એવું તે બ્રહ્મ પોતે જ સમુદ્રમાં જેમ તરંગો ફીણ

પરપોટા વગેરે જુદા જુદા પ્રતીત થતાં હોવાં છતાં પાણીથી અભિન્ન એવા એકરૂપ છે, તેમ સર્વરૂપે જોવામાં આવે છે છતાં એકરૂપ જ છે. તેમાં વળી આ અહમ્ (વૃક્ષાંક ૩) એવી સ્ફૂર્તિ ક્યાંથી અને કઈ રીતે ઉત્પન્ન થાય છે? પાણીમાં તે વળી સૂકી ધૂળના ઢગલા કઈ રીતે મળી શકે? અગ્નિમાં કયે સ્થળે જળ રહી શકે? આમ અસંભવિત હોવાને લીધે આ અહંભાવની આત્મામાં કદી ઉત્પત્તિ થવી શક્ય નહિ હોવાથી આત્મામાં આ અહંભાવની કદી ઉત્પત્તિ જ થયેલી નથી. માટે હે પુત્ર! આ દેહાદિક કે જે માતા પિતા વગેરેમાંથી ઉત્પન્ન થયેલાં છે, તે જ હું છું એવી પરિમિત(મર્યાદિત) આકારવાળી તુચ્છ તથા કાળ, દિશા વડે વૃદ્ધિ અને નાશાદિ છ વિકારોને પ્રાપ્ત થનારી ખોટી ભ્રાંતિને તું તજી દે અને કાળ દેશાદિ મર્યાદાથી જે પર છે એવું અમર્યાદિત, અનંત, સ્વચ્છ, નિત્યપ્રકાશ, સર્વવ્યાપી અજ્ઞાનની દૃષ્ટિએ સર્વ પદાર્થરૂપે ભાસતું તથા પરમાર્થદૃષ્ટિએ માત્ર અદ્વૈતરૂપ, નિર્મળ, નિઃસંગ, અજન્મા, નિર્વિકાર એવું એક ચૈતન્યઘન બ્રહ્મ જ તારું ખરું સ્વરૂપ છે. તે જ તું છે, એમ નિશ્ચયપૂર્વક સમજ. જેમ સર્વ દિશાઓ તરફ રહેલાં ફળ, પુષ્પ અને પત્ર એ સર્વના કારણરૂપ અને સારરૂપ એવો તો સદાકાળ તેમાં રહેલો રસ જ છે, તે રસની જેમ તું જ આ સર્વ દૃશ્યના કારણરૂપે અને સારરૂપે સર્વની અંદર સદાકાળ રહેલો હોઈ અત્યંત નિર્મળ અને અનંત ચિદાત્મારૂપ છે. હે કચ! તું પણ તે એક, અખંડ, અદ્વૈત અને સત્ય એવો આત્મરૂપ છે. તો પછી તેમાં આ હું એવો મર્યાદાવાળો નિશ્ચય તો વળી કેવો? અને ક્યાં હોય? તસ્માત્ આત્મસ્વરૂપ એવા પોતામાં કદી હુંની ઉત્પત્તિ જ થવા પામેલી નથી એવા પ્રકારના દૃઢ નિશ્ચય વડે મિથ્યાભ્રમને ક્ષણમાત્રમાં ઉખેડી નાખવો, તે જ ચિત્તત્યાગનો ખરો ઉપાય છે (યોગ૦ નિ૦ પૂ૦ સર્ગ૦ ૧૧૨).

સંન્યાસ કિંવા ત્યાગનો મૂળ ઉદ્દેશ સમજવાની જરૂર છે

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: હે પાર્થ! આ રીતે ચિત્તત્યાગ કરીને જીવન્મુક્ત બનેલાઓ જ ખરા ત્યાગી કહેવાય છે; તે તારા લક્ષ્યમાં સારી રીતે આવ્યું ને? આનું નામ જ સર્વોત્તમ ત્યાગ છે. સંન્યાસ ને ત્યાગ એ બંનેના ધ્યેયમાં વાસ્તવિક રીતે બિલકુલ ભેદ નથી છતાં મેં તને પ્રથમ તેનો વ્યવહારદૃષ્ટિએ પડનારો ભેદ બતાવ્યો છે. ત્યાગ કહો કે સંન્યાસ કહો પરંતુ જો તેનું અંતે આત્મપ્રાપ્તિરૂપ ફળમાં પર્યવસાન ન થાય તો તે બંને નિરર્થક જ ગણાય; તેથી મેં તને સત્ત્વ, રજ અને તમ એવા ત્યાગના ત્રણ ભેદ કહ્યા પરંતુ તે ભેદો શાસ્ત્રે નિયત કરી આપેલા નિત્યનૈમિત્તિકાદિકનો ત્યાગ કરનારાઓમાં પડે છે. આથી જ શાસ્ત્રમાં કહેલા યજ્ઞ, દાન અને તપાદિ કર્મો ચિત્તશુદ્ધિ કરનારાં હોવાથી તે પણ અવશ્ય કરવાં જ જોઈએ એમ મેં કહ્યું છે; કારણ કે તેઓ અંતિમ ફળરૂપ જે ખરો સંન્યાસ અથવા ત્યાગ કહેવાય છે તેની પ્રાપ્તિ કરી આપનારાં છે પરંતુ તેવા પ્રકારે સંન્યાસ કિંવા ત્યાગનો મૂળ સાચો ઉદ્દેશ સમજ્યા વગર જેઓ દેહાદિક બાહ્ય ક્રિયાઓનો જ ત્યાગ કરવા મથે છે તેઓના સંબંધમાં હવે કહું છું તે સાંભળ.

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।

यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥११॥

દેહાભિમાનીઓથી નિઃશેષ કર્મત્યાગ અશક્ય છે

હું દેહ છું એવો જેઓને નિશ્ચય છે એવા દેહભૃત અર્થાત્ દેહાભિમાનીઓને માટે તદ્દન શેષ નહિ રહે એવી રીતે કર્મોનો ત્યાગ થવો શક્ય જ નથી. માટે જે કર્મફળનો ત્યાગી હોય તે જ ખરો ત્યાગી કહેવાય છે. સારાંશ એ કે, હું દેહ છું એવા નિશ્ચયવાળા હોય તેઓ જો એમ કહે કે હું નિયતિએ નિર્માણ કરેલા જ્ઞાનેન્દ્રિય કિંવા કર્મેન્દ્રિય વડે થતાં તમામ કર્મોનો ત્યાગ કરું છું તો તે કદી પણ શક્ય જ નથી. હાથ કદી પગનું કાર્ય કરી શકે નહિ, તેમ આંખોનું કાર્ય કાન અને કાનોનું કાર્ય આંખો કરી શકે નહિ, વળી કોઈ કહેશે કે હું કર્મેન્દ્રિયનો વ્યાપાર નહિ કરું અને સમાધિમાં જ બેસી રહું અથવા સુષુપ્તિમાં જ પડી

રહું તો આમ સમાધિમાં બેસવું કિંવા ઊંઘ લેવી એ પણ એક પ્રકારની ક્રિયા થઈ કે નહિ ? વાસ્તવિક રીતે તો કર્મેન્દ્રિયો વડે કોઇને કોઈ ક્રિયા વગર દેહધારી જ પીને કદી બેસી શકતો નથી પછી તે ક્રિયા ગમે તે પ્રકારની હોય. કોઈ હાથ ઊંચા કરવાની ક્રિયા કરશે તો કોઈ નીચે પડી રહેવાની કિંવા કોઈ બીજા કોઈ પ્રકારે ક્રિયા કરશે પરંતુ તે સર્વ ક્રિયાઓ જ ગણાય, ખરું ને? તે જ પ્રમાણે બીજી કર્મેન્દ્રિયો સંબંધે પણ સમજવું, આમ હોવા છતાં કોઈ કહે કે હું તો કર્મેન્દ્રિયની તમામ ક્રિયાઓનો ત્યાગ કરું છું, તો પણ તે માનસિક સંકલ્પવિકલ્પો કરી માનસિક ક્રિયાઓ તો કર્યા જ કરે છે, આ રીતે જ્યાં સુધી શરીર હોય ત્યાં સુધીને માટે કોઈ ને કોઈ પ્રકારની ક્રિયાઓ થતી જ રહે છે. હાથની ક્રિયા બંધ હોય તો પગની અને પગની બંધ હોય તો કાનની અથવા છેવટે મનના સંકલ્પવિકલ્પો તો ચાલુ જ હોય છે કિંવા સુષુપ્તિમાં એટલે કાષ્ઠપાષણાદિ જેવી જડ અવસ્થામાં પણ પડી રહેવા રૂપ કિંવા બતર કોઈ પ્રકારની ક્રિયાઓ તો ચાલુ હોય છે. આવી ક્રિયાઓનો તદ્દન અવશેષ સુદ્ધાં ન રહે એટલે બિલકુલ ક્રિયાઓથી રહિત બને એ તો દેહાભિમાનના નિશ્ચયવાળાને દેહ હોય ત્યાં સુધીને માટે કદી પણ શક્ય જ નથી, પછી તે સ્થૂળદેહ હો, સૂક્ષ્મ (લિંગ)દેહ હો યા કારણ દેહ હો. આ ત્રણે દેહમાં કોઇને કોઈ પ્રકારની ક્રિયાઓ તો થતી જ રહે છે. સ્થૂળ દેહમાં કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયની ક્રિયાઓ થતી જોવામાં આવે છે, સૂક્ષ્મદેહમાં મનની ક્રિયાઓ થતી રહે છે અને કારણ દેહમાં તો જડતારૂપ એટલે હું કાંઈ જાણતો નથી એવી ક્રિયા થતી રહે છે. તાત્પર્ય એ કે, "હું" અમુક જાણું છું એમ કહેવું એ જેમ એક પ્રકારની ભાવાત્મક ક્રિયા છે તેમ "હું" કાંઈ જાણતો નથી એવા પ્રકારની અવસ્થા એ પણ એક ભાવાત્મક ક્રિયા જ છે. આ ક્રિયાઓની સમરયા વાસનાવશાત્ દેહ ધારણ કરનારા જીવાત્માને લાગુ પડે છે એટલે આ ક્રિયાઓ દેહ કરે છે એમ નહિ પરંતુ અનેક વાસનાઓવશાત્ દેહ ધારણ કરનારો જીવાત્મા કરે છે. તેથી ક્રિયા કરવાનો આરોપ જીવાત્મા ઉપર કરવામાં આવે છે, આથી જ્યાં સુધી હું દેહ છું એવો તેનો નિશ્ચય હોય ત્યાં સુધીને માટે તો દેહાભિમાનીઓથી ક્રિયાઓનો ત્યાગ કદી પણ સંભવતો નથી. આ સંબંધે ઉપર પણ સંક્ષેપમાં વિવેચન આપેલું છે તેમજ પ્રથમ પણ વખતોવખત જણાવેલું છે (જુઓ અધ્યાય ૩ શ્લોક ૩) બાહ્ય ક્રિયાઓની દૃષ્ટિએ જો વિચાર કરવામાં આવે તો જ્ઞાનીઓની અને અજ્ઞાનીઓની ક્રિયાઓ દેખવામાં તો એક સરખી જ હોય છે. જેમ જ્ઞાનીઓ પણ નેત્ર વડે જોવાનું કામ કરે છે ત્યારે અજ્ઞાનીઓ પણ જોવા માટે નેત્રનો જ ઉપયોગ કરે છે. આ રીતે મોં વડે બોલવું, પગ વડે ચાલવું વગેરે વ્યવહારો જ્ઞાની અને અજ્ઞાનીઓમાં એક સરખા હોવાનું નજરે પડે છે, પરંતુ વાસ્તવિક જ્ઞાનીઓનો નિશ્ચય આત્મરૂપ હોવાને લીધે તેમની તમામ ક્રિયાઓ પણ આત્મરૂપ જ હોય છે, તેમની ક્રિયાઓ કર્મબંધનરૂપ કહી શકાતી નથી, પરંતુ જેઓને હું દેહ છું એવો નિશ્ચય હોય તેમની થતી ક્રિયાઓ જ કર્મરૂપ કહેવાય છે. તેથી જ્ઞાનીના ચિત્તને સત્ત્વ કહે છે અને તેમની સર્વ ક્રિયાઓને સત્તાસામાન્ય કહે છે તેમની થતી બધી ક્રિયાઓ અક્રિયારૂપ છે. આ ન્યાયે જ અજ્ઞાનીઓને માટે કેવળ બાહ્ય ત્યાગને સાચો ત્યાગ નહિ પરંતુ કર્મફળ ત્યાગને જ સાચો ત્યાગ કહેલો છે. આ સંબંધે શાસ્ત્રનો નિર્ણય કહું છું.

દેહ હોય ત્યાં સુધી પ્રારબ્ધ ઓળંગી શકાય નહિ

જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી સમાન ચિત્ત રાખીને, નિર્વિકાર અવસ્થામાં રહી આત્મસાક્ષાત્કાર થયેલા જે જ્ઞાનીઓ વ્યવહાર કરે છે તેઓનું બહુમાનસ એવું નામ છે. જેઓ તત્ત્વને નહિ જાણવાથી જ અજ્ઞાનને લીધે સ્વભાવ વડે જ નિયત કરાયેલી દેહની અવસ્થાઓથી ભયભીત બનીને જ્ઞેયને સમજ્યા સિવાય અજ્ઞાનને લીધે બાહ્ય કર્મત્યાગ કરવાનો પ્રયત્ન કરે છે તેઓને સાચા કર્મત્યાગનું ફળ મળતું નથી, જ્યાં સુધી તલ હોય ત્યાં સુધી તેમાં તેલ હોય છે જ તેમ જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી તેનાં નિયતિનિયમાનુસાર પ્રારબ્ધવશાત્ નિયત થયેલા કર્મેન્દ્રિયના બાહ્ય વ્યવહારો ચાલુ જ હોય છે. હું તે ક્રિયાઓ નથી કરતો એમ જો કોઈ કહેવા માગે તો તે તલવાર વડે આકાશને છેદવાનો પ્રયત્ન કરે છે, એમ સમજવું. સર્વ

આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારના યોગ વડે ચિત્તની સમાનતા રાખી કરવું અને નહિ કરવું એ બંને બાજુતોનો દુરાગ્રહ છોડી દઈ, આત્માના અપરોક્ષ અનુભવથી સિદ્ધ એવી નિર્વિકાર દશાથી નાટકમાંના નટની જેમ અનાયાસે યથાયોગ્ય સમયે જે જે વ્યવહાર પ્રાપ્ત થાય તે અસંગ રીતે અહમ્ ભાવ વગર યંત્રવત્ પૂર્વપ્રારબ્ધાનુસાર કર્યા કરવા, તેવા વ્યવહાર વડે સુખ કિંવા દુઃખ ગમે તે થાય તેનો પણ વિચાર છોડી પોતે અંતરમાં તો સમાન જ રહેવું. આ રીતે શાંતચિત્ત રહેવું એ જ ખરો ત્યાગ છે. બાકી કર્મેંદ્રિયો તરફ ચિત્તની સ્થિતિ રાખી તેને હઠ વડે રોકવાનો પ્રયત્ન કરવો એટલે મનમાં અનેક વિષયોનું ચિંતન કરવું અને ઉપરથી ઇંદ્રિયત્યાગને માટે હઠ કરવી એ દેહ દશા સંબંધી દુઃખોના ત્યાગનો સાચો ઉપાય નથી. જ્ઞાની પુરુષે પણ પોતાનો દેહ રહે ત્યાં સુધીને માટે અંતરમાં આત્માકાર વૃત્તિ રાખી ઉપરથી કેવળ કર્મેંદ્રિય વડે સદાચારને અનુસાર વ્યવહાર કરતા રહેવું પરંતુ મન વગેરે ઇન્દ્રિયોથી હર્ષશોક વડે વિકારવાળા કદાપિ થવું નહિ. બ્રહ્માથી માંડી સર્વ જીવન્મુક્ત પુરુષોએ પણ નિયતિનિયમાનુસાર દેહ સંબંધી પ્રારબ્ધથી પ્રાપ્તવ્યવહાર કર્યા કરવો, એવો જ દૈવ એટલે પ્રારબ્ધ કિંવા નિયતિનો નિશ્ચય છે. અજ્ઞાની જીવો અને જ્ઞાની મહાત્માઓ ઇત્યાદિ જે જે કાંઈ આ દૃશ્યાદિ (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ)રૂપે રહેલું જોવામાં આવે છે તે સર્વ જેમ નદીનું જળ સમુદ્ર તરફ જાય છે તેમ દૈવ તરફ જ જાય છે. તાત્પર્ય કે, મિથ્યા ભ્રમ વડે ભાસતી તમામ દૃશ્યજાળ(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ દૈવને અધીન છે(પ્રારબ્ધને માટે અધ્યાય ૩-૪-૫-૧૧-૧૫ ઇત્યાદિ જુઓ.) જ્ઞાની પુરુષોનો વ્યવહાર અંતઃકરણમાં સમાન અને નિર્વિકાર અવસ્થામાં યંત્રની મદદ અનાયાસે જ થતો રહે છે. આમ દેહ હોય ત્યાં સુધી તેમનો વ્યવહાર પ્રારબ્ધવશાત્ ચાલુ હોય છે. ભેદ એટલો જ કે અજ્ઞાની પુરુષો પ્રારબ્ધ પ્રમાણે દશા આવી પડતાં હૃદયમાં ખેદને પામે છે તેથી તેમને જે સુખદુઃખ આવી પડે તેમાં તે આકુળવ્યાકુળ બની જાય છે અને અનેક પ્રકારનાં જન્મમરણાદિ દુઃખો જેમાં રહેલાં છે એવા હજારો દેહો ધારણ કરવામાં કારણભૂત એવા કર્મોને જ તેઓ કર્યા કરે છે, તેથી તેમનું પ્રારબ્ધ પણ વાસનાવશાત્ વખતોવખત બદલાયા કરે છે. હે ઋર ! અમુક પ્રાણીએ અમુક જન્મમાં અમુક પ્રકારે સુખમાં રહેવું અને અમુક પ્રકારે દુઃખમાં રહેવું એવું જે કાંઈ જીવોએ વાસનાવશાત્ અને પોતાના કર્મો અનુસાર, પોતપોતાના લલાટ એટલે પ્રારબ્ધમાં લખેલું છે, તે નિર્માણ થયેલા પૂર્વપ્રારબ્ધવશાત્ જ તેને વ્યવહાર કરવો પડે છે એટલે જ્ઞાની હો યા અજ્ઞાની હો પરંતુ દેહ હોય ત્યાં સુધીને માટે નિયતિ કિંવા પ્રારબ્ધ કદી પણ ઓળંગી શકાતું નથી. જ્ઞાનીઓને માટેનું આ વિવેચન વ્યવહારદૃષ્ટિએ સમજાવવા પૂરતું જ કહેવામાં આવેલું છે.

કર્મનું બીજ અને કર્મફળ કોને કહેવું

હે બુદ્ધિશાળી ! કર્મનું મુખ્ય બીજ ચિદાભાસવડે કહેવાતું જીવચૈતન્ય જ છે. જીવપણું હોય તો જ આ મોટી શાખાઓ તથા ફળફૂલવાળું મમાદિ ભાવો વડે પ્રતીત થનારું સંસારવૃક્ષ ઊગી નીકળે છે. આ જીવચૈતન્ય એટલે મહાપ્રાણ(વૃક્ષાંક ૬) અહંકારાદિમાં મળી જઈ તેમાં આત્મરૂપતા એટલે પોતાપણું માની લે છે અને નિઃસંગ આત્મામાં અનાદિ અવિદ્યા રૂપ ભ્રમવડે રહુરેલા મિથ્યા હુંરૂપ રહુરણુ(વૃક્ષાંક ૩)ને લીધે નિયત થયેલી ઈશ્વર(વૃક્ષાંક ૨)ની કાળરૂપ ભક્ષણશક્તિ વડે આ માયાના સત્ત્વ, રજ, તમ આદિ ગુણોમાં અવિદ્યાના સંસ્કારથી ઊઠેલાં 'હું'રૂપ રહુરણુ તથા હું કર્તા અને આ અમુક છે, હું અમુકરૂપ છું, હું અમુક કરું છું, ઇત્યાદિ નામરૂપવાળી ભાવનાઓ વડે જો તે જીવાત્મા બંધાઈ જાય તો તે કર્મના બીજરૂપ થાય છે એટલે જો તે 'હું અને મારું' એવા ભાવ વડે બંધાઈ જાય તો તે ભાવો જ કર્મના બીજરૂપ કહેવાય તથા તે વડે મિથ્યા માયાના ચક્કરમાં ફસાઈ વાસનાવશાત્ વિરાટ, સમષ્ટિ અને વ્યષ્ટિ ઇત્યાદિ અનંતરૂપે બને છે. આ સર્વ દૃશ્યજાળ જીવાત્માના તેવા તેવા પ્રકારના ભ્રમનું જ દ્યોતક છે, પરંતુ જો તે પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખી લે એટલે હું આત્મા છે અને તેમાં હું કિંવા મારું ઇત્યાદિ ભાવો તો કાંઈ છે જ નહીં એવા મૂળ સ્વરૂપને ઓળખી લે તો પછી તે પરમપદરૂપ જ બની જાય છે. આમ હું એવો અહંકાર ધારણ કરવાથી તે ચિદાભાસ (જીવાત્મા) રૂપ બને છે તથા 'હું' નો વિલય કરી સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે છે ત્યારે તે ચિદાકાશ

એટલે બ્રહ્મ કિંવા આત્મરૂપ બને છે. વાસ્તવિક રીતે અહંભાવ ધારણ કરનારો હું પોતે ચૈતન્ય વા આત્મરૂપ હોવા છતાં પણ 'હું' કર્તા છું અને મારાં અમુક નામરૂપો છે, એવી હું, તું, તે, આ, મારી, તારી ઇત્યાદિ ભાવનાઓ કરી લે છે અને વાસનાવશાત્ તે તે ભાવનારૂપ જ બની જાય છે અને જો તેમ ન થાય તો પોતે પરમપદમાં જ સ્થિર રહે છે; માટે પ્રથમ 'અહમ્' ભાવને ધારણ કરી પછી દેહાદિકના આકારે આત્મબુદ્ધિ થવી અર્થાત્ હું દેહ જ છું એમ માનવું તે જ કર્મનું કારણ છે. આવી ભાવના એ જ મુખ્ય કર્મના ફળરૂપ છે. સારાંશ એ કે 'હું' એમ માનવું તે જ કર્મના બીજ રૂપ હોઈ 'હું' દેહ છું, હું કર્તા છું, અમુક મારું છે, ઇત્યાદિ રીતે જે માનવું તેનું નામ જ કર્મફળ છે, એવો શાસ્ત્ર નિર્ણય છે માટે કર્મફળનો ત્યાગ કરવો એટલે 'હું' અને 'મારું' ઇત્યાદિ તમામનો ત્યાગ કરવો. આનું નામ જ મુખ્ય કર્મફળત્યાગ છે. આમ કર્મનું બીજ અને કર્મફળ કોને કહેવું તેની શાસ્ત્રમાં કહેલી વ્યાખ્યાઓ તને કહી. તરમાત્ તું હવે હું ભાવનો મૂળમાંથી જ ઉચ્છેદ કરીને પરમપદમાં સ્થિત થઈ જા. બાકી અહંમમાદિ સિલક રાખીને કોઈ કહે કે હું કેવળ બાહ્ય એવા કર્મેન્દ્રિયોનાં કર્મનો જ ત્યાગ કરું છું, તો તે ત્યાગ સાચો નથી. કારણ કે જો બીજનો જ નાશ થયો ના હોય તો ફક્ત ઉપરની શાખા વગેરેના નાશથી શું વળવાનું છે ? એટલા માટે કેવળ કર્મના ત્યાગ કરતાં કર્મફળત્યાગની મહત્તા વિશેષ છે, એમ હું તને કહી રહ્યો છું.

જીવાત્માને ભયભીત થવાનું કારણ

હે પ્રિય ! આ મિથ્યા એવા સૂક્ષ્મ ચિદાભાસરૂપ મૂળ બીજમાંથી થનારા કર્મની દેહાદિ ઉપાધિ જ્યાં સુધી રહે ત્યાં સુધી ત્યાગ પણ શો અને તેનું અનુષ્ઠાન એટલે પ્રકૃત્ય કરવું એ પણ શું ? મિથ્યા વસ્તુનો તો વળી ત્યાગ અથવા અત્યાગ પણ શું? આ મિથ્યા ચિદાભાસરૂપ જીવ ચૈતન્ય(જીવાત્મા) બહાર અને અંદર વાસનાવશાત્ જેવી જેવા રીતે સ્ફુરે છે તેવી રીતે તે પોતે જ ક્ષણમાત્રમાં બની જાય છે. આ બધું દૃશ્યજાળ જે જોવામાં આવે છે તે બધું આ પ્રમાણેનું જ છે. આમ તે વાસના કિંવા સ્ફુરણવશાત્ અસત્યને આકારે દેખાય કે સત્યરૂપે દેખાય પરંતુ તે ભય પેદા કરી દે છે અને તે જો સ્ફુરણાથી રહિત થઈ રહે તો ભ્રાંતિથી મુક્ત બની જાય છે, પછી સ્ફુરણરૂપ થયેલો આ ભ્રમ સાચો હો કે ખોટો હો તેનું કાંઈ પ્રયોજન રહેતું જ નથી. જેમ દોરી ઉપર ભ્રમવડે સર્પની ભ્રાંતિ થાય છે ત્યારે તે ભયભીત બનાવી દે છે પરંતુ જ્યારે તે ભ્રાંતિરૂપ સ્ફુરણ નષ્ટ થાય છે ત્યારે પાછલો ભ્રમ ગમે તેવો હોય છતાં તે નિર્ભય અને શાંત બની જાય છે કિંવા જાગ્રત થતાંની સાથે જ સ્વપ્ન ખરું હો કે ખોટું હો તેનું પ્રયોજન રહેતું નથી તેમ વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ હોવા છતાં પણ જ્યારે તે ચિદાભાસરૂપે અહંમમાદિ સ્ફુરણવાળો થાય છે ત્યારે તે આ મુજબ અનેક ચિત્રવિચિત્ર દૃશ્યના આકારે બની અનેક જન્મમરણાદિના ચક્કરમાં પડીને ભયભીત બની જાય છે, પરંતુ જ્યારે તે અહમ્ એવી સ્ફુરણાથી રહિત બને છે ત્યારે જ આ ભ્રમ સાચો હતો, ખોટો હતો કિંવા તે હશે અને હતો એવી કલ્પના કરવાનું પણ તેને કાંઈ પ્રયોજન રહેતું નથી. કારણ તે તદ્દન નિર્વિકાર, નિર્વિકલ્પ, શાંત, એકરસરૂપ બનેલો હોઈ તેમાં ભીન્નપણાનો ભાવ ક્યાં રહે? અને તેની કલ્પના કરવાવાળો પણ જુદો ક્યાં રહે? પ્રકાશને અંધારું કેવું હશે, ક્યાં હશે, મને (પ્રકાશ)ને જોતાં જ તે ભાગી જાય છે ઇત્યાદિ કલ્પનાઓ હોય છે ખરી કે? તેમ જ આ ચિદાભાસરૂપ જીવાત્માનું પણ સમજો, તાત્પર્ય કે, આ તમામ દૃશ્યભ્રમ નષ્ટ કરવાને માટે હુંભાવનો વિલય કર્યા સિવાય બીજા કોઈ પણ પ્રકારે શાંતિ કિંવા અભય સ્થિતિ પ્રાપ્ત થતી નથી; આનું નામ જ અપરોક્ષાનુભવ કિંવા સાક્ષાત્કાર છે. આવા આત્માનું જે શરીર અને તે વડે થતું જે કર્મ જોવામાં આવે છે તે ઇતરોની દૃષ્ટિએ જ હોય છે, પરંતુ તેની પોતાની દૃષ્ટિએ નથી. આ મુજબ જ્યાં સુધી આત્માનો અનુભવ થતો નથી ત્યાં સુધી એ ચિદાભાસરૂપ જીવચૈતન્ય જ પોતે પોતામાં ભ્રાંતિ વડે ઉત્પન્ન થયેલા વાસના, ઇચ્છા, મન, કર્મ અને સંકલ્પ ઇત્યાદિ નામરૂપના વિસ્તારને પામે છે. વળી જ્ઞાની પણ બીજાની દૃષ્ટિએ શરીર હોય ત્યાં સુધી દેહપ્રારબ્ધવશાત્ કર્મો કરતો હોય એવો ભાસે છે, બાકી આત્મદૃષ્ટિએ તો જ્યાં ચિદાભાસ જ નથી તો પછી તેના આધારે રહેનારાં કર્મ અને શરીર વગેરેની વાત જ ક્યાં રહી? પરંતુ અજ્ઞાનદૃષ્ટિએ તો તેવું હોય એમ ભાસે છે.

સમૂળગો ત્યાગ કેમ શક્ય નથી ?

હે મહાબાહો ! ઉપર કહેલા પ્રમાણે અજ્ઞાનદૃષ્ટિનો આશ્રય લઈ વિચાર કરતાં જણાશે કે, મનુષ્ય ભલે જ્ઞાની હો અથવા અજ્ઞાની હો, પરંતુ જ્યાં સુધી જ્ઞાનીનો દેહ રહે ત્યાં સુધી અને અજ્ઞાનીને તો આત્મસાક્ષાત્કાર થતાં સુધી, ચિત્તરૂપ ઉપાધિ કે જેમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડી ચિદાભાસ (જીવાત્મા) અજ્ઞાનીની પેઠે આ દેહરૂપી ઘરમાં રહે ત્યાં સુધી એટલે વિદેહમુક્ત થતાં સુધી ક્રિયાઓનો ત્યાગ શક્ય નથી. જીવંત પુરુષમાં ક્રિયાઓનો ત્યાગ શી રીતે થઈ શકે? બાકી પ્રારબ્ધવશાત્ આવી પડેલો વ્યવહાર કર્યા છતાં પણ અંતઃકરણમાં "હું અસંગ, અદ્વિતીય, કૂટસ્થ, ચિદ્રૂપ તથા અકર્તા છે,' એવા દૃઢ નિશ્ચય વડે કેવળ નિષ્ક્રિય એવા એક આત્મામાં જ સ્થિતિ રાખી રહેવું જોઈએ. નામ અને રૂપાદિની ભાવના જ મનમાં કદી નહિ થવા દેતાં આ કર્મ છે, આ અકર્મ છે ઇત્યાદિ વિકલ્પોનો પણ ત્યાગ કરી દેવામાં આવે તો કર્મત્યાગ કે ચિત્તત્યાગ પોતાની મેળે જ થઈ જાય છે. બાકી અજ્ઞાનીઓની સ્થૂલ દૃષ્ટિએ તો કર્મનો ત્યાગ કદાપિ સંભવતો જ નથી. છતાં શાસ્ત્રમાં ચિત્તશુદ્ધિને માટે નિત્યનૈમિત્તિક કર્મોની શાસ્ત્રકારોએ ઠરાવી આપેલી નિયમિત રીતનો જે ત્યાગ કરે છે તે તો એક દાંભિકતા જ કહેવાય છે. તેણે ખરો ત્યાગ કર્યો જ નથી એમ સમજવું. કર્મોનો ત્યાગ અસંભવિત છે એમ માનનારા અજ્ઞાનીઓની સ્થૂળદૃષ્ટિએ જ્ઞાનીનાં થતાં કર્મો જોવામાં આવે છે છતાં તેઓ અમુક પ્રકારે કરવાં અથવા અમુક પ્રકારે નહિ કરવાં ઇત્યાદિ સંકલ્પવિકલ્પ વગરનાં હોવાથી જેમ કુંભારના ચાકને આપેલો વેગ બંધ થતાં સુધી તે ફરતું જ રહે છે કિંવા અગ્નિમાં લાકડાં નહિ મળતાં તે ધીરે ધીરે શાંત બની જાય છે તેમ પૂર્વસંસ્કારવશાત્ વિદેહમુક્ત થતાં સુધી જીવન્મુક્ત જ્ઞાનીનો જે દેહ અજ્ઞાનીઓની દૃષ્ટિએ જોવામાં આવે છે તેનાં થતાં કર્મો આસક્તિ અગર સ્વાભાવિક રીતે જ થતાં રહે છે તેથી વાસ્તવિક રીતે તે પોતે તો તદ્દન નિષ્ક્રિય હોય છે કારણ કે પરોક્ષજ્ઞાન વડે, આ જે કાંઈ હું, તું, તે, આ, ઇત્યાદિરૂપે દૃશ્યની ભ્રાંતિ દેખાય છે, તે સર્વનું તત્ત્વજ્ઞાન વડે અનુભવસિદ્ધ મિથ્યાપણું સમજતાં જ સર્વ દૃશ્યનો બાધ થઈ જાય છે અને જગત આદિનો તદ્દન અભાવ છે એમ અનુભવમાં આવે છે. આ મુજબ અપરોક્ષાનુભવ થઈ સર્વ દૃશ્યાદિનો બાધ થઈ જવો તે જ આ મિથ્યા જગતાદિનો તેમાં રહેલા ચિત્તનો અને કર્મનો અને તેના ફળનો ખરો ત્યાગ છે. કેમ કે તેની સ્થિતિ પ્રાપ્ત થતાં જ આત્માનું અસંગપણું પૂર્ણપણે અનુભવવામાં આવે છે અને તેથી સ્વાભાવિક રીતે અનાયાસે જ શાંતિ પ્રાપ્ત થાય છે. માટે અહંભાવનો મૂળમાંથી ઉચ્છેદ કરવો તે જ ખરો ત્યાગ કિંવા સંન્યાસ છે એવો શાસ્ત્રનો પણ સિદ્ધાંત છે.

કર્મમાર્ગનો ઉપદેશ ત્યાજ્ય કેમ ?

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે : હે ધનંજય! ત્યાગ અથવા સંન્યાસ કોને કહે છે તે તારા લક્ષમાં સારી રીતે આવ્યું ને? સંક્ષેપમાં એટલું જ સમજ કે અહંભાવનો તેના સાક્ષી સહિત વિલય કરી નાંખવો, અંતઃકરણમાં હું એવા ભાવની ઉત્પત્તિ જ થવા દેવી નહિ, તે જ ખરો કર્મસંન્યાસ અથવા ત્યાગ કહેવાય અને અંતઃકરણમાં જો હું, તું, તે, આ, મારું, તારું, ઇત્યાદિ ભાવોની ઉત્પત્તિ થાય તો તુરત જ તે આત્મરૂપ છે એવા પ્રકારની આત્મભાવરૂપ પ્રતિવૃત્તિ વડે તેને દાબી દેવી તેનું નામ જ કર્મફળત્યાગ છે, પણ એટલું ખાસ ધ્યાનમાં રાખ કે તારા જેવા વિવેકી અને શ્રેષ્ઠ અધિકારીઓ જ આવા પ્રકારના કર્મસંન્યાસ કિંવા કર્મત્યાગ અથવા કર્મફળત્યાગની સાચી વ્યાખ્યા સમજીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે, પરંતુ બહારથી પોતાને મોટા બુદ્ધિશાળી સમજનારા પણ સંપૂર્ણતઃ અહંકારમાં ફસાયેલા હોય છે, તેઓનું મન સ્વાભાવિક રીતે જ વિષયોપભોગમાં આસક્ત બનેલું હોય છે, એવા કેટલાક અજ્ઞાની અને મૂઢ લોકો શાસ્ત્રમાં કહેલા આ ખરા કર્મત્યાગનું રહસ્ય નહિ સમજતાં પોતે પોતાની અંદરખાને રહેલી વિષયવાસના તૃપ્ત કરવાના ઉદ્દેશથી અને પશુવૃત્તિને સંતોષવાને માટે જ તેનો મનમાન્યો અર્થ કરે છે અને તેને જ કર્મ માની બેસે છે તથા તેવા કર્મમાર્ગનો ઉપદેશ જ ખરો ધર્મ છે એમ સમજે છે. તેવા બહારથી લોકોમાં

પોતાને બુદ્ધિમાન ગણાવી અને ખુશામતપ્રિય લોકો પાસે વાહ વાહ કહેવરાવી પોતાને બધા મોટો બુદ્ધિશાળી સમજે છે એવું માની બેઠેલા, અંદરખાને અનેકવિધ વિષયોની લાલચમાં ફસાયેલા એવા આ અવિવેકી મૂઢોના મન ઉપર ૩૯ થયેલી કર્મમાર્ગની આ ભૂલભરેલી કલ્પના દૂર થવાનું અશક્ય બન્યું છે આ રીતે કર્મમાર્ગને નામે જગતમાં જ્યાં ત્યાં ઢોંગનું સામ્રાજ્ય પ્રસરેલું હોઈ તેનો દુરુપયોગ થતો રહ્યો છે, આટલા માટે આ કર્મમાર્ગનો ઉપદેશ ત્યાજ્ય છે. આવા મૂર્ખાઓ પોતે તો વિનાશમાં પડે છે પરંતુ સાથે સાથે જગતને અવગતિને પંથે ઘસડી જઈ તેનો પણ વિનાશ કરી રહ્યા છે. આ તેઓને હાથે મહાન અપરાધ થઈ રહ્યો છે. લોકોમાં જ્ઞાની ગણાતા પરંતુ અંદરખાને વિષયની આસક્તિવાળા એવા આ મૂઢોને તેની કલ્પના પણ હોતી નથી. તેવાઓ આ ઉચ્ચ કોટીના ત્યાગની વ્યાખ્યા સમજવા અસમર્થ હોવાથી તેમને આત્મજ્ઞાન થતાં સુધીને માટે ચિત્તશુદ્ધિ થવા અર્થે મેં પ્રથમ શાસ્ત્રમાં પ્રમાણ મનાયેલાં યજ્ઞ, દાન અને તપાદિ કર્મો નિષ્કામ રીતે કરવા કહેલું છે (અધ્યાય ૧૮ શ્લોક ૪, ૫ જુઓ). વળી તેવા નરપશુઓને માટે સંયમની પણ ઘણી જરૂર હોવાથી બાહ્ય ત્યાગની પણ આવશ્યકતા હોય છે છતાં જો તેઓ શાસ્ત્રમાં નિયત થયેલાં નિત્યનૈમિત્તિકાદિ કર્મોનો ત્યાગ કરે અને મનસ્વી કર્મો તથા તેના ત્યાગને સાચો માની તેને જ કર્મયોગ વા કર્મત્યાગ સમજે તો તેઓને સત્ત્વ, રજ અને તમ એમ ઉપર કહેલી ત્યાગની ત્રણ કોટી પૈકીના જ સમજવા. ઉદ્દેશ એ કે, જ્યાં સુધી ચિત્તશુદ્ધિ થઈ આત્મા અનાત્માનો વિવેક જાગૃત થતો નથી, ત્યાં સુધીને માટે તો બાહ્ય ત્યાગની જરૂર હોઈ શાસ્ત્રમાં કહેવા પ્રમાણે નિત્યનૈમિત્તિક કર્મો કરવાથી ખરો ત્યાગ ધીરે ધીરે સાધ્ય થાય છે. આ રીતે ધીરે ધીરે ત્યાગ કરનારો અત્યાગી એટલે ખરો ત્યાગ નહિ સમજનારો કર્મસંન્યાસી કહેવાય તથા અહંનો ત્યાગ કરનારાઓ જ સંન્યાસી એટલે શ્રેષ્ઠ સંન્યાસી કહેવાય છે.

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।

भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ॥१२॥

૫૬, અનિષ્ટ અને મિશ્ર કર્મફળો કોને ભોગવવાં પડે છે?

હે પાર્થ! તને જે ઉપર શાસ્ત્રમાં નિયત થયેલાં કર્મ કરી કર્મે સાચા ત્યાગનું રહસ્ય સમજનારા અત્યાગીઓ કિંવા કર્મસંન્યાસી અને શાસ્ત્રનિયત કર્મો નહિ કરતાં મનસ્વી રીતે કર્મ કરનારા અથવા કર્મત્યાગ કરનારાઓ કહ્યા, તેવાઓને અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર એમ ત્રણ પ્રકારનું જે કર્મનું ફળ ઉત્પન્ન થાય છે તે મરણ પછી ભોગવવું જ પડે છે, પરંતુ જે શ્રેષ્ઠ સંન્યાસીઓ હોય તેમને તો તે કર્મફળ કદી પણ પ્રાપ્ત થતું નથી. સારાંશ એ કે, કર્મ કરવાથી સર્વસામાન્ય રીતે સારું, નરસું અને બંનેનું મિશ્રણ એમ ત્રણ પ્રકારનું કર્મફળ ઉત્પન્ન થાય છે એવો નિસર્ગનો નિયમ છે. તો કદાચ તને શંકા થશે કે તમોએ ઉપર જ્ઞાની અને અજ્ઞાનીના થતાં કર્મોમાં તો કાંઈ ભેદ નથી એમ કહ્યું તો પછી આ કર્મોનાં ઉત્પન્ન થતા ઇષ્ટાનિષ્ટ અને મિશ્રણાત્મક ફળો પણ બંનેને ભોગવવાં પડશે અને જો આમ હોય તો પછી નિર્દેહમુક્તિ સિદ્ધ થશે નહિ તો તેમ નથી. જો કે જ્ઞાની અને અજ્ઞાનીના દેહ વડે થતાં કર્મો તો એક સરખાં હોય એમ જોવામાં આવે છે ખરાં, પરંતુ જ્ઞાની તો તેથી તદ્દન અસંગ, અનાસક્ત હોવાથી જળમાં રહેલા કમળની જેમ તે કર્મફળો તેને કિંચિન્માત્ર પણ સ્પર્શ કરી શકતાં નથી. કારણ કે, તેમણે અહંભાવનો સંપૂર્ણતઃ વિલય કરી આત્માનો સાક્ષાત્કાર કરી લીધેલો હોવાથી તેમનામાં જ્યાં અહંભાવ જ હોતો નથી તો પછી કર્મ અને તેના ફળની તો વાત જ ક્યાં રહી? જેમ શેકેલું બી ઉગી શકતું નથી તેમ જ્ઞાનીનાં સર્વ કર્મો જ્ઞાન વડે દગ્ધ થયેલા હોવાથી તે ફળ ઉત્પન્ન કરવા સમર્થ હોતા નથી, પરંતુ જેઓને ઉપર કહ્યા પ્રમાણે સાચો ત્યાગ સાધ્ય થયેલો હોતો નથી એટલે આત્મસાક્ષાત્કાર થયેલો હોતો નથા તેઓ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નિયત કર્મો કર્યા કરે તો તે થકી તેઓની ચિત્તશુદ્ધિ થઈ કર્મે કર્મત્યાગનું રહસ્ય

સમજાય છે. પણ જેઓ શાસ્ત્રપ્રમાણને છોડી દઈ મનસ્વી વર્તન કરનારા હોય છે તેઓ હું અનાસક્ત છું, કર્મયોગી છું, કર્મત્યાગી છું એમ માની બેસે તેથી કિંવા તેમના ખુશામતીયાઓ પાસે તેવું કહેવરાવવાથી કર્મફળમાંથી છૂટી શકતા નથી પરંતુ આત્મજ્ઞાન થતાં સુધી પોતપોતાનાં કર્મના ઉત્પન્ન થતાં ઇષ્ટ, અનિષ્ટ અને બંનેના મિશ્રણાત્મક એવાં કર્મોનાં ફળો ઇહ અને પરલોકમાં ભોગવ્યા વિના તેઓને છૂટકો જ થતો નથી, એમ નિશ્ચયાત્મક જાણ.

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।

साङ्ख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

કર્મ થવાનાં મુખ્ય પાંચ કારણો છે

હે મહાબાહો ! ઉપર મેં તને ફળના ઉત્પન્ન થતા ત્રણ પ્રકારો કહ્યા; હવે સર્વ કર્મો થવાને માટે સાંખ્ય એટલે વેદાંતશાસ્ત્રમાં કહેવામાં આવેલા કૃતાંત એટલે કર્મનો અંત બતાવનારા છે તે આ પાંચ કારણોને તું મારા થકી સાંભળ. ઉદ્દેશ એ છે કે, આ જગતમાં કોઈ પણ કર્મ થવાને માટે પાંચ કારણોની જરૂર હોય છે. પાંચ કારણો વગર કોઈ પણ કાર્ય કદી પણ થવું શક્ય નથી. આ પાંચ કારણો તત્ત્વજ્ઞાન કરાવી આપનારા સાંખ્ય એટલે વેદાંતશાસ્ત્રમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય એવા ઉદ્દેશથી કહેલાં છે. તેનો આશય એ કે, આ તમામ કર્મો અંતવાળાં કિંવા નાશવંત છે તેનો સારી રીતે બોધ થાય અને સત્ય એવું આત્મસ્વરૂપ જાણવામાં આવે એટલા માટે આ પ્રમાણે વિવેક વડે સર્વમાન્ય એવા વેદાંતશાસ્ત્રનાં આધારે હું તને તે અધિષ્ઠાનાદિ પાંચે કહું છું; કેમ કે આત્મજ્ઞાન સમજાવવાને માટે આ સિવાય બીજી કોઈ યુક્તિ નથી. પરોક્ષજ્ઞાન થતાં સુધી સાંખ્યશાસ્ત્રના આધારે જ સમજાવવાની શાસ્ત્રપ્રથા છે. આ સંબંધે વધુ વિવેચન પ્રથમ આવેલું જ છે (જુઓ અધ્યાય ૨ શ્લોક ૩૯, અધ્યાય ૫, શ્લોક ૧૪).

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।

विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥१४॥

પાંચ કારણતત્ત્વોની ઉત્પત્તિ

અધિષ્ઠાન, કર્તા, જુદાપણાનો ભાવ બતાવનારું કરણ, વિવિધ પ્રકારની ચેષ્ટાઓ અને તેમાં દૈવ એ પાંચમું છે. સારાંશ, આ પાંચ કારણોમાં અધિષ્ઠાન એટલે જ આધાર. જેમ વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી, એ સર્વનો આધાર કિંવા અધિષ્ઠાન આકાશ કહેવાય છે, તેમ સાક્ષી સહિત અહંમમાદિ તમામ ભાવોનું મૂળ અધિષ્ઠાન કિંવા આધાર આત્મા (વૃક્ષાંક ૧) છે. જેમ આકાશ સર્વનું અધિષ્ઠાન હોવા છતાં પણ સર્વથી તદ્દન અસંગ છે તેમ જ આ આત્મા સર્વથી અસંગ હોઈ નિર્વિકાર, નિરાકાર અને નિર્વકલ્પ છે, તથા તે જ આ આકાશાદિનો પણ આધાર છે; માટે સર્વનું તે અધિષ્ઠાન કહેવાય છે. કર્તા એટલે ઈશ્વર કિંવા પુરુષ(વૃક્ષાંક ૨) છે. તેણે જ પોતાની કાળરૂપ ઈક્ષણશક્તિ વડે 'હું' રૂપ પ્રકૃતિ કિંવા માયારૂપે પ્રકટ થઈ પ્રકૃતિના સત્ત્વાદિ ગુણોમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો છે. આમ ઈશ્વર કર્તા હોઈ તેની કાળરૂપ ઈક્ષણશક્તિને દૈવરૂપ કાળ કિંવા કાપાલિક કહે છે.આ દૈવરૂપ ઈક્ષણશક્તિ વડે જ માયા કિંવા નિયતિ સત્ત્વાદિ ગુણો વડે સર્વને નિયમમાં રાખી શકે છે. (દૈવરૂપકાળ સંબંધી વર્ણન માટે જુઓ અધ્યાય ૧૧, શ્લોક ૩૨) આ ઈશ્વરની હું રૂપ નિયતિ, પ્રકૃતિ કિંવા માયા (વૃક્ષાંક ૩) એ સર્વ કારણોનું પણ આદિ કારણ હોવાથી તે કરણ કહેવાય છે. અસાધારણ કારણને જ કરણ કહે છે. જેમ અરીસામાં પ્રતિબિંબ પડે છે તેમ "હું" એવા પ્રતિબિંબિત જુદાપણાનો ભાવ પ્રથમતઃ અહીંથી જ પ્રકટ થયો છે, માટે તે સર્વ દૃશ્યનું આદિ કારણ કહેવાય છે. આમ તે અસાધારણ કારણ હોવાથી જ તે પૃથક્‌વિધ કરણ અર્થાત્ 'હું' એવા પ્રતિબિંબિત ભાવને જુદું પાડનારું એવું આદિ

કારણ છે. આ 'હું' એવો પ્રથમ મિથ્યાભાવ બાહ્ય રીતે પ્રકટ થયો તે જ મિથ્યા એવી દૃશ્યજાળ માયા કહેવાય છે. આત્મા વસ્તુતઃ અદ્વૈતરૂપ હોવા છતાં પણ તે જાણે 'હું'રૂપ પ્રકટ થયો ના હોય એવો તેમાં મિથ્યા દ્વૈત ભાસનો આભાસ બતાવનારું આ જ ભ્રમરૂપ એવું પ્રથમનું મિથ્યા સ્ફુરણ (વૃક્ષાંક ૩) છે, તેથી તે કરણ કહેવાય છે. આમ હું ભાવની ઉત્પત્તિ થાય છે ત્યાર પછી નાના પ્રકારની ચેષ્ટાઓ કરનાર મમભાવ એવા મિથ્યા જીવભાવની ઉત્પત્તિ થવા પામેલી છે. જેમ રવચ્છ આકાશમાં એકાએક વાદળની ઉત્પત્તિ થવા પામે તેમ નિર્વિકાર, સર્વના અનિષ્ઠાનરૂપ આત્મામાં મિથ્યા ઉત્પન્ન થયેલા અને સર્વના કર્તા કહેવાતા એવા ઈશ્વરની દૈવરૂપ કાળ કિંવા ઈક્ષણશક્તિ વડે 'હું' એવો મિથ્યા પ્રતિબિંબિત ભાસ સ્ફુર્યો અને તે પોતાને 'હું' 'હું' એમ સમજવા લાગ્યો તેમ જ તે હું'માંથી પછી મારું મારું એ ભાવ પ્રકટ થવા પામ્યો છે. આથી જેટલા જેટલા મારું મારું (મમાદિ) ભાવો પ્રકટ થયા તેટલા તેટલા તે દરેકના કારણરૂપ જુદા જુદા 'હું' 'હું' એવા કરણભાવો પ્રકટ થયા. ત્યાર પછી આ સમસ્ત જગત પ્રથમ (કિરણાંશ ૩૬ વૃક્ષ ભ્રમાં) બતાવેલા ક્રમે વિસ્તારને પામેલું છે. માટે (૧)અધિષ્ઠાન એટલે સર્વનો આધાર આત્મા (વૃક્ષાંક ૧) હોઈ (૨) કર્તા એટલે ઈશ્વર અથવા પુરુષ (વૃક્ષાંક ૨) કહેવાય છે, તેમ જ (૩) ઈશ્વરની ઈક્ષણશક્તિરૂપ કાળ કે જે તમામને નિયતિની મર્યાદામાં રાખે છે તે દૈવ કહેવાય છે(વૃક્ષાંક ૨ ને ૩ વચ્ચેનું) તથા (૪) આ દૈવરૂપ એવા કાળ વડે 'હું'ભાવના મિથ્યા સ્ફુરણને પામેલી માયાશક્તિ કિંવા પ્રકૃતિ(વૃક્ષાંક ૩)તે સર્વ દૃશ્યાદિનું મૂળ કારણ હોવાથી કરણ કહેવાય છે. આ હું જ પછી અનંતરૂપે થયો છે. જેમ આ ઈશ્વર (કર્તા) તેની પ્રેરણાત્મક કાળશક્તિ (દૈવ) તથા અહમ્રૂપ મિથ્યા સ્ફુરણ (કરણ) એ સર્વનું અધિષ્ઠાન આત્મા છે તેમ મમાદિ સર્વ ભાવોનો આધાર આ હું જ છે. તે જ ક્રમે અવ્યકત અને શિવશક્તિરૂપ એકેકા વિવર્તભાવને પામીને પછી (૫) મહાપ્રાણ અથવા જીવાદિરૂપે મમ એટલે મારું મારું એવા અનેક જીવભાવોને પ્રાપ્ત થઈ વિવિધ પ્રકારની ચેષ્ટાવાળો થયો. આથી તે જેટલા જેટલા મારું મારું એવા ભાવને પ્રાપ્ત થયો તેટલા તેટલા પ્રકારે તેના કારણરૂપે 'હું' 'હું' એવા ભાવો પણ થતા રહ્યા. આ રીતે ભિન્ન ભિન્ન કારણો તથા વાસનાવશાત્ અનંત પ્રકારની ચેષ્ટાઓને કરનારો તે મહાપ્રાણરૂપ બન્યો. આ પ્રમાણે આ પાંચ કારણ તત્ત્વોની ઉત્પત્તિ થઈ તે વગર કોઈ પણ કાર્ય થવું શકય નથી (કિરણાંશ ૩૦ પૃષ્ઠ ૮૪ જુઓ).

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।

न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥१५॥

કાયા, વાચા અને મન વડે થતાં કર્મોમાં આ હેતુરૂપ છે

નર એટલે પુરુષ શરીર, વાણી અને મન વડે જે ન્યાયી કિંવા વિપરીત કર્મો કરે છે તે દરેકના આ પાંચ જ હેતુરૂપ છે. સારાંશ, મનુષ્ય કાયિક, વાચિક, માનસિક એમ ત્રણ પ્રકારે કર્મો કરે છે, પછી તે કર્મો ન્યાય એટલે ધર્મ પ્રમાણેના હોય કે તેથી વિપરીત એવા ગમે તે પ્રકારના હોવા છતાં પણ તે આ પાંચ કારણો વગર થવા કદી પણ શકય નથી.

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।

पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥

આત્માને કર્તા દેખે તે આંધળો જ જાણવો

હે પાર્થ ! આ પ્રમાણેની પરિસ્થિતિ છે છતાં જે કેવળ આત્માને જ કર્તા સમજે છે તે અકૃતબુદ્ધિવાળો દુર્મતિ સાચું રહસ્ય જાણી શકતો નથી. સારાંશ, આત્મા (વૃક્ષાંક ૧) તો આકાશની જેમ તદ્દન અસંગ,

નિર્મળ, શાંત અને વિકારાદિથી રહિત અત્યંત શુદ્ધ છે. તે જો કે સર્વનું અધિષ્ઠાન છે છતાં તે કર્તા, કરણ અને કાર્યરૂપ પણ નથી અને તેવું કાંઈક હશે એવું જાણતો પણ નથી. જેમ આકાશ સર્વનું અધિષ્ઠાન હોવા છતાં કાંઈ કરતું પણ નથી અને કર્તાપણાદિ કોઈ હશે એવું જાણતું પણ નથી; તે તો તદ્દન અસંગ, શુદ્ધ અને શાંત જ હોય છે; તે પ્રમાણે આત્મા પણ તદ્દન અસંગ, શાંત અને નિર્મળ છે. આત્માની સત્ય પરિસ્થિતિ આ પ્રમાણેની હોવા છતાં આ આત્માને જ કર્તા છે એમ જે જુએ છે એટલે જાણે છે તેવો અકૃતબુદ્ધિવાળો એટલે સારાસાર વિવેક વડે આત્માના સાચા સ્વરૂપને નહિ ઓળખનારા દુર્મતિને નેત્ર હોવા છતાં પણ તે આંધળો જ છે એમ જાણવું.

यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।

हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥१७॥

સર્વ લોકોને હણીને પણ કોણ હણાતો નથી ?

હે અર્જુન! આત્મા તો તદ્દન અસંગ હોઈ તે જ પોતાનું સ્વસ્વરૂપ છે, એ પ્રમાણેના દૃઢ નિશ્ચય વડે, હું કર્તા છું એવી ભાવનાથી જેની બુદ્ધિ લેપાતી નથી તે આ બધા લોકોને હણીને પણ હણતો કે હણાતો નથી અને કદાપિ બંધનને પણ પામતો નથી. ઉદ્દેશ એ કે, જેમ આકાશ તો તદ્દન અસંગ છે તેમાં કિંચિન્માત્ર પણ વિકાર નથી. તેને આકાશાદિ નામની સંજ્ઞા આપવી એ પણ વ્યવહારદૃષ્ટિએ સમજવા પૂરતી જ છે. આકાશ પોતે તો તે જાણતું પણ નથી કે મને કોઈ આકાશ કહે છે અને મારું નામ આકાશ છે તથા હું આ બધાનું અધિષ્ઠાન છું તેમ આત્મા પણ બિલકુલ અલિપ્ત હોઈ નિઃસંગ છે, તેમાં કિંચિન્માત્ર પણ વિકાર નથી. એવા અનિર્વચનીય, શાંત અને નિર્મળ સ્વરૂપને જ આત્મા એવી સંજ્ઞા આપવામાં આવેલી છે. તેને અપાયેલી આ સંજ્ઞા ફક્ત વ્યવહારદૃષ્ટિએ સમજવા અને સમજાવવા પૂરતી જ છે. તેને તો કલ્પના પણ નથી કે મને કોઈ આત્મા કહે છે અને હું આ સર્વનું અધિષ્ઠાન છે. જેમ ઘર બાંધવામાં આવ્યું કે તેમાં આકાશને બીજે કોઈ સ્થળેથી લાવવું પડે છે એમ નથી. ઘર હોય તો પણ તે છે અને ના હોય તો પણ તે તો છે જ. ઘરની ઉપાધિ વડે પોતાને મહાકાશ કહેવામાં આવે છે એવું પણ તે જાણતો નથી. વળી ઘર પડે કે રહે તેથી તેને કાંઈ હર્ષશોકાદિ પણ નથી તેમ જ તે ઘરનો કર્તા કિંવા કરણાદિ પણ થતું નથી. છતાં આ બધાનો નાશ થવાનું તથા ઉત્પન્ન થવાનું કાર્ય આકાશના અધિષ્ઠાન વડે જ થઈ શકે છે. આ તમામ જગતનો નાશ થઈ જાય તો પણ આકાશને તેનો કિંચિન્માત્ર પણ લેપ લાગી શકતો નથી; તેમ હું એટલે અસંગ એવો આત્મા છે, મારામાં "હું" એવા ભાવની જ કદી ઉત્પત્તિ થયેલી નથી, એ પ્રમાણેનો જેનો નિશ્ચય થયેલો હોઈ જેણે 'હું' ભાવનો વિલય કરીને પોતાના સાચા નિર્વિકલ્પ સ્વરૂપનો અપરોક્ષ અનુભવ કરેલો છે તેવા આત્માનો સાક્ષાત્કાર કરેલા જ્ઞાનીની બુદ્ધિ અસંગ એવી આત્માકાર બનેલી હોવાથી કમળ જેમ પાણીમાં રહેવા છતાં પણ તદ્દન અલિપ્ત રહે છે તેમ આ અપરોક્ષાનુભવી મહાત્માની બુદ્ધિ કિંચિન્માત્ર પણ કદી કશામાં લેપાતી નથી. તેવો પુરુષ લોકદૃષ્ટિએ આખા જગતના લોકોને હણે છતાં પણ તે કોઈને હણતો કે હણાતો પણ નથી અને બધાને હણવાથી કદી બંધનને પણ પામતો નથી. જેમ કોઈ પુરુષ શસ્ત્રનો ઘા કરી સામાને મારી નાંખે છતાં શસ્ત્રોને તેનો ઘા લાગતો નથી અને શસ્ત્ર તો જાણતું પણ નથી તેથી તે તદ્દન અસંગ જ ગણાય છે, તે મુજબ જ્યાં અહંભાવ કદી ઉત્પન્ન થયેલો નથી એવો આકાશવત્ નિરભિમાની બનેલો આત્મારામ પુરુષ પોતે તો તદ્દન અકર્તા હોવાથી અસંગ અને અલિપ્ત હોય છે. તે પોતાની દૃષ્ટિએ કિંવા તત્ત્વવિદોની દૃષ્ટિએ તો જો કે વાસ્તવિક તદ્દન અલિપ્ત હોય છે પરંતુ અજ્ઞાની લોકોની દૃષ્ટિએ વિદેહમુક્તિ થતાં સુધી તેનું જે શરીર અને શરીર વડે થતાં કર્મો જોવામાં આવે છે તેની વ્યવસ્થા શાસ્ત્રમાં એવી છે કે તેનાં શરીર અને તે વડે થતાં તમામ કાર્યો તો નિયતિ કિંવા પ્રારબ્ધશાત્ ઈશ્વરની સત્તાથી જ યંત્રની જેમ થઈ રહ્યાં છે; એટલે જેમ હથિયારને ચલાવનારો તેને જેમ ચલાવે કિંવા

મૂકી રાખે તેમ તેને વર્તવું પડે છે, હથિયાર પોતાની મેળે કાંઈ પણ કાર્ય કરતું નથી તેમ જ તે કોઈ કાર્ય કરે છે કિંવા મારા આધાર વડે બીજો કોઈ કાંઈ કાર્ય કરે છે ઇત્યાદિ પણ કાંઈ જાણતું નથી, પરંતુ તેને ચલાવનારો કિંવા માલિકી હક્ક દર્શાવનારો માલિક અથવા કર્તા તો બીજો જ કોઈ હોય છે, તેની સાથે હથિયારનો કિંચિન્માત્ર પણ સંબંધ હોતો નથી. તેમ જ્ઞાનીનું જોવામાં આવતું શરીર અને તે વડે થતો તમામ વ્યવહાર અજ્ઞાની લોકોની દૃષ્ટિએ જોવામાં આવે છે, તે સર્વ ઈશ્વરની પ્રેરણા વડે થતું માયાશક્તિનું કાર્ય છે, તેનું તે હથિયાર હોય છે. તે હથિયાર દ્વારા તે ઈશ્વર પોતાની માયાશક્તિ એટલે નિયતિ વા પ્રારબ્ધ વડે જોઈએ તો આખા જગતનો સંહાર કરાવે અથવા તો આ હથિયારના ટુકડે ટુકડા કરી નાખે તે કાર્ય તો ઈશ્વર (વૃક્ષાંક ૨)નું છે અને જ્ઞાની પોતે તો અનિર્વચનીય એવો આત્મા(વૃક્ષાંક ૧) હોઈ તદ્દન અસંગ હોય છે. તેમાં આ ઈશ્વર(વૃક્ષાંક ૨) તથા તેની માયાશક્તિનું કાર્ય(વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ) ઇત્યાદિ કાંઈ છે જ નહિ. આ જ્ઞાનીના શરીરની અને તે વડે થતાં સર્વ કાર્યોની સ્થિતિ આ પ્રમાણેની છે, એટલું જ નહિ પરંતુ આ દૃશ્ય વિશ્વની અંદર ચાલતું તમામ કાર્ય પછી તે વ્યષ્ટિનું હો, સમષ્ટિનું હો યા વિરાટનું હો (વૃક્ષાંક ૩થી ૧૫ ઘ), પણ તે સર્વ આ ઈશ્વરની માયાશક્તિની પ્રેરણા વડે નિયત થયેલું હોઈ યંત્રવત્ ચાલી રહ્યું છે, તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર કરવા કોઈ શક્તિમાન થતું નથી. માટે હે અર્જુન ! તું જરા મરણાદિ છ વિકારોથી રહિત છે, નિત્ય છે, અસંગ એવો સર્વનો આત્મા છે, શરીરધારી નથી. ભાસી રહેલા આ શરીરને ચલાવનારો તો કોઈ બીજો જ છે, આત્મા નહિ, આમ જો શરીરને ચલાવનારો કોઈ જુદો છે તો તેણે શું કરવું અથવા શું નહિ કરવું, તેની પાસે શું કરાવવું કે શું નહિ કરાવવું એ બધું તે જોઈ લેશે. વળી આ શરીર પણ લોકોની દૃષ્ટિએ જ છે, તું પોતે આત્મરૂપ હોવાથી તારી દૃષ્ટિએ તો તેવું કાંઈ છે જ નહિ; તેથી હું છું એવા પ્રકારના અભિમાનને તદ્દન છોડી દે તથા હું આ બધાને હણનારો છું એવા મિથ્યા અહંકારને ત્યજી દે. તું કદી કોઈને હણનારો અથવા કોઈ વડે હણાનારો વગેરે પૈકી કોઈ પણ નથી. આ રીતે આત્મસ્વરૂપ હોવા છતાં જે પુરુષ મિથ્યા જ્ઞાનાદિને વશ થઈને હું છું અને હું અમુકને મારનારો છું, એવો અહંકાર કરે નહિ અને જેની બુદ્ધિ આકાશની જેમ સર્વ જગતાદિ નષ્ટ થાય યા રહે છતાં તદ્દન અસંગ રહી હર્ષશોકાદિ વડે કદી પણ લેપાય નહિ તેવો નિઃસંગ અને આત્મજ્ઞ જીવન્મુક્ત પુરુષ લોકદૃષ્ટિએ સઘળાંને મારી નાખે તો પણ કોઈને મારતો નથી અને તે થકી થતાં પાપરૂપી ફળો વડે કદી બંધાતો પણ નથી. કારણ સ્પષ્ટ જ છે કે, આ અસંગ આત્મા નિત્ય હોઈ તેનો વધ થવો શક્ય નથી અને તે કોઈનો વધ કરે એ પણ શક્ય નથી પરંતુ પોતાનું આ મુજબનું સાચું સ્વરૂપ નહિ જાણનારા અજ્ઞાની મૂઢો જ આ સર્વ શાંત અને આત્મસ્વરૂપ હોવા છતાં જાણે ઉત્પન્ન થતું હોય, સ્થિર રહેતું હોય અને નાશને પામતું હોય એવા પ્રકારનું માની લે છે; પરંતુ વાસ્તવિક રીતે તો આ બધું દૃશ્ય સ્વપ્ન કિંવા મૃગજળવત્ હોવાથી તેનો નાશ થયો તો પણ શું અને રહે તો પણ શું ? આથી જ હું કર્તા છું, એવા પ્રકારની ભાવના વડે જેની બુદ્ધિ લેપાતી નથી, એટલે જેનો કુંભાવનો સાક્ષી સહ સદંતર વિલય થયો છે, તે આ સર્વ લોકોને હણીને પણ હણતો કે હણાતો નથી એમ કહેલું છે, તેમાં વિરોધાભાસ જેવું કાંઈ પણ નથી, તે હવે સારી રીતે તારા ધ્યાનમાં આવ્યું હશે (વધુ માટે અધ્યાય ૩ શ્લોક ૫ થી ૮ તથા અધ્યાય ૪, ૫, ૭, ૮, ૧૧, ૧૫, વગેરે જુઓ).

અજ્ઞાની અને જ્ઞાનીની ક્રિયાઓમાં ભેદ શો ?

ભગવાન કહે છેઃ હે પાર્થ ! મેં તને આ જ્ઞાનીઓના કર્મ સંબંધમાં કહ્યું કેમ કે ઉપર મેં અજ્ઞાની લોકોને તત્ત્વજ્ઞાન થવાને માટે શાસ્ત્રકારોએ પોતા ઉપર અજ્ઞાનતાનો આરોપ કરી લઈ કર્માદિ સંબંધનું વિવેચન કહ્યું તેમાં અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર એ ત્રણ કર્મનાં ઉત્પન્ન થતાં ફળો હોઈ અધિષ્ઠાન, કર્તા, કરણ, નાના પ્રકારની ચેષ્ટા એટલે કાર્ય અને દૈવ એ પાંચ કર્મનાં કારણો કહ્યાં; વળી શરીર હોય ત્યાં સુધી જ્ઞાની કિંવા અજ્ઞાની શરીર, વાણી, અને મન વડે ગમે તે કરે તો તે આ પાંચના આધાર બગર કદી પણ થઈ

શકતાં જ નથી, એમ જણાવેલું છે. તેથી કદાચ કોઈને શંકા થાય કે જો આમ જ હશે તો પછી જ્ઞાનીને પણ કર્મફળ ભોગવવાં પડશે કેમ કે જો કર્મની સામ્યતા છે તો ફળની પણ સામ્યતા હશે અને પછી જ્ઞાની અને અજ્ઞાની એવો ભેદ જે શાસ્ત્રમાં કહેવામાં આવ્યો છે તે નિરર્થક જ ગણાશે, તથા જીવન્મુક્તિ પણ સિદ્ધ થશે નહિ. એટલા માટે જીવન્મુક્તો અને મૂઢ બુદ્ધિવાળાની બાહ્ય કર્મોમાં જો કે સામ્યતા જણાય છે ખરી પરંતુ આંતરક્રિયામાં જે ભેદ હોય છે તેનું સ્પષ્ટીકરણ મેં ઉપર કરેલું છે. અરે! વ્યવહારમાં પણ વિચાર કર કે જ્યારે મોટા માણસોને બાળકોની સાથે રમતાં જોવામાં આવે છે ત્યારે બંનેની ક્રિયામાં તો સામ્યતા જ જણાય છે, આ મોટાં મનુષ્યો બાળકોની સાથે રમતમાં કોઈ કોઈ વખત ખોટું ખોટું રડે છે, હસે છે, શોક કરે છે, હર્ષ કરે છે પરંતુ અંદરખાને તો તદ્દન સાવધ હોય છે તેમ જ આ અજ્ઞાની એવા મૂઢો અને જીવન્મુક્તોની ક્રિયાને માટે સમજવું. હવે હું તને અજ્ઞાનીઓને તત્ત્વજ્ઞાન થવાને માટે સાંખ્યશાસ્ત્રકારોએ કહેલી યુક્તિઓના આશ્રય વડે પ્રથમ કહેલું કર્માદિનું વિવેચન આગળ કહું છું.

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।

करणं कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥ १८ ॥

त्रिविधः कर्मसङ्ग्रहः

હે ભારત! મેં તને પ્રથમ (૧) ઇષ્ટ, (૨) અનિષ્ટ, અને (૩) ઇષ્ટાનિષ્ટનું મિશ્રણાત્મક એવું ત્રણ પ્રકારનું કર્મફળ થાય છે તથા (૧) અધિષ્ઠાન, (૨) કર્તા, (૩) કરણ, (૪) કાર્ય, (૫) દૈવ એ પાંચ કર્મના હેતુઓ છે તેમ જ (૧) કાયિક, (૨) વાચિક અને (૩) માનસિક એમ ત્રણ પ્રકારનાં કર્મો થાય છે, તે કહેલું જ છે, હવે આ કાયા, વાચા અને મન વડે જે જે કર્મો વ્યવહારમાં થતાં સ્પષ્ટ રીતે જોવામાં આવે છે તેમાં પણ (૧) જ્ઞાન, (૨) જ્ઞેય અને (૩) જ્ઞાતા એ ત્રણ કર્મ કરવાના પ્રેરકો કિંવા કર્મની પ્રવૃત્તિ કરાવનાર પ્રવર્તકો છે અને (૧) કરણ, (૨) કર્મ અને (૩) કર્તા એ ત્રણ પ્રકારનો કર્મ સંગ્રહ કહેવાય છે. ઉદ્દેશ એ કે, કોઈ પણ કાર્ય પ્રત્યક્ષ રીતે સ્થૂલ સ્વરૂપે બાહ્ય કૃતિમાં આવે તે પૂર્વે પ્રથમતઃ તો તે અધિષ્ઠાનાદિ પાંચ હેતુરૂપ સૂક્ષ્મ ભાવમાં હોય છે; ત્યાર પછી કાયિક, વાચિક અને માનસિક એ ત્રણ સ્થૂલ ભાવો વડે પ્રકટ થવા પામે છે. આમ સ્થૂલ રીતે પ્રકટ થતાં પૂર્વે તમામ કર્મ જ્ઞાન એટલે જાણવું, જ્ઞેય એટલે જાણવાની વસ્તુ અને પરિજ્ઞાતા એટલે સર્વને જાણનારો એ ત્રણ કર્મના સૂક્ષ્મ પ્રેરક હોઈ તેમની પ્રેરણા મળે એટલે કરણ (સાધન), કર્મ અને કર્તા એ ત્રણ કર્મ કરવાના સાધનરૂપ હોવાથી જ્યારે આટલી બાબતોનો સંગ્રહ થાય અર્થાત્ જ્યારે આટલી બધી બાબતો સૂક્ષ્મ રીતે એકત્ર થાય ત્યારે જ શરીર, વાણી અને મન વડે સ્થૂલ કર્મો થઈ શકે છે. સારાંશ એ કે, શારીરિક, વાચિક અને માનસિક સ્થૂલ કર્મો થવાને માટે તે પૂર્વે સૂક્ષ્મરૂપે અધિષ્ઠાનાદિ પાંચ કારણો, જ્ઞાનાદિ પ્રવર્તકો તથા કર્તાદિ કર્મસંગ્રહ એટલે કાયા, વાચા અને મન વડે સ્થૂળરૂપે કર્મ પ્રકટ કરાવનારાં આટલાં સૂક્ષ્મ સાધનોનો સંગ્રહ થવાની જરૂર હોય છે. આ પ્રમાણે સૂક્ષ્મરૂપે પ્રથમ સાધનો તૈયાર થયાં એટલે તે કાયિક, વાચિક અને માનસિક કર્મરૂપે એટલે સ્થૂલ ક્રિયાઓ રૂપે પ્રકટ થાય છે. આ મુજબ સ્થૂલ કર્મો થયાં કે તેના ઇષ્ટ એટલે સારાં, અનિષ્ટ એટલે ખરાબ અને ઇષ્ટાનિષ્ટના મિશ્રણાત્મક એવા ત્રણ પ્રકારો થાય છે; જે તને પ્રથમ કહેલું જ છે.

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।

प्रोच्यते गुणसङ्ख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥

જ્ઞાન, કર્મ અને કર્તામાં પડતા ત્રણ ભેદો

હે સૌમ્ય! જ્ઞાન, કર્મ તથા કર્તા એ ગુણભેદ વડે સાંખ્યશાસ્ત્ર ત્રણ પ્રકારના કહેવાય છે. તેમને પણ બરાબર સાંભળ. સારાંશ એ કે, અજ્ઞાનીઓને જ્ઞાન થવાને માટે આ દૃશ્ય જગતનો તમામ વ્યવહાર પ્રકૃતિપુરુષના ત્રણ ગુણો વડે કેવા રીતે વિસ્તારને પામેલો છે તેનું આત્માનાત્મવિવેક થવાના ઉદ્દેશથી સાંખ્ય શાસ્ત્રકારોએ સારી રીતે વિવેચન કરેલું છે. સંક્ષેપમાં એટલું જ કે અજ્ઞાનીઓને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતાં સુધીને માટે વેદાંત સમજાવવાનો યુક્તિરૂપ એવું સાંખ્યશાસ્ત્ર જ મુખ્ય છે (અધ્યાય ૨ તથા ૫ જુઓ). તેમાં જ્ઞાન, કર્મ અને કર્તા એ ત્રણેમાં સત્ત્વ, રજ અને તમોગુણના ભેદ વડે પડતા ભેદો હું તને કહું છું તે સાંભળ.

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।

अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥ २० ॥

સાત્ત્વિક જ્ઞાન

જે વિભક્ત એટલે ભિન્ન ભિન્ન સર્વ ભૂતોને વિષે અવિભક્ત એટલે જ્યાં જુદાપણું નથી એવા એક અવ્યય ભાવને જ જુએ છે, તેવા આત્માના જ્ઞાનને સાત્ત્વિક જાણ. સારાંશ એ છે કે, આ વિભક્ત એટલે અનેક આકારો વડે અને ભિન્ન ભિન્ન રૂપે ભાસતું ભૂતાદિ તમામ દૃશ્યજાળ (શ્લોક ૩ થી ૧૫ ઘ) વસ્તુતઃ જુદું જુદું નથી પરંતુ કેવળ અવિભક્ત એવું એક આત્મસ્વરૂપ છે, આત્માથી જુદું કાંઈ છે જ નહિ અર્થાત્ અંતઃકરણમાં હું એવો દ્વૈત ભાવ જ કદી ઉત્પન્ન થવા નહિ દેવો અને જ્યાં બેપણાની ભાવના ઉત્પન્ન થાય કે તુરત જ આત્મસ્વરૂપ છે એવા પ્રતિસંકલ્પ વડે તેનો તુરત ઉચ્છેદ કરીને અવ્યય એવા એક આત્મપદમાં જ સ્થિતિ કરવી એટલે આ સર્વ એક આત્મસ્વરૂપ છે એવી રીતના દૃઢ નિશ્ચયવાળું જે જ્ઞાન તે જ્ઞાન સાત્ત્વિક છે એમ જાણવું.

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।

वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥ २१ ॥

રાજસજ્ઞાન

હે ધનંજય! પછી જે સર્વ ભૂતોમાં જુદા જુદા અનેકવિધ ભાવો છે એમ જાણે છે તે જ્ઞાનને રાજસ જાણવું, એટલે આ સર્વ ભૂતાદિ દૃશ્ય જોવામાં આવે છે તે બધું અનંત ભેદવાળું હોઈ જુદા જુદા અનેક નામરૂપાદિ ભાવોવાળું જ છે, એમ જે તેને અનેક રૂપોવાળું હોવાનું માને છે અર્થાત્ આ બધું અનેક ભૂતો વડે ભાસતું દૃશ્ય અનંત પ્રકારના આકાર વિકાર વાળું હોઈ, ભિન્ન ભિન્નરૂપે જોવામાં આવે છે તેવું જ તે છે એવી રીતે જેઓની માન્યતા થયેલી છે, જેઓને સારાસારવિવેકબુદ્ધિ પ્રાપ્ત થયેલી હોતી નથી, તેઓનું જ્ઞાન તે રાજસ જ્ઞાન કહેવાય છે.

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम् ।

अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

તામસ જ્ઞાન

હે પાર્થ! જે જ્ઞાન દુરાગ્રહ વડે કોઈ એક કાર્યમાં જ આસક્તિવાળું અને જાણે તે જ પરિપૂર્ણ છે એવી માન્યતાવાળું, અહૈતુક અને અતત્ત્વાર્થ એટલે તત્ત્વના અર્થ વગરનું એટલે વિચારશૂન્ય, અયુક્તિક તથા અલ્પ છે, તે જ્ઞાનને તામસ કહે છે. સારાંશ એ કે, પોતે જે સમજ્યો છે કિંવા માની લીધું છે તે જ

સાચું અને પરિપૂર્ણ છે, આ કરતાં બીજું કાંઈ સમજવાનું રહેતું નથી, એવા દુરાગ્રહ કિંવા હઠ વડે માની લીધેલું વગર વિચારનું અને નાના બાળકની રમત જેવું, પરમાર્થ તત્ત્વનો જેમાં ગંધ પણ નથી એવું અહૈતુક અને અલ્પજ્ઞાન તે તામસ કહેવાય છે. આ રીતે તને જ્ઞાનના ત્રણ પ્રકારો કહ્યા. હવે કર્મના ત્રણ પ્રકારો કહું છું તે સાંભળ.

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।

अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥ २३ ॥

સાત્ત્વિક કર્મ

નિયત કર્મ સંગરહિત, રાગદ્વેષાદિ વગર અને ફળની આકાંક્ષા વગર કરવામાં આવે છે તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. ભાવાર્થ એ કે, આ કર્મ તો ઈશ્વરે પ્રકૃતિના ગુણોવશાત્ નિયત કરેલા નિયતિના નિયમાનુસાર થતું રહે છે, તેની સાથે મારો કિંચિન્માત્ર પણ સંબંધ નથી (અધ્યાય ૩ શ્લોક ૫, ૮ તથા અધ્યાય ૪, ૭, ૮, ૧૧, ૨૫માં આવેલું વિવેચન જુઓ). હું તો આકાશની જેમ તદ્દન અસંગ, પ્રીતિ કિંવા અપ્રીતિ વગરનો છે તેમ જ કર્તા અને તેના ફળાદિ વગેરેની સાથે મારો તલભાર પણ સંબંધ નથી, એવા પ્રકારના આત્મનિશ્ચયરૂપ અભ્યાસ વડે યથાપ્રાપ્ત નિયત થયેલું નિત્યનૈમિત્તિકાદિ કર્મ કેવળ પ્રારબ્ધવશાત્ કરવું ઉચિત છે એમ સમજીને જે સંગરહિત બનીને કરવામાં આવે છે તે સાત્ત્વિક કર્મ કહેવાય છે.

यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।

क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ॥ २४ ॥

રાજસ કર્મ

હે પાર્થ! સિવાય જે કર્મ ફળના ઇચ્છા વડે અહંકારસહિત ઘણા જ પરિશ્રમપૂર્વક ફરીથી એટલે એક વખતના પરિશ્રમથી સાધ્ય નહિ થાય તો તેનું તે જ ફરી ફરીથી કરવામાં આવે છે તે રાજસ કહેવાય છે. તાત્પર્ય એ કે, મારે અમુક પ્રાપ્ત કરવું જોઈએ, હું અમુક પ્રાપ્ત કરીશ, મેં અમુક પ્રાપ્ત કર્યું છે, ઇત્યાદિ મનમાં અનેક પ્રકારના કામનાઓ અથવા ઇચ્છાઓ રાખી હું કર્મનો કર્તા છું, હું અમુક કાર્ય કરીશ, એવા પ્રકારના અહંભાવ વડે તે અજ્ઞરિયાત અને મિથ્યા કાર્યોની સિદ્ધતાને માટે ઘણો જ પરિશ્રમ અને ક્લેશ સહન કરીને એક વખત સિદ્ધ ન થયું તો તેની સિદ્ધિ અર્થે ફરી ફરી પ્રયત્ન કર્યા જ કરે છે એવું અત્યંત ક્લેશ આપનારું કર્મ રાજસ કહેવાય છે.

अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।

मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥ २५ ॥

તામસ કર્મ

હે સૌમ્ય! અનુબંધ, ક્ષય, હિંસા અને પૌરુષનો વિચાર કર્યા સિવાય કેવળ મોહ વડે જ જે કર્મ આરંભાય છે તે તમાસ કહેવાય છે. સારાંશ એ કે, જે કર્મ ભવિષ્યમાં પોતાને જ બંધન કરનારું નીવડે છે અર્થાત્ પોતાના હાથે જ પોતાનો વિનાશ કરનારું અને જન્મમરણાદિના ચક્કરમાં ફસાવનારું કિંવા વ્યવહારદૃષ્ટિએ પોતાનો જ ઘાત કરાવનારું હોય તેને અનુબંધન કહે છે. ક્ષય એટલે જે કર્મ વડે પોતાનું આયુષ્ય, પુણ્ય, બળ, ધન વગેરે દરેકની વૃદ્ધિ થવાને બદલે ક્ષય થતો રહે છે. પૌરુષ એટલે આ કર્મ કરવા

જેવું છે કે નહિ, આ કર્મ હું પુરું કરીશ કિંવા નહિ કરું અથવા મારામાં તે કરવાની શક્તિ છે કે નથી, આ કર્મ કરવાથી તેમાં ઘણી હિંસાઓ થશે અને ઘણા લોકોને ત્રાસ થશે ઇત્યાદિ બાબતોનો અને પોતાની શક્તિનો વિચાર કર્યા વગર મોહવશ મૂઢપણાથી જે કર્મનો આરંભ કરવામાં આવે છે તે તામસ કહેવાય છે. આમ કર્મ સંબંધે કહ્યું, હવે કર્તા સંબંધે કહું છું તે સાંભળ.

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।

सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥ २६ ॥

सात्त्विक कर्ता

મુક્તસંગ, અનહંવાદી, ધૈર્યવાન તથા ઉત્સાહયુક્ત, સિદ્ધિ અને અસિદ્ધિમાં નિર્વિકાર કર્તા સાત્ત્વિક કહેવાય છે. સારાંશ કે, જે તમામ સંગોથી તદ્દન મુક્ત થયેલો હોઈ અનહંવાદી અર્થાત્ જેમાં હું એવો ભાવ છે જ નહિ એવા પ્રકારના નિશ્ચય વડે અનહંભાવનો ધૈર્ય અને અત્યંત ઉત્સાહ વડે અભ્યાસ કરનારો એટલે જેમાં હું એવો ભાવ નથી એવો જે આત્મા(શ્લોક ૧)છે તે જ મારું ખરું સ્વરૂપ છે, એવી રીતના વિવેકયુક્ત દૃઢ નિશ્ચય વડે ઘણી જ ધીરજ અને ઉત્સાહથી યુક્ત થઈ આત્માના અપરોક્ષ સાક્ષાત્કારનો દૃઢતા વડે અભ્યાસ કરનારો, સિદ્ધિ અને અસિદ્ધિમાં નિર્વિકાર, આત્મામાં સિદ્ધિ અને અસિદ્ધિ એમ બંને ભાવો નથી અને એવા કોઈ ભાવો હશે એમ તે જાણતો પણ નથી, એવી રીતના નિશ્ચય વડે આ બંને વિકારોથી રહિત બનેલો, એવો કર્તા સાત્ત્વક કહેવાય છે.

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।

हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ २७ ॥

राजस कर्ता

રાગી એટલે અનેક વિષયોમાં આસક્તિ રાખનારો; કર્મફળપ્રેપ્સુ એટલે આ કર્મનું અમુક ફળ મળવું જ જોઇએ. વ્યવહારમાં ગણાતા ધન, પુત્ર, સ્ત્રી ઇત્યાદિ ફળની પ્રાપ્તિ થાય તો જ કર્મ કરવું એવા નિશ્ચયવાળો; વિષયોમાં જ નિત્યપ્રતિ રચ્યોપચ્યો રહેનારો તે લુબ્ધઃ હિંસાત્મક એટલે હિંસા કરવાની વૃત્તિવાળો એટલે પોતાનો નાશ થાય તો પણ પારકાને પીડા કરવાની વૃત્તિવાળો, અશુચિ અર્થાત્ આંતર્બાહ્ય અપવિત્ર, હંમેશાં હર્ષ અને શોકરૂપ મહાસાગરમાં જ ડૂબેલો એવો કર્તા રાજસ કહેવાય છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।

विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ २८ ॥

तामस कर्ता

અયુક્ત એટલે કરવા યોગ્ય શું અને નહિ કરવા જેવું શું તે બંનેનો સારાસાર વિચાર જેને નથી તેવો અવિવેકી પોતાના મનમાં આવે તે જ ખરું છે એમ દુરાગ્રહ વડે સમજી વગર વિચારે લાતો ખાવા છતાં પણ ગધેડાની પૂંછડીને જ પકડી રાખનારો, ઘમંડી મૂર્ખ અને વિવેકશૂન્ય; જેની બુદ્ધિમાં કિંચિન્માત્ર પણ સંસ્કાર નથી એવો અજ્ઞાની બાળક જેમ તદ્દન જડ, મૂઢ કિંવા પામર બુદ્ધિવાળો તે પ્રાકૃત; સ્તબ્ધ અર્થાત્ પત્થર જેવો જડ, નમ્રતારહિત, વિનયશૂન્ય કિંવા અક્કડપણાની વૃત્તિવાળો; શઠ એટલે બીજાઓની છેતરપીંડી કરવાવાળો, ધૂતારો ઠગ કિંવા કપટી; નૈષ્કૃતિક અથવા જેની જરૂર નથી તેવાં

નિરર્થક કર્મો કરનારો, બીજાઓની ઉપજીવિકાનું છેદન કરનારો, હિતેચ્છુપણાનો ઢોંગ બતાવી બીજાઓનાં કાર્યોનો ઉચ્છેદ કરી પોતાનો સ્વાર્થ સાધી લેનારો, બીજાના પેટ પર પગ મૂકનારો, ભુડાવનારો કિંવા દેવાળિયો; આળસુ, વિષાદી એટલે અસંતોષી, સામાનું સારું નહિ જોઈ શકવાથી હંમેશાં પરિતાપ કર્યા કરે તેવા સ્વભાવવાળો અથવા ગુંડમિજાજનો એટલે ચીડિયો તથા દીર્ઘસૂત્રી એટલે આજે કરું છું, કાલે કરું છું, હવે થશે, ઉતાવળ શી છે? એ મુજબ કાર્યને લંબાવ્યા જ કરે એવા સ્વભાવવાળો જે કર્તા તે તામસ કહેવાય છે. આ રીતે અજ્ઞાનીઓને સારાસારનો વિવેક જાગ્રત થઈ આત્માનું અદ્વૈતજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધીને માટે સાંખ્યશાસ્ત્ર વિના બીજો કોઈ માર્ગ નહિ હોવાથી મેં તને તે આધારે આ બધું સમજાવ્યું છે. હવે આત્માનું પરોક્ષજ્ઞાન થયેલાઓને માટે તત્ત્વદૃષ્ટિ વડે કર્મ અને કર્તાનું સ્વરૂપ જાણવાની યુક્તિ સંબંધે શાસ્ત્રનો નિર્ણય કહું છું તે સાંભળ.

કર્મ અને કર્તા બંને અભિન્ન છે

વસ્તુતઃ તો કર્મ અને કર્તા એ બંનેનું સ્વરૂપ અભિન્ન છે. જેમ વૃક્ષમાંથી પુષ્પ અને તેની સુગંધ બંને એક જ સમયે ઉત્પન્ન થાય છે તેમ સૃષ્ટિના આદિમાં કર્મ અને કર્તા એ બંને પોતાના સ્વભાવથી એક જ સમયે પરમાત્મામાંથી પ્રકટ થયેલાં છે. આકાશમાં જેમ નીલિમા એટલે ભુરાપણું દેખાય છે તેમ તદ્દન અસંગ અને સંકલ્પથી રહિત એવા પરમાત્મામાં જીવત્વનું સ્ફુરણ થયેલું હોય એમ ભાસે છે. હે વત્સ! અજ્ઞાનીઓને સમજાવવાને માટે બ્રહ્મમાંથી જીવ ઉત્પન્ન થયો છે એમ કહેવામાં આવે છે પણ જ્ઞાનવાનની દૃષ્ટિએ બ્રહ્મમાંથી આ થયું અથવા નથી થયું તથા તેને જાણનાર કોઈ સાક્ષી છે એમ કહેવું શોભતું નથી, પરંતુ જ્યાં સુધી બ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન થયેલું હોતું નથી ત્યાં સુધીને માટે ઉપદેશ્ય, ઉપદેશ અને ઉપદેશક, એવી કલ્પનારૂપ યુક્તિઓ વડે સમજાવ્યા સિવાય બીજી કોઈ યુક્તિઓ સંભવતી નથી. એટલા માટે જ્યાં સુધી અજ્ઞાનરૂપ એવો આ વ્યવહાર ભાસે છે ત્યાં સુધી દ્વૈત કલ્પનાનો અંગીકાર કરી લઈ "આ બ્રહ્મ અને આ જીવ છે" એ રીતની ભેદદૃષ્ટિનો અંગીકાર કરી તે વડે કહેવામાં આવે છે પરંતુ તે તો ફક્ત એક વાણીનો વિલાસ છે. વસ્તુતઃ બ્રહ્મ તો તદ્દન અસંગ અને અદ્વિતીય છે. તેમાંથી કોઈ ઉત્પન્ન થવું કિંવા નહિ થવું એમ બંને પક્ષોનો કિંવા તેના સાક્ષીભાવનો સંભવ નથી, છતાં ઉત્પન્ન થયેલું છે એવા પક્ષનો જે અંગીકાર કરવામાં આવે તો તે બધું બીજાંકુરન્યાયાનુસાર બ્રહ્મથી અભિન્ન જ છે. જેમ પુષ્પ અને તેની સુગંધ અભિન્ન છે તેમ પુરુષ(વૃક્ષાંક ૨) તથા તેની ક્ષિણુશક્તિ વડે થતું કારણરૂપ કર્મ(વૃક્ષાંક ૩થી ૫) અને સૂક્ષ્મરૂપ કર્મ (વૃક્ષાંક ૬થી ૧૨) તથા આ પ્રત્યક્ષ દેખાતું સૃષ્ટ્યાદિરૂપ સ્થૂલ કર્મ(વૃક્ષાંક ૧૩થી ૧૫ ઘ) એ સર્વ પણ આત્માથી અભિન્ન છે. તે આ બંને પર (વૃક્ષાંક ૧)અને અપર(વૃક્ષાંક ૨થી ૧૫ ઘ) સ્વરૂપો પરમાત્મામાંથી જ ઉત્પન્ન થયાં છે, તેમાં જ રહે છે અને તેને વિષે જ વિલયને પામે છે.

અજ્ઞાનીઓને માટે પ્રમાણ

જેનું પ્રમાણ જ માન્ય કરી શકાય એવા પ્રામાણિક દૃષ્ટિવાળા તથા રાગદ્વેષાદિથી રહિત એવા સમદર્શી મનુ, વ્યાસ વગેરે જીવન્મુક્તોએ ધર્મ તથા અધર્મરૂપી અર્થમાં અવિરુદ્ધપણાથી વેદાદિનો સાચો અર્થ અજ્ઞાની લોકોને બતાવવાના ઉદ્દેશથી શ્રુતિ, સ્મૃતિ, પુરાણ વગેરેમાં જે જે નિર્ણય કરેલો છે તેને શાસ્ત્ર કહેવામાં આવે છે. જેઓ અત્યંત શુદ્ધ અને સત્ત્વગુણથી યુક્ત હોઈ ધીરજવાન અને સમદૃષ્ટિવાળા છે તથા અનિર્વચનીય એવા બ્રહ્મનો સાક્ષાત્કાર કરેલા અપરોક્ષાનુભવી મહાત્માઓ હોય છે, તેઓને જ સાધુ પુરુષ કહેવામાં આવે છે; જેઓને તત્ત્વજ્ઞાન થયેલું હોતું નથી તેવા અજ્ઞાનીઓને માટે સાક્ષાત્કાર થતાં સુધી તો શાસ્ત્ર અને સાધુ પુરુષોનો આચાર એ બે નેત્રો છે એટલે તત્ત્વજ્ઞાન વગરના અજ્ઞાનીઓને માટે શાસ્ત્ર અને સત્પુરુષોનો આચાર એ બે જ પ્રમાણો હોઈ તેઓએ તે પ્રમાણે વર્તવું જોઈએ. આથી તેઓની ક્રમે ચિત્તશુદ્ધિ થઈ અંતે તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તથા તે વડે તેઓ શાંતિને પામે છે; પરંતુ જે આ સત્પુરુષના આચાર અને શાસ્ત્રનો ત્યાગ કરે છે તે દુઃખમાં જ ડૂબી જાય છે.

માત્સ્યન્યાય કોને કહે છે ?

લોકમાં અને વેદમાં એવી શ્રુતિ છે કે કર્મ અને કર્તા એ બંને ક્રમે કરીને એક સાથે રહેનારા છે એટલે કે, કર્મને લીધે કર્તા અને કર્તાને લીધે કર્મ ઉત્પન્ન થાય છે અને આ બીજાંકુરન્યાય લોકમાં તથા વેદમાં પણ પ્રસિદ્ધ છે. જેમ બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે તેમ કર્મમાંથી જીવ ઉત્પન્ન થાય છે અને અંકુરમાંથી જેમ પાછું બીજ ઉત્પન્ન થાય છે તેમ જીવમાંથી વળી પાછાં કર્મ ઉત્પન્ન થાય છે. જેવી જેવી વાસના વડે જીવ આ જગતરૂપી પંજરામાં જન્મે છે તેવી તેવી વાસનાને અનુસરીને તેને ફળનો અનુભવ આવે છે. આ પ્રકારની સ્થિતિ હોવા છતાં પણ તમો કર્મરૂપી બીજ વિના કેવળ બ્રહ્મપદથી જ ભૂત(પ્રાણી)માત્રની ઉત્પત્તિ થાય છે એમ કહો છો તેનું કારણ શું? આમ તમારા મત પ્રમાણે કેવળ બ્રહ્મમાંથી ઉત્પત્તિ થયેલી હોવાથી તે સર્વ બ્રહ્મરૂપ છે એમ જો હોય તો ઉપર કહ્યા પ્રમાણે જગતમાં થતી જંતુ અને કર્મની અવિનાભાવિતાનો એટલે પરસ્પર એકબીજામાંથી એકબીજાની ઉત્પત્તિ થાય છે એવી પ્રસિદ્ધિનો તમે તિરસ્કાર કર્યો ગણાશે અને પછી માયા શબલ બ્રહ્મ કિંવા સાક્ષી(વૃક્ષાંક ૨)માં આકાશાદિ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણાદિ દેહરૂપ ફળો છે તથા તેમાં સ્વર્ગાદિ તથા નર્કાદિરૂપ ફળ ભોગો છે એવી પ્રસિદ્ધિ જે શાસ્ત્ર અને લોકોમાં છે તે પણ નિરર્થક ઠરે છે અને આ રીતે જો કર્મ નિષ્ફળ ઠરે તો નરકાદિના ભયોના અભાવથી અને લોકોમાં સંકર થવાને લીધે જેમ મોટાં માછલાંઓ નાના માછલાંઓને મારી નાખે તેમ આ માત્સ્યન્યાયાનુસાર તમામ લોકોનો નાશ થાય. માટે કરેલું કર્મ ફળરૂપ થાય કે નહિ એવો જો તું સંશય કરે તો તે સંબંધે કહું છું.

ચિત્તમાં હું રૂપે સ્ફુરણ થવું એ જ કર્મ કહેવાય

ક્રિયામાં કુશળપણાના અનુસંધાનથી એટલે હું ક્રિયા કરું છું એવા અનુસંધાનરૂપ સત્ય સંકલ્પથી પુરુષ(વૃક્ષાંક ૨)ના મનનો જે વિકાસ થયો હોય એમ કહેવાય છે તે જ કર્મનું બીજ છે એટલે પુરુષ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)માં હું એવું પ્રતિબિંબરૂપ મિથ્યા સ્ફુરણ એ જ તમામ કર્મનું મુખ્ય બીજ હોઈ તેને જ ફળ થાય છે. આત્મા તો તે બધાથી તદ્દન અસંગ જ હોય છે એમ કહો કિંવા તે જ આ બીજાદિરૂપે ભાસમાન થયો છે એમ કહો. આમ સર્વના મૂળ આત્મપદમાં જ્યારે પુરુષ(વૃક્ષાંક ૨)ભાવની ઉત્પત્તિ થઈ તેનો જે હું રૂપ એવો વિકાસ(વૃક્ષાંક ૩) તે જ માયા કિંવા મનરૂપે થયો અને ત્યાર પછી જ જીવનું કર્મ થયું અને પછી દેહાદિભાવને પ્રાપ્ત થયો. જેમ પુષ્પ અને સુગંધમાં ભેદ હોતો નથી તેમ આ કર્મ અને મનમાં પણ ભેદ હોતો નથી. વસ્તુતઃ અસંગ એવા આત્મામાં હું(વૃક્ષાંક ૩) એવા પ્રકારની ક્રિયારૂપ મિથ્યા સ્ફુરણા થવી તેને જ કર્મ કહે છે. પરંતુ આ સ્થૂલ એવું વિરાટ કાર્ય ઉત્પન્ન થવા પૂર્વે તે મનરૂપી સૂક્ષ્મદેહ(વૃક્ષાંક ૬થી૧૨) વડે સ્થિત હોય છે તેમાં જ આ સ્થૂલ કાર્યસૃષ્ટિની ઉત્પત્તિ થવાના ધર્મોનો એટલે સૂક્ષ્મતત્ત્વોનો સંગ્રહ સૂક્ષ્મરૂપે થયેલો હોય છે; તે જ પછી સમષ્ટિ અભિમાની એવા બ્રહ્મદેવ (વૃક્ષાંક ૧૩) રૂપે પ્રકટ થઈ આ સ્થૂળ બ્રહ્માંડની ઉત્પત્તિ કરે છે તેથી તેને કર્મ કહે છે અને તેણે રચેલા બ્રહ્માંડને પણ કર્મ કિંવા વિસર્ગસૃષ્ટિ કહેવામાં આવે છે.(વૃક્ષાંક ૧૪થી૧૫ ઘ) મનરૂપ દેહમાં કર્મના ધર્મ છે માટે મન તે જ કર્મ છે. આમ અજ્ઞાનીઓની દૃષ્ટિએ નિયતિ વા પ્રારબ્ધની સત્તા સર્વત્ર વ્યાપેલી છે. એવો કોઈ પર્વત નથી, આકાશ નથી, વાયુ નથી, વહ્નિ નથી, જળ નથી કે પૃથ્વી કિંવા ઇતર કોઈ સ્થાન નથી કે જેમાં કર્મફળ ન હોય. એવા આ અનિર્વચનીય પદમાં જ વિવર્તરૂપે આ કિંવા પૂર્વજન્મમાં કરેલાં કર્મો ફળરૂપ થાય છે કારણ પુરુષપ્રયત્ન એટલે કરેલો ઉદ્યોગ કોઈ પણ દિવસ નિષ્ફળ જતો નથી. પછી તે અજ્ઞાન દૃષ્ટિએ કરવામાં આવે તો તેના જન્મમરણાદિ ફળરૂપે તૃણથી સ્વર્ગપર્યંતના ભોગોને કારણભૂત બને છે અને પરમાર્થદૃષ્ટિએ કરવામાં આવે તો જીવન્મુક્ત બની જઈ દુઃખમાંથી છૂટી શકાય છે. અજ્ઞાન વડે થતાં કર્મો નિયતિના બંધનમાં હોય છે. આમ કરવામાં આવતો પ્રયત્ન કદી પણ નિષ્ફળ જતો નથી. કાજળમાંની કાળાશનો ક્ષય થતાં જેમ કાજળનો ક્ષય થાય છે તેમ રજોદાત્મક (પાણીમાંથી

નીકળતો તુષાર કિંવા મોજાને રૂપ કહે છે)કર્મનો ક્ષય થવાથી મનનો ક્ષય થાય છે સારાંશ 'હું' એવા સૌથી પ્રથમ થતા ક્રિયાત્મક ભાવનો સદંતર વિલય થવો એ જ કર્મનો નાશ હોઈ તે વડે મનનો નાશ અનાયાસે જ થાય છે. આનું નામ જ સાચું કર્મરહિતપણું કહેવાય. આ રીતે અહં(વૃક્ષાંક ૩)રૂપ સ્ફૂર્તિનો સમૂળગો નાશ થવો એ જ કર્મરહિતપણું હોઈ તે જીવન્મુક્તને પ્રાપ્ત થાય છે, પરંતુ અયુક્ત એટલે મૂઢને કદી પણ પ્રાપ્ત થતું નથી. અગ્નિ અને ઉષ્ણુતા એ બંને જેમ સાથે જ રહે છે તેમ ચિત્ત અને કર્મ એ બંને સાથે જ રહે છે. એ બે પૈકી એકનો નાશ થાય એટલે બંનેનો નાશ થઈ જાય છે. ચિત્ત સદા 'હું' રૂપ સ્ફુરણને પામી પછી આ મારું, આ તારું, આ સારું, આ નરસું એવા દ્વૈત ભાવોને પામીને વિહિત તથા નિષિદ્ધ કર્મનું સંપાદન કરી, પુણ્યપાપરૂપ ધર્મ અને અધર્મરૂપે પરિણામ પામે છે. ત્યાર પછી તે ચિત્ત વડે થયેલાં કર્મો શુભાશુભ ભોગોને અનુકૂળ એવા વાસનાત્મક ચિત્તરૂપ સ્ફુરણને પામે છે. આ મુજબ ચિત્ત અને કર્મ એ બે જ ધર્મ અને કર્મ એવા નામથી લોકોમાં કહેવામાં આવે છે.

ઈક્ષણશક્તિ કિંવા મન

ઈશ્વરની કાળરૂપ જે ઈક્ષણશક્તિ કે તેને મહામન પણ કહે છે, તે કેવળ ભાવનામાત્ર જ છે અને ભાવના તો હુંરૂપ એવા સ્ફુરણધર્મવાળી છે. સ્ફુરણ ક્રિયારૂપ હોઈ તે ક્રિયાના સ્ફુરણને લીધે જ સર્વને ફળ મળે છે. આ મુજબ મન કે જે જડ છતાં અજડ આકૃતિરૂપે ભાસે છે તેનું સ્વરૂપ વિસ્તારથી કહું છું તે સાંભળ. અનંત અને સર્વશક્તિમાન માયા શબલપુરુષ કિંવા ઈશ્વર(વૃક્ષાંક ૨)રૂપ આત્મતત્ત્વનું કાળરૂપ ઈક્ષણશક્તિવાળું કિંવા સંકલ્પશક્તિ વડે રચેલું જે રૂપ તેને જ મન કહે છે. "અમુક વસ્તુ આમ હશે કે આમ હશે," આ રીતે પુરુષ(વૃક્ષાંક ૨)ના ચિત્તમાં સંકલ્પવિકલ્પથી જે બે પક્ષની ભાવના ઉત્પન થાય છે તે જ મનનું રૂપ છે. આત્મા ચૈતન્યપણાથી સર્વદા સ્વયંપ્રકાશ જ છે છતાં તેને "હું" જાણતો નથી" તથા 'હું કર્તા છું, કરું છું' એવો જે વડે નિશ્ચય થાય છે તે જ કાળશક્તિરૂપ મહામન કહેવાય છે. ગુણી વિના જેમ ગુણોનો સંભવ હોતો નથી તેમ જ્યાંસુધી 'હું' એવી સ્ફુરણા અથવા સંકલ્પવિકલ્પશક્તિ (વૃક્ષાંક ૩) પ્રકટ નહિ થાય ત્યાંસુધી મનનું અસ્તિત્વ સંભવનીય નથી. જેમ અગ્નિ અને ઉષ્ણુતા ભિન્ન નથી. તેવી રીતે કર્મ એટલે મન, જીવ અને મનની સત્તા એ ત્રણે ભિન્ન નથી. આ મહામન ચિત્તરૂપ ધર્મવાળું છે. તેનું કર્મ એટલે 'હું' એવું સ્ફુરણ હોઈ એ જ સર્વ દૃશ્યનું મૂળ છે (વૃક્ષાંક ૩). તેનું શરીર કેવળ આ 'હું, એવી ક્રિયાને પ્રેરણા કરવી એવા ઈક્ષણરૂપ સંકલ્પમય છે અને તેજ 'હું હું' એવા અનેક વિસ્તારપણાથી શોભે છે. આ સમસ્ત જગત તે મન વડે જ વ્યાપ્ત હોઈ તે દ્વૈતરૂપ છે, માયામય છે, નિષ્કારણ છે, સ્થિતિ વિનાનું છે, મિથ્યા છે અને વાસનાઓ વડે થતી મિથ્યા અનેક કલ્પનાઓથી વ્યાકુળ છે. જે પુરુષ જેવી જેવી વાસનાઓનું આરોપણ કરે છે તેવી તેવી રીતે ફળને અનુભવે છે. આ વાસનારૂપી વૃક્ષનું હું એ જ કર્મરૂપી બીજ છે, એ જ મહામનના હું એવા સ્ફુરણરૂપ શરીર છે તથા એમાંથી મારું, તારું, ઇત્યાદિ અનેક ભાવો વડે થતી અનેકવિધ ક્રિયાઓ એ શાખા હોઈ તેમાં વિચિત્ર ફળ રહેલું છે. મહામન જેવું અનુસંધાન (પ્રેરણા) કરે છે તેવી જ કર્મેન્દ્રિયો પ્રવૃત્તિ કરે છે અને પ્રવૃત્તિ અનુસાર ફળ સંપાદન કરે છે. માટે અહં એવી મૂળ સ્ફૂર્તિરૂપ જે કર્મ એ જ મહામન છે. મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, કર્મ, કલ્પના, સંસ્કૃતિ, વાસના, વિદ્યા, પ્રમત્ન, સ્મૃતિ, ઇંદ્રિય, પ્રકૃતિ, માયા અને ક્રિયા આ પ્રમાણે શબ્દની વિચિત્ર પ્રકારની ઉક્તિ નિર્મળ અને અસંગ બ્રહ્મના મિથ્યા સંસાર ભ્રમના હેતુરૂપ છે. કાકતાલીય યોગથી એકાએક ચૈતન્ય આત્મા કિંવા બ્રહ્મને જ્યારે 'હું' રૂપ બાહ્ય કલ્પનાપણાનું સ્ફુરણ પ્રાપ્ત થવાનો ભાસ થાય છે ત્યારે પર્યાયે તેનાં જ મન બુદ્ધિ ઇત્યાદિ નામો પડે છે આ નામોની રૂઢી શી રીતે પર્યાય વૃત્તિરૂપે વ્યવહારમાં આવી તે કહું છું.

પ્રકૃતિ વડે સત્માં અસત્પણું ભાસે છે

આત્મસ્વરૂપ એવી આ અનિર્વચનીય પરમસંવિત્ જ્યારે ઈશ્વરની ઈક્ષણશક્તિ વડે અવિદ્યારૂપી કલંકપણાને પામે છે તેને મહામન કિંવા કાળ પણ કહે છે. બાદ તે જ જ્યારે હું એવા પ્રતિબિંબિત મિથ્યા

સ્ફુરણરૂપને પ્રાપ્ત થાય છે ત્યારે તેને **ક્રિયા** કિંવા **કર્મરૂપે** પણ કહે છે. પરમાત્મા અનિર્વચનીય છતાં સર્વ દૃશ્ય-સમૂહના ઉપાદાનકારણરૂપ 'હું' એવા સ્ફુરણને પામે છે ત્યારે તેને **પ્રકૃતિપણું** કિંવા સત્ પદાર્થમાં અસત્પણું અને અસત્ પદાર્થમાં સત્પણું બતાવે છે, એ મુજબ સત્તા અને અસત્તાના વિકલ્પરૂપને લીધે તેને **માયા** પણ કહે છે. તે જ આ સંકલ્પરૂપ કિંવા ક્રિયારૂપ 'હું' એવું સ્ફુરણ (વૃક્ષાંક ૩) સમજો. તે સંકલ્પો પૈકી કોઈ એક વિકલ્પને સ્થિર કરે છે અથવા ત્રણ ગુણોનું સમભાવે મિશ્રણ કરે છે, ત્યારે **અવ્યક્ત** કિંવા **બુદ્ધિ** (વૃક્ષાંક ૪) કહેવાય છે. તે જ્યારે દેહાદિ મિથ્યા પદાર્થોમાં અભિમાન વડે પોતાની જ સત્તાની કલ્પના કરે છે ત્યારે તે **અહંકાર** કહેવાય છે, અને તેથી જ સંસારમાં બંધન થાય છે. જ્યારે એક વિષયનો ત્યાગ કરીને બીજા વિષયનું સ્મરણ કરે છે અને પૂર્વાપર વિચારનો ત્યાગ કરે છે ત્યારે તે જ **ચિત્ત** એવી સંજ્ઞા વડે કહેવાય છે. સ્ફુરણ થવું એ સંવિતનો ધર્મ છે એટલે તે અસત્ સ્ફુરણને લીધે જ્યારે તે કર્તાના શરીર તથા અવયવને દેહાદિનો સંયોગ સંપાદન કરાવે છે ત્યારે તે સંવિત્ જ **કર્મ** સંજ્ઞા વડે પ્રતીત થાય છે. અદ્વિતીય એવા એક પરમાત્માના સ્વરૂપના નિશ્ચયનો ત્યાગ કરીને તે સંવિત્ જ્યારે પોતાની ઇચ્છા પ્રમાણે અન્ય વસ્તુની કલ્પના કરી લે છે ત્યારે તેને જ **કલ્પના** કહે છે અમુક પદાર્થ પ્રથમ જોયેલો છે અથવા જોયો નથી એવી રીતે સ્મરણથી નિશ્ચય કરીને જ્યારે તે સંવિત્ ચેષ્ટા કરે છે ત્યારે તે **સંસ્મૃતિ** કહેવાય છે. પ્રથમ અનુભવ કરેલા પદાર્થની શક્તિ જ્યારે આકાશની પેઠે શૂન્ય અવસ્થામાં કાંઈ પણ ચેષ્ટા કર્યા વિના સૂક્ષ્મરૂપે રહે છે ત્યારે તેને **વાસના** કહે છે. આત્મતત્ત્વ જ તદ્દન નિર્મળ હોઈ તેમાં આ મિથ્યા પ્રપંચ ત્રણે કાળમાં છે જ નહિ એમ જાણવું તે જ **વિદ્યા** કહેવાય છે; તે આત્મસ્વરૂપમાં સ્થિતિ કરાવે છે તેથી જ તેને **પ્રયત્ન** કહે છે; તે વિવિધ પ્રકારના પદાર્થોનું સ્મરણ કરાવે છે તેથી તેને **સ્મૃતિ** કહે છે. આત્માના અદર્શનને લીધે અત્યંત વિસ્મરણ કરાવે છે તેથી તેને **વિસ્મૃતિ** કહે છે. મિથ્યા વિકલ્પોના સમૂહો કરવાને લીધે તેને જ **મળ** કહે છે. એટલે કે, તે આવરણ એટલે અસલ સ્વરૂપને ઢાંકી દેવું કિંવા ભૂલાવવું એવા પ્રકારની શક્તિને લીધે મળ તથા વિક્ષેપશક્તિના પ્રધાનપણાને લીધે વિસ્મૃતિ કહેવાય છે. તે શ્રવણ, સ્પર્શ, દર્શન, ભોજન, સુગંધ અને વિચારાદિ વડે જીવભાવે રહેલા કર્મેન્દ્રિયોના સ્વામી અથવા દેવતાઓને આનંદ પમાડે છે તેથી તે **ઇંદ્રિય** કહેવાય છે. તેમ જ દર્શન, શ્રવણ, સ્પર્શ, રસન અને ઘ્રાણ ઇત્યાદિ કર્મોને લીધે તેને **ક્રિયા** કહેવામાં આવે છે. આમ ચેતનને અનુસાર ચૈતન્ય જેવા જેવા રૂપે સ્ફુરણ થવા પામે છે તેવા તેવા તેના પર્યાયથી અજ્ઞાન દશામાં નામો પડેલાં છે. આમ અનિર્વચનીય એવા આત્માને જ મિથ્યા કાળરૂપ એવા મનપણાની પ્રાપ્તિ થતાં તેમાં હું ઇત્યાદિ સ્ફુરણરૂપ દેશ વગેરે માયિક એવી મર્યાદારૂપ સંસારપંક્તિ પ્રાપ્ત થયેલી હોઈ પોતે એક હોવા છતાં પણ વિવર્તરૂપ હજારો સ્ફુરણને લીધે તેને મન બુદ્ધિ વગેરે નામો વ્યવહારરૂઢિમાં પ્રાપ્ત થયેલાં ભાસે છે, માટે આ બધાં નામો કેવળ એક ચિત્ત, આત્મા અથવા બ્રહ્મનાં જ પોતામાં, પોતા વડે, પોતાને અને પોતે જ આપેલી મિથ્યા વિવર્તરૂપ સંજ્ઞાઓ છે. એટલે જેમ એક જ નટ જુદાં જુદાં કામ કરે છે ત્યારે જુદાં જુદાં નામો ધારણ કરે છે કિંવા એક જ મનુષ્ય રસોઈ કરતો હોય ત્યારે રાંધનાર, પાઠ કરતી વખતે પાઠ કરનાર, કથા કહેતી વખતે વક્તા, સાંભળતી વખતે શ્રોતા ઇત્યાદિ જુદાં જુદાં નામોની સંજ્ઞાઓ તેની ઉપર લાદવામાં આવે છે, તેમ આ આત્મા ઉપર મિથ્યા વિવર્તભાવે મન, બુદ્ધિ, માયા, પ્રકૃતિ, અહંકાર, કર્મ, ઇંદ્રિયાદિ જુદી જુદી સંજ્ઞાઓ આપવામાં આવેલી છે.

હું પદનો વિલય કરી અનુભવ લેવો એ જ પ્રમાણ છે

ચિત્ એટલે આત્માની મનાદિરૂપ જે મિથ્યા સંજ્ઞા મેં તને ઉપર કહી તે જ સંજ્ઞા અન્ય મતવાળાએ પોતપોતાની કપોળકલ્પિત કલ્પનાથી કરેલી યુક્તિવશાત્ જુદી જુદી રીતે કહેલી છે. જેનો જેવો સ્વભાવ હોય તે પ્રમાણે બુદ્ધિ, રાખીને ઇચ્છામાં આવે તે રીતે આ મન, બુદ્ધિ, માયા, કર્મ, ઇંદ્રિયો ઇત્યાદિને વિચિત્ર નામોના ભેદો વડે તેઓ જુદી સંજ્ઞાઓ પણ આપે છે. કેટલાક જીવથી ભિન્ન જડ પ્રકૃતિને **મન** કહે છે; કેટલાક **અહંકૃતિ** કહે છે અને કેટલાક **બુદ્ધિ** કહે છે. પણ આ બધી કેવળ આત્મા ઉપર કરેલી

વિવર્તરૂપ મિથ્યા કલ્પનાઓ જ છે અને વસ્તુતઃ તો તે એકરૂપ એવા આત્માની જ સંજ્ઞાઓ છે; છતાં ન્યાયમતવાળાએ પોતાની બુદ્ધિ અનુસાર તેની જુદી જ કલ્પના કરેલી છે, સાંખ્ય મતવાળાએ પણ જુદી કરેલી છે, વૈશેષિકોએ પોતાના મત પ્રમાણે જુદી કલ્પના કરેલી છે; એ જ રીતે બુદ્ધ, અર્હત, ચાર્વાક ઇત્યાદિકોએ તો સાંખ્યમતની યુક્તિને બદલે પોતપોતાની બુદ્ધિને અનુકૂળ એવી વિચિત્ર કલ્પનાઓ કરેલી છે; વળી સુગત, જૈમિનિ, પતંજલિ, નારદ, વ્યાસ ઇત્યાદિકોએ પણ પોતપોતાની બુદ્ધિ અનુસાર જુદી જુદી કલ્પનાઓ કરી આત્મતત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરેલો છે; છતાં એક જ નગરમાં જવાના જુદા જુદા અનેક માર્ગો હોઈ તે સર્વ માર્ગોથી જનારાઓ અંતે તો નગરમાં જ પહોંચી જાય છે, તે પ્રમાણે આ સર્વ લોકોનું ધ્યેય પરમતત્ત્વ એવા આત્મસ્વરૂપમાં પહોંચવારૂપ એક જ છે. તે પદની પ્રાપ્તિના ધ્યેય સંબંધે તો સર્વની એકતા જ છે છતાં પરમાર્થના અજ્ઞાનને લીધે કિંવા લુખી કલ્પનાઓને લીધે થયેલા વિપરીત બોધ વડે તેઓ વિવાદો કર્યા કરે છે; પરંતુ જો એક વખત અંતર્મુખ થઈ અહંભાવનો વિલય કરી નિર્વિકલ્પતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરી લે તો તેઓને વિવાદ કરવાનું પ્રયોજન રહેતું નથી. પણ તેઓ કેવળ વાણીના વિલાસ વડે અનિર્વચનીય પરમપદ કે જે વસ્તુતઃ તો અનુભવગમ્ય જ છે, તેને માટે મિથ્યા કલ્પનાઓ કરી પોતપોતાના મતનો દુરાગ્રહ રાખી તેનાં જ વખાણ કર્યા કરે છે. એક જ મનુષ્યને માટે કાકા, મામા, પિતા, પુત્ર, પતિ, સ્નેહી, ભાઈ, શત્રુ, મિત્ર આદિ જુદાં જુદાં અનેક નામો કલ્પાયેલાં હોય છે કિંવા ક્રિયાવશાત્ સ્નાન કરતી વખતે સ્નાનકર્તા, દાન કરતી વખતે દાનકર્તા, કામ કરતી વખતે કાર્યકર્તા, એમ અનેક નામો પડે છે, તેમ ક્રિયાના વિચિત્ર ભેદોને લીધે આ આત્મસ્વરૂપે એક ચૈતન્યના જ મિથ્યા વિવર્તભાવે જીવ, વાસના, કર્મ, મન, બુદ્ધિ, માયા, પ્રકૃતિ, ઈશ્વર, પુરુષ, અવ્યક્ત, મહાપ્રાણ, અહંકાર, અવિદ્યતા, અધ્યાત્મ, અધિભૂત, બ્રહ્માંડ, સમષ્ટિ ઇત્યાદિ અનેક નામો વ્યવહારમાં પ્રતીત થતાં જોવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તો આ સર્વ નામોની સંજ્ઞાઓ કિંવા મતમતાંતરો મિથ્યા હોઈ તે કેવળ કર્મમાર્ગમાં દુરાગ્રહ રાખી આત્માનુભવ નહિ લેનારા દુરાગ્રહીઓના મનમાં વિલાસરૂપ છે અને તે મન તો તદ્દન મિથ્યા છે. આને માટે ગમે તેટલો વાણીનો વિલાસ કરવામાં આવે તો પણ તે સર્વ નિરર્થક જ છે, કારણ કે, જ્યાં સુધી જાગૃત થવામાં નહિ આવે ત્યાં સુધી સ્વપ્નનો તમામ વ્યવહાર જેમ સત્ય જ ભાસે છે, તેમ જ્યાં સુધી અહમ્ અને મમાદિ સર્વ ભાવોનો વિલય કરીને તે પદનો અનુભવ લેવામાં આવતો નથી ત્યાં સુધી તેને માટે કરવામાં આવતી તમામ કલ્પનાઓ નિરર્થક જ છે. માટે હે પાર્થ! હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, આ બાબતમાં અનુભવ વિના બીજું કોઈ પણ પ્રમાણ નથી. માટે જેણે હુંરૂપ એવી આ મિથ્યા રટણાનો મૂળ સહિત વિલય કરીને નિઃશેષપદનો અનુભવ કર્યો છે તે જ આ પરમપદનો સાચો જ્ઞાતા હોઈ બાકીના બધા મિથ્યા વાદવિવાદ કરનારા દુરાગ્રહીઓ અને દાંભિકો જ છે, એમ જાણવું. આમ 'હું' ભાવનો જેણે વિલય કર્યો છે તે જ સાચો સાક્ષાત્કારી કિંવા અપરોક્ષાનુભવી મહાત્મા હોઈ તે મારું જ સ્વરૂપ છે. માટે તું અહંભાવને છોડીને મારા નિઃશેષ એવા સાચા પરમપદનો અનુભવ લે એટલે પછી આ કર્મ, કર્તા ઇત્યાદિ સર્વ ભેદાભેદો કરોળીયાની લાળની જેમ અભિન્ન એવા એક આત્મરૂપ જ કેવી રીતે છે તે તું સારી રીતે જાણી શકીશ, આમ જીવન્મુક્ત બન્યા પછી અજ્ઞાનીઓની દૃષ્ટિએ દેખવામાં આવતો તારો આ સર્વ વ્યવહાર સ્વપ્નવત્ મિથ્યા હોવાથી સ્વપ્નમાંના સર્વનો નાશ થવાથી પણ જેમ પોતાને કાંઈ હાનિ થતી નથી તેમ લૌકિક દૃષ્ટિએ તું સર્વને હણીશ કિંવા તારા કહેવામાં આવતા આ દેહના હણાઈને ટુકડે ટુકડા વા ચૂરેચૂરા થઈ જશે છતાં તું તેથી તદ્દન અલિપ્ત જ રહીશ; તને તે કર્મનો લેશ પણ સ્પર્શ થશે નહિ, એમ નિશ્ચયાત્મક જાણ.

સર્વ મતવાદીઓની નિરર્થકતા કિંવા એકવાક્યતા

ભગવાન આગળ કહે છે: હે ધનુર્ધર! આ પ્રમાણે જ્ઞાનીઓની દૃષ્ટિએ કર્તાકર્માદિની અભિન્નતા છે, એવો શાસ્ત્રનો પણ નિશ્ચય છે. આ શાસ્ત્રનિર્ણયનું મારા નિશ્ચયસહનું ગૂઢ રહસ્ય મેં તને કહી સંભળાવ્યું, તે ઉપરથી તું જાણી શકીશ કે હું સહિત સઘળા મમાદિભાવોનો વિલય કરીને તે પરમપદનો અનુભવ લેવો જોઈએ,

એ જ એક પ્રમાણ હોવાથી સર્વ વાદીઓની પોતપોતાની બુદ્ધિ અનુસાર તર્કો વડે પ્રચલિત થયેલી તર્કવિતર્કરૂપ મિથ્યા મનની શક્તિસમી આ ભ્રમિત માન્યતાને તત્ત્વજ્ઞો કદી પણ પ્રમાણ ગણતા નથી. આથી તમામ વાદીઓના મનમાં જે નામરૂપાદિ ભેદો છે તે કેવળ અજ્ઞાન વડે થયેલી ભ્રાંતિરૂપ હોવાથી નિરર્થક જ છે; છતાં પણ વાસ્તવિક રીતે જેમ કોઈ વસ્તુને તેના સાચા નામ વડે નહિ ઓળખતાં જુદાં જુદાં નામ વડે ઓળખવામાં આવે તો તેથી તે વસ્તુમાં કોઈ ફેરફાર થતા પામતો નથી, તે તો જેમનો તેમ જ હોય છે; એટલે જેમ કોઈ અજ્ઞાની બાળક પુસ્તકને જ રમકડું કહે તેનો અર્થ રમકડું એ પુસ્તકનું જ બીજું નામ કિંવા સંજ્ઞા ગણાય, કેમ કે તેને રમકડું કહેવાથી તે પુસ્તક મટી રમકડું થઈ જતું નથી. તે તો જેમનું તેમ જ હોય છે. એટલે પુસ્તકનું જ રમકડું એવું વિવર્તરૂપ બીજું નામ કહેવાય તેમ ચૈતન્યરૂપ એવા એક આત્મતત્ત્વને જ અનેક મતમાળા વાદીઓ અજ્ઞાન વડે ગમે તેવી સંજ્ઞાઓ આપે છે. છતાં તેમાં કિંચિન્માત્ર પણ ફેરફાર થતા પામતો નથી. આ રીતે વિચાર કરતાં સર્વ વાદીઓની એકવાક્યતા જ સિદ્ધ થાય છે. સારાંશ કે, મેં તને કર્તાકર્માદિ સંબંધે જ્ઞાનીઓની દૃષ્ટિએ અભેદતા કેવી રીતે છે તે સમજાવ્યું તથા અજ્ઞાનીઓની દૃષ્ટિએ તેમાં ત્રણ ગુણો વડે ત્રણ ત્રણ ભેદો કેવી રીતે પડે છે તે સાંખ્ય (વેદાન્ત) શાસ્ત્રાનુસાર સમજાવ્યું. હવે આ અજ્ઞાનીઓની દૃષ્ટિએ બુદ્ધિ, ધૃતિ અને સુખ ઇત્યાદિ ગુણો વડે પડતા ત્રણ ત્રણ ભેદો વિસ્તારથી કહું છું તે સાંભળ.

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।

प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनञ्जय ॥ २९ ॥

પ્રકૃતિ વડે બુદ્ધિ અને ધૃતિમાં પણ ત્રણ ત્રણ ભેદો પડે છે

હે ધનંજય! બુદ્ધિ અને ધૃતિ(ધારણા) કિંવા ધૈર્યમાં પણ ગુણો વડે ત્રણ ત્રણ પ્રકારના ભેદો પડે છે. તે બધા તને કહું છું તે સાંભળ. એટલે જેમ કર્તા, કર્મ જ્ઞાન ઇત્યાદિ દરેકમાં પ્રકૃતિના ત્રણ ગુણોવશાત્ ત્રણ ભેદો જોવામાં આવે છે તેમ બુદ્ધિ એટલે જે વડે નિશ્ચયો થાય છે તે નિશ્ચયોમાં તથા ધૃતિ એટલે ધારણ કિંવા ધૈર્ય અર્થાત્ નિશ્ચય થયા પછી તેનું ધારણ કરવું, અથવા કરેલા નિશ્ચયમાં સ્થિતિ કરવી, તેમાં પણ પ્રકૃતિના ત્રણ ગુણો વડે ત્રણ ત્રણ ભેદો જ પડે છે, તે સઘળા જુદા જુદા કહું છું.

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।

बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥ ३० ॥

સાત્ત્વિકી બુદ્ધિ

હે પાર્થ! જે બુદ્ધિ પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, ભય અને અભય તથા બંધ અને મોક્ષને જાણે છે તે સાત્ત્વિકી બુદ્ધિ કહેવાય છે. તાત્પર્ય કે, પ્રવૃત્તિ કોને કહેવી અને નિવૃત્તિ કોને કહેવી? (પ્રવૃત્તિ નિવૃત્તિ માટે અધ્યાય ૮ શ્લો૦ ૨૫-૨૬ પૃષ્ઠ ૪૬૨/૪૬૩ જુઓ) કાર્ય કયું અને અકાર્ય કયું (કર્મ, અકર્મ, વિકર્મ સંબંધે અ૦ ૨ શ્લો૦ ૪૨ થી ૪૪ અને ૪૭ તથા અ૦ ૪ શ્લોક૦ ૧૬ થી ૧૮) ભય અને અભય કોને કહે છે?[૧] બંધ અને મોક્ષ એટલે શું?[૨] તેનો સારાસાર વિવેક જે જાણે છે, તેની બુદ્ધિ સાત્ત્વિકી જાણવી.

---

૧ બીજો કોઈ છે એમ સમજવું તે જ ભય કહેવાય તથા આ સર્વ અદ્વૈત એવા એક રૂપ જ છે એમ જાણવું તે અભય કહેવાય છે; અર્થાત્ આત્મામાં 'હું' એમ જાણવું તે આત્મદૃષ્ટિએ બીજો થયો અને તે હુંનો વિલય કરી પરમપદમાં સ્થિતિ કરવી તેનું નામ જ અભય સમજો.

૨ હું શરીરાદિ દૃશ્યરૂપ છું એમ જાણવું તે બંધ તથા હું આત્મા છે, મારામાં દૃશ્યાદિનો અંશ પણ નથી જેમ 'હું'નો વિલય કરીને અપરોક્ષ સાક્ષાત્કાર કરવો તે જ મોક્ષ કહેવાય.

રાજસી બુદ્ધિ

હે પાર્થ! જે ધર્મ કે અધર્મ; કાર્યઅકાર્યને અયથાર્થ રીતે જાણે છે તે બુદ્ધિ રાજસી કહેવાય છે. સારાંશ કે, જે બુદ્ધિ વડે ધર્મ કોને કહેવો અને અધર્મ કોને કહેવો, કાર્ય કોને કહેવું અને અકાર્ય કોને કહેવું તે યથાવત્ એટલે યથાર્થ રીતે જેવું હોય તેવા સ્વરૂપે નહિ જાણી શકવાથી આમ હશે, કે તેમ હશે એવી સંશયગ્રસ્ત હોય છે તેવી અવિશ્વસનીય બુદ્ધિને રાજસી કહે છે.

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।

अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥ ३१ ॥

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।

सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥ ३२ ॥

તામસી બુદ્ધિ

તમ વડે આવૃત્ત થયેલી, જે અધર્મને જ ધર્મ માને છે તથા સર્વ અર્થો આમ વિપરીત જ કરે છે તે બુદ્ધિ તામસી કહેવાય છે. સારાંશ એ કે, અજ્ઞાન વડે ઢંકાઈ ગયેલી એટલે મૂઢ બનેલી બુદ્ધિ કે જે અધર્મને જ ધર્મ માની લે છે તેમ જ તમામ અર્થોને વિપરીત એટલે અહંકાર વડે પોતાના મનમાં આવે તેમ માની લઈ દુરાગ્રહ વડે તે જ સાચું છે એમ જીદ પકડી લઈ ખોટાને જ ખરું સમજી લે છે, તેવી અવળચંડી બુદ્ધિ તામસી કહેવાય છે. આ રીતે નિશ્ચય કરવારૂપ બુદ્ધિના ત્રણ ભેદો કહ્યા. હવે ધૃતિના ત્રણ ભેદો સાંભળ.

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।

योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥ ३३ ॥

સાત્ત્વિક ધૃતિ

જે ધૃતિ, યોગ એટલે કેવળ એક બહ્મમાં જ એકાગ્રતા ધારણ કરેલી કોઈ મન, પ્રાણ તથા ઇંદ્રિયોની ક્રિયાઓ જે અવ્યભિચારિણી અર્થાત્ એક આત્મામાં જ ધારણ કરાવનારી, આત્મામાંથી જરા પણ ચલાયમાન થવા નહિ દેવારૂપ યોગવાળી જે ધૃતિ તે સાત્ત્વિકી કહેવાય છે. તાત્પર્ય એ કે, ધૃતિ એટલે ધારણા, મન, પ્રાણ અને ઇંદ્રિયાદિ વડે થતી તમામ ક્રિયાઓને અવ્યભિચારિણી અર્થાત્ જેમાં સ્વસ્વરૂપ સિવાય બીજો કોઈ વ્યભિચાર છે જ નહિ એવા પ્રકારે નિત્યપ્રતિ એક આત્મામાં જ ધારણ કરી રાખવારૂપ યોગવાળી છે એટલે કે કાયિક, વાચિક અથવા માનસિક જે જે કોઈ કર્મ થાય અથવા અંતઃકરણમાં જે જે કોઈ વૃત્તિનું ઉત્થાન થાય એટલે કે વૃત્તિ ઊઠતાંની સાથે તુરત જ તે આત્મરૂપ છે અને આત્મા તો જ્યાં કું ભાવ જ નથી એવો અનિર્વચનીય છે, એવા પ્રકારે દાખી દે છે અને તેને આત્મામાંથી કિંચિન્માત્ર પણ ક્ષણવાર જરા દેતી નથી તેવી અવ્યભિચારિણી કિંવા કેવળ એક આત્મામાં જ સ્થિર થયેલી મોક્ષરૂપ પુરુષાર્થપ્રાપ્તિ કરાવવાવાળી ધૃતિ તે સાત્ત્વિકી કહેવાય છે.

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।

प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥ ३४ ॥

રાજસી ધૃતિ

હે અર્જુન! વળી જે ધૃતિ વડે કેવળ ધર્મ, અર્થ અને કામને જ ધારણ કરાય છે અને જે વડે પ્રસંગવશાત્ ફળની ઇચ્છા રાખવામાં આવે છે તે રાજસી સમજો. તાત્પર્ય કે, જે ધૃતિ કેવળ ધર્મ, અર્થ અને કામ એવા ત્રણ પ્રકારના પુરુષાર્થો સાધ્ય કરવાની ઇચ્છાવાળી હોઈ વ્યવહારમાં ઉત્પન્ન થતાં પ્રસંગવશાત્ તેવા તેવા પ્રકારની ઇચ્છાવાળી થાય છે એટલે વ્યવહારમાં ચાલતી રૂઢિ, પરંપરાનો મોભો, કુટુંબપોષણાદિની ઇચ્છા, શરીરાદિ સુખો અર્થાત્ સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, રથાન ઇત્યાદિ લૌકિક પદાર્થો મેળવવા, તેને સંભાળી રાખવા કિંવા નષ્ટ નહિ થવા દેવા ઇત્યાદિની ઇચ્છા વડે વ્યાવહારિક ફળની આકાંક્ષાઓ વડે જ જે ધર્મ, અર્થ અને કામનું સેવન કરે છે; આ મોકો સારો છે, એમ સમજીને આવેલા પ્રસંગનો ચાલતી ગાડીમાં ચઢી પોતાનો સ્વાર્થ સાધી લેવા ઉપયોગ કરી લેવામાં આવે છે, તે ધારણા રાજસી ગણાય છે.

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।

न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ॥ ३५ ॥

તામસી ધૃતિ

હે પાર્થ! જે ધૃતિ વડે નિદ્રા, ભય, શોક, વિષાદ અને મદને કદી પણ છોડવામાં આવતા નથી તેવા દુર્બુદ્ધિવાળાની ધારણા તામસી કહેવાય છે, એટલે જે વડે આળસ, નિદ્રા, પ્રમાદ, ભય, શોક અને નિત્યપ્રતિ ઇંદ્રિયોના ભોગો ભોગવવારૂપ વ્યાકુળતા, ખેદ કિંવા ગ્લાનિ ઉત્પન્ન થાય છે અને પોતાને હું મોટો પ્રતિષ્ઠિત છું, મારા જેવો કોણ છે, એવી મદ ધારણ કરાવનારી, તમોગુણ વડે દૂષિત થયેલી, અહંકારયુક્ત ધૃતિ કિંવા ધારણાને તામસી કહે છે. આ રીતે તને બુદ્ધિ અને ધૃતિના સૂક્ષ્મ ત્રણ ત્રણ ભેદો કહ્યા.

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।

अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥ ३६ ॥

સુખના પ્રકારો

પ્રકૃતિના ગુણો વડે સુખ પણ ત્રણ પ્રકારનાં છે. હે ભરતશ્રેષ્ઠ! તને કહેવામાં આવતાં સુખના એ ત્રણ પ્રકારને તું મારી પાસેથી સાંભળ કે. જેના અભ્યાસ વડે હંમેશાં તેમાં જ રમમાણ થયેલો દુઃખનો પાર પામી શકે છે.

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।

तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥ ३७ ॥

સાત્ત્વિક સુખ

હે ભારત! આ આત્મબુદ્ધિપ્રસાદથી પ્રકટ થતું તત્ એટલે આત્મસ્વરૂપ એવું જે સુખ છે તે પ્રથમ તો વિષસમાન હોઈ પરિણામે અમૃતનો ઉપમારૂપ છે તેને સાત્ત્વિક સુખ કહે છે. ભાવાર્થ એ કે આત્મબુદ્ધિપ્રસાદથી એટલે જે સુખ આત્મબુદ્ધિરૂપ પ્રસાદને લીધે ઉત્પન્ન થતા પામેલું છે અર્થાત્ આ બધું આત્માથી અભિન્ન અને અનિર્વચનીય એવું એક પરમતત્ત્વ હોઈ તે જ મારું સ્વસ્વરૂપ છે એવી રીતે પોતા વડે જ પોતે આત્મસ્વરૂપભૂત નિર્મળ એવી નિશ્ચયાત્મક બુદ્ધિને પ્રાપ્ત થનારું જે સુખ છે કે જેને 'તત્' એટલે આત્મા એવી સંજ્ઞા વડે કહેવામાં આવ્યું છે તે સુખ, આરંભમાં તો મોટા ભયંકર વિષ જેવું લાગે છે

કારણ કે અજ્ઞાનતાને લીધે પોતે પોતાને દેહાદિક માનીને વિષયોમાં લંપટ થઈ બેઠેલો જીવાત્માનો મિથ્યા ભ્રમરૂપ દૃઢ થયેલો અધ્યાસ છૂટવો ઘણો જ કઠણ થઈ પડે છે, તે વિષયોને છોડવા તૈયાર હોતો નથી, તેથી તેને આ સુખની લેશમાત્ર પણ કલ્પના હોતી નથી. જેમ રોગના નાશને માટે પ્રથમ કડવી દવાનું પાન કરવું પડે છે તેમ વિષયના અભ્યાસમાં જ નિત્યપ્રતિ રમમાણ થયેલો હોવાથી જીવાત્માને આરંભમાં વિષયનો ત્યાગ કરવો તો ભયંકર વિષસમાન જ લાગે છે પરંતુ જ્યારે તેને આત્મબુદ્ધિની નિર્મળતા પ્રાપ્ત થઈ સાચા આત્મસુખનું ભાન થાય છે તથા તેને તેના અમૃતરૂપની મહત્તા સમજાય છે ત્યારે તો તે જ્યાં દુઃખનો અંશમાત્ર પણ નથી એવા અમૃતરૂપ સુખમાં એટલે આત્મરૂપ નિષ્ઠામાં જ તન્મય બની જાય છે. આ મુજબ આરંભમાં વિષસમાન પરંતુ પરિણામે અમૃત સમાન એવું જે આત્મસુખ છે તેને સાત્ત્વિક સુખ કહે છે.

विषयेन्द्रियस ंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।

परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥ ३८ ॥

રાજસ સુખ

હે ભારત ! વિષય અને ઇંદ્રિયોના સંયોગથી ઉપજેલું છે, આરંભમાં અમૃત જેવું પરંતુ પરિણામે વિષસમાન છે, એવું જે સુખ તે રાજસ જાણવું. જેમ ગળ્યા પદાર્થો ખાવામાં તો અમૃત જેવા સારા લાગે છે પરંતુ તેનું અંતિમ પરિણામ તો શરીરમાં રોગાદિ ઉત્પન્ન કરનારું હોઈ અતિશય ભયંકર નીવડે છે, તેમ ઇંદ્રિયો વડે ભોગવવામાં આવનારું જે વિષયસુખ છે તે આરંભમાં તો અમૃત જેવું લાગે છે, પરંતુ તેનું પરિણામ તો વિષ જેવું ભયંકર ઉત્પન્ન થાય છે, તેથી તેવા સુખને રાજસ સુખ કહ્યું છે.

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।

निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ३९ ॥

તામસ સુખ

હે ભારત ! જે સુખ પોતે આત્મરૂપ હોવા છતાં પણ મોહ ઉપજાવીને આરંભમાં બંધન કરાવનારું હોઈ આળસ અને પ્રમાદ કરાવનારું છે તે તામસ કહેવાય છે, તાત્પર્ય કે, વસ્તુતઃ પોતે આત્મરૂપ છે છતાં મોહવશ થઈ આરંભમાં જ હું શરીરાદિ છું, એવા પ્રકારના નિશ્ચય વડે બંધનકર્તા તથા આળસ, નિદ્રા અને પ્રમાદ વડે પ્રકટ થતું અને પોતાના કર્તવ્યને ભુલાવનારું હોઈ જેમ શરીરના વ્યાધિ વડે પીડાયેલો મનુષ્ય તેને સારું કરવાના ઇરાદાથી દવા પીવાને બદલે અજ્ઞાનતાથી વગર સમજ્યે અને વિચાર કર્યા વગર પોતાની મેળે વિષને જ દવા માની લઈ તેનું પાન કરે છે તે પ્રમાણે આરંભમાં જ મોહ ઉપજાવનારું અને અજ્ઞાનતાને લીધે બંધનાદિમાં પાડનારું જે સુખ તે તામસ કહેવાય છે.

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।

सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ ४० ॥

નિયતિ (પ્રારબ્ધ)ની નિશ્ચિતતા

હે પાર્થ ! વધુ શું કહું ? ટૂંકમાં એટલું જ સમજ કે આ પૃથ્વીમાં, અંતરિક્ષમાં કિંવા સ્વર્ગમાં કે દેવતા(અધિદેવતા)ઓમાં એવું કોઈ નથી કે જે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્ત્વાદિ ગુણોથી મુક્ત હોય. આમાં

ભગવાને ઘણો જ યુક્તિવાદ કહેલો છે. પ્રથમતઃ તો આમાં નિયતિ કિંવા પ્રારબ્ધવાદની તદ્દન નિશ્ચિતતા બતાવેલી છે. તેઓ કહે છે કે જેટલું જોટલું જોવામાં, સાંભળવામાં, રપર્શવામાં, સુંઘવામાં આવે છે અથવા જ્ઞાનેન્દ્રિયો કિંવા કર્મેન્દ્રિયો વડે જે જે કાંઈ કર્મ થાય છે કિંવા શારીરિક, વાચિક અથવા માનસિક જે જે કાંઈ કર્મો થતાં હોય છે; જે જે કાંઈ મન વડે સંકલ્પો કરાય છે, બુદ્ધિ વડે નિશ્ચય કરાય છે તથા અંતઃકરણમાં વૃત્તિઓનું ઉત્થાન થવા પામે છે એટલું જ નહિ પરંતુ જે કાંઈ પૃથ્વી, જળ, વહ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો સહિત ચૌદલોકવાળું બ્રહ્માંડ છે તેમાં કિંવા જેમાં આવાં અનેક બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે તેમ જ તેનાં જે જે કાંઈ કારણતત્ત્વો અથવા મહાકારણતત્ત્વો (વૃક્ષાંક ૪ થી ૧૫ ઘણુંએ) છે તે સર્વ નિયતિના પાશમાં છે. વિરાટમાં એવી કોઈ વસ્તુ વિદ્યમાન નથી કે જે આ પ્રકૃતિ કિંવા માયા (વૃક્ષાંક ૩)ના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના પાશમાંથી છૂટેલી હોય, આને જ નિયતિ કિંવા પ્રારબ્ધ કહે છે. ટૂંકમાં એટલું જ કે આ પ્રકૃતિ કિંવા માયા(વૃક્ષાંક ૩)ના ત્રણ ગુણો વડે નિયત કર્યા પ્રમાણે જ વાયુ વહે છે. આકાશ સર્વને અવકાશ આપે છે, સૂર્ય ઊગે છે, ચંદ્ર ક્ષયવૃદ્ધિને પામે છે, વહ્નિ બાળે છે, જળ દ્રવત્વને પામેલું છે, પૃથ્વી ઘનપણાને પામેલી છે, પૃથ્વીની અંદર રહેલા તમામ દેવો, પિતરો, ઉરગો, પશુ, પક્ષી, ઝાડપાન, લતા, પત્રાદિકો કિંવા અંડજાદિ ચાર પ્રકારના જીવો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ દેવતાઓ કિંવા મહત્તત્ત્વાદિકો ઇત્યાદિ સર્વે આ પ્રકૃતિના ત્રણ ગુણોના પાશ વડે બંધાયેલા હોઈ તે જેમ દોરવે તેમ જ બિચારા દોરાય છે. આવી રીતે આમાં ભગવાને નિયતિવાદની તદ્દન રપષ્ટતા કરેલી છે.[૧] આમ આમાં નિયતિવાદની નિશ્ચિતતા બતાવેલી હોઈ યુક્તિ વડે એમ પણ કહેવામાં આવેલું છે: હે પાર્થ ! ફક્ત એક આત્મજ્ઞ કિંવા જીવન્મુક્ત જ આ પ્રકૃતિના ત્રણ ગુણોના પાશમાં સપડાયેલો હોતો નથી, અર્થાત્ આ આત્મતત્ત્વ જ એક એવું અનિર્વચનીય છે કે જેમાં આ પ્રકૃતિ અને તેના ત્રણ ગુણોનું કિંચિન્માત્ર પણ અસ્તિત્વ નથી, જેમ પ્રકાશ જ એવી વસ્તુ છે કે જેમાં અંધારું કદી હોતું નથી તેમ આ આત્મરૂપ પ્રકાશ જ એવી એક વસ્તુ છે કે જેમાં આ પ્રકૃતિના નિયંતા ઈશ્વર(વૃક્ષાંક ૨) અને તેના ત્રણ ગુણોનું લેશમાત્ર પણ અસ્તિત્વ કદી સંભવતું નથી. આ સિવાય પ્રકૃતિના પાશમાંથી છૂટી શકે એવો બીજો કોઈ પણ પદાર્થ જ નથી, આ રીતે અત્રે ભગવાને એ અર્થનું સૂચન કર્યું છે. માટે જે હું, મારું ઇત્યાદિ ભાવોનો સાક્ષી સહ વિલય કરે તેવો જીવન્મુક્ત આત્મસ્વરૂપ બનેલો યોગી અજ્ઞાનીઓની દૃષ્ટિએ તો જાણે પ્રકૃતિના પાશમાં સપડાઈને કર્મ કરતો હોય એમ ભાસે છે, કેમ કે જેમનો સર્વ વ્યવહાર પ્રકૃતિવશ હોય છે તેઓની દૃષ્ટિએ કમળો થયેલો જેમ સર્વત્ર પીળું જ દેખે તેમ નિયતિતંત્રના પાશમાં સપડાએલાઓની દૃષ્ટિએ જીવન્મુક્ત પણ નિયતિતંત્ર પૈકીનો જ કોઈ છે એમ તેઓ દેખે છે, પરંતુ તે તત્ત્વવિત્ તો વાસ્તવિક રીતે પોતાના આત્મસ્વરૂપમાં જ સ્થિત હોય છે, કે જ્યાં કદી આ માયા કે નિયતિનો કિંચિન્માત્ર પણ રપર્શ થવો સંભવતો નથી. આ સિવાય બીજી કોઈ પણ દૃષ્ટિએ પ્રકૃતિનો મૂળ સ્વભાવ કિંવા નિયતિ કદી પણ અન્યથા થતી નથી. આ સંબંધે શ્રુતિમાં પણ પ્રમાણ છે. [૨]

આત્મામાં નિયતિની ગંધ પણ નથી

હે અર્જુન ! તને જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ, ધૃતિ, સુખ ઇત્યાદિમાં પ્રકૃતિના ગુણો વડે પડતા ત્રણ ત્રણ ભેદો કહ્યા. આ પ્રકૃતિના ત્રણ ગુણોની સત્તામાંથી કોઈ છૂટી શકે તેમ નથી. નિયતિએ નિશ્ચય કર્યો પ્રમાણે જ આ સર્વ કાર્યો નિયમિત રીતે ચાલી રહ્યાં છે. એક તણખલું પણ તેનો નિયમ તોડી શકતું નથી, તો પછી બીજાઓની તો વાત જ શી કરવી ? આ રીતે આ બધું મિથ્યા દૃશ્યજાળ તો નિયતિના નિશ્ચિત નિયમ પ્રમાણે જ ચાલી રહ્યું છે, ફક્ત નિઃશેષ એવું એક આત્મતત્ત્વ જ આ નિયતિના તંત્રથી તદ્દન

---

૧ નિયતિ કિંવા પ્રારબ્ધવાદની રપષ્ટતાને માટે અધ્યાય ૩, ૪, ૫, ૭, ૮, ૧૧, ૧૫ ઇત્યાદિ જુઓ.

૨ માંડુક્ય ઉપ૦ કારિકા સહ અદ્વૈત પ્રકરણ ૧૭ થી ૨૪ જુઓ.

અલિપ્ત છે. તેને આ નિયતિ કદી સ્પર્શી શકતી નથી. જેમ પ્રકાશમાં અંધારું રહી શકતું નથી તેમ આત્મામાં નિયતિનું નામનિશાન પણ હોતું નથી. વળી પ્રકાશને જેમ અંધારું કયાં હશે તેની માહિતી હોતી નથી તેમ આત્માને આ નિયતિ કરીને કાંઈક હશે તેની ગંધ પણ કયાંથી હોય? હવે આ નિયતિએ જ અજ્ઞાનીઓને માટે મનુ, નારાયણ, હંસ ઇત્યાદિની પાસે નિશ્ચિત કરાવેલા સ્વભાવસિદ્ધ એવા વર્ણાશ્રમાદિ ધર્મો સંબંધમાં તને કહું છું તે સાંભળ.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ।

कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥

વર્ણાશ્રમાદિ ધર્મો નિયતિએ જ નિશ્ચિત કરેલા છે

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનાં કર્મો નિયતિએ નિશ્ચિત કરેલા સત્ત્વાદિ ગુણોના સ્વભાવ વડે જ ભિન્ન ભિન્ન થયાં છે એટલે બ્રાહ્મણોએ અમુક કરવું, ક્ષત્રિઓએ અમુક કરવું, વૈશ્યોએ અમુક કરવું અને શૂદ્રોએ અમુક રીતે જ વર્તવું; એ પ્રમાણે નિયતિએ પોતાના ત્રણ ગુણોવશાત્ સ્વભાવસિદ્ધ ધર્મો પણ નિશ્ચિત કરી રાખેલા છે. સારાંશ કે, બ્રાહ્મણાદિ વર્ણો, તેમના સ્વભાવો, કર્મો, વ્યાપારો વગેરે નિયતિએ જ નિશ્ચિત કરી આપેલાં છે. તેમાં પણ બે પ્રકારો છેઃ એક તદ્દન નિશ્ચિત થયેલા; જેમ કે આંખે જોવું, કાને સાંભળવું વગેરે તથા બીજો પ્રકાર વર્ણાશ્રમાદિ કરેલાં કર્મોમાં પોતાની મરજી પ્રમાણે અમુક કક્ષા સુધી ફેરફાર કરવા છૂટ આપેલો છે. જેમ કે બ્રાહ્મણનાં વર્ણ અને આશ્રમનાં કર્મો ક્ષત્રિયાદિ પણ કરી શકે છે અને ક્ષત્રિયાદિના મનુ વગેરે મારફત નિયતિએ કરાવી આપેલા વર્ણાશ્રમ ધર્મો બ્રાહ્મણાદિ તથા વૈશ્યાદિકો પણ કરી શકે છે, પરંતુ જેમને માટે જે વર્ણાશ્રમ ધર્મ કહેલો છે તે કરતાં અધમવર્ણ કે આશ્રમના કર્મો કરવાથી તે નીચેની કોટીનો ગણાય છે તથા પોતાથી શ્રેષ્ઠ કોટીના ધર્મકર્મોનું સમજ્યા વગર અથવા ઉદ્દેશ નહિ સમજતાં આ લોકો મોટા શ્રેષ્ઠ કોણ? એ રીતની દ્વેષબુદ્ધિ વડે તેનું અનુકરણ જો કરે તો તે પોતાના ધર્મનું અતિક્રમણ થયું ગણાય, પણ દ્વેષબુદ્ધિથી રહિત બની સમજપૂર્વક જો કરવામાં આવે તો વાત જુદી અને પોતપોતાનો મોભો જાળવી રાખનાર જ શ્રેષ્ઠ ગણાય એવો પણ નિયતિનો જ નિયમ કરેલો છે. આ રીતે બ્રાહ્મણાદિ વર્ણોને માટે ત્રણ ગુણોનો વિચાર કરીને તેઓની આત્મોન્નતિ થવાને માટે મનુ વગેરે દ્વારા સ્વભાવાનુરૂપ નિશ્ચિત કરાવી આપેલા વર્ણાશ્રમોચિત ધર્મો તને કહું છું.

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।

ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ ४२ ॥

બ્રાહ્મણનાં કર્મો

શમ એટલે મનોનિગ્રહ, દમ એટલે ઇંદ્રિયનિગ્રહ, તપ એટલે આત્મપ્રાપ્તિને માટે કરવામાં આવતું કાયિક, વાચિક અને માનસિક તપ, શૌચ એટલે અંતરબાહ્ય પવિત્રતા, ક્ષાંતિ એટલે ક્ષમા, બધા અજ્ઞાનીઓ આત્મસ્વરૂપને નહિ પિછાનતા મિથ્યા દુઃખભોગો ભોગવી રહ્યા છે એમ સમજી તેઓ પ્રત્યે ક્ષમા રાખવી અથવા બધા આત્મસ્વરૂપ છે એવી ભાવના વડે તેઓ તરફથી થતાં દુઃખાદિને ક્રોધ કર્યા વગર સહન કરવાં, આર્જવ એટલે મનમાં કોઈપણ પ્રકારનું કપટ રાખ્યા સિવાય જેવું અંદર હોય તેવું જ બહાર કહેવું તે, આસ્તિકતા કિંવા શ્રદ્ધા; તેમ જ જ્ઞાન એટલે આત્માનું પરોક્ષ જ્ઞાન તથા વિજ્ઞાન એટલે આત્માનું અપરોક્ષ-જ્ઞાન એ બધા સ્વભાવસિદ્ધ એવાં બ્રાહ્મણ કર્મો છે એટલે નિયતિએ ત્રણ ગુણો વડે નિશ્ચિત કરેલાં સ્વભાવાનુસાર

આ કર્મો જે સમજપૂર્વક કરતા હોય તે ગમે તે જાતિના હોય તો પણ બ્રાહ્મણકર્મ કરનારો જ છે એમ સમજવું. સારાંશ એ કે, આવા સ્વભાવવાળો એ જ ખરો બ્રાહ્મણ છે (શ્લોક ૨ પૃષ્ઠ ૮૦૪/૮૦૫ જુઓ).

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।

दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ४३ ॥

ક્ષત્રિય કર્મો

શૌર્ય એટલે શરવીરતા, તેજ એટલે પ્રતરો પર પ્રભાવ પાડવો તે, ધૃતિ એટલે ધીરજ કિંવા ધારણાશક્તિ દાક્ષ્ય એટલે સર્વકાર્યમાં દક્ષતા કિંવા ચતુરાઈ, અપલાયન એટલે ગમે તેવા પ્રસંગે અથવા યુદ્ધમાંથી પાછા નહિ હઠવું, દાન એટલે છૂટા હાથે દાતૃત્વશક્તિ અર્થાત્ ઉદારતા, ઈશ્વરભાવ એટલે હું જ સર્વનું પાલન પોષણ કરનારો છું, એવી રાજપણાની ભાવના વડે આશ્રિતોનું કિંવા પ્રજાનું પ્રેમપૂર્વક રક્ષણ અને પાલન કરવું તેમ જ હિત અહિતાદિનો વિચાર કરાને તેઓની પાસે પોતપોતાના ધર્મમાર્ગનું પાલન કરાવવું, એ બધાં સ્વભાવસિદ્ધ એવાં ક્ષાત્રકર્મો છે, એટલે નિયતિનિયમાનુસાર ગુણો વડે નિશ્ચિત ઠરેલાં સ્વભાવાનુસાર આ કર્મો જેઓમાં હોય તે ગમે તે જાતિનો હોય તો પણ તે ક્ષત્રિય કર્મ કરનારો છે એમ સમજવું.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।

परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ४४ ॥

વૈશ્ય અને શુદ્રનાં કર્મો

કૃષિ એટલે ખેતી કરવી, ગોરક્ષ્ય એટલે ગાયોનું રક્ષણ કરવું, વાણિજ્ય એટલે ન્યાય વડે વેપાર રોજગાર કરવો; એ બધાં સ્વભાવસિદ્ધ એવાં વૈશ્યકર્મો છે. પરિચર્યાત્મક કર્મ એટલે ત્રણે વર્ણોની સેવા, નોકરીચાકરી કરવી એ શુદ્રનાં સ્વભાવસિદ્ધ કર્મો છે. એટલે નિયતિનિયમાનુસાર ત્રણ ગુણો વડે સ્વભાવાનુરૂપ શુદ્રને માટે નિશ્ચિત ઠરેલા સેવા તથા નોકરી, ચાકરી આદિ કર્મો જેઓ કરે તે શુદ્રકર્મો કરનારા જાણવા, પછી તે ગમે તે જ્ઞાતિ કે જાતિના હોય અને ખેતી કરવી વેપાર કરવો ગાયોનું પોષણ કરવું એ વગેરે પ્રકારના કર્મો નિયતિનિયમાનુસાર સ્વભાવસિદ્ધ એવા વૈશ્યનાં હોવાથી તે કર્મો કરે તે વૈશ્યકર્મો કરનાર જાણવા, પછી તે ગમે તે જ્ઞાતિ જાતિના હોય (સ્પષ્ટતા માટે શ્લોક ૨ પૃષ્ઠ ૮૦૪/૮૦૫ જુઓ).

स्वे स्वे कर्मण्यभिरतः सुरसिद्धिं लभते नरः ।

स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥ ४५ ॥

સ્વકર્મનિરત સિદ્ધિને પામે છે

ઉપરના બતાવ્યા પ્રમાણે પોતપોતાના કર્મોમાં રત રહેનારો પુરુષ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તે જે રીતે સિદ્ધિને પામે છે તે સાંભળ. એટલે બ્રાહ્મણાદિકના જે કર્મો ઉપર કહ્યાં તે કર્મોનું આચરણ બ્રાહ્મણાદિકની જાતમાં ઉત્પન્ન થયા હોય તેમણે પોતપોતાની જાતિ પ્રમાણે કરવું શ્રેયસ્કર છે. શરીર વડે જાતિ ઉત્પન્ન થાય છે તથા કર્મો એ વર્ણના સૂચક છે. માટે બ્રાહ્મણજાતિમાં ઉત્પન્ન થયેલા જે ક્ષત્રિય, વૈશ્ય, કિંવા શુદ્રના આચાર પાળે તો તેઓ અધમ કોટીમાં જઈ તે તે કર્મો કરવાથી મળનારી સિદ્ધિ તેઓને પ્રાપ્ત થતી નથી તે જ પ્રમાણે ઇતરવર્ણો પણ પોતાથી ઉચ્ચ કિંવા નીચ જાતિના આચારનું પાલન કરે તો પણ તેને સિદ્ધિ પ્રાપ્ત થવા માટે પ્રત્યવાયરૂપ નીવડે છે માટે અને ત્યાં સુધી પોતપોતાના ઠરેલા જાતિ અને વર્ણના

આચારમાં વ્યભિચાર એટલે જુદાપણું ન થાય તે રીતે તે તે જાતિમાં ઉત્પન્ન થયા પ્રમાણે જ નિયતિએ ઠરાવી આપ્યા પ્રમાણેના વર્ણાશ્રમોના ધર્મોનું પાલન કિંવા અનુષ્ઠાન કરવાથી જ મનુષ્યો સિદ્ધિને પ્રાપ્ત થાય છે. હવે વર્ણાશ્રમના આચારવાળા અને આચાર વગરના મનુષ્યોને પરમાત્મપ્રાપ્તિરૂપ સિદ્ધિ થવાને માટે યુગાદિમાં નિશ્ચિત થયેલા વર્ણધર્મો સમજી શકાય એ રીતે ફરીથી સંક્ષેપમાં કહું છું.

યુગ અને વર્ણાશ્રમ તથા સર્વસામાન્ય ધર્મો

પ્રથમ સત્યયુગમાં મનુષ્યોનો હંસ નામે એક જ વર્ણ હતો. એકાક્ષર ૐકાર જ વેદરૂપ હતો અને મનમાં આત્મસ્વરૂપ એવા મારું ધ્યાન કરવું એવો ચાર પાયારૂપ ધર્મ હતો. પાપરહિત હોવાથી મન તથા ઇંદ્રિયોને એકાગ્ર કરવારૂપ તપમાં લાગેલા લોકો મારા શુદ્ધ બ્રહ્મસ્વરૂપની જ ઉપાસના કરતા હતા અને તેની ઉપાસના જ મુખ્ય ધર્મરૂપ હતી. લોકો જન્મથી જ કૃતાર્થ હતા. તેથી તેનું નામ કૃતયુગ એવું હતું. જુદા જુદા આચાર પાળવારૂપ ધર્મ તો ત્રેતાયુગના આરંભથી શરૂ થયો છે. ત્રેતાયુગના આરંભમાં મારા ઈશ્વર(વૃક્ષાંક ૨) સ્વરૂપના હૃદયમાંથી શ્વાસરૂપે ત્રયી વેદરૂપ વિદ્યા ઉત્પન્ન થઈ અને તેમાંથી જેમાં હોતા, ઉદ્‌ગાતા અને અધ્વર્યુનું કામ પડે છે એવો મારા આત્મસ્વરૂપભૂત યજ્ઞ ઉત્પન્ન થયો. મારા એ ઈશ્વરસ્વરૂપ ।। મુખ, બાહુ, સાથળ અને પગમાંથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચાર વર્ણોની ઉત્પત્તિ થઈ છે જેઓ પોતપોતાના આચાર ઉપરથી જુદા જુદા જાણવામાં આવે છે. મારા એ ઈશ્વરસ્વરૂપના પેટુમાંથી ગૃહસ્થાશ્રમ, હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થળમાંથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકમાંથી સંન્યાસાશ્રમ ઉત્પન્ન થયો છે. મનુષ્યોના આ વર્ણ અને આશ્રમોના સ્વભાવો પોતપોતાની જ્યાંથી ઉત્પત્તિ થઈ તે તે સ્થાનને અનુસરતા થયા. એટલે મારા (સમષ્ટિના) ઉત્તમ અંગમાંથી ઉત્પન્ન થનારાના ઉત્તમ, ઉતરતા અંગમાંથી ઉત્પન્ન થનારાના ઉતરતા પ્રકારના થયા. શમ, દમ, વિચાર, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, આત્માની જ ભક્તિ, દયા અને સત્ય એ બ્રાહ્મણ સ્વભાવના ગુણો છે. પ્રતાપ, બળ, શરીરતેજ, સહનતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રાહ્મણોને માનવાપણું અને ઐશ્વર્ય એ ક્ષત્રિયસ્વભાવના ગુણો છે. આસ્તિકપણું, દાન દેવામાં નિષ્ઠા, નિષ્કપટપણું, બ્રાહ્મણોની સેવા અને ધનમાં અસંતોષ એ વૈશ્ય સ્વભાવના ગુણો છે. બ્રાહ્મણ, ગાયો અને દેવતાઓની નિષ્કપટપણે સેવા અને તેમાંથી મળે તેથી જ સંતોષ એ શૂદ્રના સ્વભાવના ગુણો છે. આ ચાર વર્ણના સ્વભાવ ઉપરથી ચાર આશ્રમોના સ્વભાવોની પણ કલ્પના કરી લેવી (આશ્રમધર્મના વિવરણને માટે આ અધ્યાયના શ્લોક ૨ પૃષ્ઠ ૮૦૪ થી ૮૦૭ ઉપર જુઓ). અપવિત્રતા, મિથ્યા ભાષણ, ચોરી, નાસ્તિકપણું, બોટા કજિયાઓ, કામ, ક્રોધ અને તૃષ્ણા એ ચારે વર્ણમાં ન આવેલા એટલે વર્ણ વગરના મનુષ્યોના ધર્મો સમજવા, એટલે આવા ગુણો જેનામાં હોય તેઓ વર્ણ વગરના સમજવા. અહિંસા, સત્ય, ચોરી નહિ કરવી, કામક્રોધલોભાદિ દુર્ગુણોથી રહિતપણું તથા સર્વપ્રાણીમાત્રનું તન, મન અને ધન વડે હિત કરવાનો ઉદ્યોગ કરવો, કોઈને કદી પણ ફસાવવું નહિ, એ સઘળા વર્ણોનો સામાન્યધર્મ છે. આ પ્રમાણે નિયતિક્રમ વડે વર્ણાશ્રમ તથા યુગધર્મની તદ્દન નિશ્ચિતતા થયેલી છે.* આમ નિયતિએ નિશ્ચિત કરેલી વ્યવસ્થાનુસાર દરેક વર્ણ અને આશ્રમધર્મોવાળા એક બીજાના ધર્મો અને કર્મોનો વ્યભિચાર કર્યા વગર જો તેનું સારી રીતે પાલન કરે તો તે વડે જરૂર સિદ્ધિને પ્રાપ્ત કરે છે. હવે સિદ્ધિ કોને કહેવી તે કહું છું.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥४६॥

---

* વર્ણાશ્રમધર્મ તથા યુગધર્માદિની વધુ સ્પષ્ટતા માટે ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧૭/૧૮ તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની ઉત્પત્તિને માટે વેદમાં આવેલું પુરુષસૂક્ત તથા બૃહ૦ ઉપ૦ ૧/૪ ૧૧ થી ૧૪ જુઓ.

પોતાના નિયત કર્મ વડે થતી આત્મસિદ્ધિની પ્રાપ્તિ

હે પાર્થ! જેના વડે આ તમામ ભૂતોની પ્રવૃત્તિ ચાલી રહી છે, જે વડે આ સર્વ વ્યાપ્ત છે એવો આત્મસ્વરૂપ જે 'તત્' કિંવા આત્મા(વૃક્ષાંક ૧) તેને પોતપોતાના નિયતિનિયમાનુસાર નિયત થયેલાં કર્મો વડે આરાધીને કિંવા અર્ચન કરીને મનુષ્યો આત્મરૂપ સિદ્ધિને પામે છે. સારાંશ એ કે, આત્મસિદ્ધિ એ જ ખરી સિદ્ધિ હોઈ તેની પ્રાપ્તિ થવી એ જ સર્વનું અંતિમ ધ્યેય છે. આત્મપ્રાપ્તિ એ જ ખરી સિદ્ધિ હોઈ બીજી બધી સિદ્ધિઓ કે જેને વ્યવહારમાં સિદ્ધિઓ કહેવામાં આવે છે તે સર્વ તદ્દન નકામી છે. માટે જ્યાં સુધી આ સાચા ધ્યેયની પ્રાપ્તિ થતી નથી ત્યાંસુધી સાચું ધ્યેય પ્રાપ્ત થયું એમ કહી શકાય નહિ અને જ્યાં સુધી આત્મસિદ્ધિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને ખરી સુખશાંતિ કદી પણ મળતી નથી (ખરી સિદ્ધિ કોને કહે છે તે માટે દત્ત પરશુરામ પ્રકરણ ૨૨ જુઓ). આથી ભગવાને કહ્યું છે કે પ્રાણીમાત્રની ચાલી રહેલી આ ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપ તમામ પ્રવૃત્તિઓ તથા તેમનાં તમામ કાર્યો ઇત્યાદિ સર્વ તત્ એટલે આત્મા કિંવા બ્રહ્મ (વૃક્ષાંક ૧)રૂપ છે. સારાંશ એ કે, પ્રાણીમાત્રની કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, શરીર, મન કિંવા બુદ્ધિ વડે જે જે કાંઈ કર્મોરૂપ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ રૂપે પ્રવૃત્તિ ચાલી રહેલી જોવામાં આવે છે તે બધો વાસ્તવિક રીતે તો 'તત્' એવા આત્મરૂપ જ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ છતાં અજ્ઞાનને લીધે જ્યાં સુધી આ રીતનું સાચું અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તો તે આ પ્રકૃતિ કિંવા માયાના ત્રણ ગુણોના મિથ્યા પાશમાંથી કદી પણ છૂટી શકતો નથી. એટલા માટે જ દરેક આ પ્રકૃતિએ પોતપોતાના ગુણધર્માનુસાર નિયત કરી આપેલા વર્ણ, આશ્રમ તથા યુગાદિ ધર્માનુસાર પોતપોતાનાં કર્મો વડે તે એટલે આત્માનું અભ્યર્ચન અર્થાત્ અર્ચન કિંવા ઉપાસના કરતા રહેવું જોઈએ; એટલે નિયતિનિયમાનુસાર નિયત થયેલા ધર્મોનું તે આત્મરૂપ છે એવા નિશ્ચય વડે પાલન કરવું એ આત્મપ્રાપ્તિની સિદ્ધિને માટે ઉપાસનારૂપ જ છે. ટૂંકમાં નિયતિએ જે આ નિયમો દરેકના ગુણધર્મવશાત્ નિશ્ચિત કરેલા છે તે નિયમોનું સારી રીતે અને ચિતચૂક જો પાલન થાય તો તે વડે મનુષ્યો આત્મરૂપ સિદ્ધિને અવશ્ય પ્રાપ્ત કરીને કૃતાર્થ થઈ શકે છે, એટલે સામાન્ય વ્યવહારમાં અજ્ઞાનીઓ બીજું કાંઈ પણ નહિ કરે અને ફક્ત પોતપોતાના વર્ણાશ્રમાદિ ધર્મોથી નિયત થયેલાં કાર્યો આત્મરૂપ છે એમ સમજી અને તે આ રીતે કરવાં એ પોતાનું કર્તવ્ય માનીને કર્યે જાય તો પણ તે વડે તે આત્મસિદ્ધિને અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

બુદ્ધિસ્વાતંત્ર્યનો થતો દુરુપયોગ

આ નિયતિએ મનુષ્યો માટે ઉપર બતાવ્યા ઉપરાંત સાથે સાથે એવો પણ સંકલ્પ નિયત કરી રાખેલો છે કે તેમને માટે વર્ણાશ્રમાનુસાર નિયત કરી આપેલાં કર્મોનું તેઓ પરસ્પર મિશ્રણ પણ કરી શકે છે અથવા કર્મોતીત થઈ ત્રણ ગુણોના પાશમાંથી છૂટી તુરત આત્મજ્ઞાનરૂપ સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે, આ પ્રમાણેના બે નિયમો તેણે નિશ્ચિત કરી રાખેલા છે. જેમ ઉંદરને પકડનારી બિલાડી સારી રીતે સમજે છે કે હવે આ ઉંદર મારા પાશમાં પૂરેપૂરો સપડાઈ ગયેલો હોવાથી તેમાંથી છૂટી શકે તેમ નથી તેથી તે તેને એકદમ મારી ન નાખતાં છૂટો મૂકે છે અને તે થોડેક ગયો કે ફરી પાછો પકડી લે છે; આમ બિલાડીની રમત અને ઉંદરનો જન્મ જાય, એ કહેવત પ્રમાણે નિયતિએ પરસ્પર વર્ણાશ્રમનાં કર્મોનું મિશ્રણ કરવાની જે સ્વતંત્રતા મનુષ્યોને આપેલી છે તેનો અર્થ ઉંદરબિલાડીની રમત જેવો છે. કેમ કે બ્રાહ્મણવર્ણ જો ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના આચાર તથા કર્મોનું પાલન કરે તો તેનું અધઃપતન થાય. વળી ક્ષત્રિય વર્ણ આચારમાં બ્રાહ્મણનું પાલન કરે છતાં તેને જ્ઞાતિની દૃષ્ટિએ બ્રાહ્મણવર્ણ પોતામાં લેતો નથી અને આ પોતાના વર્ણથી શ્રેષ્ઠ આચારનું પાલન કરનારને પોતાની જ્ઞાતિ પ્રત્યે તિરસ્કારનો ભાવ ઉત્પન્ન થાય છે એટલે તેમના સાથે વ્યવહાર કરવામાં તેને સંકોચ ઉત્પન્ન થાય છે, આથી પરિસ્થિતિ આમ બને છે કે પોતાના અનુકૂળતા મુજબ એક જુદી જ જ્ઞાતિ ઉત્પન્ન કરવાનો ભાંજગડમાં પડે છે. જો તે જ્ઞાતિ અને વર્ણ એ બેનું રહસ્ય સમજી આચારમાં શ્રેષ્ઠ વર્ણનો રહી જ્ઞાતિના કુલાચાર અને કુલધર્માનુસાર વર્તે તો તે જલદી જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત કરી શકે એ વાત નિર્વિવાદ છે, પરંતુ તે બ્રાહ્મણાદિ

વર્ણોવાળો જો પોતાથી કનિષ્ઠના આચારનું પાલન કરનારો બને તો અવશ્ય અધઃપતનને જ પામે છે. સારાંશ એ કે, પોતપોતાની જાતિ અને વર્ણનું તત્ત્વ સમજી નિરહંકાર બુદ્ધિ વડે કુલધર્મ, કુલાચાર, વર્ણ અને આશ્રમ ધર્મનું તે આત્મસ્વરૂપ એવા દૃઢ નિશ્ચય વડે નિરહંકારપણે જો સારી રીતે પાલન થાય તો પણ મનુષ્ય અંતે મૂળ ધ્યેય જે આત્મસિદ્ધિ તેને પ્રાપ્ત કરી શકે છે. વળી જેમ ઉંદર જો યુક્તિથી બિલાડીના પાશમાંથી છટકીને દરમાં ભરાઈ જાય તો મુક્ત થાય છે તેમ મનુષ્ય પણ યુક્તિ વડે આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો પણ તે નિયતિના પાશમાંથી મુક્ત થઈ શકે છે. આ રીતે મનુષ્યને બુદ્ધિની સ્વતંત્રતા પણ બક્ષેલી છે તેથી તેનો સદુપયોગ કરીને જો માનવી નિયતિના ત્રણ ગુણો વડે નિશ્ચિત થયેલા મિથ્યાતંત્રને તેના પ્રેરણાત્મક એવા ઈશ્વરને સ્વાધીન કરીને પોતે તેમાંથી અહંભાવ છોડી દે એટલે હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ જે જે કાંઈ ભાવો પ્રતીત થયેલા જોવામાં આવે છે તે તો નિયતિના ત્રણ ગુણોના પાશમાંના હોઈ હું તો તેથી તદ્દન અસંગ એવો છું, મારામાં આ નિયતિ (વૃક્ષાંક ૬) કિંવા તેના ગુણો તેમ જ નિયતિનો પણ નિયામક ઈશ્વર (વૃક્ષાંક ૨) ઇત્યાદિ કાંઈ નથી. હું તો આત્મરૂપ (વૃક્ષાંક ૧) છું. તો પછી તે ઈશ્વરે પોતાની નિયતિશક્તિદ્વારા હું, તું, આ વગેરે રૂપે મિથ્યા ભાસમાન કરેલું આ સમગ્ર દૃશ્ય જાળરૂપ કાર્ય તે ઈશ્વર અને નિયતિ ભલે કરે, તેની સાથે મારો તલભાર પણ સંબંધ નથી; એવા નિશ્ચય વડે વા શરીર, વાણી, મન ઇત્યાદિ સૂક્ષ્મ કિંવા સ્થૂલ ઇન્દ્રિયાદિ દ્વારા થતાં તમામ કર્મો અહંકાર રાખ્યા વિના કર્યે જાય, તો પણ તે આ નિયતિના ત્રણ ગુણોના કાર્યરૂપ ચક્રમાંથી તત્કાળ છૂટી શકે છે, પરંતુ મનુષ્યસ્વભાવ એવો છે કે પોતાને મળેલી સ્વતંત્ર બુદ્ધિનો તે સદુપયોગ કરવાને બદલે દુરુપયોગ જ વધારે કરે છે. તે વેરણે આ નિયતિએ બિલાડીની રમત સમી મનુષ્યોને આપેલી આ સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ ઉપર પ્રમાણે અહમ્‌ભાવ છોડી દઈ આત્મસ્વરૂપમાં સ્થિત થવારૂપ નિયતિપાશમાંથી છૂટવાના માર્ગ તરફ નહિ કરતાં તેનો ઉપયોગ તેઓ વર્ણાશ્રમાદિ નિયત થયેલા ધર્મોના ત્યાગ કિંવા પરસ્પર મિશ્રણ (વ્યભિચાર) કરવા તરફ કરે છે, તેથી બિલાડી અને ઉંદરની રમતની જેમ તેઓ ભયંકર દુઃખ ભોગવવારૂપ અધોગતિમાં પડે છે. કેમ કે નિયતિનો પાશ તો એવો વિલક્ષણ છે કે ઉપર કહેલી સર્વાત્મભાવ વા નિઃશેષભાવરૂપ જ્ઞાનયુક્તિ વિના તેમાંથી કોઈ કદી પણ છૂટી શકતો નથી. પરંતુ આત્મજ્ઞાન સિવાયના ઇતર કોઈ માર્ગ વડે છૂટવાનો હું પ્રયત્ન કરું છું એમ કહેનારાઓ તો તેમાં ઊલટા વધુ ને વધુ જકડાય છે; તેની આ મૂઢોને તો કલ્પના પણ હોતી નથી અને જ્યાં સુધી તે આ સુજાણ આત્મજ્ઞાનરૂપી સાધન વડે નિયતિ પાશમાંથી છૂટી શકે નહિ ત્યાં સુધી ખરી આત્મસિદ્ધિ તે કદી પણ પ્રાપ્ત કરી શકતો નથી; તસ્માત્ ભગવાને અત્રે કહ્યું છે કે પોતપોતાના નિયત થયેલા વર્ણાશ્રમ તથા યુગાદિ ધર્મનું તે આત્મરૂપ છે એવું સમજીને તેનું સુસ્ત રીતે પાલન કરતાં રહેવું. એ આત્માનું ખરું અર્ચન કિંવા ઉપાસના છે. તે વડે જ માનવ ખરી સિદ્ધિને પ્રાપ્ત થઈ શકે છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।

स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥४७॥

સ્વભાવનિયત કર્મ શ્રેષ્ઠ કેમ ?

હે પાર્થ ! એટલા માટે જ તને કહું છું કે પરધર્મ સારી રીતે આચરણ કરી શકાય એવો લાગે છતાં પણ આચરણમાં કાચું જણાતો પોતાનો સ્વધર્મ જ વધુ શ્રેષ્ઠ છે. કેમ કે તે સ્વભાવાનુસાર નિયત થયેલો હોવાથી તે કર્મ કરવા છતાં પણ તેમાં પાપ લાગતું નથી. ભાવાર્થ એ કે, વાસ્તવિક તો ઉપર કહ્યા પ્રમાણે તત્ કિંવા આત્મરૂપ એવા સ્વધર્મની પ્રાપ્તિ એ જ સર્વ ધર્મનું મૂળ ધ્યેય હોઈ તે જ ખરું શ્રેય અથવા કલ્યાણકારી છે. છતાં જ્યાં સુધી તેવા પ્રકારનું અદ્વૈત જ્ઞાન પ્રાપ્ત થયેલું હોતું નથી ત્યાં સુધી અજ્ઞાનીઓને માટે તો નિયતિએ નિયત કરી આપેલા ચાતુર્વર્ણાશ્રમાદિ ધર્મો પણ તે તેનું પાલન થવાને

કિંવા આચરણ કરવાને માટે ગમે તેવા કહ્યુ અથવા વિગુણ એટલે ગુણો રહિત જણાતા હોય અને પરધર્મ એટલે બીજાનો ધર્મ સારી રીતે અનુષ્ઠાન એટલે આચરણ કરી શકાય એમ લાગતું હોય પરંતુ પ્રકૃતિસ્વભાવાનુસાર (પ્રારબ્ધપ્રાપ્ત) નિયત થયેલાં સ્વભાવસિદ્ધ કર્મો કરવા થકી પુરુષ પાપને પામતો નથી.

પરધર્મમાંથી સ્વધર્મમાં આવવાથી પાપ લાગે છે કે ?

' વિ ' શબ્દ વડે અત્યંતપણું બતાવાય છે, જેમ કે વિજય, વિનાશ વગેરે; તે ધોરણે વિગુણ એટલે અત્યંત ગુણવાળો સ્વધર્મ જ શ્રેયરૂપ છે પરંતુ અજ્ઞાનના વડે કિંવા કોઈ કારણથી પરધર્મનું જ અનુષ્ઠાન અથવા આચરણ થયેલું હોય તો પણ તેનો ત્યાગ કરીને પોતપોતાના નિયત થયેલા અત્યંત ગુણવાળા એવા સ્વધર્મરૂપ કર્મનું અવલંબન કરવાથી મનુષ્ય પાપને પામતો નથી. ભાવાર્થ એ છે કે, અજ્ઞાનપણાને લીધે કોઈએ તેનો લાભ લઈ ફસાવવાથી અથવા અન્ય કોઈ ગમે તે કારણોને લીધે પરધર્મનું આચરણ થયેલું હોય તો તે પાપરૂપ હોવાથી તેને છોડી દઈ ઈશ્વરી સત્તા વડે માયાના ત્રણ ગુણો થકી નિયત થયેલ વિગુણ એટલે અત્યંત ગુણવાળા મૂળ ધર્મના કર્મોનું જ અવલંબન કરવું જોઈએ. આની શંકામાં કોઈ એમ કહેશે કે અમો તો પરંપરાથી (પેઢીઓથી) પરધર્મનું આચરણ કરતા આવ્યા છીએ તો હવે તે છોડીને પોતાના મૂળ ધર્મનું અનુષ્ઠાન કરીશું તો અમોને પાપ લાગશે ? તો તે સંબંધમાં ભગવાન અત્રે એવો ખુલાસો કરે છે કે વસ્તુતઃ તો તમો મૂળ ધર્મ છોડીને પરધર્મનું અનુષ્ઠાન કરતા હતા તે જ પાપરૂપ હતું એટલે તે પાપમાંથી બચવાને માટે તમારે પોતાના સ્વધર્મ અર્થાત્ અસલ ધર્મનું પાલન કરવું જોઈએ કે જેથી તે કર્મ કરવા છતાં પણ તમો પાપને પામશો નહિ.

સ્વધર્મ અને પરધર્મ

' સ્વ ' એટલે પોતે અને ' ધર્મ ' એટલે ધારણ કરવું. હું આત્મરૂપ છે એવા પ્રકારે પોતાને સમજવું અર્થાત્ ધારણ કરવું તેનું નામ સ્વધર્મ કહેવાય; તેવો આત્મરૂપ ધર્મ એ જ અત્યંત ગુણવાળો હોઈ તે જ શ્રેય અર્થાત્ ખરું ધ્યેય પ્રાપ્ત કરી આપનારો છે. આત્મા સિવાય બીજું કાંઈ છે એવા પ્રકારનો ધર્મ એટલે ધારણ કરવું તે જ વાસ્તવિક રાતે પરધર્મ કહેવાય. તે ગમે તેટલો અભ્યાસ કરાએલો હોય એટલે કે અદ્વિતીય આત્માને આત્મારૂપે નહિ સમજતા આ તો હું, તું,તે, આ, મારું, તારું ઇત્યાદિરૂપે ભાસનારું આત્માથી જુદું જ કાંઈ છે એવો ગમે તેટલો અભ્યાસ થયો હશે તો પણ સ્વભાવથી નિયત થયેલાં કર્મો કરવાથી એટલે મૂળ તો એક આત્મા જ હોવાથી હું,તું,તે,આ,મારું,તારું, તને, મને ઇત્યાદિરૂપે ભાસતું સર્વ મિથ્યા હોઈ તે સર્વ આત્મા જ છે;એવા પ્રકારના નિયતસ્વભાવરૂપ બની જવું એટલે પૂર્ણ આત્માકાર બની જઈ પછી ગમે તેટલાં કર્મો કરવાં છતાં પણ પુરુષ કદી પાપને પામતો નથી. સારાંશ એ કે, બીજો કોઈ છે એમ માનવું તે પાપ અને આ સર્વ આત્મસ્વરૂપ છે,આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ એમ માનવું તે પુણ્ય સમજવું, એવો એમાં ભાવાર્થ સમાયેલો છે. જુઓ, શ્રીકૃષ્ણ ભગવાને આમાં કેટલું બધું ગૂઢ રહસ્ય બતાવેલું છે ! (૧) વર્ણાશ્રમાદિ ધર્મોની આવશ્યકતા અને તેનું આચરણ કેવી રીતે કરવું તેનું રહસ્ય, (૨) પરધર્મનું આચરણ કરનારાઓ પોતાના સ્વધર્મમાં આવવા માગે તો આવી શકે કે કેમ અને તેમ થવાથી તેમને પાપ લાગે કે કેમ અને (૩) આત્મરૂપ ધર્મ એ જ ખરો સ્વધર્મ છે, એ સિવાય બીજો બધો પરધર્મ છે. એ રીતે સ્વધર્મ અને પરધર્મની વ્યાખ્યાઓ સંબંધે આત્મા, લૌકિક અને વ્યવહારપ્રપંચાદિ તમામ દૃષ્ટિનું અવલંબન કરીને આમાં ગુહ્ય રહસ્ય સમજાવેલું છે અને તેટલા માટે સર્વ વ્યવહારધર્મનો મૂળ આરંભ વેદાજ્ઞાનુસાર વર્ણાશ્રમ એ જ હોઈ જાતિઓવશાત્ તેમાં ભિન્ન ભિન્ન ભેદો પડેલા છે; તેથી જાતિથી અતીત થવાય છતાં ત્યાં પણ તે વર્ણાશ્રમકર્મો કરીને ઉત્તમ વર્ણાદિની યોગ્યતા મેળવી શકે છે ઇત્યાદિ ભાવ અત્રે કહેવામાં આવ્યો છે.*

* આ સંબંધે પ્રથમ ત્રિસ્કંધ ૨૯, અધ્યાય ૪, શ્લોક ૧૩ તથા અધ્યાય ૧૮ શ્લોક ૨ ઉપર વર્ણન આપેલું છે.

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।

सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

સહજકર્મોનો ત્યાગ કદી પણ કરવો નહિ

હે કૌંતેય ! સહજકર્મ દોષવાળું જણાય તો પણ તે તજવું નહિ કેમ કે સર્વારંભ એટલે સર્વ કર્મો આરંભથી જ ધુમાડાથી જેમ અગ્નિ ઢંકાયેલો હોય તેમ દોષ વડે જ ઢંકાયેલાં છે. ભાવાર્થ એ કે, નિયતિનિયમાનુસાર નિયત થયેલાં સ્વભાવજન્ય કર્મો કદી પણ તજવાં નહિ અને જો ભૂલેચૂકે તેઓનો ત્યાગ થયો હોય તો ફરીથી પોતાના સહજ સ્વભાવાનુસાર થતા મૂળ કર્મરૂપ ધર્મનું જ પાલન કરવું અને આ રીતે છેવટે આત્મધર્મરૂપ સ્વધર્મની પ્રાપ્તિ કરી લેવી. કારણ એ કે જ્યાં સુધી આત્મધર્મની સિદ્ધતા થતી નથી એટલે આ સર્વ આત્મરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ અને હું પોતે પણ તે રૂપ જ છું, એવી રીતે શ્રેય કરાવી આપનારા અત્યંત ગુણયુક્ત એવા સ્વધર્મની પ્રાપ્તિ થયેલી હોતી નથી ત્યાં સુધીને માટે નિયતિએ નિયત કરી આપેલા યુગ, વર્ણ, આશ્રમાદિ ધર્મો એ જ સહજ કર્મો કહેવાય છે. તેઓ પ્રકૃતિના ત્રણ ગુણોના ઘોરણે નિયત થયેલાં હોઈ સ્વભાવજન્ય (સ્વાભાવિક) હોવાથી તેઓને કદાપિ પણ તજવાં નહિ. કેમ કે જે ધ્યેય સાધ્ય કરવાનું છે. તે ધ્યેયની સાધ્યતાનો વિચાર કરીને જ તેનો નિર્ણય શાસ્ત્રોમાં કરવામાં આવેલો છે; તે ધ્યેયની એટલે આત્મરૂપ સિદ્ધિની પ્રાપ્તિ થતાં સુધીને માટે જેમ અગ્નિ હોય તો તેમાં ધુમાડો તો હોય જ, ધુમાડાને છોડીને અગ્નિ કદી પણ રહી શકતો જ નથી, તેમ આત્મા સિવાય ઇતર દરેક આરંભો એટલે કર્મો દોષ વડે જ યુક્ત છે. કોઈ ગામે પહોંચવા માટે જવાના ઘણા માર્ગો હોય છે તે સર્વે એક સ્થળેથી જ જુદા જુદા નીકળેલા હોય છે તે પૈકી કોઈ એકાદ માર્ગેથી તે ગામે જવા કોઈ મનુષ્ય નીકળે અને અડધે રસ્તે ગયા પછી તેને કોઈ કહે કે આ તો લાંબો માર્ગ છે હું તને ટૂંકો માર્ગ બતાવું છું તો તું પાછો ફર ને મારી સાથે ચાલ, તો તે અડધે રસ્તે આવેલો મનુષ્ય ફરીથી પાછો પોતાના મૂળ ગામમાં જઈ બીજા ટૂંકા માર્ગે ગમન કરે અને તે માર્ગે પણ અડધો આવે એટલે ત્રીજો કહે કે અરે ! આથી બીજો ટૂંકો માર્ગ તને બતાવું, એમ જો કર્યા જ કરે તો તે જવાના સ્થળે કદાપિ પણ પહોંચતો નથી. વળી કદાચ કોઈ પ્રથમ માર્ગે આવ્યો હોય અને તેને બીજા ટૂંકા માર્ગની ઇચ્છા વડે કોઇના ભમાવ્યાથી તે પાછો ફરે અને થોડેક ગયા પછી પોતાની ભૂલ સમજાઈ અસલ માર્ગે જ જાય તો ઇષ્ટ સ્થળે અવશ્ય પહોંચી શકે છે. તે પ્રમાણે નિયતિનિયમાનુસાર નિશ્ચિત થયેલાં સ્વભાવજન્ય સહજકર્મોનો ત્યાગ નહિ કરતાં અને જો ભૂલેચૂકે થયો હોય તો ફરીથી પોતાના નિયત કર્મોના અવલંબન વડે જ આત્મધર્મરૂપ શ્રેયને સાધ્ય કરી લેવું જોઈએ. કારણ કે ગમે તે માર્ગે જવામાં આવે તે છતાં પણ ચાલવાનું તો પોતાને જ હોય છે તેમ પરધર્મમાં પણ આચરણ તો પોતાને જ કરવાનું હોય છે. વળી ઇષ્ટ ધ્યેય સુધી પહોંચવામાં ના આવે ત્યાં સુધી એવું કોઈ કર્મ નથી કે જે દોષયુકત ન હોય. આથી જ એક જે પોતે કરે છે તે સારું છે એમ સમજે છે ત્યારે બીજો તેને ખરાબ સમજે છે. આ રીતે અનંત ભેદો થવાનાં કારણો તો અનંતવિધ કર્મો હોઈ તે બધાં મનુષ્યાદિ તરફથી પોતપોતાની બુદ્ધિ અનુસાર કલ્પેલાં છે. આમ હોવાને લીધે તેમાંથી બચાવવાના ઉદ્દેશથી શાસ્ત્રકારોએ સૌથી પ્રથમ યુગ, વર્ણ અને આશ્રમ જેવા ધર્મની તથા કર્મની વ્યવસ્થા પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ એ ત્રણગુણોવશાત્ નિયત યાને નિશ્ચિત કરેલી છે, તે સહજકર્મોનો ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ થતાં સુધી કદી પણ ત્યાગ કરવો નહિ. આ પ્રમાણે ધર્માચરણ કરીને જે આત્મરૂપ એવા સ્વધર્મના સિદ્ધિને પ્રાપ્ત થયેલો છે તેની સ્થિતિ કહું છું, તે હવે સાભળ.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।

नैष्कर्म्यसिद्धिं परमां सन्न्यासेनाधिगच्छति ॥४९॥

વિદ્વત સંન્યાસ

જેમ આપણને અંધારાદિ વડે થયેલી દિશાભૂલ ખોટી છે એમ જાણવા છતાં પણ જ્યાં સુધી ધારેલો દિશાનો પ્રત્યક્ષ અનુભવ નહિ થાય અથવા ખોટે માર્ગે ચઢી જવાથી થયેલી ભૂલ જ્યાં સુધી સાચા માર્ગ ઉપર જઈ ઇષ્ટ સ્થળે પહોંચી ના શકાય ત્યાં સુધી તે મટી છે એમ જાણવું નહિ, કેમ કે તેમાં વળી પાછો દિશાભૂલ થવાનો સંભવ હોય છે, તેમ દેહાદિક સહ આ સઘળો દૃશ્યપ્રપંચ ખરેખર મિથ્યા છે એવું તર્ક વડે જાણવા છતાં પણ અપરોક્ષ અનુભવ અર્થાત્ સાક્ષાત્કાર વડે જ્યાં સુધી તેમાં લીન થઈ એકાકાર થવાતું નથી ત્યાં સુધી જ્ઞાનનો અભ્યાસ કર્યો કરવો જોઈએ. કેવળ જગત મિથ્યા છે એવું વાણી વડે બોલવાથી કિંવા તર્ક વડે જાણવાથી જ કાંઈ આ જગતભ્રાંતિ મટતી નથી; પરંતુ જેણે અપરોક્ષ અનુભવ યાને સાક્ષાત્કાર કરી આ સર્વ દ્વૈત પ્રપંચ અને તેની નિવૃત્તિનું સાધન માયા માત્ર છે, એમ જાણીને જ્ઞાનનો પણ જેણે આત્મસ્વરૂપ એવા પોતામાં જ ત્યાગ કરી દીધો હોય તે જ ખરો વિદ્વત્સંન્યાસી કહેવાય. અર્થાત્ આત્માનું પરોક્ષ જ્ઞાન થઈ અપરોક્ષાનુભવ થતાં સુધી જ્ઞાનનો આશ્રય કરી સત્સંગ અને સત્શાસ્ત્રોના આશ્રય વડે અંતરંગમાં દૃઢ અભ્યાસ કરવો અને પછી અજ્ઞાનનો નાશ કરનારા તે જ્ઞાનનો પણ ત્યાગ કરી દેવો, અર્થાત્ અજ્ઞાન અને તેનું સાધન જ્ઞાન એ બંનેનો નાશ કરી દેવો અને પછી અનિર્વચનીય પદમાં નિશ્ચલ થઈ રહેવું તે જ ખરો સંન્યાસ કહેવાય. જેમ દોરી ઉપર સર્પનો ભ્રમ થાય તો તે અજ્ઞાન ભ્રમ આ સર્પ નથી પણ દોરો છે એવા જ્ઞાન વડે નષ્ટ થાય છે. પરંતુ દોરીને કાંઈ કલ્પના હોતી નથી કે મને કોઈ એ સાપ કહ્યો હતો અને હવે દોરો કહે છે, અથવા તે અજ્ઞાની હતો ને હવે જ્ઞાની થયો વગેરે. તે તો જે છે તે જ છે. તે મુજબ આ જ્ઞાન (પરોક્ષ) અને વિજ્ઞાન (અપરોક્ષ), એ બંનેનો ત્યાગ કરી તદ્દન નિશ્ચલ એવી સમસ્થિતિમાં રહેવું તે જ ખરો અસક્ત બુદ્ધિવાળો અને સંન્યાસી કહેવાય છે.

નૈષ્કર્મ્ય સિદ્ધિ તે આ જ

હે પાર્થ ! આત્માને જેણે જીતેલો છે, જેની તમામ ઇચ્છાઓ અત્યંત નાશ પામેલી છે, એવા પ્રકારના સંન્યાસ વડે સર્વત્ર આસક્તબુદ્ધિવાળો પરમનૈષ્કર્મ્યસિદ્ધિને એટલે ખરી નિષ્કામતાને પ્રાપ્ત થયા છે. સારાંશ એ કે, વિગતસ્પૃહ એટલે જેની સર્વ ઇચ્છાઓ અત્યંત નાશ પામી ગયેલી છે, જે કોઈ પણ સ્થળે આસક્ત થતો નથી અર્થાત્ આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ હશે એવી જેને કિંચિન્માત્ર પણ કદી કલ્પના ને આસક્તિ નથી, તેવો તદ્દન અસંગ અને નિર્મળ બુદ્ધિવાળો જીતાત્મા એટલે કે જેણે આત્માને જીત્યો છે અર્થાત્ જે જે સંકલ્પવિકલ્પાદિ ઉત્પન્ન થાય તે સર્વ આત્મરૂપ જ છે; હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ રૂપે જે જે કાંઈ પ્રતીત થાય છે તે સર્વ આત્માથી અભિન્ન હોઈ જેના અંતઃકરણમાં આત્મવ્યતિરિક્ત બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન જ થવા પામતું નથી, જે ઉપર બતાવ્યા મુજબ જ્ઞાન અને વિજ્ઞાનથી પણ પર એવા સહજ અથવા કેવળભાવમાં જ સ્થિત થયેલો છે, તેવો જીતાત્મા આ જ્ઞાન અને વિજ્ઞાનના ત્યાગરૂપ સંન્યાસ વડે પરમનૈષ્કર્મ્યરૂપ સિદ્ધિને પ્રાપ્ત થઈ શકે છે, એટલે જે સર્વ કરવા છતાં પણ વસ્તુતઃ કાંઈ કરતો જ નથી એવા પ્રકારે વ્યવહારમાં જેને માટે કહેવામાં આવે તેવી સિદ્ધિ એ નૈષ્કર્મ્યસિદ્ધિ કહેવાય. જેમ સુષુપ્તિમાં કોઈ માણસ કાંઈ બબડે અથવા તો આમથી તેમ આળોટવાની ક્રિયા કરે છતાં પણ તે પોતે તો કાંઈ જાણતો નથી તેમ જ નાનાં બાળકોની થતી ક્રિયાઓ થવા છતાં પણ નહિ થવા જેવી જ ગણાય છે, તે પ્રમાણે આ રીતના જ્ઞાન વિજ્ઞાનનાં સંન્યાસ વડે પ્રાપ્ત થનારી સિદ્ધિ નૈષ્કર્મ્યરૂપ એટલે તે સર્વ કરતો હોવા છતાં પણ કાંઈ કરતો જ નથી. એવા પ્રકારનો કહેવાય છે આવી સિદ્ધિ ફક્ત એક જીવન્મુક્ત જ પ્રાપ્ત કરી શકે છે.

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।

समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥५०॥

જ્ઞાનનિષ્ઠાનો અભ્યાસ

હે કૌંતેય ! આ રીતે સિદ્ધિને પામેલો જે પ્રકારની જ્ઞાનનિષ્ઠા વડે બ્રહ્મરૂપને પ્રાપ્ત થાય છે તે જ્ઞાનનિષ્ઠા હું તને સંક્ષેપમાં કહું છું તે સાંભળ. ઉપર કેવા પ્રકારના સંન્યાસ વડે નૈષ્કર્મ્યસિદ્ધિને પ્રાપ્ત થયેલો જણાય તેનું લક્ષણ તને કહ્યું. હવે તેની પ્રાપ્તિ થવાને માટે કેવા પ્રકારની જ્ઞાનનિષ્ઠામાં સ્થિતિ થવાની આવશ્યકતા હોય છે, કે જેથી બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય એટલે કે બ્રહ્મસાક્ષાત્કારને અર્થે જ્ઞાનનિષ્ઠામાં સ્થિર થવાનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ તે કહું છું.

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।

शब्दादीन्विषयां स्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥५१॥

આત્માને કેવી રીતે નિયમનમાં લેવો

હે પાર્થ ! અત્યંત શુદ્ધ બુદ્ધિ વડે યુક્ત થઈ ધારણા વડે આત્માના સાચા સ્વરૂપનું જ નિયમન કરવું અને રાગદ્વેષાદિ છોડીને શબ્દાદિ વિષયનો ત્યાગ કરવો. સારાંશ એ કે, આત્મસ્વરૂપમાં સ્થિર થવાના અભ્યાસ માટે તને પ્રથમ જે બુદ્ધિયોગ કહેવામાં આવ્યો છે (કિરણાંશ ૨૨ તથા અધ્યાય ૨ શ્લોક ૩૯, પૃષ્ઠ ૧૬૭ થી ૧૬૯ જુઓ), તે મુજબ પ્રથમ તો રાગદ્વેષાદિ તમામ દ્વંદ્વોની ભાવના છોડી દેવી જોઈએ એટલે આ પ્રિય છે, આ અપ્રિય છે, આ ગ્રાહ્ય છે આ અગ્રાહ્ય છે ઇત્યાદિ સર્વ દ્વૈત ભાવનાઓને છોડી દઈ આ સર્વ આત્મરૂપ છે. આત્મવ્યતિરિક્ત બીજું કાંઈ છે જ નહિ એવા પ્રકારના નિશ્ચય વડે દૃઢતા ધારણ કરવી જોઈએ. આ મુજબ દૃઢ નિશ્ચયવાળી આત્મરૂપ ધારણા વડે અત્યંત શુદ્ધ થયેલી બુદ્ધિથી યુક્ત થઈને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધાદિ દરેક વિષયોનો ત્યાગ કરીને તેને આત્મરૂપ નિયમનમાં લાવવા જોઈએ, એટલે કે વાણી વડે, સ્પર્શેન્દ્રિય વડે, રસનેન્દ્રિય વડે, ચક્ષુરિંદ્રિયની અને ઘ્રાણેંદ્રિય વડે જે જે ક્રિયાઓ થાય તે સર્વ આત્મરૂપ છે એવો નિશ્ચય કરવો જોઈએ. જ્ઞાનેન્દ્રિયની તમામ ક્રિયાઓ આત્મરૂપ થાય એટલે કર્મેન્દ્રિયો તેનાં આધાર વડે જ ક્રિયાઓ કરી શકતી હોવાથી તે પણ આત્મરૂપ જ બને છે અને મન પણ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વડે જ જીવાત્માને વિષયોનું સેવન કરાવે છે એટલે તે પણ સ્વાભાવિક રીતે આત્મરૂપ જ બને છે. સંક્ષેપમાં એ, હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિરૂપ જે જે કાંઈ દૃશ્ય વિષયો છે, તે સર્વ આત્મસ્વરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા દૃઢ નિશ્ચય વડે આત્મરૂપ ધારણામાંથી બુદ્ધિને જરા પણ ચલાયમાન થવા નહિ દેતાં, અંતઃકરણમાં સંકલ્પવિકલ્પો ઉત્પન્ન થાય કે તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને દાબી દેવા. આ મુજબ આત્માને નિયમમાં લઈ વિષયોનું કેવળ એક આત્મામાં જ સંયમન કરવું જોઈએ. આને બુદ્ધિયોગ પણ કહે છે. જે મેં તને પ્રથમ જ કહેલો છે. (આત્મવિશ્રાંતિના અભ્યાસક્રમ માટે કિરણાંશ ૨૨ અધ્યાય ૨, શ્લો૦ ૩૯ તથા નિશ્ચયના પ્રકાર માટે અધ્યાય ૧૫, પૃષ્ઠ ૬૭૭ થી ૬૮૭ જુઓ).

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।

ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥५२॥

બ્રહ્મસાક્ષાત્કારની યોગ્યતા

ભગવાન આગળ કહી રહ્યા છે: હે પાર્થ ! આ પ્રમાણે આત્મનિશ્ચયરૂપ બુદ્ધિ થયા સિવાય ઇતર ગમે તેટલો અભ્યાસ કરવામાં આવે તો પણ તે નિરુપયોગી છે. આ અભ્યાસ ગમે તે સ્થિતિમાં થઈ શકે

છે. વિવિક્તસેવી એટલે પોતાને મન માને તે સ્થળે વિહાર કરનારો અથવા એકાંત સેવનારો, પેટમાં જગ્યા હોય તેનાથી અર્ધો ભાગ ખાનારો અને ચતુર્થાંશ ભાગ પાણી પીનારો લઘ્વાશી અથવા મિતાહારી કહેવાય છે. વાણી, કાયા અને મન જેણે જીત્યાં છે એવો એટલે કાયિક, વાચિક અને માનસિક થતાં તમામ કર્મો આત્મરૂપ છે, આત્માથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારના વૈરાગ્યના આશ્રય વડે નિરંતર આત્મધ્યાનરૂપ યોગમાં જ પરાયણ થઈ રહેનારો એટલે અંતઃકરણમાં વૃત્તિનું ઉત્થાન થાય કે તુરત જ તે આત્મરૂપ છે એવા પ્રકારે તેને દાબી દેવારૂપ આત્મધ્યાનયોગમાં સ્થિર રહેનારો બ્રહ્મસાક્ષાત્કારને યોગ્ય થાય છે.

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।

विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥૫૩॥

તે જ બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય છે

અહંકાર અર્થાત્ "દેહ એટલે જ હું" એવા પ્રકારે અભિમાન વડે કુલ, વિદ્યા, ધન ઇત્યાદિનો ગર્વ હોવો તે; "હું મોટો બળવાન છું, મારા જેવો બીજો બળવાન કોણ છે?" એવા પ્રકારનું બળ; હર્ષાદિ ઉન્માદ થવાને લીધે તેના પાશમાં સપડાઈને ધર્મનું ભાન ભૂલી જઈ ગમે તેવો અધર્મ કરી બેસવો તે દર્પ; વિષયોના સેવનને માટે જ અહર્નિશ તત્પર થઈ પ્રયત્ન કરવો તે કામ; વિષયોપભોગની ઇચ્છા પૂર્ણ નહિ થવાથી વ્યાકુળતા થવાને લીધે દ્વેષબુદ્ધિ ઉત્પન્ન થવા તે ક્રોધ તથા પરિગ્રહ એટલે અહંમમાદિ ભાવો વડે સંગ્રાહક વૃત્તિ રાખવી. આ સર્વનો જેણે પરિત્યાગ કર્યો છે, એટલે અહંકાર, બળ, દર્પ, કામ, ક્રોધ, પરિગ્રહ ઇત્યાદિ તમામનો જેણે પરિત્યાગ કર્યો છે અર્થાત્ જેમાં આનો અંશ પણ નથી તેવો તદ્દન મમતારહિત અને શાંત એવો પુરુષ જ બ્રહ્મપ્રાપ્તિ કિંવા બ્રહ્મસાક્ષાત્કારને માટે યોગ્ય થાય છે. હવે આ રીતે બ્રહ્મસ્વરૂપ બનેલા જીવન્મુક્ત યોગીનાં લક્ષણો કહું છું.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।

समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥૫૪॥

મારી પરાભક્તિની પ્રાપ્તિ

હે ભારત! બ્રહ્મની સાથે એકરૂપ થયેલો છે એવો બ્રહ્મભૂત અને હંમેશાં આત્મસ્વરૂપમાં જ પ્રસન્ન રહેનારો પ્રસન્નાત્મા, કશાનો શોક પણ કરતો નથી અથવા કશાને ઇચ્છતો પણ નથી. જે સર્વ ભૂતોમાં સમપણે જ રહેલો છે તે જ આત્મસ્વરૂપ એવા મારી (શ્લોક ૧)ની પરાભક્તિને પામે છે. સારાંશ એ કે, આ અહંમમાદિ સર્વ દૃશ્યજાળ તેના સાક્ષી (શ્લોક ૨ થી ૧૫ ઘ) સહ મારું 'અપર' સ્વરૂપ હોઈ તેથી પર એવું જે અનિર્વચનીય તત્ કિંવા આત્મસ્વરૂપ (શ્લોક ૧) એ મારું 'પર' સ્વરૂપ છે, તેથી જે આ બ્રહ્મરૂપ એવા મારા આત્મ કિંવા બ્રહ્મ સ્વરૂપની સાથે તદ્દન તદ્રૂપ બની ગયેલો હોય છે, તે કદી શોક પણ કરતો નથી અને કાંઈ ઇચ્છતો પણ નથી. સર્વભૂતોમાં આ સર્વ આત્મરૂપ છે અને તે આત્મા હું પોતે જ છે એમ જે પોતે તે ભૂતો અને જે ભૂતો તે પોતે છે; આ પ્રમાણે જેને સર્વ દૃશ્યમાત્ર પ્રત્યે સમબુદ્ધિ થયેલી છે, તે જ આત્મસ્વરૂપ એવાં મારી પરાભક્તિને પ્રાપ્ત કરી શકે છે. સારાંશ, જ્યાં સુધી તે આત્મસ્વરૂપ એવા મારી સાથે તદ્રૂપતાને પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી તેને મારા 'તત્'રૂપ એવા 'પર' સ્વરૂપની પ્રાપ્તિ કદી પણ થતી નથી.

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।

ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥ ૫૫ ॥

હું વાચ્યાર્થ કિંવા લક્ષ્યાર્થ વડે જાણી શકાતો નથી

જે અને જેવો હું છે તેવી રીતનો મને જે ભક્તિવડે તત્ત્વરૂપે સારી રીતે જાણે છે, તે તત્ત્વ વડે જાણીને ત્યાર પછી તેને વિષે જ પ્રવેશે છે. એટલે હું કે, જેને જાણવાને માટે શાસ્ત્રમાં તત્ એટલે આત્મા (શ્લોક ૧) એવી સંજ્ઞા કહેવામાં આવેલી છે, તેને તદ્રૂપ છે એવી ભક્તિ કિંવા અભ્યાસ વડે* જે સારી રીતે જાણે છે તે અનંતર એટલે એવા જ્ઞાન પછી 'તત્' (આત્મ) પદને જ પામે છે. સારાંશ એ કે, ભગવાન કહે છે કે આત્મસ્વરૂપ એવો જે 'હું' તેને જાણવાને માટે વાચ્યાર્થ કિંવા લક્ષ્યાર્થ તો તદ્દન નિરુપયોગી જ છે. ફક્ત તત્ત્વાર્થનો જ ઉપયોગ થાય છે. આમ કેવળ તત્ત્વાર્થ વડે જાણવા થકી એટલે તેનું પરોક્ષજ્ઞાન થવાથી પણ કાંઈ પૂર્ણતા થઈ શકતી નથી, પરંતુ તત્ત્વ વડે જાણ્યા પછી મારા તેવા સ્વરૂપના અપરોક્ષાનુભવને માટે પરમાત્મા અનિર્વચનીય એવા 'તત્' (આત્મા) રૂપ હોઈ હું પોતે પણ તેથી તદ્દન અભિન્ન એવો 'તત્' કિંવા આત્મરૂપ છે; એટલે ભગવાન અને 'હું' એ બંનેમાં કિંચિન્માત્ર પણ ભેદ નથી, એવા પ્રકારના દૃઢ અભ્યાસ વડે જ્યારે જુદાપણાના ભાવો દેખાતા તદ્દન બંધ થઈ, નદી જેમ સમુદ્રને મળ્યા પછી જુદી થઈ શકતી નથી અથવા મીઠાનો ગાંગડો કિંવા હિમ (બરફ)નો ગાંગડો પાણીમાં ઓગળી ગયા પછી એકરૂપ બની જાય છે, તેવી રીતે તન્મયતા અથવા એકરૂપતાનો પ્રત્યક્ષ અનુભવ આવી, પોતા સહ આ સર્વનો વિલય થઈ જાય ત્યાં સુધી દૃઢ નિશ્ચય વડે ભક્તિ અથવા અભ્યાસ કરવો જોઈએ; કે જેથી ત્યાર પછી એટલે આ અભ્યાસના પૂર્ણતાને અંતે "તે" તદ્રૂપ એવો બનીને મારામાં જ પ્રવેશે છે અર્થાત્ તદ્રૂપ જ બની જાય છે. તાત્પર્ય, હું પોતે સ્વયમેવ આત્મસ્વરૂપ છે, મને જાણવાને માટે બીજું કોઈ પ્રમાણ કિંવા સાધન જ નથી. જે મારી સાથે એકરૂપ થાય છે તે જ મને જાણી શકે છે. મારાથી ભિન્નરૂપે રહેનારાને તો મારું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થવું કદી શક્ય નથી; તો પછી અપરોક્ષની તો વાત જ શી કરવી? આમ આત્મસ્વરૂપ એવા મને જાણવાને માટે પોતે, આ સર્વ દૃશ્ય અને હું પોતે પણ તે રૂપ જ છે, આત્મરૂપ એવા મારાથી ભિન્ન કાંઈ છે જ નહિ, એવા પ્રકારના અભિન્નભાવનાયુક્ત દૃઢ નિશ્ચય વડે જ મારું પરોક્ષજ્ઞાન થઈ તેવા પ્રકારની અભિન્નતારૂપ ભક્તિ વડે મારી સાથે તદાકારતા પ્રાપ્ત થઈ મારા સાચા સ્વરૂપનો તે પ્રત્યક્ષ અનુભવ કરી શકે છે. આ સિવાયના મારી પ્રાપ્તિ માટે કરવામાં આવતા બીજા બધા ઉપાયો નકામા જ નીવડે છે. આ રીતનું મારું સાચું સ્વરૂપ છે અને તે જ પરમાનંદરૂપ છે.

મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ કેમ થતી નથી ?

મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરનારા તો ઘણા છે; પરંતુ તેઓ બહિર્મુખ થઈને જુદાપણાની ભાવના રાખીને પ્રયત્ન કરતા હોવાથી મારી મોહરૂપી માયામાં સપડાયેલા હોય છે, તેઓનું એ અજ્ઞાન કદી મટવું જ નથી; કેમ કે હું તો કદી બેપણાને પ્રાપ્ત થયેલો જ નથી; છતાં બેપણું વડે ભાસવું તે તો મારી મિથ્યા મોહરૂપ માયાનો પ્રભાવ છે, તે નહિ સમજતાં આ લોકો જુદાપણાની ભાવના વડે જ મારી પ્રાપ્તિ કરવાની ઇચ્છા રાખે છે, પરંતુ હાથમાં દીવો લઈને અંધારાની શોધ કરવા નીકળવું કિંવા હાથમાં મશાલ લઈને સૂર્યને જોવા માટે પ્રયત્ન કરવો, એ જેમ મૂર્ખતા છે તેમ દ્વૈતભાવ વડે મારી પ્રાપ્તિની ઇચ્છા કરવાવાળાઓની સ્થિતિ જાણવી. આ રીતે દ્વૈતભાવ વડે મારી પ્રાપ્તિની ઇચ્છા કરનારાઓ અને તે

*દ્વૈતભાવ છોડી દઈ ઐક્યભાવનારૂપ નિશ્ચયવાળો ભક્ત કહેવાય છે અને તેવા નિશ્ચય વડે તદાકારતા પ્રાપ્ત થતાં સુધી અર્થાત્ દ્વૈતભાવનાના વિલયનો પ્રત્યક્ષ અનુભવ થતાં સુધી તે જે અભ્યાસ કરે છે તેને ભક્તિ કહે છે.

માટે જ પ્રયત્ન કરનારાઓ બિચારા શોધી શોધીને થાકી જાય છે છતાં તેઓ મારા પરમપદને કદાપિ પ્રાપ્ત કરી શકતા નથી. આ જગતમાં મોટા મોટા શાસ્ત્રવેત્તાઓ, બુદ્ધિમાનો, તર્કશાળીઓ અને પુરુષાર્થિઓ પણ અનેક છે છતાં તેઓ બધા માયાના મોહમાં ફસાઈ મારા સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે કદી પણ શાંતિને પ્રાપ્ત કરી શકતા નથી. શબ્દાર્થ કરવાનો વિદ્વા હોય, મોટી પંડિતાઈ કિંવા વ્યાખ્યાનો કરવાની કળામાં નિપૂણતા હોય તો તેથી કાંઈ પરમપદની પ્રાપ્તિ થતી નથી અગર તો કોઈ તેની રાતદિન શોધ જ કર્યા કરે તો તેની શોધ તે ગમે તેટલા લાંબા કાળ સુધી કર્યા કરે તેથી પણ કાંઈ મારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ તેને કદી થવી શક્ય નથી; કારણ કે તે પદ ગ્રહણ થઈ શકે એવું નથી, તેમ ક્યાંય પણ દૂર જઈને પ્રાપ્ત કરી શકાય એવું પણ નથી. તે તો હમેશાં સર્વકાળ નિત્યપ્રતિ પ્રાપ્ત જ છે. વળી જેઠેલી જેટલે પણ તે પ્રાપ્ત જ છે. સિવાય તે પદ કાંઈ વિચાર કરવાથી સમજાય એવું પણ નથી. સર્વ વિચાર જ્યારે બંધ પડે છે ત્યારે તે પ્રકાશિત થાય છે. મરતકની છાયા દોડી દોડીને પકડવા જતાં તે કદી પણ હાથ લાગતી નથી તેમ આ આત્મપદ કોઈ એકાદ ક્રિયા કરવામાં આવે કિંવા છોડવામાં આવે તો તે વડે પ્રાપ્ત થાય એવું નથી. જેમ કોઈ મનુષ્ય નજીક પડેલા તકતામાં (અરીસામાં) પોતા સહ બીજા હજારો પ્રતિબિંબો જુએ છે છતાં અરીસો તો કંઈ જોનારને કિંવા તેમના પ્રતિબિંબોને જાણતો કિંવા જોતો પણ નથી, તે પ્રમાણે આ બધા લોકો આત્મસ્વરૂપ એવા મારા મહા આદર્શરૂપમાં પ્રતિબિંબિત થયેલાં જગત ચિત્રો જોતાં હોવા છતાં પણ મારા સાચા સ્વરૂપની ઓળખ નહિ હોવાને લીધે જ મને ઓળખી શકતાં નથી. તરમાત્ હું, તું, તે, આ ઇત્યાદિ તમામ દૃશ્યભાવોનો વિલય કરીને એટલે પોતા સહ સર્વને ભૂલી જઈ કેવળ સદ્રૂપ આત્મા વડે જ આત્માને જોવે, અર્થાત્ ભિન્નપણાનો ભાવ છોડી દઈ જ ભિન્ન એવા આત્મરૂપે જ આત્માનો અનુભવ કરવો જોઈએ. પ્રથમ તો આ રીતે કેવળ અંતર્મુખ દૃષ્ટિ કરી આત્મસ્વરૂપ એવા મારું પરોક્ષજ્ઞાન કરવું અને તે થયા પછી તેવા દૃઢ નિશ્ચય વડે અભ્યાસ દ્વારા 'હું' ભાવને ભૂલી જઈ મારી સાથે એકરૂપ થઈ જવું. આ મુજબ જ્યારે તત્ એવા મારા (શ્લોકાંક ૧)માં એકરૂપતા પ્રાપ્ત થાય ત્યારે જ તે મારા સાચા સ્વરૂપનો અનુભવ કરી શકે છે. આ સિવાયના બીજા બધા ઉપાયો કિંવા સાધનો મારા સાચા સ્વરૂપનો અનુભવ કરાવી આપવા અસમર્થ છે.

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।

मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥

મારા શાશ્વત અને અવ્યય એવા પદની પ્રાપ્તિ

હે ધનુર્ધર ! ઉપર કહ્યા મુજબ આત્મસ્વરૂપ એવા મારી સાથે અભેદભાવનો આશ્રય જેણે કરેલો છે એવો પુરુષ હમેશાં સર્વ કર્મોને કરવા છતાં પણ મારા પ્રસાદ (કૃપા) વડે શાશ્વત એવા અવ્યયપદને મેળવે છે. તાત્પર્ય એ કે, જે આ પ્રમાણે મારાથી અભિન્નભાવની દૃઢ નિશ્ચય વડે ભાવના કરી મારા અપરોક્ષ સાક્ષાત્કારને માટે હંમેશાં મારો જ આશ્રય કરી રહેલો છે; એટલે અંતઃકરણમાં હું, તું, તે, આ, મારું, તારું, તને, મને ઇત્યાદિ ભાવોને કદી પણ ઉત્પન્ન થવા દેતો નથી અને ઉત્પન્ન થાય તો તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારે તુરત જ તેને દાબી દે છે, આ પ્રમાણે હંમેશાં જે આત્મસ્વરૂપ એવા મારા અભ્યાસમાં જ રત થયેલો છે, તેવો મારો આશ્રયી કિંવા શરણાગત થયેલો પુરુષ સદા સર્વદા કર્મો કરતો હોવા છતાં પણ આત્મસ્વરૂપ એવા મારી કૃપા વડે તે શાશ્વત એવા અવ્યય (શ્લોકાંક ૧) પદને પામે છે. જેમ માટીનો બનેલો રાકડો માટીથી જુદો નથી તેમ આત્મસ્વરૂપ એવા મારામાં કલ્પાયેલું આ તમામ દૃશ્ય મારાથી ભિન્ન નથી જેમ તરંગો જળથી અને દાગીનાઓ સુવર્ણથી જુદા નથી તેમ મારા આત્મપદમાં કલ્પાયેલું આ સર્વ દૃશ્ય વાસ્તવિક મારાથી જરા પણ જુદું નથી.

જોયો આ મોહનો મહિમા!

હે પાર્થ! જોયોને આ મોહનો કેવો મહિમા છે! સર્વત્ર વ્યાપક એવું મારું આત્મસ્વરૂપ પાસે ને પાસે હોવા છતાં પણ મોટા મોટા પંડિતો, વિદ્વાનો, શાસ્ત્રીઓ, વક્તાઓ, શોધકો, કર્મઠો (કર્મકાંડીઓ), તપસ્વીઓ, ભક્તિમાર્ગના કહેવાતા પ્રણેતાઓ, આચાર્યો વગેરે મોહપાશમાં સપડાઈ અજ્ઞાનતાને લીધે તેને જાણી શકતા નથી અને વગર કારણે દુરાગ્રહો રાખી, દુઃખભોગ જ ભોગવી રહ્યા છે. સંકલ્પ નહિ ઊઠવો એટલે કે અંતઃકરણમાં હું, તું, તે, આ, ઇત્યાદિ કોઈ પણ વૃત્તિનું ઉત્થાન જ થવા નહિ દેવું, માત્ર એટલું જ એક સાધન આત્મસ્વરૂપ એવા મારી પ્રાપ્તિને માટે બસ છે, તેનો મેં જાતે અનુભવ કર્યો છે. માટે તું પણ તેનો અનુભવ લે. આમ સંકલ્પરહિત સ્થિતિમાં રહેવાથી મારું અતિ ઉત્કૃષ્ટ એવું પરમપદ પ્રાપ્ત થાય છે કે જેની આગળ મહાન સામ્રાજ્ય પણ એક તણખલા જેવું તુચ્છ લાગે છે. માત્ર પહોંચવાના સ્થાન તરફ જ લક્ષ રાખીને ગતિ કરનાર(ચાલનારા) મુસાફરના પગમાં જેમ સંકલ્પ વગર સ્વાભાવિક રીતે જ ક્રિયા થતી રહે છે, તે પ્રમાણે જીવન્મુક્ત સંકલ્પોને છોડીને આવી પડેલાં કાર્યો નિઃસંકલ્પાવસ્થામાં કરતો રહે છે. ગાઢ નિદ્રામાં પડેલા મનુષ્યની થતી ચેષ્ટાઓ જેમ સંકલ્પ વગર જ થતી રહે છે અથવા સુકું પાંદડું કિંવા ઘાસ (તણખલું) વાયુ અથવા પાણીના પ્રવાહમાં તણાઈ પોતે ગતિ કરતું હોય એમ લાગે છે પરંતુ તે પોતે કાંઈ કરતું નથી, તેમ જીવન્મુક્ત આવી પડેલાં તમામ કાર્યોની પ્રવૃત્તિ સંકલ્પ કર્યા વિના, સુખદુઃખાદિ દ્વંદ્વોની ભાવના વિના, સહજભાવે જ કરતો રહે છે. જાણે કે બીજાને કૌતુક ઉપજાવવાને માટે જ કૃત્ય કરતી ન હોય! એવી રીતે દેખાતી લાકડાની પૂતળી પોતે તો અંદર વાસનાદિ વિકારરહિત, શૃંગારાદિ રસની ભાવના વિનાની હોય છે છતાં લોકદૃષ્ટિએ તો તે નાચવાની ક્રિયા કરતી હોય એમ જણાય છે તેમ જીવન્મુક્ત પણ બહાર યથોચિત કર્મ કરવાં છતાં પણ અંદરથી હું, તું, તે, આ ઇત્યાદિ સર્વ ભાવનાઓથી તદ્દન અસંગ હોય છે. તેની જોવામાં આવતી તમામ ઇન્દ્રિયો રસ વિનાની હોય છે. અંદરથી વાસનારહિત હોવા છતાં બહારથી લોકદૃષ્ટિએ જાણે યંત્રની ચેષ્ટાસમાન સંકલ્પરહિત ચેષ્ટા કરતી હોય છે. આ રીતે જીવન્મુક્તની સ્થિતિમાં રહી તું કર્મ કર.

કર્મ કરવા છતાં પણ અસંગપણું

હે અર્જુન! કોઈ પણ પુરુષ કર્મ કરે અથવા નહિ કરે પરંતુ જ્યાં સુધી ઇંદ્રિયોની વૃત્તિ વિષયરસમાં વાસનાવાળી હશે, ત્યાં સુધી તો આ સંસારના જન્મમરણાદિ અનર્થો કિંવા દુઃખ પરંપરાનો સાથ કદી પણ છૂટવાનો નથી. જેમ પવન, અગ્નિ, જવાળા, પાણી અને યંત્ર સ્વાભાવિક રીતે આપોઆપ જ ગતિ કે ક્રિયા કરતા રહે છે, તેમ જીવન્મુક્ત થતાં સુધી સંકલ્પરહિત અવસ્થા કદાપિ પ્રાપ્ત થતી નથી અને જીવન્મુક્ત અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધીનાં તમામ કર્મો નિરર્થક જ છે, સંકલ્પરહિત થનારાં કર્મો જ અંતરહિત, મોક્ષરૂપ અને પરમકલ્યાણકારી એવા મારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી આપવા સમર્થ છે. વાસનારહિત કર્મો કરવાં એ જ પરમ ધૃતિ એટલે ધૈર્ય કિંવા ધારણા કહેવાય છે. જીવન્મુક્તો કર્મમાં, તેના ફળમાં કે તેના ત્યાગમાં એમ કશામાં પણ આસક્ત થતા નથી. તેમનો તો કર્મમાં અને તે કરવામાં પણ દુરાગ્રહ હોતો નથી, નહિ કરવામાં પણ દુરાગ્રહ હોતો નથી; તેમ તેઓને તેના ફળની કલ્પના પણ હોતી નથી. આ રીતે તદ્દન અસંગ અનાસક્ત બની ગમે તેટલાં કર્મો કરવાં અથવા બિલકુલ નહિ કરવાં એ બંને સરખું જ છે; પરંતુ ખાસ ધ્યાનમાં રાખ કે આવા પ્રકારની અવસ્થા તો એક જીવન્મુક્ત જ પ્રાપ્ત કરી શકે છે. વધુ શું કહું! સંક્ષેપમાં એટલું જ કે 'હું' એવો પ્રથમ સંકલ્પ થયો તે જ પ્રથમતઃ તો બંધનમાં નાખનારું હોઈ 'હું'રૂપની સ્ફુરણા જ થવા નહિ દેવી તેનું નામ મુક્તપણું છે. એ જ મારું પરમપદ છે. આમાં કોઈ કાળે અને કોઈ સ્થળે કાંઈ કરવાપણું અથવા નહિ કરવાપણું એ બંને ભાવો નથી. અરે! જ્યાં 'હું' એ ભાવની પણ સ્ફુરણા નથી એવું આ જન્મથી રહિત, શાંત, નિઃસંગ અને અનંત એવું પરબ્રહ્મ તે જ મારું સાચું સ્વરૂપ છે. માટે મારા તે જ સ્વરૂપમાં તું સ્થિત થા.

આ મુજબ કોઈ પણ જાતનો સંકલ્પ જ થવા નહિ દેવો તેને વિદ્વાનો યોગ કહે છે. આ યોગ એ સ્વાભાવિક રીતે જ ચિત્તનો નાશ કરનારો છે. માટે તું આ રીતના મારા સ્વરૂપમાં તન્મય થઈને પછી જેવો છે તેવો રહી ભલે તારું કર્મ કર, સર્વત્ર સમાન રીતે રહેલો શાંત, સુખરૂપ, સૂક્ષ્મ, એપણું અથવા એકપણું એ બંને ભાવોથી રહિત, સર્વવ્યાપી, અનંત અને શુદ્ધ એવા મારા પરબ્રહ્મ સ્વરૂપમાં ખેદ કે હર્ષને અથવા રાગદ્વેષાદિને સ્થાન ક્યાંથી હોય?

મારામાં હું, મારું ઇત્યાદિ ભાવો કદી છે જ નહિ

જેમ પથ્થર ઉપર વાવેલાં બીનો અથવા શેકેલાં બીનો કદી અંકુર થતો નથી તેમ તારામાં પ્રથમ તો 'હું' એવા સંકલ્પનો ઉદય જ ન થાઓ. આમ જે પુરુષ સંકલ્પરહિત, શાંત અને બ્રહ્મરૂપ એવા મારામાં જ સ્થિત હોય છે તે જીવતો હોય ત્યારે કિંવા વિદેહમુક્ત થાય ત્યારે પણ તેને લૌકિક અથવા વેદ સંબંધી કર્મો કરવાથી કિંવા નહિ કરવાથી, આલોક સંબંધી કે પરલોક સંબંધી તેમજ જીવન કે મરણ સંબંધી કશું પણ પ્રયોજન રહેતું નથી, કેમ કે નિરંતર આત્મદૃષ્ટિએ સર્વત્ર અભેદરૂપે તે પોતે જ રહેલો હોઈ, કર્મ અને અકર્મ એ બંનેનો જ્યાં બાધ થાય છે તેના અવધિ એવા એક મારારૂપ જ એટલે આત્મરૂપ જ તે હોય છે. તે જ આ પ્રાતિભાસિક એવાં કર્મરૂપે જોવામાં આવે છે પરંતુ વાસ્તવિક રીતે તો આત્મસ્વરૂપ એવા મારામાં કર્મપણું છે જ નહિ. આ પ્રમાણે આત્મસ્વરૂપ એવો હું આભાસાત્મક દૃષ્ટિએ કર્તા, કર્મોદિરૂપે દેખાઉં છું; પરંતુ તત્ત્વ કે સત્યદૃષ્ટિએ તો મારામાં કર્તાપણાનો અંશ પણ નથી. માટે જ્યાં સુધી " હું અને મારું" એવો સંકલ્પ રહ્યો કરે છે ત્યાં સુધી આ મારી માયાના વિસ્તાર વડે ભાસતા, મિથ્યા સંસારરૂપી દુઃખોમાંથી કદાપિ પણ મુક્ત થઈ આત્મસ્વરૂપ એવા મારા પરમપદની પ્રાપ્તિ થઈ શકતી નથી, પરંતુ આ " હું અને મારું " એવા સંકલ્પનો સંન્યાસ કરવાથી જ એટલે કે તેવા સંકલ્પોથી રહિત થતાં જ સંસારદુઃખમાંથી મુક્ત થઈ આત્મસ્વરૂપ એવા મારા પરમપદને પ્રાપ્ત કરી શકાય છે માટે આ પૈકી તને જે વાત રુચે તેનો આશ્રય કર. તત્ત્વદૃષ્ટિ વડે જોતાં તો " હું અને મારું " છે જ નહિ અને જો છે એમ કહેવામાં આવે તો તે સર્વ પરિપૂર્ણ પરમાત્મા એવું મારું જ સ્વરૂપ છે. મારાથી ભિન્ન કાંઈ છે જ નહિ. આ મારા પરમપદથી જુદું જો કાંઈ દૃશ્યરૂપ જગતાદિ ભાસમાન થાય તો તે જેમ કડાં, કુંડળ, નુપૂર, બાજુબંધ ઇત્યાદિ સુવર્ણના દાગીનાઓ સુવર્ણથી ભિન્ન હોતા નથી અથવા સુવર્ણથી કિંચિન્માત્ર પણ ભિન્ન નથી. તેમ આ સર્વ નિઃસંગ, નિરાકાર, અગ્રમેય, અજન્મા એવા મારું આત્મસ્વરૂપ જ છે. હે પાર્થ! હું તને ફરીથી હાથ ઊંચા કરીને પોકારી પોકારીને કહું છું કે સંકલ્પરહિત અવસ્થા એ જ મારું ખરું આત્મસ્વરૂપ છે કે જેમાં "હું" એવું સ્ફુરણ છે જ નહિ, તો પછી તું, તે, આ, મારું, તારું, તને, મને વગેરે ભાવો તો ક્યાંથી હોય? તે તું સારી રીતે ધ્યાનમાં રાખ. એ જ મારું શાશ્વત અને અવ્યયપદ છે.

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।

बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥ ૫૭ ॥

બુદ્ધિયોગનો આશ્રય કર

હે પાર્થ! મારું શાશ્વત પદ તારા ધ્યાનમાં આવ્યું ને! એટલા માટે જ જો કે મેં તને પ્રથમ તો કહેલું જ છે છતાં દૃઢતાને માટે ફરીથી કહું છું કે, ચેતસા એટલે મન થકી આ સર્વ ચૈતન્યરૂપ છે, એવા પ્રકારના જ્ઞાન વડે સર્વ કર્મોનો મારામાં જ સંન્યાસ કરી તું મારા પરાયણ રહેનારો, બુદ્ધિયોગના આશ્રય વડે આત્મસ્વરૂપ એવા એક મારામાં અને મારા વિષે જ ચિત્તવાળો થા. સારાંશ એ કે, બુદ્ધિયોગનો આશ્રય કરીને એટલે બુદ્ધિને આત્મસ્વરૂપ એવા મારામાંથી કિંચિન્માત્ર પણ આમથી તેમ હઠવા નહિ દેતાં, મારામાં જ પરોવી રાખવી (બુદ્ધિયોગ માટે જુઓ અધ્યાય ૨ શ્લોક ૩૯). આ પ્રમાણે દૃઢ નિશ્ચય વડે બુદ્ધિને એક

મારામાં જ પરોવી રાખીને પછી અંતઃકરણમાં જે જે સંકલ્પો થાય કે તેને તરત જ તે મારું (આત્મ)સ્વરૂપ છે, એ રીતના પ્રતિસંકલ્પ વડે તત્કાળ મારામાં જ સંન્યાસ કરી દેવો. એટલે સંકલ્પ ઉત્પન્ન થાય કે તુરત જ તે આત્મસ્વરૂપ જ છે, એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને મારામાં જ અર્પણ કરી દેવો. આ મુજબ હું, તું, તે, આ, મારું, તારું તને, મને ઇત્યાદિ તમામ ભાવોનો આત્મસ્વરૂપ એવા મારામાં જ સમર્પણ કરનારો, મારે જ પરાયણ રહેલો, જેનું ચિત્ત સતત મારામાં જ પરોવાયેલું છે, એવા પ્રકારના બુદ્ધિયોગનો આશ્રયી તું થા. આમ હું, તું, તે, આ ઇત્યાદિ ભાવની ઉત્પત્તિ જ થવા નહિ દેવી અને થાય તો તે આત્મરૂપ છે, એવા પ્રકારની ભાવના વડે તેને તત્કાળ દાબી દેવી, તેનું નામ જ ખરો સંન્યાસ કિંવા ત્યાગ હોઈ આત્મસ્વરૂપ એવા મારા સિવાય બીજું કાંઈ છે જ નહિ એવી રીતના દૃઢ નિશ્ચય વડે બુદ્ધિને તેમાંથી કિંચિન્માત્ર પણ ઢળવા નહિ દેવી, તેનું નામ બુદ્ધિયોગનો આશ્રય સમજવો.

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।

अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥५८॥

અહમ્‌નાશથી થતી પરમાત્મપ્રાપ્તિ

હે ધનુર્ધર ! ઉપર કહ્યા પ્રમાણે બુદ્ધિયોગના આશ્રય વડે, મચ્ચિત્તઃ એટલે આત્મસ્વરૂપ એવો જે હું તે મારામાં જ હંમેશાં ચિત્તને પરોવવાથી આત્મરૂપ એવા મારા પ્રસાદ વડે સર્વ પ્રકારના દુર્ગો એટલે અરિષ્ટો અર્થાત્ ભય કિંવા સંકટોમાંથી તું તરી જઈશ એટલે સર્વ દુઃખોમાંથી પાર થઈશ; પરંતુ જો તું અહંકાર વડે મારું કહ્યું સાંભળીશ નહિ તો નિશ્ચિત વિનાશને પામીશ. તાત્પર્ય એ કે, આ પ્રમાણે અત્યાર સુધીમાં મેં તને મારું સાચું સ્વરૂપ કે જ્યાં 'હું' એવો ભાવ જ નથી તે કહ્યું માટે તું હવે 'હું' પદનો ત્યાગ કરી આત્મસ્વરૂપ એવા મારામાં જ તદ્રૂપ થઈ જા. પરંતુ તને આટલું આટલું કહેવા છતાં પણ જો તું આ "હું" પણા (અહંકાર)નો ત્યાગ નહિ કરીશ, અર્થાત્ મારું કહ્યું નહિ માનીશ તો પછી તે અહંકાર તારો જરૂર નાશ કરશે, એમ નિશ્ચિત સમજ. તસ્માત્ હું તને હાથ ઊંચો કરી વારંવાર ભૂમો પાડીને કહી રહ્યો છું કે, આ 'હું'નો નાશ કરવો, 'હું" રૂપ સ્ફૂર્તિને કદી પણ ઉત્પન્ન જ થવા નહિ દેવી એ જ પરમ કલ્યાણ કરનારું હોઈ આત્મસ્વરૂપ એવા મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરી આપનારું છે તથા 'હું'નું સ્ફુરણ થવું એ જ વિનાશ કરનારું છે, તે તું સારી રીતે ધ્યાનમાં રાખ. જ્યાં સુધી તારો અહંકાર નષ્ટ નહિ થાય ત્યાં સુધી આ સર્વ આત્મસ્વરૂપ એવું મારું રૂપ છે એવા પ્રકારની દૃઢ નિશ્ચયવાળી બુદ્ધિનો આશ્રય કરી ચિત્ત વડે સર્વ ઇંદ્રિયોને અંતઃકરણમાં સંકલ્પવિકલ્પ ઉત્પન્ન થતાંની સાથે તુરત જ તે આત્મસ્વરૂપ છે એવા પ્રકારના પ્રતિસંકલ્પ વડે તેને તત્કાળ દાબી દે. આ મુજબ દૃઢ નિશ્ચય અને શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ વડે પોતા સહ સર્વનો નિરાસ કરવાથી અંતે અહમ્‌ભાવનો પણ વિલય અનાયાસે જ થઈ જાય છે. આમ અહમ્‌નો વિલય થતાં જ ક્ષણમાત્ર નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરી આત્મા વડે જ આત્માનું અવલોકન કર. આ રીતના આત્મસાક્ષાત્કાર વડે જ તારી આ મોહજન્ય સર્વ ભ્રાંતિ ક્ષણવારમાં મટી જશે પરંતુ અહંકારનો નાશ નહિ કરતાં તું તેના જ અધ્યારમાં ફસાઈશ. તો પછી તેં પોતાના હાથે પોતે જ વિનાશને નોતર્યો છે, એમ નક્કી જાણ.

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।

मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥५९॥

શું ભગવાને અર્જુનને યુદ્ધમાં પ્રેરવાને માટે ઉપદેશ આપ્યો છે?

શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહે છે : હે પાર્થ ! વળી આગળ કહું છું તે સાંભળ. તું કદાચ કહેશે કે મને યુદ્ધમાં પ્રવૃત્ત કરાવવાને માટે આ બધી વેદાંતની ઝાઝી ઝાઝી વાતો તમે કહેલી છે તો તારું તેમ

માનવું તદ્દન નિરર્થક છે. તું યુદ્ધ કરવાનો જ છે. એ સંબંધમાં તો મને જરા પણ સંદેહ નથી, પ્રથમ પણ ન હતો, હમણાં પણ નથી અને ભવિષ્યમાં પણ રહેવાનો નથી; કારણ કે તું યુદ્ધ કરવાનો છે, એ વાત તો સૂર્યના ઉદય અને અસ્ત જેટલી નિયતિનિયમાનુસાર તદ્દન નિશ્ચિત છે. જેમ ઉદય પામેલા સૂર્યનો સાંજે અસ્ત થશે અને અસ્ત થયેલો પાછો પ્રાતઃકાળમાં ઉદય પામશે, એ જેટલું નિયતિક્રમમાં નિશ્ચિત છે, તેમાં કાળત્રયે પણ ફેરફાર થવો શક્ય નથી, તેમ જેઓનો મેં ઉપર કહ્યા પ્રમાણે 'અહમ્' ભાવ નષ્ટ થયેલો હોતો નથી તેવાઓને માટે તો નિયતિનિયમાનુસાર વર્તવા સિવાય બીજો કોઈ પુરુષાર્થ છે જ નહિ. તેમની હલનચલન બોલવાની, સંકલ્પ કરવાની, નિશ્ચય કરવાની ઇત્યાદિ કર્મેન્દ્રિય અથવા જ્ઞાનેન્દ્રિય વડે જે જે કાંઈ કાયિક, વાચિક અને માનસિક અથવા ભૌતિક ક્રિયાઓ થાય છે, તે સર્વ મારી માયા કિંવા પ્રકૃતિએ નિયત કરેલા ત્રણ ગુણોના આધાર વડે જ થઈ શકે છે અને તે માયાનો પ્રેરક ઈશ્વર હોઈ તેણે જીવોનાં પૂર્વકર્મોવશાત્ શું કરવાનું, ક્યારે કરવાનું, ક્યાં કરવાનું અને કોની મારફતે કરવાનું વગેરે સર્વ કાળ, સ્થાન ઇત્યાદિ સહ પ્રથમથી જ નક્કી કરી રાખેલું છે, એટલે જીવોનો જન્મ થવા પૂર્વે જ તે તે જીવોનું આયુષ્ય કર્મ, વિત્ત, વિદ્યા અને મરણ; ટૂંકમાં જન્મથી મરણ સુધી તેણે શું શું કરવું? ક્યારે અને ક્યાં કરવું? ઇત્યાદિ તમામ બાબતો યંત્રની પૂતળીને જેમ પ્રથમથી જ તદ્દન નિશ્ચિત કરી મુકેલી હોય છે. તેમાં ફેરફાર કરવા કોઈ પણ સમર્થ છે જ નહિ જે જીવને જે જે સમયે જે કાંઈ પ્રાપ્ત કિંવા અપ્રાપ્ત થવાનું હોય તે તે સમયે તેને માટે નિયતિનિયમાનુસાર તેવી તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે, તથા આજુબાજુએ એવાં કારણોનો યોગ કાકતાલીય ન્યાયની, પેઠે અનાયાસે જ ઉત્પન્ન થતો રહે છે. અને તે પ્રમાણે બુદ્ધિને પ્રેરણા થઈ ક્રિયાઓ થતી રહે છે, આ રીતે બધું પ્રકૃતિના સ્વભાવાનુસાર યા તો નિયતિનિયમાનુસાર થતું હોવા છતાં વ્યવહારમાં મૂઢ લોકો તેને જ આ 'મેં કર્યું' આ 'હું કરું છું, ઇત્યાદિ અભિમાન વડે માની લે છે અને આનું નામ જ પુરુષાર્થ એમ તેઓ સમજે છે, આ રીતે નિયતિના નિયમમાં સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ્વર પણ ફેરફાર કરવા સમર્થ નથી, તો પછી તારા જેવા બિચારા દેહાધ્યાસીની તો શું કથા? સારાંશ એ કે, આ નિયતિને પ્રેરણા કરનાર ઈશ્વરની આજ્ઞા વિના એક પાન અથવા તણખલું પણ હલનચલન કરી શકે તેમ નથી; તે ધોરણે તું યુદ્ધમાં જોડાય એવા ઉદ્દેશે મેં કાંઈ તને આ જ્ઞાન કહ્યું નથી પરંતુ તને ઉત્પન્ન થયેલો મોહ નષ્ટ કરવાને માટે જ આ બધું સત્ય અને પરમ ગુહ્ય રહસ્ય સમજાવ્યું છે. તું યુદ્ધ તો કરવાનો જ છે તે હું સારી રીતે જાણું છું, કેમ કે તને ઉપજેલો આ વૈરાગ્ય સ્મશાનવૈરાગ્ય જેવો જ છે. તું શ્રેષ્ઠ ક્ષત્રિય હોવાથી જ્યારે રણભૂમિમાંથી નાસવા માંડીશ ત્યારે આ બધા લોકો તારી નિંદા કરશે તે સહન કરવી તારે માટે અસહ્ય થશે અને પછી તું હાથમાં હથિયાર લેશે અને તારો એવો ક્ષાત્રસ્વભાવ જ તને આ યુદ્ધકાર્યમાં જોડશે, તે હું સારી રીતે સમજું છું. વળી દરેક મહાયુગોમાં આ રીતે મહાભારત યુદ્ધો થયા જ કરે છે અને તને તે સમય ઉપર તારા જેવા અર્જુન નામધારી દેહાધ્યાસીને વિષાદ ઉત્પન્ન થવાથી હું વાસ્તવિક આત્મસ્વરૂપ હોઈ અશરીરી હોવા છતાં લોકદૃષ્ટિએ તારું સારથ્ય કરનારા તારા મામાના પુત્ર શ્રીકૃષ્ણના નામ વડે મારે તને બોધ આપવો પડે છે, એવો નિયતિક્રમ છે તે પણ હું સારી રીતે જાણું છું. આ પ્રમાણે ચાલુ કલ્પમાં અર્જુન નામધારી તને મેં કૃષ્ણ નામધારીરૂપે સત્તાવીશ વખત તો પ્રથમ બોધ આપેલો છે અને હજી ભવિષ્યમાં નવસો ચોંતેર વખતે આપવામાં આવશે (અધ્યાય ૨ શ્લોક ૧૨થી૧૩નું વિવરણ જુઓ ; સારાંશ, આ નિયતિના ચક્રમાંથી છૂટે એવો આ ત્રૈલોક્યમાં એક 'હું'નો વિલય કરીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરનારા જીવન્મુક્ત સિવાય કોણ છે? કોઈ નથી. અરે, એટલું તો શું પણ જેમ સૂકાં પાંદડાને પવન જ્યાં લઈ જાય ત્યાં તે જાય છે તેમ જીવન્મુક્ત તત્ત્વવેત્તાની દૃષ્ટિએ જો કે કશું છે જ નહિ છતાં લૌકિક દૃષ્ટિએ તો આ જીવન્મુક્તનું શરીર જ્યાં સુધી વિદ્યમાન હોય છે ત્યાં સુધીને માટે તે પણ આ નિયતિના પાશમાંથી છૂટી શકતો નથી, જો કે મારે કાંઈ કર્તવ્ય નથી. હું તત્ત્વતઃ તદ્દન નિષ્ક્રિય અને અજન્મા છે છતાં લોકદૃષ્ટિએ તો જાણે જન્મ્યો છું, તારું સારથ્ય કરું છું વગેરે તું અને આ બધા અજ્ઞાનીઓ સ્પષ્ટ જ જોઈ શકે છે, ખરું ને? આમ પોતાના સાચા સ્વરૂપની પ્રાપ્તિને માટે પુરુષાર્થ તો ગમે તે પુરુષ કરી શકે

પરંતુ આ બીજાના એટલે ઈશ્વરના કાર્યમાં તો તે કિંચિન્માત્ર પણ ચંચૂપ્રવેશ કરી શકે નહિ, કેમ કે આ કાર્ય કરનાર અને તેના કાર્યનો લેશ અંશ પણ આત્મસ્વરૂપ એવા આ હું'માં નથી. અને તે જ તારું સાચું સ્વરૂપ છે. જેમ પ્રકાશ પોતાના સ્વજાતીય એવા ગમે તેટલા પદાર્થોને પ્રકાશિત કરી શકે છે પરંતુ પોતાથી વિરુદ્ધ ધર્મવાળા અંધકારને કદી પણ પ્રકાશિત કરી શકતો નથી એટલે પ્રકાશ થતાંની સાથે જ અંધકારનો નાશ થઈ જાય છે એમ કહો અથવા તો તે પ્રકાશરૂપ જ બની જાય છે એમ કહો, પરંતુ પ્રકાશને અંધકાર કેવો હશે તેની કદી પણ કલ્પના હોતી નથી, તેમ આ મારું આત્મસ્વરૂપ અને તેનાથી તદ્દન ભિન્ન એવી માયાનો આત્મસ્વરૂપમાં લેશમાત્ર પણ અંશ કે સંબંધ હોતો નથી; અર્થાત્ જ્યાં આત્મસ્વરૂપનો પ્રકાશ થયો કે આ સર્વ અંધકારમયી માયા એકાએક ક્યાંયે અદૃશ્ય થઈ જાય છે અથવા કમળો થનારને જેમ સર્વ પીળું જ દેખાય છે તેમ આત્મરૂપ બનેલાને સર્વ આત્મરૂપ જ દેખાય છે, પરંતુ તે જ્યાં સુધી માયાના ચક્કરમાં હોય, ત્યાં સુધી તે આત્મસ્વરૂપને જોઈ શકતો નથી અર્થાત્ પ્રકાશ હોય ત્યાં અંધારું ન હોય અને અંધારું હોય ત્યાં પ્રકાશ ન હોય. એવો વ્યવહારમાં પણ અનુભવ છે, તેમ માયા હોય ત્યાં આત્મા દુર્લભ છે તથા આત્મા હોય ત્યાં માયાનું નામનિશાન પણ હોઈ શકે નહિ. હવે વ્યવહારમાં તો અંધારું નષ્ટ કરવાને માટે દીવો કિંવા સૂર્યાદિ સાધનોની તથા નેત્રાદિ ઇંદ્રિયો વગેરે સાધનોની જરૂર હોય છે, તેથી પ્રકાશ અને અંધારું એવો સાક્ષીરૂપે અનુભવ મનુષ્ય કરી શકે છે, પરંતુ સ્વયંપ્રકાશ કે જેને પ્રકાશવા કોઈ પણ સાધનની જરૂર નથી, એટલું જ નહિ પરંતુ આ સૂર્યચંદ્રાદિને પણ જે પ્રકાશ આપી રહ્યો છે, એવા આત્મરૂપ સ્વયંપ્રકાશમાં અંધારાની કલ્પના પણ ક્યાંથી અને શી રીતે હોઈ શકે?

અજ્ઞાનીઓને માટે દૃશ્ય અને જ્ઞાનીને આત્મા

હે પાર્થ! આ રીતે નિશ્ચયપૂર્વક જાણ કે, મેં તને આ નિયતિની નિશ્ચિતતા સંબંધમાં જે કહ્યું તે તો જેઓએ 'અહમ્'નો વિલય કરીને આત્મસ્વરૂપ એવા મારાં (શ્લોકાંક ૨નાં) દર્શન કર્યાં નથી તેવાઓને માટે જ લાગુ પડે છે પરંતુ જેમણે 'હું' એવા ભાવનો વિલય કરીને મારા સ્વરૂપમાં સ્થિતિ કરેલી છે તેવાને માટે તો પ્રકાશમાં જેમ અંધકાર નથી તેમ માયાનો પ્રેરક ઈશ્વર તથા તેની કાળરૂપ ભક્ષણશક્તિ અને તમામ દૃશ્યજાળરૂપ માયામય કાર્ય ઇત્યાદિ કશાનું પણ અસ્તિત્વ નથી અને જો કાંઈ હોય તો તે સર્વ આત્મસ્વરૂપ એવા મારાથી અભિન્નરૂપ જ છે, પરંતુ અજ્ઞાનીઓની દૃષ્ટિએ તો માયા વિના બીજું કાંઈ દેખાતું જ નથી. તે માયા અથવા નિયતિના નિયમોમાં આ જ્ઞાનીઓ કે અજ્ઞાનીઓ પૈકી કોઈ પણ ફેરફાર કરી શકતા નથી એટલે આત્મજ્ઞોને જે આત્મરૂપથી અભિન્ન ભાસે છે તે જ નેત્રદોષવાળાની પેઠે અજ્ઞાનીઓને દૃશ્યરૂપે અનેકરૂપે દેખાઈ રહ્યું છે. આમ દૃશ્યાદિ ત્રિપુટી અને તેના સાક્ષીભાવ વડે ભાસવું તે અજ્ઞાન તથા આત્મરૂપે ભાસવું તે જ્ઞાન કહેવાય; પરંતુ આ રીતનું સાચું જ્ઞાન તો સારાસાર વિવેક વડે પરોક્ષજ્ઞાન થયા પછી આત્મરૂપના દૃઢ નિશ્ચય વડે બુદ્ધિને કેવળ એક આત્મરૂપ નિશ્ચયમાં સ્થિર રાખી 'હું' ભાવનો વિલય થતાં સુધી સતત અભ્યાસ કરવો અને એક વખતે 'હું' ભાવનો વિલય કરી, તે નિર્વિકલ્પતાનો ક્ષણમાત્ર અનુભવ લઈ પછી તે સ્વરૂપની જ સતત ભાવના રાખવી. આ રીતે જ્યાં સુધી 'હું' ભાવના વિલયનો અનુભવ થઈ શકતો નથી ત્યાં સુધી મારું સાચું જ્ઞાન કિંવા મારા સાચા સ્વરૂપની પ્રાપ્તિ કદી પણ થતી નથી અને આમ મારા સાચા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ એટલે આત્મદૃષ્ટિવાળો તે પોતે આ નિયતિના પાશમાંથી છૂટી શકે છે અને એટલા માટે જ મેં તને કાળચક્રના પાશમાંથી છૂટવાનો માર્ગ બતાવ્યો છે.

આ બધું નિયતિના તંત્ર વડે ચાલે છે

નિયતિની નિશ્ચિતતાના સંબંધમાં મેં તને પાછળ પણ વખતોવખત સમજાવેલું છે જ* છતાં અત્રે સંક્ષેપમાં કહું છું કે, હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, છે, નથી, ઇત્યાદિ રૂપે જે જે કાંઈ ભાવો

* નિયતિ સંબંધે અધ્યાય ૩, ૪, ૫, ૭, ૮, ૧૧, ૧૫ જુઓ.

પ્રતીત થતા જોવામાં આવે છે, તે સર્વ તેના નિયામક ઈશ્વર કિંવા સાક્ષી (વૃક્ષાંક ૨)ના હોઈ તે ઈશ્વર વડે નિશ્ચિત થયેલા છે એમ જાણવું. જેમ કે દાગીનામાં સોનું છે, સોના વગર દાગીનાનું લેશમાત્ર પણ અસ્તિત્વ સંભવતું નથી પરંતુ સોનાએ કાંઈ દાગીના બનાવેલા નથી, દાગીના બનાવનાર તો કોઈ જુદો જ હોય છે. વળી દાગીના બનવાથી સોનામાં કાંઈ હાનિ થતી નથી. તેમ જ પોતાના દાગીના બને કિંવા ન બને, એવી બંને ભાવનાઓ સોનાને કદી પણ હોતી નથી અને તેને દાગીના બનાવનાર કોઈ છે તેમ જ દાગીના કરીને કાંઈક હશે એવી કલ્પના પણ સંભવતી નથી; તેમ આત્મા(વૃક્ષાંક ૧) તો તદ્દન નિશ્ચળ, શાંત, વિકારથી રહિત, અવ્યય અને જન્મથી કિંવા દૃશ્યાદિ ત્રિપુટી અને તેના સાક્ષી એ સર્વથી પર છે. તેને તો કલ્પના પણ નથી કે મારામાં ઈશ્વર (વૃક્ષાંક ૨) કરીને કાંઈ છે અને તે પોતાની માયાશક્તિ (વૃક્ષાંક ૩)રૂપ "હું" દ્વારા આ બધું દૃશ્યાદિ ઉત્પન્ન કરે છે. જાણવું, નહિ જાણવું ઇત્યાદિ ક્રિયાઓ પણ નિયતિનિયમાનુસારની છે, આત્માની નથી; તેથી આ બધું, હું, તું, તે, આ, મારું તારું, તને મને, છે, નથી અને તેનો સાક્ષી ઇત્યાદિરૂપે જે જે કાંઈ પ્રતીત થતું જોવામાં આવે છે, તે તો ઈશ્વર (વૃક્ષાંક ૨)નું કાર્ય હોઈ તે તેણે નિયત કરેલા નિયતિના તંત્ર વડે તદ્દન નિયમિત રીતે ચાલી રહેલું છે. જેમ દાગીનાની નકશી સોનીએ પોતાના મન પ્રમાણે કોતરેલી હોય છે, તે તેના બનાવનારની માનસિક શક્તિથી સહેજ પણ વિરુદ્ધ થઈ શકતી નથી અથવા સ્વપ્નના અંદર તું જે દૃશ્ય જુએ છે તે સ્વપ્નમાંના પુરુષો ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ કદી આ જાગત સૃષ્ટિમાં આવી શકે છે ખરા કે? અથવા તેઓને જાગત નામની કોઈ સૃષ્ટિ અસ્તિત્વમાં હશે એવી કદી કલ્પના પણ કોઈ કરી શકય નથી તે પ્રમાણે જ આ બધું દૃશ્ય જગત પણ આ ઈશ્વરીય સંકલ્પાનુસાર નિશ્ચિત કરેલા વિરાટ પુરુષના સ્વપ્નરૂપે જ છે. આત્મા તો તે કરતાં તદ્દન વિરુદ્ધધર્મી એટલે અસંગ, નિર્વિકારી, નિરાકાર, અવ્યય અને અનિર્વચનીય એવો હોવાથી તેને આ દૃશ્ય જગત અને તેનો કર્તા કોઈ છે અગર તે વિરાટ પુરુષના સ્વપ્નરૂપ છે ઇત્યાદિ કલ્પનાઓ પણ કદી સંભવતી નથી. જેમ સ્વપ્નમાંના પુરુષો સ્વપ્નસૃષ્ટિની બહાર પુરુષાર્થ કરવા યત્કિંચિત્ પણ સમર્થ હોતા નથી અથવા તો વ્યવહારમાં પણ નાનાં બાળકો પોતે પોતાના મનસ્વી રીતે હું પુરુષાર્થ કરું છું એમ માને છે પરંતુ વાસ્તવિક તો તેના પાલકો કિંવા દેખરેખ રાખનારની નજર બહાર તેઓ જઈ શકતાં નથી એટલે તેમનો એ પુરુષાર્થ તો તેમના ઉપર નજર રાખનારની ઠરાવેલી મર્યાદા સુધીનો જ હોય છે, તેવી રીતે આ દૃશ્ય જગતમાં (વૃક્ષાંક ૩ થી ૧૫ ઘ સુધી) હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, ઇત્યાદિ રૂપે જે જે કાંઈ વ્યવહાર ચાલેલો જોવામાં આવે છે, તે તમામ આ ઈશ્વરની ક્ષિપ્રરૂપ કાળશક્તિના બળે માયા કિંવા પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો વડે તેણે નિયત કરેલા ઘોરણે જ ચાલી રહ્યા છે, તેની આજ્ઞા વગર એક તૃણ પણ હાલી શકતું નથી, આમ આત્મા તદ્દન અલિપ્ત અને અસંગ હોઈ આ સર્વ વ્યવહાર ઈશ્વરીય એવી માયા વડે નિયત થયા પ્રમાણે ચાલી રહ્યો છે; આથી તેમાં થતો પુરુષાર્થ એ વાસ્તવિક રીતે પુરુષાર્થ નથી પરંતુ પ્રકૃત્યર્થ જ છે. વ્યવહારમાં તો આ પ્રકૃત્યર્થને જ પુરુષાર્થ સમજવામાં આવે છે, પણ ખરી રીતે તો તે અજ્ઞાનતા જ છે.

જાણવા છતાં પુરુષાર્થ નહિ કરનારની મૂઢતા

હે ધનુર્ધર! તું કદાચ શંકા કરશે કે આપે તો કેટલીક વખતે એમ કહેલું છે, કે અજ્ઞાની એવા વ્યાવહારિક લોકોની બુદ્ધિનો ભેદ નહિ કરવો જોઈએ અને આ તમારા પ્રારબ્ધવાદના કથન વડે તો લોકોની બુદ્ધિ ભ્રંશ થઈ લોકો ખળ થશે અને પોતે જે કાંઈ પાપ કરે છે, તે પોતાની પ્રકૃતિ અને પૂર્વપ્રારબ્ધવશાત્ જ થયા કરે છે, એમ માની સ્વચ્છંદી બનશે. સિવાય આ મુજબ જો પ્રારબ્ધની નિશ્ચિતતા હશે તો પછી કોઈને તું સારું કરે છે યા નરસું કરે છે એમ કહેવાપણું પણ રહેતું નથી. જો આમ જ હોય તો પછી શાસ્ત્રકારો સત્કર્મ કરવાને પોકાર કરીને કેમ કહી રહ્યા છે? તારી એ શંકાના સંબંધમાં કહું છું તે સાંભળ. વાસ્તવિક પુરુષાર્થ એટલે આત્મપ્રાપ્તિ એ જ એકમેવ છે. તેને માટે પ્રારબ્ધ કિંવા નિયતિ કાંઈ કરી શકે નહિ. જેમ લોકોનો

પોતે હું સોનું છું એમ જાણવા માગે તો તેથી સોની તેને કાંઈ રોકી શકે નહિ, તેમ પોતાનું સ્વરૂપ જાણવાને માટે નિયતિ કાંઈ પણ અડચણ કરી શકતી નથી; જો સિદ્ધાંત પ્રથમતઃ નિશ્ચયપૂર્વક સારી રીતે જાણવામાં આવવો જોઈએ. કેમ કે આ પ્રારબ્ધ (નિયતિ) અને પુરુષાર્થનો આ પ્રમાણેનો દૃઢ નિશ્ચય થયો કે તે પુરુષ પ્રકૃતિના પાશનો વિચાર છોડી દઈ ખરો પુરુષાર્થ (સ્વસ્વરૂપાનુભવ) કરવા તરફ પ્રેરાય છે. તેની જગતના વ્યવહાર પ્રત્યે સ્વપ્નદૃષ્ટિ થઈ જવાથી સ્વપ્નમાં કોઈ ખરાબ કામ કરે તો જાગ્રત થયા પછી તે મનુષ્યને શિક્ષા કરી શકાતી નથી, પરંતુ સ્વપ્નમાં સ્વપ્ન વખતે સ્વપ્નરૂપ શિક્ષાને જ તે પાત્ર હોય છે, તેમ આ પ્રકૃતિ વા નિયતિતંત્રનો નિયમ તો તદ્દન નિશ્ચિત છે તેમાં તો જરા પણ શંકા નથી; પરંતુ જેઓ આ પ્રમાણે તેની નિશ્ચિતતા જાણ્યા પછી સ્વસ્વરૂપભૂત પુરુષાર્થ તરફ નહિ વળે તો તેઓ ખરેખર દંભી જ ગણાશે, કેમ કે તરસ વડે જીવ અત્યંત વ્યાકુળ થતો હોય અને સામે મીઠા પાણીનું સરોવર દેખાવા છતાં તેને છોડી દઈ મૃગજળની પાછળ દોડનાર જેમ મહામૂર્ખ જ ગણાય, તેમ પ્રારબ્ધની નિશ્ચિતતા સમજ્યા પછી સ્વસ્વરૂપભૂત પુરુષાર્થ નહિ કરનારાઓ પણ મૂઢ જ ગણાય.

બધું નિશ્ચિત જ હોય તો પછી શાસ્ત્રોની શી જરૂર ?

વ્યવહારમાં સર્વ સામાન્ય એવો નિયમ છે કે પ્રકૃતિવશ થયેલા અજ્ઞાની લોકો સારાસાર વિવેક સમજવાને શક્તિમાન હોતા નથી અને એવા લોકોનું જ પ્રમાણ વધુ હોય છે. તેઓનો સર્વ વ્યવહાર જો કે સ્વપ્નમાંનાં લોકોના વ્યવહારની જેમ ચાલતો હોવા છતાં તે લોકોને તો તે તદ્દન સત્ય હોઈ તે બધો પોતે જ કરી રહ્યા છે એમ જ લાગે છે, તેથી જેમ સ્વપ્નમાંના લોકો પોતાના ચાલતા વ્યવહારને માટે અમો પુરુષાર્થ કરીએ છીએ એવી કલ્પના કરી લે, તે મુજબ આ બધા લોકો પણ પોતાના પ્રકૃતિવશ ચાલતા વ્યવહારને અજ્ઞાનને લીધે સમજતાં નહિ હોવાથી અમો પુરુષાર્થ કરીએ છીએ એમ માની બેઠા છે. જેમ ગાડાની નીચે ચાલતો કૂતરો "આ ગાડાનો સર્વ બોજો હું ખેંચુ છું." એમ માને તેમ આ ઈશ્વરીય સંકલ્પવશાત્ પ્રકૃતિ કિંવા નિયતિના ત્રણ ગુણોના પાશમાં બંધાયેલા અવશ એવા આ સઘળા અવિવેકી મૂઢો અમો પુરુષાર્થ કરી રહ્યા છીએ એમ મિથ્યાભિમાન વડે માની બેઠા છે. તેવાઓને માટે તમો જો પુરુષાર્થ કરી શકો છો તો પાપ કર્મ ન કરો કેમ કે તેનું ફળ ઇહ અને પરલોકમાં પણ ઘણું ખરાબ મળે છે, પરંતુ સત્કર્મ કરો કે જેથી તમો જે વ્યવહારસુખસંપત્તિ ઇચ્છો છો તેની પણ પ્રાપ્તિ થઈ શકશે. આથી વસ્તુતઃ તો તેઓનું પૂર્વપ્રારબ્ધ અનુકૂળ હોય તો તેઓ સન્માર્ગે જઈ કાકતાલીયન્યાયે વ્યવહારસુખાદિ પ્રાપ્ત કરે છે અને વ્યવહારમાં તે પુરુષાર્થ વડે પ્રાપ્ત થયું એમ માની બેસે છે તથા બીજા કેટલાકો પણ પ્રારબ્ધવશાત્ જ તેમાં પડે છે. છતાં તેઓ શાસ્ત્રમાં કહેવાથી અમો પુરુષાર્થ કરી રહ્યા છીએ એમ માને છે. આ રીતે અજ્ઞાનીઓને માટે આ શાસ્ત્રની પ્રવૃત્તિ છે એમ સમજવું. સામાન્યતઃ મનુષ્યબુદ્ધિ અસન્માર્ગ તરફ સ્વાભાવિક રીતે જ ઢળે છે તેથી તેને ખરાબ કર્મો કરવાનું શીખવવાને માટે નિશાળો કિંવા શાસ્ત્રોની જરૂર હોતી નથી. આથી લાખો વર્ષો થયાં પાપકર્મો નહિ કરો, જૂઠું ન બોલો, ચોરી ન કરો, હિંસા ન કરો, સન્માર્ગે ચાલો, વગેરે સદુપદેશો, શાસ્ત્ર અને શાસ્ત્રવેત્તાઓ પરંપરાથી આપતા આવ્યા છે, છતાં જગતમાંથી તે તદ્દન નષ્ટ થવાને બદલે વધતાં જ રહ્યાં છે. આ રીતની નિયતિ વા પ્રારબ્ધની નિશ્ચિતતાનું ખરું સ્વરૂપ સમજ્યા પછી તો સારાં વા નરસાં બંને પ્રકારનાં વ્યવહારમાં થતાં કર્મો સંબંધે ઉપેક્ષાબુદ્ધિ થાય છે, પછી તેને શાસ્ત્રની જરૂર હોતી નથી; તે તો સ્વસ્વરૂપની પ્રાપ્તિરૂપ પુરુષાર્થમાં જ લાગીને તે આ મિથ્યા સ્વપ્નજાળરૂપ પ્રપંચમાંથી છૂટી જાય છે. પણ જેઓને તેવો નિશ્ચય હોતો નથી તેવા અજ્ઞાનીઓ માટે મનુષ્યની સ્વાભાવિક વૃત્તિનો વિચાર કરીને આ શાસ્ત્ર રચના થયેલી છે. આથી જ જો કે શાસ્ત્રો સત્કાર્યો કરવા માટે પોકારી પોકારીને કહી રહ્યાં હોવા છતાં આજ સુધી સત્કર્મો કરનારાઓ કરતાં તેથી ઊલટા ચાલનારાઓ જ એટલે અસત્કર્મીઓ જ વધુ નીપજેલા જોવામાં આવે છે. જેમ કોઈ મનુષ્ય પોતાના મનમાં કોઈ કાર્ય કરવાનું અભિમાન રાખતો હોય તો, તેને તેથી અધરું કાર્ય બતાવીને કહેવામાં આવે કે આ કાર્ય

તું કરે તો જ ખરો ! આ રીતે કહેવામાં તેનો મદ ઉતારવાનો ઉદ્દેશ જ તેમાં હોય છે તેમ અજ્ઞાની લોકોને નિયતિતંત્રનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધીને માટે શાસ્ત્રની આ પ્રવૃત્તિ છે. જો કે કેટલાક અવિવેકી મૂઢો વ્યવહારમાં પોતાનાં પાપકર્મો છુપાવવાને માટે નિયતિ કિંવા પ્રારબ્ધને માનતા હોય એવો ડોળ બતાવીને તે બહાને લોકોને છેતરે છે, પરંતુ દંભીઓને માટે તો જગતમાં શો ઉપાય હોય ? તેઓ તો વિષ્ટામાં સબડી રહેલા કીડાઓની જેમ ઘોર નરકમાં જ પડે છે. કેમ કે ભોં વડે ખાલી નિયતિને માનવાના બહાને જગતને અને પોતાને છેતરવાથી કાંઈ પાપકર્મોના ફળ કે જે નિયતિએ જ ઠરાવેલાં છે તેમાંથી તેઓ છૂટી શકતા નથી પરંતુ જેઓને આ નિયતિનું સાચું જ્ઞાન થાય છે તેઓ તો બીજું બધું છોડીને આત્મપ્રાપ્તરૂપ પુરુષાર્થ કરવા તરફ જ પ્રેરાય છે અને નિયતિ વા પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થનારાં સુખદુઃખાદિ તરફ અપેક્ષાવૃત્તિ રાખે છે, એ જ નિયતિનું સ્વરૂપ સમજ્યાનું ચિહ્ન છે. આમ જ્યારે પ્રકૃતિ અને પુરુષનું સાચું જ્ઞાન તેને થાય ત્યારે જેમ જાગેલા મનુષ્યને સ્વપ્નમાંની તમામ ક્રિયાઓ અને તે ક્રિયાઓ બતાવનારા શાસ્ત્રો નિરુપયોગી હોય છે અર્થાત્ સ્વપ્નની સાથે જ સ્વપ્નમાંનાં શાસ્ત્રો પણ નિરર્થક જ છે, તેમ આત્માનું અપરોક્ષજ્ઞાન થનારને માટે આ બધી ચાલી રહેલી વ્યવહારપ્રવૃત્તિ અને તે બતાવનારી શાસ્ત્રપ્રવૃત્તિ સંબંધે સમજવું. સારાંશ, અજ્ઞાનીઓને માટે આ બધા શાસ્ત્રોની જરૂર પણ છે તથા તત્ત્વવિદ્ એવા જ્ઞાનીઓની દૃષ્ટિએ નથી, એમ તું નિશ્ચયપૂર્વક જાણ.

તને યુદ્ધનીતિ કેમ નહિ સમજાવી ?

શ્રીભગવાન કહે છે : હે ધનુર્ધર ! આ વિવેચન ઉપરથી પુરુષાર્થ અને પ્રારબ્ધ સંબંધે તારા લક્ષ્યમાં સારી રીતે આવ્યું હશે જ. એટલા માટે હું તને કહી રહ્યો છું કે, આ જ્ઞાન મેં કાંઈ તને યુદ્ધ કરવા માટે પ્રવૃત્ત થવા સારુ કહ્યું નથી, પરંતુ મારે શરણે આવીને તેં હવે મારે હવે શું કરવું ? મને કાંઈ સૂઝતું નથી; હું તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું, એમ કહી શરણાગતિ સ્વીકારીને શિષ્યભાવે પ્રશ્ન કર્યો (અધ્યાય ૨ શ્લોક ૪ થી ૭) અને જ્યારે તારો મારા પ્રત્યેનો આ તો એક સાધારણ મનુષ્ય છે, આપણો કુટુંબી છે,મારા મામાનો છોકરો છે, મારો સખા છે વગેરે પ્રકારનો વ્યાવહારિક ભાવ નષ્ટ થયો અને આમના સિવાય હવે તારા સાચા હિતનો માર્ગ કોઈ બતાવી શકશે નહિ એ મુજબ જ્યારે તારી મારામાં દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તારો શરીરતાનો ગર્વ તદ્દન નષ્ટ થયો એટલું જ નહિ પરંતુ તને ઇહ અને પરલોક સંબંધી તમામ વિષયો ઉપર સંપૂર્ણતઃ વૈરાગ્ય ઉત્પન્ન થયો. ત્રૈલોક્યનું નિષ્કંટક રાજ્ય મળે તો પણ આ મારો શોક મટે તેમ નથી એવું જ્યારે તને સાચા અંતઃકરણથી જણાયું ત્યારે તું અહંકારથી રહિત થઈ અત્યંત મૂઢ બન્યો તથા તેં જ્યારે મારી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી ત્યારે મેં તને તારા હિતનો આ સાચો માર્ગ બતાવ્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ તો એ કે, પ્રથમ તારે જીવન્મુક્તિ પ્રાપ્ત કરી લેવી જોઈએ; એ જ આ બધા ઉપદેશનો સાર છે. જો તારી આવી પરિસ્થિતિ ન થાત તો તને ગમે તેટલો સત્ય બોધ આપવામાં આવત તો પણ તે પત્થર ઉપર પાણી રેડવાની જેમ તદ્દન નિરર્થક જ નીવડત, વળી જો તને યુદ્ધ કરવાને માટે જ પ્રવૃત્ત થવાનું કહ્યું હોત તો તને આ આત્મધર્મ સમજાવવાની કાંઈ જરૂર ન હતી. તેને માટે તો કેવળ ક્ષત્રિય ધર્મ સાથે યુદ્ધધર્મનીતિનું જ વર્ણન કરત, તો પણ ચાલી શકત, પરંતુ તે થકી તારો મોહ નષ્ટ થઈ તું કદી પણ આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકત નહિ. વળી જ્યાં સુધી પુરુષને આત્મરૂપ ધ્યેયની પ્રાપ્તિ થયેલી હોતી નથી ત્યાં સુધીનાં તેનાં સર્વ કર્મો નિરર્થક જ નીવડે છે. પછી જોઈએ તો તે નાના પ્રકારના શાસ્ત્રોનું પઠન કરે, નાના પ્રકારના દેવતાઓનું પૂજન કરે, યજ્ઞ કરે, દાન કરે, યોગ કરે કે મોટી તપશ્ચર્યા કરે, સર્વ તે એક આત્મજ્ઞાન વગર નિરર્થક જ છે. એટલા માટે જ મેં તને 'હું' કોણ? અને 'મારું સાચું સ્વરૂપ શું?' તે સમજાવ્યું છે; તેમ જ બીજી અનેક પ્રકારની શાસ્ત્રયુક્તિઓનું તારી આગળ નિરૂપણ કર્યું છે. બાકી તું યુદ્ધ કરીશ તે સંબંધે તો મને યત્કિંચિત્ પણ શંકા છે જ નહિ.

તું યુદ્ધ કરીશ જ

શ્રીકૃષ્ણ ભગવાન આમળ કહે છે: હે ધનંજય! તું યુદ્ધ કરીશ એમ જે હું તને નિશ્ચયાત્મક રીતે કહી રહ્યો છું, તેનું કારણ એ કે મેં ઉપર કહ્યા પ્રમાણે "અહમ્" ભાવનો ત્યાગ કરીને મારા આત્મપદમાં સ્થિર નહિ થતાં અહંકારનો આશ્રય કરીને "હું" યુદ્ધ નહિ કરું એમ જો તું કહે તો તે તારો પ્રયત્ન સાવ મિથ્યા જ છે, કેમ કે તારો પ્રકૃતિસ્વભાવ જ તને અવશ્ય યુદ્ધમાં જોડશે. તાત્પર્ય એ કે, અહંકારનો ત્યાગ કરી મારા સ્વરૂપની પ્રાપ્તિરૂપ પુરુષાર્થનો માર્ગ છોડી દઈ અર્થાત્ આ બધું આત્મસ્વરૂપ છે એવા પ્રકારના નિશ્ચય વડે અહમ્‌ભાવનો વિલય નહિ કરતાં અહંકાર વડે 'હું યુદ્ધ નહિ કરું' એવો નિશ્ચય જ 'હું કરીશ' એમ જો તું કહેવા માગતો હશે તો તારો તેવા પ્રકારનો પ્રયત્ન કિંવા નિશ્ચય તદ્દન વ્યર્થ જ છે; કારણ આ અહમ્‌ભાવનો આશ્રય કરનારો તો પ્રકૃતિના ત્રણ ગુણના પાશમાં સપડાઈ દીન અને પરાધીન બનેલો એવો જીવ હોય છે. તે પ્રકૃતિનો નિયમ છોડીને સ્વતંત્ર રીતે કોઈ પણ કાર્ય કરવા સમર્થ નથી એટલે અહમ્‌ભાવ ધારણ કરનારો પ્રકૃતિના તાવડામાંથી કદાપિ પણ છૂટી શકતો જ નથી; તેથી તને તારો પ્રકૃતિજન્ય રજોગુણયુક્ત ક્ષાત્રસ્વભાવ જ યુદ્ધ કરવા પ્રેરશે એટલે હવે ફક્ત અહંભાવ સહિત યુદ્ધ કરવું, કે તે થકી રહિત થઈ યુદ્ધ કરવું એટલું જ તારે નક્કી કરવાનું છે. (નિયતિ ક્રમ માટે અધ્યાય ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૫ અને ૧૮ ઇત્યાદિ જુઓ).

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा।

कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥૬૦॥

અવશ થઈને પણ તારે યુદ્ધ તો કરવું જ પડશે

હે કૌંતેય! આમ પ્રકૃતિએ નિશ્ચિત કરેલા જન્મસિદ્ધ સ્વભાવ વડે પોતાનાં જ કર્મવશાત્ બંધાયેલો તું મોહને લીધે જે કરવાને ઇચ્છતો નથી તે અવશ એટલે તારી પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પણ પરવશ થઈને કરીશ, એ તદ્દન નિશ્ચિત છે. સારાંશ કે, તું વિવેકયુક્ત વિચાર વડે નહિ પરંતુ હું મારીશ અને આ બધા મારા સ્વજનો મરી જશે એવી રીતના તેઓના ઉપરનાં સાંસારિક એવા મિથ્યા કૌટુંબિક પ્રેમને લીધે મોહ વડે યુક્ત થઈ આ યુદ્ધ કરવાને ઇચ્છતો નથી કેમ કે જો આમની જગ્યાએ યુદ્ધમાં તારી સામે બીજાઓ ઉભેલા હોત તો તને આવો મોહ થાત નહિ એટલે વાસ્તવિક તું યુદ્ધને ઇચ્છતો નથી એમ નથી પરંતુ આ સંબંધીજનો સાથે યુદ્ધ કરવાની તારી ઇચ્છા નથી. તે અજ્ઞાન વડે ઉપજેલો અને ક્ષાત્રધર્મને નહિ છાજે એવો મોહ કહેવાય, છતાં પણ હું તને કહું છું કે તારે પોતાના પૂર્વ જન્મના કર્મ વડે નિશ્ચિત થઈ ચૂકેલા પ્રારબ્ધવશાત્ તારી ઇચ્છા હો વા ના હો પણ પ્રકૃતિજન્ય સ્વભાવને અનુસરીને, પરવશ થઈને પણ આ યુદ્ધકર્મ કર્યા વગર છૂટકો જ થવાનો નથી અને તે તું કરીશ જ એવો નિયતિનો નિશ્ચય છે. આ યુદ્ધકર્મ તો શું પરંતુ તારાં અને ભૂતમાત્રનાં થતાં તમામ કાયિક, વાચિક અને માનસિક કર્મોની બાબતમાં પણ મોહ વડે તું ભલે મનમાં સમજતો હશે કે આ હું કરું છું અને આ નથી કરતો પરંતુ તેવી સમજ તો સાવ મિથ્યા જ છે; વસ્તુતઃ તો નિયતિના ગુંજારોમાં પરવશ થઈને પ્રારબ્ધવશાત્ આ બધાનાં થતાં કર્મો થયા જ કરે છે, એમ તું નિશ્ચયપૂર્વક જાણ.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।

भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ ૬૧ ॥

આ સઘળું યંત્રવત ચાલી રહ્યું છે

હે અર્જુન! સર્વ ભૂતોના હૃદયમાં તિષ્ઠ એટલે સ્થિત રહેલો અર્થાત્ જે અહમ્, અહમ્ (હું હું) એવી સ્ફુરણાને પ્રેરણા કરે છે તે ઈશ્વર (શ્લોક ૨) પોતાની કાળરૂપ ઈક્ષણશક્તિયુક્ત માયા કિંવા પ્રકૃતિ

કે જેને "હું" રૂપ પ્રથમનો આભાસ કિંવા પ્રતિબિંબ પણ કહે છે (વૃક્ષાંક ૩), તેના ત્રણ ગુણોના આધારે યંત્ર ઉપર બેસાડેલાં પૂતળાં (વૃક્ષાંક ૩થી ૧૫૫)-ની જેમ તમામ ભૂતોને એટલે પ્રાણીમાત્રને ભ્રમણ કરાવતો રહે છે. સારાંશ એ કે, સર્વના હૃદયમાં જે 'હું હું' એવી સ્ફૂર્તિ થાય છે તે સ્ફૂર્તિને પ્રેરણા કરનારો ઈશ્વર છે* અને તે જ પોતાની કાળરૂપ ઈક્ષણશક્તિયુક્ત 'હું' એવા સ્ફુરણરૂપ માયા વડે સત્ત્વ, રજ તમ એ ત્રણ ગુણોના આશ્રય વડે નિયત કરેલા સ્વભાવાનુસાર સર્વ ભૂતોને યંત્ર ઉપર ગોઠવેલી પૂતળીની માફક ભ્રમણ કરાવી રહ્યો છે, એટલે જેમ યંત્ર ઉપર ગોઠવેલી ઢીંગલીઓ (પૂતળીઓ) તેનો ચલાવનારો જેમ નચાવે તેમ નાચે છે, તે કોઈ તેમાં યત્કિંચિત્ ફેરફાર કરી શકતી નથી, પરંતુ બિચારાઓ તદ્દન પરાધીન હોય છે તે મુજબ જેઓ અહમ્‌ભાવનો વિલય કરવારૂપ પુરુષાર્થ કરી મારા સાચા આત્મસ્વરૂપ (વૃક્ષાંક ૧)ની પ્રાપ્તિ કરી શકતા નથી, પરંતુ અહંકાર ધારણ કરીને હું પુરુષાર્થ કરું છું એવું જે સમજે છે તે તો આ યંત્ર ઉપર ગોઠવેલી પૂતળીની જેમ તદ્દન પરાધીન હોઈ ઈશ્વરની આજ્ઞારૂપ નિયતિએ નિશ્ચિત કરેલા સ્વભાવના પાશમાંથી કિંચિન્માત્ર પણ ફેરફાર કરવા સમર્થ નથી. આ સંબંધે શાસ્ત્રોમાં પણ વર્ણનો છે.

આ બધાં દૈવનાં રમકડાં છે

શ્રી કુંતાજી પોતાના ભાઈ વસુદેવને કહે છેઃ હે આર્ય! હું મને પૂર્ણ મનોરથવાળી સમજતી નથી કારણ કે, તમો મોટા હોવા છતાં આપત્તિના સમયમાં પણ મારી ખબર લેતા નથો. અરે! તેમાં તમારો પણ શો દોષ છે? જે પુરુષને દૈવ(પ્રારબ્ધ) અનુકૂળ હોતું નથી તે પોતાનો ગમે તેવો સગો થતો હોય છતાં પણ તેને સ્નેહીઓ, જ્ઞાતિજનો, પુત્રો, ભાઈઓ કિંવા માતાપિતા પણ સંભારતાં નથી. આ વચન સાંભળીને વસુદેવજી બોલ્યાઃ હે બહેન! તું સમજદાર હોવા છતાં પણ આમ કેમ બોલે છે? તું આમ મારી ઉપર દોષારોપણ કરીશ નહિ, કારણ કે આપણે બધાં એટલે આ સર્વ મનુષ્યો અરે! એકલાં મનુષ્યો શું પરંતુ અન્ય પ્રાણીમાત્ર તથા સ્થાવરજંગમજડચેતનાદિ સર્વ દૃશ્ય ઈશ્વરે પોતાની માયાશક્તિ વડે નિયત કરેલાં દૈવ(પ્રારબ્ધ)નાં રમકડાં જેવું છે. સર્વ લોકો ઈશ્વરને વશ રહીને જ સર્વ કર્મ કરે છે. ઈશ્વર જ તેમની પાસેથી બધું કરાવી રહ્યો છે. હે બહેન! જો કે દૈવ વડે કંસથી દુઃખ પામેલા અમે બધા એક વખતે કેવી હીન દશામાં આમથી તેમ નાસભાગ કરતા હતા? તે વળી હમણાં કાંઈક પોતાના સ્થાને આવ્યા છીએ. આ બધો ઈશ્વરે નિર્માણ કરેલા દૈવનો જ પ્રતાપ છે (ભા૦ ૧૦-૮૨-૨૦-૨૧).

પરાધીન બીજાનું રક્ષણ શી રીતે કરે?

હે રાજન્! આ સર્વ જગત ઈશ્વરને આધીન છે, માટે કોઈનો શોક કરવો ન જોઈએ. જે ઈશ્વરને લોકપાળો સહિત સર્વે લોકો બલિદાનો આપી રહ્યાં છે, તે જ ઈશ્વર દૈવવશાત્ પ્રાણીઓના સમૂહને એકઠા કરે છે અને જુદા પાડે છે. જેવી રીતે નાકમાં નાથીને તે નાથને બીજી દોરી વડે બાંધેલા બળદો ધણીને વશ રહે છે તેવી રીતે ઈશ્વરની આજ્ઞારૂપ એવી કાળરૂપ ઈક્ષણશક્તિ વડે નાથેલા અને તેની જ હું રૂપ માયાના ત્રણ ગુણોની રાશ વડે બંધાયેલા મનુષ્યો ઈશ્વરને બલિદાન આપી રહ્યા છે એટલે તેઓ બધા ઈશ્વર જેમ ચલાવે તેમ ચાલી રહ્યા છે. જેમ રમતમાં રમનારના પદાર્થોનું ભેળું થવું કિંવા છૂટું પડવું એ રમત રમનારની ઇચ્છા ઉપર આધાર રાખે છે તેમ મનુષ્યોને પણ ક્યારે ભેળું થવું અથવા જુદું પડવું તે સર્વ ઈશ્વર ઉપર જ આધાર રાખે છે. આમ પ્રવૃત્તિમાં તથા સંયોગવિયોગમાં જીવ તદ્દન ઈશ્વર ઉપર જ આધાર રાખનારો છે. તમે મનુષ્યને નિત્ય, અનિત્ય, નિત્યાનિત્ય કિંવા શુદ્ધ બ્રહ્મરૂપે અનિર્વચનીય એવા બ્રહ્મસ્વરૂપ માનતા હો તો આ ચારે પક્ષમાં પણ કેવળ મોહ થકી થયેલા સ્નેહ વિના બીજું કાંઈ પણ કારણ નથી અને આમ મોહ થકી ઉત્પન્ન થયેલા સ્નેહ વડે આ ચારે પક્ષમાં તમારે શોક કરવો યોગ્ય નથી. શોકનું કારણ સ્નેહ હોઈ સ્નેહનું કારણ મોહ છે. જે મોહ અજ્ઞાન વડે જ થાય છે. માટે હે યુધિષ્ઠિર! જેનું કોઈ વાલી, વારસ કે

* વૃક્ષ અ માં વૃક્ષાંક ૨ જુઓ. વૃક્ષ અની સમજૂતી માટે કિરણાંશ ૩૬થી ૪૧ તથા અધ્યાય ૩ ને ૮ જુઓ.

પોષણ કરનાર નથી એવા ગરીબ, અનાથ અને વનમાં વસેલાં ધૃતરાષ્ટ્ર વગેરે શી રીતે રહેશે ? એની અજ્ઞાનના વડે થયેલી વ્યાકુળતાનો તમે ત્યાગ કરો. જેને સર્પનો દંશ થયેલો છે તે જેમ બીજાની રક્ષા કરી શકતો નથી તેમ કાળ, કર્મ અને ગુણને અધીન તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોથી થયેલો આ સપ્તધાતુનો દેહ અથવા વાસનાત્મક દેહાભિમાની કદી પણ બીજાનું રક્ષણ કરી શકતો નથી કેમ કે એ તો ઈશ્વરના તંત્રને તદ્દન અધીન હોય છે. આ પ્રમાણે પોતે જ જ્યાં પરાધીન હોય તે બીજાઓનું રક્ષણ કેવી રીતે કરી શકે ? આ પરાધીનો માટે ઈશ્વરે નિયતિતંત્ર પ્રથમથી જ તદ્દન નિશ્ચિત કરી રાખ્યું છે. તે મુજબ જેને તેને યોગ્ય સમય પર સુખદુઃખાદિ પ્રાપ્ત થયે જાય છે, તેમાં હર્ષશોકાદિ જેવું કાંઈ છે જ નહિ (ભા૦ ૧-૧૩-૩૯ થી ૪૬).

ઈશ્વરની કૃપા વિનાના સર્વ ઉપાયો નકામા છે

જે જે કાંઈ પ્રાપ્તાપ્રાપ્ત થાય છે તે સર્વ ઈશ્વરની કૃપા વડે મેળવી શકાય છે. પ્રાચીન કર્મો અનંત હોઈ તે એવાં તો બળવાન છે કે ઈશ્વરની કૃપા વિના કેવળ કુલીનતા, સદાચાર, ન્યાયીપણું અથવા પરાક્રમ, તેનો કદી પરાજય કરી શકતાં નથી. માટે તમો શાસ્ત્રોમાં કહેલા વિવિધ ઉપાયો કરો ખેદ પામવા કરતાં એક તે ઈશ્વરને જ સર્વભાવે શરણે જાઓ; કારણ કે એક વખત લલાટમાં લખાયું એટલે પોતે ઈશ્વર પણ તેને ભૂંસી શકતો નથી. પરંતુ જો અહમ્‌ભાવનો સમૂળ વિલય થાય તો જ ઈશ્વરના દૈવરૂપ કાળચક્રમાંથી છૂટી શકાય છે. (યો૦ નિ૦ પૂ૦ ૧૨૭/૩૮/૪૦).

પ્રકૃત્યર્થને જ પુરુષાર્થ માનનારા મૂઢ છે

આત્મસ્વરૂપને નહિ ઓળખનારા, અહમ્‌ભાવ ધારણ કરેલા આ બધા લોકો ભીલ લોકોની પેઠે માત્ર પોતાના ગામમાં એટલે દેહાભિમાનમાં જ પડયા રહે છે અને પોતે જંગલી જેવા હોવાથી પ્રારબ્ધવશાત્ અનેક પ્રકારનાં દુઃખો ભોગવ્યા કરે છે. તેઓ અશાસ્ત્રીય માર્ગે ચાલનારા અને અવિચારી હોવાથી પોતાના અભિમાનમાં જ મગરૂર રહે છે, તેવા દુરાચરણીઓ ઈશ્વરીય નિયતિતંત્ર પ્રમાણે યંત્ર વડે બનાવેલી પત્થરની પૂતળીઓની પેઠે કામ, અર્થ, વિષયવાસના અને દ્વેષાદિવડે પોતાનું કાર્ય કર્યે જાય છે અને તે કાર્યને જ હું પોતે પુરુષાર્થ કરી રહ્યો છું, એમ સમજીને કિંવા માનીને તેમાં જ આનંદ માના લે છે. આમ પરાધીન હોવા છતાં પોતાને પુરુષાર્થી માનનારાઓની બુદ્ધિ અભિમાનને લીધે મલિન થએલી હોવાથી તે આત્મસ્વરૂપ પુરુષાર્થ સમજવા શક્તિમાન હોતી નથી (યોગ૦ નિ૦ ૩-૨૩/૧૬ થી ૧૮). સારાંશ, આ તમામ દૃશ્યજાળ ઈશ્વરાધીન હોઈ તેની આજ્ઞા વગર એક તણખલું પણ પોતાનું કાર્ય કરવા શક્તિમાન નથી. તસ્માત્ ઈશ્વરના આ યંત્રવત્ ચાલનારા દૈવરૂપ કાળચક્રના પાશમાંથી છૂટીને આત્મસ્વરૂપમાં સ્થિત થવાને માટે એક જ ઉપાય છે તે કહું છું.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।

तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥६२॥

મારા શાશ્વત સ્થાનની પ્રાપ્તિ

હે ભારત ! સર્વ ભાવ વડે તે ઈશ્વરનું જ શરણ લેવું. તેની કૃપાથી મારી પરા એટલે આત્મસ્વરૂપ શાંતિને તથા શાશ્વત સ્થાનને પામીશ. ઉદ્દેશ એ કે, ઉપર કહ્યા પ્રમાણે આ બધું નિયતિતંત્ર ઈશ્વરને અધીન છે માટે તેને જ શરણે જા. વ્યવહારમાં પ્રાપ્ત થતાં સર્વ કર્મો તેને જ અર્પણ કરતો રહે એટલે તે તો ઈશ્વરનાં છે એમ સમજીને અહંકારનો ત્યાગ કર. ટૂંકમાં એ કે, હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, છે, નથી ઇત્યાદિ જે જે કાંઈ દૃશ્યભાવો છે તે સર્વ ઈશ્વરના છે અને તે બધા ઈશ્વરરૂપ છે. આમ

પ્રકૃતિનાં (શ્લોકાંક ૩ થી ૧૫ ચ સુધીનાં) તમામ કર્મોને ઈશ્વરરૂપ સમજીને આ અપરસ્વરૂપનો ત્યાગ કર અને ' અહમ્ ' (હું) એવા ભાવનો પણ વિલય કર એટલે તેની કૃપાથી મારા શાશ્વત અર્થાત્ જેનો કદી નાશ થતો નથી એવા પર એટલે આત્મસ્વરૂપ (શ્લોકાંક ૧) તથા પરમ શાંતિરૂપ સ્થાનને પ્રાપ્ત થઈશ, એમ નિશ્ચયપૂર્વક જાણ.

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।

विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥૬૩॥

હે અર્જુન ! તને યોગ્ય લાગે તેમ કર

હે અર્જુન ! આ અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું જે જ્ઞાન તે મેં તને અત્યાર સુધી કહ્યું. એને આદિથી અંત સુધી વિચારીને જેવી ઇચ્છા હોય તેમ કર. સારાંશ એ કે, આ પ્રમાણે અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું પરમ ગુહ્યતમ રહસ્યવાળું જ્ઞાન મેં તને કોઈ પણ પ્રકારે બાકી ન રહે એવી રીતે કહી સંભળાવ્યું છે, એટલે હવે તને આ કરતાં વધુ કાંઈ કહેવાનું કે જાણવાનું રહેતું નથી. માટે તેને અથથી ઇતિ સુધી વિચારીને હવે તારી જેવી ઇચ્છા હોય તેમ કર; અર્થાત્ અહમ્‌ભાવનો વિલય કરીને મારા સ્વસ્વરૂપમાં સ્થિત થઈ જીવન્મુક્ત બનીને યુદ્ધ કર અથવા તો મિથ્યા ' અહમ્ 'ભાર ધારણ કરીને પ્રકૃતિના પાશમાં સપડાઈને યુદ્ધ કર. જેમ તને રુચે એમ કર; કારણ કે તું તો યુદ્ધ કરવાનો જ છે, એ વાત મને તદ્દન દીવા જેવી સ્પષ્ટ લાગે છે. માટે હવે તે જીવન્મુક્ત કોટિની અવસ્થામાં સ્થિત રહીને જળકમળવત્ કરવું, કે મિથ્યા અહંકાર ધારણ કરીને નહિ છતાં બંધાયેલા જેવા અજ્ઞાન અવસ્થા મૂઢપણા વડે કરવું તેનો તું પ્રથમ સારો રીતે વિચાર કર અને પછી તને યોગ્ય લાગે તેમ કર.

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।

इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥૬૪॥

ફરીથી પણ ગુહ્યમાં ગુહ્ય રહસ્ય કહું છું

હે પ્રિય ! સર્વ ગુહ્યોમાં પણ અત્યંત ગુહ્ય એવું રહસ્ય ફરીથી પણ તને કહું છું કે જેથી તારું સાચું હિત થાય, તે તું સાંભળ; કેમ કે તું મને અત્યંત પ્રિય છે. સારાંશ એ કે, ઉપર જે માર્ગો મેં તને કહ્યા તે પૈકી કયો માર્ગ તારું હિત કરનારો છે, તેનું પરમ ગુહ્ય રહસ્ય જો કે મેં તને પૂર્વે તો કહેલું જ છે છતાં તને ફરીથી પણ કહું છું. કેમ કે, તેં મારું શરણ લઈ " મારું હિત શામાં છે " એવો પ્રશ્ન કર્યો છે અને વળી તું મને અત્યંત વહાલો છે.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।

मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥૬૫॥

મને પ્રિય કોણ ? તે સત્ય પ્રતિજ્ઞાથી કહું છું

હે પાર્થ ! હું તને સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, આત્મસ્વરૂપ એવા મારે વિષે મનવાળો થા, મારો ભક્ત થા, મારું પૂજન કરનારો થા અને મને જ નમસ્કાર કરનારો થા, તો તેથી તું મને જ પામીશ; કારણ કે તે જ મને પ્રિય છે. સારાંશ એ કે, મારું સાચું સ્વરૂપ મેં તને ઉપર વખતોવખત કહેલું જ છે. હું કોણ, એ સંબંધે મેં તને અનેક વખત ચેતવ્યો છે, અર્થાત્ હું એટલે કાંઈ આ શરીરધારી કિંવા

આકૃતિવાળો દશ્યરૂપે તને દેખાઉં છું એવો સાડા ત્રણ હાથવાળો નહિ પરંતુ નિર્વિકાર, નિઃસંગ, ચરાચરમાં વ્યાપક અને સર્વનો અધિષ્ઠાતા એવો આત્મા કિંવા પુરુષોત્તમ છે. કૃષ્ણ એટલે કોણ? તે સંબંધે શાસ્ત્રમાં પણ નીચે પ્રમાણે વર્ણન છે.

કૃષ્ણ એટલે કોણ?

" આ શ્રીકૃષ્ણ ભગવાન જ આત્મસ્વરૂપ એવા આદિ પુરુષ સાક્ષાત્ નારાયણ છે. તે કેવળ વિવર્તરૂપે ઋષિરાદિ રૂપ બની પોતાની માયાશક્તિ વડે ગૂઢ રીતે મોહ ઉપજાવતાં જાણે કે આ યાદવોમાં વિહાર કરી રહ્યા ન હોય એમ ભાસે છે. હે રાજા! પરંતુ આ શ્રીકૃષ્ણના સાચા સ્વરૂપને તથા પ્રભાવને તો સાક્ષાત્ શંકર, દેવર્ષિનારદ અને કપિલ મહર્ષિ જ જાણે છે. જેમને તું મામાનો પુત્ર, પ્રિયમિત્ર અને શ્રેષ્ઠ સંબંધી સમજે છે તથા જેમને તેં વિશ્વાસથી મંત્રી, દૂત અને સારથિ કર્યો એમ માને તે ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ તો જુદું જ છે. તે તો સર્વના અધિષ્ઠાતા આત્મા છે. સમદૃષ્ટિવાળા છે. અદ્વૈતીય છે. અહંકારથી રહિત છે. રાગદ્વેષાદિથી પણ રહિત તેમ જ અજન્મા, શાંત, અવિનાશી દશ્યાદિ ભાવોથી રહિત એવા કર્માતીત છે, તેથી તેમને ઊંચ નીચ કર્મથી થતી બુદ્ધિની વિષમતા કદાપિ છે જ નહિ. એવા આ ભગવાનનું ખરું સ્વરૂપ તો તદ્દન અનિર્વચનીય એવું છે. આ દેહ કિંવા શરીરાદિ એ તેમનું માયાથી સ્વરૂપ છે, એમ જાણ (ભા૦ ૧/૯/૧૮થી ૨૧).

તાત્પર્ય એ કે, કૃષ્ણ એટલે આત્મા કોઈ આત્માના ગુણધર્મો તો તને વખતોવખત કહેવામાં આવ્યા છે. માટે આત્મસ્વરૂપ એવો જે હું તે મારે વિષે જ ગનવાળો થા; અર્થાત્ મનમાં જે જે કાંઈ સંકલ્પો વિકલ્પો થાય તે આત્મસ્વરૂપ એવું મારું જ રૂપ છે, એવી રીતે તેને હંમેશ મારામાં જ પરોવી દે. આત્મા સિવાય મનમાં બીજા કોઈ સંકલ્પોનું ઉત્થાન થવા ન દે. આત્મસ્વરૂપ એવા મારાથી કિંચિન્માત્ર પણ વિભક્તતા અર્થાત્ જ્યાં બીલકુલ ભેદભાવ છે જ નહિ એવી રીતે મારી સાથે તદ્દન અભેદદૃષ્ટિવાળો ભક્ત થા. આત્મસ્વરૂપ એવા મારું જ પૂજન કરનારો અને નિત્યપ્રતિ આત્મસ્વરૂપ એવા મને જ નમસ્કાર કરનારો થા. આ રીતે જો તું સર્વભાવ વડે કેવળ એક મારે શરણ આવશે એટલે આત્મરૂપ એવા મારા વિના અંતઃકરણમાં બીજા કોઈભાવ ઊઠવા પામે જ નહિ એવી રીતના દૃઢ નિશ્ચય અને અભ્યાસવડે મારામાં જ સ્થિર કરશે, તો છેવટે મને જ પામશે; એટલે આત્મસ્વરૂપ એવા મારા સાચા સ્વરૂપની સાથે તદાકાર બની જઈશ. આમ હું અને તું એ બંને ભાવો નીકળીને નદી જેમ સમુદ્રમાં મળતાં સમુદ્રાકાર બને તેમ તું પણ હું એટલે તે આત્મસ્વરૂપ એવો ભક્ત જ બની જઈશ. હે પાર્થ! હું તને આ સત્ય પ્રતિજ્ઞાથી કહું છું કે આવો ભક્ત જ મને અત્યંત પ્રિય છે અર્થાત્ જે મારી સાથે એકરૂપ બનેલો છે તે ભક્ત જ મને અત્યંત વહાલો છે. નહિ કે જુદાપણાની ભાવના રાખનારો. એમાં પોતાને કયો ભક્ત પ્રિય છે તેનું ભગવાને સત્ય પ્રતિજ્ઞાપૂર્વક સ્પષ્ટીકરણ કરેલું છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥६६॥

આત્મા સંબંધી વાદોનો નિર્ણય

ભગવાન કહે છે : હે શુદ્ધ અંતઃકરણવાળા પાર્થ! સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને આત્મસ્વરૂપ એવો એક મારું જ શરણ લે. હું તને સર્વ પાપો થકી મુક્ત કરીશ. શોક ન કર. તાત્પર્ય એ કે, મેં તને અત્યાર સુધી અનેક પ્રકારના ધર્મો સમજાવ્યા. આ સર્વ ધર્મોનો મુખ્યત્વે સાંખ્ય, યોગ, અને ભક્તિ એ ત્રણ માર્ગમાં જ સમાવેશ થાય છે. આથી મેં તને આ ત્રણ અને તેની અંતર્ગત જેનો સમાવેશ થાય છે એવો પેટા વર્ણાશ્રમાદિ

તથા સામાન્ય ધર્મો અને સાંખ્યશાસ્ત્ર એટલે તત્ત્વજ્ઞાન સમજાવવાની યુક્તિ વડે પ્રકૃતિ પુરુષ કિંવા માયા અને બ્રહ્મનો વિવેક સારી રીતે સમજાવ્યો. તેનો ઉદ્દેશ એ કે, મારા અનિર્વચનીય એવા સાચા આત્મસ્વરૂપનું તને જ્ઞાન થાય તેટલા માટે જ અનેક વાદીઓના તે ઉપર તર્કો, તેના ખંડન મંડનાદિ પ્રકારો ઇત્યાદિ સર્વ ધર્મો તને વિસ્તૃત રીતે સમજાવ્યા અને નિયતિવાદ પણ સારી રીતે સમજાવ્યો, પરંતુ વસ્તુતઃ તો મારા આત્મસ્વરૂપમાં હું, જીવ, કે કર્તા ઇત્યાદિ કાંઈ જ ઉત્પન્ન થયેલું જ નથી. એ જ મારું સૌથી પરમસત્યરૂપ છે; તેથી જ મેં તને વારંવાર કહ્યું છે કે હું એટલે આ શરીરાદિક અથવા નામરૂપ આકારવિકારવાળો કૃષ્ણ નહિ પરંતુ આત્મસ્વરૂપ છે અને તે આત્મા એટલે જેમાં 'હું' એવા ભાવની કદિ ઉત્પત્તિ જ થવા પામેલી નથી એવા પ્રકારનો છે, એ તારા ધ્યાનમાં આવે એટલા માટે જ મેં તને પ્રથમ 'હું', કોણ તેનું સાચું સ્વરૂપ વારંવાર સમજાવેલું છે. તાત્પર્ય 'હું' એટલે આત્મા છે. એવો તારો નિશ્ચય થયો કે તે આત્માના ગુણધર્મો જ્ઞાન થતાં સુધીને માટે વ્યવહારમાં સમજાવવા પૂરતાં શાસ્ત્રકારોએ જે કહેલા છે, તે ગુણધર્મો એ જ મારા ગુણધર્મો છે; તે ઘેરણે આત્માનો અર્થ અનિર્વચનીયના કે જ્યાં કશું ઉત્પન્ન થતું નથી, થયું છે અથવા તેને જાણનારો કોઈ સાક્ષી હશે એ પૈકી કોઈ ભાવ છે જ નહિ. અરે! છે જ નહિ એ પણ જ્યાં નથી, એવા પ્રકારનો સમજવો. આનું નામ જ અનિર્વચનીયતા હોઈ એ જ પરમ સત્ય છે. જેમ 'હું' આકાશ જેવો છે એનો અર્થ જ્યાં આ દૃશ્યાદિભાવો છે જ નહિ એવો. અનિર્વચનીય છે, તેમ જે કોઈ પણ પ્રકારના વિવાદોથી રહિત, વિરુદ્ધતાથી રહિત, જેમાં કશાનો પણ સ્પર્શ નથી, જે તદ્દન અસંગ, અજ અને અવ્યય છે, એવો એ આત્મા છે. તેને માટે કેટલાક વાદીઓ વિદ્યમાનમાંથી ઉત્પત્તિ માને છે તથા કેટલાક અવિદ્યમાનમાંથી ઉત્પત્તિ માનીને પરસ્પર વાદવિવાદો કરે છે; આ બે પ્રકારના વાદોમાં જ સર્વ વાદીઓનો સમાવેશ થઈ જાય છે, પરંતુ તે વાદવિવાદનો ઉત્તર તો ફક્ત એટલો જ છે કે, જે છે તેને છે કહેનારો બીજો હોય છે કે તે વસ્તુ જ પોતાને જ છે એમ કહે છે? જો બીજો કોઈ હોય તો તે વસ્તુથી ભિન્ન છે કે અભિન્ન? આ રીતે તે વસ્તુને આ અમુક વસ્તુ છે એમ કહેનારો તે વસ્તુથી બીજો કોઈ હોય છે એવો વ્યવહારમાં અનુભવ છે. પરંતુ તે વસ્તુ કોઈ હું અમુક વસ્તુ છું એમ પોતાને માટે કહેતી કે ઓળખતી નથી, તેમ આત્મા સ્વતઃસિદ્ધ હોવાથી તેના ઉપર વાદ કયાંથી સંભવે? અર્થાત્ વાદવિવાદનું અસ્તિત્વ આત્મામાં હોઈ શકે જ નહિ. જે વસ્તુ વિદ્યમાન હોય તે તો છે જ; તેની તે વળી ઉત્પત્તિ કેવી? અને જે વસ્તુ અવિદ્યમાન હોય તેના કદી પણ ઉત્પત્તિ છે જ નહિ. આ રીતે સર્વ દ્વૈતવાદીઓનો વાદ પણ વસ્તુતઃ અજાતવાદનો જ પ્રકાશ કરે છે. એટલા માટે જ જે આત્મસ્વરૂપને અનુત્પત્તિનો પ્રકાશ પાડે તેને અર્થાત્ આત્માનું અપરોક્ષજ્ઞાન થતાં સુધી આત્મામાં કદી કાંઈ ઉત્પન્ન થયેલું જ નથી, અથવા તો આ બધું આત્માના જ વિવર્તરૂપ છે, એવા પ્રકારના યુક્તિવાદ વડે સમજાવનારા અદ્વૈતવાદીઓને જ અમો અનુમોદન આપીએ છીએ; તેઓની સાથે અમારે કાંઈ વાદ રહેતો નથી; આથી જેમ વાયુ, વહ્નિ, જલ અને પૃથ્વી એ ચાર મહાભૂતો જ્યાં નથી તે જ આકાશ કહેવાય તેમ આ અદ્વૈતસિદ્ધાંતને કોઈપણ વિવાદથી રહિતરૂપે જાણવો. આ રીતે આત્મા કે જે જન્મરૂપ ધર્મથી રહિત છે, તેની તે વળી ઉત્પત્તિ કેવી? અર્થાત્ પ્રકાશમાં જેમ અંધકાર નથી તેમ આત્મામાં 'હું' રૂપ ધર્મની ઉત્પત્તિ જ થવા પામેલી નથી, તો પછી એવી અજન્મા વસ્તુનો તે વળી વાદ શો? આ પ્રમાણે શ્રુત્યાદિ શાસ્ત્રોનો નિર્ણય છે. (માંડ૦ ઉપ૦ ગૌડપાદકારિકા, અદ્વૈત પ્રકરણ શ્લોક૦ ૪૮ તથા અલાતશાંતિ પ્રકરણ શ્લો૦ ૧ થી ૮ જુઓ).

મારા સ્વસ્વરૂપનો નિશ્ચય સાંભળ

હે વત્સ! મારા સાચા સ્વરૂપનું વર્ણન તને પ્રથમ તો વખતો વખત કહેવામાં આવ્યું છે, છતાં બોધ સારી રીતે દૃઢ થવાને માટે ફરીથી સ્પષ્ટ રીતે કહું છું. નિર્વિકાર અને શાંત પરબ્રહ્મ જ એક સત્ય હોઈ તે જ મારું સાચું સ્વરૂપ છે. જે અખંડિત, પૂર્ણ, પરમશાંત, નિર્વિકલ્પ, નિરાભાસ, અનાદિ, અનંત અને 'અહમ્' એવી સ્ફૂર્તિથી પણ રહિત એવું જે બ્રહ્મરૂપ છે, તે જ મારું સ્વસ્વરૂપ હોઈ તે અજન્મા એટલે

જન્મથી રહિત છે, શાંત છે, આદિઅંત વિનાનું છે, ઉપાધિથી તદ્દન રહિત છે, અસંગ છે અને નિરાકાર છે. હું એટલે તો સ્વયંજ્યોતિ, ચૈતન્યરૂપ તથા શુદ્ધ જ્ઞાનમય હોઈ એક આત્મરૂપ છે અને બેપણા કે એકપણાની ભાવનાથી તદ્દન રહિત છે. વળી મારામાં બેપણાની કિંવા એકપણાની ભાવનાઓ હશે અને તેનો જાણનારો કોઈક છે એવી કલ્પનાનો પણ ઉદય નથી. આ બધું અજ્ઞાનીની દૃષ્ટિએ જે અનેકવિધ દૃશ્યજાળ પ્રતીત થયેલું જોવામાં આવે છે, તે તમામ મારી દૃષ્ટિમાં તો આત્મ(બ્રહ્મ)સ્વરૂપ એવા મારાથી અભિન્ન એવું મારું જ સ્વરૂપ છે અને બ્રહ્મમય હોવાથી નિત્યમુક્ત છે; સર્વ આરંભથી તથા પ્રવૃત્તિથી રહિત હોઈ આકાશમાં રહેલા નીલવર્ણની કિંવા મૃગજળની જેમ શૂન્યાશૂન્યભાવથી પણ તદ્દન રહિત તેમ જ અસંગ અને શાંત છે. આ બધું દૃશ્યજાળ સ્વપ્ન કિંવા મનોરાજ્યમાંના નગરના જેવું અવયવાદિથી રહિત છે, આ જગત અવિવેકીઓની દૃષ્ટિએ સત્ય લાગે છે, વિવેકીઓની દૃષ્ટિએ અસત્ય ભાસે છે, શાંત પુરુષની અંદર શાંત તથા બ્રહ્મવેત્તાની દૃષ્ટિએ તે બ્રહ્મરૂપ છે. એ બ્રહ્મમાં કાંઈ છે, નથી, તેનો જાણનારો ઇત્યાદિ કોઈ ભાવોના લેશ પણ નથી. તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિએ આ હું, તું, તે, આ, મારું, તારું, તને, મને, છે, નથી ઇત્યાદિ સ્થાવરજંગમાદિ જે જે કાંઈ ભાવો પ્રતીત થતા જોવામાં આવે છે, તે તમામ પોતાસહ બ્રહ્મરૂપ જ છે.

મારું સ્વરૂપ અસંગ કેમ ?

હે ધનંજય ! હું આત્મરૂપ છે, તું પણ આત્મરૂપ છે, જગત, આકાશ તથા આ બધાનો સાક્ષી તે બધું પણ ચિદાકાશરૂપ જ છે. માટે તેવા પ્રકારના મારા સાચા આત્મસ્વરૂપનો નિશ્ચય કરીને તે સાથે તું એકરૂપ બની જા. આમ તું, હુંરૂપ છે તથા હું તુંરૂપ હોઈ આ હું અને તું બંને ભાવો તત્ એવા બ્રહ્મરૂપથી અભિન્ન છે; આ પ્રકારના શુદ્ધ નિર્મળ અને પવિત્રજ્ઞાન વડે તું સર્વનો આત્મા બનેલો હોવાથી પુરુષોમાં શ્રેષ્ઠ છે. આ મુજબ જગતાદિ તમામ આત્મરૂપ હોવાથી તે આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, આત્મામાં જ રહે છે અને વળી પાછું આત્મામાં જ વિલીન થાય છે તથા તેનો સાક્ષી પણ આત્મરૂપ જ હોય છે, આ રીતે કારણ વગર ઉત્પન્ન થયેલું જે કાંઈ હશે જ તો તે સર્વ આત્માથી અભિન્ન એવું મારું સ્વરૂપ જ છે, એમ નિશ્ચયપૂર્વક જાણ. હું પણ નથી, તું પણ નથી, તે પણ નથી, આ પણ નથી, જગતાદિ પણ નથી, અવયવો પણ નથી, ઘટપટાદિ પણ નથી, મારું, તારું પણ નથી; છે, નથી, એ પણ નથી અને એવું કહેનારો પણ નથી; પરંતુ આ તમામ ભાવોનો જ્યાં અંશમાત્ર સ્પર્શ પણ થઈ શકતો નથી એવો એક અસંગ આત્મા હોઈ તે જ મારું સાચું સ્વરૂપ છે.

મારી પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી

હે પાર્થ ! ઉપર જે મેં તને સર્વ વસ્તુઓનો નિષેધ દર્શાવ્યો, તે કેવળ વિતંડાવાદી તાર્કિકો કે જેઓમાં આ તત્ત્વવિચાર કરવાની બુદ્ધિ હોતી નથી છતાં મનમાં તો પોતે મોટા બુદ્ધિશાળી છે એવું મિથ્યા અભિમાન(ઘમંડ)રાખે છે તેવા મૂઢવાદીઓની દૃષ્ટિએ તો નિંદા કિંવા હાસ્યાસ્પદ જ લાગશે, પરંતુ આત્મજ્ઞાનને ઇચ્છનારા અને અનુભવથી તત્ત્વજ્ઞોની (પરીક્ષકોની) સભામાં તો આ વિચર ઝળકી ઊઠશે. સર્વ પદાર્થોનો નિષેધ તો છેવટ કાંઈ કર્મો ન કરાવનારો છે અને આત્મસ્વરૂપ પણ સુષુપ્ત મૌનરૂપ હોવાને લીધે તે સંબંધે વસ્તુતઃ વિવાદ છે જ નહિ, કેમ કે આત્મસ્વરૂપ એવો હું, તો તદ્દન નિઃશેષરૂપ છે, તો વિવાદો વડે તેનું જ્ઞાન કેવી રીતે સંભવે ? દોડી દોડીને છાયાને પકડવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે જેમ હાથ લાગતી નથી અથવા હાથમાં દીવો લઈ ને અંધારાની ગમે તેટલી શોધ કરવામાં આવે તો તે મૂઢતા જ છે, તેમ આનર્વચનીય એવા આત્મા સંબંધે વાદવિવાદો એ તદ્દન મૂર્ખતારૂપ છે; તેને માટે તો સર્વ વિવાદના મૂળરૂપ 'અહમ્' એવી સ્ફૂર્તિનો વિલય કરીને અનુભવ લેવો જોઈએ. આ સિવાય મિથ્યાભ્રમની નિવૃત્તિ થવાને અન્ય કોઈ પણ ઉપાયો નિરુપયોગી જ છે. આત્મતત્ત્વ પ્રમાણો વડે અગમ્ય છે, કોઈ પણ પ્રકારના ચિહ્ન કિંવા સંજ્ઞાથી રહિત છે અને કેવળ પોતાના અનુભવ વડે જ અનુભવાય છે; એવું મારું આત્મસ્વરૂપ

વિષાદો અથવા તો ઇતર કોઈ સાધનો વડે શી રીતે પ્રાપ્ત થઈ શકે ? જે સર્વ શાસ્ત્રભેદના અર્થનું પણ ઉલ્લંઘન કરીને રહેલું છે, કોઈ પણ પ્રકારના ચિહ્ન વા સંજ્ઞાઓ રહિત છે, સ્વચ્છ છે, એક છે, જેનો કદી જન્મ થવો શક્ય નથી, જે નામરૂપાદિથી રહિત છે, જે સર્વના આદિરૂપ હોઈ કલ્પના કરનારું કોઈક છે એવી કલ્પનાથી પણ રહિત છે, જ્યાં "હું" એવો ભાવ જ કદી ઉત્પન્ન થઈ શકતો નથી. શુદ્ધ, નિર્મળ, અત્યંત પવિત્ર અને નિર્વિકાર, નિરામય અને જે કેવળ અનુભવ વડે જ કળી શકાય છે એવું એ મારું આત્મસ્વરૂપ છે. માટે તેમાં દૃશ્યાદિ નિરુપયોગી મેલ હોવાની ખોટી શંકાઓ રાખવાનું છોડી દઈ તેવા મારા સાચા સ્વરૂપની સાથે જ એકરૂપ થઈ જવું, એ જ શ્રેષ્ઠ અને ઉત્તમ માર્ગ છે. મારા સ્વસ્વરૂપની પ્રાપ્તિને માટે આ સિવાય બીજો કોઈ પણ માર્ગ છે જ નહિ એ નિશ્ચયાત્મક જાણ.

સર્વ ધર્મોને છોડી મારું જ શરણ લે

હે પાર્થ ! આ મુજબ મારું સાચું સ્વરૂપ તને કહ્યું; તે તો તદ્દન શુદ્ધ એવું એક આત્મરૂપ જ છે અને આ આત્મા એટલે "હું" એવા ભાવનું પણ જ્યાં ધારણ કરાયેલું હોતું નથી એવો તદ્દન અસંગ, શાંત, નિર્મળ, અજન્મા, અવ્યય, અવિકારી ઇત્યાદિ ધર્મવાળો ગણાય છે; નહિ કે આ મૃગજળ જેવા જોવામાં આવનાર દૃશ્યાદિરૂપવાળો ! આ દૃશ્યાદિ પ્રપંચ તો કોઈ પણ કાળ કિંવા દેશમાં થયેલો જ નથી. અરે ! કાળ, દેશ જ થયેલો નથી તો પછી તેના આધાર વડે ભાસનારા આ દૃશ્યની તો વાત જ ક્યાં રહી ? તેથી જ આ જગત વંધ્યાના પુત્ર જેવું છે, એમ શાસ્ત્રકારો પોકારી પોકારીને કહી રહ્યા છે. આ રીતનું મારું સાચું સ્વરૂપ તારા ધ્યાનમાં આવ્યું ને ? માટે સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એટલે હું, તું, તે, આ ઇત્યાદિ ભાવોનો વિલય કરીને કેવળ એક આત્મસ્વરૂપ એવા મારા જ શરણને પ્રાપ્ત કરી લે, એ જ માર્ગ શ્રેષ્ઠ છે, પરંતુ જો તેમ થવું તારાથી શક્ય ન હોય તો હું, તું, તે, આ ઇત્યાદિ તમામ ભાવો કેવળ એક કૃષ્ણરૂપ છે, એવા દૃઢ નિશ્ચય વડે મારે જ શરણે આવ. મારા સિવાય બીજી કોઈ પણ વૃત્તિનું કદાપિ પણ અંતઃકરણમાં ઉત્થાન જ થવા નહિ દે. આ રીતે જો સર્વભાવે કેવળ એક મને જ શરણ આવશે તો પણ તું ક્રમે કરીને મારા સાચા આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શકીશ એટલા માટે સર્વભાવે હું આત્મસ્વરૂપ છે એવા નિશ્ચય વડે સર્વધર્મોને છોડીને કેવળ એક મારે જ શરણે આવ. હું તને સર્વ પાપો થકી મુક્ત કરીશ, માટે તું શોક કરવાનું છોડી દે.

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।

न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥६७॥

આ જ્ઞાનમાં નાલાયક કોણ ?

ભગવાન શ્રીકૃષ્ણ આગળ કહે છે : હે ધનુર્ધર ! આ રીતે તને જે કાંઈ કહેવાનું હતું તે સર્વ કહ્યું છે. જે તપથી રહિત, ભક્તિથી રહિત અને સેવાભાવથી રહિત છે તથા જે મારી અસૂયા કરે છે, તેને કદી પણ આ જ્ઞાન કહેવા યોગ્ય નથી. સારાંશ એ કે, યજ્ઞ, અધ્યયન અને દાન મળી પ્રથમ સ્કંધ; તપ એ બીજો અને ગુરુને ઘેર રહી તેમની સેવા કરવી એ ત્રીજો સ્કંધ કહેવાય આ રીતે ધર્મના મુખ્ય ત્રણ સ્કંધો છે (છાં૦ ઉપ૦ ૨–૨૩–૧); તેનું જેણે સારી રીતે પાલન કર્યું હોય તેવાઓ જ આ જ્ઞાનના અધિકારી છે, પરંતુ જેઓ કાયિક, વાચિક અને માનસિક તપાચરણથી રહિત છે અર્થાત્ જેઓ પશુઓની માફક ઇંદ્રિયો દ્વારા વિષયાનું જ સેવન કર્યે જ જાય છે અને કદી પણ સંયમન કરતા નથી તેવા તપથી રહિત, જેઓ બેપણાની ભાવનાને છોડી દઈ મારામાં એકરૂપપણાની ભાવના વડે ભક્તિ કરવા સમર્થ હોતા નથી તેવા અભક્તો; જેઓ તત્ત્વબોધ કરનારા ગુરુની સેવાશુશ્રૂષાથી રહિત છે, જેઓ તત્ત્વવિદ્ ગુરુ પાસે નમ્રતાદિ ભાવોથી રહિત છે, ગુરુસેવામાં તત્પર નથી અને મનમાં જાણે હું કોઈ મોટો છું, એવું મિથ્યાભિમાન ધારણ

કરીને જે પરમાત્મસ્વરૂપ તત્ત્વજ્ઞ ગુરુ સાથે ઉદ્ધતાઈથી વર્તનારો હોય તેવો દાંભિક તથા અસૂયા એટલે દ્વેષ કરનારો અર્થાત્ જેને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની અંતઃકરણમાં ખરેખરી તાલાવેલી એટલે જિજ્ઞાસા ઉત્પન્ન થયેલા હોતી નથી પરંતુ તેમાં શું છે તે પણ જરા જોઈશું એવા પ્રકારની ચકિત્સકબુદ્ધિ હોય છે તેવાઓ અથવા જેઓ તત્ત્વજ્ઞાન સાંભળીને સમજ્યા છતાં પણ અંતર્મુખ થઈ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકતા નથી અને હંમેશાં વિષયોમાં જ રચ્યાપચ્યા રહે છે, તેવા પૂંછડા અને શિંગડા વગરના નરપશુઓ આ ગુહ્ય જ્ઞાનને માટે નાલાયક છે; તેવા અનધિકારીઓને આ જ્ઞાન કદી પણ વાચ્ય એટલે કહેવા યોગ્ય નથી.

य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।

भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥६८॥

જ્ઞાનમાં લાયક કોણ ?

આત્મસ્વરૂપ એવા મારામાં પરમભક્તિ વડે યુક્ત થઈ આ પરમ ગુહ્ય રહસ્ય જે મારા ભક્તોમાં સ્થાપન કરશે તે નિઃસંશય મને જ પામશે. સારાંશ એ કે, આ પરમ ગુહ્ય રહસ્ય જે કોઈ ઉપર કહેલા અભક્તોમાં નહિ પરંતુ જેઓ મને જુદાભાવે નહિ પણ ઐક્ય ભાવે ભજે છે તેવા પ્રકારની શ્રદ્ધાવાળા ભક્તોમાં કહેશે તે પર્યાયે મારી આ પ્રકારની એટલે 'तत्' રૂપમાં ઐક્ય થવારૂપ ભક્તિ વડે આત્મસ્વરૂપ એવા મારા સ્વરૂપને અર્થાત્ મારી સાથે ઐક્ય થવારૂપ પરમભાવને પ્રાપ્ત થશે, એમાં સંશય નથી. આ રીતે જ્ઞાનમાં લાયક કોણ અને શ્રદ્ધાળુ ભક્તોમાં આ જ્ઞાનનો પ્રચાર કરનારા અહંકારરહિતની શી સ્થિતિ થાય છે, તે ભગવાને આમાં સમજાવ્યું છે. જેઓ દંભ વડે, મોટાઈ ને માટે તથા દ્રવ્યોપાર્જનનો ઉદ્દેશ મનમાં રાખીને અહંકાર વડે ઉપદેશ કરનારા હોય તેઓને સાચા ઉપદેશકો નહિ પરંતુ પેટ ભરનારા ધુતારાઓ જ સમજવા (અધ્યાય ૫ શ્લોક ૯ " शुभाशुभज्ञानजंधुता " જુઓ).

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।

भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥६९॥

મારા ઉપર ખરી પ્રીતિવાળો કોણ ?

હે પાર્થ ! વળી આ મનુષ્ય મને આત્મસ્વરૂપે જાણીને, મારા અભિન્નભાવનું પરમ ગુહ્ય જ્ઞાન ભક્તોમાં નિષ્કામભાવના વડે જે પ્રકટ કરે છે તે કરતાં મનુષ્યોમાં મને બીજો કોઈ પણ વધારે પ્રિય નથી અને થવાનો પણ નથી, તેમ જ પૃથ્વીમાં તે કરતાં મને કોઈ વધારે વહાલો પણ નથી. અર્થાત્ જે પુરુષ મારા આત્મસ્વરૂપને જાણી આત્મા સિવાય આ જગતાદિ તમામ ભાવો મિથ્યા છે એવા પ્રકારની દૃઢ ભાવના વડે આ પ્રમાણેનું મારા પરમસ્વરૂપનું ગુહ્ય જ્ઞાન, લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણા ઇત્યાદિ કોઈ પણ પ્રકારની એષણાઓથી રહિત થઈ ને નિરહંકાર બુદ્ધિ વડે મારા ભક્તો એટલે જેઓને મારામાંથી ભેદબુદ્ધિ નાશ પામેલી છે તેવા પ્રકારના અભેદબુદ્ધિવાળા શ્રદ્ધાળુ ભક્તોમાં જે આ જ્ઞાનનો પ્રચાર કરશે તે કરતાં મને આ પૃથ્વીમાં બીજો કોઈ પણ વહાલો નથી તેમ જ તે પોતાનું સાચું પ્રિય કરનારો હોવાથી તે કરતાં મારું વધુ કાંઈ પ્રિય કરે તેવો બીજો કોઈ નથી, એટલું જ નહિ પરંતુ થવાનો પણ નથી.

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।

ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥७०॥

આ જ મારું ખરું પૂજન

હે મહાબાહો ! જે આપણા બેના સંવાદરૂપ અને ધર્મરૂપ એવા આ શાસ્ત્રનું અધ્યયન કરશે, તે પુરુષના જ્ઞાનરૂપ યજ્ઞ વડે હું પૂજાઉં છું, એવો મારો નિશ્ચય છે. સારાંશ કે, જે આપણા બેના આ સંવાદરૂપ અને ધર્મરૂપ શાસ્ત્રનું નિષ્કામ ભાવે અધ્યયન એટલે પઠનપાઠન કરશે તો તે જ્ઞાનયજ્ઞ વડે 'तत्' રૂપ એવા મારું જ સાચું પૂજન કરી રહ્યો છે એમ માનું છું એટલે તેવા નિષ્કામ સેવાભાવી ભક્તોની પાસે પૂજનનાં મોટાં મોટાં સાધનો નહિ હોવા છતાં પણ તે આ રીતે મારું જ પૂજન કરી રહ્યો છે એવા પ્રકારની મારી નિશ્ચિત મતિ છે.

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।

सोऽपिमुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥૭૧॥

આ જ્ઞાન સાંભળનારની થતી ગતિ

હે ધનુર્ધારી ! જે પુરુષ શ્રદ્ધાવાન તથા અસૂયાથી રહિત થઈને કેવળ આને સાંભળે છે તે પણ મુક્ત થઈ પુણ્યકર્મ કરનારાઓના શુભલોકને પામે છે. સારાંશ એ કે, જે પુરુષ ઉપેક્ષાબુદ્ધિ છોડીને, સંશયવિપર્યયથી રહિત થઈને, કેવળ શ્રદ્ધાયુક્ત અંતઃકરણ વડે કોઈ પણ પ્રકારના લૌકિક અર્થની ભાવના રાખ્યા સિવાય નિષ્કામ ભાવ વડે કુત્સિતબુદ્ધિનો ત્યાગ કરીને આ પરમગુહ્ય જ્ઞાનને કેવળ સાંભળશે તો તે પણ પુણ્યકર્મવાળા લોકો, મોટા મોટા યજ્ઞયાગાદિ કરીને જે સ્થાનની પ્રાપ્તિ કરી શકે છે તે સ્થાનની પ્રાપ્તિ સહજમાં જ કરી શકશે અને ત્યાંથી પછી ક્રમ મુક્તિને પામશે.

તને વારંવાર પુનરુક્તિ કેમ કહી ?

હે અર્જુન ! વિચાર કરીને જો કે વ્યવહારમાં એક તૃણની રક્ષાને માટે પણ મોટો પ્રયત્ન કરવામાં આવે છે તો જાણે સ્વરૂપને ઢાંકો દેતું ન હોય એવા અવિદ્યારૂપ મિથ્યા ભ્રમાત્મક આવરણને કાઢવાને માટે જે તત્ત્વજ્ઞાનરૂપ સાધન છે તે પ્રયત્ન અથવા અભ્યાસ વગર કેવી રીતે સિદ્ધ થાય ? હૃદયમાં રહેલી અનેક અધમ કામનાઓને જીતવામાં અસમર્થ એવું આ આખું જગત જે ઉત્તમ આત્મસ્થિતિ આગળ ઉપહાસના સ્થાનરૂપ છે તે વિજ્ઞાનમય ઉત્તમ સ્થિતિનો લાભ પ્રયત્ન વગેર શી રીતે મળી શકે ? આ રાજ્યસુખાદિ તો મનના એક અંકુર સમા છે, તે આત્મપદની આગળ શું હિસાબમાં છે ? તત્ત્વજ્ઞાન વડે થતી એક ઉત્તમ વિશ્રાંતિ આગળ ઇંદ્રપદ પણ એક ઘાસના તણખલા જેવું અતિ તુચ્છ છે, તો પછી બીજાની તો શી વાત ? આ અજ્ઞાનરૂપી ગાઢ નિદ્રામાં સૂતેલા અને આ દૃશ્યાદિ જ સત્ય છે એમ માની મૃગતૃષ્ણાની જેમ તેની પાછળ જ રચ્યાપચ્યા રહેનારા, કેવળ ભોગોમાં આસક્ત રહેલા અવિવેકી મનુષ્યો જેમ દૃશ્યને અતિ આસક્તિથી જ જુએ છે તેમ શાંત એવા તત્ત્વજ્ઞ મહાત્માઓ દૃશ્યમાં કદી પણ આસક્તિ બાંધતા નથી. પ્રબોધને પામેલા તેઓ તો હંમેશાં સુષુપ્તિ જેવી અવસ્થામાં જ સ્થિત રહેલા હોય છે. તેમના થતા સર્વ વ્યવહારો સૂકા પાંદડાને વાયુ જ્યાં લઈ જાય ત્યાં તે જાય છે તેવા પ્રકારના જ હોય છે. અતિશય પ્રયત્ન વિના ભ્રમ વડે ભાસનારો આ અવિદ્યારૂપ મોહ નષ્ટ થઈ દુર્લભ એવા મોક્ષપદની પ્રાપ્તિ કદી પણ થતી નથી. મહાન અભ્યાસ વડે જ પરમપદરૂપ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, આ પ્રસંગ એવો તો કટોકટીનો છે કે તને કોઈ પણ પ્રકારનો અભ્યાસ કહેવામાં આવે તો તે કરવાનો તને સમય પણ નથી, એટલા માટે મેં તારા અભ્યાસની અનાયાસે દૃઢતા થઈ જાય તેથી પુનરુક્તિનો બાધ નહિ ગણતાં એક જ તત્ત્વ વારંવાર યુક્તિપ્રયુક્તિદ્વારા અનેક વખતે સમજાવ્યું છે. માટે આ તો એકની એક જ વાત કહી રહ્યા છે, એમ સમજીને તું તે પ્રત્યે અશ્રદ્ધાબુદ્ધિ રાખીશ નહિ અને આપણા સંવાદરૂપ આ શાસ્ત્રનું અધ્યયન કરનારાઓએ

પણ આવી બુદ્ધિ નહિ રાખવી જોઈએ. કેમ કે કોઈ અતિ તીવ્ર અને કુશળ બુદ્ધિવાળાને જ અભ્યાસની અપેક્ષા હોતી નથી, પરંતુ આ પ્રકારના બુદ્ધિશાળી એના ઉદાહરણો તો મોટામોટા મહર્ષિઓમાં પણ જનકાદિ જેવાં અને તે પણ પ્રથમ યુગમાં જ કવચિત્ મળી શકે છે. માટે અવિવેકી એવા સર્વસામાન્ય લોકોના હૃદયમાં તો આ દુર્બોધ આત્મતત્ત્વ આટલું બધું વિસ્તારપૂર્વક કહેવા છતાં પણ ઠસી શકતું નથી. આથી મેં તને વારંવાર તે તત્ત્વ અનેક શાસ્ત્રયુક્તિઓ દ્વારા સમજાવ્યું છે, તું બુદ્ધિશાળી હોવાથી તે જરૂર તારા ધ્યાનમાં આવ્યું હશે જ ! આપણા એના સંવાદરૂપ આ શાસ્ત્રનું નિષ્કામભાવે જેઓ વારંવાર આવર્તન (વાચન) કરશે, લાંબો સમય તેનો જ અભ્યાસ કરવામાં આવે, તેનું જ શ્રવણ કિંવા કથા કરવામાં આવે તો તે ગમે તેવો અજ્ઞાની હશે તો પણ તે જરૂર તત્ત્વજ્ઞ બની તેને મારા સ્વરૂપમાં ઐક્ય થવા રૂપ સાક્ષાત્ દર્શન થશે, પરંતુ જે મનુષ્ય હવે તેમાં શું જોવાનું છે કિંવા એક વખત જોઈ લીધું એમ કહીને દુર્લક્ષ્ય વડે મારી પ્રાપ્તિ કર્યા સિવાય જ જો તેને છોડી દેશે તો પાસે ચિંતામણી હોવા છતાં પણ જેમ કોઈ ભિક્ષા માગે તેમ તે અને બીજાં ગમે તેટલાં કાર્યો અને શાસ્ત્રોમાંથી પણ કાંઈ લાભ થવાનો સંભવ નથી, એમ નિશ્ચયપૂર્વક જાણ.

આ શાસ્ત્ર આત્મજ્ઞાન કરાવી આપે છે

આ આખ્યાન અતિ ઉત્તમ છે, વેદની પેઠે તેનું સદા અધ્યયન કરવું, વ્યાખ્યાન કરવું અને તેનું પૂજન કરવું કેમ કે તે પુરુષાર્થરૂપી ફળ આપનારું છે. જે ફળ વેદ વડે પ્રાપ્ત થાય છે તે જ આ શાસ્ત્રથી પ્રાપ્ત થાય છે. આ શાસ્ત્ર આત્મજ્ઞાન કરાવી આપનારું હોઈ પ્રત્યક્ષ મારી પ્રાપ્તિ કરાવી આપનારું છે. આ શાસ્ત્રનું જ્ઞાન મળવાથી અને અધ્યયન કરવાથી તેનાં સર્વ કર્મો અને જ્ઞાન એ બંને પવિત્રતાને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ તેની વૃત્તિ પછી બીજા કોઈ પણ અપવિત્ર કાર્ય તરફ થતી જ નથી. વળી આ શાસ્ત્ર વડે, વેદાંતનો તર્કશુદ્ધ સિદ્ધ થતો સિદ્ધાંત જણાઈ આવે છે, તેમ જ આખ્યાનદૃષ્ટિમાં પણ એ અતિ ઉત્તમ છે.

મૂઢ પણ સાક્ષાત્કાર કરી શકે છે

હે પાર્થ ! હું તને આ બધા હૃદયમાંના સાચા ઉદ્‌ગારો અંતરની સાચી દયાર્દ્રતાથી કહી રહ્યો છું. માયા વડે અથવા તો તને યુદ્ધમાં લગાડવાની ઇચ્છાથી કહેતો નથી. વળી તું પણ આ શાસ્ત્ર સાંભળવાથી આ સંસારરૂપી દૃશ્યસમૂહને મિથ્યા માયારૂપ સમજશે અને જેઓ આ શાસ્ત્રનું ભક્તિભાવ વડે અધ્યયન (પઠન–પાઠન) કરશે તેઓને પણ આ જગતાદિનું મિથ્યારૂપ સમજવામાં આવી મારા સાચા સ્વરૂપનું જ્ઞાન અવશ્ય થશે. પ્રતિજ્ઞાપૂર્વક એમ ખાતરીથી જાણ કે આનું એક, બે કે પાંચ વખતે સારી રીતે વિચાર કરીને પઠનપાઠન કરવામાં આવશે તો તે ગમે તેવો અજ્ઞાની હશે તો પણ જ્ઞાનવાન થશે. વધારેમાં વધારે એકસો આઠ પારાયણો કરવામાં આવશે તો અત્યંત મૂઢ પણ સર્વ દુઃખોમાંથી મુક્ત થઈ મારા સ્વરૂપને પ્રત્યક્ષ પ્રાપ્ત કરી શકશે અને સહસ્ર પાઠ કરનારને ત્યાં હું બળિરાજાની જેમ દ્વારપાળ થઈ રહીશ. માટે જિજ્ઞાસુઓએ આનો સારી રીતે અભ્યાસ કરવો. આ એક ઉત્તમ શાસ્ત્રને જાણવાથી બીજા કોઈ પણ શાસ્ત્રનું જ્ઞાન તો સહેજમાં પ્રાપ્ત કરી શકાય છે. મિથ્યાભિમાન વડે જે કુત્સિત અને અજ્ઞાની પુરુષ આનો અનાદર કરશે તે મનુષ્ય નહિ પરંતુ ખરેખર પત્થર જ છે એમ જાણ.

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।

कच्चिदज्ञानसम्मोहः प्रनष्टस्ते धनञ्जय ॥७२॥

હે ધનંજય ! તારો મોહ નષ્ટ થયો કે ?

હે પાર્થ ! કેમ, તેં આ બધું એકાગ્ર ચિત્ત વડે સાંભળ્યું ને ? હે ધનંજય ! શું તારો અજ્ઞાનસંમોહ નષ્ટ થયો કે ? સારાંશ એ કે, હે પાર્થ ! મેં તને અત્યાર સુધી જે કાંઈ પરમ ગુહ્ય એવું રહસ્ય કહ્યું તે

બધું તેં એકાગ્ર ચિત્ત વડે સાંભળ્યું ને? આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે તથા અવિવેક વડે ઉત્પન્ન થયેલો તારો મોહભ્રમ હવે નષ્ટ થયો કે? તને તારા સાચા ધર્મ અને કર્તવ્યનું ભાન આવ્યું કે! આ પ્રમાણે બોલી ભગવાન શ્રીકૃષ્ણે પોતાની વાગ્ધારાને બંધ કરી દીધી.

अर्जुन उवाच —

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।

स्थिताऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥७३॥

મારો મોહ નષ્ટ થયો છે

ભગવાન શ્રીકૃષ્ણનો ઉદ્દેશ જાણી લઈ અર્જુને કહ્યું : હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે. મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, હવે હું સંદેહરહિત અવસ્થામાં સ્થિત છું, આપનાં વચન પ્રમાણે કરીશ. સારાંશ એ કે, હે પ્રભો! સ્વપ્નવત્ એવા આ મિથ્યા સંસારના અનર્થનું કારણ અને સમુદ્રની પેઠે દુસ્તર એવો જે આ મોહરૂપી અંધકારનો મેં આશ્રય કર્યો હતો, તે આપની કૃપાથી સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ એકદમ નષ્ટ થઈ ગયો છે. અજ્ઞાનને લીધે જેની વિસ્મૃતિ થવા પામેલી હતી તે મારા સાચા આત્મસ્વરૂપની મને હવે સ્મૃતિ પ્રાપ્ત થયેલી છે. વાસ્તવિક તો હું પ્રથમથી જ શુદ્ધ સ્વરૂપ હતો, છતાં આપે આપની માયા વડે મિથ્યા ભ્રમરૂપ બનાવી પાછો જાણે મને સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરાવી ન હોય તેવો વિજ્ઞાનરૂપ દીપક અર્પણ કર્યો છે. આ બધો આપની મિથ્યા માયાનો પ્રતાપ છે. તસ્માત્ આપના આ અત્યંત અનુગ્રહને જાણનારો કયો અધમ પુરુષ તેને છોડીને બીજાને શરણે જાય? હે કૃષ્ણ! આપની કૃપાથી મારો મોહ દૂર થયો છે. મને આત્મભાન થયું, સર્વ સંદેહો દૂર થયા છે અને હવે હું સ્વસ્થ થયો છું. હવે હું આપના કહેવા પ્રમાણે વર્તીશ(યોગ૦ નિ૦ પૂ૦ સ૦ ૫૮–૧).

હે ભગવાન! પારસ તો લોખંડનું સુવર્ણ બનાવે છે પરંતુ તેને પારસ બનાવી શકતો નથી, પરંતુ આપે તો મને અંતરબાહ્ય આપનાથી અંતરરહિત એવો આત્મસ્વરૂપ બનાવી દીધો છે તો એવો કયો અધમ પુરુષ હોય કે જે આપના વચનનું ઉલ્લંઘન કરી શકે? ખરેખર આપે આપની મિથ્યા માયા વડે જે મોહરૂપી સ્નેહપાશ પાથરી દીધો હતો તે આત્મજ્ઞાનરૂપ શાસ્ત્રના ઉપદેશ વડે આપે જ છેદી નાખ્યો છે. મને સાચા સ્વરૂપની સ્મૃતિ થયેલી છે અને હવે હું મારા સાચા ધર્મ અને કર્તવ્યને જાણી શક્યો છું. અરેરે! આ કેટલો બધો આપની મિથ્યા માયાનો મોહ છે, કે પોતાના સાચા સ્વરૂપને નહિ જાણતાં આ આખું જગત અહંમમાદિ ભાવો વડે દુઃખસાગરરૂપ ચક્કીમાં જ પિસાયા કરે છે છતાં આત્મસ્વરૂપ એવા આપને શરણે આવતા નથી.

મારી સર્વ હૃદયગ્રંથિઓ છેદાઈ ગઈ છે

હે પ્રભો! જ્યારે હૃદયમાંની તમામ ગ્રંથિઓ આ દેહમાં જ નાશ પામે છે ત્યારે તે ત્યાં જ અમર્ત્ય થયો એમ કહેવાય છે અને પછી તે અહીં એટલે દેહ હોવા છતાં પણ અમર્ત્ય એવા અમૃતરૂપ બને છે, એવો વેદનો તથા શ્રુતિઓનો જે ઉદ્દેશ છે (કઠ૦ ઉપ૦ ૨–૫–૧૫ જુઓ), તે હવે મને સારી રીતે સમજાયો છે. આપની કૃપાથી હવે મારી તમામ હૃદયગ્રંથિઓ છેદાઈ ગઈ છે. જ્યાં સુધી હૃદયગ્રંથિઓ છૂટેલી હોતી નથી ત્યાં સુધી ખરી સુખશાંતિ કદી પણ પ્રાપ્ત થતી નથી. આ હૃદયગ્રંથિઓ કરોડો હોઈ તે સર્વ મોહ નામની દોરી વડે બંધાયેલી છે. સ્વસ્વરૂપનું અજ્ઞાન એ જ મોહરૂપી રજ્જુ (દોરી) હોઈ તેના ઉપર વિપરીત મહાત્મહ થયેલો ભ્રમરૂપ નિશ્ચય એ સઘળી ગ્રંથિઓ કહેવાય. અજ્ઞાનતાને લીધે આ હૃદયગ્રંથિઓ કરોડો છે, તેમાં પ્રથમ તો દેહ એટલે જ આત્મા એવો નિશ્ચય એ સર્વ ગ્રંથિઓની પણ મહાન એવી મુખ્ય

ગ્રંથિ હોઈ તે વડે જ આ સંસાર આટલો બધો વિશાળ અને અનિવાર્ય અર્થાત્ સમેટી નહિ શકાય એવો વિસ્તારાયેલો છે. તેમ આ ભાસમાન થનારું તમામ જગત આત્મરૂપ નથી એવો નિશ્ચય થવો તથા આત્મા એટલે જગત જ છે એવો નિશ્ચય થવો, એ બીજી ગ્રંથિ કહેવાય. તે પ્રમાણે જીવ અને ઈશ્વર એ બંને પરસ્પર ભિન્ન ભિન્ન છે અથવા જીવ તથા ઈશ્વર પરસ્પર એક બીજાથી જુદાજુદા છે ઇત્યાદિ પ્રકારના જે નિશ્ચયો તે બધી હૃદયગ્રંથિઓ જ છે. આ સ્વરૂપનું અજ્ઞાન અનાદિ કાળથી મિથ્યા ભ્રમ વડે ઉત્પન્ન થયેલું હોઈ તેના ઉપર વિપરીત ગ્રહણાત્મક અર્થાત્ ઊલટા નિશ્ચય વડે માની લીધેલી એવી અનેક ગ્રંથિઓની ગૂંચ વળીને (ગૂંચવાઈ જઈને) તે મહાન ગ્રંથિઓના ગૂંચળાં રૂપે થવા પામેલું છે. તે પૈકી સૌથી પ્રથમની ગ્રંથિનો ઉકેલ થતાં જ ઇતર સર્વ ગ્રંથિઓ આપોઆપ ઉકલી જાય છે. હું મારીશ કિંવા મરીશ ઇત્યાદિ કાંઈ મારામાં નથી. હું મારીશ કિંવા મરીશ, આ બધાં મારાં સ્વજનો છે તે મરશે વગેરે બુદ્ધિ તો અજ્ઞાન વડે ભ્રાન્તિને લીધે થવા પામેલી હતી. તે મારી સર્વ ગ્રંથિઓ હે ભગવન્! આપની કૃપાથી છેદાઈ ગયેલી હોઈ હું હવે તદ્દન નિઃસંદેહ અવસ્થામાં સ્થિત થયો છું.

સ્વસ્વરૂપની ઓળખ નહિ થયાથી થનારી મિથ્યાભ્રાંતિ

અહો! આ મૃગજળવત્ મિથ્યા સંસારરૂપી અનંત આકાશમાં અને તેમાં પણ આ બ્રહ્માંડરૂપી તેની એક ગુહારૂપ દિશામાં ઘણા લાંબા સમય સુધી હું આપનું આત્મસ્વરૂપ નહિ ઓળખતાં તથા આપ હંમેશાં મારી પાસે હોવા છતાં પણ ભ્રમમાંને ભ્રમમાં ભટકતો જ રહ્યો પરંતુ આપની કૃપાથી આત્મસ્વરૂપને ઓળખ્યા પછી હવે હું તદ્દન નિઃસંશય રીતે કહું છું કે આ દૃશ્યાદિ જગતની ભ્રાંતિ તો કાંઈ છે જ નહિ. તે સાવ મિથ્યા છે. તે પૂર્વે કદી હતી જ નહિ, હાલમાં પણ નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. આ સર્વ શાંત, નિરાલંબ, કેવળ એક આત્માથી અભિન્ન એવું અનિર્વચનીય તત્ત્વ જ છે. તે કેવળ વિજ્ઞાનરૂપ છે, ચૈતન્યઘન છે, નિર્વિકલ્પ અને રાગદ્વેષાદિથી રહિત છે. અહોહો! આશ્ચર્યની વાત છે કે, જો વાસ્તવિક રીતે પોતાનું સ્વસ્વરૂપ ઓળખવામાં આવે તો આ સર્વ પરમ એવા આકાશરૂપ જ છે, છતાં તે જાણે કેમ સંસારને રૂપે થઈ રહ્યું ન હોય તેવું જણાય છે. આ પ્રમાણે આ મિથ્યા દ્વૈતનું ભાન ખરું થઈ જવા પામે છે. આ તમામ લોકો, પર્વતો, નદીઓ, હાથી, ઘોડા, હથિયારો, હું, તું, તે, આ વગેરે સર્વ વસ્તુતઃ તો સ્વચ્છ, નિર્મળ અને તદ્દન શુદ્ધ એવા એક આત્મસ્વરૂપ છે, છતાં જાણે તે મલિન ન થયું હોય તેમ દૃશ્યાદિરૂપ બેપણાના ભાવો વડે મૃગજળની જેમ મિથ્યા ભાસી રહ્યું છે. આ સૃષ્ટ આદિમાં, પરલોકાદિમાં, સ્વપ્ન તથા કલ્પના આદિમાં આત્મા જ જાણે તેવા તેવા પ્રકારે થયો ન હોય તેમ દૃશ્યના જેવો ભાસે છે; કેમ કે જ્યાં બીજું કાંઈ છે જ નહિ તો પછી બે રૂપે ભાસનારો તથા તેને જાણનારો તેના વિના બીજો કોણ હોય? તેથી વાસ્તવમાં તો આ દૃશ્ય, દ્રષ્ટા, સૃષ્ટિ, જગત, ચિદાભાસ, (જીવ), જાગ્રત, સ્વપ્ન તેમાં ભાસતાં અનેકવિધ દૃશ્યો કિંવા પદાર્થો, સુષુપ્તિ તેમ જ તે સર્વને જાણનારો સાક્ષી વગેરે જે કાંઈ અનિર્વચનીય હોવા છતાં માયારૂપે વચનીય હોય એમ પ્રતીતિમાં આવે છે, તે સર્વ સાવ મિથ્યા જ છે. હે કેશવ! આ ભ્રાંતિ કરીને કાંઈક છે એવો સંભવ પણ ક્યાંથી હોય અને આ પ્રમાણે તે ભ્રાંતિરૂપ છે, એવી રીતે કલ્પી લઈ તેના કારણનો વિચાર કરવો તે પણ અયુક્ત અને ખાલી માથાફોડ કર્યા સમાન છે, કેમ કે ભ્રાંતિનો અભાવ જ માત્ર અનુભવમાં આવે છે. પ્રકાશમાં જેમ અંધકાર કિંવા તેના કારણાદિનો વિચાર પણ કદી સંભવે નહિ તેમ નિર્વિકાર એવા આત્મપદમાં ભ્રાંતિ તે વળી શું હશે? ક્યાં હશે? કેવી હશે? એવો વિચાર, કિંવા ભ્રાંતિ કરીને કાંઈક હશે એવું જ્ઞાન પણ કોને અને શી રીતે સંભવે? આથી આ ભ્રાંતિરૂપ કાંઈ ભાસે છે કિંવા તેનું જે કાંઈ જ્ઞાન થાય છે તે પણ તમામ બ્રહ્મરૂપ જ છે, તેનાથી જુદું કાંઈ છે જ નહિ. એકરસ, નિર્વિકલ્પ અને નિર્વિકાર એવા આત્મસ્વરૂપની અંદર જ્યાં બીજી કોઈ વસ્તુ જ નથી, તો પછી અભેદ અને ભેદની કલ્પના કરનાર પણ ક્યાંથી હોય?

ભ્રાંતિની સત્તા કેવી હશે ?

ભ્રાંતિ વડે ભાસમાન થનારો આ બે પણાનો અનુભવ સ્વપ્નની અંદર થયેલા પોતાના મરણની જેમ તદ્દન મિથ્યા છે. આ જે અજ્ઞાન કિંવા ભ્રાંતિ કરીને કાંઈક કહેવાય છે તે તો તત્ત્વજ્ઞાન વડે તુરત જ શમી જાય છે. આ જગતરૂપ ભ્રાંતિ જાગ્રદાવસ્થામાં, જો કે પ્રત્યક્ષ દેખાય છે છતાં તે તો મૃગજળવત્ હોઈ નાના બાળકને ભૂતની કિંવા આત્માની દેખાતી ભ્રાંતિની જેમ સાવ મિથ્યા જ છે, તે યથાર્થ નથી; કેમ કે અવિચાર વડે જ દૃઢ થયેલી હોવાથી તે વિચાર વડે એકદમ શમી જાય છે. અપર અને પર એ બંને સ્વરૂપો પણ એક જ છે. અર્થાત્ દ્વૈતાદિ તમામ ભાવો તેના સાક્ષી સહ અભેદ એવા એક આત્મસ્વરૂપ જ છે. એ પ્રકારના દૃઢ નિશ્ચય વડે જ્યારે હું ભાવનો વિલય કરી તેનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવામાં આવે છે ત્યારે તેના હૃદયની તમામ ગ્રંથિઓનું તત્કાળ ભેદન થઈને તે તદ્દન નિઃશંક બની જાય છે (મુંડક ઉપ૦ ૨/૨/૮). હે મહાત્મન્! આ રીતે બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી તો આ ભ્રાંતિ કરીને કાંઈક હતું અને તે ક્યાંથી ઉત્પન્ન થયું હતું ઇત્યાદિ પ્રશ્નો પણ અહિં ઘટી શકતા નથી કેમ કે મૃગજળથી આપણી તૃષા કેમ શાંત થઈ નહિ તેના કારણનો ગમે તેટલો વિચાર કરવામાં આવે તો પણ તેનો શો અર્થ ? તેમ મિથ્યા વસ્તુનો તો વળી વિચાર કેવો અને વિચાર કરવાવાળું કોઈક છે, એમ માનનારો તે વળી કોણ હશે ? તાત્પર્ય એ કે, સત્ય વસ્તુનો વિચાર કરવાથી લાભ છે પરંતુ મિથ્યા વસ્તુનો વિચાર કરવાથી શો લાભ ? આ ભ્રાંતિરૂપ જગદાદિનું મૂળ જે અજ્ઞાન છે તે પ્રમાણિક વિચાર વડે જોતાં ક્યાંયે જડતું નથી; અર્થાત્ તે મિથ્યા હોવાથી તેનો અનુભવ થાય છે એમ કહેવું એ તો વળી એક મહાભ્રમ કહેવાય. આપે કહેલા સર્વ શ્રુતિ આદિ પ્રમાણોનો સારી રીતે વિચાર કરીને અનુભવ વડે છેવટે મને એ જ જણાયું કે પરિચ્છિન્ન (મર્યાદાવાળી) એવી દૃશ્ય નામની કંઈ વસ્તુ છે જ નહિ. આત્મામાં તેવી વસ્તુ તો પ્રકાશમાં અંધકારની જેમ કિંવા આકાશનાં પુષ્પો અથવા સસલાનાં શિંગડાંની જેમ કદાપિ હોતી જ નથી. તે સાવ મિથ્યા છે. તો તેવી મિથ્યા વસ્તુ ગમે તેટલા વિચારો કરવા છતાં પણ શી રીતે મળે ? જેમ વાંઝણીને કદી પુત્ર હોતો જ નથી તથા પુત્ર હોય તો તે વાંઝણી કહી શકાય જ નહિ તેમ આ દૃશ્ય પ્રપંચ વાંઝણીના પુત્ર જેવો સાવ મિથ્યા છે કિંવા જો હોય તો તે આત્માથી અભિન્ન છે. આમ દૃશ્ય પ્રપંચ કોઈ પણ પ્રમાણ વડે સિદ્ધ થતો નથી તો પછી તેવી મિથ્યા વસ્તુની તો વળી સત્તા કેવી રીતે સંભવે ? માટે કોઈ પણ દેશકાળમાં કશી પણ ભ્રાંતિ સંભવતી જ નથી. આ સર્વ આવરણ વિક્ષેપાદિથી રહિત, વિજ્ઞાનઘન એવું એક આત્મરૂપ જ સર્વત્ર પ્રસરી રહેલું છે.

પ્રતીતિ કિંવા અપ્રતીતિ બંને નથી

જે કાંઈ જગતની અંદર આ બધી દૃશ્યજાળ ભાસે છે, પ્રથમ ભાસતી હતી અને ભવિષ્યમાં ભાસશે. તે સર્વ બ્રહ્મ જ છે અને તેમ કહેનારો તેનો સાક્ષી પણ તદ્રૂપ જ છે. એ બ્રહ્મ નિરતિશય આનંદ વડે પરિપૂર્ણ એવા સ્વસ્વરૂપમાં જ પૂર્ણપણે રહેલું છે. વાસ્તવિક બ્રહ્મ સિવાય અહીં કોઈ કાળે કે સ્થળે બીજું કાંઈ પ્રતીતિમાં આવતું જ નથી તેમ તેની સાવ અપ્રતીતિ છે એમ પણ નથી; તે તો તદ્દન અનિર્વચનીય છે એટલે આ છે, નથી કે તેવું કહેનારો તેનો સાક્ષી ઇત્યાદિ કોઈ ભાવોનો તેમાં વિકાર નહિ હોવાથી છે કિંવા નથી એવો નિર્ણય કોણ અને શી રીતે કરી શકે ? તસ્માત્ તે અનિર્વચનીય છે, એવા પ્રકારનું સુષુપ્ત મૌન જ તેને માટે બસ છે. આ સ્વચ્છ એવું શાંત આત્મસ્વરૂપ આ રીતે વિવર્તરૂપે જગતને આકારે થઈ રહેલું ભાસે છે. જરામરણાદિ વિકારોથી રહિત, કોઈથી કદી પણ હરી ન શકાય એવું અવિકારી, આનંદમય, શુદ્ધ, અદ્વિતીય છતાં ભ્રમ વડે અનેક પ્રકારે પ્રતીતિમાં આવતું, વિદ્વાનોએ અનુભવેલું, સર્વવ્યાપી અને પૂર્ણ એવું સ્વસ્વરૂપ જ અહંકારનો વિલય કરીને અવશેષ રહેનારા આત્મસ્વરૂપના બોધને લીધે સર્વત્ર પ્રસરી રહેલું છે.

આપનું પરમ સ્વરૂપ જ બધે ભાસે છે

આદિ, મધ્ય અને અંતથી રહિત એવા જે પરમપદને દેવતાઓ અને મહર્ષિઓ પણ જાણી શકતા નથી તે પરમતત્ત્વરૂપ એવું આપનું સ્વરૂપ જ આ દૃશ્યાદિના વિવર્તરૂપે ભાસી રહ્યું છે; બાકી વસ્તુતઃ તો જગત પણ ક્યાં છે અને દૃશ્ય પણ ક્યાં છે? દ્વૈત, અદ્વૈતના અનુસંધાનમાં મનની અંદર જે ભેદ ઉત્પન્ન થયા કરે અને તે વડે વાણીના જે વ્યવહારો, સંદેહો અને સંભ્રમો થાય તે સાથે નિર્વિકારી એવા મારો શો સંબંધ હોય? આત્મસ્વરૂપ એવા મારો તેની સાથે કિંચિન્માત્ર પણ સંબંધ નથી. મને તો ભાસે છે કે આ સર્વ શાંત, નિર્મળ, શુદ્ધ, સર્વના આદિરૂપ અને નિર્વિકાર એવું આપનું બ્રહ્મરૂપ હોઈ તે જ મારું સ્વરૂપ છે. જેમ તરંગોનો ભેદ જળની અંદર ગલિત થઈ જાય છે તેમ જડ જેવો દેખાવા છતાં જડભાવથી રહિત એવો તત્ત્વજ્ઞ જીવન્મુક્ત, વ્યવહારવાળો દેખાવા છતાં પણ તેના ભેદનો ભ્રમ જળતરંગ જેવો જ જાણવો તે બીજાઓની દૃષ્ટિએ દેખાવા પૂરતો જ છે, તેની પોતાની દૃષ્ટિએ નથી. બાલ્યાભાવમાં, કાર્યોમાં, જરા, મરણ અને જન્મમાં જ્યાં સુધી પ્રારબ્ધનો વેગ રહે છે, ત્યાંસુધી તત્ત્વજ્ઞ એવો જીવન્મુક્ત પુરુષ વ્યવહારના વિક્ષેપમાં રહેલો હોય એમ લોકદૃષ્ટિએ દેખાય છે છતાં તેનાથી લિપ્ત હોતો નથી; વસ્તુતઃ તો અહીં અવિદ્યા પણ નથી. ભ્રાંતિ પણ નથી, સુખનો ઉદય કિંવા દુઃખ પણ નથી. વિદ્યા, અવિદ્યા, સુખદુઃખ, એ સર્વ નિર્મળ એવું આત્મસ્વરૂપ જ છે. આમ મને આ દૃશ્યનું સાચું સ્વરૂપ ઓળખવામાં આવ્યું છે. નિર્મળ એવું બ્રહ્મરૂપ જ નિર્મળ એવા બ્રહ્મરૂપે જ આ સઘળા દૃશ્ય વિસ્તારવાળું ભાસે છે એટલે તે સર્વ પણ નિર્મળ એવા બ્રહ્મરૂપ જ છે, આ રીતે તત્ત્વદૃષ્ટિએ જાણી નહિ શકાય, વર્ણવી નહિ શકાય, એવી એક સ્વસ્વરૂપ સિવાય બીજી કોઈ વસ્તુ છે જ નહિ. આમ હું કે જે અજ્ઞાન હતો તે હું હવે પ્રબુદ્ધ થઈ ગયો છે. આત્મરૂપ બનેલા "હું" નું "છું" પણું પણ મટી ગયું હોઈ તેને હવે "છે" પણું પ્રાપ્ત થયું છે, "છું" "છે" સંબંધમાં મારી સર્વ પ્રકારની અજ્ઞાનદૃષ્ટિ શાંત થઈ ગઈ છે. તેથી છે રૂપ બનેલો હું હવે આ સર્વ દૃષ્ટિને શાંત અને સર્વત્ર સમાનતાથી રહેલા ચૈતન્યરૂપે જ દેખે છે. આમ આપનું સ્વસ્વરૂપ સારી રીતે ઓળખવામાં આવે તો આ સર્વ એક બ્રહ્મરૂપ છે. પ્રથમ હું જ્યારે મારું સ્વરૂપ ઓળખતો ન હતો ત્યારે પણ વસ્તુતઃ તો હું બ્રહ્મરૂપ જ હતો છતાં બ્રહ્મરૂપ એવા એ હું ને જ હું અર્જુન છું અને આ બધા મારા સ્વજનો છે, હું મરું છું, જન્મું છું, મારું છું ઇત્યાદિ વિકારભાવના વડે ઓળખતો હતો, તેથી આત્મસ્વરૂપ એવો તે હું જ જાણે ખરેખર અજ્ઞાની બની ગયો ન હોય તેવી રીતે અનુભવમાં આવતો હતો પરંતુ હવે આત્મજ્ઞાન વડે જાગૃત થતાંની સાથે જ જેમ સ્વપ્નનો બાધ થઈ જાય છે, તેમ આ હું રૂપ મિથ્યા દેહાધ્યાસ કિંવા દેહાભિમાન કોણ જાણે ક્યાં અલોપ થઈ ગયું તેનો પત્તો નથી. હવે હું આત્મસ્વરૂપની ઓળખાણને લીધે, તેમાં જ સ્થિતિ કરી રહ્યો છે. જેમ આકાશ છે એમ કહેવું એ આકાશની દૃષ્ટિએ મિથ્યા આરોપ છે તેમ જ પાણીમાં તરંગપણું, મૃગજળમાં જળપણું કિંવા સ્વપ્નમાં દૃશ્યપણું, ફક્ત નામ માત્ર જ છે પણ વાસ્તવિક નથી તેમ આત્મામાં આ દૃશ્યાદિ સર્વ દૃશ્યજાળ, નામ માત્ર હોઈ સાવ મિથ્યા છે. જેવી રીતે આકાશ શ્યામતા, શૂન્યતા, અને એકતાના અધિષ્ઠાનરૂપ છે તેમ નિર્વિકાર અને આભાસથી રહિત એવું બ્રહ્મ જ જ્ઞાન, અજ્ઞાન અને તેનો સાક્ષી ઇત્યાદિ સર્વ વસ્તુરૂપ છે.

આપનું આત્મસ્વરૂપ મને સમજાયું

હે પ્રભો! આપની કૃપા વડે હવે હું પૂર્ણપણે જ્ઞાનસ્વરૂપમાં સ્થિત થયો છું. સત્યજ્ઞાનને લીધે નિર્વાણરૂપને પામ્યો છું, નિઃશંક થઈ રહ્યો છું, નિષ્કામ થયો છું, ચિત્તમાં નિર્વિક્ષેપ એવા આત્મસ્વરૂપ પ્રવાહની એક ધારાને જ ધારણ કરી રહ્યો છું અને નિરંતર યથાસ્થિત એવા આત્મસ્વરૂપમાં જ વિશ્રાંતિ કરી રહ્યો છું. આ રીતના પ્રબોધને પ્રાપ્ત થયેલો હું સર્વના આત્મરૂપ એવા આપના સ્વસ્વરૂપમાં જ સ્થિતિ નહિ રાખું તો પછી તેને માટે બીજું સ્થાન ક્યાં છે? અર્થાત્ હું ને આત્મસ્વરૂપ વગર બીજું કોઈ સ્થાન છે જ નહિ. હું જ સર્વદા અનંત એવી વસ્તુરૂપ છે અથવા કશારૂપ પણ નથી પરંતુ અત્યંત શાંત છે. આ

સપણું કાંઈ છે જ નહિ. કેવળ સદ્રૂપ એવો એક હું જ છે કિંવા દેશકાળાદિનું પણ જ્યાં અસ્તિત્વ નહિ હોવાને લીધે હું ક્યાંયે પણ નથી. અહોહો ! આ કેવી આશ્ચર્યજનક શાંતિ છે, જે કાંઈ જાણવા યોગ્ય હતું તે સર્વ મેં આપની કૃપા વડે જાણ્યું છે અને અવિવેકીઓને દુષ્પ્રાપ્ય એવું મોક્ષસુખ પણ મને પ્રાપ્ત થયું છે. આ સમસ્ત વસ્તુઓનો સમૂહ મારી દૃષ્ટિમાં હવે બિલકુલ છે જ નહિ. સાક્ષાત્કાર વડે પ્રબોધને ઉત્થાન કરનારું અંતિમ એવું આપનું આત્મસ્વરૂપ હવે મને સારી રીતે ઓળખાયું છે, તેમાં આ જન્મમરણાદિ સુખદુઃખોનું નામનિશાન પણ નથી. તેવા અનિર્વચનીય સ્વરૂપમાં જ હવે હું સ્થિત થયો છે.

આ દેહની ઇન્દ્રિયો ભલે કર્મમાં પ્રવૃત્ત થાય

ભગવાન્ ! મારે હવે અપ્રાપ્ત શું છે ? અને હોય તો તે આત્મસ્વરૂપ વિના બીજે કોઈ સ્થળે હોઈ શકે ખરું કે ? અરે, સ્થાન કાળની પણ જેમાં કલ્પના નથી એવા આત્મસ્વરૂપમાં તદ્વ્યતિરિક્ત કોઈ વસ્તુ હોવાનો સંભવ પણ કેવી રીતે હોઈ શકે ? અરે, પ્રથમ તો મારા ચૈતન્યમય આત્મસ્વરૂપમાં અહંરૂપ ક્રિયા જ કેવી રીતે સંભવે ? જેમ સ્વપ્ન તદ્દન મિથ્યા છે, તેમ આત્મદૃષ્ટિએ આ દેહ, ઇંદ્રિયો અને મન તથા તેનો સર્વ વ્યાપાર પણ સાવ મિથ્યા જ છે અને હું તો અખંડૈકરસ આત્મસ્વરૂપ હોવાથી જો કાંઈ હશે તો તે સર્વ પણ આત્મસ્વરૂપ એવા મારાથી અભિન્ન છે. ચિદાનંદ વડે ભરપૂર અને ગગન કરતાં પણ પૂર્ણ, આત્મસ્વરૂપ એવા મારું શુભ કિંવા અશુભ કરે એવું તે વળી શું હોઈ શકે ? અને તે હોય જ ક્યાંથી ? વળી મારા સામર્થ્ય ઉપર જ આ કરોડો ભાસો ભાસમાન થતા હોવાને લીધે તેમાં કોઈ આભાસાત્મક ક્રિયા ભાસમાન થાય તો પણ શું અને તે ન થાય તો પણ શું ? મને તો આમ કર્તવ્ય અને અકર્તવ્ય, એ બંનેનો તલમાત્ર પણ સ્પર્શ નથી. ત્યારે હું મુદ્દ નહિ કરું એવા દુરાગ્રહનું શું પ્રયોજન છે ? સત્ય અને પરિપૂર્ણ સ્વભાવનો હું સમાધિમાં કે વ્યુત્થાનમાં ક્રિયા અને અક્રિયા બંનેમાં આનંદ વડે ભરેલો છે. જાગ્રત થયા પછી સ્વપ્નમાં ચાલતી ક્રિયાઓ મિથ્યા છે, માટે તેને શોધી કાઢીને તેનો નાશ કરવા કિંવા સ્વપ્નમાંના પોતાના શરીર વડે હજુ પણ ક્રિયાઓ કોઈ સ્થળે થતી હશે એમ સમજીને કોઈ તેને ખોળી કાઢી બંધ કરાવવા પ્રયત્ન કરે છે ખરા કે ? તો પછી મારી દૃષ્ટિએ આત્મરૂપ પરંતુ અજ્ઞાની લોકોની દૃષ્ટિએ અર્જુન, તેનો દેહ, ઇંદ્રિયો વગેરે કાંઈ હોય તો તે અર્જુન, તેનો દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ ઇત્યાદિ જે જે કોઈ સ્વાભાવિક રીતે પ્રકૃતિસ્વભાવને અનુસરી જે જે કર્મમાં પ્રવૃત્ત થતાં હોય યા નિવૃત્ત થતાં હોય તો તેમ ભલે થાઓ. તેમની એ પ્રવૃત્તિ કિંવા નિવૃત્તિ વડે મારા અસંગ એવા આત્મસ્વરૂપને શો લાભ અથવા હાનિ થવાની છે ?

करिष्ये वचनं तव

હે પ્રભો ! આ પ્રમાણે હું સ્વસ્વરૂપના અનુસંધાનને પ્રાપ્ત થયેલો હોવાથી હંમેશાં સ્વસ્થ, શાંત અને પરમાનંદનો મહાસાગર બની ગયો છું. મારા સ્વયંપ્રકાશનો અસ્ત કદાપિ થતો નથી. હું અત્યંત પરિપૂર્ણ અને સર્વ સંગથી રહિત એવા તમારા આત્મસ્વરૂપની સાથે તદ્દન તદાકાર બની ગયો છે. હવે મને આ સર્વભૂતો પોતાના આત્મરૂપ હોવાનો અનુભવ થાય છે એટલે શોક કે મોહ રહેવાનું પ્રયોજન ક્યાંથી હોય ? (ઈશ૦ ઉપ૦ ૭ તથા છાં૦ ઉપ૦ ૭/૧/૩ જુઓ). હે ભગવન્ શ્રીકૃષ્ણ ! આપની કૃપાથી મારી બુદ્ધિ હવે કૃતકૃત્ય થયેલી છે, હું એ નિર્વાણપદને પ્રાપ્ત થઈ ચૂક્યો છે, મારા સર્વ સંશયો છેદાઈ ગયા છે, હું હવે નિઃશંક થઈ ચૂક્યો છે, મને હવે કોઈ પ્રકારની આકાંક્ષા નથી. જે કહેવાનું હતું તે સર્વ આપે કહ્યું છે અને જે જાણવાનું હતું તે સર્વ મેં જાણી લીધું છે. કૃતકૃત્ય થયેલી આપની વાણી હવે સુખેથી વિશ્રાંતિને પ્રાપ્ત થાઓ. જ્ઞેય વસ્તુ પ્રાપ્ત કરવાને માટે જે જાણવાનું હતું તે સર્વ જાણી લઈ મને હવે તેનો સાક્ષાત્કાર થયો છે. મારા દ્વૈતભાવનો સંપૂર્ણપણે નાશ થઈ ગયો છે. દૃશ્યના ભેદનું મારું બધું ભાન હવે તદ્દન ગલિત થઈ ગયું છે. આ મુજબ હે પ્રભો ! આપની કૃપાથી મને મારા સ્વરૂપની સ્મૃતિ પ્રાપ્ત થયેલી છે. મોહ નષ્ટ થયો છે. હું હવે તદ્દન સંશય રહિત એવી સ્થિતિમાં નિશ્ચલ થઈ રહ્યો છે; માટે આપની આજ્ઞા પ્રમાણે હવે હું કરીશ,

સઞ્જય ઉવાચ—

ઇત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।

સંવાદમિમમશ્રૌષમદ્ભુતં રોમહર્ષણમ્ ॥ ૭૪ ॥

આ કૃષ્ણાર્જુનસંવાદ હું સાંભળતો હતો

સંજય કહે છે : હે રાજા ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે મહાત્મા વાસુદેવ અને પાર્થના આ રુંવાડાંઓ ઉભાં કરે એવા અદ્‌ભુત સંવાદને હું સાંભળતો હતો, એટલે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને થયેલો મોહ નષ્ટ કરવાને માટે આ અતિ રહસ્યપૂર્ણ અને અત્યંત ગુહ્યમાં ગુહ્ય એવું જે પરમ રહસ્ય યુદ્ધભૂમિ ઉપર કહ્યું તે સર્વ અથથી ઇતિ સુધી હું સાંભળતો હતો.

વ્યાસપ્રસાદાચ્છ્રુતવાનેતદ્ગુહ્યમહં પરમ્ ।

યોગં યોગેશ્વરાત્કૃષ્ણાત્સાક્ષાત્કથયતઃ સ્વયમ્ ॥ ૭૫ ॥

મેં યોગેશ્વરના મુખેથી સાંભળેલો સંવાદ

હે રાજા! આ પરમ ગુહ્ય યોગને વ્યાસની કૃપાથી હું, યોગેશ્વર શ્રીકૃષ્ણ કહેતા હતા તે સાક્ષાત્ સાંભળતો હતો. સારાંશ એ કે, મારા સદ્‌ગુરુ મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન શ્રીમદ્ વેદવ્યાસાચાર્યની કૃપા વડે એટલે તેમણે આપેલી દિવ્યદૃષ્ટિ વડે, આ સંવાદ યોગેશ્વર શ્રીકૃષ્ણના મુખેથી મેં પ્રત્યક્ષ સાંભળ્યો છે. જ્યારે તેમણે તને આ યુદ્ધની શરૂઆત થતાં પૂર્વે તારી આ યુદ્ધ જોવાની ઇચ્છા હશે તો "હું તને દૃષ્ટિ આપું" એમ કહ્યું હતું ત્યારે તેં કહ્યું કે, "મેં આખો જન્મારો અંધાપામાં વિતાવ્યો છે, મારે મારા કુળનો સંહાર જોવાની મારી ઇચ્છા નથી, પરંતુ મને યુદ્ધની અથથી ઇતિ સુધી તમામ હકીકત બેઠા બેઠા જ અત્રે જાણવા મળે એવી વ્યવસ્થા કરી આપો;" એવા પ્રકારની તારી વિનંતિ ઉપરથી તે મહર્ષિ પરાશરના પુત્ર અને મારા પિતૃતુલ્ય અને સદ્‌ગુરુએ મને દિવ્યદૃષ્ટિ અર્પણ કરી, તેમની કૃપાથી જ મને ઉત્તમબુદ્ધિ, વિજ્ઞાનદૃષ્ટિ, બેઠેલી બેઠકે જ ગમે તેટલા દૂરનું શ્રવણ કરવાની શક્તિ, બીજાના મનમાં શું ચાલી રહ્યું છે તેનું જ્ઞાન; ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન; પાછળનું જે ભૂલી જવાયું હોય તે સર્વનું સ્મરણજ્ઞાન, આકાશનાં ગમન કરવાની ગતિ અને યુદ્ધભૂમિમાં યુદ્ધ ચાલતી વખતે પણ હું ગમે ત્યાં જાઉં તો મને કોઈપણ શસ્ત્ર જરા પણ કદી સ્પર્શ કરી શકે નહિ એવી રીતની યુદ્ધમાં શસ્ત્રની અસંગતાની પ્રાપ્તિ ઇત્યાદિ સિદ્ધિ પ્રાપ્ત થવાનું વરદાન મળેલું છે, તે તું તો સારી રીતે જાણે છે. અરે! સદ્‌ગુરુકૃપા શું ન કરી શકે? તેનું તમે આ પ્રત્યક્ષ પ્રમાણ જુઓ. મારા જેવો મૂઢ ક્યાં અને સદ્‌ગુરુની કૃપા ક્યાં? તે શું ન કરી શકે? ઈશ્વર લલાટમાં લખેલું પોતે પણ ભૂંસી શકતો નથી, તો ઇતરની તો વાત ક્યાં રહી? છતાં પણ જો મન અને વાણી વડે, અગમ્ય તથા અતર્ક્ય, અખંડ બ્રહ્મરૂપ, આત્મચૈતન્યના વક્તા શ્રીકૃષ્ણ ભગવાન જેવા સદ્‌ગુરુ મળવા એ ક્યાંથી સંભવે? તેમ જ અર્જુન જેવો બુદ્ધિશાળી, બોધ ગ્રહણ કરવાની યોગ્યતાવાળો કુશળ શિષ્ય પણ ક્યાંથી સંભવે? અને આ બંનેનો અદ્‌ભુત સંવાદરૂપ યોગ મારા જેવા પામરને ક્યાંથી જાણવા મળે? પરંતુ ગુરુકૃપા અગમ્ય છે. પણ હે ધૃતરાષ્ટ્ર! આ ત્રૈલોક્યમંડળમાં પ્રથમતઃ બ્રહ્મનિષ્ઠ એવા સદ્‌ગુરુ જ ક્યાં છે? કદાચ કોઈ દૈવયોગે મળી આવે તો તેને પારખવાની અમારી શક્તિ પણ ક્યાંથી હોય?

ગુરુ કે જાદુગરો?

હે રાજા! જગતમાં આજકાલ ગુરુઓ નામે પ્રસિદ્ધિ પામેલા એવા ઘણાઓ છે; (૧) કરામત કરી મનરંજન કરાવનારા પણ પોતાને ગુરુ કહેવરાવે છે, (૨) સભામાં નજરબંધી કરી બધાને આશ્ચર્યચકિત

કરનારા, (૩) જંતરમંતરવાળા, (૪) નાના પ્રકારના ચમત્કારો અને કૌતુકો કરી બતાવવાવાળા, (૫) ગારુડી વિદ્યાવાળા, (૬) ઔષધિ દવાદારૂ કરનારા, (૭) ધાતુ (સોનું) બનાવવાની રસાયન વિદ્યાવાળા, (૮) ફક્ત નજર નાખતાં જ ઇષ્ટ વસ્તુની જાણે પ્રાપ્તિ થતી ન હોય એવો ચમત્કાર કરી લોકોને આશ્ચર્યચકિત કરવાના ઉપાયો કહેનારા, (૯) હાથમાંથી કંકુ, બંગડી, શ્રીફળ ફળો, સાકર વગેરેને જાણે અદૃશ્યમાંથી લાવીને એકદમ વરસાદની પેઠે ખડાં કરી દેનારા, (૧૦) માટી, રેતીની સાકર અથવા પાણીનું દૂધ કરી બતાવનારા, (૧૧) એકાએક અદૃશ્ય બની જવાની ક્રિયાવાળા, (૧૨) પ્રેતવિદ્યા સાધ્ય કરેલા, (૧૩) સાચી જ હોય તેવી રામકૃષ્ણાદિ દેવતાની મૂર્તિનું દર્શન કરાવનારા, (૧૪) કર્ણપિશાચી, ભૂત ભવિષ્ય કહેનારા (૧૫) પેંડા, બરફી, હલવો, હાર, અત્તર, ગુલાલ, કુલો વગેરેને અદૃશ્યમાંથી એકદમ ખડાં કરી દે તેવી મલિન વિદ્યાવાળા, (૧૬) સાહિત્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર ભણાવવાવાળા તથા તેનાં શાસ્ત્રો વાંચીને સમજાવનારા અને તે ઉપર ગુજરાન ચલાવવાવાળા, (૧૭) લોકોને શ્રુતિ સ્મૃતિ, પુરાણાદિ શાસ્ત્રોના અર્થો વગેરે કહેવાને બહાને તેનો વિક્રય કરી તે વડે પેટ ભરનારા (શાસ્ત્રવિક્રયી), (૧૮) નૃત્યવિદ્યા વગેરે કળાઓ ભણાવવાવાળા, (૧૯) શાળાની અંદર ભણાવવાવાળા, (૨૦) પંચાક્ષરી, (૨૧) અનેક પ્રકારના વ્યાપાર ભણાવવાવાળા, (૨૨) પેટ ભરવાની કળા ભણાવનારા અને (૨૩) જગતનું કલ્યાણ કરવાને બહાને કૂડકપટ અને ફંફાળા એકઠા કરનારા; ઇત્યાદિ અનેક પ્રકારના ગુરુઓ કહેવાય છે, પરંતુ તે બધા ગુરુઓ નથી પણ સ્વાર્થીઓ અને જગતને ધુતનારા ધુતારાઓ કિંવા જાદુગરો સમજવા.

સદ્‌ગુરુ તો તે બધાથી જુદા જ છે

હે રાજન્! માતા, પિતા પણ ગુરુ જ છે, પરંતુ તે અજ્ઞાનનો નાશ કરી ભવસાગરમાંથી પાર ઉતારી શકતાં નથી. જનોઈ વખતે ગાયત્રી મંત્રનો ઉપદેશ કરે છે તે પણ ગુરુ જ છે. આ સિવાય કોઈ કુલગુરુ, ધર્મગુરુ, જગદ્‌ગુરુ, રાજગુરુ, મંત્રગુરુ, તંત્રગુરુ, યંત્રગુરુ, મીઠું મીઠું બોલી પોતાનો સ્વાર્થ સાધી લેનાર ઉસ્તાદ ગુરુ, વિદ્યાગુરુ, કુવિદ્યાગુરુ, પોતપોતાના મન વડે માની લીધેલા હોય તેવા ગુરુઓ, પાપમાર્ગે લઈ જનારાવાળા અસત્ ગુરુ, પોતે ગુપ્ત રહી શક્તિસંચારને નામે શિષ્યોને પોતે કિંવા પોતાના તરફથી અન્ય કોઈની મારફતે શક્તિ મોકલાવે છે માટે શિષ્યોએ તો ફક્ત તેની રાહ જોતાં બેસી રહેવું અથવા તો રોજ શક્તિ આવે છે એમ માની લેવું, આ સિવાય બીજું કાંઈ પણ નહિ કરવું; એ રીતે તેમને પુરુષાર્થહીન અને યાચક વૃત્તિના બનાવવાવાળા ગુરુ, સર્વ કળાઓમાં પ્રવીણ ગુરુ, સ્વપ્નમાં દર્શન થયા તે ગુરુ, દિક્ષાગુરુ, પ્રતિમાગુરુ, રાજકીય શિક્ષણ આપનારા ગુરુ, દેશગુરુ, દ્રોહ કરાવવાની કળાવાળા દ્રોહગુરુ, અંધાનુકરણીયગુરુ, જગતમાં જેમનો જે જે વ્યવસાય હોય તે તે માનેલા ગુરુઓ; આ રીતે ગુરુઓની સંખ્યાઓનો તો જગતમાં પાર જ નથી, પરંતુ આ બધા ગુરુઓ નકામા છે. આવા ગુરુઓ ત્રાંબિયાના ત્રણ મળે તો પણ તે નકામા છે; કેમ કે બહારથી પોતાને ગુરુ કહેવરાવનારા પરંતુ અંદરખાને અનેક વિષયોની લાલસાવાળા સ્વાર્થસાધુઓ સાચા ગુરુઓ નથી પરંતુ ભિખારી છે. જે જ્ઞાનબોધ વડે અવિદ્યાનો ઉચ્છેદ કરી ઇન્દ્રિય જય કરાવી શકતો નથી, જે શિષ્યો પાસેથી દ્રવ્ય લઈને તેનો જ અંકિત(દાસ) બની જાય છે એટલે દ્રવ્ય આપનાર શિષ્યોનો જે અંકિત(દાસ) બને છે, તેઓના મનને સારું લાગે તેમ વર્તે છે, શિષ્યોની હાજી હા જ કર્યે જાય છે; તેમને ઠીક લાગે તે જ કહેનારો હોઈ જે આશાઓનો ગુલામ છે, જે નિઃસ્પૃહ નથી, સાચી વાત બતાવી શકતો નથી, નિર્ભિડ નથી, તેવો ગુરુ તો અત્યંત અધમ અને ઠગ કહેવાય. માટે દુરાચારી, ભીડખાઉ (જે શિષ્યની ભીડને લીધે સાચી વાત શિષ્યને કહી તેના દુર્ગુણો હઠાવી નહિ શકે તેવો) ગુરુ, જેમ (ઘાતકી) ઊંટવૈદ્ય રોગીનો સર્વસ્વ નાશ કરે છે તેમ શિષ્યનો સર્વસ્વઘાત કરનારો સમજવો. તેવા ગુરુઓ ઉપયોગી નથી, સાચો ગુરુ તો આ બધા કરતાં જુદો જ હોય છે.*

*ગુરુ અને શિષ્યનાં લક્ષણો સંબંધમાં શ્રી સમર્થ રામદાસ સ્વામીએ પોતાના દાસબોધમાં વિસ્તૃત વર્ણન કર્યું છે, તથા યોગવસિષ્ઠાદિ અન્ય શાસ્ત્રોમાં પણ વર્ણનો આવે છે તે જિજ્ઞાસુઓએ જોઈ લેવાં.

જીવન્મુક્ત સદ્‌ગુરુનાં લક્ષણો

નિત્યપ્રતિ બ્રહ્મમાં જ તદાકાર થયેલો, સાચા એકનિષ્ઠ ભક્તે તીવ્ર જિજ્ઞાસાથી આત્મા સંબંધી ગમે તેવો કૂટ પ્રશ્ન કર્યો હોય, તો તેનો તત્‌ક્ષણ ઉત્તર આપી તેનું સમાધાન કરી શકે તેવો, અંતરમાં પૂર્ણ આત્મનિષ્ઠામાં જ એકરૂપે રમમાણ થયેલો પરંતુ બહાર તો મનસ્વી રીતે બાલોન્મત્ત પિશાચવત્ વૃત્તિમાં રહેનારો, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સાંખ્ય, યોગ, કર્મ ઇત્યાદિમાં નિપુણ, સર્વ સંદેહ નિઃસંશય કરી શકે તેવો, જે વેદ બાહ્યને કદી સ્પર્શ પણ કરતો નથી, જે વિષયોના પાશમાંથી તદ્દન વિરક્ત બનેલો છે, સંપૂર્ણ રીતે વૈરાગ્યશીલ છે આસક્તિથી તદ્દન રહિત છે અને હંમેશાં આત્મપરાયણ છે, તે જ સદ્‌ગુરુ છે. તીવ્ર જિજ્ઞાસુ શિષ્યને અપરોક્ષાનુભવ કરાવી આપે એવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું શિષ્યોએ સંપૂર્ણપણે શરણ લેવું જોઈએ. હે રાજન્! જીવન્મુક્ત સદ્‌ગુરુના વર્ણનનો તો પાર નથી. અરે! જ્યાં માયા જ નથી તો પછી માયા વડે થતાં આ વર્ણનનો તો સદ્‌ગુરુસ્વરૂપમાં શી રીતે સ્પર્શ થઈ શકે? માટે સદ્‌ગુરુ અગમ્ય, અગોચર અને વાણીથી પર છે એટલું જ ટૂંકમાં સમજ, વળી ભગવાને પણ જીવન્મુક્ત એવા સદ્‌ગુરુનાં લક્ષણો વખતોવખત શ્રી અર્જુનને કહેલાં છે, તે મેં તને કહેલાં જ છે.

સત્ શિષ્યનાં લક્ષણો

હે રાજા ધૃતરાષ્ટ્ર! ઉપર પ્રમાણે ગુણવાળા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય એવા સદ્‌ગુરુ મળે તો જિજ્ઞાસુ શિષ્યે ગમે તેમ કરીને પણ તેમને સેવવા જોઈએ. આવા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુથી મોટા કોઈ દેવ હશે એવી જેના મનમાં લવલેશ પણ શંકા હશે તો તેને કરમકૂટલો, અભાગી, અધમ, નરકનો અધિકારી જાણવો, શિષ્યે પણ વિષય સંબંધમાં પૂર્ણ વૈરાગ્યયુક્ત થવું. જેઓને વિષયો વિષસમાન તદ્દન મિથ્યા લાગે છે, વ્યવહારમાં કિંચિન્માત્ર આસક્તિ નથી, સદ્‌ગુરુમાં જેની પૂર્ણનિષ્ઠા છે, સદ્‌ગુરુના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ છે તેમ જ જે તેમને અનન્યભાવે શરણે ગયેલો છે, નિર્મળ અને પવિત્ર બુદ્ધિવાળો છે, આચારવિચારસંપન્ન છે, અતિ ધીરજવાળો, ઉદાર, પરમાર્થમાં અત્યંત તત્પર, પરોપકારી, નિર્મત્સર, સારાસાર વિવેકી, પરમશુદ્ધ આત્મસ્વરૂપમાં જ સાવધાન રહી અન્ય સર્વ મિથ્યા છે એવા ભાવમાં હંમેશાં તત્પર રહેનારો, બુદ્ધિશાળી, નીતિવંત, સત્ અસત્‌નો નિર્ણય કરનારો, કંટાળ્યા વગર ગુરુએ કહેલો અભ્યાસ કરનારો, કુળવાન, પુણ્યવાન, સાત્ત્વિક, દંભ, માન અને મોહથી રહિત પોતે જ સ્વતંત્ર રીતે આત્મવિચાર કરી શકનારો, ગમે તેવા પ્રસંગમાં પણ ગુરુનિષ્ઠામાં ખંડ ન પડે તેવો, જગત મિથ્યા અને નશ્વર છે એમ સમજનારો, સત્પાત્ર, સદ્‌વિદ્યાવાન, સદ્‌ભાવવાળો, સંસારથી તપ્ત થયેલો, સંસાર સંબંધમાં જેને ખરેખર સંપૂર્ણ રીતે વૈરાગ્ય ઉપજેલો છે, આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક ત્રણે પ્રકારના તાપ વડે જે તપ્ત થયેલો છે અને જે મર્મજ્ઞાની, આત્મપ્રાપ્તિને માટે પોતાનો પુરુષાર્થ જ શ્રેષ્ઠ છે, એવી દૃઢ માન્યતાવાળો; જે દેહાધ્યાસી એવો અવિવેકી નથી તેવા સત્ શિષ્યે સદ્‌ગુરુને સંપૂર્ણ નિષ્ઠા વડે શરણે જવું જોઈએ.

બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુને આત્માર્પણ કરવું જોઈએ

હે રાજા! આ રીતના સદ્‌ગુણસંપન્ન સદ્‌ગુરુ અને સત્ શિષ્યોનો મેળ થયો એટલે પછી શું બાકી રહે? આખું બ્રહ્માંડ પણ તેને એક તણખલા સમાન તુચ્છ છે. ટૂંકમાં એટલું જ કે, આત્મનિષ્ઠ જીવન્મુક્ત સદ્‌ગુરુનો મહિમા અગાધ છે. કલ્પતરુ નીચે બેઠેલા મનુષ્યને જેમ કોઈપણ વાતની ઊણપ હોતી નથી તેમ આ સદ્‌ગુરુની છાયામાં રહેનારા શિષ્યને શી ઊણપ હોય? અરે! સદ્‌ગુરુ વ્યાસાચાર્યની અમાપ શક્તિ તો જુઓ! એમણે મારા જેવા પામરને કેવી દિવ્યશક્તિ અર્પણ કરી છે અને તે વડે આ પરમ યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુનનો અદ્‌ભુત સંવાદ મેં પ્રત્યક્ષ સાંભળ્યો; આથી મારું અજ્ઞાન અને તેનું કાર્ય એ બંને નાશ પામ્યાં છે. મને ઉત્તમોત્તમ જ્ઞાનનો પરમ લાભ થયો છે. જેમ સુવર્ણ કડાં, બાજુબંધ, બોચી તથા નુપૂર આદિને આકારે થઈ જાય છે અથવા જળની અંદરના તરંગો અભિન્ન સત્તાથી જળરૂપ

સ્વરૂપને પામે છે તેમ આ પરમતત્ત્વમાંથી જ આ સર્વ દશ્ય સ્ફુરે છે. આ સર્વ જગત પણ તે પરમતત્ત્વરૂપ જ છે અને તે પોતાના પૂર્ણ સ્વરૂપમાં જ પૂર્ણપણે રહેલું છે. હવે અર્જુનની જેમ હું પણ યથાપ્રાપ્ત વ્યવહારને અનુસરી રહ્યો છું, અને શ્રી સદ્‌ગુરુ વ્યાસાચાર્યજીની આજ્ઞા પ્રમાણે આ સર્વ વૃત્તાંત તને કહી રહ્યો છું. કેમ કે સદ્‌ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે એવો અધમ પુરુષ કોણ હશે ? હે રાજા ! શ્રી સદ્‌ગુરુની કૃપા વડે જે જાણવાનું તે સર્વ મેં જાણ્યું છે. હવે હું જ્ઞાનરૂપ અને કૃતકૃત્ય થયો છું. હું કૃતાર્થ થયો છું, હું વારંવાર તેમને જ નમન કરી રહ્યો છું. શિષ્યોનાં કયાં કર્મોવડે શ્રી સદ્‌ગુરુના કરેલા ઉપદેશનો બદલો વળી શકે તેમ છે ? માટે શિષ્યોએ કાયા, વાચા અને મન વડે આત્મસમર્પણ કરવું એ જ તેમનો ઉપકારનો બદલો છે, બાકી કોઈપણ કર્મથી આ સદ્‌ગુરુના ઉપકારનું ઋણ કદાપિ પણ વળી શકે તેમ નથી. આમ સદ્‌ગુરુની દિવ્ય એવી આ અમૃત વર્ષાવતી કૃપા વડે હું આ સંસારસાગર તરી ગયો છું અને પૂર્ણ આનંદભાવથી આ જગતને પરિપૂર્ણ એવા આત્મસ્વરૂપે જ નિઃસંશય દેખતો થયો છું. આ સર્વ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે, બ્રહ્મમાં જ રહે છે, બ્રહ્મરૂપે જ હોય છે અને વળી પાછું બ્રહ્મમાં જ વિલયને પામે છે. બ્રહ્મ વડે જ તેનું પાલન થાય છે તેથી આ સર્વ બ્રહ્મરૂપે જ છે, એવો શ્રુતિનો ઉપદેશ પ્રત્યક્ષ અનુભવ વડે હું અનુભવી શક્યો. હે રાજન્ ! શ્રી સદ્‌ગુરુના અગાધ મહિમાનું વર્ણન તો મારા જેવા પામરથી કેવી રીતે થઈ શકે ? જુઓ આ તેમની કૃપાનો પ્રતાપ ! સદ્‌ગુરુ વ્યાસાચાર્યજીએ મને જે દિવ્યદૃષ્ટિ અર્પણ કરેલી હતી તેના આધારે મેં આ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનો અદ્‌ભુત સંવાદ પ્રત્યક્ષ સાંભળ્યો અને તે વડે જ મને કૃતાર્થતા પ્રાપ્ત થઈ છે.

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।

केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ ७६ ॥

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।

विस्मयो मे महान्राजन्हृष्यामि च पुनः पुनः ॥ ७७ ॥

સંવાદ અને રૂપનું મને વારંવાર સ્મરણ થાય છે

હે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના આ પુણ્યરૂપ તથા અદ્‌ભુત સંવાદને સંભારી સંભારીને હું વારંવાર હર્ષને પામું છું. તેમ જ હરિના એ અદ્‌ભુત રૂપને સંભારી સંભારીને હે રાજન્ ! હું ફરી ફરીને હર્ષને પામું છું. તાત્પર્ય, હે રાજા ધૃતરાષ્ટ્ર ! કદી પણ ભૂલી ન શકાય એવા આ શ્રીકૃષ્ણાર્જુનના પુણ્યકારક અને આત્મજ્ઞાનરૂપ અદ્‌ભુત સંવાદનું વારંવાર સ્મરણ કરી કરીને હું નિત્યપ્રતિ હરખાઉં છું અને હરિના અત્યંત અદ્‌ભુત એવા તે એટલે આત્મરૂપને નિત્યપ્રતિ સંભારતાં સંભારતાં મને હંમેશાં ઘણો હર્ષ થયા કરે છે અને તેથી જ હું કૃતાર્થ થયો છું.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।

तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

यत्र योगेश्वरः कृष्णः

હે રાજા ધૃતરાષ્ટ્ર ! તને આખરે હું કહું છું, તે સાંભળ. જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે ત્યાં જ શ્રી, વિજય, ભૂતિ, ઐશ્વર્ય, અને નીતિ છે એવો મારો મત છે, સારાંશ એ કે, જે

પક્ષમાં યોગેશ્વર એવા સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ છે તથા ધનુર્ધારી અર્જુન છે, તે પાંડવપક્ષમાં જ આ રાજ્યલક્ષ્મી, વિજય, ભૂતિ, બ્રહ્મ પ્રકારના ઉત્કર્ષરૂપ ઐશ્વર્યની વૃદ્ધિ અને નીતિ એ બધું અવશ્ય છે, એમાં શંકા નથી; અર્થાત્ આ કૌરવોનો બધા સહ નાશ થવાનો છે એવો મારો નિશ્ચિત મત છે. બ્રહ્માના પુત્ર દક્ષની મૂર્તિ નામની પુત્રીમાં સાક્ષાત ધર્મનું સ્થાપન કરનારા અને પાપીઓને દંડ દેનારા યમ વડે સર્વગુણસંપન્ન એવા નારાયણ અને નર નામના સાક્ષાત્ પરબ્રહ્મરૂપ એવા બે પુત્રો ઉત્પન્ન થયા જેમના જન્મ વડે આ સર્વ જગત આનંદિત થઈ ગયું હતું. તે પરમ અવતારિક અને તપપરાયણ તેમ જ ધર્મની વૃદ્ધિ કરનારા આ સમર્થ ઋષિઓ કે જેમણે કામને પણ જીત્યો હતો, તે જ આ બે જણા અવતારરૂપે આ પૃથ્વી ઉપર કૃષ્ણ અને અર્જુનરૂપે અવતરેલા છે. વસ્તુતઃ તો તેઓ અનિર્વચનીય એવા આત્મસ્વરૂપ છે. તેમનો અવતાર શા માટે થયો તે સંબંધમાં શાસ્ત્રવિવેચન તને કહું છું તે સાંભળ.

સાચો ન્યાયદાતા

પૂર્વે રામાવતારમાં શ્રી રામચંદ્રજીને સદ્‌ગુરુ વાસિષ્ઠજી બોધ આપતા હતા ત્યારે તેમણે આ ભવિષ્યમાં થનારા મહાભારત યુદ્ધાદિ સંબંધે સૂચન કરીને શ્રી રામચંદ્રજીને અર્જુન જેવા થઈ રહેલા કહ્યું હતું, ત્યારે શ્રી રામે પૂછ્યું હતું અને તેનો ઉત્તર વસિષ્ઠજીએ જે આપ્યો તે હું તને કહું છું. વસિષ્ઠજી બોલ્યાઃ જે અસંગ સ્થિતિનો ઉપદેશ ભવિષ્યમાં શ્રીકૃષ્ણ અર્જુનને આપવાના છે અને તેને લીધે અર્જુન જીવન્મુક્ત બની પોતાનું આયુષ્ય સુખેથી પસાર કરશે, તેવી અસંગ સ્થિતિને પ્રાપ્ત કરીને તમે પણ તમારા જીવનને સુખી બનાવો. રામ પૂછે છેઃ મહારાજ! આ પાંડુનો પુત્ર અર્જુન ક્યારે થશે ? અને શ્રીકૃષ્ણ તેને કેવી રીતે અને શા માટે અસંગ સ્થિતિનો ઉપદેશ કરશે, તે મને કહો.

વસિષ્ઠજી બોલ્યાઃ સાંભળ! આત્મા એવા કલ્પિત નામ વડે કહેવાતું અને જેમ આકાશમાં મહાકાશ રહે છે તેમ આદિથી અને અંતથી રહિત, પોતાના જ સ્વસ્વરૂપમાં સ્થિત રહેલું સત્તામાત્ર નિર્દેશાત્મક પરમતત્ત્વ જ છે. જેમ સુવર્ણની અંદર કુંડળ, કડાં, વગેરે નામો વિવર્તરૂપે ભાસે છે તેમ આ નિર્મળ એવા પરમતત્ત્વમાં આ મિથ્યા સંસારરૂપ ભ્રમ જોવામાં આવે છે. આ તત્ત્વમાં મિથ્યા સંસારરૂપ આ માયાજળની અંદર બ્રહ્માંડાદિ રૂપો તથા તેમાં ચૌદ લોક અને અનેક પ્રકારની સ્થાવર, જંગમ, જડ, ચેતન, વિભાગોવાળી આ જીવ જાતિઓ રહેલી છે. તે જાતિઓ પૈકી આ યમ, ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય ઇત્યાદિ જીવો કે જેમનાં ચરિત્રોનાં વર્ણનો વેદાદિમાં આવે છે તેઓ આ પંચમહાભૂતાત્મક સંસારચક્રના લોકપાળો થયેલાં છે. એ લોકપાળોએ, આ તત્ત્વદૃષ્ટિએ મિથ્યા પરંતુ અજ્ઞાનની દૃષ્ટિએ સત્ય ભાસતી દૃશ્ય સૃષ્ટિમાં ઈશ્વરના નિયતિતંત્રને અનુસરી એટલે નિયતિએ નિયત કરેલા નિયમાનુસાર આ અજ્ઞાની લોકોની વ્યવસ્થાને માટે "આ શ્રુતિ સ્મૃત્યાદિમાં કહેલું પુણ્યરૂપ કર્મ કરવા યોગ્ય છે અને આ પાપરૂપ કર્મ ત્યજવા યોગ્ય છે" એ પ્રકારની મર્યાદા સ્થાપેલી છે. હે રામ! પોતપોતાના અધિકારને અનુસરીને જે કાર્ય નિયતિનિયમાનુસાર કરવું જોઈએ તે કરવાને માટે તે લોકપાલો પૈકી એક યમરાજ જ એવા સ્થિર ચિત્તવાળા છે કે જે પહાડની માફક તદ્દન નિશ્ચળ રહેલા છે. આ બધા જીવોના શુભાશુભ કર્મોનો ન્યાય કરવાનું કાર્ય તે બુદ્ધિશાળી ન્યાયાધીશ યમરાજનું છે. જો ન્યાય કરનાર પક્ષકારો પૈકી કોઈને માટે સારી કિંવા માઠી એવી કલ્પના કરી લે તો તે ન્યાયનું સાચું રહસ્ય નહિ સમજતાં મોહાવેશમાં ફસાઈ પડે એટલું તો શું પરંતુ પોતાના મનમાં પણ કોઈ સંકલ્પવિકલ્પો ઉત્પન્ન થાય તો તે વડે પણ ચિત્ત તે તરફ જ ખેંચાઈ સમાનતા નષ્ટ થઈ જાય છે. આ રીતે જે તુલાની દાંડીની જેમ પોતાના ચિત્તનું સમતોલપણું રાખી શકતો નથી તે સાચો ન્યાયાધીશ થવાને લાયક જ હોતો નથી. આ પ્રમાણેનો ન્યાયદાતા તો કેવળ એક યમરાજ હોઈ કક્ત તેમનું ચિત્ત જ પહાડની પેઠે આજ સુધી તદ્દન અચળ રહેવા પામેલું છે. તેઓ જીવન્મુક્ત જ છે.

યમરાજનું તપ

આ મહાત્મા યમરાજા, યુગોની એક ચોકડી સંપૂર્ણ થવા આવે એટલે તેમાંથી કૃત, ત્રેતા, અને દ્વાપર એ ત્રણ યુગોની સમાપ્તિ થઈ કળિયુગ આવવાનો સંભવ હોય છે, ત્યારે દ્વાપરયુગના અંતમાં પોતે આજપર્યંત જે પ્રાણીઓનો ન્યાય કર્યો તેમાં ભૂલથી પણ કાંઈ અન્યાય થવા પામ્યો હોય તો તે પાપક્ષાલનને માટે* કાંઈક તપ કરે છે. આવું તપ કોઈ સમયે ચાર, પાંચ, સાત, આઠ, દશ, બાર, કિંવા સોળ વર્ષો પર્યંત કર્યે જાય છે; એટલે જ્યારે તેઓ નિર્વિકલ્પ સમાધિમાં જ સ્થિત થઈ જાય છે ત્યારે તેમનું ઉત્થાન થતાં ઉપર કહ્યાં તેટલાં વર્ષોનો અવધિ લાગી જાય છે. આ રીતે યમનું તપ ચાલતું હોય ત્યારે તે પોતે નિર્વિકલ્પ સ્થિતિમાં હોય છે એટલે જગતમાં નિયતિક્રમે જે જન્મમરણાદિનું પ્રમાણ નિશ્ચિત સિદ્ધ થયું છે× તે પ્રમાણે જગતમાં મૃત્યુનું પ્રમાણ ઘટે છે અને જન્મનું પ્રમાણ વધે છે. આમ જ્યારે જન્મનું પ્રમાણ વધી જવાથી જેમ વરસાદના દિવસોમાં પસીનાવાળો હાથી અનેક મચ્છરોથી ઘેરાઈ જાય તેમ આ પૃથ્વી અનેક પ્રાણીઓના સમૂહથી ઘેરાઈ જાય છે. તે પ્રાણીઓની એટલી બધી ગીચ વસ્તી થઈ જાય છે કે હરવા ફરવા પણ જગા રહેતી નથી. હે રામ! આ પ્રમાણેની પરિસ્થિતિ થતાં દેવતાઓ આ પૃથ્વી ઉપર ખોટો વધી ગયેલો ભાર ઉતારવાને માટે ઘણી ઘણી યુક્તિઓથી એ નિર્ચિત્ર પ્રાણીઓનો નાશ કરવાની ગોઠવણ કરે છે. આવી પદ્ધતિ ચાલતાં ચાલતાં હજારો યુગો, હજારો વ્યવહારો અને હજારો બ્રહ્માંડો થઈ ગયાં છે, એટલે આ પ્રમાણે યમરાજા જ્યારે જ્યારે તપશ્ચર્યામાં બેસે છે ત્યારે ત્યારે આવું થતું જ આવ્યું છે.

---

*વસ્તુતઃ તો યમરાજથી કદી અન્યાય થતો જ નથી છતાં પણ આ રીતે નિષ્કામ તપશ્ચર્યા વડે તેનું પ્રાયશ્ચિત્ત લે છે.

× આજકાલ જેને લોકો પૃથ્વી કિંવા જગત કહે છે, તે આંખી પૃથ્વીમાં અને શાસ્ત્રદૃષ્ટિએ આ જંબુદ્વીપની અંદર હરરોજ વિજ્ઞાનદૃષ્ટિએ સુમારે ઓછામાં ઓછા ૧,૨૧,૬૦૦ મનુષ્યજીવો ઉત્પન્ન થવા અને નિત્યપ્રતિ ૮૨,૦૮૦ જીવોનો નાશ થવો એવો સર્વસામાન્ય નિયતિક્રમ છે. આ રીતે આખી પૃથ્વીમાં જંબુદ્વીપમાં ૧,૯૭,૬૦,૦૦,૦૦૦ થી કદીપણ વધુ સંખ્યા થઈ શકતી નથી અને ૧૩૩૩૮૦૦,૦૦૦ સંખ્યા ઘણે ભાગે સ્થિર રહે છે. શ્વાસોચ્છ્વાસને પ્રદેશની મર્યાદાને એક લાખ વડે ગુણી તેને ૮૧/૧૨૦ વડે ભાગ આપી તેનો અર્થ કરવો. એટલે મનુષ્યજીવની ઉત્પત્તિની અંતિમ મર્યાદા થાય છે, તેમાં ગર્ભપાત થનારા જીવો, ગર્ભવાસમાંથી મૃત્યુને વશ થયેલા જીવો તથા જેઓ એકરાત્રિ જીવી શકયા નથી એવા જીવોનો પણ સમાવેશ થાય છે. આ રીતે વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગણિતસિદ્ધ અને નિશ્ચિતનિયમ છે. આ સંબંધે " મહાકાળપુરુષ વર્ણન "ના ભાગ ૭ માં ગણિતસિદ્ધ વર્ણન આવનાર હતું. પરંતુ તે સર્વ કાર્યનો મૂળ સહિત નાશ થવા પામેલો હોવાથી અત્રે સંક્ષેપમાં જ દિગ્દર્શન આપેલું છે.

સૂચના:—સુમારે ૧૦-૧૧ વર્ષ પૂર્વે મહાત્માશ્રીએ બે ત્રણ વર્ષ એક સરખી રાતદિવસ નિત્યપ્રતિ સુમારે બત્રીશ બત્રીશ કલાકની મહેનતે પૌર્વાત્ય ભૌતિક વિજ્ઞાનની લોકોને કલ્પના આવે તે સમજવવાને માટે લોકાગ્રહને લીધે ખગોળ, ભૂગોળ, બ્રહ્માંડ, સંખ્યા શાસ્ત્રની ઉત્પત્તિ, સ્વરશાસ્ત્રની ઉત્પત્તિ, પરમાણુઓ કેવી રીતે પરસ્પર એકરસ થાય. રમેશયંત્ર વગેરે મોટા મોટા નકશાઓ ટ્રેસિંગ પેપર ઉપર તૈયાર કરેલા હતા તે પૈકી કેટલાકના ફોટા-બ્લોક-પ્રકાશન ૧ 'આત્મસાક્ષાત્કાર પદ્ધતિ' તથા ૪ 'મહાકાળપુરુષ વર્ણન' ભાગ ૧ માં આવેલા છે તે ઉપરથી જિજ્ઞાસુઓને કલ્પના આવશે. આ વિજ્ઞાનનું રહસ્ય લોકોને સારી રીતે સમજી શકાય એટલા માટે તેનું વિવરણ સુમારે સોળ ભાગોમાં કરેલું હતું. પરંતુ દેશના દુર્ભાગ્યવશાત્ થોડા સમય પૂર્વે આ સર્વ કાર્યનો જડમૂળમાંથી નાશ થઈ ગયો છે એટલે હવે મહાકાળ પુરુષ વર્ણનના બે બીજા પંદર ભાગો નીકળી, જગતને વિજ્ઞાનનો લાભ મહાત્માશ્રીના યોગસામર્થ્યની દૃષ્ટિથી મળી શકત તે હવે મળી શકવો શકય નથી. કેમ કે મહાત્માશ્રીને વિનંતિ કરતાં તેઓશ્રીએ કહ્યું કે "गई गुजरी भूली जाओ; ईश्वरेच्छा नहीं है, अब वह हम भी तयार नहीं कर सकते; जो होगया सो ठीक ही हुआ, यह तो हमारा समय व्यतित करनेका एक मौज था". આ વિજ્ઞાનરૂપ મહાકાર્યની કલ્પના તો જેઓએ તે કાર્ય પ્રત્યક્ષ જોયેલું છે. તેઓને તો સારી રીતે છે, પરંતુ અન્યને માટે તો કેવલ મહાત્માશ્રીના આત્મસાક્ષાત્કારપદ્ધતિ તથા મહાકાળ પુરુષ વર્ણન ભાગ ૧ તેમ જ તેમણે કરેલા પ્રવચનના આધારે "गायत्री परब्रह्म" નામનું પુસ્તક તેમના શિષ્યે પ્રસિદ્ધ કર્યું છે તે ઉપરથી જ આપી શકાય તેમ છે. સંચાલક શ્રી. કૃ. વાક્સુધા સમિતિ.

શ્રીકૃષ્ણ અને અર્જુન કોણ?

આ સાંપ્રત જે પૃથ્વી છે તેમાંના યમરાજ સૂર્યના પુત્ર છે અને પિતૃઓના અધિપતિ કહેવાય છે, એટલે જેઓ દક્ષિણાયન માર્ગે જઈ ફરીફરીથી જન્મમરણના ચક્કરમાં આવનારા હોય છે. તેમને શિક્ષા કરનારા હોવાથી તે પિતૃઓના અધિપતિ કહેવાય છે. તે પોતે ભવિષ્યમાં કેટલોક સમય વીતી ગયા પછી પ્રાયશ્ચિતને માટે બાર વર્ષ સુધી તપ કરશે તે વખતે ઉપર કહ્યા પ્રમાણે મચ્છર જેવા જગતને ઉપદ્રવરૂપ નકામા અને આત્મસ્વરૂપથી વિમુખ એવાં ઘણાં પ્રાણીઓ વડે પૃથ્વી ભરાઈ જશે. આ રીતે બોજારૂપ થઈ પડેલા માણસોથી તથા પ્રાણીઓથી આ પૃથ્વી વૃક્ષોની ગીચ ઝાડી જેવી ભીડવાળી થઈ જશે. તેથી તે વિષ્ણુ ભગવાનને શરણે જશે અને દેવતાઓની પ્રાર્થનાને લીધે તમારી પેઠે આ નારાયણરૂપ વિષ્ણુ બે દેહ ધરી, પૃથ્વીમાં અવતરશે અને તેમને સહાયતા કરવાને માટે સર્વ દેવતાઓ પણ પોતપોતાના અંશો વડે અવતરશે. આ વિષ્ણુના જે બે દેહ તે જ નર-નારાયણ ઋષિ હોઈ તે પૈકી એક નારાયણરૂપવાળો, વસુદેવને ઘેર તથા બીજો નરરૂપવાળો પાંડુ રાજાને ઘેર અવતરશે, તે જ ક્રમે શ્રીકૃષ્ણ અને અર્જુન એમ કહેવાશે.

શ્રીકૃષ્ણ અર્જુનને બોધ કેમ કરશે?

પાંડુરાજાનો મોટો પુત્ર યુધિષ્ઠિર નામનો થશે. એ ધર્મના અંશરૂપ અને ધર્મને જાણનારો યુધિષ્ઠિર સઘળી પૃથ્વીનો ચક્રવર્તી રાજા થશે અને તેના કાકાનો છોકરો પિતરાઈ ભાઈ દુર્યોધન નામનો થશે. તે ભયંકર સ્વભાવવાળો દુર્યોધન, જેમ નોળિયો સર્પનો પાકો શત્રુ હોય તેમ યુધિષ્ઠિરનો પાકો શત્રુ થશે. તે યુધિષ્ઠિરનું રાજ્ય યુક્તિ વડે પડાવીને પાછું આપશે નહિ ત્યારે બંનેમાં રાજ્ય લેવાની ઇચ્છાથી લડાઈની તૈયારી કરતાં કુરુક્ષેત્રમાં અતિ ભયંકર અઢાર અક્ષૌહિણી સેના ભેગી થશે. હે રામ! એ શ્રીકૃષ્ણ પોતાના ગાંડીવ નામના ધનુષને ધારણ કરનારા અર્જુન નામના પોતાના બીજા દેહના હાથે એ સર્વ અઢાર અક્ષૌહિણી સેનાનો ક્ષય કરાવીને પૃથ્વીને ભાર વિનાની કરશે. આ મહાભારત યુદ્ધનો આરંભ થવાની આગલી વખતે દેહાદિકમાં આત્માના અધ્યાસને લીધે અર્થાત્ દેહ એટલે જ આત્મા એવા પ્રકારના અજ્ઞાનને લીધે હર્ષશોકાદિ વિકારો વડે વ્યાકુળ બનેલો અને મોહવશ થયેલો અર્જુન એક પામરના પેઠે અજ્ઞાની જેવો થશે. બંને સેનામાં આવેલા પોતાના જ સ્વજનોને મરવા તૈયાર થયેલા જોઈ અર્જુનને ખેદ ઉત્પન્ન થશે અને તે યુદ્ધ કરવાનું છોડી દેશે ત્યારે સ્વયં-જ્ઞાનવાળા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના દેહે કરી પૃથ્વીનો ભાર ઉતારવા અર્જુન નામના દેહને આત્મજ્ઞાનરૂપી સંસાર નિવૃત્તિને માટે અસંગરૂપ સ્થિતિનો આત્મબોધ કરશે. (ભા૦ સ્કં૦ ૫૦ ૫૨, ૮ થી ૩૫).

તસ્માત્ હે રાજા ધૃતરાષ્ટ્ર! આ પ્રમાણે નિયતિ ક્રમ નિશ્ચિત છે. માટે જે પક્ષમાં પરમયોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્રૂપે બિરાજે છે તથા ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ એવો અર્જુન છે તે પક્ષમાં જ સમસ્ત ત્રૈલોક્યની લક્ષ્મીનો વાસ અચળ છે. તો પછી આ રાજ્ય, લક્ષ્મી, ભૂતિ, એટલે ઐશ્વર્ય કિંવા ઉત્કર્ષ તથા નીતિ નિશ્ચિત હોય એમાં શંકાને સ્થાન છે જ નહિ.

મારા વાક્પ્રવાહની પૂર્ણાહુતિ

રાજન્! આ મુજબ મને જે ઈશ્વરપ્રેરિત અંતઃકરણમાં સ્ફૂર્તિ થઈ હતી તે દિવ્ય સંદેશ સાત અહોરાત્ર સમાપ્ત થઈ આઠ સૂર્યોદય થયા ત્યાં સુધી મેં સતત્ એકધારો વાક્પ્રવાહ નિયમિત રીતે તદ્દન નિર્ભય અને નિઃશંક બની વૈકુંઠની સભામાં બ્રહ્મા, વિષ્ણુ, બ્રહ્મા આદિ મહાદેવો; ઉમા, લક્ષ્મી, સાવિત્રી, સરસ્વતી, મહાકાળી આદિ મહાદેવીઓ; વસિષ્ઠ, વિશ્વામિત્રાદિ મહર્ષિગણો; નારદાદિ દેવર્ષિઓ; જનકાદિ રાજર્ષિઓ; બૃહસ્પતિ તથા શુક્રાચાર્ય વગેરે દેવતા અને અસુરોના ગુરુઓ; રામ, કૃષ્ણ, વરાહ, નૃસિંહ, મચ્છ, કચ્છપાદિ અવતારો; ઇન્દ્ર, અગ્નિ, વરુણ, વાયુ, યમ વિગેરે દિક્પાલાદિ દેવતાઓ; સૂર્યાદિ નવગ્રહો; ચામુંડાદિ દેવીઓ અને અન્ય દેવતાઓ તથા દેવીઓના અસંખ્ય ગણસમૂહો; મહર્ષિઓના શિષ્ય સમુદાયો વગેરે; તેત્રીસકરોડ દેવતા ગણો; સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ, કિન્નરો, કિંપુરુષો અને આકાશચારી, વાયુચારી,

અગ્નિસંચારી, જલસંચારી તથા પૃથ્વીસંચારી અસંખ્ય ગણોના સમૂહો તેમ જ કૃત, ત્રેતા, દ્વાપર અને કલિયુગોના અધિકારી દેવતાઓ ઇત્યાદિ સમક્ષ કહ્યો હતો. તે સંદેશ બધા સભાસદો સ્તબ્ધ બની એકચિત્તે સાંભળતા હતા. જ્યારે મારું આ વક્તવ્ય સમાપ્ત થયું ત્યારે બાદ સુમારે અરધો મુહૂર્ત એટલે એક ઘડી (લગભગ ૨૪ મિનિટ) સુધી તો હું નિર્વિકલ્પ સ્થિતિમાં જ સ્થિર હતો. તે સમયે સર્વ સભાસદો પણ તદ્દન શાંત ને નિશ્ચલ થઈ બેઠા હતા કેટલાકો તો મારી સાથે નિર્વિકલ્પ દશામાં જ સ્થિત થયા હતા. હું જ્યારે નિર્વિકલ્પ દશામાંથી જાગ્રત થયો ત્યારે મને ભાન આવ્યું, તેથી ઊઠીને મેં શ્રીભગવાનને સાષ્ટાંગ દંડવત્ કર્યા. ભગવાને મને ઉઠાડીને આલિંગન કર્યું અને પોતાના ગળામાંનો હાર પહેરાવ્યો. ત્યાર પછી ત્રૈલોક્યજનની લક્ષ્મી માતાને સાષ્ટાંગ પ્રણામ કર્યા, તેમણે પણ વાત્સલ્યભાવથી અતિહર્ષિત થઈ મારું સ્વાગત કર્યું ને પુષ્પવૃષ્ટિ કરી કે તુરત જ અંતરિક્ષમાં રહેલા વિમાનચારી દેવાદિકો અને અન્ય સર્વ સભાસદોએ ભગવાનના જયનાદ વચ્ચે પુષ્પની વૃષ્ટિ કરી તથા દુંદુભી, નોબતાદિ વાદ્યોનો જયઘોષ શરૂ થયો. થોડા સમય બાદ શ્રી લક્ષ્મીજી સહિત ભગવાને મારું પાદ્ય પૂજન અર્ચન કર્યું અને પછી સભામાં બેઠેલા સર્વ બ્રહ્મવિદોનું પણ ક્રમે પાદ્ય પૂજનાદિ કર્યું. આ બધો સમારંભ જોઈ ને હું તો તદ્દન દિઙ્મૂઢ જ બની ગયો હતો, કેમ કે આવા માનને માટે મારામાં લાયકાત કયાં હતી ? થોડો વખત થયા બાદ સભામાં ફરી પાછી શાંતિ છવાઈ ગઈ. આનંદના અતિરેકને લીધે મારો કંઠ ભરાઈ ગયો, આંખમાંથી ચોધાર આનંદાશ્રુ વહેવા લાગ્યાં, તેવી સ્થિતિમાં જ ગદ્‌ગદ્ કંઠે નમ્રભાવે મેં કહ્યું : ભગવન્ ! હું તો અજ્ઞાની, મૂઢ અને પામર છું, આવા સન્માનને લાયક નથી, હું તો આપના ચરણનો દાસાનુદાસ છું, વધુ શું કહું ! એમ કહી મેં ફરીથી સાષ્ટાંગ દંડવત્ કર્યા. ભગવાને અતિ પ્રેમપૂર્વક ઉઠાડીને મને આલિંગન આપ્યું અને તેઓ મને તથા સર્વ સભાસદોને ઉદ્દેશીને બોલ્યા :

ભગવાનનું મંતવ્ય

હે સભાસદો ! આ ચૈકુંઠ લોકની સભામાં સાત અહોરાત્ર અને આઠ સાવન સૂર્યોદય (દિવસ) પર્યંત તમો બધાએ આ મહાત્માના મુખે સાંભળેલો બોધ તેમને નિમિત્તરૂપ બનાવી પ્રત્યક્ષ મેં જ કહેલો છે, કેમ કે જોવામાં આવતું આ મહાત્માનું શરીર તેઓ અહંભાવથી રહિત હોવાને લીધે અનિર્વચનીય એવું બ્રહ્મરૂપ હોઈ તે સંપૂર્ણતઃ મદ્રૂપ છે. મારી સાથે તાદાત્મ્યભાવને પામેલા હોવાને લીધે તેઓ ક્રિયા, અક્રિયા કે તેના સાક્ષી ઇત્યાદિ તમામ ભાવોથી પર બનેલા છે. તેમનામાં કર્તાપણું, અકર્તાપણું, દૃશ્ય કે દ્રષ્ટાપણું, જ્ઞાતાપણું કે અજ્ઞાતાપણું; ધ્યાતા કે અધ્યાતાપણું; ભોક્તા કે અભોક્તાપણું વગેરે પ્રકારનાં દ્વંદ્વો અથવા કોઈ પણ પ્રકારની ત્રિપુટીનો યા તે સર્વને જાણનારા સાક્ષીભાવનો; ઈશ્વરનો વા માયા અને તેના કાર્યોદનો લેશમાત્ર પણ અંશ નથી. તેઓ અનિર્વચનીય એવા બ્રહ્મરૂપ જ બનેલા છે. આમ અહંભાવ અને તેના સાક્ષીભાવથી રહિત હોવાને લીધે તેમની થતી કાયિક, વાચિક કે માનસિક વા ઔદ્યિક અને શ્વાસોચ્છ્વાસરૂપ જોવામાં આવતી તમામ ક્રિયાઓ હું જ કરી રહ્યો છું; એમ નિશ્ચિત માનશો. તેઓ મદ્રૂપે પૃથ્વી મધ્યે આવેલા જંબુદ્વીપમાં તથા અન્ય દ્વિપાદિ તેમ જ બ્રહ્માંડાદિમાં અવધૂત દશામાં સંચાર કરી તે તે લોકને અને પૃથ્વીને પાવન કરી રહ્યા છે. તેઓ મદ્રૂપ થવાને લીધે નદીઓ જેમ સમુદ્રમાં મળતાં એકરૂપ થયા પછી નદીરૂપે નહિ પણ સમુદ્રરૂપે જ અસ્તિત્વ ધરાવી શકે તે પ્રમાણે તેઓનું અસ્તિત્વ મટી જતાં હવે તેઓનું અસ્તિત્વ દ્રૂપ જ હોઈ શકે; આથી તેમનાં શ્વાસોચ્છ્વાસમાંનાં પરમાણુઓથી માંડી તેમના સહવાસમાં આવનારાઓ ખરેખર ધન્ય જ છે. તેમની કાયિક, વાચિક, માનસિક, ઔદ્યિક ઇત્યાદિ થતી તમામ ક્રિયાઓ મદ્રૂપ હોવાને લીધે તે થકી જગત પાવન થાય છે. તેમના દૃષ્ટિપાતથી પણ પાપો નષ્ટ થઈ જગતશુદ્ધિ સ્વાભાવિક રીતે જ થતી રહે છે. આ મુજબ મદ્રૂપ બનેલાઓ જ મારા સાચા ભક્તો છે. વધુ શું કહું ? એ મારું જ બીજું રૂપ છે ઇત્યાદિ કહી મને પુનઃ આલિંગન કરીને સ્વસ્થાને બિરાજ્યા તથા હું સાષ્ટાંગ દંડવત્ કરી તેમના સિંહાસનની પાસે જ બેઉ હાથ જોડી નમ્રભાવે ઊભો રહ્યો. તે સમયે સર્વ સભાસદોએ જયઘોષ કર્યો; બાદ અન્ય સભાસદોએ પોતપોતાનું વક્તૃત્વ શરૂ કર્યું.

મહર્ષિ વસિષ્ઠ, વિશ્વામિત્રાદિના મંતવ્યો

શ્રીમહર્ષિ વસિષ્ઠ બોલ્યાઃ હે સભાસદો ! કલિયુગ અતિ ઘોર પાપથી ભરેલો છે છતાં તેમાં પણ સાચા દિલથી ભગવાનની ભક્તિ કરનાર કેવી ઉચ્ચતમ સ્થિતિએ પહોંચે છે તે તમોએ આ મહાત્માના ઉદાહરણ ઉપરથી પ્રત્યક્ષ અનુભવ્યું છે. શુદ્ધ અંતઃકરણપૂર્વક સાચી જિજ્ઞાસાથી અને વ્યવહારાસક્તિથી રહિત બની નિષ્કામભાવે ભગવાનનું નામસ્મરણ કરનાર કેવા તાદાત્મ્યભાવની પ્રાપ્તિ કરી શકે છે તે જુઓ! હવે આ મહાત્માની હું તમોને વ્યવહારદૃષ્ટિએ ઉચિત એવી સંક્ષેપમાં ઓળખ આપું છું, તે સાંભળો.

એક વખતે બ્રહ્મલોકની સભામાં આ સાક્ષાત્ વૈકુંઠાધિપતિ ભગવાનનું આગમન થયું હતું. તે વખતે સભામાં તત્ત્વવિષયક ચર્ચા ચાલી રહી હતી. ભગવાનના સાચા સ્વરૂપના નિર્ણય સંબંધે મહાત્માએ સાત અહોરાત્ર કહેલા ઉપદેશની તુલ્ય મારો ઉપદેશ ચાલુ હતો તે સાંભળીને ભગવાન અતિ આનંદિત થયા અને તેમણે મારા ઉપર પ્રસન્ન થઈ મને વચન આપ્યું કે કલિયુગના શુમારે પાંચ હજાર વર્ષોનો કાળ વ્યતીત થયા પછી લોકોમાં સાચા સ્વરૂપના જ્ઞાનનો પુનરુદ્ધાર કરવાના ઉદ્દેશથી જંબુદ્વીપ મધ્યે તારા કુળમાં હું જન્મ લઈ આ જ્ઞાન જગતમાં પ્રસિદ્ધ કરીશ. તે વચનાનુસાર ભગવાનના એ અનુગ્રહને લીધે મારા ગોત્રમાં તેઓએ તપસ્વી અને સત્પાત્ર બ્રાહ્મણકુળમાં મારા કુળના ઐશ્વર્યને દીપાવતો સુપ્રભાસમો આ અવતાર લીધો છે અને કાળદોષને અનુસાર સત્ય જ્ઞાનનો બોધ જગતને આપ્યો છે. કલિયુગ સમા મહાન્ ઘોર તથા પાપકર્મો કરવામાં જ પ્રીતિ રાખનારા લોકોમાં પણ ખરેખર અંતઃકરણપૂર્વક ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા થાય તો તે કેટલી બધી સુગમ છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. સત્યયુગના મોટા મોટા મહર્ષિઓસમા આ અવતારિક મહાપુરુષને આશિષ સહિત આત્મરૂપે પ્રણામ હો.

વિશ્વામિત્ર બોલ્યાઃ હે સભાસદો! મહર્ષિ વસિષ્ઠજીએ કહ્યું તે બિલકુલ યથાર્થ છે. વેદ વેદાંગાદિના સારરૂપ શ્રુતિસ્મૃતિમાન્ય એવું ગહન જ્ઞાન જે કલિયુગમાં અતિશય દુર્લભ છે, તે જ્ઞાન પ્રાકૃત ભાષામાં અતિસુલભ અને સરળ ભાષામાં સયુક્તિક પદ્ધતિથી કહેલું છે. તેવા બ્રહ્મસ્વરૂપ અવતારિક મહાત્માને આશિષ અને પ્રણામ કરવાં ઉચિત છે.

શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યાઃ મેં દ્વાપર યુગની અંતમાં મારા જ અંશરૂપ એવા અર્જુનને નિમિત્ત બનાવી મહાભારતના યુદ્ધ સમયે જે યુક્તતમ જ્ઞાન લોકકલ્યાણાર્થે કહ્યું હતું તેનો ખરો અર્થ જગતમાંથી લુપ્ત થવાને લીધે અજ્ઞાનતાથી મિથ્યા વિતંડાવાદો વધવા પામ્યા હતા. તે જ્ઞાનનો સાચો અર્થ હવે મારા જ સ્વરૂપમાં આ અવતારિક મહાપુરુષ દ્વારા લોકોમાં પ્રકટ થવા પામશે તેથી મને સ્વાભાવિક રીતે જ હર્ષ થાય છે. એમ કહી તેમણે મને અતિહર્ષ સહિત છાતી સરસો ચાંપ્યો. મેં તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને તેમણે પણ મને સામા પ્રણામ કરી પોતાના ગળામાંનો હાર પહેરાવ્યો.

અર્જુન બોલ્યાઃ ભગવાન શ્રીકૃષ્ણે મને મહાભારતના યુદ્ધ સમયે કહેલા બોધનો સાચો અને સરળ અર્થ લોકોમાં પ્રગટ કરવાના ઉદ્દેશથી મહર્ષિ વસિષ્ઠજીના કુળમાં અવતાર લઈ લોકોમાં અજ્ઞાનતા નષ્ટ કરવાને માટે ભગવાને જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે બદલ હું તેમના આ રૂપને શતશઃ પ્રણામ કરું છું.

શ્રીવ્યાસાચાર્યજી, સર્વ સભાસદો તેમ જ સભામાં બેઠેલા કલિયુગના અધિષ્ઠાતા દેવતાને ઉદ્દેશીને બોલ્યાઃ હે કલિદેવ! હું તમને નમસ્કાર કરું છું, તને બધા લોકો પાપી, નીચ ને હલકો ગણે છે પરંતુ તારા ઉપરનું એ દૂષણ હવે આ તત્ત્વવિદોની સભામાં જ દૂર થયું છે; કેમ કે સત્યયુગમાં હજારો વર્ષો અતિશય દારુણ તપ કરવા છતાં પણ અશક્ય ગણાતું પરમાત્માનું આ અતિ ગુહ્ય એવું જ્ઞાન કલિયુગમાં સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે અને એ વાતની ખાતરી વૈકુંઠ જેવી મહાસભામાં મળે છે. આથી વિશેષ પુરાવો અને આશ્ચર્ય શું ? ગીતાદ્વારા ગુહ્યજ્ઞાનપ્રસૃતિનો મારો ઉદ્દેશ ખરેખર આજે સફળ થયો છે; આથી મને રહીને રહીને ઘણો હર્ષ થાય છે. આ મહાત્મા સર્વશાસ્ત્રસંપન્ન હોઈ ચોગમાં અતિ નિપુણ અને

ધારણાભ્યાસી હોવાથી તેઓ આ જ્ઞાન તત્ત્વવિદોની સભામાં અસ્ખલિત રીતે સર્વ તત્ત્વવિદોને, માન્ય એવો એકધારો બોધ કરી શકયા છે. ખરેખર દેવતાઓ પણ તેમના દર્શનાર્થે તલસે છે એવા સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ અને પૂર્ણ ભગવાન સમા એ અવતારિક દિવ્ય પુરુષને તથા સર્વ સભાસદોને શતશઃ પ્રણામ હો!

શ્રી ગણેશજી બોલ્યા: હે મહર્ષિ! તમોએ મારી ઘણાં વર્ષો સુધી આરાધના કરેલી છે તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. મારી શુભાશિષ છે કે તમારો આ દિવ્ય સંદેશ ભૂતળમાં મહાન વિખ્યાત થશે, તે વડે ઘણા લોકોનું કલ્યાણ થશે. ગરુડ જેમ સર્પને કાપી નાખે છે તેમ તમારા આ દિવ્ય સંદેશનું ભાવના સહિત સેવન કરનારના તમામ વિઘ્નોનો હું તત્કાળ નાશ કરીશ.

માતાશ્રી શ્રીસરસ્વતીદેવીએ મારા મસ્તક ઉપર હાથ મૂકીને કહ્યું, કે હું નિત્ય તારી પાસે જ છું. જે આ તારા સંદેશનું અહોનિશ શ્રદ્ધાપૂર્વક સેવન કરશે તેને હું અવશ્ય પ્રસન્ન થઈશ. પછી તે ગમે તેવો મૂઢ કેમ ન હોય! તેને પણ સર્વ વિદ્યાની અવશ્ય પ્રાપ્તિ થશે. એવી મારી આશિષ છે.

માતાશ્રી લક્ષ્મીજીએ મારી પિઠ ઉપર હાથ ફેરવીને કહ્યું : હે વત્સ! તારા આ દિવ્ય સંદેશનું જે અહોનિશ શુદ્ધ ભાવનાથી સેવન કરશે તેને સરસ્વતીદેવી એટલે વિદ્યા સહિત મારી પ્રાપ્તિ પણ અવશ્ય થશે.

માતા શ્રીમહાકાળીદેવીજીએ પણ પ્રસન્ન થઈ કહ્યું કે હું તને આશિષ આપું છું કે જે આ દિવ્ય સંદેશનું નિત્યપ્રતિ સેવન કરશે તે સર્વ સંકટો થકી મુકત થઈ અભય થશે.

શ્રી વિવસ્વાન સૂર્ય દેવતા બોલ્યા : વત્સ! શ્રી ગણેશજીની આજ્ઞાથી તેં પ્રથમ મારી ધારણાભ્યાસની ઉપાસના કરી હતી તેથી મેં તારા ઉપર પ્રસન્ન થઈ તને સૂર્યલોકનું દિવ્ય દર્શન કરાવ્યું હતું, તેનું તને સ્મરણ છે ને? તારો જય હો. આ દિવ્ય સંદેશનું શ્રદ્ધા વડે સેવન કરનારો ગમે તેવો મહાનમાં મહાન પાપી હશે તો પણ હું તેના સર્વ પાપોનો અંધારાની જેમ તત્કાળ નાશ કરીશ અને તેને અવશ્ય સૂર્યલોકમાં સ્થાપિશ, તેમ જ સ્મરણ કરતાં તારી સમક્ષ ઉપસ્થિત થઈશ.

મોટેરાઓનો વિવેકાત્મક આશિર્વાદ

એ રીતે નૃસિંહ, રામાદિ અવતારો; જનક, શુકદેવ, ઉદ્દાલક, ત્રિપુરાસુંદરી માતા, સરસ્વતી, મહાકાળી, મહાલક્ષ્મી, ગાયત્રી વગેરે મહાદેવીઓ; નારદ, તુંબરુ, શેષભગવાન, સાંખ્યાયનાચાર્ય, મહર્ષિ પતંજલિ, પાણિનિ ઇત્યાદિ અને તત્ત્વવિદોના પ્રશંસાત્મક ઉદ્ગારો સાંભળી મેં તેમને સર્વને પ્રણામ કરી કહ્યું કે, હું કાંઈ આ રીતની સન્માનતાં કે પ્રશંસાને પાત્ર નથી પરંતુ આપનો સર્વનો દાસ હોઈ આશિષને લાયક છું. મોટેરાઓનો સ્વભાવ છે કે તેઓ બાળકનો ગૌરવ કરે તેમ આપ સર્વ મહાપુરુષોનો મારા પ્રત્યે આશિષ દર્શાવતો આ વિવેક છે, એમ હું સમજું છું. મને આપ બધા આપના ચરણારવિંદમાં રાખશો એવી મારી નમ્રભાવે પુનઃ પુનઃ પ્રાર્થના છે એમ કહી સર્વ દિશાએ નમન કરી ભગવાન સન્મુખ સાષ્ટાંગ પ્રણામ કર્યા ને સ્વસ્થાને બેઠો. ત્યાર બાદ બધા મહાદેવો, દેવીઓ, તેમ જ અન્ય દેવતાગણો, દેવર્ષિઓ, મહર્ષિઓ, રાજર્ષિઓ, સૂર્યાદિ ગ્રહગણો ઇત્યાદિ સર્વને અમારી દિવ્યશક્તિ તમારામાં પ્રવેશશે એ રીતની અંજલિ સમર્પણ કરી તથા ભગવાને મને ૐ રૂપે સ્મરણ કરતાં જ હું તારી પાસે હાજર રહીશ એવું આશ્વાસન આપ્યું. ફરીથી દુંદુભી, નોબત વગેરે વાદ્યોનો ઘોષ શરૂ થયો, સર્વના જયઘોષ અને પુષ્પવૃષ્ટિ વચ્ચે સભા બરખાસ્ત થવા લાગી એટલામાં તેજઃપુંજ ચૈતન્યયુક્ત અને અતિ દૈદિપ્યમાન એવું એક ૐકારનું વિમાન આવ્યું, તેમાં જેમ પાણીમાં બરફ પિગળે તેમ સર્વ સભાસદો સહિત હું એકાએક ૐરૂપ બની ગયો. અહાહા! કેટલો બધો આ અપૂર્વ ચમત્કાર!

ઈશ્વરસ્ફુરિત સંદેશની પૂર્ણતા

હે રાજન્! આ પ્રમાણે ભગવાનની સભા સમક્ષ કહેવામાં આવેલો ઈશ્વરસ્ફુરિત સર્વ સંદેશ કે જે સભામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુન પણ બિરાજેલા હતા, જે મેં તમારી સર્વની ઇચ્છાનુસાર અથથી ઇતિ સુધી સંપૂર્ણ રીતે કહી સંભળાવ્યો તે તમોએ લક્ષપૂર્વક સાંભળ્યો ને? હવે તમો નિઃસંશય બની પરમપદમાં સ્થિત થયા કે? રાજા બોલ્યા : મહાત્મન્! આપના આ અમૂલ્ય ઉપદેશથી હું તદ્દન શાંત થયો છું; મારા તમામ સંશયો છેદાઈ ગયા છે, આપની કૃપાથી હું હવે પરમપદમાં સ્થિર થયો છું. જે પરમેશ્વરથી આ જગતોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, ઘડામાં રહેલી માટી અને અંધકારોમાં રહેલા સુવર્ણની પેઠે આ પરમેશ્વર પોતે જ કાર્યરૂપ જગત વિષે કારણરૂપે ચરાચર વ્યાપી રહેલા છે, જે જ્ઞાનરૂપ અને સ્વયંપ્રકાશ છે, જેનો અર્થ સમજવામાં મોટા મોટા બુદ્ધિમાનો પણ મોહને પામી જાય છે, એવા વેદનો જે પરમેશ્વરે આદિ કવિ એવા બ્રહ્માના મનમાં અંતર્યામીરૂપે પ્રકાશ કર્યો છે. જેમ સૂર્યનાં કિરણો વિષે ભ્રાંતિ વડે દેખાતું ઝાંઝવાનું પાણી સાચું નથી છતાં પણ સૂર્યનાં કિરણોની સત્તાથી તે સાચું હોય તેમ ભાસે છે અને જેમ સ્થિર પાણીમાં ભ્રાન્તિથી આ કાચ છે એવી બુદ્ધિ થાય છે તે સાચી નથી તો પણ તે પાણીની સત્તાથી સાચી હોય તેમ ભાસે છે, જેમ કાચને વિષે ભ્રાન્તિથી "આ પાણી છે" એવી બુદ્ધિ થાય છે, તે સાચી નથી તો પણ તે કાચની સત્તાથી સાચી હોય એમ ભાસે છે, તેમ અધિષ્ઠાન એવા પરમેશ્વરને વિષે તમોગુણના કાર્યરૂપ પાંચ મહાભૂતની સૃષ્ટિ, રજોગુણના કાર્યરૂપ ઇંદ્રિયોની સૃષ્ટિ તથા સત્ત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિઓ કલ્પિત અને અસત્ય જ છે, તો પણ જે પરમાત્માની સત્તાથી તે સાચી હોય તેમ ભાસે છે, જે પરમેશ્વરે પોતાના જ્ઞાનરૂપ પ્રકાશથી માયારૂપ કપટ ટાળી નાખ્યું છે અને જે પરમેશ્વરનો ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓ અને ત્રણે કાળમાં પણ નાશ નથી એવા સર્વથી શ્રેષ્ઠ પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનો શાસ્ત્રમાં જે નિશ્ચય કહ્યો છે તે હું હવે સારી રીતે સમજ્યો છું. સદ્ગુરુ કૃપાથી મૂર્ખ હોવા છતાં પંડિત હોય તો પણ તે આત્મતત્ત્વને જાણીને દુઃખરૂપ એવા આ સંસારસાગરમાંથી છૂટી અખંડ શાંતિને પ્રાપ્ત કરી શકે છે, એવું જે શાસ્ત્રમાં કહ્યું છે તેનો પ્રત્યક્ષ અનુભવ મને થયો છે. આપની કૃપાથી હું રાગદ્વેષાદિ દ્વંદ્વોથી મુક્ત થયો છું દૃઢ બોધને લીધે સર્વત્ર સમબુદ્ધિમાન, શાંત અને સુખનો મહાસાગર જ બની ગયો છું, સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ એવા આપને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. અઢાર પુરાણોમાં શ્રીમદ્ ભાગવત્ પુરાણ વર્તમાનકાળમાં લોકોમાં અતિશય પરિચિત છે તેમ જ શ્રીવસિષ્ઠજીએ કહેલા મહારામાયણની અજોડતા સંબંધમાં કોઈ અન્યાય નથી, તેના આધાર સહિત આ ભગવદ્ ગીતાના ઉપદેશ વડે ખરેખર વેદ, વેદાંગ, ઉપનિષદાદિ શ્રુતિસ્મૃતિ શાસ્ત્રો તથા પુરાણો વગેરેની એકવાક્યતા શી રીતે છે, એ વાત આપે જ સમજાવી તે હવે અમોને સારી રીતે સમજવામાં આવી છે, માટે અવતારિક ચૈતન્યસ્વરૂપ એવા હે પરમાત્મન્! આપને હું પુનઃ શતશઃ પ્રણામ કરું છું.

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम्
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

રાજન્! તમે તત્ત્વજ્ઞ થઈ પરમપદમાં વિશ્રાંત થયા છો એટલે હવે રજોતને સ્થાન ક્યાં હોય? આ તો મારી બડબડ છે.

મહારાજ! આવા અમૂલ્ય ઉપદેશને તો વળી બડબડ શી રીતે કહી શકાય?

રાજા સાંભળ! જીવન્મુક્ત મહાત્માઓ સુષુપ્ત મૌનમાં સ્થિત હોય છે જેમ ગાઢ નિદ્રામાં પડેલો મનુષ્ય ઊંઘમાં કાંઈ બોલે તો લોકો તેને બડબડ કહે છે, ખરા ને? તેવી સ્થિતિમાં જ મહાત્મા રહે છે, વળી અજ્ઞાની લોકો તેમના ઉપદેશને ધ્યાનમાં લેતા નથી, માટે તે બડબડ નહિ તો બીજું શું કહેવાય?

મારી ભિક્ષા

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य—
स्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥

(મુંડ૦ ઉપ૦ ૩/૨/૩)

આ આત્મા પ્રવચન વડે, બુદ્ધિ વડે કિંવા બહુશ્રુત થવાથી કદી પણ લભ્ય પ્રાપ્ત થનારો નથી, પરંતુ જેને ખરેખર તેને જ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય તેને તે પોતા વડે જ પ્રાપ્ત થઈ શકે છે. ઉદ્દેશ એ કે, આત્મા એ કાંઈ ઘણાં પુસ્તકોનો અભ્યાસ કરવાથી, બુદ્ધિ વડે કિંવા બુદ્ધિશાળીપણાના અહંભાવથી, પુષ્કળ પાંડિત્ય વડે, ઘણાં પ્રવચનો વા વ્યાખ્યાનો કરવાં કિંવા તે રોજ સાંભળતા રહેવા થકી કદાપિ પ્રાપ્ત થતો નથી, તેની પ્રાપ્તિને માટે તો ફક્ત તીવ્ર મુમુક્ષુતા એ જ એક સાધન છે, જેને આવી તીવ્ર જિજ્ઞાસા હોય, જે અન્યભાવનાનો ત્યાગ કરી આત્મા વડે જ આત્માને પામવાને ઇચ્છે, તે જ આ આત્માને પોતે પોતામાં મેળવી શકે છે. ટૂંકમાં એકપણાની ભાવના વડે આત્મા કદી પણ પ્રાપ્ત થઈ શકતો નથી પરંતુ તીવ્રતર જિજ્ઞાસાસહ એકપણાની વા અદ્વૈતની નિશ્ચલ ભાવના વડે અપરોક્ષજ્ઞાન કરવાથી જ તેની પ્રાપ્તિ થઈ શકે છે.

મારો વારસો

લોકો જે કે મને મહાત્મા કહેતાં, મારી પૂજા કરતાં, પોતાને શાન્તિ મળી છે એમ પણ કહેતાં, એટલું જ નહિ પરંતુ મારા પુસ્તકો જાણ્યા એવા તો ભરપૂર છે કે તેની અરોબરી પ્રાકૃત ભાષામાં કવચિત્ જ કોઈ કરી શકે! એવું એવું ઘણુંએ કહેતાં, છતાં આજ સુધી હું મને પોતાને અપૂર્ણ સમજતો હતો કેમ કે હું કેવળ ગ્રંથોના લેખન, વાચન કિંવા તત્ત્વો સમજાવી ઉપરચોટિયું જ્ઞાન પ્રાપ્ત કરનારાઓનો વર્ગ નિર્માણ કરવો અથવા વધુ લોકોનો જમાવ કરવો વા મારાં સ્તુતિસ્તોત્રાદિ કરનારાઓનો સમૂહ એકત્ર કરવા કરતાં આત્માના અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરનારાઓને જ હું વધુ લેખું છું. આથી મને હંમેશાં એમ જ લાગ્યા કરતું કે જગતમાં કેવળ પ્રવચનો વા પુસ્તકો લખીને જ હું સાચો વારસો આપી શકતો નથી, પરંતુ જ્યારે એક પણ વ્યક્તિને પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કરાવી આપું કે જેથી તે વ્યવહારમાં રહીને અને ગમે તે સુખ દુઃખાદિ પ્રસંગો આવવા છતાં પણ તે થકી રહેજે ચલિત નહિ થતાં જળકમળવત્ તદ્દન અલિપ્ત રહે અને કેવળ શાંતિમાં પોતાનું આયુષ્ય વ્યતીત કરે તથા મમાદિ સહિત "હું" ભાવનો વિલય કરીને એટલે મન રહિત અવસ્થામાં પણ વ્યવહાર કેવી રીતે અને કેટલી સહેલી કુશળતાથી થઈ શકે છે, શાસ્ત્રોમાં કહેવામાં આવેલો અનાસક્ત કર્મયોગ કોને કહે છે, તે સંબંધે જીવન્મુક્તિનું રહસ્ય તથા મારા સ્વાનુભવનું તત્ત્વ "હું" જગતને જીવન્મુક્તોના ઉદાહરણોની સાથે પ્રત્યક્ષ બતાવીને ખાતરી કરાવી ન શકું ત્યાં સુધી "હું" મારો સાચો વારસો જગતને આપી ન શકું; પરંતુ ઈશ્વરેચ્છાથી એવું એક તો શું પરંતુ સમાજમાં અનધિકારી ગણાતાં બ્રી અને શૂદ્રાદિકો સહ કેટલાંક ઉદાહરણો હું આજે જગત સમક્ષ મૂકી શક્યો છું. તેથી મને સ્વાભાવિક રીતે જ આનંદ થાય છે અને આથી જ હું જગતને આ સંદેશો આપવા પ્રેરાયો છું.

ધ્યેયપ્રાપ્તિની યુક્તિ

"તમો માનો યા ન માનો તમારામાં શ્રદ્ધા હો વા ન હો પરંતુ જો તમો અનાસક્ત વ્યવહાર કિંવા કર્મયોગ કોને કહે છે, તેનું સાચું રહસ્ય જાણવાની ઇચ્છા ધરાવતા હો, સંસારમાં રહેવા છતાં પણ

જળકમળવત્ કેવી રીતે કહી શકાય છે. તથા પોતાનું આયુષ્ય સુખ, શાંતિ તથા પરોપકારવૃત્તિમાં જ કેવી રીતે પસાર થઈ શકે તેનું સાચું રહસ્ય જાણવાની જો તમારામાં ખરેખર તીવ્ર જિજ્ઞાસા હોય તો હું તમોને પ્રતિજ્ઞાથી કહું છું કે તેવી સ્થિતિ પ્રાપ્ત થવી એ તમારે માટે કાંઈ અશક્ય નથી; પરંતુ આવી સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે તમારે ફક્ત ગ્રંથવાચનને જ ધ્યેય નહિ સમજવું જોઈએ; તે તો ફક્ત એક સાધન છે, એમ સમજી તેમાંનાં તત્ત્વોનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનો જો તમો પ્રયત્ન કરશો તો તમો તે ધ્યેયને જરૂર સાધ્ય કરી શકશો, એમ નિઃસંદેહ સમજો.

તમારા આ ધ્યેયપ્રાપ્તિના કાર્યમાં કાંઈક અંશે મદદરૂપ થઈ શકાય એટલા પૂરતો જ સદ્ગ્રંથોનો ઉપયોગ છે. આથી જ શાસ્ત્રમાં કહેવામાં આવેલું છે કે ઋક્, યજુ, સામ, અને અથર્વવેદ; શિક્ષા, જ્યોતિષ, છંદ, નિરુક્ત, કલ્પ અને વ્યાકરણ એ છ વેદાંગો; ઉપનિષદાદિ, શ્રુતિસ્મૃતિ ઇત્યાદિ સઘળા સદ્ગ્રંથો તો ફક્ત આત્માના પરોક્ષજ્ઞાનમાં જ ઉપયોગી છે. આ બધા થકી અપરાવિદ્યાની પ્રાપ્તિ થઈ શકે છે; તેની પ્રાપ્તિ થઈ એટલે તે કરતાં પણ પર એવી પરા વિદ્યા તો અનુભવ વડે જ પ્રાપ્ત કરી શકાય છે. માટે તમો અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરો. જેમ પેટ ભરેલો મનુષ્ય ઉપવાસીઓને ગમે તેટલો બોધ આપે છતાં જ્યાં સુધી તેઓનું પેટ ભરાય નહિ ત્યાં સુધી તે નિરર્થક જ નીવડે છે; તથા પેટ ભરાયું કે નહિ તે તો ખાનાર પોતે જ જાણી શકે છે, બીજો નહિ; તેમ તમો પોતે જ પ્રત્યક્ષ આત્માનો સ્વાનુભવ કરો એટલે પેટ ભરીને જમેલાને ગમે તેટલું પંચપકવાન્ન આપશો તો પણ તે ખાવાની કદાપિ ઇચ્છા કરશે નહિ, તેમ એક વખતે તમો આત્માનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરશો. એટલે આ કરતાં વિશેષ જાણવાનું કાંઈક હશે એવો તમોને કદી સ્વપ્નમાં પણ વિચાર આવશે નહિ. તમો હંમેશને માટે તૃપ્ત થશો અને કાયમી સુખશાંતિમાં મહાલી રહેશો, આમાં અનુભવ એ જ પ્રમાણ છે. તરમાત્ તે કાર્યમાં તમોને મદદરૂપ થાય એવા સદ્ગ્રંથોનો જ તમો નિત્ય અભ્યાસ કરો તથા અનુભવના માર્ગે વળો. તમારી પાસે હું આ જ ભિક્ષા માગું છું. તમોને તમારા અનુભવરૂપ ધ્યેયપ્રાપ્તિના માર્ગમાં એટલે અપરોક્ષજ્ઞાન અથવા સાક્ષાત્કાર કરવાના કામમાં જો મારા આ અને ઇતર ગ્રંથો મદદરૂપ નીવડે તો હું મારી મહેનત સફળ થઈ એમ સમજીશ, પરંતુ ધ્યાનમાં રાખો કે હું તમારી પાસેથી ગ્રંથપ્રત્યય કરતાં અનુભવ પ્રાપ્ત કરી લેવા રૂપ ભિક્ષાની જ અપેક્ષા ધરાવું છું. સદ્ગ્રંથો તો તમોને પાલકની જેમ સાચા તત્ત્વનું પરોક્ષજ્ઞાન જ કરાવી આપશે, પરંતુ ફક્ત તેના વડે કાંઈ ખરું સુખ અથવા કાયમી શાંતિ કદી પણ પ્રાપ્ત થવાની નથી. તેની પ્રાપ્તિ તો તમો જ્યારે સ્વતઃ અનુભવ કરશો ત્યારે જ કરી શકશો."

આ વાત હું કાંઈ તમોને નવી જ કહી રહ્યો છું, એમ સમજશો નહિ પરંતુ ઉપનિષદાદિમાં શાસ્ત્રકારો પણ પોકાર કરી કરીને એમ જ કહી રહ્યા છે.

शब्दाक्षरं परब्रह्म यस्मिन्क्षीणे यदक्षरम् ।
तद्विज्ञानक्षरं ध्यायेद्यदीच्छेच्छान्तिमात्मनः ॥

પરબ્રહ્મ એ શબ્દબ્રહ્મથી પણ પર છે. આ સર્વનો નાશ થવા છતાં પણ જેનો કદી નાશ થતો નથી, એવું તે અક્ષર છે. માટે જેને ખરેખર આત્મશાંતની ઇચ્છા હોય તેણે તો નિરંતર અવિનાશી એવા એક બ્રહ્મનું જ સતત ધ્યાન કરવું જોઈએ.

द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत् ।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥

વિદ્યા બે પ્રકારની છે. (૧) શબ્દબ્રહ્મ એટલે જેને પરોક્ષજ્ઞાન કહે છે તથા (૨) પરબ્રહ્મ એટલે અપરોક્ષાનુભવ. જેને શબ્દબ્રહ્મ એટલે આત્માનું પરોક્ષજ્ઞાન સારી રીતે થવા પામેલું હોય છે તેવો કુશળ

કિંવા નિષ્ણાત પુરુષ જ પરબ્રહ્મને પામે છે એટલે પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ અપરોક્ષજ્ઞાન કિંવા સાક્ષાત્કાર થઈ શકે છે.

ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्त्वतः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥

(અમૃત વા બ્રહ્મોપનિષદ્)

ગ્રંથોના અભ્યાસ વડે જ્ઞાન એટલે શબ્દબ્રહ્મ વા પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લઈ બુદ્ધિમાને તત્ત્વને સારી રીતે સમજી લીધા બાદ વિજ્ઞાન એટલે અપરોક્ષજ્ઞાન વા સાક્ષાત્કારને માટે ધાન્યની ઇચ્છાવાળો જેમ છોતરાનો ત્યાગ કરી દે છે, તેમ ગ્રંથોનો તદ્દન ત્યાગ કરી દેવો જોઈએ.

तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद्बहूञ्छब्दान्वाचो विग्लापनं हि तदिति ॥

(બૃહ૦ ઉપ૦ અ૦ ૪ બ્રા૦ ૪ મંત્ર ૨૧)

ધીરપુરુષ જ જાણવાનું તે જાણી લઈ પ્રજ્ઞા સંપાદન કરે તથા બહુ શબ્દોનું ચિંતન ન કરે અર્થાત્ આત્માનું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી લઈ પછી તે શાબ્દિક જ્ઞાનનો પણ ત્યાગ કરે કેમ કે તે તો કેવળ વાણીનો મિથ્યા પરિશ્રમ કરાવનારાં છે.

મુંઝવણ મટાડવાનો ઉપાય

જેમ કોઈ કહેશે કે, તમોને અઢળક સંપત્તિ, સુંદર સ્ત્રીઓ અને મોટું સામ્રાજ્ય વગેરે સઘળું આપવામાં આવશે પરંતુ તે માટે તમારે કરી લઘુશંકા કે શૌચ જવું નહિ, એટલી એક જ શરત છે તો તે સર્વનો ત્યાગ કર્યા સિવાય છૂટકો જ થતો નથી. એટલું જ નહિ પરંતુ ગમે તેવાં જરૂરી અને મહત્વનાં સઘળાં કામોને પડતાં મૂકવાં પડે છે, તેમ તમોને જગત પૈકીનો કોઈ પણ પ્રકારનો મોહ સિલક રહેવા પામ્યો ન હોય, ઉપર મુજબ જ્યારે તમારી ગમે તે ભોગે પરમાત્મપ્રાપ્તિ કિંવા આત્મસાક્ષાત્કારની તીવ્રતર ઇચ્છા થશે, ત્યારે તેને માટે એક ક્ષણ જેટલો વખત પણ લાગશે નહિ. જ્યારે તમારી ધ્યેયપ્રાપ્તિ માટેની અતિ તીવ્રતર જિજ્ઞાસા પેદા થયેલા હશે, કેવળ પરમાત્મપ્રાપ્તિ એ જ એક તમારું ધ્યેય બની ગયું હશે, સમગ્ર ત્રૈલોક્યના રાજ્યનો પણ ત્યાગ કરવાની તમારી પૂર્ણ તૈયારી હશે, વિષયભોગોનાં અસારતા સમજાઈ તેના પ્રત્યે તમો સંપૂર્ણ વૈરાગ્યશીલ બન્યા હશો; આટલું થયા છતાં પણ જો તમો મુંઝવણમાં પડ્યા હશો, સાચો માર્ગ નહિ જડવાને લીધે જો તમોને અર્જુનની જેમ ખરેખરી મુંઝવણ ઉત્પન્ન થઈ હશે; ત્યારે તમો અર્જુનની માફક તદ્દન નિર્ગર્વી, નિરભિમાની બની સમર્પણની ભાવનાવાળા થયા હશો; તમો દુરાગ્રહથી તદ્દન રહિત બન્યા હશો; તમારું માનસ જીવનમરણના કૂટ પ્રશ્ન સંબંધે વિચાર કરવા અસમર્થ બન્યું છે એમ તમોને લાગે અને જો તમારી મારા પ્રત્યે પૂર્ણપણે એવી નિઃસીમ અને નિઃશંક શ્રદ્ધા થઈ હશે કે તમારી મુંઝવણ મારાથી જ અવશ્ય દૂર થઈ શકશે; તો તમારો એ મોહભ્રમ હું એક ક્ષણમાં મટાડી તમારી મુંઝવણ અવશ્ય દૂર કરીશ; એ વાત તમોને સત્યપ્રતિજ્ઞાથી કહું છું. મારે તો આવા નીતિવાનોનું જ કામ છે, બાવાઓનું નહિ. પરંતુ જ્યાં સુધી તમોને આવી રીતની આત્મપ્રાપ્તિની તીવ્રતર જિજ્ઞાસા ઉત્પન્ન થયેલી ન હોય ત્યાં સુધી તમારે મારો અને તમારો ખોટો વખત બગાડવાનો પ્રયત્ન કરવો નહિ જોઈએ. નિઃશંક અને સંપૂર્ણ શ્રદ્ધાયુક્ત તીવ્રતર જિજ્ઞાસા સિવાય અપાયેલો તત્ત્વબોધ કાચા પારાના જેમ વ્યર્થ નીવડશે એટલું જ નહિ પણ તમારું તે પગલું અવિચારી ગણાશે કેમકે તમો મારો તાપ સહન નહિ કરી શકો. એ ખાસ ધ્યાનમાં રાખશો. પેટને ખાતર સર્વનો ત્યાગ કરી પરદેશગમન કરવું પડે છે, શિક્ષણને માટે પણ માતા, પિતા અને સગાંસંબંધીઓને છોડવાં પડે છે, યુદ્ધની નોકરીમાં ફક્ત પેટને માટે જાનની કુરબાની આપવી પડે છે,

વ્યવહારમાં આપણે સાચવવાને અર્થે પણ લોકો મરણનું શરણ ગ્રહણ કરવાને તૈયાર હોય છે. આ રીતે વ્યવહારમાં આવી નજીવી અને નકામી બાબતો કે જે છેવટે સાવ મિથ્યા ઠરે છે તેને માટે પણ જો મરણપર્યંતનો મોટો ત્યાગ કરવાને લોકો તૈયાર હોય છે તો પછી અત્યંત સુખના પરમાવધિ સમું આ આત્મપદ કે જે સર્વનું મૂળ અધિષ્ઠાન છે, મોટી યા વહેલી જેની પ્રાપ્તિ કર્યા સિવાય જીવોને છૂટકો જ થવાનો નથી, તેવા પરમાત્મપદનો પ્રાપ્તિ માટે તુચ્છ અને પરિણામે નિરર્થક એવા આ કાયિક, વાચિક અને માનસિક વ્યવહાર સહિત મિથ્યા અહંમમાદિ ભાવોનો જો ત્રિલય યા ત્યાગ કરવો પડે તો એમાં તે મોટી શી વાત છે? તેને માટે ખોટાં બહાનાંઓ બતાવવા એ પોતાના કાયરતાદર્શક છે; તેવાઓનું આમાં કામ નથી. જિજ્ઞાસુઓએ ખાસ ધ્યાનમાં રાખવું કે આત્મપ્રાપ્તિ તો પોતાના પુરુષાર્થ વડે જ સાધ્ય થઈ શકે છે, તે કોઈની પાસેથી ગુપ્ત શક્તિ દ્વારા પોતામાં પ્રવેશી જશે એવી ઇચ્છા યા યાચના કરવા થકી પ્રાપ્ત થવી કદી પણ શક્ય નથી. બીજાઓ રસોઈ તૈયાર કરી આપે પણ ખાવાનું કાર્ય તો પોતે જ કરવું પડે છે તેમ આત્માનું પરોક્ષજ્ઞાન કોઈ પણ પ્રકારનો દુરાગ્રહ છોડી નિરભિમાનપણે નમ્રતા અને વિવેક સહ શ્રી સદ્‌ગુરુની સેવા કરી તેમની કૃપાથી જ પ્રાપ્ત કરી લેવું પડે છે, ત્યારબાદ તેઓ બતાવે તે પ્રકારે અંતરંગમાં તેનો દૃઢ અભ્યાસ કરી સ્વપુરુષાર્થ વડે અંતિમ ધ્યેય સાધ્ય કરી લેવું જોઈએ.

પરમાત્મપ્રાપ્તિના સંબંધમાં મારે જે કાંઈ કહેવાનું હતું તે બધું મેં વખતોવખત પ્રવચનો, વ્યાખ્યાનો, સંવાદો, પ્રશ્નોત્તરો અને શંકાસમાધાનરૂપે ચર્ચાઓ દ્વારા તેમ જ આ ગીતાદોહન, દત્તપરશુરામ તથા અન્ય પુસ્તકો દ્વારા પણ કહેલું છે. શાસ્ત્રકારો પણ એ જ પોકારી પોકારીને કહી રહ્યા છે; પરંતુ જેઓ અવિવેકી હોવા છતાં પોતાને વિવેકી માની બેઠા છે, અહંકારથી ભરપૂર હોવા છતાં પોતાને અહંકારથી રહિત સમજે છે, વિષયોમાં અત્યંત આસક્ત હોવા છતાં પોતાને અનાસક્ત માને છે, બુદ્ધિહીન હોવા છતાં પોતાને મોટા બુદ્ધિમાન સમજે છે, કેવળ પોતાના સ્વાર્થને ખાતર જગતનો વિનાશ કરી રહ્યા હોવા છતાં જગતના હિતેચ્છુ હોવાનો દાવો કરે છે, પારકી અને આયલી જેવી બુદ્ધિ હોવા છતાં પોતે સ્વતંત્ર વિચારના છે એમ માને છે; એવા વાસ્તવિક દુરાગ્રહી, મિથ્યાભિમાની અને મૂઢો હોવા છતાં પણ વ્યવહારમાં દોઢડાહ્યા ગણાતા ખુશામતિયાઓને ગીતાદોહનાદિ તો શું પરંતુ શ્રુતિસ્મૃત્યાદિ સઘળાં શાસ્ત્રો સહ વૈકુંઠાધિપતિ વિષ્ણુ ભગવાન બ્રહ્મદેવ વા પ્રત્યક્ષ મહેશ્વર પોતે આવીને સાચું તત્ત્વ સમજાવે તો પણ તે બે ગધ્ધાના વાતના જેમ તદ્દન નિરર્થક જ છે.

દો ગધા

એક સદાચાર સંપન્ન બ્રાહ્મણ ગૃહસ્થ કાશીક્ષેત્રમાં જઈ વેદવેદાંગાદિ પટ્‌શાસ્ત્રસંપન્ન બનીને ઘણાં ઘણાં પ્રમાણપત્રો અને માનપાન મેળવીને પોતાને વતન નિવાસને માટે આવ્યા. ત્યાંના રાજાએ તેમની ઘણી આગતાસ્વાગતા કરી અને તેમને મોટા માનની પદવી સાથે રાજગુરુ તરીકે અતિ આગ્રહથી પોતાની પાસે રાખ્યા. સદરહુ ગૃહસ્થ ઘણા ભલા અને અતિ વિદ્વાન હતા. તેઓ રાજાને દરરોજ સાંજે બે કલાક નીતિશાસ્ત્રાદિનો ઉપદેશ સારી રીતે આપતા હતા. રાજા તે બધું જાગ્રે લક્ષ્યપૂર્વક સાંભળતો હોય અને બધું તુરતજ સમજી જતો હોય એવો ભાવ પ્રદર્શિત કરતો આથી શાસ્ત્રીજીને ઘણો જ આનંદ થતો. તેમણે વિચાર્યું કે આ રાજા ઘણો જ બુદ્ધિશાળી છે કેમ કે આટલું બધું ગહન તત્ત્વ તે એક વખતના કહેવામાત્રથી વગર પ્રશ્ને સારી રીતે સમજી શકે છે, તો હવે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો ઉપદેશ આપી અનાસક્ત કર્મયોગી બનાવીએ. આમ પોતે અનાસક્ત છે કે નહિ એનો વિચાર નહિ કરતાં માત્ર રાજાને અનાસક્ત બનાવવાનો ઇરાદો સેવતા આ રાજગુરુ શાસ્ત્રીવર્યે તે વાત રાજાને કહી રાજાએ ઘણા જ આનંદથી તેમાં સંમતિ આપી. દરરોજ રાજસભાની વચમાં જ સાંભળવાની ઇચ્છા જણાવી કે જેથી તેનો લાભ બધાને મળે. રાજઆજ્ઞા અને રાજવ્યવસ્થા પછી શું પૂછવું? રાજગુરુએ ગીતા, વ્યાસ વગેરે કરી "सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः" એ શ્લોક

બોલી ગીતા કહેવાનો આરંભ કર્યો. ભગવાને મૌન બતાવી લોકો ઉપર ખરેખર ઉપકાર કર્યો છે, કેમ કે તે થકી મૂર્ખાઓ પંડિતાઈમાં ખપી શકે છે અને વિદ્વાનોને તો તે ભૂષણરૂપ જ છે. રાજા તો દરરોજ મંત્રીઓ સહિત બધું ધ્યાન દઈને સાંભળે અને જાણે બધું એકદમ સમજી જતા હોય તેમ જી હા, વગેરે જેવી લકીરો ખેંચે. તેવો આવિર્ભાવ બતાવે અને નદી બળદની જેમ માથું ધૂણાવે જાય. આ ઉપરથી રાજગુરુ માની લે કે આને તો આમાં ખૂબ રસ પડે છે અને ઘણું ઊંડું જ્ઞાન છે, એમ સમજી શાસ્ત્રીજી બિચારા દાખલાદલીલ સહિત વધુને વધુ આધારો ટાંકી વિસ્તારપૂર્વક વર્ણન કરે જાય. લગભગ બેત્રણ વર્ષો સુધી આ ક્રમ ચાલ્યો. મોટી ધામધૂમથી પૂર્ણાહૂતી થઈ અને બધા સભાસદો શાંત ચિત્તે બેઠા હતા. રાજગુરુએ માન્યું. કે રાજા હવે પૂર્ણપણે અનાસક્ત બની ચૂક્યો છે, આથી તે પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. એટલામાં રાજાએ શાસ્ત્રીજીને ઉદ્દેશીને કહ્યું: હા જી, ગુરુ મહારાજ! આપે તો મને પાવન કર્યો છે. આપના જેવું જ્ઞાન મેં કોઈ પણ જગ્યાએ સાંભળ્યું નથી. આપે મને અનેક પ્રકારે યુક્તિ પ્રયુક્તિદ્વારા જે અમુલ્ય બોધ આપ્યો તેથી મને ઘણી શાંતિ થઈ છે. આપનો ઉપકાર ભૂલાય એમ નથી. હું આપે જે કહ્યું એ બધું સારી રીતે સમજ્યો છું, વગેરે સમારોપનું ભાષણ કે જે મંત્રીઓએ કહેલું હતું તે, રાજાએ અથથી ઇતિ સુધી બધા સભાસદો સમક્ષ કહી સંભળાવ્યું અને છેવટે આ પ્રમાણે કહ્યું: ગુરુ મહારાજ! મને એ બધું તો સમજાયું, પણ એક સંશય રહી ગયો છે, તેનું નિરસન આપ કૃપા કરીને કરો. આપનો આજ્ઞા હોય તો પૂછું. શાસ્ત્રીજીએ વિચાર્યું કે રાજા ઊંડો તત્ત્વજ્ઞાની લાગે છે; કેમ કે આજ સુધી એણે એક પણ પ્રશ્ન કર્યો નહિ એટલે જરૂર એ આત્માનુભવ સંબંધે જ પ્રશ્ન કરશે, પણ મેં કાંઈ આત્માનુભવ કર્યો નથી. અત્યાર સુધી તો શાસ્ત્રની વાત હતી તે તો ઠીક; પણ હવે બીજો શો ઉપાય? રાજાને કાંઈ ના કહેવાય? એવો થોડીવાર મનમાં વિચાર કરી તેમણે કહ્યું: મહારાજ, આપ તો મોટા જ્ઞાની છો, બહુશ્રુત છો એટલે આપનો પ્રશ્ન જરૂર ગહન જ હશે, છતાં હું તેનું મારી અલ્પબુદ્ધિ અનુસાર શાસ્ત્ર પદ્ધતિએ વિવરણ કરી આપના પ્રશ્નનો ઉત્તર આપવાનો અવશ્ય પ્રયત્ન કરીશ, માટે આપ ખુશીથી પૂછો. એ સાંભળી રાજા બોલ્યા: જી હા, ગુરુ મહારાજ! આપ ભગવદ્ગીતાના આરંભમાં પ્રથમના દિવસે "દો ગધા" એવું કાંઈ બોલ્યા હતા, પણ ત્યાર પછી હું દરરોજ ધ્યાન દઈને બે ત્રણ વર્ષ સાંભળતો આવ્યો છતાં પહેલા પહેલે દિવસે કહેલા 'દો ગધા' નું (બે ગધેડાઓ હિંદીમાં 'દો" એટલે "બે" અને "ગધા" એટલે "ગધેડાઓ" એવો અર્થ છે) શું થયું? તે ક્યાં ગયા? હજી લડાઈનો શરૂઆત થયેલી નહોતી એટલે તેઓ માર્યા ગયા એમ કાંઈ કહેવાય નહિ. બસ એટલું જ જાણવાની મારી ઇચ્છા છે. રાજાનો આ મૂર્ખાઈભર્યો પ્રશ્ન સાંભળી શાસ્ત્રીજીને અંદરખાને હસવું આવ્યું અને સાથે સાથે પોતા ઉપર ક્રોધ પણ આવ્યો. અરે! હું કેવો મૂર્ખ કે આટલાં બધાં વર્ષો આ રાજાના સહવાસમાં રહ્યા છતાં પણ હું તેને પારખી ન શક્યો! કેવળ પેટને માટે શેહમાં દબાયાથી તેના દોષો પણ મને ગુણ જેવા લાગ્યા, આવા મૂર્ખાઓની સોબત નકામી છે. પોતે વિદ્વાન હોવાથી તેમણે તત્કાલ રાજદરબારનો ત્યાગ કરવાનો મનમાં નિશ્ચય કર્યો અને સર્વ સભાસદો સમક્ષ કહ્યું કે રાજન્! સાંભળો. તમોએ આ પ્રશ્ન ઠીક કર્યો. એ બે ગધેડાનો વાત તો હું પણ ભૂલી ગયો હતો. તમોએ આજે યાદ આપી તે પણ ઘણું સારું કર્યું. હું કહું છું તે હવે ધ્યાનપૂર્વક સાંભળો. આટલાં આટલાં વર્ષોથી તમો મારા અહોનિશ સહવાસમાં રહ્યા છતાં તમારા હાવભાવ ઉપરથી તમો ઘણા જ્ઞાની છો એમ હું અત્યાર સુધી સમજતો હતો; એટલે હું તમોને આટલા બધા પરિચય અને સહવાસ પછી પણ પારખી શક્યો નહિ, તેથી મારા જેવો બીજો ગધેડો કોણ હોય? એ હિસાબે પેલા જે બે ગધેડાઓ કહ્યા તે પૈકી એક હું છું: અને તમોને વર્ષો સુધી તનતોડ મહેનત કરી મેં અનેક શાસ્ત્રયુક્તિઓ દ્વારા સમજાવ્યું છતાં પત્થર ઉપર પાણીની જેમ પરિણામે તે સર્વે વ્યર્થ જ ગયું; એ હિસાબે તમો પણ ગધેડા જ ગણાવ. આમ આપણે બંને ગધેડાઓ જેવા હતા તેવા કોરા ને કોરા જ સિલકમાં રહ્યા. એ રીતે તમારા બે ગધેડાનો હિસાબ પતી ગયો. હવે હું આપને અને બધા સભાસદોને રામરામ કરું છું. આવા મૂર્ખાઓની સભામાં તે વળી કયો પંડિત રહી શકે? આ વાતનો જેમ જ શાસ્ત્રો અને શાસ્ત્રવિદોએ આટલું આટલું કહેવા છતાં પણ જેઓ સુધરી ન શકે તેમની સ્થિતિ છે.

એમ જાણવું. તસ્માત્ ખરેખર આપણે સમજ્યા છીએ તે બરોબર છે કે નહિ, આપણામાં ખરેખર અહંકારાદિ છે કે નહિ તેનો હંમેશ મનની સાથે તાળો મેળવવો જોઈએ. જેમ ભરેલા ઘડાનું પાણી છિદ્ર વાટે જેમ જેમ બહાર નીકળતું જાય તેમ તેમ તેનો ખાલી થયેલો ભાગ અનાયાસે જ આકાશથી ભરાઈ (વ્યાપી) જાય છે, તે પ્રમાણે જેમનામાંથી અહંમમાદિ ગલિત થઈ ગયા હોય છે, સાચું જ્ઞાન પ્રાપ્ત થયું હોય છે. તેઓ તો પોતે પોતાને ભૂલી જાય છે એટલે એક આત્મતત્ત્વ જ અવશેષ રહેવા પામે છે. જ્યાં અહંમમાદિ ભાવો ન હોય ત્યાં બીજું શું રહી શકે? એનું નામ જ સાચી સાત્વિકતા છે. માટે જેમને હું પોતે છું, મને આ બધું સમજાયું છે, મેં બધું જાણ્યું છે, હું તદ્દન નિઃશંક થયો છું, દેહ હોય ત્યાં સુધી આ બધું રહેવાનું જ, દેહ વિલય થતાં સુધી અનાસક્ત કર્મો કરવા જોઈએ, અમુક મહાત્માઓનું પણ આમ જ થયું હતું વગેરે પ્રકારના સંકલ્પો અંતઃકરણ મધ્યે ભૂલમાં પણ જો ઊઠતા હોય અગર ઊઠે તો જાણવું કે અમારો અહંભાવ ગલિત થઈ ચૂક્યો છે એમ માનનારાઓને અહંભાવે જ ગળી નાખ્યા છે; માટે જેમને ખરેખર દંભ નહિ પણ સાચી આત્મપ્રાપ્તિ કરવાની જ ઇચ્છા હોય તેમણે તો પોતાને હંમેશાં તપાસતા રહેવું જોઈએ કે પ્રકાશ હોય ત્યાં કદી અંધારું રહી શકે જ નહિ તેમ જ્યાં અસંગ એવો આત્મા હોય ત્યાં સસંગ એવા હું અને તું, મારું, તારું, તે ઇત્યાદિ ભાવોનો લેશ પણ કદી હોઈ શકે નહિ. માટે આત્મહિત સાધનારાઓએ "હું" એવો ભાવ જ ઊઠવા નહિ પામે, એ માટે નિત્યપ્રતિ સંભાળ રાખી પોતાને હંમેશ તપાસતા રહેવું જોઈએ. બાકી જેમ ઔષધિ કિંવા દવાના સેવન વડે ઉપર ઉપરથી તો રોગ મટી ગયો એમ જણાય છે પરંતુ તેનું મૂળ સૂક્ષ્મરૂપે અંદર રહેવા પામેલું હોય છે. તેને કયારે અંકુર ફૂટશે એ કહી શકાય નહિ તેમ વ્યાવહારિક ગણાતાં સુખસાધનો અને સંપત્તિ વગેરેના કેફને લીધે મનુષ્ય સાચું તત્ત્વ નહિ સમજતાં હું હવે સમજી ચૂક્યો છું, હું અહંભાવ રહિત થઈ ચૂક્યો છું, મને શાંતિ પ્રાપ્ત થઈ છે વગેરે માની બેસે છે. તેને કલ્પના પણ હોતી નથી કે આ સાચી આત્મશાંતિ નથી, તેના મૂળમાં સૂક્ષ્મ અહંભાવ રહેલો હોવાથી તે થકી પોતાનો વિનાશ અવશ્ય થશે તેનું તેઓને ભાન પણ હોતું નથી, પરંતુ આ તદ્દન સાદી અને દીવા જેવી સ્પષ્ટ વાત છે કે જ્યાં અંધકાર નહિ ત્યાં પ્રકાશ જ હોય એ ન્યાયાનુસાર જ્યાં અહંભાવ નહિ ત્યાં આત્મા જ હોય; જે આત્મા આકાશની જેમ અહંમમાદિ વૃત્તિઓથી તદ્દન રહિત છે. માટે જિજ્ઞાસુઓએ પોતામાં કદી અહંનો ઉદય જ થવા ન પામે તે માટે હંમેશાં ખાસ સાવચેતી રાખવી જોઈએ અને જો ભૂલમાં પણ કદી અહંનો ઉદય થાય તો માનવું કે આ આત્મા નથી. એ રીતના પુરુષાર્થ વડે જ બીજ સહિત અહંનો વિલય કરવાથી જ પરમપદની પ્રાપ્તિ થઈ શકે છે. જીવન્મુક્તિ કોઈના પ્રમાણપત્ર ઉપરથી, યા લોકોના કહેવા ઉપર અવલંબન રાખતી નથી; આ સંબંધમાં એક પ્રસંગ કહું છું.

જીવનનું અંતિમ ધ્યેય શું?

એક વયોવૃદ્ધ રાજવીની ઇચ્છાથી તેમના જન્મ દિવસના શુભ પ્રસંગે શુભાશિષ માટે જવાનો યોગ આવ્યો, સદ્ગુરુ રાજવી વિચક્ષણ બુદ્ધિના અને સાધુ સંતોના પ્રેમી હતા, તેઓને ઉદ્દેશીને કહ્યું: રાજન્! આપે પોણોસો વર્ષો સુધી આ તરફનું રાજ્ય સારી રીતે કર્યું પરંતુ તે કાંઈ ધ્યેયરૂપ કહેવાય નહિ. પ્રજાવત્સલ તથા ન્યાયનીતિપૂર્ણ ધર્મનિષ્ઠ રાજવીઓ મનુસ્મૃત્યાદિમાં કહ્યા મુજબ જો સારી રીતે રાજ ધર્મનું પાલન કરે તો તેને જરૂર આત્મપ્રાપ્તિ થઈ શકે છે. જે રાજા પોતાની પ્રજા, પોતે રચેલા કાયદાઓનું પાલન કરે એવું ઇચ્છતો હોય તેણે પોતાને માટે શાસ્ત્રમાં કહેવાયેલા નિયમો કે જે અંતે આત્મધર્મને માર્ગે લઈ જનારા છે તેનું સંયમશીલ થઈ શિસ્ત ચુસ્ત રીતે બિનચૂક પાલન કરવું જોઈએ. આ બધું નાશવંત છે. તે તમોએ કર્યું નથી પણ થયું છે, કેમ કે બધું જગત ઈશ્વરે ઠરાવેલા નિયતિક્રમ પ્રમાણે જ ચાલે છે. એક તૃણ અગર એક પાન પણ ઈશ્વરની આજ્ઞા વગર હાલી શકે તેમ નથી. આમ હોવા છતાં ગાડા નીચે ચાલનારા કૂતરાની જેમ જગતમાં બધા આ હું કરું છું, આ મારું છે, આ તું છે વગેરે મિથ્યા અભિમાન વડે બકવા કરે છે. તમારા વડવાઓ આ મારું રાજ છે, પ્રજાપાલન કરવું એ મારું કર્તવ્ય

છે ઇત્યાદિ કહેતા આવ્યા, તેઓ બધા પણ કાળના ખપ્પરમાં કયાંયે હોમાઈ ગયા ! જો ખરેખર માનવી જીવો માને છે તેમ તેમના હાથમાં હોત તો જેને તેઓ પોતાનું કર્તવ્ય સમજે છે તે છોડીને આ મૂર્ખ મનુષ્યો કદી પણ મરત નહિ. કેમ કે કોઈ પણ માનવી મરણને ઇચ્છતા નથી પણ પોતે માનેલા કર્તવ્યને માટે જીવવાની આશા રાખે છે, પરંતુ નાછલાજે મરણ શરણે જવું પડે છે. એ વાત જુદી. આ મુજબ જે પોતે ઇચ્છા હોવા છતાં જીવી શકતો નથી, પોતે જ પરતંત્ર છે, બંધનમાં છે છતાં સ્વતંત્ર માની લે છે, એ કેવા આશ્ચર્યની વાત છે! માટે રાજન્! તમે એમ માનતા હશો કે આજ સુધી મેં મારું કર્તવ્ય સમજીને સારી રીતે રાજ કર્યું છે, તો તમારી એ માન્યતા ખોટા અહંભાવવાળી છે એમ જાણજો. રાજન્! જેમ તમામ નદીઓનો અંત સમુદ્રમાં જ થાય છે એટલે અહોરાત્ર વહેણ રૂપે નદીની ચાલતી પ્રવૃત્તિ અને તે વહેણાદિમાં જે જે કાંઈ પ્રવૃત્તિઓ ચાલી રહી હોય છે તે તમામ પ્રવૃત્તિનો વિલય નદીના વહેણ દ્વારા અંતે સમુદ્રમાં જ થાય છે તેમ આ સંસારરૂપ નદીના વહેણમાં ચાલતી તમામ સ્થાવર જંગમ જીવોની કાયિક, વાચિક, માનસિક, બૌદ્ધિક કે અન્ય પ્રકારની સઘળી પ્રવૃત્તિ આ સંસારરૂપ નદીના વહેણ દ્વારા આત્મરૂપ મહાસાગરમાં જઈને જ વિલયને પામે છે એટલે જો કોઈ એમ કહેવા માગે કે હું પાણી પીઉં છું, સ્નાન કરું છું, મેલ સાફ કરું છું, કચરો વગેરે નાખું છું, તે બધું નદીના કલ્યાણને માટે જ કરી રહ્યો છું અથવા નદીના વહેણમાં નાખવામાં આવેલો કચરો કહે કે આ નદીનું વહેણ મારે લીધે જ વહી રહ્યું છે અને હું જ એને સમુદ્ર તરફ લઈ જાઉં છું તો તે જેમ મૂર્ખતા ગણાય તેમ આ ઈશ્વરીય સત્તા વડે આ જગતના સંસારરૂપ વહી રહેલા અવ્યાહત પ્રવાહમાં તણાતા જગતમાંના સ્થાવરજંગમ, જડચેતનાદિ મૂઢ જીવો મિથ્યા અહંભાવ વડે આ જગત અમે જ ચલાવીએ છીએ, અમારા વડે જ ચાલી રહ્યું છે, જગતને સુખી કરવું એ અમારા હાથમાં છે વગેરે પ્રકારના મિથ્યા પોકારો કર્યે જાય છે. તેમનું આ બરાડવું કેટલું અયોગ્ય છે તેનો વિચારશીલ પુરુષો જ વિચાર કરે.

ઉપર મુજબનો સાચો સિદ્ધાંત સમજીને માનવીઓએ સમજવું જોઈએ કે, આ જગતનો અવ્યાહત પ્રવાહ જે ઈશ્વરીય સત્તા વડે ચાલો રહ્યો છે તેમાં તણાતા અમો તો કેવળ એક તરંગ સમા હોઈ અમારે એ પ્રવાહની સાથે મને કે કમને આત્મરૂપ મહાસાગરમાં મળી જઈ એકરૂપ થવું જ પડશે, એ જ અમારું અંતિમ ધ્યેય છે.

આ રીતે જગતમાં સાચું સ્વરૂપ જાણી સુજ્ઞ પુરુષો તેમાં કદી પણ મિથ્યા અભિમાન કરતા નથી અને તદ્દન નિર્ગર્વી બની અહંકારથી તદ્દન રહિત બને છે તેમ જ ભૂલથી પણ કદી પોતામાં આ મિથ્યા અહંભાવ ઘૂસી જવા નહિ પામે તે માટે સતત સાવચેતી રાખે છે.

અહંકારનો વિલય એ જ ધ્યેયસિદ્ધિ

આ પ્રમાણે અહંકાર રહિત બનતાં જ તે ધ્યેયને ત્યાંને ત્યાં જ પ્રાપ્ત કરી શકે છે. જે પોતાને પાણીથી તરંગરૂપે જુદો માને છે તે જ મૂળ અહંકાર છે. તેનો વિલય થયો કે હું જ પ્રવાહને વહાવી સમુદ્ર તરફ લઈ જાઉં છું. વગેરે પ્રકારની તેની માન્યતાઓનો વિલય અનાયાસે જ થઈ જાય છે અને તે તત્કાળ જીવન્મુક્ત બને છે. આ મુજબની જીવન્મુક્તિ પ્રાપ્ત કરી લેવી એટલો જ અન્ય સ્થાવરજંગમ અને જડચેતન યોનિઓ કરતાં મનુષ્ય યોનિમાં વિશેષતા છે; તેથી જ શાસ્ત્રકારો પોકાર કરી કરીને કહી રહ્યા છે કે હે માનવીઓ ! તમો મિથ્યા અહંભાવ છોડી દો અને પોતાના સાચા સ્વરૂપમાં જ તદ્રૂપ બની રહો. એટલે બીજી યોનિઓની માફક તમારે કદી પણ દુઃખનો પ્રસંગ આવશે નહિ. તમો જીવન્મુક્તિ પ્રાપ્ત કરી સુખાનંદમાં જ મહાલી રહેશો.

રાજન્ ! મેં સાંભળ્યું છે કે તમો તીવ્ર બુદ્ધિશાળી અને સારા સલાહકાર છો; તમારામાં ઇતર રાજવીઓ કરતાં અપ્રતિમ ગુણો છે. આથી લોકો તમને જનકવિદેહી જેવા જીવન્મુક્ત માને છે પરંતુ

તમો ધ્યાનમાં રાખશો કે બહેર લોકોના કહેવાથી અગર પ્રમાણપત્રો વડે કાંઈ જનકવિદેહી થવાતું નથી. પણ ઉપર કહ્યા મુજબ અહંભાવનો સંપૂર્ણ રીતે વિલય કરી આત્માનુભવ પ્રાપ્ત કરવાથી જ થઈ શકાય છે. તમો કહેશો કે મારી એંસી વર્ષની ઉમર થઈ ચૂકી, હવે હું રાજપાટ છોડીને જંગલમાં જઈ તપ કરી શકું એવી સ્થિતિ નથી. તો તે સંબંધમાં હું તમોને કહું છું કે તમો સાચા જનકવિદેહી જ બનો, કેમ કે જનક વિદેહીએ રાજપાટનો ત્યાગ નહિ કરતાં કે આત્મપ્રાપ્તિને માટે તપ, ધ્યાન, ધારણા વગેરે કશું નહિ કરતાં કેવળ સત્સંગતી વડે તીવ્ર જિજ્ઞાસા થતાં બેઠેલો બેઠકે અંતરિક્ષમાંથી વિહાર કરનારા સિદ્ધોનો તત્ત્વબોધ ઉપરનો ચાલતો સંવાદ સાંભળવામાં આવતાં અને તે બોધ પૂર્ણ થતાં પહેલાં તો તેઓએ અહંભાવનો વિલય કરી નિર્વિકલ્પતા પ્રાપ્ત કરી લીધી અને તેઓ આત્મસ્વરૂપની સાથે તદ્રૂપ બની ગયા અને આ બધું કેવળ અરધા મુહૂર્તમાં જ*. તેમ હું ઇચ્છું છું કે આ જ સ્થિતિમાં, બેઠેલી બેઠકે, આજે ને અત્યારે તમો પણ સાચો બોધ પ્રાપ્ત કરીને જનક વિદેહીની જેમ જીવન્મુક્ત બનો જેથી મને પણ જનક વિદેહી નિર્માણ કરનારા સાચા સાધુપણાની સાર્થકતા થઈ એમ લાગશે અને તમો ખરેખર બુદ્ધિમાન છો, એ વાત પણ જગત નિઃશંક રીતે જાણી આનંદ વ્યક્ત કરશે, એટલું નહિ પણ તત્ત્વવિદોની સભામાં રાજર્ષિ તરીકે તમારું કાયમી સ્થાન રહેશે.

રાજન્! જો તમારી ખરેખર સત્ય જાણવાની સાચેસાચી તીવ્રતર જિજ્ઞાસા હશે અને મારા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા હશે તો હું તમોને પ્રતિજ્ઞાથી કહું છું કે આજે આ સ્થળે આ કાળમાં બેઠેલી બેઠક જ તમો ક્ષણવારમાં જનક વિદેહીની જેમ જીવન્મુક્ત પ્રાપ્ત કરી શકો છો આટલું કહેવા છતાં રાજા સ્તબ્ધ જ રહ્યા.

આત્મપ્રાપ્તિ પ્રમાણિક પ્રયત્ન માગે છે

અવિવેકીઓને ગમે તેટલું હિતનું વચન કહેવામાં આવે છતાં તેઓને ગળે તે કદી પણ ઉતરતું જ નથી. રાજન્! લોકોને કંઈ કરવું નથી પણ બાકી વાતો કરવી છે એટલે શું થાય? બાકી કરવાવાળાઓને માટે તો અશક્ય શું છે? શ્રી છત્રપતિ શિવાજીના ગુરુ સમર્થ રામદાસ સ્વામી અને તુકારામ મહારાજ બંને તમકાલિન હતા. એક વખતે બંનેનો નજીકના ગામોમાં મુકામ થયો બંનેના શિષ્યોએ વિચાર્યું કે આ બે મહાપુરુષો આટલા નજીકમાં આવ્યા છે એટલે તેમનો ભેટો થાય તો આપણને કાંઈક જાણવાનું મળે. એવા વિચાર વડે તેઓએ પરસ્પર સલાહ મસલત કરી પોતપોતાના ગુરુને વાત કરી. તેઓએ હા પાડી, આથી બંને પક્ષમાં બધા રાજી થયા. ઠરાવ્યા પ્રમાણે બીજે દિવસે બંને મહાપુરુષો પોતપોતાના શિષ્યસમુદાયો સાથે ભજન, સ્તોત્ર, પાઠ, ધૂન, શ્લોક પદ્યો તથા જયઘોષ કરતા નીકળ્યા. ભેટ તો રસ્તામાં જ્યાં બંને સમુદાયોનો ભેટો થાય ત્યાં જ કરવી, એવો ઠરાવ હતો, રસ્તામાં એક નદી આવી તેના કાંઠા ઉપર વિશ્રાંતિને માટે સામસામા બંનેએ એક એક ઝાડની નીચે પડાવ નાખ્યો. ભજન, ધૂન, શ્લોક વગેરેનો નાદ થોડા વખત બાદ બંધ થયો અને બંને સ્થળે શાંતિ છવાઈ ગઈ. એટલે પ્રથમ શ્રી તુકારામ મહારાજ પોતાના શિષ્યસમુદાય વચ્ચે હાથમાં બે પથરો લઈ ઉભા થયા અને ટાળ (મોટાં મંજીરા) વગાડે તેમ વગાડી તેને ધસીને બાજુએ ફેંકી દીધા અને પોતાના રથને બેસો ગયા. સામે કાંઠેથી આ ક્રિયા સમર્થ શ્રી રામદાસ સ્વામીના જોવામાં આવી તેઓએ તેમને ઉત્તર આપવાના ઇરાદે સમુદાય વચ્ચે ઉભા થઈ મોટ મોટેથી શંખનાદની જેમ ધ્રુસો પાડી અને તેઓ પણ સ્વસ્થાને બેસી ગયા. થોડીવાર પછી બંનેએ પોતપોતાના શિષ્યોને પાછું ફરવાની આજ્ઞા કરી. શિષ્યો તો બંનેની મુલાકાત થશે જાણી આનંદમાં આવી ગયા હતા, તેઓ આ આજ્ઞા સાંભળતાં વેંત જ વિચારમાં પડી ગયા; આ સમુદાયમાં શ્રીશિવાજી રાજા પણ હતા. તેમણે એક દિવસ સમર્થ રામદાસ સ્વામી આનંદમાં છે એમ જોઈ પૂછ્યું: ભગવન્! તે દિવસે શ્રીતુકારામ મહારાજની અને આપની મુલાકાત થયા

* બે નાડી કિંવા ઘટિ બરોબર ૧ મુહૂર્ત કહેવાય એ ધોરણે અર્ધું મુહૂર્ત બરાબર ૧ ઘટિ હાલમાં જેને ૨૪ મિનિટ કહે છે તે છે.

સિવાય આપ પાછા ફર્યા એનું કારણ અમને સમજાયું નહિ. શ્રીસમર્થે હસીને કહ્યું: શિવબા! અમારી બંનેની મુલાકાત થઈ ગઈ. તમો તે જાણી શકયા નહિ એમ લાગે છે. અરે! જો કે બધે શાંતિ છવાયા પછી સામે કાંઠેથી શ્રીતુકારામ મહારાજ ઊઠીને ઊભા થયા અને હાથમાંના પત્થરો ઘસી ઘસીને ફેંકી દીધા એનો ઉદ્દેશ એવો હતો કે હું દરરોજ ભજન કરવાનું કહી કહીને થાકી ગયો, મારા હાથમાંના કરતાલો, ઝાંઝ વા પત્થરો ઘસાઈ ગયા છતાં પણ લોકો સાંભળવાને તૈયાર જ નથી. તેના ઉત્તરમાં મેં ઉભા રહી શંખનાદની જેમ ઘૂમો મારી તેનો અર્થ એવો કે, હું પણ ઉપદેશ કહીને ઘૂમો મારી મારીને શંખનાદ કરી કરીને થાકી ગયો છતાં મારું પણ કોઈ સાંભળતા નથી.

રાજન્! લોકોની સ્થિતિ આ પ્રમાણેની છે. તેઓ પોતાના હિતનું વચન સાંભળવાને પણ તૈયાર નથી. આ રીતની કર્તવ્ય કરવાના મેદાના તરફ ચાલી રહેલી લોકોની ઘેલછા જોતાં તેઓની આ દયાજનક સ્થિતિ ખરેખર ઉપહાસને જ પાત્ર છે.

इति श्रीमत्कृष्णात्मजेन विरचितः श्रीकृष्णात्मजवाक्सुधायां गुर्जरगिरायां षष्ठप्रकाशनरूपः श्रीभगवद्गीताविज्ञानरहस्यदर्शको गीतादोहनाख्यो तत्त्वार्थदीपिकाख्यो वा श्रीमद्भगवद्गीताग्रन्थः समाप्तः ॥ ॐ तत्सत्

ॐपूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

મહર્ષિવર્યના કાર્યસિદ્ધાન્તો

દરેકે યોગ્ય દક્ષતાથી અને બિનચૂક કાર્ય કરવાનું છે. ભૂલો થવાની છે પણ કરવાની નથી. ભૂલો થવી એ બેદરકારીની નિશાની છે. ભૂલ થઈ ગઈ એમ ફક્ત મોં વડે કબૂલ કરવાથી વા માફી માગવાથી કાંઈ તેનું પ્રાયશ્ચિત થતું નથી. કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત કેવળ એક શિક્ષા જ છે. અભ્યાસ કિંવા જાણવાનો પ્રયત્ન કર્યા સિવાય તેમાં માથું મારવું ને ભૂલો થાય એટલે અજ્ઞાનથી થયેલી છે એમ માનવું એ મૂર્ખતા છે. જાણ્યા સિવાય કોઈ પણ કાર્યમાં માથું મારવું કિંવા અજ્ઞાત વિષયમાં સમજ્યા વગર અમો પણ કાંઈક જાણીએ છીએ. એવો દંભ બતાવી સલાહ કિંવા અભિપ્રાય આપવો અને પછી ભૂલ થઈ એમ કહેવું એ નરી મૂર્ખાઈ છે, તેવી ભૂલો થયેલી નહિ, પણ કરેલી છે એમ જાણવું અને તે ક્ષમાને નહિ પણ શિક્ષાને પાત્ર છે. શિક્ષા વગર કરેલી ભૂલોને માટે બીજું એકે પ્રાયશ્ચિત નથી જેમ દેવતા હોય તે બાળે છે એમ જાણવા છતાં દુર્લક્ષતાથી કેરોસીન તે ઉપર પગ મૂકે અને પછી ભૂલ થઈ એમ કહે તો તે અક્ષમ્ય છે કેમ કે તે થયેલા નહિ પણ બેદરકારીથી કરેલો છે. તેથી તે શિક્ષાને પાત્ર છે. પણ નાના બાળકને દેવતાનું જ્ઞાન નહિ હોવાથી તે ભૂલથી દેવતા તરફ ન જાય એ જવાબદારી તે સમજદાર થાય ત્યાં સુધી પાલકની છે. તેને રોકવા છતાં તે તે તરફ જવાનો પ્રયત્ન કરે તો પણ તે ભૂલ ક્ષમ્ય છે. તેથી તેને તેમ કરતાં રોકવો જોઈએ. સમજદાર થયા પછી કિંવા દુર્લક્ષતાને લીધે સમજવાનો પ્રયત્ન જ નહિ કરનારાઓ તરફથી થતી ભૂલો અક્ષમ્ય હોઈ તે શિક્ષાને પાત્ર છે.

ૐ તત્સત્

હિતોપદેશ

જે મનુષ્ય અધર્મથી મળતા મોટા અર્થલાભનો ત્યાગ કરે છે તે જુની કાંચળીનો ત્યાગ કરનાર સર્પની જેમ દુઃખ થકી મુક્ત થઈ નિર્ભય બને છે.

અસત્ય બોલીને વિજય મેળવવો, સ્વામી કે રાજા પાસે ચાડી ખાવી અને સદ્‌ગુરુની આમળ મિથ્યા આગ્રહ કરવો, એ અવનતિને કરાવનારાં મહાન પાપ સમાન છે.

ઈર્ષ્યા કરવી એ ખરેખર મરણ સમાન છે. વધારે પડતું બોલવું એ લક્ષ્મીનો નાશ કરનારું છે અને સદ્‌ગુરુની સેવા નહિ કરવી, કોઈ પણ કાર્ય એકદમ ઉતાવળથી કરવું તેમ જ આત્મશ્લાઘા કરવી એ વિદ્યાના કટ્ટર શત્રુ છે.

આળસ, મદ, મોહ, ચપળતા, વાતોડીઆપણું, ઉદ્ધતાઈ, અભિમાન અને લોભ આ સાત વિદ્યાપ્રાપ્તિ ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે દોષરૂપ છે.

અગ્નિ લાકડાથી તૃપ્ત થતો નથી, સમુદ્ર નદીઓથી તૃપ્ત નથી, તેમ મૃત્યુ સર્વ પ્રાણીઓના ગ્રાસ થકી કદી તૃપ્ત થતું નથી. અતૃપ્ત એવો આ કાળ પ્રાણીમાત્રના ભક્ષણ માટે ટાંપી બેઠો છે, માટે મનુષ્યે તેના પંજામાં ઝડપાતાં પૂર્વે જ ઇષ્ટ ધ્યેયની પ્રાપ્તિ કરી લેવી જોઈએ.

અરક્ષણથી પ્રજાપશુઓનો નાશ થાય છે, આશા ધ્યેયનો નાશ કરે છે, કાળ સમૃદ્ધિનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે, કૃપણતા યશનો નાશ કરે છે અને કોપાયમાન થયેલો સ્વહનિષ્ઠ પુરુષ સમસ્ત જગતનો નાશ કરે છે.

શુભમાં અશુભ અને અશુભમાં શુભ જોનારા મૂર્ખ મનુષ્યો પોતાની અવશ ઇન્દ્રિયોને લઈ મહાન દુઃખને સુખ માની વારંવાર આપત્તિઓ જ ભોગવ્યા કરે છે.

મનુષ્યોએ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને નિયમમાં રાખી આત્મબુદ્ધિ વડે જ આત્માને ઓળખવો.

જ્યારે વિનાશ થવાનો હોય છે ત્યારે અજ્ઞાનથી કલુષિત થયેલી બુદ્ધિમાં અન્યાય જ ન્યાય જેવો ભાસે છે અને તે હૃદયમાંથી ખસતો નથી.

બોલવા કરતાં મૌન રાખવું શ્રેષ્ઠ છે, તે કરતાં સત્ય તથા જે થકી પ્રિય થાય એવું બોલવું એ વધુ શ્રેષ્ઠ છે અને તે કરતાં પણ ધર્માનુરૂપ બોલવું એ વધુ શ્રેષ્ઠ છે.

મનુષ્યોને બુદ્ધિ અને યુક્તિદ્વારા નિંદિત કર્મોમાં ઉદ્યોગ કરવાથી ધન મળે છે ખરું, પણ તેથી એ પ્રશંસા પામતો નથી.

જે કુળો પશુઓ તેમ જ ધનધાન્યથી સંપન્ન હોય છતાં જો સદાચારરહિત હોય તો તેની ગણના હલકાં કુળોમાં થાય છે; તેમ જ અલ્પ ધનવાળાં હોય છતાં સદાચારસંપન્ન અને ન્યાય નીતિવાળાં હોય તેની ગણના ઊંચા કુળોમાં થાય છે.

સદાચારનું યત્નથી રક્ષણ કરવું જોઈએ.

ધન તો આવે છે અને જાય છે કેમ કે લક્ષ્મી ચંચળ છે. ધનથી ક્ષીણ થયેલો મનુષ્ય ક્ષીણ થયેલો ગણાતો નથી પરંતુ જે સદાચારથી પતન પામેલો છે તે નાશ પામ્યો છે એમ જાણવું.

આંગણે આવેલા અતિથિને બેસવા માટે ઘાસની ચટાઈ, ઉતરવા જમીન, પીવા માટે પાણી અને સત્ય તથા મધુર ભાષણ, આ વસ્તુઓ સજ્જનોના ઘરમાંથી ઉચ્છેદ પામતી નથી.

શોકથી કિંવા સંતાપથી રૂપ નાશ પામે છે, બળ નાશ પામે છે, જ્ઞાન નાશ પામે છે અને શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થાય છે.

હંસો જેમ સૂકાયેલા સરોવરને છોડી નાસી જાય છે તેમ લક્ષ્મી પણ ચંચળ ચિત્તવાળા અવિવેકીઓ તથા ઇન્દ્રિયોના દાસ થયેલા પુરુષને છોડી જાય છે.

નીચેના સત્તર પુરુષોને અત્યંત મૂર્ખ કહેલા છેઃ (૧) જે અલ્પલાભથી સંતોષ માની બેસી રહે છે, (૨) જે પોતાના કામને અર્થે વારંવાર શત્રુઓનાં પગમાં સેવે છે, (૩) જે સ્ત્રીઓનું જતન કરવામાં જ કલ્યાણ છે એમ માને છે, એટલે નિત્ય સ્ત્રીઓના સહવાસમાં રહેનારો બાયલો છે, (૪) જે યાચના કરવાને અયોગ્ય એવાની યાચના કરે છે, (૫) જે આપવડાઈ હાંકે છે, (૬) જે ઉત્તમ કુળમાં જન્મ્યા છતાં અયોગ્ય અને નિંદિત કાર્યો કરે છે, (૭) જે નિર્બળ હોઈ બળિયા સાથે નિત્ય વેર રાખે છે, (૮) જે અશ્રદ્ધાળુને હિતવચન કહે છે, (૯) જેઓ અનિચ્છનીય વસ્તુની ઇચ્છા કરે છે, (૧૦) જે સસરો પુત્રવધૂની ઠઠ્ઠા મશ્કરી કરે છે, (૧૧) જે વહુના પિતા આદિ સંબંધીજનો પાસેથી સંકટના સમયે રક્ષણ મેળવ્યા છતાં તેઓની પાસે માનની આશા સેવે છે, (૧૨) જે પરસ્ત્રીમાં આસક્તિ રાખે છે અથવા પરાયા ખેતરમાં બીજનું વાવેતર કરે છે, (૧૩) જે સ્ત્રી સાથે હદ બહારનો કજીયો કંકાસ કરે છે, (૧૪) જે પોતાને વસ્તુ મળ્યા છતાં મને યાદ નથી એમ કહે છે, (૧૫) જે વચન આપ્યા છતાં યાચકને આપતો નથી, (૧૬) જે ખાલી ડંફાશ મારે છે, અને (૧૭) જે ખોટાને સાચો ઠરાવવા મથે છે; આ પ્રકારો જેમનામાં હોય તેમને આકાશને મુઠ્ઠી વડે પ્રહાર કરનારા એટલે મહામૂર્ખ કહ્યા છે.

જ્ઞાન વિના, તપ વિના, ઇન્દ્રિયોના નિગ્રહ વિના તેમ લોભના ત્યાગ વિના શાંતિ કદાપિ પણ શક્ય નથી.

જે મનુષ્ય જેના પ્રત્યે જેવું વર્તન રાખે તેના પ્રત્યે તેવું વર્તન રાખવું તે ધર્મ છે.

કપટીની સાથે કપટથી વર્તવું અને સદાચારી સાથે સદાચારીથી વર્તવું.

મીઠું બોલનારા મનુષ્યો સદાયે જ્યાં ત્યાં મળી આવે છે, પણ કડવું છતાં હિતકારી કહેનાર તો દુર્લભ જ હોય છે.

ગર્વરહિત, સામર્થ્યવાન, શીઘ્ર કામ કરનારો, દયાળુ, મીઠા સ્વભાવનો, બીજા કોઈથી કુંઠી નહિ જનારો, નિરોગી યુક્તિભરેલું તથા મહાન અર્થવાળું બોલનારો એ આઠ ગુણોથી સંપન્ન હોય તેને દૂત કહે છે.

બુદ્ધિ, કુલીનતા, જ્ઞાન, ઇંદ્રિયનિગ્રહ, પરાક્રમ, અલ્પભાષણ, યથાશક્તિ દાન ને કૃતજ્ઞતા, આ આઠ ગુણો પુરુષને દીપાવે છે.

મેળવેલા ધનાદિની વૃદ્ધિ, પ્રભાવ, તેજ, ધર્મ તથા જ્ઞાનના ઐશ્વર્યરૂપ સત્ત્વ, ઉદ્યોગ અને નિશ્ચય; આટલું જેને હોય તેને જીવિકાના અભાવનો ભય કયાંથી હોય ?

દુષ્ટ બુદ્ધિવાળા બીજાના દોષો જોવાની જેવી ઇચ્છા રાખે તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવા ઇચ્છા રાખતા નથી.

જે પુરુષ ક્રોધ અને હર્ષથી ઉપજેલા વેગને સારી પેઠે કબજે રાખે છે અને જે ગમે ત્યાં સંકટમાં પણ કદી મૂંઝાતો નથી તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

પુરુષોનું બળ નિત્ય પાંચ પ્રકારનું હોય છે. (૧) બાહુબળ, (૨) સારો સલાહકાર હોય એ અમાત્યબળ, (૩) સન્માર્ગે મેળવવામાં આવતું ધનબળ, (૪) કુળબળ તથા (૫) બુદ્ધિબળ; આ પાંચ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે,

સ્ત્રી, રાજા, સર્પ, અધ્યયન તૃપ્તિ થઈ એમ માનનાર, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્ય એટલાને. વિશ્વાસ કયો ડાહ્યો પુરુષ કરશે ?

સર્પ, અગ્નિ, સિંહ અને જ્ઞાતિ; આ ચારનું મનુષ્યે કદી અપમાન કરવું નહિ.

કોઈની પણ છેતરપિંડી નહિ કરવી, દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું તથા પ્રિય અને હિતકર વાણી બોલવી ઇત્યાદિ ગુણો વડે પ્રાણીઓને પોતાના પક્ષમાં કરી લેવાય છે.

ધૈર્ય, શાંતિ, ઇંદ્રિયનિગ્રહ, પવિત્રતા, દયા, કોમળ અને મધુર વાણી તેમ જ મિત્રદ્રોહનો ત્યાગ; એ સાત લક્ષ્મીની વૃદ્ધિને પમાડે છે.

જ્યાં સ્ત્રી, બાળક અથવા ધૂર્ત(કપટી)ની સત્તા ચાલતી હોય ત્યાંના લોકો નદીમાં પત્થરની નાવની પેઠે પરાધીન બની ડૂબી જાય છે.

જેઓ આવશ્યક એવા મુખ્ય કાર્યમાં જ પ્રવૃત્ત થાય છે અને વધારે ભાંજગડમાં પડતા નથી તેઓને હું પંડિત માનું છું.

લોકોના કલ્યાણને નામે ફોકટની પારકાની પંચાતમાં પડનારાઓ તો મૂર્ખ કોઈ જગતને અનર્થ કરનારા નીવડે છે.

કેટલાક ગુણો અને કેટલાક ધનની સમૃદ્ધિવાળા હોય છે. તેમાં જેઓ ધનથી સમૃદ્ધ હોવા છતાં પણ ગુણોથી રહિત હોય તો તેનો તુરત ત્યાગ કરવો જોઈએ.

ભૂલથી કોઈ અન્યાય થઈ ગયો હોય પણ પાછળથી તે ભૂલ ધ્યાનમાં આવ્યા બાદ વિચારપૂર્વક વર્તવું એ બુદ્ધિમાનોનું લક્ષણ છે.

તત્ત્વનિષ્ઠ બ્રહ્મવિદ્ જેવા મહાકુશળ પુરુષોએ ઉપદેશેલા જ્ઞાનમાંથી જાણવા જેવું જાણ્યું નહિ અથવા જાણ્યા છતાં પણ તે પ્રમાણે વર્તન કર્યું નહિ, તો તે ઉપદેશેલું વ્યર્થ જ છે.

દેવગુરુ બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્ર અધ્યયન વિના તેમ જ મહાનુભાવ બ્રહ્મનિષ્ઠો તથા વૃદ્ધોની સેવા કર્યા વિના ધર્મ તથા અર્થનું જ્ઞાન થતું નથી.

જ્ઞાનીને સેવનાર, વિદ્વાન, ધાર્મિક, સ્વરૂપવાન, મિત્રવાળા અને મધુર વાણીવાળા સુહૃદ્-સ્નેહીનું પરિપાલન કરવું.

ડાહ્યા પુરુષે ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી, સાહસિક અને ધર્મભ્રષ્ટ મનુષ્યની સાથે કદી પણ મૈત્રી કરવી નહિ, પરંતુ કૃતજ્ઞ, ધાર્મિક, સત્યનિષ્ઠ, મોટા મનના, દૃઢ ભક્તિવાળા, જિતેંદ્રિય, ગમે તે સ્થિતિમાં સાથ આપનારા અને દગો નહિ દેનારાઓને જ મિત્ર કરવા.

જે કોઈ કાર્ય અન્યાયને લીધે યા ગેરસમજને લીધે બગડ્યું હોય તેને દૃઢ નિશ્ચયપૂર્વક ન્યાયથી પાછું પૂર્વ સ્થિતિમાં લાવવું એ જ ઉત્તમ પુરુષનું વ્રત છે.

મંગળ વસ્તુઓનો સ્પર્શ, સહાય, સંપત્તિ, શાસ્ત્રજ્ઞાન, સરળતા અને બ્રહ્મનિષ્ઠ આત્મવેત્તા એવા સત્પુરુષોનું વારંવાર દર્શન તથા સેવન એ સર્વ સમૃદ્ધિ આપનારા છે.

દુઃખથી પીડાતો, પ્રમત્ત, નાસ્તિક, આળસુ, ઇંદ્રિયાધીન તથા વિષયલંપટ અને નિરુત્સાહી એટલાઓને વિષે લક્ષ્મીનો વાસ કાયમી રહેતો નથી.

જે અતિશય સરળ, અતિશય દાની, અતિશય શૂર અને અતિશય વ્રતી હોઈ બડબડિયો હોય તે વ્યવહારકાર્ય માટે નિરુપયોગી હોઈ તેની પાસે લક્ષ્મી કદી ભૂલથી પણ ફરકતી નથી.

લક્ષ્મી અતિશય ગુણવાળા (સત્પુરુષો)ની પાસે રહેતી નથી તેમ જ અત્યંત ગુણહીનોની પાસે પણ રહેતી નથી.

લક્ષ્મી ગુણવાનને ચાહતી નથી તેમ ગુણહીનતાથી પણ રીઝાતી નથી.

જંગલમાં, ભયંકર ઝાડીઓમાં, મોટી આપત્તિઓમાં, ગભરાટના સમયમાં અને હથિયારો ઉગામેલાં હોય તે સમયે હૃદયબળવાળાને ભય લાગતો નથી.

આત્મપ્રાપ્તિ માટે દીર્ઘ ઉદ્યોગ, ઇંદ્રિયનિગ્રહ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મરણશક્તિ અને વિચારપૂર્વક કામોરંભ, એ બધાં ઉત્કર્ષના કારણો તથા ઐશ્વર્યવૃદ્ધિનાં લક્ષણો છે.

જળ, મૂળ, હવિષ, ફળ, દૂધ, બ્રાહ્મણની ઇચ્છાથી ગૃહીત કે ગુરુનાં વચનથી લીધેલ, ઔષધ, આ આઠના સ્વીકારથી ઉપવાસાદિ વ્રતનો ભંગ થતો નથી.

પોતાને જે પ્રતિકૂળ લાગે તે બીજા પ્રત્યે પણ કરવું નહિ જોઈએ; આ સર્વસાધારણ ધર્મ છે. સ્વેચ્છાચાર અને સ્વચ્છંદતાથી વર્તવું એ અધર્મરૂપ છે.

શાંતિથી ક્રોધને જીતવો, સૌજન્યથી દુર્જનને જીતવો, દાનથી કૃપણને જીતવો, અને સત્યથી અસત્યને જીતવું.

સ્ત્રી, દગ, આળસુ, ભીરુણ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ની અને નાસ્તિક એટલાનો કદી પણ વિશ્વાસ નહિ કરવો.

સોનાને રૂપું, રૂપાને કથીર, કથીરને સીસું અને સીસાને માટી મલિન કરે છે.

આ પૃથ્વીમાં જેટલી સુવર્ણાદિની અને રત્નાદિની ખાણો છે તે બધી ધાન્યો, પશુપક્ષ્યાદિ તેમ જ તમામ સ્ત્રીઓ એ બધું કોઈ એકને જ પ્રાપ્ત થાય તો પણ તેને કદી તૃપ્તિ થવી શક્ય જ નથી. માટે વિચારશીલ પુરુષે તેમાં મોહ નહિ રાખવો જોઈએ.

કામ, લોભ, ભય, કે જીવિતને માટે કદી ધર્મનો ત્યાગ કરવો નહિ.

આત્મા નિત્ય હોઈ આવાદિ અનિત્ય છે.

કયું કાર્ય કરવું અને કયું નહિ કરવું એ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃદ્ધ એવા પોતાના સંબંધી યા આત્મનિષ્ઠ સદ્ગુરુને માન આપી પૂછે છે તે કોઈ દિવસ મૂંઝાતો નથી.

સુવિચાર અને ધીરજ વડે શિશ્ન અને ઉદરની રક્ષા કરવી, હાથ અને પગની રક્ષા સત્કાર્ય અને યાત્રા વડે કરવી, માનસિક સંયમ વડે આંખ અને કાનની રક્ષા કરવી.

જે નિત્ય સત્ય જ બોલે છે અને હંમેશ સદ્ગુરુની સેવામાં તત્પર રહે છે, તે બ્રહ્મલોકથી કદીપણ ભ્રષ્ટ થતો નથી.

ભક્ષ્ય, ભોજ્ય, પદાર્થોના ગુણો જાણવા છતાં તેને ખાધાવિના તૃપ્તિ થતી નથી, તેમ ધર્મને જાણવા છતાં આચરણ કર્યા વિના મુક્તિ થતી નથી, તેમ જ આત્મશાંતિ પણ મેળવી શકાતી નથી.

જે વિદ્યા આ લોકમાં કર્મદ્વારા આત્મશાંતિરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી આપનારી હોય તે જ ફલદાયી છે, બીજી બધી વિદ્યાઓ નિષ્ફળ છે.

જે બ્રાહ્મણ નિત્ય યોગ્ય સમયે સ્નાન, સંધ્યા, યજ્ઞોપવિતધારણ, વેદાધ્યયન, પતિતના અન્નનો ત્યાગ, સત્યવક્તૃત્વ અને ગુરુસેવા કરે છે તે બ્રહ્મલોકથી કદી ભ્રષ્ટ થતો નથી.

જે ક્ષત્રિય વેદાધ્યયન, અગ્નિહોત્ર, યજ્ઞોથી દેવોનું યજન તથા પ્રજાપાલન કરી શ્રોત્રિયાદિને માટે શત્રુથી હણાય છે અથવા ધર્મયુદ્ધમાં પ્રાણ અર્પે છે, તે પવિત્ર ચિત્તવાળો થઈ સ્વર્ગમાં જાય છે.

જે વૈશ્ય વેદાધ્યયન કરી યોગ્ય સમયે બ્રાહ્મણો, ક્ષત્રિયો, તેમજ આશ્રીતોને ધનનો વિભાગ આપી અને ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણાગ્નિ, એ ત્રણ અગ્નિનો પુણ્ય પવિત્ર ધૂમાડો સૂંઘી એટલે સ્વધર્મ રીતીએ ચાલી પ્રાણત્યાગ કરે છે, તેને સ્વર્ગપ્રાપ્તિ થાય છે.

જે શૂદ્ર, બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની અનુક્રમે યથાયોગ્ય સેવા કરે છે તે થકી બ્રાહ્મણાદિ, સંતુષ્ટ થઈ તેમની શુભાશિષથી તે દુઃખરહિત તથા પાપરહિત બને છે અને દેહત્યાગ પછી તેને પણ સ્વર્ગપ્રાપ્તિ થાય છે.

કોઈપણ પ્રાણી દૈવ (પ્રારબ્ધ)ને ઓળંગી શકે એમ નથી. સર્વ જગત દૈવાધીન છે.

પ્રમાદ એટલે આત્મતત્ત્વના અજ્ઞાનને મૃત્યુ અને અપ્રમાદ એટલે આત્મજ્ઞાનને મોક્ષ કહે છે.

કર્મફળભોગોમાં આસક્તિવાળા જીવો ભોગ આપનાર કર્મનો ઉદય થતાં સ્વર્ગાદિ લોકમાં જાય છે પણ મૃત્યુને તરી શકતાં નથી.

બ્રહ્મપ્રાપ્તિ કરાવનારા યોગનો લાભ ન થવાથી જ જીવ કેવળ વિષયભોગની લાલસા વડે મનુષ્ય તથા પશુપક્ષ્યાદિની યોનિઓમાં વારંવાર જન્મ્યા કરે છે.

ઉન્નતિ ચાહનારે નિદ્રા, તંદ્રા, ડર, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રતા એટલે જલદી કરવાના કાર્યમાં વિલંબ કરવો તે; આ છનો તુરત ત્યાગ કરવો જોઈએ.

સન્માર્ગનો હિતોપદેશ નહિ આપનારો આચાર્ય, મંત્રોચ્ચાર નહિ કરવાવાળો હોતા, રક્ષા કરવામાં અસમર્થ એવો રાજા, કટુવચન બોલવાવાળી સ્ત્રી, ગામમાં રહેવાની ઇચ્છાવાળો ગોવાળ અને વનમાં રહેવાની ઇચ્છાવાળો હજામ એ છનો તત્કાળ ત્યાગ કરવો જોઈએ.

ધીર પુરુષ આત્માનું ચિંતન કર્યા કરે છે, પાસે આવેલા વિષયો તરફ તે તુચ્છ બુદ્ધિ રાખે અને તેનું ચિંતન ન કરતાં તેનો નાશ કરે છે.

વિષયોને અનુસરનારો પુરુષ વિષયોની પાછળ વિનાશ પામે છે, પણ જે પુરુષ વિષયોનો ત્યાગ કરે છે, તે જે જે કાંઈ દુઃખરૂપ હોય તે સર્વનો વિનાશ કરે છે.

ચોતરફ દેખાતું જે આ જગત સત્ય જેવું જણાય છે, તે નિર્વિકારી સર્વૈશ્વર્યસંપન્ન પરમાત્મા જ છે.

મોક્ષની પ્રાપ્તિમાં સંન્યાસ તથા ઉપાસના સહિત નિષ્કામ કર્મ એ બંને ઉપયોગી છે.

જે દેશમાં પોતાનું માહાત્મ્ય પ્રગટ ન કરવાથી અમંગળ ભય આવી પડતો હોય, તેવા ભય આપનારા દેશમાં જઈ ચઢતાં પણ જે પોતાની શ્રેષ્ઠતા પ્રકટ કરતો નથી, તે મનુષ્ય શ્રેષ્ઠ છે, બીજો નહિ.

કૂતરો જેમ પોતાના અકલ્યાણ માટે નિત્ય પોતાનું ઓકેલું ખાય છે, તેમ જે સંન્યાસીઓ પોતાનું પાંડિત્ય દર્શાવીને ભિક્ષાની ઇચ્છા કરે છે, તે પોતાનું ઓકેલું ખાવા સમાન ખાય છે.

જે પુરુષ દેહાદિકથી વિપરીત એવા આત્માને દેહાદિકરૂપે માને છે, તે (સમગ્ર) આત્માની ચોરી કરનાર ચોરે કયું પાપ કર્યું નથી?

ગમે તેટલા મોટા પાત્રમાં એક નાનું સરખું પણ છિદ્ર હોય, તો તેમાંનું બધું જ પાણી ગળી જાય છે, તેમ ગાણસની ગમે તે એક ઇન્દ્રિય પણ જો કાબૂ વિનાની હોય, તો તેની તમામ બુદ્ધિ હરાઈ જાય છે.

જ્ઞાન વડે મનને વશ કરવું; મન વડે ચક્ષુ અને કર્ણેન્દ્રિયોને વશ કરવાં; ચક્ષુ અને કર્ણેન્દ્રિયો વડે હાથ પગને વશ રાખવા તેમ જ વિવેક અને ધૈર્ય વડે ઉપસ્થ તથા ઉદરને વશ રાખવાં.

આશા ધૈર્યને હરી લે છે, ઇર્ષ્યા ધર્મનું હરણ કરે છે. ક્રોધ શ્રીનું હરણ કરે છે, કુસંગતિ ચારિત્ર્યનું હરણ કરે છે, કામ લજ્જાને હરે છે, વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે અને અહંકાર સર્વસ્વનું હરણ કરે છે.

બીજાઓને જીતવા કરતાં પોતાને જીતવું એ શ્રેષ્ઠ છે. પોતાને જીતનાર મહાત્માના જયને ફેરવીને તેનો પરાજય કરવા કોઈ સમર્થ નથી.

હોલાવવાનો રહી ગયેલો યત્કિંચિત્ અગ્નિ, કરજ ભરતાં ભરતાં રહી ગયેલું થોડું પણ કરજ અને મરતાં મરતાં રહી ગયેલો નાનો સરખો શત્રુ, થોડી વારમાં જ વધી જાય છે અને તે સર્વસ્વનો નાશ કરે છે.

જે વગર તેડ્યે આવીને ઊભો રહે છે, વગર પૂછ્યે સલાહ આપતો ફરે છે, જે વિશ્વાસપાત્ર હોય તેનો અવિશ્વાસ કરે છે અને અવિશ્વાસપાત્ર હોય તેનો વિશ્વાસ કરે છે, તેને મહામૂર્ખ જાણવો.

કોઈ કરતાં પહેલાં ઘણો વિચાર કરવો. મોઢામાંથી વેણ ઉચ્ચારવું તે ઘણો વિચાર કરીને જ ઉચ્ચારવું. પોતાનું કર્તવ્ય નક્કી કરતાં પૂર્વે તે ખૂબ વિચાર કરીને જ નક્કી કરવું. કોઈ પણ કાર્ય હાથમાં લેતાં પહેલાં ખૂબ વિચાર કરવો અને આરંભેલું કામ પડતું મુકતાં પહેલાં પણ પુષ્કળ વિચાર કરવો જોઈએ.

અવિચાર અને ઉતાવળથી કોઈ પણ કાર્યનો એકદમ આરંભ કરનારો તેમ જ તેને વચ્ચેથી તત્કાળ પડતું મુકનારો અવિવેકી અને મહામૂર્ખ કહેવાય છે.

વિચાર કર્યા સિવાય મનમાં આવે તેમ હાથે તેવું ખોટું નાખવું, તેમજ પોતાની કાર્યશક્તિનો વિચાર કર્યા કરતાં કાર્યનો આરંભ કરનારો અવિવેકી પણ મહામૂર્ખ છે.

વિદ્યાનો મદ, ધનનો મદ અને પુત્રપરિવારાદિનો મદ, આ બધું મદાંધો (અભિમાનમાં આંધળાઓ)ને માટે મદ છે; પરંતુ એ જ બધું સત્પુરુષોને માટે તો દમ (સમાન) જ છે.

ભગવાન કહે છેઃ હે અર્જુન! હું તારી પાસે સોગન ખાઈને કહું છું કે જે રથમાં બ્રહ્મચર્ય છે, સત્ય છે, ઇન્દ્રિયનિગ્રહ છે, અંદર અને બહાર પવિત્રતા છે, જેના હૃદયમાં કુકપટ નથી, ધર્મ છે, નમ્રતા છે, લક્ષ્મી છે, ધૈર્ય અને ક્ષમા છે તે રથમાં આત્મસ્વરૂપ એવો હું નિરંતર રમણ કરું છું.

अथ समयातीते गतकलि ५०४७ सौरवर्षे, शेषकलि ४२६९५३ वर्षे, स्वस्ति श्रीमन्नृपशालिवाहन शके १८६८, व्ययनामस ंवत्सरे तथा च विक्रमार्कस ंवत्सरे २००२, उदगयने, वसन्तर्तौ, रेवत्यर्के, पुण्यमये चैत्रमासे, सितपक्षे, नवम्यां (श्रीरामजन्मपर्वण्याम्) शुभतिथौ, सौम्यवासरे, पुष्यनक्षत्रे, धृतियोगे, कौलवकरणे, मीनस्थिते श्रीसूर्ये, कर्कस्थिते चन्द्रे, कन्यास्थिते देवगुरौ, मिथुनस्थितयोः फणिराजमन्दयोः, शेषेषु ग्रहेषु यथायथाराशिस्थानस्थितेषु, तद्दिने, जाम्बुद्वीपे, भरतवर्षे, भरतखण्डे, चम्पारण्ये, गुर्जरदेशे, साभ्रमतीसरित्तटे, आशापल्ली (कर्णावती) क्षेत्रे, श्रीगीतादोहनं तत्त्वार्थदीपिका वा नामेदं शुभकार्यं समाप्तम्।

अथ समयातीते गतकलि ५०५० सौरवर्षे, शेषकलि ४२६९५० वर्षे, स्वस्तिश्रीमन्नृपशालिवाहनशके १८७१, विरोधिनामस ंवत्सरे तथा च विक्रमार्कस ंवत्सरे २००५, शार्वरीनामस ंवत्सरे दक्षिणायने, वर्षर्तौ, मघार्के, पुण्यमये श्रावणमासे, कृष्णपक्षे, अष्टम्यां (श्रीकृष्णजन्मपर्वण्याम्) शुभतिथौ, सौम्यवासरे, कृत्तिकानक्षत्रे, ध्रुवयोगे, कौलवकरणे, कर्कस्थिते श्रीसूर्ये, वृषभस्थिते चन्द्रे, मकरस्थिते देवगुरौ, मीनस्थिते फणिराजे, सिंहस्थिते मन्दे शेषेषु ग्रहेषु यथायथाराशिस्थानस्थितेषु, तद्दिने, जाम्बुद्वीपे, भरतवर्षे, भरतखण्डे, चम्पारण्ये, गुर्जरदेशे, साभ्रमतीसरित्तटे, आशापल्ली (कर्णावती)क्षेत्रे श्रीगीतादोहनं तत्त्वार्थदीपिका वा नामेदं द्वितीयावृत्तेः शुभकार्यं समाप्तम्।

अथ समयातीते गतकलि ५०५३ सौरवर्षे, शेषकलि ४२६९४७ वर्षे, स्वस्तिश्रीमन्नृपशालिवाहन शके १८७३, खरनामस ंवत्सरे तथा च विक्रमार्के स ंवत्सरे २००८, शोभन नाम स ंवत्सरे, उदगयने, शिशिरर्तौ, श्रवणार्के, पुण्यमये माघमासे, सितपक्षे, पंचम्यां (श्री वसंतपंचमी पर्वण्याम्) शुभ तिथौ, गुरुवासरे, उत्तराभाद्रपदनक्षत्रे, सिद्धियोगे, बालवकरणे, मकरस्थिते श्री सूर्ये मीनस्थितयोश्चंद्रदेवगुर्वोः शुभयुतौ, कुंभस्थिते फणिराजे, कन्यास्थिते मन्दे, शेषेषु ग्रहेषु यथा यथा राशिस्थानस्थितेषु, तद्दिने, जाम्बुद्वीपे, भरतवर्षे, भरतखण्डे, चम्पारण्ये, गुर्जरदेशे, साभ्रमतीसरित्तटे, आशापल्ली (कर्णावती) क्षेत्रे, श्री गीतादोहनं तत्त्वार्थदीपिका वा नामेदं तृतीयावृत्तेः शुभकार्यं समाप्तम्।

यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु।
न्यूनं सम्पूर्णतां याति सद्यो वन्दे तमच्युतम्॥

ॐ तत्सत्

ॐ शान्तिः शान्तिः शान्तिः॥

ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु

॥ ॐ तत्सत् ॥
॥ परमात्मने नमः ॥

इति
ॐ महर्षिवर्य श्रीकृष्णात्मजप्रणीत

श्री गी ता दो ह न

वा

तत्त्वार्थदीपिका

सिद्धान्तकाण्ड

॥ ॐ तत्सत् ॥

श्री गीतामाहात्म्य

(१)

शौनक उवाच ।

गीतायाश्चैव माहात्म्यं यथावत्सूत मे वद ।
पुरा नारायणक्षेत्रे व्यासेन मुनिनोदितम् ॥ १ ॥

सूत उवाच ।

भद्रं भगवता पृष्टं शृणु गुह्यतमं परम् ।
कथयते केन तद्यत्नु गीतामाहात्म्यमुत्तमम् ॥ २ ॥
कृष्णो जानाति वै सम्यक्किञ्चित्कुन्तीसुतः फलम् ।
व्यासो वा व्यासपुत्रो वा याज्ञवल्क्योऽथ मैथिलः ॥३॥
अन्ये श्रवणतः श्रुत्वा लेशं सङ्कीर्तयन्ति च ।
तस्मात्किञ्चिद्वदाम्यत्र व्यासस्यास्यान्नयाऽधुना ॥४॥
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥५॥
पार्थ्यमर्जुनस्यादौ कुर्वन् गीतामृतं ददौ ।
लोकत्रयोपकाराय तस्मै कृष्णात्मने नमः ॥६॥
स सारसागरं घोरं तर्तुमिच्छति यो नरः ।
गीतानावं समासाद्य पारं यातु सुखेन सः ॥७॥
गीताज्ञानं श्रुतं नैव सदैवाभ्यासयोगतः ।
मोक्षमिच्छति मूढात्मा याति बालकहास्यताम् ॥८॥
ये शृण्वन्ति पठन्त्येव गीताशास्त्रमहर्निशम् ।
न ते वै मानुषा ज्ञेया देवरूपा न संशयः ॥९॥
गीताज्ञानेन सम्बोधं कृष्णः प्राहार्जुनाय वै ।
भक्तितत्त्वं परं तत्र सगुणं चाथ निर्गुणम् ॥१०॥
सोपानाष्टादशैरेव भुक्तिमुक्तिसमुच्छ्रितैः ।
क्रमशः चित्तशुद्धिः स्यात्प्रेमभक्त्यादिकर्मसु ॥११॥
साधु गीताम्भसि स्नानं संसारमलनाशनम् ।
श्रद्धाहीनस्य तत्कार्यं हस्तिस्नानं वृथैव तत् ॥१२॥
गीतायाश्च न जानाति पठनं नैव पाठनम् ।
स एव मानुषे लोके मोघकर्मकरो भवेत् ॥१३॥
यस्माद्गीतां न जानाति नाधमस्तत्परो जनः ।
धिक् तस्य मानुषं देहं विज्ञानं कुलशीलताम् ॥१४॥
गीतार्थं न विजानाति नाधमस्तत्परो जनः ।
धिक्शरीरं शुभं शीलं विभवं तद्गृहाश्रमम् ॥१५॥
गीताशास्त्रं न जानाति नाधमस्तत्परो जनः ।
धिक् प्रारब्धं प्रतिष्ठां च पूजां मानं महत्तमम् ॥१६॥
गीताशास्त्रे मतिर्नास्ति सर्वं तन्निष्फलं जगुः ।
धिक् तस्य ज्ञानदातारं व्रतं नियमं तपो यशः ॥१७॥
गीतार्थपठनं नास्ति नाधमस्तत्परो जनः ।
गीतागीतं न यज्ज्ञानं तद्विद्धयासुरसम्भवम् ॥१८॥
तन्मोघं धर्मरहितं वेदवेदान्तगर्हितम् ।
तस्माद्धर्ममयी गीता सर्वज्ञानमयोज्ज्विका ।
सर्वशास्त्रसारभूता विशुद्धा सा विशिष्यते ॥ १९ ॥
योऽधीते विष्णुपर्वाह्णे गीतां श्रीहरिवासरे ।
स्वपञ्जाग्रच्चलंस्तिष्ठञ्छ्वभिर्न स हीयते ॥२०॥
शालग्रामशिलायां वा देवागारे शिवालये ।
तीर्थे नद्यां पठन् गीतां सौभाग्यं लभते ध्रुवम् ॥२१॥
देवकीनन्दनः कृष्णो गीतापाठेन तुष्यति ।
यथा न वेदैर्दानेन यज्ञतीर्थव्रतादिभिः ॥ २२ ॥
गीताधीता च येनापि भक्तिभावेन चेतसा ।
वेदशास्त्रपुराणानि तेनाधीतानि सर्वशः ॥ २३ ॥
योगिस्थाने सिद्धपीठे शिलाग्रे सत्सभासु च ।
यज्ञे च विष्णुभक्ताग्रे पठन् सिद्धिं परां लभेत् ॥२४॥
गीतापाठं च श्रवणं यः करोति दिने दिने ।
क्रतवो वाजिमेधाद्याः कृतास्तेन सदक्षिणाः ॥२५॥
यः शृणोति च गीतार्थं कीर्तयत्येव यः परम् ।
श्रावयेच्च परार्थं वै स प्रयाति परं पदम् ॥ २६ ॥
गीतायाः पुस्तकं शुद्धं योऽर्पयत्येव सादरात् ।
विधिना भक्तिभावेन तस्य भार्याप्रिया भवेत् ॥२७॥
यशः सौभाग्यमारोग्यं लभते नात्र संशयः ।
दयितानां प्रियो भूत्वा परमं सुखमश्नुते ॥ २८ ॥
अभिचारोद्भवं दुःखं वरशापगतं च यत् ।
नोपसर्पन्ति तत्रैव यत्र गीताचनं गृहे ॥२९॥
तापत्रयोद्भवा पीडा नैव व्याधिर्भवेत्क्वचित् ।
न शापो नैव पापं च दुर्गतिर्नरकं न च ॥३०॥
विस्फोटकादयो देहे न बाधन्ते कदाचन ।
लभेत् कृष्णपदे दास्यं भक्तिं चाव्यभिचारिणीम् ॥३१॥
जायते सततं सख्यं सर्वजीवगणैः सह ।
प्रारब्धं भुञ्जतो वापि गीताभ्यासरतस्य च ॥३२॥
स मुक्तः स सुखी लोके कर्मणा नोपलिप्यते ।
महापापादिपापानि गीताध्यायी करोति चेत् ।
न किञ्चित् स्पृश्यते तस्य नलिनीदलमम्भसा ॥३३॥

अनाचारोद्भवं पापमवाच्यादिकृतं च यत् ।
अभक्ष्यभक्षजं दोषमस्पृश्यस्पर्शजं तथा ॥ ३४ ॥
ज्ञानाज्ञानकृतं नित्यमिन्द्रियैर्जनितं च यत् ।
तत्सर्वं नाशमायाति गीतापाठेन तत्क्षणात् ॥३५॥
सर्वत्र प्रतिभोक्ता च प्रतिगृह्य च सर्वशः ।
गीतापाठं प्रकुर्वाणो न लिप्येत कदाचन ॥३६॥
रत्नपूर्णां महीं सर्वां प्रतिगृह्यविधानतः ।
गीतापाठेन चैकेन शुद्धस्फटिकवत्सदा ॥ ३७ ॥
यस्यान्तःकरणं नित्यं गीतायां रमते सदा ।
स साग्निकः सदा जापी क्रियावान् स च पण्डितः ॥३८॥
दर्शनीयः स धनवान् स योगी ज्ञानवानपि ।
स एव याज्ञिको याजी सर्ववेदार्थदर्शकः ॥३९॥
गीतायाः पुस्तकं यत्र नित्यपाठश्च वर्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि भूतले ॥४०॥
निवसन्ति सदा देहे देहशेषेऽपि सर्वदा ।
सर्वे देवाश्च ऋषयो योगिनो देहरक्षकाः ॥४१॥
गोपालो बालकृष्णोऽपि नारदध्रुवपार्षदैः ।
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्तते ॥ ४२ ॥
यत्र गीताविचारश्च पठनं पाठनं तथा ।
मोदते यत्र भगवान् कृष्णो राधिकया सह ॥४३॥

श्रीभगवानुवाच ।

गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥४४॥
गीता मे चोत्तमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥४५॥
गीताश्रयेऽहं तिष्ठामि गीता मे परमं गृहम् ।
गीताज्ञानं समाश्रित्य त्रिलोकीं पालयाम्यहम् ॥४६॥
गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्द्धमात्रा परा नित्यमनिर्वाच्यपदात्मिका ॥४७॥
गीतानामानि वक्ष्यामि गुह्यानि शृणु पाण्डव ।
कीर्तनात्सर्वपापानि विलयं यान्ति तत्क्षणात् ॥४८॥
गङ्गा गीता च गायत्री सीता सत्या सरस्वती ।
ब्रह्मवल्ली ब्रह्मविद्या त्रिसन्ध्या मुक्तिगेहिनी ॥४९॥
अर्द्धमात्रा चिदानन्दा भवघ्नी भ्रान्तिनाशिनी ।
वेदत्रयी परानन्दा तत्त्वार्थज्ञानमञ्जरी ॥५०॥
इत्येतानि जपेन्नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं लभेच्छीघ्रं तथान्ते परमं पदम् ॥ ५१ ॥
पाठेऽसमर्थः सम्पूर्णे तदर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥५२॥
त्रिभागं पठमानस्तु सोमयागफलं लभेत् ।
षडंशं जपमानस्तु गङ्गास्नानफलं लभेत् ॥५३॥
तथाध्यायद्वयं नित्यं पठमानो निरन्तरम् ।
इन्द्रलोकमवाप्नोति कल्पमेकं वसेद् ध्रुवम् ॥५४॥
एकमध्यायकं नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥५५॥
अध्यायार्धं च पादं वा नित्यं यः पठते जनः ।
प्राप्नोति रविलोकं स मन्वन्तरसमाः शतम् ॥५६॥
गीतायाः श्लोकदशकं सप्तपञ्चचतुष्टयम् ।
त्रिद्व्येकमेकमर्धं वा श्लोकानां यः पठेन्नरः ।
चन्द्रलोकमवाप्नोति वर्षाणामयुतं तथा ॥५७॥
गीतार्धमेकपादं च श्लोकमध्यायमेव च
स्मरंस्त्यक्त्वा जनो देहं प्रयाति परमं पदम् ॥५८॥
गीतार्थमपि पाठं वा शृणुयादन्तकालतः ।
महापातकयुक्तोऽपि मुक्तिभागी भवेज्जनः ॥५९॥
गीतापुस्तकसंयुक्तः प्राणांस्त्यक्त्वा प्रयाति यः ।
स वैकुण्ठमवाप्नोति विष्णुना सह मोदते ॥६०॥
गीताध्यायसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ।
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ॥६१॥
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ।
यदातत्कर्म च सर्वत्र गीतापाठप्रकीर्तितम् ।
तत्तत्कर्म च निर्दोषं भूत्वा पूर्णत्वमाप्नुयात् ॥६२॥
पितॄनुद्दिश्य यः श्राद्धे गीतापाठं करोति हि ।
सन्तुष्टाः पितरस्तस्य निरयान्ति स्वर्गतिम् ॥६३॥
गीतापाठेन सन्तुष्टाः पितरः श्राद्धतर्पिताः ।
पितृलोकं प्रयान्त्येव पुत्राशीर्वादतत्पराः ॥६४॥
गीतापुस्तकदानं च धेनुपुच्छसमन्वितम् ।
कृत्वा च तद्दिने सम्यक् कृतार्थो जायते जनः ॥६५॥
पुस्तकं हेमसंयुक्तं गीतायाः प्रकरोति यः ।
दत्त्वा विप्राय विदुषे जायते न पुनर्भवम् ॥६६॥
शतपुस्तकदानं च गीतायाः प्रकरोति यः ।
स याति ब्रह्मसदनं पुनरावृत्तिदुर्लभम् ॥६७॥
गीतादानप्रभावेण सप्तकल्पमिताः समा ।
विष्णुलोकमवाप्यान्ते विष्णुना सह मोदते ॥६८॥
सम्यक्कृत्वा च गीतार्थं पुस्तकं यः प्रदापयेत् ।
तस्मै प्रीतः श्रीभगवान् ददाति मानसेप्सितम् ॥६९॥
देहं मानुषमाश्रित्य चातुर्वर्ण्येषु भारत ।
न शृणोति न पठति गीतामृतरूपिणीम् ।
हस्तात्त्यक्त्वामृतं प्राप्तं स नरो विषमश्नुते ॥७०॥
जनः संसारदुःखार्तो गीताज्ञानं समालभेत् ।
पीत्वा गीतामृतं लोके लब्ध्वा भक्तिं सुखीभवेत् ॥७१॥

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निधूतकल्मषा लोके गतास्ते परमं पदम् ॥७२॥
गीतासु न विशेषोऽस्ति जनेषूच्चावचेषु च ।
ज्ञानेष्वेव समग्रेषु समा ब्रह्मस्वरूपिणी ॥७३॥
योऽभिमानेन गर्वेण गीतानिन्दां करोति च ।
स याति नरकं घोरं यावदाभूतसंप्लवम् ॥७४॥
अहङ्कारेण मूढात्मा गीतार्थं नैव मन्यते ।
कुम्भीपाकेषु पच्येत यावत्कल्पक्षयो भवेत् ॥७५॥
गीतार्थं वाच्यमानं यो न शृणोति समीपतः ।
स शूकरभवां योनिमनेकामधिगच्छति ॥७६॥
चौर्यं कृत्वा च गीतायाः पुस्तकं यः समानयेत् ।
न तस्य सफलं किञ्चित् पठनं च वृथा भवेत् ॥७७॥
यः श्रुत्वा नैव गीतार्थं मोदते परमार्थतः ।
नैव तस्य फलं लोके प्रमत्तस्य यथा श्रमः ॥७८॥
गीतां श्रुत्वा हिरण्यं च भोज्यं पट्टाम्बरं तथा ।
निवेदयेत् प्रदानार्थं प्रीतये परमात्मनः ॥७९॥
वाचके पूजयेद्भक्त्या द्रव्यवस्त्रायुपस्करैः ।
अनेकैर्बहुधा प्रीत्या तुष्यतां भगवान् हरिः ॥८०॥

सूत उवाच ।

माहात्म्यमेतद्गीतायाः कृष्णप्रोक्तं पुरातनम् ।
गीतान्ते पठते यस्तु यथोक्तफलभाग्भवेत् ॥८१॥
गीतायाः पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठफलं तस्य श्रम एव ह्युदाहृतः ॥८२॥
एतन्माहात्म्यसंयुक्तं गीतापाठं करोति यः ।
श्रद्धया यः शृणोत्येव परमां गतिमाप्नुयात् ॥८३॥
श्रुत्वा गीतामर्थयुक्तां माहात्म्यं यः शृणोति च ।
तस्य पुण्यफलं लोके भवेत् सर्वसुखावहम् ॥८४॥
इति श्रीवैष्णवीयतन्त्रसारे श्रीमद्भगवद्गीतामाहात्म्यं सम्पूर्णम् ।

(२)

श्रीभगवानुवाच ।

न बन्धोऽस्ति न मोक्षोऽस्ति ब्रह्मैवास्ति निरामयम् ।
नैकमस्ति न च द्वित्वं सच्चित्कारं विजृम्भते ॥१॥
गीतासारमिदं शास्त्रं सर्वशास्त्रसुनिश्चितम् ।
यत्र स्थितं ब्रह्मज्ञानं वेदशास्त्रसुनिश्चितम् ॥२॥
इदं शास्त्रं मया प्रोक्तं मुख्यवेदार्थदर्पणम् ।
यः पठेत्प्रयतो भूत्वा स गच्छेद्विष्णुशाश्वतम् ॥३॥
एतत्पुण्यं पापहरं धन्यं दुःखप्रणाशनम् ।
पठतां शृण्वतां वापि विष्णोर्माहात्म्यमुत्तमम् ॥४॥
अष्टादशपुराणानि नवव्याकरणानि च ।
निर्मथ्य चतुरो वेदान् मुनिना भारतं कृतम् ॥५॥
भारतादधिनिर्मथ्यगीतानिर्मथितस्य च ।
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे घृतम् ॥६॥
मलनिर्मोचनं पुंसां गङ्गास्नानं दिने दिने ।
सकृद्गीताम्भसि स्नानं संसारमलनाशनम् ॥७॥
गीतानामसहस्रेण स्तवराजो विनिर्मितः ।
यस्य कृतौ च वर्तेत सोऽपि नारायणः स्मृत ॥८॥
सर्ववेदमयी गीता सर्वधर्ममयो मनुः ।
सर्वतीर्थमयी गङ्गा सर्वदेवमयो हरिः ॥९॥
पादस्याप्यर्धपादं वा श्लोकं श्लोकार्धमेव वा ।
नित्यं धार्यते यस्तु स मोक्षमधिगच्छति ॥१०॥
कृष्णवक्त्रसमुद्भूता गीतामृतहरीतकी ।
मानुषैः किं न खाद्येत कलौ मलविरेचनी ॥११॥
गङ्गा गीता तथा भिक्षुः कपिलाधन्यसेवनम् ।
वासरं पद्मनाभस्य पावनं किं कलौ युगे ॥१२॥
गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥१३॥
आपदं नरकं घोरं गीताध्यायी न पश्यति ॥ १४ ॥
इति श्रीस्कन्दपुराणे श्रीमद्भगवद्गीतामाहात्म्यं समाप्तम् ।

ॐ तत्सत् ।

(३)

गीताशास्त्रमिदं पुण्यं यः पठेत्प्रयतः पुमान् ।
विष्णोः पदमवाप्नोति भयशोकादिवर्जितः ॥१॥
गीताध्ययनशीलस्य प्राणायामपरस्य च ।
नैव सन्ति हि पापानि पूर्वजन्मकृतानि च ॥२॥
मलनिर्मोचनं पुंसां जलस्नानं दिने दिने ।
सकृद्गीताम्भसि स्नानं संसारमलनाशनम् ॥३॥
भारतामृतसर्वस्वं विष्णुवक्त्राद्विनिःसृतम् ।
गीतागङ्गोदकं पीत्वा पुनर्जन्म न विद्यते ॥४॥
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥५॥

(४)

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसङ्ग्रहैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥१॥
सर्वशास्त्रमयी गीता सर्वदेवमयो हरिः ।
सर्वतीर्थमयी गङ्गा सर्ववेदमयो मनुः ॥२॥
गीता गङ्गा च गायत्री गोविन्देति हृदि स्थिते ।
चतुर्गकारसंयुक्ते पुनर्जन्म न विद्यते ॥ ३ ॥
भारतामृतसर्वस्वं गीताया मथितस्य च ।
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे हुतम् ॥४॥
इति श्रीमहाभारते श्रीमद्भगवद्गीतामाहात्म्यं सम्पूर्णम् ॥

॥ ॐ तत्सत् ॥

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા માટે વિદ્વાનોના અભિપ્રાયો

વિવેકવૃક્ષનો બગીચો : ગીતા વિવેકરૂપી વૃક્ષનો એક અપૂર્વ બગીચો છે, તે બધાં સુખોની ખાણ છે. સિદ્ધાંતોનો ભંડાર છે. નવરસરૂપી અમૃતથી ભરેલો ભંડાર છે. મોક્ષપ્રાપ્તિનું સાધન છે. બધી વિદ્યાની મૂળ ભૂમિ છે. અશેષ શાસ્ત્રોનો આધાર છે. બધા ધર્મોની માતૃભૂમિ છે, સજ્જનોનો પ્રેમાળ મિત્ર છે. સરસ્વતીના લાવણ્યરત્નનો ભંડાર છે. ગીતા જ્ઞાનરૂપી અમૃતથી ભરેલ ગંગાજી અને વિવેકરૂપી ક્ષીરસાગરની નવલક્ષ્મી છે.

—મહાત્મા જ્ઞાનેશ્વર

અત્યંત તેજસ્વી નિર્મળ હીરો : શ્રીભગવદ્‌ગીતા અમારા ધર્મગ્રંથોનો એક અત્યન્ત તેજસ્વી અને નિર્મળ હીરો છે. પિંડ-બ્રહ્માંડ-જ્ઞાન સહિત આત્મવિદ્યાના ગૂઢ અને પવિત્ર તત્ત્વોને ટૂંકમાં અને સ્પષ્ટ રીતે સમજાવી દેનારો, તે તત્ત્વોના આધાર ઉપર મનુષ્યમાત્રના પુરુષાર્થની અર્થાત્ આધ્યાત્મિક પૂર્ણાવસ્થાનો પરિચય કરાવી દેવાવાળો અને તે દ્વારા સંસારના દુઃખિત મનુષ્યોને શાંતિ આપી તેને નિષ્કામ કર્તવ્યાચરણમાં લગાવી દેવાવાળો ગીતા જેવો બાળબોધ ગ્રંથ, જગતના કોઈપણ સાહિત્યમાં નહિ જડે, તો પછી સંસ્કૃતની તો વાત જ ક્યાં ? તેમાં આત્મજ્ઞાનના અનેક સિદ્ધાંતો એવી સરળ ભાષામાં લખવામાં આવ્યા છે કે જે વૃદ્ધો અને બાળકોને માટે સમાન ઊંડાં સરળ છે અને તેમાં જ્ઞાનયુક્ત ભક્તિરસ અખૂટ ભરેલો છે. જે ગ્રંથોમાં સમસ્ત વૈદિક ધર્મનો સાર, સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનની વાણીરૂપે સંગ્રહિત કરવામાં આવ્યો છે, તેની યોગ્યતાનું વર્ણન કેમ થઈ શકે ?

—લોકમાન્ય તિલક

ગીતામાં ઈશ્વરવાદ : ભગવદ્‌ગીતા યથાર્થ રીતે કહીએ તો હિંદુઓનો બ્રહ્મવાદનો નહિ પરંતુ પ્રાધાન્યતઃ તેમના ઈશ્વરવાદનો ગ્રંથ છે. એ વાતનો ન તો અમારા દેશના લોકોએ, ન તો ગીતાના ગહનતત્ત્વો અને તેના સાર્વભૌમ સિદ્ધાંત પર મુગ્ધ થનાર વિદેશીઓએ હૃદયથી નિશ્ચય કર્યો હોય એમ પ્રતીત થાય છે.

—શ્રી વિપીનચંદ્ર પાલ

ગીતાની વ્યાપક દૃષ્ટિ : શ્રીભગવદ્‌ગીતા ભારતવર્ષનો ઉત્તમ કોટિનો અને જગતનાં ગંભીર શાસ્ત્રોમાં મુકુટમણિ છે, કાવ્યની સુષમા અને શક્તિનો તે એક અક્ષય ભંડાર છે. તેનું પાત્ર સમરાંગણની શૌર્યપૂર્ણ અત્યંતપ્રભાવશાળી યોજનામાં, તેનો વિરોચિત દર્પ અને પ્રતાપને કારણે બધાનું ધ્યાન ખેંચે છે. નિરાશા, સન્દેહ અને અવસાદને કારણે અર્જુન આપણને કેટલો "માનવ" માલુમ પડે છે અને ત્યાં જ આપણા ગૌરવપૂર્ણ, સુદૃઢ, પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે શ્રીકૃષ્ણ કેટલા અલૌકિક લાગે છે ? અને તે બંને પ્રકારનું વ્યક્તિત્વ કેટલું સુસ્પષ્ટ સજીવ અને જગતના સનાતન સત્યનું અમર પ્રતીક છે. એટલું જ કેમ, ગીતા ઈશ્વરીય પ્રેરણા, ભાવભરી ભક્તિ અને માનવ હૃદયને પારખવાવાળી સૂક્ષ્મ અંતર્દૃષ્ટિથી સંપન્ન છે કિંવા પૂર્ણપણે ઓતપ્રોત છે. અમારા કર્મ સંપાદનમાં નાના પ્રકારની પરસ્પર વિરોધી ભાવનાઓ વારંવાર આવી ને આપણને વિચલિત કરી દે છે, સ્વાર્થની બેડીઓ હૃદયની અવહેલના કરી આપણને પરમાત્મપથમાં આગળ વધવા દેતી નથી, હૃદયની સૂક્ષ્મ પ્રેરણા અને સૂચનાઓની અવહેલના કરી મન માને તેમ ચાલવાનો જે આપણો સ્વભાવ બની ગયો છે, ગીતામાં તે બાબતનું ખૂબ વિશદ વિવેચન થયું છે, અને તેનું અત્યંત સ્પષ્ટ દર્શન પણ આપણને થાય છે, તો પણ ગંભીર આત્મચિંતનની આવશ્યકતાની ગીતા અવહેલના નથી કરતી, તેનો સ્વીકાર કરે છે અને તે જ કારણે ભારતીય દર્શનના ક્રમવિકાસની એક એક અવસ્થાનો, તેમ જ તર્ક અને અધ્યાત્મ શાસ્ત્રના અત્યંત સૂક્ષ્મ તત્ત્વનો પણ ગીતામાં સમુચિત સમાવેશ

છે. સાથે સાથે ભારતીય રાજનીતિ તથા ભારતીય ઇતિહાસ જોડે સંબંધ રાખવાવાળી અનેક સમસ્યાઓ તથા પ્રશ્નો પર ગીતાએ ખૂબ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે, અને સરળ વ્યાવહારિક માર્ગ બતાવ્યો છે, ગીતાનું તે માર્ગદર્શન તે સંકેત આજ પણ અમારે માટે એટલું જ ઉપયોગી અને કામનું છે કે જેટલું બે હજાર વર્ષ પૂર્વે હતું. —**મહોદય શ્રીચાર્લ્સ જોન્સ્ટન**

સાહિત્ય-ભંડારનું અમૂલ્ય રત્નઃ ભૂમંડળના (જગતના) સાહિત્ય ભંડારમાં શ્રીભગવદ્‌ગીતા એક અમૂલ્ય, અદ્વિતિય, તેમજ અનુપમ રત્ન છે. હિન્દુ ધર્મના મુખ્ય-મુખ્ય દાર્શનિક વિચાર, વૈજ્ઞાનિક સિદ્ધાંત, ધાર્મિક તત્ત્વ, નૈતિક ઉપદેશ તેમ જ જ્ઞાન, યોગ, ભક્તિમાર્ગોનાં સાધન વગેરે બધી બાબતોનું આ અમૂલ્ય ગ્રંથમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. —**લાલા કન્નોમલ એમ. એ.**

ગીતામાં અવતાર સિદ્ધાંતઃ ભગવદ્‌ગીતા મહાભારતનો મહત્ત્વપૂર્ણ અંશ છે. તે એક નાટ્ય પદ્ય કાવ્ય છે. અને તેની શૈલી કોઈ કોઈ પ્લેટોના સંવાદ (Dialogue of Plato)ને મળતી છે. વિષ્ણુઅવતાર શ્રીકૃષ્ણ અને મહાભારતના ચરિત્રનાયક વીર અર્જુનનો સંવાદ તેનો વિષય છે- ભગવદ્‌ગીતાનો બધે જ મહાન આદર છે અને હિન્દુ જાતિના વિચાર તથા વિજ્ઞાન પર તેના સિદ્ધાંતોનો ઊંડો પ્રભાવ છે. તે સિદ્ધાંતોમાં ઈશ્વરાવતારનો સિદ્ધાંત પણ મળી રહે છે જેની ઉપર હિન્દુ જાતિનો અટલ વિશ્વાસ છે.

—**રેવેરેન્ડ ઈ. ડી. પ્રાઇસ**

ગીતા ધર્મનો ભંડાર છેઃ મારો વિશ્વાસ છે કે મનુષ્ય જાતિના ઇતિહાસમાં સૌથી ઉત્કૃષ્ટ જ્ઞાન અને અલૌકિક શક્તિસંપન્ન પુરુષ ભગવાન શ્રીકૃષ્ણ થયા છે. મારો બીજો વિશ્વાસ એ છે કે જગતની પ્રચલિત ભાષાઓમાં જે ભગવાન શ્રીકૃષ્ણની કહેલી ભગવદ્‌ગીતા સમાન નાના કદમાં આટલો મહાન જ્ઞાનપૂર્ણ બીજો કોઇ ગ્રંથ નથી.

વેદ અને ઉપનિષદોનો સાર આલોક અને પરલોક બન્નેમાં મંગળમય માર્ગને દેખાડવાવાળો, કર્મ, જ્ઞાન, અને ભક્તિ-એ ત્રણ માર્ગ દ્વારા મનુષ્યને પરમ શ્રેયની સાધનાનો ઉપદેશ કરવાવાળો, બધાથી ઊંચું જ્ઞાન, સૌથી વિમલ ભક્તિ, સૌથી ઉજ્જવલ કર્મ, યમ, નિયમ, ત્રિવિધ તપ, અહિંસા, સત્ય અને દયાના ઉપદેશની સાથે સાથે ધર્મને માટે ધર્મનું અવલંબન કરવાનું અધર્મનો ત્યાગ કરી, યુદ્ધ કરવાનો ઉપદેશ કરવાવાળો; તે અદ્‌ભુત ગ્રંથ છે; જેમાં અઢાર નાના અધ્યાયોમાં જેટલું સત્ય એટલું જ જ્ઞાન, એટલા જ ઊંચા સાત્ત્વિક ઉપદેશ ભર્યા છે કે જે મનુષ્યમાત્રને નીચામાં નીચી દશાથી ઉપાડી દેવતાઓ સાથે બેસાડી દેવાની શક્તિ ધરાવે છે. પૃથ્વી મંડળમાં મારા જ્ઞાન પ્રમાણે ભગવદ્‌ગીતા જેવો બીજો ગ્રંથ નથી. ગીતા ધર્મનો ભંડાર છે. કેવળ હિન્દુઓનો નહિ પરંતુ સારાય જગતના મનુષ્યોનું ધન છે, જગતના અનેક દેશોના વિદ્વાનોએ તેનો અભ્યાસ કરી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવાવાળા પરમ પુરુષના શુદ્ધ સર્વોત્કૃષ્ટ જ્ઞાન અને તેના ચરણોમાં નિર્મળ, નિષ્કામ અને પરમ ભક્તિની પ્રાપ્તિ કરી છે. એ પુરુષ અને સ્ત્રી ઘણાં જ ભાગ્યવાન છે કે જેઓને આ સંસારના અહંકારથી ભરેલા ઘણા માર્ગોમાં પ્રકાશ દેખાડવાવાળો નાનો પરંતુ અક્ષય, સ્નેહપૂર્ણ, ધર્મ-પ્રદીપ પ્રાપ્ત થયો છે. જેમને આ ધર્મ-પ્રદીપ પ્રાપ્ત છે તેઓનો તે પણ ધર્મ છે કે તે મનુષ્યમાત્રને આ પવિત્ર ગ્રંથનો લાભ પહોંચાડવા પ્રયત્ન કરે.

મારી આ અભિલાષા અને જગદાધાર જગદીશને પ્રાર્થના છે કે હું મારા જીવનમાં એ સમાચાર સાંભળી લઉં કે મોટામાં મોટાથી લઈને નાનામાં નાના સુધીમાં દરેક સનાતની હિન્દુના ઘરમાં એક ભગવદ્‌ગીતાનું પુસ્તક ભગવાનની મૂર્તની સમાન ભક્તિની ભાવના સાથે રાખવામાં આવે અને હું તે પણ સાંભળું કે જુદા જુદા ધર્મમાં માનવાવાળા, આ દેશના કે જગત ઉપરના બીજા દેશોના રહેવાસીઓ પણ ભગવદ્‌ગીતાના પ્રચારના આ કાર્યના મહત્ત્વને ઉપર્યુક્ત સુવિચારી ભક્તિ, જ્ઞાન અને ધનથી સુસમર્થિત થઈ ગયા છે. —**મદનમોહન માલવીય**

ગીતાનું શિક્ષણ : હું તો ઇચ્છું છું કે ગીતા ફક્ત રાષ્ટ્રિય શાળાઓમાં જ નહિ પરંતુ દરેક શિક્ષણ-સંસ્થાઓમાં શીખવવામાં આવે. એક હિંદુ બાળક અથવા બાલિકાને માટે ગીતાનું અજ્ઞાન (ન જાણવું) તે શરમની વાત હોવી જોઈએ. તે સાચું છે કે ગીતા સર્વ ધર્મનું એક પુસ્તક છે. અહારના દબાણથી (ઉપદેશથી) ગીતા કદી વિશ્વવ્યાપી નહિ બને. તે વિશ્વવ્યાપી ત્યારે જ બનશે કે જ્યારે તેના પ્રશંસકો તેને ગળેજબરીથી બીજાને ગળે નહિ ઉતારતાં પોતે પોતાના જીવનદ્વારા તેના (ગીતાના) ઉપદેશનું મૂર્ત સ્વરૂપ આપશે.

ગીતામાં શ્રદ્ધા : જે વસ્તુ બુદ્ધિથી પણ વધારે છે પર છે-તે શ્રદ્ધા છે. બુદ્ધિનું ઉત્પત્તિસ્થાન મસ્તક છે. શ્રદ્ધાનું હૃદય છે, અને તે તો જગતને અવિચ્છિન્ન અનુભવ છે કે બુદ્ધિબળથી હૃદયબળ હજાર ગણું વધારે છે. વિશ્વાસે વહાણ ચાલે છે, શ્રદ્ધાથી મનુષ્ય પુરુષાર્થ કરે છે, શ્રદ્ધાથી તે પડકારો-અત્યાચારને પણ ચલાવી શકે છે. શ્રદ્ધાજનનો કોઈ પરાજય કરી શકતું નથી. બુદ્ધિમાનને હમેશાં પરાજયનો ડર રહે છે. તે કારણે ભગવાને ગીતાના અંતરમા અધ્યાયમાં કહ્યું છે કે : યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ જેવી જેની શ્રદ્ધા હોય છે તેવો જ તે બને છે. મનુષ્ય તે શ્રદ્ધા કેમ પ્રાપ્ત કરે? તેનો જવાબ ગીતામાં જ છે, રામચરિતમાનસમાં છે, તે ભક્તિથી અને સત્સંગથી શ્રદ્ધા પ્રાપ્ત થાય છે.

ગીતામાં અનાસક્તિ : આપણું અને પારકું તેની વચ્ચે ભેદ નહિ રાખવાની વાત તો ગીતાના પાને પાને છે, પણ તે કેમ થઈ શકે? તે વિચારતાં વિચારતાં આપણે તે નિશ્ચય પર પહોંચીશું કે અનાસક્તિપૂર્વક બધાં કામ કરવાં તે ગીતાનો પ્રધાન સૂર છે.

ગીતા બધી ધાર્મિક સમસ્યાઓ હાંસલ કરે છે: જ્યારે જ્યારે દુઃખ પડે છે, ત્યારે ત્યારે સંકટ ટાળવા માટે આપણે ગીતા પાસે દોડી જઈએ છીએ અને તેમાંથી આશ્વાસન મેળવીએ છીએ. આપણે ગીતાનો એ દૃષ્ટિથી અભ્યાસ કરવો છે, જે આપણે માટે સદ્‌ગુરુરૂપ છે, માતારૂપ છે તેથી આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે તેના ખોળામાં માથું રાખવાથી આપણે સહિસલામત રહીશું. ગીતા દ્વારા આપણે આપણી ધાર્મિક ભૂખ સંતોષીશું. આ વિધિ પ્રમાણે જે રોજ ગીતાનું મનન કરશે તેને તેમાંથી રોજ નવો આનંદ મળશે. નવો લાભ પ્રાપ્ત થતો રહેશે. એવી એક પણ ધાર્મિક સમસ્યા નથી કે જેને ગીતા સ્પષ્ટ ન કરી શકે.

—મહાત્મા ગાંધીજી

ગીતાની ઉપયોગીતા : ત્યાગ મનુષ્યનું અનન્ત કર્તવ્ય છે; જેની સાથે અમારો રક્ત સંબંધ છે. અત્યાર સુધી આપણે તેને માટે ત્યાગ કરતા આવ્યા છીએ. પરંતુ હવે આપણે તેનાથી ઉત્તમ કોટિના ત્યાગની આવશ્યકતા છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં જે કાંઈ ઉપદેશ આપ્યો છે તેને જો આપણે આપણું માર્ગદર્શન માન્યું હોત તો એવો ત્યાગ થઈ ગયો હોત. શ્રીભગવદ્‌ગીતા વર્તમાન સમયમાં શિક્ષિત ભારતસમુદાય માટે યોગ્ય ગ્રંથ છે. ફળની કામનાથી પર રહી, કર્મનું કર્મની દૃષ્ટિએ પાલન કરવું તે જ ગીતાનો ઉપદેશ છે.

—જસ્ટીસ પી. આર. સુંદરમ્ અય્યર

ગીતાના પ્રકાશની ચમકઃ ગીતા તેજ વિનાનો દીવો છે કે જે અનંત કાળ સુધી આપણા જ્ઞાનમંદિરમાં પ્રકાશ પાડતો રહેશે. પાશ્ચાત્ય દાર્શનિક ગ્રંથો ખૂબ ચમકે પરંતુ અમારા આ નાના દીપકનો પ્રકાશ તે બધાંથી અધિક ચમકી તેને ઢાંકી દેશે.

—મહર્ષિ દ્વિજેન્દ્રનાથ ઠાકુર

ગીતામાં વિશ્વધર્મની ઉપયોગીતા: ભગવદ્‌ગીતામાં એક ધર્મ પુસ્તકમાં હોવી જોઈએ તેવી બધી વિશેષતાઓ છે. હિંદુ ધર્મના જુદી જુદી જાતના સંપ્રદાયોનું ઐક્ય કરવાવાળો આ એક અનુપમ ગ્રંથ છે. ભવિષ્યમાં જગતના સાર્વભૌમિક ધર્મના સૂત્ર બનવા માટે ગીતા જ બધી રીતે યોગ્ય છે.

ભારતના ગૌરવપૂર્ણ પ્રાચીન કાળના આ અમૂલ્ય રત્નની માનવજાતને તેનાથી પણ વધારે ગૌરવપૂર્ણ અને વધારે ઉજ્જ્વળ ભવિષ્યનિર્માણમાં ઘણી મદદરૂપ થશે.

ગીતા મુક્તિ આપનાર ગ્રંથ છે: ગીતા સ્મૃતિ ઉપનિષદ છે અને તે ઉપનિષદ હોવાથી મોક્ષના સાધનરૂપ કેવળ જ્ઞાનનો ઉપદેશ કરે છે. નિષ્કામકર્મ, ભક્તિ, સંન્યાસ, ધ્યાનયોગ એ ઉત્તરોત્તર બધાં શ્રેષ્ઠ જ્ઞાનનાં સાધન છે, નિષ્કામકર્મ આદિ સાધનોના અધિકાર પ્રમાણે પ્રકાર હોઈ શકે, ગીતા ઉપનિષદ હોવાથી અરણ્યકાંડમાં પાકત ઉપનિષદોની સદશ નિવૃત્તિ પ્રધાન છે. ગીતામાં જે પ્રવૃત્તિ વિહિત છે તે પણ નિવૃત્તિનું જ અંગ છે. ગીતામાં જે નિષ્કામકર્મયોગ બતાવ્યો છે તે પ્રવૃત્ત કર્મ નહિ પરંતુ નિવૃત્તિ કર્મ જ છે.

—આચાર્ય ભક્ત પંડિત વિષ્ણુ શાસ્ત્રીજી બાપટ

રહસ્યપૂર્ણ ગ્રંથ : અમે પ્રત્યક્ષ જોઈ એ છીએ કે આ રહસ્યપૂર્ણ ગ્રંથ(ગીતા) એક મહાન આત્માની કૃતિ છે અને સંપૂર્ણ યોગીઓના ઉપદેશો સાથે તેની સરખામણી કરતા અમને જરા પણ સંકોચ નથી.

—રોબર્ટ ફ્રેડરિક હૉલ

ગીતાનાં અઢાર નામ

गीता गङ्गा च गायत्री सीता सत्या सरस्वती ।
ब्रह्मविद्या ब्रह्मवल्ली त्रिसन्ध्या मुक्तिगेहिनी ॥
अर्धमात्रा चिदानन्दा भवघ्नी भयनाशिनी ।
वेदत्रयी पराऽनन्ता तत्त्वार्थज्ञानमञ्जरी ॥
इत्येतानि जपेन्नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं लभेच्छीघ्रं तथान्ते परमं पदम् ॥

ગીતા, ગંગા, ગાયત્રી, સીતા, સતી, સરસ્વતી, બ્રહ્મવિદ્યા, બ્રહ્મવલ્લી, ત્રિસંધ્યા, મુક્તિગેહિની, અર્ધમાત્રા, ચિદાનંદા, ભવઘ્ની, ભયનાશિની, વેદત્રયી, પરા, અનન્તા અને તત્ત્વાર્થજ્ઞાનમંજરી, આ અઢાર નામોનો સ્થિર મનથી નિત્ય જપ કરવાવાળો એટલે તેનો અર્થ સમજી, તેને અનુકૂળ અનુભવ કરવાવાળો મનુષ્ય તુરત જ જ્ઞાન સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને અન્તે પરમપદને પામે છે.

ગીતાવક્તા ભગવાન શ્રીકૃષ્ણ: આપણે જોઈ એ છીએ કે આ ગ્રંથમાં શ્રીકૃષ્ણ જે ભગવાન વિષ્ણુના પૂર્ણાવતાર હતા, જે સાક્ષાત્ સામે આવીને તેમના મોક્ષના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે તે ભગવાન સર્વત્ર એટલે સર્વશક્તિસંપન્ન છે તથા જગતના શાશ્વત નિયંતા પણ છે, જે લોકો તેમનામાં શ્રદ્ધા રાખી તેની ઉપાસના કરે છે તેને તે કૃપાપૂર્વક મુક્તિરૂપી ફળ આપે છે. અર્જુનની સામે મસ્તક ઉપર મુકુટ ધારણ કરેલા, હાથોમાં ગદા અને ચક્ર ધારણ કરેલા દિવ્ય માલાંબર વિભૂષિત, મનમોહક સુગંધીથી સુવાસિત, તેજોમય દિવ્ય શરીર ધારણ કરીને પ્રગટ થયા હતા.

—હેલ્મૂથ ફોન ગ્લાઝેનપ્પ

"શ્રીમદ્ ભગવદ્ગીતા" આનંદચિદ્ઘન, પડૈશ્વર્યપૂર્ણ, ચરાચરવન્દિત, પરમપુરુષોત્તમ, સાક્ષાત્ શ્રી કૃષ્ણભગવાનની દિવ્ય વાણી છે. તે અનન્ત રહસ્યોથી પૂર્ણ છે. પરમ દયામય ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી કોઈ પણ ગ્રંથમાં તેનું રહસ્ય સમજવામાં આવી શકે છે. જે પુરુષ પરમ શ્રદ્ધા અને પ્રેમોન્મુખી વિશુદ્ધ ભક્તિથી પોતાના હૃદયને ભગવદ્ કૃપાની આશાથી ભગવદ્ગીતાનું મનન કરે છે તેઓ ભગવદ્ કૃપાનો પ્રત્યક્ષ અનુભવ કરી, ગીતાના રૂપની કોઈ ગ્રંથમાં ઝાંખી કરી શકે છે. એટલે કે પોતાનું કલ્યાણ ચાહવાવાળા નર નારીઓને ઉચિત છે કે તેમણે ભક્તવર અર્જુનને આદર્શ માનીને પોતામાં અર્જુનના આદર્શોનું

અર્જન કરતાં કરતાં શ્રદ્ધાભક્તિપૂર્વક ગીતાનું શ્રવણ અધ્યયન કરે અને એવી રીતે ભગવાનની આજ્ઞાનુસાર યથાયોગ્ય તૈયારી સાથે સાધનોમાં લાગી જાય, જે પુરુષ આ પ્રકારે કરે છે તેને અંતઃકરણમાં રોજ નવી નવી પરમ આનંદદાયક અનુપમ અને દિવ્ય ભાવોની સ્ફુરણાઓ થતી રહે છે અને સર્વથા શુદ્ધ અંતઃકરણ થઈને ભગવાનની અલૌકિક કૃપા અમૃતના રસાસ્વાદનો અનુભવ કરતાં તે શીઘ્ર ભગવાનને પ્રાપ્ત કરે છે.

પવિત્ર જલાશયઃ પ્રાચીન કાળની બધી સ્મરણીય વસ્તુઓમાં ભગવદ્ ગીતાથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી. ભગવદ્ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને થયે અગણિત વર્ષો થયાં છતાં પણ તેના સમાન બીજો એક પણ ગ્રંથ અદ્યપર્યંત લખાયો નથી. ગીતાની સાથે તુલના કરતાં મને જગતનું આધુનિક સમસ્ત જ્ઞાન તુચ્છ લાગે છે. વિચાર કરતાં આ ગ્રંથનું મહત્ત્વ મને એટલું અધિક માલૂમ પડે છે કે આ તત્ત્વજ્ઞાન કોઈ જુદા જ યુગમાં લખાયેલું હોવું જોઈએ. હું નિત્ય પ્રાતઃકાળમાં મારાં હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જળાશયમાં સ્નાન કરાવું છું.

—મહાત્મા થોરો

સંસારનો સામાન્ય ગ્રન્થઃ ગીતાનું તત્ત્વ બહુ જ ગહન છે. તેના એકે એક શ્લોક ઉપર મહાભારત સમાન ગ્રન્થો લખી શકાય તેમ છે. ગીતાના વિમળ વિવેચનાઓ જોઈને ચાહે કોઈ પણ દેશનો વિદ્વાન હોય, તે નિશ્ચિત ચકિત થઈ જાય છે. સુરભારતી (ભારતના) લોકોની તો કહેવાની વાત જ ક્યાં? જે ગીતાને સારી દુનિયાના લોકો સન્માનની દૃષ્ટિથી જુએ છે તે ગીતા સાધારણ પુસ્તક નથી.

—મહામહોપાધ્યાય પંડિતપ્રવર શ્રીલક્ષ્મણ શાસ્ત્રી દ્રાવિડ

સર્વપ્રિય કાવ્યઃ આટલા ઉચ્ચ કોટિના વિદ્વાનો પછી જો હું આ આશ્ચર્યજનક કાવ્યનું અનુવાદ કરવાનું સાહસ કરી રહ્યો છું, તે વિદ્વાનોના પરિશ્રમમાંથી કેવળ ભગવદ્ (ગીતારૂપી) લાભ ઉઠાવ્યાની સ્મૃતિમાં છે, અને તેનું બીજું કારણ તે પણ છે કે ભારતવર્ષનાં આ સર્વપ્રિય કાવ્યમય દાર્શનિક ગ્રન્થ વિના અંગ્રેજી સાહિત્ય જરૂર અપૂર્ણ રહેશે.

—સર એડવિન આરનોલ્ડ

આર્ય જાતિનો જીવન-પ્રાણ : ગીતા જે દિવ્ય સંદેશનો ઇતિહાસ છે. સદા સર્વદા આર્ય જાતિનો જીવન-પ્રાણ રહ્યો છે, આ ગ્રંથનું નિર્માણ પ્રધાનતઃ આર્ય જાતિ માટે જ થયું છે અને સારાય જગતની ભલાઈના માટે ભારતીય આર્યોએ સૈકાઓથી તેનું રક્ષણ કર્યું છે.

—ડૉ. સર સુબ્રહ્મણ્ય અય્યર
કે. સી. આઈ. ઈ. એલ. એલ. ડી.

ગીતા નિત્ય નવીનઃ જગતના સંપૂર્ણ સાહિત્યમાં જો તેને સાર્વજનિક લાભની દૃષ્ટિએ જોવામાં આવે તો ભગવદ્ગીતા સમાન અન્ય કોઈ પણ કાવ્ય નથી. દર્શનશાસ્ત્ર હોવા છતાં પણ આ સર્વદા પદ્યનો પ્રકાર નવીન અને રસપૂર્ણ છે. આમાં મુખ્યતઃ તાર્કિક શૈલી હોવા છતાં પણ આ એક ભક્તિમન્થ છે ને ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસના અત્યન્ત ઘાતક યુદ્ધનો એક અભિનયપૂર્ણ દૃશ્ય-ચિત્ર હોવા છતાં પણ શાંતિ તથા સૂક્ષ્મતાથી પરિપૂર્ણ છે. અને સાંખ્ય-સિદ્ધાંત પર પ્રતિષ્ઠિત હોવા છતાં પણ તે આ સર્વસ્વામિની અનન્ય ભક્તિનો પ્રચાર કરે છે. અધ્યયન માટે આથી અધિક સામગ્રી બીજે ક્યાં ઉપલબ્ધ હોઈ શકે?

—જે. એન. ફરકુહર. એમ. એ.

ગીતામાં સર્વધર્મતત્ત્વઃ શ્રીકૃષ્ણના ઉપદેશમાં શાસ્ત્રકથિત પ્રાયઃ બધા જ ધાર્મિક વિષયોનું તત્ત્વ આવી જાય છે. તેનો ભાષા એટલો ગંભીર અને ઉત્કૃષ્ટ છે કે જેથી તેનું ભગવદ્ગીતા અથવા ઈશ્વરીય સંગીતના નામથી પ્રસિદ્ધ હોવું ઉચિત છે.

—જસ્ટીસ. કે. ટી. તૈલંગ

ચમત્કારપૂર્ણ કાવ્યઃ ભારતના વાઙ્મયના બહુશાખ વૃક્ષ ઉપર ભગવદ્ગીતા એક અત્યન્ત સુંદર એવું શોભાસંપન્ન સુમન છે. આ અત્યુત્તમ ગીતમાં, આ પ્રાચીનમાં પ્રાચીન તથા નવીનમાં નવીન પ્રશ્નનું વિવિધ પ્રકારે વિવેચન કરવામાં આવ્યું છે કે " મોક્ષોપયોગીજ્ઞાન કેમ પ્રાપ્ત કરી શકાય ? શું આપણે કર્મથી ધ્યાનથી યા ભક્તિથી ઈશ્વર સાથે એકતા પ્રાપ્ત કરી શકીએ છીએ ? શું આપણે આત્માની શાન્તિના લાભને માટે આસક્તિ અને સ્વાર્થબુદ્ધિથી રહિત થઈને સંસારના પ્રલોભનોથી દુર ભાગવું જોઈએ ?"

આ ચમત્કારપૂર્ણ કાવ્યમય ગ્રંથમાં આપણને તે વિચાર વારંવાર નિત્ય નવા રૂપમાં મળે છે. ભગવદ્ગીતાની ઉત્પત્તિ દર્શનશાસ્ત્ર અને ધર્મમાંથી થઈ છે, તેની અંદર આ બંને ધારાઓ સાથેસાથ પ્રવાહિત થઈને એક બીજાને મળી જાય છે. ભારતીઓના મનોભાવનો અમારા જર્મન દેશવાસીઓ ઉપર મહાન પ્રભાવ પડયો છે અને તે કારણે અમ રું મન વારંવાર ભારત દેશ તરફ આકર્ષિત થાય છે.

--શ્રીમતી ડા. એલ. જે. લ્યુડર્સ

સાહિત્યનું સર્વોત્કૃષ્ટ રત્નઃ આધુનિક કાળમાં સજ્જનગણ, તત્પરતાની સાથે ભારતના સાહિત્યના સર્વોત્કૃષ્ટ રત્ન, ગીતાનો પ્રચાર કરી રહ્યો છે. જો આ પ્રગતિ તે પ્રકારની રહેશે તો આગામી સન્તાન વેદાન્ત સિદ્ધાન્તોના પ્રત્યે અધિક રુચી પ્રકટ કરી તેનું પાલન કરશે.

—સર જોન વુડરેફ

અમર ગ્રન્થઃ ગીતા કેવળ હિન્દુઓનું નહિ પરંતુ જગતની બધી જાતિઓનું ધર્મપુસ્તક છે. પ્રત્યેક મનુષ્યે આ અમર ગ્રંથને ધ્યાનપૂર્વક અને પક્ષપાત રહિત થઈને વાંચવો જોઈએ. પછી ભલે તે બીજા ધર્મ અને ધર્મગુરુને માનતો હોય. ગીતાની એક એક પંક્તિ, એક એક શબ્દ, પવિત્ર વિચારોથી સુશોભિત છે. તેમાં એક છેડાથી બીજા છેડા સુધી આધ્યાત્મિકતા હેમસૂત્ર માફક ઓતપ્રોત છે. ગીતાને જો દિવ્ય જ્ઞાનની ખાણ કહેવામાં આવે તો કાંઈ અત્યુક્તિ કહી શકાય નહિ. જો તેના તત્ત્વને બરાબર સમજવા ઇચ્છા હોય અને તેના દાર્શનિક વિચારોને આપણા જીવનના એક અંગરૂપ બનાવવા માગતા હોઈએ તો તેનો વારંવાર શુદ્ધ હૃદયથી એક ચિત્તે અભ્યાસ કરવો જોઈએ.

—શ્રી ફેંખુશરૂ જે. દસ્તુર
એમ. એ. એલએલ. બી.

ગીતામાં સમર્પણઃ શ્રીમદ્ ભગવદ્ગીતાને લાખો મનુષ્યોએ સાંભળી, વાંચી તથા વંચાવી છે અને આત્માને પ્રભુપરાયણ કરવામાં આ પુસ્તક ખૂબ આશાજનક સિદ્ધ થયું છે. તેની ધારણા બીલકુલ નિરાધાર નથી, કેમ કે ગીતાનો સુંદર સંદેશ અનંત પ્રેમાભિલાષીઓ માટે પ્રત્યેક સ્થાન અને સમય પર પોતાની અસીમ દયાની વર્ષા કરતી તથા જીવનમાં બધાં કાર્યો, પરમાત્માની નિઃસ્વાર્થ સેવા નિમિત્તે સમર્પણ કરવાં તે છે.

—ડા. લીઓનેલ. ડી. બેરેટ

ગીતા અસાધારણ ગ્રંથ છેઃ માનસિક વિકાસના નિમિત્તે ગીતાનું અધ્યયન કરીને અટકી જવું તે ઠીક નથી, પરંતુ તેના સિદ્ધાંતોને થોડા અંશે કાર્યરૂપે ઉતારવા તે આવશ્યક છે. ગીતા કોઈ સાધારણ સંગીત અથવા ગ્રંથ નથી. ભગવાન શ્રીકૃષ્ણે તેનો ઉપદેશ તેવા સમયે આપ્યો હતો જ્યારે તેનો આત્મા અત્યંત પ્રબુદ્ધ હતો.

—ડા. બીસેન્ટ

॥ ॐ तत्सत् ॥

श्रीगीतादोहन या तत्त्वार्थदीपिका

श्लोकसूचि

क्रम	श्लोकपाद	अ–श्लो०
	ॐ	
	ॐ इत्येकाक्षरं ब्रह्म	... ८ १३
	ॐ तत्सदिति निर्देशो	... १७ २३
	अ	
१	अकीर्तिं चापि भूतानि	... २ ३४
२	अक्षरं ब्रह्म परमम्	... ८ ३
३	अक्षराणामकारोऽस्मि	... १० ३३
४	अग्निर्ज्योतिरहः शुक्लः	... ८ २४
५	अच्छेद्योऽयमदाह्योऽयम्	... २ २४
६	अजोऽपि सन्नव्ययात्मा	... ४ ६
७	अज्ञश्चाश्रद्दधानश्च	... ४ ४०
८	अत्र शूरा महेष्वासा	... १ ४
९	अथ केन प्रयुक्तोऽयम्	... ३ ३६
१०	अथ चित्तं समाधातुम्	... १२ ९
११	अथ चेत्त्वमिमं धर्म्यम्	... २ ३३
१२	अथ चैनं नित्यजातम्	... २ २६
१३	अथवा योगिनामेव	... ६ ४२
१४	अथवा बहुनैतेन	... १० ४२
१५	अथ व्यवस्थितान्दृष्ट्वा	... १ २०
१६	अथैतदप्यशक्तोऽसि	... १२ ११
१७	अदृष्टपूर्वं हृषितोऽस्मि	... ११ ४५
१८	अदेशकाले यद्दानम्	... १७ २२
१९	अद्वेष्टा सर्वभूतानाम्	... १२ १३
२०	अधर्मं धर्ममिति या	... १८ ३२
२१	अधर्माभिभवात्कृष्ण	... १ ४१
२२	अधश्चोर्ध्वं प्रसृतास्तस्य	... १५ २
२३	अधिभूतं क्षरो भावः	... ८ ४
२४	अधियज्ञः कथं कोऽत्र	... ८ २
२५	अधिष्ठानं तथा कर्ता	... १८ १४
२६	अध्यात्मज्ञाननित्यत्वम्	... १३ ११
२७	अध्येष्यते च य इमम्	... १८ ७०
२८	अनन्तविजयं राजा	... १ १६
२९	अनन्तश्चास्मि नागानाम्	... १० २९
३०	अनन्यचेताः सततम्	... ८ १४
३१	अनन्याश्चिन्तयन्तो माम्	... ९ २२
३२	अनपेक्षः शुचिर्दक्षः	... १२ १६
३३	अनादित्वान्निर्गुणत्वात्	... १३ ३१
३४	अनादिमध्यान्तमनन्तवीर्यं	... ११ १९
३५	अनाश्रितः कर्मफलम्	... ६ १
३६	अनिष्टमिष्टं मिश्रं च	... १८ १२
३७	अनुद्वेगकरं वाक्यम्	... १७ २५
३८	अनुबन्धं क्षयं हिंसाम्	... १८ २५
३९	अनेकचित्तविभ्रान्ताः	... १६ १६
४०	अनेकबाहूदरवक्त्रनेत्रम्	... ११ १६
४१	अनेकवक्त्रनयनम्	... ११ १०
४२	अन्तकाले च मामेव	... ८ ५
४३	अन्तवत्तु फलं तेषाम्	... ७ २३
४४	अन्तवन्त इमे देहाः	... २ १८
४५	अन्नाद्भवन्तिभूतानि	... ३ १४
४६	अन्ये च बहवः शूराः	... १ ९
४७	अन्ये त्वेवमजानन्त	... १३ २५
४८	अपरं भवतो जन्म	... ४ ४
४९	अपरे नियताहाराः	... ४ ३०
५०	अपरेयमितस्त्वन्याम्	... ७ ५
५१	अपर्याप्तं तदस्माकं	... १ १०
५२	अपाने जुह्वति प्राणम्	... ४ २९
५३	अपि चेत्सुदुराचारो	... ९ ३०
५४	अपि चेदसि पापेभ्यः	... ४ ३६
५५	अप्रकाशोऽप्रवृत्तिश्च	... १४ १३
५६	अफलाकाङ्क्षिभिर्यज्ञो	... १७ ११
५७	अभयं सत्त्वसंशुद्धिः	... १६ १
५८	अभिसन्धाय तु फलम्	... १७ १२

क्रम	श्लोकपाद	अ–श्लो०
५९	अभ्यासयोगयुक्तेन	... ८ ८
६०	अभ्यासेऽप्यसमर्थोऽसि	... १२ १०
६१	अमानित्वमदम्भित्वम्	... १३ ७
६२	अमी च त्वां धृतराष्ट्रस्य	... ११ २१
६३	अमी हि त्वां सुरसङ्घाः	... ११ २१
६४	अयनेषु च सर्वेषु	... ८ २१
६५	अयतिः श्रद्धयोपेतो	... ६ ३७
६६	अयुक्तः प्राकृतः स्तब्धः	... १८ २८
६७	अवजानन्ति मां मूढाः	... ९ ११
६८	अवाच्यवादाꣳश्च बहून्	... २ ३६
६९	अविनाशि तु तद्विद्धि	... २ १७
७०	अविभक्तं च भूतेषु	... १३ १६
७१	अव्यक्तादीनि भूतानि	... २ २८
७२	अव्यक्ताद्व्यक्तयः सर्वाः	... ८ १८
७३	अव्यक्तोऽक्षर इत्युक्तः	... ८ २१
७४	अव्यक्तोऽयमचिन्त्योऽयम्	... २ २५
७५	अव्यक्तं व्यक्तिमापन्नम्	... ७ २४
७६	अशास्त्रविहितं घोरम्	... १७ ५
७७	अशोच्यानन्वशोचस्त्वम्	... २ ११
७८	अश्रद्दधानाः पुरुषाः	... ९ ३
७९	अश्रद्धया हुतम्	... १७ २८
८०	अश्वत्थः सर्ववृक्षाणाम्	... १० २६
८१	असक्तबुद्धिः सर्वत्र	... १८ ४९
८२	असक्तिरनभिष्वङ्गः	... १३ ९
८३	असत्यमप्रतिष्ठं ते	... १६ ८
८४	असौ मया हतः शत्रुः	... १६ १४
८५	असꣳयतात्मना योगो	... ६ ३६
८६	असꣳशयं महाबाहो	... ६ ३५
८७	अस्माकं तु विशिष्टा ये	... १ ७
८८	अहमात्मा गुडाकेशः	... १० २०
८९	अहो बत महत्पापम्	... १ ४५
९०	अहंकारं बलं दर्पम्	... १६ १८
९१	" " "	... १८ ५३
९२	अहं क्रतुरहं यज्ञः	... ९ १६
९३	अहं वैश्वानरो भूत्वा	... १५ १४
९४	अहं सर्वस्य प्रभवो	... १० ८
९५	अहं हि सर्वयज्ञानाम्	... ९ २४
९६	अहिꣳसासत्यमक्रोधः	... १६ २
९७	अहिꣳसा समता तुष्टि	... १० ५

आ

९८	आख्याहि मे को भवान्	... ११ ३१
९९	आचार्याः पितरः पुत्राः	... १ ३४
१००	आढ्योऽभिजनवानस्मि	... १६ १५
१०१	आत्मसम्भाविताः स्तब्धाः	... १६ १७
१०२	आत्मौपम्येन सर्वत्र	... ६ ३२
१०३	आदित्यानामहं विष्णुः	... १० २१
१०४	आपूर्यमाणमचलप्रतिष्ठं	... २ ७०
१०५	आब्रह्मभुवनाल्लोकाः	... ८ १६
१०६	आयुधानामहं वज्रं	... १० २८
१०७	आयुः सत्त्वबलारोग्य	... १७ ८
१०८	आरुरुक्षोर्मुनेर्योगम्	... ६ ३
१०९	आवृतं ज्ञानमेतेन	... ३ ३९
११०	आशापाशशतैर्बद्धाः	... १६ १२
१११	आश्चर्यवत्पश्यति	... २ २९
११२	आसुरीं योनिमापन्नाः	... १६ २०
११३	आहारस्त्वपि सर्वस्य	... १७ ७
११४	आहुस्त्वामृषयः सर्वे	... १० १३

इ

११५	इच्छाद्वेषसमुत्थेन	... ७ २७
११६	इच्छा द्वेषः सुखम्	... १३ ६
११७	इति क्षेत्रं तथा ज्ञानम्	.. १३ १८
११८	इति गुह्यतमं शास्त्रम्	... १५ २०
११९	इति ते ज्ञानमाख्यातम्	... १८ ६३
१२०	इत्यर्जुनं वासुदेवः	... ११ ५०
१२१	इत्यहं वासुदेवस्य	... १८ ७४
१२२	इदमद्य मया लब्धम्	... १६ १३
१२३	इदं ज्ञानमुपाश्रित्य	... १४ २
१२४	इदं तु ते गुह्यतमम्	... ९ १
१२५	इदं ते नातपस्काय	... १८ ६७
१२६	इदं शरीरं कौन्तेय	... १३ १
१२७	इन्द्रियस्येन्द्रियस्यार्थे	... ३ ३४
१२८	इन्द्रियाणां हि चरताम्	... २ ६७
१२९	इन्द्रियाणि पराण्याहुः	... ३ ४२

ક્રમ	શ્લોકપાદ	અ–શ્લો૦
૧૩૦	इन्द्रियाणि मनोबुद्धिः	... ३ ४०
૧૩૧	इन्द्रियार्थेषु वैराग्यम्	... १३ ८
૧૩૨	इमं विवस्वते योगम्	... ४ १
૧૩૩	इष्टान्भोगान्हि	... ३ १२
૧૩૪	इहैकस्थं जगत्कृत्स्नम्	... ११ ७
૧૩૫	इहैव तैर्जितः सर्गो	... ५ १९
	ई	
૧૩૬	ईश्वरः सर्वभूतानाम्	... १८ ६१
	उ	
૧૩૭	उच्चैःश्रवसमश्वानाम्	... १० २७
૧૩૮	उत्क्रामन्तं स्थितं वाऽपि	... १५ १०
૧૩૯	उत्तमः पुरुषस्त्वन्यः	... १५ १७
૧૪૦	उत्सन्नकुलधर्माणाम्	... १ ४४
૧૪૧	उत्सीदेयुरिमे लोकाः	... ३ २४
૧૪૨	उदाराः सर्व एवैते	... ७ १८
૧૪૩	उदासीनवदासीनः	... १४ २३
૧૪૪	उद्धरेदात्मनाऽऽत्मानम्	... ६ ५
૧૪૫	उपद्रष्टाऽनुमन्ता च	... १३ २२
	ऊ	
૧૪૬	ऊर्ध्वमूलमधः शाखम्	... १५ १
૧૪૭	ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था	... १४ १८
	ऋ	
૧૪૮	ऋषिभिर्बहुधा गीतम्	... १३ ४
	ए	
૧૪૯	एतच्छ्रुत्वा वचनं केशवस्य	... ११ ३५
૧૫૦	एतद्योनीनि भूतानि	... ७ ६
૧૫૧	एतन्मे संशयं कृष्ण	... ६ ३९
૧૫૨	एतान्न हन्तुमिच्छामि	... १ ३५
૧૫૩	एतान्यपि तु कर्माणि	... १८ ६
૧૫૪	एतां दृष्टिमवष्टभ्य	... १६ ९
૧૫૫	एतां विभूतिं योगं च	... १० ७
૧૫૬	एतैर्विमुक्तः कौन्तेय	... १६ २२
૧૫૭	एवमुक्तो हृषीकेशः	... १ २४
૧૫૮	एवमुक्त्वाऽर्जुनः संख्ये	... १ ४७
૧૫૯	एवमुक्त्वा ततो राजन्	... ११ ९

ક્રમ	શ્લોકપાદ	અ–શ્લો૦
૧૬૦	एवमुक्त्वा हृषीकेशम्	... २ ९
૧૬૧	एवमेतद्यथाऽऽत्थ त्वम्	... ११ ३
૧૬૨	एवं ज्ञात्वा कृतं कर्म	... ४ १५
૧૬૩	एवं परंपराप्राप्तम्	... ४ २
૧૬૪	एवं प्रवर्तितं चक्रम्	... ३ १६
૧૬૫	एवं बहुविधा यज्ञाः	... ४ ३२
૧૬૬	एवं बुद्धेः परं बुद्ध्वा	... ३ ४३
૧૬૭	एवं सततयुक्ता ये	... १२ १
૧૬૮	एषा तेऽभिहिता सांख्ये	... २ ३९
૧૬૯	एषा ब्राह्मी स्थितिः पार्थ	... २ ७२
૧૭૦	ओमित्येकाक्षरं ब्रह्म	... ८ १३
૧૭૧	ॐ तत्सदिति निर्देशो	... १७ २३
	क	
૧૭૨	कच्चिदेतच्छ्रुतं पार्थ	... १८ ७२
૧૭૩	कच्चिन्नोभयविभ्रष्टः	... ६ ३८
૧૭૪	कटुम्ललवणात्युष्ण-	... १७ ९
૧૭૫	कथं न ज्ञेयमस्माभिः	... १ ३९
૧૭૬	कथं भीष्ममहं संख्ये	... २ ४
૧૭૭	कथं विद्यामहं योगिम्	... १० १७
૧૭૮	कर्मजं बुद्धियुक्ता हि	... २ ५१
૧૭૯	कर्मणः सुकृतस्याऽऽहुः	... १४ १६
૧૮૦	कर्मणैव हि संसिद्धिम्	... ३ २०
૧૮૧	कर्मणो ह्यपि बोद्धव्यम्	... ४ १७
૧૮૨	कर्मण्यकर्म यः पश्येत्	... ४ १८
૧૮૩	कर्मण्येवाधिकारस्ते	... २ ४७
૧૮૪	कर्मब्रह्मोद्भवं विद्धि	... ३ १५
૧૮૫	कर्मेन्द्रियाणि संयम्य	... ३ ६
૧૮૬	कर्षयन्तः शरीरस्थम्	... १७ ६
૧૮૭	कविं पुराणमनुशासितारं	... ८ ९
૧૮૮	कस्माच्च ते न नमेरन्	... ११ ३७
૧૮૯	काङ्क्षन्तः कर्मणां सिद्धिम्	... ४ १२
૧૯૦	काम एष क्रोध एष	... ३ ३७
૧૯૧	कामक्रोधवियुक्तानाम्	... ५ २६
૧૯૨	काममाश्रित्य दुष्पूरम्	... १६ १०
૧૯૩	कामात्मानः स्वर्गपरा	... २ ४३
૧૯૪	कामैस्तैस्तैर्हृतज्ञानाः	... ७ २०

क्रम	श्लोकपाद	अ—श्लो०
१९५	काम्यानां कर्मणां	... १८ २
१९६	कायेन मनसा बुद्धया	... ५ ११
१९७	कार्पण्यदोषोपहतः	... २ ७
१९८	कार्यकारणकर्तृत्वे	... १३ २०
१९९	कार्यमित्येव यत्कर्म	... १८ ९
२००	कालोऽस्मि लोकक्षय०	... ११ ३२
२०१	काश्यश्च परमेष्वासः	... १ १७
२०२	किरीटिनं गदिनं चक्र०	... ११ ४६
२०३	किरीटिनं गदिनं चक्रि०	... ११ १७
२०४	किं कर्म किमकर्मेति	... ४ १६
२०५	किं तद्ब्रह्म किमध्यात्मम्	... ८ १
२०६	किं पुनर्ब्राह्मणाःपुण्याः	... ९ ३३
२०७	कुतस्त्वा कश्मलमिदम्	... २ २
२०८	कुलक्षये प्रणश्यन्ति	... १ ४०
२०९	कृपया परयाऽऽविष्टो	... १ २८
२१०	कृषिगोरक्ष्यवाणिज्यम्	... १८ ४४
२११	कैर्लिङ्गैस्त्रीन्गुणानेतान्	... १४ २१
२१२	क्रोधाद्भवति सम्मोहः	... २ ६३
२१३	क्लेशोऽधिकतरस्तेषाम्	... १२ ५
२१४	क्लैब्यं मा स्म गमः पार्थ	... २ ३
२१५	क्षिप्रं भवति धर्मात्मा	... ९ ३१
२१६	क्षेत्रक्षेत्रज्ञयोरेवम्	... १३ ३४
२१७	क्षेत्रज्ञं चापि मां विद्धि	... १३ २

ग

२१८	गतसङ्गस्य मुक्तस्य	... ४ २३
२१९	गतिर्भर्ता प्रभुः साक्षी	... ९ १८
२२०	गाण्डीवं स्रंसते हस्तात्	... १ ३०
२२१	गामाविश्य च भूतानि	... १५ १३
२२२	गुणानेतानतीत्य त्रीन्	... १४ २०
२२३	गुरूनहत्वा हि महानु०	... २ ५

च

२२४	चञ्चलं हि मनः कृष्ण	... ६ ३४
२२५	चतुर्विधा भजन्ते माम्	... ७ १६
२२६	चातुर्वर्ण्यं मया सृष्टम्	... ४ १३
२२७	चिन्तामपरिमेयां च	... १६ ११
२२८	चेतसा सर्वकर्माणि	... १८ ५७

क्रम	श्लोकपाद	अ—श्लो०

ज

२२९	जन्म कर्म च मे दिव्यम्	... ४ ९
२३०	जरामरणमोक्षाय	... ७ २९
२३१	जातस्य हि ध्रुवो मृत्युः	... २ २७
२३२	जितात्मनः प्रशान्तस्य	... ६ ७
२३३	ज्ञानं कर्म च कर्ता च	... १८ १९
२३४	ज्ञानं ज्ञेयं परिज्ञाता	... १८ १८
२३५	ज्ञानं तेऽहं सविज्ञानम	... ७ २
२३६	ज्ञानयज्ञेन चाप्यन्ये	... ९ १५
२३७	ज्ञानविज्ञानतृप्तात्मा	... ६ ८
२३८	ज्ञानेन तु तदज्ञानम्	... ५ १६
२३९	ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि	... १३ १२
२४०	ज्ञेयः स नित्यसंन्यासी	... ५ ३
२४१	ज्यायसी चेत्कर्मणस्ते	... ३ १
२४२	ज्योतिषामपि तज्ज्योतिः	... १३ १७

त

२४३	ततःपदं तत्परिमा०	... १५ ४
२४४	ततः शङ्खाश्च भेर्यश्च	... १ १३
२४५	ततः श्वेतैर्हयैर्युक्ते	... १ १४
२४६	ततः स विस्मयाविष्टो	... ११ १४
२४७	तत्क्षेत्रं यच्च यादृक्च	... १३ ३
२४८	तत्रत्र संस्मृत्य संस्मृत्य	... १८ ७७
२४९	तत्त्ववित्तु महाबाहो	... ३ २८
२५०	तत्र तं बुद्धिसंयोगम्	... ६ ४३
२५१	तत्र सत्त्वं निर्मलत्वात्	... १४ ६
२५२	तत्रापश्यत्स्थितान्पार्थ	... १ २६
२५३	तत्रैकस्थं जगत्कृत्स्नम्	... ११ १३
२५४	तत्रैकाग्रं मनः कृत्वा	... ६ १२
२५५	तत्रैवं सति कर्तारम्	... १८ १६
२५६	तदित्यनभिसन्धाय	... १७ २५
२५७	तद्बुद्धयस्तदात्मान	... ५ १७
२५८	तद्विद्धि प्रणिपातेन	... ४ ३४
२५९	तपस्विभ्योऽधिको योगी	... ६ ४६
२६०	तपाम्यहमहं वर्षम्	... ९ १९
२६१	तमस्त्वज्ञानजं विद्धि	... १४ ८
२६२	तमुवाच हृषीकेशः	... २ १०

ક્રમ	શ્લોકપાદ	અ–શ્લો૦
૨૬૩	तमेव शरणं गच्छ	... ૧૮ ૬૨
૨૬૪	तस्माच्छास्त्रं प्रमाणं ते	... ૧૬ ૨૪
૨૬૫	तस्मात्त्वमिन्द्रियाण्यादौ	... ૩ ૪૧
૨૬૬	तस्मात्त्वमुत्तिष्ठ यशो	... ૧૧ ૩૩
૨૬૭	तस्मात्प्रणम्य प्रणिधाय	... ૧૧ ૪૪
૨૬૮	तस्मात्सर्वेषु कालेषु	... ૮ ૭
૨૬૯	तस्मादसक्तः सततम्	... ૩ ૧૯
૨૭૦	तस्मादज्ञानसम्भूतम्	... ૪ ૪૨
૨૭૧	तस्मादोमित्युदाहृत्य	... ૧૭ ૨૪
૨૭૨	तस्माद्यस्य महाबाहो	... ૨ ૬૮
૨૭૩	तस्मान्नार्हा वयं हन्तुम्	... ૧ ૩૭
૨૭૪	तस्य सञ्जनयन्हर्षम्	... ૧ ૧૨
૨૭૫	तानहं द्विषतः क्रूरान्	... ૧૬ ૧૯
૨૭૬	तानि सर्वाणि संयम्य	... ૨ ૬૧
૨૭૭	तुल्यनिन्दास्तुतिर्मौनी	... ૧૨ ૧૯
૨૭૮	तेजः क्षमा धृतिः शौचम्	... ૧૬ ૩
૨૭૯	ते तं भुक्त्वा स्वर्गलोकम्	... ૯ ૨૧
૨૮૦	तेषामहं समुद्धर्ता	... ૧૨ ૭
૨૮૧	तेषामेवानुकम्पार्थम्	... ૧૦ ૧૧
૨૮૨	तेषां ज्ञानी नित्ययुक्त	... ૭ ૧૭
૨૮૩	तेषां सततयुक्तानाम्	... ૧૦ ૧૦
૨૮૪	तं तथा कृपयाऽऽविष्टम्	... ૨ ૧
૨૮૫	तं विद्याद्दुःखसंयोगम्	... ૬ ૨૩
૨૮૬	त्यक्त्वा कर्मफलासङ्गम्	.. ૪ ૨૦
૨૮૭	त्याज्यं दोषवदित्येके	... ૧૮ ૩
૨૮૮	त्रिभिर्गुणमयैर्भावैः	... ૭ ૧૩
૨૮૯	त्रिविधा भवति श्रद्धा	... ૧૭ ૨
૨૯૦	त्रिविधं नरकस्येदम्	... ૧૬ ૨૧
૨૯૧	त्रैगुण्यविषया वेदाः	... ૨ ૪૫
૨૯૨	त्रैविद्या मां सोमपाः	... ૯ ૨૦
૨૯૩	त्वमक्षरं परमं वेदि०	... ૧૧ ૧૮
૨૯૪	त्वमादिदेवः पुरुषः	... ૧૧ ૩૮
	द	
૨૯૫	दण्डो दमयतामस्मि	... ૧૦ ૩૮
૨૯૬	दम्भो दर्पोऽभिमानश्च	... ૧૬ ૪
૨૯૭	दंष्ट्राकरालानि च ते	... ૧૧ ૨૫
૨૯૮	दातव्यमिति यद्दानम्	... ૧૭ ૨૦
૨૯૯	दिवि सूर्यसहस्रस्य	... ૧૧ ૧૨
૩૦૦	दिव्यमाल्याम्बरधरम्	... ૧૧ ૧૧
૩૦૧	दुःखमित्येव यत्कर्म	... ૧૮ ૮
૩૦૨	दुःखेष्वनुद्विग्नमनाः	... ૨ ૫૬
૩૦૩	दूरेण ह्यवरं कर्म	... ૨ ૪૯
૩૦૪	दृष्ट्वा तु पाण्डवानीकम्	... ૧ ૨
૩૦૫	दृष्ट्वेदं मानुषं रूपम्	... ૧૧ ૫૧
૩૦૬	दृष्ट्वेमं स्वजनं कृष्ण	... ૧ ૨૮
૩૦૭	देवद्विज गुरुप्राज्ञ	... ૧૭ ૨૪
૩૦૮	देवान्भावयतानेन	... ૩ ૧૧
૩૦૯	देहिनोऽस्मिन्यथा देहे	... ૨ ૧૩
૩૧૦	देही नित्यमवध्योऽयम्	... ૨ ૩૦
૩૧૧	दैवमेवापरे यज्ञम्	... ૪ ૨૫
૩૧૨	दैवीह्येषा गुणमयी	... ૭ ૧૪
૩૧૩	दैवी सम्पद्विमोक्षाय	... ૧૬ ૫
૩૧૪	दोषैरेतैः कुलघ्नानाम्	... ૧ ૪૩
૩૧૫	द्यावापृथिव्योरिद०	... ૧૧ ૨૦
૩૧૬	द्यूतं छलयतामस्मि	... ૧૦ ૩૬
૩૧૭	द्रव्ययज्ञास्तपोयज्ञाः	... ૪ ૨૮
૩૧૮	द्रुपदो द्रौपदेयाश्च	... ૧ ૧૮
૩૧૯	द्रोणं च भीष्मं च	... ૧૧ ૩૪
૩૨૦	द्वाविमौ पुरुषौ लोके	... ૧૫ ૧૬
૩૨૧	द्वौ भूतसर्गौ लोके	... ૧૬ ૬
	ध	
૩૨૨	धर्मक्षेत्रे कुरुक्षेत्रे	... ૧ ૧
૩૨૩	धूमेनाऽऽव्रियते वह्निः	... ૩ ૩૮
૩૨૪	धूमो रात्रिस्तथा कृष्णः	... ૮ ૨૫
૩૨૫	धृत्या यया धारयते	... ૧૮ ૩૩
૩૨૬	धृष्टकेतुश्चेकितानः	... ૧ ૫
૩૨૭	ध्यानेनाऽत्मनि पश्यन्ति	... ૧૩ ૨૪
૩૨૮	ध्यायतो विषयान्पुंसः	... ૨ ૬૨
	न	
૩૨૯	न कर्तृत्वं न कर्माणि	... ૫ ૧૪
૩૩૦	न कर्मणामनारम्भात्	... ૩ ૪
૩૩૧	न काङ्क्षे विजयं कृष्ण	... ૧ ૩૨
૩૩૨	न च तस्मान्मनुष्येषु	... ૧૮ ૬૯

क्रम	श्लोकपाद	अ०-श्लो०
३३३	न च मत्स्थानि भूतानि	... ९ ५
३३४	न च मां तानि कर्माणि	... ९ ९
३३५	न चैतद्विद्मः कतरन्नो	... २ ६
३३६	न जायते म्रियते वा	... २ २०
३३७	न तदस्ति पृथिव्यां वा	... १८ ४०
३३८	न तद्भासयते सूर्यो	... १५ ६
३३९	न तु मां शक्यसे द्रष्टुम्	... ११ ८
३४०	न त्वेवाहं जातु नासम्	... २ १२
३४१	न द्वेष्ट्यकुशलं कर्म	... १८ १०
३४२	न प्रहृष्येत्प्रियं प्राप्य	... ५ २०
३४३	न बुद्धिभेदं जनयेत्	... ३ २६
३४४	नभः स्पृशं दीप्तमने०	... ११ २४
३४५	नमः पुरस्तादथ पृष्ठः	... ११ ४०
३४६	न मां कर्माणि लिम्पन्ति	... ४ १४
३४७	न मां दुष्कृतिनो मूढाः	... ७ १५
३४८	न मे पार्थास्ति कर्त०	... ३ २२
३४९	न मे विदुः सुरगणाः	... १० २
३५०	न रूपमस्येह तथो	... १५ ३
३५१	न वेदयज्ञाध्ययनैः	... ११ ४८
३५२	नष्टो मोहः स्मृतिर्लब्धा	... १८ ७३
३५३	न हि कश्चित्क्षणमपि	... ३ ५
३५४	न हि ज्ञानेन सदृशम्	... ४ ३८
३५५	न हि देहभृता शक्यम्	... १८ ११
३५६	न हि प्रपश्यामि ममा०	... २ ८
३५७	नात्यश्नतस्तु योगोऽस्ति	... ६ १६
३५८	नाऽऽदत्ते कस्यचित्पापम्	... ५ १५
३५९	नान्तोऽस्ति मम दि०	... १० ४०
३६०	नान्यं गुणेभ्यः कर्तारम्	... १४ १९
३६१	नासतो विद्यते भावो	... २ १६
३६२	नास्ति बुद्धिरयुक्तस्य	... २ ६६
३६३	नाहं प्रकाशः सर्वस्य	... ७ २५
३६४	नाहं वेदैर्न तपसा	... ११ ५३
३६५	निमित्तानि च पश्यामि	... १ ३१
३६६	नियतस्य तु संन्यासः	... १८ ७
३६७	नियतं कुरु कर्म त्वम्	... ३ ८
३६८	नियतं सङ्गरहितम्	... १८ २३
३६९	निराशीर्यतचित्तात्मा	... ४ २१
३७०	निर्मानमोहा जितसङ्गदोषाः	... १५ ५
३७१	निश्चयं शृणु मे तत्र	... १८ ४
३७२	निहत्य धार्तराष्ट्रान्नः	... १ ३६
३७३	नेहाभिक्रमनाशोऽस्ति	... २ ४०
३७४	नैते सृती पार्थ जानन्	... ८ २७
३७५	नैनं छिन्दन्ति शस्त्राणि	... २ २३
३७६	नैव किञ्चित्करोमीति	... ५ ८
३७७	नैव तस्य कृतेनार्थो	... ३ १८
	प	
३७८	पञ्चैतानि महाबाहो	... १८ १३
३७९	पत्रं पुष्पं फलं तोयम्	... ९ २६
३८०	परस्तस्मात्तु भावोऽन्यः	... ८ २०
३८१	परित्राणाय साधूनाम्	... ४ ८
३८२	परं ब्रह्म परं धाम	... १० १२
३८३	परं भूयः प्रवक्ष्यामि	... १४ १
३८४	पवनः पवतामस्मि	... १० ३१
३८५	पश्य मे पार्थ रूपाणि	... ११ ५
३८६	पश्याऽऽदित्यान्वसू०	... ११ ६
३८७	पश्यामि देवाꣳस्तव देव	... ११ १५
३८८	पश्यैतां पाण्डुपुत्राणाम्	... १ ३
३८९	पाञ्चजन्यं हृषीकेशो	... १ १५
३९०	पार्थ नैवेह नामुत्र	... ६ ४०
३९१	पिताऽसि लोकस्य	... ११ ४३
३९२	पिताऽहमस्य जगतो	... ९ १७
३९३	पुण्यो गन्धः पृथिव्यां च	... ७ ९
३९४	पुरुषः प्रकृतिस्थो हि	... १३ २१
३९५	पुरुषः स परः पार्थ	... ८ २२
३९६	पुरोधसां च मुख्यं मां	... १० २४
३९७	पूर्वाभ्यासेन तेनैव	... ६ ४४
३९८	पृथक्त्वेन तु यज्ज्ञानम्	... १८ २१
३९९	प्रकाशं च प्रवृत्तिं च	... १४ २२
४००	प्रकृतिं पुरुषं चैव	... १३ १
४०१	प्रकृतिं पुरुषं चैव	... १३ १९
४०२	प्रकृतिं स्वामवष्टभ्य	... ९ ८
४०३	प्रकृतेः क्रियमाणानि	... ३ २७
४०४	प्रकृतेर्गुणसम्मूढाः	... ३ २९
४०५	प्रकृत्यैव च कर्माणि	... १३ २९

ક્રમ	શ્લોકપાદ	અ-શ્લો૦
૪૦૬	प्रजहाति यदा कामान्	... ૨ ૫૫
૪૦૭	प्रयत्नाद्यतमानस्तु	... ૬ ૪૫
૪૦૮	प्रयाणकाले मनसा	... ૮ ૧૦
૪૦૯	प्रलपन्विसृजन्गृह्णन्	... ૫ ૯
૪૧૦	प्रवृत्तिं च निवृत्तिं च	... ૧૬ ૭
૪૧૧	,, ,, ,, ,,	... ૧૮ ૩૦
૪૧૨	प्रशान्तमनसं ह्येनम्	... ૬ ૨૭
૪૧૩	प्रशान्तात्मा विगतभीः	... ૬ ૧૪
૪૧૪	प्रसादे सर्व दुःखानाम्	... ૨ ૬૫
૪૧૫	प्रह्लादश्चास्मि दैत्या०	... ૧૦ ૩૦
૪૧૬	प्राप्य पुण्यकृतां लोकान्	... ૬ ૪૧
	ब	
૪૧૭	बन्धुरात्माऽऽत्मनस्तस्य	... ૬ ૬
૪૧૮	बलं बलवतां चाहम्	... ૭ ૧૧
૪૧૯	बहिरन्तश्च भूतानाम्	... ૧૩ ૧૫
૪૨૦	बहूनां जन्मनामन्ते	... ૭ ૧૯
૪૨૧	बहूनि मे व्यतीतानि	... ૪ ૫
૪૨૨	बाह्यस्पर्शेष्वसक्तात्मा	... ૫ ૨૧
૪૨૩	बीजं मां सर्वभूतानाम्	... ૭ ૧૦
૪૨૪	बुद्धियुक्तो जहातीह	... ૨ ૫૦
૪૨૫	बुद्धिर्ज्ञानमसम्मोह	... ૧૦ ૪
૪૨૬	बुद्धेर्भेदं धृतेश्चैव	... ૧૮ ૨૯
૪૨૭	बुद्ध्या विशुद्धया युक्तो	... ૧૮ ૫૧
૪૨૮	बृहत्साम तथा साम्नाम्	... ૧૦ ૩૫
૪૨૯	ब्रह्मणो हि प्रतिष्ठाऽहम्	... ૧૪ ૨૭
૪૩૦	ब्रह्मण्याधाय कर्माणि	... ૫ ૧૦
૪૩૧	ब्रह्मभूतः प्रसन्नात्मा	... ૧૮ ૫૪
૪૩૨	ब्रह्मार्पणं ब्रह्म हविः	... ૪ ૨૪
૪૩૩	ब्राह्मणक्षत्रियविशाम्	... ૧૮ ૪૧
	भ	
૪૩૪	भक्त्या त्वनन्यया शक्य	... ૧૧ ૫૪
૪૩૫	भक्त्या मामभिजानाति	... ૧૮ ૫૫
૪૩૬	भयाद्रणादुपरतम्	... ૨ ૩૫
૪૩૭	भवान्भीष्मश्च कर्णश्च	... ૧ ૮
૪૩૮	भवाप्ययौ हि भूतानाम्	... ૧૧ ૨
૪૩૯	भीष्मद्रोणप्रमुखतः	... ૧ ૨૫
૪૪૦	भूतग्रामः स एवायम्	... ૮ ૧૯
૪૪૧	भूमिरापोऽनलो वायुः	... ૭ ૪
૪૪૨	भूय एव महाबाहो	... ૧૦ ૧
૪૪૩	भोक्तारं यज्ञतपसाम्	... ૫ ૨૯
૪૪૪	भोगैश्वर्यप्रसक्तानाम्	... ૨ ૪૪
	म	
૪૪૫	मच्चित्तः सर्वदुर्गाणि	... ૧૮ ૫૮
૪૪૬	मच्चित्ता मद्गतप्राणाः	... ૧૦ ૯
૪૪૭	मत्कर्मकृन्मत्परमो	... ૧૧ ૫૫
૪૪૮	मत्तः परतरं नान्यत्	... ૭ ૭
૪૪૯	मदनुग्रहाय परमम्	... ૧૧ ૧
૪૫૦	मनः प्रसादः सौम्यत्वम्	... ૧૭ ૧૬
૪૫૧	मनुष्याणां सहस्रेषु	... ૭ ૩
૪૫૨	मन्मना भव मद्भक्तो	... ૯ ૩૪
૪૫૩	,, ,, ,,	... ૧૮ ૬૫
૪૫૪	मन्यसे यदि तच्छक्यम्	... ૧૧ ૪
૪૫૫	मम योनिर्महद्ब्रह्म	... ૧૪ ૩
૪૫૬	ममैवांशो जीवलोके	... ૧૫ ૭
૪૫૭	मया ततमिदं सर्वम्	... ૯ ૪
૪૫૮	मयाऽध्यक्षेण प्रकृतिः	... ૯ ૧૦
૪૫૯	मया प्रसन्नेन तवा०	... ૧૧ ૪૭
૪૬૦	मयि चानन्ययोगेन	... ૧૩ ૧૦
૪૬૧	मयि सर्वाणि कर्माणि	... ૩ ૩૦
૪૬૨	मय्यावेश्य मनो ये माम्	... ૧૨ ૨
૪૬૩	मय्यासक्तमनाः पार्थ	... ૭ ૧
૪૬૪	मय्येव मन आधत्स्व	... ૧૨ ૮
૪૬૫	महर्षयः सप्त पूर्वे	... ૧૦ ૬
૪૬૬	महर्षीणाम् भृगुरहम्	... ૧૦ ૨૫
૪૬૭	महात्मानस्तु मां पार्थ	... ૯ ૧૩
૪૬૮	महाभूतान्यहङ्कारो	... ૧૩ ૫
૪૬૯	मा ते व्यथा मा च	... ૧૧ ૪૯
૪૭૦	मात्रास्पर्शास्तु कौन्तेय	... ૨ ૧૪
૪૭૧	मानापमानयास्तुल्यः	... ૧૪ ૨૫
૪૭૨	मामुपेत्य पुनर्जन्म	... ૮ ૧૫
૪૭૩	मां च योऽव्यभिचारेण	... ૧૪ ૨૬
૪૭૪	मां हि पार्थ व्यपाश्रित्य	... ૯ ૩૨
૪૭૫	मुक्तसंगोऽनहंवादी	... ૧૮ ૨૬
૪૭૬	मूढग्राहेणाऽऽत्मनो यत्	... ૧૭ ૧૯

ક્રમ	શ્લોકપાદ	અ—શ્લો૦
૪૭૭	મૃત્યુઃ સર્વહરશ્ચાહમ્	... ૧૦ ૩૪
૪૭૮	મોઘાશા મોઘકર્માણો	... ૯ ૧૨
	ય	
૪૭૯	ય ઇદં પરમં ગુહ્યમ્	... ૧૮ ૬૮
૪૮૦	ય એનં વેત્તિ હન્તારમ	... ૨ ૧૯
૪૮૧	ય એવં વેત્તિ પુરુષં	... ૧૩ ૨૩
૪૮૨	યચ્ચાપિ સર્વભૂતાનામ્	... ૧૦ ૩૯
૪૮૩	યચ્ચાવહાસાર્થમસ૦	... ૧૧ ૪૨
૪૮૪	યજન્તે સાત્ત્વિકા દેવાન્	... ૧૭ ૪
૪૮૫	યજ્ઞદાનતપઃ કર્મ	... ૧૮ ૫
૪૮૬	યજ્ઞ શિષ્ટામૃતભુજો	... ૪ ૩૧
૪૮૭	યજ્ઞશિષ્ટાશિનઃ સંતો	... ૩ ૧૩
૪૮૮	યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર	... ૩ ૯
૪૮૯	યજ્ઞે તપસિ દાને ચ	... ૧૭ ૨૭
૪૯૦	યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમ્	... ૪ ૩૫
૪૯૧	યતતો હ્યપિ કૌન્તેય	... ૨ ૬૦
૪૯૨	યતન્તો યોગિનશ્ચૈનમ્	... ૧૫ ૧૧
૪૯૩	યતઃ પ્રવૃત્તિર્ભૂતાનામ્	... ૧૮ ૪૬
૪૯૪	યતેન્દ્રિયમનોબુદ્ધિઃ	... ૫ ૨૮
૪૯૫	યતો યતો નિશ્ચરતિ	... ૬ ૨૬
૪૯૬	યત્કરોષિ યદશ્નાસિ	... ૯ ૨૭
૪૯૭	યત્તદગ્રે વિષમિવ	... ૧૮ ૩૭
૪૯૮	યત્તુ કામેપ્સુના કર્મ	... ૧૮ ૨૪
૪૯૯	યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્	... ૧૮ ૨૨
૫૦૦	યત્તુ પ્રત્યુપકારાર્થમ્	... ૧૭ ૨૧
૫૦૧	યત્ર કાલે ત્વનાવૃત્તિમ્	... ૮ ૨૩
૫૦૨	યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો	... ૧૮ ૭૮
૫૦૩	યત્રોપરમતે ચિત્તમ્	... ૬ ૨૦
૫૦૪	યત્સાંખ્યૈઃ પ્રાપ્યતે	... ૫ ૫
૫૦૫	યથાઽઽકાશસ્થિતો નિત્યમ્	... ૯ ૬
૫૦૬	યથા દીપો નિવાતસ્થો	... ૬ ૧૯
૫૦૭	યથા નદીનાં બહ્વોઽમ્બુ	... ૧૧ ૨૮
૫૦૮	યથાપ્રકાશયત્યેકઃ	... ૧૩ ૩૩
૫૦૯	યથા પ્રદીપ્તં જ્વલનમ્	... ૧૧ ૨૯
૫૧૦	યથા સર્વગતં સૌક્ષ્મ્યાત્	... ૧૩ ૩૨
૫૧૧	યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ	... ૪ ૩૭
૫૧૨	યદક્ષરં વેદવિદો	... ૮ ૧૧
૫૧૩	યદગ્રે ચાનુબન્ધે ચ	... ૧૮ ૩૯
૫૧૪	યદહંકારમાશ્રિત્ય	... ૧૮ ૫૯
૫૧૫	યદા તે મોહકલિલમ્	... ૨ ૫૨
૫૧૬	યદાદિત્યગતં તેજો	... ૧૫ ૧૨
૫૧૭	યદા ભૂતપૃથગ્ભાવમ	... ૧૩ ૩૦
૫૧૮	યદા યદા હિ ધર્મસ્ય	... ૪ ૭
૫૧૯	યદા વિનિયતં ચિત્તમ્	... ૬ ૧૮
૫૨૦	યદા સર્વે પ્રભૂજ્ઞે તુ	... ૧૪ ૧૪
૫૨૧	યદા સંહરતે ચાયમ્	... ૨ ૫૮
૫૨૨	યદા હિ નેંદ્રિયાર્થેષુ	... ૬ ૪
૫૨૩	યદિ મામપ્રતીકારમ્	... ૧ ૪૬
૫૨૪	યદિ હ્યહં ન વર્તેયમ્	... ૩ ૨૩
૫૨૫	યદૃચ્છયા ચોપપન્નમ્	... ૨ ૩૨
૫૨૬	યદૃચ્છા લાભસન્તુષ્ટો	... ૪ ૨૨
૫૨૭	યદ્યદાચરતિ શ્રેષ્ઠઃ	... ૩ ૨૧
૫૨૮	યદ્યદ્વિભૂતિમત્સત્ત્વમ્	... ૧૦ ૪૧
૫૨૯	યદ્યપ્યેતે ન પશ્યન્તિ	... ૧ ૩૮
૫૩૦	યયા તુ ધર્મકામાર્થાન્	... ૧૮ ૩૪
૫૩૧	યયા ધર્મમધર્મં ચ	... ૧૮ ૩૧
૫૩૨	યયા સ્વપ્નં ભયં શોકં	... ૧૮ ૩૫
૫૩૩	યં યં વાઽપિ સ્મરન્ ભાવમ્	... ૮ ૬
૫૩૪	યં લબ્ધ્વા ચાપરં લાભં	... ૬ ૨૨
૫૩૫	યં સંન્યાસમિતિપ્રાહુઃ	... ૬ ૨
૫૩૬	યં હિ ન વ્યથયન્ત્યેતે	... ૨ ૧૫
૫૩૭	યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય	... ૧૬ ૨૩
૫૩૮	યઃ સર્વત્રાનભિસ્નેહઃ	... ૨ ૫૭
૫૩૯	યસ્ત્વાત્મરતિરેવ સ્યાત્	... ૩ ૧૭
૫૪૦	યસ્ત્વિન્દ્રિયાણિ મનસા	... ૩ ૭
૫૪૧	યસ્માત્ક્ષરમતીતોઽહમ્	... ૧૫ ૧૮
૫૪૨	યસ્માન્નોદ્વિજતે લોકો	... ૧૨ ૧૫
૫૪૩	યસ્ય નાહઙ્કૃતો ભાવો	... ૧૮ ૧૭
૫૪૪	યસ્ય સર્વે સમારમ્ભાઃ	... ૪ ૧૯
૫૪૫	યાતયામં ગતરસમ્	... ૧૭ ૧૦
૫૪૬	યા નિશા સર્વભૂતાનામ્	... ૨ ૬૯
૫૪૭	યાન્તિ દેવવ્રતા દેવાન્	... ૯ ૨૫
૫૪૮	યામિમાં પુષ્પિતાં વાચમ્	... ૨ ૪૨

ક્રમ	શ્લોકપાદ	અ–શ્લો૦
૫૪૯	यावत्सञ्जायते किंचिद्	... ૧૩ ૨૬
૫૫૦	यावदेतान्निरीक्षेऽहम्	... ૧ ૨૨
૫૫૧	यावानर्थ उदपाने	... ૨ ૪૬
૫૫૨	युक्तः कर्मफलं त्यक्त्वा	... ૫ ૧૨
૫૫૩	युक्ताहारविहारस्य	... ૬ ૧૭
૫૫૪	युञ्जन्नेवं सदाऽऽत्मानम	... ૬ ૧૫
૫૫૫	,, ,,	... ૬ ૨૮
૫૫૬	युधामन्युश्च विक्रान्तः	... ૧ ૬
૫૫૭	ये चैव सात्त्विका भावाः	... ૭ ૧૨
૫૫૮	ये तु धर्म्यामृतमिदम	... ૧૨ ૨૦
૫૫૯	ये तु सर्वाणि कर्माणि	... ૧૨ ૬
૫૬૦	ये त्वक्षरमनिर्देश्यम्	... ૧૨ ૩
૫૬૧	ये त्वेतदभ्यसूयन्तो	... ૩ ૩૨
૫૬૨	येऽप्यन्यदेवताभक्ताः	... ૯ ૨૩
૫૬૩	ये मे मतमिदं नित्यम्	... ૩ ૩૧
૫૬૪	ये यथा मां प्रपद्यन्ते	... ૪ ૧૧
૫૬૫	ये शास्त्रविधिमुत्सृज्य	... ૧૭ ૧
૫૬૬	येषामर्थे काङ्क्षितं नो	... ૧ ૩૩
૫૬૭	येषां त्वन्तगतं पापम्	... ૭ ૨૮
૫૬૮	ये हि स॰स्पर्शजा भोगा	... ૫ ૨૨
૫૬૯	योगयुक्तो विशुद्धात्मा	... ૫ ૭
૫૭૦	योग संन्यस्तकर्माणम्	... ૪ ૪૧
૫૭૧	योगस्थः कुरु कर्माणि	... ૨ ૪૮
૫૭૨	योगिनामपि सर्वेषाम्	... ૨ ૪૭
૫૭૩	योगी युञ्जीत सततम्	... ૬ ૧૦
૫૭૪	योत्स्यमानानवेक्षेऽहम्	... ૧ ૨૩
૫૭૫	यो न हृष्यति न द्वेष्टि	... ૧૨ ૧૭
૫૭૬	योऽन्तः सुखोऽन्तरारामः	... ૫ ૨૪
૫૭૭	यो मामजमनादिं च	... ૧૦ ૩
૫૭૮	यो मामेवमसम्मूढो	... ૧૫ ૧૯
૫૭૯	यो मां पश्यति सर्वत्र	... ૬ ૩૦
૫૮૦	योऽयं योगस्त्वया प्रोक्तः	... ૬ ૩૩
૫૮૧	यो यो यां यां तनुं भक्तः	... ૭ ૨૧
	र	
૫૮૨	रजस्तमश्चाभिभूय	... ૧૪ ૧૦
૫૮૩	रजसि प्रलयं गत्वा	... ૧૪ ૧૫
૫૮૪	रजो रागात्मकं विद्धि	... ૧૪ ૭
૫૮૫	रसोऽहमप्सु कौन्तेय	... ૭ ૮
૫૮૬	रागद्वेषवियुक्तैस्तु	... ૨ ૬૪
૫૮૭	रागीकर्मफलप्रेप्सु	... ૧૮ ૨૭
૫૮૮	राजन्स॰स्मृत्य स॰स्मृत्य	... ૧૮ ૭૬
૫૮૯	राजविद्या राजगुह्यम्	... ૯ ૨
૫૯૦	रुद्राणां शङ्करश्चास्मि	... ૧૦ ૨૩
૫૯૧	रुद्रादित्या वसवो ये च	... ૧૧ ૨૨
૫૯૨	रूपं महत्ते बहुवक्त्र॰	... ૧૧ ૨૩
	ल	
૫૯૩	लभन्ते ब्रह्मनिर्वाणम्	... ૫ ૨૫
૫૯૪	लेलिह्यसे ग्रसमानः	... ૧૧ ૩૦
૫૯૫	लोकेऽस्मिन्द्विविधा	... ૩ ૩
૫૯૬	लोभः प्रवृत्तिरारम्भः	... ૧૪ ૧૨
	व	
૫૯૭	वक्तुमर्हस्यशेषेण	... ૧૦ ૧૬
૫૯૮	वक्त्राणि ते त्वरमाणा	... ૧૧ ૨૭
૫૯૯	वायुर्यमोऽग्निर्वरुणः	... ૧૧ ૩૯
૬૦૦	वासा॰सि जीर्णानि यथा	... ૨ ૨૨
૬૦૧	विद्याविनयसंपन्ने	... ૫ ૧૮
૬૦૨	विविक्तसेवी लघ्वाशी	... ૧૮ ૫૨
૬૦૩	विधिहीनमसृष्टान्नम	... ૧૭ ૧૩
૬૦૪	विषयाविनिवर्तन्ते	... ૨ ૫૯
૬૦૫	विषयेन्द्रियस॰योगात्	... ૧૮ ૩૮
૬૦૬	विस्तरेणाऽऽत्मनो योगम	... ૧૦ ૧૮
૬૦૭	विहाय कामान्यः	... ૨ ૭૧
૬૦૮	वीतरागभयक्रोधाः	... ૪ ૧૦
૬૦૯	वृष्णीनां वासुदेवोऽस्मि	... ૧૦ ૩૭
૬૧૦	वेदानां सामवेदोऽस्मि	... ૧૦ ૨૨
૬૧૧	वेदाविनाशिनं नित्यम्	... ૨ ૨૧
૬૧૨	वेदाहं समतीतानि	... ૭ ૨૬
૬૧૩	वेदेषु यज्ञेषु तपःसु	... ૮ ૨૮
૬૧૪	व्यवसायात्मिका बुद्धिः	... ૨ ૪૧
૬૧૫	व्यामिश्रेणेव वाक्येन	... ૩ ૨
૬૧૬	व्यासप्रसादाच्छ्रुतवान्	... ૧૮ ૭૫
	श	
૬૧૭	शक्नोतिहैव यः सोढुम्	... ૫ ૨૩
૬૧૮	शनैः शनैरुपरमेत्	... ૬ ૨૫
૬૧૯	शमो दमस्तपः शौचम्	... ૧૮ ૪૨
૬૨૦	शरीरवाङ्मनोभिर्यत्	... ૧૮ ૧૫
૬૨૧	शरीरं यदवाप्नोति	... ૧૫ ૮
૬૨૨	शुक्लकृष्णे गती, होते	... ૮ ૨૬
૬૨૩	शुचौ देशे प्रतिष्ठाप्य	... ૬ ૧૧

क्रम	श्लोकपाद	अ-श्लो०
६२४	शुभाशुभफलैरेवम्	... ९ २८
६२५	शौर्यं तेजो धृतिर्दाक्ष्यम्	... १८ ४३
६२६	श्रद्धया परया तप्तम्	... १७ १७
६२७	श्रद्धावाननसूयश्च	... १८ ७१
६२८	श्रद्धावाँल्लभते ज्ञानम्	... ४ ३९
६२९	श्रुतिविप्रतिपन्ना ते	... २ ५३
६३०	श्रेयान्द्रव्यमयाद्यज्ञात्	... ४ ३३
६३१	श्रेयान्स्वधर्मो विगुणः	... ३ ३५
६३२	" "	... १८ ४७
६३३	श्रेयो हि ज्ञानमभ्या०	... १२ १२
६३४	श्रोत्रादीनिन्द्रियाण्यन्ये	... ४ २६
६३५	श्रोत्रं चक्षुःस्पर्शनं च	... १५ ९
६३६	श्वशुरान्सुहृदश्चैव	... १ २७
	स	
६३७	स एवायं मया तेऽद्य	... ४ ३
६३८	सङ्करो नरकायैव	... १ ४२
६३९	सङ्कल्पप्रभवान्कामान्	... ६ २४
६४०	सक्ताः कर्मण्यविद्वांसः	... ३ २५
६४१	सखेति मत्वा प्रसभम्	... ११ ४१
६४२	स घोषो धार्तराष्ट्राणाम्	... १ १९
६४३	सततं कीर्तयंतो माम्	... ९ १४
६४४	स तया श्रद्धया युक्तः	... ७ २२
६४५	सन्तुष्टः सततं योगी	... १२ १४
६४६	सत्कारमानपूजार्थम्	... १७ १८
६४७	सत्त्वात्सञ्जायते ज्ञानम्	... १४ १७
६४८	सत्त्वानुरूपा सर्वस्य	... १७ ३
६४९	सत्त्वं रजस्तम इति	... १४ ५
६५०	सत्त्वं सुखे सञ्जयति	... १४ ९
६५१	सदृशं चेष्टते स्वस्याः	... ३ ३३
६५२	सद्भावे साधुभावे च	... १७ २६
६५३	सन्नियम्येन्द्रियग्रामम्	... १२ ४
६५४	संन्यासस्तु महाबाहो	... ५ ६
६५५	संन्यासस्य महाबाहो	... १८ १
६५६	संन्यासं कर्मणां कृष्णः	... ५ १
६५७	संन्यासः कर्मयोगश्च	... ५ २
६५८	समदुःखसुखः स्वस्थः	... १४ २४
६५९	समोऽहं सर्वभूतेषु	... ९ २९
६६०	समं कायशिरोग्रीवम्	... ६ १३
६६१	समं पश्यन्हि सर्वत्र	... १३ २८
६६२	समं सर्वेषु भूतेषु	... १३ २७
६६३	समः शत्रौ च मित्रे च	... १२ १८
६६४	सर्गाणामादिरन्तश्च	... १० ३२
६६५	सर्वकर्माणि मनसा	... ५ १३
६६६	सर्वकर्माण्यपि सदा	... १८ ५६
६६७	सर्वगुह्यतमं भूयः	... १८ ६४
६६८	सर्वतः पाणिपादं तत्	... १३ १३
६६९	सर्वद्वाराणि सं[य]म्य	... ८ १२
६७०	सर्वद्वारेषु देहेऽस्मिन्	... १४ ११
६७१	सर्वधर्मान्परित्यज्य	... १८ ६६
६७२	सर्वभूतस्थमात्मानम्	... ६ २९
६७३	सर्वभूतस्थितं यो माम्	... ६ ३१
६७४	सर्वभूतानि कौन्तेय	... ९ ७
६७५	सर्वभूतेषु येनैकम्	... १८ २०
६७६	सर्वमेतदृतं मन्ये	... १० १४
६७७	सर्वयोनिषु कौन्तेय	... १४ ४
६७८	सर्वस्य चाहं हृदि	... १५ १५
६७९	सर्वाणीन्द्रियकर्माणि	... ४ २७
६८०	सर्वेन्द्रियगुणाभासम्	... १३ १४
६८१	सहजं कर्म कौन्तेय	... १८ ४८
६८२	सहयज्ञाः प्रजाः सृष्ट्वा	... ३ १०
६८३	सहस्रयुग पर्यन्तम्	... ८ १७
६८४	साङ्ख्ययोगौ पृथग्बालाः	... ५ ४
६८५	साधिभूताधिदैवं माम्	... ७ ३०
६८६	सिद्धिं प्राप्तो यथा	... १८ ५०
६८७	सीदन्ति मम गात्राणि	... १ २९
६८८	सुखदुःखे समे कृत्वा	... २ ३८
६८९	सुखमात्यन्तिकं यत्तत्	... ६ २१
६९०	सुखं त्विदानीं त्रिविधम्	... १८ ३६
६९१	सुदुर्दर्शमिदं रूपम्	... ११ ५२
६९२	सुहृन्मित्रार्युदासीन०	... ६ ९
६९३	स्थाने हृषीकेश तव	... ११ ३६
६९४	स्थितप्रज्ञस्य का भाषा	... २ ५४
६९५	स्पर्शान्कृत्वा बहिर्बाह्यान्	... ५ २७
६९६	स्वधर्ममपि चावेक्ष्य	... २ ३१
६९७	स्वभावजेन कौन्तेय	... १८ ६०
६९८	स्वयमेवात्मनाऽऽत्मानम्	... १० १५
६९९	स्वे स्वे कर्मण्यभिरतः	... १८ ४५
	ह	
७००	हतो वा प्राप्स्यसि	... २ ३७
७०१	हन्त ते कथयिष्यामि	... १० १९
७०२	हृषीकेशं तदा वाक्यम्	... १ २१

॥ ॐ तत्सत् ॥

શબ્દાનુક્રમણિકા

ૐ

ૐ ૨૨, ૫૦, ૬૯, ૭૬, ૮૫, ૧૦૭, ૧૦૮, ૧૫૫, ૨૨૬, ૨૩૨, ૩૪૫, ૩૫૩, ૩૫૪, ૩૫૬, ૪૦૬, ૪૧૦, ૪૨૧, ૪૩૮, ૪૪૧, ૪૪૮, ૪૪૬, ૪૫૦, ૪૫૧, ૪૫૨, ૪૮૧, ૫૪૬, ૫૮૭, ૫૮૮, ૫૬૧, ૫૬૬, ૬૦૦, ૬૬૪, ૬૬૦, ૬૬૧, ૭૧૭, ૭૫૨, ૭૬૫, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૬, ૮૦૧, ૮૪૬, ૮૬૨.

અ

અકર્મ: ૨૩૦, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૪૮૮, ૭૭૨.

અખ્યાતિ: ૫૪૭, ૫૪૮.

અગત્સ્ય: ૪૫૧.

અગર્ભ: ૪૩૬, ૪૫૦, ૪૫૪.

અગ્નિષ્ટોમ: ૧૫. ૪૯૭.

અજાતશત્રુ: ૧૨.

અજ્ઞાત: ૧૪૯, ૧૬૭, ૧૬૮, ૪૨૧, ૬૧૬, ૬૨૦.

અજ્ઞાતવાદ: ૧૪૮, ૧૬૧.

અજ્ઞાનીજ્ઞ: ૭૭.

અણુવાદ: ૪૨૨.

અત્રિ: ૨૫૩, ૩૬૧.

અદ્વૈત: ૧૭૮, ૧૮૦, ૨૧૫, ૨૧૬, ૨૨૭, ૨૩૫, ૨૫૪, ૨૫૭, ૨૮૭, ૨૮૮, ૨૯૭, ૩૧૪, ૩૧૫, ૩૨૩, ૩૨૭, ૩૨૮, ૩૨૬, ૩૭૭, ૩૮૦, ૩૬૪, ૩૬૭, ૩૬૮, ૪૦૬, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૫૪૬, ૫૫૨, ૫૭૨, ૫૭૭, ૫૬૮, ૬૦૫, ૬૧૪, ૬૧૫, ૬૧૬, ૬૧૭, ૬૧૮, ૬૧૬, ૬૨૦, ૬૨૮, ૬૩૨, ૬૩૩, ૬૫૧, ૬૮૪, ૭૧૨, ૭૪૩, ૭૪૪, ૭૪૬, ૭૪૭, ૮૦૦, ૮૧૫, ૮૨૩, ૮૩૦, ૮૩૭, ૮૫૧, ૮૮૧, ૮૬૪.

અદૃશ્યમત: ૪૨૨.

અધર્મ: ૧૭, ૨૩૮.

અધ્યસરણા: ૭૮૦.

અધર્મયુદ્ધ: ૧૪૬, ૧૪૭.

અધ્યાત્મ: ૮૫, ૨૦૧, ૪૦૦, ૪૦૧, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૨૬, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૭૩, ૬૨૫, ૬૪૩, ૬૮૬, ૮૪૧.

અધ્યાત્મદૃષ્ટિ: ૨૨૧, ૨૨૨, ૪૪૨.

અધ્યારોપ: ૭૨૦.

અધિષ્ઠાન: ૫૬, ૮૦. ૮૪, ૮૫, ૧૦૭, ૧૬૦, ૧૭૮, ૨૦૨, ૨૦૩, ૨૦૮, ૨૨૧, ૨૨૮, ૨૩૬, ૨૪૨, ૨૫૬, ૨૫૬, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૨૧, ૩૨૩, ૩૬૮, ૩૬૬, ૩૭૦, ૩૭૮, ૩૭૬, ૩૮૩, ૪૦૦, ૪૦૭, ૪૦૮, ૪૧૮, ૪૨૮, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૫૨, ૪૫૪, ૪૮૮, ૪૮૬, ૪૬૨, ૪૬૭, ૪૬૮, ૪૬૬, ૫૮૬, ૫૬૬, ૬૦૭, ૬૩૪, ૬૭૪, ૬૮૩, ૬૮૪, ૬૮૫, ૬૬૩, ૬૭૬, ૭૦૬, ૭૨૬, ૭૨૮, ૭૩૬, ૭૪૧, ૭૪૫, ૭૬૮, ૭૮૧, ૮૦૧, ૮૧૩, ૮૨૨, ૮૨૬, ૮૩૦, ૮૩૧, ૮૩૨, ૮૮૧, ૮૬૩, ૮૬૭.

અધિયજ્ઞ: ૪૧૬, ૪૨૫, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૭૩.

અધિભૂત: ૮૫, ૨૦૧, ૪૦૦, ૪૦૧, ૪૧૬, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૨૬, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૭૩ ૬૨૫, ૬૪૩, ૬૮૬, ૭૦૮, ૮૪૧.

અધિદૈવ: ૮૫, ૨૦૧, ૨૦૮, ૪૦૦, ૪૦૧, ૪૧૬, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૨૬, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩ ૪૭૩, ૫૬૧, ૫૭૧, ૬૨૫, ૬૪૩, ૬૮૬, ૭૦૮, ૮૪૧.

અન્યથાખ્યાતિ: ૫૪૭.

અન્વય: ૪૦૮.

અનસૂયા: ૨૫૩.

અન્નમયકોશ: ૩૫૪.

અનાહત: ૩૪૪, ૩૫૨, ૩૫૫, ૪૩૬, ૪૪૧.

અનિરુદ્ધ: ૫૪૮.

અનિકીની: ૧૨૩.

અનિર્વચનીય: ૪૧૬, ૪૧૭, ૪૧૮, ૪૧૬, ૪૨૦, ૪૨૧, ૪૨૩, ૪૨૫, ૪૩૨, ૪૩૩, ૪૩૫, ૪૩૭, ૪૩૮, ૪૪૧, ૪૪૮, ૪૫૩, ૪૬૦, ૪૬૧, ૪૬૩, ૪૬૫, ૪૬૭, ૪૭૮, ૪૭૬, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૭, ૪૬૫, ૫૪૧, ૫૪૪, ૫૪૭, ૫૫૧, ૫૫૩, ૫૫૫, ૫૬૬, ૫૭૦, ૫૭૬, ૫૮૪, ૫૮૬, ૫૮૮, ૫૮૬, ૬૦૨, ૬૦૩, ૬૧૪, ૬૨૪, ૬૩૦, ૬૩૨, ૬૩૩, ૬૩૫, ૬૩૬, ૬૩૭, ૬૩૮, ૬૩૬, ૬૪૦, ૬૪૧, ૬૪૨, ૬૫૧, ૬૫૪, ૬૫૬, ૬૬૦, ૬૭૧, ૬૭૨, ૬૭૬, ૬૭૭, ૬૮૩, ૬૮૪, ૬૮૫, ૬૮૭, ૬૬૪, ૬૬૬, ૬૬૮, ૭૪૦, ૭૪૧, ૭૪૨, ૭૭૧, ૭૭૬, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૬, ૮૧૪, ૮૩૨, ૮૩૭, ૮૩૮, ૮૩૬, ૮૪૦, ૮૪૩, ૮૪૬, ૮૫૪, ૮૫૬, ૮૫૭, ૮૬૪, ૮૬૮, ૮૭૧, ૮૭૩, ૮૭૬, ૮૮૦, ૮૮૨, ૮૮૭, ૮૬૦,

અનિર્વચનીયખ્યાતિ: ૪૨૪, ૫૪૬.

અનુગીતાઃ ૬૨.
અનુષ્ઠાન: ૬, ૧૨, ૪૩.
અનુષ્ઠાનાઃ ૬૦, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૪૨, ૪૪૪, ૪૪૫, ૪૪૬, ૪૫૨.
અનુસન્ધાન: ૪૪૪.
અનુસારઃ ૮૧.
અન-તરિજ્ય: ૧૨૬.
અપરાદ્ધ: ૭૨૦.
અપરાવિદ્યા: ૮૬૫.
અપરાપ્રકૃતિ: ૪૦૦, ૪૦૨, ૪૦૩, ૪૦૫, ૪૦૭, ૪૩૭, ૫૪૫, ૫૫૦, ૫૫૨, ૬૪૨, ૬૪૩, ૬૬૬,
અપરોક્ષજ્ઞાન: ૩૭, ૬૧, ૬૨, ૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬ ૧૬૭, ૧૭૩, ૨૩૩, ૨૩૮, ૨૭૦, ૨૮૭, ૩૦૩, ૩૦૪, ૩૧૪, ૩૩૨, ૩૩૩, ૩૩૭, ૩૩૮, ૩૬૫, ૩૭૬, ૩૮૦, ૩૮૮, ૩૯૨, ૩૯૪, ૩૯૬, ૩૯૭, ૭૧૨, ૪૭૬, ૪૮૪, ૪૮૬, ૫૫૬, ૬૦૬, ૬૧૩, ૬૧૬, ૬૧૬, ૬૩૭, ૬૪૨, ૬૭૦, ૬૭૫, ૬૬૧, ૬૬૨, ૭૩૪, ૭૩૬, ૭૪૬, ૭૪૭ ૮૧૭, ૭૧૮, ૮૨૦, ૮૩૭, ૮૪૭, ૮૫૦, ૮૬૬, ૮૭૨, ૮૯૪, ૮૯૬.
અપાન: ૩૧૬, ૩૬૮, ૩૭૬, ૪૨૧, ૪૩૬, ૪૫૨.
અપૌરુષેય: ૩૦, ૬૮, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૬૨, ૧૫૫, ૧૬૧, ૧૬૫, ૨૧૨, ૨૧૬, ૨૨૮, ૨૩૦, ૨૭૭, ૪૦૬, ૪૪૦, ૪૪૧, ૪૪૭, ૪૭૨, ૬૧૫, ૬૨૦, ૬૬૦, ૭૨૪, ૭૩૧, ૭૩૩, ૭૩૪, ૭૬૬, ૭૭૦, ૭૭૨,
અભિનિવેશ: ૮, ૪૨૧, ૬૬૪.
અભિમન્યુ: ૧૨૩.
આભિરિકા: ૪૬૮.
આર્યભા: ૫૪૬.
આર્ષિ: ૪૭૨.
અર્જુન: ૧૩, ૫૬, ૬૭, ૭૦, ૮૩, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૧૨૩, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૯, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૯, ૧૮૧, ૧૮૨, ૧૮૫, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૨, ૧૯૪, ૧૯૬, ૧૯૭ ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૧૦, ૨૧૫, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૨, ૨૨૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૫૩, ૨૬૧, ૨૬૫, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૭, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૨૮૮, ૨૯૦, ૨૯૧, ૨૯૪, ૩૧૪, ૩૧૬, ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૧, ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૯, ૩૩૦, ૩૩૧, ૩૩૩, ૩૩૫, ૩૩૭, ૩૩૮, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૭, ૩૪૮, ૩૪૯, ૩૫૪, ૩૫૫, ૩૫૭, ૩૭૧, ૩૭૨, ૩૭૬, ૩૮૦, ૩૮૧, ૩૮૪, ૩૮૫, ૩૮૮ ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૨, ૩૯૫, ૩૯૭, ૩૯૮ ૩૯૯, ૪૦૪, ૪૦૫, ૪૦૯, ૪૧૦, ૪૧૨, ૪૧૩, ૪૧૪, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૫, ૪૩૨, ૪૩૩, ૪૩૪, ૪૪૯, ૪૫૪,૪૫૫, ૪૫૬, ૪૬૧, ૪૬૯, ૪૭૩, ૪૭૪, ૪૭૬, ૪૭૮, ૪૮૪, ૪૮૫, ૪૯૦, ૪૯૧, ૪૯૩, ૪૯૪, ૪૯૫, ૪૯૭, ૫૪૪, ૫૪૫, ૫૪૯, ૫૫૦, ૫૫૧, ૫૫૨, ૫૫૩, ૫૫૪, ૫૫૬, ૫૫૭, ૫૬૦, ૫૭૦, ૫૭૧, ૫૭૩, ૫૭૫, ૫૭૬, ૫૭૭, ૫૭૮, ૫૮૧, ૫૮૬, ૫૮૭, ૫૮૮, ૫૯૯, ૬૦૭, ૬૧૯, ૬૨૦, ૬૨૧, ૬૨૯, ૬૩૭, ૬૪૧, ૬૪૨, ૬૪૫, ૬૫૧, ૬૭૧, ૬૭૬, ૬૮૪, ૬૯૫, ૬૯૮, ૭૦૧, ૭૦૬, ૭૧૫, ૭૨૦, ૭૨૧, ૭૩૦ ૭૩૭, ૭૪૬, ૭૭૩, ૭૭૪, ૭૮૨, ૮૦૦, ૮૧૫, ૮૧૭, ૮૧૯, ૮૩૧, ૮૪૪, ૮૪૬, ૮૫૯, ૮૬૧, ૮૬૨, ૮૬૭, ૮૭૬, ૮૮૨, ૮૮૩, ૮૮૫, ૮૮૬, ૮૮૭, ૮૮૯, ૮૯૧, ૮૯૩, ૮૯૬.
અર્ધનારીનટેશ્વર: ૮૫, ૧૫૮, ૨૦૦, ૨૦૧, ૨૦૭, ૨૪૬, ૨૫૨, ૪૭૧, ૪૦૨, ૪૨૬, ૪૨૯, ૪૩૬, ૪૭૭, ૫૫૭, ૫૭૧, ૬૨૨, ૬૪૩, ૬૫૮, ૬૮૫, ૬૮૮, ૭૩૮.
અર્ધ: ૮૧.
અર્હત: ૫૫, ૮૭, ૪૨૩, ૬૧૬, ૮૪૧
અલ્પજ્ઞ: ૮.
અલર્ક: ૧૨૨.
અવધૂત ગીતા: ૮૮.
અવતાર: ૨૪૫, ૨૪૭, ૨૪૮, ૨૪૯. ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૬૧, ૨૬૫, ૬૮૦, ૬૮૨, ૮૮૭.
અવિદ્યા: ૫, ૧૨, ૧૭, ૬૭, ૧૦૮, ૧૬૩, ૧૬૪, ૧૬૭, ૧૬૮, ૧૭૩, ૪૨૧, ૪૨૨ ૪૪૮, ૪૭૬.
અવ્યક્ત: ૬૩, ૬૪, ૮૪, ૮૫, ૧૫૭, ૧૫૮, ૧૮૪, ૧૮૫, ૧૯૬, ૨૦૦, ૨૦૧, ૨૨૭, ૨૨૮, ૨૪૩, ૨૪૬, ૨૪૭, ૨૫૨, ૨૫૬, ૨૫૮, ૨૬૮, ૩૦૫, ૩૧૧, ૪૦૦, ૪૦૧, ૪૧૭, ૪૨૬, ૪૨૯, ૪૩૧, ૪૩૬, ૪૬૦, ૪૬૧, ૪૭૧, ૪૭૭, ૪૭૮, ૪૭૯, ૪૮૦, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૫૭૧, ૬૨૨, ૬૪૩, ૬૫૮, ૬૮૫, ૭૦૮, ૭૩૮, ૮૪૦, ૮૪૧.
અવ્યભિચારિણી ભક્તિ: ૬૩૧, ૬૭૩, ૬૭૫.
અશ્વત્થામા: ૧૨૩, ૩૬૫.
અષ્ટાવક્ર: ૬૮, ૧૭૩, ૬૩૯, ૬૪૦.

અષ્ટાવક્ર ગીતા : ૮૮, ૯૬.
અસત્ખ્યાતિ : ૪૨૪, ૫૪૭, ૫૪૮.
અસિપત્ર : ૧૧, ૪૧૭.
અસ્તિ : ૩૨૯.
અસિત : ૯૬, ૫૪૮.
અસ્મિતા : ૪૨૧.
અસંસક્તિ : ૩૬૨, ૩૬૪.
અહંકાર : ૯૫, ૧૪૮, ૧૫૨, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૧, ૨૦૧, ૨૦૭, ૨૦૮, ૨૪૬, ૨૫૨, ૨૫૫, ૨૬૮, ૩૦૫, ૩૧૦, ૩૭૪, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૫, ૪૦૬, ૪૧૮, ૪૨૦, ૪૨૨, ૪૨૬, ૪૨૭, ૪૨૮. ૪૨૯, ૪૩૧. ૪૩૬, ૪૩૮, ૫૪૬, ૫૬૧, ૫૬૬, ૫૭૧. ૫૯૩, ૬૨૨. ૬૨૪, ૬૨૫, ૬૮૬, ૬૮૮, ૬૮૯, ૭૦૮, ૭૩૮, ૭૫૨, ૮૨૧, ૮૨૨, ૮૪૦, ૮૪૧.
અહિંસા : ૭૪૭.
અક્ષર : ૩૧૪, ૪૩૭, ૭૩૬, ૭૩૭, ૭૩૯, ૭૪૦, ૭૪૧ ૭૪૩, ૮૬૫.
અક્ષૌહિણી : ૧૨૪, ૬૧૬.
અજ્ઞ : ૮.

આ

આકૃતિ : ૨૫૨.
આચાર્ય પદ્ધતિ : ૮૬, ૯૩, ૬૫.
આતતાયી : ૧૨૮.
આત્મતત્ત્વજ્ઞાન્તિ : ૧૩, ૧૪.
આત્મસાક્ષાત્કાર : ૨૪૩.
આધ્યાત્મિક : ૮, ૨૭.
આધિદૈવિક : ૮, ૨૭.
આધિભૌતિક : ૮, ૨૭.
આપ્ત : ૩૦, ૩૩, ૩૪, ૫૪, ૬૨, ૬૯, ૮૧.
આકિંચા : ૪૬૮.
આશાપક્ષી : ૩, ૭૬.
આસ્વાદાયન : ૨૮૦.
આશ્રમધર્મ : ૨૩૩.
આસન : ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૩૯, ૪૩૬, ૬૧૧.
આજ્ઞાચક્ર : ૪૩૬, ૪૪૧.
આસ્તિક : ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૪૨૧, ૪૨૩.
આવિદ્યોત્ર : ૨૬૫, ૨૭૦.
આર્દ્ર : ૪૫૬, ૪૫૮.

ઈ અને ઈ

ઇજ્યા : ૨૨૫, ૨૩૦.
ઇદંપ્રથમતા : ૭૮૦.
ઇડા : ૧૦૫.
ઇષ્ટકર્મ : ૧૪, ૨૮૩, ૪૬૩, ૬૧૧, ૭૬૧,
ઈશા-ઉપનિષદ : ૮૩.
ઈસાઈ : ૫૫.
ઈશ્વર : ૫૪, ૫૫, ૫૬, ૬૨, ૭૭. ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬,. ૯૩, ૯૪, ૧૦૫, ૧૧૦, ૧૩૪, ૧૪૯, ૧૫૨, ૧૫૩, ૧૫૬, ૧૫૭. ૧૫૮, ૧૫૯, ૧૬૮, ૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૮૫. ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૬, ૨૦૭, ૨૧૦ ૨૨૦, ૨૩૩, ૨૪૦. ૨૪૧, ૨૪૨, ૨૪૫, ૨૪૬, ૨૪૯, ૨૫૦, ૨૫૨, ૨૫૬. ૨૬૦. ૨૬૪, ૨૭૪, ૩૦૫, ૩૦૭, ૩૧૬, ૩૨૦, ૩૨૧. ૩૩૬, ૩૫૧, ૩૬૫, ૩૮૩, ૪૦૦ ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૧૦, ૪૧૩, ૪૧૬, ૪૧૭, ૪૨૭, ૪૨૮, ૪૨૯, ૪૩૨, ૪૩૮, ૪૪૦ ૪૭૭, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૮૯, ૪૯૨, ૪૯૩, ૪૯૬, ૫૫૦, ૫૬૬. ૫૬૯, ૫૭૦, ૫૭૧, ૫૭૩, ૬૨૧, ૬૨૨, ૬૨૩, ૬૨૬, ૬૪૧, ૬૪૩, ૬૫૯, ૬૬૭, ૬૭૦, ૬૮૫, ૬૮૮, ૬૮૯, ૬૯૬, ૭૦૮, ૭૦૯, ૭૧૧, ૭૧૮, ૭૨૨, ૭૨૭, ૭૩૮, ૭૩૯, ૭૪૦, ૭૫૫, ૭૭૮, ૮૨૫, ૮૨૬, ૮૩૨, ૮૩૮, ૮૩૬, ૮૪૧, ૮૪૬, ૮૫૧, ૮૬૪, ૮૬૭, ૮૬૮.
ઈશ્વરવાદ : ૪૨૧, ૪૨૩.
ઈશ્વરભાવ : ૮૩.
ઈશ્વરોપ સંહર્ષ : ૮૪.
ઈક્ષાણુ : ૧૬૬, ૨૦૬, ૨૦૭, ૨૨૦, ૩૦૮, ૩૬૫, ૪૧૦, ૪૨૬, ૪૨૯, ૪૪૮, ૪૬૨, ૪૯૩, ૫૬૬, ૫૬૭, ૫૬૬, ૫૭૧, ૬૨૧, ૬૨૨, ૬૪૩, ૬૪૪, ૬૪૬, ૬૫૭, ૬૮૫, ૬૯૩, ૬૯૬, ૭૦૮, ૭૧૮, ૭૩૮, ૭૫૫, ૮૨૫, ૮૨૬, ૮૩૦, ૮૩૭, ૮૩૯, ૮૬૩, ૮૬૪, ૮૬૭, ૮૬૮.
ઈક્ષ્વાકુ : ૨૪૦, ૨૫૩.

ઉ

ઉત્તમોત્તા : ૧૨૩.
ઉત્તરાયણ : ૧૪૫, ૨૪૬, ૩૦૭, ૪૫૬, ૪૫૯, ૪૬૧, ૪૬૨ ૪૬૩, ૪૬૪.
ઉત્તમ પુરુષ : ૪૦૭.
ઉત્તાનપાદ : ૨૫૩,
ઉદ્ગાતા : ૯૯,
ઉદ્ગીથ : ૯૯,
ઉદાત્ત : ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૨, ૪૪૩, ૪૪૪, ૪૪૫, ૪૪૬, ૪૫૦,
ઉદાહરણ : ૬૮, ૪૫૦, ૪૫૧, ૪૫૨, ૪૫૩, ૪૫૪.
ઉદ્ધવ : ૬૧, ૧૫૫, ૧૫૬, ૧૬૫, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૮, ૨૮૩, ૨૮૪, ૩૨૨, ૩૨૪ ૩૬૬.
ઉદ્ધવ ગીતા : ૬૨, ૬૩, ૪૩૧.

ઉપપત્તિ : ૧૭૮.
ઉપમા ધર્મ : ૨૩૪.
ઉપાસના : ૨૬, ૩૯, ૪૦, ૪૧, ૪૬, ૫૦, ૫૧, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૧૨૫, ૧૪૮, ૨૩૨, ૨૩૩, ૨૬૩, ૨૬૪, ૨૬૬, ૨૮૦, ૨૮૧, ૨૮૪, ૨૯૪, ૩૨૫, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૪૪, ૩૪૬, ૩૬૫, ૩૬૭, ૩૬૬, ૩૬૬, ૩૬૫, ૪૪૬, ૪૮૧, ૪૮૩, ૪૮૫, ૪૯૫, ૪૯૭, ૫૦૬, ૫૮૧, ૫૮૩, ૫૮૬, ૫૮૭, ૫૮૮, ૫૯૯, ૫૯૦, ૫૯૧, ૫૯૨, ૫૯૪, ૫૯૫, ૫૯૬, ૬૦૩, ૬૦૬, ૬૧૧, ૬૧૪, ૬૪૭, ૬૮૭, ૭૪૩, ૭૮૭, ૮૦૨, ૮૪૬, ૮૫૧.
ઉમા : ૪૪૭
ઉશિનર : ૧૨.

ઋ

ઋગ્વેદ : ૩૧.
ઋચા : ૩૧.
ઋત : ૫૫, ૩૨૨, ૩૨૩, ૩૩૦, ૪૩૨.
ઋભુ : ૧૨.
ઋષભદેવ : ૧૦૫, ૨૪૭, ૨૫૩.
ઋષીકેશ : ૨૩.

ઐ

ઐકલવ્ય : ૧૭૪.
ઐરિયા : ૪૬૮.

ઔ

ઔદયિક ભાવ : ૧૭, ૮૧, ૨૪૪, ૨૪૫, ૪૮૧, ૪૮૨, ૪૯૫, ૫૫૨, ૫૭૬, ૫૯૧, ૬૦૮, ૬૧૨, ૬૧૪, ૬૨૦, ૬૪૨, ૬૪૬, ૭૦૩, ૭૧૧, ૭૨૬, ૮૫૭.
ઔદાર્ય : ૩૫૨.

ઓ

ઓક્ટ્રોઇયા : ૪૬૮,

ઔ

ઔષધ :.૪૬૮.

અં

અંગિરસ : ૫૦૦.
અંધપંગુ ન્યાય : ૪૭૬, ૪૮૦.
અંધશ્રદ્ધા : ૩૨.
અંતરિક્ષ : ૨૬૫.
અંતરાળ : ૪૫.
અંતર્દૃષ્ટિ : ૩૭૪, ૩૭૫, ૩૮૨, ૩૯૪, ૪૬૬, ૫૫૫, ૫૫૬, ૬૦૦, ૬૩૬, ૬૬૦.
અંશાવતાર : ૨૪૯,

ક

કચ્છ : ૮૨૧, ૮૨૩.
કનકધ્વજ : ૨૫૩.
કબીર : ૬૭, ૬૮.
કલિ : ૮૮.
કષિલ : ૮૬, ૧૪૮, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૪, ૧૫૬, ૨૪૭, ૨૫૨, ૩૬૬, ૫૪૬, ૬૧૬, ૬૧૭, ૬૨૦, ૮૭૧.
કણુક : ૮૬, ૧૫૪, ૪૨૨, ૬૧૬, ૬૧૭, ૬૨૦, ૭૧૪.
કણ્વ : ૧૨૩, ૩૨૮, ૫૬૪, ૫૭૦, ૭૧૬.
કર્દમ : ૧૫૦, ૨૫૨.
કર્મ : ૧૨, ૧૩, ૩૭, ૪૫, ૫૧, ૬૪, ૬૫, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૨, ૮૫, ૮૬, ૯૧, ૯૫, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૯૪, ૧૯૫, ૧૯૭, ૧૯૮, ૨૬૧, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૯૦ ૨૯૨, ૨૯૩, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૧૨, ૩૧૮, ૩૨૦, ૩૨૧, ૩૨૨, ૩૨૫, ૩૨૬, ૩૨૮, ૩૨૯, ૩૩૨, ૩૩૩, ૩૪૮, ૩૪૯, ૩૫૯, ૩૬૧, ૩૬૩, ૩૭૩, ૩૮૬, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૬, ૪૦૦, ૪૦૨, ૪૦૪, ૪૦૮, ૪૧૩, ૪૧૫, ૪૨૦, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૩૨, ૪૩૩, ૪૪૯, ૪૬૨, ૪૭૩, ૪૮૮, ૪૮૯, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૪૯૪, ૪૯૯, ૫૬૮, ૬૬૭, ૭૭૩, ૭૭૫.
કર્મસંગ્રહ : ૮૩૩.
કર્મ કૌશલ્ય : ૧૮૭.
કર્મ માર્ગ : ૬૦.
કર્મયોગ : ૧૭, ૧૮, ૪૯, ૬૫, ૬૬, ૬૯, ૭૦, ૯૩, ૧૬૪, ૧૬૫, ૨૦૪, ૨૦૫, ૨૬૧, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૮, ૩૩૫.
કર્મસંન્યાસ : ૧૬૬, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬.
કર્મારાધન : ૨૬૫.
કર્મેન્દ્રિય : ૭૨, ૭૭, ૧૩૫, ૧૫૨, ૧૫૬, ૧૫૭, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૮, ૨૩૬, ૩૦૪, ૩૧૦, ૩૫૦, ૩૫૧, ૩૭૪, ૩૭૫, ૩૯૨, ૪૦૮, ૪૨૦, ૪૨૮, ૪૩૦, ૫૪૬, ૬૦૮, ૬૬૮, ૬૭૦, ૬૮૬, ૭૦૬, ૭૧૦, ૭૪૬, ૭૫૨; ૭૬૩, ૮૧૮, ૮૨૨, ૮૨૪, ૮૨૫, ૮૨૬, ૮૪૬, ૮૫૦, ૮૫૫.
કલિ : ૨૬૫, ૪૩૫.
કલ્પ : ૨૦૭, ૨૪૭, ૨૫૦, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૬૧, ૨૬૬, ૩૬૫, ૪૩૬, ૪૫૬, ૪૫૬, ૪૭૧, ૪૭૨, ૪૮૬, ૮૬૨.
કલ્પિત : ૮૮, ૨૪૭, ૨૫૪.
કલ્પ : ૨૦૬, ૨૬૦,

કરણપ : ૨૪૦.

કલા : ૧૨.

કાઠબુદ્ધિ : ૩૬૯.

કાર્તિકેસ્વામી : ૫૪૬, ૫૧૮.

કાળ : ૮૪, ૧૬૦, ૧૮૪, ૧૬૪, ૧૯૮, ૨૪૬, ૨૪૭, ૨૫૦, ૩૧૬, ૩૨૨, ૩૩૫, ૪૨૯, ૫૬૬, ૫૬૭, ૫૬૮, ૫૬૯, ૫૭૦, ૫૭૧, ૮૩૯.

કાળમાન : ૪૫૬, ૪૫૮.

કાળવાદ : ૩૧૬.

કાળસૂત્ર : ૧૬.

કાશીરાજ : ૧૨૩, ૧૨૬.

કાષ્ઠમૌન : ૬૩૩, ૭૦૨.

ક્રિયમાણ ૨૦૩,

ક્રિયાશક્તિ : ૮૫, ૧૫૮, ૧૬૦, ૧૬૯, ૨૦૦, ૨૦૭, ૨૫૨, ૨૬૮, ૩૫૧, ૪૦૧, ૪૭૫, ૪૭૭, ૫૬૮, ૫૭૧, ૬૨૧, ૬૨૨, ૬૨૫, ૬૨૬, ૬૪૩, ૬૫૮, ૬૮૫, ૬૮૮, ૬૮૯.

કુબેર . ૬૫.

કુમાર્ગ : ૩૨૪.

કુરુરાજા : ૧૨૩.

કુરુક્ષેત્ર : ૧૨૩.

કૂટસ્થ : ૮૩, ૧૦૮, ૧૮૦.

કૃતયુગ : ૨૪૪, ૪૫૬, ૪૭૫, ૫૬૦.

કૃપાચાર્ય : ૧૨૩, ૧૪૫, ૩૬૫.

કેદારનાથ : ૨૦, ૭૬.

કેવળકુંભક : ૩૫૨, ૩૬૬, ૩૬૬.

કલેશ : ૩૩૮, ૪૨૧, ૪૨૨.

કૈવલ્ય : ૩૬૪, ૩૬૮,૪૮૭.

કૈલાસ : ૭૬.

કૌશલ્યા : ૨૫૩.

ક્રંગાલ : ૩૨૨, ૩૨૪.

ક્રંસ : ૮૬૮.

ક્રુંડલિની : ૩૩૯, ૩૪૧, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૪૮, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૬, ૪૫૨, ૫૫૦

ક્રુંતાજી : ૩૬૮, ૮૬૮.

ક્રુંતીભોજ : ૧૨૩.

ક્રુંભક : ૩૪૦, ૩૪૧, ૩૪૪ ૩૬૭.

ક્રૌંચદ્વીપ : ૪૬૮.

ખ

ખ્યાતિ : ૫૪૭.

ખુદા : ૧૦૫.

ગ

ગ્રંથત્રયય : ૫, ૧૭, ૭૦.

ગજેન્દ્ર : ૨૮૩, ૫૭૬.

ગર્ગ : ૮૬.

ગંગોત્રી : ૨૦, ૭૧.

ગાયત્રી : ૧૪૮.

ગાંડીવ : ૧૨૬, ૧૨૮.

ગીતા : ૮૬.

ગીતાદોહન : ૬૦.

ગુણ : ૮૦, ૮૪, ૩૨૪, ૭૬૩, ૭૬૫.

ગુણપીપરી : ૭૮૦.

ગુણધાનક્ષાંતિ : ૧૩, ૧૪.

ગુરુપૂજન : ૭૮૮.

ગોમતી : ૫૪૫.

ગોપીતળાવ : ૫૪૫.

ગાતમ : ૮૬, ૧૫૪, ૬૧૬, ૬૧૬, ૬૧૯.

ગોલક : ૭૨.

ગૃહસ્થાશ્રમ : ૪૩, ૪૫, ૪૬, ૪૯.

ઘ

ઘોર : ૫૦૦

ચ

ચમસ : ૨૬૫.

ચરૂ : ૮૬ :

ચાર્વાક : ૧૩, ૫૫, ૮૭, ૧૭૭, ૪૨૧, ૪૨૩, ૮૪૧.

ચિત્ત : ૭, ૧૩, ૬૫, ૮૫, ૧૫૨, ૧૭૮, ૧૮૯, ૧૯૨, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૬, ૨૦૮, ૨૧૪, ૨૧૫, ૨૬૬, ૨૬૯, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૮૨, ૨૯૮, ૩૦૨, ૩૦૮, ૩૧૦, ૩૧૬, ૩૧૮, ૩૨૪, ૩૨૮, ૩૩૦, ૩૩૫, ૩૩૭, ૩૩૮, ૩૪૮, ૩૫૯, ૩૬૧, ૩૬૩, ૩૬૪, ૩૬૮, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૯૨ ૩૯૭, ૪૦૦, ૪૦૮, ૪૨૬, ૪૩૧; ૪૩૭, ૪૬૨, ૪૬૬, ૫૪૩, ૫૭૧, ૬૧૨, ૬૪૩, ૬૬૭, ૬૮૬, ૬૮૬, ૭૦૮, ૭૩૮, ૭૪૫, ૮૧૬, ૮૨૦, ૮૨૨, ૮૨૪, ૮૨૫, ૮૩૮, ૮૪૦.

ચિત્તશુદ્ધિ : ૧૭૫, ૫૫૦, ૫૫૧, ૫૫૪, ૫૭૭, ૫૯૮, ૫૯૬, ૬૦૧, ૬૦૨, ૬૧૨, ૬૩૨, ૬૬૪, ૭૪૬, ૭૭૬, ૮૧૬, ૮૧૭, ૮૧૮, ૮૧૯, ૮૨૦, ૮૨૩, ૮૨૭, ૮૨૮, ૮૩૭.

ચિરંજીવી : ૩૬૫, ૩૭૦, ૩૭૧.

ચાતુર્વર્ણ્ય : ૮૦.

ચુડાલા : ૨૮૨, ૮૨૦, ૮૨૧.

ચેકિતાન : ૧૨૩.

ચૈતન્ય : ૬, ૫૫, ૬૩, ૧૭૭, ૧૪૮, ૧૮૫, ૨૦૭, ૨૧૪, ૨૨૬.

ચંડ : ૨૧૦, ૩૧૧.
ચાંડાલ : ૭૭૪
ચાંદ્રમાન : ૧૪૫, ૪૫૬.

છ

છંદ : ૨૨૬. ૬૯૦, ૬૯૮.
છળધર્મ : ૨૩૪.

જ

જડબુદ્ધિવાદ : ૪૨૩.
જડભરત : ૩૬૧, ૬૩૭.
જનમેજય : ૮૨, ૯૫.
જનક : ૪૪, ૪૯, ૫૧, ૬૭, ૬૮, ૧૭૩, ૨૧૩, ૨૧૫, ૨૯૭, ૨૯૮, ૩૬૧, ૩૮૦, ૪૭૧, ૬૩૯, ૮૭૭, ૮૯૨.
જટાયુ : ૨૮૩.
જન્મોત્રી : ૨૦, ૭૬.
જમદગ્નિ : ૨૫૩.
જયદ્રથ : ૫૭૦, ૭૧૯.
જય : ૬૬.
જરથોસ્ત : ૧૦૫
જીવ : ૪૪, ૪૫, ૫૪, ૫૫, ૫૬, ૬૨, ૬૩, ૬૬, ૭૪, ૭૮, ૮૫, ૮૬, ૧૩૫, ૧૩૬, ૧૭૩, ૧૭૮, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૭, ૨૨૦, ૨૨૮, ૨૪૬, ૨૫૧, ૨૫૩, ૨૫૬, ૨૬૦, ૨૭૪, ૩૦૧, ૩૦૫, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૪, ૩૨૧, ૩૨૮, ૩૪૬, ૩૪૭, ૩૫૧, ૩૬૦, ૩૬૩, ૩૭૮, ૩૮૦, ૩૮૫, ૩૮૯, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૪૦૧, ૪૦૩, ૪૧૩, ૪૨૩, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૭૧, ૪૭૨, ૫૪૯, ૫૫૯, ૫૬૩, ૬૨૨, ૬૨૫, ૬૨૬, ૬૪૫, ૬૪૭, ૬૬૮, ૬૬૯, ૬૬૯, ૬૮૮, ૬૮૬, ૭૦૮, ૭૦૯, ૭૧૦, ૭૧૧, ૭૧૨, ૭૨૪, ૭૫૦, ૭૫૧, ૭૫૨, ૭૫૩, ૭૫૪, ૭૫૯, ૭૬૦, ૭૬૨, ૮૬૩, ૭૬૪, ૮૩૭, ૮૬૭.
જીવન્મુક્તા : ૧૦, ૧૨, ૧૫, ૪૩, ૪૭, ૫૬, ૬૧, ૬૫, ૭૫, ૯૩, ૧૩૮, ૧૪૪, ૧૪૭, ૧૮૧, ૧૮૨, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૨૩૮, ૨૪૨, ૨૪૫, ૨૫૧, ૨૫૮, ૨૭૧, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૮૬, ૨૯૫, ૨૯૭, ૩૦૧, ૩૦૨, ૩૧૩, ૩૧૫, ૩૧૬, ૩૧૭, ૩૧૮, ૩૨૫, ૩૨૮, ૩૩૦, ૩૩૧, ૩૩૩, ૩૬૧, ૩૬૨, ૪૨૨, ૪૨૩, ૪૨૪, ૪૩૪, ૪૫૩, ૪૫૬, ૪૮૪, ૪૮૮, ૪૮૯, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૫૪૪, ૫૫૦, ૫૫૫, ૫૮૦, ૫૮૧, ૫૮૩, ૫૯૮, ૬૦૦, ૬૦૩, ૬૦૪, ૬૦૫, ૬૦૬, ૬૦૮, ૬૦૯, ૬૧૬, ૬૧૯, ૬૩૩, ૬૩૬, ૬૩૭, ૬૩૮, ૬૪૯, ૬૫૧, ૬૬૮, ૬૭૧, ૬૭૯, ૭૦૪, ૭૧૦, ૭૧૨, ૭૧૫, ૭૧૬, ૭૧૮, ૭૭૧, ૭૭૬, ૭૮૪, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૩, ૭૯૪, ૭૯૫, ૭૯૬, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૦૦, ૮૦૧, ૮૦૪, ૮૦૭, ૮૧૦, ૮૧૨, ૮૧૫, ૮૧૬, ૮૧૮, ૮૨૦, ૮૨૩, ૮૨૫, ૮૩૨, ૮૩૩, ૮૩૭, ૮૩૮, ૮૪૧, ૮૪૬, ૮૫૬, ૮૫૯, ૮૬૨, ૮૭૦, ૮૮૧, ૮૮૫, ૮૮૭, ૮૯૪, ૯૦૦, ૯૦૧.
જીવભૂત પ્રકૃતિ: ૪૦૫, ૪૦૭.
જૈમિની : ૮૬, ૪૪૯, ૬૧૬, ૬૧૯, ૮૪૧.
જંબુદ્વીપ : ૬૮, ૪૬૯, ૪૭૦, ૪૭૨, ૮૯૧.
જાંબુવાન : ૨૮૩.

ત

તત્ : ૮૭, ૯૭, ૧૦૫.
તત્ત્વદૃષ્ટિ : ૪૨૨, ૪૨૪.
તમ : ૮૪, ૮૫, ૪૨૬, ૪૨૭, ૪૨૯, ૪૩૮, ૬૬૧, ૬૬૩, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૬૯, ૬૭૦.
તન્માત્રા : ૧૫૨, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૨૦૧, ૨૦૪, ૨૦૭, ૨૩૮, ૨૫૨, ૨૫૫, ૨૭૮, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૪૬, ૩૪૯, ૪૨૬, ૪૨૭, ૫૪૯, ૫૯૩, ૬૨૪, ૬૪૩, ૬૮૯, ૭૦૮, ૭૦૯.
તાપી : ૨૦.
તામસ કર્મ : ૮૩૫.
તામસ કર્તા : ૮૩૬
તામસ સુખ : ૮૪૫.
તામસ તપ : ૭૬૦.
તામસ ત્યાગ : ૮૧૮.
તામસ દાન : ૭૬૧.
તામસ જ્ઞાન ૮૩૪.
તામસી યજ્ઞ : ૭૮૬.
તામસી ધૃતિ : ૮૪૪.
તામસી બુદ્ધિ : ૮૪૩.
તામસી આહાર : ૭૮૩.
તામસી શ્રદ્ધા : ૭૮૨.
તિતિક્ષા : ૩૨૨, ૩૨૩.
ત્રિપુરસુંદરી : ૬૮, ૩૫૭, ૪૦૬, ૮૬૨.
તુકારામ : ૨૫, ૪૭, ૬૭, ૬૮, ૬૦૧.
તુર્યાગા : ૩૬૨, ૩૬૪.
તુલસીદાસ : ૬૮.
તુલાધાર : ૨૮૩.
તેતા : ૮૮, ૨૩૨, ૨૪૪, ૨૪૭, ૪૫૯, ૮૪૬, ૮૮૮.
તૈજસ : ૪૩૮, ૪૬૩, ૪૬૪.
ત્રંબક : ૮૬૨.
ત્રંત્રશાસ્ત્ર : ૧૬૧.

દ

દત્તપરશુરામ : ૮૬૭.
દત્તાત્રેય : ૬૭, ૧૨૨, ૨૨૭, ૨૪૭, ૨૫૩, ૨૮૪, ૩૫૮, ૩૬૦.

ઇમઃ ૩૨૨, ૩૨૩.
ઇયાઃ ૩૨૩.
ઇરિદ્રી: ૩૨૨, ૩૨૪.
ઇક્ષઃ ૨૫૩, ૫૪૧, ૮૮૭.
ઇક્ષિષ્વાકુઃ ૨૫૨, ૩૨૨, ૩૨૩.
ઇક્ષિષ્વાકુવંશનઃ ૧૪૫, ૨૪૬, ૩૦૩, ૪૫૬, ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૭૨.
ઇતિઃ ૩૨૨, ૩૨૩.
ઇતિહાસઃ ૮૮, ૬૫, ૧૩૪, ૨૪૧, ૨૪૬, ૨૪૭, ૪૫૬, ૫૭૧, ૫૬૦, ૮૮૮.
ઇન્દ્રાણુરઃ ૧૨.
ઇન્દ્રાણી: ૪૪૬, ૪૪૭.
ઇન્દ્રાવિઠા: ૫૪૪,
ઇન્દ્રિયંબરઃ ૧૬૧.
ઇન્દ્રિયો: ૧૨૨.
ઇન્દ્રિયઃ ૪૫૮.
ઇન્દ્રિયદૃષ્ટિ: ૫૫૦, ૫૫૪, ૬૫૫, ૫૫૬, ૫૭૧, ૫૬૬, ૮૮૩ ૮૮૬.
ઇજ્યઃ ૭૮૮.
ઇર્વાસાઃ ૧૧, ૩૬૧, ૭૭૪.
ઇષ્ટકૃતઃ ૩૧૩, ૪૧૯.
ઇર્યોધનઃ ૬૫, ૧૨૩, ૧૨૫, ૧૪૪, ૧૪૫, ૧૭૨, ૨૩૫, ૨૩૭, ૭૧૯, ૮૮૯.
ઇઃખઃ ૩૨૨, ૩૨૪.
ઇંપદઃ ૧૨૩.
ઇંમિલઃ ૨૬૫.
ઇતઃ ૫૪૩.
ઇશ્યસૃષ્ટિઃ ૨૨૯.
ઇષ્ટિસૃષ્ટિવાદઃ ૨૬૦.
ઇવપી: ૬૭, ૨૫૩, ૫૦૦.
ઇવલઃ ૮૬, ૫૪૮.
ઇવદત્તઃ ૧૨૬.
ઇવપુત્રઃ ૨૮૯.
ઇવમાનઃ ૪૫૬.
ઇવયાનઃ ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૭૨.
ઇવહૂતિઃ ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૨૫૨.
ઇવીપુરાણઃ ૩૯.
ઇશઃ ૧૮૪, ૧૯૪, ૧૯૮.
ઇશ: ૧૪૨.
ઇશવાસ્યનાઃ ૮, ૧૩, ૧૬.
ઇશાવાસ્યઃ ૧૩, ૭૩, ૮૦.
ઈક્ષ, ૪૨૧.
ઈષઃ ૮૪, ૨૫૦.
ઈષિક ન્યૂહઃ ૧૨૭.
ઈષી પ્રકૃતિઃ ૪૬૫.
ઈષી સંપત્તિઃ ૮૦, ૪૬૬, ૭૪૮, ૭૪૯, ૭૫૫, ૭૬૭, ૭૭૩ ૭૮૧, ૭૯૧.
ઉત્તઃ ૧૮૫, ૨૧૫, ૨૧૬, ૨૨૨, ૨૨૩, ૨૩૧, ૨૪૨, ૨૪૫, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૬૭, ૨૮૫, ૨૮૮, ૨૯૩, ૩૧૮, ૩૨૧, ૩૨૩, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૧, ૩૩૮, ૩૪૦, ૩૭૭, ૩૮૦, ૩૯૭, ૩૯૯, ૪૧૯, ૪૨૦, ૪૨૨, ૪૮૧, ૪૬૦, ૫૫૨, ૫૭૬, ૫૯૩, ૫૬૬, ૫૬૮, ૫૬૬, ૬૦૬, ૬૦૭, ૬૧૪, ૬૧૫, ૬૧૬, ૬૧૭, ૬૧૮, ૬૧૯, ૬૨૦, ૬૨૫, ૬૨૭, ૬૩૧, ૬૩૭, ૬૪૦, ૬૪૮, ૬૫૧, ૬૫૮, ૬૮૪, ૬૬૫, ૬૬૭, ૭૦૩, ૭૦૮, ૭૧૨, ૭૧૭, ૭૨૧, ૭૨૬, ૭૪૬, ૭૬૬, ૮૦૦, ૮૧૮, ૮૨૦, ૮૩૦, ૮૩૪, ૮૩૬, ૮૫૪, ૮૫૫, ૮૫૭, ૮૮૦, ૮૮૨.
ઉદ્ધઃ ૭૬૩, ૭૬૪, ૭૬૫.
ઉદ્યાપનયનઃ ૧૪, ૧૫.
ઉદ્યાપનયન ક્રાંતિઃ ૧૩, ૧૪.
ઉદ્ધોજ્ઞઃ ૧૨૩, ૧૨૪, ૧૨૭, ૧૩૧, ૧૪૫, ૫૬૪, ૫૭૦, ૭૧૯.
ઉદ્ધોપદી: ૧૪૪.

ઊ

ઊર્જિનીઃ ૧૨૪.
ઊર્ધ્વન્તરીઃ ૨૫૩.
ઊનવાનઃ ૩૨૨, ૩૨૪.
ઊનઃ ૩૨૨, ૩૨૩.
ઊર્મ: ૧૭, ૨૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૮૬, ૨૪૨, ૨૪૩, ૨૪૫, ૨૪૬, ૪૧૦.
ઊર્મમેધ. ૪૫૨.
ઊર્મયુદ્ધ: ૧૨૨, ૧૩૩, ૧૪૩, ૧૪૪, ૧૪૬, ૧૪૭, ૧૭૧, ૧૭૨, ૧૭૫, ૨૮૬.
ઊર્મવ્યાધઃ ૨૮૩.
ઊર્મક્ષેત્રઃ ૧૨૨.

ઋગ્વેદઃ ૬૯, ૭૨, ૭૬, ૮૬, ૨૮૦, ૩૩૨, ૩૩૮, ૩૩૯, ૩૪૭, ૩૫૭, ૩૬૪, ૩૬૫, ૪૫૧, ૪૫૨.
ઋગ્વેદાધ્યાસ ૨૨, ૨૩, ૪૫, ૫૪, ૮૬, ૨૮૦, ૩૪૭, ૩૬૫, ૪૫૨, ૫૮૨.
ઋષિઃ ૫૧, ૭૧, ૩૩૬, ૩૪૭, ૩૫૭, ૩૬૧, ૩૬૪, ૩૮૬, ૬૦૨.
ઋતરાષ્ટ્રઃ ૬૫, ૧૨૨, ૧૨૩, ૧૨૬, ૧૩૭, ૧૩૦, ૧૩૨, ૧૪૪, ૧૪૫, ૫૫૭, ૫૫૬, ૫૬૪, ૫૭૨, ૫૭૮, ૮૬૬, ૮૮૩, ૮૮૫, ૮૮૬, ૮૮૬.

धृतिः ३२२, ३२३.
ध्रुव: २५३, ५७६.
धृष्टद्युम्नः ६५, १२३, १२६.
धृष्टकेतुः १२३.

न

नकुलः १२६.
नरसिंहः ६८, ५४६.
नरोः ४, ५, ११, १७.
नष्टमानसः ३५७, ३६१, ३६२, ३६३.
नंदलाल ओडीवालाः ७६.
नागनाथः ५४५.
नाभिः २५३.
नाहः ४६३.
नाभदेवः ६७.
नाभस्मग्रस्तः ३५, ३६, ३७.
नारदः ११, ६६, ६९, ७२, ८६, ४७५, ५८६, ६१५, ८४१, ८८६, ८९२.
नारदपंचरात्रतंत्रः ८९.
नारायणः ८५, १५९, २५३, २५५, २६७, २६८, २६९, ३११, ४२८, ४२९, ४३०, ६२२, ८४७.
नारायणीय धर्मः २६५, २६७, २६९.
नास्तिकः १३, ३२, ३३, ३४, ३५, १६१, ४२१, ६२०.
न्यायशास्त्रः ५५.
निडाघः १२.
निदिध्यासनः ८, १७०, ३५४, ३६१, ३८०.
नियतिः ४५, ६७, ७२, ८४, ८५, ८७, ८८, ९३, ९५, १३४, १८३, १९८, १९९, २००, २०१, २०२, २०३, २०४, २०५, २०७, २१३, २१९, २२२, २२३, २२४, २२६, २३५, २३७, २४५, २४६, २४७, २४८ २४९, २५०, २५१, २५३, २५४, २६१, २७३, ३०६, ३०७, ३०८, ३१२, ३१५, ४१५, ४२५, ४२६, ४२७, ४६०, ४८७, ४९२, ४९३, ४९५, ५६१, ५७०, ५७१, ५७२, ५८०, ७२४, ७२५, ७७८, ८१५, ८१८, ८१९, ८२३, ८२४, ८२५, ८२८, ८३०, ८३१, ८३२, ८३५, ८३८, ८४५, ८४६, ८४७, ८४८, ८४९, ८५०, ८५१, ८५३, ८६२, ८६३, ८६४, ८६५, ८६६, ८६७, ८६८, ८६९, ८८७, ८८८.
नियमः ३७, ४७, ८४, ३२२, ३२३, ३३५, ३३९, ३५२, ३५३, ३५७, ३७२.
नियमपालयः ८१, ८२, ८८, १८१, १९९, २७०, ७७०, ७९५.
निर्गुणः ३९, ४२, ६०, १५३, १६५, ३७६, ३७७, ५६० ५६१, ५६३, ५६४, ५७९, ६०३, ६१२.
निर्दोषः ३१८, ३२८, ३३७, ३५२, ५६८, ६०२, ६५६.
निर्विकल्प समाधीः ६४, २६८, ३४५, ३६३, ४५२, ४५३, ४८४, ५५०, ५५९, ६०२, ६८१, ७१३, ८००, ८१५, ८६१, ८८८.
निरीश्वरवादः ४२३.
निवृत्तकर्मः ४६२, ४६३, ४६४.
निवृत्तिमार्गः १५५.
निषादः ७७४.
निःशेषभावः ३४, ५१, ५८, १०८, २२२, ३७६, ३७७, ३८०, ३८७, ४८३, ४८४, ५८१, ५६०, ६००, ६०३, ६१२, ६५६, ६७७, ६९८, ७००, ७०१, ७०३, ७४२, ७७२, ८१६, ८५१.
नीललोहितः ५४६.
नृसिंहः ६७, ८८, २४९, २५३.
नैमिषारण्यः ६९.
नैयायिकः २२९.

प

पतंजलिः ८६, १५४, २८०, ३३८, ३३९, ३७२, ४४६, ६१६, ६१७, ६१९, ८४१, ८६२.
पद्मपादः २४, २५,
पदार्थाभाविनी: ३९२, ३९४.
पयगंधरः १०५.
परब्रह्मः ३२१, ८९५, ८९६.
परतंत्रः ३२४.
परधर्मः २२४, २३४, २३५, ८५२, ८५३.
परमपुरुषः ४३४, ४३५, ४३६, ४६१.
परमहंसः ३५७.
परमाणुः १०५, १४९.
परमाणुवादः ४२१.
परमात्मा: ४३४.
परमेष्ठिमंडलः ४३६.
परस्वरूपः २७२, ५५०, ५७०, ५७२, ५७३, ६८५, ७३८,
परशुरामः ६७, ८८, २३७, २४९, २५३, २८४, ३५८, ३५९, ३६०, ३६१, ३६२, ३६५.
परः २३, ५५, ६६, ४३७, ४३८, ४४३, ४४८, ६५४, ६९०, ६९२.
पराप्रिति: १७०.
पराप्रकृतिः ४०५, ४०६, ४०७, ४३६, ४८२.
पराभक्तिः ८५९.
परानिष्ठा: ८९५.

પરાશર: ૯૯, ૨૫૩, ૯૮૩.
પરોક્ષજ્ઞાન: ૬૦, ૬૨, ૬૩, ૯૬, ૯૨, ૯૩, ૧૪૯, ૧૫૦, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૮૧, ૧૯૦, ૧૯૫, ૨૧૫, ૨૩૮, ૨૩૯, ૨૮૫, ૨૮૭, ૨૯૪, ૩૨૪, ૩૨૬, ૩૨૮, ૩૩૦, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૮, ૩૭૪, ૩૮૮, ૩૯૬, ૩૯૭, ૪૧૨, ૪૧૯, ૪૫૬, ૪૭૪, ૪૮૧, ૫૫૧, ૫૫૬, ૫૭૬, ૫૭૭, ૫૯૦, ૬૦૦, ૬૦૧, ૬૦૨, ૬૧૪, ૬૧૩, ૬૧૬, ૬૧૭, ૬૧૯, ૬૨૦, ૬૩૨, ૬૩૬, ૬૩૭, ૬૩૯, ૧૪૨, ૬૫૭, ૬૬૩, ૬૬૮, ૬૬૬, ૬૭૦, ૬૯૧, ૭૪૬, ૭૭૨, ૭૬૦, ૭૮૬, ૭૯૭, ૮૧૬, ૮૨૦, ૮૪૭, ૮૨૯, ૮૩૬, ૮૪૭, ૮૫૪, ૮૫૭, ૮૫૮, ૮૬૩, ૮૬૫, ૮૬૬.
પરિચ્છેદ: ૨૭૬, ૩૬૫.
પરિણામવાદ: ૧૬૯.
પરિસંખ્યા: ૮૧, ૫૦૭.
પરોક્ષવાદ, ૮૧, ૨૭૦, ૪૨૪, ૪૪૬, ૭૭૨, ૮૦૩.
પશ્યંતી: ૨૪, ૨૬, ૬૯, ૪૩૭, ૪૩૮, ૪૪૮, ૪૪૬, ૬૫૪, ૬૬૦, ૬૬૧.
પાઠ્યાસન: ૧૦, ૧૧.
પાપદૃષ્ટિ: ૪૨૨.
પારસી: ૫૫.
પાણિનિ: ૪૩૮, ૪૪૦, ૪૪૧, ૪૪૬, ૪૪૭, ૪૪૮, ૬૬૨.
પિતર: ૪૫૮.
પિતરમાન: ૪૫૬.
પિતૃયાણ: ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૭૨.
પિપ્પલાયન: ૨૬૫, ૨૬૮.
પુત્રેષણા: ૫, ૬, ૨૮, ૩૩.
પુનર્જન્મ: ૧૦, ૧૨, ૧૪, ૩૬૨.
પુરુષ: ૬૨, ૭૮, ૮૩, ૧૦૫, ૧૧૦, ૧૪૮, ૧૪૬, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૪, ૧૫૫, ૧૫૭, ૧૫૮, ૧૫૬, ૧૬૦, ૧૬૧, ૧૮૩, ૧૬૬, ૨૦૦, ૨૦૧, ૨૦૩, ૨૦૬, ૨૦૭, ૨૨૭, ૨૩૭, ૨૫૦, ૨૫૧, ૩૦૫, ૩૦૭, ૩૧૨, ૩૧૬, ૩૩૧, ૩૩૮, ૩૪૮, ૩૪૬, ૩૭૮, ૩૮૨, ૩૮૩, ૩૬૬, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૪૧૪, ૪૧૬, ૪૨૮, ૫૮૧, ૫૬૦, ૫૬૧, ૬૦૦, ૬૧૬, ૬૧૮, ૬૨૦, ૬૨૧, ૬૨૩, ૬૨૫, ૬૪૪, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૮, ૬૫૨, ૬૫૩, ૬૫૫, ૬૫૬, ૬૫૭, ૬૫૮, ૬૫૬, ૬૬૦, ૬૬૩, ૬૭૭, ૬૭૩, ૬૮૫, ૬૮૬, ૬૬૦, ૭૦૧, ૭૦૮, ૭૦૬, ૭૧૦, ૭૧૧, ૭૨૭, ૭૩૮, ૭૪૦, ૭૫૫, ૭૬૨, ૭૭૬, ૮૧૬, ૮૨૬, ૮૩૦, ૮૩૪, ૮૩૫, ૮૬૬, ૮૪૦, ૮૪૧, ૮૪૨, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૫૦, ૮૫૩, ૮૬૨, ૮૬૪. ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૭૦, ૮૭૩.
પ્રચિત: ૪૪૬.
પ્રજાપતિ: ૧૩, ૧૭૭, ૨૦૮, ૩૧૧.
પ્રત્યાહાર: ૧૭૦, ૩૩૬, ૩૫૭, ૩૬૧, ૩૬૩, ૩૭૮, ૩૬૪, ૫૫૦, ૫૫૧.
પ્રદ્યુમ્ન: ૫૪૬.
પ્રધાન: ૧૫૭, ૨૦૧.
પ્રભુલીલા: ૪૬૫.
પ્રમાકરવાદ ૫૪૭.
પ્રલય: ૬૮, ૬૬, ૨૨૬.
પ્રયત્ન: ૪૪૪.
પ્રલય: ૨૪૭, ૨૪૮, ૨૫૧, ૨૫૪, ૨૫૬, ૨૫૬, ૨૫૮, ૨૬૦, ૨૬૧, ૩૬૫, ૪૨૭.
પુરુષાષ્ટક: ૩૧૦, ૩૪૬, ૪૦૦.
પુષ્કરદ્વીપ: ૪૬૮.
પૂર્તકર્મ: ૧૨, ૨૮૩, ૪૬૨, ૬૧૧, ૭૬૧.
પૂર્ણાવતાર: ૨૪૬.
પૂર્વસ્થિતિ: ૫૪૬.
પૌરુષેય: ૮૭, ૮૮, ૮૬, ૧૬૧.
પૌંડ: ૧૨૬.
પંડિત: ૧૩૪, ૩૨૨, ૩૨૩, ૩૨૪.
પંચમહાભૂત: ૧૦૪.
પાંડુ: ૮૮૬.
પાંચજન્ય: ૧૨૬.
પ્રકૃતિ: ૬૨, ૭૨, ૭૭, ૭૮, ૮૦, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૧૪૮, ૧૪૬, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૬, ૧૬૦, ૧૬૧, ૧૬૩, ૧૬૪, ૧૭૬, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૬૮, ૧૬૬, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૭, ૨૧૬, ૨૨૦, ૨૨૧, ૨૨૩, ૨૨૬, ૨૨૮, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૬, ૨૪૧, ૨૪૬, ૨૪૭, ૨૫૨, ૨૫૫, ૨૬૧, ૩૨૫, ૩૧૧, ૩૧૩, ૩૩૨, ૩૪૪, ૩૪૮, ૩૪૬, ૩૫૧, ૩૫૪, ૩૬૧, ૩૬૫, ૩૭૪, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૬૬, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૪૦૪, ૪૦૫. ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૧૪, ૪૨૮, ૪૨૬, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૪૦, ૪૬૦, ૪૭૬, ૫૪૧, ૫૪૫, ૫૪૬, ૫૫૭, ૫૮૧, ૫૬૦, ૫૬૧, ૫૬૬, ૬૧૬, ૬૧૭, ૬૨૦, ૬૨૧, ૬૨૨, ૬૨૩, ૬૨૪, ૬૨૫, ૬૨૮, ૬૪૨, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૮, ૬૫૨, ૬૫૩, ૬૫૫, ૬૫૬, ૬૫૭, ૬૫૮, ૬૫૬, ૬૬૦, ૬૬૩, ૬૭૭, ૬૭૨, ૬૭૩, ૬૮૫, ૬૮૬, ૬૬૦, ૭૦૧, ૭૦૮, ૭૦૬, ૭૧૦, ૭૧૧, ૭૨૭, ૭૩૮, ૭૪૦, ૭૫૫, ૭૬૨, ૭૭૬, ૮૧૬, ૮૨૬, ૮૩૦, ૮૩૪, ૮૩૫, ૮૬૬, ૮૪૦, ૮૪૧, ૮૪૨, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૫૦, ૮૫૩, ૮૬૨, ૮૬૪. ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૭૦, ૮૭૩.

પ્રવૃત્તકર્મ: ૪૧૩, ૪૧૪.
પ્રવૃત્તિમાર્ગ: ૩૩૯.
પ્રશ્નોપનિષદ્: ૩૩૯.
પ્રહ્લાદ: ૨૫૪, ૨૮૩, ૫૪૬, ૫૬૪, ૬૭૩, ૬૭૫.
પ્રાગ્જ્યોતિષપુર: ૩૫૪.
પ્રાગ્જ્યોતિષમ: ૨૬૯, ૨૮૧, ૩૨૩, ૩૩૬, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૪૮, ૩૫૨, ૩૫૭, ૩૬૬, ૩૬૭, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૫૦, ૪૫૪, ૬૧૧.
પ્રાકૃત સૃષ્ટિ: ૨૦૭, ૨૦૮, ૨૦૬, ૨૫૫, ૪૨૭.
પ્રાજાપત્ય: ૪૫૬, ૪૫૭, ૪૫૮.
પ્રાજ્ઞ: ૧૫૭, ૩૧૬, ૩૨૦, ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૫૧, ૩૫૨, ૩૫૪, ૩૬૬, ૩૬૭, ૩૬૮, ૩૬૬, ૩૭૦, ૪૨૧, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૫૨.
પ્રાજ્ઞોપાસના: ૨૭૬, ૨૮૦, ૨૮૧, ૨૬૪, ૩૧૬, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૩૮, ૩૩૬, ૩૪૫, ૩૪૭, ૩૫૦, ૩૫૨, ૩૫૩, ૩૫૭, ૩૬૪, ૩૬૫, ૩૭૧, ૩૭૨, ૩૬૫, ૩૬૬, ૪૬૭, ૫૮૨, ૬૦૦, ૭૭૫.
પ્રારબ્ધ: ૧૩૩, ૨૦૩, ૨૦૫, ૨૧૫, ૩૬૨.
પ્રારબ્ધભોગ: ૬૩.
પ્રાણ: ૪૩૮, ૪૬૫.
પ્રિય: ૩૨૬.
પૂતના: ૧૨૪.
પૃથુ: ૬૭, ૨૪૭, ૨૫૩, ૪૭૫.
પૃથ્વી: ૪૧, ૮૩, ૮૬, ૪૬૮, ૪૧૫, ૪૭૦, ૪૭૧, ૪૭૨.
પ્લક્ષદ્વીપ: ૪૨૦.

ફ

ફલિ: ૨૫૩, ૨૮૩, ૩૬૫, ૫૪૬, ૮૭૭.
ફળ: ૩૨૨, ૩૨૩.

બદરીનાથ: ૨૦, ૭૬.
બદરીનારાયણ: ૨૦.
બદરિકાશ્રમ: ૬૨.
બલિ: ૩૬૧.
બહુમાનસ: ૩૫૭, ૩૬૧, ૩૬૨, ૩૬૪.
બહુરાજો વ્યસન: ૧૧.
બ્રહ્મ: ૫૫.
બ્રહ્મચર્યવ્રત: ૧૨૫.
બ્રહ્મચર્યાશ્રમ: ૪૩,
બ્રહ્મસત્તા: ૨૫૧.
બ્રહ્મચર્ય: ૪૩૭.
બ્રહ્મદેવ: ૬, ૨૧.
બ્રહ્મલોક: ૪૩૬, ૪૪૧, ૪૫૦.
બ્રહ્મસૂત્ર: ૪૦.
બ્રહ્માંડ: ૧૨, ૧૦૦, ૧૦૩,
બ્રાહ્મમુહૂર્ત: ૨૮૩.
બ્રાહ્મરાયણ: ૮૬.
બ્રાહ્મર્ષિ: ૧૨.
બ્રાહ્મવર્ષપત્ય: ૪૫૬, ૪૫૭, ૪૫૮.
બ્રાહ્મમાન: ૪૫૬.
બ્રાહ્મીસ્થિતિ: ૧૭, ૧૬૪.
બુદ્ધ: ૧૦૫, ૨૪૭, ૨૫૪, ૩૬૦.
બુદ્ધિ: ૨૬.
બુદ્ધિભેદ: ૨૧૮.
બુદ્ધિયોગ: ૧૬૬, ૧૬૭, ૧૭૧, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૬, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૬૬, ૧૬૭, ૩૮૬, ૩૬૫, ૪૬૧, ૫૮૧, ૮૫૫, ૮૬૦, ૮૬૧.
બૃહદ્યોગવાસિષ્ઠ: ૮૮.
બૃહસ્પતિ: ૩૬૧, ૫૪૬, ૮૨૨.
બૃહત્સામ: ૫૪૧, ૫૪૨.
બૌદ્ધ: ૫૫, ૬૧૬.
બૌદ્ધાયન: ૨૮૦.
બ્રીહિ: ૩૨૨, ૩૨૪.

ભ

ભક્તિ: ૪૫૪.
ભક્તિમાર્ગ: ૬૫, ૬૦, ૧૫૨, ૨૮૦, ૩૩૩, ૩૬૦, ૪૨૦, ૪૨૩, ૪૮૦, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૫૫૦, ૫૫૧, ૫૫૪, ૫૭૨, ૫૮૦, ૫૮૨, ૫૮૩, ૫૮૪, ૫૮૫, ૫૮૬, ૫૮૮, ૫૮૯, ૫૯૧, ૫૯૨, ૫૯૩, ૫૯૪, ૫૯૬, ૫૯૯, ૬૦૦, ૬૦૧, ૬૧૧, ૬૧૨, ૬૧૪, ૬૪૬, ૬૭૩, ૭૭૫, ૭૭૮.
ભગ: ૩૨૨, ૩૨૩, ૪૨૦.
ભગવદ્ગીતાકાય: ૮૬.
ભગવદ્ગીતા: ૮૮, ૮૬.
ભગવત્સ્મરણ: ૩૫.
ભક્ત: ૫૩, ૫૪.
ભરતખંડ: ૬૮.
ભાગવત: ૩૬, ૪૦, ૬૬.
ભાગવત ધર્મ: ૨૬૬, ૪૨૦, ૫૬૧.
ભાતિ: ૩૨૬.
ભાન્તિ: ૬૪.
ભાવ: ૫૮.
ભીમ: ૧૨૩, ૧૨૬.
ભીષ્મ: ૬૫, ૧૨૩, ૧૨૭, ૧૩૧, ૧૪૫.
ભૂતપ્રકૃતિ: ૨૦૭.
ભૂરિશ્રવા: ૧૨૩.
ભૂકોક: ૧૫૬.

ભૂતકોટિ: ૧૫૯.
ભૂપક્ષ: ૩૨૨, ૩૨૩.
ભૃગુ: ૧૬૭.
ભોગ: ૧૪૮, ૧૬૭.
ભૌતિક: ૪૨૩.
ભૌતિકવાદ: ૪૨૩.

મ

મઘવ: ૬૭, ૮૮.
મત્સ્યાવતાર ૨૫૩.
મત: ૧૭૨, ૨૨૨.
મથુરા: ૭૭૦.
મધ્યમા: ૨૨, ૨૩, ૬૬, ૪૩૭, ૪૩૮, ૪૪૮, ૪૪૯, ૬૫૪, ૬૬૦.
મધુવિદ્યા: ૪૭૫.
મનન: ૮, ૩૫૬, ૩૬૧, ૩૬૪, ૩૬૫.
મનુ: ૪૩, ૮૬, ૮૬, ૧૭૭, ૨૦૮, ૨૦૬, ૨૪૦, ૨૪૭, ૨૫૨ ૨૫૪, ૪૧૪, ૫૪૬, ૫૪૮, ૮૦૬, ૮૪૭.
મનોપાસના: ૨૬૫, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૭, ૩૩૯, ૩૫૪ ૩૬૫, ૩૭૨, ૩૯૫, ૩૬૬, ૪૬૭.
મનોમયકોશ: ૩૫૪.
મજ્ઝિપૂરચક્ર: ૩૪૩, ૩૪૪, ૩૫૩, ૪૩૬, ૪૩૭.
મજ્ઝિપુષ્પક: ૧૨૬.
મય: ૨૫૩.
મરીચિ: ૨૪૦.
મહાકલ્પ: ૪૫૯, ૪૭૧, ૫૬૮.
મહાકારણ: ૪૦૦.
મહાકારણ પ્રકૃતિ: ૪૦૫, ૪૦૭.
મહાતમ: ૧૮૪.
મહાપ્રલય: ૧૫૮.
મહાભૂત: ૧૩૫, ૧૫૨, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૨૦૭.
મહામંત્ર: ૩૫૯.
મહાયુગ: ૧૩૪.
મહારથી: ૧૨૩.
મહાવાક્ય: ૩૧, ૬૮, ૭૫, ૮૩, ૯૬, ૮૭, ૬૨, ૧૨૧, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૮, ૧૮૬, ૨૩૬, ૬૬૪, ૬૬૮, ૭૩૧, ૭૩૪, ૭૭૦, ૭૭૨, ૭૬૬, ૭૬૮.
મહાસિદ્ધિ: ૩૫૭.
મહાશૂન્ય: ૮૫.
મહેશ્વર: ૨૨૮, ૨૨૬, ૪૨૦.
માનસદોષ: ૭૬.
માધ્યમિક: ૧૬૧.
માર્કંડેય: ૩૬૫.
માર્જારીજ: ૫૪૨.
માત્રા: ૪૩૮.
માનમતપ: ૭૮૬.
મીમાંસા: ૮૬.
મીમાંસક: ૨૨૬.
મૂર્ખ: ૩૨૨, ૩૨૩, ૩૨૪.
મૂલાવિદ્યા: ૮૪.
મુસલમાન: ૫૫.
મૂર્તિ: ૮૮૭.
મૂર્તિપૂજન: ૭૮૭.
મુક્તા: ૩૩૬, ૩૪૧, ૩૪૫.
મૂલાધાર ચક્ર: ૨૩, ૩૩૬, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૫૨, ૩૫૩, ૩૫૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૪૧, ૪૫૧, ૬૬૦.
મેરુ: ૫૬૮.
મેરુદેવી: ૨૫૩.
મૈત્રેય: ૨૭૭, ૨૨૫.
મોહિની: ૨૪૭.
મંત્ર: ૭૮૫.
મંત્રપદ્ધતિ: ૬૦.

ય

યજુર્વેદ: ૩૧.
યજુષ્: ૩૧.
યદુ: ૨૫૩.
યમ: ૩૭, ૪૭, ૩૨૨, ૩૩૫, ૩૩૬, ૩૫૧, ૩૫૩, ૬૭૭, ૭૭૨.
યયાતિ: ૮૦૭.
યવન: ૪૨૩.
યજ્ઞ: ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૧૧, ૨૧૨, ૨૨૪, ૨૨૫, ૨૩૦, ૨૩૩, ૨૭૮, ૨૭૬, ૨૮૦, ૨૮૧, ૩૧૩, ૩૨૩, ૭૪૧.
યજ્ઞનારાયણ: ૨૦૮.
યાહુદી: ૫૫.
યાજ્ઞવલ્કય: ૮૬, ૮૬, ૨૬૬.
યુક્તાહાર: ૭૭૩.
યુક્તિવાદ: ૧૬૨.
યુધામન્યુ: ૧૨૩.
યુધિષ્ઠિર: ૧૭, ૧૨૬, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૨૫૪, ૬૮૦, ૮૬૮, ૮૮૬.
યુયુધાન: ૧૨૩.
યુરોપ ૪૬૮.

યોગ: ૧૮, ૮૬, ૮૯, ૯૧, ૯૩, ૯૫, ૧૧૭, ૧૭૪, ૧૮૦, ૨૩૫, ૨૭૬, ૨૮૦, ૨૮૪, ૨૮૬, ૨૯૪, ૩૨૦, ૩૨૧, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૨૮, ૩૩૭, ૩૩૮, ૩૩૬, ૩૭૫, ૩૭૬, ૩૮૫, ૩૯૦, ૪૨૦, ૪૩૪, ૪૫૪, ૫૫૧, ૬૦૧, ૬૧૪, ૬૧૬, ૭૪૬.
યોગયોગ: ૬૯, ૭૦, ૨૯૫, ૩૯૬.
યોગમાર્ગ: ૬૦, ૧૭૮.
યોગનિષ્ઠા:
યોગભ્રષ્ટ: ૩૮૬, ૩૬૫.
યોગમાયા: ૪૧૬, ૪૧૭.
યોગવાહ: ૩૧૬.
યોગશાસ્ત્ર· ૨૨૬.
યોગક્ષેમ: ૧૮૧.
યોગારૂઢ: ૩૨૬, ૩૨૭, ૩૨૮.
યોગાચાર: ૧૬૧.
યોગી: ૧૭૪.
યોનિ: ૨૮, ૪૫, ૫૪, ૬૨, ૭૦, ૮૧, ૧૦૨, ૧૦૬, ૨૪૬ ૨૫૩, ૩૬૦, ૪૦૪, ૪૦૬, ૪૪૭, ૪૫૫, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૬૧૫, ૬૪૫, ૬૫૭, ૬૫૮, ૬૫૯, ૬૬૫, ૬૬૬, ૬૭૭, ૬૮૧, ૬૮૨, ૬૮૬, ૬૯૬, ૭૨૪, ૭૨૬, ૭૫૩, ૭૫૯, ૭૬૪, ૭૮૦.
યૌક્તિકદૃષ્ટિ: ૪૧૨, ૪૨૪, ૫૫૬.

ર

રજ: ૮૪, ૮૫, ૪૩૮, ૬૬૦, ૬૬૧, ૬૬૨, ૬૬૩, ૬૬૪, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૬૯, ૬૭૦.
રથી: ૧૩૦.
રાગદ્વેષ: ૭૭, ૭૨, ૭૩, ૭૪, ૨૧૬, ૨૨૩, ૨૨૪, ૨૪૩, ૩૧૪, ૩૨૯, ૩૮૬, ૪૧૫.
રામચંદ્ર: ૧૬, ૩૯, ૪૦, ૫૯, ૬૪, ૬૫, ૬૭, ૮૭, ૧૦૫, ૨૧૪, ૨૩૦, ૨૪૮, ૨૪૬, ૩૦૦, ૩૪૫, ૩૮૬, ૩૯૦, ૬૧૨, ૬૬૬, ૭૦૫, ૮૮૭
રામકાર્ય: ૪૭, ૬૭, ૮૮૪, ૬૦૧, ૬૦૨.
રામાયણ: ૩૯, ૮૬, ૮૮.
રાજસૂયયજ્ઞ: ૭૨.
રાજયોગ: ૫૧૦.
રાજસકર્તા: ૮૭૬
રાજસસુખ: ૮૪૫.
રાજસયજ્ઞ: ૭૮૬.
રાજસકર્મ: ૮૩૫.
રાજસતપ: ૭૬૦.
રાજસદાન: ૭૬૧.
રાજસત્યાગ: ૮૧૬.
રાજસીજ્ઞાન: ૭૮૩.
રાજસીધૃતિ: ૮૪૪.
રાજસીબુદ્ધિ: ૮૪૩.
રાજસીશ્રદ્ધા: ૭૮૧.
રાજર્ષિ: ૪૭૪, ૪૭૫, ૪૭૬.
રામગીતા: ૮૬.
રાવણ: ૨૫૩,

લ

લોકવાસના: ૮, ૧૬, ૧૭.
લોકાયતિક: ૧૩.
લોકસંગ્રહ: ૨૧૩, ૨૧૫, ૨૧૮, ૨૭૫.
લોકાલોક: ૪૬૯, ૪૭૦, ૫૬૮.
લૌકિક: ૬, ૧૪, ૧૫, ૧૬.
લોકેષણા: ૪, ૫, ૬, ૯, ૧૧, ૨૮, ૬૫, ૩૧૩, ૬૩૦, ૬૬૨, ૬૬૬, ૭૬૧, ૮૭૫.
લજ્જા: ૩૨૨, ૩૨૩.
લાભ: ૩૨૨, ૩૨૩.
લીલા: ૨૬૫.
લય: ૪૧.

વ

વજ્રવ્યૂહ: ૧૨૩, ૧૨૪.
વટબીજ ન્યાય: ૮૦.
વરુચી: ૪૪૬, ૪૪૭.
વર્ષા: ૪૩૬, ૪૪૧, ૪૪૨, ૪૪૪, ૪૪૬, ૪૪૭, ૪૪૮..
વર્ષાકાલ: ૪૨.
વરાહ: ૫૪૯.
વસિષ્ઠ: ૧૬, ૪૭, ૬૭, ૬૮, ૬૯, ૮૮, ૬૬૨, ૬૬૬ ૨૧૪, ૨૪૯, ૨૫૦, ૩૪૫, ૩૬૧, ૩૬૬, ૩૬૮, ૩૭૦ ૩૭૧, ૩૭૮, ૩૮૬, ૪૭૫, ૫૪૬, ૫૪૭, ૬૧૩, ૬૧૫ ૬૭૬, ૭૦૫, ૮૮૭, ૮૯૧, ૮૯૩.
વસુધા: ૨૫૩, ૭૩૦, ૮૬૮, ૮૮૬.
વાકસુધા: ૮૯.
વાઙ્મય: ૭૮૮.
વામમાર્ગ: ૮૬.
વામદેવ: ૬૭.
વામન: ૬૫, ૬૭, ૮૮, ૨૫૩.
વાત્સ્યાયન: ૧૭૭.
વાહિની: ૧૨૪.
વાહિમક: ૮૭.
વાસના: ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૪૪, ૪૫, ૫૪, ૭૩, ૭૫, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૭૯, ૩૮૧, ૩૮૬, ૩૮૯, ૩૯૧, ૩૯૪.

વાસુદેવ: ૫૪૮.
વિકર્મ: ૧૨૩.
વિકર્મ: ૨૩૦, ૨૭૦, ૨૭૧, ૨૭૨.
વિકલ્પવાદ: ૫૪૬.
વિકાર: ૧૬૨, ૧૬૩, ૧૭૫.
વિચારબુદ્ધિ: ૩૬૨, ૩૬૩.
વિજય: ૬૬.
વિત્તેષણા: ૨૮, ૬૫.
વિદ્યા: ૧૧, ૧૭, ૧૮, ૬૨, ૮૭, ૬૬, ૨૨૫, ૩૨૨, ૩૨૩.
વિદુરજી: ૧૪૫, ૧૫૦, ૨૨૪.
વિદેહમુક્ત: ૪૮.
વિધર્મ: ૨૩૫.
વિધિવાક્ય: ૮૧, ૮૨, ૮૮, ૨૩૭, ૨૭૦, ૨૭૧, ૭૭૦.
વિનીષણ: ૨૮૩, ૩૬૫.
વિવર્ત: ૮૪, ૮૫, ૧૦૮, ૧૧૦, ૧૪૮, ૧૪૯, ૧૬૩, ૧૬૪, ૧૬૮, ૧૭૦, ૨૬૦, ૨૬૩, ૨૬૮, ૨૭૧, ૨૭૩, ૨૮૫, ૩૦૬, ૩૦૭, ૩૦૮, ૪૨૧, ૪૨૨, ૪૨૭, ૪૮૮, ૪૯૧, ૪૯૭, ૪૯૯, ૫૪૮, ૫૭૧, ૬૩૩, ૬૩૫, ૬૪૦, ૬૫૮, ૬૮૯, ૬૯૬, ૭૦૨, ૭૨૦, ૭૨૮, ૭૩૦, ૭૩૮, ૮૧૧, ૮૨૧, ૮૩૦, ૮૪૦, ૮૪૨, ૮૭૧, ૮૭૨, ૮૮૦, ૮૮૭.
વિવર્તવાદ: ૧૬૧.
વિરાટ: ૨૭, ૮૫, ૨૦૯, ૨૧૦, ૨૩૨, ૨૫૨, ૨૬૦, ૩૦૭, ૩૧૧, ૩૫૧, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૫, ૪૨૮, ૪૩૦, ૪૩૭, ૪૪૧, ૪૪૮, ૪૬૪, ૫૫૦, ૫૫૧, ૫૫૨, ૫૫૩, ૫૫૪, ૫૫૬, ૫૫૭, ૫૫૮, ૫૫૯, ૫૭૦, ૫૭૨, ૫૭૪, ૫૭૫, ૫૭૬, ૫૭૭, ૫૮૫, ૫૮૭, ૫૮૯, ૬૧૩, ૬૧૫, ૬૨૨, ૬૨૩, ૬૩૫, ૬૪૨, ૬૫૮, ૭૧૮, ૭૨૨, ૭૪૬, ૮૩૮.
વિરાટસ્વરાજ: ૧૨૩.
વિરોચન: ૬૨.
વિસર્ગ: ૮૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૩૨, ૪૬૯, ૬૮૮, ૭૨૬, ૭૫૫, ૮૩૮.
વિશુદ્ધિચક્ર: ૩૫૫, ૪૩૬, ૪૭૭, ૪૪૧.
વિશ્વ: ૪૩૮, ૪૬૪.
વિશ્વામિત્ર: ૬૭, ૭૪૪, ૮૬૧.
વિજ્ઞાન: ૧૦૫, ૧૪૬, ૨૩૭, ૨૩૮, ૩૧૪, ૩૧૬, ૩૨૫, ૩૩૧, ૩૮૪, ૩૬૭, ૩૬૮, ૪૦૮, ૪૨૦, ૪૨૨, ૪૫૪, ૪૭૪, ૪૭૬, ૪૭૭, ૪૮૦, ૪૮૬, ૫૪૬, ૬૧૬, ૬૭૦, ૮૪૭.
વિજ્ઞાનવાદ: ૩૧૬, ૪૨૧.
વૃત્રાસુર: ૨૮૩, ૨૮૪.
વૃષણ: ૬૩૦.
વૃષપર્વા: ૨૮૩.
વૃક્ષ ઝ: ૬૭, ૬૮, ૬૬, ૧૦૦.
વૃક્ષ અની સમાલૂતિ: ૧૦૩
વૃક્ષ આ ૪૬૪.
વૃક્ષ ઇ: ૪૭૦.
વૃક્ષાંક ૐ: ૧૦૧. ૧૦૭, ૪૦૭, ૪૧૪, ૪૬૧, ૫૭૦, ૫૭૩, ૭૬૭, ૭૪૦, ૭૪૩.
વૃક્ષાંક ૧: ૮૩, ૮૫, ૧૦૧, ૧૦૮; ૧૦૬, ૧૧૦, ૧૩૭, ૧૩૮, ૧૪૭, ૧૫૧, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૬૮, ૧૬૬, ૧૮૦, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૮, ૧૯૦, ૨૧૨, ૨૧૮, ૨૧૬, ૨૨૦, ૨૨૧, ૨૨૩, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૬, ૨૪૮, ૨૫૨, ૨૫૬, ૨૫૮, ૨૬૦, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૬૬, ૨૭૧, ૨૭૩, ૨૮૫, ૨૮૭, ૨૯૭, ૨૯૬, ૩૦૫, ૩૧૦, ૩૩૭, ૩૩૮, ૩૭૨, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૬, ૩૮૮, ૩૯૬, ૪૦૬, ૪૦૭, ૪૧૦, ૪૧૧, ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૫, ૪૨૭, ૪૨૮, ૪૩૩, ૪૩૪, ૪૩૬, ૪૩૭, ૪૩૯, ૪૪૮, ૪૫૪, ૪૫૫. ૪૬૦, ૪૬૧, ૪૬૩, ૪૬૫, ૪૭૩, ૪૭૭, ૪૭૮, ૪૭૯, ૪૮૦, ૪૮૨, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૪૯૪, ૪૯૬, ૪૯૯, ૫૦૦, ૫૪૧, ૫૪૪, ૫૪૫, ૫૫૦, ૫૫૧, ૫૫૫, ૫૫૬, ૫૬૧, ૫૭૦, ૫૭૩, ૫૭૬, ૫૭૯, ૫૮૬, ૫૮૭, ૬૦૩, ૬૦૫, ૬૨૬, ૬૩૧, ૬૩૨, ૬૩૩, ૬૩૬, ૬૪૧, ૬૪૨, ૬૪૫, ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૩, ૬૪૫, ૬૪૭, ૬૪૮, ૬૫૧, ૬૫૨, ૬૫૪, ૬૫૫, ૬૫૬, ૬૫૭, ૬૫૮, ૬૬૦ ૬૬૧, ૬૭૦, ૭૦૧, ૭૦૪ ૭૨૮, ૭૨૯, ૭૩૦, ૭૩૭, ૭૩૯, ૭૪૦, ૭૪૩, ૮૧૩, ૮૨૬, ૮૩૨, ૮૩૬, ૮૩૭, ૮૫૦. ૮૫૧, ૮૫૬, ૮૫૭, ૮૫૮, ૮૬૪, ૮૬૮, ૮૭૦
વૃક્ષાંક ૨: ૮૪, ૧૦૧, ૧૦૬, ૧૧૦, ૧૪૮, ૧૫૩, ૧૫૭, ૧૫૯, ૧૬૮, ૧૬૬, ૧૭૭, ૧૮૦, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૨૧૮, ૨૨૦, ૨૩૩, ૨૩૬, ૨૪૦, ૨૪૧, ૨૪૫, ૨૪૬, ૨૫૦, ૨૫૨, ૨૫૬, ૨૫૮, ૨૬૪, ૩૦૫, ૩૦૬, ૩૧૨, ૩૫૧, ૩૮૩, ૩૬૬, ૪૦૦, ૪૦૨, ૪૦૬, ૪૦૭, ૪૧૦, ૪૧૩, ૪૧૪, ૪૧૬, ૪૧૭, ૪૨૭, ૪૨૮, ૪૩૦, ૪૩૨, ૪૩૬, ૪૩૮, ૪૪૦, ૪૪૮, ૪૬૩, ૪૭૭, ૪૭૬, ૪૮૬, ૪૮૭, ૪૮૬, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૮, ૪૬૬, ૫૦૦, ૫૨૦, ૫૫૨, ૫૫૫, ૫૫૬, ૫૬૬, ૫૬૭, ૫૬૬, ૫૭૦, ૫૭૩, ૫૭૬, ૫૮૭, ૬૨૧, ૬૨૨, ૬૨૩, ૬૨૬, ૬૪૧, ૬૪૨, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૫૫, ૬૫૭, ૬૫૮, ૬૭૦, ૬૮૫, ૬૮૮, ૬૮૬, ૬૮૮, ૬૯૩, ૬૯૪, ૬૯૮, ૭૦૬, ૭૦૭, ૭૦૮, ૭૦૬, ૭૧૧, ૭૧૨, ૭૧૭, ૭૨૭, ૭૨૮, ૭૨૬, ૭૩૮, ૭૩૬, ૭૪૦, ૭૪૩,

૭૬૫, ૭૬૩, ૭૭૮, ૮૨૫, ૮૨૬, ૮૩૦, ૮૩૨, ૮૩૭, ૮૩૮, ૮૩૯, ૮૪૧, ૮૪૬, ૮૫૧, ૮૬૪. ૮૬૭.
પૃક્ષાંકે ૩: ૮૩, ૮૪, ૮૫, ૧૦૧, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૩૬ ૧૪૦. ૧૫૧. ૧૫૭, ૧૫૮. ૧૬૦, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૮૦, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૨૧૮, ૨૩૦, ૨૪૨, ૨૪૩, ૨૪૬ ૨૪૮, ૨૫૦, ૨૫૨, ૨૫૫, ૨૫૬, ૨૫૮, ૨૬૮, ૨૮૫, ૨૮૭, ૨૯૬, ૩૦૫, ૩૦૭, ૩૦૮, ૩૫૧, ૩૬૫, ૩૮૧, ૪૮૧, ૩૯૩, ૩૯૬, ૪૦૦, ૪૦૨, ૪૦૩, ૪૦૬ , ૪૦૭, ૪૦૯, ૪૧૦, ૪૧૬, ૪૧૭, ૪૨૬, ૪૨૯, ૪૩૦, ૪૩૬, ૪૩૭, ૪૪૦, ૪૬૦, ૪૬૩, ૪૭૭, ૪૭૮, ૪૭૬, ૪૮૦, ૪૮૨, ૪૮૬, ૪૮૭, ૪૮૯, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૬, ૫૦૦, ૫૪૫, ૫૫૪, ૫૫૫, ૫૬૭, ૫૬૮, ૫૭૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૨૯, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૫૩, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૩, ૧૭૦, ૧૮૫, ૧૮૬ ૧૯૩, ૧૯૮, ૧૯૯, ૭૦૮, ૭૦૯, ૭૧૧, ૭૧૨, ૭૨૬, ૭૨૭, ૭૨૮, ૭૩૮, ૭૩૯, ૭૪૦, ૭૬૨, ૭૮૮, ૮૧૧, ૮૧૬, ૮૨૨, ૮૨૩, ૮૨૬, ૮૩૦, ૮૩૮, ૮૩૯, ૮૪૦, ૮૪૬, ૮૬૪, ૮૬૮,
પૃક્ષાંકે ૪: ૧૦૨, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૮૫, ૨૮૪, ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૨, ૨૫૬, ૩૦૫, ૩૧૧, ૪૦૦, ૪૦૧, ૪૧૭, ૪૨૬, ૪૨૯, ૪૩૬, ૪૬૦, ૪૭૧, ૪૭૭, ૪૭૮, ૪૮૬, ૪૮૭, ૫૭૧, ૬૨૧, ૬૨૫, ૬૪૩, ૬૫૮, ૬૫૫, ૬૫૯, ૭૦૮, ૭૩૮, ૮૪૦.
પૃક્ષાંકે ૫: ૮૫, ૧૫૮, ૧૮૪, ૨૪૬, ૨૫૨, ૪૦૧, ૪૨૬, ૪૨૯, ૪૩૬, ૪૭૭, ૫૭૧, ૬૨૨, ૬૨૫, ૬૪૩, ૬૫૮, ૬૫૮, ૬૫૯, ૭૦૮, ૭૩૮.
પૃક્ષાંકે ૬: ૮૫, ૧૫૮, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૨૨૦, ૨૪૬, ૨૫૨, ૨૬૮, ૩૦૬, ૩૧૦, ૩૧૧, ૩૫૧, ૪૦૧, ૪૨૬, ૪૨૮, ૪૨૯, ૪૩૦, ૪૩૬, ૪૩૮, ૪૬૩, ૪૬૬, ૪૭૭, ૪૯૫, ૫૭૧, ૬૨૨, ૬૨૫, ૬૪૩, ૬૪૫, ૬૬૭, ૬૮૫, ૬૮૬, ૬૯૦, ૭૦૭, ૭૧૮, ૭૩૮, ૭૬૨, ૮૨૫.
પૃક્ષાંકે ૭: ૮૫, ૧૫૮, ૧૮૪, ૨૪૭, ૨૫૫, ૨૬૮, ૩૦૫, ૪૦૧, ૪૦૨, ૪૨૬, ૪૨૯, ૪૩૬, ૫૭૧, ૬૨૫, ૬૮૬, ૬૮૬, ૭૦૮, ૭૩૮.
પૃક્ષાંકે ૮: ૮૫, ૧૫૨, ૧૫૮, ૨૪૭, ૨૫૨, ૨૫૫, ૨૬૬. ૩૦૫, ૩૧૦, ૪૦૦, ૪૦૧, ૪૦૨. ૪૨૬, ૪૬૬, ૪૪૭, ૪૨૯, ૪૩૬, ૫૭૦, ૬૨૨, ૬૨૩, ૬૨૫, ૬૪૩, ૬૮૬. ૬૮૬, ૭૦૮, ૭૩૮. (પેટા વિભાગો સહિત)
પૃક્ષાંકે ૯: ૮૫, ૧૫૨, ૧૫૬, ૩૧૦, ૪૦૦, ૪૦૬. ૪૨૬, ૪૬૬, ૫૭૧, ૬૨૨, ૬૨૩, ૬૨૫, ૬૪૩, ૬૮૬, ૬૮૬, ૭૦૮, ૭૩૮.
પૃક્ષાંકે ૧૦: ૮૫, ૧૫૨, ૧૫૬, ૩૧૦, ૪૦૦, ૪૦૬, ૪૨૬, ૫૭૧, ૬૨૨, ૬૨૩, ૬૪૩, ૬૮૬, ૬૮૬, ૭૦૮, ૭૩૮.
પૃક્ષાંકે ૧૧: ૮૫, ૧૫૨, ૧૫૬, ૩૧૦, ૪૦૦, ૪૦૬, ૪૨૬, ૪૬૬, ૫૭૧, ૬૨૨, ૬૨૩, ૬૪૩, ૬૮૬, ૬૮૬, ૭૦૮, ૭૩૮.
પૃક્ષાંકે ૧૨: ૮૫, ૧૫૬, ૨૪૦, ૨૫૫, ૪૦૦, ૪૨૬, ૪૨૮, ૪૨૬, ૪૪૬, ૪૮૭, ૪૬૬, ૫૭૧, ૬૨૨, ૬૨૩, ૬૪૫, ૬૪૩, ૬૮૬, ૬૯૦, ૭૦૮, ૭૧૮, ૭૩૮.
પૃક્ષાંકે ૧૩: ૮૫, ૧૫૬, ૨૪૦, ૪૦૦, ૪૨૬, ૬૨૨, ૬૨૩, ૬૪૩, ૬૮૬, ૬૯૦, ૭૨૨, ૭૩૮, ૭૬૨, ૮૩૮.
પૃક્ષાંકે ૧૪: ૧૫૬, ૨૦૮, ૨૪૦, ૬૨૩, ૭૩૮.
પૃક્ષાંકે ૧૫: (અંતર્ગત क ख ग घ) ૨૫૭.
પૃક્ષાંકે આ ૧: ૪૬૪
પૃક્ષાંકે આ ૨: ૪૬૪, ૪૬૫.
પૃક્ષાંકે આ ૩: ૪૬૪.
પૃક્ષાંકે આ ૪: ૪૬૪, ૪૬૫.
પૃક્ષાંકે આ ૫: ૪૬૪.
પૃક્ષાંકે આ ૬: ૪૬૪, ૪૬૫.
પૃક્ષાંકે આ ૭: ૪૬૪,
પૃક્ષાંકે આ ૮: ૪૬૪, ૪૬૫.
પૃક્ષાંકે આ ૯: ૪૬૪.
પૃક્ષાંકે આ ૧૦: ૪૬૪, ૪૬૫.
પૃક્ષાંકે આ ૧૧: ૪૬૪.
પૃક્ષાંકે આ ૧૨: ૪૬૨.
પૃક્ષાંકે આ ૧૩: ૪૬૪.
પૃક્ષાંકે ૧૪: ૪૬૫.
પૃક્ષાંકે આ ૧૫: ૪૬૫.
પૃક્ષાંકે આ ૧૬: ૪૬૫.
પૃક્ષાંકે આ ૧૭: ૪૬૫.
વેદાન્ત: ૪; ૧૪૮; ૧૪૯; ૧૫૦; ૧૫૨; ૧૬૪; ૧૬૦; ૧૬૧; ૧૬૨; ૧૬૬; ૧૬૭; ૧૭૦ ૧૭૩; ૧૭૬; ૨૬૬; ૩૩૨; ૩૩૮; ૩૮૩; ૪૨૦; ૪૨૧; ૪૨૨; ૫૮૮; ૬૧૬; ૬૧૭; ૬૧૬; ૬૨૦; ૬૪૯; ૬૫૧; ૬૬૯; ૭૨૦; ૭૨૧; ૭૨૩; ૮૧૪; ૮૨૯; ૮૩૪; ૮૪૨; ૮૬૧; ૮૭૭.
વૈદૂત સૃષ્ટિ: ૨૦૮.
વૈખરી: ૨૩; ૬૯; ૮૬; ૪૩૭; ૪૩૮; ૪૪૦; ૪૪૨; ૪૪૮; ૪૪૯; ૬૫૪; ૬૬૦; ૬૬૧.
વૈદેહક: ૭૭૪.
વૈદ્યાધિક: ૧૬૧.
વૈરાગ્ય: ૩૨૨; ૩૩૮; ૩૪૧; ૩૪૬; ૩૫૫; ૩૫૯; ૩૬૦; ૩૬૧; ૩૮૬; ૩૮૭; ૩૮૯; ૩૯૦; ૩૯૩; ૪૧૧; ૪૧૪; ૫૮૧; ૬૩૦.
વૈરાપાયન: ૮૨; ૬૫.
વૈશ્વાનર: ૭૧૬; ૭૧૭; ૭૧૮; ૭૨૬.

વૈશેષિક: ૮૬; ૨૨૬.
વ્યતિરેક: ૪૦૮.
વ્યાધિ: ૭૮૦, ૭૮૫; ૭૮૬.
વ્યવસાયાત્મિકાબુદ્ધિ: ૧૭૪.
વ્યષ્ટિ: ૨૩; ૧૮૬; ૨૦૮; ૨૩૨; ૨૫૨; ૩૧૨; ૩૫૧; ૩૭૪; ૪૦૧; ૪૨૮; ૪૩૬; ૪૪૧; ૪૪૮; ૫૭૪; ૫૬૨; ૬૧૫; ૬૨૨; ૬૭૮; ૬૮૬; ૭૧૨; ૭૧૭; ૭૧૮; ૭૨૨; ૭૨૫; ૭૬૨; ૮૨૫, ૮૩૨.
વ્યાસ: ૪૧; ૬૬; ૬૭; ૮૬; ૯૫; ૧૫૪; ૧૮૧; ૨૩૨; ૨૪૭; ૨૬૬; ૨૭૭; ૩૬૧; ૩૬૫; ૩૬૧; ૫૪૮; ૬૧૬; ૬૧૭; ૭૩૫; ૮૩૭; ૮૪૧; ૮.૩; ૮૮૬, ૮૯૧.
વ્યાહૃતિ: ૨૨૬.

શ

શક્તિ: ૨૦૦, ૨૦૧. ૨૦૪, ૨૧૬.
શતરૂપા: ૨૦૬, ૫૪૮.
શબ્દબ્રહ્મ: ૮૬૫ ૮૯૬.
શમ: ૨૨૫, ૨૩૬, ૨૩૧.
શાકદ્વીપ: ૪૬૮.
શાક્ત: ૮૬
શારદાપીઠ. ૫૪૫
શારીરિકતપ: ૭૮૭.
શાકમલદ્વીપ: ૪૬૮, ૪૭૦.
શાલીવાહન: ૨૫૪.
શાસ્ત્ર: ૨૨૬, ૨૩૧.
શાસ્ત્રવ્યસન: ૧૧, ૧૨.
શાસ્ત્રવાસના: ૮, ૧૦.
શાસ્ત્રવિધિ: ૬૭૦, ૭૭૧.
શાસ્ત્રીય ગુણોપાદાન: ૧૫.
શિખિધ્વજ: ૨૮૨, ૨૮૬, ૩૪૫, ૮૨૦,
શિખંડી: ૧૨૬.
શિવ: ૩૭, ૩૯, ૪૦, ૪૨, ૬૪, ૬૫, ૨૫૨, ૩૧૬.
શિવરાત્રી: ૩૭.
શિવશક્તિ: ૮૫.
શિવાજી: ૬૦૧.
શિશુમાર: ૩૦૬.
શિક્ષા ૪૪૧.
શુક્રદેવ: ૮૨, ૧૪૪, ૨૫૪, ૮૬૧.
શુક્રાચાર્ય: ૩૬૧.
શુદ્ધવિદ્યા: ૧૭૦.
શુભેચ્છા: ૩૮૬; ૩૯૦; ૩૯૨;; ૩૬૩.
શૂન્ય: ૮૪, ૧૦૫; ૩૧૬,
શૂન્યમાર્ગ: ૩૧૬; ૪૨૧; ૪૨૨; ૪૨૩.
શૂન્યપ્રાપ્તિ: ૫૪૦; ૫૪૮.
શ્વેતકેતુ: ૧૨
શૌચ: ૬૨૩.
શૌચ: ૩૨૨, ૩૨૩.
શૌનક: ૮૨; ૬૬.
શૌર્ય: ૩૨૩.
શ્રદ્ધા: ૩૫; ૩૬.
શ્રદ્ધર: ૩૮.
શ્રદ્ધરાચાર્ય: ૨૪ ૬૭; ૬૮; ૫૪૫; ૫૪૭.
શ્રદ્ધોદ્ધાર: ૫૪૫.
શ્રદ્ધા: ૧૨; ૨૪; ૨૫; ૨૬; ૨૭; ૨૮; ૩૦; ૩૧; ૩૨; ૩૩; ૩૪; ૩૭; ૩૬; ૫૪; ૬૦; ૬૨; ૬૩; ૭૪; ૧૭૮; ૨૨૨; ૨૮૮; ૨૮૬; ૨૬૪; ૩૦૦; ૩૨૫; ૩૩૨; ૩૫૬; ૩૬૫; ૩૮૮; ૩૬૦; ૩૬૭; ૪૦૮; ૪૧૧; ૪૧૪; ૪૨૫; ૪૧૬.
શ્રવણ: ૩૫૬; ૩૬૧; ૩૬૪; ૩૬૫.
શ્રીકૃષ્ણ: ૧૩; ૫૬; ૮૦; ૮૬; ૬૧; ૬૨; ૬૩; ૬૪; ૬૫; ૧૨૬; ૧૨૭; ૧૨૮; ૧૨૬; ૧૩૦; ૧૩૬; ૧૪૩; ૧૪૫; ૧૪૬; ૧૪૭; ૧૫૫; ૧૫૮; ૧૬૦; ૧૬૨; ૧૬૫; ૧૬૭; ૧૭૦; ૧૭૧; ૧૭૨; ૧૭૩; ૧૭૪; ૧૭૫; ૧૭૬; ૧૮૧; ૧૮૨; ૧૮૩; ૧૮૫; ૧૬૪; ૨૧૫; ૨૧૮; ૨૧૬; ૨૨૧; ૨૨૨; ૨૩૨; ૨૩૫; ૨૩૮; ૨૬૦; ૨૪૧; ૨૪૨; ૨૪૪; ૨૫૩; ૨૬૧; ૨૬૪; ૨૬૫; ૨૬૬; ૨૭૧; ૨૭૬; ૨૭૭; ૨૮૩; ૨૮૮; ૨૬૦; ૨૬૧; ૨૬૨; ૨૬૪; ૩૧૩; ૩૧૭; ૩૬૬; ૩૨૦;૪૩૧; ૪૩૨; ૪૩૩; ૪૫૪; ૪૫૫; ૪૬૬, ૪૬૩; ૪૭૪; ૪૭૭; ૪૮૮; ૪૬૧; ૪૬૨; ૪૬૫; ૪૬૬; ૪૬૭; ૪૬૮; ૫૦૦; ૫૩૪; ૫૪૦; ૫૪૪; ૫૪૫; ૫૫૭; ૫૭૨; ૫૭૮; ૫૭૬; ૫૮૨; ૫૮૪; ૫૮૫; ૫૮૬; ૫૮૮; ૫૬૫; ૫૬૬; ૫૬૬; ૬૦૧; ૬૦૬; ૬૧૨; ૬૪૭; ૬૫૧; ૬૫૨; ૬૫૬; ૬૫૭; ૬૬૪; ૬૬૬, ૬૭૦; ૬૭૧; ૬૭૬; ૬૮૫; ૬૮૮; ૬૬૪; ૬૬૫; ૭૦૫; ૭૦૭; ૭૧૫; ૭૨૬; ૭૩૦; ૭૩૬; ૭૪૦; ૭૭૩; ૮૦૦; ૮૨૩; ૮૨૭; ૮૫૨; ૮૬૧; ૮૬૨; ૮૬૭; ૮૭૧; ૮૭૪; ૮૭૮; ૮૮૨; ૮૮૩; ૮૮૫; ૮૮૫; ૮૮૬; ૮૮૬. ૮૬૧; ૮૬૩.

ષ

ષડ્રસ: ૨૦૬.
ષટ્કર્મ: ૩૩૬.
ષટ્ચક્ર: ૪૩૬; ૪૫૦.

સ

સગુણ: ૩૬; ૫૦; ૬૦; ૮૬; ૧૪૮; ૧૫૩; ૧૬૫; ૩૭૬; ૩૭૭; ૫૮૮; ૫૮૬; ૫૬૦; ૫૬૬; ૫૬૨; ૫૬૩; ૫૬૪; ૫૬૫; ૫૬૬; ૬૦૦; ૬૦૧; ૬૦૬; ૬૧૨.
સન્નિધાન'દ: ૧૮; ૨૪૫; ૩૫૭; ૫૫૧; ૫૭૬; ૬૨૧.
સભા: ૩૩૮.
સત: ૩૪, ૫૫, ૬૭, ૧૦૫.
સત્પ્રાપ્તિ: ૪૨૪.
સત્ત્વ: ૮૪; ૮૫; ૪૨૬, ૪૨૬; ૪૩૮; ૪૬૩; ૫૪૩; ૫૬૮; ૬૬૦; ૬૬૧; ૬૬૨; ૬૬૩; ૬૬૪; ૬૬૫; ૬૬૬; ૬૬૮; ૬૭૫; ૮૨૦; ૮૨૪.

સત્યવતી: ૨૫૩.
સત્સંગ: ૮; ૨૮૩; ૨૮૪; ૨૮૬; ૨૮૭.
સત્તાસામાન્ય: ૧૭૦; ૩૫૭;૩૬૪;૪૫૩; ૬૩૬; ૭૪૩;૮૨૪.
સત્તાપત્તિ: ૩૫૫; ૩૬૨; ૩૬૪.
સત્તાતામસી: ૭૮૦.
સદ્ગુરુ: ૧૧; ૧૨; ૬૩; ૬૮; ૧૭૮; ૨૧૬; ૨૮૭; ૩૨૪; ૩૨૫; ૩૩૨; ૩૭૭; ૩૮૭; ૩૯૩; ૪૧૫; ૪૫૫; ૫૭૭; ૫૮૧; ૫૮૨; ૫૯૭; ૫૯૮; ૬૦૦; ૬૧૮; ૬૧૧; ૬૧૨; ૬૧૩; ૬૩૭; ૬૩૯; ૭૭૭;૮૧૬;૮૮૩;૮૮૪; ૮૮૫; ૮૮૬; ૮૯૩.
સદ્ગ્રંથ: ૮૯૫.
સન: ૨૪૭; ૨૫૩.
સનક: ૨૦૮; ૨૫૩; ૨૭૦; ૩૬૧; ૬૬૪.
સનત્કુમાર: ૧૨; ૬૬; ૬૭;૨૦૮; ૨૫૩; ૪૭૫; ૫૪૮;૬૧૫.
સનંદન: ૨૫૩.
સનાતનધર્મ: ૩૦.
સન્નિજ: ૩૩૫.
સમત્વયોગ: ૧૮૬.
સમત્વબુદ્ધિ: ૩૬૬.
સમતા: ૭૦; ૭૧; ૭૩; ૭૫; ૮૨; ૧૬૪; ૨૦૨.
સમાધિકે: ૩૧૬; ૩૫૭; ૩૬૧; ૩૬૨; ૩૬૩,
સમાધિ: ૨૨; ૨૩; ૮૫; ૧૬૮; ૧૬૬; ૨૦૮; ૨૩૨; ૨૫૨; ૩૧૨; ૩૫૧; ૪૦૧; ૪૦૨; ૪૦૩; ૪૨૬; ૪૩૦; ૪૩૧; ૪૩૨; ૪૩૬; ૪૬૭; ૪૭૮; ૪૪૧; ૪૪૮; ૪૬૪; ૪૬૬; ૫૭૪; ૫૬૩; ૬૪૩; ૬૫૬; ૬૭૮; ૬૮૬; ૬૯૦; ૬૯૧; ૭૧૧; ૭૧૭; ૭૧૮; ૭૨૨; ૭૨૪;'૭૨૫; ૭૧૩; ૭૪૬; ૭૫૫; ૮૨૫; ૮૩૨; ૮૪૧.
સમાધિ: ૩૮; ૧૭૬; ૨૭૪; ૨૬૮; ૨૬૬; ૩૬૧; ૩૬૩; ૩૬૪; ૪૫૧; ૪૮૪; ૪૮૫; ૫૪૬; ૫૬૬.
સમીપતા: ૧૫૩.
સર્વાત્મભાવ: ૩૫; ૪૨; ૫૧; ૫૫; ૫૬; ૫૮; ૫૯; ૬૦; ૬૪; ૬૫; ૬૬; ૭૨; ૧૫૩; ૧૬૭; ૧૭૪, ૧૬૫, ૨૦૪; ૨૨૧; ૨૨૨; ૨૫૪; ૨૬૭; ૨૭૨; ૨૭૩; ૨૭૪; ૨૭૬; ૨૬૦; ૨૬૨; ૨૬૩; ૨૬૬; ૩૧૦; ૩૧૩; ૩૧૫; ૩૨૧; ૩૨૨; ૩૨૬; ૩૨૮; ૩૩૧; ૩૩૩; ૩૩૪; ૩૭૬; ૩૭૭; ૩૭૮; ૩૮૦; ૩૮૭; ૩૬૮; ૪૨૦; ૪૫૦; ૪૭૩; ૪૮૩; ૪૮૪; ૪૬૬; ૫૪૫; ૫૪૬; ૫૮૧; ૫૮૨; ૫૮૬; ૫૮૭; ૫૮૮; ૫૬૦; ૫૬૧; ૬૦૦; ૬૧૦; ૬૪૭; ૬૪૬; ૬૫૨; ૬૫૫; ૬૬૪; ૬૭૭; ૬૮૬;૬૮૭; ૬૬૧; ૬૬૫; ૬૬૮; ૭૦૦; ૭૦૧; ૭૧૬; ૭૨૨; ૭૪૨; ૭૪૬; ૭૮૬; ૮૧૨; ૮૧૬; ૮૫૧.
સર્વાંગ પક્ષિઘાત: ૬૦૫; ૬૭૨.
સરસ્વતી: ૬૮; ૪૬૫.
સરૂપતા: ૧૫૩.
સલોકતા: ૧૫૩.
સવિકલ્પ સમાધિ: ૪૫૩; ૪૮૨.
સસાત્ત્વ: ૭૮૦.
સહજકુંભક: ૩૬૬; ૩૬૭; ૩૧૮, ૩૬૬.
સહદેવ: ૧૨૬.
સહસ્રાર્જુન: ૨૫૩; ૩૬૨.
સહસ્રારચક્ર: ૩૫૭.
સહજ સમાધિ: ૧૬૬;૩૭૦;૩૭૧;૩૬૪, ૪૮૪; ૫૫૪; ૬૪૬.
સર્ગ: ૩૧૬; ૪૨૬; ૪૨૭; ૬૮૬; ૬૬૬; ૭૫૫.
સ્વતઃસિદ્ધ: ૧૩૬.
સ્વધર્મ: ૨૨૪; ૨૩૧;૨૩૨; ૨૩૪;૨૩૫; ૩૭૮; ૮૫૨;૮૫૩.
સ્વપ્ના: ૪૬૮.
સ્વભાવ: ૩૦૬; ૩૦૭; ૩૦૮; ૩૧૨; ૪૨૫; ૪૨૬; ૪૨૮.
સ્વભાવવાદ: ૪૨૧; ૪૨૩.
સ્વરૂપ: ૨૨૬; ૪૩૬; ૪૪૦; ૪૪૧; ૪૪૨; ૪૪૩; ૪૪૪; ૪૪૫; ૪૪૭.
સ્વસ્થિત: ૬૦; ૪૩૮; ૪૩૬; ૪૪૦; ૪૪૪; ૪૪૫; ૪૪૬.
હઠયોગ: ૩૨૧; ૩૨૨.
સાત્યકિ: ૧૨૩; ૧૨૬.
સાત્વિકઆહાર: ૭૮૩.
સાત્વિકકર્તા: ૮૩૬.
સાત્વિકકર્મ: ૮૩૫.
સાત્વિક તપ: ૭૬૦.
સાત્વિકત્યાગ: ૮૧૬, ૮૨૦.
સાત્વિકદાન: ૭૬૦, ૭૬૧.
સાત્વિકધૃતિ: ૮૪૩.
સાત્વિકબુદ્ધિ: ૮૪૨.
સાત્વિકયજ્ઞ: ૭૮૬.
સાત્વિકસુખ: ૮૪૪, ૮૪૫.
સાત્વિકશ્રદ્ધા: ૭૮૧.
સાત્વિકજ્ઞાન: ૮૩૪.
સાપેક્ષભાવ: ૨૫૬; ૨૫૭; ૩૮૨.
સાધન: ૪૫૬; ૪૫૭; ૪૫૮.
સામ: ૩૧
સામુજ્યતા: ૧૫૩
સારથિ: ૧૩૦.
સાક્ષીભાવ: ૫૮; ૫૬; ૬૦; ૬૨; ૧૪૮; ૧૬૭; ૧૬૮; ૧૬૬; ૧૮૦; ૧૬૭; ૨૧૫; ૨૧૮; ૨૨૨; ૨૪૦; ૨૫૮; ૨૭૩; ૨૬૭; ૩૦૨; ૩૦૫; ૩૧૬; ૩૨૧; ૩૩૬; ૩૬૪; ૩૭૬; ૩૬૪; ૪૧૬; ૪૩૫; ૪૭૭; ૪૭૬; ૪૮૩; ૪૬૨; ૫૪૭, ૫૫૫; ૫૮૮; ૬૨૪; ૬૩૩; ૬૩૫ ૬૩૭; ૬૪૦; ૬૪૩; ૬૭૪; ૬૭૬; ૬૮૪; ૭૦૧; ૭૧૩; ૭૧૫; ૭૧૭; ૭૨૭; ૭૪૨; ૭૫૨; ૮૩૭.
સ્વાન: ૩૩૪.
સ્વાધ્યાય: ૬; ૭૬૬; ૩૩૪.
સ્વાહા: ૪૬૮.
સ્થિતપ્રજ્ઞ: ૭૪; ૧૬૩.
સ્થિતિ: ૪૧.
સ્વિદ્નાથ: ૫૪૫.

સિદ્ધગીતા: ૮૯; ૯૬.
સિદ્ધાન્ત: ૧૭૨.
સિદ્ધિ: ૧૮૬ ૩૭૬; ૩૯૬.
સુકૃત: ૨૪૩; ૨૪૪; ૩૧૩
સુખ: ૩૧૩; ૩૨૪
સુમતિ: ૮૭; ૪૨૧, ૮૪૧
સુગ્રીવ: ૨૮૩
સુદર્શન: ૫૪૮
સુદેષ્ણા: ૨૫૩
સુઘોષ: ૧૨૬
સુમાર્ગ: ૩૨૩; ૩૪૪.
સુવિચાર: ૭; ૮.
સુષુપ્તિ ૬૪.
સુષુપ્તિમૌન: ૨૭૪; ૪૬૦; ૫૪૪; ૬૩૪; ૬૩૬, ૭૦૨; ૭૩૬, ૭૮૯, ૮૦૦; ૮૭૩, ૮૯૩.
સુષુમ્ણા: ૩૭૦; ૪૩૬
સુસ્ત:
સુસ્તિ: ૨૨૫| ૨૩૦.
સૂત: ૧૫૦; ૭૭ ૪
સૂત્રાત્મા ૮૫; ૨૦૧; ૨૧૮; ૪૦૧; ૪૬૩, ૪૬૬; ૫૫૭; ૫૭૧; ૬૫૫; ૬૫૬
સૂર્યપૂર (સૂત) ૨૦; ૭૬
સૌત્રાંતિક: ૧૬૧.
સૌભરિ: ૮૦૭.
સૌતિક: ૬૬ .
સૌરમાન ૮૬. ૧૪૬, ૪૫૭; ૪૫૯, ૪૬૦ ૪૭૧.
સંકલ્પસૃષ્ટિવાદ: ૪૨૩.
સંકર્ષક્રમ: ૫૪૮
સંચિત: ૨૦૩
સંજય: ૯૫; ૧૨૨; ૧૨૬; ૧૨૭; ૧૩૦; ૧૩૩; ૧૪૫; ૫૫૭, ૫૫૯, ૫૭૨, ૫૭૮, ૮૮૩
સંદેશ: ૭૬.
સંધિ: ૬૪; ૧૩૩; ૧૭૦; ૧૭૩; ૧૮૪; ૨૫૯; ૨૬૦ ૨૬૮; ૩૧૯; ૩૬૬, ૩૬૭ ૩૬૮; ૩૬૯.
સંપદ્દશક્તિ: ૮૫.
સંન્યાસ: ૪૪; ૪૫; ૪૬; ૪૮; ૬૬; ૭૨, ૯૨; ૧૬૫; ૧૬૬, ૨૨૨; ૨૨૫; ૨૩૨; ૨૭૬; ૨૮૩ ૨૮૪, ૨૬૦, ૨૬૧, ૨૬૨ ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૩૦૧, ૩૦૩, ૩૨૦, ૩૨૧, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૪૬, ૫૮૧, ૮૦૧; ૮૦૨, ૮૦૩, ૮૦૮ ૮૦૯; ૮૧૦; ૮૧૧; ૮૧૩; ૮૧૪; ૮૧૫; ૮૧૮; ૮૨૦; ૮૨૩; ૮૨૭; ૮૫૪; ૮૬૧.
સંભાવિત: ૧૪૩.
સંવિત: ૧૭૦
સાંખ્ય: ૧૮; ૬૫; ૬૬; ૭૦, ૮૬; ૮૯; ૯૧; ૯૨; ૯૫; ૧૪૮; ૧૪૯, ૧૫૦, ૧૫૧; ૧૫૨; ૧૫૩; ૧૫૪; ૧૫૮; ૧૬૦; ૧૬૧; ૧૬૨; ૧૬૪; ૧૬૫; ૧૬૬; ૧૬૭; ૧૭૦; ૧૭૧; ૧૭૬; ૧૬૪; ૧૬૫; ૧૬૬; ૨૧૯; ૨૨૬; ૨૩૧, ૨૪૦; ૨૫૨; ૨૮૪; ૨૬૪, ૨૬૫; ૨૬૬; ૩૧૬; ૩૨૩ ૩૩૨, ૩૩૩; ૩૫૪; ૩૬૦; ૩૬૬. ૩૬૬; ૪૨૦; ૪૨૧; ૪૨૨; ૪૩૪; ૪૫૪; ૫૫૧; ૫૫૨; ૫૮૧; ૫૮૨, ૫૮૬, ૫૮૮; ૫૬૦; ૫૬૩; ૫૬૬; ૬૦૦; ૬૧૨; ૬૧૪; ૬૧૬; ૬૧૬; ૬૪૭;૮૨૬; ૮૩૩; ૮૩૪, ૮૩૭; ૮૪૧; ૮૭૧; ૮૭૨ ;
સાંખ્યાયન: ૮૬, ૩૬૬.

હ

હનુમાન: ૧૨૬; ૨૮૩; ૩૬૫.
હઠયોગ: ૩૬૭.
હયગ્રીવ: ૨૪૭, ૨૫૩, ૫૪૬.
હરિ: ૨૬૫.
હરિદ્વાર: ૨૩.
હવ્ય: ૨૦૬, ૨૮૦.
હસ્તિનાપુર: ૧૨૨.
હિમાલય: ૧૬.
હિરણ્યગર્ભ: ૮૫.
હિરણ્યકશિપુ: ૨૫૬.
હિરણ્યાક્ષ: ૨૫૨.
હૃષીકેશ: ૨૩; ૧૨૬; ૧૩૩.
હેતુ: ૧૮૩.
હોરા: ૪૫૭
હંસ: ૨૪૩; ૮૪૩; ૮૪૬.

ક્ષ

ક્ષણિકવાદ: ૪૨૩.
ક્ષર: ૨૪૫; ૬૮૪; ૭૧૬; ૭૧૮; ૭૨૨; ૭૨૭; ૭૩૬; ૭૩૭ ૭૩૬; ૭૪૦; ૭૪૧.
ક્ષિપ્રા: ૭૬.
ક્ષેમ: ૧૮૦.

જ્ઞ

જ્ઞાન: ૧૭; ૩૬, ૪૨; ૪૫; ૫૧; ૫૩; ૫૪; ૫૫; ૫૭; ૬૦, ૬૬; ૮૩; ૬૧; ૬૨; ૬૩; ૧૦૫; ૧૭૪; ૨૩૭; ૨૪૦; ૨૭૭; ૨૮૪; ૨૮૬; ૨૮૭, ૨૮૯; ૩૦૧; ૩૨૧ ૩૨૨, ૩૩૦; ૩૫૪; ૩૬૦ ૩૬૧; ૩૬૬, ૩૬૭; ૩૬૮; ૪૧૭; ૪૧૬.
જ્ઞાનબિંદુ: ૩૦૦; ૩૦૧; ૩૧૩; ૩૮૭
જ્ઞાનમાર્ગ: ૬૫; ૬૦; ૪૮૨; ૪૮૪, ૫૫૧; ૫૬૩, ૫૬૬; ૫૬૬, ૬૦૧.
જ્ઞાનયજ્ઞ: ૨૭૭; ૨૭૬; ૨૮૧
જ્ઞાનશક્તિ: ૮૫; ૨૦૦; ૨૦૭; ૨૪૫; ૨૫૨; ૨૬૮; ૩૫૧; ૪૦૧; ૪૭૭; ૫૦૧; ૬૨૧; ૬૪૩; ૬૫૮; ૬૭૬; ૭૮૫; ૬૮૮; ૬૮૬.
જ્ઞાનયોગ: ૧૮; ૬૬; ૬૬; ૭૦.
જ્ઞાનીબંધુ: ૩૦૦.
જ્ઞાનેન્દ્રિય: ૫૦; ૫૩; ૭૨; ૭૭; ૧૩૫; ૧૫૨; ૨૦૩; ૨૦૮, ૨૩૬; ૩૦૪; ૩૧૦; ૩૩૮; ૩૫૦ ૩૫૧; ૩૭૪; ૩૮૫; ૩૯૨; ૪૨૦; ૪૨૮; ૪૩૦; ૫૪૬; ૬૬૮; ૬૭૦ ૭૦૬, ૭૬૦; ૭૪૬; ૭૬૩; ૮૧૮; ૮૨૨; ૮૨૩; ૮૨૪; ૮૪૬; ૮૫૦; ૮૫૫.
જ્ઞાનેશ્વર: ૧૭; ૧૮; ૩૪૧; ૩૪૫; ૩૪૭.

ॐ तत्सत्

श्रीविज्ञाननौका

तपोयज्ञदानादिभिः शुद्धबुद्धिर्विरक्तो नृपादौ पदे तुच्छबुद्ध्या ।
परित्यज्य सर्वं यदाप्नोति तत्त्वं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥१॥

दयालुं गुरुं ब्रह्मनिष्ठं प्रशान्तं समाराध्य भक्त्या विचार्य स्वरूपम् ।
यदाप्नोति तत्त्वं निदिध्यास्य विद्वान् परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥२॥

यदानन्दरूपं प्रकाशस्वरूपं निरस्तप्रपञ्चं परिच्छेदशून्यम् ।
अहं ब्रह्मवृत्त्यैकगम्यं तुरीयं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥३॥

यदज्ञानतो भाति विश्वं समस्तं विनष्टं च सद्यो यदात्मप्रबोधे ।
मनोवागतीतं विशुद्धं विमुक्तं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥४॥

निषेधे कृते नेति नेतीति वाक्यैः समाधिस्थितानां यदा भाति पूर्णम् ।
अवस्थात्रयातीतमद्वैतमेकं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥५॥

यदानन्दलेशैः समानन्दि वि[illegible] यदा भाति सत्त्वे तदा भाति सर्वम् ।
यदालोचने हेयमन्यत्समस्तं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥६॥

अनन्तं विभुं सर्वयोनिं निरीहं शिवं सङ्गहीनं यदोङ्कारगम्यम् ।
निराकारमत्युज्ज्वलं मृत्युहीनं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥७॥

यदानन्दसिन्धौ निमग्नः पुमान्स्यादविद्याविलासः समस्तप्रपञ्चः ।
तदा न स्फुरत्यद्भुतं यन्निमित्तं परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥८॥

स्वरूपानुसन्धानरूपां स्तुतिं यः पठेदादराद्भक्तिभावो मनुष्यः ।
शृणोतीह वा नित्यमुद्युक्तचित्तो भवेद्विष्णुरत्रैव वेदप्रमाणात् ॥९॥

विज्ञाननावं परिगृह्य कश्चित्तरेद्यदज्ञानमयं भवाब्धिम्
ज्ञानासिना यो हि विच्छिद्य तृष्णां विष्णोः पदं याति स एव धन्यः ॥१०॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्य श्रीमच्छङ्कराचार्यविरचितं विज्ञाननौकास्तोत्रं सम्पूर्णम् ॥

卐 ।। ॐ तत्सत् ।। 卐

શ્રી કૃષ્ણાત્મજ વાક્‌સુધા વા સ્વયં પ્રકાશ જ્ઞાનદીપક ગ્રંથમાલાના આજ સુધી પ્રકટ થયેલાં અન્ય પ્રકાશનો

ક્રમાંક	પુસ્તકનું નામ
૧.	આત્મસાક્ષાત્કાર પદ્ધત્તિ સ્વધર્માચરણ વિશ્વશાંતિ
૨.	મહાકાળ પુરુષવર્ણન (ગહન વિજ્ઞાન)
૩.	દત્ત અને પરશુરામ - અનાસકત કર્મયોગનું સાદી અને સરળ ભાષામાં અપૂર્વ વિવેચન
૪.	ગીતા દોહન વા તત્ત્વાર્થ દીપિકા
૫.	ઈશ્વરાર્ચન

*

*** મુખ્ય વિક્રેતાઓ ***

(૧) આર.આર. શેઠની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨, ટે. ૨૦૧૩૪૪૧
(૨) આર. આર. શેઠની કું. ગાંધી માર્ગ અમદાવાદ-૧. ટે. ૩૫૬૫૭૩
(૩) ગુજરાત પુસ્તકાલય સહાયક મંડળ લી. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા.

નમ્ર વિનંતી : ગુરુવર્યશ્રી કૃષ્ણાત્મજજી મહારાજના અન્ય પુસ્તકો અપ્રાપ્ય હોવાથી સર્વે ભાવિકજનોને નમ્ર વિનંતી કે આપની પાસે મહારાજશ્રીના અન્ય પુસ્તકો હોય તો, પ્રકાશક સંસ્થાનો તુરંત સંપર્ક સાધે, જેથી તેનું પુનઃ મુદ્રણ શક્ય બને.

ॐ